


અરધીસદીની વાચનયાત્રા (સમગ્ર) — 1

# Acknowledgement

Ekatra Foundation is grateful to Lokmilap Trust for allowing distribution of 'અરધી સદીની વાચનયાત્રા–સમગ્ર' as ebook at no charge. Readers are permitted to share the ebook as long as they credit Lokmilap. Readers are not permitted to modify content or use it commercially without written permission from Lokmilap Trust. Readers can purchase original work in paper form from Lokmilap Trust.

Ekatra Foundation (www.ekatrafoundation.org) is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature.

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ
www.ekatrafoundation.org
તથા https://ekatra.pressbooks.pub
પરથી વાંચી શકશો.

અમારો દૃષ્ટિકોણ:
હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –
* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.
* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી

હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher.

**Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization.

For more information,

Please visit: www.ekatrafoundation.org

and

https://ekatra.pressbooks.pub

# સંપાદકનું નિવેદન

## (ભાગ-૧)

આપણી પ્રજાનાં અનેક અનિષ્ટોનું મૂળ કદાચ વિચારશૂન્યતામાં જડશે. વાચનના સમૂળગા અભાવમાંથી, અને ઘણી વાર યોગ્ય વાચનના અભાવમાંથી, આવી વિચારશૂન્યતા પેદા થાય છે.

*

ઉત્તમ સાહિત્ય લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે, ધર્મબુદ્ધિને જાગૃત કરે છે, હૃદયની વેદનાને તેજસ્વી કરે છે, સમભાવ કેળવે છે. બારણાની તિરાડોમાંથી ફૂલની સુગંધ જેમ વાયુ વાટે પથરાય છે, રોમાંચિત કરે છે, તેમ ઉત્તમ વાચન ચિત્તમાં પ્રવેશી આનંદલહરીથી વાચકને ડોલાવી દે છે.

*

અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકન્સની ‘પિક્વિક પેપર્સ’ નામની નવલકથાએ પ્રજાનું એટલું કલ્યાણ કર્યું છે, જેટલું ધર્મગ્રંથ ‘બાઇબલે’ પણ નથી કર્યું.

*

છેલ્લી એક સદી દરમિયાન મનુષ્યના જ્ઞાનમાં જબરદસ્ત ક્રાંતિ થઈ ગઈ છે. આ બધાં પરિવર્તનો ઉપર જેમનાં જીવન અને સુખચેનનો આધાર છે, તે નરનારીઓને તેની સમજણ કોણ આપશે? પોતાનાં કર્તવ્યો ઇમાનદારીથી બજાવવા માટે જેમને જીવનભર કાંઈક ને કાંઈક શિક્ષણ લેતા રહેવું પડે છે, એવા દરેક વયના વિદ્યાર્થીઓ માટે, જિંદગીના અંત લગી વિદ્યાર્થી રહેનારાઓ માટે ભેરુ, ભોમિયા અને ગુરુની કામગીરી બજાવે તેવું વાચન તેમને કોણ પૂરું પાડશે?

*

લોકોનું જીવન સંતોષમય, આશામય અને સંસ્કારમય બને, પોતાના જીવન પરની રાખ ખંખેરીને તેને પ્રદીપ્ત કરવાની પ્રેરણા તેમને મળે, એવું વાચન તેમને માટે સુલભ બનાવવું જોઈએ. જીવનને દોરવાની, પુરુષાર્થને પ્રેરવાની, વિચારોને શુદ્ધ કરવાની, ભાવનાને પવિત્રા રાખવાની

અને પ્રજાનો વિશ્વાસ મેળવવાની શક્તિ જેમાં હોય તેવું વાચન પ્રજાને પહોંચાડવાનું છે. લોકોને ઉત્સાહ આપે, લોકોની શુભ વૃત્તિ જાગૃત કરે, સરસ્વતીના પ્રસાદથી લોકોનું ધર્મતેજ પ્રજ્વલિત કરે તેવું વાચન તેમને પૂરું પાડવાનું છે. છાપવાની સુગમતા ઘણી વધી ગઈ છે તેને પરિણામે છાપાં—સામયિકો-પુસ્તકોના ઢગલા ખડકાય છે. તેમાંથી આવું કેટલુંક ખંતપૂર્વક શોધીશોધીને જનસમુદાય પાસે સંક્ષેપમાં સતત મૂકતા રહેવું એ ખૂબ જરૂરી છે.

*

આ પ્રકારના વિચારોમાંથી પ્રેરણા મેળવીને ૧૯૫૦ના મંગલ પ્રજાસત્તાક-દિને 'મિલાપ' માસિક શરૂ કરેલું. સામે નમૂનો રાખેલો અમેરિકન માસિક 'રીડર્સ ડાઇજેસ્ટ'નો. અનેક છાપાં-સામયિકો-પુસ્તકોમાંથી પરિશ્રમપૂર્વક વીણેલાં, બને તેટલાં ટૂંકાવેલાં, બે-ત્રાણ ભાષામાંથી અનુવાદિત કરેલાં લખાણો સરેરાશ ૫૦ પાનાંના અંકમાં વાચકો પાસે દર મહિને 'મિલાપ' મૂકતું રહ્યું. તંત્રીની શક્તિ ઓસરવા લાગતાં ૧૯૭૮ના અંતે તેનું પ્રકાશન બંધ થયું.

પણ છાપવાની કામગીરી અટક્યા પછી, ઉત્તમ લખાણો નાનામોટા સમૂહો પાસે વાંચી સંભળાવવાનો નાદ લાગ્યો. એ રીતે ૧૯૫૦માં શરૂ થયેલી આ વાચનયાત્રા દરમિયાન જે લખાણો અનેક વાર વાંચ્યાં ને વાંચી સંભળાવ્યાં છતાં જેનું સ્મરણ ચિત્તમાંથી ખસતું નથી, તેનો સંચય એકવીસમી સદીના વાચકો માટે મૂકતા જવાની તીવ્ર ઇચ્છામાંથી આ પુસ્તકનો ઉદ્ભવ થયો છે. 'મિલાપ'ના પહેલાં દસ વરસના અંકોમાંથી એ રીતે ચૂંટેલાં લખાણો 'દાયકાનું યાદગાર વાચન' પુસ્તકરૂપે પ્રગટ થયેલાં. પણ પછીના દાયકાઓ માટે એવા સંગ્રહો કરી શકાયા નહીં. 'મિલાપ'નાં કેટલાંક લખાણો 'યાદગાર જીવનપ્રસંગો' અને 'ભવનું ભાતું' નામની ચોપડીઓરૂપે પણ પાછળથી આપેલાં.

હવે જીવનયાત્રાનો અંત દૂર નથી ત્યારે, આટલાં વરસોની સંચિત સામગ્રીમાંથી આજે પણ પ્રજા પાસે અચૂક મૂકવા જેવાં લાગે છે તેવાં લખાણો તારવીને પુસ્તકરૂપે રજૂ કરતાં જવાની હોંશ રહે છે. તેને

પરિણામે અત્યારે ૬૫૦થી વધુ પાનાંની સામગ્રી અહીં રજૂ કરી છે. બીજી આથી લગભગ બમણી સામગ્રી તૈયાર પડેલી છે. 'મિલાપ'માં લગભગ બધાં લખાણો ટૂંકાવીને આપવામાં આવતાં. તેને પણ શક્ય તેટલાં વિશેષ અહીં ટૂંકાવેલાં છે. હિંદી લખાણો ગુજરાતી વાચકો માટે ઘણાં સુગમ હોવાથી મોટે ભાગે તેના અનુવાદ કરવાને બદલે મૂળ સ્વરૂપે પણ નાગરીને બદલે ગુજરાતી લિપિમાં 'મિલાપ'માં રજૂ થતાં, તે રીતે અહીં આપ્યાં છે.

આ ૬૫૦ જેટલાં પાનાંમાં નાનાંમોટાં મળીને લગભગ ૬૦૦ લખાણોનો સમાવેશ થયો છે. કેટલાંક ૨-૩ પાનાંનાં છે, તો ઘણાંખરાં એક પાનાનાં કે તેથીય નાનાં છે. પુસ્તક હાથમાં લઈને ઉઘાડીએ, ત્યારે જે પાનું આવે ત્યાંથી રસપૂર્વક વાંચી શકાય તેવું બન્યું છે.

પોતાનાં લખાણોના સંક્ષેપ કરવાની છૂટ આપવા બદલ સહુ લેખકોનો વિનમ્રભાવે ખૂબ આભાર માનું છું. એ લેખકો પૈકી કેટલાકે 'મિલાપ' વિશે વરસો પહેલાં જે માયાળુ શબ્દો ઉચ્ચારેલા તેમાં શ્રી દિલીપ કોઠારીએ 'મિલાપ'ની કલ્પના લોકશિક્ષણની એક 'ટેક્સ્ટબુક' તરીકે કરી હતી. અત્યંત નમ્રતાપૂર્વક હું એવું ઇચ્છું કે આ પુસ્તક આપણી પ્રજાના ચારિત્રય-ઘડતર માટે, વ્યાપક સમાજશિક્ષણ માટે ઉપયોગી નીવડે. તેવું બને તો તેનો સંપૂર્ણ યશ સહુ લેખકોને જ હશે, જેમના વિચારો અને ભાવનાઓના ભંડારનો એક અંશ આ પાનાંમાં સુલભ બન્યો છે.

રવીન્દ્ર જયંતી: ૭ મે, ૨૦૦૩<br>
મહેન્દ્ર મેઘાણી

## [બીજી આવૃત્તિ]

આમ તો આ પુનર્મુદ્રણ જ ગણાય. પણ પહેલી આવૃત્તિમાં એકંદરે ચાર પાનાં જેટલાં નાનાં નાનાં લખાણો ભૂલથી બે વાર છપાઈ ગયેલાં, તે ધ્યાનમાં આવતાં આ વખતે એને બદલે બીજાં મૂક્યાં છે. એ ભૂલ

બદલ ક્ષમાયાચના.

પહેલી આવૃત્તિમાં સંપૂર્ણ ક્રમ નહોતો આપ્યો એ આ આવૃત્તિમાં આપ્યો છે. ઉપરાંત, લેખક-સૂચિ પણ આપી છે.

લોકમિલાપ ટ્રસ્ટે આ પુસ્તક પડતરથી પણ ઓછી કિંમતે સુલભ બનાવ્યું છે. પ્રથમ ત્રાણ હજાર નકલો પખવાડિયામાં જ ખલાસ થઈ જતાં વધુ ત્રાણ હજાર નકલોની આ બીજી આવૃત્તિ છે.

## [ત્રીજી આવૃત્તિ]

વાચકોએ સદ્ભાવપૂર્વક જેની તરફ ધ્યાન દોરેલ છે, તેવી કેટલીક ભૂલો સુધારી લીધી છે. એ સહુ મિત્રોનો આભાર.

સવિશેષ આભાર ગાંધીનગરના શ્રી ત્રાકમજી જોશીનો માનવાનો છે. ફૂલ્સકેપ કદનાં ૧૮ પાનાં ભરીને એમણે છાપભૂલોની એક સૂચિ સપ્ટેમ્બર માસમાં મોકલી હતી. સાથેના પત્રામાં જણાવેલું કે—

“આપના પિતાશ્રી ઝવેરચંદભાઈને છ-એક દાયકા પહેલાં પોરબંદર હાઈસ્કૂલમાં સાંભળેલા. અમે પોરબંદરના. મારા પિતાશ્રી વકીલ હતા. તેઓ રાણપુરનાં ‘રોશની’, ‘ફૂલછાબ’ વ. સાથે વૃત્તાંત-નિવેદકના નાતે સંકળાયેલા રહેલા. એ યુગ તો પૂરો થયો. સંભારણાં રહ્યાં. એ સંભારણાંએ, આત્મીય ભાવે, પ્રેરણા કરી અને સૂચિ તૈયાર થઈ ગઈ.”

શ્રી ત્રાકમજીભાઈને વિનંતી કરેલી કે બીજું પણ જે લખવા ઇચ્છો તે કૃપા કરીને જરૂર લખશો. તેના પ્રત્યુત્તરમાં વિશેષ ભૂલોની સૂચિ તેમણે મોકલી તેમ જ સંપાદન અંગેનાં મૂલ્યવાન સૂચનો પણ કર્યાં. સાથેના પત્રામાં તેઓ લખે છે કે—

“શ્રી દિલીપભાઈ કોઠારીએ ‘મિલાપ’ના પ્રકાશન વખતે ‘મિલાપ’ની કલ્પના ‘લોકશિક્ષણ માટેની ટેક્સ્ટબુક” તરીકે કરી હતી. આ પુસ્તક તો ‘મિલાપ’ અને અન્ય પ્રકાશનોની ઉત્તમ સામગ્રીનો સંચય છે. આથી આ બધું આ રીતે જોઈને સૂચિઓ તૈયાર કરવામાં પ્રેરક બન્યું છે....

"આ બધું લખું છું ત્યારે કવિ લોંગફેલોનું કથન યાદ આવે છે:

Labour with what zeal we will,

Something still remains undone.

"ગમે તેટલું કાળજીથી કામ કરો, પણ ક્યાંક, કશુંક તો બાકી રહી જવાનું જ. એટલે કેટલુંક તો ક્ષમ્ય ગણવું રહ્યું."

શ્રી ત્રાકમજી જોશી જેવા વાચકે ખંતપૂર્વક છાપભૂલોની સૂચિ બનાવી મોકલવાની જહેમત ઉઠાવી તે ઉપરાંત એક દૃષ્ટિવંત સાહિત્યપ્રેમીને શોભે તેવાં વિવિધ સૂચનો કર્યાં, તે આ પુસ્તકનું સદ્ભાગ્ય સમજું છું.

વચમાં થોડા મહિના મારે પરદેશ જવાનું થયેલું. ત્યાંથી આવીને 'વાચનયાત્રા'ના બીજા વધુ ભાગો તૈયાર કરવા લાગ્યો છું. આ પુસ્તક ૨૦૦૩ના મે માસમાં પ્રગટ થયું તેમ બીજો ભાગ ૨૦૦૪ના મેમાં પ્રકાશિત કરવાની ઉમેદ છે.

ખલિલ જિબ્રાન જયંતી: ૬ જાન્યુઆરી, ૨૦૦૪

મ. મે.

*

## [ચોથી આવૃત્તિ]

વાચકો સદ્ભાવપૂર્વક જેના તરફ ધ્યાન દોરતા રહે છે તેવી ભૂલો સુધારવાની તક આ મુદ્રણ વખતે પણ મળી છે. ખાસ તો બેએક લખાણો પહેલા અને બીજા બંને ભાગમાં આવી ગયાં હતાં, તે બે પૈકી એકમાંથી રદ કરીને તેના સ્થાને નવાં મૂક્યાં છે. બે-ચાર લખાણોનો સ્થાનફેર પણ કર્યો છે.

બીજા ભાગની પણ નવી આવૃત્તિ આની સાથે જ બહાર પડે છે.

અને જેના પ્રકાશનમાં થોડોક વિલંબ થયો છે તે ત્રીજો ભાગ પણ ઑગસ્ટ મહિનામાં પ્રગટ થાય છે.

હવે, ઇન્શાલ્લાહ, ચોથો ભાગ ૨૦૦૬માં.

રવિશંકર મ. રાવળ જયંતી: ૧ ઑગસ્ટ, ૨૦૦૫
મ. મે.

# (ભાગ-૨)

## સંપાદકનું નિવેદન

આપણી પ્રજાનાં અનેક અનિષ્ટોનું મૂળ કદાચ વિચારશૂન્યતામાં જડશે. વાચનના સમૂળગા અભાવમાંથી, અને ઘણી વાર યોગ્ય વાચનના અભાવમાંથી, આવી વિચારશૂન્યતા પેદા થાય છે.

*

ઉત્તમ સાહિત્ય લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે, ધર્મબુદ્ધિને જાગૃત કરે છે, હૃદયની વેદનાને તેજસ્વી કરે છે, સમભાવ કેળવે છે. બારણાની તિરાડોમાંથી ફૂલની સુગંધ જેમ વાયુ વાટે પથરાય છે, રોમાંચિત કરે છે, તેમ ઉત્તમ વાચન ચિત્તમાં પ્રવેશી આનંદલહરીથી વાચકને ડોલાવી દે છે.

*

અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકિન્સની ‘પિક્વિક પેપર્સ’ નામની નવલકથાએ પ્રજાનું એટલું કલ્યાણ કર્યું છે, જેટલું ધર્મગ્રંથ ‘બાઇબલે’ પણ નથી કર્યું.

*

છેલ્લી એક સદી દરમિયાન મનુષ્યના જ્ઞાનમાં જબરદસ્ત ક્રાંતિ થઈ ગઈ છે. આ બધાં પરિવર્તનો ઉપર જેમનાં જીવન અને સુખચેનનો આધાર છે, તે નરનારીઓને તેની સમજણ કોણ આપશે? પોતાનાં કર્તવ્યો ઇમાનદારીથી બજાવવા માટે જેમને જીવનભર કાંઈક ને કાંઈક શિક્ષણ લેતા રહેવું પડે છે, એવા દરેક વયના વિદ્યાર્થીઓ માટે, જિંદગીના અંત લગી વિદ્યાર્થી રહેનારાઓ માટે ભેરુ, ભોમિયા અને ગુરુની કામગીરી બજાવે તેવું વાચન તેમને કોણ પૂરું પાડશે?

*

ગરીબ લોકોનું જીવન સંતોષમય, આશામય અને સંસ્કારમય બને, પોતાના જીવન પરની રાખ ખંખેરીને તેને પ્રદીપ્ત કરવાની પ્રેરણા તેમને મળે, એવું વાચન તેમને માટે સુલભ બનાવવું જોઈએ. જીવનને દોરવાની, પુરુષાર્થને પ્રેરવાની, વિચારોને શુદ્ધ કરવાની, ભાવનાને પવિત્ર રાખવાની અને પ્રજાનો વિશ્વાસ મેળવવાની શક્તિ જેમાં હોય તેવું વાચન પ્રજાને પહોંચાડવાનું છે. લોકોને ઉત્સાહ આપે, લોકોની શુભ વૃત્તિ જાગૃત કરે, સરસ્વતીના પ્રસાદથી લોકોનું ધર્મતેજ પ્રજ્વલિત કરે તેવું વાચન તેમને પૂરું પાડવાનું છે. છાપવાની સુગમતા ઘણી વધી ગઈ છે તેને પરિણામે છાપાં—સામયિકો-પુસ્તકોના ઢગલા ખડકાય છે. તેમાંથી આવું કેટલુંક ખંતપૂર્વક શોધીશોધીને જનસમુદાય પાસે સંક્ષેપમાં સતત મૂકતા રહેવું એ ખૂબ જરૂરી છે.

*

આ પ્રકારના વિચારોમાંથી પ્રેરણા મેળવીને ૧૯૫૦ના મંગલ પ્રજાસત્તાક-દિને ‘મિલાપ’ માસિક શરૂ કરેલું. સામે નમૂનો રાખેલો અમેરિકન માસિક ‘રીડર્સ ડાઇજેસ્ટ’નો. અનેક છાપાં-સામયિકો-પુસ્તકોમાંથી પરિશ્રમપૂર્વક વીણેલાં, બને તેટલાં ટૂંકાવેલાં, બે-ત્રણ ભાષામાંથી અનુવાદિત કરેલાં લખાણો સરેરાશ ૫૦ પાનાંના અંકમાં વાચકો પાસે દર મહિને ‘મિલાપ’ મૂકતું રહ્યું. તંત્રીની શક્તિ ઓસરવા લાગતાં ૧૯૭૮ના અંતે તેનું પ્રકાશન બંધ થયું.

પણ છાપવાની કામગીરી અટક્યા પછી, ઉત્તમ લખાણો નાનામોટા સમૂહો પાસે વાંચી સંભળાવવાનો નાદ લાગ્યો. એ રીતે ૧૯૫૦માં શરૂ થયેલી આ વાચનયાત્રા દરમિયાન જે લખાણો અનેક વાર વાંચ્યાં ને વાંચી સંભળાવ્યાં છતાં જેનું સ્મરણ ચિત્તમાંથી ખસતું નથી, તેનો સંચય એકવીસમી સદીના વાચકો માટે મૂકતા જવાની તીવ્ર ઇચ્છામાંથી આ પુસ્તકનો ઉદ્‌ભવ થયો છે. ‘મિલાપ’ના પહેલાં દસ વરસના અંકોમાંથી એ રીતે ચૂંટેલાં લખાણો ‘દાયકાનું યાદગાર વાચન’ પુસ્તકરૂપે પ્રગટ થયેલાં. પણ પછીના દાયકાઓ માટે એવા સંગ્રહો કરી શકાયા નહીં. ‘મિલાપ’નાં કેટલાંક લખાણો ‘યાદગાર જીવનપ્રસંગો’ અને ‘ભવનું ભાતું’

નામની ચોપડીઓરૂપે પણ પાછળથી આપેલાં.

હવે જીવનયાત્રાનો અંત દૂર નથી ત્યારે, આટલાં વરસોની સંચિત સામગ્રીમાંથી આજે પણ પ્રજા પાસે અચૂક મૂકવા જેવાં લાગે છે તેવાં લખાણો તારવીને પુસ્તકરૂપે રજૂ કરતાં જવાની હોંશ રહે છે. તેને પરિણામે અત્યારે ૬૫૦થી વધુ પાનાંની સામગ્રી અહીં રજૂ કરી છે. બીજી આથી લગભગ બમણી સામગ્રી તૈયાર પડેલી છે. ‘મિલાપ’માં લગભગ બધાં લખાણો ટૂંકાવીને આપવામાં આવતાં. તેને પણ શક્ય તેટલાં વિશેષ અહીં ટૂંકાવેલાં છે. હિંદી લખાણો ગુજરાતી વાચકો માટે ઘણાં સુગમ હોવાથી મોટે ભાગે તેના અનુવાદ કરવાને બદલે મૂળ સ્વરૂપે, પણ નાગરીને બદલે ગુજરાતી લિપિમાં, ‘મિલાપ’માં રજૂ થતાં, તે રીતે અહીં આપ્યાં છે.

આ ૬૫૦ જેટલાં પાનાંમાં નાનાંમોટાં મળીને લગભગ ૬૦૦ લખાણોનો સમાવેશ થયો છે. કેટલાંક ૨-૩ પાનાંનાં છે, તો ઘણાંખરાં એક પાનાનાં કે તેથીય નાનાં છે. પુસ્તક હાથમાં લઈને ઉઘાડીએ, ત્યારે જે પાનું આવે ત્યાંથી રસપૂર્વક વાંચી શકાય તેવું બન્યું છે.

પોતાનાં લખાણોના સંક્ષેપ કરવાની છૂટ આપવા બદલ સહુ લેખકોનો વિનમ્રભાવે ખૂબ આભાર માનું છું. એ લેખકો પૈકી કેટલાકે ‘મિલાપ’ વિશે વરસો પહેલાં જે માયાળુ શબ્દો ઉચ્ચારેલા તેમાં શ્રી દિલીપ કોઠારીએ ‘મિલાપ’ની કલ્પના લોકશિક્ષણની એક ‘ટેક્સ્ટબુક’ તરીકે કરી હતી. અત્યંત નમ્રતાપૂર્વક હું એવું ઇચ્છું કે આ પુસ્તક આપણી પ્રજાના ચારિત્રય-ઘડતર માટે, વ્યાપક સમાજશિક્ષણ માટે ઉપયોગી નીવડે. તેવું બને તો તેનો સંપૂર્ણ યશ સહુ લેખકોને જ હશે, જેમના વિચારો અને ભાવનાઓના ભંડારનો એક અંશ આ પાનાંમાં સુલભ બન્યો છે.

રવીન્દ્ર જયંતી: ૭ મે, ૨૦૦૩
મહેન્દ્ર મેઘાણી
[ભાગ પહેલામાંથી]

*

"વીંધો અમને આરંપાર!"

કબીર વિશેના એક લેખના આરંભે શ્રી હરીશ મીનાશ્રુએ ટાંકેલા ઓસ્ટ્રિયાના લેખક ફ્રાંઝ કાફકા(૧૮૮૩-૧૯૨૪)ના એક અવતરણનો અનુવાદ 'અરધી સદીની વાચનયાત્રા'ના વાચકો પાસે રજૂ કરવા જેવો છે. વીસમી સદીની પશ્ચિમની દુનિયાની ભયભરી ચિંતાઓ ને વિસંવાદિતાઓની અભિવ્યક્તિ પોતાની સ્વપ્નશીલ, માનસશાસ્ત્રીય ને અસ્તિત્વવાદી નવલકથાઓ મારફત કરાવનાર કાફકાનાં લખાણોમાં ચંચૂપાત કરી શકે નહીં તેવા મારા જેવા વાચકોને પણ સ્પર્શી જાય ને સમજાય તેવું કશુંક મળી આવ્યું:

મને લાગે છે કે આપણે એવાં જ પુસ્તકો વાંચવાં જોઈએ જે આપણને ઘાયલ કરે, આરપાર વીંધી નાખે. આપણે વાંચતા હોઈએ તે પુસ્તક મસ્તક પર ધડ દઈને ફટકો મારી આપણને જાગ્રત કરી દેતું ન હોય, તો પછી આપણે તે વાંચીએ જ છીએ શીદને, ભલા? આપણને તો એવાં પુસ્તકોની જરૂર છે, જે કોઈ મોટી હોનારતના જેવી અસર આપણી ઉપર કરે, ઊંડી વેદનામાં આપણને ડુબાડી દે, જેને આપણી જાત કરતાં વધારે ચાહ્યું હતું તેવા કોઈ પ્રિયજનના મૃત્યુની જેમ માનવીમાત્રથી દૂર દૂરનાં જંગલોમાં આપણને દેશનિકાલ કરી દે. પુસ્તક તો આપણી અંદર થીજી ગયેલા હિમસાગરને કાપનારો કુહાડો હોવું જોઈએ.

*

કાફકા કહે છે તેવા કોઈક પુસ્તકથી વીંધાઈને જખમી બનવાનું સદ્‌ભાગ્ય આપણામાંથી કેટલાંકને સાંપડ્યું હશે. જેના જખમની પૂરી રૂઝ હજી કલેજામાં નહીં વળી હોય, એવાં બે પુસ્તકો મેં દાયકાઓ પહેલાં વાંચેલાં તે કેમેય ભુલાતાં નથી: તોલ્સતોયનો નરહરિ પરીખે કરેલો અનુવાદ 'ત્યારે કરીશું શું?' અને પ્રભુદાસ ગાંધીનું 'જીવનનું પરોઢ'.

આખાં ને આખાં પુસ્તકોથી નહીં, તો તેના કેટલાક અંશોથી અથવા સામયિકો—વર્તમાનપત્રોમાંના કોઈક લખાણથી પણ આપણે ક્યારેક વીંધાતાં રહીએ છીએ. એવાં જે વેરવિખેર લખાણો જીવનવાટે

ભેટી ગયાં, તેમાંથી કેટલાંક એકત્રિત કરીને ગુજરાતી વાચકો સમક્ષ નમ્રભાવે રજૂ કરવાનો પ્રયત્ન 'અરધી સદીની વાચનયાત્રા' (ભાગ ૧) માં કર્યો છે. એ જાતનાં લખાણોનો આ બીજો ભાગ હવે પ્રગટ થાય છે. પહેલા ભાગને આવકારનારા વાચકોને બીજો ભાગ પણ સંતોષ આપશે, એવી ઉમેદ છે.

આ બંને ભાગમાં મળીને લગભગ ૫૦૦ લેખકોનાં ટૂંકાવેલાં લખાણો રજૂ થયાં છે. આટલાં જ પાનાંના બીજા બે-ત્રણ સંગ્રહો આપી શકાય તેટલાં લખાણો વીતેલી અરધી સદી દરમિયાન ભેગાં થયેલાં છે. એ રીતે જો પાંચ ભાગ તૈયાર થઈ શકે, તો એક હજાર જેટલા લેખકોનાં સંક્ષિપ્ત લખાણોનો—કાવ્યો, નિબંધો ને વાર્તાઓનો સંચય રચાય.

મકરન્દ દવેએ પોતાના 'જીવણ'ને ઉદ્દેશીને જે તલસાટ વ્યક્ત કર્યો છે, તે વધુ ને વધુ વાચકો પુસ્તકો માટે પણ અનુભવશે એવી આશા રાખીએ:

*અમે રે સૂકું રૂનું પૂમડું,*
*તમે અત્તર રંગીલા રસદાર;*
*તરબોળી દ્યોને તારેતારને,*
*વીંધો અમને વ્હાલા, આરંપાર...*

ઉમાશંકર જયંતી: ૨૧ જુલાઈ, ૨૦૦૪
મહેન્દ્ર મેઘાણી

*

## [ચોથી આવૃત્તિ]

વાચકો સદ્‌ભાવપૂર્વક જેના તરફ ધ્યાન દોરતા રહે છે તેવી ભૂલો સુધારવાની તક આ મુદ્રણ વખતે પણ મળી છે. ખાસ તો બેએક લખાણો પહેલા અને બીજા બંને ભાગમાં આવી ગયાં હતાં, તે બે પૈકી એકમાંથી રદ કરીને તેના સ્થાને નવાં મૂક્યાં છે. બે-ચાર લખાણોનો સ્થાનફેર પણ કર્યો છે.

પહેલા ભાગની પણ નવી આવૃત્તિ આની સાથે જ બહાર પડે છે. અને જેના પ્રકાશનમાં થોડોક વિલંબ થયો છે તે ત્રીજો ભાગ પણ ઑગસ્ટ મહિનામાં પ્રગટ થાય છે.

હવે, ઇન્શાલ્લાહ, ચોથો ભાગ ૨૦૦૬માં.

રવિશંકર મ. રાવળ જયંતી: ૧ ઑગસ્ટ, ૨૦૦૫
મ. મે.

## (ભાગ-3)

## સંપાદકનું નિવેદન

‘અરધી સદીની વાચનયાત્રા’ના પહેલા ને બીજા ભાગની મળીને પોણો લાખ નકલો બેએક વરસ દરમિયાન છપાઈ છે. આ ત્રીજો ભાગ ઉમેરાતાં લગભગ ૨,૦૦૦ પાનાંનું વાચન ‘અરધી સદીની વાચનયાત્રા’માં સમાવેશ પામ્યું છે.

પહેલા ભાગમાં મોટા ભાગનાં લખાણો એક પાનાનાં કે તેથીય નાનાં હતાં. બીજા ભાગમાં બે કે વધુ પાનાંવાળાં લખાણોનું પ્રમાણ થોડું વધ્યું હતું. ત્રીજા ભાગમાં કેટલાંક લખાણો વધુ લાંબાં પણ આપ્યાં છે. પાંચ પાનાંનાં કે તેથી મોટાં લખાણો પંદરેક થાય છે. ત્રણેય ભાગનાં લગભગ તમામ લખાણો ટૂંકાવેલાં છે. તેમાં એક અપવાદ આ વખતે આવે છે. સેંકડો લખાણોના સંક્ષેપ કર્યા છતાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના ‘વખાર’(પાનું ૭૧)માં કશો સંક્ષેપ હું કરી શક્યો નથી. સિતાંશુભાઈને સલામ! એવાં લખાણો આપણને વધુ ને વધુ મળતાં રહો. સૌથી લાંબો, ૧૩ પાનાંનો લેખ થયો છે શ્રી અમૃતલાલ વેગડનો. એમના પુસ્તક ‘સ્મૃતિઓનું શાંતિનિકેતન’માંથી વિવિધ પ્રકરણો જુદા જુદા લેખરૂપે આપી શકાય, પણ અહીં તે સામટાં લીધાં છે. એ પુસ્તક મને બહુ ગમી ગયું છે. શ્રી વેગડને પણ સલામ!

હમણાં ગણતરી કરતાં ખ્યાલ આવ્યો કે ‘અરધી સદીની વાચનયાત્રા’ના ત્રણ ભાગમાં લગભગ ૩૦૦ પુસ્તકોના અંશો રજૂ થઈ શક્યા છે. તેનો સ્વાદ ચાખ્યા પછી કેટલાંક મૂળ પુસ્તકો વાંચવાની હોંશ વાચકોને થશે, એવી આશા છે. તેના અનુસંધાનમાં શ્રી રામનારાયણ વિ. પાઠકના એક લેખનો અંશ અહીં પાના ૫૬૧ પર છે, તે ધ્યાનમાં લેવાની વિનંતી વાચકોને કરું? સાથે સાથે કેદારનાથજીનાં આ વચનો પણ મૂકી શકાય:

“વાચનથી માત્ર શુભ ભાવનાઓ જાગ્રત થઈને વિલીન થઈ જતી હોય, તો એથી શો લાભ? વાચનથી જો ભાવનાઓની વૃદ્ધિ થતી ન હોય, અને તે પ્રમાણે આચરણ ન થતું હોય, તો એ વાચન એક જાતનું વ્યસન જ બની જાય છે.”

હવે, ઇન્શાલ્લાહ, ચોથો ભાગ ૨૦૦૬માં.

મેઘાણી જયંતી : ૧૭ ઓગસ્ટ, ૨૦૦૫
મહેન્દ્ર મેઘાણી

## (ભાગ-૪)

## સંપાદકનું નિવેદન

‘અરધી સદીની વાચનયાત્રા’માં આ ચોથા ભાગ સહિત લગભગ ૨,૫૦૦ પાનાંનું વાચન રજૂ થયું છે. ૭૫૦ જેટલા લેખકોની કલમનો એ ફાલ છે.

પુસ્તકનો પહેલો ભાગ ૨૦૦૩માં પ્રગટ થયો, પછી નવી આવૃત્તિઓ અને પુનર્મુદ્રણોની મળીને તેની ૫૮,૫૦૦ નકલ (એપ્રિલ ૨૦૦૬ સુધીમાં) છપાઈ.

બીજો ભાગ ૨૦૦૪માં બહાર પડ્યો, તેની કુલ ૨૭,૦૦૦ નકલ (જુલાઈ ૨૦૦૬ સુધીમાં) છપાઈ.

ત્રીજા ભાગની કુલ ૨૦,૦૦૦ નકલ (ઓક્ટોબર ૨૦૦૬ સુધીમાં) છપાઈ.

એ રીતે ચાર વરસમાં ત્રણ ભાગની મળીને ૧,૦૫,૫૦૦ નકલ વાચકોની વચ્ચે વહેતી થઈ. જેમનાં મૂલ્યવાન લખાણોએ ગુજરાતી પ્રજાની આટલી પ્રીતિ પ્રાપ્ત કરી તે સહુ ધન્ય છે.

૭૫૦ લેખકો પૈકી ઓગણત્રીશ એવા છે કે જેમનાં એક યા વધુ લખાણ ચારેય ભાગમાં રજૂ થયાં છે. તેમનાં નામ આ રહ્યાં:

'ઉશનસ્', 'કલાપી', 'ન્હાનાલાલ કવિ', કાકા કાલેલકર, મો ક ગાંધી, ઉમાશંકર જોશી, રવીન્દ્રનાથ ઠાકુર, જુગતરામ દવે, મકરન્દ દવે, મહાદેવ દેસાઈ, જવાહરલાલ નેહરુ, મનુભાઈ પંચોળી, જયન્ત પાઠક, નગીનદાસ પારેખ, ગિજુભાઈ બધેકા, હસિત બૂચ, નિરંજન ભગત, વિનોબા ભાવે, 'આદિલ' મન્સૂરી, કરસનદાસ માણેક, ઝવેરચંદ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી, અનંતરાય મ રાવળ, રવિશંકર (મહારાજ) વ્યાસ, ભગવતીકુમાર શર્મા, કાંતિ શાહ, ગુણવંત શાહ, સુન્દરમ્, રમણલાલ સોની.

*

આ પુસ્તકનો પહેલો ભાગ છપાયો ત્યારે મારી પાસે જે સામગ્રી અરધી સદીમાં ભેગી થયેલી તેમાંથી પાંચેક ભાગ તૈયાર થશે, એવી કલ્પના હતી. પણ પછી તો એકવીસમી સદીનાં લખાણોનો સમાવેશ દરેક ભાગમાં થતો ગયો. હવે એમ લાગે છે કે બીજા ત્રણ ભાગ થઈ શકે તેટલી સામગ્રી બાકી રહી હશે.

પણ ચોથા ભાગ સાથે આ વાચનયાત્રા પૂરી કરવાનું મન થાય છે. કારણ કે ૮૪મા વરસે શરીર થાક અનુભવે છે, આંખો—અને સ્મૃતિ પણ—સ્વાભાવિક રીતે ઝાંખી પડતી જાય છે. કામ કરવાની શક્તિ ઓસરી રહી છે. ખલિલ જિબ્રાનની વાણીના પડઘા જાણે સંભળાય છે:

*પવન ફૂંકાય છે, સઢ ચંચળ થયા છે;*
*હવે વધારે ખોટી થવું નહીં પડે.*

સલામ!

*

'અરધી સદીની વાચનયાત્રા' મને એક નાનીશી ખાણ જેવી લાગે છે. તેમાં કેટલાક હીરા અને બીજા કીમતી પથરા પડેલા હશે. તેમને આકાર, રંગ વગેરે ધોરણે નોખા પાડીને લોકો સમક્ષ રજૂ કરી શકાય. જેમકે એક લેખકનો પ્રાથમિક પરિચય કરાવતાં પચાસેક પાનાં જેટલાં લખાણો તેમાંથી ભેગાં કરીને દરેકની પુસ્તિકા બનાવી શકાય. તેવી સાત પુસ્તિકા પ્રગટ પણ થઈ છે. એ સંખ્યા ખુશીથી પચાસ સુધી લઈ જઈ શકાય.

ઉપરાંત આ ચાર ભાગમાંથી વિષયવાર લખાણો વીણીને તેની પુસ્તિકાઓ બનાવીએ તો તે પણ વાચકોને આકર્ષે. જેમકે બાળકો, બહેનો, કેળવણી, ધર્મ, દેશપ્રેમ, કોમી એકતા, ગામડાં વગેરે અંગેની નાની નાની પુસ્તિકાઓની સામગ્રી આ ચાર ભાગમાં તૈયાર પડેલી છે. નાની પુસ્તિકામાં સમાય તે રીતે તેને ગોઠવવાની જ જરૂર છે. એ બધી વ્યાપક સમાજશિક્ષણની બાળપોથીઓ બની શકે.

આ 'વાચન—ખાણ'ના ચાર ભાગમાં ગાંધીજી વિશેનાં વિવિધ લેખકોનાં સવાસો જેટલાં લખાણો તૈયાર પડેલાં છે. તેમાંનાં કેટલાંક 'મિલાપ' માસિક (૧૯૫૦—૧૯૭૮)ના અંકોમાંથી વીણેલાં છે. પણ 'મિલાપ'ની ફાઈલોમાંથી હજી એવાં વધુ લખાણો શોધી, એ બધાંનું 'ગાંધી—ગંગા' નામનું ૨૦૦ પાનાંનું પુસ્તક આપવાની હોંશ થાય છે—અને પેલો થાક બધો ઘડીભર ભુલાઈ જાય છે.

*

'બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં' ઘોળેલા… 'દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં' ભભકેલા… 'ભક્તોના તંબૂરથી ટપકેલા'… 'વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમેલા'… અને 'નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયેલા' 'કસુંબીના રંગ'ની એક નાનકડી પ્યાલી આ 'વાચનયાત્રા' નિમિત્તે રંગીલાં વાચકો સમક્ષ ધરવાની કોશિશ કરતાં હું ધન્ય બન્યો છું.

બબલભાઈ મહેતા જયંતીઃ ૧૦ ઓક્ટોબર, ૨૦૦૬



◄

મહેન્દ્ર મેઘાણી

*

## પ્રકાશકની નોંધ

કાગળ—છપાઈના ભાવમાં ઘણો વધારો છેલ્લાં ચાર વરસમાં થયો છે, તેથી 'અરધી સદીની વાચનયાત્રા'ના આ ભાગની કિંમત નાછૂટકે વધારવી પડે તેમ છે. પરંતુ બધા ભાગની કિંમત એકસરખી રહે તે માટે પાનાં ઘટાડીને કિંમત રૂ. ૭૫ જ રાખી છે.

# અનુક્રમ

‘અંચલ’
ગાંધીજી

અંબાદાસ અગ્નિહોત્રી
મીઠાં વડચકાં

અંબાલાલ પુરાણી
પારસમણિ

અંબુભાઈ શાહ
વીરામાતા
તીર
“પૂરા પૈસા આપીએ તોય…?”

અખો
કથા સુણી સુણી—

‘અખ્તર’ શીરાની
ઓ દેસસે આનેવાલે!

અચિંત્યકુમાર સેનગુપ્તા
એક માત્ર માને

અચ્યુત પટવર્ધન
અધૂરી સ્વતંત્રતા

અચ્યુત યાજ્ઞિક
એવા દિવસ ક્યારે આવશે?

અજિત ઠાકોર
કંકુવરણો શ્વાસ

અજિત શેઠ
સમર્થ સંગીતકારના પાયામાં

અનંતરાય ઠક્કર, 'શાહબાઝ'

જીત…

અનંતરાય મ. રાવળ

આજનો વિશેષ ધર્મ

એક જ વર્ષ વધુ જીવ્યા હોત!

નવી પેઢીના વત્સલ

લોકોને જોઈએ છે સાહિત્યપારેખો

'રંગ છે, મેઘાણી!'

અંતરદીપનું દર્શન

અપૂર્વ વળતર

મધુરી કેકા

અનવર આગેવાન

વાત શી છે?

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

મહાન વાચકો જોઈશે

ભગવાન

—આનાથી નીચું તો નહીં જ!

સૂરજ

ધર્મશાળા બનવું ન પાલવે

આંખે કંકુના સૂરજ

અનિલ જોશી

આખા દેશ પર કરફ્યુ!

ગઈ!

સાંજ

અપ્પા પટવર્ધન

હમારી શરમ

‘અભિપ્રેત’

પેલી લૂંટાલૂંટ, અને આ—

કેવા એ દિવસો હતા!

અમિતાભ રમણલાલ શાહ

અતિથિવિશેષ!

અમીતા મલ્લિક

કાનનદેવીની દુનિયા

અમુભાઈ પંડ્યા

ત્યાગની પરંપરા

અમૃત ‘ઘાયલ’

ગઝલ

રાત તો જુઓ!

શસ્ત્ર

સંજીવની

રસ્તો કરી જવાના

–

–

—

—

રાત તો જુઓ!

ચોટ ગોઝારી

ગમે છે

આવ્યો છું

દુ:ખી કેવા છીએ

ગુસ્સે થયા જો...

અમે આજ...

–

–

–

અમૃત ગંગર

ચાર્લી ચૅપ્લિન

અમૃત મોદી

એક જ વાર...

“વડો પ્રધાન છું છતાંય...”

અમૃતલાલ વેગડ

અમારે આંગણે સારસ્વતો

દાંડીકૂચ અને નંદબાબુની કલા

અહિંસાને યુદ્ધના મેદાનમાં લઈ આવનાર

શાંતિનિકેતનની સ્મરણયાત્રા

અરુંધતી રૉય

અંધારી રાતે

અરુણ શૌરી

હવે પછીનો જુલમગાર નહીં ભૂલે

અરુણા જાડેજા

એક વીસરાતી કળા

અલી રઝા ઝૈદી

તરક્કી

અલી સરદાર જાફરી

ફિર આઉંગા!

અવનીન્દ્રકુમાર વિદ્યાલંકર

કોની છાતી નહીં ફૂલે?

આંદ્રે મોરવા

જીવનભરનાં સાથી

આઈ. એન. સૈયદ

પોતે... જાતે...

આદિલ મન્સૂરી

પળ આવી

કોને?

મળે ન મળે

સફારી પાર્ક વચ્ચે

દરિયો

રોકો

પાર ઊતરવાનું

ગઝલ

–

મૃગજળ...

કોઈ રણને...

ગઝલ

આનંદ બક્ષી

સબક

યહી હૈ

આનંદરાવ લિંગાયત

આંબેડકરની વ્યથા

આનંદશંકર ધ્રુવ

ચારિત્ર્ય એટલે શું?

પૂર્વજોનો સાહિત્યરસ

એ બહાર!

આત્મસંસ્કારથી શોભતી

આર. એમ. મેરીલ

એક અંધનો સવાલ

આર. કે. સિંહ

બિલ

ઇચ્છા

આર્ટ બુકવોલ્ડ

ખરાબ લોકો : સારા લોકો

આર્નોલ્ડ બાકે

ગ્રામજનોની દિલેરી

આલફ્રેડ ડગ્લસ

કવિતાનો ઘાટ

આલ્બર્ટ આઇનસ્ટાઈન

ત્યાં સુધી

ઈન્દીવર

—

તબ

સમજા નહીં

ઈન્દુ પંડ્યા

સમજણ

ઈન્દુકુમાર જાની

સંભારણું

ઈન્દુલાલ યાજ્ઞિક

મગજને ભમાવે છે

ઈનુસભાઈ વીજળીવાળા

પેરેશૂટ કોણ પેક કરે છે?

ઈન્દુલાલ ગાંધી

ભૂલવા બેઠાં...

ઈલા પાઠક

માની શીખ

ઈશા-કુન્દનિકા

અંધારી રાતે દીપશિખા

અધૂરો સૂર

ઝીણાં પાન પર મખમલિયાં ભરત

એબ્રહામ લિંકન

આંગળી ઝાલીને એને દોરજે!

ઈશ્વર પેટલીકર

આખ્યાનનું હાર્દ

કામમાં સુવાસ

કોણ સંતોષશે?

સબધો પાડોશી

ઈશ્વરભાઈ જે. પટેલ

અજવાળું કરનારા

ઈશ્વરભાઈ પટેલ

દુકાળ ટાળવાની દિશામાં

કેડસમા પાણીમાં – ઈશ્વરભાઈ પટેલ

ઈશ્વરલાલ ર. દવે

સાહિત્યનું લોકશાહીકરણ

ઈસ્માઈલ યુ. પટેલ

એકમાત્ર ઉકેલ

ઉત્તમ પરમાર

કુલાંગાર

ઉદયન ઠક્કર

સેલ્લારા

ઉપેન્દ્ર પંડ્યા

જૂનું ઘર

ઉપેન્દ્રનાથ 'અશ્ક'

ભાઈ

ઉપેન્દ્રાચાર્ય

ચારિત્ર્યવાન એટલે—

ઉમર ખય્યામ

રુબાઈયાત

રુબાઇયાત

ઉમાશંકર જોશી

અગસ્ત્ય પછી બીજા ઋષિ

જાગી જશે!

ઓસવાતો આત્મા

વત્સલમૂરત

લાગી આવતું હોય તો—

માભૂમિની હૈયાલક્ષ્મી

"સો વરસનો થા!"

શોધીશ મા!

આજનો વિદ્યાર્થી [1]

આટલું જરી ભૂલશો નહીં—

ગૌરવ-પ્રફુલ્લિત યૌવન

ફલશ્રુતિ

એ વિભૂતિઓ ક્યાં છે?
જવાહરની અભીપ્સા
અજબ પુષ્પ માનવ્યનું
હૃદયમાં પડેલી છબીઓ [1]
વસુંધરા
હૃદયમાં પડેલી છબીઓ [2]
મૈથિલીશરણ ગુપ્ત
કયા જંગલમાંથી ઘડી લાવીએ?
કવિ-સપૂત
હૃદયમાં પડેલી છબીઓ [3]
આપણે ઉઘાડા પડ્યા
એ દુભાશે લેશ જો—
એકાદ ખૂણામાં પણ—
ઇતિહાસાચાર્ય ટોયન્બી
લીલી વાડીઓ નિર્માણ કરનારા
“શાળાનું નામ ઉજ્જ્વળ રાખીશ”
ભોમિયા વિના
જઠરાગ્નિ
હતાશ તરુણ પેઢી
તિજોરીની કૂંચી
‘મહાભારત’માં માનવતા
દે વરદાન એટલું
“....જાગશે!”
લીલો
સામાન્યજનની સ્મૃતિ
લપડાક કોને?
વ્યાસની પ્રતિમા

ગરમ કરવા!
જંપ્યા વિના
જીવનરસથી ભર્યું ભર્યું
ગામડાના કવિ
૧૮૪૮માં!
ત્રણ વસ્તુઓ
મહામાનવ
પીડિતોનાં ગીતો
કલાકારનું જીવનકાર્ય
ખિસકોલી
યોગ્યતા
પ્રાર્થના—પણ ઉત્તમ કાવ્ય
'બાર નહીં ખખડાવું'
એ જ કીમિયો
ધુમાડાના બાચકા
હસતો સંતકવિ
સહજપણે ઉમેરાયા
—તો ન્યાલ થઈ જઈએ
બેઠા બેઠા તોલ કરે છે
કાનમાં કહું?
જીવનની ઉત્તમ ક્ષણો
મોઢામાં અમી છૂટે નહીં!
એકલ યાત્રા
ખુશમિજાજ!
જીવનનો કલાધર
બસ, એટલું જ
જીવનનો કલાધર

બાણપથારી

કાવ્ય-રત્નો

માનવતાની મંગલકથા

અખૂટ જીવનરસ

—

—

—તોય ઊભું કામ ને કામ!

બંગબંધુ મુજીબ

પ્લેટોના ગ્રંથનો સાર આપનાર

ગુજરાત મોરી મોરી રે

કવિતા અને કવિ

પંચમી આવી વસંતની

કેવા કેવા પ્રભો...

‘હોઠે સ્મિત... હૈયે કરુણા’

આવતાનાં એંધાણ પારખનાર

ભારતીય સંસ્કૃતિના કવિ

ઉત્તમ વિવેચકો

ઉર્વીશ કોઠારી

“વલ્લભભાઈનો જય હો!”

ઉશનસ્

—

આ છેલ્લો માણસ

એ તું જ!

બધી જ

બાના સમું—

આવે છે સવાર!

કોણ જાણે? કેવું

રંગતાળી

કિતાબોમાં

ધન્ય ભાગ્ય

એ જિંદગી

બીજું કોઈ કામ બાકી નથી

કો'કે કરવું પડશે

જગાડું?

કોણ?

રામની વાડીએ

ગાંધીનિર્વાણ દિને

છાતી ખોલી જોયું તો?

એઈન રેન્ડ

કાયદા

એકનાથ

જનાર્દન જોવા છે?

એન લિંડબર્ગ

ભૂલી જઈએ!

એન. એન. સચીદાનંદ

આપણા ફાંકડા ફિતૂરીઓ

એફ. એલ. લ્યૂકસ

રહસ્ય

એચ. ડી. શૂરી

અકરાંતિયા સામે મધલાળ

એલ. પી.. જેક્સ

કેળવણી

એસ. નિહાલસિંહ

મર્યાદિત સરમુખત્યારશાહી?

એસ. કે. રામપાલ

ભેરુ જલ્લાદ?

એસ. જયપાલ રેડ્ડી

અંતિમ લાલસાને જીતનારો

એસ્થર ગ્રેહામ

જગતને જોવાની મજા

‘ઓબ્ઝર્વર’

કબરોની કતાર

ઓલિવર ક્રોમવેલ

અહીંથી ચાલ્યા જાઓ!

કનુભાઈ જાની

એવું રૂપ લીધું!

કનૈયાલાલ મુનશી

“બહોત ખૂબ”

એક પત્ર

કન્ફ્યૂશિયસ

વૃદ્ધ

કમલા પરીખ

સૌથી નાના ધારાસભ્ય

ઋષિ અધ્યાપક

કમલેશ સોલંકી

કોણ ધક્કા મારતું હતું?

કરસનદાસ માણેક

કોની છે આ ધીંગી ધરતી?

મારી કવિતા
અંતે!
ગમે છે!
છતાં માનું—
મોહ્યા મોહન
સબૂર, ઓ માનવી!
ખોવાઈ ગયું
જીવન અંજલિ થાજો!
—
—એવું જ માગું મોત!
હજુ વરસાદભીની...
એક સપનું મુજ ખોવાઈ ગયું
શતાબ્દીનો જલસો!
હરિનાં લોચનિયાં

કરસનદાસ લુહાર

આડત્રીસ વરસને અંતે
—
એ સ્પર્શનાં ફૂલો...

કલાપી

મારી કવિતા
આપની યાદી
‘કાન્ત’ પર પત્રો
અંધારે...
એક પત્ર

‘કલ્કી’

દલો તરવાડી

કાંતિ ભટ્ટ

આબરૂ અને કીર્તિ

ભંગારના ફેરિયામાંથી રેઝરનો રાજા!

કાન્તિ શાહ

“—એવું કાંઈક કરોને!”

અગ્નિ અને રાખ

લોકમત કેવી રીતે કેળવશું?

આ પ્રેમને લાયક બનશું?

સૌમ્ય મૂર્તિ

કોચલામાં નહીં પુરાયેલાં

કાકા કાલેલકર

—એવી નામના મેળવજો!

એ પાપ ધોઈ નાખવા—

આત્મીયતા ને અલિપ્તતા

એક ઝટકે ઉખેડવાનું

એક મોટું આશ્ચર્ય

ગદ્ધાપચીસી

માધુકરી

આજનો વિદ્યાર્થી [3]

કેળવણીથી સિદ્ધ

અપત્યપ્રેમ કે અપત્યનિષ્ઠા?

અધ્યાપક માટે ઉપાસના-મૂર્તિ

ધાક કે ધીરજ?

અધિકાર

આનું નામ અંત્યોદય

આપણો રાષ્ટ્રીય રિવાજ

‘અલ અમીન’

ખાખી અને ભગવો
કોણ ટકાવી શકે છે?
નકલી નહીં કરેંગે ગલતી
જીવન-દર્શન
દેશભક્તિ ને દેશસેવા
ચિઢ હી મર ગયી હૈ
આંધળા ન થઈએ
દુષ્ટતાનો નાશ કરવા—
ધર્માધર્મનો વિચાર
ધર્માન્તર અને શુદ્ધ વિચાર
આપણને ખાઈ જશે
તેજસ્વિતા પહેલી
"એ પુસ્તક આપી શકીશ નહીં!"
"ભગવાં ઉતારવાં પડશે"
સાધુવેશ વિનાના સંન્યાસી
શૃંગારનું સાચું દર્શન
શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં
ગાંધીજીના થઈ ગયા
એક પણ સુકૃત્ય કર્યું હોય તો...
કુશળ માળી
એટલે વીસમી વખત
"ત્યાગ કર્યો હોય તો—"
સ્વરાજ પછી દુ:ખનો પ્રારંભ
પ્રેમળ જ્યોતિ તારો દાખવી
દોહન કરનાર નીકળશે
હરિને ભજતાં
એકલો

ગાંધીજીનું સ્ત્રી-હૃદય
ધર્મયુદ્ધના નિયમો
જીવનકલાનું લક્ષણ
સારો ખેલાડી
પાપીનો પણ પ્રતિનિધિ
લોકોનાં હૈયાંમાં પેસવા
શ્રદ્ધાનું પ્રતિબિંબ
સનાતની છતાં સુધારક
જીવવું એટલે
ધર્મ-માર્ગનું ભાથું
મારી વાચનકથા
વિચાર-કલિકા

મણિશંકર ર. ભટ્ટ, ‘કાન્ત’
હિંદમાતાને સંબોધન
જલધિજલદલ...

કાન્તિ ભટ્ટ
તોફાનને નોતરો!
હતી ત્યાંની ત્યાં જ?
કોણ કેદી, કોણ મુક્ત?

કિરણ ત્રિવેદી
પ્રજાનીય સંડોવણી

કિશનસિંહ ચાવડા
પુણ્યપ્રકાશ
અરધી સદીની કલાસાધના

કિશોર રાવળ
દાદાની દાદાગીરી

કિશોર વ્યાસ

દીપશિખાઓથી ઓપતું પત્રકારત્વ

જેવું લખાયું, તેવું છપાયું!

કિશોરલાલ મશરૂવાળા

કાકાસાહેબ : જીવનદર્શન

કૂવો અને હવાડો

એક જ કસોટી

કોશમાંથી જડી આવે તેમ

કલ્યાણનો માર્ગ દેખાડનાર

અવિશ્વાસ ક્યાં સુધી?

નબળી સાધુતા

પરપોટા

બુદ્ધનું સ્મરણ કરાવનાર

કિસન સોસા

ક્ષણ બની

ઠીક થયું!

ખંડિત સ્વપ્નના અવશેષ

કીર્તિદા શાહ

ગાગરમાં સાગર

કુંજવિહારી મહેતા

સાતત્ય વિનાનું શિક્ષણ

કુસુમ દેશપાંડે

માથા પર નહીં

કુસુમબહેન હ. દેસાઈ

ગમે ત્યાં થાય તેવું કામ

'કૂપમંડૂક'

દેશપ્રેમ—દેખાડાની ચીજ?

કૃષ્ણપ્રસાદ પટેલ

“તે કરતાં બસ શું ખોટી?”

કૃષ્ણલાલ મો. ઝવેરી

માઈ, માઈ, કૂતરી વિયાઈ

કૃષ્ણલાલ શ્રીધરાણી

સંન્યાસ

સ્વમાન

—

કેથેલિન રેઈન

પ્રીતમના ઓરડા

કેદારનાથ મિશ્ર ‘પ્રભાત’

કાલ-પુરુષ

કેનેથ ડેવીસ

ઊખડતાં મૂળિયાં

કેશુભાઈ દેસાઈ

ખૂણામાં પડેલો જાગતો જીવ

કેશુભાઈ પુ. ચૌહાણ

ચંદાની માસી

કેશુભાઈ ભાવસાર

એ સમન્વય

ચૂંટણી-સુધારાની ઝુંબેશ

ખુશવંતસિંહ

નેવુંમે

ગ. મા. પિંપરકર

કળિયુગની ગાંધારી

ગંગાબહેન વૈદ્ય

“તો મને દુ:ખ થાત!”

અમૃતસંજીવની વિદ્યા

ગંગાસતી

મન નો ડગે

ગગુભાઈ પુનશી

અવળી દોરવણી

‘ગની’ દહીંવાલા

ચાલ મજાની આંબાવાડી

—

–

જે પૂનમના ચાંદ સમ...

કૃશિકાર જગે...

તમન્ના

ગચટે

—તો

ગાંગજી શેઠિયા

અમૂલ્ય જડીબુટ્ટી

ગાર્ગી વૈદ્ય

બુરખાની અંદર, પણ ઘરની તો બહાર

ગિજુભાઈ બધેકા

“આ તે શી માથાફોડ!”

“કેટલી વાર કહેવું?”

પુસ્તકાલય એટલે મહાશાળા

ગિજુભાઈની બાલવાર્તાઓ

ચોકમાં દાણા નાખ્યા છે
ગિજુભાઈની વાર્તાઓ
મૂળ નાનપણમાં

ગિરાબહેન સ. પટેલ

પોતાનો નિયમઃ પોતે જ દંડાયા!

ગિરિજાકુમાર માથુર

બૌનોં કી દુનિયા

ગિરીશ ગણાત્રા

જ્ઞાનયજ્ઞનો આચાર્ય

ગીતા પરીખ

ઘસરકો

ગુણવંત પંડ્યા

આ તે કેવું?

ગુણવંત શાહ

માંદા પડવાની સાધના
માઈક પરથી વહેતો ત્રાસવાદ
કાવ્યપંક્તિ
જીવવાનો વહેમ
આરામખોર પ્રજાઃ હરામખોર નેતા
વેગળાં ને વેગળાં જ!
સુવાસની અનાસક્તિ
કપરું
જટાયુ
ઓરડામાં યુનિવર્સિટી!
સહજ સાધુતા
સંતોને બગાડવાનું બંધ કરો!

જીવનની મોટી અમીરાત
—આવી પજવણી
અનોખી અમીરાત
એ સન્નારીને મળ્યા છો?
વીણી વીણીને વખાણો!
સેવા
“તમને ખાતરી છે કે..?”
રક્ષણ પામેલો ધર્મ જ રક્ષણ કરશે
દીવાલની પાર
ધર્મની ઓથે
ગાંધીને અન્યાય : આંબેડકરને પણ અન્યાય
‘સ્ટોપ હીયર, ઓર જેન્ટલી પાસ’
અનોખી પ્રભાતફેરી
નિભાડામાં પાકીને આવેલા
હુંસાતુંસી
તફાવત
નિખાલસ વાતો
પ્રાણઊર્જા

ગુણવંતરાય આચાર્ય
દાસત્વ સામે મોરચા
નાના નાના ગાંધીઓ...
સોરઠી સંસ્કૃતિ

ગુણવંતરાય પુરોહિત
...એટલે મારી બાને બળતરા નહીં!

ગુરુદયાલ મલ્લિક
મારી માને ગમશે?

ગુલાબદાસ બ્રોકર

પત્નીને મશીન નથી બનાવવી

“ઊભા રહો, કૈંક સરસ વંચાવું!”

ગુલામ મોહમ્મદ શેખ

‘કયા જલમનાં પાપ…’

ગુલામ રસૂલ કુરેશી

બોલવાની જરૂર ન પડી

ગોપાલ કૃષ્ણ ગોખલે

અપવિત્ર વિચાર કરતાં પણ ડરીએ

ગોપાલદાસ જી. પટેલ

સંસ્કૃતિના તાણાવાણા

ગોરધનભાઈ શં. પટેલ

ચાલતી પકડે!

ગૌતમ બુદ્ધ

કર્મ પરથી જ

ગ્રેગરી સ્ટોક

આવો, અંતરનાં કમાડ ઉઘાડીએ!

કિશોર-અંતરોનાં કમાડ ઉઘાડીએ!

ચંદ્રકાન્ત બક્ષી

જનતાની ઝુબાન પર જન્મેલી

તે બધું જ નથી, છતાં…

ડૉક-મઝદૂર

ચંદ્રકાન્ત કાજી

દુ:ખી થવાના દસ રસ્તા

ગૂંગળાતા કિશોરો

ચંદ્રકાન્ત દત્તાણી

–

ચંદ્રકાન્ત પંડ્યા

“બોડીને તાં વળી કાંહકી કેવી!”

ચંદ્રકાન્ત શેઠ

શોધ

સમજણ તે આપણા બેની

તું છે મારી અંદર તેથી—

ચંદ્રવદન મહેતા

એકડે એકથી

મમીરો

ચંદ્રશંકર પ્રા. શુક્લ

ગરીબાઈને પણ ટપી જનારી

ચંદ્રશંકર ભટ્ટ, ‘શશિશિવમ્’

નીરખતું કોણ?

અલપઝલપ દર્શન

ચંદ્રશંકર મ. ભટ્ટ

બોદો રૂપિયો!

ચંદ્રહાસ ત્રાવેદી

તર્કની તલવારથી...

ચંપકલાલ વ્યાસ

‘ક. વિ.’

ચક્રવર્તી રાજગોપાલાચાર્ય

“વરદાન પાછું લઈ લો!”

ચતુર કોઠારી

પુરુષની કઠોરતાનો ઉપાય

રામકુમાર ચતુર્વેદી 'ચંચલ'

પરીક્ષા કી ઘડી

ચન્દ્રકાંત ટોપીવાળા

સજીવન સ્મરણવાસીઓ

ચન્દ્રકાન્ત મહેતા

રૂઢિ-બંધન વચ્ચેથી સાહિત્ય-શિખરે

ચન્દ્રવદન મહેતા

ઑફિસર

કાયર

ભમીએ ગુજરાતે

"હનમોદાદાને કે'જો કે—"

કૉલેજોમાં પુસ્તક-ભંડાર

ચમનલાલ

રાષ્ટ્રપતિ

ચાઇમ વાઇઝમેન

ચમત્કાર

ચાર્લ્સ ગેટ્સ

શીદને?

ચિનુ મોદી

દરિયા વચ્ચે...

ઠીક છે, 'ઇર્શાદ', કે...

ઓસની લાગે તરસ...

ચિનુભાઈ ગી. શાહ

આનંદની આરાધના

ચિનુભાઈ પટવા

આપણા લોકો!

ચિનુભાઈ પટવા

સમાજવાદી ધોરણે નોકરીની શરતો

સંતોષી તે સુખી

ચિમનલાલ ભટ્ટ

મારું વતન

ચીમનભાઈ અમીન

“આ તો ખાડા બરાડવા લાગ્યા!”

ચુનીભાઈ વૈદ્ય

દાદા ધર્માધિકારી

ચુનીભાઈ શાહ

સ્વતંત્રતા અને સીમા

ચુનીલાલ વ. શાહ

પાછલે બારણેથી

ચેરીઅન થોમસ

રમતના મેદાન પર જ?

છોટુભાઈ જો. ભટ્ટ

અમારા માધવકાકા

જગજીવન ના. મહેતા

દરેક માણસ

જગદીપ વીરાણી

વા વા વંટોળિયા!

જગદીશ ચાવડા

જીવ ન ચાલ્યો

—

જગદીશ જોષી

ધારો કે—

—

જગદીશ વ્યાસ

નહિતર...

‘જટિલ’

તારા હાથમાં

આપણે

જતીનભાઈ દલાલ

ચા-નાસ્તો

જનક દવે

પ્રસન્ન પ્રતિભા

જમિયત પંડ્યા

—

—

જયંત કોઠારી

અનન્ય ચરિત્રારેખા

ક્યાં ક્યાંથી પોષણ મેળવ્યું

લોકોને સાહિત્ય તરફ વાળવા

પારિતોષિકોનું મૂલ્ય

ઊર્ધ્વલોકની યાત્રાએ

અમારાં બા

મોટી સમાનતા

નાનું ઝરણું

સત્યકામ વિદ્યાપુરુષ : જયંત કોઠારી

જયંત પલાણ

શેણે?

જયંત પાઠક

ગઝલ

સાચના શહીદ

કવિતા

માણસ

શરદનું સોનું

ક્યાં છે?

થોડો વગડાનો શ્વાસ

શૈશવની સાંજ

જયંતિ દલાલ

તાજમહાલ ન વેચતા!

જયંતીલાલ માલધારી

“પંડિતજીને જરા કે’જોને!”

આ વાલો!

જયંતીલાલ મો. શાહ

અટંકી યોદ્ધો

કાંઈક કહેવાનું

જયંતીલાલ સો. દવે

—

ખોરડાં

નીંભાડો મારા નાથનો

જયન્ત પંડ્યા

કોઠે કોઠે ઝળહળતા દીવા

કર્નલ સાહેબ

જયન્ત પાઠક

કર ઊંચા કરી—
ક્યાં સુધી?
એક વારનું ઘર
તાવડી
તે તો મા જ!
નળિયાં
રાજસ્થાન
વરસાદ પછી વગડો
એક એવી તે પ્રીત અમે કીધી
—
—
ઠેલો
પાછો વળું...
હું ક્યાં છું?
–
—
કવિતા...
નથી જોઈતું આભ...
શૈશવના એ દિવસો!
પાકેલા પાનની પીળાશ
ઉનાળો
કવિ ઓછો, કસબી વધારે
બચુભાઈનો પત્ર: સ્વર્ગના આંખેદેખ્યા હાલ
વનવાસ
વતનના પહાડોમાં
માણસ બનવા માટે

જયપ્રકાશ નારાયણ

તપનો સવાલ નથી

જયમલ ચાદવ

ગીત કોનાં લખું, કોનાં નહીં?

જયરામ રમેશ

એકલા આર્થિક વિકાસથી...

જયવંત દળવી

શોખ

મેજેસ્ટિક ગપસપ

સાહિત્ય-મંદિરનો ભક્ત

જયશંકર ભોજક, 'સુંદરી'

થોડાં આંસુ, થોડાં ફૂલ

જયા મહેતા

થાય છે—

જયાબહેન અમીન

ભલામણ

જયેન્દ્ર ત્રિવેદી

પ્રેમાનંદનો પુનરાવતાર

ઉમાશંકરને ઈર્ષા આવી!

શું કર્યું?

જવાહરલાલ નેહરુ

દિમાગી ફર્ક

ઉસ પાર—!

—બગૈર આપકી મદદ કે

લડાઈ કા તજુર્બા

આપ કી જાયદાદ

એકએક ઈંટ....

અણલખ્યો પત્ર

સંસ્કૃતિની કસોટી

મનુષ્યનો આત્મા

બહુત મંઝિલેં બાકી હૈં

મેહનત કરનેકા સમય

આઝાદીકી મશાલ

તરક્કી કા અંદાજા

વસિયતનામું

ભાષા કા હાલ

બાપૂ: મેરી નજર મેં

જશવંત મહેતા

ઉપવનોમાં

જાનકી પટેલ

રાંધવામાં કેટલી કાળજી લો છો?

જાવેદ અખ્તર

—

જાહ્નવી પાલ

૭૪ થયાં, તો શું થયું...?

જિતુભાઈ પ્ર. મહેતા

ઉબેણની ઝાંખી

જિતેન્દ્ર કા. વ્યાસ

અંતિમ ઇચ્છા

જિનવિજય

પુણ્યપુરુષોનાં કીર્તન

જિમ કોર્બેટ

મારા અનાથ મિત્રો

જીવતરામ કૃપાલાની

ગાંધીજી આધુનિક હતા?

જુગતરામ દવે

ખવાઈ જતા પાયા

આનંદી સત્યાગ્રહી

હરિજનોના ગુરુ

પળપળની કીમત

પીંપળવાડીથી બારડોલી

હાથે કરી કેમ હારી તું જા?

વટવૃક્ષની કથા

બાલમંદિરિયું

અન્તરપટ

ચકલી

ચકીબહેન

બાપુ અમર રહો!

ધૂન

જે. ડી. દોષી

યાદદાસ્ત

જે. એન. ટંડન

આજનો વિદ્યાર્થી [૨]

જે. એમ. પટેલ

ફાસીવાદનું અસલ સ્વરૂપ

જે. બી. પ્રિસ્ટલી

વિકરાળ પ્રશ્ન

જેઈમ્સ ફ્લેચર

કવિનું કામ

જેક ડેન્ટન સ્કોટ

કદર કરવાની કળા

જોન ડગલાસ સ્પ્રીંગલ

બેધારી તલવાર પર

જૈનેન્દ્રકુમાર

પળે પળે શહીદ

જોન બ્રીક્સ

આ પુલ!

જોન મેઈઝફીલ્ડ

છાપખાનાની શોધ...

જોન સીઝકો

એટલું ભૂલીએ નહીં—

જોન હંટ

શિખરોના સમ્રાટની સલામીએ

જોરાવરસિંહ જાદવ

છગન પટલ

જોર્જ કોલમેન

કેવી રીતે

જ્યોતિ દૈયા

વિધવાની ઇચ્છા

જ્યોતિભાઈ દેસાઈ

જિમ કોર્બેટ

જ્યોતીન્દ્ર હ. દવે

ખોટી બેઆની

પુસ્તકાલયની વિરુદ્ધમાં
"હું થોડો ગાંડો થયો છું!"
નાનકડી જીભ

જ્યોત્સ્ના શુક્લ

ડુંગરા દેખાતા નથી!
ઉપલક વાતોના ભીતરમાં

જ્યોર્જ કેન્ટ

બેલડાં
સાહસોનો સ્વપ્નદ્રષ્ટા

જ્યોર્જ બર્નાર્ડ શૉ

મૃત્યુ પામું તે પહેલાં
રમૂજની રીત

ઝવેરચંદ મેઘાણી

ત્રાજવડાં ત્રોફણહારી
અમારે ઘર હતાં...
જીવતા મહાકાવ્યની ગાથા
કયે અખાડે જશું?
કોણી મારીને
ઢૂંસાં અને દાણા
સર્વત્ર ગોળાકાર
મુનિશ્રી જિનવિજયજી
કંડારેલું મહાકાવ્ય
હાલો ગલૂડાં રમાડવા જી રે!
જીવનવાટ
અશ્રુપાત નહીં—આંતરવ્યથા
ઉબેણને કાંઠે

ઉપેક્ષા કરતાં શીખવું જોઈશે
વાતવાતમાં ‘શામળિયોજી આવ્યા’!
તંત્રી માટે જરૂરી પરંપરા
એ ભાવનાને જાગ્રત કરવા જ!
દુઃખની પતાકા
ભલેને બાપડું આવો!
સાહિત્યકાર અને શિશુ
કવિધર્મ
છાપાને વ્યક્તિત્વ નિષ્ઠાનું
ગુંડાઓનો ડર ત્યજો!
ઓતરાદા વાયરા ઊઠો!
સંસ્થાઓથી દૂર રહેજો
એક જ કલગી
વેણીનાં ફૂલ
વર્ષા
સાહિત્યની સાગરવેળ
સાહિત્ય-સંગીતનું જોડું
સ્વત્વ ન ચૂકજો
નાટ્યલેખકની સાધના
અંદર પડેલું મંગળ તત્ત્વ
“ઘી-ગોળનાં હાડ!”
છેલ્લો કટોરો
તરુણોનું મનોરાજ્ય
હું દરિયાની માછલી
ખલાસીના બાળનું હાલરડું
આગે કદમ

—

કોદાળીવાળો

—

કસુંબીનો રંગ

કજિયાળો

—

—

—

દાદાજીના દેશમાં

—

—

સાહિત્ય ને ચિત્રપટના સંગમ પરથી

સોના-નાવડી

‘સોના-નાવડી’માં ગુંજતો ધ્વનિ

વાચનરસ કેળવવો છે?

ચોરાનો પોકાર...

—

નાગડાના વિચારોની ઘટમાળ

પહેલું ટીખળ

વાહવાહ

દરિયો

માતા, તારો બેટડો આવે!

—

લીલો રંગ

નવ કહેજો!

મા-ઘેલો બાળ

ગુજરાતી સાહિત્ય-સમૃદ્ધિ

ઊર્મિના ઉમળકા

વિરાટ સોબતીને ઓળખ્યા વિના રહ્યો
નીંદર જોડે સંવાદ
જાગેલું ઝરણું
સ્વર્ગેથી વિદાય
ઝંડાવંદન
—
ઘોર સાહસ...
મહારોગ...
જાગો જાગો રે...
સાગરે પાણી...
નીરધારા રે...
હું વિચરીશ
મોતીની ઢગલીઓ
મોતીની ઢગલી : ભાગ ૧-૨
આનું નામ તે ધણી!
કાંધલજી મેર
ચમારને બોલે
જટો હલકારો
ઝૂમણાની ચોરી
ઢેઢ કન્યાની દુવા
દીકરાનો મારનાર
દેપાળદે
ભાઈ!

ઝવેરભાઈ પટેલ

સચ્ચી સમાનતા

ઝાકિર હુસેન

જિન્દગી બનાને કા કામ

આશિક કા જનાજા

ઝીણાભાઈ દેસાઈ

આપણાં બાળકો

બાળકના ઘડતરમાં ઘર

પૂનમલાલ

નિર્મળ દીવી

નમીએ તુજને વારંવાર

સાફલ્યટાણું

મારે જાણવું છે

સ્વાધીનોનું ગીત

—

—

ચિરઆસ્વાદ્ય વિરહગીત

—

—

જાનૈયા મેઘ...

પુત્ર-પ્રપૌત્રોને નહીં કહીશું?

વશીકરણ

ઝીમલી મુખરજી

ચંદનની અગ્નિપરીક્ષા

ઝુલફીકાર અલી બુખારી

અહેમદાબાદકે લોગોં ઊઠો!

ઝોહરા સેગલ

આખરી પડદો

ટી. એલ. વાસવાણી

તમે

ટૉમ મહોની

પાળેલો સંચો

ટોમસ આ કેમ્પીસ

ઈસુને પગલે

ટોમસ કાર્લાઇલ

ઝરણું

ટોમસ મેકોલે

મહાન કવિ...

ત્યાં સુધી જીતી શકશું નહીં!

ડાયલ ઠાકોર

તમે કહો તો—

ડાહ્યાભાઈ ના. મિસ્ત્રી

‘ઢોંગી કો ગુજરાત’?

ડી. ડી. કર્વે

ગામ અને જ્ઞાતિ જ?

ડેનિયલ માઝગાંવકર

નાનકડી જિંદગીમાં...

ડેમિયન વ્હીટવર્થ

અંતિમ છબી

ડોંગરે મહારાજ

એક મિત્ર

ડોનોવાન પેડેલ્ટી

રક્તપિત્તથીય વધુ ભયાનક

તનસુખ ભટ્ટ

ઝંખના

તુષાર પુરાણી

સિતમની દાસ્તાન

તોજાબુરો સાતો

વાંચવાની વેળા ક્યાં છે?

તોશિયો ઇશી

રોજ ઊઠીને

ત્રિભુવન વ્યાસ

અજવાળી રાત

ખિસકોલી

મારા ઘરનો વાઘ

સંધ્યા

ઉષા

શિયાળો

—

—

–

દક્ષા વ્યાસ

નિરાંત

દલપતરામ કવિ

વિવિધ ઋતુઓનું વર્ણન

એક શરણાઈવાળો

કેડેથી નમેલી ડોશી

એક ભોળો ભાભો

—

આબુનું વર્ણન

ઊંટ કહે

પિતાની સેવા
માનો ગુણ
છંદ
ભીંડો ભાદરવા તણો
—
અડચણ...
મિત્ર પ્રતિ ઉક્તિ

દલસુખ ગોધાણી
બાબુભાઈ

દશરથલાલ શાહ
ત્રણ મીરાં

દાઉદભાઈ ઘાંચી
“ઝહર ક્યા કરેગા અસર...!”

દાદા ધર્માધિકારી
“એવાં ભાગ્ય ક્યાંથી?”
હનુમાન બનો!
શિક્ષક અને બાપ
કાયરતાથી ક્રૂરતા સુધી
ઈમાનદારીનો અભાવ
—તો કહાં ધોયેંગે?
આસમાનમાંથી ટપકી પડી છે?
આંદોલનો
બે જ વસ્તુ
મારું સામાન્યત્વ
યુવતીઓ પડકાર ફેંકે

દામોદર ખુ. બોટાદકર

જનની
અમારી ગતિ
જનની
મૂક્યું જ્યાં નામ નાનું...
–

દિગંત દવે

“ત્યારે મને ઉઠાડી મૂકજો!”

દિનકર જોષી

ટાવરનું ઘડિયાળ બગડી જાય ત્યારે
ઝીણા અને ધર્મ

દિનેશ શાહ

ભરત-મિલાપનું વર્ણન

દિમીત્રી શોસ્તાકોવિચ

એટલા માટે

દિલખુશ દીવાનજી

“તેથી દીકરા મટી જતા નથી!”
સૌથી મોટું કમનસીબ

દિલીપ કોઠારી

આંજતાં ન હોવા છતાં વહાલાં

દિલીપ ગુહા

અઠવાડિક વાહનબંધી

દિલીપ જોશી

મ્હેક...

દીપક બારડોલીકર

કોઈ તો આવે!

જાણે છે
અમૃતનો પ્યાલો પિવરાવો
પી લઈએ
તડકો તારો પ્યાર
વિશ્વ જોતું રહ્યું
ગઝલ
ઘોળી જોઈએ
ખીલે છે ગુલાબ
જોઈએ
તડકો
હજી પણ
અગર
ઓ મારી જન્મભૂમિ!
મા
હોય છે
ખોલાય ના
ઓ અજનબી!
કહી દે છે
હજી પણ
ખીલે છે ગુલાબ!

દીપક મહેતા

ગુજારે જે શિરે તારે
સાહિત્ય અકાદમીનાં ૫૦ વરસ
પ્રજ્ઞામૂર્તિનો વિચારવૈભવ

દુલા ભાયા 'કાગ'

ચડી છાતી પરે
તૃષ્ણાને જોબન આવ્યાં

ઊડી જાઓ, પંખી!
વાણી તો અમરત વદાં...
આવકારો મીઠો આપજે
ધોવા દ્યો

દુલેરાય માટલિયા

કયું વ્રત વધે?

દુષ્યન્ત પંડ્યા

“એ પણ મારા જ દીકરા હતા!”
કોને રોઉં?

દેવજી મોઢા

તે દેશ છે મારો

દેવજી રા. મોઢા

—
પંથ બાકી હજો!

દેવેન્દ્ર પટેલ

“હજી પડ્યો છે...”

દેવેન્દ્ર ભટ્ટ

દેવ

દોલતભાઈ દેસાઈ

માવજતનો મંતર
એ તો એની સાથે હોય જ
આક્રમણના વમળમાં
પ્રાણવંતા પૂર્વજનું તર્પણ

ધનવંત શાહ

અવિરત જ્ઞાનયાત્રા

ધનસુખલાલ મહેતા

રંગભૂમિના મધ્યાહ્નને

ધર્માનંદ કોસંબી

માતા સમાન

ધર્મિષ્ઠા મોદી

સેવકોની ટંકશાળ

ધર્મેન્દ્ર માસ્તર ‘મધુરમ્’

રંગભૂમિનાં ગીતો

અસ્મિતાના જ્યોતિર્ધર

ધર્મેન્દ્રસિંહ ચાવડા

અંજામ: ભંગાર અને મોત

ધીરજબહેન પારેખ

કાંડાંની કમાણી

ધીરુ પરીખ

મોતીભાઈ અમીન

ધીરુબહેન પટેલ

—

ધીરુભાઈ ઠાકર

સ્વસંસ્કારનું ભાન કરાવનાર લોકનાયક

આઠ સદીની કથા

ભાવકને સુરુચિપ્રદ

કોઈ તારશે, તો આ વાણી જ

શબ્દો

પત્રમાધુરી

ગુજરાતી વિશ્વકોશ

ધીરુભાઈ મ. દેસાઈ

અનેક ગુણોનો વિકાસ

ધ્રુવ ભટ્ટ

મહાન દર્શનોના મૂળમાં

જાદુ

ચાલ જાગીએ!

રાનમાં

ક્યાંક…

નગીનદાસ પારેખ

આરાધ્યદેવ : જીવન

બાળસાહિત્યને નામે

લેખનની મુશ્કેલીઓ

રોજિંદા જીવનનું વ્યાકરણ

“—તે પુસ્તકમાં જ શોધજો!”

અનુવાદની કળા

એક ઉદરમાંથી બીજામાં—

માંગલ્યને ગાતી કવિતા

નગીનદાસ સંઘવી

પરખ

ઇતિહાસની વિકૃતિ

કારણ કે—

નજીબ મહફુઝ

હુશિયાર અને શાણો

‘નચિકેત’

છેલ્લા શ્વાસ સુધી બગાવત

નરસિંહ મહેતા

મેહુલો ગાજે ને—
ભોળી રે ભરવાડણ
નાનું સરખું ગોકુળિયું
કૂવો હોય તો...

નરસિંહરાવ દિવેટીઆ

–

શાંત ખૂણામાં મધુર વીણા

નરહરિ પરીખ

એમાં નવાઈ શી?
વાચન-વિચાર-લેખનના તપસ્વી
મહાદેવભાઈની ડાયરી

નરેશ ઉમરીગર

દરજ્જાનો ખ્યાલ

નરોત્તમ પલાણ

તસવીર પીધી!

નરોત્તમ પલાણ

આંખો છલકાણી

નર્મદાશંકર દવે (નર્મદ)

વળાયે નહીં પાડ

—

સ્વદેશાભિમાન

નવનીત સેવક

ઘાણીના બળદની વાત

નવલભાઈ શાહ

જેવું ઘડતર
આવતી પેઢીને એ નહીં મળે

ધર્મને જીવવાની વાત

આજીવન સત્યાગ્રહી

ધન્ય પોણો કલાક

નવલરામ જ. ત્રિવેદી

થોડામાંના એક

—યાદ આવે છે

ગ્રામજીવનનું ચિત્ર

નવલરામ પંડ્યા

એ વિદ્યા શા કામની?

નવલરામ લ. પંડ્યા

તાક્યું તીર મારનારો

ઓથારિયો હડકવા

જનસમૂહની આરસી

નાથાલાલ દવે

રાત થઈ પૂરી

ધરતી હિન્દુસ્તાનની

સોનાવરણી સીમ

લોકજીવનનાં સ્પંદનો

ધરતીના સાદ

—

કારવાં

વાવણી

તરણેતર

નેનથી ગૂંથાય...

નાનાભાઈ ભટ્ટ

ક્યાં લાંછન છે?

ઠંડું મગજ
નવીન કેળવણી એટલે?
ઘરમાં જ દેવાળું?
પ્રજા તેજસ્વી હોય તો—
અભણોના વેદના લહિયા
આવા ભગવાન ન ચાલે

નાનાલાલ મહેતા

સાવધાન!
એ

નારાયણ દેસાઈ

અગ્નિવીણા
આત્મયોગીની ધૂણી
સૂતેલા ગુજરાતને બેઠું કરનાર
ખુલ્લું ઘર
અનુપમ સખા એન્ડ્રૂઝ
આત્મતનયા મીરાં
'પણ જીવવા દેશે કોણ!'

નિરંજન ત્રિવેદી

ખોવાયા નથી!

નિરંજન ભગત

ત્રિવેણી-સંગમ
સંઘેડાઉતાર
—
સચિંત અને સક્રિય
'પથેર પાંચાલી': જોયા વિના કેમ જિવાય?
કાયદો નહિ, કવિતા

પશ્ચાતદર્શન થશે ત્યારે—
હેતે ઝાલ્યો હાથ

નિરુપમા શેઠ, અજિત શેઠ
એક વિધવાને કારણે

નિર્મળા દેશપાંડે
વિચાર ગળે ઊતરે તો જ

નીતિન વિ. મહેતા
રાહ કોણ જોશે?

નીના ભાવનગરી
સંસ્કૃત કવિતા

'નીરજ'
મેલા એક મશાલકા
તુમ્હેં મરને ન દેંગે
કારવાં ગુઝર ગયા
અબ યુદ્ધ નહીં હોગા-નહીં હોગા!

નોર્મન કઝીન્સ
શબ્દોનો રણકાર

ન્હાનાલાલ કવિ
અરુણોદય
લઈ જા
હરિનાં દર્શન
એ જ સાચાં મૂલ!
—
પુણ્યપ્રદેશ
—
ફૂલની ફોરમ...

સરોવર ભરિયાં...

પિતા!...

ભારતસંતાનોનો નિત્યધર્મ

દેવી દુખહારિણી

માવડીએ દીધો—

પટ્ટાભી સીતારામૈયા

ત્યાં સુધી—

‘પથિક’ પરમાર

તો ખરા!

પલ્લા નાયક

કપાયેલી નાળ

તમે શું કહેશો?

—

પન્નાલાલ પટેલ

વિશ્વાસનું વાવેતર

પરમાનંદ કું. કાપડિયા

વિરલ ગુણાઢ્યતા

પર્લ બક

પ્રેમની હત્યા

પાંડુરંગ આઠવલે

ભગવાન તે જ આપે

પાંડુરંગ ગ. દેશપાંડે

પ્રતિકાર-શક્તિનો નિર્માતા

પાંડુરંગ ગો. દેશપાંડે

સંકલ્પ અંશતઃ પૂરો

પિંગળશી મે. ગઢવી

મોઢે આવે—

પિંગળશી મે. ગઢવી

ભવનું ભાતું

પી. એન. લેખી

ધરપકડ

પી. મૂર્તિ

ઇલાજ

પીટર ક્રોપોટક્નિ

એક ક્રાંતિકારની આત્મકથા

પુ. લ. દેશપાંડે

“ગાંધી-ટોપી છે ને, એટલે!”

સુખનો કાળ બાળપણનો

‘જાને ક્યૂં આજ તેરે નામ પે રોના આયા…’

પુરુષોત્તમ ગ. માવળંકર

કાર્ય અને પદ

વાચનની વૃત્તિ કેળવવી પડે છે

પૂજાલાલ

મરજીવિયા

—

પેરી બાસ્કોમ

હાલરડું

પોપ જોન ૨૩મા

પિતા

પોપટલાલ પંચાલ

ત્રણ ત્રણ ગાંધી માર્યા!

પોલા હેમલીન

વાવાઝોડું અને કિશોર

પ્યારેલાલ નય્યર

સમાજવાદી વિદ્યાર્થીઓને—

સિદ્ધાંતોને જીવી જાણનાર

એ રવિ-કિરણોનું રહસ્ય

વેળુ-કણે દર્શન વિશ્વનું

ઉપવાસમાં ક્ષતિ

અંતિમ દિવસે

પ્રકાશ ન. શાહ

બત્રીસલક્ષણાનો બલિ

પ્રજારામ રાવળ

રેશમના વસ્ત્રની ગડી જેવી

–

પ્રણવ દવે

દલિતવાસમાં કથા કરતા બ્રાહ્મણ

પ્રદ્યુમ્ન તન્ના

“ઈ તો સાંયડી રોપી છે!”

પ્હેલો વરસાદ

પ્રબોધ ચોક્સી

કેટલું છેટું છે?

પ્રબોધ જોશી

સ્મૃતિ –

પ્રભાકર ખમાર

સોદાબાજી નહીં... નહીં... ને નહીં જ

પ્રભાશંકર પટ્ટણી

ઉઘાડી રાખજો બારી!

પ્રભુદાસ ગાંધી

ભજનનું ભાતું

શૂરા સેનાપતિ સાથે

પ્રવીણ દરજી

શિક્ષકોના યે શિક્ષક

પેટલીકરનો શબ્દ

પ્રવીણકાંત મો. શાહ

પટાવાળાની પડખે

પ્રહ્લાદ પારેખ

અદના આદમીનું ગીત

આપણે ભરોસે

ઇતબાર

પેટ કેરી આગને તે કેમ ઉથાપાય?

દવ રે લાગ્યો!

અમારી મહેફિલો

એક છોરી

ગામની વિદાય

સાદ કરે છે!

થાયે છે થેઈથેઈકાર

જાગો જાગો જન

વિદાય

આજ

—

—

ક્યાંથી?

અબોલડા

પરબ

–

પ્રાગજીભાઈ ભામ્ભી

વળાંક પર

પ્રિયકાન્ત મણિયાર

આ નભ ઝૂક્યું તે—

તમારા સ્નેહની...

દીવડાની જ્યોત...

–

પ્રીતમ

હરિનો મારગ

—

અગ્નિને ઉધેઈ...

પ્રીતમલાલ કવિ

ભાવવાહી ગીતોના સર્જક

પ્રીતમલાલ મજમુંદાર

ઋતુવાસી

પ્રીતિ સેનગુપ્તા

માની નજર

પ્રેમશંકર ન. ભટ્ટ

નાનો-મોટો

પ્રેમાનંદ

કૃષ્ણ-સુદામાનો મેળાપ



◄

કુંભકર્ણની નિદ્રા

ફાધર વાલેસ

ખુમારી
અંદરની શૂન્યતા
આજનો દિવસ
કળિયુગના સ્નાતકો
શ્રેષ્ઠતા
આ મંદિરને શું થયું?
આંધીમાં બુઝાયેલી જ્યોત
દિલનો અજંપો
ઉપાય
શબ્દથી મૃત્યુઃ શબ્દથી પ્રેમ
મેળાવડો
વાગ્યજ્ઞ
આંધળા
જોખમ

ફાધર વિલિયમ

ખુમારી ક્યાં?

ફિલ બોસ્મન્સ

વાતો... પ્રેમ... વૈભવ...
શબ્દ એ શસ્ત્ર

ફીરોઝ કા. દાવર

ધર્મની ભગિની

ફૈયાઝખાં

હરેક જલસે મેં ઇમ્તિહાન

ફ્રેન્ક હોલપીન



◄

કૉફીના એક કપને કારણે

બકુલ ટેલર

વિપાશા જેનું નામ!

બેતાલીસ વરસની મજલ

બકુલ ત્રિપાઠી

આ ભૂખનો વિચાર કરશું?

ઑફિસનો આત્મા

ઓફિસમાંથી રજા કેમ લેવી?

બટુક દેસાઈ

આ વિષચક્રમાંથી છૂટવા

બટુકદાસ નિમાવત

મહાનદના સાંનિધ્યનું સાહિત્ય

બનારસીદાસ ચતુર્વેદી

કોંગો-તટ કા ઋષિ

બબલભાઈ મહેતા

“મારા હાથનો જ પીવો!”

થોડાક દોરાનો ફેર

બબલભાઈ મહેતા

જુગતરામભાઈનું “જગતિયું”

મારું ગામડું

શિક્ષણમાં ક્રાંતિ એટલે શું?

મીઠું મીઠાપણું તજે નહીં

બરકત વીરાણી ‘બેફામ’

શું થશે?

ગઝલ

ગઝલ

–

–

—

બર્ટ્રામ વુલ્ફ

"તેની ના કેવી રીતે પાડી શકું?"

બલવન્તરાય ક. ઠાકોર

તે જ સાચો કવિ

સન્માનાર્હ કોણ?

નિશાનચૂક..

બહાદુરશાહ પંડિત

ધીરજ અને આત્મશ્રદ્ધા

સંત અને શેઠ

બળવંતરાય ક. ઠાકોર, ભૂપેન્દ્ર ત્રિવેદી, ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

લીલાવતી જીવનકલા

લીલાવતીના જીવનપ્રવાહોનાં મૂલસ્થાન

'બાદલ'

સોળમી મોસમ

બાપાલાલ ગ. વૈદ્ય

મને ગમે છે

બાપુ ગાયકવાડ

શાંતિ પમાડે તેને—

બાબા આમટે

આંસુની નદી આડો બંધ

બાબુ દાવલપુરા

સમભાવ સાહિત્ય પૂરતો જ નહીં

બાબુ સુથાર

મને સાંભરે રે

બાલકૃષ્ણ દવે

શુભમાં સદાય શ્રદ્ધા

બાલમુકુન્દ દવે

હજી છે આશ સૃષ્ટિની

ભાઈબહેન

અવકાશી અસવાર

કન્યાવિદાય

ઝાકળની પિછોડી

અત્તરિયાને

અમાસની મધરાત

લીમડી

શ્રાવણ નીતર્યો

યાદ આવે છે

—

વડલો

પરકમ્માવાસી

હિના

નદીકાંઠે સૂર્યાસ્ત

સંગમ

ચમેલીને ઠપકો

વડોદરા નગરી

પારાવારના પ્રવાસી

ધૂળિયો જોગી

મુક્તિમિલન

શ્રાવણ નીતર્યો

બાળકોબા ભાવે

માની અંત્યેષ્ટિ ક્રિયા

બિપિનચંદ્ર જી. ઝવેરી

સજ્જનની સુવાસ

બી. ટી. ત્રિવેદી

જીભ પર રમે

બીલ રોજર્સ

ચોરોએ ચેમ્પિયન બનાવ્યો!

‘બેકાર’

બોચાસણ આશ્રમમાં

બેન કાર્સન

એ પ્રવાસ ક્યારે શરૂ થયો...

બોરિસ પાસ્તરનાક

ખ્યાતિ

ભગવતીકુમાર શર્મા

અભાવો વચ્ચે જીવવાની ખુમારી
શ્રેષ્ઠ મિત્ર
જાહેરમાં ગુજારાતા અત્યાચાર
ફૂલો સાથે વાત કરવાનો સમય
મોંઘવારીનાં મૂળિયાં
—
—
સાર્થક્યનાં કંકુછાંટણાં

ભગવાનદીન

“તુમ્હારે ભગવાન ઝૂઠે હૈં!”
કહો, તમે જુવાન છો?

બાળક અને આપણે

ભનુ ર. વ્યાસ, ‘સ્વપ્નસ્થ’

“સર્જન આ—”

ભાનુભાઈ શુક્લ

—

ભાલચંદ્ર નેમાડે

અનુવાદકની નિષ્ઠા

દાદીમા

ભિક્ષુ અખંડાનંદ

નમ્ર વિનંતી

શુભસંગ્રહ

ભીમરાવ આંબેડકર

પગ પર કુહાડો

ભૂપત વડોદરિયા

શિખરો સર કરવાની તાલાવેલી

આપણે, પાર્ટ-ટાઇમ માબાપો

છોડી શકાતો નથી

અપેક્ષાઓના તાણાવાણા

ક્યાંથી શીખે છે?

જિંદગી એટલે વાવણી

જીવવાનું બંધ ના કરો!

નારીનું એક જ રૂપ?

માત્ર રૂપાળા રંગો જ?

સમાજ ક્યાં બદલાયો છે?

લોકો ભૂલ કરે જ નહીં?

ભોગીલાલ ગાંધી

એમનો બેલી કોણ?

ભોલાભાઈ ગોળીબાર

એ શીંગ-ચણાના દાણા!

ભોળાભાઈ પટેલ

‘રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે’
રગેરગમાં... લોહીના લયમાં
સાહિત્યગુરુ મોહનલાલ
ઘર
એક બીજી ગંગોત્રી
નારીનો મહિમા
આવા હતા ઉમાશંકર

મંજુ ઝવેરી

મોકળાશ

મકરન્દ દવે

પંડનાં પાતાળપાણી
દેખ—
ભોલારામની છબી
ઢોલક હજુ બજાવે છે
વડા ધણીને વિનતિ
અભરામની ટેલ
ફોરમ
માલમી બેઠો રે
હરિ એને હાથવગે
વિધાતાએ દીકરી ઘડી
વળતા આજ્યો હો!
નિરધાર

એ દેશમાં—
તો હું માગું શું?
બડા જાદુગર આયા
જંગલની મંજરી
આવો!
આ મોજ ચલી
કો’ક દિન!
ધૂળિયે મારગ
અજાણ્યા મુસાફરની પ્રેમકથા
અર્ધજલે ડૂબી પ્રતિમા
અમારે ભલી રાત
સૌન્દર્યનું ગાણું
અનુકંપા
ભજન કરે તે જીતે
સ્વામી આનંદને પત્ર
સ્હેલાણી સ્વર
ગમતાંનો કરીએ ગુલાલ
સપનાં સપનાં
“—એમ કહી શકશે ખરી?”
મૃતમિત્રો
સંકોચ
અમે ખાખ થઈને...
વહુનું વાસીદું
અસહાય
જનાજો
અંતરની માટલી
આ અંધકાર શો મહેકે છે!

મંઝિલ કોઈ મળે!

મગનભાઈ પ્ર. દેસાઈ

ધન્યતા

મજરૂહ સુલતાનપુરી

તબ—

મણિભાઈ પટેલ

જીવનમાં વણાઈ ગયેલું

થેલીમાંથી ડબ્બો કાઢીને...

મણિભાઈ પ્રજાપતિ

જીવતરનું ભાથું

મણિભાઈ ભ. દેસાઈ

વિદાય

અમર બે મિનિટ

મણિલાલ દેસાઈ

હાક તુજની

અંધારું

રંગલયગતિ

મણિલાલ ન. દ્વિવેદી

ખરી સત્યભક્તિ

પ્રસન્નતા

અમર આશા

મણિલાલ મ. પટેલ

માનવરૂપે મધમાખી

રાજ વિનાના મહારાજ

મણિલાલ હ. પટેલ

કવિતા વિશે...
આધુનિકતાનો એરુ આભડી ગયો છે
થયાં

મધર ટેરેસા

પ્રેમની ભૂખ

મધુ ત્રેહાન

ક્યા અધિકાર છે?—ક્યા નથી!

મધુકર ઉપાધ્યાય

શોધ

મધુકર રાંદેરિયા

કમ્મર કસી છે

મધુકર લ. પટેલ

“ડોક્ટરેટ કોને મળી છે!”
પરિપત્રિત ઠરાવ

મધુસૂદન કાપડિયા

સર્વાંગસંપૂર્ણ ગ્રંથ
જીવન પર પ્રભાવ પાડનારાં

મધુસૂદન હી. પારેખ

ઝવેરાતના પારખુ

મધુસૂદનલાલ

ફાટેલી ચાદર

મનસુખ સલ્લા

મારા વિદ્યાર્થીઓ
સંજીવનીનાં મૂળ
અહોભાવની મર્યાદા

મનસુખલાલ ઝવેરી

ખુદવફાઈ

—

દાંપત્યચિત્રોની તેજસ્વિતા

શિખરું ઊંચાં

ખદબદતી મુત્સદ્દીગીરી

મનહર તળપદા

એકલદોકલ કેડીએ...

મનુ પંડિત

એવા ગુરુજનો

મનુ સુબેદાર

“એટલે અધૂરું મૂકી શકતો નથી!”

મનુભાઈ ત્રિવેદી

આમ હવાની ફૂંક...

કદી આંખ ચૂવે...

ન ફાવ્યું, તો...

મનુભાઈ પંચોળી

એક મનોહારી આત્મકથા

ઉન્નત મસ્તકે જીવવા

“તે ચૂકવીને આવીશ”

શિક્ષણનું ખરું કામ

ધનનું ધન

“પાઠ પાકો નથી થયો”

“શીંગડાં માંડતાં શીખવશું!”

પ્રજાની પોતાની વીમાયોજના

સારપ ને સમજણ અલગ છે

ઝંખના
ક્ષાત્રધર્મ
છાયા-પ્રકાશના વણાટમાં
જુલમ સામેનું કવચ
અમૃતસમી નવલકથા
જૂનું માનસ અકબંધ
નિર્વ્યાજ પ્રેમ: નિરભ્ર બુદ્ધિ
મનુષ્યને સમજવાની ચાવીઓ
મારી વાચનકથા
નરસિંહનાં પ્રભાતિયાંના પડઘા
સ્થિર, પ્રકાશવંત દીપ
લોટામાંનો રાક્ષસ
ગોળ અને ખોળ
જ્વર ન ચડવો જોઈએ...
વિશ્વશાંતિની ગુરુકિલ્લી
અધૂરી ચોપડી
—
સાધુત્વની દિશામાં
સતયુગ અને કલિયુગ
—ત્યારે આવીશ
વીસર્યા નહોતા
અંતરદેવતાને

મનોજ ખંડેરિયા

એમ પણ બને
કોઈ કહેતું નથી
રસ્તા વસંતના
પીછું

...જઈશ
ખબર પડતી નથી
અમે જ દઈએ...

મનોહર ત્રિવેદી

પોષની સવારે

મનોહર પ્રભાકર

એક જ દાણામાંથી!

‘મરીઝ’

વેણુ વગાડીએ!
ઇશારે ઇશારે
ન દે...
ગઝલ-કણિકા
આવે—
—
–
જીવનભરનાં...

મહાદેવ દેસાઈ

પેગંબરોની તો અવગણના જ
વિરલ વીરજીવન
રોમેરોમ ઓળખી જનાર
વિયોગદુ:ખ
પારેવું પ્યારું હોય તો—
ગામડે ગામડે જ્ઞાનની પરબ પહોંચાડનાર

મહાવીર

એક ક્ષણ પણ—

મહાવીર ત્યાગી

કેવો અમારો એ નેતા હતો!

મહીયુદ્દીન મન્સુરી

અધૂરી વાતો

મહેન્દ્ર ગો. દેસાઈ

છઠ્ઠા દીકરા

મહેન્દ્ર મેઘાણી

નાની શી મિલન-બારી
આ લોકો .... પેલા લોકો
એમના ઉપકાર સંભારશું?
જાગૃત કર, હે પિતા!
એ દેશની ખાજો દયા!
કપડું ધોતાં રહેવું પડે છે
પિતાની ભેટ
સંગીત-સૂત્રમાં પરોવનાર
બિખરી મહેફિલનાં પતંગિયાં
ઘેરઘેર પહોંચેલું ઝેર
આનું નામ લોકશાહી!
ધોકે મારીને ધરમ કરાવાય?
દધિ બેચન ઔર...
ઘરઘરમાં પારાયણ કરવા જેવું
૨૦૦૧નાં મને ગમેલાં ૧૦૦ પુસ્તકો
ચંદ રોજ
લાખ વાચકોનો મહાસંઘ
પહાડી નિશાળના પડઘા
બંધ પેટીઓ: અટપટી ચાવીઓ
“કૂદી પડશું!”

જાગૃત કરો!
ચરિત્રકીર્તન
કલિયુગમાં ઋષિ-પરંપરા
મહાન મુફલિસ
ગાંધી-હૃદયમાં પડેલી છબીઓ
ગાંધીજીએ ઘડેલ ઉત્તમોત્તમ વ્યક્તિ
કવિતાનું ઝરણું

મહેશ દવે
શ્રમ અને સૌંદર્ય
રવીન્દ્રકલા અને રવીન્દ્રસંગીત
ગુરુદેવ અને બિજોયા

માઓ ત્સે-તુંગ
ક્રાંતિ

માધવ રામાનુજ
તમે
આશ્વાસક!
પછી
—

માધવ વી. કામથ
ઊંચે, હજી ઊંચે...

ક્ષિતિમોહન સેન
પ્રેમસૂત્રમાં પરોવાયેલાં

'મીનપિયાસી'
તડકો વાદળિયો

મીરઝા કેમ્પે
જીવંત ખાક

મીરાં

કહાન રાખે તેમ રહીએ

નાહીં તોડું

બંસીવાલા! આજો મોરા દેશ

વૃંદાવન મોરલી

રામ રાખે ત્યમ રહિયે

મ્હાંને ચાકર રાખોજી

કહો, મનડાં...

રાણોજી રૂઠશે...

મુકુંદ ટાકસાળે

પુસ્તકોની હૂંફ

મુકુંદરાય પારાશર્ય

જીવનમાં એની કવિતા

નામ માધવનું

એક ગુરુપુષ્યામૃતયોગ

રેવાવહુ

વેવિશાળ

“લોકોને મારવા માટે નથી!”

હરિ!...

પ્રશ્ન

છેતર્યાં!

ક્યમ રહું?

નૈં

મુકુલ કલાર્થી

એ જગ્યા હજુ ખાલી છે!

ઊલટાનો આનંદ

"રોટી વડે નહીં—"
એ શુદ્ધિ
નિર્ધન?
પારિતોષિક પહેલાં પતરાં
જેવી જેની વાસના
પૂરા દસ હજાર નહીં!
લોકનાયક લિંકન
"ટાઇપિસ્ટ?"

મુનિ ભુવનચંદ્ર
જૈન ધર્મ-સાર

'મુસાફિર' પાલનપુરી
ફૂંક નમણી

મૂળજીભાઈ શાહ
તાર—તંબૂરના ને હૈયાના

મૂળશંકર પ્રા. ભટ્ટ
સંસ્કારઘડવૈયો અંગ્રેજ
પંડિતા રમાબાઈ

મૃણાલિની દેસાઈ
બાળગંધર્વ

મૃદુલા મહેતા
જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર
"હું આવું છું"

મેરી વિલાર્ડ
નાતાલનાં રમકડાં

મો. ક. ગાંધી
હરહંમેશના ભેરુ

કયું વિશેષણ વાપરવું…?
હિંદુસ્તાનની કંગાલ…
સ્વામી વિવેકાનંદનાં લખાણો…
ગરીબીનું ગૌરવ
બહેનોને
પામરતાનું પાપ
ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું?
કષ્ટસહનની કિંમત ચૂકવીને
શુદ્ધ કાંચન
પ્રહ્લાદ જેવો બનિયન
ફોજદારી કાયદામાં ઉમેરવાની કલમ
આપણાં બાળકો
ભાષાંતરના ગુણ
સ્વરાજ-વૃક્ષનું બીજ
લાજ રાખી
અલૌકિક આસક્તિ
પિતાના પત્રો
વિયોગદુખ
આ અંધકાર
અંગ્રેજના ગુણદોષ
ગાંધી-ગંગાનાં જલબિંદુ
“આ જ મારો મુર્શિદ!”
હું તો અલ્પપ્રાણી છું
તેની ઊંડી અસર પડે છે
કાટલાં
બાળકો પાસે મૂકવા લાયક
દીક્ષા સમાન

કરજદાર છીએ!
કીમતી ભેટસોગાદો
પત્નીની દઢતા

મોન્તા ક્રેઈન
ત્રણ રસ્તા

મોરારજી દેસાઈ
—તો ક્યાંક ખામી છે

મોહન પરીખ
કોઈ બેસતું કેમ નથી?

મોહન મઢીકર
શેરી
તડકાનું ગીત

મોહન રાકેશ
“ક્યા આપકા હાફિજા દુરુસ્ત હૈ?”

મોહનભાઈ પટેલ
બેભાન અવસ્થામાં પણ...

મોહનભાઈ શં. પટેલ
સર્જનકર્મની સખી

મોહનલાલ પંચાલ
ચિત્રકળાનું કામ

મોહનલાલ મહેતા ‘વિયોગી’
જહાં દેખતા હૂં

મોહનલાલ મહેતા, ‘સોપાન’
—

મોહમ્મદ માંકડ

પ્રશંસા-જળનો છંટકાવ
કેટલું મળ્યું?
નિભાવી લેવામાં જ મજા છે
હિંમત—મારો દોસ્ત

યજ્ઞેશ દવે

ગામની કાણે
અશરીરીનાં અનેક રૂપ
સમુદ્રનાં મોજાંનો લય

યદુનાથ થત્તે

બાની વરસગાંઠ

યશવંત ત્રિવેદી

મેઘાણીભાઈ
મરણને મૂઠીમાં લઈ ચાલનાર

યશવન્ત મહેતા

વિજ્ઞાન-સાહસકથાનો સર્જક

યશવન્ત શુક્લ

જ્ઞાનની ગરજ નથી
આપકર્મી સાહિત્યસર્જક

યાએનો કાવાઈ

પૈસા, પૈસા ને પૈસા

યાસીન દલાલ

નિર્લેપતાના ભીતરમાં

યાસીન દલાલ, ઈલા પાઠક

આવો, આત્મપરીક્ષણ કરીએ!

યોગેન્દ્ર વિ. ભટ્ટ

ગોત!

ભુલભુલામણી

યોગેશ જોશી

ફૂટ્યા કરે છે

વીજળીના ચમકારે...

રંજના હરીશ

—એ પુરુષો હતા

રંભાબહેન ગાંધી

સાસુનો પત્ર

રઈશ મનીઆર

યાદગાર શેરોના સર્જક

રક્ષા દવે

મારો સાહેબ

ખરો કમાલી!

રઘુનાથજી નાયક

પંદર જ મિનિટ

રઘુરાજ સિંહ ‘રાકેશ’

દેખો!

રઘુવીર ચૌધરી

વેરાન

બધું ગયું વીસરાઈ

ઉમાશંકર જોશી

પંડિત સુખલાલજી

નગીનભાઈ

બે મોરચે

રજની વ્યાસ

નવયુગનો પ્રહરી

રજનીકુમાર પંડ્યા

અભિનેત્રીની સંવેદનયાત્રા

ખરા વાચનવીર

“મારી ટપાલ શું કરે છે?”

રજનીશ

આંખ સામે જ!

ધર્મ સે જન્મ કા સંબંધ નહીં

પહેલાંના લોકો સારા હતા!

રણછોડ

દિલમાં દીવો કરો!

રણછોડદાસ રામાનુજ

મને કેમ વીસરે રે…

રણજિત પટેલ ‘અનામી’

દીર્ઘજીવનની વાતો

જુનવાણી?

અગમચેતી

બ. ક. ઠા.

રતનલાલ જોશી

ત્રણ ચીજ

રતિલાલ ‘અનિલ’

એકધારા મુશાયરા

રતિલાલ બોરીસાગર

ઘર-નોકરને પત્ર

બા

શેરી સાથેનું સગપણ

રતુભાઈ અદાણી

વજુભાઈનાં આંસુ

રમણ સોની

અનિવાર્યનો અભાવ

લોકપ્રિયતા સાથે ઉત્તમતા

મૂળ વાત

રમણભાઈ નીલકંઠ

માધવબાગમાં સભા

રમણલાલ ચી. શાહ

‘બાદરાયણ’—શતાબ્દી

છેલ્લા અવશેષોમાંના એક

‘દાંડીયાત્રા’ના કવિ

ફાધર બાલાગેર

ગુલામોનો મુક્તિદાતા

રમણલાલ વ. દેસાઈ

મને કસોટીએ ચઢાવવો

રમણલાલ સોની

“તમને છોડીને કેમ જાઉં?”

અંદરનો બાળક

ઈદમ્ ન મમ

માળાનાં પંખી

સિંહની પરોણાગત

“હજી સ્વાધ્યાય પૂરો થયો નથી”

સોનીનો કાંટો

સસલીની જાત્રા

રમણીકભાઈ ધામી

—

રમાકાન્ત શર્મા

ખાલીખમ!

રમેશ અં. દવે

ઝાકળબિંદુ સમાં

રમેશ જાની

આ મળ્યું જગત...

રમેશ જોશી

યાદ

રમેશ તન્ના

સાહિત્ય પરિષદ શતાબ્દીએ

રમેશ દેસાઈ

ઘોંઘાટનો અત્યાચાર

રમેશ પારેખ

યાદ...

વરસાદ ભીંજવે

યાદ આવે

–

–

દરિયાનું નામ...

આ નીકળ્યા દેવદૂતો!

—

–

આ બાજુ...

ભગવાનનો ભાગ

કોઈ ચાલ્યું ગયું
ગુલમ્હોર મો’ર્યા એટલે
જાતને દોર બાંધીને ઉડાડવી છે!
રમેશમાં

રમેશ ભા. શાહ

રાજકારણીઓને સમજી લઈએ
ચાલો વિચારીએ!
વિવેકબુદ્ધિને જ ઇષ્ટદેવતા માનનાર
કાયદો અને પરિવર્તન

રમેશ મં. ત્રિવેદી

ચરોતરનું સંસ્કારધન

રમેશ મહેતા

એક જ વાક્ય...

રમેશ ર. દવે, હર્ષદ ત્રિવેદી, સતીશ વ્યાસ

પ્રવાસના રમણીય દસ્તાવેજો
એટલામાં શું?

રવિશંકર મ. રાવળ

કલાનો પ્રદીપ

રવિશંકર વ્યાસ (મહારાજ)

માધીનો છોકરો
ઝાડનાં મૂળની જેમ
છે તેટલું તો વાપરો!
પગારવધારો!
“હોકો પીએ એટલામાં!”
રાક્ષસની ચોટલી
સતયુગમાં બધું સારું જ હતું?

“એટલી અરજ છે—”
—તો લગ્ન કેમ કર્યું?
પ્રતાપવંશી
બીજો રંગ
સંકલ્પનું બળ
ઢગલામાં નહીં, આમળામાં
વાનપ્રસ્થી પથાભાઈ
એક એક પગથિયું...
“ધર્માદાનું શી રીતે ખવાય?”
“નહીં પરણું”
“પારકી થાપણ”

રવીન્દ્રનાથ ઠાકુર

મારો દેશ
લેખકનો ધર્મ
પરમ દાન
કાંટાળો તાજ
—
બાનો ડાહ્યો દીકરો
આપો તો આટલું આપો રે!
નથી રે ખોવાણી
બા, સૂઈ જા!
કેવી હશે?
હે ભારત!
એ દિવસ—
મનુષ્યત્વનું મહાન રૂપ
સાચા અંગ્રેજ, સાચા માનવી
આપણે

રવીન્દ્રનાથની ચિંતન-કણિકાઓ

બાળપણ [૧]

બાળપણ [૨]

બાળપણ [૩]

બાળપણ [૪]

રસિક ઝવેરી

જલમભોમકા

રસિક બિશ્વાસ

ગુજરા હુઆ જમાના

રસિક શાહ

સાહિત્ય અને દુર્બોધતા

રસ્કિન બૉન્ડ

ગુલદસ્તો

રાજમોહન ગાંધી

છે કોઈ વીરલો?

રાજેન્દ્ર જ. જોશી

લોકોની યાદદાસ્ત!

રાજેન્દ્ર પ્રસાદ

ચંપારણમાં ચિનગારી

રાજેન્દ્ર શાહ

મેહ મીઠી વરસે

શેરીએ આવે સાદ

—

—

રાજેન્દ્ર શુક્લ

હું મળીશ જ

—

રાજેશ ખન્ના

રૂપેરી પરદાના ચહેરા

રાજેશ ભટ્ટ

એક જિજ્ઞાસુ વિજ્ઞાની

રાજેશ વ્યાસ, 'મિસ્કિન'

ગઝલ

રાબિયા

હે પ્રભુ...

રામધારી સિંહ 'દિનકર'

પાઠક બહરે : લેખક મૂક

બાપુ કે સમયુગીન

રામનારાયણ ઉપાધ્યાય

રામાયણ કી ભીખ

રામનારાયણ વિ. પાઠક

ઉદધિને

બાલકાવ્યો

નીરવ પગલે ક્રાંતિ

ખરું હાસ્ય

હજીયે ન જાગે...

સાહિત્ય અને જીવન

વ્યથાકારક મંથન

કાવ્યનું ફલ

ગાંધીજીનું ગદ્ય

ગાંધીજયન્તી

કામથી કામ!

ખરાબ કરવાની કળા

પાપમુક્તિનો માર્ગ

પાપમુક્તિનો માર્ગ

ક્યાંથી માન હોય?

ગિજુભાઈનાં સંસ્મરણો

પાછી નદી તો વહેવા જ માંડે

રામભાઈ અમીન

‘કૂતરાની જલેબી પેટે’

રામમૂર્તિ

જો નેતા નહીં બના

જનતા કહાં હૈ?

જીતે જી શહીદ

રામસિંહ રાઠોડ

અનોખી ન્યોછાવરી

રામુ ઠક્કર

આવા હતા ઠક્કરબાપા!

રાવજી પટેલ

ખેતર વચ્ચે

રૈહાના તૈયબજી

ઈમાન કા રંગ

રોહિત સરન

નમૂનારૂપ રાજ્ય હિમાચલ

લતા મંગેશકર

સ્વાગત

લતિકા સુમન

એક નરરાક્ષસનો વધ

લલિત શાહ

ખુશાલીનું પડીકું

‘લલિત’

ઠારે દિલના ઘા

લલિતકુમાર બક્ષી

મધર ટેરેસા

લલિતકુમાર શાસ્ત્રી

અડધો કલાક બીજા માટે જીવીએ!

લલ્લુભાઈ મ. પટેલ

ઘીનો દીવો

એવો એક ધોબીડો!

લાભશંકર રાવલ

મનના કૂબે

લાલજી કાનપરિયા

ટહુકો ગયો રહી

વણઝારા

લિન યુટાંગ

લાગણી

લિયો તોલ્સતોય

તમામ સિદ્ધિઓ પછી યે

જો એવી જાણ હોય કે—

શત્રુ જ કરી શકે તેવું—

લીંડન જોન્સન

—એવા રાષ્ટ્રપતિ

લીલા મજમુદાર

ઇન્દ્રધનુની રચના સમું

લોકગીત

મોતીનાં વાવેતર

ગરવાને માથે

—

હાં...હાં હાલાં

લોકસાહિત્ય

ગવતરી

તારા હીંડોળ

દેવના દીધેલ

વજુભાઈ વ્યાસ

ઓગણસાઠ વરસ પર વાવેલું

વજુભાઈ શાહ

જંગ માંડ્યો છે?

આંધળી પૂજા?

ક્યાં છે ધગધગતાં દિલ?

ભંગિયાની ફાટ્ય

પ્રતિજ્ઞા સાથે આવો વ્યવહાર?

એકતાની અનિવાર્ય શરત

અનિષ્ટનો આશ્રય

—

—

પ્રાર્થના

લીધું તેથી અનેકગણું પાછું વાળનાર

વત્સલા મહેતા

બાળક સવાલ પૂછે ત્યારે—

વનમાળા દેસાઈ

‘બાપા’નું બિરુદ

મેળ

સાડલા ધોવાની મોજ!

વર્ષા અડાલજા

ઘરે-બાહિરે

વર્ષા પટેલ

સુખ સતાવે છે!

વલ્લભભાઈ પટેલ

બરફમાં રહેલો જ્વાળામુખી

વસંત વ્યાસ

અગડ છે!

વાજસૂર વાળા

કુશળ વાર્તાકારો

વાડીલાલ ડગલી

મુફલિસ

વાસુદેવ મહેતા

જૂજવાં રૂપ

વિક્ટર હ્યુગો

—ત્યાં સુધી

વિજય રાજ્યગુરુ

ઊભો છે

વિજયશંકર ત્રિ. કામદાર

જગતસાહિત્યનો ગ્રંથમણિ

વિઠ્ઠલદાસ કોઠારી

આશ્રમના આફતાબ

વિઠ્ઠલરાવ ઘાટે

બે વ્યક્તિચિત્રો –

એક ઇતિહાસસંશોધક

વિનય મોહન શર્મા

બદલૂ ધોબી

વિનોદ દલાલ

અસ્વીકાર

વિનોદ દવે

પ્લોટ... પેન્શન

વિનોદ ભટ્ટ

આ ઉમાશંકર અને પેલા

હાસ્યનો અવતાર

બનાવટી!

ઉંમર

વિનોદિની નીલકંઠ

કહીને જજો

પરાકાષ્ઠા

પરીની શોધ

દીકરો

ટટ્ટાર ચાલવાની કેળવણી

વિનોદિની નીલકંઠ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ

પા સદીમાં કેટલી પ્રગતિ?

વિનોબા ભાવે

અ-પરિચય
મજૂરીનો મોભો
કમ્બલ કી કહાની
જેમ ગાડીમાં, તેમ ગામમાં
વહ સતી નહીં હૈ
તમીજ
ના કહેવાની શક્તિ
ગેરસમજ
અઢી હજાર વરસ પછી
સરકારનું એ ગજું નથી
શું-નું-શું!
આગ અને બરફ
પાખાનાવાલા સાધુ
એ નક્કી કોણ કરશે?
ચિંતન કા અભાવ
અંદર ચેતન છે!
આવાં છમકલાંથી શું વળશે?
ઢગલેઢગલા
અરસિક શિરોમણિને યે
એક કલાક અધ્યયન માટે
શું નથી?
ક્રાંતિ અને શાંતિનો સંગમ
ગાંધી પણ એવા ને એવા નહીં ચાલે
નાની નાની વાતો
પ્રાર્થનામાં વિવેક
તુકારામની કોટિના

વહી પ્રતિજ્ઞા
પ્રજ્વલિત હૃદય
મૂળમાં છે…
જો ઘર ફૂંકે આપના…
સ્વતંત્રતાનો દિવસ કે પરાધીનતાનો?
સદિચ્છાકા મતલબ નહીં
‘જ્ઞાનેશ્વરી’ અને ‘કેન્ટરબરી ટેઇલ્સ’
આ બધું એમનેમ બન્યું હશે?
રગ-રગમાં ભારતીયતા ભરી છે
ભારતીય સંસ્કૃતિની દેણ
સંસ્કૃતિ… પ્રકૃતિ… વિકૃતિ
બંને સાથે માણવાં હોય તો—
માધવનું મધમીઠું નામ

વિપિન પરીખ

ડાહ્યો દીકરો
શૈશવનો ચહેરો
વિપર્યય
કોઈની પણ મા
એવા માણસો
સ્વપ્નોથી સજાવેલી
એક
થાય છે
ચાલો!
ઈસુ તથા શ્રી મોહનદાસ ગાંધીને
મા
પ્રતીક્ષા સૂરજની
સત્ય

બેકારના?

અપેક્ષા

□□□□□□ □□□□□

યમને

વિપુલ પટેલ

નેનપુરના ગાંધી

વિમલા ઠકાર

તરણોપાય

વિલિયમ વૉર્ડ

એનું નામ—

વિવેક બાંઠિયા

સ્વાસ્થ્ય અંગે સ્વસ્થ ચિંતન

‘વિવેકધન’

મહેમાન બનીએ ત્યારે...

‘વિશ્વરથ’

ક્યાં ગયા?

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

ભોળપણ અને મૂઢતા

વી. સુખઠણકર

એવું દૃશ્ય...

વુડ્રો વિલ્સન

પસંદગી

વેણીભાઈ પુરોહિત

પી જવાનું હોય છે

અલબેલો અંધાર હતો

'મૃગયા'નો શંખનાદ

—

—

—

વેદ મહેતા

વૈતરું

વ્રજેશ વાણંદ

પ્રાણીઓની ગાડી

શંકરભાઈ બુ. પટેલ

ગામડું

શંકરલાલ બેંકર

"એમ કહું કે, સિનેમા કાઢજો?"

શંભુપ્રસાદ હ. દેશાઈ

સગા બાપનો દીકરો

શક્તિસિંહ ગોહિલ

બત્તી-પંખા

શકીલ બદાયૂની

દુલ્હનિયા

રહેંગે

શકુંતલા નેને

તમારો ભગવાન: મારો ભગવાન

'શચદા'

—

જિંદગીનો સાર...

શરદ ઠાકર

‘બાંઝ ઔરત’

શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય

“પ્રાર્થના કરીશ કે—”

છેતરાઈએ ભલે!

શરીફા વીજળીવાળા

અરધી સદીની સુંદરતા-અસુંદરતા

“અહીં તમારી સત્તાનો અંત આવે છે!”

નામની પીડા

ખામોશ પાની

શાંતિલાલ જાની

અમે—તમે

શાંતિલાલ ડગલી

સત્તાવન સેન્ટ

શાંતિલાલ પટેલ

બાબુભાઈ

‘શાદ’

દંગે!

શાન્તનુ લ. કિરલોસ્કર

“પણ જોજો હો...!”

શામળ

સપૂત કોણ?

સદ્વિદ્યા

‘શાહબાઝ’

બીજું ગગન

શાહબુદ્દીન રાઠોડ

स्वरो वीसराय ते पहेलां...
આરસમાં કંડારાયેલ શિલ્પ

શિરીષ કણેકર

પડદા પરની પાકીઝા
બાબુલ મોરા

શિરીષ પંચાલ

ઘસાઈ ગયેલાં મૂલ્યો
એક ઓલિયો

શિરીષ મહેતા

છોકરીઓ, ચેતજો!

શિવકુમાર નાકર 'સાઝ'

મીઠલડી તું, મા!

શિવપ્રસાદ ત્રિવેદી

પાંચ કરોડ વર્ષની જૂની

શિવમંગલસિંહ 'સુમન'

મસીહા મુહબ્બતકા

શિવાની

'આમાદેર માં'

'શૂન્ય' પાલનપુરી

શું કરું?
—
—
કોણ માનશે?
જાણું, જઈને કાળની...
એ જ છે સાચો ઝવેરી...
ગોખથી હેઠે ઊતરો...

જાઓ, દુનિયાની...

શેખાદમ આબુવાલા

–

શૈલેન્દ્ર

ઈક દિન

એક બાર

‘શૈલેષ’ મટિયાની

સીના

કસૌટી પર

શોભન વસાણી

આપણે તો, ભાઈ—

શ્યામ સાધુ

મઘમઘ

યાદ થકી...

ચૈતરી તડકામાં...

સુન્દરમ્‌ની રમણીય બાલકાવ્યસૃષ્ટિ

શ્રીઅરવિંદ

સંભાળજે!

બ્રહ્મજ્ઞાન

શ્રીધર બાલન

૨૦૦૬માં ફ્રેન્કફર્ટને મેળે

શ્રીપ્રકાશ

સુવ્યવસ્થા કા પ્રેમી

શ્રીમદ્ રાજચંદ્ર

ઉત્તમનો સહવાસ

શ્રીમાતાજી

જીવનમાં વ્યવસ્થિતતા

શ્રીમાતાજી

જીવનમાં વ્યવસ્થિતતા

થાક

સમર્પણનો આનંદ

બોલતાં પહેલાં

સુવ્યવસ્થા

પ્રથમ કેળવણી માબાપોની

સંજય શ્રી. ભાવે

ધરતીમાંથી ઊગેલો સર્જક

આનંદયાત્રી પુ. લ.

“આવો માણસ કોઈ દિ’ જોયો નથી!”

સંત ફ્રાન્સિસ

એવું કરો કે—

સંતબાલ

ત્રણ ગુણો

સર્વ વાદનો સરવાળો

સંપાદક

એક જ બીજ

સંપાદક: ‘ભૂમિપુત્ર’

આક્રમણના કરતાંય જોખમી

નફરત તો એની પર!

સનતકુમાર ભટ્ટ

“એ તો મારો ભાઈ છે!”

સલિલ દલાલ



◀

એહસાન મેરે દિલ પે...

સલિલ દલાલ

‘સાહિર’ લુધિયાનવી

સાને ગુરુજી

ગુરુભક્તિ

‘સારસ્વત’

મિત્રો

‘સાહિર’ લુધિયાનવી

અય શરીફ઼ ઇન્સાનોં!

સિતાંશુ યશશ્ચંદ્ર

વખાર —

સુંદરજી ગો. બેટાઈ

ગંગ માતામહીની

સુંદરજી બેટાઈ

—

–

—

સુકુમાર મહેતા

‘લડવાડિયા’ની વેદના

સુખબીર

આપવું એટલે

લગન

સુખલાલ સંઘવી

પાયો

ઊભરાતી કરુણા

શક્તિ અને કાર્યની સમતુલા
નિર્ભયતા તેટલી જ મધુરતા
અભ્યાસની અનંત ભૂખ
શાસ્ત્રોદ્ધારક મુનિ
નસેનસમાં વીરતાના સંસ્કારો
તેજોમૂર્તિ ભગિની
હબસીઓના ઋષિ

સુધાબહેન મુનશી
રાંધવાની કળા
બારેય માસ લીલો મસાલો!

સુન્દરમ્
એ આવશે
ગીત કોણ ગાતું?
આનંદ-ભવન
ઓહ, અમદાવાદ!
વૃત્તિઓની લીલા
હું ચાહું છું
તને મેં
બાળગીતોની કસોટી
નહિ છૂપે
શોધું
હંકારી જા
હું રે બનું, બેન
પગલાં
કહેજો જી રામ રામ
—
—

હું તો પૂછું
પ્હેલવ્હેલી
–
ઓટલી
—
છે
‘કલાપી’ની કવિતા

સુમંત દેસાઈ
તમે જ એને મળ્યા હોત તો?

સુમંત દેસાઈ
‘ડો. ખોડીદાસ’

સુમતિ ર. દલાલ
“સમ્હાંલ લેના આપકા કામ હૈ!”

સુમન મજમુદાર
મેઘ

સુરેન ઠાકર ‘મેહુલ’
શીતળતા
માંયલીપા ઊઘડેલાં કમાડ

સુરેન્દ્ર
સાબરમતીથી હિમાલય

સુરેશ દલાલ
કૃપાથી તારી—
અંતરના આંગણામાં અજવાળું
સ્ત્રીઓનું મુક્તિધામ
ચમન મેં વિરાના દિલ
કવિતાનાં બાળોતિયાં ધોનાર

મકરન્દ સાથે મુલાકાત
રતન
—
—
—
સૂરજ
‘મારી, તમારી, આપણી વાત’
ચિરકાળના મિત્રો
છે તેની ઇજ્જત કરીએ
ફૂલપગલીઓ
મુંબઈનો માળો
કાલે
ઝાડ મને લાગે નહીં પરાયાં...
—
મૌનને પીધેલો કવિ
કવિતા લખવી છે?
તેં જે નથી કહી...
‘દ્વિરેફ’

સુરેશ સોની

આ દૃશ્યો ક્યારે ભૂંસશું?

સુરેશ હ. જોષી

આદિમ સંસ્કૃતિના પ્રદેશમાં
પ્રતિભાશાળીનું ગૌરવ
કીર્તિ સામે ઝુંબેશ!
એનું કારણ શું?
પારદર્શક નિખાલસતા
જીવન પણ ઉત્તમ કળા

નામ બદલાયાં છે

લોકડિયાંને ચરણે

વિદ્યા વિનાનો વિદ્યાર્થી

ભ્રાંતિ

ત્યારે કરીશું શું?

સુશીલાબહેન પ્રા. વૈદ્ય

પતિનું સૌભાગ્ય

સેમ્યુઅલ કોલરીજ

ગદ્ય...

સેસિલ જોસેફ

રજા પર ન હોઈએ ત્યારે—

'સૈફ' પાલનપુરી

દુખ્ખ તો એક... –

—

ગઈ ખુશી...

સૈયદ મુજતબા અલી

અત્યાચાર-વિરોધી સભા

સોક્રેટિસ

તો મારો જવાબ છે—

સોમાભાઈ ભાવસાર

વાદળગાડી

મારા હૈયાની હોડલી...

સૌતિક બિશ્વાસ

"અમે શીદને જીવતાં રહ્યાં?"

સ્વામી આનંદ

ઝાકળ જેવા અદીઠ
બેડો પાર!
ખશકૂલું
છોટુકાકાનાં અસીલો
ટીંબાનો ઉપદેશ
કદી ઘરડું ન થનારું
રજૂઆતનો કીમિયો

સ્વામી રંગનાથાનંદ

આ પ્રજાને થયું છે શું?

સ્વામી વિવેકાનંદ

આ જંગ તમને સોંપું છું!
પ્રકાશ ફેલાવો!
તમે તો કેવા લોકો છો?

સ્વામી સચ્ચિદાનંદ

પ્રજાનું મસ્તિષ્ક
મંદિરને ખરો ભય

સ્વામીનાથન અંકલેસરીઆ ઐયર

જનરલ ડાયરની ગૌરવયાત્રા
એ સ્વર્ગમાં...!

હંસાબહેન મો. પટેલ

ન ખપે!

હનીફ સાહિલ

કહેશો તો એને ચાલશે

હરકિશનદાસ ગાંધી

સુલભ સોનામહોર

હરગોવિંદ પટેલ

ધનવાન કોણ!

હરજીવન દાફડા

ગઝલ

હરનિશ જાની

અમેરિકામાં ગુજરાતી સાહિત્યસર્જન

હરિપ્રસાદ ન. પટેલ

ગામ ગોકુળિયું કેમ બને?

હરિપ્રસાદ શાસ્ત્રી

શિષ્ટ સાહિત્યનો પ્રભાવ

હરિવલ્લભ ભાયાણી

નર્મદા-બંધથીય પ્રચંડ
સંસ્મરણો

'હરિશ્ચંદ્ર'

ગુમરાહ
અંતર
વર્કશોપ

હરિસ્વરૂપદાસ સ્વામી

શું આપણે ધાર્મિક છીએ?

હરિહરભાઈ ભટ્ટ

—

હરીન્દ્ર દવે

—એ જ રસ્તે
સંસ્કારિતાનો સ્પર્શ
નૈં નૈં નૈં
અવધૂત માટે ઉપમાઓ

જ્યાં—

—ને તમે યાદ આવ્યાં

એ ગુણ ગાવા ગમે છે

અંધકાર

માધવ ક્યાંય નથી મધુવનમાં

—

—

—

ચાલ, વરસાદની મોસમ છે...

અટકીને...

સંગાથે હોય...

“બાપજી, જરા થોભજો!”

—

હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય

પૂર્વે હતો હું...

હર્ષકાંત વોરા

અઢી શેર જુવારનો ધણી

હર્ષદ ચંદારાણા

દીકરી...

હસમુખ ગાંધી

મધ્યયુગ આથમ્યો છે?

હસિત બૂચ

આ ગામડાં

—તો કોણ?

સમો આવતાં—

ઝિન્દાબાદ, ઝિન્દાબાદ!

કેમ કરી...?

દરબાર!

દિલની વાતો

સ્વતંત્રતા

—

ફેર

ભાવિ

હસીત હેમાણી

અમારે પણ દિલ છે...

હાજી મહમ્મદ અ. શિવજી

‘બોરોડ’થી બીવાનું નથી

હિમાંશી શેલત

જાગતાં જણ કેટલાં?

હીરાબહેન પાઠક

સાહિત્યગુરુ

હેમંતકુમાર શાહ

રાજકારણનું કંપનીકરણ

હેમંતભાઈ શાહ

કાવેરી કે ક્રિષ્ના...

હેમન્ત દેસાઈ

જોઈ લેવાશે!

હેરંબ કુલકર્ણી

પગારવધારાનો અસ્વીકાર!

હેલન કેલર

આવતી કાલે જ....

જીવનચિત્રોની માળા

પ્રકીર્ણ

ગવતરી – લોકસાહિત્ય
હસી પડી શા માટે?
“મારે માટે શું રહેશે?”
રમતનું ગાંડપણ
મીણબત્તી
તેજમલ
ઓળખો છો આમને?
‘બંધ’નો સામનો કરીએ
પત્રકારિત્વની ચાલણગાડી
આખરી પડદો
ખેતીની જમીનની બરબાદી
અંધારી ગલીમાં
“તેમ છતાં...”
જકડી રાખતું ચલચિત્ર
૭૦૦ ફિલ્મોમાં...!
ગાંધીયુગના એક સાહિત્યકાર
‘પ્રબુદ્ધ જીવન’ ૬૬મા વર્ષે
સુસ્વરલક્ષ્મી
‘પુલકિત’
પુ. લ.
શું વાંચશું?
ખોજા જમાતનું રાષ્ટ્રીય રત્ન
આ બાવાઓને શા માટે નિભાવીએ છીએ?
ધમ્મપદ
“એક દી ગરીબનું સ્વરાજ લાવશું!”

સુનો ભઈ સાધો!

અહોભાગ્ય!

વેદનાનો ભાર

એટલા માટે

ધનકું ઊડા નહ...

દરેક દીકરી...

“મત જાઈએ, બાબુજી!”

દેવદૂત અને સાંઈ

અનન્ય સર્વસમર્પણ

ઓળખ્યો ઓળખ્યો...

“આ વાટ અમુને ફિટ લાગે...”

“ખોદી લે તારી મેળે!”

અદાલતની બદનક્ષી!

વીરતા

આભાસની હૂંફ

“આપને ઉપયોગી થઈ શકું?”

આવું કેમ?

આંખો ઉઘાડશું?

આ વિસ્તાર □□□□ છે!

“હું શું કરું?”

આટલું આવડે છે?

“ભગવાનને મારે અખાડે મોકલજે!”

ખાસ કાંઈ ફેર નથી!

સાટું!

એનું નામ ભેજું!

ગઝલના જામમાં

આંખ મેળવીને

અવાજના બાદશાહ
તમે શું કર્યું?
ચિત્રકૂટવાસી રામભક્ત
નરકવાસીઓની સેવામાં
બેગમ સાહેબાને જવાબ
પંજ પ્યારા
દાદુ દયાળ
રોગીને સવાલ
ફુવારા
સૂરજે સળગાવેલું ફાનસ
ખરી જરૂર!
ગટર એટલે ગમે તે નાખી શકાય?
મારા વર્ગો
ભાગ્યશાળી!
દરેક રૂપિયામાંથી ૬૭ પૈસા
દૂષિત બોજ
સતપંથી
“રસ્તો કરો!”
એ શું કરતાં હશે?
બે રસ્તા
પાછાં પગલાં
બળતા દવમાંથી બચવા
રકઝક
ખામી
કલાનો સદાબહાર પુરુષાર્થ
ભજનોનો રસાસ્વાદ
ચાંદનીનો ઘંટનાદ!

જવાહરલાલ નેહરુનાં પુસ્તકો
વિચિત્ર શોધ
આદમિયતને પડકાર
પાણી... પાણી...
‘ચંદનનાં ઝાડ’
ટીકાકારો વચ્ચે વસવાટ
બળતા બપોરમાં
જેમનાં કાવ્યો પૂજાય છે
‘કુમાર’માં પ્રવેશ પહેલાં
મૃત્યુનોંધ
“આવું પ્રજા આગળ મૂકીએ?”
જો... તો...
બધી રીતે તકલીફ
બિલાડી
પોતાની જ મૃત્યુનોંધ
ટાઇપરાઇટરને સંભારજો!
સોનાનો પથ્થર
રણજિતરામ ચંદ્રક-ધારકો
ખરચાળ માંસાહાર
“ગીત ગાતાં ગાતાં જઈએ છીએ!”
“ગરીબ ખરાં... પણ છૈયેં ચેટલાં બધાં!”
અધ્યાપકો—વિદ્યાર્થીઓ માટે એક આદર્શ
અપહરણ થયેલી
માતા : મહા આત્મા
અશ્લિલતાથી બળાત્કાર સુધી
શાની પ્રતીક્ષા કરીએ છીએ?
સરકારને ન સંડોવીએ

પહેલવહેલાં
રવીન્દ્ર-જીવન
વાઇસરોયની સવારી
'—ત્યારે સાચું સ્વરાજ આવશે!'
કલાકારને સવાલ
જાત પર પ્રયોગ
કવિ અને કવિતા
તું અનોખો છે
કબ તક?
"અમારો અવતાર!"
પ્રસન્ન દાંપત્ય
ગળથૂથીમાં સંગીત
અમૃતકુંભ

## ‘અંચલ’

# ગાંધીજી

*ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગએ!*
*યાદ હમેં જયનાદ તુમ્હારા, પર હમ તુમકો ભૂલ ગએ,*
*શપથ તુમ્હારી ખાતે-ખાતે હમ તુમકો હી ભૂલ ગએ.*

*પૂજા કા પાષાણ બનાકર હમને તુમકો રખ છોડા,*
*મંદિર મેં અગણિત પથ્થર થે, એક અધિક ઉનમેં જોડા;*
*મંદિર મેં ઠહરાયા તુમકો, હમ પાપોં મેં ઝૂલ ગએ;*

*સાથ તુમ્હારે સત્ય-અહિંસા કે દો જીવન-મૂલ ગએ.*
*ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગએ!*

[સોહનલાલ ત્રિવેદી-સંપાદિત ‘ગાંધી-શતદલ’ પુસ્તક: ૧૯૬૯]

# અંબાદાસ અગ્નિહોત્રી

## મીઠાં વડચકાં

પ્રોવિડન્ટ ફંડનો હપતો અને ઇન્કમટેક્સ વગેરે કાપીને કેશિયરે મને પગારની નોટો આપી. મેં તે ગણવા માંડી: એક, બે, ત્રણ…અગિયાર… બાર…પંદર…સોળ… અને એકાએક હું અટકી ગયો. આવું કાયમ બને છે. કશુંક ગણવાને પ્રસંગે સોળની સંખ્યા આવતાં હું એકદમ અટકી જાઉં છું અને થોડી વાર સુધી અસ્વસ્થ બની વિચારે ચડી જાઉં છું.

કોઈને લાગશે કે આ બનાવટી વાત છે. પણ મને એવું બનાવટી લખતાં કે બોલતાં આવડતું નથી. લાગણીવેડા પણ મને ગમતા નથી. લોકો મને ખંધો ગણે તો પણ ગણી શકે.

અને છતાં આ સોળની સંખ્યામાં કોઈ એવું અજબગણું રહેલું છે કે એ આવતાં જ મારા હૈયામાં ભારે મૂંઝવણ પેદા થાય છે, વિચારના વંટોળ જાગે છે. ખાસ કરીને રૂપિયા ગણવાના આવે ત્યારે સોળની સંખ્યા આવતાં જ હું થંભી જાઉં છું અને ક્યાંય સુધી બેચેની અનુભવું છું.

એ વખતે મારી નજર સામે મારી વિદ્યાર્થી-અવસ્થાનું ચિત્ર ખડું થાય છે. આ વાંચનારમાંથી કોઈને પારકે ઘેર મફત દાન તરીકે જમવાની કપરી વેળા આવી હશે કે કેમ એ હું જાણતો નથી. પણ હું એમ ઇચ્છું ખરો કે મારા વેરીને પણ એવા દિવસ જોવા ન પડે. ધર્માદાનું ખાવામાં જે લાચારી, જે અપમાન, જે માનહાનિ વેઠવાં પડે છે, તે અનુભવી લીધા પછી એ નાની વયમાં પણ મેં પ્રતિજ્ઞા લીધી હતી કે, ભલે ગમે તેવું કાચુંકોરું ખાવું પડે, પણ હું મારી મહેનતનું અન્ન જ ખાઈશ. કદાચને બીજાની સહાય માગીશ તો પણ તે પાછી વાળવાની દૃઢ ઇચ્છાથી. અને એ કારણે, ટ્યૂશન રાખીને કે અન્ય રીતે જાતે કમાઈને ભણવાની અથાગ મહેનત હું કરી રહ્યો હતો. તે દિવસોમાં એક બનાવ બન્યો.

બહુ જ ઓછે ખર્ચે જમાડનારી એક વીશીનું ઠેકાણું દેશપાંડે માસ્તરે મને આપ્યું હતું. હું અંદર દાખલ થતો હતો ત્યાં જ મારે કાને શબ્દો અથડાયા :

"વીશીના બાર રૂપિયા ભરે છે તે ગણાવતા ફરે છે, પણ રોયાનાં પેટ ભીમસેન જેવાં છે તે કોઈને નથી દેખાતાં! ખાવા બેસે તે જાણે પાઈએ પાઈ વસૂલ કરી લેવાની હોયને એમ ગળચશે! ઘીના બે છાંટા ઓછા પડી જાય, તો તરત મોં બગાડે. લૂછી લૂછીને ખાતાં જાય, ને ઉપરથી કહેતા જાય કે ઘી બાસ મારે છે! રોયાવને પાટલેથી ઉઠાડી જ મેલવા જોઈએ!"

અવાજની દિશામાં હું એક એક ડગલું આગળ વધતો હતો, અને છતાં એ દરેક ડગલું પાછળ પડે તો સારું એમ મન કહેતું હતું. વીશીના મહિને બાર રૂપિયા આપનાર ઘરાકને પણ જે બાઈ આવાં આકરાં વેણ સંભળાવતી હતી, તે મને કંઈક ઓછામાં જમાડશે એ વાત કોઈ રીતે મારા માન્યામાં આવતી નહોતી.

પણ હું ખરેખરા સંકટમાં હતો. આઠ રૂપિયા ઉપર એક પાઈ પણ આપવાની મારી ગુંજાશ નહોતી, અને ગામમાં બીજો કોઈ વીશીવાળો મને આઠ રૂપિયામાં જમાડે તેમ નહોતો. એક નાના ખાંચામાં આવેલી આ ફઈબાની વીશી જ મારે માટે આશાનું સ્થાન હતું. પણ એ સ્થળે તો ડગલું દેતાં જ આવી વાણી સાંભળવા મળી, તેથી એ જ પગલે પાછાં ફરી જવાનું મન તો બહુ થતું હતું. પણ એ ઇચ્છાને દાબી રાખીને આગળ વધ્યા વિના મારે છૂટકો ન હતો.

મને આવેલો જાણીને નજીક બેઠેલી બાઈ સાથેની વાત અધૂરી મૂકીને ફઈબાએ જાણે મારી સામે ડાચિયું કરતાં હોય તેમ પૂછ્યું, "અલ્યા, તું કોણ? અહીં શીદને આવ્યો છે? ને આમ ચોરપગલે કેમ ચાલ્યો આવછ!" સ્વાગતના એ કડવા બોલ ગળી જઈ મેં કહ્યું: "દેશપાંડે માસ્તરે મને મોકલ્યો છે. ને કહ્યું છે—"

"તે તું ઈ જ છો?" ફઈબાએ ફરીથી મને ઉચકાવ્યો અને પછી

પેલાં બહેનની સામે જોઈ કહેવા માંડયું: “લ્યો જુઓ, આ પારકાં સરામણાં! દેશપાંડે માસ્તર પણ ખરા કે આવી લપ અહીં જ વળગાડે છે. મૂઉં બાર રૂપિયામાં બે ટંક ખવડાવું છું એય તો પરવડતું નથી, ત્યાં વળી બેચાર રૂપિયા ઓછા કરવાનું...” અને પછી મારા ભણી જોઈને પૂછ્યું:

“બોલ, તું કેટલા રૂપિયા આપીશ?”

મેં અચકાતાં અચકાતાં કહ્યું: “મારાથી તો આઠ રૂપિયા...”

“આઠ જ!” ફઈબા તાડૂક્યાં. “જા, જઈને તારા દેશપાંડે માસ્તરને કહે કે અહીં ફઈબાએ સદાવ્રત નથી માંડ્યું!”

“પણ હું—” હિંમત કરીને મેં કહ્યું. “હું—એક જ ટંક જમીશ...” “તે બીજે ટંકે શું પાણી પીને રહેવાનો છો?” ફઈબાએ કહ્યું: “ને એનોય અનુભવ મને થઈ ગયો છે. પઈસા એક જ ટંકના દઈને પછી ભાણે બેસે ત્યારે બેય ટાણાંનું ભેગું ઝોંહટનારા મેં કંઈક જોયા છે!”

“પણ ફઈબા, હું બહુ ખાતો નથી—”

“પણ બહુ નહિ તોય જુવાન માણસ છો તે ઘઉંની છ રોટલી તો ખાઈ જા ને! આઠ રૂપિયામાં મને એ ન પરવડે, બાપુ; તારે ખાવો હોય તો બાજરાનો રોટલો આપીશ.”

“ભલે, મારે એ કબૂલ છે,” મેં ઉતાવળે જવાબ આપી દીધો.

ટંકે સવા રૂપિયાના ચાર્જવાળા આ જમાનામાં આઠ રૂપિયામાં સાઠ ટંક જમાડનારી એ મારા વિદ્યાર્થીકાળની વીશીની યાદ મને અનેક વાર આવે છે. ફઈબાની વીશીમાં હું પૂરાં છ વર્ષ જમ્યો છું. આજે એ ફઈબા પણ નથી રહ્યાં, ને એમની વીશી પણ નથી રહી; કેવળ એનાં સ્મરણો જ રહ્યાં છે.

બીજે દિવસે જમવાને ઇરાદે હું ત્યાં પહેલવહેલો પેઠો ત્યારે ફઈબા એક ઘરાકને સંભળાવતાં હતાં: “રીંગણાંનું શાક જોઈ મોં શેના મચકોડો છો? કલદાર રૂપિયા પંદર દેતા જાવ, તો તેલે લચપચતું બટેટાનું ને ફુલેવરનું શાક મઝાનું ખવડાવું—મારે ક્યાં વાંધો છે? ને

જો ભાઈ, હું કાંઈ તને બોલાવવા તો નહોતી આવી ને, કે બાપુ, મારી વીશીમાં કોઈ નથી આવતું તે તું ચાલ?…”

ફઈબાના મોંમાંથી બંબગોળા છૂટયે જતા હતા. સહેજ ખચકાતાં ખચકાતાં હું પાટલે બેઠો. મને જોઈને ફઈબા બોલ્યાં, “જરા ઘોડો પકડી રાખ, ઉતાવળો થા મા; ખબર છે તારી નિશાળ અગિયાર વાગ્યે છે, પણ હજી તો દશ વાગ્યા છે.” જોકે આ બધું બોલતાં બોલતાં ફઈબાએ થાળી ઝડપથી પીરસીને મારી સામે મૂકી દીધી.

પહેલો કોળિયો મોંમાં મૂકતાં હું જરા અચકાતો હતો. વીશીના જમણનો મારો એ પહેલો જ દિવસ હતો. પણ કોળિયો મોંમાં નાખ્યા પછી ચાવતાં ચાવતાં હું મનમાં બોલ્યો: ‘માજીની રસોઈમાં તો પકવાનની મીઠાશ છે; એ જ મીઠાશ જો ભગવાને એમની જીભમાં મૂકી હોત!’ શરૂઆતના ભાત સાફ થતાં જ ફઈબાએ રોટલી ચૂલામાંથી લઈને મારી થાળીમાં ફેંકી. ચમકીને મેં ઊંચું જોયું. ફઈબા ઘીની વાઢી લઈને મારી સામે આવતાં બોલ્યાં, “તારા એકલાના રોટલા સાટુ બાજરો સાફ કરવા ને દળાવી આવવા કાંઈ હું નવરી નથી! તું તારે ઘઉંની રોટલી જ ખાજે, ભા—એવું શું મોટું મને નુકસાન થઈ જવાનું છે?” અને ઘી પીરસતાં વળી કહ્યું: “કેમ, તનેય તે રીંગણાનું શાક નથી ભાવતું? હજી વેંત જેવડો છો, ને મિજાજ તો બહુ લાગે છે! આ શાકમાં શું ખરાબ છે?”

મેં કહ્યું: “ન ગમવાનું નથી, ફઈબા! મને પહોંચાડી પહોંચાડીને જમવાની ટેવ છે; તમારી ભાષામાં કહું તો હું પાઈએ પાઈ વસૂલ કરવા નથી આવ્યો!” “મારા રોયા!” પણ એમ બોલતી વખતે ફઈબાના મોં પર મેં પહેલી જ વાર હાસ્યની છટા જોઈ.

હું ત્રણ રોટલી પૂરી કરી રહ્યો હતો ત્યાં ચોથી રોટલી ધરીને ફઈબા ઊભાં રહ્યાં. મેં આડો હાથ ધર્યો, પણ ફઈબાએ તો ગરમ રોટલી મારા હાથ ઉપર જ ફેંકી, અને બૉમ્બમારો શરૂ કર્યો: “ખબર છે ઈ તો! આમ ઓછું ખાઈને દૂબળો પડીશ અને પછી તારી મા ગાળો દેશે ઈ મારે સાંભળવી પડશે. કહેશે કે, છોકરાને શહેરમાં ભણવા

મોકલ્યો, પણ રાંડ વીશીવાળીએ પૂરું ખવરાવ્યુંય નહિ તે છોકરો મારો સાવ સુકાઈ ગયો!"

"પણ ફઈબા! ઓછું જમવાથી માણસ દૂબળો પડી જાય, એ વાત જ ખોટી છે. ઊલટાનું—"

"ઈ બધું તું—" કહી હાથ લંબાવી પડખે બેઠેલા એક ભાઈ તરફ જોઈ ફઈબાએ કહ્યું: "ઈ બધું તું આમને કહે. આટલું બધું ગળચે છે, પણ છે ક્યાંય લોહીનું ઠેકાણું? કો'ક કો'ક માણસને એવું હોય કે વરસ આખું એકલું ઘી ખાય ને દૂધ પીએ, પણ શરીરે લોહીનું ટીપુંય ચડવાનું નહિ!" અને એમ કહેતાં કહેતાં ફઈબાએ એ ભાઈને પણ એક રોટલી વધારે પીરસી.

એ ભાઈ જમીને ઊઠી ગયા પછી ફઈબાએ મને ભાત પીરસ્યા અને છાશનો વાટકો મારી બાજુમાં મૂક્યો. પેલા જમી ગયેલા ભાઈની પડખેવાળી થાળી ઉપાડી લેતાં વળી એમણે શરૂ કર્યું: "રોયા જમનારાય હમણાં એવા ફાટી ગયા છે! લેતી વખતે ઊંધું ઘાલીને લેતા જાય, ને પછી એઠું મૂકીને ઊઠે. જોઈ લ્યો ભાઈ કેવું જમ્યા છે તે! નાના છોકરાની જેમ એઠવાડેય તે કેટલો બધો વેર્યો છે!"

ભાણામાં પીરસેલું હતું તેટલું બધું ખાઈ, થાળી સાફ કરી હું ઊઠ્યો, એટલે વળી ફઈબાએ સૂર બદલીને મને સંભળાવ્યું: "રોયા! આમ થાળી ચોખ્ખી કરીને ઊઠ્યો ક્યાં? પૂરું જમ્યો કે નહિ? ને જો, તારે ભૂખ્યા રહેવું હોય તો તારી વાત તું જાણજે. પારકા છોકરાની એવી મફતની અધિયારી કરવા હું કાંઈ નવરી નથી, સમજ્યો?"

હાથ ધોઈ, કોટ પહેરી મેં ટોપી હાથમાં લીધી, ત્યાં તો વળી ફઈબા ડાચિયું કરે તેમ બોલ્યાં: "સાંજે આઠ વાગ્યા મોર આવજે હોં... એક મિનિટનુંય મોડું કર્યું તો એમ ને એમ ભૂખ્યો પાછો કાઢીશ! હા, પછી કહેતો નહિ કે, કીધું નહોતું!" "ફઈબા! હું તો—"

"હેં હેં હેં હેં... ફઈબા!" ચાંદુડિયાં પાડતાં હોય તેમ ફઈબા બોલ્યાં; "તું તો ઘણુંય કે'કે, હું એક જ ટંક જમીશ, પણ એમ મારો

કાંઈ થોડો દી ફર્યો છે? સાંજે બરાબર ટાણાસર આવજે! ને આટલી બધી તારે ઉતાવળ શાની, મૂઆ? જરા ઊભો તો રે!" અને એમ કહેતાં કહેતાં ખાળમાં હાથ ધોઈ સાડલાને છેડે લૂછી ફઈબાએ અભરાઈ પરથી એક ડબો ઉતાર્યો અને તે ઉઘાડતાં ઉઘાડતાં મને કહે: "અલ્યા, ઓલા ખાનામાંથી કાગળ લાવ્ય." મેં કાગળ આપ્યો એટલે ડબામાંથી મૂઠી ભરી ચેવડો કાગળમાં મૂકી પડીકું વાળી મને આપતાં કહે: "રોયા! બપોરે ભૂખ લાગશે ત્યારે ખવરાવવા ગામડેથી તારી મા અહીં થોડી જ મરવાની છે? જરાક તો વિચાર કરતો જા, મૂઆ!"

એ રાત્રે વાળુ કરીને જ્યારે હું મારી ઓરડીએ પહોંચ્યો, ત્યારે ફઈબા વિષેના વિચારો મારા મનમાં ચાલ્યા કરતા હતા. બોલે ત્યાં વડચકાં ભરતી હોય તેવી એ બાઈને ત્યાં ગામની બીજી વીશીઓ મૂકીને ઘરાકો શા માટે જમવા આવતા હશે, એનું રહસ્ય આ એક જ દિવસમાં મને સમજાઈ ગયું.

ફઈબાને મન નાનાંમોટાં સૌ સરખાં હતાં. હું તો લંગોટિયો વિદ્યાર્થી જ હતો, પણ થોભિયાવાળા એક પ્રૌઢ ગૃહસ્થ ફઈબાની વીશીમાં રોજ જમવા આવતા, તેમને પણ તેઓ આવું જ સંભળાવતાં. એ ભાઈ કોઈ સરકારી કચેરીમાં અમલદાર હતા અને તે જમાનાના અઢીસો એટલે આજના કાંઈ નહિ તોય હજારનો પગાર લાવતા હતા. એ ગૃહસ્થ બીજી મોટા નામવાળી વીશીમાં જઈ ન શકે એવું તો હતું જ નહિ; ખરું કહું તો એ બધી વીશીઓના ઊંબરા ઘસીને જ આખરે એમણે ફઈબાનાં કડવાં વેણ ને મીઠા ભોજનનું મિશ્રણ શ્રેષ્ઠ ગણ્યું હતું.

બધા બેઠા હોય ત્યારે પણ ફઈબા એ ગૃહસ્થને સંભળાવતાં: "બાયડીનો જીવ લીધો, એટલે હવે વીશીના કેવા ધક્કા ખાય છે!"

"એક મરે તો બીજી ક્યાં નથી મળતી?" પેલા મોટી મૂછવાળા ગૃહસ્થ 'હેં હેં' કરી હસતા અને કહેતા. "પણ ફઈબા! જો હું પરણી જાઉં, તો તમારું એક કાયમી ઘરાક ઓછું થશે, એનું શું?"

"તમે નહિ તો તમારો કાકો બીજો કોઈ મળશે," તડ દઈને ફઈબા

જવાબ દેતાં. "એક વાર વીશી કાઢી છે, પછી ઘરાક મળ્યા વિના થોડાં જ રહેવાનાં છે?"

દેશપાંડે માસ્તરને ત્યાં હું ઘણી વાર જતો. ત્યાં એ અમલદાર ગૃહસ્થને મેં કોઈ કોઈ વાર જોયેલા. દેશપાંડે માસ્તર એમની ખૂબ માનપૂર્વક સરભરા કરતા. એ જ ગૃહસ્થને ફઈબાની સાથે આટલી છૂટથી વાતો કરતા જોઈ મને નવાઈ લાગતી. મારું અચરજ એક વાર મેં દેશપાંડે માસ્તર પાસે વ્યક્ત કર્યું ત્યારે તેમણે જવાબ આપ્યો: "સામાન્ય રીતે હું વીશીમાં બહુ જમવા જતો નથી. પણ જો જાઉં તો ફઈબા મને પણ આમ જ સંભળાવે; અને હું પણ એમનાં વેણ સાંખી લઉં."

"કેમ એમ?"

પણ તે વખતે દેશપાંડે માસ્તરે મને એનું કારણ જણાવ્યું નહિ. અને દિવસો પસાર થતા ચાલ્યા. એમ કરતાં એક મહિનો એવો આવ્યો કે એક અગત્યનો સવાલ મને મૂંઝવી રહ્યો. હું દરેક મહિનાની પહેલી તારીખે ફઈબાને પૈસા અચૂક આપી દેતો. પણ આ વખતે ૨૯મી તારીખ થઈ, તો પણ મારી પાસે બે રૂપિયાય જમા થયા નહોતા. દેશપાંડે માસ્તરની ભલામણને લીધે મને મામલતદારના દીકરાનું ચાર રૂપિયાનું ટ્યૂશન મળ્યું હતું, પણ મામલતદારનાં પત્નીએ ઢીલ કરતાં કરતાં મારો બે મહિનાનો પગાર બાકી રાખ્યો હતો. એક-બે વાર મેં તેમની પાસે માગણી કરી ત્યારે ચિડાઈને એ બાઈસાહેબ બોલેલાં: "અલ્યા! રોજ ઊઠીને કોઈ લેણદારની જેમ પૈસા શું માગ્યા કરે છે? માણસે કાંઈક તો સમજવું જોઈએને? ગરીબ વિદ્યાર્થી જાણીને મદદ કરવા તારું ટ્યૂશન રાખ્યું છે, નહિ તો બી.એ. અને એમ.એ. થયેલા ક્યાં નથી મળતા?" આમ તે પછી પૈસાની માગણી કરવાનો સવાલ જ રહ્યો નહિ. મનમાં એવો ભય રહ્યા કરતો કે માગવા જઈએ અને આ મામલતદારનાં પત્ની મારું ચાર રૂપિયાનું ટ્યૂશન જ બંધ કરી દે તો?

આખરે ત્રીજી તારીખે મનમાં ગાંઠ વાળીને વાળુ કર્યા પછી હું જરા રોકાયો. બીજા બધા ઘરાક જમીને ચાલ્યા ગયા પછી મેં સહેજ સંકોચ સાથે કહ્યું: "ફઈબા, આવતી કાલથી હું જમવા નહિ આવું."

"કેમ રે?" ફઈબાએ એમની કાયમી ઢબે મને દબડાવવા માંડ્યો. "કેમ, કાંઈ પૈસા બહુ વધી ગયા છે તે કોઈ મોટી વીશીમાં જવાનો વિચાર કર છ? પાસે દમડીય હોય નહિ ત્યારે ફઈબા, ને ખિસ્સામાં દોઢિયાં ખખડવા માંડે ત્યારે પછી ફઈબા જાય મસાણમાં! ભલે બાપુ, ભલે! જા તું તારે સારી વીશીમાં!"

મેં જરા આર્જવ સાથે કહ્યું: "એમ નથી, ફઈબા! આ મહિને હજુ મારા હાથમાં પૈસા આવ્યા નથી અને ક્યારે આવશે તે કહેવાતું નથી."

"રોયા!" ફઈબાએ ગુસ્સો વધાર્યો, "તું તે મને કેવી ડાકણ સમજે છે? હું અહીં શું માણસોનું લોહી પીવા બેઠી છું? અઠવાડિયું પૈસા મોડા આપીશ, એટલે શું એમ માન છ કે હુ ંતને જમવાની ના પાડીશ? મૂઆ! આટલું બધું અભિમાન શાનું રાખ છ? એક કોર બોલાવીને કહેવાનું કે 'ફઈબા, આ મહિને પૈસા જરા મોડા આપીશ,' એને બદલે ઊલટાનો પીટયો કહે છે: 'હું જમવા જ નહિ આવું!' જો ને! ભલે, બાપુ, ન આવીશ. તું ભૂખ્યો રહીશ એથી કાંઈ મારું પેટ નહિ બળે!"

ટૂંકમાં, હું બીજે દિવસે જમવા ગયો જ, અને આખો મહિનો પૈસા આપ્યા વિના જ જમ્યો. હવે બીજો મહિનો શરૂ થવાનો હતો ત્યાં તો ભગવાને મામલતદારનાં પત્નીને સુબુદ્ધિ આપી અને એક મહિનાના ચાર રૂપિયા તેમણે મને ચૂકવ્યા. પણ એટલાથી મારું શેં પતે?

મારી દરેક મુશ્કેલી વખતે મારો આધાર દેશપાંડે માસ્તર હતા. મારે ખૂટતા હતા તેટલા પૈસા આપતાં મનમાં જ તે ગણગણ્યા, "માણસની સજ્જનતાનો આધાર એના સંજોગો ઉપર નથી; સજ્જનતા તો માણસના લોહીમાં જ હોવી જોઈએ. નહિ તો આ આજના મામલતદારનાં પત્ની અને એક વાર મામલતદારનાં ગૃહિણી તરીકે શોભતાં ફઈબા..."

મેં નવાઈ પામી દેશપાંડે માસ્તર ભણી જોયું. એમણે આજે મારી શંકાનું સમાધાન કરવા ધાર્યું હશે એટલે મને કહે: "તું જેમ આજે તારી જાતકમાઈ પર ભણવાની મહેનત કરી રહ્યો છે, તે જ રીતે તારી ઉંમરના અમે હતા ત્યારે હું અને મારા મિત્રો પ્રયત્ન કરતા હતા. તે

દિવસોમાં આ ફઈબાના જ પતિ મામલતદાર હતા, અને અમે એને ઘેર આશ્રિતો તરીકે રહેતા. પોતાને કાંઈ છોકરું નહોતું એટલે અમને જ પેટનાં જણ્યાં ગણીને ફઈબા જાતજાતની મદદ કરતાં. પણ તે દિવસેય તે એમની બોલવાની રીત તો આજના જેવી જ, હોં! અમને ત્યારે કોઈ વાર થઈ જતું કે આ ફઈબાનાં કડવાં વેણ સાંભળવાને બદલે એની મદદ ન લેવી વધારે સારી. પણ જેમજેમ અમને એમના સાચા દિલની પિછાન થતી ગઈ, તેમ તેમ એમના એ બોલ વિષે પછી અમને કશું જ લાગતું નહિ. ઊલટાનાં ફઈબાનાં એ વેણ સાંભળતાં જાણે પ્રેમનું અમીસિંચન થઈ રહ્યું હોય એમ અમને થતું.”

આ પૂર્વ-ઇતિહાસ જાણ્યા પછી ફઈબા પ્રત્યેની મારી દૃષ્ટિ જ બદલાઈ ગઈ. તે રાત્રે ફઈબાને મેં આઠ રૂપિયા આપ્યા અને ઉમેર્યું: “ફઈબા! આ ચાલુ મહિનાના રૂપિયા હાથમાં આવશે ત્યારે તમને આપીશ.”

“પીટ્યા!” કહી રૂપિયા મારા ભણી ફેંકી દેતાં તેમણે કહ્યું: “તું તે મને કેવી ગણછ?”

વેરાયેલા રૂપિયા ભેગા કરી મેં ફઈબા સામે હાથમાં ધરતાં હસીને કહ્યું: “ફઈબા! તમારે વિષે મારા મનમાં આજ દી લગી ભાવ તો હતો જ, એમાં દેશપાંડે માસ્તરે જ્યારે તમારી—”

“ડોબા! એનું કાંઈ માનીશ નહિ.” મને વચ્ચેથી રોકીને જ તેમણે કહ્યું: “એમને તો એવી ટેવ જ પડી છે. પણ જો, અત્યારે આ પૈસા તારી પાસે રહેવા દે. પહેલાં તારાં કપડાં સિવડાવી લે. આ પહેરણ ખભેથી જળી ગયું છે, તેની કાંઈ લાજશરમ આવે છે કે નહિ?”

તે દિવસે તો ખૂબ દબાણ કરીને મેં ફઈબાને પૈસા આપ્યા જ. પણ ફઈબાની ભલમનસાઈ એવી કે તેમને આપવાની રકમ વળી વધતી ચાલી. પછી રજાઓમાં હું ઘેર જવા નીકળ્યો તે દહાડે મને કહે, “જો, ભાઈ! તારી પાસે સોળ રૂપિયા હજુ લેણા છે, હોં...એટલે ઘેર જઈને નવરો બેસીશ મા. કશુંક કામ કરજે, ને કાંઈક કમાજે. માથે દેવું કેટલા

દિવસ રાખીશ?” અને એ વખતે દૈવ સાનુકૂળ હશે તે મારે ગામ પહોંચતાં જ એક મહિના માટે મને નાકા-કારકુનની નોકરી મળી ગઈ. પરિણામે રજા પૂરી થઈને ભણવા જવા નીકળ્યો ત્યારે હું ખૂબ ખુશાલીમાં હતો. મારા ગજવામાં જાતકમાઈના સોળ રૂપિયા હતા. ફઈબાના પૈસા જતાંવેંત આપી દેવાશે, એવો અપૂર્વ આનંદ મનમાં હતો. પણ.....

પણ ભારે ગજબની વાત બની હતી!

દેશપાંડે માસ્તરને ત્યાં ગયો કે તરત મને ખબર મળ્યા કે ફઈબા એકાએક, લાંબી માંદગી વિના જ, આ દુનિયા છોડી ચાલ્યાં ગયાં છે!

વાત સાંભળતાં જ ખીસામાંનો હાથ ત્યાં જ રહી ગયો. જાતે કમાઈને મેં આણેલા સોળ રૂપિયા લેનાર હવે કોઈ હતું નહીં!

એ વાતને આજે વર્ષો વીતી ગયાં છે. હું સારી એવી કમાણી કરતો થયો છું. પણ પૈસા ગણવાનો વખત આવતાં સોળની સંખ્યાએ પહોંચતાં જ મારો હાથ અટકી જાય છે.....

(અનુ. ગોપાળરાવ ગ. વિદ્વાંસ)

# અંબાલાલ પુરાણી

## પારસમણિ

એક બાળકે મને કાગળ લખ્યો છે તેમાં એ પૂછે છે: "પારસમણિ ખરેખર હોય છે ખરો?" એના જવાબમાં મારે કબૂલ કરવું જોઈએ કે પારસમણિ મને જોવા મળ્યો નથી.

પણ એમ તો બધી વસ્તુઓ આપણે જાતે જોઈએ તો જ માનીએ, એવું ક્યાં હોય છે? ઘણાએ મુંબઈ જાતે નથી જોયું, પણ મુંબઈ છે એ વાત તો સાચી છે. વળી, આજે કોઈ વસ્તુ ન હોય, તો થોડો વખત પછી માણસ તે બનાવી પણ શકે છે. વિમાન પહેલાં ન હતું; આજે છે. એવું પારસમણિની બાબતમાં બને પણ ખરું.

પણ એ બાળકે બીજો સવાલ પૂછ્યો છે: "કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઈ જાય; પણ લોઢાનું સોનું કોઈ દિવસે બને ખરું?"

એનો જવાબ પણ આપું છું. બધાએ કોયલો તો જોયો છે. હવે એ કોયલો જમીનમાં ખૂબ ઊંડે દટાઈ જાય અને તેના ઉપર પાવાગઢ જેવો પર્વત પડે, તો શું થાય તે જાણો છો? એ કોયલાનો જ હીરો બની જાય!

પણ કોઈને થશે કે જમીનમાં દટાઈ ગયેલો કોલસો હીરો બની જાય છે તે કાંઈ આપણે જાતે, આપણી નજરે જોઈ શકતા નથી. તો એ મુશ્કેલીનો જવાબ ફ્રાંસ દેશના એક રસાયણશાસ્ત્રીએ આપ્યો છે. લાવોઝીર એનું નામ. એણે કોયલાની ભૂકી લઈને ખૂબ ગરમ ધાતુમાં નાખીને પછી એકદમ તેના ઉપર પેલા પર્વતના જેટલું ભારે દબાણ યંત્રો વડે કર્યું. પરિણામે નાની નાની હીરાની કણીઓ બંધાઈ ગઈ! એટલે કોયલાનો હીરો બને છે, એ નક્કી થયું.

પથરા કે કોયલામાં સમૂળો ફેરફાર થઈ જઈ શકે છે, તેમ જીવતા

પ્રાણીમાં પણ કેટલીક વાર એવો ફેરફાર થતો જોવામાં આવે છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઇયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે, અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી ઊડી જાય છે; એ પતંગિયું બની જાય છે! જમીન પર પેટ ઘસડતી ઈયળ, અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું: એ બેમાં કેટલો ફેર છે! પણ ઇયળમાંથી પતંગિયું બની જાય છે.

જોકે ખરો પારસમણિ તો આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ એવી કોઈક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઈ જાય; આપણે પોતે જેવા હોઈએ તે મટી જઈને જુદા જ બની જઈએ.

પોતાની અંદર રહેલો આ પારસમણિ ઘણાને હાથ લાગતો નથી. એમાંના કેટલાકને કોઈ ગુરુમાં કે મહાપુરુષમાં એ પારસમણિ મળી આવે છે. એવાનો પરસ થતાં આપણું જીવન બદલાઈ જાય છે.

ભગવાન એક એવા પારસમણિ છે કે, જો કોઈ એને અડકે—અરે, એને અડકવાનો વિચાર પણ કરે—તો એવા માણસમાં ફેરફારો થવા લાગે છે અને આખરે માણસ પોતે એ અસલ પારસમણિ જેવો બની જાય છે!

# અંબુભાઈ શાહ

## વીરામાતા

સાણંદ તાલુકામાં ચરલ નામે ગામ. ગામના પાદરમાં લીમડાનાં ઝાડ પુષ્કળ. જમીન અને ઝાડનો એવો તો મેળ કે ન પૂછો વાત. લીમડાનું તો જાણે મોટું વન. પણ એ લીમડા કાપવા બહારના માણસો આવ્યા કરે. ગામને ખબર પડે ત્યારે લોકો ભેગા થઈને એને રોકે; પણ ઘણી વાર ચોરીછૂપીથી કાપી જાય. આમ ચાલ્યા કરે.

એક દિવસ મોટું ટોળું લીમડા કાપવા આવી પહોંચ્યું. ગામને ખબર તો પડી. પણ આવનાર જૂથ મોટું હતું, એટલે બેએક માઈલ પરના મખીઆવ ગામના ડાયરાને સંદેશો મોકલીને ઝટ તેડાવ્યો. પછી બધાએ ભેગા મળીને પેલા ટોળાને લીમડા ન કાપવાની વિનવણી કરી. પણ કાપનારાએ કાંઈ સાંભળ્યું નહીં. કુહાડાના ઘાની ઝીકાઝીક બોલી રહી. કેટલાય લીમડાનો સોથ વાળી નાખ્યો. લોકો વારેવારે સમજાવતા રહ્યા, પણ કુહાડા થંભ્યા નહીં. મખીઆવના ડાયરા સાથે એક ચારણ પણ આવેલ. નામ મેઘરાજ ગઢવી. એ વિચારમાં ઊંડા ઊતરી ગયા. આ ઝાડ કપાતાં કઈ રીતે અટકાવવાં? આવા ટાણે ચારણનું લોહી કામ નહીં આવે, તો પછી ક્યારે ખપ લાગશે? પોતાની તલવાર કાઢીને પોતાના જ હાથ પર ઘા કર્યો. લોહીની ધારા ચાલી. ચાપવે ચાપવે તેણે લોહી પેલા હત્યારા ટોળા પર છાંટવા માંડ્યું. પણ એમ એટલાક લોહીથી ધરાય તેવા કાચાપોચા એ લોકો નહોતા. લીમડા તો કપાતા જ ચાલ્યા.

મેઘરાજ નિસ્સહાય બનીને એ જોઈ રહ્યો હતો. ત્યાં એના ચિત્તમાં વીજળી જેવો ઝબકારો થયો. લોહિયાળા હાથ પર ખેસ વીંટીને એણે મખીઆવ ભણી દોટ મૂકી. ઘરે ઘરડી માતા, જુવાન ઘરવાળી, એને ખોળે છ મહિનાનું બાળ. મેઘરાજે માને માંડીને વાત કરી. પણ ડોશીમાને

જીવતર વહાલું લાગ્યું. મેઘરાજ નિરાશ થયો. સગી જનેતા ન માની, ત્યાં ગઈ કાલની આવેલીનો ભરોસો તો ક્યાંથી થાય? પણ થયું, ચાલને પારખું તો કરી જોઉં! પહેલા ખોળાના રતન જેવા દીકરાને નવરાવીને ચારણ્ય એનું માથું ઓળે છે. ગીત ગાતી ગાતી આવતી કાલની આશાનું વહાલ કરે છે. એને મેઘરાજે બધી વાત કરી.

ચતુર ચારણ્ય પલકમાં પામી ગઈ ને મનમાં ગાંઠ વાળી લીધી. લાંબે ગામતરે પરિયાણ કરવાનું હતું. છૈયાને છેલ્લી વારનું હૈયાનું અમૃત પાઈ, ગાલે ચૂમીઓ ચોડી, ડોશીમાના હાથમાં સોંપીને ચારણની સંગાથે એ ઝટ ચાલી નીકળી. એકબીજાને નથી કાંઈ પૂછતાં, નથી કાંઈ કહેતાં. જાણે બેયનાં અંતર એક જ હોય તેમ મનમાં એક જ વાત રમી રહી છે.

આવી પહોંચ્યાં ચરલના પાદરમાં. ડાયરો દેખાયો. લીમડા કપાતા જોયા. “ચારણ, જોજે હોં! મનને મજબૂત રાખજે. ડાયરો દેખીને ઢીલો પડીશ, તો મારું મોત બગાડીશ!” ચારણ્યે મેઘરાજનું પાણી માપી જોયું. મેઘરાજે મૌનથી જ પોતાની મક્કમતાની ખાતરી આપી.

એક બાજુ કપાતા લીમડા ને બીજી બાજુ મડાં જેવો ડાયરો; એ બેની વચ્ચે ધણી-ધણિયાણી આવીને ઊભાં રહ્યાં. ચારણ્યે ચોટલો છૂટો મેલીને સૂરજ દેવતા સન્મુખે મસ્તક ધર્યું. મેઘરાજે તલવારના એક જ ઘાએ એ માથું ધડથી જુદું કરી દીધું. જોનારાઓ હજી કાંઈ વિચાર કરે તે પહેલાં તો ચોટલે ઝાલીને માથાને ચારે બાજુ ઘુમાવ્યું અને લીમડા કાપનારાઓ પર લોહી છંટાયું. ટોળાથી તે સહન થયું નહીં ને એ ભાગી નીકળ્યું.

એ ચારણ્યનું નામ વીરા. એની યાદગીરીમાં ગામે ચરલના તળાવની પાળે દેરી ચણાવીને તેમાં વીરામાતાનો પાળિયો ઊભો કર્યો. સંવત ૧૯૬૪ (સન ૧૮૦૭)ની આ વાત છે.

# તીર

"એ સૂર્યવંશી! ક્યાં સુધી ઘોરવું છે? દુકાને ક્યારે જઈશ? ચાલ ઊઠ, ઝટ તૈયાર થા!" મનહરલાલે પુત્રાને ઉઠાડતાં કહ્યું. પુત્રા તરત ઊઠ્યો. પણ પિતાના શબ્દો એની છાતીમાં વાગ્યા. મારનો ઘા કંઈક હળવો બને છે?—એ જોવા પુત્રો ખુલાસો કર્યો: "રાતે મોડે સુધી નામું લખ્યું હતું એટલે જરા મોડું..."

"હું તને ન ઓળખતો હોઉં તો ને?" પિતા વચ્ચેથી જ ગરજ્યા. "લખ્યાં નામું હવે! ખાલી બહાનાં ન બતાવ. ઊંઘણશી છે ઊંઘણશી!"

પુત્રાના મનમાં થયું, "શું પોતે નામું નહોતું લખ્યું? પોતાના ઉપર આટલો બધો અવિશ્વાસ?" ઘા વધુ ઊંડો થયો. ખિન્ન મને પુત્રા દુકાને ગયો..... મુનીમ આજે દુકાને મોડા આવ્યા. પુત્રો તરત ટકોર્યા: "કેમ મોડા?"

પ્રશ્નનો ધ્વનિ અને રીત મુનીમને ખટક્યાં. પણ એ સમજુ અને પીઢ હતા. શાંતિથી ખુલાસો કર્યો કે, "પત્નીની તબિયત સારી ન હતી, તેથી મોડું થયું." પણ શેઠ-પુત્રો રોકડું પરખાવ્યું કે, "એવાં બહાનાં કાંઈ ચાલેબાલે નહિ. નોકરી કરવી હોય તો વખતસર આવતાં શીખો." મુનીમને ભારે આશ્ચર્ય થયું: નાના શેઠ કોઈ દિવસ આ રીતે વાત કરતા નથી, અને આજે આમ કેમ? પણ મનમાં સમસમીને બેસી રહ્યા.

મુનીમના મનમાં પત્નીની બીમારીની ચિંતા ઓછી ન હતી. એમાં નાના શેઠના આ વર્તાવથી ભારે ઉદ્વેગ થયો. બપોરે ઘેર જમવા જતાં બીમાર પત્ની માટે પપૈયો લઈ જવાનું તે ભૂલી ગયા. ઘેર પહોંચતાં લાગલાં જ પત્નીએ પૂછ્યું, "પપૈયો લાવ્યા?" ત્યાં તો મુનીમજી તાડૂકીને બોલ્યા, "બસ, દુકાને શેઠ અને ઘેર શેઠાણી! હજુ પગ મૂક્યો નથી કે હુકમ છૂટયો નથી."

પત્નીને ભારે દુ:ખ થયું. માત્રા "પપૈયો લાવ્યા?" એમ પૂછ્યું, એને પણ હુકમ ગણ્યો? જિંદગી આખી પતિની ઇચ્છાને આધીન બનેલી

પત્ની આજે બપોરે વ્યથિત હૈયે સમસમીને પથારીમાં સૂઈ જ રહી.

બપોરના મોડેથી જૂનાં કપડાંના બદલામાં વાસણ આપનાર વાઘરણ બહેને આવી બારણે સાદ પાડ્યો. આ બીમાર બહેને ઊભાં થઈ બારણે આવી વાસણવાળી બહેનને જોરથી કહ્યું: "બધાં ચોર છો ચોર. ધૂતવા જ નીકળ્યાં છો!" અને બારણું ધડ બંધ કરી, જઈને પથારીમાં પડતું મૂક્યું. વાઘરણ બહેનને ક્રોધ તો ઘણોય આવ્યો, પણ બંધ બારણા સામે બડબડીને જ આગળ વધવું પડ્યું.

થોડી વાર પછી આ બહેન દાતણ વેચવા નજીકના બજારમાં પાથરણું પાથરીને બેઠાં. સાંજ પડવા આવી હતી. દુકાન વધાવીને ઘર ભણી જતાં મનહરલાલ બજારમાં દાતણ લેવા આવ્યા અને આ બહેન પાસેથી દાતણ લીધાં. સારાંનરસાં જોતાં, એક વધુ દાતણ ખ્યાલ બહાર હાથમાંની ઝોળીમાં પડી ગયું. દાતણવાળી બહેને આ જોયું. મનહરલાલે પૈસા આપી ચાલવા માંડયું, ત્યાં જ બહેને હાક મારી: "એ ચીનના શાહુકાર! ગણતાં આવડે છે કે નહીં? વધનું દાતણ પાછું આપતા જાવ!"

મનહરલાલ તો આભા જ બની ગયા. ઝોળીમાં જોયું તો એક દાતણ વધારે હતું. તે પાછું આપતાં બચાવમાં કહેવા લાગ્યા, "જાણી કરીને નથી લીધું. અજાણતાં પડી ગયું હશે." પણ દાતણવાળી બહેને તો સંભળાવ્યે જ રાખ્યું. મનહરલાલે જતાં જતાં એના શબ્દો સાંભળ્યા: "હું તમ રોખા લોકને ઓળખતી ન હોઉં તો ને? લ્યો, બતાવ્યું બહાનું—જાણી કરીને નથી લીધાં! ચીનના શાહુકાર છો શાહુકાર." એવા લહેકાથી આ શબ્દો બોલાયા કે આજુબાજુના લોકો પણ મનહરલાલ તરફ જોઈ રહ્યા. તેમને થયું કે ધરતી મારગ આપે તો સમાઈ જવું સારું.

સવારે મનહરલાલે જે શબ્દોનું તીર છોડયું હતું તે જ તીર સાંજ સુધીમાં અનેકનાં દિલ વીંધતું વીંધતું આવીને તેમને જ વાગ્યું.

# "પૂરા પૈસા આપીએ તોય...?"

કેળવાયેલું અને આગળ પડતું કુટુંબ. એમના નિવાસસ્થાન આગળ એક મરી ગયેલું કૂતરું દુર્ગંધ મારતું સડતું, આગલા દિવસથી પડ્યું હતું. ગ્રામસેવક ત્યાંથી પસાર થતા હતા, તેમણે આ દૃશ્ય જોઈને કુટુંબના વડાને પૂછ્યું કે "આ મરેલા કૂતરાનો નિકાલ કેમ નથી થયો?" કુટુંબના વડા સજ્જન પુરુષ હતા. એમણે ખુલાસો કર્યો કે, "ભાઈ! કાલથી એના નિકાલ માટે પ્રયત્ન કરું છું. ભંગીવાસ, હરિજનવાસ, વાઘરીવાસ એમ બધે અકેક-બબ્બે આંટા મારી આવ્યો. આવું-આવું કરે છે, પણ હજુ કોઈ આવતું નથી. હવે તમે કંઈ કહો ને આવે તો!"

ગ્રામસેવકે કહ્યું: "આપણાથી કોઈને ફરજ તો પાડી શકાય નહીં. આવવું ન આવવું એમની ઇચ્છાની વાત છે."

"પણ આપણે ક્યાં મફત કરાવવું છે? એમને પૈસા આપીશું."

"તમારી વાત ઠીક છે કે તમે મફત કામ નથી કરાવવા માગતા. પણ પૈસા લઈનેય કરવું કે ન કરવું તે તો એમની ઇચ્છા ઉપર આધાર રાખે છે ને?"

"પણ મોંમાગ્યા પૈસા આપીએ પછી એમને ક્યાં વાંધો આવે છે?"

"માની લો કે તમને જ કોઈ કહે કે મોંમાગ્યા પૈસા આપીએ, તમે આ મરેલું કૂતરું ખેંચીને ગામ બહાર નાખી આવો, તો તમને કંઈ વાંધો ખરો?"

"પણ... પણ..." કુટુંબના વડાને તરત કંઈ જવાબ સૂઝ્યો નહીં. પણ પછી તરત એ બોલ્યા, "પણ એ આપણું કામ છે?"

"તો શું એ એમનું જ કામ છે? પણ અત્યારે તો ચાલો આ દુર્ગંધને અહીંથી બહાર નાખી આવીએ."

એમ કહીને ગ્રામસેવકે એક દોરી મંગાવી, મરેલા કૂતરાના પગે બાંધી ઢસરડીને ગામ બહાર દૂર જઈ દાટી આવ્યા.

જે કામની સમાજમાં પ્રતિષ્ઠા છે તે કામ તે કરવા માણસ ઇચ્છે

છે. પણ તેવું કામ ન મળે તો પછી જીવવા ખાતર જેવું મળે તેવું હલકું ગણાતું કામ પણ તે કરતો હોય છે. મેલું ઉપાડવું, મરેલાં પશુ તાણવાં વગેરે હલકાં ગણાતાં કામો ભંગી, હરિજન કે વાઘરી કરે છે ખરા, પણ એમનું મન એ કામ કરવા બિલકુલ તૈયાર નથી. અને એનું કારણ એ છે કે એ કામને આપણે હલકું ગણ્યું છે, અને હલકું કામ કરનારને પણ આપણે હલકા ગણીએ છીએ, એનો તિરસ્કાર કરીએ છીએ.

સમાજઉપયોગી દરેક કામ કરનારની પ્રતિષ્ઠા હોવી જોઈએ, અને પ્રતિષ્ઠિત માણસોને પણ એ કામ કરવામાં શરમ કે નાનમ ન લાગવી જોઈએ.

['વિશ્વવાત્સલ્ય' પખવાડિક: ૧૯૭૭]

# અખો

## કથા સુણી સુણી—

*તિલક કરતાં ત્રેપન થયાં, જપમાલાનાં નાકાં ગયાં;*
*તીરથ ફરી-ફરી થાક્યા ચરણ, તો યે ન પોહોતો હરિને શરણ;*
*કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.*

# ‘અખ્તર’ શીરાની

## ઓ દેસસે આનેવાલે!

*ઓ દેસસે આનેવાલે બતા—*
*ઓ દેસસે આનેવાલે બતા*
*કિસ હાલ મેં હૈ યારાને-વતન!...*

*ઓ દેસસે આનેવાલે બતા—*
*ક્યા અબ ભી વહાં કે બાગોંમેં*
*મસ્તાના હવાએં આતી હૈં?*
*ક્યા અબ ભી વહાં કે પર્બત પર*
*ઘનઘોર ઘટાએં છાતી હૈં?*
*ક્યા અબ ભી વહાં કી બરખાયેં*
*વૈસે હી દિલોં કો ભાતી હૈં?*
*ઓ દેસસે આનેવાલે બતા!...*

*ઓ દેસસે આનેવાલે બતા—*
*ક્યા અબ ભી મહકતે મન્દિર સે*
*નાકુસ કી આવાજ આતી હૈ?*
*ક્યા અબ ભી મુકદ્દસ મસ્જિદ પર*
*મસ્તાના અજાં થર્રાતી હૈ?*
*ઔર શામકે રંગી સાયોં પર*
*અજમતકી ઝલક છા જાતી હૈં?*
*ઓ દેસસે આનેવાલે બતા!*

*ઓ દેસસે આનેવાલે બતા—*
*ક્યા અબ ભી વહાં કે પનઘટ પર*
*પનહારિયાં પાની ભરતી હૈં?*

અંગડાઈ કા નકશા બન બનકર
સબ માથે પે ગાગર ધરતી હૈં?
ઔર અપને ઘરોંકો જાતે હુએ
હંસતી હુઇ ચુહલેં કરતી હૈં?
ઓ દેસસે આનેવાલે બતા!

ઓ દેસસે આનેવાલે બતા—
બરસાત કે મૌસમ અબ ભી વહાં
વૈસે હી સુહાને હોતે હૈં?
ક્યા અબ ભી વહાંકે બાગોંમેં
ઝૂલે ઔર ગાને હોતે હૈં?
ઔર દૂર કહીં કુછ દેખતે હી
નૌ ઉમ્ર દિવાને હોતે હૈં?
ઓ દેસસે આને વાલે બતા!...

ઓ દેસસે આનેવાલે બતા—
ક્યા આમ કે ઊંચે પેડોં પર
અબ ભી વો પપીહે બોલતે હૈં?
શાખોં કે હરીરી પર્દોમેં
નગ્મોં કે ખજાને ખોલતે હૈં?
સાવન કે રસીલે ગીતોં સે
તાલાબ કે અમરસ ઘોલતે હૈં?
ઓ દેસસે આનેવાલે બતા!...

ઓ દેસસે આનેવાલે બતા—
ક્યા ગાંવ પે અબ ભી સાવન મેં
બરખાકી બહારેં છાતી હૈં?
માસુમ ઘરોંસે ભોર ભએ
ચક્કી કી સદાએં આતી હૈં?
ઔર યાદ મેં અપને મૈકે કી

*બિછડી હુઈ સખિયાં ગાતી હૈં?*
*ઓ દેસસે આનેવાલે બતા!...*

['હિન્દોસ્તાં હમારા' પુસ્તક]

# અચિંત્યકુમાર સેનગુપ્તા

## એક માત્ર માને

ભગવાન પાસે આપણે શું માગીશું? માગીશું અહૈતુકી કૃપા. અને ભગવાન આપણી પાસેથી શું માગે છે? માગે છે અમલા અનિમિત્તા ભક્તિ, અકારણ પ્રેમ.

જેવો હતો પ્રેમ પ્રહ્‌લાદનો. પ્રહ્‌લાદ, જે શાથી ભગવાનને પ્રેમ કરે છે તે પોતે જાણતો નથી. હાથીના પગ નીચે નાખ્યો ત્યારે પણ હરિ, પહાડના શિખર પરથી ફેંક્યો ત્યારે પણ હરિ. પછી ભગવાને પ્રહ્‌લાદને વરદાન આપવા ઇચ્છયું. પ્રહ્‌લાદે કહ્યું કે, હું તમને ચાહું છું, તે શું બદલામાં કશું પામવા માટે?

સંસારમાં આ પ્રમાણે પ્રયોજન વગર આપણે કોઈને ચાહીએ છીએ? એક માત્રા માને. સંતાન જ્યારે માને ચાહે છે ત્યારે પૂછતું નથી કે, મા, તું શું રૂપસી છે, કે વિદુશી છે! તે મા છે એ જ તેનું ઐશ્વર્ય. સદાની ભિખારણ મા—તેને છોડીને તેનું શિશુ લંબાવેલા હાથવાળી રાણીને ખોળે પણ જતું નથી. મા જ્યારે સંતાનને મારે છે ત્યારે પણ સંતાન તો માને જકડી રાખે છે, ત્યારે પણ મા-મા કહીને જ રડે છે. કારણ કે તે જાણે છે કે જે નયનોને તેમણે છલકાવ્યાં છે, તે જ નયનોને તેમણે સ્નેહ-ચુંબનથી ભરી પણ દીધાં છે.

(અનુ. મોહનદાસ પટેલ)
['પરમાપ્રકૃતિ શ્રી શ્રી સારદામણિ' પુસ્તક: ૧૯૯૮]

# અચ્યુત પટવર્ધન

## અધૂરી સ્વતંત્રતા

હરિજનો આજે વ્યવહારમાં બીજા દરજ્જાના નાગરિક તરીકેનું જીવન ગાળી રહ્યા છે. ઘણાં ગામડાંમાં કૂવા પરથી હજુ તેમને પાણી ભરવા દેવામાં આવતું નથી. કેટલાંય ગામોમાં પ્રાથમિક શાળામાં તેમનાં બાળકોને વર્ગમાં બીજાં બાળકો સાથે બેસવા દેવામાં આવતાં નથી. અસ્પૃશ્યતાને ગુનો ઠરાવતો કાયદો થયા પછી પણ આવા અન્યાય લાખો ગામડાંમાં ચાલુ રહેશે, એવો તો તે વખતે ખ્યાલ સુધ્ધાં કોને આવ્યો હશે?

ચૂંટણીમાં વધુ મત મેળવીને સત્તા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન બધા પક્ષો કરતા હોય, ત્યારે કચડાયેલા અલ્પ સંખ્યાના હરિજનોને ન્યાય અપાવવાનો કાર્યક્રમ સ્વીકારીને બહુમતી કોમોનો ટેકો ગુમાવવાની કોઈ પણ રાજકીય પક્ષની ઇચ્છા હોતી નથી.

એટલે હું તો ભારતના યુવાનોને કહું કે હરિજનોને ન્યાય અપાવવાનું બીડું તમે ઝડપશો નહીં, ત્યાં સુધી હરિજનોને ‘હલકા’ ગણાઈને ગામમાં રહેવું પડશે, ત્યાં સુધી ભારતની સ્વતંત્રતા અધૂરી છે.

# અચ્યુત યાજ્ઞિક

## એવા દિવસ ક્યારે આવશે?

“નૂરબાઈ કરીને એક મુસ્લિમ સન્નારી પણ નવરાત્રિમાં ગરબામાં અગ્રભાગે આવતાં. વૈષ્ણવ બાઈઓના ટોળામાં એ મુસ્લિમ બાઈ રાધાકૃષ્ણના અને માતાના ગરબા બહુ મીઠાશથી ગાતાં. હિન્દુ-મુસ્લિમ બન્ને જુદીજુદી જાતો છે અને બન્નેની સંસ્કૃતિ વિભિન્ન છે, એટલું નહીં જ પરંતુ એ જુદાઈ અને સંસ્કાર-વિભિન્નતા એટલાં ભારે છે કે બન્નેનો મેળ ખાય એમ જ નથી, એમ જ્યારે આગ્રહપૂર્વક કહેવામાં આવે છે, ત્યારે અનેક હિંદુઓનાં હૃદયને સંગીત દ્વારા હલાવતી દૂધ વેચનારી એ મુસ્લિમ નૂરબાઈની સ્મૃતિ જાગ્રત થાય છે. અને એ ગરબા સાંભળવા એકલા હિંદુઓ જ આવતા? નહીં. મુસ્લિમો પણ હિંદુઓના ભેગા જ ગરબાઓ સાંભળવા રખડતા. ઈદની સવારીમાં હિંદુ મહારાજા હાથીને હોદ્દે ચઢે છે ત્યારે અને તાબૂતમાં સરકારી તાજિયા માટે અગ્રસ્થાન મેળવાય છે ત્યારે મુસ્લિમ જનતા સાથેની એકતા અહીંનું રાજ્ય અનુભવે છે-પ્રજા પણ.”

રમણલાલ દેસાઈના આ વક્તવ્ય પછી માત્ર સાડા છ દાયકામાં આજે કેવળ વડોદરાની જ નહીં, સમગ્ર ગુજરાતની સંસ્કારિતાના પાયા હચમચી ગયા છે. નાગરિક સમાજની અગ્નિપરીક્ષા થઈ રહી છે.

ગુજરાતમાં એવા દિવસો ક્યારે આવશે, જ્યારે દૂધવાળી નૂરબાઈ ફરી ગરબાની રમઝટ બોલાવતી હશે અને તાજિયામાં ગણેશજી અને હનુમાનજીનાં નામ સાથે જોડાયેલા અખાડાઓ રમઝટ બોલાવતા હશે?

['દિવ્ય ભાસ્કર' દૈનિક: ૨૦૦૬]

# અજિત ઠાકોર

## કંકુવરણો શ્વાસ

રતિલાલ 'અનિલ' મારા કાવ્યગુરુ. એમના હાથે જ હું ઘડાયો. ૧૯૬૮માં સાહિત્યસંગમવાળા નાનુભાઈ નાયકે 'અનિલ'ની દિશામાં આંગળી ચીંધી.

'ખુવાર થવાની તૈયારી હોય તો સાહિત્યમાં પગ મૂકજો!' એવું વેધક હાસ્ય સાથે એમણે કહેલું. એ કસોટી પર ચડવાની ઝાઝી હામ કેળવી શક્યો નથી. પણ એમણે તો એ ચરિતાર્થ કરી બતાવ્યું. પહેલાં મહાગુજરાત ગઝલમંડળની બધી પ્રવૃત્તિઓની ધરી બની જઈને ને પછી '૭૧થી 'કંકાવટી'ને જીવનનું કેન્દ્ર બનાવી દઈને. ૧૯૪૦ પછીનાં પંદરેક વરસ સુરત ગઝલનું મક્કા બની ગયેલું. અમીન આઝાદની સાઇકલની દુકાન સુરતી શાયરોનો અડ્ડો બની ગયેલી. 'અનિલ' મુશાયરાનાં આયોજન કરતા, ગઝલના અંકોનું સંપાદન કરતા, ગઝલના અરુઝની માથાફોડ કરતા, શાયરોના ગઝલસંગ્રહો એમની રચનાઓને કાચીપાકી મઠારીને પ્રગટ કરતા... મહાગુજરાતમાં મુશાયરા પ્રવૃત્તિ ધમધમે એ માટે સાથીઓ સાથે મથતા રહેતા. 'અનિલે' પૂર્વાર્ધે ગઝલ માટે ભેખ ધરેલો પછી '૭૧થી 'કંકાવટી' માટે ભેખ ધર્યો. તે જ એમનો શ્વાસ બની રહ્યું, એ જ કંકુવરણો શ્વાસ.

મેં 'અનિલ'ને આકંઠ પીધા છે. ભરૂચ કોલેજ કરવા નીકળું, પણ પહોંચું સુરત 'ગુજરાતમિત્ર'ના કાર્યાલયે. મને જોઈ હસે. એમના જાડા કાચનાં ચશ્માં ને ખાદીનો પાયજામો-પહેરણ. વચ્ચે તપખીરના સડાકા. લખવાનું બાજુ પર મૂકી દે. સાહિત્ય ને સાહિત્યકારોની વાતો ચાલે. પાંચ વાગ્યે બહાર નીકળી સામે મોતીલાલમાં ચા પીએ. ચાલતાં ચાલતાં સગરામપરાના આનંદનગરે આવીએ. તેઓ ઉપલા માળે રહે. દાદરને અડીને જ લોબીમાં શેતરંજી પાથરી બેસીએ. સાત વાગ્યે ગાડી પકડવા

ઊંચોનીચો થાઉં. એટલે: 'આજે સોસા આવવાનું કહેતા હતા. રોકાઈ જાવ.' એમ કહેતા રોકી પાડે. રાત્રે બારેક સુધી વાતો-વાચન ચાલે.

સંપાદનની તાલીમ મને 'કંકાવટી'ના સામગ્રીચયનમાંથી મળેલી. આવેલી સામગ્રી સૌ મિત્રો સાથે વાંચીએ. એમ કરતાં જ 'અનિલે' અમારી રુચિ ઘડેલી. 'જે લાગે તે જ લખવું'-'આપણે ખોટા હોઈ શકીએ પણ જૂઠા નહીં'-એ મંત્ર હું પણ એમની પાસેથી શીખ્યો.

['કંકાવટી' માસિક: ૨૦૦૬]

# અજિત શેઠ

## સમર્થ સંગીતકારના પાયામાં

ભારતનો જનસમાજ સચિન દેવ બર્મનને ફિલ્મ જગતના સમર્થ સંગીતકાર તરીકે જ ઓળખતો. પણ હકીકતમાં એ જેટલા મહાન સિને સંગીતકાર હતા તેથીયે વિશેષ મહાન લોકસંગીતના અન્વેષક હતા. આ સદીના બીજા દસકમાં બંગાળી સમાજને પોતાના લોકસંગીતના સમૃદ્ધ વારસા તરફ સચેત કરવામાં સચિનદેવનો ફાળો ઘણો મોટો છે. બંગાળના ખૂણે ખૂણે રખડી રખડીને લોકગીતો ભેગાં કરી ભદ્રસમાજ પાસે ગાઈ ગાઈ પોતાના ભવ્ય વારસા માટે આદર પેદા કરાવવાનો જે જબરો પુરુષાર્થ ગણશિલ્પી સચિનદેવે કર્યો તેનો જોટો મળવો મુશ્કેલ છે. જે કામ મેઘાણીભાઈએ ગુજરાત માટે કર્યું કંઈક તેવું ધૂળધોયાનું કામ સચિન દેવે બંગાળ માટે કર્યું છે. બંગાળી લોકવાણીનાં કંઠસ્થ સેંકડો ગીતોને પ્રતિષ્ઠા અપાવવા એકધારા ત્રણ દસકા સુધી સચિન દેવ અણનમપણે ઝૂઝ્યા. બંગાળના નદીતીર પ્રાન્તે વૈષ્ણવ ફકીરો, વૈરાગીઓ, બાઉલ ભજનિકો અને ભટિયાળી ગાતા નાવિકોમાં ભળી, લુપ્ત થઈ જતી બંગાળની લોકગીત સંસ્કૃતિને સાચવી તેનો સારોદ્ધાર કરી તેમણે જનસમાજમાં પ્રિય કરી. પરંપરાગત લોકગીતો ભેગાં કરી તેના પર સંશોધન કરી, રેડિયો અને રંગમંચ દ્વારા લોકકર્ણે પ્રસાર કરીને છેવટે એ જ લોકસંગીતમાં સામર્થ્ય મેળવીને સચિન દેવ સર્જક બન્યા અને છેક બેતાલીસ વર્ષની પાકટવયે હિન્દી ફિલ્મજગતમાં પ્રવેશવા છતાં પણ એકચક્રે ત્રીસ ત્રીસ વર્ષ રાજ કર્યું. આની પાછળ તેમની વર્ષોની લોકસંગીતની સાધના જબરું ભાથું બની રહી.

સચિન દેવે એક હજારથી વધુ બંગાળી લોકગીતો સંગ્રહ કરી ગાયાં છે. એક જમાનો એવો હતો કે બંગાળમાં તેમની લોકગીતોની રેકોર્ડનું વેચાણ સૌથી વિશેષ હતું. સિને સંગીત-નિર્દેશક કરતાં બંગાળનાં

લોકગીતોના ઉદ્ધારક અને ગાયક તરીકે ગઈ કાલની પેઢી સચિન દેવને વધારે જાણતી. લોકસંગીતની સાથે સાથે શાસ્ત્રીય સંગીતનો તેમનો અભ્યાસ પણ ઘણો ઊંડો. આથી લોકગીતોને તેમણે શાસ્ત્રીય સંગીતના સ્પર્શથી ઘાટમાં લાવી પાણીદાર કર્યાં.

તેમનું પ્રસિદ્ધ ગીત ‘રોંગિલા, રોંગિલા, રોંગિલા રે...’ તેમણે એક નાવિક પાસેથી મેળવેલું. સિલહટ શહેરની બહાર સુરમા નદીને કિનારે શાહ જલાલની દરગાહ પાસે એક ઝાડની છાયા તળે ઢળતી બપોરે સચિન દેવ બેઠા હતા ત્યારે હોડી હંકારતા એક નાવિકને કંઠે તેમણે આ ગીત સાંભળેલું. એ ગીત નખશિખ તે જ ઢબે અને ઢાળે ગાઈ તેમણે રેકર્ડ કરાવેલું, જે ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યું.

સચિન દેવે બંગાળના વિખ્યાત કવિઓ પાસે લોકગીતોના ઢાળોમાં ગીતો લખાવ્યાં ને મન ભરી ભરીને ગાયાં. અજય ભટ્ટાચાર્ય, કાજી નઝરૂલ ઇસ્લામ અને બાંગલાદેશના જશીમુદ્દીન પાસે તેમણે તૈયાર કરાવેલાં ગીતો આજે પણ બંગાળને ઘેર ઘેર ગવાય છે. ‘નિશિતે જાઈઓ ફૂલબને, રે ભંવરા, નિશિતે જાઈઓ ફૂલબને રે’ (ધીરે સે જાના બગિયનમેં, રે ભંવરા) આ સચિન દેવનું સર્વપ્રથમ લોકગીત અને ‘તકધુન તકધુન બાજે, બાજે ભાંગા ઢોલ’ તેમનું અંતિમ લોકગીત છે.

[‘સમર્પણ’ પખવાડિકઃ ૧૯૭૬]

# અનંતરાય ઠક્કર, 'શાહબાઝ'

## જીત...

*જીત હું નીરખ્યા કરું છું સર્વદા મુજ હારમાં,*
*મુક્તિ મારી આખરે છે એક કારાગારમાં;*
*ડૂબીને તરતો રહીશ હું સાગરોની ધારમાં,*
*હોડી મારી લઈ જઉં હું ડૂબવા મઝધારમાં!*

# અનંતરાય મ. રાવળ

## આજનો વિશેષ ધર્મ

હાથમાં આવેલા સ્વરાજને જીરવવા તથા તેને સંવર્ધવાની પાત્રતા મેળવવા માટે પ્રજાની આંતરિક તાકાત અને શુદ્ધિ વધારવાની ખાસ જરૂર છે. પ્રજાની નબળાઈઓને હટાવવામાં પ્રચાર કે કાયદા કામ ન આપે, એમ નથી; પણ તેના કરતાં પ્રજાના હૃદયના મર્મભાગને મુલાયમતાથી સ્પર્શી તેની મૂર્છિત ચેતના જગાડવાનું કાર્ય વધુ સંગીન સફળતા લાવે. એ કાર્ય સાહિત્યકારોનું છે.

પચાસ વર્ષ તો ઘેર ગયાં, દસપંદર વરસના અંતર સુધીય નજર નાખી આજનાં પગલાંનાં ભાવિ પરિણામ સ્પષ્ટ જોઈ શકે, કોમી દ્વેષની વિષ-ઉછાળતી જ્વાળાઓને શીતલ છંટકાવથી હોલવી નાખે, પ્રજાની છાતી પર ચડી બેઠેલાં જીવનનાં ખોટાં મૂલ્યોને સ્થાને શાશ્વત મૂલ્યો સ્થાપી શકે, એવી વ્યક્તિઓ વિચારક અને સાહિત્યકારવર્ગમાંથી નહીં આવે, તો શું દ્વેષનાં વિષ ઉછળાવનાર રાજકારણી વર્ગમાંથી આવશે? પૈસા સિવાય કોઈનેય, રાષ્ટ્રને કે માનવતાને કશાને, ન જ ઓળખનાર વેપારી વર્ગમાંથી આવશે?

પ્રજાના હૈયાને ધોતાં રહી એને શુદ્ધ રાખવું, એના આત્માને સલામત રાખવો, આ છે તો સાહિત્યકાર માત્રનો સામાન્ય ધર્મ, સનાતન ધર્મ; પણ આજની ઘડીએ તો એ એનો વિશેષ ધર્મ પણ બને છે. પ્રતિભાવંત કવિ કાવ્યથી, વાર્તાકાર વાર્તાથી, નિબંધકાર નિબંધથી, પોતાની કળાને ને જાતને વફાદાર રહી એ બજાવે.

[ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે કરેલી
૧૯૪૭ની ગ્રંથ-સમીક્ષાનો ઉપસંહાર]

# એક જ વર્ષ વધુ જીવ્યા હોત!

મેઘાણી ફક્ત એક જ વર્ષ વધુ જીવ્યા હોત! ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના સ્વાતંત્ર્ય પ્રાપ્તિદિનને, ત્યાર પછીના બનાવોએ વધારેલી ગાંધીજીની વેદનાને તથા ’૪૮ના જાન્યુઆરીમાં થયેલા ગાંધીજીના મોતને ગાવા તો મેઘાણીની જ જરૂર હતી. સ્વરાજપ્રાપ્તિના અવસરને એમણે એવા આનંદઉછાળથી વધાવ્યો હોત! રાષ્ટ્રપિતાનું મોત જ પ્રજાને રડાવે એવું હતું, છતાં મેઘાણીના વિલાપ-ગીતે પ્રજાને એવી ધ્રુસકે ધ્રુસકે રડાવી હોત!

# નવી પેઢીના વત્સલ

વડીલ ગુજરાતના કીર્તિતમંત પંડિતયુગના મહારથીઓમાં બળવંતરાય ઠાકોર વધુ નસીબદાર એ બાબતમાં કે અનુગામી નવી પેઢી ઉપર પ્રભાવક અસર પાડી તેના માર્ગદર્શક સાહિત્યાચાર્યનાં આદરસન્માન તે પામી ગયા. ભાવિ સિદ્ધિની શક્યતા દેખાડનારા નવીનોને પારખી પકડી, તેમની જોડે દાદા-પેઢીના ઊંચા બેસણેથી નીચે ઊતરી, વત્સલ વડીલના નાતે એ નાની પેઢીના મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક બની જવાની દક્ષતાનો એમને સાંપડેલ બહુમાનમાં સારો હિસ્સો. કલાના અનભિજ્ઞો, અલ્પાધિકારીઓ અને અનધિકારીઓ ઉપર ઠેરઠેર પ્રહાર કરનાર ઠાકોરે રમણલાલ દેસાઈ, ચંદ્રવદન મહેતા, હંસાબહેન મહેતા, ત્રિભુવન વ્યાસ, ‘સ્નેહરશ્મિ’, વિનોદિની નીલકંઠ જેવાં અનુગામી પેઢીનાં લેખકોની વત્સલ ભાવે પીઠ થાબડી તેમના ગુણાંશો પ્રગટ કર્યા છે. તો સૌની કોઈ કોઈ ઊણપો ચીંધી બતાવવામાં કશું ઊણું ન જ ચલાવી લેનારી તેમની સાહિત્ય-ચોકીદારની વૃત્તિની આપણને પિછાન થાય છે.

આપણા જ્વલંત પંડિતયુગના સાહિત્યમહારથીઓની પહેલી હરોળમાં આસનના અધિકારી, બહુમુખી પ્રતિભાશાળી આ સાહિત્યકાર

જે સેવા બજાવી ગયા છે, તેની કદર એમના જીવતાં ગુજરાતે ઓછી બૂઝી નથી. વિદ્વાનોએ તથા સર્જકોએ એમને જ્ઞાનવૃદ્ધ સાહિત્યનેતા તથા કવિગુરુ તરીકે ઘણા આદરથી સન્માન્યા હતા. આજના કવિઓ-વિવેચકો અને સાહિત્યના અભ્યાસીઓ એમનાં લખાણોનું પારાયણ કરી નાખશે તો પોતાનાં અત્યાર સુધીનાં કર્યાં-કારવ્યાંથી “પુણ્યશાળી અસંતોષ” અનુભવી નવા વિક્રમ માટેની સ્ફુરણા મેળવશે.

## લોકોને જોઈએ છે સાહિત્યપારેખો

સ્વરાજને સંવર્ધવાની પાત્રાતા મેળવવા માટે પ્રજાની આંતરિક તાકાત અને શુદ્ધિ વધારવાની ખાસ જરૂર છે. પ્રજાના હૈયાને ધોતા રહી એને શુદ્ધ રાખવાનું કામ બહુ જરૂરી છે. પ્રજાના હૃદયને મુલાયમતાથી સ્પર્શી તેની મૂર્च्छित ચેતના જગાડવાનું કાર્ય સાહિત્યકારોનું છે.

પ્રજાની આંખમાં ગંગાજળ આંજી, તેના પગમાં પ્રેય અને શ્રેયની સિદ્ધિ ભણી પ્રયાણ માટે બળ ભરી, તેનું સંસ્કારનિર્માતા-બળ બની સાહિત્ય કૃતાર્થ થવાનું છે. આવું સાહિત્ય સર્જવા માટે સાહિત્યકારોએ પોતાની સંપત્તિ વધારવાની છે, તેમ પ્રકાશદાતા સાહિત્યને ઝીલતાં વાચકવર્ગે શીખવાની જરૂર પણ મોટી છે.

આપણે ત્યાં પુસ્તક-પ્રકાશનનો પારો ઝપાટાબંધ ચઢતો જાય છે. નવલરામના ‘ઓથારિયા હડકવા’ વિશેના ચર્ચાપત્રાને સંભારી આપે તેટલું બધું છપાયે જ જાય છે. આવું ઢગલાબંધ સાહિત્ય જુદી જુદી કક્ષાના વાચકોના હાથમાં જઈ પડી સારા-માઠા સંસ્કાર પાડે છે. આવી પરિસ્થિતિમાં એમાંથી સત્ત્વશાળી કલાકૃતિ કઈ અને વાચકોનાં સમય તથા ગજવા પર અત્યાચાર કરનારી કૃતિઓ કઈ, તેની યોગ્ય પરખ લોકોને માટે કરી આપનારા ચુનંદા સાહિત્યપારેખોની બહુ મોટી જરૂરત આપણે ત્યાં ઊભી થઈ છે. લોકરુચિને શિષ્ટ બનાવવા જાગરૂક વિવેચકોની ફોજ જોઈશે. મધ્યમ કૃતિઓને છાપરે ચડાવી લોકોને સાધારણતામાં

જ રાચતા વામનજીઓ બનાવી ન મૂકે, એવી ગ્રંથસમીક્ષાની અસર ચોપડીઓના વેચાણ પર પણ સારી થશે.

સાહિત્યક્ષેત્રે પ્રથમ પંક્તિનું સર્જન અલ્પ જ હોય. એ વારેવારે મળતું નથી. બીજી-ત્રીજી કક્ષાના સર્જનનો ફાલ જ કોઈ પણ સાહિત્યમાં વધુ ઊતરતો હોય છે. એ બીજી-ત્રીજી હરોળના સાહિત્યનેય તેના ભોક્તાઓ હોય છે. એમની સેવામાં જતા સાહિત્યનું ગુણદોષદર્શી માર્ગદર્શક વિવેચન પણ તેમની પાસે પહોંચતું થાય, તો તેમની મુગ્ધતા કમી થાય અને તેમનાં રસ-રુચિ સંસ્કારાય. આવાં કશાંક પગલાં નહીં લેવાય, તો પ્રગટ થવાને અપાત્ર એવાં પુસ્તકો ગુજરાતી સાહિત્ય-ધરતીને ચોમાસાના બિલાડીના ટોપની જેમ ભરી દેશે.

['સાડત્રીસનું ગ્રંથસ્થ વાંઙ્મય' : પુસ્તક]

## 'રંગ છે, મેઘાણી!'

બીજાઓ પાસેથી સાંભળેલી બાર લોકવાર્તાઓનું કંઠસ્થ સ્વરૂપ અણીશુદ્ધ જાળવીને 'રંગ છે, બારોટ!'માં એવા સંપાદન-કૌશલથી મેઘાણીએ રજૂ કરી છે કે 'રંગ છે, મેઘાણી!' એમ સહસા બોલી ઊઠવાનું આપણને મન થાય. જેનો વાર્તારસિયો બાલભાવ જમાનાએ કે ઉંમરે શોધી લીધો નહિ હોય એવા સૌને આ કથાઓ પોતાના વાર્તારસથી આકર્ષશે.

પણ વિશેષ આકર્ષણ તો એનું થવું જોઈએ આજના વાર્તાલેખકોને. એ લોકકથાઓની રસજમાવટની કરામતો તેમજ અદ્ભુત લાઘવ અને છટાવાળી મર્માળ ભાષાનો અભ્યાસ તેમને કેટલુંક શીખવી જશે.

['પિસ્તાળીસનું ગ્રંથસ્થ વાંઙ્મય' પુસ્તક]

# અંતરદીપનું દર્શન

પાત્રો, બનાવો, ભાષા, આલેખન અને જીવનસ્પર્શ એ સર્વમાં સોએ સો ટકા જીવંતતાવાળી 'માણસાઈના દીવા'માંની સોળેય વાર્તાઓ મૂંગા લોકસેવક રવિશંકર મહારાજને મોંયેથી મેઘાણીએ સાંભળેલી એમની અનુભવકથાઓ છે. પાત્રાલેખન, સંવાદો ને સમગ્ર કહેણી મહારાજની જ રાખી પોતાની શિલ્પકલાને વચ્ચે ન લાવવાની મેઘાણીએ કાળજી રાખી છે. મહારાજની કથનશૈલીની કાગળ પરની રજૂઆત અને સંકલના મેઘાણી સિવાય બીજાને હાથે આટલી સફળ થાત નહિ. ખરી શક્તિ તો એમણે બતાવી છે મહીકાંઠાના નીચલા લોકથરની ગ્રામયુવતીના જેવી ધીંગી ને હલેતી, જાડી છતાં મીઠી બોલીને તેના વાક્યવળોટ, ઉચ્ચારણ અને લહેકા સાથે રવિશંકર મહારાજની વાતમાંથી આબાદ પકડવામાં ને કથાઓમાં ઉતારવામાં.

એ વાણીનાં બોલનારાં મહીનાં છોરુ ધારાળા, બારૈયા ને પાટણવાડિયા આ વાર્તાઓનાં મુખ્ય પાત્રો છે. રાજસત્તાએ ગુનેગાર કોમ તરીકે આંકેલાં એ ભોળાં, બરછટ માનવીઓનાં અણઘડ ખમીર ને ખાનદાની, નબળાઈઓ અને નાદાની, વીરતા ને કોમળતા એ સર્વનું તેમ જ એમના અંતરમાં ટમટમતા માણસાઈના દીવાનું આ કથાઓ દર્શન કરાવે છે.

આ કથાઓનાં પાત્રો વચ્ચે, પોતાના વિશુદ્ધ-જ્યોત દીવાથી એમના અંતરદીપ પેટાવતા ઘૂમતા મહારાજનું ચિત્ર લોકસેવકોને ઘણું શીખવશે. મૂઠી ખીચડી વિના જેને ન કોઈ બીજી જરૂરત, ચોરીડાકુગીરી કરનાર પ્રત્યે જેને ન મળે કશો રોષ કે તિરસ્કાર, 'બાળક જેવાં' એ જ જેનું એમનાં સ્વભાવ-વર્તન પરનું વત્સલ ભાષ્ય, એવા આ સાત્ત્વિક બ્રાહ્મણે પાટણવાડિયાઓને 'સ્વજન' માની કેટલાયને ફાંસીને માચડેથી તથા લાંબી કેદની સજામાંથી છોડાવવા મથી, અનેકોના તનના અને મનના રોગની પ્રેમાળ સારવાર કરી, કેટલાયનું હૃદયપરિવર્તન સાધી સાચા માનવધર્મનો જીવતો આદર્શ પૂરો પાડયો છે.

['પિસ્તાળીસનું ગ્રંથસ્થ વાઙ્મય' પુસ્તક]

# અપૂર્વ વળતર

પેશવાઈના દિવસોમાં મહારાષ્ટ્રના લોકોએ ગુજરાતનો અવિશ્વાસ મેળવ્યો હતો તે દૂર કરવાની ઇંતેજારી કોલેજના દિવસોમાં જ જુવાન દત્તાત્રેય કાલેલકરના મનમાં જાગ્રત થઈ હતી, એ ઘટના જેટલી એના આભિજાત્યની સૂચક હતી તેટલી ગુજરાત માટે ખુશનસીબીની વાત હતી. સ્વામી વિવેકાનંદ અને રવીન્દ્રનાથની અસરથી તરબતર અને ધાર્મિક તેટલી જ રાષ્ટ્રસેવાની ભાવનાથી આ સંકલ્પને અમલમાં મૂકવાના અભિલાષુ જીવનું આંતરપોત હતું વિદ્યાસંપન્ન અને સંસ્કારપ્રેમી રાષ્ટ્રભક્ત બ્રાહ્મણનું; એટલે પોતે ગુજરાતની જે સક્રિય સેવા બજાવવા ઇચ્છ્યું તેને માટે રાષ્ટ્રીય શિક્ષણના ક્ષેત્ર ભણી જ એમની નજર વળે, અને તેથી વડોદરામાં ગંગનાથ વિદ્યાલયને એ સેવાનું સાધન કે માધ્યમ તેઓ બનાવે એ સ્વાભાવિક હતું. એ સંસ્થાને રાજકીય કારણોસર પ્રતિકૂળ અસર નડતાં રાષ્ટ્રીય શિક્ષણની પોતાની પ્રિય પ્રવૃત્તિ અશક્ય થઈ પડતાં, એમની ભારતીયતા કે ધાર્મિકતાએ એમના હૈયામાં ભરેલા હિમાલયના આકર્ષણે જોર કર્યું અને એમણે ઉત્તરાખંડ ને હિમાલયની યાત્રા કરી. એ યાત્રાપ્રવાસ એમના આનંદ અને આત્મસમૃદ્ધિ માટે કામનો થયો હશે, પણ ગુજરાતી વાંગ્મયને એક આદર્શ યાત્રાવર્ણન સંપડાવવાનું નિમિત્ત તે બન્યો હોઈને એના યાત્રીએ આરંભેલી ગુજરાતની સંસ્કારસેવાનો જ તે એક ભાગ ગણાય. એ પછી શ્રી કાલેલકરની અંતસ્થ ધાર્મિકતાએ એમને જપ-તપને માર્ગે થોડો વખત વાળ્યા. પછી અંતરમાં સમાંતરે વહેતી રાષ્ટ્રભક્તિ એમને કર્મયોગના સેવામાર્ગે વાળતાં, એમનો શિક્ષણપ્રેમી અને કલારસિક જીવ એમને રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં લઈ ગયો. પણ ‘એવા સ્વરાજને માટે આ દેહ અર્પણ છે’ એવા પુણ્યસંકલ્પ સાથે સ્વદેશ આવી રહેલા કર્મવીર ગાંધીજીના ત્યાં થયેલાં દર્શન-પરિચય એમને ગાંધીજીના અંતેવાસી બનવા પ્રેરી ફરી ગુજરાતમાં આણ્યા.

ત્યારથી લગભગ બે દાયકા સુધી પ્રથમ સત્યાગ્રહ આશ્રમ (સાબરમતી) અને પછી ગૂજરાત વિદ્યાપીઠમાંના એમના અધ્યાપનકાર્યથી

અને એના પરિણામરૂપ લેખનથી એમણે ગુજરાતની જે સંસ્કારસેવા અને વિપુલ વાંગ્મયસેવા બજાવી તે ગુણવત્તા તેમ ઇયત્તામાં એટલી સમૃદ્ધ છે કે એમને ગુજરાતે પોતાના વત્સલ આપ્તજન માન્યા છે.

આશ્રમના કાર્યસાથીઓ તેમ ખુદ ગાંધીજી પણ વારે વારે જેમને પૂછવા-ઠેકાણું ગણે એવા બહુશ્રુત કાકાસાહેબને ભાગે સત્યાગ્રહ-આશ્રમમાં આવ્યું એમને ગમતું આશ્રમના કિશોરોની કેળવણીનું કામ. એમના વિશાળ વાચન, પ્રવાસાદિના અનુભવ અને ચિંતન-મનનનું પ્રતિફલન થોડા જ સમયમાં લેખિની દ્વારા થવા માડતાં, કાકાસાહેબ ગાંધીજીના સાપ્તાહિક 'નવજીવન'ના એક અગ્રગણ્ય લેખક, ગાંધીવિચારધારાના સમર્થ અનુમોદક તથા સમગ્ર ગુજરાતના સંસ્કારશિક્ષક બની ગયા. થોડાં જ વરસમાં ગુજરાતી ભાષા પર આશ્ચર્યજનક પ્રભુત્વ મેળવી લઈ એમણે ગુજરાતી વાંગ્મયને યશસ્વી પ્રદાન કર્યું.

જાગીને વિચારતા થયેલા તેમ સ્વરાજ્ય અર્થે પ્રવૃત્તિ કરતા થયેલા ગુજરાતનું પ્રથમ ધ્યાન ખેંચ્યું 'કાલેલકરના લેખો'ના બે ભાગોએ. એમાં હતા બહુધા 'નવજીવન'માં છપાયેલા કેળવણી, સમાજ, રાજકારણ, ધર્મ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન જેવાં ઘણાંબધાં ક્ષેત્રોમાં ફરી વળતા લેખો. પછી આવ્યાં કાકાસાહેબનાં 'ઓતરાતી દીવાલો', 'હિમાલયનો પ્રવાસ', 'સ્મરણયાત્રા' અને 'લોકમાતા' એ પુસ્તકો. એ ચારેય પુસ્તકોમાં એના લેખકની એવી સમૃદ્ધ આત્માભિવ્યક્તિ અને લેખનકળા સાહિત્યરસિક ગુજરાતને જોવા મળી કે તેણે તેને પ્રેમથી વધાવી લીધાં.

એમાં 'ઓતરાતી દીવાલો' એ કાકાસાહેબનું જેલવાસનું સર્જન છે. સહૃદયગત સૌંદર્યદૃષ્ટિ હોય, પરમાત્માની સૃષ્ટિને સરલ શિશુભાવે સાનંદકુતૂહલ નયને નિહાળી તેમાંથી ચિંતન-મનન માટે ખોરાક મેળવી લેતાં આવડતું હોય, તો રિક્તતાને કેવા આનંદથી ભરી દેવાય, તેનો કીમિયો કાકાસાહેબે એમાં રજૂ કર્યો છે.

'હિમાલયનો પ્રવાસ' એ પુસ્તક પ્રવાસવર્ણનના સાહિત્યમાં એમનું ચિરસ્મરણીય અર્પણ છે. જુદાં જુદાં સ્થળો પરત્વે ઐતિહાસિક, ભૌગોલિક, પ્રાકૃતિક અને સાંસ્કૃતિક માહિતી પીરસતા જઈ, પ્રસંગોપાત્ત

ચિંતનલહરીઓ ફરકાવતાં ફરકાવતાં, પ્રકૃતિનાં સ્થળો કે દશ્યોનાં શબ્દચિત્રો આલેખતા જઈ, વાચકોને આંગળીએ વળગાડી ઉત્તરાખંડ અને હિમાલયની આનંદદાયી મનોયાત્રા કાકાસાહેબે એ પુસ્તક દ્વારા કરાવી છે.

'લોકમાતા'માં ભારતની અનેક નદીઓ અને, એ પુસ્તકના નવા સંવર્ધિત સ્વરૂપ 'જીવનલીલા'માં, તે ઉપરાંત સરોવરો, નહેરો ને સમુદ્રોનાં પોતે કરેલાં દર્શનનાં સંસ્મરણો અને સંવેદનોની વાત, તેને એવી જ માહિતીપ્રદ અને રસાવહ બનાવીને એમણે કરી છે. કાકાસાહેબનાં પ્રકૃતિપ્રેમ, સૌંદર્યરસિકતા, વિદ્વત્તા, ચિંતનશીલતા, વિનોદરસિકતા, અધ્યાપક-પ્રકૃતિ, ધાર્મિકતા, દેશવાત્સલ્ય, કવિત્વ અને ભાષાપ્રભુત્વનું આ પુસ્તકોમાં પણ ઠેર ઠેર સુભગ દર્શન થાય છે.

'સ્મરણયાત્રા' પણ તરુણ વિદ્યાર્થીઓને નજર સમક્ષ રાખી કાકાસાહેબે લખેલ છે. તેમાં માધ્યમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યો ત્યાં સુધીનાં પોતાની બાલ-કિશોરવયનાં સંસ્મરણો આલેખ્યાં છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકનાં પ્રાકૃતિક સૌંદર્યની તેમ યાત્રાધામોની દૃષ્ટિએ અગત્યનાં સ્થળો, ત્યાંના સામાજિક-ધાર્મિક આચારવિચાર ને વ્રતઉત્સવો, એ સમયનાં શાળાઓ-શિક્ષકો ને વિદ્યાર્થીઓ, આ સર્વની માહિતીની પશ્ચાદ્ભૂમાં નાના દત્તુની ભોળપ ને ચતુરાઈ, એની ટેવો ને એનો સ્વભાવ, એનું ઉપજાઉ ભેજું, એની માતૃપિતૃભક્તિ, એના સંસ્કારઘડતરમાં કુટુંબીજનો, શિક્ષકો, સહાધ્યાયીઓ, પ્રવાસ અને વાચનનો સારોમાઠો ફાળો-આ સર્વની વાત મધુર પ્રસંગાવલિ દ્વારા કાકાસાહેબે આ સંસ્મરણકથામાં કરી છે. આ સંસ્મરણી વાંચવે રસભરી નવલકથાનો આનંદ આપે છે. આત્મકથાના ગુજરાતી સાહિત્યમાં તે નર્મદની 'મારી હકીકત' અને ગાંધીજીકૃત 'સત્યના પ્રયોગો' પછીનું મહત્ત્વનું સીમાચિહ્ન બની છે.

ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબનું એવું જ સ્મરણીય પ્રદાન ગણાય ખાસ કરીને 'જીવનનો આનંદ' તથા 'રખડવાનો આનંદ'માં જોવા મળે છે તેવા લલિત નિબંધનું. નિબંધો એમના કવિ-અંશની લહેજતદાર સરજત છે. એ નિબંધોની આંતરસામગ્રી ગદ્યમાં વ્યક્ત થઈ છે એટલું

જ, બાકી તે રસાનુભવ તો કરાવે છે કાવ્યનો જ.

વિચારપ્રતિપાદન પર જ ભાર મૂકતા કાકાસાહેબના લેખોનો તો પાર નથી. એ લેખો પ્રથમ 'કાલેલકરના લેખો'ના બે ભાગરૂપે અને પછી 'જીવનવિકાસ', 'જીવનસંસ્કૃતિ', 'જીવનભારતી', 'જીવનપ્રદીપ', 'જીવનચિંતન' એ ગ્રંથોમાં વિષયવાર પ્રકાશિત કરવામાં આવ્યા છે.

કાકાસાહેબની વિચારણા કેળવણી, ગૃહ, સમાજ, રાજકારણ, સાહિત્ય, કળા, ધર્મ-એમ જીવનનાં બધાં ક્ષેત્રોને વ્યાપી વળે છે. નર્મદ, ગોવર્ધનરામ, મણિલાલ અને આનંદશંકર પછી આવી સમગ્ર જીવનને લગતી લોકહિતાર્થી વિચારણા ગુજરાતી ભાષામાં ગાંધીજીને હાથે તેમ એમના બે શક્તિશાળી સાથીઓ કાકા કાલેલકર અને કિશોરલાલ મશરૂવાળાને હાથે થઈ છે. કાકાસાહેબની આ વિચારણાએ સત્યાગ્રહ આશ્રમ અને ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના આ આચાર્યને સમસ્ત પ્રજાના આચાર્ય અને સંસ્કારગુરુ બનાવ્યા.

કાકાસાહેબની ગુજરાતી વાંઙ્મયની સેવા આટલેથી અટકી જતી નથી. 'બાપુની ઝાંખી' ગાંધીચરિત્ર-સાહિત્યને તેમનું વિશિષ્ટ અર્પણ છે. ગાંધીજીના અનેક નાનામોટા પ્રસંગો આલેખીને ગાંધીજીના વ્યક્તિત્વનાં જુદાં જુદાં ચમકદાર પાસાં તેમાં એક જાણકારની અદાથી તેમણે રજૂ કર્યાં છે, અને મહાપુરુષો તેમના જીવનની નાની નાની બાબતોમાં ને પ્રસંગોમાં પણ કેવા મહાન હોય છે તે વગર કહ્યે વાચકોને સમજાવ્યું-શીખવ્યું છે. ગાંધીજીના ભાવિ ચરિત્રકારોને ગાંધીજીની જીવંત છબી ઉપસાવવા માટે ઘણી સામગ્રી આ સંસ્મરણાત્મક પ્રસંગાવલિ દ્વારા પૂરી પાડવા માટે કાકાસાહેબ પૂરા અધિકારી હતા, કારણ, આશ્રમમાં અને જેલમાં ગાંધીજીના અંતેવાસી બનવાનું સદ્ભાગ્ય એમને સાંપડ્યું હતું. ૧૯૩૦માં મીઠા-વેરા સામેના સત્યાગ્રહ વેળા ગાંધીજીની સાથે પાંચ માસ યરવડા જેલમાં તેઓ રહેલા તે જેલવાસનાં તેમનાં સ્મરણો, જે 'મીઠાને પ્રતાપે' નામથી પ્રગટ થયાં છે તે, 'બાપુની ઝાંખી'ના જેવી જ સેવા બજાવતાં લેખાય.

કાકાસાહેબની શૈલી અને એમનું ગદ્ય ગુજરાતી વાંઙ્મયને એમનું

એવું તો વિશિષ્ટ અર્પણ છે કે નર્મદ, નવલરામ, મણિલાલ, ગોવર્ધનરામ, બલવંતરાય, આનંદશંકર, ગાંધીજી, મુનશી ને મેઘાણી જેવા ગુજરાતના અગ્રગણ્ય ગદ્યકારોમાં કાકાસાહેબનું મહત્ત્વનું સ્થાન છે, અને આજે કોઈને પોતાની ભાષા ઘડવા-ખીલવવા અને સારું ગદ્ય લખવાની હથોટી કેળવવા નમૂનેદાર ગદ્ય વાંચવા સૂચવવાનું હોય તો પહેલું કે બીજું નામ કાકાસાહેબના ગદ્યનું જ હોઠે આવે.

સત્યાગ્રહ આશ્રમ અને ગૂજરાત વિદ્યાપીઠમાં કરેલી શિક્ષણસેવાથી, ગુજરાતમાં અનેક સભાઓ અને પરિષદોમાં આપેલાં વ્યાખ્યાનોથી, તેમ લોકશિક્ષણાત્મક વિચારપ્રેરક લેખોથી પ્રજાની કરેલી સંસ્કારસેવાથી, અને આવા સત્ત્વાઢ્ય વાંગ્મય વડે કરેલી ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવાથી, કાકાસાહેબે જે હેતુસર પહેલવહેલા એ ગુજરાતમાં આવ્યા હતા તે હેતુ સાંગોપાંગ સિદ્ધ કરી ગુજરાતને અપૂર્વ વળતર આપી ઋણ ફેડી નાખ્યું છે એમ નથી-ઊલટું ગુજરાતને ઋણી બનાવ્યું છે. ગુજરાત એ કદી ભૂલી શકશે નહીં.

['જીવનમાધુરી' માસિક: ૧૯૬૧]

# મધુરી કેકા

માતાના મૃત્યુ પછી, ૧૪ વરસની વયે રાજ્ય છોડી જંગલમાં જઈને રહેવાની વૃત્તિ રાજકુમાર સુરસિંહને જાગી હતી. પરંતુ આ રાજવીના હૈયામાં વૈરાગ્ય સાથે એવો જ ઉત્કટ રાગ પણ ટીખળી વિધિએ ઘોળીને ભેળવ્યો! એ રાગનું પાત્ર બની રાણી રાજબાની દાસી મોંઘી. તેનો આ રસિક કવિના જીવનપંથમાં પ્રવેશ થયો, લગ્ન બાદ રાજબા (રમા) જોડે તે લાઠી આવી ત્યારે. એ ઊઘડતી કળી જેવી છ-સાત વર્ષની બાલિકાનો મધુર-નિર્મળ ચહેરો પંદર વર્ષના રાજકુમારના હૈયામાં પ્રથમ દર્શને જ કાયમ માટે પેસી ગયો. જુવાનનું હૃદય એ બાલિકા પર વાત્સલ્યનો અભિષેક કરી રહ્યું. એમણે તેની ભાષા સુધારી અને

તેને ભણાવવા માંડી.

સહવાસ તેમ જ બાલાનું વય ને કાંતિ વધતાં સુરસિંહજીનો તેના પ્રત્યેનો વાત્સલ્યભાવ ઊછળતા પ્રણયભાવમાં પલટાયો, અને દાસી મોંઘી તેમની હૃદયરાજ્ઞી 'શોભના' બની. પ્રણયભાવે ઉત્કટ અનુરાગનું સ્વરૂપ પકડતાં એમના હૈયામાં તોફાન શરૂ થયું. રમા આ પ્રેમને અનુમતિ આપે તો 'હૃદયત્રિપુટી' રચવા તેને સમજાવવાના પ્રયાસ સફળ થયા નહીં. આગળ જતાં શોભનાને તેની કોમના એક જુવાન સાથે રમાએ પરણાવી દીધી તેથી તો સુરસિંહજીનું હૃદય બેવડા વેગથી શોભનાને સારુ ઝૂરવા લાગ્યું.

આવો અંત:સ્તાપ ત્રણેક વરસ અનુભવ્યા બાદ આખરે ૧૮૯૮માં સુરસિંહજીએ શોભના જોડે વિધિસર લગ્ન કર્યાં. આ રાજવી કવિએ લગ્ન વિના શોભનાને પોતાના ઝનાનામાં રાખવાનો વિચાર ન કર્યો, હૃદયના વેગ છતાં શરીરથી એ શુદ્ધ રહ્યા. શોભનાને મેળવીને એમનો આત્મા જાણે પરમાનંદની સીમા પર જઈને ઊભો.

પરંતુ ઝંખના જેટલી મજા મિલનની હોતી નથી. તેમ વળી આ નિત્યના રસપિપાસુને રસનું એક શિખર લાધતાં એથી ઊંચા દિવ્ય રસની અભિલાષા જાગી. રાગ-પ્રકરણ પૂરું થયું કે તરત પૂર્વનું ત્યાગ-પ્રકરણ શરૂ થયું. ૧૯૦૦ની સાલમાં તો આ કવિ-રાજવી ગાદીત્યાગને પ્રભુનું નિર્માણ માનવા લાગ્યા. કારભારીને એ માટે સમજાવતાં તેમણે લખ્યું: "હું લખીશ, વાંચીશ અને પ્રભુનું ભજન કરીશ. સત્તા, વૈભવ, એમાં મને રસ નથી. રાજાની રીતિએ કલ્યાણ કરવાના ગુણ મારા સ્વભાવમાં નથી; ફકીરની રીતિથી કલ્યાણ કરવાના છે, તો તેને વધારીશ."

ઉપરનો કાર્યક્રમ અમલમાં મૂકવાનો તેમણે ૧૯૦૦ના એપ્રિલમાં નિર્ણય કર્યો. પણ તેનો અમલ એ કરે તે પહેલાં વિધિએ એમને ઉપાડી લીધા! ૧૦-૬-૧૯૦૦ના રોજ, એક જ રાતની ટૂંકી માંદગી ભોગવી, ૨૬ વરસની ભરજોબન અવસ્થામાં એ અકાલ અવસાન પામ્યા.

*

આ સ્નેહાળ આત્માનું મિત્રમંડળ મોટું હતું. આ મંડળ

સમાનશીલવ્યસન, સંસ્કારી અને સાહિત્યરસિક આત્માઓનું. એમાં મણિલાલ દ્વિવેદી અને ગોવર્ધનરામ જેવા પંડિતો હતા, 'કાન્ત' અને 'મસ્તકવિ' ત્રિભુવન જેવા કવિઓ હતા. એમના કાવ્યસર્જનને આ મિત્રમંડળને લીધે સારાં પોષણ-પ્રોત્સાહન મળતાં. આ રાજવીએ કલમ ચલાવી તો ૧૮૯૨થી ૧૯૦૦ સુધી, એમની ૧૮થી ૨૬ની ઉંમર સુધી. પણ એટલા ટૂંકા સમયમાં, અને મુકાબલે એટલી નાની વયે એ જે લખી ગયા છે તે વિપુલ છે અને સત્ત્વશાળી પણ છે. તેમાં કવિતા જ નથી, ગદ્યસાહિત્ય પણ છે. પણ 'કલાપી'નું ગદ્યસાહિત્ય તેમની કવિતા આડે ઢંકાઈ ગયું છે.

કવિશ્રી ન્હાનાલાલના "કરવી સુણવી ગમે ન કોને રસની કે રસિકાની વાતડી" એ કથન મુજબ પ્રણયકવન એ જગતનો સર્વજનપ્રિય વિષય. પ્રણયદર્દ અનુભવતાં પ્રેમીહૃદયોને 'કલાપી'ની પ્રણયકવિતામાં પોતાની જ ભાવ-વ્યક્તિ દેખાય. પણ 'કલાપી' એકલા મુગ્ધજુવાનિયાંના જ કવિ નથી. એમની રસિકતા, કલ્પના અને ચિંતનશીલતાના ઠેરઠેર દેખાતા ચમકારા, સ્મૃતિએ ને કંઠે ચડી જાય એવી એમાં ફૂલની માફક વેરાયેલી અનેક સૂક્તિઓ, હૃદયને કોમળ, નિર્મળ, ઉદાત્ત બનાવે એવી સમગ્ર અસર —આ બધાં એમની કવિતાનાં લક્ષણો એવાં છે જેણે તેને જનહૃદયમાં સીધો પ્રવેશ મેળવાવી આપ્યો. આજે યે એમની મીઠી કવિતા વાંચીએ છીએ ત્યારે, એ "સુરતાની વાડીના મીઠા મોરલા"ને 'કાન્તે' આપેલી ભાવાંજલિની નીચેની પંક્તિઓનું સત્ય આપણે પ્રીછી શકીએ છીએ :

*નંદનવનના પ્રાસાદોની ટોચથી*
*મધુરી કેકા આજે શી ઉભરાય જો!*

'કલાપી'ની કવિતાના ગ્રંથસ્થ પ્રકાશન પછી એને જે વિપુલ લોકપ્રિયતા સાંપડી, તે અર્વાચીન ગુજરાતી કવિતાના ઇતિહાસમાં અજોડ ઘટના છે. લોકોનાં હૃદય અને કંઠ સુધી પહોંચી ગયેલી 'કલાપી'ની અનેક પંક્તિઓ એને વરેલી લોકપ્રિયતાની જ નિશાનીઓ છે. જુવાન વિદ્યાર્થીઓને કાવ્યાભિમુખ કરવા માટે તથા હૃદયની કેળવણી સારુ

‘કલાપી’ની કવિતા સારું કામ આપે.

[‘કલાપીનો કાવ્યકલાપ’પુસ્તક]

# અનવર આગેવાન

## વાત શી છે?

*બે ઘડીનો છે તમાસો, વાત શી છે?*
*નહિ મળે શું રાતવાસો, વાત શી છે?*

*જિંદગી ને મોતના આ ખેલ કેરો*
*કોઈ તો આપો ખુલાસો: વાત શી છે?...*

*બાવરાં નયનો, હવે જ્યાંત્યાં ન ભટકો,*
*કાંક તો ભીતર તપાસો: વાત શી છે?...*

*આપજો જેને ઉજાસો આપવાના—*
*લો, અમે લીધી અમાસો: વાત શી છે?...*

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

## મહાન વાચકો જોઈશે

ગુજરાતી વાચકોને નજરમાં રાખીને ઝવેરચંદ મેઘાણીએ એક વેળા કહેલું કે આપણી મોટા ભાગની પ્રજા ગાય જેવી છે, જે લીલું ઘાસ ખાતાં ખાતાં કચરો પણ ચાવી જાય છે. મેઘાણીએ આ અભિપ્રાય ઉચ્ચાર્યો તેને તો વર્ષો વીત્યાં, પણ પરિસ્થિતિમાં હજી ફેર જણાતો નથી. ઊલટું આજે તો આ મંતવ્ય વધુ સાચું લાગે છે.

છેલ્લાં વર્ષોમાં આપણે ત્યાં શિક્ષણનું પ્રમાણ સારું એવું વધ્યું છે, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સાહિત્યના મેળાવડાની સંખ્યા પણ વધતી રહી છે. તેમ છતાં ઉત્તમતાનો આગ્રહ આપણા પ્રજામાનસમાં પ્રગટવો જોઈએ તેટલો પ્રગટયો નથી. જો એમ ન હોત તો સુરેશ જોશી જેમને “અભણ લેખકો” કહીને ઓળખાવે છે તેવા લેખકોની ચોપડીઓનું મોટા પાયા પરનું વેચાણ શક્ય બન્યું ન હોત.

આને માટે જવાબદાર કોણ? એમ કહી શકાય કે વાચકો બગડે તો તેને માટે લેખકો જવાબદાર છે. પણ આ પૂર્ણ સત્ય નથી. સામેથી પ્રશ્ન પૂછી શકાય: લેખક તો લખે, પણ વાચકો એને વાંચે છે શા માટે? અમુક કક્ષાથી ઊતરતું તો નહિ જ ખપે, એવો આગ્રહ વાચકોમાં હોય તો નબળા સાહિત્યનો ફેલાવો થઈ ન શકે.

લેખકોનો એક મોટો વર્ગ છે જે એમ કહે છે કે, અમે તો વાચકોની માગને સંતોષીએ છીએ; વિવેચકો ભલે અમારી કૃતિને નબળી કહે, પણ અમારા વાચકો તો ઉમંગભેર એને આવકારે છે અને એની આવૃત્તિઓ બહાર પડે છે. આવા લેખકોના સર્જનની કક્ષા જો નીચી રહેતી હોય, તો એને માટે વાચકવર્ગને જવાબદાર ગણવો જોઈએ—અને ગુજરાતમાં એવા લેખકો ને વાચકોની સંખ્યા નાની નથી.

એટલે જ તો વોલ્ટ વ્હીટમેનનું એક વાક્ય યાદ રાખવા જેવું છે.

એ કવિમનીષી—એ કહેલું કે મહાન કવિઓ જન્માવવા માટે આપણી પાસે મહાન વાચકો જોઈશે. ઉત્તમતાનો આદર્શ લેખકો સામે મૂકી શકે એવા વાચકો જન્માવવાનું કામ અધ્યાપકોનું છે. અધ્યાપકો ભલે કવિઓને કે સર્જકોને ન જન્માવી શકે, પણ ઉત્તમ વાચકો તો અવશ્ય જન્માવી શકે. સાહિત્યના ઉત્તમ નમૂનાઓ તરફ એ અભ્યાસીઓને અભિમુખ કરે. આ કાર્ય કેટલેક અંશે વિવેચનનું પણ છે; એ અર્થમાં વિવેચક સમગ્ર પ્રજામાનસનો અધ્યાપક છે.

અધકચરું તો હવે કશું જ ચલાવી ન લેવાય એવો આગ્રહ વધતો જશે, તો ઉત્તમ કૃતિઓનું અવતરણ લાંબી રાહ નહિ જોવડાવે.

## ભગવાન

*મેં ક્યાં કશુંય ઇચ્છ્યું’તું તારી પાસે?*
*ને તોય તેં જલભર્યાં વાદળોથી કર્યો મારે શિરે અભિષેક,*
*ઉષા-સન્ધ્યાના અલપઝલપ રંગોની સુરખી આંજી મારાં નયનમાં,*
*પર્વતોમાં સંતાકૂકડી રમતી કેડીઓએ*
*જીવતું રાખ્યું મારું અકૈતવ કુતૂહલ,*
*પુષ્પોનાં સુમધુર સ્મિત ને માનવોની અમી ઝરતી આંખોએ*
*ક્યારેય ના કરમાવા દીધાં મારાં સ્વપ્નોને...*

*ક્યાં કશુંય મેં માગ્યું’તું તારી પાસે?*
*ને તો યે ઊગતા સૂર્યે હંમેશાં પૂછી છે મારી ખબર,*
*પવને ઝુલાવ્યા છે મારા આંગણાના ફૂલછોડ,*
*ને નદીઓનાં પાણીએ ભીંજવ્યો છે મને અંતસ્તલ સુધી.*
*પર્વતનાં શિખરોએ મને ખભે ઊંચકીને રમાડ્યો છે,*
*ને ક્યાં નથી મળ્યો મારા હઠીલા પ્રેમનો પ્રતિશબ્દ?*

*ના, મારે કશુંય ન જોઈએ, ભગવાન!*
*હા, કોઈ શિશુની આંગળી પકડી એને ઓળંગાવી દઉં રસ્તો*
*ને એ હસીને મને કરી દે ‘આવજો’...*

['સમર્પણ' પખવાડિક : ૧૯૭૭]

## —આનાથી નીચું તો નહીં જ!

એક શાળામાં લોકમિલાપ ટ્રસ્ટ દ્વારા એક પુસ્તક-મેળો યોજાઈ ગયો. પુસ્તકો બાળકો-કિશોરો માટેનાં હતાં. ભૂલકાંઓને પ્રદર્શનમાં ઊભાં ઊભાં કે બેઠાં બેઠાં પુસ્તકો વાંચતાં જોવાં એ એક લહાવો હતો. બાળકોને રમતાં જોઈને જેટલો આનંદ થાય છે તેટલો જ આનંદ એમને રંગબેરંગી પુસ્તકોમાં ખોવાઈ ગયેલાં જોઈને થાય છે.

વિખ્યાત લેખક સમરસેટ મોમે કહ્યું છે કે આપણે પેન્ટની સિલાઈ માટે ગમે તેટલી કિંમત આપતાં અચકાતાં નથી, પણ એક પુસ્તક ખરીદતાં અચકાઈએ છીએ. આનું કારણ કદાચ એ હોય કે આપણાં મનમાં ઊંડે ઊંડે એવું પડેલું છે કે પુસ્તક તો ગમે ત્યાંથી માગીને પણ વાંચી લઈશું અથવા એના વિના ચલાવી લઈશું; ન વાંચીએ તો શું બગડી જાય? પણ જેમ શરીરને ખોરાકની જરૂર છે તેમ મનને પણ ખોરાકની જરૂર છે. રોજબરોજના જિવાતા જીવનથી થાકીને મન ક્યાંય બીજે ખોવાઈ જવા ઇચ્છે છે. પણ આપણે તો એને, મદારી સાપને ટપલી મારીને કરંડિયામાં પૂરી દે તેમ, શાંત પાડી દઈએ છીએ. મનને મારીને જીવતાં આપણને આવડી ગયું છે. પણ આપણું મન જાતજાતના અનુભવો ઝંખે છે. આપણી રોજિંદી જિંદગી એકધારી હોય છે; એ મનને કેટલા અનુભવો આપી શકે? પુસ્તકોમાં વિવિધ અનુભવોની એક જુદી જ દુનિયા હોય છે. એમાંથી પસાર થયેલું મન પછીથી સંસારને જુદી રીતે જોતું-મૂલવતું થાય છે. ‘મહાભારત’ વાંચ્યા પહેલાંનો હું અને એ વાંચ્યા પછીનો હું, એ બે જુદી જ વ્યક્તિઓ છીએ. સારું

પુસ્તક જીવનને જોવાની એક નવી દૃષ્ટિ આપે છે, આપણને આંતરિક રીતે ઘડે છે.

મહત્ત્વ છે સારાં પુસ્તકનું. પુસ્તક-પસંદગીમાં ધોરણો ઊંચાં રાખવાં જોઈએ. પ્રશ્ન છે અભિરુચિની કેળવણીનો. ઊગતી પેઢી માટે જો આટલું થઈ શકે તો પછી એ પેઢી મોટી થશે ત્યારે આપોઆપ હલકાં પુસ્તકોને દૂર ખસેડતી થશે. આનાથી નીચું તો મને કશું જ ન ખપે—એવો આગ્રહ માનવીમાં જન્મવો જોઈશે.

['મુંબઈ સમાચાર' દૈનિક: ૧૯૭૮]

## સૂરજ

*સૂરજ રમતો ભમતો ઊગ્યો.*
*ઊગ્યો એવો દરિયો થઈને તેજલ રંગે છલક્યો,*
*ને વનકન્યાના કેશકલાપે*
*આવળિયાનું ફૂલ થઈને મલક્યો.*
*ફૂલ ઉપરથી પવન બનીને છૂટ્યો*
*તે નવજાતક પંખીની ચાંચે*
*સૂર બનીને ફૂટ્યો.*
*વૃક્ષ તણી ડાળીએ બેસી*
*નીડ બનીને ઝૂલ્યો;*
*ઘુવડની આંખો શોધીને*
*અંધકારમાં પોતાનેયે ભૂલ્યો!*
*કોણે એને ઊંચકી ત્યાંથી*
*કોક કવિની નિશ્ચલ આંખે મૂક્યો*
*કે નવપરિણીતના શયનાગારે*
*ચાંદરણું થઈ ઝૂક્યો!*

# ધર્મશાળા બનવું ન પાલવે

નાનકડાં સામયિક પતંગિયાની જેમ પુંકેસરનાં વાહકો છે. ઇતિહાસ કહે છે કે જે સામયિકે નવી હવા પ્રવેશાવીને જૂનાં જાળાં ઉડાવી દેવાં હોય, તેને 'ધર્મશાળા' બની રહેવાનું ન પાલવે. આવાં સામયિકો જે સામગ્રી પ્રગટ કરે તેને આધારે નભતાં હોય છે એ જેટલું સાચું છે, તેટલું એ પણ સાચું છે કે અમુક સામગ્રી પ્રગટ નહિ કરીને પણ તે નભતાં હોય છે.

# આંખે કંકુના સૂરજ

શ્રી રાવજી પટેલનું ૧૦મી ઓગસ્ટ, ૧૯૬૮ના રોજ અવસાન થયું. એ આવી રીતે થાપ દઈને કો'ક દિવસ ચાલ્યો જવાનો છે એની જાણ તો હતી જ; પણ આટલો જલદી જશે એવું નહોતું ધાર્યું. રાજરોગે એની જિંદગીને ટૂંકાવવા માંડી હતી, પણ રાવજીનો દિલેર મિજાજ એને ગાંઠતો નહોતો. મૃત્યુને ખિસ્સામાં ઘાલીને એ ફર્યો છે. એણે વાતોમાં કે પત્રોમાં મૃત્યુને ડોકાવા દીધું નહોતું. મારાથી કોઈ કોઈ વાર પૂછી દેવાતું: "રાવજી હવે કેમ રહે છે?" એ સાંભળ્યું ન સાંભળ્યું કરી વાતને વાળી લેતો: "આપણે કરવા જેવી વાતો કરીએ."

પ્રથમ મુલાકાતે રાવજી મને કંઈક અતડો લાગ્યો હતો. અમદાવાદમાં 'બુધ કાવ્યસભા'ના ઉપક્રમે કાવ્યસત્ર યોજાયું હતું ત્યારે રાવજી સાથે પહેલી મુલાકાત થઈ હતી. 'અજંતા'માં કોફી પીતા થોડાક કવિમિત્રો બેઠા હતા. કવિતા સામયિક 'શબ્દ' ત્યારે નવું નવું પ્રકાશિત થયું હતું, મુખ્યત્વે એને વિશે વાતો થતી હતી. રાવજી કંઈક જુદા જ મૂડમાં બેઠો હતો. બધા ઊઠ્યા ને એણે સાઇકલ સંભાળી. પીપળાના સૂકા પાન જેવું શરીર સાઇકલ ખેંચતું હું જોઈ રહ્યો. 'આવજો'નો હાથ ઊંચો કરી એ ચાલ્યો ગયો. માંડ બે-ચાર શબ્દોની આપ-લે ને ઊંચો હાથ

ને સાઇકલ ખેંચતું શરીર.

ઉનાળાની એક બપોરે ‘સંદેશ’ની ઓફિસ પર શ્રી રાધેશ્યામ શર્માને ફોન કર્યો ને અચાનક રાવજીનો અવાજ સંભળાયો. મળવાની ઇચ્છા બન્નેને હતી, પણ બેએક કલાક પછી અમદાવાદ છોડતી ટ્રેનમાં મારે નીકળવાનું હતું. રાવજીએ રસ્તો કાઢ્યો; “ઓફિસેથી વહેલો નીકળીને આવું છું. આવું જ છું.” સમય થઈ ગયો, પણ રાવજી ન દેખાયો. ‘સંદેશ’ની ઓફિસ પર જવા જેટલો હવે સમય નહોતો. શ્રી ‘સ્નેહરશ્મિ’ ને હું નીચે ઊતર્યા, તો બારણામાં જ રાવજી! અમે ત્રણે સાથે સ્ટેશને જવા નીકળ્યા. મેં પૂછ્યુંઃ “કેમ મોડું થયું?” ને એણે ‘અશ્રુઘર’—એની પ્રથમ નવલકથા બતાવીને કહ્યુંઃ “આ લેવા ગયો હતો.” એણે સહી કરીને મારા હાથમાં મૂકી. રાવજી સૌનો લાડકવાયો હતો.

રાવજીના જીવનવૃક્ષનાં મૂળિયાંમાં રાજરોગની સાથે કંઈ કેટલાય વ્યાધિઓના રાફડા હતા. પણ એની ડાળીઓ પર તો કવિતાનાં હરિત પર્ણો ફૂટતાં જ જતાં હતાં. રાવજીને શ્રદ્ધા હતીઃ એની કવિતાનો શબ્દ જલદીથી નહિ ભુલાય. ભુલાય કે ન ભુલાયની એને ઝાઝી પડી નહોતી.

કીટ્સે કહેલું કે વૃક્ષને જેમ પર્ણો ફૂટે તેમ કવિને કવિતા ફૂટે. રાવજીની બાબતમાં આ સાચું ઠર્યું છે.

રાવજીની એક ગીતપંકિત છેઃ ‘મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.’ એનાં અજવાળાં પહેરીને એના શ્વાસ એના શબ્દોમાં ઊભા છે.

[‘પૂર્વાપર’ પુસ્તક]

# અનિલ જોશી

## આખા દેશ પર કરફ્યુ!

આ દેશના શાસકોએ આપણી યુવાનીને મનોરંજનની બ્રાઉન શુગરમાં ડુબાડી દીધી છે. સિનેમાનાં સડકછાપ ગીતોમાં આ ગરીબ દેશની જુવાની સદંતર વેડફાઈ રહી છે. એકદમ સસ્તા મનોરંજન પાછળ શહેરનો ભણેલોગણેલો વર્ગ લાળ પાડતો દેખાય છે. શિક્ષિત અને શ્રીમંત વર્ગની રુચિ પિટ-ક્લાસથી આગળ વધતી નથી.

શાસનકર્તાઓએ આખા દેશ ઉપર ફિલ્મ અને ટેલિવિઝનનો કરફ્યુ નાખી દીધો છે. મનોરંજનના મીઠા ઝેરરૂપી એ કરફ્યુમાંથી તમને મુક્તિ મળે, તો તમે આ દેશમાં ચાલતા ભ્રષ્ટાચાર વિશે વિચાર કરતા થઈ જાઓને! ભારતની આમજનતા મનોરંજનના આ ફિલ્મેરિયામાંથી ક્યારેય જાગ્રત થાય નહીં એમાં જ રાજકીય પક્ષોનું સ્થાપિત હિત રહેલું છે. આ પક્ષો બરાબર જાણે છે કે જાગૃત નાગરિક પર શાસન ચલાવવું એ ખૂબ અઘરું છે.

મનોરંજન તો અમેરિકામાં પણ ભરપૂર છે, હલકી કક્ષાનું મનોરંજન પણ છે. પરંતુ અમેરિકન પ્રજા અઠવાડિયામાં પાંચ દિવસ ગધેડાની જેમ કામ કરે છે. જ્યારે આપણે ત્યાં?

ભગવાને આપણને સહુને બે હાથ આપ્યા છે. આ હાથ પાસેથી આપણે ઉત્પાદક કામ નથી લેતા, પણ તાળીઓ પડાવીએ છીએ. તેંડુલકરે સિક્સર મારી—પાડો તાળી! અમિતાભે ડાયલોગ માર્યો—પાડો તાળી! કવિ-સંમેલન—પાડો તાળી! મોરારીબાપુ—પાડો તાળી!

આ પવિત્રા હાથ તે કર્મયોગનું સાધન છે. પણ તે હાથ કર્મ વિના સાવ નવરો પડેલો છે, એટલે તાળીઓ પાડવા સિવાય એ બીજું કરી પણ શું શકે?

## ગઈ!

*પીળાં પાંદડે ખાઈ લથડિયાં ગઈ પાનખર પાનસોંસરી ગઈ,*
*મથ્યા રોકવા તોય આખરે ગઈ હવા પણ નાકસોંસરી ગઈ!*

*રણને દરિયો કરવા ચકલી રોજ સવારે*
*તળાવમાંથી ટીપું લઈ રણમાં જઈને નાખે,*
*દરિયો પૂરવા ખિસકોલીજી રોજ સવારે*
*રણકણ લઈને દરિયે જઈને નાખે;*
*સૂરજ સામે તીર તાકતા ભીલ સમા*
*અંધારા સામે ગઈ કાંકરી કાનસોંસરી ગઈ;*
*પીળાં પાંદડે ખાઈ લથડિયાં ગઈ પાનખર પાનસોંસરી ગઈ.*

## સાંજ

*ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પ્હેરી વડલાની વડવાઈ ઝાલીને*
*સાંજ હીંચકા ખાય*
*ને ઊડતી ધૂળનું થાય વાદળું એવું તો ઘનઘોર કે જાણે ધણની*
*ગાયું*
*કણકણ થઈને ગોરજમાં વીખરાય.*
*ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પ્હેરી વડલાની વડવાઈ ઝાલીને*
*સાંજ હીંચકા ખાય.*

*સાવ અચાનક કાબર-ટોળું ડાળ ઉપરથી ઊડ્યું ને ત્યાં એક પાંદડું તૂટ્યું,*
*વડલાનાં લીલાં પાન વચાળે લાલચટક આકાશ થઈને લાલ પાંદડું ફૂટ્યું.*
*ધૂળની ડમરી ચડતાં એમાં ચક્કર ચક્કર ફરતાં મારા શૈશવના કણ—*
*પાદરમાં ઘૂમરાય.*
*ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પ્હેરી વડલાની વડવાઈ ઝાલીને*
*સાંજ હીંચકા ખાય.*

*ખડના પૂળા લઈ હાથમાં પાછા વળતા લોકવાયરે ઊડતી જાય પછેડી,*
*ઘઉંનાં ખેતર વચ્ચે થઈને સીમપરીની સેંથી સરખી ગામ પૂગતી કેડી.*
*ધીમે ધીમે ખળાવાડમાં કમોદની ઊડતી ફોતરીઓ વચ્ચે થઈને સાંજ ઓસરી જાય,*
*ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પ્હેરી વડલાની વડવાઈ ઝાલીને*
*સાંજ હીંચકા ખાય*

*ને ઊડતી ધૂળનું થાય વાદળું એવું તો ઘનઘોર કે જાણે ધણની ગાયું કણકણ થઈને ગોરજમાં વીખરાય.*

# અપ્પા પટવર્ધન

## હમારી શરમ

ભંગિયોં કા કામ સાક્ષાત નરકવાસ હોતા હૈ. ઉનકી બીસોં દિક્કતેં હૈં. લેકિન ઉનકા સબસે બડા દુખ હૈ સ્વાભિમાનકી હાનિ. પાખાના ઉઠાના એક હીન, શર્મનાક કામ માના જાતા હૈ. ઇસલિએ હીન ભંગી જાતિકે લિએ હી વહ સુરક્ષિત રખા ગયા હૈ. ઇસમેં જો સ્વાભિમાન-હાનિ હૈ વહ ન ઉનકો શોભા દેતી, ન હમકો.

ભંગી કી માનવતા હનિત હોતે હી મેરી ઔર આપકી માનવતા ભી હનિત હોતી હૈ. એક ભી પારસી રાસ્તોં પર ભીખ માંગતા ફિરે, તો ઉસસે સારી પારસી જમાત કો શરમ લગતી હૈ. વૈસે વહ મેહતર અપની સ્વાભિમાન-હાનિ બરદાસ્ત કરકે અગર સફાઈકામ કરે, તો ઉસમેં ન કેવલ ઉસકી બલ્કિ હમારી ભી શર્મ હૈ.

ભંગી-કામકી આજ કી પ્રથા કે પીછે હમ સવર્ણોંકા આલસ, દંભ ઔર પાખંડ છિપા હૈ. ઇનકો મિટાને કે લિએ હમેં ચાહિએ કિ હમ પ્રતિદિન કમસે કમ પંદ્રહ મિનટ કુછ ન કુછ સફાઈ કા સમાજ-નિન્દિત કામ અપના ધાર્મિક કર્તવ્ય સમઝકર કરેં.

['સફાઈ-દર્શન' માસિક : ૧૯૬૧]

## ‘અભિપ્રેત’

# પેલી લૂંટાલૂંટ, અને આ–

પુણે નજીક એક વિમાન તૂટી પડ્યું, તેમાં માર્યા ગયેલાઓનાં શબ ગીચ જંગલમાં વેરણછેરણ પડ્યાં હતાં. એ મૃતદેહો પરથી કીમતી ચીજો, દરદાગીના ને કપડાં સુધ્ધાંની ચોરી થઈ ગઈ. પટણા નજીક રેલવે હોનારત થઈ પછી તુરત મૃતદેહો પરથી અને ભંગારમાંથી લૂંટાલૂંટ કરીને કેટલાક માણસો ભાગી ગયેલા.

શબોને પણ ન છોડ્યાં! જ્યારે મદદ માટે દોડી જવું જોઈએ, ત્યારે પણ માણસને પૈસો ને માલમિલકત જ સાંભર્યાં! આ હકીકત સમાજ સામે પ્રશ્નાર્થ ચિહ્નરૂપ નથી? માણસની માનવતાનો પારો આટલો બધો નીચો ઊતરી ગયો, તે માટે જવાબદાર કોણ? આવી પરિસ્થિતિ કેમ પેદા થઈ?

જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી આજે લાખો-કરોડો વંચિત રહે છે અને જેમને એ પ્રાપ્ય છે તે પણ ભૌતિક ચક્રવ્યૂહમાં કેવા ફસાયા છે! ખાવાપીવા અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાંથી ઘડીની ફુરસદ મળતી નથી. માલમિલકતની વહેંચણી માટે આજે સમાજમાં કેટલા ઝઘડા થાય છે! પૈસાનો પ્રશ્ન આવે ત્યારે બીજા બધા સંબંધો કેવા નેવે મૂકી દેવાય છે! મનોરંજન માટે કળાનાં હાટ મંડાયાં છે, ત્યાંથી શાંતિ કે સુખની ભ્રાંતિ મેળવી ફરી પાછો માણસ આ ચકડોળમાં હેલે ચડે છે. ન એને જીવન વિશે વિચારવાની ફુરસદ છે, ન માનવતાના વિકાસ માટે વિચારવાની ફુરસદ છે. આજે માનવતા કરતાં પૈસા અને માલમિલકતનું મૂલ્ય વધુ અંકાય છે. સમાજમાં જે અસમાનતા પ્રવર્તે છે તે પેલીના જેવી જ એક લૂંટાલૂંટનું પરિણામ નથી શું? ફરક માત્રા એટલો જ કે આ લૂંટાલૂંટ સમાજમાન્ય છે.

આપણી અને પેલા લૂંટનારાઓની વચ્ચે જે ભેદ છે તે માત્રાનો

છે, પ્રકારનો નહીં.

## કેવા એ દિવસો હતા!

‘ભૂમિપુત્ર’ના ઉદ્ભવ સાથે મુખ્યત્વે ત્રણ વ્યક્તિ સંકળાયેલી છે: પ્રબોધ ચોક્સી, નારાયણ દેસાઈ અને ચુનીભાઈ વૈદ્ય. આ ત્રણમાં પ્રબોધભાઈનો ફાળો વિશેષ છે. નારાયણભાઈ અને ચુનીકાકા, બંને આજીવન સમાજસેવકો, આજે પણ સક્રિય છે અને પોતાના વાર્ધક્યને ઉજાળી રહ્યા છે. પ્રબોધભાઈ થોડા વહેલા ચાલ્યા ગયા. પણ એમનો પરિચય મેળવવા જેવો છે. નારાયણભાઈની કલમે તે એક વાર આલેખાયેલો છે:

“સ્વરાજ્ય આવ્યું ત્યારે, ૧૯૪૭માં પ્રબોધભાઈની ઉંમર વીસ વરસની હતી. ઘટમાં થનગનતા ઘોડાઓ લઈને તેમણે આઝાદી વિશે મીટ માંડી હતી. એ ઘોડલાઓ દોડાવવામાં એમનું શેષ જીવન વીત્યું. એ માર્ગે સીધાં ચઢાણ આવ્યાં હશે, પણ તેમના અશ્વો હાંફ્યા નહીં; ઊંડી ખીણો આવી હશે, પણ તેમણે ઘોડાને કદી અટકાવ્યા નહીં. આઝાદી મળી ત્યારે જે લોકો જુવાન હતા, તેમના મનોરથોના, તેમના અજંપાના પ્રબોધભાઈ પ્રતીક હતા. ‘ભૂમિપુત્ર’ ગુજરાતને પ્રબોધભાઈની સૌથી મોટી દેણ. પ્રબોધભાઈએ ‘ભૂમિપુત્ર’ને વિકસાવ્યું. ‘ભૂમિપુત્રે’ પ્રબોધભાઈના વ્યક્તિત્વને વિકસાવ્યું. કોઈ પણ સંપાદક પોતાનું કામ સત્યનિષ્ઠાથી કરે, તો તેનું પત્ર તેની આત્મોન્નતિમાં મદદરૂપ થાય જ.”

‘ભૂમિપુત્ર’ એટલે પ્રબોધભાઈને મન વિનોબાનું છાપું. વિનોબાએ એમના દિલનો કબજો લઈ લીધેલો. કોઈ પણ ભાષામાં વિનોબાનું પહેલું જ પ્રમાણભૂત ચરિત્ર આપનાર પ્રબોધભાઈ. એ ‘સામ્યયોગી વિનોબા’ની ૪,૦૦૦ નકલ ત્યારે ત્રણેક મહિનામાં ચટ્ટ થઈ ગયેલી. ભૂદાનયજ્ઞના આરંભ બાદ જવાહર [લાલજી]ના બોલાવ્યા વિનોબા દિલ્લી ગયેલા, ત્યારે પ્રબોધભાઈ દિલ્લીમાં. વિનોબાના પ્રથમ દર્શનની ઝાંકી એમના

શબ્દોમાં જોઈએ :

"નવેમ્બર ૧૯૫૧ના એ દિવસો! બ્રાહ્મ મુહૂર્તે ધુમ્મસની ધાબળી ઓઢી બેઠેલા રાજઘાટની ઝૂંપડીમાં વિનોબાની કુલવધૂ સમી શીલવતી પ્રજ્ઞા જોઈ. કિશનગંજની સભામાં, કાપેલા લાલ જમરૂખ જેવી એની હથેલીઓ અને સ્ત્રીનેય શરમાવે તેવા લાલ લાવણ્યથી વ્રળકતી એની કાનની લાળીઓ ને નાસિકાની છટા જોઈ! શું આ જ હથેળીઓ ધખતે ધોમે કોદાળો ચલાવી શકતી હશે? શું આ જ લજ્જા-લાવણ્ય-સંપન્ન મુખમાંથી અગ્નિશિખા જેવી વાણી ઝરી રહી છે? અને એ અમોઘ તીવ્રતા સાથે કેવી ભીષણ અનાસક્તિ હતી!-'હું તો અગ્નિ બનીને આવ્યો છું. તમારે જોઈએ તો ખીચડી પકાવી લ્યો, જોઈએ તો ઘર બાળી લ્યો!' બીજાની ખબર નથી, મેં તો હૈયે સગડી વહોરી લીધી."

'ભૂમિપુત્ર'નો જન્મ થયો છે વિનોબાના ભૂદાનયજ્ઞમાંથી. ૨૭ વરસના તરવરિયા જુવાન નારાયણ દેસાઈએ ૧૯૫૨માં પદયાત્રા આરંભી ત્યારે ગુજરાતમાં ભૂદાનયજ્ઞનો આરંભ થયો. નારાયણ અને પ્રબોધ સાબરમતી આશ્રમના બાળગોઠિયા. ગામડાં ખૂંદતા નારાયણને દિલ્લીથી પ્રબોધભાઈએ લખ્યું કે "પદયાત્રા એકલા પગથી (=પદથી) ન ચાલે, શબ્દથી (=પદથી) પણ ચાલવી જોઈએ." અને પ્રબોધ-પ્રેષિત 'વિનોબાની વાણી' નામની કટારો ગુજરાતનાં છાપાંમાં શરૂ થઈ.

વિનોબાની પદયાત્રા ચાલે, તેમાં રોજનાં બે-ત્રણ પ્રવચનો થાય. તેના હેવાલ ઠેરઠેરથી દિલ્લીમાં પ્રબોધભાઈને મળતા રહે. તેને આધારે 'વિનોબાની વાણી'ની કટાર તૈયાર કરે. 'ભૂમિપુત્ર'ની માતા સમી એ કટાર વરસેક ચાલી હશે.

કેવા એ દિવસો હતા! જાત ઘસીને ઊલટભેર કામ કરનારાં મળી રહેતાં. નારાયણભાઈ નોંધે છે: "લગભગ રોજેરોજ દિલ્લીથી આવતા રહેતા એ લખાણની ત્રીસેક નકલો કરીને ગુજરાતનાં છાપાંને મોકલી આપવાનું કામ ઉપાડી લીધું વિઠ્ઠલ કન્યા વિદ્યાલય (નડિયાદ) ની કેટલીક છોકરીઓએ. પદ્મા તમાકુવાળા (હાલ ફરસોલે) તેમાં મુખ્ય હતી. નકલો કરી-કરીને એની આંગળીઓમાં આંટણ પડી જતાં, પણ

એણે કદી ફરિયાદ કરી નથી.”

દિલ્લીનું કામ કાંઈ ગોઠ્યું નહીં, અને પ્રબોધભાઈ ગુજરાત આવી ગયા. નારાયણને કહે: “આ એકાદ કોલમથી શું વળે? આપણું છાપું જ કાઢવું જોઈએ.” અને આમાંથી જન્મ થયો ‘ભૂમિપુત્ર’નો. ગુજરાત ભૂમિદાન સમિતિએ બે હજાર રૂપિયાની મૂડી આપી. સંપાદકો તરીકે નારાયણ અને પ્રબોધ. દર પંદર દિવસે પ્રકાશન. વાર્ષિક લવાજમ બે રૂપિયા. ગ્રાહક થવાની અપીલ રવિશંકર મહારાજે કરી. આઠ પાનાંનો પહેલો અંક પ્રગટ થયો અમદાવાદથી વિનોબા-જયંતીએ, ૧૯૫૩ની ૧૧મી સપ્ટેમ્બરે. પહેલો અંક પ્રગટ થયો તે પહેલાં જ ૨,૭૧૩ની ગ્રાહક-સંખ્યા નોંધાઈ ગઈ હતી! અને પછીયે એટલી માંગ આવી કે એ અંક ફરી છાપવો પડેલો. લોકોએ ઉમળકાભેર તેને વધાવી લીધું. ભૂદાનયજ્ઞનો વિચાર ત્યારે લોકમાનસને સ્પર્શી ગયેલો.

પ્રબોધભાઈ માટે વિનોબા અને ‘ભૂમિપુત્ર’, એમના જ શબ્દોમાં, “એક ઘેલછા જ થઈ પડ્યાં!” સર્વોદયનો સંદેશો સર્વત્ર કેમ પહોંચાડી દેવાય, તેની જ એને લગન. એને માત્ર પક્ષીની એક આંખ જ દેખાય. એવા પ્રબોધભાઈને ‘ઉપનિષદો’ શીખવાની ઇચ્છા થઈ ને વિનોબાને પૂછ્યું, તો ઉત્તર મળ્યો: “તું તારું ‘ભૂમિપુત્ર’નું કામ કર્યે જા. એ જ તને ‘ઉપનિષદ’ શીખવશે.”

પ્રબોધભાઈ એક પરિપાટી પાડી ગયા છે, જે આજ સુધી ચાલી આવી છે. વિચારને નિરંતર પરિશુદ્ધ કરતા રહેવો, તેને સાકાર કરવા થાય તેટલું કરી છૂટીને કાળપુરુષને સમર્પિત કરી દેવું, તેમાં જ ‘ભૂમિપુત્ર’ની કૃતાર્થતા છે.

# અમિતાભ રમણલાલ શાહ

## અતિથિવિશેષ!

સુરતમાં એકવાર પુસ્તકાલયની પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણીમાં અતિથિવિશેષ તરીકે જવાનું થયું. ત્યાં પહેલાં મારા પિતાએ, મેં અને યજમાને હોલમાં ઝાડુ કાઢ્યું, બેઠકો ગોઠવી, પુષ્પહાર તૈયાર કર્યા પછી કપડાં બદલવા ધર્મશાળામાં ગયા.

# અમીતા મલ્લિક

## કાનનદેવીની દુનિયા

લાલ પટ્ટાવાળી સાડી, સિંદૂર ભરેલો સેંથો, હાથમાં શંખનાં કંગણ : બંગાળી ગૃહિણીની લાક્ષણિક પરંપરાથી ૬૧ વરસનાં એ દાદીમા શોભાયમાન છે. દિલ્હીના વિજ્ઞાન ભવનના મંચ ભણી એ ધીમે ધીમે ડગલાં ભરી રહ્યાં છે. ભારતીય ચલચિત્રા જગતના સર્વોચ્ચ સન્માન સમું ૧૯૭૬નું દાદાસાહેબ ફાળકે પારિતોષિક હમણાં જ રાષ્ટ્રપતિના હાથે તેમને અર્પણ થવાનું છે.

એ છે કાનનદેવી, સહુ કોઈનાં હૃદયેશ્વરી—૧૯૨૬માં ૧૦ વર્ષની ઉંમરે મૂંગી ફિલ્મમાં એમણે પ્રવેશ કર્યો ત્યારથી હતાં તેવાં ને તેવાં આજે પાંચ દાયકા પછી પણ. એ કાળી કાળી પ્રવાહી આંખો હજી પણ ગળતી દેખાય છે, એ કોમળ કંઠ હજી પણ મોહિની લગાડે છે.

ચલચિત્રાની દુનિયામાં એ દાખલ થયાં તે દિવસોનું વર્ણન કરતાં કરતાં એમના અવાજમાં ભૂતકાળ માટેની એક ઝંખના ઝણઝણી ઊઠે છે :

“એ દિવસોમાં મારા પિતાનું અવસાન થયેલું. હું સાવ નાની હતી અને અમારું કુટુંબ સામાન્ય હતું. તે વખતે મારા કાકાબાબુ માદન થિયેટર્સની એક ફિલ્મમાં જયદેવનો પાઠ કરતા હતા. તે મને દિગ્દર્શક જ્યોતિષ બંદોપાધ્યાય પાસે લઈ ગયા. રાધાનો પાઠ કરવા માટે એમને એક ‘ભાલો ફુટફુટે મેયે’ (સરસ મજાની પ્રફુલ્લિત છોકરી)ની જરૂર હતી. લોકો કહેતા કે હું દેખાવડી હતી. એમણે મને પસંદ કરી. એ માટે મને પચ્ચીસ રૂપિયા આપ્યા, પણ મારા હાથમાં તો પાંચ જ આવ્યા; વચમાંથી દલાલે વીસ લઈ લીધા.

“ત્યાંથી અમે રાધા ફિલ્મ્સમાં ગયાં. ત્યાં મહિને રૂ. ૩૫૦ મળતા. એ જમાનામાં આખી ફિલ્મની અમુક રકમના કરાર થતા નહીં. છેવટે ન્યૂ થિયેટર્સમાં માસિક હજાર રૂપિયાના પગારમાં હું પહોંચી.

"૧૯૩૬માં 'જોર બારાત' નામની બોલતી ફિલ્મમાં મેં પહેલી વાર કામ કર્યું. પ્રમથેશ બરુઆની સાથે હું પણ ન્યૂ થિયેટર્સમાંથી છૂટી થઈને એમ. પી. પ્રોડક્શન્સમાં જોડાઈ. એ કંપનીમાં મેં 'જવાબ', 'જોગાજોગ' ને 'હૉસ્પિટલ'માં કામ કર્યું. બંગાળી ને હિન્દી બેય ભાષામાં એ ચિત્રો સફળ નીવડયાં. પછી તો શરદબાબુની કથાઓ પરથી બનેલી સાત ફિલ્મોમાં મેં ભૂમિકા ભજવી. એમાંની છેલ્લી 'ઇંદ્રનાથ-સુકાન્તા ઓ અન્નાદીદી' મારા પતિ (હરિદાસ ભટ્ટાચારજી)ના દિગ્દર્શનવાળી હતી. એ મારી અંતિમ ફિલ્મ."

પોતાની કારકિર્દી, સાથી કલાકારો અને બંગાળના તથા એકંદરે ભારતના ફિલ્મ ઉદ્યોગ વિશે કાનનદેવીએ ઘણી વાતો કરી :

"અમારા જમાનામાં ફિલ્મ ઉદ્યોગ એક પરિવાર જેવો હતો. અમારી પાસે ઘરની મોટરગાડીઓ નહોતી; સ્ટુડિયોનું વાહન રોજ સવારે અમને સહુને ભેગાં કરીને લઈ જતું. સ્ટુડિયો જાણે અમારી નિશાળ હતી. ત્યાં અમે હિન્દી ને ઉર્દૂ શીખતાં, સંગીત શીખતાં. રાયચંદ બોરાલ, પંકજ મલ્લિક અને શાસ્ત્રીય ગાયક બિશાજીત ચેટરજી પાસેથી મને સંગીતના પાઠ મળ્યા. રોજ સાંજે સ્ટુડિયોમાં અમે સાથે મળીને રમતો રમતાં અને પછી વાહન અમને ઘેર ઉતારી જતું.

"અમને અભિનેત્રીઓને ફૅશનની એટલી બધી પરવા રહેતી નહીં, સાદાઈ અમને ગમતી. એ એક અનોખી જિંદગી હતી. એ દિવસોને સંભારતાં, જુઓ, મારા હાથનાં રુંવાડાં આજે પણ ખડાં થઈ જાય છે! પૈસો અમારે મન મોટી વાત નહોતી. એ જાતનું જીવન જીવવા મળે, તેનું જ મોટું સુખ અમે અનુભવતાં."

પોતાના જીવનની સંધ્યાએ પહોંચેલાં આ કલાકાર હજી પણ ચલચિત્રોની દુનિયામાં જ લીન રહે છે. એમના માર્દવ ભરેલા મુલાયમ સ્વરે, એમની મોહકતાએ અને પોતાના વ્યવસાય માટેની એમની મગરૂબીએ કાનનદેવીને ભારતીય સિનેસૃષ્ટિના એક ઉત્તુંગ શિખરે બિરાજમાન કરેલાં

છે. એમનું સ્થાન હંમેશાં ત્યાં જ રહેશે.

(અનુ. ગોપાલ મેઘાણી)

['સ્ટેઇટ્સમન' દૈનિક પરથી અનુવાદિત: ૧૯૭૮]

# અમુભાઈ પંડ્યા

## ત્યાગની પરંપરા

લાલ બહાદુર[શાસ્ત્રી]ના મૃત્યુ પછી આપણને ખબર પડી કે અઢાર માસ સુધી ભારતના પ્રધાનમંત્રી-પદને શોભાવનાર એ વિભૂતિને ખાતે બૅન્કમાં કોઈ રકમ નથી, ઊલટાના એ બૅન્કના દેવાદાર છે!

ભારતમાં તો ત્યાગીઓએ જ ઇતિહાસને ભવ્યતા અર્પી છે. બુદ્ધ અને મહાવીર, શંકરાચાર્ય અને નાનકથી ગાંધીજી સુધી અનેકોએ ત્યાગીઓની એક નવી દુનિયા ઊભી કરી દીધી હતી. દેવોને પોતાનાં હાડ ભેટ ધરનાર દધીચિ, કર્ણ, રંતિદેવ કે મયૂરધ્વજના ત્યાગમાં કેવી વીરતા હતી! દર પાંચ વરસે ગરીબોમાં રાજલક્ષ્મી લૂંટાવી દઈને ગરીબ બનવામાં હર્ષવર્ધન ગૌરવ અનુભવતો. દિલ્હીપતિ નાદિરશાહની બેગમની આંગળીઓ રોટલી શેકતાં દાઝી જાય, પણ રાજ-તિજોરીમાં ખર્ચ નાખીને તે રસોયો ન રાખે. મુઘલ સલ્તનતનો આલમગીર ‘કુરાન’ની નકલ કરી ને ટોપીઓ સીવી પોતાનું ગુજરાન ચલાવે. એ જ પરંપરામાં લાલ બહાદુર આવે.

મરાઠા યુગના ન્યાયમૂર્તિ રામશાસ્ત્રીનાં પત્નીની થીગડાંવાળી સાડી જોઈ, પેશ્વા માધવરાવની સ્ત્રી તેને સોનેરૂપે મઢી દઈ પાલખીમાં ઘેર પહોંચાડે ત્યારે, ઘરનાં બારણાં બંધ કરી દઈ પત્નીની ઉપેક્ષા કરીને બધું ધન મહેલમાં પાછું મોકલાવી દેનાર એ રામશાસ્ત્રી જ પછીથી જાહેર દરબારમાં રાઘોબાને ફરમાન કરી શકે કે, “નારાયણરાવના ખૂનનું પ્રાયશ્ચિત્ત દેહાંતદંડ જ હોઈ શકે”, અને ન્યાયાસનને લાત મારી શકે.

સ્વેચ્છાએ સ્વીકારેલી આવી ગરીબાઈ એ રાષ્ટ્રની આજની આવશ્યકતા છે, એ પાઠ આવા ગૌરવવંતા પ્રસંગો મારફત આપણી નવી પેઢીને ભણાવીએ.

[‘સાધના’ માસિકઃ ૧૯૬૭]

# અમૃત 'ઘાયલ'

## ગઝલ

*લીટી એકાદ નીરખી, 'ઘાયલ',*
*હલબલી જાય આદમી, તે ગઝલ.*

## રાત તો જુઓ!

*નભ છે કે અંધકારનું વન, રાત તો જુઓ!*
*તારક છે કે સરપનાં નયન, રાત તો જુઓ!*

*ફંગોળતી ફરે છે ગવન, રાત તો જુઓ!*
*ધમરોળતી રહે છે ગગન, રાત તો જુઓ!...*

*તમિસ્રના તળાવની પાળે ખડી ખડી,*
*વેરી રહી છે ઊજળું ઘન, રાત તો જુઓ!...*

*કીધો નથી પ્રભાતે હજી સ્પર્શ તોય પણ,*
*ચોરી રહી છે કેવું બદન, રાત તો જુઓ!*

*'ઘાયલ', મલીર ઓઢણી ઓઢી દિવસ તણું,*
*સીવી રહી છે શ્વેત કફન, રાત તો જુઓ!*

## શસ્ત્ર

*આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું, ...*
*છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું.*

## સંજીવની

*આ મારી શાયરી યે સંજીવની છે, 'ઘાયલ';*
*શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું!*

## રસ્તો કરી જવાના

*રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,*
*થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના?*

*નિજ મસ્ત થઈ જીવન આ પૂરું કરી જવાના,*
*બિન્દુ મહીં ડૂબીને સિન્ધુ તરી જવાના!...*

*મનમાં વિચાર શું છે? અવિરામ કંઈ દીપક છે,*
*પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના!...*

*સ્વયં વિકાસ છીએ, સ્વયં વિનાશ છીએ!*
*સ્વયં ખીલી જવાના, સ્વયં ખરી જવાના!...*

*દુનિયા શું કામ ખાલી અમને મિટાવી રહી છે?*
*આ ખોળિયું અમે ખુદ ખાલી કરી જવાના.*

['શૂળ અને શમણાં' પુસ્તક]

–

*એટલી નૈતિક હિંમત ક્યાં છે કે શત્રુ બની બરબાદ કરે?*
*'ઘાયલ', મોટે ભાગે માનવ મિત્ર બનીને લૂંટે છે!*

—

*એ શું કે આમ ખીલ્યાં કરીએ વસંતમાં?*
*ખરવું જ છે, તો કાં ન ખરીએ વસંતમાં!*

—

*આમ તો એક બિંદુ છું, કિંતુ*
*સપ્ત સિંધુથી સંકળાયો છું!*

—

*દરિયો જરાય દૂર નથી, દરિયો આ રહ્યો*
*—એ વ્હેમમાં સદા રણે ઊભા રહ્યા છીએ.*

## રાત તો જુઓ!

*નભ છે કે અંધકારનું વન, રાત તો જુઓ!*
*તારક છે કે સરપનાં નયન, રાત તો જુઓ!*

*ફંગોળતી ફરે છે ગવન, રાત તો જુઓ!*
*ધમરોળતી રહે છે ગગન, રાત તો જુઓ!...*

*તમિસ્રના તળાવની પાળે ખડી ખડી,*
*વેરી રહી છે ઊજળું ધન, રાત તો જુઓ!...*

કીધો નથી પ્રભાતે હજી સ્પર્શ તોય પણ,
ચોરી રહી છે કેવું બદન, રાત તો જુઓ!

‘ઘાયલ’, મલીર ઓઢણી ઓઢી દિવસ તણું,
સીવી રહી છે શ્વેત કફન, રાત તો જુઓ!

## ચોટ ગોઝારી

અમે ધારી નહોતી એવી અણધારી કરી લીધી;
અજાણી આંખડીએ ચોટ ગોઝારી કરી લીધી...

ઘડીઓ આ જુદાઈની અને તે પણ જવાનીમાં?
અમે આ પણ સહન તલવાર બેધારી કરી લીધી...

મને કંઈ વાત તો કરવી હતી અલગારી મન મારા,
વળી કોના થકી તેં પ્રીત પરબારી કરી લીધી!...

કસુંબલ આંખડીના આ કસબની વાત શી કરવી?
કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી...

## ગમે છે

કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે;
કારણ નહીં જ આપું કારણ મને ગમે છે....

ખોટી તો ખોટી હૈયાધારણ મને ગમે છે;
જળ હોય ઝાંઝવાંનાં તોપણ મને ગમે છે.

હસવું સદાય હસવું, દુઃખમાં અચૂક હસવું,
દીવાનગી તણું આ ડહાપણ મને ગમે છે....

લાવે છે યાદ ફૂલો છાબો ભરી ભરીને,
છે ખૂબ મહોબતીલી માલણ, મને ગમે છે....

## આવ્યો છું

ભુલાતી પ્રેમમસ્તીની કહાની લઈને આવ્યો છું,
'કલાપી', 'બાલ'ની અંતિમ નિશાની લઈને આવ્યો છું....

તમોને ભેટ ધરવા ભરજવાની લઈને આવ્યો છું,
મજાના દી અને રાતો મજાની લઈને આવ્યો છું....

સિતારા સાંભળે છે શાન્તચિત્તે રાતભર, 'ઘાયલ'
ઉદાસ આંખો મહીં એવી કહાની લઈને આવ્યો છું.

## દુઃખી કેવા છીએ

...દુઃખી કેવા છીએ એ વાત જગજાહેર છે સાકી!
છતાં કહેવું પડે છે કે પ્રભુની મ્હેર છે સાકી!...

ખબર નો'તી સમય આ રંગ પણ દેખાડશે અમને,
હતાં જેમાં અમી એ આંખડીમાં ઝેર છે સાકી!...

કરી દે અન્ય સાથોસાથ જીર્ણોદ્ધાર એનો પણ,
હૃદય 'ઘાયલ' તણું વર્ષો થયાં ખંડેર છે સાકી!

## ગુસ્સે થયા જો...

*ગુસ્સે થયા જો લોક તો પથ્થર સુધી ગયા;*
*પણ દોસ્તોના હાથ તો ખંજર સુધી ગયા....*

*‘ઘાયલ’, નિભાવવી’તી અમારે તો દોસ્તી,*
*આ એટલે તો દુશ્મનોના ઘર સુધી ગયા.*

## અમે આજ...

*અમે આજ એવીય ઘટના નિહાળીઃ*
*ગઈ ફૂલ-ભારે ખરી એક ડાળી!*

–

*જીતવા આવ્યાં હતાંઃ જીતી ગયાં;*
*તોય લાગ્યું કે જિતાડ્યો છે મને!*

–

*મઝધારમાં જ જીવવા-મરવાની છે મજા,*
*મારો નિવાસ દરિયા-કિનારે ન જોઈએ.*

*ના જેને ઊગરવું હો, એને કોણ ઉગારે?*
*વમળોથી બચાવો, તો ડૂબે જઈ કિનારે!*

# અમૃત ગંગર

## ચાર્લી ચૅપ્લિન

વસંતના કૂણા તડકાની એક બપોરે સ્વિટ્ઝર્લૅન્ડના નાનકડા વવ્વે (Vevey) શહેર પાસે આવેલા શાંત, રમ્ય અને વિશાળ સરોવર 'લેક જિનીવા'ના કાંઠે ઊભેલા એક પૂતળાની સમક્ષ હું ઊભો છું. હિમાચ્છાદિત ભવ્ય આલ્પ્સ પર્વતમાળાની સન્મુખ પોતાની આગવી અદામાં ઊભેલા કાળા રંગના પૂતળાના હાથમાં વાંકી વળી ગયેલી સોટી છે, માથે ટોપો, ઢીલું કોથળા જેવું પાટલૂન, ટૂંકો સાંકડો કોટ અને બેઢંગા, કદરૂપા જોડા પહેરેલા, ટૂથબ્રશ મૂછવાળા આ ઇન્સાનથી દુનિયાની ભાગ્યે જ કોઈ વ્યક્તિ અજાણ હશે. એક ક્ષણ માટે તો મને એવું લાગ્યું કે જાણે હમણાં જ પૂતળામાં પ્રાણ પુરાશે અને પછી જીવતા જાગતા ચાર્લી ચૅપ્લિન પૅન્ગ્વિન પક્ષીની જેમ ડગુમગુ ડગુમગુ ચાલતાં ચાલતાં દૂર ક્ષિતિજમાં ઓગળી જશે પડદા પર.

૧૯૧૪માં અભિનેતા તરીકે ફિલ્મક્ષેત્રમાં પ્રવેશેલા ચાર્લી ચૅપ્લિનને ૮૧ વર્ષ પછી, ૧૯૯૫માં, ફિલ્મસમીક્ષકોના એક વૈશ્વિક સર્વેક્ષણે સમસ્ત ફિલ્મ ઇતિહાસના સૌથી મહાન અભિનેતા તરીકે (મરણોત્તર) જાહેર કર્યા હતા. ફિલ્મસર્જનનાં વિવિધ પાસાંઓના નિષ્ણાત તરીકે ચાર્લી ચૅપ્લિન અજોડ હતા. ફિલ્મનિર્માણ, પાત્રનિર્ધારણ, દિગ્દર્શન, પટકથાલેખન, સંગીતબાંધણી વગેરે ચૅપ્લિન પોતે જ કરતા. અને વળી અભિનય તો ખરો જ!

૧૯૨૦ના દાયકા સુધીમાં તો ચૅપ્લિન અત્ર તત્ર સર્વત્ર છવાઈ ગયા હતા. તેમના 'લિટલ ટૅરમ્પ' (ઝવેરચંદ મેઘાણી અને વાડીલાલ ડગલી જેને રખડુ-મુફલિસ કહેતા)ની અનેક પ્રકારે નકલો થવા માંડી હતી-નૃત્યોમાં, ગીતોમાં, અભિનયમાં, જાહેરખબરોમાં. આજે પણ આવા નકલ-નુસખાઓ થયા જ કરે છે. ચૅપ્લિનનો 'લિટલ ટ્રૅમ્પ' જગતના

ફલક પર એક પ્રતિમા બની ગયો છે.

ચાર્લી ચેપ્લિનનો જન્મ ૧૮૮૯માં લંડનમાં થયો હતો. પિતા ચાર્લ્સ ચેપ્લિન અને માતા હેના હિલ (નાટકોમાં તે લીલી હાર્લે તરીકે ઓળખાતી) વ્યંગ નાટકોના કલાકારો. પિતા દારૂડિયા, ૧૯૦૧માં નાની વયે ગુજરી ગયા. પુત્ર ચાર્લીનું નામ પણ ચાર્લ્સ જ હતું. ચાર્લી નાના હતા ત્યારે જ પિતાએ બીજાં લગ્ન કરી લીધાં હતાં. ચાર્લી પિતાના પ્રેમથી વંચિત રહ્યા હતા. નવી માતા ખૂબ ભલી અને સ્વમાની હતી. પણ ઘરની હાલત અતિ ખરાબ. કમાણી નજીવી. બે સંતાનોનું પાલન કરવું ભારે પડે. ચાર્લીના ઓરમાન ભાઈ સિડની, હેનાના અગાઉના પતિ સિડની હોક્સનું સંતાન હતો. હેનાનું ગળું ખરાબ થઈ જતાં કામકાજ મળે નહીં. ભૂખમરાના લીધે તે માનસિક અસ્થિરતાનો ભોગ બની. અવારનવાર ધર્માદા ઇસ્પિતાલના ધક્કા ખાધા કરતી. એ પહેલી વાર ગાંડાની ઇસ્પિતાલમાં ગઈ તે સમયને યાદ કરતાં હેના, નાનકડા ચાર્લીને કહેતી કે, “ક્યાંયથી પણ તું મારા માટે ચાનો એક પ્યાલો પણ લાવી શક્યો હોત તો હું આમ ગાંડી ન થઈ જાત!” આ વાતને ચેપ્લિન જંદિગીભર ભૂલી નહોતા શક્યા. માતાને મદદ કરવા માટે પાંચ વર્ષની કુમળી વયમાં ચાર્લી તખ્તા પર આવી ગયા, ફાવી પણ ગયા. પ્રેક્ષકો આ ભૂલકા પર આફરીન હતા. આઠ વર્ષની ઉંમરે ચાર્લી નાટકમંડળીમાં અભિનય કરતા થયા, અને થોડા જ સમયમાં ઇંગ્લૅન્ડના સૌથી લોકપ્રિય બાળકલાકાર થઈ ગયા. પણ ગરીબાઈએ હજી પીછો છોડ્યો નહોતો. માતાની તબિયત ખરાબ. બેઉ ભાઈઓને અનાથાશ્રમમાં રહેવું પડે. ચાર્લી શાળામાં ફક્ત બે જ વર્ષ જઈ શક્યા. માતાની તબિયત જ્યારે સારી હોય ત્યારે ભૂખમરામાં પણ બાળકોને લાડ લડાવતી. દરમિયાન પેટિયું રળવા માટે ચાર્લીને હજામના મદદનીશ તરીકે, ઝાડુ વાળનાર તરીકે, પટાવાળા તરીકે, છાપખાનાના કારીગર તરીકે, છાપાના ફેરિયા તરીકે, કઠિયારાના મદદનીશ તરીકે, રમકડાં વેચનાર તરીકે, એવાં અવનવાં કામો કરવા પડ્યાં હતાં.

૧૯૦૩થી ૧૯૦૬ દરમિયાન ‘શેરલોક હોમ્સ’ નાટકમાં અભિનય

કરવાની તક ચાર્લીને મળી. તે પછી તે એક સરકસમાં મૂક અભિનેતા તરીકે જોડાયા. અને પાછા નાટક કે વિવિધ મનોરંજન પીરસતી મંડળીઓમાં જોડાઈ ગયા. અને અહીં જ તેમણે રમૂજી મૂક અભિનયની પોતાની આગવી શૈલી વિકસાવી. ૧૯૦૭માં કાર્નો પૅન્ટોમાઇમ મંડળીમાં જોડાયા અને પ્રથમ વાર ૧૯૧૦માં અમેરિકા અને કૅનેડાનો પ્રવાસ કર્યો. ૧૯૧૩માં એડમ કૅસેલ સાથે કોન્ટ્રેક્ટ કર્યો. ન્યૂ યોર્કની કીસ્ટોન ફિલ્મ સ્ટુડિયોમાં કૅસેલ ભાગીદાર હતા. ચૅપ્લિનનો પગાર અઠવાડિયાનો ૧૨૫ ડોલર નક્કી કરાયો, જે વધીને તરત ૧૫૦ ડોલર થયો. તેમણે કીસ્ટોન માટે ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું. ૧૯૧૫માં ચૅપ્લિન પ્રથમ વાર ટ્રૅમ્પ તરીકે 'ધ ટ્રૅમ્પ' ફિલ્મમાં રજૂ થયા. બેઘર, નિઃસહાય અને તદ્દન એકલો અટૂલો ટ્રૅમ્પ એટલે મુફલિસ.

હવે ચૅપ્લિને પોતાના 'ટ્રૅરમ્પ'ની શોધ કરી લીધી હતી. ઠીંગણો, અંગ મરોડતો, નાનકડી કાળી મૂછોવાળો; ટૂંકો સાંકડો કોટ, લઘરવઘર પાટલૂન, બબૂચક જેવા જોડા પહેરતો અને પૅન્ગ્વિન પક્ષી જેવી ચાલ ચાલતો ચૅપ્લિનનો રમૂજી 'ટ્રૅમ્પ', રખડુ મુફલિસ હવે જગતમાં અમર થઈ જવાનો હતો.

બાળપણમાં જોયેલી ગરીબાઈએ ચૅપ્લિનને પોતાની આગવી અભિનયશૈલી સર્જવા માટે પ્રેરણા આપી. ચૅપ્લિને આગવો કરુણરસ સર્જ્યો અને પોતાની મનોવેદનાને પ્રગટ કરવા તેમણે આપણને સૌને હસાવ્યાં. કદાચ રડાવ્યાં તોપણ હસાવીને! આજે પણ તેમની 'ધ ગોલ્ડ રશ', 'ધ કિડ' અને 'સિટી લાઇટ્સ' જેવી મૂક ફિલ્મો જીવંત અને રસપ્રદ રહી છે.

'ધ ગોલ્ડ રશ' ફિલ્મના એક દૃશ્યમાં ભૂખે મરતો ચાર્લી પોતાનાં ખાસડાં બાફીને પ્રેમથી ખાય છે. બૂટની દોરી તો એમ ખાય છે કે જાણે સ્વાદિષ્ટ મીઠી સેવ ખાતો હોય! અને બૂટના તળિયામાંની ખીલીઓ ચૂંટીને એવી રીતે ચૂસે છે કે જાણે મરઘીનાં મસાલા ભરેલાં હાડકાં ચૂસતો હોય! ચાર્લીની સાથે તેનો જાડોપાડો સાથી પણ છે, પણ તેને બાફેલાં ખાસડાં ગળે ઊતરે નહીં. અને તેનો જઠરાગ્નિ ભડકે બળતાં,

તેને ચાર્લી પોતે મરઘા જેવો દેખાય છે-, ત્યારે ને ત્યારે કાચો ને કાચો ભૂખ ભાંગી નાંખે તેવો મરઘો! અને પછી લાકડાની જે કૅબિનમાં તે બેઉ બેઠા છે તે વાવાઝોડામાં સપડાઈને પર્વતની ધાર પર પડુંપડું થાય છે. પણ બહાર શું થઈ રહ્યું છે તેનું આ બેઉને ભાન નથી. કૅબિન અસમતોલ થતાં એમને એવું લાગે છે જાણે ખાસડાં ખાવાથી પેટમાં તોફાન મચ્યું છે! કૅબિન ધાર પર લટકીને નીચે પડે છે તે પહેલાં ટ્રૅમ્પ બહાર આવી ગયો હોય છે. સર્વત્ર બરફ છવાયેલો છે. જોનારાના જીવ અધ્ધર થઈ જાય અને સાથે હસી હસીને લોથપોથ પણ થઈ જવાય.

૧૯૩૧માં ચાર્લીએ ‘સિટી લાઇટ્સ’ ફિલ્મ બનાવી ત્યારે મૂક ફિલ્મોનો જમાનો લગભગ ખતમ થવા આવ્યો હતો. જગતની પહેલી બોલતી ફીચર ફિલ્મ ‘ધ જૅઝ સંગિર’ ૧૯૨૭માં બની ગયેલી. અને હવે બધા ફિલ્મનિર્માતાઓને બોલપટની ઘેલછા લાગી હતી. પણ બોલપટ આવ્યા પછી તેર તેર વર્ષો સુધી ચૅપ્લિને મૂક ફિલ્મો બનાવવાનું જ જારી રાખ્યું.

‘સિટી લાઇટ્સ’ના પ્રથમ દશ્યમાં આપણે શાંતિ, સમૃદ્ધિ અને સ્વાધીનતાને સમર્પણ એવી ત્રણ મોટી પ્રતિમાઓનું, હજારો નાગરિકોના હર્ષોલ્લાસ અને તાળીઓના ગડગડાટ વચ્ચે શહેરના ચોકમાં ઉદ્‌ઘાટન થતું જોઈએ છીએ. પણ જ્યારે પ્રતિમાઓ ખુલ્લી મુકાય છે ત્યારે સમૃદ્ધિની પ્રતિમાના ખોળામાં એક ગરીબ માણસ સૂતેલો દેખાય છે. ‘દેશની સમૃદ્ધિના આરસપૂતળાને ખોળે એક ચીંથરેહાલ, બદસિકલ, બાઘો, બેકાર માનવી ટૂંટિયું વાળીને ઘોરતો પડ્યો છે.’ (ઝવેરચંદ મેઘાણીના ‘પ્રતિમાઓ’ પુસ્તકમાં આ ફિલ્મનું મેઘાણીએ તેમના શબ્દોમાં વાર્તારૂપે અનેરું વર્ણન કર્યું છે.) ચૅપ્લિનની બધી ફિલ્મો પૈકી ‘સિટી લાઇટ્સ’ તેમની ખૂબ પ્યારી ફિલ્મ રહી છે. ચૅપ્લિનના ટ્રૅમ્પની સમસ્ત કારકિર્દીમાં ‘સિટી લાઇટ્સ’ એક એવી ફિલ્મ છે જેમાં તે એક પ્રકારના સંતપણાને પામે છે.

[‘ચાર્લી ચૅપ્લિન’ પુસ્તિકા: ૨૦૦૩]

# અમૃત મોદી

## એક જ વાર...

લેનિનગ્રાડ શહેરનો એક કારીગર પોતાના રાષ્ટ્રપિતા લેનિનના જીવનનો આ પ્રસંગ નોંધે છે:

એક દિવસ મોસ્કોના ક્રેમલિન વિસ્તારમાં હું દાઢી કરાવવા એક દુકાનમાં દાખલ થયો. ઓચિંતાના લેનિન પણ ત્યાં આવ્યા. એમને આવકારવા અમે બધા ઊભા થઈ ગયા.

“કેમ છો, વ્લાદીમીર ઈલિચ?” એમને આવકારતાં અમે બોલ્યા.

“તમે કેમ છો, બિરાદરો?” એમણે વળતો વિવેક કર્યો. પછી, પોતાનો વારો આવે ત્યાં સુધી રાહ જોતા એ સામયિકો વાંચવા લાગ્યા.

એક ખુરશી ખાલી પડી. અને કારીગરે વારા પહેલાં જ લેનિનને ત્યાં બેસવાની વિનંતી કરી.

“તમારો આભાર!” એ બોલ્યા, પણ બેઠા હતા ત્યાંથી ઊભા ન થયા. પછી કહ્યું, “આપણે વ્યવસ્થા જાળવવી જોઈએ. દરેકે પોતાના વારા પ્રમાણે જ ઊઠવું જોઈએ. નિયમો તો આપણે જાતે જ ઘડીએ છીએ, તો પછી એને કેમ તોડી શકાય?”

અમે આગ્રહ કરવા લાગ્યા, “તમારે તો ખૂબ કામ રહેતું હોય, વ્લાદીમીર ઈલિચ! અને અમને બે ઘડી ખોટી થવામાં વાંધો નથી.”

પણ એ ન જ ઊઠ્યા. અમે પણ બેસી રહ્યા. અમે છ જણ હતા, પણ કોઈ હાલ્યુંચાલ્યું નહીં.

આખરે, અમારી લાગણી દુભાશે એ બીકે, લેનિન અમારો ખૂબ આભાર માનીને ખાલી ખુરશી પર બેસી ગયા. એમની દાઢી થઈ જતાં સૌને “આવજો!” કહીને ચાલતા થયા.

આખી જિંદગીમાં એ એક જ વાર હું લેનિનને મળ્યો છું. પણ

એ દૃશ્ય હું કદી ભૂલી શક્યો નથી.

## "વડો પ્રધાન છું છતાંય..."

"વાહ! આ સાડીઓ તો બહુ સરસ છે. શી કિંમત છે?"

"જી, આ આઠસોની છે, અને આ હજાર રૂપિયાની."

"ઓહો! એ તો બહુ કિંમતી કહેવાય. એનાથી સસ્તી બતાવશો મને?"

"તો આ જુઓ પાંચસોની અને આ ચારસોની છે."

"અરે ભાઈ, એ પણ કિંમતી ગણાય. કાંઈક ઓછી કિંમતની બતાવો, તો મારા જેવા ગરીબને પોસાય!"

"વાહ સરકાર—એવું શું બોલો છો? આપ તો અમારા વડા પ્રધાન છો—ગરીબ શાના? અને આ સાડીઓ તો આપને અમારે ભેટ આપવાની છે."

"ના, મારા ભાઈ, એ ભેટ હું ન લઈ શકું."

"કેમ વળી? અમારા વડા પ્રધાનને કાંઈક ભેટ ધરવાનો શું અમને અધિકાર નથી?"

"હું ભલે વડો પ્રધાન હોઉં, પણ તેનો અર્થ એ નહીં કે જે ચીજ હું ખરીદી ન શકું તેમ હોઉં, તે ભેટરૂપે લઉં. વડો પ્રધાન છું તે છતાંય હું છું તો ગરીબ જ. મારી હેસિયત પ્રમાણેની સાડીઓ જ હું ખરીદવા માગું છું. માટે ઓછી કિંમતવાળી સાડીઓ મને બતાવો."

રેશમના કારખાનાવાળાની બધી વિનવણીઓ નકામી ગઈ. આખરે લાચાર થઈને એને સસ્તી સાડીઓ બતાવવી પડી. અને એમાંથી ગરીબ ભારતના વડા પ્રધાન લાલ બહાદુરજીએ પોતાના પરિવાર માટે જોઈતી સાડીઓ ખરીદ કરી.

['ભૂમિપુત્ર' દસવારિક: ૧૯૭૦]

# અમૃતલાલ વેગડ

## અમારે આંગણે સારસ્વતો

ભોળાભાઈ પટેલ કુટુંબ સાથે મધ્ય પ્રદેશના કાન્હા-કિસલી, ભેડાઘાટ (જબલપુર) અને પંચમઢીના પ્રવાસે નીકળ્યા હતા. કાન્હા-કિસલીનું અભયારણ્ય જોઈને જબલપુર આવ્યા. ભેડાઘાટ જતાં કાન્તાને અને મને સાથે લીધાં. જતાં જ બોટિંગ માટે મધુભાઈએ એક આખી નાવ લઈ લીધી. મધુભાઈ, ભોળાભાઈના પુત્ર તેમ જ મિત્રા, મળતાવડા ને વિનોદી. અન્ય સભ્યો પણ એટલાં જ પ્રેમાળ. એથી અમે એ કુટુંબમાં દૂધમાં પાણીની જેમ (સાકર તો કેમ કહું?) ભળી ગયાં.

નૌકાવિહાર કર્યા પછી ઘેર પહોંચતાં અંધારું થઈ ગયું. બીજે દિવસે બધાં અમારે ઘેર આવ્યાં. પુત્રો, પુત્રવધૂઓ, પુત્રી અને પૌત્ર-પૌત્રીઓ વચ્ચે ‘કુલપતિ’ જેવા શોભતા ભોળાભાઈને જોઈને થયું કે બીજાઓ પણ આવી રીતે બૃહદ્ કુટુંબ સાથે પ્રવાસે નીકળતા હોય તો કેવું સારું!

કાલે નૌકાવિહાર કરતી વેળા ભોળાભાઈએ ઉમાશંકરભાઈના એક કાવ્યને યાદ કરેલું જે એમણે અહીંની નર્મદાને જોઈને લખેલું.

જૂનાં સ્મરણો તાજાં થયાં. ૧૯૪૭માં મારું અમદાવાદ જવાનું થયેલું. ઉમાશંકરભાઈને મળવા ગયો. ભાવથી મળ્યા. મને કહે કે, તમે જબલપુર રહો છો તો મારું એક કામ કરો. અમે કાકા કાલેલકર અભિનંદન ગ્રંથ બહાર પાડવાના છીએ. કાકાસાહેબ સિવનીની જેલમાં રહેલા. એમની સાથે સુભદ્રાકુમારી ચૌહાનના પતિ લક્ષ્મણસિંહ ચૌહાન પણ હતા. તમે એમની પાસેથી કાકાસાહેબનાં સંસ્મરણો લખાવીને અને ગુજરાતી અનુવાદ કરીને મને મોકલી આપો. ડિસેંબર ’૪૯માં એ શાંતિનિકેતન આવેલા ત્યારે અમે ફરી મળ્યા. જબલપુર એમનું બે વાર આવવાનું થયેલું. બંને વાર અમારે ઘેર આવેલા.

એક વાર સુન્દરમ્ આવેલા. એમને પણ હું અમારે ઘેર લઈ

આવેલો. તે દિવસની નોંધ આજેય મારી પાસે છે: ૧૮-૧-૭૫:

'આજે કવિ સુન્દરમ્ આવેલા. એમણે કહ્યું કે માણસના જીવનમાં માત્ર વિસ્તાર પૂરતો નથી, એમાં ઊંડાણ પણ હોવું જોઈએ. માનવજીવન ઊર્ધ્વગામી હોવું જોઈએ. આમ ચારે દિશામાં એની ગતિ હોવી જોઈએ. ઉપર ઊઠવું અઘરું છે. એમાં પ્રયત્ન કરવો પડે, સાધના કરવી પડે. પણ જો તમે સાચા મનથી સાધના કરો, તો તમને ઈશ્વરની પ્રાપ્તિ થાય. અને આપણા જીવનમાં સૌથી મોટી પ્રાપ્તિ શી? ધન-વૈભવની? કીર્તિની? ના, ઈશ્વરની.' અને હમણાં—ઉમાશંકરભાઈના આવ્યા પછી વીસેક વર્ષે—આવ્યા ભોળાભાઈ. જતી વેળા મધુભાઈ કહે, 'ભલે બે દિવસ માટે પણ હું તમારી જોડે પરિક્રમામાં જરૂર ચાલીશ.' પછી મધુભાઈનાં પત્ની કાન્તાને કહે, 'થાય છે કે કોઈ વાર આવીને તમારે ત્યાં અઠવાડિયું રહું.' હવે અમે એમની પાસે કોઈ લખતબખત તો કરાવ્યું નથી. જોઈએ, વચન પાળે છે કે કેમ! ગુજરાતના આ સરસ્વતી-પુત્રોના આગમનથી અમારું ઘર પાવન થયું. અન્ય સારસ્વતોની રાહ જોઈએ છીએ. અમે ચાહીએ છીએ કે તેઓ ઝટઝટ આવે. વચ્ચે ૨૦ વર્ષનો જે ગાળો ખાલી ગયો, એની ભરપાઈ પણ થવી જોઈએ ને!

બીજા કયા સારસ્વતો અમારે ત્યાં આવ્યા હોત તો અમે ધન્યતાનો અનુભવ કર્યો હોત? મારું પુસ્તક 'પરિક્રમા નર્મદા મૈયાની' મેં ત્રણ મનીષીઓને અર્પણ કર્યું છે—કાકા કાલેલકર, ઝવેરચંદ મેઘાણી અને બચુભાઈ રાવત. સ્વાભાવિક જ જો એમની ચરણરજ અમારે ત્યાં પડી હોત, તો અમે પોતાને બડભાગી સમજત.

કાકાસાહેબ મારા પ્રિય લેખક. જ્યારે હું શાંતિનિકેતન ભણવા ગયેલો ત્યારે એમનું પુસ્તક 'લોકમાતા' સાથે લઈ ગયેલો. એમને વાંચવાથી જાણે કે હજારો વર્ષોનો વારસો આપણને મળે છે. એમની ભીતર વિચારક, કવિ, આલોચક, શિક્ષક, સુધારક એક સાથે કામ કરે છે. એમનાં લખાણોમાં વિદ્યાર્થીઓથી લઈને યુનિવર્સિટીના મોટા વિદ્વાનો સુધી સૌને પોતપોતાનું પ્રાપ્ય મળી રહે છે. મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર'નાં પુસ્તકો મેં કોણ જાણે કેટલીય વાર વાંચ્યાં હશે. મેઘાણીએ

અતીતને ખોદીને બહાર કાઢ્યું, એમાં પ્રાણ પૂર્યા ને આપણી સમક્ષ જીવતુંજાગતું ખડું કરી દીધું. ‘રસધાર’માં લોકકથા અને જીવન, કલ્પના અને યથાર્થ ઓગળીને એકરૂપ, એકરંગ થઈ ગયાં છે.

સ્વામી આનંદનો પણ હું પરમ ભક્ત. ‘ધરતીની આરતી’માં એમણે જે નિર્મમ ઇમાનદારીથી અને સૂક્ષ્મતાથી એમનાં પાત્રોનું વર્ણન કર્યું છે, એથી એ માત્ર અમુક પાત્રોની વ્યથા-કથા ન રહેતાં એક મહાગાથા બને છે.

‘લોકમાતા’ જ્યારે પણ વાંચું ત્યારે થાય કે આમાં પ્રાચીન સંદર્ભો અને સંસ્કૃત શ્લોકોની ભરમાર ઓછી હોત તો! તેમ જ ‘ધરતીની આરતી’માં તળપદા શબ્દો ને તળપદી બોલીની દેમાર જરા ઓછી હોત તો! જ્યારે મેઘાણીની ‘રસધાર’ની ભાષા આ બંને છેડા વચ્ચે રહીને કેવી તો સમથળ વહે છે!

જ્યારે પણ અમદાવાદ જવાનું થતું ત્યારે બચુભાઈને મળવા ‘કુમાર’ કાર્યાલય જરૂર જતો. ચહેરાથી ન ઓળખી શકતા, પણ જેવું નામ કહું એટલે તરત કહેશે, ‘ઓહો, તમારા તો મોતીના દાણા જેવા અક્ષર!’ (મોતી તો ચાલ્યાં ગયા, દાણા રહી ગયા છે.)

એક હોય છે માસ્ટર કી, એનાથી બધાં તાળાં ખૂલી જાય. બચુભાઈ એવા જ હતા—બહુમુખી પ્રતિભાવાળા વિરલ વ્યક્તિ. કવિતા, કળા, સાહિત્ય, સંપાદન, મુદ્રણ, પત્રલેખન, બધાંમાં ઉત્કૃષ્ટ. ગુજરાતીમાં મારો પહેલો લેખ ‘આતિથ્ય’ ઑગસ્ટ ૧૯૫૩માં ‘કુમાર’માં પ્રસિદ્ધ થયેલો.

પ્રથમ ‘પરિક્રમા’ પુસ્તકની અત્યંત પ્રાસાદિક પ્રસ્તાવના વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખેલી—કોઈ પણ જાતના પરિચય વિના. હું એમને રૂબરૂ ક્યારેય મળી ન શક્યો. પરંતુ પત્ની કાન્તા, પુત્ર શરદ અને પુત્રવધૂ અર્ચના એમને ઘેર ગયેલાં. શરદે જેવું મારું નામ કહ્યું એટલે મારી પત્ની ભણી જોઈને બોલ્યા : “તમે તો કાન્તાબહેન ને!” પાસે જ ‘પરિક્રમા’ના લેખો હતા એ બતાવીને કહે, “ખૂબ સરસ લખ્યું છે. અવારનવાર વાંચ્યું. જ્યારે થાકું ત્યારે વાંચું.” એમના જ શિષ્ય અને મોટા ગજાના

કવિ જયંત પાઠકની પણ મારા પર એવી જ અમીનજર હતી. એમને પણ ક્યારેય મળી ન શક્યો. ‘સૌરાષ્ટ્ર સમાચાર’ અખબારે પુસ્તક વર્ષ નિમિત્તે કેટલાક વરિષ્ઠ સાહિત્યકારો પાસેથી એમને પ્રભાવિત કરી ગયેલા કોઈ એક પુસ્તક વિશે મિતાક્ષરી અભિપ્રાય મંગાવેલા. જયંતભાઈએ મારા પુસ્તક ‘સૌંદર્યની નદી નર્મદા’નું નામ આપેલું ને રસદર્શન પણ કરાવેલું; એમાંથી એક વાક્ય: “પુસ્તકમાં માત્ર નદીનું જ સૌંદર્ય નથી ઊતર્યું, ભારતવર્ષનું ભાતીગળ સૌંદર્ય પણ કંડારાયું છે.” આવો જ સુંદર અભિપ્રાય એમણે મારા પુસ્તક ‘થોડું સોનું, થોડું રૂપું’ વિશે લખી મોકલેલો: “તમારા પુસ્તકમાં સર્વત્ર તમારી શૈલીની રસાળતા, પ્રાસાદિકતા ને હળવાશ જોવા મળે છે. આખું પુસ્તક એક કલાકારના સર્જક કર્મનું સુભગ પરિણામ છે.”

કાકા કાલેલકર, ઝવેરચંદ મેઘાણી, બચુભાઈ રાવત, સ્વામી આનંદ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને જયંત પાઠકની ચરણરજ અમારે ઘેર પડી હોત તો એ અમારા માટે આનંદ તેમ જ ગર્વનો વિષય હોત. વર્તમાનનાં કોઈ પણ લેખક કલાકાર અમારે ત્યાં આવશે તો એથી અમારા ઘરની રોનક વધશે. બહુ મોડું ન કરવા વિનંતી. ક્યાંક એવું ન થાય કે અમારા ઘરના સભ્યો એમને કહે કે, તમે ભલે આવ્યા, તમારું સ્વાગત છે—પણ અમૃતભાઈ તો હવે ન રહ્યા!

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિક: ૨૦૦૪]

# દાંડીકૂચ અને નંદબાબુની કલા

૧૯૩૦ના માર્ચની બીજી તારીખે ગાંધીજીએ વાઇસરોયને એક પત્ર લખીને કેટલાંક અનિષ્ટો દૂર કરવા માટે વિનંતી કરી. સાથે એમ પણ લખ્યું કે, “જો આનો સંતોષજનક જવાબ નહીં આવે તો પછી માર્ચની ૧૨મીએ મારા સાથીઓને લઈને મીઠાના કાયદાનો ભંગ કરવા હું દાંડી માટે ઊપડીશ.” એ મુજબ ૧૨મી માર્ચની વહેલી સવારે સાબરમતી

આશ્રમથી ગાંધીજી એમના ૭૮ સત્યાગ્રહીઓ જોડે દાંડી માટે પગપાળા નીકળી પડ્યા. આમ એમની ઐતિહાસિક ‘દાંડીકૂચ’નો આરંભ થયો. સરઘસને મોખરે ૬૧ વર્ષના ગાંધીજી તેજ કદમે ચાલતા હતા.

આ કૂચને સ્મરણાંકિત કરતું, હાથમાં લાઠી લઈને દઢ અને મક્કમ પગલે આગળ વધતા ગાંધીજીનું કલાકાર નંદલાલ બોઝે બનાવેલું લિનોકટ વિશ્વપ્રસિદ્ધ થયું. એમાં ગાંધીજી કેવા તો વિરાટ લાગે છે! ગણતરીની બળૂકી રેખાઓમાં ઉપસાવેલા આ લિનોકટમાં ગાંધીજીનો અદમ્ય આત્મા જે અદ્ભુત રીતે વ્યક્ત થયો છે, એ જ એની અપાર લોકપ્રિયતાનું કારણ છે. કળાની દૃષ્ટિએ પણ આ એક અમર કૃતિ છે. એ હજારો વાર છપાયું, છપાતું જ રહે છે, અને દુનિયાના કેટલાય દેશોની ટપાલટિકિટોમાં પણ સ્થાન પામ્યું છે.

૨૫ દિવસ બાદ ૨૪૦ માઇલ (૩૮૦ કિલોમીટર)ની પદયાત્રા કરીને ગાંધીજી ૫મી એપ્રિલે દાંડી પહોંચ્યા; ૬ઠ્ઠી એપ્રિલે સવારની પ્રાર્થના પછી પોતાના સ્વયંસેવકોને દરિયાકિનારે લઈ ગયા અને ત્યાંથી મીઠું ઉપાડીને સરકારના જુલમી કાયદાનો ભંગ કર્યો.

દાંડીના દરિયાકિનારે મીઠું ઉપાડતા ગાંધીજી તથા એમના અનુયાયીઓનો એક અદ્ભુત સ્કેચ નંદબાબુએ બનાવેલો. દરિયાનાં ઊછળતાં મોજાં જાણે લોકમાનસમાં આવેલા જુવાળનાં પ્રતીક ન હોય! સ્કેચના ડાબે ખૂણે હોવા છતાં સ્કેચના કેન્દ્રમાં ગાંધીજી જ છે. એમના દાંડીકૂચના લિનોકટ જેટલો આ સ્કેચ વિખ્યાત નથી થયો, કેમ કે એ બનાવીને એમણે મારા સહાધ્યાયી સુખેન ગાંગુલીને આપી દીધેલો. એના પરથી સુખેને જબલપુરના શહીદ સ્મારક માટે સરસ મોટું મ્યુરલ બનાવ્યું. સ્કેચ એની પાસે જ રહ્યો.

['દિવ્ય ભાસ્કર' દૈનિકઃ ૨૦૦૫]

# અહિંસાને યુદ્ધના મેદાનમાં લઈ આવનાર

કોઈ પણ દેશનો ઇતિહાસ એટલે મોટે ભાગે ત્યાંના રાજાઓનો ઇતિહાસ. રાજાઓ એકબીજા ઉપર આક્રમણ કરતા રહેતા, એથી યુદ્ધો ચાલ્યાં જ કરતાં. આમ ઇતિહાસ એટલે મુખ્યત્વે હિંસાનો ઇતિહાસ.

પરંતુ જો માનવજાતિ માત્ર હિંસામાં જ મશગૂલ રહી હોત તો દુનિયાનો ક્યારનો નાશ થઈ ગયો હોત. દુનિયા બચી શકી છે એનું કારણ એ છે કે હિંસાની સાથે સાથે અહિંસા પણ બરાબર રહી છે. જેમ હિંસાનો ઇતિહાસ છે તેમ અહિંસાનો પણ ઇતિહાસ છે. અહિંસાના ઉદ્ભવની વાત કરવી હોય તો કૃષ્ણથી જ કરવી જોઈએ. મહાભારતનું યુદ્ધ ટાળવા એમણે ભરચક કોશિશ કરી, પાંડવોના દૂત બનીને કૌરવસભામાં ગયા, પરંતુ દુર્યોધનના હઠાગ્રહને લીધે યુદ્ધ ટાળી ન શકાયું. પોતાની વિશાળ સેના કૌરવોને આપી અને પોતે પાંડવોની સાથે રહ્યા. પરંતુ શરત એ રાખી કે, હું શસ્ત્ર નહીં ઉપાડું.

આમ કહીને આજથી પાંચ હજાર વર્ષ પહેલાં કૃષ્ણે દુનિયાને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો—હિંસા ભલે અનિવાર્ય હોય, પરંતુ શ્રેષ્ઠ તો અહિંસા જ છે. મહાભારતનું યુદ્ધ અનિવાર્ય બની ગયું છે, એક આવશ્યક અનિષ્ટ તરીકે એને સ્વીકાર્યે જ છૂટકો, પરંતુ હિંસામાં કોઈનુંય ભલું નથી; એથી આ હિંસામાં હું તો સામેલ નહીં થાઉં.

યુદ્ધના અંતે પાંડવોનો વિજય તો થાય છે, પરંતુ ભીષણ માનવ-સંહારને જોઈને યુધિષ્ઠિર બે વાર કહે છે કે આ જય તો પરાજય જેવો છે. યુધિષ્ઠિરના મુખમાં આ શબ્દો મૂકીને વ્યાસે યુદ્ધની—એટલે કે હિંસાની નિરર્થકતા જ દર્શાવી છે.

કૃષ્ણ પછી ઘણાં વર્ષે આવ્યા બુદ્ધ અને મહાવીર. બંને સમકાલીન. એમણે તથા એમના દ્વારા સ્થાપિત બૌદ્ધ તથા જૈન ધર્મે અહિંસાની જ પ્રતિષ્ઠા કરી. કલિંગ યુદ્ધમાં થયેલો નરસંહાર જોઈને અશોકનો હિંસામાંથી વિશ્વાસ ઊઠી ગયો. એણે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. અહિંસા જૈન ધર્મનો તો પ્રાણ છે. તે સિવાય હજારો સાધુ-સંતોએ પણ અહિંસાનો

જ મહિમા કર્યો છે.

છેલ્લે આવ્યા ગાંધી. ગાંધીની સાથે અહિંસાએ હરણફાળ ભરી. જ્યાં સુધી ગાંધી નહોતા આવ્યા, ત્યાં સુધી અહિંસા વ્યકિતગત મોક્ષ પ્રાપ્ત કરવા માટે હતી. ગાંધીએ કહ્યું કે સત્ય અને અહિંસા માત્ર વ્યકિતગત જીવનમાં જ અભીષ્ટ નથી, બલકે સમૂહમાં, સામૂહિક લડાઈમાં પણ, એ એટલી જ આવશ્યક છે. સત્ય-અહિંસાનો ઉપયોગ શસ્ત્રની જેમ પણ થઈ શકે છે. હિંસાનાં હથિયારો કરતાં એ વધુ શકિતશાળી હથિયાર છે. આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ કરેલા અહિંસાના અર્થ કરતાં એના વ્યાપક વિસ્તારમાં ગાંધીજીની અહિંસા ઘણી આગળ છે. એને એમણે કોટિ-જન-વ્યાપી આંદોલનનું રૂપ આપ્યું. એને યુદ્ધના મેદાનમાં ઉતારી અને એનો ઉપયોગ એક વિશાળ દેશની આઝાદી પ્રાપ્ત કરવા માટે કર્યો.

આપણે ફરી કુરુક્ષેત્ર જઈએ. કૃષ્ણ—જેમના નેતૃત્વ હેઠળ પાંડવો યુદ્ધ લડી રહ્યા હતા—એમણે શસ્ત્ર ન ઉપાડ્યું એ ખરું, પરંતુ સમસ્ત પાંડવસેનાએ તો શસ્ત્ર ઉપાડ્યાં જ હતાં. ધારો કે કૃષ્ણે કહ્યું હોત: “મારા હાથમાં શસ્ત્ર નથી, તેમ અર્જુન અને ભીમના હાથમાં પણ કોઈ શસ્ત્ર નથી. અમારી સમસ્ત સેના નિઃશસ્ત્ર છે. પિતામહ ભીષ્મ, ગુરુ દ્રોણાચાર્ય, ચલાવો બાણ! અમે અહીં મારવા નહીં પણ મરવા આવ્યા છીએ. અમે તમારા અન્યાય આગળ ઝૂકશું નહીં, પૂરી તાકાતથી એનો વિરોધ કરશું. પણ વિરોધ અમે હિંસાથી નહીં, અહિંસાથી કરશું. શસ્ત્ર ઉઠાવવું તો દૂર, તમારે માટે અમારા મનમાં પ્રેમ જ છે. અમે તમને પ્રેમથી જીતશું.”

કૃષ્ણે આવું નહોતું કહ્યું, પરંતુ ગાંધીએ કહ્યું—કહ્યું જ નહીં, કરીને બતાવ્યું. દુનિયાના સૌથી શકિતશાળી બ્રિટિશ સામ્રાજ્યને એમણે કહ્યું, “અમને ગુલામ બનાવવાનો તમને કોઈ અધિકાર નથી. તમારા આ અન્યાયનો અમે વિરોધ કરશું—પરંતુ હિંસાથી નહીં, સત્ય અને અહિંસાથી. તમે સુખેથી ગોળી ચલાવો, લાઠીચાર્જ કરો, અશ્રુગૅસ છોડો ને જેલમાં પૂરો. અમે તમને એક કડવું વેણ નહીં કહીએ. અમારા મનમાં

તમારે માટે ગુસ્સો, ચીડ, નફરત નહીં હોય; પ્રેમ જ હશે.”

સંસારમાં આવું ક્યારેય નહોતું થયું. ગાંધીએ અહિંસાનું ‘રાષ્ટ્રીયકરણ’ કર્યું. એમણે પહેલી વાર સત્ય અને અહિંસાનો મોટે પાયે સફળતાપૂર્વક પ્રયોગ કર્યો. પહેલી વાર આમજનતાનો અહિંસા જોડે ગાઢ સંબંધ બંધાયો. અહિંસા દ્વારા આ ગુલામ દેશને આઝાદ કરાવીને ગાંધીએ દુનિયાને અહિંસાની તાકાતનો પરિચય કરાવ્યો, શૂરવીરતાની નવી પરંપરા કાયમ કરી.

જેમ હિંસાએ પ્રગતિ કરી છે, તેમ અહિંસાએ પણ પ્રગતિ કરી છે. એ વ્યકિતગત અહિંસાથી આગળ વધીને સામૂહિક અહિંસા સુધી પહોંચી છે. સમસ્ત માનવજાતિ માટે આ સુખદ સંવાદ છે.

[‘દિવ્ય ભાસ્કર દૈનિક’: ૨૦૦૫]

# શાંતિનિકેતનની સ્મરણયાત્રા

અવનીન્દ્ર, રવીન્દ્ર અને નંદલાલ

નંદલાલને રેખા ને રંગ આકર્ષતાં. પરંતુ કુટુંબીજનોએ એમની ઇચ્છાની વિરુદ્ધ કોલેજમાં મૂક્યા. ભણવામાં ચિત્ત ચોંટે નહીં. ચિત્રો દોર્યા કરે. આથી કોલેજના પ્રથમ વર્ષમાં લાગટ બે વાર ફેલ થયા. આખરે એમણે કોલકાતાની સરકારી આર્ટ કોલેજમાં પ્રવેશ લઈ લીધો.

[રવીન્દ્રનાથના ભત્રીજા] અવનીન્દ્રનાથ ટાગોર વાઇસ પ્રિન્સિપાલ. નંદલાલનું કામ જોઈને ખૂબ ખુશ થતા. પરંતુ નંદલાલના સસરા એક દિવસ પહોંચી ગયા અવનીબાબુ પાસે ફરિયાદ લઈને. અવનીબાબુએ એમને સમજાવ્યા: “કળા પર જીવીને કુટુંબનું ભરણપોષણ થઈ શકે છે, તમે ચિંતા ન કરો. આજથી નંદની બધી જવાબદારી મારી.”

નંદલાલ હજી તો વિદ્યાર્થી હતા, ત્યારે એમણે બનાવેલું ‘સતી’ નામનું ચિત્ર જાપાનના એક પ્રતિષ્ઠિત કળા-માસિકમાં છપાયું અને ખૂબ વખણાયું. આમ એ વિદ્યાર્થીકાળથી જ પ્રસિદ્ધ થઈ ગયા. અવનીન્દ્ર

કહેતા કે, “નંદ તો મારો જમણો હાથ છે. મેં મારી પાસે કશું નથી રાખ્યું, બધું એને આપી દીધું છે.”

આર્ટ કોલેજમાંથી છુટ્ટા થયા બાદ અવનીન્દ્રનાથે [કોલકાતામાં] ટાગોરોના પૈતૃક નિવાસ ‘જોડાસાંકો’માં ‘ઇન્ડિયન સોસાયટી ઓફ ઓરિએન્ટલ આર્ટ’ની સ્થાપના કરી. નંદલાલનું ભણતર પૂરું થતાં જ એમણે એને આમાં લઈ લીધા. આર્ટ કોલેજમાં સારા પગારે મળતી નોકરી જતી કરીને નંદલાલે અવનીબાબુ પાસે ટૂંકા પગારની નોકરી સ્વીકારી. જોડાસાંકોમાં ગુણીજ્ઞાની લોકોનો મેળો લાગ્યો રહેતો. અહીં નંદલાલનો પરિચય ભગિની નિવેદિતા, જગદીશચંદ્ર બોઝ, આનંદ કુમાર સ્વામી, રામાનંદ ચેટરજી, અર્ધેન્દ્રકુમાર ગાંગુલી જેવા મનીષીઓ જોડે થયો. આ બધાં એમની કલાનાં પ્રશંસક બન્યાં.

રવીન્દ્રનાથ પણ નંદલાલનાં ચિત્રોના મોટા પ્રશંસક. એ જોકે શાંતિનિકેતન રહેતા, પણ એમનું કોલકાતા આવવાનું અવારનવાર થતું. એક વાર એમણે નંદલાલને કહ્યું, “તારાં ચિત્રો મને ખૂબ ગમે છે. હું ચાહું છું કે તું ‘ચયનિકા’ની થોડી કવિતાઓને ચિત્રિત કરી આપ.”

નંદલાલે સંકોચપૂર્વક કહ્યું, “કવિતા અંગેનું મારું જ્ઞાન એટલું ઓછું છે કે આ કાર્યનો સ્વીકાર કરતાં ખચકાઉં છું.”

“તું નથી જાણતો કે તું કેટલું બધું જાણે છે. જો, હું તને મારાં થોડાં કાવ્યો વાંચી સંભળાવું.” એ પછી રવીન્દ્રનાથે પોતાના સુરીલા સ્વરમાં થોડાં કાવ્યો સંભળાવ્યાં. કવિતા-પાઠ પૂરો થતાં તો નંદલાલ ભાવવિહ્‌વળ થઈ ગયા. એમણે હોંશે હોંશે એ કાવ્યોનાં સુંદર ચિત્રો દોરી આપ્યાં.

પરંતુ રવીન્દ્રનાથ તો નંદલાલને શાંતિનિકેતન લઈ જવા માગતા હતા. ત્યાંનું કલાભવન એમને સોંપીને નિશ્ચિંત થઈ જવા માગતા હતા. સાથે એ પણ જાણતા હતા કે અવનીન્દ્ર એને એટલો તો ચાહે છે કે એને પોતાનાથી અળગો નહીં થવા દે. એથી એમણે ધીરજથી કામ લેવા માંડ્યું. એમણે નંદલાલને શાંતિનિકેતન સહેજે જોવા આવવા માટે

કહ્યું. ૧૯૧૫માં નંદલાલ પહેલી વાર શાંતિનિકેતન ગયા. શાંતિનિકેતનના આમ્રકુંજમાં એક સમારોહમાં રવીન્દ્રે નંદલાલનું સ્વાગત કર્યું. ખાસ આ પ્રસંગ માટે એમણે નંદલાલ પર એક કાવ્ય લખ્યું હતું એ જાતે ગાઈ સંભળાવ્યું. (આની અંતિમ પંક્તિઓ છે: 'શિવજટા સમ થજો પીંછી તવ, ચિરરસ—નિષ્યન્દી!') નંદલાલનું હૃદય ઉલ્લાસ અને કૃતજ્ઞતાથી છલકાઈ ગયું.

આશ્રમના આ અણધાર્યા સ્વાગત બાદ, એ જ વર્ષે, કવિનું એમને બીજું આમંત્રણ મળ્યું. આ વેળા પૂર્વ બંગાળમાં આવેલી કવિની જમીનદારીમાં પદ્મા નદી પર કવિ સાથે એક મહિના સુધી હાઉસબોટમાં રહેવાનું હતું. બીજા કલાકારો પણ સાથે હતા. કવિ મહેમાનોની સગવડ સાચવવામાં જરાય કચાશ રહેવા ન દેતા. તેમ છતાં ક્ષમા-યાચનાના સ્વરમાં કહેતા, "જો રથીની મા જીવતી હોત, તો તમારી વધુ સારી દેખભાળ થાત."

નંદલાલને બંગાળનાં ગામડાંને નજીકથી જોવાનો અવસર મળ્યો. એમની સ્કેચબુકો ત્યાંનાં નાવિકો, હોડીઓ, પક્ષીઓ, પનિહારીઓ, ગ્રામીણો તથા પ્રાકૃતિક દૃશ્યોથી છલકાવા લાગી. વળી એમને રવીન્દ્રનાથને નજીકથી જોવાનો અવસર મળ્યો.

રવીન્દ્રનાથ શાંતિનિકેતન ચાલ્યા ગયા હતા છતાં એમણે જોડાસાંકોમાં 'વિચિત્રા' નામની સંસ્થા શરૂ કરી. આ સંસ્થા એક સમયે બંગાળના સાંસ્કૃતિક જીવનનું કેન્દ્રબિંદુ હતી. રવીન્દ્રનાથ ઇચ્છતા હતા કે એમના બે પ્રતિભાશાળી ભત્રીજાઓ—અવનીન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથ—જાપાન જઈને કંઈક નવું શીખી આવે. પરંતુ આ બંને કોલકાતા તો શું જોડાસાંકોય છોડવા તૈયાર નહોતા. આથી રવીન્દ્રનાથ જ્યારે જાપાન ગયા, ત્યારે ત્યાંથી થોડા સારા ચિત્રકારોને અહીં મોકલ્યા. એમનો સૌથી સારો લાભ નંદલાલે લીધો અને સુદૂર પૂર્વની કલા પ્રત્યે એમના મનમાં એક નવી રુચિ જાગી.

અવનીન્દ્રનાથની ઇન્ડિયન સોસાયટી ઓફ઼ ઓરિએન્ટલ આર્ટને બંગાળના એ વેળાના ગવર્નરે બહુ સારી ગ્રાન્ટ આપી. આથી સોસાયટીના

કાર્યનો ઘણો વિસ્તાર થયો. ગગનેન્દ્રનાથને આના ડાયરેક્ટર અને નંદલાલને પ્રમુખ કલાકાર નીમવામાં આવ્યા.

૧૯૧૯ની એક સાંજે જોડાસાંકોમાં નંદલાલ ચિત્ર દોરવામાં મગ્ન હતા. ત્યાં એમણે ખભા પર કોઈકના હાથના મૃદુ સ્પર્શનો અનુભવ કર્યો. જોયું તો રવીન્દ્રનાથ! અત્યંત સ્નેહાર્દ્ર સ્વરમાં રવીન્દ્રનાથે કહ્યું, “નંદ, તારે પણ અમારા શાંતિનિકેતનમાં આવી જવું જોઈએ. ત્યાં આવીને તું કલાભવનને તારા હાથમાં લઈ લે તો હું નિશ્ચિંત થઈ જાઉં.”

આ પહેલાંય એ દર શનિ-રવિએ શાંતિનિકેતન જઈને આશ્રમનાં બાળકોને કલાનું શિક્ષણ આપતા હતા. નંદલાલનું મન તો શાંતિનિકેતન જવા ઝંખી રહ્યું હતું. આથી સોસાયટીની સારા પગારની નોકરી છોડીને નંદલાલે શાંતિનિકેતનની માસિક સાઠ રૂપિયાની નોકરી લીધી. આમ ૧૯૨૧માં, ૪૦ વર્ષની વયે, નંદલાલ હંમેશને માટે શાંતિનિકેતન આવી ગયા. રવીન્દ્રનાથની અનેક વર્ષોની આકાંક્ષા પૂરી થઈ.

શાંતિનિકેતનથી નંદલાલના જીવનનો એક નવો અધ્યાય શરૂ થયો. અહીંના વાતાવરણમાંની પ્રકૃતિની લીલા, સંગીતના સૂરો, પક્ષીઓના કલરવ, હરિયાળાં ખેતરો, ખુલ્લાં મેદાનો, સાંથાલ આદિવાસીઓ—આ સર્વનો પ્રભાવ એમની કળા પર ઘેરો ને ઊંડો પડ્યો. એમનું હૃદય અહીંની શાંતિ સાથે એકાકાર થઈ જતું. આથી એમની કળાને અનુપમ વિસ્તાર મળ્યો. હવે એમનાં ચિત્રોમાં નવા નવા વિષયો આવ્યા, જેમકે ડુક્કર, ગધેડાં, કીડા-મંકોડા, વીંછી, સાંથાલો, ઋતુ-ઉત્સવો વગેરે. નંદબાબુ જ્યારે કોલકાતામાં હતા, ત્યારે એમણે મુખ્યત્વે દેવી-દેવતાઓનાં ચિત્રો બનાવેલાં. હવે કેમ જાણે નંદલાલ દેવપ્રયાગથી ગ્રામપ્રયાગ આવી ગયા!

૧૯૩૦માં રવીન્દ્રનાથ વિદેશ ગયા. સાથે પોતાનાં ચિત્રો પણ લઈ ગયેલા. પેરિસ, લંડન, બરમિંઘમ, બર્લિન, મોસ્કો તથા યુરોપનાં અન્ય નગરોમાં એ પ્રદર્શિત થયાં. કલાપારખુઓએ ચિત્રકાર તરીકે કવિનું જે સ્વાગત કર્યું, એ કલ્પનાતીત હતું. આનંદની આ ક્ષણોમાં કવિએ નંદલાલને યાદ કર્યા અને ઇંગ્લૅન્ડથી પત્ર લખ્યો:

નંદ, મારાં ચિત્રો શાંતિનિકેતનના કલાઆદર્શોને વિશ્વમંચ પર પ્રતિષ્ઠિત કરવામાં સમર્થ થયાં છે. ખરી રીતે તો આ ખ્યાતિનો બૃહત્ અંશ તારો છે. અનેક પ્રકારથી તેં મને પ્રેરિત કર્યો છે, મારું કાર્ય જારી રાખવા સદા ઉત્સાહિત કર્યો છે. કલાભવન માત્ર એક કલા વિદ્યાલય નથી, એ તારા જીવંત બલિદાનથી બનેલો પક્ષીનો માળો છે. કદાચ એના લીધે જ મારી સુકાયેલી ડાળ પર અચાનક ફળ બેઠાં છે. વાંસ વિશે તું જાણે જ છે કે એક લાંબા ગાળા પછી, પોતાના જીવનનો ખેલ સમાપ્ત કરતાં પહેલાં, કોઈક અપ્રત્યાશિત ક્ષણે, એ પોતાનું છેલ્લું ફૂલ ખીલવે છે. મારી આ જ સ્થિતિ છે. અસ્ત થતાં પહેલાં સૂર્ય દ્વારા પશ્ચિમ ક્ષિતિજ પર રંગનું પાત્ર ઢોળી દેવા જેવું છે આ.

ક્યારેક નંદલાલનું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ જતું કે ગુરુ અવનીન્દ્રનાથ અને ગુરુદેવ રવીન્દ્રનાથ બંને કેટલી હદ સુધી એને સ્નેહ કરે છે, એ કેવા તો ભાગ્યશાળી છે. પરંતુ નંદલાલને ખબર નહોતી કે એમને લગભગ આવો જ સ્નેહ હજી એક વ્યકિત પાસેથી મળવાનો હતો.

એ હતા મહાત્મા ગાંધી.

# અરુંધતી રોય

## અંધારી રાતે

પાકિસ્તાનથી આપણને જુદો પાડતો આપણો અલગ ચહેરો ભૂંસાઈ રહ્યો છે. આપણા પોતાના વિશે આદરને બદલે બીજાઓ તરફની નફરતથી આપણે આપણી ઓળખ ઊભી કરવા માગીએ છીએ. આપણે જે સ્વરૂપ ધારણ કરવાનું સપનું જોતા હતા, તે સર્વનો નાશ કરવા સંઘ-પરિવાર કટિબદ્ધ બન્યો છે. પરિણામે ફાસીવાદ રાજ્યના પ્રત્યેક અંગને પકડમાં લેશે. નાગરિકસ્વાતંત્ર્યો ઝૂંટવાતાં જશે. નાનામોટા અન્યાયો રોજના બનશે.

પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવી સંસ્થાઓ પર પ્રતિબંધ મૂકવાથી જ ઉકેલ નહીં આવે. લોકો સ્વેચ્છાથી કુવિચારો ત્યજે તેવી સ્થિતિ આપણે નિર્માણ કરવી જોઈશે. તે માટે જાહેર સંસ્થાઓ પર બાજ-નજરે તકેદારી રાખવી પડશે. કરતા—કારવતા પાસે હિસાબ માગતા રહેવું જોઈશે. કારમી ગરીબીમાં સબડતા લાખો લોકોની ઝીણી-મોટી ફરિયાદો પર ધ્યાન આપતા રહેવું પડશે. પોકળ લાગણીવેડા વડે આપણું ધ્યાન વિચલિત કરનારાં ટીવી, છાપાં વગેરેના નશામાંથી લોકોને ઉગારવા જોઈશે.

હિન્દુત્વની કંઠી બાંધીને ફરનારા હજારોમાં ફાસીવાદનું વિષ ઊંડું ઊતર્યું છે. તેઓ જાણતા નથી કે ફાસીવાદ થોડા સમય માટે ફૂલીફાલી શકે છે, પણ અંતે તો તે પોતે જ પોતાને હણે છે. દુર્ભાગ્યે તે દરમિયાન, પરમાણુ બૉમ્બની કિરણોત્સર્ગી રજકણોની જેમ, ફાસીવાદ કેટલીય પેઢીઓને વિકલાંગ બનાવતો જાય છે.

ઉન્માદ અને નફરતમાં ચકચૂર એવો આ ફાસીવાદ પેદા ક્યાંથી થાય છે? દાવાનળની જેમ એ ફેલાય છે શાથી? એ સવાલનો જવાબ શોધવા જતાં આપણને યાદ આવશે કે સ્વાધીનતાની લડતે

ભારતવાસીઓને કેવાં કેવાં સપનાં આપેલાં! સ્વરાજ્ય આવ્યા પછી એ સપનાં રોળાઈ ગયાં, તેમાંથી ભારતમાં ફાસીવાદને પોષણ મળ્યું છે. કરોડોની જનસંખ્યાવાળું રાષ્ટ્ર અડીખમ બનીને વિશ્વમાં ઊભું રહે, તેને બદલે ધર્મ, કોમ, જ્ઞાતિ જેવા ટુકડાઓમાં એ ખંડિત થઈ ગયું. પરસ્પર અવિશ્વાસ અને ધિક્કારનો શરાબ રાજકારણીઓ પ્રજાને પાતા રહ્યા.

પણ રાજકારણીઓને દોષ દીધે રાખવાથી આપણું શું વળશે? પોતાના નેતાઓ વિશે નિરંતર ફરિયાદો જ કરતી રહે, તે પ્રજા દયાપાત્ર બને છે. દુનિયા પાસેથી તેને દિલાસો નહીં, હાંસી સાંપડે છે.

ધર્મ અને જ્ઞાતિને નામે રાજકારણીઓ અલગાવની આગ ફેલાવતા રહ્યા છે, તે એકમાત્ર કારણથી ફાસીવાદ ભારતમાં ફેલાયો નથી. સ્વમાન અને સલામતી સાથે જીવવાની સામાન્ય જનતાની ઉમ્મીદોને પાંચ-પાંચ દાયકાથી ગળેટૂંપો દેવામાં આવ્યો છે. જમીનના તથા કુદરતી સંપત્તિના ન્યાયી વિતરણની, શિક્ષણની, આરોગ્યની પ્રત્યેક યોજનામાં સ્વાર્થી રાજકારણીઓ સુરંગ ચાંપતા રહ્યા છે. પ્રજાની ઉન્નતિ માટેના એવા કાર્યક્રમોને એમણે નાકામિયાબ બનાવ્યા છે.

આવી પરિસ્થિતિએ પેદા કરેલી તક ફાસીવાદીઓએ કુનેહપૂર્વક ઝડપી લીધી છે. આત્મગૌરવને નામે નીચામાં નીચી કક્ષાની લાગણીઓને એમણે બહેકાવી છે. ધર્મની આડશ લઈને એમણે સમૂહોને એકમેકની સામે ઉશ્કેર્યા છે. જે બીચારા પોતાનાં ઘર અને સમાજમાંથી ઊખડી ગયેલા છે, નિજના સંસ્કાર જ નહીં, ભાષા પણ ગુમાવી બેઠેલા છે, તેમનામાં કશાક આભાસી તત્ત્વ માટેનું અભિમાન તેમણે પેદા કર્યું છે. જાતે પરિશ્રમ કરીને મેળવેલી સિદ્ધિને બદલે માત્રા કોઈક ધર્મના અનુયાયી હોવાની નમાલી વાતમાં ગૌરવ અનુભવવાનું એમણે પ્રજાને શીખવ્યું છે. ને તેનાથી ખાલીપો અનુભવતા નિર્માલ્યોમાં જુસ્સો જલાવ્યો છે જે કોઈ સામું મળે છે તેની પર ત્રાટકવાનો.

બીજી એક બાબત પણ વિચારીએ. ફાસીવાદ સામે આજે પુણ્યપ્રકોપ ઠાલવનારાઓ, જ્યારે ફાસીવાદ નાબૂદ થશે ત્યારે સામાજિક ન્યાય માટે પણ એટલી જ તીવ્રતા દાખવશે ને? તેને માટે આપણે જાતને તૈયાર

કરશું ને? સરઘસમાં માત્રા સૂત્રો પોકારીને જ બેસી રહેવાનું નથી. આપણા ઘરમાં ને કામના સ્થળ પર દરેક નિર્ણયમાં એનો અમલ અત્યારથી જ આપણે આરંભી દેવો જોઈએ. એ માટે આપણી તૈયારી ન હોય, તો પછી હિટલરના જર્મનીની પ્રજાને આખી દુનિયાએ દેખાડેલી તેવી તિરસ્કાર અને ધિક્કારની લાગણી આપણે માટે પણ માનવી માત્રાની આંખમાં નિહાળવા ભારતની પ્રજાએ તૈયાર રહેવું પડશે. નામોશીના માર્યા આપણે આપણી આવનારી પેઢીઓને મોં દેખાડી શકશું નહીં, એમની આંખમાં આંખ મિલાવીને જોઈ શકશું નહીં.

આવી અંધારી રાત્રીમાંથી બહાર નીકળવાની ઈશ્વર આપણને શક્તિ આપે, એ જ પ્રાર્થના.

(અનુ. મહેશ દવે)

# અરુણ શૌરી

## હવે પછીનો જુલમગાર નહીં ભૂલે

કટોકટી દરમિયાન જે જંગલનો કાયદો ચાલ્યો તે માટે ઇંદિરા ગાંધીને તકસીરવાન ઠરાવવાની ઘાઈમાં એક મહત્ત્વનો મુદ્દો આપણે ભૂલીએ નહિ. એમની જવાબદારી ને એમની ગુનેગારી તો, અલબત્ત છે જ. પણ તે એકલી એમની નથી.

સેંકડો ને હજારો તેમાં ભાગીદાર છે. એક જ વ્યક્તિ પર બધો વાંક લાદવો, એ તો આપણા ભવિષ્ય માટે જોખમકારક નીવડશે. કારણ કે જે કાંઈ બની ગયું તેમાં પોતાની જવાબદારી વિશે એકંદર સરકારી નોકરોને, પોલીસને અને સરેરાશ નાગરિકને સુધ્ધાં સભાન બનાવવામાં નહિ આવે, તો પછી આપણે કશો પાઠ ભણ્યા નહિ હોઈએ. હવે પછીના સિતમગરને પણ કશી મુશ્કેલી પડશે નહિ.

૧૯૭૫ ના ૨૫મી જૂનની એ કાળરાત્રીએ દિલ્લીમાં માત્ર ૬૭ માણસોની ‘મિસા’ હેઠળ ધરપકડ થયેલી, હરિયાણામાં ફક્ત ૭૦ની, આખા આંધ્ર રાજ્યમાં ૧૧ની જ. અને છતાં એ રાજધાની ને એ રાજ્યો શબવત્ બની ગયાં. કેટલું બધું સહેલું હતું એ! હવે પછીનો જુલમગાર એ પાઠ નહિ ચૂકે. અને આપણી પ્રજા નવાં મૂલ્યો ને નવી સંસ્થાઓ વડે જો એવી સશક્ત બનશે નહિ કે માત્ર ૬૭ કે ૭૦ કે ૧૧ જણને ઝડપી લેવાથી લાખો ને કરોડો લોકો મડદાં જેવાં બની જાય નહિ, તો પછી સ્વાધીનતા સલામત નહિ રહે.

[‘ઇન્ડિયન એક્સપ્રેસ’ દૈનિક: ૧૯૭૮]

# અરુણા જાડેજા

## એક વીસરાતી કળા

દાયકાઓ વીતવા છતાં નસેનસમાં સદાયે લહેરાતી રહેનારી એ લિજ્જત!

શરદીથી મૂંઝાતા ગળાને ગરમાટો આપી જનારી ઘઉંના લોટની સૂંઠ-ગંઠોડાવાળી એ હૂંફાળી રાબ, તાવથી તતડી ઊઠેલા મોંને સ્વાદ લગાડી જનારા હિંગ-જીરાથી વઘારેલા ખારભંજણ મમરા, દૂધવાળી તપેલીને લૂછીપૂસીને બંધાયેલા લોટની પોચી રોટલી. ઘીવાળી કડાઈમાં બંધાયેલ લોટની ફરસી ભાખરી, જીભને ચટકો લગાડી જનારો વાસી રોટલીનો ગળચટ્ટો લાડવો કે પછી તીખા-ગળ્યા પૂડલા સાથે ખીલતી ખવાતી ખીર. હમણાં જ ચાસણી રેડીને માંડ માંડ ઠરતો લસલસતો મોહનથાળ કે ઘઉં-ચણાના પોંકનું મોંમાં નાખતાં જ ઓગળી જાય એવું તાજેતાજું રેશમિયું જાદરિયું. જીભના ટેરવાથી મગજના છેડા સુધીના જ્ઞાનતંતુઓ 'સડાક' ઊભા થઈ જાય એવો અનેરો રસ કેરો ઝાટકો આપી જનારી આ રસોઈ.

કૃષ્ણકમોદની કણકીનું આદુ-મરચાં-જીરાથી ખદખદતું સુગંધીદાર ખીચું અથવા ઊકળતી દાળની મહોલ્લાભરમાં ફરી વળેલી ખટમીઠી સોડમ, સત્યનારાયણની કથાના ઘીમાં શેકાતા એ શીરાનો મઘમઘાટ કે સીઝતી-વીસમતી ખીચડીનો સુગંધાનંદ તો જાણે પરમાનંદ. ભૂંજાતાં શક્કરિયાં-બટાકાની ખરી ખરી ભૂંજાયેલી ગંધ એકાદા નાસ્તિકને શિવરાત્રી તો શું, અહોરાત્રી કરવા ફરજ પાડે તેનું નામ રસોઈ.

ચોમાસે ઊતરી રહેલાં ગરમાગરમ કેળાંમેથીનાં ભજિયાં. એની સાથે મહાલવા માટે સજીધજીને તૈયાર થઈ રહેલા ઘઉંના લોટમાં એક મધમીઠા ઝમ્મકારા સાથે રેડાતું ગોળનું ફફળતું પાણી. ચૂલે ચડેલી દાળમાં મેથીનો કે કઢીમાં મીઠા લીમડાનો વઘારાતો છમ્મકારો તો પરાણે નાક-કાનમાં

પેસીને જ જંપે. લાંબી સોડ તાણીને સૂતેલી ભૂખ પણ તરાપ મારતી ઊભી થઈ જાય એવી હોય આ રસોઈ. નાક-કાન-આંખ વાટે સમગ્ર પાચનક્રિયાને ઢંઢોળી મૂકનારી પ્રક્રિયાનું નામ તે રસોઈ.

જગતનાં સુંદર સર્જનોમાંનું એક એટલે સ્ત્રી. સહુની આંખને ઠારે એવું સ્ત્રીસૌંદર્ય અને સહુની જીભને ઠારે એવું ઘરનું ભોજન તો આજે દુર્લભ જ. તો સામે સોળથી લઈને સાઠ સુધીમાં સ્નાયુબદ્ધ કે કસાયેલું, ખડતલ પુરુષત્વ નજરે પડવું એટલું જ વિરલ. નિસ્તેજ અને નિર્માલ્ય ચહેરાઓ પાછળ પોષક અને સાત્ત્વિક ખોરાકનો અભાવ એ એક મુખ્ય કારણ ખરું જ.

એટલે શું અમારે સ્ત્રીઓએ આખો વખત રસોડામાં પુરાઈ રહેવું?

ગૃહિણીએ કુટુંબીજનોના આરોગ્યનું જણસની જેમ જતન કરવાનું રહે છે. ક્યારેક બેપાંચ હજારની લાયમાં આંધળી દોટ મૂકતી ગૃહિણી વળતર કરતાં કેટલાંયે ગણું નુકસાન વહોરી લેતી દેખાય છે. "...આજે હું થાકી ગઈ છું... બહાર જમી લઈએ / મંગાવી લઈએ, છોકરાઓનો નાસ્તો તૈયાર જ લઈ આવી... લે, આ પૈસા અને રિસેસમાં કેન્ટીનમાંથી નાસ્તો કરી લેજે."

કુશળ ગૃહિણી માટે તો રસોઈ એ ડાબા હાથનો ખેલ ગણાય. પહેલાંની સ્ત્રીઓ જોઈએ તો-દળણાં, દૂઝણાં, વલોણાં, કચરાપોતાં, કપડાંવાસણ, સાફસૂફી, સોવું-ઝાટકવું ઉપરાંત કેટકેટલાંયે બાળકોનું થતું સંગોપન અને આધુનિક સાધન-સગવડ વગર સાથે સાથે થતાં રહેતાં ઉત્તમોત્તમ રસોઈપાણી.

આજના કરતાં કેટલાંયે ગણાં કામ સાથે પણ પહેલાં ઘરોમાં લહેજતદાર રસોઈ થતી જ હતી. આજની નોકરિયાત બહેનોને વ્યવસાયાર્થે બહાર રહેવું પડે છે. પણ એની મદદે તો અલ્લાદીનનો ચિરાગ છે ને? ચિરાગ ઘસતાંની વારમાં જ ગૅસ, પ્રેશર કૂકર, મિક્સર, ઓવન, જેવાં ઉપકરણોની ભરમાર હાજર.

એકવીસમી સદીમાં દોડતી ગૃહિણી માટે રસોઈ પરનાં પુસ્તકો

તો ખરાં જ. પણ 'ઇન્ટરનેટ' પર તો એને જલસા જ છે. 'ફૂડ' નામની 'વેબસાઇટ'-ઉપવિભાગમાં પેસો એટલે 'ખૂલ જા સિમ સિમ'-એમ જુદીજુદી 'સાઇટ' ખૂલતી જાય. જીવનાવશ્યક દ્રવ્યો સાચવતો આહાર, શાકાહારના ફાયદા વગેરે બધું જ જાણવા મળે. સ્વાનુભવ અને સ્વૈર કલ્પનાના મિશ્રણથી શોધાતી જાય નાવીન્યપૂર્ણ પાકકૃતિઓ.

ચકોર ગૃહિણી તો વ્યવસાય સાથે ચપળતાથી સમતોલપણું સાધતી, પ્રસન્નપણે રસોડાનું કાર્યક્ષેત્ર પણ સંભાળતી જોવા મળે છે.

રસોઈ માત્ર રસોડા પૂરતી જ સીમિત નથી. એ તો કરિયાણાબજાર કે શાકમાર્કેટથી રસાવાની શરૂ થાય છે. રંગબેરંગી રત્નોની જેમ કુદરતે છૂટે હાથે વેરેલાં તકતકતાં તાજાં શાકભાજી જોઈને કોઈ પારખુ ગૃહિણી સુંદર દાગીનાને જોતી હોય તેમ લલચાઈ ઊઠે છે. દાણેદાણાથી માંડીને શાકપાંદડાં વીણી ચૂંટીને પૂરી પરખથી તે ખરીદે છે, ભારે જહેમત ઉઠાવે છે ત્યારે જઈને રસોઈની અનોખી લહેજત આપણે પામીએ છીએ. આથી જ તો એક અચ્છો ખાનારો, ખરો ભોક્તા, આ રસોઈકળા પાછળ થતાં કષ્ટો અને તેના ગુણોથી સુવિદિત હોય છે.

પોષણમૂલ્યોનું વિચારપૂર્વક આયોજન કરીને થતું પાકશાસ્ત્ર એ તો તપશ્ચર્યા છે. વળી રસોડું એટલે તો ઘરબેઠાં 'બ્યૂટી પાર્લર.' ટામેટા સમારતાં, લીંબુ નિચોવતાં, આમલી ચોળતાં, દહીં મેળવતાં કે દૂધની કોથળી ફોડતાં એ જ હાથ તમારી ત્વચા પર પણ ફેરવતાં જાઓ. રસોઈ સાથે ત્વચા પણ ઝગારા મારતી થઈ જશે.

તો આટઆટલા શુભલાભ કરાવનારી, ઘરે ઘરે મંગળ વરતાવનારી રસોઈથી શા માટે અતડા રહેવું? આજના વૈશ્વીકરણના જમાનામાં આ આખીય ખાદ્યયાત્રા એક આનંદયાત્રા બની રહે છે. એક વાર આ રસસાધના સિદ્ધ થઈ જાય પછી તો એ આપમેળે રસાતી જાય એવી સ્વયંસિદ્ધા. પાછી એવી કાંઈ વખતખાઉ નથી. થોડીક મહેનત અને ખાસ્સો મહાવરો. થોડીક તત્પરતા અને એમાંથી નીપજતી ખાસ્સી તન્મયતા, થોડીક પારંપારિકતા અને ઘણી બધી પ્રયોગશીલતા. થોડીક ગુરુચાવીઓ અને ઘણીબધી કોઠાસૂઝ. સૂઝમાંથી સજ્જતા કેળવાતી

જાય. દ્રૌપદીની થાળીમાંના બચેલા કણમાંથી મણ કરી જાણે એ જ રસોઈકળા. ગરવી ગૃહિણી નરવી રસોઈ થકી સહુના પેટમાં પેસીને સહુના હૈયાને પોષતી-તોષતી જીતી લે છે.

સાહિત્ય, સંગીત કે નૃત્ય, ચિત્ર કે શિલ્પ, સીવણ કે ભરતગૂંથણ, લીંપણ કે ટીપણ જેવી અનેક કળાઓમાં સ્ત્રીઓની પારંગતતા પૂરબહારમાં ખીલેલી જોવા મળે છે. તો આજની સ્ત્રી ભૂલી રહી છે કે રસોઈ એ તો એક મૂળભૂત કળા છે. જીવનને રસબસતી કરવાનો કસબ આ કળામાં રહેલો છે. આવો, આ લુપ્ત થતી કળાને તૃપ્ત કરવાનો સંકલ્પ કરીએ.

['અખંડ આનંદ' માસિક: ૨૦૦૨]

# અલી રઝા ઝૈદી

## તરક્કી

પોતાને પછાત ગણાવીને આપણે જ્યાં ને ત્યાં ખાસ સગવડો ને સલામતીઓ માગતા ફરીએ છીએ. કોઈ બાબતમાં પહેલ કરવાની, યાહોમ કરીને ઝંપલાવવાની તમન્ના આપણામાં નથી; આપણે નમાલા બની ગયા છીએ. જિંદગીભર આપણને કોઈ પંપાળ્યા કરે અને આપણા મોઢામાં કોળિયા મૂક્યા કરે, એવું આપણે ઇચ્છીએ છીએ. એક કોમ પોતાની હાલત સુધારવા માટે તનતોડ જહેમત ઉઠાવવા તૈયાર ન હોય, તો બીજી કોઈ સત્તા તેની તરક્કી કરી શકે નહીં. સદીઓથી આપણે જે ઊંઘમાં પડેલા છીએ તેમાંથી જાગવાનો અને હાથમાં છાલાં પડી જાય એટલી આકરી મહેનત કરવાનો સમય હવે પાકી ગયો છે.

# અલી સરદાર જાફરી

## ફિર આંઉગા!

*લેકિન મૈં યહાં ફિર આઉંગા,*
*બચ્ચોં કી દહાન સે બોલુંગા,*
*ચીડિયોં કી જબાન સે બોલુંગા,*
*જબ બીજ હસેંગેં ધરતી મેં,*
*ઔર કોયલેં અપની ઉંગલી સે*
*મિટ્ટી કી તહોં કો ચીંગી,*
*મૈં પત્તી-પત્તી કલી-કલી*
*અપની આંખેં ફિર ખોલુંગા.*

*

*એ વતન, ખાક-એ-વતન,*
*વહ ભી તુઝે દેંગે—*
*બચ ગયા હૈ જો લહુ અબ કે*
*ફસદાદ કે બાદ.*

*

*મૈં સોતા હૂં ઔર જાગતા હૂં,*
*ઔર જાગ કે ફિર સો જાતા હૂં.*
*સદિયોં કા પુરાના ખેલ હૂં મૈં,*
*મૈં મર કે અમર હો જાતા હૂં.*

['નયા માર્ગ' પખવાડિક : ૨૦૦૦]

# અવનીન્દ્રકુમાર વિદ્યાલંકર

## કોની છાતી નહીં ફૂલે?

આજથી વીસ-પચીસ વરસ પછી આ દેશના રંગમંચ પર જે લોકો આવશે, જે લોકો સંસદને માટે સંઘર્ષ કરશે, કળ-કારખાનાં ચલાવશે, રેલ-તાર-ટપાલ અને વિમાનોનું સંચાલન કરશે, દેશના રક્ષણની જવાબદારી લેશે, એ કેવા હશે? શું એ આજના કરતાં જુદા હશે? સ્વાભિમાની, આત્મવિશ્વાસી, ઈમાનદાર અને પોતાના પરિશ્રમના બળ વડે દુનિયાને જીતવાની મહત્ત્વાકાંક્ષા રાખવાવાળા હશે? ..... જવાબ મળે છે—હા, હશે!

રસ્તાઓ પર અને ગલીઓમાં નાના નાના છોકરાઓ પોતાની શક્તિની ઉપરવટ બોજો ઉઠાવી, ખભે લટકાવીને ઘૂમતા ફરે છે અને સાદ પાડે છે: "બૂટ પૉલિશ! બૂટ પૉલિશ!" આ એ છોકરાઓ છે કે જેમને કોઈ વરંડા કે ખૂણામાં પણ બેસવાની જગા નથી મળતી. ગરમી, ટાઢ કે વરસાદની પરવા ન કરતાં એ બાળકો પોતાના ગ્રાહક શોધે છે ને ઘેર ઘેર જઈ પાલીસ કરે છે. ફાટી-તૂટી કામળીનો કટકો લપેટીને એ સાદ પાડતા ફરે છે: "બાબુજી, બૂટપાલીસ વાલા!"

હજી તો પરોઢનાં કિરણો પણ ફૂટયાં નથી હોતાં. બાબુજી રજાઈમાં પડ્યા હોય છે, બેફિકર સૂતેલા હોય છે કે પછી પથારીમાં જ 'બેડ-ટી'ની પ્રતીક્ષા કરી રહ્યા હોય છે. આ અવાજ સાંભળીને અનેકને ખીજ ચડે છે.... હત્તારીની, છોકરાએ અત્યારમાં ઊંઘ ખરાબ કરી નાખી! કોણ જાણે ક્યાંથી આવીને મરે છે!... જરાક ચેતન આવતાં એ વિચારે છે: ઠીક થયું, મહેનત બચી, નહીંતર સવારના પહોરમાં ઊઠતાંવેંત જોડાને પાલીસ કરવું પડત... એક સમજદાર સજ્જને છોકરાને બોલાવી લીધો.

છોકરો ખટાખટ દાદરા ચઢતો દરવાજા પર આવીને ઊભો. પલંગ નીચેથી બૂટ કાઢવાનો ઇશારો કરતાં એ બાળકને પૂછ્યું: "તુમ

પાલીસ કર સકોગે?” પાંચ-છ વરસનો છોકરો નઃશંક બોલ્યોઃ “હાં સાહબ! ઐસા ચમકા દૂંગા—યદિ પસંદ ન આયે તો આપ પૈસે ન દેના.” હવે તો કોઈ બહાનું પણ કઢાય તેમ નહોતું! સજ્જને કાળજું કઠણ કરીને જોડા પાલીસ કરવા માટે આપી દીધા. છોકરો બેસી ગયો અને પોતાનું કામ ધ્યાન દઈને કરવા માંડયો. જોડા ચમકવા લાગ્યા....

છોકરો રોજ આવવા લાગ્યો, પાલીસ કરવા લાગ્યો. સજ્જન હવે બારણું ઉઘાડું જ રાખતા. છોકરો સવારોસવાર આવતો, જોડાને પાલીસ કરતો, પલંગના ખૂણામાં રાખેલા મજૂરીના પૈસા લઈને, જેમ ચુપચાપ દબાતે પગલે આવતો તે જ રીતે, દબાતે પગલે ચુપચાપ ચાલ્યો જતો. છોકરો કર્તવ્યપરાયણ છે, મહેનતુ છે, સમયપાલન કરનારો છે, એ જોઈને સજ્જન બહુ પ્રસન્ન થયા. પરંતુ હજી એક કસોટી બાકી હતીઃ છોકરો ઈમાનદાર પણ છે કે નહિ, તે જોવાનું હતું.

આ કસોટીને માટે એક વાર સજ્જને પાલીસની ઠરાવેલી મજૂરીના કરતાં વધારે પૈસા રોજની જગાએ મૂકી રાખ્યા. રોજની જેમ તે દિવસે પણ છોકરો આવ્યો. જોડાને પાલીસ કર્યા, અને પોતાની મજૂરી જેટલા પૈસા લઈને ચુપચાપ ચાલ્યો ગયો. સજ્જન ઊઠ્યા ત્યારે એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા કે એ બાળકે પોતાની રોજની બાંધેલી મજૂરીના કરતાં વધુ એક પૈસો પણ નહોતો લીધો. એ રાજી રાજી થઈ ગયા. દેશમાં ઈમાનદાર, મહેનતુ અને સમયપાલન કરનારાં બાળકો પેદા થઈ રહ્યાં છે, તેની એમને પાકી ખાતરી થઈ ગઈ.

હકીકતમાં તો, એ વાત આશ્ચર્યની હતી કે જ્યારે “વનસ્પતિ” પણ નકલી “વનસ્પતિ” મળે છે, કાળાં મરીની જગાએ પોપૈયાનાં બિયાં મળે છે, ચાની ભૂકીની જગાએ લાકડાનો રંગીન છોલ અને ભૂકો મળે છે, ખાંડની જગાએ રાસાયણિક ખાતર અને હળદરની જગાએ પીળી માટી મળે છે, ત્યારે એક છોકરો—જેની પાસે ટાઢથી બચવા માટે ગરમ કપડું નથી, વરસાદનાં ઝાપટાં સામે રક્ષણ કરવા માટે છત્રી નથી, એવો છોકરો—પોતાની મજૂરી કરતાં એક પણ વધારાનો પૈસો લેવો તે પાપ માને છે.

સજ્જને દિવાળીને દિવસે એને બોણી આપવાનું વિચાર્યું. એ અંદર ગયા, પાકીટ લાવ્યા અને રૂપિયાની નવી નોટ કાઢીને એમણે છોકરાની તરફ લંબાવી. બાળકની આંખો ચમકી ઊઠી; તે બોલ્યો: “બાબુજી, આજ યહ ક્યા?”

“યહ તુમ્હારા ઇનામ હૈ.”

છોકરો તરત બોલી ઊઠ્યો: “બાબુજી, યહ મૈં નહિ લે સકતા.” પછી પોતાનાં નાજુક બાવડાં લંબાવતાં બોલ્યો: “બાબુજી, મુઝે અપની મેહનત પર ભરોસા હૈ. જો ઈનસે પ્રાપ્ત નહીં હો સકતા, વહ કભી નહિ લે સકતા.” એટલું કહીને બાળક ચાલ્યો ગયો....

એક દિવસ એ પોતાના નાના ભાઈને પણ સાથે લાવ્યો. પૂછ્યું: “ક્યા ઈસકો અભી સે અપના કામ સિખા કર તૈયાર કર રહે હો?”

છોકરાએ જવાબ દીધો: “નહિ, બાબુજી, ઈસકો તો પઢાઉંગા! યહ સ્કૂલ જાયા કરેગા.”

....... છ વરસ વીતી ગયાં. છોકરો અગિયાર વરસનો થઈ ગયો. હવે એ સાઇકલની મરામત કરતાં શીખે છે. જોડાને પાલીસ કરવાનું કામ પૂરું કરીને બરાબર પોણા નવ વાગ્યે એ સાઇકલવાળાની દુકાને પહોંચી જાય છે. મન પરોવીને કામ કરે છે, અને નવું જ્ઞાન મેળવવા માટે પૂરી મહેનત કરે છે. એ છોકરાના કામકાજથી દુકાનના બધા લોકોને રાજીપો છે.

આ છે—સ્વાધીન ભારતનો મહેનતુ, કર્તવ્યપરાયણ અને ઈમાનદાર બાળક. એને જોઈને કોની છાતી નહિ ફૂલે?

# આંદ્રે મોરવા

## જીવનભરનાં સાથી

આ વિશાળ દુનિયામાં આપણે એકલવાયાપણું અનુભવીએ છીએ, તેની વેદના વેઠીએ છીએ. જગતના ગેરઇન્સાફો અને જિંદગીની જહેમતો આપણને મૂઢ બનાવી મૂકે છે. પણ પુસ્તકો વાંચીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે બીજાઓએ પણ—આપણા કરતાંયે મહાન લોકોએ પણ—આપણી જેમ જ વેદના વેઠેલી છે, ખોજ કરેલી છે.

પુસ્તકો એ બીજાં માનવીઓનાં, બીજી પ્રજાઓનાં અંતરમાં આપણને પ્રવેશ કરાવતાં દ્વાર છે. જે નાનકડી દુનિયામાં આપણે જીવીએ છીએ તેમાંથી અને આપણી જાત વિશેના વલોપાતમાંથી પુસ્તકો વાટે આપણે નાસી છૂટી શકીએ છીએ. પહાડો ઉપર જઈને ગાળેલી રજાઓ આપણાં શરીર પર કરે છે, તેવી જ આહ્‌લાદક અસર પુસ્તક-વાચનમાં ગાળેલી એક સાંજ આપણાં ચિત્ત ઉપર કરે છે. એ ઊંચી ટોચો પરથી નીચે ઊતરીએ ત્યારે આપણે નવી તાજગી અનુભવીએ છીએ અને રોજિંદા જીવન-સંગ્રામમાં ઝૂઝવાની નવી શક્તિ આપણને સાંપડેલી હોય છે.

વીતેલા જમાનાઓ વિશે વાકેફ થવાનો એક માત્રા રસ્તો પુસ્તકોનો છે; અને જે માનવસમાજોની મુલાકાત આપણે કદી લેવાના નથી તેમને સમજવાની શ્રેષ્ઠ ચાવી પણ પુસ્તકો છે. સ્પેઇનની વીસ સહેલાણી-સફરોના કરતાં નાટ્યકાર લોરકાની કૃતિઓ મને એ દેશના આત્માનો વધારે સાચો પરિચય કરાવી શકે. વિલોપ થઈ ચૂકેલા એક અમેરિકાને તાદૃશ કરવામાં હોથોર્ન કે માર્ક ટ્વેઇનની નવલકથાઓએ મને સહાય કરેલી છે. અને કાળ ને સ્થળમાં આપણાથી આટલા બધા વિશાળ અંતરે પડેલી એ બધી દુનિયાઓ તથા આપણા આજના જગતની વચ્ચે જે અદ્‌ભુત સામ્ય છે, તે જાણીને તો આપણો આનંદ અનેકગણો વધી જાય છે.

આપણામાંથી અનેકનાં જીવનો ડિકન્સ કે બાલ્ઝાકની કલમને

જેબ આપે તેવી નવલકથા સર્જાવી શકે એવાં હોય છે. તે છતાં એ અનુભવમાંથી આપણને સુખ સાંપડતું નથી. રોજબરોજના જીવનમાં આપણે એટલા બધા સંડોવાયેલા રહીએ છીએ કે મહત્ત્વની ઘટનાઓને સ્પષ્ટપણે જોઈ શકતા નથી. ત્યારે લેખક આપણી સમક્ષ જિંદગીની વફાદાર તસવીર મૂકે છે—પણ તે એટલી દૂર રાખે છે કે તેનો સ્પર્શ પામ્યા વિના પણ આપણે તેનો આસ્વાદ લઈ શકીએ.

કોઈ પણ મહાન ગ્રંથ તેના વાચકને તે જેવો હતો તેવો રહેવા દેતો જ નથી—એ વાંચ્યાને પરિણામે હંમેશાં એ વધુ ઉન્નત માનવી બને છે. તેથી, આપણી ક્ષિતિજોને વિશાળ બનાવનારાં, આપણી જાતને ભેદીને બહાર નીકળવામાં સહાય કરનારાં આ સાધનો સહુ કોઈને માટે સુલભ બનાવવાં, તેના કરતાં વધુ મહત્ત્વનું માનવજાત માટે બીજું કશું નથી. અને તેમ કરવાનો એક માત્રા રસ્તો પુસ્તકાલયોનો છે.

લોકશાહીના આ યુગમાં તમામ સત્તાના મૂળસ્રોત સમી આમજનતા બધા અગત્યના સવાલો અંગે વાકેફ હોય તે જરૂરી છે. નિશાળો અને કૉલેજોમાં અપાતી કેળવણીનો ફેલાવો વધતો જાય છે. પણ પુસ્તકાલય એ શાળા અને કૉલેજનું આવશ્યક જોડીદાર છે. હું તો એટલે સુધી કહું કે કેળવણી એ બીજું કાંઈ નથી પણ પુસ્તકાલયનાં દ્વાર ખોલવાની ચાવી છે.

જે નાગરિકને પોતાનાં કર્તવ્ય ઇમાનદારીથી બજાવવાં હોય તેણે શાળા—કૉલેજમાંથી નીકળ્યા પછી પણ, જીવનભર શિક્ષણ મેળવતા રહેવાનું હોય છે. ઇતિહાસ તો આગેકૂચ કરતો રહે છે અને મનુષ્યને માટે નવી સમસ્યાઓ ખડી કરતો રહે છે. તેમાં એક યા બીજી બાબત વિશે નિર્ણય કેવી રીતે કરશું—જો એ બધાં વિશે આપણે બરાબર વાકેફ નહિ હોઈએ તો? થોડાક દાયકાઓમાં જ મનુષ્યના જ્ઞાનમાં ક્રાંતિ થઈ ગઈ છે. આ પરિવર્તનો ઉપર જેમનાં સુખ-ચેનનો આધાર છે તે નરનારીઓને એ બધાંની સમજણ કોણ આપશે? પોતાનાં નિત્યનાં કાર્યો કરતાં કરતાં પણ છેલ્લામાં છેલ્લી શોધો વિશે વાકેફ રહેવામાં એમને સહાય કોણ કરશે? પુસ્તકો—બીજું કોઈ નહિ પણ પુસ્તકો જ.

# આઈ. એન. સૈયદ

## પોતે... જાતે...

પોતાને મળતા એકેએક પત્રનો પોતાની સહીથી સીધો જવાબ લખવાના આગ્રહી બાબુભાઈના સ્ટેનોગ્રાફર તરીકે પાંચ વરસ કામ કરવાની તક મને મળી હતી. કોઈને મુલાકાત આપવાની હોય તેની નોંધ રાજ્યના એ મુખ્ય મંત્રી જાતે પોતાની ડાયરીમાં લખતા, કોઈ નિમંત્રણ આવ્યું હોય તેનો જવાબ પોતે જ આપે ને ડાયરીમાં તે નોંધી લે. તમારે હવે આ ગામે આ કાર્યક્રમમાં જવાનું છે, એવું કોઈએ એમને યાદ કરાવવાનું રહે નહીં.

સચિવાલયમાં બપોરે ૧૨-૦૦એ ટપાલ આવે તેનાં કવર ખોલી, કાગળો વ્યવસ્થિત ગોઠવી કર્મચારી બાબુભાઈને પહોંચાડે એટલે તમામ ટપાલ પોતે જુએ. દરેક ટપાલ પર પૂરી સૂચના લખે કે કરવાની કાર્યવાહી બાબત નોંધ કરી, તારીખ નાખી ટૂંકી સહી કરે. બાકીની ટપાલ માટે સ્ટેનોને બોલાવીને ડિક્ટેશન આપે.

# આદિલ મન્સૂરી

## પળ આવી

*ડગલું ભરવાની પળ આવી,*
*મેરુ ચળવાની પળ આવી.*

*પાંપણ ઢળવાની પળ આવી,*
*સપનું ફળવાની પળ આવી.*

*ઘરખૂણે ખોવાઈ ગયા ત્યાં,*
*રસ્તે જડવાની પળ આવી.*

*આંખો બંધ કરીને બેઠા,*
*મૌન ઊઘડવાની પળ આવી.*

*મંજિલ ડગલું માંડ હતી ત્યાં,*
*પાછા વળવાની પળ આવી.*

*જો પાછાં અંધારાં ઊતર્યાં,*
*દીવો કરવાની પળ આવી.*

*દરિયા તો સુકાઈ ચાલ્યા,*
*મૃગજળ તરવાની પળ આવી.*

*છૂટા માંડ પડ્યા ત્યાં આદિલ,*
*પાછા મળવાની પળ આવી.*

['શબ્દસૃષ્ટિ' માસિક : ૨૦૦૪]

## કોને?

*આ દિગ્વિજયની ખુશાલી વહેંચશો કોને*
*સમગ્ર વિશ્વને આ યુદ્ધમાં હરાવીને?...*
*કરે છે પ્રાર્થના અમૃતના પાકની 'આદિલ',*
*દશે દિશાઓમાં બેઠા જે ઝેર વાવીને!*

## મળે ન મળે

*નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,*
*ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.*

*ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,*
*પછી આ માટીની ભીની અસર મળે ન મળે.*

*પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,*
*આ હસતા ચ્હેરા; આ મીઠી નજર મળે ન મળે.*

*ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,*
*પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.*

*રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,*
*પછી કોઈને કોઈની કબર મળે ન મળે.*

*વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,*
*ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.*

*વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ',*
*અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.*

['સતત' પુસ્તક]

# સફારી પાર્ક વચ્ચે

*ચારે બાજુ જંગલ વિસ્તરે*
*કોઈ સંતાઈ મને તાક્યા કરે*

*નભ જરા ઝૂકે ને ફોરાં ઝરમરે*
*તડકો કર લંબાવીને ઝીલ્યા કરે*

*લીલાછમ મેદાનમાં ઘેટાં ચરે*
*ને ઉપરથી આભ ઝીણું ઝરમરે*

*વાદળોમાં વત્સ સંતાતું ફરે*
*ગાય કાબરચીતરું કૈં ભાંભરે*

*ઢાળ ને ઢોળાવ છે ચારેતરફ*
*ટેકરી ઉપરથી તડકો ઊતરે*

*હણહણતી અશ્વની પડઘાયને*
*ને ક્ષિતિજ પર સૂર્યનો રથ સંચરે....*

# દરિયો

*હલેસે હલેસે હલેસાય દરિયો,*
*બધી હોડીઓ લઈ વહી જાય દરિયો....*

*જરા પણ જો તરસ્યો કદી થાય દરિયો,*
*તો નદીઓની નદીઓને પી જાય દરિયો....*

*સતાવે અગર સૂર્યકિરણો તો દોડી*
*કિનારાની રેતીમાં સંતાય દરિયો....*

*કદી વિસ્તરે રણ સમંદરના દિલમાં,*
*કદી રણની આંખોમાં ડોકાય દરિયો....*

*કદી બૂંદરૂપે ટપકતો નભેથી*
*કદી બાષ્પ થઈને ઊડી જાય દરિયો....*

*ક્ષિતિજની તરફ આંખ માંડી જુઓને,*
*જુઓ ત્યાં ગગનમાં ભળી જાય દરિયો....*

*સમયની ગુફાઓમાં પડઘાય દરિયો,*
*મૂકો શંખ કાને તો સંભળાય દરિયો....*

*તમે જાળ નાખ્યા કરો રોજ, 'આદિલ',*
*પરંતુ કદી યે ન પકડાય દરિયો.*

['નવનીત' માસિક: ૧૯૬૪]

## રોકો

*લોહીની નદીઓ વહે છે રોકો*
*રોજ નિર્દોષ મરે છે રોકો*

*આગને કોણ સળગતી રાખે*
*શહેરનાં શે'ર બળે છે રોકો*

*ક્યાં સુધી ચાલશે અંધાધૂંધી*
*પ્રશ્ન હરરોજ ઊઠે છે રોકો...*

*ન્યાય ને રક્ષા કરી જે ન શકે*
*ભાષણો કેમ કરે છે રોકો*

*શબની પેટીથી મતોની પેટી*
*કોઈ સરખાવ્યા કરે છે રોકો...*

છે ઇમારત પડું પડું 'આદિલ'
મૂળ આધાર ખસે છે રોકો

['ગઝલના આયનાઘર' પુસ્તક]

## પાર ઊતરવાનું

...એક પળમાં નિખરવાનું, એક પળમાં વીખરવાનું,
આ ફૂલ જે ખીલ્યું, તે ખીલીને તો ખરવાનું....
હોડી ન હલેસાં હો, શઢ હો ન સુકાની હો,
દરિયોય ન દેખાતો ને પાર ઊતરવાનું.

## ગઝલ

શહેર કોનાં છે ગામ કોનાં છે
સૂર્ય પર આઠ નામ કોનાં છે.

દૃષ્ટિની પેલે પાર હણહણતા અશ્વ આ બેલગામ કોના છે
અર્શ પર ઝગમગે ચરણ કોનાં ઊંચાં ઊંચાં મુકામ કોનાં છે

કોના માટે છે ખાસ આ મહેફિલ ને આ દીવાનેઆમ કોનાં છે
કેમ સર્જાઈ છે સકલ સૃષ્ટિ કોણ કરણ ને કામ કોનાં છે

આ ત્રિભુવનમાં વાસ છે કોનો ને આ ચારેય ધામ કોનાં છે.
સૂર્યમાળાનો દૌર છલકાતો કોણ સાકી ને જામ કોના છે

છે ઋતુચક્રમાં ગતિ કોની ને સતત સુબ્હો શામ કોના છે
દંડ ને ભેદ આચરે છે કોણ ચોતરફ સામદામ કોના છે

ખાલી કશ્કોલ લૈ ફરે છે કોણ, જો આ દૌરો દમામ કોના છે
કેમ એકાંતમાં નમે મસ્તક, આ નમન આ પ્રણામ કોના છે

*કોણ બંદાનવાઝ છે બોલો ને આ બંદા ગુલામ કોના છે*
*ઇસ્મે આઝમની રાહ જોનારા જો આ નવ્વાણું નામ કોનાં છે*

*અન્યને કેમ કોઈ પૂછે કે આ કવિત આ કલામ કોનાં છે.*
*અર્થ અવકાશને ભરી દેતા*
*શબ્દ 'આદિલ', તમામ કોના છે.*

['નવનીત-સમર્પણ' માસિકઃ ૧૯૯૪]

–

*માંડ રણ પૂરું કર્યું ને સામે દરિયો નીકળ્યો,...*
*પાછા વળવાના બધા રસ્તાઓ ભૂંસાઈ ગયા—*
*બે ઘડી માટે હું જ્યાં ઘરથી અમસ્તો નીકળ્યો!*

## મૃગજળ...

*મૃગજળ બની છલકતો ફરું રણની રેતમાં,*
*'આદિલ', કદી સમુદ્રના તળિયે જઈ બળું!*

## કોઈ રણને...

*કોઈ રણને ઠોકર તો મારી જુએ—*
*છે સંભવ કે મીઠું ઝરણ નીકળે.*

# ગઝલ

*યુગ-યુગની વાતો કરવાની રહેવા દે*
*મારી પાસે તો અર્ધી-પર્ધી પળ છે....*

*આજ ગઝલની આંખે ટપકી આવ્યું તે*
*ઝમઝમ, ગંગાજળ, આંસુ કે ઝાકળ છે.*
*ક્યારે પાકશે 'આદિલ' કોઈ ન જાણે એ,*
*માણસ તો બિન-મોસમનું કાચું ફળ છે.*

# આનંદ બક્ષી

## સબક

*દેખો યે રેલ, બચ્ચોં કા ખેલ, સીખો સબક જવાનોં-*
*સર પે હૈ બોજ, સીને મેં આગ, લબ પે ધુંઆ હૈ જાનો,*
*ફિર ભી વો ગા રહી હૈ, નગ્મે સુના રહી હૈ.*

['દોસ્ત' ફિલ્મ]

## યહી હૈ

*યે જીવન હૈ, ઈસ જીવન કા યહી હૈ*
*યહી હૈ યહી હૈ રંગરૂપ;*
*થોડે ગમ હૈ થોડી ખુશિયાં,*
*યહી હૈ યહી હૈ યહી હૈ છાંવ-ધૂપ.*

['પિયા કા ઘર' ફિલ્મ]

*

*માંગ ભી તેરી, સિંદૂર ભી તેરા,*
*સબ કુછ તેરા, કુછ નહીં મેરા,*
*મોહે સોગંદ તેરે અસુઅન કી.*

# આનંદરાવ લિંગાયત

## આંબેડકરની વ્યથા

૧૯૩૫ની સાલ....

નાસિક પાસેના એક નાના ગામમાં મહારાષ્ટ્રના અસ્પૃશ્યોએ, હિંદુ મંદિરમાં પ્રવેશ મેળવવાના પોતાના અધિકાર માટે, છેલ્લાં પાંચ વર્ષથી સત્યાગ્રહ આદર્યો હતો. એ સ્થળે ડૉ. આંબેડકરે ઘોષણા કરી: 'હું જન્મ્યો છું હિંદુ, પણ હિન્દુ તરીકે નહીં મરું.' ત્યાર પછીના વર્ષે એમણે મહારાષ્ટ્રના મહાર લોકોની એક જંગી જાહેર સભા બોલાવી હતી અને સમગ્ર અછૂત જનતાને ધર્મ બદલવાની હાકલ કરી હતી. એ સભામાં એમણે કવિતારૂપે કરેલા સંબોધનનું ગુજરાતી રૂપાંતર નીચે આપ્યું છે:

સ્વમાન મેળવવું હોય, તો તમારો ધર્મ બદલો.

અધિકાર જોઈતો હોય, તો તમારો ધર્મ બદલો.

સમાનતા જોઈતી હોય, તો તમારો ધર્મ બદલો.

સ્વતંત્રતા જોઈતી હોય, તો તમારો ધર્મ બદલો.

તમે સુખ-શાંતિથી જીવી શકો એવું જગત નિર્માણ કરવું હોય, તો તમારો ધર્મ બદલો.

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને એનાં મંદિરોમાં પ્રવેશ નથી કરવા દેતો?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને પીવાનું પાણી નથી ભરવા દેતો?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને શિક્ષણ નથી લેવા દેતો? એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને સારી નોકરી કરતાં અટકાવે છે?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે ડગલે

ને પગલે તમારું અપમાન કર્યા કરે છે?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમારી મર્દાનગીની કિંમત નથી કરતો?

જે ધર્મ માનવ-માનવ વચ્ચે માનવતાભર્યા વર્તનનો બહિષ્કાર કરે છે, એ ધર્મ નહીં પણ ક્રૂર શિક્ષા છે.

જે ધર્મ માનવ-સન્માનને પાપ ગણે છે, એ ધર્મ નહીં પણ બીમારી છે.

જે ધર્મ ગંદા પ્રાણીને સ્પર્શવાની છૂટ આપે છે, પણ માણસને નહીં, એ ધર્મ નહીં પણ પાગલપણ છે.

જે ધર્મ કહે છે કે સમાજનો એક વર્ગ જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં, દ્રવ્ય પ્રાપ્ત કરી શકે નહીં, શસ્ત્ર ધારણ કરી શકે નહીં, એ ધર્મ નહીં પણ માનવતાની હાંસી છે.

જે ધર્મ એવું શિખવાડે છે કે ગરીબે ગરીબ જ રહેવું જોઈએ, ગંદાએ ગંદા જ રહેવું જોઈએ, એ ધર્મ નહીં પણ શિક્ષા છે.

જે લોકો પોકાર્યા કરે છે કે જીવ માત્રામાં પ્રભુ છે અને છતાં માનવને પ્રાણી કરતાં પણ હલકો ગણે છે, એ બધા દંભી છે; એમનો સહવાસ ના રાખશો.

જે કીડીઓને સાકરના કણ ખવરાવે છે પણ માણસને પાણી વગર રાખે છે, એ બધા દંભી છે; એમનો સહવાસ ના રાખશો.

જેઓ પરદેશીઓને ગળે લગાવે છે પણ દેશબંધુઓથી છેટા રહે છે, એ સમાજના વિશ્વાસઘાતીઓ છે; એમનો સહવાસ ના રાખશો.

# આનંદશંકર ધ્રુવ

## ચારિત્ર્ય એટલે શું?

'ચારિત્રય'નો અર્થ માત્રા સ્ત્રી-પુરુષોના વ્યવહારમાં પવિત્રાતા, એટલો જ થતો નથી. 'ચારિત્રય' શબ્દનો અર્થ ઘણો વિપુલ છે. 'ચારિત્રય' એટલે જીવનની ભાવનાઓ સિદ્ધ કરવાના સંકલ્પની દૃઢતા, સ્થિરતા, બળ. ચારિત્રય એ અનેક સદ્‌ગુણોમાંનો એક નથી, પણ સદ્‌ગુણી જીવનનો પાયો છે. ચારિત્રય એ આપણા જીવનના તારમાં વીજળીનો પ્રવાહ પૂરો પાડનાર વીજળીનું ઉત્પાદક યંત્રા છે. એ વિદ્યુતગૃહ દરેક બાલક અને બાલિકાના હૃદયમાં સ્થાપવાનું કામ શિક્ષકોનું છે.

ચારિત્રય ઘડવાનો ઉત્તમ માર્ગ ચારિત્રયદર્શનના પ્રસંગો રચવા એ છે. આ પ્રસંગો રમતગમતમાં, વિદ્યાર્થીઓના વાદવિવાદના મેળાવડામાં, લાઇબ્રેરીમાં, ક્લાસમાં, પરીક્ષાના હૉલમાં—એમ અનેક સ્થળે મળી શકે છે. અહીં સતત એકધારી વર્તણૂકથી છોકરાંઓની ટેવો બાંધવાનો યત્ન કરવાનો છે—કે જે ટેવ વિષમ પ્રસંગોએ એની મેળે જ તેમને સન્માર્ગે રાખે. સંકલ્પબળ ગમે તેટલું હોય, પણ ઊંધી બુદ્ધિને એ એંજીન જોડવાથી ટ્રેન અવળે રસ્તે જ જવાની. તે માટે સમતોલ બુદ્ધિશક્તિ કેળવવી જોઈએ—જે રાગદ્વેષને વશ ન થાય, હવાના ઝપાટાથી આમ કે તેમ વળી ન જાય. આ એક કીમતી ગુણ છે, અને તે એકદમ પૂર્ણરૂપમાં આવી જતો નથી પણ ધીમે ધીમે વિકસાવી શકાય છે.

*

હવે એક વ્યાપક પ્રશ્ન ઉપર આવું: શિક્ષિત જન કોને કહેવો?

અનેક વિષય ઉપર થોડી થોડી હકીકત જેણે પોતાના મગજમાં એકઠી કરી હોય, એ 'સુશિક્ષિત' ન કહેવાય. હાલના જમાનામાં આવી હકીકત બહુ કામની છે, પણ એમાં સઘળી કેળવણી આવી જતી નથી. સુશિક્ષિતજન એટલે બ્રાહ્મણ. બ્રાહ્મણ કોણ? એ શબ્દનો જીવંત અર્થ

મરી ગયો, તે પહેલાં એનો અર્થ ‘બૃહત્’ યાને દિન પર દિન વૃદ્ધિ પામતા વિશાળ મનનો માણસ, એવો થતો. ‘બ્રાહ્મણ’થી ઊલટો શબ્દ ‘બૃહદારણ્યક ઉપનિષદ’માં ‘કૃપણ’ કહ્યો છે. ‘કૃપણ’ એટલે સાંકડો.

‘બ્રાહ્મણ’ શબ્દના અર્થમાં કેટલા ગુણો સમાયેલા છે, એ બુદ્ધ ભગવાને આ પ્રમાણે બતાવ્યા છે: ‘બ્રાહ્મણ’ એટલે કે શિક્ષિતજન એ કે (૧) જેનું શરીર સુંદર હોય (આમાં શારીરિક કસરત વગેરેની આવશ્યકતા આવી); (૨) જે સુચારિત્ર્યવાન માતાપિતાને ત્યાં જન્મ્યો હોય (આમાં ઘરનું વાતાવરણ આવ્યું); (૩) જે બહુશ્રુત વિદ્વાન હોય; (૪) જે પ્રજ્ઞાવાન (પરિપક્વ બુદ્ધિવાળો) હોય, અને (૫) જે શીલવાન (સારા ચારિત્ર્યવાળો) હોય.

[‘આનંદશંકર ધ્રુવ લેખસંચય’ પુસ્તક]

# પૂર્વજોનો સાહિત્યરસ

આપણો ગ્રેજ્યુએટવર્ગ શાળા છોડે છે તેની જ સાથે ઉચ્ચ મનોભાવના સમાગમનો પ્રદેશ પણ છોડે છે! કેટલા નવીન કેળવણી પામેલા સજ્જનોને ત્યાં નાનોસરખો પણ પુસ્તક-સંગ્રહ જોવામાં આવે છે? આપણા કરતાં તો આપણા પૂર્વજોને સાહિત્યનો વધારે ખરો શોખ હતો એમ કહીએ તો ચાલે. ઘેરઘેર ‘રામાયણ’, ‘મહાભારત’ અને ‘ભાગવત’ની આખ્યાયિકાઓ વંચાતી, અને તે ધર્મ કરતાં પણ વિશેષ સાહિત્યદૃષ્ટિએ. પ્રેમાનંદની લોકપ્રિયતા એ કારણથી જ છે. વળી વિશેષતઃ સુશિક્ષિત કુટુંબમાં ‘ઓખાહરણ’, ‘નળાખ્યાન’, ‘મામેરું’ વગેરે કાવ્યો હાથે ઉતારી લેવાનો શ્રમ હોંશભેર કરવામાં આવતો એટલું જ નહિ, સામાન્ય લોકો પણ આ કાવ્યોનું પ્રેમ અને રસપૂર્વક વારંવાર શ્રવણ કરતા. અર્વાચીન સમયમાં ક્યાં સાહિત્યનાં પુસ્તકો પ્રત્યે આપણા ગ્રેજ્યુએટ વર્ગનો આટલો પ્રેમ છે એમ કહી શકાશે? આપણું વર્તમાન જીવન શુષ્ક થઈ ગયું છે, ધર્મ-સાહિત્ય-કલાની ભાવના એમાંથી ઊડી

ગઈ છે, ગરીબ સ્થિતિમાં પણ એ ભાવના ઉચ્ચ રીતે કેળવી શકાય છે એ સ્મરણ જતું રહ્યું છે.

## એ બહાર!

બૌદ્ધ કાળનું સાહિત્ય ખીલ્યું—વિસ્તર્યું તે સમયે હિન્દુસ્તાનની પ્રજા કેટલી પરાક્રમી હતી તે અશોકના શિલાલેખથી અને મધ્ય એશિયા, ગાંધાર, તિબેટ, ચીન, જાવા આદિ સ્થળે મળતાં પુસ્તકો, ચિત્રકામ, બાંધકામ ઇત્યાદિથી સિદ્ધ થાય છે: બૌદ્ધ 'ત્રાપિટક'ની સ્થાપના, 'જાતક'ની રચના, જૈનશાસનોનો સંગ્રહ, કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર', ભરતનું 'નાટયશાસ્ત્ર', વાત્સ્યાયનનું 'કામશાસ્ત્ર', પતંજલિનું 'મહાભાષ્ય', અશ્વઘોષનાં કાવ્યો તથા નાટકો, ગુણાઢયની 'બૃહત્કથા', આદિ સર્વ સાહિત્ય એ યુગમાં પ્રકટયું છે. ઈ.સ. બીજા સૈકા પછી દોઢસો વર્ષનો ઇતિહાસ અંધારામાં પડેલો છે. પરંતુ એ સમય સાહિત્યની પાનખરનો હોય તો નવાઈ નહિ. એ પછી ગુપ્ત રાજાઓના સમયમાં ફરી બહાર (વસંત) આવ્યો. એ સમય હિન્દના ઇતિહાસમાં ઇંગ્લૈંડના એલિઝાબેથના યુગ કરતાં પણ વધારે તેજસ્વી છે. બ્રાહ્મણ અને બૌદ્ધના સમત્વનો એ સમય; પુરાણ, સ્મૃતિ, આદિ ધર્મશાસ્ત્રોના પુનરુજ્જીવન અને પુનર્ઘટનાનો એ સમય; બૌદ્ધમહાયાનના વિકાસનો એ સમય; કાવ્ય, કોષ, જ્યોતિષ, આદિ શાસ્ત્રોમાં કાલિદાસાદિ નવરત્નોના ઝણઝણાટનો એ સમય; વસુબન્ધુ વગેરે ન્યાયશાસ્ત્રચાર્યોનો એ સમય; જૈન શાસ્ત્રોના ઉદ્ધારક અને પ્રવર્તકનો એ સમય. આ સમયમાં ગુપ્ત રાજ્યની અને એના પ્રભાવની સીમા એક વખતે પશ્ચિમે કાઠિયાવાડના પશ્ચિમ કાંઠા સુધી અને ઉત્તર-પૂર્વમાં તિબેટ અને લગભગ ચીનની સરહદ સુધી પહોંચી હતી.

[ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૨૮ના અધિવેશનના પ્રમુખસ્થાનેથી]

# આત્મસંસ્કારથી શોભતી

ગાંધીજી કવિ નથી, વિદ્વાન નથી, ગ્રંથકાર નથી, એક સાદા પત્રકાર છે. પણ પત્રકાર તરીકે એમણે ગુજરાતી ભાષામાં સાદી અને સચોટ છતાં તળપદી નહીં, કિંતુ આત્મસંસ્કારથી શોભા ધરાવતી એવી અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે.

[ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં: ૧૯૨૮]

# આર. એમ. મેરીલ

## એક અંધનો સવાલ

એક સવારે ન્યૂ યોર્કની ભોંયરાગાડીમાં હું જતો હતો, ત્યાં એક આંધળા જુવાનને તેને દોરનાર કૂતરા સાથે મેં જોયો. ડબામાં હું એની બાજુમાં જ ઊભો હતો, એટલે નજીકમાં બેસવાની એક ખાલી જગ્યા નજરે પડી કે તરત મેં જુવાનને કહ્યું કે, ચાલો, તમને ત્યાં દોરી જાઉં. એણે મારો ખૂબ આભાર માન્યો અને મૃદુ અવાજે અણધાર્યો જ સવાલ કર્યો: “આજુબાજુમાં કોઈ બહેનો ઊભેલી નથી?”

# આર. કે. સિંહ

## બિલ

એક મહિલા કે ટોન્સિલ્સકા આપરેશન કરને કે બાદ ડાક્ટરને ઉસકે પતિસે કહા કિ યહ આપરેશન તો બચપનમેં હી કર દેના ચાહિએ થા. પતિને ડૉક્ટરકા બિલ અપને સસુર કે પાસ ભેજ દિયા.

['હાસ-પરિહાસ' પુસ્તક]

## ઇચ્છા

એક હાઈસ્કૂલકે અધ્યાપકકો બિના બત્તી સાઇકલ ચલાનેકે જુલ્મમેં પકડકર કોર્ટમેં લાયા ગયા. જબ જજ સાહબકો માલૂમ હુઆ કિ વે અધ્યાપક હૈં, તો વે બડે ખુશ દિખાઈ દિએ. બોલે, "મેરી આંતરિક ઇચ્છા થી કિ કિસી અધ્યાપકકો યહાં દેખૂં. આજ વહ પૂરી હુઈ."

ઔર ફિર ઉનકી મુદ્રા ગંભીર હો ગઈ. વે ચિલ્લાએ: "ચલો, વહાં બૈઠકર પાંચ સૌ બાર લિખો: મૈં અબ બિના બત્તીકે સાઇકલ નહીં ચલાઉંગા."

# આર્ટ બુકવોલ્ડ

## ખરાબ લોકો: સારા લોકો

થોડા દિવસ પર હું મારા દીકરાને સિનેમામાં લઈ ગયેલો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનીઓએ કેદ પકડેલા મિત્રારાજ્યોના ખલાસીઓની કંઈક વાત એ ફિલ્મમાં આવતી હતી. ઘેર પાછા ફરતી વખતે વાટમાં પુત્રો મને કહ્યું: "પેલા ખલાસીઓને આવી રીતે ત્રાસ આપતા હતા તે જાપાનીઓ બહુ ખરાબ લોકો હતા—નહીં?"

"હા," મેં કહ્યું, "પણ હવે એ લોકો ખરાબ નથી, કારણ કે હવે તે એવું કરતા નથી."

એકાદ મિનિટ તે વિશે વિચાર કરીને એ બોલ્યો, "એવું બધું નઠારું કામ એ લોકો શીદને કરતા હતા?"

"કદાચ તે વખતે એમને ખબર નહીં હોય કે એ નઠારું કામ કરી રહ્યા હશે."

"તો કોઈએ એમને કીધું કેમ નહીં?"

"આપણે કહેવાની કોશિશ તો કરી હતી," હું બોલ્યો, "પણ એ સાંભળે જ નહીં."

"....જર્મનો બહુ ખરાબ છે—નહીં? પેલી કેદ-છાવણી વિશેની ફિલ્મ આપણે જોયેલી, તે યાદ છે ને!"

"એ લોકો ખરાબ હતા," મેં કહ્યું, "પણ હવે સારા છે."

"હવે એ જુદા જ લોકો થઈ ગયા છે?" એને જાણવું હતું.

"ના, છે તો એના એ જ લોકો; મોટા ભાગના લોકો તો એના એ જ છે. લડાઈ પૂરી થઈ જાયને, પછી ખરાબ લોકોએ જે કર્યું હોય તે ભૂલી જવાનું; ન ભૂલીએ તો વળી પાછી નવી લડાઈ થાય."

શૂન્ય નજરે તે મારી સામે જોઈ રહ્યો.

"લડાઈમાં તમે કોઈ રશિયનને મારેલો ખરો?" એને એ જાણવાની ઇચ્છા થઈ.

"ના, કારણ કે લડાઈમાં તો તે આપણી પડખે હતા."

"પણ જો લડાઈ વખતે તે સારા લોકો હતા, ને ખરાબ લોકોને મારી નાખતા હતા, તો હવે એ લોકો ખરાબ કેમ થઈ ગયા છે?"

"હવે એ લોકો ખરાબ થઈ ગયા નથી. મોટા ભાગના રશિયનો તો સારા જ છે. પણ એમના નેતાઓ જે કરે છે તેની સાથે આપણે સંમત થતા નથી, અને એ લોકો આપણી સાથે સંમત થતા નથી. એટલે જ આ બધી ભાંજગડ ઊભી થઈ છે. સમજ્યો?"

એણે કહ્યું, "ના."

"થયું ત્યારે—" હું બોલ્યો, "આટલા બધા મૂરખાઈ ભરેલા સવાલ પૂછનારો છોકરો તો મેં કોઈ દી જોયો નથી!"

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# આર્નોલ્ડ બાકે

## ગ્રામજનોની દિલેરી

અત્યાર સુધીની અમારી મુસાફરીઓમાં કાઠિયાવાડનો પ્રવાસ અમારી શ્રેષ્ઠ સ્મૃતિ છે. એ મુલાકાત સાચેસાચાં આધ્યાત્મિક મૂલ્યોના અનુભવોથી અંકિત છે, અને સમગ્ર ભારતનું કાચું સર્વેક્ષણ કરવાની જવાબદારી મેં માથે ન લીધી હોત તો એકાદ વરસ માટે અમે કાઠિયાવાડમાં સ્થાયી બન્યાં હોત. ત્યાંનાં ગ્રામજનોમાં અમને ભારતમાં બીજે ક્યાંય જોવા ન મળી એવી વિશિષ્ટ આંતર્ગત દિલેરીનાં દર્શન થયાં છે. આ ગુણને ગરીબી સાથે લેવાદેવા નથી. કાશ્મીરના લોકો કંગાળ છે, પણ એમનામાં એ ગુણ નથી જોવા મળતો. આ કદાચ રાજપૂતાનાના જ સંસ્કાર હોય.

[ઝવેરચંદ મેઘાણી ૫૨ ૫ત્ર: ૧૯૩૯]

# આલ્ફ્રેડ ડગ્લસ

## કવિતાનો ઘાટ

*કવિતાનો ઘાટ ઘડાય છે ધીમે ધીમે, ધીરજથી—*
*એક એક કડીને પરસેવા, રુધિર ને આંસુથી સાંકળીને.*

# આલ્બર્ટ આઇનસ્ટાઇન

## ત્યાં સુધી

વિશ્વમાં એક પણ બાળક દુખિયારું હોય ત્યાં સુધી એકેય શોધ મહાન નથી કે એકેય પ્રગતિ અસાધારણ નથી.

# ઇન્દીવર

## —

*એક દુનિયા ઉજડ હી ગઈ હૈ તો ક્યા,*
*દૂસરા તુમ જહાં ક્યૂં બસાતે નહીં?*
*ચાંદ મિલતા નહીં સબ કો સંસાર મેં,*
*હૈ દિયા હી બહોત રોશની કે લિયે.*

['સરસ્વતીચંદ્ર' ફિલ્મ]

## તબ

*તબ તુમ મેરે પાસ આના પ્રિયે,*
*મેરા સર ઝૂકા હૈ, ઝૂકા હી રહેગા.*

## સમજા નહીં

*જિંદગી કા સફર, હૈ યે કૈસા સફર,*
*કોઈ સમજા નહીં, કોઈ જાના નહીં;*

*હૈ યે કૈસી ડગર, ચલતે હૈં સબ મગર,*
*કોઈ સમજા નહીં, કોઈ જાના નહીં.*

['સફર' ફિલ્મ]

# ઇન્દુ પંડ્યા

## સમજણ

પ્રસિદ્ધ દાર્શનિક સોક્રેટિસ ફરતા ફરતા એક શહેરમાં પહોંચ્યા ત્યાં એમને એક વૃદ્ધ વ્યક્તિની મુલાકાત થઈ. બંને એકબીજા સાથે હળીમળી ગયા, નિખાલસ મનથી વાતો કરતા રહ્યા.

સોક્રેટિસે પેલા વૃદ્ધને પૂછ્યું: “આપનું જીવન ખૂબ આનંદથી વીત્યું છે, પરંતુ હાલમાં આપને કોઈ મુશ્કેલી પડે છે ખરી?”

પેલા વૃદ્ધ સોક્રેટિસ તરફ જોઈને હસ્યાઃ “મારા પરિવારની જવાબદારી પુત્રોને સોંપી દીધી પછી નચિંત છું. તેઓ જે કહે છે એ કરું છું, જે ખાવા આપે છે એ ખાઈ લઉં છું, અને પૌત્ર-પૌત્રીઓ સાથે હસું-રમું છું. સંતાનો કંઈ ભૂલ કરે ત્યારે મૌન રહું છું. એમના કામકાજમાં જરાય દખલ દેતો નથી, પરંતુ જ્યારે તેઓ કંઈ સલાહ લેવા આવે ત્યારે મારા જીવનના અનુભવો એની સમક્ષ રજૂ કરું છું અને કરેલી ભૂલોનાં દુષ્પરિણામો તરફ સાવચેત કરી દઉં છું. તેઓ મારી સલાહ મુજબ વર્તે છે કે અમલ કરે છે કે નહીં એ જોવાનું કામ મારું નહીં. તેઓ મારા માર્ગદર્શન મુજબ ચાલે એવો આગ્રહ નથી. સલાહ આપ્યા બાદ પણ તેઓ ભૂલ કરે તો હું ચિંતા કરતો નથી. તેમ છતાંય તેઓ ફરીથી મારી પાસે આવે તો એમના માટે મારાં દ્વાર હંમેશાં ખુલ્લાં જ છે. હું ફરી વાર એને સલાહ આપીને વિદાય કરું છું.”

# ઇન્દુકુમાર જાની

## સંભારણું

વ્યારાના ભંગીવાસ તરીકે ઓળખાતા મહોલ્લામાં ઝીણાભાઈ દરજી નિયમિત જતા. એક વાર ત્યાંના ઝવેરભાઈએ પ્રશ્ન કર્યો, "હેં ઝીણાભાઈ, તમે અમારી સાથે પ્રાર્થના કરવા ને કાંતવા આવો છો, અમને ભણાવો છો ને મીઠાઈ ખવડાવો છો, પણ જે કામ અમારે કરવું પડે છે તે તમે પણ કોઈક વાર કરતા હો તો?"

એટલે ઝીણાભાઈના મંડળે મળની સફાઈ કરવાનું ઠરાવ્યું. મંડળના ૫૦ સાથીઓમાંથી ૧૪ તેમાં જોડાયા. વાંસની તૂટેલી ટોપલી, ઠીકરાંથી મળ ભેગો કરવાનો, ડોલમાં ભરવાનો, અને એ ડોલ માથા પર મૂકીને ડેપો સુધી લઈ જવાની.

અગાઉ ૧૯૩૮માં કોંગ્રેસનું અધિવેશન હરિપુરા ગામે ભરાયેલું. તેમાં ૧૯ વર્ષના ઝીણાભાઈ સ્વયંસેવક તરીકે ગયેલા. તાપી નદીના કાંઠે પડેલા મળની સફાઈનું કામ તેમની ટુકડીને સોંપાયેલું. ત્યારે સૂપડીથી મળ ઉપાડવાનું કામ એકલા ઝીણાભાઈને જ કરવું પડેલું. પછી એ સૂપડીને અધિવેશનના સંભારણા તરીકે ઝીણાભાઈ પોતાને ઘેર લેતા આવેલા.

['નયા માર્ગ' પખવાડિકઃ ૨૦૦૪]

# ઇન્દુલાલ યાજ્ઞિક

## મગજને ભમાવે છે

ચીતરી ચડે એવા મકાઈના બટકું રોટલા માટે દુકાળમાં ટળવળતાં હાડપિંજરો... તળિયાઝાટક થઈ ગયેલા, કાદવિયા પાણીવાળા કૂવા સામે જોઈ નિસાસો મૂકતાં ઢોર... કાંટા ઝીંટેલાં સૂનાં ઝૂપડાં... લગભગ નગ્નાવસ્થા ભોગવતી કન્યાઓ, સ્ત્રીઓ અને બાળકોનાં ટોળેટોળાંને આખો દિવસ વાંકાં વળી વળીને, સુક્કાં ખેતરોમાંથી માટી ને ઘાસ વાળીવાળીને મહામહેનતે પાશેર-અરધો શેર ઘાસનાં બીજ ભેગાં કરતાં જોઉં છું. બે-અઢી આનાના રોજ સારુ પાંચ-પાંચ દશ-દશ ગાઉથી ઘરબાર છોડીને આવેલા સેંકડો પુરુષોને સડક પર ને ચૂનાની ભઠ્ઠી પર આખો દિવસ પથ્થર ફોડતા જોઉં છું... કડકડતી ટાઢમાંથી કાંઈક બચવા માટે તાપણી પાસે ધરતીમાતાને ખોળે સૂતેલી અને બાળકોને પોતાનાં આછાં કપડાંથી ને હૂંફાળાં અંગથી ઢાંકવાનો મિથ્યા પ્રયાસ કરતી સ્ત્રીઓની કલ્પના મગજને ભમાવે છે...

# ઈનુસભાઈ વીજળીવાળા

## પેરેશૂટ કોણ પેક કરે છે?

ચાર્લ્સ પ્લમ્બ. જેટ ફાઈટર વિમાનનો પાઇલોટ. અમેરિકન નેવીનો એક જવાંમર્દ લડવૈયો. વિયેટનામના યુદ્ધ વખતે 'કિટી હૉક' નામના યુદ્ધ જહાજ પરથી એ પોતાના જેટને લઈને ઊડતો અને વિયેટનામ પર મોત વરસાવીને પાછો આવતો. પંચોતેર વખત એ સફળતાપૂર્વક બૉમ્બાર્ડિંગ કરી ચૂક્યો હતો. છોંતેરમી વખત એ પાછો ફરતો હતો ત્યારે ભૂમિ પરથી આકાશમાં છોડાયેલું મિસાઈલ એના ફાઇટર જેટના નીચેના ભાગે ભટકાયું. વિમાનના પેટમાં લાગેલી આગને કારણે ચાર્લ્સ પેરેશૂટ લઈને કૂદી પડ્યો. પકડાયો. અત્યાચારો અને યાતનાનાં છ વરસ વિયેટનામની જેલમાં ગાળ્યા બાદ એને મુક્તિ મળી. આજે ચાર્લ્સ પોતાના યુદ્ધ અને જેલના અનુભવો અંગે અમેરિકામાં લેક્ચર આપે છે.

એક દિવસ ચાર્લ્સ અને તેની પત્ની એક રેસ્ટોરાંમાં બેઠાં હતાં ત્યારે બાજુના ટેબલ પરથી એક માણસ ઊભો થઈને તેમની પાસે આવ્યો, "તમે જ મિ. ચાર્લ્સ પ્લમ્બ કે? તમે 'કિટી હૉક' નામના ઍરક્રાફ્ટ કૅરિયર પરથી બૉમ્બાર્ડિંગ કરવા જતા ને? અને તમારા વિમાન પર મિસાઈલ ઝીંકાયું હતું, ખરું?"

"એકદમ ખરું!" ચાર્લ્સને આશ્ચર્ય થયું. "પણ તમને આટલી બધી વિગતની કેમ ખબર છે? તમે મારું લેક્ચર એટેંડ કરેલું?"

"ના", પેલો માણસ બોલ્યો, "મેં તમારું પેરેશૂટ પેક કરેલું! માનું છું કે એણે બરાબર કામ આપ્યું હશે!"

"અરે! એકદમ સરસ. અને એના લીધે જ હું અત્યારે અહીં જીવતો બેઠો છું. નહીંતર વિમાનની જોડે જ...!" ચાર્લ્સ અભિભૂત થઈ ગયો. "તમારો ખૂબ જ આભાર!"

"અરે, એમાં આભારની શું વાત છે. એ તો મારી ફરજ હતી.

ચાલો ત્યારે, ફરી ક્યારેક મળીશું!" પેલો માણસ એટલું બોલ્યો. પછી બંને હાથ મિલાવીને છૂટા પડ્યા.

બસ આટલી જ વાત, પરંતુ એ રાત્રે ચાર્લ્સને ઊંઘ ન આવી. આખી રાત એ વિચારતો રહ્યો કે જેટ ફાઇટરના એક સફળ અને અભિમાની પાઇલોટ તરીકે એણે 'કિટી હૉક'ના તૂતક પર પેરેશૂટ પેક કરનાર પેલા મજૂર માણસની ક્યારેય નોંધ પણ લીધી હતી ખરી? કેટલી બધી વાર એ સામો મળ્યો હશે. એને ક્યારેય 'ગુડ મોર્નિંગ' કહ્યું હતું ખરું? અરે, એક જ જહાજ પર હોવા છતાં એ માણસની એના મગજે નોંધ પણ નહોતી લીધી. પણ તેણે જો એનું પેરેશૂટ બરાબર પેક જ ન કર્યું હોત તો? જ્યારે એ મજૂર માણસ કલાકોના કલાકો જહાજના ભંડકિયામાં બેસીને કાળજીપૂર્વક પેરેશૂટની રેશમી દોરીઓ વણીને બરાબર પેક કરતો હશે ત્યારે પોતાના જેવા કંઈ કેટલાય સૈનિકોની જિંદગીને બચાવવાનો મોકો પણ પેક કરી રહ્યો હશે ને? અને એ પણ એવા સૈનિકો કે જેને એ જાણતો પણ નહીં હોય! એ પછી પોતાના દરેક લેક્ચરમાં ચાર્લ્સ એવું પૂછતો થઈ ગયો, 'તમને સૌને ખબર છે કે તમારું પેરેશૂટ કોણ પેક કરે છે?'

આપણે આપણી જિંદગીમાં કેટકેટલાં પેરેશૂટનો ઉપયોગ કરવો પડતો હોય છે તે ક્યારેય વિચારીએ છીએ ખરા? શારીરિક પેરેશૂટ, માનસિક પેરેશૂટ, આધ્યાત્મિક પેરેશૂટ, લાગણીનું પેરેશૂટ વગેરે કંઈ કેટલાંયે! આ બધાં પેરેશૂટો આપણા માટે પેક કરનારા સૌને આપણે જાણીએ છીએ ખરા? એમનો ક્યારેય ખરા દિલથી આભાર માનીએ છીએ ખરા? આપણા કે બીજા કોઈના માટે પણ સારું કામ કરનારને આપણે અભિનંદન આપીએ છીએ ખરા? નથી લાગતું કે વ્યવહારના તાણાવાણાઓને થોડાક સરખી રીતે ગોઠવવાની જરૂર છે? તો ચાલો, આપણા રોજિંદા જીવનમાં એક વાતનું હંમેશાં ધ્યાન રાખતા રહીએ કે... આપણું પેરેશૂટ કોણ પેક કરે છે?

['મોતીચારો' પુસ્તક: ૨૦૦૩]

# ઇન્દુલાલ ગાંધી

## ભૂલવા બેઠાં…

*આજે અમે બધું ભૂલવા બેઠાં.*
*એક અવાચક રાતને આરે,*
*તારોડિયા જ્યારે—*
*આવી આવીને આળોટતા હેઠા,*
*ત્યારે અમે બધું ભૂલવા બેઠાં…*

# ઈલા પાઠક

## માની શીખ

અમે દાદીમાને મા કહેતાં. તેમને વારંવાર યાદ કરવાનું બન્યા કરે છે. ત્યારે અકારી લાગતી છતાં ઉપયોગી શીખ અનેક વાર સાંભરી આવે છે. તે જે કહેતાં હતાં તે છેલ્લાં ચાલીસ-પચાસ વર્ષથી જોતી આવું છું કે તેવું ને તેવું પ્રસ્તુત રહ્યું છે, અને વ્યવહારુ પણ.

કિશોરાવસ્થામાં માને મોંએ જેનો વારંવાર ઉલ્લેખ થતો તે: "કોઈને ચામ વહાલું નથી, કામ વહાલું છે. આગળ પડીને કામ કરી દઈશ, તો સૌ કોઈ તને બોલાવશે. જ્યાં જઈએ ત્યાં 'લાવો, હું કરું' કહીએ, જેથી સામાને વહાલાં લાગીએ." હકીકત છે કે ઘરમાં કે બહાર, નોકરીમાં કે સામાજિક કાર્યમાં "ચામ વહાલું નથી, કામ વહાલું છે" તે જોતી આવી છું.

કૉલેજના પહેલા વર્ષે, પહેલા વર્ગમાં બીજે નંબરે આવી ત્યારે મારાથી સહજપણે ઘરમાં હર્ષ પ્રદર્શિત થઈ ગયેલો. ત્યારે માએ મને ઠપકારી હતી: "એમાં આટલું ફુલાવાનું શું? ભણીએ એટલે સારી રીતે પાસ તો થવું જ જોઈએ ને? એમાં મોટી ધાડ મારી હોય તેમ ક્યારની ફરે છે તે!"

['અખંડ આનંદ' માસિક]

# ઈશા-કુન્દનિકા

## અંધારી રાતે દીપશિખા

અનેક વાર એવું બને—

કોઈ પુસ્તક, કોઈ લેખ, કોઈ ગદ્યખંડ, કોઈ કવિતા, ક્યાંક છૂટાંછવાયાં અવતરણ વાંચતાં સહસા થંભી જવાય. એમાંનો કોઈ વિચાર મનમાં એવો વસી જાય કે એમ થાય, આપણા રોજિંદા જિવાતા જીવનમાં જાણે ક્યાંક અજવાળું પથરાયું; ગૂંચાયેલા આડાઅવળા માર્ગ પર ચાલતાં હતાં ત્યાં એક સ્પષ્ટ સુનિશ્ચિત દિશા મળી.

કશુંક ગહન, કશુંક સૂક્ષ્મ-સુંદર વિચારતત્ત્વ સામે આવતાં હૃદય રણઝણી ઊઠે. એમ થાય કે આગળ વધવા માટેની કેડી મળી, રસ્તો અંધારો હતો ત્યાં દૂરથી દીવો દેખાયો. આંતરયાત્રામાં કંઈક સહાય મળી, એક નવીન આનંદની પિછાણ થઈ.

આનંદ અને ચિંતનનાં અજવાળાં વેરતાં આવાં વિચારતત્ત્વોનો સંગ્રહ છે: ‘ઝરૂખે દીવા’.

કેટકેટલાં પુસ્તકો, સામયિકો, લેખો વાચનમાંથી પસાર થયાં છે! કેટકેટલી જ્ઞાનગંભીર વાણીના મનમાં પડઘા પડ્યા છે!

કશુંક સુંદર જોયું-સાંભળ્યું હોય તો તરત અન્યને તેમાં સહભાગી બનાવવાની ઇચ્છા થાય; મેઘધનુષ દેખાય કે બીજાને બૂમ પાડીને જોવા બોલાવીએ, તેવું જ કંઈક થયું આ સંગૃહીત સાહિત્ય ફરી જોઈ જતાં. એમ થયું કે આમાં તો ખૂણેખાંચરેથી વીણી વીણીને દીવાનાં અજવાળાં ભર્યાં છે; તે પ્રકાશ બધા સમક્ષ ધરવો જોઈએ. કવિ કાલિદાસના મહાકાવ્ય ‘રઘુવંશ’માં ઇન્દુમતીસ્વયંવરનું વર્ણન છે.

દરબારમાં, વરણ માટે એકત્રિત થયેલા રાજાઓ પાસેથી ઇન્દુમતી પસાર થાય છે ત્યારે તે કેવી લાગે છે? જાણે અંધારી રાતમાં એક

દીપશિખા સંચરતી હોય! 'ઝરૂખે દીવા'માં સંગૃહીત થયેલો એક એક વિચાર તે જાણે દીપશિખા જેવો છે. મનના અંધારા ખૂણાને, જીવનના અંધારપથને તે પ્રકાશિત કરે છે.

દીપશિખા જેવી આ વાણીના પ્રકાશમાં બધાંને સહભાગી બનાવવાની ઇચ્છાથી આ પુસ્તક તૈયાર થયું છે. ઝરૂખામાં મૂકેલા દીવા ઘરને તો અજવાળું આપે, રસ્તા પર પણ અજવાળું વેરે અને અંધારી રાત્રમાં માર્ગ પર દૂરથી ચાલ્યા આવતા યાત્રીનાં પગલાંમાં બળ પૂરે, તેમ આ વચનોએ મારા મનને ઘણું બળ ને અજવાળું આપ્યાં છે. વાંચનારને પણ આપશે એવી શ્રદ્ધા.

['ઝરૂખે દીવા' પુસ્તક: ૨૦૦૧]

# અધૂરો સૂર

એક સંગીતકાર મિત્ર કરાંચીમાં મુબારકઅલી ખાં પાસે સંગીત શીખવા જતા. સવારના ચાર વાગ્યે ઉસ્તાદ શીખવવાનું શરૂ કરે. કલાકનો તો તેમના ઘરનો રસ્તો, એટલે સવારે ત્રણ વાગ્યે ઊઠીને નીકળવું પડે. ઉસ્તાદ ગાવાનું કહે, એકાદ કલાક આલાપ-ગાયન ચાલે, ત્યાં ઉસ્તાદ અચાનક કહે: "જા, જઈને મારે માટે પાન લઈ આવ." અને શિષ્ય એ વહેલી સવારે કોઈ એકલદોકલ દુકાન ઊઘડી હોય તે શોધી કાઢી, પાન લઈને આવે, ત્યારે ગુરુ કહે: "હં, હવે જે સૂર પરથી અધૂરું મૂક્યું હતું ત્યાંથી ફરી શરૂ કર." તે વખતે, સંગીતમાં જેનાં મનપ્રાણહૃદય સંપૂર્ણપણે તલ્લીન થઈ ગયાં હોય, જેના અંતરમાં એ સૂરનું જ રટણ ચાલતું હોય, તે શિષ્ય એ સૂરને અધૂરો મૂક્યો હતો ત્યાંથી બરોબર અનુસંધાન શોધી લઈ શકે.

['જન્મભૂમિ-પ્રવાસી' અઠવાડિક: ૧૯૭૮]

# ઝીણાં પાન પર મખમલિયાં ભરત

મકરન્દ [દવે]ને ઘણી વાર કાવ્ય લખવાનો અંદરથી એટલો પ્રબળ વેગ આવે કે રાતોની રાત જાગીને પણ લખે. ઘણી વાર રસ્તે જતાં, બસમાં-ટ્રેનમાં-વિમાનમાં સફર કરતાં કવિતા આવે. ક્યારેક કાગળ પાસે ન હોય તો બીજા પાસેથી માગીને પણ લખવું પડે. પંક્તિઓ ધસમસતી આવીને મનનો કબજો લઈ લે અને કાવ્ય પૂરું લખાય નહિ ત્યાં સુધી એની પકડ ન છૂટે. ક્યારેક તો નહાતાં નહાતાં બાથરૂમમાંથી બૂમ પાડી મને અમુક પંક્તિ લખી લેવાનું કહે. એક વાર લખાઈ જાય, પછી જરૂર લાગે તો ફરી ફરી મઠારે. ઘાટઘૂટ સુંદર થાય તેની ખૂબ કાળજી કરે. ઘણી વાર એક યોગ્ય શબ્દ માટે લાંબી મથામણ ચાલે. આમ સર્વાંગસંપૂર્ણ રચના કરે ત્યારે જ એને નિરાંત થાય.

આમ છતાં એને પોતાનાં કાવ્યો માટે આસક્તિ નથી. કાવ્યોના પ્રકાશન પરત્વે એ ઉદાસીન હોય છે. પહેલાં (એટલે કે મારા પ્રવેશ પહેલાં) તો પોતાનાં લખેલાં બધાં કાવ્યો પાસે હોય પણ નહિ. વેરવિખેર પડ્યાં હોય. સારા નસીબે એના એક મિત્રા ભાવનગરના શ્રી શંકરભાઈ જોષી, જે અમદાવાદમાં મ્યુનિસિપલ ઇન્સ્પેક્ટર તરીકે કામ કરતા, તેમણે ઘણાં કાવ્યો પોતાની નોટમાં કે ક્યારેક તો હરિજન કામગારોના હાજરીપત્રકમાં પણ, ઉતારી લીધેલાં, એટલે એ સચવાયાં. ખોવાયાં કેટલાં હશે, કોને ખબર! હવે તો દરેક કાવ્ય લખાય કે વ્યવસ્થિત રીતે નોટમાં ઉતારી લેવાના મારા આગ્રહને લીધે કાવ્યો ખોવાઈ જવાનું ભાગ્યે જ બને છે.

મકરન્દ પર ભક્ત કવિ, સાધક કવિ, મરમી કવિ, સાંઈ—એવાં એવાં નામોની છાપ લાગી છે; પણ મારી દૃષ્ટિએ પહેલાં તો એ કેવળ કવિ જ છે. એણે જરૂર ભજનો લખ્યાં છે, પદ લખ્યાં છે, પરમ તત્ત્વ સાથેના અનુસંધાનનાં તો અનેક કાવ્યો છે. પણ સાથે એણે બાળકોનાં, વ્યક્તિઓનાં, ઘટનાઓનાં, પ્રકૃતિનાં, સાંપ્રત પરિસ્થિતિનાં, ઐતિહાસિક પ્રસંગોનાં પણ ઘણાં કાવ્યો લખ્યાં છે; ગઝલો લખી છે, સૉનેટ લખ્યાં

છે. એના વિષયોનું ફલક વિસ્તૃત છે, પણ એની અંદરનો રંગ ભગવો છે એટલે મોટા ભાગની કૃતિઓમાં પ્રગટપણે કે પ્રચ્છન્નપણે એ જ રંગ લહેરાય છે. દા.ત. મને બહુ ગમતું એક કાવ્ય—'ગુલમહોરનાં ઝીણાં ઝીણાં પાન પરે, જે પ્રભાતનાં મખમલિયાં કિરણો ભરત ભરે'માં પ્રકૃતિનું નિતાંત સુંદર રૂપ આલેખ્યા પછી છેવટ જતાં તો આ દૃશ્યમાનતાનાં, સ્થૂલ જીવનનાં બંધનો-ફંદનો તોડીને મુક્ત થયેલ વ્યક્તિ વિશાળ ચેતનાને ધારણ કરી જગતને માગે તે આપવા ઉત્સુક હોવાની વાત આવે છે. રિચાર્ડ બાખના જોનાથન લિવિંગ્સ્ટન સીગલની જેમ સ્તો!

મકરન્દને આનંદના કવિ તરીકે, ગુલાલ ઉડાડનાર કવિ તરીકે ગણવામાં આવે છે; પણ એણે વેદનાને ખૂબ પિછાણી છે, વિષાદની અંધારી ગલીઓમાં યાત્રા કરી છે, કશુંક શોધવા-પામવાની તીવ્રાતિતીવ્ર ઝંખનાની આગનો આતપ વેઠ્યો છે. 'પીડા તો આવીને બેઠી છે પંડ' અને 'તમારી પાસ બેસી વાત કરવાની ઘડી નહોતી' અથવા 'હરિએ નાખ્યાં હેડયમાં હો જી' જેવાં અનેક ગીતોમાં એની ઝલક જોવા મળે છે. એનો આનંદ આ વેદનામાં ઝબકોળાઈને શુદ્ધ થઈને બહાર આવેલો છે. એટલે તો છેવટે બધી વેદનાની ઉપરવટ જઈને પરમ તત્ત્વ સાથેના નિકટતમ સંબંધનો સૂર જ અનેકવિધ રીતે ગાઈ ઊઠે છે:

*પગલું માંડું હું અવકાશમાં,*
*જોઉં નીચે હરિવરનો હાથ.*

# એબ્રહામ લિંકન

## આંગળી ઝાલીને એને દોરજે!

હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે; આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે.

અત્યાર સુધી એ પોતાનો રાજા હતો. આજુબાજુનાં આંગણાંનો સરદાર હતો; વળી એની ઇચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો.

પણ... હવે બધું બદલાઈ જશે. આજે સવારે એ ઘરનાં પગથિયાં ઊતરશે, હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે. એ સાહસમાં કદાચ યુદ્ધો, કરુણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ હશે.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી પકડીને દોરજે અને જાણવા જેવું બધું જ શીખવજે. બની શકે તો આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.

એણે બધું શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે, તો બીજી બાજુ સંત લોકો પણ છે. પ્રપંચી રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે; અને દુશ્મનો પણ મિત્રો બને છે ખરા, ભલે તેમાં વાર લાગે.

એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફત મળેલા પાંચ ડૉલર કરતાં વધારે મૂલ્યવાન છે. હાર જીરવવાનું એને શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. અદેખાઈથી એને અળગો રાખજે, સ્મિતનું મૂલ્ય એને સમજાવજે.

પુસ્તકોની અદ્ભુત દુનિયાનાં એને દર્શન કરાવજે.

આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગુંજારવ કરતી

મધમાખીઓ, લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પોનું સનાતન રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

ભલે બીજા બધા એને ખોટો કહે તોપણ એને પોતાના વિચારો પર વિશ્વાસ રાખવાનું શીખવજે. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સામે અણનમ રહેતાં શીખવજે. સૌનું ભલે એ સાંભળે, પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતાં એને આવડવું જોઈએ.

બીજાઓ જ્યારે પવન પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે.

દુખ હોય ત્યારે એને હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે. મીઠાશથી સાંભળવાનું ને કડવાશથી ન અકળાવાનું એને શીખવજે. આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે તે જોજે. ટોળાંની બૂમોથી એ નમી ન પડે અને જે સાચું છે તેને માટે જીવસટોસટની લડાઈ આપતાં એ અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત, આ બધું એને મૃદુતાથી શીખવજે, પણ એને ખોટાં લાડ લડાવીશ નહીં. સુવર્ણ તો અગ્નિમાં તપીને જ શુદ્ધ બને છે.

મારી લાગણી કદાચ તને વધુ પડતી લાગે, મારી માગણી મોટી લાગે તોપણ હે જગત, તારાથી જે કાંઈ બની શકે એ બધું કરજે, કારણ કે એ મારો નાનકડો બહુ મજાનો દીકરો છે.

(અનુ. ઈશા-કુન્દનિકા)
['ઝરૂખે દીવા' પુસ્તક: ૨૦૦૧]

# ઈશ્વર પેટલીકર

## આખ્યાનનું હાર્દ

પ્રહ્લાદનું આખ્યાન પ્રથમ તો એ શીખવી જાય છે કે પિતાના ઇષ્ટધર્મ કરતાં પુત્રાનો ઇષ્ટધર્મ જુદો હોઈ શકે. એ પાળવાનો પુત્રાને સંપૂર્ણ હક છે, પિતાને એ અંગે વિરોધ કરવાનો હક નથી. એવી પ્રામાણિક માન્યતાને કારણે પુત્રા પિતાની આજ્ઞાનો અનાદર કરે, તો તે પુત્રાધર્મ ચૂકે છે તેવું ન માનવું જોઈએ. આ બોધ કેવળ ધર્મના સ્થૂલ અર્થ પૂરતો મર્યાદિત રહે છે, એમ નહીં. કોઈ પણ માન્યતા અંગે પિતાપુત્રા વચ્ચે પ્રામાણિક મતભેદ ઊભો થાય, તો પુત્રાને પોતાની માન્યતા પ્રમાણે વર્તવાની છૂટ છે. તે માટે પિતાનો ખોફ વહોરવો પડે, તો વહોરવા તૈયાર રહેવું જોઈએ.

એવો ખોફ ઉતારનાર વડીલોને હિરણ્યકશિપુનું પાત્રા સહિષ્ણુ થવાનો બોધ આપે છે. હિરણ્યકશિપુનું પગલું સાચું નથી એમ જો વડીલો માનતા હોય, તો પોતાના ઘરના પ્રહ્લાદના પ્રસંગ વખતે એમનાથી એવું પગલું ન ભરાય, એમ તેમણે સમજવું જોઈએ.

આમ તો આપણે બધા કહીએ છીએ કે, પ્રહ્લાદનું આખ્યાન અમે સાંભળ્યું છે. એ સાંભળ્યા છતાં જો દીકરાની ભિન્ન માન્યતા વખતે એને તેમ વર્તવાની સંમતિ સહિષ્ણુતાપૂર્વક ન આપીએ, તો આખ્યાનનું હાર્દ આપણે પામ્યા છીએ તેમ ન કહી શકીએ.

## કામમાં સુવાસ

કહેવાય છે કે માણસ વહાલું નથી, પણ તેનું કામ વહાલું છે. પરંતુ એ કામેય કેવી રીતે થાય છે અને તેમાંથી કેવી સુગંધ ફેલાય

છે તેની ઉપર વહાલનો આધાર હોય છે.

કોઈ આવીને બારણે ઘંટડી મારે છે. બારણું ઉઘાડતાં એ પૂછે છે: ફલાણાભાઈ છે? 'ના'નો ટૂંકો જવાબ આપવાથી કામ પતી ગયું લાગે. પરંતુ એ જવાબ સુગંધ વિનાનો ગણાય.

એને બદલે કોઈ જવાબમાં કહેશે: "માફ કરજો, તમારે ધક્કો થયો. એ તો બહાર ગયા છે, પણ અંદર આવોને! તમને વાંધો ન હોય તો શું કામ હતું તે જણાવો, તો એ આવશે કે તરત તમારો સંદેશો આપીશ. ચિઠ્ઠી મૂકી જવી હોય તો તમારી બાજુમાં જ કાગળનું પેડ અને પેન છે." અને આવનાર વ્યક્તિ કામ જણાવીને વિદાય થાય ત્યારે ઘરનું માણસ કહેશે: "એ આવશે કે તરત સંદેશો આપીશ. આવજો!" અને જનાર વ્યક્તિ ફળિયું ઓળંગી જાય પછી જ એ બારણું બંધ કરશે.

આટલાથી એ કામ પૂરું થઈ જાય છે, તેવું પણ નથી. ઘરના એ સભ્ય બહારથી આવે ત્યારે પેલા મુલાકાતીની ચિઠ્ઠી તરત આપવી જોઈએ. અગર મોઢે સંદેશો કહ્યો હોય તો સમજફેર ન થાય તેમ વિગતથી તે જણાવવો જોઈએ.

કામ કરીને સૌને જીતી લેવાનાં છે. પણ કેવળ કામથી લોકો જિતાતા નથી. એ કામ કેવી ચીવટથી અને વિવેકપૂર્વક આપણે કરીએ છીએ, કામમાંથી સંસ્કારની સુગંધ કેવી ફેલાય છે, તેની ઉપર એ જીતનો ઘણો આધાર રહે છે.

['ઊર્મિ-નવરચના' માસિક: ૧૯૬૩]

## કોણ સંતોષશે?

જ્યારે મને કોઈ સવાલ કરે છે કે સમાજમાં શો સુધારો થયો? ત્યારે હું જવાબ આપું છું કે ઘણો મોટો સુધારો થયો છે. લોકોનો મોટો ભાગ રૂઢિના ઘરમાં ગોંધાયેલો છે, તે સાચું. પરંતુ પચીસ વર્ષ પહેલાં લોકોને ફરજિયાત રૂઢિમાં ગોંધાયેલા રહેવું પડે તેવી સ્થિતિ હતી. જો

તેમાંથી બહાર નીકળે તો નાતીલાઓ એને નાત બહાર મૂકતા, સમાજમાં રહેવું એને માટે મુશ્કેલ બનતું. એમને નાઇલાજે રૂઢિને તાબે થવું પડતું. આજે લોકો રૂઢિના ઘરમાં પુરાઈ રહ્યા હોય તો જૂની આદતના માર્યા; બાકી એમને પુરાઈ રહેવું પડે અને બહાર નીકળી ન શકાય તેવી ભોગળ નાતે આજે મારેલી નથી.

## સબધો પાડોશી

અભરામનું ઘરભાડું અઢી વર્ષનું બાકી હતું છતાં, છેલ્લાં ચાલીસ વર્ષથી એ અમારો ભાડવાત છે એટલે, ઘર ખાલી કરવાનું કહેતાં મારી જીભ ઊપડતી ન હતી. મારા દાદા પાસે એણે ઘર ભાડે રાખેલું, અને તરત એ પહેલા મહાયુદ્ધમાં ભરતી થઈને એબીસીનીઆના મોરચે ગયો હતો. બે વરસે યુદ્ધ બંધ થતાં એ પાછો આવ્યો ત્યાં સુધી એની વીશ વર્ષની જુવાન વહુ ધાવણા બાળક સાથે એ ઘરમાં રહી હતી. આ, અને પછી કરેલી બીજી—એમ એની બે પત્ની એ ઘરમાં ગુજરી ગઈ. અને હાલ હયાત છે તે અમીના સાથે એ નિકાહ પઢી આવ્યો ત્યારે મારા પિતાએ એને ઠપકો આપવામાં બાકી રાખ્યો ન હતો. અમીના તે વખતે ૧૪ વરસની હતી, અને અભરામ ૪૫ વર્ષનો. આજે અમીના ૩૪-૩૫ વર્ષની છે. ચાર બાળકો હયાત છે, બે ગુજરી ગયાં છે; મોટી દીકરી ૧૨ વર્ષની છે, અને સૌથી નાની વરસેકની હશે.

આજે મને પિસ્તાળીસ વર્ષ થયાં છે, એટલે નાનપણની મારી સ્મૃતિ જાગે છે ત્યારથી અભરામને મારા ઘરની સામે રહેતો જોયાનું ચિત્ર દેખાય છે. એ લડાઈમાં ગયો, અને તેની પ્રથમ પત્ની ફાતીમા એકલી રહેતી, તે સ્મરણ તો મને તાદ્રશ ખડું થાય છે. ફાતીમા કૂવે જાય કે તળાવે જાય, મને એના ધાવણા દીકરા ગનીની ભાળવણી કરી જતી. આમ તો ગનીને ઘોડિયામાં ઊંઘાડીને જ એ કામે જતી; પણ માનો જીવ: રખેને દીકરો જાગી ઊઠે, અને રડી મરે, એ બીકે

ફાતીમા મને કહેતી: "ચંદરભાઈ, મારો ગની જાગેને, તો એને જરા હીંચકો નાખજોને, ભઈલા! હું તને સેવમમરા લેવા પૈસા આલીશ." અને ગની ઊઠ્યો ન હોય, મેં હીંચકો ન નાખ્યો હોય, છતાં, એ જાગી ઊઠે તેની કાળજી રાખવા પૂરતો હું બેસી રહ્યો હોઉં તે પૂરતું ગણી, મને એ પૈસો—કોઈ વખતે બે પૈસા પણ આપતી. અને મને પાનનો શોખ લાગેલો એટલે, તે વખતે એક પૈસાનાં બે પાન મળતાં તે સામટાં બે હું મોઢામાં મારતો!

ફાતીમા ગઈ, મરિયમ ગઈ, અને ૧૪ વર્ષની હસમુખી ને નમણી અમીના એ ઘરમાં આવી એ વખતે તો હું પચીસ વર્ષનો હતો. અસહકારની ચળવળને લીધે કૉલેજ છોડી જેલમાં ગયો હતો. પિતાએ તો મારી ભાવિ કારકિર્દીનાં કેવાંય સ્વપ્ન સેવ્યાં હતાં, એટલે એ ધૂળમાં મળતાં જોઈ એમણે ઓછાં રોષ અને દુ:ખ અનુભવ્યાં ન હતાં. પરંતુ સ્વરાજ્યની ધૂનમાં ચડી ગયેલો હું જેલમાંથી છૂટીનેય કૉલેજમાં દાખલ ન થયો અને કોંગ્રેસની ચળવળમાં ચાલુ રહ્યો હતો; એટલે અમીના જેવી નાજુક, હસમુખી, કુમળી, કળીને કચડી નાખવાનો જરઠ અભરામને શો અધિકાર છે—માની મેં પિતાને કહેલું કે, આવા જંગલીને આપણા ઘરમાં રાખવો ન જોઈએ!

એ ધૂનમાં ને ધૂનમાં મેં અમીનાને ઉશ્કેરવા પણ પ્રયત્ન કર્યો હતો: તું આ આધેડને પરણી શું કામ? તેં વિરોધ કેમ ન કર્યો? મુસલમાનોમાં તો તલ્લાક લેવાય છે; શું કામ તલ્લાક લઈ કોઈ નવજુવાનને ન પરણે?

છેલ્લાં વીશ વર્ષથી હું અમીનાના જીવનનો સાક્ષી છું. એ બિચારી પરણીને આવી ત્યારથી અભરામની પડતી શરૂ થઈ હોય તેમ એ દુ:ખી ને દુ:ખી થતી ગઈ છે. છતાં એના મોં ઉપરથી પહેલાંનાં જેવું અમીઝરતું હાસ્ય અલોપ થયું નથી. ચાર બાળકો અને એ પોતે—એમ પાંચ જણનું એ શી રીતે રોડવતી હશે, તેની કલ્પના કરતાં હું ધ્રૂજી જાઉં છું. અભરામ રેલવે-ટ્રેનના સોડા-કમ્પાર્ટમેન્ટમાં નોકરી કરે છે, એટલે ઘેર આવતા નથી. બપોરે એક વખત એની મોટી દીકરી સ્ટેશને એને ભાતું આપવા જતી મારા જોવામાં અવારનવાર આવે છે. અભરામે એનું ચાલ્યું

ત્યાં સુધી ભાડું ચડવા દીધું નથી; છતાં અઢી વરસથી બાકી ખેંચાયા કરે છે, એટલે ઘર કેમ ચાલતું હશે તેની પ્રતીતિ મનોમન થતી હતી. એમાં કોઈ કોઈ વખત મારી પત્ની સાહેદી પૂરતી: અમીનાનાં છોકરાં આજે બિલકુલ ભૂખ્યાં હતાં; મેં સાંજે જાણ્યું ત્યારે એને ઠપકો આપ્યો; ચોખા આપ્યા, લોટ આપ્યો અને રાંધેલું આપ્યું. હું યાદ દેવડાવતો: છોકરાંને કપડાં પણ આપવાં. પત્ની મારી બાઘાઈ ઉપર હસીને કહેતી: તમે શું જુઓ છો ત્યારે? એનાં છોકરાં આપણાં કપડાં જ પહેરે છે. ચડ્ડી-ખમીસ ખાદીનાં હોય છે તે ઉપરથી પણ નથી ઓળખી શકતા!

છેલ્લે અમીનાને મેં ચારનો ભારો લઈને આવતી રસ્તામાં જોઈ ત્યારે શરમના માર્યા મેં મોં ફેરવી લીધું. મજૂરી કરતાં તો અગાઉ પણ મેં અમીનાને જોઈ હતી. આ લડાઈ પછી મજૂર મોંઘાં થયાં હતાં, એટલે ખેતરમાંથી ચારનો ભારો કાપી લાવ્યાની મજૂરી સારી મળતી હતી; એ કામ અમીના કરતી પણ ખરી—એને મજૂરી કરવામાં શરમ પણ ન હોવી જોઈએ. પરંતુ અમીના છઠ્ઠી સુવાવડમાંથી મહિના-દોઢ-મહિના ઉપર જ ઊઠી હતી. અકાળે વૃદ્ધ થઈ ગઈ હોય તેમ એનું શરીર ખખડી ગયું હતું. સુવાવડ વખતે મેં દવાખાનામાં દાખલ ન કરાવી હોત તો એ કદાચ આ વખતે બચત પણ નહિ. નવી સુવાવડની ઝંઝટમાં એને ફસાવું ન પડે માટે પ્રસૂતિ પછી ડૉક્ટરે ઓપરેશન કરી નાખ્યું હતું. મારો આભાર માનતાં મારી પત્નીને એ કહેતી: “મોટા ભાઈની દયાથી જ આ ફેરા બચી છું.”

આવા શરીરે ચાર વહેવા જેવી કપરી મજૂરી અમીના કરે, એ જ બતાવતું હતું કે ઘરમાં ધાનનાં સાંસાં હોવાં જોઈએ. મેં તે સાંજે અમીનાને ટોકી; કહ્યું: “શું કામ તું શરમ રાખે છે? મને કહેતાં તને સંકોચ થાય, પણ ઘરમાં મોટી બહેનને કહેતાં તારે શું કામ શરમાવું જોઈએ?”

અમીના: “અમારે તો દુઃખ આખી જિંદગીનું રહ્યું. તમે તો છેડો ઝાલતા આવ્યા છો—અને ઝાલો; પણ કાયમ દુઃખ રડતાં મારી જીભ કેમ કરી ઊપડે?” મને અભરામ ઉપર ચીડ ચડી: એ અક્કર્મીએ

પાછલી ઉંમરે લગ્ન કર્યું ન હોત તો આ દુ:ખ આવત? ફાતીમાનો દીકરો ગની લારી લઈને કેળાં વેચવાનો ધંધો કરી એનું ઘર ચલાવતો હતો, તે બાપને પણ નિભાવી લેત. મરિયમની બે દીકરીઓ સાસરે હતી, એટલે એ બોજો ન હતો. પાંસઠ વર્ષની ઉંમરે અભરામમાં નોકરી કરવા જેવી શક્તિ પણ નહોતી રહી છતાં સોડા-કમ્પાર્ટમેન્ટમાં એની નોકરી ચાલુ હતી; તો પછી છોકરાંને ખાવાનાં સાંસાં શું કામ હોવાં જોઈએ?

અભરામ કોઈ વખત ઘેર આવતો ત્યારે મારે ભેટો થતો નહિ, એટલે મેં એક વખત ગાડીમાં પકડયો; ઠપકો આપ્યો. એણે કહ્યું: "મારો પગાર અહીં પાંચ મહિનાથી ચડયો છે."

મેં સલાહ આપતાં કહ્યું: "તો નોકરી શું કામ છોડી દેતો નથી?"

અભરામ: "નોકરી છોડીને શું કરું? આ ઉંમરે કોણ નોકરીમાં રાખે મને? હું થાકીને નોકરી છોડી દઉં તે માટે તો શેઠ પગાર આપ્યા વગર ટીંગાવે છે. એય છક્કાપંજામાં ગુમાવે છે, એટલે પગાર આપવાના પૈસા હોતા નથી."

મારી પાસે એનો ઉકેલ ન હોય તેમ મેં કહ્યું: "ખાલી હાથે પણ ઘેર આવે તો અમીનાને કેટલું આશ્વાસન મળે? એને દુ:ખનો બળાપો હોય, અને તમે ખબર પણ ન કાઢો…'

અભરામે મારી સામેથી મોં ફેરવી લીધું. એની આંખમાં આંસુ આવી ગયાં તે મારી નજર બહાર ન હતું. આંસુ લૂછી નાખી મારા સામું જોતાં એ દર્દભર્યા અવાજે બોલ્યો: "મોટા ભાઈ! મને બૈરી-છોકરાં વહાલાં નથી એમ ન માનતા…" હું વચ્ચે જ બોલી ઊઠ્યો: "હું તમને નાનપણથી ઓળખું છું: તમે હેતાળ છો. છતાં હમણાં હમણાંના બેદરકાર બન્યા છો, માટે તો ઠપકો આપવાનો વિચાર આવ્યો."

અભરામે આ વખતે આંખમાં આંસુ આવ્યાં છતાં મોં ફેરવી ન લીધું; આંસુ લૂછ્યાં પણ નહિ. એણે ભારે સાદે કહ્યું: "મોટા ભાઈ! હું તમને બેદરકાર લાગતો હોઈશ; બીજાંને પણ લાગતો હોઈશ. પણ હું પહેલાં જેટલો જ હેતાળ છું. ઘરડો થયો છું, પહેલાં જેટલું જોમ

નથી રહ્યું. એટલે કાયર થયો છું. બૈરા-છોકરાંનું દુઃખ જોયું જતું નથી, એટલે 'ના દેખવું અને ના દાઝવું' એમ મન મનાવું છું." અને એણે મન મૂકીને મારી સમક્ષ રડી લીધું—હૈયું હળવું કરી લીધું.

આ સ્થિતિમાં, અભરામ પાસે અઢી વર્ષનું ભાડું ચડયું હોય છતાં હું કડક થઈને ઉઘરાણી શી રીતે કરી શકું? ઘર ખાલી કરવાનું કહેતાં મારી જીભ પણ શી રીતે ઊપડે! જો કે ઘણાંએ સીધી યા આડકતરી રીતે અભરામને ખાલી કરાવવાનું સૂચન કરેલું છે. ભાડાની દૃષ્ટિએ નહીં—પણ વાણિયાના ઘર સામે મુસલમાન રહે તે કેવું બેહૂદું કહેવાય! સગાંસાગવાંમાં પણ કેવું નાલેશીભર્યું લાગે? શુભ પ્રસંગે સામે બારણે મુસલમાન શોભેય શી રીતે? મારા દાદાએ મુસલમાનને સામે બારણે ઘર ભાડે આપ્યું એ મોટી ભૂલ કરી હતી, એમ પણ કોઈ કોઈ કહેતું. એના જવાબમાં બા તે દિવસની સ્થિતિનો ખ્યાલ આપતાં કહેતી: દાદા કંઈ ગાંડા ન હતા. તે દિવસોમાં ગામને છેવાડે ઉજળિયાત વરણનું કોણ રહેવા આવતું હતું? આજે વસ્તી વધી, અને ઘરોની તંગી ઊભી થઈ; બાકી તે દિવસે ફળિયું એવું ઉજ્જડ લાગતું કે ધોળે દિવસે બીક લાગતી. અભરામ પડછંદ જુવાન હતો, એટલે ભીડને વખતે લાકડી લઈને નીકળે—એ ગણતરીએ દાદાએ એને સંઘર્યો હતો. વ્યાજવટાવનો ધંધો, એટલે ચોરી-ધાડની બીક પણ ખરી. સ્ટેશનથી આવતાં રસ્તામાં ધોળે દિવસે લૂંટી લેતા, તે દિવસોમાં અભરામને રાખી ડહાપણ કર્યું તેમ સૌ માનતાં.

મેં અભરામને ઘર ખાલી કરવાનું કહ્યું ન હતું એ ખરું; પણ એણે જો ખાલી કર્યું હોત તો મને આનંદ થાત, એ ભાવ છુપાવું તો આત્મવંચના કરું છું એમ જ કહેવાય. મુસલમાન તરીકે એના પ્રત્યે મને સૂગ ન હતી. વળી એને માંસાહાર વર્જ્ય નહોતો, છતાં એણે અમારી લાગણી સમજીને ઘરે કોઈ દિવસ એ પકાવ્યું ન હતું. પરંતુ સામે બારણે એની ગરીબાઈ જોવી પડતી એ કાયરતામાંથી છૂટવા, અને એનાં અસંસ્કારી બાળકોનો મારાં બાળકોને પાસ ન બેસે તે સૂગે, હું મનથી ઇચ્છતો કે એ ખાલી કરી જાય તો સારું. પરંતુ કંઈક દયાથી

અને કંઈક કાયરતાથી હું ક્યારેય એ ઇચ્છા વ્યક્ત કરી શક્યો ન હતો. તેમાંય અમીનાનું ગરીબ અને હસમુખું મોં નજરે પડતું ત્યારે થતું કે, જિંદગી સાથે હસીને લડી રહેલી બાઈને અસંસ્કારી શી રીતે કહેવી? ...કે પડ્યા ઉપર પાટુ મારીને ઘર ખાલી કરવાનું શી રીતે કહેવાય?

છતાં ઇન્કમટેક્સ ઑફિસર ઉપરનો રોષ હું અમીના ઉપર ઉતારી બેઠો. ઑફિસરે મારી સાચી આવકને માન્ય ન કરીને કેટલોય ખોટો આવક-વધારો કર્યો હતો. અભરામના ઘરના ભાડાની રકમનો પણ ઊભો થયો હતો. ઑફિસરે કહ્યું કે, તમને ભાડું ન મળ્યું હોય તો દાવો કરો; દાવો કર્યા પછી વસૂલ કરવાના પ્રયત્નો કર્યા છતાં ભાડું ઘલાત પડ્યું હોય તો જ આવકમાં મજરે મળે. આવો કોઈ પ્રયત્ન તમે કર્યો નથી, એટલે ઘલાત ભાડાની રકમ આવકમાં ગણાશે. અને એણે પાછલા અઢીય વરસનું ભાડું ચાલુ આવકમાં ગણી લીધું હતું. તે સિવાય પણ એણે બીજી મોટી આવક ગણી હતી, એટલે ‘અપીલ’માં જવાનું જ હતું. પરંતુ એના ઉપરનો રોષ અમીના ઉપર ઉતારતાં મેં ઘેર આવતાં અમીનાને કહ્યું: “હવે તમે ઘર ખાલી કરો. એક તો ભાડું ન મળે, અને ઉપરથી ઇન્કમટેક્સ ભરવો પડે. ડોબું ખોઈને ડફોળ બનવાનું કેમ પોસાય?”

અમીના કંઈ જવાબ આપ્યા વિના મારા સામે તાકી જ રહી. જાણે હું બોલી રહ્યો હતો કે મારામાં પ્રવેશેલું કોઈ પ્રેત બોલી રહ્યું હતું—તેમ ઘડીભર એ વિમાસણમાં પડી ગઈ હશે. પરંતુ ઘરમાં દાખલ થઈ મેં કોટ ઉતાર્યો, એટલે મને બોલતો સાંભળી ગઈ હોય તેમ પાણી આપતાં દશ વર્ષની મારી દીકરી સુધાએ પૂછ્યું: “મોટા ભાઈ, અમીનામાસીને તમે શું કહેતા હતા?”

મારું મગજ ઠેકાણે આવી ગયું હોય તેમ મેં મારી શરમ ટાળવા કહ્યું: “કંઈ નહિ, બેટા!”

સુધા અમારા ઘરમાં ઘણી લાડકી છે; ચબરાક છે. મને પકડી પાડતાં એણે કહ્યું: “હું સાંભળી ગઈ છું. અમીનામાસી ઘર ખાલી કરીને ક્યાં જાય? અભરામકાકાની જેમ તમે ઘેર આવતા ના હો, અને

બાને કોઈ કહે કે, તમે ઘર ખાલી કરીને જાવ, તો બા ક્યાં જાય?”

મારી શરમ ઢાંકવા બીજા કામનો ઢોંગ કરી હું મોં ફેરવી ગયો. પાણીનો ખાલી પ્યાલો લઈને વિદાય થતાં સુધાએ મને પડકાર કર્યો: “મોટા ભાઈ, ફરીથી જો અમીનામાસીને એવું કહ્યું છે, તો હું અપવાસ કરીશ!”

એના એ શબ્દો મારે કાને પડ્યા ત્યારે હું મેડે ચડી ગયો હતો. ગાંધીજીના ભીંતે ટિંગાયેલા ફોટા સામે નજર જતાં મારી આંખમાંથી, મોતીની સેર તૂટી પડે તેમ, આંસુ ટપકી પડ્યાં.

એ પ્રસંગ બન્યા પછી હું અમીનાનો ગુનેગાર હોઉં તેમ બે દિવસ સુધી એના બારણા ભણી નજર કરવાની મારી હિંમત ન ચાલી. પરંતુ અઠવાડિયું વીતી ગયું ત્યારે મારું ધ્યાન ખેંચાયું કે એ હમણાંની બહાર દેખાતી ન હતી.

પેલો પ્રસંગ ન બની ગયો હોત તો મેં સુધાને જ પૂછ્યું હોત. પરંતુ એને પૂછવાની હિંમત ન ચાલી એટલું જ નહીં, પણ એની ગેરહાજરીમાં મેં પત્નીને પૂછ્યું. એણે કહ્યું કે એ બીમાર છે, ત્યારે હું ખિજાઈ ઊઠ્યો: “તમે લોકો કેવાં જંગલી છો! હું પૂછું છું ત્યાં સુધી કોઈ કહેતું નથી. કંઈ દવા-સારવાર…” એમ બોલતો હું એને ઘેર દોડી ગયો. એની દીકરીએ કહ્યું કે, મોટાભાઈ આવ્યા છે, એટલે એ ખાટલામાં બેઠી થઈ ગઈ.

મેં ઠપકો આપતાં કહ્યું: “પગે-મોંએ આટલા સોજા આવ્યા છે, તો મને કહેવું જોઈએ ને?”

અમીના ધીમે સાદે બોલી: “મોટી બહેને કહ્યું હતું; પણ મેં જ ના પાડી. જીવવાની મારામાં હવે હામ રહી નથી. દવા મને જિવાડે એમ રહ્યું નથી; પછી તમને શું કામ હેરાન કરું?”

તરત જ મેં ઘોડાગાડીમાં એને દવાખાને લીધી. મને ના તો ના કહેવાઈ, પણ મારી પત્ની દવાખાને ખબર કાઢવા ગઈ ત્યારે એણે કહ્યું: “મોટા ભાઈએ અહીં મોકલી છે તો સુખેથી મરીશ એટલું જ;

જીવવાનું તો મન જ નથી.”

મેં ડૉક્ટરને એની સ્થિતિ વિશે પૂછ્યું ત્યારે એમણે પણ એ જ કહ્યું: “દરદીને કહો કે જીવવા પ્રયત્ન કરે. લોહી ઓછું હતું એટલે તે તો આપ્યું છે; પણ દરદીની ઇચ્છા વિના ધાર્યું પરિણામ લાવવું મુશ્કેલ છે.”

મેં અમીનાને ઠપકો આપતાં કહ્યું: “છોકરાંનો બાપ કાયર થઈને ભાગી છૂટે, પણ માથી ભાગી છુટાતું હશે?”

અમીના: “બાપથી ભૂખ્યાં છોકરાંનું મોં ના જોવાતું હોય, તો મારાથી મા થઈને શી રીતે જોવાય?”

હું: “છોકરાંનું ભૂખ્યું મોં તારે નહિ જોવું પડે તેની ખાતરી આપું છું.”

અમીના: “મોટા ભાઈ, તમારો ગણ તો કબરમાંય નહિ ભૂલું; પણ દયાનો બોજોય વેઠવો ભારે હોય છે. વેઠાયો ત્યાં લગી જીવી; હવે જીવવાનું જોર જ નથી રહ્યું!”

મારાથી વિશેષ દલીલ કરવાની હિંમત ન ચાલી. ડૉક્ટરને બનતું કરી છૂટવાની ભલામણ કરી મેં ગુનેગારની જેમ દબાતા પગલે દવાખાનું છોડ્યું.

એ રાત્રે કામ અંગે હું મુંબઈ ગયો; અને પાંચમે દિવસે આવ્યો ત્યારે સ્ટેશન ઉપર જ ઘોડાગાડીમાં બેસતાં ગાડીવાળા નૂરમહંમદે તાજા સમાચાર કહ્યા: “કાકા, અમીના ગુજરી ગઈ. હમણાં જ મારા બાપા એની મૈયતમાં ગયા.”

અમીનાનાં છેલ્લાં દર્શન વખતે જ મને ભીતિ પેસી ગઈ હતી કે, એ લાંબું ખેંચશે નહિ; એટલે એ સમાચારથી આશ્ચર્ય ન થયું, પણ આઘાતનું મોજું તો આવી જ ગયું. ગાડીમાંથી ઊતરી હું ફળિયામાં દાખલ થયો, અને ઘરઆંગણે આવ્યો ત્યાં અત્તરની મહેક ફોરી રહી. તીવ્ર સુગંધીદાર મોગરાનું અત્તર હતું, છતાં મને ઊલટી થાય તેવો ઊબકો આવ્યો. જીવતાં એ ધુપેલ ન પામી, અને મર્યા પછી એના

ઉપર અત્તરનો છંટકાવ!

અભરામની અગાઉની બે પત્નીઓ ગુજરી ગઈ ત્યારે હું કબ્રસ્તાનમાં ગયો ન હતો; કોઈ હિંદુ નહોતું જતું—હિંદુમાં મુસલમાન પણ નથી જતું. મને અગાઉના પ્રસંગે તો વિચાર નહોતો આવ્યો, પણ અમીના સાથે વીસ વર્ષની પડોશી તરીકે માયા હતી. એ હિંદુ હોત તો હું ન ગયો હોત? તરત જ મેં કબ્રસ્તાનનો રસ્તો લીધો. મને જોઈને સૌને આશ્ચર્ય થયું. અભરામ ડોસા બાળકની માફક રડી પડ્યા. મેં એમને હિંમત ન હારવા આશ્વાસન આપ્યું. બીજાએ પણ મારી વાતમાં ટેકો પુરાવ્યો: "ચંદ્રકાન્તભાઈ જેવા સબધા અને કમળાબહેન જેવાં પરગજુ પાડોસી તમારે છે, મકાનમાલિક છે, પછી હામ હારવાની ના હોય."

અભરામ ડોસાએ પણ બિચારાએ આ દુ:ખમાંય મારા ઉપકાર ગણાવી બતાવ્યા, છતાં 'સબધા પાડોશી' શબ્દ-પ્રયોગથી મને જે માનસિક આઘાત લાગ્યો હતો તેની કળ ન વળી. ચાલીસ વર્ષથી મારી પાડોશમાં રહેવા છતાં—મારા ઘરમાં રહેવા છતાં—હું એનું દળદર ફેડવામાં ભાગીદાર ન બન્યો, તે 'સબધો પાડોસી' કહેવડાવાને લાયક ખરો? કદાચ અભરામને એના જેવો ગરીબ પાડોશી મળ્યો હોત, અમીનાને એવી જ સમદુ:ખિયણ પાડોસણ મળી હોત, તો બંનેને દુ:ખ સહન કરવાનું વધુ બળ ન મળ્યું હોત? મારા સુખે એમને ઢીલાં નહિ પાડયાં હોય? મારી દયાનો બોજ અમીનાથી ન વેઠી શકાયો ને જીવવાની ઇચ્છા જ ગુમાવી બેઠી, તે શું બતાવતું હતું?

અને 'સબધા પાડોશી' થવાની ફરજ મારામાં સાચોસાચ જાગી ત્યારે અભરામની ધીરજ થાકી ગઈ હતી. મેં એને કહ્યું કે હવે ઘડપણમાં તારે બહાર નોકરી શોધવાની કંઈ જરૂર નથી; મારા કામમાં ફેરોફાંટો ખાજે, અને આંગણે બેસી રહેજે.

પરંતુ મારી આ દયા લાંબો વખત નહિ ટકે એમ સમજી, અમીનાની કબર ઉપર પંદરમે દહાડે ફૂલ ચડાવી, રાત્રે છાનામાના એણે છોકરાં સાથે ઘરની વિદાય લીધી. સવારમાં મેં એ દુ:ખદ સમાચાર જાણ્યા ત્યારે અમીનાના મૃત્યુ કરતાંય વિશેષ આઘાત લાગ્યો! આ ઉંમરે

ડોસો ક્યાં જશે? છોકરાંનું શું થશે? ખાશે શું? ઘર ખોલીને જોયું તો ઘરવખરી અકબંધ પડી હતી. એમાં એવું કંઈ કીમતી ન હતું કે લઈ જવાની લાલસા થાય!

બારણાને સાંકળ વાસતાં મારા હાથ કંપી ઊઠ્યા. ચાલીસ વર્ષનો અભરામ સાથેનો સંબંધ પૂરો થયો—કેવી કરુણ રીતે પૂરો થયો! કદાચ એ પાછો આવે તે આશામાં એ ઘર મેં અકબંધ રાખ્યું છે. ઊંઘમાં અવારનવાર ભણકારાય સંભળાય છે—કે અભરામ ડોસાએ બૂમ પાડી: “મોટા ભાઈ! તમારી દયાએ હેમખેમ આવી પૂગ્યો છું.”

પરંતુ આજે એક વરસ ને એક માસ પૂરો થયો: મારી આશા ભણકારાથી આગળ વધી નથી!

# ઈશ્વરભાઈ જે. પટેલ

## અજવાળું કરનારા

વીસમી સદીના બીજા-ત્રીજા દાયકાના સંધિકાળની વાત છે. તે જમાનામાં સ્ત્રીઓ માટે લાજમલાજો એટલે સુધી હતાં કે બહેનો-નાની કે મોટી-પગમાં પગરખાં પણ ન પહેરી શકે! ચરોતરની પાટીદાર બહેનો કાણમોકાણ જેવા સામાજિક પ્રસંગે બહારગામ જતી ત્યારે રેલગાડીનો સમય બપોરનો હોય તો મહાત્રાસરૂપ નીવડતો. ઉનાળાના ધીખતા તાપમાં બિચારી બહેનોના પગ ચંપાઈ જતા. અડધા પગ ટેકવતી ટેકવતી એ બહેનો વૃક્ષની છાયાને આશરે સ્ટેશન સુધીનો રસ્તો કાપતી.

એક શિક્ષકથી આ દશા ખમાઈ નહીં. એટલે પોતાના વિદ્યાર્થીઓની મદદથી તેણે પાણીની જેમ પગરખાંની પરબ માંડી. બપોરના બાર વાગ્યે આણંદ અને વસો સ્ટેશને ગાડીઓ પહોંચતી. વિવિધ કદનાં પગરખાંની થેલી લઈને સ્વયંસેવકો ત્યાં ખડા રહેતા; ઉઘાડપગી બહેન જુએ કે તરત તેને સપાટ કે ચંપલની જોડ આપતા. ગાડીમાંથી ઊતરેલ સ્ત્રીમંડળ એ પગરખાંથી સજ્જ બની ગામ ભણી ચાલી નીકળતું. પેલા સ્વયંસેવકો પણ સાથે ચાલતા. ગામભાગોળ આવતાં મંડળી થોભતી અને પગરખાં પાછાં થેલીમાં સ્થાન પામતાં, ને બીજી ગાડીની બહેનોની સેવામાં પાછાં પહોંચી જતાં.

એ કુરૂઢિનો પ્રેમથી પ્રતિકાર કરનાર અને બહેનો આગળ આવી વ્યાયામ વગેરે પ્રવૃત્તિમાં ભાગ લેતી થાય તે માટે જુનવાણી આગેવાનોની ખફગી વહોરનાર આ શિક્ષક તે વસોના વતની મોતીભાઈ નરસિંહભાઈ અમીન.

તેમનો જન્મ તા. ૨૯-૧૧-૧૮૭૩ના રોજ થયો. પિતા વડોદરા રાજ્યના મહેસૂલી ખાતામાં નોકરી કરે, તેથી એમને મોટે ભાગે મુસાફરીમાં રહેવુ પડતું. પરિણામે મોતીભાઈનો ઉછેર એમનાં બે માતાઓ જીબા

ને હરખાબાને હાથે થયો. બંનેનો એમના ઉપર સરખો જ હેતભાવ.

તે કાળના રિવાજ મુજબ છ વરસની વયે તેમનું લગ્ન સાત વરસનાં રૂપબા સાથે થયું. દસમે વરસે પિતાનું શિરછત્ર ગુમાવ્યું. તેમના ગામમાં અંગ્રેજી ચાર ધોરણ સુધીની જ નિશાળ. આગળ ભણવા વડોદરા જવું પડે. ત્યાં જઈને મૅટ્રિક થયા, અને પછી સત્યાવીસમે વરસે બી.એ. થયા.

પુસ્તકોનો મોતીભાઈને નાનપણથી જ શોખ. પોતે વાંચે ને બીજાને વંચાવે. અંગ્રેજી ત્રીજા ધોરણમાં હતા ત્યારે જ એમણે ‘વિદ્યાર્થી પુસ્તકાલય’નાં મંગળાચરણ કર્યાં. સગાંસ્નેહીઓ પાસેથી પુસ્તકો એકઠાં કરીને એમણે વિદ્યાર્થી મંડળી જમાવી. તેના સભ્યો એક-એક પુસ્તક લઈ જાય; વાંચ્યા પછી સૌ સમક્ષ તેની હકીકત રજૂ કરે. આથી બધાની વાચનભૂખ સતેજ થતી. પછી વડોદરા ગયા ત્યાં પણ પુસ્તકાલય પ્રવૃત્તિ જમાવી.

ગ્રેજ્યુએટ થયા પછી વડોદરા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાંથી પાટણ ગયા, ત્યાં નિશાળ બંધ થયા પછી વિદ્યાર્થીઓને રમતો રમાડવા માંડી. એમને માટે પર્યટનો યોજ્યાં. એમને પુસ્તક-વાચનનો રસ લગાડ્યો. પાટણની ફત્તેસિંહરાવ લાઇબ્રેરીના મંત્રી બન્યા. વિદ્યાર્થીઓ વાંચે અને વાંચેલું બોલી શકે તે માટે એમણે વક્તૃત્વ-સ્પર્ધાઓ અને ચર્ચાસભાઓ યોજી. હોળીના તહેવારોમાં રમતોની હરીફાઈ યોજી, તે જોવા એ જમાનામાં બે હજાર માણસો આવેલા.

પાટણથી એમની બદલી પેટલાદ આચાર્ય તરીકે થઈ. ત્યાં ઘણા છોકરા બહારગામથી ભણવા આવતા ને સગાંસ્નેહીને ઘેર રહેતા. તેમને માટે બોર્ડિંગ કાઢવાનું એમણે નક્કી કર્યું. ભાડાના મકાનમાં ‘પેટલાદ બોર્ડિંગ હાઉસ’ના શ્રીગણેશ મંડાયા. વણવપરાયેલું પડેલું એક દાન એને દાતાઓ તરફથી ભેટ મળ્યું. સરકાર પાસે જેલના મકાન માટે માગણી મૂકી. તે મંજૂર થતાં ત્યાં ‘સયાજી જ્યુબિલી બોર્ડિંગ હાઉસ’ના નવા નામે સંસ્થા ચાલવા લાગી.

મોતીભાઈએ સારા શિક્ષકોને પેટલાદ ખેંચ્યા. એ સહુ સેવાભાવે

બોર્ડિંગનું કામ કરતા. વિદ્યાર્થીઓમાં રમતગમત, ચર્ચા, અભ્યાસ મંડળ વગેરે પ્રવૃત્તિઓ વડે તેમણે ઉત્તમ સંસ્કારસત્ર સર્જ્યું. આ પાયાના ઘડતરનું પરિણામ એ આવ્યું કે બોર્ડિંગ જૂના વિદ્યાર્થીઓનું એક મંડળ રચાયું. એ મંડળે પૂણેની ડેક્કન એજ્યુકેશન સોસાયટીના ધોરણે ચરોતર એજ્યુકેશન સોસાયટી સ્થાપવાનું ઠરાવ્યું.

સૌને પ્રેરણાત્મક વાચન મળી રહે એ હેતુથી મોતીભાઈએ ‘જ્ઞાનપ્રચાર’ માસિક શરૂ કર્યું. તેમાંના ઉત્તમ લેખો ‘ગદ્યપદ્યસંગ્રહ’ નામે પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યા.

આ અરસામાં વડોદરાના રાજવી સયાજીરાવ અમેરિકાના પ્રવાસે ગયેલા. ત્યાં ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગીના દાનપ્રવાહ મારફત શરૂ થયેલી સાર્વજનિક પુસ્તકાલયોની પ્રવૃત્તિ તેમણે નિહાળી. વડોદરા રાજ્યમાં પ્રાથમિક કેળવણી તો તેમણે ફરજિયાત બનાવેલી હતી. તેનો લાભ જીવનભર ચાલુ રહે અને ભણેલું ભુલાઈ ન જાય તે માટે પુસ્તકાલય પ્રવૃત્તિ એમના મનમાં વસી ગઈ. રાજ્યમાં તે શરૂ કરવા શ્રી બોર્ડન નામના અમેરિકનની નિમણૂક તેમણે કરી. તેના મદદનીશ તરીકે ગ્રામવિસ્તારમાં આવી પ્રવૃત્તિના અનુભવીની શોધમાં સયાજીરાવ હતા, ત્યાં મોતીભાઈની વાત એમના કાને આવી. એટલે પુસ્તકાલય ખાતાના મદદનીશ વડા તરીકે મોતીભાઈની નિમણૂક એમણે કરી.

પુસ્તકાલય પ્રવૃત્તિની જરૂરિયાત તે કાળે હજી લોકોને સમજાઈ નહોતી. વળી તે માટે સરકારી સહાયની સામે ગામ-મદદનો નિયમ રાખવામાં આવેલો, એટલે સીધાં ચઢાણ ચઢવા જેવું આ કામ હતું. પણ તેમાં જ મોતીભાઈની શક્તિઓ ખીલી ને તેઓ દીપી ઊઠ્યા.

કોઈ પણ ગામે પહોંચી, પોતે ગામલોકોમાંના જ એક હોય તે રીતે, સૌને તેઓ સમજાવે. જરૂર પડ્યે ગામ-મદદના ફાળામાં પહેલું નામ પોતાનું નોંધાવી ગાંઠની રકમ ઉમેરે. સરકારી નિયમોની સંકુચિતતાને કોરે મૂકે. આમ લોકોની અધૂરપ તથા ખાતાની મર્યાદા, એ બે વચ્ચે પોતે પુલ બને, સૌના ઉત્સાહને વેગ આપે. એમની આવી સીધીસાદી રીતથી વડોદરા રાજ્યને ગામેગામ પુસ્તકાલયરૂપી જ્ઞાનપરબો ખૂલવા

લાગી, અને મોતીભાઈ નિવૃત્ત થયા ત્યારે વડોદરા રાજ્યમાં નિશાળવાળું એક પણ ગામ પુસ્તકાલય વિનાનું નહોતું.

ગ્રામપુસ્તકાલય-પ્રવૃત્તિનો વિકાસ તેમણે મુખ્યત્વે પ્રાથમિક શિક્ષકો દ્વારા સાધ્યો. એ જ માનદ્ ગ્રંથપાલ અને લોકમદદ એકત્ર કરનાર. એમનો જ ઉપયોગ કરીને 'આરોગ્યમંડળ દવાખાનાં' ખોલી સામાન્ય રોગો માટેની દવાઓ રાખવાની પ્રથા મોતીભાઈએ શરૂ કરી.

સદ્વાચન-પ્રચારને વેગ આપવા તેમણે જાતજાતની યોજનાઓ કરેલી. એમાંની એક તે શિષ્ટવાચન પરીક્ષા. તેમાં દર વરસે એક સારા પુસ્તક આધારિત પરીક્ષા યોજાય છે અને હજારો ભાઈ-બહેનો તેમાં બેસે છે. પુસ્તકાલયોની સ્થાયી રકમ સચવાઈ રહે, યથા સમયે તેનો બરાબર ઉપયોગ થાય અને સારાં પુસ્તકો તથા સામયિકોની ખરીદી પર પુસ્તકાલયોને સારું વળતર મળે તે માટે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ પણ એમણે સ્થાપ્યું, તે આજે પણ ચાલે છે.

સાઠ વરસની વયે સરકારી નોકરીમાંથી તેઓ નિવૃત્ત થયા, પછી જાહેર પ્રવૃત્તિઓનો તેમનો ધમધમાટ વધ્યો. એમણે સ્થપાવેલી, પાળેલી, પોષેલી સંસ્થાઓના વિકાસમાં તેઓ પરોવાઈ ગયા. પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પ્રત્યે હવે તેમણે સવિશેષ ધ્યાન વાળ્યું. ગિજુભાઈ બધેકાની દોરવણી હેઠળ વસોમાં બાલશિક્ષણ વર્ગ યોજ્યો. ગુજરાતભરમાં બાલમંદિરની પ્રવૃત્તિમાં રસ લેતાં સૌને ભેગાં કર્યાં.

મોતીભાઈ અપુત્ર હતા, એમને એક દીકરી જ હતી. પુત્રપ્રાપ્તિ અર્થે બીજું લગ્ન કરવાનો આગ્રહ ઘણા વડીલોએ એમને કરેલો, પણ એ અડગ રહેલા. કહેતા કે પોતાને પુત્રોનો પાર નથી. અનેક વિદ્યાર્થીઓ માટે એ પિતા સમાન હતા. એ સૌ પુત્રોના હિતાર્થે પોતાની જમીન, ઘર વગેરે સર્વ સ્થાવર મિલકત જનસમાજના એક યા બીજા કામ માટે એ પ્રેમાર્પણ કરતા રહેલા. જીવતાં લોકહિતનું અખંડ રટણ કર્યું. તેમ મૃત્યુ પછીય તેને માટેની વ્યવસ્થા એ કરતા ગયા : પોતાના વીમા-વારસ તરીકે તેમણે વસો કેળવણી મંડળને નીમ્યું.

પત્ની રૂપબા માંદગીમાં વિદાય થયાં પછી થોડા સમયે મોતીભાઈની તબિયત પણ લથડી. નિદાન થયું હોજરીના કૅન્સરનું. તા. ૧-૨-૧૯૩૯એ એમણે પણ આ ફાની દુનિયાની વિદાય લીધી. એમના જીવનને અંજલિરૂપ શબ્દો એમના જ એક પત્રમાંથી મળી રહે છે:

“મારું કામ અંધારું હોય ત્યાં અજવાળું કરવાનું છે. કંઈ ન હોય ત્યાં કંઈક કરી બતાવી માર્ગદર્શક બનવાનું છે. ઊંઘતાને જગાડવાનું છે, જાગતાને બેઠા કરવાનું છે, બેઠેલાને ઊભા કરવાનું છે, ઊભેલાને ચાલતા કરવાનું છે.”

# ઈશ્વરભાઈ પટેલ

## દુકાળ ટાળવાની દિશામાં

અંગ્રેજી ભાષામાંથી જ્ઞાનદોહનની વાત વાતાવરણમાં ગુંજતી હતી ત્યારે શ્રી નગીનદાસ પારેખે 'કોશનો કારમો દુકાળ' એ શીર્ષક હેઠળ એક લેખ 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં લખેલો. એક સારા પ્રમાણભૂત અંગ્રેજી-ગુજરાતી કોશની અત્યાવશ્યકતા પર ભાર મૂકતાં, ગુજરાતે હજુ આવો કોશ આપ્યો નથી તેનું દર્દ એ લેખમાં પ્રતિબિંબિત થતું હતું. લેખ તરફ મારું ધ્યાન દોરાતાં મેં શ્રી નગીનદાસનો સંપર્ક સાધ્યો અને આવો કોશ તૈયાર કરવા શું કરવું તેની સલાહ માંગી.

યોગાનુયોગ એ જ સપ્તાહમાં શ્રી પાંડુરંગ દેશપાંડે એમના અંગ્રેજી-ગુજરાતી કોશની હસ્તપ્રત લઈ મારી પાસે આવ્યા ને એના પ્રકાશનની જવાબદારી સરદાર પટેલ યુનિવર્સિટી ઉઠાવે તેવી વિનંતી કરી. હસ્તપ્રત લઈને હું શ્રી નગીનદાસને, શ્રી ઉમાશંકરને અને બીજાઓને મળ્યો અને દેશપાંડેના આ પ્રયત્ન વિશે એમની સલાહ માગી. એ સૌનું કહેવું હતું કે ગુજરાતી સાહિત્ય પરિષદ વતી આ કોશ પ્રસિદ્ધ કરવાનું વિચારેલું, પણ નાણાંને અભાવે એ શક્ય બન્યું નહોતું.

આમ લીલી ઝંડી મળતાં, વિશેષ સંતોષ ખાતર મેં અમારા અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, વાણિજ્ય, રસાયણશાસ્ત્ર વગેરે વિષયોના અનુભવી પ્રાધ્યાપકોની બેઠકો યોજી, અમુક શબ્દગાળામાં એમને સૂઝે તેવા રોજિંદા વપરાશના શબ્દોનો સમાવેશ થયો છે કે કેમ અને એના અર્થ બરાબર છે કે કેમ તે નાણી જોયું ને ઘટતાં સૂચનો કર્યાં. શ્રી દેશપાંડેએ એ સ્વીકાર્યાં, એટલે પ્રકાશનના પૈસા માટે મેં પ્રયત્ન આદર્યો.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન [ભારત સરકાર] અને રાજ્ય સરકારે મને જણાવ્યું કે આટલી મોટી રકમ એ કોશ અર્થે અનુદાનિત કરી શકે તેમ નથી. એટલે મેં ભાઈલાલભાઈ

અમીન ટ્રસ્ટને ટહેલ નાંખી. એમણે સરદાર પટેલ યુનિવર્સિટીને રૂ. ૫૦,૦૦૦ આપવાનું સ્વીકાર્યું અને કોષનું કામ પાટે ચડ્યું. આ રકમ મળી એટલે રાજ્ય સરકારને મેં પુનઃ વિનંતી કરી અને તેણે રૂ. ૧૦,૦૦૦નું અનુદાન આપી પૂર્તિ કરી.

પરિણામે, ૩૫,૦૦૦ શબ્દોવાળો, ૮૨૫ પાનાંનો કોશ પંદર રૂપિયાના મૂલ્યે અમે ગુજરાતની પ્રજાને સાદર કરી શક્યા છીએ.

અમારી ખ્વાહિશ છે કે આ કોશની આશરે પોણો લાખ શબ્દોની એક બૃહત્તર આવૃત્તિ અને પંદરેક હજાર શબ્દોની શાળેય આવૃત્તિ પ્રસિદ્ધ કરવી.

## કેડસમા પાણીમાં – ઈશ્વરભાઈ પટેલ

જૂનાગઢ જિલ્લામાં ભારે પૂરને કારણે ખૂબ તારાજી થઈ હતી. છાયા ગામ તો પાણીથી ઘેરાઈને બેટ જેવું બની ગયું હતું. મોટા ભાગનાં મકાનો પાણીમાં ડૂબેલાં હતાં. ત્યાંના લોકોને મળવાની બાબુભાઈને ખૂબ ઇચ્છા હતી. લશ્કરની હોડી લઈને એ તો નીકળી પડ્યા. ડૂબેલાં ઘરોની ઉપરની બારીની જાળીઓ પકડીને તેઓ ધાબે ચડતા અને પીડિતોને સાંત્વના આપતા.

એક ગામના લોકોને કાંઈ રાહત પહોંચી નથી, એવા ખબર આવતાં બાબુભાઈ ટ્રેક્ટરમાં બેસીને ઉપડ્યા. ગામથી દૂર ટ્રેક્ટર ઊભું રાખી, કેડસમા પાણીમાં લાકડીને ટેકે ચાલવા માંડ્યા. એક ખાડાનો ખ્યાલ આવ્યો નહિ ને ગળાબૂડ પાણીમાં આવી ગયા. છતાં હિંમતથી ગામમાં ગયા ને બધાંને હૈયાધારણ આપી.

# ઈશ્વરલાલ ર. દવે

## સાહિત્યનું લોકશાહીકરણ

આજે સાહિત્યનું લોકશાહીકરણ થયું છે. પોતાની નવી કૃતિ વિશે નરસિંહરાવ જેવા વિદ્વાનો શું કહેશે એ ભયથી લેખકો ફફડી ઊઠતા, તે જમાનો ક્યારનો ગયો છે. હવે તો લેખકો વાચકવર્ગની મનોરંજનની અમુક અપેક્ષાઓ ખ્યાલમાં રાખીને લખે છે. લોકશાહીકરણને લીધે સાહિત્યનું ધોરણ નીચે ઊતરવા માંડયું છે. પ્રતિષ્ઠિત પુરવાર થયેલા છાપેલા સિક્કા જેવા લેખકો એક કે દોઢેક કૃતિમાં પોતાનું હીર બતાવી દીધા પછી પોતાની ને પોતાની કૃતિનું રૂપાંતરે પુનર્કથન કરતા રહ્યા છે. વિવેચકો સ્પષ્ટ રીતે અભિપ્રાય આપવાને બદલે ગોળ ગોળ કહેવા માટે વિવેચનની પરિભાષાનો સગવડભર્યો ઉપયોગ કરે છે. કદાચ કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપે, તો સાહિત્યકારો અને વાચકોના જગતમાં એવા અભિપ્રાયોનું વજન પડતું નથી.

# ઇસ્માઇલ યુ. પટેલ

## એકમાત્ર ઉકેલ

હિંદુ-મુસ્લિમ કોમી ખટરાગના કાયમી નિરાકરણ માટે અને મુસ્લિમ કોમની ઉન્નતિ માટે હિંદુસ્તાનના ભાગલા પાડીને પાકિસ્તાનનું જુદું રાજ્ય સ્થાપવું જરૂરી છે—એવો પ્રચાર મુસ્લિમ લીગે કરેલો હતો. એ ભાગલાને આટલાં બધાં વરસો વીતી ગયા છતાં કોમી ખટરાગનો ઊકલવાનો તો બાજુએ રહ્યો, પણ ઊલટાનો ખૂબ વધુ ઉગ્ર બન્યો છે. ભારત અને પાકિસ્તાનની વચ્ચે કડવાશ અને દુશ્મનાવટ ઉત્તરોત્તર વધતાં રહ્યાં છે. આથી આપણે જરા થંભીને આપણી જાતને પૂછવું જોઈએ કે દેશના ભાગલા એ કોમી સવાલનો સાચો ઉકેલ હતો ખરો? હવે તો એવો સવાલ પુછાવો જોઈએ કે પાકિસ્તાનની રચનાથી હિંદ-પાકિસ્તાનની સમગ્ર મુસ્લિમ કોમની, આખા મુસ્લિમ જગતની અને ઇસ્લામ ધર્મની કેટલી સેવા થઈ?

હિંદુસ્તાનના ભાગલા પડતાંની સાથે બંને તરફ લાખો નિર્દોષ માણસોની નિર્દય કતલ થઈ, તેમાં મુસ્લિમોનો પણ મોટા પ્રમાણમાં ભોગ લેવાયો. વળી કેટલાંય મુસ્લિમ કુટુંબો બંને તરફ વહેંચાઈ ગયાં. ભારતીય મુસ્લિમ સંસ્કારિતાના એક મહત્ત્વના અંગ ઉર્દૂ ભાષાનું વતન, ઉત્તર પ્રદેશ, ભારતમાં રહી ગયું. એકમાત્ર મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ, ભારતમાં રહી ગઈ. કેટલાંય મુસ્લિમ ધર્મસ્થાનકો ભારતમાં રહી ગયાં. અરે, પાકિસ્તાન થયા પછી પણ અખંડ હિંદની આખી મુસ્લિમ કોમનો ૪૦ ટકા ભાગ ભારતમાં રહી ગયો.

આજે ભારતમાં એક કાશ્મીર સિવાય મુસ્લિમ બહુમતીવાળું એક પણ રાજ્ય નથી. પણ અખંડ હિંદુસ્તાન રહ્યું હોત તો એવી બહુમતીવાળાં રાજ્યો વધારે હોત. બાકીનાં રાજ્યોની મુસ્લિમ લઘુમતીના હિતના રક્ષણ માટે એ રાજ્યો કેન્દ્ર તથા વિવિધ રાજ્યોની સરકારો પર અસરકારક

દબાણ લાવી શક્યાં હોત. એટલે અખંડ ભારતની મુસ્લિમ કોમ માટે તો બે રાષ્ટ્રોમાં વહેંચાઈ જવાને બદલે એક જ દેશમાં રહેવું વધારે સલાહભરેલું હતું.

ભાગલાથી ભારત અને પાકિસ્તાનને એકબીજાની સામે તાકીને ધૂમ લશ્કરી ખર્ચ કરવો પડે છે. એ ખર્ચમાં અને તેને લીધે આપવા પડતા બીજા ભોગોમાં બંને તરફની મુસ્લિમ કોમો પોતાનો ફાળો આપે છે. એ ગંજાવર ખર્ચ કરીને ભારત તથા પાકિસ્તાન એકબીજાને વધુ ગરીબ અને વધુ નિર્બળ બનાવી રહ્યા છે. એટલે બેય દેશની મુસ્લિમ કોમ પણ એ રીતે પોતાને હાથે જ ખુદ પોતાની જાતને નિર્બળ બનાવી રહી છે, એમ કહી શકાય.

હિંદુસ્તાનના ભાગલાની ઘટનાને ગમે તેટલી બાજુથી તપાસો, એનો એક જ ને અનિવાર્ય સાર એ નીકળે છે કે તે એક ખતરનાક ભૂલ હતી. પછી એ ઊભો થાય છે કે એ ભૂલનો કોઈ ઉપાય ખરો? ઉપાય એક જ: ભારત-પાકિસ્તાનનું ફેર-જોડાણ. એ ફેર-જોડાણની માગણી કોણ કરે? મૂળ જેમને ખાતર ભાગલા પાડવામાં આવ્યા તેઓ—એટલે કે ભારત-પાકિસ્તાનની સમસ્ત મુસ્લિમ કોમ. હિંદુ-

મુસ્લિમ, ભારત-પાકિસ્તાન કે કાશ્મીરનો—એ કોઈ નો ઉકેલ ભારત-પાકિસ્તાનના ફેર-જોડાણ વગર શક્ય હોય એમ લાગતું નથી. આથી ભારત—પાકિસ્તાનના મુસ્લિમોએ સાથે મળીને આ ઝુંબેશ ચલાવવી જોઈએ. ભારત—પાકિસ્તાનના ફેર-જોડાણનો એક મોટો તત્કાલ લાભ એ થશે કે બંને દેશ પોતપોતાની જે પ્રચંડ શક્તિઓ એકબીજાની સામે વેડફી રહ્યા છે, તેને એકત્ર કરી શકાશે. તેને પરિણામે ભારત અને પાકિસ્તાન અત્યારે સ્વતંત્રપણે જેટલાં શક્તિશાળી છે તેનાથી અનેકગણાં વધુ શક્તિશાળી તે બેય એકત્ર થઈને બની શકશે.

પાકિસ્તાનનું હાડોહાડ અધ:પતન, એની સરાસર જંગાલિયત, એ ભારત—પાકિસ્તાનની સમસ્ત મુસ્લિમ કોમ માટે, આખી મુસ્લિમ આલમ માટે અને ખુદ ઇસ્લામ ધર્મ માટે કલંકરૂપ છે. એ કલંક ધોઈ નાખવા માટે મુસ્લિમોએ પોતાથી બનતા બધા પ્રયત્નો આદરી દેવા જોઈએ.

આ કાર્યમાં હિંદુઓ માટે મુસ્લિમોને ઉત્તેજન આપવાનો ઉત્તમ માર્ગ એ છે કે તેઓ પોતાની કોમમાંથી જ્ઞાતિવાદ, કોમવાદ અને અસ્પૃશ્યતાનાં વિઘાતક તત્ત્વોની નાબૂદી માટેની તેમની ઝુંબેશને ખૂબ ઉગ્ર બનાવે.

# ઉત્તમ પરમાર

## કુલાંગાર

ભાજપ અને સંઘ પરિવાર બ્રાહ્મણ-મુલ્લાવાદી, મધ્યયુગીન વિચારધારા ધરાવનાર સંગઠનો છે. એનો પડકાર સમગ્ર ભારતીય સંસ્કૃતિ અને તેનાં ઉદાત્ત મૂલ્યો સામે છે. દરેક કુટુંબ, દેશ કે ધર્મનો વિનાશ તેના કુલાંગાર દ્વારા જ થયો છે. એ ન્યાયે હિંદુ ધર્મ સામે ઇસ્લામ કે ખ્રિસ્તી ધર્મનો કોઈ ભય નથી. જો ભય હોય તો સંઘ પરિવાર જેવા ફાસીવાદી સંગઠનનો જ છે.

# ઉદયન ઠક્કર

## સેલ્લારા

*હા, તટ તો એ જ લાગે છે, ને પનઘટ એ જ લાગે છે*
*કહો, કલકલ કરીને કૂજનારી એ નદી ક્યાં છે?*

**

*ફૂંક મારી ત્યાં તો શું જાદુ થયું!*
*આ તરફ એક દીવડી બુઝાઈ ગઈ,*
*તે તરફ આકાશ ઝળહળતું થયું*

**

*એક વાતે વાયરો મૂંઝાય છે—*
*જેનાં જેનાં રંગ ને રોનક વધે,*
*મ્હેક એની કેમ ઓછી થાય છે?*

**

*જરા તું મારી ઉપર પણ ભરોસો રાખીને તો જો,*
*શું કામ આ વારે વારે મોકલાવે છે ફિરસ્તાઓ?*
*સમંદરપારના પંખીને તું દે છે કયો નકશો?*
*છતાં એ ગોતી લે છે, એની રીતે, એના રસ્તાઓ*

['સેલ્લારા' કાવ્યસંગ્રહ : ૨૦૦૩]

# ઉપેન્દ્ર પંડ્યા

## જૂનું ઘર

*સૂના આ ઘરમાં આજે કેટલે વર્ષે હા! ફરી*
*મૂકું પગ, રહે ત્યાં તો સ્મૃતિનાં પૂર ઊછળી.*

*વળેલાં કેડમાંહેથી, માળાને હાથમાં લઈ*
*જપતાં, લાકડી-ટેકે ચાલતાં દાદીમા અહીં.*

*મારું-તારું રહ્યું ના કૈં એમને, કિંતુ જો કદી*
*પડું માંદો જરી તો તો જપે જાપ ઘડી ઘડી.*

*નિશાળે ન જાઉં ત્યારે, કરે મા રાતી આંખડી;*
*એકદા આવીઓ મોડો, ત્યાં તો કેવી રડી પડી!*

*અમે બે ભાઈ નાના ને પિતાજી નિત્ય હીંચતા,*
*હિંડોળો આજ તે જોતાં, જોઉં છું આજ ઝૂલતા.*

*રખે ને બાળ બે જાગે, ધીરાં શાં ડગ માંડતા,*
*આવીને મધરાતે યે મીઠો કર પસારતા!*

*ભર્યું જે દાદીમાથી ને પિતા મા ભાઈબેનથી,*
*ઘર છે તેનું તે આજે—આજે હા જીવતું નથી!*

*ગયું તે તો ગયું, તેને સંભારી સાચવી રહું,*
*તો યે અશ્રુ ઝરે શાનું? ન જાણું હર્ષ-શોકનું!*

['સંસ્કૃતિ' માસિક: ૧૯૫૦]

# ઉપેન્દ્રનાથ ‘અશ્ક’

## ભાઈ

બિત્તોકે પિતા ઝલ્લાયે હુએ આયે ઔર બોલે: “બિત્તો એક હઝાર રુપયા માંગ રહી હૈ. અબ મૈં કહાંસે દૂં?”

“એક હઝાર!” બિત્તોકે ભાઈને આશ્ચર્યસે પૂછા. વહ થકા-હરા દફ્તરસે લૌટા થા.

“અભી-અભી યહ પત્રા આયા હૈ. લો દેખો!” ઔર પત્રા ઉસકે હાથમેં દેકર બિત્તોકે પિતા આવેશમેં કમરેકે અંદર ચક્કર લગાને લગે.

ભાઈને પત્ર પઢા:

હમ લાહોરમેં એક મકાન બનવાના ચાહતે હૈં. જમીન તો હમને કિસી-ન-કિસી તરહ ખરીદ લી હૈ. પર ચાર ઈંટે ધરનેકો રુપયા નહીં. હમને દેઢ વર્ષકા વેતન પેશગી લે લેનેકા નિશ્ચય કિયા હૈ. સરકાર બાદમેં કાટતી રહેગી. કુછ રુપયા બિલ્ડીંગ ફંડસે ભી આ જાયગા, પરંતુ ઈતનેસે તો દીવારેં ભી ખડી ન હોંગી. જૈસે ભી હો, આપ એક હઝાર રુપયે પ્રબન્ધ કર દીજિએ. સરકારકી કાટકે બાદ મૈં આપકા રુપયા ચુકા દૂંગી...

“તો દે દીજિએ!” પત્રા કો બીચ હી મેં છોડકર ભાઈને કહા. “સરકાર કા રીણ ચુકાકર વહ આપકા રુપયા લૌટા દેગી.”

“રુપયા લૌટા દેગી યા નહીં, યહ તો બાદકી બાત હૈ. પ્રશ્ન તો યહ હૈ કિ ઇતના રુપયા આયે કહાંસે? રાય અભી તક બેકાર બૈઠા હૈ, ઔર સુરેન્દ્રકો લો કૉલેજમેં ભરતી કરના હૈ.”

“પરંતુ વહ ભી તો આપકી લડકી હૈ.”

“લડકી હૈ તો બ્યાહ-વર દી. અપના કર્તવ્ય પૂરા કર દિયા. આખિર તુમ્હારી દૂસરી બહનેં ભી તો હૈં, ઔર ફિર રાય ઔર સુરેન્દ્ર...”

"કિન્તુ ફિર ભી આપકો કુછ-ન-કુછ તો દેના હી ચાહિએ."

"તુમ્હારી ભી તો બહન હૈ—તુમ કુછ સહાયતા ક્યોં નહીં કરતે?"

"મેરી આર્થિક સ્થિતિ આપસે છિપી નહીં. ફિર ભી જો આદેશ દીજિએગા, કરુંગા."

"મૈં તો ઈસ વક્ત પાંચ સૌ સે અધિક નહીં દે સકતા."

"બહુત અચ્છા, મૈં ભી ઇતના જુટાનેકી ચેષ્ટા કરુંગા."

પિતાને પાંચ સૌ દિયા, ભાઈને ભી પાંચ સૌ. પિતા રિટાયર્ડ તહસીલદાર થે ઔર ભાઈ ક્લર્ક. ઈસ કામકે લિએ ઉસને અપની પત્નીકા એક આભૂષણ બેચ દિયા.

*

મકાન બને અભી મુશ્કિલસે મહીના હુઆ હોગા કિ એક દિન બિત્તોકે પતિને દફ્તરસે આકર દો લિફાફે ઉસકી ગોદમેં ફેંક દિયે. બિત્તોને એક લિફાફા ખોલકર પઢના પ્રારંભ કિયા:

પ્રિય સાવિત્રી,

તુમ્હેં જ્ઞાત હૈ કિ ઇસ મહિને સુરેન્દ્રકો લો કૉલેજમેં ભરતી હોના હૈ. મેરે પાસ ઈસ સમય રુપયા નહીં. તુમ ઉસે એક સૌ રુપયા પ્રવેશ-શુલ્કકે લિએ દે દેના. ફિર યદિ સમ્ભવ હો તો બીસ રુપયા મહીના દેતી રહના, નહીં મૈં ઇસ બીચમેં પ્રબંધ કર લૂંગા. મૈં તુમ્હેં કષ્ટ નહીં દેતા, પર વિવશ હૂં.

તુમ્હારા પ્યારા પિતા

બિત્તોને જલકર કહા, "અભી મકાનકી સીલ ભી નહીં સૂખી, ઔર ઇન્હેં રુપયોંકી પડ ગઈ! એક વર્ષ ભી સંતોષ ન હો સકા ઈનસે. સરકારકી કાટકે બાદ યહાં તો સૌ કોડિયાં ભી નહીં બચતીં—સૌ રુપયા કહાંસે દૂં!"

પતિને કુછ ઉત્તર નહીં દિયા. બિત્તોને અન્યમનસ્કતાસે દૂસરા લિફાફા ઉઠાયા ઔર ઉસે પઢને લગી:

પ્રિય બિત્તો, મૈંને પિતાજીકે મેજ પર એક પત્રા દેખા થા જો વે

તુમ્હેં લિખ રહે થે. ઇસમેં ઉન્હોંને તુમસે સૌ રુપયા માંગા હૈ. મુઝે માલૂમ હૈ કિ તુમ દે ન પાઓગી. પર યદિ તુમ રુપયા ન લૌટાઓગી, તો પિતાજીકી દૃષ્ટિમેં તુમ્હારા ઔર ભાઈ સાહેબકા માન ઘટ જાયગા. મૈં સો રુપયા ભેજ રહા હૂં. જબ સુરેન્દ્ર આયે, ઉસે ચુપચાપ દે દેના. જૈસે તૈસે તુમ્હેં બીસ રુપયા માસિક પહુંચાનેકા ભી પ્રયાસ કરુંગા.

તુમ્હારા ભાઈ ઉસકા પતિ હાથ-મુંહ ધોને ચલા ગયા. બિત્તોકી આંખોંમેં આંસૂ છલછલા આયે.

['સત્તર શ્રેષ્ઠ કહાનિયાં' પુસ્તક]

# ઉપેન્દ્રાચાર્ય

## ચારિત્રયવાન એટલે—

ચારિત્રયવાન થવું એટલે ફૂલ કરતાં કોમળ થઈ જાણવું અને વજ્ર કરતાં કઠોર પણ થઈ જાણવું; અત્યંત પ્રયત્નશીલ પણ થઈ જાણવું, અત્યંત શાંત પણ થઈ જાણવું; પ્રેમવાળા પણ થઈ જાણવું અને વિરાગવાળા પણ થઈ જાણવું; આપનાર થઈ જાણવું અને લેનાર પણ થઈ જાણવું; સુખ પણ હસીને ભોગવવું, દુઃખ પણ હસીને ભોગવવું; ભોગવી જાણવું અને સહી જાણવું; બોલી જાણવું અને મૌન પણ રહી જાણવું; જોઈ પણ જાણવું અને અંધ પણ થઈ જાણવું; અલ્પમાં જીવી જાણવું અને મરી પણ જાણવું. એ યથાર્થ ચારિત્રય છે.

# ઉમર ખય્યામ

## રુબાઈયાત

*શું કુબેરો? શું સિકંદર? ગર્વ સૌનો તૂટશે,*
*હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે;*
*કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી,*
*આજ તો ફૂટી છે પ્યાલી, કાલ કૂજો ફૂટશે....*

*હર પ્રભાતે ચેતવે છે કૂકડાઓની પુકાર,*

*જો ઉષાના દર્પણે તારા જીવન કેરો ચિતાર;*
*જાગ ઓ નાદાન, વીતી રાત આખી ઊંઘમાં,*
*આયખું એમ જ ઘટી જાશે કદી કીધો વિચાર?...*

*મોત કેરા નામથી ગભરાઉં એવો હું નથી,*
*બીકથી વહેવાર ચૂકી જાઉં એવો હું નથી;*
*જાન દીધો છે ખુદાએ ચાર દિ' માટે ઉધાર,*
*એને પાછો સોંપતાં અચકાઉં એવો હું નથી.*

(અનુ. 'શૂન્ય' પાલનપુરી)

## રુબાઈયાત

*જુવોને આ જગત સઘળું ભાંગલી છે સરાઈ,*
*તેનાં દ્વારો દિવસ-રજની ઊઘડી બંધ થાયે;*
*ચાલ્યા જતા નરપતિ બધા છોડી સૌ વૈભવોને;*
*ઓછું, વત્તું, રહી અહીં બધા પ્હોંચી જાતા સ્વધામે.*

(અનુ. શશિકાન્ત નીલકંઠ)

# ઉમાશંકર જોશી

## અગસ્ત્ય પછી બીજા ઋષિ

સાચું કહું? આ જુગતરામ અમારામાંથી ભાગી ગયેલા કવિ છે. તેઓ અમારામાંથી ભાગી ગયા અને થયા આત્મરચનાના કવિ. વેડછીનો વડલો જુગતરામભાઈની શ્રેષ્ઠ રચના છે. એમના માથે જીવનની રચના કરવાનું ઋષિકર્મ આવ્યું. અગસ્ત્ય પછી આ બીજા ઋષિ દક્ષિણાપથને મળ્યા. જુગતરામભાઈએ જે કામો કર્યાં છે તે પા-પા પગલી જેવાં છે, પણ તે વિરાટની પગલી છે. એ ધરુ છે. આવું થઈ શકે છે, એવી તે આપણને હૈયાધારણ આપે છે.

## જાગી જશે!

*ઓ યુગતરસ્યા જગકંઠ! જરી તું પુકાર કરજે ધીરે....*
*હું જાણું તારી તરસ, કરું છું ભીષણતમ તૈયારી;*
*તું ધીમે સાદ પુકાર, ક્યારની સુણી મેં કરુણ સિતારી.*
*જો! જાગી જશે મુજ માતા!*
*નિજ અંગ પછાડી પંથે મારા ચરણ રંગશે રાતા!*

## ઓસવાતો આત્મા

સવારે ઊઠ્યા અને રાતે સૂતા તે વચ્ચે દિવસભરમાં એક વાર પણ જેણે આખા દેશનો વિચાર કર્યો હોય, એવી વ્યક્તિઓ કેટલી હશે?

સ્વતંત્રતા માટે લડતા હતા ત્યારે ગામડામાં બેઠેલો નાનો અમથો સેવક, ગ્રામસફાઈ કરતાં કે રેંટિયો કાંતતાં, વાઈસરોયને ગાંધીજીએ

લખેલા પત્રાનો કે એવા કોઈ નિવેદનનો ખુમારીપૂર્વક વિચાર કરતો અને પોતાના હૃદયના તાર રાષ્ટ્રીય ધ્યેય સાથે સાંધતો. આજે એવું સંધાન જવલ્લે જ જોવા મળે છે. જાણે કે દરેક વ્યક્તિ, દરેક જૂથ પોતાનું ભરી લેવા માંગે છે; પછી આખા દેશનું ગમે તે થાઓ. કદાચ જે મૂળે આપણી રાષ્ટ્રીય કમજોરી હતી જ, તે લોકશાહી સ્વાતંત્ર્ય મળ્યા પછી વધુ વકરી છે.

આપણે સૌએ સચેત થઈને વિચારવા જેવો મોટો પ્રશ્ન હોય તો તે એ છે કે ભારતની લોકશાહીને થયું છે શું? કેમ કશું થતું નથી? કેમ આપણે આપણી જાતને ગરીબીમાંથી ઊંચે ઉઠાવી શકતા નથી? કેમ વધુ ને વધુ લોકો ગરીબીની રેખાની નીચે હડસેલાતા જાય છે? દેશનો અત્યારનો મહારોગ છે પ્રજાનું કાંઈ કામ થતું નથી તે. સત્તારખુ રાજરમતો કુલ શક્તિ અને સમયને ખાઈ જતી લાગે છે.

કદાચ ચૂંટણીઓ જીતવાની તરકીબમાં ફાવટ આવી ગયાને લીધે લોકલાગણીને અંગે બેદરકારી વધી હોય. આ નઠોરતાને લીધે દેશમાં લોકશાહીનો બહારનો આકાર માત્રા રહેવા પામ્યો છે અને તેનો આત્મા સતત ઓસવાતો રહ્યો છે.

*

સમત્વ વિના લોકશાહી ઊણી છે. અને સમત્વ પણ જો બંધુતા વિના આણો, તો એ લોહિયાળ અને વિકૃત થઈ બેસે છે. બંધુતા વગર સમત્વ પણ રાક્ષસી થઈ શકે છે, અત્યાચારો કરી શકે છે. સમત્વ, સ્વતંત્રતા અને બંધુતા, એ ત્રાણેયનો સમન્વય થવો જોઈએ.

અત્યારની સરકારોનાં મંડાણ મહદ્ અંશે ભ્રષ્ટાચાર ઉપર થયેલ હોય છે. જે સરકાર ભ્રષ્ટાચાર દ્વારા અસ્તિત્વમાં આવે છે, તે ભ્રષ્ટાચાર અને હિંસા દ્વારા ટકી રહે છે. સંઘરાખોરો અને નફાખોરો પાસેથી ભ્રષ્ટાચારી સરકાર જે બધા પૈસા મેળવે છે, તે છેવટે તો ચીજવસ્તુ ખરીદનારાઓ તરીકે (લોકોએ) જ કમ્મર વાંકી કરીને ચૂકવવાના રહે છે.

વ્યવહારજગતના આ બધા પ્રશ્નો તો સમાજમાં આવવાના જ. તેનાથી દૂર ભાગ્યે નહીં ચાલે. દરેક સમાજમાં કેટલાક સજ્જનો એવા

(પણ) હોવા જોઈએ, જે પક્ષીય રાજકારણથી મોટે ભાગે અલિપ્ત હોય. સરકારો અને હરીફ રાજકીય પક્ષો, બંનેને તેમની મર્યાદાનું ભાન કરાવી શકે અને પ્રજાજીવનના ધારણરૂપ બની શકે એવા તટસ્થોની વધુ ને વધુ જરૂર પડવાની.

*

આપણા દેશના અનેક પ્રશ્નો એકીસાથે ઉગ્ર રૂપમાં દેશની સામે ઊભા થતા આવે છે. કોમવાદનો પ્રશ્ન કદાચ સૌથી વિકટ હશે.

અવનવી પરિસ્થિતિઓ તો ઉપસ્થિત થવાની જ. પણ એવે વખતે હારી ખાવાને બદલે, પોતાને સમજાયેલું સત્ય આ નવી પરિસ્થિતિમાં કેટલું ટકી શકે છે એ જોવામાં આત્મવીરો રાચતા હોય છે. કોમી કડવાશો તો કાલ ઊઠીને એક દુઃસ્વપ્નની જેમ શમી જશે. ઈઠ્ઠોતેર વરસની લથડતી કાયાએ, પણ અડગ આકીનથી, આ દેશની આમજનતાના હૃદયમાં પડેલી એકતાને સંકોરવા શાંતિયાત્રા કરી રહેલા રાષ્ટ્રપિતાની છબી માત્રા યાદ રહી જશે.

આપણે આત્મવીરોનાં આવાં આચરણનાં માત્રા ગુણગાન જ ગાઈશું? એમની કસોટીના પ્રસંગ હળવા બને એનો આપણી ઉપર જ શું ઠીક ઠીક આધાર નથી?

આપણે ગાંધીજી જોડે મનોયાત્રા કરવાનો પણ પ્રયત્ન કરી જોયો? એમના પગલામાં પગ મૂકવાની—ભલે ને સહસ્ર માઈલો પાછળ!—હૃદયમાં ઊર્મિ સરખી ઊઠી? આત્મપરીક્ષણ માટે એક જ પ્રશ્ન વિચારીએ: આપણે જે કોમના હોઈએ તેથી અન્ય કોમના માણસોમાં, આપણે જેને ચાહતા હોઈએ એવા આપણને મિત્રો છે? કેટલા છે? હૃદયની સાંકડી પાળો વિસ્તારવાનો આ અવસર નથી?

[સમયરંગ' પુસ્તક]

## વત્સલમૂરત

*બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,*
*વત્સલમૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.*

## લાગી આવતું હોય તો—

સ્ત્રી-સૌંદર્ય-હરીફાઈ થઈ, તો એક નેતાએ ઉચ્ચાર્યું: આપણી સંસ્કૃતિમાં તો ચારિત્ર્યની સુંદરતા એ જ સુંદરતા લેખાય છે.

ચારિત્ર્યની સુંદરતાનો મહિમા કરવો, એ શું આપણી જ સંસ્કૃતિનો ઇજારો છે?

આખી દુનિયા એક સમાજ જેવી થતી આવે છે. એટલે સ્ત્રીસૌંદર્ય-હરીફાઈ જેવી વસ્તુઓ પણ અહીં આવવાની. આપણી સ્ત્રીઓનું શું થશે?—એ આપણને થાય. પણ આપણે જો કાંઈ સ્ત્રીઓના હિતમાં બોલવું જ હોય, તો પહેલાં તો બીજું કાંઈક કહેવું વધુ યોગ્ય ગણાય.

આપણી ખેતી-સંસ્કૃતિ. સ્ત્રીઓ ઢોરમજૂરી કરે. ક્યારેય પણ આમ તોર પર સ્ત્રીઓએ સમાનતા ભોગવી હોય, સ્ત્રીસન્માનની ભાવના સચવાઈ હોય, એ માનવું મુશ્કેલ જેવું છે. આજે પણ પ્રામાણિક માણસોએ પૂછવા જેવું છે કે સ્ત્રીઓની આટલી બધી સેવાઓ લેવાનો આપણને હક છે? તો, પહેલાં સ્ત્રી-સમાનતા અને સ્ત્રી—સન્માન માટે, સ્ત્રીઓનું શોષણ ન થાય તેને માટે બોલવું ઘટિત છે.

અને ચારિત્ર્યની સુંદરતા અંગપ્રત્યાંગનાં હલનચલન, પહેરવેશ વગેરે દ્વારા પણ પ્રગટ થવાની નહીં શું? શ્રી (ગ્રેઈસ) એ વિશેષ કરીને સ્ત્રીનું લક્ષણ છે. આપણું અત્યારનું જીવન નઃશ્રીક (કશી શોભા-ભલીવાર વગરનું) થઈ ગયું છે, તેનું આપણને ભાન છે? આ શ્રી પૈસાની ઉડાઉગીરીમાંથી જ પ્રગટ થઈ શકે, એ આપણો વહેમ છે.

અને આપણી ચારિત્ર્યપ્રીતિ વેશ્યાઓની નફરત કરીને પ્રગટ

કરવાની આપણી રીત બરોબર છે? વેશ્યાના અધઃપતનમાં સમગ્ર સમાજની જવાબદારી અને શરમ નથી?

આપણા સ્ત્રીસમાજ માટે આપણને બહુ લાગી આવતું હોય, તો પહેલાં આ વાતો પર ભાર મૂકીએ—પછી જ ચારિત્ર્યની સુંદરતા અને આપણી સંસ્કૃતિનું નામ લઈએ, એ વધુ સારું નહીં?

## માભૂમિની હૈયાલક્ષ્મી

*ડુંગરે ગાવલડી ભાંભરે,*
*મને રહી રહી સાંભરે;...*
*ઊભી અદીઠ ક્યાંક ઝાંખરે*
*ડુંગરે ગાવલડી ભાંભરે—*
*શું એ માભૂમિની હૈયાલક્ષ્મી આમ ઊંડી આરત રહી રેલી?*

## "સો વરસનો થા!"

*આજ તો છેને એવું બન્યું—*
*એવું બન્યું, બા!*
*ચાટલામાં હું જોવા જાઉં,*
*શું હું જોતો આ?—*
*સફેદ માથું, સફેદ દાઢી,*
*સફેદ મોટી મૂછો!*
*ગભરાઈ જતાં જતાં મેં તો*
*સવાલ તરત પૂછ્યો:*
*હસે છે મારી સામે લુચ્ચું*
*કોણ રે કોણ છે તું?*

*ચાટલામાંથી પડ્યો પડઘો*
*તરત ઘડી: “તું!”*
*આ તો નવી નવાઈ, આવું*
*બનતું હશે, બા?*
*બા હસી બેવડ વળી કહે:*
*“સો વરસનો થા.”*

## શોધીશ મા!

*શોધીશ મા માવડી, ખોવાયો બાળ રે*
*ખોવાયો ધરતીને આંગણે....*

*ગોઠણિયે ચાલતો શિશુ હતો, ને*
*પગભર તેં મને કીધો રે.*

*પા પા પગલીએ ચલવી પૃથ્વીના*
*પંથોનો વારસો દીધો.*

*આંગળીએ વળગીને તારા સંગાથમાં*
*ઘૂમ્યો હું ઘર-ગામશેરી રે.*

*ધરતીમૈયાની હવે સાથ ફરીશ હું*
*તેજ ને તિમિરની ફેરી.*

## આજનો વિદ્યાર્થી [1]

દરેક જમાનામાં, ઉંમરે આગળ વધેલા થોડાક માણસો એવા હોય છે જે શોર મચાવી મૂકે છે કે પોતાના વખતમાં જેવું ભણતર હતું તેવું હવે રહ્યું નથી. તેઓ અકળાઈને કહે છે: “આજના તે વિદ્યાર્થીઓ છે?”

અને આત્મસંતોષના મલકાટથી ઉમેરે છે, "અમારા વખતની વાત જુદી!"

અમુક અર્થમાં આ વાત સાચી છે: કોઈ કોઈ વિષયો પહેલાંના નાના નાના વર્ગોમાં ચીવટથી ભણાવાતા. પણ આજના વિદ્યાર્થીની માનસ-ક્ષિતિજ વધુ વિસ્તાર પામી છે. અત્યારના વિદ્યાર્થીઓ એમની આસપાસ જેવું જગત છે, અને એમની ઉપર ઝઝૂમતી જવાબદારીઓનું જેવું સ્વરૂપ છે, તેના સંદર્ભમાં ઘાટ લઈ રહ્યા છે. સમાજ સતત ગતિશીલ છે અને છેલ્લા દસકાઓમાં તો ગતિ હિંદ જેવા દેશમાં પણ ઘણી વધી છે. આપણે જે રીતે ઘડાયા તે જ રીતે અત્યારના વિદ્યાર્થીઓનું ઘડતર થાય એમ ઇચ્છવું એ, વહી ચૂકેલી એક પરિસ્થિતિ પ્રત્યેનો ચાહ બતાવ્યા કરવા જેવું છે.

તો, આજના વિદ્યાર્થીઓ વિશે, તેઓ 'આજના' છે એટલા ખાતર જ ઘસાતું માની લીધા વગર, સ્વાતંત્ર્ય મળ્યા પછી એક દસકાને અંતે તેઓ અંગે શું નોંધવા જેવું છે તે જોઈએ.

પહેલું તો વેશ તરફ ધ્યાન જાય છે. જોતજોતામાં સમગ્ર પુરુષવિદ્યાર્થીઓ પાટલૂન પરિધાન કરનારા થઈ ગયા છે. કદાચ એમાં સગવડ હશે.

બીજું, પાઠ્યપુસ્તક વગર ભણવાની ફાવટ. વિદ્યાર્થીઓના કેટલા ટકા પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરે છે, એ આંકડો કાઢવા જેવો છે. પાઠ્યપુસ્તકનાં વરસભરમાં ક્યારેય દર્શન પણ ન કર્યાં હોય એવા સંયમીઓ પણ મળી આવવા સંભવ છે.

આજના વિદ્યાર્થીને નર્યો પરીક્ષાર્થી બનાવી મૂકવામાં આવ્યો છે. જીવનમાં કહેવાતાં ઉચ્ચ સ્થાનોએ પહોંચવા માટે મોટી કૃપા પરીક્ષાદેવીની જોઈએ એ જાતની અત્યારની રચના હોઈ, વિદ્યાર્થી યેનકેનપ્રકારેણ પરીક્ષાદેવીનો પ્રસાદ પામવા મથે છે. એક પાઠ આવડ્યો તેના પાયા ઉપર બીજા પાઠના શિક્ષણની માંડણી થાય, પરીક્ષણ અને શિક્ષણ જોડાજોડ ચાલુ આખું વરસ ચાલ્યા કરે અને વરસને અંતે વિદ્યાર્થી પરિપક્વ થઈ ચૂક્યો હોય—એવી આપણી કેળવણીપદ્ધતિ નથી. પરીક્ષા વરસને

અંતે આવે છે, અને એની ઉપર જિંદગી આખીનો આધાર—એટલે પરીક્ષા અંગે તરેહતરેહની ભારે વિકૃતિઓ જન્મે છે.

આજે વિદ્યાર્થીને રાજકારણી શતરંજ ખેલનારાઓ પ્યાદા તરીકે વાપરવા લલચાય એવું વલણ એક રાષ્ટ્રીય આફતની હદે પહોંચ્યું છે. વિદ્યાર્થીઓનું સંખ્યાબળ હમણાં હમણાં ઘણું વધ્યું છે, અને પ્રાણ અને આશાથી ઊછળતા આવડા મોટા સમૂહ ઉપર રાજકારણીઓનો ડોળો હોય તો તે સમજી શકાય એવું છે.

પરદેશી શાસનથી છૂટવા માટેની લડતમાં રાષ્ટ્રપિતાએ વિદ્યાર્થીઓને પણ હાકલ દીધી હતી. વિદેશી સત્તા સામેનો સ્વાતંત્ર્યસંગ્રામ એ જુદી વાત હતી, પ્રજાના ઇતિહાસમાં ક્યારેક જ એવી ઘડી આવે. એ રાષ્ટ્રકારણ હતું, રાજકારણ નહિ. આજે છાશવારે ને શુક્રવારે દરેક પક્ષ વિદ્યાર્થીસમૂહને ઇતિહાસની ઘડી પારખી લઈ કેસરિયાં કરવાને નોતરે છે, એ બેહૂદી વસ્તુ છે. વિદ્યાર્થીઓ જાણે નધણિયાતા ન હોય! આમાં મને હંમેશાં શિક્ષકની ઊણપ જણાઈ છે. વિદ્યાર્થીઓમાં જ્વલંત વિદ્યાપ્રીતિ જાગી હોય તો તેને આસપાસનાં બધાં આકર્ષણો ફીકાં લાગવાનાં. વિદ્યાર્થીમાનસમાં શૂન્યતા હોય, તો પછી તેને બીજી ટાંપી રહેલી ગમે તે વસ્તુઓ ભરી દઈ શકે.

વિદ્યાર્થી વિદ્યાનો અર્થી હોય તો શિસ્તના ને એવા પ્રશ્નો પછી રહેશે નહીં. પણ આજે રાજકારણી નેતાઓ પોતે જે ધ્યેય રજૂ કરે છે એની આગળ આ શાળા—કૉલેજનાં ભણતર કોડીના હિસાબમાં નથી. આજે એ ધ્યેય પાછળ લાગી જઈએ; વિદ્યા એવી શી ચીજ છે—કાલે પછી મેળવી લઈશું, એવી વાતો તેઓ બેધડક રીતે કરે છે. (અરે, ભૂદાનવાળા સુધ્ધાં!) ભૂતકાળમાં કે અત્યારે કોઈ પણ સાધારણ રીતે સ્વસ્થ ગણી શકાય એવો સમાજ બતાવશો, જેમાં વિદ્યાર્થીઓને વિદ્યા સિવાય બીજી કોઈ વસ્તુને પ્રધાન લેખવા કહેવામાં આવતું હોય? આજે આપણા દેશમાં વિદ્યા તરફ એક જાતની ધીટતાભરી નફરત જોવા મળે છે. પછી શિસ્ત માટે લાખો—કરોડોની યોજનાઓ વેતરવા આપણે બેસીએ છીએ. શિસ્ત એ આંતરનિયમન હોય તો જ એની કશી

કિંમત છે. એ આંતરનિયમનને સંચારિત કરવાનો—સક્રિય બનાવવાનો સર્વોત્તમ માર્ગ તે વિદ્યાર્થી અને શિક્ષકનો પરસ્પર સંપર્ક છે.

આજનો વિદ્યાર્થી પોતાની પાછળ જેટલું ખર્ચ કરે છે તેમાંનો કેટલો ભાગ શારીરિક પોષણ પાછળ ખર્ચાય છે, અને જે ખર્ચાય છે તેનું વળતર પૂરેપૂરું (ખાસ કરીને હૉસ્ટેલોમાં) મળે છે કે કેમ, તે વિચારવા જેવું છે. એકંદર એના આખા જીવનમાં આનંદ જેવું કેટલું છે? આજે વિદ્યાર્થીની નિરાનંદસ્વામી સમી સૂરત જોઈને છાતી બેસી જાય છે. કાં તો આનંદ પાછળ હવાતિયાં મારતો ક્યારેક એ જોવા મળે છે—જે પણ ભારે ચિંતાનો વિષય છે. સમૂહ-રમતોનો પ્રચાર હજી ઘણો વધવો જોઈએ. તે ઉપરાંત, પ્લેટોએ કેળવણીમાં વ્યાયામ અને સંગીતની હિમાયત કરી છે તેનું સ્મરણ કરીને ગંભીરપણે, હું સમૂહનૃત્ય અને સમૂહસંગીતની સૂચના કરવાની હિંમત કરું છું. સમાજજીવનમાંથી ઉત્સવો લુપ્તપ્રાય થયા છે. આપણાં લોકનૃત્યો અને લોકસંગીત પ્રજાસત્તાક-દિને દિલ્હીમાં રજૂ કરવાની દેખાવની વસ્તુઓ જ નથી. રોજિંદા જીવનમાં એનું મહત્ત્વનું સ્થાન છે. દા. ત. કાઠિયાવાડની ગરબી જે જુવાન સમૂહમાં ગાઈ-ખેલી શકે છે તેના લોહીના લયમાં આપોઆપ ભારેની શિસ્ત ધબકવાની.

આવતી કાલના વિદ્યાર્થી આગળ એક પ્રશ્ન હું રજૂ કરું છું: સાધનો ઓછાં હતાં ત્યારે આપણા દેશમાં કેટલાકે મોટી વિદ્યા મેળવી હતી. આજે સાધનો ઘણાં વધ્યાં છે, કાલે હજીયે વધશે. આવાં સમૃદ્ધ અને આટલી સંખ્યામાં પુસ્તકાલયો પહેલાં ક્યાં હતાં? પણ આ વધતી જતી સમૃદ્ધિવાળાં પુસ્તકાલયોનો વપરાશ અત્યારે સાચા અર્થમાં નહિવત્ છે. એ પુસ્તકાલયોમાં પુરાયેલી સરસ્વતીને મુક્ત કરી હૃદયમાં ધારણ કરવાની છે. અમેરિકામાં કૉલેજનાં પહેલાં બે વરસના વિદ્યાર્થીઓને જગતના મુખ્ય ગ્રંથો વાંચતા અને વર્ગોમાં ચર્ચતા જોયા પછી ઉપરની મૂંઝવણ મારા મનમાં વધતી રહી છે. આપણા ડિગ્રી પામેલા વિદ્યાર્થીને ‘રામાયણ’ આદિ આપણા દેશના અને એરિસ્ટોટલ આદિના પાશ્ચાત્ય પ્રશિષ્ટ ગ્રંથોનો પરિચય કરવાની તક મળે છે? એ પ્રશિષ્ટ ગ્રંથોમાંની સામગ્રી માત્રા પામવી એ જ બસ નથી. જે જરૂરી છે તે તો સમગ્ર ગ્રંથ

પાછળ ધબકતા વિશિષ્ટ વ્યક્તિચૈતન્યના સંપર્કમાં મુકાવું તે. શિક્ષકનું સમાજજીવનમાં મહત્ત્વ છે તેનું એક મુખ્ય કારણ તે, આ રીતે, એના સંપર્ક દ્વારા અત્યાર સુધીના ઉત્તમોત્તમ મનીષીઓના સંપર્કમાં આવવાનું બને છે એ છે. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ઇતિહાસ, ધર્મ—એ વિષયોના આજ સુધીના જે ગણ્યા-ગાંઠ્યા ઉત્તમ ગ્રંથો છે, તેમાંના કેટલાક સાથે પણ આત્મીય ભાવે પરિચય સાધ્યા વગર વિદ્યાના અર્થી તરીકે જીવનનાં મોંઘાં વરસો ખરચી દીધાનો શો અર્થ?

આ પ્રશ્ન હું, એક ગઈ કાલનો વિદ્યાર્થી, રજૂ કરું છું, જેને ઠીક ઢંગસર ભણવાની તક મળી નથી અને જેણે એમ. એ. થયા પછી પોતાનો અભ્યાસ માંડ શરૂ કરેલો છે.

## આટલું જરી ભૂલશો નહીં—

*તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો*
*કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો,*
*ધારાસભા ગજવો કે મોટી મોટી મેદની ડોલાવો,*
*ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ,*
*પણ ત્યારે આટલું કદી ભૂલશો નહીં કે—*
*તમે અહીં અત્યારે ભણો છો, એ એક અકસ્માત જ છે.*

*તમે અહીં ભણો છો... ને તમારી ઉંમરના ગોઠિયાઓ*
*ખેતરે માળા પર ચડી પંખીડાં ઉડાડે છે,*
*શહેરનાં કારખાનાંમાં બેવડ વળી જાય છે,*
*વીશીઓના અંગીઠા આગળ શેકાય છે,*
*અથવા તો મુંબઈની ચોપાટી પર પગચંપી કરે છે.*

*કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત,*
*એ તમારે ઠેકાણે હોત...તો?*
*આગળ ઉપર જ્યારે તમે મોટા તિસ મારખાં બની જાઓ,*

*ત્યારે પણ આટલું આ જરી ભૂલશો નહીં.*
*અનેક લાલચો અને પ્રલોભનો હોય,*
*પણ પેલા વાંદરાએ મગરને કહેલું તેમ કહેજો કે,*
*મારું કાળજું તો, અરે ત્યાં રહી ગયું—*
*જ્યાં પેલાં કુમળાં બાળકો ટોયાં બની પંખી ઉડાડે છે,*
*છાપાં વેચવા ફૂટપાથ પર દોડે છે,*
*કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે.*

# ગૌરવ-પ્રફુલ્લિત યૌવન

૧૯૨૯ના જાન્યુઆરીમાં અમારી ગુજરાત કૉલેજની મોટી હડતાલ આવી. એવામાં જ આચાર્યશ્રી કૃપાલાની વિદ્યાપીઠમાંથી છૂટા થઈને મેરઠ આશ્રમમાં પાછા જવાના હતા. અમને વિદ્યાર્થીઓને દોરવણી આપવા એમને થોડો વખત રોકાઈ જવા ગાંધીજીએ કહ્યું. કૃપાલાનીજીની એ વખતની કામગીરી પયગંબરી આવેશવાળી હતી. કૉલેજના વિદ્યાર્થીઓ ઉપર એમની અજબ ભૂરકી હતી. નદીની રેતમાં રોજ સાંજે ભાષણો થતાં. આચાર્ય આવે, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ વંટોળિયા પાછળ ઘસડાતાં આવતાં હોય એમ ધસ્યાં આવે. એક સાંજનું ભાષણ મને બરોબર યાદ છે. આચાર્ય કહે: “આઇ એમ એ કિંગ.”—હું રાજા છું. અને અર્ધું ચક્કર ફરી લીધું. બાબરી ઊછળી. વીંટળાઈને બેઠેલ અમારી સૌની તરફ હાથ કરી આગળ ચલાવ્યું: “માય કિંગ્ડમ ઇઝ ઇન યૉર હાર્ટ્સ.”—મારું રાજ્ય છે તમારા સૌનાં હૃદયમાં.

એ જમાનો જ જુદો હતો. આવા ઉદ્ગારો નર્યા સત્ય લાગતા. ત્યારે એવો જમાનો હતો જ્યારે યૌવન પૂર્ણ ગૌરવમાં પ્રફુલ્લિત થઈ શક્યું હતું. વર્ડ્ઝવર્થના શબ્દોમાં કહી શકાય કે—

*Bliss was it in that dawn to be alive,*
*But to be young was very heaven!*

*—તે પરોઢે જીવતા હોવું, પરમ આનંદ એ;*
*હોવું પરંતુ જુવાન, તે તો સ્વર્ગસમ.*

રાષ્ટ્રપ્રેમના—નવીનતર અભીપ્સાઓના મહાતરંગ ઉપર અમે ઊંચકાયેલા હતા. ભારતના ભવ્ય ભાગ્યવિધાનમાં આંતરિક રીતે સંકળાયેલા હોવાનું ભાન હતું.

## ફલશ્રુતિ

સાહિત્ય અને કેળવણીના ક્ષેત્રાની કામગીરીની છેવટની ફલશ્રુતિ તે જીવનને સમૃદ્ધ કરવું, લોકશાહીને સાંસ્કૃતિક રીતે પગભર બનાવવી, એ નથી શું? દેશની વસ્તીના ૨૦ ટકા લોકો હરિજનો અને આદિવાસીઓ છે. તેમાં પછાત જાતિના લોકોને ઉમેરીએ તો કુલ ૭૦ ટકા વસ્તી થાય. ૭૦ ટકા લોકો ન-ઇચ્છવા-જેવી સ્થિતિમાં જીવન ગુજારતા હોય, તે સંજોગોમાં કોઈ લોકશાહી સાંસ્કૃતિક, આર્થિક કે સામાજિક રીતે પગભર થઈ શકે નહિ.

## એ વિભૂતિઓ ક્યાં છે?

ગયાં સો વર્ષોમાં એકસાથે ભારતમાતાની કૂખમાંથી કેટલાં રત્નો નીકળ્યાં!

હિંદના કોઈ પણ એક ખૂણાના સંતોની અસર આખા દેશમાં વ્યાપી શકે, એવું પહેલાંનું જીવન હતું. એક સંતજનના હૃદયમાં ઊર્મિ ઊછળે, અને સારા દેશના હૃદયના તાર ઝણઝણી ઊઠતા. આજે વ્યવહારનાં આટઆટલાં સાધનો ખડકાયાં છે, રોજ વર્તમાનપત્રો બહાર પડે છે, તેમ છતાં એ વખતના જેવું એકતારપણું આપણે સાધી શક્યા છીએ કે કેમ એ વિચારવા સરખું છે.

દેશને ખૂણેખૂણે ફરીએ અને એક નિશ્વાસ નીકળી જાય છે: એ વિભૂતિઓ ક્યાં છે? આપણને પ્રેરણા આપે એવા પુરુષો ક્યાં છે? એવી સન્નારીઓ ક્યાં છે?

પ્રજાઓને મહાનરો જોઈએ છે. પ્રજાની વીરપૂજાની ભાવનાને જાગૃત કરી તેની કાર્યશીલતાને એક વધુ વળ આપવાનું પૂર્વજોના નામસંકીર્તનથી વધારે સુકર બને છે.

પણ પ્રજામાં વીરપૂજાની ભાવના કેળવવી જ હોય તો ધ્યાનમાં રાખવું જોઈએ કે પૂર્વજોમાંથી ઉત્તમોત્તમને જ વીરપૂજાના અઘ્ર્ય અર્પવામાં આવે. જે પ્રજા સાચા પૂર્વજોને ઓળખી શકતી નથી, તે ક્રમે-ક્રમે પૂજ્ય પુરુષો પેદા કરવાની શક્તિ પણ ગુમાવી બેસે છે. પૂર્વજોમાંથી પ્રથમ કક્ષાનાઓને પડતા મૂકી ઊતરતી કક્ષાના ઠિંગુજીઓને જે પ્રજા પૂજે છે, તે પોતાના આદર્શોને પણ એ ધોરણ પર લાવી મૂકે છે.

આપણી પ્રજામાંથી માણસો નીકળશે, સરસ માણસો નીકળશે. સહન કરીને, પડતા-આખડતા આગળ વધશે. ભારતના લોકોમાં મૂલ્યો માટે રુચિ છે. અનેક ઋષિમુનિઓએ આ પ્રજાને લાડ લડાવેલાં છે. આપણી જે સાધના છે તેને આપણે ઉજાળીશું.

*

યુગો પછી પહેલી વાર પ્રજાસત્તાકનો મોભો પ્રાપ્ત કરનાર આપણા આ મહાન દેશમાં લોકશાહીને મજબૂત બનાવવામાં આપણા તરફથી નજેવો ફાળો અપાયો છે. લોકશાહી તો એક વટવૃક્ષ જેવી છે. જેમ વડ ઊંચો જાય છે તેમ તેને નીચે પાછા વળવાનું સાંભરે છે, અને જમીન તરફ શાખાઓ ફેલાવી માટીમાં એ મૂળિયાં નાખે છે. લોકશાહી તો જ જીવી શકે, જો શાખાઓ મૂળિયાં જમાવે. પછી એ ગમે તેવા ઝંઝાવાતની સામે અડીખમ ઊભી શકે. વાવાઝોડાની સામે લોકશાહીને પગભર રાખી શકે એવી ઘણી ઘણી સંસ્થાઓ હોવી જોઈએ.

ઇતિહાસાચાર્ય ટૉયન્બીએ લખ્યું છે કે હવે જે આધ્યાત્મિક પુરુષો આવશે, તે “સ્લમ ઑફ પોલિટિક્સ”(રાજકારણીય ગંદા નિવાસ)માં રહેવા તૈયાર થશે. પોલિટિક્સનો છોછ રાખ્યે નહીં ચાલે. આપણે સમાજના

બધા વહેવારમાં રહેનારા રાજકારણનો છોછ રાખીએ તે ન ચાલે; કેમ કે આપણે રાજકારણને છોડીએ ભલે, રાજકારણ આપણને છોડશે નહીં. સમાજના ઉત્તમ પુરુષોએ તેમાં પડવાનું રહેશે. રાગદ્વેષો પાંખા-પાતળા કરી સમાજને માર્ગદર્શન આપવું પડશે, ઘણું સહન કરવું પડશે, અનેક કડવા ઘૂંટડા ગળવા પડશે. લોકો માટે ભારોભાર અનુકંપા રાખી દરેક સમજદાર માણસે સક્રિય થવાનું છે. સમાજ-જીવનમાં થોડીઘણી ખડખડ-ભડભડ તો થાય જ. એ સમાજજીવન ઓછામાં ઓછું વિસંવાદી રહે, એ જ આપણી જીવનસાધના.

*

મારા ગામમાં એક લોકોક્તિ વપરાય છે : "મોભે ખીલા". છાપરાના મોભને ખીલા વેઠવા જ પડે. એક ઉપખંડ જેવા વિશાળ ભારતદેશના નેતા થવાની જે પરવા કરે, તેણે ટીકા તો ખમવી પડે. વહીવટકારો ઉપર સતત ટીકાનો મારો રહે, એ સારું છે. અને જેઓ ટીકા વરસાવે તેઓ એક સેવા બજાવી રહ્યા હોય છે. સોક્રેટિસે કહ્યું હતું કે રાજ્યનો ઘોડો, બગાઈ ચટકા ભરતી રહે તો, સારી હાલતમાં રહે. આપણે ઘણી વધુ બગાઈઓ જોઈએ છે.

લોકશાહીમાં પ્રજાની મુખ્ય ફરજ જ્યારે પણ તેને રાજકર્તાઓ સવળો માર્ગ ચૂકી ગયેલા લાગે ત્યારે તેમને બદલવાની છે. અને પ્રજાની ફરજો અંગે પાયાની એક વસ્તુ વિસાર્યે કદી ચાલવાનું નથી. 'યત્યત્ આચરતિ શ્રેષ્ઠ:, તત્ તત્ એવ ઇતરોજન:.' ઉત્તમ લોકોનાં, ઊંચે સ્થાને બેઠેલા લોકોનાં આચરણોનો જેટલો જનજીવન ઉપર પ્રભાવ પડશે, તેટલો કાયદાકાનૂનોનો હરગિજ નહીં પડે.

['સંસ્કૃતિ' માસિક : ૧૯૭૬]

# જવાહરની અભીપ્સા

*‘ભારતની જીવનગંગામાં ભળી જઈ હું થાઉં અશેષ;*
*ભારતની માટીમાં મળું, ત્યાં લ્હેરો મુજ સ્વપ્નાંનો દેશ.’*

# અજબ પુષ્પ માનવ્યનું

*મુલાયમ ગુલાબ—શું હૃદય, ધૈર્ય મેરુ સમું.*
*પ્રચંડ પુરુષાર્થધોધ, નભશાં ઊંડાં સ્વપ્ન કૈં.*
*ન કોઈ પ્રતિ દ્વેષ, સત્ય પછી છોડવું શે પડે?*
*ન કોઈ ભય, વર્તવું ક્યમ પડે જ હિંસાથી તો?*

*વહાલ થતું વેરીનેય, ઉર આર્દ્રતા એહવી.*
*કશી તપકઠોર જીવન મહીં થઈ સંચિત*
*દશે દિશથી ઊભરી સભર વિશ્વની શ્રી બધી!*
*જવાહર, ખીલ્યા તમે અજબ પુષ્પ માનવ્યનું.*

*અશોક, અકબર, જવાહર,—ત્રિમૂર્તિ એ હિંદની,*
*વળાંક ઇતિહાસ લે, પ્રગટ ત્યાં થઈ, સાંકળે*
*ભવિષ્ય થકી ભૂત, ભવ્ય યુગસન્ધિ લે સાચવી.*
*ન હિંદની જ માત્રા એ વરવિભૂતિઓ;*
*વૃક્ષ જે ખીલે જગકુટુંબરાજ્ય તણું તે તણા માળી તે.*
*જવાહર, તમે સીંચ્યું અમૃત હિંદ-આત્માનું ત્યાં.*

[‘સંસ્કૃતિ’ માસિક : ૧૯૬૫]

# હૃદયમાં પડેલી છબીઓ [1]

## ગોવર્ધનરામ ત્રિપાઠી

ગાંધીજી હિંદમાં આવીને દેશના કર્ણધાર બન્યા તે પૂર્વે સંસ્કારરસિયા ગુજરાતી નવયુવકોનાં ચિત્તને ભરી દઈ શકે એવી પ્રેરણામૂર્તિ એક ગોવર્ધનરામ જ હતા. ગોવર્ધનરામની એક છબી તો ૧૯૨૦ પહેલાં જેમનાં મનોરાજ્ય ઊઘડવા માંડેલાં, જેમનું ચારિત્ર્યકાઠું બંધાવા પામેલું, તે ગુજરાતી યુવકોના હૃદયમાં જ આલેખાયેલી શોધવી રહી. સાક્ષરશ્રી ગોવર્ધનરામ ત્રાપાઠી મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રથમ પરીક્ષક હતા. એ સવાલો ઊંડા માર્મિકતાવાળા કાઢતા પણ નમ્રતાથી કહેતા, “અમે તો અમને પણ કેટલીક શંકાઓ હોય તે પ્રશ્નપત્રમાં પૂછીએ. કોક અમને સમજાવનારો નીકળી આવે.”

*

## ચાંપશીભાઈ ઉદ્દેશી

ગુજરાતથી દૂર કલકત્તામાં રહી ‘નવચેતન’ માસિકનું સંપાદન કરનાર ચાંપશીભાઈ ઉદ્દેશીની સાહિત્યલગની અસાધારણ હતી. ભાટિયાનો દીકરો વેપાર—ઉદ્યોગમાં જાય અને સહેજમાં ઝળકે. એ બધી જન્મજાત શક્તિ ચાંપશીભાઈએ સાહિત્યલગની પાછળ ખરચી. ઘરખોયાનો ધંધો લીધો, તો તે છોડ્યો નહીં; અરધી સદી ઉપરાંત નિભાવ્યો. ચીવટ, ખંત, નિયમિતતા, વ્યવહારનિપુણતા એ બધું ‘નવચેતન’ને એમણે ધરી દીધું.

*

## ચુનીલાલ વ. શાહ

‘પ્રજાબંધુ’ના તંત્રી શ્રી ચુનીલાલ વ. શાહ એક પીઢ પત્રાકાર છે અને ‘પ્રજાબંધુ’ દ્વારા વરસોથી એમણે સૌમ્ય, ઠાવકા, નિર્દંશ પત્રાકારત્વની

જાણે કે શાળા ચલાવી છે; સાહિત્યને સ્થાનભ્રષ્ટ કર્યા વગર લોકોમાં પ્રચાર્યું છે. એમણે અદની કૃતિઓથી આરંભ કરી, સાહિત્યમાં ગણના પામેલી ‘રાજહત્યા’ આદિ કથાઓ સુધી વિકાસ કર્યો છે એ ઘટના, નિષ્ઠા શું કરી શકે એ બતાવી આપે છે.

*

## ચૂનીલાલ મડિયા

મડિયાની વાર્તાઓ છપાવા માંડી કે તરત જ શક્તિશાળી લેખક તરીકે એમણે સૌનું ધ્યાન ખેંચ્યું. નવું લખાતું, છપાયેલું, મને જોવા આપે; પુસ્તક છપાવવાની વાત કરે. હું ઠંડું પાણી રેડું. પહેલું પુસ્તક ‘રાણાનો ઘા’ થવું જોઈએ, એમ કહું. છેવટે ચૂંટેલી વાર્તાઓનો સંગ્રહ ‘ઘૂઘવતાં પૂર’ એમણે તૈયાર કર્યો. રસિકલાલભાઈએ પ્રેમપૂર્વક એનો આમુખ આપ્યો. મડિયાની ગુજરાતના લેખકોમાં ગણના થઈ.

કાઠિયાવાડના જીવનનાં અનેક સ્તરની આત્મીયતાભરી જાણકારી મડિયા ધરાવતા હતા. શું બ્રાહ્મણ, શું પાટીદાર, શું વસવાયા, શું જાગીરદાર—જેવું પાત્રા એવી એમની વાણી નીકળે: જાણે એમને પરકાયા—પ્રવેશની શક્તિ ન હોય! વાતચીતમાં અને એમનાં લખાણોમાં જીવનના અનેક અનુભવો સંઘેડાઉતાર શબ્દબદ્ધ થઈને આવે, ત્યારે કોઈ કોઈ વાર તો થતું કે આ એક જનમારાનું રળતર ન હોય—કેટલાય જનમારાની અનુભવસમૃદ્ધિ મડિયા ખોલી રહ્યા છે!

બાલ્યાવસ્થામાં, કિશોરાવસ્થામાં, એમની ચેતના ઉપર જીવનનાં કેટકેટલાં ચિત્રો છવાઈ ગયાં હશે?—ચિત્રો જ નહિ, એને વ્યક્ત કરવા સમર્થ ઉચિત શબ્દો પણ? એ બાળક, એ કિશોર વતનમાં ઊછરતો હશે ત્યારે એનું ગ્રહણયંત્રા ઘણું જ સંવેદનશીલ હોવું જોઈએ. લેખકોને માટે બાળપણ એ એક મોટી અનુભવ-ખાણ હોય છે.

સૌરાષ્ટ્રની ભાષાની તમામ ગુંજાશ, ભાષાક્ષમતાનું સમગ્ર સપ્તક મેઘાણી પછી મડિયામાં પ્રગટ થાય છે. મેઘાણીએ એ ભાષા મેળવી, લોકકથાઓમાં ખેડી, પોતાનાં સર્જનોમાં યોજી; મડિયા એ લઈને જ

લેખક તરીકે જન્મ્યા છે. રૂડા પ્રતાપ મેઘાણીના.

*

## મુનિ જિનવિજયજી

મૂળ દેહ રાજપૂતનો. જૈન સાધુ થયા, વિદ્યા સંપાદન કરી. મહાત્મા ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે સાથોસાથ પુરાતત્ત્વ વિદ્યામંદિર શરૂ કર્યું. તેના આચાર્યપદે મુનિ જિનવિજયજીની નિયુક્તિ થઈ.

મુનિજી હાડે ક્રાંતિવીર હતા. સાંપ્રદાયિક બંધનમાં એ રહી શકે એવું ન હતું. જર્મનીનો વિદ્યાનિમિત્તે એમણે પ્રવાસ ખેડયો. દેશ પાછા ફરી જેલમાં ગયા. પછી શાંતિનિકેતનમાં થોડોક સમય રહ્યા. ભારતીય વિદ્યાભવનમાં અધ્યક્ષપદ કેટલાક સમય માટે સંભાળ્યું. ગુજરાત અને ભારતની જ નહીં, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરેલ એક વિદ્વદવિભૂતિ. પણ જીવનનો રસ મુખ્ય, શુષ્ક પાંડિત્યનો નહીં. મુનિજી એક વિશિષ્ટ યુગની વિશિષ્ટ વિરલ નીપજ સમા હતા. આપણી વચ્ચે આવી વિભૂતિનું હોવું એ એક પ્રેરણાસ્રોત સમાન હતું.

*

## ફિરાક ગોરખપુરી

શ્રી રઘુપતિ સહાય ઉર્દૂ સાહિત્યમાં ‘ફિરાક ગોરખપુરી’ના નામે અગ્રગણ્ય કવિ તરીકે પ્રસિદ્ધ છે. કવિને જન્મ આપતાં જ એમની માતા મૃત્યુ પામેલી. દાઈઓને હવાલે બાળક ઊછર્યો. વર્ષાઋતુમાં આગિયા ચમકે ત્યારે એણે દાઈ પાસેથી સાંભળેલું કે આગિયાઓ તે ભટકતા આત્માઓને રસ્તો બતાવતા દીવા છે. આગિયો બનીને માતાના આત્માનો ભોમિયો બનવાનાં સ્વપ્નાં બાળક સેવે છે. મોટપણમાં એનો ભ્રમ ભાંગે છે. પણ આ બધાં નિમિત્તે, માતાના હેતથી વંચિત રહેલા બાળકની વેદના કવિકંઠે ઊછળી રહે છે એક સરળ, ઊર્મિમય કૃતિ ‘જુગનૂ’માં :

મેરી હયાત ને દેખી હૈં બીસ બરસાતેં,
મેરે જનમ હી કે દિન મર ગયી થી માં મેરી.
વહ માં, કિ શકલ ભી જિસ માં કી મૈં ન દેખ સકા,
જો આંખ ભરકે મુઝે દેખ ભી ન સકી, વહ માં.

મૈં વહ પિસર હૂં જો સમઝા નહીં કિ માં ક્યા હૈ,
મુઝે ખિલાઈયોં ઔર દાઈયોં ને પાલા થા.
વહ મુઝ સે કહતી થી જબ ઘિર કે આતી થી બરસાત,
જબ આસમાન મેં હર સૂ ઘટાયેં છાતી થી,
બવક્તે-શામ જબ ઉડતે થે હર તરફ જુગનૂ:
દિયે દિખાતે હૈં યહ ભૂલી ભટકી રૂહોં કો.

મજા ભી આતા થા મુઝ કો કુછ ઉનકી બાતોં મેં,
મૈં ઉનકી બાતોં મેં રહ રહ કે ખો ભી જાતા થા.
પર ઉસકે સાથ હી દિલ મેં કસક સી હોતી થી;
કભી કભી યે કસક હૂક બનકે ઉઠતી થી,
યતીમ દિલ કો મેરે યે ખ્યાલ હોતા થા:
યે શામ મુઝ કો બના દેતી કાશ ઈક જુગનૂ,
તો માં કી ભટકી હુઈ રુહ કો દિખાતા રાહ.

કહાં કહાં વહ બિચારી ભટક રહી હોગી,
કહાં કહાં મેરી ખાતિર ભટક રહી હોગી,
યે સોચકર મેરી હાલત અજીબ હો જાતી;
પલક કી ઓટ મેં જુગનૂ ચમકને લગતે થે.

કભી કભી તો મેરી હિચકિયાં સી બંધ જાતીં
કિ માં કે પાસ કિસી તરહ મૈં પહુંચ જાઉં,
ઔર ઉસકો રાહ દિખાતા હુઆ મૈં ઘર લાઉં;
દિખલાઉં અપને ખિલૌને, દિખાઉં અપની કિતાબ,
કહૂં કિ પઢ કે સૂના તૂ મેરી કિતાબ મુઝે....

*અન્ધેરી રાત કે પરછાવેં ડસને લગતે હૈં,*
*મૈં જુગનૂ બનકે તો તુઝ તક પહૂંચ નહીં સકતા;*
*જો તુઝ સે હો સકે ઐ માં, તો વહ તરીકા બતાઃ*
*તૂ જિસ કો પાલે વહ કાગજ ઉછાલ દૂં કૈસે,*
*યે નજ્મ તેરે કદમોં પર ડાલ દૂં કૈસે.*

ફિરોઝ કા. દાવર

ગુજરાતના, બલકે સારા દેશના જાહેર જીવનનાં અનેક ક્ષેત્રો ઉપર પારસી સમુદાયના ઘણા ઘણા ઉપકાર છે. શિક્ષણના ક્ષેત્રામાં છેલ્લાં સો વરસમાં અનેક ઉત્તમ સેવકો એની પાસેથી સાંપડ્યા છે. પ્રો.ફિરોઝ કાવસજી દાવર (જન્મ ૧૬-૧૧-૧૮૯૨) ૧૯૧૬માં શિક્ષક તરીકે જોડાયા હતા. અધ્યાપનકાર્યનાં પૂરાં પચાસ વરસ પછી તેઓ શિક્ષણક્ષેત્રામાંથી નિવૃત્ત થાય છે. તેઓશ્રી સરકારી કૉલેજના અધ્યાપક હતા ત્યારે સરકારને અળખામણા બનીને પણ રાષ્ટ્રીય ઉત્થાનના સમયમાં અમદાવાદના યુવકોને જાહેર સભાઓમાં એમની વાગ્ધારાનો લાભ આપતા. એ સમયમાં પ્રો. દાવરની વાણીથી ઊછરતી પેઢીને પ્રેરણા-ઉત્સાહ મળતાં.

*

## બળવંતરાય ક. ઠાકોર

ગુજરાતી ભાષા બળૂકી ભાષા છે, એનો પરચો ક્યાંય મળતો હોય તો તે અખાની કવિતામાં, બળવંતરાયના ગદ્યમાં અને સરદાર વલ્લભભાઈનાં ભાષણોમાં. ગુજરાતી બોલીની વિવિધ તળપદી લઢણો એમના જેટલી સહજતાથી જવલ્લે જ કોઈએ અજમાવી હોય. ૧૮૮૮માં ‘ભણકાર’ લખ્યું તે પછી ૬૩ વરસ એકધારી એમની વાંગ્મય-સાધના ચાલી. આપણા બહુ ઓછા લેખકોનું લખાણ એકાગ્ર અનુશીલનનું અધિકારી હોય છે. પ્રો. ઠાકોર પોતાના લખાણની વિચારપ્રેરકતાને કારણે એ અધિકાર હંમેશાં ભોગવતા આવ્યા છે.

બળવંતરાય ગુજરાતી ભાષાના ઇતિહાસમાં એક અગ્રગણ્ય ગદ્યકાર

તરીકે સ્થાન પામશે, તે રીતે આ સદીના એક પ્રભાવક વિવેચક તરીકે પણ સ્થાન પામશે. તેમ છતાં એમનાં એ બંને સ્વરૂપો કવિ તરીકેના એમના સ્વરૂપ આગળ ગૌણ બની રહે એવું એમનું કવિ તરીકેનું અર્પણ છે. એમણે ગુજરાતી કવિતામાં સૉનેટ આકારને સ્થિર કરી આપ્યો—અને તે ખાસ્સાં દોઢસો ઉપર સૉનેટ લખીને. 'મોગરો', 'વધામણી' અને 'જૂનું પિયેરઘર' એ આપણી ભાષાની અમર કૃતિઓમાં સ્થાન પામેલાં એમનાં ત્રાણ સૉનેટ છે.

*

## પંડિત ભગવાનલાલ

ગુજરાતના સીમાડા ભેદીને જેમની કીર્તિ બીજા પ્રાંતો અને દેશોમાં પ્રસરી છે અને પ્રસરતી રહેશે, એવા ગુજરાતી સપૂતોમાં મહાત્મા ગાંધી, જમશેદજી તાતા અને દાદાભાઈ નવરોજીની જોડાજોડ જ પંડિત ભગવાનલાલનું નામ છે. પંડિતજીનું જીવન એ, હૈયાઉકલત પ્રમાણે હાથ લાગેલા ક્ષેત્રામાં નમ્રપણે અવિરત મહેનત કરવાથી મળતી પરમ ઉજ્જ્વલ સિદ્ધિનું નિદર્શન છે.

ભૂતકાળની સંસ્કૃતિનો વારસો પ્રજાએ પૂરતી ચીવટથી સંભાળી લેવો જોઈએ, અને એના અમર અંશોને નાશમાંથી બચાવવા જોઈએ. એ ભૂતકાળ પ્રત્યેની ફરજ માત્રા નથી, ભવિષ્ય પ્રત્યેની જવાબદારી પણ છે. એક સંશોધક તરીકે આપણા દેશમાંથી આવો ધર્મ બજાવનાર પંડિતજી જેવા બહુ ઓછા માણસો નીકળ્યા છે. પંડિત ભગવાનલાલની પ્રતિભાશક્તિ એ, "દુખ વેઠવાની અપાર શક્તિ, તેનું નામ પ્રતિભા" એવી કાર્લાઈલની વ્યાખ્યાના પુરાવારૂપ છે.

*

## મગનભાઈ પ્ર. દેસાઈ

શ્રી મગનભાઈનું પ્રથમ પુસ્તક 'સત્યાગ્રહની મીમાંસા' ૧૯૩૩માં બહાર પડ્યું, ત્યાર પછી એમની પાસેથી અનેક પુસ્તકો મળતાં રહ્યાં છે.

ધર્મતત્ત્વ, ઇતિહાસ, શિક્ષણ અને ભાષા-સાહિત્ય, એમ વિવિધ વિષયો એમણે ખેડયા છે. વિષયનું તંતોતંત નિરૂપણ કરી છૂટવું, આડાઅવળા ફંટાવું નહીં, માર્ગમાં આવતા ભાષાકીય અવરોધોના તરત સૂઝે તે તોડ કાઢવા, એ એમની શૈલીનું પ્રધાન લક્ષણ છે. ઇતિહાસનાં બે મહત્ત્વનાં પુસ્તકો શ્રી મગનભાઈએ આપ્યાં છે: ‘હિંદની અંગ્રેજ વેપારશાહી’ અને ‘રાજા રામમોહનરાયથી ગાંધીજી’. મારા ખ્યાલ પ્રમાણે અત્યારના દરેક સુશિક્ષિતે પ્રાચીન સાંસ્કૃતિક વારસો સમજવા માટે શ્રી ‘દર્શક’નું ‘આપણો વારસો અને વૈભવ’ અને અર્વાચીન હિંદના ઉત્થાનને સમજવા માટે ‘રાજા રામમોહન રાયથી ગાંધીજી’—એ પુસ્તકો વાંચેલાં હોવાં જોઈએ. શ્રી મગનભાઈની વાંગ્મય—સેવામાંથી સૌ સાહિત્યસેવીઓ માટે એ પાઠ રહેલો છે કે નિષ્ઠા, ખંત અને પરિશ્રમપૂર્વક શબ્દ-ઉપાસના કરવામાં આવે, તો પચીશી જેટલા સમયમાં કેટલું મહત્ત્વનું અર્પણ કરી શકાય છે.

[‘હૃદયમાં પડેલી છબીઓ’ પુસ્તક]

# વસુંધરા

*...અંગે લગાવ્યા હિમલેપ શીળા,*
*જ્વાલામુખી કિન્તુ ઉરે જ્વલંત!*
*મૈયા તણે અંતર શું હશે પીડા?*
*કે સૃષ્ટિચિંતા ઉરમાં અનંત?*
*વિશ્રામ કાજે વિરમે નહીં જરા,*
*અકથ્ય દુઃખે અકળાય હૈડે!*
*ઉચ્છ્વાસથી વાદળગોટ ઊડે,*
*ને દૂર ફેલે જલનીલ અંચળા!*
*ભમે ભમે દુઃખતપી વસુંધરા!*
*ડગો ભરે તેજપથે અધીરાં!...*

[‘સમગ્ર કવિતા’ પુસ્તક]

# હૃદયમાં પડેલી છબીઓ [2]

## મહમ્મદઅલી ઝીણા

ઝીણા કાઠિયાવાડના વતની; ઇંગ્લંડ જઈ બૅરિસ્ટર થઈ આવી એમણે મુંબઈમાં ધારાશાસ્ત્રી તરીકે કારકિર્દી આરંભી હતી. ત્યારે કોમી એખલાસના એ ફિરસ્તા હતા. ૧૯૩૪માં કૉંગ્રેસે ધારાસભાઓમાં પ્રવેશવાનો ઠરાવ કર્યો. હવે પછીની ઝીણાની નેતાગીરી કોમવાદના ઘેરા રંગે રંગાતી ચાલી. કૉંગ્રેસ બ્રિટિશ સત્તાને પીછેહઠ કરાવવામાં સફળ થતી આવતી હતી. બ્રિટિશ સત્તાને પંજો ઉઠાવી લેવાનો સમય પાસે ને પાસે આવતો જતો હતો, તેમ તેમ તે કોમી વૈમનસ્યને ઉત્તેજન આપ્યે જતી હતી. ઝીણાએ એનો પૂરો લાભ લીધો. કૉંગ્રેસ બધી સત્તા મેળવી હિંદુરાજ સ્થાપવા માગે છે, એમ કહી ઝીણાએ મુસ્લિમ આમજનતાની લાગણીને કૉંગ્રેસ સામે વાળી—મુસ્લિમોને ધિક્કારનો પયગામ આપ્યો. આ સંજોગોને પરિણામે પાકિસ્તાન એ એક અનિવાર્ય વસ્તુ બનતી ગઈ. ઝીણા દસ-બાર વરસમાં જ પોતાનું સ્વપ્ન સિદ્ધ કરી શક્યા. સ્વપ્ન સિદ્ધ થયું તે એ ઝીણાનું હતું એટલા જ માટે નહિ, પણ વિદાય થતી બ્રિટિશ સત્તાનું પણ એ સ્વપ્ન હતું તે કારણે.

ઝીણાની જીવનસિદ્ધિનો મુખ્ય યશ વિદેશી સત્તાની કુટિલ રાજનીતિને ફાળે જાય છે, તેમ આ દેશમાં જે અપૂર્વ દ્વેષદાવાનળ ફૂંકાયો તેની સંપૂર્ણ જવાબદારી પણ આ નેતા પર નાખવી ન્યાયયુક્ત નહિ ગણાય. એની જવાબદારી મુખ્યત: આપણા પ્રજાશરીરમાં પેઢીઓથી સંચિત થયેલાં વિષની હતી—અને એ વિષના ઉતાર માટે મથનાર અમૃતપુરુષ ગાંધીજીની વાત ન સાંભળી એટલે અંશે આપણી પેઢીની પણ એ જવાબદારી હતી.

*

# મૈથિલીશરણ ગુપ્ત

મૈથિલીશરણ ગુપ્ત અર્ધી સદીથી કાવ્યોપાસના કરતા રહ્યા છે. સરળ લોકગમ્ય કાવ્યવાણી રેલાવી એમણે દેશને ખૂણેખૂણે સામાન્ય જનતા સુધી ઉચ્ચ ભાવનાઓ પહોંચાડી છે. એક કવિ કેટલું કામ કરી શકે, એનો શ્રી ગુપ્તજીનું જીવન એ નમૂનો છે. દેશની આમજનતા સુધીના થરો સુધી સંસ્કૃતિપોષણ પહોંચાડનાર એવા કવિની સેવા એકાદ યુનિવર્સિટી જેટલી છે, એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે. ઋષિકવિની પરંપરા ગુપ્તજીમાં સજીવ રહેલી જોઈ શકાય છે. રાષ્ટ્રીય ઉત્થાનના કવિ તરીકે મૈથિલીશરણજીને યોગ્ય રીતે જ દેશે ‘રાષ્ટ્રકવિ’ તરીકે બિરદાવ્યા હતા.

ખડી બોલીમાં સાહિત્ય રચીને મૈથિલીશરણજીએ ખડી બોલીની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા વધારવામાં ઘણો કીમતી ફાળો આપ્યો. એમની ‘પંચવટી’, ‘યશોધરા’, ‘સાકેત’ આદિ રચનાઓ હિંદી સાહિત્યમાં એમનું નામ યશોજ્જ્વલ રાખશે.

રવીન્દ્રનાથે ‘કાવ્યેર ઉપેક્ષિતા’ નામના એમના લેખ દ્વારા સાહિત્યસૃષ્ટિની ઉપેક્ષિતા નારીઓ પ્રત્યે કવિઓનું ધ્યાન ખેંચ્યું હતું. મૈથિલીશરણ ગુપ્તનો કાવ્યની ઉપેક્ષિતાઓ પ્રત્યે અત્યધિક પક્ષપાત હતો. ઊર્મિલા, યશોધરા અને વિષ્ણુપ્રિયાના ચરિત્રાંકનમાં ગુપ્તજીની ઉપેક્ષિત નારીઓ પ્રત્યેની સહાનુભૂતિ ઘનીભૂત થતી ગઈ છે. ‘યશોધરા’માં કવિવાણીનો આર્ત નાદ સંભળાય છે:

*અબલાજીવન હાય*
*તુમ્હારી યહી કહાની!*
*આંચલ મેં હૈ દૂધ*
*ઔર આંખોં મેં પાની.*

પોતે પરંપરાથી રામભક્ત હતા. ઋજુભાવથી કવિ કહે છે:

*રામ, તુમ્હારા ચરિત*
*સ્વયં હી કાવ્ય હૈ,*
*કોઈ કવિ બન જાય*
*સહજ સંભાવ્ય હૈ.*

*

## યુસુફ મહેરઅલી

આપણા લાડીલા યુવકનેતા યુસુફ મહેરઅલીને લગતી બધી બાબતો પર યૌવનનો રંગ હતો. ચમકારા કરતી બુદ્ધિ, નખશિખ સંસ્કારિતા, વિશાળ વાચન અને પ્રવાસ, કચડાયેલા પ્રત્યે અદમ્ય સહાનુકંપા—મહેરઅલીના જોસ્સાભર્યા વ્યક્તિત્વમાં એક જાતની નમણી દીપ્તિ હતી. ભાગ્યે જ કોઈ રાજકીય નેતાને—ગાંધીજીને બાજુએ રાખતાં—મહેરઅલી જેટલા મિત્રો હશે. આ હિંદુ, આ મુસલમાન, એવો જેને મન સ્વપ્નમાં પણ ભેદ ઉદ્ભવતો નથી એવા, આંગળીને વેઢે ગણાય એવા સજ્જનોમાંના એક મહેરઅલી હતા. મહેરઅલી જેવા વાચનરસિયા સજ્જનો બહુ જૂજ જોવા મળશે; વાચનને વ્યક્તિત્વની સુવાસ સમૃદ્ધ બનાવવામાં કેમ યોજવું, એ કળામાં મહેરઅલી પાવરધા હતા. દેશની સ્વાતંત્ર્ય-લડતમાં હંમેશાં એ મોખરે હતા. ૧૯૪૨ની જેલયાત્રામાં એમને હૃદયરોગ મળ્યો, જેણે અંતે એમના પ્રાણ લીધા. ૪૪ વરસની ઉંમરે એમનું અવસાન થયું. જુવાનોના લાડીલા મહેરઅલીનું સાચું સ્મારક તો ખુલ્લા અને ગુલાબી સ્વભાવના નવજુવાનોની સંસ્કારિતામાં જ શોધવું રહે.

*

## રમણ મહર્ષિ

અર્વાચીન હિંદની એક મહાન વિભૂતિ શ્રી રમણ મહર્ષિએ ૧૬ વરસની ઉંમરે ઘેરથી નીકળી જઈ અરુણાચલમ્ ગિરિ પર સાધના કરી, અને પછીથી ત્યાં જ એમનો આશ્રમ થયો. અર્વાચીન હિંદના

ઇતિહાસમાં રામકૃષ્ણ પરમહંસ અને રમણ મહર્ષિ, એ બે નામો સહેજ જુદાં તરી આવે છે. ટાગોર, ગાંધીજી, શ્રી અરવિંદ જેવા મહાજનોની સાધનાના કેન્દ્રમાં ભારતવર્ષની હજારો વરસની વિશિષ્ટ ધર્મચર્યાનો પ્રભાવ જરૂર છે, તેમ છતાં યુરોપીય જીવનરીતિના ઉત્તમ અંશો પણ એમણે એવા પચાવેલા છે કે તે સિવાયનું એમનું વ્યક્તિત્વ કલ્પી શકવું પણ મુશ્કેલ છે. શ્રી રામકૃષ્ણ અને શ્રી રમણ એ બે કેવળ ભારતવર્ષીય જીવનરીતિનાં ફળ છે. સામાન્ય રીતે જેને કેળવણી કહીએ છીએ તે પણ બંનેએ એટલી નહીંવત્ લીધેલી છે કે બંનેને ચમત્કારરૂપ ગણવા પડે.

*

## રમણલાલ વ. દેસાઈ

આપણા યુગમાં લોકહૃદયને કોઈ સાહિત્યકારો વધુ ને વધુ સ્પર્શી શક્યા હોય તો તે મેઘાણી અને રમણલાલ દેસાઈ. લખાણને સાહિત્યની કક્ષાએ રાખીને સાથે સાથે લોકભોગ્ય-લોકપ્રિય પણ બનાવવું, એની ફાવટ બંનેને સહજ હતી. ભાવિ મહાન સાહિત્યકારોને વધાવવાની પ્રજાની શક્તિને એમણે ખૂબ પરિતોષી છે.

એમની સ્વચ્છ, સુઘડ, સંસ્કારી કથાઓ દ્વારા રમણલાલે ગુજરાતનાં બે અક્ષર ભણેલાં સ્ત્રીપુરુષોના કેવડા વિશાળ વર્ગને સંસ્કારિતાનું પાન કરાવ્યું છે! એમની પાસે ન મળે કોઈ જીવન-ફિલસૂફીનો ધજાગરો. એમણે તો ચૂપચાપ પોતાની સૌમ્ય મધુર વાર્તાઓ આપ્યે રાખી, પ્રજા એ પચાવ્યે ગઈ. એણે એ કથાઓનાં તરુણ નાયક—નાયિકાઓના સ્નેહસભર દાંપત્યની મધુરતા મબલક માણી. પરસ્પર આસ્થાવાળાં નવપરિણીત યુગલોનું રસજીવન એ સંસારનું, જગતસમસ્તને માધુર્યથી રસી દેનારું, કેવું એક સ્વર્ગીય પુષ્પ છે—એ પરમ આશ્ચર્ય જોઈ રમણલાલની આંખ સદા અમીથી છલકાઈ છે. ગાંધીયુગની નવલકથા આ જેલમાં ન જનાર, ખાદી ન પહેરનાર ગાયકવાડી અમલદારે આપી છે! રાષ્ટ્રીય આંદોલનોમાં એમનું નવલસાહિત્ય એક અગત્યના અર્પણરૂપ બની રહ્યું.

એક આખો દસકો એમણે અપૂર્વ લોકપ્રિયતા ભોગવી હતી—અને

તે કયો દસકો? જે દસકામાં શરદબાબુની નવલકથાઓ આપણા સિદ્ધહસ્ત લેખકોને હાથે ગુજરાતીમાં અવતારાઈ હતી, તેમાં ગુજરાતનાં યુવાન-પ્રૌઢ-સ્ત્રીપુરુષ સર્વ વર્ગોમાં શ્રી રમણલાલ દેસાઈની કલમે પોતાની અપૂર્વ મોહિની ફેલાવી હતી. ગો. મા. ત્રા., મુનશી અને રમણલાલ પછી ગુજરાતના હૃદય ઉપર જેની પ્રતિભાની સ્પષ્ટ મુદ્રા પડી હોય એ નવલકથાકાર કાલક્રમે ચોથું સ્થાન સંભાળશે.

*

## રામદાસ ગુલાટી

વલ્લભવિદ્યાનગરની એન્જિનિયરિંગ કૉલેજના ઉપાચાર્ય રામદાસ ગુલાટી, પહેલાં જે વાયવ્ય સરહદ પ્રાંત કહેવાતો તેના વતની. પિતા લશ્કરમાં શિક્ષક હતા. રામદાસે સિવિલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા લીધો. ૧૯૧૫ લગભગ, મિલિટરીમાં રૂ. ૩૦ની સબ-ઓવરસિયરની નોકરીમાં દાખલ થયા. પહેલા વિશ્વયુદ્ધમાં સારું કામ કર્યું હશે. ૧૯૧૯માં વધુ અભ્યાસ માટે ઇંગ્લંડ ગયા. માન્ચેસ્ટર યુનિવર્સિટીમાં બી.એસસી. (એન્જિનિયરિંગ) ઓનર્સમાં પાસ થઈ, પાછા આવી, બનારસ હિંદુ યુનિવર્સિટીમાં લેક્ચરર નિમાયા. ૧૯૨૪માં સક્કર બરાજના કામ પર જોડાયા. ૧૯૩૦ સુધી કામ કર્યું.

ત્યાર પછી વૈરાગ્ય આવ્યો. નોકરીનું રાજીનામું આપ્યું. લોનાવલા યોગ—આશ્રમમાં ત્રાણેક વરસ રહ્યા પછી ગાંધીજી પાસે સેવાગ્રામ જઈ બેઠા. શરૂઆતમાં સાળ-રેંટિયા વગેરે ઉપર દોઢેક વરસ કામ કર્યું. ફૈઝપુર કૉંગ્રેસ અધિવેશનમાં ઇજનેર તરીકેનું કામ રામદાસ ગુલાટીને સોંપાયું. સ્વરાજ મળતાં સુધી કૉંગ્રેસ અધિવેશનોનાં નગરવિધાન એમણે કર્યાં. આ બધો વખત પોતાની ખોરાકી ખર્ચના રૂ. ૩૦-૩૫ એ સામેથી આપતા.

સ્વરાજ મળ્યા પછી દિલ્હીમાં હરિજન આશ્રમમાં શ્રી ઠક્કરબાપા પાસે જઈને એ રહ્યા. ૧૯૪૮માં વલ્લભવિદ્યાનગરમાં એન્જિનિયરિંગ કૉલેજનો આરંભ થયો. ઠક્કરબાપા વિદ્યાનગર આવેલા, તેમની પાસે ભાઈલાલભાઈ પટેલે શ્રી ગુલાટી માટે પોતાની લાક્ષણિક રીતે માગણી

કરી. “બાપા, તમે શાલિગ્રામ પાસે લવિંગ વટાવો છો. મને આપો.”

સરદારશ્રી અને ગાંધીજીના આશીર્વાદ સાથે શ્રી ગુલાટી વિદ્યાનગર આવ્યા. ઉપાચાર્ય તરીકે હતા, પણ પગાર લેતા ન હતા. કદાચ માંદે-સાજે જોઈએ, એમ એમને ફરજ પાડી એમને નામે રૂ. ૩૦૦ જમે કરવામાં આવતા. તે રકમને એ અડયા પણ નહીં. કૅન્સરનું દરદ લાગુ પડ્યું હતું, તે અતિશય વધ્યું ત્યારે કામ બંધ કર્યું. ત્યાં સુધી દિવસના બાર કલાક કામ આપ્યું. છેલ્લું વરસેક ખાટલામાં રહેવું પડ્યું.

આકરી તપસ્યાની તાવણી સ્વીકારવામાં રાચનારા આ સેવાભાવી શિક્ષકમાં સમાજ માટે જાત ઘસવાની જે વૃત્તિ હતી, તે પ્રેરણાદાયી નીવડશે.

*

## રૈહાના તૈયબજી

બહેન રૈહાના તૈયબજી, અબ્બાસ સાહેબનાં સાધ્વી પુત્રી: દેશપરદેશનાં અનેક મુમુક્ષુઓ એમની પાસે આવતાં અને આશ્વાસન શોધતાં. પયગંબર સાહેબ(એમના શબ્દોમાં ‘હજૂર’) અને શ્રીકૃષ્ણ—એમનામાં રમમાણ રહેતાં. ‘વૃંદાવનની કુંજલીલા યાદ આવે; યાદ આવે’ આદિ એમનાં ગીતો એમને મુખે સાંભળવા મળ્યાં હોય, તે એમના લયયોગની છાલક અનુભવ્યા વગર રહી ન શકે. ‘કુરાને શરીફ’ની પ્રસાદી ઉત્તમ સ્વરૂપમાં એમની વાતચીતોમાં મળી જતી. અંગ્રેજીમાં રચાયેલા એમના ‘ધ હાર્ટ ઓફ એ ગોપી’નો પ્રો. બલવંતરાય ક. ઠાકોરે ‘ગોપીહૃદય’ કાવ્યાનુવાદ આપ્યો છે.

*

## લાલ બહાદુર શાસ્ત્રી

જીવનભર પોતાની તમામ શક્તિઓનો હિંદને પૂરો હિસાબ આપતા રહીને, સિદ્ધિની એક પરમ ક્ષણે, શાસ્ત્રીજી દૂર તાશકંદમાં ચિરશાંતિમાં

પોઢ્યા. કોઈ વિરલ દાખલામાં બને છે તેમ, એમનું મૃત્યુ એમના સારાય જીવનકાર્યની મુદ્રા માનવજાતિના હૃદય ઉપર મૂકી ગયું. એ મુદ્રા છે શાંતિની, સમજણની, માનવપ્રેમની.

અઢાર મહિના વડાપ્રધાન તરીકે શાસ્ત્રીજીએ ભારતનું સુકાન સંભાળ્યું. સત્તા એ એમને માટે સેવા કરવાની ઉત્તમ તક માત્રા હતી. દેશ કસોટીઓમાંથી પસાર થઈ રહ્યો હતો. શાસ્ત્રીજી બધી સમસ્યાઓની સામે અડગ હૃદયે કામે લાગી ગયા. એમના વ્યક્તિત્વના ઉત્તમ ગુણોનો સૌને પરિચય થયો. યુદ્ધમાં અકંપ ધૃતિ, શાંતિમાં ઉદાર સમજણ—એ એમની લાક્ષણિકતા હતી.

શાસ્ત્રીજીની મુખ્ય સિદ્ધિઓ બે છે: દેશને છિન્નભિન્ન કરી દે એવા કારમા આઘાતોમાંથી બહાર લાવીને એમણે રાષ્ટ્રીય એકતા દૃઢ કરી. દેશ સમગ્રની આશાઓની—આકાંક્ષાઓની મૂર્તિ એ બની રહ્યા—જેમ જવાહરલાલજી એમના સમયમાં હતા. શાસ્ત્રીજીની બીજી સિદ્ધિ છે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રામાં. ભારતની હંમેશાં શાંતિની ખોજ રહી છે. ગાંધીજીના જીવનકાર્યરૂપે એ જ પ્રગટ થઈ હતી. શાસ્ત્રીજીને રસ્તે યુદ્ધ આવ્યું, પણ એ ભારતની અંતરતમ અભીપ્સાની મૂર્તિ બની ગયા.

શાસ્ત્રીજીને જે સિદ્ધિ સાંપડી તેમાં એમની નમ્રતા, સેવાદીક્ષા, ધૃતિ, ઉપરાંત કુનેહનો ફાળો પણ છે. સચ્ચાઈ એ જ એમની કુનેહ હતી. શાસ્ત્રીજીને દરેક વખતે સરખું સૂઝતું, એનું મૂળ કારણ એમની સચ્ચાઈ, દેશના લોકો માટેનો નિર્મળ પ્રેમ, એ છે.

ગાંધીજી જેવા જે માટીમાંથી ઘડાયા હતા, તેવી માટીમાંથી શાસ્ત્રીજી ઘડાયા હતા. એને લીધે જ તેઓ માત્ર અઢાર મહિનામાં વિષમ કસોટીઓ વચ્ચે જગત—રાજકારણના મંચ ઉપર ભારતને શોભે એવડા ગજાના નેતા તરીકે સ્થાન પામ્યા.

['હૃદયમાં પડેલી છબીઓ' પુસ્તક]

# કયા જંગલમાંથી ઘડી લાવીએ?

ગુજરાતી ભાષાનાં તમામ સામયિકોમાં થઈને પણ થોડાંઘણાં વાંચવા જેવાં પાનાં કેમ મળતાં નથી? વિચારપૂર્ણ અને વિચારપ્રેરક લેખો વરસેદહાડે થઈને પણ કેમ ગણ્યાગાંઠ્યા પણ મળતા નથી, એ જરૂર ચિંતા ઉપજાવે એવો પ્રશ્ન છે. આપણી કલમો કવિતા, વાર્તા, ધર્મ અને રાજકારણ એ સિવાય જાણે કશામાં રસ લઈ જ શકતી ન હોય એવું દેખાય છે, અને આ બધાંમાં પણ નિર્જીવ અને રોગિષ્ટ અર્પણો જ ઘણાંખરાં તો હોય છે. પલટાતા જગતપ્રવાહોનું સ્થિર દૃષ્ટિએ આકલન કરનારી, જીવનના પાયાના પ્રશ્નો સાથે બાથ ભીડનારી, રાગદ્વેષના ઝંઝાવાતો વચ્ચે સત્યને માટે અકંપ ઊભનારી, સમાજ, રાજકારણ, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન એ બધાં ફલકો ઉપર સ્વસ્થપણે વિચરનારી કલમો તો કયા જંગલમાંથી ઘડી લાવીએ?

['સંસ્કૃતિ' માસિક: ૧૯૪૮]

# કવિ-સપૂત

ભારત, તું અનેક ઋષિઓની—કવિઓની વંદના પામ્યો છે. પણ તારી પડતી વેળાએ, વિશ્વચોકમાં તું અપમાનિત, ધૂલીધૂસરિત અવનત મસ્તકે પડેલો હતો ત્યારે, તારા અંતરતમ સત્ત્વને ઓળખી લઈ, પોતાની ભીતર તેને સર્વભાવે સાક્ષાત્કારી, પોતાના તપોજ્જ્વલ જીવનમાં તેને ચરિતાર્થ કરી, જગતના હૃદયસિંહાસન પર તેની સ્થાપના કરનાર કવિસપૂત રવીન્દ્રનાથ તને સાંપડ્યા. યુગે યુગે દુખેસુખે તને એવા કવિસપૂતની ખોટ ન હજો.

# હૃદયમાં પડેલી છબીઓ [3]

## વસંત જોશી

પ્રો. વસંત જોશી અમદાવાદમાં કોમર્સ કૉલેજમાં વરસો સુધી વાણિજ્યના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવતા. સાહિત્યનો વિષય લેનારા વિદ્યાર્થીઓની હોડમાં ઊભા રહે એટલો સાહિત્યપરિચય એમના વાણિજ્યવિદ્યાના વિદ્યાર્થીઓ સહેજે પામતા. વસંતભાઈને ભાષાનો સ્વાદ હતો. માતૃભાષા મરાઠી, પણ ગુજરાતી સવ્યસાચીની પેઠે વાપરે. અંગ્રેજી શીખવે. સંસ્કૃત જાણે. પર્શિયન વાંચી શકે. હિંદી, બંગાળી, ઉર્દૂ, કન્નડ સરસ જાણે. ધીમે ધીમે યુરોપની અનેક ભાષાઓ તરફ એમની ચેતનાનો પસારો વધતો ગયો. દેશમાં વસંત જોશી જેવા અનેકભાષાવિદ ગણ્યાગાંઠ્યા જ હશે. કેટલીક ભાષાઓમાં પ્રગટ થતા સાહિત્ય સાથે તેઓ સતત સંપર્કમાં હોય.

આવા સારસ્વતો પોતાની આસપાસ સાહિત્ય અને સંસ્કારનું એક પ્રોત્સાહક સુગંધમય સમૃદ્ધ વાયુમંડલ રચી રહેતા હોય છે. વસંતભાઈએ નરવો આનંદ જીવનભર પીધો-પાયો અને ધન્ય થયા.

*

## વાડીલાલ ડગલી

કવિતાનું વ્યસન હોય એવા વાડીભાઈ ડગલી જેવા ઓછા માણસો મેં જોયા છે. દેશવિદેશના જૂનાનવા અનેક કવિઓની રચનાનો આનંદ એમણે માણ્યો છે. ડગલીનો કવિતાનો રસ એ તમારા સુધી પહોંચાડે નહીં, ત્યાં સુધી એમને જંપ ન વળે.

‘પરિચય પુસ્તિકાઓ’ અનેક ગુજરાતી અને ગુજરાત બહારના તે તે વિદ્યાના વિશારદો પાસે વાડીભાઈ લખાવે—વાડીભાઈ જ લખાવી શકે. જુદી જુદી જાતના મોટેરાઓની સાથે ડગલીને આત્મીયતાનો સંબંધ.

ભાઈકાકા, ઇન્દુલાલ યાજ્ઞિક, એચ. એમ. પટેલ અને મોરારજીભાઈ—બધા એકમેકથી કેટલા જુદા—ડગલીના હૃદયમાં બધા માટે આદર, એ બધાને ડગલી માટે વાત્સલ્ય. એની ચાવી દરેક માણસને, એનાં બાહ્ય વળગણો બાજુ રાખી, નિખાલસ પ્રેમ દ્વારા પહોંચવાની એમની ફાવટમાં છે.

*

## વિઠ્ઠલરાવ દ. ઘાટે

સાહિત્યક્ષેત્રામાં કેટલીક દુરારાધ્ય રુચિવાળી વ્યક્તિઓ હોય છે, જે બીજાઓનાં લખાણોને કડકપણે તપાસે છે એટલું જ નહિ, પોતાને પણ એ જ ધોરણે કસે છે અને પરિણામે ઘણી વાર ધીમે ધીમે કલમ જ બાજુ પર મૂકી દે છે. શ્રી ઘાટે એમાંના એક છે.

કેળવણીખાતાના અધિકારી તરીકે તેઓ ગુજરાતમાં ઠીક ઠીક સમય રહ્યા છે. શિક્ષણકાર્યમાં મળેલી ફુરસદમાં એમણે એક અત્યંત માર્મિક પુસ્તક આપ્યું છે: ‘કાંહીં મ્હાતારે’ (કેટલાક વૃદ્ધો). આમાંનાં રેખાચિત્રો મર્મ, નર્મ ને એક જાતના શાણપણથી ખૂબ આકર્ષક બન્યાં છે. (શ્રી ગુલાબરાય મંકોડીએ એમાંનાં કેટલાંકના અનુવાદો આપેલા છે.) મરાઠી સાહિત્યસંમેલન દૂરદૂરનાં સ્થળોએ ભરવાનો શિરસ્તો છે તે મુજબ ૧૯૫૩માં અમદાવાદમાં ભરાયેલું. તેના પ્રમુખપદેથી શ્રી ઘાટેએ મહારાષ્ટ્ર પોતાની માતા છે તો ગુજરાત માશી છે એમ કહીને ગુજરાતી સાહિત્ય સાથેના આત્મીયતાભર્યા સંબંધની વાત કરી હતી. વ્યાખ્યાનને અંતે એમણે નવીન પેઢીને અત્યંત ભાવપૂર્ણ રીતે કહ્યું: “આમ્હી જાતોં, તુમ્હી રંગ કરો આપુલા—અમે જઈએ છીએ, તમે રંગ જમાવો તમારો!”

*

## વિદ્યાગૌરી નીલકંઠ

શ્રી વિદ્યાબહેનના ૮૨ વરસના આયુષ્યનો મોટો ભાગ એમણે શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવાનાં કાર્યોની જવાબદારી ઉઠાવવામાં

ખરચ્યો. વિદ્યાબહેન એક સન્નારી તરીકે જે ચીવટ અને સજ્જતાથી પોતાની બધી પ્રવૃત્તિઓ ચલાવતાં અને એમણે જે સન્માન અને પ્રેમ મેળવ્યાં છે, તે ગુજરાતમાં અને હિંદુસ્તાનમાં નારીની પ્રતિષ્ઠા સ્થાપવામાં ઘણો મોટો ફાળો આપનાર વસ્તુ છે. બહુ જ શાંતિથી ચાલતી એમની બધી કારવાઈ પાછળ એમનું વ્યક્તિત્વ પ્રગટ થતું બધા પ્રશ્નોને ઉદારતાથી જોવાની એમની મનોવૃત્તિરૂપે. કોઈને પણ વિશે ખોટો અભિપ્રાય ન બાંધવો, સામાને ન્યાય કરવા તત્પર રહેવું, અને હંમેશાં દરેક પરિસ્થિતિમાંથી સારી વસ્તુ જોવા મથવું—આ એમની સાથે કામ કરનારાંઓ એમના જીવનમાંથી જોયા વગર રહી શક્યાં નહીં હોય.

શિક્ષણ મળતાં એક સન્નારી કુટુંબમાં, સમાજમાં અને દેશ આખામાં કેટલી સેવાસુવાસ ફેલાવી શકે છે, તેના પુરાવારૂપ વિદ્યાબહેનનું જીવન હતું. જે સમયમાં કન્યાઓને કેળવણી સુલભ ન હતી ત્યારે એમણે અનેક કૌટુંબિક તેમજ સામાજિક મુશ્કેલીઓ વચ્ચે ઉચ્ચ શિક્ષણ લીધું. લગ્ન થયા પછી પણ ભણવાનું ચાલુ રાખ્યું; અને અભ્યાસ મૂકી દેતાં, વળી ચાલુ કરતાં, છેવટે ૧૯૦૧માં તેઓ અને તેમનાં નાનાં બહેન શ્રી શારદાબહેન ગુજરાતનાં પ્રથમ બે સ્ત્રી ગ્રેજ્યુએટો થયાં. વિદ્યાબહેન ભણી શક્યાં અને એમનું વ્યક્તિત્વ પૂરી રીતે વિકસ્યું, તેમાં એમના મહાન પતિ રમણભાઈનો ફાળો કદાચ સૌથી મોટો છે. વિદ્યાબહેને એમને પોતાના 'જીવનવિધાયક' તરીકે ઓળખાવ્યા હતા. તો રમણભાઈ, જેમને આચાર્ય આનંદશંકરે 'સકલપુરુષ' કહ્યા છે તેમના જીવનઘડતરમાં પણ વિદ્યાબહેનનો ફાળો ઓછો ન હતો. પતિની અનેકમુખી—સાહિત્યની અને સમાજની—પ્રવૃત્તિઓમાં એમણે ડગલે ને પગલે સાથ આપ્યો.

પોતાની આજુબાજુના આખા સમાજજીવનને મઘમઘતું કરવામાં જીવનની એકેએક ક્ષણ આપનારાં આવાં એક સન્નારીની વિદાય સાથે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ પૂરું થાય છે.

*

## વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

સંસ્કારરસિક ગુજરાત જે થોડીક વ્યક્તિઓથી ઊજળું છે, તેમાંના એક આપણા અગ્રગણ્ય વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રાવેદી. શ્રી વિષ્ણુપ્રસાદભાઈનું મુખ્ય કાર્ય વત્સલ અધ્યાપકનું અને ઉદારરુચિ વિવેચકનું રહ્યું. એમને હાથે ઘડાઈને અનેક તેજસ્વી અભ્યાસીઓ બહાર આવ્યા. તેઓ એક ઉત્તમ ગદ્યકાર છે, સમાજ કલ્યાણપથે વળે એ અંગે ચિંતન કરનાર એક ઉમદા સંસ્કારપુરુષ છે.

આચાર્ય આનંદશંકર ધ્રુવે વિદ્યા અને જ્ઞાનની ઉપાસના વિશે એકવાર વાતવાતમાં ઉદ્ગાર કરેલો: 'જે દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા.' શ્રી વિષ્ણુપ્રસાદભાઈના જીવનકાર્ય ઉપર નજર ફરી વળતાંની સાથે એ મંત્રાનો મર્મ સાક્ષાત અનુભવ્યાની લાગણી થાય છે. સાહિત્યને દેવને સ્થાને સ્થાપીને એને એમણે સારું જીવન નિવેદિત કર્યું છે.

*

## શારદાબહેન અને સુમન્ત મહેતા

શ્રી શારદાબહેન અને ડૉ. સુમન્ત મહેતાના સ્નેહ-સૌહાર્દ અને સેવાભર્યા દાંપત્યજીવનને પચાસ વરસ થયાં. આ બન્ને જણાં મળીને આપણા જીવનમાં એક વિશિષ્ટ સંસ્થારૂપે વિરાજે છે. પ્રજાજીવનની કૂચમાં એમણે કદમ મિલાવ્યાં છે અને આજે વૃદ્ધાવસ્થામાં પણ પ્રાગતિક બળોની આગળ એ હશે, પાછળ નહીં. સૌથી આકર્ષક વસ્તુ આ વાનપ્રસ્થ છતાં કાર્યરત દંપતી વિશે એ છે કે વરસમાં એકાદ વાર તો તેઓ ઉત્તર ગુજરાતના પાટણવાડિયા, દક્ષિણ ગુજરાતના કોળીઓ કે કોઈ એવા પછાત જનસમૂહ વચ્ચે જઈને વસવાનાં જ અને ગ્રામપ્રજાના પ્રત્યક્ષ પરિચયમાં આવીને પોતાની સુવાસ ફેલાવવાનાં. વડોદરામાં શ્રી શારદાબહેનનો હીરકમહોત્સવ ઊજવવાનો વિચાર થયો ત્યારે જે દૃઢતાભર્યા સૌજન્યથી એમણે એ માંડી વળાવ્યો હતો, તે સૌ પ્રજાસેવકોએ ધડો લેવા યોગ્ય છે.

એમને વિશે ગાંધીજીએ ઉચ્ચારેલા શબ્દોનું સ્મરણ કરીશું કે, શારદાબહેન તો પેટે જનમ લેવા જેવાં છે.

*

## શ્રીધર મ. જોશી

'એસેમ'(એસ. એમ. જોશી)એ નાનપણથી દેશના પાયાના પ્રશ્નો સાથે નિરંતર કામ પાડ્યું છે. નથી પોતે જંપ્યા, નથી બીજાઓને જંપવા દીધા. સમાજને ગળાટૂંપા સમી દરેક પ્રકારની બુવાશાઈનો નાની વયથી સામનો કરનાર જોતજોતાંમાં રાષ્ટ્રીય સેવાદળ, સમાજવાદી ચળવળ, બેતાળીસની ભૂગર્ભપ્રવૃત્તિ, સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલન, કામદારપ્રવૃત્તિ વગેરેમાં ગૂંથાઈ જાય છે. મોટી ઘટના બનતી હોય અને એ ક્ષણે નિર્ણયાત્મક પગલું ભરવું જ પડે એવો તકાજો હોય, ત્યારે આંખના પલકારા જેટલો સમય પણ ગુમાવ્યા વગર જે ઝંપલાવે એનું નામ એસેમ. એ સંઘર્ષના માણસ છે, પણ સંઘર્ષના ભારેમાં ભારે વાવંટોળ વચ્ચે પણ એમનું ચિત્ત હિતકર નિર્ણય પર આવીને ઠરે છે. અત્યંત ઊર્જસ્વી કર્મઠતા અને સતત ઉજ્જ્વળ વ્યવહારશુદ્ધિ, એ એમના નેતૃત્વની લાક્ષણિકતા છે.

*

## સરોજિની નાયડુ

તેમણે પોતાની બધી શક્તિઓ સ્વાતંત્ર્ય યુદ્ધમાં સમર્પી હતી. ૧૯૩૦માં ધારાસણા તરફ કૂચ કરવા જતાં ગાંધીજીને સરકારે પકડી લીધા, તે પછી ત્યાં પહોંચી જઈ, પોલીસે રોકતાં, અગરો સામે એક પલાંઠીએ કલાકો ઉપરાંત એ બેસી રહ્યાં હતાં, તે કદાચ સરોજિનીદેવીનું સૌથી મહાન કાવ્ય લેખાશે. પણ રાજકીય સેવાઓ પાછળ એમની નમણી કાવ્યસૃષ્ટિ ઢંકાઈ ગઈ છે.

*

## સુખલાલ સંઘવી

પંડિત સુખલાલજી દેશના ગણ્યાગાંઠ્યા વિદ્વાનોમાંના એક છે. પંડિતજીએ સોળ વરસની વયે શીતળામાં આંખો ગુમાવી તે પછી શાસ્ત્રાભ્યાસનો આરંભ કરી, કાશી જઈ વરસો સુધી વિદ્યોપાસના કરી ને તત્ત્વદર્શનની આંખ મેળવી. ગુજરાત વિદ્યાપીઠ અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એમણે સંશોધન-અધ્યાપન-કાર્ય કર્યું અને દેશના ને વિદેશના ધુરંધર વિદ્વાનોના આદરપાત્ર બન્યા.

પંડિતજી મૌલિક વિચારક હતા અને જેટલું ચોખ્ખું જોતા એટલું જ ચોખ્ખું કહેતા. એમની દૃષ્ટિ બહુ વ્યાપક હતી. બહુજનસમાજના જ નહીં, પૃથ્વી પર જિવાતા તમામ જીવનની રેખાએ રેખામાં એમને રસ. તેજોહીન લોકમાં સમધારણ બુદ્ધિથી પ્રકાશમય જીવન તેઓ જીવતા એ જીવનરસને પ્રતાપે.

ગુજરાત યુનિવર્સિટી સ્થપાઈ. એણે પ્રથમ પહેલી ડી.લિટ.ની માનાર્હ પદવી રીતસર અંગ્રેજી નહીં ભણેલા પંડિતજીને આપવાનું ઠરાવ્યું. એ પદવી સ્વીકારતાં એમણે એક સ્પષ્ટ વચન કહ્યું: મોટાં મોટાં મકાનો ચણો, એ યુનિવર્સિટી ન કહેવાય.

આવા વિદ્યાનિધિઓનું સૌથી મોટું અભિવાદન તો પ્રજા એમને યોગ્ય શિષ્યો પૂરા પાડીને કરી શકે.

*

## સૈયદ અબૂ ઝફર નદવી

અબૂ ઝફર નદવીનું વતન બિહારમાં હતું. મૌલાના અબુલ કલામ આઝાદે ગાંધીજીને એમની ભલામણ કરતાં ૧૯૨૧માં એઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા, ત્યારથી ગુજરાત સાથેનો એમનો સંબંધ. એમની મુખ્ય સેવા ગુજરાતના ઇતિહાસ અંગે છે. મૂળ અરબી-ફારસીમાં પડેલી ગુજરાતવિષયક ઇતિહાસસામગ્રીનો લાભ લેવાનું એમની દ્વારા શક્ય બન્યું. ફારસી કવિઓ—ઉમર ખય્યામ, હાફિઝ, શિરાઝી

આદિ—ઉપરના એમના લેખોમાં એક ઉચ્ચ પ્રતિના સાક્ષરરૂપે તેઓ પ્રતીત થાય છે. ધર્મની બાબતમાં તે એક સાચા શ્રદ્ધાળુ હતા. રાષ્ટ્રીય વિચારસરણીને સતત જીવનમાં એમણે અપનાવી હતી. એમના સંપર્કમાં આવનારને ઊંચી ખાનદાનીનો પરિચય થયા વિના રહેતો નહિ. ગુજરાતમાં અરબી-ફારસી-ઉર્દૂના અભ્યાસની પરિપાટી સૈકાઓથી ચાલી આવે છે; તે મજબૂત થવી જોઈએ તેને બદલે ક્ષીણ થઈ રહી હતી એવે વખતે નદવી સાહેબે પોતાના સંસ્કાર-ખમીરથી એને ટકાવી.

*

## સૌમ્યેન્દ્રનાથ ટાગોર

રવીન્દ્રનાથના સૌથી મોટા ભાઈ દ્વિજેન્દ્રનાથ('બડોદાદા')ના પુત્રા સુધીન્દ્રનાથના પુત્રા સૌમ્યેન્દ્રનાથ. ગાંધીજીને પહેલી વાર સાંભળ્યા તેનો તેમના ઉપર ખૂબ પ્રભાવ પડયો—પાછળથી ટ્રોટ્સ્કીને સાંભળતાં એવો અનુભવ ફરી એમને થયો હતો. પ્રખર ગાંધીવાદી તરીકે કારકિર્દી શરૂ કરી, પણ પછી સામ્યવાદ તરફ વળ્યા. ૧૯૨૮માં એ વિદેશ ગયા. કોમ્યુનિસ્ટ ઇન્ટરનેશનલની વિશ્વ-મહાસભામાં તેઓ ભારતીય પ્રતિનિધિ હતા. અઠ્ઠાવીસ વરસની ઉંમરે આ મહાસભામાં એમણે સ્તાલિનવાદને કદરૂપી અમાનુષી વિચારણા તરીકે પિછાણી લીધો અને જીવનભરના એના કટ્ટર વિરોધી બન્યા.

૧૯૩૪માં તેઓ હિંદ પાછા ફર્યા અને રાજકારણમાં ઝંપલાવ્યું. એમણે 'કોમ્યુનિસ્ટ લીગ ઑફ ઇન્ડિયા' શરૂ કરેલું, તેમાંથી ૧૯૪૨માં 'રેવોલ્યુશનરી કોમ્યુનિસ્ટ પાર્ટી' બની. બીજા વિશ્વયુદ્ધને તેઓએ શાહીવાદી યુદ્ધ તરીકે ઓળખાવ્યું; એને લોકયુદ્ધ લેખતા સામ્યવાદીઓથી તેઓ જુદા પડ્યા. સૌમ્યેન્દ્રનાથ પોતાને સાચા સામ્યવાદી માનતા. ૧૯૪૨માં બ્રિટિશ અમલ નીચે હિંદ સંરક્ષણ ધારા નીચે પકડાનારા એ પહેલા હતા, તો સ્વતંત્રા ભારતમાં પણ એની નીચે પકડાવામાં એ પહેલા હતા—દેશના ભાગલા જે રીતે કૉંગ્રેસે સ્વીકાર્યા તેની ઉગ્ર ટીકા કરવાના ગુના બદલ.

જીવનનાં છેલ્લાં વીસેક વર્ષ એમણે સાંસ્કૃતિક કાર્યમાં વધુ ધ્યાન આપ્યું. સૌમ્યેન્દ્રનાથે અવારનવાર કવિતા લખી છે. રશિયન, જર્મન અને ઈટાલિયનમાંથી એમણે બંગાળીમાં કાવ્યાનુવાદો આપ્યા છે. ત્રાણ ક્રાંતિપ્રિય સાહિત્યિકો બાર્બુજ, ગોર્કી, રોમાં રોલાંના પ્રત્યક્ષ પરિચય પરથી 'ત્રાયી' પુસ્તક આપ્યું છે. કદાચ સૌથી મહત્ત્વનું અને એમના સમગ્ર વ્યક્તિત્વની શક્તિઓનો ખ્યાલ આપે એવું પુસ્તક છે 'યાત્રા', એમની આત્મકથા.

સાહિત્ય, સંગીત, કલા, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, અર્થકારણ, રાજકારણ, બધાં ક્ષેત્રોમાં એમનો અકુતોભયસંસાર હતો. બધાંમાં એમની વાગ્ધારા અને લેખિની આશ્ચર્યકારક રીતે પ્રભાવશાળી નીવડતાં. પણ પ્રત્યક્ષ પરિણામો? અને ક્રાંતિકારી તરીકે સિદ્ધિ?

સૌમ્યેન્દ્રનાથ જેવાની જિંદગી એ વ્યાવહારિક પરિણામોનાં કાટલાંથી માપવાની ન હોય. એવાઓની હસ્તી એ જ સિદ્ધિ છે. દુનિયામાં સફળતાના શહીદોનો તોટો નથી, કહેવાતી નાનીમોટી સફળતા માટે માણસો જિંદગી જેવી જિંદગીને જાકારો દઈ દેતા હોય છે, ખાલીખમ થઈ જતા હોય છે. પણ કેટલાક વિરલ માણસો નિષ્ફળતાઓને વધાવતાં થાકતા નથી: આવો, આવો, તમામ નિષ્ફળતાઓ! મારા સિવાય તમારો ભાવ પૂછશે કોણ? એવાઓની વિભુ નિષ્ફળતા મનુષ્યજીવનની પતાકા સમી હોય છે, જીવવું—સચ્ચાઈથી જીવવું એનો મહિમા પ્રગટ કરનારી હોય છે.

ધર્મ—ખાસ કરીને સંપ્રદાયો અને એની આળપંપાળ સાથે તો એમને કશો સંબંધ ન મળે. પણ સૌમ્યેન્દ્રનાથ અધ્યાત્મના માણસ હતા. મને કહેતા હતા કે રવીન્દ્રનાથના 'શાંતિનિકેતન'—પ્રવચનસંગ્રહો છે તે ધર્મના તત્ત્વ સમાન છે.

*

## હરિપ્રસાદ વ્ર. દેસાઈ

ડૉ. હરિપ્રસાદ દેસાઈ અમદાવાદના જીવનના તારેતાર સાથે ગૂંથાયેલા હતા. એટલું જ નહિ, પણ સમગ્ર ગુજરાતના સાંસ્કારિક

અને રાજકીય જીવનમાં પાંત્રીસ વરસથી ઓતપ્રોત રહેતા હતા. એમના ખુશનુમા સ્વભાવથી અને સેવાપ્રિય જીવનથી એ ગુજરાતના બહોળા જનસમૂહોમાં પ્રિય થઈ પડ્યા હતા. સર્વથા ગુણદર્શી રહેવું, એ એમના જીવનની ચાવી હતી. દિવસના અમુક કલાકોમાંથી આજીવિકા મેળવી લઈ બાકીનો સમય આત્મવિકાસ અને સમાજસેવામાં આપવાની વૃત્તિને લીધે ડૉક્ટરીને એમણે ધીકતા ધંધા તરીકે કદી જ ખીલવી ન હતી.

પ્રકૃતિસૌંદર્ય અને કળાનો આનંદ લૂંટવા એ હંમેશાં ઉત્સુક રહેતા. અમદાવાદ કૉંગ્રેસ અધિવેશન વખતે ફૂલોના શણગાર માટે ગાંધીજી સાથે ઝઘડીને બે હજાર રૂપિયાના ખર્ચની પરવાનગી એમણે મેળવી હતી. અને ફૂલો પ્રત્યેનો આ પ્રેમ એમણે અમદાવાદની પોળેપોળે અને ચાલીએ ચાલીએથી કચરો દૂર કરવા મથીને દીપાવ્યો હતો.

એમના જીવનમાં એક જાતની સ્થિર પ્રસન્નતાનાં દર્શન થતાં. જેનાથી લોકો ઉદ્વેગ ન પામે અને જે લોકોથી ઉદ્વેગ ન પામે, એવા સરળ હૃદયી સજ્જનનું એમનું જીવન હતું.

['હૃદયમાં પડેલી છબીઓ', 'ઇસામુ શીદા...' તથા 'સમસંવેદન' પુસ્તકો]

## આપણે ઉઘાડા પડ્યા

યુગો પછી પહેલી વાર પ્રજાસત્તાકનો મોભો પ્રાપ્ત કરનાર આપણા આ મહાન દેશમાં લોકશાહીને મજબૂત બનાવવામાં આપણા તરફથી ન જેવો ફાળો અપાયો છે. લોકશાહી તો એક વટવૃક્ષ જેવી છે. જેમ વડ ઊંચો જાય છે તેમ તેને નીચે પાછા વળવાનું સાંભરે છે અને જમીન તરફ શાખાઓ ફેલાવી માટીમાં એ મૂળિયાં નાખે છે. લોકશાહી તો જ જીવી શકે, જો શાખાઓ મૂળિયાં જમાવે. પછી એ ગમે તેવા ઝંઝાવાતની સામે અડીખમ ઊભી શકે. વાવાઝોડાની સામે લોકશાહીને પગભર રાખી શકે એવી ઘણી ઘણી સંસ્થાઓ હોવી જોઈએ. પણ આપણે તો પહેલી ફૂંકે લગભગ કડડભૂસ થઈ ગયા. આપણે ઉઘાડા

પડી ગયા.

['નિરીક્ષક' અઠવાડિક : ૧૯૭૬]

## એ દુભાશે લેશ જો—

*વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી:*
*પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!*

*વીંધાય છે પુષ્પ અનેક બાગનાં!*
*પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની!*
*જીવો તણી કાય મૂંગી કપાય છે!*
*ક્લેવરો કાનનનાં ઘવાય છે!...*

*પ્રકૃતિમાં રમંતાં એ દુભાશે લેશ જો દિલે,*
*શાંતિની સ્વપ્નછાયા યે કદી માનવને મળે?*

## એકાદ ખૂણામાં પણ—

મારી એક મુગ્ધ માન્યતા છે કે આ વિશાળ વિશ્વમંદિરના એકાદ ખૂણામાં પણ જ્યાં સુધી સત્ય, પ્રેમ કે સૌંદર્ય ઘવાતાં હોય, ત્યાં સુધી વિશ્વમાં અખંડ શાંતિ હોઈ શકે જ નહીં. આપણી પૃથ્વી પર પ્રતિપળે દુભાયેલા પ્રેમના નિશ્વાસના પડઘા શાંતિને અહોરાત વીંધી રહે છે, એ સ્પષ્ટ છે. તે અટકાવવા મનુષ્યજાતિએ એક પણ પ્રયત્ન બાકી રાખવો જોઈએ નહીં.

# ઇતિહાસાચાર્ય ટોયન્બી

છાશી વરસના આયુષ્યમાંથી આર્નોલ્ડ ટોયન્બીએ ૫૪ વરસ ઇતિહાસના લેખન અને નિદિધ્યાસનમાં આપ્યાં. માતા ઇતિહાસકાર હતાં, એમની પ્રેરણા તો ગળથૂથીમાંથી મળી હતી. પણ વાલ્મીકિનું હૃદય ક્રૌંચપંખીની સાથોસાથ વીંધાયું હતું અને પરિણામે એમનું પ્રતિભા-લોચન ખૂલ્યું હતું, તેવું ટોયન્બીને અંગે બન્યું. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે ઓક્સફર્ડમાં પોતે ગ્રીસનો પ્રાચીન ઇતિહાસ ભણાવતા હતા. ઈ. પૂ. ૪૩૧માં ગ્રીસમાં બંધુરાજ્યો વચ્ચે લડાઈ ફાટી નીકળી ત્યારે ઇતિહાસકાર થ્યુસીડીડિસે આંચકો અનુભવ્યો હતો તેવો ટોયન્બીએ અનુભવ્યો. એક ઝબકારે એમને તે વખતના ગ્રીસમાં અને પોતાના સમયના યુરોપમાં અત્યંત મળતાપણું નજરે પડ્યું. થ્યુસીડીડિસને ગ્રીસના યુદ્ધનું દૂરગામી પરિણામ આવવાનું એ તરત વરતાઈ ગયું હતું. એના શબ્દોને પછીના બનાવોએ અને સમગ્ર ઇતિહાસવહેણે સાચા ઠેરવ્યા હતા. ટોયન્બીને પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામોનો પણ એવો જ અણસાર દેખાયો. ઈ. પૂ. ૪૩૧ એ મહાન ગ્રીક સંસ્કૃતિના પતનની આદિ ક્ષણ હતી. ટોયન્બી ચોંકી ઊઠ્યા: ૧૯૧૪ પણ વર્તમાન પાશ્ચાત્ય સંસ્કૃતિની એવી ક્ષણ તો નહીં હોય?

'એ સ્ટડી ઓફ હિસ્ટરી' ['ઇતિહાસ-અધ્યયન']ની મૂળ પ્રેરણા, આ રીતે, પ્રથમ વિશ્વયુદ્ધની મહાઘટનામાં હતી. યુદ્ધમાં પોતાના અડધા કરતાં વધુ મિત્રો મરાયા, એ વહેતો જખમ એમને વળી વળીને ઇતિહાસચિંતન તરફ લઈ જતો. ૧૯૨૧માં એક વાર આખો યુરોપ વીંધીને ઇસ્તંબુલથી કેલે આવતા હતા ત્યારે એમણે એ યાત્રામાં 'ઇતિહાસ-અધ્યયન'ના મહાગ્રંથનાં પ્રકરણોનાં મથાળાં ટપકાવી લઈ આખી રૂપરેખા બાંધી દીધી. પહેલા ત્રણ ભાગ ૧૯૩૪માં પ્રગટ થયા. ઉત્તમ આવકાર મળ્યો. ઓક્સફર્ડે એમનું સન્માન કર્યું. વળી ત્રણ ભાગ બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં પહેલાં પ્રગટ થયા. ૧૯૪૭માં એ છ ગ્રંથોનો સમરવેલે કરેલો સુંદર સંક્ષેપ બહાર પડતાં ટોયન્બીના પરિશ્રમનું સુફલ ઘણા બહોળા

વાચકવર્ગને મળ્યું. છેલ્લા ચાર ભાગ ૧૯૫૪માં પ્રગટ થયા. ૧૯૬૧માં નકશાઓ આદિનો અગિયારમો ભાગ અને છેલ્લો બારમો, અનેક ટીકાઓ ચર્ચાઓ ઊપડેલાં તેના પ્રતિભાવરૂપે, 'રીકન્સિડરેશન્સ' ['ફેરવિચારણા'] પ્રગટ થતાં ૨૭ વરસને અંતે બાર ભાગમાં 'ઇતિહાસ-અધ્યયન'નો બૃહત ગ્રંથ પૂરો થયો.

ભૂતકાળના વ્યાસંગે ભાગ્યે જ કોઈ ઇતિહાસકારને ટોયન્બી જેટલા ભવિષ્ય—રસિયા બનાવ્યા હોય. ટોયન્બીની મોટી સિદ્ધિ હોય તો તે છે માનવજાતિના ભવિષ્યની એમણે કરેલી માવજત. માનવીના ભાવિની ચિંતા અને ચિંતન કરનારા કદાચ મળી રહે. પણ ટોયન્બીમાં એક જાતનું વાત્સલ્ય અને શું કરું તો બાળકને સારું થાય, એ જાતની ક્ષણેક્ષણની માતાની કાળજી જોવા મળે છે.

મનુષ્ય ભલે પૃથ્વી ઉપર દસવીસ લાખ વરસથી હોય. ખેતી, ઢોરઉછેર, માટીકામ, વણાટ આદિ અંગેની કુશળતા ત્રીસેક હજાર વરસથી એણે મેળવી છે અને સંસ્કૃતિઓ ખીલી તે તો બધી છેલ્લાં પાંચ-સાત હજાર વરસની વાત. પોતે આત્મહત્યા ન કરે તો બીજાં બે અબજ વર્ષ સુધી તો આ પૃથ્વી એનું નિવાસસ્થાન બની શકે એમ છે. પણ છેલ્લા બે સૈકામાં માણસ યંત્રવૈજ્ઞાનિક વિકાસ એટલો બધો સાધી બેઠો છે કે અત્યારે સર્વનાશને આરે આવીને એ ઊભો છે.

છેલ્લી પચીસીની દુનિયામાં જે થોડાક મહાનુભાવોએ ઊંચા બાહુ કરીને માનવને આત્મનાશના માર્ગેથી પાછા વળવા માટે માર્મિક હૃદયસ્પર્શી વિનંતીઓ કરી છે તેમાંના ટોયન્બી એક છે. એ કહે છે, જીવનનું ધ્યેય છે ચાહવું, સમજવું, સર્જવું. પોતાનાં કુડીબંધ પૌત્ર-પૌત્રી, પ્રપૌત્ર-પ્રપૌત્રીઓને નજરમાં ભરી એ કહે છે કે આવાં કરોડો નિર્દોષ ભૂલકાં યુદ્ધનો ભોગ ન બને એવી દુનિયાનું નિર્માણ થવું જોઈએ. ભવિષ્ય અંગેના વાર્તાલાપને અંતે યુવાનોને ખાસ ઉદ્દેશીને એ કહે છે કે રખે હિંસાનો રસ્તો અખત્યાર કરતા. તમે પથ્થર મારશો, બૉંબ કે ગોળી વરસાવશો, પણ આજના વ્યવસ્થિત શાસનની પ્રતિહિંસક શક્તિ તમારી હિંસાશક્તિ કરતાં અનેકગણી વધારે હશે. ઊલટા તમે વધુ પ્રત્યાઘાતી

શાસનના સકંજામાં સપડાશો. હા, તમે વિરોધ જરૂર કરજો, પણ તે ધિક્કારની લાગણી વગર, મહાત્મા ગાંધીની જેમ.

વિશ્વરાજ્ય, વિશ્વશાંતિ—તેને માટે પાયાની જરૂરિયાત ધર્મ અંગેની ક્રાન્તિ છે, એમ ટોયન્બી ગાઈ વગાડીને કહે છે. કેન્દ્રમાં ભગવાનને મૂક્યા વગર છૂટકો નથી એમ એ માને છે.

ટોયન્બીના જીવનની ફલશ્રુતિ? ટોયન્બી જીવશે પ્રાસાદિક ઊર્જિત શૈલીના કેટલાક ફકરાઓ દ્વારા, અનેક ભિન્ન ભિન્ન વિગતોનાં કરેલાં સંયોજનો દ્વારા, માનવજીવન ઉપર અજવાળું પાથરતાં, ઐતિહાસિક હકીકતોની મદદથી કરેલાં નિરીક્ષણો દ્વારા; પણ મુખ્યત્વે તો ઇતિહાસ વિષયને—સમગ્ર સંસ્કૃતિસંભારને બાથમાં લેવાના બુદ્ધિના વિરાટ ઉપક્રમ દ્વારા, ઇતિહાસના અમૃત તરીકે ધર્મને આગળ ધરી પોતે એનું સતત પાન કરતાં રહી મનુષ્યબંધુઓને—મનુષ્યજાતિને એ સંજીવની ભાળવવાના વાત્સલ્ય દ્વારા, એક મરમી ઇતિહાસવિદ તરીકે.

ક્વચિત્ એ કાવ્યો રચતા લેટિન, ગ્રીક અને અંગ્રેજીમાં. બે અંગ્રેજી લીટીઓ આપણી આસપાસના પદાર્થોને માણવા અંગેની ઈશાવાસ્ય દૃષ્ટિ આપી જાય છે: પ્રભુની પ્યારી કૃતિઓ, તમને સદાયે હું ચાહીશ,

પણ હવે પછી તમને ચાહવાનો તે તમને સરજનારાને ખાતર.

['સંસ્કૃતિ' માસિક: ૧૯૭૫]

# લીલી વાડીઓ નિર્માણ કરનારા

ઈશ્વર પેટલીકર જીવનથી તરવરતા હતા. સમાજને ઉઘાડી આંખે, ઉઘાડા કાને, ઉઘાડા હૃદયે નીરખતા અને એમનામાં સહાનુકંપા હતી. બધાના પ્રશ્નો જાણે પોતાના ન હોય! એમણે લોકોના અંગત જીવનના, ખાસ કરીને યુવકોના, જે સળગતા પ્રશ્નો હોય છે તે ઉકેલવામાં, સંસારની હોળીઓ હોલવવામાં, સારો એવો સમય આપ્યો. સમાજમાં આવી મંગલમૂર્તિઓ હોવી જોઈએ. એ જીવશે, એમણે જે લીલી વાડીઓ

નિર્માણ કરવામાં ફાળો આપ્યો હશે તે લોકોના જીવનની સુવાસ દ્વારા.

## “શાળાનું નામ ઉજ્જ્વળ રાખીશ”

ઈડરની અંગ્રેજી શાળા પાંચમાથી નવમા સુધીનાં પાંચ ધોરણની હતી. શિક્ષક હતા ત્રણ. એક તો અંગ્રેજી જાણે જ નહિ, છતાં એ શ્રી ભીખાભાઈ સાહેબ જેવું વ્યાકરણ અને ગણિત કોણ શીખવવાનું હતું? શ્રી ખેમજીભાઈ પરમાર—જેઓ સ્વરાજ પછી ધારાસભ્ય થયા હતા—અમારા ગૃહપતિ હતા. વર્ગમાં તેમજ વર્ગ બહાર, ચોવીસે કલાક જાણે ભણાવે. રમતમાં બધા સાથે ભાગ લે. છાત્રાવાસનાં કામોમાં પલોટે. અને સૌથી મોટી વસ્તુ તો એ કે પ્રકૃતિને ખોળે વિદ્યાર્થીઓને વારંવાર ઊલટભેર લઈ જાય. આચાર્યશ્રી નડિયાદના હતા—શ્રી ખુશાલદાસ નાગરદાસ પટેલ. નરી ચારિત્ર્યની મૂર્તિ. એમને દૂભવવાની કોઈની હિંમત ન ચાલે.

આઠમા ધોરણમાં શ્રી છોટાલાલભાઈ ગાંધી અમને સંસ્કૃત તેમ જ ગણિત શીખવતા. સ્વચ્છ વેશભૂષા, ધારદાર બુદ્ધિ, કડક શિસ્ત અને નિરંતર કાર્યપરાયણતા. સંસ્કૃત અને ગણિતવિદ્યાનો એમણે જે પાયો નાખ્યો તેની ઉપર તમે ધારી ઇમારત ચણી શકો. પછીથી એક યોગવિદ્યાના સાધક શ્રી વ્યાસ આવેલા તેમણે ભાવનામય જીવનની અભીપ્સા પ્રેરી.

છાત્રાલયમાં અને શાળામાં તોફાનો ન થતાં, એમ રખે કોઈ માને. પણ ભણતરમાં સારો એવો વખત અપાતો, અને ગુરુજનો સખત પરિશ્રમ કરતા ને કરાવતા. ઈડરમાં નાટક મંડળીઓ આવતી તેનો આનંદ અમે લૂંટતા. આસપાસનાં પ્રાકૃતિક સ્થળોના સૌન્દર્યનો આનંદ પણ માણતા. એ સિવાય બધો સમય ભણતરમાં જ અમે એકાગ્ર રહી શકતા હતા, એ મહદ્ ભાગ્ય હતું. “આ ભાઈ ‘સરસ્વતીચંદ્ર’નો ચોથો ભાગ વાંચે છે”—એમ કહી ભાઈબંધે એક વિદ્યાર્થી બતાવ્યો. એવું દુષ્કર કાર્ય

કરી શકનાર વિદ્યાર્થીની એ મોટા પુસ્તક સાથેની મૂર્તિ હજી નજર આગળ તરવરે છે.

ગુરુજનો થોડાક દૂર રાખે, પણ ઉષ્મા પણ આપે. ટપારે પણ ખરા. નવમામાં કવિ સધીનું 'ધ સ્કોલર' કાવ્ય ભણવાનું હતું. આચાર્યશ્રીએ ભણાવતાં ભણાવતાં વચ્ચે ટકોર કરીઃ આજના સ્કોલરો તો પટિયાં પાડે! જિંદગીમાં પહેલી વાર, આગલે દિવસે, ફેશન પ્રમાણે વાળ કપાવ્યા હતા. વર્ગમાં બેઠા બેઠા થયાં કર્યું કે ક્યારે છૂટું અને આ ફેશનમાંથી મુક્તિ પામું! સવાર થતાં શહેરમાં જઈ સંચો મુકાવી આવ્યો.

દસમા ધોરણમાં પસાર થઈ મેટ્રિક માટે અમદાવાદ જવાનો સમય આવ્યો. જિંદગીઓ સુધી વાગોળ્યા કરીએ એટલો બધો આનંદ આ શાળાનાં વરસોમાં જાણે કે મળ્યો હતો. મને એ ક્ષણ બરાબર સાંભરે છે. સાંજ નમતી હતી. શાળાના મકાનના અગ્નિ ખૂણે શિક્ષકો અને સહાધ્યાયીઓ સાથે હું ઊભો હતો. કોણ જાણે શીય પ્રેરણાથી હૃદયમાં શબ્દો પ્રગટ થયાઃ શાળા, તારું નામ હું ઉજ્જ્વળ રાખીશ. શાળા એ જાણે કોઈ અલૌકિક સત્ત્વ ન હોય, એમ હૃદય એને મૂંગું મૂંગું વંદન કરી રહ્યું.

અમદાવાદમાં પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં મેટ્રિકના વર્ગમાં હું દાખલ થયો. ઈડરના ગણેલા નવ નિશાળિયાઓના વર્ગનો હું પહેલો નંબર. એવા તો કેટકેટલા પહેલા નંબર અહીં આવ્યા હશે! સેંકડો છોકરાઓમાં સિંધુમાં બિંદુની જેમ હું વિલીન થયો હતો. ત્યાં છમાસિક પરીક્ષા પછી વિદ્યાર્થીસભામાં જ્યારે આચાર્યશ્રી દીવાન સાહેબે કહ્યું કે દરેક વિષયમાં મારું પરિણામ આગળ પડતું હતું ત્યારે મને પહેલાં તો સહેજ આંચકો લાગ્યો, પણ પછી હું એ પચાવી શક્યો. ઈડરના ગુરુગણની મહેનતનું એ પરિણામ હતું.

આ અંગત વાત લખવાની આટલે વરસે ચેષ્ટા કરી છે તે એ આશયથી કે આવી ગુરુ-મંડળીઓ ગુજરાતમાં ઠેકઠેકાણે પછીનાં વરસોમાં મેં જોઈ છે—આજે આ ક્ષણે પણ છે—તે સર્વ પ્રત્યે, એમના આશીર્વાદ પામેલા મારા જેવા સૌ વતી, કૃતજ્ઞતાનો લઘુશો અઘ્ર્ય આ પાંગળા

શબ્દો દ્વારા અર્પવો છે.

## ભોમિયા વિના

*ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા,*
*જંગલની કુંજ કુંજ જોવી હતી;*
*જોવી’તી કોતરો ને જોવી’તી કંદરા,*
*રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.*

*સૂના સરવરિયાની સોનેરી પાળે*
*હંસોની હાર મારે ગણવી હતી;*
*ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે*
*અંતરની વેદના વણવી હતી.*

*એકલા આકાશ તળે ઊભીને એકલો*
*પડઘા ઉરબોલના ઝીલવા ગયો;*
*વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,*
*એકલો અટૂલો ઝાંખો પડ્યો.*

*આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,*
*જંગલની કુંજ કુંજ જોવી ફરી;*
*ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,*
*અંતરની આંખડી લ્હોવી જરી.*

## જઠરાગ્નિ

*રચો, રચો અંબરચુંબી મંદિરો,*
*ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા!*

*મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,*
*રંગે ઉડાવો જળના ફુવારા!*

*રચો, રચો ચંદનવાટિકાઓ,*
*ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો*
*ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા રચો ભલે!*
*અંતર-રૂંધતી શિલા*
*એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે?*

*દરિદ્રની એ ઉપહાસલીલા*
*સંકેલવા, કોટિક જીભ ફેલતો*
*ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;*
*ખંડેરની ભસ્મકણી ન લાધશે!*

[વીસાપુર જેલ: ૧૯૩૨]

# હતાશ તરુણ પેઢી

પાછલા ત્રણ દસકામાં બે-અઢી હજાર રાજકારણીઓ સ્વતંત્ર હિંદના તખ્તા ઉપર આવ્યા-ગયા-પાછા-આવ્યા, પણ મોટેભાગે તેના તે માણસો જાણે કે ખેલ ખેલી રહ્યા ન હોય. જુવાનો, ઊછરતા જુવાનોનો ખ્યાલ કોઈ કરે છે? નકસલો આવ્યા—દેશના જુવાનોમાંથી કેટલાક ઉત્તમ એમાં હતા. ગેરરસ્તે હતા એમ કહી શકો, પણ ગરીબ વર્ગના ઉદ્ધારના ધ્યેય માટેની એમની જાનફેસાનીની ઓછી કિંમત નહીં આંકી શકો. મોટા ભાગના ખતમ થયા. નકસલોની પણ પછી આવનાર જુવાન પેઢીમાં દેશની નેતાગીરી (પેલી બે-અઢી હજારની રાજકારણી નેતાગીરી) હતાશા જન્માવશે? રીઢા રાજકારણીઓનું આવા સવાલોથી રૂંવાડું પણ ન ફરકે તો નવાઈ નહીં. પણ જનતાની આશાઓ છૂંદાતી રહેશે તો હતાશ બનેલી તરુણ પેઢી મૂંગા સાક્ષી તરીકે બેસી રહેવાની નહીં, અને જો એ ગમે તેવા માર્ગોએ ચઢી તો એની જવાબદારી

રાજકારણીઓની રહેવાની.

['નિરીક્ષક' પખવાડિક]

## તિજોરીની કૂંચી

મને પૂછો તો હું વાતોમાંથી જ શીખું છું—એટલે કે માણસમાંથી. ચોપડીઓ વાંચીએ છીએ, તે તો તાળો મેળવવા. બોલાતા શબ્દોમાં જે જાદુ છે, તે તો જુદું જ છે. હવે, વાતમાંથી શીખવા નીકળ્યા હોઈએ તો, આની જોડે વાત થાય ને આની જોડે નહીં—એ કેમ પાલવે? આપણને શી ખબર કે કોની જીભ ઉપરથી આપણે માટેનો શબ્દ સરકી આવશે? પરમેશ્વર કોની દ્વારા બોલશે, કોણ કહે?

આપણી પોતાની જાતને ઓળખવા માટે પણ બીજાની વાતોનો ઓછો ઉપયોગ નથી. શિક્ષકો જાણે છે કે જેવા વિદ્યાર્થીઓ, એવી પોતાની વાણી. સામેનું માણસ જો તેજસ્વી હોય, તો તમારું પણ ઉત્તમ સ્વરૂપ બહાર ઊપસી આવવા પ્રયત્ન કરવાનું જ. ઘણીય વાર આપણને આપણી વાણી સાંભળી તાજુબી થતી નથી? આ તિજોરીમાં આ ધન કયે ખૂણે આટલા દિવસ પડી રહ્યું હતું, એવું આપણને એ વખતે થતું નથી? આ હકીકત જ આપણી સાથે વાત કરનારાઓનું મહત્ત્વ કરવા બસ છે. તિજોરીની કૂંચી તમારી પાસે ક્યાં છે? તમારે તો જે માણસ મળે તેની સાથે વાતો કર્યે જવાની અને ક્યારેક, એમ હજારો ઝૂડા અજમાવ્યા પછી, બનવાજોગ છે કે એકાદ કૂંચી લાગુ પડી જાય.

## 'મહાભારત'માં માનવતા

કેટલાક ગ્રંથો દરેક જમાનાના પરામર્શના અધિકારી છે. 'મહાભારત' એક એવો ગ્રંથમણિ છે.

હિંદમાં હિમાલય જેમ જૂનો લાગવાનો નથી, તેમ 'મહાભારત'

પણ કદી જૂનું લાગવાનું નથી, યુગેયુગે નવીનતાભર્યું જ રહેવાનું છે. હિંદમાં જન્મેલાને મન હિમાલયનું આકર્ષણ જિંદગીભર રહેવાનું. માણસના વ્યક્તિત્વના ખૂણેખૂણાને ચેતનના પ્રકાશથી ભરી દેવાની વિરાટ પ્રકૃતિદૃશ્યોમાં અનોખી શક્તિ હોય છે. પ્રકૃતિના અનુસરણમાં માણસે સંસ્કૃતિને રચતી કલાઓને યોજી. હિંદની શબ્દકલાએ બરોબર હિમાલયની સામે ગૌરવભેર ઊભી શકે એવા ‘મહાભારત’ની રચના કરી છે.

‘મહાભારત’ને માત્ર મહાકાવ્યનું નામ આપ્યાથી એનો યથાર્થ ખ્યાલ આપી શકાશે નહિ. એને ‘વિરાટ કાવ્ય’ કહેવામાં આવે એ જ બરોબર છે. હિમાલય જેમ એકાદ છૂટાછવાયા મહાશિખરવાળો ગિરિ નથી પણ ગિરિઓની હારમાળા છે, તેમ ‘મહાભારત’ પણ જાણે કે મહાકાવ્યોનો સમૂહ ન હોય! ચિરંતન માનવભાવોની અમર પ્રતિમાઓ સમાં એનાં પાત્રો કાંચનજંઘા, ધવલગિરિ અને ગૌરીશંકરનાં શિખરોની જેમ ત્રાકાલની પલાંઠીએ બેઠાં છે.

‘મહાભારત’ની મૂળ કથા અને આખ્યાનો-ઉપાખ્યાનોને ઉદરંભર પુરાણીઓએ છાશમાં પાણી નાખ્યે જ રાખીને સાવ સસ્તાં અને નમાલાં બનાવી દીધાં હતાં. પણ હિમાલયના જળભંડારે જેમ હિંદુસ્તાનના સારા એવા ભાગને લીલી વાડી જેવો બનાવ્યો છે, તેમ ‘મહાભારત’ના રસપ્રવાહને બળે હિંદના સાહિત્યની લીલી કુંજો રચાઈ છે, એનું ભાન વધતી જતી કેળવણીની સાથે સાથે વધતું ગયું અને ‘મહાભારત’નું નવી રીતે મૂલ્યાંકન થવા માંડયું.

ભાગ્યે જ એવો કોઈ હશે જેને ‘મહાભારત’ની મુખ્ય ઘટનાઓનો પરિચય ન હોય. દ્રૌપદી, ગાંધારી, કુંતી અને ઉત્તરા તથા ભીષ્મ, કૃષ્ણ, યુધિષ્ઠિર, કર્ણ, અર્જુન, અભિમન્યુ અને વિદુરનાં નામ સંભારી સંભારીને આ દેશનાં સ્ત્રીપુરુષો જીવનની તડકીછાંયડીમાં ટકી રહેવાનું આંતરિક બળ મેળવતાં રહ્યાં છે.

આપણે ત્યાં ‘મહાભારત’ને ગુજરાતીમાં ઉતારવાના પ્રયત્નો થયા છે. છતાં ‘મહાભારત’નું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર આપણને ક્યારે

મળશે? કંઈ નહિ તો, કથાના અનિવાર્ય સળંગ ભાગનો અનુવાદ થાય તોપણ સંસ્કૃત ન જાણનારને મૂળની ભવ્યતા ને તેજનું સહેજે ભાન થાય.

'મહાભારત'ના મૂળ કવિ કૃષ્ણ દ્વૈપાયન ગણાય છે. 'વેદો'ની એમણે ગોઠવણી (વ્યાસ) કરી, એ ઉપરથી એ 'વ્યાસ' નામે પ્રખ્યાત છે. વ્યાસ મહાપંડિત હશે; જ્ઞાની, ઋષિ, ચિંતક, ગમે તે હશે; પણ મુખ્યત્વે તો એ એક કવિ છે. 'મહાભારત'માં ડગલે ને પગલે દેખાય છે કે એક ખૂણે પડ્યા પડ્યા તત્ત્વચિંતન કર્યે જનાર ઋષિ માત્ર એ નથી; તેમ નથી જડ જ્ઞાની કે નથી બોધ આપવાને તલપાપડ કોઈ ગુરુ. વ્યાસ તો છે માનવજાતના સામાન્ય ગુણદેષ, ક્ષુલ્લક હર્ષશોક, પરસ્પર વેરઝેર—દરેક વસ્તુ પ્રત્યે પરમ સહાનુકંપાથી જોનાર કવિ.

એ મહાકવિના હૃદયમાં સૌ કોઈને માટે જગ્યા છે. ધર્મનિષ્ઠ યુધિષ્ઠિરને માટે જ વ્યાસનું હૃદય ખીલી ઊઠે છે, એમ નહિ. માની દુર્યોધન માટે પણ એ હૃદયમાં અવકાશ છે. આ દૃષ્ટિએ, માનવતાની દૃષ્ટિએ, જોતાં મહાભારત યુદ્ધમાં સંડોવાયેલા મહાપુરુષોમાં શ્રીકૃષ્ણની સરખામણીમાં પણ વ્યાસના હૃદયની વિશાળતા આગળ તરી આવે છે. શ્રીકૃષ્ણના હૃદયમાં પાંડવો માટે અને ભીષ્મ, દ્રોણ, દ્રુપદ માટે જ જગ્યા છે. ભીષ્મના હૃદયમાં કર્ણ જેવા માટે તલપૂર જગ્યા નથી.. દ્રોણને દ્રુપદ ડંખે છે. કુરુક્ષેત્રની રણભૂમિ પર ભેગા થયેલા અઢારે અઢાર અક્ષૌહિણી સૈન્યમાંના કોઈ પણ વીરનરને આત્મીય ગણનાર, વિધાતા સિવાય, કોઈ હોય તો તે માત્ર એક વ્યાસ જ છે. વ્યાસ સૌ કોઈના મિત્ર છે. સૌ કોઈના હર્ષશોક સાથે એમનું હૃદય કોઈ સૂક્ષ્મ તંતુથી જોડાયેલું છે. કૌરવોને પાંડવોના કે પાંડવોને કૌરવના ક્ષયથી વિજય મળવાનો. વ્યાસને મન હવે વિજય કોઈ રહ્યો જ નથી. રહી છે માત્ર વેદના. આ માનવીમાત્ર પ્રત્યેની પરમ સહાનુકંપાનાં, અગાધ કારુણ્યનાં દર્શન વ્યાસે એ યુદ્ધના આલેખેલા ઇતિહાસમાં, એટલે કે 'મહાભારત' કાવ્યમાં, વારંવાર થાય છે.

'મહાભારત'માં કવિ કૌરવોના પક્ષમાં આપણી લાગણી જગાડે છે તે માટે આપણે એને છૂટે હાથે અભિનંદન આપવાં જોઈએ. પાંડવોની

સામે મુડદાલ લડવૈયા હોય, ધર્મની સામે નિર્ભેળ અધર્મ જ હોય, તો એવી લડાઈનો ઇતિહાસ જાણવામાં આપણને રસેય શો હોય? શું જીવનમાં, શું કલામાં, સોએ સો ટકા સાધુચરિત કે સોએ સો ટકા દુષ્ટાત્મા કોઈ છે જ નહિ. અર્જુન સામે કર્ણ, કૃષ્ણ સામે ભીષ્મ, ભીમ સામે દુર્યોધન, એવી સરખેસરખી જોડી ન હોય, તો 'મહાભારત' લાખ શ્લોકને બદલે સાત શ્લોકમાં જ સમેટી લેવું પડત. વળી, પાંડવોની સામેના પ્રતિપક્ષીઓ મોટા હોય, તો તેમને જીતવામાં પણ કંઈ સાર ગણાય. પ્રતિપક્ષી—કૌરવો પ્રત્યે સમભાવની લાગણી જન્માવવાથી કવિ કાવ્યને અનેકગણું વાસ્તવિક બનાવે છે. દુર્યોધનને અથથી ઇતિ સુધી પાપને જ વળગી રહેલો બતાવવામાં તો ભારે અસ્વાભાવિકતાનું જ પ્રદર્શન થાય. એક તો, એવો માણસ સંભવી શકે નહિ; ને બીજું, એવો હોય તોયે કળામાં તો એવાં, નીતિની કળ ચાંપવાથી અમુકતમુક સીધે રસ્તે ચાલ્યાં જતાં ઢીંગલાંને સ્થાન જ ન હોઈ શકે.

દુર્યોધનની પાપવૃત્તિ અને અભિમાનને બહુ કાળા રંગથી રંગવામાં આવેલ છે. છતાં, જે રીતે એક પછી એક મહાવીરો યુદ્ધમાં ખપે છે તોપણ પોતાનું ધૈર્ય એ સાચવી રાખે છે, અને તેમની ગેરહાજરીમાં હવે સંધિ કરીને પાંડવોનો આપ્યો બટકું રોટલો ઓશિયાળા થઈને ખાવા કરતાં સ્વર્ગમાં ફરી સ્વજનોનો સંગમ સાધવા તૈયાર રહે છે, એ બધાંમાં એના સ્વભાવની ઉદાત્તતાનાં સ્પષ્ટ દર્શન થાય છે.

ભીમે અધર્મયુદ્ધથી ગદા વડે દુર્યોધનનો વધ કર્યો અને વિજયોન્માદમાં એના માથા પર પગ મૂક્યો. યુધિષ્ઠિર ભીમને વારે છે ને ગદ્ગદ કંઠે દુર્યોધનને આશ્વાસન આપે છે:

જોશું શી રીત વિધવા વધૂઓ શોકમગ્ન સૌ? તું ખરે સુખિયો, રાજન! સ્વર્ગે વાસ નકી તવ; અમે નરકશું દુખ્ખ ભોગવીશું ભયંકર.

પણ દુર્યોધનનો આત્મા રડતો નથી. મૃત્યુ વખતે પણ એના સ્વભાવમાં જે ઉદાત્તતા દીપી ઊઠે છે એ આપણામાં એની પ્રત્યે માન, પ્રેમ વગેરે ભાવ જગાડે છે. છેવટે પોતાના અંત કરતાં કોઈનો પણ અંત વધારે સારો નહિ હોય, એમ દુર્યોધન ભારે ચિત્તસ્વાસ્થ્યથી બોલે છે.

'મહાભારત'માં માનવતાનું આમ આપણને અનેક વખત સુભગ દર્શન થાય છે. એને લીધે એનું કાવ્ય આપણા સમગ્ર ચિત્તતંત્રનો અજબ સહેલાઈથી કબજો મેળવી લે છે. મનુષ્યહૃદયના રાગાવેગોનું તાંડવ 'મહાભારત'કાર જેવું બહુ ઓછા જ કવિઓએ આલેખ્યું હશે, અને આલેખન વખતે એ જે સ્વાસ્થ્ય જાળવે છે એ તો અપૂર્વ જ છે. માનવીના મનોરાગોની ભીષણ રમણા હોમરે અને ગ્રીક નાટયકારોએ અસાધારણ નિરૂપી છે, શેક્સપિયરે પણ અલૌકિક કૌશલ એના અંકનમાં ઢાલવ્યું છે; પણ 'મહાભારત'કારની એક વિશિષ્ટતા છે. 'મહાભારત'કાર માત્ર માનવીના ચિત્તાવેગોની પ્રમત્ત તાંડવલીલા નિરૂપીને અળગા ખસી જતા નથી, પરમ સ્વાસ્થ્યપૂર્વક એ સકલ તત્ત્વોને સંયમમાં રાખે છે. ક્ષુલ્લક કે મહાન રાગદ્વેષ, સરલ કે કૃત્રિમ સુખદુખ, અનિવાર્ય અશ્રુ અને આપાતરમ્ય સ્મિત, બધાં તત્ત્વોને જીવનમાં અનિવાર્યપણે રહેલી ધર્મભાવનાથી એમણે રસ્યાં છે.

'મહાભારત'કારે પૂરતા તાટસ્થ્યથી માનવીના મનોભાવોની નૃત્યલીલા નિરૂપવાની સાથેસાથે, તે તે પાત્રોનાં જીવન સાથે અસામાન્ય તાદાત્મ્ય સાધીને પોતાની અગાધ માનવતાનું ઠેરઠેર સિંચન કરી એ નૃત્યલીલા સુસહ્ય બનાવી છે, અર્થવતી કરી છે.

માનવતા એટલે માત્ર માણસ પ્રત્યેની લાગણી કે માનવસુલભ ભાવ, એવા સંકુચિત અર્થથી આપણે 'મહાભારત'કારને અન્યાય કરીશું. માનવતા એટલે પરમ કારુણ્ય, સર્વભૂતાનુકમ્પા, જેનાં દર્શન યુધિષ્ઠિર પોતાની સાથેના કૂતરાને છોડીને એકલા સ્વર્ગમાં જવાની ના પાડે છે ત્યારે થાય છે. અને ખાંડવવનદહન વખતે ચાર ખિસકોલીઓ બચી જતી બતાવવામાં આવી છે, એ ઘટના પાછળ પણ બીજો કયો ભાવ છે?

['અભિરુચિ' પુસ્તક]

# દે વરદાન એટલું

*સ્વતંત્રતા, દે વરદાન એટલું:*
*ન હીનસંકલ્પ હજો કદી મન;*
*હૈયું કદીએ ન હજો હતાશ;...*
*વાણી ન નિષ્કારણ હો કઠોર;*
*રૂંધાય દૃષ્ટિ નહિ મોહધુમ્મસે;*
*ને આંખમાંનાં અમી ના સુકાય,*
*ન ભોમકા ગાય વસૂકી શી હો!...*
*સ્ત્રીઓ વટાવે નિજ સ્ત્રીત્વ ના કદી,*
*બને યુવાનો ન અકાલવૃદ્ધ,*
*વિલાય ના શૈશવનાં શુચિ સ્મિતો;*
*ધુરા વહે જે જનતાની અગ્રિણો,*
*તે પંગતે હો સહુથી ય છેલ્લા.*
*ને બ્રાહ્મણો—સૌમ્ય વિચારકો, તે*
*સત્તા તણા રે ન પુરોહિતો બને...*
*સ્વતંત્રતા, દે વરદાન આટલું.*

# "...જાગશે!"

૧૯૩૧માં તે સમયની બુલંદ રાષ્ટ્રભાવના, શોષિતો પ્રત્યેની હમદર્દી અને એક પ્રકારની વૈશ્વિક ચેતના—તેનો પ્રગાઢ સંસ્પર્શ સહેજે અનુભવાતો. તેમાંથી "વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી" ઉદ્‌ગાર નીકળ્યો. માર્ક્સવાદી ઉદ્‌ગાર "ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે" કાંઈક વહેલો, આપણી ભાષાઓ માટે ગણાય. એનો ખરો આનંદ તો ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે કામ કરતો હતો ત્યારે મળ્યો. અમારા કર્મચારી બંધુઓ એક વાર હડતાળ ઉપર ઊતરેલા ને મારી

તરફ આવી રહ્યા હતા. આગળ ચાલતા નાયકનો સૂત્રોચ્ચાર ગાજતો હતો: “ભૂખ્યાં જનોનો, જઠરાગ્નિ…” આખું મંડળ એક અવાજે ત્યાં બોલતું હતું: “જાગશે!”

## લીલો

*આજે સારી પૃથ્વી ભરી લહેરાતો લીલો*
*તૃણે તૃણે પોપટિયો લીલો*
*કૂંપળ કૂંપળ ખીલતો લીલો*
*ખેતર મોલે ખૂલતો લીલો*
*નીલ-પીતની વચ્ચે મેઘધનુષમાં ઝૂલતો લીલો.*

*ડુંગરઢાળે થતો મથાળે જતો*
*ફરકતો વનઝાડીનો ઘેરો લીલો*
*વચ્ચે વચ્ચે વાંસઝુંડનો ઝૂકે લચકેલચકા લીલો.*

*ક્યાંક ઉદાસી વાદળવાયો*
*વૃક્ષો નીચે ક્યાંક દબાયો*
*ચમકે ક્યાંક તડકેરી લીલો*
*ક્યારીક્યારીએ મલકમલક સોનેરી લીલો.*

*સરિતાનાં તટજળમાં હીંચે શ્યામલ લીલો*
*વર્ષાધારાના બુરખાની આરપાર મદીલો લીલો*
*પૃથ્વીના પટ ઉપર આજ છકી અદકીલા*
*લીલા બસ લીલા રંગની લીલા.*

['સંસ્કૃતિ' માસિક: ૧૯૭૬]

## સામાન્યજનની સ્મૃતિ

[૧૯૫૪માં] શ્રી ટ્રુમન મોટર રસ્તે આવતા હતા ને વચ્ચે કોઈ દુકાનમાં એમનાં પત્ની ખરીદી કરવા ઊતર્યાં, ત્યારે વસ્તુઓ ગાડીમાં મૂકવા આવનાર દુકાનવાળાએ ટ્રુમન સામે આંગળી કરીને શ્રીમતી ટ્રુમનને કહ્યું: “આ માણસને મેં ક્યાંક જોયા નથી?” શ્રીમતી ટ્રુમને ફોડ પાડી. ટ્રુમન [અમેરિકાના] પ્રમુખ હતા [૧૯૪૫-૫૩] ત્યારે તેમની છબીઓ છાપાંમાં પેલાના જોવામાં આવેલી. મોટી પદવીઓ ભોગવનારાઓનો ભાર સામાન્ય જનની સ્મૃતિ આવી સહજ રીતે વહન કરે, એનું નામ સમાનતાનું વાતાવરણ.

## લપડાક કોને?

રશિયન વાર્તાકાર ચેખોવને સામાન્ય લોકો કારુણ્યમૂર્તિ તરીકે ઓળખતા. એક વાર ચેખોવની હાજરીમાં કોઈ ઉતારુએ એક પોર્ટરને લપડાક મારી, ત્યાં એ મજૂર બૂમ પાડી ઊઠ્યો: “શું? મને તું લગાવે છે? તું એમ માને છે કે મને તું મારે છે? બેવકૂફ! પેલા આદમીને તું મારી રહ્યો છે—નહીં કે મને!” અને એણે ચેખોવ તરફ આંગળી કરી.

['સર્જક પ્રતિભા' (ભાગ ૨) પુસ્તક]

## વ્યાસની પ્રતિમા

વ્યાસ ભગવાનના એક શ્લોકનું મને વારંવાર સ્મરણ થાય છે: “હાથ ઊંચા કરી કરીને હું તમને વીનવું છું, હે દેશબાંધવો, કે તમારે જો કામનાપ્રાપ્તિ માટે અર્થ—ઉપાર્જન કરવું હોય તોપણ એ ધર્મસહિત જ કરી શકાય તેમ છે. તો એ ધર્મ તમે કેમ નથી સેવતા?”

ન્યુ યોર્કના બારામાં સ્વતંત્રતાનું પૂતળું છે. મારું ચાલે તો હું

મુંબઈના બારામાં ઊર્ધ્વબાહુ વ્યાસની પ્રતિમા મુકાવું અને તેની નીચે પ્રસ્તુત શ્લોક કોતરાવું.

## ગરમ કરવા!

આચાર્ય ક્ષિતિમોહનને એક વાર રાતે ઘેર આવતાં ઠીક ઠીક મોડું થયું. ગૃહિણીએ ઊંચા સ્વરે કહ્યું : "જુઓને, ખાવાનું પણ ઠંડું થઈ ગયું!"

તરત જ પતિદેવે થાળી ઉપાડીને ગૃહિણીના માથા પર ધરી. "આ શું કરવા માંડ્યું વળી?"

"કાંઈ નહીં, ખાવાનું ગરમ કરી લઉં છું જરી!"

## જંપ્યા વિના

માનવે તો પુરુષાર્થમાં સતત મચ્યા રહેવાનું છે. કસો કમર, ચલાવો મજલ. મુકામની દિશામાં બે ડગ તો ભરો.

જે પ્રયત્નશીલ છે, તે અથડાતો-પછડાતો પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે છે. વચ્ચે કેવી ભૂલો થઈ, પતનો થયાં, એ મોટો સવાલ નથી; માણસ પાછો ઊભો થઈ જાય અને ફરી મજલ કાપવા માંડે, એનું મહત્ત્વ છે. સતત પ્રયત્ન કરતો રહે તો માણસ અંતે જીવનસાફલ્ય પામે જ છે.

"ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના."

## જીવનરસથી ભર્યું ભર્યું

દુનિયાના સાહિત્ય-ઇતિહાસોમાં સ્વભાષા સિવાયની ભાષાના સાહિત્યમાં અમર સ્થાન મેળવનારાઓનાં ગણ્યાંગાંઠ્યાં દષ્ટાંતો મળે

છે. કાકાસાહેબ તેમાંનું એક છે. જન્મે મરાઠીભાષી કાકા કાલેલકર ગુજરાતી ભાષામાં અમર રહેશે. એમનાં લખાણો ન વાંચ્યાં હોય એવો ભાગ્યે જ કોઈ ગુજરાતી સાહિત્યપ્રેમી હશે. એમનાં હિમાલય અને બ્રહ્મદેશના પ્રવાસનાં વર્ણનો, હિંદની નદીઓનું ઉપસ્થાન કરતો ‘લોકમાતા’ નામે રસપ્રવાહ, કીડી-મંકોડા ને કાગડા-બિલાડા, ઝાડ-પાંદડાં ને વાદળ-તારા જોડેની ગોઠડી વર્ણવતી ‘ઓતરાતી દીવાલો’, શૈશવકાળનાં બહુરંગી પરાક્રમો અને તોફાનો સુરેખપણે રજૂ કરતી ‘સ્મરણયાત્રા’—એ બધાં પુસ્તકો ગુજરાતીપ્રેમીઓનાં માનીતાં થઈ પડ્યાં છે. કાકાસાહેબનો સર્વાનુમતે ગૌરવગ્રંથ ‘જીવનનો આનંદ’ પ્રકૃતિ વિશેના લઘુનિબંધોનો સંગ્રહ છે. એમનું કેટલુંક લખાણ અત્યંત સમૃદ્ધ એવા ગુજરાતી ગદ્યના એક સુચારુ શિખર સમું દીપી રહેશે. ‘આપણી કવિતા-સમૃદ્ધિ’ના પ્રવેશકમાં નર્મદથી શરૂ થતા અર્વાચીન ગુજરાતી સાહિત્યના દસ ઉત્તમ ગદ્યકારોનાં નામ બ. ક. ઠાકોર ૧૯૩૦માં ગણાવે છે. એમણે મહાન સાક્ષર ગદ્યકારોનો ઉલ્લેખ તો કર્યો જ, પણ તે સાથે મહાત્મા ગાંધી ઉપરાંત એમના સાથીઓમાંથી કાકા કાલેલકર અને કિશોરલાલ ઘ. મશરૂવાળાનાં નામ આપ્યાં.

*

કાકાસાહેબનું ગદ્ય પ્રકૃતિચિત્રણમાં અને પ્રવાસવર્ણનમાં અપૂર્વ સર્જકતાથી ખીલી ઊઠે છે. ભૂગોળના રસિયા તેવા જ ખગોળની સૌંદર્યસમૃદ્ધિના પણ તરસ્યા. ભારતયાત્રી કાલિદાસ પછી સ્વદેશની પ્રકૃતિશ્રીનું આકંઠ પાન કરનાર અને એને શબ્દબદ્ધ કરનાર કાકાસાહેબ જેવા ઓછા જ પાક્યા હશે. એમનું ગદ્ય અનેક વાર કાવ્યની કોટિએ પહોંચે છે.

આપણા સાહિત્યમાં કાકાસાહેબનું નામ ચિરંજીવ રહેશે. ગુજરાતી ગદ્યનો જે અદ્‌ભુત વિકાસ થયો છે, તેમાં કાકાસાહેબનો ફાળો ગુણવત્તા અને ગ્રંથસંખ્યાની દૃષ્ટિએ વિપુલ છે. ગુજરાતી ભાષાનો એકનો એક જોડણીકોશ તૈયાર કરવા પાછળ વપરાયેલી એમની શક્તિ અવિસ્મરણીય રહેશે. ગુજરાતીઓ એમને એક જંગમ વિદ્યાપીઠ તરીકે ઓળખે છે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફરી, ૧૯૧૫માં ગુજરાતમાં આશ્રમ સ્થાપીને રાષ્ટ્રમુક્તિની લડતને વેગ આપવા માંડ્યો, ત્યાં દેશમાંથી અનેક તેજસ્વી યુવકો આવીને એમની સાથે જોડાયા. ત્રીસ વરસના દત્તાત્રેય બા. કાલેલકર કવિવર રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં અધ્યાપનકાર્ય કરતા હતા. ત્યાં જ એમને ગાંધીજીનો ભેટો થયો અને એમની પ્રત્યે તેઓ આકર્ષાયા, અને પછીથી અમદાવાદ જઈને રહ્યા. ગાંધીજીના નિકટના અંતેવાસી અને રાષ્ટ્રીય શિક્ષણના એક મુખ્ય સાથી એ બની રહ્યા.

ગુજરાતમાં સાબરમતી આશ્રમમાં નાનાં બાળકોને ભણાવવા માંડયું, એટલે કાકાસાહેબની સરસ્વતી ગુજરાતી દ્વારા વહેવા માંડી. ‘હિમાલયનો પ્રવાસ’ બાળકો આગળ અનેક વાર કહેવાયો, પછી શબ્દબદ્ધ થયો. ‘સ્મરણયાત્રા’ના પ્રસંગોના પણ પહેલા આસ્વાદકો આશ્રમશાળાના નાના વિદ્યાર્થીઓ. આશ્રમની ઉત્તરે આવેલી સાબરમતી જેલની મહેમાનગતિ પછી ‘ઓતરાતી દીવાલો’ની આનંદકહાણી લખી, એ તો ગાંધીજીની પ્રિય થઈ પડી. ગુજરાતી પોતાની માતૃભાષા ન હોવા છતાં તેની સુંદરતા અપૂર્વ રીતે બહાર લાવતા અને પોતાની સારસ્વત મોહિનીથી ગુજરાતના સંસ્કારજીવન ઉપર છાઈ જતા કાકા કાલેલકરને ગાંધીજીએ સવાઈ ગુજરાતી તરીકે બિરદાવ્યા.

*

જુવાનીમાં હિમાલયમાં સ્વામી આનંદ, અનંત બુવા મરઢેકર અને (વચ્ચે વચ્ચે જોડાતા) જીવતરામ કૃપાલાની જેવા સાથીઓ સાથે બે હજાર કરતાં વધુ માઈલો પર્યટન કરી જાણે કે ભારતીય સંસ્કૃતિના મંદિરના ગર્ભગૃહમાં એકધ્યાન રહ્યા.

કેળવણીકાર અને સ્વાતંત્ર્ય-યોદ્ધા તરીકે પોતે આપણા આ વિશાળ દેશના અઠંગ પ્રવાસી હોવા છતાં, સ્વરાજ ન મળે ત્યાં સુધી વિદેશયાત્રાનો સ્વેચ્છાથી નિષેધ પાળ્યો. પણ સ્વરાજ મળ્યા પછી દુનિયાના ખૂણેખૂણે ઘૂમ્યા.

કાકાસાહેબે લખ્યું ખૂબ, છતાં પૂછો તો કહેશે કે પોતે સાહિત્યકાર

થવા કશું કરતા નથી, જીવવાના ભાગરૂપે સહજપણે લખવાનું આવે તો તે લખે છે. એમને સાહિત્યના બે સહજ પ્રકારો—પત્રાલેખન અને વાસરી—માટે સવિશેષ આસ્થા હતી. પત્રા એ અન્ય માનવબંધુ સાથેનો અપ્રત્યક્ષ વાર્તાલાપ છે, તો વાસરી એ અંતર્યામી સાથેની પ્રત્યક્ષ વાતચીત છે. બંને પ્રકાર કાકાસાહેબના હાથે અઢળક ખેડાયા. હજારો પત્રો એમણે લખ્યા.

એક શિક્ષક અને ચિંતક તરીકે કેળવણી, સમાજ, સંસ્કૃતિ અને ધર્મનાં વિવિધ પાસાં ઉપર સતત એ લખતા રહ્યા. આ સદીના ત્રીજાથી પાંચમા દસકામાં કેટલી તો પ્રસ્તાવનાઓ એમણે લખી!

એક સાહિત્યકાર—ગદ્યકાર તરીકેની એમની બે લાક્ષણિકતાઓ ધ્યાન ખેંચે છે: એક તો સૂત્રાત્મક સુક્તિઓ સહજપણે ઉદ્ગારવાની અને બીજી નવા શબ્દો ઉપજાવવાની.

નવા શબ્દો નિપજાવવાની તો કાકાસાહેબે કહો કે ટંકશાળ ખોલી હતી. શબ્દોનો એમને સ્વાદ હતો. નામો પાડવાની કાકાસાહેબને ફાવટ હતી.

પારિભાષિક શબ્દો યોજવામાં કાકાસાહેબ એક્કા ગણાય છે. Printer's Devil માટે ‘મુદ્રારાક્ષસ’, એવા તો એમને નામે સહેજે હજારેક શબ્દો થઈ ગયા હશે. ગુજરાતીઓએ એમાંના ઘણાખરા તો ચલણી બનાવી દીધા છે, એ જ એની યોગ્ય કદર છે.

*

કાકાસાહેબ માણસભૂખ્યા, ગોષ્ઠિના માણસ, કાકાસાહેબનું ઉત્તમ વાતચીતમાં પ્રગટ થતું. અખૂટ જીવનરસ, અત્યંત કુશાગ્ર બુદ્ધિ, અદમ્ય વિનોદવૃત્તિ, વસ્તુને વિશાળ સંદર્ભમાં જોવાની ફાવટ—આ બધાંને લીધે કાકાસાહેબનું સભર વ્યક્તિત્વ વાર્તાલાપમાં અપૂર્વ રમણીયતાથી ઊઘડતું.

આવું ભર્યું ભર્યું અસ્તિત્વ—પંચાણું વરસ ચાલેલું વીર, આર્ષ જીવન ગુજરાતી ભાષા દ્વારા તેજસ્વી રીતે અભિવ્યક્ત થતું રહ્યું. ગાંધીજીના અવતારકાર્યના એક સહયોગી, રાષ્ટ્રીય ઉત્થાનના કર્મઠ લડવૈયા, દેશના ખૂણેખૂણાના અનેક જીવનસાધકોના અને સંસ્થાઓના

પ્રેરણામૂર્તિ, દેશવિદેશમાં અનેક કુટુંબો, સમાજોમાં ઉષ્મા અને પ્રકાશની લહાણ કરતા વત્સલ ગુરુજન—કાકાસાહેબ કાલેલકરનાં આ વિવિધ પાસાં સમય જતાં સ્મૃતિશેષ થશે. રહેશે એમનો લેખનરાશિ અને એની દ્વારા પમરતું એમનું અનોખું માનવવ્યક્તિત્વ.

['સર્જકપ્રતિભા'(૨) પુસ્તક]

## ગામડાના કવિ

વૃદ્ધ અમેરિકન કવિ કાર્લ સેન્ડબર્ગ ગામડામાં રહે. ન્યૂયોર્કના પત્રાકારોએ એમના માનમાં ભોજન-મેળાવડો યોજ્યો, ત્યારે જાણવા મળ્યું કે એવા પ્રસંગે પહેરાતો લાંબો કોટ (ટેઈલ કોટ) એમણે જિંદગીમાં એ બીજી જ વાર પહેર્યો હતો.

## ૧૮૪૮માં!

શ્રી ગોપાળ હરિ દેશમુખ મોટા સરકારી અમલદાર, પણ અંદરથી પૂરા દેશપ્રેમી. 'લોકહિતવાદી' નામે એ છાપામાં લખતા. એ ઉપનામે લખેલા સો પત્રો 'શતપત્રો' પ્રગટ થયેલા છે. એમાં જોવા મળે છે કે ૧૮૪૮ જેટલા જૂના સમયમાં એમણે પ્રજાને બે બાબતો અંગે હાકલ કરેલી: એક તો, પરદેશીઓને કાચો માલ આપવો નહીં; અને બીજું, પરદેશીઓ પોતાનો માલ અહીં ખપાવવા માગે છે તે ખરીદવો નહીં.

[ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)ના ઓનરરી સેક્રેટરી તરીકે ગોપાળરાવ હરિ દેશમુખ ચૂંટાયા હતા.]

# ત્રણ વસ્તુઓ

મને અંગ્રેજ પ્રજા એની ત્રણ વસ્તુઓ માટે ગમે છે: એક તો તેરમી સદીથી સતત જાગૃતિપૂર્વક એણે નિપજાવેલું લોકશાહી ખમીર, બીજી એની કવિતા અને ત્રીજી ગમતી વસ્તુ એણે નિબંધનો જે કલાપ્રકાર ખીલવ્યો છે તે.

# મહામાનવ

જવાહરલાલજી જેવો વ્યક્તિત્વનો વૈભવ જવલ્લે જ પ્રગટ થતો હોય છે. બુદ્ધિની—વૈજ્ઞાનિક બુદ્ધિની તેજસ્વિતા અને હૃદયની અભિજાત સુકુમારતા એમનામાં ઝલમલ ઝલમલ થતી. પણ કદાચ એમની મુખ્ય શક્તિ હતી ભાવનાની. સહાનુકંપાનો સ્રોત એમનામાં અવિરતપણે વહેતો.

હિંદ નેહરુને અશોક અને અકબર, એ ઉદારદિલ રાજર્ષિઓ સાથે સંભારશે. નેહરુ પોતાને પૂર્વ અને પશ્ચિમના વિચિત્ર મિશ્રણ તરીકે ક્યારેક ઓળખાવતા. એક રીતે યુવક નેહરુ પશ્ચિમની ભારતને ભેટ હતા, પણ શાંતિપુરુષ મહામાનવ નેહરુ એ બુદ્ધ અને ગાંધીના ભારતની જગતને અનોખી બક્ષિસરૂપ હતા. ભારતવાસીઓના હૃદયસિંહાસને વિરાજતા એ મહામાનવના અવાજમાં જગતને મૈત્રી-કરુણાનાં મૂલ્યોનો ઉદ્‌ઘોષ સંભળાતો અને એના ઘા જાણે રૂઝાતા, એની આશા જાણે પાંગરતી.

આખા જગતનું એક રાજ્ય સ્થપાય, એ સમય આ અણુયુગમાં હવે ઘણો દૂર ન હોવો જોઈએ. જગતરાજ્યનો ઇતિહાસ લખાશે ત્યારે તેના પ્રથમ પ્રકરણમાં નેહરુનું નામસ્મરણ થશે. એવા એક સાચા જગત-રાજપુરુષ એ હતા.

['હૃદયમાં પડેલી છબીઓ': દ્વિતીય ખંડ]

# પીડિતોનાં ગીતો

પીડિતો પ્રત્યેના સમભાવનાં ગીતો અંગે કોઈની સૌથી વધુ સજ્જતા હોય, તો તે મેઘાણીની હતી. અને સંભવ છે કે કોઈનાં પણ એ જાતનાં બે-ચાર ગીતો જીવતાં રહે, તો મેઘાણીનાં ‘કવિ, તને કેમ ગમે?’, ‘ઘણ રે બોલે ને—’ જેવાંને માટે કદાચ સૌથી વધારે તક છે.

# કલાકારનું જીવનકાર્ય

શિવ પંડ્યાને હાથે એક મુખ્ય કામ થઈ આવ્યું, તે ગુજરાતી સાહિત્યકારોનાં વ્યંગચિત્રોનું. દલપત-નર્મદથી માંડીને નિરંજન સુધીનાં પચાસેક ચિત્રો છે. મેઘાણીની આકૃતિમાં સર્જકતાનો વિરલ ઉન્મેશ છે. આખું વ્યક્તિત્વ, કહો કે સૌરાષ્ટ્રની ધરતી, જાણે નાચી રહે છે: એક હાથમાં ઊંચે એકતારો છે—એટલી બધી લયબદ્ધ ગતિશીલતા છે કે આ માણસને ધરતી પર માત્ર પચાસ વરસ નહીં, પણ યુગના યુગ મળ્યા ન હોય!

આ વ્યંગચિત્રમાલા શિવ પંડ્યાનું જીવનકાર્ય થવા સર્જાઈ છે.

[‘હૃદયમાં પડેલી છબીઓ’: ભાગ ૧ પુસ્તક]

# ખિસકોલી

*રામ બાંધે સાગરને સેતુ ખિસકોલી*
*જાણે લંકાનો કો પ્રલયકેતુ ખિસકોલી*
*કપિ પર્વત ઉપાડી લાવે કાંધે ખિસકોલી*
*કપિ સેતુ દિવસરાત બાંધે ખિસકોલી*
*એક નાની-શી આમતેમ કૂદે ખિસકોલી*

*કાંઠો સિન્ધુનો આખો દિ ખૂંદે ખિસકોલી*
*જરા વેળુમાં જઈ એ આળોટી ખિસકોલી*
*જઈ ખંખેરી સેતુએ રજોટી ખિસકોલી*
*સહુ વાનર ને રીંછ હસે જોઈ ખિસકોલી*
*ઘણો દરિયો પૂરવાની વાલામોઈ ખિસકોલી*
*જોઈ ગમ્મત ત્યાં રામ આવી જુએ ખિસકોલી*
*આંખે હરખનું આંસુ એક લુએ ખિસકોલી*
*મારો સૌથી નાનેરો સૈનિક તું ખિસકોલી*
*હવે પામીશ સીતાને ખચીત હું ખિસકોલી*
*એમ કહીને પસવારી હાથ મીઠે ખિસકોલી*
*પામી પટ્ટા તે દા'ડાથી પીઠે ખિસકોલી*

## યોગ્યતા

કવિ દયારામની ખ્યાતિ થયા પછી ડભોઈના કોઈ નાગરે એમને કન્યા આપવા તૈયારી બતાવી. કવિએ કહેવડાવ્યું: “મેં તો કિદાડાનું કૃષ્ણ જોડે લગ્ન કરી મૂક્યું છે.”

નર્મદાના ઘાટ ઉપર શિષ્ય સાથે કવિ ભજન કરતા હતા. ગાયકવાડનો જનાનો જતો હતો. તેણે ભેટ ધરી. કવિએ લેવાની ના પાડી. “આપનારની યોગ્યતા જોયા વગર અમે કાંઈ લેતા નથી.”

જનાનાએ પડદો દૂર કર્યો, ત્યારે રાજી થઈને પોતાના શિષ્ય નારણને દસ મહોર અપાવી.

## પ્રાર્થના—પણ ઉત્તમ કાવ્ય

પ્રાર્થનાની રચના કાવ્યકોટિએ પહોંચી હોય એવું કોઈકોઈ વાર બને છે, ત્યારે આનંદનો પાર રહેતો નથી. સરકારી વાચનમાળાની

સાતમી ચોપડીમાં પહેલી જ કવિતા ન્હાનાલાલની હતી. તેની આ કડીની એક મોટી વિશેષતા એ છે કે તેમાં કવિશ્રીની એક નોંધપાત્રા શક્તિ પ્રગટ થાય છે. પ્રાચીન સંસ્કૃત ભાવના-ઉદ્ગારોનો મર્મ ભાવવાહી રીતે ગુજરાતીમાં લઈ આવવાની ન્હાનાલાલની શક્તિ અજોડ છે. આ કડીમાં ‘ઉપનિષદ’ની પ્રસિદ્ધ પ્રાર્થના—असतो मा सद् गमय। तमसो मा ज्योतिर्गमय । मृत्योर्माऽमृतं गमय ।। સહજ રીતે ઊતરી આવે છે, મૂળના ઉદ્ગારોની ઊંડી તીવ્રતા સાથે. વાચનમાળામાં જોડકણાં જેવું પદ્ય નહીં, પણ સાચી કવિતા આપવી જોઈએ, જેથી ઉત્તમ સંસ્કાર બાળકને મળે. પ્રાર્થના હોય તો તે પણ, ઉત્તમ પ્રકૃતિકાવ્ય હોય એ રીતે, ઉત્તમ પ્રાર્થનાકાવ્ય હોવું જોઈએ. બાળપણમાં મળેલી પ્રાર્થનાઓના સંસ્કાર જીવનભરનું ભાથું બની રહે છે એટલે તો ખાસ.

## ‘બાર નહીં ખખડાવું’

કવિશ્રી દુલા ભાયા કાગ: પહેલો એમને મળ્યો બોટાદમાં. મેઘાણીભાઈને ખરખરે એ આવેલા ત્યારે. ઊંચી પ્રભાવશાળી આકૃતિ, કાળી ભરાવદાર દાઢી વચ્ચે ક્યાંક સફેદ ધાગો, તેજસ્વી પણ ભાવનમ્ર આંખો, સફેદ સાફો તેમજ આખો પહેરવેશ, કાંસાનો મધુરગભીર અવાજ—એક વ્યક્તિત્વની સમ્મુખ ઊભા છો એમ સહેજે મનને સમજાઈ જાય. શહેરી દીવાનખાનામાં ગોઠવાય એવું આ વ્યક્તિત્વ નહીં. લાંબી ઓસરી, ગામડાના એ ઢોલિયા, એ ડાયરો, એ હુક્કા, એ વાતચીતનો અકૃત્રિમ કિલ્લોલ.

કવિનાં કેટલાંક કાવ્યો પ્રચલિત થયાં છે. ‘અજવાળું’ એ ગીત એક ઊર્મિગીત જેવું બને છે:

*તમારાં દ્વાર ખોલો તો આવું;*
*કાગ નિયમ છે કાયમ એવો,*
*ખુલ્લાં દ્વારમાં જાવું.*

*હું અજવાળું*
*જગ અજવાળું,*
*બાર નહીં ખખડાવું.*

## એ જ કીમિયો

રવીન્દ્રનાથની ‘ગીતાંજલિ’નાં સોએક પદોમાં ભારતવર્ષની પાંચ હજાર વરસની સાધનાનાં ચિરંજીવ તત્ત્વો સર્વગમ્ય પ્રકારે વ્યક્ત થવા પામ્યાં હતાં. એ જ કીમિયો ઉદયશંકરના નૃત્ય દ્વારા પણ થયો છે. ઉદયશંકરે આપણા દેશના વિવિધ નૃત્યપ્રકારોને પોતાની તેજસ્વી પ્રતિભાના રસાયણથી એક સર્વગમ્ય સ્વરૂપ આપી ભારતના આત્માની અપૂર્વ કલાઅભિવ્યક્તિ સાધી છે.

## ધુમાડાના બાચકા

દુષ્ટબળોની રમણા ચાલી રહી છે. લાંચરુશવત, કાળાં બજાર, જાહેર નાણાંની ગોલમાલ—એ તો હવે કોઠે પડી ગયાં છે. પણ આ દુષ્ટબળોના રાસ કરતાંયે વધુ અસ્વસ્થ કરનાર વસ્તુ તો, જાણે બધું બરાબર ચાલતું હોય એમ દેશમાં જે સમારંભો ઊજવાઈ રહ્યા છે એ છે. જરી નજર કરતાં, અગત્યના માણસો ભારે અગત્યના એક સમારંભમાં હાજરી આપી બીજામાં જઈ રહેલા જોવા મળશે. બધી રીતની બરકત હોય એમ પ્રજા પણ સ્ટેડિયમમાં સિનેમા નટ-નટીઓ પાસે ક્રિકેટ ખેલાવી આનંદમાં ધુમાડાના બાચકા ભરતી જોવા મળે છે.

# હસતો સંતકવિ

આપણા ભક્તકવિઓનું એક ઊડીને આંખે વળગે એવું લક્ષણ એ છે કે તેઓ સંસારની વચ્ચે રહી જનસમાજને પ્રત્યક્ષ બોધ આપતા રહ્યા છે. આ સંતકવિઓ “સંસારસું સરસા” રહ્યા છે, એનો અર્થ એ નથી કે એ સંસારમાં રચ્યાપચ્યા રહ્યા છે. જનસમાજને અણગમતી વસ્તુઓ પણ સત્ય ખાતર આચરતાં એ કદી અચકાયા નથી. જનસમાજ અજ્ઞાનના મોહને વશ થઈ પોતાને કનડે, તો એવી વિશમતાને પણ એ અમૃત ગણી પી જાય છે.

ઘણા સંતકવિઓએ તો ભગવાં પણ ધારણ કર્યાં નથી; ટીલાં-ટપકાં, માળા આદિથી પણ અળગા રહ્યા છે. ઘણા તો સાદા અમથા ગૃહસ્થનું જીવન ગુજારતાં ગુજારતાં પ્રભુપંથની ખાંડાની ધારે મજલ કાપતા નજરે પડે છે.

સંસારની વચ્ચે આ સંતકવિઓ રહેતા હોઈ, સંસારિયાંની સાથે એમની સહાનુભૂતિ પારાવાર છે. સંસારની રજેરજ વાત એ જાણે છે. માણસને માથે શી શી વીતે છે એનો એમને અનુભવ હોય છે. એટલે સર્વત્રા સૌની ઉપર એ કરુણા જ વરસી રહે છે, ને કાંઈ દોષ જેવું આંખે ચઢી જાય તો તે હસી નાખે છે. એ હસવાની ટેવ એમને સંસારમાં ધારણ જાળવવા માટે એક મોટી મદદ કરનારી વસ્તુ છે. જગતની અવળાઈઓ જીરવવામાં એ એમને ખપ લાગે છે. એમનું હસવું નિર્દોષ હોય છે.

આવા હસનારાઓમાં નરભો કદાચ અજોડ છે. એક વાર ડાકોર દર્શને જતાં રસ્તે પોતે લૂંટાયા વિશે એણે જે કવિતા રચી છે, તે જાણે કોઈ દુશ્મન લૂંટાયો હોય ને રચી હોય એમ એ પ્રસંગનું વર્ણન થયું છે. આખો પ્રસંગ જાણે કોઈ ઉત્સવનો ન હોય, એમ ઉલ્લાસથી ઊછળતી એની વાણી ચાલે છે.

૧૮૫૨માં તો નરભેરામ બેઠા હતા. મૂળ વતની પેટલાદ પરગણાના પીજ ગામના; પણ પાછળથી પોતે અમદાવાદ આવી રહેલા એમ,

“ગોમતીપુર વડપોળમાં વાસ છે રે, અમદાવાદ શહેરની પાસ” એમ પૂરું સરનામું એક પદમાં એમણે આપ્યું છે એ ઉપરથી, જાણવા મળે છે. પોતે બ્રાહ્મણ હતા, ૮૮ વરસની પાકી ઉંમર સુધી એ જીવ્યા હતા. એમની રચનાઓમાં ‘ગજેંદ્રમોક્ષ’, ‘કંસવધ’, ‘અંબરીશનાં પદો’, ‘જીવને શિખામણ’, ‘વાચનાખ્યાન’, ‘નાગદમન’, ‘બોડાણાની મૂછનાં પદો’ વગેરે છે. ભક્ત બોડાણો દ્વારકાધીશને ડાકોર લઈ આવ્યો, એ ઉપરથી એમણે એ પ્રસંગને ગૌરવ અપાવનાર ગણી ‘બોડાણાની મૂછનાં પદો’ ગાયાં છે.

નરભાનાં છૂટક છપ્પા અને પદો ચોટદાર અને લોકપ્રિય છે. “પ્રેમ’ વિશે એ કહે છે:

*નથી નીપજતો પ્રેમ વાડીમાં પાણી પાતાં,*
*નથી નીપજતો પ્રેમ તેલ ચોળ્યાથી તાતાં;*
*નથી નીપજતો પ્રેમ ગાંધીદોશીને હાટે,*
*નથી મળતો કાંઈ પ્રેમ ખોળતા વાટે વાટે,*
*નથી મળતો પ્રેમ તપાસતાં ગુજરી ગામોગામની;*
*કહે નરભો, પ્રેમ પૂરો મળે કૃપા હોય શ્રીરામની.*

નરભાની હાસ્યશક્તિ પૂરેપૂરી તો પોતાને ભોગે એ હસે છે ત્યારે ખીલી ઊઠે છે. ડાકોર જતાં પણસોરા ગામ પાસે કવિને લૂંટાવાનું થયું.

ધરમે ધોળાં નિત્યે ગાઈએ, ડાકોરવાળો ડાહ્યો વા’લા;
આંબા તળેથી બે જણ ઊઠ્યા, બ્રાહ્મણ દેખી ધાયો વા’લા.

ચોરને દેખીને પોતે નાઠા, એ છુપાવવાની કવિને રજમાત્ર ઇચ્છા નથી!

*“ઊભો રે’ અલ્યા બ્રાહ્મણ તું તો!” ત્યારે લાગી બીક, વા’લા;*
*જુગત કરીને જોડો લીધો, ઠાકોરને છે ઠીક, વા’લા.*

‘ઠાકોર’ એટલે ચોર. ચોરને ‘ચોર’ કેમ કેહવાય? મર્મમાં એને ‘ઠાકોર’ કહે છે. જોડા કઢાવી લીધા તે ઠાકોરને ચપોચપ બેસતા પણ આવી ગયા! કવિને દોડતાં નીકળી ગયા હોય, કે સંભવ છે કે હાથમાં લઈ દોટ મૂકવા ગયા હોય એટલે પહેલાં જ ઝૂંટવાયા.

*"ભાંજ આપ્યને!" "ભાંજ આપ્યને!" એવું આવી કહે છે વા'લા;*
*અચરજ સરખું મુજને ભાસ્યું, લૂગડાં તોલે છે વા'લા.*

"ભાંજ (તમાકુ) આપને!" એમ કહી ઠાકોર કવિનાં કપડાં તપાસવા લાગ્યા હશે, અને પછી તો ઉતારી લેવા પણ મંડયા. કવિને તો એ "અચરજ સરખું" લાગ્યું કે, આ લોકો આવી તસ્દી શીદને લેતા હશે?

*પાઘડીને પ્હેલી લીધી, માથું કરિયું બોડું વા'લા;*
*હીંડી હાલી ઠાકોર આવ્યા, પાસે નો'તું ઘોડું વા'લા.*
*"દોટીમાં શું એવું?" કહીને પછેડી પણ લીધી, વા'લા;*
*જૂનાં લઈને નવાં આપશે, કૃપા હરિએ કીધી વા'લા.*

ત્યારે અચરજ તો કવિને એ થતું હતું કે, આ ભગવાન પણ ખરો છે—આ નરભાનાં જૂનાં કપડાં ઊતરાવી લઈને નવાં આપવાની એને ઇચ્છા થઈ લાગે છે! પોતે લૂંટાય છે, આ કપડાં કાઢી લેવાય છે, એમાં જાણે પોતાને તો કાંઈ જ નથી. માત્ર હરિની જૂનાં લઈને નવાં આપવાની ઇચ્છા પાર પાડવામાં પોતે અનુકૂળ થવું, એટલું જ. એટલે પોતે તો હોંસે હોંસે ચોરોને કહેવા લાગ્યા:

*જે જોઈએ તે માગી લોને, ના કહ્યાનો નેમ વા'લા;*
*હાથપગ ને દોરી તુંબડી રહી છે કુશળ ખેમ વા'લા.*

પછી લંગોટીભેર "રામકૃષ્ણ ગોવિંદા" કરતા પોતે ગામ પ્રતિ કૂચ આદરી તેનું વર્ણન જુઓ:

*ચોખાનીનો કડકો પહેર્યો સર્વે દાન કરીને વા'લા;*
*ઉમળકો આણીને સોંપ્યું નરભે તો હરિને વા'લા.*
*જૂનાંપૂનાં વસ્તર મારાં, લાજ રહી તે માટે વા'લા,*
*રામકૃષ્ણ ગોવિંદા કરતા ચાલ્યા ઊભી વાટે વા'લા.*

પણસોરાને ચોરે લોક ભેળું થઈ ગયું.

*લોક મળે તે એવું પૂછે: કહે બ્રાહ્મણ ક્યાં લૂંટ્યો વા'લા?*
*જિહ્વા મુખમાં સાજી છે, તો છોગાળો જી ત્રૂઠ્યો વા'લા.*

*નાને ભડકે દિવાળી ને મોટે ભડકે હોળી વા'લા.*
*જન નરભાનાં વસ્તર લીધાં, લોક કહે છે કોળી વા'લા.*

કોળી—ચોરને ઝાલી લાવવા વહાર કરવા તૈયારી થતી જોઈ, કવિએ કોઈ ક્ષમાદાન કે એવી આદર્શવાદી વાત કહેવાને બદલે એટલું એક વ્યવહારુ કારણ જ માત્ર આપ્યું કે ભાઈ મને જીવતો રાખવો હોય તો એમને સજા ન કરશો—મારે તો પાછું દર મહિને આ રસ્તે ડાકોરજી જવાનું છે.

*દ્વારકા દેસાઈને જોરે ભાઈએ કરિયું જોર વા'લા;*
*ઘો રણશિંગું, વહાર કરો ને ઝાલી લાવો ચોર વા'લા.*
*નરભો કહે, એવું નવ કરવું, સમજાવ્યા નિરવાણ વા'લા;*
*નિત્ય પૂનમે મારે જાવું, ખોશ્યો મારા પ્રાણ વા'લા.*

ગામલોકોએ તરત તાકો મંગાવીને પછેડી ભરી આપી અને નવાં કપડાં આપ્યાં.

*પછેડી તો તુરત મગાવી, હાથ ભરીને લીધી વા'લા.*
*જૂનાં લેઈને નવાં આપ્યાં, કૃપા હરિએ કીધી વા'લા.*

પછી તો ગામલોકોએ ભગતને કવિજન જાણી કથા કહેવા બે દિવસ રોક્યા. કથામાં બેના પાંચ દિવસ થઈ ગયા. કથાને અંતે બાજરીની ટીપ થઈ, તો જોતજોતામાં બાજરો થઈ ગયો મણ બાર.

*બેચાર દિવસ જો રહો, તો બાજરો લખાય વા'લા;*
*જન નરભાને હેતે રાખયે, ગુણ હરિના ગાય વા'લા.*
*પાંચ દિવસ કીર્તન કરિયાં, બાજરી થૈ મણ બાર વા'લા;*
*વેઠિયાનાં મન દુખાયાં, નરભે મૂક્યો પાર વા'લા.*

વેઠિયાઓ કવિને મુકામ બાજરો પહોંચાડવા ઉપાડીને ચાલતાં રસ્તે બોજાથી દુ:ખી થવા લાગ્યા. આટલો બાજરો આ લોકોને કદી ઉપાડવો પડ્યો નથી; અર્થાત્ કોઈનો કદી આટલો બાજરો બોલાયો નથી, એમ કવિ ખુશ થઈ ગયા કે શું—પણ વેઠિયાઓની પીડા સમજી જઈને બાજરો એમને વહેંચી આપી ત્યાં ને ત્યાં જ એનો પાર મૂક્યો!

આપણા સાહિત્યમાં આ હસતો સંતકવિ નરભો એ એક હૃદયંગમ પાત્રા છે.

['અભિરુચિ' પુસ્તક]

## સહજપણે ઉમેરાયા

મરાઠી તેમ જ કોંકણીના પ્રસિદ્ધ કવિ બાલકૃષ્ણ બોરકરે કાલિદાસના 'મેઘદૂત'નો સમશ્લોકી અનુવાદ આપ્યો છે. ક્યાંય ચારની વધુ લીટીઓ કરવી પડી નથી. નવાઈની વાત એ છે કે મૂળમાં નથી તે પ્રાસ એમના અનુવાદમાં સહજપણે ઉમેરાયા છે.

## —તો ન્યાલ થઈ જઈએ

કાળની ચાળણી તો એવી છે કે એમાં હાથીના હાથી ચાલ્યા જાય. આજે જેની ઉપર ગ્રંથ લખાતા હોય તે કાલે એકાદ પ્રકરણને પાત્રા બને, પરમ દિવસે પાદટીપમાં પણ હડસેલાય. કવિતાના "ગ્રંથો"માંથી ચારચાર-પાંચપાંચ પણ સનાતન રસની ચીજો નીકળે તો ન્યાલ થઈ જઈએ. આમ વિચારું છું ત્યારે એવી રસભર ગણતર ચીજો પણ જેમની ટકી રહી છે તે રઘુનાથદાસ, રાજે, મીઠો આદિ કવિઓને માટે સાચી માનની લાગણી થાય છે. પણ આવી વાતો સાંભળવાની નવી સર્જનશક્તિથી ઊભરાતા કળાકારને ફુરસદ હોય કે? હું તો બોદલેરનું એક સુવચન સંભારી આપીને અળગો રહું: "કવિતામાં પ્રથમ કક્ષા કરતાં નીચેનું કશું ન ચાલે." કલામાત્ર માટે આ સાચું છે.

## બેઠા બેઠા તોલ કરે છે

કેટલા બધા માણસો એવા છે જેઓ માત્ર ચૂપચાપ વાંચે છે. તેઓ કહેવા આવવાના નથી કે આ બરાબર લખ્યું છે કે બરાબર લખ્યું નથી; પણ બેઠા બેઠા એ આપણો તોલ કરે છે. એ લોકો સંકોચથી પોતાનો અભિપ્રાય પ્રગટ કરવાના નથી. પણ ધ્યાનમાં રાખવાનું છે કે આપણે જે કાંઈ બોલ્યા, જે કાંઈ લખ્યું, તે બધાંનું જેઓમાં જોવાની શક્તિ છે તેવા વિચક્ષણ માણસો અવલોકન કરી રહ્યા છે. આપણી તેમની પ્રત્યે જવાબદારી છે.

## કાનમાં કહું?

કેટકેટલા કાવ્યસંગ્રહો, વાર્તાસંગ્રહો સુંદર શક્તિવાળા ઉદીયમાન કવિઓ ને વાર્તાકારોને હાથે સહેજ ઉતાવળમાં પ્રગટ થાય છે અને કાળના પ્રવાહમાં જાણે તણાઈ જાય છે, મૂળિયાં નાખી સાહિત્યવાડીમાં એક અવનવા ઉમેરારૂપ જવલ્લે જ થાય છે. ત્રણ-ચાર સંગ્રહોને આ રીતે તણાઈ જવા દેવા, એ સારું?—કે એ બધામાંથી ચૂંટીને એક સબળ અર્પણ બની રહે એવું કંઈક આપવું, એ સારું? કાનમાં કહું?—મારા હાથમાં મારો ભૂતકાળ ભૂંસવાનું શક્ય હોય, તો પદ્યનાં થોથાં ગાળી નાખીને એવું જ કાંઈક કરું. પણ બાણ છૂટી ગયું—હવે શું? એ કામ હવે કાળ ભગવાને કરવાનું.

## જીવનની ઉત્તમ ક્ષણો

મનસુખલાલ ઝવેરી અનુવાદો ઉત્તમ કરી શકતા. એનું કારણ કે એમણે નાનપણથી બે મહાન ભાષાઓ, સંસ્કૃત અને અંગ્રેજી, એ સારી રીતે ખેડેલી. એમના જેટલી ચોકસાઈ અને રસાર્દ્રતા થોડા જ

અનુવાદકોમાં દેખાશે. શેક્સપિયરના એમના અનુવાદો છે તે, અત્યાર સુધીના શેક્સપિયરના બધા અનુવાદોમાં ઉત્તમ છે એમ કહેતાં મને સંકોચ નથી. કેટલા માર્મિક અનુવાદ તેમના હાથે થતા!

'ઓથેલો' ને 'કિંગ લિયર'ના અનુવાદ વિશે એ મને કહેતા કે, આ બે નાટકોના અનુવાદ કરવામાં મારા જીવનની ઉત્તમ ક્ષણો મેં ગાળી છે—એટલો બધો મને આ કામમાં આનંદ આનંદ થયો છે.

## મોઢામાં અમી છૂટે નહીં!

એક પ્રસંગ મહાદેવભાઈ મારફત સાંભળવા મળ્યો છે. જેલમાંનાં અમુક કારણો માટે બાપુએ છેવટે ઉપવાસ કરવાનું નક્કી કરેલું. ઈલાકાની જેલોના ઉપરી મળવા આવ્યા. બાપુને કહ્યું કે, મેં બધો જ પત્રવ્યવહાર ઉપરવાળાઓને પહોંચાડયો છે, પણ ત્યાંથી જવાબ નથી આવ્યો. બાપુ કહે, મેં વચ્ચે એટલો ગાળો પહેલેથી રાખેલો કે જે ગાળામાં જવાબ જરૂર આવી જવો જોઈએ.

પેલો કહે, જવાબ આવી જ જશે. ઉપવાસ શરૂ થઈ જાય તો હું વાંકમાં આવી જઈશ. બાપુ કહે, સારું, એક ટંક મોડા ઉપવાસ શરૂ કરીશ... અને એમણે ખાવાનું મંગાવ્યું. મોંમાં કોળિયો મૂક્યો. પણ મોઢામાં અમી છૂટે નહીં. વિચાર કરો—આ માણસનું બળ કેવું હશે, એની તપસ્યાની કોટિ કેવી હશે? એક ટંક મોડા ઉપવાસ શરૂ કરવાનું માન્યું, તોયે એના શરીરનો સહકાર મળતો નથી!

## એકલ યાત્રા

દરેક મહાન વ્યક્તિના ભાગ્યમાં એકલાપણું લખાયેલું જ હોય છે. એ એક મનુષ્ય જીવનનો વસમો વિરોધાભાસ છે કે જેમ જેમ માણસ વિશ્વ સાથે તાદાત્મ્ય પામવાને માર્ગે વિકાસ સાધે, તેમ તેમ એ વિશ્વથી

વધુ ને વધુ વિખૂટો પડતો જાય છે; બધાંને પોતાનાં કરવા જતાં પોતે જ એકલવાયો પડી જાય છે. મહત્તા એટલે જ મિત્રારહિત દશા.

ટાગોર એકલાપણું પચાવી શક્યા એનું કારણ એ કે બાહ્ય સિદ્ધિઓની પાછળ એમની દોડ હતી જ નહીં. કવિ આનંદને લક્ષ્ય કરીને જ સારું યે જીવન જીવ્યા છે. આનંદની યાત્રા એકલાએ કરી છે, પણ જે આનંદ પામ્યા તેની લૂંટ તો આખા જગત પાસે કરાવી છે.

## ખુશમિજાજ!

“તમને કશો રોગ નથી. ચિંતા કર્યા કરવાની આદત પડી લાગે છે! ફિકરની ફાકી કરી જાઓ, એ જ દવા. જરીક મોલિયેરનાં નાટક જોતા રહો, એટલે ખડખડાટ હસીને તમે ખુશમિજાજ થઈ જશો.”

“દાક્તર સાહેબ, પણ હું મોલિયેર પંડે જ છું!”

## જીવનનો કલાધર

*અંગો બધાં સંયમથી રસેલાં,*
*કંગાલની હાય થકી ભીંજેલાં,*
*લંગોટીમાં કાય લઈ લપેટી,*
*ચાલે પ્રભુપ્રેરિત પ્રેમમૂર્તિ...*

*સ્મશાને ઘોર જે શાંતિ, તે ફેલી હતી હિંદમાં,*
*ડુબાવી તે તમે આવી, આત્મના ધીર નાદમાં...*
*દુષ્કાળે વાદળાં કેરી જુએ છે વાટ ખેડૂતો,*
*જોતા’તા રાષ્ટ્રશક્તિની તેમ સૌ હિંદવાસીઓ...*
*એવે ચોદિશને ઘેરી ઝૂકી મેઘઘટા મહા,*
*દયાની હેલીઓ વર્ષ્યા તમે, ને સૌ હસ્યાં અહા!...*

*પિતા છો દિવ્ય ક્રાંતિના, અધ્વર્યુ નવયુગના,*
*ને છો માતા, અહિંસાની ગોદે જગ લપેટતા.*
*બંધુ છો સૌ ગુલામોના, દેવ છો દુખિયાં તણા,*
*આશા છો વિશ્વ આખાની, છો સર્વસ્વ જ હિંદના.*
*કદી તો મધુરી વેરો વાચા કોમલમંજરી,*
*ને બજાવો કોઈ વેળા કરાલી રણખંજરી,*
*એ નાદે દિલમંદિરથી નાસે સેતાનના ગણો;*
*હૈયે હૈયે તમે કીધાં પુણ્યનાં સમરાંગણો.*
*કંકાલને તાંડવનૃત્ય શીખવ્યાં,*
*મૃત્યુ મહીં જીવન ઓળખાવ્યાં.*
*ને છૂટવા ભીષણ નાગચૂડથી*
*આપી તમે નિર્મળ પ્રેમબુટ્ટી...*

*અણુથીયે પિલાવાની છે હૈયામાં વિનમ્રતા,*
*સુદામા-નરસૈંયાની માણવી છે દરિદ્રતા...*

*અઠંગ છો સત્ય તણા પૂજારી,*
*ઉરે સદાજાગ્રત કર્મયોગી...*
*યોગી, તમે ભારતવાસી હૈયે*
*જન્મી ચૂક્યા છો જ કરોડરૂપે.*

['વિશ્વશાંતિ' પુસ્તક: ૧૯૩૧]

# બસ, એટલું જ

મહાજનો-પયગંબરો શું કરે છે? જેઓ નિશ્ચેતન, જડ, સ્થગિત થઈ ગયા છે તેમને, ગળિયા બળદને પૂછડું આમળી બેઠો-ચાલતો કરે તેમ, પ્રવૃત્તિશીલ કરે છે—એમનામાં ચેતનાના તત્ત્વને સંચરતું કરી મૂકે છે. બસ, એટલું જ. વ્યક્તિમાં આટલું પરિવર્તન લાવી શકાય એટલે પછી બધાં વાનાં થઈ આવશે, એ વાતનો એમને યકીન છે.

# જીવનનો કલાધર

બાપુ અહીં ૧૯૧૫માં આવ્યા. ત્યારથી આખર સુધી એમની નિરંતર કર્મધારા ચાલી. આખાયે રાષ્ટ્રીય જીવન ઉપર તેનો ઘેરો પ્રભાવ પડ્યો. એવું કોણ હતું હિંદુસ્તાનમાં જે તે વખતે ગાંધીજીની બહાર જીવી શક્યું? એ વખતના તરંગમાં અમે સહુ ઊંચકાયા હતા. એ અમારી નહિ, યુગની ઊંચાઈ હતી.

એમનો જન્મ થયો, ત્યારે ભારત અને દુનિયા માટે દીવો પ્રગટ્યો. ભારતમાતાની કૂખ સબળી છે. રામમોહન રાયથી માંડીને અનેક મહાનુભાવ વ્યક્તિઓ અહીં પાકી. ભારત જ્યારે દબાયું હતું, એના ઉપર ભીંસ હતી, એના શીલની કસોટી હતી, ત્યારે કેવી કેવી વ્યક્તિઓ બહાર આવી છે! જાણે એક નક્ષત્રામાળા પ્રગટી. એને માટે તો નવું આકાશ જોઈએ.

પણ એ બધામાં ગાંધીજી જુદા તરી આવે છે. એક એક ગુણ લઈ ગોતવા જઈએ, તો તમને એ ગુણ બીજાઓમાં વધારે ખીલેલા જોવા મળશે. વિદ્વત્તા, બુદ્ધિશક્તિ, મુત્સદ્દીગીરી, શબ્દશક્તિ—આ બધા જ ગુણો છૂટાછવાયા બીજા ઘણામાં વધુ માત્રમાંયે જોવા મળશે. પણ આ બધા જ ગુણો એકમાં ભેગા થઈ જે સકળ પુરુષ થાય છે, તે દુનિયામાં વારંવાર જોવા મળતો નથી.

જન્મ્યા ત્યારે તો બીજાં બધાં બાળકો જેવા જ સામાન્ય બાળક હતા. તેમાંથી આ વિભૂતિ થઈ કેવી રીતે? એમણે પોતાની જાતને કેવી રીતે ઘડી? આ ઘડતર દ્વારા બાપુએ મનુષ્યજાત આગળ જીવન જીવવાનું વ્યાકરણ રમતું મૂક્યું છે. તેમાં એકડો છે, સત્ય. પછી બીજું બધું તેમાં ઉમેરાય છે. પોતે ભૂલ કરતા, પણ તે સ્વીકારવાની શક્તિ એમની અજબ હતી. દેશભરમાં મોટું આંદોલન ચાલતું હોય, તેની વચ્ચેય હિમાલય જેવી ભૂલનો એકરાર કરી દેતાં તેઓ અચકાય નહિ. ગાંધી—ઇરવિન કરાર થયા. તેના અર્થઘટન અંગે કંઈક ભાંજગડ ઊભી થઈ. ત્યારે વાઇસરૉયે કહ્યું કે ગાંધીને પૂછો. સામા માણસનેય કેટલી

હૈયાધારણ હશે! કેટલો વિશ્વાસ હશે કે આખા દેશનું સ્વરાજ્ય મળતું હોય, તોયે આ માણસ કદી ખોટું નહિ બોલે!

*

માનવજાતિને અનેક મહાન શિક્ષકો મળ્યા છે, અને મળશે પણ. ગાંધીજીની વિશેષતા હોય તો તે એ કે “હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું”—એમ સ્ખલનશીલ સાધકની પેઠે એ માનવજાતિ આગળ રજૂ થાય છે, અને ધીમે ધીમે જીવનનાં અંતિમ મૂલ્યો સાથે સમરૂપ થવા કરતા દેખાય છે. એથી દરેક માણસને સાધનામાર્ગે ડગલું માંડવા પ્રેરણા મળે એવું છે.

ડૉ. હરિપ્રસાદ દેસાઈ એક વાત કહેતા. આફ્રિકાથી નવાનવા આવેલા અને અમદાવાદમાં આશ્રમ સ્થાપીને રહેતા ‘ગાંધીસાહેબ’ પાસે પોતે અવારનવાર જતા. એક વાર એમનાથી અહોભાવથી કહેવાઈ ગયું: આપના જેવા તો કેમ કરીને થવાય? તરત જ ગાંધીજીએ જવાબ આપ્યો: કેમ ન થવાય? એક દિવસ હું તમારા જેવો જ હતો. તમારામાં ને મારામાં કશો ફેર ન મળે. પણ એક બાબતમાં ફેર હશે: મને જે દિવસથી સમજાયું કે આ રીતે વર્તવાનું છે તે દિવસથી—તે ઘડીથી હું એ રસ્તે ચાલવા માંડ્યો.

એ પોતે મોહનદાસમાંથી મહાત્મા બન્યા. સામાન્ય માણસ પણ કેટલો આગળ વધી શકે છે, તે પોતાના જીવન મારફત એ બતાવી ગયા છે. અને આમ કરીને એમણે મનુષ્યજાતિને હંમેશ માટે મુશ્કેલીમાં મૂકી દીધી છે! તમારાં કોઈ બહાનાં, ગલ્લાંતલ્લાં ચાલવાનાં નથી. તમે ઉત્તમ ન થઈ શકો, તેવું એક પણ બહાનું ચાલવાનું નથી. ગાંધીજી જીવનના કલાકાર હતા, જીવનના શિલ્પી હતા. માનવી પૂર્ણતા તરફ કઈ રીતે પ્રગતિ કરી શકે છે, તેનો ઉત્તમ નમૂનો એમના જીવનમાંથી સાંપડે છે.

*

ગાંધીજીની એક જગદ્ગુરુ તરીકેની દેણ હોય તો તે છે, એમણે જગત આગળ મૂકેલું જીવન જીવવા માટેનું વ્યાકરણ. માણસ સત્યને અનુસરતાં પોતાના જીવનમાં પ્રયોગો કરતો જાય, એ પ્રક્રિયામાં જ

એને માનવબંધુઓની સેવા કરવાની તકો સાંપડે છે. પણ સૌ પ્રત્યે પ્રેમભાવથી, એટલે કે દરેકમાં રહેલા સત્ય પ્રત્યે પૂરા આદરભાવથી, એ વર્તતો હોય છે. એટલે માર્ગમાં, ખાસ કરીને એને પોતાને સહન કરવાનું ભલે આવે—સત્ય દુભાતું નથી, સર્વનું કલ્યાણ જ નીપજે છે.

આવી વ્યક્તિઓ જગદ્ગુરુપદને પામે છે, કેમ કે તેઓ પોતાની જાતને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેળવતી હોય છે. એમનામાં જીવનભર કોઈ એક સ્થિર તેજરેખા દેખાતી હોય તો તે છે અવિચલ સત્યનિષ્ઠાની, અવિરત સત્યાચરણની.

*

ગાંધીજી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. અને તેમ છતાં ગાંધીજીએ ધર્મ વિશે કોઈ શાસ્ત્રા રચ્યું નથી. ગાંધીજીનો ધર્મવિચાર માત્ર શબ્દો દ્વારા પમાય એમ નથી. ધર્મનો શબ્દો દ્વારા પ્રચાર થઈ શકે, એ એમનાથી મનાતું નથી. ધર્મશ્રદ્ધા તો જીવનમાંથી મઘમઘવી જોઈએ, એ તો આપોઆપ જાતપ્રચાર કરતી હોય. હિંદુધર્મનું તાત્પર્યદર્શન મારા આચરણ સિવાય બીજા કશા મારફત હું કરાવી ન શકું, એમ એ કહે છે. કોઈ શાસ્ત્રાવચનના ચોકઠામાં ધર્મતત્ત્વને પુરાયેલું જોવાની ગાંધીજી ના પાડે છે, અને પોતાને સનાતની હિંદુ કહે છે તે પણ—અસ્પૃશ્યતા જેવા હિંદુધર્મ પરના મહાન ડાઘને ધોવામાં જિંદગી ખરચતા રહીને જ. તેઓ હિંદુધર્મને કોઈ સાંકડા સંપ્રદાયરૂપે જોતા નથી, પણ “એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે,” એમ કહે છે. સાચા હિંદુ તો જ બની શકાય જો સર્વધર્મસમભાવ, બલકે સર્વધર્મમમભાવ, કેળવી શકાય.

“જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય, તે ધર્મ નથી”—એમ કહી તેઓ નીતિ પર ભાર મૂકે છે: “ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.” છેલ્લું વાક્ય અત્યંત અગત્યનું છે. સત્ય માટેની ઝીણી કાળજી ન હોય, હૃદય અપાર કરુણાથી ભીંજાયેલું ન હોય, ને નીતિ ઉપર ભાર મૂકવામાં આવે છે ત્યારે—તેમાંથી ક્યારેક આસુરી ક્રૂરતા પ્રગટવાનો સંભવ રહે છે.

*

એમ કહેવાય છે કે મુત્સદ્દી, બહારવટિયા અને સંતો સૌરાષ્ટ્રમાં વિશેષ પાકે છે. ગાંધીજીમાં આ ત્રણેય શક્તિ પૂર્ણ કળાએ ખીલેલી છે. એમની હૃદયની શક્તિ અપાર હતી, ધર્મની શક્તિ અપાર હતી, પણ એમનામાં બુદ્ધિશક્તિયે અત્યંત એકાગ્ર ને તીવ્ર હતી. ગાંધીજીમાં શ્રદ્ધા તો હતી જ. પણ સાથે સાથે બુદ્ધિથી પવિત્રા થયું છે એવું આચરણ પણ હતું. દરેક વસ્તુને બુદ્ધિગમ્ય બનાવવી, વ્યવસ્થિત કરવી, એવું એમનું કાયમ વલણ રહ્યું છે.

અંગ્રેજ મોટામાં મોટો મુત્સદ્દી, પણ એય જેની સામે હાંફી જાય એવો મુત્સદ્દી ગાંધી નીકળ્યો. એવી મુત્સદ્દીગીરી કરે કે કશું છુપાવે નહિ, બધી બાજી ઉઘાડી. સામા ભલભલા મુત્સદ્દીઓના હાથ હેઠા પડે.

આ પહેલું શોધી કાઢ્યું જનરલ સ્મટ્સે. એણે કહ્યું: ગાંધી, તમારી સામે તો કઈ રીતે કામ લેવું? તમે તો જાતે સહન કરીને લડો છો. અમારું કશું બગાડતા નથી. મનમાં પણ અમારું બૂરું ઇચ્છતા નથી. અમે આફતમાં હોઈએ, ત્યારે ઊલટાના તમારી લડત સંકેલી લો છો. જે શિસ્ત તમારા માટે તમે પોતે નક્કી કરી હોય, તે બરાબર પાળો છો. તમને તે શું કરવું?

*

ગાંધીજીની પૂર્વે આ દેશમાં રેંટિયા કાંઈ નહોતા ચાલતા? પણ ગાંધીજીએ આખી એક નવીન જીવનરીતિના વિધાયક તરીકે રેંટિયાને આગળ ધર્યો છે તે, એમાં ભાવનાનો પ્રાણ ફૂંકીને. રેંટિયો એ ગાંધીજીનું મહાકાવ્ય છે. જીવનને યજ્ઞમાં ફેરવી નાખવું, એ એનો મર્મ છે.

રેંટિયો એ વસ્ત્ર જેવી એક પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડે છે, સહેલાઈથી સૌ કોઈ ખેડી શકે એવો ઉદ્યોગ છે. બહુજનસમાજ શરીરશ્રમથી જ જીવે છે. બાકીના ભદ્ર વર્ગે પણ જીવવા માટેના શરીરશ્રમની જવાબદારી ઉઠાવવી જોઈએ. એવા શરીરશ્રમના પ્રતીકરૂપે રેંટિયાનો ઉપયોગ સરળતાથી થઈ શકે. જેટલો સમય તમે કાંતો તેટલો સમય, જીવવા માટેના જે શરીરશ્રમની જવાબદારી બીજાઓ ઉપર તમે

નાખી છે તેની તમારી જાતને યાદ આપી શકો.

ગાંધીજી કાર્યના માણસ હતા, શબ્દના નહીં. એક પલ્લામાં મણ પ્રવચન હોય અને બીજામાં અધોળ આચરણ, તો આચરણનું પલ્લું નમે, એ એમની શ્રદ્ધા. પણ એમણે જોયું કે શબ્દ પણ મોટી શક્તિ છે, કર્મને પ્રેરનારી શક્તિ છે. ક્યારેક શબ્દ કર્મ સમોવડો પણ નીવડે છે. એટલે એમણે શબ્દની શક્તિને પણ યોજી, ભરપૂર યોજી, સબળપણે, સફળપણે યોજી.

ગાંધીજીનું જીવન એટલે કાર્યનો ઝંઝાવાત, હજારો-લાખો-કરોડોને ઢંઢોળી જાગ્રત કરી પરદેશી શાસન સામે ખડા કરવાનો ઉપક્રમ, હિંદની સાવ નંખાઈ ગયેલી પ્રજાને પગભર કરી દુનિયાના મહાનમાં મહાન સામ્રાજ્ય સામે ભિડાવવાનો ભગીરથ પુરુષાર્થ. એના ભાગરૂપે આગેવાનો સાથેની વાતચીતો, ચર્ચાઓ, સભાઓમાં અપાતાં ભાષણો—એ રીતે બોલાતો શબ્દ સેવા આપી રહ્યો હોય. તો સાથે સાથે નિવેદનો, અરજીઓ, છાપાંના લેખો, પત્રો, મુલાકાતોના અહેવાલો—આ બધું લેખિતરૂપે ચાલતું હોય.

એમનાં ભાષણો-લખાણો મુખ્યત્વે ગુજરાતીમાં અને અંગ્રેજીમાં છે. છ દસકા જેટલા સમયમાં થયેલાં એ તમામ લખાણો મોટા દળદાર ૧૦૦ જેટલા ગ્રંથોમાં પ્રગટ થયાં છે. ચાલુ પ્રવાસો અને રાત-દહાડો એક કરતી પ્રવૃત્તિમાં ગાળનાર ભાગ્યે જ કોઈ લોકનેતા હશે, જેણે આટલો ગંજાવર શબ્દસમૂહ કામમાં લીધો હશે. આ વિપુલ શબ્દપુંજમાં એક એક શબ્દ ભરીબંદૂક છે. તે તે ક્ષણે તાકેલું નિશાન સર કરવાની પૂરી ગુંજાશ એ ધરાવે છે. ગાંધીજીની ભાષા સરળ પણ સબળ, સોંસરી, સચોટ, દિલ જીતી લે એવી છે.

ટૂંકાં ટૂંકાં વાક્યો એ એમની ખાસિયત છે. ક્રિયાપદની પસંદગી ઉત્કૃષ્ટ હોય છે. વિશેષણને તો એ દૂર રાખે. કહે પણ છે, "ખરું જોતાં સત્યને વિશેષણના શણગારની જરૂર નથી. શુદ્ધ હકીકતમાં જે કળા છે, તે નકામાં વિશેષણોથી ખરડાયેલી હકીકતમાં નથી જ હોતી."

ગાંધીજીની શબ્દશક્તિ પ્રકાશ પાથરનારી છે. માનવજાતનો મહામૂલો એ વારસો છે.

*

શસ્ત્ર દેહને છેદી શકે છે, આત્માને નહિ, આત્મા તો અમર છે—એ સૂત્રા આ દેશમાં હજારો વરસોથી ઘૂંટાતું આવ્યું છે. પણ છેલ્લા કેટલાક સૈકાઓમાં આ સૂત્રા ઉચ્ચારનારાઓના જેવી દેહરખી પ્રજા ભાગ્યે જ ક્યાંય જોવા મળતી. આપણા યુગના સદ્‌ભાગ્યે એક પુરુષ એવો પાક્યો, જેણે પોતાનાં મૂઠી હાડકાંમાં આત્માની અમરતાને પ્રતિષ્ઠિત કરી, અને દેહને આંચ આવશે એ ડરે આત્માની કોઈ વસ્તુને કદી તલભાર પણ જતી કરી નહિ. આત્માની વસ્તુઓની સિદ્ધિ માટે દેહને એક અમોઘ સાધન તરીકે હંમેશાં સ્વસ્થ રાખ્યો; પણ આત્માની વાત સાધવા માટે, જરૂર પડે ત્યારે, એ દેહને ફેંકી દેવાને ક્ષણનો પણ વિલંબ કદી અનુભવ્યો નહિ. આવા જીવનને અનુરૂપ એનો અંત આવ્યો. મહાત્માજીને લગતી ઘણી વસ્તુઓ મહાન છે, પણ એમનું મૃત્યુ કદાચ સૌથી મહાન ઘટના છે.

['જીવનનો કલાધર' પુસ્તક]

## બાણપથારી

*ન રે તારે પંડે, જગત! વિશ દેવા જવું પડે,*
*યથા ગ્રીસે પૂર્વે સુકૃત-કર પ્યાલી વિશ તણી,*
*દીધી ને ઘેલુડી પ્રભુપ્રણયમાં પ્રાણ ધરતી*
*સુકંઠી મીરાંને દીધ વિષકટોરી નૃપતિએ;*

*ન એવું ગાંધીને, નિજ નજર તીણી ચલવીને*
*લિયે ગોતી એ તો વિષહૃદય પ્યાલા, વિષ ચૂસી*
*ભરી દે પાછા એ ઉરઅમૃત પૂરી નિજ તણાં.*
*ન એ થાકે જોઈ અનવરત આ પાપરમણા,*

*ડગો માંડે ધૈર્યે અડગ, અભયે, કૂણપભર્યા*
*કરે સદવૃત્તિને મૃદુલ પસવારે;...*

*ઘવાયું જ્યાં કિંચિત સત્, જખમ ગાંધી-ઉર થયો;*
*નિચોવાયું હૈયું, કહીં જરીય જો પ્રેમ દૂભવ્યો*
*ગરીબીથી ભીંજી નિજ જીવન નિષ્કિંચન કર્યું;*
*ઊંચાનીચા ભેદે કમકમી લીધું દીન-પડખું.*

*શકે કો એકાકીહૃદય, સહ્યું એથી કંઈગણું.*
*પથારી જે ભીષ્મે સમર બીચ પૂર્વે રચી હતી*
*સદા ગાંધીને તે મરણ-શરશય્યા પર સૂવું!*
*અહો, મૃત્યુ એ તે! જીવનભર એ શે જીરવવું?!*

*

*યુગે તારેયે જો જગત-ઉર-લાવા સળગતા*
*ઉરે પોતા કેરે હસી ઠલવતા સંતજન હો,*
*કવિ! તો રેડીને જીવન નિજ ગાજે: "જગજનો!*
*રિબાવી સંતોનાં હૃદય, કુરબાનીની પછીથી*
*તમે ગાશો ગાથા: રમત ક્રૂર એવી શીદ રમો?*
*ન કાં પ્હેલેથી તો હૃદય પરખો સંતજનનાં?*

['જીવનનો કલાધર' પુસ્તક]

# કાવ્ય-રત્નો

કેટલાક કવિઓ એકાદ કાવ્ય-રત્નથી પ્રજાહૃદયમાં સ્થાન પામે છે. આપણા જમાનામાં શ્રી હરિહર ભટ્ટ, જેઓ ખગોળવિષયક સંશોધનમાં મશગૂલ રહ્યા, તે 'એક જ દે ચિનગારી' એ ભક્તિગીતથી જાણીતા છે. જૂના ભક્તકવિઓમાંથી પ્રીતમનું 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને' એ એક ગીત જ એમને આપણા ઉત્તમ ભક્તકવિઓની હરોળમાં મૂકવા માટે બસ છે. 'ઉપનિષદ' અને 'ગીતા'નો ચાર દસકાથી

ઊંડો અભ્યાસ કરતા ઑક્સફર્ડના સ્પેનિશ વિદ્વાન હ્વાન મસ્કરોને મન પ્રીતમનું આ ભજન દુનિયાનાં ભક્તિકાવ્યોમાંનું એક અણમોલ રત્ન છે. પ્રેમળદાસનું ‘હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે’ એ એક જ ભજન જાણીતું છે, પણ જીભે રમી રહે, હૃદયમાં ગુંજ્યા કરે એવું છે.

# માનવતાની મંગલકથા

વિખ્યાત ફ્રેંચ કવિ વિક્ટર હ્યુગો પોતાના લોકશાહી વિચારોને કારણે ૧૮૫૧ થી ૧૮૭૦ સુધી દેશવટો ભોગવી રહ્યા હતા તે દરમિયાન ‘લે મિઝરાબ્લ’ લખાયું હતું અને ૧૮૬૨માં એક જ દિવસે આઠ મોટાં શહેરોમાં જુદી જુદી દસ ભાષાઓમાં પ્રગટ થયું હતું. તે દિવસથી એણે હ્યુગોની વિપુલ સાહિત્યરચનાઓમાં તો અગ્રસ્થાન મેળવ્યું જ છે, પણ સમગ્ર નવલકથાસાહિત્યમાં પણ એક અનોખી કૃતિ તરીકે એ પંકાયું છે.

યુરોપે છેલ્લાં સો-સવાસો વરસમાં આપણાં પ્રાચીન પુરાણોની કાંઈક યાદ આપે એવી જે કેટલીક મહાકાય નવલકથાઓ સરજી છે તેમાંની ‘લે મિઝરાબ્લ’ એ એક છે. આ અર્વાચીન યુરોપીય પુરાણકથાઓમાં પણ અનેક આડકથાઓ આવી મળતાં મૂળ કથાનો પ્રવાહ પુષ્ટ થતો હોય છે અને એ બધી શાખાપ્રશાખાઓ પોતાની સાથે સમાજના ખૂણેખૂણાની વાત લઈ આવી હોય છે, તેમ જ અંતે આખોય કથાપ્રવાહ રચનારને પ્રિય એવી કોઈ વિશાળ ધર્મભાવનાના સાગરસંગીતમાં વિલીન થઈ જતો હોય છે.

‘લે મિઝરાબ્લ’નાં કોઈ પણ ચાર પૃષ્ઠ વાંચતાં વરતાઈ આવે એવું છે કે હ્યુગોના હૃદયમાં રમી રહી છે તે માનવધર્મની ભાવના છે. એ ભાવનાનો ફુવારો આપણે ત્યાં તો યુગે યુગે અવિચ્છિન્ન ઊડ્યા જ કર્યો છે. ભક્તકવિ ચંડિદાસે ગાયું છે: ‘સબાર ઉપર માનુષ આછે, તાહર ઉપર નાઈ’—સર્વની ઉપર મનુષ્ય છે, તેની ઉપર કોઈ નથી. મનુષ્યનું

આવું બહુમાન યુરોપમાં ૧૮મી સદીના અંતમાં મહાનુભાવ રૂસોએ ભારે જોરશોરથી કર્યું. પ્રત્યેક જીવાત્માના મહત્ત્વનો રૂસોએ ઉદ્‌ઘોષ કર્યો. ફ્રાન્સમાં થયેલી ૧૭૮૯ની ક્રાન્તિમાં રૂસોની આ ઘોષણાનો ફાળો નાનોસૂનો લેખાતો નથી. આની સાથે શહેરોની કહેવાતી સંસ્કૃતિના ભોગ બનેલ, સમાજનાં ષડ્યંત્રોમાં પિલાઈ વિકૃત બનેલ, કંગાલ, ભિખારી, વેઠિયા, ગુનેગાર વગેરે માટે પારાવાર સહાનુભૂતિની—સહાનુકંપાની લાગણી ઊછળવા માંડે એ પણ સ્વાભાવિક જ હતું. ‘લે મિઝરાબ્લ’માં આ લાગણીનું ઉજ્જ્વળ પ્રતિબિંબ ઝિલાયું છે.

જિન-વાલજિન પ્રામાણિકપણે મજૂરી કરી બહેન અને ભાણેજિયાંનું પોષણ કરતો. બેકાર બનતાં એક વાર એ રોટી ચોરવા જાય છે અને એ માટે પાંચ વરસની સજા પામે છે, જે કેદખાનામાં થયેલા બીજા ગુનાઓને લીધે ઓગણીસ વરસ સુધી પહોંચે છે. રીઢો ગુનેગાર બની આખરે એ છૂટે છે ત્યારે દુનિયા આખી એની પૂંઠે કૂતરાં મેલે છે. માત્ર એક પાદરીનું હૃદય એને વધાવે છે. આ ‘મંગળમૂર્તિ’ પાદરીનો પરિચય જિન-વાલજિનના હૃદયને સનાતન માનવતાના રાજમાર્ગ ઉપર પાછું ચડાવી દે છે. મેડેલીન નામથી એક ગામમાં એ નવો અવતાર શરૂ કરે છે અને પરગજુ નગરપતિ બની ચોમેર સાધુતાની સુવાસ પ્રસારે છે. જેવર્ટ નામના એક પોલીસ- અધિકારીને મેડેલીન વિષે શંકા રહ્યા કરે છે. પણ જિન-વાલજિન તરીકે કોઈ નિર્દોષ ખેડૂત પકડાયાનું જાણી મેડેલીન પોતે જ ન્યાયમંદિરમાં હાજર થઈ ફરી કેદી થવાનું સ્વીકારે છે. એક ખલાસીને વહાણના ઊંચા થંભ પરથી બચાવી, પોતે સમુદ્રમાં ઝંપલાવી, અદૃશ્ય થઈ, ફરી પાછો જિન-વાલજિન સમાજમાં ડોકું કાઢે છે. મેડેલીન તરીકે એક કુમારી માતાને અંતકાળે મદદરૂપ થયેલો, તેની દીકરી કોઝેટને વીશીની કાળી મજૂરીમાંથી છોડાવી એ પારિસ ભેગો થાય છે; પણ ત્યાં જેવર્ટ બે ડગલાં આગળ જ હતો! નાસીને સાધ્વીઓના મઠમાં પોતે માળી તરીકે રહી ત્યાં જ કોઝેટને ભણવા મૂકે છે. કોઝેટ મોટી થતાં મેરિયસ નામના એક નબીરાના પ્રેમમાં પડે છે. ૧૮૩૨ના જ્વલંત દિવસોમાં પારિસમાં વિપ્લવ ભભૂકી ઊઠે

છે તેમાં તે એક અગ્રણી છે. ક્રાન્તિકારીઓના હાથમાં જેવર્ટ જાસૂસ તરીકે સપડાઈ જાય છે. જિન-વાલજિન (હવે તેનું નામ ફોશલવેન્ટછે) પોતે એને પૂરો કરવાની રજા મેળવી, તમંચાની અણીએ એને ગલીને નાકે લઈ જઈ હાથપગનાં બંધન કાપી નાખી છૂટો કરી હવામાં ખાલી બાર કરે છે. પાછળથી વિપ્લવવાદીઓનું આવી બને છે. જિન-વાલજિન સલામત છે, પણ મેરિયસ ઘવાઈને બેભાન બન્યો છે. તેને ઊચકીને, બીજો કોઈ રસ્તો ન હોઈ, ગટરમાર્ગે એ બચી છૂટે છે. નદીકિનારા પાસે બહાર નીકળે છે તો સામે જેવર્ટ! મેરિયસને એના દાદાને ત્યાં મૂકી આવવા પૂરતી તે માગણી કરે છે. મેરિયસને એને ઘેર સોંપ્યા પછી જિન-વાલજિન પોતાની ખોલીએ ડોકિયું કર્યા બાદ પકડાવાની ઇચ્છા બતાવે છે. ત્યાં પહોંચ્યા પછી જેવર્ટ કહે છેઃ ‘ગાડી ઊભી છે, તમે ઉપર જઈ આવો.’ જિન-વાલજિન પાછો આવીને જુએ છે તો નહિ ગાડી કે નહિ જેવર્ટ! પોલીસ-કચેરીએ જઈ છેલ્લો અહેવાલ પેશ કરી જેવર્ટ સીધો સીન નદીએ જઈ તેના જળમાં અદૃશ્ય થાય છે. અહીં મેરિયસ સાજો થઈ કોઝેટને પરણે છે. જિન-વાલજિન પોતે નાસી છૂટેલ કેદી છે, એ વાત મેરિયસને કહે છે. નવદંપતી ધીમે ધીમે તેની માયા ઓછી કરી દે છે. ડોસો એકલો દહાડા કાઢે છે. પણ તેના મૃત્યુ પહેલાં મેરિયસ જાણવા પામે છે કે પોતાની જિંદગી બચાવનાર ડોસો તે આ માણસ જ છે. દંપતી ડોસા પાસે દોડીને પહોંચે છે. ત્યાં, અંતિમ ઘડી આવી પહોંચી છે. જિન-વાલજિન કહે છેઃ ‘ઓરાં આવો, બંને જણાં ઓરાં આવો... આ રીતે મરવું કેવું રૂડું છે!... મારે તમને બે વાત કશીક કહેવી હતી, પણ રહો, હવે એની કાંઈ જરૂર નથી. જરી ઓરાં આવો તો, મારાં બાળુડાં! આમ મરતાં પણ કેટલું સુખ છે!’

ખરે જ, જિન-વાલજિનને જગત સુખી જીવન જીવવા દે એમ ન હતું; તેમ છતાં એણે જગતની બૂરાઈઓ જીરવી જઈ, પોતાની અંદર પેલા પાદરીએ પ્રગટાવેલી ભલાઈને બુઝાવા ન દઈ, એ ધીરજભરી અખૂટ સહનશીલતા દાખવી, તેને અંતે સુખભરી મૃત્યુઘડી જરૂર મેળવી હતી. પોતાની પાછળ સુકુમાર કોડભર્યાં દંપતીને—બંનેનાં જીવનનું

પોતાના પ્રાણને ભોગે રક્ષણ કરીને—મૂકતો ગયો હતો. અને જેવર્ટ? તેને પણ એણે મોટું જીવનદાન કર્યું ન હતું? એનો સ્થૂળ દેહ એક વાર પોતે બચાવ્યો હતો એ તો ઠીક, પણ કાયદા કરતાં પણ કાંઈક (માનવઆત્મા) મહાન છે એ સત્યનો સાક્ષાત્કાર પોતાને લીધે જેવર્ટને થયો ન હતો?

'લે મિઝરાબ્લ' એ આમ ઉપલકદૃષ્ટિએ જગતનાં દીનદુખિયાં, દબાયાં-દુભાયાંની કરુણ કથા લાગે છે, પણ જરીક જ ઊંડું જોતાં દુનિયાના નિર્ઘૃણ સ્વાર્થપોપડાંઓ નીચે કલકલ વહી રહેલાં ચિરંતન માનવતાઝરણનું આપણને દર્શન અને પાન કરાવનારી એ એક મંગલકથા બની રહે છે.

હ્યુગોની રંગદર્શી લેખણીએ કથા ભારે સચોટતાથી રજૂ કરી છે. કથાનો વેગ ક્યાંય કથળતો નથી. સાદી છતાં એકએકથી વધુ આશ્ચર્યકારક ઘટનાઓ નજર આગળ બનતી જ રહે છે. આખી ગાથા મહાકાવ્યની ભવ્યતા ધારણ કરે છે અને વાક્યે વાક્યે એમાંથી ઊર્મિકવિતા ઝરે છે. લિટન સ્ટ્રેચી કહે છે કે શબ્દ ઉપરના પ્રભુત્વમાં હ્યુગો એક શેક્સપિયર કરતાં જ ઊતરે એમ છે.

પણ ઘણી વાર આ શબ્દસ્વામિત્વ એ શબ્દાડંબર તરીકે પણ લેખણીને ઘસડી ગયા વગર રહેતું નથી, અને હ્યુગોને એ કારણે થોડુંક વેઠવું પણ પડ્યું છે. આજે વિવેચકો હ્યુગોની અમર કૃતિઓ માટે એની ગદ્યરચનાઓ કે અનિયંત્રિત પદ્યરચનાઓ તરફ નહિ પણ દૃઢ છંદોબંધનમાં રાચતી એની કવિતા તરફ મીટ માંડે છે, કોઈ કોઈ રસજ્ઞને 'લે મિઝરાબ્લ' આજે અતિકાય લાગે છે.

અને તેથી ભાઈશ્રી મૂળશંકરે 'લે મિઝરાબ્લ'નો સંક્ષેપ આપ્યો એમાં બેવડું ઔચિત્ય સધાયું છે. ઉપર સૂચવ્યો છે તેવો શૈલીનો મેદ દૂર થયો અને વિદ્યાર્થીઓને એક રોચક, સરળ અને સાચો સંક્ષેપ પણ મળ્યો. આવા સંક્ષેપ કરવાનો હક, જે લેખક મૂળ કથાના રસને પી ડોલી ઊઠ્યો હોય અને એને માટે જેને એવી ગાઢ આત્મીયતા બંધાઈ હોય કે પોતે એને સર્વથા વફાદાર જ રહે, તેને જ હોઈ શકે. શ્રી

મૂળશંકરે મૂળનો રસ આપણને પહોંચાડવામાં કશી જ કમી રાખી નથી.

ભાષાંતરની શૈલી સરળ, તળપદી અને રોચક છે. વચ્ચે આવતા બોલચાલના રૂઢિપ્રયોગો અને લહેકા ભાષાંતરને જીવતું કરી મૂકવા માટે પૂરતા છે. કથારસિકો—ખાસ કરી વિદ્યાર્થીઓ આ પુસ્તક હોંશે હોંશે વાંચશે એમાં શંકા નથી.

['લે મિઝરાબ્લ'ના ગુજરાતી અનુવાદની પ્રસ્તાવના]

## અખૂટ જીવનરસ

'વજુભાઈ' કહીએ એટલે બધું આવી ગયું. 'શાહ' લગાડવાની પણ જરૂર નહીં. એ ગુજરાત રાજ્યના પ્રધાન હતા એ યાદ પણ આવે નહીં. સત્તા, વૈભવ, વગ-વસીલાના માણસ જ નહીં. સમજના અને સમજાવટના માણસ. તમને કોઈ સમજે એવું તમે ઝંખો છો? તો વજુભાઈ બેઠા છે. કોઈ ઝઘડાખોર કોઈ ઉપાયે સમજતો નથી? તો વજુભાઈનો ઉપાય અજમાવી જુઓ. વજુભાઈનો કોઈ ડારો નહીં, લાલ ડોળો નહીં. મૂળ સોતા ઉખેડી નાખશે એવો જેને અંગે જરીકે અંદેશો નહીં, સત્તા ઉપર હોય તોય તે નહીં એટલે નહીં,—એ વજુભાઈ. પાસે બેસીને જાણે દિલ પસવારતા હોય એમ ગાતા ગાતા બોલતા હોય એવી એમની એકધારી વાણી વહ્યા કરે.

કાળી બંડી, ગૌર વર્ણ, શરીર કૃશ પણ ચહેરોમહોરો મોટો, અંદર ખાડા તો ખરા જ, આંખ ચકોર, સમજુ, ઉમંગી, કપાળ ઉપર ઢળતી લટ—વજુભાઈના વ્યકિતત્વમાં એક જાતની કુમાશ હતી. હૃદયનો કળાકાર માણસ.

વજુભાઈમાં અખૂટ જીવનરસ—છેલ્લાં વરસો માંદગીમાં ગયાં, પણ મળીએ ત્યારે વરસોનાં વરસ જીવવાના હોય એમ કાંઈ ને કાંઈ નવીન યોજના—નવીન વિચારની માંડણી કરે.

ચિ. અમિતાનાં લગ્ન લેવાયાં ત્યારે કહેઃ આપણી દીકરી બીજા

પ્રદેશમાં જાય છે ત્યારે એમ થાય છે કે ગુજરાતી ગદ્યની ઉત્તમ ચિંતન કંડિકાઓ એકઠી કરીને એક પુસ્તિકા સુંદર રીતે છાપીને રજૂ કરીએ. આ બધું બોલે ત્યારે એમની કોડભરી આદર્શમયતા આપણા હૃદયને સ્પર્શી જાય.

—

*પરાર્થે તરે આંખમાં આંસુ જ્યારે,*
*મળે મર્દને સ્ત્રીની ઊંચાઈ ત્યારે.*

—

*મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,*
*નાનાની મોટાઈ જોઈ જીવું છું.*

## —તોય ઊભું કામ ને કામ!

*પરોઢે મંદિરશંખ ફૂંકાયા ને સાંજે થયા ઘંટનાદ;*
*રાત ખૂટે તોય કામ ન ખૂટે! કોને દેવો મારે સાદ?*
*દા'ડો આખો ઠરી ન બેસવું ઠામ,*
*રાતે તોય ઊભું કામ ને કામ!*
*માથું ભમે ને અંગ ઢળી પડે, હાથે ખાલી ચડી જાય,*
*પાંપણે જાણે મણીકા મેલ્યા, પડળે વળે ઝાંય....*

*—રામજી! કાં રોટલા મોંઘા?*
*લોહીમાંસ આટલાં સોંઘાં?!*

[ટોમસ હૂડના ‘ધ સોંગ ઓફ ધ શર્ટ’ના થોડા ભાગનો અનુવાદ]

# બંગબંધુ મુજીબ

## ૧

*વચ્ચે દીવાલ, પેલી બાજુ*
*થડ્ થડ્ થડ્—*
*ઘોરખોદુના ત્રિકમનો અવાજ...*
*કારાવાસ—કોટડી છોડી*
*ગમે ત્યારે સૂવાનું એ માટી નીચે*
*ધરતીની હૂંફમાં.*

## ૨

*‘તમે છૂટા છો. લો આ હાથ-રેડિયો.’*
*‘રવીન્દ્રસંગીત જરી સુણી લઉં.’*

## ૩

*ઢાકા! બેનમૂન ઢાકા!*
*નીચે માનવ મહાસાગર આશાઅધીર*
*ચંચળ ઊછળતો,*
*વિમાન જરી ભલે ચકરાવા લે.*

*આ આંખો કેમે ના તૃપ્તિ પામે—*
*સોનાર બાંગ્લાની ઝાંખી કરતાં*
*મૃત્યુની પેલી પારથી આવેલા*
*આ માનવીની આંખો.*

### ૪

*દસપંદર લાખ માનવી,*
*મધ્યમાં એક જણ—આશાબિંદુ;*
*દસપંદર માનવીના પરિવાર આગળ જેમ*
*કુટુંબનો કોઈ વડો આવી*
*વીતકની રાતની વાત માંડે.*
*દસપંદર લાખ હૈયાંમાંથી*
*વિરાટ એક હીબકું ઊઠે.*
*દસપંદર લાખ ચહેરા પર*
*એકાએક આશાની અરુણાઈ ચમકી ઊઠે.*
*એક નૂતન રાષ્ટ્રનો દેદીપ્યમાન*
*આકાર ઊઘડે.*
*રાષ્ટ્રપિતા પામી ધરતી ધન્ય બને.*
*‘બંગબંધુર જય!’*
*‘બાંગ્લાદેશેર જય!’*

### ૫

*૧૫મી ઓગસ્ટ ’૭૫ના વહેલા પરોઢિયે…*
*લાખોની કતલની બેવકૂફી ગાનાર બેન*
*જોન બાયેઝ, તારું ફરી ગા કરુણ ગીતઃ*
*‘બાંગ્લાદેશ! બાંગ્લાદેશ!*

*એની એ પુરાણી વાત*
*તાજી કરે બાંગ્લાદેશ.'*
*ઘટનાઓનાં પૂરનાં વમળો,*
*સંજોગોએ—વિરોધીઓએ—કંઈક પોતેય—પ્રેર્યાં*
*ઘુમરાતાં વમળો ગ્રસી જાય...*
*રેખાયે ન રહે...*
*ઇતિહાસ મોં સંતાડે—*
*ને અર્ધી કાઠીએ ધ્વજ સ્વદેશે-વિદેશે.*
*રહે તોય વીર-છવિ*
*રાષ્ટ્રપ્રસૂતિની ક્ષણે અપલક આંખે જાગી*
*મૃત્યુના થડકારા ગણી રહેલ*
*થડ્ થડ્ થડ્!*

['સંસ્કૃતિ' માસિક: ૧૯૭૫]

## પ્લેટોના ગ્રંથનો સાર આપનાર

દુનિયાના કયા પ્રશિષ્ટ ગ્રંથો સાહિત્ય અકાદમી તરફથી ભારતીય ભાષાઓમાં અવતારવા, એની યાદી તૈયાર થતી હતી. શ્રી રાધાકૃષ્ણને પ્લેટોના સંવાદોમાંથી 'એપોલોજી'નું સ્મરણ કર્યું, જવાહરલાલજીએ 'રિપબ્લિક'નું. મેં ધીરેથી કહ્યું: ગુજરાતીમાં 'એપોલોજી'નો સાર મો. ક. ગાંધીએ ૧૯૦૮માં આપ્યો છે.

## ગુજરાત મોરી મોરી રે

*મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત*
*ગુજરાત મોરી મોરી રે.*

*ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત*
*ગુજરાત મોરી મોરી રે.*

*સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,*
*રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,*
*સમદરનાં મોતીની છોળે નવરાવતી,*
*ગુજરાત મોરી મોરી રે.*

*ગિરનારી ટૂકો ને ગઢ રે ઇડરિયા,*
*પાવાને ટોડલે મા’કાળી મૈયા,*
*ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,*
*ગુજરાત મોરી મોરી રે.*

*આંખની અમીમીટ ઊમટે ચરોતરે,*
*ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે!*
*હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે,*
*ગુજરાત મોરી મોરી રે.*

*કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,*
*નમણી પનિહારીને ભીને અંબોડલે,*
*નીરતીર સારસ શાં સુખડૂબ્યાં જોડલે,*
*ગુજરાત મોરી મોરી રે.*

*નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી,*
*ગાંધીની ગુજરાત કપરી જીરવવી,*
*એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી?*
*ગુજરાત મોરી મોરી રે.*

*ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત*
*ગુજરાત મોરી મોરી રે.*

*મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત*
*ગુજરાત મોરી મોરી રે.*

['સમગ્ર કવિતા' પુસ્તકઃ ૧૯૮૧]

# કવિતા અને કવિ

પહેલાં કરતાં કવિતાને માટે પ્રચારનાં સાધનો ખૂબ વધ્યાં છે. કવિતા થોડા સમયમાં ઘણાંઓ સુધી પહોંચી શકે એ સંભવિત બન્યું છે. આમાં કેળવણીનો વધતો જતો પ્રચાર, પાઠ્યપુસ્તકો દ્વારા બહોળા વિદ્યાર્થી-સમુદાય સુધી કવિતાનું પહોંચવું, કવિ અને રેડિયો દ્વારા થતી કવિતાની રજૂઆત—આ બધાંએ નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. પહેલાંના ઉત્તમ કવિઓની કવિતા પણ આટલી સહેલાઈથી બહોળા વર્ગ સુધી પહોંચી શકે એવું ન હતું.

તો એમ માનવું કે કવિતા લોકપ્રિય થઈ છે? શું ખરેખર કવિતા લોકોના જીવનમાં એક મહત્ત્વના અંશરૂપ બની છે?

સહેજ વિરોધાભાસ જેવું લાગશે, પણ મને તો એમ લાગે છે કે અત્યારના સમયમાં એક પ્રજા તરીકે આપણે ઓછામાં ઓછી કવિતાથી ચલાવીએ છીએ. આપણાં જૂનાં માણસોનું જીવન તપાસીશું તો દેખાશે કે તેમના જીવનમાં કવિતા ઠીક ઠીક મહત્ત્વનો ભાગ ભજવતી. પ્રેમાનંદનાં 'હૂંડી', 'મામેરું', 'સુદામાચરિત' જેવાં આખ્યાનો અનેક વાર એમણે માણ્યાં હોય. અનેક ગરબી-ગરબા, ભજનો, પ્રભાતિયાં, વ્રતકથાઓ, દુહા, કહેવતો, ઉખાણાં—આ આપણાં અભણ ગણાતાં ભાંડુઓને કંઠે હોય.

જ્યારે, એમના પ્રમાણમાં, ભણેલા માણસોને કેટલી ઓછી કાવ્યપંક્તિઓ મોઢે હોય છે? જૂનાં માણસોની વાણીનું પોત અનેક વાર લોકોક્તિઓ અને રૂઢિપ્રયોગોથી ભાતીગળ અને સોહામણું જોવા મળે છે, જ્યારે આપણા જમાનાનાં માણસો વિશે એવું હિંમતભેર કહી નહિ શકાય. ટૂંકામાં, અભણ ગણાતાં માણસો જીવનમાં કવિતા વિના

ચલાવી લેતાં નથી, પણ ભણેલા વર્ગે કવિતા વગર જીવવાની કળા હસ્તગત કરી હોય એવું દેખાય છે. ઉપરાંત, ભણેલાં માણસો એકબાજુ જૂના શિષ્ટ સાહિત્યથી અને લોકસાહિત્યથી દૂર પડી ગયાં છે, તો બીજી બાજુ પોતાના જમાનાની સાચી સર્જક કવિતા કરતાંય વધુ તો કવિતાનો લેબાસ ધારણ કરેલી કૃતિઓનો એમને જ્યાં ને ત્યાં ભેટો થતો હોય છે.

વારંવાર કાને અથડાતાં સિનેમાગીતો અને એને મળતી રચનાઓનો જેની રુચિ ઉપર પ્રભાવ પડતો હોય, અને છાપાં જેની ભાષા ઉપર છાપ પાડતાં હોય, તેવા વર્ગ સામે કવિતા કરવાની હોય ત્યારે કવિને માટે પણ કવિતાની ખોજ વધુ કપરી બને છે. કવિતા માટે ઉપરથી અનુકૂળ લાગતી, પણ વસ્તુતઃ એવી ન હોય એ જાતની પરિસ્થિતિમાં સમકાલીન કવિતા રચાઈ છે.

*

કવિતાનો સાચો ભક્ત કવિતાકલ્પનાના કૃપાકિરણની રાહ જોનારો છે. કવિ તો અહોરાત પોતાના હૃદય-મનને મનનસંવેદને પલોટતો જાય, પલોટતો જાય, જેથી પાંચે-દસે-વીસે વરસે જો ખરેખર કવિતા ક્ષણેક માટે પણ એનાં અમોઘ દર્શનની બક્ષિસ આપી જાય, તો તેને ઝીલવાને માટે પોતાની તૈયારી ન હતી એમ તો ન થાય. કવિના હાથમાં આથી બીજું છે પણ નહિ. એ તો એની જાળ બિછાવી રાખે. પછી ક્યારેક પેલું દર્શન પંખી સ્વયં નહિ તો એનો પડછાયો પણ પળેક માટે એમાં સપડાઈ જાય ને, તોય જીવન ધન્ય ધન્ય થઈ જાય.

*

પોતાના લખાણ સિવાય બીજું વાંચી શકવાને કેવળ અસમર્થ એવા વર્ગનું આપણે ત્યાં અસ્તિત્વ હોવાનો મને ભય છે. આ અજ્ઞાનનો કેફ એ તો કલાકારને માટે આત્મઘાતક ગણાય. તમે જગતને શીખવવા કે આનંદ આપવા નીકળ્યા છો, તો આજ સુધી જે મહાપુરુષો શીખવતા કે આનંદ આપતા આવ્યા છે એમનો અવાજ તો બે ઘડી સાંભળી લો!

મહાન કલાસર્જકોનાં પગરખાંમાં બેસવાનો અધિકાર સિદ્ધ

કલાકૃતિઓનાં સતત પરિશીલન વિના મેળવી શકાય કે કેમ, એ શંકાની વાત છે. અને એ વસ્તુ કલાકારે મેળે મેળે જ કરવાની રહે છે. કલાકારને પેદા કરવાની કોઈ નિશાળ હોઈ શકતી નથી. કલાકારે તો પોતે જ પોતાની યુનિવર્સિટી બનવાનું છે.

અપૂર્વ મૌલિકતાસંપન્ન કવિ શેક્સપિયર કોઈ મહાશાળામાં ભણેલો ન હતો. તો પછી એની કવિતામાં જે શકિત છે, તે આવી ક્યાંથી? કોલરિજ કહે છેઃ “એવા મોટા શેક્સપિયરે પણ પહેલાં ધીરજપૂર્વક અભ્યાસ કરેલો, ચિંતન કરેલું અને સૂક્ષ્મતાથી જગતને સમજવા પ્રયત્ન કરેલો. અને તે ક્યાં સુધી? એ જ્ઞાન પોતાની સમગ્ર સ્વાભાવિક લાગણીઓ સાથે ગૂંથાઈ ગયું અને પરિણામે ગંજાવર શકિતને જન્મ આપી શક્યું ત્યાં સુધી.”

મેથ્યુ આર્નોલ્ડે શેક્સપિયરને સ્વયંશિક્ષિત કવિ કહ્યો છે. કવિ નામને પાત્ર સહુ કોઈ સ્વયંશિક્ષિત હોય છે.

*

કવિઓ લાંબાં કાવ્યો લખે તેમાં તો દરેકેદરેક શ્લોક આખી કૃતિની સાથે બંધાયેલો હોય. પણ ક્યારેક તેઓ છૂટક શ્લોક લખે, તે મુક્તકના નામથી ઓળખાતો. એવા એક શ્લોકમાં પણ જીવનનો કોઈ એવો અનુભવ રજૂ થયો હોય—અને તે એટલી તો સુંદર રીતે રજૂ થયો હોય—કે સાંભળતાંની સાથે એ શ્લોક મનમાં રમી રહે; એટલું જ નહિ, જીવનમાં ભાથારૂપ બની રહે.

મોટા કાવ્યગ્રંથો અભ્યાસી વર્ગમાં આસ્વાદાય, પણ આવાં છૂટાં મુક્તકો તો લોકહૈયે ને લોકજીભે વસી જાય. દરેક ભાષાના લોકસાહિત્યમાં પાણીદાર મોતી જેવાં મુક્તકો હોય છે. ગુજરાત-સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં દુહા ને સોરઠા મળે છે તે મુક્તકો જ છે.

મધ્યકાલીન ગુજરાતી કવિઓની લાંબી રચનાઓ વચ્ચે વચ્ચે વેરાયેલાં મુક્તકો મળશે. નવીન કવિઓમાં કાવ્યની ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્તમ મુક્તકો સુન્દરમ્ પાસેથી મળે છે, તેવાં ભાગ્યે જ બીજા કોઈ કવિ પાસેથી મળે છે. ગઝલનો પ્રકાર એ જાતનો છે કે એક પછી

એક મુક્તકરૂપી મૌકિતકો પરોવાતાં આવે, અને આખી કૃતિનો હાર તૈયાર થઈ જાય.

મુક્તકો લખવાં મુશ્કેલ છે. અજાણ્યા લોકકવિના દુહા-સોરઠા જેવા દુહા-સોરઠા દસકામાં એકબે પણ જવલ્લે જ મળે છે.

*

કવિતા શબ્દની કલા છે. શબ્દને બે વાનાં હોય છેઃ એક તો અવાજ, જેને લીધે એ અસ્તિત્વમાં આવે છે; અને બીજું, એ અવાજને પ્રતીક ગણી તેમાં આરોપિત થયેલો અર્થ. કુશળ કવિઓ શબ્દના બંને અંશનો પૂરેપૂરો કસ કાઢે છે.

કવિતા મૂળ તો કાનનો વિષય છે. છતાં કવિ માત્ર આપણા કાનનું જ રંજન કરીને બેસી રહેતો નથી. તે શબ્દો દ્વારા ચિત્રો ઉઠાવી આપણી નજર આગળ ખડાં કરી દે છે. કોઈ કોઈ કવિઓ આપણી બીજી ઇંદ્રિયોનું પણ ઉદ્‌બોધન કરે છે. દરિયાનું એવું વર્ણન કરે કે પાણીની ખારાશ તમારી જીભ ઉપર વસી જાય. એટલું જ નહિ, નાકને પણ તેની ખબર પડે. આમ આપણી વિવિધ ઇંદ્રિયગ્રાહ્ય સમૃદ્ધિને આપણા કલ્પના-દેશમાં સંક્રાન્ત કરવા કવિ બીડું ઝડપે છે. કોઈ વીરલા જ એમાં પૂરી સફળતા મેળવે છે.

હૃદયની મુલાયમ લાગણીઓને, અડવા જાઓ ને કરમાઈ જાય એવી લજામણીના છોડ જેવી લાગણીઓને, કુશળ કવિઓ સફળતાપૂર્વક સ્પર્શે છે—અને તે, આંસુથી તેમને ખરડાવા દીધા સિવાય.

કવિ પોતાને ફાવી ગયેલી લઢણનું પુનરાવર્તન કર્યા કરે, તો તેમાં એની સર્જકતા ક્યાં રહી? કૃતિએ કૃતિએ કવિ તરીકેનો એનો નવાવતાર થાય, તો જ એ સર્જક સાચો.

*

શબ્દનો વિવેક, શું ગદ્યમાં શું પદ્યમાં, લેખકની શકિતની મોટી કસોટી છે. ઘણા મોટા કલાકારોનું શબ્દભંડોળ મોટું હોતું નથી. પણ એમણે શબ્દ-પસંદગીમાં પોતાની મહત્તા સારી પેઠે દાખવેલી હોય છે.

તત્સમ શબ્દોનો અતિરેક કૃત્રિમતા ઉપજાવે છે. તળપદા શબ્દોના

અતિરેકની પણ એવી જ અસર થાય છે. સંસ્કૃત તત્સમ શબ્દોની વચ્ચે તળપદા શબ્દો આવે છે, ત્યારે પણ એ અસુભગ લાગે છે. શબ્દની ઔચિત્યબુદ્ધિથી જ પસંદગી થવી જોઈએ.

શબ્દો સરળ હોય, સમજાય એવા હોય, છતાં આખાનું કાંઈ મોંમાંથું સમજાય નહિ એવું બને. અને આખા લખાણનું પ્રધાનસૂત્ર જો એક વાર હાથમાં આવી ગયું હોય, તો વચ્ચે વચ્ચે અઘરા શબ્દોથી કોઈ મુશ્કેલી ન આવે. લેખક સરળ શબ્દ યોજે, અને કંઈ જ આપણે ન પામીએ; એ કરતાં થોડાક અપરિચિત શબ્દનો ભેટો કરવાને ભોગે પણ કાંઈક પહોંચાડવા મથતા લેખકનો આદર કરીએ. ખાલીખમપણું એ સરળતા નથી.

વર્ણનની શક્તિ કેળવવી આપણા હાથમાં છે; દર્શનની શક્તિ કેળવવી સહેલી નથી. કવિજીવનના આરંભમાં, તેથી, કવિઓ ઘણી વાર પેલી વર્ણનની તાલીમને પોતાની ઉપર સવાર થઈ જવા દે છે. મીઠા મીઠા કે ભવ્ય શબ્દોનો શોખ કવિની સહજ શક્તિઓને અન્યાયકર્તા થઈ પડે છે.

*

જેમાંથી પાંચ-સાત કૃતિઓ પણ સાતમી ગાળણીએ ગાળતાં ટકી રહે, એવા સંગ્રહો કેટલા?

કૃતિના મૂલ્યાંકન વખતે વિવેચનામાં ક્વચિત્ દયા ઉશ્કેરવાના દેખાવો જોવા મળે છે. “આ સ્થિતિમાં માણસ આનાથી વધારે સારું શું કરી શકે?”—એ જાતની દલીલોથી કૃતિને આગળ કરવામાં આવતી હોય છે.

હું તો કહું કે, આ રહી કર્તાની કૃતિઓ. કર્તા સામું જોશો નહિ. કૃતિને ચારે કોરથી તપાસી જુઓ અને તમારી પાસે જે આકરામાં આકરી કસોટી હોય તે વડે એને કસી જુઓ; અને પછી નછૂટકે તમારે એને યોગ્ય ગણવી પડે તો ગણો. તમે કૃપા કરીને “હશે!” “ચાલશે!” એવા શબ્દ વાપરશો જ નહિ.

['નિરીક્ષા' તથા 'શૈલી અને સ્વરૂપ' પુસ્તકો]

## પંચમી આવી વસંતની

*કોકિલ, પંચમ બોલ બોલો*
*કે પંચમી આવી વસંતની.*

*દખ્ખણના વાયરાનાં આ શાં અડપલાં!*
*ઊઘડ્યાં લતાઓનાં યૌવનનાં સપનાં,*
*લાગ્યો જ્યાં એક વાયુઝોલો—*
*કે પંચમી આવી વસંતની.*

*મંજરી, મત્ત થઈ ડોલો*
*કે પંચમી આવી વસંતની.*

*આંબે આંબે હસે રસની કટોરીઓ,*
*ગાતાં ભમતાં ભૃંગ પ્રેમ તણી હોરીઓ.*

*આછો મકરંદ મંદ ઢોળો*
*કે પંચમી આવી વસંતની.*

*આતમ, અંતરપટ ખોલો, કે પંચમી આવી વસંતની*
*ચેતના આ આવી ખખડાવે છે બારણાં,*
*હેતે વધાવી એને લો રે ઓવારણાં.*
*ઝૂલે શો સૃષ્ટિનો હિંડોળો! કે પંચમી આવી વસંતની.*

['સમગ્ર કવિતા' પુસ્તકઃ ૧૯૮૧]

## કેવા કેવા પ્રભો...

*કેવા કેવા પ્રભો, દીધા આસ્વાદો જગના મને!*
*જાણતે શે હું કે શું શું છે ફિક્કું તુજ સ્વાદથી?*

# 'હોઠે સ્મિત... હૈયે કરુણા'

તરુણ શેક્સપિયર એવન નદી ઉપરના સ્ટેટફર્ડ ગામનું ઘર છોડીને, ભાગીને, લંડન આવ્યો. ઘોડે ચડીને નાટક જોવા આવનારના ઘોડા નાટકશાળા પર સાચવવાનું કામ એણે સ્વીકાર્યું. પછી નાના કિશોરો એ કામ માટે રોકાયા અને પોતે અંદર સર્યો, પાઠ સંભારી આપનાર '(પ્રોમ્પટર') બન્યો, લહિયો થયો, તક મળતાં નટ બન્યો. જૂનાં નાટકોની મરામત પર હાથ અજમાવતાં નાટ્યકાર નીવડ્યો. શેક્સપિયરની મહાપ્રતિભા પ્રગટવાનો આ છે સ્થૂળ સોપાનક્રમ.

યુનિવર્સિટીના વિદ્યાવંતો, નાટકશાળાને ઉત્તમ નાટકો આપવા છતાં, એમાં રળતર કંઈ ન હોવાથી ભૂખે મરણશરણ થયા. માત્ર નિશાળનું યત્કંચિત ભણતર પામેલા, પણ સંસારશાળાના અઠંગ શાગીર્દ શેક્સપિયરે ઉત્તમોત્તમ નાટ્યકૃતિઓ રચતી વેળાએ પણ ધંધા તરીકે તો અભિનેતાની કામગીરી જ ખેડી. "દનિયું રળનાર" મોટો નામી કવિ બન્યો. પણ "કવિ શેક્સપિયરનું ભરણપોષણ નટ શેક્સપિયરે જ કર્યું છે."

કશી રાવ, ફરિયાદ, ઉંકારો, બળાપો કરવા રોકાયા વિના એણે ચૂપચાપ મન સાથે ગાંઠ વાળી લીધી કે દિવસે નાટકોમાં અભિનય કરીને રોટલો મેળવી લેવો, અને બાકીનો સમય આપવો મસ્તકમાં ભીડ મચાવતાં પાત્રોને હૃદયસંજીવની છાંટીને અમર શબ્દદેહ બક્ષવામાં. "હોઠે સ્મિત, કંઠે ગીત અને હૈયે કરુણા વહાવીને શેક્સપિયરે આંતરજીવનને એવું તો આત્મસાત્ કર્યું છે કે એનાં નાટકોના દર્પણમાં માનવજાત અદ્યાપિ જિંદગીના મર્મોને પામે છે."

[સંતપ્રસાદ ભટ્ટના પુસ્તક 'શેક્સપિયર'નો આમુખ]

# આવતાનાં એંધાણ પારખનાર

નાનાભાઈ [ભટ્ટ], આપણી એક અનોખી વિભૂતિ; નસીબદાર : એમને ‘દર્શક’ મળ્યા. સૌ મહાજનોનું આવડું સદ્‌ભાગ્ય હોતું નથી. જોહ્‌ન ધ બાપ્ટિસ્ટની જેમ નાનાભાઈ કહેવામાં ગર્વ લેતા હતા કે, જે મારી પાછળ આવી રહ્યો છે તેના જોડાની વાધરી છોડવાની પણ મારી લાયકાત નથી. નાનાભાઈના આ વાત્સલ્યે, આવતાનાં એંધાણ પારખતી ઉમંગભરી ઉદારતાએ, ‘દર્શક’ને ઘડવામાં ઓછો ફાળો આપ્યો નથી.

# ભારતીય સંસ્કૃતિના કવિ

અત્યંત સમૃદ્ધ એવા સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસ એક અવાજે સર્વશ્રેષ્ઠ કવિ ગણાય છે. શબ્દનું સૌંદર્ય, છંદનું માધુર્ય, વિષયનું ગાંભીર્ય, સમગ્ર સંદર્ભની નરી ધ્વનિમયતા-રસમયતા કાલિદાસની રચનાને જુદી જ તારવે છે. સહેજે તેથી તેઓ ‘કવિકુલગુરુ’ લેખાયા છે.

વિદ્વાનોનાં સંશોધનોનો ઝોક ગુપ્તયુગના ‘વિક્રમાદિત્ય’નું પદ ધારણ કરનાર ચંદ્રગુપ્ત બીજા (ઈ.૩૭૫-૪૧૩)ના અને તેના પુત્ર કુમારગુપ્તના સમયમાં કાલિદાસ થયાનું માનવા તરફ છે. આર્થિક રીતે, લશ્કરી રીતે, સંસ્કારની દૃષ્ટિએ સંપન્ન લેખી શકાય એવા સુવર્ણયુગ સમા જમાનામાં કાલિદાસ થઈ ગયાની એની રચનાઓની સૃષ્ટિ પરથી છાપ પડે છે. ભારતની તપોવન સંસ્કૃતિની છેલ્લી ઝલક કાલિદાસની કૃતિઓમાંથી ઝિલાઈ છે. ઉજ્જૈનની અપૂર્વ જાહોજલાલીના સાક્ષી કવિ કાલિદાસ ઇસવી સનના ચોથા સૈકાના અંતમાં અને પાંચમાના આરંભમાં થઈ ગયા હોવાની સંભાવના સ્વીકાર પામી છે.

કવિના જન્મસ્થાન અંગે અનેક પ્રદેશોના દાવા છે. સામાન્ય રીતે એ કાશ્મીરના મનાય છે. એમનું મુખ્ય કાર્યસ્થળ ઉજ્જૈન રહ્યું લાગે છે. ‘મેઘદૂત’માં યક્ષ મેઘને કહે છે કે, રસ્તો થોડો વાંકો લેવો પડશે

પણ ઉજ્જૈન તો જજે જ જજે. મધ્ય ભારતની નદીઓ, પર્વતો, એ સમગ્ર ભૂ-ભાગ પ્રત્યેની ઝીણવટભરી કવિની આત્મીયતા 'મેઘદૂત'માં આલેખાઈ છે.

કાલિદાસની કૃતિઓ કવિને અનેક વિષયોની-અનેક શાસ્ત્રોની ઝીણી જાણકારી છે તેની પ્રતીતિ કરાવે છે. અને 'રામાયણ' ઉપર તો એ જાણે જીવે છે. ભારતને એ તારતાર ઓળખે છે. કવિ તરીકેની એમની સજ્જતા ચકિત કરે તેવી છે.

કાલિદાસ ભારે ઓછાબોલા કવિ છે. જગતનો એક શ્રેષ્ઠ કવિ, એનાં પુસ્તક માંડ છ-સાત. તેમાં બે મહાકાવ્ય 'કુમારસંભવ' અને 'રઘુવંશ' તે અધૂરાં. સો ઉપર શ્લોકોનું 'મેઘદૂત' ખંડકાવ્ય અને ત્રણ નાટકો 'માલવિકાગ્નિમિત્ર', 'વિક્રમોર્વશીય' અને 'શાકુન્તલ'. ઉપરાંત 'ઋતુસંહાર' નામની પ્રકૃતિવર્ણનની ૧૪૪ શ્લોકની કૃતિ આરંભની કાવ્યરચના મનાય છે.

'ઋતુસંહાર': ભારતમાં છ ઋતુઓ છે એ છયે ઋતુઓનો સંહાર (= સમૂહ) આ કૃતિમાં પ્રસ્તુત થયો છે. કવેિએ ઉનાળાથી આરંભ કર્યો છે. મધુરથી સમાપન કરવું એ ન્યાયે વસંતના વર્ણન આગળ કાવ્ય પૂરું થાય છે.

'મેઘદૂત': હિમાલય પ્રદેશમાં અલકાનગરીમાં એક યક્ષ ફરજ બજાવવામાં ભૂલ કરી બેઠો. કુબેરે એને વરસ માટે દૂર રહેવાનો શાપ આપ્યો. દૂર દક્ષિણમાં રામગિરિમાં એ દહાડા નિર્ગમતો હતો. જેવો આષાઢ બેઠો, મેઘને જોઈ વિરહિણી પત્નીના સ્મરણથી એ વ્યાકુળ થયો. મેઘને એ વિનંતી કરે છે કે, તું ઉત્તર તરફ જાય છે તો અલકા સુધી જજે ને મારી પત્નીને સંદેશો આપજે કે હું જીવતો છું અને બાકીનો સમય પણ વીતી જશે ને આપણે મળીશું. આટલી વાત મંદાક્રાન્તા છંદના ૧૧૧ શ્લોકમાં નિરૂપાઈ છે. યક્ષ મેઘને સંદેશવાહક થવા વીનવીને અલકા સુધીનો માર્ગ વચ્ચેનાં નગરો, પ્રદેશો, નદીઓ, પર્વતો, તીર્થસ્થળોનાં વર્ણન સાથે વિગતે સમજાવે છે.

યક્ષ મેઘને રસ્તો સમજાવે છે તેમાં ભારતમાં યુગોથી જિવાતા જીવનનો સંદર્ભ ઊઘડતો આવે છે. સ્વર્ગના શોભાયમાન ટુકડા જેવી મહાનગરી ઉજ્જયિનીની વાત આવે, તો આવી રહેલા નવા મેઘને આંખો વડે પીતી ગ્રામવધૂઓને યક્ષ ભૂલે કે? મઘમઘતી કેવડાની વાડો, છજા-છેડે લપાઈને પોઢેલાં પારેવાં-અરે, તાજા વરસાદની ભીની માટી પર ચાલતા નાનકડા લાલ ઇન્દ્રગોપ જંતુને પણ વિરહી યક્ષ વીસર્યો નથી. વિરહને પરિણામે પ્રિયતમાને માટેની એની લાગણી જેમ ઊંડી થયેલી જોવા મળે છે તેમ એની ચેતના સમષ્ટિ સાથે એકરૂપ બની રહેલી વરતાય છે. મનુષ્યો જ નહીં, પશુઓ, પંખીઓ, જીવજંતુ, પાણીનાં મત્સ્ય, વૃક્ષો, ફૂલો, પ્રાણરહિત વસ્તુઓ, ઘરો, નદીઓ, ગિરિઓ, ખેતરો, આખો પ્રકૃતિપરિવેશ તેમ જ સમગ્ર સંસ્કૃતિસંદર્ભ-એ બધાંને વિરહી યક્ષની ચેતના વ્યાપી વળે છે.

'મેઘદૂત' એ વિરહના તાર ઉપર છેડેલી પ્રેમની મહારાગિણી છે, જેમાં એક વિરહી યુગલની વીતકકથા એ સંસ્કૃતિગાથા બની રહે છે. વિન્ધ્યની દક્ષિણેથી આરંભીને કૈલાસગિરિ સુધીના એ નર્મદા, સિપ્રા, વેત્રવતી, સરસ્વતી, ગંગાથી ધન્ય એવા મનોરમ ભૂભાગોમાં સૈકાઓથી જિવાતું આવતું જનજીવન ઐતિહાસિક, પૌરાણિક વિગતોના નિર્દેશો સાથે કાવ્યમાં તાદૃશ થતું આવે છે.

પ્રિયતમાને મેઘ દ્વારા સંદેશો મોકલવો એ કલ્પના જ હૃદય હરી લે એવી હોઈ જગતની અનેક ભાષાઓમાં 'મેઘદૂત' ઊતર્યું છે. 'મેઘદૂત'ની કેટલીય પંક્તિઓ ચિરસ્મરણીય બની છે. 'મેઘદૂત'માં સર્જક કલ્પનાની પ્રસાદીરૂપ અનેક ચિત્રો છે, જે સેંકડો વરસોથી કાવ્યરસિકોની ચેતનામાં અપૂર્વ તાજગીથી પુનર્જીવિત થયાં કરે છે.

'કુમારસંભવ': પ્રથમ સર્ગમાં નગાધિરાજ હિમાલયની ભવ્યતા શબ્દબદ્ધ થઈ છે. હિમાલય એ દેવતાત્મા છે. તેને પત્ની મેનાથી પાર્વતી નામે પુત્રી છે. કાવ્યનાયિકા પાર્વતીના સૌંદર્યનું વર્ણન કવિ ૨૫ શ્લોકમાં કરે છે. બીજા સર્ગમાં દેવો બ્રહ્મા પાસે જઈ તારકાસુરથી રક્ષણ મેળવવા પ્રાર્થના કરે છે. શંકર-પાર્વતીનો પુત્ર દેવોનો સેનાની થાય તો તેઓ

જીતે, એ ઉપાય બ્રહ્મા બતાવે છે. ઇન્દ્ર કામદેવને યાદ કરે છે. મિત્ર વસંત સાથે એ હાજર થાય છે. ત્રીજા સર્ગમાં ઇન્દ્રની આજ્ઞા જાણી મિત્ર વસંત અને પત્ની રતિ સાથે કામદેવ હિમાલયમાં જાય છે. અકાલ વસંત-લીલાનો ઉન્માદ બધે ફેલાય છે. પણ મહાદેવનો તપ:પ્રભાવ જોઈ એક વાર તો કામદેવનાં ધનુષ્યબાણ એને ખબરે ન રહી ને સરી પડ્યાં. ત્યાં એને ઉત્સાહિત કરતી શિવની પૂજા અર્થે 'વસન્ત પુષ્પાભરણો પહેરી... સંચારિણી પલ્લવિની લતા શી' પાર્વતી પ્રવેશી. નંદી દ્વારા રજા મેળવી શિવ પાસે આવી એણે મસ્તક નમાવીને પ્રણામ કર્યા. જે અન્ય કોઈનેય ન સેવે એવો પતિ પામ-એવા આશીર્વાદ શિવે આપ્યા. કામદેવ ધનુષ્યની દોરી અધીરાઈથી પંપાળવા લાગ્યો. ત્યાં ગૌરીએ શિવને કમલબીજની માળા અર્પી. જેવા તે એ લેવા ગયા ત્યાં કામે સંમોહન બાણ પુષ્પના ધનુષ્ય પર ચડાવ્યું. શિવનું ધૈર્ય જરીક હટ્યું, પક્વબંબિ જેવા અધરોષ્ઠવાળા ઉમાના મુખ ઉપર એમણે ત્રણે આંખો ફેરવી. મહાદેવના ત્રીજા નેત્રમાંથી પાવક નીકળ્યો અને એ જ્વાળાઓએ 'દીધો કરી મન્મથ ભસ્મશેષ.' રતિ મૂછિર્ત થઈ. શિવ અંતર્ધાન થયા.

ચોથો સર્ગ રતિવિલાપનો છે. રતિ દેહ છોડવા તૈયાર થાય છે ત્યાં આકાશવાણી આશ્વાસન આપે છે કે શિવ ગૌરીના તપથી પરણશે ત્યારે કામદેવ પણ સદેહ થશે.

પાંચમા સર્ગમાં પાર્વતી ઉગ્ર તપ કરવા જાય છે. ત્યાં એક દંડી જટાધારી આવે છે અને તપનું કારણ પૂછે છે. ઉમામુખેથી તે જાણી બ્રહ્મચારી કહે છે-સર્પથી વીંટેલા હાથની સાથે તારો હસ્તમેળાપ શી રીતે થશે? પરણ્યા પછી ઘરડા બળદ પર બેસાડી તને લઈ જશે, મહાજન હાંસી કરશે. ઉમા કહે છે, તું તેમને યથાર્થ ઓળખતો નથી; ભાવથી એકરસ એવું મારું હૃદય એમનામાં ઠર્યું છે. પછી એને દૂર કરવા સખીને એ કહે છે ત્યાં એ અતિથિ મહાદેવરૂપે પ્રગટ થાય છે અને 'આજથી તારા તપથી ખરીદાયેલો તારો દાસ છું' એમ કહે છે. સાતમો સર્ગ ઉમાવિવાહનો છે. આઠમો સર્ગ દંપતીની પ્રણયકેલિનો છે.

પોતે જેને જગતનાં માતાપિતા લેખે છે એવાં પાર્વતી અને મહાદેવની

શૃંગારલીલા કાલિદાસે વર્ણવી અને કોઈ પણ પોતાની માતાનું ન કરે એવું પાર્વતીના દેહસૌંદર્યનું વર્ણન કર્યું એ અનૌચિત્ય ઉઘાડું છે. કવિએ પોતે જ આઠમા સર્ગ પછી કાવ્ય અધૂરું છોડી દીધું છે.

'રઘુવંશ': મહાન રાજાઓ આપનાર એક મહાન વંશને એ મહાકાવ્ય આલેખે છે. એકેએક શ્લોક પોતાના રસતેજથી ઝળહળી રહે એ રીતની રચનામાં કાલિદાસ પાવરધા છે. કવિકર્મની મુખ્ય શક્તિ ઉપમા. દરેકેદરેક શ્લોકને કવિ નવી ઉપમાથી સજીવન કરી દે છે. કાવ્યરસિકો એક અવાજે બોલી ઊઠ્યા: ઉપમા તો કાલિદાસની.

વારંવાર શ્લોકોમાં આવતા ઉપમાચમત્કાર, વિરલ ચિત્રાંકનો અને આંતરે આંતરે ગૂંથાયેલા પ્રસંગો પ્રતીતિ કરાવે છે કે કાલિદાસ એટલે આરસ અને ટાંકણું, અપૂર્વ શિલ્પવિધાન.

ઇન્દુમતી-સ્વયંવર નિમિત્તે થોડાક રાજાઓનાં ચિત્રાંકનો રજૂ થાય છે. કવિની કવિતાનો વિરલ અભિષેક પામેલા સાત રાજાઓ એકેકથી ચડિયાતા લાગે છે. ઇન્દુમતીના મનમાં કોઈ ન વસ્યો. આ પ્રસંગે કવિએ એક ઉપમા યોજી છે: રાતે દીવાની જ્યોતિ જેમ જેમ નગરના રાજમાર્ગ પર પસાર થતી જાય તેમ તેમ જે હાટની પાસે થઈને એ આગળ વધે તે હાટ ઝાંખું પડે, તે રીતે સ્વયંવરમાં જે રાજા પાસેથી ઇન્દુમતી બીજા તરફ આગળ વધતી તે ઝંખવાણો પડતો:

*સંચારિણી દીપશિખા વટાવે*
*ને હાટ રાતે જ્યમ રાજમાર્ગે*
*ઝંખાય; કન્યા વધતી સ્વયંવરે*
*આગે, થતો ત્યાં નૃપ ઝંખવાણો.*

રસિકોને કાલિદાસની સેંકડો ઉપમાઓમાંથી આ ગતિશીલ 'દીપશિખા'ની ઉપમા એટલી બધી ગમી ગઈ છે કે કાલિદાસને 'દીપશિખાકવિ' કહેવામાં આવે છે.

કાલિદાસ ભારતના રાષ્ટ્રકવિ છે. ભારત ખેતીપ્રધાન દેશ. ભારતની મઘમઘતી સંસ્કૃતિ પાણીને ટીપે ટીપે મોતી વેરતા, દરેક ચાસમાં મોતી

પેરતા મેઘના આધારે છે. કવિની કલ્પનાએ મેઘને સંદેશવાહક તરીકે પસંદ કર્યો તે ઘડીએ સહેજે એ રાષ્ટ્રકવિના બિરુદને પાત્ર થયા.

કવિએ 'મેઘદૂત'માં મધ્ય ભારતથી હિમાલયખોળે અલકા સુધીનાં નદીઓ, પર્વતો, નગરો, તીર્થો વર્ણવ્યાં. 'રઘુવંશ'માં સીતાને રામ પુષ્પક વિમાનમાંથી લંકાથી ગોદાવરી સુધીના પ્રદેશો, ઉપરાંત ત્રિવેણીસંગમ આદિ બતાવે છે. હિમાલયને તો 'કુમારસંભવ'ના આરંભમાં મન મૂકીને ગાઈ લીધો હતો. છતાં રઘુનો દિગ્વિજય વર્ણવતાં તેનાં દળોને કાશ્મીરમાંથી હિમાલયના ઉત્તરના પ્રદેશોમાં થઈ લૌહિત્યા (બ્રહ્મપુત્રા) નદી ઓળંગી પ્રાગ્જ્યોતિષ (આસામ)માં પ્રવેશતાં વર્ણવી ભારતના ઉત્તર સીમાડાઓ પર એમની કવિતા ઘૂમી વળે છે. ભારતની ભૌતિક રચનાનાં દસવીસ સૈકામાં સહેજે ન બદલાય એવાં ચિરસ્થાયી સ્વરૂપોના સૌંદર્યને કવિપ્રતિભા શબ્દમાં ઝીલે છે. એ જ રીતે દક્ષિણમાં સમુદ્રતટે તાંબૂલ, નારિયેળ, મરી, એલચી, મૌક્તિક, ખજૂર આદિ, પશ્ચિમ તરફ દ્રાક્ષ, કાશ્મીર તરફ કેસર, અખરોટ, હિમગિરિમાં કસ્તૂરી, ભૂર્જપત્ર અને આસામમાં કૃષ્ણાગુરુ આદિ નીપજો પણ પ્રસંગવશાત્ કવિ ઉલ્લેખે છે.

ભારતના ખૂણેખૂણાના ભાગોનો ઘણુંખરું એમને જાણે જાતઅનુભવ ન હોય, એવું એમનાં વર્ણનોની સુરેખતાથી સમજાય છે! કાલિદાસ અઠંગ ભારતપ્રવાસી છે. ભારતની પ્રકૃતિલીલાનું સૌંદર્ય એમણે આકંઠ પીધું છે. અને એથીયે વિશેષ તો અત્યંત ભાતીગળ એવી ભારતીય સંસ્કૃતિનું સમુદાર ભાવે એમણે અખિલાઈપૂર્વક આકલન કર્યું છે અને આ દેશમાં ખીલેલા માનવસંસ્કૃતિના વિશેષ સ્વરૂપને એના સંપૂર્ણ લાવણ્ય સાથે જગત આગળ શબ્દાકારે હંમેશ માટે પ્રસ્તુત કર્યું છે.

કાલિદાસ મેઘની કે વિમાનની ઊંચાઈએથી ભારતદર્શન કરે છે. કેવળ ભૂભાગો કે પેદાશો જોતા નથી, સમાજો કયાં મૂલ્યોના આધારે જીવે છે તે એ જુએ છે. કાલિદાસ ભારતીય સંસ્કૃતિના કવિ છે.

આપણાં બે રાષ્ટ્રીય મહાકાવ્યો 'રામાયણ' અને 'મહાભારત'. 'રામાયણ'માં વાલ્મીકિએ કુટુંબજીવનના સંબંધોનું-પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-ભાઈ આદિના સંબંધોનું-વ્યાકરણ સમજાવ્યું છે. 'મહાભારત'ના

કેન્દ્રમાં વ્યાસ ધર્મને મૂકે છે; અર્થ અને કામની સાધના પણ ધર્મ દ્વારા જ થઈ શકે, જ્યાં ધર્મ ત્યાં જય-એમ એ ગાઈબજાવીને ઠસાવે છે. કુટુંબ અને રાજ્ય બંને સંસ્થાઓ મનુષ્યસમાજ માટે મહત્ત્વની છે. કુટુંબ વિના સંવર્ધન નથી, રાજ્ય વિના સંરક્ષણ નથી.

બે ઋષિકવિઓની પછી આવતા કાલિદાસ રસના, રસરાજ શૃંગારના કવિ છે, પણ તે એ બંનેને પગલે ચાલતા દેખાશે. સ્ત્રીપુરુષ-પતિપત્ની વચ્ચેના પ્રેમનું ગાન એમને ફાવે છે. દેહાકર્ષણનું-કામનું સંબલ એ પૂરું સમજે છે, પણ પ્રેમીઓને એમને જે કહેવું છે તે તો એ કે તપસ્યા લાવો, રસ લઈ જાઓ. વળી આ કવિ દંપતીની વાતમાં જ પુરાઈ રહેવામાં રાજી નથી. સંવાદી પ્રેમવાળાં દંપતીની સંતતિ ઉપર હંમેશાં એમની નજર મંડાઈ છે. અને એ બાળક પણ અસુરોના સૈન્ય સામે વિજય માટે સેનાધિપતિપદ લઈ શકે એવો શિવ-પાર્વતીજાયો કુમાર હોવો જોઈએ, ભરતભૂમિને પોતાના નામથી અંકિત કરે એવો દુષ્યન્ત-શકુન્તલાસુત ભરત હોવો જોઈએ, દિલીપ-સુદક્ષિણાપુત્ર દાનવીર પ્રતાપી રાજવી રઘુ જેવો હોવો જોઈએ. આમ, કાલિદાસ પ્રેમના-શૃંગારના કવિ છે, પણ પ્રેમની વાત કરવા માંડે છે ને સમાજની સ્વસ્થ ચાલનાની-કુટુંબ અને રાજ્યની-વાતમાં એમની ચેતના ઓતપ્રોત થયા વગર રહી શકતી નથી. ઊંચા કવિ પાસે જે ઋષિકર્મની અપેક્ષા રહે તે કાલિદાસે બજાવ્યું છે. એથીસ્તો વાલ્મીકિ અને વ્યાસની પછી કાલિદાસના નામનું સ્મરણ થાય છે.

પ્રકૃતિ સાથે સંવાદિતાથી જીવવું, મનુષ્યો જ નહીં પણ પશુઓ, પક્ષીઓ, વૃક્ષો, લતાઓ સૌ સાથે આત્મીયતાથી જીવવું-સર્વમાં એકતા અનુભવવી એ મંત્ર કાલિદાસની કાવ્યસૃષ્ટિમાં ગુંજે છે. કવિએ પ્રકૃતિ અને માનવના મેળભર્યા જીવનનો મહિમા એના સૌંદર્યનો બોધ કરાવવા દ્વારા ઠસાવ્યો છે. આજે પર્યાવરણ-શાસ્ત્ર (ઇકોલોજી)ના પ્રશ્નોની જાગૃતિ વધતી જાય છે ત્યારે કાલિદાસની વાત કેટલી સુસંગત છે તે સમજાતું આવે છે.

કાલિદાસની કલ્પના સ્વર્ગ, હિમાલયનો ઊર્ધ્વલોક અને ભૂતલ-

બધે ફરી વળે છે, પણ પૃથ્વીની પક્ષપાતી છે. શકુન્તલા, તારું મહિયર સ્વર્ગમાં, પણ સાસરું તો પૃથ્વીમાં. સ્વર્ગ તો ભોગભૂમિ છે, પૃથ્વી છે કર્મભૂમિ. કાલિદાસ પૃથ્વી ઉપરના માનવજીવનની આશ્ચર્યમયતા પીતાં અને ગાતાં ધરાતા નથી.

['કાલિદાસ' પુસ્તિકા : ૧૯૪૭]

# ઉત્તમ વિવેચકો

આપણા વિવેચનસાહિત્યને સો વર્ષ થયાં. નવલરામનું થોડુંક વિવેચનકાર્ય બાદ રાખીએ, તો અત્યાર સુધીના ગુજરાતના ઉત્તમ વિવેચકો મારે મન ત્રણ છે : આનંદશંકર, બલવંતરાય અને રામનારાયણ. આમાંના પાછલા બે કવિઓ પણ છે. ગુજરાતી કવિતાની લખાવટ ઉપર બલવંતરાયની કવિતાનો પ્રભાવ એમના વિવેચન કરતાં પણ વધારે સૂક્ષ્મ અને સઘન છે. આનંદશંકર અને રામનારાયણભાઈનું એક સાથે સ્મરણ થાય છે એ તો એ કારણે કે શુદ્ધ કાવ્યપદાર્થમાં જ એમને રસ છે. કાવ્ય સિવાય કશાનો કક્કો એમને ખરો કરવાનો નથી. બલવંતરાયમાં કેટલીક વાર અતિઆગ્રહ વગેરેનો ભેળ વરતાશે. આનંદશંકર અને રામનારાયણભાઈનાં વિવેચન વખત જશે તેમ સુજ્ઞ અને સૂક્ષ્મદર્શી સાહિત્યસેવાઓ પર વધારે ને વધારે પકડ જમાવશે. ૨૦મી સદીના અંત સુધીમાં એમના જેવા એકબે વિવેચકો ઉમેરાય તો હું ઘણો સંતોષ માનીશ. કવિતાલેખકો, લખતી વેળા, બલવંતરાયની અસર નીચે ગમે તેટલા હોય, રામનારાયણભાઈ સૌ કવિતાલેખકોના અંતરાત્માના રખેવાળ સમા હતા જ.

# ઉર્વીશ કોઠારી

## “વલ્લભભાઈનો જય હો!”

સરદાર વલ્લભભાઈની સત્તાવાર જન્મતારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૮૭૫ ગણવામાં આવે છે, પણ સરદારે ૧૯૩૪માં એક સાથીદારને પત્રમાં લખ્યું હતું, “તમે ભાગ્યશાળી છો કે જન્મદિવસ ચોક્કસ યાદ છે. મને તો વરસ કેટલાં થયાં તે વિષે પણ અટકળથી જ ગપ્પું મારવું પડે છે. સોગંદ પર કહેવાનો વખત આવે ત્યારે તો આશરે આટલાં એમ જ લખાવું છું. કારણ કે મારી માને પેટ પાંચ પથ્થર પડેલા. તે પથરા કેવા નીકળશે અને શા કામમાં આવશે, એનો કશો ખ્યાલ ન હોવાથી કોઈએ દિવસની કે વરસની કશી નોંધ કે યાદી રાખી જ નથી.”

ઝવેરભાઈ અને લાડબાઈનાં છ સંતાનો-પાંચ પુત્રો, એક પુત્રી-માં વલ્લભભાઈનો નંબર ચોથો હતો. તેમનું લગ્ન ૧૭મા વર્ષે થયું, પછી વલ્લભભાઈએ અભ્યાસ ચાલુ રાખ્યો અને ઝવેરબા આઠેક વર્ષ સુધી તેમના પિયર રહ્યાં.

વલ્લભભાઈએ પ્લીડરની પરીક્ષા પાસ કરી અને ગોધરામાં વકીલાત શરૂ કરી, એ વખતે તેમણે ઝવેરબાને તેડાવી લીધાં. આર્થિક તંગી એવી હતી કે ઉછીની રકમ વડે ગુજરી બજારમાંથી સસ્તા ભાવની ઘરવખરી ખરીદી. વલ્લભભાઈ એ વખતે ૨૫ વર્ષના તરવરિયા, જોશીલા યુવાન હતા. વર્ણ શ્યામ, મોટું કપાળ અને ગાઢી મૂછો.

બે વર્ષ ગોધરામાં વિતાવ્યા પછી વલ્લભભાઈ-ઝવેરબા બોરસદ આવ્યાં. ૧૯૦૪માં મણિબહેનનો અને ૧૯૦૫માં ડાહ્યાભાઈનો જન્મ થયો. મોટા ભાઈ વિઠ્ઠલભાઈ બેરિસ્ટર થવા ઇંગ્લૅન્ડ ગયા, પછી ભાભીની સારસંભાળ રાખવા માટે વલ્લભભાઈ તેમને પોતાના ઘરે લઈ આવ્યા. ટૂંક સમયમાં દેરાણી-જેઠાણી દિવાળીબહેન અને ઝવેરબા વચ્ચે કંકાસ શરૂ થયો. તેના ઉકેલ માટે વલ્લભભાઈએ ઝવેરબાને પિયર મોકલી

આપ્યાં. વિઠ્ઠલભાઈ ભણીને બે-અઢી વર્ષે પાછા આવ્યા, ત્યાં લગી પતિ-પત્ની અલગ રહ્યાં.

જાહેર જીવનમાં કડક છાપ ધરાવતા વલ્લભભાઈમાં માતૃત્વના ગુણો ગાંધીજીએ જેલવાસ દરમિયાન પારખ્યા, પણ તેનું પ્રાગટ્ય વર્ષો પહેલાં થઈ ચૂક્યું હતું. નડિયાદમાં અભ્યાસ વખતે વલ્લભભાઈ તેમના મિત્ર કાશીભાઈના ઘરે રહેતા. એ ઘરમાં ઊછરતા કાશીભાઈના સ્નેહીના પુત્રની વલ્લભભાઈએ માતૃવત્ સંભાળ લીધી હતી. તેમના ચરિત્રકાર નરહરિ પરીખની નોંધ પ્રમાણે, “સરદાર તે છોકરાને પડખે જ સુવડાવતા અને રાત્રે ઊઠીને એને બે-ત્રણ વાર દૂધ પાતા. રાતે છોકરો ઝાડો-પેશાબ કરે તો એનાં બાળોતિયાં બદલાવતા અને બધું સાફસૂફ કરીને પાછા પોતાની પાસે સુવાડતા. આ છોકરાને ત્રણેક વર્ષનો થયો ત્યાં સુધી ઉછેરવામાં વલ્લભભાઈએ ખૂબ પરિશ્રમ ઉઠાવેલો.”

છ ભાઈભાંડુમાંથી વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ કરમસદ-બોરસદ છોડીને જાહેર જીવનમાં પડ્યા, એટલે કુટુંબ-સમાજ સાથેનો સક્રિય નાતો છૂટી ગયો. એ હકીકતનો ઉલ્લેખ કરતાં ડાહ્યાભાઈ પરના એક પત્રમાં સરદારે લખ્યું હતું, “મને લાગે છે કે આપણે કુટુંબથી અલગ રહ્યા છીએ એથી મહાખટપટોમાંથી છૂટી ગયા છીએ.” કૌટુંબિક ઝઘડા પ્રત્યે કેવો અભિગમ રાખવો, એ વિશે તેમણે ડાહ્યાભાઈને લખ્યું હતું : “કોનો કેટલો દોષ છે અને કોનો વધારે કે ઓછો છે, એ આપણને જાણવાની જરૂર નથી. સૌનો ઓછોવધારે હશે, પણ આપણે અલગ રહ્યા છીએ એથી સુખી છીએ. છતાં આપણો ધર્મ સૌને જેટલી મદદ થાય એટલી કરવાનો તો છે જ. એ ન કરીએ તો આપણે આપણો ધર્મ ચૂકીએ, ભલે એમણે આપણી કોઈ દિવસ ભાળ ન રાખી હોય. આપણે પણ કોઈ દિવસ એવી અપેક્ષા રાખી જ નથી. વળી કરમસદ ગામની રીતે આપણે વિચાર ન કરી શકીએ. એ તો ખટપટ અને પ્રપંચનું સ્થાન છે. આપણે ઉદારતાથી વિચાર કરવો જોઈએ.”

કરમસદ માટે સરદારે વાપરેલા વિશેષણની સાર્થકતાનો ખ્યાલ એ હકીકત પરથી આવી શકશે કે ત્યાં સરદારને નાત બહાર મૂકવામાં

આવ્યા હતા. સરદારનો એક ભત્રીજો ગોળની બહાર, વીરસદ પરણેલો અને એક ભત્રીજાના દીકરાને આણંદમાં પરણાવેલો. કરમસદના લોકોને આ પગલું ગમેલું નહીં.

વલ્લભભાઈની પ્રકૃતિમાં દૃઢતા અને વ્યવહારુપણાનો અજબ સંગમ થયો હતો. અમેરિકા જઈ આવેલા તેમના પૌત્ર બિપિને ખાદીને બદલે મિલનાં કપડાં પહેર્યાં, ત્યારે પિતા ડાહ્યાભાઈ ખીજાઈ ગયા હતા. “આપણે કોણ? તું મિલની બનાવટનાં કપડાં પહેરે? શરમ નથી આવતી? દાદાને કેવું લાગશે?” બિપિન એ જ કપડાંમાં દાદા પાસે પહોંચ્યો, ત્યારે મણિબહેને ઠપકાના સૂરમાં કહ્યું, “જોઈ લો, આ કેવાં કપડાં પહેરીને આવ્યો છે!” એ વખતે સરદારે ટાઢકથી કહ્યું હતું, “ખાદી એ ભાવના છે. શ્રદ્ધા ન હોય તો ન પહેરે.”

વિઠ્ઠલભાઈ નિ:સંતાન હતા, જ્યારે સરદારને એક દીકરી મણિબહેન અને તેમનાથી દોઢેક વર્ષ નાના પુત્ર ડાહ્યાભાઈ. સરદારના જીવનકાળ દરમિયાન મણિબહેન તેમનો પડછાયો બનીને રહ્યાં. તેમણે પોતાનું આખું વ્યક્તિત્વ વિરાટ પિતાની સેવામાં ઓગાળી દીધું હતું. પિતાના ફાટી ગયેલા પહેરણમાંથી પોતાના માટે થિગડિયો સાડલો બનાવતાં મણિબહેનનું ભણતર ઇંગ્લિશ મિડિયમની સ્કૂલમાં થયું હશે, એવી કલ્પના પણ ક્યાંથી આવે? મણિબહેન અને ડાહ્યાભાઈ વચ્ચેનો પત્રવ્યવહાર ગુજરાતીને બદલે અંગ્રેજીમાં થતો.

મહિને ૧૦-૧૫ રૂપિયાનો પગાર સુખેથી જીવવા માટે પૂરતો ગણાય, એ કાળે વલ્લભભાઈ પોતાનાં સંતાનોના અભ્યાસ અને હોસ્ટેલ પાછળ મહિને રૂ. ૧૦૦ ખર્ચી કાઢતા હતા. અમદાવાદના મોંઘાદાટ વકીલોમાં ગણતરી પામતા વલ્લભભાઈને એ રકમ પોસાતી હતી. ગાંધીજીના સંસર્ગ પછી તેમણે સાહજિકતાથી સાદગી અપનાવી. ડાહ્યાભાઈ મુંબઈમાં ઓરીએન્ટલ ઇન્સ્યોરન્સ કંપનીમાં નોકરી કરતા હતા. તેમનો સ્વભાવ થોડો આકરો; એટલે કામમાં ચડભડ ચાલ્યા કરતી. તે વખતે, એક સામાન્ય પિતા પોતાના પુત્રને શિખામણ આપે એ રીતે સરદાર ડાહ્યાભાઈને સમજાવતા હતા. યરવડા જેલવાસ દરમિયાન ૬-૧૨-૩૨ના

એક પત્રમાં સરદારે તેમને લખ્યું હતું, "તમે ઓફિસના કાગળો લખો છો તેમાં ભાષા ઉગ્ર અને સામાવાળાને માઠું લાગે એવી હોય છે... એ સારું ન ગણાય. તેથી આપણા ભવિષ્યની ઉન્નતિમાં વાંધો આવે. એટલું જ નહીં, આપણી આબરૂ પણ બગડે... આપણે જે કરવું હોય તે કરીએ, પણ આપણી સ્વતંત્રતાનો અર્થ એ નથી કે આપણે બીજાનો તિરસ્કાર કરીએ. આ વિશે વિચાર કરી જ્યાં જ્યાં ભૂલ થતી હોય ત્યાં સુધારજો. કોઈને માઠું લાગવા જેવું લખ્યું હોય તો તેની માફી માગી પ્રેમ સંપાદન કરજો. મારો સ્વભાવ પણ એક વખત કડક હતો પણ મને એ વિશે ખૂબ પસ્તાવો થયેલો છે. અનુભવથી તને લખું છું."

ડાહ્યાભાઈથી માંડીને તમામ સગાંવહાલાં માટે સરદારની કડક સૂચના હતી, "હું સત્તા પર છું ત્યાં સુધી દિલ્હીમાં ફરકવું પણ નહીં. બને તો વિંધ્ય (મધ્યપ્રદેશ) પાર ન કરવો." આ સૂચનાનો અમલ સરદાર કેવી કડકાઈથી કરતા, તેનો એક પ્રસંગ યાદ કરતાં ડાહ્યાભાઈના પુત્ર ગૌતમભાઈએ કહ્યું, "મારાથી બારેક વર્ષ મોટા બિપિનભાઈ અને બીજા કેટલાક પિતરાઈઓને વૅકેશનમાં દિલ્હી જવાનું મન થયું. ફરતા આવીશું અને દાદાને પણ મળી લઈશું-એમ વિચારીને એ લોકો દિલ્હી ઊપડ્યા. રોજના નિયમ પ્રમાણે દાદા સવારે ફરીને ઘરે આવ્યા. ત્યારે છોકરાઓને જોયા. ચા-પાણી થયાં, એટલે દાદાએ પૂછ્યું, "શું થયું? કોઈ માંદું-બાંદું છે?" છોકરાઓ કહે, "ના, અમે તો અમસ્તા જ આવ્યા હતા. મળવા માટે." તરત દાદા કહે, "મળી લીધું ને? હવે પહેલી ટ્રેનમાં પાછા જતા રહો. પૈસા જોઈતા હોય કે કંઈ કામ હોય તો કહો. બાકી તમારે અહીં પગ મૂકવાનો જ નહીં. તમારો ઇરાદો ખરાબ નહીં હોય તોપણ લોકો તમારો ગેરલાભ લેવાનો પ્રયત્ન કરશે અને આપણા લોકો જ આપણને ઊંધા રસ્તે ચડાવશે."

*

ગાંધીજીને મળતાં પહેલાં વલ્લભભાઈ બૅરિસ્ટર અમદાવાદમાં ફોજદારી વકીલાત કરીને ધૂમ રૂપિયા રળતા હતા. તેમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ૧૯૧૩માં મુંબઈ ધારાસભાના સભ્ય બન્યા, પણ આ

નાના ભાઈ રાજકારણથી અળગા રહ્યા. એ સમયની પોતાની મનોદશા ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ સરદારે આ શબ્દોમાં વર્ણવી હતી : "વિલાયતથી પાછા આવ્યા પછી [હું] વકીલાતમાં ને પૈસા કમાવામાં ગૂંથાયો. દેશના રાજકારણનું નિરીક્ષણ કરતો હતો, પણ ધ્યેય સુધી પહોંચે એવો કોઈ નેતા જોવામાં આવતો નહોતો. જે હતા તે બધા ખાલી બકવાદ કરનારા હતા. એટલે હું રોજ સાંજે વકીલોની ક્લબમાં જતો ને પાનાં ટીચતો. સિગારેટનો ધુમાડો કાઢવો એ જ મારી તે વખતની મોજ. દરમિયાન કોઈ વક્તા આવી પહોંચતો તો તેની ઠેકડી ઉડાડવામાં પણ મજા આવતી."

૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા, ત્યારે રાજકારણમાં નવી તરાહનાં એંધાણ વર્તાવા લાગ્યાં. બીજા લોકોની જેમ વલ્લભભાઈને પણ લાગ્યું કે અત્યાર સુધીના નેતાઓ કરતાં આ મૂર્તિ કંઈક જુદી છે. તેમણે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ કહ્યું હતું : "એક દિવસ અમારી ક્લબમાં ગાંધીજી આવ્યા. એમને વિશે કંઈક વાંચ્યું હતું ખરું. એમનું ભાષણ મેં કંઈક ગમ્મતથી સાંભળ્યું. એ વાત કરતા હતા ને હું સિગારેટના ધુમાડા કાઢતો હતો. પણ અંતે જોયું કે આ માણસ વાતો કરીને બેસી રહે એવો નથી, કામ કરવા માગે છે. પછી વિચાર થયો કે જોઈએ તો ખરા, માણસ કેવો છે. એટલે હું તેમના સંપર્કમાં આવ્યો. તેમના સિદ્ધાંતોનો વિચાર મેં નહોતો કર્યો. હિંસા-અહિંસા સાથે મારે કંઈ લેવાદેવા નહોતી. માણસ સાચો છે, પોતાનું જીવનસર્વસ્વ અર્પણ કરીને બેઠો છે, દેશની આઝાદીની એને લગની લાગી છે અને પોતાનું કામ જાણે છે, આટલું મારે માટે પૂરતું હતું."

કાકાસાહેબ કાલેલકરે સરદારની વ્યવહારુતા વિશે લખ્યું હતું : "કહેવાય છે કે જ્યારે સોનામાં થોડું ત્રાંબું ભળે છે ત્યારે સોનું મજબૂત થાય છે. એનો ચળકાટ પણ વધે છે અને એના રણકામાં પણ ફેર પડે છે. ગાંધીજીમાં તત્ત્વનિષ્ઠાનું સોનું હતું. એમનામાં વહેવારકુશળતા ઓછી ન હતી, પણ એ રહ્યા ક્રાન્તદર્શી. આજે ભેળવેલું તાંબું આગળ જતાં કોક દિવસે નુકસાન કરવાનું જ એ વિચારે તેઓ બનતાં સુધી

ત્રાંબાથી દૂર રહેતા. વલ્લભભાઈ કદર તો સોનાની જ કરતા. સોના પાસેથી જ એ કામ લેવા ઇચ્છતા હતા, પણ સોનામાં વહેવારદૃષ્ટિનું ત્રાંબું મેળવવામાં એમને કશો સંકોચ થતો ન હતો.”

વલ્લભભાઈ પર મુકાતો એક આરોપ એવો છે કે ગાંધીજીના અંધ અનુયાયી હતા. ગાંધીજીના ‘યસમૅન’ તરીકેની તેમની છાપ એટલી વ્યાપક હતી કે જીવનના અંતિમ તબક્કામાં ખુદ ગાંધીજીએ કહ્યું હતું, “સરદાર હવે મારા ‘હા જી હા’ કરનારા (યસમૅન) રહ્યા નથી. તે એટલા સમર્થ છે કે કોઈનાય હા જી હા કરનારા તે બની શકે નહીં. હું જે કંઈ કહેતો, એ તેમને સહેજે અપીલ કરતું હતું એટલે તે પોતાની જાતને મારા ‘હા જી હા’ કરનાર તરીકે ઓળખાવા દેતા હતા.”

સરદાર કહેતા, “લોકો મને [ગાંધીજીનો] અંધ અનુયાયી કહે છે તેથી હું શરમાતો નથી. એમની આગેવાની સ્વીકારી ત્યારે વિચાર કરી લીધેલો કે આ માણસની પાછળ ચાલતાં કોઈ દિવસ લોકો મારા મોં પર થૂંકવાના છે ને એ માટે પણ તૈયાર રહેવું.” ૧૯૨૯માં તેમણે કહ્યું હતું, “મને ઘણા ગાંધીજીનો આંધળો ભક્ત કહે છે. હું ઇચ્છું છું કે સાચે જ મારામાં અંધ ભક્ત થવાની શક્તિ હોય. પણ તે નથી. હું તો સામાન્ય બુદ્ધિનો દાવો કરનારો છું. મારામાં સમજશક્તિ પડેલી છે; મેં જગત પણ ઠીકઠીક જોયું છે. એટલે સમજ્યા વિના, એક હાથની પોતડી પહેરીને ફરનારાની પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી. મારી પાસે ઘણાને ઠગીને ધનવાન થાઉં એવો [વકીલાતનો] ધંધો હતો, પણ તે છોડ્યો, કારણ હું એ માણસ [ગાંધીજી] પાસે શીખ્યો કે ખેડૂતનું કલ્યાણ એ ધંધો કરીને ન થાય, એને [ગાંધીજી] માર્ગે જ થાય. એઓ હિંદુસ્તાનમાં આવેલા ત્યારથી જ હું એમની સાથે છું અને આ ભવમાં તો એમની સાથેનો સંબંધ છૂટે એમ નથી.”

પાંચમી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં વલ્લભભાઈએ કહ્યું હતું, “આપણામાં તાલીમ અને વ્યવસ્થાની ખામી છે, સિપાઈગીરીની ખામી છે. આપણને હુકમ ઉઠાવવાની ટેવ નથી પડી. આપણે સ્વચ્છંદને સ્વતંત્રતા માનીને બેઠા છીએ. હિંદુસ્તાનનું દુ:ખ આગેવાનના અભાવનું

નથી, આગેવાનો અનેક થઈ પડ્યાનું છે. સિપાઈગીરીના અભાવનું છે.” સરદારની શક્તિઓ અને સ્વતંત્ર વ્યક્તિત્વ વિશે ગાંધીજી જરાય ભ્રમમાં ન હતા. તેમણે અંગ્રેજ પત્રકાર પેટ્રિક લેસીને ૧૯૩૧માં કહ્યું હતું, “વલ્લભભાઈ પટેલ તો સૈનિક છે. એ પોતાની જાતને ભૂંસી નાખવામાં માને છે. એમ નથી કે એમને પોતાના વિચારો નથી; પણ એ માને છે કે મૂળભૂત બાબતોમાં જ્યારે સંપૂર્ણપણે સંમતિ છે ત્યારે વિગતોના પ્રશ્નો ઉઠાવવાનો કંઈ અર્થ નથી.”

જવાહરલાલ નેહરુએ ૧૯૩૫-૩૬માં લખેલી આત્મકથામાં જણાવ્યું હતું, “ગાંધીજી અને તેમના આદર્શો-કાર્યપદ્ધતિઓ પ્રત્યે અત્યંત આદરભક્તિ ધરાવનાર વલ્લભભાઈની જોડનો ગાંધીજીનો બીજો વફાદાર સાથી હિંદભરમાં નહીં હોય.”

ગાંધીજી એક વાર બારડોલીના મહેમાન બન્યા ત્યારે, સરદાર અને રવિશંકર મહારાજ વચ્ચે ચાલેલો આ સંવાદ યાદ રહી જાય એવો છે:

“અલ્યા મહારાજ! મોડી રાત સુધી ક્યાં ગયેલો?”

“હું તો [ગાંધીજીની સૂચનાથી] લગ્ન કરાવવા ગયેલો, પણ તમારે મોડી રાતે શું ધાડ પડી હતી?”

“બાપુએ નવો પ્રોગ્રામ ઘડ્યો છે. તેમણે મને તે કહી સંભળાવ્યો. મેં એક કલાક સુધી મારા ઓરડામાં આંટા મારતાં મારતાં તેને પચાવવા મહેનત કરી. છતાં બરાબર બેઠું નહીં. તેથી ફરી પાછા બાપુને ઉઠાડીને તેમની પાસે સમજવા ગયો હતો. બાપુએ પાંથી પાડીને સમજાવ્યો. હવે ગેડ બેઠી. પણ મહારાજ, બાપુની શી વાત કરું? આપણે તો જીવતાં જ આ શરીરની ખાલ ઉતારીને એનાં કપડાં સિવડાવીએ તોયે બાપુનો બદલો વાળી શકાય તેમ નથી.”

ગાંધીજીના આશીર્વાદથી વલ્લભભાઈએ બારડોલી સત્યાગ્રહની સરદારી લેતાં પહેલાં, લડતના મૂળ મુદ્દાનું વાજબીપણું ચકાસી લીધું. તકરારના કેન્દ્રસ્થાને હતો નવો મહેસૂલવધારો. અંગ્રેજી રાજમાં દર ત્રીસ વર્ષે મહેસૂલના નવા દર નક્કી થતા હતા. એ રિવાજ મુજબ,

૧૯૨૭માં બારડોલી તાલુકાનાં ગામો માટે ૨૨ ટકાનો વધારો જાહેર થયો. વાંધો મહેસૂલ સામે નહીં, પણ તેમાં થયેલા આડેધડ વધારા સામે હતો. સરદારે કહ્યું હતું, “આપણે સરકાર જોડે કજિયો બાંધવાની ખાતર આ લડત માંડી નથી. તેનું વાજબી લહેણું આપણે દૂધે ધોઈને ચૂકવી આપવું છે.”

૧૨મી ફેબ્રુઆરી, ૧૯૨૮થી સત્યાગ્રહ શરૂ થયો. તેમાં વલ્લભભાઈની સંગઠન ઊભું કરવાની તાકાત જણાઈ આવી. બારડોલી તાલુકાનાં સ્ત્રી-પુરુષોએ ભારે હિંમત અને ધીરજ બતાવ્યાં. ખેડૂત માટે સ્વજનથી પણ વધીને ગણાય એવાં જમીન અને ઢોરઢાંખર જપ્ત થયા પછી પણ તે ઢીલા પડ્યા નહીં. એટલે જ વલ્લભભાઈ કહી શકેલા કે, “હું કાયરોને લઈને લડવા નીકળ્યો નથી; હું તો સરકારનો ડર છોડીને બહાદુર બન્યા છે તેમની સાથે ઊભો રહીને લડવા માગું છું.”

સત્યાગ્રહની અસરકારકતા અને લોકોની ઠંડી તાકાતનું પ્રતીક બન્યું હતું બારડોલી. મુન્શી પ્રેમચંદે તેને “વીરભૂમિ બારડોલી” તરીકે ઓળખાવીને ‘હંસ’ના નવેમ્બર ૧૯૩૦ના અંકમાં લખ્યું હતું: “ધન્ય છે તમને, બારડોલીના વીરો! સશસ્ત્ર સંગ્રામમાં એક સમયે જેમ ચિત્તોડે યશ મેળવીને ભારતનો ચહેરો ઉજાળ્યો હતો, એવો જ યશ બારડોલીના લોકોએ અહિંસક સંગ્રામ દ્વારા હાંસલ કર્યો છે. સિદ્ધાંત ખાતર સર્વસ્વનું બલિદાન આપવાના આવા દાખલા ઇતિહાસમાં ભાગ્યે જ મળે.”

લગભગ છ મહિનાની લડત પછી, અંગ્રેજ સરકારને નમતું જોખવું પડ્યું. કેદી સત્યાગ્રહીઓને છોડી મૂકવાની, મહેસૂલવધારા માટે તપાસસમિતિ નીમવાની, જપ્ત કરેલી મિલકતો પાછી આપવાની અને સત્યાગ્રહના ટેકામાં રાજીનામાં આપનારા પટેલો-તલાટીઓને પાછા નોકરી પર લેવાની શરતો સરકારે માન્ય રાખી. તો ‘બારડોલીનો ચમત્કાર’ કેવી રીતે શક્ય બન્યો? ગાંધીજીએ આપેલી સમજૂતી પ્રમાણે, “જો આપણે અભણ પ્રજામાં કામ કરવું હોય, તેમને સ્વરાજ્યવાદી એટલે કે રામરાજ્યવાદી બનાવવા હોય તો તે ધર્મજાગૃતિની મારફતે જ થઈ શકશે, એમ એમણે [વલ્લભભાઈએ] જોયું. વલ્લભભાઈએ બારડોલીમાં

આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ કરીને જો કોઈ છપાવે તો તે ધર્મનાં વ્યાખ્યાનોનો સંગ્રહ થઈ જશે.”

વિજયી નેતા અને ‘ખેડૂતોના સરદાર’ વલ્લભભાઈ સત્યાગ્રહ પછી અમદાવાદ આવ્યા, ત્યારે આશ્રમમાં તેમના સ્વાગત વેળા મહાદેવ દેસાઈએ રચેલું એક ગીત ગવાયેલું:

*ત્રાસ અન્યાયના અમલ ઊતરી ગયા*
*અભયથી ફૂલતી છાતી ખેડુ તણી…*
*નિબિડ નૈરાશ્યનાં તિમિર તો ઢળી ગયાં,*
*આશથી ઝળકતી આંખ ભારત તણી.*

કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં વલ્લભભાઈને અભિનંદન આપતો ઠરાવ પસાર થયો. આ અધિવેશનમાં એક વાર પ્રવેશપાસ ઉતારે ભૂલી ગયેલા વલ્લભભાઈને સ્વયંસેવકે અંદર દાખલ થતા અટકાવ્યા હતા. તેમની સાથે રહેલા આચાર્ય કૃપાલાનીએ ‘સરદાર’ની ઓળખાણ આપી, પણ વ્યર્થ! સ્વયંસેવકે બારડોલી કે તેના સરદાર વિશે કંઈ સાંભળ્યું હોય એવું લાગ્યું નહીં. તેને આબરૂ કે અપમાનનો પ્રશ્ન બનાવવાને બદલે, સરદાર ચૂપચાપ ઉતારે પાછા જતા રહ્યા.

*

સરદારના પિતા ઝવેરભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી. તેમના આરાધ્ય યજ્ઞપુરુષદાસ સ્વામીએ વડતાલ ગાદીથી અલગ થઈને બોચાસણમાં અક્ષર પુરુષોત્તમ સંસ્થા સ્થાપી. બે ફાંટા વચ્ચેના વિખવાદોમાં સ્વામી યજ્ઞપુરુષદાસ પર વોરંટ નીકળ્યું છે, એવી વાત ઝવેરભાઈને મળી. એ પહોંચ્યા વલ્લભભાઈ પાસે. ફોજદારી વકીલ તરીકે તેમની બોરસદમાં ધાક હતી, પણ સ્વામીની ધરપકડ રોકવાની રજૂઆત સાંભળીને વલ્લભભાઈની પહેલી પ્રતિક્રિયા: “મહારાજ પર વળી વોરંટ કેવું? એ તો પુરુષોત્તમ ભગવાનનો અવતાર કહેવાય! આપણને સૌને આ ભવમાંથી છોડાવનારા! એમને પકડનારા કોણ હોય?”

પણ પિતા ઝવેરભાઈ ગંભીર હતા: “તારે આ વોરંટ રદ કરાવી આપવું જોઈએ. મહારાજની ધરપકડ થાય તો આપણી આબરૂને ધક્કો

પહોંચે.”

“આપણી આબરૂને ધક્કો શાને લાગે?” વલ્લભભાઈએ કહ્યું, “વોરંટ નીકળ્યું છે તેનું કારણ પણ હશે. મોટા કાકા, તમારે હવે આ સાધુઓને પડતા મૂકવા જોઈએ. ખટપટ ચલાવે, ઝઘડા કરે અને અદાલતે ચડે તેવા સાધુઓ આ લોકમાં કે પરલોકમાં આપણું કશું ભલું કરવાના નથી.”

‘બાવા-બિઝનેસ’ વિશે તેમના મનમાં કેવી લાગણી હતી, તેનો ખ્યાલ અમદાવાદના વિદ્યાર્થીઓ સમક્ષ ૧૯૨૦માં તેમણે આપેલા એક પ્રવચનમાંથી પણ મળી રહે છે. વિદ્યાર્થીઓને શાળા-કોલેજો છોડવા માટે પાનો ચડાવતાં તેમણે કહ્યું હતું, “તમે સરકારી શાળાઓમાંથી ઊઠી જશો તો તમારી શી વલે થશે, એવી શંકાને પણ સ્થાન નથી. દેશમાં છપ્પન લાખ નિરક્ષર બાવાઓ ભૂખે નથી મરતા; તો તમે એવી શંકા શું કરવા કરો?”

ત્રણ વર્ષ પહેલાં બારડોલી સત્યાગ્રહ પર વારી જનારા મુન્શી પ્રેમચંદે પોતાના સામયિક ‘હંસ’ના એપ્રિલ, ૧૯૩૧ના અંકમાં ‘હમારે નેતાઓં કી બહકી બાતેં’ શીર્ષક હેઠળ લખ્યું હતું:

“ગુજરાતમાં સરદાર પટેલે એક ભાષણમાં કહ્યું, ‘ભારતમાં ઘોર સંગ્રામ થવાનો છે. જેમને પોતાનો જીવ વહાલો હોય, તેમણે ભારત છોડીને જતા રહેવું જોઈએ.’ સરદાર પટેલને ભલે જીવ વહાલો ન હોય, પણ આપણને જીવ વહાલો છે એટલે તો સ્વરાજ્ય લેવા માટે લડીએ છીએ. અને સરદારને પોતાનો જીવ વહાલો નથી એવું કોણ કહી શકે? બે વર્ષ પહેલાં તો એ વકીલાત કરતા હતા અને કાયદાના અભ્યાસ માટે વિલાયત ગયા હતા; એટલા માટે કે જીવ વહાલો હતો. બે વર્ષથી તેમનામાં વિશેષ જાગૃતિ આવી હોય, તો એવું ન બને કે આજે એ જેમને લાંછન લગાડી રહ્યા છે એવા લોકોમાં પણ જાગૃતિ આવે? જે પરિસ્થિતિમાં તમારું [સરદારનું] મોટા ભાગનું જીવન વીત્યું છે, એ જ સ્થિતિમાં બીજા ઘણા લોકો જીવી રહ્યા છે. તમે એમનાથી વહેલા જાગ્યા, એટલે તેમને મહેણાંટોણાં મારવાથી તેમને દુ:ખ પહોંચાડવા

સિવાય બીજું કંઈ થવાનું નથી. તમારી જેમ બીજા લોકો પણ સ્વરાજ્ય ઇચ્છે છે. ભાગ્યે જ એવું કોઈ અધમ પ્રાણી હશે જે સ્વરાજ્યનું પ્રેમી ન હોય. તમારામાં વધારે શક્તિ અને સાહસ છે, એટલે તમે શસ્ત્રો સજીને મેદાનમાં ઊતર્યા છો, પણ જે માણસો તમારી મદદ કરે છે, તેમની કોઈ ગણતરી જ નહીં? કોંગ્રેસે આ સંગ્રામમાં કરોડો રૂપિયા ખર્ચ્યા હશે. એ રૂપિયા પ્રજાએ આપ્યા છે. એ રૂપિયા વિના સ્વરાજ્યનું આંદોલન એક દિવસ પણ ન ચાલી શકે. નમ્રતા યોદ્ધાઓનું ભૂષણ છે. ડીંગો મારવામાં અને બીજાને ટોણા મારવામાં તેમની શોભા નથી."

પ્રેમચંદજીએ સરદારનાં બીજાં પ્રવચનો વાંચ્યાં હોત તો તેમની પ્રતિક્રિયા કેવી ઉગ્ર હોત, એ કલ્પી શકાય છે. ઉદાહરણ તરીકે, ૧૯૨૯માં બિહારની મુલાકાત વખતે ચંપારણના ખેડૂતોને સરદારે કહ્યું હતું, "તમારી મા, બહેન, પત્ની-એમને પડદામાં રાખીને તમે માનો છો કે તમે એમના શિયળની રક્ષા કરી શકશો? કે તમારી ગુલામી એઓ બહાર આવીને જુએ એથી તમે ભડકો છો? મારું જો ચાલતું હોય તો બધી બહેનોને કહું કે આવા બીકણ અને બાયલાઓની સ્ત્રીઓ બનવા કરતાં એમને છેડા ફાડી આપોની!"

મુંબઈની એક સભામાં તેમણે કહ્યું, "સ્વરાજ જોઈતું હોય તો ખુવારી માટે તૈયાર રહેવું પડશે... મુંબઈમાં આવી ધગશ ના હોય તો મુંબઈને દરિયો વિશાળ છે. દસ લાખ માણસ માટે તે પૂરતો છે. તેમાં ડૂબી મરીને પણ મુંબઈ પોતાનું નાક ન ખૂવે એમ હું આજે અંતરથી ઇચ્છી રહ્યો છું."

બિહારમાં તેમણે કહેલું: "જે બ્રાહ્મણ ઢીંગલા-ઢીંગલીના વિવાહ [બાળલગ્નો] માટે સ્મૃતિ ટાંકે છે, તે બ્રાહ્મણ નથી પણ રાક્ષસ છે અને જે માબાપો એ બ્રાહ્મણનું માનીને છોકરાંને લગ્નની કાળીમાતાને વધેરે છે, તેઓ પોતે પશુ છે. મારા હાથમાં કાયદો હોય તો હું તો એવાંઓને ગોળીથી ઠાર કરવાની સજા ઠરાવું."

સરદારની આરોગ્યપ્રદ કડવી દવાઓનો ડોઝ દેશવાસીઓને આઝાદી પછી પણ મળતો રહ્યો. નાયબ વડાપ્રધાન સરદારે આણંદ

કૃષિ વિદ્યાલયનું ખાતમુહૂર્ત કરતાં કહ્યું, "જુવારના ખેતરમાં તાળીઓ પાડી ચકલાં ઉડાડીએ તેમ ધાંધલ કરી સરકારને ભગાડી છે, પણ ખરી મહેનત હવે કરવાની છે. તો જ આપણી સ્થિતિ સુધરશે."

સરદારની રમૂજવૃત્તિને પ્રશંસીને ગાંધીજી ઘણી વાર કહેતા, "સરદાર મરશે તો એ કંઈક વિનોદ કરીને હસતે મોંએ મરશે. એના વિનોદી સ્વભાવથી જ એ ટકી રહ્યા છે." ભાગલાના દોઢેક મહિના પછી, ગાંધીજીની ૭૮મી વર્ષગાંઠ પ્રસંગે તેમને થેલી અર્પણ કરવાનો કાર્યક્રમ દિલ્હીના ગુજરાતી લોકોએ ગોઠવ્યો. ગાંધીજીને સખત ઉધરસ થઈ હતી, છતાં એ સમારંભમાં જવા તૈયાર થયા. એટલે સરદારે તેમને મીઠો ઠપકો આપતાં કહ્યું, "આવી ઉધરસમાં ગુજરાતીઓની સભામાં જવાનું કેમ કબૂલ્યું? પણ તમે તો એવા લાલચુ અને લોભી છો કે, જો સાંભળશો કે ફલાણી જગ્યાએથી ફંડ માટે થેલી મળે છે તો મરણપથારીએથી ઊઠીને જશો!" ગાંધીજી પર આવા ઠપકાની શી અસર થાય? તેમણે પોતે પાછા વળવાને બદલે, સરદારને પોતાની સાથે લીધા અને કહ્યું, "તમે હશો તો કંઈક વધારે મળશે, માટે ચાલો!"

આઝાદી પછી હૈદ્રાબાદનો પ્રશ્ન ઝળૂંબતો હતો, ત્યારે ચર્ચિલે બ્રિટિશ સંસદમાં ભાષણ કરી આઝાદ ભારતની સરકારની આકરી ટીકા કરેલી. સરદારે વિવેક ચૂક્યા વિના ચર્ચિલને જવાબ આપ્યો. પછી ચર્ચિલના વારસ સમાન એન્થની ઈડન ભારતના પ્રવાસે આવ્યા ત્યારે સરદારને તેમણે કહ્યું, "તમારો જવાબ ચર્ચિલે બરાબર માણ્યો છે અને ખાસ કહ્યું છે કે સરદારે તેમનું કાર્યક્ષેત્ર ભારત પૂરતું મર્યાદિત રાખવાની જરૂર નથી; દુનિયાને પણ તેમની ઝમક જોવા-સાંભળવા મળવી જોઈએ."

ઇંદુલાલ યાજ્ઞિક 'ગુજરાતના શ્રેષ્ઠ યુવાધન'માં ગણતરી પામતા હતા. સરદાર સાથે મતભેદોના પગલે ઇંદુલાલે ૧૯૨૧માં કોંગ્રેસમાંથી રાજીનામું આપવાનું નક્કી કર્યું, ત્યારે ગાંધીજીએ, 'સ્વભાવફેરને કારણે સાથે કામ કરવું અશક્ય હોવાથી, ઘણા દુ:ખની સાથે ભાઈ ઇંદુલાલનું રાજીનામું સ્વીકારવું' એવી સલાહ આપી. એ પ્રસંગે વલ્લભભાઈએ

એવું લાગણીસભર પ્રવચન કર્યું કે ઇંદુલાલની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. તેમણે કહેલું, "રાજીનામું આપવું, આપી છૂટી જવું, તેના કરતાં રાજીનામું આપ્યા સિવાય અંદર રહેવું વધારે દુઃખદ છે. ઇંદુલાલ મારા નાના ભાઈ છે. અમે આજ સુધી એ રીતે જ રહ્યા છીએ અને આજે આ પ્રસંગ આવે છે. હું શું કહું? મારાથી નથી બોલાતું. હું વધારે નહીં બોલી શકું." ઇંદુલાલ સાથે તેમનો સંઘર્ષપૂર્ણ સ્નેહસંબંધ પછીનાં વર્ષોમાં જળવાઈ રહ્યો. બીજા વિરોધીઓ પ્રત્યે પણ સરદાર ડંખ રાખતા ન હતા.

સરદાર વિશેની સૌથી ચિંતાજનક ગેરમાન્યતા એટલે સરદારનો માની લેવાયેલો મુસ્લિમદ્વેષ. સરદાર માનતા હતા કે "રાષ્ટ્રને વફાદાર મુસ્લિમને કોઈ પણ હિંદુના જેટલું જ સંરક્ષણ ભોગવવાનો અને હિંદુના જેવા જ અધિકારો ભોગવવાનો હક છે." છતાં મુસ્લિમ નેતાઓને ઠપકો આપતાં સરદાર કદી ખચકાટ અનુભવતા નહીં.

ઠપકા જેટલા હકથી તે મુસ્લિમોને સંરક્ષણ પણ આપતા હતા. પાકિસ્તાનમાં હિંદુઓ-શીખોની મોટા પાયે કતલ થતી હતી ત્યારે મુસ્લિમ નિરાશ્રિતોના એક કાફલાને અમૃતસરમાંથી પસાર થવા દેવાનો સ્થાનિક શીખોએ ઇન્કાર કર્યો. તેમને સમજાવવા માટે ખુદ સરદાર અમૃતસર પહોંચી ગયા હતા. જાહેર સભામાં તેમણે શીખોને કહ્યું હતું, "નિર્દોષ અને રક્ષણ વગરનાં પુરુષો-સ્ત્રીઓ-બાળકોની કતલ કરવી તે શૂરવીરોને છાજતું નથી. આ શહેરમાંથી જઈ રહેલા મુસલમાન નિરાશ્રિતોની સલામતીની પ્રતિજ્ઞા તમારે લેવી જોઈએ." તેમની સાથે મોજુદ અંગત સચિવ વી. શંકરે નોંધ્યું છે કે, "જે પ્રેક્ષકોની આંખમાં ખૂન નીતરતું હતું, તે જ પ્રેક્ષકોએ પાકિસ્તાન જઈ રહેલા મુસ્લિમ કાફલાને શાંતિથી નીકળી જવા દેવાની તેમની વિનંતીને ઉત્સાહપૂર્વક ટેકો આપ્યો."

પૂર્વ પંજાબમાં નિરાશ્રિતોની ટ્રેનો પર થતા હુમલા અટકાવવા માટે સરદારનો હુકમ હતો: "દિવસે અને રાત્રે પહેરો ભરવા માટે ગામડાના લોકોની ચોકિયાત ટુકડીઓ ઊભી કરવી. જે ગામના સીમાડામાં રેલવેના પાટાને નુકસાન થશે અથવા ટ્રેનો પર હુમલા થશે તેમના પર સામુહિક

દંડ નાખવામાં આવશે, એવી ચેતવણી આપવી. દરેક વખતે હુમલા થાય કે તરત જ આવો દંડ નાખવો."

'મુસ્લિમો તરફથી ખતરો' સૂચવતા પત્રો પર સરદાર હોંશે હોંશે ભરોસો મૂકી દેતા નહીં. રાજેન્દ્રપ્રસાદે એક પત્રમાં મુસ્લિમધર્મી મેયો લોકો દ્વારા દિલ્હીમાં થયેલા દેખાવો અને તેનાથી બિનમુસ્લિમોમાં ફેલાયેલા ભય વિશે લખ્યું, ત્યારે સરદારે વળતી ટપાલે જવાબ આપ્યો હતો, "દિલ્હીની દૈનિક પરિસ્થિતિના અહેવાલની નકલ આ સાથે મોકલી છે. તમે જોઈ શકશો કે લગભગ તમામ હુમલા એકતરફી છે. તેમાં હિંદુઓ અને શીખો હુમલાખોર છે. હિંદુઓમાં સેવાતો ભય અને આ બાબતમાં તમને અપાયેલી ખબર ખોટી ઠરાવવા માટે આ અહેવાલ પૂરતો છે."

મુસ્લિમ લીગે હિંસાનો રસ્તો લીધો ત્યારે સરદારે કોંગ્રેસના મેરઠ અધિવેશન (૧૯૪૬)માં "તલવારનો સામનો તલવારથી કરો", એવું વિધાન કર્યું હતું. સરદારની ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત વખતે કોઈએ "તલવારનો સામનો તલવારથી કરો"નો અર્થ પૂછ્યો, ત્યારે સરદારનો જવાબ હતો, "ગાંધીજીની મુખ્ય વાત અહિંસાની છે; પણ એની તૈયારી ન હોય તો રોતા રોતા, દોડતાદોડતા પોલીસચોકી પાસે ન જાઓ, એ એનો અર્થ છે. આપણા પર જે માણસોના રક્ષણની જવાબદારી હોય, એમના પર જોખમ આવતાં ખાટલા તળે ભરાઈ જવું, એના કરતાં તો રક્ષણ માટે લડતાંલડતાં મરી જવું સારું. આપણામાંથી કાયરતા કાઢી નાખવી જોઈએ, એ એનો અર્થ છે."

૧૯૪૮માં લખનૌની એક સભામાં સરદારે કહ્યું, "મને મુસ્લિમોનો કટ્ટર શત્રુ ચીતરવામાં આવે છે, પણ હું તેમનો સાચો મિત્ર છું. મને ગોળગોળ વાત કરવાનું ફાવતું નથી. હું સીધી વાત કરવામાં માનું છું. હું તેમને નિખાલસતાથી કહેવા માગું છું કે એ લોકો ભારત પ્રત્યે ફક્ત વફાદારી જાહેર કરે એટલું પૂરતું નથી. હું તેમને પૂછું છું કે પાકિસ્તાને ભારત પર કરેલા આક્રમણને શા માટે એક અવાજે વખોડી કાઢ્યું નહીં? ભારત પર થતા કોઈ પણ આક્રમણને વખોડી કાઢવાની ભારતના મુસ્લિમોની ફરજ નથી? જે મુસ્લિમો બેવફા છે, તેમને

પાકિસ્તાન જવું પડશે. જે લોકો હજુ બે ઘોડે સવારી કરી રહ્યા છે, તેમણે હિંદુસ્તાન છોડવું જ રહ્યું.”

*

ઉદ્યોગપતિઓ સાથે સરદારને ગાઢ સંબંધો હતા. તેમનું એક કામ કોંગ્રેસ માટે ભંડોળ એકઠું કરવાનું હોવાથી પણ મૂડીવાદીઓ સાથે તેમને સીધો પનારો પડતો. એકવાર તેમણે કહ્યું હતું, “ક્યારેક મને ‘રાજાઓનો પિઠ્ઠુ’ કહેવામાં આવે છે, તો ક્યારેક ‘ધનિકો અને જમીનદારોનો પિઠ્ઠુ’. અસલમાં હું સૌનો પિઠ્ઠુ છું. ઘણા કહે છે, આ તો મૂડીવાદીઓનો મિત્ર છે. પણ ગાંધીજી સાથે જોડાયો ત્યારથી મેં પ્રતિજ્ઞા લીધી હતી કે હું સંપત્તિ નહીં રાખું. આ ચીજ હું એમની પાસેથી શીખ્યો છું અને એનાથી મોટા બીજા કોઈ સમાજવાદમાં હું માનતો નથી ગાંધીજી સાથે રહીને હું એ પણ શીખ્યો છું કે રાજાઓ, મૂડીવાદીઓ કે જમીનદારો-કોઈ સાથે દુશ્મની કરવાની જરૂર નથી. દેશના હિતમાં બધા પાસેથી કામ લેવું.”

ગાંધીજીએ ૧૯૨૧માં ‘ટિળક સ્વરાજ ફંડ’ પેટે એક કરોડ રૂપિયાનો ફાળો ઉઘરાવવાનું નક્કી કર્યું અને તેમાંથી ગુજરાતની પ્રાંતિક સમિતિના ભાગે રૂ. ૧૫ લાખ ઉઘરાવવાના આવ્યા, ત્યારે સરદારની આગેવાની હેઠળ એ લક્ષ્યાંક સિદ્ધ થઈ શક્યો હતો. તેમની કાર્યપદ્ધતિ વિશે ઇંદુલાલ યાજ્ઞિકે નોંધ્યું છે, “ઠેકઠેકાણેથી નાના-મોટા વેપારીઓ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ સમિતિની કચેરીએ ઊભરાતા ગયા. વલ્લભભાઈની આસપાસ મિજલસ જામે. કોઈને હસાવે, કોઈકને તતડાવે. કોઈને સલાહ તો કોઈને ચીમકી આપે. જે આવે તેને ફાળો ઉઘરાવવાની તાકીદ કરે. સાથે સાથે રેંટિયો ફેરવતા જાય.”

પક્ષ માટે તેમણે લાખો રૂપિયાનો વહીવટ કર્યો, કરોડપતિઓ સાથે તેમનો ઘરોબો રહ્યો, પણ અંગત જીવનમાં તે ગાંધીવાદી સાદગીનું પ્રતીક બની રહ્યા.

*

સરદાર ભારતના રાજકારણમાં મહત્ત્વના પરિબળ તરીકે ઊભરી

રહ્યા હતા, ત્યારે પણ વતનમાં તેમના માટે ગૌરવની લાગણી ન હતી. ઘણાખરા જ્ઞાતિબંધુઓ તેમને જ્ઞાતિની સંકુચિત ફૂટપટ્ટીથી જ માપતા હતા અને તેમના પ્રત્યે કંઈક અંશે રોષ પણ ધરાવતા હતા.

પરંપરાગત સ્વરૂપની ધાર્મિક આસ્થા નાનપણમાં કૌટુંબિક સંસ્કારોને લીધે વલ્લભભાઈના મનમાં હતી. છતાં ધર્મને પોતાની લોકપ્રિયતા વધારવાના માધ્યમ તરીકે તેમણે ક્યારેય ન જોયો. તેમનાં પ્રવચનોમાં ઈશ્વરેચ્છાની વાત આવતી હોવા છતાં, તેમણે ઈશ્વરના નામે અકર્મણ્યતાને કદી પ્રોત્સાહન ન આપ્યું. મરણપથારી પર અંતિમ ઇચ્છા તરીકે તેમણે ધાર્મિક પાઠ-સ્તુતિને બદલે વીણાવાદન સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. કર્ણાટકી સંગીતમાં મોટું નામ ધરાવતા વી. કે. નારાયણ મેનને સરદારના સરી જતા શ્વાસમાં વીણાના સૂર વહેતા કર્યા.

૧૯૫૦ની ૧૫મી ડિસેમ્બરે સરદારની આંખ મીંચાઈ. એ ન હોત તો પોતાનાથી જે કામ થઈ શક્યું તે ન થયું હોત, એવું વિધાન કરનારા ગાંધીજીના આ શબ્દોના પડઘા હજી સંભળાય છે:

“સરદાર વલ્લભભાઈનો જય હો!”

# ઉશનસ્

—

*ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ,*
*સાધુતા નહિ વાર્ધક્યે, વ્યર્થ તો જિંદગીક્રમ.*
એ છેલ્લો માણસ
હું હજીય એને ત્યાં ને ત્યાં જ જોઉં છું સદીઓથી
પ્રલંબ ક્યૂમાં છેક છેલ્લે ઊભેલો,
એના વારાની ધીરજપૂર્વક રાહ જોતો

## આ છેલ્લો માણસ

*બધી ક્યૂમાં આવું જ બન્યું છે:*
*જેવો એનો વારો આવે છે કે*
*ભાગ્યનો પુરવઠો ખૂટી પડે છે!*
*તે સાંજે મેં એને ઘરભણી જતી*
*છેલ્લી બસની ક્યૂમાં ખાલી ઝોળી*
*ખભે નાખી ઊભેલો જોયો હતો,*
*નિયમ પ્રમાણે જ છેક છેલ્લે—*
*જેવી બસ ઊપડી કે કોઈ છેલ્લા ધક્કામાં*
*ઉપર ચઢી ગયું હતું—જરાક ઢસડાઈને;*
*મને એમ કે એ જ હશે, એના વિના કોણ ધક્કે ચઢે?*
*પણ તો, આ સ્ટૅન્ડ પર રહી ગયું તે કોણ?*
*જોયું તો એ જ! એ જ પેલો*
*છેલ્લો માણસ!*

*હું એને ઓળખું છું—*
*મારી પડોશમાં જ ક્યાંક રહે છે એ.*
*આખીય રાત એણે પ્રવેશદ્વારની*
*બહાર ઊભેઊભે ગાળી છે.*
*એને એમ કે, કાલે તો હું ક્યૂમાં*
*પહેલો જ હોઈશ.*
*પણ મેં સવારે એને જોયો તો*
*ક્યૂમાં એ... ઊભો છેક છેલ્લે.*

*મને ઘણી વાર થાય છે કે*
*આવ્યો આ હમણાંક તો ક્યૂ તોડતોકને...*
*પણ એ તો એ ધીરજથી ઊભો*
*દરેક ક્યૂમાં છેક છેલ્લે...*
*બધી ક્યૂમાં આ છેલ્લા માણસનો ચહેરો તો*
*એક જ છે હોલવાયેલા સૂરજ જેવો.*
*કદાચ તમેય જોયો હશે...*

## એ તું જ!

*જનેતા, જ્યારે યે જનમીશ જુદાં રૂપ ધરી તું,*
*મને પૂરી શ્રદ્ધાઃ લઈશ અમથી ઓળખી તને....*
*બને કે તું કો’ દી જનમીશ તરુ થૈ ભવરણે,*
*તને હું છાયાથી લઈશ પરખી શીતલપણે....*
*અમસ્તો ઘેરાઈ સજલઘન કો ગ્રીષ્મઋતુમાં*
*ધરી રહેશે છાયા શિર મુજ; થશેઃ એ તું, તું જ મા!*

## બધી જ

*પ્રથમ શિશુ સૌ ક્હાનો, માતા બધી જ યશોમતી,*
*મૃદમિલન મ્હોમાં બ્રહ્માંડો અનંત વિલોકતી.*

## બાના સમું—

*આવી જ એક ક્ષણ હોય,*
*સામે અષાઢઘન હોય;*
*ફણગો ફૂટે અડકતાં જ*
*ભીનો—ભીનો પવન હોય;...*
*બોલાવે ઘેર સાંજે—*
*બાના સમું સ્વજન હોય.*

## આવે છે સવાર!

*આવે છે સવાર!*
*ઊંચેરાં પંખીઓની સોનાની પાંખ ચઢી,*
*દેવાંગી ઊતરે છે કોઈ અસવાર!*
*ઊગમણા આથમણા ગિરિઓને તુંગ શિખર,*
*હરિયાળી ચળકંતી તરુવરની ટોચ ઉપર,*
*ઊગમણી ભડકાશી બળતી કો વાદળી પર,*
*પરથમ પથરાય એના સોનેરી વાળ!*

*શૃંગેથી હિમસમાં હાવાં ઓગળિયાં,*
*લોકનાં આલોકતણાં વરદાન ફળિયાં,*
*નીચે વાસે ય થયાં સોનાનાં નળિયાં,*

*ધસમસતાં તેજ હવે ઘરઘરને દ્વાર!*
*અર્ઘ્ય ભરી ઊભા કો બ્રાહ્મણને ખોબલે,*

*ઝગઝગતા નાનકડા સૂરજ-શા બેડલે,*
*ચકવાચકવીના બધી રાતતણા તેડલે,*
*ઊતરે છે પ્રથમીના પનઘટની પાળ!*

['મિલાપ' માસિક: ૧૯૬૨]

## કોણ જાણે? કેવું

*કેવુંક થશે ગુજરાત—કોણ જાણે?....*
*આ તો ઉઘડંત રાત કે પ્રભાત—કોણ જાણે?*
*કંઈ પામશે કે પ્હેરવા નાગાં?*
*સૂવા પામશે કે છાપરું અભાગાં?*
*ભૂખ્યાં પામશે કે પેટપૂર ભાત—કોણ જાણે?*
*(કે) પછી વધશે અહીં માળ ઉપર મજલો?*
*પારકી જમીન પર મહેનતની ફસલો?*
*તીડ-વાણિયાની વધશે જીવાત—કોણ જાણે?*
*એ સોનેરી શમણું આંખ મારી ઝૂલે,*
*જાય ઊડી ઓસ સમું ન્હાની શી ય ભૂલે,*
*મારા શમણાની નાજુક બિછાત—કોણ જાણે?*

[૧ મે, ૧૯૬૦: ગુજરાતનું અલગ રાજ્ય સ્થપાયું તે દિવસે પ્રકાશિત]

# રંગતાળી

*હો રંગતાળી, હો રંગતાળી, હો રંગતાળી*
*મને આવતાંક તાળી એક દીધી*
*કે રાસમાં લીધી... હો રંગતાળી....*

*હો એક તાળી ભોમે, હો એક તાળી વ્યોમે,*
*એક શીળે ચાંદરણે, એક ધીખ્યા ધોમે,*
*હો એક ધીખ્યા ધોમે;*

*આ ચાર દી’ના ઓચ્છવમાં જોબનના જોમે,*
*હો જોબનના જોમે,*
*ઓલ્યા રાસના પ્રાસ શી હું આલી!*
*મતવાલી...... હો રંગતાળી.*

['મિલાપ' માસિક : ૧૯૬૨]

# કિતાબોમાં

*કદીક પેગંબરે ઝાંખ્યું સમાધિમાં, ખ્વાબોમાં:*
*અરે, એ ખ્વાબ ખુલ્લી આંખથી જોવાં કિતાબોમાં.*

*ચઢી ઇતિહાસમાં ચૈતન્યની ભરતી અને ઓટો:*
*ઊંચી-નીચી અહીં અંકાઈ છે માઝા કિતાબોમાં!*

*હજારો વર્ષ પહેલાંના પ્રબળ ઉદ્ગાર સફરી થૈ,*
*વટાવી કાળના વગડા પધાર્યા છે કિતાબોમાં!*

*જહર પી અમૃતે છલક્યાં મીરાં જેવા કંઈક કંઠો,*
*શરાબી જામથીયે કેફી મયખાનું કિતાબોમાં!*

અરે આ શબ્દ—જ્યાં જ્યાં એ ગયા, ઇતિહાસને સર્જ્યો,
પ્રજા ઊઠી, પલટિયો કાળ—સૂતા છે કિતાબોમાં!

કબાટેથી કબાટે ગ્રંથઘરમાં બ્હાર ઘૂમતો હું
શકીશ થોડોય ઊતરી અક્ષરે અંદર કિતાબોમાં?

હૃદયની કાપલી ક્યાં ક્યાં કરી કૈં કેટલી મૂકવી—
જ્યહીં હરપૃષ્ઠ નોંધો મૂકવા જેવી કિતાબોમાં?

## ધન્ય ભાગ્ય

બાઈ રે, તારાં ભાગ્ય મહા બળવાન,
અમૃતપ્રાશણહાર તે તારાં ગોરસ માગે ક્હાન!...
ગગરી ફોડી ભવ ફોડયો ને મહીમાં પ્રીત લૂંટાઈ,
કાનજી જેવો લૂંટણહાર ત્યાં કૈં ન બચાવવું, બાઈ!
બચિયું એટલું એળે, અહીં તો લૂંટવ્યું એટલી લ્હાણ!

## એ જિંદગી

આ તરફ ઉન્મત્ત ધ્વજ ફરકાવતું સરઘસ જતું;
—ના, તે નહીં,
એ તરફથી ડાઘુજન ગમગીન ચ્હેરે આવતું;
—તે યે નહીં.
રસ્તા વિશે એ બેય ધારા જ્યાં મળે,
તે મેદની છે જિંદગી.

ભરતી વિષે ઊભરાય ખાડી, ખાંજણો યે આકળી;
—ના, તે નહીં,
ને ઓટમાં એ હાડપિંજરની ગણી લો પાંસળી યે પાંસળી

*—તે યે નહીં.*
*ઓટ ને ભરતી ઉભય સંધાય જે ક્ષણ,*
*તે સમુંદર જિંદગી.*

*ફૂલના જેવું વસંતલ સ્મિત ખીલે જે શૈશવે;*
*ના, તે નહીં.*
*ને અષાઢી મેઘ જેવી આંખડી સંતત રુવે;*
*—તે યે નહીં.*
*હર આહ કૈં મલકી જતી, હર સ્મિત ભરંતું ડૂસકું,*
*તે સંધિક્ષણ છે જિંદગી.*

## બીજું કોઈ કામ બાકી નથી

કવિ લેખે મારે હવે બીજું કોઈ કામ કરવાનું બાકી રહ્યું નથી.

હવે હું આ તારકો અને તૃણને તાક્યા કરીશ. મારે હવે વર્ષાઋતુમાં પલળ્યા કરવું છે અને ઓગળી જવું છે. મારા શરીર ઉપર ઘાસનાં બીડ ઊગી નીકળે તેની રાહ જોતો હું બેસી રહીશ. મારે હવે પાનખરઋતુમાં ખરી જવાપણું માણવું છે. ઊભા ઊભા જ ટેકરીમાં પલટાઈ જવું છે.

બસ, મારી કવિતાને આથી વધુ બીજી કોઈ કામગીરી રહી નથી.

['અશ્વત્થ' પુસ્તક]

## કો'કે કરવું પડશે

*કો'ક જણે તો કરવું પડશે, ભાઈ!*
*એક જણે તો કરવું પડશે, ભાઈ!*
*કશુંયે ના કરવાની કેવી તામસ આ હરીફાઈ! —કો'ક.*

*ના ચાલે મન સર્વ ધર્યે એ,*
*આ અવગુણ-અપકાર પરે યે:*
*દિલથી કો'ક જણે તો અંતે કરવી રહી ભલાઈ;*
*તું કરશે તો યે નથી કરતો કંઈ ઉપકાર, નવાઈ —કો'ક.*

*ચહુદિશ આ અંધાર છવાયા,*
*ઘૂમે મરુદ્‌ગણ ઢોર હરાયાં:*
*કો'કે, નહિ તો તારે, પડશે દાખવવી જ સરાઈ;*
*ઊભા રહેવું પડશે કો'કે મારગ દીપક સ્હાઈ —કો'ક.*

*આ આવું ને આવું દુર્ભગ*
*રહેવા ના સર્જાયું છે જગ:*
*કો'ક જણે તો અમૃતદેશે દોરવું પડશે સ્હાઈ;*
*કો'ક જણે તો નિમિત્ત કેરી રળવી ભાગ્યકમાઈ —કો'ક. ...*

*શા લખવાર વિચારો એમાં,*
*કેવળ છે જીતવાનું જેમાં?*
*તું હોતાં દીનહીન રહે જગ, તું જાશે નિંદાઈ!*
*તું હોતાં શું બીજો રળશે નિમિત્ત ભાગ્યવડાઈ? —કો'ક.*

*કો'કે કલશરૂપે પ્રાસાદે,*
*કો'કે મિટ્ટીરૂપે બુનિયાદે:*
*વિશ્વસૌખ્યનું ભવન, ભલા, રચી જાવું પડશે આંહીં —કો'ક.*

*તારે પાયે ગૃહફૂલ ફૂટશે,*
*સૌ સૌનું પછીથી કરી છૂટશે:*
*આજ કસોટી પરે ચઢી છે તારી પ્રેમસગાઈ —કો'ક.*

# જગાડું?

*ચાલ્યો જઉં ચૂપચાપ?-કે હું સાદ પાડું?*
*ચાલ્યા જતા ચૂપચાપ સૌ રસ્તે જનારા;*
*હારી ગયા બૂમ પાડી પાડી કૈં બિચારા;*
*હાલે નહિ ઘોરંત પથના બેય આરા!*

*ના કોઈએ પંથી તણી બૂમ સાંભળી;*
*થોડાં જરી હાલી જતાં પડખું વળી-*
*સેર ઊંઘની તૂટી એવી જતી મળી*
*બમણે બળે લાગે: ન શું ઊઠશે ફરી?*
*જગાડું?*

*સંતોષના, આનંદના ખ્યાલો જૂઠા મારી ભગાડું?*
*સદીઓ લગી અન્યાયનું શાસન સહી,*
*એને ખરો વ્યવહાર, આલંબન લહી,*
*આ જંજીરોને ઝાંઝરો માની લઈ,*
*આ જાળને ચાદર ગણી ઓઢી લઈ,*
*જનતા બધી ટૂંટિયું વળી પોઢી ગઈ!*
*જગાડું?*

*ચિત્કારમાં સર્જેલ છે ગીત તે બગાડું?*
*મણબંધ માથે બોજ લઈને વેઠિયાઓ ગાય છે!*
*શી ટીપણી-ગીતે ઊંચી આ મંજિલો બંધાય છે!*
*શી વાવણીની લાવણીથી પરધરા ય વવાય છે!*
*એને કહું?-તું વેઠિયો, એ શેઠિયો શાને, ભલા?*
*એને કહું?-તું મ્હેલ બાંધે તોય તારે આભલાં?*
*એને કહું?-તું વાવતો, પણ પારકાં આખર ખળાં?*
*જગાડું?*

*ના’નંદ તો આપી શકું: ગીત બંધ પાડું?*
*હા, ગીત બંધ કરી શકું;*
*આરામની એ ઊંઘનેય હરી શકું;*
*પણ પૃથ્વી લૈ અમરાપુરીની ભેટ ના જ દઈ શકું;*
*હું નયન એ લોકને આંજું સુપંન,*
*હું તો હૃદય એ લોકને સ્થાપું અગંન;*
*પછી તો ક્ષણે ક્ષણ આગ ને, બસ, આગ છે,*
*બુંગિયો વાગ્યો પછી તો લોહીની, બસ, માંગ છે;*
*આ પેઢીએ ખુદ ના પછી રે માણવું,*
*આપણા બલિદાનનું ને ખૂનનું ખાતર થવું,*
*આવતી પેઢી તણા નસીબે લખ્યો, હા, બાગ છે.*
*એ આવતી પેઢી તરફ મારી નજર,*
*જોઈ શકું હું દૂરથી બડી એ ફજર!*
*મધરાતના અંધારમાં જરી કોઈને વ્હેલો ઉઠાડું?*
*ચાલ્યો જઉં ચૂપચાપ?-કે હું સાદ પાડું?*

## કોણ?

*કોણ રે પાંગળું, ભાઈ?*
*હાથવિહોણું?-પાયવિહોણું?*
*નહિ રે, એ જન પાંગળું નાહીં:*
*હાથ છતાં નહિ વિક્રમશ્રાન્તિ,*
*પાય છતાં નિત નહિ નવ ક્રાન્તિ,*
*અંગ બનાવટ, અંગની ભ્રાન્તિ-*
*એ જન પાંગળું, ભાઈ!*
*એ જન પાંગળું, ભાઈ!*
*કોણ રે આંધળું, ભાઈ?*
*આંખવિહોણું?-ધૂંધળુંજોણું?*

નહિ રે, એ જન આંધળું નાહીં:
આંખની આગળ રાસ, ન જુવે;
દોહ્યલા જાગવા ટાણેય સૂવે;
કોડી શી અન્ય દુઃખે નવ રુવે—
એ જન આંધળું, ભાઈ!
એ જન આંધળું, ભાઈ!
કોણ રે મૂંગું, ભાઈ?
જીભ ન જેને પ્રગટે વેણે?
નહિ રે, એ જન મૂંગું નાહીં:
રૂપ જોઈ જે ગાઈ ન ઊઠે,
જીવન જવ મૂર્છિત જડ મૂંઠે,
રુદ્ર થવા ટાણે નવ રૂઠે-
એ જન મૂગું, ભાઈ!
એ જન મૂંગું, ભાઈ!

## રામની વાડીએ

રામની ભોંયમાં, રામની ખેતરવાડીએ જી,
આપણા નામની અલગ છાપ ન પાડીએ જી.

જગને ચોક-ચબૂતરે વેરી રામધણીની જુવાર;
તે પર પાથરી બેઠો તું તો ઝીણી પ્રપંચની જાળ:
ધર્માદા ચણથી પંખી ન ઉડાડીએ જી. —રામની.

રામની વાડી ગામ આખાની, હોય ન એને વાડ;
બાંધ જો તારું ચાલતું હોય તો આભને આડી આડ!
વાડ કરી આ ક્ષિતિજ ના વણસાડીએ જી. —રામની.

*રામની વાડી ભોગવવી, ભાઈ, હક્કનાં પાઈ નીર;*
*સૌને વ્હેંચી ચાખવી આપણે રામના ફળની ચીરઃ*
*આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી. —રામની.*

# ગાંધીનિર્વાણ દિને

*જે કાળ શા પ્હોળાઈને પથરાયલા પોતે હતા!*
*તે સમેટાઈ હવે 'ક્ષણ'! બે મિનિટનું મૌન!*

*જે કાળ કેરો સાંઢ શૃંગેથી ગ્રહી હાંકી ગયા,*
*તે આટલે વર્ષે હવે ખુદ બે મિનિટનું મૌન!*

*એ કેટલી મોટી હતી ઘટના ઘટી ઇતિહાસમાં,*
*એ સ્વયં ઇતિહાસ-પાને બે મિનિટનું મૌન!*

*એ પ્હાડના જેવું ઊંચું, અંજાણ્યું પ્હોળું પ્રાણી કો,*
*તે સોયના નાંકેથી સરકે! બે મિનિટનું મૌન!*

*કાળમાં ભરતી ચઢી કેવી હતી, ત્યારે અહો!*
*તે ઓટમાં ઓટાઈ થૈ લ્યો, બે મિનિટનું મૌન!*

*તે ત્રીસમી આજે હતી, અગ્યાર વાગ્યાનો સમય*
*ક્યારે ગયો વીતી, ન યાદે, બે મિનિટનું મૌન!*

*તે પછી તો કાળમોજાં કેટલાં ઉપરા'પરી*
*બે મિનિટ ગુજર્યાં ઉપર લ્યો, બે મિનિટનું મૌન!*

['છેલ્લો વળાંક' પુસ્તકઃ ૨૦૦૫]

# છાતી ખોલી જોયું તો?

*છાતી ખોલી જોયું; મહીં ખીલા હતા!*
*યુગો પછી પણ એ ભીના-લીલા હતા!*

*ક્યાં સમયની છે જરા ઘા પર અસર?*
*ત્યારે હતા એમ જ ખૂને ખીલ્યા હતા!*

*હચમચાવી જોયું તો હું ખુદ હલ્યો!*
*એ થયા ક્યાં સ્હેજ પણ ઢીલા હતા?*

*બ્હાર જોયું તોય ક્યાં છે ફેર કંઈ?*
*એ જ ગાડરિયા પુરાણા સિલસિલા હતા.*

*કંઈક બદલાયું હશે, પણ તે ન મન;*
*ઊલટું ઊંડા ગયેલા ઊતરી ચીલા હતા!*

*આજેય ખીલા એ જ હાથે છે ઉગામ્યા;*
*ક્યાં છે પરંતુ છાતી જેણે ઘાવ એ ઝીલ્યા હતા?*

['છેલ્લા વળાંકે' પુસ્તક]

# એઈન રેન્ડ

## કાયદા

આ કાયદાઓ શાને માટે છે? તમે શું ખરેખર એમ માનો છો કે એ બધા કાયદાઓ પળાય તેમ અમે ઇચ્છીએ છીએ? ના રે—અમે તો આશા રાખીએ છીએ કે દરેક માણસ કોઈ ને કોઈ કાયદાનો ભંગ કરીને ગુનેગાર બને. પ્રામાણિક, નિર્દોષ લોકો પર સત્તા ચલાવવી જરા મુશ્કેલ બની જાય છે. એટલે કોઈ પણ માણસ નાનોમોટો કાંઈક ગુનો કરે, ત્યારે જ રાજ્યની સત્તા એની પર ઠોકી બેસાડવાનું સરળ થઈ પડે છે. અમે એટલી બધી બાબતોને ગુનાહિત જાહેર કરી દઈએ છીએ કે કોઈ ને કોઈ ગુનો કર્યા વગર લોકોનો જીવનવ્યવહાર અશક્ય બની જાય. એવા એવા કાયદા ઘડવા જોઈએ કે જે પાળી શકાય જ નહીં, પળાવી શકાવાય પણ નહીં, અને જેનો નિરપેક્ષ અર્થ કરી શકાય નહીં. પછી એવી પરિસ્થિતિમાં મોટા ભાગના લોકોને કાંઈ ને કાંઈ ગુનો કરવો જ પડશે—અને તેને આધારે અમારું કામ કઢાવી શકાશે.

['એટલાસ શ્રૂગ્ડ' પુસ્તક]

# એકનાથ

## જનાર્દન જોવા છે?

સાખર દિસે પણ ગોડી ન દિસે: તી કાય ત્યાં વેગળી અસે?
તૈસા જનીં આહે જનાર્દન: તયા તેં પહાવયા સાંડી અભિમાન!
કાપુરા અંગી પરિમળુ ગાઢ: પાહતાં ઉઘડા કેવી દિસે?
તૈસા જનીં આહે જનાર્દન: તયા તેં પહાવયા સાંડી અભિમાન!
પાઠપોટ જૈસે નાહીંચ સુવર્ણા: એકા જનાર્દની ત્યાપરી જાણા!

સાકર દેખાય છે, પણ મીઠાશ નથી દેખાતી; પરંતુ તેથી એ કાંઈ તેનાથી અલગ થોડી જ છે? એ જ રીતે જનતાની અંદર જનાર્દન વસેલો છે; તેને અભિમાન ત્યજીને જ જોઈ શકાય.

કપૂરની અંદર ગાઢ પરિમલ ભરેલો હોય છે, પણ તે નજરે દેખાય કેવી રીતે? એ જ રીતે જનતાની અંદર જનાર્દન વસે છે; તેને અભિમાન છોડીને જ જોઈ શકાય. સુવર્ણને જેમ પેટ કે પીઠનો ભેદ નથી, તળેઉપર બધે કેવળ સુવર્ણ જ છે, તેમ જનાર્દનનું પણ જાણો.

[જમીનવિહોણા ગરીબો માટે ભૂદાન મેળવવા વિનોબા ભાવેએ ૧૯૫૧માં આરંભેલી દેશની પદયાત્રા દરમિયાન મહારાષ્ટ્રમાં પ્રવેશ કરતી વેળા ટાંકેલું પદ.]

# એન લિંડબર્ગ

## ભૂલી જઈએ!

આપણે લેખકો લખતી વખતે આપણી જાતને ભૂલી જઈએ, આપણે ક્યાં છીએ તે ભૂલી જઈએ, હવે પછી શું કરવાના છીએ તે વિસારે પાડીએ—જેમ સમુદ્રમાં ડૂબી જઈએ, તેમ લેખનકાર્યમાં તરબોળ થઈ જઈએ.

# એન. એન. સચ્ચીદાનંદ

## આપણા ફાંકડા ફિતૂરીઓ

વારંવાર ચાલતી વિદ્યાર્થીઓની જેહાદો, હડતાલો, તોફાનો, વિરોધો અને સત્તાવાળાઓ સામેના મોરચાઓ ઉપરથી એમ લાગે કે ભારતને કોઈ અસામાન્ય કોટિના ક્રાંતિકારી યુવાનવર્ગની બક્ષિસ સાંપડેલી છે. પણ આ બધાં તોફાનોની પાછળ રહેલાં કારણોમાં જરાક ઊંડા ઊતરીએ તો દેખાઈ આવશે કે, આપણા યુવાનોની બળવાખોર આરજૂ અત્યંત ઉપરછલ્લી ને નમાલી બાબતો પૂરતી જ મર્યાદિત છે. એમની સામેનું ધ્યેય જો પરીક્ષામાં પાસ થવા માટેના ઓછામાં ઓછા માર્કમાં કે વર્ગમાં અલ્પતમ હાજરીના દિવસોમાં ઘટાડો માગવાનું નહિ હોય, તો પછી એમને રમખાણ મચાવવા ન દેનારા પોલીસના ‘અત્યાચાર’ સામે વિરોધ કરવાનું જ હશે.

ભારતના સરેરાશ ભણેલા જુવાનના વદન પરથી બળવાનું આ બનાવટી મહોરું ઉખેડી નાખો, તો પછી શું જોવા મળે છે?—એક એવી સુસ્ત, નમાલી, પરાક્રમહીન, ભીરુ, રૂઢિપૂજક વ્યક્તિ કે જે જૂની પેઢીના કેટલાય માણસોના કરતાં પણ વધુ જૂનવાણી, અંધમતવાદી અને જ્ઞાનશત્રુ હોય છે.

દેશમાં કોમી ભેદભાવ આટલો બધો ફેલાયેલો છે, તેની સામે વિદ્યાર્થીઓએ એકાદ પણ ‘દેખાવ’ કરેલો છે? પ્રાદેશિક યાદવાસ્થળીનો કોઈ વિરોધ કરેલો છે? ગામડાંની વાત તો બાજુએ રહી—ખુદ શહેરોમાં પણ પછાત વર્ગો સાથે જે દુર્વ્યવહાર ચલાવવામાં આવે છે તેની સામે યુદ્ધ જગાવવાની દરકાર આપણા યુવાનોએ કદી કરી છે? પરઠણ-પહેરામણી, લગ્નના બેફામ ખરચો, કોમી ઝનૂન અને એવા બીજા સામાજિક કુરિવાજોની સામે આપણાં ભણેલાં યુવકયુવતીઓએ કદી જેહાદ ઉપાડી છે?

આપણા યુવાનોમાં તો, આ દેશને સર્વનાશમાંથી કદાચ ઉગારી શકે એવાં નવાં મૂલ્યો કેળવવાની પણ હિંમત નથી. મોટેરાઓના સડાની ટીકા એ છૂટથી કરતા રહે છે—અને પછી પોતાની પરીક્ષાઓમાં ચોરી કરવાની, ટ્રેન-બસમાં વગર ટિકિટે સફર કરવાની અને એવી બીજી પ્રવૃત્તિમાં લાગી જાય છે. સરકારી તંત્રાવાહકોના એદીપણાની એ ઝાટકણી કાઢે છે, અને પછી અભ્યાસની મહેનત કર્યા વિના જ ડિગ્રીઓની માગણી ઉઠાવે છે. જ્ઞાતિવાદ, પ્રદેશવાદ, કોમવાદ, ભાષાવાદ—આ દેશના ટુકડેટુકડા કરનારા જે તમામ રાક્ષસો માટે મોટેરાઓને દોષ દેવામાં આવે છે, તેને આપણા યુવાનો બેફામપણે બહેકાવતા જાય છે. અંગ્રેજી-હિન્દીની લડાઈમાં વિદ્યાર્થીઓએ ભજવેલો ભાગ, મહારાષ્ટ્ર-મૈસુરના સીમા-ઝઘડામાં સુરંગ ચાંપનારા વિદ્યાર્થીઓ, ૧૯૬૪નાં કલકત્તાનાં હિન્દુ-મુસ્લિમ રમખાણોના નવજુવાન હુલ્લડખોરો અને એવા અનેક બીજા દાખલાઓ ભૂલી શકાય તેમ નથી.

પોતાની આપમુખત્યારીની આટલી બધી બાંગો એ પોકારે છે, તે છતાં આપણાં યુવક-યુવતીઓમાં સ્વતંત્રાપણે કશા જ અભિપ્રાયો બાંધવાની પણ ત્રોવડ નથી. કોઈ પણ બાબત અંગેનું એમનું વલણ સત્યશોધન અને વિશ્લેષણનું નહિ પણ નિક્રિયપણે ને રાંકભાવે તે સ્વીકારી લેવાનું હોય છે. એક પરિસંવાદમાં એક વિદ્વાન અધ્યાપકે એવી ફરિયાદ કરેલી કે પોતાના વિદ્યાર્થીઓ પાસેથી નવા વિચારો અને નવાં દૃષ્ટિબિંદુઓને એ આતુરતાથી આવકારે છે, પરંતુ કોઈ વિષયની ચર્ચાનો પડકાર જ્યારે પણ એણે વર્ગમાં ફેંક્યો હોય ત્યારે જવાબમાં એમને માત્રા ગાઢ શાંતિ જ સાંપડી છે.

આપણા યુવાનો વિશે અજંપો પેદા કરનારી એ જ બાબત છે. કોઈ પણ વાત એ માને છે તે એ એમને ગળે બરાબર ઊતરી ગઈ છે એટલા માટે નહિ, પણ કોઈએ એમને તે માનવાનું કહેલું હોય છે તેથી જ. એટલે જ તો હરકોઈ પ્રકારની ભેજા-સફાઈને એ સાવ સહેલાઈથી વશ થતા હોય છે અને ચાહે તે હાલીમવાલી એમને ચોકડેથી ખેંચીને આમથી તેમ દોરી જઈ શકે છે. પછી, આપણા યુવાનોમાંથી સાહિત્ય

કે કલાનાં કોઈ નવાં પ્રયાણો પેદા થતાં નથી, એમાં શી નવાઈ!

ભારતનો અપટુડેટ છેલછબીલો નગરવાસી યુવાન પણ ચામડીના ઉપલા પડ લગી જ સામાજિક બળવાખોર છે. એનાં બધાં લટકાંમટકાં એક આડંબર છે, એક જૂઠું આવરણ છે. છોકરીઓ સાથેના મુક્તવિહાર અંગેના એના તમામ આધુનિક ખ્યાલો છતાં, જુલ્ફાંદાર વાળ ને લાંબી કાનસ ઉગાડનારો એ છોકરો લગ્નની વાત આવશે ત્યારે તો અખંડ 'કૌમાર્યવતી' પતિવ્રતાને જ પસંદ કરશે. અને છોકરાઓ સાથે બેધડક મહાલનારી 'બેલ-બોટમ' વેશધારી ફાંકડી કન્યા પણ 'ઠેકાણે પડવાની' વાત આવશે ત્યારે તો બકરીની જેમ માબાપની આજ્ઞાને જ વશ વર્તશે.

કોઈ પણ ક્રાંતિકારીમાં પાયાની પહેલી જરૂરિયાત હોય છે બહાદુરીની—માત્રા વાતોમાં બહાદુરીની નહિ પણ આચરણમાં બહાદુરીની. ત્યારે આપણા યુવાનોમાં જે એક જ પ્રકારની બહાદુરીનું અસ્તિત્વ દેખાય છે તે તો છે ગાડરિયા ટોળાની બહાદુરી. એને પરિણામે, પોતાના દોસ્તોની સાથે નીકળેલો છોકરો કોઈ એકલી જતી છોકરીની છેડતી કરી શકે છે, પણ પોતે જ્યારે એકલો હોય ત્યારે તો છોકરીઓના વૃંદ પાસેથી એ ગુપચુપ પસાર જ થઈ જાય છે. એ બહાદુરીને લીધે વિદ્યાર્થીઓનું ઘીંઘર ઊભી બજારે ત્રાસ ફેલાવવાની હામ ભીડી શકે છે, પણ પોલીસ આવતાંની સાથે જ પોબારા ગણી જાય છે. હા, વ્યક્તિગત વીરતાનો આપણા યુવાનોમાં સર્વત્રા અભાવ જ દેખાય છે.

ભારતનું બદકિસ્મત એ છે કે એના જુવાનો ક્રાંતિકારી નથી. એક દેશ ચાહે તેટલો પછાત ને પીડિત હોય, પણ એની માટીમાં જો એક ખમીરવંતી નવી પેઢી આળોટતી હોય, તો તેને માટે હજીયે આશા છે. પરંતુ જોમવંતા શરીર જેટલી જ અગત્ય જોમવંતા દિમાગની પણ છે. ભારતને ક્રાંતિની અવશ્ય જરૂર છે—અને તે પણ રાજકીય ક્રાંતિની જ નહિ. પણ, હાય દુર્ભાગ્ય! એ ક્રાંતિનો સ્ફોટ આપણા યુવાનોમાંથી થવાનો હોય તેવું લાગતું નથી.

# એફ. એલ. લ્યૂકસ

## રહસ્ય

ચીનમાં એક જમાનામાં એવું કુટુંબ વસતું હતું કે જેની નવ-નવ પેઢીઓ સુધી સાસરે જતી દીકરીઓ સિવાય બીજું કોઈ જ કુટુંબીજન ઘર છોડીને ચાલ્યું ગયું નહોતું. આવા સુખી ગૃહજીવનની ખ્યાતિ ફેલાતી ફેલાતી શહેનશાહ સુધી પહોંચી. આ વાતનું રહસ્ય જાણી લાવવા એમણે કાસદ મોકલ્યો. કુટુંબના વડદાદાજીએ લાંબો કાગળ અને પીંછી લઈને ચીની ચિત્રા-લિપિમાં અનેક શબ્દો આલેખ્યા અને પોતાનો ઉત્તર શાહી દૂતને સોંપ્યો. પછી શહેનશાહે પોતે જ્યારે એ પત્રા-ફીંડલું ઉખેળ્યું, ત્યારે તેની પર બીજું કાંઈ નહિ પણ “ધીરજ” માટેનું ચિત્રા-પ્રતીક એકસો વાર આલેખાયેલું નિહાળ્યું.

# એચ. ડી. શૂરી

## અકરાંતિયા સામે મધલાળ

ચૂંટણીઓ આવે છે અને આટલા બધા પક્ષોના પ્રતિનિધિઓ અને એથીયે વધારે અપક્ષ ઉમેદવારો તેમાં ઝંપલાવે છે. એ બધાનો ઉદ્દેશ પ્રજાની સેવા કરવાનો છે, એવી ભ્રમણા હવે ભાગ્યે જ કોઈના મનમાં રહી હશે. નાનું કે મોટું સત્તાનું કોઈ પણ પદ મેળવવા દોટ મૂકનારા એ અકરાંતિયાઓની નજર સામે મધલાળ તો છે સત્તાની સાથે મળતી સંપત્તિની, સગવડોની અને વિશેષાધિકારોની.

આ દેશની લોકસભાના ૫૪૫ સભ્યો છે, રાજ્યસભાના ૨૫૦ છે અને રાજ્યોનાં વિધાનગૃહોના મળીને બીજા ૪,૫૦૦ જેટલા સભ્યો છે. એ બધાને જે ભાડાંભથ્થાં-—પગારો ને સવલતો સાંપડે છે તે આકાશના તારાની જેમ ગણ્યાં ગણાય નહીં એટલાં બધાં છે, અને હજી તેમાં ઉમેરો થતો જ જાય છે.

સંસદના સભ્યોને ઠરાવેલો માસિક પગાર મળે છે, દૈનિક ભથ્થું મળે છે, મતવિસ્તારનું જુદું ભથ્થું મળે છે, ઑફિસ-ભથ્થું મળે છે, પત્રાવ્યવહાર-ભથ્થું મળે છે, સંસદમાં તેમજ તેની વિવિધ સમિતિઓની બેઠકોમાં હાજરી આપવા માટે પ્રવાસ—ભથ્થું મળે છે; રહેણાકની સગવડો મળે છે, આરોગ્યની સવલતો મળે છે, વાહન—ખરીદી માટે લોન મળે છે, આવકવેરામાં રાહત મળે છે, વિદેશી હૂંડિયામણ મળે છે, સરકારી પાસપોર્ટ મળે છે, દેશમાં ને વિદેશમાં મુસાફરીઓ કરવાના હક મળે છે. આ બધાં ભથ્થાં-સવલતો પાછળ સરકાર કેટલાં નાણાં ખરચે છે તેનો આંકડો માંડવો સહેલો નથી. પણ એટલું જરૂર કહી શકાય કે દરેક સભ્ય પાછળ દર મહિને ઘણા ઘણા હજાર રૂપિયા ખરચાતા હશે.

આ ઉપરાંત એમને જે બીજા વિશેષાધિકારો મળે છે તે હવે જોઈએ. એકાદ વરસ માટે પણ જે કોઈ વ્યક્તિ સંસદ-સભ્ય રહી

ચૂકી હોય, તેને આખી જિંદગી સુધી પેન્શન મળે છે. પછી આ પેન્શન રાજ્યોનાં વિધાનગૃહોના સભ્યોને પણ લાગુ પાડવામાં આવ્યું છે. આ રીતે આજીવન પેન્શન આપવા સામે દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ ‘કોમન કોઝ’ નામની દિલ્હીની સંસ્થાએ ફરિયાદ દાખલ કરેલી, તેને નવ વરસથી વધુ સમય વીતી ગયો છે. એમની દલીલ એવી છે કે સંસદ—સભ્યોને પગાર આપવાનું બંધારણે ઠરાવેલું છે. પરંતુ ધારાગૃહોના સભ્યોને પેન્શન આપવાની જોગવાઈ બંધારણમાં ક્યાંય નથી. પેન્શન આપવાનું જ્યાં યોગ્ય જણાયું ત્યાં બંધારણમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે જ.

આ ફરિયાદ સર્વોચ્ચ અદાલતના જે ન્યાયમૂર્તિઓએ સાંભળી, તેમને લાગ્યું કે આમાં તો બંધારણના અર્થઘટનનો સવાલ આવે છે, એટલે અદાલતની બંધારણ-બેન્ચને તે ફરિયાદ મોકલી આપી. પણ આટલાં બધાં વરસો સુધી બંધારણ બેંચ સમક્ષ તેનો વારો આવ્યો નથી. દરમિયાન, જે હજારો લોકો ક્યારેય પણ મધ્યસ્થ કે રાજ્યોનાં ધારાગૃહોના સભ્ય હતા તે લહેરથી પોતાનાં પેન્શનો મેળવતા રહે છે.

સંસદમાં એકાદ વરસ પણ જે રહ્યા હોય તે તમામને જિંદગીભર રેલવેમાં મફત મુસાફરી કરવાના પાસ ૧૯૯૨થી આપવામાં આવેલા છે. આ મુસાફરી આખા ભારતમાં ગમે તેટલી વાર પહેલા કે વાતાનુકુલીત વર્ગના શયન ડબામાં કરી શકાય છે અને એક સાથીદારને પણ બીજા વર્ગમાં મફત લઈ જવાની છૂટ મળે છે. તે માટે દલીલ એવી કરવામાં આવી હતી કે પોતે સાંસદ મટી જાય પછી પણ જાહેર જીવનમાં સક્રિય ભાગ લેવાનું તેઓ ચાલુ રાખી શકે એ માટે આ સવલતોની તેમને જરૂર છે. આ બાબત સામે અલ્લાહાબાદની વરિષ્ઠ અદાલતમાં ફરિયાદ કરવામાં આવી, એટલે સરકારે તે અંગે વટહુકમ બહાર પાડીને અદાલતી કાર્યવાહીમાં છીંડું પાડ્યું. હવે એ વટહુકમ સામે પણ સર્વોચ્ચ અદાલતમાં દાદ માગવામાં આવી છે.

સંસદની બેઠકોમાં ભાગ લેવા ઉપરાંતના પ્રવાસો માટે પણ સંસદ-સભ્યોને વિમાન-સફરની ખાસ સવલતો આપવામાં આવી છે. દરેક સાંસદ,

એક સાથીદારને લઈને, વરસમાં ૩૨ મફત હવાઈ સફરો કરી શકે છે.

દરેક સંસદ-સભ્યને ત્રાણ ટેલિફોન રાખવાનો અધિકાર મળેલો છે: દિલ્હીમાં તેના ઘરે, ઑફિસે અને તેના મતવિસ્તારમાં. આ દરેક ટેલિફોન પરથી વરસના ૫૦,૦૦૦ કોલ મફત કરી શકાય છે. વરસના ૫૦,૦૦૦ કોલ એટલે એમાંના દરેક ટેલિફોન પરથી રોજના ૧૦૦થી વધુ કોલ—ગમે તેટલા લાંબા સમય સુધી કરી શકાય.

‘મતવિસ્તાર વિકાસ ફંડ યોજના’ થોડાં વરસ પર દાખલ કરવામાં આવી છે તે મુજબ દરેક સાંસદને એકએક કરોડ રૂપિયા ફાળવવામાં આવેલા, જેમાંથી એ વિસ્તારના વિકાસ માટે પોતાને ઠીક લાગે તે કાર્યક્રમો એ ચલાવી શકે. પાછળથી એ રકમ વધારીને વરસના બે-બે કરોડની કરવામાં આવી હતી. અને હવે તે ચાર કરોડ સુધી લઈ જવાની માગણી થઈ રહી છે. આટલી ગંજાવર રકમો જરૂરી વિકાસ—કામોમાં જ વપરાય છે અને વેડફાતી નથી, તે માટે કોઈ ખાતરી નથી હોતી.

ઉપર જણાવેલી ‘કોમન કોઝ’ સંસ્થાએ આ બાબત પણ સર્વોચ્ચ અદાલત પાસે ધા નાખી છે, કારણ કે આવી યોજના તો ચોખ્ખેચોખ્ખી પક્ષપાતી ગણાય. ચાલુ સંસદ-સભ્યને પોતાના મતવિસ્તારમાં વાપરવા માટે આવી જંગી રકમ ફાળવાય તેથી, આવતી ચૂંટણીમાં તેની સામે ઊભા રહેનારા બીજા ઉમેદવારો કરતાં એ વધુ સબળો બને છે. આ ફરિયાદ પણ સર્વોચ્ચ અદાલત સમક્ષ હજી પડેલી છે.

વળી જુદાં જુદાં રાજ્યો વધુ ને વધુ વિશાળ મંત્રીમંડળો રચવા માંડયાં છે, તે પણ મોટી ચિંતાનો વિષય છે. ઉત્તર પ્રદેશમાં એ કાફલો ૯૨ સુધી પહોંચ્યો છે, બિહારમાં ૮૨ ઉપર. આટલાં બધાં ફુગાવેલાં મંત્રીમંડળોમાં પણ જેમનો સમાવેશ થઈ શકે નહીં એવા શાસકપક્ષના ધારાસભ્યો માટે સરકારનાં ઔદ્યોગિક કે બીજાં સાહસોનો ધૂમ ઉપયોગ કરવામાં આવે છે.

એક યા બીજા પ્રકારના ગુનાઓમાં જે સંડોવાયેલા હોય એવા વધુ ને વધુ લોકો ચૂંટણીમાં જીતવા લાગ્યા છે. રાજ્યસભાની ચૂંટણીમાં

મતદાન કરનારાં રાજ્યોનાં વિધાનગૃહોના મત ખરીદાતા હોવાની વાતો ખુલ્લેઆમ થાય છે. વિવિધ રાજકીય પક્ષો મોટા મોટા કેટલાય બંગલાઓ બથાવીને બેઠા છે અને વીજળી-પાણી વગેરેની સગવડો માટે ભાડાં ભરવાની કશી જ પરવા એ કરતા નથી. ચૂંટાયેલા સભ્યોને મળતી વિમાન—સફર સહિતની પ્રવાસ-સવલતોનો ઘોર દુરુપયોગ થઈ રહ્યો છે. કેટલાક કિસ્સામાં તો ભારતીય વિમાની દળનાં વિમાનોનો પણ પ્રધાનો સુધ્ધાંએ નફ્ફટપણે અંગત ગેરઉપયોગ કરેલો છે અને તેનાં ભાડાંની થતી લાખોની રકમો ચૂકવી નથી.

આપણા ચૂંટેલા પ્રતિનિધિઓ જે પગારભથ્થાં ને સવલતો મેળવે છે તે અંગે સ્પષ્ટ ને જાહેર ખુલાસા પ્રજા માગે તેવો સમય હવે આવી પહોંચ્યો છે. પોતાને મળેલ સત્તા અને વિશેષાધિકારોનો દુરુપયોગ તેઓ ન કરે તે માટે એક વ્યાપક આચારસંહિતા લાગુ પાડવાનો કાળ પણ હવે પાકી ગયો છે.

# એલ. પી. જેક્સ

## કેળવણી

*કેળવણી એ સરકારનું ખાતું નથી,*
*પણ સરકાર તે કેળવણીની એક શાખા છે.*

# એસ. નિહાલસિંહ

## મર્યાદિત સરમુખત્યારશાહી?

લોકો હવે એવા સવાલ પૂછવા લાગ્યા છે કે અમુક હદની બળજબરી વિના શું ભારત જેવા દેશનું શાસન ચલાવી શકાય? પણ આપણે એટલું યાદ રાખીએ કે મર્યાદિત સરખમુખત્યારશાહી જેવી કોઈ વસ્તુ નથી.

['સ્ટેટ્સમન' દૈનિક: ૧૯૭૮]

# એસ. કે. રામપાલ

## ભેરુ જલ્લાદ?

જેલની ઑફિસમાં નોંધાયેલું નામ હતું ભૈરવનાથ માતાદીન; પરંતુ જેલના બધા માણસો તેને ભેરુ જલ્લાદ તરીકે ઓળખતા. દરેક વખતે એ જેમ જેલમાં સમયસર હાજર થતો હતો તેમ આજે પણ આવી પહોંચ્યો. બેરેકના બધા કેદીઓ ભેરુ ભણી આંખો ફાડી જોઈ રહ્યા. “જલ્લાદ આ ગયા.”

“જમરાજ કહો, જમરાજ આ ગયા...” જાળીના જાડા સળિયા પકડી ઊભેલા બે કેદીઓ બોલી ઊઠ્યા. ભેરુના આગમનની સાથે જાણે મોતનો ભયાનક પડછાયો જેલના વાતાવરણ પર છવાતો ગયો. સાંજ પડી ગઈ હતી. જેલનું વાતાવરણ આમેય ઉદાસીનતાભર્યું હતું, તેમાં ભેરુના આવવાથી તે વધારે ઘેરું બન્યું. બીજે દિવસે સવારે એક કેદીને ફાંસી આપવાની હતી.

ભેરુ કોઈની તરફ જોતો નહીં કે તેમની વાત પર ધ્યાન આપતો નહીં. તે છેલ્લાં ચાલીસ વર્ષથી આ પ્રમાણે જેલમાં આવતો રહ્યો છે. તે ફાંસીની કોટડી તરફ વળ્યો. અહીં ફાંસીએ બાંધવાનાં દોરડાં, કાળો બુરખો વગેરે ચીજો રહેતી. કાળી પેટીમાંથી બધું કાઢી તેણે તપાસી લીધું. પછી ફાંસી આપવાના ચબૂતરા પર ચડીને ફાંસીના હેંડલમાં ગ્રીઝ પૂર્યું, પાટિયાં જોઈ લીધાં. તેના મોં પર તટસ્થ તત્ત્વજ્ઞાની જેવો ગભીર શાંત ભાવ હતો.

વહેલી સવારે ભેરુને જે કામ કરવાનું હતું તે અંગેની બધી ચીજો તપાસી લઈ એ ફાંસીઘરથી થોડેક દૂર આવેલી એક અંધારી ઓરડીમાં આવ્યો, વીજળીના દીવાનું બટન દબાવ્યું. ઝાંખો પ્રકાશ ફેલાયો. ખૂણામાં એક જૂનો ખાટલો પડ્યો હતો, જેના પર મેલું-ધૂળવાળું ગોદડું પડ્યું હતું. નાનકડી બારી આગળ મૂકેલી લોખંડની ખુરશી પર ભેરુ બેઠો

અને બીડી સળગાવી. બીડી પીતો, ધુમાડા કાઢતો, વચમાં વચમાં ખાંસી ખાતો ભેરુ નિર્વિકારી મુખમુદ્રાએ બેસી રહ્યો.

થોડી વાર પછી બીડી બારી બહાર ફેંકી, ખાટલા પરનું ગોદડું ખંખેરી, પાથરી, ભેરુ તેના પર આડો પડ્યો. સળિયા પકડી ઊભેલા પેલા કેદીના શબ્દો યાદ આવ્યા... “જમરાજ આ ગયા...”

“બકવા દો સાલાઓને. જમરાજ કહે કે જમદૂત કહે, પેટ માટે આ ધંધો કરવો પડે છે.” ભેરુ બબડવા લાગ્યો. “બસ, આ તો હવે છેલ્લી ફાંસી છે. સાઠ વરસનો થઈશ, બે મહિના પછી રિટાયર કરશે મને.” ભેરુ વિચાર કરવા લાગ્યોઃ નિવૃત્ત થયા પછી હું શું કરીશ? બૈરી કે છોકરાં નથી. ભગવાન જે કરે તે ખરું...

ભગવાનનું નામ એણે ફાંસીએ ચઢનાર કેદીઓનાં મોંએ ઘણી વાર સાંભળ્યું હતું. ભગવાન વિશે એ કશું જ જાણતો નહોતો. ભગવાનનું છેલ્લી ઘડીએ નામ લેનારા, બૂમો પાડનારાઓનાં ગળાં એણે એક ઝાટકે બંધ કર્યાં હતાં.

પડખું ફેરવી, ભેરુએ ખુરશી પર પડેલા બીડીના બંડલમાંથી બીજી એક બીડી લીધી અને સળગાવી. બીડીનો ધુમાડો જોરથી મોંમાં ખેંચ્યો, ઉધરસ ખાધી અને મોંમાંથી ગળફો કાઢી ખૂણામાં નાંખ્યો. પછી એ બાઉઆવાળી છતભણી નજર કરી સ્થિર આંખો વડે જોવા લાગ્યો.

કેદીઓને ફાંસીએ ચઢાવવાનો ધંધો ભેરુને તેના બાપ તરફથી વારસામાં મળ્યો હતો. તેનો બાપ માતાદીન જેલના ‘મોટા સાહેબ’ના બંગલામાં ઝાડુ વાળતો હતો. સિત્તેર વર્ષ પહેલાં જ્યારે આ જેલનું મકાન તૈયાર થયું હતું તે દિવસોની વાત છે. ફાંસિયાની જરૂર પડી. ‘પાપમાં પડવા’ કોઈ તૈયાર ન થતાં, મોટા સાહેબે માતાદીનને ધમકી આપી, લાલચ આપી ફાંસિયાનું કામ કરવા માટે કબૂલ કર્યો. ‘પાપમાં પડનાર’ પુરુષની સ્ત્રી—ભેરુની મા—વરને છોડીને ચાલી ગઈ. પતિના પાપમાં પત્ની ભાગીદાર થવા માગતી નહોતી. દીકરાની માયાનું બંધન પણ તોડી નાંખ્યું. મા વગરનો ભેરુ વગડાના જાનવરની જેમ મોટો થયો.

બાપની જેમ એ પણ ‘પાપના કામ’માં પડ્યો હતો. “આ જનમનાં કરમ આવતા જનમમાં કોણ જાણે કેવાંય ભોગવવાં પડશે!” એ બબડયો... છત પરથી નજર ફેરવી એણે અંધારા ખૂણા તરફ જોયું. એ ખૂણામાંથી તેને કેટલીક આકૃતિઓ પોતાના તરફ આવતી દેખાઈ. એ બધી હતી પેલા ફાંસીએ લટકાવેલા ગુનેગારોની આકૃતિઓ... એક આકૃતિએ તેની પાસે આવી પૂછ્યું: “એ ભેરુ, અમને ઓળખે છે?” ભેરુ આંખો ચોળી, ફરીથી બરાબર જોવા લાગ્યો. ઝાંખા પ્રકાશમાં કંઈ દેખાયું નહીં. તેના શરીરે પસીનો વળી ગયો હતો. મેલા ગમછા વડે એણે મોં-કપાળ લૂછ્યું—ઉધરસ ખાઈ એ ખૂણામાં થૂંક્યો... ફરીથી સૂતો.

એક બ્રાહ્મણને ફાંસી આપ્યાની વાત તેને યાદ આવી. બ્રાહ્મણે પોતાની પત્નીને ગળે ટૂંપો દઈને મારી નાખી હતી. તેને ફાંસીની સજા થઈ હતી. ગામના એક મોટા જમીનદારે બ્રાહ્મણ-પત્નીનું શિયળ ભંગ કર્યું હતું. ક્રૂર અને બળવાન જમીનદારની વિરુદ્ધ એ કંઈ કરી શકે તેમ નહોતો; એટલે તેણે પોતાનો બધો ક્રોધ પત્ની પર ઠાલવ્યો. પોલીસથાણે એણે જાતે જઈ પોતાના ગુનાની વાત કરી હતી. શહીદની જેમ એ ફાંસીના માંચડે ચડયો હતો. તેને જોઈ ભેરુનો હાથ એક વાર કાંપ્યો હતો. બ્રાહ્મણે ભેરુની સામે જોઈને કહ્યું હતું: “ભાઈ, તારો હાથ કેમ કાંપે છે? નાખ મારા ગળામાં ફાંસીનું દોરડું. જીવન-મરણ તો ભગવાનના હાથમાં છે. હું મારા પાપની સજા ભોગવવા તૈયાર છું. તું તારી ફરજ બજાવ.”

તે દિવસે ભેરુએ જાણ્યું કે પોતે પાપી નથી—માત્ર ફરજ બજાવનાર માણસ છે.

બારીના સળિયામાંથી એક નાનું ચામાચીડિયું આવ્યું અને લટકતા દીવાના દોરડા સાથે અથડાયું. બત્તીનો ગોળો આમતેમ હાલવા લાગ્યો... ભેરુ માથું ફેરવી ઓરડીના ઝાંખા, હાલતા પ્રકાશને જોઈ રહ્યો. “હું પાપી નથી. વકીલો ગુનેગારનો ગુનો સાબિત કરે, જજ તેને સજા કરે... ફાંસીનો હુકમ કરે... મારે તો ફરજ બજાવવાની...” તે બબડવા લાગ્યો. “લોકો મને રાક્ષસ કહે છે. જમદૂત કહે છે. લોકોને ફાંસીએ

ચડાવવામાં મને ખુશી નથી થતી... પેટને ખાતર કરવું પડે..."

હવે તો જમાનો બદલાયો છે. હવે ફાંસિયાની નોકરી કરવા ઘણા લોકો તૈયાર છે. એક ફાંસી આપવાના ચાળીશ રૂપિયા. કોક વાર મહિનામાં બેત્રણ ફાંસી. દાળ—રોટલો મળી રહે છે. આ ફાંસીના રૂપિયામાંથી કપડાં સિવડાવવાં છે... પણ ફાંસી પર ચડનારા બધા ગુનેગારો નથી હોતા. પેલા જુવાનિયાએ દેશની આઝાદી માટે અંગ્રેજનું ખૂન કર્યું હતું. વીસ વરસનો તરવરતો જુવાનિયો "ઇન્કિલાબ ઝિન્દાબાદ"ની બૂમો પાડતો ફાંસીએ લટકી ગયો હતો. તે દિવસે એ જુવાનને ફાંસી આપ્યા પછી ભેરુ ફાંસીના માંચડા આગળ ટૂંટિયું વાળી બેઠો હતો, રડયો હતો. ઓરડીએ જઈને ભૂખ્યો-તરસ્યો સૂઈ ગયો હતો.

આઝાદી મળ્યા બાદ ભેરુ પેલા જુવાનની સમાધિ પર ગયો હતો. સમાધિ પર ફૂલ ચડાવ્યાં હતાં. તેની આગળ એ શહીદનો ચહેરો તરવરતો લાગ્યો. જુવાને જાણે પૂછ્યું, "કેમ ભેરુ, મજામાં છે ને? મને ફાંસીએ ચડાવ્યા બદલ અફસોસ ન કરતો. હું કદીય મરતો નથી. તેં તો મને દેશ ખાતર કુરબાની કરવામાં મદદ કરી છે." ભેરુની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં હતાં.

બસ, આજની ફાંસી ભેરુની જિન્દગીની છેલ્લી ફાંસી હતી. આજ પછી તે નિવૃત્ત થવાનો હતો. 'પાપ'ની જિન્દગી પૂરી થવાની હતી. હવે પછી કોઈને ફાંસીએ ચડાવવાનું દુઃખ નહીં થાય.

પહેલાં સૂતરનો જાડો ફાંસો હતો... પછી રેશમી ફાંસો આવ્યો અને હવે નાયલોનનો સુંવાળો, મુલાયમ, મજબૂત. મોત તો પહેલાં જેવું જ કઠોર નિર્દય હતું. મોતના અંધારા પડદાને ખેંચવા માટે ગમે તેવું દોરડું ચાલે. સુતરાઉ હોય કે રેશમ—નાયલોનનું; ભયાનકતા સરખી જ.

જેલના ઘંટના ત્રણ ટકોરા સાંભળી ભેરુ ઊંડી તંદ્રામાંથી અચાનક જાગ્રત થયો. ચાર વાગ્યે તેને ફાંસીની કોટડી આગળ હાજર થવાનું હતું. ખાટલામાં બેઠો થયો અને બીડી સળગાવી. બત્તી તો બળતી હતી. ફરીથી ભેરુ વિચારમગ્ન થયો... ભૂતકાળની વાતો યાદ આવવા લાગી.

જેલના ઘંટ પર ચારના ટકોરા પડ્યા.

ભેરુએ બીડી બુઝાવી નાખી. પથારીમાંથી ઊભો થયો. આળસ મરડવા હાથ ઊંચા કર્યા. તેને એકાએક જાણે ચક્કર... અંધારાં આવતાં જણાયાં. લોખંડની ખુરશી પકડી લીધી અને ફરસ પર ઊભડક બેસી ગયો. ઓરડીની દીવાલો, વીજળીનો દીવો, ખાટલો, પાણીનું માટલું... બધું ગોળ ગોળ ફરતું દેખાતું હતું. ભેરુ ખાટલામાં આડો પડ્યો.

વહેલી સવારે વૉર્ડરે જેલરને ઉઠાડી સમાચાર આપ્યા: "હજૂર, ભેરુ મરી ગયો..."

"મરી ગયો... કેવી રીતે?"

"ખાટલામાં મરેલો પડ્યો છે. હાર્ટફેલ થયું લાગે છે."

"ફાંસી આપ્યા વગર મરી ગયો કમબખ્ત! હવે ફાંસી કોણ આપશે પેલાને...?" જેલર ઊકળ્યો.

(અનુ. ર. પ્ર. રાવલ)

# એસ. જયપાલ રેડ્ડી

## અંતિમ લાલસાને જીતનારો

છ દાયકાથી વધુ લાંબા કાળ સુધી ઇન્દ્રજિત ગુપ્તાએ જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરેલું. સંસદમાં એમની સાથે કામ કરવાની તક મને સાંપડેલી, એટલે તેમાં એમણે કરેલું અર્પણ સૌથી પહેલું મારા મનમાં આવે છે. સત્યમૂર્તિ, શ્યામપ્રસાદ મુકરજી, હીરેન મુકરજી, ભુપેશ ગુપ્તા, નાથપાઈથી માંડીને મધુ લિમયે સુધીના અનેક મહાન સંસદીય નેતાઓ આધુનિક ભારતે પેદા કરેલા છે, તેમાં ઇન્દ્રજિત ગુપ્તાનું સ્થાન અવશ્ય છે; પરંતુ પોતાની રીતે તેઓ અજોડ હતા. એક વક્તા કરતાં વધારે તો તે એક ચર્ચા કરનારા હતા. સાદી ને અસરકારક રીતે બોલવાની એક વિશિષ્ટ કલા એમની પાસે હતી.

સંસદમાં એક નાના પક્ષના નેતા તરીકે, કોઈ પણ વિષય પર છેલ્લે બોલનારાઓમાં એમનો વારો આવતો. તેમ છતાં તેની ઉપર એ નવો પ્રકાશ અચૂક ફેંકતા અને સરકાર તરફથી એ મુદ્દાઓને આધારે ચર્ચાનો જવાબ વાળવામાં આવતો. ભાષાના ભભકા વગરની એમની બોલવાની સાદી ઢબ ઉપરથી એમની બહુવિધ વિદ્વત્તાનો ખ્યાલ પણ ન આવે. નાણાકીયથી માંડીને વિદેશી બાબતો સુધીના વિષયો ઉપર તે અધિકારપૂર્વક બોલી શકતા અને સંરક્ષણથી મજૂર પ્રશ્નો ઉપર પણ. લોકસભામાં તે અગિયાર વખત ચૂંટાઈ આવ્યા હતા એ વિક્રમ લાંબા કાળ લગી અતૂટ રહેવાનો સંભવ છે. ઇંગ્લંડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ત્યારે એ સામ્યવાદી બનેલા અને પછી છ દાયકાઓ સુધી એમણે પોતાની જાત કામદાર ચળવળને અર્પણ કરી દીધી હતી.

ગૃહખાતાના મંત્રી બન્યા ત્યારે સત્યવક્તા તરીકે સરકારી પક્ષને તે મૂંઝવણમાં મૂકી દેતા અને વિરોધ પક્ષોને વશ કરી લે તેટલી નિખાલસતા બતાવતા. ગુપ્તા એક ઉત્તમ મનુષ્ય પણ હતા. સામાન્ય

સંસદ સભ્યોના સાદા નિવાસસ્થાન વેસ્ટર્ન કોર્ટમાં એ ચાલીસ વરસ સુધી રહેલા. ભારતના ગૃહમંત્રી બન્યા પછી પણ એ મામૂલી સ્થાનમાંથી નીકળવાની એમણે ના પાડી દીધેલી. સૌ સાંસદો માટેની બસમાં બેસીને જ એ માનનીય ગૃહમંત્રી સંસદ સુધી આવતા. દિલ અને દિમાગના દીપી ઊઠે તેવા ગુણો માટે સર્વત્રા એમનો આદર થતો, પણ પ્રશંસાનાં ફૂલ કોઈ વેરે તે એમને કદી ગમતું નહીં. પોતાની ઉદ્દામ વિચારધારાને સતત વફાદાર રહેલા ગુપ્તા સંસદીય એટિકેટ ચુસ્તતાપૂર્વક પાળતા અને બીજાઓ તે પ્રણાલિકાનો ભંગ કરે ત્યારે પોતાની નારાજી બરાબર વ્યક્ત કરતા. સંસદીય વર્તણૂકનાં નીચાં ઊતરતાં જતાં ધોરણો વિશેની એમની વેદના અને નફરત સુધ્ધાં તેઓ જીવનનાં છેલ્લાં વરસોમાં વ્યક્ત કરતા રહેલા.

આખી જિંદગી એમણે જાહેર જીવનને અર્પણ કરી દીધી હતી, છતાં પોતાની જાત વિશે એ કદી કાંઈ બોલતા નહીં. એમણે આપેલા ફાળા વિશેની વાતોને પણ તે ઉત્તેજન આપે નહીં. જાતે સ્વીકારેલી સાદગી વચ્ચે પણ કોઈ એકાકી અમીર જેવું સ્થાન એમને વરેલું. જાતને ભૂંસી નાખવી, એ એમની કદાચ સૌથી વધુ આદરપાત્રા સિદ્ધિ હતી. એમણે સતત ચલાવેલી લડત વિશે કે પ્રજાની સેવા માટે એમણે આપેલા સંપૂર્ણ બલિદાન માટે કોઈ જાતની પ્રસિદ્ધિથી તે વેગળા રહેતા.

મહાકવિ મિલ્ટને કહેલું કે કીર્તિની વાંછના એ ભલભલા ઉમદા આદમીઓની પણ અંતિમ નબળાઈ બને છે. ઉમદા મનુષ્યની પણ એ આખરી લાલસા ઇંદ્રજિત ગુપ્તાએ સંપૂર્ણપણે જીતી લીધેલી હતી. કોઈ પણ જાતની મહત્ત્વાકાંક્ષા વિનાના સમર્પિત જીવનનું મહાન દૃષ્ટાંત એ મૂકતા ગયા છે.

['આઉટલુક' અઠવાડિક: ૨૦૦૧]

# એસ્થર ગ્રેહામ

## જગતને જોવાની મજા

રેલગાડીમાં સફર કરતા એક માણસ અને તેના નાના પુત્રાની પાછળની બેઠકમાં હું બેઠી હતી. પાટાની બેઉ બાજુ જે દૃશ્યો પસાર થતાં હતાં તેમાં એ છોકરાને ખૂબ રસ પડતો હોય એમ લાગ્યું, ને પોતે જે કાંઈ જુએ તેનું વર્ણન એ પિતાને મોઢે સતત કરતો જતો હતો. એક નિશાળના ચોગાનમાં રમતાં બાળકોની વાત એણે કરી, એક વોંકળામાં પડેલા પથ્થરોની વાત કરી અને પાણી પર પડતાં સૂરજનાં કિરણો વર્ણવ્યાં. વચમાં, એક માલગાડીને જવા દેવા માટે અમારી ગાડી ઊભી રહી ત્યારે, એ ભારખાનાના દરેક ડબ્બામાં શું શું હશે તેની અટકળ એણે ચલાવી. એમને ઊતરવાનું સ્ટેશન નજીક આવતું ગયું તેમ તેમ તો એ છોકરાની ખુશાલી વધતી ચાલી. સફરને અંતે આગલી બેઠક પર જરા નમીને પિતાને મેં કહ્યું: "એક બાળકની આંખો મારફત જગતને જોવામાં કેવી મજા આવે છે—નહીં?"

સ્મિત કરીને એમણે જવાબ વાળ્યો: "હા, બહુ જ. એ એક જ રીતે આપણે જગતને જોઈ શકીએ તેમ હોઈએ, તો તો ખાસ." એ અંધ હતા.

# 'ઓબ્ઝર્વર'

## કબરોની કતાર

સંવત્સરના આખરી દિવસો દરમિયાન શિશિરના પહેલવહેલા સૂસવતા ચાબખાઓ ભારતીય પ્રજાસત્તાકના પાટનગરનાં ભિખારીઓ તથા હજારો પગથીવાસીઓના ઉઘાડા બરડા પર વિંઝાયા છે. આજ પૂર્વેના અનેક શિયાળાઓની જેમ આ વરસે પણ જુમા મસ્જિદનાં પગથિયાં પર, નગરસભા-ખંડના બગીચામાં, કેટલાંય સરકારી મકાનો પાછળનાં ચોગાનોમાં અને, અલબત્ત, રાજમાર્ગોની પગથીઓ ઉપર ટૂંટિયાં વાળીને, કોકડું વળીને આશરાહીનોની એ જમાત રાતવાસો કરતી પડેલી દેખાય છે. માનવીના કલેજા જેવી ટાઢીબોળ અને કઠણ ધરતીના થોડા થોડા ચોરસ-ફૂટના આ ટુકડાના આસાએશનો ત્યાગ કરવા પણ એ લોકો તૈયાર નથી—રખેને જિંદગાનીનાં પચાસ-સાઠ વરસોની સાંભરણો ખોવાઈ જાય એ દહેશતે. કેમ કે સ્મૃતિઓ તે જ એમની એકમાત્રા દોલત છે.

પગથીનાં એ વસનારાંઓને વરસોવરસની પોતાની આ અવદશા હવે કોઠે પડતી જતી લાગે છે. એમની કાયા ઉપર આદતનું જાણે કે કવચ ભિડાઈ ગયું છે અને શિયાળા સાથે એમણે કશીક ગુપ્ત સમજૂતી સાધી લીધી છે. ટાઢીહિમ જમીન પર એવાં સેંકડો એક કતારમાં સૂતેલાં હોય છે—જાણે કે કબરોની હારમાળા! સેંકડો બીજા મિસ્કીનો ગંજીપો રમી રમીને, જુગાર ખેલીને, ચરસ પી-પીને તથા ગોઠણ વચાળે બે હાથ લપાવીને આછાં તાપણાં પાસે બેઠાં બેઠાં રાત્રીના લાંબા કલાકો વિતાવતા હોય છે. થાકેલી ને ઠિંગરાયેલી ધીરજ ધરીને એ રાહ જોતા હોય છે—શાની તે તો ખુદ એમને પણ જાણ નથી. શીત તારલિયાળી રાતે આ આખા દૃશ્ય પર નજર નાખતાં એક અજાયબ લાગણી થઈ આવે છે કે જાણે સજીવસૃષ્ટિ તો બધી ઉપર આસમાનમાં પડેલી છે, અને અહીં ધરતી પર જે પથરાયલું છે તે તો ધગધગતા નિશ્વાસોનું

## નર્યું ધુમ્મસ જ હશે!

# ઓલિવર ક્રોમવેલ

## અહીંથી ચાલ્યા જાઓ!

આપ સૌની બેઠકો સમાપ્ત કરવાનો આ યોગ્ય અવસર છે. કારણ કે, આ પવિત્ર સ્થળનું આપ ભારે અપમાન કરી રહ્યા છો. આપનામાં બધા જ દુર્ગુણો મોજૂદ છે. આપ સૌ સમસ્ત પ્રજાના દુશ્મન છો. નાનકડી રકમ માટે આપ ઈશ્વરને પણ વેચી દેશો અને સાધારણ સ્વાર્થ માટે જનતાને વેચી દેશો. આપમાંથી કોણે પોતાના આત્માનો સોદો લાંચથી નથી કર્યો?

આ પવિત્ર સ્થાનને અપવિત્ર કરનાર વેશ્યાઓ જેવા છો આપ. ભગવાનના આ પવિત્ર મંદિરને આપે ચોરોના આશ્રયસ્થાનમાં પલટાવી નાખ્યું છે. જનતાએ પોતાના કષ્ટના નિવારણ માટે આપણને અહીં મોકલ્યા હતા. પરંતુ આપ તો એ જનતાને જ સૌથી વધુ કષ્ટ આપનારા થઈ ગયા છો.

એટલે જલદી કરો, ભગવાનને ખાતર અહીંથી ચાલ્યા જાઓ અને પાર્લમેન્ટના દરવાજા બંધ કરો!

# કનુભાઈ જાની

## એવું રૂપ લીધું!

રવીન્દ્રને આરેથી શબ્દ ફૂટયો હતો, તે ઘૂઘવાટ કરતો છેક અહીં પહોંચ્યો: એક વાર તો ખુદ રવીન્દ્રનાથનેય ગુજરાતીમાં લલકારવાનું મન થઈ જાય એવું રૂપ રવીન્દ્ર-ગાને લીધું.

['મેઘાણી-છબી' પુસ્તક]

# કનૈયાલાલ મુનશી

## "બહોત ખૂબ"

૧૯૦૩ની આઠમી મેની રાત હતી. બાપાજી આરામખુરશી પર બેઠા હતા. હું પાસે ઊભો હતો. બા ખાવાનું લઈને આવતી હતી. અચાનક બાપાજીએ અકળામણથી ઓ-ઓ-ઓની બૂમ મારી ખુરશી પર માથું નાખી દીધું. બધાં દોડી આવ્યાં. રડારોળ થઈ રહી. અબોટ દઈ એમને ભોંયે સુવાડયા. કોઈએ ઘડો લાવી એમના પર ઢોળ્યો. "શ્રીરામ, શ્રીરામ"ની બૂમો ચારે તરફ સંભળાઈ.

મારા માથાનું છત્ર એકદમ ઊડી ગયું. પૈસા ને મોભાથી સુરક્ષિત અમારું જીવન ગરીબ ને નિર્જીવ બન્યું. આ બધી જોખમદારીને અંગે ભણવાનું છોડી દઈને નોકરી લઈ લેવાનો મેં સંકલ્પ કર્યો.

સજળ નયનો સાથે બા લોકાચાર પ્રમાણે ધર્મક્રિયા ને લોક જમાડવાની તૈયારી કરતી અને બપોરે જ્યારે કોઈ ન હોય ત્યારે હિસાબનાં દફતરોનું કબાટ ખોલીને તેમાં કંઈ ગોઠવ્યા કરતી ને હિસાબ લખતી.

મારી યોજના મેં એને કહી સંભળાવી: હાંડીતક્તા વેચી દઈએ, હું કૉલેજ છોડી નોકરી લઉં ને ગમે તેમ કરીને દુ:ખના દહાડા કાઢીએ.

બા મને ભેટી પડી. એની આંખમાંથી આંસુની સરિતા વહી જતી હતી. "કનુ, ગભરાતો નહિ. હાંડીતક્તાયે નથી વેચવાં ને ભણવાનુંય નથી છોડવું. હું બેઠી છું ને?"

લોકાચાર થયા. બધું પરવારી બાએ ઘરની વ્યવસ્થા બદલી નાખી. થોડું ઘરેણું વેચી નાખ્યું; વીમાના પૈસા ઉપાડયા ને તે લોનમાં રોક્યા. બાપાજીનાં કપડાંમાંથી અમારે માટે શું શું થાય અને ખાવાપીવામાં કેવો ફેરફાર કરી શકાય એ નક્કી કર્યું. રસોઇયા અને નોકરને રજા આપી.

અમારા કુટુંબના જૂના પટાવાળા મહમદ શફીને, જ્યારે ભાઈઓએ

ભાગ પાડયા ત્યારે બાપાજીએ રાખ્યો હતો. તે ધર્મચુસ્ત મુસલમાન કોઈ દિવસ નમાજ પઢવાનો સમય ચૂકતો નહિ. નવરો હોય ત્યારે અલ્લાનું નામ જપ્યા કરતો. જ્યારે એ અમને નાટકમાં લઈ જતો ત્યારે પણ પોતે બહાર બેસી રહેતો. વળી તે છબી પડાવવા કદી તૈયાર થતો નહિ. એ બધું એ મજહબ વિરુદ્ધ ગણતો. એનું મુખ્ય કામ તો ફસલ ઉઘરાવવાનું હતું, પણ બહારનુંયે બધું કામ એ કરતો ને ઘરનું કામ પણ સંભાળતો. વારપર્વે ગોર મહાદેવજીની પૂજા કરી ગયા કે નહિ, તેનું પણ તે ધ્યાન રાખતો.

એને અમે મહિને સાત રૂપિયા આપતા. બાપાજી હતા ત્યાં સુધી તો સરકારી પટાવાળાના નાયક જેવો એનો મોભો હતો. અમારા વિશ્વાસુ માણસ તરીકે એ પ્રતિષ્ઠા ભોગવતો. એને ઇનામઅકરામ પણ મળતું. જ્યારે બાએ રસોઇયા ને નોકરને રજા આપી ત્યારે એણે અગિયાર રૂપિયાની નોકરી શોધી કાઢી ને બા પાસે આવ્યો. “બા, મને રજા આપો. મેં વીટલ મિલમાં નોકરી શોધી કાઢી છે,” તેણે ખંચાતાં કહ્યું. બા પાન બનાવતી હતી. તેણે ગાંભીર્યથી ઊંચું જોયું. હું ત્યાં જ બેઠો હતો.“મહમદ, પછી આ તારા નાના શેઠને કોણ સંભાળશે?” બાએ પૂછ્યું.

પળવાર મહમદે મારી સામે જોયું. એની આંખમાં પાણી આવ્યું. “બહોત ખૂબ, બા.” કહી તે મૂંગો રહ્યો.

ત્યાર પછી વધારે પગારની નોકરી માટે કેટલીયે વાર એને કહેણ આવ્યાં. સાત રૂપિયાથી વધારે આપવાની અમારી શક્તિ નહોતી. પણ એણે ન બીજી નોકરી સ્વીકારી, કે ન અમારી પાસેથી વધારે પગાર માગ્યો.

મહમદ ટેકી માણસ હતો. એણે અને એની બે બીબીઓએ બીડીઓ વાળી, લૂગડાં સીવી ખાધ પૂરી કરી. બાર વર્ષે ‘નાના શેઠે’ વધારે પગાર આપ્યો. એનું દેવું ચૂકવી આપ્યું. એને ઘર લઈ આપ્યું. એને ખૂબ ખૂબ વિનવણી કરીને એક વખત છબી પડાવવા બેસાડયો.

પછી બીજાં પંદર વર્ષ સુધી એણે ટેકરા પર એ જ ઓટલા પર

બીડીઓ વાળી, ‘કુરાન’ પઢ્યું, મહાદેવની પૂજા કરાવી. કર્તવ્યનિષ્ઠ મહમદ આડત્રીસ વર્ષની નોકરી કરી બેહેસ્તનશીન થયો.

## એક પત્ર

મારા નાથ!

મરણપથારીએ પડી પડી એક વાર ફરી તમારે ખોળે મારું માથું મૂકું છું. આ કાગળ ન લખત. હજારો વાર કરગરી કરગરી કહેલા બોલોની કંઈ અસર થઈ નહોતી, તે કંઈ હવે થશે? પણ મારા અનુભવો જણાવવાથી હું દુઃખમાંથી છૂટીશ.

મારી સોળ વર્ષની જિંદગીમાં બહુ બહુ દુઃખ પડ્યું. જો કોઈ એ દુઃખ મટાડી શકત, તો તે મારા સ્વામીનાથ—મારા દેવ—તમે હતા. તમે મારો હાથ ઝાલ્યો; દુનિયાએ તમને કોમલ, બિનઅનુભવી બાલા સોંપી. પણ તમે તેનો વિચાર પણ ન કર્યો. મારી આ દશા થઈ—મારા પ્રાણ જવા વખત આવ્યો.

હું આપને ત્યાં આવી તે વખત યાદ છે? પ્રેમાળ માતાપિતાની લાડલી, છતાં પણ તેમનો ભાવ તરછોડી હું તમને ઝંખતી. પરણ્યા પહેલાં નિશાળે જતાં જો મારી નજર તમારા પર પડતી, તો મારા હૃદયમાં કંઈ અવનવા ભાવો ઊગતા; મને થતું કે ક્યારે તમને મળું? ક્યારે તમારી સેવા કરી જીવન સફળ કરું!

હું તમારે ત્યાં આવી ત્યારે કેટલી નાની હતી! કોઈ હરણીના આનંદથી કૂદતી. સાસુનો રોફ અને ધણીની ગુલામગીરી, એ શબ્દો મારા કાન પર નહોતા પડ્યા. છ જ મહિનામાં મારું મન કેવું રૂંધાશે તેનો મને સ્વપ્નેય ખ્યાલ નહોતો. આવતાં વાર જ ખાટાંતીખાં મેણાંથી મારા નિર્દોષ મનને જાણીતું કર્યું! હું કંઈ પણ કરતી કે કહેતી, તો મારાં માબાપ વિશે ચર્ચા થતીઃ “તારી મા અને તારા બાપ અને તારી ઉખાત!” તમને કોઈ એમ કહે તો તમે સામાને તમાચો મારી

શકો; જ્યારે એક ગભરુ બાલિકાને પૂજ્ય માવીતરો પર પડતાં શુકનો સાંભળવાં પડે, ખમવાં પડે.

બે-ત્રણ મહિનામાં કઠણ કાળજું કરીને એ સાંભળવાની ટેવ પાડી, ત્યારે નવી ખૂબી શરૂ થઈ. વહાલા! તેર વરસમાં મારું શું ગજું! પારકે ઘેર ઊછરેલી નાદાન છોકરીને તમારી રીતિઓ ક્યાંથી આવડે? જેમ તમારી બહેન તમારી માને લાડકી, તેમ હું પણ મારી માને હતી. મારાં કોમલ અંગોની એમને દરકાર હતી. ત્યારે શું વીસ વર્ષની દીકરીનાં અંગ જરા કામ કરતાં શેકાઈ જાય, અને તેર વર્ષની વહુનું શરીર આખા ઘરનું કામ ઉઠાવી શકે? તમને શું ખબર નહોતી હું આખો દિવસ વૈતરું કરું છું; નથી સૂતી કે નથી બેસતી. તમે બોલબૅટ રમીને આવો, ઓફિસમાં જઈ આવો, તેમાં શું થયું? અમે આખો દિવસ મજૂરી કરતાં, ગાળો ખાતાં, ઘરના વધેલે ધાને પેટ ભરતાં, અસંતોષમાં અહોનિશ જીવન ગાળતાં, બે પ્રેમાળ શબ્દની લાલસાથી તમારી પાસે આવીએ, તો તમારાથી સ્નેહનો એક શબ્દ પણ ન બોલાય? સાધારણ વસ્તુ જોઈએ તોપણ તરત ઊઠી હાજર રહેવું, પળવાર લાગતાં તમારા ઘાંટા સાંભળવા! તમારા મરદોના મજબૂત પગ ઓફિસમાં બેઠે બેઠે દુ:ખે તેને મારા નિર્બલ હાથે દાબવા, અને તમને પરસેવો થાય તો અડધી રાતે કંપતી કેડે તમને પવન નાખવો! તે વખતે શું તમારા મનમાં એમ પણ ન આવ્યું કે આ કોમલ બાલા આ દુ:ખ કેમ વેઠશે? પણ ક્યાંથી આવે?—હું તો ગુલામડી! ઘણા દિવસો એવા ગયા છે કે આખો દિવસ કામ કરી પેટની નસેનસ દુખતી હોય, બેસાતું પણ ન હોય—સૂવાનું તો ક્યાંથી જ હોય?—એ દુ:ખ સાથે પણ સેવા કરી જ્યાંત્યાંથી નિદ્રાદેવીનો આશરો લેવાની આશા હોય, તેવે વખતે તમારો સખત બોલ, ધમકી અને ક્વચિત્ બેચાર લપડાક પણ સહન કરતી—પછી આંસુ પડે તો તેમાં પણ અમારી ગુનેગારી!

પિયેર જવાની બંધી, સાસુનો સદાનો કોપ, તમારું હંમેશનું જુલમી સ્વામિત્વ—આ બધું પંદર વરસની છોકરીને તમે સહન કરાવ્યું. હજારો મારા જેવી કરે છે, તેમ મેં પણ કર્યું.

જો તમે સ્નેહ દેખાડ્યો હોત—તમને ખાવાપીવાનો મોજશોખ કરાવનાર લૂંડી તરફ મહેરબાની નહીં—જો જરા પણ દરકાર, મારા તરફ જરા પણ ન્યાય, દર્શાવ્યાં હોત તો—સંસારે તો તમને મારા શરીરના માલિક બનાવ્યા હતા, પણ—હું તમને મારા અંતરના પ્રભુ બનાવત. પણ મનની બધી મનમાં જ રહી. તમારે પલ્લે પડીને ન મળ્યો ન્યાય, ન મેળવ્યો સ્નેહ કે ન પામી સુખ. મારું અંતર રિબાઈ રિબાઈ શરીર સુકાયું અને આખરે આજે મરું છું.

એક દહાડો તો તમારા સ્વાર્થ સિવાય બીજી વાત કરવી હતી! એક પળ તો શુદ્ધ પ્રેમનો સ્વાદ ચખાડવો હતો! એક વાર તો જમ્યા પછી પૂછવું હતું કે, પાછળ ધાન રહ્યું છે કે પોપડા? એક દહાડો તો સાથે બેસી કંઈ રસિકતાનો, કંઈ ઊંચા વિચારોનો ખ્યાલ કરાવવો હતો! પણ એવી ક્યાંથી આશા? ખાઈ-પી, પેટ ભરી જિંદગી ગાળવામાં એવા વિચાર ક્યાંથી આવે?

અસલ સતીઓ આવતે ભવે તે જ સ્વામી માગતી. હું માગું, પણ તે લાયકાત તમે દેખાડી છે? આ ભવે છૂટી—પ્રભુ ફરી આપણો સાથ ન કરાવે! સાસુજીને કહેજો કે ફરી કોઈ ભણેલી સ્ત્રી ન લઈ આવે!

અભાગિણી.

['મારી કમલા' પુસ્તકઃ ૧૯૧૨]

# કન્ફ્યૂશિયસ

## વૃદ્ધ

જે ઊંડો સ્નેહ કરી જાણે છે તેવાં માનવી કદી વૃદ્ધ થતાં નથી.

# કમલા પરીખ

## સૌથી નાના ધારાસભ્ય

૧૯૪૯થી ૧૯૫૭ સુધી બાબુભાઈ મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં હતા. તે આઠ વરસમાં એમણે સાત ટ્રંકકોલ પણ કરેલા નહિ. ટપાલમાંય પોસ્ટકાર્ડથી પતે તો કવર ન લખે. ૧૯૨૮માં તે વડોદરા કોલેજમાં ભણતા હતા ત્યારે આખા વરસનું તેમનું ખર્ચ હતું રૂ. ૩૫૦, તેમાં કોલેજની ફી ઉપરાંત ભોજનબીલના ૨૨૦. તે જમાનામાં કોલેજના છાત્રાલયમાં જે સળંગ ત્રણ દિવસ ન જમે તેને ભોજનબીલમાં ‘કટ’ અપાતો. બાબુભાઈ શનિવારે ન જમે, રવિવારે ઘેર ગયા હોય અને ત્યાંથી લાવેલો નાસ્તો સોમવારે ખાઈને ચલાવી લે.

૧૯૩૦ના સત્યાગ્રહ વખતે સ્વયંસેવક બનીને બાબુભાઈ મુંબઈ ગયેલા. કોંગ્રેસની છાવણીમાં રહે અને દક્ષિણી લોજમાં ટંકના ચાર આના આપી જમે. સાંજે બે પૈસાના ચણા લઈને ચલાવી લે. બસ કરતાં ટ્રામ સસ્તી, એટલે તેમાં આવજા કરે. સ્વયંસેવકોનો ખર્ચ કોંગ્રેસ ભોગવતી, પણ બાબુભાઈ માને કે કોંગ્રેસના પૈસા ગરીબો માટે છે માટે તેનો ઉપયોગ બને તેટલો ઓછો કરવો.

૧૯૩૦માં કોલેજ છોડીને બાબુભાઈ સત્યાગ્રહમાં જોડાયેલા, જેલમાં ગયેલા. ત્યાંથી છૂટીને ભણતર પૂરું કરવા પાછા કોલેજમાં જોડાયા. દરમિયાન ધારાસભાની ચૂંટણી આવી તેમાં કોંગ્રેસે બાબુભાઈને ખેડા જિલ્લામાંથી ઉમેદવાર તરીકે પસંદ કર્યા. કલેક્ટર ઓફિસમાં તે માટે ફોર્મ ભરવા ગયા, તો નાજુક ને નાનકડા દેખાતા બાબુભાઈને ૨૫ વરસ થયાં હશે કે કેમ તેની કલેક્ટરને શંકા ગઈ. ઉંમરનો પુરાવો આપ્યો ત્યારે એમનું ઉમેદવારી પત્ર સ્વીકારાયું. મુંબઈ રાજ્યમાં એ વયમાં સૌથી નાના ધારાસભ્ય બન્યા.

# ઋષિ અધ્યાપક

કોને માટે ઉપર્યુક્ત શબ્દો યોજાયા હશે? પેલા પૌરાણિક ગુરુઓ માટે તો નહીં હોય? હા, એવા ગુરુઓ વશિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ, સાંદીપનિ વિષે વાંચ્યું છે. પણ મારા વંદનીય ગુરુ પ્રોફેસર દાવરની યાદ આવતાં જ કરુણભર્યાં નયનોથી વ્હાલ વરસાવતો એક સૌમ્ય ચહેરો નજર સમક્ષ ઊભરી આવે છે.

તેમનો જન્મ અહમદનગરમાં ૧૮૯૨માં થયેલો. તેમના પિતા કાવસજી ત્યારે બાંધકામ ખાતામાં હિસાબનીશ તરીકે કામ કરતા. ૧૮૯૬માં દાવર કુટુંબે અમદાવાદમાં સ્થાયી વસવાટ કર્યો. ફિરોઝ દાવરે સમગ્ર શિક્ષણ અમદાવાદમાં લીધું. ૧૯૦૮માં ગુજરાત કોલેજમાં દાખલ થયા, અને ૧૯૧૨માં અંગ્રેજી તથા ફારસી સાથે બી. એ.ની ઉપાધિ મેળવી, ૧૯૧૩માં એમ. એ.માં ઉત્તીર્ણ થયા, ૧૯૧૬માં એલએલ. બી. થયા. ૧૯૧૬માં અમદાવાદમાં ‘નેટિવ ઇન્સ્ટિટ્યૂટ’માં હેડમાસ્તર પદે રહ્યા. ત્યારબાદ ૧૯૧૮થી ૧૯૨૦ સુધી બે વર્ષ પૂનાની ડેક્કન કોલેજમાં અંગ્રેજીના સહાયક અધ્યાપક રહ્યા. પણ પછી અમદાવાદની ગુજરાત કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે તેઓ જોડાયા. ૧૯૪૭ સુધી પોતાની માતૃકોલેજમાં સેવા આપી. તેમને નિવૃત્ત થવાના પાંચ મહિના બાકી હતા ત્યારે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ દાવર સાહેબને લા. દ. આર્ટ્સ કોલેજમાં અંગ્રેજી વિભાગના વડા તરીકે જોડાવાનું નિમંત્રણ પાઠવ્યું. ૧૯૬૬માં તેઓ ત્યાંથી નિવૃત્ત થયા. ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં તેમણે માનદ્ સેવાઓ આપેલી ત્યારે શ્રી નરીમાન કામાએ તેમને ટકોરેલા કે ગાડીભાડા જેટલા પણ પૈસા મળતા નથી, તો શાને દોડવું? તેમણે કહેલું કે ગુજરાત યુનિવર્સિટીની આખી લાઇબ્રેરી મફત વાંચવા મળે છે તે કેટલા મોટા લાભની વાત છે?

તેમનું કુટુંબ પાંચ બહેનો ને બે ભાઈનું બનેલું હતું. તેમનાં માતા લેખિકા હતાં. દાવર સાહેબના જીવનઘડતરમાં તેમનાં માતાનું મહાન પ્રદાન હતું. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ અને જુદી જુદી ભાષાઓનો

અભ્યાસ આ ચારેય તેમણે વારસારૂપે માતા પાસેથી પ્રાપ્ત કરેલ.

નોકરી દરમિયાન તેઓ રાષ્ટ્રીય રંગે રંગાયેલા. ગાંધીજીની સભાઓમાં તથા સાબરમતી આશ્રમની સવારની પ્રાર્થનામાં તેઓ હાજરી આપતા. તે સમયના પ્રિન્સિપાલ શિરાઝે આ બાબતનો વાંધો ઉઠાવ્યો ત્યારે દાવરસાહેબે જવાબ આપેલો કે તેઓ વર્ગમાં નિયમિત જાય છે, ભણાવે છે, અને ત્યાં કોઈ પ્રચાર કરતા નથી, પણ કોલેજની બહાર તેઓ સંપૂર્ણ સ્વતંત્ર છે. તેમના રાષ્ટ્રવાદી વલણથી નારાજ થયેલા સત્તાવાળાઓએ ગુજરાત કોલેજમાં કેટલાંયે વર્ષો સુધી તેમને પ્રોફેસરના પદથી વંચિત રાખેલા. આઝાદીની લડતના પ્રસંગે તેમની પાસે રાજીનામાની માંગણી થયેલી, પણ તેમનો નમ્ર ઉત્તર હતો કે તેમના કૌટુંબિક સંજોગો તેમને તેમ કરવા દે તેમ નથી. પણ ગુજરાત કોલેજની વિખ્યાત હડતાલ વખતે દાદર પર આડા સૂઈ રહેલા વિદ્યાર્થીઓએ જ્યારે દાવર સાહેબને તેમના શરીર પર પગ મૂકીને વર્ગમાં જવા કહ્યું, ત્યારે તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓના શરીર પર પગ મૂકવા કરતાં પોતે રાજીનામું આપવાનું વધારે પસંદ કરશે.

તેમનો જીવનક્રમ પણ જાણવા જેવો છે. સમગ્ર કુટુંબ રાત્રે સાડાઆઠ વાગ્યે જમતી વખતે વિચારોની આપલે કરે. રાત્રે દસે લાઇટ બંધ કરીને સહુને સૂઈ જવાનું. તેઓ પોતે સવારે સાડાત્રણ વાગ્યે ઊઠે. સ્નાન બાદ તેમનાં પાઠપૂજા શરૂ થાય. તેઓ ગાયત્રીમંત્ર, ‘અવસ્તા’ તથા ‘બાઇબલ’ના કંઠસ્થ કરેલા ફકરાઓ બોલે.

મૃત્યુને તેઓ મંગલકારી માનતા હતા. મૃત્યુ પામ્યા તેના ત્રણ દિવસ પહેલાં તેમણે પુત્રીને કહેલું કે મૃત્યુને બિહામણું માનવું નહીં, ઋણાનુબંધ પૂરો થાય એટલે હસતા મોઢે જવાનું. શરીરને પરાણે ખેંચવાનો કોઈ જ અર્થ નહીં. તેમના છેલ્લા શબ્દો હતા ‘મૃત્યુ મંગલકારી છે.’ ૧૯૪૧માં મુંબઈમાં તેમને ટાઇફોઇડનો ત્રીજો હુમલો થયેલો ત્યારે ડોક્ટરે આશા છોડી દીધેલી. તે રાત્રે તેમને મૃત્યુનો જે અહેસાસ થયેલો તેની ફલશ્રુતિ સ્વરૂપે ‘મોત પર મનન’ નામના તેમના ગ્રંથનું સર્જન થયું.

વિદ્યાવ્યાસંગી દાવરસાહેબને સાંભળવા એ એક લ્હાવો હતો.

લાંબો કોટ, ટૂંકી મોળીનું પાટલૂન, પગમાં બૂટ અને પારસીશાયી ટોપી સાથે વર્ગમાં જ્યારે તેઓ પ્રવેશ કરે ત્યારે આંખો તેમના પર સ્થિર થઈ જાય અને ચરણોમાં વંદન કરવાનું મન થઈ જાય. તેમના પ્રવેશ સાથે સમગ્ર વર્ગમાં જાણે શિસ્ત સદેહે ઊતરી હોય તેવું લાગે. જ્યારે વાણીપ્રવાહ વહેતો થાય ત્યારે તો એ જ્ઞાનની ગંગામાં તરબોળ થઈ જવાય. પ્રભાવશાળી વ્યક્તિત્વ, મેઘ જેવો અવાજ, ચહેરા પર છવાયેલી વિનમ્રતા, વાણીમાંથી પ્રકટતું જ્ઞાન અને પેલાં કરુણાસભર નેત્રો ગજબનો પ્રભાવ પાડી જતાં. વર્ગમાં શીખવતી વખતે વિષયમાં પોતે ઓતપ્રોત થઈ જતા અને સાથે સાથે વિદ્યાર્થીઓને જાણે સમાધિ લાગી જતી. ગમે તેટલું અઘરું પુસ્તક તેમના દ્વારા સરળ બની જતું. કવિશ્રી નાનાલાલ કહેતા, “ભાષણ સાંભળવું હોય તો જાઓ પ્રોફેસર દાવર પાસે, વિદ્વત્તાની ઝડીઓ વરસાવે છે.” કવિશ્રી એમ પણ કહેતા, ‘અમદાવાદ આવો ત્યારે બીજું ઘણું જોજો, પરંતુ ખાનપુર રોડ પર પ્રોફેસર દાવર નામે એક ઋષિ વસે છે, તેમનાં દર્શન કરવાનું ચૂકશો નહીં. “હરિસંહિતા” જેમ જેમ લખાતી તેમ તેમ કવિશ્રી દાવરસાહેબ પાસે આવીને સંભળાવતા.

એક વખત મારા વર્ગમાં ભણાવતાં ભણાવતાં તેઓ બેભાન થઈ ગયેલા અને થોડા સમય પછી જ્યારે ભાનમાં આવ્યા ત્યારે વર્ગ લેવા માટે તૈયાર થઈ ગયા. અમે સહુએ તેમને ઘેર જઈ આરામ કરવા માટે વિનંતી કરી, પણ તેઓ શાના માને? છેવટે અમારે જીદ કરવી પડી. વર્ગબહિષ્કારનો લાડભર્યો સત્યાગ્રહ કરવા તૈયાર થયેલા અમને જોઈને તેઓ આખરે માન્યા અને ઘેર જવા સંમત થયા. નિયમિતતાના તેઓ ચુસ્ત આગ્રહી. ઘંટ વાગે કે તરત જ ઊભા થાય અને વર્ગ પ્રતિ પ્રયાણ કરે. ઠંડી, વરસાદ, તાપ ગમે તે હોય પણ તેઓ સમયસર હાજર જ હોય. ભણવું અને ભણાવવું એ એમનું કર્તવ્ય. ત્યારે ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓમાં એવી વાયકા હતી કે ગુજરાત કોલેજની સીડનહૅમ લાઇબ્રેરીમાં વિજ્ઞાન અને ગણિતનાં પુસ્તકો બાદ કરતાં બાકીનાં તમામ પુસ્તકો દાવર સાહેબે વાંચેલાં છે. તેમને Walking libraryનું બિરુદ

મળેલું. માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયનાં મોટા ભાગના ગ્રંથો તેમણે વાંચ્યા હતા. દાવરસાહેબ એટલે પુસ્તક અને પુસ્તક એટલે દાવરસાહેબ. એમનું જીવન પુસ્તકોમાં સમાયેલું હતું. જ્ઞાનથી ભરપૂર તેઓએ ક્યારેય જ્ઞાનનો ગર્વ કર્યો નથી. ફળથી લચેલાં વૃક્ષો જેવી નમ્રતા તેમનામાં હંમેશાં દૃષ્ટિગોચર થતી.

કોલેજમાંથી નિવૃત્તિ બાદ તેમણે કહેલું. “વિદ્યાર્થીઓ સાથેનો મારો સંપર્ક તૂટ્યો ત્યારથી મારું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું છે.” વિદ્યાર્થીઓ તેમના પ્રાણવાયુ હતા અને પુસ્તકો તેમના પ્રાણ હતા. આ બંને તેમની પાસેથી છિનવાઈ ગયાં. સરસ્વતીના આ મહાન ઉપાસકનાં નેત્રોનું નૂર નિવૃત્તિ બાદ હણાયું. આંખોની તકલીફ થતાં તેમની પાસે રણછોડ સોલંકી નામનો એક યુવાન રોજ વાંચવા આવતો. વળી તેમની પાસે પચાસ વર્ષ પૂર્વે ભણી ગયેલા રામભાઈ અમીન રોજ આવતા અને તેમની પાસે શ્રી અરવિંદનાં પુસ્તકોનું વાચન કરતા. આ વાચનકાર્ય અને શ્રવણકાર્ય છેલ્લા દિવસ સુધી ચાલુ રહેલું. પુસ્તકની વ્યવસ્થા બાબતમાં તેઓ ખૂબ ચીવટ રાખતા. એક વાર તેમનાં પુત્રી આરમઈતીને કોઈ કવિ વિશે માહિતી જોઈતી હશે તો તેમણે પૂર્ણ ચોકસાઈથી માહિતી આપેલી: ક્યું કબાટ, ક્યું ખાનું, કેટલા નંબરની ચોપડી અને કેટલા નંબરનું પાનું!

પચાસ પચાસ વર્ષો સુધી તેમણે અધ્યાપન કર્યું અને ત્રણ ત્રણ પેઢીના તેઓ ગુરુ બન્યા. વિલાયત નહોતા ગયા છતાં પણ વિલાયત જઈ આવેલાઓ કરતાં પણ તેઓ આંગ્લ સાહિત્યના વધુ જ્ઞાતા હતા.

મૃત્યુની આગાહી તેમને થઈ ગઈ હતી. મૃત્યુના થોડા દિવસો અગાઉ તેમણે તેમનાં પત્નીને કહેલું કે હવે તેઓ બહુ દિવસ ટકશે નહીં. તેમનાં પુત્રીને પણ તેમણે કહેલું કે એ તેમનો છેલ્લો શિયાળો છે. પુત્રી સાથે મૃત્યુની વાતો કરી. તેમની સારવાર કરતા ડોક્ટરને આભારનો પત્ર પુત્રી પાસે લખાવ્યો. પરદેશમાં ભારતની ટીમ ક્રિકેટ રમતી હતી તેનો સ્કોર પૂછ્યો. સરસ્વતીના આ પૂજકે ૮૫ વર્ષની ઉંમરે પૃથ્વી પરથી પ્રયાણ કર્યું. આ પ્રખર વિદ્વાનમાં જે નમ્રતા, સાદાઈ અને

નિરાભિમાન હતાં તે નરસૈયાના સાચા વૈષ્ણવજનની ઝાંખી કરાવતા. તેઓ આધુનિક યુગના એક ઋષિ અધ્યાપક બન્યા.

['ચરિત્રસૌરભ' પુસ્તક: ૨૦૦૨]

# કમલેશ સોલંકી

## કોણ ધક્કા મારતું હતું?

એસ. ટી. બસના ગાંધીનગર ડેપોમાં મારી બદલી થઈ પછી એક દિવસ હું ગાડી નં. ૬૯૫૦માં કન્ડક્ટરની ફરજ બજાવતો હતો. અમદાવાદમાં સર્કિટ હાઉસ આગળ અમારી ગાડી અચાનક બંધ પડી ગઈ. અમારા ડ્રાઇવર કાંતિભાઈ રાવળે બસમાંના બારેક મુસાફરોને ગાડીને ધક્કા મારવાની વિનંતી કરી. અમે સૌ ધક્કા મારતા હતા, ત્યાં મારી નજર ગુજરાતના માજી મુખ્ય મંત્રી બાબુભાઈ પર પડી—એક હાથમાં ચોપડા ભરેલી થેલી સાથે તેઓ બસને ધક્કો મારતા હતા!

# કરસનદાસ માણેક

## કોની છે આ ધીંગી ધરતી?

*કોની છે આ ધીંગી ધરતી?*

*જીવનમાં અમૃતરસ ભરતી,*
*કોની છે આ ધીંગી ધરતી?*

*કૈંક શ્રીમંતો ને સરદારો*
*ઊગ્યા—આથમિયા દરબારો,*
*ચક્રવર્તીઓ થયા ચાલતા*
*બોલાવી ઘડીભર દેકારો,*
*ધરા તણી ધણી થઈને ફરતી*
*લાંબાં લશ્કર લઈ સરકારો:*
*તેય સૂતી સૌ સોડ તાણીને*
*મહાકાળનો થઈને ચારો!*

*ને એ સૌની મશ્કરી કરતી*
*હસી રહી આજે યે ધરતી!*
*એ જ લહેરથી વિશ્વ વિહરતી—*
*કોની છે આ ધીંગી ધરતી?*

## મારી કવિતા

અગિયારેક વરસની ઉંમરે કરાંચીમાં દાદાની પેઢીના થડા ઉપર બેસીને ઈશ્વરસ્તુતિના દોહરાઓ લખતો; તે પછી મારી કાવ્યરચના-પ્રવૃત્તિ કોઈ કોઈ વાર આછી બની છે, પણ થંભી કદી યે નથી. એ જ કિશોરઅવસ્થામાં સાંપડેલા હિમાલયના પ્રથમ દર્શને મારા ચિત્ત ઉપર

જે કામણ કર્યું છે, તે પણ ઓસર્યું કદી નથી—બલ્કે વધતું રહ્યું છે.

એક તરફ માણભટ્ટો ને કથાવ્યાસો, ‘કાવ્યદોહન’ના દસ ભાગો દ્વારા દેશી ઢાળો, માત્રામેળ છંદો, અને બીજી તરફ ‘ભાગવત’, ‘રઘુવંશ’ આદિ દ્વારા સંસ્કૃત ભાષાની સત્ત્વત્તાની સભાનતા—એ બન્ને મારા જીવનના લગભગ પરોઢમાં જ જાગ્યાં.

આમાં પાલ્ગ્રેવની ‘ગોલ્ડન ટ્રેઝરી’ દ્વારા અંગ્રેજી કાવ્યસૃષ્ટિનો ભવ્યનવ્ય રોમાંચ ભળ્યો. આ બધાંમાં વળી મહાત્માજીનાં અસહકાર-આંદોલનોએ નવો પ્રાણ પ્રેર્યો. કવિતા વાંચનાર-લખનારને એણે કવિતા જીવવાનો અવસર પણ લાવી આપ્યો.

‘આલબેલ’માં પ્રસિદ્ધ થયેલાં કાવ્યો મેં લખ્યાં ત્યારે હું જેલમાં હતો; ત્યાં મેં ગુજરાતી કાવ્યો સાથે થોડાંક અંગ્રેજીમાં પણ લખેલાં. ‘હરિનાં લોચનિયાં’ કાવ્ય મેં મૂળ અંગ્રેજીમાં જ લખ્યું હતું—મને જેલમાં આવેલ એક સ્વપ્ન ઉપરથી!

‘ખાખનાં પોયણાં’ એ કાવ્યક્ષેત્રો મારું પ્રથમ પ્રકાશન (૧૯૩૩). ‘આલબેલ’ ૧૯૩૫માં પ્રગટ થયું, ‘મહોબતને માંડવે’ ૧૯૪૧માં અને ૧૯૪૪માં ‘કલ્યાણયાત્રી’ની રચના થઈ.

કરાંચીનું મારું અંગ્રેજી દૈનિક ‘ડેઈલી મીરર’ ૧૯૩૯માં બંધ થતાં હું મુંબઈ આવી ‘જન્મભૂમિ’ના તંત્રીમંડળમાં જોડાયો. તેની સાથે મારી મૂળ કાવ્યધારાની સમાંતરે કટાક્ષકાવ્યધારા ‘વૈશંપાયનની વાણી’ અને ‘અહો રાયજી, સુણિયે!’ એ બે શીર્ષકો તળે શરૂ થઈ અને દસેક વરસ સુધી દૈનિકોમાં વહેતી રહી.

['મધ્યાહ્ન' પુસ્તક]

# અંતે!

*અંતે મોહ્યો તું મૃગલામાં.*
*મેરુ સમગ્ર ચઢ્યો, ને લથડ્યો છેવટનાં પગલાંમાં!*
*અંતે મોહ્યો તું મૃગલામાં!*

*રહ્યો જીવનભર પારંગત તરી પાર જવાની કળામાં:*
*છેલ્લી પળે જંજીર જડી તેં હળવાફૂલ ગળામાં!*
*અંતે મોહ્યો તું મૃગલામાં!*

*મહેનત કરી કરી મંદિર બાંધ્યું મોહનનું મનડામાં:*
*ભજ્યા ચતુર્ભુજ અચલ રહી, પછી ચળ્યું ચિત્ત ચપલામાં!*
*અંતે મોહ્યો તું મૃગલામાં!*

*ખેડ કરી શોણિત સીંચીને જિંદગીના વગડામાં:*
*ચાંપી દીધી ચિનગારી અંતે રે લેલુંબ ખળામાં!*
*અંતે મોહ્યો તું મૃગલામાં!*

['રામ, તારો દીવડો' પુસ્તક]

# ગમે છે!

*...નથી ગમતું ઘણું, પણ કૈંક તો એવું ગમે છે—*
*બસ, એને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે!*

*છે ચારે કોર માનવ-સરજી નકરી મુશ્કિલાતો,*
*પરંતુ કૈંક છે જેથી એ સૌ સહેવું ગમે છે!...*

*છે એક્કેએક કદમે મોત મારગમાં ઊભેલું,*
*અને તોયે સદાયે ચાલતા રહેવું ગમે છે!...*

*આ કિશ્તી ઓર છે, જેની તુફાનો પ્રેરણા છે—*
*ખરાબા ને ખડક વચ્ચે થઈ વહેવું ગમે છે!*

*ક્ષિતિજ પર છે અણુબોંબો ને માથે મુફલિસી છે,*
*છતાં ઇન્સાનના ચહેરા ઉપરનું ‘રુહ’ ગમે છે!...*

['મધ્યાહ્ન' પુસ્તક]

## છતાં માનું—

*છે લાંબા પ્રવાસો ને ટૂંકી છે દૃષ્ટિ,*
*ને કમજોરીઓ તો, ભરી આખી સૃષ્ટિ!*
*અમૃતનું ટીપું મળે ના મળે, પણ*
*થતી રે'તી વણમાગી વિષ કેરી વૃષ્ટિ!*
*નિરાશાનાં કારણ હઝારો હું ભાળું—*
*છતાં માનું: માનવનું ભાવિ રૂપાળું!...*

*કબૂલ! કંટકોથી ભરેલી ધરણ છે,*
*ને ચિરાતાં ડગલે ને પગલે ચરણ છે;*
*જુવો જ્યાં જ્યાં ત્યાં કોઈ ને કોઈ રૂપે*
*ઊભું ગ્રાસ કરવા ભયાનક મરણ છે!*
*દશે દિશ ભભૂકે અગન કેરી નાળું—*
*છતાં માનું: માનવનું ભાવિ રૂપાળું!...*

*ભરી જેટલી આ જગતમાં અગન છે,*
*વધુ તેથી માનવના ઉરમાં લગન છે;*
*જગત રીઝતું છો રિબાવીને એને,*
*અરે, એ તો મહોબતને માર્ગે મગન છે!*
*ભલે ડારતી ભૈરવી મુંડ-માળું—*
*છતાં માનું: માનવનું ભાવિ રૂપાળું!...*

એ રિબાય છે, એ સડે છે, રડે છે;
હઝારો વખત, ચાલતાં એ પડે છે;
એ ત્રાસે છે, નાસે છે શ્વાસભર્યો, પણ
ગમે તેમ તોયે એ હરદમ લડે છે!
પળે પળ ભરખતી ભલે એને ઝાળું—
છતાં માનું: માનવનું ભાવિ રૂપાળું!...

## મોહ્યા મોહન

જમના-આરો જતો કરીને, તજી કદમ્બની છાયા,
દઈ ઉતારી અન્તર-વળગી વ્રજમંડળની માયા;
દુર્ગમ વગડા વીંધી, અણગણ્યા પાર કરી નદનાળાં,
આ ધરતીમાં પ્રભુએ ભાળ્યાં ક્યાં ભવ્ય અજવાળાં?

જડ્યું ન શું ગોવર્ધનમાં, જે અહીં ગિરનારે લાધ્યું!
ઊણું શું કાલિન્દી-તટ, જે અહીં સાગરતટ સાધ્યું!
કે બચપણ ને નવજોબનની ક્રીડાભૂમિ ત્યાગી
થયા હરિ આ દૂર દૂરની ધરતીના અનુરાગી!...

વહાલ-હેત દીઠાં'તાં હરિએ નન્દજી તણા ભવનમાં,
ગોકુલ-ગોપ-ગોપી-જન-મનમાં, વૃંદાવન મધુવનમાં,
વ્રજ-આંગણ-રજ-રજોટાયેલા કામધેનુના ધણમાં,
ને તોયે મોહ્યા મોહન આ ધરતીના નર્તનમાં!

['ગુજરાતમિત્ર' દૈનિક: ૧૯૬૦]

## સબૂર, ઓ માનવી!

સબૂર, ઓ સ્મારકો તણા શોખીન માનવી!...

*સદીઓ સુધી સહ્યું છે કાળજું કઠણ કરી,*
*રાખી હૃદયની વેદના હૃદયમાં સંઘરીઃ*
*મારે મંદિર કામનાં કીડાંગણો કૂડાં*
*ઊભાં થયાં છતાં હું રહ્યો ધૈર્યને ધારી!*

*રે ગઝનવીનું આક્રમણ તો દૂરની કથા,*
*અહીં તો ક્યારની જાગી ગઈ હતી વ્યથા!*
*અસહ્ય વેદના થતાં મેં મારી જાતને*
*લીધી હતી સંકેલી મંદિરેથી સર્વથા!...*

*આજે એ કરુણ કહાણીના પાષાણ સર્જકો,*
*એ શ્યામ-મુંડ રોતલો, ઉદંડ ગર્જકો*
*ધીરે ધીરે સરી રહ્યા છે યાદદાસ્તથી*
*જાલિમ ને મજલૂમો ને કર્દંકો ને તર્જકો!...*

*ને આજે જ્યાહરે કો' તપસ્વીના ત્યાગથી*
*ને સેંકડો નરોની શહાદતના રાગથી*
*તૂટી છે ગુલામીની જૂની જંજીરો જરા,*
*માંડી છે મલકવા ઉષા મુક્તિ સુહાગથી—*

*ત્યારેય આ ધરામાં રડારોડ ચાલુ છે,*
*ધીંગાને હાથ રીંગાંની ધમરોળ ચાલુ છે;*
*ચાલુ છે લાંબી લાંબી લંગાર મિસ્કીનોની,*
*તસ્કર ને તવંગર તણા ફૂલદોલ ચાલુ છે.*

*મહેનતકશોને કાંટા, તસ્કર ઘસે છે ચંદન;*
*કોટિ ક્ષુધાર્ત કેરાં કાને પડે છે ક્રંદન;*
*હું શિવતણી પ્રતિષ્ઠા ત્યાં સંભવે શી રીતે,*
*જ્યાં નીકળી ગયું છે શિવભાવનું નિકંદન!*

*હું સોમનાથ તેથી વિનવું છું હાથ બાંધીઃ*
*શાને ઊભી કરો છો આડંબરોની આંધી?*

આ તીર્થ, આ તમાશા, આ ફેન ને ફિતૂરો;
આ લાહ્યમાં જ ચાલ્યા ગયા બિચારા ગાંધી!
ના ના, મને દેજો કોઈ ત્રાસ નકામો,
ઊભો ન કરજો પુણ્યનો આભાસ નકામો!...

## ખોવાઈ ગયું

જ્યાં દૃષ્ટિ પડે ત્યાં દારુણ દવ, ને કાન પડે ત્યાં કોલાહલઃ
અફસોસ, તમારી ધાંધલમાં એક સપનું મુજ ખોવાઈ ગયું!...

અમૃત તો હાથે ન્હોતું ચઢ્યું, પણ નીર હતું નિર્મળ થોડુંઃ
દુર્ભાગ્ય જુઓ, રે તેય હલાહલ સંગાથે ઘોળાઈ ગયું!...

હું પૂછુંઃ પુષ્પો પથ્થરમાં એકાએક શેં પલટાઈ ગયાં,
ને અબીલગુલાબ તણું અર્ચન શેં પંકે ઝબકોળાઈ ગયું!

## જીવન અંજલિ થાજો!

જીવન અંજલિ થાજો!
મારું જીવન અંજલિ થાજો!
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીનદુઃખિયાંનાં આંસુ લો’તાં અંતર કદી ન ધરાજો!

મારું જીવન અંજલિ થાજો!
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો!
મારું જીવન અંજલિ થાજો!

*વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;*
*હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો!*
*મારું જીવન અંજલિ થાજો!*

*વમળોની વચ્ચે નૈયા મુજ હાલકલોલક થાજો;*
*શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો!*
*મારું જીવન અંજલિ થાજો!*

['મધ્યાહ્ન' પુસ્તક]

—

*રહે વૈભવે વેરાગી શા, સંકટમાં સમતોલઃ*
*જે ધરતી પર મહોરે એવા અડીખમ નર અણમોલ!*
*આભ તૂટે કે ધરતી કંપે, ઊલટે સાગર સાત,*
*તોય ડગે ના રજભર જેની મનડાની મહોલાત!*

## —એવું જ માગું મોત!

*એવું જ માગું મોત,*
*હરિ, હું તો એવું જ માગું મોત!*
*આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત,*
*અંત સમે એવા ઓરતડાની હોય ન ગોતાગોત!*
*હરિ, હું તો એવું જ માગું મોત!*

*અંતિમ શ્વાસ લગી આતમની અવિરત ચલવું ગોતઃ*
*ઓતપ્રોત હોઉં આપ મહીં જ્યારે ઊડે પ્રાણ-કપોત!*
*હરિ, હું તો એવું જ માગું મોત!...*

ઘનવન વીંધતાં, ગિરિગણ ચડતાં, તરતાં સરિતાસ્રોત,
સન્મુખ સાથી જનમજનમનોઃ અંતર ઝળહળ જ્યોત!
હરિ, હું તો એવું જ માગું મોત!

## હજુ વરસાદભીની...

હજુ વરસાદભીની ધરતીની ખુશબૂ ગમે છે,
રહેમત છે ખુદાનીઃ જીવતો છું, તું ગમે છે!
ગમે બુદ્ધિ સમુદ્રોને જિગર ભરતી અજંપો
શરદની ચાંદની, ને દિલતણું ઝૂરવું ગમે છે!

## એક સપનું મુજ ખોવાઈ ગયું

જ્યાં દૃષ્ટિ પડે ત્યાં દારુણ દવ, ને કાન પડે ત્યાં કોલાહલઃ
અફસોસ, તમારી ધાંધલમાં, એક સપનું મુજ ખોવાઈ ગયું!

રે જિંદગીભર ભ્રમણા સેવી, ને એક ઘડી એવી ઊગી,
કે કંચન છે કે છે કથીર, એ સ્પષ્ટપણે જોવાઈ ગયું!

દીસતાં'તાં ખેતર અંધારે, તે રણ નીકળ્યાં અંજવાસ થતાંઃ
હું કોને કહું! હસવા મથતાં આ હૈયાથી રોવાઈ ગયું!

મેં ટીપું ટીપું સીંચીને સો વરસે માંડ ભરી ગાગર,
ત્યાં એક ધડાકો, ને પળમાં પીયૂષ બધું ઢોળાઈ ગયું!...

અમૃત તો હાથે ન્હોતું ચઢ્યું, પણ નીર હતું નિર્મળ થોડું;
દુર્ભાગ્ય જુઓ, રે તેય હલાહલ સંગાથે ઘોળાઈ ગયું!...

આશા દેતા'તા અવધૂતો કે પ્રાણ પ્રગટશે પળ માંહી,
પળને બદલે યુગ વીતી ગયો, ને પિંજર પણ કહોવાઈ ગયું!

*રજની વીતી ને ભોર ભયો ને સૌ કે' સૂર્ય દીસે આઘે—*
*પણ આ શું તેજ તણું વર્તુલ ઊલટાનું સંકોડાઈ ગયું!*

*કૌતુક તો અગણિત દીઠાં છે, પણ આવું અચરજ ના દીઠું—*
*કે આંસુઓ લો'વા જાતાં, લોચન જાતે લોવાઈ ગયું!*

*હું ફાટી આંખે શોધી રહ્યો સોનેરી રજકણ સુખડાંનાં,*
*ત્યાં જીવનકેરા સૂત્રમહીં દુઃખ મોતી બની પ્રોવાઈ ગયું!*

*કોઈ શત શત યુગથી નીકળ્યા'તા નન્દનની શોધમહીં યાત્રી,*
*અહીં અનાયાસ રમતાં રમતાં દોજખ જોને શોધાઈ ગયું!*

*દુનિયા આખીની દોલતને લૂંટવા હું નીકળ્યો'તો નાદાન,*
*ને રસ્તામાં એક માંડ રળેલું કાવડિયું ખોવાઈ ગયું!*

*રે કૈંક ચઢાવ્યા બતરીશા...ને માંડ માંડ વરતાયાં નીર!*
*હું રાજી થાવા જાતો'તો ત્યાં જીવનસર શોષાઈ ગયું!*

*માતાની ભક્તિમાં રાતા મદમાતા થૈ નાચ્યા એવા—*
*કે ધ્યાન રહ્યું ના, પગ નીચે ફૂલ-બાળક રગદોળાઈ ગયું!*

*ધાર્યું'તું: દાવાનળ વચ્ચે બેસીને લાવા-પાન કરું—*
*પણ દૂર દૂર પેટાતી દેખી દીવાસળી, દોડાઈ ગયું!...*

*હું પૂછું: પુષ્પો પથ્થરમાં એકાએક શેં પલટાઈ ગયાં,*
*ને અબીલગુલાલ તણું અર્ચન શેં પંકે ઝબકોળાઈ ગયું!...*

['મધુવન' પુસ્તક]

## શતાબ્દીનો જલસો!

[ગાંધી શતાબ્દી વરસમાં કવિ અમદાવાદ ગયા હતા અને રમખાણોમાં ફસાઈ ગયા હતા. પૂરા બે દિવસ તો તેમને અમદાવાદ સ્ટેશને રોકાઈ રહેવું પડ્યું હતું. આ કાવ્ય સ્ટેશન પર જ લખાયું છે.]

શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે:
ઉરે વૈર-વૃત્તિ, કરોમાં છરા છે,
પૈશાચી પગની ગતિમાં ત્વરા છે,
અહિંસાના યોગીનું આસન હતું જ્યાં
અરે તે જ આ રક્તછલતી ધરા છે.
રે સંતોની યે શ્રદ્ધા જ્યાં ડગડગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

સરે-આમ સળગે છે માનવ્ય-માળા,
ઊભાઊભા અનાથો જો ભરતા ઉચાળા:
પ્રભુસૂના આકાશે ફરિયાદ કરતા
ધસે સ્થળેસ્થળે ઓશિયાળા ધુમાડા:
ગુનેગારને બે-ગુનાહ રગરગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

હજુ કાલ જ્યાં ઊડતી પ્રીતિ-છોળો,
ગવાતાં જ્યાં ભક્તિભર્યે કંઠ ધોળો,
તે 'મારો'! ને 'કાપો'ના ગોઝારા નાદે
રહી ગાજી બેબાકળી આજે પોળો:
ચુંથાયે છે ચકલાં: ફણી ફગફગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

હરિ-ઉર ભોંકાય છે આજ ભાલા:
છે ગમગીન લાચાર અલ્લાહતાલા;
આ આદમની ઓલાદ? બ્રહ્માની સૃષ્ટિ?
કે શેતાને પકવ્યા કો' નિષ્ઠુર નિંભાડા?-
જેની તિરછી દગમાં ઝનૂન તગતગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

છે મહતાજ મસ્જિદ ને મંદિર રડે છે:
જગન્નાથ ના ક્યાંય ગોત્યા જડે છે:

*રે આઝાન દઈ દઈને બેજાન નાહક*
*થયેલો તે મુલ્લાં લૂલો લડથડે છે.*
*રે ઝાંખપ છે આંખે, પસીનો પગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!*

*પડ્યા બંધને બાપુનાં પુણ્ય-ખ્વાબો:*
*થયાં મુક્ત શેતાનરંગી શરાબો.*
*ને સૂરતી ને સુસ્તી ને સત્તાપરસ્તીની*
*મસ્તીમાં અવળા પડ્યા ઇન્કિલાબો!*
*ઇમારત જુઓ, પાયાથી ડગડગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!...*

*નવાઈ નથી કંઈ, સદા આવું ચાલે!*
*મવાલી જ મુફ્લીસી પે ફૂલેફાલે:*
*પરંતુ ઉઠાવી છે ગાંધીને નામે*
*આવી ઘોર આંધી, તે આત્માને સાલે!*
*કવિ-ઉર રોષે, તેથી ધગધગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!...*

*નથી બળતાં મંદિર, નથી બળતી મસ્જિદ:*
*નથી રડતો મુલ્લાં, નથી રડતો પંડિત:*
*બધે એક ઇન્સાનિયત રડતી, સૂરત*
*અરે, એક કિરતારની થાતી ખંડિત.*
*ધસે લાવા જલતો જેની રગરગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!*

['જન્મભૂમિ' દૈનિક: ૧૯૬૯]

# હરિનાં લોચનિયાં

*એક દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં!*

*પચરંગી ઓચ્છવ ઊછળ્યો'તો અન્નકૂટની વેળાઃ*
*ચાંદીની ચાખડીઓએ ચડી ભક્ત થયા'તા ભેળા!*
*શંખ ઘોરતા, ઘંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતીઃ*
*શત શગ કંચન આરતી હરિવર-સંમુખ નર્તન્તી.*
*દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના રડવડતા,*
*દેવદ્વારની બહાર ભટકતા ટુકડા કાજ ટટળતા,*
*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં!*

*લગ્નવેદિ પાવક પ્રજળ્યો'તો, વિપ્ર વેદ ઉચ્ચરતા,*
*સાજનમહાજન મૂછ મરડતા પોરસફૂલ્યા ફરતા!*
*જીર્ણ, અજીઠું, પામર, ફિક્કું માનવપ્રેત સમાણું,*
*કૃપણ કલેવર કોડભર્યું જ્યાં માંડવડે ખડકાણું!*
*'બ્રાહ્મણવચને સૂરજસાખે' કોમળ કળી ત્યાં આણીઃ*
*ભાવિની મનહર પ્રતિમાની જે દિન ઘોર ખોદાણી!*
*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં!*

*ભય થરથરતા ખેડૂત ફરતા શરીફ ડાકુ વીંટાયાઃ*
*વરુનાં ધાડાં મૃત ઘેટાંની માંસ-લાલચે ધાયાં!*
*થેલી, ખડિયા, ઝોળી, તિજોરીઃ સૌ ભરચક્ક ભરાણાંઃ*
*કાળી મજૂરીના કરતલને બે ટંક પૂગ્યા ન દાણા!*
*ધીંગા ઢગલા ધાન્ય તણા સો સુસ્તો માંહીં તણાણાઃ*
*રંક ખેડુનાં રુધિરે ખરડ્યાં જે દિન ખળાં ખવાણાં!*

*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં!*

*હૂંફાળાં રાજવીભવનોથી મમત-અઘોર નશામાં*
*ખુદમતલબિયા મુત્સદ્દીઓએ દીધા જુદ્ધ-દદામાં!*
*જલથલનભ સૌ ઘોર અગનની ઝાળ મહીં ઝડપાયાંઃ*
*માનવી માનવીનાં ખૂન પીવા ધાયા થઈ હડકાયા!*
*નવસર્જનના સ્વપ્નસંગી ઉપર ઉછરંગે ઊભરાણાંઃ*
*લખલખ નિર્મળ નવલકિશોરો ખાઈઓમાં ખોવાણા!*
*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં!*

*ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સૂમ શિક્ષકને સોંપાણાં,*
*કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં!*
*વસંત વર્ષા ગ્રીષ્મ શરદના ભેદ બધાય ભુલાણાઃ*
*જીવનમોદ તણા લઘુતમમાં પ્રગતિપદ છેદાણા!*
*હર્ષઝરણ લાખો હૈયાનાં ઝબક્યાં ત્યાં જ ઝલાણાંઃ*
*લાખ ગુલાબી સ્મિત ભાવિનાં વણવિકસ્યાં જ સુકાણાંઃ*
*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં!*

['આલબેલ' પુસ્તકઃ ૧૯૩૫]

# કરસનદાસ લુહાર

## આડત્રીસ વરસને અંતે

૯૦૦ માણસોના આ નાનકડા ગામમાં શિવલાલભાઈ શિક્ષક તરીકે નિયુક્તિ પામ્યા હતા અને અહીં જ નિવૃત્ત થયા. આ માણસે નિશાળને મંદિરમાં ફેરવી નાખી હતી. શિક્ષકજીવનનાં ૩૮ વર્ષોમાં એમણે માત્ર ત્રણ રજાઓ ભોગવી હતી. ૨૧ વર્ષ સુધી તો તેઓ આખી શાળામાં એક જ શિક્ષક હતા. પાંચ ધોરણ અને ૧૨૦ વિદ્યાર્થીઓની સંખ્યા. ગામનું કોઈ બાળક શાળાપ્રવેશથી વંચિત ન હતું. નિરક્ષર પ્રૌઢો માટે રાત્રાશાળા તો એ વર્ષોથી ચલાવતા. ગામમાં કેટલાક વૃદ્ધોને બાદ કરતાં કોઈ અભણ ન હતું.

૬૪ વર્ષનાં કાશીબહેન કહે છે, “હું ‘રામાયણ’ વાંચતી થઈ એ શિવલાલ સાહેબનો પરતાપ.” જ્યારે સાક્ષરતા અભિયાનનું કોઈ નામ પણ નહોતું જાણતું, એવા સમયે આ ગામમાં ૯૦ ટકા સાક્ષરતા સિદ્ધ થઈ હતી અને એની કોઈ ધજા—પતાકા એમણે ક્યાંય ફરકાવી ન હતી.

નિશાળનો સમય અગિયારનો અને ‘સાયેબ’ દરરોજ સવા દશે નિશાળે પહોંચી જતા. બાલુ ગોરની દુકાન પાસેથી બરાબર દશ ને બાર મિનિટે નીકળતા. બાલુ ગોરની દુકાનમાં ડબ્બા ઘડિયાળ દરરોજ નવ વાગે બંધ પડી જતી. ગોરને ઘડિયાળને ચાવી દેવાનું કાયમ ભુલાઈ જાય. ‘સાયેબ’ નીકળે ને બાલુ ગોર ઘડિયાળ મેળવે, “હા, હવે દશ ને બાર મિનિટ થઈ હશે” ને ચાવી ભરે.

રાજ્યના શિક્ષણ ખાતાના એક ઉચ્ચ અધિકારી ચારેક વર્ષ પહેલાં નિશાળની મુલાકાતે આવેલા. આ પછાત ગામનાં બાળકોની સ્વચ્છતા, શિસ્ત, સંસ્કાર અને શિક્ષણથી મુગ્ધ થયેલા અધિકારીએ શિવલાલભાઈને સાથે લઈ જઈ ગામ પણ જોયું. ગ્રામ ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર, ગામની સ્વચ્છતા, ગ્રામજનોની સંસ્કારિતા એ બધું ગામને આદર્શ ગામની

વ્યાખ્યામાં મૂકતું હતું, એવી એને પ્રતીતિ થઈ.

અધિકારીને થયું કે, એક શિક્ષક ધારે તો શું ન કરી શકે? એણે શિવલાલભાઈને કહ્યું: "તમને રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળવો જોઈએ. તમે એના સાચા હક્કદાર છો. આ વર્ષે તમારી ફાઈલ મૂકો."

"સાહેબ, મેં એવોર્ડ મેળવવા માટે કામ નથી કર્યું, મેં તો મારી ફરજ બજાવી છે પગાર લઈને." શિવલાલભાઈએ વિનમ્રતાથી કહ્યું હતું. શિવલાલભાઈ સાથે વાતો કરતાં જાણ્યું કે તેઓ અવિવાહિત છે.

"શિવલાલભાઈ, તમે લગ્ન કેમ ન કર્યાં?" અધિકારીથી પૂછયા વગર રહેવાયું નહિ.

શિવલાલભાઈ હસી પડ્યા, "સાહેબ, આ ગામમાં હું શિક્ષક તરીકે જોડાયો પછી વિદ્યાર્થીઓ, નિશાળ અને ગામમાં સાવ ખોવાઈ ગયો. સવારે સવા દશથી શરૂ કરી સાંજના સાત સુધી નિશાળ ચલાવું. પછી ગામમાં એક આંટો મારું, ત્યાં આઠ, નવ જેવો સમય થઈ જાય..નવ વાગ્યાથી શાળાના ઓરડામાં પ્રૌઢોને ભણાવું. દરરોજ ચાલીસ-પચાસ ભાઈ-બહેનો ભણવા આવે. રાત્રે અગિયાર વાગ્યે રાંધીને જમું. રવિવારે અને રજાઓમાં બાળકોને ભણાવું. વૅકેશનમાં લોકજાગૃતિ શિબિરો ચલાવું. વૅકેશનમાંય ઘરે જવાનો સમય ન મળે. એમાં લગ્ન અંગે વિચારવાનું કોઈ દિવસ યાદ ન આવ્યું!"

શિવલાલભાઈ 'સાયેબ'ને નિવૃત્ત થવાને પખવાડિયું બાકી હતું. ગામલોકોએ નક્કી કરેલું: સાહેબનો નિવૃત્તિ વિદાય સમારંભ ઊજવવો અને એ વખતે એમને સોનાની વીંટી પહેરાવવી. સાહેબ નિવૃત્તિ પછી પણ અહીં જ રહે તે માટે એક પાકું, સુવિધાવાળું મકાન તૈયાર થઈ રહ્યું હતું. ગામલોકોએ એ માટે ફાળો કર્યો હતો. હવે એ મકાન પૂરું થવામાં હતું. આ સમારંભ વેળાએ જ સાહેબને એ મકાનમાં પ્રવેશ કરાવવો, એવું સમગ્ર ગામે વિચારી રાખ્યું હતું. મકાનની વાત હજી સુધી સાહેબથી છાની રાખવામાં આવેલી, પણ સોનાની વીંટીની વાત એ જાણી ચૂક્યા હતા. તરત જ ગામના આગેવાનોને મળ્યા. બે હાથ

જોડીને કહ્યું: "આવું કશું કરશો તો મને બહુ દુ:ખ થશે. આ વરસ નબળું છે. પૂરતો વરસાદ પડ્યો નથી. માટે મને વીંટી પહેરાવવાનું વિચારશો પણ નહિ. ને સમારંભની તો વાત જ ન કરશો."

છતાં ગામલોકો ઋણમુક્તિ માટે મક્કમ રહ્યા. કાર્યક્રમનું આયોજન તેમને ખ્યાલ ન આવે તે રીતે થતું રહ્યું. સાહેબ શનિવારે નિવૃત્ત થવાના હતા અને રવિવારે સવારે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પેલા ઉચ્ચ અધિકારી ખાસ આવવાના હતા. રાજ્યના શિક્ષણ મંત્રીના હસ્તે 'સાહેબ'ને વીંટી પહેરાવવાનું નક્કી થઈ ચૂક્યું હતું.

શનિવારે સાહેબે શાળાનો ચાર્જ તેમના સહાયક શિક્ષક વીરજીભાઈને સોંપી દીધો. વિદ્યાર્થીઓ રડતા હતા. સાહેબ પણ માંડ માંડ આંસુ રોકી શક્યા.

શનિવારની રાત, નવ વાગવામાં હશે. એ વખતે પંચાયતનો પટાવાળો હરજી, સરપંચના ઘર તરફ જઈ રહ્યો હતો. સરપંચ મોહનભાઈને એણે એક ચિઠ્ઠી આપી.

"પ્રિય મોહનભાઈ,

હું જાઉં છું. આ નિર્ણય મેં ઘણા સમયથી કરી રાખ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના ઊંડાણવાળા વનવિસ્તારોમાં કાથોડી નામે એક આદિવાસી જાત વસે છે. એ જાતિનાં ભાઈ-બહેનો આજે પણ પૂર્વ પ્રાથમિક અવસ્થામાં જીવે છે. ખેડબ્રહ્માના ભગવાનદાસ પટેલ પાસે આ આદિજાતિ વિશે જાણ્યું હતું. પછી ત્યાં જઈ એમની હાલત જોઈ, ત્યારે મારું હૃદય ચિરાઈ ગયેલું. એ જ વખતે મેં નિર્ણય કરેલો કે, નિવૃત્તિ પછીની જિંદગી એમની વચ્ચે પસાર કરીશ. મારાથી થઈ શકે એટલું બધું જ એમના માટે કરવું. તમારી સૌની ભલી લાગણીઓ પણ મારી સાથે જ છે.

છેલ્લા શ્વાસ સુધી હું હરિયાળો રહી શકું એટલો આખા ગામનો પ્રેમ મને મળ્યો છે! તમને કોઈને ક્યારે નહિ ભૂલી શકું. આમ મારા એકાએક જવાથી તમે નક્કી કરેલા કામ અંગે તમને જે અડચણ પડશે,

તેનો મને ખ્યાલ છે અને તે માટે આખા ગામની માફી માગું છું.

મને જાણવા મળ્યું હતું કે, તમે મારા માટે એક પાકું મકાન બંધાવ્યું છે. હવે એ મકાન આપણા ગામના સાવ ગરીબ માણસ જેરામભાઈને આપી દેજો. આમ કરશો, તે મને ગમશે. નિવૃત્તિ પછી કાયમને માટે ગામમાં મને રાખવાની તમારી ઇચ્છા હું પૂરી કરી શકતો નથી. ક્ષમા કરશો.

તમે એક વખતના મારા વિદ્યાર્થી છો અને હવે ગામના સરપંચ છો, તે ગામનું

ભલું થાય તેવું હંમેશાં કરતા રહેશો. ક્યારેક તમને સૌને મળવા આવીશ ખરો.”

['સર્વાંગી શિક્ષણ' માસિક: ૨૦૦૩]

—

*ધબકી રહેલ માણસો અમને ગમ્યાં નથી;*
*પથ્થર બનાવી પૂતળાંઓ ખોડીએ છીએ.*

## એ સ્પર્શનાં ફૂલો...

*એ સ્પર્શનાં ફૂલો તો ખીલીને ખરી ગયાં,*
*પણ ટેરવે સુગંધનો આસવ રહી ગયો.*

# કલાપી

## મારી કવિતા

કવિતા! મારી કવિતાને હું કવિતા કહેતો નથી. હું કવિ છું એવું હું માની જ શક્યો નથી. મને વિચારો ગોઠવતાં આવડતું નથી. મારા જીવનમાં કલા નથી, માત્ર લાગણીઓ છે. અને મારી કવિતા પણ તેવી જ છે. હું જે કાંઈ લખું તે મને જ આનંદ આપી શકે તેવુંયે થતું નથી. હું શેલી કે શેક્સપિયર વાંચતો હોઉં છું ત્યારે ઘણી વખત મન થઈ જાય છે જાણે મારી કવિતાને, એ કાગળોને બાળી નાખું.

[તા. ૧૪-૧-૧૮૯૮નો પત્રઃ 'કલાપીના ૧૪૪ પત્રો' પુસ્તક]

## આપની યાદી

*જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;*
*આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!*

*માશૂકોના ગાલની લાલી મહીં લાલી અને*
*જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!*

*જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર;*
*તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!*

*તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં;*
*તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!*

*આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં;*
*આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની!*

*આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;*
*યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!*

*દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?*
*ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!*

*થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશના;*
*તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની!*

*જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને;*
*અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની!*

*પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર;*
*ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની!*

*રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો?*
*આશકોના રાહની જે રાહદારી આપની!*

*જૂનું-નવું જાણું અને રોઉં હસું તે-તે બધું;*
*જૂની-નવી ના કાંઈ તાજી એક યાદી આપની!*

*ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી;*
*જોયું ન-જોયું છો બને જો એક યાદી આપની!*

*કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;*
*છે આખરે તો એકલી ને એ જ યાદી આપની!*

## ‘કાન્ત’ પર પત્રો

વ્હાલા બંધુ,

મારી કથા કહું? મને ખાતરી છે—તમારી દયા પામીશ. સ્પષ્ટ કહીશ, પણ ટૂંકામાં કહીશ. હૃદય હૃદયને એટલાથીયે સમજી જશે.

હું ક્યારે પરણ્યો તે તમે જાણો છો. લગ્ન પછી બીજે જ દિવસે

મારા મકાન નીચે ચાલી જતી છસાત વર્ષની એક છોકરી મેં જોઈ. મારા માસ્તર જાની પણ તેને જ જોઈ રહેલ. તે દૃષ્ટિ બહાર થઈ. પણ હૃદય તે મધુર નિર્દોષતાની મૂર્તિથી દૂર ત્યારે જ થઈ શકતું ન હતું. મને કાંઈ શરમ આવી. પણ જે લાવણ્યે મારા હૃદયને રોક્યું હતું તેણે જ મારા માસ્તરને પણ કાંઈ અસર કરી હતી. તેણે તેને બોલાવી. તે રમાની નાની દાસી—આ મારી શોભના જ હતી. અમે તેની સાથે કાંઈ વાતચીત કરી. તે કઠોર કચ્છી ભાષા બોલતી હતી—પણ એ મોંમાં એ શબ્દો કેવા મધુર! એ આંખો ડરતીડરતી કાંઈ મારી સામે જોતી હતી. હું તેની સામે જ જોઈ રહ્યો હતો. મેં કોઈ પણ બાલકમાં એવું માધુર્ય જોયું ન હતું. મારું હૃદય ત્યારથી જ તેના વડીલ પિતા જેવું બન્યું હતું. તે ગઈ. એક અજાણી છોકરી, માત્ર પાંચ મિનિટના સહવાસવાળી, અજાણ ખવાસની છોકરી ગઈ અને મારું હૃદય કોણ જાણે કેવી રીતે સાથે લેતી ગઈ. વાત્સલ્ય શું એ હું આ પહેલી જ વખતે સમજ્યો હતો. મારી સ્વર્ગવાસી માતા મને સાંભરી આવવા લાગી. તેનું હૃદય મારા પ્રતિ શું હતું એ હું આ પહેલી જ વખતે ખરું સમજ્યો. મારી આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં.

હું સોળ વર્ષનો હતો. પણ હજુ હું સ્ત્રીપુરુષના પ્રેમને સમજતો ન હતો. માતાની કેળવણીની એ અસર હતી. લગ્ન થયાં પણ મને મારા અભ્યાસમાં નડનાર ને અરુચિકર હતાં. એ અરુચિ આ છોકરીને જોયા પછી ઊડી ગઈ. લગ્ને મને બે સ્ત્રીઓ આપી હતી, જેને હું સમજી શકતો નહીં. એમને ન્યાય આપવામાં—પ્રેમ કરતાં વધારે—મારું હૃદય રોકાયું હતું. પણ લગ્ને મને આ બાલકી પણ આપી હતી. રાજાના કુટુંબની એકથી વધારે સ્ત્રીઓના પરિણામરૂપે નીપજતી ખટપટ, મારા ગૃહમાં, મારી સંપ તરફની અભિરુચિને લીધે જ અને વ્યવહારકુશળતાના અભાવે વહેલી આવી. ભલે આવી. રમાને હું સમજી શક્યો અને આનંદ થયો. K (બીજી સ્ત્રી)ને પણ સમજી શક્યો અને કાંઈ ખેદ થયો. પણ હવે રમાને ત્યાં જમવા વગેરેની ગોઠવણ થતાં એ ખેદ અને એ આનંદ એ બન્ને પેલી નાની શોભના વિશેષ નિકટ આવવાથી ઊડી ગયાં.

રમામાં ગુણ હતા, કાંઈ સૌંદર્ય પણ હતું, પણ સૌથી વિશેષ કાંઈ એ તેની દાસીમાં હતું. તે મારી પુત્રી બની. કેવો નિર્મલ સ્નેહ! હું તેને ગુજરાતી શીખવવા લાગ્યો. કેવું ચાલાક બાલક! ત્રણ માસમાં તો તેની વાણીમાં કચ્છી પથ્થરની એક કાંકરી પણ ન રહી. તેને જોવામાં, તેને રમાડવામાં, તેને ભણાવવામાં, તેની નાનીનાની હોંશો—માગણીઓ પૂરી પાડવામાં મારો બધો આનંદ હતો.

બે વર્ષ આમ વીતી ગયાં. હું પ્રવાસે ગયો. રમાના પત્રો સાથે તેના પત્રો પણ આવવા લાગ્યા. મારી શિષ્યાનું પવિત્ર હૃદય વાંચતાં મને બહુ આનંદ થતો. તેનો અભ્યાસ જારી રાખવા હું તેને અને રમાને લખતો. પ્રવાસ પૂરો થયો. તે કન્યામાં હવે શરમ આવી હતી એમ દેખાતું હતું. પરંતુ એ શરમ અમારી પવિત્ર ભાવના પાસે આવી શકતી નહીં. માધુર્ય વધ્યું હતું. ખેંચાણ વધ્યું હતું. રાતદિવસ જ્યારે હું શયનગૃહમાં હોઉં ત્યારે તે મારી પાસે પડી રહેવા લાગી. તેને કાંઈ વાંચતાં અને વાર્તાના કરુણ ભાગોમાં રોતાં હું કેવા આહ્લાદથી જોઈ રહેતો! પણ મારા મનમાં એક ચિંતા જન્મી હતી. આ રત્ન તેની જ્ઞાતિમાં ક્યાં આપવું? મેં એક છોકરો બોલાવ્યો અને તેને અંગ્રેજી ભણાવવાનું શરૂ કર્યું, કેમકે તેણે ગુજરાતી પાંચ ચોપડીઓ પૂરી કરી હતી. પણ વિદ્યા મૂળ સ્વભાવ ભાગ્યે જ ફેરવી શકે છે. તે છોકરો નિમકહલાલ પણ સખ્ત દિલનો હતો તેવો જ હમણાં પણ અહીં મોજૂદ છે, અને હજુ અહીં ભણ્યા કરે છે. એ બે વચ્ચે કાંઈ લાગણી જાગી શકી નહીં. ઊલટો તે છોકરાના મનમાં અમારા સંબંધ વિશે કાંઈ વહેમ આવવા લાગ્યો. એકાદ વખત શોભનાને કાંઈ બહાનું કાઢી ધમકાવી—ગાળો દીધી. પહેલી જ વખત તે સમજી કે દુનિયા પવિત્રતાને અપવિત્ર માની શકે છે. બંધુ, તે બાલાનાં તે દિવસનાં આંસુ હું ભૂલી શકીશ નહીં. મેં તે અશ્રુ ચૂમી લીધાં. તેને શાંત કરી. પણ હજુ હું તેને એક પુત્રી જેવી જ જાણતો હતો અને તેના મનના ભાવ પણ તેવા જ નિર્મલ હતા.

આવી રીતે પણ કેટલાય દહાડા ચાલી ગયા. પણ હવે વાતને ટૂંકી કરીશ. આજથી પાંચ વર્ષ પહેલાં મારો પગ મરડાઈ ગયો હતો.

મને તાવ ચડી આવ્યો હતો. રાત્રીએ રમા કોઈ મે’માન પાસે બેઠી હતી. શોભના અને હું એકલાં જ એક ઓરડામાં હતાં. તે મારું માથું ચાંપતી હતી. તે હવે છેક બાલક ન હતી—બહુ કાલથી ન હતી. હું તે સમયનું વર્ણન આપી નહીં શકું. આપ સમજી શકશો. જ્યાં વિશેષ જાણવાનું હોય ત્યાં હવે પછીની વાત ‘હૃદયત્રિપુટી’ કહેશે. મેં એ હાથ ઝાલ્યો અને મારાં નેત્ર એ મુખમાંથી કાંઈ નવીન જ ગ્રહવા લાગ્યા. એક ચુંબન. હૃદય હૃદયને તુર્ત સમજી ગયું અને બન્ને વૃત્તિ એકબીજીને આધીન બની. પણ આ શું? હૃદયમાં દાહ લાગ્યો. અમે જુદાં થયાં અને સૂઈ રહ્યાં. હૃદયે નીતિનો ભંગ કર્યો હતો તે અગ્નિપ્રભા દરેક અંગને સળગાવી દેતો હતો. પણ નીતિ અને પ્રેમના ખેંચાણમાં—કાંઈ પણ નિર્ણય વિના—બે વર્ષ વીતી ગયાં. નીતિ જીતી હતી અને અમે પવિત્ર જ રહ્યાં છીએ. અંતે તો

*ત્યાં બારી એક ગૃહની ઊઘડે જરાક,*
*ડોકાય છે સ્મિતભર્યું મુખડું રમાનું.*

એ સમય આવી પહોંચ્યો અને અમે વિખૂટાં થયાં. પણ જે વહેલું સમજવાની જરૂર હતી તે માત્ર વધારે દુ:ખ દેવા હવે સમજાયું કે પ્રેમમાં બધી નીતિ સમાઈ જાય છે, હૃદયના ઐક્યમાં શરીરનો સ્થૂલ સંબંધ પણ પુણ્યરૂપ જ બની રહે છે. મેં તે બાલાને બહુ દુ:ખ આપ્યું હતું. અને વ્યર્થ આપ્યું હતું એ સમજાયું. તે દિવસને પણ હવે તો ત્રણ વર્ષ વીતી ગયાં. તે બાલા અન્યની પણ થઈ—કરાઈ. આ સમયમાં આ હૃદય પર શું શું વીતી ગયું તે લખવાની જરૂર છે? મારી કવિતાઓ બસ નથી? કશો સંકોચ નથી, કશો ભય નથી—આ વાત કહેવામાં કશું જ છુપાવવાની ઇચ્છા નથી, પણ આ વાત કહેતાં હું મારા વિચારોને બરાબર ગોઠવી શકતો નથી. દર્દ રોવામાંથી જે કાંઈ આરામ મળતો તે પણ હવે તો ગયો જ છે. હવે તો સંસારને કોઈ પણ એક કિનારે આ હૃદય આવી પહોંચ્યું છે. સૌંદર્યનો ભોગ ખોવાઈ જતાં દરેક ભોગવિલાસના ત્યાગ તરફ હૃદય ખેંચાઈ જાય છે. એક ઘા, એક ટકોરાની જ અપેક્ષા છે. કુદરતે પક્વ કરી રાખેલ

ફલ લતાને જરા જ કંપ આપતામાં ખરી પડશે. તે કોઈ ચાખનાર નથી, પોતાની મેળે સડી જશે અને ધૂળ સાથે ધૂળ બની ભળી જશે. એ નિર્માણ પણ બહુ સુંદર છે. પૂછવાનું રહેતું હોય તે હવે પૂછશો. મારે પોતાની મેળે તો આટલું જ કહેવાનું છે, પણ તે બહુ છે. લખવા કરતાં બોલવું કોઈ કાળે વધારે કહેશે—કદાચ.

તમારો
સુરસિંહ

*

લાઠી, ૨૬-૧૨-૧૮૯૭

પ્રિય ભાઈ કાન્ત,

મારે માત્ર સહેવાનું રહ્યું છે એ બહુ લાગતું નથી. પણ કાંઈ લાગે છે તે જુદું જ છે. જે બાલા કોઈ વખતે મારી શિષ્યા હતી, કોઈ વખતે પ્રિયા હતી, તેના આત્માનો વિકાસક્રમ શી રીતે ચાલે છે તે જોવાની અને તેમાં કાંઈ મદદ કરવાની, તેને મારી સાથે દોરી જવાની મારી બધી આશાઓ તૂટી પડી છે એ બહુ લાગે છે. તે બિચારી શી રીતે સહન કરી શકશે? તેની પાસે પુસ્તકો નથી કે નથી કોઈ હૃદયને ઉપાડનાર મિત્ર. જે ઔષધ મને મળે છે તે તેને કોણ આપે? મેં તો જે તમે બતાવો છો તે જ શરૂ કરેલ છે અને પ્રથમ 'ગીતા' લીધી છે. ધર્મના સત્ય સંબંધે તો જે તમને લાગે છે તે જ મને લાગે છે. કદાચ મને શાન્તિ મળશે ખરી. પણ જ્યાં હું ઊભો હોઉં ત્યાં તે ન હોય, જ્યાં તે હોય ત્યાંથી એક તસુ પણ ઉપર લેવાને મારી પાસે કશું સાધન ન મળે—અરે! તે નિરંતર સળગતી જ રહે એ તો મને ગમે ત્યારે એ કામ લાગ્યા વિના રહેશે?

તમારો સુરસિંહ

['કલાપીઃ સ્મરણમૂર્તિ' પુસ્તકઃ ૧૯૯૮]

## અંધારે...

*અંધારે સત્ય ડૂબ્યું, તે આવતું તરી આખરે.*

## એક પત્ર

લાઠી, ૧૪-૧-[૧૮]૯૮

દેશહિત! દેશહિત શું? મારા હૃદયની પહેલી જ ચિનગી એ હતી. કાંઈ જોયું, કાંઈ નિરાશા આવી. એ બધું કિસ્મતને જ સોંપી દેવા જેવું લાગ્યું. હું કે આપણી કોંગ્રેસ પણ થોડું જ કરી શકે તેમ છે. કાંઈ પણ સંગીન કાર્ય થાય તેને માટે તો કોઈ મધુર પક્વતાને સમયે કોઈ મહાવીર કે મહાત્મા જાગી આવશે. અને તે જ સર્વ કરશે. અત્યારે જે કોઈ મહાપુરુષો દેખાય છે, તે માત્ર તે મહાત્માનાં અપક્વ અંગો, જેવાં ગર્ભાશયમાં હોય તેવાં જ છે; કોઈ એકાદ આંગળીનું પોચું ટેરવું છે, તો કોઈ હજુ નહીં ઊઘડેલી એવી આંખ છે. એ એક પૂર્ણ શરીર બંધાયું નથી ત્યાં સુધી કશું જ થવાનું નથી. મને પોતાને તો આ દુનિયા પર આવવાનું ગમતું નથી. જે કોઈ હવાઈ મહેલમાં મારો વાસ છે ત્યાં જ મારું જીવિત છે. હું એથી પણ વધારે જાણું છું અને તે નક્કી જાણું છું કે મારા જેવાં એ હવાઈ મહેલ છોડી દુનિયા પર આવવાથી પણ કશું શુભ કરી શકવાનાં નથી. મેં માત્ર જોયા કર્યું છે, જે કાંઈ લાગે તે લાગવા દીધું છે. અને હવે તો બહુ લાગતું પણ નથી. મારો આ નિર્વેદ કશાથી ખસી શકતો નથી. હું સુખી છું કે દુ:ખી એ ઘણી વખત હું સમજી શકતો નથી. અને સમજવા યત્ન કરતો નથી. હું કસરત કરું છું, હું ખાઉં છું, હું આ શરીરને પુષ્ટ રાખું છું તે માત્ર સારી રીતે રોઈ શકાય તેટલા માટે જ. મારી બધી આશા ઊડી ગઈ છે. કોઈ પણ આશા મેળવવા મથવું એ વ્યર્થ ભાસે છે. હું જન્મ્યો અને મરી જઈશ એટલું જ હું જાણું છું. અને એટલું

માનું છું કે તેમાં કશી અયોગ્યતા નહીં જ હોય. આખું બ્રહ્માંડ એથી વિશેષ કાંઈ પણ કરતું હોય એમ મને લાગતું નથી.

કવિતા! મારી કવિતાને હું કવિતા કહેતો નથી. હું કવિ છું એવું હું માની જ શક્યો નથી. ફરીથી કહેવા દો કે મિલ્ટન કે શેક્સ્પિયર હિંદુસ્તાનમાં હમણાં નથી. અને બહુ કાલ સુધી આવવાના નથી. અહીં કોઈને કવિ કહેતાં તે શબ્દને જ હલકો કરવા જેવું છે. મને વિચારો ગોઠવતાં આવડતું નથી. મારા જીવનમાં કલા નથી, માત્ર લાગણીઓ છે. અને મારી કવિતા પણ તેવી જ છે. હું જે કાંઈ લખું તે મને જ આનંદ આપી શકે તેવુંયે થતું નથી. હું શેલી કે શેક્સ્પિયર વાંચતો હોઉં છું ત્યારે ઘણી વખત મન થઈ જાય છે જાણે મારી કવિતાને, એ કાગળોને બાળી નાખું.

['કલાપીના ૧૪૪ પત્રો' પુસ્તક]

## 'કલ્કી'

# દલો તરવાડી

દલા તરવાડીએ રીંગણાં તોડતાં વાડીને પૂછેલું કે, બોલ ભાઈ, રીંગણું એક લઉં કે બે-પાંચ? અને વાડી વતી પોતે જ જવાબ આપેલો કે, લેને ભાઈ પાંચ—પચાસ! પરિણામે એને કૂવામાં કેટલીક ડૂબકીઓ ખાવી પડેલી.

દલા નામનો કોઈ તરવાડી હતો કે કેમ, તે કોઈ જાણતું નથી. પણ તે હતો જ અને અત્યારે પણ છે એમ કહેવામાં અસત્ય નથી.

સાહેબ પોતાને પૂછે છે કે, "પટાવાળા પાસે ઘરકામ કરાવું કે નહીં?" અને પોતે જ જવાબ આપે છે, "અરે, કરાવને પૂરા ચૌદ કલાક!"

કોન્ટ્રાક્ટર પોતાને જ પૂછે છે: "સિમેંટમાં પાંચ ટકા કાંકરી વધારે નાખું કે નહીં?" અને પોતે જ જવાબ આપે છે, "અરે, નાખને પંદર-પચીસ ટકા!"

ગામડાનો માસ્તર પોતાને જ પૂછે છે કે, "છોકરાને એકાદ સોટી મારું કે?" અને પોતે જ જવાબ આપે છે, "અરે, મારને એક સાથે બે-પાંચ સોટી!"

વેપારી પોતાને પૂછે છે, "માલની અછત છે—નફો પચ્ચીસ ટકા લઉં કે પાંત્રીસ ટકા?" અને પોતે જ જવાબ આપે છે, "અરે, મળતો હોય તો લેને પચાસ—પોણોસો ટકા!"

કારકુન કહે છે, "આ પતરાંની અરજી કરનારને એક ધક્કો ખવાડું કે બે—પાંચ?" અને પોતે જ જવાબ આપે છે, "અરે, ખવાડને પચાસ ધક્કા—કયો કાકો ના પાડે છે!"

ભિખારી પોતાને પૂછે છે, "શેઠ પાસે પૈસો માગું કે આનો?"

અને પોતે જ બેધડક જવાબ આપે છે, "અરે, માગ ને પૂરી પાવલી જ! માગવામાં શું જાય છે?"

સુધરાઈ પોતાને જ પૂછે છે, "સરકાર પાસે હજારની ગ્રાંટ માંગવી કે દસ હજારની?" અને પોતે જ નક્કી કરે છે, "અરે, માગોને પૂરા અર્ધા લાખની! માગવામાં શું જાય છે?"

મહાસત્તાઓના મોવડીઓ પોતાને જ પૂછે છે, "વિશ્વશાંતિ માટે એટમ બૉમ્બ બનાવીએ કે હાઇડ્રોજન બૉમ્બ?" અને જાણે પોતે જ પોતાને જવાબ આપતા જણાય છે, "અરે, ત્રોવડ હોય તો બસો-પાંચસો હાઇડ્રોજન બૉમ્બ જ બનાવી નાખોને!"

# કાંતિ ભટ્ટ

## આબરૂ અને કીર્તિ

જાપાનના લોકો પોતાની આબરૂને બહુ જ મહત્ત્વ આપે છે. કોઈ પણ સંજોગોમાં માણસની આબરૂ ન જ જવી જોઈએ. આબરૂ જાય તો કેટલાક આપઘાત કરે છે. માત્ર કોઈ વ્યક્તિની જ આબરૂ નહિ, વેપારી પેઢીની, ઉદ્યોગની કે સંસ્થાની પણ આબરૂ હોય છે. તેને લાંછન ન લાગવું જોઈએ.

*

ટોળું જ્યારે તમને તત્કાલ કીર્તિ આપે છે, ત્યારે તેવી કીર્તિ માણસને વહાલી લાગે છે. પણ એવી ટોળા-બક્ષિત કીર્તિ ક્ષણભંગુર હોય છે. સસ્તી કીર્તિ આપનારું ટોળું પછી નાનું એવું કારણ મળતાં પણ તમારી કીર્તિનાં તમામ લૂગડાં ઉતારી લે છે. ટોળાએ આપેલી કીર્તિને તમે સ્વીકારો, તો ટોળું લાત મારે તે પણ સ્વીકારવી જોઈએ.

['દિવ્ય ભાસ્કર' દૈનિક: ૨૦૦૫]

## ભંગારના ફેરિયામાંથી રેઝરનો રાજા!

આજથી ૧૫૦ વર્ષ પહેલાંનો જમાનો રોદણાં રડવાનો નહોતો. ધરતીમાં પાટુ મારીને પાણી કાઢવાનો અને અમેરિકામાં અવનવી શોધો કરવાનો જમાનો હતો. એ સમયે ૫ જાન્યુઆરી ૧૮૫૫ના રોજ, જેણે સેફ્ટી રેઝરની શોધ કરી તે કિંગ જિલેટનો જન્મ થયો.

કિંગ જિલેટ હજી સ્કૂલમાં ભણતો હતો ત્યાં જ તેના મકાનને આગ લાગેલી. સૌ ઘરબાર વગરનાં થઈ ગયેલાં. મા-બાપ અને દીકરાએ ભેગાં મળી એક કાચું પતરાનું મકાન બનાવી લીધું. સવારે કિંગ જિલેટ રોજ ફેરી ફરવા નીકળે. લોખંડના ભંગારથી માંડીને ફેક્ટરીનાં ઓજારોની

ફેરી કરવા માંડ્યો. સરકારની વાત જવા દો, કોઈ પાડોશીની મદદ પણ ન લીધી. ખીલા, ખીલી, હથોડી, મિજાગરા જે કાંઈ હાથ લાગે તેની ફેરી કરી. ફેરીમાં બહુ પૈસા ન મળ્યા, પણ સવાર-સાંજ બ્રેડ માટેના પૈસા મળી રહેતા. મહેનત જેટલી કમાણી ન થતાં કિંગ જિલેટ એક હાર્ડવેરની દુકાનમાં નોકરીએ રહી ગયો. દુકાને નોકરી કરતો હોય ત્યારે ઘરાકને કહેઃ મારું નામ કિંગ જિલેટ છે. વારંવાર 'કિંગ' નામની બડાઈ મારનારા આ છોકરાને તેના શેઠે કહ્યુંઃ "તું હજી માત્ર નામથી 'કિંગ' છો, પણ જો ખરેખર કિંગ થવું હોય તો મને એવી ચીજ શોધી આપ કે જેની રોજ જરૂર પડે અને એક વખત વાપર્યા પછી ફેંકી દેવી પડે." એ જમાનામાં હજી બ્લેડ અને સેફ્ટી રેઝરની શોધ થઈ નહોતી.

૧૫૦ વર્ષ પહેલાં લોકો હજામની રાહ જુએ અગર દેશી અસ્ત્રાથી જાતે હજામત કરે. તેમાં લોહી નીકળે અને ખૂબ સમય લાગે, છતાં દાઢીના ઘણા ઠૂંગા રહી જાય. શેઠે કિંગ જિલેટને મહેણું માર્યું, ત્યારથી આ છોકરો—જે કોલેજમાં કે ટેક્નોલોજીની સ્કૂલમાં ભણ્યો નહોતો તે—દાઢીના વાળને બોડવાની સેફ્ટી રેઝરની શોધમાં લાગી ગયો. માનવીની દાઢી ઉપરના વાળ-ઠૂંગાની સંખ્યા ૧૫,૦૦૦ હોય છે. દરેક માનવી તેના જીવનમાં ૨૭.૫ ફૂટ લાંબી દાઢીના વાળ ઉગાડે છે. તેની હજામત કરવામાં કુલ ૩,૩૫૦ કલાક જાય છે. બની શકે તેટલા ઓછા કલાક થાય અને લોહી ન નીકળે તેવું સેફ્ટી રેઝર શોધીને પછી એ રેઝરની બ્લેડ એક વખત વાપરીને ફેંકી દેવાય તેવી કરામત કિંગ જિલેટે કરવાની હતી.

લાઇબ્રેરીમાં જઈને કિંગ જિલેટ વાળ અને અસ્ત્રા વિશે વાંચવા માંડ્યો. તેણે વાંચ્યું કે સમ્રાટ નેપોલિયન હંમેશાં દાઢી કરાવવાથી ડરતો. કોઈ હજામના હાથમાં અસ્ત્રો જોઈને તેની સામે દાઢી ધરી દેવાનું તેને જોખમી લાગતું હતું. અસ્ત્રાની પણ શોધ થઈ નહોતી, ત્યારે માનવી ધારદાર છીપલાં કે શાર્ક માછલીના તીણા દાંત અને પોલિશ કરેલા ચકમકના પથ્થરથી દાઢી કરતો. જૈન મુનિઓ હાથેથી દાઢીના વાળ

ખેંચે છે, તેમ ઉત્તર અમેરિકાના રેડ ઇન્ડિયનો ચીપિયા વડે વાળને ખેંચી કાઢતા. ઇજિપ્તના લોકોએ બનાવી કાઢ્યો કાંસાનો અસ્ત્રો. પછી રાજા માટે સોનાનો અસ્ત્રો પણ શોધાયો. જિલેટે પણ સોનાનું રેઝર બનાવીને પ્રમુખ રૂઝવેલ્ટને ભેટ આપેલ.

સેફ્ટી રેઝરની શોધ માત્ર જિલેટ જ કરતો નહોતો. જિન જેક્સ પેરેટ નામના એક ફ્રેન્ચ રસોઇયાનો શેઠ ચોખ્ખાઈનો આગ્રહી હતો. તેણે રસોઇયાને કહ્યું કે દાઢી બનાવીને પછી જ રસોઈ બનાવવી. જિન જેક્સ પેરેટે ઉતાવળમાં દાઢી કરી અને વઢાઈ ગયો. ખૂબ લોહી નીકળ્યું અને પછી ચામડીનો રોગ થયો, ત્યારથી તે પોતે સેફ્ટી રેઝરની શોધમાં પડેલો. જો કે તેનાથી શોધ થઈ નહીં. જિલેટના શેઠે પણ તેને કહેલું કે, સેલ્સમેન તરીકે તારે રોજ દાઢી બોડીને જ દુકાને આવવું.

એક દિવસ જિલેટ સવારે અસ્ત્રાથી દાઢી કરવા ગયો, પણ બુઠ્ઠી ધારથી વાળ કપાય જ નહીં. આખરે હજામ પાસે જવું પડ્યું. એ દિવસે તેણે સંકલ્પ કર્યો કે, સેફ્ટી રેઝર શોધવું જ. તેણે વિલિયમ નિક્સન નામના શોધકની મદદથી રેઝર અને સ્ટીલની બ્લેડ વિકસાવી કાઢ્યાં. ૧૯૦૩માં તેની ૧૪ ડઝન બ્લેડ અને ૫૧ રેઝર વેચાયાં. જિલેટે સેફ્ટી રેઝર અને સેફ્ટી બ્લેડ શોધ્યા પછી એક જ વર્ષમાં ૯૦,૦૦૦ બ્લેડ અને સવા કરોડ સેફ્ટી-રેઝર વેચ્યાં. ત્યારે પછી હજામોએ હજામતનો ધંધો છોડીને જિલેટની બ્લેડ અને રેઝર વેચવા માંડ્યાં.

જિલેટે ૧૯૦૪માં સેફ્ટી રેઝરની પેટન્ટ લીધેલી, તે અમેરિકન કાનૂન પ્રમાણે સોળ વર્ષમાં ખતમ થઈ. એટલે નવી નવી જાતની બ્લેડ બજારમાં મૂકવા જિલેટે એક રિસર્ચ ખાતું ખોલ્યું.

એક જમાનામાં શિકાગોની શેરીમાં ખીલા, ખીલી અને જૂનાં ઓજારો વેચનારો ભંગારનો ફેરિયો જિલેટ ૧૯૫૦માં ખરેખર રેઝર ઉદ્યોગનો કિંગ બની ગયો. તે પદ જાળવવા જિલેટે તેની કંપનીમાં એક અત્યાધુનિક લેબોરેટરી ઊભી કરેલી. તેમાં ૮૮ જેટલા સાયન્ટિફિક જાણકારો રાખેલા. ધાતુશાસ્ત્રીઓ વધુ ને વધુ ધારદાર સ્ટીલની પતરી બને તેની શોધ કરતા. જિલેટના મૅનેજરોએ એક બિલિયન ડોલરને

ખર્ચે એક જબ્બર રિસર્ચ પ્રોગ્રામ શરૂ કર્યો. યુરોપની ‘બીક’ નામની કંપનીએ ડિસ્પોઝેબલ બ્લેડ-રેઝર બહાર પાડ્યું. એટલે જિલેટે પણ એક વખત વાપરીને ફેંકી દેવાનું રેઝર બનાવવા માંડ્યું. આજે જગતભરમાં ૬૬ ટકા જેટલા લોકો જિલેટનાં રેઝર વાપરે છે.

જિલેટ આજે રેઝરનો રાજા છે, ‘ધ ન્યૂયોર્કર’ જેવા સાહિત્યના મેગેઝિને આ બ્લેડ ઉપર જ એક આવરણકથા છાપી છે અને જિલેટ ઉપર જ પીએચ.ડી.નો અભ્યાસ પણ થાય છે.

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિકઃ ૨૦૦૫]

# કાન્તિ શાહ

## "—એવું કાંઈક કરોને!"

છેલ્લા દિવસોમાં જયપ્રકાશ નારાયણનું શરીર જર્જર થતું જતું હતું. ઘણા નબળા પડી ગયા હતા. ઘણી વાર કહેતા, ભગવાને મને કેવો લાચાર બનાવી મૂક્યો છે! એકાંતરે કરવા પડતા ડાયાલીસીસથી તો તંગ આવી ગયા હતા. તે દરમિયાન કષ્ટ પણ બહુ પડતું. કહેતા, મારે આ ઉપચાર કરાવવો જ નથી, આનાથી હું ત્રાસી ગયો છું! એમના પરમમિત્રા ગંગાબાબુને કહ્યા કરતા કે, "હવે જીવવાની ઇચ્છા નથી. આવી જિંદગી કરતાં તો મૃત્યુ સારું! ગંગાબાબુ, તમે મિત્રા થઈનેય આટલું નથી સમજતા કે હું કેટલું કષ્ટ ભોગવી રહ્યો છું! આ જીવનનો શાંતિમય અંત આવે એવું કાંઈક કરોને!"

છેલ્લા દિવસોમાં એક સંસ્કૃત સુભાષિત રટયા કરતા: 'મુહૂર્તં પ્રજ્વલિતં શ્રેય:, ન તુ ધુમાયતે ચિરમ.' (લાંબા વખત સુધી ધુમાયા કરવા કરતાં ક્ષણવારમાં પ્રજ્વલિત થઈ બળી જવું બહેતર.) દિવસમાં બેચાર વાર આ બોલ્યા જ હોય. કોઈ આવીને દીર્ઘાયુ માટે શુભેચ્છા વ્યક્ત કરતું, તો જયપ્રકાશજી કહેતા: "મારે આયુષ્ય નહીં, સ્વાસ્થ્ય જોઈએ છે. જ્યાં સુધી જીવતો રહું ત્યાં સુધી સ્વસ્થ રહીને કાંઈક કરી શકું, એવી કામના કરો!"

['ભૂમિપુત્રા' પખવાડિક: ૨૦૦૨]

## અગ્નિ અને રાખ

અંગ્રેજો અહીં આવ્યા ત્યારે દેશની જે પરિસ્થિતિ હતી, તે જાણે આજે ફરી દેશમાં સર્જાઈ રહી હોય એમ લાગે છે. સંકુચિત સ્વાર્થોએ તે વખતે રાષ્ટ્રીય એકતાને શીર્ણવિશીર્ણ કરી નાખી હતી. દેશનું ડહાપણ

ત્યારે નંદવાઈ ગયું હતું, અને હોડી ડૂબશે તો સાથે પોતેય ડૂબશે એટલું સમજવાની બુદ્ધિય બહેર મારી ગઈ હતી. એટલે જ આ વિશાળ દેશ પર અને તેની કરોડોની પરાક્રમી પ્રજા પર હજારો માઈલ દૂરના એક ટચૂકડા ટાપુની નાનકડી પલટન કબજો જમાવી શકી.

સંકુચિત સ્વાર્થોમાં તે વખતે રજવાડાંઓ ખદબદતાં હતાં. આજે એ રજવાડાંઓની આધુનિક લોકશાહી આવૃત્તિરૂપ રાજકારણીઓ તેમાં ગળાડૂબ છે. ક્ષુદ્ર મહત્ત્વાકાંક્ષાઓ અને બાલિશ ઉત્પાતોમાં ચકચૂર બનેલા એ લોકોને ક્યાંથી સમજાય કે પોતાનાં કરતૂકો વડે તેઓ, જે નાવડીમાં પોતે બેઠા છે તેમાં જ કાણાં પાડી રહ્યા છે!

અને પ્રજાનું અજ્ઞાન પણ ભારે છે. ગમે તેની ચઢાવી તે શૂળીએ ચઢી જાય છે. આ બધી જેટલી ખાનાખરાબી થાય છે તેનો બોજ છેવટે તેની કેડ પર જ પડવાનો છે, એટલી સમજ પણ હજી આવી નથી. રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાથી અગવડ કોને વેઠવી પડવાની છે? પરંતુ સામાન્ય માણસ પાસે જઈને આ બધું એને સમજાવનારું આજે છે કોણ? એટલે પ્રજા બિલકુલ અવિચારીપણે વર્તી નાખે છે.

પરંતુ આ તો અંદર ધૂંધવાતો અસંતોષનો અગ્નિ કોઈ ને કોઈ સ્વરૂપે દેખા દે છે. કાળજાતૂટ ઢસરડા કરીને જિંદગીથી થાકેલા કરોડો આ દેશમાં છે. એમની અંદર પ્રજ્વળતી ભૂખ અને અસંતોષની જ્વાળાને શમાવ્યા વિના તોફાનો અને ખાનાખરાબી નહીં નિવારી શકાય. આવા નિર્દોષ જનોના જે બલિ ચઢાવાઈ રહ્યા છે તેનું પાપ રાજકારણીઓ ઉપર જ નહિ, પોતાના માનવબંધુઓની ગરીબી, અજ્ઞાન વગેરે નાબૂદ કરવા ન મથનારા આપણા જેવાઓ માથે પણ છે.

*

સમાજમાં આજે બધા જેમ ખાય છે, પીએ છે, વર્તે છે, તેમાં મૂળભૂત પરિવર્તન કરવા માટે અંદરની આગ જગાડવી પડશે, ઉપરની રાખ ખંખેરવી પડશે. આજે તો બધે રાખ જ રાખ વળી ગઈ છે. યુવાનોમાં ક્યાં છે તરવરાટ? ક્યાં છે છલાંગ મારવાની તમન્ના? ક્યાં છે ઉકરડા જેવા સમાજમાં પૂળો મૂકીને નવી રચના કરવાની

છટપટાહટ? ક્યાં છે નવું ભારત, નવું જગત સર્જવાનો થનગનાટ? એને બદલે આજે તો તે વળગી રહ્યો છે નિર્માલ્યને. એની આકાંક્ષાઓ નિર્માલ્ય છે, એનાં અરમાનો નિર્માલ્ય છે, એનો પુરુષાર્થ નિર્માલ્ય છે. કરચલી ન પડે એવાં કપડાંમાં એને મહાલવું છે, કમર ન વાળવી પડે એવી બાબુશાહી નોકરી માટે વલખાં મારવાં છે, ઢંગધડા વિનાનાં ફીસાં ગાણાં ગાવાં છે, ઢીંગલા-ઢીંગલી જેવાં જીવનસાથીનાં સપનાં સેવવાં છે, નિર્માલ્ય પૈસા માટે હાયવોય કરવી છે.

પણ એમનેય શું દોષ દઈએ? તબેલા જેવી અને ચીડિયાખાનાં જેવી શાળાઓમાં એમને નિર્માલ્ય શિક્ષણ અપાયું છે. નથી એમની પાસે ખેતરમાં કામ કરાવાયું, કે નથી કોઈ કળા-કસબ એમને શીખવાયો, નથી નવાં જીવન-મૂલ્યોનું એમને પાન કરાવાયું. અને શાળામાંથી બહાર નીકળીને તો એમણે નિર્માલ્ય માટે હડી કાઢતો સમાજ જ જોયો છે. શા માટે? કોઈને કાંઈ ગમ નથી. છતાં દોડી બધાં જ રહ્યાં છે. અને આ નવો રંગરૂટ પણ ઝાઝું સમજ્યા વિના દેખાદેખીએ આ હડીમાં સામેલ થઈ જાય છે.

## લોકમત કેવી રીતે કેળવશું?

આજે માનવસમાજ અનેક ક્ષેત્રોમાં ધરમૂળથી પરિવર્તન માગી રહ્યો છે. પરિવર્તન લાવવા માટે આજ સુધી અનેક પદ્ધતિઓ અપનાવાઈ છે, અને એ પદ્ધતિઓનાં સારાંમાઠાં પરિણામો આપણે જોયાં છે. આજે હવે એ બધી પદ્ધતિઓ કાંઈક ઊણી હોય એવો અનુભવ થાય છે. એટલે આપણી સમક્ષ પ્રશ્ન એ ઉપસ્થિત થયો છે કે માનવસમાજમાં ત્વરિત પરિવર્તન આણવા માટે આજના યુગને અનુરૂપ અને માનવીને શોભે તેવી સંસ્કારી પદ્ધતિ કઈ હોઈ શકે?

હિંસા, બળજબરી અને જોરજુલમ દ્વારા મૂળભૂત પરિવર્તન લાવી શકાશે, એ વાત ઉપર હવે ઝાઝો ભરોસો રહ્યો નથી. મતપેટી કબજે

કરીને માત્ર કાયદા દ્વારા સમાજની સિકલ ફેરવી શકાશે, એવોયે વિશ્વાસ સમજદાર માણસને રહ્યો નથી. એટલે દરેક બાબતમાં લોકમત કેળવવા ઉપર ભાર મુકાય છે.

પણ એ લોકમત કેળવવાની પદ્ધતિ યે આજે કાયાકલ્પ માગી રહી છે. વ્યાખ્યાનો, ઉપદેશ અને આદર્શ નમૂનાઓ દ્વારા લોકમતને જરૂર પ્રમાણે ઢાળવાની પદ્ધતિની મર્યાદાઓ નજર સમક્ષ આવતી જાય છે. એટલે આજના સંવેદનશીલ માનવચિત્તને અનુરૂપ પરિવર્તનપદ્ધતિ ખોળવી, એ આજે આપણી સમક્ષનું આહ્વાન છે.

આવી પરિવર્તનની પ્રક્રિયા સાહિત્યકારની હોઈ શકે, શિક્ષકની હોઈ શકે. માનવસમાજમાં આદતો, રૂઢિઓ, માન્યતાઓ વગેરે વર્ષોના અનેકવિધ સંસ્કારોનું પરિણામ હોય છે, અને સામાન્ય રીતે જે-તે કાળની જરૂરિયાતમાંથી તે જન્મ્યાં હોય છે. એ બધાંમાં પરિવર્તન આણવા માટે નવા સંસ્કાર સીંચવાના રહે છે. એ સંસ્કાર—સિંચન શિક્ષક કરી શકે, સાહિત્યકાર કરી શકે.

ક્રાંતિકારીની જેહાદ, તીવ્રતા અને દૂરદર્શિતા; શિક્ષકની ધીરજ, સમજાવટ ને એકડો ઘૂંટાવવાની આવડત; તથા સાહિત્યકારની સંવેદનશીલતા, સલૂકાઈ ને અપ્રત્યક્ષ પદ્ધતિ: સમાજપરિવર્તન કરવા માટે આ બધાંનો સમન્વય કરવાનું અનિવાર્ય છે.

['ભૂમિપુત્ર' દશવારિક]

## આ પ્રેમને લાયક બનશું?

બધું જ તો કાંઈ નખશીખ સારું નહોતું. ભૂલો હતી, મર્યાદાઓ હતી. પણ એ અંગે કશી ફરિયાદ હોઠે ચડતી નથી. જીભ નથી ઊપડતી.

ઘરમાં થોકબંધ કામ કરવાનું પડ્યું હોય, કેટકેટલું ઊંચુંનીચું કરવાનું હોય, સાફ-સફાઈ કરવાની હોય, બધું વ્યવસ્થિત ગોઠવવાનું હોય: એક કર્મઠ વડીલ એ બધું કરી રહ્યો હોય, પરસેવો પાડીને કરી રહ્યો હોય,

કમ્મર તોડીને કરી રહ્યો હોય, જાત ઘસી નાખીને કરી રહ્યો હોય અને આપણે જોતાં રહીએ, હુકમ કરતાં રહીએ, ક્યાંક ઊણપ રહી ગઈ તો દોષ એને માથે ઢોળીએ—આ કેવું લાગે?

અંજલિઓ ઘણી દેવાઈ, સંસ્મરણો ઘણાં લખાયાં, પણ શ્રીપ્રકાશ સાથેની છેલ્લી મુલાકાત વાંચી ત્યારે ખરી જવાબદારીનું ભાન થયું. ૨૪મી મેના રોજ દેહરાદૂનમાં એને જોઈને શ્રીપ્રકાશની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ખભા ઝૂકી ગયા હતા, કમ્મર વળી ગઈ હતી, ધીરેધીરે અને લથડતે પગે એ ચાલતો હતો. “તમારી આ અવસ્થા મેં કદી કલ્પી નહોતી. આ જોઈને હું રડી ઊઠું છું.”

આ કમ્મર એની ક્યાંથી ભાંગી? ભારતની તારુણ્યમૂર્તિને આ ઘડપણ ક્યાંથી આવ્યું? પચાસ-પચાસ વર્ષથી એણે આ કરોડોના દેશનો અને સમગ્ર માનવજાતનો ભાર એ ખભા ઉપર વહ્યો હતો. જરીકે વિશ્રામ વિના એણે પોતાના માનવબંધુઓની સેવામાં જાત ઘસી નાખી હતી. શ્રીપ્રકાશ લખે છે: “હું એમને કહેતો હતો કે આ આખી દુનિયાનો ઇજારો તમે થોડો જ લીધો છે? આ લાઓસ અને ઇન્ડોનેશિયાને છોડોને હવે!”

પણ ના, એની માટી જ જુદી હતી. રોબર્ટ ફ્રોસ્ટની કાવ્યપંક્તિઓ લખી રાખેલી એણે પોતાના ટેબલ પર. એનાથી એના અંતરતમમાં નિરંતર ચાલતા તુમૂલ સંઘર્ષની સહેજ ઝાંખી મળી જાય છે. ના, એ પોતાનાં વહાલાં વનડાં પાછળ ન ગયો. પણ ટેબલ પર આ પંક્તિઓ મૂકી જઈને અછડતો અણસારો માત્ર કરતો ગયો કે એનું હૃદય ક્યાં ઊડતું હતું? શું ઝંખતું હતું? આ કોલાહલિયા જગતની વચ્ચેય એના અંતરતમની અભીપ્સા શી હતી? આ રાજર્ષિના હૃદયસિંહાસન પર કોણ બિરાજતું હતું? અને એનું વસિયતનામું જુઓ. એમાં ગંગાનું વર્ણન વાંચો. એની પરથી ખ્યાલ આવશે કે આ ઉમદા આત્મા ક્યાં વિહરતો હતો. હા, એ દુનિયાદારીનાં ભાષણો કરતો, રાજવહીવટની ફાઈલો ઊથલાવતો, નાનેરા માનવીની રાજખટપટો અને ક્ષુલ્લક ઝઘડાઓ ઊકેલતો; પણ આ બધી તો હતી રંગભૂમિ પર કુશળ નટની અદાકારી.

હસતે મોઢે એ બધી જવાબદારીઓ અદા કરતો, કેમકે ફરિયાદ કરવાનું એના મિજાજમાં નહોતું, રોદણાં રડવાનું એના લોહીમાં નહોતું, ઉકાળા કાઢવાનું એના ખમીરમાં નહોતું.

હા, એણે જરીક સિસકારોયે ન કર્યો. અરે, ચહેરા પર થાક, અણગમો કશુંયે વર્તાવા ન દીધું. બસ, અવિરતપણે એ સેવા કરતો રહ્યો, ભાર વહન કરતો રહ્યો. એ તો પ્રેમની નવાજેશ કરતો હતો. આ દેશને, આ જનતાને, આ માનવજાતને એણે ચાહી હતી. એ સ્ફટિકસમ નિર્મલ અને સૂક્ષ્મ વાદ્યતંતુસમ સંવેદનશીલ માનવહૃદય અહીં આવ્યું, અને પ્રેમમાં પડ્યું. આ સહુ માનવબંધુઓ સાથે એને પ્રેમ થઈ ગયો. અને તેને એણે નભવ્યો—છેલ્લા શ્વાસ પર્યંત નભવ્યો. પૂર્ણ વફાદારીપૂર્વક નભવ્યો.

એટલે આજે એનાં અધૂરાં અંગે ફરિયાદ કરવાનું દિલ નથી થતું. બલકે દિલમાં સવાલ ઊઠે છે કે એના આ પ્રેમને આપણે લાયક બન્યા છીએ ખરા? એ એનો ભાગ ભજવી ગયો, આપણે આપણો ભાગ ભજવ્યો કે?

## સૌમ્ય મૂર્તિ

વજુભાઈનું સ્મરણ થતાં જ એક સૌમ્ય મૂર્તિ આંખ સામે ખડી થાય છે. કોઈ પણ વાત અત્યંત ધીરજથી, ઠાવકાઈથી, સૌમ્યતાથી રજૂ કરવાની શૈલી એમના સ્વભાવમાં વણાયેલી હતી.

સાવ વિરોધમાં કહેવું હોય ત્યારે પણ વજુભાઈ આરંભ કરે સામાવાળાની વાતથી. ક્યારેક તો સામાવાળો પોતે રજૂ કરી શક્યો હોય તેના કરતાંયે વધુ સારી રીતે એની વાત વજુભાઈ રજૂ કરી આપે. અને પછી શાંતિથી ને સૌમ્યતાથી “પરંતુ... વાત એમ છે કે...” એમ કરીને પોતાનો વિરોધી મુદ્દો કહે.

# કોચલામાં નહીં પુરાયેલાં

નાસિરા શર્મા વિદૂષીબહેન છે. ફારસી ભાષા-સાહિત્યમાં એમ.એ. થયાં છે. પ્રસિદ્ધ હિંદી સાહિત્યકાર છે. છ નવલકથા, દસેક વાર્તા-સંગ્રહ, બે નાટકો, લેખ-સંગ્રહો અને અનુવાદોનાં અનેક પુસ્તકો એમનાં પ્રકાશિત થયાં છે. ૬ ટી.વી. ફિલ્મ અને ૩ ટી.વી. સિરિયલનાં તેઓ કથાકાર છે. કેટલાંક સંપાદનો પણ એમણે કર્યાં છે. મધ્ય પૂર્વના દેશોનો પ્રવાસ એમણે કર્યો છે. ઈરાન, ઇરાક, અફઘાનિસ્તાન વગેરે દેશોનાં તેઓ વિશેષ જાણકાર ગણાય છે.

બહેન નાસિરાએ ૧૯૭૦ની આસપાસ એક બ્રાહ્મણ પ્રાધ્યાપક રામચંદ શર્મા સાથે લગ્ન કર્યાં છે. લગ્ન વખતે રામચંદ શર્મા ઇલાહાબાદમાં ભૂગોળ વિભાગમાં પ્રાધ્યાપક હતા. પરંપરાગત સમાજમાં એમનું આંતરધર્મીય લગ્ન ભારે કુતૂહલનો વિષય બન્યું હતું. બંનેનાં કુટુંબોમાં શરૂ-શરૂમાં થોડો ઊહાપોહ થયેલો, પણ સરવાળે બંનેને ઝાઝી પ્રતિકૂળતાનો સામનો નહીં કરવો પડ્યો. નાસિરાના કુટુંબે રામને પોતાના જ માનીને અપનાવી લીધા. એમને શર્મા ખાલૂ (શર્મા માસા) અને શર્મા ફૂફા (શર્મા ફૂઆ) કહીને બોલાવતા. ઘરની નોકરાણી એમને ‘દૂલ્હા મિયાં’ કહેતી. નાસિરાની માસીને કોઈ સંતાન નહોતું; તેણે રામને પોતાનો દીકરો માની લીધો. હંમેશાં કહેતી કે, આ તો ‘અલ્લાહ ભેજૂ’ છે.

બાળપણમાં રામની મા એને સામેવાળા પડોશીને ત્યાં જવાની ના પાડતી કે, બેટા, તેઓ મુસલમાન છે. રામ નાના હતા ત્યારે ઘરે કોઈ મહેમાન આવે, તો એમની સામે ઊભા રહીને ‘હનુમાન ચાલીસા’ ને ગાયત્રી મંત્રનો પાઠ કરી બતાવતા અને શાબાશી મેળવતા. પણ પછી અજમેરમાં ઊછર્યા, તો સાંજે ખ્વાજા સાહેબની દરગાહમાં જઈને કવ્વાલી સાંભળવી, એ એમની દિનચર્યાનો એક ભાગ બની ગયો હતો. એ જ ખ્વાજા સાહેબની દરગાહે એમણે કેટલીયે માનતા માનેલી, અને એમની કેટલીયે મુરાદો પૂરી થયેલી-જેમાંની એક મુરાદ નાસિરાને પત્નીરૂપે મેળવવાનીયે હતી.

મુસલમાનથી દૂર રહેવાનું જેને કહેતી હતી, તે દીકરો જ મોટો થઈને મુસલમાનને પરણ્યો! અને મુસલમાન વહુએ સાસુનું દિલ જીતી લીધું. સાસુ-વહુ વચ્ચે ગાઢ પ્રેમનો નાતો બંધાતો ગયો.

ધાર્મિક કર્મકાંડમાં નાસિરાને બિલકુલ વિશ્વાસ નહીં. માથું નમાવીને પ્રણામ કરવામાં માને નહીં. નમાજ-રોજામાં કોઈ રુચિ નહીં. તેમ છતાં બીજાઓની શ્રદ્ધાની કદર કરે. એટલે જ્યારે એમના ટાઇપિસ્ટ બરમેશ્વર રામ મંદિર જવાનું કહેતા, તો એમની સાથે જતાં. બરમેશ્વર પૂજા કરતા, તો એ પણ કરતાં.

હિંદુ-મુસ્લિમ રમખાણોને કારણે નાસિરાને સહન કરવાનું આવ્યું હોય એમ લાગે છે. એમણે એટલું જ કહ્યું છે: “અસામાજિક તત્ત્વોએ મારી માનું ઘર એની પાસેથી છીનવી લીધું હતું અને બીમાર ભાઈનો જાન પણ ખતરામાં હતો.” બસ, આથી વિશેષ કોઈ ફરિયાદ નહીં, કડવાશ નહીં. આ બધું એક મુસલમાનની નજરે કે હિંદુની નજરે તે જોતાં નથી, નર્યા માણસની નજરે જ જુએ છે. કોણે આ કર્યું અને કોણ આને માટે જવાબદાર, એવું બધું વિચારવાને બદલે માણસ જેવો માણસ ઊઠીને આવું કેમ કરે છે, તે વિશે જ એમનું ચિંતન ચાલે છે. તે કહે છે કે દરેક વ્યક્તિને ક્યાંક અસલામતીની ભાવના સતાવે છે, અને તેથી તે સલામતીની શોધમાં પોતાની અંદરના સંકીર્ણ દાયરામાં સંકોચાતી જાય છે. તેનું માનસ જડ બનતું જાય છે. પોતાની ભાષા પ્રત્યે ભાવુક, ધર્મ પ્રત્યે કટ્ટર, ખાણીપીણી ને રહેણીકરણી બાબત સંકીર્ણ. સાથે જ બીજાઓ પ્રત્યે ક્રૂરતા સેવતો રહે છે, પોતાના કોચલામાં પુરાતો રહે છે.

['ભૂમિપુત્ર' પખવાડિક: ૨૦૦૬]

# કાકા કાલેલકર

## —એવી નામના મેળવજો!

મારા વિદ્યાર્થી મિત્રોને કહું છું કે—ધ્યાનમાં રાખજો કે તમે ગરીબોને માટે છો, ગરીબોની સેવા એ જ તમારું વ્રત છે. દુનિયાનો બોજો ઉપાડનાર ગરીબો છે. સરકાર ચાલે છે તે કોને આધારે? ગરીબ ખેડૂતના આપેલા પાઈપૈસા પર સરકાર નભે છે. ગરીબોની દાઝ તમારા મનમાં રહે, એ મુખ્ય વસ્તુ છે.

ગરીબોને કોણ નથી દબાવતું?

ધર્મગુરુઓ, સાધુસંતો, સરકાર, કાયદા-કોર્ટો, દુકાળ બધાં જ એમને દબાવે છે, ડરાવે છે. એટલું ઓછું હોય તેમ ધર્મપ્રચારકો એમાં જાતજાતની બીકોનો ઉમેરો કરે છે. જ્યાં જાઓ ત્યાં બીક, બીક ને બીક જ ભરેલી છે. તારાઓ, શનિ, બળિયાકાકા—એ બધાંની બીક. ઘરમાં ખાવાનું ન હોય તો ભલે—પણ અમુક દેવ કોપ્યો છે, અમુક ગ્રહ અવળો થયો છે, તેને તો દાન આપવું જ જોઈએ! સમાજ પણ એ દબાયેલાને દબાવે છે. રેલવેભાડું વધારે તો કંઈ ન બોલાય, પણ મજૂરને બે પૈસા વધારે ન અપાય! વિલાયતી માલની દુકાનમાં ભાવની રકઝક કરીએ તો પ્રતિષ્ઠા ઓછી થાય, પણ શાકબજારમાં કેટલી રકઝક કરીએ છીએ! વખત છે ને શાકવાળી છેતરે તો! એ બાઈ છેતરી છેતરીને કેટલું છેતરવાની હતી? બહુ બહુ તો બે આના. અને તે બે આના એ શા માટે મેળવે છે? મોજમજા કરવા? કે ફક્ત જીવતા રહેવા?

ગરીબોની દાઝ ભૂલીને આપણે નિષ્ઠુર બન્યા છીએ. એક વરસના જેલનિવાસ દરમિયાન મેં જોયું કે ગરીબો જ જેલમાં આવે છે. કોણ છાતી પર હાથ રાખીને કહી શકે એમ છે કે ગરીબો વધારે ગુનેગાર છે અને પૈસાદાર નથી? પૈસાદારો પૈસાની મદદથી સજામાંથી છટકી જાય છે, ને ગરીબ લોકો જ સપડાય છે. જેલમાં પણ એમને નસીબે

મુસીબતો અને જુલમો લખેલાં હોય છે. કાયદાનો પણ અમલ કરનાર તો માણસો જ હોય છે ને! સજામાં પૈસાદાર-ગરીબ બંને સરખા છે. પણ જેલમાં પૈસાદાર માણસ સહેલાઈથી સગવડો મેળવે છે ને બિચારા ગરીબો જ સજાઓ ભોગવે છે.

ગરીબોનો બેલી આજે કોઈ નથી. એવી દશામાં વિદ્યાર્થીઓ આગળ હું કઈ 'કેરિયર' મૂકું? જેમને ગરીબોની દાઝ છે, એવાઓને માટે એક જ કેરિયર છે—ગરીબ થઈને આપણે ગરીબોની સેવા કરીએ. પેલા બિચારા લાચારીથી ગરીબ થાય છે, આપણે સ્વેચ્છાપૂર્વક ગરીબાઈ સ્વીકારીએ. આપણી તાકાત છતાં આપણે પૈસા મેળવવાની શરતમાં ન દોડીએ, અને ગરીબાઈનાં કષ્ટો વેઠીને ગરીબોની દાઝ પ્રદર્શિત કરીએ. એ નવી કેરિયર વિદ્યાર્થીઓ આગળ રહે, તો આ દેશનો ઉદ્ધાર થવાનો છે. સ્વરાજ્યનો અર્થ ગોરા અમલદારોને બદલે દેશી અમલદારો નિમાય એ નથી, પણ ભણેલા લોકો ગરીબોની સેવા કરતા થાય એ છે. નહીં તો પછી પરરાજ્ય અને સ્વરાજ્ય વચ્ચે ભેદ શો?

દુકાળથી આપણામાંથી કોઈ મરી નથી જતું, પણ અનાજ પેદા કરનાર લોકો જ મરે છે. કેટલું દુર્દૈવ! એ દશા જોઈને માણસમાં માણસાઈ રહી છે કે કેમ એ વિશે શંકા થાય છે.

જેલમાં રાવજી કરીને એક ભીલ કેદી હતો. તે પોતાની બહાદુરીનું વર્ણન કરતાં મને કહેતો હતો કે, મેં ત્રાણ દુકાળમાં મારાં બાળબચ્ચાંને જીવતાં રાખ્યાં! આ વાતમાં તે અભિમાન લેતો હતો. એની કરુણ કહાણી સાંભળીને મારી ઓરડીમાં જઈને હું રોઈ પડયો. ત્રાણ-ત્રાણ દુકાળમાં પોતાનાં બાળબચ્ચાંને બચાવ્યાં, એમાં માણસને અભિમાન લેવું પડે, એ સ્થિતિ કેવી! આવી સ્થિતિમાં માણસ કેરિયર ખોળે, પૈસાદાર થવા માગે?

**

જેમને ઉચ્ચ કેળવણી મળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે, તેવા વિદ્યાર્થીઓને કહું છું કે શહેરમાં જાઓ ત્યાં તમારી સાથે ગામડાંની સાદાઈ ને તેજસ્વિતા લઈ જાઓ. ગામડાંનો ચેપ શહેરને લગાડવા

જજો, શહેરનો ચેપ લેવા નહીં જતા. શહેરના સારા સંસ્કારો હોય તે અહીં લાવો અને ગામડાંઓમાં પણ ફેલાવો.

નાના વિદ્યાર્થીઓને કહું છું કે ખૂબ તોફાન કરો, પ્રાણનો વિકાસ કરો, ખૂબ અખતરા કરો; ટાઢતડકામાં ફરો, જંગલ અને પાણી સાથે દોસ્તી બાંધો, અખાડામાં જઈને શરીર કસો.

ખૂબ મહેનત કરતાં શીખજો. નવરાશ એ શરીરનો કાટ છે. શરીર અને બુદ્ધિને કસરત આપતા રહેજો. ઉપરાંત મુસાફરી કરજો. મુસાફરી કરવાથી અનુભવ મળે છે, દેશની પરિસ્થિતિની માહિતી મળે છે, ગરીબ લોકો કેવું કષ્ટ વેઠે છે તેની ખબર પડે છે. અને એ બધાં ઉપરાંત, કોઈ જબરો ઊઠીને જ્યારે ગરીબને કનડે ત્યારે ગરીબનું ઉપરાણું લેવા જાઓ. ગરીબનું ઉપરાણું લેવાની વૃત્તિ અને શક્તિ તો તમારામાં હોવી જ જોઈએ. ગરીબોમાં, આ દીનદુખિયાંનો બેલી છે એવી નામના મેળવો.

ગરીબોની સેવા કરો... ગરીબોની સેવા કરો. એ વિના બીજું કશું મારે કહેવાનું નથી.

## એ પાપ ધોઈ નાખવા—

હું આપણી સંસ્કૃતિનો ભક્ત છું. સહેજે નિંદા ન કરું. પણ હું કહું છું કે જે દ્રોણાચાર્યે પાંડવો અને કૌરવોને તૈયાર કર્યા તે જ દ્રોણાચાર્યે દૂર રહીને એમની વિદ્યા લેનાર એક ભીલ કિશોરને કહ્યું કે, “તું આર્ય નથી, અનાર્ય છે. તું મારી પાસેથી વિદ્યા શીખ્યો છે, માટે ગુરુદક્ષિણા તરીકે તારો અંગૂઠો કાપી આપ.” એ જો અંગૂઠો જ કાપી આપે, તો પછી ધનુર્વિદ્યા કામ શું આવે? કેટલી એમની દુર્જનતા! ભેજું કેટલું દુષ્ટ થયું!... તે પાપ ધોઈ કાઢવા આપણે અનેક જન્મો સુધી પછાત વર્ગોની, હરિજનોની અને આદિવાસીઓની સેવા કરવી રહી.

[વેડછીમાં ગાંધી વિદ્યાપીઠનું ઉદ્‌ઘાટન કરતાં: ૧૯૬૭]

## આત્મીયતા ને અલિપ્તતા

ગામડામાં જઈને ત્યાંના લોકોની સેવા કરવાના આદર્શને અમલમાં મૂકનારાઓમાં જેમ શ્રી જુગતરામભાઈ છે, તેમ શ્રી બબલભાઈ પણ છે. બન્નેમાં એક ભેદ છે. શ્રી જુગતરામભાઈને સેવા માટે સંસ્થાઓ ઊભી કરવાનો, ચલાવવાનો અને તેનો વિસ્તાર કરવાનો અનુભવ છે. તેમાં તેમને સફળતા પણ મળી છે. આ બાજુ શ્રી બબલભાઈએ કદી કોઈ સંસ્થા ખોલવાનો વિચાર સરખો નથી કર્યો. તેઓ મુક્ત સેવક થઈને ગુજરાતભરમાં ફરે છે, અનેક સંસ્થાઓમાં રહી ત્યાં આત્મીયતાથી સેવા કરે છે, અને છતાં અલિપ્તના અલિપ્ત. એમની પોતાની એવી એકપણ સંસ્થા નથી.

કોઈ પણ વ્યક્તિ, સંસ્થા અથવા પ્રવૃત્તિ સાથે સમરસ થઈ સેવા કરવામાં પૂરેપૂરું તાદાત્મ્ય હોવું જોઈએ. સાથેસાથે, મોહવશ ન થતાં અલિપ્તભાવ પણ તેની સાથે તેટલો જ હોવો જોઈએ. આવું તાદાત્મ્ય અને તાટસ્થ્ય એક જ વસ્તુ પ્રત્યે જે એકીસાથે કેળવી શકે, તેને હું યોગી કહું છું. એવો અદ્‌ભુત સેવાયોગ બબલભાઈએ સાધ્યો છે. બધા લોકો અને બધી સંસ્થાઓ તેમની છે, છતાં તેઓ કોઈની સાથે બંધાયેલા નથી. સેવાધર્મથી પ્રેરિત થઈને જેમ અસંખ્ય સંસ્થાઓમાં તેઓ ભળી જાય છે, તેવી જ રીતે અનેક કુટુંબોમાં પણ બબલભાઈનો પ્રવેશ છે.

લોકોની શક્તિ જોઈને એમને કટકે કટકે બોધ આપવો, એમની પાસે થોડું થોડું જીવન-પરિવર્તન કરાવવું, એ બબલભાઈની ખાસ હથોટી છે. લોકસેવાની એમની સફળતાની ચાવી આમાં જ રહેલી છે.

## એક ઝટકે ઉખેડવાનું

અસ્પૃશ્યતા અન્યાયમૂલક છે, તેમાં ધર્મ નથી પણ અધર્મ છે, એ વાત લોકોને ઠીક ઠીક ગળે ઊતરવા લાગી છે. તોપણ એમ કહેનારા

ઘણા મળે છે કે હજારો વર્ષથી ચાલતી આવેલી રૂઢિ—અને તે પણ ધર્મને નામે ચાલતી રૂઢિ—એકદમ નહીં તૂટી શકે. જરા ધીરેથી કામ લેવાવું જોઈએ.

ધીરેથી કામ લેવાનું આ તત્ત્વજ્ઞાન બહુ ભયંકર છે. અમેરિકન સ્વાતંત્ર્યવીર વિલિયમ લોઈડ ગેરીસને જ્યારે કમર કસીને ગુલામીનો વિરોધ કરવા માંડયો ત્યારે વહેવારદક્ષ લોકો તેને કહેવા લાગ્યા કે, “આમ જહાલ ન થશો; જરા ધીરેથી ચાલો, હળવે હળવે પગલાં માંડો.” તે વખતે ગેરીસને જવાબ વાળેલો કે:

“હળવે હળવે પગલાં કેમ માંડવાં તે હું સમજતો નથી. તમારા ઘરને આગ લાગી હોય ત્યારે કોઈ તમને કહે કે, બંબો જરા આસ્તેથી ચલાવો, પાણી જરા થોડું થોડું છાંટો, તો તમે તેનું કેટલું સાંભળશો? તમારું ઘર લૂંટનાર ચોરનો હળવે હળવે વિરોધ તમે કેવી રીતે કરશો? તમારી માતા પર અત્યાચાર કરવા પ્રવૃત્ત થયેલા નરાધમનો પ્રતિકાર હળવેથી શી રીતે કરી શકશો?”

સુધારો કે પ્રગતિ ભલે આરામથી ચાલે, પરંતુ અન્યાયનું મૂળ તો એક ઝટકે ઉખેડવું જોઈએ; કંઈ નહીં તો આપણો પ્રયત્ન તો તે જ હોવો જોઈએ. નિર્ભેળ અન્યાય, હડહડતું પાપ, મહા અધર્મ, માણસની સ્વતંત્રતાને પગ નીચે કચડવી—એ બધાં સાથે છૂટછાટ શી મૂકવી? શરીરમાં ગરમ લોહીનું એક ટીપું પણ રહ્યું હોય ત્યાં સુધી, આ અનાચારનો તીવ્રમાં તીવ્ર નિષેધ જ કરવો જોઈએ. કાં તો અસ્પૃશ્યતાની જડ ઊખડી જવી જોઈએ, અથવા ઉઘાડી આંખે તે જોઈ રહેનાર આપણો સદંતર નાશ થવો જોઈએ.

## એક મોટું આશ્ચર્ય

પક્ષ પાડયા વગર અને પક્ષને નામે સમાજના કકડા કર્યા વગર આપણને સંતોષ ન મળે.

રાજાઓ રાજવિસ્તાર માટે પરસ્પર લડતા. એમની પ્રજા પણ પોતપોતાના રાજા પ્રત્યેની નિષ્ઠાનું પ્રદર્શન કરવા માટે લડતી. વ્યક્તિનિષ્ઠા, રાજભક્તિ, ગુરુભક્તિ, વર્ણાભિમાન, જ્ઞાતિનિષ્ઠા ઇત્યાદિ તત્ત્વોએ જોર કર્યું અને આપણે પક્ષાભિમાની બન્યા. અભિમાન માટે મહેનત જરૂરની નથી. વિરોધી લોકોનો દ્વેષ કરો, એમને ઉતારી પાડો, એમની સાથેના સંબંધ તોડો—એ સસ્તો ધંધો જોરથી ફેલાઈ ગયો. આપણી આખી સંસ્કૃતિ એ રીતે વણસી ગઈ, ઝેરી થઈ, નબળી પડી, દુનિયામાં હાસ્યાસ્પદ થઈ. છતાં કેળવેલું આંધળાપણું માણસ શી રીતે છોડે?

આજે આપણે જૂનાં અભિમાનો હજી છોડ્યાં નથી. પ્રાંતાભિમાન, ભાષાભિમાન, પક્ષાભિમાન, નેતાભિમાન આપણને જોરથી વળગ્યાં છે. નિંદા, દ્વેષ, વિરોધ અને હોંસાતૂંસી માટે નથી જોઈતી કોઈ ખાસ અક્કલ કે કેળવણી. આટલો સસ્તો ધંધો ગમે તે માણસ ખેડી શકે અને નેતા થઈ શકે, અનુયાયી મેળવી શકે અને ઉત્તેજના પૂરી પાડી શકે. આઝાદી, એકતા અને સંસ્કૃતિ, ત્રાણેનો ખાતરીથી નાશ કરવાની આ યોજના છે. આ પંચવર્ષીય યોજના સૌથી વધુ જોરથી ચાલે છે, સફળ થતી જાય છે.

આટલા સાર્વભૌમ પ્રચારને અંતે પણ આજે દેશની એકતા ટકી હોય, રચનાત્મક કામો ચાલતાં હોય, તે એક મોટું આશ્ચર્ય છે! એનો દોષ આપણે માથે નથી. મહાત્માઓના પુણ્યનું બળ હજી ટક્યું છે, તેથી સર્વનાશ નથી થતો એટલું જ.

## ગદ્ધાપચીસી

દેશકી આજકી હાલત દેખકર મૈં અત્યંત દુખી હૂં, લેકિન નિરાશ નહીં હૂં. સૈકડોં બરસોંકી ગુલામીકે બાદ સ્વતંત્રતા મિલી હૈ. આઝાદીકી યહ યુવાવસ્થા હૈ. કૌનસે યુવકકો ગદ્ધાપચીસી સે ગુજરના નહીં પડા

હૈ? ઉચ્ચનીચ-ભાવ, અધિકારભેદ, આદિ પુરાને વિચારોં સે દબી હુઈ જનતા, ગુલામી દૂર હોતે હી, કુછ કાલકે લિયે ઉચ્છૃંખલ બન જાયે, તો ઐસી સ્થિતિકો નાપસંદ કરતે હુએ ભી ઉસે બરદાસ્ત કરના પડતા હૈ.

ભારત પર ગાંધીજીકા પ્રભાવ શુરૂ હુઆ ઉસકે પહલે ભી દેશકી હાલત અત્યંત ગિરી હુઈ થી. લોકજાગૃતિકે અભાવમેં આજકે જૈસી ઉસકી ચર્ચા નહીં હોતી થી, ઈતના હી ફર્ક. ઉસ સમય કે અધઃપાતને ગાંધીજીકો ખડા કિયા, યાની અધઃપાતકા સામના કરનેકે લિયે ભારતીય આત્માને ગાંધીજીકો બુલાયા, ઔર જનતાને ઉનકી બાતેં શિરોધાર્ય કી. વૈસે હી આજકી ગિરાવટસે ઉબકર ભારતીય જનતા આરોગ્યકી ઓર પ્રયાણ કરેગી. આજકી હાલતસે અકુલાકર નિરાશ હોના એક તરહકી નાસ્તિકતા હૈ. વિપત્તિકે સમય ધૈર્ય રખના આસ્તિકતાકા લક્ષણ હૈ.

## માધુકરી

મહારાષ્ટ્રમાં એક અદ્ભુત સંસ્થા છે, તેનું નામ માધુકરી. ગરીબ વિદ્યાર્થીઓની ભણવાની સગવડ માટે ત્યાં માધુકરીની પ્રથા જૂના કાળથી ચાલતી આવી છે.

એક ગામડાનો છોકરો દસ વરસનો થયો. એના મનમાં થયું કે, આપણે ભણીએ તો જ આપણો ઉદ્ધાર થાય. બસ! તેણે પોતાની મા પાસેથી બે-ચાર રોટલી, થોડી ચટણી, પૌંઆ અને ગોળ, એટલું લીધું અને ચાલ્યો શહેરમાં. કયું શહેર? ગમે તે—પૂના, સાપુતારા, વાપી, નાશિક, બેલગામ અથવા ઉમરાવતી. શહેરમાં જઈને બે—ચાર ઘેર તપાસ કરી કે રહેવાની જગા મળશે કે કેમ. જગા તો મફત જ જોઈએ. જગા ન મળી. છોકરો સીધો ગયો મંદિરમાં, અને એણે ત્યાં પોતાની પથારી પાથરી. બીજે દિવસે મળસકે ઊઠ્યો, નાહીધોઈ તિલક કરી નિશાળમાં કે શાસ્ત્રી પાસે ગયો.

“ગુરુજી! મારે ભણવું છે.”

ગુરુજી કહે, "ઠીક, બેસ ભણવા. તું ક્યાં રહે છે?"

"હું કાલે જ આવ્યો છું. મુરલીધરના મંદિરમાં ઊતર્યો છું."

ગુરુજી પાસેથી પ્રથમ પાઠ લખી છોકરો દસ વાગ્યે પાછો આવ્યો. હાથપગ ધોઈને અબોટિયું પહેરી, હાથમાં ઝોળી લઈને બહાર નીકળ્યો. ઝોળી એટલે બે હાથ ચોરસ એક લૂગડું. એના બબ્બે છેડાની ગાંઠ વાળે છે ને વચ્ચે થાળી મૂકે છે. એક હાથમાં લોટો હોય. આટલું સાહિત્ય લઈને જે પોળમાં તે રહેતો હોય ત્યાં કોઈ ઘરના બારણા આગળ ઊભો રહીને છોકરો સ્પષ્ટ, શુદ્ધ અવાજે પોકારે છે: "ઓમ્ ભવતિ ભિક્ષાં દેહિ."

મોટું પીતાંબર પહેરેલી એક સ્ત્રી ઘરમાંથી બહાર આવે છે અને પૂછે છે: "અરે મુલા, તૂ નવીન દિસતોસ. તૂ કુઠલા? ઈકડે કોણાકડે શિકતોસ?" પ્રશ્નોમાં તિરસ્કાર બિલકુલ નહીં. સહાનુભૂતિ પણ નહીં; તે તો છોકરાએ મેળવવી રહી.

છોકરાએ ટૂંકામાં પણ નિખાલસ દિલથી જવાબ આપ્યા ત્યારે 'કાકુ' અંદર ગઈ અને એણે કડછી ભાત, રોટલાનો એક ટુકડો અને એકબે કડછી ખાટી દાળ, એટલું છોકરાને આણી આપ્યું. રોટલા ઉપર ઘીનાં એક-બે ટીપાં તો હોય જ. તમે કહેશો, કેટલી કંજૂસાઈ! પણ આવા પાંચ-દસ છોકરા તો માધુકરી માટે આવવાના, અને કાકુ બધાંને થોડું થોડું આપ્યા વિના ન રહે.

આટલું લીધું અને ગયો તે છોકરો બીજાને ત્યાં. ત્યાં પણ "ઓમ્ ભવતિ ભિક્ષાં દેહિ!" ત્યાં પણ એવા જ સવાલ અને જવાબ. ત્યાં પણ એટલો જ ભાત, એટલો જ રોટલો અને એટલું જ ઘી મળ્યું. ખાટી દાળને બદલે અહીં શાક મળ્યું. ત્રીજાને ત્યાં ગયો. ત્યાંની કાકુએ કહ્યું, "હજી રસોઈ તૈયાર થઈ નથી; પણ થોડો ગોળ આપું."

છોકરો પાંચ-છ ઘર ફર્યો અને તેને બે ટંક પૂરતું ખાવાનું મળી ગયું. ઉતારે આવ્યો અને જે મળ્યું હતું એમાંથી કેટલાક રોટલાના કકડા, ગોળ અને શાક તેણે કેળના પાંદડા પર નોખાં મૂક્યાં. બાકીનું

ખાઈ, થાળી ઊટકી એ જ થાળીમાં સાંજનું ખાવાનું મૂક્યું અને ઝોળી ખીંટી પર મૂકી દીધી.

ફરી બપોરે ભણવા ગયો. ત્યાં નિશાળના કેટલાક છોકરાઓ સાથે મૈત્રી કરી. સાંજે બધા સાથે સારી પેઠે રમ્યો. એની રમવાની હોશિયારી જોઈ છોકરા ખુશખુશ થઈ ગયા. એને પૂછવા લાગ્યા, “તું કોણ? ક્યાંનો? હમણાં ક્યાં રહે છે?”

મહારાષ્ટ્રમાં આવી માધુકરી માગી ખાવું અપમાન ભરેલું ગણાતું નથી. ગરીબાઈ એ કાંઈ પાપ નથી. આળસ પાપ છે. છોકરો કોઈ એક ઘર ઉપર આધાર રાખતો નથી, કેમકે તેથી એને પરતંત્રા થવું પડે, અને ઘરના લોકોની ખુશામત કરવી પડે; જમવાનો, ભણવાનો, નિશાળે જવાનો વખત ન સચવાય. માટે એ પાંચ-દસ ઘર ફરે છે. એને જાતજાતનું ખાવાનું મળે છે, બધા લોકો સાથે એને ઓળખાણ થાય છે, અને એથી વિશેષ તો એ કે જેટલાને ત્યાંથી એ ખાવાનું લઈ આવે છે તેટલાની એના પર દેખરેખ રહે છે. આ બધા લોકોની માયા મેળવવી અથવા મળતી માધુકરી ગુમાવવી, એ એના ચારિત્રય અને ઉદ્યોગ પર અવલંબે છે.

ત્રીજે દિવસે રજા હતી. તે દહાડે આપણો છોકરો નવા કરેલા કેટલાક દોસ્તોને ઘેર ગયો. ત્યાં તેને જોઈતી જૂની ચોપડી મળી ગઈ. ‘અમરકોશ’ અથવા ‘ડિક્શનરી’ જેવી ચોપડી તો એને મળે જ નહીં. પણ કાંઈ ફિકર નહીં. બપોરે કે રાત્રો કોઈ છોકરાને ત્યાં જઈ ડિક્શનરીમાંથી એ શબ્દ ખોળી કાઢશે.

છોકરાનું ભણતર ઠીક ચાલ્યું. પણ એને વ્યાકરણ કંઈ બરાબર આવડે નહીં. હવે શું કરવું? પેલો દેશપાંડેનો ગણપત વ્યાકરણમાં હોશિયાર છે. એ રોજ અરધો કલાક આપશે, તો બે મહિનામાં હું તૈયાર થઈ જઈશ. છોકરો ગયો ગણપતને ત્યાં અને કહ્યું: “ગણપત, હું તારે ત્યાં રોજ દેવપૂજાને માટે ફૂલ અને તુલસી આણી આપીશ. મને તું વ્યાકરણ ભણાવીશ?” ગણપતે કહ્યું, “ખુશીથી.”

બે મહિનામાં છોકરાનું વ્યાકરણ પાકું થયું. એક દિવસ ગણપતના દાદાએ છોકરાને પૂછ્યું, “તને દેવપૂજા આવડે છે?” છોકરાએ કહ્યું, “ના જી, હું તો ફક્ત સંધ્યા અને રામરક્ષા ભણ્યો છું.” ડોસાએ કહ્યું, “ત્યારે અમારા ગણપતને ‘પુરુષસૂક્ત’ ભણાવવા રામભટ્ટ શાસ્ત્રી આવે છે એની પાસે આવીને તું પણ ભણજે.” ડોસો મનમાં કહે, “છોકરો ચાલાક લાગે છે, બે મહિનામાં વ્યાકરણ શીખી ગયો. ગણપત સાથે વેદ ભણશે તો ગણપત પણ ખંતથી અભ્યાસ કરશે. સ્વાર્થ પણ થયો અને પરમાર્થ પણ થયો.”

ધીમે ધીમે છોકરાનું શરીર, એનું ભણતર, એનું ચારિત્રય અને એની કીર્તિ વધતાં ગયાં. સ્વાભાવિક રીતે એના દશ-બાર વાલીની એના તરફની સહાનુભૂતિ પણ વધી. છોકરાનું ચારિત્રય અને તેની હોશિયારી જોઈ ગણપતના દાદાએ તેને કહ્યું, “અલ્યા, તું મંદિરમાં રહે છે એના કરતાં અમારે ત્યાં આવીને રહે. અમારે ત્યાં જ તું જમ અને રોજ સવારની દેવપૂજા કર.”

છોકરો કહે, “તમારે ત્યાં રહેવા તો આવીશ, પણ હું તો માધુકરી માગીને જ ખાઈશ. તમારે ત્યાં હું દેવપૂજા કરીશ, તેના બદલામાં તમે મને પહેરવાનાં કપડાં અને લાઇબ્રેરીના ચાર આના આપશો તો ઠીક થશે.”

.......ઘણાં વરસ આ રીતે ગયાં. હવે તે છોકરો શહેરના એક-બે છોકરાને ગણિત ભણાવે છે. તેમાંથી એને દસ-બાર રૂપિયા મળે છે. છતાં એણે માધુકરી છોડી નથી. પછી તે છોકરો ગણપત સાથે કૉલેજમાં ગયો. ત્યાં છાત્રાલયમાં સાત ક્લબ છે. ગણપતની ઓળખાણને લીધે બધી ક્લબમાં એને વાર મળ્યા. વાર એટલે અઠવાડિયામાં એક એક દિવસ એક એક ક્લબમાં મફત જમવાની રજા. એટલે દરેક ક્લબમાં મહિનામાં કુલ ચાર દિવસ જમે.

મફત જમે છે તેથી તે કંઈ કોઈનો ઓશિયાળો નથી. ચર્ચા-પરિષદમાં તે આગળ પડતો ભાગ લે છે, પ્રતિસ્પર્ધીઓનો સખત વિરોધ કરે છે અને પોતાના મત વિશે અભિમાન ધરાવે છે. છોકરાઓને ભણાવીને

મેળવેલા પૈસાથી એણે પ્રથમ સત્રાની ફી આપી. સત્રાંત પરીક્ષામાં એનો નંબર ત્રીજો આવવાથી એને છાત્રાવૃત્તિ મળી અને ધીમે ધીમે તે એક પ્રખ્યાત વિદ્વાન બની ગયો.

આજે એને સારો પગાર મળે છે. એને ત્યાં ત્રાણ વિદ્યાર્થી રહે છે અને ઉપરાંત દસને માધુકરી મળે છે.

# આજનો વિદ્યાર્થી [3]

આજના વિદ્યાર્થીની મૂંઝવણનો પાર નથી. જીવનની શરૂઆતમાં જ તેની આગળ આકરા સવાલો ઊભા થાય છે. અને એનો જમાનો પણ કેવો! કશું જ સ્થિર કે નિશ્ચિત ન મળે. ધાર્મિક, સામાજિક, લૈંગિક, આર્થિક, રાજદ્વારી બધા આદર્શો આજે નિર્દયપણે કસાય છે. જીવન દહાડે દહાડે જટિલ થતું જાય છે. ઘેર એક જાતની દુનિયા, ચોપડીઓમાં બીજી જાતની, શિક્ષણસંસ્થામાં ત્રીજી, સમાજમાં ચોથી અને મનોરાજ્યમાં વળી પાંચમી. આવી પંચવિધ દુનિયાના રહીશ થવું એ અઘરું છે.

આવી મૂંઝવણમાં માબાપની અથવા ગુરુજનની સલાહ લેવી એ સ્વાભાવિક રસ્તો છે. પણ માબાપોએ અને ગુરુજનોએ પોતાના અસ્વાભાવિક જીવનથી એ માર્ગ લગભગ અશક્ય કરી મૂક્યો છે. માબાપો ઉપદેશ કરે છે એક જાતનો, કેળવણી આપે છે બીજી જાતની, અને બાળકો પાસે અપેક્ષા રાખે છે ત્રીજા જ પ્રકારના જીવનની. આવી સ્થિતિમાં ઉઘાડી આંખવાળો વિદ્યાર્થી કરે શું?

અને જો લોકો એના તરફ તટસ્થ ભાવે ઉદાસીન રહેત તોયે એ પોતાનું ફોડી લેત. પણ એને, ‘ભવિષ્યની આશા’ને, લોકો સુખે કેમ બેસવા દે? ગામડામાંથી આવેલ મુસાફરને સ્ટેશન પરના ટાંગાવાળા જેમ ચોમેરથી ખેંચ્યા કરે છે, તેમ ભવિષ્યકાળની ચિંતા રાખનાર બધા એને ખેંચે છે. એને જોઈએ છે કોઈ દોરનાર; પણ એના જીવનમાં રસ લેનારાઓ કાં તો એની ટીકા કરે છે, કાં તો ખુશામત કરે છે. ખુશામત

બધાને પ્રિય હોય છે, તો વિદ્યાર્થી એમાં તણાય તેમાં શું આશ્ચર્ય? પણ આખરે એ તેથી યે કંટાળી જાય છે.

મૂંઝાયેલો વિદ્યાર્થી આખરે નિરાશ થઈને કહે છે, “હવે તો મારો રસ્તો હું જ શોધી કાઢીશ, અને તેમ કરતાં જે જોખમ વહોરવું પડે તે વહોરી લઈશ.”

વિદ્યાર્થીને ગુલામી સાલે છે. એ કહે છે, “હું દેશની સ્વતંત્રતા ચાહું છું. એને અર્થે મારી તમામ મિલકત—મારા વિચારો, મારો ઉત્સાહ દેશને હું અર્પણ કરી દઉં.”

આવા ઉત્સાહમાં જ્યારે એ કંઈ પણ પગલું ભરવા માંડે છે ત્યારે પ્રથમ એને ભાન થાય છે કે જ્યાંત્યાં એને રોકનારાં તત્ત્વો સજ્જ છે. તેની સાથે સમભાવ રાખનાર કોઈ જ નહીં. ન્યાતવાળાઓ તેને જરાજરામાં ન્યાતની શક્તિની બીક બતાવે છે. મા એને કહે છે, “આમ કરીશ તો તને કન્યા નહીં મળે.” પિતા એની આગળ ‘કરીઅર’ની વાતો કરે છે અને પિતાના મિત્રો તો “પિતાને નિરાશ કરવાને માટે” એ ‘કપૂત’ની ઝાટકણી કાઢે છે. ઉચ્ચ જીવનનો કાંઈ પણ અંકુર વિદ્યાર્થીમાં સ્ફુર્યો હોય તો તે કચરી નાખવા માટે તેને ઝટઝટ પરણાવી દેવામાં આવે છે. અથવા તેને કહેવામાં આવે છે, “તારે માથે કુટુંબનું દેવું છે તે પહેલાં પતાવી દે. તારી બહેનને પરણાવવી છે તે માટે રૂપિયા લાવ. પછી તારે જે દેશસેવા કરવી હોય તે ભલે કરજે.”

યુવાનોનું હીર ચૂસનાર ઝેરીમાં ઝેરી કોઈ વસ્તુ હોય તો તે આર્થિક પરાવલંબન છે. એને જ કેટલાક લોકો યુવાનોને ઠેકાણે લાવવાના સાધન તરીકે વાપરે છે. યુવાનો જો પરણેલા ન હોય, તેમને માથે દેવું ન હોય, અને ખડતલ જીવન ગાળવાની એમને ટેવ હોય, તો દુનિયામાં કઈ એવી વસ્તુ છે જે એમની મહત્ત્વાકાંક્ષાને દબાવી શકે? વ્યવહારુ દૂરંદેશી ધરાવનાર કેટલાક વાલીઓ એટલે સુધી વિચાર કરે છે કે જુવાનોને ખરચાળ ટેવો પડે તો તે ઇષ્ટ જ છે. ગમે તેમ ખરચ કરવાની ટેવ એક વાર પડી, એટલે જુવાનને કમાવાની ચાનક રહે છે. એક વાર કમાણીની જરૂર જણાઈ એટલે, ગમે તેવા ઉચ્ચ આદર્શોને

તે મનમાં સેવતો હોય તોયે, તે જીવન કેવું ગાળશે એ વિશે નિશ્ચિંત રહી શકાય. પછી તેનો આદર્શ ઉતારી પાડવા બીજો ખાસ પ્રયત્ન કરવાની જરૂર નહીં રહે.

આજે વિદ્યાર્થીને કાંઈ પણ ખાસ વસ્તુ જોઈતી હોય તો તેની પોતાની સ્વતંત્રતા જાળવવા જેટલો સ્વાશ્રય, ખડતલપણું અને સમભાવપૂર્વક દોરનાર કોઈ સજ્જન.

# કેળવણીથી સિદ્ધ

આજે જે સદ્‌ગુણો સમાજના હાડમાં પચી ગયેલા દેખાય છે, તે એકાદ જમાનાના જબરદસ્ત પ્રચારને લીધે જ લોકસહજ થયેલા છે. માંસાહારનો ત્યાગ, અતિથિસત્કાર, ભાઈ-બહેનનાં લગ્નનો અભાવ, વહેવારમાં જળવાતું ઘણુંખરું પ્રામાણિકપણું—એ બધા સદ્‌ગુણો સમાજે કેળવણીથી સિદ્ધ કરેલા છે.

# અપત્યપ્રેમ કે અપત્યનિષ્ઠા?

માણસમાં જીવવાની જેટલી ઇચ્છા હોય છે, લગભગ તેટલી જ અપત્ય—[સંતાન]પ્રાપ્તિની હોય છે.

આત્મા તો અમર છે; પણ પોતે અમર છે એ જાતની નિષ્ઠા માણસમાં નથી હોતી. તેથી તે અમર થવાના પ્રયત્ન કરે છે. અપત્ય દ્વારા માણસ અમર થાય છે. પિતાએ જે અધૂરું શોધ્યું કે મેળવ્યું-કેળવ્યું તેની પૂર્તિ પુત્રા કરે અને પિતાનો પુરુષાર્થ આગળ ચલાવે, એ જ અમરતાનું લક્ષણ છે. દરેક જીવને કંઈક અસાધારણ તત્ત્વ અનુભવવાનું હોય છે. એને માટે આખો જન્મારો એ મથે છે. પોતે ફાવી ન શકે, એટલે પોતાના પ્રતિનિધિરૂપ પુત્રાને તે સોંપી જાય છે.

સ્વર્ગમાંથી ગંગા આણી પાતાળ સુધી પહોંચાડવાનું કામ સગરકુળે હાથમાં લીધું. પિતાએ આખો જન્મારો પ્રયત્ન કર્યો, પણ એમાં એ ન ફાવ્યો. એણે એ કામ પોતાના દીકરાને સોંપ્યું. એ પણ આખો જન્મારો ખપ્યો, પણ કામ અધૂરું જ રહ્યું. અંતે એનો દીકરો ભગીરથ એ કામ માટે કટિબદ્ધ થયો અને સફળ થયો. 'કાદંબરી' જેવો મહાકથા પ્રબંધ બાણભટ્ટ પૂરો ન કરી શક્યો, તે એના પુત્રા ભૂષણે પૂરો કર્યો. એવી રીતે દુનિયાની પરંપરા ચાલતી આવી છે.

અપત્યની ઇચ્છા પશુપક્ષીઓમાં કેટલી ઉત્કટ રૂપમાં દેખાય છે! ઘણી વાર જીવવાની ઇચ્છા કરતાંયે તે ચડી જાય છે. પોતે ભલે મરી જાય, પણ અપત્યને તો ગમે તે ભોગે બચાવવાં જોઈએ. આટલી અપત્યનિષ્ઠા હૃદયમાં રોપીને પછી જ ઈશ્વરે પ્રાણીઓને અપત્યો આપ્યાં છે. અપત્યજન્મ એ ઈશ્વરનો માણસ પરનો વિશ્વાસ સૂચવે છે.

અપત્યના જન્મ સાથે માબાપના સ્વભાવમાં ફેર પડે છે. પોતાની કેટલીયે ખામીઓ બાળક ખાતર તે છોડે છે. અને પોતાનો સુખભોગ છોડતાં તો માબાપને કંઈ ઓર આનંદ આવે છે.

આપભોગનો પ્રથમ પાઠ અપત્યપ્રેમમાંથી જ ઉદ્ભવે છે. પણ એ આપભોગ અને અપત્યપ્રેમ જ્ઞાનયુક્ત બને એવો પ્રયત્ન મનુષ્યથી જ થાય.

અપત્યપ્રેમથી માણસ ઘણી વાર ઘેલો બને છે. અપત્યપ્રેમથી પોતાનાં માબાપ કે ભાઈબહેન સાથે લડી પડે છે, સમાજદ્રોહ કરવા તૈયાર થાય છે, અને પોતાનાં બાળકોનો વિકાસ પણ અટકાવે છે. પ્રેમ આંધળો હોય છે. ખરેખર જોઈએ છે અપત્યનિષ્ઠા. અપત્યપ્રેમથી નવી પેઢીનો વિકાસ અટકે છે, નિષ્ઠાથી તેનો વિકાસ થાય છે.

પોતાનાં છોકરાં પેટપૂરતું કમાઈ નહીં શકે, એમને કોઈ મદદ નહીં આપે, એવી અશ્રદ્ધા મનમાં રાખી આજકાલ કેટલાંયે માબાપ બાળકો માટે સંપત્તિ અને સાધનસગવડો તૈયાર કરી રાખે છે. ગરમ કપડાંમાં હમેશ વીંટી રાખેલાં બાળકો જેમ તે જ કારણે નબળાં રહે છે અને

સહેજસહેજમાં રોગનાં ભોગ થઈ પડે છે, તેમ કેટલાંક માબાપોનો આપેલો વારસો બાળકોને અપંગ અને જડમૂઢ કરી નાખે છે. આવાં માબાપ બાળકોની શક્તિ, તેમનો પુરુષાર્થ અને તેમના ભાવિ વિષે સાવ નાસ્તિક હોય છે.

માબાપનું મુખ્ય કર્તવ્ય પોતાનાં બાળકોને પોતાના જીવન દ્વારા નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક કેળવણી આપવાનું છે. કુલપરંપરાથી બાળકોને વાકેફ કરવાં, ઘરના ધંધાનું સાંગોપાંગ જ્ઞાન આપવું, એ ધંધામાં એમનો પૂરેપૂરો પ્રવેશ કરાવવો, અને પછી એમને યથાકાળે જવાબદારી સોંપવી, એટલું જ કામ માબાપનું છે.

માબાપ એ કર્તવ્ય ચૂકે છે, અને પછી નિશાળ મારફતે એ બધું મળી રહેશે એમ મન મનાવવાનો પ્રયત્ન કરે છે. યૌવનના ઉન્માદમાં આડે રસ્તે જવાની વૃત્તિ થતાં જેમની નજરનો અંકુશ રહી શકે, એવું મુરબ્બીઓનું મંડળ બાળકોની આસપાસ ભેગું કરી આપવું એ પણ માબાપની ફરજ છે. બાળકોને મુસાફરી કરાવી પ્રેક્ષણીય સ્થાનો, પરાક્રમી પુરુષો, જીવનદાયી સંસ્થાઓ અને સંસ્કૃતિનાં કેન્દ્રો એ બધાંનો તેમને પરિચય કરાવવો, એટલું માબાપો કરી શકે તો બાળકો પ્રત્યેની તેમની બધી ફરજ અદા થઈ છે.

અને પોતાનાં અપત્યો પાસેથી માબાપ અપેક્ષા શાની રાખે? આજ્ઞાપાલનની? શ્રી રામચંદ્રે આદર્શ પુરુષ તરીકેની પોતાની યોગ્યતા પહેલવહેલી સિદ્ધ કરી પિતાની આજ્ઞાના પાલનથી જ. પણ આપણે આજ્ઞાપાલન એ પિતાના હક તરીકે તો નહીં જ સ્વીકારી શકીએ. પિતાની આજ્ઞાને વશ રહેવું એ પુત્રાનું ભૂષણ છે. પણ પિતાનો એ નિરપવાદ હક તો હરગિજ નથી. મનુષ્યજીવન પ્રગતિશીલ છે. એક પેઢીનો અનુભવ અને આકાંક્ષાઓ બીજી પેઢીને કામ ભલે આવો, પણ તેમને તે બંધનકર્તા તો ન જ થવાં જોઈએ.

પુત્ર પોતા પ્રત્યે ઉદ્ધત ન થાય, એટલી અપેક્ષા માબાપ જરૂર રાખે. પોતાના હાથપગ નબળા પડે ત્યારે પુત્રા પાસેથી સેવાશુશ્રૂષાની અપેક્ષા રાખવાનો પણ તેમને હક છે. પણ પિતા કહે છે માટે જ પુત્રો

પરણવું, પિતા કહે તેની સાથે જ પરણવું, તે કહે તે જ નોકરી કરવી, તેને રાજી રાખવા ખાતર સમાજસેવામાં ન ઊતરવું, તેને જે વિધિઓ ને રિવાજો પસંદ છે તે જ પસંદ કરવાં, એ જાતનો આગ્રહ પિતા ન જ રાખી શકે. પુત્રામાં પિતૃભક્તિ હોય છે એટલે ઉપલી વસ્તુઓ તેનામાં સ્વાભાવિક હોય છે. અને જ્યાં સુધી એમાં તેને અધર્મ કે સત્ત્વહાનિ ન જણાય, ત્યાં સુધી પિતા કહે તેમ ચાલવું જોઈએ એમ તે સમજે પણ છે. પણ એ બાબતમાં પુત્રાની સ્વતંત્રતા અબાધિત રહેવી જોઈએ.

## અધ્યાપક માટે ઉપાસના-મૂર્તિ

અધ્યાપક માટે તેના વિદ્યાર્થીઓ એ જ તેની ઉપાસનાની મૂર્તિ છે. એમની સેવા એ તેની પૂજા છે, એમનો વિકાસ એ તેનો પ્રસાદ છે. એમનું અધઃપતન એ તેનું નરક છે, અને ચારિત્રયની દઢતા એ જ તેનું સ્વર્ગ છે. દુર્બળ લોકોને મોળા પડતા રોકે ને શૂર ચઢાવે, તે અધ્યાપક. ઢોર જેવા પ્રાણીને શિક્ષક દેવ જેવા માણસ બનાવી શકે છે. ગુરુએ શિષ્યમાં જ્ઞાન રેડવાનું નથી. શિષ્યની બુદ્ધિ એ કંઈ વાસણ નથી, તે એક કમળ છે; સૂર્યની પેઠે દૂરથી જ પોતાનાં પ્રખર-સૌમ્ય કિરણોથી તેનો વિકાસ કરવાનો છે. વિદ્યાર્થીઓને વિદ્યાનંદ ને સેવાનંદનો સ્વાદ ચખાડવો, અને આદર્શ પાછળ ગાંડા થવામાં જ જીવનની સફળતા છે તે સમજાવી દેવું, એ શિક્ષકનો આનંદ છે.

અજ્ઞાન સામે, અન્યાય સામે, અનાચાર સામે, ધીમું પણ પ્રખર યુદ્ધ ચલાવવું, એ કેળવણીકારનો સ્વધર્મ છે. સાચો કેળવણીકાર સમાજનો આશ્રિત નથી હોતો, પણ સમાજનો અગ્રેસર વિચારક હોય છે, આચારવીર હોય છે. હૃદયપલટો કરાવવો અને તેને માટે અખૂટ ધીરજ રાખવી, એ એક જ શસ્ત્રા કેળવણીકારો પાસે છે. જેની પાસે ધીરજ નથી, તે કેળવણીકાર નથી.

જેમ ન્યાયખાતા પર રાજ્યકર્તાઓનો અંકુશ ઓછામાં ઓછો હોવો

જોઈએ, તેમ જ કેળવણીના તંત્ર પર કોઈ પણ સરકારનો ઓછામાં ઓછો અંકુશ હોવો જોઈએ. સાચા કેળવણીકારો રાજકીય અને સામાજિક નિયંત્રણથી પર હોવા જોઈએ. પણ એટલી યોગ્યતા અને અધિકાર પચાવવા માટે કેળવણીકારો જ્ઞાન અને ચારિત્રયમાં આદર્શ હોવા જોઈએ. એમનો પોતાના ઉપરનો અંકુશ જોઈને સમાજનું માથું એમની આગળ નમે, એવું હોવું જોઈએ.

અધ્યાપકનો ધંધો સ્વીકાર્યા પછી મને એક લાભ એ થયો કે હું નિર્દોષ વિદ્યાર્થીઓના સમાગમમાં આવ્યો. વિદ્યાર્થીઓ માને કે, કાકાને મળવાથી એમનાં જ્ઞાન અને અનુભવનો લાભ આપણને મળે. પણ મને પોતાને વિદ્યાર્થીઓના સહવાસથી ખૂબ મળ્યું છે. કદાચ ગાંધીજીના સહવાસથી પણ એટલું બધું નહીં મળ્યું હોય. વિદ્યાર્થીઓના સહવાસમાં હું સદાય જુવાન રહેવાનો, વૃદ્ધપણું મને નહીં આવે. વિદ્યાર્થીઓ પાસેથી હું નમ્રતા શીખ્યો. પણ સૌથી મોટો લાભ તો મને એ થયો કે તેમના સહવાસને લીધે હું પવિત્રાતા જાળવતાં શીખ્યો. મારું મન ઘણી વાર પડવા ઇચ્છે તોપણ, વિદ્યાર્થીઓને લાયક બનવાના વિચારથી પડતો બચી જાઉં.

## ધાક કે ધીરજ?

વિદ્યાર્થી કેમે કર્યે વ્યાકરણના નિયમો સમજતો ન હતો. સમજાવવાનો પ્રયત્ન કરવાથી કંઈ દહાડો વળે, એમ શિક્ષકને ન લાગ્યું. એણે તરત સોટી ઉગામી. સોટીની શક્તિ પર શિક્ષકનો અસાધારણ વિશ્વાસ હતો. એક વાર સોટીની ટેવ પડી ગઈ, એટલે બીજો કોઈ ઉપાય એ શા માટે અજમાવે? એ તો ઊલટો આપણને જ સમજાવવાનો કે, સોટી વગર દહાડો વળવાનો નથી—તમે ગમે તે કરો!

*

એક દિવસ એક પિકેટર મળ્યા. ગાંધીજી [જેલમાંથી] છૂટયા બાદ એમણે પિકેટિંગ છોડી દીધું હતું. “તમે આજકાલ પિકેટિંગમાં કેમ નથી

જતા? એક વરસની લડતમાં જ થાક્યા કે શું?" મેં પૂછ્યું.

"ના રે, વરસમાં થાકીએ એવા આપણે નથી. સ્વતંત્રતાનું ધ્યાન ધરીએ છીએ, તે એક વરસમાં થાકવા માટે? પણ ગાંધીજી છૂટયા અને એમણે કહ્યું કે પિકેટિંગ તો શાંત જ હોય, કેવળ સમજાવવા પૂરતું જ હોય. એવા પિકેટિંગમાં હું માનતો નથી. શું આ કાપડિયાઓ સમજાવ્યે સમજવાના હતા અને લાખોની કમાણી જતી કરવાના હતા? [એ તો] પ્રજાશક્તિનો પરચો મળે, એટલે સીધાસટ થઈ જવાના!"

"ત્યારે આ અહિંસક યુદ્ધમાં તમે ઊતર્યા જ શી રીતે?"

"અમે માનીએ છીએ તે અહિંસા જુદી. કોઈને મારીએ નહીં, એનું ઘર ન બાળીએ, અથવા એને ક્યાંય ઉપાડી ન જઈએ—આટલું સાચવ્યું, એટલે અમારી અહિંસા જળવાઈ. બાકી દબાણ અને બીક વગર દુનિયા કે'દી ચાલી હતી?"

"અને હવે?"

"હવે તો તમારા ગાંધીજી બહાર આવ્યા છે. દબાણની જરાસરખી બૂમ આવી કે બધું બંધ કરી દેશે, અથવા ઉપવાસ કરવા બેસશે. એ બ્રહ્મહત્યા માથે કોણ લે? એના કરતાં એમની હિલચાલમાંથી ખસી જઈએ, એ જ સારું."

"પણ આમ ખસી જવાની જરૂર છે કે નહીં, એનો આપણે વિચાર કરીએ. [જુઓ] તમે પોતે ખાદી પહેરો છો કે નહીં?"

"હા, સાત વરસ પહેલાં ખાદી લીધી તે લીધી."

"તે પહેલાં?"

"તે પહેલાં ખાદી ગળે ઊતરી ન હતી. છડેચોક હું પરદેશી જ પહેરતો. પરદેશીમાંથી એકદમ ભૂસકો મારી ખાદી પર આવ્યો છું."

"ત્યારે કોકના સમજાવ્યા તમે સમજ્યા હશો ને?"

"હા. જે ભાઈએ મને ખાદીની વાત સમજાવી, તે એટલો પવિત્ર છે કે એની આગળ માથું નમે. એવા માણસો હોય, તો જોતજોતામાં

બધા ખાદી પહેરતા થઈ જાય."

"ત્યારે તમારા પર કોઈએ દબાણ કર્યું ન હતું. તમને પરચો દેખાડવાનો કોઈએ પ્રયત્ન કર્યો ન હતો."

"હું? મહાત્મા પોતે દબાવવા માગે તો યે હું દબાઈ ન જાઉં. વાત સીધી ગળે ઊતરે તો જ માનવી. મને કોઈ દબાવવા જાય તો સામો જ થાઉં!"

"ત્યારે પેલા ભાઈ દબાણ વગર તમને ખાદીભક્ત બનાવી શકે છે, અને તમે તેની વાત સમજી શકો છો; તો એ જ વાતાવરણ સમાજમાં બધે કેમ ન પ્રવર્તે? તમે [પોતે] દબાણને વશ થવામાં નામોશી માનો છો, પણ તમારા જ દેશભાઈઓને દબાણથી નમાવવા માગો છો! તમે ડરની અસર તળે આવતા નથી, તો તમારા દેશભાઈઓ તમારાથી ડરે એવું તમે શા માટે ઇચ્છો છો?"

"પણ લોકો એવા છે, એને શું કરીએ? હું કંઈ દબાણમાં માનું છું એમ નથી. પણ દબાણ કર્યા વગર છૂટકો નહીં, એટલે લાચાર થઈએ છીએ."

"[પણ] લોકો પર દબાણ કરીને તમે એમને સ્વરાજને લાયક બનાવો છો કે ગુલામીને? લોકો દબાણથી દબાઈ જતા હોય, તો તમારી અને સરકારની વચ્ચે પ્રજા પર ધાક બેસાડવાની હરીફાઈ જ ચાલવાની ને? તમે હાજર છો ત્યાં સુધી લોકો તમારાથી ડરે. અમલદારોએ જુલમ કર્યો, એટલે લોકો એમની વાત માની જાય."

"પણ લોકો ક્યાં નથી જાણતા કે સરકાર એમની શત્રુ છે."

"એ વાત તો લોકો દોઢસો વરસથી જાણે છે, પણ તેથી શો દહાડો વળવાનો હતો? લોકો નિર્ભય થાય એ જરૂરનું છે."

"[પણ] ત્યારે કેટલાં વરસ સુધી લોકોને સમજાવવા બેસીએ? આમ કાંઈ લોકો સમજવાના હતા?"

"ત્યારે તમે શી રીતે સમજ્યા? તમારી નાત જુદી ને લોકોની જુદી, એમ? નીડરતાની ટેક તમારામાં જ હોય, લોકોમાં હોવાની કશી

જરૂર નથી, એમ? જેની પાસેથી તમે ખાદીની દીક્ષા લીધી તેની પાસેથી પ્રચારની પદ્ધતિ પણ કેમ ન લીધી?"

"એટલી ધીરજ કોને છે?"

*

અહીં મેં ઉપર વર્ણવેલા વ્યાકરણશિક્ષકની વાત કહી સંભળાવી.

"ત્યારે કેટલા દિવસ સુધી લોકોને ઉપદેશ કરતા ફરીએ?"

"તમે ધારો છો એના કરતાં ઘણા ઓછા દિવસમાં કામ પતી જાય એમ છે. જ્યાં સુધી ધાકથી કામ લેવાની આપણને ટેવ છે, ત્યાં સુધી આપણામાં સમજાવવાની શક્તિ આવતી નથી; તે જ રીતે જ્યાં સુધી ધાકનું વાતાવરણ છે ત્યાં સુધી લોકો સમજી પણ શકવાના નથી."

"તમે તો કેળવણીકાર રહ્યા. તમારી પાસે એ શ્રદ્ધા ભલે હોય. અમે રાજદ્વારી કામ કરનારા લોકો. અમારે તો તડ ને ફડ ઉકેલ જોઈએ."

"તડ ને ફડવાળા ઉપાયોથી તમે જેટલી મુશ્કેલીઓ દૂર કરો છો તેના કરતાં વધારે નવી ઊભી કરો છો અને સ્વરાજનું વાતાવરણ બગાડો છો, એ તમારા ધ્યાનમાં આવે છે ખરું?

"હા, આમ કો'ક વાર થાય છે ખરું. પણ એ દોષોનો ઉકેલ અમારા પછીનો જમાનો ભલે આણે. અમારે [તો] તરત સ્વતંત્રા થવું છે. જે ઉપાય હાથમાં આવે, તે અમે અજમાવવાના."

"તમે જરા ધીરજ રાખશો અને લોકોને સમજાવવા બેસશો, તો લોકો જરૂર સમજશે. શરૂઆતમાં મુશ્કેલી પડવાની છે, કેમ કે લોકો તો ધાકથી ટેવાયા છે, ધાકથી જ સમજે છે. [પણ] સ્વરાજને મારનાર કોઈ વસ્તુ હોય તો તે ધાક જ છે. મનુષ્યસમાજની રચના જેટલે દરજ્જે ધાક પર અવલંબે છે, તેટલે દરજ્જે તે નબળી છે. સમાજવ્યવસ્થામાં ધાક, કેળવણીમાં ધાક, ધર્મમાં ધાક, જ્યાં જુઓ ત્યાં ધાક ધાક ને ધાક! એ સ્થિતિમાં સ્વરાજ મળે તોયે તેનો કાંઈ અર્થ નથી. તમે જે ટેક બતાવી હતી કે, ધાક બતાવીને કોઈ મારી પાસેથી કામ કરાવી ન શકે, એ જ ટેક જ્યારે હિંદુસ્તાનમાં બધાંની—સ્ત્રીઓની ને પુરુષોની,

બાળકોની અને અંત્યજોની, વાણિયાની ને ગરાસિયાની, દેણદારની અને પઠાણની—થશે, ત્યારે જ હિંદુસ્તાનને સાચું સ્વરાજ મળશે. એને માટેની તૈયારી તે આપણું શાંત પિકેટિંગ છે.”

“તમે કહો છો એ વાત લાગે છે સાચી, પણ હજી વિશ્વાસ બેસતો નથી. ખેર, પણ આવતી કાલથી તમારી સાથે પિકેટિંગમાં આવીશ ખરો. અજમાવવામાં આપણું શું જાય છે?”

## અધિકાર

કોઈ પણ શિક્ષણસંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રાતા એ ત્રાણે વસ્તુ વિશે ઇંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જ જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ.

## આનું નામ અંત્યોદય

જ્યારે ગાંધીજીએ ગોધરામાં એક હરિજન આશ્રમનો પ્રારંભ કર્યો અને મામાસાહેબ [ફડકે] જેવા એક તપસ્વી બ્રાહ્મણે એ કામ માથે લીધું,

ત્યારે ગોધરાના ઢેડ લોકો કહેવા લાગ્યા કે, ભંગીઓને અમારી સાથે બેસાડશો, તો અમે તમારા આશ્રમમાં આવવાના નથી.

ગાંધીજીએ કહ્યું, "એમ જ હોય તો અમે ભંગીઓથી પ્રારંભ કરીશું. આશ્રમમાં ભંગી વિદ્યાર્થીઓને પ્રથમ દાખલ કરીશું. એમની સાથે બેસવા જે બીજાઓ તૈયાર હોય તે ધીરે ધીરે આશ્રમમાં આવશે. પ્રારંભ તો ભંગીઓથી જ થશે."

આનું નામ અંત્યોદય. જે લોકો વધારેમાં વધારે પછાત છે, દબાયેલા છે, ઉપેક્ષિત છે, તેમની સેવાથી પ્રારંભ કરવો જોઈએ.

# આપણો રાષ્ટ્રીય રિવાજ

મારા નાનપણની વાત છે. તે વખતે લાંચખોરી અપ્રતિષ્ઠિત મનાતી નહીં. ત્યારથી મને લાગ્યું છે કે લાંચખોરી આપણો રાષ્ટ્રીય રિવાજ થયો છે; એ બહારથી આવેલી બદી નથી. બહારના લોકોએ આપણને અનેક જાતના દોષોની દીક્ષા આપી, પણ લાંચરુશવત આપણે કોઈની પાસેથી શીખવી પડી નહીં.

પહેલાં સરકારનું ક્ષેત્ર પરિમિત હતું, તેથી લાંચખોરી પરિમિત હતી. હવે સરકારી ક્ષેત્ર સર્વવ્યાપી અને સર્વસમર્થ થવા લાગ્યું છે, તેથી લાંચખોરીનું ક્ષેત્ર પણ વધ્યું છે.

સમાજની નૈતિક ભૂમિકા ઊંચે લઈ જવાની જવાબદારી સમાજના તટસ્થ પ્રભાવશાળી નેતાઓની છે. જેમનામાં જ્ઞાન, કૌશલ્ય અને સમાજસેવા—આ ગુણો છે, તેઓ જે પ્રમાણેનું આચરણ કરશે તે જ પ્રમાણે બીજા લોકો ચાલશે. એમનું જ સ્તર જો નીચે ઊતરે, તો સમાજનું સ્તર પણ પડ્યા વિના રહે નહીં.

લાંચખોરી માટે શિક્ષા હોવી જોઈએ. પણ કેવળ શિક્ષા પર મારી શ્રદ્ધા નથી. અને છાપામાં કરેલી નિંદા પર પણ નથી. શિક્ષાથી માણસ સુધરતો નથી. અને છાપામાં તો સજ્જનોની પણ એટલી ટીકા થતી

હોય છે કે આવી ટીકાની કશી અસર થતી નથી.

['કાકા કાલેલકર સાથે વિવિધ વાર્તાલાપ' પુસ્તક]

## 'અલ અમીન'

જગતમાં મતભેદ, દૃષ્ટિભેદ અને હિતભેદ રહેવાના જ. મારીને, લડીને, વાદવિવાદ કરીને, પગે પડીને, કે ચૂપ બેસી રહેવાથી એ ભેદ જવાના નથી.

સમાજમાં આ બધી વિવિધતાઓ હોવાની જ. સમાજ જેમ જેમ વધતો જાય તેમ તેમ તેની પ્રવૃત્તિ વિવિધ થતી જવાની, કાર્યની પદ્ધતિમાં ભિન્નમતિ આવવાની. એથી પણ આગળ જઈને એમ કહેવું જોઈએ કે જીવન સમૃદ્ધ થાય તે સારુ ભેદ આવશ્યક પણ છે. તદ્દન સાદા સંગીતને પણ ચાર-પાંચ સૂરની જરૂર રહે છે. ઉચ્ચ પ્રકારના સંગીતને બાવીસ શ્રુતિઓની જરૂર પડે છે.

તેથી પ્રશ્ન એ નથી કે મતભેદ કેમ ટાળવા. પરંતુ મતભેદને વિશે સહિષ્ણુતા અને આદર જાળવી સંપ કેમ રાખવો એ સાચો પ્રશ્ન છે. ઘરમાં રોટલો એક જ હોય અને ખાનાર બાળક ને માતા બે જણ હોય, તો તે બન્નેનો સ્વાર્થ પરસ્પર—વિરોધી છે. પરંતુ તેટલા જ કારણથી તે બે વચ્ચે લડાઈ ઊભી થતી નથી, કેમ કે બન્નેમાં રહેલાં સમજ અને પ્રેમની શક્તિ વધારે બળવાન છે.

સમાજમાંથી તકરારો કાઢવાને સારુ પણ આ જ ગુણોનો પરિપોષ કરવો જોઈએ. સમાજમાંના પ્રતિષ્ઠિત, ધર્મનિષ્ઠ અને કારુણિક લોકોએ જીવનની રોજની ઘટમાળમાં મન પરોવી, સર્વના હિતની દૃષ્ટિ રાખી લોકોને સલાહ આપવી જોઈએ. આવા કામને સારુ પણ તેમણે પોતાની સત્તાનો આગ્રહ રાખવો ન જોઈએ. સત્તાનો પ્રવેશ થતાં જ પ્રેમસંબંધ ઝાંખો પડવાનો.

ગ્રામસેવામાં સૌથી કઠણ કામ લવાદનું છે. લવાદ ચારિત્ર્યથી,

સેવાથી, સર્વ માટેની અંતરની લાગણીથી ‘અલ અમીન’ બનેલો હોવો જોઈએ. (બધાના વિશ્વાસને પાત્ર એવા પ્રામાણિક પુરુષને અરબ્બી ભાષામાં ‘અલ અમીન’ કહે છે.) પૈસા સંઘરવા એ વહેવારમાં જેટલું જરૂરનું છે, તેટલું જ માણસોને સંઘરવા એ પણ જરૂરનું છે. આ વાત પક્ષાંધ બનેલા માણસને ગળે ઉતારવી એ લવાદની ફરજ છે.

અપરાધીને શિક્ષા કરવા જતાં, તેની સાથે સંબંધ ધરાવનાર કેટલાયે નિરપરાધી લોકોને સંકટમાં નાખવાનું થાય છે. એક ક્રૂરતાનો ન્યાય કરવા સારુ બીજી ક્રૂરતા કરવાથી અન્યાય ફીટતો નથી પણ બેવડાય છે. ભવિષ્યમાં અન્યાય આગળ ચાલુ ન રહે, જૂના અન્યાયનાં દુષ્પરિણામ બને તેટલાં ઓછાં થાય અને લોકોમાં પ્રેમ, સલાહસંપ, સહકાર તથા સામાજિક વૃત્તિનો વિકાસ થાય એમ કરવું, એ લવાદનો ન્યાય છે. દુર્જન લોકોની ખોડ ભુલાવી દેવાનો હેતુ લવાદે કદી મનમાં રાખવો નહીં. પ્રત્યેક હૃદયમાં સાત્ત્વિકતાનો ઉદય થાય, સમાજ એક વ્યાપક કુટુંબ છે એ વૃત્તિનું સંવર્ધન થાય, એવો પ્રયત્ન લવાદે કરવાનો છે. બંને પક્ષનું કલ્યાણ થાય, કોઈનો પણ સર્વસ્વઘાત ન થાય, અને તટસ્થ સમાજબુદ્ધિને સંતોષ થાય, એટલી જ મહત્ત્વાકાંક્ષા લવાદે રાખવી.

[‘કાલેલકર ગ્રંથાવલિ’: પુસ્તક ૫]

## ખાખી અને ભગવો

જુવાન છોકરાઓને ખાખી પોશાક દેખાય છે ઉમદા; પણ ખાખી સાથે સિપાઈગીરીના, રોફના ને તોરના સંસ્કારો સંકળાઈ ગયા છે. હિંદના છોકરાઓ જ્યારે સ્કાઉટનો પોશાક પહેરીને નીકળે છે ત્યારે કેટલાક ખેડૂતોને એ ટુકડીઓ લશ્કરી પલટનના જેવી ભાસે છે. આ લોકો સેવા કરવા આવ્યા છે, હુકમ કરવા નહીં, એ એમના માન્યામાં નથી આવતું. વરસો સુધી નમ્ર સેવા બજાવ્યા પછી જ સ્કાઉટકુમારો ખાખીની આસપાસના આજના સંસ્કારો ધોઈ કાઢી શકશે. આપણા

ભગવા રંગમાં જેમ ત્યાગ-વૈરાગ્ય છે, તેમ નિરપેક્ષ સેવા પણ છે. પણ આજે દુનિયાને ભગવામાં સેવા દેખાય છે ખરી? ખાખી અને ગેરુઓ બન્ને રંગ આપભોગ અને સેવાના સૂચક છે. પણ આજે બંને સત્તાસૂચક થયા છે. એક પૂજાની અપેક્ષા રાખે છે, બીજો હકૂમત ચલાવે છે.

['બાપુની છબી' પુસ્તક]

## કોણ ટકાવી શકે છે?

મૈસૂરની યુવક પરિષદમાં અમેરિકન મિશનરી મોટ આવ્યા હતા. ત્યાંથી પાછા ફરતાં તેઓ ગાંધીજીને મળવા [સાબરમતી] આશ્રમમાં આવ્યા. ગાંધીજી એમને માટે કેવળ દશ મિનિટ કાઢી શકે એમ હતું. દુનિયાના યુવકોના માનીતા રેવરંડ મોટ દશ મિનિટમાં ગાંધીજીને શું પૂછશે, એ કુતૂહલે હું પણ ત્યાં ગયો. ભૂખ્યા વરુની પેઠે એમણે એક પછી એક પ્રશ્નપરંપરા શરૂ કરી. ગાંધીજીએ એમને ટૂંકા ને ટચ જવાબ આપ્યા. બે પ્રશ્નોએ મારું ખૂબ ધ્યાન ખેંચ્યું.

“તમારા જીવનમાં એવી કઈ એક વસ્તુ છે કે જેના આનંદમાં તમે કટોકટીના સમયે પણ ટકી શકો છો?” રેવ. મોટે પૂછ્યું.

ગાંધીજીએ જવાબ આપ્યો: “હિંદુસ્તાનની પ્રજાના સ્વભાવમાં અહિંસા રહેલી છે. આ એક શ્રદ્ધા મને ટકાવી રહેલી છે. આ શ્રદ્ધામાં વિશ્વાસ રાખીને મારી પ્રજા દ્વારા જગતને અદ્વિતીય એવી ક્રાંતિ કરી દેખાડવાની ઉમેદ હું રાખી શકું છું. બીજી પ્રજાઓ ગમે તેટલી સુસંસ્કૃત હોય, પણ યુદ્ધ સમયે પશુની માફક હિંસક બને છે. ભારતવર્ષની નાડીમાં અહિંસા રહેલી છે.”

રેવ. મોટે બીજો પ્રશ્ન પૂછ્યો: “તમને વધારેમાં વધારે ચિંતાજનક અને દુખદ કઈ વસ્તુ લાગે છે?”

“ભારતના ભણેલા લોકોની 'હાર્ડનેસ ઓફ હાર્ટ',” બાપુજીએ જવાબ વાળ્યો. “અંગ્રેજી કેળવણીની અસરને લીધે તેઓનાં હૃદય

પાષાણ જેવાં બની ગયાં છે.”

*

ગાંધીજી જ્યારે પ્રથમ જેલમાં ગયા ત્યારે આપણા જેવા ભણેલાઓથી ડરીને એમણે ખૂબ ખૂબ વાંચી લીધું. તમારામાં જો જિજ્ઞાસા હોય તો જૂનાં ‘યંગ ઇન્ડિયા’ ઊથલાવી એ ચોપડીઓની યાદી જોઈ લેજો. તમે આશ્ચર્યચકિત થઈ જાઓ એટલું તેમણે વાંચ્યું, અને ઉપરાંત ઘણું લખ્યું. પરંતુ આ વખતે? આ વખતે [જેલમાં] તેમણે રેંટિયા સિવાય કશી પ્રવૃત્તિ હાથ ધરી જ નથી. એ બધું વાંચીને એમણે જોઈ લીધું કે સાચી વસ્તુ રેંટિયો છે.

[જેલમાં] તેઓએ ખોરાકમાં તાજાં ફળ તજી દીધાં છે. પણ તેમનો સાચો ખોરાક તો પ્રજાની અહિંસા-પરાયણતા છે. ગાંધીજીનો દેહ એ રાષ્ટ્રીય દેહ છે. રાષ્ટ્રની વૃત્તિની તેમના શરીર ઉપર ભારે અસર થાય છે. [વિદ્યાપીઠનો] એક વિદ્યાર્થી મારી સાથે લડીને સરકારી કૉલેજમાં ભણવા ગયેલો. બાપુજીએ [દાંડી-]કૂચ કરી ત્યારે ફરી બાપુ પાસે એ આવ્યો અને અભ્યાસ છોડી લડતમાં જોડાયો. એના આનંદમાં ગાંધીજી બીજે દિવસે દસ માઈલ વધારે ચાલી શક્યા.

ખેડા જિલ્લાના વીર ખેડૂતોને મેં કહેલું કે, ગાંધીજીનો સાચો ખોરાક તો તમારી ટેક છે, તમારી તાલીમબદ્ધ અહિંસાપરાયણતા છે. એને લીધે તો ગાંધીજી ટકી રહ્યા છે.

## નકલી નહીં કરેંગે ગલતી

દુનિયા મેં જિતની ઊંચી ઔર કીમતી ચીજ હોતી હૈં, ઉનકી સફાઈદાર નકલ કરનેવાલે પૈદા હોતે હી હૈં. દુનિયા મેં સબસે શ્રેષ્ઠ પુરુષ હોતે હૈં સંત. સંતોં કા પ્રભાવ બડેબડે સમ્રાટોં સે ભી અધિક હોતા હૈ. ઇસલિયે દુનિયા મેં નકલી સંત બહુત હોતે હૈં. સચ્ચે સંત કભીકભી ગલતિયાં કર બૈઠતે હૈં. નકલી સંત વૈસી ગલતી નહીં કરેંગે.

દિખાવા હી કરના હૈ, તો ઉસમેં ગફલત કૈસી ચલ સકતી હૈ?

## જીવન-દર્શન

હરેક માતા અપને બાલ-બચ્ચોં કી સેવામેં ઐસી તલ્લીન હો જાતી હૈ કિ ઉનકી સેવા કરતે વહ અપની ભૂખ-પ્યાસ ભી ભૂલ જાતી હૈ. સબ અપને બાલ—બચ્ચોં કો દે ડાલને મેં ઉસે પરમ આનંદ હોતા હૈ. અપને કો લૂટા દેને મેં હી પ્રેમ સબ કુછ પાતા હૈ.

ઐસે આત્માર્પણ મેં સફલતા પાને કે લિએ યહ જરૂરી હોતા હૈ કિ હમ ઈસ સારી દુનિયા કો ઔર ઉસકે કાનૂન કો અચ્છી તરહ સે પહચાને. અજ્ઞાની મનુષ્ય કી સેવા ભી બેકાર હોતી હૈ. ઈસલિએ દુનિયા કે હર પહલૂ સે પરિચય પાના અપની શક્તિ બઢાને કે લિએ જરૂરી હોતા હૈ. ઈસે કહતે હૈં જ્ઞાનોપાસના. જ્ઞાન હી સચ્ચી તાકત હૈ. જિતના જ્ઞાન બઢે, હમારી સેવા-શક્તિ બઢતી હૈ. લેકિન કેવલ દિમાગ મેં જ્ઞાન ભર દેને સે હી હમારી સેવાશક્તિ નહીં બઢતી. ઉસકે લિએ હમેં હર તરહ કા કૌશલ્ય હાસિલ કરના ચાહિયે.

જબ હમ સોચતે હૈં કિ કોશિશ કરને પર હમારી આંખોં સે, હમારે કાન સે, હમારી જબાન સે ઔર હમારી ઉંગલિયોં સે હમ કિતના સૂક્ષ્મ ઔર સુંદર કામ કર સકતે હૈં, તો હમ તાજ્જુબ હો જાતે હૈં. જબ હમ વિજ્ઞાન કે નયે-નયે સાધન દેખતેં હૈં, તબ હમેં આશ્ચર્ય હી હોતા હૈ. લેકિન જબ ઈસ બાત કો હમ ધ્યાન મેં લેતે હૈં કિ યહ સબ બનાનેવાલા તો હમારા મન હી હૈ, હમારી બુદ્ધિ હૈ, હમારી ઉંગલિયાં હૈં, તબ હમારે મુંહ સે કૃતજ્ઞતા કી વાણી નિકલતી હૈ કિ ભગવાન ને ઇતની બડી ન્યામતેં હમેં દી હૈં કિ હમ સબ કુછ કર સકતે હૈં.

ઔર જબ હમ યહ સબ કુછ સોચને કી અપની શક્તિ કા ખ્યાલ કરતે હૈં, ઔર દૂસરોં કો સમઝાને કી અપની શક્તિ કા ભી હિસાબ લગાતે હૈં, તબ લગતા હૈ કિ દૂસરોં કો સમઝને કી શક્તિ ઔર દૂસરોં

કો સમઝાને કી શક્તિ—ઈસ સે બઢકર કોઈ શક્તિ હો નહીં સકતી.

જ્ઞાનકી સતત ઉપાસના કરના, હર તરહ કા કૌશલ્ય હાસિલ કરના, સબ કો સમઝને કી ઔર સમઝાને કી કોશિશ કરતે રહના, ઔર સબ કી ઉન્નતિ મેં અપની ઉન્નતિ પાના—યહી હૈ પૂર્ણ જીવન-દર્શન.

['મંગલ પ્રભાત' માસિક: ૧૯૬૧]

# દેશભક્તિ ને દેશસેવા

દેશ આગળ સત્ય, નીતિ, સદાચાર બધું ડૂલ છે—એમ કહેનાર લોકો એ નથી સમજતા કે દેશની ભક્તિ સાથે તેઓ દેશનું કેટલું ભારે અપમાન કરે છે. વૃદ્ધ માતાને જિવાડવા ખાતર કોઈ દીકરી અનાચારથી કમાણી કરે, તો એ માતાને એ રીતે જીવવું પસંદ પડે ખરું? દેશ એટલે દેશનું ચારિત્રય, દેશનો મંગલ જ્ઞાનરાશિ, દેશનો કલ્યાણકારી પુરુષાર્થ. દેશ એટલે પોતાના સમાજ મારફતે થતી માનવકોટીની અને આખી સૃષ્ટિની સેવા. સ્વાર્થ ખાતર જે લોકો દેશને પારકા લોકોના હાથમાં વેચી નાખે છે, અને જેઓ દેશને નામે સત્યનો કે ચારિત્રયનો દ્રોહ કરે છે—તે બંને દેશના દ્રોહી જ છે: એ વસ્તુ પોતાની ઉજ્જ્વળ દેશસેવાથી જેમણે સ્પષ્ટ કરી છે તે દેશભક્તોના માર્ગમાંના કેટલાક કાંટા કાઢી નાખવાનું કામ રવીન્દ્રનાથે તારાની પેઠે ચમકતી આ નવલકથા 'ઘરે-બાહિરે' દ્વારા કર્યું છે.

કાવ્યનાં મોતી તો આ નવલકથામાં એમણે છૂટે હાથે વેર્યાં છે. અખંડ વહેતો રસપ્રવાહ અને કળાને છાજે એવો સંયમ શરૂથી આખર સુધી બરાબર દેખાઈ આવે છે. સંભવ છે કે ઠાકુરની બધી કૃતિઓમાં આ ચડી જાય.

'ઘરે-બાહિરે' લખીને રવીન્દ્રે આપણા સમાજની અને આપણી રાષ્ટ્રીયતાની અસાધારણ કોટિની સેવા કરી છે. બંગભંગ પછી ઉત્તેજિત થયેલા રાષ્ટ્રના પુરુષાર્થના ધોધમાં ચારિત્રયની મહાન શિલા થઈને ઊભા

રહી રવીન્દ્રનાથે એક મોટું વીરકર્મ કર્યું છે.

# ચિઢ હી મર ગયી હૈ

ભારત કે રાજ્ય-શાસન કા પુરાના રોગ હૈ ઘૂસખોરી. યહ રોગ ઈતના પુરાના હૈ કિ જનતા કો ઈસકી કહીં ભી ચિઢ નહીં હૈ. જબ પરાયા રાજ્ય થા ઔર લોગોં કી રાય કી શાસન કો ચિંતા હી નહીં થી, તબ લાચાર લોગ ઘૂસ દેકર હી અપના કામ નિકાલ લેતે થે. કિન્તુ અબ તો પ્રજા કા રાજ હુઆ હૈ, તો ભી ઘૂસખોરી બંદ નહીં હુઈ હૈ. ઈસ કા કારણ યહી હૈ કિ પ્રજા કે મન મેં ઘૂસખોરી કી ચિઢ હી મર ગયી હૈ.

રોજમરા કે વ્યવહાર મેં રાજસત્તા હોતી હૈ જબરદસ્ત ઔર પ્રજા હોતી હૈ જેરદસ્ત, યાની દબી હુઈ. ઇસલિયે છોટે-બડે કર્મચારિયોં કો રાજી કિયે બિના ચારા હી નહીં રહતા. કિન્તુ ચુનાવ કે દિનોં મેં મત દેનેવાલે કા હાથ ઊંચા હોતા હૈ, ઔર અધિકાર માંગનેવાલોં કા હાથ નીચે રહતા હૈ. તબ ભી અગર મતદાતા જનતા વ્યવહારશુદ્ધિ કા આગ્રહ ન રખે, તો ઈસે જનતા કા આત્મઘાત હી કહના ચાહિયે. ચુનાવ કે દિનોં મેં જનતા ઔર લોકનેતા જિતની ઈમાનદારી બચાતે હૈં, ઉસસે અધિક ઈમાનદારી ખડી કરનેકી શક્તિ રાજ્યતંત્રા મેં આ નહીં સકતી. જો લોગ લાચારી સે ઘૂસ દેતે શરમાતે નહીં વે યદી ઘૂસ લેતે ભી શરમાયેંગે નહીં, તો કહના પડેગા કિ નમક હી અલૂના હો ગયા.

યહ રોગ મિટાને કી બાત ન્યાયાલયોં ઔર શાસન કી શક્તિ સે પરે હૈ. પ્રજાવ્યાપી નૈતિક જાગૃતિ કે બિના ઔર જીવનશુદ્ધિ કે બિના યહ પુરાના ઔર દૃઢમૂલ રોગ મિટ નહીં સકતા. ચારિત્રય-શુદ્ધિ જૈસે વ્યક્તિ કે લિયે આવશ્યક હૈ, વૈસે હી સમાજ કે લિયે ભી આવશ્યક હૈ.

# આંધળા ન થઈએ

યજ્ઞને નામે આજે કોઈ ઘી બાળે, તો તે ખોટું જ છે. પ્રાચીન કાળમાં ઘી બાળતા, તે પણ ખોટું તો હતું જ. એ દોષ તરફ ત્યારે લોકોનું ધ્યાન ગયું નહોતું.

પોતાને ગમતી વસ્તુ ગુરુને કે ભગવાનને અર્પણ કરવાની વૃત્તિ સ્વાભાવિક છે. ઝાડનું પ્રથમ ફળ, ખેતીનો પહેલો પાક, ભઠ્ઠીનું પહેલું વાસણ મુરબ્બીઓને કે મંદિરોને અર્પણ કરવાની વૃત્તિ સમજાય એવી છે. પણ એ જ ભાવનાથી પ્રેરાઈને જ્યારે કોઈ લોકો પોતાના પ્રથમ બાળકનું મંદિરમાં બલિદાન આપે, ત્યારે એ ક્રિયાને અત્યાચાર, પાપ અને ગુના તરીકે ઓળખવી પડે છે.

ધાર્મિક વિધિમાં પવિત્રા ભાવના સાથે વસ્તુઓનો સદ્દુપયોગ કરવાની પ્રથા હોવી જોઈએ. ઉજ્જ્વળ ભાવનાથી કરેલો વસ્તુનો દુરુપયોગ, દુરુપયોગ મટી સદ્દુપયોગ થતો નથી.

જૂના કાળમાં જે સ્ત્રીઓ સતી થઈ, તેમની પતિનિષ્ઠા, આત્મબલિદાન ઇત્યાદિ ગુણોનો હું પૂજારી છું; છતાં તેમનું તે કૃત્ય મૂર્ખાઈભરેલું હતું એમ કહેતાં મને સંકોચ થતો નથી. શિવાજી મહારાજ પ્રત્યે મારા મનમાં આદર, ભક્તિ છે એટલા માટે એમની પેઠે ચાર ચાર પત્ની સાથે વિવાહ કરીને માણસ રહે, એમ શું મારે પ્રચાર કરવો? એમના જમાનામાં એ ખોટું મનાતું ન હતું, એમ કહીને હું ખામોશ રહીશ. સીતામાતા શ્રીરામચંદ્રને હરણનું માંસ પકાવીને ખવડાવતાં હતાં, એમ વાલ્મીકિએ કહ્યું છે. શ્રીરામચંદ્રે હરણનું માંસ ખાધું એમાં જ એમનું અવતાર-રહસ્ય છે, એમ કહેવા હું ન બેસું.

પ્રાચીન કાળમાં ધાર્મિક મનાતા વિધિઓનું રહસ્ય સમજી લઈએ, પણ તેમાં રહેલા દોષો તરફ આંધળા ન થઈએ. પૂર્વજો સર્વજ્ઞ હતા, એમનો જીવનક્રમ સદંતર નિર્દોષ હતો અને એમાં ફેરફાર કરવામાં માણસજાતે ભૂલ જ કરી છે, એ ભૂમિકા શુદ્ધ નથી, ધર્મ્ય નથી.

# દુષ્ટતાનો નાશ કરવા—

આફ્રિકાના જંગલમાં એક મિશનરી ધર્મપ્રચાર માટે ગયો. એ જંગલના લોકો બધા નરભક્ષક, તો પણ એણે એ જ સ્થાન પસંદ કર્યું. લોકોને મળી એ તેમને ચર્ચમાં બોલાવવા લાગ્યો. થોડા લોકો આવવા લાગ્યા. એમની સમક્ષ એ પ્રવચનો કરતો. એક દંપતી રોજ પ્રવચન સાંભળવા આવતું. એક દિવસ એમાંની સ્ત્રી આવી નહિ; કેવળ પુરુષ જ આવ્યો. એને મિશનરીએ પૂછ્યું: “આજે પત્ની કેમ આવી નહિ? ક્યાં છે એ?” પેલાએ ઉત્તર દીધો: “મારા પેટમાં.” મિશનરીને કાંઈ સમજાયું નહિ. એણે ફરીથી પૂછ્યું: “બીમાર છે?” એણે જવાબ આપ્યો: “ખાઈ લીધી.”

મિશનરીથી સહન થયું નહિ. પણ શાંત રહ્યો. એણે પેલાની નિંદા કરી નહિ. એને પાપી કહ્યો નહિ. ધર્મબોધ કરતો રહ્યો. ઘણા દિવસો પછી મિશનરીના પ્રેમે એ માણસને પ્રભાવિત કર્યો. એને પોતાની ભૂલ સમજાઈ. એ મિશનરી પાસે આવી રડવા લાગ્યો. કહે: “મેં મોટું પાપ કર્યું. હવે શું કરું?” મિશનરીએ કહ્યું: “ઈશ્વર દયાળુ છે. યેશૂની પ્રાર્થના કર; એ તારા વતી ભગવાન પાસે ક્ષમાયાચના કરશે.”

આવા લોકો ઉપેક્ષાને વટાવી ગયેલા શ્રેષ્ઠ સંત છે. તેઓ માંસ ખાય છે, તેથી તમે શું તેમને પામર માનશો?

*

આફ્રિકાના પ્રવાસમાં મને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો: “તમે માંસાહાર કેમ નથી કરતા?”

મેં એ લોકોને પૂછ્યું: “તમે સોએક વરસ પહેલાં તો મનુષ્યમાંસ ખાતા હતા. તે છોડ્યું શા માટે? મનુષ્યનું માંસ રુચિકર હોય છે, હાનિકારક નથી, સહેલાઈથી પચે છે. તો પછી તમે એ છોડી શા માટે દીધું? આનો જવાબ તમારે એમ જ દેવો પડે કે, મનુષ્યમાંસ ખાવું યોગ્ય નથી માટે છોડ્યું. તે જ આધારે આગળ જતાં બીજું માંસ ખાવાનું પણ છોડી દેવું જોઈએ એમ અમે કહીએ છીએ, એટલું જ.

મનુષ્ય-માંસ ખાનાર કરતાં ફક્ત મનુષ્યેતરનું જ માંસ ખાનારો સારો. એના કરતાંય વધારે સારો માંસમાત્રા ન ખાનારો.”

શાકાહાર-માંસાહારના સવાલ પર જૈન લોકો સાથે ચર્ચા કરતી વખતે હું એમને કહેતો હોઉં છું કે, જે માંસ નથી ખાતાં તેમણે ન જ ખાવું. પણ જે ખાય છે એમને હીન ન માનવાં. દુનિયામાં અધિકાંશ લોકો માંસાહારી છે. એમાં મોટા મોટા ધર્માત્માઓ પણ છે. માંસાહારી લોકોને હીન માનવા અને એમનો બહિષ્કાર કરવો, એ અધિકાંશ માનવજાતિને બહિષ્કૃત કરવા જેવું છે. માંસાહારી લોકોનો બહિષ્કાર કરીને એમનામાં શાકાહારનો પ્રચાર શી રીતે કરી શકાશે? શાકાહાર જેવો, સાંસ્કૃતિક દૃષ્ટિએ બહુ પુરોગામી એવો વિચાર રૂઢિવાદી લોકોના સાણસામાં સપડાઈને મરવો ન જોઈએ. માંસાહારી લોકોને અપનાવીને હું ખરેખર શાકાહારનો પુરસ્કાર જ કરું છું.

શાકાહારી અને માંસાહારી લોકોનું સહજીવન આપણે બુદ્ધિપૂર્વક શરૂ કરવું જોઈએ. હું પૂર્ણ શાકાહારી છું. મને માંસ, માછલી, ઈંડાં, કશું ખપતું નથી. પણ જમવા માટે મને બે આમંત્રાણ મળે, એક માંસાહારી કુટુંબનું અને બીજું શાકાહારી કુટુંબનું, અને માંસાહારી કુટુંબના લોકો મારી સાથે બેસીને પોતે માંસ ખાય પણ મને શુદ્ધ શાકાહારી ભોજન આપવાનું કબૂલ કરે, તો હું આગ્રહપૂર્વક એમનું જ આમંત્રાણ સ્વીકારીશ. એટલી ઉદારતા રાખ્યા વગર સહજીવન શી રીતે શક્ય બને?

મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા—આ ચાર આર્ય સદ્ગુણોમાં આપણી સંસ્કૃતિનો સંપૂર્ણ સાર આવી જાય છે. બધા વિશે સદ્ભાવ હોવો, એ મૈત્રી; બીજાની સુસ્થિતિ જોઈ આનંદિત થવું, તે મુદિતા; દુખી લોકો પ્રત્યે કરુણા, અને દુષ્ટો પ્રત્યે ઉપેક્ષા: આ ચાર આર્ય સદ્ગુણો તરીકે ઓળખાય છે.

પણ એમાં જે છેવટનો સદ્ગુણ ઉપેક્ષા છે, તેનાથી આગળ આપણે હવે જવું જોઈએ. દુષ્ટો વિશે ઉપેક્ષા રાખ્યે જ હવે નહીં ચાલે. દુષ્ટોની દુષ્ટતાનો સેવા દ્વારા નાશ થાય, તે માટે આપણે સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. ખ્રિસ્તી મિશનરીઓમાં એવા કેટલાક સત્પુરુષો થઈ ગયા

કે જેમણે પ્રેમભરી સેવા દ્વારા દુષ્ટોની દુષ્ટતાનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓ માનવજાતિના અત્યંત શ્રેષ્ઠ પુરુષોમાંના છે.

['કાકા કાલેલકર સાથે વિવિધ વાર્તાલાપ' નામના પુસ્તકમાંથી ઉપરનો લેખ સંકલિત કરેલો છે. ૧૯૭૧માં પ્રગટ થયેલા એ પુસ્તકમાં કાકાસાહેબ અને એમના અંતેવાસી તથા કોંકણી-મરાઠીના લેખક રવીન્દ્ર કેળેકર વચ્ચેના વાર્તાલાપો શબ્દબદ્ધ થયેલા છે. એ પુસ્તકની પ્રસ્તાવનામાં ઉમાશંકર જોશીએ એક વાત એ પણ કહી છે કે, "કાકાસાહેબ ક્રાંતિકારી વિચારો ધરાવનારા છે એનો ખ્યાલ એમના બીજા કોઈ પુસ્તક કરતાં આ પુસ્તક ઉપરથી વધુ આવશે."]

# ધર્માધર્મનો વિચાર

ગાંધીજીના માનમાં રાજકોટના ઠાકોરસાહેબે એક ગાર્ડન પાર્ટી આપી હતી. ગાંધીજી બેઠા હતા એ જ ટેબલ ઉપર એક બાજુ ઠાકોર સાહેબ અને બીજી બાજુ બ્રિટિશ પોલિટિકલ એજન્ટ હતા. વાતો ચાલતી હતી, એટલામાં ગાંધીજીએ ઠાકોર—સાહેબ આગળની શરાબની બાટલી ઊંચકીને પોલિટિકલ એજન્ટ આગળ મૂકી દીધી.

ધર્માધર્મનો ખ્યાલ રાખનાર કોઈ સામાજિક પહેરેગીરે એ વિશે ગાંધીજીને કાગળ લખીને ખુલાસો માગ્યો કે, "તમારા જેવા મદ્યપાન-નિષેધક આવે ઠેકાણે ભોજન લઈ જ શી રીતે શકે? તમે ભોજન લીધું એટલું જ નહીં, પણ શરાબની બાટલી પણ પીનાર આગળ કરી!" ગાંધીજીએ જવાબમાં એટલું જ લખ્યું કે, "આવે પ્રસંગે કઈ રીતે વર્તવું એનો સૂક્ષ્મ વિવેક હું જાણું છું. તમને હું એટલું જ કહી શકું કે તમારા જેવા મારું અનુકરણ ન કરે."

*

માંસાહાર પરત્વે પણ આવા જ સવાલ ઉઠાવવામાં આવે છે. આપણે માંસાહારને વ્યસન નથી ગણતા પણ પાપ ગણીએ છીએ. ધૂમ્રપાનને વ્યસન ગણીએ છીએ, પાપ નથી ગણતા. કેટલાય બાવાઓ

અખંડ ચલમ ફૂંકતા હોય છે, એ વ્યસન છે એની તેઓ પણ ના નથી પાડી શકતા. અને છતાં એમનું સાધુત્વ તેટલા પ્રમાણમાં ઓછું છે એમ સમાજ નથી માનતો. સ્વામી વિવેકાનંદ જેવા આધુનિક સંન્યાસીઓ પણ હુક્કો છોડવાની આવશ્યકતા માનતા ન હતા. એમના પ્રત્યેનો મારો આદર આ કારણે તલમાત્રા ઓછો ન થયો. છતાં હું માનું છું કે ધૂમ્રપાન એ સાધુજીવનમાં એબ ગણાવું જોઈએ.

જે લોકોનો આહાર જ માંસ છે એમને પ્રાણીહત્યાનું કાંઈ લાગતું નથી. દુનિયાની આજની નીતિની કલ્પના જોતાં, તેઓ પાપ કરે છે એમ ન કહેવાય. છતાં પ્રાણીહત્યા એ ક્રૂરતા અને પાપ છે જ. પણ જેઓ એ વાત નથી સમજતા અથવા નથી માનતા, અથવા ટેવને કારણે માંસાહાર ચલાવવા માગે છે, તેમનો વાંક ન કઢાય.

ત્યારે શું આપણે સમાજના, માંસાહાર કરનાર અને ન કરનારા એવા બે ભાગ પાડવા? અને બે વચ્ચેનો વહેવાર તોડી જ નાખવો? વર્જેલાઓની જાતિ ઊંચી અને ન વર્જેલાઓની નીચી, એમ નક્કી કરી વર્જેલાઓનું અભિમાન પોષવું? અને ન વર્જેલાઓ ઉપર ઊતરતાપણાનો ખ્યાલ ઠોકી બેસાડવો?

આપણે હિંદુ લોકોએ એ બધું કરી જોયું છે. એમ કરીને આપણે સમાજની ઉન્નતિ નથી સાધી. વર્જેલા અને ન વર્જેલા વચ્ચેનો વહેવાર તોડવાથી વર્જેલાઓનો નિશ્ચય વધારે મજબૂત થવાનો સંભવ છે એટલું આપણે માની લઈએ, પણ ન વર્જેલાઓની નોખી ન્યાત પાડવાથી તેમનામાં સુધારો થવાનો સંભવ પણ આપણે અટકાવીએ છીએ એ ન ભૂલવું જોઈએ.

*

ઇંગ્લંડમાં ગાંધીજીને એક પાદરીએ દર રવિવારે પોતાને ત્યાં જમવાનું આમંત્રાણ આપી રાખ્યું હતું. જમવાના ટેબલ ઉપર મિશનરીનાં કુટુંબીઓ માંસાહારની વસ્તુ આણીને ખાતાં, ગાંધીજીનો આહાર ચુસ્ત ‘વર્જેલો’ રહેતો. આહારનાં પુણ્યપાપ વિશે ત્યાં વાત ન છેડવા જેટલો વિવેક ગાંધીજી પાસે હતો. પણ મિશનરીનાં બાળકો પૂછવા લાગ્યાં કે,

"અમુક વાનીઓ મિ. ગાંધી કેમ નથી ખાતા?" માતા-પિતાએ કહેવું પડ્યું કે, "એમના ધર્મમાં એ પાપ ગણાય છે."

"શા માટે પાપ ગણતા હશે?"

"તેઓ માને છે કે પશુપક્ષીઓને આત્મા છે, સુખદુ:ખની લાગણી છે; પ્રાણીઓને મારવામાં ક્રૂરતા છે—પાપ છે."

"વાત તો સાચી લાગે છે. તો આપણે કેમ એ વસ્તુને પાપ નથી ગણતાં?"

"આપણે માનીએ છીએ કે પશુપક્ષી આદિ મનુષ્યેતર પ્રાણીઓને આત્મા નથી હોતો."

"તે કોણ જાણે, પણ એમને મારવામાં ક્રૂરતા તો છે જ. મારતી વખતે તેઓ નાસભાગ કરે છે, જોરથી રુએ છે, એટલું તો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. આવતી કાલથી અમે એ વસ્તુઓ નથી ખાવાનાં."

"નહીં ખાઓ તો નબળાં પડશો."

"ત્યારે મિ. ગાંધી કેમ નથી નબળા પડતા?"

અંતે પાદરીએ ગાંધીજીની માફી માગી અને રવિવારનું જમવાનું આમંત્રણ પાછું ખેંચી લીધું.

*

આ આખો પ્રસંગ શો બોધ આપે છે?

એક જમાનો હતો જ્યારે જૈન લોકો માંસાહારી લોકો વચ્ચે જઈને ધર્મપ્રચાર કરતા હતા. કેટલાક જૈનો માંસાહાર કરતા હતા, એવો ઉલ્લેખ જૈનશાસ્ત્રોમાં મળે છે. ટેવને કારણે માંસાહાર કરનાર લોકોને જૈન ધર્મમાં પ્રથમ લઈ લીધા હશે; તેઓ ધીમેધીમે માંસાહારનું વર્જન કરશે એમ આશા રાખી હશે, અને તે સફળ પણ થઈ હશે.

ત્યાર પછી પ્રાણીઓને બચાવવાની વૃત્તિ શિથિલ થઈ. ફક્ત પોતાનો ધર્મ બચાવવાની વૃત્તિ બાકી રહી હશે. એટલે જૈન લોકોએ માંસાહારી લોકો સાથે ભળવાનું છોડી દીધું હશે. પરિણામે નવા લોકો જૈનધર્મમાં આવતા અટક્યા. પણ માંસાહાર ન કરનાર ચુસ્ત જૈનોમાંથી કોઈ

માંસાહાર તરફ નથી જ લપસ્યું, એમ કહી શકાત તો કેવું સારું થાત!

*

હું આફ્રિકા જવા ઊપડ્યો તે પહેલાં શ્રી નાનજી શેઠે મને ચેતવણી આપી હતી કે, “આફ્રિકામાં શરાબનો વહેવાર છૂટથી થતો તમને જોવા મળશે.” તે વખતે જ મેં વિચાર કરી રાખ્યો હતો કે ત્યાં મારે શું કરવું. અજાણ્યા સમાજને બને ત્યાં સુધી નડતરરૂપ ન થાઉં, અને તેમ કરતાં મારા જીવનસિદ્ધાંતોમાં શિથિલ ન થાઉં, એમ મન સાથે ગોઠવીને જ ઊપડ્યો હતો.

શરાબ એ માણસને અનીતિ તરફ દોરનાર હડહડતું વ્યસન છે. શરાબમાં બુદ્ધિનાશ છે. પણ લોકોમાં મદ્યપાન ફેલાયેલું જોઈ તેમનો બહિષ્કાર કરવા જઈએ, તો બીજું કશું કામ કરી ન શકીએ. શરાબ પીવાની જેમને આદત પડી છે એમને એ શરાબમાંથી બચાવવાના પ્રયત્ન થવા જ જોઈએ. પણ એ કામ એમનો બહિષ્કાર કરવાથી નહીં થાય.

ધર્માધર્મનો વિચાર બહુ સૂક્ષ્મ હોય છે.

## ધર્માન્તર અને શુદ્ધ વિચાર

આપણા દેશના અસંખ્ય હિંદુઓએ જુદાં જુદાં કારણસર ધર્માન્તર કર્યું છે તેથી અસહાય હિંદુઓ ઘણા નારાજ થયા છે, દુઃખી થયા છે અને કેવળ વિવેક જ નહીં, ધાર્મિકતા પણ ભૂલી ગયા છે.

હું કબૂલ કરું છું કે કેટલાક હિંદુઓને વિદેશી રાજ્યકર્તાઓએ જબરદસ્તીથી વટલાવ્યા. કેટલાકે વિધર્મી રાજ્યકર્તાઓની ખુશામત કરી લાભ મેળવવાની લાલચથી ધર્માન્તર કર્યું. પણ હિંદુ ધર્મમાં નીચેની કોમો પ્રત્યે જે અન્યાય-અત્યાચાર થતા આવ્યા છે, અને આજે પણ થાય છે, તેથી અકળાઈને ધર્માન્તર કરનારાઓની સંખ્યા સહુથી વધારે છે, એ આપણે કેમ ભૂલી જઈએ?

અને મૂળે કોઈએ કયા ઉદ્દેશથી ધર્માન્તર કર્યું એ સવાલ કોરે

મૂકીએ, અને એટલું જ ધ્યાનમાં લઈએ કે આપણા હાડના હાડ અને માંસના માંસ એવા ભાઈભાંડુઓ જે ધર્મોનું આજે નિષ્ઠા અને સંતોષપૂર્વક પાલન કરે છે, ત્યારે એમના પ્રત્યે તેઓ સ્વકીય છે એટલા જ માટે ચીડ શાને સેવીએ?

મુસલમાનો અને ઈસાઈઓ ભલે કહેતા હોય કે, અમારો ધર્મ સાચો અને શ્રેષ્ઠ છે, બીજા બધા ધર્મો ઊતરતા છે; એવી એમની વાત આપણે ન સ્વીકારીએ, એમનાં અજ્ઞાન અને અભિમાનની દયા ખાઈએ. પણ એમના ધર્મો, એ ધર્મોના સંસ્થાપકો અને એમના ધર્મગ્રંથોની અવગણના શા માટે કરીએ? તેઓ આપણા ધર્મની નિંદા કરે છે એટલા માટે ચિડાઈને આપણે એમના ધર્મની નિંદા કરીએ, તો આપણે એમના જેવા થયા; એમના અનુયાયી અને શિષ્ય થયા. એ આપણને છાજે?

આપણે તો પાળીએ પોતાનો જ ધર્મ. એમાં ખામીઓ હોય તો તે સુધારી દઈએ. બીજા ધર્મોમાં કાંઈ સારું જડતું હોય, તો તે સ્વીકારીને આત્મસાત્ કરીએ અને લોકો માટે ઉત્તમ દાખલો બેસાડીએ. મારા ધર્મને વિશુદ્ધ અને સમૃદ્ધ કરીને હું એની સેવા કરું અને સર્વ ધર્મ પ્રત્યે આદર રાખી બધા ધર્મોનું હું એક કુટુંબ બનાવું, એ જ ભારતીય સંસ્કૃતિનું મિશન છે. એ જે ઓળખે, તે જ હિંદુ ધર્મને અને સંસ્કૃતિને ઉત્તમ રીતે જાણે છે.

આપણે ત્યાં કેટલાય શાક્તો વૈષ્ણવ થયાના દાખલા છે. કેટલાય વૈષ્ણવો જૈન થયાના દાખલા પણ છે. કરોડો હિંદુઓ બૌદ્ધ પણ થયા અથવા શીખ થયા, તેની સામે કોઈએ હોહા કરી નથી. અને કરોડો બૌદ્ધો પોતાનો વંશપરંપરાગત ધર્મ છોડી હિંદુ થયા, એનો તો આપણે મોટો વિજય માનવા લાગ્યા. જ્યારે એની બેસંટ અથવા સિસ્ટર નિવેદિતા હિંદુ ધર્મનો સ્વીકાર અને બચાવ કરે, ત્યારે તો આપણે રાજી થઈને તાળીઓ વગાડીએ છીએ; એટલું જ નહીં, એમને ચરણે પણ બેસીએ છીએ.

પછી ધર્માન્તરનો આટલો ક્ષોભ શાને?

*

આપણા કવિ મણિશંકર રત્નજી ભટ્ટ અને મણિલાલભાઈ પારેખ, બંનેનું ધર્માન્તર જબરદસ્તીનું અથવા લોભપ્રેરિત ન હતું. બંનેએ સ્વેચ્છાથી ધર્માન્તર કર્યું. મણિશંકરને પોતાના કુટુંબીઓ અને સમાજના સ્વજનોના ક્લેશને કારણે ઘણું વેઠવું પડ્યું, એટલે પોતાની ખ્રિસ્તભક્તિ કાયમ રાખવા છતાં તેઓ હિંદુ ધર્મમાં પાછા આવ્યા. જ્યારે, ગુજરાત મગરૂરી સાથે કહી શકે છે કે, ધર્માન્તરને કારણે મણિલાલભાઈને સ્વજનો તરફથી કશું વેઠવું ન પડ્યું. ઊલટું, ખ્રિસ્તી ધર્મપ્રચારક મિશનરીઓનું સર્વસામાન્ય વલણ જોઈ તેઓ અકળાયા, અને પોતાની ખ્રિસ્ત-ભક્તિ છોડયા વગર હિંદુ ધર્મ તરફ પાછા વળ્યા. ગુજરાતના આ બે દાખલા આખા દેશે અને હિંદુ સંસ્કૃતિએ અભ્યાસવા જેવા છે.

આની સાથે એક ત્રીજો દાખલો રજૂ કરવા જેવો છે. છેલ્લા જમાનામાં મહારાષ્ટ્રના એક વિદ્વાન બ્રાહ્મણ ખ્રિસ્તી થયા. (હું કવિ નારાણ વામન તિલકની વાત નથી કરતો.) ન્યાતના લોકોએ એ ભાઈને ન્યાતબહાર મૂકવાનો મનસૂબો કર્યો. પણ એ ભાઈ પરિસ્થિતિને પહોંચી વળે એવા હતા. એમણે ન્યાતના આગેવાનો સામે ઊભા રહી પોતાનો બચાવ કર્યો.

“હું ઈસા મસીહને માનું, એમાં તમારું શું ગયું? મેં ન્યાતનો એક્કે નિયમ તોડયો નથી, મેં અભક્ષ્ય ભક્ષણ કર્યું નથી, માંસ ખાધું નથી. કેટલાક બ્રાહ્મણો ચોરીથી શરાબ પીએ છે, મેં દારૂ પીધો નથી. હું ન્યાતબહાર પરણ્યો નથી અને ઈસાઈઓના કે કોઈ ભિન્ન જાતિના માણસના હાથનું ખાધું નથી. કયે આધારે તમે મને ન્યાતબહાર મૂકી શકો? ઈસા મસીહને માનવામાં હિંદુ ધર્મનો દ્રોહ થતો હોય તો મને શાસ્ત્રોમાંથી એવું વચન કાઢી બતાવો.”

ન્યાત એને ન્યાતબહાર મૂકી ન શકી.

*

આખી દુનિયા જાણે છે કે મહાત્મા ગાંધી ‘બાઇબલ’નો નવો કરાર આદરભક્તિથી વાંચતા હતા. ઈસાનું ‘ગિરિપ્રવચન’ એમને ‘ગીતા’ જેટલું જ વહાલું હતું. ધર્માન્તર કર્યા વગર તેઓ ઈસુભક્ત બન્યા

હતા, અને ઘણા સારા ઈસાઈઓ એમને સ્વધર્મી માનતા હતા એટલું જ નહીં, પણ કેટલાક તો એમને ઈસુનો અવતાર જ માનતા હતા.

આપણા ધર્મગ્રંથોમાં ક્યાંય લખ્યું નથી કે ભગવાન હિંદુ ધર્મમાં જ, અથવા ભારતમાં જ અવતાર લેશે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીરની પેઠે જરથુષ્ટ્ર, મોહમ્મદ અને ઈસુને પણ આપણે ઈશ્વરના જ અવતાર ગણીએ અને તેથી હિંદુ ધર્મમાં સંતોષપૂર્વક રહ્યા છતાં દુનિયાના બધા માન્ય ધર્મોને અપનાવીએ.

*

ધર્માન્તરના વિષયમાં જાપાનનો અનુભવ ધ્યાનમાં લેવા જેવો છે. જાપાની લોકો મૂળે શિન્તોધર્મી—એટલે કે દેવદેવીઓની અને પિત્રોની ઉપાસના કરનારા. એમને ત્યાં ચીનમાંથી બૌદ્ધ ધર્મ પહોંચ્યો. એમને એ બધી રીતે ફાવતો આવ્યો. રાજ્યકુટુંબીઓએ એનો સ્વીકાર અને પ્રચાર કર્યો. આગળ જતાં, સ્વાભાવિક રીતે શિન્તો અને મહાયાની બૌદ્ધ ધર્મ ઓતપ્રોત થયા. પછી એમને ત્યાં ઈસાઈ ધર્મ ભારતમાંથી પહોંચ્યો. ભારતમાંથી આવેલો એ ધર્મ છે એમ સમજીને બિચારા કેટલાક જાપાની લોકોએ પ્રથમ આદરપૂર્વક એનો સ્વીકાર કર્યો. પાછળથી જોયું કે આ નવી વસ્તુ નથી ભારતીય અને નથી નિરુપદ્રવી. એટલે ચિડાઈને એ લોકોએ ઈસાઈ ધર્મનું કાસળ જડમૂળથી ઉખેડી નાખવાના અણઘડ પ્રયત્નો કર્યા. પરદેશથી કોઈ જાપાનમાં આવે નહીં, જાપાનીઓ કોઈ પરદેશ જાય નહીં, એવા કાયદાઓ કર્યા, કેટલાકે ઈસાઈઓથી અકળાઈ એમની કતલ પણ કરી. અંતે ડાહ્યા થયા અને બધા ધર્મોને પોતાને ત્યાં રહેવા દીધા. આજે ત્યાંનો કોઈ પણ નાગરિક શિન્તોધર્મી છે, બૌદ્ધ છે કે ઈસાઈ એની કોઈને પડી નથી. રાષ્ટ્રભક્તિમાં—જાપાન પ્રત્યેની નિષ્ઠામાં—બધા સરખા જ મજબૂત, સામાજિક દૃષ્ટિએ બધા છૂટથી એકબીજામાં ભળી જાય છે. કેટલાક ઈસાઈઓ બૌદ્ધ થાય છે, બૌદ્ધો ઈસાઈ થાય છે. સરવાળે કશું બગડતું નથી, અને... કશું સુધરતું ય નથી!!

*

આપણે ત્યાંનો ધર્મ-ધર્મ વચ્ચેનો સંબંધ સ્વાભાવિક નથી, પણ રોગી

છે. એનો ઇલાજ રાજદ્વારી માંડવાળથી ન જ થઈ શકે. ધાર્મિકતાની કલ્પના જ વધારે શુદ્ધ કરવી જોઈશે. શુધ્ધ વિચારનો પ્રારંભ ગાંધીજીએ કર્યો અને ભારતીય સંસ્કૃતિનું શુદ્ધ ઉદાત્ત ને સર્વકલ્યાણકારી સમન્વયમૂલક સ્વરૂપ સમજાવ્યું. ગાંધીજીએ જોયું કે જો હિંદુઓ પોતાની પરંપરાગત સર્વધર્મસમભાવવાળી સંસ્કૃતિનું પાલન કરશે, તો એની અસર યથાકાળે ઈસાઈ અને ઇસ્લામી ધર્મસંસ્કૃતિ પર થવાની જ છે. ગાંધીજીની એ શ્રદ્ધા કેટલી સાચી છે એનું પ્રત્યંતર આપણે ઈસાઈઓના બદલાતા વલણના પ્રારંભમાં જોઈ શકીએ છીએ.

['કાલેલકર ગ્રંથાવલિ': પુસ્તક ૬]

## આપણને ખાઈ જશે

હું જ્યારે 'નવજીવન' ચલાવતો હતો ત્યારે એક વખત ગુજરાતના કેટલાક આંકડાઓ મેં ભેગા કર્યા હતા અને એક લેખ લખ્યો હતો. એ લેખ તરફ ગુજરાતનું ફરી વાર ધ્યાન ખેંચવા માગું છું. એમાં મેં લખ્યું હતું કે—

"ગુજરાતમાં જે લગભગ એક કરોડની વસ્તી છે તેમાંથી ઉજળિયાત કોમના લોકો અઢાર લાખ છે, અને જે લોકો શ્રમજીવી છે—જેમને આધારે આપણે બધા ખાઈએ છીએ, પીએ છીએ અને જીવીએ છીએ તે લોકો—એંસી લાખ છે. અત્યાર સુધીનું આપણું જેટલું જાહેર જીવન છે, જેટલી વિચારણા છે, જેટલો પુરુષાર્થ છે તે પેલા અઢાર લાખ લોકોનો. બાકીના જે એંસી લાખ લોકો રહ્યા તે પણ જાગૃત થયા છે. હવે એ અશિક્ષિત રહી શકવાના નથી અને બધું ચુપચાપ સહન કરી શકે એવી સહનશીલતા પણ એ રાખવાના નથી. એ એંસી લાખને ઉત્તમ કેળવણી આપવી, સંસ્કૃતિના બધા લાભો આપવા અને એમને હાથે હિંદુસ્તાનની ઉત્તમ સેવા થાય એ જાતની વ્યવસ્થા કરવી, એ કામ ખરી કેળવણીનું છે. અઢાર લાખ લોકોએ અંદર-અંદર ઘણું કામ

કર્યું, સારું કામ કર્યું, તે માટે એ અભિનંદનને પાત્ર છે. પણ બાકીના જે એંસી લાખ લોકો છે તેમને જો આપણે ભૂલી ગયા (અને આપણે એ જ કર્યું છે), તો એ નથી ચાલવાનું.

"આખું 'મહાભારત' વાંચી જાઓ. 'મહાભારત'માં બ્રાહ્મણ અને ક્ષત્રિય, બેનાં જ નામ આપણને મળે છે. આવડું મોટું 'મહાભારત', આપણી સંસ્કૃતિનો સર્વોચ્ચ ગ્રંથ, એ 'મહાભારત'માં મોટે ભાગે બ્રાહ્મણો અને ક્ષત્રાયોનો જ પુરુષાર્થ છે અને બાકી જેટલી પ્રજા છે એ જાણે જાનવર હોય એ રીતે આપણે વિચાર કર્યા. એ દોષ, એ મહાપાપ આજે આપણને નડવાનું છે. માટે હવે પછીની કેળવણી આ એંસી લાખ લોકોને માટે છે. એમને કેળવણી આપો તો પ્રજા જાગૃત થશે. નહીં તો એ લોકો આપણને ખાઈ જશે."

## તેજસ્વિતા પહેલી

હિંમત ન હોય અને નમ્રતા હોય તે કામની નથી. હિંમત વધે પછી નમ્રતા આવે તે શોભે. માટે આપણે જે વિદ્યા આપીએ તે પહેલાં તેજસ્વી હશે, પછી બીજી બધી સંસ્કારિતા. તેજસ્વિતાને ભોગે આવતી સંસ્કારિતા નથી જોઈતી. તેજસ્વિતા સાથે જેટલી નમ્રતા આવે તે ઉત્તમ.

## "એ પુસ્તક આપી શકીશ નહીં!"

ફૂલ-સજાવટની બાબતમાં જાપાન દુનિયામાં સૌથી આગળ પડતો દેશ છે, તે આપણે જાણીએ છીએ. એટલે હું જાપાન ગયો ત્યારે 'પુષ્પ-સજાવટ' અંગેની એક ચોપડી ખરીદવાનું મેં નક્કી કરેલું. મારી સાથે એક-બે બહેનો હતાં. અમે ગયાં એક દુકાને અને માગણી કરી કે, "તમારો દેશ ફૂલ-સજાવટમાં બહુ કુશળ છે, તો તે અંગેની એક ઉત્તમ ચોપડી અમને આપો."

દુકાનદારે ચોપડી મગાવી. તરત આવી. મને આપી. મેં જોઈ. ચોપડી સુંદર હતી, પણ તેની બાંધણી જરા ઢીલી હતી, એટલે મેં કહ્યું, "તમારી ચોપડી તો સુંદર છે, પણ તેની બંધામણી જરા ઢીલી છે; એટલે બીજી નકલ હોય તો મને આપશો?"

પેલાએ તપાસ કરી. પણ તે જાતનું એ એક જ પુસ્તક બચ્યું હતું, એટલે લાચારી બતાવતાં કહ્યું, "અત્યારે મારી પાસે બીજી નકલ નથી. તમને મંગાવી આપીશ." પણ મારે એટલો સમય ક્યાં હતો? એટલે મેં કહ્યું, "વારુ, ત્યારે મને આ જ નકલ આપો; હું ચલાવી લઈશ."

તે કહે, "ના જી, હવે તો હું આપને એ પુસ્તક આપી શકીશ નહીં."

મેં કહ્યું, "પણ મને તે પસંદ છે. અને હું રાજીખુશીથી લઈ જાઉં છું."

"મને માફ કરશો? આપને હું એ પુસ્તક આપી શકીશ નહીં. આ પુસ્તક મારા દેશનું પ્રતીક છે. આવી નબળી બંધામણીવાળા પુસ્તકથી હું મારા દેશની પ્રતિષ્ઠાને ઝાંખપ નહીં લાગવા દઉં..." પછી કહે, "આપનું સરનામું મને આપશો? આવતી કાલે બરાબર બાર વાગ્યે મારો માણસ આપને ત્યાં આવીને તે પુસ્તક પહોંચાડશે."

અને ખરેખર, બીજે દિવસે મને પુસ્તક નવેસર બરાબર બંધાઈને મળ્યું હતું.

## "ભગવાં ઉતારવાં પડશે"

આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. દેશની આઝાદી માટે બાપુ જે કાર્ય કરી રહ્યા હતા, તે જોઈ તેઓ બહુ પ્રસન્ન થયા. એક દિવસ સ્વામીજી બાપુ પાસે જઈ કહેવા લાગ્યા, "હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું."

બાપુ કહે, "બહુ સારું. આશ્રમ તમારા જેવાને માટે જ છે. પણ

આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવાં પડશે.”

આ સાંભળીને સ્વામી સત્યદેવજીને ઘણો આઘાત લાગ્યો. ગુસ્સે થયા. પણ બાપુ આગળ પોતાનું દુર્વાસારૂપ બતાવી શકતા નહોતા. તેમણે કહ્યું, “એ તો કેમ બને? હું સંન્યાસી છું ને?”

બાપુએ કહ્યું, “હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારું શું કહેવું છે તે બરાબર સમજી લો.”

પછી બાપુએ તેમને શાંતિથી સમજાવ્યું, “આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની ભક્તિ અને સેવા કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહીં, સેવા કરવાનું છે. આપણે લોકોની જેવી સેવા કરવા માગીએ છીએ તેવી સેવા તેઓ તમારાં આ ભગવાંને લીધે તમારી પાસેથી નહીં લે. ઊલટા તમારી સેવા કરવા દોડશે. ત્યારે જે વસ્તુ સેવા કરવાના આપણા સંકલ્પની આડે આવે, તે કેમ રાખીએ? સંન્યાસ માનસિક વસ્તુ છે, સંકલ્પની બાબત છે. બાહ્ય પોશાક સાથે તેને શો સંબંધ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે?”

સત્યદેવને વાત સમજાઈ તો ખરી, પણ ગળે ન ઊતરી. મારી પાસે આવીને કહેવા લાગ્યા, “આ તો મારાથી નહીં બને. જે વસ્ત્રો મેં સંકલ્પપૂર્વક ગ્રહણ કર્યાં છે, તે છોડી નહીં શકું.”

['બાપુની છબી' : પુસ્તક]

# સાધુવેશ વિનાના સંન્યાસી

૧૯૦૯માં હું મુંબઈમાં ‘રાષ્ટ્રમત’ દૈનિકના તંત્રીમંડળમાં કામ કરતો હતો. એ મરાઠી દૈનિક રાષ્ટ્રીય વિચારોનો પ્રચાર કરવા શરૂ થયેલું. ‘રાષ્ટ્રમત’ પ્રેસ ગોઠવવાની તૈયારી ચાલતી હતી તે જ વખતે સરકારે લોકમાન્ય તિલકને બંગાળની અરાજક હિલચાલ સાથે સહાનુભૂતિ

બતાવવાના આરોપસર છ વરસની સજા કરી બ્રહ્મદેશમાં મોકલી દીધા. મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય હિલચાલ આ કારણથી અસ્તવ્યસ્ત થઈ ગઈ ને બગડેલું વાતાવરણ ઠેકાણે લાવવાનો પ્રયાસ 'રાષ્ટ્રમતે' શરૂ કર્યો.

'રાષ્ટ્રમત' લોકપ્રિય નીવડ્યું પણ ફતેહમંદ નીવડ્યું નહિ. તેના પર કરજનો ભારે બોજો આવી પડ્યો. બેલગામના શ્રી ગંગાધરરાવ દેશપાંડેએ છાપું પોતાના હાથમાં લીધું અને પગારદાર નોકરોને બદલે સ્વયંસેવકોની મારફત પત્ર ચલાવવાનું શરૂ કરી દીધું. વરાડ-નાગપુરથી માંડી કર્ણાટક સુધીના સ્વયંસેવકો કામ કરવા ભેગા થઈ ગયા હતા. બે વખત ખાય અને આખો દિવસ કામ કરે. બધા સરખી રીતે રહે એવી ત્યાંની વ્યવસ્થા હતી. ઘણા લોકો પાસે ખાનગી કપડાં પણ ન હતાં. જે ધોતિયું જેના હાથમાં આવે તે એ પહેરી લે અને બધાં ધોતિયાં એકસામટાં ધોઈ નાખવામાં આવે, એવી ગોઠવણ હતી. જેને જે સૂઝે તે કામ તે કરે.

તે વખતે અમારી સંસ્થામાં એક પાણીદાર દૃષ્ટિવાળો જુવાન—અથવા બાળક કહું તો ચાલે—આવી ચડ્યો. આવ્યો કે તરત જ એણે બધા સાથે દોસ્તી બાંધી. સાંજે અગાસીમાં બેસી અમે તંત્રીપદને છાજે એ રીતે દુનિયાના એકેએક વિષય પર ચર્ચા કરતા, તેમાં આ છોકરો પણ છૂટથી ભાગ લેતો. એની ધૃષ્ટતા જોઈ મને મારા સ્વભાવ પ્રમાણે રીસ ચડવી જોઈતી હતી. પણ તે છોકરો એટલી નિર્વ્યાજ વૃત્તિથી બોલતો કે રીસને બદલે મને એને વિષે કૌતુક લાગ્યું. એ પોતાને સ્વામી આનંદાનંદને નામે ઓળખાવતો હતો. આ સ્વામી ક્યાંના છે, ક્યાંથી આવ્યા છે, એમની યોગ્યતા શી છે, એમાંનું હું કશું જાણતો નહોતો. એક દિવસ મેં આ બાળ સ્વામીજીને પૂછ્યું: "સ્વામીજી, આપે ધાર્મિક ગ્રંથો તો ખૂબ વાંચ્યા હશે?" સ્વામીજી ઉદ્દામ બેદરકારીથી બોલ્યા: "હું એક સ્વદેશને ઓળખું છું. રાજકારણ એ જ મારો ધર્મ છે." મેં કહ્યું: "ત્યારે તમે સંન્યાસી શાના?" સ્વામીજી કહે: "અમે તો એવા સંન્યાસી." મેં કહ્યું: "ધર્મથી આપ આટલા ભડકો છો શા માટે? ધર્મ કંઈ રાજકારણની આડે નથી આવતો. ઊલટું રાજકારણમાં જે બળ

જોઈએ છે તે ધર્મમાં જ મળી શકે છે.”

“એમ હોય તો ધર્મ સામે અમારો વાંધો નથી. પણ અત્યાર સુધી મેં ધર્મમાં એવું કશું જોયું નથી.”

“તમે ધર્મના જૂના ગ્રંથ જોયા હશે. તમે વિવેકાનંદ વાંચ્યો છે? વિવેકાનંદ વાંચો એટલે ધર્મ દ્વારા દેશભક્તિ કેવી સરસ કેળવાય છે એનો તમને ખ્યાલ આવશે.” આ બધું સંભાષણ શુદ્ધ મરાઠીમાં ચાલતું હતું; વચમાં કેટલાક અંગ્રેજી શબ્દો આવતા એટલું જ. આ બાલ સ્વામી મહારાષ્ટ્રી નથી, એવી મને શંકા સરખી ન આવી.

સ્વામી આનંદાનંદ એ મૂળ કાઠિયાવાડના. બાળપણમાં મુંબઈમાં જ રહેલા. નિશાળની અને તેમની ઓળખાણ બહુ જૂજ હતી; પછી બે વચ્ચે સ્નેહ તો શાનો હોય? નાનપણમાં માબાપે દીકરાને પરણાવવાનો વિચાર કર્યો. દીકરાના મનમાં વસી ગયું હતું કે પરણવામાં શ્રેય નથી. ત્યાર પછી ઝાઝા દિવસ સુધી ઘેર રહેવું અશક્ય હતું. તેઓ યાત્રાએ નીકળ્યા. સંન્યાસની દીક્ષા લીધી અને તિલકના દૌરામાં ભળી વરાડમાં ગયા. ત્યાંના અવિશ્રાંત કાર્યકર્તા વીર વામનરાવના કુટુંબમાં ભળી ગયા. હજારો લોકોની મોટીમોટી સભાઓમાં વ્યાખ્યાનો દેવા લાગ્યા. ‘તરુણ હિંદ’ નામનું મરાઠી છાપું તેમણે શરૂ કર્યું. પોલીસે તેમને જેલમાં બેસાડી મૂક્યા. વરાડ પ્રાંતમાં એવું એક પણ ગામડું નહીં હોય કે જ્યાં સ્વામીની વીર હાકલ ન પહોંચી હોય. થોડા જ દિવસમાં ‘સો સભાનો વીર’ એવું નામ તેમને મળ્યું. ‘તરુણ હિંદ’માં બહુ સારા લેખો આવતા. તેની અંદર દાવપેચવાળું રાજકારણ નહોતું; રાષ્ટ્રીય પક્ષનાં સીધાં અને તેજસ્વી તત્ત્વો જ. લેખનશૈલીમાં અપરિપક્વતા જરૂર જણાતી, છતાં કલકત્તાના ‘વંદેમાતરમ્’ની છાપ તેમાં સહેજે દેખાઈ આવતી.

‘રાષ્ટ્રમત’ બંધ પડ્યા પછી સ્વામીએ થોડો વખત રાષ્ટ્રીય અને ધાર્મિક સાહિત્ય વાંચવામાં ગાળ્યો. ગુજરાતી સાહિત્ય તો તેમણે નાનપણમાં જ પૂરું કર્યું હતું. ‘સરસ્વતીચંદ્ર’ અને ‘કલાપી’ એ તો તે જમાનાના ગુજરાતના નવયુવકોમાં ‘મહાભારત’ ને ‘ભગવદ્ગીતા’ સમાન હતાં. સ્વામી મને ‘કલાપી’નાં કેટલાંયે સરસ સરસ કાવ્યો વાંચી સંભળાવતા.

મૂળદાસની વાર્તા અને વ્હાલી બાબાનું કરેલુ સાંત્વન, ઘાયલ પંખીને ઉદ્દેશીને લખેલી કવિતા અને વૃદ્ધ ટેલિયાનું શબ્દચિત્ર એમની પાસે હું સાંભળતો. ગુજરાતી ભાષા મને આવડે નહિ, પણ કલાપીના કરુણરસપૂર્ણ વિચારોથી હું વાકેફ થયો. અશ્રુ, મૃત્યુ ને રુદનથી ભરપૂર એ સાહિત્ય તરફ આ જુવાન અને હિંમતવાન સ્વામીનું મન કેમ આકર્ષાયું, એનું મને આશ્ચર્ય થતું. 'સરસ્વતીચંદ્ર' અને 'કલાપી'ની અભિરુચિ વિદગ્ધ અને સંસ્કારી છે એમાં શક નથી, પણ બંનેમાં હૃદયદૌર્બલ્ય પૂરેપૂરું છે; અને યુવાવસ્થામાં એવા સાહિત્યના પાનથી એક જાતની ક્ષીણવીર્ય ઉન્મત્તતા આવી જાય છે એમ હું માનતો. પણ સ્વામી ઉપર તેની અસર મેં જોઈ નહિ. મને લાગે છે કે એનું કારણ એ જ હશે કે જેટલા રસથી તેમણે 'કલાપી' ને 'સરસ્વતીચંદ્ર'નું અધ્યયન કર્યું હતું તેટલા જ રસપૂર્વક કાઠિયાવાડનું પ્રાણવાન લોકસાહિત્ય તેમણે સાંભળ્યું હતું. એવી ભૂમિકા ઉપર રાષ્ટ્રીય પક્ષના વિચારોનું વાવેતર સરસ થવું જ જોઈએ.

મહારાષ્ટ્રમાં આવ્યા પછી સ્વામીએ મરાઠી સાહિત્ય પર હુમલો શરૂ કર્યો. 'કેસરી'નાં લખાણો ને પરાંજપેનાં વાગ્બાણ, સાવરકરના તેજાબ જેવા લેખ ને પાંગારકરનાં ભક્તિરસપૂર્ણ પ્રવચનો, આપટેની નવલકથાઓ અને તિલકની કવિતા—દરેક વસ્તુ સાથે એમનો સારો પરિચય થયો.

નાનપણથી જ સેવાવૃત્તિની મોહિની એમની પાસે હોવાથી તેઓ આત્મોન્નતિના અનેક પ્રસંગો સહેજે મેળવતા, ને દરેક પ્રસંગનો પૂરેપૂરો લાભ મેળવવાની આવડત તેમનામાં હતી. બીજાનું દુઃખ જોઈ જેનું હૃદય સહેજે પીગળી જાય છે તેના જીવનમાં બહુ જલદીથી ક્રાંતિ થઈ જાય છે. રાજકારણનું રૂપાંતર ધાર્મિકતામાં થયું અને મિત્રપ્રેમનો વિકાસ થઈ તેનું રૂપાંતર ગરીબોની દાઝમાં થઈ ગયું.

સ્વામીને લાગ્યું કે આપણે કંઈ પણ ધાર્મિક સાધના કરવી જોઈએ. તેઓ હિમાલયમાં ગયા અને ત્યાં ગાયત્રીનું પુરશ્ચરણ શરૂ કર્યું. સ્વામી વિવેકાનંદના માયાવતી મઠનું દર્શન કરીને તેઓ આલ્મોડામાં આવ્યા. પુરશ્ચરણ દરમિયાન માનસરોવર ને કૈલાસનાં દર્શન કરવાનો સંકલ્પ

તેમણે મનમાં બાંધ્યો. આમ નિવૃત્તિમાર્ગ તો સ્વીકાર્યો, પણ પ્રવૃત્તિની કંબલ બાબાકો છોડે તેવી નહોતી. આલ્મોડામાં 'હિલ બોય્ઝ સ્કૂલ' કરીને એક નિશાળ હતી, તેમાં ભણાવવાનું કામ કરવાનું સ્વામીને સૂઝ્યું અને ઘણા પહાડી વિદ્યાર્થીઓ તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. હિમાલયમાં બેઠાંબેઠાં તેમણે ધાર્મિક સાહિત્યનું અધ્યયન સારી રીતે ચલાવ્યું હતું. 'ગીતા' અને 'ઉપનિષદ્'નો થોડો થોડો આસ્વાદ લેતાં, બંકિમચંદ્રના 'ધર્મતત્ત્વ'માં અવગાહન કરતાં, એમર્સન અને વોલ્ટ વ્હિટમન સાથે પરિચય કરતાં તેમનો વખત જતો. બિપિનચંદ્ર પાલ ને અરવિંદ ઘોષ, લાજપતરાય ને હરદયાળ વગેરેના સિદ્ધાંતોનું તેમણે ધ્યાનપૂર્વક અધ્યયન કર્યું, કુમારસ્વામી અને ભગિની નિવેદિતાના ઉચ્ચ સંસ્કારવાળા સાહિત્યનું મનન કર્યું, વિવેકાનંદ ને રામતીર્થનું અનેક વાર પારાયણ કર્યું, મેક્સ મૂલર ને ડોયસન શું કહે છે તે જાણી લીધું, બંગાળી અને હિંદી સાહિત્ય સાથે થોડો થોડો પરિચય કર્યો અને પુરશ્ચરણ પૂરું કરી યાત્રા આરંભી.

હિમાલયની પોતાની યાત્રાનું વર્ણન તેમણે 'લોકશિક્ષણ' નામના મરાઠી માસિકમાં કંઈક અંશે આપેલું છે. મરાઠી ભાષા પરનું તેમનું પ્રભુત્વ જોઈ મોટા સાક્ષરો પણ વિસ્મિત થતા. ઉત્તરાખંડની યાત્રા પૂરી કરી તેઓ કૈલાસ માનસરોવર તરફ ગયા. કૈલાસ તરફ જવાના બે-ત્રણ રસ્તાઓ છે, પણ આપણા સ્વામીને સહેલો રસ્તો તો કોઈ કાળે સૂઝે જ નહિ. તેમણે જતી વખતે અઘરામાં અઘરો રસ્તો—ઊંટધુરાની ઘાટીનો પસંદ કર્યો. આ મુસાફરીમાં તેમણે રોજના ૪૦-૪૪ માઈલ પ્રવાસ કર્યો. છેલ્લા બે દિવસ તો કશું ખાવાનું પણ ન મળે, છતાં તેમણે નિર્વિઘ્નપણે કૈલાસની પ્રદક્ષિણા કરી માનસસરોવરનું સ્નાન-પાન પણ કર્યું, નેપાળ તરફના ખોજરનાથનાં દર્શન કર્યાં અને લેપુ ઘાટીને રસ્તે પાછા આવ્યા. પછી નેપાળની યાત્રાએ નીકળ્યા. નેપાળથી પાછા આવી એમણે કાશ્મીરની યાત્રા કરી. ફક્ત એક લંગોટી પહેરી અમરનાથ સુધી જઈ આવ્યા. કાશીમાં પણ ધર્મ અને ઇતિહાસનું થોડુંઘણું અધ્યયન કર્યું અને પાછા ગુજરાત-મહારાષ્ટ્રમાં કામ કરવા આવી ગયા.

હિમાલયમાંથી પાછા આવ્યા ત્યારે સ્વામી એક જુદા જ માણસ બન્યા. તેમણે જોઈ લીધું કે માણસમાં સાધુતા હોય, છતાં સાધુનો વેશ હોવો ન જોઈએ. માણસ અપરિગ્રહ વ્રતનું પાલન કરે, પણ ભિક્ષા માગતો ઉપદેશ કરતો ન ફરે. દુનિયામાં રહે, છતાં નઃસ્પૃહતા કેળવે. અમર્યાદ પ્રવૃત્તિમાં પડે, છતાં અનાસક્ત રહે. તો જ માણસ આજે દેશની કંઈક સેવા કરી શકે. લોકો આપણને સાધુ તરીકે ઓળખે, એટલે આપણે મૂઆ પડ્યા. લોકો જોડે દુનિયાદારી માણસ જેવા જ રહીએ, તેમની જ ભાષા બોલીએ, તેમના જેવી જ પ્રવૃત્તિ આદરીએ, અને છતાં તેની અંદર મોહમમતા ન રાખીએ તો જ સંન્યાસીનું કર્તવ્ય પાર પાડ્યું ગણાય. સ્વામીએ પોતાની લાંબી જટા ને દાઢી ઊતરાવી નાખી, કફની ને દંડને રજા આપી ને મુંબઈગરા જેવો સામાન્ય પોશાક ચડાવ્યો. મુંબઈમાં રહી તેમણે સામાન્ય માણસ પૈસા કમાવાના જે સામાન્ય ઉદ્યોગો કરે છે તેવા ઉદ્યોગો કેટલાક દિવસ સુધી કર્યા. છાપાંઓના ખબરપત્રી, જુવાનિયાઓના ટ્યૂટર, હિંદી સાહિત્ય સંમેલનના ઉપ-મંત્રી વગેરે કામો તેઓ કરતા. સાધુસંન્યાસીમાં પણ દરેક જાતની વ્યવહારકુશળતા હોઈ શકે છે એનો તેમણે અનુભવ કરાવ્યો.

લોકમાન્ય તિલક એ તો સ્વામીની ધ્યાનમૂર્તિ. તેમનું ‘ગીતા-રહસ્ય’ બહાર પડ્યું ત્યારે ઉત્સાહથી અને નિષ્કામ વૃત્તિથી સ્વામીએ તેનું આખું ભાષાંતર કરી રાખ્યું. હું એટલું કહી શકું કે હાલમાં જે ‘ગીતારહસ્ય’નું ગુજરાતી ભાષાંતર બહાર પડ્યું છે તેના કરતાં સ્વામીનું ભાષાંતર અનેક દરજ્જે ચડિયાતું છે.

વચમાં થોડા દિવસ વડોદરામાં રહી સ્વામીએ ત્યાંની સેન્ટ્રલ લાઇબ્રેરીનો સારો ઉપયોગ કર્યો અને નવરાશનો વખત જાતજાતની યોજનાઓ ઘડવામાં ગાળ્યો. રાષ્ટ્રમાં જે નવું જીવન આવવા લાગ્યું હતું તેના બધા સિદ્ધાંતોનું વિવેચન કરવા માટે ‘સાધના’ નામનું એક માસિક ચલાવવાનો સ્વામીનો વિચાર હતો. તેની કાંઈક કલ્પના તેમણે ‘નવજીવન અને સત્ય’ માસિકમાં ૐ એવી સહીથી આપી હતી. ગુજરાતી સાહિત્યમાં ભાષાની શુદ્ધિનો આદર્શ સચવાતો નથી, ઉચ્ચ અભિરુચિનું

ઘણી વાર ખૂન થાય છે, તેને કંઈક દિશા બતાવવા ને અધર્મ સાહિત્ય ઉપર અંકુશ મૂકવા સારાસારા સાક્ષરો ને લેખકોને આમંત્રણ આપી એક સાહિત્યનો ‘પહેરેગીર’ મહિનામાં બે વાર સાહિત્યની ચોકી કરે એવી પણ તેમની એક યોજના હતી. સરસ સરસ પુસ્તકો સુંદર રૂપમાં ગુજરાતના હાથમાં હોય, ગ્રંથકારોને કંઈક સારું મહેનતાણું મળે અને પ્રકાશકોની નફાખોરી અટકે એટલા માટે એક પ્રકાશન મંદિર ખોલવાની પણ સ્વામીએ તૈયારી કરી હતી, જેની અંદર નફો લીધા વગર ઉત્તમોત્તમ અને શોભીતાં પુસ્તકો બહાર પાડી તેનો બધો નફો ગ્રંથકારને મળે એવી ગોઠવણ હતી.

એટલામાં સ્વામી મહાત્માજીના પ્રસંગમાં આવ્યા. ધીમે ધીમે તેમની તરફ આકર્ષાતા ગયા, તેમની મોહિનીમાં સપડાયા, અને બધી પ્રવૃત્તિઓ છોડી તેમણે ‘નવજીવન’ અઠવાડિક હાથમાં લીધું. નિંદા અને સ્તુતિને વશ થયા વગર, જાહેરમાં આવવાની કશી લાલસા રાખ્યા વગર, પોતાની સામ્યાવસ્થા જાળવી ચોવીસે કલાક કામમાં પરોવાઈ જવાની પોતાની વૃત્તિને સાથે લઈ તેમણે ‘નવજીવન’માં પ્રવેશ કર્યો.

પ્રથમ ‘નવજીવન’ની વ્યવસ્થામાં, ત્યાર પછી નવજીવન મુદ્રણાલયમાં અને ‘નવજીવન’ના તંત્રમાં તેમણે પોતાની પ્રવૃત્તિ વધારી. તેમની કારકિર્દીમાં ‘નવજીવન’ વધ્યું ને એની સાથે સ્વામીના માથા પરનો બોજો પણ વધ્યો. અઢી વરસની સખત મહેનત પછી તે બોજ ઉતારી હકની રજા મળવાની (સરકારની કૃપાથી જેલની) તક તેમને હાથ આવી. જેમના ઉપર હું નાનપણથી જ વહાલ કરતો આવ્યો છું તે આખા ગુજરાતનો વહાલો થઈ પડેલો છે એ જોઈ મને મગરૂરી થાય છે અને વહાલના આ ભાગીદારોની ઈર્ષા પણ આવે છે.

[‘નવજીવન’ અઠવાડિક: ૧૯૨૨]

# શૃંગારનું સાચું દર્શન

[સાહિત્યકારો કહે છે કે] મેં મારા લખાણમાં શૃંગારરસ આવવા દીધો નથી. હવે શૃંગારનો જે પ્રકાર સાહિત્યમાં દેખાય છે તે મોટે ભાગે બેહૂદો હોય છે. જ્યાં સુધી મારામાં વિકાર છે ત્યાં સુધી હું શૃંગારનું સાચું દર્શન કરાવી ન શકું. મેં એ રસને ત્યાજ્ય નથી ગણ્યો. જે દિવસે મને શુદ્ધ શૃંગારનું દર્શન થશે તે દિવસે હું એને મારા સાહિત્યમાં આવવા દઈશ. આશ્રમવાસી છું માટે હું એને છેડતો નથી, એમ નથી. શિક્ષક તરીકે આખા જીવનનું દર્શન વિદ્યાર્થીઓને કરાવવાનું હતું. એમાં તો બધી વસ્તુઓ આવે. વિદ્યાર્થીઓને કાજે પણ શૃંગારસાહિત્ય મારે ઠીકઠીક વાંચવું પડ્યું છે. મારા પોતાના પણ મીઠાકડવા અનુભવો છે. એટલે શૃંગારનું મહત્ત્વ હું સ્વીકારું છું. એને ભ્રષ્ટ ગણું છું, એમ પણ નથી. શુદ્ધ શૃંગાર સુધી પહોંચવાની નિર્વિકારી દૃષ્ટિ કેળવાશે તો હું તે આપીશ જ.

[ષષ્ટિપૂર્તિ મહોત્સવ: ૧૯૪૬]

# શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં

*શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં,*
*દેખ ભાગૈ સોઈ શૂર નાહીં.*

*કામ ઔ' ક્રોધ, મદ, લોભસે જૂઝના,*
*મંડા ઘમસાન તહં ખેત માહીં.*

*શીલ ઔ' શૌચ, સંતોશ સાહી ભયે,*
*નામ સમસેર તહં ખૂબ બાજૈ.*

*કહૈ કબીર કોઈ જૂઝી હૈ શૂરમા*
*કાયરાં ભીડ તહં તુરત ભાજૈ.*

કબીરનું આ ભજન આપણી સત્યાગ્રહની લડત દરમિયાન બહુ લોકપ્રિય થયું હતું.

શાંતિવાદી સાધુઓ પણ લડતની પરિભાષા રસપૂર્વક વાપરે છે. ‘સાલ્વેશન આર્મી’વાળાઓએ આ દિશામાં કમાલ કરી છે. ‘પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ’ [પુસ્તક]માં પણ લડતની ભાષા આબાદ રીતે વાપરી છે. બુદ્ધ ભગવાને ૪૯ દિવસ સુધી માર સાથે યુદ્ધ ચલાવ્યાનું વર્ણન કરતાં કવિઓ થાકતા જ નથી.

આ ભજનની ભાષા સીધી સોંસરી છે. શૈલી જોરદાર છે, માણસને ચડાવનારી છે. અને જુસ્સો તો એના દરેક શબ્દમાં ભરેલો છે. કામ, ક્રોધ, મદ અને લોભ—એ ચાર શત્રુઓ એકઠા થઈ પોતપોતાની ફોજ સાથે સામે ઊભા છે. એમની સાથે મરણિયા થઈને ઝૂઝવું છે. રણક્ષેત્રમાં ઘનઘોર યુદ્ધ જામ્યું. શીલ, સદાચાર, પવિત્રાતા અને નિર્લોભ સંતોષ—બધાં મદદમાં આવ્યાં છે અને ભગવાનના નામરૂપી તલવાર વીજળીની પેઠે એવી તો ચાલે છે કે શત્રુની સેના કપાઈ જતાં વાર નથી લાગતી. જે શૂર હશે તે આવા યુદ્ધને મહોત્સવ સમજી, એમાં તરત કૂદી પડશે. જે કાયર હશે તે તો ભાગી જવાનો.

કોઈ પણ દેશ ઉપર જ્યારે શત્રુનું આક્રમણ થાય છે, ત્યારે દેશના તેજસ્વી લોકો શત્રુનો સામનો કરવા તૈયાર થાય છે; અને કાયર, દેશદ્રોહી તો શત્રુ સાથે માંડવાળ કરી, પોતાનાં જાન અને મિલકત સુરક્ષિત કરવાની સલાહ આપે છે.

જો યુદ્ધમાં દેશભક્તો હાર્યા, શત્રુનો ઘેરો લાંબો ચાલ્યો, લોકોને જીવવું ભારે થઈ પડ્યું, તો આવા કાયરો પોતાની સલાહ લોકો આગળ ફરી પાથરે છે અને કહે છે કે, અમે કહેતા જ હતા કે આજની અવસ્થામાં લડવામાં માલ નથી. એ તો ખુવાર થવાનો જ રસ્તો હતો. જો વખતસર માંડવાળ કરી હોત, તો આપણો લાભ જ હતો. અત્યાર સુધી આપણે કેટલીયે ઉન્નતિ કરી હોત. આવે વખતે, થાકેલી પ્રજાને પણ થાય છે કે વાત સાચી છે.

વિજયી શત્રુ જ્યારે શહેરમાં પ્રવેશ કરે છે, ત્યારે હારેલા લોકો આ બધા કાયરોને "ડાહ્યા, દૂરંદેશી સમાજનાયકો"નો ઈલકાબ આપી અપનાવે છે. અને એમને જ પોતાના સમાજની આગેવાની કરવાનું સૂચવે છે. થાકેલા લોકો એમની સગવડિયા શિખામણ પસંદ કરે છે, અને શત્રુનું રાજ્ય મજબૂત કરવામાં મદદ કરે છે; પછી તો આક્રમણકારી શત્રુઓ પોતે જ દેશના ઉદ્ધારકર્તા હોવાનો દાવો કરવા માંડે છે.

પણ પ્રજા પછી જ્યારે સ્થિર થઈ જાય છે, ત્યારે એને આવી અધોગતિની ફરી સૂગ ચડે છે. પછી એ પોતાના સાચા આગેવાનોને ઓળખે છે અને સ્વતંત્ર થવાનો ફરી પ્રયત્ન કરે છે.

મધ્યયુગના સંતોએ આત્માને પાડનાર શત્રુઓ સાથે યુદ્ધ ચલાવ્યું હતું તે વખતે એમણે કામ, ક્રોધ, લોભ, મદ આદિ કાયર વૃત્તિઓની સલાહ ન માનવા વિશે પ્રજાને ચેતવણી આપી હતી. પણ પ્રજા આવી ચેતવણીથી કંટાળી. આધ્યાત્મિક જીવનની કઠણાઈ પ્રજાને રુચિ નહિ; તેઓ હાર્યા. એટલે જડવાદી લોકોએ કામવૃત્તિ કેટલીક સ્વાભાવિક છે, ક્રોધ વિના તેજસ્વિતા સંભવે જ નહિ, લોભ એ જ સંસ્કૃતિનો પાયો છે, મત્સર વિના રાષ્ટ્રીયતા બંધાય નહિ, અસૂયા વગર વર્ગસંગઠન થાય નહિ વગેરે વાતો સમજાવી દીધી છે. અને હવે તો મનુષ્યનું હૃદય, મનુષ્યનો સમાજ કામ—ક્રોધાદિ ટોળીના હાથમાં ગયો છે. સાધના, સંયમ, ત્યાગ, તપસ્યા—એ બધા સદ્ગુણો સમાજમાં અપ્રતિષ્ઠિત થયા છે, જીવનવિકાસ માટે ઇંદ્રિયતૃપ્તિ આવશ્યક છે એમ મનાવા લાગ્યું છે. વિજયી રાષ્ટ્રોની આ દૃષ્ટિ જિતાયેલા કાયર લોકો પણ સ્વીકારતા થયા છે.

આવા વાતાવરણ સામે લડીને આત્માનું રાજ્ય, પરમાત્માનું સામ્રાજ્ય ફરી સ્થાપવાનું છે. શીલ, શૌચ, સંયમ અને સંતોષ—આ બધા શીતલ સદ્ગુણોની તેજસ્વિતા સેવા દ્વારા સિદ્ધ કરવાના દિવસો પણ પાછા આવ્યા છે.

['ભજનનાંજલિ' પુસ્તક: ૧૯૭૪]

# ગાંધીજીના થઈ ગયા

પહેલાં હું ક્રાંતિકારી દળમાં હતો. ક્રાંતિકારી નેતાઓની દેશભક્તિ ઉજ્જ્વળ હતી. ત્યાગ અને બલિદાન માટે તેઓ હંમેશાં તૈયાર રહેતા. ફાંસીએ ચડવાની તૈયારી. પણ અંગ્રેજોનો મુકાબલો કરવો હોય તો આપણી તૈયારી કેટલી હોવી જોઈએ, એનો હિસાબ નેતાઓ પાસે નહોતો. લોકજાગૃતિ માટે શું કરવું જોઈએ, એનો અંદાજ એમનામાં ન હતો. સરકારે નેતાઓને સખત સજાઓ કરી, અને કઠોરતાથી પ્રજાને દબાવી દીધી. મેં જોયું કે કોઈ પણ રાજદ્વારી પક્ષની અસર જનતા પર ખાસ દેખાતી નથી. લોકો અસંતોષ કેળવે છે, પણ શક્તિ કેળવતા નથી.

મારા પર વેદાંતનો પ્રભાવ હતો. સંતસાહિત્યનો પણ પ્રભાવ હતો. દેશમાં કશું નક્કર કરવાની આશા જ્યારે દેખાઈ નહીં, ત્યારે આધ્યાત્મિક પ્રેરણા મેળવવાની અને પ્રજાહૃદય ઓળખી એના પર અસર કરવાની યોગ્યતા મળે એ ઇચ્છાથી હું હિમાલયમાં ગયો. હિમાલયમાં કુદરતી ભવ્યતાનાં દર્શન કરતાં કરતાં હું આધ્યાત્મિક સાધના તરફ વળ્યો.

પણ એક સંકલ્પ મને બાકીનું જીવન પૂરું કરવા પાછો લઈ આવ્યો. એ સંકલ્પ હતો ભારતમાતાની સ્વતંત્રતાનો. ભારતમાતાને ગુલામીમાંથી મુક્તિ ન મળે ત્યાં સુધી મને પોતાને મોક્ષ મળે તોયે મારે એ માણવો નહોતો. મારામાં એક વિચાર મજબૂત થયો હતો કે સમસ્ત પ્રજામાં રાષ્ટ્રીય કેળવણી દ્વારા આધ્યાત્મિક તેજ પેદા કર્યા વગર પ્રજાકીય ઉત્થાન શક્ય નથી.

એ અરસામાં રવીન્દ્રનાથ ઠાકુરના કેળવણી-વિષયક અને આધ્યાત્મિક વિચારોનો રંગ પણ મને લાગ્યો હતો. મેં રવિબાબુને પત્રા લખ્યો કે, “હું રાષ્ટ્રીય શિક્ષણનો પ્રેમી છું. ચાર-છ મહિના શાંતિનિકેતનમાં રહી આપના શિક્ષણના આદર્શનું અને પદ્ધતિનું અધ્યયન કરવાની મારી ઇચ્છા છે.” રવિબાબુનો તરત જવાબ આવ્યો: “આવો.”

૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી હિંદુસ્તાનમાં આવ્યા, અને શાંતિનિકેતનમાં હું એમને મળ્યો. એમની સાથે ઘણી ચર્ચા કરી. એમાં

મેં કહ્યું: “આપની તેજસ્વિતા અને કાર્યકુશળતાથી હું પ્રભાવિત થયો છું. પણ અહિંસા દ્વારા ભારતને સ્વરાજ્ય મળી શકશે, એ વિશે વિશ્વાસ બેસતો નથી. દેશને ગુલામીમાંથી મુક્ત કરવા માટે શસ્ત્રયુદ્ધ પણ કરવું પડશે, એમ હું માનું છું.”

ગાંધીજીએ એટલું જ કહ્યું, “તમે મારી પાસે આવો. હું આશ્રમ ખોલવાનો છું, એમાં રહો. મારી કાર્યપદ્ધતિ સમજી લો. વિશ્વાસ જામે તો રહો, નહીં તો મને છોડીને ચાલ્યા જાવ.”

છેલ્લે મેં દલીલ કરી, “અહિંસા પ્રત્યે મારા મનમાં આદર છે, પણ મેં એ સ્વીકારી નથી. એવા માણસને આશ્રમમાં લઈ શકશો ખરા?”

એમણે હસીને કહ્યું, “આજે દુનિયામાં તમારી બહુમતી છે. હું અલ્પમતીમાં છું. તમારા જેવાનો ત્યાગ કરું, તો મને સેવક ક્યાંથી મળવાના? અહિંસાની શક્તિ વિશે તમારામાં વિશ્વાસ પેદા કરવો, એ મારું કામ છે.” એ જવાબથી હું માત થયો.

મારા ક્રાંતિદળના સાથી કૃપાલાની તે વખતે મુઝફ્ફરપુરની કૉલેજમાં અધ્યાપક હતા. મેં તાર કરીને એમને પણ ગાંધીજીને મળવા બોલાવી લીધા. એમણે પણ ગાંધીજી સાથે ખૂબ ચર્ચા કરી, વાંકાચૂંકા અનેક પ્રશ્નો પૂછ્યા. ગાંધીજીએ એમને વ્યવસ્થિત જવાબો આપ્યા. કૃપાલાનીએ છેલ્લે કહ્યું, “હું ઇતિહાસનો અધ્યાપક છું. અહિંસા દ્વારા રાષ્ટ્ર સ્વતંત્ર થયાનો એક પણ દાખલો મને મનુષ્યજાતિના ઇતિહાસમાં મળ્યો નથી.”

જાણે કોઈ સામાન્ય વાત બોલતા હોય એમ ગાંધીજીએ અત્યંત નમ્રતાપૂર્વક પણ તેટલા જ આત્મવિશ્વાસથી ઉત્તર દીધો: “તમે ઇતિહાસ શીખવનારા છો, હું ઇતિહાસ ઘડનારો છું. અહિંસક પ્રતિકાર દ્વારા આપણે ભારતને સ્વરાજ્ય મેળવી આપીશું. પછી ઇતિહાસના અધ્યાપકો એના પર વ્યાખ્યાનો આપશે.”

કૃપાલાની પણ મારી પેઠે ગાંધીના થઈ ગયા.

['બાપુની છબી' પુસ્તક]

# એક પણ સુકૃત્ય કર્યું હોય તો…

ગાંધીજીને હું તો ક્રાંતિકાર તરીકે જ ઓળખતો હતો. આશ્રમમાં જોડાયા પછી પહેલા આઠ દિવસ મેં એમની ઓછી ઊલટતપાસ નથી ચલાવી. પણ મેં જ્યારે જોયું કે જીવનનાં સઘળાં અંગોનો તેમણે પરિપૂર્ણ વિચાર કર્યો છે, ત્યારે મારું હૃદય, મારી બુદ્ધિ, મારી કાર્યશક્તિ મેં એમને ચરણે ધરી. તે પછી કોઈ દિવસ હું પસ્તાયો નથી. મારા જીવનમાં મેં એક પણ સુકૃત્ય કર્યું હોય, તો તે હું ગાંધીજીની સાથે ભળી જઈ શક્યો તે છે.

# કુશળ માળી

એક વાર ગાંધીજીને મેં પ્રશ્ન પૂછ્યો: “આપ અમ સહસાધકોના સાથી જ નહિ, માર્ગદર્શક પણ છો. અમારા દોષ આપ સહન કેમ કરો છો? અમને તે બતાવતા કેમ નથી?”

ત્યારે એમણે કહ્યું કે, “હું એક કુશળ માળી છું. માળી શું કરે છે? એ એક છોડ વાવે એટલે એને ખાતરપાણી આપે. હવે, એ છોડની આસપાસ ઘાસ પણ ઊગે છે. એ ઘાસને પણ પેલું ખાતરપાણી મળે છે. છોડની દૃષ્ટિએ ઘાસ અનિષ્ટ છે. છતાંય માળી એને તરત ઉખેડી નથી નાખતો. એને ખબર હોય છે કે, ઘાસ ઉખેડવા જઈશ તો પેલો છોડ પણ કદાચ ઉખડી જશે. તેથી એ ધીરજ રાખે છે. પછી કાળાંતરે જ્યારે એને ખાતરી થાય છે કે હવે છોડનાં મૂળિયાં મજબૂત થયાં છે, ત્યારે જ એ કુશળતાપૂર્વક પેલું ઘાસ ઉખેડી નાખે છે.”

ગાંધીજીની આ વાત સાંભળીને તે જ ક્ષણથી હું પોતાના આચારવિચારમાં ગાંધીજીને ન ગમતા કયા કયા દોષો છે તે શોધવાના પ્રયત્નો કરવા લાગ્યો. દોષો શોધવા અઘરા ન હતા. પરંતુ નજરે ચડેલા દોષોને ફેંકી દેવા એ કેટલું અઘરું છે, એની તે દિવસથી મને

ખબર પડવા લાગી.

['બાપુની છબી' પુસ્તક]

## એટલે વીસમી વખત

"છોકરાંઓને એકની એક વાત વીસ વીસ વખત કહેતાં તમને કંટાળો નથી આવતો?" એવો સવાલ એક શિક્ષકને કોઈએ કર્યો.

તેણે જવાબ આપ્યો: "ઓગણીસ વખત કહેલું નકામું ન જાય, એટલા માટે વીસમી વખત કહું છું."

કેળવણી એક લડત છે. શિક્ષકોનો પક્ષ હારી બેસશે, તો જગતની શક્તિ નામશેષ થઈ જશે. એક જ રસ્તો છે: ફરી ફરી સમજાવો, ફરી ફરી જાગૃત કરો, અકથ્ય ધીરજ ધરો.

## "ત્યાગ કર્યો હોય તો—"

૧૯૧૫ની આખરની વાત હશે. બાપુ કાંઈક લખતા હતા. હું પાસે બેઠો બેઠો ઉમર ખય્યામની 'રુબાયત'નો [અંગ્રેજી] તરજૂમો વાંચતો હતો. ફિટ્ઝિરાલ્ડના અનુવાદનાં વખાણ મેં બહુ સાંભળ્યાં હતાં, પણ એ વાંચ્યો નહોતો. ચોપડી પૂરી થવા આવી હતી, ત્યાં બાપુનું ધ્યાન મારા તરફ ગયું. "શું વાંચો છો?" તેમણે પૂછ્યું. મેં ચોપડી બતાવી.

નવીસવી ઓળખાણ થયેલી. બાપુ સીધો ઉપદેશ આપવા માગતા નહોતા. ઊંડો નિસાસો નાખી તેમણે કહ્યું: "મને પણ અંગ્રેજી કવિતાનો બહુ શોખ હતો. પણ મેં વિચાર કર્યો કે મને અંગ્રેજી કવિતા વાંચવાનો શો અધિકાર? મારી પાસે વખત ફાજલ રહેતો હોય, તો હું મારી ગુજરાતી લખવાની શક્તિ કાં ન વધારું? દેશની સેવા કરવી હોય તો મારો બધો વખત મારી સેવાશક્તિ વધારવામાં રોકવો જોઈએ."

થોડી વાર થોભી પાછા બોલ્યા: “દેશસેવાને કાજે મેં ત્યાગ કર્યો હોય તો તે અંગ્રેજી સાહિત્યના શોખનો. પૈસા અને ‘કરિયર’ [કારકિર્દી] ના ત્યાગને તો હું ત્યાગ ગણતો જ નથી, એ તરફ મને કદી ખેંચાણ જ નહોતું. પણ અંગ્રેજી સાહિત્યનો શોખ પાર વગરનો હતો. પણ મેં નિશ્ચય કર્યો છે કે એ શોખ મારે છોડવો જોઈએ.”

હું સમજી ગયો, અને ચોપડી બાજુએ મૂકી દીધી.

## સ્વરાજ પછી દુઃખનો પ્રારંભ

૧૮૯૭માં અમે મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલી (હીરક મહોત્સવ) ઊજવી હતી. એ જ્યુબિલીને વીસ વરસ પણ ન થયાં અને ભારતમાં ગાંધીજી આવ્યા, અને એમણે સુપ્ત ભારતને તેમ જ આખી દુનિયાને પ્રજાશક્તિનો નવો ચમત્કાર બતાવ્યો.

આજે આપણે બધા સ્વરાજની મોકળી અને પ્રાણદાયી હવામાં જીવીએ છીએ. ભારતના જીવનમાં સહુથી ધન્ય વાત આ જ છે કે પારતંત્ર્યની અંધારી રાત વટાવીને આપણે સ્વરાજ્યનો ઉદય જોઈ શક્યા.

આજે દેશમાં જ્યાં જુઓ ત્યાં અસંતોષ દેખાય છે અને સ્વરાજની હિલચાલ વખતના કેટલાક કુમારો આજે પૂછે છે: “શું દેશની આવી સ્થિતિ માટે અમે સ્વરાજની લડત લડયા હતા?” એવા લોકોને માટે એમના અને અમારા બુઝુર્ગ લોકમાન્યની વાણી સંભળાવવા માગું છું.

ભારતનું તાત્કાલિક ભાગ્ય જેના હાથમાં હતું એવા [બ્રિટિશ સરકારના] સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડિયા વેજવૂડ બેન ભારતમાં આવ્યા હતા. ભારતના પ્રમુખ નેતાઓને એમણે મળવા બોલાવ્યા. નેતાઓ નવા નવા બૂટ-સૂટ પહેરીને મળવા ગયા. દેશી પોશાકમાં બે જ જણા હતા: લોકમાન્ય ટિળક અને મહાત્મા ગાંધી.

બેન મહાશયે લોકમાન્યને પૂછ્યું: “તમે સ્વરાજ માગો છો. પણ તમે માનો છો કે સ્વરાજ મળવાથી તમે સુખી થશો?”

લોકમાન્ય ટિળકે દૂરંદેશી, તેજસ્વી અને સાચો જવાબ આપ્યો: "ના, સુખી તો આજે છીએ; પણ એવું સુખ અમને જોઈતું નથી. આજે અમને કશી ચિંતા નથી. આરામમાં છીએ. ભારતનું રક્ષણ તમે કરો છો. રાજ્ય તમે ચલાવો છો. અમને એની હૈયાબળતરા નથી. સ્વરાજ મળશે ત્યારે અમારા દુ:ખનો પ્રારંભ થશે. પણ એમાં જ અમે રાચીશું. વિઘ્નો આવશે એને પહોંચી વળતાં અમારું પૌરુષ કેળવાશે. અમે ભૂલો કરીશું તે સુધારતાં સુધારતાં જ અમે ઘડાઈશું. અમારે એ બધી હાડમારી જ જોઈએ છે."

ભારતમંત્રી સડક થઈને ગાંધીજી તરફ વળ્યા. મીઠું હાસ્ય કરીને તેમણે પૂછ્યું: "અરે ગાંધી! તમે તો ધર્મપુરુષ કહેવાઓ, સેવામૂર્તિ છો. તમે આ રાજદ્વારી ક્ષેત્રમાં ક્યાં ફસાયા?" ગાંધીજીએ ગંભીરતાથી જવાબ આપ્યો: "તમારી વાત સાચી છે. પણ શું કરું? મારે તો અધર્મ સામે લડવું રહ્યું. હમણાં અધર્મ રાજદ્વારી ક્ષેત્રમાં ઘૂસ્યો છે, એટલે ત્યાં પહોંચીને અધર્મ સામે ઝુંબેશ ચલાવવી પડે છે."

*

એક વાર લોકમાન્યને એમના સાથીઓમાંથી કોઈકે પૂછેલું: "બળવંતરાવ! સ્વરાજ આવશે ત્યારે તમે કયા ખાતાના મિનિસ્ટર થશો?" કસાણું મોઢું કરી લોકમાન્યે જવાબ આપ્યો: "ના રે, એ ગંદા કામમાં કોણ ઊતરે? તમે માનો છો કે રાજદ્વારી વાતોમાં મને રસ છે? સ્વરાજ આવ્યે, હું તો ગણિતનો અધ્યાપક થઈશ. 'થિયરી ઑફ નમ્બર્સ'માં મારે ઘણું સંશોધન કરવાનું છે. આ તો ભારતમાતા પરદાસ્યમાં રિબાય છે, તે એના કપાળ પરની કાળી ટીલી ભૂંસી નાખવી છે, એટલા માટે આ રાજદ્વારી ગંદવાડમાં હું ઊતર્યો છું."

પછી મહાત્માજીએ તો સ્વરાજ મેળવ્યું, જોયું. પણ એમાં છાંટાભાર અધિકાર પોતાના હાથમાં ન રાખ્યો.

*

ગુજરાત વિદ્યાપીઠ ચલાવવાનો ભાર જ્યારે ગાંધીજીએ મારે માથે નાખેલો તે વખતની વાત છે. મારા વાર્ષિક ભાષણમાં મેં કહેલું

કે, “સ્વરાજ માટે દેશને તૈયાર કરવો અને અહિંસક ઢબે સ્વતંત્રતા મેળવવી, એ સત્યયુગનું કામ છે. આપણી આ લડત જેમ જેમ જોર પકડશે, ઉત્કટ થશે, તેમ તેમ આ દેશમાં સત્યયુગ જામશે. પણ તે સ્વરાજ મળે એ ઘડી સુધી જ ટકશે. પછી તો આપણે દુનિયાના અનેકાનેક સ્વતંત્ર દેશો જેવા જ થઈ જઈશું. ઇંગ્લેંડ-અમેરિકા તો શું, અફઘાનિસ્તાન અને અરબસ્તાન પણ સ્વતંત્ર છે. એવા સ્વતંત્ર દેશોની હારમાં ક્યાંક જઈને બેસીશું.

“ગંગા નદી હરદ્વાર સુધી હિમાલયના પહાડોની વચ્ચે થઈને રસ્તો કાઢતો એક જોશીલો પ્રવાહ છે. પછી તો સામે ખુલ્લું મેદાન! એટલે સ્વતંત્ર પ્રવાહ અનેક દિશામાં વહેવા લાગે છે. ક્યાં જવું અને ક્યાં ન જવું, તે એને સૂઝતું નથી. દરેક પ્રવાહ સાંકડો અને છીછરો થઈ જાય છે. આગળ જ્યારે એ બધી ધારાઓ એક થાય છે અને ચંબલ, યમુના, ગંડકી, તિસ્થા જેવા પ્રવાહોને પોતાનામાં સમાવી લે છે, ત્યારે જ ગંગામૈયા ભારતમાતા બની યુક્ત પ્રાંત, બિહાર અને બંગાળની ભૂમિને ફળદ્રુપ કરે છે અને હિમાલયની પેલી પારનું પાણી ભેગું કરી આવનાર આસામના નદ બ્રહ્મપુત્રા સાથે સહયોગ સાધી ગંગાસાગર પાસે સમુદ્રને મળે છે.

“સ્વતંત્ર થયા પછી આપણે મુશ્કેલીઓમાં આવવાના. એ મુશ્કેલીઓ વટાવ્યા પછી જ ભારત પોતાના મિશનની યાત્રા શરૂ કરશે. માટે આપણે યાદ રાખીએ: સ્વરાજ પછી મૂંઝવણ, અને મૂંઝવણને અંતે સર્વોદય.”

[‘બાપુની છબી’ પુસ્તક]

## પ્રેમળ જ્યોતિ તારો દાખવી

*પ્રેમળ જ્યોતિ તારો દાખવી*
*મુજ જીવન-પંથ ઉજાળ.*

*દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર;*
*માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,*
*મારો જીવન-પંથ ઉજાળ.*

*ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ; દૂર નજર છો ન જાય,*
*દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,*
*મારે એક ડગલું બસ થાય...*

*કર્દમભૂમિ કળણભરેલી ને ગિરિવર કેરી કરાડ,*
*ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ*
*મને પહોંચાડશે નિજ દ્વાર.*

*રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ;*
*દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદયે વસ્યાં ચિરકાળ,*
*જે મેં ખોયાં હતાં ક્ષણ વાર.*

કાર્ડિનલ ન્યૂમનના અંગ્રેજી ભજન ‘લીડ કાઈન્ડલી લાઈટ’નો આ અનુવાદ શ્રી નરસિંહરાવ દિવેટિયાએ કરેલો છે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સામુદાયિક જીવન જીવવાનો પ્રારંભ કર્યો, ત્યારે ત્યાં રોજ સાંજે પ્રાર્થના થતી હતી. એમાં અંગ્રેજી ભજનો પણ ગવાતાં. એમાંથી એમને જે ભજન અત્યંત પ્રિય હતું તેના ગુજરાતી અનુવાદો, ભારત કાયમ માટે રહેવા આવ્યા ત્યારે, ગાંધીજીએ અનેક કવિઓ પાસેથી મંગાવ્યા. એમાં આ અનુવાદ એમને સૌથી વધારે ગમ્યો.

અને ખરેખર, ભાવ, ભાષા અને રાગ, બધી દૃષ્ટિએ આ ભજન એટલું સુંદર થયું છે કે અનુવાદ જેવું લાગતું જ નથી. એમ જ લાગે છે કે કવિ નરસિંહરાવ પોતાના જ હૈયાના ઉત્કટ ભાવો આમાં ઠાલવી રહ્યા છે. આ ભજનમાં મને અમારા તુકારામનું હૃદય જડ્યું.

[‘ભજનાંજલિ’ પુસ્તક: ૧૯૭૪]

# દોહન કરનાર નીકળશે

ભિન્ન ભિન્ન વખતે લખેલા લેખોનો સંગ્રહ છપાવતી વખતે એમાં કાટછાંટ કરીને પુનરુક્તિ ટાળવાનો મારો ધર્મ હતો. તેનું પાલન કરવા જેટલી નવરાશ મને નથી. અને છતાં એ સંગ્રહ છપાવવા જેટલો ઉત્સાહ છે. આશા રાખી હતી કે કાટછાંટ કરીશ, ફકરાઓ એક વિશિષ્ટ અનુક્રમ પ્રમાણે ગોઠવીશ. પણ હવે જોઉં છું કે કામો વધે છે અને શારીરિક શક્તિ ઊલટી ઘટે છે. હજી વાંચવાનું ઘણું છે. વિચારવાનું એથીયે વધારે છે. ફલાણું લખીશ, ઢીંકણું લખીશ, એવા કરેલા સંકલ્પોનો ઢગલો ઊંચો થતો જાય છે.

એટલે જૂનું સમારવાનું અને સુધારવાનું કામ હું કરી શકીશ, એની આશા ઓછી થતી જાય છે. આ લખાણોમાં કાંઈક ગ્રાહ્યાંશ હશે, તો એનું દોહન કરનાર કોઈક તો નીકળશે જ.

# હરિને ભજતાં

*હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,*
*જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે.*

*વહાલે ઉગાર્યો પ્રહ્લાદ, હરણાકંસ માર્યો રે;*
*વિભીષણને આપ્યું રાજ્ય, રાવણ સંહાર્યો રે.*

*વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે;*
*ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે.*

*વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;*
*પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે.*

*આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઈ કરશે રે;*
*કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે.*

પ્રેમળદાસ

*

ભાષા અને ભાવ બંને દષ્ટિએ આ મારાં પ્રિય ભજનોમાંનું એક છે. આનો ભાવ સીધેસીધો બાળબોધ છે. આની શ્રદ્ધા પણ બાળબોધ ભોળી જ છે. આમાં સિદ્ધ કર્યું છે કે વેદકાળથી તે મીરાં અને નરસિંહના સમય સુધી ભગવાને જાતે આવીને ભક્તોની ભીડ ભાંગી છે. ભગવાન ભક્તોનાં દુ:ખ હરે છે, એમનાં કામ જાતે કરે છે, અને હર વખતે એમને ઉગારે છે, એવી શ્રદ્ધાથી આ ભજન લખાયું છે.

આવાં ભજનોથી ભોળા લોકોને થાય છે કે ભગવાનની ભક્તિ કરીશું, તો સૌ સંકટ દૂર થશે. પણ અનુભવ તો હંમેશ એવો થતો નથી.

મીરાંએ ઝેર પીધું પણ તેની અસર ન થઈ, માટે મીરાં ભક્ત અને સોક્રેટિસે ઝેર પીધું ને એ મરી ગયા માટે એ ઓછા ધર્મનિષ્ઠ, એમ કોઈ કહી શકે? હિરણ્યકશ્યપે મારવાના અનેક પ્રયત્ન કર્યા છતાંયે પ્રહ્લાદ મર્યો નહિ, એ ભક્તિનો મહિમા; અને ઈશુ ખ્રિસ્ત ક્રૂસ ઉપર મરી ગયા, એ શું ભક્તિની વિફળતા?

દુખમાંથી બચાવવા છેલ્લી ઘડીએ ભગવાન દોડી આવે જ છે, એ કેવળ કવિની ભાવના છે, લોકોને ભક્તિના માર્ગ તરફ ખેંચવા માટે મૂકેલું પ્રલોભન છે. એની પાછળ નિરપવાદ સત્ય છે, અનુભવ છે, એમ માનવાનું કારણ નથી.

હરિને ભજતાં કોઈની લાજ હજી નથી ગઈ—આનો સાચો અર્થ એટલો જ કે જે માણસ દઢતાથી ઈશ્વર ઉપર નિષ્ઠા રાખે છે, તે ગમે તેવાં કઠણ સંકટ આવે તોય ચારિત્ર્યભ્રષ્ટ થતો નથી.

સાચા ભક્તવીરો માટે કાવ્યમય આશ્વાસનની જરૂર નથી રહેતી. તેઓ ભગવાન સાથે સાટુ કરતા નથી. ‘મહાભારત’માં ધર્મરાજાએ કહ્યું છે કે, સદાચાર અને ઈશ્વરનિષ્ઠાના બદલામાં મને સુખ મળે, રાજ મળે, એવું કશું હું માગતો નથી; અપેક્ષા પણ નથી. મારો સ્વભાવ છે,

મારા હૈયાને સંતોષ છે, એટલા માટે જ હું ભગવાનની ભક્તિ કરું છું અને સદાચારને વળગી રહું છું.

માણસને થવું જોઈએ કે ભક્તિમાં આનંદ છે, હૃદયનું સમાધાન છે, ચારિત્રયની મજબૂતી છે, અને વાતાવરણ પવિત્રા થાય છે. ભક્તિને જોરે માણસ ઇંદ્રિયો ઉપર વિજય મેળવી શકે છે, અને એથી ચારિત્રયની દૃઢતા કેળવાય છે. ભક્તિનું ફળ સત્ત્વરક્ષા અને આત્મનિષ્ઠા એ જ છે. બીજાં ફળો મળે કે ન મળે, એ કેવળ અકસ્માત છે.

['ભજનાંજલિ' પુસ્તક: ૧૯૭૪]

# એકલો

દક્ષિણ આફ્રિકામાં એક વાર એક ગોરો ગાંધીજીને મળવા આવ્યો. બોલ્યો: "મિસ્ટર ગાંધી, હું તમારો એક પ્રશંસક છું—'છું' કહેવા કરતાં 'હતો' કહેવું જોઈએ. મારા મનમાં તમારે માટે અસીમ ભક્તિ હતી. હવે તે રહી નથી. તમને હું એક મહાન આધ્યાત્મિક પુરુષ માનતો હતો. અને મારો દૃઢ મત છે કે જેના જીવનમાં શુદ્ધ અધ્યાત્મ હોય છે, એને લોકો માનતા નથી હોતા. એમને વિશે અનેક ગેરસમજ ફેલાય છે અને તેને એકલા પોતાને રસ્તે જવું પડે છે. તમે આજ સુધી તેવા હતા, પણ હવે નથી. આજે અનેક લોકો તમારી પાછળ ચાલવા લાગ્યા છે. તમે કહો છો તે લોકો માને છે. આ ઉપરથી મને લાગવા માંડયું છે કે હવે તમારી પાસે શુદ્ધ સત્ય નથી. એમાં 'વહેવાર' પણ થોડોક ભેળાયો હોવો જોઈએ. તે ગમે તેમ હો; તમને દુનિયામાં યશ મળતો રહેશે, પણ મારી ભક્તિ મળવાની નથી." ગાંધીજીએ જેમની એકનિષ્ઠાથી અખંડ સેવા કરી, તેમાંથી કેટલા લોકો છેલ્લે છેલ્લે એમનું કહેલું માનવા તૈયાર હતા? ગાંધીજીનો યશ જોઈને ગાંધીજી પરની પોતાની ભક્તિ નષ્ટ થઈ, એવું કહેનારો પેલો ગોરો જીવતો હોત તો ગાંધીજીના છેલ્લા દિવસો જોઈ એણે અવશ્ય કહ્યું હોત કે ક્રોસ પર

ચડનારા ઈશુનો જ આ આધુનિક અવતાર છે.

*

જર્મન કવિ ગટેએ કહ્યું છે કે, વિભૂતિમાન પુરુષો કોઈના મિત્રા થઈ શકતા નથી. ગાંધીજી કહે છે કે સાચો મોક્ષાર્થી માણસ કોઈનો જ મિત્રા ન થઈ શકે, અથવા આખા જગત સાથે એની મૈત્રી હોય છે.

## ગાંધીજીનું સ્ત્રી-હૃદય

ગાંધીજીના વખતમાં કેટલીક સ્ત્રીઓ અંગ્રેજી શીખીને [ભણીને] આગળ આવી. એમને વિશે ગાંધીજીને આદર હતો. એમની પાસેથી એમણે કામ પણ લીધું. પણ આ અંગ્રેજી શીખેલી બહેનો કનેથી એમણે બહુ મોટી અપેક્ષા રાખી ન હતી. એ કહેતા: “મારે એક મોટો ઉઠાવ કરવો છે. એને માટે અશિક્ષિત બહેનો અને અંગ્રેજી ન જાણનાર મધ્યમ વર્ગની બહેનોને જગાડવી જોઈશે.” આશ્રમમાં ગાંધીજી બહેનો માટે ખાસ વખત કાઢવા લાગ્યા. આનું અદ્‌ભુત પરિણામ આવ્યું. સ્ત્રીઓમાં એક નવી જાગૃતિ દેખાવા લાગી. દાંડીકૂચ વખતે આશ્રમના ઘણાખરા પુરુષો રણાંગણ પર ઊતરી પડ્યા, ત્યારે આશ્રમ ચલાવવાની જવાબદારી બહેનોએ સંભાળી. બધાં ખાતાં સરસ સાચવ્યાં. આશ્રમ બહારની બહેનોએ પણ જ્યાં-ત્યાં મોટાં કામ કર્યાં. દારૂબંધીના કામમાં તો એમનો ફાળો ઘણો મોટો હતો.

બાપુજીએ બહેનોને કઈ રીતે તૈયાર કરી, એ જાણવું હોય તો બાપુજીએ એમને જે પત્રો લખ્યા છે તેનો અભ્યાસ કરવો જોઈએ. [‘બાપુના પત્રો: આશ્રમની બહેનોને’: સં. કાકા કાલેલકર]

લોકોએ શ્રીકૃષ્ણ વિશે જે લખી રાખ્યું છે તેટલા પરથી શ્રીકૃષ્ણની બરાબર કલ્પના કરી શકાતી નથી. તો પણ ગાંધીજીને સમજવા માટે શ્રીકૃષ્ણની વિભૂતિને સમજવી અત્યંત જરૂરી છે. ગાંધીજીનું હૃદય સ્ત્રી-હૃદય જ હતું. સ્ત્રીઓમાં કોમળતા હોય છે. નમ્રતાને લીધે કહો

અથવા દીર્ઘદક્ષિતાને લીધે, સંઘર્ષને બદલે સમજૂતી પર તેમની અધિક શ્રદ્ધા હોય છે. અભિમાની માણસ આગળ માથું નમાવી, એને બીજી રીતે હરાવવાની એક પદ્ધતિ એમની પાસે છે. પ્રેમનો દ્રોહ કર્યા વગર, કારુણ્યનો સ્રોત સૂકવ્યા વિના સ્ત્રીઓ તેજસ્વિતા દાખવી શકે છે. ગાંધીજીનો અહિંસક પ્રતિકારનો માર્ગ આ સ્વભાવ માટે અનુકૂળ હતો. બીજું કે, ગાંધીજીની આગળ સ્ત્રીઓ તદ્દન નઃસંકોચપણે વાતો કરતી. એમની શક્તિ-અશક્તિ ગાંધીજી જાણતા. એમની અશક્તિ દૂર કરી એમની શક્તિ મજબૂત કરવાનું કામ બાપુજીએ જેવું કર્યું તેવું, શ્રીકૃષ્ણનો અપવાદ છોડીએ તો, બીજા કોઈ યુગપુરુષે કરેલું નથી.

## ધર્મયુદ્ધના નિયમો

ગાંધીજીએ નાનીમોટી લડાઈઓ લડવામાં જ જિંદગી ગાળી છે. લડવા સારુ જ તેમનો જન્મ છે, એમ કહીએ તો પણ ચાલે. અને છતાં તેમણે એક પણ માણસ સાથે વેર રાખ્યું નથી.

દક્ષિણ આફ્રિકામાં તેમનાથી વિરુદ્ધ વિચાર ધરાવનાર કેટલાક લોકોનું એક મંડળ જનરલ સ્મટ્સને મળવા ગયું હતું. પોતાની વાત સ્મટ્સના મન પર બરાબર ઠસાવવા જેટલું ભાષાનું જ્ઞાન અથવા કુશળતા તેમના કોઈનામાં ન હતાં. તેમણે ગાંધીજીને જ વિનંતી કરી કે, આપ અમારે ખાતર આટલું કામ કરી આપો. ગાંધીજીએ તે કામ કરી આપવાનું કબૂલ કર્યું અને એ લોકોને પૂરેપૂરો સંતોષ આપ્યો.

આ પ્રસંગમાં ગાંધીજીનું અજાતશત્રુપણું જેટલું જોવામાં આવે છે, તેટલી જ પોતાના વિરોધીના આ ગુણની કદર કરી તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકનાર પેલા ભાઈઓની શ્રદ્ધા પણ તરી આવે છે. પોતાની ખેલદિલીથી ગાંધીજીએ કેટલાયે શત્રુને મિત્રા બનાવ્યા છે, કેટલાયે જણને સજ્જનતાના પાઠ ભણાવ્યા છે, અને જ્યાં દ્વેષ ને છેતરપિંડીનું રાજ્ય હતું ત્યાં ધર્મયુદ્ધના નિયમોને માન્યતા અપાવી છે.

# જીવનકલાનું લક્ષણ

સેવાગ્રામમાં એક દિવસ સેવાદળના સ્વયંસેવકો ગાંધીજીને મળવા આવ્યા. ડ્રિલ અને કવાયતની તેમની સુંદર તૈયારી ગાંધીજીને દેખાડી તેમના આશીર્વાદ લેવા હતા. ગાંધીજીએ કવાયત વગેરે જોઈ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો. સંચાલકે બે શબ્દ કહેવાની ગાંધીજીને પ્રાર્થના કરી. સ્વયંસેવકો દૂર કતારમાં બેઠા હતા. ગાંધીજીએ કહ્યું: “મારા બે શબ્દ સાંભળવા હોય તો નજીક આવો.”

સૂચના સાંભળતાં જ બધા સ્વયંસેવકોનું ટોળું હુડુડુડુ કરતું ઊભું થયું અને ગાંધીજીની નજીક અવ્યવસ્થિત રીતે ઊભું રહ્યું.

ગાંધીજીએ કહ્યું: “તમે લોકો તાલીમબદ્ધ છો. કતારમાં કેમ ચાલવું, કેમ દોડવું, એનો સુંદર પ્રયોગ હમણાં જ તમે દેખાડયો હતો. તમે લોકો જ્યાં બેઠા હતા ત્યાંથી મારી પાસે આવવામાં એ જ વિદ્યા કામે લગાડી હોત, તો મને ખૂબ આનંદ થાત. કતારમાં રહીને ઊભા થઈ ઝડપથી ચાલતા મારી નજીક આવી અર્ધા વર્તુળમાં આગળના લોકો બેસી ગયા હોત અને પાછળવાળા ઊભા રહ્યા હોત, તો તમારી કવાયત કામમાં આવી હોત. કવાયત માત્ર દેખાડવા માટે નથી, રોજબરોજના જીવનને વ્યવસ્થિત કરવા માટે હોય છે.”

*

શાંતિનિકેતનમાં હું પાંચ-છ મહિના રહ્યો. એ દરમ્યાન કવિવર રવીન્દ્રનાથને રોજબરોજના જીવનમાં અનેક સ્વરૂપે અને નજીકથી જોવાની તક મળી. ભાષામાં, અંગપ્રત્યંગના હાવભાવ અને દરેકની સાથેના વર્તાવમાં તેમની કલાત્મકતા સુંદર રૂપે પ્રગટતી હતી. પ્રસન્નતા, નારાજી અથવા ગુસ્સો વ્યક્ત કરવામાં પણ તે કદી જીવનકલાની મર્યાદા ભૂલતા નહીં. રોજબરોજની એમની ઉપયોગની ચીજો, કપડાં, લેખનસાહિત્ય, બધાંમાં તેમની કલાત્મક અભિરુચિ વ્યક્ત થતી હતી; અને હવે તો દુનિયા જાણે છે કે કવિતા બનાવતાં કાગળ પર તેમને જે કાપકૂપ કરવી પડતી તેને પણ તેઓ કલાત્મક રૂપ આપી શકતા.

## સારો ખેલાડી

કેવા કેવા લોકો સહકારી તરીકે બાપુજીને મળ્યા! પણ એમણે કદી ફરિયાદ કરી નહીં. પાનાંનો સારો ખેલાડી જે હોય છે તે લઈને રમે છે; હાથમાં ખરાબ પાનાં આવ્યાં, એવી ફરિયાદ કરતો નથી. એ કહે છે કે, “ગમે તેવાં પાનાં આવે, હું તો એ લઈને બરાબર રમતો રહેવાનો; રમત તોડવાનો નથી.” પોતાના આખા જીવનમાં બાપુજીએ ફરિયાદ કરી નથી કે, ભગવાને મને આવા સાથીઓ શા માટે આપ્યા, અથવા આવો દેશ કેમ આપ્યો? જે કાંઈ ભાગે આવ્યું, તેનો એમણે યોગ્ય અને ઉત્તમ ઉપયોગ કર્યો, એવી અદ્‌ભુત શક્તિ એમનામાં હતી. આટલા જુદા જુદા પ્રકારના લોકોને સાચવવા, એમની પાસે મોટાં મોટાં કામ કરાવવાં, અને વળી સત્યનો દ્રોહ ક્યાંય ન થાય તે માટે સાવધ રહેવું, એ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી.

## પાપીનો પણ પ્રતિનિધિ

ગાંધીજીનું સત્યાગ્રહનું એક વ્યાકરણ હતું. આ વ્યાકરણનો નિયમ ન પાળતાં જે સત્યાગ્રહ કરવામાં આવે છે તે દુરાગ્રહ બને છે, જબરદસ્તીનો એક પ્રકાર બને છે. છેલ્લાં વીસ વરસોમાં [૧૯૫૦ પછીનાં] કોઈએ પણ શુદ્ધ સત્યાગ્રહના દાખલા લોકો આગળ મૂક્યા નથી. પરિણામે સત્યાગ્રહની જગ્યા હત્યાગ્રહે લીધી છે. હત્યાગ્રહ કાં તો કાયદેસર સરકારને ખાઈ જશે, અથવા સર્વત્રા ગુંડાનું રાજ્ય શરૂ કરશે.

જ્યારે ચૌરીચૌરા હત્યાકાંડ થયો, ત્યારે ગાંધીજીએ એને રાષ્ટ્રીય પાપ માન્યું અને પોતે પ્રાયશ્ચિત્તરૂપે અપવાસ કર્યા. ત્યારે કેટલાક લોકો ગાંધીજી પાસે જઈ કહેવા લાગ્યા કે, “આપ અહિંસાના પૂજારી છો એ આખી દુનિયા જાણે છે. ત્યાં જે લોકોએ હિંસા કરી, તેમની સાથે આપનો દૂરનો પણ સંબંધ જોડવાની હિંમત કોઈ કરવાનું નથી. પછી

આપ એ પાપ માટે પોતાને જવાબદાર શા માટે માનો છો?"

ગાંધીજીએ જવાબ આપ્યો: "હું પોતાને મનથી ભારતનો પ્રતિનિધિ માનું છું. આખાય ભારતનો હું સેવક પ્રતિનિધિ છું. ભારતના પુણ્યવાન તેમ જ પાપી, બધાનો હું પ્રતિનિધિ છું. આ દેશની કોઈ પણ વ્યક્તિએ આ રીતે હિંસા કરી, તો તેની જવાબદારી મારે માથે આવી પડે છે. સમગ્ર ભારત વતી હું પશ્ચાત્તાપ ન કરું, તો મારું પ્રતિનિધિત્વ લજવાશે."

તેથી જ રાષ્ટ્રે એમને રાષ્ટ્રપિતા કહ્યા.

## લોકોનાં હૈયાંમાં પેસવા

ગ્રીક અને લેટિન ભાષાઓએ યુરોપને એક કર્યું હતું. પણ એ ઐક્ય ઉપલા સ્તરના લોકોનું હતું. એ જ રીતે આ દેશમાં સંસ્કૃતે ઉપલા લોકોનું ઐક્ય સ્થાપ્યું હતું.

આ દેશમાં લોકભાષાના પહેલા પુરસ્કર્તા હતા બુદ્ધ ભગવાન. એમણે કહ્યું કે, "મારે લોકોનાં હૈયામાં પેસીને લોકોમાં એક સર્વસામાન્ય નૈતિક સ્તર નિર્માણ કરવો છે, તે હું સંસ્કૃત ભાષા મારફત ન કરી શકું. સંસ્કૃત ઉપલા લોકોની ભાષા છે. મારે જનતાની ભાષા જોઈએ છે."

એમણે પાલી ભાષાની મદદ લીધી. 'પલ્લી' એટલે ગ્રામ. પાલી એટલે ગ્રામભાષા. મહાવીરે પણ તેમ જ કર્યું. આ બન્ને કહેતા કે, અમે ઉપરના લોકો માટે આવ્યા નથી; લોકો માટે—જનતા માટે—અમારો જન્મ છે. સંતોએ એ જ કામ આગળ ચલાવ્યું. તેઓ સંસ્કૃત શીખતા. જ્ઞાન મેળવતા સંસ્કૃત મારફત, પણ જ્ઞાનદાનનું કામ લોકભાષા મારફત કરવા માગતા હતા.

## શ્રદ્ધાનું પ્રતિબિંબ

મનુષ્યપ્રાણીએ કેટલોયે અન્યાય કર્યો હોય અને કેટલાંયે પાપ કર્યાં હોય, તોપણ મનુષ્ય એ મનુષ્ય છે; તેને આખરે ધર્મનો રસ્તો સૂઝશે જ, એવી ગાંધીજીની અમર શ્રદ્ધા છે. એ શ્રદ્ધાથી જ તેઓ બધું સહન કરે છે, અને સહન કરીને પોતાની શ્રદ્ધા બીજામાં રેડે છે. તેમનું બાળક જેવું નિર્મળ મુક્ત હાસ્ય એમની એ શ્રદ્ધાનું જ પ્રતિબિંબ છે. લોકવાર્તામાં જે વર્ણન આવે છે કે પવિત્રા પુરુષોના હાસ્ય સાથે પુષ્પ અને મોતીના પોશ ઝરે છે, તે ગાંધીજીના હાસ્યમાં ચરિતાર્થ થયું છે. કેટલાક પાસે વિશ્વવિજયી તલવાર હોય છે, કેટલાક પાસે વિશ્વમોહિની ચતુરાઈ હોય છે, કેટલાક પાસે વિશ્વવશી રૂપ હોય છે, કેટલાક પાસે વિશ્વભયંકરી સત્તા હોય છે. ગાંધીજી પાસે આમાંનું એકે નથી. તેમની પાસે ફક્ત વિશ્વપ્રેમી હાસ્ય છે—અને તે એક હાસ્યની અંદર બધી શક્તિઓ સમાયેલી છે. આ પવિત્રા હાસ્યે ચોર-લૂંટારા અને ખૂની લોકોને સમાજના હિતેચ્છુ બનાવ્યા છે, ધૂર્તોને લજ્જિત કર્યા છે, પારકાંને પોતીકાં બનાવ્યાં છે, બગડેલાંઓને સુધાર્યાં છે, કટ્ટર વિરોધીઓને દિલોજાન દોસ્ત બનાવ્યા છે.

## સનાતની છતાં સુધારક

બાપુજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે એમને માથે ચોટલી ન હતી, ગળામાં જનોઈ ન હતી. હરદ્વારના કુંભ મેળામાં એક સાધુએ તેઓને બંને માટે આગ્રહ કર્યો. ત્યારે બાપુજીએ માથે ચોટલી રાખવાનું સ્વીકાર્યું, અને જનોઈની ના પાડી. એની વાત મારી આગળ કરતાં કહ્યું :

“મારે હિંદુ સમાજમાં મોટા મોટા સુધારા કરવા છે, સુધારા માટે લડવું છે, અને તે પણ એક નિષ્ઠાવાન હિંદુ તરીકે. પ્રસંગ આવ્યે મારે

આ સમાજ વિરુદ્ધ ઉપવાસ પણ કરવા પડે. તેથી મારે સમાજ સાથે શક્ય તેટલા એકરૂપ થવું છે. હું પોતાનો જ છું, એવું આ સમાજને લાગવું જોઈએ. તો જ હું એમાં કાંઈ ફેરફાર કરાવી શકીશ. ત્યારે, જેટલી બાબતમાં એમના રિવાજો પળાય, તેટલામાં એમને રાજી રાખવા એ જ ઉત્તમ નીતિ છે. માથે ચોટલી રાખવા જેવી નજીવી વસ્તુમાં સુધારો કરી સમાજથી નોખા પડવામાં લાભ શો?"

જનોઈ વિશે એમણે કહ્યું: "હિંદુ સમાજમાં નકામા અનેક વાડા પડ્યા છે, અને તેથી હિંદુ સમાજ નબળો પડતો જાય છે. તેના કકડા થાય છે એમાં અમુક લોકોને જનોઈનો અધિકાર છે, અમુકને નથી, એવો નકામો ભેદ છે. ત્યારે આપણે એ અધિકાર વિનાના લોકોમાં જ ભળી જઈએ."

ગાંધીજીમાં બહુ મોટો સુધારક હતો. પણ ગાંધીજી વાણિયા હતા. આ સ્વભાવને લીધે ગાંધીજીએ પોતાનો સમાવેશ સનાતનીઓમાં કરાવ્યો. અને કાર્યક્રમ સ્વીકાર્યો સુધારકોનો.

## જીવવું એટલે

જીવવું એટલે ગરમી ટકાવવી, એ મહાન ભૌતિક સત્ય છે. ખોરાક ખાઈએ છીએ, કપડાં પહેરીએ છીએ, ગુફાની અંદર કે મહેલમાં રહીએ છીએ, મહેનત કરીએ છીએ, એ બધી પ્રવૃત્તિ શારીરિક ઉષ્ણતા ટકાવવા ખાતર જ છે. તડકો ઓછો મળે તો તેલ-ઘી જેવી ચરબી ખાઈને માણસ પોતાની ઉષ્ણતા ટકાવે છે. કપડાંને અભાવે વૈરાગીઓ શરીરે ભસ્મ ચોળે છે. ભૌતિક ક્ષેત્રમાં હૂંફ વગર માણસનું ચાલતું નથી.

પ્રેમના ક્ષેત્રમાં પણ હૂંફની એટલી જ જરૂર હોય છે. જુદાઈ એ ટાઢ છે. મરણની વાટ છે. એ ટાળવા માટે પ્રેમ દ્વારા માણસો એકબીજામાં ઓતપ્રોત થાય છે. ભૌતિક ક્ષેત્રમાં શારીરિક શ્રમથી ઉષ્ણતા ટકાવાય છે તેમ અહીં ત્યાગ, સેવા, આત્માર્પણ અને બલિદાનથી પ્રેમની હૂંફ

વધારાય છે. આ પ્રેમની વિશ્વમૂર્તિ પ્રત્યક્ષ ભગવાન છે. એ પ્રેમસૂર્યને કવિએ મહાનલને નામે સંબોધ્યા છે. એ પ્રેમનો એક તણખો પણ જો મળી જાય, તો મનુષ્યજીવન કૃતાર્થ થઈ ગયું. પ્રાર્થના કરવી હોય તો ધન, દોલત, સામર્થ્ય, પ્રતિષ્ઠા કે રાજપાટ, એવી દુન્યવી સગવડો માટે શીદને કરીએ? એ એક ચિનગારી મળી, જીવનમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થયો, એટલે જીવન કૃતાર્થ થયું.

['ભજનાંજલિ' પુસ્તકઃ ૧૯૭૪]

# ધર્મ-માર્ગનું ભાથું

બુદ્ધ ભગવાનના ઉપદેશનું અધ્યયન કરનારા સાધકોએ સૂચવ્યું છે કે ધર્મને માર્ગે જવું હોય તો મુસાફરીનું બધું ભાથું 'ધમ્મપદ'માં મળી રહે છે. 'ધમ્મપદ'ની ૪૨૩ ગાથાઓ જીવનને સમજાવનાર, દોરનાર એક એક મંત્રો છે. (જે વચનોનું મનન આપણું ત્રાણ કરે છે—રક્ષણ કરે છે—તે મંત્ર.) આ મૂળ મંત્રો બુદ્ધ ભગવાનના જમાનાની લોકભાષા પાલિમાં છે.

'ધમ્મપદ'ના અનુવાદો દુનિયાની બધી ભાષામાં મળે છે. પણ ભક્તોને કેવળ અનુવાદ મળ્યેથી સંતોષ થતો નથી. એ અનુવાદ છંદોબદ્ધ થયો હોય તો ગાવાની અને યાદ રાખવાની સગવડ સચવાય છે. સમશ્લોકી અનુવાદ કરવાની ભાઈ વિજયશંકરની મહેનત સફળ નીવડી છે. પરિણામે આ ગુર્જરી 'ધમ્મપદ'ની કેટલીક પ્રાસાદિક લીટીઓ લોકોને મોઢે ચઢવાની અને કેટલીક તો ભાષામાં કહેવત તરીકે ચલણી નીવડવાની.

['ધમ્મપદ' પુસ્તકઃ ૧૯૬૩]

# મારી વાચનકથા

મારા મન અને જીવન પર જેની વિશિષ્ટ અસર થઈ છે એવાં પુસ્તકોને યાદ કરતી વેળાએ, પહેલાં તો, સૌ કોઈ વાંચી શકે છે એવા એક પુસ્તકનો જ હું વિચાર કરીશ. સુશિક્ષિત-અશિક્ષિત, બાળક અને વૃદ્ધ, સૌ વાંચી શકે એવું એ પુસ્તક છે. એ વાંચનાર માનવીને હર ક્ષણે કોઈ નવી ને નવી જ પ્રેરણા મળે છે. એ પુસ્તકનું નામ છે કુદરત.

પુસ્તકોની દુનિયા વિશાળ છે, વિવિધ છે, અને એમાં જીવનવ્યાપી બધા સવાલોનું કેટલું બધું ચિંતન-વર્ણન જોવાને મળે છે. છતાં મેં કુદરતને એક વિશાળ સનાતન પુસ્તક માન્યું છે. આપણી આસપાસ ફેલાયેલી પ્રકૃતિ એ જ એક પુસ્તક છે જેનું મેં વધારેમાં વધારે પારાયણ કર્યું છે, અને એમાંથી મારું જીવન મોટે ભાગે ઘડાયું છે.

ઘરમાં ભાઈઓમાં હું સૌથી નાનો. એટલે બધાની જોહુકમી મારે વેઠવી પડે. સંકોચશીલ સ્વભાવનો હોવાને કારણે, સમાજમાં ભળી જવાનું મારે માટે મુશ્કેલ હતું. એટલે મનુષ્ય-સમાજ ટાળીને કુદરત સાથે દોસ્તી કરવાનો અને એમાં રમમાણ થવાનો સ્વભાવ મેં કેળવ્યો.

ઝાડ અને એના પર બેસનારાં પંખીઓ, નદીઓ અને એને ઓળંગી જતી હોડીઓ, રસ્તાઓ અને પુલો, પહાડો અને સરોવરો, બગીચાનાં પુષ્પો અને આકાશના તારાઓ અને એ બંનેની યાદ આપતાં પતંગિયાં-એ બધાંયે મારા નિરીક્ષણના ને મારા આનંદના વિષયો હતા. હાથી, ઊંટ, હરણ, વાછરડાં, કૂતરાં અને ખાસ કરીને બિલાડીઓ મારાં બચપણનાં સાથીદારો હતાં. અને સસલાંને તો હું કેમ ભૂલી શકું? એના કૂદકાઓ અને મારા મનના કૂદકાઓ, એ બંનેના તાલમાં કૈંક અજબ જેવું સામ્ય હતું. પણ સસલાથીયે ગાઢી દોસ્તી તો મારે ખિસકોલી સાથે હતી. જીવનનું પ્રતીક મારે માટે આકાશનાં વાદળ હતાં. સૂતાં સૂતાં આ વાદળોનું ધ્યાન મેં જેટલું ધર્યું છે, એટલું ભાગ્યે જ બીજી કોઈ ચીજનું ધર્યું હશે.

કુદરતના આવા નિરીક્ષણથી સમાજનું પણ તટસ્થભાવથી નિરીક્ષણ

કરવાની ટેવ મને પડી ગઈ. બાળપણમાં વારંવાર પ્રવાસ કરવાના અવસર મળતા ગયા, અને એ કારણે સમાજના નિરીક્ષણમાં વિવિધતા પણ બહુ આવી. જેમની ભાષાઓ જુદી છે, જેમના રીતરિવાજ વિચિત્ર જેવા લાગે છે, એવા લોકોની વચ્ચે જઈને જ્યારે રહેવું પડ્યું, ત્યારે આપોઆપ જ દૃષ્ટિમાં વિશાળતાની સાથે ઉદારતા પણ આવી ગઈ. જ્યારે હું પુસ્તકો વાંચવા લાગ્યો ત્યારે એ પુસ્તકો મારે મન ફક્ત વાક્યસમૂહો ન હતાં, પણ જીવનનાં પ્રતિબંબિ હતાં, એનું કારણ આ છે.

મારા ઘડતરમાં જે ચોપડીઓએ ઉત્તમ ભાગ ભજવ્યો તેનું સ્મરણ ઇતિહાસક્રમે ન કરતાં, આજે જે ગ્રંથો પ્રત્યે મારામાં કૃતઘ્નતા વસે છે તેમનો જ ઉલ્લેખ કરી દઉં.

*

બધો વિચાર કરતાં પ્રથમ સ્થાને મારે 'ગીતા'ને જ રાખવી જોઈએ. 'ગીતા'નો જીવનસંદેશો મને મળ્યો તે ઉત્કટ પ્રસંગ કોઈ કાળે હું ભૂલી ન શકું. જ્યારે મારા પિતાશ્રીનો અંતકાળ નજીક આવ્યો ત્યારે એમની બનતી સેવા કરી, અને એમની પથારી પર બેસી આખી 'ગીતા'નું પારાયણ ચલાવ્યું. એ છેલ્લા સવા કલાકમાં સમગ્ર પારાયણ કરતાં 'ગીતા'નો જે અર્થ હૃદયમાં વસી ગયો, તેને જ હું મારા જીવનનું મુખ્ય ઘડતર માનું છું. એમાંથી જે 'ગીતા'-તત્ત્વ મળ્યું, એ જ મારા જીવનની સૌથી મહત્ત્વની મૂડી છે. વિશાળ કુદરતને સ્થાને જેમ કોઈ ગ્રંથને હું રાખી ન શકું, તેવી જ રીતે 'ગીતા' સાથે હું બીજા કોઈ પણ ગ્રંથને સમાનભાવે રાખી ન શકું, સિવાય કે 'ઉપનિષદો'-જેનો નિચોડ પોતે 'ગીતા' છે.

*

ધર્મ વિશેની કલ્પના અને આસ્થા મને મારાં ધર્મભોળાં માબાપ પાસેથી જ મળી. એથી ઊંચો ચડ્યો મહારાષ્ટ્રના સંત-સાહિત્ય દ્વારા. છેક નાનપણમાં જેનું મહત્ત્વ સમજવું મુશ્કેલ હતું, એ સંત-સાહિત્ય મોટી ઉંમરે મન પર અદ્ભુત અસર કરી શક્યું. ધર્મ એટલે કેવળ રીતરિવાજો, પૂજાઅર્ચા અને વ્રત-ઉત્સવો નહીં પણ ભક્તિ, સદાચાર અને ગરીબોની સેવા એ જ સાચો ધર્મ છે, એ વિચારના સંસ્કારો

મહારાષ્ટ્રના સંતોનું સાહિત્ય વાંચીને દઢ થયા. આ સંતોમાં તુકારામ, નામદેવ, એકનાથ અને જ્ઞાનેશ્વર એ મુખ્ય હતા. સમર્થ રામદાસને પણ ભુલાય નહીં.

તુકારામ અને જ્ઞાનેશ્વરની ઊંડી ધાર્મિકતા અને રાનડે, ભાંડારકર આદિના આધુનિક ધર્મવિચારો, એ બધાંથી ચારિત્ર્યનો પાયો મજબૂત થયો. ત્યાર પછી અંગ્રેજીમાં બુદ્ધિવાદી સાહિત્ય વાંચ્યું. સ્પેન્સર, મિલ વગેરે પશ્ચિમના મનીષીઓના વિચારના પ્રભાવ તળે આવી હું કેટલાંક વર્ષો સુધી નાસ્તિક જેવો થઈ ગયો હતો. ઈશ્વરની જ કૃપા હતી કે ઈશ્વરનો ઇન્કાર કરવાવાળા ઉચ્ચકોટિના સાહિત્યની સાથે મારો પરિચય થયો. સંધ્યાવંદન, પૂજા, પ્રાર્થના વગેરે તમામ છોડી દીધાં. હું સંશયવાદનો મોટો સમર્થક બની ગયો. આ ભૂમિકાના મૂળમાં સત્યની ખોજ કરવાની જિજ્ઞાસાવૃત્તિ અને બૌદ્ધિક નમ્રતા હતી. આ નમ્રતાએ મને આગળ વધવાનો રસ્તો બતાવ્યો.

પછી મને દીક્ષા મળી સ્વામી વિવેકાનંદના સાહિત્યની. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને ભગિની નિવેદિતા-આ ત્રણ મળીને એક આધ્યાત્મિક સંસ્કારિતાની અખંડ વ્યક્તિ બને છે. એને તોલે આવે એવું લખાણ આનંદ કુમારસ્વામીનું ગણું છું. આનંદ કુમારસ્વામી અને રવીન્દ્રનાથ ઠાકુર : ભારતની સંસ્કૃતિના આ બે ઉત્તુંગ આચાર્યોના ગ્રંથ મેં શ્રદ્ધા સાથે વાંચ્યા. રવીન્દ્રનાથ મારા માનીતા લેખક તો થયા જ હતા. પણ મારા હૃદયનો કબજો લીધો એમની અંગ્રેજી 'ગીતાંજલિ'એ. મારામાં જે કુદરતપ્રેમ હતો, જીવનનિષ્ઠા હતી, સ્વાતંત્ર્યની લાલસા હતી, અને અધ્યાત્મનું જે નવનીત હતું તે બધું એકત્ર થઈ, એણે 'ગીતાંજલિ' પસંદ કરી. એ સોંસરી હૃદયમાં ઊતરી ગઈ, અને એણે મારા આખાય વ્યક્તિત્વનો કબજો લીધો.

ત્યાર પછી એવી જ અસર કરનાર સાહિત્ય મને મળ્યું તે ગાંધીજીનું. સૌથી પ્રથમ મારા હાથમાં આવી ગયું એમનું 'હિંદ સ્વરાજ'. સાહિત્યની દૃષ્ટિએ જોતાં ક્યાં 'ગીતાંજલિ' અને ક્યાં 'હિંદ સ્વરાજ'! તુલનાને અવકાશ જ નહીં. પણ મારી ભૂખ જીવનદર્શનની હતી.

અને ગાંધીસાહિત્ય હું વાંચવા લાગ્યો. અને જીવવા લાગ્યો ગાંધીજીના સહવાસમાં જ. કુદરતે પોતાની સંપૂર્ણ દીક્ષા મને આપી હિમાલયની સંનિધિમાં. અને જીવનદર્શનની મને દીક્ષા મળી એક જીવતા હિમાલયની સંનિધિમાં.

એ જમાનો સ્વદેશી, બહિષ્કાર, સ્વરાજ અને બોમ્બ આદિનો જમાનો હતો. હું ક્રાંતિકારી થયો. એમાં 'ગીતા'એ ઘણી મદદ કરી, પણ મેઝિની આદિ ક્રાંતિકારી લોકોના સાહિત્યની મારા મન પર વિશેષ અસર થવા લાગી. વેદાન્ત સાહિત્યની અસર લઈને હું હિમાલય ગયો. ત્યાં કુદરતની ભવ્યતા અને પવિત્રતા માણવાને મળી. એ વાતાવરણમાં સ્વરાજની ઝંખના ઘણી વિશાળ થઈ અને આધ્યાત્મિક ઉત્કર્ષની સાધનાએ ઉત્કટરૂપ પકડ્યું. આ દિવસોમાં મારા ઉપર શ્રી અરવિંદ ઘોષના સાહિત્યની વધારેમાં વધારે અસર થઈ. આગળ જતાં, એમના તમામ સાહિત્યમાં 'લાઈફ ડિવાઇન' (દિવ્ય જીવન) એ ગ્રંથ સૌથી મહત્ત્વનો લાગ્યો.

સંસ્કૃત ચોપડીઓ મેં બહુ ઓછી વાંચી છે. બેચાર સ્તોત્રોની મારા પર ઊંડી અસર થઈ. 'વેણીસંહાર' નાટક મામૂલી ગણાય છે. પણ મારા ઉપર એની અસર સારી થઈ. 'મનુસ્મૃતિ' આદરપૂર્વક વાંચી ગયો. એમાંની કેટલીય વસ્તુ મને કાલગ્રસ્ત લાગી.

*

વ્યાસ, વાલ્મીકિ અને એમના પુરોગામી 'વેદ'-'ઉપનિષદ'ના ઋષિઓથી માંડીને કાલિદાસ-ભવભૂતિ જેવા રસસિદ્ધ કવિશ્વરો તથા સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ઠાકુર, શ્રી અરવંદિ ઘોષ અને મહાત્મા ગાંધી જેવાના ઋણનો સ્વીકાર કર્યા પછી જ અનેક મોટા તથા નાના લેખકોનો મારે ઉલ્લેખ કરવો ઘટે છે.

છેક નાનપણમાં મારા પર ઊંડી ધામિર્ક, સાંસ્કૃતિક તેમ જ સાહિત્યિક અસર કરનાર શ્રીધર અને મહીપતિ. એ કવિઓનાં પૌરાણિક અને સંતચરિત્રો-'રામવિજય', 'હરિવિજય', 'સંતલીલામૃત' વગેરે ગ્રંથોએ મારા માનસ પર કેટલી બધી ઊંડી અસર કરી છે, એ વિચારી ચકિત

થાઉં છું.

આ સો-બસો વર્ષના વિશ્વસાહિત્યમાં એવી પ્રભાવશાળી નવલકથાઓ તૈયાર થઈ છે, જેની અસર માનવજાતિ પર ઊંડી પડી છે. આ પચરંગી દુનિયામાં જીવનનો બધો અનુભવ માણસ પોતે જીવન જીવીને મેળવી શકતો નથી. તેથી માણસે થોડી સમર્થ નવલકથાઓ વાંચેલી હોવી જોઈએ. રવીન્દ્રનાથની ‘ગોરા’ એક એવી નવલકથા ગણું ખરો.

આધુનિક મરાઠાસાહિત્યનો મારો પ્રથમ પરિચય હરિનારાયણ આપટેની નવલકથાઓ દ્વારા થયો. સામાજિક નવલકથા ‘પણ લક્ષાંત કોણ ઘેતો?’ અને ઐતિહાસિક નવલકથા ‘ઉષ:કાલ’ એ તો જાણે અમારા બાળજીવનનાં ‘રામાયણ’-‘મહાભારત’.

*

સન ૧૯૨૧ કે ૧૯૨૨માં ગાંધીજી પહેલી વાર ભારતની જેલમાં યરવડામાં પુરાયા હતા. એ વખતે જેલના પુસ્તકાલયમાંથી બાપુજીએ કેટલીક ચોપડીઓ મગાવી વાંચી હશે. એમાંની બે (અંગ્રેજી) એમને ખાસ ગમેલી: ‘સીકર્સ આફ્ટર ગોડ’ (ઈશ્વરની ખોજ કરનારા) અને કિપ્લીંગની ‘જંગલ બુક’. એમણે મને એ વાંચવાની ભલામણ કરી.

‘સીકર્સ આફ્ટર ગોડ’માં સેનેકા, એપિક્ટેટસ અને માર્કસ ઓરેલિયસ, એ ત્રણ પ્રાચીન રોમનોનાં જીવન વિશે ત્રણ દીર્ઘ નિબંધો હતા. સેનેકા તો રોમના આપખુદ વિકરાળ બાદશાહ નીરોનો મુખ્ય પ્રધાન. આપણા સંયમપ્રધાન તપસ્વી વેદાન્તને મળતા આવે એવા સ્ટોઇક પંથનો પુરસ્કર્તા, મહાન તત્ત્વચિંતક. એનું જીવન અને મરણ ખરેખર અદ્‌ભુત છે. ઈશ્વરની ખોજ કરનાર બીજા પ્રાચીન પુરુષ તે એપિક્ટેટસ. એ ગુલામ હતા. પ્રાચીન કાળના મોટા તત્ત્વવેત્તાઓમાં એમનું નામ આવે છે. ત્રીજો બ્રહ્મજિજ્ઞાસુ તે માર્ક્સ ઓરેલિયસ. રોમન સામ્રાજ્યની જાહોજલાલી શિખરે પહોંચી હતી તે વખતનો એ બાદશાહ. મોટાં મોટાં યુદ્ધોની દેખરેખ જાતે કરે અને રણભૂમિમાં રાત્રે તંબુમાં બેસી વેદાન્તનું મનન કરે; અને બધું લખી કાઢે. માર્ક્સ ઓરેલિયસની એ મનનિકા ‘મેડિટેશન્સ’ વિશ્વસાહિત્યમાં પ્રતિષ્ઠિત સ્થાન મેળવી ચૂકી છે.

બીજી ચોપડી આનાથી તદ્દન જુદી. કિપ્લીંગે 'પંચતંત્ર' અને 'હિતોપદેશ' અંગ્રેજીમાં વાંચ્યાં તો હશે જ, પણ એના અનુકરણ તરીકે નહીં પણ સ્વતંત્ર પ્રતિભાથી એણે જંગલના જીવનનું કાલ્પનિક અને અત્યંત રોચક વર્ણન આપ્યું છે. મોગલી નામનું એક માનવબચ્ચું જંગલમાં જઈ પહોંચે છે અને શ્વાપદો વચ્ચે મોટું થાય છે. હાથી, વાઘ, વરુ, અજગર વગેરે જાનવરો સાથે એને દોસ્તી બંધાય છે. કિપ્લીંગ એ ભારતમાં જન્મેલો અંગ્રેજ; અંગ્રેજી ભાષા પર એનું અસાધારણ પ્રભુત્વ. એની નવલકથાઓ અને કવિતા આજે પણ લોકો રસથી વાંચે છે.

ગાંધીજી પાસે જે અનેક ચોપડીઓ આવી, એમાંથી બે વાંચ્યાનું મને આજેય સ્મરણ છે. એક હતી અપ્ટન સિંકલેરની 'ગૂઝ સ્ટેપ'. એમાં એણે અમેરિકાની કેળવણીનું તંત્ર કેટલું સડેલું છે એ વિગતો સાથે પુરવાર કર્યું છે. એની જ બીજી ચોપડી 'જંગલ' મેં વાંચી છે. એ વાંચતાં રુવાંટાં જ ખડાં થાય છે.

*

એક પ્રેરણાદાયી ચોપડી વાંચી તે નેત્ર વિનાની નેત્રી હેલન કેલરની ઉત્તર-જીવન-કથા 'મિડસ્ટ્રીમ' (ભઝધાર). બાપુજીએ એની પૂર્વજીવનની કથા 'સ્ટોરી ઓફ માય લાઈફ' વાંચેલી અને એનાં ઘણાં વખાણ કરેલાં. એટલે જેલમાં મેં પ્રથમ વાંચી 'મિડસ્ટ્રીમ' અને બહાર આવીને વાંચી 'સ્ટોરી ઓફ માય લાઈફ.'

આજના જમાનામાં આખી દુનિયામાં જેટલાં આંધળાં અને બહેરાંબોબડાં છે તે બધાંની હેલન કેલર સમર્થ પ્રતિનિધિ છે. એ ઓગણીસ મહિનાની હતી ત્યારે, માંદગીને કારણે, એની આંખો ગઈ. એના કાન પણ ગયા. બાળા સાત વરસની થઈ અને એક એવી તો કેળવણીકાર માતા મળી ગઈ કે જેની આગળ આખી દુનિયાએ કૃતજ્ઞ થવું ઘટે. ત્રણ વરસના સખત પ્રયત્ન અને ધીરજથી એ સલિવનબહેને હેલનને વાચાદાન કર્યું; એને સાહિત્યની, સંસ્કારની અને ચારિત્ર્યની કેળવણી આપી; અને દીર્ઘકાલના ભગીરથ પ્રયત્નથી એને માનવી જીવન અને માનવી સંસ્કૃતિનો વારસો પાછો મેળવી આપ્યો. આજે હેલનને

આંખ અને કાન નથી એનું દુખ નથી; ચક્ષુ અને શ્રવણનું કામ એની આખી ચામડી, પગનાં તળિયાં, હાથની હથેળી અને આંગળીનાં ટેરવાં કરે છે. આ એક જ ઇન્દ્રિય દ્વારા એનું આખું નિરીક્ષણ-પરીક્ષણ, પ્રજ્ઞા, મેધા અને કલ્પના એટલાં તો ખીલ્યાં છે કે કેવળ આંધળાં લોકોમાં જ નહીં પણ દુનિયાની તમામ મહાન વ્યક્તિઓમાં પણ એણે સ્થાન મેળવી લીધું છે. આવી આ અદ્ભુત બાળા અને એનાથીયે અદ્ભુત શિક્ષિકાનો પરિચય આ સુંદર ચોપડીમાં આપણને મળે છે.

આ અસામાન્ય સાહિત્ય-સુંદર આત્મકથા કોઈ પણ દેશના સાહિત્યમાં અગત્યનું સ્થાન ભોગવશે. અધ્યાપન-કળામાં પ્રવીણ થવા ઇચ્છનાર દરેક શિક્ષકે તો એનું પારાયણ કરવું જ જોઈએ. પણ બાળકોને સાહિત્યની અને ચારિત્ર્યની કેળવણી આપવા માટે આને પાઠ્યપુસ્તક તરીકે રાખવું જોઈએ. આ ચોપડી અને તેની લેખિકા આપણી પાસેથી દયા માગતી નથી, આપણી કદર પણ માગતી નથી; પણ આપણી ગરજે, સંસ્કારિતાને લોભે, શિષ્યભાવે આપણે એનું અધ્યયન કરીએ એવી પ્રેરણા એ આપે છે.

*

છેલ્લા બે-ત્રણ જમાનામાં દુનિયામાં જે મહાન વિજ્ઞાનશાસ્ત્રીઓ પેદા થયા, તેમાં પણ મેરી ક્યુરીનું નામ ઘણું ઊંચું છે. માદામ ક્યુરીનું ચરિત્ર તેમની પ્રતિભાસંપન્ન દીકરીએ લખ્યું છે તે જીવનચરિત્રલેખનનો ઉત્તમ નમૂનો છે.

માનવજાતિની સર્વોચ્ચ સેવાની કદર કરતું નોબેલ પારિતોષિક માદામ ક્યુરીને પહેલું મળ્યું તે રેડિયમની શોધ કરવા માટે એમના પતિ પિયેર ક્યુરી સાથે. એ હતું ભૌતિક વિજ્ઞાનનું પારિતોષિક. માદામને બીજું મળ્યું તે એ વિધવા થયા પછી-રસાયણશાસ્ત્રનું. અને ચોવીસ વરસ પછી એ જ પારિતોષિક એમની દીકરી ઇરીન જોલિયો-ક્યુરીને મળ્યું. પોલેંડ જેવા પછાત દેશમાં, યહૂદી જેવી હડધૂત જાતિમાં જન્મ લઈ, એક અબલાએ કેવળ પોતાના સંકલ્પબળથી અને જબરદસ્ત પુરુષાર્થથી માણસજાતની ઉત્તમોત્તમ સેવા કેવી રીતે કરી, એની કહાણી

તે આ જીવનચરિત્ર છે.

માદામ ક્યુરીના જીવનના ત્રણ વિભાગ પડે છે: અઠ્ઠાવીસ વરસ સુધીની વિદ્યાર્થિનીની અવસ્થા. ત્યાર પછી (ફ્રાંસના) પિયેર ક્યુરી સાથે પરણીને એણે અગિયાર વરસ સુધી ગૃહસ્થાશ્રમ ચલાવ્યો, વિજ્ઞાનની શોધખોળ ચલાવી અને નવરાશના દિવસોમાં સાઇકલ પર બેસી, પતિ સાથે આખા ફ્રાંસની યાત્રા કરી. યાત્રાના આ દિવસો માદામ ક્યુરીના દાંપત્ય સહજીવનના સૌથી વધારે આનંદના દિવસો હતા. એક કરુણ અકસ્માતને કારણે પિયેર ક્યુરીની કારકિર્દીનો અંત આવ્યો. અનન્ય પ્રેમથી પતિનું ધ્યાન કરતાં અને એની સાથેનું પોતાનું સહકાર્ય એકલે હાથે ચલાવવામાં માદામ ક્યુરીએ બીજાં અઠ્ઠાવીસ વરસ ગાળ્યાં. રેડિયમ જેવી જલદ ધાતુ સાથે અખંડ પ્રયોગ કરવાને કારણે એની આંગળીઓ બળી ગઈ. એને પાંડુરોગ લાગુ પડ્યો અને સડસઠ વરસનું શરીર એણે છોડી દીધું.

દુનિયાના બધા ખંડોમાં જેમની કીતિર્ ફેલાઈ હતી તે માદામ ક્યુરીમાં મોટાઈનું અભિમાન તો શું-ભાન સરખું પણ જાગ્યું ન હતું. વિજ્ઞાનના ક્ષેત્રમાં એમના સમોવડિયા આઇનસ્ટાઈને કહ્યું કે, “અલમ દુનિયામાં પ્રતિષ્ઠા અને કીતિર્નો કાટ જેમના પર ચડ્યો નથી, એવાં તો એક માદામ ક્યુરી જ ગણાય.” જીવનનો મોટો ભાગ દારિદ્રયમાં અને જાતજાતની અગવડો વેઠવામાં ગાળ્યા છતાં ધનસંપત્તિ કે વૈભવ તરફ એમનું કે એમના પતિનું ચિત્ત જરાય આકર્ષાયું નહીં. એમણે જો પોતાની રેડિયમની શોધનું આંતરરાષ્ટ્રીય પેટન્ટ લીધું હોત, તો તેઓ ધનના ઢગલામાં આળોટી શક્યાં હોત, અને પોતાની સંસ્થાઓ માટે કરોડો રૂપિયા ઉઘરાવવા એમને જે ભિક્ષા-યાત્રા કરવી પડી તેમાંથી એ બચ્યાં હોત.

*

મારા ધ્યાનનો મુખ્ય વિષય જીવન-ચિંતન છે. માત્ર મનુષ્યના જીવનનું નહીં પરંતુ સમસ્ત જીવસૃષ્ટિના જીવનકર્મનું ચિંતન કરવું, એ મારે માટે સહુથી શ્રેષ્ઠ વિષય છે. આ ઉપાસનાનો આરંભ મેં કર્યો

પ્રકૃતિના નિરીક્ષણથી. પછી હું ખગોળવિદ્યા પ્રત્યે આકર્ષાયો. એ પછી 'એકોલોજી'નો રસ વધ્યો. એકોલોજી એક નવું શાસ્ત્ર છે. એમાં સમસ્ત જીવસૃષ્ટિનું પરસ્પરાવલંબન, સામંજસ્ય અને જીવનવિકાસનો ક્રમ-એ બધું આવી જાય છે.

એટલામાં ચિ. સતીશે કહ્યું કે, "આ વિષયમાં તમને આટલો રસ છે, તો 'ધ સી એરાઉન્ડ અસ' કેમ નથી વાંચતા?" લેખિકા રાશેલ કારસનની એ ચોપડી વાંચતાં એટલો આનંદ થયો કે જાણે હું વિજ્ઞાનક્ષેત્રનું 'મત્સ્યપુરાણ' અને 'કૂર્મપુરાણ' જ વાંચી રહ્યો છું. રાશેલ કારસને પોતાનું આખું જીવન મહાસાગરની જીવસૃષ્ટિના વિજ્ઞાનમાં જ ગાળ્યું હતું. એની લેખનશક્તિ એટલી સમર્થ છે કે પોતાની ઉત્સાહપૂર્ણ શૈલી દ્વારા એ તમને પોતાના વિષયની દીક્ષા જ આપી દે છે. એમણે અનેક પ્રેરક પુસ્તકો લખ્યાં, ધન અને કીતિર્ મેળવ્યાં. અને એક છેલ્લી ચોપડી લખી, જેણે અમેરિકાના આખા સમાજને અસ્વસ્થ કરી મૂક્યો. એ ચોપડીમાં લેખિકાની સાર્વભૌમ કરુણા પ્રગટ થાય છે અને કુદરતના માંગલ્ય પરની શ્રદ્ધા દૃઢ થાય છે. એ ચોપડીનું નામ છે 'ધ સાઇલેંટ સ્પ્રીંગ'-નિ:શબ્દ વસંતઋતુ.

*

કુદરતના હાર્દિક નિરીક્ષણ દ્વારા ભગવાનનાં દર્શન કરવાની મારી સાધના બાળપણથી ચાલુ હતી. મારા મિત્ર મંજેશ્વર પૈએ આકાશના તારાઓ સાથે મારી મૈત્રી કરાવી. આ તારાઓએ મારા જીવનને એટલું સમૃદ્ધ કર્યું અને મારી માનવતાને એટલી વ્યાપક બનાવી કે હવે હિંદુસ્તાનના કોઈ પણ પ્રાંતમાં જાઉં કે દુનિયાના કોઈ પણ દેશમાં પહોંચું તોયે મને ક્યાંયે પરાયાપણું લાગતું નથી. યરવડા જેલમાં ગાંધીજીની પાસે મેં મારા આ દેવતાઈ મિત્રોની વાત કરી. તારાઓની નીચે, તારાઓનો પ્રકાશ પામતાં પામતાં સૂવાનો ગાંધીજીનો આગ્રહ હતો જ. એથી જ્યારે હું સાબરમતી જેલમાં હતો અને મહાત્માજી યરવડા જેલમાં હતા, ત્યારે એમણે એક પવિત્ર દિવસે જેમ્સ જીન્સનાં ત્રણ પુસ્તકો મને મોકલ્યાં: 'સ્ટાર્સ ઇન ધેર કોર્સીઝ', 'મિસ્ટીરિયસ યુનિવર્સ'

અને ‘યુનિવર્સ એરાઉન્ડ અસ’. આ ત્રણ પુસ્તકોએ ધર્મદર્શનને એક નવું જ રૂપ આપ્યું. ત્યારથી ભૌતિક વિજ્ઞાનનાં જે કોઈ પુસ્તકો વાંચું છું એમાં નવી ધાર્મિકતા જ જોવા પામું છું.

*

૧૯૧૫ની આખરની વાત હશે. બાપુ કાંઈક લખતા હતા. હું પાસે બેઠો બેઠો ઉમર ખય્યામની ‘રુબાયત’નો [અંગ્રેજી] તરજુમો વાંચતો હતો. ફિટ્ઝીરાલ્ડના અનુવાદનાં વખાણ મેં બહુ સાંભળ્યાં હતાં, પણ એ વાંચ્યો નહોતો. ચોપડી પૂરી થવા આવી હતી, ત્યાં બાપુનું ધ્યાન મારા તરફ ગયું. “શું વાંચો છો?” તેમણે પૂછ્યું. મેં ચોપડી બતાવી.

નવીસવી ઓળખાણ થયેલી. બાપુ સીધો ઉપદેશ આપવા માગતા નહોતા. ઊંડો નિસાસો નાખી તેમણે કહ્યું, “મને પણ અંગ્રેજી કવિતાનો બહુ શોખ હતો. પણ મેં વિચાર કર્યો કે મને અંગ્રેજી કવિતા વાંચવાનો શો અધિકાર? મારી પાસે વખત ફાજલ રહેતો હોય, તો હું મારી ગુજરાતી લખવાની શક્તિ કાં ન વધારું? દેશની સેવા કરવી હોય તો મારો બધો વખત મારી સેવાશક્તિ વધારવામાં રોકવો જોઈએ.”

થોડી વાર થોભી પાછા બોલ્યા, “દેશસેવાને કાજે મેં ત્યાગ કર્યો હોય તો તે અંગ્રેજી સાહિત્યના શોખનો. પૈસા અને ‘કરિયર’ (કારકિર્દી) ના ત્યાગને તો હું ત્યાગ ગણતો જ નથી, એ તરફ મને કદી ખેંચાણ જ નહોતું. પણ અંગ્રેજી સાહિત્યનો શોખ પાર વગરનો હતો. પણ મેં નિશ્ચય કર્યો છે કે એ શોખ મારે છોડવો જોઈએ.”

હું સમજી ગયો અને ચોપડી બાજુએ મૂકી દીધી.

*

નાનપણમાં શાહપુરની લાઇબ્રેરીમાં જ્યારે હું પહેલો ગયો અને ત્યાં જોયું કે, મહિને બે આના આપવાથી છાપાં વાંચવા મળે છે એટલું જ નહીં, પણ વાંચવાને ચોપડીઓ પણ મળે છે, ત્યારે મને બહુ આશ્ચર્ય થયું. આવી જાતની વ્યવસ્થા જેને સૂઝી હશે તેની કલ્પકતા વિશે મારા મનમાં ભારે માન ઊપજ્યું. ચોપડીઓ ખરીદવી ન પડે અને છતાં વાંચી શકાય, એ સગવડ શું ઓછી છે? જેને આ યુક્તિ સૂઝી હશે

તે માનવજાતનો કલ્યાણકર્તા છે, એમ તે દિવસે અસ્પષ્ટપણે મને લાગ્યું.

ઘરમાં તો શિવાજીનું ચરિત્ર, શિવાજીના ગુરુ દાદાજી કોંડદેવનું ચરિત્ર, રમેશચંદ્રના 'જીવનપ્રભાત'નો [બંગાળીમાંથી] મરાઠી અનુવાદ અને 'હરિશ્ચંદ્ર' નાટક, એટલું જ વાંચેલું. ઘણુંખરું તો સમજાયું પણ ન હતું. પુરાણ સાંભળવા જઈએ તેમાં ખૂબ મજા પડતી. આમ વાંચવાનો શોખ શરૂ થયો હતો, એટલામાં અમે મીરજ ગયા. તે વખતે હું ચોથીમાં ભણતો હોઈશ. મીરજમાં પિતાશ્રીને સંસ્થાનના ચોપડા તપાસવાના હતા. એ સંસ્થાનના દફતરમાં, કોણ જાણે શા કારણે, ચોપડીઓનું એક કબાટ હતું. કેશુને એ પુસ્તક-સંગ્રહની ક્યાંકથી ભાળ લાગી હશે. એ ત્યાંથી વાંચવા માટે ચોપડી લઈ આવ્યો. મને પણ ચોપડી લાવવાનું મન થયું. મેં પિતાશ્રીને કહ્યું કે મારે વાંચવા માટે ચોપડી જોઈએ છે. એમણે કારકુનને કહી દીધું કે આને વાંચવાની ચોપડી આપજો.

પિતાશ્રી અમારા ભણતર કે ઘડતર તરફ જરાયે વખત આપતા નહીં. એમને પોતાને ચોપડીઓ કે છાપાં વાંચવાનો શોખ નહોતો. વાતો હાંકવા એમની પાસે ઝાઝી મંડળી પણ આવતી નહીં. કચેરીનું મુખ્ય કામ, માંદાંની માવજત, દેવપૂજા, સ્તોત્રપાઠ એવા જ એમના [રસના] મુખ્ય વિષયો હતા. સાંજે નિયમિત ફરવા જાય, શાક પોતે ખરીદે. રાત્રે સાડા આઠ વાગે કે સૂઈ જવું ને સવારે વહેલા ચાર વાગ્યે ઊઠી ઈશ્વરચિંતન કરવું, એ એમનો અબાધિત કાર્યક્રમ. એમને બીજું કશું સૂઝતું જ નહીં; માંદા પડવાનું પણ સૂઝતું નહીં.

અમે શું ભણીએ છીએ, શું વાંચીએ છીએ, કોની સાથે દોસ્તી રાખીએ છીએ, અથવા અમારા મગજમાં શું ચાલે છે, એ જાણવાની તેઓ જરાયે દરકાર રાખતા નહીં. છતાં એમનું સાદું અને સ્વચ્છ જીવન એની મેળે પોતાની અસર અમારી ઉપર પાડતું.

કારકુને મને પૂછ્યું, "તમારે કેવી ચોપડી જોઈએ છે?"

"હું શું જાણું?" મેં કહ્યું. "મજા પડે એવી સરસ ચોપડી તમે જ પસંદ કરી આપો."

તેણે પાંચ-દસ ચોપડીઓ હાથમાં લઈ એમાંથી એક મને કાઢી આપી અને કહ્યું, “આ લઈ જાઓ; આમાં બહુ જ મજા પડશે.” એણે એ બધી ચોપડીઓ વાંચી હતી, એમાં શક નથી. એણે મને જે ચોપડી આપી તેનું નામ હતું ‘કામકંદલા’. એ નાટક હતું કે નવલકથા હતી, તે મને બરાબર યાદ નથી. મુગ્ધભાવે હું એ વાંચવા લાગ્યો. મને એમાં ઝાઝો રસ ન પડ્યો. રસ પડે એવી મારી ઉંમરે ન હતી, છતાં હું જોઈ શક્યો કે એ ચોપડી ગંદી છે.

ચોપડીની મારા ઉપર અસર થઈ તે કરતાં બીજા એક વિચારની જ વધારે અસર થઈ. હું મનમાં બોલ્યો, “ત્યારે કેશુ પણ આવી ગંદી ચોપડીઓ વાંચે છે? પેલો કારકુન અમારા જેવા નાના છોકરાઓને આવી ચોપડીઓની ભલામણ કેમ કરતો હશે? અને કેશુ તો મારો મોટો ભાઈ; મને જે હંમેશ ડાહ્યો થવાનો ઉપદેશ કરે છે એ કેવી ચોપડીઓ વાંચે છે, એની હવે મને ખબર પડી છે એ તો કેશુ જાણતો જ હશે. એણે મને ચોપડી લેતાં કેમ ન રોક્યો?”

ઉપર લખેલી વિચારપરંપરા તે વખતે આટલી સ્પષ્ટતાથી તો હું ન લખી શકત. પણ, “અમુક કામ કરવું એ ખોટું છે એમ તે વખતે હું જાણતો નહોતો,” એમ કહી જ્યારે કોઈ પોતાનો બચાવ કરે છે, ત્યારે એ વાત સહેજે મારે ગળે નથી ઊતરતી. સારું શું અને ખોટું શું, એનો કંઈક સ્થૂળ ખ્યાલ, કોણ જાણે કઈ રીતે પણ, માણસને બહુ જ વહેલો મળે છે.

સદ્ભાગ્યે તે વખતે મારામાં આવી ચોપડીઓનો રસ ઊપજ્યો ન હતો. કવિતા ગોખવી, રમતો રમવી, વાતો કરવી, એ જ મારો મુખ્ય વ્યવસાય હતો. બિલાડીઓ અને કબૂતરો તે વખતના મારા જીવનનાં મુખ્ય સાથીઓ હતાં.

*

એક ડોશી અમારે ત્યાં ભિક્ષા માગવા આવતી. એની પાસે લોકગીતોનો ભંડાર હતો. મારી બાને લોકગીતોનો શોખ ભારે. સીતાનો વિલાપ, દ્રૌપદીની ભીડ, દમયંતીની મૂંઝવણ, રુક્મિણીનો વિવાહ, એ

જ એ ગીતોના મુખ્ય વિષયો હતા. મારી બા અને ભાભીઓ બધાં જ લગભગ નિરક્ષર, એટલે શ્રૌત પદ્ધતિથી જ તેઓ કવિતાનો આસ્વાદ લઈ શકે. પેલી ડોશી લગભગ આખો બપોર અમારે ત્યાં ગાળતી. એમાં એને પ્રાપ્તિ પણ ઠીક થતી; બાને તેમ જ ભાભીને કાવ્યનો રસ મળતો. હું આ રસમાં ભાગીદાર થવા ચૂકતો નહીં. બા જોડે હું પણ કેટલાંયે લોકગીતો અનાયાસે શીખી ગયો હતો. સહેજ ઉંમર વધ્યા પછી મારા મગજમાં એવું ભૂત ભરાયું કે બૈરાંઓનાં ગીતો યાદ રાખવાં એ મરદને છાજે નહીં, એટલે પ્રયત્નપૂર્વક મારો એ રસ મેં મારી નાખ્યો અને એ લોકગીતો હું ભૂલી ગયો!

તે વખતના આવા શુદ્ધ રસ આગળ ‘કામકંદલા’માં હું મશગૂલ ન થઈ શક્યો. મેં એવી એ એક જ ચોપડી વાંચી. એની અસર એ વખતે કશી ન થઈ. પણ ઉનાળામાં વાવેલું બીજ જેમ એમ ને એમ પડ્યું રહે છે અને ઘન વરસ્યે પાંગરે છે, તેમ ઉંમર વધ્યા પછી એ ચોપડીના વાચને પોતાની અસર બતાવી અને મનમાં મેલા વિચારો આવવા લાગ્યા. પણ ઘરની રહેણીકરણી અને સંસ્કારો શુદ્ધ, પિતાશ્રીની ધર્મનિષ્ઠા જબરી, અને મોટાભાઈની નૈતિક ચોકી નિરંતર જાગ્રત, તેથી એ મેલા વિચારોના અંકુરો ત્યાં ને ત્યાં જ દબાઈ ગયા અને કલ્પનાની વિકૃતિ ઉપરાંત ઝાઝી માઠી અસર થઈ નહિ. વાતાવરણ શુદ્ધ હોય તો ખરાબ વાચનમાંથી પણ માણસ કંઈક બચી શકે છે. ખરાબ વાચનએ ખરાબ તો ખરું જ; એનાથી બાળકોને બચાવવાં જોઈએ. પણ નિર્દોષ અને પ્રેમાળ કૌટુંબિક વાતાવરણ એ જ સૌથી અગત્યનું છે. શુદ્ધ વાત્સલ્યનો આસ્વાદ મળતો હોય ત્યાં જીવન સહેજે સુરક્ષિત રહે.

*

એક જ પુસ્તકને માટે લખવાનું બાકી રહી જાય છે. મારા મનના બંધારણ સાથે જેનો મેળ નથી બેસતો અને મારી આજ સુધીની સંસ્કારિતા સાથે જેનો તાલ નથી જામતો, છતાંયે જેણે મહિનાઓ સુધી મારા મન ઉપર એવી પકડ જમાવી કે હું દિનરાત એના વાતાવરણમાં રહેવા લાગ્યો. મૂળ પુસ્તક તો હું નથી વાંચી શક્યો. એનો મરાઠી અનુવાદ

જ વાંચ્યો હતો અને પાછળથી એના એક-બે અંગ્રેજી અનુવાદ પણ વાંચ્યા. એ પુસ્તક છે ‘કુરાને શરીફ’. આ પુસ્તકનું અધ્યયન દરેક સંસ્કારી મનુષ્યે કરવું જ જોઈએ.

*

માણસના જીવનને ઘડવામાં વ્યક્તિઓનો ફાળો હોય છે. [તેમ] સારી સારી ચોપડીઓનો એટલો જ મહત્ત્વનો ફાળો હોય છે. કેટલાક લોકોના જીવનમાં એકાએક પરિવર્તન થાય છે. [પણ] મોટે ભાગે તો માણસ પોતાના જીવનમાં ધીરે ધીરે ફેરફારો કરતો જાય છે. ચોપડીઓની અસર કોઈક વખતે ચમત્કારી હોય છે, પણ ઘણી વાર તો ધીરે ધીરે જ થાય છે. આવી સ્થિતિમાં ઘણી વસ્તુઓને ગૌણ કરીને એક જ વસ્તુ આગળ કરવાનું મનુષ્યને મન થાય છે; અને તેથી માણસ એક વખતે એક ગ્રંથને આગળ કરશે, બીજે વખતે બીજાને. તેથી જીવન ઉપર ઊંડી અસર કરનાર એક જ ગ્રંથ ન હોય; તે તે કાળે અલગ અલગ ગ્રંથોએ અસર કરેલી હોય છે.

માણસની કારકિર્દીની શરૂઆત જ હોય ત્યારે, રવીન્દ્રનાથ ઠાકુરની કે ગાંધીજીની અમુક ચોપડી વાંચી અને એમાંથી પોતાના જીવનની દિશા જડી, એમ માણસ કહી શકે. જે પ્રમાણે રસ્કિનનું ‘અન્ટુ ધિસ લાસ્ટ’ વાંચીને ગાંધીજીના જીવનમાં મોટું પરિવર્તન થયું, એવું તો મારા જીવનમાં કાંઈ થયું નહીં.

જીવનવ્યવહારમાં અસંખ્ય લોકો સાથે આપણે મળીએ છીએ. થોડા લોકો સાથે ગાઢ પરિચય થઈ જાય છે. દરેક માનવી પાસેથી આપણે કૈંક ને કૈંક મેળવીએ જ છીએ. પણ કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેમના પરિચય અને સહવાસથી આપણને નવી દૃષ્ટિ માત્ર નથી મળતી, પણ એ દૃષ્ટિ પ્રમાણે ચાલવાનું બળ પણ મળે છે.

કેટલાંક પુસ્તકો પણ એવાં જ હોય છે, જેને આપણે પુસ્તક ન કહેતાં જીવંત વ્યક્તિ કહી શકીએ. પરમ સખા, મિત્ર અને ગુરુ, ત્રણેનું કામ એ એકસાથે કરે છે.

જે માણસને અનેક દેશોની યાત્રા કરવાનો લહાવો મળ્યો છે, જુદી

જુદી સંસ્કૃતિના લોકો સાથે અનેક વિષયોની ચર્ચા કરવામાં રસ પડ્યો છે, તેને માટે પ્રવાસ એ સંસ્કારિતાનું એક મોટું સાધન બને છે. કુદરત અને મનુષ્યજીવન એ જ એક વિશાળ ગ્રંથ બને છે. અને પછી એના સતત અધ્યયનથી જ માણસ ઘડાય છે. શબ્દબદ્ધ સાહિત્ય એને માટે ગૌણ બને છે. અને તેથી, અમુક સાહિત્યને લીધે જ હું ઘડાયો, એમ હું કહી ન શકું. અને છતાં સાહિત્ય દ્વારા મેં એટલું બધું મેળવ્યું છે કે સાહિત્ય પ્રત્યે મનમાં ઊંડો આદર અને અખંડ કૃતજ્ઞતા જ રહી છે.

['કાલેલકર ગ્રંથાવલિ' તથા અન્ય પુસ્તકો]

## વિચાર-કલિકા

જ્ઞાન અસીમ છે, જેટલું શીખીએ એટલું ઓછું છે. એટલે જો આપણે એમ વિચારીએ કે બધું શીખી લીધા પછી બીજાને શીખવીશું, તો એ ભૂલ છે. જેટલું શીખતા જાઓ, એટલું શીખવતા પણ જાઓ. અમારી પાસેથી તમે વિદ્યાર્થીઓ જે કંઈ મેળવો એ ખેડૂતો, વણકરો, હરિજનો, દલિતોને આપો. અને એ રીતે જ્ઞાનનો તંતુ આગળ વધાર્યે જ જાઓ!

*

જો ગૌરીશંકરનું શિખર એકલું એકલવાયું હોત, તો એ આંખને ખૂંચત. સેંકડો નાનાંમોટાં શિખરો હજારો માઈલ સુધી સળંગ ઊભાં છે, એની વચ્ચે જ ગૌરીશંકર અને ધવલગિરિ તેમ જ નંદાદેવી ને ત્રિશૂળ આદિનાં ઉત્તુંગ શિખરો ભવ્ય રીતે શોભી રહ્યાં છે. એ જ પ્રમાણે કોઈ માણસ એકલો શૂરો બની પોતાનું જ જ્ઞાન વધાર્યે જાય અને મહાપંડિત બને એથી કંઈ દેશ એટલો સુશોભિત અને સમૃદ્ધ નથી બનવાનો, જેટલો ઘેરઘેર થોડાથોડાયે જ્ઞાનના ફેલાવાથી એ સમૃદ્ધ થવાનો છે. જ્યારે લાખો અને કરોડો લોકોમાં કેળવણી સર્વવ્યાપી બનશે, ત્યારે એમાંથી જે થોડા મહાવિદ્વાન પાકશે એ ઘણી ઊંચી પંક્તિના હશે.

*

મને કઈ નોકરી મળશે, મને કોણ કામ આપશે, મારે કયા ક્ષેત્રમાં કામ કરવું —એ બધો વલોપાત છોડી દો. પોતાની યોગ્યતા વધારો, સુપાત્ર થાઓ, અધ્યયન ઊંડું બનાવો અને સદાચાર કેળવો, એટલે કામ તો તમને ખોળતું આવી પડશે. કાર્યક્ષેત્ર શોધવા જવાનાં ફાંફાં ન મારશો. ઊંચામાં ઊંચા કાર્યને યોગ્ય થવાનો પ્રયત્ન કરતા રહેજો.

*

માણસ ગમે તેટલું ભણે, ગમે તેટલો કેળવાય, પણ જેનામાં સૂઝ નથી, એ માણસ કહેવડાવવાને લાયક નથી. આપણા જુવાનોમાં સૂઝનો અભાવ છે, એ મને ખૂંચે છે. ઝાડુ વાળો, વાસણ માંજો કે શાક સુધારો, દરેકમાં સૂઝ વાપરવી જોઈએ. જો આપણામાં સૂઝ હોત તો કુંભારનો ચાકડો આજે છે એવો ને એવો ન હોત અને આપણી બહેનોને રોજ ચૂલાનો ધુમાડો ખાવો ન પડત.

*

એક વાતનું સતત ધ્યાન રાખવું. આપણે જે મંડળીમાં બેઠાં હોઈએ ત્યાં ચાલતાં હાસ્ય-વિનોદ, વાતચીતની ભૂમિકા આપણી હાજરી વડે ઊંચી ચડવી જોઈએ-એ નીચે ન જવી જોઈએ. આપણી કેળવણી અને સંસ્કારિતાનું એ ખાસ પ્રમાણ છે.

*

ઝટઝટ ત્યાગી બની જવાની ઉતાવળ ન કરશો. પણ જેટલું તજો એ ઉત્સાહથી તજજો અને એ ત્યાગ શોભાવજો. ત્યાગ કરવા કરતાં ત્યાગને લાયક બનવું ઘણું કઠણ છે.

*

દુનિયા આપણે માનીએ છીએ એટલી સાવ ખરાબ કે દુષ્ટ નથી. એ છે ત્યાંથી જલદી બહુ ઊંચે આવતી નથી, એટલી જ દુ:ખની વાત છે.

*

મહાન વિચારકો પણ ઘણી વાર જમાનાના દોષોથી પર રહી શકતા નથી. એરિસ્ટોટલ જેવા વિશ્વવ્યાપી બુદ્ધિવાળા ફિલસૂફને પણ ગુલામીની પ્રથા સ્વાભાવિક લાગી. શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદી પણ

'વેદો'નું ઉચ્ચારણ સાંભળનાર અંત્યજને સજાપાત્ર ગણતા. ભક્ત કવિ તુલસીદાસે તો ઢોર-ગમાર સાથે સ્ત્રીને તાડનનો અધિકાર આપી દીધો! મહર્ષિઓ પોતાના જમાનાના સર્વોત્તમ પુરુષો હોય છે. પણ તેથી કાંઈ તેઓ જમાનાની અપૂર્ણતાઓથી પૂર્ણપણે પર નથી હોઈ શકતા.

*

અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરૂર નથી. ખોટા ખ્યાલો ને ભ્રમણાઓ છોડી દેતાં ઘણી વાર લાગે છે. પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે, એને દૂર કરતાં વાર નથી લાગવાની. કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું-નહતું થઈ જાય.

*

લોકો પોતાનું પાપ છુપાવે છે, એના કરતાં પોતાની નિરાશા અને પોતાનો થાક માણસે છુપાવવો જોઈએ. પાપ ઉઘાડું કરવાથી એનું ઝેર નીકળી જાય છે; પણ થાક અને નિરાશા વ્યક્ત કરતાંની સાથે વધે છે અને પ્રતિષ્ઠિત થવા માગે છે.

*

ઈશ્વર જેમને મોટા બનાવવા ઇચ્છતો હોય છે, તેમને પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિનું પૂરું જ્ઞાન થવા દેતો નથી. આ સંરક્ષક અજ્ઞાન જો ન હોત, તો અસહાય ને અનાથ બચ્ચાં કોઈ દિવસ મોટાં ન થાત.

*

કુટુંબસંસ્થા બંધાઈ એની પાછળ હજારો વર્ષોનો મહાપ્રયત્ન, સતત તપશ્ચર્યા અને કરોડો લોકોનો આપભોગ પડેલાં છે.

*

કેટલાક લોકો યુવાનોની ખુશામત કરે છે અને માને છે કે, યુવાનોને અમે પ્રેરણા આપીએ છીએ. પણ ખુશામત એ શરાબ છે, તેથી શૂર ચડાવવા માટે પછી દર વખતે તેને વધુ ને વધુ મોટો ડોઝ આપવો પડે છે.

*

સારું શું અને ખોટું શું એનો કંઈક સ્થૂળ ખ્યાલ, કોણ જાણે કઈ

રીતે પણ, માણસને બહુ વહેલો મળે છે.

*

પોતાના સમાજમાં સહન કરવી પડતી હાડમારી દૂર કરવા માટે દેશાંતર કે ધર્માંતર કરવું, એ કાયરતાનો રસ્તો છે. એ રીતે દુનિયામાં રહેલો અન્યાય ઓછો થતો નથી, અને આપણી શક્તિ પણ વધતી નથી. એક સમાજમાં એક જાતનું દુઃખ છે, તો બીજા સમાજમાં બીજી જાતનું. જ્યાં છીએ ત્યાં જ સેવા લઈએ અને આપીએ.

*

આપણામાં દેશાભિમાન છે, પણ દેશભક્તિ નથી.

*

આપણે ગમે તે વસ્તુની ગમે તેટલી ચર્ચા કરીએ, પણ આખરે એટલું તો ધ્યાનમાં રહેવું જોઈએ કે ચર્ચાને અંતે કંઈક ચોક્કસ કામ કરવું છે.

*

પાંડિત્ય પુસ્તક વાંચવામાં છે, પુસ્તક-સંગ્રહમાં નથી. શૌર્ય તલવાર વાપરવામાં છે, કેડે લટકાવવામાં નથી.

*

ઉત્તમ ગદ્ય જો યોગ્ય છટાથી વાંચવામાં આવે, તો તેમાંથી એક જાતનો કેફ પેદા થાય છે. એકાદ ફકરો એક વાર સાંભળ્યો કે, કેવળ ભાવને કારણે નહીં પણ ભાષાને કારણે પણ તે ફરી વાંચવા-સાંભળવાનું મન થવું જોઈએ અને માણસની જીભ ઉપર એ ચડવો જોઈએ. ગદ્યસ્વામી પોતાનું લખાણ દઢબંધ, સુઘડ, અલ્પાક્ષર છતાં બહવર્થ બનાવવા માટે દરેક વાક્યને અનેક રીતે મઠારે છે અને ઘૂંટીઘૂંટીને એમાં લાવણ્ય આણે છે. છંદની મદદ વગર આટલું પ્રાગલ્ભ્ય પ્રાપ્ત કરવું, એ ખરેખર કવિની કસોટી જ છે.

*

વસ્તુની નજીક જઈએ, એટલે એનું સૌંદર્ય પ્રગટ થાય છે; પણ એનું કાવ્ય તો દૂરથી જ ખીલે છે.

*

ગ્રંથપાલ [એ] અસંખ્ય ગ્રંથકારો અને પ્રજા વચ્ચે આધ્યાત્મિક

સંબંધ બાંધી આપનાર ગોર છે, હિતેચ્છુ મિત્ર છે. શું પસંદ કરવું એ શીખવનાર ગ્રંથપાલનો નિર્હેતુક પ્રેમ આખી પ્રજાને જ્ઞાનસમૃદ્ધ, સંસ્કારી અને દીનસેવક બનાવવા મથે છે. ઉત્તમ ગ્રંથસંગ્રહ અને ઉત્તમ ગ્રંથપાલની યોજના થઈ હોય, તો પ્રજા જોતજોતામાં ચડે.

*

નકામી વસ્તુઓનો ત્યાગ કરવો, એ સિદ્ધાંત જ્ઞાનસંગ્રહમાં પણ જરૂરી છે.

*

'જીવનવિકાસ' ચોપડીમાં મારા અનુભવો અને મારા હૃદયનો નિચોડ છે.

*

શ્રીકૃષ્ણ, શંકરાચાર્ય, માર્ટીન લ્યૂથર, ઇગ્નેશિયસ લોયોલા, મહંમદ પયગંબર-બધા ઉત્પાતિયા હતા : ન પોતે જંપીને બેસે, ન કોઈને સુખેથી સૂવા દે. ગાંધીજીને પણ, એમની અહિંસક મીઠાશ છતાં, ઉત્પાતિયાની હરોળમાં જ બેસાડવા જોઈએ-બેસાડવા નહીં, ઊભા કરવા જોઈએ! બેસે તો ઉત્પાતિયો શાનો?

*

બે હજાર વરસ પછી જગતના ઇતિહાસમાં ગાંધીજી વિશે એક જ વાક્ય લખવાની સગવડ હોય, તો તે વખતના ઇતિહાસકાર લખશે કે : "એ જમાનામાં અન્યાયનો પ્રતિકાર કરવા માટે સત્યાગ્રહરૂપી અહિંસક શસ્ત્ર શોધી કાઢનાર ગાંધી ઉત્તમ સેનાપતિ હોવા ઉપરાંત સમાજનું આખું રૂપ ફેરવનાર મનીશી હતો."

બાકીની બધી વસ્તુ ગૌણ છે. કરોડો માણસો ત્યાગ અને તપસ્યા કરી શકે છે એ વિશ્વાસ ગાંધીજીએ પેદા કર્યો, એ એમની ભારત માટે સૌથી મોટી સેવા છે.

*

ગાંધીજીમાં પુરુષતત્ત્વ અને સ્ત્રીતત્ત્વ બંનેનું અદ્‌ભુત મિલન હતું. સ્ત્રીજાતિએ મહાત્માજીની શક્તિ અને એમની પ્રેરણા ઓળખીને ગાંધીજીને વધારેમાં વધારે અપનાવ્યા છે અને એમને કલ્પનાતીત સાથ આપ્યો છે.

*

કન્યાકુમારીમાં ત્રણ સાગરોનો સંગમ છે. ત્યાં મેં જે ધન્યતા અનુભવી છે, તેવી ભવ્યતા એક હિમાલયને છોડીને અને ગાંધીજીના જીવનને છોડીને અન્યત્ર ક્યાંય અનુભવી નથી.

*

માણસને ગુલામ બનાવી ઘરકામ કે ખેતી માટે મજૂર તરીકે રાખવાની પ્રથા પ્રાચીનકાળમાં દરેક દેશમાં હતી.

*

આજના અન્યાયથી આપણે એટલા બધા ટેવાઈ ગયા છીએ કે આપણને કાંઈ લાગતું જ નથી. પાકથી લીલાંછમ ખેતરોવાળી બિહારની ભૂમિમાં ખેડૂતો અને બીજા ગરીબોને સત્તુ ફાકીને રહેવું પડે છે. એકથી બીજા લૂગડાને અભાવે બિહારની સ્ત્રીઓ નાહી નથી શકતી. ઓરિસ્સાની દશા એથીય ભૂંડી છે. અપચાથી જેમ મોઢું ગંધાય છે, તે પ્રમાણે સામાજિક અન્યાયને લીધે આપણા બધા વ્યવહારોમાં કુરૂપતા દેખાય છે.

*

આપણા સામાજિક દોષો શબ્દથી ધોવાય એવા નથી. આપણા પરસેવાથી જ આપણે તે ધોવા પડશે. અને આજે તેમ નહીં કરીએ, તો કાલે આપણા દીકરાઓના લોહીથી ધોવા પડશે.

*

દુનિયામાં જ્યાં જ્યાં અન્યાય થાય છે, ત્યાં ત્યાં જુલમ ગુજારનાર તો પાપી હોય જ છે, પણ જુલમ સહન કરનાર પણ ઓછું પાપ નથી કરતો. ભયભીત દશામાં રહેવું, અન્યાય સહન કરવો, અજ્ઞાન રહેવું, આળસમાં આયુષ્ય વિતાડવું-એ પણ પાપોનો એક પ્રકાર જ છે. દુષ્ટતાના જુલમ કરતાં અજ્ઞાન, વહેમ, અભિમાન અને સમાજહિતના ખોટા આદર્શને લીધે થયેલા જુલમ ઓછા ભયાનક નથી હોતા.

*

ગરીબાઈ એ મહાદુ:ખ નથી. કંટાળાભરેલું, નીરસ અને કદરૂપું કામ કરવું પડે, એ ભારે સજારૂપ છે.

*

જાન અને માલને ગમે તે ભોગે વળગી રહેવાની હીનતાને લીધે

જ હિંદુસ્તાનનું સત્યાનાશ વળ્યું છે.

*

પ્રયાસ અને કષ્ટ વગર જીવન દહાડે દહાડે કટાતું જાય છે, અને અંતે વિકૃત દશાને પામે છે.

*

દાન કરતાં પણ ત્યાગનું મહત્ત્વ વધારે છે. દાન કરવાથી આપણે ગરીબોનાં કષ્ટ ઓછાં કરીએ છીએ, પણ સમાજહિતને અર્થે સંપત્તિનો ત્યાગ કરવાથી આપણે ગરીબોની ગરીબી જ કાઢી નાખીએ છીએ.

*

વ્યક્તિને ખેરાત તરીકે દાન આપવાની પ્રથા બંધ કરવી જોઈએ. આખા સમાજને પુરુષાર્થ કરવાની અનુકૂળતા વધારે થાય, એવી સગવડો ને સંસ્થાઓ ઊભી કરવા પાછળ દાન ખરચાવું જોઈએ. દાન આપવામાં પુણ્ય છે એ જેમ આપણા ધર્મે શીખવ્યું છે, તેમ અંગત સગવડ ખાતર દાન લેવું એમાં ચારિત્ર્યહાનિ છે એવું પણ એ જ ધર્મે શીખવ્યું છે. અન્નછત્રમાં જમવું એ તો ત્યાગી-પરોપકારી માણસને જ સદે, ગૃહસ્થી માણસને એ ચારિત્ર્યહીન કરે, એ આપણા સમાજની માન્યતા છે.

*

ઉપકાર કરનાર ઘણી વાર અધીરાઈથી કૃતજ્ઞતાની અપેક્ષા રાખે છે અને અધીરાઈથી જ સામા માણસ ઉપર નગુણાપણાનો આરોપ કરે છે. [તો] સામો માણસ આપણી પાસેથી વધારે પડતી ભલાઈની અપેક્ષા રાખીને હંમેશાં અસંતુષ્ટ રહે છે.

*

સત્ય કાર્યને અર્થે જોખમ વહોરવામાં એક અપૂર્વરસ રહેલો છે.

*

પડેલા લોકો બીજાને પાડે છે.

*

બીજને ક્યાં ખબર હોય છે કે કેટલી ડાળીઓ, કેટલાં પાંદડાં અને કેટલાં ફૂલ-ફળ તેનામાં સમાયેલાં છે?

*

ઘાસની જ્વાળા ભડકામણી હોવા છતાં અલ્પજીવી હોય છે. લાકડાં

બળે છે ધીમે ધીમે, પણ તે આખી રાત સુધી પહોંચે છે.

*

બગીચામાં ફૂલો ઉપર મેં એટલાં બધાં ભાતભાતનાં પતંગિયાં જોયાં કે મારી ખાતરી થઈ કે ઝાડ ઉપર બેસી બેસી કંટાળે એટલે ફૂલો જ પતંગિયાં બની ઊડવા માંડે છે.

*

કૅમેરા જે જુએ છે તે બધું જ છબીમાં નોંધી લે છે. પણ ચિત્રકાર જ્યારે ચિત્ર ચીતરે છે ત્યારે કઈ વસ્તુ ઉઠાવદાર બનાવવી, કઈ ગૌણ કરવી, કઈ વસ્તુ કાઢી નાખવી અને કઈ ઉમેરવી, એ જાણે છે. વિષયના આત્માને ચિત્રકારનું વરેણ્ય વફાદાર હોઈ વધારે સાચું નીવડે છે.

*

વેદકાળના ઋષિઓથી માંડીને વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ- ગમે તે કવિ લો, નદીને જોતાંવેંત એની પ્રતિભા પૂરજોશમાં વહેવા માંડે છે. આપણી કોઈ પણ ભાષાની કવિતા જુઓ-એમાં નદીનાં સ્તોત્રો મળવાનાં જ. અને હિંદુસ્તાનની ભોળી જનતાનાં લોકગીતો જુઓ, તો ત્યાં પણ નદીનાં વર્ણનો ઓછાં નથી.

*

તાજમહાલની નિર્મિતિ એકલા શાહજહાનનાં પ્રેમાશ્રુમાંથી નથી થઈ, પણ વેઠે પકડેલ અસંખ્ય મજૂરો અને કારીગરોનાં દુખાશ્રુમાંથી પણ થઈ છે.

*

કેટલાક લેખકો લખે છે સરસ ઢબે, પણ શું પસંદ કરવું અને શું છોડી દેવું તેનો વિવેક જાણતા નથી. પરિણામે, લખાણ એકધારો રસ આપી શકતું નથી. (શું છોડી દેવું અને શું પસંદ કરવું એ વિવેકને માટે સંસ્કૃત લેખકોએ એક ભારેખમ શબ્દ બનાવી રાખ્યો છે ‘हानोपादान.’ એ શબ્દ ભારેખમ હોવાથી આજકાલ ભાગ્યે જ કોઈ વાપરે છે. એટલા જ ખાતર એ શબ્દ અહીં વાપરીને એને જીવિતદાન આપવા માંગું છું.)

# મણિશંકર ર. ભટ્ટ, 'કાન્ત'

## હિંદમાતાને સંબોધન

*ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં!*
*કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં!*

*હિંદુ અને મુસલમિન: વિશ્વાસી, પારસી, જિન:*
*દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં!*

*પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી:*
*સેવા કરે બને તે સંતાન સૌ તમારાં!*

*રોગી અને નીરોગી, નિર્ધન અને તવંગર,*
*જ્ઞાની અને નિરક્ષર: સંતાન સૌ તમારાં!*

*વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી,*
*અકબર, શિવાજી, માતા! સંતાન સૌ તમારાં!*

*સૌની સમાન માતા, સૌએ સમાન તેથી:*
*ના ઉચ્ચનીચ કોઈ સંતાન સૌ તમારાં!*

*ચાહો બધાં પરસ્પર: સાહો બધાં પરસ્પર*
*એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં!*

## જલધિજલદલ...

*જલધિજલદલ ઉપર દામિની દમકતી,*
*યામિની વ્યોમસર માંહી સરતી;*
*કામિની કોકિલા કેલિકૂજન કરે,*

*સાગરે ભાસતી ભવ્ય ભરતી;*
*પિતા, સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!*

# કાન્તિ ભટ્ટ

## તોફાનને નોતરો!

એક ખેડૂત ભગવાનને સતત પ્રાર્થના કરતો: અમને દર વર્ષે ખૂબ વરસાદ આપો જેથી સારી ખેતી થાય. ભગવાને આશિષ સાથે નિયમિત વર્ષા આપવા માંડી. દર વર્ષે માપસર વરસાદ થવા લાગ્યો. પણ પછી એ ખેતરમાં ઊગેલા ઘઉંનો સ્વાદ ઘટી ગયો. સતત વરસાદ અને સતત ખેતીથી જમીનમાં કસ ન રહ્યો. એ ઘઉંની રોટલી ફિક્કી ફસ લાગતી. તેમાં મધુરતા નહોતી. આખરે ખેડૂતે ભગવાનને કહેવું પડ્યું: ભગવાન, હવામાનમાં યથેચ્છ પરિવર્તન લાવો. વાવાઝોડું, હિમ કે દુષ્કાળ પણ વચવચમાં ચાલશે. આવા તોફાન અને દુષ્કાળ પછી ખેતર વાવ્યા વગર પડ્યું રહેતું. તેમાં કુદરતી ખાતર પેદા થતું. બીજે વર્ષે વરસાદ આવે ત્યારે ઘઉંમાં સ્વાદ આવતો. એ પ્રકારે જ જીવનમાં સ્વાદ લાવવો હોય તો આપણા જીવનમાં કંઈક તોફાન હોવું જોઈએ. તોફાન વગર કે પડકાર વગરની જિંદગી, સરળ ઋતુમાં પાકતા ફિક્કા અનાજ જેવી હોય છે. માનવનું સાચું સત્ત્વ દુ:ખ અને સંઘર્ષમાં જલદીથી પેદા થાય છે. જ્યારે તોફાન આવવાનાં હોય ત્યારે વૃક્ષ તેનાં મૂળ ઊંડાં નાંખે છે. એ પ્રકારે માણસે જાતે જ જીવનમાં પરિવર્તન કરીને તોફાનને નોતરીને પોતાનાં મૂળ ઊંડાં નાખવાં જોઈએ.

## હતી ત્યાંની ત્યાં જ?

અન્ના ફેલ્સ નામની લેખિકાનાં ૨૦૦૪માં લખાયેલાં પુસ્તક— ‘નેસેસરી ડ્રીમ્સ: એમ્બિશન ઇન વિમેન્સ ચેન્જંગિ લાઇવ્ઝ’—માં આ લેખિકાનો આક્રોશ છે કે સ્ત્રી શું કામ પરણવા પાછળ પડી છે? તેને લગ્નમાં શું મેળવવું છે? તેના જીવનમાં બીજું કોઈ ધ્યેય છે કે નહીં? શું

તે તેના ધ્યેયસિદ્ધિના વિકલ્પમાં પુરુષોને રીઝવવા પાછળ પડી છે? દેશી ભાષામાં અન્ના ફેલ્સની વાત રજૂ કરું તો 'સ્ત્રીને પરણવા સિવાયનો બીજો કોઈ જીવનનો મકસદ છે ખરો?' તેની આજુબાજુ પુરુષોનું પ્રભુત્વ, પુરુષો દ્વારા થતી મારપીટ, બળાત્કાર અને વ્યવસાયમાં થતા અન્યાયને જુએ છે અને નોકરી કે કેરિયર પાછળ પડેલી સ્ત્રીઓનાં કથળેલાં જીવન જુએ છે છતાં તેને પરણવાનું કેમ મન થાય છે?

યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલિનાનાં મહિલા પ્રોફેસર ડો. જેન બ્રાઉન કહે છે કે, "અમે સ્ત્રીઓ તો જ્યાં હતી ત્યાંની ત્યાં જ છીએ. હું જર્નાલિઝમ કોલેજમાં જોઉં છું કે બધી છોકરીઓ પોતાને આકર્ષક અને સુંદર દેખાવા પાછળ જ મંડી રહે છે. પુરુષને આકર્ષવાનાં જ બધાં નખરાં હોય છે. આજે સ્ત્રીનું સમાજમાં જે માનભર્યું મહત્ત્વ છે તે મહત્ત્વ અને દક્ષતાને વિસ્તારવાને બદલે રોજેરોજ પુરુષને આકર્ષવાના નવાનવા અખતરા સ્ત્રી દ્વારા થાય છે અને પુરુષને પ્રાપ્ય થવામાં જ સ્ત્રીઓ બહાદુરી સમજે છે."

## કોણ કેદી, કોણ મુક્ત?

લંડનની જેલના એક કેદીની વાત છે. ઇરવીન જેમ્સ નામનો કેદી ૧૫ વર્ષની જેલ ભોગવે છે. જેલમાં એક ધર્મગુરુની પત્ની મેડમ ગ્રેસ કેદીઓને ભણાવવા આવે છે. ઇરવીન જેમ્સ કિશોર વયે ગુનો કરીને આવ્યો છે. તે જેલમાં બેઠાં કોલેજની એક્ષટર્નલ પરીક્ષા આપે છે. પાદરીની પત્ની તેને મોપાસાં અને દોસ્તોયેવસ્કીનાં પુસ્તકો આપે છે; પ્રેરણા આપે છે કે તું પત્રકાર બન, 'ગાર્ડિયન' નામના અંગ્રેજી દૈનિકમાં લેખો લખ. 'ઓપન યુનિવર્સિટી'માં ઇરવીન જેમ્સ થોડું પત્રકારત્વ ભણ્યો અને જેલમાં બેઠો. 'ગાર્ડિયન'નો એ હવે જેલ કોરસપોન્ડન્ટ બન્યો છે, સમાજ અને સરકારને ધધડાવે છે. તેના લેખોનું પુસ્તક પણ પ્રગટ થયું છે: 'એ લાઇફ ઇનસાઇડ જેલ: એ પ્રિઝનર્સ નોટબુક'.

એક બાજુ જેલમાં બેસીને લંડનનો કેદી મુક્ત પત્રકારત્વ ચલાવે છે અને ભારતમાં મુક્ત પત્રકારોમાંથી મોટા ભાગના સરકારના કે ઉદ્યોગપતિઓના કેદી બન્યા છે. પત્રકારો દાઉદ ઇબ્રાહીમ અને પોલીસ ઓફિસરોના હપ્તા ખાનારા થયા છે. બ્રિટિશ જમાનામાં સ્વતંત્ર રીતે કંઈ લખવું તે જેલનિવાસ નોતરવા બરાબર હતું. ૧૯૧૨ આજુબાજુ એટલે કે ૯૩ વર્ષ પહેલાંની વાત છે. એ વખતે આજનું ‘ટાઇમ્સ ઓફ ઇન્ડિયા’ અને બીજા અંગ્રેજી વર્તમાનપત્રો અંગ્રેજોના હાથમાં હતાં. તેમાં બ્રિટિશ સરકારની ખુશામતો થતી રહેતી.

૧૯૧૨માં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હતી. તે વખતે સ્વતંત્ર વિચાર ધરાવનારા સર ફિરોજશા મહેતા ફરીથી ચૂંટણી ન જીતે માટે અંગ્રેજોએ ‘ટાઇમ્સ ઓફ ઇન્ડિયા’ દ્વારા ફિરોજશા વિરુદ્ધ ઝેરી પ્રચાર શરૂ કર્યો. તે સમયે લોકમાન્ય ટિળક, ગોપાલકૃષ્ણ ગોખલે અને દાદાભાઈ નવરોજીને લાગ્યું કે રાષ્ટ્રીય ભાવના ફેલાવવા એક અંગ્રેજી અખબાર હોવું જોઈએ. અંગ્રેજી અખબારો જ ઠેઠ દિલ્હી સુધી ફફડાટ ફેલાવી શકે. ૧૯૧૩ના માર્ચ મહિનામાં ‘બોમ્બે ક્રોનિકલ’ શરૂ થયું ત્યારે ‘ટાઇમ્સ ઓફ ઇન્ડિયા’ ચાર આને વેચાતું. ‘બોમ્બે ક્રોનિકલે કિંમત ફક્ત એક આનો રાખી.

‘બોમ્બે ક્રોનિકલ’ના તંત્રી તરીકે અંગ્રેજ વીર હોર્નિમને બ્રિટિશરોનાં કાળજાં બાળી નાખે તેવા તંત્રીલેખો લખવા માંડ્યા. ‘બોમ્બે ક્રોનિકલ’ની નકલો લંડનમાં આયાત કરવા પર પ્રતિબંધ મુકાયો. બ્રિટિશ સરકારના ભારતીય ઓફિસરો કે લશ્કરના સૈનિકોને હુકમ થયેલો કે કોઈએ ‘બોમ્બે ક્રોનિકલ’ વાંચવું નહીં. ત્યારે છાપું કાઢનારે સરકારમાં રૂ. ૧૦,૦૦૦ની ડિપોઝિટ ભરવી પડતી. બ્રિટિશ સરકારને હાનિ થાય તેવું લખાણ કે રિપોર્ટ છાપનારની ડિપોઝિટ જપ્ત થતી. હોર્નિમનનાં લખાણોથી બ્રિટિશ સરકાર એટલી બધી ડરી ગઈ કે તેને ઇંગ્લૅન્ડમાં મોકલી દીધા. વીર નરિમાન કે લોકમાન્ય ટિળક કે હોર્નિમન એ બધા પત્રકાર કે દેશનેતા તરીકે બ્રિટિશ સત્તાધીશો સામે ત્રાડ નાખતા. આજના કેટલાક અખબારનવેશો પોતાના જ પિંજરામાં પુરાયેલા શિયાળો છે,

તેને ઉદ્યોગપતિઓ કે રાજકારણીઓએ પોતે કરેલા શિકાર પછીનાં જાહેરખબર બ્રાન્ડનાં હાડકાં પીરસે છે. ટી. વી. ચેનલોના માલિકો તે હાડકાંને ચાવ ચાવ કરીને સંતુષ્ટ રહે છે.

આજે દિલ્લીમાં પત્રકારો કરોડપતિ થઈ ગયા છે. અમે ૨૫ વર્ષો પહેલાં બહારગામ રિપોર્ટિંગ માટે જતા, તો અમારા સામયિકના ગુણગ્રાહી વાચકોને ઘરે ઊતરતા, થર્ડ ક્લાસ ટ્રેનની સફર કરતા. આજે પત્રકારો ફાઇવસ્ટાર હોટલમાં ઊતરે છે. વડા પ્રધાન સાથે જેટ વિમાનમાં સરકારને પૈસે પરદેશની સફર કરે છે.

વાચકોએ સતત ચારે કોર ચર્ચાપત્રો કે તંત્રીને પત્રો લખીને સ્થાપિત હિતો અને સ્વાર્થી રાજકારણીઓ સામે આક્રોશ ઉઠાવવો જોઈએ. માત્ર પત્રકારો જ શું કામ પત્રકારત્વ કરે? પત્રકારિતાનું શસ્ત્ર વાચકો પણ વાપરે. જેના નામનું ‘પુલીત્ઝર પ્રાઇઝ’ અમેરિકામાં મશહૂર છે તેમણે ૧૯૦૭માં પોતાની નિવૃત્તિ સમયે પત્રકારોને શીખ આપેલી. જોસેફ પુલીત્ઝરના પ્રેરણાદાયી શબ્દો આ રહ્યાઃ

“પ્રગતિ અને સુધારા માટે હંમેશાં સંઘર્ષ કરો. અન્યાય અને ભ્રષ્ટાચારને કોઈ દિવસ સહન ન કરો. તમામ રાજકીય પક્ષોના પીઠ્ઠુઓ અને દંભી લોકો સામે હંમેશાં લડો, તેને ખુલ્લા કરો. કોઈ પણ પક્ષના વાજિંત્ર ન બનો. જનતાનું ધન લૂંટનારાને ખુલ્લા પાડો. ગરીબો સાથેની સહાનુભૂતિમાં કદી જ દરિદ્ર ન બનો. માત્ર સમાચારો જ છાપીને સંતોષ ન માનો. જનતાના કલ્યાણ માટે વારંવાર યોગદાન આપો. ખોટું બનતું હોય તેના ઉપર હુમલો કરતાં ન ડરો. જો કોઈ પોતાની એકહથ્થુ સત્તા જમાવવા કોશિશ કરે તો ખાસ કઠોર હુમલો કરો. કલમનું શસ્ત્ર તમારા હાથમાં છે. એ શસ્ત્રનો બરાબર ઉપયોગ કરો. તેને વટાવી ન ખાઓ.”

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિકઃ ૨૦૦૪]

# કિરણ ત્રિવેદી

## પ્રજાનીય સંડોવણી

આકરું લાગે તો માફ કરજો, પણ બેસ્ટ બેકરી કેસને ગુજરાતની બહારની અદાલતમાં ખસેડવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાએ આપણને ગુજરાતીઓને ફરી એક વાર દેશ અને દુનિયામાં નામચીન બનાવી દીધા છે. લઘુમતી પરના ઘાતકી અત્યાચાર અને પછીથી ધરાર અન્યાયના મામલે આ ચુકાદાથી માત્ર ગુજરાત સરકાર કે તંત્રની જ નહીં, ગુજરાતની પ્રજાની સંડોવણી પણ સાબિત થાય છે. ભલે આપણામાંના "કેટલાકે" જ મારકાટ, બળાત્કાર, આગચંપી અને લૂંટફાટ આચર્યાં હોય, પણ "લગભગ સહુએ" તેને વાજબી ઠેરવ્યાં. લઘુમતી ઉપર આતંક અને અન્યાયનું દમન ભલે માત્ર "સત્તાધીશોએ" જ ચલાવ્યું હોય, પણ "આપણે સૌએ" એને છાવર્યું, બોલતો ટેકો આપ્યો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, "રાજ્યમાં જ્યારે નિર્દોષ બાળકો અને નિ:સહાય સ્ત્રીઓને સળગાવવામાં આવી રહ્યાં હતાં, ત્યારે આધુનિક યુગના નીરો (સત્તાધીશો) નજર બીજી બાજુ ફેરવી ગયેલા. તેઓ કદાચ એ ચર્ચામાં રત હતા કે આ ગુનેગારોને હવે બચાવવા કઈ રીતે?"

મુસ્લિમોને હુમલાથી નહીં બચાવીને, રાહત છાવણીઓમાં મદદને બદલે હેરાનગતિ કરીને, એમની ફરિયાદો નહીં નોંધવાથી માંડીને ન્યાય-પ્રક્રિયા રૂંધવા સુધીનાં ઘટનાક્રમો પોતાની આસપાસ સતત જોવા-જાણવા છતાં, સુપ્રીમકોર્ટે હવે જે કહ્યું છે તે કેટલા પ્રજાજનો આ બે વરસ દરમિયાન સમજી શક્યા છે?

એટલે જ કદાચ કોર્ટની બીજી ટિપ્પણી સીધી પ્રજા ઉપર છે: "આવા કમકમાટી ભરેલા હત્યાકાંડ સરજાય ત્યારે એવો પ્રશ્ન ચોક્કસ ઊઠે કે શું ગાંધીના ગુજરાતમાં કેટલાક લોકોએ વિચારધારાનું દેવાળું ફૂંક્યું છે?" ઉપરાંત સુપ્રીમ કોર્ટે પોલીસતપાસને ઉપરછલ્લી ગણાવી છે,

સરકારી પ્રોસિક્યુટરને બચાવપક્ષના વકીલ તરીકે કામ કરતા ગણાવ્યા છે, ટ્રાયલ કોર્ટને ન્યાયપ્રક્રિયાની તોડમરોડની મૂક સાક્ષી જેવી વર્ણવી છે, તો ગુજરાતની હાઇકોર્ટને ન્યાયીક સમતુલા જાળવવામાં નિષ્ફળ નીવડેલી ઠરાવી છે. આમ સમગ્ર સરકારી તંત્રનો ઊધડો લીધો છે.

આ 'સમગ્ર સરકારી તંત્ર' કંઈ એકલા રાજકારણીઓનું બનેલું નથી. એમાં ડગલે ને પગલે પ્રજામાંના મારા-તમારા જેવા લોકો પણ બેઠા છે. અને એવું પણ નથી કે સુપ્રીમ કોર્ટ જે કંઈ કહી રહી છે તે ગુજરાતના લોકોને માટે અણધાર્યા ઘટસ્ફોટ સમાન છે. સૌ જાણે જ છે કે ઘાતકી અત્યાચારો થયા છે, તેમાં કોનો દોરીસંચાર છે અને કોનો કોનો તેમાં ફાળો છે. છતાં બે-બે વરસ સુધી હજી જાણે કોઈને તેનું દુઃખ કે પશ્ચાત્તાપ સ્પર્શ્યાં નથી!

ધાર્મિક કટ્ટરતા તથા ઝનૂનના ગેરમાર્ગે દોરવાયેલી પ્રજા જો દેશ અને દુનિયામાંથી ઊઠતી આટઆટલી ટીકાને અંતે પણ ભૂલસ્વીકાર જેવું સાદું શાણપણ સુધ્ધાં દાખવી ન શકે, તો હવે પ્રજાનો વાંક પણ ન કાઢવો પડે? સરકારની સાથે પ્રજાની સંડોવણી પણ સ્વીકારવી ન પડે?

['નિરીક્ષક' પખવાડિકઃ ૨૦૦૪]

# કિશનસિંહ ચાવડા

## પુણ્યપ્રકાશ

સંત કબીરને ઘેર ઓચિંતાના વીસ-પચીસ ભૂખ્યા ફકીરો આવી ચડયા. તે દિવસે ઘરમાં કશું ખાવાનું ન મળે. સંત વિમાસણમાં પડ્યા.

લોઈ નામની રૂપવતી વેરાગી કન્યા સાથે કબીરનાં લગ્ન થયેલાં હતાં. તેણે એક ઉપાય બતાવ્યો કે, હું અમુક શાહુકારને ત્યાંથી થોડા રૂપિયા લાવી શકીશ. કબીરને આશ્ચર્ય થયું ને એમણે પૂછ્યું, શી રીતે? લોઈ કહે, એ શાહુકાર મારા રૂપ ઉપર મોહિત છે, એટલે હું કહીશ ને તરત જ એ રૂપિયા આપશે. બીજો ઉપાય ન સૂઝયો, એટલે લોઈને શાહુકારને ઘેર જવા દીધી. એ ગઈ અને રાતે ફરી આવવાનો વાયદો કરી રૂપિયા લઈ આવી. ફકીરોને જમાડવામાં દિવસ વીતી ગયો.

રાત પડી. અંધારાનો પાર નહીં, અને વરસાદે તો માઝા મૂકીને વરસવા માંડયું હતું. કબીર બેચેન હતા. લોઈએ આપેલા વચનની એમને ખબર હતી, એટલે વરસાદ ને ઝંઝાવાતને ન ગણકારતાં, લોઈને એક કામળો ઓઢાડી, ખભે ઊંચકીને એ તો શાહુકારને ઘેર પહોંચ્યા. શાહુકાર રાહ જોઈને વલવલી રહ્યો હતો. લોઈને જોઈને એનો હર્ષ શમાયો નહીં. પરંતુ લોઈનાં કપડાં જરાય ભિંજાયેલાં નહોતાં ને ધોધમાર વરસાદમાં આવી છતાં એના પગ કોરા હતા, તે જોઈને એ ચકિત થયો. એણે પૂછ્યું, "અરે, પણ તું આવી કઈ રીતે?"

લોઈએ જવાબ આપ્યો, "મારા સ્વામી મને ઊંચકીને અહીં સુધી મૂકી ગયા."

સાંભળીને શાહુકાર થડક થઈ ગયો. એના અંતરમાં કામના અંધકારને બદલે પશ્ચાત્તાપનો પુણ્યપ્રકાશ રેલાયો. એ લોઈના પગમાં પડયો અને બોલ્યો, "આજથી તમે મારી માતા છો. કબીર સાહેબે મારી આંખનાં પડળ દૂર કર્યાં છે."

પછી એ શાહુકાર કબીરનો શિષ્ય બની રહ્યો.

['કબીર સંપ્રદાય' પુસ્તક]

# અરધી સદીની કલાસાધના

નંદલાલ બોઝની અરધી સદી ઉપરાંતની કલાસાધના આધુનિક ભારતીય કલાની સમુત્ક્રાંતિની પણ તવારીખ છે.

નંદબાબુના બાપદાદાનું ગામ કલકત્તાથી દસ માઈલ દક્ષિણે હુગલી નદીના કિનારા પર આવેલું બાનીપુર. પરંતુ એમનો જન્મ બિહારમાં ખડગપુર ગામે ૧૮૮૮ના ડિસેમ્બરની ત્રીજી તારીખે થયો હતો. એમના પિતા પૂર્ણચંદ્ર બોઝ દરભંગા રાજ્યની નોકરીમાં હતા. આઠ વરસની ઉંમરે નંદબાબુનાં માતા ક્ષેત્રમણિ દેવલોક પામ્યાં. આ જ સમયમાં નંદલાલના મનમાં કલાનાં બીજ રોપાયાં. ઘરમાં માતા જુદા જુદા આકારની મીઠાઈઓ બનાવતી, ઢીંગલીઓ સીવતી, ભરત ભરતી અને લગ્નપ્રસંગે કંઠાભરણની જુદી જુદી આકૃતિઓ ઘડતી એમાંથી નંદલાલે પ્રથમ પ્રેરણા લીધી. ગામમાં જુદા જુદા તહેવારો વખતે દેવદેવીઓની માટીની પ્રતિમાઓ ઘડાતી. નંદલાલને આમાં અખૂટ રસ. કલાકોના કલાકો બેસીને એકધ્યાને આ પ્રવૃત્તિ જોતાં થાકે જ નહિ.

ખડગપુર ગામ શાંત સુંદરતાનો પટ પ્રસારતું બેઠું છે. ઉત્તરે વિંધ્યાચળની નીચેની હરોળ ઊભી છે. બાજુમાં ઝરણું વહે છે. દૂર દૂર સુધી સવારસાંજ રંગો બદલતાં ડાંગરનાં ખેતરો પડ્યાં છે. એમાં ક્યારેક જતી-આવતી પડદાવાળી પાલખી દેખાય છે. આવા કુદરતી શાંત વાતાવરણે નંદલાલના કલાકાર તરીકેના આરંભના ઘડતરમાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે.

ખડગપુરની શાળાનો અભ્યાસક્રમ પૂરો કરીને નંદલાલ કલકત્તાની કૉલેજમાં દાખલ થયા. ખડગપુરના જ પાલ કુટુંબની પુત્રી સુધીરા સાથે એમનું લગ્ન થયું.

કૉલેજમાં પાઠ્યપુસ્તકો અને હાથખર્ચને માટે મળતા પૈસા જૂનાં માસિકો અને ચિત્રો ખરીદવામાં ખર્ચાવા માંડ્યા. રફાયેલ અને રવિ વર્માનાં મુદ્રિત ચિત્રોની ખરીદી થવા માંડી. અંગ્રેજી કવિતા તરફ પણ એનું આકર્ષણ થયું. વર્ડ્ઝવર્થની પ્રાકૃતિક કવિતાની એને લગની લાગી. એ કવિતાનાં કેટલાંક કલ્પનાચિત્રો નંદલાલે તૈયાર કર્યાં. આ સમયમાં નંદલાલની ચેતનાને ખબર પડી કે એને શું જોઈએ છે અને શું કરવું છે. એણે કલકત્તાની સરકારી ચિત્રશાળામાં અવનીન્દ્રનાથ ટાગોરના વર્ગમાં દાખલ થવાનું નક્કી કર્યું.

ઈ. બી. હાવેલ આ વખતે એ ચિત્રશાળાના આચાર્ય હતા અને અવનીન્દ્રનાથ ટાગોર ઉપાચાર્ય. હાવેલ પહેલાં મદ્રાસની સરકારી ચિત્રશાળામાં પશ્ચિમની ચિત્રકલા શીખવવા આવ્યા હતા. એ વખતે અંગ્રેજોનો અમલ, એટલે પશ્ચિમની કલા અને સંસ્કૃતિનો વેગ ધસમસતો હતો. શિક્ષિત ભારતીય માનસ આ વિલાયતી સંસ્કૃતિ માટે તલસતું હતું. પરંતુ હાવેલ સાચા કલાકાર હતા. ખોટાં મૂલ્યોની એમને ખબર હતી. એમણે ભારતીય કલાના પુનરુત્થાનનો પુરુષાર્થ આરંભ્યો, તે છેક માંદા પડીને હિંદુસ્તાન છોડ્યું ત્યાં સુધી અખંડિત રહ્યો. દેશના કલાજીવનમાં ગ્રામકલાની એમણે સાચે પદે પ્રતિષ્ઠા કરી. પોતાની ચિત્રશાળામાં હાથવણાટનો નવો વિભાગ શરૂ કર્યો. દેશના ખૂણેખૂણેથી ગ્રામકલા અને ગૃહઉદ્યોગના જાણકારોને વીણીવીણીને તેડાવ્યા. ચિત્રશાળાના સંગ્રહસ્થાનમાં અને કાયમી પ્રદર્શનમાં પશ્ચિમનાં જાણીતાં ચિત્રોની નકલોનો પાર નહોતો. હાવેલે આ નકલો ખસેડાવી એને ઠેકાણે મોગલ, રાજપૂત અને બીજા હિંદી સંપ્રદાયનાં નાનાં નાનાં મૌલિક ચિત્રો મુકાવ્યાં. (એમના આ કાર્યથી એ વખતનો કહેવાતો સંસ્કૃત વર્ગ ચોંકી ઊઠ્યો.) છતાં હાવેલ ભારતીય કલાનું પુનરુત્થાન કરી ન શક્યા. એ કાર્ય કર્યું અવનીન્દ્રનાથ ટાગોરે. અવનીન્દ્રનાથની અપૂર્વ પ્રતિભાએ પશ્ચિમ અને પૂર્વની કલાના શાસ્ત્રીય સંવાદમાંથી એક અભિનવ શૈલી નિપજાવી.

અવનીન્દ્રનાથ અને નંદલાલનો સમાગમ એ આધુનિક ભારતીય કલાના ઇતિહાસમાં એક મહત્ત્વનો પ્રસંગ છે. ૧૯૦૫માં કલકત્તાની

સરકારી ચિત્રશાળામાં અવનીન્દ્રનાથ પોતાના ઓરડામાં બેઠા છે. એક ઓળખીતા માણસે આવીને નંદલાલને અવનીન્દ્રનાથ પાસે ધર્યા: “મહાશય, તમારે કૃપા કરીને આ વિદ્યાર્થીને સ્વીકારવો પડશે.” અવનીન્દ્રનાથે ઊંચું જોયું. પાતળો જુવાન, વાંકડિયા વાળ અને લીસો ઘેરો રંગ. એની આંખોમાં પ્રતિભાનો ચમકારો હતો, ચહેરા પર આત્મવિશ્વાસની આભા હતી, હાથમાં કાગળિયાં લઈને ઊભો હતો. અવનીન્દ્રનાથે જોયું તો કાગળોમાં રફાયેલની ‘મેડોના’નું ચિત્ર હતું, ગ્રીક આરસ-પ્રતિમાઓની નકલો હતી, પોતાનાં મૌલિક રેખાંકનો હતાં. અવનીન્દ્રનાથ નંદલાલને હાવેલ પાસે લઈ ગયા. હાવેલને નંદબાબુનાં પોતાનાં રેખાચિત્રો બહુ ગમ્યાં. નંદલાલ ચિત્રશાળાના વિદ્યાર્થી બન્યા.

અવનીન્દ્રનાથના વર્ગમાં જેને સામાન્ય રીતે ભણતર કહીએ એવું કશું નહોતું. ગુરુશિષ્યનો સ્વાભાવિક મુક્ત સંબંધ અને સમાગમ હતો. એનું બીજ હતું શિષ્યનું સમર્પણ: પરિણામ હતું ગુરુનો અપાર પ્રેમ. ઇતિહાસ અને પુરાણો પર વાર્તાલાપ થતો હતો. આ વિષયમાંથી પ્રેરણા લઈને નંદલાલે કેટલાંક મશહૂર ચિત્રો કર્યાં છે. પક્ષીને પોતાની બાથમાં લઈને ઊભેલો સિદ્ધાર્થ, દશરથનું મૃત્યુ, કાલી, સત્યભામા, કૃષ્ણ, શિવતાંડવ, શિવસતી, ભીષ્મ-પ્રતિજ્ઞા, ગાંધારી, ધૃતરાષ્ટ્ર અને સંજય એમાંથી બહુ જાણીતાં છે.

આ જ સમયે ભારતીય કલાના પુનરુત્થાનની એક જોરદાર પ્રવૃત્તિ અસ્તિત્વમાં આવી. અવનીન્દ્રનાથને કેન્દ્ર બનાવીને એમની આસપાસ નંદલાલ બોઝ, અસિતકુમાર હલદર, સુરેન્દ્રનાથ ગાંગુલી, સમરેન્દ્રનાથ ગુપ્તા, ક્ષિતીન્દ્રનાથ મજમુદાર, સુરેન્દ્રનાથ કાર, કે. વેંકટ્ટપ્પા, હકીમ મહમદખાન, શૈલેન્દ્રનાથ દે અને દુર્ગેશ સિંહાનું એક તેજસ્વી વૃંદ એકત્રા થયું. આદર્શની એકતા, સર્જનની ઝંખના અને ભારતીય કલા પ્રત્યેની અનુપમ ભક્તિ—એ ત્રણ હેતુઓના ઐક્યને કારણે આ કલાકાર વૃંદની સર્જન-પ્રવૃત્તિમાં એકાગ્રતા આવી, અને આખી પ્રવૃત્તિએ ભારતીય કલાના પુનરુત્થાનનું દર્શન ને પુરુષાર્થ પ્રાપ્ત કર્યાં. જોરાસાંકોમાં આવેલું અવનીન્દ્રનાથનું ઘર ભારતીય કલાના પુનરુત્થાનનું મંગલતીર્થ બની ગયું.

આ પ્રવૃત્તિને કાયમી સ્વરૂપ આપવા ‘ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરીએન્ટલ આર્ટ’ની સ્થાપના થઈ અને નંદલાલ બોઝ એની સાથે સંકળાયા. આ સોસાયટીને આશ્રયે યોજાયેલા ભારતીય કલાના પ્રદર્શનમાં નંદબાબુનું પહેલું ચિત્ર ‘શિવસતી’ પાંચસો રૂપિયામાં વેચાયું. આમાંથી શ્રદ્ધા મેળવીને નંદલાલે ઉત્તર-દક્ષિણ હિંદની કલાયાત્રા કરી. નંદબાબુના જીવનમાં આ કલાયાત્રાએ મોટો ભાગ ભજવ્યો. દેશના ઉત્તર અને દક્ષિણ વિભાગના કલાના ખજાનાએ નંદબાબુના ચિત્ત ઉપર સ્થાયી મુદ્રા મૂકી. એમની સર્જકદષ્ટિને આમાંથી જ ભારતની સાંસ્કૃતિક એકતાનાં દર્શન થયાં.

અજંતાની ગુફાઓની જાણ દુનિયાને પહેલી વાર ૧૮૧૯માં થઈ. આ ગુફાઓનાં ચિત્રોનાં સંરક્ષણ અને સાચવણી માટે રોયલ એશિયાટિક સોસાયટીએ ૧૮૪૪માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીને અપીલ કરી. આને પરિણામે લશ્કરમાંથી મેજર ગિલ નામના અંગ્રેજ કલાદર્શી અજંતાની ગુફાઓનાં ચિત્રોની નકલ કરવા માટે નિમાયા. એમણે ૧૮૫૭ના બળવા સુધી ભક્તિપૂર્વક આ કામ કર્યું.

૧૯૧૦માં લેડી હેરીંગહામ અજંતાની ગુફાઓનાં ચિત્રોની નવી નકલો કરવા આવ્યાં. એમની સાથે કેટલાક અંગ્રેજ કલાકારો પણ હતા. પરંતુ લેડી હેરીંગહામે ભગિની નિવેદિતા પાસે થોડાક હિંદી કલાકારોની માગણી કરી. ભગિનીએ પોતાનો સ્નેહઅધિકાર વાપરીને નંદલાલ બોઝને બીજા ત્રણ કલાકારો (અસિત હલદર, વેંકટ્ટપ્પા અને સમરેન્દ્રનાથ ગુપ્તા) સાથે અજંતા રવાના કરી દીધા. આ કલાનુભવની અતિ ઊંડી છાપ નંદલાલની સર્જકપ્રતિભા પર પડી.

નંદબાબુ ૧૯૧૫માં પહેલી વાર ગુરુદેવના નિમંત્રણથી શાંતિનિકેતન ગયા. કવિવરે કલાકારનું શાંતિનિકેતનની આમ્રકુંજમાં પરંપરાગત સન્માન કર્યું. નંદબાબુ વિશે લખેલું વિશિષ્ટ કાવ્ય એમણે વાંચ્યું અને અર્પણ કર્યું.

એ જ વરસમાં નંદલાલ પદ્માને કિનારે આવેલી રવીન્દ્રનાથની જાગીરમાં એક મહિનો કવિવર સાથે રહ્યા. આ સમય દરમિયાન બધા જ કાગળો પૂરા થઈ જાય એટલાં રેખાંકનો કર્યાં. પદ્માના સૌંદર્યનું

નંદલાલને અનોખું આકર્ષણ હતું. એ વરસે નંદબાબુએ જોરાસાંકોમાં ટાગોર-કુટુંબનાં બાળકોનું શિક્ષકપદ સ્વીકાર્યું.

વિશ્વભારતીની સ્થાપના ૧૯૧૮માં થઈ. ૧૯૧૯ના જુલાઈમાં જોરાસાંકોમાં પોતાની નિશાળમાં નંદબાબુ કામમાં મસ્ત હતા. ત્યાં પાછળથી કોઈએ ખભા પર હાથ મૂક્યો. નંદલાલે ચોંકીને જોયું તો પાછળ કવિવર હસતા ઊભા હતા. ગુરુદેવે અતિશય વહાલથી કહ્યું: “નંદ, તારે હવે શાંતિનિકેતન આવવું જોઈએ.” ત્યારથી નંદલાલ બોઝ શાંતિનિકેતનના થયા.

નંદલાલ સર્વદા ગુરુ-શિષ્યના જીવંત અંગત સંબંધો બાંધતા અને એનો બન્નેના વિકાસમાં વિનિયોગ કરતા. એમણે સહજીવનની એક એવી અભિનવ પરિપાટી નિપજાવી હતી કે ‘કલાભવન’ના વિદ્યાર્થીને મન નંદલાલ ગુરુ, મિત્રા અને માબાપ સર્વસ્વ હતા.

૧૯૨૪માં નંદબાબુએ રવીન્દ્રનાથ સાથે ચાર માસની ચીન, જાપાન, મલાયા અને બર્માની યાત્રા કરી. દસ વરસ પછી ટાગોર લંકા ગયા ત્યારે પણ નંદબાબુ સાથે હતા. નંદલાલ ગાંધીજીના નિકટના સંબંધમાં લખનૌ કૉંગ્રેસ વખતે આવ્યા. લખનૌ કૉંગ્રેસની સમગ્ર કલારચના નંદલાલને સોંપાઈ. આ રચનામાં નંદલાલે ભારતીય સંસ્કૃતિને એવી ઉપસાવી કે ત્યાર પછીનાં વરસોમાં ફૈઝપુર અને હરિપુરામાં ભરાયેલી કૉંગ્રેસની બધી જ કલાવ્યવસ્થા એમને જ કરવી પડી. જે પ્રદેશમાં કૉંગ્રેસ ભરાવાની હોય તે પ્રદેશના અંતરભાગમાં જઈને લોકજીવન અને લોકકલાની પરંપરાનો તે અભ્યાસ કરતા અને એને ભારતની સમગ્ર સંસ્કૃતિના સ્વરૂપમાં એવી સ્વાભાવિકતાથી ગોઠવી આપતા કે પ્રદેશની વિશિષ્ટતા લુપ્ત ન થાય છતાં ભારતીય સંસ્કૃતિની એકતા અને અખંડિતતાને ક્યાંય આંચ ન આવે.

ગાંધીજી પોતાની સેવાગ્રામની કુટિરમાં કોઈની કલાકૃતિ રાખતા નહિ. પ્રકૃતિ એમને મન મહાકલા હતી. એક દિવસ નંદલાલે સેવાગ્રામ આવીને ગાંધીજીની કુટિરની માટીની ભીંતમાં રેંટિયો ઉપસાવી આપ્યો. બાપુ રેંટિયાનું આંતરદર્શન કરીને એટલા રાજી થયા, એટલા રાજી

થયા કે એમની કુટિરમાં ગુપચુપ આવીને નંદલાલ એક ચિત્ર લટકાવી ગયા તે બાપુએ જતનથી સાચવ્યું. આ ચિત્ર તે નંદલાલ બોઝનું મશહૂર ચિત્ર—જેમાં બુદ્ધ અપંગ ઘેટાના બચ્ચાને છાતી સરસું ચાંપીને બિંબિસારના યજ્ઞમાં જાય છે.

# કિશોર રાવળ

## દાદાની દાદાગીરી

બીજા ગામનાં માણસો “આ તો ભાનવગરનાં” એમ કહીને અમારી ભાવનગરિયાની ઓળખાણ આપે, ત્યારે તમે એમ માનતા હો કે જવાબમાં એક વડચકું મળશે, તો એ તમારી ધારણા પાયા વગરની છે. અમે સમજી શકીએ છીએ કે ‘વ’ અને ‘ન’ એ બે જ અક્ષર ઊલટસૂલટ કરીને આ રમૂજ કરવાની લાલચ એટલી પ્રબળ અને લોભામણી છે કે મક્કમ મનનાં જ તેનો સામનો કરી શકે. એટલે વાસ્તવમાં તો “હા, મોટાભાઈ, અમે સાવ ભાનવગરનાં”, એમ જવાબ અને એક મીઠું સ્મિત જ મળે.

એ અમારા ભાવનગરની જે જમાનાની વાત કરું છું ત્યારે ગામની સીમાઓ નાની હતી. ઘોઘા દરવાજાથી ખાર દરવાજા સુધીના બે માઈલના પટમાં શહેરની મુખ્ય બજાર અને મોટા ભાગની વસ્તી. એક ફાંટો વોરા બજાર અને નાગરપોળમાં થઈ રૂવાપરી દરવાજે અને પારસીના ભસ્તા પાસે નીકળે અને ત્યાંથી રૂવાપરી મંદિર સુધી જાય. બીજો ફાંટો હેરિસ રોડથી આંબાચોક, સંઘેડિયા બજાર અને સ્ટેશન જઈ વિરમે. તેની પેલી બાજુ સ્મશાન.

ઘોઘા દરવાજાની એક શાન હતી. એક બાજુ ગંગાજળિયાનું તળાવ અને તેને કાંઠે કોઈ કાબેલ શિલ્પીએ આરસમાં કંડારેલી ગંગાજળિયાની દેરી. તળાવમાં બારે માસ પાણી રહે. તળાવની બીજી બાજુએ મોતીબાગનો મહેલ જેમાં મહારાજા કૃષ્ણકુમારસિંહનો દરબાર ભરાય. દેશી ઝાડવાંઓ, આસોપાલવ, આંબા, લાલ, પીળી અને સફેદ કરેણ, જાસૂદ.

ત્યાંથી જમણી બાજુ જાવ તો પિલ ગાર્ડન. પિલ ગાર્ડનમાં સાડા ચાર જાનવરનું એક ઝૂ. એક વાઘ, એક બોખો સિંહ અને રાજાએ પકડેલા બે દીપડા! અને બાકીનું અડધું કયું તે ઓળખાય નહિ એવા

રૂપમાં. પિલ ગાર્ડનથી આગળ ચાલો તો રાજાનો નીલમબાગ પૅલેસ અને તેના પછી બોર તળાવ. તળાવમાં બારે માસ પાણી. ફરવા જવા માટે ગામ આખાનું એક પ્રિય સ્થાન. ઝૂલતા પુલ ઉપરથી ચાલતાં એક ટાપુ ઉપરના બૅન્ડ વગરના બૅન્ડ સ્ટૅન્ડ જઈને બેસતાં અને સાથે લઈ ગયેલ ચિનાઈ શિંગ ખાતાં.

બીજું ફરવાનું સ્થાન તખ્તેશ્વર મહાદેવનું મંદિર. મોતીબાગ પૅલેસથી ડાબી બાજુ જાવ તો રસાલો આવે, ત્યાંથી જમણા વાઘાવાડી રોડ ઉપર હાલ્યા જાવ ત્યાં ટેકરી ઉપર ફરફરતા ધજાગરાવાળું મંદિર ગમે ત્યારે જઈને બેસવા જેવું સ્થાન છે. તેનું આકર્ષણ આજે પણ એવું ને એવું જળવાયું છે. તળેટીથી રસ્તો ગોળાઈમાં આરસનાં પગથિયાં સુધી પહોંચાડે. ત્રીસ-ચાળીશ પગથિયાં ચડો તો આરસનું એક લંબગોળ આંગણ. એ આંગણની વચ્ચે નાના મંદિરનું શિખર એ જમાનામાં ગગનચુંબી લાગતું હતું.

વાઘાવાડી રોડ પર હાલ્યા જાવ તો ગધાડિયું ખેતર અને તેની પાછળ ગોળીબારની ટેકરી. રાજાના સિપાઈઓ રોજ ગોલંદાજીની તાલીમ લે. સીધા જાવ તો ભવ્ય શામળદાસ કોલેજ અને વાઘજીભાઈની વાડી.

આ ભાવનગરમાં જઈને મારા દાદા વસેલા. ચાર ચોપડી ભણેલા અને નોકરીની ચટપટી લાગેલી. કોઈનું પાઘડું માગી, લોટામાં કોલસા નાખીને ડગલાને અસ્ત્રી મારી, હતી તેના કરતાં વધુ ઉમ્મર દર્શાવી એક નોકરીના ઇન્ટર્વ્યૂમાં પાસ થયા અને પોસ્ટ ઓફિસમાં કામ મેળવ્યું. ખંત અને નિષ્ઠાથી પ્રગતિ કરી.

એક વખત કોઈ બળવાખોરની ટપાલ હાથવગી કરવા એક ગોરા સાહેબે તેમના ઉપર ગેરકાયદે દબાણ કર્યું. તેનો અડગ રહીને સામનો કર્યો, તે બદલ તો બીજા ગોરા સાહેબે પ્રશંસા કરી અને મોટું બિરુદ અપાવ્યું અને દાદાનું નામ ભાવનગરમાં ઝળહળતું થયું.

ભાવનગરના રાજાને એક બેંક ખોલવા વિચાર આવ્યો અને મારા દાદા તેમની નજરમાં આવ્યા. તેમને મૅનેજર બનાવ્યા. દાદાએ પોતાના

ગોઠિયાના દીકરા જગજીવનને એસિસ્ટન્ટ મૅનેજર બનાવ્યો. જગુ એક તો બ્રાહ્મણ અને તરવરાટ ઘણો, એટલે સરસ મેળ જામ્યો.

તેમાં ભાવનગરમાં વાત ઊડીઃ “ઇંગ્લૅન્ડથી ઓલી રાણીએ સીધો દિલ્લી વાઇસરોય લિનલિથગોને તાર કરી ઘઘલાવ્યો કે એલા આટલા વખતથી ન્યાં પડ્યો છ અને રૂડું ભાવનગર જોવા નથ ગ્યો!” એટલે વાઇસરોય એની પલટન લઈને ભાવનગર આવે છે. ધૂમ તૈયારીઓ થવા લાગી.

મોટી બજારનો રસ્તો તો સમજ્યા પણ પીરછલ્લાની ગલી અને ભા દેવાની શેરીના ખાડાખબડા એક રાતમાં પુરાઈ ગયા. સાવરણીએ સાવરણીએ ગામ આખું વળાયું. મોતીબાગ પૅલેસને નવો ડિસ્ટેમ્પરનો રંગ લાગી ગ્યો. ગંગાજળિયાની દેરીની બગલમાંથી વર્ષોના જામેલા લીલના પોપડા નાળિયેરનાં કાચલાંથી ઘસીને સાફ કર્યા. તાર-ઓફિસ અને પોસ્ટઓફિસને પીળી માટીથી અને બેંકને ગળિયલ ચૂનાથી ધોળ્યાં. સવાર, સાંજ, બપોર, દિવસમાં ત્રણ વાર ફુવારાવાળા બંબા ધોરી મારગ ઉપર નીકળે.

આજના માર્કેટિયરો મોંમાં આંગળાં ઘાલી દે તેવું એક કૌતક થયું. પારિસ હેર કટિંગ સલૂનમાં, ન્યૂ ફાઈન કોલ્ડ-ડ્રિંક ડેપોમાં, બેંકમાં, સ્ટેશન પર, નવરાબાગની બાજુમાં સિનેમાનાં પાટિયા પર લોર્ડ લિનલિથગો અને મહારાજા કૃષ્ણકુમારસિંહના ફોટાઓ ચોંટી ગયા.

કાચની ભૂંગળીમાં ઝીણી વરિયાળીની પિપરમીટ ભરી બે છેડે બૂચ મારી અને એક છેડે ગુંદરથી ચોંટાડેલા યુનિયન જેક ઘરે ઘરે વહેંચવામાં આવ્યા. વાઇસરોયનો વરઘોડો ક્યાંથી અને ક્યારે ઊપડશે અને કયે માર્ગે જશે તેની ચારે બાજુ જાહેરાત કરવામાં આવી.

ભાવનગરના બધા બૅન્ડવાળાઓને નવાં કપડાં આપવામાં આવ્યાં. પિત્તળિયા પાવા, બ્યૂગલો અને ભૂંગળોને બ્રાસો લગાડી ચકમકતાં કરવામાં આવ્યાં. કિટ્સન લાઇટોમાંનાં જળી ગયેલાં રેશમી મેન્ટલો બદલાવવામાં આવ્યાં. મહારાજાની બે બગીઓ પર ઉકા મિસ્ત્રીનાં, અમરત દરજીનાં

અને ફીરોઝ મિકેનિકનાં નજર અને હાથ ફરી વળ્યાં. નવી ગાદિયું સિવડાઈ ગઈ અને એને ભળતાં, કપડે મઢેલાં બટનો ટંકાઈ ગયાં. રસાલામાંથી છ અરબી કાળા ઘોડાઓ ધમારીને સજ્જ કરવામાં આવ્યા. ગફુર મિયાં અને તખુભાને વાઇસરોય દીપી ઊઠે એવાં નવાં કપડાં અને વિલાયતથી મગાવેલી, ક્યાં લાકડી પૂરી થાય અને ક્યાં દોરી શરૂ થાય તે ખબર ન પડે તેવી સફેદ ચાબુકો મળી. ગાડીની પાછળ ઊભા રહેવાવાળા પસાયતા પોતાનો નવો ગણવેશ પહેરીને કુટુંબીજનો અને મિત્રો આગળ પ્રદર્શન કરતા.

મંદિરોની ધજાઓ ધોવાણી—અને જે વર્ષોનાં સૂર્યસ્નાન કરીને જળી ગઈ હતી તેને રાતોરાત જે મળે તે રંગનાં કપડાંમાંથી નવી સિવડાવીને બદલાવી દીધી. પોલીસની બંદૂકુંને પાલીસ થઈ ગયા અને પોલીસલાઇનમાં દિવાળીની યાદ આપે એવા ધડાકાભડાકા ચાલુ થયા.

ભાવનગર સ્ટેટ રેલવેને લોકો બ્રાહ્મણોની ગેરહાજરીમાં ‘બામણ સંકટનિવારણ રેલવે’ કહેતા. જેને ડાબે ખંભે જનોઈ હોય તેને ત્યાંની નોકરીમાંથી કોઈ દિ’ જાકારો નથી મળ્યો. મહારાજાને ગૌ-બ્રાહ્મણ-પ્રતિપાળ અમથા નહીં કીધા હોય!

રેલવેનાં એન્જિનોનો ચકચકાટ વધી ગયો. મોટા ઉપરીએ પોતે આવીને રંગની પોપડી ઊખડી ગયેલા, જુવાની વટાવી ગયેલા ડબ્બાઓને નોખા કરી થોડા દિ’ ગઢેચીના યાર્ડમાં દેશનિકાલ કર્યા. અને બધી ટ્રેનો નવોઢા જેવી કરી મૂકી.

રાજના બધા અમીર, ઉમરાવ, ઓફિસરો, ગામના નગરશેઠ, તેલના ઘાણાના માલિક આબિદભાઈ, લોખંડ બજારના બેતાજ બાદશાહ સી. ચંપકલાલ, “આઢુનિક આઇસ ફૅક્ટરી”ના માલિક પેસ્તનજી પસ્તાકિયા વગેરેને મોતીબાગ પૅલેસમાં વાઇસરોયના રિસેપ્શન માટે આમંત્રણ આપ્યું કે નવને ડંકે મોતીબાગ મહેલમાં આવી જવું. “એક મિનિટ મોડું થાય તો સામુકું માંડી જ વાળજો—પછી જોયું જશે. વાઇસરોય તમારી વાટ નો જોવે”, એમ મોઢેથી સમયની ‘અગત્ય’ ગળે ઉતારવામાં આવી.

દાદા અને જગુભાઈને પણ એ કંકોત્રી મળી હતી. સામાન્ય રીતે દાદા કામે જાય ત્યારે એક ધોતિયું, ઉપર એક પૂરી બાંયનું, લિવરપૂલના શટિંગ્ગમાંથી જેરામ દરજી પાસે સિવડાવેલું પહેરણ, ઉપર એક છપ્પન ઇંચનો બંધ ગળાનો ડગલો, માથે મલમલનો ફેંટો. પગમાં પરમાણું આપીને મેપા મોચી પાસે બનાવેલા, ખબ દઈને પહેરાય અને ખબ દઈને કઢાય તેવા જોડા. પહેરણના ખિસ્સામાં એક ભગવા રંગની પારકર પેન, ડગલાના અંદરના ખિસ્સામાં સાંકળીથી બાંધેલું ૨૭ હીરાવાળું સ્વિસ ઘડિયાળ. ગળે રુદ્રાક્ષની માળા. બધાં કપડાં સફેદ. રોજ ધોવાઈને દોરી ઉપર સુકવાય. ત્યાંથી સીધાં પહેરી લેવાનાં. જગુભાઈએ માંડ ગળે ઉતાર્યું કે આ પ્રસંગે ઇસ્ત્રીવાળાં કપડાં જરૂરી છે. હા પડી એટલે જગુભાઈએ ચક્રો ચાલુ કર્યાં. કપડાંને ગળી નાખી ધોવરાવ્યાં. ધોતિયું અને સાફાને ભાતના ઓસામણમાં ઝબોળી આર ચડાવરાવી. ધોબી અને તેની સાથે ઇસ્ત્રીનો પ્રબંધ થઈ ગયો.

ગઈ સાલ દાદાનો હજામ જશલો ગુજરી ગયો અને તેની વહુ લખુ રાત દાદા પાસે પોશ પોશ આંસુએ રડી કે જો દાદા બીજો હજામ ગોતે તો પોતે અને બે બાળકો રખડી પડશે એટલે મે'રબાની કરીને એવું નો કરતા. "પણ તે તારા છોકરાં મારું વતું કરશે?"

"ના બાપુજી, એ તો બચાડાં નાનાં છે. હું જ હજામત કરી આપીશ. રોજ જશલાની દાઢી હું કરતી એટલે મને આવડે છે...." રકઝક કરી દાદાએ દયાદૃષ્ટિ કરી અને લખુને એ નિત્યકર્મ સોંપ્યું. આજ સુધી કંઈ ફરિયાદ કરવા જેવું નહોતું લાગ્યું.

આદેશ પ્રમાણે સવારમાં, લખુ વહેલી આવી ગઈ. લાજ કાઢી, સાડલો સંકોરી સામે ઉભડક બેઠી અને દાદાની આંખો ન દેખાય એટલે છેડો ઊંચો કરી, જેમ એકલવ્યે ખાલી પક્ષીની આંખ ઉપર મીટ માંડી હતી તેમ દાઢી ઉપર કેંદ્રિત થઈ. પાણી લગાડ્યું અને સાબુનો કૂચડો લગાડી ફીણ ફીણ કરી અસ્ત્રો ઉપાડ્યો. સબાકામાં હજામત પૂરી થઈ અને દાઢી ઉપર ફટકડીનો ગાંગડો ઘસી ઊભી થઈ, "લ્યો મોઢું જુઓ." સામે બટકી ગયેલી ધારવાળી આરસી ધરી અને લખુ રાતે

દુકાન વધાવી. દાદાએ ચમચમતી દાઢી ઉપર હાથ ફેરવી ચકાસી અને ગજવામાં તૈયાર રાખેલી બે આની લખુને આપી.

રોજ તો કાયમની ઠેરવેલી ઘોડાગાડી દાદાને લેવા આવે. પણ આજે મહારાજાએ વિક્ટોરિયા મોકલી આપી.

ટાપટીપ કરીને દાદા બેઠા અને રસ્તામાંથી જગુભાઈને ઉપાડ્યા. સંઘ દુવારકે પહોંચ્યો. નિશ્ચિત જગ્યાઓ પર બધા ગોઠવાવા લાગ્યા હતા. બામણિયા ચાની વ્યવસ્થા શિવશંકર મહારાજની ઉપર હતી. તેમને ખબર કે દાદા કોફી જ પીએ છે એટલે 'પેશિયલ કોફી' બનાવીને લાવ્યા, જગુભાઈ માટે ચા. આમ તો બહારનું કોઈ દિ' કંઈ દાદા પીએ નહીં પણ આ તો બ્રાહ્મણના હાથની કોફી એટલે સતેજ રહેવા ખાતર પી ગયા.

વાજાં, બેંડના અવાજો દૂરથી સંભળાયા અને વરઘોડો પાસે આવતો લાગ્યો. મને સુરવાળ, કફની ને ઉપર આભલે ભરેલી બંડી પહેરાવી, પફ પાઉડર અને કોકા કરી, ગાલે મેશનું એક ટીલું લગાડી, બે હાથમાં પહોંચી અને પગમાં લાલ મોજડીઓ પહેરાવી, હાથમાં પિપરમીટવાળો ધજાગરો પકડાવી મારાં બા અને બાપાજી બીજા દોસ્તો સાથે તળાવે લઈ ગયાં. વરઘોડામાં આગળ ઘોડા, પછી ઝૂલતો હાથી, પોલીસની કતારો, પછી વાજાંવાળાઓ "મારાં ભાભી કેવાં સોહામણાં" વગાડતા વગાડતા આવ્યા. નવા પડેલા નાટક 'બિંબિસાર'નું એ લોકપ્રિય ગીત હતું અને તેણે ભાવનગરની પ્રજાને ગાંડી કરી મૂકી હતી.

એટલું જોયું અને મારી આંખો ઘેરાણી. વાઇસરોયને જોયાનું યાદ નથી.

પોલીસનું બેંડ મોતીબાગમાં આવી એક ખૂણામાં ગોઠવાઈ ગયું. વાઇસરોય, અને તેનો એક હાથ પકડી તેની મઢમ, ધીમે ધીમે પગથિયાં ચડી હોલમાં દાખલ થયાં. તેની પાછળ રાજકોટથી એજન્સીનો એક ગોરો આવ્યો. રાજા તેના મોભામાં સિંહાસને બેઠા રહ્યા. દીવાનસાહેબે સામા જઈને વાઇસરોયને આવકાર આપ્યો અને રાજા પાસે લઈ ગયા.

રાજાએ ઊભા થઈને હસ્તધૂનન કર્યું. પછી પટ્ટણી સાહેબ હોલ ફરતા વાઇસરોય અને તેની મઢમને લઈ ગયા અને એક પછી એક બધા માણસોની સાથે પરિચય કરાવ્યો. પેલા પેસ્તનજીનો વારો આવ્યો એટલે એમણે વાઇસરોય સાથે હસ્તધૂનન કર્યું અને પછી પેલી મઢમ સામે હાથ ધર્યો. પેલી બેશરમ મઢમે પણ જરાય અચકાટ વગર પેસ્તનજીનો હાથ પકડી હસ્તધૂનન કર્યું.

પેસ્તનજી પછી આબિદભાઈએ અને બીજા એક-બે જણાએ મઢમ સાથે હસ્તધૂનન કર્યું. ત્યાં દાદાનો વારો આવ્યો. દાદાએ વાઇસરોયની સાથે હાથ મિલાવ્યા અને તેની વહુ સામે બે હાથ જોડી નમન કર્યું. એણે, મારી વા'લીએ, પણ સામે નમસ્તે કર્યા. ક્યાંથી શીખી હશે તે રામ જાણે!

જગુભાઈનો વારો આવ્યો. બહુ ઉત્સાહથી તેણે વાઇસરોય સાથે હાથ મેળવ્યા અને પછી હાથ લાંબો કરી તેની મઢમને ધર્યો. સ્મિત આપી મઢમે પણ હાથ લંબાવી હસ્તધૂનન કર્યું અને ધીમેથી બોલી "પ્લીઝડ."

દાદા કતરાતી આંખે તાલ જોઈ રહ્યા અને અંદરથી ધૂંઆપૂંઆ થઈ ગયા. ગુસ્સો માંડ દાબી રાખ્યો. પ્રસંગ પૂરો થયો અને માણસો વીખરાયા એટલે "મારે ગામમાં જવું છે. તું તારે ગાડીમાં ઘરે પહોંચી જા. હું મેળે આવી જઈશ. અને જગુભાઈ, સાંજે તું જરા આવીને મળી જજે." તેમ કહી દાદા જગુભાઈથી છુટ્ટા પડ્યા.

સાંજે સાડા ચારે દાદાનો રોજનો કાર્યક્રમ કે ઘરમાં કોફી પી, 'ટાઇમ્સ ઓવ્ ઇંડિયા' લઈ બહાર બાવરની બાજુમાં, પીપળા નીચેના બાંકડે જઈને બેસે. અંગ્રેજી ભાષાની આંટીઘૂંટીઓ સમજવા પ્રયત્ન કરે. તેમાંથી અંગ્રેજી સરકારની કાબેલિયત પર અચંબો પામતા. આ માળાં સાળાં જાતે નીચાં વરણનાં પણ કેટલાં આગળ વધ્યાં છે? એમના અનુભવમાં જે જે ખ્રિસ્તીઓ આવેલા તે બધા હિંદુ ધરમ તજીને વટલાયેલા જ મળ્યા હતા, અને બધા અંગ્રેજો ખ્રિસ્તી. તેમાંથી તેમને ચોખ્ખું ફલિત થયું કે બધા અંગ્રેજો મૂળમાં હલકાં વરણના જ.

જગુભાઈ આવી ગયા અને બાજુમાં બેઠા. બેઠા એટલી વાર. દાદાએ આખી બપોર શું કહેવું અને કેવી રીતે તેના શબ્દો ગોઠવવામાં ગાળી હતી.

“જગુ, ચોરાશી લાખ જન્મે માંડ માનવીની યોનિમાં જનમ મળે છે. તો તેમાંથી બ્રાહ્મણ કુટુંબમાં જનમ બહુ જ ભાગ્યશાળીને જ મળે. આવેલી આ એક તક કોઈ ઓળવી નાખે તેને શું કહેવું? તને જરાય શરમ નો આવી કે તારો બાપ જાણશે તો કેટલો કચવાટ થશે? કુટુંબનાં પુણ્યો બધાં એક નબીરાએ પળમાં વેચીસાટી ખાધાં? આપણી આખી જ્ઞાતિને મોઢે મેશ ઢળી ગઈ!” ભવાં ઉપર ચડી ગયાં, રોષ પૂરો પ્રજ્વલિત દેખાતો હતો. જગુને ખબર ન પડી કે તેનાથી એવો તો શું કાળો કામો થઈ ગયો હતો.

“પણ, બાપુજી, મને ખબર નથી પડતી કે મારાથી શી ભૂલ થઈ ગઈ.”

“કીકલો છો તે ખબર ન પડે? બે છોકરાનો બાપ થ્યો અને ખબર નો પડે કે શું કર્યું, એ છોકરાંને શો ઉછેર આપવાનો? બીજાની બાયડીને હાથ લગાડે તે બ્રાહ્મણના સંસ્કાર કહેવાય?”

હવે જગુભાઈને સમજાણું. “પણ બાપુજી, આ તો એ લોકોની રસમ છે.”

“એ તો હલકાં વરણનાં છે. ખ્રિસ્તી થઈ જા પછી વાંધો નહીં. ડંકો વગાડીશ કે ઇતિહાસમાં આ પહેલો બામણ ખ્રિસ્તી થઈ ગ્યો. બહુ રૂપાળો લાગીશ!”

પછી એક નવો વિચાર આવ્યો. “આ નાતમાંથી કાઢી મૂકશે તો તારા છોકરાને કોઈ કન્યા નહીં આપે ઈ ખબર છે?”

જગુભાઈ સમજી ગયા કે મામલો બગડ્યો અને વધુ બિચકે તે પહેલાં જરા મોડવી લેવો રહ્યો. ઊભા થયા અને બાપુજીના પગ પકડી લીધા, “બાપુજી, ભૂલ થઈ ગઈ. હું મારગ ભૂલ્યો. મને માફ કરો. હવે તમે કહો તે કરું. બાપુજી, બાપુજી!” ધ્રુસકે ધ્રુસકે પોક મૂકી.

"આમ બાયડીની જેમ રડવા કેમ માંડ્યો? છાનો રે!" ધોતિયાને છેડે જગુએ આંખો લૂછી. દાદાએ બૂમ મારી, ભીખાને બોલાવ્યો અને પાણીનો પ્યાલો મગાવ્યો. જગુભાઈ સ્વસ્થ થયા, દાદાનો ગુસ્સો જરા ઓસર્યો.

"જગુ, પ્રાયશ્ચિત્ત કરી નાખ. ન્યાતને જમાડી દે, એટલે સૌ સારા વાનાં થઈ જશે. અને જો, બહુ ડાયો થઈને શેનું પ્રાયશ્ચિત્ત છે તેનો ઢંઢેરો નો પીટતો. શંભુરામ ગોરને કહેવું કે જરા મનશુદ્ધિની જરૂર છે એટલે કરું છું. ન્યાતમાં કહેવું તેં પગારવધારા માટે બાધા રાખી તે ફળી, એટલે યજ્ઞ કરાવ્યો અને સૌને જમાડ્યા એટલે બધું બરોબર થઈ જશે."

જગુ આ તક છોડે? "બાપુજી, બીજાં તો ઠીક પણ આ મંછી તો કહેતી ફરે કે, નાત જમાડી પણ મેં કાંઈ કોઈ પગારવધારો જોયો નથી, તો તકલીફ થાય...."

દાદા ખડખડ હસી પડ્યા, "મારો બાપ નીકળ્યો હોં! જો, પાણી મૂક કે કોઈ દિ' કોઈ મઢમડીનો હાથ નહીં પકડું."

પાણી હાજર હતું. જગુએ પાણી હાથમાં લઈ શપથ લીધા.

"કાલે બેંકમાં પગારવધારાના કાગળની યાદ દેજે. ભૂલતો નહીં"

જગુ એ ભૂલે? "વાઇસરોયના રિસેપ્શનમાં ભાવનગર ગામની સારી છાપ પાડવા માટે જગજીવન ત્રિવેદીને મહિને પાંચ રૂપિયાનો પગારવધારો કરવામાં આવે છે." એવો તુમાર લખાણો.

ગોર મારાજનું તરભાણું ભરાણું, બ્રાહ્મણો લાડુ જમ્યા, મંછા ગામમાં પહોળી પહોળી થતી ફરતી કહે, "એમણે એવો તો છાકો વાઇસરોય અને એની મઢમ ઉપર બેસાડ્યો કે બાપુજી મોઢામાં આંગળાં નાખી ગ્યા કે કો'ક દિ' આ મારી ગાદી લેશે."

"અને ઓલા વાઇસરોયે," ભાવનગરમાં વાત ઊપડી કે, "રાણીને રિપોટ મોકલાવ્યો કે આંઈ ફાંફળ છે, દોમદોમ સાયબીથી રે છે, અને વાંદરાએ કીધું કે જકાત વધારીએ તો વાંધો નહીં. તો મારે બેટે, બંદર

ઉપર નાકાબંધી કરી અને દીવાન સાહેબ બેઠાં બેઠાં રોવે છે કે ક્યાં આ બલાને આટલાં માનપાન આપ્યાં!”

['અમે ભાનવગરનાં' પુસ્તકઃ ૨૦૦૫]

# કિશોર વ્યાસ

## દીપશિખાઓથી ઓપતું પત્રકારત્વ

મેઘાણીનો એક પગ સાહિત્યમાં, તો બીજો પગ પત્રકારત્વમાં હતો. એ બંને ક્ષેત્રોએ પરસ્પર પૂરકની ભૂમિકા ભજવી છે, એમ મેઘાણીએ જ કબૂલ્યું છે.

અમૃતલાલ શેઠ દ્વારા શરૂ થયેલી પત્રકારત્વની નાની શી પાઠશાળા રાણપુર જેવા ગામડામાં ટાંચાં સાધનોની વચ્ચે પણ ‘સૌરાષ્ટ્ર’ અઠવાડિકને ભાષાવૈભવ, ઊર્મિરંગો અને કલ્પનાયુક્ત કલાવિધાનથી શોભાવતી હતી. પત્રકારત્વને દેવમંદિરની તુલનાએ મૂકતા ‘સૌરાષ્ટ્ર’ મંડળીના આદર્શમય પ્રવાહમાં મેઘાણીનું આગમન થયું હતું.

રોજબરોજની ઘટનાઓના, હરકોઈ ક્ષેત્રના અલ્પજીવી બનાવોનું કસબકામ ‘સૌરાષ્ટ્ર’માં મેઘાણીના હાથે બની આવ્યું છે. ‘સૌરાષ્ટ્ર’ની વિલક્ષણ ભાષામાં પ્રકાશિત થતા પત્રકારત્વમાં સાહિત્યરંગી તોરના મેઘાણી એ રીતે પુરસ્કર્તા બન્યા હતા. રોજિંદા બનાવોની સનસનાટીમાંથી નવનીત વલોવવું અને સંસારના પ્રકટ-અપ્રકટ રહેલા પ્રવાહોમાંથી શુભ તત્ત્વોને વીણવાનું મેઘાણીને સહજસાધ્ય હતું.

‘લાવ લાવ’ કહેતા યંત્રરાક્ષસનું પેટ ઠારવા બેઠેલા મેઘાણીએ કાર્ટૂન પર પણ હાથ અજમાવેલો. ભાંગેલો ખડિયો, તૂટીફૂટી કાતર, કાગળના કટકા ને ચિત્રોના કુથ્થાની પથરાયેલી સામગ્રી વચ્ચે મેઘાણી બેઠા હોય. કાગળ પર આડી-અવળી લીટીઓ ખેંચતા જાય, પીંછીથી ન ફાવ્યું તો હોલ્ડરની ટાંકથી લીટીઓ ખેંચે અને આખરે કાર્ટૂન તૈયાર થાય ત્યારે સાથીમિત્રોને મેઘાણી જે વાત કહે છે એ આપણાં સાહિત્યિક સામયિકોને પણ બરાબર લાગુ પડે છે. જુઓ એ શબ્દો: ‘અહીં તો ભાઈ, કોણી મારીને કૂરડું કરવાની વાત છે. અહીં તો તંત્રીયે આપણે ને ખબરપત્રીયે આપણે બનવું પડે. કવિયે થવું પડે ને સમાલોચક પણ

બનવું પડે..આપણું પત્રકારત્વ તો છે કોણી મારીને કૂરડું કરવાની કળા.' મેઘાણીએ જાત નિચોવીને પત્રકારત્વના ક્ષેત્રને ખેડ્યું હતું. 'ફૂલછાબ'ની કાળી મજૂરી કરવામાં એમણે પાછું વાળીને કદી જોયું નથી. 'ફૂલછાબ' બંધ હતું ત્યારે એના માણસોને નિભાવવા નાની પુસ્તિકાઓનાં પ્રકાશનો કરવા પુસ્તકોનાં અઢારસોથી બે હજાર જેટલાં પાનાં વાંચીવિચારી તેનું દોહન કરી છાપખાના માટે કામ તૈયાર કરી નાખવામાં મેઘાણીએ પોતાની લેખિનીનું સાર્થક્ય જોયું હતું. એટલે જ નવસર્જકોને પ્રસિદ્ધિને માટે અધીરા ન થવાની અને અપ્રસિદ્ધિના કાળ દરમિયાન પોતાની રચનાઓ પર વધુ ને વધુ સમારકામ કરતેકરતે નિજાનંદની ખુમારી સેવવા એ હાકલ કરે છે.

મેઘાણીના 'ફૂલછાબ' માટેના પરિશ્રમ માટે એક જ ઉદાહરણ પૂરતું થશે: "મેઘાણીભાઈ લખતા હોય ત્યારે મેટરની અમને ભારે નિરાંત. રાજકોટ સત્યાગ્રહ પહેલાં તંત્રીવિભાગમાં માણસ થોડા હતા. નવ-નવ ફરમા[૩૬ પાનાં]નું કામ ચાલતું. બોટાદથી વહેલી સવારે ટ્રેન પકડીને રાણપુર આવે ને પૂછે: કેટલું મેટર જોઈએ? અમે બે ફરમાનું પૂરું મેટર માગીએ. બસ, લખવા બેસી જાય. અમે કારીગર વધારતા જઈએ. એ એકલા ને બીબાં ગોઠવનાર કારીગર પંદર-વીસ, બધા કારીગરને મેટર પહોંચી વળે. વધારામાં ગેલીઓનાં પ્રૂફ સુધારતા જાય, પેજ પાડતા જાય, હેડિંગ આપતા જાય ને એ પણ સુધારતા જાય."

પત્રકારત્વને એમણે સાહિત્યરંગે રંગ્યું અને પત્રકારત્વના દરજ્જાને તેઓ ઊંચા આસને લઈ ગયા. 'ચિતાના અંગારા'ની ટૂંકી વાર્તાઓ, 'જેલ ઓફિસની બારી' જેવી સ્મરણમાળા અને 'સોરઠને તીરે તીરે' જેવાં પ્રવાસ-કથાનકો તેમજ 'ફૂલછાબ'ના ભેટપુસ્તક સ્વરૂપે લખાયેલી 'વેવિશાળ', 'તુલસીક્યારો', 'સમરાંગણ', 'રા' ગંગાજળિયો', 'પ્રભુ પધાર્યા', 'ગુજરાતનો જય' આદિ નવલકથાઓએ તારવી આપ્યું છે કે પત્રકાર કાંઈ સાહિત્યનો દુશ્મન નથી. મેઘાણીએ સ્વીકાર્યું છે કે પત્રકારત્વ જેમ સાહિત્યને ખાઈ રહ્યું છે, તેમ તેના દબાણ હેઠળ કેટલુંક સાહિત્ય જે કદી ન સરજી શકાત તે સરજાઈ પણ રહ્યું છે. મેઘાણીએ

નોંધ્યું છે: "પત્રકાર જીવને જ મારી માનવસંપર્ક તેમજ માનવલીલાની માહિતી લીલીછમ રાખી છે. એ જીવનસામગ્રીની વિપુલ પ્રાપ્તિ જો ન થતી હોત તો એકલી વાણીનો સંગ મને કંગાલ કરી મૂકત."

પત્રકારમાં હોવી જોઈતી ખુમારી અને નીડરતાનાં મેઘાણીમાં ભારોભાર દર્શન થાય છે. ૧૯૩૯-૪૦માં 'ફૂલછાબ'ની ઘણાં દેશી રજવાડાંમાંથી હદપારી થયા પછી જ્યારે કોઈ રજવાડાએ અંગત રીતે મેઘાણીને બોલાવ્યા, ત્યારે મેઘાણીએ એ રજવાડાનાં માનપાનને ગણકાર્યાં નહોતાં. આ સંબંધે તેઓએ લખ્યું છે: "'ફૂલછાબ'ની નીતિ, દૃષ્ટિ, વિચારણા એ સમગ્રને માટે હું જવાબદાર છું. હું 'ફૂલછાબ' સાથે જ ચડું છું ને પડું છું. 'ફૂલછાબ' જે દ્વારે અપમાનિત હોય તે દ્વારે હું પણ અપમાનિત જ છું. તે દ્વારને ઉંબરે મારાથી ચડાય નહીં. હું કે 'ફૂલછાબ' તો બેશક સ્વલ્પ છીએ, પણ મારે અને 'ફૂલછાબ'ને માથે એક ઓઢણું છે—સમસ્ત પત્રકારત્વની ઇજ્જતનું."

નિરંજન વર્મા અને જયમલ્લ પરમારને પત્રકાર મેઘાણીનો નવીનતાનો ગુણ આકર્ષક લાગ્યો છે. દર સપ્તાહે 'ફૂલછાબ'માં કશુંક ને કશુંક નવીન મૂકવા મેઘાણી તત્પર રહેતા. એ લેખકોનું સંસ્મરણ જ તપાસીએ: "જો કોઈ પણ જાતની લેખસામગ્રી એકધારી બે-ત્રણ અઠવાડિયાં ચાલે તો એ તરત કહેતા: આને બદલીએ તો, ભાઈ? કાંઈક નવીન આપીએ. પરંતુ આ નવીનતાના આગ્રહમાં ક્યારેય પણ પ્રજાને છેતરવાનું, પ્રજાની અધમ વૃત્તિઓને પોષીને પત્રને લોકપ્રિય બનાવવાનું વલણ તેમણે દાખવ્યું નહોતું." પ્રજાની રસરુચિને સંવર્ધે એવા સાહિત્યની સરજતને પ્રાધાન્ય આપવા એમણે દાખવેલી જાગૃતિ સામયિકો-અખબારોને માટે આદર્શરૂપ છે. વ્યવહારમાં ફરી વળેલી વ્યાપારી વૃત્તિઓથી દૂર હટીને જીવનના પ્રાણરૂપ શુદ્ધ સાહિત્યને આરાધવાનો મેઘાણીએ યજ્ઞ માંડેલો. એ જ રીતે જીવનમાં ખોખલાં સૂત્રો દર્શાવવાને બદલે મેઘાણીએ અગ્રલેખોમાં જેવું જોમ દાખવ્યું એવા જ જોમ સાથે જીવવાની શૈલી અપનાવી હતી. રાણપુર નજીકના નાગનેશ ગામ ઉપર બહારવટિયા ચડી આવ્યા ત્યારે મેઘાણી બહારવટિયાઓને

ભીંસમાં લેવા પોલીસોની સાથે આખી રાત ખાઈઓમાં પડી રહ્યા હતા. બંદૂક લઈને નીકળી પડેલા મેઘાણીને ખ્યાલ હતો કે ગામને પાદર બહારવટિયા આવે ને આપણે સામનો ન કરીએ, તો બીજાને શું કહી શકીએ? આજે પણ આ પ્રસંગ રોમાંચ જગાવનારો છે. 'જેવું લખવું એવું જ જીવવું'ના મંત્ર સાથે મેઘાણી જીવેલા.

જીવનમાં તેમ સાહિત્ય અને પત્રકારત્વમાં ચોકસાઈનો આગ્રહ મેઘાણીનો વિશેષ ગુણ હતો. 'ફૂલછાબ' જ્યારે લોકપ્રિયતાની ટોચ પર હતું ત્યારે એને વાંચવા માટે લોકોની આતુરતા અને અધીરાઈ દર્શાવતું લખાણ કોઈ પત્રકારે 'જૂનાગઢનું બયાન' નામે લખેલું. માંદગીના બિછાને પડેલા મેઘાણીની જાણ બહાર એ લખાણ છપાઈ પણ ગયું, પરંતુ બીજે દિવસે આ લખાણ મેઘાણીની નજરે પડતાં જ આત્મપ્રશંસાથી રત એવા એ લખાણના છપાયેલા ફર્માઓને એમણે રદ કરાવ્યા હતા. આત્મરતિથી દૂર રહેવાની, છપાયેલી અસંખ્ય નકલોનો નાશ કરવાની એમની આ કાર્યપ્રણાલિથી ગાંધીજી તરત જ યાદ આવે! ગોખલેના ભાષણોના કોઈ વિદ્વાને કરેલા રેઢિયાળ અનુવાદની છપાયેલી નકલોનો નાશ કરવા ગાંધીજીએ સૂચવ્યું હતું.

મેઘાણીના સર્જનમાં જેમ પ્રબળ અનુકંપાભાવ વરતાય છે તેમ પત્રકારત્વમાં પણ એમનો વ્યાપક સમભાવ, માનવતાવાદ ઊપસી રહે છે. એ રીતે તેઓ મિશનરી પત્રકાર છે. માનવમૂલ્યોનો હ્રાસ થતો એમણે જ્યારે જ્યારે પણ અનુભવ્યો છે, ત્યારે તેની કલમે પ્રબળ આક્રોશ ઠાલવ્યો છે. કશાથી ડર્યા વિના જેહાદ ઉઠાવી છે. અમદાવાદના કોમી રમખાણ વખતે 'મુખડા ક્યા દેખો દર્પણ મેં' જેવું 'ફૂલછાબ'માં છાપેલું ઠઠ્ઠાચિત્ર અને મુંબઈમાં રોજબરોજ થતાં રમખાણો અંગે તેમણે લખેલો 'વાઘ-દીપડાઓને વીણી કાઢો' તંત્રીલેખ એ દિશાના દ્યોતક છે. માણસાઈનો આગ્રહ મેઘાણીને નાનામાં નાના સમાચારને સુરુચિભરી પસંદગીના ધોરણે ચકાસવા સુધી લઈ જાય છે. વર્તમાનપત્રોનું ધંધાર્થી લેખનકાર્ય પોતાને માટે આશીર્વાદરૂપ ગણ્યું હોવા છતાં મેઘાણીએ રોજિંદા પત્રકારત્વને આ યુગનું એક મોટું પાપ ગણ્યું છે. અસત્ય અને અર્ધસત્યના પગ

ઉપર ઊભા રહેલા દૈનિકપત્રની દેકારા જેવી સ્થિતિ પ્રત્યેનો એમનો અણગમો આ શબ્દોમાં વ્યક્ત થયો છે: “રાજદ્વારી છમકલાં છાપવાથી અને લીંબરડી-પીપરડી ગામોની ખળાવાડોના હવાલદારની ખબર લઈ નાખવાથી જ લોકો લોભાય છે, એવી માન્યતા પત્રકારત્વની ચેતનાવિદ્યુતને કેવળ સંહાર માટે, તમતમાટને માટે, ભજિયાં તળવાના તાવડા તપાવવા માટે સેવાય છે. એ એક વિકૃત અને વિઘાતક માન્યતા છે.” પત્રકારત્વની સસ્તી સનસનાટી પ્રત્યે નારાજી દર્શાવીને એમણે રતિભાર સત્ય અને ખાંડીખાંડી પ્રચારવેગને ક્ષણિક આવેશનો ભડકો કહ્યો છે.

મેઘાણીનું સાહિત્યિક પત્રકારત્વ ‘જન્મભૂમિ’ના ‘કલમ અને કિતાબ’ વિભાગ અંતર્ગત સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. આ વિભાગમાં પૂર્વગ્રહો, રાગદ્વેષોને સ્થાન ન હતું. સાહિત્યની નાનામાં નાની વિગતોને સમજવાની અને ન્યાય કરવાની સચેત વૃત્તિ એમણે કેળવેલી હતી. આ વિભાગને વાંચીને પુસ્તક ખરીદનારાઓનો એક વર્ગ ઊભો થયેલો.

વર્તમાનપત્રોમાં વિવેચનની જરૂરિયાત દર્શાવતાં મેઘાણીએ લખ્યું છે: “સર્જકોને અને સર્જનોને કડક તુલના પર ચડાવનારા જ્ઞાનગંભીર વિવેચકો માટે આજનું પત્રકારત્વ પોતાની કટારોમાં જગ્યા કરે એ પ્રથમ જરૂર છે.” સર્જકો પણ પોતાનાં સર્જનોને કડક ધોરણની કસોટીએ ચડાવવા આતુર રહે, એવા તંદુરસ્ત વલણને તેઓએ ઝંખ્યું છે. નબળાં સર્જનો વિશે પણ પ્રશંસા સાંભળવા ટેવાયેલા સર્જકો સામે આક્રોશ વ્યક્ત કરીને મેઘાણીએ લખ્યું છે: “લેખકો પોતાની કંગાલ કૃતિઓનાં અવલોકન ન લેવાય તેની રાવ કરવામાં સમય ગુમાવે છે. અવલોકન નથી લેવાતાં એટલે પોતાની સામે વ્યવસ્થિત કાવતરું થઈ રહ્યું હોય તેવી તેઓ બૂમો પાડે છે. પોતાની કૃતિને નબળી કહેનારો અવલોકનાર કાં તો લેખકોનો તેજોદ્વેષી છે, કંઈ નહીં તો તુંડમિજાજી છે!” સાહિત્યમાં પ્રવેશેલા નવોદિતોની અપેક્ષાને ચીંધતા ‘નવીનો માગે છે’ લેખનો આ અંશ જુઓ: “તમે તમારી આસપાસ આંટા મારનારા ગ્રહો-ઉપગ્રહો ન માગો. તમને પણ ભૂલ બતાવી શકે એવા દોસ્તો માગો. તમારાં તેજ એમને ઉછીનાં દઈ દઈ ન શોભાવો; એને સ્વલ્પ

પણ સ્વયં તેજે ચમકવા દો. તમારા પ્રત્યે અંધ અને મૂંગી વફાદારી ન વાંછો. બુદ્ધિપૂર્વકની બંડખોરી નોતરો. પુત્રથી, શિષ્યથી પરાજય પામવાની મુરાદ સેવો.”

નાનામાં નાની ઘટનાને સાહિત્યરંગે રંગીને એની માર્મિકતાને ધાર ચઢાવવાનું કાર્ય મેઘાણીના હાથે થયું છે. મેઘાણી લોકમાન્ય પત્રકાર તો હતા જ, સાથોસાથ સાહિત્યતત્ત્વની ક્ષણેક્ષણે કાળજી લેનારા સાહિત્યધર્મી પત્રકાર પણ હતા.

['પરબ' માસિકઃ ૧૯૯૬]

# જેવું લખાયું, તેવું છપાયું!

દર માસે ગુજરાતી સામયિકોનાં ૧૫૦૦થી વધુ પૃષ્ઠો પર સર્જકોનો, વિવેચકોનો કેવોક પુરુષાર્થ ડોકાય છે? સંપાદકો સંપાદનનાં ધોરણો બાબતે કેવા આગ્રહો સેવે છે?

નોંધપાત્ર એવાં કેટલાંક સામયિકોના અંકોને અવલોકતાં જણાશે કે સાહિત્યક્ષેત્રમાં નવી કલમોનો, નૂતન સર્જકો-વિવેચકોનો દુષ્કાળ પ્રવર્તે છે. જે જાણીતાં નામો છે એમાંથી કેટલાંયે જૂની મૂડીએ પોતાનો વેપાર ચલાવી રહ્યાં છે.

જેવું લખાયું તેવું છપાયું, એવી સ્થિતિમાં આપણે પહોંચી ગયા છીએ. સર્જકોનો જોસ્સો પ્રબળ હોય, એ સમજી શકાય એવી વાત છે. પણ વાચકોના હાથમાં નિર્જીવ કાગળની થોકડી પકડાવી દેવાનો ઉત્સાહ ચાર ચાસણી ચઢે એવો છે.

અભ્યાસક્ષેત્ર પરત્વે નિષ્ક્રિય રહીને મોટાં નામોની આગળપાછળ ભમતાં રહેતાં સામયિકો સ્વયં પ્રકાશિત બને, એવું ઇચ્છીએ.

['કંકાવટી' માસિકઃ ૨૦૦૪]

# કિશોરલાલ મશરૂવાળા

## કાકાસાહેબ: જીવનદર્શન

૧૯૧૭માં હું ગાંધીજીની રાષ્ટ્રીય શાળામાં જોડાયો. કાકાસાહેબ (કાલેલકર), મામાસાહેબ (ફડકે), નરહરિભાઈ વગેરે મારી પહેલાં જ જોડાયા હતા.

મને થોડા વખતમાં જ ખબર પડી ગઈ કે મારા કામ માટે મને બરાબર અનુકૂળ થઈ પડે એવો જ્ઞાનકોશ શોધવા ક્યાંય ભટકવાની જરૂર નથી. કાકાસાહેબ જીવતોજાગતો જ્ઞાનનિધિ હતા. કોશમાંથીયે જરૂરી માહિતી ક્યાં મળશે તે જાણવાની આવડત હોવાની જરૂર હોય છે, નહીં તો ખૂબ ખાંખાંખોળાં કરવાં પડે. જીવતો કોશ હોય તો તે આવડત હોવાની શોધનારને જરૂરત નહીં. ત્યાં તો માત્ર પૂછવાની જ જરૂર.

તે વખતમાં મારો અને નરહરિભાઈનો ખાસ ઉપયોગ કાકાસાહેબના લહિયા તરીકે હતો. મારો ખ્યાલ છે કે તે દિવસોમાં હું લખવા બેઠો હોઉં ત્યારે કાકાસાહેબ મરાઠીમાં જ બોલતા અને હું ગુજરાતીમાં લખતો. કોઈ વાર નરહરિભાઈ અને હું સાથે બેસીએ ત્યારે કાકાસાહેબને મરાઠી શબ્દનો ગુજરાતી પર્યાય આપવામાં હું મદદ કરતો અને નરહરિભાઈ કાકાસાહેબનું વ્યાકરણ સુધારીને લખતા. મારી પોતાની ભાષા અને લેખનશુદ્ધિ તો તે જમાનામાં જ ચાલે એવી હતી. કાકાસાહેબ ક્યારે મારી આગળ નીકળી ગયા તેની મને ખબરે ન પડી!

વિદ્યાપીઠનું બંધારણ ઘડવામાં લગભગ બધા નવા શબ્દો કાકાસાહેબે જ શોધ્યા. કાકાસાહેબની શબ્દ-રચના-શક્તિનો વિદ્યાપીઠની પરિભાષામાં પુષ્કળ પરિચય થાય છે. ‘કુમારમંદિર’, ‘વિનયમંદિર’, ‘વિનીત’, ‘સ્નાતક’, ‘નિયામક સભા’, ‘અન્વેષક’, ‘ધ્યાનમંત્રા’ વગેરે શબ્દો આજે આપણને ચિરપરિચિત જેવા લાગે છે અને કેટલાક તો બીજાં ક્ષેત્રોમાંયે ફેલાયા છે. તે દિવસે એ બધા વિલક્ષણ લાગતા હતા. વિદ્યાપીઠનો ધ્યાનમંત્રા

सा विद्या या विमुक्तये અને વિદ્યાપીઠની મહોર પરનું વટવૃક્ષ તથા કમળ પણ કાકાસાહેબની સૂઝ છે.

## ૨

શ્રી વિનોબા વારંવાર સંભળાવે છે કે શ્રુતિનો આદેશ છે કે “ચલતે રહો, ચલતે રહો.” કાકાસાહેબ એ આદેશનો અક્ષરાર્થ તેમ જ રહસ્યાર્થ પાળતા આવ્યા છે. ગાંધીજી કરતાંયે કાકાસાહેબનું ભ્રમણ વધારે થયું હોવાનો સંભવ છે.

પણ ગાંધીજી અને કાકાસાહેબની આંખોની રચના જુદી જુદી છે, તેથી બંનેએ કરેલું દેશદર્શન જુદી જુદી જાતનું અને અન્યોન્યપૂરક છે. ગાંધીજીની કરુણાભીની અને અર્થશોધક આંખોએ જોયું કે હિંદુસ્તાન ગામડાંમાં વસે છે, અને એ ગામડાં ઉકરડાના ટેકરાઓ વચ્ચે છે; અને એ ગામડાં ગંદકી અને રોગોનાં કેન્દ્રો છે, તેમ સંપત્તિના યે ભંડારો છે. પણ તેની સંપત્તિ ખાલી થઈ જાય છે, અને ગંદકી તથા રોગો ફૂલેફાલે છે. વળી, ગાંધીજીએ તેમાં ન્યાતજાત, અસ્પૃશ્યતા વગેરેનાં ઝેર જોયાં. ગાંધીજીએ પોકાર કર્યો છે કે ગામડાં સાફ કરો, તેની અખૂટ સજીવ તથા નિર્જીવ સંપત્તિવર્ધક સામગ્રીનું વ્યવસ્થિત સંયોજન કરો; તેને ઐક્ય અને ઉદ્યોગોથી ભરી દો.

કાકાસાહેબની રસભરી અને સૌંદર્યશોધક આંખોએ સર્વત્રા સુંદરતાનો વિસ્તાર જોયો. જ્યાં ગયા ત્યાંના પર્વતો જોયા; બરફથી ઢંકાયેલાં ઉચ્ચ શિખરો જોયાં; આકાશને અડકતાં મહાન વૃક્ષો જોયાં; નદીઓનો વિસ્તાર, ધોધ કે ઘોડાપૂર, ઝરણાંઓના શાંત કે ઉન્માદભર્યા પ્રવાહ જોયા. વસંતનાં ફૂલ, પતંગિયાં તથા પક્ષીઓમાં ઉડાઉ છતાં રસિકપણે છાંટેલા રંગો જોયા; આમ સર્વત્રા પ્રકૃતિનો સૌંદર્યવિસ્તાર જોયો. સાથે સાથે સૌંદર્ય સાથે એકરૂપ થયેલા કલામય હાથોએ નિર્માણ કરેલું ઇમારતી સૌંદર્ય, કંઠોએ નિર્માણ કરેલું નાદસૌંદર્ય, વાણીએ નિર્માણ કરેલું ભાષાસૌંદર્ય પણ જોયું. પણ આટલું તો એમણે દીવાના

કે દિવસના 'અંધારા'માં જોયું. એથીયે વધારે એમણે સચંદ્ર કે અચંદ્ર રાત્રીના 'પ્રકાશ'માં જોયું. પૂર્ણ ચંદ્રમાંથી વરસતું રૂપું અને આકાશમાં રમતા તારલાઓની ચંચળ આંખો તથા રાસમંડળીઓ જોઈ. તેમાં અનેક પૌરાણિક આખ્યાયિકાઓ વાંચી, અને આ બધું એમણે ભાષાના ચમત્કારોથી ભરેલી વાણીમાં વર્ણવી બતાવ્યું. એમણે સુજલ, સુફલ, શસ્યશ્યામલ, શુભ્રજ્યોત્સ્નાપુલકિત અને ફુલ્લકુસુમિત દ્રુમદલથી શોભિત દેશ જોયો. અને ક્યારેક બાળકના જેવી સરળતાથી પોકારી ઊઠ્યા, "આટલી બધી સુંદરતા ચોમેર વેરાયેલી પડી છે, કોઈ લૂંટતા કેમ નથી?"

આમ ગાંધીજીએ જે ન જોયું તે કાકાસાહેબે જોયું, અને કાકાસાહેબે ન જોયું તે ગાંધીજીએ જોયું, અને બંનેએ પરસ્પર અવિરોધીપણે પ્રગટ કર્યું. બંનેની નેત્રારચનામાં આટલો બધો ભેદ છતાં કાકાસાહેબે કળા અને કલ્પનાની ખાણ રવીન્દ્રનાથને છોડી ગાંધીજીમાં વધારે ગુરુભાવ અનુભવ્યો, અને ગાંધીજીએ કાકાસાહેબ જેવા મહામાત્રા (લેફ્ટનન્ટ) મળવાથી પોતાને હંમેશાં ધન્ય ગણ્યા.

## ૩

કાકાસાહેબે પોતાને હંમેશાં સિપાઈ તરીકે જ ઓળખાવ્યા છે. આ ભક્ત શબ્દનો જ પર્યાય છે. અને કાકાસાહેબ પ્રધાનપણે ભક્ત જ છે. એ જુવાનીની શરૂઆતમાં શ્રી ગંગાધરરાવ દેશપાંડેની સેનામાં જોડાયા હતા. તે વખતે તેમણે જે આજ્ઞા કરી તે ઉઠાવી. પછી તેમની જ આજ્ઞાથી વડોદરાના શ્રી કેશવરાવ દેશપાંડેના સિપાઈ બન્યા. ત્યારથી તેમના અનુવર્તી થઈને રહ્યા. તેમણે કાકાસાહેબને ગાંધીજીને સોંપ્યા ત્યારથી ગાંધીજીની આજ્ઞા વફાદારીપૂર્વક ઉઠાવવી એ એમનો જીવનધર્મ બન્યો છે. એમાં જે અંતરાય કરે તેનો ત્યાગ પણ કરે. ભક્તનું એક લક્ષણ છે કે—

*નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે;*
*કુળને તજીએ, કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે;*
*ભગિની સુત-દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે.*

કાકાસાહેબે આવા અનેક ત્યાગ કર્યા છે, અને આવશ્યક થાય તો નવાયે કરી શકે છે.

કાકાસાહેબની ગાંધીજી પ્રત્યેની ભક્તિ વિલક્ષણ છે. કોઈ એમને ગાંધીજીના અંધભક્ત કહે તો તેથી તે શરમાશે નહીં, ગાંધીજીના વિચારોને અનુસરીને પોતાના વિચારો બાંધવાનો પ્રયત્ન કરવામાં તેમને નાનમ લાગશે નહીં.

પણ કાકાસાહેબ માત્ર શ્રદ્ધાવાન ભક્ત જ નથી, પરંતુ સિપાઈ, અને તેયે યોજકશક્તિવાળા સિપાઈ છે. આથી, કમમાં કમ જે ક્ષેત્રમાં ગાંધીજીએ યોજના કરી હોય તેમાં જૂના સનાતનીની શ્રદ્ધા, આર્યસમાજીનો જુસ્સો, સત્યાગ્રહીની હઠ, નૈયાયિકની વાદકુશળતા અને સફળ મૅનેજરની કુનેહથી ગાંધીજીના મતનો પ્રચાર કરે, બીજાને ગળે તે મત ઉતારી તેને પાકી રીતે બાંધી દે અને તેના અમલનો પ્રબંધ કરી દે.

## ૪

કાકાસાહેબે પોતાને શિક્ષક કહેવડાવવામાં જ ગૌરવ માન્યું છે. વિદ્યાર્થીઓનાયે તેઓ સદા માનીતા રહ્યા છે. પણ એમના શિક્ષણમાંથી મળતો ખાસ આનંદ લેવો હોય તેણે એમને મોટા વર્ગો કે સભાઓમાં સાંભળવાને બદલે, એમના ખાટલા પાસે જઈને બેસવું વધારે ઠીક. ઉંમરે એમના આ ધંધામાં થોડોક ફેર પાડયો છે ખરો. વીસ વર્ષ પહેલાંના કાકાસાહેબ બાળકો અને મોટાઓની ભેગી બેઠક હોય, તો જાણે મોટાઓને ભૂલતા હોય અને બાળકોને જ જોતા હોય તેવી વાતો કરતા. તેમની સમજાવવાની વિલક્ષણતાને લીધે મોટાઓ પણ તેનો આનંદ લઈ શકે તે જુદી વાત. આજના કાકાસાહેબ એવી બેઠકમાં બાળકોને ભૂલતા હોય અને મોટાઓને જ જોતા હોય એવો અનુભવ થાય છે.

કાકાસાહેબ બોલે અને બાળકો બગાસાં ખાય એવું વીસ વર્ષ પહેલાં ન થતું; હવે થઈ શકે છે. પણ હજુ કાકાસાહેબ એવી કોટિએ નથી પહોંચ્યા કે મોટાં પણ બગાસાં ખાવા માંડે!

['ગાંધી-પરિવારના જ્યોતિર્ધરો' પુસ્તક]

# કૂવો અને હવાડો

પ્રાચીન કાળથી અનેક પ્રકારનાં રાજકીય તંત્રો અને વાદોનો માનવસમાજ અખતરા કરતો આવ્યો છે. એકહથ્થુ રાજ, પ્રજારાજ, રાજાશાહી, તાનાશાહી, બહુમતશાહી વગેરે અનેક પ્રકારનાં તંત્રોની ચર્ચાઓ ચાલ્યા જ કરે છે.

આનો અર્થ એટલો જ કે મનુષ્યને સુખી થવા માટે કોઈ પ્રકારના રાજતંત્રનું અસ્તિત્વ આવશ્યક છે એમ સૌને લાગે છે ખરું; પણ તેનું આદર્શ બંધારણ હજુ તે ખોળી શક્યો નથી. વિચાર અને અખતરા કરતો આવ્યો છે, અનુભવ લેતો આવ્યો છે, પણ હજુ કોઈ અખતરો લાંબા વખત સુધી સંતોષકારક કામ આપનારો સાબિત થયો નથી.

દુનિયાના આજના ડાહ્યા માણસો અને તેમને અનુસરનારા દેશો ત્રણ મુખ્ય વર્ગમાં વહેંચાયેલા છે એમ કહી શકાય: પ્રજાકીય બહુમતશાહી (ડેમોક્રેસી), લશ્કરી તાનાશાહી (ફાસિસ્ટ ડિક્ટેટરશિપ) અને મજૂરોની તાનાશાહી (સામ્યવાદી ડિક્ટેટરશિપ).

આપણા પોતાના દેશ માટે પ્રજાકીય બહુમતશાહી બંધબેસતી થઈ શકે એવો આપણા દેશના બહુ મોટા ભાગના સુજ્ઞ પુરુષોનો મત છે. પણ એ મૂળ પાયો સ્વીકાર્યા બાદ પણ મતાધિકાર, ચૂંટણીઓ, રાજકીય પક્ષો વગેરેના પ્રશ્નો ઓછા ઝઘડા અને ખુનામરકી કરાવનારા તથા મૂંઝવનારા નથી. કાના, માત્ર, જોડણી, વ્યાકરણ, વિરામચિહ્ન વગેરેની એક પણ ભૂલ ન હોય, અને બહુ સુવાચ્ય અક્ષરે લખાણ લખ્યું હોય, છતાં કાયદો વસ્તુ જ એવી છે કે જેનો અપ્રામાણિક ઉપયોગ કરવાના

માર્ગો નીકળી જ આવે છે. કાયદાની સ્થાપના દંડશકિત પર શ્રદ્ધા રાખનારાઓએ કરેલી હોય છે. અનેક રીતે એ દંડશકિત નબળી નીવડે છે. પણ એ બધી નબળાઈઓનું એકમાત્ર કારણ બતાવવું હોય તો તે શાસિત પ્રજાનું ચારિત્ર છે.

'કૂવામાં હોય તેટલું હવાડામાં આવે' એ કહેવત જાણીતી છે. 'તેટલું'ની સાથે 'તેવું' પણ ઉમેરી શકાય. એટલે કે 'કૂવામાં હોય તેટલું ને તેવું હવાડામાં આવે.' કૂવા કરતાં હવાડામાં ઓછું આવે, એમ બને છે જ. તેના કરતાં વધારે ન આવી શકે એ દેખીતું છે. વળી, કૂવાનું પાણી ચોખ્ખું હોય પણ હવાડામાં બગડે એમ બને; પણ કૂવાનું દૂષિત હોય અને હવાડામાં ચોખ્ખું આવે એમ બને નહીં. માટે કૂવા ઉપરાંત હવાડાની ચોખ્ખાઈ પર ધ્યાન આપવાની જરૂર રહે ખરી. પણ કૂવો ખરાબ હોય અને હવાડો ચોખ્ખો રહે એમ બને નહીં.

હવાડો એ શાસકવર્ગ છે. કૂવો એ સમસ્ત પ્રજા છે. ગમે તેવા કાયદાઓ અને બંધારણ ઘડો, સમસ્ત પ્રજાના ચારિત્ર કરતાં શાસકવર્ગનું ચારિત્ર ઘણું ઊંચું હોય એમ બનવાનું નહીં; અને પ્રજા પોતાના ચારિત્રથી જેટલા સુખસ્વાતંત્ર્યને લાયક હોય તેથી વધુ સુખસ્વાતંત્ર્ય ભોગવી શકશે નહીં. જે રાજ્યપ્રણાલિકામાં શાસકવર્ગ કેવળ દંડશકિત જ મેળવતો નથી, પણ સાથે ધન અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે છે, તેમાં શાસકવર્ગનું ચારિત્ર પ્રજાના એકંદર ચારિત્ર કરતાં વધારે હીન બને એવી બધી અનુકૂળતાઓ હોય છે. અને છેવટે શાસકવર્ગ પેદા થાય છે શાસિતોમાંથી જ. એટલે શાસિત પ્રજાના હીનતર ભાગના હાથમાં શાસન રહે એવું ધીમે ધીમે પરિણામ આવે છે. સર્વે પ્રકારની રાજ્યપ્રણાલિકાઓ થોડા વખતમાં સડવા માંડે છે તેનું આ જ કારણ છે.

આથી, પ્રજાના હિતચિંતકોએ તેમજ પ્રજાએ પણ સમજવું જોઈએ કે સુખસ્વાતંત્ર્યની પ્રાપ્તિ કેવળ રાજકીય બંધારણ અને કાયદાઓની સંભાળપૂર્વક રચના કે ઉદ્યોગો વગેરેની યોજનાઓ દ્વારા સિદ્ધ નથી થવાની, કેવળ શાસકવર્ગમાં થોડા સારા માણસો હોવાથીયે નથી થવાની, પણ સમસ્ત પ્રજાની ચારિત્રવૃદ્ધિ તથા શાસકવર્ગના ઘણા મોટા ભાગની

ચારિત્રવૃદ્ધિ દ્વારા જ થશે. સારા કાયદાઓ અને યોજનાઓ મદદ કરી શકે, પણ તે કેવળ સાધનરૂપે; મૂળ કારણ બની શકે નહીં. જો પ્રજાને દુ:ખી કરવા માટે તે જ પ્રજાના માણસોની જરૂર પડે એમ હોય તો દુષ્ટમાં દુષ્ટ વિજેતા બળવાન ચારિત્રવાળી પ્રજાને લાંબો વખત સુધી રંજાડી શકે નહીં. અને સુખી કરવા માટેયે તે જ પ્રજાના માણસોની જરૂર રહેતી હોય (અને તે તો હંમેશાં રહે જ) તો ધર્માત્મા રાજા અને પ્રધાનમંડળ પણ ચારિત્રશૂન્ય પ્રજાને લાંબો વખત સુધી સુખી રાખી શકશે નહીં.

પણ આપણે તપાસીશું તો જણાશે કે આપણે આથી ઊલટી શ્રદ્ધા પર કામ કરીએ છીએ. આપણે માનીએ છીએ કે સામાન્યવર્ગ બહુ ભારે ચારિત્રવાન ન હોય, પણ સારા પગારો વગેરે આપી શાસકવર્ગ માટે તેમાંથી આપણે સારા ચારિત્રવાન માણસો મેળવી શકીએ ખરા, અને તેમની મારફતે જનહિતની યોજનાઓ તથા કાયદાઓ ઘડી પ્રજાને સુખી કરી શકીએ. આ, મેલા પાણીમાં થોડું ચોખ્ખું પાણી મેળવી બધું પાણી સારું કરી શકાય એના જેવી શ્રદ્ધા છે. આમ બની તો શકતું નથી, પણ સર્વત્ર પ્રચલિત આ શ્રદ્ધાનું પરિણામ એ આવે છે કે શાસિતવર્ગ પોતાની બધી સુખસગવડો માટે રાજ્ય તરફ જ જુએ છે, ખામીઓ માટે તેનો જ વાંક કાઢે છે અને જુદા જુદા પક્ષોની ચળવળોના તથા તોફાન કરાવનારાઓના શિકાર બને છે. જાણે ચૂંટણીઓ અને સરઘસો, પરિષદો, સમિતિઓ, ભાષણો, હડતાલો અને રમખાણો જ પ્રજાકીય શાસનનાં અંગો હોય! આટલું છતાં પ્રજાઓમાં વ્યવસ્થિત જીવન ચાલે છે તેનું કારણ રાજ્યના કાયદા કે વ્યવસ્થાશકિત નથી, પણ આ બધી ધાંધલો છતાં પ્રજાના મધ્યમ વર્ગોમાં રહેલી નૈસર્ગિક વ્યવસ્થાપ્રિયતા અને શાંતિપ્રિયતા છે.

['સમૂળી ક્રાન્તિ' પુસ્તક]

# એક જ કસોટી

હિંદમાં કરોડો લોકો વાચા વિનાના છે. તેમની બુદ્ધિ અને દૃષ્ટિની પહોંચ ટૂંકી છે. જેમ તેઓ વરસાદને આકાશમાંથી પડતો જુએ છે અને તેથી પોતાના ખેતરના પાકને થતાં ફાયદા કે નુકસાન અનુભવે છે, છતાં એ જાણતા નથી કે વરસાદ કેવી રીતે થાય છે અને વાદળાંમાંથી કેમ પડે છે, તેવી જ રીતે તેમના પર અમલ ચલાવવાને સારા કે નરસા કાયદાઓ કોણ ઘડે છે તથા રાજના કારભારીઓ કોણ નીમે છે એ તે સમજતા નથી; માત્રા તેનાં સારાંમાઠાં પરિણામો જ એ લોકો અનુભવે છે.

તેમની જરૂરિયાતો થોડી અને સાદી છે, અને તેટલી પણ જ્યારે સંતોષાતી નથી ત્યારે તેમની કમબખ્તી પૂરેપૂરી થાય છે. છતાં તેઓ તો પોતાના નસીબ સિવાય બીજા કોઈને દોષ દેતા નથી, અને જ્યારે એ થોડી સાદી જરૂરિયાતો પણ સંતોષાય છે ત્યારે આગલા દહાડા સુધી વેઠેલાં દુ:ખો ભૂલી જાય છે અને પોતાના શાસનકર્તાઓની સ્તુતિ તેમ જ પૂજા કરે છે. આ સાદી પ્રજાની પેઢીઓની પેઢીઓએ શ્રીમંત માણસોની મોટી હવેલીઓની છાંયમાં સૈકાઓ કાઢ્યા છે, છતાં તેમાં રહેનારાઓની લક્ષ્મી અને એશઆરામ પ્રત્યે ક્રોધ કે ઈર્ષાથી કદી જોયું નથી.

આવા કરોડો લોકોનું બનેલું આ નવું પ્રજાસત્તાક છે. આવા આપણા દેશબંધુઓને નામે ને અર્થે આપણે વધારે ભણેલા, અનુકૂળતાઓ ભોગવનારા અને સંગઠિત થયેલા વર્ગોના થોડાક લોકો ભારતને એક પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરીશું અને લોકશાહી સ્વરૂપનું બંધારણ દાખલ કરીશું. કાયદા મુજબ મતાધિકાર સાર્વત્રાક હશે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવા માણસો મૂઠીભર હશે. કરોડો લોકો થોડાક લોકોના માત્રા હાથા બનશે.

આપણી રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક કે બીજી દરેક પ્રવૃત્તિ આપણે એ કસોટી પર કસી જોવાની છે કે ભારતની સાધનસંપત્તિ પર જેમનો પહેલો અધિકાર છે તેવા, ગામડાં ને જંગલોમાં રહેતા આ કરોડો લોકોનાં જીવન પર આપણા કાર્યથી કયા આશીર્વાદ ઊતરશે. આપણે

પ્રાંતોની પુનર્રચનાની ચળવળ કરીએ, અંગ્રેજી અથવા માતૃભાષાના વાદ કરીએ, ઉદ્યોગીકરણ કે હાથ-ઉદ્યોગનો પક્ષ લઈએ, ‘વંદેમાતરમ્’ ગાવા માગીએ કે ‘જન-ગણ-મન’, દરેક ચર્ચામાં આપણે એ કસોટી રાખીએ કે આ મૂંગી ને નિરાધાર જનતાનાં જીવન ને સુખસગવડો તથા તેમનાં ચારિત્ર્ય અને પ્રગતિ પર તે દરેકની શી અસર પડશે.

## કોશમાંથી જડી આવે તેમ

બાલશિક્ષણ, સ્ત્રીશિક્ષણ, પ્રજાસમૂહનું શિક્ષણ, અક્ષરજ્ઞાન, ધંધાજ્ઞાન તથા કળાજ્ઞાન વગેરે શિક્ષણના કોઈ પણ વિષય ઉપર આપણે કાકાસાહેબને પ્રશ્ન પૂછીએ, તો જેમ શબ્દકોશમાંથી શબ્દનો અર્થ જડી આવે તેમ તેમના મગજમાંથી નિશ્ચયપૂર્વક વિચારો જડી આવે છે.

## કલ્યાણનો માર્ગ દેખાડનાર

સત્યનો જ જય છે, સત્ય એ જ મનુષ્યનો પરમ ધર્મ છે, વગેરે વાક્યો સામાન્ય ધર્મસૂત્રા તરીકે બધા જ માણસો સ્વીકારે છે. પણ, વ્યવહારમાં દરેક વર્ણના લોકો પોતપોતાના કાર્યક્ષેત્રાનો એ સિદ્ધાંતમાંથી અપવાદ કરે છે. વાણિયો કહેશે કે વેપારમાં તો જૂઠું બોલાય, ત્યાં સત્યથી કામ ન ચાલે. રાજકારભારી કહેશે કે, રાજકારભારમાં અને લડાઈમાં સાચાનું જૂઠું કરવાની કળા એ જ સફળતાની ચાવી છે. બ્રાહ્મણ કહેશે કે, લોકોને ધર્મમાર્ગે રાખવા માટે ધર્મગ્રંથોમાં જૂઠાં વિધાનો, ક્ષેપકો, અતિશયોક્તિઓ વગેરે કરવાં એ ધર્મની સેવા છે, અલ્પાધિકારી લોકોને માટે જરૂરનું છે! ત્યારે શૂદ્ર બાપડો કેમ માની શકે કે મજૂરીમાં અને સેવામાં કાંઈક અપ્રમાણિકતા કરવી એ લાંછન લગાડનારી વાત છે?

જેમાં ઇરાદાપૂર્વક જૂઠાં વિધાનો ન કરવામાં આવ્યાં હોય એવો જગતમાં એક પણ ધર્મ નથી, એ કેટલી બધી ખેદભરી બીના છે? રામ,

કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈશુ ખ્રિસ્ત, મહંમદ પેગંબર વગેરે સર્વ મહાપુરુષોનાં જીવનચરિત્રોમાં, 'મહાભારત', 'રામાયણ', 'બાઈબલ', 'કુરાન' વગેરે ગ્રંથોમાં સત્ય બીના કેટલી, દંતકથા કેટલી, અતિશયોક્તિ કેટલી એ ઠરાવવું એટલું બધું કઠણ છે કે, એમના જીવનનું યથાર્થ ચિત્રા આંખ આગળ ખડું કરવું અશક્ય જ છે એમ કહી શકાય.

મને નથી લાગતું કે જગતના મુખ્ય ધર્મમતો એના વર્તમાન સ્વરૂપમાં માનવસમાજને કલ્યાણનો માર્ગ બતાવવાને સમર્થ છે. દરેકે દરેક મત પાયાથી જ સંશોધન કરવા જેવો છે. કોઈ પણ ધર્મ શરૂઆતમાં જેટલો શુદ્ધ હતો તેટલો જ શુદ્ધ થઈને આજે આવે, તોયે તે પૂરેપૂરો સ્વીકારી શકાય નહીં.

*

શ્રી ધર્માનંદ કોસંબીનાં પુસ્તકો દ્વારા જ ગુજરાતના સાધારણ વાચકો શ્રી બુદ્ધને ઓળખતા થયા છે, એમ કહી શકાય. શ્રી કોસંબી મૂળે મહારાષ્ટ્રી બ્રાહ્મણ. નાનપણમાં બુદ્ધ ભગવાન વિશે કાંઈક વાંચીને તેમના પ્રત્યે ખેંચાયા. પછી તેમને બુદ્ધ વિશે સંપૂર્ણ જ્ઞાન મેળવવાની ખ્વાહેશ થઈ. તે માટે અત્યંત પરિશ્રમ ઉઠાવી અને જોખમો ખેડી તે નેપાળ, બ્રહ્મદેશ અને લંકા ગયા; અનેક સાધુઓને પૂછી પરંપરાગત માહિતી મેળવી, અનેક ભાષાઓનો અભ્યાસ કર્યો, અને છેવટે બૌદ્ધ ધર્મના જગન્માન્ય પંડિતોમાં પ્રતિષ્ઠાનું સ્થાન પ્રાપ્ત કર્યું; અમેરિકા અને રશિયાની વિદ્યાપીઠોમાં અને મહારાષ્ટ્ર, બનારસ વગેરેમાં અધ્યાપકપણું કર્યું, ગુજરાત વિદ્યાપીઠમાં કર્યું.

કુલપરંપરાથી મળેલો વેદધર્મ છોડી શ્રી કોસંબીજી બૌદ્ધ બન્યા. ઘણી વાર એવું જોવામાં આવે છે કે એ રીતે ધર્માન્તર કરનારની પોતાના નવા પંથના ધર્મગ્રંથો અને માન્યતાઓમાં એવી અંધશ્રદ્ધા બંધાઈ જાય છે કે તેમાંથી સત્યાસત્ય વિવેક કરવાની બુદ્ધિ એનામાં રહેતી નથી. પંથમાં અતિ પૂજ્યબુદ્ધિથી વંચાતાં પુસ્તકોમાં કાંઈક જૂઠું, અતિશયોક્તિથી ભરેલું હશે, એમ મનમાં શંકા ઊઠે, તો એ ઇરાદાપૂર્વક પોતાની વિવેકબુદ્ધિને અંધશ્રદ્ધાનું તાળું મારી દે છે. શ્રી કોસંબીજીના

ધર્માન્તરે એમને વિવેકશૂન્ય બનાવ્યા નથી, આ એમને માટે ઘણું માન ઉપજાવનારી બાબત છે.

મનુષ્યોને પોતાના કલ્યાણના સાચા માર્ગો દેખાડનાર ભૂતકાળના અગ્રેસરોમાં શ્રી બુદ્ધને બેશક મૂકી શકાય. એમના જીવન અને ઉપદેશની વાતો શ્રેયાર્થીના ચિત્તને વીંધ્યા વિના રહે એમ નથી. બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનમાંથી નામશેષ થઈ ગયો એમાં એ ધર્મમાં પેઠેલો સડો, વૈદિક-જૈન-બૌદ્ધમતો વચ્ચે સાંપ્રદાયિક દ્વેષ, અને રાજસત્તા, એ ત્રાણે કારણભૂત થયાં હશે. એ બધાંમાં સૌથી વધારે દિલગીર થવા જેવી વાત તે, બુદ્ધે કરેલી માનવજાતિની સેવાનું સાંપ્રદાયિક દ્વેષને પરિણામે વિસ્મરણ છે. પ્રાચીન કાળમાં થઈ ગયેલા સત્પુરુષો વગેરે માટે માણસને જેવાં આદર અને શ્રદ્ધા લાગે છે, તેટલાં જ્યાં સુધી પ્રત્યક્ષ સત્પુરુષ વગેરેમાં ન સમજાય ત્યાં સુધી તે શ્રેયને પામી શકતો નથી.

['બુદ્ધચરિત' પુસ્તક]

## અવિશ્વાસ ક્યાં સુધી?

ચારે બાજુ ચોરી, લાંચરુશવત, નફાખોરી, અપ્રામાણિકતા વગેરે અનીતિઓની ફરિયાદો સંભળાય છે. વેપારીઓની નફાખોરી અને માલમાં દગાની ફરિયાદ જનતા કરે છે; અને વેપારીઓ સરકારી નોકરોની લાંચરુશવતની ફરિયાદ કરે છે. પોતાનું કામ કરાવવા માટે જનતા તરફથી નાના નોકરોને બતાવાતી લાલચોની ફરિયાદ ઉપરી અધિકારીઓ કરે છે; જૂઠાં કામ કરવા માટે કારકુનો પર ઉપરીઓ કે માલિકો કેવી રીતે દબાણ લાવે છે તેના કેટલાયે દાખલા મળે છે. બિલકુલ શુદ્ધ રહીને કામ કરવું—કરાવવું કેવું અશક્ય થઈ પડ્યું છે, અને શુદ્ધ વ્યવહારનો પ્રયત્ન કરનારાઓને પોતાનાં ધંધા-નોકરી વગેરે બધું કેવી રીતે છોડી દેવું પડે છે, તેનાં પણ ઉદાહરણ મળે છે.

આ બધા દોષો દૂર કરવા માટે ફાંસી, જાહેરમાં ફટકા વગેરે

ઘણી સખત સજાઓ, જાસૂસી, વળી આ જાસૂસો પર પણ જાસૂસી વગેરે ઉપાયો સૂચવવામાં આવે છે.

કેટલાક રાજકીય પક્ષો માને છે કે જો તેમની પાસે સત્તા આવે તો તેઓ આ અપ્રામાણિકતા તરત દૂર કરી શકશે. પણ તે દૂર કરવાનો ઉપાય સૌકોઈ એક જ બતાવે છે—કડક તપાસ, સખત સજા વગેરે.

પણ આપણે એ સમજવાની જરૂર છે કે આ જે અપ્રામાણિકતા અને અનીતિ ફેલાયેલાં છે તે કોઈ એક-બે નાનાં દળો કે વર્ગોમાં મર્યાદિત નથી. જેટલી અપ્રામાણિકતા થાય છે તે બધી સરકારી નોકરોની જ છે, કે વેપારીઓની જ છે, કે નિયંત્રાણ વગેરે સરકારી નીતિઓને કારણે છે, એમ કહેવું સોળે આના સાચું નથી. સરકારી નોકરો, વેપારીઓ, તેમના નોકર—આ બધાની કોઈ સ્વતંત્રા ન્યાત નથી. તેઓ જનતાનો જ એક ભાગ છે. એક જ કુટુંબ કે સગાંઓમાં કૉંગ્રેસી, સમાજવાદી, સામ્યવાદી, વેપારી, સરકારી અધિકારી અને સીધોસાદો માણસ—બધા પ્રકારના માણસો મળી આવે છે. તેથી વ્યવહારમાં જે કોઈ નીતિ-અનીતિ જોવામાં આવે છે તે કોઈ ખાસ નાના સમૂહની નથી પણ તેની ફરિયાદ કરનાર આખા સમાજની છે. સમાજની નીતિ-અનીતિ જે હદે હશે, તેના કરતાં આ બધા ધંધા—નોકરીવાળાઓની નીતિમાં વધારે ફરક ન હોઈ શકે. સામાન્ય જનતાની નીતિ અને બુદ્ધિ જેટલી શુદ્ધ હશે, એટલો જ દેશનો કારભાર શુદ્ધ રહેશે.

વેપાર, રાજ્યવ્યવસ્થા વગેરેનાં કામકાજમાં હિસાબ, પત્રાવ્યવહાર, દફ્તર, દેખરેખ વગેરે વ્યવસ્થિત રીતે રાખવાની જરૂર તો રહે છે જ. પણ એ બધાંની ઉપયોગિતાની એક હદ છે.

દુનિયા અપ્રામાણિક માણસોથી ભરેલી છે; જો દરેક વ્યવહાર પર પૂરી દેખરેખ રાખવામાં આવે, દરેક વસ્તુ તાળાચાવી-ચોકીદાર વગેરેની બરાબર સંભાળ હેઠળ રાખવામાં આવે, દરેક નોકર પર વળી બીજા નોકરની ચોકી હોય અને તેમને સજા વગેરેનો ભય હોય, તો જ દુનિયામાં ઠીક વ્યવહાર ચાલી શકે—આ નિષ્ઠા પર આપણાં બધાં કામકાજ ચાલે છે. આ રીતે સઘળો દુન્યવી વ્યવહાર અવિશ્વાસના પાયા

પર રચવામાં આવ્યો છે. જેટલો વધારે અવિશ્વાસ અને તેને લીધે જેટલી વધારે સાવધાની અને ભયનું તંત્રા, એટલી વધારે વ્યવહારકુશળતા માનવામાં આવે છે.

પણ એથી અપ્રામાણિકતા, દગો, છેતરપિંડી, કપટ વગેરે કદી બંધ પડ્યાં નથી. બલકે અનીતિ વધે છે, ઢીલ તો વધે જ છે. કોઈ કામ ઉત્સાહથી થતું નથી. કામ સારી રીતે કરવામાં પોતાની કાબેલિયત બતાવવાનો ઉમંગ થતો નથી. બલકે, ઉપરીની દેખરેખ અને સાવધાનીને નકામી કરવાની પ્રવૃત્તિ થાય છે. બધું કામ યાંત્રાક બનાવવાના પ્રયત્નો થાય છે. ચોરી કરવાના અને પકડવાના માર્ગો શોધવામાં જ બુદ્ધિનો ઉપયોગ થાય છે.

તેથી, અપ્રામાણિકતા અટકાવવા માટે કડક દેખરેખ, સજા વગેરેનો માર્ગ આપણે છોડવો જોઈએ. એક સાચા માણસ પાસેથી તેના પર અવિશ્વાસ રાખીને કામ લેવા કરતાં, એક નામીચા ડાકુ પર પણ વિશ્વાસ રાખીને તેની પાસેથી કામ લેવું વધારે સારું છે. એક સાચકલા માણસને જ્યારે એમ માલૂમ પડે છે કે તેના પર વિશ્વાસ રાખવામાં આવતો નથી, ત્યારે સમાજ પ્રત્યે તેનો આદર ઘટી જાય છે. બીજી બાજુ, એક ચોરને પણ જ્યારે એમ અનુભવ થાય છે કે, મને ડાકુ જાણતા છતાં પણ મારા પર વિશ્વાસ કરવામાં આવે છે, ત્યારે તેના હૃદયમાં રહેલી માનવતા જાગૃત થાય છે. એ વિશ્વાસને પાત્રા થવાની તેને ઇચ્છા થાય છે.

એમ ન પૂછશો કે કેટલો વિશ્વાસ રાખવો, ક્યાં સુધી વિશ્વાસ રાખવો? બલકે, એ બતાવો કે ક્યાં સુધી તમે અવિશ્વાસ રાખીને ચાલશો? કોઈની પર પણ વિશ્વાસ રાખ્યા વિના તમે કયાં કામો પાર પાડી શક્યા છો? વિશ્વાસથી જ સદ્વ્યવહાર પેદા થઈ શકે છે, અવિશ્વાસથી કદી નહીં.

## નબળી સાધુતા

અસત્ય, અનાચાર, દુરાચાર વગેરેના આચરનારાઓ પ્રત્યે સહેજ ઝીણવટથી જોશું તો જણાશે કે સ્વાર્થી અને વિષયી માણસો એકબીજા સાથે હળીમળીને કામ કરી શકે છે; એકબીજા પર મુશ્કેલી આવી પડે તો બચાવી લેવા બધા માર્ગો અજમાવી શકે છે.

પણ સાધુવૃત્તિના, શુદ્ધ જીવન ગાળનારા ચાર માણસો સારું કામ કરવા માટે તેમ ભળી શકતા નથી. બીજા માણસની શુદ્ધિનો આદર્શ કાંઈક ઊંચો હોય તો તેની સાથે યે ફાવતું નથી; જરાક ઓછો હોય પણ પ્રામાણિક પ્રયત્ન હોય તોય તેની જોડે પણ ફાવતું નથી. તેમનામાં સાધુતા હોય છે. પણ દુષ્ટતા, પાખંડ, જૂઠ વગેરે સામે ઝઘડવા માટે લાગતો પુરુષાર્થ, ત્યાગ, સહનશીલતા અને બીજા સાથે મળીને કામ કરવામાં લાગતી નિરહંકારતાની ઊણપ હોય છે. તેથી સમૂહનું બળ તેઓ નિર્માણ કરી શકતા નથી.

આ નબળાઈ અને કાયરતા સજ્જનોમાંથી દૂર થાય નહીં ત્યાં સુધી સત્ય, અહિંસા વગેરે મહાન ગુણો શક્તિરૂપ થવાને બદલે તેના આચારનારને વિપત્તિરૂપ થઈ પડે છે.

માટે હાલ દુષ્ટોનું અને તેમની દુષ્ટતાનું શોધન બાજુએ રાખીએ. ન અટકાવી શકીએ તો ભલે, હાલ એમને ચરવા દઈએ. પણ તે પહેલાં વ્યવહાર શુદ્ધ રાખવા ઇચ્છનાર આડોશીપાડોશીઓ ભેગા થઈએ, થોડામાં થોડા સિદ્ધાંતોને બરાબર સ્વીકારી તે મુજબ શોધીએ. એમાંથી અન્યાય સામે લડવાની શક્તિ પણ પેદા થશે.

## પરપોટા

સમુદ્રમાં પાણીના આધારે અનેક પરપોટા થઈ આવે છે. એ ઘણા ભેગા થઈ એક મોટું મોજું કે પરપોટો બને છે. એવો કોઈ મોટો

પરપોટો ફૂટી જાય, અથવા કોઈ મોજું અફળાઈને તેની નાની નાની લહેરો થઈ જાય, તેથી આપણને કદી શોક થતો નથી. કારણ, આપણે જાણીએ છીએ કે એ આકારોના ઊપજવાથી કે નાશ પામવાથી સાગરના સાગરપણામાં કાંઈ ફરક પડતો નથી.

મોજાં અને પરપોટાની સરખામણીમાં જેમ સમુદ્ર વધારે સ્થિર વસ્તુ છે, તેમ આ જગત અને ભૂતપ્રાણીઓની અપેક્ષાએ ચૈતન્યરૂપ આત્મા એ જ સ્થિર અને સદ્ વસ્તુ છે. જેમ એક પરપોટો નાનાથી મોટો થઈને ફૂટી જાય તેથી કાંઈ પાણીનો નાશ થતો નથી, પણ એ પરપોટામાં વપરાયેલું પાણી બીજી જ ક્ષણે અન્ય આકાર નિર્માણ કરવા છૂટું થાય છે; તેમ દેહરૂપી એક આકાશ નાશ પામતાં, ત્યાં વપરાશમાં આવેલો ચૈતન્યનો અંશ બીજો આકાર નિર્માણ કરવા છૂટો થાય છે. આથી મરણ નામની ક્રિયાથી બુદ્ધિમાન પુરુષ મોહ પામતો નથી.

['ગીતામંથન' : પુસ્તક]

## બુદ્ધનું સ્મરણ કરાવનાર

ગુજરાત-કાઠિયાવાડમાં જે સમયે અંધકાર છાઈ રહ્યો હતો ત્યારે પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓની ઉન્નતિ કરનાર, સદાચારના સંસ્થાપક—એવા સહજાનંદ સ્વામી હતા. લગભગ ૩૦ વરસ સુધી સતત પરિશ્રમ લઈ તેમણે લોકોને શુદ્ધ માર્ગે ચડાવ્યા. ગુજરાતમાં રહેતી ઊંચી-હલકી સર્વ કોમોને પોતાનો સંદેશો પહોંચાડવા એમણે જે યોજકબુદ્ધિ ખરચી, જોખમો ખેડ્યાં અને સાધકો તૈયાર કર્યા તે બુદ્ધદેવની સ્મૃતિ કરાવે છે. સહજાનંદ સ્વામીના જીવનમાં જીવનશુદ્ધિનો દોરો બુદ્ધના જીવન માફક જ સોંસરો ચાલ્યો આવે છે. બંનેનો માર્ગ પોતાની સાધુતા દ્વારા સુધારણા કરવાનો હતો. પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ

સ્વામી સહુથી મહાન હતા. પૂર્વ દેશમાં પ્રગટી ગુજરાતને એમણે પોતાનું ઘર બનાવ્યું હતું.

મારી અશુદ્ધ કલ્પનાઓને શુદ્ધ કરી ગુરુદેવે મને એક અંધ અનુયાયી રહેવા દીધો નથી. સંપ્રદાયમાં કેટલીક અશુદ્ધિઓ મેં જોઈ છે; અને આ ચરિત્રમાં જ્યાં છૂટકો ન હોય ત્યાં મારે એનો નિર્દેશ પણ કરવો પડ્યો છે. પણ એમ તો મારા કુટુંબમાં અને જ્યાં મારો જન્મ થયો છે તે દેશમાં યે અશુદ્ધિ છે. તેથી જેમ કુટુંબસ્નેહ અને જન્મભૂમિનું ઋણ ઘટવાં સંભવતાં નથી, તેમ સહજાનંદ સ્વામી પ્રત્યેની મારી ભકિત ઓછી થઈ શકતી નથી.

['સહજાનંદ સ્વામી' પુસ્તકઃ ૧૯૫૭]

# કિસન સોસા

## ક્ષણ બની

*બે ઘડી તું ઘર બની, ઉંબર બની, આંગણ બની;*
*કંકણે રણકી ઊઠી, સિંદૂરે સોહાગણ બની.*

*સ્વપ્ન જેવું યાદ તારું ઘૂંઘટે ઢાંક્યું વદન;*
*કેડીએથી તું વહી ચાલી ઝીણી રણઝણ બની.*

*રેતમાં જળના ચરણ રે કેટલું ચાલી શકે?*
*આખરે થાકી નદી રણમાં ઠરી ગૈ રણ બની.*

*જે કદી સ્વપ્નેભર્યા વિસ્તૃત સમય જેવી હતી,*
*એ સમેટાતી સમેટાતી હવે એક ક્ષણ બની.*

['ગુજરાતમિત્રા' દૈનિક: ૧૯૭૭]

## ઠીક થયું!

*કો' અમારું ન રહ્યું, પર ન રહ્યું, ઠીક થયું;*
*ગામ અકબંધ રહ્યું, ઘર ન રહ્યું, ઠીક થયું!*

*ઓળખી લે'ય બધા કશ્શીયે ઓળખાણ વગર,*
*કૈં જ ગોપિત કે ઉજાગર ન રહ્યું, ઠીક થયું.*

*પંખીઓ એક પછી એક ઊડી સાવ ગયાં,*
*નામ એકેય અધર પર ન રહ્યું, ઠીક થયું.*

*આમ દેખાય જગત શુષ્ક અને આમ સજળ;*
*નેણ સુક્કું ન રહ્યું, તર ન રહ્યું, ઠીક થયું.*

*જળ હવે ફક્ત મને જળ રૂપે દેખાય જળે;*
*કોઈ ખાબોચિયું-સાગર ન રહ્યું, ઠીક થયું.*

*ભગ્ન ભેંકાર હવેલી-શો મને થાઉં પ્રતીત;*
*કોઈ પણ બહાર કે અંદર ન રહ્યું, ઠીક થયું.*

*વાયુ વૈશાખ તણા ગામમાં વાતા જ ગયા;*
*એક પગલુંય તે ભીતર ન રહ્યું, ઠીક થયું.*

['કંકાવટી' માસિક]

## ખંડિત સ્વપ્નના અવશેષ

*એવા વળાંક પર હવે ઊભો છે કાફલો*
*અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ*

*અહીંથી હું શ્વેત શ્વેત કંઈ સ્વપ્ને લચી શકું*
*અહીંથી હું અંધકારની ખીણે ખરી શકું*
*અહીંથી હું ભવ તરી શકું—અહીંથી ડૂબી શકું*
*અહીંથી જવાય ક્ષણ તરફ, અહીંથી સદી તરફ*
*અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ*

*અહીંથી ઉમંગ ઊડતા અવસરમાં જઈ વસું*
*કે કાળમીંઢ વેદનાના દરમાં જઈ વસું*
*અહીંથી હું કબ્રમાં કે પછી ઘરમાં જઈ વસું*
*અહીંથી જવાય હમણાં-તરફ, અહીંથી કદી-તરફ*
*અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ...*

['કંકાવટી' માસિક : ૧૯૭૫]

# કીર્તિદા શાહ

## ગાગરમાં સાગર

સામયિકો અને વર્તમાનપત્રોમાં પ્રકાશિત થયેલી રચનાઓનું જીવન ટૂંકું હોય છે. એમાંની ઉત્તમ રચનાઓને ગ્રંથસ્થ કરી લેવી એ સંપાદનપ્રવૃત્તિનો હેતુ છે.

૨૦૦૦ અને ૨૦૦૧ એ બે વર્ષ દરમિયાન ૫૮ જેટલાં સંપાદનો પ્રકાશિત થયાં છે. એ સમયગાળામાં કવિતાનાં ૧૫ જેટલાં સંપાદનો મળે છે.

'ગુજરાતી કવિતાચયન: ૧૯૯૯' (૨૦૦૦): ઉષા ઉપાધ્યાય દ્વારા સંપાદિત આ ચયનમાં સંપાદિકાએ કવિઓને ટકોર કરી છે કે તેમણે સારી રચના સિદ્ધ કરવા માટે સંવેદનની સાથે ભાષાનાં સામર્થ્યને જાણવા-સમજવાનો પુરુષાર્થ કરવો જરૂરી છે. સામયિકોના સંપાદકો માટે તેમણે નોંધ કરી છે કે સંપાદકો જો કસ્તર-કાંકરા વીણીને સામયિકોમાં રચનાઓ લેશે તો તેમની એ ખાંખત નવી પેઢીની કલમને ઘડવામાં મોટો ફાળો આપશે.

'અમર ગીતો' (૨૦૦૦) ૨૨૫ કવિઓનાં ૩૯૦ જેટલાં ગીતોનું ચંદ્રકાન્ત શેઠ દ્વારા થયેલું સંપાદન છે. આ ચયનમાં મધ્યકાલીન તેમજ અર્વાચીન ગીતકારોની રચનાઓ છે.

ધરતીકંપને વિષય કરતાં ૫૫ કાવ્યોનું 'ધરતી થર થર ધ્રૂજે' (૨૦૦૧) પ્રફુલ્લ ભારતીય દ્વારા થયેલું સંપાદન છે. ગુજરાતમાં આવેલા ધરતીકંપે અનેક કવિહૃદયોને ઝણઝણાવ્યાં. કવિઓએ ધરતીકંપને વિષય બનાવી કવિતા કરી, તેનું આ સંપાદન છે.

હરીન્દ્ર દવેની અનુવાદશક્તિનો સાંગોપાંગ હિસાબ આપતું 'અનુસ્પંદન' (૨૦૦૧) સુરેશ દલાલનું સંપાદન છે. બંગાળી, અંગ્રેજી, ઉર્દૂ, કાશ્મીરી, પંજાબી, મરાઠી, સંસ્કૃત, આફ્રિકન, ઇટાલિયન, ગ્રીક,

ચીની, જર્મન, જાપાની, ડચ, ફ્રેન્ચ, રશિયન, સ્પેનિશ, સ્વિડિશ ભાષાઓમાં રચાયેલાં કાવ્યોના હરીન્દ્ર દવેના અનુવાદનું સંકલન અહીં થયું છે.

આ બે વર્ષ દરમિયાન નવલિકાનાં ચયન સાત મળ્યાં છે. 'ગુજરાતી નવલિકાચયન—૧૯૯૭' (૨૦૦૦') : રવીન્દ્ર પારેખ દ્વારા સંપાદિત આ સંચયમાં ૧૯૯૭માં પ્રકાશિત થયેલી વાર્તાઓમાંથી ૨૪ વાર્તા પસંદ કરેલી છે. સંપાદકીયમાં પસંદ કરેલી વાર્તાઓના આસ્વાદ આપ્યા છે.

'ગુજરાતી નવલિકાચયન—૧૯૯૮' (૨૦૦૦): બિપિન પટેલ દ્વારા સંપાદિત આ સંચયમાં ૧૬ વાર્તાઓ છે. સંપાદકીયમાં પસંદ કરેલી વાર્તાઓના આસ્વાદ છે.

'ગુજરાતી નવલિકાચયન—૧૯૯૯' (૨૦૦૧) યોગેશ જોષી દ્વારા સંપાદિત ૧૯૯૯માં પ્રકાશિત વાર્તાઓનો સંચય છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત આ ત્રણેય સંચયોના સંપાદકોની સંપાદકીય સજ્જતાથી સંતોષ થતો નથી.

આ ગાળામાં નિબંધનાં ચયનો ત્રણ મળ્યાં છે. 'અમર હાસ્યનિબંધો' (૨૦૦૦) વિનોદ ભટ્ટ દ્વારા થયેલું સંપાદન છે. નવલરામ પંડ્યાથી નિર્મિશ ઠાકર સુધીના હાસ્યક્ષેત્રે નોંધપાત્ર સર્જન કરનારા સર્જકોની ૨૪ નિબંધરચનાઓ આ સંચયમાં છે. સંપાદકની વિષયની સૂઝ, જાણકારી તથા સર્જકદૃષ્ટિનો લાભ આ સંચયને મળ્યો છે.

'અમર પ્રવાસનિબંધો' (૨૦૦૦) ભોળાભાઈ પટેલ દ્વારા થયેલું સંપાદન છે. ગુજરાત અને બૃહદ ભારત, મધ્ય એશિયા, પૂર્વ એશિયા, આફ્રિકા, દક્ષિણ અમેરિકા તથા યુરોપનાં દેશ-શહેરોના પ્રવાસ-ગ્રંથોમાંના નિબંધોનું આ ચયન સંપાદનકલાના નમૂનારૂપ છે.

આ સમયગાળામાં વ્યકિતવિશેષને કેન્દ્ર કરીને થયેલાં ૧૧ ચયનો મળે છે. વિશ્વનાથ ભટ્ટના મહત્ત્વના વિવેચનલેખો સમાવતું 'વિશ્વનાથ મ. ભટ્ટનો પ્રતિનિધિ વિવેચનસંગ્રહ' (૨૦૦૦) યશવંત શુક્લ અને સાવિત્રીબહેન ભટ્ટ દ્વારા થયેલું સંપાદન છે. વિશ્વનાથ ભટ્ટના વિવેચનસંગ્રહો અત્યારે અપ્રાપ્ય જેવા છે ત્યારે આ સંચય અભ્યાસીઓને

ઉપયોગી થશે.

‘વિજયરાય ક. વૈદ્ય જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ’ (૨૦૦૦): જયંતી ગોહેલ દ્વારા થયેલા આ સંપાદનમાં વિજયરાયના સાહિત્ય અને જીવનને લગતા ૩૦ લેખ છે. સાથે વિજયરાયના પસંદ કરેલા લેખ પણ પુનર્મુદ્રિત કર્યા છે.

વાર્તાકાર જયંત ખત્રીના વ્યકિતત્વનાં અનેક પરિમાણો પ્રગટ કરી આપતું ‘મરુભૂમિનું મેઘધનુષ’ (૨૦૦૦) નીપા ઠક્કર દ્વારા થયેલું સંપાદન છે. અહીં સંપાદિત લેખોમાંથી સંગીતના શોખીન, નવલિકાકાર, નાટ્યકાર, ચિત્રકાર, વત્સલ પિતા, પ્રેમાળ પતિ, તબીબ જેવા ખત્રીના અનેક દિશામાં વિસ્તરતા વ્યકિતત્વનો પરિચય મળે છે. ખત્રીએ દોરેલાં ચિત્રો, તેમના લાક્ષણિક મુદ્રાના ફોટોગ્રાફ, તેમનાં કુટુંબીજનોના પત્રો જેવી સામગ્રી આ ચયનમાં છે.

‘લીલુડી ધરતીથી’ (૨૦૦૦) ચુનીલાલ મડિયાના વ્યકિતત્વનો પરિચય આપતું અમિતાભ મડિયાનું સંપાદન છે. સંચયમાં મડિયાની ત્રણ નવલકથા ‘ઈંધણ ઓછાં પડ્યાં’, ‘લીલુડી ધરતી’, ‘વેળા વેળાની છાંયડી’ના સંક્ષેપ, બાર નવલિકાઓ, ત્રણ નાટક, છ કાવ્ય અને સાહિત્યના છ અભ્યાસલેખો છે.

‘મુનશીનો વૈભવ’ (૨૦૦૦) મુનશીના સર્જક વ્યકિતત્વનો પરિચય આપતું દીપક મહેતાનું સંપાદન છે. મુનશીની ‘પૃથ્વીવલ્લભ’ નવલકથા સાથે અહીં ‘પાટણની પ્રભુતા’, ‘ગુજરાતનો નાથ’, ‘રાજાધિરાજ’ તથા અન્ય નવલકથાઓનાં કેટલાંક પ્રકરણો સંકલિત કરીને સંપાદકે મૂક્યાં છે. બે ટૂંકી વાર્તા ‘ગૌમતિદાદાનું ગૌરવ’ અને ‘શામળશાનો વિવાહ’, પૌરાણિક નાટક ‘તર્પણ’ અને સામાજિક નાટક ‘વાહ રે મેં વાહ’, આત્મકથા ‘અડધે રસ્તે’ તેમજ ‘સીધાં ચઢાણ’માંના કેટલાક ખંડો પણ અહીં સમાવ્યા છે. આ સંપાદન વાચકને મુનશીના સઘળા સર્જનમાં પ્રવેશવા ઉત્સુક બનાવે તેવું છે.

વિનોદ ભટ્ટ—સંપાદિત ‘હાસ્યેન્દ્ર જ્યોતીન્દ્ર’ (૨૦૦૦) જ્યોતીન્દ્ર

દવેની ૩૮ રચનાઓનું તેમનાં ૧૭ પુસ્તકોમાંથી કરેલું ચયન છે.

'ધૂમકેતુનું આકાશ' (૨૦૦૧): સુરેશ દલાલ દ્વારા સંપાદિત આ ચયનમાં ધૂમકેતુનાં હજારો પાનાંના સાહિત્યમાંથી ૨૫ ટૂંકી વાર્તા, 'ચૌલાદેવી' નવલકથા, 'પોસ્ટઓફિસ' નાટક, ત્રણ નિબંધ, પાંચ આત્મકથનાત્મક લેખો છે.

'નમું તે હાસ્યબ્રહ્મને' (૨૦૦૦): વિનોદ ભટ્ટનાં ૨૭ પુસ્તકોમાંથી રતિલાલ બોરીસાગર દ્વારા થયેલું હાસ્યનિબંધોનું આ ચયન છે.

૧૫ લેખકોની સત્તર નવલકથાઓના સઘન અભ્યાસલેખો સંપડાવતું 'જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા' (૨૦૦૧) ભરત મહેતા દ્વારા થયેલું સંપાદન છે. 'ગણદેવતા'ના સર્જક તારાશંકર બંદોપાધ્યાયથી 'હજાર ચુરાસિરમા'નાં લેખિકા મહાશ્વેતાદેવી, આ બે સીમાચિહ્નો વચ્ચેના બીજા દસ નવલકથાકારોની પ્રમુખ કૃતિઓના વિશેષો સંપાદકીય લેખમાં આપવામાં આવ્યા છે. અન્ય ભાષાની ઉત્તમ રચનાઓ વિશે મહત્તમ વિગતો આપતું આ સંપાદન નોંધપાત્ર છે.

'અમર બાલકથાઓ' ૧-૨ (૨૦૦૦): પાંચથી દસ વર્ષની વયનાં બાળકોને લક્ષમાં રાખીને શ્રદ્ધા ત્રિવેદી દ્વારા થયેલાં આ સંપાદનમાં ૧૮૩૧થી ૧૯૯૫ સુધીના ગાળામાં રચાયેલી બાલકથાઓમાંથી આજનાં બાળકને પસંદ પડે એવી ૮૫ રચનાઓ છે.

'અમર રેખાચિત્રો' (૨૦૦૦) મણિલાલ હ. પટેલ દ્વારા થયેલું સંપાદન છે. આપણા મહત્ત્વના ગદ્યલેખકોનું પ્રતિનિધિત્વ સચવાય તે રીતે વૈવિધ્ય, ગદ્યસમૃદ્ધિ, ગુણવત્તા આદિને લક્ષમાં રાખીને થયેલું આ સંપાદન અનોખું છે.

['પરબ' માસિક: ૨૦૦૪]

# કુંજવિહારી મહેતા

## સાતત્ય વિનાનું શિક્ષણ

આપણી શિક્ષણવ્યવસ્થા વિદ્યાર્થીઓને કમાઈ ખાવાની કરામત જ શીખવે છે; જીવનનાં મૂળભૂત મૂલ્યો, માનવીને માનવી બનાવે એ ગુણધર્મો હવે શીખવાતા નથી. આપણને નાનાં નાનાં ક્ષેત્રોના તજ્ઞો જોઈએ છે. એ તજ્ઞનું ફલક નાનું થતું ગયું છે અને એમાંથી જે બાદબાકી થઈ છે તે માનવીને માનવી બનાવે તે માનવવિદ્યાની. તજ્ઞ નિપુણ થયા, પણ સારા માનવી થવામાં કચાશ રહી ગઈ. પરિણામે એક ભૌતિકવાદી સમાજ-રચના અસ્તિત્વમાં આવી. આવી સમાજરચનામાં પૈસા, સંપત્તિ, ભૌતિક સુખો મેળવવાની વૃત્તિ જ પ્રધાનપદે હોય છે. આવી સમાજરચનામાં આપણે જીવીએ છીએ અને આપણું હાલનું શિક્ષણ એ મૂલ્યોને પોષે છે.

આપણા સરેરાશ શિક્ષકો વર્ગખંડોમાં વિદ્યાર્થીઓને ઉદ્દેશીને જે વિશેષણો વાપરે છે, જે ભાષા બોલે છે તે માત્ર અશિષ્ટ નહિ પણ ધિક્કાર પ્રેરે એવાં છે. ન્યાતજાત, માબાપ, પશુઓ, ગુજરાતી ભાષાનાં પ્રચલિત-અપ્રચલિત વિશેષણો અપશબ્દો બધાં જ વર્ગમાં વિદ્યાર્થી સાથેના વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે અને બચાવ કરવાને અસમર્થ એવાં બાળકો આનો ભોગ બને છે ને સાક્ષી બને છે. શિક્ષક તરફ એ સતત નફરત કેળવતાં થાય છે. શિક્ષકો સમાજમાં આદરણીય કેમ થતા નથી એનાં કારણોમાંનું એક આ પણ છે. શિક્ષણની આખી પ્રક્રિયા શિક્ષક માટે કેવળ અર્થોપાર્જનનું સાધન બની છે, વિદ્યાર્થી માટે એ અનિવાર્ય અનિષ્ટ બની છે.

શાળાઓમાં વધતી જતી અશિસ્તમાં સૌથી મોટી સમસ્યા વિદ્યાર્થીઓની વર્ગમાંની ગેરહાજરી અંગેની છે. આપણી શિક્ષણસંસ્થાઓમાં બે પરિબળો કામ કરે છે. એક પરિબળ શ્રીમંતોનાં છોકરાંઓનું છે અને બીજું રાજકારણી બડેખાંઓનાં છોકરાંઓનું. આ છોકરાંઓ કૉલેજમાં

દાખલ થાય છે, ત્યારે એમનું લક્ષ પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન કરવાનું, એ સમૃદ્ધિથી જે કંઈ ખરીદી શકાય તે ખરીદવાનું જ હોય છે. આ વિદ્યાર્થીઓ વર્ગમાં હાજરી આપતા નથી. વિદ્યાર્થી પ્રતિનિધિસભાની ચૂંટણીમાં ઝુકાવે છે ત્યારે ધૂમ પૈસો ખર્ચે છે. જો જીતે છે તો એની ઉજવણીમાં પૈસાની છોળ ઉછાળે છે. કૉલેજના આંતરિક વહીવટમાં પણ આ બન્ને પરિબળોની પાર વિનાની દાદાગીરી હોય છે.

શિક્ષણ-સંસ્થાઓની મિલકતનું દુરસ્તીકામ કદાચ નાણાભીડને લીધે થતું નથી અને બીજી બાજુ અસામાજિક તત્ત્વો તરફથી એમાં ભાંગફોડ થતી રહે છે. વિદ્યાર્થીઓ પણ શાળા-કૉલેજોનાં મકાનમાં ભાંગફોડ કરે છે. આપણે ત્યાં આંદોલન—કોઈ પણ હેતુ માટેના આંદોલનની પહેલી પ્રતિક્રિયા મકાનની ભાંગફોડ કરવાની છે. કૉલેજની ચૂંટણી હોય, હડતાલ હોય, કોઈ પરત્વે વિરોધ વ્યક્ત કરવાનો હોય, એટલે વિદ્યાર્થીઓ ટોળામાં ભેગા થઈને પથ્થરમારો કરીને મકાનની બારીઓના કાચના ભુક્કા બોલાવી દે. ઇલેક્ટ્રિક ફિટિંગની તોડફોડ કરે. શાળાનાં મકાનોમાં સરસ કાચની શોભતી બારીઓમાં આજે દેવદારનાં પાટિયાં કાચને બદલે લાગેલાં દેખાશે. એ વિદ્યાર્થીઓનાં આંદોલનની દેન છે. આપણી સંસ્થાઓમાં અદ્યતન સાધનો રાખવાં પડે છે, આવાં સાધનો પાછળ જે જાળવણીની કાળજી લેવાવી જોઈએ તેનો અભાવ હોય છે અને એક વાર આવું સાધન બગડયા પછી તેની દુરસ્તીનો ખર્ચ એટલો મોટો હોય છે કે, તે કરાવવા સંસ્થા તૈયાર થતી નથી. એવું જ ઓરડાઓના પંખાઓ, વીજળીના દીવાઓ વિશે કહી શકાય. વિદ્યાર્થીઓ વર્ગમાંથી બહાર નીકળતી વખતે પંખાઓની ચાંપ બંધ કરવાનું શીખ્યા જ નથી. ઊલટું ખાલી ઓરડાઓમાં બંધ પંખા ચાલુ કરવાનું ટીખળ એ કરતા હોય છે.

અધ્યાપકો એક કાળે સમાજનું બ્રેઈન ટ્રસ્ટ ગણાતા. દેશના, સમાજના કોઈ પણ પ્રશ્નના પહેલા પ્રત્યાઘાત અહીં પડતા, સમાજને માર્ગદર્શન અહીંથી મળતું. આ બધું ગઈકાલનું બની ગયું. આજે મોટી ચિંતાની વાત તો એ છે કે, અધ્યાપકોને નોકરીની સલામતી મળતાં,

પગારધોરણો સુનિશ્ચિત બનતાં અને નિવૃત્તિ પછીના લાભોની ખાતરી મળતાં એ વર્ગનું અતડાપણું અને અહમ્ વધ્યાં. એક કવિતા લખનારો દેશની સેવા કરે છે એટલી જ સેવા ખેતર ખેડતો માણસ પણ કરે છે—એ વાત સ્વીકારવાને એ તૈયાર નથી! સંઘ જે કહે તે અંતરાત્માની વિરુદ્ધ હોય તોપણ બાબાવાક્ય પ્રમાણમ્ કહીને મૂંગા મૂંગા કરવું, આરામખુરશીમાં બેસીને વાણીવિલાસ કરવો. આટલો મોટો બૌદ્ધિકોનો વર્ગ આટલો ઉદાસીન, નિક્રિય, અશ્રદ્ધાળુ અને મંદપ્રાણ બને એ કેટલા મોટા દુર્ભાગ્યની વાત છે! વિદ્યાર્થીઓને વીફરવા માટેનાં કારણોનું મૂળ પણ અહીં જ છે.

રોટલો રળી ખાવાની કરામત શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી લેવી, એટલો જ શિક્ષણનો અર્થ આજે કરવામાં આવે છે. પછી રોટલો રળી ખાવા માટે ગમે તે ઉપાયો અજમાવવા પડે, ગમે તેવા ભ્રષ્ટાચાર કરવા પડે કે જૂઠાણાં ચલવવાં પડે તેમાં કોઈ બાધ આવતો નથી. પરિણામે આપણી આજની શિક્ષણવ્યવસ્થા સાતત્યવિહીન, ઉદ્દેશવિહીન અને ઠીંગડિયા જ રહી છે.

['શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' પુસ્તક]

# કુસુમ દેશપાંડે

## માથા પર નહીં

૧૯૪૧ના વ્યકિતગત સત્યાગ્રહ વખતે ગાંધીજીએ વિનોબાને તેડાવ્યા. પોતે પવનાર રહેતા હતા ત્યાંથી વિનોબા સેવાગ્રામ આવ્યા. બધી વાતો થઈ. છેવટે બાપુએ પૂછ્યુંઃ “તમારે માથે ઘણાં કામ હશે. એ બધાં પતાવવા માટે તમારે કેટલો સમય જોઈશે?”

“બાપુ, કામ મારા માથા પર નહીં—હાથમાં છે; જ્યારે ધારું ત્યારે તેને છોડી શકું તેમ છું. એને માટે મારે અહીંથી પવનાર પાછા જવાની પણ જરૂર નથી. આપનો હુકમ તે મારે મન યમરાજનો હુકમ છે.” વિનોબાએ જવાબ દીધો.

[હિન્દી માસિક ‘મૈત્રી’: ૧૯૬૪]

# કુસુમબહેન હ. દેસાઈ

## ગમે ત્યાં થાય તેવું કામ

આઇન્સ્ટાઈનના એક વિજ્ઞાની મિત્ર બર્લિનના તેમના નિવાસસ્થાને મળવા આવ્યા હતા. વાતચીત દરમ્યાન બન્ને મિત્રોએ પોટ્સડેમ પુલ પાસે આવેલી એક વેધશાળા જોવા જવાનું વિચાર્યું. તેનો દિવસ ને સમય નક્કી કર્યાં, અને પુલના અમુક છેડે ભેગા થવાનું ઠરાવ્યું.

પેલા મિત્ર બર્લિન શહેરના અજાણ્યા હતા. પોતાની મુશ્કેલી જણાવતાં એમણે કહ્યું, "કદાચ હું ઠરાવેલા સમયે ન પહોંચી શકું તો?"

આઇન્સ્ટાઈન: "અરે! તેથી શો ફેર પડવાનો હતો? તમારી રાહ જોતો હું પુલને છેડે ઊભો રહીશ."

મિત્રને સંકોચ થયો: "એમ તો તમારો ઘણો સમય બગડે."

આઇન્સ્ટાઈન: "મારા સમયની ચિંતા ન કરો. જે જાતનું કામ હું રોજ કરું છું, તે હું ગમે ત્યાં કરી શકું તેમ છું."

એ જવાબથી પણ મિત્રને સંતોષ ન થયો. વિવેક ખાતર આઇન્સ્ટાઈન આમ કહેતા હશે એમ માની તેમણે પૂછ્યું: "ત્યાં પુલને છેડે ઊભા ઊભા તમારું રોજિંદું કામ તમે કેવી રીતે કરી શકો, તે મને સમજાતું નથી!"

આઇન્સ્ટાઈને હસતાં હસતાં કહ્યું: "અરે, એ તો સાવ સહેલું છે. અભ્યાસખંડમાં બેસીને વિજ્ઞાનના કોયડાઓ પર જો હું ચિંતન કરી શકતો હોઉં, તો પોટ્સડેમ પુલને છેડે ઊભો ઊભો એ જાતનું ચિંતન કરવાને હું ઓછો શક્તિમાન છું એમ તમે શા માટે માનો છો?"

## ‘કૂપમંડૂક’

# દેશપ્રેમ—દેખાડાની ચીજ?

એક ઓર ૧૫મી ઑગસ્ટ આવી અને ગઈ. ત્રારંગા લહેરાઈ ઊઠ્યા. ભવ્ય સમારંભો યોજાયા. દેશભક્તિના ઠેકેદારોએ શબ્દોના ધોધ છોડી રાષ્ટ્રને ભીંજવી કાઢ્યું. નેતાઓએ દેશ માટે સ્વભોગો આપવાની હાકલ કરી. ઘણા તંત્રીઓએ આઝાદીના પર્વનો જયજયકાર બોલાવતા લાંબાલચ અગ્રલેખો લખી કાઢ્યા. બધાંનો દેશપ્રેમ ઊભરાઈ ઊભરાઈને દેશની ધરતી ઉપર ઠલવાયો. આપણે બધાં ધન્ય ધન્ય થઈ ગયાં.

પોતાના દેશપ્રેમ પાસે જાહેર પરેડ કરાવવાની જ્યારે હરીફાઈ ચાલતી હોય, ગળાં ફાડીને બહાર પડતા દેશભક્તિના નારાઓના ઘોંઘાટથી આપણી વિચાર કરવાની શક્તિ સ્તબ્ધ બની ગઈ હોય, ત્યારે ‘પાગલ’ કે ‘દેશદ્રોહી’નો ઇલ્કાબ સ્વીકારવાની તૈયારી રાખી કોઈ તો, પ્લીઝ, બોલો કે ભાઈઓ, તમે આ શું માંડ્યું છે? માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ, પ્રભુની સકળ સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમ, એ તો એક મનુષ્ય માટે એનાં મનુષ્યત્વનું સાવ સ્વાભાવિક લક્ષણ છે. એમાં આ હોબાળા શીદને મચાવો છો? અક્કલ નથી? કે પછી તમે આ ઘોંઘાટમાં કશું છુપાવવા માંગો છો કે એનો બજારુ ગેરલાભ લેવાની કોશિશ કરો છો?

૧૫મી ઑગસ્ટ આવે ત્યારે જ શું દેશપ્રેમ એની સુષુપ્ત અવસ્થામાંથી થોડીક ક્ષણો માટે બહાર આવે? પછી પાછો કુંભકર્ણ બની નસકોરાં બોલાવવા માંડે? દેશપ્રેમ શું માત્રા એક ક્ષણભંગુર આવેશથી થતો ટૂંકજીવી વિસ્ફોટ છે? કે આપણાં વ્યક્તિત્વ અને ચારિત્રય સાથે મજબૂત રીતે હંમેશની વણાઈ ગયેલી લાગણી છે? ‘હું સત્ય બોલું છું’, એવા નારાઓ લગાવવા કરતાં સત્ય બોલવું એ જ અગત્યનું છે. માતૃભૂમિ અને એનાં બધાં જ સંતાનો પ્રત્યેના પ્રેમને તમારાં રોજિંદા જીવનમાં, કાર્યમાં એવો તો સ્વાભાવિક રીતે આચરણમાં મૂકવાનો હોય

કે એ તમારા ચારિત્ર્યનો હિસ્સો બની જાય, તમને ખુદને મહેસૂસ ન થાય કે તમે દેશ માટે કોઈ મોટો વાઘ મારી રહ્યા છો. એનું પ્રદર્શન ન કરાય. એ પ્રશાંત અને સ્વાભાવિક હોય.

તમારા-મારા જેવા આમ આદમીની વાત હું કરું છું. બાકી જેમણે દેશપ્રેમનો વેપલો કરવો છે, એની આડ હેઠળ નાજાયઝ રીતે સત્તા, વગ, સંપત્તિ ભેગાં કરવાં છે, લક્ઝરીના કીચડમાં આળોટવું છે; એ લોકો તો દંભ, ઢોંગ અને પ્રપંચના સહારે પોતાની નિજી સ્વાર્થસાધના કરતા ભ્રષ્ટ દલાલો અને સૂક્ષ્મ દેશદ્રોહીઓ છે જ. સેમ્યુઅલ જૉહન્સને ઠેઠ ૧૭૭૫માં આની વ્યાખ્યા કરી આપી હતી કે 'દેશભક્તિ એ બદમાશોનું અંતિમ આશ્રયસ્થાન છે.' આ જ સ્વાર્થલોલુપ, વિકૃત અને ઈશ્વર તથા માનવ સમાજ સાથે દગો કરતા કૃત્રિમ, દંભી દેશભક્તોને ધ્યાનમાં રાખી બર્નાર્ડ શૉએ કહ્યું હશે કે માનવજાતની અંદરથી આવો દેશપ્રેમ બહાર ખેંચી કાઢી તમે એનો નાશ ન કરો ત્યાં સુધી તમને એક શાંત, સુખી દુનિયા સાંપડવાની નથી.

એટલે ધ્યાન રાખજો કે જેઓ દેશપ્રેમ પાસે પરેડ કરાવે છે અને નારા લગાવે છે તેઓ જ મોટા ભાગે દેશને લૂંટનારા, વિદેશી બૅન્કોમાં કાળાં નાણાં જમા કરતા અને ભ્રષ્ટાચારની પૂજા કરતા બદમાશો છે. છેલ્લા પાંચ દાયકાઓથી આ લોકો જ દેશને ઉંદરની જેમ ફૂંક મારી મારીને અંદરથી કોતરી રહ્યા છે. એકેએક ક્ષેત્રો આજે ભ્રષ્ટાચાર રાજ કરે છે. રાજકારણ, શિક્ષણ, વહીવટ, પત્રાકારત્વ, વેપાર-ધંધા, ધર્મ, કાનૂન, ન્યાય... કયું ક્ષેત્ર આ દૈત્યથી બચી શક્યું છે? શા માટે આજે આઝાદીનાં પચાસ વર્ષ પછી પણ આપણાં ૪૦ કરોડ ભાઈબહેનો ગરીબી, શોષણ, ભૂખમરો, અભણતા, રોગ વગેરેની યાતનામાં તરફડી તરફડીને પોતાનું જીવન ઘસડે છે? આ માટે દેશપ્રેમના આ ઠેકેદારો, નારાબાજો જવાબદાર છે.

દેશભક્તિ તો એક નાગરિકના જીવનના તાણાવાણા સાથે વણાઈ ગયેલી લાગણી છે. એ સ્વાભાવિક છે, પ્રશાંત છે; ઉછાંછળી નથી, બનાવટી અને દંભી નથી. તમે રોજી રળવા જે કામ કરતા હો, એમાં

નિષ્ઠાપૂર્વક મહેનત કરતા હો, કામચોરી ન કરતા હો, ખૂણા કાપતા ન હો, લાંચરુશ્વતથી દૂર રહેતા હો, તો તમે દેશભક્ત છો. આજે ભારતની અવદશાનું એક મુખ્ય કારણ 'વર્ક-કલ્ચર'નો થયેલો નાશ છે. મોટા ભાગના લોકોને પ્રામાણિક પરિશ્રમ કર્યા વગર સહેલાઈથી અને ઝડપથી યેનકેન પ્રકારે પૈસા બનાવવા છે. આજે દેશના અરધોઅરધ લોકોમાં પણ અગર જો નિષ્ઠા અને ઈમાન પર ઊભેલું વર્ક-કલ્ચર આવે, તો દેશ તમે કલ્પી ન શકો એટલી ઊંચાઈએ ઊઠી શકે તેમ છે. શહેરની ગટર સાફ કરનારા શ્રમજીવીઓ અને ગામડાંના ખેતમજૂરો જેવું વર્ક-કલ્ચર આપણામાં આવે તો દેશનો ઉદ્ધાર થઈ જાય.

તમારા અંગત જીવનમાં સત્યનો આદર કરવા, કોઈ લઘુતમ મૂલ્યોને આધારશિલા બનાવવા, નમ્રતા, પ્રેમ, સહનશીલતા, સંતોષ, સંવેદના જેવા મનુષ્યત્વના પાયાના ગુણો કેળવવા તમે નિષ્ઠાવાન પ્રયત્નો કરતા હો, તો તમે સાચા દેશભક્ત છો. ધનસંસ્કૃતિ અને ઉપભોક્તાવાદની પકડમાં સ્વેચ્છાએ સપડાઈ, ગમે તેવા અનૈતિક રસ્તે ચાલી, તમે પૈસા બનાવતા હો તો તમે દેશદ્રોહી છો. માણસને એના ધર્મ, જાતિ, ત્વચાના રંગ, આર્થિક-સામાજિક દરજ્જો વગેરેના ચશ્માંથી જ તમે પહેચાનતા હો, ઊંચનીચના ભેદ રાખતા હો, દેશમાં ભાઈ-ભાઈ વચ્ચે નફરતનું વાતાવરણ પેદા કરવામાં સહાય કરતા હો, પ્રપંચીઓના પ્રચારમાં ફસાતા હો, સચ્ચાઈને પકડવા મહેનત ન કરતા હો, તો તમે દેશદ્રોહી જ છો. રોજના જીવનમાં માણસાઈના દીવા પ્રગટાવવા પરિશ્રમ કરતા હો તો તમે બેલાશક મહાન દેશભક્ત છો.

# કૃષ્ણપ્રસાદ પટેલ

## "તે કરતાં બસ શું ખોટી?"

અમદાવાદ રેલવે-સ્ટેશનની પ્રવેશ-પરસાળમાં અમે સૌ ઊભા હતા. નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનર્વસન અંગે મધ્ય પ્રદેશની સરકાર સાથે વાટાઘાટો માટે ગુજરાતના નર્મદા-વિકાસમંત્રી સાથે અમે કેટલાક અધિકારીઓ વગેરે ભોપાલ જવા નીકળવાના હતા અને મંત્રીશ્રી બાબુભાઈ પટેલની રાહ જોતા ઊભા હતા. ધ્વજ લહેરાવતી સરકારી ગાડીની પ્રતીક્ષા અમે કરી રહ્યા હતા. ટ્રેનનો સમય થવામાં હતો. અમે થોડા અધીરા થયા હતા. તેટલામાં અમારામાંના એક ભાઈ હાથ ઊંચો કરીને બૂમ પાડી ઊઠ્યાઃ "ઓ આવે..."

એમણે ચીંધેલી દિશામાં અમારી નજર ગઈ. સ્ટેશનના પ્રાંગણમાં એક મહાનુભાવ આવી રહ્યા હતાઃ ખાદીનાં ઝભ્ભો-ધોતિયું, હાથમાં કાળી થેલી...

"અરે પણ, બાબુભાઈ! ગાડી ક્યાં? ચાલતા કેમ આવવું પડ્યું?"

"મારે એકલાને જ આવવાનું હતું, પછી મને મૂકીને ગાડી સાવ ખાલી ગાંધીનગર પાછી જાય ને નકામું પેટ્રોલ બળે. તે કરતાં બસ શું ખોટી?" બાબુભાઈએ સ્મિત કરતાં કહ્યું.

# કૃષ્ણલાલ મો. ઝવેરી

## માઈ, માઈ, કૂતરી વિયાઇ

‘કંકાવટી’ મળી. તમારી હંમેશની રીત પ્રમાણે પુસ્તક બહુ જ ઉત્કૃષ્ટ રીતે લખાયું છે. એ રીતે જ આપણું જૂનું સાહિત્ય સચવાઈ રહેશે.

નાની નાની પાંચ-પાંચ છ-છ વરસની છોડીઓ બોચલા-ઘાઘરા ને ચોળીઓ પહેરી, હું ભાવનગરમાં રહેતો હતો ત્યારે, શેરીમાં કૂતરી વિયાય કે તરત તેના ખાનપાનની વ્યવસ્થા કરવા નીકળી પડતીઓ ને ઘેરઘેર ફરી નીચેનાં મધુર ગીત ગાઈ ખાવાનું ઉઘરાવતીઓ:

(૧) કાઠિયા ઘઉં, બાઈ, કાઠિયા ઘઉં,
આ ઘેરથી ઘો તો ઓલે ઘરે જઉં,
કાઠિયા ઘઉં, બાઈ, કાઠિયા ઘઉં.

(૨) માઈ, માઈ, કૂતરી વિયાઈ,
રોટલો ઘો કે ધાન દાળ ઘો.

શેરીની કૂતરી તે સૌની કૂતરી, તેના તરફ દયાભાવ રાખવો જ જોઈએ, એવું નાનપણથી છોકરાંઓને શીખવવામાં આવતું.

તમારાં આગળ ઉપર લખવા ધારેલાં પુસ્તકોમાંથી કોઈને માટે ઉપલી હકીકત કદી કોઈ વખત ઉપયોગમાં આવે એમ ધારી આ કાગળ લખ્યો છે.

[ઝવેરચંદ મેઘાણી પર પત્ર: ૧૯૨૭]

# કૃષ્ણલાલ શ્રીધરાણી

## સંન્યાસ

ગગા ઓઝાએ પુખ્તવયે ભાવનગર રાજ્યની દીવાનગીરી છોડી અને સંન્યાસ લીધો; શહેરથી દૂર નિવાસ કરી માળા જપવા લાગ્યા.

પણ તેમની પછી આવેલા દીવાન સંબંધે જ્યારે પ્રજામાંથી ખૂબ ફરિયાદો આવવા લાગી, ત્યારે તેને બોલાવ્યો અને ભીંતની એક ખીંટી તરફ આંગળી ચીંધીને એ બોલ્યા: “મેં ભગવાં પહેર્યાં છે, પણ ત્યાં મારી જૂની નાગરશાહી પાઘડી, કેડિયું અને ધોતિયું ટાંગેલાં છે; નીચે લાકડી પણ લટકે છે. જો તમે નહીં સુધરો, તો ફરી એ પાઘડી પહેરી લઈશ ને તમારી ખબર લઈશ.”

આવો અધિકાર સિદ્ધ વડીલોને રહેવાનો જ; પણ એ પહેલાં સંન્યાસ લેવાની શક્તિ જોઈશે.

['સંસ્કૃતિ' માસિક: ૧૯૯૮]

## સ્વમાન

*માન તમારે હાથ ન સોંપ્યું, કેમ કરી અપમાનશો?*
*વજ્ર સમું અણભેદ હૃદય આ, શર સૌ પાછાં પામશો…*

*રેતી કેરા રણ ઉપર ના બાંધ્યા મહેલ સ્વમાનના,*
*શ્રદ્ધાના અણડગ ખડકો પર પાયા રોપ્યા પ્રાણના!…*

*સાગર ગાજે ઘોર અવાજે,*
*ગાજે બાળક, વૃદ્ધ, જવાન;*
*આકાશ કંપે, ધરતી ધ્રૂજે,*
*ભારત ગજવે મુક્તિગાન!*

# કેથેલિન રેઇન

## પ્રીતમના ઓરડા

*મારા પ્રીતમના ઓરડા ઊંચા,*
*કે ઓરડા ઓહો કર્યા રે લોલ.*

*હરિયાળા ડુંગરા ને ગોચરમાં પાથરી*
*ફૂલભરી જાજમની ભાત,*
*સાંજલ તારાનો રૂડો દીવો બળે ને*
*ઓલી આસમાની છત રળિયાત.*

*વાયરાનાં ઊઘડતાં ચોગમ કમાડ અને*
*ઝરમરિયા પડદાના સૂર,*
*ઊંચા પહાડ તણા એકાકી થંભ અને*
*દરિયાઈ બેટ દૂર દૂર.*

*મારા પ્રીતમના ઓરડા ઊંચા,*
*કે ઓરડા ઓહો કર્યા રે લોલ.*

(અનુ. મકરન્દ દવે)

# કેદારનાથ મિશ્ર ‘પ્રભાત’

## કાલ-પુરુષ

*કિ જિસને લિયા દ્વેષ કો ચૂભ, ઘૃણા કો દિયા હૃદય કા પ્યાર;*
*કિ જિસને લી શ્વાસોં મેં બાંધ સજલ-કરુણા કી દીન-પુકાર;*
*કિ જિસને દિયા વ્યથા કો અશ્રુ, અશ્રુ કો જલ ઉઠને કા ભાવ;*
*કિ જિસને તૂફાનોં કે બીચ છોડ દી અપની જીવન-નાવ;*
*કિ જિસને પિયા પ્રેમ સે ઝૂમ વિશ્વ કા સહા ઘૃણા અપમાન,*
*રૂપધર કાલ-પુરુશ કા આજ, ભૂમિ પર ઉતરા વહ આલોક!*

# કેનેથ ડેવીસ

## ઊખડતાં મૂળિયાં

અમેરિકામાં ખેતરો ઓછાં થતાં જાય છે, ખેતીનાં કારખાનાં વધતાં જાય છે; યંત્રો વધતાં જાય છે, માનવી ઘટતાં જાય છે. ખેતર પર મજૂરી કરીને રોટલો રળનારાઓની સંખ્યા ઘટી છે, કારણ કે ખેતીમાં વપરાતાં યંત્રોની સંખ્યા એક જ દાયકામાં અઢીગણી થઈ ગઈ છે.

ખેતરોના ઊભા મોલ વચ્ચેથી સડસડાટ ચાલ્યા જતાં, ડૂંડાં લણતાં ને તે જ ઘડીએ તેમાંથી દાણા કાઢી આપી અનાજના કોથળા પણ ભરી દેતાં ‘કંબાઈન’ નામનાં મોટાં યંત્રો આખા યુનાઈટેડ સ્ટેટ્સમાં ૧૯૧૦માં પૂરાં એક હજાર પણ નહોતાં; ૧૯૫૦માં એવાં છ લાખ રાક્ષસી યંત્રો અમેરિકન ખેતરોને ખૂંદી રહ્યાં હતાં. ખેડૂતોને એ યંત્રો વસાવવાની પણ જરૂર નહીં; મોટી મોટી કંપનીઓનાં કંબાઈન યંત્રો લાણી ટાણે ગ્રામપ્રદેશને ગજાવતાં નીકળી પડે છે અને ચોક્કસ ભાડું લઈને હરકોઈ ખેતરનો મોલ વાઢી આપી અનાજના કોથળા ભરી દે છે.

પણ માનવીને બદલે યંત્રોનું, યંત્રારાજ્યનું મહત્ત્વ વધારનારા આ ફેરફારોની વચ્ચે પેલાં જીવનમૂલ્યોની શી દશા થઈ છે? કંબાઈન યંત્રો આવ્યાં તે પહેલાંનાં લાણી-ટાણાં સાંભરે છે? એ કાળે લાણીના દિવસો એટલે તહેવારના દિવસો, થનગનાટના કલાકો, સોનેરી મોલાતોની સમીપે કલેજાના ઈશ્કની પળો. વાઢનારાંઓનાં હજારો દાતરડાં સપાસપ ચાલ્યાં જતાં, એની પાછળ હજારો બીજા હાથ પૂળા બાંધતા ચાલ્યા આવતા, એ પૂળાઓ ગાડામાં ખડકાતા. લાણીની મોસમ આવતી ત્યારે ઘઉંના મબલક પાકથી છવાઈ ગયેલાં ખેતરોની તસુતસુ ધરતી સાદ પાડી ઊઠતી કે, આવો, આવો! કોઈ આવીને મારી છાતી પરથી આ સોનાવર્ણો ભાર હવે હળવો કરો. રેલગાડીઓને પણ એ ખેતરો પરથી અનાજની અપંરપાર ગૂણો વહી જવાનાં ભાડાં ખપતાં હતાં, એટલે

ગામડાં ભણી આવતાં ખાલી વેગનોમાં એ ઊભડિયાં મજૂરોને મફત સહેલ કરાવતી.

પહેલી લડાઈ ફાટી નીકળી તેની આગલી સાલ વાશેલ લિંડ્‌ઝે નામનો અમેરિકન કવિ આ ઊભડિયાંઓનાં ટોળાં ભેળો ભળીને રોટલાના સાટામાં પોતાનાં ગીતો લૂંટાવતો કેન્સસ રાજ્યના ઘઉંપ્રદેશોમાં ભમવા નીકળી પડેલો. ખેતરોની દુનિયામાં એણે જે જે અનુભવ્યું, તેનો આબેહૂબ ચિતાર ‘કેન્સસ’ નામના પોતાના ગીતમાં એ મૂકતો ગયો છે. એ કાવ્યમાં આગ વરસાવતો સૂરજ તપે છે, એની ઊની ઊની લૂ વાય છે, ધૂળની ડમરીઓ ઊડે છે અને છતાં માનવી એમાં મહાલતો દેખાય છે. એમાં વાળુ ટાણે મીઠાં ભોજનથી ભરેલી થાળીઓ પીરસાય છે અને કયા ખેત-ધણીની નાર પોતાનાં દાડિયાંને સૌથી વધુ સ્વાદીલી વાનીઓ જમાડે છે તેની સરસાઈ એમાં ચાલે છે. એમાં ગીતો છે, રમતગમતો છે, માણસ-માણસ વચ્ચેની દોસ્તીનો ગુલાલ એમાં ઊડે છે.

અને તે પછી બારતેર વરસમાં તો કંબાઈન યંત્રોનો વપરાશ એટલો વધી ગયો કે ઘઉંનાં ખેતરો પરથી ૩૩,૦૦૦ ઊભડિયાં ફંગોળાઈ ગયાં. ૧૯૧૦થી ૧૯૪૫ વચ્ચે અમેરિકામાં ઊભડિયાં ખેતમજૂરોની સંખ્યા ત્રીસમાંથી ઘટીને બાવીસ લાખ જેટલી થઈ ગઈ. વરસ પછી વરસ વીતતાં આવે છે અને વધુ ને વધુ માનવીઓનાં મૂળિયાં ધરતીની ગોદમાંથી ઊખડતાં જાય છે તેની વેદનાના ચિત્કાર ચોમેર ફેલાઈ રહે છે.

ખેતી એ જિંદગી જીવવાની એક અજબ અનોખી રીત હતી, તરકીબ હતી. એમાં જીવન આકરું હતું, પણ આરોગ્યભર્યું હતું. તેમાંથી એકલું અનાજ નહીં પણ કદાવર દેહનાં ને ભર્યાંભર્યાં હૈયાંનાં નરનારી નીપજતાં. નિજનું વ્યક્તિત્વ ખીલી શકે એટલી મોકળાશ એ પ્રત્યેકની આસપાસ હતી. કુદરતના મંદ મંદ તાલ-સૂર એમને પાઠ શીખવતા પ્રામાણિકતાના, પરસ્પરના આદરસન્માનના.

બેશક, જૂના જમાનાનાં ગામડાંને નામે કેટલાય વાહિયાત લાગણીવેડા આલેખાઈ ચૂક્યા છે. પરંતુ એ બધું એક કોર મૂકીએ ત્યારે પણ પેલો પ્રશ્ન તો ખડો રહે જ છે કે, જેનાં મૂળિયાં એક પછી એક એની જ

માટીમાં કરમાઈ રહ્યાં છે તે સંસ્કૃતિ ખરેખર ખમીરવંતી રહી શકશે?

આભમાંથી લૂ વરસે છે, વંટોળિયાઓ ચડે છે અને ધૂળની ડમરીઓ વચ્ચેથી ડોકિયાં કરે છે એ સવાલ.

# કેશુભાઈ દેસાઈ

## ખૂણામાં પડેલો જાગતો જીવ

શંભુભાઈ યોગી જિંદગીનો અંતિમ અધ્યાય જીવી રહ્યા છે. એમનું ખોળિયું હવે વધતી ઉંમરનો ભાર કેટલો વખત ખેંચી શકશે એ કહેવું મુશ્કેલ છે. કાન સમૂળગા ગયા છે અને ખખડધજ કાયા લાંબી વાંસની લાકડીના ટેકા વગર ડગલુંય ભરી શકવાની સ્થિતિમાં નથી. એક વાર બેસી ગયા પછી ઊભા થવા માટે પણ છોકરાંના ટેકાની જરૂર રહે છે. ડાયાબિટીસ રગરગમાં પ્રસરી ચૂક્યો છે અને લોહીનું દબાણ પણ ખરું જ. વચ્ચે ‘એન્જિન’ દબી જતાં માંડ બચેલા. પંચોતેર વરસ ચાલ્યું, એકધારું. હવે તો થાકેય ખરું ને!

શરીર ભલે ખખડી ગયું; પરંતુ એમનું ભીતર તો એવું ને એવું સાબૂત છે. ને એટલું જ સક્રિય છે એમનું માથું. ક્યારેક નાના નિશાળિયા હતા અને માસ્તરોનેય આંટી ખવડાવે એવાં લેખાં-પલાખાંનો ઉકેલ પાડી દેતા એમ આજે, આ ઉંમરેય, પર્યાવરણથી માંડીને સરજાતા સાહિત્ય લગીનાં ક્ષેત્રોમાં એમનો સાધિકાર ચંચુપાત ચાલુ છે. ચંચુ કહેતાં ચાંચની અહીં વિધવિધ લીલાઓ અભિપ્રેત છે. જે નિર્દોષ, ભોળાં, તર્કવંચિત શિશુ મણુંદની ‘નવજીવન આશ્રમશાળા’માં શંભુદાદાની ઘેઘૂર છાયામાં જીવનવનમાં ઊડવા-વિહરવાની પૂર્વતૈયારીરૂપે દાખલ થાય છે, એમની ચાંચોમાં ચાવણું મૂકી આપવાની વાત સૌથી શિરમોર. કારણ કે એસ્તો એમનું અવતારકાર્ય છે. એ ફરજ નભાવતાં નભાવતાં પોતે જ્યાં ડેરાતંબૂ તાણ્યા છે એ પાટણપંથકનો નપાણિયો પ્રદેશ, આપણો દેશ અને હવે ઘરખૂણે દૂરદર્શનનાં ડબલાંમાં સમાઈ જતી પૃથ્વી—એમની કલમની જીભ ‘(ચાંચ’) આખા બ્રહ્માંડની તલાશી લઈ નાખે છે! ખૂણામાં પડેલો જાગતો જીવ ધારે તો શું શું કરી શકે, એ જોવાની જિજ્ઞાસા જાગે, તો એક વાર મણુંદ જઈ આવવા જેવું ખરું! અમને વળી, એવી ટાઢક

તમને પણ જરૂર વળશે.

દાયકાઓ પૂર્વે તલોદમાં મળ્યા ત્યારે શંભુભાઈએ મણુંદ આવવા આપેલા ઈજનનો છેક હમણાં અમલ થઈ શક્યો. શંભુભાઈને જોયે વરસો નહિ, દાયકાઓ વીતી ગયેલા. છતાં એની આંખ અમને તો જોતાંવેંત ઓળખી ગઈ. લાંબી લાકડી લઈને પડું પડું થતા સામા આવ્યા.

નવજીવન આશ્રમશાળા મણુંદના સ્ટેશન વિસ્તારમાં રણમાં વીરડી જેવી શોભે છે. પાટણ અને ચુંવાળ વચ્ચેના આ પંથકનાં પાણીદાર માનવી દિનપ્રતિદિન પાણીની કટોકટી ભણી ધસી રહ્યાં છે ત્યારે, આ આખોય વિસ્તાર રણમાં ન ફેરવાઈ જાય એની શંભુભાઈને ભારે ફિકર છે. પર્યાવરણ અંગે આશ્રમના અધ્યાપકગણને અને બાળવયના છાત્રોને સજ્જ કરવા પાછળ આ ઋષિની આર્ષદૃષ્ટિ જ કામ કરી રહી છે. એમને આખા પંથકના મહાજનો અને કૃષિકારોનું પીઠબળ છે.

શંભુભાઈ જૂના જમાનાના શિક્ષકજીવ છે. શિક્ષક હોવાની સાથે જ તેઓ આજીવન વિદ્યાર્થી પણ છે. નવું નવું વાંચવાનું, નવું નવું શીખવાનું એમને ગમે છે. એમની જઈફ કાયામાં એક જિજ્ઞાસુ જીવે છે. એથી જ તો તબિયતના અસહકાર છતાં તેઓ નિરંતર કાર્યરત રહે છે. કોઈ નવું પુસ્તક જોયું નથી કે એનું પાનેપાનું ફેંદી વળવાના. પુસ્તક વાંચે એટલું પૂરતું નહિ; એના વિશે સમીક્ષાત્મક અભિપ્રાય પણ લખી મોકલે. બસ, કંઈક મનને સ્પર્શવું જોઈએ.

રાવળ-વાઘરી જેવી તકવંચિત, વિચરતી જાતિઓનાં બાળકોને ભણાવી ગણાવી એમને સુધરેલા સમાજની લગોલગ મૂકી આપવાના ઉદ્દેશ સાથે એમની આશ્રમપ્રવૃત્તિ આરંભાયેલી. પરંતુ શંભુભાઈએ તો આશ્રમ દ્વારા 'નવજીવન'ની પરબ માંડી છે. જેને તરસ લાગી હોય એ ખુશીથી આવી શકે છે.

આચારવિચારમાં શુધ્ધ ગાંધીપંથી એવા શંભુભાઈને ખુદ રાવળ-યોગી જમાત કરતાં ઊજળાં લૂગડાંવાળાએ વધારે ઉમળકાપૂર્વક સ્વીકાર્યા છે. નહિતર પૌષ્ટિક નાસ્તો, દૂધ, ત્રણ ટંક ખાવાનું, કપડાં, સાબુ—એ

બધાં માટે સરકાર તો છોકરાદીઠ દિવસના સાત રૂપિયા ચૂકવીને બગલો ઊંચી કરી દે છે. એવા નપાણિયા મલકમાં બેઠાં બેઠાં એમની સંસ્થા મારફત વિજાપુર તાલુકાના સોજા-હસનાપુર પંથકમાં એમણે એક લાખ ઝાડ ઉગાડ્યાં છે. પાણીનાં ટીપેટીપાંની જાળવણીનો એ આજુબાજુના ખેડૂતો અને ખેતમજૂરોને ખ્યાલ આપતા ફરે છે. એમની પ્રેરણા થકી આ નપાણિયા પંથકમાં ખેતતલાવડીઓ ખોદાઈ રહી છે. મણુંદના પાદરમાં એક રાવળનો દીકરો હજી હયાત છે. એ હશે ત્યાં લગી અમને ગાંધીનું નખોદ ગયાની વાત નહિ જ મનાય!

['નયા માર્ગ' પખવાડિકઃ ૧૯૯૭]

# કેશુભાઈ પુ. ચૌહાણ

## ચંદાની માસી

શનિવારનો દિવસ હતો. શાળા સવારની હતી. બાળકો છૂટી ગયાં હતાં. કેટલાક શિક્ષકો ઑફિસમાં બેસી ફીની વિગતો લખતા હતા, ત્યારે કેટલાક વાતો કરતા બેઠા હતા. ત્યાં દાદરા પરથી અવાજ સંભળાયો. કોઈ લડતું હોય તેવો તે અવાજ હતો.

“ચાર-ચાર મહિને પ્રગતિપત્રાક ભરાઈને આવતું નથી—આજે તેનું મોં જોયું! અમારું છોકરું શું ભણે છે, તેની અમને શી ખબર પડે? છ મહિનાથી આવે છે અને કંઈ આવડતું નથી. પૈસા કંઈ મફતના આવે છે? અમે પણ બાલમંદિર ચલાવીએ છીએ—પણ તમારા જેવું નહિ!”

આવા શબ્દો મારા કાન પર અથડાયા. કોણ છે અને શું છે તે જાણવા મેં તેમને શિક્ષક દ્વારા બોલાવ્યાં.

“કેમ, બહેન, શી બાબત છે?”

“જુઓને, આ મારી ચંદા છ-છ મહિનાથી બાળમંદિરમાં આવે છે, તોય તેને કંઈ આવડતું નથી. પ્રગતિપત્રાક પણ આજે જોવા મળ્યું. તમે તે ભણાવો છો કે શું કરો છો?”

“ચંદા કયા ધોરણમાં છે?”

“પહેલા ધોરણમાં.”

“તો પ્રગતિપત્રાક વિશેની તમારી ફરિયાદ બરાબર નથી. પહેલા ધોરણના શિક્ષક બહુ નિયમિત છે. તેમનાં પ્રગતિપત્રાકો વખતસર મારી પાસે સહી કરાવવા આવે છે.”

“પણ અમને તો ચંદાની થેલી તપાસતાં આજે જ પ્રગતિપત્રાક મળ્યું.”

“આમાં શિક્ષકનો શો દોષ? પ્રગતિપત્રાક ન મળ્યું હોય તો તમારે

કાળજી રાખી બાલમંદિરમાં તપાસ કરવા આવવું ન જોઈએ? તેનો અભ્યાસ કેમ ચાલે છે તે અવારનવાર શિક્ષકને પૂછવું ન જોઈએ?"

"પણ ચંદા કંઈ મારી દીકરી નથી; એ તો મારી બુનની દીકરી છે."

"એમ! ત્યારે તમે ચંદાનાં માસી થાવ, ખરુંને? ભાણીના અભ્યાસમાં તમને સારો રસ છે, જાણી મને આનંદ થયો."

"આ તો હું મારી બુનને ઘેર આવી હતી. એણે મને ફરિયાદ કરી કે, બાલમંદિરમાં ચંદાને કશું ભણાવતાં નથી. ત્યાં ચંદાનું દફતર ફેંદતાં તેનું પ્રગતિપત્રાક મળ્યું. એટલે મેંકુ, લાવને નિશાળે જઈ આવું અને માસ્તરને ધમધમાવી આવું. હુંય આવું બાલમંદિર ચલાવું છું, હોં! એમ ન માનતા કે તમે એકલા જ બાલમંદિર ચલાવો છો."

"તમે બાલમંદિર ચલાવો છો, એમ કે? ઘણા આનંદની વાત છે. આપણે એક જ ધંધાનાં કારીગર."

"હાસ્તો વળી, છોકરાં ભણાવવાં એમાં તે શું? મારા ઘરમાંથી માસ્તર હતા. કોઈ ધંધો ન મળ્યો, એટલે ઓટલા-નિશાળ ચલાવતા. તેમને ખય થયો અને ચાર—પાંચ વરસ પહેલાં તે પાછા થયા."

"અરેરે! બહુ ખોટું થયું. પણ બાલમંદિર ચલાવવાનો વિચાર તમને સૂઝ્યો ક્યાંથી?"

"શું કરું? પહેલાં હું બીડીઓ વાળતી, તેમાંથી માંડમાંડ રોટલો નીકળતો. પણ મારી એક ગોઠણ છે. તેય રાંડેલી છે. તેને ઘરનું ઘર છે. તેણે પરસાળમાં બાલમંદિર શરૂ કર્યું. એક ભણેલી છોડીને છોકરાં ભણાવવા રાખી. છોકરાં ધીરે ધીરે આવવા લાગ્યાં. અત્યારે મહિને સો-સવાસો કમાય છે. એનું જોઈ મેં બાલમંદિર કાઢ્યું. બાલમંદિર કાઢવું એમાં તે શું?"

"ત્યારે, બહેન, તમે અને તમારી બહેનપણી શું ભણ્યાં છો?"

"માસ્તર, તમે તો બહુ પૈડવાળા…"

"તમને કહેવામાં વાંધો હોય તો ન કહેતાં."

"વાંધો તો શો? લોને કહી નાખું. એમાં શરમ શાની? મારી બહેનપણીએ અને મેં નિશાળમાં સાથે મૂંડાવેલું. એક-બે ચોપડી ભણીને અમે ઊઠી ગયેલાં. ગામડામાં ઘેર ઢોર, છાણ-વાસીદું કરવાનું. ઘરનું કામ પણ હોય. બાની તબિયત ઝાકઝીકલી રહે, એટલે બા મને ઘેર રાખે. ઘેર રહેવું મનેય બહુ ગમે. પછી તો અમે પરણી ગયાં."

"ત્યારે તમે ભણાવો શી રીતે?"

"તમે તો માસ્તરના માસ્તર રહ્યા! આટલી બધી છોડીઓ ભણેલી છે—તેમને વીસ-પચીસ રૂપિયા આપ્યા એટલે બસ. મેં બે છોડીઓ રાખી છે. આંક લખાવે, કક્કો બોલાવે ને લખાવે, એકાદ-બે ગીત ગવડાવે, વાર્તા કહે, એટલે ચાલ્યું!"

"નાસ્તો આપો છો?"

"નાસ્તા વિના કંઈ ચાલે? બજારમાં ચવાણું ક્યાં ઓછું મળે છે? ચોથિયા કાગળના કકડા પર ચપટી ચપટી છાંટી દઈએ : છોકરાં રાજી!"

"ત્યારે તો મારે તમારું બાલમંદિર જોવા આવવું પડશે. પણ, બહેન, બાલમંદિર જઈને તમે કરો છો શું? તમે ભણાવતાં નથી, તો બીજું કંઈ કામ કરતાં હશો ને?"

"જુઓ—પાછો આવો સવાલ પૂછ્યો? આ તો ઠીક કે તમે ચંદાના માસ્તર છો, એટલે પૂછો છો તેના જવાબ આપું છું. નહિ તો ભલભલા વકીલ પણ મને બોલવામાં બાંધે નહિ, હોં! ઠીક, તમે પૂછ્યું શું? હું ભૂલી ગઈ."

"હું એમ પૂછું છું કે, તમે બાલમંદિરમાં જઈ કરો છો શું?"

"એ જ ને! બળ્યું! બાલમંદિરમાં જઈ કરવાનું શું હોય! હું તો ખુરશી પર બેસી રહું છું. એક-બે છોકરાં ધમાલ કરતાં હોય, તેમને ધોલધપાટ મારી છાનાં રાખું છું. એકાદ-દોઢ વાગે એટલે કોઈ માંદું હોય તેની ખબર કાઢવા જાઉં છું, કે કોઈ મરી ગયું હોય તો કાળો સાડલો પહેરી તેને ત્યાં બેસવા જાઉં છું. કોઈ વાર પેલી બાલમંદિરવાળી મારી બહેનપણીને ત્યાં પણ જાઉં. ચાર વાગ્યા પહેલાં પાછી આવી જાઉં

છું. હું ન હોઉં ત્યારે ફી આવી હોય તે પેલી છોડીઓ પાસેથી લઈ લઉં છું. છોડીઓ ફીની પહોંચ ફાડે. આમાં શી ધાડ મારવાની હતી?”

“વાત સાચી છે. બાલમંદિર ચલાવવું એમાં ધાડ મારવાની નથી હોતી.”

“જુઓ, પાછા મહેરકે બોલ્યા? હું તો સાચી વાત કહું છું. મારી પડખે પેલો રામજી પટાવાળો બાલમંદિર ચલાવે છે. બહાર રસ્તા પર મિલમાં જતો કારકુન બાલમંદિર ચલાવે છે. એક તેડાગર બાઈ હતી, તે પતરાંની ખોલીમાં બાલમંદિર ચલાવે છે. આવાં આવાં કેટલાંય બાલમંદિર ચલાવે છે. તમે મારી વાત સાંભળી ભડકો છો કેમ? હું તો કહું છું, ભલું થજો પેલી ગોરી ડોશી—નામ તો નથી આવડતું—તેનું, અને લાંબી લાંબી મૂછોવાળા પેલા ગજુભાઈનું, કે અમારા જેવી રાંડેલીઓને એમણે રોટલો મેળવી આપ્યો. મેં તો મારા બાલમંદિરમાં ગજુભાઈનો ફોટો મઢાવીને રાખ્યો છે. સવારે સેવા-પૂજા કરી એમના ફોટાને રોજ બે ફૂલ ચડાઉં છું.”

# કેશુભાઈ ભાવસાર

## એ સમન્વય

કૉંગ્રેસ કારોબારીની એક બેઠક વર્ધામાં ૧૯૪૧માં મળેલી. હું ત્યારે નજીકના સેવાગ્રામમાં ખાદી વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો, એટલે મને એ જોવાનો લાભ મળ્યો.

ત્યાં મેં જોયું કે કૉંગ્રેસ-પ્રમુખ અબુલ કલામ આઝાદ મંચની બેઠક પર આડા પડ્યા પડ્યા સિગારેટના દમ ખેંચી રહ્યા હતા. પાસે બેઠેલા ગાંધીજી એકધ્યાન બનીને ચરખો ચલાવતા હતા. આ દૃશ્ય જોતાં જ મારા દિલને ભારે આઘાત લાગ્યો. આવી સભામાં આડેપડખે પડીને સિગારેટ પીવી, તેમાં મને પ્રજાનું અપમાન જણાયું. લોકોને સાદા, સંયમી અને મહેનતુ બનાવી સત્ય અને અહિંસાની તાલીમ આપવાનો પ્રયાસ ગાંધીજી ત્યારે કરી રહ્યા હતા. તેમના અદના સૈનિક બનવાની હોંશ મારા જેવા ઘણા લોકોની હતી. તેમાં મોટી ફાચર આ જોઈને મારા દિલમાં પડી ગઈ. પણ તે વખતે હું ગમ ખાઈ ગયો.

પછી ૧૯૪૨ની લડતમાં હું જેલમાં ગયો ત્યાં મૌલાના આઝાદનું ‘કુરાન’ ઉપરનું પુસ્તક વાંચ્યું, ત્યારે એમની વિદ્વત્તા ને ઉમદા ભાવના આગળ મારું મસ્તક નમી પડ્યું. સાથે સાથે મને એમ પણ થયું કે આવી મહાન પ્રતિભાવાળા પુરુષો નિર્વ્યસની ને સાદું જીવન પણ જીવતા હોય તો કેવું સારું!

બીજી બાજુ નિર્વ્યસની ને શ્રમજીવી લોકોને જોઉં છું ત્યારે મારા મનમાં આનંદની સાથે એ લાગણી પણ જાગે છે કે એમનામાં મૌલાના આઝાદના જેવી નીડરતા, દેશ માટે ખુવાર થવાની અને સમાનતાની ભાવના હોત તો કેવું સારું થાત! દેશ માટે સહન કરવાની તૈયારી વગરના અને ટૂંકી દૃષ્ટિવાળા લાખો લોકો ભલે સાદા ને સંયમી હોય, પણ તેથી ગાંધીજીનું સ્વપ્નું સિદ્ધ થાય?

આજે વિચારતાં એવું લાગે છે કે એ બંને પ્રકારના લોકોના સમન્વય માટે જ ગાંધીજી મથતા રહેલા. અબુલ કલામ આઝાદના વ્યસનને તેમણે નિભાવી લીધું, તેમ અમારા જેવા સંયમી જીવન જીવનારા છતાં એકબીજાને જરાય સહન ન કરી શકનારા ઘમંડી કાર્યકરોને પણ તેમણે નિભાવ્યા. આ બંને પ્રકારના લોકોનો સમન્વય હજી આપણે કરવાનો છે. સાદું, સ્વાવલંબી ને નિર્વ્યસની જીવન તો ખરું જ; પણ સાથોસાથ નીડરતા, ઉદારતા અને કરોડો દુખી અજ્ઞાન લોકો માટે ખપી જવાની ભાવના—એ બધું આપણા જીવનમાં સામટું પેદા થશે ત્યારે જ આપણે સાચી આઝાદી પામશું.

## ચૂંટણી-સુધારાની ઝુંબેશ

લોકશાહી માટે આજે જે જોખમો ઊભાં થયાં છે, તે માત્ર વેળાસર ચૂંટણી થઈ જાય, અને શાસક પક્ષને બદલે બીજો કોઈ પક્ષ ચૂંટાઈ આવે, તેથી ઓછાં થઈ જશે એમ માનવાનું નથી. કોમવાદને પ્રોત્સાહન, લાલચ આપીને પક્ષપલટાને ઉત્તેજન આપવું, મૂડીવાદીઓની પડખે રહી તેમનાં નાણાં પક્ષ માટે મેળવી ધોમ ખર્ચા કરીને ચૂંટણીઓ જીતવી, સત્તાનો દુરૂપયોગ કરીને, ગેરકાયદેસર રીતે મત આપે તે ગામનાં જ વિકાસકાર્યો કરાવવાં વગેરે. આમાંના ઘણાખરા દોષો ચૂંટણીપદ્ધતિને કારણે થતા હોય છે, તેથી તેને સુધારવાનું અનિવાર્ય ગણવું જોઈએ. ચૂંટણી-પદ્ધતિમાં જ જ્યાં ભરપૂર દોષો ભર્યા પડ્યા છે, ત્યાં એને નિવાર્યા વિના ધરમૂળથી ફેરફાર કદી સંભવિત નથી.

આજે દુનિયાના બધા લોકશાહી દેશોમાં ઉદ્યોગપતિઓ બધા પક્ષોને પોતાનાં નાણાંના જોરે રમાડે છે અને સૌને ખીસામાં રાખે છે. ભારતમાં પણ મહદ અંશે એમ બને છે. વળી બીજા દેશોનાં નાણાંના જોરે પણ કેટલાક પક્ષો નાચ્યા કરે છે. સત્તા પર આવ્યા પછી આવા લોકો, એમના આશ્રયદાતા ઉદ્યોગપતિઓના કે અન્ય દેશોના ગુલામની

જેમ જ વરતતા હોય છે.

['પુનર્રચના' માસિકઃ ૧૯૭૫]

# ખુશવંતસિંહ

## નેવુંમે

### [૧]

ગયા ઓગસ્ટમાં મને નેવું વર્ષ થયાં. મારાં પત્ની ત્રણ વર્ષ પહેલાં અવસાન પામ્યાં. સાઠ વર્ષનો મારો અપરિણીત પુત્ર મુંબઈમાં રહે છે. મારા જ બિલ્ડિંગમાં રહેતી મારી દીકરી અને રસ્તાની સામી બાજુએ રહેતી એની દીકરી, બંને મારું ધ્યાન રાખે છે. હું એકલો જ રહું છું. પચાસ વર્ષથી મારી સાથે રહેતો મારો રસોઇયો મારી જરૂરિયાતો સાચવે છે.

શાળા-કોલેજકાળના મારા મોટા ભાગના સહાધ્યાયીઓનું અવસાન થયું છે. જે થોડા જીવિત છે, તેમનો મોટા ભાગનો સમય પથારીમાં યા તો વ્હીલચેર પર પસાર થાય છે, જ્યારે હું રોજના પાંચેક કલાક લખવા-વાંચવામાં ગાળું છું; ભારતીય અને વિદેશી સામયિકો માટે દર અઠવાડિયે બિલકુલ અલગ પ્રકારનાં લખાણો લખું છું. દર મહિને એક પુસ્તકનો પરિચય લખું છું. આપેલા સમયને હું વળગી રહું છું. આટલી લાંબી જિંદગીમાં ક્યારેય આટલું નથી કમાયો, જેટલું આજે નેવું વર્ષે હું કમાઉં છું.

મારા લાંબા આયુષ્યનો જશ હું પોતે લઈ શકું નહિ, કેમ કે એ મારાં માબાપ તરફથી મને મળેલ છે. મારા પિતા નેવું વર્ષ જીવ્યા, માતા ચોરાણું વર્ષ. આપણા લાંબા આયુષ્યનું રહસ્ય આપણાં માતાપિતાના દીર્ઘજીવનમાં રહેલું છે. મારા મોટા ભાઈ ત્રાણું વર્ષના છે, પણ હવે એમના કાન કામ નથી કરતા ને જાગતા હોય ત્યારે એમને વ્હીલચેર પર જ બેસી રહેવું પડે છે. મારા નાનાભાઈની ઉંમર અઠ્યાશી વર્ષ છે, એ પોતાનો અડધો દિવસ કુટુંબના ધંધામાં ગાળે છે. અમારાં એક

જ બહેન, જે પંચાશી વર્ષનાં છે તે હવે પથારીવશ છે ને લાંબું નહીં જીવે એમ લાગે છે. અમ ભાંડુઓમાં સૌથી નાનો ટેનિસનો ચેમ્પિયન ખેલાડી હતો અને બધાથી સારી તંદુરસ્તી ધરાવતો હતો. પણ એ સૌથી પહેલો, સિત્તેર વર્ષથીયે ઓછી ઉંમરે વિદાય લઈ ગયો.

મારો કહેવાનો અર્થ એ છે કે, કોઈ વ્યકિત કેટલું જીવશે એનાં કોઈ સ્પષ્ટ ચિહ્નો હોતાં નથી. દરેક માટે સૌથી સારો રસ્તો એ છે કે, આરોગ્યવર્ધક ખોરાક લેવો, શિસ્તમય જીવન જીવવું, કામ અને આરામ માટે યોગ્ય સમય ફાળવવો તથા વિવાદથી દૂર રહેવું. અશાંત મન અને ખરાબ સ્વભાવ જીવનરેખાને ટૂંકાવનારાં છે.

વર્ષો વીતે તેમ જીવનપદ્ધતિ બદલતા જવી એ પણ એટલું જ જરૂરી છે. નવ વર્ષ પહેલાં સુધી હું રોજ સવારે ટેનિસ રમતો ને સાંજે એક કલાક ચાલતો; હવે હું એ નથી કરી શકતો. ગયા વર્ષ સુધી, ઉનાળામાં હું રોજ એક કલાક સ્વિમિંગ પુલમાં તરવામાં ગાળતો. હવે જો કે બહુ થોડું તરી શકું છું. પણ થોડું તર્યા પછી પણ તાજગી અનુભવું છું અને સાંજના હળવા ભોજનની રાહ જોતો હોઉં છું! જે દિવસે સ્વિમિંગ પુલમાં એક કલાક ગાળ્યો હોય એ રાતે મને ખલેલ વિનાની, શાંતિપૂર્ણ ઊંઘ આવે છે.

લાંબી જિંદગીનું સૌથી મહત્ત્વનું પાસું કદાચ એ હોઈ શકે કે, બીજા દિવસનાં કાર્યો તમે અગાઉથી ગોઠવી રાખી શકો તથા વળતર આપે તેવા કોઈ ઉત્પાદક કાર્યમાં તમારી જાતને પ્રવૃત્ત રાખી શકો. મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારામાં જવાને હું ઉત્પાદક પ્રવૃત્તિ ગણતો નથી અને પ્રાર્થના કે પૂજાના કોઈ સ્થળે હું જતો નથી. એ પ્રવૃત્તિઓને હું કીમતી સમયનો બગાડ સમજું છું ને કામમાં લાગી જાઉં છું. મારા જીવનનું સૂત્ર છે: કાર્ય એ ભકિત છે, પણ ભકિત એ કાર્ય નથી.

જો કે મારી ઉંમરના મોટા ભાગના લોકો કરતાં મારી શારીરિક અને માનસિક સ્થિતિ સારી છે, પણ વૃદ્ધાવસ્થાની ઘણી બીમારીઓથી હુંયે પીડાઉં છું. મારું બ્લડપ્રેશર વધઘટ થતું રહે છે, દિવસો જાય છે તેમ મારી સાંભળવાની શકિત ઘટતી જાય છે, મને ‘પ્રોસ્ટેટ’ની તકલીફ

છે. શરીરને કાબૂમાં રાખવા હું રોજની અઢારેક ગોળીઓ લઉં છું. હું બરાબર જાણું છું કે જો મેં એ ગોળીઓ નિયમિત ન લીધી, તો મને હ્દયરોગનો હુમલો આવી શકે અને મારા બાકીના દિવસો મારે પક્ષઘાતના દરદ સાથે વિતાવવા પડે. મારે માંદા પડીને મરવું નથી, પણ મારાં બધાં અંગો સક્રિય હોય ને મારા હોઠ પર સ્મિત હોય, એમ જવું છે.

ઘરડેરાંઓને આદત હોય છે કે તેઓ એકબીજાની સંગત શોધે છે, પોતાની માંદગી વિશે વાતો કરે છે અથવા તો પોતાનાં સંતાનો તથા એમનાંયે સંતાનો એમનું પૂરતું ધ્યાન કે માન રાખતાં ન હોવાની ફરિયાદ કરતાં રહે છે. અવસ્થાની સાથેના પ્રશ્નોનો ઉકેલ શોધવાની, મને લાગે છે, આ ખોટી રીત છે. ઘરડાંઓની સંગતથી હું મારી જાતને દૂર રાખું છું. ઊલટું, યુવાનોની સંગત મને વધુ માફક આવે છે; ખાસ કરીને યુવાન સ્ત્રીઓની, કે જે મારામાં વિશ્વાસ મૂકીને તેમના પ્રેમીઓ કે પતિઓ સાથેના પ્રશ્નો વિશે મારી સાથે વાતચીત કરે છે. એ બધી સ્ત્રીઓ દેખાવડી જ હોવી જોઈએ એમ નથી; ફક્ત આંખને ગમી જનારી સ્ત્રી કરતાં આનંદી અને ઉત્સાહી સ્ત્રીઓની સંગત હું વધુ પસંદ કરું છું. એ સ્ત્રીઓનું આનંદીપણું મારી જાતને સ્પર્શી જઈને મારી ઉંમર કરતાં મને નાનો હોવાની સ્ફૂર્તિ અપાવે છે. મારા સારા નસીબે આવી સંગત મને રોજ સાંજે મળે છે. પણ હું થાકી જલદી જાઉં છું અને કોઈને પણ અર્ધા કલાકથી વધુ બેસવાની રજા આપતો નથી.

સૌથી વધુ, હું મારી જાતની સંગત માણવાની રાહ જોતો હોઉં છું—મારા વર્લ્ડ સેટેલાઇટ રેડિયો પરથી પશ્ચિમી શાસ્ત્રીય સંગીત સાંભળવું, ટીવી જોવું અથવા તો શાંતિથી વાંચવું. સામાજિક કાર્યો હું ઓછાંમાં ઓછાં કરું છું. હકીકતે, મેં મારા ઘરમાં જ ‘સંન્યાસ’ લીધેલો છે, જ્યાં મને બધી સગવડો મળી રહે છે અને મારા સમયનો હું માલિક રહું છું. અગાઉથી સમય લીધા વગર મને મળવાની કોઈ હિંમત કરી શકતું નથી.

મૃત્યુ વિશે હું ઘણું ચિંતન કરતો રહું છું. હું જાણું છું કે વધુમાં

વધુ આવતાં ચારપાંચ વરસમાં એ મને ભેટવાનું છે. મૃત્યુને હું સતત મનમાં ઘોળ્યા નથી કરતો કે નથી મૃત્યુની દહેશત રાખતો. પણ મને લાગે છે કે મારી પાસે જે કાંઈ છે તે દરેક વસ્તુ તેનો યોગ્ય ઉપયોગ કરે એવા લોકોના હાથમાં સોંપી દેવી. જે લોકો સાથે હું લાગણીથી જોડાયેલો છું એ સૌથી મારી જાતને અલગ કરવા હું પૂરતો પ્રયત્ન કરું છું. હું મારી જાતને સતત યાદ આપતો રહું છું કે મારી અંતિમ સફર વેળા હું કાંઈ જ સાથે લઈ જઈ શકવાનો નથી—આખી જિંદગી દરમિયાન મને જે પ્રેમ અને હૂંફ મળ્યાં, એ પણ નહિ.

**[૨]**

લેખન એ એકાકી વ્યવસાય છે. એકાંતમાં રહેવાની તાલીમ માણસે પોતાની જાતને આપવી પડે છે. એક નક્કી કરેલા નિત્યકર્મને હું ગુલામની જેમ વળગી રહું છું. કેટલીક વાર તો સળંગ અઠવાડિયાંઓ સુધી હું કોઈને મળ્યો નથી કે કોઈની સાથે વાતચીત કરી નથી. (માત્ર મારા રસોઇયાને શી રસોઈ કરવી તે જણાવ્યું છે.) સરેરાશ દિવસ આખો, છેક સવારના ૫ વાગ્યાથી, હું વાંચતો-લખતો રહું છું અને પછી રાતના ૭થી ૮ના ગાળામાં મિત્રોને મળું છું. વરસોના અનુભવે મને સમજાયું છે કે મૌન રહેવાથી કેટલી બધી શકિત માણસમાં પેદા થાય છે, અને મળવાહળવામાં ને ફોગટ ટોળટપ્પાંમાં તે કેટલી વેડફાય છે.

ગમે તે બન્યું હોય, પણ હું મારા નિત્યક્રમને વળગી રહું છું અને દિવસ દરમિયાન જે કાંઈ કામનું આયોજન મેં કરેલું હોય તે પૂરું કરું છું. આ વસ્તુ બહુ અગત્યની છે અને માણસે પોતાના કામની આડે બીજા કશાને આવવા દેવું ન જોઈએ. પ્રત્યેક દિવસ માટે મેં ઠરાવેલું કામ પૂરું કરું નહિ ત્યાં સુધી રાતે હું સૂઈ જતો નથી. અને તેમાં રોજ આવતી સરેરાશ ૩૦ ટપાલના જવાબ જાતે લખવાની કામગીરી આવી જાય છે. પંજાબી, અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂ, એ ચાર ભાષામાં મારી પર પત્રો આવે છે; તેમાંના કેટલાક ગાળાગાળીવાળા હોય છે, પણ લખનારે તેનું સરનામું જણાવેલું હોય તો તેવા પત્રોના જવાબ

પણ હું લખું છું. બપોર થાય એટલે હું મારું લેખનકાર્ય શરૂ કરું છું, તે સાંજના ૭ સુધી ચાલે છે; વચમાં એક ટૂંકી નીંદર કરી લઉં છું.

જેને લેખક થવું હોય તેણે સતત મથામણ કરતા રહેવું પડે છે; બીજો કોઈ રસ્તો નથી. ખૂબ વાંચવું—પછી એ શિષ્ટમાન્ય ગ્રંથો હોય કે પરીકથાઓ હોય કે જોડકણાં હોય. તે પછી જ સારા લખાણ ને ખરાબ વચ્ચેનો તફાવત આપણે કરી શકીએ.

માણસના વ્યકિતત્વની તેના લેખન પર અસર થાય છે. માણસે પ્રામાણિક બનવું જોઈએ, આડંબર છોડવો જોઈએ. જિંદગીમાં બહુ થોડા પ્રામાણિક માણસોના પરિચયમાં હું આવેલો છું—નિશાળના મારા ઉર્દૂ શિક્ષક શફીયુદ્દીન નય્યર, લાહોરના દિવસોના મારા મિત્ર મન્ઝુર કાદીર અને ત્રીજા મનમોહનસિંહ; જેને હું ઓળખતો હોઉં એવા એક માત્ર પ્રામાણિક રાજકારણી તે છે.

(અનુ. [૧] મંજરી મેઘાણી, [૨] મહેન્દ્ર મેઘાણી.)

# ગ. મા. પિંપરકર

## કળિયુગની ગાંધારી

યવતમાળ જિલ્લાના સાયખેડે ગામે ભાઉજી તુળજાપુરે રહેતા હતા. ઘરની સ્થિતિ ઘણી સારી હતી. બાળબચ્ચાંથી ઘર ભર્યું ભર્યું હતું. ગાયો, ભેંસો અને બળદની જોડીઓનો કોઈ તોટો નહોતો. નોકરચાકરોની અવરજવર સતત ચાલ્યા કરતી. આવી જાહોજલાલી સાથે શ્રી તુળજાપુરે વરાડના એક સુખી અને સમૃદ્ધ ખેડુનું જીવન ગુજારતા હતા. માબાપ ખૂબ પ્રેમાળ. ઘરવ્યવહાર સરખાઈથી ચલાવી શકાય, બજારની સારી માહિતગારી રહે, દુનિયામાં શી શી નવાજૂની થયા કરે છે એનો પણ પરિચય રહ્યા કરે એવા ઇરાદાથી, પોતે સાવ નિરક્ષર હોવા છતાં, પિતાએ ભાઉજીને જરૂરી શિક્ષણ આપ્યું હતું. ગામમાં ઉપસ્થિત થતા નાનામોટા ઝઘડાઓ તેમ જ ભાઈ-ભાઈ વચ્ચેની તકરારો ભાઉજી બહુ ડહાપણથી પતાવતા. તેમના નિષ્પક્ષપાતીપણાને લીધે લોકોમાં તેમની સારી પ્રતિષ્ઠા હતી, અને ગામમાં તેઓ લોકપ્રિય બન્યા હતા.

આ બધું જોઈ પિતાને જીવન ધન્ય થયું લાગતું. જતે દહાડે પુત્ર શક્તિશાળી નીવડશે અને કુળનું નામ ઉજાળશે, એવાં સુખસ્વપ્નોમાં ડોસા રાચતા હતા. યોગ્ય સમયે ભાઉજીનાં ઠાઠમાઠથી લગ્ન થયાં. જાનમાં સો-સો તો ગાડાં જોડાયાં હતાં. દારૂખાનું, પાનસોપારી, જમણવાર વગેરેની ધામધૂમ સાથે મંજુલાબાઈએ ગૃહલક્ષ્મી તરીકે ઘરમાં પગ દીધો.

પણ તુલસીદાસજીનું અમર વાક્ય છે—

કરમ ગતિ રાહે ના રહે!

પરિણીત જીવનનાં ત્રણ-ચાર વર્ષો ભાગ્યે જ પસાર થયાં હશે ત્યાં તો ભાઉજીને મહારોગે ઝડપ્યા. શરૂઆતમાં વ્યાધિ મહારોગ એટલે પતનો છે, એવું એનું નિદાન થયું નહિ. સામાન્ય ત્વચારોગ છે, ચામડી બહેરી પડી જવાનો વ્યાધિ છે, એવી માન્યતામાં ઠીક ઠીક સમય વીત્યો.

પણ આ બધાં ચિહ્નો તો પતનાં છે એવો અભિપ્રાય યવતમાળના ડૉક્ટરોએ જાહેર કરતાં જ તમામ દૃશ્ય પલટાઈ ગયું! ગામનાં મોટેરાંઓ બીતાં બીતાં સૂચવતાં હતાં કે ભાઉજીએ કોઈક અન્ય સ્થળે જઈને ઉપચાર કરાવવા. ભાઉજીના કાને આ વાત પહોંચી.

ભાઉજી આમ તો મૂળે પોતે ખૂબ શ્રદ્ધાવાળા હતા. તેમણે સાંભળ્યું કે અંગૂલ બાજુએ એક સિદ્ધ પુરુષ બાળસ્વરૂપે પ્રગટ થયા હોઈ તેઓ સિદ્ધૌષધિ આપી બધી જાતના રોગો મટાડે છે અને રોગોથી ત્રાસી ઊઠેલાં વરાડનાં સંખ્યાબંધ દરદીઓની કતાર અંગૂલ તરફ મંડાઈ ગઈ છે! ભાઉજી પણ ત્યાં ગયા, અને જે દશા બધાંની થઈ તે જ તેમની પણ થઈ: તેઓ ત્યાંથી પાછા આવ્યા ત્યારે ઊલટાનો રોગ વધી ગયો હતો; આખે શરીરે પત ફૂટી નીકળ્યું હતું!

કોઈએ કહ્યું કે ઉનકેશ્વરમાં ગરમ પાણીના ઝરા છે. ત્યાં નાહવાથી તમામ જાતના ચામડીના રોગો નાશ પામે છે. આખા શરીર પર રોગ ફૂટી નીકળ્યો હોઈ એવી દશામાં એકલા જવું જોખમભર્યું હતું. ભણતરની દૃષ્ટિએ ગણીએ તો અભણ ગણાય એવાં, પણ દૃઢ મનોબળવાળાં, મંજુલાબાઈ, અનેકનો વિરોધ હોવા છતાં, સાથે ગયાં. પતના જંતુઓને કારણે શરીર આખું દાહ અનુભવી રહ્યું હોય—તેમાં વળી ઝરાના ગરમ પાણીથી નાહવાનું! સતત એક મહિનો સ્નાન કરવા છતાં રોગ મટયો તો નહિ જ; ઊલટાનાં હાથે-પગે નવાં વ્રણ સાથે ભાઉજી પાછા સાયખેડે આવ્યા.

પણ સાયખેડેમાં રહેવું હવે મુશ્કેલ બન્યું. લોકો તો ઘૃણા કરતાં જ હતાં. પરંતુ જન્મ આપનાર પિતા અને પ્રેમમૂર્તિ ગણાય એવી માતા પણ ઘૃણા દાખવવા લાગ્યાં. મંજુલાબાઈથી એ બધું સહન થયું નહિ. ભાઉજીનાં બે ખેતરો પીંપરી ગામે પણ હતાં. ભાઉજી સાથે ત્યાં જઈને રહેવાનું પોતાનું માનસ મંજુલાબાઈએ સાસુ—સસરાને જણાવ્યું. સાસુ-સસરા તેમ જ મંજુલાબાઈના માબાપે પણ તેમને આ નિશ્ચયમાંથી ફરવાને ઘણું ઘણું સમજાવ્યું. જ્ઞાતિ-ધર્મ અનુસાર પતવાળા પતિથી છૂટાછેડા લઈ ભાવિ જીવન સુખી કરવાની સલાહ પણ પિયેરનાં લોકોએ

આપી. સહુને મંજુલાબાઈએ એક જ જવાબ આપ્યો: “પરમાત્માએ મારો ઋણાનુબંધ તેમની સાથે જોડયો છે; હું તેમની જ સેવા કરતી રહીશ. તમે મને મારા સતીધર્મમાંથી ચળી જવાનું કહેશો નહિ.” ખુદ ભાઉજીએ પણ તેમને પોતાથી અલગ રહેવાનો આગ્રહ કર્યો. પરંતુ મંજુલાબાઈએ પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ અને પીંપરીમાં એક નાનકડું નવું ઘર બાંધીને પોતે ભાઉજી સાથે ત્યાં રહેવા લાગ્યાં.

સવારમાં મંજુલાબાઈ ભાઉજીના બધા વ્રણ પોતે જાતે ધોતાં. રાંધી ખવરાવવાનું પણ તેઓ કરતાં. ઉપરાંત, ખેતરમાં મજૂર-દાડિયાં કામ કરતાં હોય તેમના પર દેખરેખ પણ પોતે જ રાખતાં. ભાઉજી તો જરા પણ ચાલી શકતા નહિ. નાનપણથી તેમને હનુમાનજી પ્રત્યે સારો ભક્તિભાવ હતો. તેમણે મનમાં મનમાં પ્રાર્થના કરી અને બાધા લીધી: “હે હનુમાનજી બાપા! જો હું જાતે ચાલતો થઈશ તો તમારે માટે એક મંદિર બંધાવીશ.”

પતિવ્રતા મંજુલાબાઈની સેવા-ચાકરીને પરિણામે તેમના વ્રણ સહેજ રુઝાયા, અને લાકડીને ટેકે ચાલી શકે તેટલા સાજા તેઓ થયા. પોતાની માનતા ફળી છે એમ માનીને ભાઉજીએ પોતાના ઘરની સામે જ એક સુંદર નવી એવી હનુમાનજીની દેરી બંધાવી, અને તેમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

તે પછી થોડાએક દિવસ સારું રહ્યું, પણ એમાં એક વાર ભાઉજીને મેલેરિયાનો સખત તાવ આવ્યો અને ફરી પાછું આખા શરીરે પત ફૂટી નીકળ્યું. હવે તો તેમાંથી નીકળતું સડેલું, રોગી લોહી ગંધ મારવા લાગ્યું. તેમણે તે વેળા ફરી મંજુલાબાઈને સમજાવ્યાં: “તમે મારી ચાકરીનું વેન લઈને જાતનું નુકસાન ન વેઠો. તમે પાછાં ઘેર જાઓ, સુખશાંતિથી રહો; હું તો હવે પરમાત્માનાં ચરણોમાં જ શાંતિ શોધીશ.”

મંજુલાબાઈને આ અસહ્ય લાગ્યું; તેમની આંખે ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તેમણે કહ્યું: “પતિદેવ! તમે મને નરકમાં શા માટે ધકેલો છો? તમારી સેવા કરવી એ તો મારો ધર્મ છે, ને આખર સુધી હું એ ધર્મ આચરવાની છું. નસીબે જે માંડયું હશે તે ભોગવવા હું તૈયાર છું. હું

જ ફૂટેલ કરમની છું કે તમારા ઘરમાં મેં પગ દીધો ને તમને આવી માંદગી લાગુ પડી!"

ભાઉજી તો એ જવાબથી સ્તબ્ધ જ થઈ ગયા!

વળી થોડો સમય પસાર થયો.

વ્રણની વેદના વધવા લાગી. ભાઉજી આર્તસ્વરે ભજન કરતા: "મારુતીરાયા બલભીમા, હો બલભીમા!" અને પાસે બેસી મંજુલાબાઈ વ્રણ ઉપર હાથ ફેરવતાં. આવી તો અનેક રાતો વીતી.

એક દહાડો વેદના એવી અસહ્ય થઈ પડી કે મંજુલાબાઈથી પણ જોયું ગયું નહિ. ઓરડીમાંથી એ બહાર ઓસરીમાં આવ્યાં અને હનુમાનજીની મૂર્તિ સામે બે હાથ જોડી કરુણભાવે ગદ્‌ગદ સ્વરે વિનંતી કરવા લાગ્યાં: "હે ભગવાન! તું એમને હવે આવી યાતનામાં કેટલા દિવસ ખેંચાવીશ?"

ભાઉજીને કાને મંજુલાબાઈના આ ઉદ્‌ગારો અકસ્માત સંભળાયા, વીજળીનો આંચકો લાગે તેમ તેમનું હૃદય હલી ઊઠ્યું. કોઈ માનસિક ચમત્કાર થયો—અને ભાઉજીની વેદના એકાએક અટકી ગઈ! તેમને સહેજ ઊંઘ પણ આવી ગઈ.

બીજે દિવસે સવાર પડતાં જ ભાઉજીએ મંજુલાબાઈને આગ્રહ કરી કહેવા માંડયું: "ઘણા દિવસો થયા તમે ખેતરે મજૂરોનું કામ જોવા ગયાં જ નથી. આજે મને જરા આરામ છે, તો બપોરના ખેતરે જજો ને બધાંનું કામકાજ જોઈ આવજો."

મંજુલાબાઈને પણ થયું કે તેમને આરામ છે તો આંટો મારી આવવામાં હરકત નથી. પણ વળી મનમાં કાંઈ આશંકાઓ ઊઠી એટલે કહે: "આજે તો નહિ, પણ આવતી કાલે તમને જરા વધારે આરામ જણાશે પછી હું જઈ આવીશ."

પણ ભાઉજીએ ફરી દબાણભર્યો આગ્રહ કર્યો, એટલે તેમણે રાંધીને ભાઉજીને જમાડ્યા અને પોતે પણ થોડું જમી લઈને ખેતરે ગયાં. મંજુલાબાઈ દૂર ગયાં, દેખાતાં બંધ થયાં, એટલે ભાઉજીએ પથારીમાં

બેઠાં બેઠાં જ હનુમાનજીની મૂર્તિ ભણી મોં ફેરવી હાથ જોડ્યા, અને ગદ્ગદ સ્વરે ઉદ્ગાર કાઢ્યા: “હે મહાવીર! હવે તમારે આ દેવી જેવી બાઈને કેટલા દિવસ ત્રાસ આપવો છે? મારી ખાતર એણે મા-બાપને છોડ્યાં, પણ મારી આ પતિયાની દશામાં પણ એણે મને ત્યજ્યો નથી! કાલે મારી યાતનાઓથી બેજાર બની એ કેવા દીનભાવે તમારી પ્રાર્થના કરતી હતી! કહેતી હતી: ‘હે ભગવાન! તું એમને હવે આવી યાતનામાં કેટલા દિવસ ખેંચાવીશ?’ મારે હવે મારી અને એની પણ યાતનાઓનો અંત આણવો જ જોઈએ.”

આમ વિચારી ભાઉજી પથારીમાંથી ઊભા થયા. લોકો બધાં ખેતરમાં કામે ગયાં હતાં. સર્વત્રા શાંતિ હતી. થરથરતે હાથે તેમણે એક કાચલી લીધી: બાજુના ગોખલામાંથી તેમાં કપૂર મૂક્યું, અને કાંપતા હાથે દીવાસળી ધરી કપૂર પ્રગટાવ્યું: બેઠા હતા ત્યાંથી જ હનુમાનજીની આરતી ઉતારી. ઓશીકે એક જાડી દોરી હતી; ખાટલાની ઉપરની આડીએ તે બાંધી, અને ગળે ફાંસો નાખ્યો: મંજુલાબાઈ ખેતરે ગયાં હતાં એ બાજુએ એક વાર નજર નાખી લીધી—અને આવેલું ડૂસકું મહામહેનતે રોક્યું: પછી ગળે નાખેલા ફાંસાને બે આંચકા મારી પોતે પરલોક સિધાવ્યા!

સાંજે મંજુલાબાઈ ઘેર આવ્યાં. ઉંબરામાં પગ દેતાં જ સામેનું દૃશ્ય જોઈ, “પતિદેવ! તમે આ શું કર્યું?” એવો જોસભેર ચિત્કાર કર્યો—અને નિષ્પ્રાણ બનેલા ભાઉજીના દેહને બાથ ભરી લીધી; બેભાન બની ગયાં.

(અનુ. ગોપાળરાવ ગ. વિદ્વાંસ)

# ગંગાબહેન વૈદ્ય

## "તો મને દુઃખ થાત!"

જ્યારે બાપુએ દાંડી-કૂચ કરી અને ૭૯ સાથીઓને લઈને ચાલી નીકળ્યા, "આવવું ન આશ્રમે, જો નહીં સ્વતંત્રતા" એ ભીષણ પ્રતિજ્ઞા લીધી, ત્યારે આશ્રમનું કામ ચલાવવાની જવાબદારી બહેનોને સોંપાઈ. કેટલીક બહેનોએ કૂચમાં સાથે જવાની માગણી કરી ત્યારે બાપુએ કહ્યું: "ના, તમને હું કૂચમાં નહીં લઈ જાઉં. તમે લાયક નથી એમ નહીં—પણ સરકારને ખોટી રીતે મૂંઝવણમાં નથી મૂકવી."

બહેનોએ પૂછ્યું, "એ કેવી રીતે?"

બાપુ કહે, "જુઓ, હિંદુ અને મુસલમાન સામસામા લડતા હોય તે વખતે મુસલમાન જો પોતાની આગળ ગાય ઊભી રાખે, તો હિંદુ મુસલમાનને કેવી રીતે મારે? મારતાં જરૂર સંકોચ થાય. આમ હું તમને કૂચમાં મોખરે રાખું તો સરકારને તમે બહેનો છો એ રીતે સંકોચ થાય અને તમે અમારી ઢાલ બની જાવ."

બહેનોએ પૂછ્યું, "ત્યારે અમારે કરવું શું?"

બાપુએ કહ્યું, "તમારા લાયકનું કામ હું જરૂર વિચારી કાઢીશ ને તમને થોડા વખતમાં જણાવીશ." પછી સમસ્ત ગુજરાતની બહેનોની સભા વેજલપુર ગામે થઈ અને બાપુએ બહેનોને બે કાર્યક્રમ આપ્યા: પરદેશી કાપડના બહિષ્કાર માટે દુકાનો પર પિકેટિંગ અને દારુતાડીનાં પીઠાં પર પિકેટિંગ. અને ઠેરઠેરથી બહેનો આ કામ માટે નીકળી પડી. હું પણ આશ્રમની અઢાર બહેનોની ટુકડી લઈ બોચાસણ પાસે રુદેલ ગામની સીમમાં પહોંચી અને કામ કર્યું.

ત્યાં બોરસદમાં લીલાવતી આસરનું લોકઅપ જેલમાં અપમાન થયું. આથી આખા બોરસદ તાલુકાની એકલી બહેનોનું સરઘસ નીકળ્યું. તે જમાનામાં પંદરસો બહેનોનું એ સરઘસ હતું! પોલીસ આવી. ઝંડો

પડાવવા પ્રયત્ન કર્યો. પણ બહેનો વીરાંગના બની હતી. ઝંડો પોલીસને હાથ ન ગયો. આથી બહેનો ઉપર લાઠીમાર થયો. મારા ઉપર લાઠીઓ પડયે જતી હતી. માથા પર, હાથ પર, મોં પર, ગરદન પર અનેક ઘા પડ્યા. માથામાંથી લોહીની ધાર ચાલી અને કપડાં લોહીથી ખરડાઈ ગયાં. પણ કોઈ ડગ્યાં નહીં. બાપુએ આ વાત જાણી ત્યારે યરવડા જેલમાંથી તા. ૨-૨-૩૧ના રોજ મને પત્રા લખ્યો:

તમને શું લખું? મેં જેવાં તમને કલ્પેલાં તેવાં તમે દેખાયાં છો. લોહીથી ભીની સુંદર લાગતી સાડી હું જોત તો કેવો હસત! આ અત્યાચારથી હું જરાય દુઃખ નથી પામ્યો; હર્ષ થયો છે. એ મારમાં તમે કોઈ ન હોત તો મને દુખ થાત ખરું. મારનાર ઉપર તમને રોષ નથી આવ્યો એ ભારે વાત છે. કાકુ મારે, તો કંઈ ખીજ કરાય? આ મારનાર તો અગ્નાનથી મૂઢ બનેલા તમારા દીકરા જ હતા.

# અમૃતસંજીવની વિદ્યા

જે બાપુએ મારા જેવી અભણ સ્ત્રીને બોલવાની હિંમત પ્રેરી છે, તેમનું પાવનકારી સ્મરણ આજે મને ગદ્ગદ કરી હૈયાને ભરી દે છે. મૃત્યુ પછી બીજો જન્મ કેવો હશે, એમ આપણા મનમાં થાય છે. પણ હું તો આ જિંદગીમાં જ બે જન્મો અનુભવી ચૂકી છું: બાપુજી પહેલાંનું સંસારના રગડાઓમાં ભરાયેલું મારું જીવન, અને બાપુજીના સમાગમમાં આવ્યા પછીનું આ ધન્ય જીવન. બાપુજીનો પવિત્રા પ્રેમ, સહાનુભૂતિ ને કરુણા મળતાં મને અમૃતસંજીવની મળી. મારા જીવનને હું સાર્થક કરી શકી. આ અનુભવ મારી એકલીનો નથી, મારા જેવી લાખો બહેનોનો, લાખો ભાઈઓનો, લાખો દીકરા-દીકરીઓનો છે.

બાપુ શું હતા અને શું નહોતા એ કહેવું જ કઠણ છે. આપણને સ્વરાજ્ય અપાવનાર બાપુ તો જાણે બહેનોના બાપુ હતા. માંદાઓના બાપુ હતા. ગરીબોના બાપુ હતા. બાળકોના બાપુ હતા. ચોકસાઈભર્યા

બાપુ હતા. સંયુક્ત રસોડાના ચાલક બાપુ હતા. આવાં આવાં બાપુનાં અનેક રૂપો આજે મારી સમક્ષ ખડાં થઈ જાય છે, અને બાપુ સાથેનો પ્રથમ પરિચય થયો એ દિવસ યાદ આવે છે.

રોલેટ બિલના વિરોધમાં બાપુએ મુંબઈમાં બહેનોની સભા કરી તેમાં હું ગઈ હતી, ત્યાં મને તેમનાં પ્રથમ દર્શન થયાં, મારા હૃદયમાં તેઓ સ્થપાઈ ગયા. બીજી વખત ભગિની સમાજમાં બાપુનું સ્વદેશી ઉપર ભાષણ હતું ત્યારે થયાં. એ જ વખતે બાપુ સમક્ષ મેં સ્વદેશીનું વ્રત લીધું. પછી તો બાપુજીએ મને નવો આકાર આપવા માંડ્યો. મણિભવનમાં રેંટિયાશાળા ખોલી ને બાપુનો મારા ઉપર પત્રા આવ્યો :

વહાલાં બહેન,

આજથી અહીં કાંતવાનું શિખવવાની નિશાળ શરૂ થઈ છે. હંમેશાં બારથી ત્રણ વાગ્યા સુધી ચાલશે. આપ આવશો એવી હું ઉમેદ રાખું છું.

૧૫ જૂન, ૧૯૧૯

મોહનદાસ ગાંધીના વંદેમાતરમ્

મારા આનંદનો પાર ન રહ્યો. બાપુના અક્ષરવાળું આ પત્તું મળતાં હું રેંટિયાની નિશાળમાં ગઈ. બાપુ પોતે ત્યાં હતા. હું એક રેંટિયા ઉપર બેસી ગઈ. થોડી વારમાં જ મારા સૂતરના તાર નીકળવા લાગ્યા. બાપુએ મને કાંતતી જોઈ અને પૂછ્યું, “તમે પહેલાં કાંત્યું છે?”

“ના જી, નાનપણમાં જોયું હતું ખરું.”

૧૯૨૪માં એપેન્ડિસાઇટિસનું ઓપરેશન કરાવી બાપુ આરામ માટે જુહુ આવ્યા, ત્યાં હું તેમને મળી. મારે આશ્રમમાં રહેવા આવવું છે, એ વાત તેમની પાસે મૂકી. બાપુએ મારા વિચારને વધાવી લીધો અને વહેલી તકે હું આશ્રમમાં રહેવા ગઈ.

એક વખત આશ્રમનો મેલ જોઈ મને ભાગવાનો વિચાર આવ્યો ત્યારે બાપુએ લખ્યું : “ક્યાંય મેલ ન હોય એવી જગ્યા તમારા ધ્યાનમાં હોય તો આપણે બંને ત્યાં આશ્રમ લઈ જઈએ. પણ જો એમ માનો કે મેલ તો થોડોઘણો બધેય હોય જ, તો આશ્રમને વળગી રહી તેને

શુદ્ધ કરવામાં જ તમારું, મારું, ને જેઓ પોતાને આશ્રમના માને છે તેનું કાર્ય સાર્થક છે.”

પછી તો હું પાંચ વખત જેલમાં ગઈ. બોચાસણમાં લડત વખતે બહેનોએ બાળકોનો વર્ગ ચલાવ્યો હતો. તેથી બાપુ ૧૯૩૧માં એ તરફ ગયા ત્યારે એમણે એવી ઇચ્છા જાહેર કરી કે અહીં કોઈ શિક્ષણની સંસ્થા ચાલે તો સારું. એ પછી થોડા જ વખતમાં ત્યાં વલ્લભ વિદ્યાલયના મકાનનો પાયો તેમને હાથે નંખાયો. ને ૧૯૩૪માં હું બોચાસણ રહેવા ગઈ.

બાપુ સેવાગ્રામમાં વસ્યા છતાં હું તેમની પાસે હોઉં તેમ સદા માર્ગદર્શન આપતા રહ્યા. ત્યાં ૧૯૩૭માં બાપુને મળવાનું થતાં બાપુએ કહ્યું, “તમે એક ગાય રાખો તો?” બાપુનું સૂચન એ મારે મન આજ્ઞા હતી. મેં ગાય રાખી. ગાયની હું પોતે જ સેવા કરતી. દાણા-પાણી આપવાં, ગાય દોહવી, બધું હું કરતી. અત્યારે એમાંથી મોટી ગૌશાળા બની છે. નાના દવાખાનામાંથી મોટી ઇસ્પિતાલ બની છે. નાનકડી બાળકોની શાળામાંથી મોટુ સુંદર વિદ્યાલય બન્યું છે. હું ૯૪ વર્ષની ઉંમરે બેઠાં બેઠાં બાપુએ ચીંધેલ રેંટિયા ઉપર રોજની દોઢ-બે આંટી કાંતી રામનામનો ગુંજારવ કરું છું. જીવનમાં સંપૂર્ણ શાંતિ છે, સ્વસ્થતા છે, એ બાપુએ મને જે નવજીવન આપ્યું તેના પ્રતાપે છે.

# ગંગાસતી

## મન નો ડગે

*મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે*
*મરને ભાંગી રે પડે ભરમાંડ રે;*
*વિપદ પડે પણ વણસે નહિ,*
*ઈ તો હરિજનનાં પરમાણ રે.*

*ભાઈ રે! હરખ ને શોકની ના’વે જેને હેડકી ને*
*શીશ તો કર્યાં કુરબાન રે,*
*સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,*
*જેણે મેલ્યાં અંતરનાં માન રે.*

*ભાઈ રે! નિત્ય રે’વું સતસંગમાં ને*
*જેને આઠે પો’ર આનંદ રે,*
*સંકલપ-વિકલપ એકે નહિ ઉરમાં*
*જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે.*

*ભાઈ રે! ભગતિ કરો તો એવી રીતે કરજો પાનબાઈ!*
*રાખજો વચનુંમાં વિશવાસ રે,*
*ગંગાસતી એમ બોલિયાં*
*તમે થાજો સતગુરુજીનાં દાસ રે.*

[ઝવેરચંદ મેઘાણી—સંપાદિત ‘સોરઠી સંતવાણી’ પુસ્તક]

# ગગુભાઈ પુનશી

## અવળી દોરવણી

આપણા દેશમાં મોટા ભાગના માણસો જ્યોતિષશાસ્ત્રા ઉપર ઘણી શ્રદ્ધા રાખે છે. જ્યોતિષીઓની અવળી દોરવણીથી આજે હિંદુસ્તાનમાં પૂજા ને મંત્રોની પાછળ બેસુમાર વખત ને નાણાંનો ભોગ અપાઈ રહ્યો છે.

આપણાં શાસ્ત્રો મુજબ નવ ગ્રહો એ અનંત શક્તિ ધરાવતા દેવતાઓ છે. વળી આ શાસ્ત્રો મુજબ પૃથ્વી સપાટ છે અને સૂર્ય સમેત નવ ગ્રહો પૃથ્વીની આસપાસ ફર્યા કરે છે. પરંતુ આધુનિક વિજ્ઞાને એ સાબિત કરી બતાવ્યું છે કે પૃથ્વી સપાટ નથી પણ ગોળ દડા જેવી છે, અને પૃથ્વી સમેત બધા ગ્રહો સૂર્યની આસપાસ ફર્યા કરે છે. આપણા શાસ્ત્રાકારોએ નવ ગ્રહોની શોધ કીધી છે, પરંતુ વિજ્ઞાને ત્યાર પછી બીજા કેટલાક ગ્રહ પણ શોધી કાઢયા છે—જેમકે યુરેનસ, નેપચ્યુન, પ્લુટો વગેરે. વિજ્ઞાનની શોધ મુજબ બધા ગ્રહો પૃથ્વીની જેમ જડ વસ્તુઓના બનેલા ગોળા છે. આ ગ્રહો દેવતાઓ નથી, એટલું ચોક્કસ છે.

આ ગ્રહો સૂર્યની આસપાસ પોતાના પરિઘમાં ફર્યા કરે છે. પણ પોતાની મરજી મુજબ તે પરિઘમાં કશો ફેરફાર કરવાની શક્તિ તેમનામાં નથી. તેઓ ઉતાવળા કે ધીમા થઈ શકતા નથી. તેઓ ઇચ્છે તો પણ થોડો વિસામો લઈ શકતા નથી. તેઓ સ્વતંત્રા નથી, પરતંત્રા છે. કીડી નાની છે છતાં તેમાં જીવ છે, તેથી તે મોટા હિમાલયના માથા પર પગ મૂકી શકે છે. પણ હિમાલય કીડીના માથા ઉપર પગ મૂકી શકતો નથી, કારણ કે તે જડ છે.

ઘણા જ્યોતિષીઓ રાશિઓ ઉપરથી ભવિષ્યફળ કહે છે. ઘણાં વર્તમાનપત્રો રાશિઓનાં ફળ છાપે છે. પરંતુ જ્યોતિષીઓનાં ભવિષ્યકથન એ પેટ ભરવાના ધંધા સિવાય બીજું કાંઈ જ નથી. કેટલાક મિત્રો કહે

છે કે યુરોપ અને અમેરિકાના માણસો પણ જ્યોતિષમાં માને છે. આ મિત્રોને એટલું જ કહેવાનું કે યુરોપ-અમેરિકામાં કોઈ મૂરખાઓ નથી, એવું માની લેવાની જરૂર નથી.

જ્યોતિષશાસ્ત્રા અને તેની રૂખમાં માનનારા લોકોની લાગણી આ લેખથી દુભાશે તે માટે હું તેમની ક્ષમા માગું છું; સાથે સાથે તેમને વિનંતી પણ કરું છું કે સત્ય શું છે તે જાણવા તેઓ પ્રયત્ન કરે.

['પ્રબુદ્ધ જીવન' માસિક: ૧૯૬૨]

# ‘ગની’ દહીંવાલા

## ચાલ મજાની આંબાવાડી

*સાવ અમસ્તું નાહક નાહક નિષ્ફળ નિષ્ફળ રમીએ,*
*ચાલ મજાની આંબાવાડી! આવળબાવળ રમીએ.*

*બાળસહજ હોડી જેવું કંઈ કાગળ કાગળ રમીએ,*
*પાછળ વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ.*

*માંદા મનને દઈએ મોટું માદળિયું પહેરાવી,*
*બાધાને પણ બાધ ન આવે, શ્રીફળ શ્રીફળ રમીએ.*

*તરસ ભલે ને જાય તણાતી શ્રાવણની હેલીમાં,*
*છળના રણમાં છાનામાના મૃગજળ મૃગજળ રમીએ.*

*હોય હકીકત હતભાગી તો સંઘરીએ સ્વપ્નાંઓ,*
*પ્રારબ્ધિ પથ્થરની સાથે પોકળ પોકળ રમીએ.*

*ફરફર ઊડતું રાખી પવને પાન સરીખું પહેરણ,*
*મર્મર સરખા પારાવારે ખળખળ ખળખળ રમીએ.*

*હુંય ‘ગની’, નીકળ્યો છું લઈને આખોમાખો સૂરજ,*
*અડધીપડધી રાત મળે તો ઝાકળ ઝાકળ રમીએ.*

—

*મૂકી છે દોટ બન્નેએ—હવે જે થાય તે સાચું—*
*જમાને ઝાંઝવાંરૂપે, અમે તરસ્યા હરણરૂપે.*

–

*'ગની', પર્વતોની સામે આ રહ્યું છે શીશ અણનમ;*
*કોઈ પાંપણો ઢળ્યાં ત્યાં હું ઝૂકી ઝૂકી ગયો છું.*

## જે પૂનમના ચાંદ સમ...

*જે પૂનમના ચાંદ સમ ચમકે છે તેઓને કહો:*
*બીજરૂપે પણ નભે ક્યારેક દેખાયા કરે.*

## કૃશિકાર જગે...

*કૃશિકાર જગે કહેવાઉં છું, દુર્ગંધ છે મારાં વસ્ત્રોમાં;*
*પણ શ્રમથી ઘસાતા હાથ મહીં ચંદનની ફોરમ રાખું છું.*

## તમન્ના

*બનાવટની મધુરતામાં કટુતા પારખી જાશું,*
*નિખાલસ પ્રેમથી પાશે જગત, તો ઝેર પી જાશું....*

*સજાવીશું તમન્નાઓની મહેફિલ એક દી જોજો,*
*ધરા ત્યારે ગગન બનશે, અમે તારા બની જાશું....*

*પડીશું તો ગગનના ઘૂમટેથી મેહુલા રૂપે,*
*ઉરે ફળની તમન્ના લઈને માટીમાં મળી જાશું.*

*પતંગાની અગન લઈને 'ગની,' કંઈ શોધીએ શાતા;*
*દીસે છે દૂર પેલી જ્યોત, ત્યાં જઈને બળી જાશું.*

['ગાતાં ઝરણાં' પુસ્તક]

# ગ્યટે

## —તો

પ્રયત્ન કરવામાં હું કદી થાકું, કોઈ એક સુખ-ક્ષણને વળગી રહેવા લલચાઉં, તો હું મરેલો જ છું. ઠરીઠામ બેસી જવાનું મન કદી મને થાય, તો હું ગુલામ જ છું.

# ગાંગજી શેઠિયા

## અમૂલ્ય જડીબુટ્ટી

કુદરતે સમગ્ર જીવસૃષ્ટિમાં કેવળ માણસને જ હસવાની અણમોલ ભેટ આપી છે. હાસ્ય સ્ફૂર્તિતદાયક અને શક્તિદાયક કુદરતી ઔષધ છે.

જ્યારે મન મૂંઝાયેલું હોય, તનમાં તકલીફ હોય, કોઈક નિરાશાઓ ને હતાશાથી ઘેરાયેલા હો, ત્યારે તમે હાસ્યરૂપી રામબાણ ઔષધિનો પ્રયોગ કરો. આંખ અને કાન ઉઘાડા રાખી, રોજબરોજ બનતા પ્રસંગોમાંથી આ અદ્ભુત ઔષધિને ગોતતા રહો. એ પ્રસંગોને કલ્પનાના સાજ સજાવી મિત્રો અને સ્નેહીઓમાં એ હાસ્યની લહાણી કરો. વાતનું વતેસર નહીં, પણ હાસ્યનું વાવેતર કરો.

મનોવૈજ્ઞાનિકોના મતે રોગો ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ ઘૂંટાયેલી હતાશા છે. હાસ્ય દ્વારા મનનો બધો જ તણાવ દૂર થાય છે. સાથે સાથે શરીરનાં અંગોપાંગો અને માંસપેશીઓને પણ એ બિનજરૂરી દબાણમાંથી મુક્ત કરે છે. થાક ધીરે ધીરે દૂર થવા લાગે છે ને સ્ફૂર્તિનો સંચાર થાય છે.

હસવાથી શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ વધે છે, રુધિરાભિષરણની પ્રક્રિયા સારી રીતે થાય છે, શ્વાસનળી અને ફેફસાંમાં ભરાઈ રહેલો જૂનો કફ નીકળી જાય છે, ફેફસાંની ઑક્સિજન લેવાની શક્તિ ચારથી છ ગણી વધે છે.

હસવાથી છાતી અને પેટ વચ્ચે રહેલ ઉદરપટલ (ડાયાફ્રામ), આંતરડાં, લીવર, પેનક્રિયાઝ, જડબાં, પેટ અને બરડાના સ્નાયુઓ પહેલાં ખેંચાય છે અને પછી સંકોચાય છે. સ્નાયુઓને ઑક્સિજન-યુક્ત શુદ્ધ લોહી મળતાં તેમની કાર્યક્ષમતા વધે છે. હૃદય પણ મજબૂત બને છે. પ્રદૂષિત શહેરી હવામાનમાં ગળા અને ફેફસાંના રોગો સામાન્ય છે. હાસ્ય દ્વારા ફેફસાં તથા શ્વાસનળીને વ્યાયામ મળતાં જામેલો કફ છૂટો

થાય છે અને શ્વસનતંત્રા સુચારૂરૂપે કામ કરે છે. અસ્થમાના રોગો માટે હાસ્યની આ નિર્દોષ કસરતો એ રામબાણ ઇલાજ છે.

ખડખડાટ હસવાથી લિમ્ફોસાઈટીસ, ઇન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સ નામનાં હોરમોનનો પિચ્યુટરી ગ્લાન્ડમાંથી સ્રાવ થવા લાગે છે. લિમ્ફો-સાઈટીસથી લોહીની રોગપ્રતિકાર શક્તિમાં વધારો થાય છે. ઇન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સથી દર્દમાં રાહત મળે છે અને મન પ્રસન્નતા અનુભવે છે.

હાસ્યથી યાદશક્તિ સુધરે છે. સાંધા અને સ્નાયુઓના દુ:ખાવામાં ઘણી રાહત મળે છે. ચહેરાની કાંતિ વધે છે. લોહીમાં રક્તકણો વધે છે. ચહેરાની ચામડીના સ્નાયુઓની સ્થિતિસ્થાપકતા વધે છે અને ચહેરો ચુસ્ત થાય છે. હાસ્યથી પેટના નાજુક અવયવોને કસરત મળતાં પાચનશક્તિ સુધરે છે. હાઈબ્લડપ્રેશર, ટેન્શન, ડિપ્રેશન, નર્વસ બ્રેકડાઉન, અસ્થમા અને અનિદ્રા જેવા રોગોમાં હાસ્ય એક અત્યંત ઉપયોગી સારવાર પુરવાર થઈ શકે છે.

હાસ્ય ઉપર વિશ્વભરમાં બહોળા પાયે સંશોધનો થયાં છે. નેશનલ કેન્સર ઇન્સ્ટિટ્યૂટ(અમેરિકા)ના જર્નલમાં એક રિપોર્ટ છપાયો છે. તે મુજબ ૧૦ દર્દીઓને સતત એક કલાક હાસ્યસભર વિડિયો-ટેપ બતાવવામાં આવી. જેમ જેમ દર્દીઓ હસતા ગયા તેમ તેમ દર્દીઓની રોગનિરોધક કોશિકાઓ વધવા લાગી. એમની લાળમાં સંક્રમણ વિરોધી પ્રોટીનનું પ્રમાણ વધ્યું હતું. ઇન્ટરફેરોન ગામા નામના હોર્મોનનું પ્રમાણ વધ્યું જે હીલિંગ કેમિકલ ગણાય છે. દર્દીઓ જેનાથી તાણ અનુભવે છે તે એપીનેફ્રીન હોર્મોનનું પ્રમાણ ઘટયું અને સાથે સાથે કુદરતી પીડાશામક ઇન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સનું પ્રમાણ વધ્યું હતું. અમેરિકન પત્રાકાર અને લેખક નોર્મન કઝિન્સને રુમેટોઈડ આર્થરાઈટીસ નામનો અસાધ્ય રોગ થયો હતો. આધુનિક વિજ્ઞાન પાસે એ રોગની કોઈ જ દવા ન હતી. એનાં અંગોપાંગો જકડાવા લાગ્યાં હતાં. પછી એણે સૂતાં-સૂતાં થોકબંધ કોમેડી ફિલ્મો જોઈ, દિવસભર ખડખડાટ હાસ્ય એ કરતા રહ્યા. ફક્ત વિટામિન સીની ગોળી અને ખડખડાટ હાસ્ય દ્વારા એ

સંપૂર્ણ સાજા થયા અને એની ફળશ્રુતિરૂપે જગતને બે સુંદર પુસ્તકોની ભેટ એમણે આપી. 'એનેટૉમી ઑફ એન ઈલનેસ' તથા 'બાયોલૉજી ઑફ હોપ' હાસ્યચિકિત્સા-પદ્ધતિ અંગે સંશોધનો કરવા વિશ્વને પ્રેરણા આપતાં પુસ્તકો ગણાય છે.

જાપાનમાં કહેવત છે કે "હસવામાં જેટલો સમય ગાળ્યો, તેટલો ઈશ્વરની સમીપે વિતાવ્યો." ખરેખર, ખડખડાટ હાસ્ય કરતી વખતે માણસનાં હૃદય અને મન બાળક જેવાં નિખાલસ હોય છે. એ વખતે કોઈ પણ સારા-નરસા વિચારો મનમાં પ્રવેશી શકતા નથી. ધ્યાન ધરતી વેળા મનને નિર્વિચાર અવસ્થામાં લઈ જવામાં ખડખડાટ હાસ્ય ખૂબ મદદરૂપ થાય છે.

ભરતમુનિના કથન પ્રમાણે 'અથર્વવેદ'માંથી મુખ્યત્વે ચાર રસ—શૃંગાર, વીર, રૌદ્ર અને બીભત્સ આવ્યા છે. શૃંગારમાંથી હાસ્ય, વીરમાંથી અદ્‌ભુત, રૌદ્રમાંથી કરુણ અને બીભત્સમાંથી ભયાનક રસની ઉત્પત્તિ થઈ છે. આ બધામાં રસરાજનું માન તો હાસ્યરસને જ અપાય. કારણ કે હાસ્યરસ જન્મથી મૃત્યુ પર્યંત સાથ આપે છે, જ્યારે બીજા રસોનું એમ નથી. હાસ્ય ફક્ત આપણને પોતાને જ નહીં પરંતુ આપણા સંપર્કમાં આવનારા બધા લોકોને પ્રફુલ્લિત કરે છે.

હાસ્ય દ્વારા ઉમંગ, આશા, ઉત્સાહ, સ્નેહ અને સૌમ્યતાનું સુમધુર વાતાવરણ સર્જાય છે. માનવમન મધુર કલ્પનાઓ, પાવન વિચારો અને સદ્‌ભાવનાથી સભર થાય છે. માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. નકારાત્મક વિચારો દૂર થતાં એનો પ્રભાવ આરોગ્ય પર પડે છે.

અમેરિકામાં એ.ટી. એન્ડ ટી. ટેલિફોન કં., કોડાક કેમેરા કં. તથા આઈ. બી. એમ. કમ્પ્યુટર કં. પોતાની ઑફિસોમાં ખાસ હ્યુમર રૂમ રાખે છે. ભારતમાં લાફટર ક્લબ ઇન્ટરનેશનલે પુણે નજીક આવેલી લીટાકાફાર્મા લિ.નાં ૧૫૦ કામદારોમાં હાસ્ય-કસરતો શરૂ કરાવી. તેવી જ રીતે મુંબઈમાં ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટસ ઑફ ઈન્ડિયાની ફેક્ટરીમાં આ હાસ્ય—કસરત કર્યા પછી ઉત્પાદનમાં વધારો થયો. કામદારો પ્રસન્ન ચિત્તે કામ કરવા લાગ્યા. મેનેજરથી કારકુન ને પ્યૂન સૌ સાથે હસીને

દિવસ શરૂ કરતાં, તેથી કુટુંબભાવનાનો વિકાસ થયો, સ્ટાફના અંગત સંબંધો સુમેળભર્યા થયા.

આટલા બધા લાભો છતાં જેમને નીચે મુજબ તકલીફો હોય તેમણે આ હાસ્ય—કસરતો કરવી નહીં:

(૧) ઝામર, (૨) સારણગાંઠ, (૩) દૂઝતા હરસ, (૪) છાતીમાં દુ:ખાવો, (૫)

ગર્ભવતી મહિલાઓ, (૬) ગર્ભાશય નીચે આવી ગયું હોય અથવા પેશાબ પર નિયંત્રાણ ન રહેતું હોય, (૭) શરદી, ફ્લુ કે વાયરલ ઇન્ફેક્શન હોય. ભોજન પછી ઓછામાં ઓછા બે કલાક હાસ્યની કસરતો ન કરાય.

આવો, આપણે સૌ એ હાસ્યદેવતાને, શિવાનંદ આશ્રમના સ્વામી અધ્યાત્માનંદજીની પ્રાર્થના દ્વારા પ્રણામ કરીએ:

।।श्री हास्य देवाय नमः ।।

हास्यं ब्रह्मा, हास्यं विष्णुर, हास्य देवो महेश्वरः।

हास्यं साक्षात पर ब्रह्म, तस्मै श्री हास्याय नमः।।

या देवी सर्वभूतेषू हास्यरुपेण संस्थिता।

नमस्तस्यै नमस्तस्यै हास्य देव्यै नमो नमः।।

श्री स्मिताय नमः, श्री हसिताय नमः।

श्री विहसिताय नमः, श्री अवहसिताय नमः।।

हास्य सम्राट पुरुषोत्तमाय नमः।

हास्यमदः हास्यमादाय हास्यमेवाव शिष्यते।।

शान्तिः शान्तिः शान्तिः।

['પ્રબુદ્ધ જીવન' માસિક: ૨૦૦૦]

# ગાર્ગી વૈદ્ય

## બુરખાની અંદર, પણ ઘરની તો બહાર

મુસ્લિમ સ્ત્રીઓ માટે, બુરખામાંથી નીકળવું એ મુક્તિનું લક્ષણ મનાયું હતું. કેટલીક મુસ્લિમ સ્ત્રીઓએ બુરખાનો ત્યાગ પણ કર્યો.

બુરખામાં હોવા છતાં કેટલીક મુસ્લિમ સ્ત્રીઓ અસરકારક સામાજિક-રાજકીય ભૂમિકા ભજવી રહી હોવાના અહેવાલ મળ્યા છે.

૨૦૦૨ના ફેબ્રુઆરીથી મેની ગુજરાતની કારમી કત્લેઆમના દિવસો દરમિયાનનું હૈદરાબાદ શહેર. માર્ચની ૧૩મી તારીખ. વાતાવરણમાં ભયંકર ધૂંધવાટ. એ ધૂંધવાટ ક્યારેક ભડકો થઈ ઊઠે એવી આશંકા. દિવસ શુક્રવારનો હતો. હૈદરાબાદના વિખ્યાત ચાર મિનાર નજીક મક્કા મસ્જિદમાં મુસ્લિમો નમાજ માટે એકત્રિત થયા હતા. રાજ્યશાસનને ડર લાગી ગયો કે ગુજરાતની કત્લેઆમના માહોલમાં મળેલી આ મેદની કદાચ ‘અનિચ્છનીય’ વળાંક લઈ બેસે. એવા બનાવની ‘અટકાયતરૂપે’ પ્રશાસને ઢગલો એક પોલીસ ખડકેલી. રાજ્યમાં એ વેળા શાસન એવા લોકોનું હતું જેમને ગુજરાતના રક્તપાતમાં હિસ્સો લેનારાઓ સાથે પાકી દોસ્તી. એટલે પેલા નમાઝીઓ બહાર નીકળીને જો લગીરેય કાંકરીચાળો કરે તો પોલીસની ગોળીઓથી સંખ્યાબંધ લાશો ઢળે. કેટલાક ગરમ લોહીના જુવાનો પથ્થર ફેંકવાના મૂડમાં જ હતા. એ પથ્થર ઉપાડતા આગળ વધ્યા. સામે બંદૂકો ઊપડી પણ…

પણ એ જ વેળા બાજુની શેરીઓમાંથી બુરખાધારી સ્ત્રીઓનાં ટોળાં નીકળી આવ્યાં. પાંચસો-સાતસો જેટલી સ્ત્રીઓ માર્ગો પર આવી ગઈ અને પોલીસ તથા જુવાનિયાઓની વચ્ચે ખડી રહી ગઈ. એમણે પોતાના દીકરાઓને આદેશ આપ્યોઃ પથ્થર છોડી દો!

થોડી ઘડી આંગળાં પથ્થર પર ચંપાતાં રહ્યાં. થોડી ઘડી તર્જનીઓ બંદૂકના થોડા દબાવવા ચંચળ થતી રહી. પણ પછી… પછી પથ્થર

છૂટી ગયા. છોકરાઓ નીરવપણે ઘર ભણી ચાલ્યા ગયા.

બુરખાધારી સ્ત્રીઓએ તે દિવસે રક્તપાત અટકાવ્યો હતો. સ્ત્રીઓ ભલે બુરખામાં હતી, પરંતુ એમણે એક નૈતિક વિજય મેળવ્યો હતો. આ બધી બહેનો ‘કોવા’ (Cova-કન્ફેડરેશન ઓફ વોલન્ટરી એસોસિયેશન્સ) નામના સ્વૈચ્છિક સંસ્થાઓના સમવાયની સભ્ય હતી.

આટલી સ્ફોટક પરિસ્થિતિમાં સ્ત્રીઓ આટલી મોટી સંખ્યામાં બહાર આવી અને શાંતિ જાળવવા તથા રક્તપાત નિવારવા એમણે જે મક્કમતા દાખવી, તે હૈદરાબાદના મુસ્લિમ સમાજ માટે વિરલ ઘટના હતી.

આજકાલ જે કોઈ હૈદરાબાદની મુલાકાતે આવે છે તે એક મુદ્દો નોંધે છે. તેઓ કહે છે કે, હૈદરાબાદના માર્ગો પર આટલી બધી બુરખાધારી સ્ત્રીઓ અમે કદી જોઈ નથી! વધુ ને વધુ મુસ્લિમ સ્ત્રીઓ ઘરની બહાર નીકળી રહી છે! છોકરીઓને, યુવતીઓને, મહિલાઓને જવલ્લે જ ઘરની બહાર નીકળવા મળતું, એને સ્થાને હવે જથ્થાબંધ સંખ્યામાં બહાર નીકળી શકાય છે. સ્કૂલોમાં, કોલેજોમાં, સ્ત્રીઓ માટેની તાલીમ સંસ્થાઓમાં, સ્વૈચ્છિક સેવા સંગઠનોમાં, નોકરીઓમાં... અગાઉ ક્યારેય નહોતી નીકળી એટલી હૈદરાબાદી મુસ્લિમ સ્ત્રીઓ ઘર બહાર નીકળી છે.

સમગ્ર શરીરને ઢાંકતો બુરખો કેટલીક સ્ત્રીઓ માટે એક ખાસ પ્રકારે આશીર્વાદરૂપ છે. એવા અસંખ્ય મુસ્લિમ પરિવારો છે જેમના સ્ત્રીવર્ગ પાસે માત્ર થાગડથીગડ કે રંગ ઊતરી ગયેલ વસ્ત્રો છે. એવાં વસ્ત્રોમાં બહાર નીકળવું શરમજનક બની શકે. આવી મહિલાઓ માટે બુરખો એક પ્રકારના ઢાંકણરૂપ બની રહે છે!

મુસ્લિમ સ્ત્રીઓ વિશેનું આજનું પ્રોત્સાહક સત્ય એ છે કે એ ભણી રહી છે. તવંગર પણ ભણે છે અને રંક છોકરીઓ પણ ભણે છે. વધારે ને વધારે સ્ત્રીઓ ઘરગથ્થુ અને સામાજિક મામલાઓમાં સક્રિયતા દાખવી રહી છે.

આવાં પરિવર્તનો માટેનું એક બળ વિદેશોમાં જઈને કમાણી કરતા

યુવકોએ પૂરું પાડ્યું છે. આ યુવકો ઇચ્છે છે કે પોતે પરદેશ હોય એ દરમિયાન ઘેર કાંઈક ગણિત જાણતી, પત્રવ્યવહાર કરતી, બૅન્કોના વ્યવહાર સમજતી પત્ની હોય. વળી, આ જુવાનો પરદેશથી જે કમાણી ઘેર મોકલે છે, એણે પણ પરિવર્તન પ્રેર્યું છે. વિદેશથી મોકલાયેલાં નાણાંએ સ્થાનિક કક્ષાએ ધંધાઉદ્યોગમાં નાણાં રોકવાની ક્ષમતા જગાડી છે. હૈદરાબાદના મુસ્લિમોએ અગાઉ કદી ચંચુપાત પણ નહોતો કર્યો એવા વેપાર-ધંધામાં એમની ગતિ થવા લાગી છે. ધંધાની કમાણી પણ અગાઉ કરતાં જુદા પ્રકારની જીવનશૈલી પ્રેરે છે, જેમાં દીકરીઓના શિક્ષણનો સમાવેશ થાય છે. આંધ્રમાં મુસ્લિમ કન્યાકેળવણીનું પ્રમાણ અવશ્ય વધી રહ્યું છે. વિદેશની કમાણી અને ધંધા-ઉદ્યોગમાં પ્રવેશ પછીનું કન્યા-કેળવણીને પ્રોત્સાહક બળ કોમી શાંતિ છે. કોમી શાંતિનો એક ખાસ અર્થ છે દીકરીઓની સલામતી. આને લીધે માતાઓ પોતાની દીકરીઓને ભણવા મોકલી શકે છે. એ દીકરીઓ ભલેને બુરખામાં જતી—પરંતુ ભણવા જાય છે ને!

પચાસના દાયકામાં હૈદરાબાદને હિન્દી સંઘમાં ભેળવવામાં આવ્યું તે અગાઉ અહીં નિઝામશાહી હતી. રાજ્યપલટો થતાં જ અચાનક રાજ્યની નોકરી કરતા ઘણા મુસ્લિમો બેકાર થઈ ગયા. સ્ત્રીઓએ પણ પાઇ-પૈસો રળવો પડે. આજે હૈદરાબાદની બહેનો પણ ઉદ્યોગ-ધંધા-કારીગરીની તાલીમ લઈને આવક કમાવા લાગી છે. એ પોતાનાં સંતાનોને ભણાવવા માગે છે. અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવા માગે છે. આવી બહેનોની દીકરીઓ ભલે બુરખામાં નીકળે, પરંતુ જાય છે આધુનિક શિક્ષણ લેવા. એવું જ વ્યવસાયલક્ષી શિક્ષણનું છે. આ પ્રકારની તાલીમ આપનાર એક શિક્ષકે જણાવ્યું કે ૧૯૭૩માં આવી એક સંસ્થામાં પોતે જોડાયા ત્યારે ઘેર ઘેર ફરીને ખૂબ આગ્રહ કરવા છતાં દીકરીઓને મોકલવા કોઈ તૈયાર થતું નહોતું. આજે એટલી બધી છોકરીઓ તાલીમ માટે પ્રવેશ માગે છે કે ક્યાં સમાવવી એ સવાલ થાય છે. એ દિવસોમાં આવી તાલીમ લેનાર દીકરીઓને ક્યાંય કામ મળતું હોય તોય વાલીઓ બહાર જવા ન દેતાં. આજે એ છોછ તૂટી ગયો

છે. દીકરીઓ નોકરીઓ કરવા જાય છે—ભલે બુરખામાં; પણ જાય છે!

['નયા માર્ગ' પખવાડિકઃ ૨૦૦૫]

# ગિજુભાઈ બધેકા

## "આ તે શી માથાફોડ!"

'એ....પણે બાપુ આવે!'

**૧**

"એ....પણે બાપુ આવે. હેઈયાં!"

"ચાલો ત્યારે, હવે પછી વાંચશું."

"આજે મારે બાપુને મેં ગોઠવેલી જોડાની હાર બતાવવી છે—બાપુ કહેશે, સરસ છે."

"ઊભો રહે, માટીનાં રમકડાં બનાવ્યાં છે તે મેડી ઉપરથી લઈ આવું."

"જો તો જરા, આ બાંય ચડાવી દેને! મારા હાથ શાહીવાળા છે, બાપુનો ખડિયો ને હોલ્ડર સાફ કરું છું."

"પેલી બાપુની ચોપડીમાં નિશાન મૂક્યાં કે? એ ચિત્રો બાપુને બતાવવાનાં છે."

**૨**

"એ...પણે બાપુ આવે!"

"જા જા, ઝટ ચોપડી લઈને બેસી જા, નહીંતર બાર વાગ્યા સમજજે!"

"એલા, આ તારા જોડા રસ્તામાંથી ઉપાડી લે, બાપુ ભાળશે તો લગાવશે!"

"કોણ, બાપુ આવે છે કે? ચાલ, મને ઝટ ઝટ હાથ ધોઈ લેવા

દે! કહેશે કે, ગારાવાળા કેમ કર્યા?"

"એ રુખી, સરખું માથે ઓઢ; જો બાપુ દેખાયા! કાલે કાન ખેંચ્યો હતો, તે ભૂલી ગઈ?"

"એલા, મૂકી દે ઈ બાપુની ચોપડી. બાપુએ નો"તું કીધું કે, જો કોઈ અડયા છો તો...!"

*

તમને હોંશ થઈ

તમને હોંશ થઈ કે આપણે બાળકને માટે કંઈક કરવું તો જોઈએ. તમે કંઈક એક જ વસ્તુ કરવા માગો છો. તો શું કરશો?

છોકરાંને મારવાં નહીં.

ધારો કે તમે કંઈક બે વાનાં કરવા માગો છો. તો શું કરવું?

બાળકને વઢવું નહીં; તેનું અપમાન કરવું નહીં.

ધારો કે તમારે કંઈક ત્રાણ કરવાં છે. તો શું કરવું?

—તો બાળકને બિવરાવવું નહીં; બાળકને લાલચ આપી સમજાવવું નહીં; બાળકને ભા-બાપા કરી ચડાવવું નહીં.

ધારો કે બાળકને માટે ચાર કંઈક કરવા ધારો છો. તો શું કરવું?

—તો બાળકને વારેવારે શિખામણ દેવી નહીં; વારે વારે હુલાવવું-ફુલાવવું નહીં; વારે વારે વાંક કાઢયા કરવો નહીં; વારે વારે રોફ છાંટવો નહીં.

ધારો કે તમે પાંચ કંઈક કરવા હોંશ રાખો છો. તો શું કરવું?

—તો બાળકને માગે તે કરી દેવું નહીં, પણ તે કરતાં શીખવવું; બાળકને તે જે કરવા માગે તે કરવા દેવું; બાળકના કામને હલકું ગણવું નહીં; બાળકના કામમાં વચ્ચે પડવું નહીં; બાળકનું કામ લઈ લેવું નહીં.

*

## નાહકનું શું કામ?

૧

હું દેવદર્શને ગયેલો. બાએ છોકરીને કહ્યું: "જે-જે કરો, બેટા, જે-જે કરો!"

છોકરી તો દીવા જોતી હતી. છોકરીના હાથ પકડીને બાએ જે-જે કરાવ્યા. છોકરીએ નમીને જે-જે કર્યા. બા ખુશ થઈ.

મને થયું: નાહકનું શું કામ?

૨

રામચંદ્રને ત્યાં જઈ ચડ્યો. રામચંદ્રે દીકરાને બોલાવી ઓળખાણ કરાવીને કહ્યું: "પેલું નવું ગાયન ગા જોઈએ!" છોકરાને ગાવું ન ગમ્યું. તે ઊભો રહ્યો. રામચંદ્ર કહે, "કેમ, ગાને? આ તો કાકા છે."

મેં કહ્યું: "જવા દ્યોને! રમવા દ્યો."

રામચંદ્ર કહે: "અરે! એ તો હમણાં ગાશે. સુંદર ગાય છે!"

છોકરે ગાયું નહીં. રામચંદ્ર કહે: "કેમ રે, ગાય છે કે? આ શું! મોટાનું માનતો નથી?"

મેં કહ્યું: "જવા દ્યોને, છોકરાં છે."

રામચંદ્ર ખિજાઈ ગયા. છોકરાને લગાવી દીધી. "માનતો નથી?" છોકરે ગાવાને બદલે રુદન કર્યું.

મને થયું: આ નાહકનું શું કામ?

*

## બે છોકરા

પુનો અરધે ઉઘાડે ડિલે તડકામાં આથડે છે ને ટાઢ ઉડાડે છે...

ઉષાકાન્ત શરીરને ગરમ કપડાંથી લપેટીને સગડી પાસે બેઠો છે.

પુનો પાસે આવેલા કૂતરાને ઝટ કરતો હાથમાં પથરો લઈને હાંકી કાઢે છે... ઉષાકાન્ત કૂતરો જોઈ રડતો રડતો પાછો ભાગી બાને બોલાવે છે.

પુનો ખોબો વાળી ઉપરથી રેડાતું પાણી ઘટક ઘટક પી જાય છે... ઉષાકાન્ત પાણી પીતાં પીતાં પ્યાલું ઢોળે છે ને લૂગડાં પલાળે છે.

પુનો સવારે અડધો રોટલો ને છાશ શિરાવે છે, ને બપોર પહેલાં ભૂખ્યો થાય છે... ઉષાકાન્તને દૂધ ભાવતું નથી, ને ચહાનો એક પ્યાલો લીધા પછી બપોર સુધી ભૂખ્યો થતો નથી.

પુનો દોડાદોડ સાત ટાપલીઓ દાવ રમે છે ને કેમેય કરી હાથમાં આવતો નથી... ઉષાકાન્ત રમવાની જ ના પાડે છે, કહે છેઃ “હું તો પડી જાઉં.”

પુનો કરોળિયા જાળાં ક્યાં બાંધે છે તે શોધવા જાય છે. તે કાબરનાં ઈંડાંને શોધી જાણે છે. આંબે ચડીને કેરી ઉતારતાં એને આવડે છે; ભેંશે ચડીને ઢોરને પાણી પાવા જતાં આવડે છે; અંધારામાં તારાને અજવાળે ચાલતાં આવડે છે... ઉષાકાન્ત ઘરમાં બેઠો બેઠો કરોળિયાની ને કાબરનાં ઈંડાંની વાતો વાંચે છે; આંબાના ને તારાના પાઠોની નકલ કરતાં તેને સારી આવડે છે; તેના અક્ષર સારા છે.

*

# બે રીતો

## ૧

કેમ બા, રમીને આવી કે? આજ શેની રમત રમ્યાં? લે, જરા કામમાં મદદ કરીશ કે? આ એક એંઠવાડ પડયો છે તે તું કાઢ, ત્યાં હું શાક સમારું; ને પછી આ ધોયેલાં કપડાં સંકેલી નાખ, એટલે આપણે બેય ફરવા જઈએ. આજ તને કાંઈ લેસન આપ્યું છે? આજે વાળુ

કરીને લેસન વહેલું કરી લેજે; પછી આપણે સવાર માટે દાળ વીણી કાઢશું. પહેલું લેસન કરી લે એટલે પછી નિરાંત.

## ૨

આ રખડીને આવી! કામ નહીં, કાજ નહીં, ને દી આખો રખડ રખડ! લ્યો, હવે એંઠવાડ કાઢો. આ સવારની સંજવારી પડી છે, તે કોણ કાઢશે? આ લૂગડાં તો બધાં રખડે છે! જરાક ભેગાં કરીને તો મેલ! એક ભણતાં આવડ્યું છે, ને એક પટપટ જવાબ દેતાં આવડ્યું છે! મારે ઇ ભણતર નથી જો"તું. જઈશ મા કાલથી ભણવા; ને જાવું હોય તો પહેલું કામ ને પછી ભણતર!

*

## ૧

“એ છોકરા! આ વાળ તો સરખા રાખ! વાઘરા જેવો લાગે છે.”

“સુશીલા! અત્યારમાં આ ક્યાં આદર્યું? મૂક કોરે! બીજો ધંધો છે કે?”

“જોને! ઘરમાં સૌનાં કપડાં રખડે છે. આ તે ઘર છે કે ધોબીની દુકાન છે?”

“એ છોકરા! અત્યારે આ રડવા ક્યાં લાગ્યો?—આ બપોર ટાણે તેં તો માથું પકવ્યું!”

“જોને, માથું ઓળતાં આવડ્યું છે?”

“જોને, હાથ કાંઈ ધોયા છે!—આ ધૂળ તો ચોંટી છે.”

“જોને, ખાતાં ખાતાં કાંઈ એઠું પાડ્યું છે!”

“આ ચોપડીઓ તો ઊંધી ગોઠવી છે—જો ચોપડીઓ ગોઠવી!”

“જોને, ચાંદલો કરતાં આવડ્યો છે? ક્યાં જાતો ઊંચો કર્યો છે!”

“વાળ્યું ખરું—પણ પગે તો ધૂળ ચોંટે છે!”

"ચોખા બધા દઝાડી દીધા! ધ્યાન રાખે છે?"

૨

"બચુ, વાળ તો કોઈએ સરસ કાપ્યા છે! હવે એ ઓળવાથી વધારે સરસ લાગશે."

"ચાલ તો, આ કપડાં ઉપાડી લઈએ. બધાં ધૂળે ભરાય છે; જરા મૂકી દઈએ."

"અરે ભાઈ, આમ આવ. જો, સંગીત તો સાંજે કે સવારે શોભે; અત્યારે બપોરે જરા વાંચીએ-લખીએ."

"માથામાં તેલ સરસ નાખ્યું છે!"

"કાલે તો આના કરતાં વધારે પડ્યું હતું; હવે ખાતાં આવડતું જાય છે!"

"વાહ! આ ગોઠવણ તો સારી થઈ છે. આ ચોપડી જરા આમ મૂકું?"

"હવે ચાંદલો તું હાથે કરતાં શીખી. હવે ઠીક થશે."

"ઠીક વાળ્યું છે; બીજી વાર વાળશો એટલે બધી ધૂળ વહી જશે."

"ઠીક થયું, ચોખા વહેલા ઉતાર્યા. નહીંતર સાવ દાઝી જાત! કાલથી વધુ ધ્યાન રાખજે."

['આ તે શી માથાફોડ!' પુસ્તક]

## "કેટલી વાર કહેવું?"

"તને તે મારે કેટલી વાર કહેવું?" આ વાક્ય ઘણાં ઘરોમાં સાંભળવામાં આવે છે.

મા કે બાપ બાળકને એક વાર કહે છે, બે વાર કહે છે, ત્રાણ-

ચાર વાર કહે છે, અને જ્યારે બાળક માનતું નથી ત્યારે માબાપ કહે છે: "અરે! તને તે મારે કેટલી વાર કહેવું?"

મા કે બાપના ત્રાણ-ચાર ભડાકા ખાલી જ જાય, અને પછી જ્યારે કડકાઈથી અને કંટાળાથી તે બોલે ત્યારે બાળક ઊભું થાય અને જે કરવાનું હોય તે કરે.

માબાપ કે બાળક બેમાંથી એકેય માટે આ સ્થિતિ સારી નથી. માબાપને ત્રાસ થાય છે અને બાળક વધારે ને વધારે નીંભરું બને છે.

આનો ઉપાય થવો જોઈએ. પ્રથમ તો મા કે બાપે હુકમ આપતી વખતે વિચારવું કે અમુક હુકમ કરવા જેવો છે કે નહિ. જો અશક્ય હુકમ હોય તો કરવો જ નહિ, અને તે પળાય તે માટે વારંવાર કહેવું જ નહિ.

અમલ થઈ શકે તેવો હુકમ હોય તો સમય કે સ્થળ જોઈને તે કરવો. બાળક એવા જ કામમાં કે મનની સ્થિતિમાં હોય કે કહેલું નકામું જશે, તો જરા રાહ જોઈને કહેવું. ઘણીવાર બાળકોને આપણે માટે રાહ જોવી પડે છે, ધીરજ કેળવવી પડે છે; એમ જ આપણે પોતે પણ રાહ જોતાં અને ધીરજ કેળવતાં શીખવું જોઈએ.

સામાન્યતઃ આપણે એક જ હુકમે પતાવવું જોઈએ. બે વાર હુકમ કરવો જ નહિ. એક વારે ન પતે તો વિચારવા બેસવું કે શા માટે એમ બન્યું?

બાળકોનું તો એવું છે કે જેવું આપણે ચલવીએ તેવું તેઓ પણ ચલવે. જો બે-ચાર હુકમ પછી જ્યારે આપણે તાડૂકીને બોલીએ ત્યારે જ કામ કરવું એવી ટેવ બાળકોમાં આવી, તો પછી નિરાંતે બાળકો તેટલું તો ચલવી લે.

આકળા થઈને અને અકળાઈને હુકમ કાઢવા જ નહિ. જે કામ માટે કહેવું હોય તે કામ વિવેકથી કરાવવું, અને બીજા મોટી ઉંમરના માણસો પાસેથી જેમ આપણે સરળતાથી કામ લઈએ-દઈએ છીએ તેમ જ નાનાં બાળકો સાથે વર્તવું.

આપણી પોણી ભૂલ, બાળકો નાનાં છે એટલે માનને પાત્રા નથી એમ માનવામાં રહેલી છે. બાળક વિશેનો આ ખ્યાલ આપણે કાઢી નાખવો જોઈએ.

વળી જ્યારે બાળકો બે-ચાર હુકમ ન માને તેવી સ્થિતિ આવી લાગે, ત્યારે આપણે તે બાબતની વાત બાળકો સમક્ષ ન કરવી; તેથી તો તેઓ વધારે નઠોર અને રીઢાં થાય છે.

ઘરમાં બે-ચાર જણાં હોય અને એકબીજાંના મતો એકબીજાંથી જુદા હોય, ત્યાં બાળકો બહુ ફાવી જાય છે. જે મત જે વખતે બાળકને ગમે તે વખતે તે તેના પક્ષમાં જાય છે. આથી બાળક એક વાર એકમાં તો બીજી વાર બીજામાં ભળીને સૌને બેવફા બને છે, અને બધાંને કેમ ઠગવાં તે શીખે છે. અમુક બાબતો પર ઘરનાં માણસોમાં કદાચ મતભેદ હોય તોપણ બાળકો સામે એ મતભેદ જાહેર કરી બાળકોને ગોટાળામાં નાખવાં નહિ, પણ જે સર્વમાન્ય મત હોય તેની ભૂમિકા ઉપર બાળકોને રહેવા દેવાં એ સારું છે.

બે, ચાર, પાંચ વાર કહ્યા છતાં બાળકો સાંભળતાં કે માનતાં નથી, તેનો અર્થ એ છે કે બાળકોને માબાપ પ્રત્યે સન્માનની ભાવના નથી, તેમ જ માબાપનો તેમના પર બોજ પડતો નથી.

## પુસ્તકાલય એટલે મહાશાળા

પુસ્તક સ્વતઃ શિક્ષાગુરુ છે અને પુસ્તકાલય એ શાળા છે. શાળામાં માણસ જ્ઞાન લેવાનું સાધન માત્રા મેળવે છે, પણ પુસ્તકાલયમાં જઈને તો તે ખુદ જ્ઞાન મેળવે છે.

એક સારું પુસ્તકાલય શિક્ષકોની ગરજ સારે છે. શિક્ષકની જેમ પુસ્તકાલય વિદ્યાર્થીઓને ધમકાવતું નથી, શિસ્ત પળાવતું નથી, ખોટી સ્પર્ધામાં ઉતારતું નથી, પરીક્ષાનો ભય પેદા કરતું નથી. તે પ્રેમથી, વિનયથી, રસ વડે તેમાં આવનારને ભણાવે છે.

હરેક શાળામાં પુસ્તકાલય એક અધિક શિક્ષણ તરીકે ગણવું જોઈએ અને શિક્ષકે પોતે બધો વખત શીખવવાનો મમત રાખવા કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં વધારે ને વધારે છૂટા મૂકવા જોઈએ.

પુસ્તકાલયરૂપી શાળા ગામેગામ અને લત્તેલત્તે સ્થપાવી જોઈએ. શિક્ષકને ભણાવવાની મહેનત લેવી પડે છે. જ્યારે પુસ્તકોને જ્ઞાન આપવાની મહેનત લેવી પડશે નહિ, માત્ર વારંવાર વંચાઈને ફાટવું પડશે. શિક્ષકની ચોક્કસ હાજરી સિવાય ભણતર સંભવિત નથી. તેને બદલે પુસ્તકાલયનાં બારણાં ચોવીસ કલાક ઉઘાડાં રાખીશું તો ચોવીસેય કલાક શિક્ષણ ચાલશે.

વ્યવસ્થા, શાંતિ, સભ્યતા તથા વિનયનું શિક્ષણ આપવાનો પ્રબંધ પણ પુસ્તકાલય કરી શકશે. પુસ્તકો કેમ વાપરવાં, કેવી રીતે વાંચવું, વાંચનારા પ્રત્યે કેમ વર્તવું, આવ-જા કેમ કરવી, વાતચીત કેમ કરવી વગેરે શીખવવામાં આપોઆપ ઘણી કેળવણી આવે છે.

# ગિજુભાઈની બાલવાર્તાઓ

## પીરુ

પીરુ જુવાન હતો. કાંડામાં બળ હતું, પગમાં જોર હતું, ચહેરો ગુલાબી હતો.

પીરુ માથે ઓડિયાં રાખે. ડિલે તસતસતું કેડિયું પહેરે અને હાથમાં ડાંગ રાખે. પીરુ જુવાન હતો.

બાપા ઘરડા હતા, સિત્તેર વરસનું ઠોઠું. માથે પળી ને આંખે મોતિયો. પગ ચાલતા નહોતા.

બાપાને પીરુ વહાલો, ને પીરુને રમજુ વહાલો. પીરુ બાપાનો, ને રમજુ પીરુનો. બેઉ બાપાના તો ખરા જ; પણ પીરુ બાપાનો, ને

રમજુ પીરુનો. બાપાને મન છ માસનો રમજુ યે છોકરું, ને અઢાર વર્ષનો પીરુયે છોકરું.

બાપા ઓશરીમાં બેસે, બજર સૂંઘે, બંદગી કરે, બે ટંક રોટલા ખાય, ને રમજુને હેત કરી રમાડે. પીરુ ઘાણી હાંકે, તેલ વેચે, ઘરાક સાચવે, પૈસા ગણે ને વેપાર ચલાવે.

બાપા ઓશરીમાં બેઠા બેઠા પીરુને હરતોફરતો જોઈ રાજી થાય. પીરુ વારેઘડીએ ઘરમાં જઈ જઈ રમજુને રમાડે.

બાપાને પીરુની પહેલી ફિકર, ને પીરુને રમજુની પહેલી ફિકર. પણ પીરુને મન બાપાની ફિકર લેખામાં યે નહિ! ને રમજુ ક્યાં પીરુની ફિકર સમજે તેમ હતો?

બાપા કહેશે: “પીરુ! અડધી રાતે બહાર ચાલ્યો, તે લાકડી લેતો જજે. અને જોડા પણ પહેરતો જજે.”

પીરુ કહેશે: “બાપા! એટલી બધી ફિકર શું કામ કરો છો! અમને એટલી ખબર નહિ પડતી હોય?” પીરુ જાણીજોઈને જોડા પહેર્યા વિના જ ચાલ્યો જાય. પોતે જુવાન હતો ના!

બાપાનો જીવ કળીએ કળીએ કપાય. પણ પીરુને તો ગગનમાં ગાજે!

કડકડતી ટાઢ પડતી હોય ને પીરુ ઉઘાડે ડિલે બળદને નીરણ નાખતો હોય. બાપા કહેશે: “પીરુ! પછેડી ઓઢ, પછેડી; ક્યાંઈક ઝપટમાં આવી જઈશ, ઝપટમાં!”

પીરુ કહેશે: “બાપા! ઈ ટાઢ તો તમને ઘરડાને વાય; મને તો ઊલટો ઘામ થાય છે ઘામ!”

છોકરો મોટો અને જુવાન; વખતે આવું એલફેલ બોલી નાખે. બાપા કહેશે: “હશે! અણસમજુ છે.” તો યે આખરે બાપ!

ઉનાળાના ખરા બપોર તપતા હતા, ને સૂરજ માથે આવ્યો હતો. ઘરમાં રોટલા ઘડાઈ રહ્યા હતા. પીરુ છાપરું ચાળતો હતો. બાપાએ બૂમ પાડી: “એ પીરુ! હવે તો હેઠો ઊતર. ક્યારનો ચડયો છે તે બપોર થઈ ગયા.”

પીરુ કહે: "બાપા, હવે એક કાવું ઢાંકીને આ ઊતર્યો! બાપા, હમણાં જ ઊતર્યો સમજો."

પીરુ નળિયાં ફેરવતો હતો; પણ બાપા ઉતાવળા થયા. એને એમ કે, મારો પીરુ તડકે તપે છે; વખતે એનું આંખમાથું દુ:ખે. બાપે ફરી બૂમ પાડી: "પીરુ! હેઠો ઊતર્યો કે? માથે ધોમ ધખ્યો છે—ખબર નથી પડતી? આ રોટલાવેળા તો થઈ!"

પીરુ તડકામાં તપ્યો: "આ અડધું કાવું ઢાંકીને ઊતરું છું, ત્યાં આવડી ઉતાવળ શી છે? બાપુ! ભૂખ લાગી હોય તો તમે ખાઈ લ્યો ને! એમ તો વાર લાગશે."

બાપ વિચારમાં પડ્યો; જરા માઠું લાગ્યું. તેનાથી ન રહેવાયું. ઊંચે સાદે બોલ્યો: "એલા પીરુ! ગાંઠતો નથી કે? આ માથે આગ વરસે છે, ને કાવું ઢાંકવા બેઠો છે? ત્યાં ભૂખની કોને પડી છે?—મને તો તારી ફિકર છે!"

પીરુ બબડ્યો: "આ બાપા જોને? એને મારી ફિકર થાય છે! હું રમજુ હોઈશ, ખરું ના? એ બાપા! તમે તમારે નિરાંતે બેસો. હું કાંઈ નાનો કીકલો નથી—મને શાનો તડકો લાગે? આ ઢાંકીને ઊતર્યો."

બાપા કહે: "એલા, અબઘડીએ ને અબઘડીએ ઊતરે છે કે નહિ? મારે તારું કાવું નથી ઢાંકવું! એક વાર હેઠો ઊતરે છે કે નહિ? આ તડકો નથી જોતો?"

પીરુ કહે: "બાપા! તમે તમારે ગમે એમ કરો. ગમે તો રાડો નાખો, ને ગમે તો બેસો. આ કાવું ઢાંક્યા પછી બીજી વાત... ને તમને તડકો ક્યાં લાગે છે, તે તડકો તડકો કરીને માથું પકવો છો? તડકો લાગવાની શું અમને ખબર નહિ પડતી હોય?"

બાપાનો જીવ દુ:ખાયો. બાપા ખિજાયા. બાપા ઘરમાં દોડ્યા ને રમજુનું ઘોડિયું ઉપાડ્યું. ધ્રૂજતે હાથે ને લથડતે પગે ઘોડિયું બહાર કાઢ્યું ને ફળિયામાં મૂક્યું: "લે ત્યારે, જો હવે તડકો લાગવાની ખબર પડે છે કે નહિ? હવે હેઠો ઊતરે છે કે નહિ?" પીરુ ઠેકડો મારીને

હેઠો ઊતર્યઃ “હં હં, બાપુ! આ શું કર્યું? આ રમજુડો મરી જશે! આ બાળકને આગમાં મૂકતાં વિચાર નથી આવતો?” પીરુએ એક જ હાથે ઘોડિયું ઉપાડીને ઓશરીની કોર ઉપર મૂક્યું. બાપે કહ્યું: “બેટા! રમજુ તને કેવો વહાલો છે! એવો જ તું મને વહાલો છે. જેવો તું એનો બાપ, એવો જ હું તારો બાપ. જેવો રમજુ પીરુને મન કીકો, એવો જ પીરુ મારે મન કીકો! જેવો તારો રમજુ, એવો જ મારો તું. સમજ્યો, બાપુ?” ડોસાની આંખમાં આંસુ આવ્યાં. પીરુ શરમાઈ ગયો; તેણે નીચું જોયું. તેની આંખમાંથી પણ આંસુ ખર્યાં.

*

## લખડો ગાંડો

છોકરાં બધાં વાંસે વાંસે ફરે. એક મોટી ઘીંઘ. લખડો આ શેરીમાં જાય તો છોકરાં એ શેરીમાં જાય, ને લખડો બીજી શેરીમાં જાય તો સૌ તેમાં જાય.

“લખડો ગાં...ડો! લખડો ગાં...ડો!” કરીને બધાં લખડાને ખીજવે.

લખડો શું કામ ખિજાય? એ તો એની મેળે જવું હોય ત્યાં જાય, ને આવવું હોય ત્યાં આવે.

લખડાનો વેશ ચીંથરિયો. ચીંથરાં ચીંથરાં બાંધીને મોટો ઝભ્ભો કરેલો, એ લખડો પહેરે. એને જોઈને ગામનાં કૂતરાં ય ભસે. નાનાં છોકરાં તો એને જોઈને ઘરમાં સંતાઈ જાય. “ઓય બાપ રે! લખડો આવ્યો.”

રસ્તામાં જે પડ્યું હોય તે લખડો ઉપાડે. કોડી, બંગડી, કૂંચી, ભાંગેલું તાળું, સડી ગયેલું બુતાન, તૂટી ગયેલા કાચના હીરા, નાખી દીધેલાં ડબલાં—જે હાથ આવે તે લખડો ઉપાડે! ને પછી એક દોરીમાં બધાંને બાંધીને મોટો હાર કરીને પહેરે.

ગામ બધું એને ‘લખડા ગાંડા’ને નામે ઓળખે. ગાંડા જેવો જ ખરો ને? બોલે તે ય ગાંડા જેવું, ચાલે તે ય ગાંડા જેવું; એનું બધું

ગાંડું ગાંડું.

છોકરાં કાંકરા મારે, તો લખડો કાંકરા લઈને ચીંદરીએ બાંધે. છોકરાં કહેશે: "લખડો વાં...દરો!" "લખડી વાં...દરી!" તો લખડો સામે હસે. છોકરાં કહે: "લખડા, કૂદકા માર જોઈએ?" તો લખડો કૂદકા મારે. કહે: "રોવા માંડ જોઈએ?" તો લખડો રોવા માંડે.

લખડાને ઘરે નહિ ને બારે નહિ. જ્યાં ઊભા ત્યાં એનું ઘર, ને જ્યાં ઊભા ત્યાં એનું બાર. ઠામઠીકરું તો હોય જ શાનું કે લખડાને સાચવવું પડે? પંડ સાથે બધું આવ્યું.

ભૂખ લાગે તો લખડો કોઈને ત્યાં જઈને ઊભો રહે ને કહે: "ખાવા દેશો?" આપે તો ઠીક, નહિ તો બીજે ઘેર. પાંચ-સાત ઘર ફરે, મળે એટલું ખાય, નહિતર ભૂખ્યો તો રહે જ. લખડાને વાસણમાં કોણ ખાવા આપે? લખડો કહેશે: "મારા હાથમાં આપો. હું એમ ને એમ ખાઈ જાઉં." દાળ હાથમાં લે, રોટલા ય હાથમાં લે, ને ભાતેય હાથમાં જ લે.

વરસાદ આવે તો લખડો ક્યાંઈક ભીંત વાંસે ઊભો રહે. શિયાળામાં ટાઢ વાય એટલે લખડો કૂતરાંની ભાઈબંધી કરે. ગલૂડિયાંને ને કૂતરાંને પાસે સુવડાવે. કૂતરાં પણ એને બહુ હળેલાં. લખડો માગી આણેલ રોટલામાંથી અડધો કૂતરાંને આપે ને અડધો પોતે ખાય.

કોઈ કહેશે: "આવો ગાંડો તે કેવો?" ગાળો દઈએ તો કહેશે: "ભગવાન તમારું ભલું કરશે." પગ બળતા હોય ને જોડા આપીએ તો કહેશે: "કોઈ ગરીબને આપજો—મારા તો પગ જ જોડા છે."

લખડો ચાલ્યો જતો હોય ને કોઈક ત્રીજે માળથી એઠું ફેંકે ને લખડા પર પડે, તો લખડો કહેશે: "આવું તો કોઈ દિવસ નહોતું થયું!"

પુરુષો તો બધા કામમાં હોય. એ લખડાની સામેય ક્યાંથી જુએ? ઘર આગળ લખડો બેઠો હોય ને પોતે ઘેર આવે તો કહેશે: "હટ લખડા! અહીં કેમ બેઠો છે?" અમલદાર આવે તો પટાવાળાને કહેશે: "આ લખડાને કાઢો અહીંથી—આંટા મારે છે, તે માળો ચોર જેવો લાગે

છે!" લખડો કહ્યા પહેલાં જ ઊભો થઈને ચાલ્યો જાય.

નવરાં બૈરાંઓ લખડાને બોલાવે અને પૂછપૂછ કર્યા કરે: "લખડા! તું વાણિયો કે બ્રાહ્મણ?"

લખડો કહેશે: "આપણે તો એકેય જાત નહિ."

"લખડા! અલ્યા, તું જેનું-તેનું ખાય છે, તે વટલાય નહિ?"

"રોટલા તો બધાના સરખા જ છે ને? એમાં વટલાવું'તું શું?"

"અલ્યા લખડા, આ વઘારણી ખાંડી દે; બે પૈસા આપીશ."

લખડો કહેશે: "લાવો ને બાપુ! પૈસાનું શું કામ છે? એમ ને એમ ખાંડી આપતાં ક્યાં દુઃખ પડે છે? પૈસા પાછો સાચવું ક્યાં? એ પૈસા તમારે ઘેર સારા."

લખડો દિવસ આખો આંટા માર્યા કરે. કોઈ ગાય પૂંછડે પડી હોય તો એને ઊભી કરે, કોઈક બકરીને વાણિયો મારે તો લખડો હાથથી પંપાળીને એને રમાડે, કોઈ ચકલીનું બચ્ચું માળામાંથી હેઠે પડી જાય તો પાંજરાપોળમાં મૂકી આવે.

લખડો એવું એવું કરે. દિવસ આખો ચાલ્યો જાય. રાત પડે. લખડો ગામ બહાર ચાલ્યો જાય. દૂર દૂર નદીકાંઠે એક ભોંયરા જેવો ખાડો; એમાં જઈને લખડો બેસે. ભજન કરે ને ભગવાન ભજે.

ખરેખર, લખડો શું ગાંડો હશે?

*

## વાત કહેવાય એવી નથી?

"ભાઈ! ઈ વાત કહેવાય એવી નથી. એમાં વારે વારે શું પૂછે છે? એક

વાર કહ્યું કે ઈ વાત કહેવાય એવી નથી."

"પણ ભાઈ! એવી વાત શી છે? કહો તો ખરા—મારાથી એવું શું ખાનગી છે?"

"ખાનગી કે બાનગી, તારાથી કે મારાથી—મેં તને ન કહ્યું કે ઈ વાત કહેવાય એવી નથી?"

"પણ એવી તે વાત કેવી કે મને ય ન કહેવાય?"

"ભાઈ! ન કહેવાય. તને શું?—કોઈને ય ન કહેવાય! ઈ વાત કોઈને કહેવાય એવી નથી. માણસ હોય તો સાનમાં સમજે. કંઈક ન કહેવાય એવું હશે

ત્યારે ને?"

"ભાઈ! મારાથી તો કાંઈ સંતાડવાનું નથી ને?"

"એમાં સંતાડવાનું ક્યાં છે? હું તો કહું છું કે ઈ વાત કહેવાય એવી નથી."

"કીધે શી ખોટ જાય એમ છે? કહેવાય એવી વાત નથી—તે કાંઈ ચોરની વાત છે, કે કાંઈ મોળી વાત છે?"

"કોણ કહે છે ખરાબ વાત છે? કોણ કહે છે ચોરની વાત છે? મેં કહ્યું કે મોળી વાત છે? વાત ન પણ કહેવાય! બધી વાત કાંઈ કહેવાય એવી હોય છે?"

"પણ ભાઈ! ન કહેવાનું કારણ હોય ને? કાંઈ વિનાકારણે ન કહેવાય એમ હોય?"

"કારણેય હોય ને બારણેય હોય; હોયે તે ને નયે હોય!"

"પણ કાંઈ કારણ તો હોય ને?"

"છે જ એવું—વાત જ કહેવાય એવી નથી!"

"ભાઈ! મને તો કહે—હું કોઈને નહિ કહું."

"એમાં કોઈને ન કહેવાની વાત ક્યાં છે? તુ ંકોઈને કહી દઈશ, એમ પણ ક્યાં છે?"

"ત્યારે મારા ઉપર એટલો વિશ્વાસ નથી?"

"અરે, ભલી બહેન! વિશ્વાસનું ક્યાં કૂટે છે? આ તો વાત કહેવાય એવી નથી."

"પણ ભાઈ! વાતમાં એવું તે શું બળ્યું છે? વાત કાંઈ એમ કહે છે કે 'હું કહેવાઉં એવી નથી?' તારે કહેવી છે ક્યાં?"

"બાપુ! એવું કાંઈ નથી. હું તો આ ઘડીએ કહું—પણ વાત કહેવાય એવી જ નથી."

"પણ કો'ક જાણી જાય એની બીક છે? કો'ક જાણી જાય તો વઢે એમ છે? કોઈને કાંઈ થાય એમ છે?"

"એવું કાંઈ યે નથી. કોઈ વઢતું યે નથી, ને કાંઈ બીકેય નથી... વાત એવી

બની છે કે... પણ એમાં કહેવા જેવું છે શું? વાત છે છેક માલ વિનાની—પણ કહેવાય એવી નથી."

"આ તો ભાઈ, નવી નવાઈની વાત! માલ વિનાની વાત—ને પાછી કહેવાય એવી નહિ! ભાઈ! કોઈ રીતે કહેવી છે? જેની હોય એને પૂછીને કહે—પછી છે કાંઈ?"

"એમાં કોઈને પૂછવાનું ક્યાં છે? મને જ થાય છે કે વાત કહેવાય એવી નથી."

"પણ ભાઈ! કોઈ રીતે કહેવી છે? કોઈ વાતે?"

"પણ બહેન! કહીને શો ફાયદો? કામ વિનાની વાત, દમ વિનાની વાત, છોકરવાદીની વાત. એમાં કહેવું'તું શું? કહેવા જેવી નહિ હોય ત્યારે નહિ કહેતા હોઈએ ને?"

"પણ આટલો મોટો પડારો શો! કહીએ છીએ કે બાપુ, કહેને!"

"એમ? કહું ત્યારે?—પણ કોઈને કહેતી નહિ, હોં!"

"હું તે કોઈને કહું?"

"લે, સાંભળ ત્યારે—એ તો એમ થયું કે કુસુમબહેને મારા બૂટમાં કાગળના ડૂચા ભર્યા હતા!"

"ઓહોહોહો! આ તો ભારે વાત!"

*

## હેન્સ

ફૂલો ને લીલોતરીનાં ખેતરો પડ્યાં હતાં. પતંગિયાં ને ભમરા ઊડતાં હતાં. કોઈ વાર ચકલી બોલતી હતી, કોઈ વાર ચંડોળ બોલતું હતું, કોઈ વાર બુલબુલ બોલતું હતું, ને કોઈ વાર તમરું તમતમતું હતું.

ગામ ઘણે દૂર હતું. માણસો બધાં ઘેર હતાં. સીમ આખી એકલી હતી. ત્યાં કોઈ નહોતું. બે ભાઈઓ રમતા હતા. એકનું નામ હેન્સ, અને બીજાનું નામ નથી આવડતું.

એક તરફ ગામ ને બીજી તરફ દરિયો. વચ્ચે મોટો બંધ, એવો તો જાડો કે ઉપર ગાડાં ચાલે. બંધ જરાક તૂટે તો થઈ રહ્યું. ચારે કોર પાણી, પાણી! એકે જીવ જીવે નહિ.

“એલા હેન્સ! જો તો ખરો—આ નાનકડું કાણું શેનું? અહીં તો બડબડિયાં બોલે છે!”

“કાણું! ક્યાં છે? બતાવ જોઈએ!”

“આ રહ્યું—જરા જરા પાણી ગળે છે.”

“હાય હાય! આ તો બંધમાં કાણું પડ્યું છે! હવે શું કરશું?”

હેન્સે ચારે તરફ જોયું. દૂર દૂર નજર કરી—કોઈ ન મળે. કાણા તરફ જોયું

—પાણીનાં ટીપાં પડતાં હતાં. ફરી વાર ચોમેર આંખ ફેરવી—કોઈ નહીં. કાણા સામે જોયું, તો જરા મોટું થયેલું. હળવે હળવે પાણી ગળતું હતું.

ગામમાં જઈને ખબર કરે તો? પણ ત્યાં તો ગાબડું પડે. પછી તો સાંધ્યું યે ન સંધાય. ઘડીકમાં દરિયો ફરી વળે ને ગામ આખું રસાતાળ જાય!...ત્યારે?

હેન્સે ચારે કોર જોયું, કાણા તરફ જોયું, ઊંચે જોયું, નીચે જોયું—ઊંડે અંતરમાં જોયું.

“એલા ભાઈ! જા, દોડદોડ, ગજબ થશે! જઈને બાપુને કહે કે

બંધમાં કાણું પડ્યું છે. જોજે—ક્યાંય ઊભો રહ્યો તો! કહેજે કે હેન્સ કાણામાં આંગળી ખોસીને ઊભો છે. જીવ જશે, પણ આંગળી નહિ ખસે!”

નાનકો ઊપડ્યો. જાણે પવનનો ઘોડો. એ ગયો, એ ગયો! ક્યાંયનો ક્યાંય નીકળી ગયો. દેખાતોય બંધ થઈ ગયો.

દરિયો ઘૂઘવે છે, પ્રલયની વાતો કરે છે, પથ્થર પર પછડાઈ પછડાઈને પાછો વળે છે. પાસે પાસે આવતો જાય છે. હેન્સ કહે, “આંગળી તૂટી જાય તો યે શું? બહાર કાઢું તો તો થઈ રહ્યું! ઘડીકમાં આખું ગામ તણાઈ જાય ને?”

આંગળી બેરી થઈ ગઈ. હાથ ઠરવા લાગ્યો. હેન્સે હાથને બીજે હાથે ઘસ્યો, પણ શું વળે? હાથ બેરો ખોડ થઈ ગયો હતો. હેન્સે ચારે બાજુ જોયું. “આવે છે કોઈ માઈનો પૂત? આવે છે કોઈ માનવીની જાત?” પણ નિરાશ!

હાથ તો તૂટું તૂટું થઈ રહ્યો હતો. કાંડું તો જાણે હિમ થઈ ગયું! ઘડીકમાં તો કોણી પણ ઠંડી. એવી તો પીડા કે વાત કરો મા. પણ હેન્સ આંગળી શાનો કાઢે? એ તો ખોસી તે ખોસી.

પણ ત્યાં તો ખભામાં ને વાંસામાં સડાકે સડાકા! ઊભે વાંસે શૂળ નીકળ્યું. હેન્સે ચારેય દિશાએ આંખ ફેરવી—કોઈ ન મળે. “અરે! આટલી બધી વાર?”

એટલું સખત શૂળ કે રહ્યું ન જાય. હેન્સે માથું બંધ ઉપર ટેકવ્યું. કાન બંધને અડયા. દરિયાનું ભીષણ વચન સંભળાયું: “છોકરા! સમજ, સમજ, આંગળી કાઢી લે! જાણતો નથી—હું મહાન રાજા છું? મારી સામે થનાર તું કોણ? મને રોકનાર તું ક્યાંનો?”

હેન્સનું હૃદય ધ્રૂજી ઊઠ્યું: “અરે, હજી નહિ?”

દરિયાની ભયંકર વાણી જાણે ફરી વાર સંભળાઈ: “નાસી છૂટ, નાસી છૂટ; તારું મોત આવ્યું, છોકરા! તારું મોત આવ્યું. ઊભો રહે, આ આવ્યો છું, આ આવ્યો છું!”

હેન્સને હૈયે હામ ન રહી: “આંગળી કાઢી લઉં? નાસી જાઉં? ઊગરું?”

વળી વિચાર થયો: “નહિ, એમ કદી નહિ બને. આંગળી તો શું—પણ

જીવ જાય તો ય શું? ચાલ, આવી જા, હેન્સ અડગ છે; થાય તે કરી લે!” હેન્સે દાંત પીસ્યા. આંગળી કાણામાં જોસથી દબાવી.

“એ... પણે માણસો દેખાય! એ...નજીક પહોંચ્યા... આ આવ્યા. હાશ!”

“શાબાસ હેન્સ! શાબાસ હેન્સ! ફિકર નહિ—અમે આવી પહોંચ્યા છીએ.”

પાવડા ને કોદાળીઓ લઈને ટોળું મંડી પડ્યું....એક ક્ષણ, ને કાણું બરાબર.

હેન્સનો વરઘોડો કાઢ્યો. ચારે બાજુ સિપાઈઓની હાર, ને વચમાં હેન્સ. એક મોટા સિપાઈના ખભા ઉપર હેન્સ બેઠો હતો. લોકો બોલતા હતા: “શાબાસ હેન્સ! શાબાસ હેન્સ!”

['ગિજુભાઈની બાલવાર્તાઓ' પુસ્તક: ૧૯૯૦]

## ચોકમાં દાણા નાખ્યા છે

*આવો પારેવાં, આવો ને ચકલાં,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*આવો ને કાગડા, આવો ને હોલા,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*આવો ને મોરલા, આવો ને ઢેલડ,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*આવો પોપટડા, મેનાને લાવજો,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*આવો કાબરબાઈ, કલબલ ના કરશો,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*બંટી ને બાજરો, ચોખા ને બાવટો,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*ધોળી છે જાર ને ઘઉં છે રાતડા,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*નિરાંતે ખાજો, આનંદે ખેલજો,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*બિલ્લી નહીં આવશે, કુત્તો નહિ આવશે,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

*ચક-ચક કરજો ને કટ-કટ કરજો,*
*ચોકમાં દાણા નાખ્યા છે.*

# ગિજુભાઈની વાર્તાઓ

## પેમલો અને પેમલી

એક હતો પેમલો ને એક હતી પેમલી.

લાકડાં કાપવાથી થાકીપાકીને એક સાંજે પેમલો ઘેર આવ્યો. તેણે પેમલીને કહ્યું: "પેમલી! આજ તો થાકીને લોથ થઈ ગયો છું. જો મને પાણી ઊનું કરી આપે તો નાહીને પગ ઝારું અને થાક ઉતારું."

પેમલી કહે: "કઈ નભાઈ ના કહે છે? લો, પેલો હાંડો ઊચકો જોઈએ!"

પેમલાએ હાંડો ઊચક્યો ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે બાજુના કૂવામાંથી પાણી ભરી આવો.”

પેમલો પાણી ભરી આવ્યો ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે હાંડો ચૂલે ચડાવો.”

પેમલાએ હાંડો ચૂલે ચડાવ્યો ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે લો લાકડાં અને સળગાવો.”

પેમલાએ લાકડાં સળગાવ્યાં ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે ફૂંક્યા કરો; વળી બીજું શું?”

પેમલાએ ચૂલો ફૂંકીને તાપ કર્યો ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે હાંડો નીચે ઉતારો.”

પેમલાએ હાંડો નીચે ઉતાર્યો ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે હાંડો નાવણિયામાં મૂકો.”

પેમલાએ હાંડો નાવણિયામાં મૂક્યો ને કહેઃ “હવે?”

પેમલી કહેઃ “જુઓ, હવે નાહી લો.”

પેમલો નાહ્યો ને પછી કહેઃ “હવે?”

પેમલી કહેઃ “હવે હાંડો ઠેકાણે મૂકો.”

પેમલાએ હાંડો ઠેકાણે મૂક્યો. પછી શરીરે હાથ ફેરવતો ફેરવતો બોલ્યોઃ “હાશ! જો, શરીર કેવું હળવુંફૂલ થઈ ગયું! રોજ આમ પાણી ઊનું કરી આપતી હો તો કેવું સારું?”

*

## ‘લખ્યા બારું’

એક હતો વાણિયો. વાણિયો હતો ભલોભોળો, પણ કાળજાગાંડો.

નાની એવી હાટડી રાખે. તેમાં દાળિયા, મમરા ને રેવડી એવું એવું વેચે ને સાંજ પડ્યે પેટજોગું રળે.

એક વાર રાતે હાટડી બંધ કરી તે ઘેર જતો હતો. ત્યાં રસ્તામાં તેને ચોર મળ્યા.

વાણિયો ચોરને કહેઃ "અલ્યા, મોડી રાતે કોણ છો?"

ચોરો કહેઃ "કેમ ભાઈ! અમે તો વેપારી છીએ. ધમકાવી બિવરાવે છે શાનો?"

વાણિયો કહેઃ "અલ્યા, પણ અત્યારે મોડી રાતે ક્યાં ચાલ્યા?"

ચોરો કહેઃ "જઈએ છીએ તો માલ ખરીદવા."

વાણિયો કહેઃ "રોકડે કે ઉધાર?"

ચોરો કહેઃ "રોકડેય નહિ ને ઉધારેય નહિ. પૈસા જ દીધા વિના."

વાણિયો કહેઃ "ત્યારે એ વેપાર બહુ સારો! મને તમારી સાથે લેશો?"

ચોરો કહેઃ "ચાલ ને ભાઈ! ખુશીથી ચાલ. તનેય તે લાભ થશે."

વાણિયો કહેઃ "એ તો ઠીક. પણ વેપાર કેમ કરવો એ તો સમજાવો!"

ચોરો કહેઃ "લે, લખ કાગળમાંઃ કોઈના ઘરની પછીતે…"

વાણિયો કહેઃ "લખ્યુંઃ કોઈના ઘરની પછીતે…"

ચોરો કહેઃ "લખઃ હળવે હળવે બાકું પાડવું…"

વાણિયો કહેઃ "લખ્યુંઃ હળવે હળવે બાકું પાડવું…"

ચોરો કહેઃ "લખઃ ધીમે ધીમે ઘરમાં જવું…"

વાણિયો કહેઃ "લખ્યુંઃ ધીમે ધીમે ઘરમાં જવું…"

ચોરો કહેઃ "લખઃ જે જોઈએ તે ભેગું કરવું…"

વાણિયો કહેઃ "લખ્યુંઃ જે જોઈએ તે ભેગું કરવું…"

ચોરો કહેઃ "લખઃ ન ઘરધણીને પૂછવું ને ન પૈસા દેવા…"

વાણિયો કહેઃ "લખ્યુંઃ ન ઘરધણીને પૂછવું કે ન પૈસા દેવા…"

ચોરો કહેઃ "લખઃ લઈને ઘર ભેગા થઈ જવું."

વાણિયો કહે: “લખ્યું: લઈને ઘર ભેગા થઈ જવું.”

વાણિયો તો કાગળમાં બધુંય લખતો રહ્યો ને પછી કાગળ ખિસ્સામાં નાખ્યો.

ચોરો એક ઘરમાં ચોરી કરવા ગયા ને વાણિયો બીજાના ઘરમાં ચોરી કરવા ગયો. ત્યાં વાણિયાએ બાકસ સળગાવી કાગળિયું વાંચ્યું:

“કોઈના ઘરની પછીતે

હળવે હળવે કાણું પાડવું;

ધીમે ધીમે ઘરમાં જવું;

ન ઘરધણીને પૂછવું

ને ન પૈસા દેવા;

લઈને ઘર ભેગા થઈ જવું.”

વાણિયાએ તો બરાબર કાગળમાં લખ્યા પ્રમાણે કર્યું. પહેલાં પછીતે કાણું પાડ્યું; પછી એ હળવે હળવે ઘરમાં ગયો; પછી એક કોથળો શોધી તેમાં પિત્તળનાં નાનાંમોટાં વાસણો નિરાંતે ભરવા લાગ્યો. એમ કરતાં કથરોટ નીચે પડી ને અવાજ થતાં ઘરનાં જાગી ઊઠ્યાં.

વાણિયાને પકડ્યો ને સૌ તેને માર મારવા લાગ્યાં.

માર ખાતાં ખાતાં વાણિયાએ પોતાના ખિસ્સામાંનું કાગળિયું કાઢ્યું ને જેમતેમ વાંચી લીધું.

વાણિયો તો કૂદતો જાય ને બોલતો જાય:

“એ ભાઈ, આ તો લખ્યા બારું; એ ભાઈ, લખ્યા બારું છે!”

બધાં વિચારમાં પડ્યાં ને મારતાં અટકી જઈ એને કહે: “એલા, આ શું બોલે છે?”

વાણિયો કહે: “લો આ કાગળિયું. લખ્યું છે એમાં ક્યાંય માર ખાવાનું? આ તો તમે લખ્યા બારું કરો છો!”

*

## વહતા ભાભા

નાનું એવું ગામડું હતું. એમાં બધીય વસ્તી અજડ; કંઈ સમજેય નહિ ને સુણેય નહિ. એકેય ચીજને ઓળખેય નહિ ને કોઈને કોઈનું નામેય ન આવડે. એક વખત ચોમાસામાં એક મહોલ્લામાં દેડકું આવ્યું. જન્મારામાં દેડકું કોઈએ દીઠેલું નહિ, એટલે આખા ગામના માણસો એકઠા મળ્યા. સૌ વાંકા વળીને નીરખી નીરખીને જોવા લાગ્યા. એ શું હશે તે કોઈ કળી ન શક્યું. ત્યારે બહુ વારે એક બોલ્યો: “આ તે શું હશે માળું?”

ત્યારે બીજો કહે: “અરે ભાઈ! એ તો બગલું હશે, બગલું! તમને શી ખબર પડે?” ત્યાં વળી ત્રીજો કહે: “અરે ભાઈ! વગર વિચાર્યે કાં બોલો? એ તો ભાઈ શિયાળ હશે શિયાળ! ચોમાસું છે એટલે વગડામાંથી આવી ચડ્યું હોય!”

ત્યાં તો એકે કહ્યું: “અરે ભાઈ! બોલાવો ને આપણા વહતા ભાભાને! જેવું હશે એવું કહેશે. એ ઘરડું માણસ છે. એમણે ઘણાં ચોમાસાં જોયાં છે. એમણે બધું જોયુંજાણ્યું હશે. આપણે તે શું સમજીએ? એમને જ પૂછીએ.”

એક જણ વહતા ભાભાને બોલાવવા દોડ્યો. વહતા ભાભા તો રાડો નાખતા આવ્યા: “અલ્યાઓ, હવે તો કંઈ શીખો! આખો જન્મારો હું કંઈ બેસી રહેવાનો છું, તે તમને બધું કહ્યા કરીશ? જીવીજીવીને હું હવે કેટલું જીવવાનો? એદીપણું મૂકી દો. કંઈ શીખો.”

પછી દેડકાને જોઈ વહતા ભાભા બોલ્યા: “ઓહો! આમાં તે શું? નાખો ને ચપટી દાણા; ચણે તો ચકલું, નહિ તો મોર તો ખરો!”

# મૂળ નાનપણમાં

મને અંકગણિત ગમતું નથી. મહેનત કરીને શીખ્યો હતો તેટલું પાછું ભૂલી ગયો છું.

એક વાર ગુજરાતી બીજા ધોરણમાં ગણિત શીખવાતું હતું. શિક્ષક પાટિયા પર દાખલો શીખવતા હતા; છોકરાઓ મોં ફાડી સામે જોઈ રહ્યા હતા. એક છોકરો ઝોકે ગયો ને શિક્ષકે ચાકનો ઘા કર્યો. તેને ચાક લાગ્યો. એ છોકરો તે હું.

ગણિતના અણગમાનું દૂર દૂરનું અને પહેલું કારણ આ શિક્ષા તો નહિ હોય? પછીથી તે વિષય ગમાડવાના પ્રયત્નોની સામે આ મૂળ વિરોધ કામ નહિ કરતો હોય? મને તો એમ લાગે છે. કારણ ગણિત સામે મારે બીજી રીતે વેર નથી. અક્ષરગણિત અને ભૂમિતિ મને પ્રિય છે; પણ શિક્ષકે જ મને અંકગણિતનો દ્વેષ્ટા બનાવ્યો છે.

આપણી અત્યારની પસંદગી-નાપસંદગી અગર ગમા-અણગમા પાછળ નાનપણના કેવા કેવા કડવા-મીઠા અનુભવો હશે, તે આપણે ખોળવા જોઈએ. આપણે અત્યારે છીએ તેનાં મૂળ નાનપણમાં છે. નાનપણમાં આપણે બંધાઈએ છીએ. બાળકોને કડવા-મીઠા અનુભવો કરાવીએ તે પહેલાં વિચારીએ કે તેની કેવી દૃઢ અસર આખર સુધી રહી જાય છે.

['શિક્ષક હો તો' પુસ્તક]

# ગિરાબહેન સ. પટેલ

## પોતાનો નિયમઃ પોતે જ દંડાયા!

બાપુજી ઘરમાં રહે, પણ મહેમાનની જેમ. ક્યારેય કશું માગવાનું નહીં, કોઈ સૂચન કરવાનું નહીં. એમનું કબાટ એકદમ વ્યવસ્થિત. થેલામાં કપડાં લઈ બહારગામ જાય, પણ ગોઠવે એટલું સુંદર કે એક પણ કરચલી ન હોય. એમનાં કપડાંને અસ્ત્રી કરીએ તે જરાય ન ગમે. પોતાનું બધું કામ જાતે કરે. છેલ્લે સુધી જમીને થાળી જાતે જ ઉપાડતા. છેલ્લાં ચાર વરસ આંખ ગુમાવી હતી છતાં કદી કોઈની મદદ માગી નથી. ખૂબ મિતભાષી. કદી કોઈનું ઘસાતું બોલ્યા નથી.

૩૬ જેટલી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. દરેકની મિટિંગ વખતે ગાડી લેવા આવશે, એવો સંદેશો આવે. પણ ના કહેઃ એક જણ માટે આટલું પેટ્રોલ ના બળાય. બસ કે ટ્રેનમાં જાય.

સમયની એમની શિસ્ત તો ખૂબ જાણીતી છે. મુખ્ય મંત્રી હતા ત્યારે એક વાર કેબિનેટની મિટિંગ સવારે ૮ વાગ્યે હતી. સમય થઈ ગયો પણ તેઓ તો કસરત, સ્નાન, નાસ્તો કરતા રહ્યા. અમને થયું કે મિટિંગ બંધ રહી હશે કે શું, તેથી પ્રભાકરભાઈ મિટિંગના સ્થળે જોવા ગયા. તો આખું મંત્રીમંડળ રાહ જોતું બેઠેલું. તરત પાછા આવીને ખબર આપ્યા. બાપુજીએ કાંડા ઘડિયાળ જોયું તો તેમાં હજી ૮ નહોતા વાગ્યા—બંધ પડી ગયેલું! બધા સમયસર આવે તે માટે બાપુજીએ જ નિયમ કરાવેલઃ મંત્રી જેટલી મિનિટ મોડા આવે, તેટલા રૂપિયા દંડ. કદી મોડા ન પડનાર બાબુભાઈ આજે ખરા પકડાયા, એમ માની બધા તાકીને બેઠેલા. રૂમમાં દાખલ થતાં ૮-૧૫ થયેલઃ બાપુજીએ રૂ. ૧૫ ધરી દીધા.

# ગિરિજાકુમાર માથુર

## બૌનોં કી દુનિયા

*હમ સબ બૌને હૈં—*
*મન સે, મસ્તિશ્ક સે ભી,*
*બુદ્ધિ સે, વિવેક સે ભી,*
*ક્યોંકિ હમ જન હૈં,*
*સાધારણ હૈં;*
*ક્યોંકિ જમાના હમેં*
*ચાહતા હૈ બૌને રહેં—*
*વર્ના મિલેંગે કહાં*
*વક્તા કો શ્રોતા,*
*નેતા કો પિછલગુએ,*
*બુદ્ધજનોં કો પાઠક,*
*આંદોલનોં કો ભીડ,*
*ધર્મો કો ભક્ત,*
*સંપ્રદાયોં કો મતિમંદ,*
*તોપોં કો ભોજન,*
*મતવાદોં કો બુદ્ધુ*
*સાંચે-ઢલે આદમી?*

*હમ સબ ઈન્હીં કે લિએ*
*યુગ-યુગ સે જીતે હૈં.*
*ઇતિહાસ ઉનકા હૈ,*
*હમ સબ તો સ્યાહી હૈ.*
*વિજય સભી ઉનકી,*
*હમ ઘાયલ સિપાહી હૈં.*

*હમકો હમેશા હી*
*ઘાયલ ભી રહના,*
*સિપાહી ભી રહના હૈ;*
*દૈત્યોં કે કામ નિભા*
*બૌને હી રહના હૈ.*

[કાવ્યસંગ્રહ ‘ભારતવાણી’]

# ગિરીશ ગણાત્રા

## જ્ઞાનયજ્ઞનો આચાર્ય

છપ્પન વર્ષના મનુભાઈને કોઈ શોખ હોય તો તે એક જ—વાંચવાનો, ખૂબ ખૂબ વાંચવાનો અને શ્રેષ્ઠ સાહિત્યનું આચમન કરવાનો. જગતનાં ઉત્તમ પુસ્તકો એ વાંચતા અને સંઘરતા. આમ જુઓ તો એનો અભ્યાસ કંઈ જ નહિ. એમને જો પૂછો કે મનુભાઈ, કેટલું ભણ્યા છો? તો મરક મરક હસીને જવાબ આપે—ભાઈ, હું તો અંગૂઠાછાપ છું—કંઈ ભણ્યો નથી! પણ આ જવાબ આપતી વખતે એના હાથમાં હોય એક અંગ્રેજી પુસ્તકનું થોથું! અને પછી નિજી જીવનના પ્રશ્નનો સામનો ન કરવો પડે એટલે વાતની ગાડીને ઊંધે પાટે ચડાવતાં સામેથી પૂછે: આ પુસ્તક વાંચ્યું છે? અને એ પુસ્તકનું શીર્ષક-પૂઠું બતાવીને બોલે: વિક્ટર હ્યુગો એટલે શબ્દનો સ્વામી. 'લા મિઝરાબલ' એની એક શ્રેષ્ઠ કૃતિ ગણાય છે. મારી પાસે એની આઠમી એડિશન છે. જોઈએ તો તમને એક કૉપી આપી શકું. કિંમત ખાસ નથી. માત્રા ત્રીસ જ રૂપિયા.

મનુભાઈનો ધંધો ફૂટપાથ પર બેસી જૂનાં પુસ્તકો વેચવાનો. માત્રા પુસ્તકો જ નહિ, ફોટોગ્રાફી, ફર્નિચર, સંગીત, શિલ્પશાસ્ત્રા, ફિલ્મ, રંગભૂમિ, જ્વેલરી ડિઝાઇન, સાહિત્ય પરિષદો વગેરેના ખાસ ખાસ અંકો કે સ્મરણિકાઓ એની પાસેથી મળી આવે. ભારતમાં મુસ્લિમોના પ્રથમ પ્રવેશ અંગે મારે વિગતવાર માહિતી જોઈતી હતી: મનુભાઈને કહેવાથી એણે એક મહિનામાં દળદાર ગ્રંથ મારી સામે મૂકી દીધો. કૉલેજના વિદ્વાન પ્રોફેસરો પણ મનુભાઈની અવારનવાર મુલાકાત લેતા.

મનુભાઈને એના સમવયસ્કો મનિયો કહીને જ બોલાવતા. જે ઉંમરે બાળકોને ભણવા કરતાં રમતમાં વધારે રસ પડે તે ઉંમરે મનિયો કંઈક ને કંઈક વાંચતો બેઠો જ હોય. એની મા ગાંધીની દુકાને ખરીદી કરવા મોકલે ત્યારે પસ્તીના પડીકામાં વીંટળાયેલી વસ્તુને જલદી જલદી થાળીમાં

ઠાલવી એ પડીકાનું પાનું રસપૂર્વક વાંચવા લાગે. અરે, જમતી વખતે પણ ક્યાંકથી માગી લાવેલા સામયિકમાં એની નજર હોય. એની મા એને ટોકતી કે, મનિયા, ભાણામાં ધ્યાન રાખ; પણ ભાણામાંથી બટકું ભરી ફરી એની નજર અધૂરા રહેલા ફકરાને પૂરું કરવામાં પરોવાયેલી હોય. મોટા થઈને મનુભાઈ પરણ્યા ત્યારે એની પત્ની મજાકમાં પડોશીઓને કહેતી, કે તમારા ભાઈની થાળીમાં કંઈ પીરસાય નહિ તે ચાલે, પણ જમતી વખતે કોઈ ચોપડી તો જોઈએ જ!

મનુને બહુ બહુ ભણવું હતું, પણ એ નવમા ધોરણમાં હતો ત્યારે જ પિતા મૃત્યુ પામતાં ઘરની જવાબદારી એને માથે આવી પડી. વિધવા મા અને માંદાં રહેતાં મોટી બાનો ભાર આવી પડયો મનિયા માથે. પિતાના મૃત્યુ પછી મા કોઈનાં ઘરકામ કરી ઘરનું ગાડું ગબડાવતી. પણ પછી ઘરમાં પૈસાની ખેંચ વરતાવા લાગી. એક ટંકના જમવાના પણ સાંસા પડવા લાગ્યા. છેવટે મનિયો ભણવાનું પડતું મૂકી નોકરીએ લાગી ગયો. ચૌદ વર્ષના છોકરાને નોકરીએ કોણ રાખે? પણ એના પિતાના ધંધાદારી એક જણને આ કુટુંબની દયા આવી, તે એ તેની સાથે ફેરીએ જવા લાગ્યો. એના પિતા પણ જૂનો ભંગાર, પસ્તી લેવાની ફેરી જ કરતા હતા ને! પિતાના ઓળખીતા ફેરીવાળા જોડે મનિયો પણ બાપની રેંકડી લઈ શહેરની ગલીએ ગલીએ ફરતો થયો અને કાચની શીશીઓ, ખાલી તેલના ડબ્બા, ડુબલીઓ, ગૂણિયા, લોખંડનો ભંગાર અને પસ્તી જોખતો થઈ ગયો. સાંજે તે બધું ઉઘરાવી તે જથ્થાબંધ વેપારીને ત્યાં વેચી આવતો. પસ્તી આપતી વખતે જો સારાં મૅગેઝિન એની નજરે ચડયાં તો એ સેરવી લેતો. મોડી રાત સુધી એ વાંચતો રહેતો.

સત્તર-અઢાર વર્ષની ઉંમરે એ બરાબરનું કમાતો થઈ ગયો કે માને કોઈનાં ઘરકામ કરવામાંથી નિવૃત્તિ અપાવી દીધી. સવારના નવ-સાડા નવ વાગ્યે માએ બાંધી આપેલાં રોટલી-શાક લઈ રેંકડી સાથે શહેરમાં રખડવા નીકળી પડતો અને દિવસ આખામાં એકઠા થયેલા ભંગારને વેચી રાત્રો આઠ વાગ્યે ઘેર પહોંચતો, ત્યારે એનું પરિભ્રમણ

પંદર-વીસ કિલોમીટરનું તો થઈ જ ગયું હોય. ખાલી રેંકડીમાં હોય બે-ત્રણ મૅગેઝિનો કે કોઈ જૂની ચોપડીઓ. પણ આ વાચતાં વાચતાં મનુને થઈ આવ્યું કે અંગ્રેજીના અભ્યાસ વિના બધું નકામું; અંગ્રેજી તો અનેક ભાષામાં લખાયેલા સાહિત્ય સુધી પહોંચવાનો ધોરી માર્ગ છે. એક શિક્ષકના માર્ગદર્શન નીચે મનુએ રાત્રો એક કલાક સુધી અંગ્રેજીના શબ્દો અને વાક્યરચનાઓ ગોખવાનો કાર્યક્રમ ઘડી કાઢયો. એની રેંકડીએ વેચાવા આવેલાં અંગ્રેજી ભાષાનાં સામયિકો કે પુસ્તકોની તો કમી હતી જ નહિ.

એણે મનોમન એક નોંધ લીધી કે રેંકડી લઈને ગલીએ ગલીએ ફરવા કરતાં એક સ્થાયી જગાએ બેસવું સારું. આ સ્થાયી જગા એટલે શૈક્ષણિક સંકુલના પરિસરમાં આવેલો ફૂટપાથનો કોઈ ખાંચો. હવે પસ્તીની લે-વેચ કરવાને બદલે બુક્સ—મૅગેઝિનનો પથારો કરી એનું વેચાણ કરવું.

આટલાં વર્ષોમાં હવે એ અંગ્રેજી નવલકથાઓ વાંચતો થઈ ગયો હતો. ક્યારેક પસ્તીની લે-વેચમાં એને સારાં પુસ્તકો મળી જાય તો એ રાખી લેતો. એ હવે માનતો થઈ ગયો કે પુસ્તકો વિના આપણે ભણેલા હોઈએ તો પણ અડધા અભણ છીએ.

પચ્ચીસમે વર્ષે મનુ પરણ્યો. પરણતાં પહેલાં વેચવા માટે સારાં પુસ્તકો, સામયિકોના દળદાર અંકો એ વસાવવા લાગેલો. ઉપરાંત, એક શૈક્ષણિક સંસ્થાના વિશાળ સંકુલની પાછલા ભાગની દીવાલ અને એનો એક ખાંચો નજરમાં રાખી લીધેલો. એટલે એક દિવસ શુભ મુહૂર્ત જોઈ એણે આ જગામાં, બત્તીના થાંભલા નીચે મોટી તાડપત્રી પાથરી હાટડી માંડી દીધી. હવે એ મોડી રાત સુધી અહીં બેસતો. ઘરાકી ન હોય ત્યારે એનું વાંચનકાર્ય ચાલુ જ રહેતું. છ મહિનામાં એની આ હાટડીએ ધ્યાન ખેંચી લીધું. બપોરના ભાગમાં એ જ્યાં મળે ત્યાંથી જૂનાં પુસ્તકો સસ્તા ભાવે ખરીદી લાવતો. કેટલીક વખત તો માંદી લાઇબ્રેરીનાં પુસ્તકોનો ઢગલો પણ ખરીદી લેતો. શિક્ષિત વર્ગનું ધ્યાન ખેંચવા એણે દીવાલ પર ‘વર્લ્ડ ક્લાસિક્સ’ જેવું કાગળનું પૂઠું લગાવી

જગતના સાહિત્યનો શ્રેષ્ઠ ખજાનો અલગ પાડી દીધો. હેરીએટ બીચર સ્ટોની 'અંકલ ટોમ્સ કેબિન', એલેકઝાન્ડર ડુમાની 'ધ કાઉન્ટ ઑફ મોન્ટે ક્રીસ્ટો', ડેનીઅલ ડીફોની 'રોબીન્સન ક્રુઝો', શેલી-બાયરન-કીટ્સની કૃતિઓ, પર્લ બકની 'ધ ગુડ અર્થ', ચાર્લ્સ ડિકન્સની 'એ ટેલ ઑફ ટુ સીટીઝ', ગુસ્તાવ ફ્લોબેરની 'માદામ બોવરી' અને જવાહરલાલ નેહરુની 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા' જેવાં પુસ્તકો અલગ તારવીને ગોઠવ્યાં. કૉલેજનાં છોકરા-છોકરીઓને ગમતી એલીસ્ટર મેકલીન, અર્લ સ્ટેનલી ગાર્ડનર, આગાથા ક્રિસ્ટી, ઇવાન હન્ટર, હેરોલ્ડ રોબીન્સ કે એન્ડરસન સ્કોટની કથાઓ તો ઢગલાબંધ ખડકાયેલી રહેતી.

મનિયામાંથી મનુ તો એ બની ગયેલો, પણ હવે એના જ્ઞાનને કારણે મનુભાઈના માનાર્થભર્યા નામથી એ ઓળખાવા લાગ્યા. કૉલેજના પ્રોફેસરો એની વારંવાર મુલાકાત લેવા લાગ્યા. "મનુભાઈ, કાર્લ માર્ક્સનું 'ડાસ કેપિટલ' મળે તો મારે માટે રાખી મૂકજો." વળી કોઈ તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક 'વિઝડમ ઑફ કૉન્ફ્યુશિયસ'ની માગણી કરતા. ઇતિહાસના પ્રાધ્યાપકો 'ડિક્લાઇન ઍન્ડ ફોલ ઑફ ધ રોમન એમ્પાયર' કે 'ધ ફ્રેંચ રેવોલ્યુશન'નો ઓર્ડર મૂકતા, તો ગુજરાતીના પ્રાધ્યાપકો આનંદશંકર ધ્રુવ, નર્મદ, મેઘાણી કે મુનશીનાં પુસ્તકોને ઘરમાં વસાવવા લઈ જતા.

મનુભાઈની સાહિત્યયાત્રા તો લંબાતી જ ગઈ. વિશ્વનાં શ્રેષ્ઠ પુસ્તકોની એણે પોતાના જ ઘરમાં લાઇબ્રેરી બનાવી હતી. શેક્સપિયરનાં તમામ નાટકો, ટોમસ હાર્ડી, મોંપાસા, એડગર એલન પો, સમરસેટ મોમ કે જેમ્સ જોયસથી માંડી સાર્ત્રા સુધીના તમામ લેખકોની કૃતિઓ એના પોતાના પુસ્તકાલયમાં મોજૂદ હતી. આ તમામ પુસ્તકો મનુભાઈએ વાંચ્યાં હતાં અને એનું મૂલ્ય તે સમજતા હતા.

મનુભાઈના જીવનમાં એક ઘટના એવી બની કે વાચન તરફ એ વધુ ને વધુ ઢળતા ગયા. મનુભાઈનાં પત્ની ભાનુબહેનની પહેલી પ્રસૂતિ કસુવાવડ નીવડી, તો બીજી પ્રસૂતિમાં ગર્ભાશયમાં જ બાળક મૃત્યુ પામ્યું. એનું ઝેર એના શરીરમાં વ્યાપી જતાં ભાનુબહેને જીવ ગુમાવ્યો. ત્રીસ વર્ષની ઉંમરમાં મનુભાઈએ પત્ની ગુમાવી. માતાએ એને

ફરી પરણાવવાનો પ્રયત્ન કર્યો, પણ મનુભાઈએ તો આયખું પુસ્તકોને સમર્પિત કરવાનું નક્કી કર્યું. હવે સંસારની કોઈ જંજાળ તો નહોતી રહી. મા એને રોટલા ટીપી દેતી. ક્યારેક એ ઘરમાં એકલી એકલી કંટાળે ત્યારે મંદિરે દર્શન કરી પુત્રની હાટડીએ બેસતી. દીકરો જે રીતે પુસ્તકોમાં રસ લેતો અને એમાં જ એનો જીવ પરોવાયેલો રહેતો, તે જોઈ માને પણ થયું કે આ પુસ્તકભક્ત જોગીને હવે સંસારમાં ખેંચવામાં સાર નથી. જે રીતે બૌદ્ધિકજનો એને માન આપતા એ જોઈને માને થયું કે છોકરાનું જીવનસાફલ્ય આમાં જ છે.

જીવનનાં બાકીનાં વર્ષો મનુભાઈએ શ્રેષ્ઠ પુસ્તકો વસાવવામાં જ ધ્યાન આપ્યું. કોઈ પણ લાઇબ્રેરીમાં જો અમૂલ્ય ગણાય એવું પુસ્તક ન મળે તો શોધનારે મનુભાઈનો સંપર્ક સાધવાનો રહેતો. આવા એક પુસ્તકની શોધમાં જ્યારે હું એક સવારે મનુભાઈને ઘેર ગયો ત્યારે એના ઘરમાં બનેલી લાઇબ્રેરી જોઈ હું દિગ્મૂઢ થઈ ગયો!

“આ પુસ્તકો હવે ભારતમાં ક્યાંય મળે તો મળી જાય,” મનુભાઈએ એક કબાટ તરફ આંગળી ચીંધી કહ્યું; “પણ એની શક્યતા ઓછી છે. કેટલીય રઝળપાટ પછી મેં આ બધાં મેળવ્યાં છે. મારી મા જીવતી હતી ત્યારે દવાઓ છાંટી છાંટી એની જાળવણી કરતી, પણ હવે આ ઉંમરે મારાથી એટલી બધી કાળજી લેવાતી નથી. આ જુઓ ‘ભગવદ્ગીતા’ની એક નકલ. બહુ જૂની છે, પણ ‘ગીતાજી’માં જેટલા શ્લોકો છે એના કરતાં એક વધારાનો શ્લોક આ નકલમાં છે.” મનુભાઈએ જતનપૂર્વક એ નકલ કાઢી મને બતાવી.

મેં પૂછ્યું: “મનુભાઈ, તમે તો જીવનમાં હવે એકલા જ છો.”

“એકલો શાનો?” મનુભાઈએ વિરોધનો સૂર કાઢતાં કહ્યું, “જુઓ ને, આટલા બધા મિત્રો તો મારા ઘરમાં છે. પુસ્તકો આપણા સાચા મિત્રો. એ આટલા નજીક હોય પછી હું એકલો શાનો?”

“મારો કહેવાનો મતલબ મનુભાઈ, એ હતો કે હવે તમારું વારસદાર કોઈ નથી. તમે નહિ હો પછી આ પુસ્તકો…”

"કોઈ સારા એવા પુસ્તકાલયને કે જેનો લાઇબ્રેરિયન મારા આ સાથીદારોને સારી રીતે સાચવે એને આપી દઈશ. મારા વીલમાં એ પુસ્તકાલયનું નામ લખતો જઈશ."

"કોઈ નામ નક્કી કરી રાખ્યું છે?"

"ના. પણ એક-બે મારા ધ્યાનમાં છે. પણ કંઈ કહેવાય નહિ. હજુ તો હું જીવું છું. ઓછામાં ઓછો દસકો તો કાઢી નાખીશ એવું લાગે છે, પછી જેવી ઈશ્વરની મરજી."

ક્યારેક ક્યારેક હું આ પુસ્તકઋષિના પથારા પાસે જાઉં છું, ત્યાં રાખેલા મુઢા પર બેસી પુસ્તકો ઊથલાવું છું, ક્યારેક ખરીદી લઉં છું તો કોઈ વખત ત્યાં બેસીને વાંચી લઉં છું. લોકો વાંચે એ માટે તો એણે સાત-આઠ મૂડાઓ ત્યાં રાખ્યા છે. એકાદ કલાક ત્યાં બેઠા હોઈએ તો એની પાસે વેચાવા આવેલાં પુસ્તકોમાં ખાંખાંખોળા કરતા, એ કાર્યમાં મગ્ન જ હોય. જાણે જ્ઞાનયજ્ઞનો આચાર્ય.

['જન્મભૂમિ-પ્રવાસી' અઠવાડિક: ૨૦૦૩]

# ગીતા પરીખ

## ઘસરકો

*બા,*
*તમે અહીં હતાં ત્યારે*
*ઘરમાં કેવાં હવા જેમ ભળી જતાં!*
*અને અહીંથી ગયાં ત્યારે પણ…*
*તમારા જવાનો સ્હેજ અમથો ઘસરકો પણ*
*આકાશના ફલક પર*
*(અમારાં હૃદય પર?)*
*ક્યાંય અંકાય નહીં—વાગે નહીં—*
*તેવી હળવાશથી તમે સરી ગયાં!*

# ગુણવંત પંડ્યા

## આ તે કેવું?

*ઉરનું આ તે કેવું પંખી!*
*વર્ષામાં રિબાય તૃષાથી, ઝાકળને રહે ઝંખી:*
*ઉરનું આ તે કેવું પંખી!*

*આગ જલે ભીતરમાં એની, બહાર સદા યે હસતું;*
*મૃગજળને માની જળબિન્દુ નિત વેરાને ધસતું;*
*અણદીઠાંની આંખમહીં પણ નેહ રહે એ ઝંખી:*
*ઉરનું આ તે કેવું પંખી!*

*વસંતના વૈભવમાં એનું બળતું અંતર ઝાળે,*
*પાનખરે એ થઈને કોકિલ ગુંજે ગીત સહકારે,*
*પ્રીતો એની કંટક સાથે, કુસુમો રહેતાં ડંખી:*
*ઉરનું આ તે કેવું પંખી!*

*ચિરપરિચિત છોડી મારગ, અણદીઠા પથ ધાતું;*
*અંધારે અટવાતું, ઠોકર ખાતું—ખાઈ મલકાતું;*
*મારગ ક્યાંના? જાવું ક્યાં? શીદ? જાણે નહિ પણ પંથી!*
*ઉરનું આ તે કેવું પંખી!*

# ગુણવંત શાહ

## માંદા પડવાની સાધના

એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા. સેમ્યુઅલ બટલરે એક એવા આદર્શ સમાજની કલ્પના કરેલી જેમાં માંદા પડનાર માણસને કેદની સજા થાય.

માણસો પોતાના જ શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તે છે. વર્ષો સુધી શરીર અપમાનિત થતું રહે છે. ખાટલામાં પડેલું જુવાન શરીર એ તો અપમાનો અસહ્ય બની ગયા પછી શરીર દ્વારા શરૂ થયેલો સવિનય કાનૂનભંગ છે. હૃદયરોગનો હુમલો કાંઈ મફતમાં નથી મળતો, એ માટે વરસો સુધી મથવું પડે છે; શરીરને પોટલું સમજીને કલાકો સુધી ઑફિસની ખુરશીમાં બેસાડી રાખવું પડે છે અને ગમે તે સમયે, ગમે તેવું અને ગમે તેટલું ખાવું પડે છે. રોગ થાય તે માટે સુખી લોકો જે સાધના કરે તેને બેઠાડુપણું કહેવામાં આવે છે. આવા સાધકોની સંખ્યા આપણા દેશમાં ઓછી નથી.

હૉસ્પિટલની શોભા વધારવા શું થઈ શકે? ઘણાખરા ખાટલા ખાલી પડ્યા રહે, એ જ તો હૉસ્પિટલની ખરી શોભા ગણાય. ઓ.પી.ડી.માં કીડિયારું ઊભરાય, એ તો સભ્ય ગણાતા સમાજની શરમ છે. અનાથ આશ્રમમાં બાળકોની અને ઘરડાં—ઘરમાં વૃદ્ધોની સંખ્યા વધે, એ કંઈ તંદુરસ્ત સમાજની નિશાની નથી.

ડૉક્ટરને તાવની ફરિયાદ કરનારા દર્દીઓને કાને આજકાલ બે શબ્દો અચૂક પડે છે: ‘વાઈરલ ઇન્ફેક્શન.’ ડૉક્ટરને કાંઈ જ ન સમજાય ત્યારે આ બે શબ્દો એની મદદે આવે છે. ડૉક્ટરોનો એમાં વાંક નથી. જે દેશમાં જાહેર આરોગ્ય આટલું પાંગળું હોય, ત્યાં ઢગલાબંધ વસતિમાં જથ્થાબંધ મહામારી હોવાની જ.

# માઈક પરથી વહેતો ત્રાસવાદ

એક સભામાં બોલવાનું હતું. સમયસર સભાના સ્થળે પહોંચ્યા પછી અડધો કલાક વીતી ગયો, ત્યારે અન્ય વક્તાઓ આવ્યા. આટલું મોડું થયું તોય પ્રાર્થના પચ્ચીસ મિનિટ ચાલી. ટ્રેન મોડી પડે ત્યારે પેસેન્જરો શ્રદ્ધા પ્રગટ કરતા હોય છે કે મુંબઈ પહોંચતાં સુધીમાં એંજિન ડ્રાઇવર મેક-અપ કરી લેશે. પણ ગમે તેટલું મોડું થયું હોય તોય સભાના આયોજકોને કોઈ જ ઉચાટ નથી હોતો. આજકાલ સભાઓમાં વળી એક નવતર પાત્ર ઉમેરાયું છે. સભાનો સૂત્રધાર (કોમ્પેઅર) દરેક વક્તા ઊભો થાય તે પહેલાં અને બેસી જાય પછી ત્રાણ-ચાર મિનિટો ખાઈ જાય છે. આપણે એને કાર્યક્રમનો બિન લાદેન કહી શકીએ.

બીજા પ્રસંગે એક ઉચ્ચ કક્ષાની સભામાં પ્રવચન કરવાનું હતું. કાર્યક્રમના બે સ્પષ્ટ વિભાગો આમંત્રણ-કાર્ડમાં જ પાડવામાં આવેલા. પહેલા કલાકમાં એક પ્રધાનશ્રી દીપ પ્રગટાવીને સંબોધન કરવાના હતા અને પછીના બે કલાકો પરિસંવાદ માટે ફાળવવામાં આવેલા. ચાર વક્તાઓ બોલવાના હતા. યોજક વિદ્વાનની આગળથી રજા લઈને એક કલાક મોડા જવાનું રાખ્યું. કારણ મનમાં રાખ્યું. સભાસ્થળે પહોંચવાનું થયું, ત્યારે હજી કાર્યક્રમ માંડ શરૂ થયો હતો. પ્રધાનશ્રી ૩૫-૪૦ મિનિટ બોલ્યા. તેઓએ બે-ત્રણ વખત નમ્રતા બતાવી કે જે સભામાં આવા વિદ્વાનો બોલવાના હોય ત્યાં પોતે વધારે તો શું બોલે! એમની વાત સાવ સાચી છે. કાર્યક્રમ લગભગ અઢી કલાક ચાલ્યો.

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૧મું અધિવેશન પાટણમાં યોજાઈ ગયું, તેમાં પ્રબુદ્ધ સાહિત્યકારોનાં પ્રવચનો સાંભળવા મળ્યાં. એ યાદગાર અધિવેશનમાં એક જ બાબત ખૂટતી હતી અને તે ઘડિયાળ. પરિષદના અધ્યક્ષ રઘુવીર ચૌધરીને વાતવાતમાં મેં કહ્યું કે બેઠકો દોઢ-બે કલાક મોડી પડતી જાય છે. રઘુવીરે મારા કપાળ પર તિલક કરતા હોય એવી અદાથી કહ્યું: "અમે જડ છીએ, તમે ધીરેધીરે ટેવાઈ જશો." મારી તો બોલતી જ બંધ થઈ ગઈ!

છેલ્લા કેટલાક સમયથી સભાઓ ગંગાસ્વરૂપ બનતી જાય છે. શ્રોતાઓ ઓછા હોય એ ઘટના બિલકુલ દુખદ નથી, પરંતુ હૉલ મોટો લાગે તે બાબત પીડાકારક છે. ગમે તેવો નાનો ઓરડો પણ મોટો પડે, એવી સ્થિતિ થવાની છે. સ્ટેજ પર બેઠેલાઓની સંખ્યા વધી છે. સામે બેઠેલાઓની દયા ખાધા વગર માઈક્રોફોન પરથી ત્રાસવાદ વહેતો જ રહે છે.

આજનો માણસ ત્રણ ત્રણ કલાકની સભાઓ શા માટે વેઠે? લાંબાલચક કાર્યક્રમમાં એક વાર ફસાઈ ગયેલો ભોળો શ્રોતા બીજી વાર સભામાં જવાનું સાહસ કરતો નથી. આમ દિવસે દિવસે સુજ્ઞ શ્રોતાઓની સંખ્યા વદ પક્ષના ચંદ્રની માફક સંકોચાતી જાય છે. યુવાનોએ તો સભામાં હાજર રહેવાના વ્યસનને ક્યારની તિલાંજલિ આપી દીધી છે. કોઈ ઉપાય ખરો?

ક્રિકેટમાં જેમ ‘વન-ડે-મેચ’નો પ્રારંભ થયો છે, તેમ એક કલાકની સભા શરૂ થાય તે ખૂબ જરૂરી છે. એવી સભામાં ત્રણ મિનિટની પ્રાર્થના અને ત્રણ મિનિટની સ્વાગત-વિધિ પછી મુખ્ય વક્તાને ૪૫ મિનિટ મળે, અને પ્રમુખ દસેક મિનિટમાં સમાપન વક્તવ્ય આપે. આવી ‘સાઠ મિનિટીય સભા’ઓની ફૅશન શરૂ થવી જોઈએ. એક સારી સભાનું આયોજન કરવું એ પણ એક કળા છે. સાહિત્યકારો બોલતી વખતે શ્રોતાઓના ચહેરા પર લીંપાયેલો અણગમો, થાક અને કંટાળો વાંચી શકે તોય નિર્દયપણે બોલ્યે રાખે છે. ક્યારેક શ્રોતાઓને બિલકુલ ન સમજાય તેવી ભાષામાં બોલીને તેઓ વિદ્વાનમાં ખપવા ધારે છે. તેઓને સહન કરનારાઓની સંખ્યા હવે ઝડપથી ઘટી રહી છે. સાવધાન!

આયોજકો પણ વિવેક નથી જાળવતા. વીસ મિનિટનો સમય આપવામાં આવ્યો હોય તોય ૪૫-૫૦ મિનિટ ખેંચી કાઢનાર વક્તાને કોઈ જ ટોકતું નથી. પરિણામે છેલ્લા વક્તાને અન્યાય થાય છે. સભાના પ્રમુખ પાસે ઘંટડી હોવી જ જોઈએ. સમયની પરવા ન કરનારા વક્તાઓ, પ્રમુખો, અતિથિવિશેષો એરપોર્ટ પર મોડા કેમ નથી પડતા?

આ ત્રાસવાદ સામે શ્રોતાઓ સવિનય અસહકાર શી રીતે કરી

શકે? નિયત સમયે સભા શરૂ ન થાય તો પાંચ-સાત મિનિટ રાહ જોઈને સભાસ્થળ છોડીને ચાલ્યા જવાનું પગલું યોગ્ય છે. ગમે તેવા વક્તાને અને ગમે તેવા રેઢિયાળ આયોજનને સહન ન કરનાર સુજ્ઞ શ્રોતાઓ વંદનીય છે. એમની સંખ્યા વધે તે એક સાંસ્કૃતિક ઘટના ગણાશે. આવો સાંસ્કૃતિક સૂર્યોદય ગુજરાતમાં ક્યારે થશે?

['સંદેશ' દૈનિક]

## કાવ્યપંક્તિ

ક્યારેક એક મજાનો વિચાર કે સુંદર કાવ્યપંક્તિ વાંચવા મળે છે અને આખો દિવસ સુધરી જાય છે. એક રશિયન કહેવત છે: "તમારા દેશનું ભાવિ કેવું છે એ જાણવું હોય તો તમારા કુમારોને મુખે કેવી કાવ્ય-પંક્તિઓ રમે છે તે જાણી લો."

## જીવવાનો વહેમ

મળસકે પાંચ વાગ્યા છે. સમણાં નાઈટ-ડ્યૂટિ પૂરી કરીને પરવાર્યાં છે.

જીવનમાં એક પછી એક, એમ વર્ષો ઉમેરાતાં જાય છે; વરસોમાં જીવન ઉમેરવાની કળા હજી આવડી નથી. જીવનમાં ઘણી આદતો પડી જાય છે, એમ જીવવાની પણ એક આદત પડી ગઈ છે. હૃદયને ધબકવાની આદત પડી છે, અને નાક તથા ફેફસાં હવાની અવરજવરથી ટેવાઈ ગયાં છે.

રોજની ઘટમાળ શરૂ થાય છે... એ જ ટૂથબ્રશ અને પેસ્ટ; એ જ બાથરૂમ, એ જ માથું, એ જ કાંસકી અને ધીરે ધીરે, ખબર ન પડે એમ, ધોળા થતા જતા એ જ વાળ. કાળની સેંથીને માણસ આદતની કાંસકી વડે સમાર્યા કરે છે. ટેવને કારણે જ નોકરીએ ચઢીએ છીએ અને સાંજે ઘેર પાછા પણ ફરીએ છીએ. એ જ દીવાનખાનું, એ જ

ચાના કપ, એ જ દુનિયાદારી ગપસપ, એ જ બેડરૂમ અને દિવસનું ઊઠમણું.

માણસ જન્મે, મોટો થાય, નિશાળે જાય... પરણે, સંતાનો થાય. નોકરી કરતો કરતો ઘરડો થાય અને રિટાયર થઈ મરે. આ બધું જાણે ટેવને આધારે જ થયા કરે છે. આ આખી ઘટમાળમાં ક્યાંય ખલેલ ન પહોંચે, તો માણસને લોકો સુખી કહે. ઘાણીના બળદના જેવું એકધારાપણું આપણને એટલું તો સદી ગયું છે કે મૃત્યુ એમાં ખલેલ પાડે તે પણ ગમતું નથી. અરે, મૃત્યુના પ્રકારમાં ખલેલ પડે તે પણ આપણને ખૂંચે છે! ખાટલે પડ્યા હોઈએ, ને આપણો શ્વાસ બંધ પડે ત્યારે સ્વજનોનાં ડૂસકાં ચાલુ રહે—એ સ્થિતિમાં જ મરવાની ત્રોવડમાં માણસ હોય છે.

કોઈ જરા જુદી રીતે જીવે, જરા જુદી રીતે કપડાં પહેરે કે જરા જુદી રીતે પરણે એટલે સમાજમાં વાતો થવા માંડે છે. જેમ ડેરીના દૂધમાં એકસરખા 'ફેટ'ની અપેક્ષા આપણે રાખીએ છીએ, તેમ સમાજે નક્કી કરેલાં ધોરણો પ્રમાણે જ જીવન વિતાડવાની હવે આદત પડી ગઈ છે.

એચ. જી. વેલ્સની એક વારતા યાદ આવે છે. એક માણસ માળ પરની બારી આગળ સ્ટૅન્ડ પર સાઇકલ ટેકવીને ઉપર બેસી પેડલ માર્યા કરે છે. અધ્ધર રહેલું પાછલું પૈડું ફર્યા કરે છે, અને પેડલ મારતો માણસ બારીની નીચે રસ્તા પરથી પસાર થતી દુનિયાને જોઈ જોઈને ઘણું ફર્યાનો સંતોષ માને છે. દરેક માણસ કદાચ જીવનભર આ જ પ્રમાણે પેડલ મારતો રહે છે.

ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે એક આદમીનું ઘર પડી ગયું. ઘરવખરી તણાઈ ગઈ કે ભાંગી-તૂટી ગઈ, અનાજ પલળીને સડી ગયું. પહેરેલે કપડે એ માંડ બચ્યો અને ઘરની સામે બેસીને ભંગારના ઢગલાને જોતો પોક મૂકીને રડવા લાગ્યો. એની પાસે શરાબની બે બાટલી બચી હતી તે છાતીએ વળગાડેલી હતી. એનું દુઃખ ઘટે એ ઇરાદે ગામલોકોએ કહ્યું, "ભાઈ, એમાંથી થોડો પીને સૂઈ જા, બધું થઈ રહેશે." પેલાએ જવાબ આપ્યો: "આ મારાથી ન પિવાય. ઇમરજન્સી

વખતે કામ આવે તે માટે એ સાચવી રાખી છે.”

આપણા જીવનમાં રોજ ઇમરજન્સી આવે છે. પણ આપણે ચેતનાનો અનાદર કરતા રહીએ છીએ. પ્રત્યેક ક્ષણને ભરપેટ માણવાને બદલે વાયદા પાડતા રહીએ છીએ. જીવન માણવાની વાત આવે ત્યારે “ઘર બંધાઈ જાય પછી... વાહન આવી જાય પછી... બદલી થઈ જાય પછી... દેવું પતી જાય પછી... વાંકડો મળી જાય પછી.... વીમો પાકે પછી... કોર્ટનો ચુકાદો આવી જાય પછી” .....આમ ‘પછી’—‘પછી’માં પુરાઈ મરતી વાક્યાવલિઓ જ આપણા મોંમાંથી નીકળતી રહે છે. જીવનને આપણે વાયદાના વેપાર જેવું બનાવી મૂક્યું છે. અહીં અને અત્યારે જેવું જિંદગીમાં કશું રહેવા દીધું નથી.

ભૂતકાળના ઓથાર અને ભવિષ્યનાં સમણાંના ભારથી બેવડ વળી જતી, નષ્ટપ્રાય થતી વર્તમાન ક્ષણ વીતી જાય છે, અને આપણે કટોકટી માટેનું બૅંક-બૅલેન્સ સૂંઘતા રહી જઈએ છીએ. આપણું જીવન એવું વાસી થઈ જાય છે કે એક નવું ચલચિત્રા, નવું કૅલેન્ડર કે જરાતરા ફેરફાર સાથે આવતી નવી ફૅશન પણ આપણને થોડોક ‘ચેન્જ’ આપી જાય છે......

‘આકાશવાણી’ના ‘મંગળ પ્રભાત’ના કાર્યક્રમ પહેલાં નવા દિવસની તારીખ, વાર વગેરેની જાહેરાત થાય છે. દરરોજ સવારે એમ રેડિયો વાગે છે, છાપું આવે છે, દૂધ આવે છે... બપોરે ઑફિસે જઈએ છીએ, રાત્રો પિક્ચર જોવા જઈએ છીએ... લાગે તો છે કે હજી આપણે મર્યા નથી... તેથી, આપણે જીવીએ છીએ એવો વહેમ રોજ પાકો થતો જાય છે......

[‘ગુજરાત સમાચાર’ દૈનિક: ૧૯૭૬]

# આરામખોર પ્રજા: હરામખોર નેતા

થાકીને ઊંઘી જવું, એ પ્રત્યેક માણસનો જન્મસિદ્ધ અધિકાર છે. થાક્યા વગર ઊંઘી જવું એ જ ખરો ભ્રષ્ટ આચાર છે. પૂરતા થાક પછીની ઊંઘ સ્વાદિષ્ટ હોય છે. ખરી ભૂખ પછીનું ભોજન સ્વાદિષ્ટ હોય છે. પ્રતીક્ષા પછીનું મિલન અભીષ્ટ હોય છે. મફતનો રોટલો, નવરાશનો ઓટલો અને રોગનો ખાટલો એ ત્રાણે સગા ભાઈઓ છે. આ ત્રાણેની એકની એક બહેનનું નામ ગરીબી છે. આ ચારે સંતાનોની સગી માતાનું નામ આળસ છે. સંયુક્ત પરિવાર તે આનું નામ!

આ વર્ષે એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓ વખતે કેટલાક આચાર્યોએ પરીક્ષાર્થીઓ પ્રત્યે અપાર કરુણા બતાવી. તેઓએ વિદ્યાર્થીઓએ નિરાંતે ચોરી કરવા દીધી અને સક્રિય મદદ પણ પૂરી પાડી. આવા પરગજુ આચાર્ય નિવૃત્ત થશે ત્યારે એમનો વિદાય સમારંભ ગોઠવાશે. આવા પતિત આચાર્ય સામે લાલ આંખ કોણ બતાવે? એ કામ આચાર્ય સંઘે કરવું જોઈએ.

કડિયો કામચોરી કરે છે, બેલદાર કામચોરી કરે છે, પ્લમ્બર કામચોરી કરે છે, સુથાર-લુહાર-દરજી-મોચી-વાળંદ-ધોબી-મજૂર અને મહેતાજી કામચોરી કરે છે. કામચોરી, દિલચોરી અને દાણચોરીએ આપણા દેશને ફોલી ખાધો છે. આરામખોર પ્રજાને હરામખોર નેતાઓ જ મળે. પરીક્ષાકેન્દ્રોમાં કાપલીમાતાની બોલબાલા હોય છે. પરીક્ષાકેન્દ્રો પર એકઠી થતી કાપલીઓનું વજન કેટલું? આખા દેશને ડુબાડે તેટલું! ગામેગામ મળી આવતા આ સ્ફોટક પદાર્થને શોધી કાઢવાનું કામ પોલીસનું નથી, પ્રજાનું છે. આપણા વિનિપાત માટે આપણને પાકિસ્તાનની ગરજ નથી. આ કાપલીઓ જ પૂરતી છે.

આવા સમાજમાં સાધુતા પણ સહજ ન હોઈ શકે. જે કામ કરવા માટે માણસને પૂરતો પગાર મળતો હોય, એ કામ કરી આપતી વખતે ઉપકાર કરતો હોય એવી લાગણી અનુભવનારો માણસ કદી ખરા અર્થમાં ધાર્મિક ન હોઈ શકે. આપણે ત્યાં ધાર્મિકતા અને પ્રામાણિકતા

વચ્ચે બહુ મેળ નથી હોતો.

દેશ સામેનો ખરો ખતરો દિલ્હીની બહાર નથી. જેટલાં વધારે ભાડાંભથ્થાં અને આડલાભો લઈલઈને પૈસા એકઠા થાય તેટલો કરવામાં આપણા ઊજળા પ્રતિનિધિઓને કોઈ જ વાતની મર્યાદા નડતી નથી. એકાદ ચેરમેનપદું, એક મોટરગાડી, એક ઑફિસ, ઉપકારો ઠાલવવાની વિપુલ સત્તા, પ્રવાસભથ્થું, સરકીટ હાઉસની સુવિધા, ટેન્ડર, ટ્રાન્સફર અને ટ્રાવેલ સાથે જોડાઈ ગયેલી ગળચટી ચશ્મપોશી એટલે આપણા ભ્રષ્ટ રાજકારણીઓનો બ્રેકફાસ્ટ. નિયમિત હપ્તા મળે તે લંચ અને મોટી રકમનાં બંડલો એ જ ડિનર!

## વેગળાં ને વેગળાં જ!

આપણા ઘરની નિયમિત મુલાકાત ત્રણ જણા લેતા હોય છે: એક છે છાપાંવાળો, બીજો દૂધવાળો અને ત્રીજો ટપાલી. આ ત્રણે સ્વજન જેવા લાગવા જોઈએ. આ ત્રણે મૂક સેવકોને આપણે ક્યારેય બે સારા શબ્દોથી આવકારીએ છીએ ખરા? એ લોકો આપણે બારણે આવે ત્યારે પાણીનો ભાવ પણ પૂછીએ છીએ ખરા? વરસને વચલે દહાડેય તેમને એક કપ ચા કે નાસ્તો ધરવાનું સૌજન્ય બતાવીએ છીએ ખરા? એક જીવતો માણસ આપણે ત્યાં લગભગ નિયમિત રીતે આવતો રહે તોય એના અસ્તિત્વનો સ્વીકાર કરવાની તમીજ આપણામાં હોય છે ખરી?

ઘરમાં કામ કરતી કામવાળી એક એવું પાત્ર છે જે ઉપેક્ષાયા કરે છે. એ કેઝ્યુઅલ લીવ, સીક લીવ, હાઉસ રેન્ટ, બેઝિક પગાર, મોંઘવારી અને પ્રોવિડન્ટ ફંડથી પર છે. એના અસ્તિત્વનો સ્વીકાર એની ઓચિંતી ગેરહાજરી વખતે જ થાય છે. ઓછામાં ઓછા પૈસે વધારેમાં વધારે કામ કરાવવાનું એક ષડ્યંત્રા ગોઠવાઈ જાય છે. જ્યાં કામવાળીઓ આ અંગે થોડી જાગૃતિ બતાવે છે, ત્યાં 'દિવસો ખરાબ આવ્યા' એવી વાતો થવા માંડે છે.

રોજબરોજ આપણા સંપર્કમાં આવતા અને આપણું જ કામ કરતા માણસો સાથે આપણે શરીરથી નખ વેગળા રહે એવું વર્તન રાખીએ છીએ.

['નૂતન શિક્ષણ' માસિક: ૧૯૭૭]

# સુવાસની અનાસક્તિ

સામેના છોડ પર ધ્યાનસ્થ થયેલા એક પુષ્પની હાજરી ઊંડી પ્રસન્નતાનો ભાવ જગાવી જાય છે.

પુષ્પ પોતાની જગ્યા છોડીને સુગંધનો પ્રચાર કરવા ક્યાંય જતું નથી. એ શાંતિથી પોતાના સ્થાને ઊભું છે. એનું હોવું એ જ પૂરતું છે. એને અપાર ધીરજ છે. આસપાસ કોઈ સુગંધ માણનારું છે કે નહીં, તેની ચિંતા એ કરતું નથી. પોતાનાં રંગ-રૂપને જોનારું કોઈ છે કે નહીં, એ વાતનો એને ઉચાટ નથી. પુષ્પનો દેહ નાશવંત છે. સાંજ પડયે એની પાંખડીઓ ખરી પડે છે. પરંતુ પુષ્પનું જે પુષ્પત્વ છે તે અક્ષર છે. પુષ્પ મરે છે, પણ પુષ્પત્વ જીવે છે.

પુષ્પ પાસે સુગંધ છે, રંગ છે અને ભવ્યતા છે. પણ આ બધું કોઈને પહોંચાડવાની ચેષ્ટા એ નથી કરતું. એની ભવ્યતા આસપાસ પ્રસરે છે, કારણ કે એ છે. પુષ્પ એ પ્રચારક નથી, પ્રસારક છે. કોયલ ટહુકે છે, પણ તે શ્રોતાઓ માટે નથી ટહુકતી. ટહુકો એના અસ્તિત્વનો એક ટુકડો છે. કોયલનું સંગીત પ્રચરતું નથી, એ પ્રસરતું રહે છે. પ્રચારમાં અપેક્ષા છે, આકાંક્ષા છે; પ્રસારમાં નિજાનંદ છે, મસ્તી છે.

માણસને નિજાનંદ વહેંચવાની પણ એક વાસના જાગે છે. કોયલ પણ નિજાનંદ વહેંચે છે, પણ તે વાસના વગર. આનંદનો પૂંજ પડ્યો છે. કોઈને લેવો હોય તો ફાવે તેટલો લઈ લે, અને કોઈ નહીં લે તો પણ હરિ-ઇચ્છા. પોતાની આંતરિક સંપત્તિ પરખનારું કોઈ નથી, એનો અજંપો કેટલાક સંતોને પણ રહેતો હોય છે. પામર જીવોનો ઉદ્ધાર

કરવાની ઉપદેશકોને ભારે આસક્તિ હોય છે.

પુષ્પ અનાસક્ત છે. પોતાની સુગંધની સમજ આપવા માટે એ વર્ગો નથી ચલાવતું. સુગંધ પ્રચારક મંડળ પણ એ નથી શરૂ કરતું.

## કપરું

જીવનમાં જડતા વગરની દૃઢતા કેળવવાનું કપરું છે. નમાલાપણું નમ્રતામાં ન ભળી જાય તે માટે સતત જાગતા રહેવું પડે છે. અવિનયને પ્રવેશવા દીધા સિવાય વિદ્યાને જીરવવી એ પણ ઓછું મુશ્કેલ નથી.

## જટાયુ

જટાયુ મારું 'રામાયણ'નું સૌથી પ્રિય પાત્ર છે. રામ કરતાં પણ વધારે પ્રિય પાત્ર જટાયુ છે મારું. અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છીએ એ સમસ્યાનો ઉકેલ માત્ર જટાયુ પાસે છે. આ જટાયુ કોણ છે?

જટાયુને માટે મેં શબ્દો વાપર્યા છેઃ 'પારકી છઠ્ઠીનો જાગતલ'. સીતાના અપહરણ વખતે જટાયુ જ્યારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સમાજમાં જે વ્યવહારુ લોકો હતા એમણે કહ્યું હશે કે "જટાયુ, આ રામ ને રાવણની તકરારમાં તું કાં પડ્યો? એ બહુ બળવાન લોકો છે. એમાં તારો પત્તો નહીં લાગે. રાવણ ક્યાં અને તું ક્યાં? જરા વિચાર કર."

તો જટાયુએ વડીલોને જવાબ આપ્યોઃ "મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં. મારા જીવતાં ન થઈ શકે." અને જટાયુ લડ્યો.

ગાંધીજીના ગયા પછી આ સમાજની જટાયુવૃત્તિ ખતમ થતી ગઈ

છે. આ સમાજનું એક ધ્રુવ વાક્ય છે કે, આપણે એમાં શું કરી શકીએ?

ગાંધીજી ચંપારણ ગયા. ચંપારણમાં એમ કહી શક્યા હોત કે, આપણે તો હવે શું કરી શકીએ? બારડોલી ગયા ત્યારે બોલી શક્યા હોત કે, આપણે એમાં શું કરી શકીએ? ખેડૂતના મહેસૂલનો પ્રશ્ન છે ને એમાં આપણે ક્યાં પડીએ? 'તો આપણે એમાં શું કરી શકીએ?' એમ બોલતાં બોલતાં જ ગાંધીજી વિદાય થયા હોત. અંગ્રેજોના રાજમાં એવું જ હતું કે ઘણાખરા લોકો બોલતા કે, અંગ્રેજ સરકાર સામે આપણે નહીં પહોંચી વળીએ. આ જ દેશમાં માટીમાંથી મરદ બનાવ્યા ગાંધીએ. આ નિર્વીર્ય સમાજ હતો તદ્દન. એની પાસે ગાંધીએ જે રીતે કામ લીધું એમાં જટાયુ જીવતો થયો.

રામ જ્યારે અયોધ્યા પાછા ફરે છે, ત્યારે પહેલાં કૈકેયીને મળવા જાય છે. કૈકેયી અતિ ક્ષોભિત હતી કે, મારાથી આ શું થઈ ગયું? ચૌદ ચૌદ વર્ષે રામ આવ્યા ત્યારે કૈકેયીને તો મોં બતાવવાનું ભારે પડતું હતું. પણ રામ સામેથી પહેલાં ક્યાં જાય છે? કૈકેયી ભવનમાં. કૌશલ્યા ભવનમાં નથી જતા, પહેલાં કૈકેયી ભવનમાં જાય છે. અને કૈકેયી ભવનમાં એક આશ્ચર્ય, એક વિસ્મય એમની રાહ જોઈને બેઠું છે. વિસ્મય કયું? લક્ષ્મણની પત્ની ઊર્મિલા, ભરતની પત્ની માંડવી અને શત્રુઘ્નની પત્ની શ્રુતકીર્તિ, ત્રણેત્રણ ત્યાં બેઠાં હતાં. તે સીતાની બહેનો હતી. રામે એ ત્રણેયને જોયાં—કૈકેયી ભવનમાં. એટલો હર્ષ થયો કે રામથી બોલાઈ ગયું કેઃ "આજે હું અતિ પ્રસન્ન છું. ચૌદ વર્ષ પછી તમને મળું છું. તમે ત્રણેય કોઈક ભેટ—કોઈ ઉપહાર મારી પાસેથી માંગી લ્યો. હું અતિ પ્રસન્ન છું. માંગી લો મારી પાસેથી. ઊર્મિલાનો પહેલો વારો. લક્ષ્મણ-પત્ની ઊર્મિલા, તું કંઈક માંગ. જેટલું મૂલ્યવાન માંગી શકે એટલું મૂલ્યવાન માંગ." ઊર્મિલા જવાબ આપે છે કેઃ "હે રામ, તમે ચૌદ ચૌદ વર્ષ સુધી લક્ષ્મણને તમારી સાથે રાખ્યા અને ચૌદ ચૌદ વર્ષ સુધી લક્ષ્મણ પર જે પ્રેમ ઢોળ્યો, તે મારે માટે સૌથી મોટો ઉપહાર છે. મારે બીજું કંઈ નહીં જોઈએ." રામ થોડા નિરાશ થયા કે આ ઊર્મિલા કાંઈ માંગતી નથી. એટલે એમણે માંડવી તરફ

નજર કરી. માંડવીને કહ્યું કે, "તું મને નિરાશ નહીં કરતી. તું તો કંઈક માંગ." એટલે માંડવી કહે છેઃ "આજે અયોધ્યાના પાદર પર મેં તમારું અને ભરતનું જે મિલન જોયું, તમે ભરતને છાતી સરસા ચાંપ્યા, ચૌદ વર્ષ પછી એના પર આંસુ વહેવડાવ્યાં, એ જ મારો ઉપહાર." રામ પાછા નિરાશ થઈ ગયા કે, આ બીજી પણ નથી ગાંઠતી મને! છેવટે આશાભરી આંખે રામ શ્રુતકીર્તિ તરફ વળે છે. "શ્રુતકીર્તિ, આ બે તો મારું માનતી નથી, તું તો મારી પાસે જરૂર કંઈક માંગજે." શ્રુતકીર્તિ કહે છેઃ "એ બેયે ભલેને ન માંગ્યું, હું તો માંગવાની જ છું." રામ તો ખુશ થઈ ગયા કે, ચાલો એક જણે તો મારું માન્યું. રામ કહે છે, "બોલ, જરા પણ સંકોચ રાખ્યા વગર જે માંગવું હોય તે માંગી લે." શ્રુતકીર્તિ કહે છેઃ "રામ, તમે તાપસ વેશે વનમાં ગયા ને ચૌદ ચૌદ વર્ષ વલ્કલનાં વસ્ત્રો પહેરીને વનવાસ ભોગવ્યો—તમારાં એ વલ્કલનાં વસ્ત્રો મારે જોઈએ છે. વલ્કલનાં વસ્ત્રો મને આપી દો." રામ કહે છે કે, "અરે! શ્રુતકીર્તિ! તેં માંગ્યાં માંગ્યાં ને આ વલ્કલ માંગ્યાં? મેં તો કંઈક મૂલ્યવાન ઉપહાર લેવાની વાત કરેલી. આ શું માંગ્યું વલ્કલ?" શ્રુતકીર્તિ જવાબ આપે છેઃ "હે રામ! એ વલ્કલનાં વસ્ત્રો હું અયોધ્યાના રાજપ્રાસાદમાં બધા લોકો જુએ તેમ ગોઠવવા માંગું છું. જેથી ભારતવર્ષની આવનારી પેઢીઓ એટલું સમજી શકે કે રઘુવંશમાં એક રાજા એવો થયો હતો જેણે પોતાના પિતાનું વચનપાલન કરવા માટે ચૌદ-ચૌદ વર્ષ સુધી વલ્કલનાં વસ્ત્રો પહેરીને વનમાં બધાં કષ્ટો વેઠ્યાં હતાં. એવો એક રાજા થઈ ગયો. એ માટે આ વલ્કલનાં વસ્ત્રો જોઈએ છે."

એવા રામના દેશમાં આપણો જન્મ થયો છે. થોડી જવાબદારી છે. ને એ જવાબદારી 'રામાયણ' વાંચ્યા વિના નથી આવતી.

મેં એક પણ મુસલમાનનું ઘર એવું નથી જોયું—એ રેંકડીવાળો કેમ ન હોય—જેમાં આદરણીય સ્થાને 'કુરાન' ન ગોઠવાયું હોય. એક પણ ખ્રિસ્તી ભાઈનું ઘર એવું નથી જોયું—ગરીબમાં ગરીબ હોય, પણ—'બાઇબલ' ન હોય યોગ્ય સ્થાને. અને કેટલાય હિન્દુઓનાં

ઘરમાં—‘રામાયણ’ તો છોડો, ‘ઉપનિષદ્’ તો છોડો—સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની આઠ આનાની ‘ગીતા’ય નથી! અને તેવા હિન્દુઓ કહે છે કે ‘હિન્દુ હોને કા હમેં ગર્વ હૈ’! ખાક ગર્વ? તમને નથી ‘રામાયણ’ સાથે સંબંધ, નથી ‘મહાભારત’ સાથે સંબંધ, નથી ‘ગીતા’ સાથે... અને ‘હિન્દુ હોનેકા હમેં ગર્વ હૈ!’

[‘સામ્પ્રત’ ત્રિમાસિકઃ ૨૦૦૪]

# ઓરડામાં યુનિવર્સિટી!

સુરતના લગભગ ૧૪ વર્ષના નિવાસ દરમિયાન એક એવા આદરણીય સારસ્વતને નજીકથી જોવા-મળવાનું બન્યું, જેઓ ‘બ્રાહ્મણ’ની વ્યાખ્યા જેવા જણાયા. મૂળે ઉમરેઠના, પરંતુ સુરતમાં સ્થાયી થયેલા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને માટે ‘ઉપનિષદ’નો શબ્દ પ્રયોજીને કહી શકાય કે તેઓ ‘મનીષી’ હતા. ગુજરાતી ભાષાના આદરણીય વિવેચક તરીકે વિષ્ણુભાઈ હંમેશાં શુભદર્શી રહ્યા. કોઈ કૃતિની મર્યાદા બતાવે તો તે પણ એવા શબ્દોમાં બતાવે કે કોઈ ડંખ ન વરતાય. નાના ગણાતા કે ઊગતા લેખકને પણ મીઠી ટકોર કરીને ઉત્તેજન આપે. એમનું લખાણ સાક્ષરી ગદ્યની મુદ્રાવાળું તોય બે વાર વાંચનારને સમજાય તેવું ખરું! એમની સાથે એક કલાક બેસવાનું થાય પછી જ્યારે ઓરડો છોડવાનું બને ત્યારે એવું લાગે કે એ ઓરડામાં ખાટલા પર એક યુનિવર્સિટી બેઠી હતી. પૂર્વ અને પશ્ચિમના ચિંતકોની વાતોનો અખૂટ ભંડાર સાવ સહજપણે ઠલવાતો રહે. સહજ વિનય અને વિવેકથી શોભતી વાણી કોને કહે તે સૂમજવું હોય તો વિષ્ણુભાઈને મળવું પડે.

[‘અભિયાન’ અઠવાડિકઃ ૨૦૦૪]

# સહજ સાધુતા

આજકાલ સાધુઓનાં કૌભાંડો બહાર આવવા લાગ્યાં છે. લોકોને આંચકો લાગે છે, કારણ કે લોકો સાધુ પાસે ઊંચી અપેક્ષા રાખતા હોય છે. પણ વાસ્તવિકતા એ છે કે લોકો જ સાધુને બગાડે છે. વેપારીઓ સાધુઓને લોભદીક્ષા આપે છે, અંધશ્રદ્ધાળુ સ્ત્રીઓ મોહદીક્ષા આપે છે. મંડપની ભીડ એમને અહંકારદીક્ષા આપે છે. લોભ, મોહ અને અહંકારથી ઘેરાયેલા મહારાજશ્રી આત્મા-પરમાત્મા અને મોક્ષની વાતો કરે ત્યારે શ્રોતાઓ ડોલી ઊઠે છે.

જે રીતે સેક્સ-વિસ્ફોટ થઈ રહ્યો છે તેની અસરો હવે સાધુ-સંસ્થાને પણ પજવી રહી છે. જાહેરાતોમાં નગ્નતા જ નગ્નતા! ટીવીના પડદે નગ્નતાની ભરમાર. સાધુ શું આંખ મીંચીને જીવે? દિવસે નિહાળેલી નગ્નતા, રાત પડે ત્યારે આળસ મરડીને સ્વપ્નમાં બેઠી થાય છે. સામાજિક પરિસ્થિતિ એવી છે કે હવે ભાગ્યે જ કોઈ સાધુ પોતાની કામેચ્છાને રોકી શકે.

એક સાધુનો આશ્રમ જોયો. આશ્રમમાં નિશાળ અને છાત્રાલય છે.

એક ગરીબ છોકરો આશ્રમે આવ્યો. એને સાધુએ પૂછ્યું: “તારા બાપનું નામ શું?” છોકરો માથું ખંજવાળવા લાગ્યો. સાધુએ પૂછ્યું: “તારી મા ક્યાં છે?’ છોકરાએ કહ્યું: “ગામમાં દારૂ ગાળતી છે, તે મારી મા થાય.”

સાધુએ મને કહ્યું: “સ્વરાજ મળ્યાને પંચાવન વર્ષ વીતી ગયાં પછી મારા ગામના છોકરાની આ દશા? આપણે કઈ સંસ્કૃતિનાં વખાણ કરીએ છીએ? આપણે કેવો સમાજ રચી બેઠા છીએ? આપણા સાધુબાવાઓની ઇમ્પોર્ટેડ ગાડીઓ જુઓ! અમારી સાધુ જમાતના ભવાડા જુઓ!”

એ આશ્રમમાં શિષ્યમંડળ નથી, દાનપેટી નથી. વૈરાગ્ય છે, પરંતુ વૈરાગ્યની સભાનતા નથી. સાધુતા સાથે જોડાયેલો કોઈ બાહ્યાચાર નથી. આવી સહજ સાધુતાથી શોભતા સાધુનું નામ છે: હરિદાનજી. એ આશ્રમ

કરજણ તાલુકાના મેથી ગામે છે. (ફોનઃ ૦૯૫૨૬૬૬-૨૮૧૦૯૯).

## સંતોને બગાડવાનું બંધ કરો!

મારા તાબામાં રહેલી સઘળી નિખાલસતા નિચોવીને મારે કહેવું છેઃ હે હિન્દુઓ, ઊઠો, જાગો અને સંતોને બગાડવાનું બંધ કરો. અજ્ઞાન પ્રજા કદી ધામિર્ક નથી હોતી. ગમે તેવા લેભાગુ માણસને સાધુ માની લેવાની હિન્દુઓની શકિત અપાર છે.

કોઈ પણ માણસને સંત કહેતાં પહેલાં એનું કે એના આશ્રમનું બૅન્ક બૅલેન્સ તપાસી લો. હવે નવી તરકીબ શરૂ થઈ છે. ઉપદેશકો સાથે વિરાટ રકમોની લેવડદેવડવાળાં ટ્રસ્ટો રચવામાં આવે છે. હિસાબો જાહેર થતા નથી અને ગોટાળા ધામિર્ક હોય છે તેથી ઓડિટમાં પણ વાંધો આવતો નથી. ટ્રસ્ટીઓ નજીકના સ્વજનો કે પ્રિયજનો હોય છે. કહેવાતા સંત બહારથી અલિપ્ત હોય છે, પરંતુ અંદરથી સવાયા સંસારી થઈને પ્રજાના પૈસે લહેર કરતા રહે છે. એમના પી.આર.ઓ. ઇમેજ બિલ્ડ-અપ કરતા રહે છે. વાતો ત્યાગની અને ખાનગીમાં ભોગની બોલબાલા. આશ્રમમાં રહસ્યમય ભોંયરું હોય તો જરૂર એમાં બાવાજીની લંપટલીલા ચાલવાની. સ્ત્રીઓ અને પુરુષ એકબીજા પ્રત્યે આકર્ષાય તેમાં અધામિર્ક કશું નથી. બાવાજીને પણ પ્રેમ કરવાનો અધિકાર છે. બાવાજી પ્રેમ નથી કરતા; તેઓ સ્ત્રીઓને ફસાવે છે અને વળી આત્મા-પરમાત્માની વાતો કરીને ફસાવે છે. તેઓ શકિતપાતની વાતો સાથે વીર્યપાત કરતા રહે છે. બાવાજીનું ભોંયરું સંસારીના બેડરૂમ કરતાં વધારે ખતરનાક હોય છે. ભોળી સ્ત્રીઓ માટે ફળિયાનું અંધારું આશ્રમના અજવાળા કરતાં વધારે સલામત ગણાય. બાવાજી સ્ત્રીને પ્રેમ નથી કરતા, તેઓ સ્ત્રીઓને મૂર્ખ બનાવે છે. મૂર્ખ બનવા માટે હિન્દુ સ્ત્રીઓ જેટલી ઉત્સુક સ્ત્રીઓ મેં બીજા કોઈ દેશમાં જોઈ નથી.

કોઈ કહેવાતા લોભાનંદજી કે લંપટેશ્વર કે મોહાનંદજીને પનારે

પડનારી અંધશ્રદ્ધાળુ પ્રજા ‘રામાયણ’, ‘ગીતા’ કે ‘ઉપનિષદ’ નથી વાંચતી. હિન્દુ ભાઈ-બહેનો, એકવીસમી સદીને છાજે તેવા જીવનવ્યવહાર વગર વાસી ધર્મના ઢોલ પીટ્યા રાખીશું તો ખતમ થઈ જઈશું. ધર્મ સાથે તાજાં અરમાનોનો મેળ પાડવો પડશે. અંધશ્રદ્ધાની આરતી ઉતારવાનું બંધ કરવું પડશે. અશ્વમેધ યજ્ઞ જેવા બોગસ યજ્ઞો બંધ કરવા પડશે. અસ્પૃશ્યતા નાબૂદ કરવી પડશે. દહેજપ્રથા ખતમ કરવી પડશે. દેવદાસી પ્રથાના કલંકને દૂર કરવું પડશે. વિધવાઓની અવદશા દૂર કરવી પડશે. આશ્રમોનો અને મંદિરોનો ભૌતિક કચરો, માનસિક કચરો અને આર્થિક કચરો સાફ કરવો પડશે. સાચો પ્રેમ કેમ કરવો તે નવી પેઢીને શીખવવું પડશે. નવી સદી વાસી ધર્મનું નવસંસ્કરણ માગે છે. નવી પેઢી બ્લુ ફિલ્મ જુએ છે, જ્યારે બાવાજીઓ તો બ્લુ ફિલ્મ ‘જીવે’ છે.

‘રામાયણ’ આપણું અતિ ઉદાત્ત મહાકાવ્ય છે. એ જરૂર સૌએ વાંચવું જોઈએ, પરંતુ વાંચીને પણ આપણા વિવેકને ગિરવી નથી મૂકવાનો. ચરણસેવા, ચરણસ્પર્શ અને ચરણ ધોઈને પાણી પીવામાં ધર્મ છે, એમ માનનારી નિર્માલ્ય પ્રજાને કેશવાનંદ ન મળે તો શું વિવેકાનંદ મળે? હિન્દુઓ ક્યારે જાગશે? એંશી ટકા પ્રજા ઊંઘતી હોય ત્યારે લઘુમતી જાગતી રહે એવું બને ખરું? એ બિચારી મુલ્લાગ્રસ્ત છે. બન્ને વચ્ચે હરીફાઈ જાગવાની નહીં, બેભાન રહેવાની ચાલે છે. માંજી માંજીને વાસણ ચકચકતું કરીએ તેમ ધર્મને પણ સ્વચ્છ કરીને ચકચકતો કરવાનો છે.

[‘ગરવી ગુજરાત’ અઠવાડિક અને ‘નયા માર્ગ’ પખવાડિકઃ ૨૦૦૨]

## જીવનની મોટી અમીરાત

સુરેશ દલાલે એક વાર મને પ્રશ્ન પૂછેલોઃ “તારો સહુથી વધારે આદરપાત્ર ગુજરાતી સર્જક કોણ?” જવાબમાં મેં કહેલુંઃ

“મકરન્દ દવે. કોઈ માણસનો વધારે પરિચય થાય ત્યારે ઘણી વાર આદર ધીરેધીરે ઘટતો જાય છે. મકરન્દભાઈ માટે પરિચય સાથે

આદર વધતો જ રહ્યો છે. એમનો પ્રેમ પામ્યો તેને હું મારા જીવનની સૌથી મોટી અમીરાત ગણું છું. ગુરુ કરવામાં હું માનતો નથી, પરંતુ જો ગુરુ કરવાના જ હોય તો હું સાંઈ મકરન્દને ગુરુપદે સ્થાપું. તેઓ માનવતીર્થ છે.”

## —આવી પજવણી

હું થોડો વિચારશીલ ખરો, પરંતુ ખરા અર્થમાં કર્મશીલ નથી. દસ વર્ષ વહેલી નિવૃત્તિ લીધી ત્યારે કર્મશીલ થવાનો વિચાર કરેલો, પરંતુ કર્મશીલતા અંગેની મારી કલ્પના એટલી ઊંચી હતી કે મને મારો પનો ટૂંકો પડતો જણાયો. મારી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને મેં પંચશીલ આંદોલન શરૂ કર્યું. પદયાત્રાઓ દરમિયાન ૩૫-૩૭ કિલોમીટર પ્રતિદિન ચાલવાનું બનતું. શિબિરો તથા રેલીઓ દરમિયાન પંચશીલના સંકલ્પો ૬૦,૦૦૦ જેટલાં યુવક-યુવતીઓએ લીધેલા. શેરી-નાટકો દ્વારા દહેજ, વસ્તીવધારો અને ગુટખા વિરુદ્ધ ઝુંબેશ ચલાવેલી. પ્રાધ્યાપક બન્યા પહેલાંના જીવનમાં માથે મેલું પણ ઉપાડેલું. પંચશીલમાં કોઈનું દાન સ્વીકારેલું નહીં. આમ છતાં કર્મશીલ હોવાના આદર્શથી દૂર હોવાની વેદના ગઈ નથી.

યુવાની સર્વોદય અને ભૂદાન સાથે જોડાયેલી હતી, તેથી ગરીબોની સેવા કરનારા મિત્રો પ્રત્યે ઊંડો આદર રહેતો. મને પ્રવચનો માટે તગડા પુરસ્કારો મળતા રહ્યા છે. એની બધી રકમ ગામડાંમાં કામ કરનારાં કર્મશીલોને સીધી પહોંચાડી દેવાની તાલાવેલીમાં મારા પક્ષે કેવળ પ્રાયશ્ચિત્તનો ભાવ છે. હું તો ગરીબોની સેવા ન કરી શક્યો, પરંતુ જે મિત્રો ગામડે બેઠા છે તેમને દૂરથી ટેકો તો કરું!

ગોધરા પછી કેટલાય મુસ્લિમોનો પ્રેમ મળ્યો છે. મારા પર અસંખ્ય પુસ્તકો ભેટરૂપે આવે છે. મને ખાસ ખપનાં ન હોય એવાં બધાં પુસ્તકો વડોદરાની મુસ્લિમ લાઇબ્રેરીમાં ભેટરૂપે જાય છે. એક મૌલવી સાહેબ

હજ કરીને પાછા આવ્યા ત્યારે ઘરે અવંતિકાને રૂ. પાંચ હજાર આપવા લાગ્યા. મેં મક્કમ ના પાડી ત્યારે મૌલવીજીએ કહ્યું: "ગુણવંતભાઈ! હજ કરીને આવીએ ત્યારે આવી ભેટ સ્વજનોને અપાય, તેને અમારામાં હદિયો કહે છે." એ રકમ ક્યાંક દાનમાં આપીને રસીદ મોકલવાની વાત મેં કરી ત્યારે મૌલવી સાહેબે કહ્યું: "સાહેબ! હદિયાની રસીદ ન હોય." એ રકમમાંથી 'કબીરા ખડા બાજારમેં' પુસ્તકની ૪૩ નકલો ભેટરૂપે મોકલી, તે પણ વાસ્તવમાં મૌલવી સાહેબની ભેટ ગણાય. કાવી ગામના યુવાન મિત્ર જુનેદના ઉસ્માનચાચા હૃદયરોગમાં સપડાયા પછી હોસ્પિટલથી સીધા મારે ઘેર આવીને બોલ્યાઃ "૧૯૯૨થી તમને વાંચ્યા પછી મેં એક પણ નમાઝ એવી નથી પઢી કે તમારી લાંબી ઉંમર માટે અલ્લામિયાં પાસે દુઆ નહીં માગી હોય."

કવિ વડ્ઝ્વર્થના શબ્દો છેઃ "A Presence that disturbs me with the joy of elevated thoughts." ઉન્નત વિચારોની આવી પજવણી હું પામ્યો છું, તે મારું સદ્ભાગ્ય છે.

['નયા માર્ગ' પખવાડિકઃ ૨૦૦૪]

# અનોખી અમીરાત

સ્ત્રી હોય તેના કરતાં અધિક સોહામણી ક્યારે લાગે?

માથે બેડું લઈને લચકાતી ચાલે સામેથી આવતી પનિહારી, હોય તેના કરતાં અધિક સુંદર દીસે છે. માથે બેડું હોય ત્યારે ચાલ બદલાઈ જાય છે. સંતુલન અને સંવાદિતાનું મિલન થાય ત્યારે સૌંદર્ય પ્રગટ થતું દીસે છે. ગાગરમાંથી છલકાયેલું પાણી કાયા પર ઢળેલું હોવાથી સૌંદર્ય પણ સહેજ ભીનું બને છે. ચહેરા પર લોહી ધસી આવે, તેથી એ અધિક સોહામણો દેખાય છે. માથે બેડું હોવા છતાં બે હાથ છૂટા રાખીને પનિહારી ચાલે ત્યારે સાક્ષાત્ કવિતા ચાલતી હોય એવું લાગે.

મુગ્ધતા સ્ત્રીના ચહેરાનો શૃંગાર છે. મુગ્ધતા એટલે કુંવારું કુંવારું

અપ્રદૂષિત પાગલપણું. આવું પાગલપણું નવોઢાના ચહેરાનો શણગાર છે. ચહેરા પરથી કશુંક ઠલવાતું જણાય છે. પ્રમાણમાં ઓછી સુંદર સ્ત્રી પણ ક્યારેક મુગ્ધતાને કારણે નમણી લાગે છે.

ઢળતી ઉંમરે મુગ્ધતા ધીરે ધીરે ઓસરે છે. ફૂલમાંથી ફળ પ્રગટે તેમ મુગ્ધતામાંથી પ્રગલ્ભતા પ્રગટ થાય છે. ઉંમર વધે તે સાથે પરિપક્વતા આવે, ત્યારે ખબર પડી જાય છે કે ભૂતપૂર્વ મુગ્ધતાનું જ આ રમણીય રૂપાંતરણ છે. પ્રગલ્ભતા આકર્ષણને અકબંધ રાખે છે. પ્રગલ્ભતા એટલે પ્રતિભાનો મનોહર નિખાર. સુંદર સ્ત્રી હોવું એ જેવીતેવી વાત નથી; પરંતુ સુંદર હોવા સાથે સમજુ હોવું, એ તો સ્ત્રીની અનોખી અમીરાત છે.

મનુષ્ય સિવાયનું બીજું કોઈ પ્રાણી શરમ અનુભવતું જાણ્યું નથી. શરમની લાગણી થવી, એ તો મનુષ્યને પ્રાપ્ત થયેલું અત્યંત નાજુક વરદાન છે. સ્ત્રીની લજ્જા મનુષ્યતાનું મહામૂલું ઘરેણું છે. શરમાળ સ્ત્રી, હોય તેના કરતાં અધિક સુંદર દીસે છે. સ્ત્રીની શોભા મંગળસૂત્રથી વધે, તેના કરતાં શરમના શેરડાથી અધિક વધે છે.

સમાજમાં ટકી રહેલી બે આંખની શરમ માણસાઈની આધારશિલા છે. જેને લોકો ધર્મ કહે છે, તેનું કાળજું બે આંખની શરમમાં રહેલું છે. બે આંખની શરમ એટલે મર્યાદાની માવજત. જગત આખું મર્યાદા પર નભેલું છે. ગ્રહો, ઉપગ્રહો અને તારાઓ પોતાની ભ્રમણકક્ષા છોડીને આમતેમ અટવાતા નથી. સમુદ્ર મર્યાદા પાળીને સદીઓથી મોજાંને રમાડતો રહ્યો છે. પરિવારના પાયામાં મર્યાદા રહેલી છે. પરિવારમાં બે આંખની શરમ ખૂટી પડે ત્યારે જ દહેજ-મૃત્યુ શક્ય બને છે. બધી મર્યાદા ખતમ થાય ત્યારે યુદ્ધ થાય છે. આ બધી દુર્ઘટનાઓ દ્વારા માણસની બેશરમી પ્રગટ થતી હોય છે. બેશરમી એટલે મર્યાદાલોપ.

['નીરખને ગગનમાં' પુસ્તક]

## એ સન્નારીને મળ્યા છો?

હું ટેણિયો-મેણિયો હતો ત્યારે 'રામરાજ્ય' ફિલ્મ જોયેલી. એમાં લવ અને કુશને કંઠે ગવાયેલી પંક્તિઓ આજે પણ યાદ છે: "ભારત કી એક સન્નારી કી હમ કથા સુનાતે હૈં..."

આ ગીતમાં ભારતની એક સન્નારી, તે સીતા. અહીં આજની સન્નારીની વાત કરવી છે જે સતી સીતા નથી, પણ ભારતનાં લાખો ઘરમાં વસનારી ઘરરખુ પત્ની છે. એને ખબર પણ નથી કે દેશ એના જેવી અસંખ્ય છતાં અજ્ઞાત ગૃહિણીઓને કારણે ટકી રહ્યો છે.

તમે એ ગૃહિણીને મળ્યા છો? મહાનગરોમાં એ નાનકડા ફ્લેટમાં રહે છે. નાનાં નગરો કે ગામડાંમાં એ ક્યારેક ફળિયામાં હારબંધ આવેલાં ઘરોમાં રહે છે. એનો પતિ પૈસા કમાય છે, પૈસા બનાવતો નથી. મહિનાના છેલ્લા અઠવાડિયામાં એના પરિવારમાં થોડીક ખેંચ રહે છે.

આપણે ત્યાં 'લક્ષ્મી' એટલે 'પૈસો', એવું સમીકરણ રૂઢ થઈ ગયું છે. પણ 'લક્ષ્મી' એટલે સમૃદ્ધિ, સિદ્ધિ. નાના ઘરમાં રહેતા કેટલાય પરિવારોમાં સંસ્કારલક્ષ્મી જોવા મળે છે. બાળકો વિનયી હોય અને સહજીવનની સુગંધ હોય ત્યાં ધન ઓછું હોય તોય લક્ષ્મી છે એમ કહેવાય. કોઈ દાણચોર ધનવાન હોઈ શકે, લક્ષ્મીવાન ન હોઈ શકે. હરામની કમાણીનો પૈસો પોતાના પરિવારમાં આવતો રોકવા માટે પતિ સાથે ઝઘડે, તે જ ખરી ગૃહલક્ષ્મી. સંસ્કૃતમાં 'શ્રી' શબ્દ સમજવા જેવો છે. 'શ્રી' એટલે સમૃદ્ધિ, શોભા, સુંદરતા. શ્રીમતી હોવું એ જેવી તેવી વાત નથી.

## વીણી વીણીને વખાણો!

ભારતમાં લઘુમતી-બહુમતીની સમસ્યાઓ મતલક્ષી રાજકારણીઓને પનારે પડી તેને હું સ્વરાજ મળ્યા પછીની સૌથી કમનસીબ દુર્ઘટના

ગણું છું. હિંદુઓનું આંખ મિચીને તાણનારા રાજકારણીઓએ એમ જ માની લીધું કે તેઓ હિંદુઓનું ભલું કરી રહ્યા છે. મતબેંકને ધ્યાનમાં રાખીને મુસ્લિમોનું તાણનારા રાજકારણીઓ એવું માની બેઠા કે તેઓ મુસ્લિમોનું કલ્યાણ કરી રહ્યા છે. આવા વલણને કારણે સમગ્ર દેશનું પછાતપણું આબાદ જળવાઈ ગયું!

હિંદુઓની મોટામાં મોટી મુશ્કેલી એ છે કે એમને બધા મુસલમાનો કટ્ટર કે પછી પાકિસ્તાન તરફી જણાય છે. એમને ઉદારમતવાદી મૌલાના વહિદુદ્દીન ખાન અને કટ્ટરપંથી ઇમામ બુખારી વચ્ચે કોઈ તફાવત નથી દેખાતો. એમને રેશનલિસ્ટ યાસીન દલાલ અને ધર્માંધ સૈયદ શાહબુદ્દીન વચ્ચે કોઈ તફાવત નથી દેખાતો. એને મન તો અમીન કુરેશી, હનીફ લાકડાવાલા, ગફૂરભાઈ બિલખિયા, ‘આદિલ’ મન્સૂરી, ગુલામ રસૂલ કુરેશી, ગનીભાઈ દહીંવાલા, શેખાદમ આબુવાલા, નસીર ઇસ્માઇલી, મુસાફિર પાલનપુરી, ‘શૂન્ય’ પાલનપુરી, યૂનુસભાઈ ગોલીબાર, કુતુબ ‘આઝાદ’, રિઝવાન કાદરી, ઇલિયાઝ મનસુરી, ઇસ્માઇલ ગાંધી, એ. આઈ. સૈયદ (આઈ. જી. પી.), શાહબુદ્દીન રાઠોડ અને ગુલામ મોહમ્મદ વસ્તાનવી એટલે પ્રમાણમાં સારા મુસલમાનો, પરંતુ ‘આખરે તો મુસલમાન!’

‘ગરવી ગુજરાતના ગૌરવવંતા મુસ્લિમો’ પુસ્તક લખીને શ્રી અકબરઅલી સૈયદે બહુ મોટી સેવા કરી છે. મારી દૃઢ થયેલી માન્યતા છે કે લઘુમતીમાં પડેલાં રત્નોને વીણી વીણીને વખાણવામાં હિંદુઓએ ઉતાવળ કરવી રહી. ઉદારમતવાદી મુસ્લિમ વ્યકિત બન્ને બાજુથી માર ખાય છે. એની કોમના રૂઢિચુસ્ત લોકો એને ‘કાફર’ કહીને ભાંડે છે અને હિંદુઓ એને પૂરી લાગણીથી ભેટતા નથી. સદ્ભાવપૂર્વક અને સત્યનિષ્ઠાથી લઘુમતીને પણ બે સાચી વાત કહી શકાય છે, એવો મારો અનુભવ છે.

આ પુસ્તકનો પ્રસાર અને પ્રચાર હિંદુ વાચકોમાં સવિશેષ થાય તો એક એવી ઋતુનું નિર્માણ થશે જેમાં કોમી વૈમનસ્ય ધરાવવું, વધારવું અને પોષવું, એ અસભ્ય બાબત ગણાવા લાગશે. આ પુસ્તકને હું સાચી

દિશામાં મંડાયેલા એક પવિત્ર કદમ તરીકે બિરદાવું છું.

['ગરવી ગુજરાતના ગૌરવવંતા મુસ્લિમો': લેખકઅકબરઅલી સૈયદ]

['નિરીક્ષક' પખવાડિક: ૨૦૦૫]

## સેવા

સેવ્યને તમારી સેવાની જરૂર ન રહે, એવી સ્થિતિનું નિર્માણ થાય એ જ ખરી સેવા. જેમને આપણી સેવાની જરૂર ન હોય, તેમની સેવા પણ હઠપૂર્વક કરવાની જરૂર નથી.

## "તમને ખાતરી છે કે..?"

કથા એવી છે કે યુધિષ્ઠિર બેઠા હતા ઇન્દ્રપ્રસ્થના રાજા તરીકે અને એક ભિખારી એમની પાસે ભીખ માંગવા આવ્યો. યુધિષ્ઠિર કામમાં હતા એટલે કહ્યું: "કાલે સવારે આવજે, હું તને આપીશ." ભિખારી ચાલવા માંડ્યો. ભીમે જોયું કે ભિખારી આવ્યો અને ભિખારીએ યાચના કરી, મોટાભાઈએ કહ્યું કે "કાલે આવજે સવારે..." એટલે ભીમે એક ઢોલક ઉપાડ્યું મોટું, અને ઢોલક વગાડતો વગાડતો ઇન્દ્રપ્રસ્થ ભણી જવા માંડ્યો. યુધિષ્ઠિરને નવાઈ લાગી કે આ શું છે? એટલે એને કહ્યું: "તું કેમ આ ઓચિંતું ઢોલ લઈને જવા માંડ્યો?" ભીમે જવાબ આપ્યો: "મોટાભાઈ, હું ઇન્દ્રપ્રસ્થના નગરજનોને જણાવવા માંગું છું કે યુધિષ્ઠિરે કાળ પર વિજય મેળવ્યો છે." તો યુધિષ્ઠિર કહે: "કેમ તું એમ કહે છે? મેં તો કાળ પર વિજય નથી મેળવ્યો." તો કહે, "તમે ભિખારીને કાલે આવવાનું કહ્યું. તમને ખાતરી છે કે કાલે તમે હશો? અને તમે કાલે હો કદાચ, પણ ભિખારી હશે એની ખાત્રી છે? એ મરી પણ જાય. બીજી વાત, કાલે તમે એને થોડી સોનામહોર આપી શકો એટલી સોનામહોર તમારી પાસે હશે જ? તમે જીવતા હો તોપણ

તમારી પાસે આ સોનામહોર હશે જએવું તમે કેમ માની લીધું! અને કાલે એ ભિખારીને તમારી સોનામહોરોની જરૂર હશે એવું તમે કઈ રીતે માની લીધું?" આ ચાર સવાલ ભીમે પૂછ્યા. ભીમ તત્ત્વજ્ઞાન માટે જાણીતો નથી. પણ એણે યુધિષ્ઠિરને પણ ભણાવ્યા.

['સામ્પ્રત' ત્રિમાસિક: ૨૦૦૬]

## રક્ષણ પામેલો ધર્મ જ રક્ષણ કરશે

ધર્મો રક્ષતિ રક્ષિત:. રક્ષણ પામેલો ધર્મ જ તમારું રક્ષણ કરશે. ટ્રાફિક રૂલ તમે પાળો છો એ જ ટ્રાફિક રૂલ તમારું રક્ષણ કરે છે. ટ્રાફિક રૂલ ન પાળો તો ચાલે. તમારા હિસાબે અને જોખમે ન પાળવાની છૂટ છે. હાઈવે પર ઊંધી બાજુથી જાવ અને ૧૦૦ની સ્પિડે જાવ. યુ આર ફ્રી. બટ યુ વીલ નોટ બી એબલ ટુ એક્ઝિસ્ટ આફ્ટર ફાઈવ મિનિટ્સ. તમે ટ્રાફિક રૂલ પાળો છો, એટલે ધર્મરક્ષા કરો છો. એ રક્ષાયેલો ધર્મ જ તમારી રક્ષા કરે છે. ટ્રાફિક રૂલ પાળવામાં કોઈ પરોપકાર નથી, ટ્રાફિક રૂલ એ તમારો નાગરિક ધર્મ છે. તે રક્ષાયેલો ધર્મ તમારું રક્ષણ કરશે. ધર્મો રક્ષતિ રક્ષિત:.

['સામ્પ્રત' ત્રિમાસિક: ૨૦૦૬]

## દીવાલની પાર

ગાંધીજીને જેમાંથી પ્રેરણા મળી છે તે થોરોના કોન્કોર્ડ શહેરમાં સવિનય કાનૂનભંગ થયો. પહેલો સવિનય કાનૂનભંગ થોરોએ કર્યો. એ થોરો જ્યારે જેલમાં પુરાયા ત્યારે દીવાલની સામે જોઈને કહ્યું: "હું તો કેદની અંદર દીવાલની આ બાજુ પણ મુક્ત છું. પણ દીવાલની પેલી બાજુ જે લોકો છે તે બધા બંધનમાં છે."

['સામ્પ્રત' ત્રિમાસિક: ૨૦૦૬]

# ધર્મની ઓથે

સાચું બોલવાનો આગ્રહ રાખનાર માણસ બિલકુલ નિર્દોષ હોય તોપણ દુખી થાય, એવો રુગ્ણ સમાજ આપણે કહેવાતા ધર્મની ઓથે રચી બેઠા છીએ. સર્વત્ર ઓચ્છવઘેલી, લાભઘેલી અને લોભઘેલી ધામિર્કતાનો જયઘોષ સંભળાય છે, પરંતુ પ્રામાણિકતાનું અરણ્યરુદન ભાગ્યે જ કાને પડે છે.

['પતંગિયાની અમૃતયાત્રા' પુસ્તક: ૨૦૦૬]

# ગાંધીને અન્યાય: આંબેડકરને પણ અન્યાય

૧૯૩૦માં [લંડનમાં બ્રિટિશ સરકારે બોલાવેલી] ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ જાહેર કરેલું કે અંત્યજ કોમોનાં અલગ મતદારમંડળો બનાવી બાકીના હિંદુ સમાજથી તેમને અળગા પાડવામાં આવશે, તો તેનો વિરોધ તેઓ પ્રાણાર્પણથી કરશે.

એ નોબત આખરે આવી પહોંચી. તા. ૨૦-૯-૧૯૩૨ના દિવસે [યરવડા જેલમાં] ગાંધીજીના ઉપવાસ શરૂ થયા. ઉપવાસને આગલે દિવસે ડો. આંબેડકરનું સ્ટેટમેન્ટ વંચાતું હતું ત્યારે બાપુએ કહ્યું: "મને એથી જરાય ક્રોધ નથી થતો. એને એ બધું કહેવાનો અધિકાર છે. આજે અંત્યજો ચિડાઈને જે કરી રહ્યા છે તેને હું લાગનો છું! આપણે બધા એ જ લાગના છીએ."

ઉપવાસને ત્રીજે દિવસે ડો. આંબેડકર ગાંધીજીને મળ્યા ત્યારે ખૂબ ઉગ્રતાથી બોલ્યા. ગાંધીજીએ જવાબ આપ્યો: "મારે અસ્પૃશ્યોની સેવા કરવી છે, તેથી જ તમારી સામે મને જરાયે રોષ નથી. તમે કોઈ અપમાનજનક કે ક્રોધજનક શબ્દ વાપરો છો ત્યારે મારા દિલને તો હું એમ જ કહું છું કે, તું એ જ લાગનો છે! તમે મારા ઉપર થૂંકો તોપણ હું ગુસ્સો ન કરું. ઈશ્વરને સાક્ષી રાખીને હું આ કહું છું, એટલા

જ માટે કે તમને જીવનમાં બહુ કડવા અનુભવો થયા છે તે હું જાણું છું. પણ મારો દાવો અસાધારણ છે. તમે તો અસ્પૃશ્ય જન્મેલા છો, પણ હું સ્વેચ્છાથી અસ્પૃશ્ય બનેલો છું અને એ કોમમાં નવા દાખલ થયેલા તરીકે કોમના હિત માટે એના જૂના માણસોને લાગે તેના કરતાં મને વધારે લાગે છે.”

અસ્પૃશ્યો પ્રત્યે આવી લાગણી બતાવવા બદલ અને એમની વચ્ચે જઈને એમની સેવા કરવા બદલ ગાંધીજીએ કટ્ટર સનાતની હિંદુઓની કેટલી ગાળો ખાધી અને કેટલી વાર સનાતનીઓએ એમને મારવા લીધા, એ વાતનો ખ્યાલ આજના દલિત યુવાનોને આવવો મુશ્કેલ છે. દલિતોમાં જ આજે તો એક એવો બોલકણો વર્ગ ઊભો થયો છે જે દલિતોને નામે બરાડા તો બહુ નાખે છે, પરંતુ છેક છેવાડે આવેલા ગરીબડા દલિતો માટે ખાસ કશું નક્કર કરવા માટે તૈયાર નથી. આવા આગળ વધેલા, ભણેલા દલિતો, ડો. આંબેડકર પણ ન સ્વીકારે તેવા આક્ષેપો ગાંધીજી પર મૂકે છે.

આમ ગાંધીજીને આજકાલ બેવડો લાભ મળી રહ્યો છે! સવર્ણ હિંદુઓ હજી કહે છે: ડોસાએ આ કોમને બહુ ચડાવી મારી. દલિત વર્ગના બોલકણા આંબેડકરવાદીઓ કહે છે: ગાંધીજીએ અમને પછાત રાખ્યા.

ડો. આંબેડકર દલિતો માટે રાજદ્વારી સત્તા પ્રાપ્ત કરવા માગતા હતા. તેઓ સવર્ણો પાસે સદ્વ્યવહારની ભીખ માગવા તૈયાર ન હતા. હરિજનોના રાજકીય ઉદ્ધારથી બધું બરાબ્ર થઈ જશે, એમ ગાંધીજી માનતા ન હતા. એમના શબ્દોમાં આ દલીલ સમજી લઈએ:

“તમે અસ્પૃશ્યોને ગમે તેટલી રાજદ્વારી સત્તા આપો, તેથી શું થાય? એ તો કોઈ ચંગીઝખાન આવે અને બધા સવર્ણ હિંદુઓને એમના ઘરમાંથી કાઢી તેમાં હરિજનોને વસાવે; પણ તેથી શા દહાડા વળે? આ તો ચાર કરોડ ગુલામોનું સ્વરાજ છે. ગુલામો કરતાંય ખરાબ-એ લોકોને જાનવર બનાવ્યા અને એનો આપણે ધર્મ બનાવ્યો કે એ લોકો એમનાં કર્મનાં ફળ ભોગવે છે! આ તો ધર્મનું રાક્ષસી સ્વરૂપ છે. હિંદુ ધર્મનો

અર્થ જો આ હોય, તો હું પણ ‘ગીતા’, ‘મનુસ્મૃતિ’ બધાંને બાળું.”

આજે સ્વરાજ્ય મળ્યાના દાયકાઓ બાદ પણ હજી દલિતોની સ્થિતિ બહુ સુધરી નથી. અધિકારો તો મળ્યા પરંતુ શિક્ષણ ન મળ્યું, તેથી ખરેખર અધિકારો પામવાનું ન બન્યું. દલિત નેતાઓએ નક્કર સેવાકાર્ય કરીને દલિતોમાં શિક્ષણનો પ્રસાર કરવામાં જાત ઘસી નાખવાનું ટાળ્યું. દલિતોના બોલકણા નેતાઓએ ડો. આંબેડકરની પ્રતિમાઓ રચાવીને, કડવી અને બોલકી દલિત કવિતાઓ રચીને અને ચૂંટણીનાં ગણિતો રચીને પ્રેશર-જૂથો જમાવ્યાં, પણ છેક છેવાડે પડેલા ભંગીને ભણાવીને એને નવજીવન આપવાનું રચનાત્મક કામ ટાળ્યું. આમ ડો. આંબેડકરને પણ તેમણે અન્યાય જ કર્યો છે. કોઈ મહાનુભાવને અન્યાય કરવાની એક રીત એમની ઝનૂની પ્રશંસા કરીને નક્કર કામો ટાળવાં તે છે.

ગાંધીજીએ હરિજનોના ઉદ્ધાર માટે ખૂબ મોટું પાયાનું કામ સવાત્રણ દાયકા સુધી કર્યું. એ કામને પરિણામે દેશમાં જે હવા પેદા થઈ તેથી જ ડો. આંબેડકર [ભારતના] બંધારણના ઘડતરમાં પોતાનું યોગદાન કરી શક્યા. ગાંધીજીને અનુસરનારા કેટલાય સવર્ણ લોકોએ હરિજનોની સેવા એવી નિષ્ઠાથી કરી કે અસ્પૃશ્યતા કલંક ગણાવા લાગી. આવું ન બન્યું હોત તો આંબેડકર પ્રધાન ન બની શકત, એમની શક્તિનો લાભ દેશને ન મળ્યો હોત.

[‘ગાંધીનાં ચશ્માં’ પુસ્તક: ૨૦૦૬]

## ‘સ્ટોપ હીયર, ઓર જેન્ટલી પાસ’

અંગ્રેજી કવિ વર્ડ્ઝવર્થ પોતાની બહેન ડોરોથી સાથે સ્કોટલેન્ડ ગયા ત્યારે ફરવા નીકળ્યા. ખેતરમાં એક કિસાન કન્યા લણણી કરતી જાય અને ગીત ગાતી જાય. એ ગીતની ભાષા ગૈલિક ભાષા હતી, અંગ્રેજી નહોતી. સ્કોટલેન્ડમાં ગૈલિક ભાષા છે. એટલે વર્ડ્ઝવર્થને ગીત બિલકુલ સમજાયું નહીં. પણ જે મસ્તીથી એ કિસાન કન્યા ગીત ગાતી હતી

એનાં સ્પંદનો કવિના સંવેદનશીલ ચિત્તને અસર કરી ગયાં ભાષાનો અંતરાય ખરી પડ્યો અને વડ્ઝ઼વર્થે એ લણણી કરનારી કન્યા ઉપર એક કવિતા લખી જે પ્રખ્યાત છે. એ કવિતાનું મથાળું છે: 'સોલિટરી રીપર.' એકલી કિસાન કન્યા, લણણી કરનારી કિસાન કન્યા. એમાં વર્ડ્ઝવર્થ કહે છે કે, એ કિસાન કન્યાની મર્યાદા જાળવજો, એને કોઈ ડિસ્ટર્બ કરતાં નહીં. એ એની મસ્તીમાં મસ્ત છે. ગાતી જાય છે, કામ કરતી જાય છે. એને તમારી હાજરીથી ખલેલ પહોંચાડશો નહીં. પછી વર્ડ્ઝવર્થ એમાં એક પંક્તિ લખે છે: “સ્ટોપ હીયર, ઓર જે ન્ટલી પાસ. કાં તો અહીં થોભો અદબપૂર્વક, કાં તો શાંતિથી ખલેલ પહોંચાડ્યા વિના પસાર થઈ જાવ.”

['સામ્પ્રત' ત્રિમાસિક: ૨૦૦૬]

# અનોખી પ્રભાતફેરી

અમારા ગામમાં શ્રીકાંત આપટે નામના સર્વોદય સેવક વર્ષોથી રહેતા હતા. મારા જેવા થોડાક જુવાનિયા એમના પ્રભાવ હેઠળ નાનીમોટી પ્રવૃત્તિઓ કરતા રહેતા. એમણે એક વાર રાંદેરનાં ખાનગી જાજરૂઓનો સર્વે કરવાનું શરૂ કર્યું. એ જમાનામાં માથે મેલું ઉપાડીને હરિજનો દરેક જાજરૂની નીચે રહેલી ડોલ ઠાલવતા. આપટેજી આ સર્વે કરવા માટે ઘરઘરનાં જાજરૂનું નીચેનું ઢાંકણ ખોલીને મેલાની ડોલ કેવી હાલતમાં છે તેની નોંધ કરતા. એક દિવસ આવો સર્વે કરીને આવ્યા પછી આપટેજી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. થોડીક વાતચીતને અંતે એક નિર્ણય લેવાયો.

થોડાક દિવસો બાદ ગાંધીજયંતી આવતી હતી. અમે નક્કી કર્યું કે માથે મેલાની ડોલ ઉપાડીને ગામમાં એક નાકેથી બીજા નાકે ચાલતા જવું. જેથી હરિજનોની વિટંબણાનો ખ્યાલ આવે. બીજી ઓક્ટોબર આવી પહોંચી. આવા કામમાં કોણ તૈયાર થાય! આપટેજી, અંબુભાઈ

પટેલ, રમણ પટેલ અને હું. એમ ચાર જણા તૈયાર થયા. હું આગલી રાતે પથારીમાં પડ્યો, પણ ઊંઘ જ ન આવે. આંખ આગળ દુર્ગંધ મારતું ગંદું, તૂટેલું ડોલચું જ દેખાયા કરે!

ગાંધીજયંતીને દિવસે સવારે અમે ચાર જણા અને ગોલવાડના બે હરિજનો બોરવાડે જવા ઊપડ્યા. એક હરિજનનું નામ હતું ગોવન અને બીજાનું કિશન. અમે પહોંચ્યા બોરવાડાના પબ્લિક જાજરૂ પાસે. જેમ તેમ મેલું ડોલમાં ઠાલવીને પછી ડોલ માથે મૂકીને અમે છ જણાએ ચાલવા માંડ્યું. રસ્તે લોકો કૌતુકથી જુએ અને દાંત કાઢે. મારે માથે વળી બીજી આફત આવી. આપટેજીએ આજ્ઞા કરી કે તું ગીત ઉપાડ અને અમે તે ઝીલીશું. એ દિવસોમાં મારી બા આગળ જૂઠું બોલીને છાનામાના સુરતની મોહન ટોકિઝમાં 'સત્યવાદી હરિશ્ચંદ્ર' ફિલ્મ મેં જોયેલી. તેનું એક ગીત મેં ઉપાડ્યું, જે મને આજે પણ પૂરેપૂરું યાદ છે:

*જગતપિતાની વિશ્વવાડી આ*
*માનવપુષ્પે ખીલી રહી;*
*માનવમાત્ર પ્રભુનાં બાળક,*
*ઊંચ નહીં કોઈ નીચ નહીં.-ઊંચ નહીં..*

*યમુનાતટ પર સૂર્ય પ્રકાશે*
*પ્રકાશતો અંત્યજ ઘર જઈ,*
*મેઘ વરસતો એક જ સરખો*
*વાડી કે વેરાન મહીં.-ઊંચ નહીં..*

*વાયુ સઘળે સરખો વાતો*
*સૂર્ય-કિરણમાં ભેદ નહીં,*
*એક જ પ્રભુની જ્યોત જગતમાં*
*વિવિધ રૂપે જલી રહી.-ઊંચ નહીં..*

*સંસ્કાર વિનાના વ્યર્થ જીવનમાં*
*સેવા વિણ સંસ્કાર નહીં;*

*કર્મ થકી જન મહાન બને છે,*
*જન્મ થકી કોઈ મહાન નહીં.-ઊંચ નહીં..*

ચાલતા ચાલતા અમે બજારની મધ્યમાં આવેલી રાંદેર પીપલ્સ કો-ઓપરેટીવ બૅન્કના મકાન સુધી આવી પહોંચ્યા. ત્યાં મારા મનમાં એવો વિચાર આવ્યો કે મુસલમાન લત્તાઓમાં થઈને આપટેજીના ખેતરે પહોંચી જવાય તો સારું, જેથી પારેખ ફળિયાવાળા મારી આ 'ફજેતી' જોવા નહીં પામે. આપટેજીને વાત કરી ત્યાં તેઓ તડૂક્યા: "પારેખ ફળિયામાંથી જ જવાનું છે. તારે ગીત ગવડાવવાનું છે અને હિંમત ન હોય તો ડોલ મૂકીને ચાલવા માંડ." છ જણાનું સરઘસ વળ્યું પારેખ ફળિયા તરફ અને સૌ મિત્રોએ અને સ્વજનોએ અમારી અનોખી 'પ્રભાતફેરી' જોઈ અને અમારું ગીત સાંભળ્યું.

આ બધું વાંચતી વખતે પણ કોઈને કમકમાં આવે, તો જે આદમી જીવનભર આ જ કામ કરે તેની વેદનાનું શું? કિશન રોજ ખાડી ફળિયાની શેરીમાંથી મળનું ગાડું હાંકીને મોરા ભાગળ વટાવીને ડેપા સુધી જતો. એ ગાડું આસપાસના સો મીટરના વિસ્તારમાં દુર્ગંધનું ભયાનક આક્રમણ ફેલાવી દેતું. દુર્ગંધ એક મિનિટ માટે પણ અસહ્ય બની રહેતી. એ વખતે થતું: આ કિશન પર શી વીતતી હશે?

દબાયેલા-કચડાયેલા દલિતોની કેટલીક વ્યથાઓનો ખ્યાલ સવર્ણોને કદી આવી જ ન શકે. ગાંધીજીએ સવર્ણોને જાજરૂ-સફાઈ કરતા કર્યા અને કેટલાક સવર્ણ સેવકોએ લગભગ હરિજન બનીને હરિજનોની એટલી સેવા કરી કે જેટલી આજના કોઈ દલિતવર્ગના નેતાએ એના જ ભાઈભાંડુઓની ન કરી હોય. હવે હાલતમાં ઘણો સુધારો થયો છે, છતાંય હજી ઘણા ગાઉ કાપવાના બાકી છે. દલિતો હવે અવાજ ઉઠાવતા થયા છે. સદીઓથી જેમનો અવાજ રૂંધવામાં આવ્યો હોય તેઓ જ્યારે પહેલવહેલા બોલવા માંડે ત્યારે થોડુંક વધારે જોરથી જ બોલવાના. આ વધારે જોરથી બોલાતા ગરમ શબ્દોથી સવર્ણો અકળાય, તે કેમ ચાલે? જ્યારે પણ આવા કોઈ કારણે ગુસ્સો આવે ત્યારે સવર્ણ કોમના માણસે એક જ વાક્ય પોતાની જાતને સંબોધીને ઓચરવું: "હું

એમની જગ્યાએ હોઉં તો શું કરું?”

['ગાંધીનાં ચશ્માં' પુસ્તક: ૨૦૦૬]

## નિભાડામાં પાકીને આવેલા

*લીધેલું કામ અડધેથી છોડે, તે ગાંધી નહીં.*
*ડરથી કોઈ કામ પડતું મેલે, તે ગાંધી નહીં.*
*પોતાની રાઈ જેવડી ભૂલ છુપાવે, તે ગાંધી નહીં.*
*સત્ય સાથે બાંધછોડ કરે, તે ગાંધી નહીં.*
*મિત્રને છાવરે ને દુશ્મનને છેતરે, તે ગાંધી નહીં.*

આવા ગાંધીનું ખરેખરું ઘડતર દક્ષિણ આફ્રિકામાં થયું. જીવનમાં સાદગી, સેવા, સત્યાગ્રહ અને સ્વાવલંબનના પ્રયોગોની શરૂઆત ત્યાં થઈ. ૧૯૧૫માં ભારત પાછા ફર્યા ત્યારે તો દક્ષિણ આફ્રિકામાં તપશ્ચર્યાના નિભાડામાં પાકીને તેઓ લગભગ મહાત્મા બની ચૂક્યા હતા.

ગાંધીસાહિત્યમાં મારું પ્રિય પુસ્તક 'જીવનનું પરોઢ' છે. એના લેખક પ્રભુદાસ ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં [પોતાની બાલવયમાં] યુવાન ગાંધીનાં પરાક્રમો નિહાળેલાં. તેઓ છેલ્લી માંદગીમાં પથારીવશ હતા ત્યારે મળવા ગયેલો. મેં કહ્યું: “પ્રભુદાસભાઈ! તમે જીવનમાં માત્ર 'જીવનનું પરોઢ' પુસ્તક લખીને જ વિદાય થયા હોત તો પણ તમારું પૃથ્વી પર આવેલું સાર્થક ગણાત.”

## હુંસાતુંસી

યુવાનોને આટલી મોટી સંખ્યામાં આકર્ષીને એમની પાસે ધાર્યું કામ લેનારો કોઈ નેતા ભારતના ઇતિહાસમાં પાક્યો હોય એવું જોવા મળતું નથી. એમની હાકલ થતાં લાખો યુવાનો જેલમાં ગયા અને દેશને

ખાતર કોઈ પણ બલિદાન આપવા તૈયાર થયા. ગાંધીજીએ દેશમાં એવી આબોહવાનું નિર્માણ કર્યું હતું કે યુવાનોમાં સમર્પણ માટે હુંસાતુંસી થતી. એ દિવસોમાં યુવાની કેવી રમણે ચઢી હતી તેની ઝલક નીચેની પંક્તિઓમાં જોવા મળે છે:

*નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,*
*ખબર છે એટલી કે માતની હાકલ પડી છે,*
*જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે.*

(ઝવેરચંદ મેઘાણી)

['ગાંધીનાં ચશ્માં'પુસ્તક: ૨૦૦૬]

## તફાવત

કોઈ મુસલમાન એવું જાહેર કરે કે પોતે 'કુરાન'માં કે એક જ અલ્લાહમાં માનતો નથી, તો એ મુસલમાન મટી જાય છે. એ જ પ્રમાણે ઈસુ અને 'બાઇબલ'માં અશ્રદ્ધા હોય તો એવો માણસ ખ્રિસ્તી હોવાનો દાવો નહીં કરી શકે. [પણ] કોઈ હિંદુ 'વેદ', 'ઉપનિષદ' કે 'ગીતા'માં તથા પરમેશ્વરમાં બિલકુલ માનતો ન હોય, તોય તે હિંદુ હોઈ શકે.

['પતંગિયાની અમૃતયાત્રા' પુસ્તક: ૨૦૦૬]

## નિખાલસ વાતો

એક વાર હું સિયાટલથી વાનકુવર બસમાં જઈ રહ્યો હતો. એક અમેરિકન યુવાન જોડિયા બેઠક પર સાથે હતો. વાતો ચાલી. એણે મને ઇન્ડિયા વિષે પ્રશ્ન પૂછ્યા. મેં પણ પછી એને થોડાક પ્રશ્નો પૂછ્યા. એકાદ-બે કલાકમાં તો અમે ખાસા નજીક આવી ગયા. લાંબી વાતચીતને અંતે મેં એને પૂછ્યું: "જ્હોન! તેં અત્યાર સુધીમાં કેટલી છોકરીઓ

સાથે ડેટિંગ કર્યું છે?" એણે મનોમન ગણતરી કરવા માંડી અને મને કહ્યું: "બાવીસ." એ યુવાન પરણેલો ન હતો. મેં પૂછ્યું: "જ્હોન! તું જ્યારે પણ લગ્ન કરશે ત્યારે તારી પત્ની વર્જિન (અક્ષત) હોય એવી અપેક્ષા રાખશે ખરો?" કોઈ પણ જાતના વિલંબ વિના જ્હોને કહ્યું: "નો, નેવર."

અમારી વાતોમાં ક્યારે વાનકુવર આવી ગયું તેની ખબર ન પડી. જ્હોન બાય બાય કહીને ચાલી નીકળ્યો ત્યારે મને એવી લાગણી થઈ હતી કે હું મેલો આદમી છું.

*

આપણે આપણા કેટલાય ન પકડાયેલા ગુના ભલે છુપાવીએ, પરંતુ તેવા ગુના કોઈ બીજો માણસ કરે ત્યારે, તેની નિંદા ન કરીએ તોય ઘણું!

*

સેક્સનાં સ્ખલનોથી હું મુક્ત નથી. કોઈ સુંદર યુવતીને મળવાનું બને ત્યારે અંદરથી આકર્ષણ ન અનુભવું એવો અરસિક હું નથી.

['ગાંધીનાં ચશ્માં' પુસ્તક: ૨૦૦૬]

# પ્રાણઊર્જા

સત્ય પણ એક પ્રકારની ઊર્જા છે. જ્યારે જ્યારે આપણે જૂઠું બોલીએ છીએ ત્યારે આપણી પ્રાણઊર્જા ક્ષીણ થાય છે. આજે કેટલાય સેવકોનો પ્રભાવ કેમ નથી પડતો? શું એમાં સમાજનો વાંક છે? લોહચુંબક જ્યારે પોતાનું ચુંબકત્વ ગુમાવી બેસે, ત્યારે પાસે પડેલી ટાંકણી પણ એના તરફ ખેંચાતી નથી. એમાં ટાંકણીનો શો વાંક? શિક્ષકત્વ ગુમાવી બેઠેલા શિક્ષકનો વિદ્યાર્થીઓ પર પ્રભાવ નથી પડતો.

['ગાંધીનાં ચશ્માં' પુસ્તક: ૨૦૦૬]

# ગુણવંતરાય આચાર્ય

## દાસત્વ સામે મોરચા

"અમારે ગુલામો જોઈએ છે"—એ યુગયુગના ધનપતિઓ અને ધર્માચાર્યોની માંગ છે. અને ધનાઢ્યોના એ સામ્રાજ્યમાં શતાબ્દીઓ સુધી એક મોટો માનવસમુદાય અહર્નિશ દાસત્વ કર્યા કરે છે. આ પાખંડ સામે યુગો થયા છૂટાછવાયા વીર માનવીઓ મોરચા માંડી રહ્યા છે.

## નાના નાના ગાંધીઓ...

નાનાં માણસો, ભુલાયેલાં માણસો, સરકાર-દરબારોની ઉપેક્ષાથી અગોચર રહેલાં માનવીઓ, એ સાચું ગુજરાત છે. ગુજરાતનું ગૌરવ વધશે, વધ્યું છે, એક મહાત્મા ગાંધીજીથી નહીં, એક સરદાર પટેલથી નહીં—હજારો ગુજરાતીઓ નાના નાના ગાંધીઓ ને પટેલો થયા હતા તેથી. એક મહાન માનવી તો માત્રા માર્ગ બતાવી શકે, દીવાદાંડી બની શકે. હજારો નાનાંમોટાં સફરી જહાજો એ દીવાદાંડીથી સચેત બનીને ઘૂમે ત્યારે જ દેશ મહાન થાય. માટે જ નાનાં મનાયેલાં માનવીઓની કથાઓ મને વધારે ગમે છે.

કોઈ પણ પુસ્તક લખવાનું શરૂ કરતાં પહેલાં હું એક જ ચિંતા કરું છું કે મારું પુસ્તક જો આજના વાચકને પ્રેરક થાય, પોતાના વતનને જરાક વધુ ગૌરવવંતું કરવાની એનામાં થોડીક પણ ઉત્તેજના મૂકે, તો મારો પરિશ્રમ સાર્થક બનશે. આવતાં હજાર વર્ષ ગુજરાતનાં ઉજ્જ્વળ જવાનાં જ છે, એવો કોલ મને ઇતિહાસમાંથી વંચાયો છે. મને મારી શ્રદ્ધા છે. વાચકોને પણ એ શ્રદ્ધા બંધાય, એ મા સરસ્વતી પાસે મારી પ્રાર્થના છે.

# સોરઠી સંસ્કૃતિ

હું કાઠિયાવાડી છું અને મારા જેવા બીજા કાઠિયાવાડી લેખકો પણ છે. અમે સોરઠી સંસ્કાર અને સંસ્કૃતિની આરાધના કરીએ છીએ. અમે સોરઠના ભૂમિજનોની ઊર્મિઓ અને ભાવનાઓને સાદ દઈએ છીએ. કાઠિયાવાડનું રાજકીય, ઔદ્યોગિક અને પ્રજાકીય જીવન એકકાળે શેષ હિન્દથી આગળ હતું.

૧૭૭૦ની આસપાસ દ્વારકાનો એક વાઘેર નામે રામસિંહ માલમ યુરોપના પ્રવાસે ગયેલો. ત્યાંથી એ મીનાકારી, કાચ, લોખંડ અને હથિયારો બનાવવાના ઉદ્યોગો શીખી આવેલો. કેવળ ઉદ્યોગ જ માત્ર નહિ, ફ્રાંસની મહાક્રાંતિનો સંદેશ પણ લાવેલો. અને એના એ સંદેશથી પ્રેરિત થઈને કચ્છની પ્રજાએ ૧૭૮૪માં પોતાના રાજા રાયઘણને પદભ્રષ્ટ કર્યો, કેદ કર્યો અને કચ્છના બાર મહાલના બાર પ્રજાકીય આગેવાનોની કાર્યવાહક સમિતિનો—બારભાયાનો કારભાર પણ સ્થાપેલો.

બારભાયાના આ પ્રજાકીય કારભારને તોડી પાડવાને જોધપુર, રાધનપુર, રજપૂતાના ને કાઠિયાવાડનાં બીજાં રાજ્યો અને કંપની સરકારના દળકટક એકઠાં થયાં. કચ્છ કાઠિયાવાડના વાઘેરો, મિયાણાઓ અને ખલાસીઓની મદદથી કચ્છની પ્રજાએ આ એકત્રિત હુમલા સામે વીસ વીસ વર્ષ સુધી ટક્કર ઝીલી. છેવટે બારભાયામાંથી જ ત્રણચાર 'ભાઈ' ફૂટયા. પ્રજાતંત્રાનો અંત આવ્યો. અને પ્રજાએ પદભ્રષ્ટ કરીને કેદ કરેલા રાજા રાયઘણને ૧૮૦૪માં કચ્છના રાજા તરીકે ફરીથી સ્થાપવામાં આવ્યો.

પ્રજા ફરીથી આવું બળ કેળવી ન શકે, ફરીથી આવો પ્રજાતંત્રાનો પ્રયોગ ન કરી શકે એ માટે બારભાયાના કારભારના અંત પછી તરત જ કાઠિયાવાડના તમામ રાજાઓને બ્રિટિશ સલ્તનત તરફથી પોતાની ગાદી ઉપર સલામત કરવામાં આવ્યા. સુરાજ્ય કરવાની, વસ્તીના જાનમાલની કે ઇન્સાફનાં ધોરણો જાળવી રાખવાની એમના ઉપર કોઈ જવાબદારી રાખવામાં આવી નહિ.

કુરાજ્યનાં સર્વ પરિણામો સામે જેમને પરદેશી સેનાનાં સંરક્ષણ હતાં એવાં એકસો નેવ્યાસી રજવાડાં વચ્ચે પ્રજા ફાળવવામાં આવેલી. એટલે પ્રજા કેળવણીથી વંચિત બની; આર્થિક રીતે બેહાલ બની. ખેતી બરબાદ બની; રસ્તાઓ ને નદીઓ બિસમાર થયાં; જાનમાલની બિનસલામતી થઈ; હજાર હજાર વર્ષથી બારે માસ લીલી રહેતી નદીઓનાં વહેણો અદશ્ય થયાં ને સદાકાળ હરિયાળી રહેતી ધરતીએ લીલા સાજ ઉતારીને ભૂખરા વાઘા પહેર્યા; કચ્છના ને કાઠિયાવાડના શાહ સોદાગર સુંદરજી શિવજી હીરજી ખત્રી—સુંદર સોદાગરે અનેક હમવતનીઓને ચીન ને યુરોપ મોકલીને તાલીમ અપાવીને કાચ, ચામડાં ને લોખંડનાં કારખાનાં નાખેલાં તે અદશ્ય થયાં.

આ તમામની અસર લોકજીવન ઉપર પડી. મુત્સદ્દીગીરીનું સ્થાન ખટપટે લીધું. લાયકાતનું સ્થાન મહેરબાનીએ લીધું. ખમીરનું સ્થાન ખમાબાપુએ લીધું.

સમજદાર ને સાહસિક માનવીઓએ વતન છોડીને પરભોમમાં વાસ સ્વીકાર્યો. વતનની અસ્મિતાને ભોગે મુંબઈ ને આફ્રિકા, બર્મા ને મધ્યહિન્દ વસવા લાગ્યા.

સોરઠી સંસ્કૃતિ લડાયક છે એનું કારણ એ છે કે સોરઠી સંસ્કૃતિ પરચક્રની નઠોરતાનો ભોગ બની હોઈ પોતાના જીવનમરણનો સંગ્રામ ખેલે છે. એટલે જ સોરઠી સંસ્કૃતિમાં લાગણીઓ અને ભાવનાઓ ઉગ્ર સ્વરૂપમાં દેખાય છે. સતત સવાસો વર્ષથી અમારી પ્રજા આ જુલમગારી સહન કરતી આવી છે. એટલે જ સોરઠી સંસ્કૃતિનું સ્વરૂપ લડાયક રહ્યું છે.

ઝંડુ ભટ્ટજી, કાળિદાસ શાસ્ત્રી, ગોકળજી ઝાલા, આદિતરામ માસ્તર એ અમારા જ્ઞાનવિજ્ઞાનના વારિધિ. સ્વામી દયાનંદ અને મહાત્મા ગાંધીજી એ સમસ્ત પ્રદેશની પચીસ લાખની વસ્તીની સવાસો વર્ષની પરચક્રે લાદેલી પામરતાનો સોરઠી સંસ્કૃતિએ આપેલો જવાબ.

સોરઠી સંસ્કૃતિ એ કેવળ સોરઠ માત્રની નહિ સમસ્ત ગુજરાતની

ગૌરવ—ગાથા છે. એનો પૂરો પાર પામવાને એક ઝવેરચંદ મેઘાણી કે એક ગુણવંતરાય આચાર્ય બસ નથી, એમાં તો ઝવેરચંદ મેઘાણીને બીજો અવતાર લેવો પડશે, સેંકડો ગુણવંતરાયો જોઈશે.

[૧૯૪૫નો રણજિતરામ ચંદ્રક ગુજરાત સાહિત્ય સભા તરફથી આપવામાં આવ્યો ત્યારે કરેલા ભાષણમાંથીઃ ૧૯૪૭]

# ગુણવંતરાય પુરોહિત

## ...એટલે મારી બાને બળતરા નહીં!

પરિષદ ઓફિસે હું પહોંચ્યો, મારાં કપડાં લોહિયાળ હતાં. મને પડેલ પોલીસના મારની નિશાનીઓ દેખાતી હતી. એટલે પરિષદે મારા વાંસાના ફોટા પડાવ્યા અને છાપામાં છપાવ્યા. મને પડેલ મારને લક્ષમાં લેતાં તત્કાળ લડત માટે ગામડામાં ન મોકલતાં આઠદસ દિવસ મને આરામ કરવા માટે જણાવ્યું. ખોરાકમાં ઘી, ગોળ, દૂધની માત્રા વધારી આપી. મને તાજોમાજો કરવાનું આયોજન થયું.

ફરી પાછો સાંગણવા ચોકની જાહેર સભામાંથી મને પકડવામાં આવ્યો. મારી સાથે બીજા ત્રીસેક સૈનિકોને પકડવામાં આવ્યા. અમને બધાને રાજ્યની લાઇબ્રેરીના મકાનના કમ્પાઉન્ડમાં રાખ્યા હતા. રાત્રે દસ પછી બેત્રણ ખટારીઓ અમને ગામડાંની વાડીઓમાં મોકલવા તૈયાર રાખેલી. અમને એમાં બેસાડીને ત્રંબાથી આગળ ગયા પછી ચારપાંચ જણાને નીચે ઉતારે; સૈનિકોના ચપ્પલ, જોડા, ચશ્માં, પાકીટ, પેન વગેરે બધું પોલીસો લઈ લે, પછી મારે. એમ કરતા કરતા થોડા થોડા અંતરે ઉતારતા જાય, મારતા જાય. છેલ્લે હલેન્ડાની વાડીમાં અમે આશરે પંદર જણા હતા. એમાં બબ્બે જણાને ઉતારીને, મારની વિધિ કરીને, સૈનિકોને લૂંટી, મારી ભગાડ્યા.

બાદ અમે બે જણા રહ્યા. તેમાં પહેલાં મારો વારો આવ્યો. જયંતીભાઈ ફોજદાર અને તેના માણસો મને મારવા લાગ્યા. હું નીચે બેસી ગયો અને ભગવાનનું નામ રામ, રામ, રામ... લઉં. મારની ગમેતેટલી ભીંસ હોવા છતાં મેં મચક આપી નહીં. હું ઘડાઈ ગયો હતો. વળી મને તાજોમાજો કરવા ઘી, ગોળ, દૂધ આપવામાં આવેલ. મેં મારને મચક ન આપતાં, ગમેતેવી ગાળો બોલીને ‘ભારો સાળો ઢોર જેવો છે ઈ’) કહી મને પડતો મૂક્યો. મારી પાછળ સાવરકુંડલાના

જમનાદાસભાઈ જાનીને ઉતાર્યા. તે વખતે મારું વજન ૧૫૬ રતલ હતું, પણ જમનાદાસભાઈ તો સાવ સુકલકડી હતા. સારા પવનની ઝીંક ઝીલે તેવા પણ ન હતા. એને બેચાર બડા માર્યા, પણ પછી લાગ્યું કે ભામટો માર નહીં સહન કરી શકે, મરી જશે અને પોતાને બ્રહ્મહત્યાનું પાપ લાગશે, એટલે એને છોડી દીધા.

હલેન્ડાની વીડીમાં સત્યાગ્રહીઓને મારીને પોલીસો જેવા ખટારીમાં રવાના થયા એટલે મેં ઊભા થઈને વાંભ દીધી: ભાઈઓ, કોઈ આડાઅવળા જશો નહીં. બધાય અહીં ભેગા થઈ જાવ, અહીંથી આપણે કૂચ કરતાં કરતાં રાજકોટ જવાનું છે. મારો અવાજ બુલંદ હતો, એટલે પોલીસોએ પણ સાંભળ્યો અને ખટારી ઊભી રાખી. બેપાંચ બડા મારી બધા સૈનિકોથી મને જુદો પાડવા એમની ગાડીમાં નાખ્યો. ખટારી ચાલી એટલે જયંતીભાઈ ફોજદારે કહ્યું કે, આને સાળાને સરધારના તળાવમાં નાખી દેવો છે.

મેં કહ્યું: “જયંતીભાઈ, હું બહુ સારો તરવૈયો છું. ભાવનગરની અને દીવની ખાડી હું તરી ગયો છું. તમારે મને મારી નાંખવો હોય તો મારા હાથ પાછળ બાંધી અને પાણો બાંધી મને તળાવમાં નાખી દેજો. એટલે તમારે મને ઘડીએ ઘડીએ મારવો નહીં અને મારી માને રોજની બળતરા નહીં.” મારા આ શબ્દોની જયંતીભાઈ ઉપર જાદુઈ અસર થઈ. તેમણે ખટારીઓ ઊભી રખાવી અને મને માનથી સંબોધન કરી કહ્યું: “ગુણવંતભાઈ, નીચે ઊતરી જાવ.” હું નીચે ઊતર્યો એટલે તેમણે કહ્યું: “ગુણવંતભાઈ, માફ કરજો, તમને અમે ઓળખ્યા ન હતા.” તેમણે સિપાઈઓને બોલાવ્યા. પહેલાં પોતે મને પગે લાગ્યા. બાદ તેમણે બધા જ સિપાઈઓને કહ્યું કે: “આમને પગે લાગો,” બાદ મને કહ્યું: “તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ.”

['સામ્પ્રત' ત્રિમાસિક: ૨૦૦૬]

# ગુરુદયાલ મલ્લિક

## મારી માને ગમશે?

તે વખતે હું અગિયારેક વરસનો હોઈશ. એક દિવસ હું રસ્તા પરથી પસાર થતો હતો. એવામાં એક ફકીરબાબા સામેથી આવ્યા. તેમણે મને ઊંચકી લીધો અને મારી આંખમાં આંખ મિલાવીને બે ઘડી તે જોઈ રહ્યા. પછી મને નીચે મૂકી દીધો. ફરીથી તેમણે મને ઉપાડી લીધો ને એ જ પ્રમાણે નિહાળીને પાછો નીચે મૂક્યો. આમ તેમણે ત્રણેક વાર કર્યું.

પછી ફકીરબાબાએ કહ્યું, “બચ્ચા, એક વાત તું હંમેશાં યાદ રાખજે. જ્યારે તું કંઈ પણ કરે, બોલે, વિચારે ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે કે, ‘મારી માને આ ગમશે કે નહીં?’ એટલું કહીને ફકીરબાબા ચાલ્યા ગયા. એ પછી મેં તેમને કદી જોયા નથી. પણ તેમની એ શિખામણ મારા દિલમાં જડાઈ ગઈ છે. ત્યારથી મને એક ટેવ જ પડી ગઈ છે કે, કંઈ પણ હું કરું, બોલું અથવા વિચારું ત્યારે મારી આંખ સામે સવાલ ખડો થઈ જાય છે કે, “મારી માને આ ગમશે કે નહિ?”

આ શિખામણથી હું ઘણા દોષમાંથી બચી ગયો છું. માને હંમેશાં નજર સામે રાખવાની મને ટેવ પડી ગઈ છે. તેથી કંઈ પણ અનિષ્ટ વિચારતાં, બોલતાં કે કરતાં મને સંકોચ થઈ આવે છે અને એ કુવિચાર, કુવચન કે કુકર્મના દોષમાંથી હું બચી જાઉં છું.

(અનુ. મુકુલ કલાર્થી, નિરંજના કલાર્થી)

# ગુલાબદાસ બ્રોકર

## પત્નીને મશીન નથી બનાવવી

મોહનલાલ મહેતા 'સોપાન' મારા પરમ મિત્રા. અઠવાડિયામાં બે-ત્રણ વાર એમને ન મળું તો મને ચેન ન પડે.

'સોપાન'ને પોતાને ઘેર ભોજન મજલિસો રાખવાનું ખૂબ ગમે. દર રવિવારે એમને ત્યાં એક નહિ તો બીજા, થોડા મિત્રો ભોજન માટે આવ્યા જ હોય. અનેક ક્ષેત્રના એ સજ્જનો એવી એવી આનંદભરી વાતો કરે કે સમય ક્યાં ઊડી જાય તેની ખબર પણ ન પડે.

અને પાછી ભોજનની કુશળતા તો 'સોપાન'નાં પત્ની લાભુબહેનની જ. એવું સરસ સરસ જમાડે, અને એવા ભાવથી કે ઉદર તો સંતૃપ્ત થાય જ, પણ હૃદય પણ એટલી જ સંતૃપ્તિ પામે.

વર્ષો સુધી આ ક્રમ ચાલ્યો. અમે બધા પછી એટલા જુવાન નહોતા રહ્યા, પણ આ ક્રમમાં કશો ફરક ન પડ્યો. 'સોપાન'નો એટલો જ આનંદ અને લાભુબહેનની ભાવભરી ભોજન-સામગ્રી અમે મિત્રો માણતા રહ્યા.

તેમાં એક દિવસ કંઈક મોડું કે એવું કંઈક થયું હશે, અને 'સોપાન' જરા ઉતાવળા થયા. લાભુબહેને તેનો યોગ્ય વિનયભર્યો જવાબ આપ્યો. મેં એ બધું સાંભળ્યું, પણ ન સાંભળ્યું હોય તેવો દેખાવ કર્યો.

પછી 'સોપાન' જરા આઘાપાછા થયા અને લાભુબહેન મને મળ્યાં કે તરત તેમણે હસવા જેવું મોં કરીને મને કહ્યું:

"ગુલાબદાસભાઈ, તમારા મિત્રા મને હજી પચીસ વરસની જ માનતા લાગે છે!" ને એ ચાલતાં થયાં પોતાને કામે. પણ એ વાક્ય હજી મારા હૃદયમાં એવું ને એવું સચવાઈ રહ્યું છે.

આપણે બધા આપણી પત્નીઓને સદાય એ પચીસ વર્ષની જ

હોય એવી જાતના કામની અપેક્ષા એમની પાસેથી નથી રાખતા?

હું પણ એ બધા જમાનામાં યૌવન પછી પ્રૌઢત્વ પામ્યા પછીયે મારે ઘેર ઘણાબધા મિત્રોને વારંવાર ભોજન માટે નોતરતો હતો અને મારી પત્ની હોંશે હોંશે બધાંને જમાડતી હતી. ન કરતી ફરિયાદ કે ન બતાવતી કંટાળો. ને મને કોઈ દિવસ એના વિશે તો કશો ખ્યાલ જ નહોતો આવતો.

પણ લાભુબહેને કહેલું વાક્ય યાદ આવતાં મને થતું કે એકલા 'સોપાન' જ નહિ, હું પણ મારી પત્ની જાણે નિરંતર પચીસ વર્ષની જ રહી હોય એવું માનતો હતો.

ને મન વિચારે ચઢી જતું. આપણે આપણી પત્નીઓ પાસે કેટલી મોટી અપેક્ષાઓ રાખીએ છીએ? અને એમનો એક માત્ર, ગુનો કહેવો હોય તો ગુનો કહો, કે સાલસતા કહેવી હોય તો સાલસતા કહો, પણ એક માત્ર સ્વભાવ કદી ફરિયાદ કરવાનો હોતો નથી; એટલે આપણે આ એક બાબતમાં તેને માણસ નહિ પણ મશીન જ માનતા હોઈએ તેમ વર્તીએ છીએ. ખ્યાલ જ નથી આવતો આપણને કે એનું શરીર પણ માણસનું શરીર છે, ને એ પણ થાકતું હોય, આરામ માગતું હોય, તેને ધારી ઝડપથી કામ ન કરવા દેતું હોય!

આવા વિચારો જોર કરતા ગયા એટલે મારા મનમાં એક નિર્ધાર થઈ ગયો કે આ બધું જોયા, સાંભળ્યા, સમજ્યા પછી મારે મારી પત્નીને આવી મશીન જેવી નથી જ બનાવી દેવી.

એટલે એ પછી એ રીતની મોજ ખાતર નોતરેલા મહેમાનોની સંખ્યા મેં ઓછી કરી નાખી. કોઈકને ખરાબ લાગશે એ ભાવ પણ મનમાંથી કાઢી નાખ્યો, કેમ કે એ કોઈકને ખાતર, આ કોઈકને, જેને મારી પત્ની થવાનું નસીબમાં લખાયું હતું તેને, મારે હેરાન પરેશાન થવા દેવી, એ કંઈ વાંધો ન લે એથી?

['મુંબઈ સમાચાર' દૈનિક: ૧૯૯૪]

# "ઊભા રહો, કૈંક સરસ વંચાવું!"

'સમરાંગણ' સુંદર લખાયું છે એ તો વાંચતાં વેંત જ ખબર પડી હતી. પણ ભાઈ ઉમાશંકર મારફત જાણ્યું કે એ પુસ્તક પંદર દિવસની જ લખાવટનું ફળ છે, ત્યારે મારી મમતા એકદમ વધી પડી.

હું જે પાછળ ગાંડો બન્યો છું અને જે આવે તેને વંચાવ્યે રાખું છું એ બે પ્રસંગોના વાચનથી મળેલા આનંદમાં તમને—લેખકને—પણ ભાગીદાર કરવા આ પત્ર લખ્યો છે.

ઉમેદભાઈ [મણિયાર] આવ્યા હતા. મારા ટેબલ પર 'સમરાંગણ' પડ્યું હતું. તેમણે પૂછ્યું, "કેવું લાગ્યું.?"

મેં પૂછ્યું, "તમે વાંચી ગયા.?"

તેમણે ના કહી.

મેં કહ્યું, "ઊભા રહો. એમાંથી કૈંક સરસ વંચાવું."

એ નાગડાવાળો પેસેજ અને પછી 'પહેલા ટીખળ'માંનો નાગડાનો અને રાજુલના મેળાપવાળો પ્રસંગ હું વાંચી ગયો. એ પણ ખુશ થઈ ગયા. જેને જેને વંચાવ્યું એ બધાં ખુશ થઈ ગયાં.

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાંઃ ૧૯૩૮]

# ગુલામ મોહમ્મદ શેખ

## ‘કયા જલમનાં પાપ...’

ફાઇન આર્ટ્સ કોલેજમાં ભણાવવા જાઉં છું તેના ઝાંપે છેલ્લા ત્રણેક મહિનાથી એક આદિવાસી વૃદ્ધા બેસી રહે છે. કોઈના કહેવા અનુસાર એનો જમાઈ દુકાળને કારણે એને આમ છોડીને નાસી ગયો છે. એમનાં નામઠામનો પત્તો મળતો નથી કારણ કે ડોશી ઝાઝું સાંભળતાં-સમજતાં નથી. તેથી એમને ઘેર મોકલી આપવાની પેરવી પણ થઈ શકતી નથી. ડોશી પાસે થોડા ગાભા, એક જોડ કપડાં, એક પોટલું અને એક પાણીની માટલી છે. રોજ તડકે-છાંયડે, દિવસે કે રાત્રે એ ત્યાં બેઠાં હોય છે, બહુ તડકો પડે તો જરા આઘાં ખસે, નહિતર છાજલી કરીને બેઠાં હોય. શિયાળાની રાતોમાં એમને ટૂંટિયું વાળી પડી રહેલાં કેટલાકે જોયેલાં. આવ્યાં ત્યારે સાવ નંખાઈ ગયેલાં, પણ કેન્ટીનના નોકરિયાતોએ વિદ્યાર્થીઓના વધેલા ટિફિનમાંથી એમને નિયમિત ખાવાનું પહોંચાડ્યું, ત્યાર બાદ જરા તબિયત સુધરી, હરતાં ફરતાં પણ થયેલ. હવે કોલેજમાં રજાઓ પડી છે, વિદ્યાર્થીઓ ચાલી ગયા છે અને કેન્ટીન બંધ થઈ ગઈ છે છતાં કોઈકવાર આવતા જતા લારીવાળાઓ એમને ખવડાવે છે. એક મિત્રનું હૃદય દ્રવતાં એણે ડોશી માટે કેળાં ખરીદ્યાં, તો ડોશી કહે : રોટલો આપો, રોટલો.

એમને ઘેર નહિ મોકલી શકવાનું પાપ વહોરીને હું ય ફરું છું. ડોશીની છાજલીમાં એમનો ચહેરો અંધારાનું રૂપ લે છે અને આજુબાજુ તડકો જાણે ધડીમ્ ધડીમ્ ઢોલની જેમ ધરુબે છે. આજુબાજુનાં ઝાડ પર પાંદડાં સુકાયાં છે, ઘણાં ખર્યાં છે, ખરે છે. મને ખરતાં પાંદડાંનો જુનવાણી મોહ છે. નાગાં થતાં ઝાડ, ખરતાં કેસૂડાં અને બીજી બાજુ ગરમાળા પર ભરખમ લચતાં ફૂલ જાણે ઉનાળાની જ પ્રતિકૃતિ. ડોશીના ઝાડા-પેશાબને તડકો ક્ષણવારમાં સૂકવી નાખતો હશે. ડોશી

સુકાતાં જતાં હોય તો એની માત્રા તપાસી શકાતી નથી, કારણ કે શરીર તો હવે સૂકા ઝાડ જેવું થઈ ગયું છે —વધતું ય નથી અને ઘટતું ય નથી. ડોશી તો ગાભા-લૂગડામાં એક થઈ પડછાયાની પોટલી જેવા ઝાંપે એવાં પડ્યાં છે કે હવે તો આવતા-જતાની નજર પણ એમના પર પડતી નથી.

*

એ ડોશીનું મોં નીરખવાની મારી હિમ્મત થઈ નથી, પણ ધ્રાંગધ્રામાં સોએક વર્ષનાં એક દૂરના કુટુંબી ડોશી ટૂંટિયું વાળી ખાટલામાં પડ્યા છે એમને નજીકથી નીરખવાનો પ્રસંગ આવે છે ત્યારે ધ્યાનથી એમના ચહેરાની ઊંડી કરચલીઓ જોયા કરું છું. હંમેશના વહેતા પાણીથી પથરામાં લીસી ધારો કોરાય તેમ એમના ચહેરાની કરચલીઓએ પાડેલાં ચોસલાંમાં ચળક ચળક માછલાં જેવી બે આંખો તરે છે. ઘડપણ જોઈને સમયની લીલા યાદ આવ્યા વગર રહેતી નથી. ડોશી કાથીના ખાટલે સૂતાં છે. ખાટલાનો વણાટ અને ડોશીનું મોં; ખાટલાની પહોળાઈ અને ડોશીનું સંકોચાયેલું શરીર-આવું બધું મારા મનમાં વારંવાર અથડાયા કરે છે.

ઘેર જાઉં છું ત્યારે મા ખાટલે પડ્યાં છે. છેલ્લા છ મહિનાથી એમણે ઊઠવાનું બંધ કર્યું છે. ખાટલે જ પડી રહે છે. ખાટલે ખાવાનું-પીવાનું અને ખાટલે જ ઝાડા-પેશાબ. ડોક્ટરોએ આશા છોડી દીધી છે, એટલે ભાઈ-ભાભી એમને મનગમતું ખવડાવે છે. એમના ડાયાબિટીક દેહને ઘણા ખોરાક હાનિકારક હોવા છતાં એમને રાજી રાખવા, એમના છેલ્લા દહાડા સુખમાં જાય એ આશાથી, મીઠાઈ કે ભાત પણ પિરસાય છે. આને લીધે તબિયત દિવસે ને દિવસે લથડતી જતી હશે. મા હવે હાડકાંનો ભારો થઈ ગયાં છે, એમને દાંત બરાબર નથી, આંખે મોતિયો છે અને હાથપગ વાથી ઝલાયેલા છે. વધારામાં પૂરું હવે સ્મૃતિછેદ થવા લાગ્યો છે. અમને ઓળખવાનું ભૂલવા લાગ્યાં છે. ઘડી ઓળખાણ પડે, પછી તરત ભૂલી જાય. ઓળખાણ પડે પછી શું કહેવું તે જાણે સૂઝે નહિ તેથી કોઈક રટણ કરવા માંડે. માને માથે ખૂબ વીત્યું છે. ઘર અને કુટુંબને માથે આર્થિક સંકડાશને કારણે વરસો લગી ખાવાપીવાની

ખેંચ અનુભવી તેના પરિણામરૂપ જાણે મા હવે ખૂબ —અને ઝડપથી —ખાય છે અને ખાઈ લીધા પછી તરત ખાધાનો સ્મૃતિલોપ થવાથી ફરી ખાવાનું રટણ કરે છે. માનાં બે લગ્ન થયેલાં. પહેલા લગ્નથી એક દીકરી હતી. એની દીકરી ક્યાંક પરણાવેલી છે પણ એનું એમને ઘણા વખતથી સ્મરણ નથી. મારાથી પણ એને મળાયું નથી. બીજા લગ્ને અમારો બહોળો પરિવાર, પાંચ છોકરા —એમાંથી એકનું બાળપણમાં મૃત્યુ —અને એક દીકરી. બાપુનો ધમિર્ષ્ઠ છતાં આકરો સ્વભાવ, મોટા ભાઈઓનું ભણતર, એની મુશ્કેલીઓ અને છેવટે મોટાં થતાં એક ભાઈનું પલાયન થવું, બીજા બે અને બાપુ વચ્ચે હંમેશના ઝઘડા અને છેવટે કુટુંબનું વિભાજન. એક બાજુ ભાઈ-ભાભીનાં બે જૂથ, બીજી બાજુ એકલાં મા-બાપુ અને તેમની પૂંઠેપૂંઠે ઘસડાતો ઘસડાતો એકલો એકલો હું. જૂના ઘરની પાછળનું ગાયકવાડી મેદાન, બાજુનું કતલખાનું જોયા કરું અને સૂકા ભોગાવે રખડ્યા કરું. બાપુ મસ્જિદે નમાજો પઢતા હોય, સવારના પહોરમાં વહેલા બાંગ દેતા હોય. સુધરાઈની ચૂંટણીમાં ઝુકાવી ઘાંચીવાડ જેવી શહેરની ગંદામાં ગંદી ગલીની મરામત કરાવતા હોય કે જાજરુ બંધાવવા માટે માથાકૂટ કરતા હોય. ભાઈઓ સાથે ઝઘડામાં તપીને લોહી બાળતા હોય. પગના ખરજવે ‘જર્મ્સકટર’ જેવો મલમ ઘસતા હોય કે ઘરનું પૂરું કરવા ગામના વાણિયા, ઘાંચીવાડના વેપારી ઘાંચી કે સુધરાઈના સભ્યો પાસે વારંવાર લેણું કરવા જતા હોય-ત્યારે મા તો ઘરની અંદરની ઓશરીના રસોડિયા કાળા ઓરડે રોટલા કરતા હોય. માના ચહેરા કરતાં ઓરડાની કાળાશમાં ભળી જતી માની હયાતીનું મને વધારે સ્મરણ છે.

છાણગારાના ચૂલામાં લાલ ઝાળ કે કોલસા અને એમાંથી ઊડતા તિખારા, એના ઉપર કાળી તાવડીમાં શેકાતો રોટલો કે તપેલીમાં ફફડતું શાક —અને માનો હાથ, જાણે આટલું જ વધારે યાદ રહ્યું છે. મા હાંકો પાડે, જલદી ખાઈ લેવા ધમકાવે તે પણ યાદ છે. પછી તો એ મોહલ્લાનાં બૈરાં સાથે બેઠાં હોય પણ એમને મન મૂકીને ઉલ્લાસમાં હસતાં જોયાનાં સંસ્મરણો બહુ ઓછાં છે. છેલ્લાં કેટલાંક

વર્ષોથી એમની લથડતી તબિયત અને મોતિયો આવ્યો એ કારણોસર મારું એમના તરફ વધારે ધ્યાન ઢળ્યું છે. મા અને દીકરાના સંબંધોની સમીપતા કેવી હોય એનો ખ્યાલ કેટલાક ભાઈબંધોને જોઈને મોડો મોડો આવ્યો તેથી, થોડા દુ:ખ સાથે અને થોડા ગુમાવેલાં વર્ષોની નિરાશા સાથે, મા તરફ વળતો ત્યારે એમને ખુશ રાખવા પ્રયત્નો કરતો. મા મૂળ ગામડાનાં, અભણ. એમને ઝાઝી ધર્મ-પ્રીતિ યે નથી. સીધા સાદા ખેડૂતનાં દીકરી. માને ધર્મક્રિયાઓ અને નમાજ શિખવાડતાં ખૂબ વાર લાગી હતી. બાપુ એ જોઈ ગુસ્સે થતા, કારણ કે એ પોતે આપબળે ખૂબ શીખ્યા હતા. હવે સ્મૃતિચ્છેદ થયો છે ત્યારે માને અલ્લાનું નામ યાદ આવતું નથી-ભાઈઓ વારંવાર યાદ દેવડાવે છે છતાં. એને બદલે માને ક્યાં કયાંનાં સ્મરણો જાગે છે-આજનું તો ભુલાયું પણ કાલનું તો જાણે ફરી ઊગે છે, કોઈક વાર કહે છે કે, મને ઘેર લઈ જાવ, હજી બકરાં દોવાનાં બાકી છે. કોઈક વાર કહે છે, સામે કાંઠે લઈ જાવ. કોઈક વાર કોઈને ઓળખીને ભળતું જ બોલવા લાગે છે. એક વાર કહેતાં હતાં કે મહંમદની (મારી) દીકરીને મેં જ ઉછેરીને મોટી કરી છે. પણ આમ જુઓ તો સમીરાને ઓળખે ય નહિ કદાચ.

ભૂતકાળનું અને વર્તમાનનું, શારીરિક અને માનસિક, દર્દ એકબીજામાં સેળભેળ થઈ ગયાં છે, એથી ત્રાસીને 'મારી નાખ્યા માબાપ, કયા જલમનાં પાપ' એવું રટણ રાતદિ' કરે છે. એમને આવું રટણ કરતાં રોકવા ભાઈ કે પોતાને ગામથી મને મળવા આવેલ બહેન ઘાંટો પાડી સમજાવે છે અને અલ્લા અલ્લા કરવાની શીખ આપે છે. મા બે ઘડી રોકાય છે અને ફરી પાછાં એ જ રટણ શરૂ કરે છે. માને જોઈને મારું હૃદય હિજરાય છે, છતાં ય સામો બેસું છું, વાત કરવા પ્રયત્ન કરું છું, હાથ ઝાલું છું (જરાક દબાતાં, વાને લીધે એમની રાડ નીકળી જાય છે) અને મારું મોઢું ઓળખાવવા એમની નજીક જાઉં છું. એમની આંખો પાણીનાં ખાબોચિયાં જેવી લાગે છે. ઘણી વાર ઝરણા નીચે લીલમાં જીવ ફરતા દેખાય એમ કીકીઓ ફરે છે. એમનો ચહેરો સુકાઈ ગયો છે. કપડાં નિયમિત બદલી શકાતાં નહિ હોવાથી મેલાં થયાં છે.

વારંવાર ઝાડા વગેરે થતા હોવાને કારણે ગોદડી પણ જરા મેલી રહે છે. ભાઈના નવા બાંધેલા પાકા ઘરના ઓરડામાં (પાછળના મકાનને કારણે) બારી નથી એટલે ચારેકોર અંધારું છે-માત્ર એક દરવાજેથી ભખભખ કરતું અજવાળું આવે છે અને એને વીંધતા ઓળા આવે તે માની પાણીસરી આંખમાં ઝબકતા હશે. મા રાત ને દિવસ બોલ્યા કરે છે, જે રટણ ચડી જાય તે કર્યા કરે. ઊંઘ તો વેરણ થઈ છે. તેથી એ લગભગ હંમેશાં જાગતાં જ હોય છે. ભાભી રાતના એમની નજીક સૂએ છે. ધીમે ધીમે બધાં માના રટણથી ટેવાઈ ગયાં છે.

કોઈકને વાત કરું છું ત્યારે લોકો એવા અને એથી વધારે વેદના-જનક દાખલા ટાંકે છે. સરખામણીથી શાતા વળતી હશે, દુ:ખ ઓછું થતું હશે. ભાઈ પણ કેટલું કરે, શું કરે? બનતું બધું કરી ચૂક્યા છે. ભાભી રાત ને દિવસ માને ખવડાવે-પિવડાવે અને સાફ કરે છે.

બસમાં ધ્રાંગધ્રા જાઉં છું ત્યારે પણ તડકો એવો જ રમરમે છે. સાંજના પાછો ફરું છું ત્યારે સૂરજ સામેના થાળે બેસવાની તૈયારીમાં છે. બહેન અને હું બસમાં બેઠાં છીએ ત્યારે અચાનક મારા મનમાં માનું રટણ જાગે છે. બહાર ફૂંકાતી હવામાં ધૂળ ઊડે છે. ધૂળિયા વંટોળમાં તડકો ઢીલો પડતો જાય છે અને વચ્ચે માંજેલા પિત્તળના ઘડા જેવો સૂરજનો કાઠો દેખાય છે. પૂરપાટ બસ ચાલી જાય છે ત્યારે સાંજનાં ચકલાંનો અવાજ ઓગળી જાય છે. વચ્ચે વચ્ચે આવતા લીમડાની ડાળીઓ અને લીલાં પાંદડાંની નરવાશ, વંટોળ અને ધૂળમાં મળી કોઈ અનિવાર્ય ક્ષણની એંધાણી આપે છે.

ઠરતી સાંજનાં હજી ઇંધણની ઝાળ અને તિખારા છે, આકાશની આછરતી સપાટીમાં ભૂખરવાં કણ ચોંટ્યાં છે, રસ્તાની રાતી ધૂળ હવે બળીને કાળી થવા આવી છે. હું અને બહેન જાણે સડસડાટ ભાગતી બસમાં બેસીને ક્યાંક નાસી જતાં હોઈએ એવું લાગે છે. ગામ પાછા ફરતાં બસ ઊભી રહે છે ત્યાંથી દેખાતા એક ઘરના રસોડામાં ઇંધણ સળગી રહ્યું છે. અમે ચાલીને ઘેર પહોંચીએ છીએ. ઘેર પહોંચતાં જ માનું રટણ સાંભળું છું. વાળુ કરી રાતે ધાબા પર ખાટલે પડું છું.

ખાટલે લીમડાનો મ્હોર વેરાયો છે. સમીરા અને કબીરના વિચારે ઢળું છું ત્યારે લીમડો હવામાં હલે છે. તાપ શમ્યો છે, અડધી પડધી ઠંડક છે. તડકા અને વિચારોથી પાકેલું મારું મગજ લીંબોળી જેવું ઝૂલે છે. નીચે મા રટે છે: “કયા જલમનાં પાપ…”

[સુરેશ હ. જોષી સંપાદિત ‘ગુજરાતી સર્જનાત્મક ગદ્ય: એક સંકલન’ પુસ્તક: ૧૯૮૧]

# ગુલામ રસૂલ કુરેશી

## બોલવાની જરૂર ન પડી

ઇસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર સાહેબને જેરુસલેમ આવીને ઇસ્લામનો પયગામ સુણાવવાનું આમંત્રણ તે કાળે ત્યાં વસતા ખ્રિસ્તી આરબો તરફથી મળ્યું. હઝરત સાહેબ એક ઊંટ અને તેનો રખેવાળ લઈને જેરુસલેમ જવા નીકળ્યા.

સામાન્ય રીતે ઊંટ પર બે જણ સવારી કરે. પણ હઝરત સાહેબના દિલમાં થયું કે આટલી લાંબી મુસાફરી છે; બે માણસનો બોજો બિચારા મૂંગા પ્રાણી પાસે શા માટે ખેંચાવવો?

રખેવાળ દોરી પકડીને આગળ ચાલતો હતો અને હઝરત સાહેબ ઊંટ પર બેઠા હતા. ત્યાં અચાનક એમના દિલમાં થયું: હું ય માણસ છું, ને આ રખેવાળ પણ માણસ છે. ખુદાએ મને પણ બે પગ આપ્યા છે, એને પણ બે પગ આપ્યા છે. અલ્લાહના દરબારમાં ઊંટના રખેવાળ કે ખલીફાનો ભેદ નથી. ત્યાં સૌની કરણી બોલે છે. કયામતને દિવસે તો અહીં આચરેલી ભલાઈ જ કામ આવે છે.

"અરે ભાઈ રખેવાળ!"

"જી."

"જો, આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે. આપણે બે જણ આ મૂંગા પ્રાણી ઉપર ચઢી બેસીએ એ તો બરાબર લાગતું નથી. તેમ તું એકલો જ ચાલે ને હું તો ઊંટ પર બેસી રહું, એ પણ ન્યાયી લાગતું નથી. માટે એમ કર: એક મંજિલ તું ઊંટ પર બેસ ને એક મંજિલ હું બેસું."

"અરે હઝરત સાહેબ! આપ આ શું કહો છો? હું તો આપનો રખેવાળ છું. ઊંટની નકીર ઝાલીને ચાલવું ને આપને જેરુસલેમ

પહોંચાડવા, એ મારી ફરજ છે.” રખેવાળે કહ્યું.

“તારી વાત સાચી છે. પણ તને ખબર છે? ઇસ્લામમાં એવા ભેદ નથી; સૌ સરખા છે. માટે હવે તું ઉપર આવી જા. હું એક મંજિલ સુધી ઊંટની નકીર લઈને આગળ ચાલું છું.” ખલીફાએ કહ્યું.

“હઝરત સાહેબ! આપ આ શું કહો છો? શું હું ઉપર બેસું? અને આપ ઊંટની નકીર ઝાલીને આગળ આગળ ચાલો? એ કેમ બને?”

“કેમ નહીં?’ “ક્યાં આપ ને ક્યાં હું? આપ સારીય મુસ્લિમ આલમના ખલીફા છો; હું તો એક મામૂલી ઊંટનો રખેવાળ છું.”

“પણ ઇસ્લામ જ મને કહે છે કે ન્યાયનો અમલ કર. ન્યાય કહે છે કે આ દુન્યવી ભેદો સાચા નથી. આખરે તો આપણે સહુ એ જ ખુદાતાલાની ઓલાદ છીએ. સૌ સરખાં છે.”

“પણ મારાથી તો ઉપર બેસી જ કેમ શકાય?”

“ના શા માટે બેસાય? હું તને કહું છું ને! શું ન્યાયનો અમલ કરવામાંથી તું મને પાછો વાળીશ?”

“હઝરત સાહેબ! આપની મોટી મોટી વાતો મને સમજાતી નથી. હું તો આપના જૂતાની રજ બરાબર પણ નથી. શા માટે આપ મને શરમાવો છો?”

“હું શરમાવતો નથી, મારી ફરજ અદા કરું છું. તું ઉપર બેસી જા. વારા મુજબ બીજી મંજિલે પાછો હું સવાર થઈશ, ને તું આગળ ચાલજે.”

સંકોચાતે દિલે રખેવાળ ઉપર બેઠો. એને મન તો માલિકની આજ્ઞા જ સર્વેસર્વા હતી. એણે વિચાર્યું, એમાં પણ કાંઈક હેતુ હશે. આવા મહાન પુરુષ વિચાર્યા વગર કશું ન કરે.

યાત્રાની મંજિલો એક પછી એક કપાવા લાગી. હઝરત ઉમર અને રખેવાળ વારાફરતી ઊંટ પર સવાર થવા લાગ્યા. અંતે જેરુસલેમનાં મકાનો દેખાવા લાગ્યાં. હવે છેલ્લી મંજિલ હતી. ખુદાનું કરવું અને ત્યારે જ રખેવાળનો ઊંટ પર બેસવાનો વારો આવ્યો. રખેવાળ તો

શહેર નજીક જોઈને ચાલ્યે જ જતો હતો, પણ ખલીફાએ તેને રોક્યો : "ઊભો રહે."

"કેમ?"

"તું ભૂલી કેમ જાય છે?"

"શું?"

"આપણે નક્કી કર્યું હતું તે. અહીં મંજિલ પૂરી થઈ. હવે તારે ઉપર બેસવાનું ને મારે નીચે ઊતરવાનું."

"પણ હવે તો શહેર આવી લાગ્યું."

"તેથી શું?"

"આપ મને શા માટે શરમાવો છો? જેરુસલેમના આરબો શું માનશે?"

"ભલે એમને જે માનવું હોય તે માને!"

"પણ હું ઉપર બેસું ને આપ મારા ઊંટને દોરો એ તો કેમ સહેવાય?"

"ભલા માણસ! શું ઊંટની નકીર ખેંચવી એ હલકું કામ છે? આપણે બંનેએ સાથે યાત્રા કરી છે. આપણે ઠરાવ્યા મુજબ હવે મારો ચાલવાનો વારો આવ્યો છે. લોકો મને પગે ચાલતો જોશે તેથી શું? મારે શું મારી ફરજ ચૂકવી? ન્યાય અને સચ્ચાઈને શું જતાં કરવાં?"

વળી પાછો રખેવાળ લાચાર બનીને ઉપર બેઠો. હઝરત સાહેબ ઊંટની નકીર પકડી, ખુદાની બંદગી કરતા કરતા આગળ ચાલતા હતા. ત્યાં નગરમાં હઝરત ઉમરના સ્વાગતમાં આરબોએ મોટી તૈયારી કરેલી હતી. મોટી મોટી કમાનો ઊભી કરી હતી. આખું શહેર એમને જોવા, એમને મુખેથી ઇસ્લામની વાણી સાંભળવા અધીરું બન્યું હતું. જેરુસલેમની આ તેમની પહેલી જ મુલાકાત હતી.

શહેર આવી પહોંચ્યું. પહેલાં તો હરખઘેલા લોકોએ રખેવાળને જ ખલીફા માની લીધા. પણ પછી થોડી વારમાં એમને સાચી પિછાન થઈ.

મામૂલી રખેવાળના ઊંટની નકીર પકડીને આગળ ચાલતા ઇસ્લામના બીજા ખલીફાને નિહાળીને તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. આંખો આનંદ ને ભક્તિનાં આંસુથી છલકાઈ ગઈ.

સાંજે લોકોને એ સફરની આખીયે વાતની ખબર પડી. પછી તો શું જોઈએ? નગરની સમસ્ત પ્રજાએ ઇસ્લામનો અંગીકાર કર્યો—જે ધર્મના મહાપુરુષના જીવનમાં આવી સચ્ચાઈ હોય, આવો ન્યાય હોય, મૂંગા પ્રાણી પ્રત્યે આવી સહાનુભૂતિ હોય, તે ધર્મ કેવો મહાન હશે!...

હઝરત સાહેબને કશું બોલવાની જરૂર ન પડી.

# ગોપાલ કૃષ્ણ ગોખલે

## અપવિત્ર વિચાર કરતાં પણ ડરીએ

શ્રી ગાંધી જે પ્રકારનું ધાર્મિક વાતાવરણ મારા હૃદયમાં ફેલાવે છે, તેને મળતો અનુભવ મારી આખી જંદિગીમાં મને કોઈએ કરાવ્યો હોય તેવા બે જ પુરુષો હું જાણું છું: એક આપણા હિન્દના દાદા દાદાભાઈ નવરોજી તથા બીજા મારા ગુરુ શ્રી રાનડે. આ પુરુષોની સમક્ષ કંઈ પણ અપવિત્ર કામ કરતાં આપણે શરમ અનુભવીએ છીએ. એટલું જ નહીં, તેમની હાજરીમાં અપવિત્ર વિચાર કરતાં પણ આપણું મન ડરે છે.

# ગોપાલદાસ જી. પટેલ

## સંસ્કૃતિના તાણાવાણા

ભારતની સંસ્કૃતિ સંસ્કૃત ભાષાના તાણાવાણામાં વણાયેલી છે. એ ભાષાનું પરિવર્તન થઈ ખીલેલી પાલિ, પ્રાકૃત, અપભ્રંશ આદિ અને અત્યારની આપણી લૌકિક ભાષાઓ પણ ભારતીય સંસ્કૃતિના પ્રવાહને વહન કરતી આવી છે. એ બધી જુદી જુદી ભાષાઓની મણિમાળાના સૂત્રાત્મક રૂપે મુખ્યત્વે સંસ્કૃત ભાષાનો પ્રાણતંતુ છે. ભારતવર્ષના આત્મારૂપ સંસ્કૃતિ સંસ્કૃત ભાષામાં જેવી સર્વતોભદ્ર ભાવે પ્રગટ થઈ, તેવી આ લૌકિક ભાષાઓમાં નથી થઈ. લૌકિક ભાષાઓમાં તેનાં અમુક અમુક અંગો જ જાણે ફૂલ્યાંફાલ્યાં. એ બધાં અંગોનો સમન્વય કે શુદ્ધીકરણ મૂળ સ્રોતની મદદ દ્વારા થતાં જ રહેવાં જોઈએ. એટલે ભારતને સંસ્કૃત ભાષાનું આરાધન ચાલુ રાખ્યા વિના ચાલવાનું નથી.

પ્રજાનો મોટો ભાગ લૌકિક ભાષાઓ દ્વારા જ સંસ્કાર-રસ મેળવતો રહેવાનો. પરંતુ સમગ્ર દેશની સંસ્કૃતિના ધારણ-પોષણ-સંશોધન માટે પ્રજાના અમુક વર્ગનો પેલા મૂળ સ્રોત સાથેનો સંપર્ક ચાલુ રહેવો જ જોઈએ. ભારતીય શાળાઓમાં સંસ્કૃત ભાષાના અભ્યાસને માટે જરૂરી સામગ્રી ઉપલબ્ધ કરવી જોઈએ. તે માટે ઉપયોગી એવું નાનું સુલભ સાધન ગણીને ગૂજરાત વિદ્યાપીઠે સંસ્કૃત-ગુજરાતી કોશ તૈયાર કરેલો છે. મૅટ્રિકના વિદ્યાર્થીને જે કક્ષાના સંસ્કૃત ફકરાઓ ભણાવવામાં આવે છે, તેમને મુખ્યત્વે લક્ષમાં રાખીને આ કોશના શબ્દો સંઘર્યા છે. મૅટ્રિક જેટલું સંસ્કૃત ભણ્યા પછી એ વિદ્યાર્થીને સંસ્કૃત સાહિત્યના મૂળ ગ્રંથો તરફ જવા મન થાય, તો તેને ઉપયોગી એવો એક બીજો કોશ મળવો જોઈએ.

મૅટ્રિક કક્ષામાં સામાન્ય રીતે 'રામાયણ', 'મહાભારત', પ્રસિદ્ધ સંસ્કૃત નાટકો અને 'કાદંબરી', 'કથાસરિત્સાગર', 'હિતોપદેશ', 'પંચતંત્ર' આદિ

કથાસાહિત્યને આવરવામાં આવે છે. એટલે આ કોશમાં મુખ્યત્વે એ સાહિત્યના શબ્દો આવી જાય એ લક્ષમાં રાખ્યું છે.

['સંસ્કૃત-ગુજરાતી વિનીત કોશ']

# ગોરધનભાઈ શં. પટેલ

## ચાલતી પકડે!

બાબુભાઈ આવવાના હોય તે પ્રસંગે સમયસર પહોંચવાની અમે ખાસ કાળજી રાખીએ, કેમ કે નિયત સમયે ઘડિયાળના કાંટા પ્રમાણે બાબુભાઈ આવી જ જાય. વ્યવસ્થાપકો જો સમય સાચવી શકે નહિ, તો થોડો સમય રાહ જોઈને એ ચાલતી જ પકડે!

# ગૌતમ બુદ્ધ

## કર્મ પરથી જ

બધાં સંસારબંધનો છોડીને જે માણસ કોઈ પણ પ્રાપંચિક દુ:ખથી બીતો નથી, કોઈ વસ્તુ ઉપર જેને આસક્તિ નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. બીજાએ દીધેલ ગાળો, વધ, બંધ વગેરે જે સહન કરે છે, ક્ષમા જ જેનું બળ છે, તેને હું બ્રાહ્મણ ગણું છું. કમલપત્રા ઉપરના પાણીના બિંદુ માફક જે આ લોકના વિષયસુખથી અલિપ્ત રહે છે, તેને જ હું બ્રાહ્મણ ગણું છું.

જન્મથી કોઈ બ્રાહ્મણ થતો નથી કે અબ્રાહ્મણ થતો નથી. કર્મથી જ બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થાય છે. ખેડૂત કર્મ વડે થાય છે, ચોર કર્મથી થાય છે, સિપાઈ કર્મથી થાય છે અને રાજા પણ કર્મથી જ થાય છે. કર્મથી જ આ જગત ચાલે છે. ધરી ઉપર જેમ રથ અવલંબે છે, તેમ બધાં પ્રાણીઓ પોતાનાં કર્મ ઉપર અવલંબે છે.

['બુદ્ધચરિત' પુસ્તક]

# ગ્રેગરી સ્ટોક

## આવો, અંતરનાં કમાડ ઉઘાડીએ!

૧. તમે ભૂતપ્રેતમાં માનો છો? ન માનતા હો, તો ‘ભૂતિયા બંગલા’ તરીકે ઓળખાતા કોઈ છેવાડાના મકાનમાં એક રાત એકલા ગાળવા તૈયાર થશો?

૨. આજથી એકસો વરસ પછીની દુનિયા આજના કરતાં વધારે સારી હશે કે ખરાબ?

૩. અઠવાડિયા પછી પરમાણુ-યુદ્ધ થવાનું છે એમ તમે જાણતા હો, તો શું કરો?

૪. તમારા જીવનની મોટામાં મોટી સિદ્ધિ કઈ છે? હજી એના કરતાંય વધુ સારું કશુંક કરવાની આશા તમને છે?

૫. છેલ્લે ક્યારે તમારે કોઈની સાથે ઝઘડો થયેલો? તેનું કારણ શું હતું?

૬. તમારું બહુ નજીકનું કોઈ સ્વજન પીડા ભોગવી રહ્યું છે, એમનાં અંગો લકવાનો ભોગ બન્યાં છે અને મહિનાકમાં એમનું મરણ થશે એમ દાક્તરો કહે છે. એ સ્વજન તમને કહે છે કે, ‘આ વેદનામાંથી મારો છુટકારો થાય તે માટે મને ઝેર આપો!’ તો તમે આપો?

૭. તમારું મૃત્યુ કઈ રીતે આવે તે તમને ગમે?

૮. તમારા જીવનની કઈ બાબત માટે તમે વધુમાં વધુ આભારની લાગણી અનુભવો છો?

૯. તમે માંસાહાર કરો છો? તો કતલખાના પર જઈને કોઈ પશુની જાતે કતલ કરવા તમે તૈયાર થશો?

૧૦. એકાદ વરસમાં અચાનક તમારું મૃત્યુ થવાનું છે એવી તમને ખબર હોય, તો અત્યારે તમે જે રીતે જીવો છો તેમાં કશો ફેરફાર કરો?

૧૧. તમને પ્રખ્યાત થવું ગમે? કઈ રીતે વિખ્યાત બનવાનું તમે પસંદ કરો?

૧૨. કોઈ અમુક વસ્તુ કરવાનું તમારું લાંબા કાળનું સપનું છે? તો અત્યાર સુધી તમે તે કેમ નથી કરી?

૧૩. તમે જેનાથી બચી શકતા ન હો, એવી તમારી કઈ આદતો છે? તેમાંથી છૂટવા માટે તમે નિયમિત મથામણ કરો છો?

૧૪. જીવનમાં શાને માટે તમે વધુમાં વધુ પ્રયત્નો કરો છો?—કોઈ સિદ્ધિ, સલામતી, પ્રેમ, સત્તા, જ્ઞાન કે બીજા કશાક માટે?

૧૫. તમારી એ ફરજ ન હોય છતાં કોઈને માટે તમે કશુંક કરો, અને પછી એ તમારો આભાર ન માને, ત્યારે તમને શી લાગણી થાય છે?

૧૬. દુનિયાભરમાં તમારા મનપસંદ સ્થળે જઈને મહિના સુધી ત્યાં રહી શકો તેમ હો, અને પૈસાની કશી ચિંતા કરવાની ન હોય, તો તમે ક્યાં જાવ અને ત્યાં શું કરો?

૧૭. જેના વિના જિંદગી જીવવા જેવી ન રહે, એટલી બધી મહત્ત્વની કઈ વસ્તુ તમને લાગે છે?

૧૮. તમારા મિત્રો તમારે વિશે ખરેખર શું ધારે છે એ નિખાલસપણે અને કઠોર થઈને તમને કહેવા તૈયાર હોય, તો તમે એવું ઇચ્છો ખરા કે તેઓ તમને એ જણાવે?

૧૯. અદાલતે કોઈ માણસને મોતની સજા કરી હોય, અને પછી એ સજાનો અમલ કોણ કરે તેની ચિઠ્ઠી નાખી હોય તેમાં એ કામગીરી તમારે બજાવવાની આવે, અને તમે તે ન બજાવો તો એ માણસને છોડી મૂકવામાં આવનાર હોય, તો તમે તેની ડોકમાં ફાંસીનો ગાળિયો નાખવા તૈયાર થાવ?

૨૦. જેને વિશે રમૂજ ન જ કરી શકાય એટલી બધી ગંભીર કોઈ વસ્તુ તમને લાગે છે? કઈ?

૨૧. કોઈની સાથેના સંબંધમાં સૌથી મૂલ્યવાન વસ્તુ તમને કઈ

લાગે છે?

૨૨. કોઈ માણસને ફાંસી આપવાની હોય ને તેનું દૃશ્ય ટી.વી. પર બતાવે, તો તમે તે જુઓ ખરા?

૨૩. બીજાઓ સાથે જેની ચર્ચા ન કરી શકાય, તેવી અતિ અંગત બાબતો તમને કઈ લાગે છે?

૨૪. કોઈ વસ્તુની ચોરી તમે છેલ્લે ક્યારે કરેલી? તે પછી તમે કશી ચોરી કેમ નથી કરી?

૨૫. તમારી કેટલી મૈત્રીઓ દસ વરસથી વધુ ટકી છે? અત્યારે તમારા જે મિત્રો છે તેમાંથી કયા કયા આજથી દસ વરસ પછી પણ તમારે મન મહત્ત્વના રહ્યા હશે?

[લેખકના અંગ્રેજી પુસ્તક 'ધ બુક ઑફ ક્વેશ્ચન્સ'માંથી નમૂનારૂપે ઉપરના પ્રશ્નો આપ્યા છે. અમેરિકામાં વધુમાં વધુ વેચાતાં પુસ્તકોની યાદી 'ન્યુ યોર્ક ટાઇમ્સ' દૈનિકમાં દર અઠવાડિયે પ્રગટ થાય છે, તેમાં આ પુસ્તકે પહેલું સ્થાન મેળવેલું.

## કિશોર-અંતરોનાં કમાડ ઉઘાડીએ!

૧.બપોરે ૨-૩૦એ પોતે ઘેર આવીને તમને સિનેમામાં લઈ જવાનું વચન તમારાં બાએ આપ્યું હોય, અને પછી સાંજે વાળુટાણા સુધી એ દેખાયાં ન હોય કે ન તમને ફોન પણ કર્યો હોય, તો એને કઈ જાતની સજા કરવી જોઈએ? એવી સજાથી ભવિષ્યમાં એ વધુ સારું સમયપાલન કરતાં થશે, એવો સંભવ ખરો?

૨. તમને એવાં શિક્ષિકા ગમે કે જે કડક હોય, પક્ષપાત ન કરતાં હોય અને સારું ભણાવતાં હોય? કે પછી એવાં ગમે કે જે લહેરી હોય, પણ બહુ સારું ભણાવતાં ન હોય?

૩. તમારાથી કોઈ ભૂલ થઈ જાય ત્યારે તમે તેનાં બહાનાં ઉપજાવી કાઢો છો? લોકો તમારી એ વાત માની લે છે, એમ તમને લાગે છે?

૪. એક વિખ્યાત લેખકે ‘ટાઇમ-મશીન’ની કલ્પના કરેલી છે, જેમાં બેસીને મનુષ્ય ભૂતકાળ કે ભવિષ્યમાં ગમે તેટલે દૂર સુધી સફર કરી શકે. એવા ‘સમયયંત્ર’માં બેસીને જાત-વળતની સફર તમે કરી શકો તેમ હો, તો તમે ક્યાં જવાનું પસંદ કરશો?

૫. તમારે એવી એક નાની બહેન હોય જે તમારી વીરપૂજા કરતી હોય અને તમે જે કાંઈ કરો તેનું અનુકરણ કરવા મથતી હોય, તો તમે અત્યારના કરતાં કઈ જાતનું જુદું વર્તન કરો?

૬. કુટુંબમાં સહુ જે ઘરકામ કરે છે તેમાં તમારે ભાગે વધુ પડતું આવતું હોય એવું તમને લાગે છે? બધાં વચ્ચે ઘરકામની વહેંચણી તમારે કરવાની હોય, તો તમે ક્યાં કામ સંભાળો?

૭. તમારી સહુથી અણગમતી વ્યક્તિ કોણ છે? તેનો પણ કોઈ એકાદ ગુણ તમને સારામાં સારો લાગતો હોય તો તે કયો?

૮. એક દિવસ પૂરતા તમે ‘અદૃશ્ય માનવી’ બની જઈ શકો, તો તમે શું કરો?

૯. અમુક બાબતો તમને ગમતી નથી એવો દેખાવ તમે કરતા હો છો, પણ ખરેખર તો તેમાં તમને મજા આવે છે—એવું તમને લાગે છે? તો તમારી સાચી લાગણી એ રીતે છુપાવો છો શા માટે?

૧૦. ક્યારેક માતાપિતા પર તમને બહુ ચીઢ ચડે અને તેમને પાઠ ભણાવવાનું મન તમને થઈ જાય, ત્યારે તેમને ખીજવવા કે ભોંઠા પાડવા માટે ઝીણી ઝીણી કઈ બાબતો તમે કરો છો?

૧૧. તમારા પિતા તમને હજી વધુ ચીજવસ્તુઓ ભેટ આપે એ તમને ગમે? કે તમારી સાથે વધારે સમય ગાળે તે? બેમાંથી શું કરે તો તમે એને બહુ વહાલા છો એવું તમને લાગે?

૧૨. ધારો કે કોઈ જાદુથી આવતી કાલે સવારે તમે ઊઠો ત્યારે મોટી ઉંમરનાં થઈ ગયાં હો અને તમારાં પોતાનાં બાળકો પણ હોય, તો આજે તમારાં માબાપ તમારી સાથે રાખે છે તેના કરતાં જુદું કઈ જાતનું વર્તન તમે એ સંતાનો સાથે રાખો?

૧૩. આજે જ તમને ખબર પડે કે તમે સાવ નાનું બાળક હતાં ત્યારે તમારાં માબાપે તમને દત્તક લીધેલાં, તો તમને શી લાગણી થાય? તમારાં સાચાં માતાપિતાને શોધવાનો પ્રયત્ન તમે કરો?

૧૪. કોઈ એક બાબતમાં તમારા અમુક મિત્રાના જેટલા જ કુશળ તમે બની શકો તેમ હો, તો એવી કઈ બાબત તમે પસંદ કરો?

૧૫. નિશાળમાં રોજ એકસરખો ગણવેશ પહેરવો તમને ગમે, કે તમારી પસંદગીનાં કપડાં?

૧૬. તમારી ઓરડી વાળી નાખો! હાથ ધોઈ નાખો! નહાઈ લો!—ચોખ્ખાઈ માટે આટલી બધી માથાકૂટ વડીલો શીદને કરતાં હશે?

૧૭. જે જે બાબતોની તમને શરમ આવતી હોય કે બીક લાગતી હોય તે સહિતની તમારી બધી વાતો જો તમે તમારા મિત્રોને જણાવો, તો તમને લાગે છે કે અત્યારના કરતાં તેઓ તમને વધુ ચાહશે કે ઓછા?

૧૮. ઝટ મોટાં થઈ જવાની તમને ઉતાવળ છે? ‘મોટાં થવું’ એટલે શું? એવાં તમે ક્યારે થશો એમ લાગે છે?

૧૯. તમારી ઉંમરે પહોંચ્યા પછી બધા લોકોનો શારીરિક વિકાસ અટકી જાય અને તેઓ તમારા કરતાં વધુ બળવાન બને નહીં, તો પણ શું તમે તેમની આજ્ઞા માનો ખરા? શા માટે?

૨૦. ધારો કે તમારી નિશાળના આચાર્ય તમને કહે કે એ શાળામાં સુધારા કરવા માગે છે અને તમે કોઈ એક સૂચન કરો તો તેનો અમલ તેઓ કરશે, તો તમે તેમને શું કરવાનું કહેશો?

૨૧. ભગવાન વિશે ને ધર્મ વિશે જે બધી વાતો તમે સાંભળેલી છે, તેમાંથી કઈ તમને સાચી લાગે છે ને કઈ ખોટી?

૨૨. તમારાં ભાઈબહેનો કે મિત્રોમાંથી કોઈની સાથે તમે જિંદગીના કાયમી સાટાપાટા કરી શકો તેમ હો, તો તે માટે તમે કોની પસંદગી કરો અને શા માટે?

૨૩. તમારાં માતાપિતામાં કોઈ એક બાબતનો ફેરફાર તમે કરી શકો તેમ હો, તો તે કઈ હશે?

૨૪. બાળકોને કઈ બાબતો અંગે સજા થવી જોઈએ, એવું તમને લાગે છે? અને તે સજા કેવી રીતે થવી જોઈએ? પણ લોકો ઘરડાં થયાં હોય ત્યારે પછી તેમની ભૂલો માટે તેમને સજા ન કરવી જોઈએ, એવું તમને લાગે છે? તો એ કઈ ઉંમરે અને શા માટે?

૨૫. તમે કરેલાં કામોમાંથી તમને સૌથી વધુ અભિમાન શાને માટે થાય છે? તમે હજી શું કરો તો એથીય વધુ અભિમાન અનુભવો?

૨૬. નિશાળના તમારા વર્ગના બીજા બધા વિદ્યાર્થીઓને કોઈ નક્કી મારી નાખવાનું હોય, પણ તેમને બદલે મરવા તમે તૈયાર થાવ તો તે બચી જવાના હોય, તો તમે એ બધાને બચાવો કે તમારી જાતને? તમે જે કરો તેની કોઈનેય ખબર પડવાની ન હોય તો પણ?

૨૭. તમારા ઉત્તમ મિત્ર વિશે કઈ બાબત તમને સૌથી વધુ ગમે છે? ધારો કે તમારે કોઈ દૂરના સ્થળે રહેવા જવાનું થયું અને હાલના તમારા સૌથી સારા મિત્રને કદી મળી શકવાના ન હો, તો બીજા કોઈને ‘ઉત્તમ’ મિત્ર બનાવતાં કેટલો સમય લાગે એમ તમે ધારો છો?

૨૮. તમારો દરેકે દરેક વિચાર જે જાણે તો પણ તમે ડરો નહીં, એટલી બધી શ્રદ્ધા તમને જેની પર હોય એવી કોઈ વ્યક્તિઓ છે?

૨૯. તમારાથી ઘણું નાનું કોઈ બાળક તમને ખીજવ્યા જ કરતું હોય અને તમારે વિશે જૂઠાણાં ફેલાવતું અટકતું જ ન હોય, તો તેને વારવા કેટલી હદ સુધી જવા તમે તૈયાર થશો? અને એવું કરનાર તમારા કરતાં મોટું હોય તો?

[પુસ્તકમાં લગભગ પાનેપાને એક એવા 260 સવાલો આપેલા છે, તેમાંથી પહેલા 57 પૈકી ઉપરના પસંદ કરી લેખક-પ્રકાશકના સૌજન્યથી અહીં આપેલા છે. પ્રકાશક: Workman Publishing Co., Inc., 708 Broadway, New York, N. Y. 10003, USA]

# ચંદ્રકાન્ત બક્ષી

## જનતાની ઝુબાન પર જન્મેલી

ઉર્દૂ સાથેનો લગાવ શરૂ થયો ૧૯૪૭-૧૯૪૮માં, પાલનપુર હાઈસ્કૂલમાં, અને ઉર્દૂના પહેલા સબક શીખવનાર મારો દોસ્ત અલી મુર્તુઝા શમીમ હતો, જેને બધા શમીમ પાલનપુરી તરીકે ઓળખતા હતા. આઝાદીના દિવસો હતા, હવામાં ઇલેક્ટ્રિક ચમક હતી અને મારી ઉંમર પંદર-સોળની હતી, એ ઉંમર જ્યારે બધું જ નવું જ્ઞાન બ્લોટિંગ પેપરની જેમ ચુસાતું જતું હતું. એક પુસ્તિકા હાથમાં આવી: 'ઉર્દૂ હિજ્જે વ માની'. પછી હું ઉર્દૂ શીખતો ગયો. ઉર્દૂમાં નિબંધ લખવા સુધી પહોંચી ગયો. મારા સાથીઓ જો મુસ્લિમ હોય તો ઈદ વખતે હું એમને 'ઈદ મુબારક'નું કાર્ડ લખું છું, સાથે ઉર્દૂમાં એક ખત લખું છું.

ઉર્દૂ જાણું છું, પણ ફારસી શીખ્યો નથી એનો રંજ જીવનભર રહ્યો છે. ફારસી જગતની સૌથી શીરીં ઝબાનોમાંથી એક છે. શમીમ અને હું એ ૧૯૪૭ના વર્ષમાં પાલનપુરના માનસરોવર ફરવા જતા, ધૂળમાં મીણબત્તી સળગાવતા, મારો દોસ્ત મને ઉર્દૂની નવી ચીજો સંભળાવતો. સાહિર લુધિયાનવીની 'તલ્ખિયાં', અને મખ્દુમ મોહિયુદ્દીનની 'લો સુર્ખ સવેરા આતા હૈ, આઝાદી કા, આઝાદી કા...' અને જોશ મલીહાબાદીની (શમીમ ઉચ્ચાર કરતો હતો: જોશ મલયાબાદી) 'મુઠ્ઠીઓં મેં ભર કે અફશાં ચલ ચૂકા હૈ ઇન્કલાબ!' હિંદુ સ્ત્રીઓ સૌભાગ્ય માટે વાળમાં જેમ સિંદૂર ભરે છે, એમ મુસ્લિમ પરિણીતાઓ માંગમાં અફશાં અથવા ચાંદીના રંગની ભૂકીની ચપટી ભરે છે. શમીમે મને ઉર્દૂ અદબની પૂરી દુનિયા ખોલી આપી અને એ માટે હું મારા એ દિલદાર દોસ્તનો આજીવન ઋણી રહ્યો છું. ઉર્દૂ મને બહુ કામ આવી ગયું છે. કરાંચીમાં ૧૯૮૧માં હું ઉર્દૂ જાણતો હતો માટે બહુ સહુલિયત રહી હતી.

હા, ઉર્દૂ ન હોત, શરાબ ન હોત, રેશમી કબાબ ન હોત, શામ ન હોત, 'શમ્આ હર રંગ મેં જલતી હૈ સહર હોને તક' ન હોત, શરારતી આંખો ન હોત, તો આ જિંદગી ૭૨ વર્ષ સુધી કેમ ગુજરી હોત? ઉર્દૂએ બહુ સુખ આપ્યું છે, બહુ દુ:ખ આપ્યું છે. ઉર્દૂ શીખવા મળ્યું એને હું મારી ખુશકિસ્મતી સમજું છું. ઉર્દૂ એક એવી ભાષા છે જે જનતાની ઝુબાન પર ઊછળતી ઊછળતી જન્મી છે. મુશાયરાઓ થાય છે, મહેફિલો થાય છે, તમાશબીનો આવે છે, વાહવાહીમાં ઉર્દૂ ઘૂંટાઈ જાય છે. હિંદુસ્તાનમાં ઉર્દૂ માત્ર જલસાઓ અને જશ્નોની ભાષા જ બની રહેશે? કદાચ, કારણ કે ઉર્દૂના રિસાલા કે પર્ચા વેચાતા નથી, એમને જાહેરખબરો મળતી નથી. નવી પેઢીઓને ઉર્દૂમાં દિલચસ્પી નથી. જોબ-માર્કેટમાં ઉર્દૂનું સ્થાન કોંકણી કે તુલુ કે કચ્છી બોલીઓ કરતાં પણ નીચું છે.

ગુજરાતી મુસ્લિમોમાં પણ ખાલિસ ઉર્દૂ બોલી શકે (લખવાની વાત જવા દઈએ!) એવા લોકો બહુ ઓછા જોવા મળે છે.

['ઉર્દૂ શીખો' પુસ્તક: ૨૦૦૪]

# તે બધું જ નથી, છતાં...

'ગાંધી' ફિલ્મ શરૂ થતાં પહેલાં પ્લાઝા સિનેમાના ફોયરમાં હું લોકોને જોઈ રહ્યો હતો: રબારણો, મેવાડી રસોઇયા, સ્કૂલી ફ્રોક પહેરેલી ત્રણ છોકરીઓ, એક વહોરા કુટુંબ, કપાળની ઉપર વાળમાં સનગ્લાસ ચડાવેલી બે ઓફિસ-ગર્લ, ખાદીની મેલી ટોપી પહેરેલા બે મહારાષ્ટ્રીયન ડોસા, યુવા કોલેજિયનોનું એક ટોળું, ટૅક્સી કે ટ્રક-ડ્રાઇવર જેવા લાગતા બે-ત્રણ પઠ્ઠાઓ... ત્રણે પેઢીઓ સાથે ઊભી હોય એવાં કુટુંબો...

વિલન નથી, હેલન નથી, નાચંનાચ નથી, ધનાધન નથી... સફળ હિન્દી ફિલ્મમાં જે હોય છે તે બધું જ નથી—અને ૧૯૮૩માં આ ફિલ્મે આખા ભારતને રડાવ્યું અને હજી રડાવી રહી છે. પોપડા ચોંટી ગયેલા

આપણા ગંદા રાજકારણને કદાચ 'ગાંધી' ફિલ્મ હાઇડ્રેજન પેરોક્સાઇડની જેમ સ્વચ્છ કરશે; આ દેશ પર કેવા ઘટિયા અને ગંધાતા નેતાઓ આવી ગયા છે, એ નવી પેઢીને સાફ સાફ બતાવી શકશે!

['મહાત્મા અને ગાંધી' પુસ્તક: ૨૦૦૩]

## ડૉક-મઝદૂર

પોર્ટ-રેલવેના પાટા ઓળંગીને મસૂદ અહમદ નદી-કિનારાની છોટી સડક પર આવ્યો. ડાબી તરફ રેલવેનો લાકડાનો પુલ હતો. મસૂદ પથ્થરની સીડી ઊતરીને નદીના પથ્થરો પર આવીને ઊભો રહ્યો. એની જૂની છત્રીમાં એક સળિયો કપડું ફાડીને બહાર નીકળી ગયો હતો. હૂગલીની મુલાયમ માટીમાં છત્રી ખોસીને નદી તરફ જોતાં એણે જોરથી બૂમ મારી: "નંબર પચપન...!"

નદીના પહોળા પટ પર ધુમાડાથી કાળી પડી ગયેલી ડિંઘીઓ, નાનીમોટી લોન્ચો, પોર્ટ-કમિશ્નરની બોટો ખચાખચ જામેલી હતી. મૅન ઑફ વૉર જેટ્ટીની લગોલગ ત્રણ દિવસ પર આવેલી બ્રિટિશ ક્રુઝર 'એચ. એમ. એસ. ગૅમ્બીઆ' પર મસ્ત ગોરા ખલાસીઓ આંટા મારી રહ્યા હતા. સામેની એક નાની હોડીમાં એક ચૂલા પર એલ્યુમિનિયમના તપેલામાં ચાવલ બફાઈ રહ્યા હતા, અને પાસે લાલ લુંગી પહેરેલો એક માઝી મોટા છરાથી મરચાં કાપી રહ્યો હતો.

"પચપન નંબ...ર!"

સામેથી નદીના પાણી પર ગબડતો હોય એવો ફિક્કો અવાજ આવ્યો: "હાં...!"

મસૂદે જોયું કે દૂર એક હોડી પર એક છોકરો હાથ ઊંચો કરી રહ્યો હતો. એણે જવાબમાં હાથ ફરકાવ્યો. દૂરથી હોડી નીકળી રહી હોય એવો ખળખળાટનો અવાજ આવ્યો. મસૂદે ખિસ્સામાંથી બીડી કાઢીને સળગાવી અને આસપાસ નજર નાખી. જરા દૂર રજબઅલીની

હોડીમાં તમાકુના થેલા ગોઠવાઈ રહ્યા હતા. રજબઅલી એના જ ગામનો માઝી હતો. સારા પૈસા બનાવતો હતો. પાકિસ્તાનમાં જમીન-જાયદાદ હતી. અહીં પણ એની ત્રણ હોડીઓ ચાલતી હતી. પણ એનામાં એક બડી ખરાબી હતી: બિરાદરીમાં એણે કોઈ દિવસ કોઈને મદદ કરી ન હતી. ગઈ સાલનો જ કિસ્સો: છ નંબરના વેરહાઉસમાં જ્યારે ક્રેઈનમાંથી કપડાની ગાંઠ અસ્લામના પગ પર પડી હતી ત્યારે અસ્લામે ઘેર મોકલવા પચાસ રૂપિયા માગેલા, પણ એ કમ્બખ્ત એક પૈસો પણ શાનો છોડે? અને અસ્લામની ટાંગ તૂટી ગઈ ત્યારે સરકારે પણ શું આપ્યું? એંશી રૂપિયા આપીને ઘરભેગો કરી દીધો. એની મઝદૂરી ખતમ થઈ ગઈ... જવાન આદમી હતો, હજી પચીસ સાલ મહેનત કરી શકે એમ હતો. પણ તકદીર ગરીબનું લાવ્યો—થાય શું? આજ હવે કપડાની ફેક્ટરીમાં નવા તાકાઓને જિલેટીન પેપર લગાવે છે બેઠો બેઠો.

પાણી કાપતી કાપતી હોડી સામે આવી ગઈ. હલેસાં મારતા છોકરાએ પૂછ્યું: “કેમ, મસૂદ?”

હોડી કિનારે આવી. મસૂદ ડાબા હાથથી લુંગી ઊંચી કરીને ટેકવેલા પાટિયા પર આસાનીથી ચડી ગયો. અંદર એક સૂકો બુઢ્ઢો માણસ સૂતો હતો. એની સફેદ દાઢી ધુમાડિયા રંગની થઈ ગઈ હતી. બાજુના ખૂણામાં એક જૂનો હુક્કો ઊભો કર્યો હતો, જેના નાળચામાં, તરત મરી ગયેલી ભેંસના મોઢા પર ફીણ સુકાઈ ગયું હોય એમ, રાખ જામી ગઈ હતી.

“કેમ છે ચાચાને?”

“હમણાં જ ઊલટી થઈ છે. હું તો કહું છું, મુલક ભેગા થઈ જાઓ, હવા બદલાશે. અહીં તો આખો દિવસ ધુમ્મસ અને ધુમાડો... ને રાતના ધુમાડો નીચે ઊતરે છે ત્યારે અબ્બા ખાંસી ખાતાં ખાતાં એટલા થાકી જાય છે કે વાત મત પૂછ. કાલે હું જરા બેધ્યાન રહ્યો હોત તો પાણીમાં પડી જાત.” નદીમાં થૂંકતાં એણે કહ્યું: “બીમારી ને બૂઢાપો બંને ભેગા થયાં છે; બડા જિદ્દી થઈ ગયા છે.”

મસૂદે બુઢ્ઢાના થાકેલા શરીર તરફ જોયું. ખૂણામાં પતરાંની પેટી પર બે નવી લુંગીઓ પડી હતી.

બહુ મજૂરીથી સુકાઈને સખત થઈ ગયેલા છોકરાના બદન તરફ જોતાં મસૂદે કહ્યું: "અખ્તર, હું તને કહેવા આવ્યો હતો કે મારી બીબીને આજે સવારે કસુવાવડ થઈ ગઈ છે."

"શું?" અખ્તર ચમકીને બોલ્યો.

"સવારે બસ્તીમાં પાણી માટે ભીડ થાય છે. એ પાણી ભરવા 'ટ્યુબવેલ' પર ગઈ હતી ત્યાં ઝઘડો થઈ ગયો. કંઈક મારામારી થઈ હશે; મને તો લોકોએ ખબર આપ્યા. હૉસ્પિટલમાં લઈ ગયો. ડૉક્ટર સા'બ કહે, અહીં રાખ, નહિ તો ઝેર થઈ જશે અને તારી ઓરત મરી જશે. અત્યારે હૉસ્પિટલમાં છે... ખર્ચામાં ઊતરી ગયો છું, ભાઈ!"

"બીબીને બચાવવી છે અને ખર્ચની ફિકર કરવી છે, એ કેમ બને? બીબી જશે તો આવી બીજી નહીં મળે."

"સો રૂપિયા તો ઊડી ગયા છે, ને હજી શી ખબર કેટલા થશે!... ઉપર યુનિયન હડતાલ કરીને બેઠું છે."

"પણ તું ક્યાં યુનિયનમાં છે?"

"બરાબર છે, હું નથી. પણ એટલે શું? ગોદીઓ પર કામ અટકી ગયું છે. ક્રેનો કેટલાય દિવસોથી કાટ ખાય છે. ફુર્જાઓમાં તેલ પૂરવાવાળા પણ હડતાલ કરી બેઠા છે. જો હડતાલ લાંબી ચાલશે તો—"

અખ્તર જોઈ રહ્યો—"રોટીનું શું? મઝદૂર રોટી વિના કેટલા દિવસ બેસી રહેશે?"

મસૂદે બીડીની છેલ્લી ફૂંક મારીને પાણીમાં ફેંકી દીધી. ધુમાડો કાઢતાં એ બોલ્યો, "—ભૂખે મરશે. ત્યાં સુધી યુનિયનના લીડરો રોજ સાંજે મિટિંગો ભરે છે, બેકાર કામદારો માટે ફંડો ઉઘરાવે છે—અને એ પૈસાથી શરાબબાજી ઊડે છે. લીડરો માટે ટૅક્સીઓ દોડે છે અને મઝદૂરને બસ્તીના ભાડાના ત્રણ રૂપિયાય રહેતા નથી." અને મસૂદ ફરી બબડ્યો: "મિટિંગોમાં નારા લગાવ્યે પેટ થોડું જ ભરાય છે!"

"તું કેટલા દિવસથી બેકાર થઈ ગયો છે?" અખ્તરે પૂછ્યું.

"આજે ચોવીસમો દિવસ છે. જોઉં છું; બે-ત્રણ દિનમાં હડતાલ નહિ ખૂલે તો કામે ચડી જઈશ. એક તો ઔરતનો ખર્ચો ચાલુ જ છે, ત્યાં રાતથી બચ્ચાંને તાવ આવે છે. જો હું રોજી પેદા નહિ કરું તો ખવરાવીશ શું—મારું માથું?" મસૂદે તીખાશથી સામેના કિનારા તરફ જોયું.

"અત્યારે તારી પાસે કેટલા પૈસા છે?"

"આ ત્રણ મહિના સીઝન હતી એટલે સો રૂપિયા બચી ગયા હતા, એ એક જ ઝપાટે સાફ થઈ ગયા. કામે ચડ્યા સિવાય મારે ઇલાજ નથી."

અખ્તર ચૂપ રહ્યો. એણે ઉપર રેલવેના પુલ પર જઈ રહેલા એક ખૂબસૂરત યુગલ તરફ જોયું અને નજર ફેરવી લીધી.

થોડી વારે એ બોલ્યો: "અત્યારે તું પંદર રૂપિયા લઈ જા. પછી ડૉક પર કામ શરૂ થાય એટલે આપી જજે."

અખ્તરે ઊભા થઈને ભંડકિયામાંથી એક જૂની પેટી કાઢી. પેટી ખોલીને એણે એક મેલા બટવામાંથી પાંચ-પાંચની ત્રણ નોટો કાઢી અને મસૂદના હાથમાં મૂકી. મસૂદ ખમીસના ખિસ્સામાં નોટો મૂકતાં ઊભો થયો. અખ્તરે કહ્યું: "બીબીની દવા બરાબર કરાવજે. આજે તો લૉંચ-સર્વિસ ચાલુ છે એટલે મને ફુરસદ નહિ મળે. કાલે બંધ છે; બનશે તો બસ્તી પર આવી જઈશ."

મસૂદ સિફતથી કિનારા પર ઊતરી ગયો. એણે છત્રી એક પથ્થર પર ટેકવીને હાથ ઊંચો કર્યો: "ખુદા હાફિઝ, અખ્તરભૈયા!"

"ખુદા હાફિઝ!" એક મોટા પથ્થરથી હલેસું ભિડાવીને હોડી પાણીમાં ધકેલતાં અખ્તરે કહ્યું.

**

બે દિવસ બાદ મસૂદ ડૉક્ટરની સલાહ-સૂચનાની ઉપરવટ જઈને એની બીબીને હૉસ્પિટલમાંથી ઘેર લઈ આવ્યો. એને અશક્તિ વધારે

આવી ગઈ હતી અને બચ્ચાંને તાવ ચાલુ હતો. રાત્રે ઘેર આવ્યો ત્યારે બચ્ચું સૂઈ ગયું હતું. એણે રજિયાના ખાટલા તરફ નજર નાખી. રજિયા એક ફાટેલી ચાદર ઓઢીને પડી હતી. મસૂદે ખાટલા પાસે બેસીને પાસે પડેલું ફાનસ તેજ કર્યું. રજિયાએ પડખું ફેરવ્યું.

મસૂદે એના લુખ્ખા વાળમાં હાથ ફેરવતાં ધીમેથી કહ્યું: “રજિયા!”

રજિયાએ આંખો ખોલી. કંઈ પણ બોલ્યા વિના એ માત્ર જોઈ રહી.

“કેમ છે?”

“સારું.” એક મિનિટ બંને ચૂપ થઈ ગયાં. મસૂદે હલકા અવાજે કહ્યું: “મેં કાલે કામ પર જવાનો વિચાર કર્યો છે.”

“કેમ, એકદમ?”

“બસ, ક્યાં સુધી બેકાર બેસી રહેવું?...અને પૈસા ક્યાં છે?” રજિયાની સૂકી આંખોમાં તેજ આવ્યું: “પણ હડતાલ ચાલે છે એનું શું? યુનિયનવાળા તમને હેરાન કરી નાખશે.”

“મારે અને યુનિયનને શું? હું યુનિયનનો મેમ્બર નથી, યુનિયનના ફંડમાં એક પૈસો પણ ભરતો નથી;” મસૂદ ટટાર થયો. “દરેક મઝદૂરને કામ કરવાનો હક છે. મારામાં મઝદૂરી કરવાની તાકાત અને હિંમત હશે તો કોણ રોકશે?”

રજિયા સમજ્યા વિના તાકી રહી. એણે કહ્યું: “પણ હડતાલ તો યુનિયને કરાવી છે ને?”

મસૂદ નફરતથી હસ્યો. “યુનિયન?...યુનિયન મારાં બીબી-બચ્ચાંને રોટી આપે છે—કેમ?” એણે બહુ જ તેજ થઈ ગયેલા ફાનસને ઝાંખું કરતાં કહ્યું: “રજિયા, ડૉકના કામદારો તો બિલ્લીનાં બચ્ચાં જેવાં છે. બિલકુલ મૂર્ખ—અભણ. મહમ્મદ ઇઝરાયલ નચાવે છે એમ નાચે છે. હજી સુધી ઇઝરાયલને કોઈ મર્દ મળ્યો નથી. એને ખબર નથી ડૉક-વર્કર એ શી ચીજ છે!”

“આપણે ગરીબ રહ્યા, એ છે મોટો માણસ. એની સામે થવાનો વિચાર જ કેમ થાય?”

મસૂદ ચૂપ રહ્યો. એના પહોળા, બરછટ હાથની મુઠ્ઠીઓ બિડાઈ ગઈ. ઊભા થઈને એણે એક લોટામાં ઠંડું પાણી ભરીને પીધું. બહાર અંધારું હતું. એલ્યુમિનિયમના કટોરામાં દવા ભરીને એણે રજિયાને પાઈ અને ફાટેલી જાજમ પાથરીને એ સૂઈ ગયો.

બીજી સવારે મસૂદે બગલમાં કાણાં પડી ગયેલું પટ્ટાવાળું બ્લુ ટીશર્ટ અને તેલના ડાઘાવાળો પૅન્ટ પહેરી લીધો. પૅન્ટના ખિસ્સામાં નાનો લાલ કાંસકો અને ડૉક-વર્કરનું પીળું કાર્ડ નાખ્યાં. ગળામાં પાનના ડાઘાવાળો રેશમી રૂમાલ બાંધી લીધો. બચ્ચાના તાવથી ગરમ ગાલ પર બચી ભરીને એણે એનો હથોડો ઉપાડ્યો ને ડૉક તરફ ચાલી નીકળ્યો.

રસ્તામાં ચાંદની હોટલની બહાર બે માણસોને એણે કોકા-કોલા પીતા ઊભેલા જોયા. એક હતો ડૉક-વર્કર્સ યુનિયનનો સેક્રેટરી મહમ્મદ ઇઝરાયલ. એના ઠીંગણા, વજનદાર શરીર પર મોટું માથું ભયંકર લાગતું હતું. એની દેડકા જેવી બે ગંદી આંખો બહાર ધસી આવી હતી, અને કાનની નીચેનો ગાલ બળી જવાથી એક મોટો ડાઘો ત્યાં પડી ગયો હતો. બીજો એનો શાગિર્દ હતો—બિસુ ચેટરજી. ઇઝરાયલે મસૂદ તરફ આંખો ફેરવતાં પૂછ્યું: “મસૂદ, ક્યાં જાય છે?”

મસૂદ ઊભો રહી ગયો. કતરાતી આંખે એણે બંનેને માપ્યા. હથોડો નચાવતાં એ ઠંડકથી બોલ્યો: “ડૉક પર!”

“ઓહો! હડતાલ પૂરી થઈ ગઈ...!” ઇઝરાયલ જોરથી હસ્યો. પોતાના સાથી તરફ આંખ મારતાં એણે કહ્યું: “બિસુ, મસૂદ સા’બને હવે યુનિયનના મેમ્બર બનાવો, બીજું શું?”

બિસુ સુસ્તીથી હસ્યો. એના ઊંટ જેવા સડેલા, પીળા દાંત જોઈને મસૂદ ઘૃણાથી જમીન પર થૂંક્યો અને કદમ ઉઠાવીને ચાલવા માંડ્યો.

બિસુ દોડતો આવ્યો. મસૂદનો ખભો પકડીને એણે કહ્યું: “બેવકૂફ! શું કરી રહ્યો છે? મઝદૂર થઈને મઝદૂરના પગ પર કુહાડો મારે છે?”

મસૂદે ખભાથી એક જોરનો ધક્કો માર્યો: “દૂર હટ!”

મસૂદ એક કદમ આગળ ચાલ્યો અને કોકા-કોલાની એક ખાલી

બોટલ એના પગ આગળ જોરથી અવાજ કરતી ફૂટી. મસૂદે ચમકીને આગળ જોયું: મહમ્મદ ઇઝરાયલ ધીમું ધીમું હસી રહ્યો હતો. બિસુ એક ખાલી રિક્ષાની પાછળ ઊભો રહી ગયો હતો.

મસૂદના હાથની લીલી નસો ફૂલી ગઈ. એણે ધ્રૂજતો હથોડો ઊંચો કર્યો અને ફાટેલા અવાજે કહ્યું: "ઇઝરાયલ, બેટા! મને ડરાવવાની કોશિશ કરી છે તો યાદ રાખજે, આ જ હથોડાથી તારું કપાળ ફાડી નાખીશ!"

હોટલના દરવાજામાં ત્રણ-ચાર માણસો આવીને ઊભા રહી ગયા હતા. ઇઝરાયલ પલકારામાં હોટલની અંદર અદશ્ય થઈ ગયો. બિસુ સહેજ ધ્રૂજી રહ્યો હતો. એના તરફ એક સળગતી નજર નાખીને મસૂદ ઝપાટામાં ડૉકને રસ્તે વળી ગયો.

બે દિવસ પછી મસૂદ નદી-કિનારે અખ્તરને મળ્યો અને કહ્યું: "હું કામે ચડી ગયો છું. યુનિયન પણ હાલી ગયું છે. બે દિવસ મને એકલાને કામ પર જતો જોઈને બીજાય ત્રણ-ચાર વર્કર કાલે આવવાના છે."

"પણ યુનિયને તને રોક્યો નહિ?"

"યુનિયન તો મને ડરાવવાની ઘણી જ કોશિશ કરે છે, પણ મેં ઇઝરાયલને પરખાવી દીધું કે બચ્ચા, આ બીજી માટી છે."

અખ્તરે ગંભીર થઈને કહ્યું: "મસૂદ, મારી વાત માનીશ? તું યુનિયનનો મેમ્બર થઈ જા."

"કેમ?"

"જો તું યુનિયનમાં જોડાઈશ તો તને યુનિયનના ફંડમાંથી આ બેરોજગારીના દિવસોના પૈસા મળશે..."

"જો, અખ્તર, હું યુનિયનની ભીખ પર જીવતો નથી. મને રોજી મળે છે મારી મઝદૂરીની—યુનિયનની કે ઇઝરાયલની ઇબાદત કરવા માટે મળતી નથી. ઇઝરાયલ મઝદૂરોના ફાયદા માટે હડતાલ કરાવી રહ્યો છે, કેમ? ડૉક-વર્કરોને એ ડરથી કાબૂમાં રાખી રહ્યો છે. એની પાસે પૈસા છે. છ મહિના હડતાલ ચાલશે તોપણ એને વાંધો નહિ

આવે. મારી હાલત જુદી છે. હું મારા હક્કનું કમાઉં છું. હક્કનું ખાઉં છું. મઝદૂરી કરું છું—પણ ઇજ્જતથી...” મસૂદે સફાઈથી ઉમેર્યું: “ઇઝરાયલની સામે કોઈકે માથું ઊંચકવું જ પડશે. એ ડૉક-લેબરની જાન સાથે રમી રહ્યો છે.”

“સરકાર...”

“સરકાર શું કરવાની હતી? સેક્રેટરીને બોલાવશે, સલાહમશવરા કરશે, ચા-

પાણી ઉડાવશે, જરૂર પડશે તો થોડા પૈસા ખવડાવશે અને હડતાલ સંકેલાઈ જશે!... અને ડૉક-વર્કરોના લીડર મહમ્મદ ઇઝરાયલ સા’બની છાતી પર ચાર ચાંદ લાગી જશે!... રોજી કોની જશે, ખબર છે? મારા-તારા જેવા મઝદૂરોની!” મસૂદ ગરમ થઈ ગયો.

અખ્તર ચૂપ થઈ ગયો. એણે વાત બદલતાં પૂછ્યું: “મસૂદ, તે દિવસે તો હું આવી શક્યો નહીં; હવે બીબીની તબિયત કેમ છે?”

“ઠીક છે.”

“બચ્ચાંને તાવ ઓછો થયો?”

“હા.” મસૂદે કહ્યું: “કાલથી ઊતરી ગયો છે.”

થોડી વાતો કરીને મસૂદ છૂટો પડી ગયો.

*

સૂર્યનાં પહેલાં કિરણ આવતાં પહેલાં સાંકડી બસ્તીમાં ચહલપહલ મચી ગઈ હતી. રોતાં બચ્ચાં અને ટ્યૂબવેલ પર ઝઘડતી ઔરતોના અવાજે મસૂદને જગાડી દીધો. તેણે ઊભા થઈને બચ્ચાંના કપાળ પર હથેળી મૂકી. તાવ ન હતો. રજિયા હજુ સૂતી હતી. એની ઓઢેલી ચાદર ખસી ગઈ હતી. મસૂદે ચાદર સરખી કરી અને એક કમરાવાળી એની નાની દુનિયામાં સંતોષની નજર નાખીને એ બહાર નીકળી ગયો.

બહારથી આવ્યો ત્યારે રજિયા હજુ સૂતી હતી. એણે ડૉક પર જવા માટે ચુપચાપ કપડાં પહેર્યાં—ખાખી પૅન્ટ અને નવું કથ્થાઈ ટીશર્ટ. ડૉક-વર્કરનું ચૂંથાઈ ગયેલું પીળું કાર્ડ એણે સીધું કરીને પૅન્ટના

ખિસ્સામાં નાખ્યું ને હથોડો લઈને એ તૈયાર થઈ ગયો. મસૂદને થયું, રજિયા સાથે થોડી વાત કરે. પણ રજિયા ઘસઘસાટ સૂતી હતી. એને જગાડવી ઠીક ન લાગી. ધીરેથી બહાર નીકળી એણે બારણું બંધ કર્યું. મસૂદ બસ્તીમાંથી નીકળીને સડક પાર કરી ડૉકને રસ્તે આવ્યો. દૂર ઝાડ નીચે ચાંદની હોટલની એક બૅંચ પર બે મઝદૂરો બેઠા હતા. બાજુમાં પાનવાળાની દુકાનમાં રેડિયો શાંત હતો. મસૂદ હોટલ તરફ જોયા વિના ડૉકની દિશામાં આગળ વધ્યો. ત્યાં પાછળથી એક હાથ મસૂદના ખભા પર ધીરેથી પડ્યો: “કેમ દોસ્ત, ડૉક તરફ?”

મસૂદે જોયું: બિસુ સફેદ કુરતું અને ધોતી પહેરીને ઊભો હતો. એક મિનિટ બંનેની આંખો સવાલ-જવાબ કરતી રહી.

“આવ, મસૂદ, ચા પીએ. હું તારી સાથે થોડી વાત કરવા માગું છું.”

“શી વાત કરવી છે? જે કંઈ કહેવું હોય, અહીં જ કહી નાખ!” મસૂદે સખ્તાઈથી કહ્યું.

“વિશ્વાસ રાખ મારા પર. હું મઝદૂર છું—બસ, પાંચ જ મિનિટ, વધારે નહીં. ચાલ.” બિસુએ નરમાશથી મસૂદને હોટલ તરફ ખેંચ્યો.

બંને હોટલમાં ઘૂસ્યા. બે માણસો એક ટેબલની આસપાસ બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા. બાકી હોટલ ખાલી હતી. મસૂદે હથોડો સખ્તાઈથી પકડયો.

એક ખૂણાના ટેબલ પાસે બંને બેઠા. બિસુએ ચાનો ઓર્ડર આપીને કહ્યું: “મસૂદ, મને ઇઝરાયલે મોકલ્યો છે તારી સાથે વાત કરવા. જો, હું તને ખુલ્લા દિલથી વાત કરું છું. તું, બસ, એક અઠવાડિયું કામ પર જવું મોકૂફ રાખ. સરકાર તંગ આવી ગઈ છે ને હવે બેત્રણ દિવસમાં જ લેબર-કમિશનર ઇઝરાયલને મુલાકાત માટે બોલાવવાનો છે.”

મસૂદના ચહેરા પર ખાસ કંઈ જ અસર થઈ નહીં. એ જોઈ રહ્યો. “જો, તું કામ પર જાય છે એટલે બીજા વર્કરો કમજોર પડી જાય છે. તું સમજદાર છે,” બિસુએ આંખો ઝીણી કરતાં કહ્યું: “મઝદૂરના પેટ પર લાત કેમ મારી રહ્યો છે?”

"હું?" મસૂદ ઘૂરક્યો: "હું મઝદૂરના પેટ પર લાત મારું છું? તમે લોકો મઝદૂરોને ભૂખે મારી રહ્યા છો—તમારા સ્વાર્થ માટે, તમારી ઇજ્જત માટે, તમારી ટેક્સીઓ દોડાવવા માટે..."

"જો, મસૂદ, હોશમાં આવ." હોટલના છોકરાએ ચાના બે કપ ટેબલ પર ગોઠવ્યા. બિસુએ ચાલુ કર્યું: "પાગલ મત બન. તને તારી બેકારીના દિવસોના પૈસા મળી જશે. બોલ, બીજું શું જોઈએ છે?"

મસૂદે મોઢા સુધી આવેલો કપ જોરથી રકાબીમાં મૂક્યો. એનાં ભવાં ખેંચાયાં: "બિસુ, મને ખરીદવા અહીં લાવ્યો છે?"

"ખરીદવા નહીં, દોસ્તી બઢાવવા." બિસુએ સ્વસ્થતાથી કહ્યું.

"જા, તારા સેક્રેટરીને જઈને કહેજે કે ડૉક-વર્કરો મુર્ગીઓ નથી કે ઊભી બજારે ખરીદી લેવાય." મસૂદ ચા મૂકીને ઊભો થયો. એણે હથોડો જમણા હાથમાં લીધો.

બિસુએ ઊભા થઈને મસૂદનો હાથ પકડયો: "સાંભળ, સાંભળ! જો તું કામ કરવા માંડીશ અને હડતાલ તૂટી જશે તો મઝદૂરો તબાહ થઈ જશે. અને ખબર છે—મારી અને ઇઝરાયલની શી હાલત થશે? બબ્બે સાલની લાગી જશે!"

મસૂદ ખડખડાટ હસ્યો: "બરાબર છે. પછી જેલમાં કોકાકોલા પીજો—તું અને તારો સેક્રેટરી." મસૂદ પગથી ખુરશીને લાત મારીને આગળ વધ્યો. સામે મહમ્મદ ઇઝરાયલ સિગારેટ પીતો ઊભો હતો.

"કેમ બેટા, કોકા-કોલા પીવો છે?" ઇઝરાયલના ચહેરા પર બરફ જેવી ઠંડક હતી.

"હટ, બદમાસ!"

મસૂદે જોયું કે ઇઝરાયલે આંખ મારી. એ ચેતે એ પહેલાં પાછળથી કોઈએ જોરથી લોખંડનો સળિયો મસૂદના જમણા હાથના કાંડા પર ફટકાર્યો. હથોડો અવાજ કરતો જમીન પર પડી ગયો. મસૂદે ચીસ પાડીને ડાબા હાથથી જમણા હાથનું જોરથી ધ્રૂજતું કાંડું પકડી લીધું. સામેથી એક તગડા માણસે આવીને મસૂદના પેટમાં એક મુક્કો

જમાવી દીધો. મસૂદનું મોઢું ખૂલી ગયું. કોઈએ એના મોઢામાં કપડાનો એક મોટો ડૂચો ફસાવી દીધો. મસૂદનું માથું ચક્કર ખાઈ રહ્યું હતું અને હાથમાંથી બધી જ તાકાત ઓસરી ગઈ હતી. પાછળથી કોઈએ આંટી મારી. મસૂદ લથડ્યો અને ચત્તોપાટ પડી ગયો. સેકંડોમાં લાતોનો વરસાદ વરસી ગયો. થોડી વારે મસૂદનું શરીર હાલતું બંધ થયું ત્યારે ઇઝરાયલે સફાઈથી કહ્યું: “બસ, દોસ્તો, મસૂદસા’બને માટે આટલો પ્યાર કાફી છે!”

બિસુએ હાંફતાં હાંફતાં કહ્યું: “ઇઝરાયલ, તું પણ કેવો આદમી છે? તારા દોસ્તને કોકાકોલા પાવો ભૂલી ગયો?”

“ઓહો!” ઇઝરાયલે તગડા માણસ તરફ જોયું: “લખન! એક કોકાકોલા આ સાહેબના મોઢામાં રેડી દેજે... અને પછી એમને સંભાળીને નદી-કિનારાની ઠંડી હવામાં મૂકી આવજે.” ઇઝરાયલ બિસુનો હાથ પકડીને આગળ ચાલ્યો. એણે અટકીને કહ્યું: “અને જો, પેલો હથોડો પણ સાથે મૂકી આવજે. ઇઝરાયલનું કપાળ ફોડવા માટે જોઈશે ને?”

“...અને જરૂર પડશે ત્યારે કોફિનમાં ખીલા ઠોકવાય કામ આવશે!” બિસુ બોલ્યો. બધા હસ્યા—લીલામમાં ઊભેલા કસાઈઓની જેમ...

*

ખાટલામાં બેઠી બેઠી રજિયા કાળા બુરખાની જાળીમાંથી જોઈ રહી હતી. સામે મસૂદનું પાટા બાંધેલું શરીર પડ્યું હતું. ખોળામાં રોતાં રોતાં સૂઈ ગયેલું બચ્ચું હતું. નાની ખોલીમાં ત્રણચાર માણસો આવી જવાથી ભીડ થઈ ગઈ હતી. માણસો અરસપરસ વાતો કરી રહ્યા હતા. “કરવી મઝદૂરી, અને ખુમારી રાખવી લાટ સા’બની—એ કેમ ચાલે?” રજબઅલી કહી રહ્યો હતો.

“ડૉકમાં તો યુનિયન એ જ સરકાર. લેબર-કમિશનર પણ યુનિયનથી ગભરાય છે, પછી સાધારણ મઝદૂરનું શું ગજું? મેં તો મસૂદને કહ્યું હતું કે ભલો થઈને યુનિયનનો મેમ્બર બની જા અને ઇઝરાયલનો મર્તબો રાખ. ઇઝરાયલ ધારે તો માલામાલ કરી નાખે. જોતો નથી બિસિયાને? મહિનામાં પચાસ રૂપિયા પણ મુસીબતથી મળતા હતા.

આજ આરામથી પાંચસો રૂપિયાની આમદાની કરતો હશે, ઇઝરાયલે જરાક હાથ આપ્યો એમાં.” અખ્તરે કહ્યું.

એક મિનિટ શાંતિ છવાઈ ગઈ. એક બૂઢો અવાજ આવ્યો: “એ બધું બરાબર છે, બેટા, પણ છોકરો મર્દ હતો. એકલે હાથે એણે ઇઝરાયલનો મુકાબલો કર્યો. ઇઝરાયલને એની જિંદગીમાં આવો જિગરવાળો નહિ મળ્યો હોય!” અખ્તરના બાપે થાકેલા અવાજે કહ્યું.

ચોળાયેલા બુરખાની પાછળથી આવતાં ડૂસકાંઓના અવાજે બધાંનું ધ્યાન ખેંચ્યું અને ફરી ચુપકીદી છવાઈ ગઈ. થોડી વારે માણસો ઊભા થયા. અખ્તરના બાપે રજિયાની પાસે આવીને કહ્યું: “ગભરાવાની જરૂર નથી, બેટી. એ થોડો વખત બેહોશ રહેશે. ડૉક્ટરે કહ્યું છે કે માર લાગ્યો છે એ તો અઠવાડિયું—દસ દિવસ આરામ કરશે એટલે મટી જશે. પણ હાથ તૂટી ગયો છે. મહિનો-દોઢ મહિનો લાગી જશે... ખેર, શુકર ખુદાનો—જાન બચી ગઈ.” ધીરે ધીરે બધા બહાર નીકળ્યા. અખ્તરના બાપે કહ્યું: “હું આજે અહીં રહીશ.”

દિવસો પસાર થયા. ધીરે ધીરે મસૂદના ઘા રુઝાવા માંડ્યા, અઠવાડિયા બાદ હડતાલ ખૂલી ગઈ. મઝદૂરો કામે ચડી ગયા અને લેબર-કમિશનર દેવરાજ ખન્નાએ કામદારોના યુનિયનના નેતા બિશ્વનાથ ચેટરજી અને સેક્રેટરી મહમ્મદ ઇઝરાયલને ચર્ચા માટે બોલાવ્યા. ચર્ચાઓ ચાલી અને અંતે સમાધાનનો મુસદ્દો તૈયાર થયો. બંને પક્ષોએ ધાર્યું કે પોતાનો વિજય થયો હતો. અખબારોએ સમાધાનના સમાચાર ચમકાવ્યા. છેવટે—હડતાલ ખૂલ્યા બાદ અઠવાડિયે—એક મોટી જાહેર સભા ભરાઈ. ડૉક-વર્કરો અને હાર્બર-વર્કરોની રાહબરી નીચે સભા ભરાઈ હતી. લેબર—કમિશનર ખન્ના એ સભાના પ્રમુખ હતા!

મસૂદ હરતોફરતો થઈ ગયો હતો. ફક્ત એનો તૂટેલો હાથ હજી ઝોળીમાં હતો. એ સભામાં પહોંચ્યો ત્યારે સેક્રેટરી ઇઝરાયલે હમણાં જ ભાષણ પૂરું કર્યું હતું. સભાને છેડે ઊભા રહીને એણે જોયું કે મચાન પર લેબર-કમિશનર, બિસુ વગેરે બેઠા હતા. મઝદૂરો દુનિયાના શ્રમજીવીઓની એકતાના નારા લગાવી રહ્યા હતા. એકબે સ્થળેથી

'મહમ્મદ ઇઝરાયલ ઝિંદાબાદ!'ના નારા ઊઠ્યા. એકાએક શાંતિ છવાઈ ગઈ. લેબર—કમિશનર ખન્ના ઊભા થયા. કોલાહલ શાંત થઈ ગયો. ખન્નાએ ભાષણની શરૂઆતમાં મઝદૂરોને સમાધાનની સફળતા માટે અભિનંદન આપ્યાં. મઝદૂર નેતાઓની બાહોશી અને ખાસ કરીને મહમ્મદ ઇઝરાયલની શ્રમવિભાગ સાથેના સક્રિય સહકારની નીતિની પ્રશંસા કરી. મસૂદના મોઢાનો સ્વાદ કડવો થઈ ગયો. એ સભા છોડીને, હારેલા દેશનો યુદ્ધકેદી વતન પાછો ફરે એમ, ઘર તરફ ચાલ્યો. પાછળ સભા હતી, મઝદૂરો હતા, મઝદૂરોના નેતાઓ હતા, સરકારના પ્રતિનિધિ હતા…

લાઉડ-સ્પીકરમાંથી ખન્નાનો કર્કશ અવાજ આવી રહ્યો હતો: "સરકાર ડૉક—મઝદૂરોના હક્કો માટે પૂરી રીતે સતર્ક છે. આવતી કાલની દુનિયા મઝદૂરોની છે. મઝદૂર માલિક બનશે—કામ એનો જન્મસિદ્ધ અધિકાર બની જશે. મઝદૂરને પોતાનું સ્વમાન હશે, પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય હશે—જ્યારે કોઈ મઝદૂરને એની ઇચ્છા વિરુદ્ધ મહેનત નહિ કરાવી શકે, જ્યારે પોતાના ભવિષ્ય પર મઝદૂરનો ખુદનો કાબૂ હશે…"

મસૂદ દોડ્યો. અવાજ પાછળ ડૂબી ગયો. એકાએક એને ખ્યાલ આવ્યો કે સામે જ ઘર હતું—ઘર! એક મિનિટ એ સ્થિર ઊભો રહ્યો. હલકે હાથે એણે બારણું ખોલીને અંદર જોયું. ખાટલામાં રજિયા અને એનું બચ્ચું પડ્યાં હતાં. બચ્ચું રડી રહ્યું હતું. રજિયાએ બચ્ચાને એક થપ્પડ મારી અને ગાળો બબડવા લાગી. બચ્ચું જોરથી રડી ઊઠ્યું. રજિયાએ રોતા બચ્ચાને એની ચુસાઈ ગયેલી છાતી સાથે લગાવ્યું… બચ્ચાનો રૂંધાતો અવાજ ધીરે ધીરે બંધ થઈ ગયો.

મસૂદે ધીરેથી બારણું બંધ કર્યું. ચાંદની ખુશનુમા હતી, હવામાં બેફામ મસ્તી હતી—અંધારામાં બેઠેલા કબૂતરની જેમ મસૂદ છટપટી ઊઠ્યો.

# ચંદ્રકાન્ત કાજી

## દુઃખી થવાના દસ રસ્તા

૧. તમારી જ વાત કર્યા કરો.

૨. તમારો જ વિચાર કર્યા કરો.

૩. 'કદર' 'કદર' ઝંખ્યા કરો.

૪. કોઈ તમારી ઉપેક્ષા કરે તો બળ્યા કરો.

૫. કોઈનો યે વિશ્વાસ ન કરો.

૬. તમારી ફરજમાંથી શક્ય ત્યાં સુધી છટકી જાવ.

૭. બને તેટલી વાર 'હું' શબ્દનો ઉપયોગ કરો.

૮. બીજા માટે બને તેટલું ઓછું કરો.

૯. તમારી મહેરબાની બદલ લોકો આભાર ન માને તો સમસમ્યા કરો.

૧૦. દરેક બાબતમાં તમારો જ કક્કો ઘૂંટયા કરો.

[આના પરથી સુખી થવાના રસ્તા શોધી કાઢવાની સૌને છૂટ છે.]

## ગૂંગળાતા કિશોરો

કેન્સરથી મરણપથારીએ પડેલા પિતાનો સમૃદ્ધ વારસો સ્વીકારવાની એક જુવાન દીકરાએ ઘસીને ના પાડી દીધી. એણે કહ્યું, "તમે મને ઘણીબધી વસ્તુઓ આપી છે એ વાત સાચી; પણ મારે ખરેખર જેની જરૂર હતી એ ચીજ તો મને મળી જ નહીં. હું તો હતો કેવળ તમારા પ્રેમનો ભૂખ્યો. પણ તમે પૈસા કમાવા પાછળ એટલા બધા પડેલા હતા કે અમારે જે જોઈતું હતું તે તમે આપી શક્યા જ નહીં. અમારે જરૂર

હતી ખુદ તમારી જ.”

ઓગણીસ વરસની એક મૂંઝાયેલી કન્યા કહે છે: “જેની સાથે વિશ્વાસથી વાત કરી શકું એવા કોઈ વડીલ મને મળ્યા નથી. મારા તંગ જીવનમાં હું કેવળ ટેલિવિઝન અને સામયિકો મારફત સંતોષ મેળવું છું. મારાં કુટુંબીજનો પાસેથી મને પ્રેમ કે સહાનુભૂતિ સાંપડતાં નથી. સહુ પોતપોતાનાં કામકાજમાં મશગૂલ હોય છે. મારા મનમાં જાતજાતના સવાલો ઊઠે છે. પણ રખેને મારા સવાલના જવાબ આપવા પડે એ બીકે મારી માતા મારી સાથે લાંબો વખત ગાળતી નથી. મને સમજવાનો પ્રયત્ન કરે, મને સાચી સલાહ આપે એવી કોઈક વ્યક્તિની મારે જરૂર છે.”

નશીલા પદાર્થોના સેવનને માર્ગે વળી ગયેલો એક કિશોર કહેતો હતો કે, “નશાની ગોળીઓ લેવા હું લલચાયો તે પહેલાં મારે ખરેખર તો જરૂર હતી એ ગોળીઓમાંથી મળે નહીં એવી, બજારમાં ખરીદી શકાય નહીં એવી ચીજની—પ્રેમની.”

એક સ્વકેન્દ્રી અને સ્નેહ વગરની સૃષ્ટિમાં આજે આપણે જીવી રહ્યાં છીએ, તેને પરિણામે આવાં કિશોર-કિશોરીઓ અનેક કુટુંબોમાં ગૂંગળાઈ રહ્યાં છે. તેમનાં પોષણ અને વિકાસ માટે સારા ખોરાક, સુંદર કપડાં, તરેહતરેહની ચીજવસ્તુઓ કે મોંઘાદાટ શિક્ષણના કરતાં પણ અનેક ગણું મહત્ત્વ છે પ્રેમનું—એ તેમનાં માબાપોને કોણ સમજાવશે?

# ચંદ્રકાન્ત દત્તાણી

–

*કાળઝાળ એકાન્તે ખોબલે અમારી યાદ પીજો ને તરસું છિપાવજો;*
*કોરા આકાશથી ખરતાં પીંછાંને જોઈ રોમરોમ અમને અભાવજો.*

# ચંદ્રકાન્ત પંડ્યા

## “બોડીને તાં વળી કાંહકી કેવી!”

મારા પિતાજી ખેતી સાથે ધીરધારનો ધંધો પણ કરતા. પિતાજીનું મૃત્યુ થયું. જમીન ગણોતે ખેડનાર કે તેની દેખભાળ કરનાર કોઈ રહ્યું નહિ, એટલે અમે મૂળ શેઠને સોંપી દીધી. હવે વિધવા બાને માથે બે નાના દીકરા ને એક દીકરી ઉપરાંત ત્રણ પરણેલી બહેનોના વ્યવહાર સાચવવાની જવાબદારી હતી. બા બિચારી રાતદિવસ વૈતરું કરે. દીકરામાં હું મોટો, એટલે ચૌદ વર્ષની ઉંમરે ગામડે ઉઘરાણી કરવા બા મને મોકલે. દેણદારો પ્રામાણિક, પણ ખેતીનાં વર્ષો એક પછી એક એવાં ખરાબ આવે કે લેણદારોને રોકડ કશું આપી ન શકે. ક્યારેક થોડુંઘણું આપે, એ તો અમારા કુટુંબને આપદા ન પડે એટલા ખાતર! પોતે પેટે પાટા બાંધીને પણ જે મળે તે વ્યાજ પેટે ભરી જતાં.

ધરમપુરથી પાંચેક માઈલ દૂર મરઘમાળ ગામે રાનીપરજ કોમના જીવલા નામના ખેડૂત પાસે અમારું લેણું નીકળે. કાઠાં વરસોમાં જીવલાની સ્થિતિ બહુ કપરી થઈ ગયેલી. પૈસા તો જે મળે તે આપે; ઉપરાંત બાપુના મૃત્યુ પછી વર્ષોવર્ષ લાકડાં, ડાંગર, કઠોળ, ગોળ, કેરી, શાકભાજી, ઢોર માટે ઘાસ ને એવું કંઈ ને કંઈ વ્યાજ પેટે ભરે. વરસ ગમે તેવું નબળું પડ્યું હોય તોય “હાઉકારનાં પોયરાંને આપદા ની પડવી જોઈએ”—એવી ભાવનાથી કંઈક તો આપવું જ જોઈએ, એવું જીવલો માનતો.

બાપુજી જીવતા ત્યારે જીવલો અવારનવાર ઘેર આવતો. શેરડી, બોર, જાંબુ, કેરી એવું કંઈ ને કંઈ મારા માટે લાવે. તેની સાથે કોઈક વાર તેનો પુત્ર ગોવિંદ પણ ‘હેર’ જોવાની લાલચે આવે. લંગોટી ને મેલું જીર્ણ ડગલું એ એનો પોશાક. જીવલો જુવાનીમાં પણ ખખડી ગયેલો, હાડપિંજર જેવો. તો એનો પુત્ર ગરીબડો, અર્ધનગ્ન દશામાં.

મરઘમાળમાં જીવલા ઉપરાંત પણ એક-બે દેણદાર હતા. તેઓ

જીવલાની સરખામણીમાં જરા ઠીક સ્થિતિના કહેવાય. એટલે તેમના પૈસા નિયમિત મળતા, બીજું પરચૂરણ અનાજ મળતું, પણ જીવલો તદ્દન ભાંગી ગયેલો. પત્ની મરી ગયેલી, તેનું બારમું કરવા માટે વળી બીજો શાહુકાર કરેલો, એટલે જીવલા ઉપર કડક ઉઘરાણી થાય.

દિવાળી પછી તો લગભગ દર રવિવારે ઉઘરાણીએ જવાનો કાર્યક્રમ નક્કી હોય. એક રવિવારે એ રીતે જીવલાને ત્યાં જવાનું થયું. સાથે મારા મિત્રો મહમદ ને રસિક હતા. દસ વાગતાં ઘેર આવી જઈશું, એ ગણતરીએ બાએ કશું ભાતું બંધાવ્યું નહોતું. અમે પહોંચ્યા, તો માલૂમ પડ્યું કે જીવલો કશે બહાર ગયો હતો. ગોવિંદને પૂછ્યું તો એણે જણાવ્યું: “કોથે ગોયલો ઓહે તે ખબર ની, પણ બારેક વાગતાં આવી પુગહે.” એટલે સમયનો સદુપયોગ કરવા અમે એના ખેતરમાં ઊપડ્યા. બોરડી પરથી મીઠાં રાંદેરી બોર પાડયાં, ખાધાં ને ગજવાં ભર્યાં. છોડ પરથી મરચાં ને રીંગણાં તોડીને થેલી ઠાંસીઠાંસીને ભરી. ગોવિંદે બાવળનાં દાતણ કાપી આપ્યાં તે લીધાં. નદીમાં નાહ્યા ને પાછા ઝૂંપડીએ પહોંચ્યા, ત્યાં જીવલો આવી ગયો હતો. તેણે પૂછ્યું, “ભીખલા, બપોર થઈ ગયા; કંઈ ખાધું કે ભૂયખો જ? ડોહાડી(ડોસી) એ હું બાંધી આયલું છે?”

મેં કહ્યું કે અમે તરત પાછા જવાના હતા એટલે ભાતું નથી લાવ્યા; હવે તો ઘેર જઈને ખાશું. જીવલો કહે, “પોયરા, ભૂખ્યો તો ની જ જવા દેવ. દાળ-ચોખા આપું, તે ખીચડી બનાવી લાખ!” ખીચડી મને બહુ ભાવે નહિ, ને એ કડાકૂટ કરે કોણ? એટલે ના પાડી. પણ જીવલો એમ શાનો માને? “ભીખલાને હીરો (શીરો) બઉ ભાવે,” એમ કહી ગોવિંદને મોકલી, ક્યાંકથી પાશેર ઘી મંગાવ્યું. મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા. થોડો ગોળ કાઢી આપ્યો. ત્રણ પથ્થર મૂકી ચૂલો બનાવ્યો. પછી કાંસાના તાંસળામાં લાકડાના તવેથાથી આવડે એવો શીરો મેં બનાવ્યો. જીવલો કેળનાં પાન કાપી લાવ્યો. ગોવિંદે કાંદા સમારી આપ્યા. અને અમે ત્રણ જણ ખાવા બેઠા. પ્રેમનો શીરો. ધરાઈને ખાધું. થોડો આરામ કરીને જવા નીકળ્યા. તે પહેલાં પૂછ્યું, “જીવલા, થોડાક

પૈસા આપશે કે?"

"પૈહાની જોગવાઈ તો હમણાં ની થવાની," એમ જીવલાએ લાચારી વ્યક્ત કરી. એટલામાં ગોવિંદ વાડામાંથી વાલોળ ને રીંગણાં લઈ આવ્યો. પણ અમારી થેલી તો ભરેલી હતી, એને મૂકવાં ક્યાં? મેં જીવલાને એકાદ થેલી હોય તો આપવા કહ્યું, ત્યારે તે કહે, "બોડીને તાં વળી કાંહકી કેવી?" જ્યાંત્યાંથી ફાટેલો કટકો શોધી આપ્યો, તેમાં રીંગણાં-વાલોળ બાંધ્યાં અને અમે ચાલી નીકળ્યા...

તે રાતે મોડે સુધી ઊંઘ ન આવી. જીવલાના જ વિચાર આવ્યા કર્યા. એક બાજુ જીવલાનો પ્રેમ ને બીજી બાજુ તેની કારમી ગરીબાઈ યાદ આવ્યાં. એનું પેલું વાક્ય "બોડીને તાં વળી કાંહકી કેવી!" ઘડી ઘડી યાદ આવ્યા કર્યું. રાત આખી અજંપામાં ગાળી. જીવલાની "બોડી" જેવી દશા કરનાર હું જ છું, એવો ભાવ જાગ્યો. અમે શીરો જમતા હતા ત્યારે જીવલાનાં નાગૂડિયાં ને પેટમાં વેંતવેંત ખાડા પડેલાં નાનાં છોકરાં કેવું ટીકીટીકીને જોઈ રહ્યાં હતાં, તે દૃશ્ય ખડું થયું. ભણવાગણવા ને રમવાની ઉંમરે કોઈ ગોવાળિયામાં જતો, કોઈ ખેતરમાં ચાર કાપતો કે બળતણ માટે લાકડાં કાપતો, શાહુકારી પેટે કોઈ શેઠિયાને ત્યાં વેઠ કરતો—ત્યાં હું બીજો શાહુકાર બેઠો બેઠો શીરો ખાતો હતો! એનાં છોકરાંનાં મોંનો કોળિયો મેં જ ઝૂંટવ્યો હોય એમ મને લાગ્યું. ને તે પણ ઓછું હોય તેમ બે થેલીઓ ભરીને શાકભાજી લઈ આવ્યો! મારી જાત પર મને તિરસ્કાર આવ્યો.

સવારે બાને પૂછ્યું, "બા, જીવલાનું દેવું ક્યારે પૂરું થશે? એ બિચારો શી રીતે દેવું ભરી શકશે?" બાએ ગુસ્સે થઈને કહ્યું, "ફોગટ થોડું આપે છે? મૂળાનાં પતીકાં જેવા રૂપિયા રોકડા કાઢીને આપ્યા છે!"

જીવલો મૂળ કોઈકની ગણોતે ખેતી કરે. તે ખેતર વેચાતું લેવા તેણે બાપુ પાસે રૂપિયા ત્રણસો વ્યાજે લીધેલા. બેત્રણ વર્ષમાં પૈસા વસૂલ કરશે, એવી એને શ્રદ્ધા, પણ વરસ એક પછી એક ખરાબ આવ્યાં. મેં ચોપડામાં જોયું, તો વ્યાજનું વ્યાજ ચઢીને રૂ. ૧૫૦૦ લેણા નીકળતા હતા! વર્ષોવર્ષ ફસલ ભરી જાય; શાકભાજી, લાકડાં, ઘાસ,

ગોળ આપી જાય, તે બધું મફતમાં! ચોપડે રોકડા રૂપિયા સિવાય કશું જમે ન થાય. આટઆટલું આપવા છતાં ત્રણસોના પંદરસો શી રીતે થયા, તે સમજવા જેટલી તેનામાં બુદ્ધિ તો શાની હોય?

['બાનો ભીખ્ખુ' પુસ્તક]

# ચંદ્રકાન્ત શેઠ

## શોધ

*ધોળે દા'ડે ખરે બપોરે જોયું:*
*ઊભી વાટે વાટ રૂંધતું પડછાયાનું ટોળું!*

*ચશ્માંની આંખો પર અંધા અંધારાના કાચ!*
*કાંટા જેના ફરે ન એ ઘડિયાળે બાંધ્યા હાથ!*

*કોઈ મહિષ પર બેઠા, ને કોઈ ઘેટાં પાછળ ઘેલા,*
*કોઈ ઘૂવડ ચખ મીંચી કે'તા: "અમે સૂર્યથી પ્હેલા!"*

*ખોપરીઓમાં ભરી કાંકરા ફરી ફરી ખખડાવે,*
*પીળાં પાન સમાં સૂત્રોને હવા મહીં ફરકાવે!*

*શ્વાન તણી પૂછડીઓ બાંધી પડઘાઓને ઝંડે,*
*સૂનકારના ઢોલ પીટતા સડી ગએલા દંડે!*

*મૌન ધરે મુખ ત્યાં છાયાનાં મ્હોરાં ચપચપ બોલે,*
*મશાલ આગળ ધરીધરીને સૂરજ ક્યાં તે ખોળે!*

*પડછાયાને જોતાં શંકિત સૂરજ પણ અવ ગોતે:*
*કો' તણો પડછાયો થઈને રહ્યો નથી ને પોતે?!*

['કુમાર' માસિક: ૧૯૬૫]

## સમજણ તે આપણા બેની

*તારી તે હોડી ને મારાં હલેસાં છે,*
*દરિયો તે આપણા બેનો;*

*તારી તે ગાડી ને મારા છે ઘોડલા,*
*રસ્તો તે આપણા બેનો;*
*તારા બળદ ને મારાં હળલાકડાં,*
*ખેતર તે આપણા બેનું;*
*તારો તે ચાંદલો ને મારો સૂરજ છે,*
*આખું નભ આપણા બેનું.*
*તારી તે વાટ અને મારું છે તેલ મહીં,*
*જ્યોતિ તે આપણા બેની;*
*તારું છે ફૂલ અને મારું પતંગિયું,*
*મધુરપ તે આપણા બેની.*

## તું છે મારી અંદર તેથી—

*તું છે મારી અંદર તેથી ભર્યો-ભર્યો હું લાગું!*
*તું લીલોછમ અંદર તેથી હર્યોભર્યો હું લાગું!*

*તારું છે પાતાળ, એથી તો ખરા ઉનાળે પાણી;*
*તારી એવી ફૂંક-વાંસમાં ફૂટે મીઠી વાણી;*
*તારો છાંયો મળ્યો એટલે ઠર્યોઠર્યો હું લાગું!*

*તારી આંખે સૂર્ય એથી તો દિવસ થઈ સૌ દેખું;*
*રાતે તારે દીવે મારું પગલું પડતું પેખું;*
*તારી છોળે છોળે તટ પર તર્યોતર્યો હું લાગું!*

*તું છે મારા પર્ણે પર્ણે, તું છે મારા મૂળમાં;*
*તારો અઢળક રંગ ઊઘડે અહીં આ દરેક ફૂલમાં;*
*તારી મઘમઘ લ્હેરે બધે જ ફર્યોફર્યો હું લાગું!*

# ચંદ્રવદન મહેતા

## એકડે એકથી

પુનર્નિર્માણ કરવાનો વિચાર કરતાં દરેક વખતે એક જ પ્રશ્ન થાય છે કે શરૂઆત ક્યાંથી કરવી?

આપણે એક જ દૃષ્ટિબિંદુ લઈએ, આ એક ક્ષેત્રા વિશે વિચારીએ : વહેમ, ભૂત-ડાકણ, ખોટા રિવાજ, એ જાણીતા વિષયમાં નવેસરથી રચના કરવાની હોય તો ક્યાંથી કરવી? એકડે એકથી. એટલે કે નર્મદ, નવલરામ, દુર્ગારામ મહેતાજીના જમાનામાં જે રૂઢિ, વહેમ વગેરે હતાં, તેવાં જ આજે છે. ના, મારા નમ્ર મતે વધારે બલવત્તર થયાં છે. ત્યારે ભૂત આવતાં, પણ ખૂનો નહોતાં થતાં. ત્યારે માતા દેખાતાં, પણ ગળેફાંસો નહોતો દેવાતો. આજે પણ વહેમ એટલો જ પ્રબળ છે. નર્મદના જમાનામાં કોઈએ પૃથ્વીનો પ્રલય થશે એવું જાહેર કરેલું, એટલે લોકોએ જાગરણ કર્યાં હતાં. ૧૯૬૦માં એવી જ અફવા ચાલી હતી, ત્યારે ડાકોરમાં અને બીજાં શહેરોમાં લોકો પાદર ઉપર નાસી ગયાં હતાં. કંઈક પંચગની જેવા હિલસ્ટેશન પર દોડી ગયાં હતાં. સો-દોઢસો વરસના સુધારા પછી પણ અફવાઓ આપણે એટલી જ શ્રદ્ધાથી માનીએ છીએ.

ભૂત-માતાના કિસ્સાઓમાં સાસુ-નણંદ-ભાભી, વર-જેઠ-સસરો સૌ પોતપોતાનાં મમત્વ કબૂલ કરાવવા, સ્વાર્થ સાધવા ખૂનરેજી સરજવા સુધી પાછી પાની કરતાં નથી. વહેમના માર્યા ખૂન નહીં તો આપઘાતની પરંપરા પણ એટલી છે. દર વરસે સ્ત્રીઓએ કરેલા આપઘાતની સંખ્યાએ પણ આપણી બુદ્ધિને જાગૃત નથી કરી. બે જુદી ન્યાતનાં પરણી જતાં, એક જ વર્ણમાં પેટાજાતિમાં લગ્ન થતાં, ‘ઊહાપોહ’, ‘હાહાકાર’ મચી જતો હજી ચાલુ છે. હજી સ્ત્રીઓની પાનીમાંથી કંકુ ખર્યાના દાખલા નોંધાયા જાય છે. એક-બે જણને આવી વાત કરી, તો કહે છે કે બીજા

દેશોમાં પણ આવા વહેમના દાખલાઓ તો બને જ છે. બીજા દેશમાં વહેમનાં મૂળ ઊંડાં હોય, એટલે આપણે પણ રાખવાં!

બાળલગ્ન-પ્રતિબંધ કાયદો છે, છતાં બાળલગ્નો દર સાલ થાય છે, ઉઘાડે ચોક થાય છે, સમાજ આવું થવા દે છે. એટલે, સમાજને સુધરવું નથી. એવા સમાજને સુધારવાનો છે. સમાજ જે હતો તેવો જ છે; થોડાંક ઘરોમાં સુધારો દેખાય છે, પણ ભીતરમાં તો એવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. એટલે કામ કરનારાએ એકડે એકથી જ શરૂઆત કરવાની છે. ઘણાંએ ઘણું કર્યું છે, તેની ઉપર પાણી ફરી વળ્યું છે એમ સમજીને જ નવેસરથી શરૂઆત કરવાની છે.

તટસ્થ રીતે, આવેશ વગર, રૂઢિથી પર, તાર્કિક રીતે, સમતોલપણે, ધર્મ-કોમ—ન્યાત વગેરેથી પર જઈ સારાસારનો, સમસ્ત સમાજની પુનર્રચનાનો વિચાર કરતાં ક્યારે થઈશું? થઈશું ખરાં?

## મમીરો

“ટિયાં તો વેગરે આવેલો એક બેટ, ને ટિયાં મારો નન્નો દીકરો રેએ. ઈને થોરી પૂંજી આપીને હુંએ મોકઈલો, અને ટિયાં આવટાં જટાં વહાણોને બટ્ટીથી ખબર આઇપા કરે; અને જવારે ટન-ચાર મહિના થવાના ટવારે ઈ હોડીમાં ઈંયાં આવવાનો અને બીજો મોટો દીકરો ટો ડીટરાનો ડરિયો ખૂંધે જો.”

કોની છે આ ભાષા? એ છે આલમમહૂશર, સાહસશૂર, ભોળા ભડવીર, ભીમપોરના ખારવાઓની. અને ભીમપોરનો ખારવો એટલે દરિયાલાલ—

*એ-એ-એકવાર, એકવાર, એકવાર,*
*એ...એક વાર ભીમપોર જાજો રે ઘેરિયા,*
*ઘૂમવા દરિયાલાલ, ઘેરિયા ભીમપોરિયા,*
*રે...ઘેરિયા ભીમપોરિયા.*

નવરાત્રિમાં કેડે ઘૂઘરા બાંધી, ગળે ગલગોટાના હાર પહેરી, એકાદ જણ 'બિલાડી' બની ઘેરિયા રમવા આવે, ત્યારે જાતજાતનાં ગીતો ગાય. સુરતથી ભીમપોર ચૌદ જ માઈલ દૂર, અને એ રસ્તે શ્રાવણ મહિનામાં અસલ બળદના એક્કા દોડાવવાની શરતો થતી તે જોઈ હતી.

સુરતમાં ઘર રંગવા આવતા ત્યારના ખારવાઓને તો હું ઓળખું, અને એમની ભાષા પણ જાણું. મંછી ખારવણ અમારે ત્યાં લગનસરામાં કાં કાં કામ કરવા જતી. એની ફા ભીમપોર, અને આની ફા ડુમ્મસ, અને સામે કોર દેખાય એ હજીરાની દીવાદાંડી. ભીમપોરના એક બુઢ્ઢા ખારવાનો જવાન દીકરો તાં નોકરીએ રહેલો, અને બીજો ટો ડીટરાનો ડરિયો ખૂંધે.

'ડીટરો' એટલે 'મેડીટરેનિયન', ભૂમધ્ય સમુદ્ર. વર્ષો સુધી પી. એન્ડ ઓ.ની સ્ટીમરમાં ખલાસીઓ મોટે ભાગે ભીમપોર-ડુમ્મસના ખારવા જ રહેતા. 'ડરિયો ખૂંધવો' એ તો એના હાથની નસમાં. જિબ્રાલ્ટર અને માલ્ટા એની આંખ નીચે. રાતો દરિયો તો આમ કુદાવી જાય. આગળ ઉપર 'સિંધિયા'ના અફસરો ઘણી વાર કહેતા કે સરસમાં સરસ સેઇલરો ચટગાંવના, મદ્રાસના, અને ભીમપોર-ડુમ્મસના.

'ડીટરાનો ડરિયો' વારંવાર ખૂંદી આવેલો મમીરો, તે ઉપરનાં વાક્યો બોલનારનો જ 'ડીકરો'. એ મમીરાના બાપને હું ડુમ્મસમાં મળેલો. બ્લૂ પહેરણ, પટ્ટાવાળી ટોપી, ગળે રંગીન રૂમાલ, ને હાથમાં બાસ્કેટ, એમ દુનિયા ફરતા દરિયાના ડુંગરા એણે કંઈ વાર ઓળંગેલા. જગન કારા, ઇસબ માલમ, આંબો ટંડેલ અને ઈશર ગોવન, એ ચાર જણ જ્યારે ડુમ્મસના બજારને ચોતરે વાતે વળગે ત્યારે વિશાળ દિક્કાલમાં વિસ્તરેલા જગપગથારના ઓટલા ખંડાતા.

જગન કારા મમીરાનો બાપ, જમાનાનો ખાધેલ, કંઈક દરિયાનો ખૂંદનારો હતો. ભલભલા ટંડેલો અને માલમો એની સલાહ પૂછવા આવતા. વહાણની બાંધણી જોઈને એની સાલવારી અને બંદરબારું કહી આપતો. દરિયાના તાગ પારખી લેતો, અને કંઈક આવતી જતી ફતેહમારીની જન્મોત્રી ઉકેલી આપતો.

જગન કારાએ 'બે સો આંટા ગલાસગોના મારેલા', અને તિયાં નજીકમાં હિન્દી ખારવા ખલાસીઓએ વસાવેલા નાનકડા કસ્બાના લોકોની વંશાવળી લલકારી આપતો. એણે આગબોટો ડૂબતી-ડુબાડતી જોઈ હતી, બળતી ખાંગી થતી નિહાળી હતી, ખડકે અથડાતી ડૂબેલી પાછી કઢાતી પણ ભાળી હેતી. એના મોટા દીકરાએ '૧૪-'૧૮ પહેલી લડાઈમાં હિન્દના કાંઠાને રંજાડવા આવેલી જર્મન સ્ટીમર એમડનની પૂંઠ પકડવામાં ભાગ લીધો હતો.

એ જગન કારાએ 'ગીરીન લેન્ડ'ની સફર કરી હતી. "તિયાંના તરતા ડુંગરા એવા તો સફાઈથી છુપા રહીને તરે જો! એક વાર અડફટે ચભઈડા તો તરિયે જામી જવાના. બરી મોટ્ટી ઇસ્ટીંબર ટિટેનીક તિંયા એમ જ ડૂબી ગીએલી" કહેતો, તે સાંભળવાની મઝા આવતી.

કેપ ઓવ ગુડ હોપની તો કેટલી પ્રદક્ષિણા કરી હશે. "તિંયાના વાયરાને તો એવો આફરો ચડે અને ફીકરી ખાઈને ફૂંકાય કે ભલભલા વહાણે તમરી ખાઈ જાય, અને પાણીના મોટા જુવારમાં તો મોજાં એવાં ફાટે કે ઉપરની ફુમકી જોતાં આપણે ધરાઈએ જ ની!'

રોશિયા ટાપુઓ ને મોરીશસ, આણીગમ મલાયા-જાવા, પેલી ફા માલ્ટા-સિપ્રો, અંગ્રેજ કોસ્ટાની દીવાદાંડીઓ બધું એની નિગાહબંધીમાં. અલકમલકના ઊછળતા દરિયાને સુકાનના ચક્કરે એણે વીંધેલા. એની એક બેટી પરણાવેલી મસ્કતમાં, દીકરા માટે વહુ આણેલી પોરબંદરથી, ને જાત-વ્યવહાર વેરાવળ, માંડવી, બસરા, વગેરેથી છેક એડન સુધીના ખારવાઓ સાથે બાંધેલો.

એક સાંજે અમે સૂર્યકુમારીના સંગમ આગળ ઊભા હતા. સૂર્યની દીકરી તપતી-તાપી, તે અહીં આવીને સમુદ્રમાં ભળી. એ દૂર દેખાય હજીરાની દીવાદાંડી, અને પેલી કોર ભાઠું. કેવો વળાંક ખાઈને નદી અહીં મળે છે! જરાક દૂર નર્મદા, અને પછી મહિસાગર, ભૃગુકચ્છ, કાવી, સ્તંભતીર્થ, જ્યાં વૈદિક સરસ્વતી સાગરને ભેટવા આવી હતી!

આમ ઉભરાંટ અને આમ ઓરપાડ, સામે કાઠિયાવાડ અને પણે

દૂર દીવ, એક પછી એક જાણે જમીનમાંથી ઊપસી ઊપસી નજર સામે વિલીન થવા માંડે છે. અહીંથી, આ જ નદીમુખેથી સુરતથી વહાણમાં બેસી નર્મદ મુંબાઈ જવા ઊપડ્યો હશે. અહીંથી જ ત્રણસોએક વર્ષ પર હિંદનો પાદશાહ ઔરંગઝેબ સુરતના લકડી પુલ ઉપરથી નીકળી જહાજમાં બિરાજી મક્કે હજ કરવા ઉપડ્યો હશે. અને હા! આ જ બારણામાંથી ફરાંસિયા, વલંદા, પોર્ટુગીઝિયા ને અંગ્લીસીયા વેપારીઓ પોતાનાં વહાણો સુરત બંદરે લાંગરવા પેઠા હશે. આ એ જ હજીરાની દીવાદાંડીએ એમને રસ્તો બતાવ્યો હશે.

પછી તો સફેદ સઢવાળા બગલાથી માંડીને મોટી મનવારોમાં સર ટોમસ રો અને કંઈક અંગ્લીસ-વલંદા અફસરો હિંદ દ્વારે ઊભરાવા માંડ્યા. બેચાર વાર ફરાંસિયા તોપોએ વલંદા તોપોને પડકારી, અને અંગ્લીસિયા પોર્ટુગીઝિયા સામે ઝઘડ્યા, અને આખરે અંગ્લીસિયા તોપોના ધડાકા હિંદ ભૂમિ પર વછૂટ્યા: અહીં જ, આ અહીં જ…

જગન કારાએ ચારેકોરની દુનિયા ખૂંદી હતી, અને સાતે સમંદર ડહોળેલા. પણ એ કહેતો કે, નોર્વેના એક બંદર પાસે બે ઊંચી મોટી પથરાળ ભેખડો વચ્ચે, વરસમાં એક ચોક્કસ દિવસે બરાબર મધરાતે, કાળજું ચીરી નાખે એવી એક ચીસ સંભળાય છે એવી વાત સાંભળી હતી. એ જ્યારે જ્યારે અંગ્લીસ ખાડી ઓળંગી જતો કે એને એ વાત યાદ આવતી, અને મનમાં ચણચણાટ થયા કરતો. આખરે એક વખત તો તે બાજુના આંટામાં એક ફેરો ચુકાવી ત્યાં જ રજા લઈ એણે નોર્થ સી ઓળંગી નોર્વે જવા ઠરાવ્યું. એ જમાનામાં ત્યાંથી નોર્વે જવા માટે એમ ચાલુ સ્ટીમરો તો મળે નહિ, પણ એક ફિશીંગ બોટમાં, ત્યાં જ કોઈ સંગાથે ઓળખાણ પાડી, એ ને એક એવો જ બીજો આયર્લેન્ડનો ધૂની ખલાસી હામ ભીડી નોર્વે પહોંચ્યા.

જગન કારો કહે કે, ઠંડી તો એવી પડે કે ગાતર થીજી જાય, અને મૂછોમાં બરફ બાઝે! પણ હવે "નીકઈળા એટલે નીકઈળા. માથે અલ્લા બેલી."

ભાઈ, પેલો આયર્લેન્ડનો પીટર અને આપણો કારો, બંને ત્યાંના

ખલાસીઓને મહા મથામણે પોતાનો મનસૂબો સમજાવી શક્યા, અને એ દિવસને તો હજી બે મહિનાની વાર, એમ જાણતાં ખૂબ જ નિરાશ થઈ પાછા આવવા મંછા કીધી. પણ તરત વહાણ ન મળ્યું, અને પછી તો દા'ડા ઢુંકડા રહ્યા કરી જેમતેમ બે મહિના ત્યાંના ખલાસીઓ ભેગા રોજના સાતઆઠ કલાક કંઈ કામ કરી પેટિયું કાઢી પૂરા કીધા.

જગન કહે, તે રાતે કુતૂહલના માર્યા કંઈ ખાધું નહિ અને ભેખડની ટોચે ચડી મધરાતની રાહ જોતા બેઠા. ત્યાંના લોકોએ બહુ વાર્યા કે અલ્યા એવું સાહસ કરો ના; કોઈ ત્યાં જતું નથી. ઊલટાના નજીકમાં જે કોઈ રહેતા હોય છે તે પણ આઘાપાછા થઈ જાય છે! એ મધરાતની કિકિયારી એટલે શું? એક વાર સાંભળ્યા પછી જીવતા રહેવું જ મુશ્કેલ.

ના માન્યું 'લ્યા! અને બંનેય જણા ધાબળા લપેટી દુનિયાને કાંગરે ટૂંટિયું વાળીને બેઠા! પવન તો ચારે ગમથી સૂસવાટા કરે, અને ઘુમરડી ઘાલી ખીણ સોંસરવો પેસે અને કાં નો કાં અલોપ થઈ જાય. પણ એટલામાં એનો ભગલાનો ભાઈ રઘલો બીજો ઘૂંઊં ઘૂંઊં કરતો દેતોક ને આવ્યો જ છે! અને એમ ઉપરાઉપરી પવનની ઝાપટોં આવ્યા જ કરે. કાળું મશ અંધારું ને ચાંદો-તારો કંઈ શોધ્યો જડે નહિ. કલાક બે કલાક પવન એક સૂર હલાવે, પછી વળી બાજી બદલી નવો અવતાર ધરે, અને જુદા જ પડઘા ઘાલે. અગિયારેક વાગ્યા સુધી તો ઠીક ચાલ્યું. ગજવામાં જ ઘડિયાળ, પણ કોની તાકાત છે કે જુએ? આંગળાં પણ વળવાં તો જોઈએ ને?

પછી તો, જગન કહે, એવી થઈ છે! એવી થઈ છે! પવનનો એક ફિરકો આવે ને બીજો આવે. જાણે સામેથી બંદૂકના ગોળા આવતા હોય ને બેવડા જોરે પાછા જતા હોય! અને પછી તો પવનના ચોકિયાતો સામસામા સવાલજવાબ કરવા મંડ્યા! ખૂણેખૂણેથી હોકારા દેવા લાગ્યા! જાણે પવનની આખી ફોજ ડુંગરે ડુંગરે ગોઠવાતી ના હોય! આ તો પવનની માંડી; પણ નીચે સાગરિયો જો ભરખ્યો ભમે છે! જેમ જેમ પવન ડચકારા બોલાવે તેમ તેમ એ હીબકાં ખાઈ, આફણીઓ

થઈ ફુમતાં મરોડે, અને ખીણ સોંસરવાં ધસી ધમપછાડ કરી, માતંગ કિલ્લાના દરવાજા સામે અફળાય એમ, ડુંગરાનાં મૂળિયાં હચમચાવવા અથાગનાં માથાં અફાળે. ઘડીભર તો અમને થતું કે ડુંગરો ડોલવાનો અને અમે હોમાવાના.

એટલામાં મધરાત થઈ હશે, ને દૂર દૂર કંઈ તાપણા જેવું સળગતું દેખાયું. પણ એટલામાં તો એ હોલવાઈ ગયું કે અલોપ થઈ ગયું કે શું થયું, કોણ જાણે! અને પછી, મારી જિંદગીમાં નહિ અનુભવેલો એવો એક પવનનો વજ્જર ધૂમરો, ખૂબ દાબીદાબીને ઢાંકી રાખેલા કાનના પરદા પણ ફાડી નાખે એવો, સાગરના જુવાર હંગાથે ઊપડ્યો. આખી ખીણને જાણે ખાઉં ખાઉં કરતો અંદર ધસતો આવ્યો ને ઘડીભર તો અમને થયું કે પૃથ્વી ફરતી થંભી ગઈ! બેત્રણ ધબાક ધબાક એવા ભીષણ-ભયંકર અવાજો સંભળાયા, ને ભાઈ, ખરું કહું? એ જ વખતે પૃથ્વીનાં પેટાળ ચીરતી હોય એવી એક કારમી ચિચિયારી સંભળાઈ!

મેં એવી ચીસ અગાઉ કદી સાંભળી નહોતી; ફરી કદી સાંભળી નથી. અમે બે તો સડક થઈ ગયા, એકબીજા સામે જોવાની ગમ પણ ભૂલી ગયા. પછી કલાકેક મોતનાં ખપ્પર જોખાયાં, પણ ચીસ તો એ એક જ. ત્રણેકને શુમારે જરા પવન થાક્યો, અને દરિયો ટાઢો પડતો લાગ્યો; પણ અમે ત્યાંથી નીચે ઊતરવા જિકર કેમ કરીએ? એક તો કંઈ દેખાય નહિ, અને દિલમાં બધે પેલી ચીસ ભરાઈ રહેલી, તે પગ જ ના ઊપડે. કપડાંમાંથી જે ગરમાવો મળ્યો એ મેળવી, ભેગા થઈ પડી રહ્યા, ને અલપઝલપ ઝોકાં ખાતા રહ્યા.

માથે અલ્લાબેલી! અને મારી જાતના કસમ, એ ચીસ ને એની ભડક દિલ સોંસરવી જે પેઠેલી તે હજી નીકળી નથી.

['બાંધ ગઠરિયાં' પુસ્તક: ૧૯૭૨]

# ચંદ્રશંકર પ્રા. શુકલ

## ગરીબાઈને પણ ટપી જનારી

આળસ એ હિંદનો એક મોટો ને જૂનો રોગ છે. ગરીબાઈ એ પણ મોટો વ્યાધિ છે જ; પણ ગરીબાઈના મૂળમાં આળસ એક અગત્યનું કારણ છે. હિંદની ગરીબાઈના એક ઇલાજરૂપે ગાંધીજીએ રેંટિયો ને ખાદી બતાવ્યાં. એનો પ્રચાર કરતાં ૧૯૨૪-૨૫ના પ્રવાસોમાં તેમને લોકમાનસનો જે અનુભવ થયો, તે પરથી તેમણે કહ્યું કે આપણી પ્રજાનું આળસ એ ગરીબાઈને પણ ટપી જાય તેવું છે.

શરીર આળસ કરી નવરું પડી રહે, ત્યારે મન કંઈ નવરું પડતું નથી. નિરુદ્યમી માણસનું મન બૂરા વિચારો કરે છે ને પોતાનું તેમજ બીજાનું સત્યાનાશ વાળે છે. તેથી આપણામાં કહેવત પડી છે કે “નવરો બેઠો નખોદ વાળે.” અંગ્રેજીમાં પણ કહેવત છે કે “નવરું મન શેતાનનું કારખાનું છે.” દુનિયામાં થતાં કેટલાં બધાં તોફાનો ને ગુના પાછળ નવરા બેકાર માણસોનો હાથ હોય છે, એ વિચારવાજોગ છે.

પ્રાચીન રોમનું સામ્રાજ્ય દેશપરદેશમાં ફેલાયું, ને ત્યાંથી ખંડણીરૂપે આવતું ગાડેગાડાં અનાજ રોમનાં પ્રજાજનોને મફત વહેંચી આપવામાં આવતું. જે લોકો અગાઉ ખેતીની મહેનત-મજૂરી કરતા ને જોરાવર હતા, તેમને મફત અનાજ મળવાથી તેઓ બેઠાડુ થયા. તેથી રોમમાં એ વર્ગનાં તોફાનો ચાલુ થયાં. મહેનત છોડવાથી પ્રજા વિલાસી ને નબળી બની; એ વસ્તુએ રોમની પડતીમાં ઘણો ફાળો આપ્યો ને જંગલી પણ બળવાન પ્રજાએ ઉત્તરમાંથી આવીને રોમ જીતી લીધું.

આપણા દેશમાં પણ મધ્યયુગના આરંભમાં વૈભવ, વિલાસ ને આળસ વધ્યાં, તેને લીધે જ આપણે લડાઈઓમાં હાર્યા ને પરાધીન બન્યા. મહેનત વિના બેઠેબેઠે ખાવાનું મળે, એ વ્યક્તિ તેમ જ આખી પ્રજા—બન્નેને માટે શાપ સમાન છે.

નિંદાકૂથલી એ પણ આળસનું જ એક પરિણામ છે. આપણા દેશમાં ભણેલાં ને અભણ સહુ, સમાજમાં કે રાજકાજમાં, અંગત નિંદાકૂથલી પાછળ કેટલો બધો વખત બરબાદ કરે છે તે વિચારી જોજો. પાકા પુરાવા વિના કોઈનું પણ ભૂંડું બોલવું, એ નૈતિક ને સામાજિક ગુનો છે. જે માણસને સમયની કિંમત નથી, તેને શબ્દની કિંમત પણ ક્યાંથી હોય? એટલે માણસો ગમે તેવી બેફામ ટીકા કરતાં પણ અચકાતાં નથી.

યુવાની અને આળસ એ બે એકબીજાના વિરોધી શબ્દો હોવા જોઈએ. યુવાની એ જીવનની વસંત છે. વસંતઋતુમાં કુદરત પોતાની નવરચનાનું કેટલું બધું કામ કરે છે! એમ સમાજની, દેશની કે જીવનની નવરચના કરવી હોય તો તેને માટે પણ એવું જ અવિશ્રાંત કામ કરવું જોઈએ. દેહરખો ધર્મ પાળીને દુનિયામાં કોઈ કશું ભારે કામ પાર પાડી શક્યું નથી. જગતના સર્વ મહાપુરુષોમાં જો કાંઈ સમાન ગુણ હોય, તો તે અવિરત પરિશ્રમનો જ છે.

આળસના અનેક પ્રકાર હોય છે. માણસ મહેનતુ ભલે હોય; પણ તે જો પોતાને કરવાનાં કામ નીમેલે વખતે ન કરે, તો એ પણ આળસ કહેવાય. આળસનો આ પ્રકાર સામાન્ય છે. એવા માણસને ઘણાં કામમાં દોડધામ થાય છે, ઘાંઘા થઈ જવાય છે, કામ સુઘડ ને વ્યવસ્થિત થતું નથી. જ્યારે વ્યવસ્થિત રીતે કામ કરનારને ઘણાં કામ કરવાનાં આવે ત્યારે પણ તેના જીવને ટાઢક રહે છે. રોબર્ટ લુઈ સ્ટીવન્સને કહ્યું છે કે બહાર ભારે વાવાઝોડું ચાલતું હોય ત્યારે પણ જેમ ઘડિયાળ પોતાની એકધારી ગતિએ ચાલ્યા કરે છે, તેમ દુનિયાની ઊથલપાથલોની અસર મન ઉપર થવા દીધા વિના ધીર પુરુષે પોતાનું કામ ચાલુ રાખવું જોઈએ.

મનુષ્યમાં ફૂવડપણું એ આળસનું જ પરિણામ હોય છે. ચોપડીઓ ને કાગળિયાં અસ્તવ્યસ્ત પડ્યાં હોય, તેના પર ધૂળના થર જામ્યા હોય, ટેબલ પર એકે ચીજ તેને ઠેકાણે ન હોય, એવી સ્થિતિ કેટલાય સુશિક્ષિત માણસોની હોય છે. ફૂવડપણાને ભણતર કે અભણપણા જોડે સંબધ નથી, એ મુખ્યત્વે આળસનું જ પરિણામ છે.

ઉદ્યમની બાબતમાં આપણે સહુએ લશ્કર પાસેથી ઘણું શીખવા જેવું છે. લશ્કરનો સૈનિક માન પામે છે તેનું મુખ્ય કારણ એ તો છે જ કે તે જીવ હથેળીમાં લઈને સામે મોઢે મોતને ભેટવા જાય છે. પણ તેને વિશેના આદરનું એક બીજું કારણ તેનું નિયમબદ્ધ ને શિસ્તવાળું જીવન પણ છે. લશ્કરની છાવણી જુઓ તો સ્વચ્છતાના નમૂનારૂપ હોય. એનો પાઠ અમને એક વાર ગાંધીજીએ શીખવેલો. ૧૯૩૪ની હરિજનયાત્રા દરમિયાન અમે કુર્ગમાં હતા, ત્યાં એક સવારે ઉતારો છોડી નીકળવાને વખતે તેઓ અમારા ઓરડામાં આવ્યા. જુએ તો ઠેરઠેર કચરો ને કાગળના ટુકડા વેરાયેલા. એ જોઈ એમની આંખ ફરી ગઈ. તેમણે કહ્યું: “આવું મૂકીને અહીંથી જવાય જ કેમ? લશ્કરે જે જગ્યાએ પડાવ નાખ્યો હોય ત્યાંથી મુકામ ઉઠાવતી વખતે જગા બિલકુલ સાફ કરી નાખીને જ જવું, એવો નિયમ હોય છે. એ નિયમ આપણે પણ પાળવો જોઈએ. એટલે હવે રોજ જે જગા છોડો તે વાળીઝૂડી સાફ કરીને જ નીકળજો. હું જોઈશ, ને એમાં ચૂક્યા તો સખત ઠપકો આપીશ.”

આવું જીવન યુવાનીમાં શરૂ કરી શકાય છે. એનો પાયો નાખવાનો ખરો વખત જ એ છે.

આ સવાલનો જરા બીજી રીતે પણ વિચાર કરવા જેવો છે. આળસનો તો બચાવ થાય એવો નથી જ. પણ નરી દોડધામ એ જેમ ઉદ્યમ નથી, તેમ ફુરસદ અને વિશ્રાંતિને હંમેશાં આળસ કહી શકાય નહીં. આજની પશ્ચિમી દુનિયા જોઈએ, તો તેને આળસ સામે નહીં પણ અતિશય દોડધામ સામે ચેતવણી આપવી પડે. આપણે ત્યાંના શહેરી જીવનની પણ એ જ દશા થતી જાય છે. આપણે આપણાં કામ ને તેના વિચારોમાં જ એટલાં મશગૂલ રહીએ છીએ કે બીજાઓ તરફ ધ્યાનથી જોવાની અથવા સૂર્યોદય-સૂર્યાસ્ત કે સમુદ્રની ભરતીઓટ આંખ ભરીને નિહાળવાની, કે એ અદ્‌ભુત લીલાના સરજનહારનો વિચાર કરવાની આપણને ફુરસદ કે નિરાંત હોતી નથી. તેથી ધાંધલ વધી છે ને ચિંતન ઘટ્યું છે.

# ચંદ્રશંકર ભટ્ટ, ‘શશિશિવમ્’

## નીરખતું કોણ?

*નીરખતું કોણ આ ગગનની પારથી,*
*અણસુણ્યાં ગુંજતાં ગાન કોનાં?*
*રણઝણે શબ્દ આભે ગહન, આંતરે*
*અણદીઠાં ઝળકતાં વદન કોનાં!*

*સરિતના વ્હેણમાં તરવરે તરુવરો,*
*ફરફરે મ્હેકતા શબ્દ કમળે;*
*પવનના સ્પર્શમાં હસ્ત કોનો ફરે?*
*શ્વાસમાં પરિમલે વ્હાલ સઘળે!*

*સકળ શાસ્ત્રો થકી યોગવિદ્યા થકી*
*વેદ શુક-પાઠથી ના પમાયે;*
*નવ જડે પાઠપૂજા ને જપતપ કીધે,*
*પુરુષ પ્રાણ પ્રેમે ઝલાયે.*

*જળ વિના કૂપનાં રૂપ વિરૂપ ને*
*મેઘ વિણ પૃથ્વીનાં વાન ભૂંડાં;*
*પર્ણ વિણ વૃક્ષ સૂકાં રૂઠ્યા સ્વજન શાં,*
*કમલ વિણ સર દીસે સાવ કૂડાં.*

*દીપ વિણ મહેલ, કીકી વિના લોચનો,*
*આત્મવિણ દેહશણગાર જેવા;*
*ભક્તિ વિણ જ્ઞાન વિણ દૃષ્ટિ વિણ તેજ વિણ*
*લક્ષકોટિ જનમફેર તેવા.*

# અલપઝલપ દર્શન

*આનંદની હેલી, આજ મારે આનંદની હેલી,*
*ધન્ય રે ઘડી ઘેર પ્રભુ પધાર્યા, દુઃખડાં મેલ્યાં ઠેલી.*

—નરસિંહ મહેતા

આ પ્રભાતિયાં વિશે બોલવા જતાં મુદમય મૌન છવાઈ જાય છે.

એટલું કહી શકું કે પ્રભાતિયાં તે પરાત્પરનો પ્રસાદ છે. તેને કવિતાના ઉન્નતોન્નત શિખરે પ્રસ્થાપનાર નરસિંહ છે. આ પ્રસાદ યત્કિંચિત પામવા માટે હું નરસિંહનો ઋણી છું. નરસિંહના શબ્દની ઉદાત્તતા અને દિવ્યતાને પહોંચવાનું ગજું કોનું? હું તો તેની પાંખે ઊડવા અને તેના હૃદયનાદને ગુંજવા મથતો જીવ. એમ ઊડતાં જો અલપઝલપ કંઈક દર્શન થયું હોય, ગુંજન કરતાં કરતાં જો થોડા પણ સ્વકીય રણકા પ્રકટ્યા હોય, અંદર થોડી પણ તેજરેખાઓ ઝળકી હોય તો હું મારા જીવનકવનની કૃતાર્થતા સમજીશ. મારે મન આ આત્મખોજની, આપને પામવાની અદમ્ય ઝંખના છે.

આજના વૈજ્ઞાનિક અને ભૌતિક યુગમાં આવી કવિતા અપ્રસ્તુત લાગે. પરંતુ આધ્યાત્મિકતા તો માનવ સંવિતનો સનાતન અંશ છે. તેથી તો નરસિંહ આજે પણ જીવંત છે. નરસિંહની પછી પ્રભાતિયાં ઝાઝાં લખાયાં નથી, અર્વાચીન યુગમાં લગભગ લુપ્ત રહ્યાં છે. મારામાં તે કેવી રીતે અવતર્યાં તે જાણતો નથી. મારી એક કાવ્યપંક્તિ “શશિશિવમ્ તો બહાનું” ટાંકું એટલું જ.

# ચંદ્રશંકર મ. ભટ્ટ

## બોદો રૂપિયો!

૧૯૪૨ની ‘કરેંગે યા મરેંગે’ની લડતમાં ગુજરાતના જુવાને જવાબ આપ્યો. પણ આજના યુવાન તરફ નજર નાખીએ છીએ, ત્યારે દયાજનક ચિત્રા ઊપસી આવે છે. તે નિસ્તેજ, શરીર-સંપત્તિ વિનાનો, નિષ્પ્રાણ અને કંગાળ દેખાય છે. પોતાને માટે નિયત કરેલી જગ્યા પર ફરજ બજાવતાં તે ટટાર ઊભો રહી શકતો નથી, નોકરી પર કલાકો સુધી બેઠી પલાંઠીએ કામ આપી શકતો નથી. જવાબદારી આવે તો ટાળવા પ્રયત્ન કરતો જણાય છે. અડીખમ ઊભા રહી આફત સામે થવા કરતાં વહેલી તકે પલાયન થઈ જવાની વૃત્તિવાળો દેખાય છે. પોતાની ભૂલ જણાતાં બીજાની ઉપર દોષનો ટોપલો ઓઢાડવામાં હોશિયારી માનતો જણાય છે. આગેવાન બનવાના કોડ ધરાવતો હોવા છતાં, જવાબદારી કે જોખમ આવતાં સૌથી પહેલાં ભાગવાની મનોવૃત્તિ ધરાવતો અત્યારનો જુવાન છે. ભ્રષ્ટાચારની વાતો કરનાર એ જાતે જ ભ્રષ્ટાચારના કુંડમાં ડબકાં ખાય છે. કળાને નામે એ લટકાંમટકાંની ભુલભુલામણીમાં ભેરવાઈ પડયો છે. કોમવાદ અને સંકુચિત વાડાનાં સૂત્રો એના દિલને ગલીપચી કરે છે, કેમ કે તેમાં જોખમ નથી. એમાં વિશાળ દૃષ્ટિ નથી; સમાજને માટે જાતે વેઠવાનું વ્રત એમાં લેવું પડે તેમ નથી. એમાં સંયમની જરૂર નથી અને એમાં વિવેક તો મોં સંતાડીને ભાગી જ ગયો હોય છે. તેથી તો રાષ્ટ્રની મિલકત સામે એ અતેરાં કરે છે. સાર્વજનિક દીવાલો પર એ બીભત્સ લખાણો લખે છે. હલકા પ્રકારની ફાંટાબાજીમાં એ ઝઘડુજીને મોજ આવે છે; તેમાં એ છીછરું અભિમાન લે છે. સાવ બોદા રૂપિયા જેવો એ લાગે છે!

[વીરમગામમાં છોટુભાઈ પુરાણી વ્યાયામશાળા ખુલ્લી મૂકતાં]

# ચંદ્રહાસ ત્રિવેદી

## તર્કની તલવારથી...

ભારતના અધ્યાત્મજગતમાં રામકૃષ્ણ પરમહંસનું નામ ખૂબ સન્માનપૂર્વક લેવામાં આવે છે. તે પોતે તો સીધા-સાદા અને સરળ હતા. તેમણે વિધિવત્ શિક્ષણ પણ લીધું ન હતું, છતાંય આખીય વીસમી સદી દરમિયાન તેમનો સિતારો ભારતીય તત્ત્વલોકને અજવાળતો રહ્યો છે અને હજી તેનાં તેજ ક્ષીણ થતાં નથી.

ભારત ઉપરના બ્રિટિશ શાસનકાળ દરમિયાન શરૂઆતમાં કલકત્તા રાજધાની હતી, તેથી ત્યાં અંગ્રેજી કેળવણીની અસર વહેલી વર્તાયેલી. પરિણામે સમાજસુધારાની ચળવળ અને એવાં બધાં આંદોલનો બંગાળમાંથી શરૂ થયેલાં. સુધારાવાદી વિચારસરણીને કારણે ત્યાંનો ભણેલો વર્ગ ધીમે ધીમે નાસ્તિકતા તરફ ઢળવા લાગેલો અને અંધશ્રદ્ધાથી ભરેલા આપણા કેટલાય રીતરિવાજો સામે તે મેદાને પડેલો. આ સુધારાવાદીઓના એક અગ્રણી કેશવચંદ્ર સેન મોટા નાસ્તિક હતા અને તેઓ ઈશ્વરના અસ્તિત્વનો સદંતર ઇન્કાર કરતા. પોતાનો મત સ્થાપિત કરવા તેઓ સ્થળે સ્થળે સભાઓ યોજતા, ચર્ચાઓ કરતા અને પુરાણા રિવાજો પર પ્રહારો કરતા અને પોતાની વાત સિદ્ધ કરવા ભાતભાતની દલીલો કરતા. તેમની સાથે વાદ કરવા માટે ભલભલા વિદ્વાનો પણ તૈયાર થતા નહિ, ત્યાં સામાન્ય માણસનું તો ગજું શું?

સમાજમાં એવા કેટલાય શ્રદ્ધાળુ લોકો હતા જેઓ કેશવચંદ્રની દલીલોનું ખંડન કરી શકતા નહિ, છતાં પોતાની આસ્તિકતા છોડવા સહેજ પણ તૈયાર ન હતા. આસ્તિકતા શ્રદ્ધાના પાયા ઉપર ઊભેલી હોય છે, તેથી તે તર્કના પ્રચંડ ઝંઝાવાત સામે પણ અડીખમ ટકી રહે છે. આવા શ્રદ્ધાળુ લોકોએ કેશવચંદ્રને સ્વામી રામકૃષ્ણ પાસે આવવાની વિનંતી કરી. એ લોકોને અતૂટ શ્રદ્ધા હતી કે રામકૃષ્ણ કેશવચંદ્રને નિરુત્તર

કરી શકશે. રામકૃષ્ણે આ માટે સંમતિ આપતાં આ લોકો કેશવચંદ્રને લઈને રામકૃષ્ણ પાસે આવી પહોંચ્યા. બે મહારથીઓ વચ્ચેના આ જંગને નિહાળવા માટે બંને પક્ષોમાંથી કેટલાય માણસો ભેગા થયા હતા.

કેશવચંદ્રે ઈશ્વરના અસ્તિત્વને પડકારતી એક પછી એક દલીલો કરવા માંડી. પ્રત્યેક તર્ક પૂરો કરી કેશવચંદ્ર ઉત્તર માટે રામકૃષ્ણ સામે જુએ, એટલે રામકૃષ્ણ ઊભા થઈને આનંદથી તેમને ભેટી પડે અને આગળ કહેવા માટે અનુમતિ આપે. વળી, કેશવચંદ્ર કંઈક બીજો તર્ક ચગાવે અને ઈશ્વરના અસ્તિત્વનો નિષેધ કરે. બીજો તર્ક પૂર્ણ થાય એટલે પાછા રામકૃષ્ણ પોતાની જગ્યા ઉપરથી ઊભા થાય અને કેશવચંદ્રને ભાવથી ભેટી પડે અને આનંદવિભોર થઈ જાય. આમ, ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરતા તર્ક ઉપર તર્ક કેશવચંદ્ર કરતા જતા હતા, પણ રામકૃષ્ણે કોઈ પણ તર્કનો પ્રત્યુત્તર ન આપ્યો ત્યાં પછી વિવાદનો તો સવાલ જ ક્યાં રહ્યો? લોકોને એમ હતું કે રામકૃષ્ણ કશુંક સચોટ કહેશે કે કંઈક ચમત્કાર બતાવશે, જેની સામે કેશવચંદ્રને નમી જવું પડશે. પણ વાત ઊલટી જ બની રહી.

આમ ને આમ કેટલીય વાર ચાલ્યું, એટલે લોકો કંટાળ્યા. કેશવચંદ્ર પણ એકપક્ષી દલીલો કરીને થાક્યા એટલે તેમણે રામકૃષ્ણને છેલ્લો પડકાર ફેંકતાં કહ્યું: “બોલો, હવે મારી સામે ઈશ્વરના સમર્થનમાં તમે કંઈ કહી શકો તેમ છો?” આ સાંભળી રામકૃષ્ણ ફરી કેશવચંદ્રને ભેટી પડ્યા અને કહ્યું, “તમારી પ્રત્યેક દલીલ જેમ જેમ હું સાંભળતો ગયો તેમ તેમ મને વધારે ને વધારે ખાતરી થતી ગઈ કે ઈશ્વર છે જ અને હાજરાહજૂર છે. સ્વયં ઈશ્વર સિવાય બીજા કોની તાકાત છે કે તે ઈશ્વરના અસ્તિત્વને આટલી તર્કબદ્ધ રીતે પડકારી શકે? તમને જોઈને, તમને સાંભળીને મને ખાતરી થઈ ગઈ કે આવી મહાન પ્રતિભાને ઈશ્વર સિવાય બીજું કોઈ સર્જી ન શકે. તેથી તો હું વારેવારે તમને ઉલ્લાસપૂર્વક ભેટયા વિના રહી શકતો નહિ.”

હવે કેશવચંદ્રને ખરી મૂંઝવણ થઈ ગઈ કે આ માણસને કેવી રીતે હરાવી શકાય? ઈશ્વરના અસ્તિત્વના ખંડનની પ્રત્યેક દલીલમાં તેને

ઈશ્વરના અસ્તિત્વનાં એંધાણ જ પુષ્ટ થતાં લાગે છે! આવા માણસને પરાજિત કરવાનો કોઈ માર્ગ જ નથી. આસ્થાના પ્રતિકારનો કોઈ ઉપાય જ નથી. શ્રદ્ધાને નમાવવા માટે તર્કની કોઈ તલવાર સક્ષમ નથી.

# ચંપકલાલ વ્યાસ

## ‘ક. વિ.’

“દીવાલો દૂર્ગની તૂટે, તમારી આત્મશ્રદ્ધા તો—” જેવી જેમની અનેક ગીતપંક્તિઓ લોકજીભે રમતી થઈ ગઈ હતી, તે ‘ક. વિ.’—કલ્યાણજી વિ. મહેતા—મૂળમાં શિક્ષક અને કવિ. સ્વતંત્રતાની લડતમાં એમની શક્તિઓ સોળે કળાએ વિકસી. સભાઓ ગોઠવવી, સભા માટે પાથરણાં વગેરેની વ્યવસ્થા કરવી, સભામાં ગાવા માટે ગીતો લખવાં, પ્રવચનો કરવાં—લગભગ બધું જ કામ એ જાતે કરતા. સરસ ઢાળમાં ગાઈ શકાતાં એમનાં સાદા ધ્વનિસભર ગીતો લોકહૃદયને ડોલાવી મૂકતાં:

કોની હાકે મડદાં જાગે, કાયર કેસરી થઈ તડૂકે?

ખેડૂતોના તારણહાર, જય સરદાર! જય સરદાર!

ગામઠી છતાં સંસ્કારી, ગ્રામજીવનમાંથી રૂપકો અને ઉપમાઓ શોધતી એમની વેધક વાણી જનસમુદાયને મંત્રામુગ્ધ કરતી. તળપદી વાણીમાં આટલાં પ્રાણવાન અને રસભરપૂર ભાષણો કોઈનાં સાંભળ્યાં નથી. રાજકારણમાં પડેલા મોટા ભાગના વક્તાઓનાં પ્રવચનો નિરર્થક, શિથિલ અને મેળ વગરનાં હોય છે. કલ્યાણજીભાઈનાં પ્રવચનોમાં જનસમુદાય રસતરબોળ થતો, એના મૂળમાં એનું કવિત્વ હતું. ઉદ્યોગપરાયણતા, સાદાઈ, કરકસર, દેશનિષ્ઠા, કર્તવ્યપરાયણતા વગેરે અનેક ગાંધી—દીધા ગુણો એમનામાં સહજ હતા. અનેક સંસ્થાઓ ચલાવનાર, આટલું વ્યાપક જાહેર જીવન ખેડનાર કલ્યાણજીભાઈએ વાચન અને લેખનનો શોખ છેવટ સુધી જાળવ્યો.

નવસારીના એક શિક્ષકે ‘જ્યોત અને જ્વાળા’ નામની પોતાની આત્મકથા પ્રસિદ્ધ કરી. તેમાં લેખકે પોતાની માતાનું અદ્ભુત પાત્રાલેખન કર્યું છે. વિપત્તિ અને વેદનાની પરંપરા વચ્ચે એ આર્ય સન્નારી જે રીતે જીવી, તેનું શબ્દચિત્રા હરકોઈને મુગ્ધ કરી નાખે એવું છે. એ

પુસ્તક વાંચીને કલ્યાણજીભાઈ જાતે નવસારી ગયા, એ બીમાર માતાને પ્રણિપાત કર્યાં અને જતાં જતાં પેલા શિક્ષકને કહ્યું, “તમારી માતાનું અવસાન થાય તો ખાંધ દેવા મને બોલાવજો!”

['નયા માર્ગ' પખવાડિક: ૧૯૭૩]

# ચક્રવર્તી રાજગોપાલાચાર્ય

## "વરદાન પાછું લઈ લો!"

એક ગરીબ ખેડૂત ભગવાનની ખૂબ શ્રદ્ધાથી ભકિત કરતો હતો. એની નિર્મળ ભકિત જોઈ ભગવાન પ્રસન્ન થયા. એક દિવસ તેની આગળ પ્રગટ થઈને ભગવાને કહ્યું, "વત્સ, તને જે ગમે તે વરદાન માગ."

ભગવાનને આમ એકાએક પોતાની સામે ઊભેલા જોઈ ખેડૂત અચંબો પામી ગયો. શું માગવું એ તેને સૂઝ્યું નહીં. આથી ભગવાન હસીને બોલ્યા, "તું સંકોચ રાખીશ નહીં. તારી જે ઇચ્છા થાય તે માગ. પણ એટલું ધ્યાનમાં રાખજે કે તને હું જે આપીશ તે તારા પાડોશીઓને પણ માગ્યા વિના મળશે."

ખેડૂતે કહ્યું, "બરાબર છે, બાપજી. પણ શું માગવું એની મને અત્યારે સૂઝ પડતી નથી. ઘરવાળીને પૂછીને તમને કાલે જણાવીશ."

બીજે દિવસે ખેડૂતે ભગવાનનું ધ્યાન ધર્યું, ત્યારે તેમણે પ્રગટ થઈને પૂછ્યું, "કેમ ભાઈ, શો વિચાર કર્યો?"

"હે કરુણાસાગર, મારામાં બુદ્ધિ બહુ ઓછી છે. મારી સ્ત્રી સાથે મસલત કરીને એમ નક્કી કર્યું છે કે મારી પેટી રૂપિયાથી ભરાઈ જાય અને તેમાંથી ગમે તેટલા રૂપિયા કાઢું તોયે તે ખાલી ન થાય, એવું વરદાન તમારી પાસે માગવું."

"એ તને જરૂર આપીશ. પણ મારી શરત યાદ છે ને? જે વસ્તુ તને મળશે એ તારા ગામના બધા લોકોને પણ મળશે."

"દયાનિધિ! બધું બરાબર યાદ છે. મને જે મળે તે મારા પાડોશીઓને પણ મળે, એ તો વધારે આનંદની વાત છે."

"તથાસ્તુ!" કહીને ભગવાન અંતરધ્યાન થયા.

ખેડૂતે ઘેર જઈને પેટી જોઈ તો રૂપિયાથી ખીચોખીચ ભરેલી હતી! બીજે દિવસે ખીસામાં ખૂબ રૂપિયા ભરીને પોતાની સ્ત્રી માટે સાડીઓ ખરીદવા તે નીકળ્યો. રસ્તામાં એને જેટલા લોકો મળ્યા તે બધાના મોં પર આનંદ આનંદ જ હતો. ખેડૂતને ભગવાનની શરત યાદ આવી. વરદાન કાંઈ તેને એકલાને જ થોડું મળ્યું હતું? બીજાની ખુશી જોઈને તે પણ ખૂબ રાજી થયો.

એક કાપડિયાની દુકાને જઈને તે કહેવા લાગ્યો, "સારી સાડીઓ મને બતાવજો!"

"શું આપશો?" દુકાનદારે પૂછ્યું.

"તમે જે કિંમત કહેશો તેટલા રૂપિયા આપીશ. ચાલો, સાડીઓ બતાવો."

પણ દુકાનદાર તો ખેડૂતના જવાબથી જરાય પ્રભાવિત ન થયો. એ કહે, "મારે રૂપિયાને શું કરવા છે? એ તો હવે બધા પાસે ખૂબ થઈ ગયા છે. રૂપિયાની હવે ક્યાં કિંમત રહી છે? તમે એ કહો કે સાડીઓના બદલામાં તમે મને અનાજ કેટલું આપી શકશો?"

"શું કહ્યું? રૂપિયાની કશી કિંમત રહી નથી? એવું કદી બને ખરું?" એને થયું કે દુકાનદાર એની મશ્કરી તો નથી કરતો ને?

દુકાનદારે એને સમજાવ્યું કે, "ભાઈ, હવે તો સહુની પાસે જોઈએ તેટલા રૂપિયા થઈ ગયા છે. કોઈને તેની જરૂર રહી નથી. રૂપિયાની હવે કિંમત રહી નથી."

ખેડૂત ત્યાંથી બીજી દુકાને ગયો... ત્રીજી દુકાને ગયો; એમ કેટલીય દુકાનો ફરી વળ્યો. પણ બધેથી એક જ જવાબ મળ્યો: "ઘઉં, ચોખા, ચણા, દાળ એવું કશુંક અનાજ લઈને આવો. રૂપિયા અમારે ન જોઈએ."

બિચારો ખેડૂત તો પરેશાન થઈ ગયો. જ્યારે પણ એ કાંઈક ખરીદવા બજારમાં નીકળતો ત્યારે આ જ મુશ્કેલી આવતી. રૂપિયા લેવાની બધા વેપારી ના જ પાડતા.

છેવટે તેણે વળી એક દિવસ ભગવાનનું ધ્યાન ધર્યું અને પ્રાર્થના

કરી કે, “તમારું આ વરદાન હવે પાછું લઈ લો!”

(અનુ. મુકુલ કલાર્થી)
['નવજીવન' માસિકઃ ૧૯૫૭]

# ચતુર કોઠારી

## પુરુષની કઠોરતાનો ઉપાય

સ્ત્રી-પુરુષ સમાનતા માટે લાંબા કાળથી પ્રયત્નો થવા છતાં સ્ત્રીની સ્થિતિમાં બહુ ઓછો ફરક પડ્યો છે. ભણેલી, બુદ્ધિમાન સ્ત્રીને પણ નાની નાની વાતમાં કઠોર પુરુષનાં અપમાન સહેવાં પડે છે. દિવસ આખો હડિયાપાટી કરવા છતાં સ્ત્રીને માટે અવગણના, તિરસ્કાર, ક્યારેક તાડન અને રાતના વાસનાની તૃપ્તિ, એ જ પુરુષનો વ્યવહાર બની જાય છે. મકાન, સાધનસગવડ—બધું હોવા છતાં પતિના કઠોર વર્તનથી સ્ત્રી ત્રાસ પામે છે.

આનું કારણ એ છે કે કુટુંબમાં બચપણથી જ છોકરાના અહંકારને પોષવામાં આવે છે અને છોકરીને ઘરકામમાં પરોવાયેલી રાખવામાં આવે છે. તેથી છોકરાઓમાં કઠોરતાનો વિકાસ થાય છે.

આનો ઉપાય શાળાની શિક્ષિકાઓ કરી શકે. પોતાના વિદ્યાર્થી છોકરાઓમાં કઠોરતા ન વિકસે, સ્ત્રી-સન્માનની ભાવના પાંગરે એવા પ્રયાસ તેઓ કરી શકે; છોકરીઓમાં આત્મવિશ્વાસ વધે એ રીતે એમને પ્રોત્સાહન આપી શકે. શાળાનાં બાળકોને પોતાની શિક્ષિકા બહેનો માટે ઘણો અહોભાવ હોય છે, તેથી શિક્ષિકાઓ આવું પરિવર્તન લાવી શકે.

['ભૂમિપુત્ર' પખવાડિકઃ ૧૯૯૬]

# રામકુમાર ચતુર્વેદી 'ચંચલ'

## પરીક્ષા કી ઘડી

*દર્દ હૈ, લેકિન હમેં રોના નહીં હૈ;*
*ચોટ હૈ, મૈદાન પર ખોના નહીં હૈ.*
*હમ પરાજય માન લેં? માથા ઝુકા લેં?*
*પ્રાણ રહતે યહ કભી હોના નહીં હૈ.*
*હૈ વિરાસત મેં મિલા સંઘર્ષ હમકો,*
*આગ કે પથ પર જવાની ફિર ખડી હૈ—*
*દેશ મેરે, યહ પરીક્ષા કી ઘડી હૈ.*

*રક્ત સે સીંચો ઈરાદોં કી મશાલેં,*
*રાહ પર કિતના અંધેરા છા ગયા હૈ.*
*જો હિમાલય એક કંધે પર ટિકા થા,*
*વહ કરોડો બાહુઓં પર આ ગયા હૈ.*
*સો ગયા જિસમેં કી ધરતી કા જવાહર,*
*ધૂલ વહ ચાંદ-સિતારોં સે બડી હૈ—*
*દેશ મેરે, યહ પરીક્ષા કી ઘડી હૈ*

['મિલાપ' માસિક: ૧૯૬૫]

# ચન્દ્રકાંત ટોપીવાળા

## સજીવન સ્મરણવાસીઓ

કવિ ન્હાનાલાલના ‘આપણાં સાક્ષરરત્નો’ (ભાગ ૧-૨) ગ્રંથોમાં એમના પુરોગામીઓ, અનુગામીઓ અને સમકાલીનો અંગેનાં વ્યાખ્યાનો છે. ન્હાનાલાલની નેમ “સ્મરણવાસીઓને સજીવન” કરવાની છે. એમ કરવામાં એમણે “યુવાનોને બિરદાવ્યા છે, સમોવડિયાને વંદ્યા છે, વૃદ્ધોને પૂજ્યા છે.”

વિદ્વાન કે. હ. ધ્રુવે ન્હાનાલાલના ‘ગીતા’ના ભાષાંતરના સાત-આઠ શ્લોક તપાસીને કેટલીક સૂચનાઓ કરેલી, એમાં છેલ્લી એવી હતી કે “પ્રેરણાદેવીના લાડકવાયા કૃપાપાત્રે ભાષાંતરમાં પડવું નહીં.” ન્હાનાલાલ જણાવે છે કે માત્ર એ છેલ્લી સૂચના નથી પાળી, અને પછી કહે છે: “કેશવલાલભાઈ, મ્હારાં ભાષાંતરોએ વીજળી ખાલી થયેલી મ્હારી લેડનજારને વારંવાર સભર ભરી છે.”

સર્જકના જીવનમાં અનુવાદકાર્યનું મહત્ત્વ અને એના દ્વારા સર્જકતાનું થતું પોષણ અહીં બરાબર ઊપસ્યું છે.

[‘પરબ’ માસિક: ૨૦૦૨]

# ચન્દ્રકાન્ત મહેતા

## રૂઢિ-બંધન વચ્ચેથી સાહિત્ય-શિખરે

બંગાળી કથાસાહિત્યના પ્રથમ યુગમાં બંકિમચન્દ્ર, રવીન્દ્રનાથ તથા શરદચન્દ્રે માનવચિત્તનાં ઊંડાણોને તાગવાની શક્તિ તથા કથનકલાની મનોહારી ચારુતાને કારણે, અગ્રગણ્ય ભારતીય કથાકારો તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું. દ્વિતીય યુગમાં વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, તારાશંકર બંદોપાધ્યાય તથા 'બનફૂલે' એમની સર્જનશક્તિ દ્વારા એ પરંપરા જાળવી રાખી. આ બંને યુગમાં બંગભૂમિની સીમા પાર કરીને સમગ્ર ભારતમાં છાઈ જનારા કથાલેખકો પુરુષો હતા. જ્યારે તૃતીય એટલે સ્વાતંત્ર્યોત્તર યુગમાં ત્રણ કથાલેખિકાઓ આશાપૂર્ણાદેવી, મહાશ્વેતાદેવી તથા મૈત્રેયીદેવીએ આ પરંપરા જાળવી રાખી અને ભારતીય કથાસાહિત્યમાં પોતાને અગ્રગણ્ય સ્થાને સ્થાપિત કર્યાં.

આશાપૂર્ણાદેવીનો જન્મ ૮મી જાન્યુઆરી ૧૯૧૦ને દિવસે કલકત્તામાં એક રૂઢિચુસ્ત કુટુંબમાં થયો હતો. એમના પિતા હરેન્દ્રનાથ ગુપ્તનાં ચિત્રો બંગાળનાં અગ્રગણ્ય સામયિકોમાં પ્રગટ થતાં. એ કારણે એમને ત્યાં લગભગ બધાં સામયિકો આવતાં. એમની માનો સાહિત્યનો શોખ અદ્ભુત હતો.

એમનું કુટુંબ બહુ રૂઢિચુસ્ત હતું. છોકરીઓને ભણાવવાનો નિષેધ હતો, પણ લખવાવાંચવાની છૂટ હતી. એ ક્યારેય નિશાળમાં ગયાં નથી. એમના ભાઈઓ જ્યાં વાંચતા-લખતા હોય ત્યાં એ ગૂપચૂપ બેસી રહેતાં અને જે કંઈ જોતાં, સાંભળતાં એને ગ્રહણ કરતાં તે જ એમનું ભણતર.

એ એકલાં બહાર પણ જઈ શકતાં નહીં. એ કહે છે, "અમારા ઘરનાં સગાં સિવાય બીજા કોઈની જોડે વાતો કરવાનો મોકો મળતો નહીં. મારા પિતા 'ભારતવર્ષ' સામયિકના તંત્રી જલધર સેનના મિત્ર હતા. તે અવારનવાર ઘેર આવતા. બીજા પણ ઘણા લોકો જોડે એમને

સારી એવી મૈત્રી હતી. એ લોકો અમારે ઘેર આવતા પણ એમની જોડે અમે વાતચીત કરીએ એવી કશી શક્યતા નહોતી. અમે ફક્ત બહારથી ડોકિયું કરતાં ને જોતાં કે આ એક લેખક આવ્યા છે, આ એક ચિત્રકાર આવ્યા છે, એટલું જ.”

આવા સંજોગોમાં આશાપૂર્ણાદેવી આવાં ઉત્કૃષ્ટ કથાલેખિકા શી રીતે બન્યાં? એમને બંગાળ સરકારનો રવીન્દ્ર પુરસ્કાર, સાહિત્ય અકાદમીનો પુરસ્કાર તથા સર્વોચ્ચ સાહિત્યિક સન્માન સમો જ્ઞાનપીઠ પુરસ્કાર (૧૯૭૬) પ્રાપ્ત થયો. શાળામાં જઈને જે ન ભણી શક્યાં હોય, બહારના જગત જોડે જેમનો સંપર્ક નહીંવત્ હોય તે વ્યક્તિ સાહિત્યનું ચરમ શિખર શી રીતે સર કરી શકે?

સાહિત્યના ક્ષેત્રમાં એમનો ક્રમશઃ શી રીતે વિકાસ થતો ગયો તે વિશે એમણે જ્ઞાનપીઠનો પુરસ્કાર મળ્યો તે વખતે કહ્યું હતું: “મારે ઘણુંખરું એ પ્રશ્નનો સામનો કરવો પડે છે કે હું સાહિત્યના ક્ષેત્રમાં શી રીતે આવી, તથા મારા પ્રેરણાસ્રોત કયા છે? એ પ્રશ્નોના ઉત્તર આપવા મારે અર્ધી શતાબ્દીથી પણ પાછળ જવું પડશે. ખરું જોવા જઈએ તો એનો આરંભ આકસ્મિક રીતે જ થયો, જાણે એક રમત કે એક કૌતુક હોય તેમ.

“જ્યારે હું તેર વર્ષની હતી, ત્યારે મનમાં એક અદમ્ય ઇચ્છા થઈ આવી કે હું કંઈક લખું. એ ઇચ્છા એટલી પ્રબળ હતી કે થોડી ક્ષણોમાં એક કવિતા રચાઈ. એ કવિતાને મેં એક જાણીતા બાલમાસિકમાં મોકલી. હું માનું છું કે મારી એ પ્રથમ રચના જો ‘અસ્વીકાર્ય’ એવી નોંધ સાથે મને પાછી મોકલાઈ હોત, તો ત્યાં જ પૂર્ણાહુતિ થઈ જાત. પણ આશ્ચર્ય કે એ સ્વીકારાઈ. એટલું જ નહીં, તે પછી એના તંત્રી તરફથી વારંવાર મારી રચનાઓ માટે માગણી થતી રહી, એટલે મારો ઉત્સાહ વધતો ગયો. જ્યારે એક સાહિત્યિક સ્પર્ધામાં મને પ્રથમ પુરસ્કાર મળ્યો, ત્યારે મારો ઉત્સાહ તો માતો નહોતો. એ વખતે હું પંદર વર્ષની હતી.”

ચૌદમે વર્ષે એમનાં લગ્ન કાલિદાસ ગુપ્ત સાથે થયાં. એમનું

સાસરું પણ પિયરના જેવું જ રૂઢિચુસ્ત હતું. ત્યાં નિષ્ઠાપૂર્વક એમણે ગૃહિણીની ભૂમિકા ભજવી. વિરોધ કરવાનું એમના સ્વભાવમાં નહોતું. પિતૃગૃહમાં કે સાસરામાં ક્યાંય એમણે વિદ્રોહિણીની ભૂમિકા ગ્રહણ કરી નહોતી. પણ એમની નવલકથાઓ તથા વાર્તાનાં નારીપાત્રો અન્યાયનો ઉગ્ર વિરોધ કરે છે, અને અન્યાય કરનારાઓની સામે મોરચા માંડીને વિજયી નીવડે છે.

સાસરામાં પણ એમને બહારના જગતમાં ફરવાની અત્યંત મર્યાદિત છૂટ હતી. જોકે એમની દશા સાવ બંદિની જેવી નહોતી. વચ્ચે વચ્ચે પતિની સાથે બહાર ફરતાં. એમના લેખનકાર્યમાં પતિનો પૂર્ણ સહકાર હતો. એ વિશે એમણે કહ્યું છે: “હું પોતાને ભાગ્યશાળી માનું છું કે એક રૂઢિચુસ્ત કુટુંબમાં રહેવા છતાં મને લેખનકાર્યમાં કોઈએ રોકટોક કરી નથી, કે હતોત્સાહ કરી નથી. ઊલટું મારા સ્નેહાળ અને ઉદાર ચિત્તના પતિએ મને હંમેશાં પ્રોત્સાહન આપ્યું છે અને વિવિધ રીતે સહાય કરી છે. એનું એ કારણ હોઈ શકે કે મારે માટે સાહિત્યિક જીવન અત્યંત મૂલ્યવાન હોવા છતાં ગૃહસ્થ જીવનને મેં અધિક મહત્ત્વ આપ્યું છે. મારામાં એ બંને વ્યક્તિત્વ એકત્વ પામ્યાં છે, પરસ્પર અથડાયા કર્યાં નથી.”

પોતાના સાહિત્ય-પ્રેમ વિશે એમણે કહ્યું છે : “સાહિત્ય અને સંસાર સિવાય મારા જીવનમાં આમ જોવા જઈએ તો બીજું કશું આકર્ષણ નહોતું. મારી તીવ્ર ઇચ્છા તો ઘણાં બધાં પુસ્તકો વાંચવાની હતી. મને પ્રવાસ કરવાની પણ બહુ ઇચ્છા હતી.

“મારાં લગ્નની વાત ચાલતી હતી, ત્યારે મને થતું કે જો મારા પતિ પુસ્તકાલયના વડા હોય તો બહુ સારું; ઘણાં પુસ્તકો વાંચવાની સગવડ થાય. વળી પાછું એમ પણ થાય કે જો રેલવેમાં અમલદાર હોય તોપણ કંઈ ખોટું નહીં; સારી પેઠે પ્રવાસ ખેડી શકાશે. પણ મારા પતિ તો બેમાંથી એકેય નહોતા. એ તો હતા બૅન્કના કર્મચારી. પ્રબળ ઇચ્છા હોવા છતાં કશું સાધી શકાયું નહીં. એથી લેખનવાચન જ એકમાત્ર આધાર રહ્યો. આખો વખત સંસારનું બધું કામ પૂરું કરી

મારા એ શોખને સુરક્ષિત રાખવા પ્રયત્ન કરતી, ને એમાં મને સારી પેઠે સફળતા પણ મળી. બીજા કશાનું એવું આકર્ષણ હતું નહીં. મારી ઇચ્છાનુસાર પ્રવાસે જતી રહેતી. બંગાળી અનુવાદ પરથી વિદેશી સાહિત્યનો આસ્વાદ હું લઈ શકી. અનુવાદો વાંચતાં મને થતું કે પરિવેશ, દેશકાળ, પાત્રો વગેરે ભિન્ન હોય તોયે અંદરથી તો બધા માણસ એકસરખા છે.”

એમને પોતાની મર્યાદાની પણ ખબર છે. એ વિશે એ લખે છે: “હું ઘણા સંયમથી ચાર દીવાલો વચ્ચે બેઠી છું. મારું જગત બારીમાંથી જે દેખાય છે તે છે. એક તો રૂઢિચુસ્ત ઘરની દીકરી અને એવા જ રૂઢિચુસ્ત ઘરની વહુ પણ. એથી મારા પરિચિત જગતની બહાર પગ મૂકવાનું દુ:સાહસ મેં કર્યું નથી.”

આમ છતાં એ માત્ર બાહ્યચક્ષુથી જ જગત જોતાં નહોતાં, અંતર્ચક્ષુથી પણ જોતાં હતાં. તેથી જ એ કહે છે: “મેં જે જોયું છે, અને એ જોઈને મનમાં જે પ્રતિભાવ જાગ્યો છે, તે જ લખતી રહી છું. મારું જગત ચાર દીવાલો વચ્ચે સીમાબદ્ધ હોવા છતાં એમાં અણખૂટ વૈચિત્ર્ય હતું, તે હું જોતી આવી છું. કૌટુંબિક જીવનના પરસ્પરના સંબંધોમાં પણ ખેંચતાણ, કુટિલ ચાલબાજી તથા કેવી છેતરપિંડી હોય છે તે હંમેશાં આ સતત વહેતા જીવનમાં અનુભવતી આવી છું, અને મારી રચનાઓમાં એ કહેતી આવી છું.”

આશાપૂર્ણાદેવીએ એમના લેખિકા જીવનનો આરંભ બાળ અને કિશોર સાહિત્યની રચનાથી કરેલો. એમાં વિશેષત: કાવ્યો તથા વાર્તાઓ હતાં. યુવાનો તથા તે પછીની પેઢીના વાચકો માટે લખેલી એમની પ્રથમ વાર્તા હતી ‘પત્ની ઓ પ્રેયસી’ (૧૯૩૭).

એમનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘જલ ઓ આગુન’ ૧૯૪૦માં પ્રગટ થયો, અને એમની પહેલી નવલકથા ‘પ્રેમ ઓ પ્રયોજન’ ૧૯૪૫માં પ્રગટ થઈ. આમ બીજા વિશ્વયુદ્ધના સમયથી એમની સર્જનપ્રવૃત્તિ વેગવંતી બની. ૧૯૯૫માં એમનું અવસાન થયું ત્યાં સુધીમાં એમની ૧૮૦ નવલકથાઓ, હજાર ઉપરાંત વાર્તાઓ તથા બાળસાહિત્યની સોળ

પુસ્તિકાઓ પ્રગટ થઈ હતી. આશાપૂર્ણાદેવીને લગભગ બધા પુરસ્કારો નવલકથા માટે મળ્યા છે.

એમની પ્રથમ નવલકથા ‘પ્રેમ ઓ પ્રયોજન’ ૧૯૪૫માં પ્રગટ થઈ. એ સમયે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જાપાને કલકત્તા પર બોમ્બવર્ષા કરી હતી, તેને પરિણામે કલકત્તાવાસીઓના જીવનમાં જે આમૂલ પરિવર્તન આવ્યું તેનું ચિત્રણ એમની એ કૃતિમાં છે.

એમને જેને માટે જ્ઞાનપીઠનો પુરસ્કાર પ્રાપ્ત થયો તે ‘પ્રથમ પ્રતિશ્રુતિ’ નવલકથાએ એમને અગ્રગણ્ય ભારતીય કથાકાર તરીકે સ્થાન અપાવ્યું. એના કથાનકમાં કેન્દ્રસ્થાને સત્યવતી છે. કથાસમય ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ છે. સત્યવતી એના પિતા રામકલીની અત્યંત લાડકી પુત્રી હતી. એમ છતાં કુટુંબ રૂઢિચુસ્ત હોવાથી છોકરીઓને ભણાવવાની વિરુદ્ધ હતું. નાનપણથી એ એની આસપાસ સ્ત્રીઓને થતા અન્યાય જોઈને અકળાતી. પિતા જોડે એ વિશે ચર્ચા કરતી, ને એની વિરુદ્ધ ઝઝૂમવાની યોજના ઘડતી. છૂપી રીતે લખતાં-વાંચતાં પણ શીખી. એની પ્રવૃત્તિમાં પિતાનો એને ટેકો હતો.

સત્યવતીનાં આઠમે વર્ષે લગ્ન થયાં. બારમે વર્ષે એને સાસરે વળાવવાની હતી. એના વિદ્રોહી વલણને કારણે પિતા એને સાસરે મોકલતાં અચકાતા હતા.

સાસરિયાં સંસ્કારવિહીન, ક્રૂર અને પૂર્ણત: તામસી વૃત્તિનાં હતાં. સાસુ સત્યવતી પર કડપ રાખવા ગઈ, પણ સત્યવતીના પ્રબળ પ્રતિકારને કારણે એ ફાવી નહીં. સસરાના હલકી સ્ત્રી સાથેના અવૈધ સંબંધ માટે એણે સસરાને પણ ખખડાવ્યા. સાસરામાં બધાં એને અનેક રીતે કનડતાં, એનો બધો સમય સાસરિયાંને હંફાવવામાં જ જતો.

સત્યવતીનું આખું જીવન સ્ત્રીઓ પર થતા અત્યાચારની વિરુદ્ધ લડાઈ કરવામાં જ વીતે છે.

[‘આશાપૂર્ણાદેવી’ પુસ્તિકા: ૧૯૯૮]

# ચન્દ્રવદન મહેતા

## ઑફિસર

સ્વિટ્ઝર્લૅન્ડની રેલવે જેવું કોઈ ટાઇમટેબલ નહીં. ચપટીમાં તમે બધું જ જોઈ શકો. ગાડીમાંની સગવડો—જમવાનું, સૂવાનું વગેરેની બહુ ઝીણવટથી, કુનેહથી અને મુસાફરની અનુકૂળતાનો પહેલો ખ્યાલ રાખીને અહીં ટાઇમટેબલો બનાવવામાં આવે છે.

ટાઇમટેબલ હાથ ચડયું, એટલે આપણે તો રાજા! ગાડી ઊપડી, કે એનો અભ્યાસ શરૂ. એમાં જોયું તો અમુક એક ગાડી જો ત્રાણ મિનિટ મોડી ઊપડે તો લોઝાંમાં મારસેલ્સથી આવતા મુસાફરોને વધુ સગવડ પડે એમ હતું, અને બીજી બાજુ એ ગાડી જરા મોડી થાય તો કશો વાંધો આવે તેમ નહોતું. મોન્ત્રોમાં એક ‘ક્રોસિંગ’માં માત્રા એક ગાડીને જરા થોભવું પડે.

કાગળ-પેનસિલ લઈને હું એની મથામણ કરી રહ્યો હતો, ત્યાં સામે બેઠેલા એક સાહેબે હસીને મને પૂછ્યું કે કંઈ તકલીફ છે? તો મેં કહ્યું, ના, આ ટેબલમાં કંઈક દુરસ્તી થઈ શકે તેમ મને લાગે છે. પેલો તો નીકળ્યો રેલવેનો કોઈ મોટો ઑફિસર (અલબત્ત, થર્ડ ક્લાસમાં)! એણે ડોળો ચડાવ્યો, મારી વિગતો તપાસી, જોરથી શેકહેન્ડ કરી ખૂબ ખુશી બતાવી, અને એ ઊતરવાનો હતો વચ્ચે ફ્રીબોર્ગ ત્યાં એક ટ્રેન જેટલું ઊતરવા મને વિનંતી કરવા લાગ્યો. હું ઊતર્યો. નજીકના રેસ્ટોરાંમાં એ મને ચા પીવા લઈ ગયો, ત્યાં અમે ખૂબ વાતો કરી. તે પછી એણે મારા રેલ-પાસ પર બધી મુસાફરી સેકન્ડ ક્લાસમાં કરી શકાય એવા પોતાના દસ્તકે શેરા મારી આપ્યા. ઉપરથી મારો ખૂબ આભાર માની, બીજી ટ્રેન પર મને વળાવીને એ ગયો.

# કાયર

'જાલિમ જીત': એક આફ્રિકન નવલકથા, ૧૯૫૧માં લખાયેલી: લેખક પીટર અબ્રાહમ્સ. કથાનો નાયક છે રાજા મીઝીલીકાઝી.

રાજ્યના કર-વસૂલાતના બે અધિકારીઓને કુનાના ગામના લોકોએ મારી નાખ્યા, એટલે ગામનો એક રહેવાસી રાજાને એ વાતની જાણ કરવા દોડયો. જઈને એણે વાત કરી ત્યારે એના શરીરે પરસેવાના રેલા ચાલ્યા. કચેરીમાં સૌ એ સાંભળીને સ્તબ્ધ બની ગયા. રાજા પણ મૌન ધારીને બેઠો રહ્યો. થોડીક ક્ષણો પસાર થઈ તે યુગ જેવડી લાગી. પછી રાજાએ ત્રાડ નાખી:

"કેમ કોઈ કાંઈ બોલતું નથી? આવા હત્યારા ગામલોકો માટે કોઈને કશું કહેવાનું નથી શું?"

"અમારા સરદાર મીઝીલીકાઝી ઘણું જીવો!"

"તાજા જન્મેલાં બકરીનાં બચ્ચાં જેવાં તમારાં મોં સિવાઈ ગયાં છે કે?"

આખરે એક જણ હિંમત કરીને બોલ્યો: "આ કાસદની નસોમાં લોહી નહીં પણ નકરું પાણી વહે છે." સાંભળીને થોડાક જણ હસ્યા. કાસદ ધ્રૂજી રહ્યો હતો.

"ખામોશ!.... બોલ કાસદ, તારે શું કહેવું છે?"

સુકાતા જતા એના કંઠમાંથી માંડ માંડ શબ્દો નીકળ્યા: "હાથીદળના મહારાજા, સિંહોના સરદાર ઓ મહાનુભાવ, અમારા માલિક મીઝીલીકાઝી! આપણા રાજ્યના અધિકારીઓની મારા ગામના લોકોને હાથે થતી હત્યા મેં મારી સગી આંખે જોઈ! એમનો રાજદ્રોહ જોઈને હું હેબતાઈ ગયો. એટલે એ હકીકત જણાવવા હું દોડતે પગે અહીં આવ્યો..."

"તેં તારી સગી આંખે એ જોયેલું?"

"હા, નામદાર."

"તું નાચીઝ! એમનાથી કેટલો દૂર હતો?"

"બહુ પાસે જ હતો, મારા સરદાર!"

"તું પામર! એમના બોલ સાંભળી શકતો હતો?"

"જી, અન્નદાતા!" "મારા અફસરોને તું બરાબર ઓળખતો હતો? હત્યારાઓ પ્રત્યે એમનો શો વર્તાવ હતો?"

"તેઓ બન્ને સામા થતા હતા, હત્યારાઓને ધિક્કારતા હતા."

"અને તું ત્યારે શું કરતો હતો?"

"સામે ઘણા માણસો હતા. હું એકલો હતો, નામદાર!"

"તેં મોઢેથી પણ તારો રોષ પ્રગટ કર્યો હતો?"

"ના, મારા માલિક!"

"મને પણ સાથે મારી નાખો—એવું તેં કહ્યું હતું ખરું?"

"ના, મારા સરદાર!"

"તેં લડવાની તૈયારી બતાવી હતી?"

"ન-ન-ના-ના, નામદાર!"

"અને તું મને આ કહેવા અહીં આવ્યો?"

"હા, મારા સાહેબ!"

"અને તને મારી બીક લાગે છે કે ગુસ્સામાં હું કાંઈક કરી બેસીશ?" "હા, મારા સરતાજ!"

"ઠીક, તો તારી શી મરજી છે?"

"મારી ભૂલ મને સમજાવા લાગી છે, નામદાર! આપના લશ્કરમાં એક નાનામાં નાની નોકરી મને આપો. કુનાના ગામની વસતીને ધડો બેસાડવા જે ફોજ હવે મોકલાય, તેમાં શામેલ કરીને મને ત્યાં મોકલો. જીવું ત્યાં લગી હું આપની ચાકરી કરું, એવો મને હુકમ ફરમાવો અને મારા હાકેમ દરિયાવદિલ છે એવું કહેવાની મને તક આપો!"

"ઠીક, તો તને દલીલબાજી સારી આવડતી લાગે છે. તું પરણેલો છો?"

"જી, હજૂર."

"કદાચ તારાં માબાપ પણ ત્યાં જ રહેતાં હશે?"

"જી હા, કુનાના ગામમાં જ બધાં રહે છે, મહારાજ!"

"તેં તારી પ્રજાનો, તારાં ભાઈભાંડુનો, તારી વહુનો, તારા કુટુંબકબીલાનો દ્રોહ કર્યો છે!"

"હું આપનો ગુલામ છું, મારા સરદાર!"

મીઝીલીકાઝીની આંખો લાલઘૂમ બની, એની કાયા થરથરવા લાગી, હાથ ઊંચો થયો અને અવાજ ગર્જી ઊઠ્યો: "ચૂપ રહે, કુત્તા! જુઠ્ઠા! તું તારા સરદારનો ગુલામ નથી, તું મારો ચાકર નથી, સેવક નથી, તું મારી રૈયત પણ નથી."

બોલતો બોલતો મહાકાય મીઝીલીકાઝી કાસદ ભણી ગયો. કાસદ એના પગમાં ઢળી પડ્યો. તેની દરકાર કર્યા વિના રાજાએ ત્રાડ નાખી. એની આંખમાં ભડકા થયા:

"આજે તેં તારા સરદારને, તારા જાતભાઈઓને દગો દીધો છે. તું બીકણ, ડરપોક અને બાયલો છે. તારાં બાળકોને, તારી માને, તારા બાપને તેં દગો દીધો છે. જે માતાએ તને ઉછેર્યો, તેને જ તું બેવફા નીવડયો છે. તું જીવતો રહે તો કાલે તું મને દગો દેવાનો. પેલા દુષ્ટ હરામખોરો સામે એક હરફ સુધ્ધાં તારાથી ન ઉચ્ચારાયો, ફૂંફાડો સરખો ન મરાયો, એક અવાજ સરખો ન કઢાયો! તારા જાતભાઈઓને મરતાં દેખી તું કાંઈ કરતાં કાંઈ ન કરી શક્યો! નાપાક, બાયલા, કાયર, ભીરુ, નપુંસક, ભાગેડુ, કુત્તા! હઠ, દૂર થા! અરે, કોણ છે હાજર? લઈ જાઓ એને! બાંધીને નાખો કેદમાં. કાયર, ભીરુ, ડરપોક, પામર માણસોની મારા રાજ્યમાં કોઈ જરૂર નથી."

['સંસ્કૃતિ' માસિક: ૧૯૬૪]

# ભમીએ ગુજરાતે

ચાલો ત્યારે ઊપડીએ, ભમવા ગુજરાતે—ન ધોરી રસ્તે, ન રેલવેને પાટે.

ક્યાંથી શરૂ કરીશું, કહું? આપણે દક્ષિણથી ઉત્તર દિશા તરફ ઊપડીએ. આગગાડીમાં નીકળીએ તો દહાણુથી આબુ પહોંચતાં સોળ કલાક. પણ આપણે લાંબી મજલ કરીશું, રાત પડે ત્યાં વાસો કરીશું, અને સવાર પડ્યે આગળ હીંડીશું.

પાંચસો ફૂટ ઊંચી ડુંગરી ઉપર આપણે ઊભા રહીએ, તો દખ્ખણ ગુજરાતનો રળિયામણો પ્રદેશ દેખાશે. આ ડુંગરી તે પારનેરાની ડુંગરી, અને નજીકમાં વહેતી નદી તે પાર નદી. સહ્યાદ્રિની ગહ્વરો વટાવી એ અહીં આવી સાગરને મળવા.

પશ્ચિમે ઘૂઘવતો અરબી સમુદ્ર; ડુંગર ઉપર કિલ્લો, અને કિલ્લામાં બુરજો ને વચગાળે ટાંકાં. દૂર દક્ષિણમાં દેખાય તે દમ્મણગંગા. એને કાંઠે દમ્મણ ગામ, કવિ ખબરદારનું એ ધામ. અને ડાબે હાથે ધરમપુર; ત્યાંથી નાસિક-ત્રાંબકની જાત્રાએ જવું હોય તો પગરસ્તે જવાય. પગરસ્તે જ્યાં જવું હોય ત્યાં જવાય. ગામેગામ એવી કેડીઓ પડેલી જ હોય છે.

ડુંગરીની ઉત્તરે ઔરગંગા, દક્ષિણે પારગંગા, અને દૂર દૂર નજર કરો તો ઝાંખી દેખાય છે એ કોલક નદી. પારનેરાની ડુંગરી ઊતરી વલસાડ થઈ ચાલવા માંડીએ તો તદ્દન ઢૂકડે તીથલ; દરિયાકાંઠે હવા ખાવાનું સ્થળ. પણ આપણે ઔરગંગા અને નાનકડી વાંકી નદીની વચ્ચે થઈને જઈશું. અહીં ધમડાચી એક જોવા જેવું ગામ છે. અહીંની આંબાવાડીઓ જોતાં થાક જ નહીં લાગે. પણ અહીં નહીં, આગળ અમલસાડ પાસે અમરલોક રમવા આવે એવી સ્વચ્છ આમ્રકુંજો. અસંખ્ય જાતની કેરીઓ; એનાં નામો યાદ રાખતાં થાકીએ.

પણ આ પાણીભર્યો મુલક—કેરી તો શું પણ ઠેકઠેકાણે શેરડી, સૂરણ, રતાળુ, કેળાં અને લીલોતરી શાકભાજીનો પાર જ નહીં.

ખરેરા અને કાવેરી બે નદીઓ મળે છે એની સાથે કંઈક વોંકળાઓ પોતાનાં હાથ-આંગળાં લંબાવી જમીનને ફળદ્રુપ કરે છે. પૂર્વમાં પડવેલ તો કેવડાથી મઘમઘી રહે છે, એવડું મોટું કેવડાનું વન! એની સુગંધ પાથરતો અહીંથી એ છેક સુરત સુધી જાય છે. આ બાજુ આ ગામનું નામ જ આમ્રધરા—એ પણ કેરી માટે પ્રખ્યાત, કેરીની ધરતી. ક્યાંક ક્યાંક ગામોનાં નામો તો એવાં સરસ આવ્યાં જાય છે, કે આપણે નોંધતાં થાકીએ!

ચાલો પૂર્વે, અજમલગઢનો ડુંગર ચડવા. ઉપરથી આખો વિસ્તાર બહુ સુંદર દેખાશે. અને પેલી પાર જઈશું તો ડાંગનું વન, એટલે કે દંડકારણ્ય. એની શોભા, ઝાડનાં ઝુંડ, વનરાઈઓ, ઠંડી મીઠી હવા—એ તો અનુભવે તે જ જાણે.

હવે પશ્ચિમે, ગણદેવીનો મીઠો ગોળ ખાવા. કાવેરી અને અંબિકા નદીની વચ્ચે, જાતજાતની લીલી ધરતી જોતાં જોતાં, ખેરગામમાં ફળફળાદિનો ઢગલો મળશે તે ખાશું, પાસેની બે ડુંગરીઓ પણ ચડીશું: એક છે તે રાતા પથ્થરની, બીજી કાળા પથ્થરની—એટલી ખૂબી જોવા જેવી છે.

પેલું દૂર દેખાય એ ધમડાછા. ગજબનું ગામ. આ બાજુ કોઈ જાડી વ્યક્તિ જોવા મળે, નર કે નારી, તો તરત એને ઉપમા આપવામાં આવે: ધમડાછાની કેરી જેવી—મુખ્યત્વે નારીને. અહીંની કેરી ભારેની દળદાર, ખાસ્સી ભરાઉ, મોટી, મુરબ્બામાં કામ લાગે એવી.

અહીં એક ગામ બીગરી—ત્યાં અંબિકા, કાવેરી, મેહરા, ત્રાણ નદીઓ મળે. અને અહીં અરબી સમુદ્ર ઘૂમવા વહાણો બંધાય. જુઓ, ચારેકોર લક્કડકામ, સુથારો, માછીમારો અને વહાણવટીઓ—આ બધો પ્રદેશ જ વહાણખેડુઓનો. નદીના વળાંક—એના પૂરેપૂરા લાભ ઉઠાવાયા હતા. અહીં બિલીમોરામાં [ઇંગ્લંડના નૌકાસેનાની] નેલ્સનનું ‘વિક્ટરી’ જહાજ બંધાયું હતું, એવો એક સંશોધકનો દાવો છે. એ બંગાળી ગૃહસ્થે એ સંબંધમાં પુસ્તક પણ લખ્યું છે. એ ગમે તે હોય, પણ અહીં અડીખમ વહાણો બંધાતાં. આ હજી ભાંગ્યું ભાંગ્યું તોયે ભરુચ.

જુઓ આ વહાણોનાં સમારકામ.

આગે બઢો. દરિયાકિનારે... આ એ જ દાંડી.. દાંડીકૂચ... મહાત્માજીએ ૧૯૩૦ના એપ્રિલ મહિનામાં અહીં મીઠું પકાવવાનો સત્યાગ્રહ કર્યો. અમદાવાદથી પગપાળા આવ્યા અહીં, અને જેલમાં જઈ બેઠા. અહીં જે લાઠીઓ ઊછળી છે, સત્યાગ્રહીઓએ જુલમ સહ્યા છે, એ વાત સાંભળતાં કમકમાં આવે. આ દાંડી, અને પણે ધરાસણા. આ વિશાળ અરબી સમુદ્ર. રાતવાસો આજે અહીં જ કરીશું. પણ પથારીમાં નહીં—અહીં એક પુણ્યશ્લોક સંતનાં સ્મરણોમાં જાગરણ ન કરીએ, તો ક્યાં કરીશું?

નજીકમાં ધરાસણા, પણે કરાડી: સત્યાગ્રહની લડતનાં પંકાયેલાં થાણાં. પેલી બાજુ બે-અઢી હજાર વર્ષનું જૂનું ગામ નવસારિકા. અહીં લોકમાતાની લીલાલહેર છે. ઔરંગા જોઈ. અંબિકા ઊતરી આવ્યા. આગળ ઉપર પૂર્ણા અને મીંઢોળા... કેવાં સુંદર નદીઓનાં નામ છે, અને કેવો લીલોછમ પ્રદેશ છે!

['ભમીએ ગુજરાતે' પુસ્તક]

## "હનમોદાદાને કે'જો કે—"

વડોદરાના કાંપથી ફારમ પર જવાના ધોરી રસ્તાને જ્યાં આગળ રેલની સડક કાપે છે, ત્યાં એક બંગલો હતો. એ બંગલાને રેલવેનો ડબ્બો લગાડીને અને ડબ્બાની બે બાજુ કઠેરા મઢાવીને રહેઠાણને મોટું બનાવ્યું હતું. ડબ્બાની અડોઅડ કેબિન. કેબિન પ્રમાણમાં ખાસ્સી ઊંચી હતી. એનાં છવ્વીસ પગથિયાં કેટલીયે વાર ગણ્યાં હશે.

કેબિનમાં ત્રણ માસ્તરો, બેત્રણ પોર્ટરો અને એકાદ સફાઈવાળો, એમ કબીલો રહેતો. એ બધામાં જાણવાજોગ તો એક જ વ્યક્તિ—અને તે ડાહ્યાભાઈ માસ્તર: મારા બાપાના નિકટના દોસ્ત. ૧૯૦૨થી ત્યાં મેં જોયેલા. મારા, મારી બહેનોના, બાના, સૌના ડાહ્યાકાકા. જરા ભારે

શરીર, મીઠો અવાજ, લહેરી જીવ, અને પાકા દુશ્મનનું પણ કામ કરી છૂટવાની નઃસ્વાર્થી વૃત્તિ.

“કોણ, બાબુ આઈવો કે? જા અલ્યા, ડાભઈ! ઘેર જા, ને દાબડો લઈ આવ.” થોડી વારમાં મગનો દળ, થોડો તમતમતો ચેવડો ને પાંચસાત ‘કોપ’ ચાથી ભર્યો ચળકતો લોટો ટુવાલમાં બંધાઈને આવતાં “ચાલો, ઉડાવો” કહી બધાને ખવડાવતા. “એઈ જીવલા, ડાભઈ, કેમ આઘા ઊભા છો? મારો ’લ્યા ફાકા. ખાશો તો નોકરી કરશો...”

ત્યાં ટનનન... કરતી ઘંટડી વાગ્યે જતી. “બાબુ, જો આ સાલી રેલવે. ત્રણ ત્રણ મિનિટે એને સનેપાત થાય! હાં, ઊભો રહે—એલાવ, કોણ ગોધરાવાળો નીકળ્યો? આવવા દે સાલાને! ...હા, મોંમાં જરા ચેવડાનો ફાકો છે. જરા જંપીને બેસવા તો દો.”

ટડિંગ ટડિંગ... “પાછી લોથ જાગી? આ તો વડોદરા—મૂળ સ્ટેશન બોલ્યું. આવો, તમેય આવો; બોલો ભઈ, શું છે? ...હાં-હાં-હાં, એમ? મોકલી આપો મારી પાસે, બરોબર ચોકી-પહેરામાં. હં... કંઈ નાઈખો તો નથીને? ...ના, પીએ એવો તો નથી...”

“...હેં અલ્યા ડાભઈ! આ મઘાનું છે શું? એંજિન નીચે હૂઈ ગયો! અલ્યા, મરવું કેમ તે પણ આપણે બતાવવું પડે?”

“શા’બ! બહુ દુઃખી માણહ સે.”

“તે ડાભઈ! રેલવેમાં કોઈ તેં સુખી જોયો? જેના દા’ડા ભરાયા હોય તે અહીં ચોટે. ભગવાને નરકની ખાણ અહીં જ બનાવી છે.”

“તે શા’બ, એણે આપઘાત કીધો?”

“અરે હોય, ડાભઈ! રેલવેનાં એન્જિન એટલાં દયાળુ છે એમ તું ધારે છે? મરવા ગયો, પણ મર્યો નહિ.”

અને પછી સ્ટેશનથી એન્જિન આવ્યું તેમાં મઘાને લાવવામાં આવ્યો. એના પગે થોડું વાગ્યું હતું. હાથ પકડી એને દાદર ચડાવ્યો અને ડાહ્યાભાઈ સામે ખડો કર્યો.

“આ મઘો આયો, સાહેબ. લે અલ્યા, માફી માગ!”

"ના, ના. માફી કોની વળી? બેસ મઘા. તમે બધાં છોડો એને. એ તો હું જોઈ લઈશ."

*

એક દિવસ ડાહ્યાકાકા કહેતા હતા: "આ મઘાને પૈસા નથી જોઈતા, પગારમાં વધારો નથી જોઈતો; પણ ફક્ત હૂંફ જોઈએ છે. કોઈ એને મીઠો બોલ કહેનારુંય નથી. બે બૈરી અને છ છોકરાં. એક બૈરીએ આપઘાત કર્યો. એક છોકરો ટ્રેન નીચે કપાયો. બાકીના રોગે મૂઆ. અને જીવી ગયો એ એકલો. ત્રણચાર વાર મરવા ગયો, પણ ન મર્યો. એનાં સગાંવહાલાંમાં કોઈએ ચોરી કરેલી, તે ફોજદાર એની ઉપર નજર રાખે. ગામવાળા અતડા રહે. નજીકનું સગું કોઈ મળે નહીં. આજે દસબાર ભાખરા ટીપી રાખશે, તે ત્રણચાર દિવસ ચાલ્યા કરશે. શાકભાજીમાં અલ્લાયો. છ મહિનામાં એક દિવસ મેં એને મૂળા લાવતો જોયો છે, બસ!

"એને જીવવામાં રસ જ નથી. એક દિવસ શનિવારે મેં એને હનુમાન-દર્શન કરવા સાથે આવવા કહ્યું, તો કહે: અરે, શું માસ્તર સાયેબ! હવે મારે હનમો કેવો ને દર્શન શેનાં? વળી કંઈ ધરમધોન કરું અને મોત આઘું ઠેલાય, તો એટલી મારે ઉપાધિ! ના ના, તમે જાઓ છો તો લ્યો, આ પૈસો નાંખતા આવજો! અને મારા વતી કે'જો કે, હનમોદાદા, મઘલાનું મોત જરા વે'લું મોકલોને!"

## કૉલેજોમાં પુસ્તક-ભંડાર

કેરળ રાજ્યમાં થોડાં વર્ષો પહેલાં મેં લગભગ દરેક કૉલેજમાં એક સંગીન, સમૃદ્ધ, શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનો વેચાણ-સ્ટોલ જોયો હતો. આજે પણ હશે. કૉલેજમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓમાંથી બે-ત્રણ વિદ્યાર્થીઓ એ ચલાવે. એમાંથી ઊપજતાં કમિશનમાંથી એ તેની ફી કાઢે. પુસ્તકો સારા પ્રમાણમાં વેચાય. કિશોરોને લગભગ ઘર આંગણે સારું સાહિત્ય મળે. કિંમતમાં પણ જરા વધારે સસ્તાં. કૉલેજના ખાસ

નીમેલા અધ્યાપકો એ ઉપર નજર રાખે. ગુજરાતની પ્રત્યેક કૉલેજ, મોટી હાઈસ્કૂલોમાં આ પ્રથા દાખલ કરવા કટિબદ્ધ થઈએ. પહેલા વર્ષમાં સો, બીજે વર્ષે બસો—એમ હજારની સંખ્યામાં આવા સ્ટોલ નીકળે, તો પાંચ વર્ષમાં હજારો કિશોરોને આપણે સાહિત્યાભિમુખ કરી શકીએ. દશ વર્ષમાં તો વાચકવર્ગ ઓછામાં ઓછી ગણતરીએ પાંચગણો થઈ જાય.

[ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાનેથી: ૧૯૭૭]

# ચમનલાલ

## રાષ્ટ્રપતિ

મારા પુસ્તક 'સ્વિટ્ઝરલેન્ડ શોઝ ધ વે' (સ્વિટ્ઝરલેન્ડ રસ્તો બતાવે છે)ની નવી આવૃત્તિ તૈયાર કરવા માટે હું એ દેશમાં ગયો હતો. સ્વિટ્ઝરલેન્ડના રાષ્ટ્રપતિ સાથે જેણે દસ વર્ષ કામ કર્યું છે એવા એક અધિકારીની મુલાકાત પાટનગર બર્નમાં મેં લીધી હતી, તેનો થોડો ભાગ અહીં રજૂ કરું છું.

સવાલ: તમારા રાષ્ટ્રપતિનો મહેલ ક્યાં છે?

જવાબ: અમારા રાષ્ટ્રપતિને કોઈ મહેલ નથી. બગીચાવાળું ઘર પણ નથી. તેઓ એક ફ્લેટમાં રહે છે ને તેનું ભાડું ભરે છે.

સવાલ: રાષ્ટ્રપતિને ત્યાં કેટલા નોકર છે?

જવાબ: સ્વિટ્ઝરલેન્ડમાં "કેટલા" એમ તો પૂછશો જ નહીં. એક હોય તો પણ આશીર્વાદ ગણાય. પણ રાષ્ટ્રપતિનાં પત્ની પ્રોફેસર છે, તેમને મદદ કરવા એક બાઈ પાર્ટટાઇમ કામ કરે છે.

સવાલ: રાષ્ટ્રપતિનાં મહેમાનો ક્યાં ઊતરે છે?

જવાબ: હોટલમાં.

સવાલ: રાષ્ટ્રપતિ કેટલા કલાક કામ કરે છે?

જવાબ: ઑફિસનો સમય નવ કલાકનો છે. સવારના ૭-૩૦થી ૧૨-૩૦ અને બપોરના ૨-૩૦થી ૬-૩૦. ઘણી વાર તે સવારના સાત પહેલાં પણ આવે છે. અંગત મંત્રી સાડા સાતે આવે છે. કોઈ વાર સાંજના સાડા સાત કે આઠ વાગ્યા સુધી પણ રાષ્ટ્રપતિ કામ કરે છે. ઘેર પણ ફાઈલો લઈ જાય છે.

સવાલ: ફાઈલો ઘેર કોણ ઊંચકી જાય છે?

જવાબ: રાષ્ટ્રપતિ પોતે. અમારે ત્યાં પટાવાળા નથી.

સવાલ: રાષ્ટ્રપતિ માટે રાજ્ય તરફથી કેટલી મોટરગાડી આપવામાં આવે છે?

જવાબ: એક પણ નહીં. આવવા-જવા માટે તે બસ કે ટ્રામનો ઉપયોગ કરે, એવી અપેક્ષા રખાય છે. સામાન્ય રીતે સવારમાં તે ઘરેથી ચાલીને ઑફિસે આવે છે ને રોંઢો કરવા બસમાં ઘેર જાય છે.

સવાલ: બસમાં ગિરદી હોય તો?

જવાબ: તો?—બીજા કોઈ પણ મુસાફરની જેમ તે પણ ઊભા રહે છે. કોઈ સ્ત્રીને જગા ન મળી હોય તો તે પોતાની જગા તેને આપે છે. સ્ત્રીઓમાં તે બહુ લોકપ્રિય છે, કારણ કે સામાન્ય રીતે બીજા પુરુષો સ્ત્રીઓને જગા નથી આપતા. તેઓ કહે છે—"સ્ત્રીઓને સમાન હક છે ને!"

સવાલ: તમારા રાષ્ટ્રીય દિને બે-ત્રણ હજાર સંપત્તિવાનોને આમંત્રણ આપતો ભભકાદાર ભોજન-સમારંભ ગોઠવાય છે?

જવાબ: રાષ્ટ્રીય દિવસે રાજ્ય તરફથી કોઈ સમારંભ થતો નથી. સરકાર ઇચ્છે છે કે લોકો પોતાને ખર્ચે રાષ્ટ્રીય દિન જાતે જ ઊજવે. અને ગામડાંમાં પણ લોકો ઉત્સાહથી એ દિવસ ઊજવે છે.

સવાલ: તમે તમારા રાષ્ટ્રપતિની ફિલ્મ બનાવો છો? તેમનાં ભાષણો પુસ્તક આકારે છાપો છો?

જવાબ: કદી નહીં.

સવાલ: બધા કામદારોની જેમ રાષ્ટ્રપતિને અઠવાડિયામાં બે દિવસ રજાના મળે છે?

જવાબ: રાષ્ટ્રપતિ શનિવારે પણ ઑફિસે આવે છે. રવિવારે તે પોતાનાં પત્ની સાથે પહાડોમાં જાય છે. કુદરતના તે ખૂબ ચાહક છે.

સવાલ: તમારા રાષ્ટ્રપતિને અંગરક્ષકો છે?

જવાબ: ના, પોતાના રક્ષણ માટે રાષ્ટ્રપતિને કોઈ અંગરક્ષકની જરૂર નથી. સાદા પોલીસની પણ નહીં. તેમની લોકપ્રિયતા જ તેમની

શ્રેષ્ઠ અંગરક્ષક છે. ઑફિસના દરવાજા પાસે પણ તમે પોલીસને નહીં જુઓ. રાષ્ટ્રપતિની ઑફિસ એક નાની ગલીમાં આવેલી છે. કોઈ પણ માણસ ત્યાં લિફ્ટ મારફત જઈ રાષ્ટ્રપતિના અંગત મંત્રીને મળી શકે છે.

# ચાઇમ વાઇઝમેન

## ચમત્કાર

*ચમત્કારો ક્યારેક થાય છે ખરા—*
*પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.*

# ચાર્લ્સ ગેટ્સ

## શીદને?

મહાન ફ્રેંચ કલાકાર રેન્વારની વૃદ્ધાવસ્થામાં એમના હાથ વાના દુખાવાથી બહુ પીડાતા હતા. આંગળીનાં માત્ર ટેરવાંથી પીંછી પકડીને ચિત્રો દોરવાનું એ ચાલુ રાખતા, પણ પ્રત્યેક હલનચલન છરીના ઘા જેવી વેદના જન્માવતી. આ બધું ગમગીનીભેર જોઈ રહેનાર મિત્રા-કલાકાર માતીસે એક દિવસ પૂછ્યું કે, આટલી બધી પીડા વેઠીને પણ ચીતરવાનો આગ્રહ શીદને રાખો છો? “વેદના વહી જશે,” રેન્વારે જવાબ વાળ્યો, “પણ સૌંદર્ય શાશ્વત રહેશે.”

# ચિનુ મોદી

## દરિયા વચ્ચે...

*દરિયા વચ્ચે પહાડ-પહોળું મત્સ્ય થઈને તરતું ધુમ્મસ,*
*પ્રલય પછીના કોઈ મનુનું નાવ થઈને સરતું ધુમ્મસ;...*
*આકાશેથી ઝરમર ઝરમર જળ ઓઢેલું ઝમતું ધુમ્મસ,*
*હળવે હળવે વાયુપગલે મનમાં મારગ કરતું ધુમ્મસ.*

## ઠીક છે, 'ઇર્શાદ', કે...

*ઠીક છે, 'ઇર્શાદ', કે એને નથી તારું સ્મરણ;*
*કોઈ ઝાકળની નિશાની પુષ્પ પર દેખાય છે?*

## ઓસની લાગે તરસ...

*ઓસની લાગે તરસ જો મેઘ અનરાધાર હો—*
*આ નજાકત વાત કેવળ ફૂલને સમજાય છે.*

# ચિનુભાઈ ગી. શાહ

## આનંદની આરાધના

આનંદની આરાધના કરવી મને ગમે છે. આપણે બધા લગભગ એકસરખા માણસો છીએ. આપણને સૌને આનંદ ગમે છે, સુખ ગમે છે. પણ આપણે એ વિચારવાનું છે કે આનંદની આરાધનામાં સુખોપભોગનાં સાધનો મેળવવાની હોડમાં કોઈ મર્યાદા જરૂરી છે કે નહીં?

આપણે જાણીએ છીએ કે યુનાઈટેડ સ્ટેટ્સ પાસે માણસ દીઠ ૧૪ એકરના પ્રમાણમાં જમીન છે. ભારતમાં એ પ્રમાણ આજે ૧/૪ એકર જેટલું પણ કદાચ નહીં હોય. હવે, આનંદની આરાધનાનાં બધાં સાધનો આખરે તો જમીનમાં ભંડારાયેલાં છે. એટલે ભારતની રોજ વધતી જતી વસ્તીની આનંદની આરાધનાનો અંતિમ આધાર, જેમાં ફેરફાર થઈ શકે તેમ નથી એવા તેના ભૂમિવિસ્તાર પર રહેલો છે. એટલે આપણે જો અમેરિકાની સાહ્યબીમાં જીવવા ઇચ્છતા હોઈએ તો એક અબજની આપણી વસ્તીને દસમા ભાગ જેટલી કરી નાખવી જોઈએ. નહીંતર આપણા ઉપભોગો પર કાપ મૂકવો જોઈએ. આમ, આપણે જે આનંદની આરાધના કરવા માગતા હોઈએ તેની શક્યતા વિચારવી જોઈએ. ઉપરાંત તેની યોગ્યતાનો પણ આપણે વિચાર કરવો પડશે. આપણે જેને આનંદ સમજીએ છીએ, તે ખરેખર આનંદ છે કે નહીં, તે પણ વિચારવું પડશે.

આનંદની આરાધના અમુક મર્યાદા વટાવી જાય ત્યારે આનંદ શોકમાં પરિણમતો હોય છે. સમાજની દૃષ્ટિએ મર્યાદામાં રહીને, એટલે કે અન્યના સુખને હાનિ પહોંચાડયા સિવાય, માણસ જે આનંદ ભોગવી શકે તે ઇષ્ટ છે.

['સ્વસ્થ માનવ' માસિક: ૨૦૦૧]

# ચિનુભાઈ પટવા

## આપણા લોકો!

એક ઓળખીતાને ત્યાં મિત્રોનો ડાયરો જામેલો હતો. ચર્ચાનો વિષય એ હતો કે “આપણા લોકો કેવા ખરાબ છે!” એ ચર્ચામાંથી સચોટ દાખલા લઈ અમે નીચે પ્રમાણે તારવણી કરી:

ખરેખર, આપણા લોકો કેટલા ખરાબ છે! અને તેમાંયે ખાસ કરીને પાડોશીઓ તો—વાત જ જવા દો ને! જરૂર પડી ને થરમોમીટર લેવા ગયા તો કહે, “પેલું ફૂટી ગયું પછી નવું મંગાવવું ભૂલી ગયાં છીએ!” એટલું તો ઠીક, પણ શેકની કોથળી માગીએ તો સારી રાખીને કાણી જ આપે. ને ઉપરથી ખાનગી ટીકા કરે કે, પાડોશીઓથી તો તોબા!

આપણને છાપાંનો શોખ હોય અને જરા માગવા જઈએ તો કહે: “હજી વાંચ્યું નથી.” ભલા માણસ, છાપાં મંગાવો છો તો વહેલી સવારે વાંચી લેતા હો તો!

પણ એમની આળસના ભોગ આપણે બનવું પડે. પછી બપોરે માગવા જઈએ તો કહે: “અરર, બાબાએ ફાડી નાખ્યું”; નહીં તો, “એ ઑફિસે લઈ ગયા છે.”

કેટલાક તો એવા હોય છે કે નવી ચોપડી તેમને ત્યાં લાવ્યા હોય ને તુરત આપણે જરા જોવા લાવ્યા હોઈએ, અને ધારો કે વાંચવામાં રસ પડી ગયો હોય ને બે દિવસ રાખી લીધી, તો તુરત નોકરને મોકલી ચોપડીની ઉઘરાણી કરશે. અલ્યા ભઈ, અમારે ત્યાં કંઈક લોકોની ચોપડીઓ વરસોથી પડી છે તે તો યાદેય કરતા નથી, અને તમને બે દિવસ ભારે પડી ગયા! પણ શું કરીએ—આપણા લોકો જ ખરાબ છે ત્યાં? મોડી રાતે દૂધ મેળવવા થોડું મેળવણ સુધ્ધાં ના રાખે તેને શું કરીએ?

અને ખુદ આપણા મિત્રો પણ કેવા ખરાબ હોય છે! ગયા

રવિવારે અમે પેલા મિત્રાને ત્યાં ગયા, તો એ લોકો ઘરમાં જ નહીં. અને આ પહેલી વાર નથી. જ્યારે જઈએ ત્યારે તેઓ કંઈ બહાર જ ગયા હોય; અને પાછા કહે, કેમ ઘેર આવતા નથી? આપણે ગયેલા તેની વાત કરીએ એટલે કહેશે કે, “બરાબર એ જ સમયે અમે તમારે ત્યાં ગયા હતા, અને તમારે ત્યાંથી કહ્યું કે તમે અમારે ત્યાં ગયા છો એટલે અમે તરત પાછા આવ્યા, તો તમે બીજે ચાલ્યા ગયા.” ત્યારે શું આપણે એમની રાહ જોઈને ત્યાં ઓટલે બેસી રહીએ? ના, ના, આ તો એક વાત છે—પણ જ્યાં આપણા લોકો જ ખરાબ હોય, ત્યાં કોને દોષ દઈએ?

# ચિનુભાઈ પટવા

## સમાજવાદી ધોરણે નોકરીની શરતો

આપણે સૌ છેલ્લાં થોડાં વર્ષથી સમાજવાદી ધોરણે આપણા સંસારનું સંચાલન કરી રહ્યાં છીએ.

આ નૂતન પ્રયોગને પરિણામે જે અનેકવિધ ફેરફારોનું સર્જન આપણે કર્યું છે તેમાંનો એક નોંધપાત્રા બનાવ આ છે: પહેલાં ઘર-કર્મચારીઓની છત હતી, શેઠિયાની અછત હતી; જ્યારે આજે શેઠિયાની છત છે, ઘરકર્મચારીઓની અછત છે! (અત્રો એ ખુલાસો કરવાની જરૂર ખરી કે, 'ઘરકર્મચારી' એટલે જૂના જમાનામાં જેને 'નોકર' કહેતા હતા તે; અને 'શેઠિયા' એટલે જેને ત્યાં મોટર-ટેલિફોન હોય તે નહિ, પણ જે મહિને દોઢસો રૂપિયા કમાઈને વીસ રૂપિયાનો ઘરકર્મચારી રાખી પોતાની જાતને 'શેઠ' તરીકે સંબોધન કરાવે તે!)

શેઠિયાની છત અને નોકરોની અછતને કારણે ઘરકામની મુશ્કેલીઓ દેખીતી રીતે જ એટલી બધી વધી પડી છે કે નોકરને સાચવી રાખવાની આવડત માટે અમને લાગે છે કે 'હોમ સાયન્સ'ના અભ્યાસક્રમમાં 'નોકરની સાચવણી' અંગે એક ખાસ વિષય રાખવો જોઈએ.

આ સમાજવાદી પ્રયોગને પરિણામે ખાસ લાભ એ થયો છે કે શેઠિયા પહેલાની જેમ મિજાજ પરથી કાબૂ સહેલાઈથી ગુમાવી શકતા નથી.

અમારા એક પડોશીનાં પત્ની ગઈ કાલે રાત્રે મોટે ઘાંટે નોકરને લડતાં હતાં: "પાંચ વાગ્યાનો એના સગલાને મળવા ગયો છે... અને નવ વાગવા આવ્યા! આ વાસણનો ઢગલો કોણ તારો બાપ ઊટકશે? અલ્યા, તું એમ સમજે છે કે બે વાર ગમ ખાઈ ગયાં એટલે તને કોઈ કહેનાર જ નથી! હવે હું તને ઘડીયે રાખવાની નથી; લે, આ તારા પગારના પૈસા લેતો પરવાર... જાણે મોટા જમાઈરાજ થઈને આવ્યા

છો... આવ્યો ત્યારે તો ચીંથરું પહેરીને આવ્યો હતો. વાસણ માંજતાં મેં શીખવ્યું, કપડાં ધોતાં મેં શીખવ્યું, ભાડાના પૈસા આપી મૂઆને સાઇકલ પણ શીખવી. સાવ ખયના દરદી જેવો હતો! એની મા યે એ તગડાને ઓળખી શકી નહોતી. અલ્યા, તારું ઝાલીને ક્યાં લગી બેસી રહું? તું આઘો આયને, તારી વાત છે! આ ધોકણું અને તારો બરડો...”

અમારે મન કે આજ તો નોકરનું આવી બન્યું. અમે એમના ઘર બાજુ નજર નાખી ત્યાં તો તેમનો નોકર બહારથી આવી નિસરણી ચઢતો દેખાયો.

નોકર ઘરમાં પ્રવેશ્યો કે શેઠાણી તાડૂક્યાં: “ચાલ, જમી લે જલદી. આખો દહાડો ઢસરડો કરે છે ને ભૂખેય નથી લાગતી મૂઆને!”

અમે પણ પરિસ્થિતિને અનુરૂપ થવા પ્રયત્ન કરી રહ્યા છીએ. અમે અમારી સલામતી માટે એક ‘નોકર-કરારપત્રા’ બનાવ્યું છે અને નોકરીએ રહેનારે તેમાં સહી કરી, કાંડાં કાપી આપવાં પડે છે.

જે કરારપત્રા પર નોકરીએ રહેનારની સહી લેવાની છે તે નીચે પ્રમાણે છે:

ઘરકર્મચારીની નોકરીની શરતો

શેઠશ્રી....

હું આપને ત્યાં નીચેની શરતોએ ઘરનું કામ કરવા ખુશી છું:

(૧) હું નોકરીએ રહું ત્યારથી મારાં પોતાનાં કપડાં પહેરી શકીશ નહિ—

ભલે હું માત્ર એક દિવસ નોકરી કરીને ચાલ્યો જાઉં તો પણ આપનાં જ કપડાં પહેરવા બંધાઉં છું.

(૨) મારે દર પંદર દિવસે વાળ કપાવવા જ પડશે અને તે અંગે લીધેલાં નાણાંથી સસ્તા દરે વાળ કપાવું તો જ વધારાનાં નાણાં હું મારી પાસે રાખી શકું.

(૩) પૈસા માગવાની બાબતમાં, જો મેં પંદર દિવસ સળંગ નોકરી

કરી હશે તો મને બે મહિનાના પગાર જેટલી રકમથી વધુ રકમ ઉધાર માગવાનો કોઈ હક નથી—સિવાય કે જો મારાં માબાપ મારું લગ્ન એકાએક ગોઠવે તો મને બસો રૂપિયાથી વધુ રકમ માગવાનો અધિકાર નહિ રહે.

(૪) આવી રકમ ઉધાર લીધા બાદ હું પાછો નોકરીએ આવું તે વખતે મારા પગારમાંથી પાંચથી વધુ નહીં એટલી રકમ દર મહિને દેવા પેટે કાપી લેવાની છૂટ રહેશે.

(૫) અઠવાડિયે હું એકથી વધુ દિવસ કહ્યા વગર ગેરહાજર રહી શકું નહિ, તેમ જ કુલે મહિનામાં પાંચ દિવસથી વધુ હું ઘરમાં કોઈને જણાવ્યા વગર બહાર રહી શકું નહિ—સિવાય કે મારે ઘેરથી મારા ભાઈ પર કાગળ હોય તો અનાજ દળવાની ઘંટી પરથી, ત્યાં જ લોટ મૂકીને, હું બારોબાર મારે ગામ જઈ શકું. આ અંગેની ખબર એક અઠવાડિયામાં ન આપી શકું તો જ આપ નવો નોકર રાખી શકો. (અત્રો નોંધ લેવી કે ‘ભાઈ’ એટલે સગો નહિ પણ અમારા ગામનો કોઈ પણ નોકર ‘ભાઈ’ જ ગણાય છે.)

(૬) સાબુ, તેલ, કાંસકી વગેરે હું મારાં પોતાનાં વાપરી શકું નહિ; ‘આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ’ આ વસ્તુઓ શેઠની જ વાપરવા બંધાઉં છું.

(૭) જ્યારે જ્યારે કોઈ પણ મહેમાન માટે ચા મૂકવાની હોય ત્યારે ત્યારે મારા પોતાના માટે એક કપથી વધુ ચા મૂકી શકું નહિ.

(૮) મારા મિત્રો કે સગાં બહારગામથી એકાએક આવે તો તેમને બે દિવસથી વધારે સમય મહેમાન તરીકે ઘરમાં રાખી શકું નહિ. તેઓ માટે ઘરમાં થતી ચાલુ રસોઈથી કશું ખાસ વધુ બનાવવાનું કહી શકું નહિ. ઘરમાં બધા જમતા હોય તેનાથી જ તેઓએ ચલાવી લેવું જોઈશે.

(૯) આપને ત્યાં બહારગામથી આવતા મહેમાનો બોણી આપવી ભૂલી જાય તો દર મહેમાન દીઠ આપની પાસે એક રૂપિયાથી વધુ માગી શકું નહિ.

(૧૦) અઠવાડિયામાં એકથી વધુ ફિલ્મ જોઉં તો તેનાં નાણાં મારા પગાર પેટે કપાશે. ઉપરાંત બીડીના ખરચના અરધા પૈસા પણ મારા પગાર પેટે કાપી શકાશે.

(૧૧) અને છેલ્લે, મને આપનો કે શેઠાણીનો સ્વભાવ અનુકૂળ ન આવે અને મહિનાની અધવચ હું ચાલ્યો જાઉં તો બાકીના દિવસોનો પગાર કાપી શકાશે. પરંતુ જો આપને કે શેઠાણીનો મારો સ્વભાવ કે કામ અનુકૂળ ન આવ્યું અને જો મને રજા આપવામાં આવે તો, મહિનાના બાકીના દિવસોનો અથવા પંદર દિવસનો પગાર—જે વધુ હોય તેથી વધુ માગી શકું નહિ.

(નોકરની સહી કે અંગૂઠાનું નિશાન)

અમને ખાતરી છે કે આવી કડક શરતો પર સહી કરવા કોઈ પણ નોકર તૈયાર ન થાય. પરંતુ અમુક ગરજુ નોકરો તો જરૂર સહી કરશે. અને એક વાર સહી કરતા થયા પછી રિવાજ પડી જશે.

# સંતોષી તે સુખી

થોડા દિવસ પર એક શ્રીમંત ગૃહસ્થને મળવા જવાનું થયું. ચિઠ્ઠી મોકલાવી અમે ઓટલે રાહ જોતા ખુરશીમાં બેઠા. દરમિયાન અંદરના દીવાનખાનામાં નવી મોટર વિશે ચર્ચા ચાલતી હતી. એક જણ કહે: “હવે નોંધાવી છે તો લઈ લઈએ; કારણ કે સરકારની નવી નીતિ પ્રમાણે ત્રણમાંથી એક જૂની પણ ટકે તો ભગવાનની મહેરબાની!” બીજા સભ્ય કહે: “હવે દર વર્ષે નવી મોટરો લેવામાં કશો લાભ રહેતો નથી. જૂનીના પાંચે નહીં ઊપજે અને નકામાં પંદર હજાર ફેંકી દેવા!”

થોડી વારમાં તે શ્રીમંત બહાર આવ્યા અને બોલ્યા: “હવે તો દુ:ખના દહાડા આવ્યા છે. આ વર્ષે મોટર પણ માંડ બદલાશે.” એમાં સંમતિ દર્શાવતાં મેં કહ્યું: “હા, શેઠસાહેબ! આપની વાત સાચી છે.

આપના જેવો મોભો ધરાવનાર દર વર્ષે ગાડી બદલી ના શકે એ તો ભારે દુ:ખની વાત કહેવાય. હશે, જેવી સરકારની—અરે, ઈશ્વરની મરજી.”

સ્વભાવે અમે ચર્ચામાં ઊતર્યા વગર સૌના મતને ટેકો આપવાવાળા જ છીએ. પરંતુ અમને અંતરથી લાગતું હતું કે, અમે પોતે એ શ્રીમંત ગૃહસ્થ કરતાં જરા વધુ સુખી છીએ. કારણ કે અમારી આકાંક્ષાને અમે પહોંચી વળીએ છીએ.

પરંતુ જ્યારે અમે રસ્તામાં દાતણ લેવા રોકાયા ત્યારે સમજાયું કે કોઈ અમારા કરતાં પણ વિશેષ સુખી છે! ધક્કો બચાવવા અમે ત્રણ દિવસનાં દાતણ ઉઠાવ્યાં, તો દાતણવાળીએ નમ્રતાથી કહ્યું: “શેઠ! આજે ઓછાં પાડ્યાં છે અને બીજા રોજના ગ્રાહકો બાકી છે, એટલે એમને માટે રાખવાં પડશે. આપ પાંચ લઈ જાઓ.” અમે પૂછ્યું: “એ તો ઠીક છે, પણ તું વધારે જ શા માટે નથી લાવતી?” તો કહે: “મારે રોજનો રૂપિયો જોઈએ. વધુ લોભ શા માટે કરું? એટલો માલ વહેલો વેચાય તો વહેલી છોકરાં ભેગી થઈ જાઉં ને!”

એ જ રીતે અમારું કંપાઉંડ વાળનારી ઝાડુવાળી પણ ભારે સંતોષી લાગે છે. નિયમિત રોજનો આનો આપવાનું કહ્યું તો મંજૂર રાખ્યું, અને આવે ત્યારે આનો લઈ જાય છે. પછી એક વાર અમે સમજાવ્યું કે “મહિનાનો પગાર બાંધ. રોજનો આનો ગણતાંયે એકત્રીસ દિવસના એક રૂપિયો અને પંદર આના થાય. હું બે રૂપિયા આપીશ.” પણ એણે માન્યું નહિ અને દલીલ કરી કે, પગારથી તો બંધાવાનું ને? એટલે કે પગાર લે તો રોજ આવવું જ જોઈએ ને! અને રોજના આનામાં તો ન આવવું હોય તો આનો જાય. પણ ના આવવાની છૂટ તો ખરી ને?

અમેરિકાની પોલીસે થોડાં વર્ષ પર એકેક ડોલરની ખોટી નોટના બનાવનારની શોધ કરવા માંડેલી. પરંતુ ત્રણ વર્ષ લગી એ બનાવટી નોટના કીમિયાગરને શોધી શકી ન હતી. આખરે તે માણસ નીકળ્યો એક પંચોતેર વર્ષનો બુઝર્ગ. અને તે નહોતો પકડાયો તેનું કારણ એ હતું કે તે માત્ર પોતાની જરૂરિયાત પૂરતી જ એકેક ડોલરની નોટ

બનાવી વાપરતો હતો. પોતે ઘસાઈ ગયેલો ગરીબ હતો અને કમાણીનું કાંઈ સાધન રહ્યું ન હતું. પણ એટલો સંતોષી હતો કે અઠવાડિયે જો એક જ ડોલરની જરૂર પડે તો બીજો ડોલર બનાવતો નહિ. આમ નવી નોટોની સંખ્યા એટલી અલ્પ હતી કે તેના બનાવનારને શોધતાં પોલીસને આટલાં વર્ષો લાગેલાં.

પેલા શિવરામ દિલરૂબા રિપેર કરનારને ઓળખવા જેવો છે. એના જેવું સુખી જગતમાં નહિ તો આપણા શહેરમાં તો ભાગ્યે જ કોઈ હશે. એક શેઠ એમની મોટરમાંથી દિલરૂબા સાથે ઊતર્યા. શેઠ કહે:

“શિવરામ, દિલરૂબા ક્યારે મળશે?”

“એ તો સાહેબ, કેવી રીતે કહેવાય?”

“કેમ, કામ ઘણું છે?”

“ના, પણ સાંજના છ સુધીમાં કદાચ મળી જાય.”

“સારું, તો છ વાગે અહીં થઈને લેતો જઈશ.”

“પણ શેઠ, એની ખાતરી નહીં. પેલા નારણભાઈ તેમનું દિલરૂબા લઈ જાય તો પછી તમને કાલે મળે. નહિ તો કદાચ આજે પાંચ વાગ્યે પણ તમારું થઈ જાય.”

“મને કંઈ સમજાતું નથી.”

“શેઠ, વાત એમ છે કે જો નારણભાઈ તેમનું દિલરૂબા લઈ જાય અને મને ચાર રૂપિયા આપતા જાય તો પછી આજે કામ કરવાની રજા. મને તો રોજના ચાર રૂપિયા મળે એટલે સંતોષ. હાલ તમારું કામ શરૂ કરું છું, કારણ કે તમે રોકડા નાણાં આપો છો. હવે જો નારણભાઈ ના આવે તો રૂપિયા ચાર લેવા તમારું કામ પાંચ વાગે પણ પતી જાય. પણ જો પોણા પાંચે પણ નારણદાસના ચાર રૂપિયા મળે તો ત્યાંથી તુરત તમારું કામ અટકે.”

“અલ્યા, પણ સાંજે જલસો છે અને જરૂર છે માટે ગમે તેમ કરીને સાંજે તો જોઈએ જ.”

"સાહેબ, મને તો ચાર રૂપિયા મળે એટલે મારો જલસો શરૂ થઈ જાય. પછી સમારકામ બંધ ને સંગીત ચાલુ."

"પણ કંઈ રસ્તો નહિ?"

"હા, નારણદાસને રોકો. એ મને પૈસા ના આપે તો તમારું કામ થઈ જાય."

આટલો વાર્તાલાપ સાંભળી અમે વિદાય થયેલા. પછી સાંજે પાછા ફરતાં કુતૂહલથી અમે તેને પૂછ્યું: "કેમ, નારણદાસે આજની રોજી આપી હતી કે નહીં!"

"ના જી. કેમ?"

"તો તો પેલા શેઠ દિલરૂબા વખતસર લઈ ગયા. નસીબદાર."

"ના રે—આ રહ્યું તેમનું દિલરૂબા પેલી લાલ કોથળીમાં વીંટેલું."

"કેમ એમ, અલ્યા?"

"એમાં નારણદાસનો કે શેઠનો વાંક નથી. પણ વડોદરાથી એક ભાઈ પેલું નવું દિલરૂબા ખરીદી ગયા. એટલે મારા હાથમાં સિત્તેર રૂપિયા આવ્યા. હવે હું અમદાવાદમાં શું કામ રહું? કુટુંબને લઈને આજે અંબાજી જાઉં છું!"

['અવળે ખૂણે' પુસ્તક]

# ચિમનલાલ ભટ્ટ

## મારું વતન

*મારું વતન આ મારું વતન, હાં,*
*વહાલું વહાલું મને મારું વતન!*

*જેની માટીની મારી કાયા ઘડેલી,*
*તેને કરું છું કોટી કોટી નમન, હાં ...વહાલું.*

*રાણા પ્રતાપ ને શિવાજી શૂરવીર,*
*મારા વતનનાં મોંઘાં રતન, હાં ...વહાલું.*

*ગાંધીબાપુને હૈયે વસ્યું જે,*
*સંસારસાર ને જીવનધન હાં ...વહાલું.*

*વહાલા વતનની બેડીને તોડવા,*
*હોંશે ઓવારું હું તન, મન, ધન, હાં ...વહાલું.*

# ચીમનભાઈ અમીન

## "આ તો ખાડા બરાડવા લાગ્યા!"

વડોદરાના કમાટી બાગમાં એક વાર મોતીભાઈ અમીન સાથે હું લટાર મારતો હતો. મેં પૂછ્યું, "હેં મોતીભાઈ, આપણે સ્વતંત્ર થઈશું ખરા?"

મોતીભાઈએ જવાબ આપ્યો: "પે...લું ઝાડ સામે જેટલું સાફ દેખાય છે, તેટલું સ્વરાજ મારી નજર આગળ સ્પષ્ટ દેખાય છે. પણ સ્વરાજ આવશે ત્યારે આપણે તેને સરસ રીતે ઝીલી શકશું કે કેમ તે વિશે મને શંકા છે. સ્વરાજ માટે આપણે પ્રજાને કેળવવી પડશે, સમજદાર બનાવવી પડશે. નહીં તો પ્રજા એ સ્વરાજની વગોવણી કરશે."

મોતીભાઈની એ વાતની ખાતરી મને બીજા એક પ્રસંગે થઈ. હું ગાડીમાં મુસાફરી કરી રહ્યો હતો. બાજુમાં ત્રણ-ચાર ફક્કડ જુવાનો જોરજોરથી ચર્ચા કરતા હતા: "આ સરકારથી તો હવે વાજ આવી ગયા છીએ. ઓહોહો, કંઈ કરવેરા નાખ્યા છે કંઈ કરવેરા!"

મારાથી રહેવાયું નહીં, એટલે મેં વચમાં પૂછ્યું: "ભાઈઓ! કયા કરવેરાથી તમે આટલા બધા અકળાવ છો?"

પેલા યુવાનોએ કહ્યું, "અરે! આ ઇન્કમ-ટેક્સ ને સુપર-ટેક્સ ને ડેથ ડ્યૂટી... કાંઈ સુમાર નથી, સાહેબ!..."

મેં પૂછ્યું, "અલ્યાઓ! તે તમારા ગામમાં કેટલા લોકો ઇન્કમ-ટેક્સ ભરે છે?"

એક ચબરાક યુવાન કહે, "અમારે ત્યાં તો કોઈ નથી ભરતા, પણ બીજાઓને તો ભરવો પડે છે ને!"

ફરી મેં પૂછ્યું, "તમારે ત્યાં સુપર ટેક્સ કેટલા લોકો ભરે છે?"

એ યુવાન બોલ્યો, "અમારે ત્યાં તો કોઈ નથી ભરતા, પણ

બીજાને તો ભરવો પડે ને...”

વળી મેં પૂછ્યું, “તમારા ગામમાં લાખ રૂપિયાથી વધુ મિલકતવાળા કેટલા? એવા કેટલાકને ડેથ ડ્યૂટી લાગુ પડી?”

જુવાન પાસે તો એનો એ જવાબ હતો: “અમારે ત્યાં તો કોઈ નથી ભરતા, પણ બીજાઓને તો ભરવી પડે ને...”

છેવટે મેં પૂછ્યું, “તો પછી તમારા ગામમાં ટેક્સ કયો લાગે છે?”

જુવાને કહ્યું, “અરે સાહેબ! આ હાઉસ ટેક્સ તો ખરો કેની?”

પછી મેં જ્યારે એમને પૂછ્યું કે આ ઘરવેરો કેટલો, તેની આવક ક્યાં અને કોને માટે વપરાય છે, તો યુવાનોને તેની કશી ગમ નહોતી. એટલે મેં સમજાવ્યું કે ગ્રામપંચાયતના બધા કરવેરા જે-તે ગામનાં સાર્વજનિક કામોમાં જ વપરાય છે, અને આજે તો ગામની સોએ સો ટકા મહેસૂલ પણ ગામમાં જ વપરાય છે, ત્યારે તેઓ બોલી ઊઠ્યા: “અમને તો આવી કશી ખબર નહોતી... અમે આ બધું નહોતા જાણતા!”

આખરે મેં એમને સમજાવ્યું કે, “ભલા માણસ, જો ખાડા પૂરવા હોય તો ક્યાંક ટેકરા ખોદવા પડે ને? પૈસાવાળા પર કરવેરા નાખીએ, તો જ ગરીબોના કલ્યાણનાં કામ થાય. અને ત્યારે ટેકરા બરાડા પાડે તે તો સમજી શકાય; પણ અહીં તો, ‘લ્યા, ખાડા ઊઠીને તમે બરાડો છો!”

['પંચવાણી' અઠવાડિક: ૧૯૬૬]

# ચુનીભાઈ વૈદ્ય

## દાદા ધર્માધિકારી

દાદાનું પૂરું નામ શંકર ત્રયંબક ધર્માધિકારી. જન્મસ્થાન મધ્ય પ્રદેશના બેતુલ જિલ્લાનું મૂળતાપી ગામ. તાપીના મૂળનો પ્રદેશ, ઋષિમુનિઓની તપસ્યાની ભૂમિ. તેમાં ધર્માધિકારી કુટુંબમાં જન્મ. વ્યવસાયે ધર્માધિકારી એટલે ધર્મ, શાસ્ત્રા, પાંડિત્ય વગેરેના સંસ્કાર સહજ ગણી શકાય. દાદા વિદ્યાર્થી અવસ્થાથી જ સારા વક્તા તરીકે ખ્યાતનામ. કુટુંબ સંયુક્ત. એટલું મોટું કે શ્રોતાગણ અને પ્રશંસકોની ખાસી મોટી ફોજ એમાંથી જ મળી રહે.

નાનપણમાં દાદાની વાક્પટુતાનું એક જુદું સ્વરૂપ પણ હતું. કોઈના પણ બોલવાની નકલ એવી આબેહૂબ ઉતારે કે સાંભળનાર હસતાં હસતાં બેવડ વળી જાય. અને એમ દાદાની આજુબાજુ મધપૂડો જામે. હાઈસ્કૂલના કાળ દરમિયાન દાદાનું વક્તૃત્વ પૂર બહારમાં આવી ગયું હતું. હાઈસ્કૂલકાળથી જ મધ્ય પ્રદેશની વિદ્યાર્થી આલમના એ લાડલા નેતા બની ચૂક્યા હતા. ગામમાં સારે-માઠે પ્રસંગે સભાઓનું આયોજન થાય. બહારથી વક્તા બોલાવવામાં આવે, એમનાં ભાષણ થાય. પણ ઉપસંહાર કરવા દાદા ઊઠે—અને અચૂક રીતે એ અગાઉ થયેલાં ભાષણ કરતાં ચઢિયાતું જ હોય. વ્યાપક વાચન, વિષય પરની સર્વગ્રાહી પકડ, પ્રભાવશાળી સુરેખ રજૂઆત—આ બધાં તત્ત્વો દાદાને નાનપણથી સહજ પ્રાપ્ત હતાં.

જેવું વક્તૃત્વનું તેવું જ ભણવામાં. સૌને આશા હતી કે દાદા, તે વખતના આશાસ્પદ યુવકોની અભિપ્સિત આઈ.સી.એસ.ની પરીક્ષા આપશે. પિતાજી ન્યાયાધીશ, એટલે અપેક્ષા સાવ સ્વાભાવિક હતી. પરંતુ ૧૯૨૦માં બાપુના અસહકારના આંદોલનના આવાહનને માન આપી કૉલેજ છોડી દાદા ટિળક વિદ્યાલયમાં માસિક ત્રીસ રૂપિયાના

પગારે શિક્ષક તરીકે જોડાયા.

ધર્મપત્ની શ્રીમંત ખાનદાન ઘરાણાની એકની એક દીકરી. અને દાદાના ભર્યાભાદર્યા વિશાળ કુટુંબના ઉદાર અને મુક્ત મનના સંસ્કાર. સાથે સ્વેચ્છાએ વરણ કરેલી ગરીબી. વિચારો અને આદર્શોની દુનિયામાં જ વિહરતા દાદાને સંસાર કેમ ચાલે છે એનો અણસારેય શાનો હોય? શાકભાજી લાવવા માટે આપેલા પૈસા પુસ્તક-ખરીદીમાં કે કોઈ જરૂરિયાતવાળા મિત્રાની મદદમાં ખરચીને ન આવે તેની ખાતરી નહીં. સાવ મોકળા દરવાજાનું દિલ. વર્ધા રહેતા ત્યારે શ્રી જમનાલાલ બજાજના પછી બીજે નંબરે મહેમાનોની ભીડ દાદાને ઘેર.

દાદાએ સ્વૈચ્છિક ગરીબી વરણ કરવા સાથે સ્વૈચ્છિક અજ્ઞાતતા પણ સ્વીકારવા પૂરો પ્રયત્ન કર્યો. વિશાળ વાચનમાંથી આવતું વ્યાપક જ્ઞાન, વિષયની ઊંડી સમજ, મૌલિક ચિંતન અને વિદ્વત્તાના સુવર્ણમાં વક્તૃત્વની સુગંધ, એની બહાર જ દાદાની મહત્તાની ચાડી ખાય. સ્વાતંત્રય પૂર્વેનો કાળ એટલે એનાં આંદોલનો અને એમાંથી સહજ પ્રાપ્ત થતો રાજનીતિધર્મ, જેલવાસ અને આખા દેશના નેતાઓ સાથેનો પરિચય. રાજકારણની ઊંડી સૂઝ અને લોકપ્રિયતાએ રાજનીતિના ક્ષેત્રો અનેક ફરમાઈશો આણી. સરદારના મનમાં દાદા માટે મધ્ય પ્રદેશનું મુખ્ય મંત્રીપદું ખરું. પણ દાદા તો વિધાનસભામાં જ જવા તૈયાર નહીં. બાપુ-વિનોબાના દબાણને વશ વિધાનસભામાં ગયા ત્યારે પણ શરત કરીને કે કોઈ પણ હોદ્દા નહીં સ્વીકારે. બંધારણ સભામાં ત્યારે જ જવાનું સ્વીકાર્યું જ્યારે બાપુએ થોડાક ગુસ્સા સાથે “તો પછી તારી આ બુદ્ધિનો ઉપયોગ શું?”—કહી ઠપકો આપ્યો.

વિનોબાના ભૂદાનયજ્ઞે આવીને દાદાને રાજદરબારમાંથી મુક્તિ અપાવી એમ કહી શકાય. વિનોબા સાથે જૂનો પરિચય હતો જ. સર્વોદયની માસિક પત્રકા કાઢવાની વાત થઈ ત્યારે એનું સંપાદકત્વ વિનોબાએ એક શરતથી સ્વીકાર્યું: દાદા એના સહસંપાદક બને. દાદાએ એ કામ સર્વોત્તમ રીતે બજાવ્યું હતું. વિનોબા તેલંગણાથી ભૂદાનયજ્ઞની માનવીય ક્રાંતિની જ્યોતિ લઈને મધ્ય પ્રદેશ તરફ આવી રહ્યા હતા,

ત્યારે દાદા પેણગંગાને તટે જઈને વિનોબાને જીવનમાં પહેલી વાર પગે પડ્યા, “આપ દધીચિ બની ગયા છો, ઋષિપદ પામ્યા છો.” ત્યારથી માંડીને આજ સુધી દાદા ભૂદાન ગ્રામદાન સર્વોદય વિચારના જ્યોતિર્ધર બની દેશભરમાં ઘૂમતા રહ્યા છે. સર્વોદય વિચારના પ્રકાશનમાં દાદાના ફાળાનો ઉલ્લેખ કરતાં વિનોબાને ગદ્ગદ થઈ જતાં સાથીઓએ જોયા છે.

વિચારની રજૂઆત દાદાની પોતાની લાક્ષણિક છે. ગાંધીવિચારના બે મહાન પ્રવક્તા આ યુગે જોયા. એક વિનોબા અને બીજા દાદા. વિનોબાની આમજનતાને સમજાય તેવી ભાષા. એની એક જબરદસ્ત અપીલ લોકચિત્ત પર થાય. દાદાની ઢબ તર્કપ્રધાન અને વૈજ્ઞાનિક. બુદ્ધિવાદીઓને સ્વીકાર્ય એવી શૈલીમાં નિરુત્તર કરી મૂકે એવા અકાટ્ય તર્ક સાથે વાતની રજૂઆત ક્યારેક મંત્રામુગ્ધ કરે.

ભૂદાનયજ્ઞ નિમિત્તે દેશભરમાં ફરીને દાદાએ ગાંધી-વિચાર પર વ્યાખ્યાનો આપ્યાં. ગાંધીવિચારના આવા પ્રખર પ્રવક્તા બીજા જોયાજાણ્યા નથી. સળંગસૂત્રા વિષયબદ્ધ એમનાં ભાષણો સીધાં છાપવા આપી શકાય એટલાં ચોક્કસ અને સચોટ. પણ ક્યાંય સુધી દાદા પોતાની વાતોને પ્રકાશિત થતી રોકતા. એ આગ્રહ પણ છેવટે એમણે છોડયો. એમનું સૌથી વ્યવસ્થિત પુસ્તક થયું હોય તો ગુજરાતીમાં ‘વિચાર—ક્રાંતિ’ અને હિન્દીમાં ‘સર્વોદય દર્શન’.

[‘ભૂમિપુત્ર’ દશવારિક: ૧૯૭૮]

# ચુનીભાઈ શાહ

## સ્વતંત્રતા અને સીમા

બાળકને કેટલું સ્વાતંત્ર્ય આપવું? તેને કોઈ જાતનું બંધન જ ન હોવું જોઈએ? તેની દરેક ઇચ્છા પૂર્ણ જ થવી જોઈએ? તેને કદી કોઈ વાતમાં અટકાવવું જ નહીં? સ્વાતંત્ર્યને કોઈ સીમા હોવી જોઈએ કે નહીં? આવા પ્રશ્નો વિચારવાની જરૂર છે.

બાળકને સ્વતંત્રતા આપવાનો વિચાર માબાપ સમક્ષ મૂકીએ છીએ ત્યારે, ઘડિયાળનું લોલક જેમ એક બાજુથી બીજી બાજુ જાય તેમ, એમના શિસ્તના ખ્યાલો સામે છેડે જઈ બેસે છે: અતિશય કડક નિયમનમાંથી તેઓ નિરંકુશ સ્વાતંત્ર્ય તરફ ઝૂકે છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદ વચ્ચેનો ભેદ તેમનાં મનમાં રહેતો નથી.

બાળકને સ્વતંત્રતા આપવામાં તેની શક્તિઓ ખીલે, તેનો સમતોલ વિકાસ થાય એ હેતુ આપણી સમક્ષ હોવો જોઈએ. પણ ક્યારેક સ્વાતંત્ર્યમાં રુકાવટ કરવાથી જ આ હેતુ સિદ્ધ થતો હોય, ત્યારે જરૂર રુકાવટ કરવી જોઈએ. બાળકને આપણે સ્વતંત્રતા પ્રેમપૂર્વક આપીએ છીએ, તેમ તેની પર અંકુશ પણ એટલા જ પ્રેમપૂર્વક મૂકી શકીએ. તેને હા પણ પ્રેમપૂર્વક પાડો, ના પણ પ્રેમપૂર્વક પાડો. ના પાડવી એ કોઈ વાર માબાપનો ધર્મ થઈ પડે છે; એમાં જ બાળકનો વિકાસ રહેલો હોય છે, હિત હોય છે. તેના પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને, તેની શક્તિઓની પરિપક્વતા નીરખવાની ઝંખનાથી આપણે તેને કહીએ છીએ: “થોભી જા, જરા સબૂર કર!”

વાસ્તવિક જીવનમાં દરેક વ્યક્તિને સ્વાભાવિક રીતે જ નાની નાની અસફળતાઓ ને નિરાશાઓનો સામનો કરવાનો આવે છે. એ નિરાશાઓને સંયમપૂર્વક નિભાવી લેતાં સહુએ શીખવું પડે છે. નાનપણથી બાળકને એવી ટેવ પડશે તો બીજાં મનુષ્યોની લાગણીઓનો વિચાર

કરતાં એ શીખશે. બીજાઓની સાથે સહકાર કરવામાં થોડુંક જતું કરવામાં, આપણો વારો ન આવે ત્યાં સુધી રાહ જોવામાં, બીજાને સહાય કરવામાં અને બીજાની સહાય લેવામાં જે ભારે મજા રહેલી છે તેનો આનંદદાયક અનુભવ બાળકને થશે.

બાળકને જ્યારે કોઈ વસ્તુ આપીએ નહીં, કોઈ કામ કરતાં તેને અટકાવીએ, કોઈ વાતની તેને ના પાડીએ, ત્યારે તેનો ટૂંકો સચ્ચાઈ ભરેલો ખુલાસો આપણે આપી શકીએ. આપણી ના પ્રથમ ભલે તેને ગમશે નહીં, છતાં પણ ખુલાસાની તે કદર કરશે અને થોડા સમય પછી આપણી વાત તેને યોગ્ય લાગશે.

બાળક નાનું છે, અસહાય છે, પરાવલંબી છે, એટલે તેની બધી રીતે સંભાળ રાખવી જોઈએ, જેથી તેને જીવનમાં સલામતી લાગે. બાળકને આપણે પ્રેમપૂર્વક મદદગાર થઈએ તેથી તેને પોતાનું અસહાયપણું, પરાવલંબીપણું સહન કરવું સહેલું લાગે છે; જીવન ભર્યુંભર્યું લાગે છે.

સાથોસાથ તેને એમ પણ ન લાગવું જોઈએ કે, કાયમ બધાએ મારી સેવામાં હાજર રહેવું જોઈએ, મારું જ ધાર્યું થવું જોઈએ. બાળક પ્રત્યે પ્રેમ દર્શાવવા જતાં કોઈ ભળતી જ વસ્તુ આપણે તેને ન આપી બેસીએ તેની તકેદારી રાખવી જોઈએ. બાળકને સહાય આપીને પરાવલંબીપણામાંથી તેને સ્વાવલંબીપણા તરફ લઈ જઈએ, તો તેના પ્રત્યે સાચો પ્રેમ દર્શાવ્યો ગણાય. પણ જો તેનો ડહાપણ ભરેલો કે ગાંડપણ ભરેલો દરેક શબ્દ ઝીલી લઈએ, તો આપણે તેને પરિપક્વતાને માર્ગે લઈ જવાને બદલે છોકરવાદને જે સ્થાને તે હોય ત્યાં જ ચોંટાડી રાખીએ છીએ.

બાળકને એવી સ્વતંત્રતા ન આપીએ કે એ નાનો સરખો સરમુખત્યાર બને અને બીજા કોઈનો વિચાર જ ન કરે. માબાપના વિશેષ સામર્થ્ય વિશે તેમજ માબાપના આત્મસંયમ માટે, તેમની નૈતિક શક્તિ માટે બાળકને માન થવું જોઈએ; એ બધાં પર શ્રદ્ધા રાખીને પોતે નિર્ભયતાપૂર્વક તથા આનંદપૂર્વક જીવન જીવી શકશે, તેવી પ્રતીતિ તેને થવી જોઈએ.

સ્વતંત્રતાથી બાળક પોતાની અંદરનાં સારાં તત્ત્વોને વિકસાવે છે, અને પરિણામે પોતાનાં માબાપ પ્રસન્નતા અનુભવે છે, તેમાં તેમનો પૂરેપૂરો ટેકો છે, તે બાળક જુએ છે. સાથે સાથે તેને એવો વિશ્વાસ પણ હોય છે કે પોતે કોઈ ભૂલ કરશે તો તેને રોકનાર કોઈક છે. આવી લાગણી બાળકને જ નહીં, આપણને સહુને કેટલી બધી સલામતી આપે છે! સવારે ઘડિયાળનું એલાર્મ વાગશે, આપણને જગાડશે અને આપણે સમયસર ગાડીએ પહોંચી શકશું—એવી જ્યારે ખાતરી હોય ત્યારે આપણે કેવાં નિરાંતે ઊંઘી જઈ શકીએ છીએ! એ જ પ્રમાણે બાળકને પણ જગાડનાર કોઈક હોય, તેને ભૂલોમાંથી બચાવનાર કોઈક હોય, તો નિરાંતે તેના પર આધાર રાખીને એ કેટલું નિર્ભય બની શકે છે! કેટલી સલામતી અનુભવી શકે છે!

એટલે માબાપ જ્યારે પ્રેમપૂર્વક પણ મક્કમતાપૂર્વક બાળકને કહે છે કે, “આમ કર... તેમ કરીશ મા,” ત્યારે બાળકનું નબળું મન સબળું બને છે, અસ્થિર ચિત્ત સ્થિર થાય છે. તેનો પોતાનો જે આંતરિક અવાજ મંદ સ્વરે કહેતો હતો કે “આમ કરીશ મા!” તે હવે બુલંદ બને છે; તે અવાજ નિશ્ચયપૂર્વક, સત્તાવાહી સ્વરે બોલે છે: “આમ કરીશ મા!” અને પરિણામે બાળક તેમ નથી જ કરતું.

એટલે સાચે પ્રસંગે બાળકને ના કહેવી એ તેના પડખે ઊભા રહેવા સમાન છે, તેને દોષમુક્ત બનાવીને તેનામાં તાકાત પ્રેરવા સમાન છે. તેથી બાળક ચિંતામુક્ત બને છે, સલામતી અનુભવે છે અને સ્વસ્થ બને છે.

# ચુનીલાલ વ. શાહ

## પાછલે બારણેથી

કેળવણી વધતી જાય છે, વાચકવર્ગ વધતો જાય છે, અને શહેરીઓ ઉપરાંત દૂર દૂરનાં ગામડાંની વસ્તીને પણ જીવન અંગેની જાણકારી વધારવાની જરૂરિયાત જણાવા લાગી છે. આ કારણે ગામડાંમાં પણ વર્તમાનપત્રો વંચાવા લાગ્યાં છે. વાચકોના અનેક વર્ગો હોય છે; તેમના રસ-શોખના વિષયો અનેક હોય છે. વાચકોનો વિશાળ સમુદાય પોતા તરફ આકર્ષાય તે માટે આપણાં દૈનિક વર્તમાનપત્રો વિશેષ કાળજી રાખે છે.

અર્થશાસ્ત્રા, રાજકારણ, વેપાર-ઉદ્યોગ, ખેતી-બાગાયત, સંસાર-સમાજ, સાહિત્ય, બાળસાહિત્ય, સ્ત્રીસાહિત્ય, રંગભૂમિ-ચિત્રપટ, ધર્મ, ઇત્યાદિ અનેક વિષયોનાં નાનાંમોટાં સામયિકો ગુજરાતીમાં છે. લગભગ એવાં બધાં સામયિકોના જેવી થોડી થોડી વાનગી પત્રામાં લેવાની એક રીતિ દૈનિકો અજમાવી રહ્યાં છે. ઇનામી શબ્દવ્યૂહોનો પ્રચાર ઘટી ગયો છે, પણ એક વાર કેટલાંક દૈનિકોનું એ એક આકર્ષણનું અંગ બની ગયું હતું. આજે પણ કેટલાંક પત્રો માટે રાશિવાર ભવિષ્ય એ આકર્ષક અંગ હોય છે. ધ્યેયલક્ષી મનાતા પત્રાકારોને આ સંબંધે પ્રશ્ન પૂછીએ છીએ, ત્યારે તેઓ કાંઈક સંકોચાઈને જવાબ આપે છે, શું કરીએ? વાચકો માગે છે! એ જ રીતે ગુનાખોરીને પોષે એવી વાર્તાઓ, અદાલતોમાં ચાલતા મુકદ્દમાના અહેવાલો, સંસારસમાજના ગંદા ઝઘડાઓ, જાતીય મનોવૃત્તિને ઉશ્કેરનારી પ્રસંગકથાઓ, અને એ બધાં તત્ત્વને મોટાં મથાળાંથી તથા આકર્ષક શૈલીએ ગોઠવવાની કલાચાતુરી—એવું બધું વાચકોની અપરુચિને પોષવાની વર્ગણામાં આવે.

સમાચારોને ભોગે જુદા જુદા વિષયોના લેખો પાછળ જગ્યા રોકવામાં આવે છે ત્યારે સમાચારરૂપ મહત્ત્વનું અંગ પાંખું પડી જાય

એ સ્વાભાવિક છે. ઘણાંખરાં દૈનિકોનું આ અંગ ઊણું અને ખામીભર્યું લાગે છે.

સમાચાર-વિભાગની ઊણપ ઉપરાંતની એક ખામી તેના લેખનની છે. અંગ્રેજીમાં આવેલા અહેવાલોના અનુવાદો ત્રૂટક અને ભૂલોવાળા હોય છે. પૂરી અને સાચી ખબર વાંચવા માટે સમજુ વાચકો ગુજરાતી દૈનિકો ઉપર આધાર રાખતાં ડરે છે અને તેટલા પૂરતાં અંગ્રેજી દૈનિકો વાંચવા પ્રેરાય છે. અંગ્રેજી પત્રોનો સમાચાર—વિભાગ વધુ સમૃદ્ધ હોય છે. પહેલાંનાં પારસી માલિકીનાં દૈનિકોની ભાષા કરતાં આજની અખબારી ભાષા સુધરી છે, છાપભૂલો ઘટી છે એ ખરું છે. પણ મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટનાં ગુજરાતી દૈનિકોનો પ્રચાર જોતાં તેમના સંપાદનની અને વાચનશુદ્ધિની ખામીઓ નીચું જોવડાવનારી લેખાય.

પત્રોના પોતાના ખબરપત્રીઓ અને વૃત્તાંતનિવેદકોના સમાચારો ને વૃત્તાંતો પણ સારી પેઠે ખામીભર્યા હોય છે. કોઈ વાર તેમાં અધૂરી માહિતી, ઉપલકિયાપણું, અપરસ અને અંગત રાગદ્વેષ પણ દેખાતાં હોય છે. કોઈ મોટી જાહેરખબરો આપનાર વેપારીની એંશી વર્ષની જ્યારે માતા મૃત્યુ પામી હોય, ત્યારે પત્રામાં કાળી કિનારી વચ્ચે ‘શોકજનક અવસાન’ની ખબર છપાય અને નિર્માલ્ય જીવનરેખાને પ્રસિદ્ધિ અપાય, તે કેવા પ્રકારનું સમાચાર-સંપાદન સમજવું? ન્યાતના શેઠના પુત્રના લગ્નોત્સવમાં હાજરી આપનારા લખપતિઓ અને અમલદારોની નામાવલિ, કોઈ ધર્મગુરુ કે પંડિતના આગમન-વિદાયની વિશેષણોથી ભરેલી પારાયણ, એવું બધું વર્તમાનપત્રામાં ખડકવું એ સમાચાર-પસંદગી કરી લેખાય? વાચકોના એક ટકાને પણ જે વાંચવામાં રસ નથી હોતો, જરૂર પણ નથી હોતી, એવા સમાચારો અને અહેવાલો વાચકોને માથે મારવા તેના જેવો પત્રાની જગ્યાનો બીજો કોઈ દુરુપયોગ નથી.

અમદાવાદમાં મળેલી પહેલી પત્રાકાર પરિષદના પ્રમુખ મહેરજીભાઈ માદને પોતાના ભાષણમાં પત્રાકારોને એક ચેતવણી આપેલી: “તમારા પત્રામાં પાછલે બારણેથી સમાચારો અને લખાણો ઘૂસી ન જાય તે

માટે સાવચેત રહેજો!” આ ચેતવણી અપાયાને અનેક દાયકા થવા આવ્યા, છતાં હરકોઈ માથાભારે વ્યક્તિ આવું ઘાલ-ઘૂસણ કરતી હોવાના બનાવો બન્યા જ કરતા હોય છે. આ ખામી દૂર થાય તો ઓછાં પાનાંની મર્યાદામાં રહીને પણ વર્તમાનપત્રો સમાચારનું પ્રમાણ ઠીક ઠીક રીતે જાળવી શકે.

દેશનાં વર્તમાનપત્રોના સંચાલનમાં આજે તેના વાચકોનો કશો અવાજ નથી. રેલવેના ઉતારુઓની સંસ્થા છે, તેવી વર્તમાનપત્રોના વાચકોની કાયમી સંસ્થા કેમ ન હોય? વખતોવખત વાચકોની પરિષદ પણ મળતી હોય તો સંચાલકોને સજાગ રાખવા જેટલી સિદ્ધિ તો જરૂર મેળવી શકે.

# ચેરીઅન થોમસ

## રમતના મેદાન પર જ?

રમતગમતની હરીફાઈમાં સૌથી વધુ વજન ઊંચકનારને ઇનામ મળે છે. પણ પેલો મજૂર દરરોજ પાંચ-પાંચ મણની ગુણો ઊંચકીને જાય છે, તેની કદર કરવાની આપણી તૈયારી છે? માત્ર રમતના મેદાન પર વજન ઉંચકનારને જ ઇનામ આપવાનું છે? અઢી મણનું વજન ઊંચકવા બદલ ઇનામ જીતનાર ભાઈને સ્ટેશનેથી ઘેર આવતાં દસ શેરની બૅગ ઉપાડવા તો પેલા મજૂરને જ બોલાવવો પડે છે! તો પછી રમતગમતના શિક્ષણને જીવન સાથે શો સંબંધ રહ્યો?

આજનું આખું શિક્ષણ જીવન જેવું નહીં પણ નાટક જેવું લાગે છે. પણ નાટક તો બેચાર દા'ડા હોય; વરસો સુધી એ ન કરાય.

['કોડિયું' માસિક: ૧૯૫૭]

# છોટુભાઈ જો. ભટ્ટ

## અમારા માધવકાકા

અમારા માધવકાકા આખા ગામમાં જાણીતા. કંઈ પણ કામ આવી પડે, તો તે તુરત કહે: “તમે બધાં ખસી જાઓ, મને તે કરવા દો!” એક દિવસ મારા દાદાની છબી જડાઈને આવી, એટલે રાધાકાકીએ પૂછ્યું, “આ છબીને ઊંચે કેવી રીતે ટિંગાવશું?” માધવકાકા તરત બોલી ઊઠ્યા, “ઓહો, એમાં તે શું કરવાનું છે? એ હું કરી લઈશ. તમારે તેની ચિંતા કરવી નહીં.”

એટલું બોલીને તેમણે કોટ ઉતાર્યો. પોતાના નવ-દસ વરસના દીકરા રમણને બોલાવ્યો અને કહ્યું: “બેટા રમણ, જરી દોડ ને પાસે બજારમાંથી ચાર આનાની ખીલીઓ લઈ આવ તો.” ચાર આની લઈને રમણ ઊપડયો. તેને ગયે બેત્રાણ મિનિટ થઈ, અને તેમણે મનુને બોલાવીને કહ્યું, “અરે ઓ મનુ, બેટા, જરા દોડ તો! રમણને કહેતો આવ ને કે અરધા ઇંચિયા ખીલીઓ લાવે.”

મનુ ગયો અને કાકાએ કામની શરૂઆત કરી. “અરે, અહીં કોણ છે? અરે, ઓ કનુ, પેલી ઓજારોની પેટીમાંથી મારી હથોડી લાવ તો! અને બેટા શાંતા, કોઠારમાંથી કોઈ મને સ્ટૂલ આણી આપો તો! સ્ટૂલ સાથે નિસરણી પણ કદાચ જોઈશે. જોને, બેટા નારણ, તું આપણા ગોવિંદકાકા પાસે જા; કહેજે કે, મારા બાપુએ તમારી તબિયતના ખબર પૂછવા મોકલ્યો છે. અને પછી એની નિસરણી માગજે. જા, જલદી દોડ!... અને ઓ સુશીલા, તું અહીં જ રહેજે; જોજે, કંઈ બહાર જતી! તારે મને દીવો ધરવો પડશે. આ ભીંત ઉપર બહુ અંધારું પડે છે.”

એટલામાં રમણ ખીલીઓ લઈને આવ્યો. તેને માધવકાકાએ કહ્યું, “બેટા, જરા બજારમાં ફરી દોડને! સૂતરની મજબૂત દોરી લાવવી પડશે... અરે, પેલો કનવો ક્યાં જતો રહ્યો? આ હમણાં મને નિસરણી

ઉપર છબી કોણ આપશે? એક જણ તો છબી આપવા જોઈશે ને?”

આ બધી ધમાલ પછી ખીલી, હથોડી, નિસરણી, સ્ટૂલ, દોરી બધું આવ્યું અને માધવકાકાએ છબી ટિંગાડવાનું મહાભારત કામ આરંભ્યું. બધા આજુબાજુ વીંટળાઈ આવ્યાં. એક જણે નિસરણી પકડી રાખી, અને કાકા ઉપર ચડયા. કનુએ કાકાના હાથમાં છબી આપી, અને એ ભીંત ઉપર કેવી મજાની શોભશે એમ વિચારતા હતા, એટલામાં તો તેમના હાથમાંથી એ પડી ગઈ અને તેનો કાચ ભાંગી ગયો. એક પણ શબ્દ બોલ્યા વિના માધવકાકા નીચે ઊતર્યા, પણ કાચના એક મોટા ટુકડાને કાઢવા જતાં આંગળી કાપી બેઠા.

ભગભગ લોહી નીકળવા લાગ્યું. લોહી, અને તેમાંયે પોતાનું લોહી, જોઈ કાકાને ચક્કર આવવા જેવું થયું. આંગળીએ પાટો બાંધતાં અર્ધો કલાક ગયો. નવો કાચ મંગાવ્યો અને તે આવતાં બીજો અરધો કલાક થયો. માધવકાકાએ ફરીથી આ મહાન કામનો આરંભ કર્યો. નિસરણી, સ્ટૂલ અને ઓજારો, ફાનસ અને ફૂટપટ્ટી—બધાં સાધનો તૈયાર કર્યાં. બે જણાંએ નિસરણી પકડી રાખી, અને કાકા પગથિયાં ચઢવા લાગ્યા. એટલે ત્રીજાએ તેમને ટેકો આપવા માંડયો. ચોથાએ તેમને ખીલી આપી. પાંચમાએ હથોડી આપી અને છઠ્ઠાએ ફાનસ રાખ્યું. પણ એટલામાં તો કાકાના હાથમાંથી ખીલી પડી ગઈ. બેત્રાણ જણાં ખીલી શોધવા લાગ્યાં. તેમાં જરા વાર થઈ, એટલે માધવકાકા ઉપરથી તડૂકવા લાગ્યા: “તમે લોકોએ આ શું ધાર્યું છે? શું મને આખો દિવસ આમ ઊભો રાખવો છે? એક ખીલી શોધતાં કેટલી વાર?” કાકાએ સપાટો લગાવ્યો, એટલે બધાં ઊલટાં ગભરાયાં.

છેવટે ખીલી જડી. કાકાએ તે હાથમાં લીધી—ત્યાં તો હથોડી ન મળે! એટલે માધવકાકાનો મિજાજ ફરી ગયો: “આટલાં સાત-આઠ જણાં અહીં છે, અને મેં હથોડી ક્યાં મૂકી દીધી એટલુંય તમને કોઈને ભાન રહેતું નથી? તમારાથી તો તોબા!” છેવટે નિસરણીના પગ પાસેથી તે મળી આવી. કાકાએ તે હાથમાં લીધી. પણ ત્યાં તો, ખીલી ક્યાં લગાવવી તે માટે દીવાલ પર કરેલી નિશાની કાકા ભૂલી ગયા. ફાનસના

પ્રકાશમાં તે ધારીધારીને જોવા લાગ્યા, પણ નિશાની દેખાય જ નહીં. પછી અમે કહ્યું કે, “કાકા, તમે નીચે ઊતરો, અમે તે શોધી કાઢશું.”

એક પછી એક અમે તે શોધવા લાગ્યાં. દરેક જણ જુદી જુદી જગાએ તે બતાવવા લાગ્યું. એટલે માધવકાકા ફરીથી ગર્જી ઊઠ્યા: “તમે બધાં તે કેવાં અણઘડ આદમી છો! તમને ન જડે ખીલી, ન જડે હથોડી, કે ન જડે ભીંત પરની નિશાની. ચાલો, ઊતરો નીચે! તમે જિંદગીમાં શું ધોળવાનાં છો!”

જેમતેમ કરીને નવેસર નિશાની કરી, પછી કાકા કહે, “ચાલ મનુ, લાવ પેલી ખીલી ને હથોડી.” અને નિશાની પર ખીલી મૂકી કાકાએ હથોડીનો ફટકો માર્યો, પણ ખીલ આડી થઈ ગઈ અને આજુબાજુનું પ્લાસ્ટર ઊખડી ગયું. તે જોઈ કાકા બૂમ મારી ઊઠ્યા: “કેવું હલકું પ્લાસ્ટર માર્યું છે! આવા કડિયાને તે કોણે રોક્યો હશે! ચાલ, કનુ, બીજી ખીલી લાવ. પણ હવે તો નિશાનીથી જરાક નીચે લગાવવી પડશે.”

હવે કાકાએ ધીમે ધીમે ખીલી ઠોકી. તે બરાબર ઠોકાઈ ગઈ. અને ત્રાણ—ચાર કલાકની ધમાલને અંતે કાકાએ છબી ભીંત પર લટકાવી. અમારા બધાં તરફ ગર્વથી જોતા જોતા તે નીચે ઊતર્યા અને કહેવા લાગ્યા, “કેમ, લટકાવી આપીને છબી! આ તમારા માધવકાકા કંઈ જેવાતેવા છે?”

[‘અમારા માધવકાકા’ પુસ્તક]

# જગજીવન ના. મહેતા

## દરેક માણસ

દરેક માણસ કરોડપતિ ન બની શકે, દરેક માણસ અખૂટ સંપત્તિનો સ્વામી ન બની શકે, દરેક માણસ રાણા પ્રતાપ કે મહાત્મા ગાંધી ન બની શકે. પણ દરેક માણસ જાતમહેનત કરી શકે, પોતાનું શરીર તંદુરસ્ત રાખી બીજાને મદદરૂપ બની શકે, દુ:ખીનું દુખ દૂર કરવા પુરુષાર્થ કરી શકે અને અંતે, વૃક્ષ પરથી પાકું ફળ જેમ ખરી પડે તેમ, પોતાનું આયુષ્ય પૂરું થતાં ઈશ્વરને ખોળે જવા તત્પર બની શકે.

['મારાં જીવન-સંસ્મરણો' પુસ્તક]

# જગદીપ વીરાણી

## વા વા વંટોળિયા!

*વાયરા વનવગડામાં વાતા’તા*
*વા વા વંટોળિયા રે!*
*હાં રે અમે ગાડામાં બેસીને જાતાં’તાં*
*વા વા વંટોળિયા રે!*

*ગાડાં દોડે, ઘૂઘરા બોલે,*
*બળદ કેરાં શિંગડાં ડોલે!*
*હાં રે અમે એકસાથ-સાથ મળી ગાતાં’તાં*
*વા વા વંટોળિયા રે!*

*ધોમ ધખેલા, આભ તપેલાં,*
*ગરમી કેરી ગાર લીંપેલા,*
*હાં રે અમે ઊની ઊની લૂ મહીં નાહતાં’તાં*
*વા વા વંટોળિયા રે!*

# જગદીશ ચાવડા

## જીવ ન ચાલ્યો

શશિભૂષણ બંદ્યોપાધ્યાય સરકારી વકીલ હતા. વૈશાખ માસના એક દિવસે બપોરે બે વાગ્યે તે એમના વેવાઈને ગામ જવા નીકળ્યા. જે કામ સારુ એ નીકળ્યા હતા તેમાં એમની પોતાની હાજરીની જરા પણ જરૂર ન હતી. એકાદ ચાકરને ચિઠ્ઠી આપીને મોકલ્યો હોત તો ચાલત. એટલે વેવાઈને ઘેર પહોંચ્યા ત્યાં કોઈએ એમને પૂછ્યું, “આટલા અમથા કામ માટે આવી વરસતી લૂમાં આપે જાતે શા સારુ ધક્કો ખાધો?”

જવાબમાં શશિભૂષણબાબુ બોલ્યા, “પહેલાં તો વિચાર આવ્યો કે એકાદ નોકરને મોકલું; પણ પછી જોયું કે તડકો બહુ આકરો છે, એટલે કોઈ નોકરને મોકલતાં મારો જીવ ન ચાલ્યો.”

—

પરીક્ષિતભાઈ કદી નવરા બેસતા નહિ. તહેવાર હોય કે રવિવાર, એમણે બધા વારને સરખા માન્યા. હસતાં હસતાં તેઓ કહેતા : “તહેવારના કે રવિવારના દિવસે આપણે ખાતાં નથી? તો પછી કામ કેમ બંધ રખાય?” સવારના પાંચથી રાતના દસ અને છેલ્લે તો અગિયાર સુધી તેઓ સતત કામમાં રોકાયેલા રહેતા. ગામડાંનાં મેલાંઘેલાં મુલાકાતીઓ એમની આજુબાજુ વીંટળાયેલાં રહેતાં. ઑફિસમાં હોય કે સૂવાની ઓરડીમાં, પ્રવાસમાં કે ગાડીમાં, મુલાકાતીઓની હારમાળા ચાલુ જ રહેતી. “આવો, કેમ આવ્યા છો, ભાઈ!” કહીને તે સહુને આવકારતા.

આશ્રમમાં હોય ત્યારે હરિજન સેવક સંઘની ઑફિસમાં સવારના

સાતથી સાંજના પાંચ સુધી, સાતેય દિવસ, તેઓ બેસતા. એક દિવસ વાતમાંથી વાત નીકળી અને તેમણે પૂછ્યું, “આપણે અહીં હોળીની રજા રાખવામાં આવે છે?” રજાની યાદી જોઈને મેં કહ્યું: “હોળી ને ધૂળેટી, એમ બે રજા છે.” “એમ? બે દિવસની રજા હોય છે?” તેમણે આશ્ચર્યથી પૂછ્યું. પછી, ઑફિસના સહુ કાર્યકર્તાઓને સંભળાય તેમ એક પ્રસંગ કહ્યો:

“બાપુએ ક્યારેય તહેવાર કે રવિવાર પાળ્યા નથી. તેઓ યરવડા જેલમાં હતા ત્યાં પણ પોતાની હંમેશની ટેવ મુજબ વહેલા ઊઠે, પ્રાર્થના કરે, કાંતે, અધ્યયન કરે. તેમનો એક ચોકીદાર એડનવાસી સોમાલી હતો, તે ન અંગ્રેજી જાણે, ન હિન્દી. અવારનવાર બાપુ પાસે પ્રાર્થનામાં બેસે, બાપુ કાંતે તે જોઈ રહે.

“એ અરસામાં બાપુને ખૂબ શરદી થઈ. તેમ છતાં રોજના નિયત કાર્યક્રમ મુજબ બાપુ વહેલા ઊઠે ને બધું કામ કરે. સોમાલીએ આ જોયું. બાપુ પાસે જઈને એ પોતાની ભાષામાં કાંઈક કહેવા લાગ્યો. પણ બાપુ તે ભાષા જાણતા નહોતા. છેવટે સોમાલીએ ઇશારા વડે આરામ કરવાનું કહ્યું. બાપુ સમજી ગયા. તેથી તેમણે પણ માથે તપતા સૂરજ તરફ આંગળી કરી કહ્યું: આફતાબ, આફતાબ. ચકોર સોમાલી બાપુનું કહેવું ઇશારામાં સમજી ગયો—સૂરજ જેમ આરામ કરતો નથી, તેમ માણસે પણ કામ કરવું જોઈએ.”

પ્રસંગ પૂરો થયો એટલે પરીક્ષિતભાઈ હસતા હસતા પોતાના કામમાં પરોવાઈ ગયા.

રવિવારને પણ કામનો જ દિવસ ગણનારા પરીક્ષિતભાઈનું અવસાન પણ એક રવિવારે જ થયું. છેલ્લી મિનિટ સુધી એમણે શરીર પાસેથી કામ લીધું. દવાખાનામાં લઈ ગયા, તો આજુબાજુ ઊભેલા સાથીઓને “તમારાં કામ બગડશે” કહી જવાનું કહ્યું. પણ “આજે રવિવાર છે, મોટાભાઈ! અમારે રજા છે,” એવો સાથીઓનો ઉત્તર એમને જાણે કે અસુખ કરાવી ગયો.

હવે એમનું સ્મરણ કરીએ ત્યારે અંતરમાંથી કોઈક અવાજ સંભળાતો લાગે છે: રવિવાર એ રજાનો વાર નથી. રવિવારે અનેક બાળકો આ વિશ્વમાં જન્મ લે છે. રવિવારે અનેક રોગીઓ અને વૃદ્ધો મૃત્યુ પામે છે. રવિવારે આપણે ખાઈએ છીએ, પીએ છીએ, દેહની અન્ય ક્રિયાઓ કરીએ છીએ. છતાં રવિવારને રજાનો વાર, આરામનો વાર કેમ ગણીએ છીએ?

# જગદીશ જોષી

## ધારો કે—

*ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને આપણે હળ્યાં*
*પણ આખા આ આયખાનું શું?*

*ખુલ્લી આ આંખ અને કોરી કિતાબ એને ફરીફરી કેમ કરી વાંચશું?*
*માનો કે હોઠ સ્હેજ મ્હોરી ઊઠ્યા ને છાતીમાં મેઘધનુષ ફોરી ઊઠ્યાં*
*પણ બળબળતી રેખાનું શું?*

*આકાશે આમ ક્યાંક ઝૂકી લીધું ને ફૂલોને 'કેમ છો?' પૂછી લીધું*
*પણ મૂગી આ વેદનાનું શું?*

*માનો કે આપણે ખાધું-પીધું અને માનો કે રાજ! થોડું કીધુંયે રાજ,*
*પણ ઝૂરતા આ ઓરતાનું શું?*

*ધારો કે રાણી! તમે જીતી ગયાં અને ધારો કે વાયરા વીતી ગયા*
*પણ આ માંડેલી વારતાનું શું?*

['વમળનાં વન' પુસ્તક]

—

*આખું યે આભ મારી આંખોમાં જાગે*
*લઈ પંખીના સૂરની સુવાસ;*

*તૃણતૃણમાં ફરકે છે પીછાંનો સ્પર્શ, અહીં*
*ઝાકળનો ભીનો ઉજાસ:*

*એક-એક બિંદુમાં સમદરની ફાળ,*
*કે એક-એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ!*

# જગદીશ વ્યાસ

## નહિતર...

*નહિતર આટલી સાલત નહિ માળાને એકલતા,*
*પરંતુ ક્યાં કદી પીછુંય મૂકી જાય છે પંખી?*

# ‘જટિલ’

## તારા હાથમાં

*ફેંકતા પાસા અમે, પણ દાવ તારા હાથમાં;*
*છે ભલે હથિયાર મારાં, ઘાવ તારા હાથમાં!....*
*શઢ ચડાવી સાત ઊપડી બેખબર મઝધારમાં—*
*તોડવી કે તારવી એ નાવ તારા હાથમાં!*

## આપણે

*મીણબત્તીને સૂરજ માની જીવ્યા તે આપણે,*
*ને ફરીથી સ્વર્ણ-મૃગ પાછળ પડ્યા તે આપણે...*

*સાત સાગર પાર જઈ સામે કિનારે ઊતર્યા,*
*ઝાંઝવાના એક બિન્દુમાં ડૂબ્યા તે આપણે.*

*આંખ સામે મોલ સુકાયા, ન આપ્યું બુંદ પણ,*
*ને ‘જટિલ’, રણ-રેતમાં વરસી પડ્યા તે આપણે.*

[‘કુમાર’ માસિક : ૧૯૭૭]

# જતીનભાઈ દલાલ

## ચા-નાસ્તો

'કટોકટી'ના દિવસોમાં એક દિવસ બાબુભાઈ બસમાં બેસીને અમારે ઘેર આવેલા. પોલીસ એમ્બેસેડર ગાડીમાં એમની પાછળ પાછળ ફરીને એમની હિલચાલની નોંધ રાખે. એ રીતે પોલીસ પણ અમારે ઘેર પહોંચી. બાબુભાઈ અમને કહે, પોલીસ થાકી ગઈ હશે; એમને માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરીએ. બહાર જઈને મેં પોલીસને કહ્યું કે, તમે લોકો મોટરગાડીમાં બેસીને આવો છો, તે તમને એમ નથી થતું કે આ માજી મુખ્ય મંત્રી બસમાં આવે છે તેને પણ ગાડીમાં બેસાડીએ! એ સાંભળીને એક કોન્સટેબલ રડી પડ્યો: અમારે અમારી ફરજ બજાવવી પડે છે. બાકી આ માણસની વાત થાય તેમ નથી! જ્યાં જ્યાં અમે એની પાછળ જઈએ છીએ ત્યાં અમારા ચા-નાસ્તાની વ્યવસ્થા કરાવે છે.

# જનક દવે

## પ્રસન્ન પ્રતિભા

પોતાની વિદ્વત્તાનો બોજ બીજાઓને ઊંચકવો પડે, એવું ભારેખમ વ્યક્તિત્વ ઘણા વિદ્વાનો ધરાવતા હોય છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીના વિદ્વાન શ્રી હરિવલ્લભ ભાયાણીની વિદ્વત્તાનો બોજ તેમનું સ્મિત વહન કરે છે. પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતા એ પ્રતિભાશાળી સંશોધકના વ્યક્તિત્વનાં બે પાસાં છેઃ એ પ્રખર વિદ્વાન છે, તો એવા જ વિનમ્ર અને વિનોદી પણ છે. એ શુષ્ક સંશોધનકાર છે, તો પાછા એવા રસિકવર છે કે સંસ્કૃત કે પ્રાકૃત મુક્તકોનું સૌંદર્ય સમજાવે છે. શબ્દોનાં મૂળ, થડ અને તેની શાખા-પ્રશાખા એ વૈજ્ઞાનિક ઢબે સમજાવે છે, તો શબ્દોની કથાની રસલહાણ પણ આપે છે. અભ્યાસના વિષયને એ ક્યારેય હળવો નથી બનવા દેતા, પણ એમની નિરૂપણ-રીતિ તો હળવી જ હોય છે.

શ્રી ભાયાણીનો ગૌર દેહ, સુકલકડી બાંધો, ભૂરી આંખો, વાર્ધક્ય પહેલાં જ પ્રાપ્ત થયેલા સફેદ વાળ અને હૃદયની સ્વચ્છ છબી જેવું મોઢા પર મલકતું હાસ્ય વારંવાર જોવાં ગમે તેવાં છે. મારે એ સંશોધન કરવું છે કે શ્રી ભાયાણી ક્યારે ગુસ્સે થયા હતા!

['સમર્પણ' પખવાડિકઃ ૧૯૬૪]

# જમિયત પંડ્યા

—

*નાવ જે મઝધાર પર છોડી મને ચાલી ગઈ,*
*એ કિનારે જઈ ડૂબી—હું ધાર પર હસતો રહ્યો!*

—

*નાવ જે મઝધાર પર છોડી મને ચાલી ગઈ,*
*એ કિનારે જઈ ડૂબી—હું ધાર પર હસતો રહ્યો!*

# જયંત કોઠારી

## અનન્ય ચરિત્રારેખા

ચી.ના. પટેલ ગાંધીઘેલા માણસ છે. મિત્રો મજાકમાં કહે છે કે એમને ગાંધી—વાયરસ લાગુ પડેલ છે. એ કંઈ પણ વાત કરતા હોય—ધર્મની, રાજકારણની, સાહિત્યની—દોસ્તોએવ્સકી કે દલપતરામ ઉપર લખતા હોય, એમાં ગાંધી આવ્યા વિના ન રહે. પણ બીજા ઘણા ગાંધીઘેલાઓ તો હાથમાં આવી ગયેલું ગાંધીજીનું કોઈ પૂછડું પકડીને ચાલતા હોય છે, એમને આખા ગાંધીની ખબર નથી હોતી. ચી. ના. પટેલ એવા માણસ છે કે જેમને આખા ગાંધીની ખબર છે અને પાકી ખબર છે. પોતાની વાતમાં એ ગાંધીને લાવે ત્યારે એ ઉલ્લેખ સંપૂર્ણ અધિકૃત હોય, ગાંધીએ કયા પ્રસંગે અને ક્યારે આમ કહ્યું હતું એ તારીખ-વાર સાથે એ કહી બતાવે, ગાંધીના શબ્દો કયા હતા એ પણ એમને યાદ હોય. આથી જ, ગાંધી વિશે લખાયેલું કંઈ ચી. ના. પટેલ પાસે આવે એટલે એમની ઝીણી નજરને એમાં નાનીમોટી ભૂલો દેખાયા વિના ન રહે. ઉષા મહેતા જેવાં ગાંધીરંગે રંગાયેલાં ને રાજ્યશાસ્ત્રાના અભ્યાસીના ગ્રંથમાં એમને હકીકતદોષો દેખાય અને આચાર્ય કૃપાલાનીને હાથે પણ ગાંધી કેટલેક ઠેકાણે ખોટી રીતે રજૂ થયા જણાય. ચી.ના. ના આધાર સાથેના ખુલાસા સાંભળીએ ત્યારે એમ લાગે છે કે ગાંધી વિશે લખાતું સર્વ કંઈ એમની નજરમાંથી પસાર થવું જોઈએ અને એની શુદ્ધિ કરવાનું કર્તવ્ય એમણે બજાવવું જોઈએ.

આવું તો ક્યાંથી થઈ શકે? પણ ગાંધીજીનો એક અધિકૃત ચરિત્રાગ્રંથ તો એમણે આપવો જ જોઈએ, એવું હું હંમેશાં માનતો રહ્યો છું.

આ સંયોગોમાં ધીરુભાઈ ઠાકર ‘ગુજરાતી વિશ્વકોશ’ માટે ચી. ના. પટેલ પાસે અધિકરણ લખાવી શક્યા, એ માટે એમને ખરેખર

અભિનંદન ઘટે છે.

વિશ્વકોશનાં ૪૪ પાનાં અને આશરે ૩૫,૦૦૦ શબ્દોમાં વિસ્તરતો ગાંધીજી વિશેનો આ લેખ વાંચતાં, પહેલાં તો મને લાગ્યું કે આ હકીકતખચીત વૃત્તાંતથી ગાંધીજીની મહત્તા અને એમનો પ્રભાવ યોગ્ય રીતે ઊપસે છે ખરો? આરંભના “ભારતના રાષ્ટ્રપિતા અને વિશ્વવિખ્યાત સંત” એ શબ્દો અને અંતે ટૂંકમાં રજૂ થયેલી ગાંધીજીના યુગકાર્યની સંક્ષિપ્ત નોંધ બાદ કરીએ તો આખાયે લેખમાં નકરી દસ્તાવેજી માહિતી છે. એમાં ક્યાંય ગાંધીજી વિશે પ્રશસ્તિવચનો વેરાતાં જતાં નથી, ગૌરવગાન થતું નથી ને હકીકતોને રોમાંચકતાથી રંગવામાં આવી નથી. કોશરચનાની આવી પણ એક રીત હોય છે—કેવળ હકીકતો રજૂ કરવાની. ‘ઓક્સફર્ડ કમ્પેનિયન ટુ લિટરેચર’ શેક્સપિયર વિશે ‘એક નાટ્યકાર’ એટલું જ લખે, ‘મહાન’ કે ‘પ્રથમ પંક્તિના’ કે ‘વિશ્વવિખ્યાત’ એવું વિશેષણ પણ ન લગાડે. અને પછી એમની કોરી જીવનરેખા દોરીને જ સંતોષ માને. ગાંધીજી વિશેનો ચી. ના. પટેલનો આ લેખ એ શિસ્તનો છે. અને એનું મૂલ્ય એ શિસ્તના હોવામાં જ છે. ગાંધીજી કોઈ એક ચોક્કસ પ્રસંગે કેમ વર્ત્યા હતા કે શું બોલ્યા હતા કે એમનું દૃષ્ટિબિંદુ શું હતું એ જાણવા માટે જેની પાસે નિશ્ચિંત રીતે જઈ શકાય એવો આ લેખ થયો છે. એટલે ગાંધીજીવિષયક એક અત્યંત ઉપયોગી સંદર્ભસાધન આપણને હાથવગું થયું છે. સૌ ગાંધી-અભ્યાસીઓ ને ગાંધીપ્રેમીઓના હાથમાં એ હોવું જોઈએ. (ગાંધીચરિત : લે. ચી. ના. પટેલ)

[‘વ્યાપન’ પુસ્તક]

## ક્યાં ક્યાંથી પોષણ મેળવ્યું

હું વણિક કુટુંબનું સંતાન. વિદ્યાના સંસ્કાર ઘરમાં નહીંવત્. પિતા સાવ બાળપણમાં ગુમાવેલા. પિતાને સ્થાને જેમને અમે ગણતા તે

બાપુજી(પિતાના મોટા ભાઈ)એ થોડો સમય શિક્ષકપદું કરેલું. મારા મનમાં ઊંડી વસી ગઈ એમની સરળ સત્યનિષ્ઠા. બા મોટા અક્ષરો વાંચવા જેટલું શિક્ષણ પામેલાં, પણ રૂઢિપ્રયોગો—કહેવતોનો ભંડાર. મને લાગે છે કે સાહિત્યનો ને વિદ્યાનો રસ મારામાં આજુબાજુના વાતાવરણમાંથી જ સિંચાયો હશે. માણસમાં સ્વભાવગત કંઈક હોય છે અને એને અનુરૂપ પોષણ એ આજુબાજુથી ખેંચી લે છે. શિક્ષણે મને ઘણું આપ્યું છે, પણ મારી સિદ્ધિના મૂળમાં કંઈક સ્વભાવગત—કહો કે ઈશ્વરદત્ત હોવા સંભવ છે.

જમીનના તળમાંથી ફૂટતી સરવાણી બહારથી આવી મળતાં ઝરણાંઓથી પુષ્ટ બની વિશાળ પ્રવાહનું રૂપ પકડે છે ત્યારે કેટલું એનું પોતાનું અને કેટલું બીજાનું, એ કહેવું મુશ્કેલ હોય છે. તેમ જ જીવનવિકાસનું પણ છે.

રામનારાયણ પાઠક એક આદર્શ વિવેચક તરીકે મારી સામે રહ્યા છે—તત્ત્વગ્રહણની સૂક્ષ્મ શક્તિ અને એ તત્ત્વગ્રહણને સ્વચ્છ રીતે ઝીલી બતાવતા ગદ્યને કારણે. મારા સ્વભાવે એમનામાંથી પોષણ મેળવ્યું. અમારા સમાનશીલનો પાયો આ હોવાનો સંભવ છે: વસ્તુને બરાબર સમજવી અને સમજીને લખવું. સમજાયું હોય એ લખવું. સમજાયું હોય એ લખીએ તો બીજાને સમજાય જ. લખાણની દુર્બોધતા ઘણી વાર વસ્તુની અધૂરી પકડ, અપર્યાપ્ત સમજને કારણે હોય છે.

## લોકોને સાહિત્ય તરફ વાળવા

ગુજરાતી વિવેચન શબ્દાળુતામાં રાચતું દેખાય છે. કહેવાનું ઓછું હોય ને ઘટાટોપ વધારે હોય. આવું બધું જોઈએ ત્યારે થાય કે સીધી સરળ ભાષા લખવી એ ખરેખર અઘરું કામ છે, ને અઘરું લખવું એ સહેલું કામ છે. સીધી, સરળ અભિવ્યક્તિ વિચારની ચોકસાઈ ને ચોખ્ખાઈ વિના સંભવતી નથી.

અખબારી કૉલમની લખાણની ગુણવત્તા પર અસર જરૂર થાય છે. એમાં સુરેશ જોશી પણ અપવાદ નથી. લખવા પાછળ જે દૃષ્ટિ તથા ખંત હોવાં જોઈએ, તે આપણા કટારલેખકોમાં નથી. કેટલાક તો ચાર-ચાર પાંચ-પાંચ છાપાંઓમાં લખતા હોય છે. પછી ગુણવત્તા જળવાય કઈ રીતે?

વધારે લોકો સુધી પહોંચી શકે એવાં સામયિકો ખૂટે છે. લોકો સુધી જે પહોંચે છે તે સાહિત્યિક નથી હોતાં. અને જે સાહિત્યિક છે તેની ભાષા એવી છે કે લોકો સમજી ન શકે. બે વચ્ચે સમન્વય રચાવો જોઈએ. ‘મિલાપ’ એ કામ કરતું હતું. હવે આપણી પાસે એવું સામયિક નથી. લોકોને કલા અને સાહિત્ય તરફ વાળવા એ જ સવાલ છે. લોકો પુસ્તકો લેવા ન આવે, તો તમે લોકો પાસે પુસ્તકો લઈ જાઓ. ‘લોકમિલાપ’ એ કામ કરતું આવ્યું છે.

## પારિતોષિકોનું મૂલ્ય

પુરસ્કારો-પારિતોષિકો જે-તે વ્યક્તિના કાર્ય તરફ લોકોનું ધ્યાન ખેંચવાનું કાર્ય કરે છે. પણ આવી ઘટના કેવળ કામચલાઉ હોય છે અને અંતે તો માણસ એના કાર્યથી જ ઊભો રહેતો હોય છે. [વળી] સમાજની બધી પ્રતિભાઓને કંઈ પોંખી શકાતી નથી. ઘણી પ્રતિભાઓ અને ઘણાં સત્કાર્યો પોંખાયાં વિનાનાં રહી જતાં હોય છે. ઘણાંની જાણ પણ થતી નથી. ઘણાં સુંદર કાર્યો પોંખાવાની અપેક્ષા વિના થયાં જ કરતાં હોય છે.

બીજી પણ વાત છે. ઇનામ-અકરામની વ્યવસ્થામાં આકસ્મિકતા ટાળી શકાતી નથી. અંગત રુચિનો ને કેટલીક વાર અંગત સંબંધનો પ્રભાવ ટાળી શકાતો નથી. વળી માણસમાં ઇનામ-અકરામ માટેની લાલસા પણ હોય છે. આ સ્થિતિ કેટલીક વાર ખટપટોને પણ અવકાશ આપે છે. ઇનામ-અકરામો કેટલીક વાર અયોગ્ય સ્થાને અપાતાં પ્રતીત થાય છે.

પારિતોષિકો-પુરસ્કારો કેટલીક વાર ખોટાં મૂલ્યો ઊભાં કરતાં લાગે છે.

## ઊર્ધ્વલોકની યાત્રાએ

મેઘાણીનું ગાંધીજી-વિષયક કાવ્ય ‘છેલ્લો કટોરો’ ગુજરાતી સાહિત્યમાં ઘણી પ્રસિદ્ધિ પામ્યું છે. એને ગાંધીજીનું પ્રમાણપત્ર પણ સાંપડેલ છે. પણ ગાંધીજીવિષયક બીજું એક મેઘાણી-કાવ્ય ‘છેલ્લી સલામ’ મને આનાથીયે ચડિયાતું ભાસે છે.

અસ્પૃશ્યો માટે અલગ મતદારમંડળો રચવાનો અંગ્રેજ સરકારનો નિર્ણય જાહેર થયો તેના વિરોધમાં ગાંધીજીએ અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કર્યા, એ પ્રસંગને અનુલક્ષીને ‘છેલ્લી સલામ’ કાવ્ય રચાયેલું છે. ગાંધીજીએ એ સ્પષ્ટ કર્યું હતું કે ઉપવાસ કરવામાં પોતાનો ઉદ્દેશ સરકાર ઉપર દબાણ લાવવાનો નહીં પણ સવર્ણ હિંદુઓની ન્યાયવૃત્તિ જાગ્રત કરવાનો છે, જેથી તેઓ અસ્પૃશ્યો પ્રત્યે ભેદભાવ રાખતા બંધ થાય અને અસ્પૃશ્યો માટે અલગ મતદારમંડળોની જરૂર ન રહે. સવર્ણોએ અસ્પૃશ્યો પર ગુજારેલા સિતમો અને એને લઈને ગાંધીજીને થતી અપાર વેદનાનો એકમાત્ર દોર લઈને મેઘાણીએ ‘છેલ્લી સલામ’ કાવ્ય રચ્યું છે.

કાવ્ય ઐતિહાસિક છે. પણ કાવ્યમાં એની ઐતિહાસિકતાનો નિર્દેશ નથી—ન ગાંધીનો, ન એમના અનશનનો, ન અનશનના કારણનો. આપણે એ ઐતિહાસિકતાને લઈને કાવ્યમાં પ્રવેશવાનું છે. કાવ્યમાં આપણે પરાકાષ્ઠાની નજીકની ક્ષણે પ્રવેશીએ છીએ. અનિશ્ચિત મુદતનું અનશન મરણાન્તક પણ બને. ગાંધીજી મરણાસન્ન સ્થિતિએથી બોલી રહ્યા છે, વિદાય માગી રહ્યા છે, એ રીતે કાવ્યનો આરંભ થાય છે. વિદાય હમેશાં હૃદયને આર્દ્ર કરનારી હોય છે, પણ આ તો ગાંધીની વિદાય છે—એક મહા આત્માનું મહાન હેતુ કાજે આત્મસમર્પણ છે. એ આપણને હલાવી મૂક્યા વિના રહે નહીં. પણ ગાંધીજીનો પોતાનો સ્વર તો શાતાભર્યો છે, પ્રેમનીતરતો છે, ક્ષમાભાવભર્યો છે. એ સલામ

પાઠવે છે ને જુહાર કરે છે સૌ પ્રથમ ‘મારાં ભાંડુડાં’ને. આ ‘મારાં ભાંડુડાં’ કોણ? કાવ્યમાં પછીથી આવતી પંક્તિ “એની તો વણાવી ધીંગી ધરમ ધજાઓ, એને ભાંડું કેરે રગતે રંગી ભલી ભાત”ને યાદ કરીએ, તો સમજાય કે ‘મારાં ભાંડુડાં’ એટલે જેમને ખાતર ગાંધીજીએ પોતાના જીવનને હોડમાં મૂક્યું છે એ દલિતો. પહેલી વિદાય-સલામ તો એમને જ હોય ને! પણ જગપ્રેમી ગાંધી કંઈ જગતને, અને પોતાના વિરોધીઓને પણ, થોડા વીસરી શકે? “મળાયું ન તેને સહુને માફામાફ કે’જો, ને રુદિયામાં રાખી અમને રે’જો” એ ઉદ્‌ગાર બતાવે છે કે ગાંધીજી જગતને પ્રેમ કરનારા માત્ર ન હતા, જગતનો પ્રેમ ચાહનારા પણ હતા. એમાં જ પ્રેમની પરિપૂર્ણતા છે ને? આ કડીમાં ગાંધીજીની નરી નમ્રતા, નરી નિર્વૈરતા, નરી પ્રેમમયતાનો સ્પર્શ આપણે અનુભવીએ છીએ અને એ દ્વારા એમના વ્યક્તિત્વની અસાધારણતા, લોકોત્તરતા પ્રતીત કરીએ છીએ.

હવે આત્મસમર્પણનો ઉત્કટ ભાવ. કેવો ઉત્કટ? “ટીપે ટીપે શોણિત મારાં તોળી તોળી આપું”. શોણિત તોળી આપવાની વાત જ આત્મસમર્પણની ઉત્કટતા વ્યક્ત કરવા સમર્થ છે, પણ “ટીપે ટીપે” “તોળી તોળી” એ દ્વિરુક્ત પ્રયોગથી સમર્પણભાવની ઉત્કટતા ગાઢી બને છે. “ટીપે ટીપે” એટલે એક એક ટીપું આપીને નહીં, પણ એકેએક ટીપું, ટીપેટીપું આપીને. શિબિરાજાએ શરણે આવેલા હોલાને બચાવવા સામા છાબડામાં પોતાના શરીરનું માંસ ટુકડે ટુકડે મૂકતા જઈને અંતે આખું શરીર ધરી દીધેલું, એ ભવ્ય આત્મસમર્પણકથા આપણને અહીં યાદ આવે.

પછીની પંક્તિમાં કહેવાયું છે કે આત્મસમર્પણ પાપના પ્રાયશ્ચિત્તરૂપે છે. પણ પાપ તો એવું છે કે આવા આત્મસમર્પણથીયે એનું પૂરું પ્રાયશ્ચિત્ત થઈ શકે તેમ નથી. કદીયે ન ધોઈ શકાય એવું પાપ છે. “પૂરાં જેનાં પ્રાછત કદીયે જડશે ન જી”—કેવો આબાદ ભજનવાણીનો ઉદ્‌ગાર છે આ!

ભૂતકાળનાં પ્રજાકીય પાપનાં—પૂર્વજોનાં પાપનાં બે દૃષ્ટાંતો અહીં

અપાયેલાં છે. એ આર્યપ્રજાએ અનાર્યપ્રજા પર ગુજારેલ અત્યાચારનાં દૃષ્ટાંતો છે. “મારા પૂર્વજ” કહીને ગાંધીજી પોતાને પણ એ પાપના વારસદાર—ભાગીદાર બનાવે છે. અત્યાચાર, અન્યાયના પ્રસંગોનું સીધું કથન જ થયું છે. કવિ-કલ્પનાનો કશો ઓપ એમાં નથી. છતાં એ બે કડીઓ હૃદયમાં જડાઈ જાય છે. આનું રહસ્ય શામાં છે? એકેએક શબ્દ અને ઉક્તિની ઔચિત્યપૂર્ણતામાં અને અર્થસભરતામાં. લોકબાનીના લાક્ષણિક શબ્દપ્રયોગો એમાં સહજ રીતે આવી ગોઠવાઈ ગયા છે: “પાંડુ તણા પુત્રો”, “આદુના નિવાસી”, “રુદાનો વિસામો”, “ખાધેલ ખોટયું” વગેરે. તે ઉપરાંત “ભુંજાણાં”ને “ઓરાણાં” એ ક્રિયાપદોની અર્થવાહકતા તો અદ્‌ભુત છે. બળવાની સામાન્ય ક્રિયાનો બોધ એ કરાવતાં નથી. ધગધગતી કડાઈમાં અનાજના દાણા શેકાતા હોય, આંધણના ઊકળતા પાણીમાં અનાજ નખાતું હોય, એનાં ચિત્રો આપણી આંખ સામે ખડાં થાય છે, અને અત્યાચારકથા ભારે હૃદયદ્રાવકતા ધારણ કરે છે.

નાગલોકો પરના અર્જુનના અત્યાચારની વાત તો ઠીક, પણ ખુદ રામે ઊઠીને શૂદ્ર તપસ્વી શંબૂકને કરેલા અન્યાયની વાત ગાંધીજીના મુખમાં મૂકવાનું કામ જરા કપરું કહેવાય. પણ મેઘાણીની ઔચિત્યબુદ્ધિને, એમના અભિવ્યક્તિકૌશલને આપણે દાદ દેવી પડે. “રઘુપતિ રામ મારા રુદાનો વિસામો” એવા ઉદ્‌ગારથી પ્રથમ ગાંધીજીની રામભક્તિને સુંદર રીતે ઉઠાવ આપ્યો, અને પછી “ઋષિઓને વચને ખાધેલ ખોટયું” એમ જરા હળવાશથી—કહો કે બચાવનામા સાથે—એમના દોષની રજૂઆત કરી દીધી. રામ પ્રત્યેનો આદર ઓછો થતો નથી, પણ એમનો દોષ તે દોષ જ રહે છે, ને એનાં પરિણામ આજ સુધી પહોંચે છે—“એનું ઘોર પાતક આજે ઊમટ્યું…!”

દાખલા તો બે જ, પણ પછી સમગ્ર પરિસ્થિતિનું જે ચિત્ર મેઘાણી દોરે છે, એ તો હૃદયમાં ઉત્પાત મચાવે એવું છે. “છેદ્યાં, બાળ્યાં, ગારદ કીધાં પૃથ્વીના પેટમાં” વિવિધ ક્રિયાપદોના સમુચ્ચયથી સંહાર એ માત્ર સંહાર રહેતો નથી, સંહારલીલા બને છે. પણ કેવળ સંહારથી આતતાયીઓનું કામ કદી પૂરું થાય છે? એમનાં બીજાં શસ્ત્રો પણ છે,

ને કદાચ વધારે દર્દનાક—નિશ્કાસન અને ઘૃણા ("અસુરો કહી કાઢ્યાં વનવાસ"), યાતનામય જીવન ("જીવતાંને કાજે જુદી નરકું બંધાવીયું"), છેવાડાનું સ્થાન અને ગુલામી ("સદાનાં નરાધમ રાખ્યાં દાસીદાસ"). આર્ય પ્રજાએ આ દેશની આદિ-નિવાસી પ્રજા પર જે જે વિતાડયું તે સઘળું મેઘાણીએ આ ચાર પંક્તિમાં કેવા લાઘવથી ને સચોટ રીતે વર્ણવી બતાવ્યું છે!

આ અન્યાય-અત્યાચારને ધર્મનું રૂપ આપવામાં આવ્યું, તેની વાત પછીની બે કડીઓમાં કરી છે. વર્ણવ્યવસ્થા હિંદુ ધર્મનું એક મહત્ત્વનું અંગ છે, અને એમાં એક ક્ષુદ્ર વર્ગ ઊભો કરવામાં આવ્યો છે જે માનવઅધિકારોથી વંચિત છે. આ વાત કહેવા માટે મેઘાણીએ બે ધાર્મિક પ્રતીકો લીધાં છે—ધર્મધ્વજા અને હરિનો રથ. ધર્મધ્વજામાં શાનો વણાટ છે? સમર્થોની સત્તા, ધુતારાની ધૂતણબાજી, કુડિયા ગુરુની કરામત વગેરેનો. એટલે કે ધજા એ સત્તાનું, ધૂર્તતાનું, કૂડકપટનું પ્રતીક બનેલ છે. આ બધું દલિતોને કાયમ દલિત અવસ્થામાં જ રાખવા માટે છે. તેથી તો એ ધીંગી ધરમધજા "ભાંડું કેરે રગતે રંગી ભલી ભાત" એમ કહેવાયું છે.

છેવાડે છતાં આ દલિતો હિંદુધર્મનું અંગ બની રહ્યા છે. સિતમોની ઝડીઓ સહીને પણ એમણે હિંદુધર્મને પુષ્ટ કર્યો છે. "ધરમધજા કેરે ક્યારે સિંચાણાં" એ અલંકારોક્તિનું આ તાત્પર્ય છે. "રુદામાં શમાવી સરવે રુદનપિયાલા, વાલાં હરિ કેરા રથડા હેઠળ પિલાણાં" એનું પણ એ જ તાત્પર્ય. હરિનો રથ એમના બલિદાનપૂર્વક જ ગતિ કરતો રહ્યો છે.

પણ હવે તો અવધિ આવી છે. ગાંધીજી પોકારીને કહે છે, "રથના સારથિડા—સુણજો, સાધુ ને ગુંસાઈ સરવે, કડાકા કરે છે રથની ધરીઓ." હરિરથ તો ભલે રહ્યો પણ, ગાંધીજી હળવેથી ધ્યાન દોરે છે—"ભીતર તો નિહાળો: હરિ ક્યાં પળિયો?" ધર્મનું ખોખું જ રહ્યું છે, એનો આત્મા તો રિસાઈ ગયો છે. આ અન્યાય—અત્યાચાર કંઈ ઈશ્વરને માન્ય હોય?

નવા યુગનાં મંડાણ થયાં છે, અને એની માગ છે પરિવર્તનની.

"જુઓ જુઓ જુગનો ભેરવ ઊભો વાટ ખાળી આજે", "જુગનો મહારાજા આજે મહાકાળ જાગિયો" એ પંક્તિઓમાં આ વાત મેઘાણીએ પ્રભાવક રીતે મૂકી છે. ધર્મના ધારણ-કાંટા આજે નવેસરથી મંડાયા છે. એક નવા ધર્મમૂલ્યની સ્થાપના માટે ગાંધી પોતાનું બલિદાન આપવા તત્પર થયા છે: "સતને ત્રાજવડે મારાં કલેજાં ચડાવિયાં મેં, શીશ તો નમાવ્યું શાસનદંડે." કાવ્યના આરંભે આવેલી "ટીપે ટીપે શોણિત મારાં તોળી તોળી આપું" એ પંક્તિ અહીં યાદ આવે. પણ ત્યાં કેવળ પાપના પ્રાયશ્ચિત્ત રૂપે જીવનસમર્પણનો ભાવ હતો. અહીં એ તો છે જ, પણ એ ઈશ્વરી શાસન સ્વીકારવાની તૈયારીરૂપે આવે છે—"શીશ તો નમાવ્યું શાસનદંડે." એમાં પરમ ઈશ્વર શરણતા અને નમ્રતા વ્યક્ત થાય છે. વળી, અહીં કેવળ પાપના પ્રાયશ્ચિત્તનો ભાવ નથી; સત્યધર્મની—ન્યાયધર્મની સ્થાપના અર્થે આત્મસમર્પણનો અતિ ઉદાત્ત ભાવ પણ છે. રોશ અને આક્રોશનું જાણે શાંત, નિર્મળ આત્મસમર્પણભાવમાં શમન થાય છે. એક માનવઆત્મા કેટલી ઊંચાઈએ પહોંચી શકે તેનું પાવનકારી દર્શન એમાં થાય છે.

ફરી પાછાં વિદાયવચનો. દલિતોની યાતનામય જીવનસ્થિતિ માટેની ગાંધીજીની હૃદયની વેદના કાવ્યની પંક્તિએ પંક્તિમાંથી નીતરે છે, પણ વિદાયની કોઈ વેદના નથી. આ તો વધામણી આવી છે—શુભ સમાચાર, આનંદના સમાચાર, મંગલ અવસર આવ્યો છે. દલિતોનો મુક્તિયજ્ઞ મંડાયો છે, એમાં ગાંધીના નામની હાકલ પડી છે. ને આ તો હરિનું તેડું છે. એનો શોક શાનો હોય? માટે જ તો ગાંધીજી કહે છે: "હસતાં મુખડાંની અમને વિદાયું દિયો રે, વાલાં! રખે કોઈ રોકે નયણાં રડીને." હસતે મુખે અને આંસુવિહીન આંખે—આનંદપૂર્વકની વિદાયને કવિએ મૂર્તતા અર્પી છે. હરિશરણ અને ધર્મપાલનના આવા પ્રસન્નમંગલ ધ્વનિ સાથે કાવ્ય સમાપ્તિ પામે છે, એમાં ગાંધીજીનું કેવું ઉજ્જ્વલ સંતત્વ પ્રગટ થાય છે!

હૃદયને વલોવી નાખનારો વિશયવિભાવ—દલિતવર્ગની યાતનાભરી અધમદશા, એને અવલંબીને પ્રગટ થતું ગાંધીજીનું ભવ્યોજ્જ્વલ

સંતચરિત્રા, એને સમર્થ રીતે અભિવ્યક્ત કરતાં ભજનવાણી ને ભજનસૂર—આ બધું આ કાવ્યને ઘણે ઊંચે સ્થાને સ્થાપે છે. ભાવદ્રવ્ય અને અભિવ્યક્તિકળા, બન્નેની અસામાન્યતા લઈને ‘છેલ્લી સલામ’ આવે છે અને આપણા ચિત્તને ઊર્ધ્વલોકની યાત્રા કરાવે છે.

[‘શબ્દસૃષ્ટિ’ માસિક]

## અમારાં બા

બા ગયાં એટલે રાતોરાત અમે જાણે મોટાં-વડીલ બની ગયાં. એકાએક કેટલાક નિર્ણયો લેવાનો ભાર અમારા પર આવી ગયો. અત્યાર સુધી એક છત્ર હતું, ઢાલ હતી. બધી જવાબદારી બા પર નાખી શકાતી-“બાને પૂછીને કર્યું’તું.” બા પણ કહેતાં, “હું કહું છું ને!” “હું બેઠી છું ને! મારું નામ દૈ દેજો.”

બાના છેલ્લા દિવસોમાં એમને પલંગ પર જ ખાવાનું આપવાનું થતું હતું. હું કોલેજેથી આવીને જમીને એમની પાસે બેસતો, એમને ખવડાવતો અને બા ખાસ વાત ન કરતાં પણ ત્યાં જ બેસીને છાપું વાંચતો. તે પહેલાં ઉનાળામાં હું રજા ભોગવતો હતો ત્યારે સવારે કે સાંજે ઓટલા પર બેસીને મારું કંઈ લખવા-વાંચવાનું કામ કરતો હોઉં ત્યારે બાને ત્યાં ખુરશી ઢાળી દઉં. એ થોડી વાર બેસે પણ ખરાં. પણ સામાન્ય રીતે બા પાસે બેસવાનું મારાથી ઓછું થતું. બોલવાની ઓછી આદત અને બાની કૌટુંબિક વહેવારસહેવારની વાતોમાં હું ઓછો રસ લઈ શકું. એમને રસ પડે એવી વાતો કરવાની પણ મારામાં આવડત નહીં. બાને આ વિશે સ્વાભાવિક રીતે જ ફરિયાદ રહેતી. કહેતાં પણ ખરાં, “આપણે પાંચ વેણ બોલીએ ત્યારે એ એક બોલે”, “એ એવું ધીમું બોલે કે મને કંઈ સમજાય નહીં. આપણે મૂઆં બહેરાં.”

તોપણ બા ને મારી વચ્ચે એક મૂંગી સરવાણી વહ્યા કરી છે એમ મેં હંમેશાં અનુભવ્યું છે. પિતાને તો જોયાની પણ મને સાંભરણ

નથી. મારી ચાર વર્ષની ઉંમરે મેં એમને ગુમાવેલા. સૌથી મોટા ભાઈ પણ એ વખતે ચૌદેકથી વધારે વર્ષના નહીં હોય. બાએ ઘરસંસાર કઈ રીતે રોડવ્યો એની અમને ખબર પડી નથી. કદી અમને ઓછું આવવા દીધું નથી. પિતાના મોટાભાઈ-જેમને અમે બાપુજી કહેતા-તેમની ઘણી ઓથ અને હૂંફ અમને મળી રહી. મારું ઘડતર તો બાપુજી અને બાની હેતાળ છાયામાં જ થયું.

બા એટલે અમ ભાંડરુંનાં જ બા નહીં, મારાં સંતાનોનાં પણ ‘બા’ ને બાપુજીના દીકરા ગૌતમભાઈનાં પણ ‘બા’. ઘરની વહુવારુને એમનાં બાળકો ‘બા’ ન કહેતાં ‘ભાભી’ કહે એવી અમારા તરફની એક રૂઢિ. ‘બા’ શબ્દ તો ગૌરવવંતો. ઘરનાં વડીલને જ એ શોભે. યુવાન માતાને તો એ શબ્દની શરમ લાગે. એ રીતે, અમારાં સંતાનો એમની જનેતાને ‘ભાભી’ અને બાને ‘બા’ કહે; ગૌતમભાઈને તો એમનાં જન્મદાત્રી મા દશ મહિનાના જ મૂકીને ગુજરી ગયેલાં. બાપુજી ફરી વાર પરણ્યા નહીં. બાએ જ ગૌતમભાઈને ઉછેરીને મોટા કર્યા, પરણાવ્યા, માંદેસાજે એમની ઊઠવેઠ કરી. એમનાં નાચ્યાંખૂંદ્યાં ખમ્યાં અને સદાને માટે એમનાં બા બનીને રહ્યાં.

બા મારા મિત્રવર્તુળનાં પણ બા. રાજકોટમાં મારા ઘણા મિત્રોનો છેલ્લો કોગળો અમારે ત્યાં. રોજ સાંજે અમે સાથે ફરવા જતા. પછી તો નવવિધાન મિત્રમંડળની પ્રવૃત્તિથી અમારું ઘર ધમધમવા લાગ્યું. બાએ આ હડચો હેતથી સહન કરી લીધો. મિત્રો પણ ઘરના દીકરાઓ જેવા થઈને રહે.

અમે જોતાં હતાં કે અમારાં સૌ સગાંસંબંધીઓમાં બાને માટે અત્યંત ભાવ. મણિકાકા હોય કે લાઠિયાકુટુંબનું કોઈ હોય, પડોશમાં રહી ગયેલ રંભાભાભી હોય કે ઘેર કામ કરી જનાર રેવાબહેન હોય, લાંબા સમય પછી પણ અમારી સાથે સંબંધ રાખે. આનું કારણ બા હતાં. બાએ સૌનું કર્યું હતું ને સૌને સાચવ્યાં હતાં. મારું મોસાળ ધોરાજી પાસે ભાડેર અને બાપીકું વતન થાન. મારા પિતા ને એમના બે ભાઈઓ પહેલવહેલા રાજકોટ જેવા શહેરમાં આવી વસ્યા. હટાણું

કરવા આવતા થાનના અમારા કુટુંબીઓનો રોટલો સ્વાભાવિક રીતે જ અમારે ત્યાં હોય. મોસાળિયાઓને પણ માંદેસાજે મોટી ઇસ્પિતાલની સારવારની જરૂર પડે કે છોકરાંઓને ભણાવવાં હોય ત્યારે રાજકોટનું બહેનનું ઘર જ યાદ આવે. કુટુંબીઓની બહેનો-દીકરીઓ પરણીને રાજકોટ આવતી થઈ એનાં તેડાં-નોતરાં પણ બા જ કરતાં. નાનાં હતાં ત્યારે અમારે આવી રીતે તેડવા-મૂકવા જવાનું કે હોસ્પિટલે કંઈ કંઈ પહોંચાડવા જવાનું થતું એ યાદ આવે છે.

બા માણસભૂખ્યાં હતાં. જતું કરીને, ઘસાઈ છૂટીને પણ સંબંધ જાળવી રાખવાનું એમને ગમે. 'માગણાવાળો' 'રોયો' 'પીટ્યો' 'નખ્ખોદિયો' આ શબ્દો એ ચીડમાં જ નહીં, લાડમાં પણ બોલતાં. આ શબ્દો એમને માટે સામા માણસ સાથે આત્મીયતાભર્યો સંબંધ જોડી આપનારા હતા.

સગાંસંબંધીઓને મળવાહળવાનું બાને ગમતું. અવસ્થા થઈ અને પોતે ઓછું બહાર જતાં થયાં પછી તો કોઈ મળવા આવે એની એમને ખાસ ઝંખના થતી. અને સામું માણસ ન આવે તો પોતે એને ત્યાં જવા તલસતાં-શરીરનો શ્રમ વેઠીને જતાં પણ ખરાં. થાક્યાંપાક્યાં આવે એટલે કહે, "હવે તો ક્યાંય જવાનું નામ નથી લેવું." પણ કેટલોક સમય જાય એટલે વળી પાછું એમનું મન સળવળે.

જોવાનું-બોલવાનું બાના સ્વભાવમાં. બાજુમાં એમની હેડીનાં માજી હતાં તેમની સાથે બાનાં બહેનપણાં સારાં ચાલતાં. બન્ને ઓછું સાંભળે ને એમની વચ્ચે ક્યારેક "આ મૂઓ વરસાદેય ક્યાં આવે છે?"... "હંઅ, મનેય હમણાં પેટમાં ઠીક નથી રહેતું." એવો સંવાદ ચાલે એ અમે ગમ્મતથી સાંભળીએ. બા ઓટલે બેસીને સૌ જતાં-આવતાંને બોલાવે, ખબરઅંતર પૂછે. પડોશની સ્ત્રીઓ બા પાસે બેસે પણ ખરી. બાની વાતોમાં ઓઠાં ગૂંથાતાં જાય એ સાંભળવામાં એમને રસ પડે. બા સૌના ઘરની વાતોમાં રસ લે, ગમતું-અણગમતું ટીકાટિપ્પણ પણ થોડુંક કરી નાખે. કોઈ ઉતાવળમાં હોય ને મોઢું સંતાડીને, બાની નજર ચુકાવીને પસાર થવા જાય તો બા એને ટકોર્યા વિના ન રહે. બાએ પોતાની આ બોલચાલથી પડોશમાં સૌને માયા લગાડી દીધી.

હા, બામાં કેટલુંક કાઠિયાવાડી સાસુપણું ખરું. શાક શું લેવું એ પણ એમને લગભગ છેક સુધી પૂછવાનું રહેતું. એમને ઘરની આવી બાબતોમાં પૂછવાનું ન બન્યું હોય તો માઠું લાગી જાય. બન્યું ત્યાં સુધી એમણે હાથપગ ચલાવ્યા જ. એટલે સ્વાભાવિક રીતે જ ઘરનાં કામોમાં એમની પસંદગી-નાપસંદગી નિર્ણાયક બનતી રહી. શરીર ચાલતું ઓછું થયું ત્યારે પણ રસોડામાં શું ચાલે છે એ બા ડોકિયું કરીને જોઈ લે ખરાં. વહુઓ ને એમનાં પિયરિયાં વિશે પણ બા બોલી નાખે. વહુઓને માઠું લાગ્યું હશે, પણ ધીમે ધીમે આને ઘરડા માણસનો સ્વભાવ ગણી એ ટેવાતી ગઈ ને આપોઆપ જ કેટલીક મોકળાશ મેળવતી ગઈ. મન પણ મનાવે કે “સાસુ કહે, પણ કોઈને કહેવા ન દે.”

ઘરમાં વહુની દયા ખાનારાં પણ બા જ. અમે વહેલામોડા આવીએ ત્યારે બા કહે, “ઓલીનો હાંડલામાંથી હાથ ક્યારે નીકળશે?”

અમારાં છોકરાંઓ તો બાના હાથમાં જ ઊછર્યાં છે. નાનપણમાં બાનાં લાડનો એમને પૂરો લાભ મળ્યો છે. છોકરાંઓ જરા મોટાં થઈને તોફાનમસ્તી કરતાં થયાં, રખડતાં થયાં, ભણવામાં ઓછુંવત્તું ધ્યાન આપતાં થયાં ત્યારે બા એમના વિશે બોલતાં પણ થયાં. છતાં છોકરાં પર અમારો રોષ ઊતરે ત્યારે એમનો બચાવ કરનાર બા જ હોય!

બાના સંપર્કમાં આવનાર સૌ કોઈ એમને યાદ કરે. એનું કારણ બાની ભલાઈ તો ખરી જ, પણ તે ઉપરાંત એમની વાણી પણ ખરી. કહેવતો ને રૂઢિપ્રયોગોથી ભરી ભરી એ વાણી. એમનાં આ ‘ઓઠાં’ સૌને આકર્ષે. બાની ગેરહાજરીમાં એમનાં ઘણાં લાક્ષણિક વાણીપ્રયોગો ને ટીકાટિપ્પણો યાદ કરવાની મજા અમે માણીએ છીએ.

વહુઓ માટે બા પાસે ઓઠાંનો ખાસ ખજાનો. મા પાસે લાડચાગ કે દોંગાઈ કરતા છોકરાને “વીસનહોરી આવશે ત્યારે ખબર પડશે” એમ કહી પરણેતરનું એક બિહામણું રૂપ-અલબત્ત વ્યંગમાં-ખડું કરતાં. ઘરમાં વહુ કેવી રીતે પલોટાય છે એ વિશે બાનું એક મજાનું અવલોકન હતું: “પહેલે આણે વહુ ખાય નહીં ને બીજે આણે ધરાય નહીં. ત્રીજે આણે પા’ણો માર્યેય જાય નહીં.”

બાનાં કંઈ આ વાસ્તવિક વલણો ન હતાં, વસ્તુને હસી લેવાની એક રીત હતી.

સમજણાં થયાં ત્યારથી બાને અમે એક પ્રૌઢ વ્યક્તિ તરીકે જ જોયાં છે. પણ ગામડાગામના સીમપાદરમાં છાણના પોદળા ભેગા કરતી છોકરી એક ભર્યા કુટુંબની છત્રછાયા રૂપે કેવી રીતે નીવડી આવી એનું કૌતુક અવશ્ય થાય. કાળદેવતાની ને મનુષ્ય-આત્માની આ અદ્ભુત લીલા છે. ધોરાજી પાસેનું નાનકડું ભાડેર એમનું પિયર. ભાંડરુંમાં ભાઈબહેન બે જ. માબાપની છાયા કદાચ લાંબો વખત નહીં મળી હોય. ઘેર દૂઝાણું. ભેંસને દોવાનું, એમનાં છાણવાસીદાં કરવાનું, છાસ વલોવવાનું વગેરે કામો ઘરની સ્ત્રીઓને માથે. પાણી થોડે દૂર આવેલી વાવમાંથી ખેંચી લાવવાનું. કપડાં વોંકળા જેવી નદી ચાલી જતી ત્યાં ધોવા જવાનું. દળણું પણ ઘરની ઘંટીનું. બળતણ માટે છાણાં થાપવાનું પણ એક કામ.

આવી જાતજાતની કામગીરીથી ભરચક જીવતર. એમાં ભણવાનું તો કેવુંક હોય? “કાળા અક્ષર કુહાડે માર્યા છે” એમ બા કહેતાં, પણ મોટા વાંકાચૂંકા અક્ષરોમાં ‘બાઈ જેકુર’ એવી એમની સહી મેં જોયેલી છે. ‘જયાકુંવર’ બાનું સાસરિયાનું નામ. કેટલાક દસ્તાવેજ જેવા ઔપચારિક લખાણમાં વપરાતું અને કદાચ સાસરિયાના કુટુંબીઓએ એમને આ નામથી બોલાવ્યાં હશે, પણ બાને બીજા બધા લોકો તો પિયરના નામ ‘ઝબક’થી જ ઓળખે. પછીથી તો બા અંગૂઠો પાડતાં જ થયાં. બાનું શિક્ષણ તે સઘળું શ્રૌત શિક્ષણ. ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીઓનાં વ્યાખ્યાનોએ બાને ઠીક ઠીક ભાથું બંધાવ્યું હશે. ગામડાગામના કામગરા જીવનમાં બાને બીજાં કૌશલો પ્રાપ્ત કરવાની કેટલી તક મળી હશે એ પ્રશ્ન છે. ઘરમાં મોતીનાં તોરણ-ઇંઢોણી જેવી જૂની પરંપરાની કળાત્મક ચીજો હતી એ કદાચ બાએ બનાવી હોય. તોરણો વગેરેની શોભા કરવી બાને ખૂબ ગમતી અને ભૂંગળીઓનાં તોરણ બનાવવામાં બા મદદ પણ કરતાં. ઘરમાં ડામચિયા પર જાતજાતના કપડાના ટુકડાઓ જોડીને બનાવેલો ચંદરવો ઢંકાતો. એ બનાવવામાં પણ બા ઘણો રસ લેતાં.

બા પરણીને થાન આવ્યાં. કુટુંબ તો અત્યંત સાધારણ. કોઠારીકુટુંબ બહોળું ને ઝાલાવાડી ધરતીના જુદા સંસ્કારો પણ ખરા. બાને ઠીક ઠીક ઘડાવાનું મળ્યું હશે. ત્રણ ભાઈઓ હતા. એક માસ્તર થયા અને બે ભાઈઓએ-મારા પિતા અને એમના નાના ભાઈએ-પરદેશ ખેડ્યો. બાને સાસુનું સ્થાન લે એવાં જાજરમાન જેઠાણી હતાં, પણ એયે દશ મહિનાનો દીકરો મૂકીને કોલેરામાં એકાએક ગયાં. જેઠ વિધુર જ રહ્યા અને બાને બે કુટુંબ સંભાળવાનાં આવ્યાં. પતિ પરદેશ વેઠે અને બા અહીંયાં સંસાર સમાલે. આ બાનું દામ્પત્યજીવન. થોડાં વર્ષોમાં પતિને પણ ગુમાવવાના થયા. જિંદગીના આડત્રીસમા વર્ષે બાને આખી સંસાર-ધુરા એકલે હાથે સંભાળવાની આવી. આ બધા અનુભવોએ બાને જાણે વહેલાં વહેલાં પ્રૌઢ બનાવી દીધાં.

સાધુચરિત, વ્યવહારડાહ્યા, સત્ય-નીતિના આગ્રહી છતાં અંદરથી મૃદુ એવા જેઠની ઘણી મોટી ઓથ બાને હતી; છતાં પતિના ગામતરા પછી ઘરસંસારને સુંદર રીતે નિભાવવામાં બાને ઓછાં ધૈર્ય, સહનશીલતા, ડહાપણ ને કામગરાપણાની જરૂર પડી હશે એમ નથી લાગતું. પતિ પોતાની કમાણી ને થોડી આવક મૂકી ગયા હતા. પરંતુ એ વખતે રાજકોટમાં પણ દળણાં, પાણી, ધોણ વગેરે કામો હાથે જ કરવાનાં હતાં. છોકરાંઓને ભણાવવાં, પરણાવવાં ને થાળે પાડવાનાં હતાં. પતિ જે કંઈ મૂકી ગયા હતા એમાંથી જ આ બધું ઉકેલવાનું હતું. બાએ એ બધું સફળતાથી પાર પાડ્યું. જેઠનો દીકરો પરણ્યો ત્યાં સુધી એ સાથે જ રહ્યા. એમની સાથે આર્થિક વ્યવહાર બા કઈ રીતે સમજ્યાં હશે એનીયે ખબર પડી નથી. જેઠની બા લાજ કાઢતાં. ઘરના એ એકમાત્ર વડીલ પુરુષની સાથે લાજ કાઢીને છોકરાંઓની મધ્યસ્થીથી વ્યવહાર ચલાવવામાં બાએ કોઈ મુશ્કેલી અનુભવી નથી. વિધુર જેઠને ફરી પાછા સંભાળવાના આવ્યા, એમનું ગાંડપણ સંભાળવાનું આવ્યું તે પણ સહજ કર્તવ્યભાવથી બાએ પાર પાડ્યું. આ બધી પરિસ્થિતિમાં બાને અકળાતાં કે તંગ મનોદશા અનુભવતાં મેં કદી જોયાં નથી.

બાના સ્વભાવમાં એક નૈસર્ગિક હિંમતનો ગુણ હતો. કોઈ પણ

પરિસ્થિતિમાં એ ભય કે આત્મસંકોચ અનુભવતાં નહોતાં. અંધારામાં કોઠીમાંથી ઘઉં કાઢવા જતાં હાથમાં આવેલા સાપને એ કોઈને કહ્યા વિના દૂર નાખી આવેલાં. એંસી વર્ષની ઉંમરે પણ ઓપરેશનખંડમાં એ મનની જરાયે ફડક વગર ચાલીને ગયેલાં. બા તો કહેતાં હતાં, “આપણે શાનો ભો? કાલ આવતું હોય તો આજ આવે!” પિતાને કૅન્સર જેવો ભારે રોગ થયો. એમની સારવાર માટે નડિયાદ અને છેક મીરજ જવાનું થયું. આ અજાણ્યા પ્રદેશોમાં પણ બા મુંઝાયા વિના રહ્યાં અને મીરજ તો પતિને મૂકીને આવવાનું થયું, તો એ સ્થિતિને પણ હિંમતપૂર્વક સહન કરી લીધી.

માણસને ભૂતકાળને વાગોળવાનું ગમતું હોય છે તેમ બા પણ કરતાં. પોતે કેવું ધમકથી કામ કર્યું છે એની વાત એ ઉત્સાહથી કરતાં. નવા જમાનાની ઘણી વસ્તુ એમને ન ગમતી, પણ અમે જોતાં હતાં કે બા પોતે ધીમે ધીમે થોડાં થોડાં પણ બદલાતાં જતાં હતાં. નવી દુનિયામાં એ કશા આઘાત વિના ગોઠવાતા જતાં હતાં. વિચાર કરીએ ત્યારે માણસમાં વ્યક્તિત્વવિકાસ ને પરિવર્તનની જે ક્ષમતા પડેલી છે તેનું એક રસપ્રદ ઉદાહરણ બામાં દેખાય.

તેમ છતાં વૃદ્ધ માણસને બદલાતા સમય ને બદલાતી જીવનની રસમો સાથે એકદમ મેળ બેસાડવો મુશ્કેલ હોય છે. એટલે વૃદ્ધ માણસે થોડું આજુબાજુ ન જોતાં પણ શીખવું જોઈએ એમ મને હંમેશાં લાગ્યું છે. એ એના સુખનો જ માર્ગ છે. બા ઘરમાં કે ઘરની બહાર બનતી નાની નાની બાબતોને પણ ઘણી વાર લક્ષમાં લે, પોતાને અણગમતી હોય તો એ વિશે ટીકાટિપ્પણ કરે ને નિરર્થક દુ:ખી થાય. અમે બાને સમજાવતાં, “બા, તમે હવે આ બધી વળગણ છોડો અને બને એટલું ધર્મધ્યાન વધારે કરો.” પણ બા કહેતાં, “ઘણુંય સમજું છું પણ રહેવાતું નથી. અભાગિયો જીવ છે. શું થાય?”

‘અભાગિયો જીવ’ એ શબ્દો પછી તો બાના વતી અમે જ બોલી નાખતાં અને વાતને હળવો વળાંક આપી દેતાં. આજે પણ એ શબ્દો અમને અમારી નાની નાની આદતોનો બચાવ કરવા માટે કેટલા કામ

આવે છે! પણ ‘અભાગિયો જીવ’ એ શબ્દોમાં બાની ખરેખરી લાચારી પ્રગટ થતી હતી. ભર્યા સંસારમાં બા એટલાં ઓતપ્રોત ને સક્રિય રહીને જીવ્યાં હતાં કે એકદમ નિર્લેપ થઈ જવાનું, ઉદાસીનભાવ કેળવવાનું એમનાથી બને નહીં ને લાચાર નિષ્ક્રિયતા પણ એમને ખૂંચે. લગભગ છેક સુધી બા નાનાં નાનાં કામ કરતાં રહેલાં. એમને અગવડ પડે છે એ જોતાં અમે વારતાં તો એમને માઠું પણ લાગી જતું. નિરુપયોગી થતા જતા જીવનનો એ થાક પણ અનુભવતાં હતાં. ઘરની અનેક નાનીમોટી બાબતોમાં રસ લેવો, જિજ્ઞાસા બતાવવી, સલાહસૂચન આપવાં કે પોતાની ઇચ્છા પ્રમાણે કરાવવું-આ બાનો સ્વભાવ હતો. ક્યાંક કશુંક ન પુછાયું હોય તો બાને પોતે અવગણાયાની લાગણી થતી અને એનું દુ:ખ વ્યક્ત પણ કરી નાખતાં.

પણ છેલ્લી બીમારીમાં બાની આ બધી વળગણ છૂટતી ગઈ. જાણે કે સંસારમાંથી વિદાય લેવાની તૈયારી ન હોય! અને ગયાં પણ એવી રીતે જ. કંઈ ઉત્પાત નહીં, ભળભળામણ નહીં, આગોતરી ચેતવણી નહીં. હવે બાનું બધું પથારીમાં-એવું લાગ્યું અને પા કલાકમાં એમણે દેહ છોડી દીધો. એ લાચાર સ્થિતિ એમણે આવવા ન દીધી. બાની ઇચ્છા હતી કે ફટકિયાની જેમ જીવ ઊડી જાય. બાને જાણે માગ્યું મોત મળ્યું.

જીવનમાં શું કે મરણમાં શું, સમય સાચવી જાણવો એ એક કળા છે. બાના જીવનમરણમાં કળાનું જે કંઈ દર્શન થયું એ આદર અને વિસ્મયનો ઊંડો ભાવ જગવે છે.

['અપ્રગટ જયંત કોઠારી' પુસ્તક]

## મોટી સમાનતા

મુસ્લિમોની નિકટ જવાનું મને બહુ ઓછું સાંપડ્યું છે. શાળા-મહાશાળાના અભ્યાસ વેળાનો તો કોઈ મુસ્લિમ ચહેરો જ યાદ આવતો નથી. એ સમયે રાજકોટમાં મુસ્લિમ બાળકો જાહેર શાળાઓમાં નહીં,

પરંતુ મદરેસાઓમાં જ ભણતાં હશે કદાચ. અને કોલેજ-કેળવણી મુસ્લિમોમાં નહીંવત્ હશે કદાચ. ગામમાં મુસ્લિમ પ્રજા તો આજુબાજુમાં જ હતી અને એની સાથે કામ પાડવાનું પણ થતું હતું. મારે ઘેરથી પરાબજારમાં જવાનો એક રસ્તો તે વોરાવાડનો હતો. હું એ રસ્તેથી જ જવાનું ઘણી વાર પસંદ કરતો. રસ્તા પર પથરાયેલી બકરીની લીંડીઓ, ટહેલતા કૂકડાઓ, ગેલ કરતી બકરીઓ-એના આ લાક્ષણિક વાતાવરણનું મને કૌતુક રહેતું. પણ ડેલીબંધ ઘરમાં ડોકિયું કરવાનું તો હોય જ નહીં. હિંદુમુસ્લિમ જીવનશૈલીનો ભેદ એવો છે કે એ બે પ્રજાઓ વચ્ચે એક સલામત અંતર સામાન્ય રીતે ટકી રહે છે.

પ્રાઈમસ, ફાનસ રીપેર કરાવવાનાં હોય, રેણ કરાવવાનું હોય તો વોરાની દુકાને જ જવાનું રહેતું. ને કરિયાણા, ઓસડિયાં વગેરેનું એક અત્યંત વિશ્વાસપાત્ર મથક તે કાદર વોરાની દુકાન. ત્યાં હંમેશાં ભીડ જામેલી રહે, એટલે જોઈતી વસ્તુ માટે સતત તકાદો કરવો પડે. કોઈ અકળાઈ જાય ને કોઈ સ્ત્રીઓ ‘ઘેર છોકરું રડતું મૂકીને આવી છું’ એવાં કારણો પણ ધરે. પરંતુ થડે બેસતા કાદર વોરાના દીકરાઓને માથે તો જાણે બરફ જ. એમની આગવી મીઠાશથી એ ઘરાકોને પટાવતા-લડાવતા-હસાવતા જાય, ફટાફટ કામ પતાવતા જાય અને સૌ કોઈ ખરીદેલી વસ્તુની સાથે એ મીઠાશનું પડીકું પણ લેતા જાય.

કાદર વોરાની દુકાનને ત્રણ દરવાજા હતા. વચ્ચેનો મોટો દરવાજો અને આજુબાજુ બે નાના દરવાજા. એક નાના દરવાજા પાસે કાદર વોરાની બેઠક. મેં એમને ત્યાં બેસીને વૈદું કરતા જ જોયા છે. બે-પાંચ ડબલાંમાંથી ફાકીઓનાં પડીકાં બાંધી આપે. એમાં રોચક ફાકીનું પ્રાધાન્ય રહેતું એવી અમારી છાપ છે. અમારા બાપુજી (મોટા કાકા) પાસે કાદર વોરા ભણેલા. બાપુજી ઘણી વાર એમની જ દવા લે. એમનો-મગન માસ્તરનો-કાદર વોરા પૈસોયે ન લે. કદાચ અમારા કુટુંબના કોઈની પણ દવાના પૈસા એ ન લેતા. આમેય એમનો દવાનો ચાર્જ એટલો મામૂલી હતો કે ગરીબમાં ગરીબ માણસને પણ એ પોસાય. કાદર વોરાની બેઠી દડી, ગોરો ચહેરો, શ્વેત દાઢી અને મોટે ભાગે અધબીડી આંખો

અમારી સમક્ષ કોઈ ધ્યાનસ્થ ઋષિની મૂર્તિ ખડી કરતાં.

એક મુસ્લિમ ફેરિયા સાથે મારો સંબંધ વધ્યો. ત્યારે હું અમારી દુકાને બેસતો હતો ને એ મહંમદભાઈ દુકાનની બાજુમાં પરચૂરણ ચીજવસ્તુઓની રેંકડી રાખી ઊભા રહેતા હતા. અલ્પશિક્ષિત પણ સાલસ સ્વભાવના એ મુસ્લિમ યુવાન. મનુષ્યાકૃતિઓ હું ઘણી વાર લાંબે ગાળે વીસરી જાઉં છું, પણ મહંમદભાઈની આકૃતિ મારી નજર સામે આજેયે તરે છે-દૂબળી શરીરસાંઠી, ભીનો વાન, નિર્મળ આંખો. એમની કંઈક કાલી બોલીનો રણકો પણ કાનમાં ગુંજે છે. સહજ રીતે જ, અમારો પરિચય મૈત્રીની સરહદને સ્પર્શી ગયો. કોઈ વખતે એ મારે ઘેર આવતા થયા ને એમની શાદીમાં હું હાજર રહ્યો. મુસ્લિમ સમાજને નિકટથી જોવાનો આ મારો પહેલો અને પછીથી પણ ભાગ્યે જ સાંપડેલો અવસર હતો. ઝાઝી વિગતો મને યાદ રહી નથી, પણ એ વિશિષ્ટ વાતાવરણની ગંધ મનના ખૂણે ભરાયેલી રહી છે ને દુલ્હાનું ફૂલના તોરાથી આચ્છાદિત મુખડું પણ વીસરાયું નથી. મહંમદભાઈ સાથેના સંબંધને વધારે વિકસવાની તક ન મળી, કેમ કે અમે એ દુકાન કાઢી નાખી અને પછી મારે રાજકોટ છોડવાનું પણ થયું.

રાજકોટ છોડીને હું અમદાવાદ આવ્યો. અમદાવાદની વાત જુદી જ હતી. મુસલમાનોની અહીં ઘણી મોટી વસ્તી એટલે એમની સાથેના સંપર્કોની તકો પણ ઘણી વધારે. મને મુસ્લિમ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ મળ્યાં અને સાથી અધ્યાપકો પણ મળ્યા. બી.એ.માં ગુજરાતીને મુખ્ય વિષય તરીકે લેનાર અને ઘણી વાર પર્શિયન ભણવામાં જરાયે રસ ન લેનાર મુસ્લિમ યુવક-યુવતીઓને જોઈએ ત્યારે તો થોડું આશ્ચર્ય થાય. પણ પછી સમજાય કે આ તો ગુજરાતી સંસ્કારપ્રવાહમાં એકરૂપ થવાની પ્રક્રિયા ચાલી રહી છે.

મુસ્લિમ વિદ્યાર્થીઓનું પ્રમાણ તો ઓછું જ. પણ એ નોંધપાત્ર છે કે એમાંથી ઘણાનું ભલે ઝાંખુંપાંખું પણ સ્મરણ તો ટકી રહ્યું છે. એક વિદ્યાર્થિની મહેરુન્નીસા માસ્ટર જરા આખાબોલી અને નટખટ. એણે એક વખતે ક્યાંક કહ્યું કે, અમારા બી.એ.ના વર્ગમાં કોઠારીસાહેબને એક

જ વિદ્યાર્થી સમજી શકે છે. મારી પાસે આ વાત આવી, પણ એણે અમારી વચ્ચે એકબીજાની હાંસીમશ્કરી કરવાનાં દ્વાર ખોલી નાખ્યાં. એ વિદ્યાર્થિની પાવાગઢના પ્રવાસમાં પણ અમારી સાથે આવી હતી. બીજા એક વિદ્યાર્થી (નામ હું ભૂલી ગયો છું)ને રોજાના દિવસોમાં હું આગ્રહ કરીને પાટણના પ્રવાસે લઈ ગયેલો અને એને રોજું રાખવાની બધી સગવડ કરી આપેલી. યાસ્મિન મન્સુરી અને રુમાના કોટવાલાના રૂપાળા ને સદા પ્રસન્ન ચહેરાઓ મનને પ્રસન્નતાથી ભરી દેતા અને ગુજરાતી વિષયમાંની એમની સજ્જતા મનમાં વિસ્મય ને આદરની લાગણીઓ જગવતી.

વિદ્યાર્થીઓ સાથે અંગત નાતો ઊભો કરવાનું મને ગમતું. પ્રવાસ એનું એક સાધન, તો વિદ્યાર્થીઓને ઘેર જવું એ બીજું સાધન. વિદ્યાર્થીઓ પણ મારે ઘેર છૂટથી આવતા. ઘણાંબધાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઘેર હું ગયો છું, તેમાં કોઈ મુસ્લિમને ત્યાં ગયાનું, એક અપવાદ બાદ કરતાં, મને યાદ આવતું નથી. એમને સંકોચ પણ થયો હોય-એમના ઘરના વાતાવરણને કારણે અથવા મને એમના ઘેર જવું ગમે કે કેમ તેની એમના મનમાં આશંકા પણ હોય.

જે મુસ્લિમ વિદ્યાર્થીને ઘેર હું ગયો છું, અને એકથી વધુ વાર ગયો છું એ અમીરઅલી લાખાણી. જાતે ખોજા. ઘણી સામાન્ય સ્થિતિમાંથી એ આગળ આવ્યા છે એનો હું સાક્ષી છું. એમની નિષ્ઠા, એમની કુટુંબપ્રીતિ, મનની ઉદારતા અને નરી સજ્જનતાની મારા મન પર ઊંડી છાપ છે. અમે એકબીજાને ઘેર સહકુટુંબ આવ્યા-ગયા છીએ. આમાં લાખાણી પરણ્યા પછી પોતાના કુટુંબ સાથે અલગ રહેતા થયા એ સ્થિતિ પણ કારણભૂત ખરી.

મને જે મુસ્લિમ સહકાર્યકરો મળ્યા તેમાંથી બેની નિકટ જવાનું બન્યું. નિઝામી અંગ્રેજી સાહિત્યના અધ્યાપક હતા એટલે અમારે નિકટ આવવા માટે ભૂમિકા હતી એમ કહેવાય. આપણે ત્યાં અંગ્રેજીના મોટા ભાગના અધ્યાપકો પણ અંગ્રેજી ભાષા ગુજરાતી સ્વરભારથી બોલનારા હોય છે, એમાં નિઝામી જુદા પડી આવે. અંગ્રેજી છંદશાસ્ત્ર પર પણ

એમની સારી પકડ. એમની સાથે વાતો કરવાની મજા આવતી, પણ એથીયે વધારે આકર્ષણ થતું એમની અંગ્રેજી સાહિત્યના અભ્યાસે પ્રેરેલી ઉચ્ચ સંસ્કારિતાનું. હિંદુ વિસ્તારોમાં રહેવાનું એ વધારે પસંદ કરતા એટલા તો એ સાંકડા મુસ્લિમપણાથી મુક્ત હતા. અમદાવાદના કોમી તનાવે એમની એ પસંદગી પર પ્રહાર કર્યો એ એક કરુણ ઘટના હતી. અમારે એકબીજાને ઘેર જવા-આવવાનો વ્યવહાર ઊભો થયેલો, પણ મારી બીજી કોલેજમાં બદલી થતાં અમારી એ નિકટતાનો ત્યાં અંત આવ્યો.

ઊંડી આત્મીયતાનો કાયમી સંબંધ રચાયો તે તો મોહીયુદ્દીન મનસુરી સાથે. એ મનોવિજ્ઞાનના અધ્યાપક, પણ સાહિત્યનાયે રસિયા. હારમોનિયમ પર શિષ્ટ ગુજરાતી કવિઓનાં-વિશેષે રાજેન્દ્ર શાહનાં-ગીતો ગાય. કેટલોક સમય રંગભૂમિ સાથે સંકળાયેલા ને પછી પોતે પણ થોડાં નાટકો લખ્યાં. લોકમિલાપની સસ્તી પુસ્તકપ્રકાશન યોજનાના આગોતરા ગ્રાહકો હું નોંધતો તેમાં મનસુરી કાયમના ગ્રાહક. પોતાનાં બાળકોને વાંચતાં કરવા ઇચ્છે ને એમને આવું સંસ્કારી વાચન પૂરું પાડે.

સાહિત્યપ્રીતિનો સમાન દોર, આમ, અમારી વચ્ચે ખરો, છતાં અમે એકબીજાની નિકટ આવ્યા તેનું કારણ તો મનસુરીનું મળતાવડાપણું જ. એ ન બોલતાને બોલાવે અને મુજીને મરકાવે. એટલે જ એમનું મિત્રમંડળ અત્યંત બહોળું. જે થોડા મિત્રો સાથે મારી જીભ છૂટી થઈ છે તેમાંના એક મનસુરી છે. અમારી વચ્ચે હસીમજાક થાય અને ગંભીર ચર્ચાઓ પણ થાય-સાહિત્યની, રાજકારણની, સામાજિક પ્રશ્નોની વગેરે વગેરે. મનસુરીને તો અનેક વિષયોમાં રસ અને જાણકારી પણ-ફિલ્મોમાં, રમતજગતમાં અને જ્ઞાનવિજ્ઞાનનાં લગભગ બધાં ક્ષેત્રોમાં. આથી જ, એ વિવિધ ક્ષેત્રોના માણસો સાથે આસાનીથી વાત કરી શકે ને એમના મિત્રમંડળમાં વિવિધ પ્રકારના લોકો જોવા મળે. બાળકો, કિશોરો, વિદ્યાર્થીઓ સાથે હળવાભળવામાં પણ એમને જરાયે મુશ્કેલી ન પડે. એમના રસની વાતો એ કરે અને હસતાંરમતાં બે ડહાપણની વાતો પણ કહી દે. મારાં સંતાનો-મારી પુત્રી દર્શના પણ-મનસુરી સાથે

જેટલાં હળ્યાંભળ્યાં છે એટલાં મારા બીજા કોઈ મિત્ર સાથે હળ્યાંભળ્યાં નથી. મનસુરી 'બેટા' 'બેટા' કહીને બધાને બોલાવે ને એમના સમાચાર પૂછે તથા મારાં સંતાનો પણ 'કાકા' કહી એમને વળગે ને પોતાની કંઈ કંઈ વાતો કરે. મારાં પત્ની ઘરના કામમાં હોય તો સામેથી બોલાવે અને પોતાને ખાવુંપીવું હોય તે માગી લે. બેસતા વરસને દિવસે તો અમે એમની રાહ જોતાં હોઈએ. સવારે એ અચૂક આવે અને તે દિવસે દિવાળીનો નાસ્તો પણ કરે.

બાળકો નાનાં હતાં ત્યારે અમે સહકુટુંબ મનસુરીને ત્યાં જતાં. એક-બે વખત ઉતરાણ પણ એમને ઘેર કરેલી. એમનાં પત્ની ખાતુનબહેન ને બાળકો પણ અમારી સાથે હળી ગયેલાં. એક વખતે એમને ત્યાં નવું નવું ફ્રીજ આવેલું ત્યારે એમની પુત્રી સહીરા ઉમંગથી અમને ફ્રીજની પાસે લઈ ગઈ અને ફ્રીજમાં કેવી કેવી સગવડ છે એ બતાવવા એણે એનું બારણું ખોલ્યું. અમારે માટે અખાદ્ય પદાર્થ એમાં સામે જ દેખાયો. મનસુરીએ ઝટપટ બારણું બંધ કરી દેતાં હસતાં હસતાં કહ્યું, “અરે અરે, આ એમને બતાવવાનું ન હોય.”

મનસુરી સાથે વિશેષ ઘરોબો થવાનું એક કારણ એ હતું કે શહેરમાં અમે બન્ને નજીકમાં-દશેક મિનિટમાં ચાલીને પહોંચી શકાય એટલા અંતરે રહીએ. એ રહે કાળુપુર પાંચ પટ્ટી વિસ્તારની જીવણપોળમાં અને હું રહું ઘીકાંટા રોડ પર નગરશેઠના વંડામાં. કોલેજ જતાં મારું ઘર એમને રસ્તામાં આવે, એટલે ગોઠવણ એવી કરેલી કે સવારે કોલેજ જતાં એ મારે ત્યાં આવે અને ત્યાંથી અમે બન્ને સાથે જઈએ-એ સ્કૂટર વાપરતા ત્યારે સ્કૂટર પર અને એ સિવાય રિક્ષામાં. વળતાં પણ મોટે ભાગે સાથે આવીએ-સ્કૂટર ન હોય ત્યારે બસમાં. સાંજે પણ અમે એકબીજાને ઘણી વાર મળીએ. એમાં એવું પણ બને કે હું રાત્રે એમને મળવા ગયો હોઉં ને એ મને વળાવવા પાછા ઘીકાંટા સુધી આવે ને ત્યાં અમે વળી દુકાનના ઓટલે વાતો કરવા બેસી પડીએ. મારે ઘેર તો મોડું થાય એટલે બધાં ચિંતા કરનારાં, તેથી એકબે વખત તો મારી ભાળ કાઢવા પડોશીને મોકલવા પડેલા.

મનસુરી અને હું એકબીજાના એટલા આત્મીય બની ગયા કે અમારી વચ્ચે ઘણી વાર અમારા કૌટુંબિક જીવનની, સાંસારિક જીવનની વાતો ઉમેરાતી અને અમે અંગત પ્રશ્નોમાં એકબીજાનાં મદદ-માર્ગદર્શન લેવામાં પણ સંકોચ ન અનુભવતા. કેટલીક વ્યવહારુ આવડતો મનસુરીમાં વિશેષ અને એ મને બે-ત્રણ પ્રસંગોએ ખાસ કામમાં આવી. આવો વિશ્વાસપૂર્ણ મૈત્રીસંબંધ એ જીવનનું એક સદ્‌ભાગ્ય છે. એ સદ્‌ભાગ્ય મને સંપડાવનાર વિરલ મિત્રોમાં મનસુરીનું સ્થાન છે.

મનસુરી એક નિષ્ઠાવંત, સાચા અને પૂરા શિક્ષક. સામા સુધી પોતાની વાત પહોંચાડવાની એક કળા એમણે હસ્તગત કરી હતી. હા, પ્રયત્નથી અને સભાનતાથી. એક રીતે એ આપઘડ્યા માણસ છે. શાળાશિક્ષણ તો એમનું અધવચ્ચે અટકેલું પણ પછી પોતાની લગનથી પ્રાપ્ત પરિસ્થિતિની સામે થઈને પણ એ આગળ વધ્યા. અભિવ્યક્તિની તાલીમ લેખે એ વિદ્યાર્થીકાળમાં જ લખતા થયા. એમાં નજર સામે નરહરિ પરીખનું 'માનવ અર્થશાસ્ત્ર' જેવું પુસ્તક હોય કે નગીનદાસ પારેખ જેવાનાં લખાણો હોય. આ તાલીમને કારણે જ એ ઉત્તમ પાઠ્યપુસ્તકલેખક પણ થયા. અધ્યાપક તરીકે એ વર્ગમાં તૈયારી કરીને જ જાય. એ અત્યંત લોકપ્રિય અધ્યાપક બની રહ્યા. ઉત્તમ પાઠ્યપુસ્તકલેખક તો મારા વિષયમાં હું પણ ગણાઉં છું, પણ વર્ગશિક્ષક તો હું મનસુરી જેવો નહીં જ.

ઘણા હિંદુઓના મનમાં મુસ્લિમો વીશે ચિત્ર-વિચિત્ર ખ્યાલો હોય છે-એ ઝનૂની છે, હિંસક છે વગેરે. અમદાવાદનાં કોમી તોફાનો વખતે આ ખ્યાલો ઉત્કટપણે પ્રવર્તતા મેં જોયા છે. (મુસ્લિમોમાં આથી ઊલટા ખ્યાલો પ્રવર્તતા હશે.) પણ મનસુરી જેવા મુસ્લિમોને જોઈએ ત્યારે એ ખ્યાલો શીર્ણવિશીર્ણ થઈ જાય છે. મારાં સંતાનો તો કહેતાં હોય છે કે મનસુરીકાકાને જોઈએ પછી કેમ માની શકાય કે બધા મુસ્લિમો કે મુસ્લિમો જ ઉત્પાત કરનારા છે? મનસુરી તો તોફાનનું વાતાવરણ હોય ત્યારે ઘરની બહાર પણ ન નીકળે એવા નરમ. એ વાતાવરણમાં હું હજુ એમની ખબર કાઢવા એમને ઘેર જવા વિચારું, પણ મનસુરી

તો મને મનાઈ જ ફરમાવે.

મનસુરી જ શા માટે, મને તો મુસ્લિમોનો જે કંઈ પરિચય છે તે બધો જ મીઠો છે એમ હું કહી શકું. હિંદુ-મુસ્લિમ વચ્ચે સંસ્કારભેદ હોય તોયે મનુષ્યપણાની મોટી સમાનતા છે જ. કોમી તનાવો જે ઊભા થાય છે તેમાં અન્ય પરિબળો ઉપરાંત ગેરસમજ અને ગ્રંથિઓનો ઘણો મોટો ફાળો છે. હિંદુમુસ્લિમ મૈત્રી જ એ ગ્રંથિઓ ને ગેરસમજને ભેદી શકે.

['અપ્રગટ જયંત કોઠારી' પુસ્તક]

# નાનું ઝરણું

*... મોટું ધ્યેય ન મારા મનનું.*
*અચિંત આવ્યા મુસાફરનું—*
*સાધન બનવું તૃષાહરણનું.*
*હું નાનું ઝરણું.*

*ઇચ્છું ના લંબાણ જીવનનું;*
*સુકાઈ જૈ થાવું ખેતરનું—*
*જીવન: ઉત્તરકાર્ય મરણનું.*
*હું નાનું ઝરણું.*

['અપ્રગટ જયંત કોઠારી' પુસ્તક]

# સત્યકામ વિદ્યાપુરુષ: જયંત કોઠારી

સત્ય જ એમનો દેવ અને કર્મ એમની દેવી. જે કામ હાથમાં હોય તેમાં ઊંડાં ઊતરવાનું, સૂક્ષ્મદર્શક કાચથી એનું પરીક્ષણ કરવાનું અને ચોક્કસ તારણો આપવાનાં—આ એમની કાર્યપદ્ધતિ રહી. તારણ પર ન પહોંચે ત્યાં સુધી ચેન ન મેળવે. હંમેશાં કહે કે કોઈ પણ

વિષય પોતે નાનો કે મોટો હોતો નથી; તમે એ વિષયનું શું કરો છો એ મહત્ત્વનું છે.

કીર્તિદા શાહ

*

વ્યવસ્થાશક્તિ, સતત મચી પડવાની વૃત્તિ, ખંત, પોતાની આસપાસની વ્યક્તિઓમાં વિશ્વાસ ઊભો કરી દરેકની શક્તિને ઓળખી એ પ્રમાણે કામ લેવાની આવડત, નિર્ભયતા વગેરે સંઘનેતૃત્વના ગુણો એમનામાં હતા. પોતાને સાચું લાગે તો એ માટે લડવાનું એમના સ્વભાવમાં હતું.

જયંત ગાડીત

*

વિદ્યાર્થીઓ જયંતભાઈના અપાર વાત્સલ્યથી ભીંજાઈને એમનું ઋણ ચૂકવવા તત્પર બનતા, ત્યારે તેમને સમજાવતાં જયંતભાઈ કહેતા : “કેટલાંક ઋણ કદી ચૂકવાતાં નથી. નિષ્ઠાથી અધ્યાપન કરવું, એ જ ગુરુના ઋણનો પ્રત્યુત્તર છે. કોઈકનું ઋણ તમારા પ્રત્યે ચૂકવતો હું, ને એ ઋણ બીજા પ્રત્યે ચૂકવતા તમે—આ સંબંધો વર્તુળાકાર છે.”

દર્શના ધોળકિયા

*

સત્યકામ વિદ્યાપુરુષ જયંત કોઠારી ગુજરાતીના અધ્યાપકને પદેથી પ્રમાણમાં વહેલા નિવૃત્ત થયા હતા, છતાં છેવટ સુધી શિક્ષક રહ્યા હતા, ૭૧ વર્ષની વયે [૨૦૦૧માં] અવસાન થયું ત્યારે પણ સૌ પ્રથમ તેઓ એક વિદ્યાર્થી હતા.

દીપક મહેતા

*

જયંત કોઠારીને નગીનદાસ પારેખ કે હરિવલ્લભ ભાયાણીની શ્રેણીમાં મૂકી શકાય. નગીનદાસ પોતાના સંસ્કૃત કાવ્યશાસ્ત્રા વિષયક ગ્રંથ છપાય તે પહેલાં જયંત કોઠારી વાંચી જાય એવી ઇચ્છા રાખે. અમુક લખાણો એકબીજાને વાંચી સંભળાવવાની આદત આ ત્રણે વિદ્વાનોમાં હતી.

જયંત કોઠારી ગુજરાતીના અધ્યાપક હતા અને એમની ચિંતા, વિદ્યાર્થીઓને અધિકૃત અધ્યયનસામગ્રી કેમ ઉપલબ્ધ થાય તેની રહેતી. એ સામગ્રી મેળવી આપવા એમણે પુસ્તકો તૈયાર કર્યાં. એમાં એમની વિદ્યાર્થી-પ્રીતિ જ પ્રગટ થતી જોવા મળે. જેમ વિદ્યાર્થી માટે તેમ અધ્યાપકો માટે, પોતાના વિષયની સજ્જતા વધે એ માટે 'ગુજરાતીનો અધ્યાપક સંઘ' દ્વારા તેમણે પ્રયત્નો કરેલા. એક ઉત્તમ અધ્યાપકનું કાર્ય, સઘન અધ્યયન પરંપરાને જીવંત રાખનાર છાત્રો તૈયાર કરવાનું પણ છે. જયંતભાઈએ જે કેટલાક છાત્રા તૈયાર કર્યા છે, તેમાં કીર્તિદા જોશી [શાહ] અને દર્શના ધોળકિયા ગુરુપરંપરાને ચલાવે એ રીતે સજ્જ થયાં છે.

ભોળાભાઈ પટેલ

*

વિદ્યા કે સાહિત્યના ક્ષેત્રમાં કશું પણ ખોટું કે ધોરણ વિનાનું થતું હોય તે એ સાંખી શકતા નહીં. એ વિશે સ્પષ્ટપણે કહેતાં લાભ-હાનિનો વિચાર કરનારી કોઈ વ્યવહારુતા વચ્ચે આવતી નહીં. છતાં જયંતભાઈના કોઈ કથન પાછળ કશો દુરાશય કોઈએ જોયો નથી, કેમ કે કોઈ પણ તીવ્રતાની પાછળ એમની ઊંચી સત્યનિષ્ઠા પડેલી હતી.

અધિકૃત ને ઉત્તમ અભ્યાસ-સામગ્રી વિદ્યાર્થીઓને સુલભ કરી આપવી, એને જયંતભાઈ અધ્યાપકનો ધર્મ સમજતા. અનેક સામયિકો-પુસ્તકોમાં વેરાયેલી લેખસામગ્રીને સંમાજત-સંપાદિત કરીને તેમણે કરેલાં સંપાદનો તેમની સંપાદનશક્તિનાં ને સાચી વિદ્યાર્થીહિત-ચિંતાનાં દૃષ્ટાંતો છે.

રમણ સોની

['અપ્રગટ જયંત કોઠારી' પુસ્તક]

# જયંત પલાણ

## શેણે?

*મન મતવાલું માને શેણે?*
*ઘાવ ઝીલે એ વજ્જરના ને*
*ભાંગી પડે મૃદુ વેણે:*
*મન મતવાલું માને શેણે?*

*સાત સમંદર પાર કરે, ને*
*ડૂબે ઝાકળબિન્દુ;*
*અગ્નિભડકે બળે નહિ એ,*
*સળગે શીતલ ઇન્દુ.*
*ઉગ્ર તૃષા ઓલાશે ક્યાંથી,*
*છો ઘન વરસે નેણે:*
*મન મતવાલું માને શેણે?*

*ગિરિવર સરખો બોજ ઉઠાવે,*
*પુષ્પ તળે કચડાતું;*
*ઝેરઘૂંટડા જીરવી જઈને,*
*અમી છલોછલ પાતું.*
*ચ્હાય ભવોભવ એ નિષ્ઠુરને*
*દીધી વેદના જેણે:*
*મન મતવાલું માને શેણે?*

# જયંત પાઠક

## ગઝલ

*જૂઠનાં આ દૃશ્ય ચાલે ક્યાં સુધી?*
*સાચનો પડદો પડે ના ત્યાં સુધી.*

*આયનાઓ સાથ આપે ક્યાં સુધી?*
*ઘટ્ટ અંધારું ઢળે ના ત્યાં સુધી.*

*હસ્તરેખાઓમાં શ્રદ્ધા ક્યાં સુધી?*
*મુઠ્ઠીઓના બંધ ઊઘડે ત્યાં સુધી.*

*શબ્દના સૌ ખેલ ચાલે ક્યાં સુધી?*
*મૌન ના મૂકે મલાજો ત્યાં સુધી.*

*તો તમારો સાથ—બોલો ક્યાં સુધી?*
*ભૂલા પડ્યાનું ભાન આવે ત્યાં સુધી.*

*ખોજ બીજાની કરીશું ક્યાં સુધી?*
*આપણે ખોવાઈએ ના ત્યાં સુધી.*

['સમર્પણ' પખવાડિક: સંવત ૨૦૩૧]

## સાચના શહીદ

પૂર્વ પંચમહાલના વનાંચલનો એક વિસ્તાર પહેલાં દેવગઢબારિયાના દેશી રાજ્યની હકૂમત હેઠળ હતો. વસ્તી મોટે ભાગે કોળી, ધારાળા, બારૈયા ને આદિવાસીની.

આ પ્રદેશની પ્રજાને મન થાણું એટલે યમસદન ને સરકારી નોકર એટલે જમડા. એમની નજરે ચડવાનું એ બને તેટલું ટાળે. આદિવાસી

જંગલમાં વાઘવરુનો એકલે હાથે સામનો કરે, અંદર અંદર ઝઘડો થતાં સામાને ઝટકાવી નાખતાં વિચાર ન કરે, પણ ખાખી ડગલી જુએ કે થરથર કંપે. દરેક ખાખી ડગલીવાળો માણસ એક રાજા છે: એ તમારાં મરઘાં-બકરાં માગે તો આપવાં પડે; એ તમારી સ્ત્રી, બહેન કે દીકરીની લાજ લૂંટે તો તમારે લાચારીથી જોઈ રહેવાનું. અહીં દમન એ જ કાયદો છે, ભયંકર અન્યાય એ જ વ્યવસ્થા છે.

એક વાર થાણામાંથી ભરણાની રકમ ઊપડી ગઈ; હશે પાંચસો-છસો રૂપિયા. ચોરીની ફરિયાદ પાટનગર પહોંચી. પોલીસવડા યારમહમ્મદને તપાસ માટે મોકલવામાં આવ્યા. એમણે રાજગઢ થાણામાં મુકામ નાખ્યો. યારમહમ્મદની બાહોશી વખણાય. એ ચોરી ન પકડી શકે એવું બને જ નહિ, એવી એમની છાપ. આ છાપ કાયમ રાખવા એમણે કમર કસી. બીજે જ દિવસે શક પરથી બે માણસોને પકડવામાં આવ્યા: એક ગોઠ ગામના નાનિયાને (ચોરીના બનાવ વખતે એ કોઈ કામ અંગે થાણે આવેલો) ને બીજા ઘોઘંબાના પટાવાળા રામલાને. બન્નેને પહેલે દિવસે હેડમાં પૂર્યા. એમણે ગુનો કબૂલ ન કર્યો. બીજે દિવસે એમને એક ઓરડીમાં પૂરીને મારવા લીધા. છાતી ઉપર ચડી બેસી મોં ઉપર મુક્કા મારે, નાગા કરી ગુહ્ય ભાગમાં લાતો મારે, છાતી ઉપર લાઠી મૂકી બે છેડે બે જણા બેસે. પોલીસના ભેજામાં યાતના આપવાની જે કોઈ યુક્તિ સૂઝે તે અમલમાં મૂકવામાં આવે. પણ આ બે જુવાનોએ ગુનો કબૂલ ન કર્યો તે ન જ કર્યો. એમનો એક જ જવાબ હતો: “અમે લીધા નથી, પછી ચમ કરીને હા કહીએ?”

એક બપોરે નાનિયો ઉતાવળે પગલે અમારા ઘર આગળથી થાણામાં જવા નીકળ્યો. બાને થયું કે, લાવો પૂછીએ તો ખરાં કે શું કરે છે? “કેમ નાનભઈ!” કહ્યું એટલે ઓટલે ચડયો. “હારુ બા.” “તમને, અલ્યા, ત્યાં શું કરે છે થાણામાં?” “અરે બા, વાત જ જવા દો! પૂર્વ જનમનાં પાપ હશે તે ભોગવવા વારો આવ્યો, નકર આ જનમારે તો અધરમ નથી કર્યો. બે વાર ખાવા છોડે છે—ઘેર રોટલા ખાવાના ને થાણામાં માર ખાવાનો.” બાની નજર એના મોં પર ગઈ

એટલે નાનભાઈએ કહ્યું, “આ જુઓને બા, કાલે એવી ઝાપોટ મારી કે મારા બે દાંત પડી ગયા; જુલમનો પાર નથી. હશે, કરમના લેખ ભોગવ્યા વગર છૂટકો નથી.” બાને દયા આવે છે, એ કહે છે, “પણ તું હા કહી દે ને, એટલે આ મારપીટ તો બંધ થઈ જાય!” “એવું તે ચેમ કહેવાય, બા? લીધું ના હોય ને માથે ચેમ ઓઢી લેવાય? એક તો આબરૂ જાય ને પાછા જૂઠું બોલી ભગવાનના ગુનેગાર થઈએ તે જુદું. એ પાપમાંથી કયે ભવ છૂટીએ પાછા? જે નસીબમાં હશે તે થશે.”

શૈશવમાં જોયેલું નાનિયાનું મુખ ભુલાતું નથી. એ ઉતાવળી, ધરતી ધ્રુજાવતી, ઉઘાડા પગની ચાલ, એ કપાળ ઉપર હીંચકા ખાતા વાંકડિયા વાળ, એ વૃશસ્કંધ પડછંદ શરીર, સત્યને ખાતર રોજ રોજ નિયમિત થાણે હાજર થઈ અમાનુષી માર ખાવાની એની ધીરતા-દઢતા, “લીધા ના હોય ને માથે ચેમ ઓઢી લેવાય?” એવાં એનાં સત્યાગ્રહ-વચનો: આ બધાંએ મારા શિશુચિત્તમાં સાચના એક શહીદની મૂર્તિ સ્થાપી દીધી છે. નાનિયાનું શરીર મજબૂત, ને મારનાર હાર્યા અને આખરે એને છોડી મૂક્યો. પણ પેલો રામલો—પહેલેથી જ ભાંગેલા શરીરનો સળેકડા જેવો, તે એનાથી કેટલું સહન થાય? એક સવારે વાત આવી કે રામલો કોટડીમાંથી રાતોરાત ભાગી ગયો! એનો પત્તો ન મળ્યો. બિચારો રામલો! ત્રાસથી નાસી તો ગયો—પણ બીજી દુનિયામાં.

## કવિતા

*ચોકની વચ્ચે ઊભી કરેલી*
*શૂળી પર ચઢી*
*હસતાં હસતાં વીંધાઈ જવાની હિંમત છે?*
*ધગધગતા અંગારાને*
*હથેળીમાં લઈને રમાડવાની આવડત છે?*

*ચણોઠીઓ ફૂંકી ફૂંકીને*
*તાપણું કરી તાપવાની ધીરજ છે?*

*ઊભી દીવાલમાંથી*
*આરપાર નીકળી જવાની હિકમત છે?*

*કરોળિયાના જાળામાં*
*આખા બ્રહ્માંડને*
*તરફડતું જોવાની આંખ છે?*
*હોય તો તું*
*કવિતા કરી શકે—કદાચ.*

['કવિતા' બે-માસિક: ૧૯૭૫]

## માણસ

*રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે!*
*હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે!*

*પહાડથી યે કઠ્ઠણ મક્કમ માણસ છે;*
*દડ દડ દડ દડ દડી પડે ભૈ, માણસ છે!*

*ચંદર ઉપર ચાલે ચપચપ, માણસ છે;*
*ને બે ડગલે ખડી પડે ભૈ, માણસ છે!*

*સૂર્યવંશીનો પ્રતાપ એનો, માણસ છે;*
*ભરબપ્પોરે ઢળી પડે ભૈ, માણસ છે!*

*પૂજાવા ઝટ થયા પાળિયા, માણસ છે;*
*ટાણે ખોટયું પડી—પડે ભૈ, માણસ છે!*

['સમર્પણ' પખવાડિક: ૧૯૭૬]

## શરદનું સોનું

*આ સીમ ભરીને સોનું રે કોઈ સોનું લ્યો!*
*ઝગમગતું ઝાકળભીનું રે કોઈ સોનું લ્યો!*

*આ કિરણકણસલે ડોલે રે કોઈ સોનું લ્યો!*
*પીળચટી હવાને ઝોલે રે કોઈ સોનું લ્યો!*

*સારસ ટહુકામાં તરતું રે કોઈ સોનું લ્યો!*
*શેઢામાં હરતું ફરતું રે કોઈ સોનું લ્યો!*

*આ ભારે બાંધી લગડી રે કોઈ સોનું લ્યો!*
*આ જાય થોરથી દદડી રે કોઈ સોનું લ્યો!*

*આ ગયું ગામમાં ગાડે રે કોઈ સોનું લ્યો!*
*ઠલવાયું વાડે વાડે રે કોઈ સોનું લ્યો!*

## ક્યાં છે?

*જાંબુડાના ઝાડ ઉપર લટકતો*
*લીલો લીલો મારો સૂરજ ક્યાં છે?*

*ક્યાં છે મારા ખેતરખૂણાના કૂવામાં*
*કબૂતરાંની પાંખો ઉપર સૂતેલો*
*ભોળો ભોળો અંધકાર?*

*પ્રભાતપંખીનાં પગલાંની લિપિમાં*
*આળખેલો*
*ડુંગર ફરતો, ચકરાતો એ ચીલો ક્યાં છે?*
*ક્યાં છે મારી પથ્થર વચ્ચે*

પાણી લઈને વહેતી
શમણા જેવી નદી?

વનપરીના નાનકડા ખોબા જેવી તરંગની
આંગળીઓ વચ્ચે
પવન રમાડતી
પેલી મારી તલાવડી ક્યાં છે?
ક્યાં છે મારું ટેકરીઓનું ગામ,
ગામનું ઘર, ઘરની કોઢ, કોઢમાં
અંધારાની કાળી ગાયને દૂહોતી મારી બા?
ક્યાં છે...

## થોડો વગડાનો શ્વાસ

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

સૂરજનો રંગ મારાં પાંદડાં પિયે ને
પિયે માટીની ગંધ મારાં મૂળ,
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

# શૈશવની સાંજ

અમારે જમીન ખરી, પણ ખેતીનો ધંધો નહિ. દાદાએ જુવાનીમાં જાતે ખેતી કરેલી. પછી તો જમીન ભાગે કે સાંથે ખેડૂતોને ખેડવા આપીએ; પણ ઘેર ઢોર ખરાં. અમારાં બંને ઘરનો અર્ધો ભાગ ઢોર માટેની કોઢ રોકે. ઢોરને બાંધવા માટે દોરડાં વણવાનું, માંદા પડે ત્યારે ઉપચાર કરવાનું, એમને માટે ઘાસચારો લાવવાનું કામ દાદાને માથે. અમારા ઘરની પાછળ દક્ષિણ દિશામાં નજીકમાં જ એક ખેતર; દાદાને નામે એટલે 'દાદાનું ખેતર' કહેવાય. બપોર પછી દાદા હાથમાં દાતરડું લઈ ખેતરમાં ચાર લેવા જાય. સાંજના અમે ત્રણ ભાઈબહેનો ભારા લેવા માટે જઈએ. મગફળી, બાજરી, તુવર, મગ, મઠનું વાવેતર કર્યું હોય; એક બાજુ ઝાબમાં (પાણી ભરાઈ રહે એવા નીચાણવાળા ભાગમાં) ડાંગર કરી હોય. ખેતરની વચ્ચે એક આંબો, અમારો નહિ પણ ગામના નાથા ડોસાનો. અમે ખેતરના ખોડીબારામાં પેસીએ ને દાદાને બૂમ મારીએ. દાદા દૂરને શેઢેથી જવાબ વાળે. દાદા એમનું કામ પૂરું કરે ત્યાં સુધી અમે ખેતરમાં રમીએ. મગફળીમાં આળોટવાની મજા આવે; એની લીલી સુંવાળી વાસ બહુ ગમે. ક્યારેક ઘેરથી કહ્યું હોય તો તુવરની સીંગ કે પાપડી ચૂંટીએ; વાડે વાડે ફરી વળીએ ને કેસરી રંગનાં ખટમીઠાં પીલુડાં કે કાળાં ભમ્મર જેવાં કંથારાં વીણીએ; એકબીજાનાં કપડાંમાં 'કૂતરી' ચોંટાડીએ. ખેતરને એક ખૂણે જૂનો કૂવો, ચારે બાજુ જાળાં ને કોરે એક મોટું જાંબુડાનું ઝાડ. કૂવામાં સૂરજનું અજવાળું ન પડે. થાળામાં ઊંધા સૂઈ જઈને અમે કૂવામાં ડોકિયું કરીએ; પથ્થર મારીએ એટલે બખોલોમાં બેસી રહેલાં કબૂતર ફડફડ કરતાં ઊડે. એ અંધારો કૂવો અમારા મનના ઊંડાણને ભયથી ભરી દેતો. દાદાએ વાડમાંથી વેલા ખેંચી કાઢી ભારા બાંધીને તૈયાર કર્યા હોય તે અમારે માથે ચઢાવે. કોઈ વાર ભારામાં મગફળીના છોડ પણ બાંધ્યા હોય. અમે ઘરને આખે રસ્તે એમાંથી મગફળીઓ તોડીને ખાતા ચાલીએ.

અમારો વાડો ઠીક ઠીક મોટો. એમાં જામફળી, દાડમડી ને એક

ખાટાં બોરની બોરડી; પાછળથી લીંબોઈ ને ગોરસ આંબલી પણ ઉમેરાયાં. નહાવાની શોલ પાસે ફુદીનો ને તુળસી ચંદનીના છોડ. વાડમાં બેત્રણ અનૂરીનાં ઝાડ. વાડામાં બે માંડવા; એના પર ઘીલોડી, દૂધી ને વાલોળના વેલા ચઢાવેલા. છાપરા ઉપર ગલકી ને તૂરિયાંના તેમ જ કોળાંના અને કંટોળાના વેલા. જરૂર પડે ત્યારે અમને નિસરણી મૂકી કોળું કે કંટોળુ લેવા છાપરે ચઢાવે; મજા આવે. ચોમાસામાં જમીન ઉપર ચીભડાં ને કોઠમડાંના વેલા થાય. કંકોડા તો વાડમાં હાથ નાખી વીણી લેવાનાં. પહેલો વરસાદ પડે એટલે અમે થોડી જમીન કોદાળીથી ખોદી એમાં મકાઈના દાણા વાવીએ; રોજ રોજ અધીરાઈથી છોડને ઊગતા જોઈ રહીએ. આખરે એક દિવસ ડોડા વીણી લેવામાં આવે ને વાડામાં કરેલા ચૂલે દાદા શેકવા બેસે. વાડાને એક ખૂણે, આંબલીના ઝાડ નીચે પરાળ ને બાજરી-જુવારના પૂળાનાં કૂંધવાં કરવામાં આવે. લીસા પરાળના ઢગલા ઉપર પેલા ‘કરતાં જાળ કરોળિયો’ની રીતે ચઢવાની ને ટોચેથી નીચે લસરવાની મજા આવે. આ કૂંધવાંની બાજુમાં વાડને અડીને બળતણનાં લાકડાં ખડકાય. બાપુ સીમળિયેથી લાકડાંનાં ગાડાં મોકલાવે. લાકડાંના આ માંચામાં ચીતળ રહે, કોઈ કોઈ વાર દેખાય. પણ સાપની, એરુઝાંઝરની બીક શહેરીઓને તેટલી ગ્રામવાસીઓને નહિ. હાલતાં ચાલતાં સાપનો ભેટો થઈ જાય. એ એને રસ્તે ને આપણે આપણે રસ્તે, એવું સહ-અસ્તિત્વ પ્રવર્તે. એક વાર અમે લાકડાં ઉપર ચઢીને રમતાં હતાં; મને કશુંક કરડી ગયું. પગ સૂજી ગયો ને કહોવા માંડ્યો. બધાંને ખાતરી કે ચીતળ જ કરડી છે. લોકો જે બતાવે તે ઓસડ-મુરાડિયાં (ભૂળિયાં) ઘસીને ચોપડવાં, પાંદડાં વાટીને લેપ કરવો-થાય, પણ કશો ફેર ન પડે. પછી બાપુએ સાપ મંતરવાવાળાની ભાળ કાઢી. છસાત ગાઉ દૂર આવેલા ગુણશિયા ગામે એક જાણકાર રહે. બાપુ પાણીનો લોટો લઈને જાય ને પાણી મંતરાવી લાવે. છએક મહિને આરામ થયો.

પાસેના જંગલમાં સીતાફળીઓ પાકે એટલે દાદા સાથે અમારી ટોળી ઊપડે, દાદાએ લાંબા વાંસને છેડે લાકડાનો એક નાનકડો ટુકડો

બાંધી ઊંધા Vના આકારવાળી અંકોડી બનાવી હોય. આંખો ઊઘડી હોય (પાકવાને માટે તૈયાર હોય) એવાં અનૂરાંને દાદા આંકડીમાં ભેરવી નીચે ખેંચી પાડે. અમે બધાં એક પોતડીમાં ભેગા કરી ઘેર લાવીએ. વાડામાં પરાળમાં કે પછી ઘરમાં માટલામાં ને કોઠીમાં એને પકવવા નાખીએ. રોજ સવારે વહેલા ઊઠીને અનૂરાં જોવાનાં. પાકાં પાકાં કાઢી વહેંચી લેવાનાં. મહાદેવ પાસેના જંગલમાં એક કોઠીનું ઝાડ; એનાં કોઠાં ગળ્યાં મધ જેવાં. ક્યારેક એ કોઠીએ પહોંચીએ ને નીચે પડેલાં કોઠાં લઈ આવીએ. ઘણાં ખાઈ જઈએ, થોડાંની ચટણી બને.

ગોઠથી દોઢેક ગાઉ દૂર વાલોળિયે કૂવે ને પાંણકિયે કૂવે શેરડીના કોલુ ચાલતા હોય ત્યારે દાદા અમને રસ પીવા લઈ જાય. કોલુવાળા અમારા યજમાન; દાદાનું પગે લાગીને સ્વાગત કરે. ખાટલો ઢળાય ને જાતજાતની વાતો ચાલે. અમે છોકરાં કૂવે ચાલતો કોસ જોઈએ, મોટી કઢાઈમાં ઊકળતો શેરડીનો રસ જોઈએ, આજુબાજુ ખેતરમાં લટાર મારીએ. યજમાન એક કોરા ઘડામાં અમારે માટે રસ કાઢે ને માંજેલાં પવાલાં ભરી ભરીને પાય. કોલુ ચાલે છે એવી ભાળ જેમને હોય તેવાં માગણ પણ આવે. બધાંને શેરડીનો સાંઠો ને તાજો તાજો ગોળ ખાવા આપે. અમે બેઠાં હોઈએ તે દરમિયાન ખેડૂતની સ્ત્રી ખેતરમાં ફરી વળી હોય ને મૂળા, મોગરી, રીંગણાં, મરચાં ખોલો ભરી લાવી હોય. દાદા ખભે નાખેલી પોતડી આપે ને એમાં બધું બંધાય. શેરડીના સાંઠા, તાજા ગોળનો પડિયો ને રસનો ઘડો લઈ ખેડૂત અમારી સાથે ઘર સુધી મૂકવા આવે.

ઉનાળામાં આંબે શાખ પડી કે નહિ તેની તપાસ કરવા ને પછી આંબો વેડાય ત્યારે કોઈ વાર દાદા સાથે અમે જઈએ. સવારની શીળી ધૂળમાં પડેલાં પક્ષીઓનાં વેલ જેવાં પગલાં જોઈ દાદાને પૂછીએ. દાદા તેતરનાં, હોલાનાં ને લાબડીનાં પગલાં બરાબર ઓળખાવે. ક્યારેક. નેળમાં બે વાડને જોડતો સુંવાળો પટો પડ્યો હોય. દાદા તરત કહે : “એ તો હમણાં જ અહીંથી સાપ ગયો હશે.” પાંણકિયે કૂવે અમારો એક આંબો, ત્યાં જતાં રસ્તામાં મોરડિયો ડુંગર આવે. કોઈ વાર અમે

એના ઉપર ચઢીએ. અમારી નાની આંખોને ટોચેથી દેખાતા નાનાં નાનાં રૂપાળાં ખેતરો ને ચાલતાં માણસો જોવાની મજા આવે. ડુંગરની પાછળ ઉત્તર દિશામાં એક તલાવડી; એને કાંઠે ઊગેલાં જાળાંને લીધે પાણી કાળાં ભમ્મર દેખાય. એ તલાવડી ડુંગર ઉપરથી જ જોયેલી. કદી ત્યાં ગયાનું યાદ નથી, પણ મનમાં એક દૃશ્ય જડાઈ ગયું છે: કાળાં ભમ્મર પાણીને કાંઠે ઢોરનું પાંસળીઓવાળું મોટું હાડપંજિર! ત્યારનું એ મારે માટે ગૂઢ ને ભયંકર સ્થાન બની ગયું છે.

ઉનાળામાં કોઈ વાર બપોરે ગામડેથી ઘેર આવવાનું થાય કે બપોર પછી ઘેરથી નીકળવાનું થાય ત્યારે અમારી ઉઘાડપગાંની માઠી દશા થાય. દાદા તો નવાગામના ચામડિયા પાસે કરાવેલા ચંપલ પહેરીને આગળ આગળ ચાલતા હોય. અમે છોકરાં ધખેલી ધૂળમાં ચાલીએ. તરસ લાગી હોય, થાક ચઢ્યો હોય ને પગ દાઝતા હોય. ન રહેવાય ત્યારે કહીએ: “દાદા, બહુ દઝાય છે.” દાદા છાંયડે ચાલવાનું કહે, ધૂળિયો ચીલો મૂકીને કાઠી જમીન પર ચાલવાનું કહે, પણ બધે એવું ક્યાંથી હોય? આખરે તેઓ આજુબાજુ ઊગેલાં ખાખરાનાં પાન ચૂંટી લે, વાડમાંથી વેલો શોધી કાઢે ને બબ્બે પાન અમારા પગને તળિયે બાંધી આપે-અમારાં ચંપલ!

અમારા ઘરમાં ભક્તિનું વાતાવરણ ખરું. બાપુ રામભક્ત. સવારમાં પાંચ વાગ્યે ઊઠી ન્હાઈધોઈ દેવપૂજામાં બેસે. સંધ્યા ઉપરાંત ‘રામરક્ષા’ ને ‘હનુમાન ચાલીસા’ બોલે, ‘જ્ઞાનેશ્વરી ગીતા’ વાંચે. ચોમાસામાં ઘેર રોજ ‘રામાયણ’ને ક્યારેક ‘વચનામૃત’ વાંચે. બાપુ સાધારણ રીતે સવારના બહાર જાય તે બારેક વાગ્યે આવે. બા રાંધીને ‘જ્ઞાનેશ્વરી ગીતા’ વાંચવા બેસે. દાદા તો સવારે ને સાંજે ‘ભાગવત’માં જ લીન હોય. કોઈ શ્રોતા ન હોય તોપણ એમને રસ પડતો હોય તે ભાગ મોટેથી વાંચે ને કૃષ્ણનાં પરાક્રમો ને તેની લીલા વિશે એકલા એકલા બોલ્યા કરે, સ્વગતોક્તિ કરે. અહોભાવથી, ભક્તિભાવથી એમનું હૃદય દ્રવી જાય ને આંખે ઝળઝળિયાં આવે.

ઘરમાં સાંજે નિયમિત પ્રાર્થના થાય. બાપુ હતા ત્યારે તેઓ, ને

પછી મોટાભાઈ, બા તથા ભાઈભાંડુઓ બધાં દેવસ્થાન આગળ ઊભાં રહી જાય. ઘીનો દીવો બળતો હોય, અગરબત્તી મઘમઘ થતી હોય ને અમારી પ્રાર્થના ચાલે. તુલસીદાસના ‘શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવભય દારુણં’થી આરંભ થાય. ‘રામરક્ષા’, ‘નર્મદાષ્ટક’ ને બીજા શ્લોકોનું સહગાન થાય. નાનાલાલનું ‘પ્રભો અંતર્યામી જીવન જીવના દીન શરણા’ પણ બોલાય.

સંધ્યાના ઊતરતા અંધકારમાં ભક્તિના મઘમઘાટથી પરશાળને ભરી દેતો આ પ્રાર્થનાકાર્યક્રમ તો જાણે આજે ય ચાલે છે. સાંજ પડે છે ને ઘરમાં દેવસ્થાન આગળ ઘીનો દીવો થાય છે, અગરબત્તી સળગે છે ને એ નાનકડા ઘરમાં વડીલો વચ્ચે હું મને હાથ જોડીને ઊભેલો જોઉં છું. મારી પ્રાર્થનાથી ભગવાનને પ્રસન્ન થતા ને મધુર સ્મિત કરતા જોઉં છું. ક્યારેક ઊંઘમાં વિમાનસ્થ રામની મૂતિર્ જોઉં છું ને સ્વર્ગમાં જવાની મધુર કલ્પનાનું સુખ અનુભવું છું; સવારે ઊઠીને ભાઈ-બહેનને ભગવાન મળ્યાની વાત કરું છું. ઝીણી ધૂપસળી બળે છે ને એની ઊંચે પથરાતી સેર મને એ નાનકડા ગામના નાનકડા ઘરના ખૂણામાં દેવના ગોખલા આગળ લઈ જાય છે, શૈશવની સાંજના એ ભક્તિઉમંગમાં તરબોળ કરી દે છે.

[‘વનાંચલ’ પુસ્તક: ૧૯૬૭]

# જયંતિ દલાલ

## તાજમહાલ ન વેચતા!

બ્રિટિશરો હતા ત્યારે એક સુખ હતું કે આપણે આપણાં બધાં દુ:ખોનું કારણ એમને માથે ઢોળી દઈ શકતા હતા. એ પ્રવૃત્તિ હજી આજેય નિર્મૂળ થઈ નથી. જે કાંઈ હોય તેને માટે હું નહીં પણ બીજાઓ જવાબદાર છે, એવી વૃત્તિ એક પ્રજા તરીકે જાણે આપણામાં ઘર કરી ગઈ છે.

આજે ચારે કોર 'ટેન્શન' અનુભવાય છે, માનસિક તાણ અનુભવાય છે. પ્રજા ને સરકાર વચ્ચે ટેન્શન છે, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ટેન્શન છે, પક્ષો-પક્ષો વચ્ચે ટેન્શન છે. કોઈના ઉપર કશા આરોપણ વિનાની, અમારી આ અપેક્ષા હતી પણ તે પૂરી થઈ નથી એવી ફરિયાદ વિનાની, એક પણ લીટી તમને છાપામાં નહીં જડે. પોતે કશું કરવાની વાત નહીં—માત્ર અપેક્ષાઓ રાખવાની! અને પછી અપેક્ષા ને પરિસ્થિતિ વચ્ચે અંતર રહે છે તે આ બધી અશાંતિના મૂળમાં છે.

અંગ્રેજો આ દેશમાંથી ગયા ત્યારે કંગાલિયત, રોગ, અજ્ઞાન વગેરે વારસામાં મળેલું. પણ સાથે એક બીજી વસ્તુ વારસામાં મળી—પારકો આપણા માટે કાંઈક કરે એવી આશરાવૃત્તિ પણ આપણને વારસામાં મળી.

બીજી બાજુ રાજકર્તાઓએ “અમે જ તમારું બધું કરી દેવાના,” એમ કહીકહીને પ્રજાને પામર બનાવી મૂકી.

આજે પ્રજા બેજવાબદાર લોકોના હાથમાં સોંપાઈ ગઈ છે. તેને લીધે પ્રજાને નામે ભાતભાતની વિચિત્રા માગણીઓ પણ ઘણી વાર ઊભી કરાય છે.

કોઈને કોઈ બીજા સામે લડાવી મારવો, કોઈને શહીદ બનાવીને વધેરી દેવો, તેમાં કહેવાતા નેતાઓને કાંઈ ખોટું લાગતું નથી. એક શાણી પ્રજાને દાયકાઓ સુધી ગાંડી બનાવવાના ઉદ્યમનું આ પરિણામ છે.

હમણાં હું એક નાટક લખી રહ્યો છું. નામ છે: ‘તાજમહાલ ન વેચતા!’ તાજમહાલ તો હતો ત્યાંનો ત્યાં જ છે. પણ કોઈએ અફવા ઉડાડી છે કે તાજમહાલ વેચી દેવાનો છે, અને પછી તો જોઈ લો તેની વિરુદ્ધના મોરચાઓ ને ધરણાઓ! એક માણસ તો વડા પ્રધાનના મકાન આગળ કેરોસીન છાંટીને બળી મરે છે. તેનો છેલ્લો સંદેશો એ છે કે, “તાજમહાલ ન વેચતા!” આ વાત આપણને વાહિયાત લાગે, પણ આનાથી યે વધુ વાહિયાત બાબતો માટે લોકોએ જાન આપ્યા છે.

# જયંતીલાલ માલધારી

## “પંડિતજીને જરા કે’જોને!”

હું અંબર પાછળ મંડાણો’તો. બેલણીમાં પટ્ટા તૈયાર કર્યે જતો હતો ને છોકરાંવ ફીંડલાં વાળતાં હતાં, ત્યાં તેડું આવ્યું: “ચાલો, સાહેબ બોલાવે છે.”

પંચાયતના પટાવાળાને મેં કહ્યું: “આવું છું હોં, આ જરાક સરખું કરી લઉં, નહીંતર બધું રૂ ઊડી જશે.”

“ભલે, પણ સાહેબે કીધું છે કે તરત બોલાવી લાવજે.”

પટાવાળો ગયો. મેં ઉતાવળ કરીને છોકરાંવ સાથે ફીંડલાં વાળવા માંડયાં. પંદરેક મિનિટ પછી ગયો.

ગામ નાનકડું છે. હજારેક માણસની વસ્તી છે, પચરંગી પ્રજા છે. આ દેશના કોક ગરજાઉ લોકોએ સ્વરાજ લીધું છે અને હવે આપણને સુધારવા માટે ‘સબસીડિયું’ આપે છે, એવો વ્યાપક ખ્યાલ અવ્યક્ત રીતે મનમાં ભરાઈ બેઠો છે. પ્રજાને સ્વરાજ સાથે કાંઈ લેવાદેવા નથી. મહેનત કરનાર વર્ગ વધુ ખાતર-પોતર પાછળ મંડયો છે. વધુ મગફળી થાય તો બે પૈસા મળે, ને બીડિયું ફૂંકી ફૂંકીને થાકેલાને હવે સિગારેટ મળતી થાય…

“એ ભાઈ, આમ—પાદરમાં સા’બ બોલાવે છે,” એક ભાઈબંધે મને સાદ કર્યો.

ગામના પાદરમાં ગોંદરું છે. ત્યાં ગામનું ધણ ભેળું થાય છે. સા’બ ત્યાં ઊભા હતા ને ગાયો સામે હાથ લાંબા કરીકરીને લોકોને કાંઈક સમજાવતા હતા. આગેવાન ગણાતા બે-ત્રાણ ભાઈઓને સા’બ મૂંઝવી રહ્યા હતા. મને જોઈને એમને રાહતની લાગણી થઈ. એ બોલ્યા:

“લ્યો સા’બ, આ માલધારી આવી ગયા, એને સમજાવો તમે.”

બે હાથ જોડીને હું બોલ્યો, "નમસ્કાર, સાહેબ. બોલો, શો હુકમ છે?"

"તમારું નામ મિસ્ટર માલધારી?" સાહેબે પૂછ્યું.

"હાજી."

"હં, તો મારે તમને બે વાત કહેવી છે." સાહેબે ટોપો હાથમાં પકડેલો. એના કાળા ભમ્મર વાળને હું જોઈ રહ્યો.

"કહો સાહેબ," મેં કહ્યું.

"તમે માલધારી છો, એટલે તમે બરાબર સમજશો કે સ્વરાજ્યમાં આપણે અનેકવિધ પ્રવૃત્તિ કરવાની છે. તેમાં આ ઢોરની નસ્લ-સુધાર બહુ મહત્ત્વની છે. તમારે ગામ…"

સાહેબ હજી પૂરું બોલી રહે ત્યાં, છાણ લેવા ભેગી થયેલી દીકરીઓમાં ઝઘડો થયો અને એક છોકરીએ બીજીને ગાળ દઈને સૂંડલાનો ઘા કર્યો. ઘા સીધો પડયો એક વોડકી ઉપર, અને એ ભડકીને દોડી ને ત્રાણચાર ગાયુંને ભડકાવી.

"સાહેબ, આ બાજુ ઊભા રહીએ; ઢોર ક્યાંક ઢીંકે ચડાવશે," એક પટેલે સલાહ દીધી. અમે બધા એક બાજુ ખસીને ઊભા. સાહેબે મને સમજાવવા માંડયો :

"ઢોરની ઓલાદ સુધારવી જોઈએ. આ જવાબદારી તમારી છે. આ જુઓને તમારું ધણ! એમાં કોઈ જાતવાન ગાય ભાળો છો? દિવસે દિવસે ઢોર બાંગરિયાં થતાં જાય છે. ખૂંટનાં ક્યાંય ઠેકાણાં નથી. આ બધી ભામ કહેવાય, સમજ્યા મિસ્ટર માલધારી? પરદેશમાં જ્યાં માંસાહારી લોકો છે ત્યાં જુઓ તો ગાય કામધેનુ જેવી છે—ટંકે અરધો મણ દૂધનાં કેન છલોછલ ભરી દે છે. હવે તો આપણું રાજ્ય છે. આપણો દેશ ખેતીપ્રધાન છે, ગાય આપણી અર્થરચનાની ધરી છે. એની નસ્લ સુધારવી જોઈએ."

"પણ સાહેબ…"

"ના, કાંઈ દલીલ ન કરશો. આટલું તો આપણે સમજવું જ

પડશે. આમાં પણબણ કાંઈ નહીં ચાલે. દેશની યોજનામાં તમારે સક્રિય સહકાર આપવો પડશે.”

સાહેબ એનો ઉપદેશ પૂરો કરે ત્યાં ગોંદરામાં કુરુક્ષેત્રાનું મંડાણ થવા માંડયું. છાણના ઝઘડામાંથી છોકરાઓએ ગાળાગાળી અને પાણાવાળી શરૂ કરી. ચારપાંચ જણ વચમાં પડ્યા ને માંડ માંડ ઝઘડો પતાવ્યો. સાહેબે આગળ ચલાવ્યું :

“કેટકેટલી મહેનત પછી આપણને સ્વરાજ્ય મળ્યું છે, એની તમને ક્યાંથી ખબર હોય? દેશનો સર્વાંગીણ વિકાસ કરવા આપણે ગાયની નસ્લ સુધારવી પડશે.”

“હેં સાહેબ,” મેં પૂછ્યું, “આ બધી યોજનાઓ કોણ કરે છે?”

“આપણા પ્રાઈમ મિનિસ્ટર પંડિત જવાહરલાલજીની દોરવણી નીચે યોજના પંચ આ બધું કરે છે.”

“તે સાહેબ, પંડિત જવાહરલાલજી સાથે તમારે કાંઈ ઓળખાણ ખરી?”

“કેમ, તમારે કાંઈ કામ હતું?”

“સાહેબ, તમે જવાહરલાલજીને કાને એક વાત નાખો, તો ભારે કામ થઈ જાય!”

“શી વાત?”

“કે આ બધી ગાયું ને ભેંસુને પાળનારાં અંતે તો માણસ છે.”

“એમાં શું કહેવાનું હતું? એ તો સૌ સમજે એવી વાત છે!” સાહેબ બોલ્યા.

“ઈ માણસ જેવા માણસની નસ્લ દિવસે દિવસે નીચે ઊતરતી જાય છે, એની કેમ કોઈ ચિંતા કરતું નથી?”

“તમે શું કહેવા માગો છો?”

“હું એમ કહું છું કે આ સ્વતંત્રા દેશમાં જે માણસો વસે છે એની નસ્લ દિવસે દિવસે ઊતરતી જાય છે—શરીરમાં, બુદ્ધિમાં, હિંમતમાં

બધે સડેડાટ નીચે ઊતરી રહી છે, એનું કાંઈ ન થાય?"

"શું થાય?"

"આ ગામડાંનાં છોકરાંઓનું કોઈ ધણી નથી. માબાપ પડી ગયાં છે ખેતરમાં ખાતર ભરવામાં, વેપારી વર્ગ મજૂરોની ફાટય વધી છે તેને દબાવવામાં, નોકરિયાત વર્ગ પગારનો વધારો ને કામના કલાક ઓછા કરાવવામાં ને માસ્તરો બદલીઓ કરાવવામાં—એમ સહુ એવા ગૂંચવાઈ ગયા છે કે છોકરાંવ સાવ ધણીધોરી વિનાનાં થઈ ગયાં છે."

સાહેબ મારા અરધા ધોળા માથા સામું જોઈ રહ્યા.

"સાહેબ, જો જવાહરલાલજી તમારું માને તો આ કામ કરવા જેવું છે, હોં! આ બધાં ઢોરઢાંખર, ખેતર-પાદર, વેપાર-વણજ ને ધર્મ-સંસ્કૃતિને સાચવનારો અંતે તો માણસ છે. એની નસ્લ તરફ જો કોઈ મોરો ફેરવે ને સરખો વિચાર કરે તો, સાહેબ, તમારો ભાર સાવ હળવો થઈ જાય."

"કેમ, તમે બધું કઈ રીતે વિચારો છો?"

"હું તો અભણ માણસ છું, સા'બ. આ તો તમે મને નસ્લ વિશે બહુ સમજાવ્યું એટલે મને આ સૂઝયું. આ દેશનું નવનિર્માણ કરવું હશે તો પહેલાં આ બિચારાં નાનાં છોકરાંના સંસ્કારનું કાંઈક કરવું પડશેને?"

અમારું આ ચાલતું હતું ત્યાં બસ આવી, ને બીજી બાજુ ગોવાળે વાંભ કરીને ધણને હાંક્યું.

"અચ્છા, આપણે ફરી મળશું." સાહેબ હાથ લંબાવી બોલ્યા.

"ભલે સાહેબ—પણ પંડિતજી તમે જરા કે'જોને!"

['ગ્રામનિર્માણ' માસિક: ૧૯૬૨]

# આ વાલો!

એક સવારે હું મારી દીકરીને 'ગીતાજી'નો બારમો અધ્યાય શીખવવાની કડાકૂટ કરતો હતો, ત્યાં વાલો મહેતર આવ્યો.

"આવો, વાલાભાઈ, રામ રામ!" મેં કહ્યું.

"એ રામ રામ. હમણાં તો બહુ દિવસે જોયા!"

"કહો, કેમ છો?"

"છે તો ઠીક. આ એક નાથિયાના ઉધામા થકવી દે છે." નાથિયો વાલા મહેતરનો મોટો દીકરો. છોકરો ઘડી ઘડી નોખો થાય ને પાછો ભેળો થાય.

"હું તમને કહું છું કે એને એક નોખું ખોરડું જ બાંધી દ્યો ને—નકામા બળાપા કરવા મટે!" મેં સલાહ આપી.

"હું ઈ જ વિચારમાં છું. શું કરશું? ઘડીક થાય છે કે અગાસીવાળું બાંધું કે વિલાયતી નળિયાં ચડાવું? ભાઈ, મને તો લાગે છે કે પતરાંવાળું જ કરું, એટલે પછી ઉપાધિ જ નહિ."

આ વાલો વીડી રાખી ઘાસ વેચવાનો ધંધો કરે. આજુબાજુનાં ગામડાંમાંથી સૂકાં છોડાં, ચામડાં લાવે ને એય વેચે. વ્યાજવટાવ પણ કરે. ભારે હૈયાવાળો આદમી.

પછી અમે ખોરડું કેમ બાંધવું એના વિચારે ચડયા. વાલાએ ચલમ સળગાવીને બે દમ માર્યા ત્યાં લગીમાં તો અમે બ્રહ્મદેશના જંગલમાંથી પાકો સાગ લેવા સુધી પહોંચી ગયા. ખૂણેમોહકે કઈ ખાણનાં બેલાં વાપરવા અને કયા મિસ્ત્રીને બોલાવવો, એ બધું લગભગ નક્કી કરી નાખ્યું. આમ વાલા મહેતરના નાથિયા માટે ખોરડું બાંધવાનો પાકો નકશો થઈ ગયો.

"ઠીક ત્યારે, વાલા બાપા, હવે ઊઠશું?"

"હા હા, લ્યો તયેં," કરતાકને ઊઠ્યા.

"હમણાં કેની કોર ઝપટું દ્યો છો?" ઊઠતાં ઊઠતાં મેં પૂછ્યું.

"વીડીમાં જ છું. ગંઠા બંધાય છે ...હં—પણ ભાઈ, એક પાટિયાનું બટકું

જોઈએ છે. આપણા ઓલ્યા ખેરીચામાં હશે કે?"

"શું કરશો?"

"આ ગંઠા બાંધવામાં એક ખૂટયું છે."

હવે હું સમજ્યો કે આ વાલો મહેતર એક પાટિયાના બટકા સારુ છોકરા માટે ખોરડું ને બ્રહ્મદેશના જંગલ સુધી આંટો જઈ આવ્યો! ને એ હૈયાવાળો આદમી એને જોઈતું પાટિયું અમારા જૂના સામાનમાંથી લઈને પોતાના કામે ઉપાડી ગયો.

ઉછીના લઈને વ્યાજે આપે એવો વાલો એક વાર તો મારા મનને હલાવી ગયો. મને થયું કે આ વાલો!

વાલાના વીડમાં ખડ વઢાઈને કુંદવાં થઈ ગયેલાં. સાઠ વરસનો એ ફરતિયાળ આદમી ગામથી ચાર ગાઉ દૂર એના વીડમાં રોજ આંટો જઈ આવતો. એની ભારે સાવચેતી છતાં રોજ કોક ખડનો ભારો બાંધી ઉઠાવી જતું હતું. એક વાર એણે વાતવાતમાં કહેલું, "ભાઈ, કોઈ પાકો આદમી લાગે છે, નકર મારી નજર ન ચૂકી જાય." પણ એક દી વાલાએ ચોરને પકડી પાડયો.

"કોણ હતો ઈ?" મેં પૂછ્યું.

"બરાબર સૂરજ મેર બેઠા ને હું ઘર ભણી વળતો હતો, એમાં મને વિચાર આવ્યો ને હું પાછો વળ્યો. ઓલી રાફડાવાળી કટકી દેમનો હાલ્યો. ઊંચે ચડીને જોઉં તો કોક આદમી ભારો બાંધી ઊભો'તો. હત તારી! પણ હવે તો પકડયો જ સમજ, એવો વિચાર કરી હું પેલાની નજર ચૂકવીને પગલાં ભરું ત્યાં તો સામેથી જ સાદ આવ્યો: 'એ વાલા બાપા, જરા ઓરા આવો તો!' ઓળખ્યો: આ તો ઓલ્યો કાનિયો. કેવો મારો બેટો પાકો ચોર! હું ત્યાં પહોંચ્યો એટલે મને કહે, 'લ્યો બાપા, ભારો ચડાવો!'

'લે હવે શરમા, કાનિયા! મારા જ ઘરમાં ચોરી કરે ને પાછો હું તને ભારો ચડાવું?'

'બોલશો મા, બાપા! ચડાવી દ્યો ઝટ—હજી આઘું જાવું છે.'

'હવે કાલો થા મા, કાલો! છોડી નાખ ભારો.' મેં કહ્યું.

'જો બાપા, લાંબી વાતનું ટાણું નથી. ઘરમાં સુવાવડ આવી છે, ટંકનાય દાણા નથી; અને હું એકલો બધે પહોંચું એમ નથી. એટલે જ આ કામો કરવો પડે છે.'

વાલા મહેતરની વાત હું એકધ્યાનથી સાંભળી રહ્યો હતો. હું બોલ્યો, "શી દુનિયા છે! એક તો ચોરી ને માથે પાછી ચાલાકી!"

"ચાલાકી નો'તી, ભાઈ; એની વહુને સુવાવડ આવી'તી ને ઘરમાં ટંકનાય દાણા નો'તા, ઈ વાત સાચી હતી."

"પણ એટલે કાંઈ વીડમાંથી ચોરીના ભારા બંધાય?"

"બંધાય જ ને, ભાઈ—શું થાય?"

"શું કહો છો, વાલાભાઈ! પણ પછી તમે શું કર્યું?"

"શું કરે? એને ભારો ચડાવ્યો—ને માથે દસ રૂપિયા રોકડા આપ્યા." વાલાએ કહ્યું.

આ વાલો!

# જયંતીલાલ મો. શાહ

## અટંકી યોદ્ધો

બીજા વિશ્વયુદ્ધ વખતે ચર્ચીલે બ્રિટનના વડા પ્રધાન તરીકે પોતાના દેશને જે દોરવણી આપી, બ્રિટનવાસીઓને જે રીતે મર્દ બનાવ્યા, અને સાથી રાજ્યોને વિજયી બનાવવામાં જે ફાળો આપ્યો તે ચિરસ્મરણીય બની રહેશે. બ્રિટનના વડા પ્રધાન થતાંની સાથે જ તેણે પોતાના દેશવાસીઓને ખોટી આશાઓ આપવાને બદલે પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આપ્યો તથા દેશ અને દુનિયામાં પડઘો પાડનાર ખૂબ જ પ્રેરક શબ્દો કહ્યા: "મારે તમને લોહી, શ્રમ, આંસુ અને પસીના સિવાય બીજું કાંઈ આપવાનું નથી."

જર્મનોના જબરદસ્ત અને ઝડપી આક્રમણ સામે બ્રિટનને ડન્કર્ક(ફ્રાન્સ)માંથી પીછેહઠ કરવી પડી ત્યારે પરિસ્થિતિ ખૂબ જ કપરી અને કટોકટી ભરેલી હતી. યુરોપ હિટલરની એડી નીચે આવી ગયું હતું; રશિયા જર્મની સાથે જોડાઈ ગયું હતું; અને અમેરિકા હજુ તટસ્થતાની વાડ ઉપર બેઠું હતું. આ અરસામાં એક વખત લૉર્ડ હેલિફેક્સ ચર્ચીલની ઓફિસમાં ગયા ત્યારે તે પ્રધાન મંત્રી બ્રિટિશ પ્રજા જોગ પોતાના ભાવિ વાયુપ્રવચનનું રિહર્સલ કરી રહ્યા હતા અને પોતાના વિષયમાં તલ્લીન થઈને બોલતા હતા: "...આપણે સમુદ્રના કિનારા ઉપર લડીશું; આપણે ખેતરોમાં અને શેરીઓમાં લડીશું ....અને કદાચ તેઓ લંડન આવી પહોંચશે તો હું રસ્તાના છેડે આવેલા પેલા સિમેન્ટ-કોંક્રિટના રક્ષણ-સ્તંભમાં પહોંચી જઈશ. અને તમે જાણો છો કે હું કાંઈ નબળો નિશાનબાજ નથી... આપણે કદી શરણે જઈશું નહીં!"

ધખધખતી ભઠ્ઠીમાંથી જેમ તણખા છૂટે, તેમ તેના સળગતા દિલમાંથી આ શબ્દો નીકળતા હતા. પોતાના લોકોનાં દુ:ખમાં સહભાગી થવાની, તેમને આશ્વાસન આપવાની અને તેમનો નૈતિક જુસ્સો ટકાવી

રાખવાની એક પણ તક તે જતી કરતા નહીં.

દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપવા તથા પોતાની જાતને કૃતાર્થ કરવા ચર્ચીલ હંમેશાં તત્પર રહેતા. અને એ ધન્ય ઘડી એક રીતે તેમની સન્મુખ હાજર થઈ અને અગ્નિપરીક્ષામાંથી તેમને ઉત્તીર્ણ કરી ગઈ.

યુદ્ધમાં હારતા જતા જર્મનીને આખરી ફટકો મારવા યુરોપમાં ઉતરાણ કરવાનો સાથી રાજ્યોએ નિશ્ચય કર્યો, અને આઈઝનહોવરની સરદારી નીચે તે માટેની બધી તૈયારીઓ થઈ ગઈ. ચર્ચીલ પોતે ઉતરાણ કરનાર દળ સાથે જવા તૈયાર થયા, પરંતુ આઈઝનહોવરે મક્કમતાપૂર્વક કહ્યું કે તેઓ ચર્ચીલને ઉતરાણ કરનાર દળ સાથે જવા દેશે નહિ; કારણ, પ્રધાનમંત્રી તરીકેની તેમની જગ્યા પૂરી શકે એવી કોઈ સમર્થ વ્યકિત દેખાતી નહોતી. આ બાજુ ચર્ચીલ કોઈનું સાંભળે એમ નહોતા. તેણે સ્પષ્ટ રીતે કહી દીધું કે સરસેનાપતિ આઈઝનહોવરની સત્તા બ્રિટનના વડા પ્રધાન ઉપર ચાલી શકે નહીં. આથી પાર્લમેન્ટના કેટલાક સભ્યોએ શ્રીમતી ચર્ચીલને વિનંતી કરી કે તેઓ તેમના પતિને દળ સાથે ન જવા માટે સમજાવે. પરંતુ શ્રીમતી ચર્ચીલે ગૌરવપૂર્વક કહ્યું, “દેશ માટે અનેક જુવાનિયા પોતાની જિંદગી જોખમમાં નાખી રહ્યા છે; આ સંજોગોમાં વિન્સ્ટન પોતાની ફરજ અવશ્ય બજાવશે—ભલે પછી ગમે તે પરિણામ આવે.”

આખરે ઇંગ્લેન્ડના રાજા જ્યોર્જના કાને આ વાત પહોંચાડવામાં આવી. તેમણે કુનેહપૂર્વકની દરમિયાનગીરી કરતાં કહ્યું, “જો ઇંગ્લેન્ડના વડા પ્રધાન માટે આક્રમણમાં ભાગ લેવો યોગ્ય હોય, તો ખુદ ઇંગ્લેન્ડના રાજા માટે તો તેમાં ભાગ લેવો ખૂબ જ વધુ યોગ્ય ગણાય.” આ દલીલ સામે ચર્ચીલ નિરુત્તર થઈ ગયા અને અનિચ્છાપૂર્વક તથા ખિન્ન હૃદયે તેમણે આક્રમણમાં જોડાવાનું માંડી વાળ્યું.

['ભૂમિપુત્ર' દશવારિક: ૧૯૭૭]

# કાંઈક કહેવાનું

મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈનને એક પ્રસંગે પ્રવચન માટે આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે તેમણે દિલગીરી દર્શાવતાં કહ્યું, "મારે અત્યારે કાંઈ કહેવાનું નથી. પરંતુ જો કાંઈ કહેવાનું હશે તો હું પછી આવીશ." બરાબર છ માસ પછી તેમણે તેમના મૂળ નિમંત્રકોને તારથી ખબર આપ્યા: "હવે મારે કાંઈક કહેવાનું છે." આથી વિના વિલંબે સમારંભ ગોઠવવામાં આવ્યો, અને ત્યાં આઇન્સ્ટાઈને મુખ્ય મહેમાન તરીકે પોતાનું પ્રવચન આપ્યું.

# જયંતીલાલ સો. દવે

—

*માછલડાં સજ્યાં ને સાગર નો મળ્યા,*
*તલસે મહેરામણને મન*

## ખોરડાં

*ખોરડાં મટી ગ્યાં, અમે ખંડેર કે'વાણાં!*
*કિયે મોઢે દઈ આવકારા રે?*
*ઓશિયાળી થૈ ગૈ ઓસરી હો....જી!*

*ઇંઢોણી મોતીડે ભરિયલ, ઊજળી ઈ હેલ્યું,*
*અમરત-કુંભ ક્યાં ઢોળાણો રે?*
*પાણિયારે હવે પાણકા હો....જી!...*

*ચેતનવંતા ચૂલાના ક્યાં ગયા દેવતા?*
*સીંકે ઢાંકેલાં ઈ ગોરસ રે!*
*તલખે છે કે'ને તાવડી હો....જી?*

*આંગણે એકલ ખટ્કે ગાવડીનો ખીલડો,*
*વાછરું વેળા થ્યે નવ છૂટે રે,*
*થડકારો વેઠે થાંભલી હો...જી!*

*ઓરડાને હૈડેથી ચીજું ક્યાં ચોરાણી?*
*ઢોલિયો, ધડકી, પટારા રે,*
*ગાયબ થૈ ગ્યા ગોખલા હો...જી!*

*જઈ આતમરામ પૂછે તુલસીને ક્યારે:*
*લગન લખી કાનને તેડ્યા રે,*
*જાનું ઈ ક્યારે આવશે હો...જી?...*

# નીંભાડો મારા નાથનો

*નીંભાડો ખડકાણો મારા નાથનો,*
*માંહીં ઓરાણાં તમામ:*
*નાનાં ને મોટાં, નીચે-ઉપરે*
*ઠાંસીને ભરિયાં છે ઠામ.*

*લાગી રે લાગી આ ઝાળું આગની,*
*એના તમે કરી લ્યોને સંગ;*
*ચારે રે દિશાથી તાપને નોતરો,*
*જોજો—એક્કે કાચું રહે નહિ અંગ....*

*આયખું ઉજાળો તપીને ટેકથી,*
*જોજો ભાઈ, ખૂટી નવ જાય હામ!*
*ફૂટ્યાં તે દી કહેવાશે ઠીંકરાં,*
*કોઈ નહિ કહેશે તમને ઠામ.*

*નીંભાડો ઉખાળી લેશે પારખાં,*
*છાપ દેશે છાતીને મોઝાર;*
*ઝીલીને રુદિયામાં એની છાપને*
*પહોંચવું દુનિયાને દુવાર.*

*કાળે રે ઉનાળે તરસ્યું ટાળવી*
*શોષી સઘળા તાપ;*
*ભીતરની ભીનાશું, ભાઈ, નવ મૂકવી—*
*પડે ભલે તડકા અમાપ....*

# જયન્ત પંડ્યા

## કોઠે કોઠે ઝળહળતા દીવા

“ભારતમાં લોકશાહીનાં મૂળ ઊંડાં છે” એવી વાત સાંભળીને પોરસથી માથું ધુણાવનારા લોકોની સંખ્યા બહુ મોટી છે. પણ આપણી સંસદીય લોકશાહીનો ઇતિહાસ જોતાં, લોકશાહી ભાવનાનું ઊંડાણ પ્રકટ કરે એવો તે ઊજળો નથી. ગાડામાં મુસાફરી કરતા હોઈએ અને આપણા સામાન ઉપર ‘એર ઇન્ડિયા’નું છોગું લગાડેલું હોય તેથી આપણે વાયુપ્રવાસી છીએ એમ કહેવું હાસ્યાસ્પદ લાગે, તેવું જ આપણે લોકશાહી છીએ એમ કહેવું પણ હાસ્યાસ્પદ લાગે છે.

લોકશાહીના મૂળભૂત સંસ્કારોનું પ્રથમ સિંચન કુટુંબજીવનમાં થવું જોઈએ. આપણી કુટુંબસંસ્થામાં સામંતશાહી અને આપખુદ વલણો કેટલાં છે તે ઝીણવટથી જોવા જેવું છે. કેટલાં કુટુંબોમાં આચારવિચારની સ્વતંત્રતા છે? કેટલાં કુટુંબોમાં સામાજિક સભાનતા અને શિસ્ત છે? કુટુંબના કૂંડાળામાંથી બહાર આવો ને ખોળી કાઢો કે વહીવટી સંસ્થાઓ, સમાજસેવા ને શિક્ષણની સંસ્થાઓ, દુકાનો, રેંકડીઓ, માણસોના મેળા જ્યાં જામે છે તેવાં સ્થાનોમાં ક્યાંય લોકશાહીનો ‘લ’ પણ જોવા મળે છે ખરો? માનવીનું ગૌરવ સાચવવું અને સમભાવથી એનો આદર કરવો, એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત આ દેશની કેટલી સંસ્થાએ આચરી બતાવ્યો છે?

આપણી સભ્યતા પાંચ હજાર વર્ષ જેટલી જૂની છે, એવા આત્મસંતોષને અંતે પણ મૂળ સવાલ તો રહે જ છે કે આપણી સભ્યતા આટલી પ્રૌઢ હોવા છતાં આપણા પટાવાળા, કારકુનો, અધિકારીઓ, મોટરવાળાઓ કે આપણા રાહદારીઓમાં પણ એ સભ્યતા અને લોકશાહીના વ્યવહારની શૈલી કેમ પ્રગટતી નથી?

દિનરાત ઘૂમરાતા કોલાહલોમાં, કામ પર હાજર થવાના

સમયપાલનમાં, વહીવટના નઘરોળ વિલંબમાં, કામના ઢગલા વચ્ચેની કામચોરીમાં, સત્તાધીશોના ઘૂરકાટમાં, લાંચ ખાઈને જ કામ કરવામાં, પરીક્ષાનાં પરિણામોમાં ઘાલમેલ કરવામાં... જે ઊપસી આવે છે તેને શું લોકશાહી કહીશું?

એક અંગ્રેજ કુટુંબમાં જન્મેલા બાળકને ‘ગુડ મોર્નિંગ’ કે ‘ગુડ નાઇટ’ જેવાં અભિવાદનો કરવાની કે ‘યસ પ્લીઝ’ જેવાં શિષ્ટ વાક્યો બોલવાની ટેવ પાડવામાં આવે છે, રીતભાતો શીખવવામાં આવે છે. પાડોશી સાથે કેવા સદ્ભાવથી વર્તવું, અજાણ્યા સાથે પણ કેવા વિવેકથી વાત કરવી, આપત્તિમાં કોઈને કેવી રીતે મદદરૂપ થવું... સરવાળે શું કરવું ને શું ન કરવું તેની તાલીમ કુટુંબની વિદ્યાપીઠમાં જ એ બાળકોને મળી જાય છે. અક્ષરજ્ઞાન અને બીજી કેળવણી એ તો આ મૂળ સંસ્કારની પુરવણી માત્ર છે. કુટુંબ અને શિક્ષણપ્રથા કેવાક હીરા પકવે છે તેની કસોટી સમાજવહીવટ, રાજ્યવહીવટ અને સંસદીય વ્યવહારોમાં થતી રહે છે.

યુરોપના કોઈ પણ દેશની એકાદ કચેરીમાં દાખલ થાવ તો, મીઠું મલકીને “કેન આઈ હેલ્પ યૂ” કહેતી કન્યા, સડક પર શાંતિથી વાત સાંભળીને ઊલટથી માર્ગદર્શન આપતો પોલીસ, “મૂવ ઓન સર, પ્લીઝ” કહેતો બસકંડક્ટર, રાહદારી ઝીબ્રા ક્રૉસિંગ પર પગ મૂકે તેની સાથે જ સાવચેત થઈ જતો ને તેને પહેલાં પસાર થઈ જવા સંકેત કરતો ડ્રાઇવર... એ બધું સમાજજીવનની કોઈ આકસ્મિક નીપજ નથી. એને માટે સમાજે પરસેવો પાડ્યો છે અને કોઠેકોઠે દીવા ઝળહળતા રાખ્યા છે.

[‘નિરીક્ષક’ પખવાડિક: ૧૯૭૮]

## કર્નલ સાહેબ

વાત ૧૯૨૯ની સાલની. પરદેશથી ભણીગણીને આવેલો એક યુવાન સાબરમતી આશ્રમમાં મહેમાન બનીને આવ્યો. યુવાને ‘ઇન્ડિયન પબ્લિક

ફાઇનાન્સ' વિશે અભ્યાસનિબંધ તૈયાર કર્યો છે. એ લખાણ ગાંધીજીને બતાવવા અને તે પછી છપાયેલું જોવાને ઉત્સુક છે. મુલાકાતનો દિવસ, સમય બધું અગાઉથી નક્કી કરીને એ ગાંધીજીને મળવા આવ્યો છે.

યુવાનને આશ્રમના જે અતિથિગૃહમાં ઉતારો આપવામાં આવ્યો છે તેમાં છે એક ખાટલો અને દેશી ઢબનું શૌચાલય. આવી સગવડથી છળી ઊઠીને, મુલાકાત સુધીનો સમય સાબરમતીને તટે પસાર કરવા એણે નક્કી કરી લીધું છે. મુલાકાતની વેળા નજીક આવતાં એ પાછો ફરે છે ત્યારે સાફસૂથરી ભોંય પર બેસીને રેંટિયો કાંતતી એક વ્યક્તિ નજરે પડે છે. યુવાન તે વ્યક્તિની સામે જઈ ઊભો રહે છે. રેંટિયો કાંતતી પ્રૌઢ વ્યક્તિ, સામે જોઈને પૂછે છે: “કુમારપ્પા?”

પૂછનાર વ્યક્તિ ગાંધીજી જ હશે એવું યુવાનને સમજાઈ જાય છે તેથી વળતા ઉત્તરમાં એ પૂછે છે, “ગાંધીજી?” જવાબ માથું નમાવીને હકારમાં મળે છે એટલે રેશમી સૂટ-બૂટધારી એ યુવાન ભોંય પર બેસી જાય છે. આવા પોશાકમાં ભોંય પર બેસવામાં તેને પડતી અગવડ જોઈને કોઈક એને માટે ખુરશી લઈ આવે છે. પરંતુ યુવાન ખુરશી પર બેસતો નથી. કેમ કે યજમાન જમીન ઉપર બેઠા હોય ત્યાં મહેમાનથી ખુરશી પર કેમ બેસાય?

વાતનો આરંભ કરતાં ગાંધીજી કુમારપ્પાને કહે છે કે તેમણે લખેલા નિબંધમાં એમને રસ પડ્યો છે અને તેઓ તેને કટકે કટકે ‘યંગ ઇન્ડિયા’માં પ્રગટ કરવા ઇચ્છે છે. તે પછી ગાંધીજીએ કુમારપ્પાને ગુજરાતનાં ગામડાંનો સર્વે કરવા વિશે પૂછ્યું ત્યારે કુમારપ્પાએ ભાષાની મુશ્કેલી આગળ ધરી. ગાંધીજી પાસે એનો પણ જવાબ રોકડો હતો- “ભાષાનો સવાલ તમને નડશે નહીં કેમ કે ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને હું તમારે હવાલે મૂકી દઈશ. તમે અહીંથી જઈ વિદ્યાપીઠના કુલનાયકને, કાકા કાલેલકરને, મળજો. તમને બેસવા માટે ખુરશી લાવેલા તે હતા કાકા કાલેલકર.”

કુમારપ્પા વિદ્યાપીઠમાં જઈ કાકા સાહેબને મળ્યા. પશ્ચિમી ઢબનો પહેરવેશ પહેરેલો આ માણસ શું કરી શકશે? એવા ભાવથી કાકાસાહેબે

કુમારપ્પાને ઝાઝું કોઠું ન આપ્યું. એમના ઠંડા આવકારથી અકળાઈ કુમારપ્પા ગાંધીજીનેય મળ્યા વિના મુંબઈ રવાના થઈ ગયા અને મુંબઈ પહોંચી ગાંધીજીને લખ્યું કે, કાકાસાહેબને હું ઉપયોગી થાઉં એવું લાગ્યું નથી.

વળતી ટપાલે કાકા કાલેલકરનો પત્ર કુમારપ્પાને મળ્યો. તેમાં લખ્યું હતું કે, ગાંધીજીએ ચીંધેલું કામ કુમારપ્પા કરશે તો પોતે અત્યંત રાજી થશે. કુમારપ્પા આવ્યા અને કામે લાગી ગયા. એ જ ટાંકણે ગાંધીજીની દાંડીકૂચનો આરંભ થયો, પરંતુ કુમારપ્પાના લેખો 'પબ્લિક ફાઇનાન્સ એન્ડ અવર પોવર્ટી' મથાળા હેઠળ 'યંગ ઇન્ડિયા'માં છપાવા માંડ્યા. ગાંધીજીની ઇચ્છા બધા લેખો ભેગા કરીને પુસ્તિકા છાપવાની હતી એટલે તેને વિશે વાત કરવા તેમણે કુમારપ્પાને કરાડી બોલાવ્યા.

બીજી બાજુએ કુમારપ્પા પણ લખાણને ગાંધીજીની પ્રસ્તાવના મળે તેવું ઇચ્છતા હતા. તેથી કર્મકુશળ માણસની જેમ પ્રસ્તાવના એમણે જાતે લખી, ટાઇપ કરાવી અને પહોંચ્યા ગાંધીજી પાસે. હવે તો ગાંધીજીની સહી જ બાકી! ગાંધીજીએ એ કાગળો જોયા અને હસીને બાજુએ મૂકતાં કહ્યું, "મારી પ્રસ્તાવના મારી હોય, કુમારપ્પાની નહીં!" અને પછી કહ્યું કે, "મેં તમને આને માટે તેડાવ્યા નથી. મારે તો જાણવું છે કે સરકાર મહાદેવને અને મને પકડી લે તો તમે 'યંગ ઇન્ડિયા'માં નિયમિત લખતા રહેશો?" કુમારપ્પાએ જવાબમાં કહ્યું કે પત્રકાર તરીકે લખવાનું સાહસ તેમણે કદી કર્યું નથી.

કુમારપ્પાએ લેખણ હાથમાં ઝાલી અને બદલામાં મળ્યો કારાવાસ! જેલમાંથી છૂટ્યા તે પછી ગાંધીજી-મહાદેવભાઈ ગોળમેજી પરિષદ માટે લંડન ગયા ત્યારે 'યંગ ઇન્ડિયા'નું તંત્રીપદ કુમારપ્પાને ભળાવ્યું. તેમાં તેમણે લખેલાં ધારદાર લખાણોને કારણે તેમને અઢી વર્ષની સખત કેદની સજા થઈ.

જેલમાંથી હજુ માંડ છૂટ્યા ત્યારે એક જુદા પ્રકારની કાગીરી માથે આવી. ૧૯૩૪માં બિહારમાં થયેલા ધરતીકંપે ભારે તારાજી સર્જી હતી. રાહતકામનો બધો ભાર રાજેન્દ્રપ્રસાદને માથે હતો. એમનો ભાર ઓછો

કરવા ગાંધીજીએ જમનાલાલ બજાજને બિહાર જવા કહ્યું. જમનાલાલે નાણાંના વ્યવહારમાં સલાહ આપવા કુમારપ્પાની માગણી કરી, એટલે કુમારપ્પાને બિહાર જવાનું કહેણ આવ્યું.

કુમારપ્પા શિસ્તપાલનના ચુસ્ત આગ્રહી હતા. બિહારમાં રાહતના કામે લાગેલા કાર્યકરોને ભોજનખર્ચ માટે રોજના ત્રણ આનાનું ભથ્થું એમણે નક્કી કર્યું અને આ મર્યાદામાં ખાણું મળે તે માટે સમૂહરસોડાની વ્યવસ્થા કરવામાં આવી. મોટરગાડીની વપરાશ માટે પણ તેમણે કરકસરિયો નિયમ બનાવેલો.

બન્યું એવું કે રાહતનિધિના કામ માટે મળેલી એક બેઠકમાં હાજર રહેવા ગાંધીજી પટણા આવ્યા. એમના રસાલા માટે ખોરાક, ફળ, દૂધ જેવી જરૂરિયાતો પેલી ત્રણ આનાની સીમા વટાવી જતી હતી. કુમારપ્પાએ નક્કી કરેલા ભથ્થા કરતાં વધારે ખર્ચ મંજૂર કરવા વિશે પોતાની મુશ્કેલી મહાદેવભાઈને સમજાવી અને ગાંધીજીની મોટરના પેટ્રોલખર્ચની બીજેથી વ્યવસ્થા કરવા સૂચવ્યું. આ વાત ગાંધીજી પાસે ગઈ. ગાંધીજીએ કુમારપ્પાને બોલાવી કહ્યું કે તેઓ ખાસ રાહત સમિતિના કામ માટે જ આવ્યા છે, તો પછી ખર્ચ નકારવાનું કારણ શું? કુમારપ્પાએ જાહેર નાણાંના સાદગીભર્યા ખર્ચ માટે કરેલા નિયમોની માહિતી તેમને આપી અને કહ્યું કે ધોરણોમાં અપવાદ કરવો ઠીક નથી. ગાંધીજીએ ખર્ચનું બિલ રાહત સમિતિ પાસેથી લેવાનું માંડી વાળ્યું.

બીજા એક પ્રસંગે ગાંધીજીએ કુમારપ્પાને તાર કર્યો કે તેમની સાથે વિચારણા કરવા તેઓ પટણા આવે છે. એક રાત્રે દસેક વાગ્યાની આસપાસ ગાંધીજી પટણા પહોંચ્યા અને એ ખબર કુમારપ્પાને પહોંચાડવા તેમણે રાજેન્દ્રબાબુને જણાવ્યું. કંઈક અવઢવ સાથે રાજેન્દ્રબાબુએ કહ્યું કે રાહતકામના હિસાબમાં થોડાક આનાની ભૂલ આવે છે અને એ ભૂલ શોધી કાઢવા કુમારપ્પા બે જુવાનો સાથે ઓરડીમાં પુરાઈ બેઠા છે, અને રાતભર જાગીને મેળ મેળવવાનો તેમનો નિર્ણય છે. આવી સ્થિતિમાં એ સંહિ જેવા હોય છે ત્યારે સિંહની બોડમાં સહેલાઈથી જવાતું નથી. “ઠીક છે, તો પછી સવારે હું મળી લઈશ.,” કહીને

ગાંધીજી તેમના ઉતારે ગયા. બીજે દિવસે તેઓ કુમારપ્પાને મળ્યા અને મળવાના સમયની માગણી કરી. કુમારપ્પાએ કહ્યું, "આજે નહીં, કદાચ કાલે મળી શકાય." જવાબ વાળતાં ગાંધીજીએ કહ્યું કે રાત્રે તો તેઓ વર્ધા જવા નીકળી જવાના છે. કુમારપ્પાએ કહ્યું, એમ જ હોય તો તેમને મળ્યા વિના જ વર્ધા જવાનું થશે. ગાંધીજીએ કહ્યું, "હું છેક બનારસથી આવ્યો છું છતાં તમે સમય કાઢી શકતા નથી?" કુમારપ્પા કહે, "તમે મળવાનો સમય ફાળવવા અગાઉથી જણાવ્યું ન હતું. હું નવરો હોત તો તમને સામે લેવા આવત પણ રાહત સમિતિની બેઠક માટે હું ખૂબ કામમાં છું." ગાંધીજીએ મહાદેવભાઈને કુમારપ્પા માટે જોઈ જવાના કાગળોની સોંપણી કરવા જણાવ્યું. પંદરેક દિવસ પછી કુમારપ્પાએ વર્ધા જઈ એ કાગળો વિશે ચર્ચા કરી. કુમારપ્પાના આવા લશ્કરી શિસ્તને કારણે, ગાંધીજીના અંતરંગ વર્તુળમાં કુમારપ્પાને 'કર્નલ સાહેબ'ના નામથી ઓળખવામાં આવતા.

ગાંધીજી કડવો ઘૂંટડો ગળી જઈને કુમારપ્પા માટે અભાવ સેવતા નથી, બલકે જે જે કામ માટે કુમારપ્પા લાયક હોય તે તે કામ તેમને સોંપતા રહે છે. તો બીજી તરફ કુમારપ્પાને પણ ગાંધીજી માટે ઓછી મમતા કે ઓછો આદર નથી.

૧૯૩૪માં કોંગ્રેસે અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘની રચના કરવાનો ઠરાવ કર્યો, અને તેના મંત્રી તરીકે કુમારપ્પાનું નામ મૂક્યું. આ કામ તેમણે ગાંધીજીના હાથ નીચે કરવાનું હતું.

૧૯૩૭માં જવાહરલાલે રાષ્ટ્રીય આયોજન સમિતિ બનાવી. જવાહરલાલની ઇચ્છા પ્રમાણે ગાંધીજીએ કુમારપ્પાને એ સમિતિમાં જોડાવા કહ્યું, પરંતુ થોડા વખત પછી પોતાના સમયનો વ્યય થાય છે એવી લાગણીથી કુમારપ્પાએ રાજીનામું આપ્યું.

૧૯૪૨માં 'સ્ટોન ફોર બ્રેડ' (રોટીને બદલે પથ્થર) નામનો લેખ લખવા માટે તેમને જેલભેગા કરવામાં આવ્યા. કારાવાસમાં એમણે 'પ્રૅક્ટિસ એન્ડ પ્રિસેપ્ટ્સ ઓફ જિસસ' અને 'ધ ઇકોનોમિ ઓફ પરમેનન્સ' એમ બે પુસ્તકો લખ્યાં. ૧૯૪૫માં એમનો છુટકારો થયા પછી તે પુસ્તકો

તેમણે ગાંધીજીને જોવા માટે મોકલી આપ્યાં. પણ કુમારપ્પાને આશ્ચર્ય એ વાતનું થયું કે ગાંધીજીએ વણકહ્યે બંને પુસ્તકોનો આમુખ લખ્યો અને તેમાં કુમારપ્પાને 'ડી. ડી.' (ડોક્ટર ઓફ ડિવિનિટિ) અને 'ડી. વી. આઈ.' (ડોક્ટર ઓફ વિલેજ ઇન્ડસ્ટ્રી) કહીને પ્રમાણ્યા.

૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ તે પછી રાજેન્દ્રપ્રસાદે તેમને દિલ્હી બોલાવ્યા અને ગાંધીસ્મારક નિધિનો હવાલો સંભાળી લેવા કહ્યું. કુમારપ્પાએ જણાવ્યું કે, ખરી જરૂર તો ગાંધીજીએ સૂચવેલા કાર્યક્રમોના અમલ માટે એક લાખના માનવભંડોળની છે. એમાં પહેલાં ત્રણ નામમાં હોય જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ અને રાજકુમારી અમૃતકૌર. જવાહરલાલ યુવાનોને દીક્ષા આપે, સરદાર વિદ્યાપીઠ જેવી સંસ્થાઓનું નિર્માણ કરે અને રાજકુમારી નારીસમૂહને રાષ્ટ્રનિર્માણના કામ માટે નિમંત્રે. કુમારપ્પાની આ યોજનાને દાદ ન મળી એટલે તે પાછા ફર્યા.

તે પછીના દિવસોમાં ઇંગ્લૅન્ડ, સોવિયેટ યુનિયન, જર્મની, જાપાન, ચીન આદિ દેશોમાં જુદી જુદી કામગીરી માટે ગયા. દોડધામ અને કાર્યભારથી તેમની શક્તિ ઓસવાઈ ગઈ, તેથી જાહેર જીવનમાંથી નિવૃત્તિ લઈ મદુરાઈ જિલ્લાના ગાંધીનિકેતનમાં એમણે વસાવટ કર્યો.

એમનું પૂરું નામ જોસેફ કોર્નેલિયસ કુમારપ્પા. ૧૮૯૨માં એમનો જન્મ થયો હતો. એમના ઘડતરમાં મુખ્ય ફાળો તેમની માતા એસ્થરનો. એમને દેશસેવામાં જોતરવાનું ગાંધીજીને હાથે થયું.

૧૯૫૬ની સાલમાં ભૂદાનયાત્રા વેળા વિનોબાજી નિવૃત્ત જીવન ગાળતા કુમારપ્પાને મળવા ગયેલા. કુમારપ્પાની ઝૂંપડીમાં ગાંધીજીનું ચિત્ર વિનોબાજી વત્સલ નજરે જોઈ રહ્યા હતા ત્યારે કુમારપ્પાએ કહ્યું, "એ છે મારા ગુરુ." પછી બીજું એક ચિત્ર બતાવીને કહ્યું, "પેલા છે મારા ગુરુના ગુરુ." એ બીજું ચિત્ર હતું એક ગરીબ ખેડૂતનું.

૧૯૫૭ પછી કુમારપ્પાને ઘણો સમય માંદગીને કારણે હોસ્પિટલોમાં ગયેલો. એ ગાળામાં જવાહરલાલ એક વાર તેમની ખબર કાઢવા ગયેલા. પ્રારંભિક વાતચીતમાં જવાહરલાલે કુમારપ્પાને કહેલું: જુઓ, આપણે

બંને ગરમ મિજાજના છીએ. એટલે ચર્ચા નહીં કરીએ, પરંતુ તમારે જે કહેવું હોય તે બધું એકે અક્ષર બોલ્યા વિના હું સાંભળી લઈશ અને જેટલું થઈ શકશે તે કરીશ.

['અખંડ આનંદ' માસિક: ૨૦૦૬]

# જયન્ત પાઠક

## કર ઊંચા કરી—

*એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ;*
*મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;*
*આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર—*
*વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડયું ધણ.*
*કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;*
*આંખો જાય ભરાઈ, વાટ તરુની કાંટાળી ડાળી નડે;...*
*આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી—*
*એ મારી ભ્રમણા? રિસાળ શિશુને બોલાવતી બા હતી?!*

## ક્યાં સુધી?

*જૂઠનાં આ દશ્ય ચાલે ક્યાં સુધી?*
*સાચનો પડદો પડે ના ત્યાં સુધી.*

*આયનાઓ સાથ આપે ક્યાં સુધી?*
*ઘટ્ટ અંધારું ઢળે ના ત્યાં સુધી....*

*શબ્દના સૌ ખેલ ચાલે ક્યાં સુધી?*
*મૌન ના મૂકે મલાજો ત્યાં સુધી.*

*તો તમારો સાથ—બોલો, ક્યાં સુધી?*
*ભૂલા પડ્યાનું ભાન આવે ત્યાં સુધી.*

*ખોજ બીજાની કરીશું ક્યાં સુધી?*
*આપણે ખોવાઈએ ના ત્યાં સુધી.*

['સમર્પણ' માસિક: ૧૯૭૬]

## એક વારનું ઘર

*આ આપણું એક વારનું ઘર:...*
*આપણાં એક વારનાં ચળકતાં ગીતો*
*ચુપચાપ કટાય છે આ હીંચકાનાં કડાંમાં;*
*આપણી પગલીઓ અહીંતહીં રઝળે છે*
*ઓટલાની ઊખડેલી ઓકળીઓમાં;...*
*કોઢના ખીલા*
*ઢીલા ઢીલા મૂગા મૂગા*
*સુક્કું ઘાસ વાગોળે છે;*
*—લીલારો ચરવા આપણી ગાય*
*આઘેના વગડામાં નીકળી ગઈ છે,*
*બા એને અંધારામાં ખોળે છે—*

## તાવડી

*કવિતા:*
*માના ઘડ્યા રોટલા*
*શિશુના શરીરની સુવાસ,*
*દૂધિયા દાંતનું હાસ;*
*મોડી રાત સુધી ચાલતી દાદાની વાત;*
*સમણામાં પરીની મુલાકાત.*
*સાત સાત સમુંદર ઓળંગીને આવતી*

*નાવડી મારી કવિતા;*
*માના હાથે ઘડ્યા રોટલાને તાવતી*
*તાવડી મારી કવિતા.*

## તે તો મા જ!

*ગાતાં ગાતાં*
*આંગણું લીંપે ને ગૂંપે,*
*બીજના ચાંદ જેવી ઓકળીઓ આંકે,*
*તે તો કોઈ બીજુંય હોય;*
*પણ*
*ભીના ભીના લીંપણમાં*
*નાનકડી પગલી જોવાના કોડ કરે,*
*તે તો મા જ!*

*રડે ત્યારે છાનું રાખે,*
*હસે ત્યારે સામું હસે,*
*છાતીએ ચાંપે,*
*તે તો કોઈ બીજુંય હોય;*
*પણ*
*રડતાં ને હસતાં*
*છાતીએ ચાંપતાં*
*જેની આંખમાં ઝળઝળિયાં આવી જાય,*
*તે તો મા જ!...*

## નળિયાં

*ઉનાળે ઊડેલી*
*ધૂપ જેવી ધૂળથી ઢંકાયલાં નળિયાં*
*ધોવાઈને વરસાદમાં શાં ઊઘડે:*
*વ્રેહના તાપે તપેલી*
*લાંબી વાટે ધૂળ-મેલી*
*સ્વપ્નમાં સ્નેહે ચૂમેલી*
*આંખ જાણે ઊઘડે!*

## રાજસ્થાન

*અરધા ડુંગર, અરધી રેતી,*
*વચમાં વચમાં થોડીક ખેતી.*

*થોડાં બકરાં, થોડાં ઘેટાં,*
*ટેકરીઓનાં ઊંટ ઊંઘરેટાં!*

*વનરાજિ સમ આછીપાંખી*
*પ્રજા ઉઘાડી અરધી ઢાંકી.*

*રેત અને પથ્થરના વ્હેળા*
*વહે રુધિરના રેલા ભેળા.*

*સૂનો મહેલ, છતોને માથે*
*કાળ લટકતો ઊંઘે માથે.*

*ટેકરીઓ પર ઊગે ભાણ,*
*ચેતક ઠેકે પ્હાણે પ્હાણ.*

*ભાલા, તીર, બખ્તર ને ઢાલ:*
*સંગ્રહસ્થાને કેદી કાળ!*

## વરસાદ પછી વગડો

*પડી ગયો વરસાદ,*
*ટપક ટપ ટપક્યાં કરતાં પાન ....*
*પછી અચાનક*
*આભ ઊઘડતાં*
*સૂરજના કર અડકે*
*—ઝલમલ તડકે—તરુને ભીનલ વાન—*
*રડતાં રડતાં હસી પડ્યું લો, રાન!*

## એક એવી તે પ્રીત અમે કીધી

*એક એવી તે પ્રીત અમે કીધી*
*કે ઘૂંટમાં આખી પિયાલી પીધી!*

*પીછામાં એક અમે પંખીને પામિયા*
*ને તારામાં એકલ આકાશ;*

*લહરીમાં એક લીધો સાગરને તાગી*
*ને એક જ કિરણમાં પ્રકાશ!*

—

*શબ્દ*
*એક એવો શબ્દ*
*જે*
*બધા શબ્દો જ્યારે મૌનસાગરને તળિયે*
*વજનદાર પથ્થરો બની ડૂબી જાય,*
*ત્યારે*
*એકલો, માછલીની જેમ તર્યા કરે*

—

*મને જિંદગી ને મરણની ખબર છે:*
*કબર પર ફૂલો ને ફૂલો પર કબર છે.*

## ઠેલો

*ઘૂઘવતાં પાણીમાં તરવાની વાત*
*પાર કરવાની વાત બધી મેલો;*
*પ્હાડો ને ઝાડો પછાડતી આ તાણ—*
*આ તો ઠેઠથી આવેલ કોઈ ઠેલો!*

*અંકાશી હાથ લિયે પ્રથમીને બાથ*
*તયેં અળગા રહેવાની વાત મેલો;*
*પ્રલ્લેનાં પૂર જાય દોડ્યાં ચકચૂર—*
*ભલે આપણોય ભવ જાય ભેળો!*

## પાછો વળું...

*આટલે દૂરથી સંભળાય છે તે તો*
*મધરાતના જંગલની*
*અંધારી ત્રાડનો અવાજ—*
*આટલે દૂરથી દેખાય છે તે તો—*
*આદિવાસી કન્યાના*
*જીંથરિયા વાળ વચાળે સેંથી જેવી*
*વાંકીચૂંકી વગડાની કેડીઓ—*
*આટલે દૂરથી અડકી જાય છે તે તો*
*મારી નાનકડી નદીની*
*પવનસુંવાળી ઓઢણી—*
*આટલે દૂરથી સોડાય છે તે તો*
*મારાં સીમખેતરના*
*લીલા લીલા મગફળીના છોડ—*
*આટલે દૂરથી ચખાય છે તે તો—*
*મારી ગામની વાડીનાં*
*ખાટાંમીઠાં ગજવે ભરેલાં બોર—*
*તો પછી*
*પાંચેપાંચ ઇન્દ્રિયોને પાછળ મૂકીને*
*નીકળેલો હું*
*હજીય... આટલેથી... પાછો વળું તો...*

## હું ક્યાં છું?

*ગામની પાસેના વગડામાં*
*સીતાફળીની ડાળીડાળીએ*

*આંખ ઉઘાડી ઝૂલે સીતાફળ હજીય—*
*પણ તે અમને*
*બાળટોળીને સાથે લઈને*
*ઝાકળભીના સવારના તડકામાં થઈને*
*વનની વાટે વળનારા એ દાદા ક્યાં છે?*

*રિસાઈને ઘરમાંથી ભાગી*
*જઈ જહીં સંતાતા તે સૌ*
*ટેકરીઓ તો ગામ પાદરે હજી આ બેઠી—*
*પણ ચિંતાથી અરધી અરધી*
*હાંફતી હાંફતી ટેકરીઓને માથે ચઢતી*
*પડતી ને આખડતી*
*મમતાની મૂરતી બા ક્યાં છે?*
*પૂરમાં ઘેલી થઈ વ્હેતી ને*
*ધોળી ફૂલ જેવી રેતીને રમાડતી તે*
*નદી*
*હજી ગામને ઘસાઈ વ્હે છે—*
*પણ રમનારા ડૂબકીદાવો*
*રેતીમાં ઘર ચણનારાઓ*
*કલકલ કરતા છોકરડાઓ—*
*બાલગોઠિયા મારા ક્યાં છે?*

*હજીય*
*પાપા પગલી કરતું*
*ભમરડે શેરીમાં રમતું, લખોટા જેવું દડતું*
*ટહુકા તરુડાળોમાં કરતું, જલમાં તરતું,*
*સીમશેઢામાં હરતું ફરતું,*
*ટેકરીઓને માથે ચઢતું*

*કોક પ્હણે દેખાય—*
*અરે, પણ તે હું ક્યાં છું?*

['નવનીત' માસિક: ૧૯૭૮]

—

*જળના ઘોડા હડીઓમાં હણહણતા,*
*વજ્રનાળે ખરીઓમાં ખણખણતા...*

*પગમાં પ્હેરી પવનપાવડી*
*અધ્ધર પગલે દોડે,*
*શ્વાસ મૂકે સણસણતા;...*

*જળના ઘોડા હડીઓમાં હણહણતા,*
*વીજ-ચાબખા પડે પીઠે ચણચણતા!*

—

*તમે ક્યાંથી જાણો—સતત મઝધારે સલિલની*
*શીળી ગોદે ખેલો મછલી સમ તે—ઓટ વખતે*
*સરી આઘે જાતાં જળ પૂંઠળ જાવા તલસતા*
*કિનારાની તાણો?!*

## કવિતા...

*મોડી રાત સુધી ચાલતી દાદાની વાત,*
*સમણામાં પરીની મુલાકાત;*

*સાત સાત સમુંદર ઓળંગીને આવતી*
*નાવડી મારી કવિતા.*

## નથી જોઈતું આભ...

*નથી જોઈતું આભ, માત્ર બે પાંખ મળે, બે ટ્હૌકા;*
*નહીં સાગરનો લોભ, મળે બસ એક ન્હાનલી નૌકા....*
*નથી જોઈતો સૂરજ—થોડો તડકો, થોડું તેજ.*
*નથી જોઈતી પૃથ્વી—થોડી માટી, થોડો હેજ.*

## શૈશવના એ દિવસો!

ગોઠ ગામ નાનું ને બ્રાહ્મણોનાં બીજાં ઘરમાં બાળકોની વસતિ નહિ, એટલે ઘણુંખરું અમે ભાઈ-બહેનો જ સાથે રમીએ. ગિરજાશંકર પંડ્યાની એક પૌત્રી મા વિનાની, તે પંડ્યાકાકાને ઘેર જ રહે; નામ ધનુ. મારી બહેન પુષ્પાની એ એકની એક બહેનપણી. કોળીનાં છોકરાં ખરાં; પણ અમે રહ્યા બ્રાહ્મણ, એટલે એમનાથી આઘા રહીએ. મોટેરાંની સલાહ-ધમકી કે, એ નીચ જાત કહેવાય, મરઘાંકૂકડાં ખાય, એટલે અમને લોકજીવનથી અળગા ને અજ્ઞાન રાખ્યા. એમનાં ઝૂપડાંની ભીતરમાં જેમ અમે ન પ્રવેશી શક્યા તેમ એમના સંસારની ભીતરમાં પણ.

પણ રમનારની ખોટ તેટલી રમતની ખોટ અમારે નહિ. મારાથી બે વર્ષ નાનો રમણ ને બે વર્ષ મોટી પુષ્પાબહેન ને ધનુ ઢીંગલીએ રમે, એમનાં લગ્ન યોજે. ખાખરનાં પાન ચૂંટી લીધા પછી જે ડાંખળીઓ રહે તેનું ગાડું બનાવીએ ને વરરાજા એમાં બેસીને ધનુની ઢીંગલીને પરણવા જાય. સાથે અમારે જવાનું. મારે ભાગે ઢોલ વગાડવાનું આવે. ઘાસતેલના એક ખાલી ડબ્બાની કડીમાં દોરી ભરાવી હું એ ઢોલને ગળે ભેરવું. વગાડતાં વગાડતાં ગિરજાશંકરને ઘેર પહોંચીએ. વરકન્યાનાં લગ્ન

થાય ને ઘેરથી મગફળીના દાણા કે મઠિયાં લઈ ગયા હોઈએ તેનો ભોજન-સમારંભ થાય. બપોરે દાદાના ઘરમાં સંતાકૂકડી રમીએ. ઘરમાં એક રસોડાની અંધારી ઓરડીમાં હિંમત કરી સંતાઈએ તો ખરાં, પણ બીક લાગે; વહેલાં શોધી કાઢે તો સારું, એમ થાય. ક્યારેક માળિયે ઘાસના પૂળામાં કે ખડકેલાં છાણાં પાછળ સંતાઈએ.

અમારી, ને ખાસ તો મારી, પ્રિય રમત તે ‘દુકાન-દુકાન’ની. દાદાને ઓટલે દુકાન માંડીએ. રેતી તે ખાંડ, માટીનાં ઢેફાં તે ગોળ, મગફળીના દાણા ને પૌવા-મઠિયાં પણ ઘરમાંથી લાવીને દુકાનમાં ગોઠવીએ. દાદાએ બે મોટાં કોડિયાંમાં ત્રણ-ત્રણ કાણાં પાડી ત્રાજવું બનાવી આપ્યું હોય, પથ્થરનાં કાટલાંની તો ખોટ જ નહિ; ચલણી નાણાંની પણ તંગી નહિ. ફળિયામાં પડેલાં નળિયાંના ટુકડાઓને પથ્થર ઉપર ઘસી ગોળ પૈસા બનાવીએ. આવા પૈસા લઈને ઘરાક માલ લેવા આવે. મને આ પૈસા લેવામાં અને માલ જોખી આપવામાં બહુ મજા પડે!

ઘરબહારની રમતોમાં અમારે અમારા કોળીમિત્રોનો સાથ લેવો જ પડે. જાલમો, રેવલો, રૈલો, મડિયો એમની સાથે ગિલ્લીદંડા, ભમરડા, ગેડીદડા ને લખોટા રમવાના. દાદાએ સરસ મોઈદંડા બનાવી આપ્યા હોય. અમારા ફળિયામાં કે સાંજ પડતાં પસાયતાંમાં રમત ચગે. ગામમાં ભમરડા ન મળે; ટપાલી સાથે ચારેક ગાઉ દૂર આવેલા અડાદરા ગામથી મંગાવવાના. છગુ ટપાલીને પૈસા આપ્યા હોય. સવારે એ ટપાલ લઈને જાય ને સાંજે ટપાલ લઈને પાછો આવે. અમારો એ બપોર ભારે અસ્વસ્થતામાં જાય. ક્યારે સાંજ પડે, છગુ ટપાલી ક્યારે ઓટલે ચડે, એવી અધીરાઈમાં બારણે પાટ ઉપર બેસી રહીએ. ક્યારેક તો ઘેર આવી ગયો હશે, ખાવા બેઠો હશે એમ ધારી કોળી-ફળિયામાં એને ઘેર જઈએ. છગુ થોડો બહેરો, ધીમું ધીમું બોલે ને ટીખળી પણ ખરો, કહે: “બચુભઈ ભમેડા તો ના મળ્યા.” સાતેય વહાણ ડૂબી ગયાંની નિરાશા અમારા મોં ઉપર છવાઈ જાય; ત્યાં તો ઘરમાં જઈ કોટના ગજવામાંથી ભમરડા કાઢી લાવે. અમે ખુશ થઈ જઈએ. નદીને સામે કાંઠે નવા ગામમાં એક લુહાર રહે. દાદા સાથે ત્યાં જવાનું ને ભમરડાને

આર બેસાડાવી લાવવાની. બપોરે આંબલી નીચે અમારી રમત જામે. કૂંડાળું કરી તેમાં કાંકરી મૂકવામાં આવે; એ કાંકરી જે પહેલો કાઢે તે ભમરડો પોતાની પાસે રાખે, બાકીનાઓએ ભમરડા કૂંડાળામાં મૂકી દેવાના. પછી તો સમમમ્ કરતા ભમરડા ફરે, ઊંઘ લે, કાતરે ચડે. ભમરડાને જમીન ઉપર ન પડવા દેતાં હથેળીમાં અધ્ધર ફરતો ઝીલી લેવો, હથેળીમાંથી ધીમે ધીમે સરકાવી છેક કોણી સુધી લાવવો, એમ જાતજાતનું કૌશલ બતાવાય. કોઈ વાર ભમરડો ચિરાઈ પણ જાય કે ‘ગદ્દાં’ પડવાથી બેડોળ બની જાય. મારા ‘લીલીઆ’ને ગદ્દાં પડે ને મને મારું શરીર કોચાતું હોય એવી વેદના થાય. લખોટા પણ ટપાલી સાથે જ મંગાવવાના હોય. ઘરમાં કરગરીએ, પણ મોટેરાં બધી વાર દાદ ન દે એટલે કાચકાં નામના ફળથી ચલાવીએ. અમારે ઘેર એવાં કાચકાં ઘણાં રહેતાં, કદાચ ઓસડ માટે હશે. પંડ્યાકાકાના ઘરની પછવાડે કોતર ઉપર એક કાચકીનું જાળું હતું. આ કાચકાં ગોળ સુંવાળાં ને મેલા ધોળા રંગનાં હોય. દાદાને ઓટલે જમીનમાં દાટેલો ખાંડણિયો તે અમારી ‘ગબ્બી’. છાંયડો થાય એટલે ફળિયામાં રમવા નીકળીએ. વડીલોની કૃપાથી ક્યારેક સરસ લખોટા મળે. વચમાં લાલ-ભૂરી લીટીવાળા એ લખોટા અમારી ચડ્ડીના ખિસ્સામાં ખખડતા હોય ત્યારે કોથળીમાં ખખડતા સિક્કાઓથી કંજૂસને જેટલો આનંદ થાય એવો અમને થાય.

હોળીના દિવસો નજીક આવે એટલે ગેડીદડાની રમત માટે તૈયારીઓ ચાલે. દાદા સાથે જંગલમાં જઈએ. ‘ધોહેડી’ નામથી ઓળખાતી વનસ્પતિના જાડા વેલા ખાસ કરીને ઊંડી નેળની ધસ ઊપર ઊગેલા જોવા મળે. સરસ જાડો જોઈને વેલો દાદા કાપે. ઘેર લાવીને એના એક છેડાને દેવતામાં ખૂબ તપાવે. તપેલા છેડાને પછી ગોળ વાળે ને એમ ગેડીનો આગલો ભાગ બને. ચીથરાંનો દડો ગૂંથવામાં દાદા નિષ્ણાત; ગૂંથણી મજબૂત, દડા ઉપર દોરીની એકસરખી ચોરસ ‘ડિઝાઇન’ બને. ગૂંથાઈ રહ્યા પછી વચલી દોરીનો બે-ત્રણ ઇંચનો છેડો છૂટો રાખે ને એની ઉપર મોટી ગાંઠ વાળે. આવો દડો ગેડીના પ્રહારથી જ્યારે ગબડતો હોય ત્યારે પેલી ગાંઠનો ‘પડ પડ પડ’ અવાજ થાય. એમાં

ગમ્મત ઉપરાંત એક લાભ પણ ખરો—અંધારામાં દડો ક્યાં જઈ રહ્યો છે તેની ભાળ રહે. ચાંદની રાતમાં મોડે સુધી મડિયા, જાલમા વગેરે મિત્રો સાથે ફળિયામાં ગેડીદડા રમીએ. એક બાજુ કોતર ને બીજી બાજુ વડ, એ સરહદો. બન્ને છેડાથી સરખે અંતરે, દાદાના ઘરની લગભગ સામે દડો મૂકવામાં આવે. ખેલાડીઓના બે પક્ષ પડ્યા હોય; એકને દડો લઈ જવાનો વડ સુધી ને બીજાને કોતર સુધી. ‘વગ વગ’ કરતાં બન્ને પક્ષના ખેલાડીઓ સામાને પોતાની વગમાં રહેવાનું કહે. બેચાર ગેડીઓ વચ્ચે દડો ઘેરાઈ જાય ને ખેલાડીઓ તેને પોત-પોતાની હદ ભણી લઈ જવા મથે. ગેડી સાથે ગેડી ટકરાય. આને ‘ભડિયાંમાં આવી ગયા’ કહેવાય. હોળીને દિવસે તો પસાયતાંમાં હોળી થાય ત્યાં રમીએ ને છેવટે હોળીમાં ગેડીદડા પધરાવી દઈએ.

વાડામાં એક આંબલીનું મોટું ઝાડ છે. એની ઝૂકેલી ડાળે દોરડું બાંધી, એક દંડો રાખી હીંચકો બનાવ્યો છે. નીચે ખુલ્લી જગામાં ‘ચિચૂડો’ છે. એક ગોળ, જરા જાડા લાકડાનો ખીલો જમીનમાં દાટ્યો છે. ઉપરથી એ ખીલાને થોડો અણિયાળો બનાવ્યો છે. એની ઉપર વચ્ચેથી જરા વળેલા એક લાકડાને વચમાં વેહ પાડી મૂક્યું છે. એને સામસામે છેડે બે જણને બેસવાનું. એક જણ આડા લાકડાને ધક્કો મારી ચિચૂડો ચલાવે. ચિચૂડો ગોળ ગોળ ફરે, એની ગતિ વધે એટલે ક્યારેક સાહસિક ફેરવનાર વચમાં ચડી બેસે. ચિચૂડો ફરતાં ફરતાં અવાજ થાય એટલા માટે પેલા વેહમાં કોલસો ને આંબલીના ચિચૂકા ભરવાના. આ બધી દાદાની કરામત.

ઝાડે ચડવું એ અમારી પ્રિય રમત. બપોર આખો કોઈ કોઈ વાર વચ્ચે ઊભેલા આંબલીના ઝાડ ઉપર જ ગાળી નાખીએ. ગજવામાં મગફળી કે પૌંવા-મઠિયાં ભરીને ઉપર ચડીએ. પુષ્પા, રમણ ને હું ત્રણે ઝાડ ઉપર પકડાપકડી રમીએ. ગામના લોકો ક્યારેક વડીલોને તો ક્યારેક સીધા અમને ચેતવણી આપે કે કોઈનાં હાડકાં ભાંગશે. પણ એવી ચેતવણી છતાં વડીલોએ અમને ક્યારેય રોક્યા હોય એવું યાદ નથી, ને અમે તો સાંભળીએ જ શાનાં! ઝાડ ઉપર ચડવાની અમારી

આવડત ને શોખનો ઉપયોગી કામમાં લાભ પણ લેવાતો. ઉનાળામાં પડિયા-પતરાળાં કરવા માટે ખાખરાનાં પાન લાવવાનાં હોય ત્યારે અમે જ ખાખરે ચડીએ. દાતણ લાવવાનાં હોય ત્યારે પસાયતાંમાં આવેલા બાવળિયે, હાથમાં ટૂંકા હાથનું ધારિયું લઈને મારે જ ચડવાનું. બાવળના થડમાં ધારિયાનો ટચકો મારી ત્યાં એને ભરાવી દઉં ને થડને બાથ ભરી ઉપર ચડું. ધારિયા સુધી પહોંચાય એટલે એને ઉખાડી લઈ વધારે ઊંચે ટચકો મારી ભરાવી દઉં ને એમ ડાળ પર પહોંચી જાઉં.

આજે તો હું ‘શહેરી’ છું. રસ્તા ઉપરનાં વૃક્ષો જોઈને આજેય પહેલો વિચાર એની ઉપર ચડવાનો આવે છે. કોઈ પણ વૃક્ષ જોતાં મન ચડવાની યુક્તિ શોધવામાં ગૂંથાઈ જાય છે ને મનોમન ચડી ઊતરું ત્યારે જ ટાઢક વળે છે. ઘણી વાર આત્મવિશ્વાસમાં ઓટ આવતાં થાય છે કે અગાઉના જેવી કુશળતાથી હવે હું ઝાડ ઉપર ચડી શકું કે નહિ. એકાંતના મોકા આવ્યા છે ત્યારે ઝાડે ચડી જોવાના પ્રયાસો કર્યા છે ને હજી ગુલાંટ નથી ભૂલ્યો એ ખ્યાલથી સંતોષ ને આનંદ અનુભવ્યો છે.

કરડ નદીના રેતાળ પટમાં વચ્ચે વચ્ચે માટીના બેટ હોય. એમાં દરુંગડાનો છોડ ઊગે; પાતળી ચારેક ફૂટ ઊંચી લીલા રંગની સોટી, માથે પાતળી પત્તીઓનું છોગું. દરુંગડાના છોડને મૂળ સાથે ઉખાડીએ તો સફેદ મૂળમાંથી સુખડ જેવી સુગંધ આવે; અમને બહુ ગમે.

નદીની ભીની રેતીમાં પગ ખોસીને ઉપર રેતી દાબી દઈએ ને પછી સંભાળીને પગ કાઢી લઈએ. મજાનું ‘દહેરું’ બને, એમાં એક ગોળ પથ્થર પધરાવીએ તે મહાદેવજી. આવાં દહેરાં બનાવવામાં જેટલો રસ પડે તેટલો જ તોડવાના મિજાજમાં હોઈએ ત્યારે તોડવામાં રસ પડે.

વરસાદના એ દિવસો યાદ આવે છે. પસાયતાંમાં નજર કરીએ તો લીલાં તૃણની પત્તીઓ હવામાં થરકી રહી છે, કૂંવાડિયાનાં પાન ઉપર ઝિલાયેલાં વરસાદનાં ટીપાંનાં મોતી આંગળીઓ વડે નીચે ખેરવી નાખવાની કેવી મજા આવે છે! લાલ લાલ દેવની ગાયને નાનકડી સળીથી દોડાવીએ, તો વળી મૂઠીમાં રાખી ગલીપચી અનુભવીએ. વાડા પાછળ ને પસાયતાંમાં ભરાયેલાં નાનાં તળાવડાંને કાંઠે બેઠેલાં દેડકાંને પથ્થર

મારી પાણીમાં કુદાવીએ, પાણીના રેલાઓને આમથી તેમ નીક કરીને આંતરીને વાળીએ, પછી એકદમ છોડી ‘ખળકો’ લાવીએ. ઝાપટું પડી જાય એટલે કરામાં પાણી આવશે એવી આશામાં ને અધીરાઈમાં વારંવાર નદી ભણી દોડી જઈએ ને પાણી આવતું હોય તો પૂરું બે-કાંઠે ચડે ત્યાં સુધી બેસી રહીએ. આ બાજુ ભૂરી ડોસીના કાચલા(નદીકાંઠાનું ખેતર)ને ડુબાડી સામી બાજુએ ગણપતભાઈના કાચલામાં પથરાઈને વહેતું પાણી જોવામાં કલાકોના કલાકો કાઢી નાખીએ. શેરીમાં ઊભેલી આંબલીના ગરેલા મોર સાથે વહેતા પાણીમાં ફોરાંનાં ફૂલ ફૂટે. બારણે બેસવા માટેની એક પાટ, પાટ ઉપર ભીંતમાં થોડા થોડા અંતરે લાકડાની બે ખીંટીઓ; એ ખીંટીએ પગ ભરાવી વાગોળની જેમ ઊંધા લટકી વરસાદ જોવાની ખૂબ ગમ્મત આવે.

એકધારો વરસાદ પડતો હોય ત્યારે કાન ઉપર હથેળીઓ ઢાંકી ઉઘાડવાસ કરવાથી જે સંગીત મળતું તે તો આજેય મન થઈ જતાં માણી લઉં છું. શૈશવના એ દિવસો! ते हि नो दिवसा गताः।

['વનાંચલ' પુસ્તક]

# પાકેલા પાનની પીળાશ

આપણી કવિતા ક્યાંક આવીને ઊભી રહી ગઈ છે ને પોતાને ઘૂંટી રહી લાગે છે. સ્વાતંત્ર્ય પછીના તરતના ગાળાના આપણા કવિઓ જાણે પોતાનું જે કંઈ સત્ત્વશીલ તે આપી ચૂક્યા હોય એમ જણાય છે, ને હવે એ જ પ્રકારમાં અગાઉનાં કાવ્યોથી ગુણમાં ઊણાં એવાં કાવ્યો રચી રહ્યા છે. કંકુના થાપા, બારસાખનાં તોરણ, સિન્દૂરિયા પાળિયા, કમખાના મોર, એવાં એવાં એક કાળે નવાં નવાં લાગતાં કલ્પનો—પ્રતીકોની પડેલી ઘરેડમાં ગીતો ચાલી રહ્યાં છે. આજે અનેક કલમોએ જે કંઈ નવું હતું તેને રૂઢ કરી નાખ્યું છે, એની કૂંપળની તાજગી હવે

પાકેલા પાનની પીળાશમાં પલટાતી જતી જણાય છે.

[ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનનું પ્રમુખપ્રવચન: ૧૯૮૯]

## ઉનાળો

*વગડાને ડાળ ડાળ ઉઝરડાય ઉનાળો,*
*સૂકી તલાવડી તલે તરડાય ઉનાળો.*
*લખલખતી જીભમાંથી ઝરી જાય ઉનાળો,*
*ભીની ફળીની ધૂળમાં ખરડાય ઉનાળો.*

*સૂરજના ચક્કરે ચઢી કંતાય ઉનાળો,*
*રાત્રિની શીળી સોડમાં સંતાય ઉનાળો.*
*મૃગજળ ભણી વળી વળીને જાય ઉનાળો,*
*વણઝારમાં ઊંટોની વહ્યો જાય ઉનાળો.*

*આકાશના મેદાનથી અકળાય ઉનાળો,*
*ધરતીનાં ભોંણમાં ભરાઈ જાય ઉનાળો.*
*દિનનો ઊભો ચઢાવ ચઢી જાય ઉનાળો,*
*સાંજુકા ઢાળમાં જતો પછડાય ઉનાળો.*

[‘બુદ્ધિપ્રકાશ’ માસિક: ૧૯૭૩]

## કવિ ઓછો, કસબી વધારે

ભાવને, અનુભવને અશેષ વર્ણવવાને બદલે કૃતિમાં એના અસ્તિત્વનાં ઇંગિતો આપીને છૂટી જવું એ કલાનું કાર્ય, એવી કંઈક મારી સમજ છે. જરા જાડી ભાષામાં કહેવું હોય તો કહેવાય કે હું કવિ ઓછો ને કલાકાર, કસબી વધારે છું કદાચ. ‘વનાંચલ’ લખવું હતું ત્યારે, મારા આવા વલણને લીધે હું વિશિષ્ટ ગદ્યની શોધમાં હતો.

મારે સંસ્મરણો, જન્મભૂમિમાં ગાળેલા શૈશવનાં, આખી જનમભોમને જીવતી કરે એવાં સંસ્મરણો આલેખવાં હતાં. આને માટે મને મારા શૈશવની જન્મભૂમિની આખી સૃષ્ટિને મૂર્ત કરી આપે, સાક્ષાત્ કરી આપે એવા ગદ્યની આવશ્યકતા હતી. હું મારા પ્રદેશની બોલીની ઠીક ઠીક નજીકની ભાષા તો પ્રયોજી શકું, પણ એટલું પૂરતું ન ગણાય. એટલે મેં એ પ્રદેશમાં વસતા આદિવાસીઓની ઓછું બોલવાની ટેવને મારું ગદ્યલક્ષણ કર્યું.

## બચુભાઈનો પત્ર: સ્વર્ગના આંખેદેખ્યા હાલ

*સરગાપરથી આવ્યો કાગળ બચુભાઈનો આજે*
*વાંચું છું, સાંભળજો સરવે દુખિયાના દિલમાં જે*

*લખે બચુભઈ: જે દ્હાડાથી તમને છોડી આવ્યો*
*તે દ્હાડાથી ઊંઘ મૂકીને ઉજાગરા છું લાવ્યો*

*પાંપણ ભેગી થતી નથી ને! અજવાળાં અજવાળાં*
*ચોગરદમ દેખી યાદા'વે પ્રથમીનાં અંધારાં*

*તેજ અને અંધાર તણા ભૈ ત્યાંના આટાપાટા*
*ક્યાં, ને ક્યાં આ રાતદિવસના તીખા તેજસપાટા!*

*ત્યાં તો કેવાં ભેગાં થઈને આપણ વાતો કરતાં—*
*આ તો માળાં મૂગાંમસ જાણે કે ના ઓળખતાં!...*

*

*એક ઝાડ છે અહીં મજાનું કલ્પતરુ સૌ ક્હે છે*
*ખરતું નથી, મરતું નથી, ને એ જે માગો તે દે છે!*

*પ્રથમીનાં મારાં વ્હાલાં, હું ગઈ કાલે ત્યાં ગ્યો'તો*
*ઝાડ કને વાતો કરવા તો કહે: "કેમ આવ્યો'તો?"*

અક્કલ સૂઝી મને, કહ્યું મેં: “જે માગે તે આપો
એમ સાંભળી આવ્યો છું તો કષ્ટ આપણાં કાપો

કોઈ રીતે મારે આ અમરાપરીમાં તો નથી હેવું
પ્રથમીમાં પાછા જવું છે, લો માગ્યું, તમારે દેવું.”

ખડખડ ખડખડ ઝાડ હસ્યું ભૈ, માણસ કેવો ભોળો
લોક બધા સુખ માગે ને આ માગે દુઃખનો ગોળો!

“ફરી વિચારી માગ મૂરખ”, ક્હે ઝાડ જરા ધૂણીને,
મેં તો કીધું: “આ જ દિયોને, માગ્યું છે સમજીને”,

હવે થાય તે ખરું, ઝાડ જો હશે વચનનું સાચું
તો તો માગ્યું દેશે દેખી આ દુખિયાનું ડાચું.

‘રામ, રામ’, કહું છું કાગળમાં, ફકર્ય ન કરજો મારી
ભલું હશે તો બેતણ દનમાં ભેળો હુંય તમારી.

['શૂળી ઉપર સેજ' પુસ્તકઃ ૧૯૮૮]

## વનવાસ

લો, આ છેલ્લું ખેતર, અહીં લો સંસ્કૃતિની હદ પૂરી;
હવે ઊઘડતો વગડો, ડુંગરીઓ ભૂખરી ને ભૂરી.

તમરાં ત્રમ ત્રમ કરે, પાંદડાં ખરે, ડરે અંધારું,
ત્રાડ-ફાળથી ખખડે પ્હાડી પ્રથમીનું તલ-સારું;

ધીંગાં તરુથડ ઓથે ટેકરીઓની સંતાકૂકડી
નાની નદીઓ રમે પાંચીકે, જાય ઓઢણી ઊડી;

કાંઠાની કણઝીને છાંયે આડાંઅવળાં બેઠાં
વાગોળે બપ્પોર ઢોર, ચરી પ્હાડ ઊતર્યાં હેઠાં;

*કેડી અહીંથી જરાક ચાલે આગળ કે ખોવાતી*
*ડૂબકી મારી નીકળે વીંધી ઊભા ખડકની છાતી;*

*ચારે બાજુ પ્હાડ પ્હાડ ને વચમાં ગોળ કૂંડાળે*
*ઊભા હોઈએ જાણે કોઈ સુક્કા કૂપ વચાળે;*

*પવન પાંદડાં ચારે, રહી રહી પડઘામાં ડચકારે*
*બેસું બેસું થતી ઊંટટેકરીઓ પથ્થર-ભારે;*

*વૃક્ષો પરથી વળી વળી વાનર કૌતુકમાં ભાળે*
*ઓળખ હોય પુરાણી જાણે, ઊતરે નીચી ડાળે!*

['શૂળી ઉપર સેજ' પુસ્તક: ૧૯૮૮]

## વતનના પહાડોમાં

*... મેં તમને શૈશવમાં આંખો ભરીને જોયા છે:...*
*ઉનાળાની સાંજે એકાએક સળગી ઊઠતા;*
*ભૂખરી જટાઓમાં ધારાઓને ઝીલતા*
*ક્યારેક ભૂરા, ક્યારેક લીલા રંગોમાં ખીલતા. ...*

*

*આજે*
*આયુષ્યની આથમતી સાંજે*
*તમારી તળેટીમાં પહોંચ્યો છું*
*આછાઓછા વગડામાં*
*સાગડાનાં પડેલાં પાન પવનમાં ઊડે છે*
*અહીંતહીં ઢોર-બકરાં*
*રહીસહી વનસ્પતિ ચરે છે*
*પુરાઈ ગયેલી જીર્ણ વાવનાં પાંદ-ઢાંક્યાં પાણી*
*ગોવાળિયાઓ પોશે પોશે પીએ છે.*

*ઉપર-તળે ગોઠવાયેલા પથ્થરોનાં પોલાણમાં*
*હૂ હૂ કરતા દોડાદોડ કરે વાયરા;*
*જાણકારની જબાન શિલાલેખો ભણે છે:*
*અહીં હતો રાણીનો મહેલ*
*—પુરાણી ઈંટો પર લાકડી ઠોકે છે—*
*આ એમનાં લગનની ચોરી*
*પથ્થરના પાત્રમાં પૂર્યાં કંકુ-ચોખા*
*આ રાણીનો ઢોલિયો ખુલ્લામાં*
*ચાંદની ઓઢી સૂતી હશે ચાંદ જેવી!*
*અહીં હતો રાજા-રાણીનો ઝૂલો*
*હળુ હળુ ગાન, તાલી દેતું હશે રાન!*
*—હજીય બપોરે*
*કહે છે કે કોઈ કોઈને સંભળાય છે કિચૂડકિચૂડ—*
*પથ્થરોની છાટોમાંથી તગતગે અબરખ*
*આંખોમાં ભોંકાય સો સો તીરનાં તેજ!*
*સામસામે*

*કાન સુધી તાણી કામઠાં*

*ઊભી છે આદિવાસીઓની સેના*
*કિલકારીઓથી કંપાયમાન પ્હાડ-ઝાડની કાયા*
*પણછ તણાય, છૂટે સનનન બાણ*
*શત્રુની છાતી લોહીલુહાણ!*
*ઢોર વાળી જતા સાથે*
*ધીંગાણામાં ખપ્યા શૂરવીર*
*તેમના આ વડ-થડ પાસે પાળિયા—*
*અહીં શિર, તહીં ધડ, હાથ, પગ, અંકિત*
*ચાંદા-સૂરજ*
*બધું છિન્નભિન્ન, કાળના કુઠારાઘાતે રજ રજ.*

*

*શું સંભારવું? શું સંભરવું?*
*ઉપાડું છું આ એક અબરખીઓ પથ્થર*
*ઘાલું છું ખભે ઝૂલતી ઝોળીમાં*
*પડી રહેશે ઘેર મારે નગરમાં, શો-કેઇસમાં*
*ચકચક એના અજવાળામાં*
*દેખાશે આ વતનના ડુંગરા, સદનમાં, મનમાં—*
*મન?!*
*તે તો રહી ગયું પાછળ*
*વનની કંટકકેડીઓમાં*
*પહાડપીઠે પડેલી પગલીઓમાં*
*દૂઝતી બાવળ અને ગુગળની ડાળીઓમાં*
*સૂકાં-લીલાં તરણાંમાં*
*ખાલી-ભર્યાં ઝરણાંમાં*
*ભટકતું રહેશે પ્હાડ-ઝાડમાં પવન જેવું*
*અધરાતે મધરાતે ત્રાડ-રાડ સાંભળતું*
*ઉનાળે ઊકળતું, શિયાળે શીતળ થતું*
*વરસાદી વાયરામાં ધૂણી જતું*
*પલળતું ગરજતું ચમકતું...*

*

*દેહ હવે ખર્યું પાન, ખરી જશે;*
*અસ્વસ્થ આ મન*
*કણસતું કાળમીંઢ ખડકોમાં*
*ભવાન્તરો ભટકશે*
*—અશ્વત્થામન્...*

['શૂળી ઉપર સેજ' પુસ્તકઃ ૧૯૮૮]

# માણસ બનવા માટે

આજના આ યંત્રોદ્યોગપ્રધાન યુગમાં માણસને માણસ બનવા માટે, માણસ રાખવા માટે સાહિત્યનો પ્રસાર આવશ્યક છે એમ આપણે માનતા હોઈએ, તો સામાન્ય જનને સાહિત્યાભિમુખ કરવાની ચિંતા આપણામાં હોવી જોઈએ.

# જયપ્રકાશ નારાયણ

## તપનો સવાલ નથી

તપ કરવાનું હું નથી કહેતો. ધોતિયું પહેરતા હો તો લંગોટી પહેરવા માંડો, એમ હું નથી કહેતો. આવા તપનો પ્રભાવ પાડીને લોકો પાસે આપણી વાત મનાવી લેવામાં હું નથી માનતો.

આપણે તો આપણા વિચાર સમજાવીને લોકો પાસે કામ કરાવવું છે. તેમ છતાં આપણા આચારની લોકમાનસ પર અસર તો પડતી જ હોય છે. આપણા વર્તનમાં સભ્યતા હોય, આપણામાં પ્રામાણિકતા હોય, આપણા હિસાબકિતાબમાં ચોખ્ખાઈ હોય... આ બધા કાંઈ સંત-મહાત્માના જ ગુણો નથી, પણ સામાન્ય નાગરિકના ગુણ છે. આ ગુણો આપણામાં હોવા જ જોઈએ. આમાં તપનો કોઈ સવાલ નથી.

# જયમલ યાદવ

## ગીત કોનાં લખું, કોનાં નહીં?

*કોના લખું, કોનાં નહીં,*
*ગીત હું કોનાં લખું, કોનાં નહીં?*
*કોનાં તે ગાઉં, કોનાં નહીં,*
*ગીત હું કોનાં ગાઉં, કોનાં નહીં?*

*કારીગરીમાં કામણગારો પહેલો છે કુંભાર ભઈ,*
*ગાગર-ગોળાને લેતો એ ઘાટમાં ટપલે તાલ દઈ દઈ;*
*મૂકતો મોર કળાયલ મહીં, ચીતરે પીંછી દાતણની લઈ.*
*કુંજાની પાવલી ને કોઠીનો રૂપિયો, તાવડીના બે જંઈ;*
*ટકોરા દઈ દઈને રણકારે લઈ લઈ આવજો મારા ભાઈ!*
*વાત હું કોની કરું, કોની નહીં?...*

*કોનાં લખું, કોનાં નહીં?—સાંભરી કાંગસીવાળી અહીં.*
*આંખમાં કાજળ આંજ્યું છે, માથું ઓળ્યું છે મીંડલાં લઈ,*
*ભાલે ડામણી લટકી રઈ;*
*બજરબટા ને પારા નજરિયા, રાખતી એ સીવવાની સૂઈ.*
*"લેતી જા બો'નબા, લેતી જા બો'નબા!" વેચે મીઠું મીઠું કહી,*
*કાંગસી ખંપળા લીખીઆ સહી.*

*કોનાં લખું, કોનાં નહીં?—*
*વાત ભલે અહીં અધૂરી રહી!...*

# જયરામ રમેશ

## એકલા આર્થિક વિકાસથી...

એકલા આર્થિક વિકાસથી સામાજિક પ્રગતિની ખાતરી મળી જતી નથી. એ જ રીતે, આર્થિક વિકાસના અભાવમાં સામાજિક પ્રગતિ ટકાવી શકાતી નથી.

# જયવંત દળવી

## શોખ

મરાઠીના આગલી હરોળના કવિ, નવલકથાકાર, નાટકકાર પુરુષોત્તમ શિ. રેગે વિશે એમના કવિ-મિત્રા શરદ મંત્રીએ એક રમૂજી માહિતી આપી છે કે રસ્તાઓ પર સાર્વજનિક મૂતરડીઓ બંધાવી લેવાનો રેગેને વિલક્ષણ શોખ હતો. એક વાર રસ્તે જતાં રેગેએ કહ્યું, "જો શરદ, સામે પેલી જાહેર મૂતરડી દેખાય છે ને, તે મેં બંધાવી દીધી છે." એ સાંભળીને શરદ મંત્રી અચંબામાં પડી ગયા, એટલે રેગેએ કહ્યું, "મ્યુનિસિપલ અધિકારીઓ શું કરે છે?—જ્યાં લોકો ગંદકી કરવા ઊભા રહે ત્યાં પાટિયું મારી દે: અહીં ગંદકી કરવી નહીં! પણ માઈલ માઈલ સુધી ચાલ્યા જાવ તોય રસ્તા પર એક પણ મૂતરડી દેખાય નહીં, પછી લોકો બિચારાં શું કરે? જ્યાં જરાક આડશવાળી જગા જોઈ, ત્યાં લઘુશંકા કરી લે છે. એટલે મેં મ્યુનિસિપલ અધિકારીઓને પત્રા લખીને તથા મળીને સૂચવ્યું કે આવી જગ્યાઓ શોધીને ત્યાં જાહેર મૂતરડીઓ બાંધો. પંદરેક દિવસમાં એમના તરફથી કશી હિલચાલ થઈ નહીં કે તરત મારું 'રિમાઇન્ડર' જાય. એની નકલ સૌથી મોટા ઉપરી અધિકારી ઉપર. સતત એમની પાછળ હું લાગ્યો, અને એમ કરતાં કરતાં મુંબઈ મ્યુનિસિપાલિટી પાસે કેટલીય મૂતરડીઓ બંધાવી. એ દરેક મૂતરડી વિશે મારી પાસે એક એક જુદી ફાઈલ છે!"

['ગ્રંથ' માસિક]

## મેજેસ્ટિક ગપસપ

પુણેમાં યોજાતી વસંત વ્યાખ્યાનમાળા એકસો કરતાં વધુ વરસથી ચાલે છે. એ વસંતઋતુમાં, મે મહિનામાં યોજવામાં આવે છે. ખુલ્લા

મેદાનમાં રાતે નવ વાગ્યે વ્યાખ્યાન શરૂ થાય છે. તેમાં ટિકિટના પૈસા ખર્ચીને રોજ હજારથી બે હજાર શ્રોતાઓ શાંત ચિત્તે અનેક વક્તાઓના વિચારો સાંભળે છે અને મધરાત સુધીમાં ઘેર પહોંચી જાય છે. મહારાષ્ટ્રભરમાં સોએક સ્થળે તો આવી વ્યાખ્યાનમાળા યોજાતી હશે જ. તેમાં પુણે ને નાશિક જેવી મોટી વ્યાખ્યાનમાળાઓનું આયોજન છ મહિના અગાઉથી શરૂ થઈ જાય છે. દેશભરમાંથી નોતરેલા વિચારકો ત્યાં રાજકારણ, સમાજકારણ, સાહિત્ય, કળા વગેરે વિષયો પર જુદી જુદી ભાષાઓમાં વ્યાખ્યાનો આપે છે.

આ ઉપરાંત વીસમી સદીના આઠમા દાયકાથી પુણેમાં એક નવો કાર્યક્રમ ચાલુ થયો છે તે પણ લોકપ્રિય નીવડ્યો છે. ‘મેજેસ્ટિક’ બુકસ્ટોલ નામની આગેવાન મરાઠી પ્રકાશન સંસ્થાએ ત્યાં ‘મેજેસ્ટિક’ નામનું મોટું મકાન બાંધ્યું છે અને ત્યાં એક વિશાળ ખંડમાં પુસ્તકભંડાર ચાલુ કરેલ છે. આ મકાન બજાર-વિસ્તારમાં નથી, તેથી લોકો ત્યાં સુધી પુસ્તક ખરીદવા આવશે કે કેમ તેની ‘મેજેસ્ટિક’ના માલિકને શંકા હતી. પણ મુખ્ય માર્ગથી જરા દૂર આવેલા દેવળમાં જેમ ભાવિકો જતા હોય છે, તે રીતે મેજેસ્ટિકમાં પણ આવવાની તેમને રુચિ થાય તે માટે માલિક કેશવરાય કોઠાવળેએ કેટલીક સાહિત્યિક પ્રવૃત્તિ શરૂ કરી. તેમાંથી પહેલી તે સાહિત્યકારોનાં ગપ્પાંની!

દર મહિને એક રવિવારે સવારે દસ વાગ્યે નિમંત્રાત પંદર-વીસ સાહિત્યકારો મેજેસ્ટિકમાં ભેગા થાય અને એકાદ સાહિત્યિક પ્રશ્ન ઉપર કે કોઈ નવા પુસ્તક વિશે ચર્ચા કરે. એ સાંભળવા માટે શ્રોતાઓ આવે. મેજેસ્ટિકના મુખ્ય ખંડમાં સોએક માણસો બેસી શકે, તેટલા તો વગર બોલાવ્યે ભેગા થવા લાગ્યા. એમાંથી પછી પુસ્તક-પ્રદર્શનનો વિચાર સ્ફુર્યો. આખા મે માસ દરમિયાન પ્રદર્શન ખુલ્લું રહેવા લાગ્યું. હજારો મરાઠી પુસ્તકો જોવાની અને દસ ટકા વળતરથી ખરીદવાની સગવડ લોકોને મળી. નીચે સભાખંડમાં પ્રદર્શન શરૂ થયું, એટલે ગપ્પાંનો કાર્યક્રમ અગાશીમાં લઈ ગયા—તો એ પણ ખીચોખીચ ભરાઈ જાય છે. હવે તો એ કાર્યક્રમ એટલો લોકપ્રિય બન્યો છે કે તા. ૧થી ૧૫

મેના દિવસોમાં તેનો લાભ લેવા માટે કેટલાય લોકો બહારગામથી ખાસ પુણે આવે છે.

## સાહિત્ય-મંદિરનો ભક્ત

ભારતીય ભાષાઓના એક સર્વોત્તમ ગ્રંથને ભારતીય જ્ઞાનપીઠ તરફથી દર વર્ષે એક લાખ રૂપિયાનું પારિતોષિક આપવામાં આવે છે. પૈસાની મોટી રકમ અને સન્માન, એ બંને દૃષ્ટિએ ભારતમાં આ સર્વોચ્ચ પારિતોષિક છે. ૧૯૭૫માં આ પારિતોષિક શ્રી વિ. સ. ખાંડેકરને તેમની નવલકથા ‘યયાતિ’ માટે આપવામાં આવ્યું. એ પહેલાં આ નવલકથાને સાહિત્ય અકાદમીનું અને મહારાષ્ટ્ર રાજ્યનું, એમ બે પારિતોષિકો મળ્યાં હતાં.

૧૯૩૦ની સાલમાં ખાંડેકરની પહેલી નવલકથા ‘હૃદયાચી હાંક’ પ્રસિદ્ધ થઈ. આમ તો ૧૯૨૦થી તેઓ લેખન કરે છે, પણ સાચા અર્થમાં એમના લેખનનો પ્રારંભ ૧૯૩૦થી થયો એમ કહેવું જોઈએ.

આટલા લેખનકાળ દરમિયાન ખાંડેકરે ૧૫ નવલકથા, ૨૭ વાર્તાસંગ્રહો, ૬ રૂપકકથાસંગ્રહ, ૧૦ લઘુનિબંધસંગ્રહ, ૧૪ વિવેચનગ્રંથ, ૧૮ ફિલ્મકથાઓ અને કેટલુંક બીજું સાહિત્ય પ્રગટ કર્યું છે.

ખાંડેકરની આંખો પહેલેથી બહુ નબળી હતી. ૧૯૭૨માં ઓપરેશન કરાવ્યું તે સફળ ન થયું અને આંખો સાવ ગઈ. આ ઉપરાંત તાવ, શરદી, ખાંસી, બ્લડપ્રેશર એ બધી તકલીફ પણ પહેલેથી હતી જ. મરાઠીના હાસ્યકાર શ્રીપાદ કૃષ્ણ કોલ્હટકર ખાંડેકરના સાહિત્યગુરુ હતા. એમણે એક વાર કહેલું: “ખાંડેકર સાધારણ રીતે તો પથારીવશ જ હોય છે, તો પછી આટલું લેખન એમને હાથે થાય છે કેવી રીતે? આ બધું એ પોતે લખે છે કે એમનું ભૂત?” આ સાંભળીને ખાંડેકરના સમકાલીન નવલકથાકાર ગં. ત્ર્યં. માડખોલકરે કહ્યું: “માંદગીના બિછાનામાં પણ ખાંડેકરને લખવાની શક્તિ આપનાર જે સંચાર એમના શરીરમાં થાય

છે તે ભૂતનો નહીં પણ દેવદૂતનો હોવો જોઈએ, કારણ કે ગયાં બારેક વર્ષ દરમિયાન સદ્ભાવના જાગ્રત કરનારું જેટલું રમણીય સાહિત્ય એમણે ઉત્પન્ન કર્યું છે તેટલું ઝાઝા લેખકોએ કર્યું નથી. મને જે આશ્ચર્ય થાય છે તે એમણે પુષ્કળ લખ્યું છે તે માટે નહીં, પણ મન ચિંતાથી ભરેલું હોય અને તન તાવથી ધગતું હોય એવી કાયમી સ્થિતિ છતાં એમણે આટલું પ્રસન્ન સાહિત્ય રચ્યું તે માટે.”

ખાંડેકરનો જન્મ સાંગલીમાં ૧૮૯૮ના જાન્યુઆરીની ૧૧મીએ. એમનું કુટુંબ અસલ તો સાવંતવાડીનું. પિતાનું નામ આત્મારામ. ખાંડેકરનું મૂળ નામ ગણેશ. મૅટ્રિક સુધી તે સાંગલીમાં ભણ્યા. તેમને પુણેની ફરગ્યુસન કોલેજમાં દાખલ કરવામાં આવ્યા. પણ સાવંતવાડીમાં એમના કાકા સખારામપંત ખાંડેકર રહેતા હતા. એમને દીકરો ન હતો. અને સાવંતવાડીનાં ઘર અને ખેતીવાડી સંભાળવા એમને કોઈકની જરૂર હતી. એટલે ગણેશ આત્મારામ ખાંડેકરને એમણે દત્તક લેવા એમ નક્કી થયું. સાંગલીના આત્મારામપંત ખાંડેકરને પણ ગણેશને દત્તક આપીને પોતાના ઉપરનો ભાર ઓછો કરવો હતો. તે ઇન્ટરમાં હતા ત્યાં જ દત્તવિધાન થયું અને ગણેશ આત્મારામ ખાંડેકર વિષ્ણુ સખારામ ખાંડેકર બન્યા. એમને ફરી પુણે આવીને શિક્ષણ પૂરું કરવાની ઇચ્છા હતી. પણ તે દત્તક અપાયા પછી સાંગલીવાળા જન્મદાતા પિતા એમના શિક્ષણની જવાબદારી લે નહીં, અને દત્તક લેનાર પિતાનું કહેવાનું એમ હતું કે ખાંડેકરે સાવંતવાડીમાં રહી ખેતીવાડી સંભાળવી. પરિણામે ૧૯૧૬-૧૭માં શિક્ષણ અધૂરું મૂકીને ખાંડેકરને સાવંતવાડી આવી જવું પડ્યું.

તે સમયે સાવંતવાડીમાં જંગલને લીધે મલેરિયાનો ફેલાવો મોટા પ્રમાણમાં હતો. ખાંડેકર પણ મલેરિયામાં સપડાયા અને તેમની તબિયત બગડી. સાવંતવાડીમાં રહેવાનું અશક્ય બન્યું. સાથે સાથે, ત્યાંની જમીનદારીમાં એમનું ધ્યાન હતું નહીં. જમીનદારી એટલે ખેડૂતો ધરતી ખૂંદી મહેનત કરે, ને પૈસા વસૂલ કરી જાય જમીનદારો. એ ખાંડેકરને ગમે નહીં.

સાવંતવાડીથી પંદર માઈલ દૂર શિરાડે ગામમાં બે-ત્રણ ધ્યેયવાદી

જુવાનોએ અંગ્રેજી શાળા શરૂ કરી હતી. એ લોકો કોઈ આદર્શવાદી શિક્ષકની શોધમાં હતા. ત્યાં પંદર-વીસ રૂપિયાથી વધુ પગાર મળવાની શક્યતા નહોતી. તેમ છતાં, ગામડાના લોકોને શિક્ષણ આપવાની ઉત્સુકતાથી ખાંડેકર ત્યાં જવા આકર્ષાયા.

પોતાની આત્મકથામાં એમણે લખ્યું છે: "૧૨મી એપ્રિલ ૧૯૨૦! વિષ્ણુ સખારામ ખાંડેકર નામનો, માંડ વીશીમાં પ્રવેશેલો એક ઊંચો સુકલકડી, તરુણ છોકરો સાવંતવાડીથી શિરોડે જતા પંદર માઈલના રસ્તા પર ચાલતો હતો. માંડ માંડ ગોઠણને ઢાંકતું, લાલ માટીમાં રંગાયેલું ધોતિયું, તેની સાથે શોભે તેવું લાલ ખમીસ, ઉપર મેલોઘેલો કોટ, આંખે ચાંદીની ફ્રેમવાળાં જાડા કાચનાં ચશ્માં, એક હાથમાં છત્રી, બીજા હાથમાં થેલી, થેલીમાં ચાર કપડાં અને કેશવસુતની કવિતાનું પુસ્તક ઠાંસેલું-એવો એનો દેદાર હતો."

શિરોડેની અંગ્રેજી શાળામાં ખાંડેકરે શિક્ષણકાર્યને અતિ પવિત્ર માનીને અઢાર વર્ષ સુધી એ કામ કર્યું. આ સમય દરમિયાન એમને ચાળીસ-પચાસ રૂપિયા કરતાં વધુ પગાર કદી મળ્યો ન હતો. કેટલીયે વાર એમને સવાસો રૂપિયાની પહોંચ પર સહી કરીને ૪૦ રૂપિયા લેવા પડતા.

૧૯૨૦થી ૧૯૩૮ સુધીનાં અઢાર વર્ષ ખાંડેકરે શિરોડેમાં ગાળ્યાં. એ સમય દરમિયાન એ સમગ્ર વિસ્તારમાં શિક્ષક તરીકે અને લેખક તરીકે ખાંડેકરનું નામ ગૌરવપૂર્વક લેવાવા લાગ્યું. ખાંડેકરના નામથી શિરોડે ગામ મહારાષ્ટ્રભરમાં પ્રસિદ્ધ થઈ ગયું. તે પછી એ ગામ ફરી જાણીતું થયું તે ગાંધીજીના મીઠાના સત્યાગ્રહને લીધે. ૧૯૩૧માં શિરોડેમાં મીઠાના અગરમાં મોટા પાયા પર સત્યાગ્રહ થયો. ખાંડેકરની શાળા અને મીઠાનો સત્યાગ્રહ એ બે વસ્તુઓ માટે શિરોડે ગામ પ્રસિદ્ધ થઈ ગયું તે પછી આટલા વખતમાં મીઠાનો સત્યાગ્રહ લોકો ભૂલી ગયા છે, પણ શિરોડેની શાળા તો હવે ઘણી મોટી થઈ છે તોપણ ખાંડેકરની શાળા તરીકે જ ઓળખાય છે.

શિરોડેની આસપાસનું કુદરતી વાતાવરણ બહુ રમણીય છે. પણ

ગામલોકોને એ જોવા જેવું કદીયે લાગ્યું નથી. કોંકણમાં ખેડૂત મોટે ભાગે ભૂખ્યો ને કંગાળ હોય છે. આવી પરિસ્થિતિમાં ત્યાંનું પ્રકૃતિસૌંદર્ય જોવાની ગામલોકોને શી પડી હોય?

ખાંડેકર અત્યારે ૭૮ વર્ષના છે. ખૂબ ઉદાર રીતે તેમની તબિયતનો હિસાબ માંડીએ તોપણ આખી જંદિગીમાં કુલ ૮ વર્ષ તેઓ સાજા રહ્યા હશે, અને બાકીનાં ૭૦ વર્ષ એક યા બીજા પ્રકારની માંદગીમાં ગયાં હશે. આ માંદગીને લીધે તથા ઝાંખી નજરને લીધે તેઓ હરીફરીને, પ્રત્યક્ષ જોઈને, હળીમળીને જીવનનો અનુભવ લઈ શક્યા નથી. ઘરે બેઠાં બેઠાં —બલ્કે પડ્યાં પડ્યાં —તેમના કાન પર જે મર્યાદિત સ્વરૂપનો જીવનાનુભવ અથડાયો, તેટલી જ તેમની કુલ મૂડી. પણ તેમની કલ્પનાશક્તિ વિલક્ષણ તેજસ્વી છે. એટલે જ તો એ મૂડીમાંથી તેઓ પોતાને જોઈએ તેટલા ગુણાકાર-ભાગાકાર કરતા રહ્યા.

પોતાના મર્યાદિત અનુભવને તેમણે વ્યાપક વાચનથી અને સતત મનનથી શબ્દબદ્ધ કર્યો. પોતાના કલ્પનાવિલાસના બળ દ્વારા તેમણે વાચકોને વશ કરી લીધા.

ખાંડેકરે પોતાના સાહિત્ય દ્વારા કોઈને દિલાસો આપ્યો છે, કોઈને ધીરજ આપી છે, કોઈને માર્ગ બતાવ્યો છે, કોઈનું તો આખું જીવન બદલી નાખ્યું છે. પોતાના સાહિત્ય વિશે વાત કરતાં તેઓ કહે છે:

“કોઈ ભાવિક ભક્ત મંદિરમાંની મૂતિર્ તરફ જે ભાવનાપૂર્વક જુએ, તે જ ભાવનાથી આખી જંદિગી મેં સાહિત્યને જોયું છે. સાહિત્યકાર જેમ સૌંદર્યશોધક હોવો ઘટે, તેમ સત્યશોધક અને માંગલ્યપૂજક પણ હોવો ઘટે એવી મને શ્રદ્ધા છે.”

અત્યારે ખાંડેકર સંપૂર્ણપણે અંધ બની ગયા છે. પગારદાર સુશિક્ષિત માણસ પાસે તેઓ ચૂંટેલાં અંગ્રેજી-મરાઠી પુસ્તકો વંચાવીને સાંભળે છે અને એ સાંભળતાં સાંભળતાં બધી શારીરિક વ્યાધિને ભૂલી જઈને વિચારમાં મગ્ન થઈ જાય છે.

['વિ. સ. ખાંડેકર' પુસ્તિકા]

# જયશંકર ભોજક, 'સુંદરી'

## થોડાં આંસુ, થોડાં ફૂલ

મારે રંગભૂમિના નટ થવું હતું. એનું આકર્ષણ, કોણ જાણે કેમ, મને બાળપણથી હતું.

મારો જન્મ થાય એ પહેલાં, ૧૮૫૩માં, ગુજરાતી રંગભૂમિની શરૂઆત થઈ ચૂકી હતી. રંગભૂમિની સ્થાપના મુંબઈના શિક્ષિત પારસીઓએ કરી હતી. આ શોખીન કલાકારોએ પારસી ગુજરાતીમાં નાટક ભજવવાની પહેલ કરી. એમને જોઈ શોખીન હિન્દુઓ પણ શુદ્ધ ગુજરાતીમાં નાટક ભજવવા બહાર પડ્યા હતા. ૧૮૮૯માં મુંબઈ ગુજરાતી નાટક મંડળીનો જન્મ થયો. મારો જન્મ પણ આ જ સાલમાં થયો હતો.

મારા દાદા ત્રાભુવનદાસે સંગીતની સાધના કરી કીર્તિ વધારી હતી. અમારી જ્ઞાતિમાં, રાજ્યમાં અને ખાસ કરીને જૈનોમાં તેઓ જાણીતા ગવૈયા હતા. એમના પિતા મનસુખ ઠાકોર, પ્રદાદા જગન્નાથ ઠાકોર એ એમના સમયમાં વિખ્યાત ગાયકો હતા. ઉપરાંત જૈન શાસ્ત્રો ભણેલા, જૈન કથાઓ અને રાસોના ગાયકો તેમ જ લહિયા હતા. મારા દાદાના સંગીતની સૂરાવલિમાં ઊછરી મારો અંતરનટ તૈયાર થતો હતો પા પા…પગલીએ…

શૈશવની ઘણી સવારો દાદાના સુમધુર સંગીતના આલાપ સાંભળવામાં પસાર થતી. દાદા જ્યારે આનંદઘનજીનાં પદો ગાતા ત્યારે ભક્તિના વાતાવરણથી ઘર ભરાઈ જતું. મારા પિતા પણ કોઈક વાર તાનપૂરાનો સાથ આપતા. આ વખતે અમારું ઘર જાણે સંગીતનો અખાડો બની જતું. રોજના આવા અભ્યાસને લઈને ઘરના નાનામોટા સૌના કાન સારા-નરસા ગવાતા સંગીતને પારખતા થઈ ગયા હતા.

નિશાળ મને કેદખાના જેવી લાગતી હતી. પરિણામે ઘણી વાર

ઘેરથી નિશાળે જવાનું કહી દેળિયા તળાવના સામા કિનારે ગરનાળાં છે ત્યાં છુપાઈ રહેતો. પાસેના મંદિરમાં અવારનવાર ઊતરતા બાવાઓની દિનચર્યા જોયા કરતો. તેઓની સ્નાન, પૂજા અને સેવાવિધિ બારીકાઈથી નિહાળવામાં મને આનંદ આવતો. તેઓ ઘણી વાર ‘રામાયણ’ વાંચતા, ત્યારે એમની સામે બેસીને ધ્યાનપૂર્વક શ્રવણ કરતો. આ વખતે મનમાં એવા તરંગો આવતા કે આપણે પણ બાવા હોઈએ તો કેવું સારું! આ સમયમાં મને કથાવાર્તા સાંભળવાનો સારો જેવો શોખ હતો. આમાંથી નાટક—ભવાઈ તરફ આકર્ષાયો હતો. સંગીતનું મને જ્ઞાન ન હતું, છતાં કર્ણપ્રિય અને તાલબદ્ધ સંગીત મને આકર્ષતું. મારી ઉંમરના બીજા છોકરાઓ કરતાં આની અસર મારી ઉપર તીવ્ર થતી હતી.

આવા જલસા મારી પડોશમાં વારંવાર થતા હતા. અમારા ઘરની પાસે ભોજક મોહનલાલ વૈદ્ય રહેતા હતા. કોઈ પણ જ્ઞાતિભાઈ નાટકમાંથી રજા ઉપર આવ્યો હોય, સંગીત, નૃત્ય કે કથકી અદાકારી જાણતો હોય તો જ્ઞાતિભાઈઓને આમંત્રણ આપી તે એનો જલસો ગોઠવતા. આમાં હું હાજર રહેતો હતો. એવી જ રીતે અમારા ગોવિંદ ચકલાના ચોકમાં ભવાઈ થતી ત્યાં પણ જતો હતો. અને ગામમાં રામલીલા આવે ત્યારે તો મારા આનંદનો પાર રહેતો ન હતો. રામલીલાના પડદા પરનાં મહેલો, જંગલો, પર્વતો, નદીઓ અને બીજાં અનેક પ્રાકૃતિક દશ્યો ઉપરાંત વિવિધ વેશપરિધાન કરી આવેલાં રાજા, રાણી, રાજકુંવર, રાજકુંવરી આ બધાં મને સાચાં લાગતાં હતાં. બીજા કોઈએ એનો સ્વાંગ લીધો છે એમ લાગતું ન હતું.

શાળામાં બેઠો હોઉં ત્યારે વાજતેગાજતે રાત્રે ભજવવાના નાટકની જાહેરાત માટે ફરતા વિદૂષકને જોઈ મને કંઈ ને કંઈ થઈ જતું. પાણી પીવા જવાનું બહાનું કાઢી શાળામાંથી છટકી જતો. વિદૂષક પાછળ ગામમાં રખડતો અને રામલીલાના માંડવા સામે આસન જમાવતો. એમની રાતની તૈયારી જોવામાં નિશાળ, ઘર, ભૂખ—તરસ બધું ભૂલી જતો. અને ક્યારે રાત પડે અને ખેલ જોવા મળે એની ઉત્સુકતામાં દિવસ ઝડપથી પસાર થઈ જતો.

આ ઉપરાંત દાદાની લાગવગથી મેં બેચાર નાટકો જોયાં હતાં. અને આ પછી મારા પાડોશી માળીની ઓસરીમાં નાનો માંડવો બાંધી કપડાંના પડદા લટકાવી જાડા કાગળનાં રાજારાણી બનાવી, જોયેલા ખેલનાં પાત્રોનું અનુકરણ કરતો. એનો સંચાલક, દિગ્દર્શક અને પ્રેક્ષક પણ હું પોતે જ હતો.

મારા અંતરનટને તૈયાર કરવામાં બહુરૂપીના વેશ, નળદમયંતીની કથા, ઇલાચીકુમારનું ચિત્ર, હરિશ્ચંદ્રનું નાટક વગેરેએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એકધારી રીતે વહેતા જીવનને નાવીન્ય બક્ષનાર મનોરંજન પ્રત્યેક યુગ પોતાની આગવી રીતે મેળવી લે છે. મારા બાલ્યકાળમાં મારા ગામમાં પણ બહુરૂપી આવતા. તેઓ વિવિધ વેશપરિધાન કરી વાચિક તેમ જ આંગિક અભિનય દ્વારા પાત્રાને સજીવ બનાવતા. એમની વેશભૂષા અને અભિનય ઘણી વાર એવાં તો સચોટ લાગતાં કે બાળમનને આ બધું અવલોકવાની સ્વાભાવિક રીતે જ મઝા આવતી.

મારા મન ઉપર કથાવાર્તાની તીવ્ર અસર થતી હતી અને લાગણીના પૂરમાં હું ઝડપથી ખેંચાઈ જતો હતો. આવું એક આખ્યાન સાંભળવાનો બનાવ મારા મોસાળમાં ઊંઢાઈ ગામમાં બન્યો હતો. રોજ વાળુપાણી પતાવ્યા પછી મારા પિતા અમને કંઈક વાંચી સંભળાવતા. તે ચાંદની રાતે પિતા દીવીના અજવાળે મહાકવિ પ્રેમાનંદકૃત ‘નળાખ્યાન’ સંભળાવતા હતા. આખ્યાનમાં નળને દમયંતી ઉપર શંકા આવવાનો પ્રસંગ આવતાં એને છોડીને નળ ચાલ્યો જાય છે, દમયંતી વનમાં હૃદયદ્રાવક કલ્પાંત કરે છે—આ કડવાં વંચાતાં હતાં :

વૈદર્ભિ વનમાં વલવલે, ઘોર અંધારી રાત,
ભામિની ભય પામે ઘણું એકલડી રે જાત...

આ કડવાં સાંભળી મારી ધીરજ ખૂટી ગઈ. નળ-દમયંતીનો આ પ્રસંગ મારી નજર સામે ખડો થતાં હું ચીસ પાડીને રોવા લાગ્યો. અચાનક જ ચીસભર્યા રુદનને કારણે વહેમ અને ગભરાટથી મારાં બાએ મને છાતી સરસો ચાંપી દીધો અને “શું થયું? શું થયું, ભાઈ?” આમ

પૂછવા લાગ્યાં. કડવાં સંભારી હીબકી હીબકી હું રોવા લાગ્યો. આથી બધાં ગભરાઈ ગયાં. મારા મામા, મને કંઈક કરડયું હશે એમ માની દીવાને અજવાળે ઉપરનીચે શોધવા લાગ્યા. પિતા સફાળા ઊભા થઈ મારા હાથપગ તપાસવા લાગ્યા. ઝેરી ડંખની કલ્પનાથી બાના હોશકોશ ઊડી ગયા. આમ રંગમાં ભંગ પડ્યો. અંતે મારો ડૂમો બેસતાં હું શાંત થયો. ત્યાર પછી મેં જણાવ્યું કે, કશું કરડયું નથી; એ તો નળરાજાએ દમયંતીને છોડી દીધી એના દુઃખથી હું રોતો હતો!

પિતાની આખ્યાનગાન સમયની લાક્ષણિક મુદ્રાઓ, ભાવવાહી ગાન, પ્રસંગને તાદાત્મ્યભરી રીતે રજૂ કરવાની સચોટ શૈલી, આ બધાંની મારા ઉપર અસર થઈ હશે. દમયંતીની વિરહવેદના હું કદાચ તે સમયે નહિ સમજ્યો હોઉં. પણ “હો નળ, હો નળ બોલતી, બીજો નહિ ઉચ્ચાર”ના ગાન સમયે પિતાની આંખનાં આંસુએ મને લાગણીવિભોર બનાવ્યો હશે. નટને ઉપયોગી અને આવશ્યક એવી રજૂઆત કરવાની શક્તિ આવા પ્રસંગો દ્વારા મને મળી હશે એમ આજે લાગે છે.

આવો જ વાર્તા સાંભળવાનો પણ મને શોખ હતો. એના છપ્પા, કવિત, આપમેળે કંઠે થઈ જતા હતા. વાર્તાનો પ્રવાહ મને રસમાં તરબોળ કરી નાખતો હતો.

મારી આ અવસ્થા દરમિયાન ‘હરિશ્ચંદ્ર’, ‘માનટુક માનવતી’ અને કેશવલાલ અધ્યાપકકૃત ‘સંગીત લીલાવતી’ નાટક જોવાનો મોકો મળ્યો હતો.

આમ મારી નવ વર્ષની ઉંમર દરમિયાન હું નાટકના મંડપોની સામે જઈ બેસી રહેતો, દિવસ દરમિયાન થતી રંગીન તાલીમ જોયા કરતો. નટોનો પહેરવેશ, એમની ચાલ, એમની છટા—આ બધું મારા બાળમાનસને ખૂબ ગમવા લાગ્યું.

[‘થોડાં આંસુ, થોડાં ફૂલ’ પુસ્તક]

# જયા મહેતા

## થાય છે—

*જમીન પર પથરાયેલી*
*વૃક્ષની ઠંડીલીલી છાયાને*
*ભેગી કરી લઈ લઉં...*
*બારીના કાચ પર ઘડીભર જંપેલા*
*તેજભર્યા સૂરજને*
*હળવેથી ઊંચકી લઉં*
*ને*
*અગાશી ભરીને લેટેલા*
*હૂંફાળા તડકાની મેંદીને*
*ગુપચુપ ભરી લઉં હથેળીમાં*
*અને પછી*
*ગુલબાસની ફોરમને*
*પગલે પગલે ભીતર પ્રવેશી*
*પૂછી આવું ખબરઅંતર મૂળિયાના*
*અને*
*સોંપી દઉં સૌને*
*થોડી થોડી છાયા, થોડો થોડો તડકો*
*થોડો થોડો સૂરજ.*

['સંસ્કૃતિ' માસિક: ૧૯૭૭]

# જયાબહેન અમીન

## ભલામણ

પરઠણના રિવાજ મુજબ થતાં અથવા ખાદીનાં વસ્ત્રો ન પહેરેલાં હોય તેવાં લગ્નો સગાં ભાઈબહેનોનાં હોય તોપણ બાબુભાઈ તેમાં હાજરી આપતા નહીં. પણ પાછળથી મળવા અચૂક આવે. મારાં લગ્નને દિવસે પણ તેમનો બહારગામથી આશીર્વાદનો તાર આવ્યો, ત્યારે હું અને મોટાં ભાભી તેમને યાદ કરીને ખૂબ રડેલાં. ભાભીને મોટા ભાઈ સાથે સજોડે બેસીને વિધિ કરવાનો ઓરતો રહેતો, પણ મોટા ભાઈના સિદ્ધાંતોને લીધે તે શક્ય બનતું નહીં.

આમ તેઓ ખૂબ કુટુંબવત્સલ હતા, પણ સિદ્ધાંતની વાત આવે ત્યારે સાચી વાત જ સ્વીકારતા. મારા દીકરાને વિદ્યાનગરની એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે માર્ક ઓછા હતા. તો તેની ભલામણ કરવા માટે મારા સસરાએ મને આગ્રહ કરીને મોટા ભાઈ પાસે મોકલી. હું તો જાણતી જ હતી કે આ વાત બનવાની નથી. તે વખતે બાબુભાઈએ મને કહ્યું કે, “મારા દીકરા કિરીટની કોલેજમાં ઓછી હાજરીનો પ્રશ્ન હતો ત્યારે પણ ભલામણ કરવા નથી ગયો, તો આ વાત મારાથી બનશે નહીં.”

# જયેન્દ્ર ત્રિવેદી

## પ્રેમાનંદનો પુનરાવતાર

છેલ્લી દોઢ-બે સદીના માણભટ્ટો સાધારણ રીતે કેવળ ‘મહાભારત’ની જ કથા કહેતા, પ્રેમાનંદ કે અન્ય કવિઓનાં આખ્યાન પ્રમાણમાં બહુ જૂજ રજૂ થતાં. પણ પ્રેમાનંદકાલીન આખ્યાનગાનને પુનઃ ગુજરાતી પ્રજા સમક્ષ સફળતાપૂર્વક રજૂ કરવાનો યશ ધાર્મિકલાલ પંડ્યાને ફાળે જાય છે. પ્રેમાનંદની દીકરીના તેઓ વંશજ છે. તેમના પિતામહ અને પિતાનો માણભટ્ટનો વારસો તેમણે દીપાવ્યો છે. ભાવનગર સ્ત્રી કેળવણી મંડળે પચાસમી વરસગાંઠની ઉજવણીમાં શ્રી ધાર્મિકલાલના આખ્યાનગાનનું એક સપ્તાહ ગોઠવ્યું. ધાર્મિકલાલજીએ સાત દિવસ સુધી ભાવનગરને ઘેલું કર્યું. દસથી પંદર હજારની સંખ્યામાં લોકો આવતા. કેટકેટલા સ્તરના લોકોને આખ્યાનકાર આકર્ષી શક્યા! શ્રોતાઓના ચહેરા પરની પ્રસન્નતા નજરે નિહાળો તો ખ્યાલ આવે કે પ્રેમાનંદ ગુજરાતીઓનાં હૈયાને કેવો ડોલાવતો હશે. ધાર્મિકલાલજી કવિ નથી, માત્ર આખ્યાનગાન કરે છે, પરંતુ એમના કંઠ અને કથનશૈલીનો આસ્વાદ જેમણે કર્યો છે તેમની કલ્પનાસૃષ્ટિમાં પ્રેમાનંદનો પુનરાવતાર થાય છે. પ્રેમાનંદનાં બધાં આખ્યાનો શબ્દશઃ તેમને કંઠસ્થ છે. એ ઉપરાંત ‘રામાયણ’, ‘મહાભારત’, ‘ગીતા’, ‘ભાગવત’, ‘ઉપનિષદો’ વગેરે આકરગ્રંથોનો સારો અભ્યાસ છે. સંગીતની ઉપાસનાને પરિણામે વચ્ચે વચ્ચે શાસ્ત્રીય રાગરાગિણીઓ દ્વારા પ્રેમાનંદની કવિતાનું નવું પરિમાણ તેઓ ખોલી આપે છે.

આમ તો છેલ્લાં વીસ વર્ષથી ધાર્મિકલાલજી આ પ્રવૃત્તિ કરે છે. પરિષદો અને સંમેલનોમાં પણ તેમના કાર્યક્રમ યોજાય છે. પ્રેમાનંદ ભણાવાય છે ત્યાં ત્યાં એક વાર એમનું આખ્યાનગાન યોજાય તો ભણાવનાર પ્રેમાનંદ વિષે જે વિશેષણો વાપરે છે તેની સાર્થકતા ભણનાર અનુભવે.

શિક્ષણ-સાતત્યની જે પ્રવૃત્તિ પોતાની ફરજના એક ભાગરૂપે દરેક વિદ્યા—સંસ્થાએ કરવી ઘટે, તે કાર્ય આ માણભટ્ટ એકલે હાથે સફળતાપૂર્વક કરી રહ્યા છે તેનો સાક્ષાત્કાર થતાં લોકશિક્ષણના આ જૂના પણ સક્ષમ માધ્યમને નવા નવા સ્વરૂપે પ્રયોજવાની કેટલી બધી જરૂર છે એનું મારી જેમ ઘણાને ભાન થયું હશે.

['ગ્રંથ' માસિક: ૧૯૭૬]

## ઉમાશંકરને ઈર્ષા આવી!

વડોદરામાં લેખક-મિલન હતું. 'મારા પ્રિય પાત્ર' વિશે એક બેઠક હતી. કાકાસાહેબ પોતાના પ્રિય પાત્ર તરીકે 'પરેશબાબુ'નો પરિચય આપી રહ્યા હતા. પ્રજારામે ત્યાં સુધીમાં 'ગોરા' નહીં વાંચેલી. એમને પરેશબાબુ એટલે અજાણ્યા. સરળ પ્રકૃતિના પ્રજારામે નિર્દોષ ભાવે પાસે બેઠેલા ઉમાશંકરને પૂછ્યું. ઉમાશંકરે સામે પૂછ્યું: "કવિ, મહાકવિ રવીન્દ્રનાથની સુપ્રસિદ્ધ નવલકથા 'ગોરા' હજુ સુધી નથી વાંચી કે શું?" સત્યવાદી પ્રજારામે કહી દીધું: "ના, નથી વાંચી." ઉમાશંકર કહે: "મને તમારી ઈર્ષા આવે છે." પ્રજારામને આ સમજાયું નહીં. ચાલુ સભાએ વધુ વાર્તાલાપ શક્ય નહોતો. પ્રજારામનું મન ચકડોળે ચડ્યું: " 'ગોરા' હજુ સુધી નથી વાંચી એ માટે મારે શરમાવું જોઈએ, એના બદલે મારી ઈર્ષા ઉમાશંકરને શા માટે થવી જોઈએ?" સભા પૂરી થઈ એટલે લાગલું પૂછ્યું: "મેં 'ગોરા' નથી વાંચી એમાં તમને ઈર્ષા શેની થાય?" ઠાવકું હસીને ઉમાશંકર કહે: "તમે હવે 'ગોરા' વાંચવાના ને?" પ્રજારામે જવાબ આપ્યો: "ઘરે પહોંચીને પહેલું કામ જ એ કરવાનો." ઉમાશંકર કહે: "મેં 'ગોરા' ઘણી વાર વાંચી છે, પણ પહેલી વાર વાંચી ત્યારે જે હર્ષરોમાંચ થયેલો તે તમને હવે થશે એની મને ઈર્ષા આવે છે!"

ઓસ્માનિયા યુનિવર્સિટીના નિમંત્રણથી પી. ઈ. એન.નું અધિવેશન

હૈદરાબાદમાં ભરાયેલું. રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એનું ઉદ્‌ઘાટન કરવા પધારેલા. ગુલાબદાસ બ્રોકરને એક વિચાર સ્ફુર્યો. રાધાકૃષ્ણને પોતાની અધ્યાપકની કારકિર્દી અહીં શરૂ કરેલી. એમણે પાસે બેઠેલા ઉમાશંકરને પૂછ્યું: “રાધાકૃષ્ણન્‌ને અત્યારે મનમાં શું થતું હશે? અહીં એમણે અધ્યાપક તરીકે ભણાવવાનું શરૂ કરેલું અને આજે રાષ્ટ્રપતિ તરીકે પોતે આ અધિવેશનનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા છે. એક પ્રકારનો પ્રસન્નતાભર્યો સંતોષ તેઓ અનુભવતા હશે! અધ્યાપકમાંથી રાષ્ટ્રપતિ સુધીની યાત્રાથી તેઓ કૃતકૃત્યતાનો ભાવ અનુભવતા હશે!” ઉમાશંકરે કહ્યું: “એથી ઊલટો જ ભાવ એમના મનમાં ચાલતો હશે. તત્ત્વજ્ઞાનનું અધ્યયન એ કરાવતા એટલે એમની ઇચ્છા મોટા મૌલિક તત્ત્વચિંતક થવાની હશે. તેમને થતું હશે કે નીકળ્યો હતો બુદ્ધ કે મહાવીર થવા અને થઈ થઈને રાષ્ટ્રપતિ જ થયો!”

## શું કર્યું?

“તમે જીવનમાં શું કર્યું?” એમ કોઈ પૂછે તો શો જવાબ તમે આપો, એવા પ્રશ્નના ઉત્તરમાં એમણે [ઉમાશંકર જોશીએ] જણાવેલું કે, “મનગમતાં અને જરૂરી કામો કરવામાં જાત ઘસી નાખી.”

['યુગદ્રષ્ટા ઉમાશંકર' પુસ્તક: ૨૦૦૪]

# જવાહરલાલ નેહરુ

## દિમાગી ફર્ક

પાકિસ્તાનકે દિમાગમેં ઔર હિન્દુસ્તાનકે દિમાગમેં ફરક ક્યા હૈ? અવ્વલ તો વહ એક ફૌજી દિમાગ હૈ.

હમારે યહાં બડે બડે અફસર હૈં, શાનદાર અફસર હૈં, અચ્છે કાબિલ લોગ; લેકિન હમારી હુકૂમત ફૌજ કે અફસર નહીં ચલાતે. કિતને હી અચ્છે અફસર હૈં, અપની જગહ પર અચ્છે હૈં; લેકિન ઉનકો હક નહીં કિ હમારી હુકૂમતમેં દખલ દેં, બહૈસિયત અફસરકે. બહૈસિયત એક નાગરિકકે ઔર બાત હૈ.

અબ, વહાં પર તો ફૌજી દિમાગ હૈ. ફૌજી દિમાગ ઈન બાતોં કો, સબ બાતોં કો પૂરા ગૌર નહીં કરતા હૈ. ફૌજી દિમાગ સમઝતા હૈ—હુકુમ દેનેસે બાતેં હો જાતી હૈં. લેકિન હુકુમ દેનેસે બાતે નહીં હોતી. હુકુમ દેનેસે હોતી, તો હમ હુકુમ દેતે: સારા મુલ્ક ખુશહાલ હો જાએ. હો જાતા ખુશહાલ—હુકુમ દે દિયા. લેકિન ઐસે તો નહીં હોતા. આપ જાનતે હૈં, ઉસકે લિએ મેહનત કરની પડતી હૈ, દૌલત પૈદા કરની પડતી હૈ—જમીનસે, કારખાનેસે, મશીનસે વગૈરહ વગૈરહ—તબ દૌલત આતી હૈ.

તો એક તો યહી બાત હૈ કિ ફૌજી દિમાગ ચલતા હૈ, ઔર સબ ખિડકિયાં બંદ હો ગઈ હૈં; ઔર ઉસમેં કોઈ એતરાજ ભી નહીં કર સકતા. અગર કોઈ એતરાજ કરે, તો ઉસકો સજા હો જાએ.

## ઉસ પાર—!

હમ હિન્દુસ્તાન કે રહનેવાલે લોગ એક નયે જમાને કી સીમા પર હૈં. ઉસ પાર હમ જાના ચાહતે હૈં—ઉસ પાર જબ કિ નયા ભારત બને ઔર ઉસમેં પૂરી તૌરસે ખુશહાલી હો. યહ એક બડી બાત હૈ.

લેકિન ઐસે મૌકે પર હમ અપને મુલ્ક મેં દેખતે ક્યા હૈં કિ કહાં તો યે બડે બડે કામ હૈં, ઔર કહાં આપસ મેં છોટી-છોટી બાતોં મેં હમ ફંસે હુએ હૈં—છોટે ઝગડોંસે હી હમે ફુરસત નહીં. કભી સાંપ્રદાયિકતા, કભી જાતિ-ભેદ, કભી ભાષાકે ઝગડે, કભી યહ પ્રાંતીયતા! એક એક પ્રાંત-પ્રદેશકે ઉપર લોગોંમેં અલગ—અલગ જોશ ચઢતા હૈ, ઔર વે ભૂલ જાતે હૈં કિ કોઈ ઐસી ચીઝ ભી હૈ જૈસે હિન્દુસ્તાન. અપને અપને સૂબે કો લેકર યા કભી ધર્મ કા નામ લેકર, કભી જબાનકા નામ લેકર કાફી હુલ્લડ હમ ઔર આપ મચાતે હૈં, ઔર શરમિન્દી હો જાતી હૈ કિ આખિર ઈસીકો હમ અપના સમઝતે હૈં—અપની રાષ્ટ્રીયતા, અપની કૌમિયત. હમારી કૌમિયત એક સૂબે કે લિએ હૈ યા એક ગાંવ કે લિએ હૈ?

તો યહ બાત ઠીક નહીં હૈ. હિન્દુસ્તાન કી તાકત તભી હૈ—આપકી ઔર હમારી—જબકી હમ હિન્દુસ્તાન કી એકતા કો પૂરી તૌર સે સમઝેં; એક દિમાગ સે નહીં, અપને દિલસે, ઔર યહ નહીં કિ હર તરહ કી અલગ બાતોં મેં પડ જાએં—ચાહે મઝહબ કે નામ સે, ચાહે સૂબે કે નામ સે, ચાહે ભાષા કે નામ સે; યે ખતરનાક ચીઝેં હૈં.

## —બગૈર આપકી મદદ કે

હમેં અપને મુલકકો બઢાના હૈ. સિર ઉઠાકર, મજબૂત કદમ કર, હાથ મિલાકર હમ આગે બઢેં.

લેકિન યહ મેરે હાથમેં તો નહીં હૈ. આપને મુઝે ચંદ દિનોંકે

લિએ પ્રધાનમંત્રી બનાયા; મૈં આયા, ગયા, ઔર મુઝમેં હજારોં કમજોરી હૈં. અસલ ચીજ હિન્દુસ્તાનકી તાકત હૈ, જો હિન્દુસ્તાનકી જનતામેં હૈ, આપ લોગોંમેં હૈ. આપકો ઇસકો સમઝના હૈ કિ આપકા, સબોંકા, હમારા ક્યા કર્તવ્ય હૈ. જો એક બેશકીમત ચીજ હમારે હાથમેં આયી, હિન્દુસ્તાનકી આઝાદી, કહીં હમારે હાથસે ફિસલ ન જાએ, કહીં નિકલ ન જાએ અપની કમજોરીસે. યહ કુછ એક ચંદ અફસરોં, પ્રધાનમંત્રાયોંકી બાતેં નહીં હૈ જો મૈં આપસે કહ રહા હૂં. યહ હિન્દુસ્તાનકે કરોડોં આદમિયોંકી બાત હૈ, એક એક ગાંવકી.

હમને કુછ દિન ખિદમત કી, કભી ગલત, કભી સહી—હાં એક સાફ દિલસે કોશિશ કી; લેકિન જો કામ હમને ઉઠાયા, વો લંબેસે લંબા આદમી નહીં ઉઠા સકતા હૈ અપને આપ—બગૈર આપકી મદદકે.

[લાલ કિલ્લા પરથી પ્રવચન : સ્વાતંત્ર્ય દિન, ૧૯૬૦]

# લડાઈ કા તજુર્બા

પિછલે પચાસ બરસ મેં દુનિયા મેં દો બડી લડાઈયાં હુઈ. લેકિન યૂરોપ કે લોગોં ને, એશિયા કે કુછ લોગોં ને, કુછ અમેરિકા કે લોગોં ને ભી એક જાતિ તજુર્બા હાસિલ કિયા. કોઈ ઘર નહીં હૈ યૂરોપ મેં, કોઈ પરિવાર નહીં હૈ જિસ મેં સે કોઈ ન કોઈ રિશ્તેદાર, લડકા વગેરે લડાઈ મેં ન મર ગયા હો. કૌમ પર ઉસકા અપના અસર હુઆ.

ઈસ કિસ્મ કા તજુર્બા હમેં જમાને સે હાસિલ નહીં હુઆ હૈ. અક્સર ઠોકર ખાકર હમ ગિરે, ફિર ઉઠે, ફિર ચલે. ઐસે કૌમેં બઢતી હૈં. લેકિન હિંદુસ્તાન કે લોગ વહ બાત પૂરી તરહ નહીં સમઝે, જો યૂરોપ ઔર અમેરિકા કે લોગ સમઝે હૈં. ક્યોંકિ ઉનકો ઉન બડી લડાઈયોં કા તજુર્બા હૈ. હમારે લિએ લડાઈ એક ઐસી ચીજ હૈ, જિસકે હમ કિસ્સે-કહાનિયાં પઢતે હૈં. લેકિન ઉસકા એક તજુર્બા હમારે ઉપર નહીં હુઆ હૈ.

મુઝે કભીકભી એક કમી-સી નજર આતી થી કિ લોગ છોટીછોટી બાતોં મેં ફંસ જાતે હૈં, છોટે ઝગડોં મેં ફંસ જાતે હૈં, બહસેં હોતી હૈં; કભી કભી વહ ફિરકાપરસ્તી મેં ફંસ જાતે હૈં, કભી ભાષા પર ઝગડે હોતે હૈં. કિસ તરહ સે ઈસ મેં સે નિકલ કર હમ જરા અપને દિમાગ કો ફૈલાએં, દિલ કો ફૈલાએં, ઔર સારે હિંદુસ્તાન કો અપને સામને રખેં?

અબ એક ઐસા ઈત્તફાક હમારે સામને આ ગયા કિ હમેં હથિયારબંધ હોના પડતા હૈ, હથિયારોં કો લેકર લડાઈ લડની પડતી હૈ. હિન્દુસ્તાન કે ઉપર એક જબરદસ્ત હમલા બહુત દિનોં બાદ હુઆ હૈ. શાયદ ઈસ સવાલ કે કાફી નુકસાનદેહ પહલૂ ભી હૈં. લેકિન યહ શાયદ અચ્છા ઔર મુફીદ હો કિ યહ હમારે લોગોં કો જરા જગા દે ઔર દિખા દે કિ કૈસી દુનિયા મેં હમ રહતે હૈં. યહ એક બેરહમ દુનિયા હૈ, સખ્ત દુનિયા હૈ, જો કમજોરોં કે લિએ નહીં હૈ. ઔર તાકત તભી આતી હૈ જબ કિ હમ લોગ એકદિલ હોકર, મિલકર એક કૌમ હો કે કોઈ બડા કામ કરેં. ઔર અગર હર વક્ત આપસ મેં ફૂટ હો ઔર છોટી છોટી બાતોં પર બહસેં કરેં, તો હમ કમજોર હોતે હૈં ઔર દૂસરે મુલ્ક હમે દબા સકતે હૈં. તો શાયદ હમેં ઈસ સે ફાયદા હો.

## આપ કી જાયદાદ

હિમાલય સે લેકર કન્યાકુમારી તક, યહ સારે કા સારા મહાન દેશ હમારા હૈ. કન્યાકુમારી મદ્રાસ પ્રદેશ મેં હૈ—ઠીક હૈ; લેકિન કન્યાકુમારી મેં મેરા ભાગ હૈ ઔર આપકા ભી ભાગ હૈ, જૈસે જો દક્ષિણ મેં રહતે હૈં ઉન કા ભાગ હિમાલય મેં ભી હૈ. યહ સારી ભારતભર કી જાયદાદ જો કુછ ભી હૈ—આજ કી નહીં, હજારોં બરસોં કી યહ બડી સંપત્તિ હૈ—વો સબોં કી હૈ. કિસી એક જાતિ કી નહીં, વહ સારે ભારતવાસિયોં કી સંપત્તિ હૈ. ખાલી આપ કા ખેત હી આપ કી

જાયદાદ નહીં હૈ, સારા ભારત આપ કી જાયદાદ હૈ. હમેં ભારત કી ઈતની બડી સંપત્તિ મિલી હૈ.

યાદ રખિયે! હમારા રાષ્ટ્ર ભારત હૈ—હમારા રાષ્ટ્ર ન રાજસ્થાન હૈ, ન મધ્ય પ્રદેશ હૈ, ઔર ન યહ ગાંવ હૈ. સારા ભારત અચ્છી તરહ સે બઢેગા, તો મધ્ય પ્રદેશ ભી બઢેગા, રાજસ્થાન ભી બઢેગા. ભારત નહીં બઢેગા, તો કોઈ નહીં બઢેગા.

## એકએક ઈંટ....

મુઝે હિન્દુસ્તાન મેં યકીન હૈ. ઔર મુઝે ઈસ ભારત કે ભવિષ્ય મેં ભરોસા હૈ કિ આઈન્દા ઈસ કી શક્તિ બઢેગી—ઔર શક્તિ ખાલી ઈસ તરહ સે નહીં બઢેગી કિ વહ શક્તિ એક ફૌજી શક્તિ હો. ઠીક હૈ, એક બડે દેશ કી ફૌજી શક્તિ ભી હોની ચાહિયે. લેકિન અસલ તાકત હોતી હૈ ઉસકી કામ કરને કી શક્તિ, ઉસકી મેહનત કરને કી શક્તિ. અગર હમ ઈસ દેશ કી ગરીબી કો દૂર કરેંગે, તો કાનૂનોં સે નહીં, શોર-ગુલ મચાકે નહીં, શિકાયત કરકે નહીં, બલ્કિ મેહનત કરકે. એકએક આદમી—બડા ઔર છોટા, મર્દ-ઔરત ઔર બચ્ચા—મેહનત કરેગા.

હમારે સામને આરામ નહીં હૈ. સ્વરાજ આયા, આઝાદી આઈ, તો યહ ન સમઝિયે કિ હમારે આપ કે આરામ કરને કા સમય આયા હૈ. હમેં અપને ઘર કો બનાના હૈ, અપને દેશ કો બનાના હૈ, ઔર આઈન્દા નસલોં કે લિયે એક બડી મઝબૂત ઇમારત ખડી કરની હૈ. ઔર ફિર ઈસ મેહનત મેં એક એક ઈંટ ઔર એક એક પથ્થર જો હમ રખતે હૈં—યાદ રખિયે, હમ ઔર આપ ગુઝર જાયેંગે, લેકિન વે ઈંટ ઔર પથ્થર કાયમ રહેંગે; ઔર સૈંકડોં બરસ બાદ ભી વે એક યાદગાર હોંગે, ઔર દુનિયા કે સામને ઔર હમારી આઈન્દા નસલોં કે સામને ઈસ શકલ મેં હોંગે, કિ એક જમાના આયા થા જબકિ આઝાદ

હિન્દુસ્તાન કી બુનિયાદ ઈસ તરહ સે પડી ઔર જબ ઈસ મેહનત સે, પસીને સે, ખૂન બહાકર ભારત કી યહ ઇમારત બની.

## અણલખ્યો પત્ર

જે પત્રો લખવાની આપણને તીવ્ર ઇચ્છા હોય છે, તે લખવામાં ઘણી વાર વિલંબ થાય છે. રોજિંદા વહેવારના પત્રો રીતસર લખાય છે અને તેમ છતાં, જે લખવા માટે આપણે ખૂબ વિચારતા હોઈએ તે પત્ર અણલખ્યો જ રહે છે.

## સંસ્કૃતિની કસોટી

સંસ્કૃતિ એટલે શું? માણસો અને પશુઓ વચ્ચે જ્યારે નહિ જેવો ફેર હોય છે તે સ્થિતિને બર્બર અવસ્થા કહેવામાં આવે છે. સંસ્કૃતિ એથી ઊલટી અવસ્થા છે.

પણ કોઈ એક માણસ કે સમાજ જંગલી છે કે સુસંસ્કૃત છે તે કેવી રીતે પારખી શકાય? સુંદર મકાનો, સુંદર ચિત્રો ને સુંદર ગ્રંથો અને જે કાંઈ સૌંદર્યવાળી માનવકૃતિઓ છે, તે બધાં સંસ્કૃતિનાં દ્યોતક છે. પરંતુ બીજાંના ભલા માટે લોકોની સાથે મળી કાર્ય કરનારો સજ્જન એ બધાં કરતાં યે સંસ્કૃતિને વધારે શોભાવે છે.

આજે તો દુનિયામાં પરસ્પર સહકારનો ઠીક ઠીક અભાવ માલૂમ પડે છે, અને એક પ્રજા સ્વાર્થને ખાતર બીજી પ્રજા ઉપર આક્રમણ કરી રહી છે ને તેને પીડી રહી છે.

આજકાલ ઘણા લોકો અર્વાચીન સંસ્કૃતિની મહત્તા વિશે બડાશો હાંકે છે. પણ ઘણી બાબતોમાં માણસ ઇતર પ્રાણીઓથી વિશેષ આગળ વધ્યો નથી. એવો ઘણો સંભવ છે કે કેટલીક બાબતોમાં કેટલાંક પ્રાણીઓ

આજે યે માણસ કરતાં ચડિયાતાં હશે. મેટરલિંકનાં 'માખીનું જીવન', 'ઊધઈનું જીવન' અને 'કીડીનું જીવન' વગેરે પુસ્તકો છે. આ જંતુઓને આપણે તુચ્છ ગણી કાઢીએ છીએ. પરંતુ સમૂહના હિત ખાતર સહકાર અને બલિદાનની કળા આ જંતુઓ મનુષ્ય કરતાં વધારે સારી રીતે શીખ્યાં છે. ઊધઈ વિશે તથા પોતાના સજાતીયો માટે તેના ત્યાગ વિશે મેં વાંચ્યું ત્યારથી એ જંતુ પ્રત્યે મારા મનમાં આદર પેદા થયો છે. સમાજના હિતને અર્થે પરસ્પર સહકાર અને પોતાનું બલિદાન એ જો સંસ્કૃતિની કસોટી હોય, તો આપણે કહી શકીએ કે ઊધઈ અને કીડી એ રીતે માણસથી ચડિયાતાં છે. એક સંસ્કૃત શ્લોક છે—

त्यजेदेकं कुलस्यार्थे ग्राम्स्यार्थे कुलं त्यजेत,

ग्राम जनपदस्यार्थे, ह्यात्मार्थे पृथिवीं त्यजेते.

એનો ભાવાર્થ આ છેઃ કુટુંબને ખાતર વ્યક્તિનો, ગામને ખાતર કુટુંબનો, દેશને ખાતર ગામનો અને આત્માને ખાતર સમગ્ર જગતનો ત્યાગ કરવો જોઈએ. આ શ્લોક જે બોધ આપે છે તે વિશાળ હિતને ખાતર બલિદાન આપવાનો અને સહાયવૃત્તિથી જીવવાનો જ બોધ છે. આપણે હિંદના લોકો લાંબા સમય સુધી સાચી મહત્તા પ્રાપ્ત કરવાનો આ રાજમાર્ગ ભૂલ્યા હતા, તેથી આપણી અધોગતિ થઈ. પરંતુ ફરીથી આપણને એ વસ્તુની ઝાંખી થવા લાગી છે અને આખો દેશ જાગ્રત થઈ ગયો છે. પુરુષો અને સ્ત્રીઓ તથા છોકરા-છોકરીઓ કોઈપણ પ્રકારનાં કષ્ટ કે દુઃખની પરવા કર્યા વિના હિંદની ઉન્નતિને માટે હસતે મોંએ આગેકૂચ કરતાં આજે જોવા મળે છે, એ કેટલું અદ્‌ભુત છે! મહાન ધ્યેયની સિદ્ધિમાં ફાળો આપવાનો આનંદ તેમને લાધ્યો છે. આજે આપણે હિંદને આઝાદ કરવા મથી રહ્યા છીએ. એ ઉદાત્ત ધ્યેય છે, પરંતુ સમગ્ર મનુષ્યજાતનું હિત એ તેથીયે વધારે ઉદાત્ત ધ્યેય છે. આપણી લડત એ દુઃખ અને યાતનાઓનો અંત આણવાની મનુષ્યજાતની મહાન લડતનો જ એક ભાગ છે એમ આપણે માનીએ છીએ, એટલે દુનિયાની પ્રગતિમાં આપણે પણ યત્કિંચિત ફાળો આપી રહ્યા છીએ

એવો આનંદ આપણે લઈ શકીએ.

['જગતના ઇતિહાસનું રેખાદર્શન' પુસ્તક: ૧૯૪૫]

## મનુષ્યનો આત્મા

મનુષ્યનો આત્મા કેવી અજબ ચીજ છે! સંખ્યાતીત પરાજયો વેઠયા છતાં આદર્શને ખાતર, સત્યને ખાતર, શ્રદ્ધાને ખાતર, દેશને ખાતર તથા ઇજ્જતને ખાતર માણસ યુગયુગાન્તરોથી પોતાના જીવનનું, તથા જેને પોતે પ્યારામાં પ્યારું લેખતો હોય તે બધાંનું, બલિદાન આપતો આવ્યો છે. એ આદર્શ ભલે બદલાય, પણ આત્મબલિદાનની માણસની એ તાકાત કાયમ રહી છે અને એટલા ખાતર તેનું ઘણું ઘણું દરગુજર કરી શકાય એમ છે તથા તેને વિશે હાથ ધોઈ નાખવાનું અશક્ય બની જાય છે. ભારે આપત્તિની પળે પણ તેણે પોતાનું ગૌરવ છોડ્યું નથી, કે નથી પોતે સેવેલા આદર્શો પરની શ્રદ્ધા તેણે ગુમાવી. કુદરતનાં પ્રચંડ બળોના રમકડા સમો તથા આ વિરાટ વિશ્વમાં એક રજકણ સમો હોવા છતાં, નિસર્ગની મૂળભૂત શક્તિઓ સામે તેણે પડકાર ઉઠાવ્યો છે. માણસમાં ખરે જ દેવનો કંઈક અંશ છે—અને સાથેસાથે જ તેનામાં શેતાનનો પણ અંશ છે.

['મારું હિંદનું દર્શન' પુસ્તક: ૧૯૫૧]

## બહુત મંઝિલેં બાકી હૈં

આજ એક શુભ મુબારક દિન હૈ. જો સ્વપ્ન હમને બરસોંસે દેખા થા, વહ કુછ હમારી આંખોંકે સામને આ ગયા. દિલ હમારા ખુશ હોતા હૈ કિ એક મંઝિલ પર હમ પહુંચે. યહ હમ જાનતે હૈં કિ હમારા સફર ખતમ નહીં હુઆ, અભી બહુત મંઝિલેં બાકી હૈં.

હમારા મુલ્ક આઝાદ હુઆ. લેકિન આઝાદી ભી અજીબ-અજીબ

જિમ્મેદારિયાં લાતી હૈં ઔર બોજે લાતી હૈં. અબ ઉન જિમ્મેદારિયોંકા સામના હમે કરના હૈ ઔર અપને બડે બડે સવાલોંકો હલ કરના હૈ. હમેં ગરીબીકો દૂર કરના હૈ, અનપઢનકો દૂર કરના હૈ, ઔર આપ જાનતે હૈં કિતની ઔર મુસીબતેં હૈં જિસકો હમે દૂર કરના હૈ.

હમે સારે દેશમેં બહુત-કુછ આર્થિક તરક્કી કરની હૈ, કારખાનેં ખોલને હૈં, ઘરેલૂ ધંધે બઢાને હૈં જિસસે દેશકી ધનદૌલત બઢે—ઔર ઇસ તરહસે નહીં બઢે કી વહ થોડી સી જેબોં મેં જાયે, બલ્કિ આમ જનતાકો ઉસસે ફ઼ાયદા હો. હમેં આઇન્દા આરામ નહીં કરના, બલ્કિ મેહનત કરની હૈ, એકદૂસરેકે સહયોગકે સાથ કામ કરના હૈ, તભી હમ અપને બડે સવાલોંકો હલ કર સકેંગે.

[૧૫ ઑગસ્ટ, ૧૯૪૭]

## મેહનત કરનેકા સમય

એક જમાના થા કિ જબ એક બડે વ્યક્તિકી રોશનીસે હમારે દિલોંમેં ભી કુછ ગર્મી આઈ થી. મહાત્માજીકા સબક સુન કર ઉનકી આવાજ હમારે કાનોંમેં ઔર દિલોમેં ગુંજી થી ઔર હમ લોગ દેશમેં લાખોં ઔર કરોડોંકી તાદાદમેં અપને ઘરકી મામૂલી બાતોંકો, ઝગડોંકો ભૂલ કર, અપને પરિવારોં તક કો ભૂલ કર, અપને પૈસે ઔર જાયદાદોંકો ભૂલ કર મૈદાનમેં આએ થે. ઉસ સમય કોઈ સવાલ નહીં ઉઠતા થા અપને ફ઼ાયદેકા, અપને ઓહદેકા, અપની નૌકરીકા. અગર કોઈ મુકાબલા થા તો ખાલી ઇસ બાતકા થા કિ કિસ તરહસે હમ દેશકી સેવામેં મુકાબલા કરેં. એક ખ્વાબ થા, એક સ્વપ્ન થા જો હમને દેખા ઔર કભી-કભી કિસી કદર પાગલોંકી તરહસે હમ ઉસ સ્વપ્નકે પીછે દૌડે.

મૈં આપસે યાદ દિલાના ચાહતા હૂં ઉસ જમાનેકી જબ બગૈર ફ઼ૌજકે, બગૈર હથિયારકે, બગૈર કિસી બાહરી સહારેકે, બગૈર પૈસેકે ઇસ મુલ્કકી આઝાદીકી લડાઈ લડી ગઈ થી. કિસને લડી થી? ઇસ

મુલ્કમેં બડે બડે નેતા થે, ઔર હમારે બડે ભારી નેતા થે મહાત્માજી; લેકિન આખિરમેં ઇસ મુલ્કકી લડાઈ હમને, હમારે કિસાનોંને, હમારે અદનાસે અદના, ગરીબસે ગરીબ આદમિયોંને લડી થી. ઉનકે ઉપર બોઝા પડા થા ઉસ લડાઈકા. કૈસે વે જીતે થે? અપની હિમ્મતસે, અપને દમસે, ઔર અપને દેશ ઔર અપને નેતા પર ભરોસેસે.

[૧૫ ઑગસ્ટ, ૧૯૪૯]

## આઝાદીકી મશાલ

હમને ઔર આપને ખ્વાબ દેખેં, હિન્દુસ્તાનકી આઝાદીકા ખ્વાબ. ઉન ખ્વાબોંમેં ક્યા થા? વહ ખ્વાબ ખાલી યહ તો નહીં થા કિ અંગ્રેજ કૌમ યહાંસે ચલી જાએ ઔર હમ ફિર એક ગિરી હુઈ હાલતમેં રહેં. જો સ્વપ્ન થા વહ યહ કિ હિન્દુસ્તાનમેં કરોડેં આદમિયોંકી હાલત અચ્છી હો, ઉનકી ગરીબી દૂર હો, ઉનકી બેકારી દૂર હો, ઉન્હેં ખાના મિલે, રહનેકો ઘર મિલે, પહનનેકો કપડા મિલે, સબ બચ્ચોંકો પઢાઈ મિલે, ઔર હરેક શખ્સકો મૌકા મિલે કિ હિન્દુસ્તાનમેં વહ તરક્કી કર સકે, મુલ્કકી ખિદમત કરે, ઔર ઇસ તરહસે સારા મુલ્ક ઉઠે. થોડેસે આદમિયોંકે હુકૂમતકી ઊંચી કુરસી પર બૈઠેનેસે મુલ્ક નહીં ઉઠતે હૈં. મુલ્ક ઉઠતે હૈં જબ કરોડોં આદમી ખુશહાલ હોતે હૈં ઔર તરક્કી કર સકતે હૈં. હમને ઐસા સ્વપ્ન દેખા ઔર ઉસીકે સાથ સોચા કિ જબ હિન્દુસ્તાનકે કરોડોં આદમિયોંકે લિએ દરવાજે ખુલેંગે, તો ઉનમેંસે લાખોં ઐસે ઊંચે દર્જે કે લોક નિકલેંગે જો કિ નામ હાસિલ કરેંગે ઔર દુનિયા પર અસર પૈદા કરેંગે.

હમ લોગોંને એક જમાનેસે, જહાં તક હમમેં તાકત થી ઔર કુવ્વત થી, હિન્દુસ્તાનકી આઝાદીકી મશાલકો ઉઠાયા. હમારે બુઝુર્ગોંને ઉસકો હમેં દિયા થા, હમને અપની તાકતકે મુતાબિક ઉસકો ઉઠાયા. લેકિન હમારા જમાના ભી અબ હલકે-હલકે ખત્મ હોતા હૈ ઔર

ઉસ મશાલકો ઉઠાને ઔર જલાએ રખનેકા બોઝ આપકે ઉપર હોગા, આપ જો હિન્દુસ્તાનકી ઔલાદ હૈં, હિન્દુસ્તાનકે રહને વાલે હૈં, ચાહે આપકા મઝહબ કુછ હો, ચાહે આપકા સૂબા યા પ્રાંત કુછ હો. યાદ રખિએ, લોગ આતે હૈં, જાતે હૈં ઔર ગુજરતે હૈં. લેકિન મુલ્ક ઔર કૌમેં અમર હોતી હૈં, વે કભી ગુજરતી નહીં હૈં જબ તક કિ ઉનમેં જાન હૈ, જબ તક કિ હિમ્મત હૈ. ઇસલિએ ઇસ મશાલકો આપ કાયમ રખિએ, જલાએ રખિએ, ઔર અગર એક હાથ કમજોરીસે હટતા હૈ તો હજાર હાથ ઉસકો ઉઠાકર જલાએ રખનેકો હર વક્ત હાજિર હોં.

[૧૫ ઑગસ્ટ, ૧૯૪૮]

# તરક્કી કા અંદાજા

ઇસ દેશમેં હજારોં કામ હૈં. હજારો કામ હમ કરેંગે, ફિર ભી હજારોં બાકી રહેંગે. કામકા હમ ઇસ તરહ અંદાજા કરેં કિ હમને કોઈ નઈ ઇમારત બનાઈ, કોઈ નયા સ્કૂલ બનાયા ઔર કોઈ નયા બડા કામ કિયા, તો ઠીક હૈ; લેકિન આખિરમેં કામકા અંદાજા યહ હૈ કિ ઇસ મુલ્કમેં ઐસે કિતને લોગ હૈં જિનકી આંખોંસે આંસૂ બહતે હૈં, ઉનમેં સે કિતને આંસૂ હમને પોંછેં, કિતને આંસૂ હમને કમ કિએ. વહ અંદાજા હૈ ઇસ મુલ્કકી તરક્કીકા, ન કિ ઇમારતેં જો હમ બનાએં યા કોઈ શાનદાર બાત જો હમ કરેં. ક્યોંકિ આખિરમેં યહ મુલ્ક ક્યા હૈ? યહ મુલ્ક ઇસકે રહનેવાલે કરોડોં આદમી હૈં—મર્દ, ઔરત ઔર બચ્ચેં—ઔર આખિરમેં ઇસ મુલ્કકી ભલાઈ—બુરાઈ ઉન કરોડોં આદમિયોંકી ભલાઈ ઔર બુરાઈ હૈ. ઔર આખિરમેં મુલ્ક હૈ હમારે છોટી ઉમ્રકે લડકે-લડકિયાં ઔર બચ્ચેં. ક્યોંકિ હમારા, આપકા ઔર હમારી ઉમ્રકે લોગોંકા જમાના તો ગુજરતા હૈ.

હમને અપના ફર્જ અદા કિયા, બુરા યા ભલા. હમારા જમાના ગુજરતા હૈ ઔર ઓરોંકો સામને આના હૈ. જહાં તક હમમેં તાકત

થી, હમારે બાજુમેં ઔર હાથોંમેં, હમને આઝાદીકી મશાલકો ઉઠાયા ઔર કભી ઉસકો ગિરને નહીં દિયા. અબ સવાલ યહ હૈ કિ આપમેં ઔર હિન્દુસ્તાનકે કરોડોં આદમિયોંમેં, નૌજવાનોં ઔર બચ્ચોંમેં, કિતની તાકત હૈ કિ વે ભી ઉસકો શાનસે ઉઠાએ રખેં, ઇસ મુલ્કકી ખિદમત કરેં, તરક્કી કરેં ઔર ખાસ કર ઇસ બાત પર હમેશા ધ્યાન દેં કિ કિસ તરહસે ઇસ મુલ્કકે લાખોં-કરોડોં મુસીબતજદા આદમિયોં કે આંસૂ પોંછેં, કૈસે ઉનકી તકલીફ દૂર કરેં, કિસ તરહ વે તરક્કી કરેં. આજકલ કિસ તરહસે હમારે બચ્ચોંકો મૌકા મિલે કિ વે ઠીક તૌરસે સીખેં, પઢેં-લિખેં, ઉનકા શરીર ઠીક હો, મન ઠીક હો, ઔર દિમાગ ઠીક હો, ઔર ફિર બડે હોકર વે ઈસ મુલ્કકા બોઝા અચ્છી તરહસે ઉઠાએં. યે બડે કામ હૈં, જબરદસ્ત કામ હૈં. કોઈ ખાલી કાયદે ઔર કાનૂનસે, ગવર્નમેન્ટકે હુકુમસે તો નહીં હો સકતા, જબ તક કી સારી જનતા ઉસમેં હિસ્સા ન લે, ભાગ ન લે.

હમ એક બડે મુલ્કકે રહનેવાલે હૈં. જબરદસ્ત મુલ્ક હૈ, જબરદસ્ત ઉસકા ઇતિહાસ હૈ. બડે મુલ્કકે રહનેવાલે બડે દિલકે હોને ચાહિએ. શાનસે હમને હિન્દુસ્તાનકો આઝાદ કિયા, શાનસે હમેં આગે બઢના હૈં, શાનસે હમે યહ જો હિન્દુસ્તાનકી આઝાદીકી મશાલ હૈ ઉસકો લેકર ચલના હૈં ઔર જબ હમારે હાથ કમજોર હો જાએ તો ઓરોંકો દેના હૈ, તાકિ નૌજવાન હાથ ઉસકો ઉઠાએં, ઔર હમ અપના કામ પૂરા કરકે ફિર ચાહે ખાકમેં મિલ જાએં.

[૧૫ ઑગસ્ટ, ૧૯૫૨]

## વસિયતનામું

ભારતની જનતા તરફથી મને એટલાં તો સ્નેહ અને ચાહના મળ્યાં છે કે હું ગમે તેટલું કરું તોપણ એ ઋણ અંશમાત્રા પણ ચૂકવાય તેમ નથી. અને ખરેખર, સ્નેહ જેવી મૂલ્યવાન વસ્તુનું ઋણ ચૂકવી

પણ ન શકાય.

હું તો માત્ર એટલી જ આશા રાખું છું કે, મારા જીવનનાં બાકીનાં વરસોમાં હું મારા દેશબાંધવોને અને તેમના સ્નેહને અપાત્ર ન બનું.

મારા અસંખ્ય બિરાદરો અને સાથીઓનો તો હું આથીય વધારે ઋણી છું. અમે મહાન કાર્યોમાં સંયુક્ત ભાગીદાર રહ્યા છીએ અને એમાંથી અનિવાર્યપણે નીપજતા આનંદ અને શોકના સમભાગી બન્યા છીએ.

*

મારા મૃત્યુ બાદ કોઈ પણ ધાર્મિક વિધિ કરવામાં આવે તેવું હું ઇચ્છતો નથી. એવી કોઈ વિધિમાં હું માનતો નથી અને એક આચાર તરીકે પણ એવી વિધિ ચલાવી લેવી તે દંભ સમાન છે અને આપણી જાતને તેમ જ બીજાને ભ્રમમાં નાખવાના પ્રયત્ન સમાન છે.

હું જ્યારે મૃત્યુ પામું ત્યારે મારા દેહનો અગ્નિસંસ્કાર થાય તેમ ઇચ્છું છું. જો હું વિદેશમાં મૃત્યુ પામું તો મારા દેહનો અગ્નિસંસ્કાર ત્યાં જ કરવો અને મારાં અસ્થિફૂલ અલ્લાહાબાદ લાવવાં. આમાંનાં થોડાંક અસ્થિફૂલ ગંગા નદીમાં પધરાવવાં અને બાકીનાંનું નીચે જણાવ્યા પ્રમાણે વિસર્જન કરવું.

મારાં થોડાંક અસ્થિફૂલ અલ્લાહાબાદ ખાતે ગંગા નદીમાં પધરાવવાની મારી ઇચ્છા પાછળ કોઈ ધાર્મિક ભાવના રહેલી નથી. છેક મારા શૈશવકાળથી હું અલ્લાહાબાદની ગંગા અને જમના નદી સાથે સ્નેહભાવથી બંધાયેલો છું, અને જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ આ સ્નેહબંધન પણ દૃઢ થતું ગયું છે. બદલાતી મોસમો સાથે એના પલટાતા મિજાજ મેં નિહાળ્યા અને માણ્યા છે અને યુગોથી એની સાથે સંકળાયેલા તથા એમના વહેતા જળપ્રવાહના અંગરૂપ બની ગયેલાં ઇતિહાસ, દંતકથા, પરંપરાઓ, સંગીત અને કથનીઓનો અનેક વાર વિચાર કર્યો છે.

ખાસ કરીને ગંગા ભારતની પ્રજાની પ્યારી અને માનીતી નદી છે. એની આસપાસ અનેક વંશો અને જાતિઓનાં સંભારણાં, એની

આકાંક્ષાઓ અને ભયો, એનાં વિજયગાન, એના જય અને પરાજયની વાતો ગૂંથાયેલી છે. ભારતની યુગોજૂની સંસ્કૃતિ અને સભ્યતાની પ્રતીક બની રહેલી ગંગા હંમેશાં નવતરરૂપ ધરતી રહી છે, અખંડ વહેતી રહી છે—અને છતાંય તે એની એ જ ગંગા છે. એ મને અત્યંત પ્યારાં હિમાલયનાં હિમાચ્છાદિત ઉન્નત શૃંગો અને તેની ઊંડી ખીણોની યાદ આપે છે, તેમ જ જ્યાં મારા જીવન તથા કાર્યનું ઘડતર થયું છે તેવા સમૃદ્ધ અને વિશાળ પ્રદેશોની સ્મૃતિ તાજી કરાવે છે.

અને, જો કે મેં ભૂતકાળની ઘણી પરંપરા, રૂઢિ ને રીતરિવાજોનો ત્યાગ કર્યો છે, અને ભારતના લોકોને જકડતી ને બંધનમાં રાખતી તેમ જ તેમને વિભક્ત કરતી, બહુસંખ્ય લોકોનું દમન કરતી તથા તેમના દેહ ને આત્માના મુક્ત વિકાસને રૂંધતી તમામ શૃંખલાઓને ભારત ફગાવી દે એમ હું ઇચ્છું છું, છતાં હું મારી જાતને ભૂતકાળથી સંપૂર્ણપણે અળગી કરી નાખવા ચાહતો નથી.

અને તેથી, મારી આ ઇચ્છાના સાક્ષી તરીકે તેમ જ ભારતના સાંસ્કૃતિક વારસાને મારી અંતિમ શ્રદ્ધાંજલિ તરીકે, હું એવી વિનંતી કરું છું કે મારાં થોડાંક અસ્થિફૂલનું અલ્લાહાબાદમાં ગંગા નદીમાં વિસર્જન થાય, જેથી એ ભારતના પાય પખાળતા મહાસાગરમાં ભળી જાય.

પરંતુ મારા મોટા ભાગનાં અસ્થિફૂલનું વિસર્જન બીજી રીતે કરવું. હું ઇચ્છું છું કે એ અસ્થિફૂલ એક વિમાનમાં ખૂબ ઊંચે લઈ જવામાં આવે અને ત્યાંથી, જે ખેતરોમાં ભારતના કિસાનો પસીનો વહાવી રહ્યા છે તેવી ભારતની ધરતી પર વેરવામાં આવે, જેથી કરીને એ ભારતની માટી સાથે એકરૂપ બની જાય અને ભારતના અવિભાજ્ય અંગરૂપ બની જાય.

[૧૯૫૪માં કરી રાખેલા અંગ્રેજી પરથી અનુવાદિત]

# ભાષા કા હાલ

હર દેશકે લિયે ઉસકે સાહિત્યકા સવાલ ઉસકે જીવનસે બંધા હુઆ હૈ. કોઈ દેશ તરક્કી નહીં કર સકતા, અગર ઉસકા સાહિત્ય કમજોર હૈ. યા, અગર દેશ દુર્બલ હો તો ઉસકા સાહિત્ય ભી દુર્બલ હોગા. દોનોં એકદૂસરે સે બંધે હુએ હૈં.

આપ જાનતે હૈં કિ અંગ્રેજી સાહિત્યકા એક બહુત બડા આદમી મિલ્ટન હુઆ હૈ. ઉસને લિખા હૈ—કોઈ દો-તીન સૌ બરસકી બાત હૈ—કિ, તુમ મુઝે કિસી દેશકા સાહિત્ય દો ઔર મૈં ઉસ દેશકી નિસ્બત કુછ ન જાનતા હોઉં, ખાલી ઉસકા સાહિત્ય મૈં દેખું, તો તુમ્હેં બતા દૂંગા કિ વહ દેશ કૈસા હૈ. ક્યોંકિ સાહિત્ય એક આઈના હો જાતા હૈ જિસમેં આપ દેખ સકેં કિ એક દેશ કૈસા હૈ, કિન કિન બાતોંમેં વહ આગે હૈ, કિસમેં પીછે હૈ.

ઈસ તરહસે સાહિત્ય ચીઝ ક્યા હૈ? ભાષા ક્યા ચીઝ હૈ? એક ભાષા હોતી હૈ બોલચાલકી, દૂસરી સાહિત્ય કી. ઉન દોનોંમેં અગર બહુત અધિક ફર્ક હૈ, તો સાહિત્ય દુર્બલ હો જાયગા. વહ સુંદર સાહિત્ય હો સકતા હૈ, લેકિન દુર્બલ હોગા. લોગ ઉસકો આખિરમેં સ્વીકાર નહીં કરેંગે ઔર ઉસમેં લોગોંકી શકિત નહીં આયેગી.

આપ જાનતે હૈં, કમાલ પાશાને ટર્કીમેં કોશિશ કી કિ તુર્કી ભાષાકો બઢાએં. તો ઉન્હોંને એક કમિશન બિઠાયા, જો દેહાતોં મેં ઘૂમા; સાહિત્યકારોં કે પાસ નહીં ગયા. વહ દેહાતોં મેં ઘૂમા નયે શબ્દ ઢૂંઢને કે લિયે, દેહાતી જિનકા પ્રયોગ કરતે હૈં. ઉસને એક ફેહરિસ્ત બનાયી દસ હજાર શબ્દોંકી. ઉનમેં વહી થે જો દેહાતમેં ચાલુ થે. વો જાનદાર થે, નહીં તો મર ગયે હોતે—વહાં કોઈ ઉસકી રક્ષા તો નહીં કરતા થા! તો ઉનમેં શકિત થી. અગર દસ હજાર નહીં તો કઈ હજાર ઉન્હોંને અપની તુર્કી ભાષા કે રોજમર્રાહ કે કામોં મેં ભરા, ઔર ઉસસે તુર્કી ભાષા કી તાકત બઢી.

ભાષાકા કામ હૈ વિચારોં કો સામને રખના. યાદ રખિયે, અવ્વલ

બાત હમારે સામને હૈ દેશકો બઢાને કી, સારે લોગોં કો લેકે બઢાને કી. ભાષા એક બડી આવશ્યક ચીઝ હૈ જો હમેં વિચાર કરના, કામ કરના ઔર અપને વિચારોં કો દૂસરોં તક પહુંચાના સિખાતી હૈ.

આપ કિસી એક માસકી ફેહરિસ્ત દેખેં યુરોપકી. આપ દેખેંગે કિ એક મહિને મેં કિત્તી કિતાબેં કિસકિસ મજમૂન પર નિકલતી હૈં. અંગ્રેજકી, ફ્રેંચકી, રુસી, જર્મન, સ્પેનિશ, જો જો પ્રસિદ્ધ જબાને હૈં ઉનકી, આપ ફેહરિસ્ત દેખેં કિ ઉસ માસમેં કિત્તી કિતાબેં ઉનકી છપી હૈં. ઔર ઉસમેં સે આપ જો અકસર ફિઝૂલ કિતાબેં હોતી હૈં નિકાલ દેં, લેકિન જિન કિતાબોં મેં કોઈ ગંભીરતા હૈ ઉન્હીકો ચુનિયે, તો માલૂમ હોતા હૈ કિ કૈસી વિચારધારાએં વહાં દૌડ રહી હૈં. પઢતે હૈં લોગ, જવાબ દેતે હૈં, લિખતે હૈં, લોગોંમેં હર તરહ કી આપસમેં બહિસ હૈ.

આપ ભારતકી કિસી જબાનકો લીજિયે. યહાં તો ખૈર પુસ્તકેં ક્યા લિખી જાતી હૈં. આદમી આજકલકી દુનિયાકો સમઝના ચાહે, તો આસાનીસે નહીં સમઝ સકતા. યહ બડી કઠિનાઈ કી બાત હૈ. ઇસલિયે જો હમારા કામ હો વો યહ કિ ભાષા કા અંદરૂની હાલ અચ્છા કરેં.

હમ સબ ચાહતે હૈં કિ હમારી ભાષા મજબૂત હો ઔર વહ અચ્છી ફલે-ફૂલે, ઔર ઉસસે સાહિત્ય અચ્છા તો હો હી, લેકિન ઉસકે ફલને-ફૂલને સે હમારી જનતા ફલે-ફૂલે, ઉસકી શકિત બઢે.

## બાપૂ: મેરી નજર મેં

સન ૧૯૧૬: મૈંને પહલે-પહલ બાપૂકો જબ દેખા થા. તબ સે એક જમાના બીત ગયા. મુડકર દેખતા હૂં, તો યાદોં કે બાદલ ઉભડતે હૈં. ભારત કે ઇતિહાસકી યહ અવધિ, ઇસ સમય કે ઉતાર-ચઢાવ કી કહાની પુરાને જમાને કી કિસી ચારણગાથા કી તરહ અદ્ભુત હૈ.

ભારત કી ઇસ અવધિકે બારે મેં તાજ્જુબકી બાત સિર્ફ યહ નહીં હૈ કિ તમામ મુલ્કને એક ઊંચાઈસે કામ કિયા, બલ્કિ યહ ભી હૈ કિ

ઉસ ઊંચાઈસે કાફી લંબે અરસે તક કામ કિયા.

*

હમ બાપૂકે લિએ આંસૂ બહાતે હૈં ઔર મહસૂસ કરતે હૈં કિ હમ અનાથ હો ગયે. લેકિન અગર હમ ઉનકી શાનદાર જંદિગીકો મુડકર દેખેં તો હમે ઉસમેં દુખી હોને કી કોઈ બાત દિખાઈ નહીં દેતી. સચ પૂછો તો ઇતિહાસમેં ઐસે બહુત હી કમ લોગ હુએ હૈં જિન્હેં અપને જીવનકાલમેં ઐસી સફલતા પાનેકા સૌભાગ્ય મિલા હો. ઉન્હોંને જિસ ભી ચીજકો છૂ દિયા, ઉસીકો કીમતી બના દિયા. ઉન્હોંને જો કુછ કિયા ઉસીકે નતીજે ઠોસ નિકલે-ભલે હી વે નતીજે ઉતને જબરદસ્ત ન નિકલે હોં જિતના વે સોચતે થે.

ઉનકી મૃત્યુમેં ભી એક દિવ્યતા ઔર પરિપૂર્ણ કલા થી. ઉન્હોંને જો જીવન જિયા ઉસકી સબસે મહાન ઘટનાકી તરહ, હર તરહ ઉનકે યોગ્ય યહ મૃત્યુ હુઈ. ઇસને ઉનકે જીવનકી સીખકો ઔર ભી ઊંચા ઊઠા દિયા. જૈસી મૌત હર આદમી ચાહતા હૈ, વૈસી મૌત ઉન્હેં મિલી. ઉનકા શરીર ધીરે-ધીરે ગલકર નહીં ગયા, ન ઉમ્રકે કારણ ઉનકા દિમાગ કમજોર પડા. શરીર ઔર મનકી કોઈ ભી કમજોરી ઉનકી યાદકે સાથ નહીં જુડતી. વે અપની સમૂચી તાકતકે સાથ જિયે, ઔર વૈસી હી હાલતમેં ઉનકી મૃત્યુ હુઈ. ઉન્હોંને હમારે મન પર એક ઐસી છાપ છોડ દી હૈં, જો કભી ફીકી નહીં પડ સકતી.

વે હમારી આત્મા કે કણ-કણમેં પ્રવેશ કર ગયે થે, ઔર ઇસ તરહ ઉન્હોંને હમારે આત્મા કો બદલ દિયા હૈ. ઠીક ઉસ સમય જબ હમ અપની આત્માકી તાકત ખો રહે થે, બાપૂ હમેં બલવાન કરનેકે લિએ આયે; ઔર ઉન્હોંને હમેં જો તાકત દી વહ બરસ-દો બરસ રહને વાલી તાકત નહીં હૈ, વહ તો હમારી પરંપરા કા અંગ બન કર રહ જાને વાલી ચીજ હૈ.

*

ઇસ કમજોર શરીર વાલે છોટે-સે આદમી કી આત્મામેં ચટ્ટાનોં જૈસી મજબૂતી પડી હુઈ થી, જો બડી-સે-બડી શક્તિ કે સામને ઝુકતી

નહીં થી. યદ્યપિ ઉનકી શકલ અત્યંત સાધારણ થી, ફિર ભી એક તરહ કી બાદશાહી શાન ઉનકી થી, જિસ કે સબબ લોગ ખુશી-ખુશી ઉનકે સામને ઝુક જાતે થે. વે સોચ-સમઝકર વિનમ્ર રહતે થે, કિન્તુ ફિર ભી વે સત્તાસે ભરે હુએ થે, ઔર કભી-કભી શહનશાહોંકી તરહ ઐસે હુક્મ ફરમાતે થે જિન્હેં બજા લાના હર એક કા ફરજ હો જાતા થા. ઉનકી શાંત, ગહરી નજર આદમી કો પકડ લેતી થી. ઉનકી પાનીકી તરહ તરલ આવાજ કલકલ કરતી હૃદય તક જા પહુંચતી થી, ઔર આદમી ભાવના સે ભરકર ઉસકે ઇશારે પર ચલ પડતા થા.

ગાંધીજી અપને વિરોધિયોં કો આસાની સે જીત લેતે થે. વે નમ્ર થે, કિન્તુ સાથ હી હીરે કી તરહ સખ્ત થે. વે મીઠા બોલતે થે ઔર હંસમુખ થે, કિન્તુ સાથ હી અપની બાત કે બારે મેં બહુત દૃઢ થે. ઉનકી આંખો મેં કોમલતા થી, કિન્તુ ઉનમેં સે સંકલ્પ કી જ્વાલા નિકલતી રહતી થી. ઉનકી આવાજ શાંત થી, કિન્તુ જાન પડતા થા જૈસે ઉસકી તહમેં કહીં લોહા પડા હૈ. વહ સુજનતાસે ભરી હુઈ થી, કિન્તુ ફિર ભી ઉસમેં એક સખ્તી થી. વે જો શબ્દ કામમેં લાતે થે, વહ અર્થસે ભરા હુઆ હોતા થા. ઉનકી શાંત વાણી કે પીછે સદા શક્તિ ઔર કર્મઠતાકી છાયા લરજતી રહતી થી, ઔર કિસી ગલત બાતકે સામને ન ઝુકનેકા નિર્ણય સ્પષ્ટ દિખાઈ દેતા રહતા થા. વે કિસી અજીબ-ઓ-ગરીબ ધાતુસે ઢલે હુએ થે, ઔર અક્સર ઉનકી આંખોં સે હમેં ગૈબ ઝાંકતા હુઆ દિખાઈ દેતા થા.

*

ભારત કે લિએ ગાંધીજીને જો કુછ કિયા, કિતના જબરદસ્ત હૈ ઉસકા ફૈલાવ! ઉસને ઇસ દેશ કે લોગોંમેં હિમ્મત, જવાંમરદી, અનુશાસન, સહનશીલતા, કિસી ઉદ્દેશ્યકે લિએ હંસતે-હંસતે મરનેકી શક્તિ-ઔર ઇન સબસે બડી બાત, વિનમ્રતા ઔર આત્માભિમાન જૈસે ગુણોંકો ભર દિયા. ઉન્હોંને કહા કિ સાહસ ચરિત્ર કી નીંવ હૈ; બિના સાહસ કે ન સદાચાર સંભવ હૈ, ન ધાર્મિકતા, ન પ્રેમ.

યહ દેખકર આશ્ચર્ય હોતા હૈ કિ વે ભારત કે કિતને બડે પ્રતિનિધિ

થે! વે કરીબ-કરીબ સ્વયં ભારત હી થે. ઉનકી જો કમિયાં થીં વે ભી ભારતીય થીં. વે ભારત કે કિસાનોં કે સચ્ચે પ્રતિનિધિ થે, વે ઇસ દેશ કે કરોડોં લોગોંકી જાની ઔર અનજાની ઇચ્છાઓંકી તસવીર થે. કહ સકતે હૈં કિ વે પ્રતિનિધિ સે ભી કુછ બહુત જ્યાદા થે-વે ઇન લાખોં આદમિયોંકે આદર્શોંકે અવતાર થે. યહ તો ઠીક હી હૈ કિ વહ હર તરહસે વૈસે નહીં થે જૈસા કોઈ ઔસત કિસાન હોતા હૈ. ઉનકી બુદ્ધિ બહુત પૈની થી, ઉનકી ભાવના સૂક્ષ્મ થી, રુચિ સંસ્કરીત થી ઔર દૃષ્ટિકોણ વિશાલ થા. ઇસ સબકે બાવજુદ વે બડે-સે-બડે કિસાન થે, હર મામલે પર ઉનકા દૃષ્ટિકોણ કિસાન-જૈસા થા. ભારત કિસાનોં કા ભારત હૈ ઇસલિએ વે અપને દેશકો ખૂબ જાનતે થે, ઉસકી હલ્કી-સે-હલ્કી હરકત ઉન્હેં હિલાતી થી, વે પરિસ્થિતિકો બિલકુલ સહી રૂપમેં સમઝ લેતે થે.

ઉન્હોંને દેશકા ચહેરા બદલ દિયા, ઉન્હોંને એક ટૂટી હુઈ હીન જનતા કો આત્માભિમાન દિયા ઔર ઉસકા ચરિત્ર બદલ દિયા, લોગોંમેં ચેતના જાગ્રત કી. ઉન્હોંને ભારત કો જૈસા હિલાયા, વૈસા કભી કોઈ ક્રાંતિકારી નહીં હિલા સકા.

*

યદ્યપિ ગાંધીજી કુછ સિદ્ધાંતોં કે મામલેમેં ચટ્ટાનકી તરહ અડિગ થે, લેકિન ફિર ભી અધિકતર જનતાકી તાકત યા કમજોરીકા વિચાર કરકે બદલતી હુઈ પરિસ્થિતિયોં કે મુતાબિક સમઝૌતા કરનેકી ઉનમેં જબરદસ્ત સામર્થ્ય થી. વે હમેશા ઇસ બાતકા વિચાર કરતે થે કિ લોગ કિસ હદ તક, જિસ સત્યકો ઉન્હોંને દેખા-સમઝા ઉસે અપનાને કે લાયક હૈં.

દેશકે લાખોં લોગોં કે નિકટ વે ભારતકે સ્વતંત્ર હોને કે દૃઢ સંકલ્પ ઔર શક્તિકે સામને ન ઝુકને કે નિશ્ચય કી મૂતિર્ થે. ભલે હી બહુત-સે લોગ સૈંકડોં બાતોં મેં ઉનસે મતભેદ રખેં, ઉનકી આલોચના કરેં. કિન્તુ સંઘર્ષકી ઘડી મેં સબ ઉનકે આસપાસ ઘિર જાતે થે ઔર ઉનકે ઇશારે કા રાસ્તા દેખતે થે. આજ યા બીતે જમાનેમેં હિંદુસ્તાનકી જનતાકો

ઔર કિસીને ઉતના નહીં જાના-સમઝા જિતના ગાંધીજીને સમઝા થા.

ગાંધીજીને જો શક્તિશાળી આંદોલન ચલાએ, ભારતકી જનતાકો વે ગાંધીજીકી મુખ્ય દેન હૈ. દેશવ્યાપી આંદોલન કે દ્વારા ઉન્હોંને લાખોં લોગોં કો નયે સાંચે મેં ઢાલને કી કોશિશ કી. એક ગિરી હુઈ, ડરપોક ઔર લાચાર જનતા કો-જો હર તાકતવર સ્વાર્થ દ્વારા સતાયી ગઈ થી ઔર કુચલી ગઈ થી ઔર કિસી ભી તરહકા પ્રતિકાર કરને કે યોગ્ય નહીં બચી થી-ઉન્હોંને એક બડે ઉદ્દેશ્યકે લિએ આત્મ-ત્યાગ કરકે સંગઠિત પ્રયત્નોં કે યોગ્ય બનાયા, ઉસે અત્યાચાર કા મુકાબિલા કરના સિખાયા તથા ઉસમેં આત્મ-નિર્ભરતા કી ભાવના ભરી.

ગાંધીજી એક કિરણ-સમૂહ કી તરહ થે જિસને અંધેરે કો ચીરકર હમારી આંખોં પર છાયી હુઈ ધુન્ધકો હટા દિયા થા. વે એક તૂફાન કી તરહ થે જિસને બહુત-સી ચીજોંકો, ઔર સબસે જ્યાદા લોગોં કે સોચને કે ઢંગકો, ઉલટ-પુલટ કર દિયા થા. ગાંધીજી અજીબ-સે શાંતિવાદી થે. વે શાંતિપ્રિયતા ઔર સંઘર્ષશીલતાકે અનોખે સમન્વય થે. કર્મઠતા કે વે વિરાટ થે. મૈં કિસી દૂસરે ઐસે આદમી કો નહીં જાનતા જિસને નિષ્ક્રિયતાસે ઐસી લડાઈ લી હો ઔર ભારતીય જનતાકો ઉસમેંસે ઇતના અધિક બાહર ખીંચા હો. પચાસ વર્ષસે ભી અધિક સમય તક ગાંધીજી હિમાલયસે પશ્ચિમોત્તર સીમાપ્રાંત તક ઔર બ્રહ્મપુત્રસે સુદૂર દક્ષિણમેં કન્યાકુમારી તક હમારે વિશાલ દેશમેં ઘૂમતે રહે, ભારતકે લોગોં કો સમઝને ઔર ઉનકી સેવા કરનેકે લિએ. શાયદ તવારીખમેં કોઈ દૂસરા ભારતીય ઐસા નહીં મિલતા, જિસને ભારતમેં ઇતના અધિક ભ્રમણ કિયા હો ઔર દેશકી જનતા કી ઐસી સેવા કી હો.

*

ઉનકે સંદેશોં કે મુતાબિક ચલ કર હી હિન્દુસ્તાનકી ઉન્નતિ હો સકતી હૈ ઔર ઉસકા સિર ઊંચા હો સકતા હૈ. મૈં જાનતા હૂં કિ મૈં કમજોર હૂં. મૈંને ભારત કી સેવા કરને કી બારબાર પ્રતિજ્ઞા કી, ઔર અયોગ્ય સિદ્ધ હુઆ. લેકિન હમ ચાહે જિતને કમજોર હોં, ફિર ભી હમમેં વે જો શક્તિ દે ગયે ઉસકા કુછ અંશ બચા હૈ.

આજ સંસારમેં ભારતકા બડા નામ હો ગયા હૈ ઇનમેં સબસે મહત્ત્વપૂર્ણ કારણ ઇસ દેશમેં મહાત્મા ગાંધીકા હોના હૈ. ઇસલિએ લોગ ભારત કે બારે મેં નૈતિક દૃષ્ટિ સે ઊંચા ખ્યાલ રખને લગે-ભલે હી હમ લોગોં મેં સે જ્યાદાતર લોગ ક્ષુદ્ર હૈ, ઔર ગાંધીકે પીછે ચલને કે ભી લાયક નહીં હૈ.

ગાંધીજી મેં આશ્ચર્યજનક ગુણ થે, ઉનમેં સે એક ગુણ યહ થા કિ વે સામને વાલેકી અચ્છાઈ કો ઉબાર દેતે થે. વહ વ્યક્તિ બુરાઈ કા પુતલા હી ક્યોં ન હો-ગાંધીજી ઉસકે ભીતર કી અચ્છાઈ કો ખોજ નિકાલતે થે ઔર ઉસી અચ્છાઈ પર જોર દેતે થે. નતીજા યહ હોતા થા કિ ઉસ બેચારે કો અચ્છા બનને કી કોશિશ કરની પડતી થી. સિવાય ઇસકે ઉસે કોઈ ચારા નહીં બચતા થા. અગર વહ કુછ બુરી બાત કરતા, તો કુછ-ન-કુછ શરમાતા થા.

થોડે મેં હમ યહ કહ સકતે હૈં કિ ભારત કી ધરતી પર એક ભગવાન કા બંદા ઉતરા, ઔર ઉસને અપની તપસ્યા સે ઇસ ધરતી કો પવિત્ર બનાયા. ઉસને સિર્ફ હિંદુસ્તાન કી ધરતી કો હી નહીં, યહાં કે લોગોં કે હૃદય કો ભી પવિત્ર બનાયા. લોગોં મેં ભી જો અપને કો ચતુર સમઝતે થે ઉનસે જ્યાદા ઉન લોગોં કે મન જ્યાદા પવિત્ર હુએ જો નમ્ર, દરિદ્ર ઔર દુખી થે.

['બાપૂ: મેરી નજર મેં' પુસ્તક]

# જશવંત મહેતા

## ઉપવનોમાં

*બા,*
*તમારા ચહેરા પરની*
*વિસ્તરેલી અક્ષાંશ-રેખાંશની*
*શૈશવ, યૌવન, જરાની*
*અંકારાયેલી એ નસોમાંનું*
*થીજી ગયેલું રક્ત,...*
*બધ આંખોમાં કેદ થયેલાં એ સ્વપ્નો,*
*મુરઝાયેલાં પશુઓ,*
*થાકીને પોઢી ગયેલા ભૂતકાળોઃ...*
*બધું જ બધું રિક્તતાની શરશૈયામાં*
*મ્હોરી ઊઠ્યું છે*
*આજે યાદ બની*
*મારી આંખોનાં આંસુનાં ઉપવનોમાં.*

# જાનકી પટેલ

## રાંધવામાં કેટલી કાળજી લો છો?

કચુંબર, ફળો ને સૂકા મેવા સિવાયનો તમામ આહાર આપણે રાંધેલો ખાઈએ છીએ. પણ રાંધતી વખતે કેટલીક સામાન્ય કાળજી રાખવામાં ન આવે તો ખોરાકના પોષણમૂલ્ય પર ગંભીર અસર થઈ શકે છે. આપણને છોડાં કાઢી નાખેલી દળ અને મશીનમાં છડીને પોલિશ કરેલું ધાન્ય ભાવે છે. પણ આ પ્રક્રિયામાં આહારમાંથી પ્રોટીન, વિટામિનો અને ઉપયોગી ખનીજ દ્રવ્યો નાશ પામે છે.

અનાજ તેમ જ કઠોળને ફણગાવવાથી તેમાં વિટામિન સી, ફોસ્ફરસ વગેરનું પ્રમાણ સારું એવું વધે છે. ઉપરાંત તે પચવામાં સરળ બને છે. ફણગાવેલા અન્નને બને તેટલું કાચું અથવા ઓછામાં ઓછું રાંધીને ખાવાથી તેના પોષક લાભો મહત્તમ પ્રાપ્ત થાય છે.

અનાજ (ઘઉં, ચોખા, જુવાર, બાજરી, મકાઈ) અને કઠોળમાં રહેલાં પ્રોટીનની ગુણવત્તા નબળી હોય છે. તેમનું પ્રોટીન-મૂલ્ય વધારવા માટે અનાજ અને કઠોળની મિશ્ર વાનગીઓ (ખીચડી, ખમણ, ઢોકળાં, હાંડવો, દક્ષિણ ભારતીય વાનગીઓ) ખાવાનું રાખો. ઉપરાંત અનાજ અને કઠોળને રાંધતી વખતે શક્ય હોય ત્યાં દૂધ કે દૂધની બનાવટો (દહીં, પનીર) વાપરો.

શાકભાજીને લાંબો સમય પાણીમાં પલાળી રાખવાથી તેમાં રહેલાં ‘બી’ અને ‘સી’ જેવાં પ્રજીવકો નાશ પામે છે. શાકભાજીને રાંધવા માટે ઝાઝા પાણી, ઝાઝી ગરમી અને લાંબા સમયનો ઉપયોગ ન કરશો. તેને ખુલ્લા વાસણમાં ન રાંધશો. પ્રેશર કૂકરમાં રાંધવાથી ખોરાકના પોષણમૂલ્યનું જતન થાય છે.

બટાટા, શક્કરિયાં, બીટ વગેરે કંદમૂળને છાલ સાથે બાફવા-રાંધવાથી એમાં રહેલાં વિટામિનો જળવાઈ રહે છે. આખું શક્કરિયું

બાફવાથી તેમાં ૮૯ ટકા જેટલું વિટામિન ‘સી’ નાશ પામતું અટકે છે. પણ જો તમે એને કાપીને બે અડધિયાં કરો અને પછી રાંધો તો માત્ર ૩૧ ટકા જેટલું જ પ્રજીવક ‘સી’ બચે છે.

શાકભાજી, કઠોળ કે અનાજને પ્રથમ વધારે ગરમી આપીને રાંધીને પછી થોડી વાર ધીમા તાપે સીઝવા દેવાથી એમનો રંગ અને અંદરનાં પોષકતત્ત્વો જળવાઈ રહે છે. લીંબુના રસનાં ટીપાં કે દહીં કે આમલી નાખવાથી રીંગણનો રંગ સચવાય છે, ભીંડાની ચીકાશ દૂર થાય છે અને સૂરણ, રતાળુ ને કારેલાંની રાસાયણિક પ્રતિક્રિયા જાળવવામાં પણ ઉપયોગી થાય છે. ખટાશ ઉમેરવાથી શાકભાજીમાંથી થાયામિન અને રાઇબોફ્લેવિનનો નાશ થતો અટકે છે.

રાંધેલા અન્નને રેફ્રિજરેટરમાં રાખો અને પછી બહાર કાઢીને ફરી ઉપયોગમાં લેતાં પહેલાં જો ગરમ કરતાં હો, તો એમાંનાં કેટલાંક વિટામિનો નાશ પામે છે.

ખોરાકમાં ચરબી અને ગળપણ આપણને ગરમી અને શક્તિ પૂરાં પાડે છે, પણ તેમાં અન્ય પોષકતત્ત્વોનો અભાવ હોય છે. વધારે પ્રમાણમાં ચરબી અને ખાંડ ખાવાથી શરીરમાં કૅલ્શિયમની ઊણપ પેદા થાય છે. એનો અર્થ એવો નથી કે આપણે તળેલો કે તેલ-ઘીવાળો ખોરાક ન જ લેવો જોઈએ. ‘એ’, ‘ડી’, ‘ઈ’ અને ‘કે’ જેવાં ચરબીમાં દ્રાવ્ય વિટામિનો આંતરડાંમાંથી લોહીમાં ભળવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે.

ખોરાકને તળવાથી પોષકતત્ત્વોનો નાશ સૌથી વધારે થતો હોય છે. ચોખ્ખું ઘી, વનસ્પતિ ઘી અને તેલમાં રાંધવાની દૃષ્ટિએ તેલ સારું, કેમ કે એમાં કોલેસ્ટેરોલ હોતું નથી અને ચરબીની માત્રા ઘણી ઓછી હોય છે, જ્યારે ઘી કોલેસ્ટેરોલ અને ચરબીથી ભરપૂર હોય છે. વાનગીઓને તળતી વખતે યોગ્ય પ્રમાણમાં ગરમીનું નિયંત્રણ કરવું જોઈએ. ખૂબ ઊંચા તાપમાને તળવાથી વાનગી બહારથી લાલચોળ થઈ જાય છે, પણ અંદરથી કાચી રહે છે; ઉપરાંત ઊંચા તાપમાનથી તેલની ગુણવત્તા નબળી થાય છે. જ્યારે ખૂબ ઓછા તાપમાને તળવામાં આવે તો વાનગી પુષ્કળ તેલ શોષી લે છે. તળવા માટે યોગ્ય પ્રમાણમાં જ

તેલ લેવું. વાનગીને તળી લીધા પછી એમાંનું વધારાનું તેલ નિતારી લો, જેથી તે ખોરી ન થઈ જાય. વધેલું તેલ બંધ વાસણમાં રાખવું. ફરી વાપરતી વખતે એમાં થોડું કાચું તેલ ઉમેરવું.

ખોરાક રાંધતી વખતે જો થોડી વધારે કાળજી લેવામાં આવે તો એનાથી તમારા કુટુંબના પોષણ અને સ્વાસ્થ્ય-સ્તરમાં ઘણો વધારો થશે.

['ઇનસાઇટ, ધી કન્ઝ્યુમર મૅગેઝિન' બે-માસિક: ૧૯૯૮]

# જાવેદ અખ્તર

—

*અજીબ આદમી થા વો,*
*મોહબ્બતોં કા ગીત થા,*
*બગાવતોં કા રાગ થા,*
*કભી વો સિર્ફ ફૂલ થા,*
*કભી વો સિર્ફ આગ થા,*
*અજીબ આદમી થા વો.*

[શાયર કૈફી આઝમીને અંજલિ]

# જાહ્નવી પાલ

## ૭૪ થયાં, તો શું થયું...?

૭૪ વર્ષનાં લીલાબહેન દવે મુંબઈના પરા મલાડના ફ્લૅટમાં એકલાં રહે છે. પતિનું અવસાન થઈ ગયું છે અને એકનો એક દીકરો દિલ્હીમાં રહે છે. હમણાં મળવા ગયાં ત્યારે એમના હાથ પર પ્લાસ્ટર હતું.

મોટી ઉંમરે હાડકાં ભાંગે ત્યારે સંધાતાં વાર લાગે છે. લીલાબહેનની જગ્યાએ બીજી કોઈ સ્ત્રી આ વાતનો અફસોસ કરે અને કદાચ કહી દે કે, સંસારમાં બધાં સુખ-દુઃખ જોઈ લીધાં; હવે હાલતાં-ચાલતાં છીએ ત્યાં સુધીમાં જ ભગવાન ઉપાડી લે તો સારું.

પણ ઉપરવાળાએ લીલાબહેનને જુદી માટીમાંથી ઘડ્યાં છે. પોણોસો વર્ષની ઉંમરે એમને ઉપર જવાની કોઈ ઉતાવળ નથી. ઊલટું એમને તો હજી થોડાં વર્ષ વધુ જીવવાની ઇચ્છા છે. હજી કેટલાં બધાં કામ કરવાનાં બાકી છે! એમાંય મુંબઈમાં એક વૃદ્ધાશ્રમ બનાવવાનું સપનું જોયું છે તે સાકાર નહીં થાય ત્યાં સુધી લીલાબહેને મજબૂતીપૂર્વક ટકી રહેવાનું નક્કી કરી નાખ્યું છે. અને એમની સાથે વાત કર્યા બાદ લાગે કે આ સ્ત્રી ભલભલા સામે લડે છે, કદાચ યમરાજા સામે પણ લડવા તૈયાર થઈ જશે.

લીલાબહેનની લડાઈ લગભગ ત્રણ દાયકાથી ચાલે છે. ‘આધાર’ નામની સંસ્થા ઊભી કરીને એમણે સ્ત્રીઓના પ્રશ્ન હાથમાં લીધા છે. છૂટાછેડા, ભરણપોષણ, દહેજ, બળાત્કાર... આવી કોઈ પણ સમસ્યા સામે ભાંગી પડેલી સ્ત્રીઓને લીલાબહેને આધાર આપીને ઊભી કરી છે અને લડવા માટે તૈયાર કરી છે.

ઉપનગરનાં પોલીસસ્ટેશનોમાં એમનો ચહેરો જાણીતો થઈ ગયો છે. કોઈ કેસ રજિસ્ટર કરાવવા કે ઇન્ક્વાયરી કરાવવાની માગણી લઈને લીલાબહેન પોલીસસ્ટેશને જાય ત્યારે ઘણી વાર ડ્યુટી ઑફિસર કહી

દે છે કે, માજી, તમે અહીં આવવાની તકલીફ શું કામ લીધી? ફોન કરી દીધો હોત તોપણ ચાલી જાત. પરંતુ માજીનો જવાબ હોય, “હું તો ચોકીમાં તમારા જેવા દીકરાઓને મળવા માટે જ આવું છું. એ બહાને થોડું કામ પણ થઈ જાય...”

જો કે આ વાત કરતી વખતે લીલાબહેન પાછાં હસી પડે છે. એ કહે છે, “મને ખબર છે કે આ જ પોલીસવાળા મારી પીઠ પાછળ બબડતા હશે કે, બુઢ્ઢી શું કામ વારંવાર આવીને અમારું કામ વધારે છે? પણ ભાઈ, કોઈએ તો કામ કરવું પડે ને?”

લો-ગ્રેજ્યુએટ થયેલાં લીલાબહેન ૩૦ વર્ષ સુધી શિક્ષણક્ષેત્રમાં હતાં. પ્રાર્થના સમાજમાં આવેલી વનિતા વિશ્રામમાં પ્રિન્સિપાલનો હોદ્દો સંભાળતાં સંભાળતાં એમની નજર બીજી તરફ ગઈ. માહિમમાં આવેલા એમના નિવાસસ્થાનની આસપાસ ઝૂંપડપટ્ટી હતી અને ત્યાં સતત ચાલ્યા કરતાં ઘરેલુ ઝઘડા, મારઝૂડ, છોકરીઓની છેડછાડ વગેરે એ જોતાં રહેતાં. એકાદ-બે વાર એમણે વળી આવા કોઈ મામલામાં વચ્ચે પડીને સમસ્યા સુલઝાવી.

જોતજોતાંમાં વાત પ્રસરી ગઈ કે મદદ જોઈતી હોય તો લીલાબહેન પાસે જાવ. માહિમથી ધારાવી સુધી એ મમ્મી તરીકે જાણીતાં થઈ ગયાં. દર અમાસે પોતાના હાથે રાંધીને એ આસપાસમાં વસતાં બાળકોને જમાડે. પરંતુ આ બધું પાર્ટટાઇમ સોશિયલ વર્ક હતું. બાકી મુખ્ય કામ તો સ્કૂલનું.

પરંતુ એમાં એક એવી ઘટના બની ગઈ... “અમારા મકાનમાં રહેતી સિંધી છોકરીએ લવમૅરેજ કર્યાં, પણ લગ્નના દોઢ જ મહિના બાદ એ રડતી-કકળતી પાછી આવી. કારણ પૂછ્યું તો કહે કે હીરાની બુટ્ટી ખોવાઈ ગઈ એની સજારૂપે સાસરિયાંએ કાઢી મૂકી. છોકરીનાં મા-બાપ આવાં બીજાં ચાર ઘરેણાં અપાવવા તૈયાર હતાં, પણ સામેવાળાં એકનાં બે ન થયાં. કદાચ બુટ્ટી તો એક બહાનું હતું. એમને આ છોકરી ઘરમાં રાખવી નહોતી. માત્ર અઢાર વર્ષની છોકરી પર કેવી વીતી હશે? આ ઘટનાએ મારી જિંદગીને નવી દિશા આપી. મેં ત્યારે

જ નિર્ણય કરી લીધો કે હવે મારો બધો સમય સ્ત્રીઓને થતા અન્યાય સામે લડવામાં જ આપીશ!"

માહિમથી એ મલાડ રહેવા આવ્યાં પછી લીલાબહેનને પોતાને એક હાર્ટએટેક આવી ગયો છે, પણ લડવાનું છોડે એ બીજા!

"મારા પતિ પૂરતા પૈસા મૂકી ગયા છે. અને રાજકોટમાં બાપદાદાની મિલકતમાંથી પણ હિસ્સો મળ્યો છે. આર્થિક ચિંતા નથી એટલે હવે સમાજની ચિંતા માથે લીધી છે."

ક્યારેક એવુંય બન્યું છે કે સાસરિયાંના ત્રાસમાંથી છોડાવેલી સ્ત્રીને એનાં સગાં મા-બાપ પણ પાછી રાખવા તૈયાર ન હોય. આવી મહિલાઓને લીલાબહેને પોતાના ઘરમાં રાખીને પગભર થવાની તાલીમ આપી છે.

આપણે ત્યાં બળાત્કારના કિસ્સામાં બહુ ઓછી ફરિયાદ થાય છે અને થાય તોપણ ભાગ્યે જ એનું પરિણામ આવે છે. પરંતુ ૨૧ વર્ષની નિર્મલા ઠાકુર પર એના શેઠે બળાત્કાર કર્યો એ કિસ્સામાં લીલાબહેને એવી આકરી લડત ચલાવી કે અપરાધીને ચાર વર્ષની સજા થઈ. આ કેસ લઈને રિન્કી ભટ્ટાચાર્યે 'ઉમ્મીદ' નામની ટીવી સિરિયલ બનાવેલી.

અને આ જબરી ગુજરાતણ તો સરહદપારની લડાઈ પણ સફળતાપૂર્વક લડી ચૂકી છે. પિંકી ઊચલ નામની છોકરી લગ્ન કરીને અમેરિકા ગયેલી. છ જ મહિનામાં પતિએ છૂટાછેડા આપી દીધા. ભરણપોષણનું નામ નહીં. બધી બાજુથી હારેલાં મા-બાપે લીલાબહેનનો સંપર્ક કર્યો અને એમણે આ કેસ હાથમાં લીધો. 'આધાર' સાથે સંકળાયેલા બે ફોજદારી વકીલો એકેય પૈસો લીધા વિના આવા કેસ લડે છે. પિન્કીના અમેરિકાવાસી પતિને કાનૂની સકંજામાં લઈને એની પાસેથી ભરણપોષણ પેટે ૨૮,૫૦૦ ડોલર લઈને 'આધારે' એક કાનૂની ઇતિહાસ સર્જી દીધેલો.

અને અમેરિકામાં રહેતા ગુનેગારનો કાન આમળી શકે એમને રાજકોટ ક્યાં દૂર લાગે? બીનાને માત્ર ત્રણ જોડી કપડાં આપીને એના

પતિએ ઘરમાંથી કાઢી મૂકી અને પોતે રાજકોટ ભાગી ગયો. લીલાબહેન તો ટાટા સુમો ભાડે કરીને એમના સહયોગીઓ સાથે રાજકોટ પહોંચી ગયાં. ભાગેડુ ભરથારની પોલીસઅટક કરાવી. છોકરીના સાડા ત્રણલાખ રૂપિયાના દાગીના અને સ્ત્રીધન પાછાં મેળવ્યાં. એમણે તો પિયરપક્ષે આપેલાં વાસણ પણ પાછાં માગ્યાં. અહીં સાસરિયાંએ બદમાશી કરી. જૂનાં-પુરાણાં ભંગાર જેવાં વાસણકૂસણ પધરાવી દીધાં. સ્થાનિક પોલીસે પણ આમાં સહકાર આપ્યો હોવાનું કહેવાય છે.

લીલાબહેન કહે, વાંધો નહીં. એમણે તો એક કોથળામાં વાસણ ભર્યાં અને પોલીસસ્ટેશનમાંથી બહાર નીકળતાં નીકળતાં કહ્યું કે, હવે ડી.સી.પી.ને મળવા જાઉં છું. ચોકીમાં ખળભળાટ થઈ ગયો અને મૂળ વાસણ પાછાં અપાયાં.

આવું તો ચાલ્યા જ કરે છે. લીલાબહેન કહે છે, “મારા કામમાં સારા-ખરાબ, પ્રામાણિક—ભ્રષ્ટાચારી પ્રકારના પોલીસ ઓફિસરો મળ્યા છે, પણ મારું કામ છે બધા પાસે કામ કરાવવાનું.” અને પોલીસને એમની પાસે લાંચ માગતાં સંકોચ થાય એવો રસ્તો આ ચતુર નારીએ શોધી કાઢ્યો છે. દરેક રક્ષાબંધને એ સંસ્થાની બહેનો સાથે રાખડી અને મીઠાઈ લઈને પોતાના વિસ્તારમાં આવેલી પોલીસચોકીઓમાં ફરી વળે છે. ખાખી વર્દીવાળા ભાઈઓને રાખડી બાંધે, મોઢું મીઠું કરાવે. હવે આ બહેનો પાસેથી પોલીસ કયા મોઢે લાંચ માગે કે એમનું કામ કરવાની ના પાડે?

સારાની જેમ જ નરસા અનુભવો પણ ઘણા થઈ ગયા છે, પણ પાછળ જોઈને નિરાશા અનુભવવાનો, દુઃખી થવાનો સમય લીલાબહેન પાસે ક્યાં છે? જીવનનો પોણા ભાગનો રસ્તો કપાઈ ગયો છે અને કામ તો હજી કેટલાં કરવાનાં બાકી છે!

['ચિત્રલેખા' અઠવાડિકઃ ૨૦૦૦]

# જિતુભાઈ પ્ર. મહેતા

## ઉબેણની ઝાંખી

મુંબઈ: ૨૬-૦૨-૧૯૩૭

ઘણું વ્હાલા મેઘાણીભાઈ,

We will go game and die dancing [રમીશું-ખેલીશું અને નાચતાં નાચતાં મોતને ભેટીશું] એવો વખત લગભગ આવી ગયો છે.

'આજકાલ' [અઠવાડિક] છલાંગ મારી શક્યું નથી. કેટલાંક પતંગિયાં બે રાત જ જીવે છે. અમે ખૂબ કામ કર્યું, slaves of freedem [સ્વાતંત્ર્યના ગુલામો]નો હોદ્દો મહાલી લીધો. હું તો સોળમા વરસથી ઘેરથી નીકળી "રાની પંખીડું" થઈ ઊડી નીકળ્યો છું. ઘણી નોકરીઓ કરી. આ સાહસમાં ખૂંતી રહેવાની મુરાદ હતી, પણ નથી બન્યું.

રવિભાઈ [મહેતા]ને મેં તમારું સરનામું નીચે પ્રમાણે આપેલું: C/o ઉબેણ નદી, સ્વચ્છ કાંઠો, કાઠિયાવાડ. તમારા ઉબેણના વર્ણન પછી એમ લાગવા માંડ્યું છે કે I am a worm without having a glimpse at Uben. [ઉબેણની ઝાંખી ન થાય ત્યાં સુધી આ જીવન કીડા જેવું જીવું છું.] આ નદી ખરેખર વહે છે તો ખરી ને?

લિ. તમારો જ જીતુ

['લિ. હું આવું છું' પુસ્તક: ૨૦૦૪]

# જિતેન્દ્ર કા. વ્યાસ

## અંતિમ ઇચ્છા

*આંખો તો કશાય કામની નથી.*
*એ મીંચાય કે તરત જ*
*એમાં ઊગેલાં મેઘધનુષ્યોને*
*હળવેકથી ઉપાડીને*
*કોઈ કોરી આંખના આકાશમાં લહરાવજો.*
*હીરનાં ચીરનોય મોહ ક્યાં હતો કે કફનનો હોય?*
*મારાં અંગ ઉપર ઊગેલાં રોમાંચોને*
*બાગની કોઈ ક્યારીમાં વાવજો,*
*કોઈ ફૂલડાંને આપજો.*
*મારી ભવોભવની લેણદાર*
*કો પુરકન્યકા*
*નીચી નજર ઢાળી*
*એણે આપેલાં*
*કુન્દધવલ સ્મિત*
*(મારે મન તો મોટી મૂડી)*
*વિશે*
*મહકતા મૌનથી પૃચ્છા કરે*
*ત્યારે*
*તેને મારાં ગીતો આપજો.*
*મારી શ્રુતિમાં પડઘાતા ફૂલોના સૌરભ-ટહુકાઓને*
*તારલાના મધપૂડા સુધી પહોંચાડજો.*
*મારા છેલ્લા શ્વાસે*
*ખીલું ખીલું થતી કો પદ્મિનીની સુવાસ*

*ભરું ને પોઢી જાઉં ત્યારે*
*‘બે મિનિટનું મૌન’ પાળવાને બદલે*
*હે અભિનવ કોકિલો,*
*આમ્રમંજરીના આસ્વાદથી મ્હેકતા કંઠે*
*તમે*
*ગાજો, ગાજો, ગાજો.*

['કવિલોક' બે-માસિક: ૧૯૭૭]

# જિનવિજય

## પુણ્યપુરુષોનાં કીર્તન

વસ્તુપાલ-તેજપાલ માટે તમારી સુભગ અને સુંદર કલમનો ઉપયોગ કરવા ઇચ્છો છો એ જાણી બહુ જ આનંદ થયો. એમાં શંકા નથી જ કે એ ભાઈઓ આપણી પ્રજાના મહાન આદર્શ પુરુષો હતા. મેં એમના ચરિત્રાનો ઠીક ઠીક અભ્યાસ કર્યો છે અને કર્યા જ કરું છું અને જેમ વધારે વિચાર કરું છું તેમ તેમ મને એ ભારતના ઇતિહાસમાં અદ્ભુત વ્યક્તિ તરીકે તરી આવે છે. સદ્ભાગ્યે એમને વખાણનારા અને અમર કરનારા સોમેશ્વર જેવા ઘણા સમર્થ કવિઓ મળી આવ્યા, છતાં એમની મહત્તા તો એ કવિઓએ ગાઈ છે તેના કરતાં ઘણી વધારે વ્યાપક અને અદ્ભુત હતી. તમારા જેવો કુશલ અને સહૃદય લેખક એમનાં પુણ્યકીર્તન કરે એ દેશ માટે અને આપના પોતાના માટે ખરેખર પુણ્યકાર્ય છે. એમાં સાંપ્રદાયિક કે ધાર્મિક પક્ષપાત નથી પણ વ્યક્તિની મહત્તાનો પક્ષપાત છે. આપણા ગુજરાતના લેખકોમાં, મારી દૃષ્ટિએ તમારા કરતાં વધારે લાયક મનુષ્ય નથી જે આ પુણ્યપુરુષોનાં અદ્ભુત ચરિત્રાનું સત્ય અને સાત્ત્વિક ભાવે સ્પષ્ટ સાક્ષાત્કાર કરી શકે. મારી સેવા આપવામાં મને કૃતાર્થતા જ અનુભવાશે.

['ગુજરાતનો જય' નવલકથા લખી રહેલા
ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાં: ૧૯૪૦]

# જિમ કોર્બેટ

## મારા અનાથ મિત્રો

અંધાધૂંધ વૃક્ષોની કટાઈથી વનનાં અનેક પશુ, પંખીઓનું જીવન ખેદાનમેદાન થઈ જતું હોય છે. મારે તેવાં કાંઈક રખડી પડેલાં અને અનાથોને આશરો આપવાનો થતો. તે સૌ મારી સાથે એક તંબુમાં રહેતાં. એક સમય એવો હતો કે જ્યારે મારા તંબુમાં ઘણી બધી ગરદી થઈ ગઈ હતી, કારણ કે ત્યારે મારી સાથે બે બચ્ચાં પેટ્રીજ પક્ષીનાં, એક કાળું અને એક રાખોડી રંગનું, ચાર મોરનાં બચ્ચાં, સસલાનાં બે સાવ નાનાં બચ્ચાં અને માંડ પોતાના પગ પર ઊભાં રહી શકે તેવાં ચાર શિંગડાવાળાં હરણનાં બચ્ચાં રહેતાં હતાં. તેમાં વળી એક અજગર જેનું નામ મેં રેક્સ પાડ્યું તે જાતે જ આવીને રહેવા લાગ્યો હતો. એક વાર રાત્રે તંબુમાં હું મોડેથી આવ્યો અને હરણના એક બચ્ચાને દૂધ પાતો હતો ત્યાં મેં ફાનસના પ્રકાશમાં જોયું કે તે બચ્ચાની ઘાસની પથારીમાં રેક્સ ગોઠવાઈ ગયો હતો. મેં તરત જ મારા તંબુના સાથીઓની ગણતરી કરી તો તેમાંનું કોઈ ગાયબ થયું ન હતું. તેથી રેક્સે પોતે જે જગ્યા પસંદ કરી હતી તે મેં તેને રહેવા માટે આપી. રેક્સ બે મહિના સુધી અમારી સાથે રહ્યો. રોજ બપોરે તે ગરમી મેળવવા માટે બહાર તડકામાં જઈને બેસે અને રાત્રે પોતાની જગ્યા પર આવીને સૂઈ જાય. પરંતુ તે આખા સમયગાળા દરમિયાન તંબુમાં રહેતા તેના એક પણ સાથીને-બચ્ચાને તેણે લગીરે ઈજા પહોંચાડી ન હતી.

આ નિરાધાર અને અનાથ મિત્રો-જેઓ મારા તંબુમાં ઊછરી રહ્યા હતા-જેમ જેમ પગભર થઈ જતા અને પોતાનું જીવન આપમેળે ચલાવવાને શક્તિમાન થતા કે તરત તેમને જંગલમાં પાછા મોકલી દેવાતા. જોકે તેમાંના એક હરણે મારી સાથે જ રહેવાનું પસંદ કર્યું!

['માય ઇન્ડિયા' પુસ્તક: ૧૯૫૨]

# જીવતરામ કૃપાલાની

## ગાંધીજી આધુનિક હતા?

સત્યને વળગી રહેવું અને નીતિના નિયમને સર્વોપરી ગણવો એ જો આધુનિકતાનું લક્ષણ હોય, તો ગાંધીજી આધુનિક હતા.

વચન પાળવું અને માથે લીધેલું કામ પાર ઉતારવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો સહિષ્ણુતા અને સમજદારી આધુનિક હોય, તો ગાંધીજીને આધુનિક ગણવા જ પડે.

જેઓ આપણા કરતાં જુદો અભિપ્રાય ધરાવતા હોય અથવા આપણા વિરોધી હોય તેમની સાથે પણ સ્વસ્થપણે વર્તવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો દરજ્જાનો, સત્તાનો કે સંપત્તિનો ખ્યાલ કર્યા વગર સૌ પ્રત્યે સમાન સૌજન્ય દાખવવું એ આધુનિક હોય, તો બેશક, ગાંધીજી આધુનિક હતા. જો દીનહીનો સાથે તાદાત્મ્ય સાધવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો ગરીબો, દરિદ્રો, દલિતો, દુર્ભાગીઓ માટે અવિશ્રાંત કામ કરવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

અને સૌથી વિશેષ તો એ કે કોઈ ઉમદા હેતુ માટે મૃત્યુ વહોરી લેવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

(અનુ. નગીનદાસ પારેખ)

[‘ગાંધીજી : જીવન અને વિચાર’ પુસ્તક]

# જુગતરામ દવે

## ખવાઈ જતા પાયા

મારું જીવન તો કેવું? જે દિશામાં બૂમ પડી તે દિશામાં દોડવું. એક તરફ બેકારીની બૂમ પડી, તો દોડો રેંટિયા લઈને! બીજી બાજુથી શોષણની રાડ પડી, તો કાઢો સહકારી મંડળી! ત્રીજી તરફથી દુર્ગંધ આવવા લાગી, તો દોડો સાવરણો લઈને! ચોથી તરફથી ઢોરની પછવાડે રખડતાં ને આખો દિવસ બીડીઓ ફૂંકતાં છોકરાંને જોયાં, કે દોડો બુનિયાદી શાળા કાઢવા! અને જુવાનીના તેજ વિનાના જ્યાં ત્યાં નિરાશ પગલે રવડતા જુવાનિયાને જોયા કે કાઢો ઉત્તર બુનિયાદી! દારૂ પી ખુવાર થતા અને ઘરનાં બૈરાં-છોકરાંને મારઝૂડ કરતા પ્રૌઢો જોયા કે દોડો ભજન—મંડળીઓ કાઢવા! ખેતીને નામે લોકો જમીનો બગાડી રહ્યા છે એમ જોયું, તો દોડો ખેતી-સુધારણા કરાવવા! ગાયોને પાળી પાળીને લોકો એને કજાત અને બકરીથી પણ બેદ બનાવી રહ્યા છે એ દીઠું, કે દોડો ગોશાળા કઢાવવા!

સ્વરાજ્યના દિવસો આવ્યા એટલે સરકારની નીતિઓ ને તેના કાયદાઓ અને તેના અમલદારો કંઈક રાહતરૂપ બનશે એવી આશા રાખેલી—એમણે તો ઊલટા પ્રશ્નો વધારી દીધા છે. ખાદી, ગ્રામોદ્યોગો, સ્વદેશી, સ્વાવલંબન—એ બધું પુરાણોમાંની કથા જેવું થવા માંડયું છે. પહેલાં જેલખાનાંઓમાં જઈને રવિશંકર મહારાજ કે દાદા માવળંકર જેવાઓની યુનિવર્સિટીઓમાં લહેરથી જ્ઞાનલાભ મેળવતા, તેને ઠેકાણે કોર્ટ-કચેરી અને સચિવાલયના ઉંબરા ઘસવાના દોડા કરવા પડે છે.

આ બધી દોડાદોડમાં ક્યારેક બાળારાજાઓના રડવાના દર્દભર્યા અવાજો અહીંતહીંથી કાને અથડાય છે. એ અવાજો તો સતત આવતા હોય છે, પણ સાંભળવા નવરા કાન ક્યાં હોય છે? કોઈ કોઈ ક્ષણે હૃદય કંપી ઊઠે છે, ત્યારે વળી બાળવાડીઓ કાઢવા દોડીએ છીએ.

*

દેશનાં કરોડો બાળકોમાંથી થોડા લાખ એકડા-બગડા ઘૂંટતાં શીખે, તેમાંથી ચળાઈને પાંચ-દશ ટકા 'માટલી ફોડે', તેમાંથી ઝટકાઈને થોડા હજાર 'બી.એ.' અને તેમાંથી ઊડીને વળી થોડાએક સો કંઈક મોટું ભણતર ભણે અને પ્રોફેસર કે દાક્તર કે ઇજનેર બને કે સરકારી નોકરીમાં પેસી આપણા હાકેમો બને, અને એ થોડા સો દેવો દુનિયાના છેડા ઉપર ક્યાંય નથી મળતા તેટલા મોટા પગાર અથવા ફી અથવા નફા કમાતા થાય—ભણતરને નામે ચાલતા આ ધંધાથી કેમ સંતોષ થાય?

જે કરોડો બાળકો અને બાળાઓને આપણા એકડા-બગડા પહોંચે છે તે બધાંની નજર મોટા પગારવાળા મહાનુભાવોના ધ્રુવલક્ષ્ય તરફ તાકતી અચૂક થઈ જાય છે. તેઓ મનથી માણસ મટી જાય છે, ટાઢ-તડકો અને મહેનતના જીવનને ધિક્કારતાં થાય છે, મોટા પગાર મેળવી આરામનું જીવન ગુજારવાનાં અશક્ય સ્વપ્નાં સેવનાર 'ઊજળિયાત' દેવોની ન્યાતમાં મનથી ભળી જાય છે. આપણે ત્યાં શિક્ષણને નામે ચાલતું ચક્ર તેનાં બીજાં બધાં ધ્યેયોમાં નિષ્ફળ નીવડયું હોય તોપણ તેનું આ પરિણામ તો પૂર્ણપણે અચૂક છે: પ્રજાચારિત્ર્યના મૂળ પાયાઓ ખોદી કાઢવામાં તે સોએ સો ટકા સફળ થયું છે.

સ્વતંત્રતા આવતાંની સાથે જ ગાંધીજીએ પ્રજાજીવનના પાયા ખોદનાર કેળવણીને સ્થાને તે પાયા મજબૂત કરનારી કેળવણી ચાલુ કરવાની હાકલ કરી. તેમણે કેવી કેળવણી સૂચવી?

પ્રજા ગંદી ટેવોવાળી છતાં સુગાળવી બની ગઈ છે: બાળકોને બાળપણથી જ સફાઈ-કામનો શોખ લગાડો!

પ્રજા મનથી 'ઊજળિયાત' થવા લાગી છે: બાળકોને બાળપણથી જ શરીરશ્રમનો સ્વાદ લગાડો!

પ્રજા-શરીરને ભેદાભેદનો કીડો કોરી રહ્યો છે; ન્યાતજાતના વાડા, ગરીબ—તવંગરના વાડા, હિંદુ-મુસલમાન આદિ ધર્મના વાડા, ઊજળિયાત-પછાતના વાડા, ભણેલા-અભણના વાડા પ્રજાને છિન્નભિન્ન કરી રહ્યા છે: બાળકોને બાળપણથી સમાજસેવાનો રંગ લગાડો;

બાળપણથી જ વાડા તૂટી જાય અને સર્વ વર્ણ, સર્વ વર્ગના દૃઢ પરિચયમાં તેઓ આવે એ રીતે તેમને કેળવો અને જાતજાતની સેવારૂપે સહુ ઉપર પ્રેમ વરસાવતાં કરી દો!

પ્રજા આપ-મતલબી થઈ ગઈ છે; પગાર, નફા અને આરામને ધ્યેય કરીને વર્તવા લાગી છે; તે ધ્યેયને ખાતર સત્ય, નીતિ, સંયમ, સ્વદેશી, રાષ્ટ્રભક્તિ વગેરે માનવધર્મો છોડવા માંડયા છે; એ બધું હોશિયારીથી છોડવું એ ભણેલાના ભણતરની નિશાની ગણાય છે: આ ટેવો માત્રા ઉપદેશથી બદલી ન શકાય. બાળકોની કેળવણી એવી રીતે યોજો કે જાતમહેનત, સ્વાવલંબન અને સેવાજીવનનો તેમને સ્વાદ લાગી જાય; તેમને પોતાના દેશબંધુઓ ઉપર ઊંડો અંતરનો પ્રેમ જન્મે; તેમની અંદર ભળવાની, તેમને ખાતર ઘસાવાની લગની લાગે; બાળકો સાદા છતાં આનંદી ગ્રામજીવનનાં સ્વપ્નાં સેવતાં થાય અને તે સિદ્ધ કરવા ખાતર આકાશપાતાળ એક કરવાની તમન્ના સેવતાં થાય!

પ્રજા દિવસે દિવસે ઠોઠ, બેઠાડુ અને જડ બનવા લાગી છે: બાળપણથી કેળવણી એવી યોજો કે વૈજ્ઞાનિક રીતે વિચારો કરવાની અને તેવું જીવન જીવવાની બાળકોને લઢણ લાગી જાય.

આજે ગામો ભાંગવા લાગ્યાં છે અને ઉદ્યોગો ઉજ્જડ થવા લાગ્યા છે: કેળવણીની યોજના એવી ઘડો કે બાળકોની કેળવણી ચાલતી જાય અને સાથે સાથે ગામોનું નવનિર્માણ થતું જાય! વિવિધ ગ્રામોદ્યોગો અને કળા-કારીગરી આવડે તો જ બાળકો આ નવનિર્માણના કાર્યમાં આનંદ સાથે પોતપોતાનો નાનકડો ફાળો આપી શકે.

પ્રજા-ચારિત્રયના ખવાઈ જતા પાયાઓ પાયાની કેળવણી મારફત ફરીથી મજબૂત કરવાની રાષ્ટ્રપિતાની કલ્પના છે. જીર્ણ થઈ જતું અને સડી જતું જીવન નીરોગી બનાવી દેવાની એ કલ્પના છે.

# આનંદી સત્યાગ્રહી

બારડોલીના અને ગુજરાતના શ્રેષ્ઠ સત્યાગ્રહી ખેડૂત સ્યાદલાવાસી મોરારભાઈ ભારે વિનોદી હતા. ગમેતેવી આફત તેમની પાસે આનંદરૂપ બની જતી. સત્યાગ્રહના લાંબા જેલવાસોમાં અમારા જેવા કેટલાય સાથીઓને તેમણે હસાવી હસાવીને જેલ કપાવી દીધી હતી. ગામના કેટકેટલા તકરારી પક્ષો તેમની પાસે આવતા, તેમને હસાવી-રમાડી એકબીજાને ભેટાડીને તેઓ પાછા મોકલી દેતા.

મોરારભાઈ ખેડૂતના પુત્ર; ભણતર બહુ ઓછું. તે કહેતા: “હું તો પાંચ ચોપડી ભણ્યો છું—તે પણ અમારી આંધળી ભેંસને પ્રતાપે! નિશાળમાં ડેપ્યુટી સાહેબ પરીક્ષા લેવા આવે, તેમની ચા માટે દૂધ જોઈએ. રાતના બાર વાગ્યા હોય તો પણ મારા બાપા તે આપી શકતા. અમારે ઘેર એક આંધળી ભેંસ હતી, તેને રાતદિવસ સરખાં હતાં. જ્યારે દોહવા બેસીએ ત્યારે સવાર પડી છે એમ જ એને લાગતું. ચા પીને પ્રસન્ન થયેલા સાહેબ ડાયરી કાઢી તેમાં મારું નામ, ધોરણ વગેરે ટપકાવી લેતા. પછી નિશાળમાં પરીક્ષા લેતી વખતે ડાયરી કાઢી મને ઓળખી કાઢતા: તું કરસનકાકાનો છોકરો ને?—એમ કહીને માર્ક મૂકી દેતા!”

આમ છતાં મોરારભાઈને જેલમાં ગયા ત્યાં અંગ્રેજી ભણવાનો ઉત્સાહ થયો. એમણે પ્રથમથી જ પોતાનું ધ્યેય નક્કી કરી લીધું હતું: તે હતું સ્ટેશનનાં પાટિયાં વાંચી શકવાનું!

અંગ્રેજી ભણતાં ભણતાં KNIFE શબ્દ આવ્યો. Kનો ઉચ્ચાર બોલવાનો નહીં, પણ K મૂકે નહીં તો ભૂલ કહેવાય. મોરારભાઈને અંગ્રેજીનો સાર સમજાઈ ગયો! ત્યારથી, ફલાણો માણસ નકામો છે એમ કહેવું હોય તો, ‘નાઈફ’નો ‘કે’ છે, એમ કહીને સૌને ખડખડાટ હસાવતા.

અંગ્રેજી ભણતરનો બીજો સાર તેમણે શીખી લીધો તે હતો ‘વિધાઉટ’ શબ્દ. ‘વિધાઉટ મની’ના સંક્ષિપ્તરૂપ તરીકે તે એકલો ‘વિધાઉટ’ શબ્દ વાપરતા. સરકારની તેમજ અમારી આશ્રમવાસીઓની

ખરચાળ યોજનાઓની મોરારભાઈ ટીકા કરતા. લોકોને હસાવી-રમાડી તેમની પાસે સુધારાનાં કામો 'વિધાઉટ' કરાવવામાં તે એક્કા હતા.

આખી અંગ્રેજી ભાષાનો સાર 'નાઈફ' અને 'વિધાઉટ' એ બે શબ્દોરૂપે નિચોવી લઈ તેમણે કૂચા ફેંકી દીધા અને પછી વધારે ભણવાની માથાકૂટ છોડી દીધી.

મોરારભાઈની સામાન્ય બુદ્ધિ ઘણી અસામાન્ય રીતે મર્મગ્રાહી હતી. તેથી તકરારે ચડેલા પક્ષો ઘણી વાર તેમની પાસે લવાદી કરાવવા આવતા. કેટલીક વાર તે હકીકતો તોળીને ન્યાય આપતા, પણ ઘણુંખરું તો કંઈ કંઈ વિનોદના તુક્કા કહી ચડેલાં મોં ઉતારી દેતા.

મોરારભાઈ તેમના જુસ્સાથી, બલિદાનથી અને તાલુકાના લોકો ઉપરના તેમના પ્રભાવથી સરદારના માનીતા સૈનિક હતા અને આગળ જતાં ધારાસભાની ખુરસીમાં પણ બેસતા થયા હતા. પરંતુ તેમનાં ઘડતર અને રીતભાત તો એક ખેડૂતનાં જ હતાં. સંતતિ માટે વૃદ્ધ પિતાએ એમને બીજી કરાવી. અમારા જેવા કાર્યકર્તાઓની શિખામણ હસવામાં ઉડાવી એ બીજી વાર પરણી ગયા. જૂનીએ નવીને પોતાની દીકરીની જેમ રાખી, તેથી શોક્યના ક્લેશ એમના ઘરમાં થયા નહીં.

એક વાર ગાંધીજી પાસે હળવી ગમ્મતો ચાલી રહી હતી. મોરારભાઈની બે બૈરીની ચાડી મહાદેવભાઈએ બાપુજી પાસે કરી. બાપુએ મોરારભાઈને પૂછ્યું: "તમે રામને માનતા નથી?" મોરારભાઈ કહે, "બાપુજી, રામને માનીએ તો રામના બાપાને કેમ ન માનવા?"

બાપુ હસી પડ્યા!

મોરારભાઈના આનંદી સ્વભાવથી સ્વરાજની લડત ઘણાને મન રમત જેવી થઈ ગઈ હતી. સ્વરાજ પછી થોડાં વરસે એ સ્વર્ગવાસી થયા. પણ સર્વોદયની રચનાના મહા ત્યાગો હળવા બનાવી દેવા એમની બહુ જરૂર હતી.

['આકાશવાણી': ૧૯૫૮]

# હરિજનોના ગુરુ

હરિજનોના ગુરુ મામા સાહેબ (વિઠ્ઠલ લક્ષ્મણ) ફડકે રત્નાગિરિ જિલ્લાના નાનકડા ગામમાં ચિત્પાવન બ્રાહ્મણ કુટુંબમાં, ૧૮૮૭ના ડિસેમ્બરની બીજી તારીખે જન્મેલ. ત્યાં તેમને બહુ ભણતર મળી શકે તેવા સંજોગો નહોતા. પણ એ જમાનો લોકમાન્ય તિલકનો હોઈ, એ દૂરદૂરના ગામડામાં પણ તેમના બાળમાનસ ઉપર એ સ્વરાજ-પુરુષના સંસ્કાર પહોંચ્યા હતા અને વીર સાવરકર આદિ અરાજકતાવાદી દેશભક્તોની અસર પડી હતી. આથી વીસેક વરસની ઉંમરે ઘરનો ત્યાગ કરી તે સ્વરાજ જીતવા નીકળી પડ્યા.

ફરતાં ફરતાં તેઓ ગુરુની શોધમાં ગિરનારમાં જઈ બે-ત્રાણ વર્ષ સાધુસંતોની પરિચર્યા કરતા રહ્યા (૧૯૧૨ના અરસામાં). દરમિયાન ગાંધીજી દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ પૂર્ણ કરી સ્વદેશમાં પાછા આવી ગયા હતા. મામા પણ મહારાષ્ટ્રમાં પાછા ફર્યા હતા. ક્યારેક ગાંધીજી પૂના આવેલા ત્યાં મામા સાહેબ તેમને મળ્યા. આ રીતે તેઓની ગુરુની શોધ અણધારી પૂરી થઈ. ગાંધીજીએ કોચરબ (અમદાવાદ)માં પોતાનો સત્યાગ્રહાશ્રમ કાઢ્યો, તેના શરૂ શરૂના થોડા સભ્યોમાં મામા સાહેબ એક બન્યા.

ગાંધીજીની અસ્પૃશ્યતા વિરુદ્ધની તીવ્ર ભાવના મામા સાહેબે ત્યાં જોઈ, અને તે એમના જીવનમાં ઊતરી ગઈ. દરમિયાન ગાંધીજીને ગોધરાની રાજકીય પરિષદમાં જવાનું થયું. ત્યાં તેઓએ અસ્પૃશ્યોના વાસની મુલાકાત લીધી. એ મુલાકાતના સંભારણા તરીકે તે વાસમાં આશ્રમશાળા કાઢવાનો સંકલ્પ કર્યો. એ શાળાના શિક્ષક તરીકે જવા મામા સાહેબ તૈયાર થયા (૧૯૧૯માં). પોતે જન્મે બ્રાહ્મણ હોવાથી આ કામને વરવાનો એમને પોતાનો ધર્મ લાગ્યો.

તે જમાનામાં ભંગીવાસમાં શાળા ખોલવાનું કોને સૂઝે? શાળા ખોલી હોય તો પણ શિક્ષક તો મુસલમાન જ શોધવો પડે, કારણ કે હરિજનોમાં કોઈ ભણેલો હોય નહીં, અને કુળવાન હિંદુ કોઈ ત્યાં

જાય નહીં! બ્રાહ્મણોનો સાચો ધર્મ ભંગી બાળકોને ભણાવવાનો છે એમ, એ ઊગતી વયે પણ મામા સમજતા થઈ ગયા હતા. એમાં પોતે સવર્ણ હિન્દુઓ તરફનું પ્રાયશ્ચિત્ત કરે છે, એમ તે માનતા. ગાંધીજીના આશ્રમમાં આવતાં પહેલાં તેમણે વડોદરામાં હરિજન બાળકોની શાળા ચલાવવાનો અનુભવ એ જ પ્રાયશ્ચિત્ત ભાવથી લીધો હતો.

મામા સાહેબનું ભણાવવું સામાન્ય માસ્તર જેવું નહોતું. એ તો ભંગીવાસ વચ્ચે જ ઝૂંપડી કરીને રહ્યા; બાળકોને ઘેરઘેરથી ભેગા કરી લાવ્યા. તેમને વહેલા જગાડવા, પ્રેમથી નવરાવવા, ગંદી ભાષા ન બોલતાં શીખવવું, લોકોને ઘેરથી માબાપ એઠું અન્ન લઈ આવે તે ખાવાનો ઇન્કાર કરતાં શીખવવું—એ આ ગુરુની શિક્ષણપદ્ધતિ હતી. આ રીતે વર્ષો સુધી મામા એ હરિજન બાળકોની ને તેમનાં માબાપની સેવારૂપે સાધના કરતા રહ્યા.

વૃદ્ધાવસ્થાની નબળી તબિયતને લીધે થોડાં વર્ષ મામા સાહેબ પોતાના મૂળ ઘરમાં—સાબરમતીના હરિજન આશ્રમમાં રહેવા ગયેલા; પણ જિંદગીનું છેલ્લું વર્ષ સાર્થક કરવા પાછા પોતાના ગોધરાના આશ્રમમાં પહોંચી ગયા હતા. ત્યાંથી જ, તા. ૨૯-૭-૧૯૭૪ના દિવસે, ૯૦ વર્ષની વયે, તેઓ કૈલાસવાસી થયા. તેમના પોતાના હરિજન શિષ્યોને હાથે છેવટ સુધી શુશ્રૂષા પામીને, તે શિષ્યોની જ ખાંધે ચડીને તેઓ સ્મશાને પહોંચ્યા ને તેમને હાથે જ અગ્નિસંસ્કાર પામ્યા. આ કારણે તેમનો અંતકાળ અત્યંત આનંદ અને સંતોષપૂર્ણ હતો.

મામાનું પ્રાયશ્ચિત્ત ઘણું દીર્ઘ અને અમૂલ્ય છે, પણ સવર્ણ હિંદુઓના કુલ પ્રાયશ્ચિત્ત તરીકે તે કેટલું બધું સ્વલ્પ છે! ગામડે ગામડે અને હરિજનોના ફળિયા ફળિયામાં અસંખ્ય મામા સાહેબો આ રીતે નીકળે તો પણ પ્રાયશ્ચિત્ત ઓછું પડે, એટલું અપાર આપણું પાપ છે. સ્વરાજ્ય સરકારે કાયદો કર્યો, તે તો દરિયામાં ખસખસ છે.

વળી હવે તો, મહાત્મા ગાંધીએ દેશમાં આણેલી પાવન હવા જાણે ઊડી ગઈ હોય એમ લાગે છે. કુલીનપણાનું અભિમાન લોકોના દિલમાં જાણે ફરીથી જાગવા માંડ્યું છે અને “ફાટી ગયેલા” હરિજનોને

પાઠ ભણાવવાના જાણે કે લાગ શોધી રહ્યું છે! કાનૂન અને સરકારી તંત્ર પર આશા રાખીને બેસી રહેવાથી આ ઝેર શમવાનું નથી. કેવા ઉપાયથી તે શમશે એ, સાચું બ્રાહ્મણજીવન જીવી ગયેલા મામા સાહેબ આપણને બતાવી ગયા છે. એ પવિત્ર આત્મા જ્યાં હોય ત્યાંથી આપણાં અભિમાન અને પાપનો નાશ કરો!

['વટવૃક્ષ' માસિક: ૧૯૭૫]

# પળપળની કીમત

હિસાબમાં થોડા પાઇપૈસા વધ્યાઘટયા, એમાં શું થઈ ગયું? આપણે ક્યાં ખાઈ ગયા છીએ? તેમાં નકામી ચિંતા શી કરવી?—આવો વિચાર જે કાર્યકર્તા કરે, તે ગમે તેવો ભલો માણસ હોય તો પણ ભયંકર છે; પ્રજાના પૈસાનો વહીવટ કરવા તે લાયક નથી.

તે જ પ્રમાણે, ઘણા લોકોનો સમય જેમના હાથમાં છે તે પણ જો સહુની એક એક પળની કીમત ન સમજે અને કોઈની પણ પળ બગડે નહીં એ રીતે કાર્યક્રમ વિચારવાની ચીવટ ન રાખે, તો બીજાઓ માટે બહુ અગવડરૂપ થઈ પડ્યા વિના રહેશે નહીં.

# પીંપળવાડીથી બારડોલી

મુંબઈનું મારું બાળપણનું નિવાસસ્થાન પીંપળવાડી હતું. આસપાસ ચાલીઓથી ઘેરાયેલું વિશાળ મેદાન, વચ્ચે સુંદર નાળિયેરીનાં ઝાડ શોભી રહ્યાં હતાં.

આ દિવસોમાં એક મારાથી સહેજ મોટી ઉંમરનો, ઝીણી ઝીણી દાઢીવાળો, પારદર્શક આંખોવાળો, હસમુખો, ગૌરવર્ણો અને ભગવાંધારી જુવાનિયો અમારી ચાલીમાં તેના મોટા ભાઈને ઘેર આવ્યો. અમે ચાલીના જુવાનિયાઓ તેના તરફ ખૂબ આકર્ષાયા અને વખતોવખત તેને વીંટળાઈ

તેની સ્ફૂર્તિદાયક વાતો સાંભળવા લાગ્યા. આ મોહક સાધુ, જે ચાલીમાં રહેતાં સંસારીઓમાં ખૂબ જ છૂટથી ભળતા હતા, તે હતા સ્વામી આનંદ. અમે ધીમે ધીમે જાણ્યું કે અમારી ચાલીના બીજા માળ પર શિયાણીના બ્રાહ્મણ ગૃહસ્થો હરિલાલ તથા જયાશંકર દ્વિવેદી રહેતા હતા, તેમના એ નાના ભાઈ હતા. થોડાં વર્ષ પર તે આવી પડેલી લગ્નની તિથિ ચૂકવવા ઘેરથી નાસી છૂટ્યા હતા. સાધુસંતોનાં મંડળોમાં ફરતાં ફરતાં તે હિમાલયનાં પહાડી તીર્થસ્થાનોમાં ફરી વળ્યા હતા. તે દરમ્યાન જ્ઞાની અને યોગી સાધુઓના તેમ જ આધુનિક ભણેલાગણેલા સાધુઓ અને યાત્રીઓના પણ સંસર્ગમાં આવ્યા હતા. અનુભવ થતો ગયો તેમ અમે જોયું કે તે દેશની અનેક ભાષાઓ બોલી શકતા હતા. જેવું શુદ્ધ ગુજરાતી તેવું જ મરાઠી પણ તે શુદ્ધ દક્ષિણી બ્રાહ્મણો જેવું જ અસ્ખલિત રીતે બોલી શકતા હતા. હિંદી પણ તેવું જ. બંગાળીની પણ તેમને તેટલી જ છૂટ હતી એમ અમે સાંભળ્યું. અમે ઓળખતા ગયા તેમ તેમ જાણ્યું કે તેમના પરિભ્રમણ દરમિયાન તે દેશના જુદા જુદા ભાગોમાં નેતાઓ, સાધુઓ, ગૃહસ્થીઓ, સંસ્થાઓ, મઠો વગેરેમાં છૂટથી ભળ્યા હતા અને એકરસ થઈને રહ્યા હતા. ભાષાઓ એ તો એ ભળવાનું ઉપરનું ફળ જ હતું. ઊંડા પરિચયો, દિલોજાન મૈત્રીઓ, બાળકોનાં કિલ્લોલ, વૃદ્ધોના પ્રેમાશિષ એ બધાંનો તેમણે એ નાની ઉંમરમાં ભરપેટ લહાવો મેળવ્યો હતો.

અમને એ પણ જાણવા મળ્યું કે સ્વામી જેમ સાધુસંન્યાસીમાં ફર્યા છે તેમ સ્વરાજના તીખા તમતમતા જહાલ નેતાઓ અને પત્રકારોમાં પણ એટલું જ ભળ્યા છે. તેમને ખુદ લોકમાન્ય ટિળકની સાથે પણ ઓળખાણ હતી.

ટિળક મહારાજ માંડલેની જેલમાંથી 'ગીતારહસ્ય અથવા કર્મયોગ' નામનો મોટો મરાઠી ગ્રંથ લખી લાવ્યા હતા. સ્વામીને તે એટલો ગમી ગયો હતો કે તેમણે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી નાખ્યું હતું, અને પોતાના તે હસ્તલિખિત લખાણમાંથી એ કોઈ કોઈ વાર અમને વાંચી સંભળાવતા હતા.

**

આશ્રમમાં હવે ગાંધીજીનું કામ જામવા લાગ્યું હતું. તેમણે એક સાપ્તાહિક 'નવજીવન' કાઢવાનું ઠરાવ્યું. તેનો પહેલો અંક તા. ૭-૯-૧૯ને દિવસે નીકળ્યો. તે માટે અમદાવાદમાં એક નાનું સરખું પ્રેસ રાખી લીધું. આ કામ દિવસેદિવસે વધી રહ્યું હતું. પ્રેસના ચાલુ માણસો તેને પહોંચી વળતા નહોતા. ગાંધીજીને આ ભીડને વખતે સ્વામી આનંદ યાદ આવ્યા. તેમને ખબર હતી કે સ્વામીને છાપવા-છપાવવાના કામનો અનુભવ હતો, અને આ નવું કામ તે ખીલવી શકશે એવો તેમને વિશ્વાસ હતો. ગાંધીજીએ એમને બોલાવી લીધા અને 'નવજીવન' સાથે જોતરી દીધા. તે ૧૯૧૯ના અંતભાગમાં 'નવજીવન'માં આવ્યા હશે.

એ કામ સ્વીકાર્યા પછી સ્વામીએ એક-બે મહિનામાં મને વડોદરાથી બોલાવી લીધો. હું અમદાવાદ ગયો ત્યારે સ્વામી આર્ય ભુવનવાળા મકાનમાં 'નવજીવન'નું કાર્યાલય ખોલીને બેઠા હતા.

આ દિવસો ૧૯૧૯-૨૦ના હતા, એટલે ગાંધીજી તરફથી સવિનયભંગની અને જાહેર હડતાળની અને ઉપવાસની હાકલો પડી રહી હતી. આથી નવજીવન પ્રેસમાં તેમના તરફથી રોજ હસ્તલિખિત લેખોનો ધોધ આવી રહ્યો હતો. 'નવજીવન'નાં ૮ પૃષ્ઠોને ઠેકાણે દરેક અંકમાં ૧૨ ને ૧૬ પૃષ્ઠો થવા લાગ્યાં હતાં. ચૂડી ઓળની સાંકડી ગલીમાં આવેલા તેનાથી પણ સાંકડા નવજીવન પ્રેસમાં રાતદિવસ ધમાલ ચાલતી હતી. છાપેલાં પાનાંના ટાઇપ ધોવાઈને ઉકેલાય તે પહેલાં નવાં પૃષ્ઠો છાપવાની તાકીદ ઊભી થતી રહેતી. તેમાં ગાંધીજીનાં ઘણી વાર પેન્સિલથી લખેલાં પાનાં ઉકેલવાનો રસિક વ્યાયામ સ્વામી અને તેમના મદદનીશોને માટે સારો રસ પૂરો પાડતો હતો. મશીન ચલાવનારાઓ, કંપોઝીટરો, પ્રૂફવાળાઓ સૌને દિવસના ચોવીસ કલાક ટૂંકા પડતા હતા. ઉજાગરા ઉપર ઉજાગરા કરવામાં તેઓ એકબીજા સાથે હરીફાઈ કરતા હતા, પણ તે શક્તિમાં સ્વામી સૌને ચડી જતા હતા. ત્રણ રાત્રાઓ અખંડ જાગરણ કર્યા પછી ચોથી સવારે પણ પ્રૂફ વાંચી છાપવાનો ઓર્ડર આપવા તે તૈયાર હતા.

'નવજીવન', 'યંગ ઇન્ડિયા'માં બાપુએ અગ્નિ જેવાં તેજસ્વી લખાણોનો ધોધ વહેવડાવવા માંડ્યો હતો. ચૂડી ઓળનું નાનું છાપખાનું તેને માટે અતિ નાનું પડતું હતું. સ્વામીએ સારંગપુર તરફનું વિશાળ મકાન શોધી કાઢ્યું. મૌલાના મહમદઅલીએ બંધ કરેલા છાપખાનાનાં યંત્રો બાપુને આપી દીધાં. તે આ નવા મકાનમાં ગોઠવી દેવામાં આવ્યાં. સ્વામીને વધારે મદદનીશોની જરૂર હતી. મારી સાથેની વણલખી બોલી પ્રમાણે તેમણે મને પાછો નવજીવનમાં ખેંચી લીધો. બાપુએ અસહકારની લડત ઉપાડવાની તૈયારી માંડી હતી અને તે માટે બારડોલી તાલુકાની પસંદગી કરી હતી, અને પોતે ૧૯૨૧ના ડિસેમ્બરથી તાલુકાને લડત માટે સજ્જ કરવા બારડોલી જઈને પડાવ નાખ્યો હતો. સ્વામીને ઇચ્છા થઈ કે બાપુની નજીક રહી મારે પણ બારડોલીનું તાજું વાતાવરણ 'નવજીવન'માં મોકલતા રહેવું. તે પ્રમાણે હું બારડોલી જઈ ત્યાંના લડતના સૈનિકોમાં ભળી ગયો અને દર અંકમાં 'વાતાવરણ' મોકલવા લાગ્યો.

બાપુએ બારડોલીને પસંદગી આપવામાં ત્રણ શરતો મૂકી હતી, તેનું પાલન કરવા ઘણાં ગામો કેવો ભરચક પ્રયત્ન કરી રહ્યાં હતાં તે મને નજરે જોવા મળ્યું હતું. જે ગામે કોઈ પણ નેતા જાય ત્યાં કોઈ પણ ઘરમાં ગામલોકો ભેગા થતા, ત્યાં ગામના હરિજનોને ખાસ તેડી લાવતા અને સભામાં સૌની સાથે બેસાડતા. એ હરિજન ભાઈ કે બહેન ઘરના કૂવેથી પાણી સીંચે અને ભેગા મળેલા સૌ ગામલોકોને પોતાને હાથે પાણી પાય. આ રીતે તેઓ અસ્પૃશ્યતા-નિવારણની શરતનું પાલન પ્રત્યક્ષ કરી બતાવતા હતા.

પછી બારડોલી તાલુકાનાં ઘણાંખરાં ગામોમાં તેમણે સરકારી નિશાળો ઉઠાડી મૂકી "રાષ્ટી" ચાલુ કરી દીધી હતી. આ રીતે સરકારી શિક્ષણના અસહકારની બીજી શરતનું તેમણે પાલન કરી બતાવ્યું હતું. "રાષ્ટી" કાઢવાની તેમની રીત ઘણી રમૂજી અને ગામડાંને શોભે તેવી હતી. ગામ ગામના જુવાનિયાઓ—ખાસ કરીને જે ગામોમાં "રાષ્ટી" આ પહેલાં નીકળી ચૂકી હતી ત્યાંના—ટોળે મળીને તે નવા ગામ ઉપર કૂચ લઈ જતા, અને સરકારી નિશાળ ઉઠાડી "રાષ્ટી" ચાલુ કરે ત્યાર

પછી જ પોતે ભોજન કરશે એમ જાહેર કરતા. આ ભલા ખેડૂતો બીજું બધું સહન કરી શકે, પણ ઘેર આવેલા મહેમાનો—જેમાંના મોટા ભાગના પોતાના જ્ઞાતિબંધુઓ હોય તેઓ—ભૂખ્યા રહે, એ કેમ સહન કરી શકે? તેમાંના કોઈ બહેનોના છોકરાઓ હતા, કોઈ મામા-માસીના હતા. અને ગામેગામના લોકો સાથે ગાઢ સંબંધવાળા કુંવરજીભાઈ ખાસ કાળજી લેતા કે એ ટોળીમાં આ ગામના થોડા જમાઈઓને પણ આગ્રહ કરીને સાથે લેવામાં આવે! હવે ઘરને આંગણે આવેલા જમાઈરાજોને ભૂખ્યા કેમ સહન કરી શકાય? નચિકેતાને ઘરને આંગણે ભૂખ્યો-તરસ્યો ત્રણ દિવસ સુધી બેસી રહેલો જોઈ યમરાજાના જીવને કંઈનું કંઈ થઈ ગયું હતું, પોતાનું બધું પુણ્ય બળી જાય છે એમ લાગ્યું હતું. તેવો જ અનુભવ બારડોલીના ખેડૂતોને થતો હતો. પુરુષો થોડા કલાક કઠણ કાળજું કરી જવાબ ન આપે, તો ગામની બહેનો ઘરમાંથી નીકળી સભા સમક્ષ ખુલ્લે મોઢે આવી કંઈ કંઈ વચનો સંભળાવી જતી અને ભરસભામાં પોતાના ઘરવાળાઓને શરમાવી જતી. લાજ કાઢવાના રિવાજવાળા ગુજરાતના બીજા જિલ્લાઓમાંથી તેમ જ દેશના તેવા જ બીજા ભાગોમાંથી આવેલા નેતાઓ ઉપર બારડોલીની મહિલાઓનું આ સ્વરૂપ ખરેખરી વીરાંગનાઓ અને રણચંડીઓ સમું લાગે, એમાં શું આશ્ચર્ય? ગામના લોકો વશ થઈ સરકારી શાળામાંથી છોકરાને ભગાડી મૂકતા અને કોઈના મોટા મેડા ઉપર તેમને ભેગા કરી તેમના ઉપર ગમે ત્યાંથી લાવીને એક રાષ્ટ્રીય શિક્ષકને બેસાડી દેતા, અને બાળકોનાં રાષ્ટ્રગીતોથી ગામ ગાજી ઊઠતું.

આ ઉપરાંત પુરુષો અને સ્ત્રીઓ રેંટિયા ઉપર મથી રહ્યાનાં દૃશ્યો પણ ગામેગામ જોવામાં આવતાં અને કોઈ કોઈ તો એ જાડા સૂતરને વણાવી તેનાં ધોતિયાં, પહેરણ અને ધોળી ટોપી પહેરતા પણ જોવામાં આવતા હતા. એ રીતે બાપુની વસ્ત્ર—સ્વાવલંબનની ત્રીજી શરત વિશે પણ નેતાઓને ખાતરી થતી હતી. હું ‘નવજીવન’ના સંજય તરીકે આવાં દૃશ્યો વચ્ચે ફરી રહ્યો હતો અને ‘નવજીવન’ની કટારોમાં એ બધું વાતાવરણ પીરસી રહ્યો હતો.

મારા પોતાના જીવન ઉપર પણ બારડોલીની ગ્રામપ્રજાનાં આ દૃશ્યો ઘેરી છાપ પાડી રહ્યાં હતાં. મને અહીંની ભૂમિ અને તેનાં નિવાસીઓ વિશે પોતાપણાની લાગણી થવા લાગી હતી. તેના પરિણામે આગળ ઉપર જ્યારે મારી સમક્ષ ‘નવજીવન’ અને આશ્રમશાળાનું કામ છોડી ગામડું વસાવવાનો વિચાર ઉપસ્થિત થયો, ત્યારે મારા ગ્રામપ્રદેશની શોધ કરવામાં મારે જરા પણ મનોમંથન કરવું પડ્યું નહીં.

[‘મારી જીવનકથા’ પુસ્તક]

## હાથે કરી કેમ હારી તું જા?

*હાથે કરી કેમ હારી તું જા?*
*થાતું નથી કહી બેસી શું જા?—હાથે.*

*સરખાવી જો ઓલ્યો બાળો પ્રહ્લાદજી,*
*તુંથી હુતી શું એની લાંબી ભુજા?—હાથે.*

*જુલમની જાળમાંય રમતો એ બાળુડો,*
*રોતલ થતાં શું તને ના’વે લજ્જા?—હાથે.*

*છૂંદ્યો છેદ્યો ને એને સળગાવ્યો જીવડો,*
*એવી ક્યાં તેં તો હજી સાંખી સજા?—હાથે.*

*નાજુક કાયા તે તારી કેવીક, કાપરા?*
*કંકણ પ્રહ્લાદ કને તું તો કૂચા!—હાથે.*

*જોયો જોયો રે તારો જાલિમ જોરાવર,*
*હિરણ્ય વાઘ અને એ તો અજા.—હાથે.*

*મૃત્યુને રોજ તાલી દેતા પ્રહ્લાદજી,*
*સંકટ સ્પર્શ્યું કે તત્ત્વ નહોતા તજ્યા.—હાથે.*

*સાચાને શક્ય સહુ, ખોટાને મિષ બહુ,*
*બાળે ત્રાકાળ એવી રોપી ધજા.—હાથે.*

# વટવૃક્ષની કથા

મારે હાથે મારી જીવનકથા લખવી, એ મારી પ્રકૃતિની વિરુદ્ધ છે. છતાં પૂજ્ય જનોના અને મિત્રોના પ્રેમને વશ થઈને મેં લખી છે.

પણ વાંચનાર જોશે કે મેં જે કાંઈ લખ્યું છે તે મારી પોતાની જીવનકથા નથી, પણ વેડછી આશ્રમની અથવા વેડછીના વટવૃક્ષની કથા છે.

*

મારા જીવનની આટલી વાતો લખવા જ્યારે હું તૈયાર થયો છું જ, તો મારું આ અંગત પ્રકરણ લખવું એ મારો ધર્મ થઈ પડે છે.

નજીકના સૌ પરિચિતો જાણે છે કે હું બ્રહ્મચારી છું. તેઓ સહુ મારા સંબંધમાં બહુ વિવેકથી વર્તે છે, તેથી કોઈએ મને મારા આ જીવન વિશે કદી પૂછ્યું નથી, તેમ મને પોતાને પણ આ વિશે વાતો કરવાનો ઉત્સાહ કદી થયો નથી.

આ સંબંધમાં મને કોઈએ સીધો કર્યો હોય તો મારી આસપાસ ઊછરી રહેલી એક છસાત વર્ષની નાની બાળાએ એક વાર અચાનક અને અણધાર્યો કરેલો. તેના બાળસુલભ કૌતુકથી એક દિવસ તેણે પૂછ્યું, તમારી 'બા' ક્યાં છે? તે મારી પાસે આખો દિવસ રમવા અને વાર્તાઓ સાંભળવા આવતી, એટલે જ તેનો આ અધૂરો હું સમજી ગયો. તે મારી જન્મદાતા મા વિશે પૂછતી નહોતી. પણ જેમ તેના પોતાના ઘરમાં તેની બા હતી, અને જેમ બધાં ઘરોમાં બાળકો માટે બા હોય છે, તેમ મારી પાસે કેમ કોઈ બા જોવામાં આવતી નથી એ તેનો ભાવાર્થ હતો. મેં જવાબ આપ્યો, ઘર હોય તો બા હોય, મારે ઘર ક્યાં છે કે બા હોય? જવાબનો મર્મ તે સમજી હશે કે કેમ તેની

મને ખાતરી નથી. હું મઢી આશ્રમમાં રહું છું. ત્યાં અન્નપૂર્ણાબહેનના ઘરમાં રહું છું—એટલે મારા ઘરમાં રહેતો નથી. આશ્રમને રસોડે જમું છું, એટલે પણ મારે ઘર નથી એમ તે સમજી ગઈ હશે. પણ ફરીથી તેણે આવો પૂછ્યો નથી. ઉંમર સાથે આવા પ્રશ્નો બાળકો પોતાની મેળે સમજી જાય છે, તેમ તે પણ વખત જતાં સમજી હશે જ કે બીજાં બધાં પરણે છે તેમ હું પરણ્યો નથી.

ત્યાર પછી મારે ગાંધીજીના સત્યાગ્રહાશ્રમમાં જવાનું થયું. ત્યાં હું એક રીતસરના આશ્રમવાસી તરીકે કદી રહ્યો નથી. મારું વધારે ભાગે રહેવાનું નદી તરફના બ્રહ્મચારી વિભાગમાં નહોતું, પણ સામી તરફના ગૃહસ્થી વિભાગમાં જ હતું. મારી પોતાની એવી કોઈ કોટડી મેં કદી રાખી નથી. કાકા-કાકી, મહાદેવ—દુર્ગાબહેન અને નરહરિ-મણિબહેનનાં ઘર એ જ મારાં ઘર બની ગયાં હતાં. વળી મારું મુખ્ય કામ તો ‘નવજીવન’માં હતું અને તે માટે સ્વામી આનંદની સાથે રહેવાનું હતું. એ ઘર નહોતું પણ સ્વામીનો અખાડો જ હતો! આશ્રમમાં જ્યારે ઉપર બતાવ્યાં ગૃહસ્થી ઘરોમાં જાઉં ત્યારે જ મારા દિલને ઘેર ગયા જેવું લાગતું. ત્યાં મને બાળકો સાથે રમવાનું અને તેમને વાર્તાઓ કહેવાનું મળતું.

હવે તો મારા પોતાના મનમાં બ્રહ્મચારી જીવન નિશ્ચયરૂપ બની ગયું હતું, જે મંડળ વચ્ચે હું રહેતો હતો તેમાં પણ એક હકીકત તરીકે સ્વીકારાયું હતું, અને મારી પાસે લગ્નની વાત કાઢવી પણ આ મંડળમાં અસ્વાભાવિક જેવી થઈ ગઈ હતી. પણ વઢવાણમાં બેઠાં બેઠાં નાનુબા પોતાની સરખેસરખી બહેનપણીઓ સાથે મને પરણાવવાનાં સ્વપ્નાં સેવી રહ્યાં હતાં અને અગાઉનાં અપમાનો ભૂલીને પણ પ્રસંગ આવ્યે વાત ચલાવતાં રહેતાં હતાં. છેવટે જ્યારે એક વાર તે હરદ્વારની યાત્રાએ ગયાં અને ત્યાં ગંગાતટે જ કાયમની પથારી કરી પોઢ્યાં ત્યારે જ આ પ્રકરણ તેમની સાથે જ ગંગાના જળમાં તણાઈ ગયું, અને મારા મનથી પણ બ્રહ્મચારી જીવનની ગાંઠ પાકી વળી.

બ્રહ્મચર્ય પાળવા માટે મેં કોઈ સાધના કરી છે એમ કહી શકાય

તેમ નથી. સાબરમતી આશ્રમમાં તેમ જ વેડછી આવ્યા પછી ત્યાં પણ ઉત્સાહી બાળકો અને યુવકો સાથે રાતદિવસ રહેવાની તક મને મળી છે, તેઓએ મને આડકતરી એવી ભારે કીમતી મદદ કરી છે. હું વર્ષે વર્ષે ઉંમરમાં વધતો જતો હતો, પણ મારા મનથી હું આ બાળકો જેવડો બાળક જ છું એવી અનુભૂતિ મને કાયમને માટે રહી છે. શરીરથી તેમજ મનથી હું તેમની સાથે તેમના જેવડો થઈને રહ્યો છું. જોકે મારા મનમાં ચાલી રહેલાં દિવાસ્વપ્નો કોઈ કોઈ વાર મને જુદા જીવનમાં ખેંચી જતાં, પણ વળી પાછો હું બાળકોને જોઈ મારી બાળકભૂમિકામાં પાછો આવી જતો. એ ભૂમિકા જ મારા જીવનની સાચી અને સ્વાભાવિક ભૂમિકા છે એમ મને હંમેશાં લાગ્યું છે.

આશ્રમજીવન એ પણ મને મદદરૂપ નીવડ્યું છે. સદા સમુદાયમાં રહેવું અને તે પણ ઉત્સાહથી ઊભરાતા એવા ઊગતા કુમારોના સહવાસમાં રહેવું, શક્તિ પ્રમાણે સૌની સાથે નાનાંમોટાં શારીરિક કામોમાં જોડાયેલા રહેવું, વહેલા જાગવું, રાત્રે મોટે ભાગે ખુલ્લા આકાશ નીચે સૂવું, ઘણુંખરું કઠણ પથારીમાં સૂવું, બહુ ટાઢના દિવસોમાં પણ વધારે પડતું ઓઢવું નહીં, રોજ શીતળ જળથી સ્નાન કરવું—આ બધું જીવન મને સદા આનંદદાયક લાગ્યું છે.

આ ઉપરાંત મારી આસપાસ હંમેશાં કોઈ ને કોઈ સેવકો પોતાનું જીવન નિચોવીને કામ કરતા રહ્યા છે. સાબરમતી આશ્રમમાં મારાં શરૂઆતનાં વર્ષોમાં હતો ત્યારે ત્યાં તો તેવાં ભાઈબહેનો સારી સંખ્યામાં બાપુના પ્રેરક વાતાવરણમાં પોતાનાં જીવન ગાળી રહ્યાં હતાં. સુરેન્દ્રજી મુખમાં ‘ઉપનિષદ’ અને હાથમાં ચર્મોદ્યોગ, છોટેલાલજી મુખમાં ભજનો અને હાથમાં રસોડાનાં તપેલાં, બાળકોબા મુખમાં સંતોનાં ભજનો અને હાથમાં પાયખાનાંની ડોલો, અપ્પાસાહેબ પટવર્ધન મુખમાં સંપત્તિશાસ્ત્રા અને હાથમાં તેમના છાત્રો સાથેનાં કામકાજ, નવા નવા આવેલા ભણસાળી મુખમાં પ્રોફેસરનાં ભાષણો અને હાથમાં અતિ વજનદાર પાણીની ડોલની કાવડો! પણ એ સૌના શિરોમણિ વિનોબા હતા; આ દિવસોમાં તેઓ ગુજરાતી બાળકોને ભણાવતા, તેથી તેમને મુખે ગુજરાતી કવિઓની

નવીજૂની કવિતાઓ હતી અને હાથમાં વણાટ અને પીંજણ હતાં.

આ સૌની છાયા મારા જીવન ઉપર મૂંગી મૂંગી કામ કરી રહી હતી. તે સાથે બાપુ-બા અને બીજાં અનેક ગૃહસ્થાશ્રમી જોડાંઓ આશ્રમમાં અપૂર્વ રીતે પોતાના ઘરસંસાર ચલાવી રહ્યાં હતાં.

‘નવજીવન’માં કામ કરવા જાઉં ત્યારે સ્વામી આનંદ ચોવીસે કલાક મારી સમક્ષ હતા. તેમણે સાધુનું નામ રાખવા છતાં સાધુનો વેશ ફગાવી દેવા ઉપરાંત સાધુજીવનની પરંપરાગત રહેણીકરણી જરા પણ રાખી નથી એ મને તેમની અતિ મોટી વિશેષતા લાગતી હતી. ક્યાં ધડાધડ કરતાં છાપખાનાંનાં યંત્રો અને ટાઇપનાં બીબાંની ગેલીઓ અને પ્રૂફો, અને ક્યાં સ્વામીનું નામ! મને મનમાં લાગતું કે જમાનાઓથી હિંદ દેશમાં ભગવાંધારી સાધુ-સંન્યાસીઓ સંસારથી અને તેનાં કામકાજોથી ભાગી રહ્યા છે, ફરજો વખતે ત્યાગી અને સુખસગવડ વખતે રાજબાદશાહી ભોગવી રહ્યા છે, તેમને જાણે સ્વામી તેમના જીવન દ્વારા મોઢા ઉપર તમાચો ચોડી રહ્યા છે!

મારા જીવન ઉપર એ સૌનાં જીવનની પાવનકારી અસર હંમેશાં ફેલાયેલી રહી છે.

બીજાં પણ સંખ્યાબંધ કુટુંબોના એક સ્વજન તરીકે રહેવાનું મને સદ્ભાગ્ય મળ્યું, તેનાં નાનાં નાનાં બાળકો પાસેથી મને પ્રસન્નતા મળી છે. જીવનના આ પ્રકારના વર્ણનમાં મારે મારા ગુરુનું નામ આપવું ફરજિયાત હોય તો તે પદવી આ નાનાં નાનાં બાળકોને ભાગે જ જાય છે!

મારા જીવનને શુષ્ક બની જતું બચાવનાર એક બીજી હકીકત અહીં નોંધવાની ઇચ્છા થાય છે. ક્યારેક ક્યારેક મારા મન ઉપર કવિતા કે ગીત રચવાની ધૂન સવાર થતી હોય છે. વર્ષમાં બે કે ત્રણ એવા પ્રસંગો આવી જાય છે. તેવા પ્રસંગે ત્રણચાર કે કોઈ કોઈ વાર સાત દિવસ સુધી તે ગીતનો જ ગણગણાટ અણુ અણુમાં ચાલતો રહે છે. એ ગીતનો વિષય હંમેશાં કોઈ ભારે આધ્યાત્મિક અને ઉચ્ચ પ્રકારનો

જ હોય છે એવું નથી હોતું. કોઈ વાર તો નાનું સરખું બાળગીત જ હોય અને તે પણ બાલોચિત ટોળઠઠ્ઠાથી ભરેલું—

અલી આરસીવાળી રે—અલી આરસીવાળી રે!

તું તો સાવ મારા જેવી!

આરસીમાં પોતાની છાયા જોઈ બાળક તેની સાથે વાત કરે છે!

ક્યારેક ‘કૌશિકાખ્યાન’ની ધૂન થોડા દિવસ સુધી એકધારી ચાલી છે, તો ક્યારેક શબરીનાં બોરની. બાપુના ગયા પછી કેટલાંક વર્ષ સુધી એ દિવસ નજીક આવે ત્યારે મારે એકાદ ગાંધીગીત રચવાનું થતું. મુંબઈના “શુદ્ધિ મંદિર”માં ‘વહાલુડી વેડછી’ રચવાની ધૂન લાગી અને તે પહેલાં નાશકના વૈજ્ઞાનિક રીતે મજબૂત તુરંગમાં ‘અંતરપટ આ અદીઠ’ની રચના થઈ.

એ બધાં તે તે વખતે મારાં દિવસ અને રાત એક પ્રકારના તનમનાટથી ભરી દેતાં હોય છે. મને નાનપણથી ‘ગીતા’પાઠ કરવાની ટેવ છે, તે પ્રમાણે હું અવારનવાર તેનો પાઠ કરતો રહું છું. પણ મારા જીવનને ચાવી ચડાવનારી ખરી ‘ગીતા’ અને ખરી ‘ઉપનિષદ’ તો આ ગીતો અને લખાણો જ છે.

[‘મારી જીવનકથા’ પુસ્તક]

## બાલમંદિરિયું

*બાલમંદિરિયું બાલમંદિરિયું*
*અમારું સુંદર સોહાય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*ટેકરીને શિખરે મંદિર અમારું,*
*દહેરાથી જાણે ધજાય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*કાંકરીયે કાંકરી વહાલી મારી ટેકરીની,*
*ઝાડવાંની ઝાઝી ઘટાય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*સવારે સૂરજ હસતા રે આવે,*
*સાંજે હસી હસી જાય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*સવારે સૂરજ સોનલાં રે વેરતા,*
*સાંજે ગુલાબ ઢોળી જાય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*કોઈ રાતના દૂધના ડેકે સરોવર,*
*કોઈ રાત તારા વરસાય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*સૂરજલોકથી ને ચાંદા તે લોકથી,*
*તારાથી આવ મોરી માંય,*
*વહાલું મારું બાલમંદિરિયું.*

*સામે તે ઘૂઘવે ઘેરો સમુંદર,*
*આવ આવ ત્યાંથી જગમાંય!*
*વહાલું મારું બાલમંદિરિયું.*

## અન્તરપટ

અન્તરપટ આ અદીઠ—
અરેરે આડું અન્તરપટ આ અદીઠ.

ગુજરાતી ક્લેવર ધરીને આવે છે. આ બાબતમાં જુગતરામભાઈ મેઘાણી જોડે તુલ્ય

પળ ઊપડી પટ પુનઃ બિડાયું, વા વાયો વિપરીત. અરેરે.

*તું મારાં—હું તારાં ઝીલું વિરહે વ્યાકુળ ગીત;*
*રાગ સુણ્યો, પણ રંગ ન રેલ્યો, વસમું એ સંગીત. અરેરે.*

*આ પા ઊછળે, તે પા ઊછળે, હૃદયો ભરી ભરી પ્રીત;*
*આકર્ષણ પણ સ્પર્શ નહીં, ક્ષણ ચેન પડે નહીં ચિત્ત. અરેરે.*

*ખીણ કે ખાડી-નદી નથી આડી, વંડી, વાડ કે ભીંત,*
*હાથ ચડે નહીં, તોય નડે આ ઝાકળ-ઝીણું ચીર. અરેરે.*

## ચકલી

*આવીને ઊડી ના જઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

*તને ચપટી ચવાણું દઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

*તને ખોબલે પાણી પાઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

*તને ધૂળમાં રમવા દઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

*તને ખોળામાં બેસવા દઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

*તને ઘરમાં રહેવા દઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

*તને માળો બાંધવા દઈશ,*
*ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!*

તારાં બચ્ચાંને ઊભી ઊભી જોઈશ,
ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!

## ચકીબહેન

ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા
આવશો કે નહિ?
આવશો કે નહિ?
ચક ચક ચણજે,
ચીં ચીં કરજે,
ચણવાને દાણા
આપીશ તને,
આપીશ તને.
બા નહિ વઢશે,
બાપુ નહિ બોલશે,
નાનો બાબો તને
ઝાલશે નહિ,
ઝાલશે નહિ....
બેસવાને પાટલો,
સૂવાને ખાટલો,
ઓઢવાને પીંછાં આપીશ તને,
આપીશ તને.
પહેરવાને સાડી,
મોરપીંછાંવાળી,
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને,
આપીશ તને....

# બાપુ અમર રહો!

*એનું જીવનકાર્ય અખંડ તપો*
*અમ વચ્ચે બાપુ અમર રહો!*

*એના જીવનમંત્ર સમો ચરખો*
*પ્રભુ, ભારતમાં ફરતો જ રહો!*

*અમ જીવનમાં અમ અંતરમાં*
*એની ઉજ્જ્વલ જ્યોત જ્વલંત રહો!*

*અમ દેશનાં દૈન્ય ને દુર્બળતા*
*એની પાવક આતમજ્વાળ દહો!*

*એનો સત્યનો સૂર્ય સદાય તપો*
*અમ પાપ-નિરાશાના મેલ દહો!*

*એનાં પ્રેમ-અહિંસાનાં પૂર પ્રભો*
*અમ ભારતના સહુ ક્લેશ વહો!*

*એણે જીવતાં રામ સદાય રટ્યા,*
*એ તો ‘રામ’ વદીને વિદાય થયા;*
*લઘુ માનવમાં મહિમા ભરવા*
*નિજ લોહી અશેષ વહાવી ગયા.*

# ધૂન

*સાથે રમીએ, સાથે જમીએ,*
*સાથે કરીએ સારાં કામ;*
*કામય રહેજો આપણી સાથે,*

*ઘટ ઘટ વસતા શ્રી ભગવાન.*
*ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ*

# જે. ડી. દોષી

## યાદદાસ્ત

સરકારી કાર્યાલયમાંથી લખેલ કોઈ પત્રનો જવાબ આવે પછી તેને પ્રત્યુત્તર આપતી વેળા મંત્રી મહોદય અગાઉ લખેલ પત્ર જોવા માગે અને તે વાંચીને જવાબ લખાવે. આમાં વિલંબ થવાનો સંભવ રહે. પણ બાબુભાઈની સ્મરણશકિત એટલી તીવ્ર હતી કે એવો કોઈ પત્ર મળે કે તરત, અગાઉ લખેલ પત્રનું અનુસંધાન માગ્યા વગર જ, પોતાની યાદદાસ્તને આધારે પ્રત્યુત્તર લખાવી દેતા.

# જે. એન. ટંડન

## આજનો વિદ્યાર્થી [૨]

આજના વિદ્યાર્થીના મગજ ઉપર તે પચાવી ન શકે એવી વસ્તુઓ લાદવામાં આવે છે. તેથી તે માત્રા ગોખણપટ્ટી કરતો થઈ જાય છે, જ્ઞાનને આત્મસાત્ કરતો જ નથી. અભ્યાસના મુદ્દાઓ તેના મગજની ઉપરની સપાટીએ થોડોક સમય ટકીને પછી સરકી જાય છે. આવી ગોખણપટ્ટી વિદ્યાર્થીના બૌદ્ધિક વિકાસમાં બિલકુલ મદદરૂપ બનતી નથી; એ બિચારો માત્રા પુસ્તકિયો કીડો બની રહે છે. પુસ્તકોની બહારની દુનિયાનું તેનું જ્ઞાન શૂન્યવત્ હોય છે. તેની પાસે નથી ગ્રહણશક્તિ, નથી સમજણ કે નથી પોતાના કહી શકાય તેવા અભિપ્રાયો. આજનો વિદ્યાર્થી શારીરિક રીતે નબળો છે, બૌદ્ધિક ક્ષેત્રો પછાત છે અને નૈતિક રીતે નાદાર છે.

કોઈ કાર્ય કરવાને તે કૃતનિશ્ચયી હોતો નથી. દલીલો કરવાની તેને ઇચ્છા થતી નથી. પુસ્તકોનાં પાનાં એના મનનાં દ્વાર બંધ કરી દે છે. સત્ય સાથેનો કોઈ સીધો સંપર્ક તે સાધી શકતો નથી. દૂરની મોટી મોટી વસ્તુઓની જ્ઞાનપ્રાપ્તિમાં તે એટલો તો રચ્યોપચ્યો રહે છે કે પોતાની આસપાસની નાની વસ્તુઓમાં એને રસ નથી રહેતો.

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે હવે માત્રા ઔપચારિક, આર્થિક અને ઉપરછલ્લો સંબંધ વિકસ્યો છે. આજનો શિક્ષક પગારદાર કાર્યકરથી વિશેષ કશું રહ્યો નથી. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના વ્યક્તિગત સંબંધની મીઠાશ ઊડી ગઈ છે. પરિણામે ગેરશિસ્ત અને જંગાલિયતભરેલું વર્તન જ્યાંત્યાં પ્રવર્તે છે.

આપણું શિક્ષણ સમય પસાર કરવાનું એક સાધન માત્રા બની ગયું છે. જ્ઞાન કરતાં ગમ્મત ખાતર—એક મજાક ખાતર જાણે કે વિદ્યાર્થીઓ શાળા-કૉલેજમાં જાય છે. આપણા વર્ગોએ સિનેમાહૉલનું સ્વરૂપ ધારણ

કર્યું છે. શિક્ષક રસિક ટુચકાઓ કહીને કે ચિત્રાવિચિત્રા ટીકાઓ કરીને પ્રેક્ષકગણને ખુશ કરવા મથતો અભિનેતા બની જાય છે. વિજ્ઞાને શોધેલાં મનોરંજનનાં અનેક સાધનોની જેમ શિક્ષણ પણ મનોરંજનનું જ એક સાધન બની ગયું છે. વિદ્યાર્થીઓને ન તો ડહાપણ મેળવવાની ધગશ છે, ન જ્ઞાનની તરસ. તેમની એકમાત્રા ઇચ્છા છે ડિગ્રી કે ડિપ્લોમાનું પ્રમાણપત્રા મેળવવાની! એ ડિગ્રીઓ નામમાં પ્રભાવક, પણ લાયકાતમાં નિસ્સત્વ હોય છે. વીજળીની બત્તીની સામાન્ય સ્વિચ, ઘડિયાળ કે રેડિયો રિપેર કરતાં વિદ્યાર્થીને નહીં આવડતું હોય, પણ એમ.એસસી. ની ડિગ્રી એ ધરાવી શકે છે!

# જે. એમ. પટેલ

## ફાસીવાદનું અસલ સ્વરૂપ

ફાસીવાદ ભયંકર વસ્તુ છે, એ લોકશાહીનો શત્રુ છે; કોઈ પણ ભોગે તેને હરાવવો જોઈએ.

પરંતુ ફાસીવાદ એટલે શું, ફાસીવાદીઓની નીતિરીતિઓ કેવી હોય છે વગેરે વિશે જાણ્યા વિના પ્રજા ફાસીવાદ કે ફાસીવાદીઓને ઓળખી શકે નહિ, તેમનો યથોચિત સામનો કરી શકે નહિ. એટલે ફાસીવાદનું અસલ સ્વરૂપ પ્રથમ સમજી લેવું જોઈએ.

ફાસીવાદનો ઉદય યુરોપના ઇટલી દેશમાં પ્રથમ વિશ્વયુદ્ધ પછી થયો હતો. યુદ્ધમાં પરાજિત થયેલ ઇટલીમાં સર્વત્રા હતાશા ફેલાઈ હતી. જૂના રાજકીય પક્ષો અને તેમના નેતાઓની વિચારસરણીઓ બદનામ થઈ ગઈ હતી. સામાજિક અને ધાર્મિક વ્યવસ્થા નિર્બળ અને વેરવિખેર થઈ ગઈ હતી. આર્થિક દુર્દશા પરાકાષ્ઠાએ પહોંચી હતી. લાખો લોકો કામધંધા યા નોકરી વિના બેકાર હતા. નાનાં-મોટાં ઘણાં કારખાનાં બંધ થઈ ગયાં હતાં. મજૂરો મનફાવે ત્યારે, ગમે તે બહાને, હડતાલો પાડી ઉત્પાદન થંભાવી દેતા હતા. કારખાનેદારો મરજી મુજબ તાળાબંધી જાહેર કરતા હતા. ચીજવસ્તુઓની ભારે અછત હતી. ફુગાવો આસમાને પહોંચ્યો હતો. ભૂખમરો, રોગચાળો જ્યાંત્યાં ફેલાયા હતા. લોકોને ઉગારવાનો ક્યાંયે આરો દેખાતો ન હતો.

આવી પરિસ્થિતિમાં એક નવો જ પક્ષ અસ્તિત્વમાં આવ્યો : ફાસિસ્ટ પક્ષ. એક વેળાના સમાજવાદી અખબારનો તંત્રી બેનિટો મુસોલિની તેનો આગેવાન હતો. તેણે તીખાં તમતમતાં ભાષણો દ્વારા, રેલીઓ દ્વારા, હતાશ પ્રજાને નવસંદેશ સુણાવવા માંડ્યો. ઇટલીના ભવ્ય ભૂતકાળની તેજભરી વાતો એણે ઊર્મિલ લોકો સામે વારંવાર કહેવા માંડી. નવરા, બેકાર યુવાનોની તેણે ફાસિસ્ટ પક્ષના સ્વયંસેવક દળમાં ભરતી કરવા

માંડી. ગરીબ, મજૂર, નીચલા મધ્યમ વર્ગના લોકોના ઉદ્ધારની મોટી મોટી યોજનાઓ જાહેર કરી. ઘણા લોકો મુસોલિનીના ફાસિસ્ટ પક્ષમાં જોડાયા. પક્ષ બહુ જોરશોરથી ફૂલવા ફાલવા માંડ્યો. મજૂરો, ગરીબો ઉપરાંત ધનિકો, કારખાનેદારો, ધર્મગુરુઓએ પણ ફાસિસ્ટ પક્ષને ટેકો આપવા માંડ્યો. પક્ષનાં વાજિંત્રો સમાં અખબારોએ લોકોના કાનમાં એકની એક વાત વારંવાર રેડવા માંડી: દેશનો ઉદ્ધાર એકમાત્ર ફાસિસ્ટ પક્ષ જ કરી શકશે. અન્ય તમામ પક્ષો જાત જાતનાં દેશી—વિદેશી સ્થાપિત હિતોનાં રખેવાળ છે. તેઓ લોકોના, દેશના દુશ્મનો છે. ઇટલીનું શાસન એક વાર ફાસિસ્ટ પક્ષના હાથમાં સોંપો, મુસોલિનીને દેશની ધુરા સંભાળવા દો; પછી જુઓ કે ઇટલી યુરોપનો સર્વશ્રેષ્ઠ દેશ બને છે! યાતનાઓ, હતાશા, દિશાશૂન્યતાથી થાકેલા લોકોના ઘણા મોટા ભાગે ફાસિસ્ટ પક્ષની આવી વાતોમાં વિશ્વાસ મૂક્યો.

દેશની સામાન્ય ચૂંટણીઓમાં સૌથી મોટા પક્ષ તરીકે ફાસિસ્ટ પક્ષ બહાર આવ્યો. હવે તે વધુ આક્રમક બન્યો. તેનું પ્રચંડ સ્વયંસેવક દળ ઉગ્ર અને હિંસક બન્યું. વિરોધપક્ષોની ઑફિસો પર તે હુમલા કરવા લાગ્યું. વિરોધી અખબારોની હોળીઓ થવા લાગી. વિરોધપક્ષોના સંખ્યાબંધ નેતાઓની હત્યાઓ થઈ. કારખાનેદારોને ફાસિસ્ટ પક્ષ તરફથી ખુલ્લી નોટિસ અપાતી કે, કારખાનું ચાલુ રાખવું હોય, મજૂરોને અંકુશમાં રાખવા હોય, તો આટલા પૈસા પક્ષના ફંડમાં જમા કરાવો. મજૂરસંઘોમાંય ફાસિસ્ટોએ ઘૂસણખોરી કરી. તેમણે હરીફ મજૂર સંઘો શરૂ કર્યા. આ મજૂર સંઘો પાસેથી ફાસિસ્ટ પક્ષ કારખાનેદારોને અંકુશમાં રાખવા માટે ફાળો ઉઘરાવતો હતો. કેથોલિક ધર્મસંઘમાં પણ ઘણા પાદરીઓને ફાસિસ્ટ પક્ષ માટે કામ કરવા માટે રાજી કરી દેવામાં આવ્યા. પાટનગર રોમમાં ફાસિસ્ટોનાં સભા-સરઘસ અને રેલીઓ સતત યોજાવા માંડ્યાં. દેશની સંસદના તેમના દ્વારા ઘેરાવ થવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે, છેવટે દેશની ધુરા મુસોલિનીને સોંપવામાં આવી. દેશ પર ફાસિસ્ટ પક્ષનું શાસન શરૂ થયું.

ઇટલીને હવે ફાસીવાદનો પ્રત્યક્ષ પરિચય થયો. ફાસીવાદી પક્ષ જ

દેશના કલ્યાણ માટે પ્રવૃત્ત એક માત્ર પક્ષ હતો; બીજા બધા વિરોધપક્ષો દેશના દુશ્મનો હતા. પરિણામે વિરોધપક્ષો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. વિરોધપક્ષના ઘણા નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા. કેટલાકની વિવિધ કાવતરાં દ્વારા હત્યા પણ કરવામાં આવી. ફાસિસ્ટ પક્ષની યા તેના નેતા મુસોલિનીની ટીકા કરનાર વ્યક્તિ, સંસ્થા, અખબાર દેશદ્રોહી ગણાવા માંડ્યાં. તેમને કાં તો જેલમાં મોકલવામાં આવ્યા યા તેમના પર પ્રતિબંધ મુકાયા. કેટલાંક અણનમ વિરોધી છાપાંને ફાસિસ્ટ ટોળીઓએ બાળી મૂક્યાં. દેશભરમાં કડક ‘સેન્સરશીપ’ દાખલ કરવામાં આવી. તમામ સમાચારોની સરકાર દ્વારા પ્રથમ ચકાસણી કરાવવાનું અખબારો માટે ફરજિયાત બનાવાયું. સરકારની, ફાસિસ્ટ પક્ષની, પક્ષના ‘સર્વોચ્ચ’ નેતા મુસોલિનીની ટીકા કરતા કોઈ પણ સમાચાર છાપવાની મનાઈ ફરમાવાઈ. અખબારી સ્વાતંત્ર્યને આમ ગૂંગળાવી મારવામાં આવ્યું. અખબારોએ નિત્ય નવા નવા રૂપમાં દેશની વધતી જતી સમૃદ્ધિના, ફાસિસ્ટ પક્ષની લોકકલ્યાણ અંગેની પ્રવૃત્તિઓના, મુસોલિનીની મહાનતાના સમાચારો પ્રથમ પૃષ્ઠો પર મોટા અક્ષરોમાં છાપવા માંડ્યા.

સાથોસાથ ફાસિસ્ટ સરકારે દેશના રેડિયો પર પણ અંકુશ જમાવ્યો, રેડિયો પર ફાસિસ્ટ પક્ષના યા તેની વિચારસરણીને અનુસરનારા અધિકારીઓને ઘુસાડવામાં આવ્યા. ઘણા તટસ્થ યા નિષ્પક્ષ કર્મચારીઓને કાં તો નીચલા હોદ્દા પર ઉતારી દેવામાં આવ્યા યા બરતરફ કરવામાં આવ્યા. રેડિયો રાતદિવસ મુસોલિનીની મહાનતા વિશે, ફાસિસ્ટ પક્ષે સાધેલા ઇટલીના કલ્યાણ વિશે પ્રચાર કરવા લાગ્યો. મુસોલિનીની વ્યક્તિપૂજા શરૂ કરવામાં આવી. વિરોધપક્ષી-નેતાઓની રેડિયો સતત કટુ આલોચના કર્યા કરતો. તેમના પર ઉપજાવી કાઢેલા આરોપો મુકાતા અને લોકોને એવા દેશદ્રોહીઓની જાળમાં ન ફસાવા માટે ચેતવણી અપાતી. રેડિયો પર ફાસિસ્ટ પક્ષના યા તેના તરફ સમભાવ દાખવતા લેખકો, કલાકારો, પત્રકારોને જ બોલવા માટે નિમંત્રણ અપાતાં. ફાસિસ્ટ પક્ષના વિરોધી યા તેના તરફ શંકાસ્પદ વફાદારી ધરાવતા લેખકો, પત્રકારો, કલાકારોને રેડિયોકાર્યક્રમોમાંથી સદંતર દૂર કરી દેવામાં આવ્યા.

એવી જ રીતે વિશ્વવિદ્યાલયો, ફિલ્મ અને નાટકકંપનીઓ, સાંસ્કારિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓમાં ફાસિસ્ટ પક્ષના સમર્થકોને મુખ્ય યા ઉચ્ચ પદે ગોઠવી દેવામાં આવ્યા.

ફાસિસ્ટ સરકારે ‘એક રાષ્ટ્ર’નો નારો ગજાવ્યો; તેની સાથે ‘એક પક્ષ અને એક નેતા’નો પણ નારો ગજાવ્યો. ઇટલી એક રાષ્ટ્ર છે, તેમાં એક જ પક્ષ છે—ફાસિસ્ટ, અને પક્ષનો ને દેશનો એક જ ‘સર્વોચ્ચ’ નેતા છે—બેનિટો મુસોલિની, એવી વિચારસરણી જોરશોરથી વહેતી કરાઈ. દેશની સંસદને નિષ્ક્રિય બનાવી દેવાઈ. ‘સર્વોચ્ચ’નો બોલ તે જ કાયદો; તેને ફાસિસ્ટ પક્ષનો આંધળો ટેકો મળતો. વિરોધ પક્ષો-નેતાઓ હતાશ અને છિન્નભિન્ન થઈ ગયા. ઘણા વિરોધીઓ ભય-લાલચના માર્યા ફાસિસ્ટ પક્ષમાં જોડાયા. તેમાં સમાજવાદીઓ, લોકશાહીવાદીઓ, કેથોલિક ધર્મસંઘવાળા ઉપરાંત ઘણા સામ્યવાદી પણ સામેલ થઈ ગયા. પદ, પૈસા, સત્તાની લાલચે કરી તેમ જ ફાસિસ્ટ પક્ષે સર્જેલા આતંકભર્યા વાતાવરણથી ગભરાઈ અનેક તકવાદી લેખકો-કવિઓ પણ મુસોલિનીના પક્ષમાં મળી ગયા. એઝરા પાઉન્ડ જેવા અમેરિકન કવિ પણ ફાસિસ્ટ પક્ષ અને મુસોલિનીના પ્રશંસક બન્યા. મુસોલિનીની સરકાર તેમજ ફાસિસ્ટ પક્ષ તરફથી સારાં માન-અકરામ મેળવનારા આવા લેખકો સ્વબચાવમાં કહેતા કે, અમે તો દેશના ‘મુખ્ય પ્રવાહ’માં ભળ્યા છીએ; ‘સર્વોચ્ચ’ અને તેના પક્ષને અમે એટલા માટે સમર્થન આપીએ છીએ કે તેઓ જ દેશને બચાવી શકે તેમ છે, દલિત-પીડિત લોકોનો ઉદ્ધાર કરી શકે તેમ છે. મુસોલિનીની સરકારે આવા ‘રાષ્ટ્રભક્ત’ લેખક-કવિઓને સરકારી, અર્ધસરકારી છાપાં-સામયિકોમાં ઊંચા હોદ્દે બેસાડ્યા તેમજ સાહિત્યિક-સાંસ્કૃતિક-કલા સંસ્થાઓના વડા તરીકે સ્થાપ્યા. પોતાના આત્માને વશવર્તી લખનારા, સ્વતંત્ર મિજાજી, સ્વમાની ઘણા લેખકો-કવિઓ—કલાકારો કાં તો મૂંગા બની ગયા, યા તક મળી તો દેશ બહાર ભાગી છૂટ્યા. લોકોને સમાચારો ઉપરાંત સાહિત્ય, કલા વગેરે પણ સરકારી સાહિત્યકારો પાસેથી પ્રાપ્ત થવા લાગ્યાં. તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં ‘સર્વોચ્ચ નેતા’ મુસોલિનીનાં ગુણગાન થતાં રહેતાં.

પ્રજાથી આવું બધું સહેવાતું નહોતું, પણ તે અંગે ક્યાંય કશું કહેવાતું પણ ન હતું; કારણ કે ‘સર્વોચ્ચ નેતા’, ફાસિસ્ટ પક્ષ, સરકાર યા તેનાં વિવિધ ખાતાં દ્વારા થતી કોઈ પણ પ્રવૃત્તિની ટીકા કરવી એ દેશદ્રોહ હતો અને એવા દેશદ્રોહીને ગમે ત્યારે સજા થઈ શકતી. ચોતરફ સરકારી અને પક્ષની જાસૂસી જાળ પથરાયેલી હતી. કોઈ કશું પણ વિરોધમાં બોલે તો તેની ખબર પક્ષ યા સરકારને દફતરે તુરત જ પહોંચી જતી, અને વિરોધ કરનાર વ્યક્તિ તત્કાળ ગિરફતાર થઈ જતી. પરિણામે ઘર, શેરી, બજાર, રસ્તો, શાળા, કૉલેજ, થિયેટર, કારખાનું, ખેતર, અદાલત, દેવળ—ક્યાંય મોકળે મને કશી સાચી વાત કરવાની કોઈને તક ન હતી, કોઈમાં હિંમત પણ ન હતી. દેશ આખો એક વિરાટ કારાગાર બની ગયો હતો.

સરકાર અને પક્ષ બેઉ અભિન્ન બની ગયાં હતાં. ફાસિસ્ટ પક્ષના અનુયાયીઓ ગમે તેની ઉપર ગમે તેવો આરોપ મૂકી શકતા, ફાસિસ્ટ પક્ષના સ્વયંસેવકો તેની ધરપકડ કરી શકતા, ફાસિસ્ટ સરકારની અદાલત તેને મનફાવે તેવી સજા ફટકારી શકતી. ન્યાયાધીશો-વકીલોને કાયદા-કાનૂન અનુસાર નહિ પણ ફાસિસ્ટ પક્ષના અધિકારીઓના આદેશ મુજબ વર્તવું પડતું. કાનૂનને વફાદાર રહેવા માટે અડગ એવા ન્યાયાધીશો અને વકીલોને તેમના હોદ્દા પરથી દૂર કરી દેવામાં આવ્યા હતા. દેશનો ‘સર્વોચ્ચ’ એવો મુસોલિની તમામ કાયદા-કાનૂન, ન્યાય-અદાલતથી સંપૂર્ણ પર હતો. ફાસિસ્ટ પક્ષના અધિકારીઓ ન્યાયતંત્રના નિયંત્રણમાંથી મુક્ત બની ગયા હતા. ન્યાયતંત્રનું દેખાવ પૂરતું માળખું ટકાવી રાખવામાં આવ્યું હતું, પણ તેમાં તળિયેથી માંડી ટોચ સુધીના અધિકારી વર્ગની ભરતી ફાસિસ્ટોની મરજી મુજબ થઈ હોવાથી, તેમ જ ફાસિસ્ટ સરકારની તલવાર માથા પર સદાય લટકતી હોવાથી, તેનું કશું સ્વાતંત્ર્ય કે મહત્ત્વ રહ્યું ન હતું એટલે લોકોને ન્યાયતંત્ર તરફથી કશું સંરક્ષણ મળે તેમ ન હતું.

પોલીસતંત્રમાં પણ ફાસિસ્ટ પક્ષના સભ્યો, સમર્થકો યા સમભાવશીલોને ભરી દેવામાં આવ્યા હતા. પોલીસદળ પ્રજાની સલામતી

અને સુરક્ષા માટે નહિ પણ ફાસિસ્ટ પક્ષની સલામતી અને સુરક્ષા માટે કામ કરતું હતું. ફાસિસ્ટ પક્ષ અને સરકારનું પૂરેપૂરું પીઠબળ પોલીસતંત્રાને મળતું, પરિણામે તે આપખુદ, જુલમી અને લાંચિયું બની ગયું હતું. પોલીસતંત્રા અને ન્યાયતંત્રા લાંચરુશવતથી ખદબદતાં હતાં. એ વિભાગોમાં કામ કરનાર અધિકારી વર્ગ બહુ થોડા સમયમાં અત્યંત ધનિક બની ગયો હતો.

સરકારનાં તમામ ખાતાંમાં લાયકાત કરતાં વધુ તો ‘સર્વોચ્ચ’ તરફની વફાદારીને ધોરણે ભરતી કરાતી. આવી રીતે સત્તાધીશ બનેલ અધિકારી વર્ગ ‘સર્વોચ્ચ’ એવા મુસોલિનીને અને ફાસિસ્ટ પક્ષને વફાદાર રહી ગમે તેવી પ્રવૃત્તિ કરી શકતો. પોતાની જવાબદારીઓ પ્રતિ દુર્લક્ષ કરી, લાંચરુશવત લઈ, અમલદાર વર્ગ લાચાર, ભયભીત પ્રજાને વિવિધ રૂપમાં સતત નિચોવ્યા કરતો.

‘સર્વોચ્ચ’નું એવું સ્થાન સદા ટકી રહે તે માટે શક્ય એવા તમામ પ્રયાસો ફાસિસ્ટ પક્ષ તરફથી ચાલુ રહેતા. મુસોલિની પોતાના વિશ્વાસુઓને જ લશ્કરમાં ઉચ્ચ સ્થાનો પર નીમતો યા ટકી રહેવા દેતો. લશ્કરમાં પણ ‘સર્વોચ્ચ નેતા’ની વ્યક્તિપૂજાને ઉત્તેજન આપવામાં આવતું. ઘણા સૈનિકો ફાસિસ્ટ સ્વયંસેવક દળોમાંથી જ સેનામાં જોડાયા હતા.

ફાસિસ્ટ પક્ષમાં પણ ‘સર્વોચ્ચ’નો કોઈ હરીફ પેદા ન થાય—હરીફ હોય તો ટકી ન રહે—તે માટે પૂરી તકેદારી રખાતી. કોઈક ભયજનક હરીફને ખતમ કરી નાખવામાં આવતા. આવાં ખૂનોને વિરોધીઓનાં કાવતરાંનાં પરિણામ ગણાવવામાં આવતાં. તેમને અનુલક્ષી બચ્યા-રહ્યા વિરોધીઓને પકડી દંડવામાં આવતા. એ રીતે ‘સર્વોચ્ચ’ના વિરોધીઓનો અંત આવી જતો. પરિણામે ફાસિસ્ટ પક્ષની અંદર પણ ભય-આતંકનું વાતાવરણ સદા જામેલું રહેતું. ફાસિસ્ટ પક્ષમાંની સત્તાભૂખી વ્યક્તિઓ, ટોળકીઓ પરસ્પર શંકા, અવિશ્વાસથી જોતી. કોણ કોનું કાસળ કઈ રીતે કાઢી નાખશે એ અંગેની ભીતિ સૌના મનમાં સદા જાગતી જ રહેતી.

અનેક કારખાનાં, ઉદ્યોગધંધા ખોરવાઈ ગયા હતા. તેમનું ઉત્પાદન ઘટી ગયું હતું. ખેતીક્ષેત્રો પણ જુલમી સરકારી તંત્રાની હેરાનગતિને

લઈ ઉત્પાદન સાવ ઘટી ગયું હતું. ફાસિસ્ટ પક્ષના ભંડોળમાં ફંડફાળા આપનાર 'દેશભક્ત' વેપારીઓ ધૂમ કાળાબજાર, નફાખોરી, સંઘરાખોરી કરતા હતા, પ્રજાનું બેફામ શોષણ કરતા હતા; તેમ છતાં તેમને કોઈ ટોકતું-રોકતું ન હતું. બીજી બાજુ, 'સર્વોચ્ચ' અને ફાસિસ્ટ પક્ષના વિરોધી ગણાતા વેપારી યા કારખાનેદારોને નફાખોર, સંઘરાખોર, પ્રજાપીડક બતાવી જેલમાં પૂરવામાં આવતા હતા. આ વસ્તુનો સરકાર ઘણો પ્રચાર કરતી કે, તે ગરીબ પ્રજાના હિતમાં તેમના શત્રુઓ સામે કડક પગલાં લઈ રહી છે. પરંતુ આવા 'સ્ટંટ' દ્વારા ન તો ફુગાવો અંકુશમાં આવ્યો, ન મોંઘવારી ઘટી. ન ચીજવસ્તુઓ સુલભ થઈ, ન કાળાંબજાર ઘટયાં, ન ગરીબી હઠી; તવંગર વધુ તવંગર બન્યા, ગરીબ વધુ ગરીબ બન્યા. સૌથી વધુ સમૃદ્ધ થયા ફાસિસ્ટ પક્ષના નેતાઓ, અધિકારીઓ ને કેટલાક અનુયાયીઓ તેમજ તેમના સાથીદારો બનેલા ધનપતિઓ, ઉદ્યોગપતિઓ, લેખકો, અધ્યાપકો, મજૂરસંઘોના નેતાઓ અને કેટલાક પાદરીઓ. સામાન્ય પ્રજા તન-મન-ધનથી ખુવાર બની ગઈ.

સમય જતાં પ્રજાની અંદર ધૂંધવાતો અસંતોષ બહાર આવવા લાગ્યો. પક્ષમાંનાં અસંતુષ્ટ તત્ત્વો પણ માથું ઊંચકવા માંડ્યાં. છિન્નભિન્ન વિરોધપક્ષો નવેસરથી ઊભા થવા લાગ્યા. પરિણામે, આવી રહેલા ભયનાં એંધાણ પારખી 'સર્વોચ્ચે' અને ફાસિસ્ટ પક્ષે જોરશોરથી પ્રચાર શરૂ કર્યો : દેશનું સ્વાતંત્ર્ય જોખમમાં છે, શત્રુદેશો તેના પર તૂટી પડવાની તૈયારીમાં છે, તેમણે તેમના 'એજન્ટો' ઇટલીમાં મોકલ્યા છે, આ લોકો મજબૂત સરકારને તોડી પાડી દેશમાં અંધાધૂંધી ફેલાવવા માગે છે, જેથી કરીને તેઓ આસાનીથી આક્રમણ કરી શકે, દેશને જીતી લઈ શકે. એટલે 'સર્વોચ્ચ', ફાસિસ્ટ પક્ષ અને સરકારી નીતિરીતિનો વિરોધ કરનારાઓ ભયંકર દેશદ્રોહી ગણાવા માંડ્યા. તેમના પર અકથ્ય જુલમ ગુજારવામાં આવ્યા.

અંતે એક માત્ર બીજા વિશ્વયુદ્ધમાં કારમો પરાજય જ ઇટલીને ફાસીવાદના મહાભીષણ ફંદામાંથી છોડાવી શક્યો.

મુસોલિનીના ઇટલીનું પુનરાવર્તન કોઈ પણ દેશમાં ગમે ત્યારે

થઈ શકે.

['નિરીક્ષક' અઠવાડિક: ૧૯૭૬]

# જે. બી. પ્રિસ્ટલી

## વિકરાળ પ્રશ્ન

આપણી દોડવાની ગતિ વધારીએ તે પહેલાં બે ઘડી શાંતિથી વિચારશું ખરા કે આપણે જવું છે ક્યાં? આજે આટલા બધા લોકો વધુ ને વધુ બેચેન અને અશાંત થતા જાય છે. તેમને ખબર નથી કે તેઓ ક્યાં જવા માગે છે, પણ તેમને ક્યાંક જવું છે: જીવન ત્યાં વધુ સારું હશે, અહીં તે સંતોષકારક નથી. આપણો આખોયે સમાજ બેચેન છે, અસ્વસ્થ છે, અસંતુષ્ટ છે; બીજે ક્યાંક જવા, બીજું કશુંક મેળવવા ઝંખે છે. તેથી આ બધી દોડધામ છે.

નકામી ને ભંગાર ચીજવસ્તુઓનાં ઉત્પાદન, જાહેરાત અને ખરીદ-વેચાણ પાછળ આજે કેટલાં બધાં સમય, શક્તિ અને નાણાં વેડફાઈ રહ્યાં છે! આ નરી મૂઢતા છે; કેમ કે જેઓ વધુ પૈસા મેળવવા પોતાના ઘરાકને છેતરે છે, તેઓ એ વાત ભૂલી જાય છે કે તેઓ પોતે જ્યારે ઘરાક બનીને કશુંક લેવા નીકળશે ત્યારે તેઓ પણ છેતરાવાના જ છે. આ તો એક ઝેરી કૂંડાળું છે.

ખરેખર તો, મોટા ભાગના લોકો કાંઈક માનસિક શાંતિ ઇચ્છે છે. એમને એવો સમાજ જોઈએ છે કે જેમાં પોતાના કુટુંબના ભાવિ વિશે ચિંતા ને ભય ન રહે. તેઓ સતત દોડયે જ રાખવા માગતા નથી, પણ ઠરીઠામ થવા ઇચ્છે છે. ભાવો, પગારો, અકરાંતિયો ઉપભોગ વગેરેના ચકરાવામાંથી છૂટવા મળે, તો એ સુખ પામશે. એમને ઝંખના છે થોડુંક વિચારવાની, કંઈક મનની શાંતિ માણવાની. અને એ બધી ચીજોના કાંઈ પૈસા નથી પડતા, તે મેળવવા માટે ઓવરટાઇમનો ઢસરડો નથી કરવો પડતો. પરંતુ આવી બાબતોનો પ્રચાર કરવાથી કોઈનો નફો વધતો નથી, એટલે પછી લોકોને એ વિશેની કેળવણી કોઈ આપતું નથી.

એક વિકરાળ આપણી સામે ડાચાં ફાડીને ઊભો છે: લોકો આ

તે કઈ જાતનું જીવન જીવે છે? ગુનાઓનું પ્રમાણ કેમ વધતું જ જાય છે? સમાજમાં આટલી બધી હિંસા ને વિધ્વંસકતા, હતાશા ને સાશંકતા કેમ છે? કોઈ સામૂહિક હેતુ કે ધ્યેય વિશેની પ્રતીતિ કેમ નથી? સમાજ પ્રત્યે આત્મીયતાની ભાવના કેમ ક્યાંય દેખાતી નથી?

# જેઇમ્સ ફ્લેચર

## કવિનું કામ

*કવિનું કામ મનુષ્યના આત્માનો ઉદ્ધાર કરવાનું નથી,*
*પણ તેને ઉદ્ધારને પાત્રા બનાવવાનું છે.*

# જેક ડેન્ટન સ્કોટ

## કદર કરવાની કળા

પ્રશંસાના બે બોલ આપણી વાતચીતમાં સોનાની મહોર જેટલા મૂલ્યવાન નીવડતા હોય છે. પ્રશંસા કરનાર અને તે મેળવનાર, બંનેની શોભા વધારે તે પ્રશંસા સાચી. યોગ્ય પ્રશંસા કરવી તે પણ એક કળા છે. આપણામાંથી ઘણા સાચે જ કોઈકની પ્રશંસા કરવા માગતા હોય છે, પણ એમના મોઢામાંથી જે શબ્દો નીકળે છે તે હવામાં લટકતા રહી જાય છે. સાચી પ્રશંસા મુદ્દાસરની હોય છે; એમાં કશું ગોળગોળ નથી હોતું. અને તેમાં વ્યક્તિગત સ્પર્શ હોય છે.

કદર કરવામાં યોગ્ય સમયનું પણ મહત્ત્વ હોય છે. કોઈએ સરસ ભાષણ કર્યું હોય કે તમને ભાવથી ભોજન કરાવ્યું હોય, તો તેની કદર કરવામાં બહુ વાર લગાડશો નહીં. તેમ છતાં, પ્રશંસાની આપણી મૂડી સાચવી સાચવીને વાપરવાની છે. અને એ પણ યાદ રાખવાનું છે કે, કોઈ પણ માણસ એટલો બધો મહાન તો નથી જ હોતો કે સાચી કદરના એક સખૂનની તેને પડી ન હોય.

(અનુ. મંજરી મેઘાણી)

# જોન ડગલાસ સ્પ્રીંગલ

## બેધારી તલવાર પર

મારી દૃષ્ટિએ સારો તંત્રી શારીરિક, માનસિક અને નૈતિક રીતે ખડતલ હોવો જોઈએ. લાંબા કલાકો સુધી સતત કામ કરવા માટે તેનું સ્વાસ્થ્ય સારું હોવું જોઈએ. તંત્રી માનસિક રીતે ખડતલ હોવો જોઈએ, કારણ કે તેણે વિવિધ વિકલ્પોમાંથી પસંદગી કરીને નિર્ણય લેવાનો હોય છે. ફોટા, સમાચારો, અહેવાલો વગેરે વચ્ચે તુલના કરીને પસંદગી કરવાની હોય છે. તેની નીચેના સ્ટાફને વિવિધ સત્તા અને કામ સોંપવામાં જ અને તેમને શિસ્તમાં રાખવામાં તંત્રીની અડધી શક્તિ ખર્ચાઈ જાય છે.

તંત્રીમાં નૈતિક ખડતલપણું પણ હોવું જોઈએ. બાહ્ય દબાણથી તે પર હોવો જોઈએ. આવું દબાણ સંચાલકો તરફથી કદાચ આવે, રાજકારણીઓ તરફથી પણ આવે. કોઈ મોટી વ્યક્તિ મિજાજ પણ ગુમાવે. પરંતુ તે સમયે મને ખોટું લાગતું નથી. કારણ કે જેમ મને મારો અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે, તેમ મારા વાચકને પણ તે સ્વતંત્રતા છે.

ઉપરાંત તંત્રીએ નાની નાની ભૂલો માટે જાગૃત રહેવું પડે છે. રિપોર્ટરો ઉતાવળે અહેવાલ લખે અને સમય જાળવવો હોય એટલે કોઈ વખત ભૂલ તો રહી જ જાય. મેં જે જે વર્તમાનપત્રોમાં કામ કર્યું છે ત્યાં વિગતોની ભૂલ, છાપકામની ભૂલ વગેરે નિવારવા સખત જહેમત ઉઠાવી છે. છતાંય માનવમાત્ર ભૂલને પાત્રા છે. જનતા તો પૂર્ણતા માગે છે. પણ જનતા જાણતી નથી કે એક પુસ્તક વરસે કે છ મહિને તૈયાર થાય છે, મોજથી તેનાં પ્રૂફ વંચાય છે, એમ છતાંય પુસ્તકોમાં ભૂલો રહી જાય છે. તો પછી વર્તમાનપત્ર તો ‘પિસ્તોલની અણીએ’ તૈયાર થતું હોય છે, માત્ર બાર કલાકના ગાળામાં તેણે પૂર્ણતાએ પહોંચવાનું હોય છે.

વર્તમાનપત્રની રાજકીય નીતિ અંગે પણ તંત્રીએ જાગૃત રહેવું પડે છે. જો તંત્રી સાથે માલિકો અગર સંચાલકો મળતા ન થાય તો? જોકે મોટે ભાગે વર્તમાનપત્રના માલિકોને તંત્રીના રાજકીય વલણની જાણ હોય છે. ઉપરાંત જો તંત્રી મૂરખ ન હોય તો તેના વર્તમાનપત્રની નીતિને અને માલિકોની નીતિને પણ જાણતો જ હોય છે. મારા અનુભવ ઉપરથી મને સમજાય છે કે તંત્રીએ એક વખત પોતાની નિમણૂક સ્વીકારી લીધા પછી માલિકોને વર્તમાનપત્રની નીતિનો નિર્ણય કરવાની છૂટ આપવી જોઈએ. તેનો મત ભિન્ન થતો હોય તો તેણે રાજીનામું આપવું જોઈએ. આખરે તો, વર્તમાનપત્ર એ પણ બીજી મિલકતોની માફક એક મિલકત છે. માલિક અમુક નીતિનો આગ્રહ રાખે તે વાજબી છે. ઘણા પત્રકાર એમ દલીલ કરે છે કે 'તંત્રી સાચા હોય છે અને માલિકો ખોટા હોય છે'—આ વાત હું સ્વીકારતો નથી. એવો કોઈ કુદરતી કાનૂન નથી કે તંત્રીમાં જ દૈવી ડહાપણનો ભંડાર ભરી દેવાય છે. લંડનના 'ટાઇમ્સ' દૈનિકના તંત્રીએ બીજા વિશ્વયુદ્ધ પહેલાં જર્મનીના નાઝીવાદને

પુરસ્કૃત કર્યો હતો, તે કેટલું ખોટું હતું તે હવે આપણને સમજાય છે. એ પછીના તંત્રીએ રશિયાને ખુશ કરવાની નીતિ અપનાવી હતી, તે કેટલી ખોટી હતી તે પણ આજે સમજાય છે.

મારી દૃષ્ટિએ તો તંત્રી અને માલિક બન્ને એક જ વ્યક્તિ હોય તે શ્રેષ્ઠ સ્થિતિ છે. પણ તેવી સ્થિતિ ન હોય ત્યારે તંત્રીએ માલિકોની મરજી આગળ નમતું જોખવું પડે છે. વાસ્તવમાં ભાગ્યે જ માલિકો દખલ કરતા હોય છે. લંડનના 'ટાઇમ્સ'ના તંત્રીઓને મોટે ભાગે આવી સ્વતંત્રતા મળી છે. વેડ્ઝવર્થ તંત્રી હતા ત્યારે મેં ઉપર વર્ણવેલા ગુણો તેનામાં હતા. તે કદી થાકતા નહિ. લાંબા કલાકો સુધી કામ કરતા, ભાગ્યે જ રજા ભોગવતા. તેમના ઉત્સાહ અને કામ અંગેની તન્મયતામાં ઓટ જ ન આવતી. તે તત્કાલ નિર્ણય લેતા, ને પછી પોતે ખોટા ઠરશે તે બાબતની ચિંતા પણ ન કરતા. વેડ્ઝવર્થને માલિકો તરફથી સંપૂર્ણ છૂટ હતી.

દરેક તંત્રીને સમાજ, દુનિયા અને તેના રાજકારણ વિષે સ્પષ્ટ

મતો હોતા નથી. મારામાં પણ એવી કોઈ સ્પષ્ટતા નહોતી. હું સાચો જ છું અને જે મત વ્યક્ત કરું તેને પડકારી જ ન શકાય, તેવું હું માનતો નહિ. મારા પત્રકારત્વની કારકિર્દી પછી અત્યારે હું એક તારણ ઉપર આવ્યો છું—એ તારણ બીજા પત્રકારોને અને તંત્રીઓને માર્ગદર્શક બની શકે તે માટે અહીં લખું છુંઃ કોઈ પણ તંત્રી કે માનવી પોતે સાચો હોય તેના કરતાં તે વિવેકબુદ્ધિવાળો હોય તે વધુ મહત્ત્વનું છે.

લોકશાહીમાં કોઈ પણ વર્તમાનપત્ર તર્કસંગત રીતે દલીલો રજૂ કરે તો તે ઉપયોગી સેવા કરી શકે છે. કદાચ પાછળથી તે દલીલો ખોટી પણ ઠરે. બીજાં વર્તમાનપત્રો પણ એ સમયે વિરુદ્ધની દલીલો કરતાં હોય છે. તંત્રી કાંઈ ઈશ્વરનો અવતાર નથી. તંત્રી લોકશાહીની પ્રક્રિયાનો એક ભાગ છે. સત્ય ભણી પહોંચવા સમાજ આ પ્રક્રિયામાંથી પસાર થાય છે ત્યારે ભૂલો પણ થતી હોય છે. જો આપણે આટલું સ્વીકારી લઈએ તો પછી આપણે આપણા વિરોધીઓ પ્રત્યે વધુ સહિષ્ણુ બનીશું (કારણ કે કદાચ આપણા વિરોધી સાચા હોય). આપણે વાજબી દલીલો કરવી જોઈએ અને પ્રતિપાદન કરવા મહેનત કરવી જોઈએ. તંત્રીની મુખ્ય ફરજ તેના વર્તમાનપત્ર કે તેના માલિક પ્રત્યે કે તેના રાજકીય પક્ષ પ્રત્યેની નથી, પણ વિવેકપુરઃસરની ચર્ચાવિચારણા માટેના મુખ્ય સિદ્ધાંતો પાળવાની છે. જીવનભર વિવિધ ઘટનાઓ ઉપર આડેધડ ટીકાટિપ્પણી કરીને ઉદ્ધત બન્યા પછી અત્યારે હું કબૂલ કરું છું કે માણસે નમ્ર અને વિવેકી બનવું જરૂરી છે.

(અનુ. કાંતિ ભટ્ટ)

# જૈનેન્દ્રકુમાર

## પળે પળે શહીદ

અહિંસક પરાક્રમ અને હિંસક પરાક્રમમાં જે ફરક છે તે એ કે હિંસક પરાક્રમ સામયિક હોય છે અને તે અમુક મોરચા પરથી જ થઈ શકે છે, જ્યારે અહિંસક પરાક્રમ સતત થતું રહે છે. અને તે જીવનવ્યાપી હોય છે. નિત્ય શક્તિ હશે તો જ તે નૈમિત્તિક સમય પર પ્રગટ થઈ શકશે. અહિંસક શહીદ માત્રા અમુક ક્ષણે જ મરવા માટે નથી નીકળતો હોતો, બલ્કે તે તો પળે પળે શહીદ થતો હોય છે.

# જોન બ્રીક્સ

## આ પુલ!

ઉત્તર અમેરિકા એક કાળે બ્રિટનનું સંસ્થાન હતું. ત્યાં વસતા લોકોએ પોતાની સ્વતંત્રતા માટેનું યુદ્ધ ૧૮મી સદીના પાછલા ભાગમાં શરૂ કરેલું. બળવાખોરોને જેર કરવા આવી રહેલા બ્રિટિશ લશ્કરની આગેકૂચ અટકાવવા માટે એક પુલ ઉડાવી દેવાનો હતો. નાગરિક સેનાની એક ટુકડી એ પુલનાં લાકડાં સંભાળીને છૂટાં પાડતી હતી અને તેને ઠરાવેલા સ્થળે લઈ જઈ વ્યવસ્થિત રીતે ગોઠવતી હતી.

તે વખતે બળવાખોર લશ્કરની એક ટુકડી ત્યાં મદદ માટે આવી પહોંચી. તેના અફસરે પેલી નાગરિક સેનાના નાયકને પૂછ્યું: "આ બધાં લાકડાં છૂટાં પાડીને તેને વ્યવસ્થિત રીતે સંતાડી રાખવાની ખટપટમાં પડવાને બદલે ઊભા પુલને બાળી મૂકીએ, તો કેટલી બધી મહેનત બચી જાય!"

નાયકે મોં પર દુઃખ લાવીને કહ્યું: "પુલને બાળી નાખીએ? આ પુલને? અરે, મારા સાહેબ! પંદર વરસ પહેલાં આ પુલ મારા બાપાએ બાંધેલો. અમારા વિસ્તારમાં એ સૌથી મજબૂત પુલ ગણાય છે. ભલે તે બહુ મોટો નથી, પણ છે અડીખમ. એને કાંઈ બાળી નખાતો હશે? દુશ્મન અંગ્રેજોનું લશ્કર અહીંથી એક વાર પસાર થઈ જાય, એટલે પછી આવીને તરત અમે પુલ જેવો હતો તેવો પાછો ઊભો કરી દેશું. તમે જોજો તો ખરા, એકેએક લાકડું, એકેએક ખીલો જ્યાં હતાં ત્યાં બરાબર ગોઠવાઈ જશે! આ લડાઈ તો બે-પાંચ દિવસની બાબત છે. પણ મહેરબાન, યાદ રાખજો કે હું અને તમે ક્યારનાય મરી પરવાર્યા હશું ત્યારે પણ મારાં પોતરાં આ પુલ પર થઈને જતાં-આવતાં હશે!"

# જોન મેઈઝફીલ્ડ

## છાપખાનાની શોધ...

*છાપખાનાની શોધ થઈ ત્યાર બાદ*
*કવિતા આખા સમૂહનો આનંદ મટી ગઈ છે*
*અને થોડાક લોકોનું મનોરંજન બની ગઈ છે.*

# જોન સીઝકો

## એટલું ભૂલીએ નહીં—

એટલું કદી ભૂલીએ નહીં કે ઝાકઝમાળ એ મહાનતા નથી, વાહવાહ તે પ્રતિષ્ઠા નથી, પ્રાધાન્ય તે શ્રેષ્ઠતા નથી. આજની ઘડીનો માનવી યુગપુરુષ બનવા યોગ્ય નહીં હોય. કાંકરો કદાચ ચળકતો હોય, પણ તેથી એ હીરો બની જતો નથી. બ્રહ્માંડમાં સૌથી મોટી શક્તિઓ કદાપિ ભપકાદાર હોતી નથી. વાવાઝોડા કરતાં વર્ષા વધારે અસરકારક હોય છે. જેમનાં સન્માનો થતાં નથી, જેમનાં ગીત ગવાતાં નથી તેવાં મનુષ્યોની ઈમાનદારી, નિષ્ઠા અને પવિત્રાતા વિના તો આ જગત જોતજોતામાં નાબૂદ થઈ ગયું હોય.

# જોન હંટ

## શિખરોના સમ્રાટની સલામીએ

પર્વતારોહણના જૂના અનુભવીઓ તથા અનેક આશાસ્પદ નવા ડુંગરખેડુઓમાંથી કાળજીપૂર્વક ચૂંટેલા દસ આદમીઓની બનેલી અમારી બ્રિટિશ ટુકડી આ વરસે (૧૯૫૩) હિમાલયના એવરેસ્ટ શિખરને સર કરવા નીકળી છે. એ દસમાંના બે ન્યુઝીલેંડના વતની છે, બાકીના અંગ્રેજ. અમારી મંડળીમાં એક દાક્તર પણ છે, જે જાતે ચુનંદા પહાડખેડુ છે; એક શરીરશાસ્ત્રી છે ને એક ફોટોગ્રાફર છે. બે જણ સિવાયના બીજા બધા આ અગાઉ પર્વતરાજ હિમાલયનો પ્રત્યક્ષ પરિચય કરી આવેલા છે.

કોઈને થશે કે અમે શા માટે આમ પહાડો ચડવા નીકળતા હશું? એના જવાબમાં અમારામાંનો પ્રત્યેક જે કહેશે તેમાં જુદી જુદી બાબતોનું વધુઓછું મહત્ત્વ જણાશે. પણ હું ધારું છું કે જીવનના હરકોઈ ક્ષેત્રમાં માનવીના પુરુષાર્થની પાછળ જે પ્રયોજન પડેલું હોય છે તે જ અમારા પ્રયાસનું પણ મુખ્ય કારણ ગણાવી શકાય. એક અણઉકેલ્યા કોયડાનો ઉકેલ શોધવાનો તરવરાટ એ જ અમારું પ્રયોજન. મનુષ્યે હજી જેની ઉપર પગ ન મૂક્યો હોય તેવું પ્રત્યેક શિખર તે પહાડખેડુઓ માટે એક અણઉકલ્યા કોયડા સમાન જ છે. પહાડખેડુના સમસ્ત જીવનને, તેના સામર્થ્યને પડકાર કરતું એ શિખર ઊભું હોય છે. અને એવરેસ્ટનું અજેય, ઊંચામાં ઊંચું શિખર એ પડકારનું ભવ્ય પ્રતીક છે.

એક વાત હું બિલકુલ સ્પષ્ટ કરી દેવા માગું છું તે એ કે એક ટુકડી તરીકે અથવા વ્યક્તિગત રીતે પણ એવરેસ્ટ ઉપર ચડવાની કોઈ હરીફાઈમાં અમે ઊતર્યા હોઈએ તેવી ભાવના અમારા મનમાં સમૂળગી નથી. અમારી પહેલાં ગયે વરસે જ સ્વિટ્ઝરર્લેન્ડની ટુકડીએ એવરેસ્ટ-આરોહણનો પ્રયાસ કરેલો અને, જો અમે નિષ્ફળ જઈશું તો,

આવતે વરસે અમારા ફ્રેંચ મિત્રો પણ પ્રયાસ કરશે. એવરેસ્ટ ઉપર અમે સૌથી પહેલા ચડી શકીએ તો તેનો આનંદ તો થાય જ. પણ અમારે મન મહત્ત્વની વાત એવરેસ્ટનો પડકાર ઝીલવાની છે—બીજાઓ સાથે હોડમાં ઊતરવાની નહિ. વળી, સમગ્ર ટુકડીરૂપે અમે આ કોયડો ઉકેલવા નીકળ્યા છીએ; તે છતાં, એવરેસ્ટની ટોચે પ્રથમ પહોંચવાનું સદ્ભાગ્ય પોતાને સાંપડે તેવી ગુપ્ત ઝંખના અમારા દસેયના દિલમાં લપાયેલી ન પડી હોય તો જ નવાઈ લાગે.

આ વરસના પ્રયાસમાં સફળ થવાની અમને આશા છે તે મુખ્યત્વે આગલી ટુકડીઓ પાસેથી સાંપડેલા સારા એવા અનુભવ અને જ્ઞાન ઉપર મંડાયેલી છે. આગલા વરસના પ્રયાસ પછી થયેલી વિજ્ઞાનની નવામાં નવી શોધોનો લાભ અમે લઈ શક્યા છીએ તે પણ અમારું પલ્લું નમાવતી હકીકત છે. એક છેલ્લી કડી સિવાયનો આખો કોયડો લગભગ ઊકલી ગયેલો પડ્યો છે. અમારા હાથ મજબૂત બનાવનારાં આ જ્ઞાન-માહિતી ભૂતકાળમાં કેવી રીતે સાંપડ્યાં છે તે પણ ખ્યાલમાં રાખવા જેવું છે. એવરેસ્ટ શિખર ઉપર ચડવાની શક્યતાઓ તપાસવા પહાડખેડુઓની પહેલવહેલી ટુકડી હિમાલયને પ્રવાસે ગઈ તે વાતને આજે ત્રીસથી વધુ વરસ થઈ ગયાં. ૧૯૨૧ના એ પ્રથમ પ્રયાસ પછી બીજી દસ ટુકડીઓ એ પર્વતાધિરાજ ઉપર ચઢાઈ કરી ચૂકી છે—અને તેમાંથી સાતની નેમ તો એવરેસ્ટને સર કરવાની જ હતી. એ દસમાંથી ત્રણ (ગયા વરસની સ્વીસ ટુકડી તથા ૧૯૨૪ અને ૧૯૩૩ની બ્રિટિશ ટુકડીઓ)ને તો વિજય હાથવેંતમાં જ હતો. બે વરસ પૂર્વે એરિક શિપ્ટનની આગેવાની નીચેની ટુકડીએ જે કેડાની તપાસ કરી હતી અને સ્વિસ ટુકડી જેના લગભગ છેડા સુધી પહોંચી હતી તેનો જ અમે પણ મુખ્ય ઉપયોગ કરવાના છીએ.

આ બધી હકીકત મારે મન ખૂબ મહત્ત્વની છે. અત્યારે અમે ક્યાં ઊભા છીએ અને હવે કેટલું કરવાનું બાકી રહે છે તે એમાંથી દેખાય છે. એ હકીકતો બતાવે છે કે અમારું આ કોઈ નવલું સાહસ નથી. જે કથાનો મોટો ભાગ આલેખાઈ ચૂક્યો છે તેને જ અમે

થોડી આગળ ચલાવવાના છીએ. અમારી પૂર્વે હિમાલયની ટોચ ભણી જઈ આવેલા સહુ કોઈની પ્રત્યે અમારું જે ઋણ છે તે ૧૯૫૩ની અમારી એવરેસ્ટ-ટુકડીના હૈયામાં પૂરેપૂરું વસેલું છે. સાથોસાથ, કુશળ માનવીઓએ આટઆટલા પ્રયાસો કર્યા છતાં જે ધ્યેય સિદ્ધ નથી થયું તે અમને રમતવાતમાં સાંપડી જશે તેવો મૂર્ખાઈભર્યો આશાવાદ પણ અમે સેવતા નથી.

અમારી અગાઉની ટુકડીઓએ જેની ઉપર પ્રકાશ ફેંક્યો છે ને જે અમારે પાર કરવાની છે તેવી સૌથી મોટી કસોટી કઈ છે? ઝીણવટથી જોતાં એવરેસ્ટના ગઢ ઉપરના છેલ્લા ૧,૦૦૦ ફૂટના ચઢાણમાં જ એ કસોટી રહેલી છે. એવરેસ્ટની ઓતરાદી ને દખણાદી ધાર ઉપર ૨૮,૦૦૦થી વધુ ફૂટની ઊંચાઈ સુધી તો જુદી જુદી ટુકડીઓ કે એકલ પર્વતવીરો આજ પૂર્વે ચાર પ્રસંગે પહોંચી ચૂકેલ છે. છેક ૧૯૨૪માં નોર્ટન એકલો એટલે ઊંચે પહોંચેલો; અને એ જ વરસે મેલોરી તથા ઈરવિન પણ એટલી જ અથવા એથીય વધુ ઊંચાઈએ પહોંચ્યા હોય તે બનવાજોગ છે. ૧૯૩૩ની ચડાઈ દરમિયાન વેઈજર અને વિન હેરિસ તથા પાછળથી એકલપંથી ફ્રૅંક સ્મિથ પણ ઓતરાદી ધાર ઉપર લગભગ નોર્ટનના જેટલી જ ઊંચાઈએ પહોંચેલા. ગયે વર્ષે લેંબર્ટ તથા શેર્પા મજૂર તેનસિંગ દખણાદી ધાર ઉપરથી એટલી જ ઊંચાઈએથી પાછા ફરેલા. એટલે, ફક્ત છેવટના ૧,૦૦૦ ફૂટના પંથ ઉપર જ પગલાં પાડવાનાં બાકી રહે છે. પણ વાત એમ લાગે છે તેટલી સહેલી નથી. એવરેસ્ટનો આખરી ગઢ અવિજેય રાખનારી બે બાબતો છે—ઊંચાઈ અને હવામાન.

એવરેસ્ટના કે બીજા કોઈ પણ ઉત્તુંગ શિખરના ઊંચાણ પ્રદેશની આસપાસ વીંટળાયેલી પાતળી હવામાં હલનચલન વધુ ને વધુ મુશ્કેલ બને છે; અને પ્રાણવાયુના અભાવને પરિણામે મગજશક્તિ મંદ ને ક્ષીણ બની જાય છે. બીજી બાજુથી, હવે એ પણ સાબિત થઈ ચૂક્યું છે કે માણસ જો મોટી ઊંચાઈએ સારો એવો સમય રહીને ત્યાંના વાતાવરણથી ટેવાઈ જાય, તો ઉપર કહી વિપરીત અસરોમાંથી એ

થોડોઘણો પણ ઊગરી શકે છે. આ બાબતમાં કોઈ પણ નવી ટુકડીને આગલી ચઢાઈનો અનુભવ ખૂબ ઉપયોગી થઈ પડે છે. એ રીતે ક્રમે ક્રમે મોટી ઊંચાઈએ જીવવાની આદત પાડતો પાડતો મનુષ્ય ૨૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચી શકે, ને વધુ ઊંચા શિખર પર છાપો મારવાની તૈયારી કરવા જેટલો કાળ ત્યાં વિના હરકતે વિતાવી શકે એમ હવે ખાતરીપૂર્વક કહી શકાય તેવું છે.

પણ એટલે પહોંચ્યા પછી જ મુસીબત ઊભી થાય છે. તેથી જ, ૨૬,૦૦૦ ફૂટથી વધુ ઊંચાં જગતભરનાં શિખરો ઉપર ચડવાની મુશ્કેલીઓ જુદા જ પ્રકારની રહે છે. ક્રમે ક્રમે મોટી ઊંચાઈના વાતાવરણથી ટેવાઈ જવાની મનુષ્યની શક્તિની પણ ત્યાં સીમા આવી જાય છે, કારણ કે માનવીની કાયાના સ્નાયુઓ ત્યાંથી ઢીલા પડવા માંડે છે, તેની શક્તિ ઘટવા માંડે છે, ઠંડી વેઠવાની તેની તાકાત મંદ પડતી જાય છે, ભૂખ—તરસની લાગણીઓ ક્ષીણ થતી જાય છે, ને ઊંઘમાંથી એ આરામ પણ મેળવી શકતો નથી. એટલે ૨૩,૦૦૦ ફૂટ સુધી ધીમે ધીમે, શરીરને નવા નવા વાતાવરણથી ટેવાવા દઈને, આગળ વધતા પહાડખેડુને એટલી ઊંચાઈએ પહોંચીને પછી એકાએક પોતાની ચાલ બદલવી પડે છે ને રહ્યાસહ્યા અંતર ઉપર વીજળિક વેગે છાપો મારવો પડે છે. જોકે હિમાલયના કોઈ શિખર ઉપર વેગીલો છાપો મારવો એમ કહેવું તે પણ બેહૂદું છે, કારણ કે હકીકતમાં એ ક્રિયા અતિ વેદનાભરી ને ધીમી હોય છે. માણસ જેમ ઉપર ચડતો જાય તેમ તેમ તેના શરીરે કદી ન અનુભવેલું વાતાવરણ તેને ભેટતું જાય છે. શરીરબળ અને મનોબળ ટકાવી રાખવાનું વિકટ ને વિકટ બનતું જાય છે. ઓછી ઊંચાઈએ સામાન્ય ડુંગરખેડુ યે જેની આગળ નમે નહિ તેવી મુશ્કેલીઓ પણ ૨૩,૦૦૦ ફૂટની ઉપર ગયા પછી વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે ને ભલભલા પર્વતવીરોને હંફાવે છે. એટલે, ખાંડીએક બોજો વેઠતું ઊંટનું કાઠું છેવટના એક તણખલા-ભારે જ ભાંગી પડે તેમ, હજારો ફૂટનો પંથ કાપી ચૂકેલો માણસ છેવટના થોડાક ચઢાણ દરમિયાન જ તૂટી પડે છે. અને એવરેસ્ટ ઉપર તો એ

છેવટનું ચઢાણ પણ નાનુંસૂનું નથી—પૂરા ૬,૦૦૦ ફૂટનું. એ ૬,૦૦૦ ફૂટનું અંતર, માત્ર પોતાના શરીરબળને આધારે ચઢતો માનવી એક જ દિવસમાં કે બે દિવસમાં પણ પાર કરી શકે નહિ. પાકા ચાર દિવસનું એ ચઢાણ છે; અને વાટમાં રાતવાસાની ત્રણ છાવણીઓ પણ ઊભી કરવી પડે કે જેથી ઉપર પહોંચ્યા પછી પાછા ૨૩,૦૦૦ ફૂટની સીમાએ ક્ષેમકુશળ ઊતરી શકાય.

રાતવાસા માટેની આ છાવણીઓ માટે તંબુઓ જોઈએ, કોથળા-પથારી જોઈએ ને પર્વત આરોહણનો સરંજામ જોઈએ. આ બધું કાંધે નાખીને ૨૩,૦૦૦ ફૂટ પછીની ઊંચાઈઓએ પહોંચાડવું જોઈએ. ચઢનારાઓને ઠંડી સામે પૂરતું રક્ષણ આપી શકાય ને તેમની સાધારણ સગવડ પણ જાળવી શકાય તેટલી ચીજવસ્તુઓ લેતાં પણ બોજો સારી પેઠે વધી જાય છે. વળી એવરેસ્ટના ભાવિ વિજેતાઓની કાંધ ઉપર જ આ વધારાનો બોજો લાદીએ તો તેમનું કાર્ય વધુ અશક્ય જ બને છે. એટલે જેમને ટોચ સુધી જવાનું ન હોય તેવા બીજા માણસો પાસે એ સામાન ઉપડાવવો પડે છે. બહુ ઊંચાઈએ આવેલી છાવણીઓ બને તેટલી નાની રાખવા માટે આ સામાન ઉપાડનારી ટુકડીઓને પણ વારાફરતી મોકલવી પડે છે; એટલે તમામ જરૂરી સરંજામ ઉપર પહોંચતાં કેટલાય દિવસનો ગાળો વીતી જાય છે. અને એ સમય-ગાળો પણ લંબાતો જાય છે કારણ કે એટલી બધી ઊંચાઈએ માણસ બહુ મર્યાદિત બોજો ઉપાડી શકે છે. ૨૫,૦૦૦ ફૂટ ઉપર ગયા પછી વીસેક રતલનો ભાર જ તેનાથી ઊપડે છે. આ રીતે કોઈ પણ ઊંચા શિખર પર ચઢવામાં બે રીતે સમય બહુ વીતે છે: પ્રથમ તો શરીરને ધીમે ધીમે ઊંચાઈના વાતાવરણથી કેળવવામાં, ને પછી આખરી છાપાની મંદ ગતિએ આગળ વધવામાં. આ તો થઈ ઊંચાઈની વાત. અહીંથી હવે એટલી જ નિર્ણાયક ને અકળ બીજી મુશ્કેલીની—આબોહવાની—કથની શરૂ થાય છે.

એવરેસ્ટની ટોચે પહોંચવાનો ગંભીરપણે પ્રયાસ પણ જ્યારે થઈ શકે તેવા સમય-તબક્કાઓ વરસ આખામાં બહુ થોડા આવે છે, ને

તેમની આવરદા સાવ ટૂંકી હોય છે. નવેમ્બરથી માર્ચ સુધીના આખા શિયાળા દરમિયાન ઉત્તરપૂર્વમાંથી ભયાનક પવન સતત ફૂંકાયા કરે છે. ૭૦થી ૮૦ માઈલના પ્રચંડ વેગવાળા એ વાયરાની ઠંડી કાતિલ હોય છે. હિમાલયનાં ઓતરાદાં પડખાં ઘસતો ઘસતો એ દક્ષિણની ધાર ઉપર ચંચળ બરફના અતિ જોખમી ગંજ ખડકે છે. શિયાળાના આ બધા મહિનાઓ દરમિયાન એ કારણે કોઈ પણ ઊંચા શિખર ઉપર ચઢવું અશક્ય બની જાય છે. મે માસની આખરે કે જૂનમાં ઉનાળો બેસતાંની સાથે જ એ હિમવાયુ સામે પ્રતિઆક્રમણ કરતો દક્ષિણ-પૂર્વનો મેઘ આવી પહોંચે છે. બંગાળના ઉપસાગર પરથી આવેલો આ ભેજભર્યો પવન ઊંચાં શિખરો ઉપર ઢગલાબંધ બરફ ઠાલવે છે. આખો ઉનાળો એ પવન ફૂંકાયા કરે છે, ને છેવટે સપ્ટેમ્બરના આખરી દિવસોમાં શાંત પડે છે. ચોમાસા દરમિયાન થોડું ચઢાણ થઈ શકે ખરું, પણ ૨૩,૦૦૦ ફૂટથી ઉપર જવાની કોઈ આશા ત્યારે હોતી નથી. એવરેસ્ટ ઉપર પહોંચી જવાની એકમાત્ર તક શિયાળુ વાયરો પડી જાય અને ચોમાસુ પવન આવી પહોંચે તે બેની વચ્ચેના ગાળામાં જ મળી રહે છે. અમે જે તકનો લાભ લેવા ધાર્યું છે તે તો ચોમાસું બેઠાં પહેલાના સમયગાળાની છે. પાછલાં વર્ષોના ઇતિહાસ ઉપરથી અનુમાન કરીએ તો આ વચગાળો આઠથી દસ દિવસ સુધી જ લંબાશે એમ લાગે. પરંતુ એ વચગાળાના દિવસો પૂરતુંયે ઋતુઓનું તોફાન થંભે નહિ તે પણ બનવાજોગ છે. અમારી પૂર્વે થયેલી સાત સાત ચડાઈઓમાંથી ફક્ત ૧૯૨૪માં જ આબોહવા તેમ જ બરફે અકસ્માત પહાડખેડુઓને યારી આપી હતી.

અમારી સામેની ઊંચાઈની તથા આબોહવાની બેવડી મુશ્કેલી આટલા ઉપરથી કાંઈક વધુ સ્પષ્ટ થઈ હશે. ઊંચાણને કારણે માણસ ધીમો પડે છે, થાકી જાય છે; પરિણામે તેને આશરો, ગરમી ને ખોરાક પૂરાં પાડવાં પડે છે; ને તેમ કરવા જતાં તેની ધ્યેયસિદ્ધિ માટે વધારે સમયની જરૂર પડે છે. બીજી બાજુથી આબોહવા આવીને તેની સમક્ષ પડેલી સમય-મર્યાદા સાવ ટૂંકાવી નાખે છે—ને ક્યારેક એટલો મર્યાદિત ગાળો પણ એ રહેવા દેતી નથી.

આ કોયડાના સંભવિત ઉકેલની દિશાઓ હવે પોતાની રૂપરેખા ઉપસાવતી આવે છે. પહેલી જરૂર તો, જાણે કે, બે ઋતુઓ વચ્ચેના વિરામકાળની તક, જો તે મળે તો, ઝડપી લેવા તૈયાર રહેવાની છે. એનો અર્થ એ કે એ વિરામકાળનો વહેલામાં વહેલો આરંભ, પાછલા અનુભવને આધારે, અંદાજીને તે ઘડીએ ૨૩,૦૦૦ ફૂટ ઉપર પહોંચી, ત્યાંના વાતાવરણથી ટેવાઈ જઈ, ટોચ ઉપર છાપો મારવા સજ્જ બનીને ખડા રહેવું જોઈએ. અમે ધારીએ છીએ કે વહેલામાં વહેલી એ ઘડી મેની ૧૫મીએ આવશે. ત્યાં સુધીમાં છેલ્લા છાપા માટેનો તમામ જરૂરી સરંજામ અમારે ૨૩,૦૦૦ ફૂટ સુધી પહોંચતો કરી દેવો જોઈએ. તે પછી, બીજી જરૂર એ છે કે, સાનુકૂળ આબોહવાનો જે કોઈ ગાળો અમારા નસીબમાં આવી પડે તેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવા માટે અમારી પાસે તે ઘડીએ તંદુરસ્ત ને સશક્ત પહાડખેડુઓ તથા સરંજામ અને ખાધાખોરાકી પૂરતા પ્રમાણમાં તૈયાર હોવાં જોઈએ. એવરેસ્ટનું ચઢાણ ઘણું આકરું છે ને અમારા પહેલા જ કે બીજા છાપાએ પણ એ સર થશે તેવું માની લઈ શકાય નહિ. બેશક, તેની પણ મર્યાદા રહેલી છે. સેંકડો માણસોની સેના ને ટનના ટન જેટલો સરંજામ લઈને પર્વત ઉપર આક્રમણ કરવા નીકળવાનું ન હોય. પરંતુ પહેલા છાપામાં જ અમારી તમામ તાકાત ખતમ કરી દીધેલી તેથી, તક હોવા છતાં પણ, બીજો છાપો મારી શક્યા નહિ—એવું અમારે નીચે આવીને કહેવું પડે તે પણ સારું નહિ.

અમારા આશાવાદનાં બીજાં પણ કારણો છેઃ અમારી યોજના ને તૈયારીઓમાં, અમારા માલવાહક મજૂરોમાં ને ખુદ અમારી જાતમાં, અમારા ઉત્તમ પ્રકારના ને પૂરતા સરંજામમાં અમને વિવેકપૂર્ણ શ્રદ્ધા છે. આ બધું અમને પૂરું પાડવા માટે જે અનેક લોકોએ નિસ્વાર્થભાવે મહેનત કરી છે તેમને હું અંજલિ આપું છું.

પણ બધી વાતને અંતે, અમારી જે આખરી આશા છે તેનો તો ખરેખર કોઈ પાયો જ નથી. તેમ છતાં, જેમ અમે મૂરખ આશાવાદીઓ નથી તેમ નિરાશાવાદીઓ પણ નથી જ. ભાગ્યવિધાતા પાસે જરીક

સાનુકૂળ આબોહવાની યાચના કરતાં કરતાં શિખરોના સમ્રાટની સલામીએ અમે જઈ રહ્યા છીએ.

(અનુ. મહેન્દ્ર મેઘાણી)

# જોરાવરસિંહ જાદવ

## છગન પટલ

છગન પટલ નવા નાવડાના કણબી હતા. હવે તો છગનભાના મોં પર અવસ્થા આવીને બેસી ગઈ હતી. પણ જુવાની જ્યારે એમના અંગ ફરતો આંટો દઈ ગઈ હતી ત્યારે ગોળમટોળ અને ગુલાબી મોં, મૂછોના થોભિયાથી ભારે ખીલી ઊઠતું. મકરાણી મરદ જ જોઈ લ્યો ને! જુવાનીમાં છગન પટલના દી હતા. ત્રીસ ત્રીસ મણ કાલાના જાકડાને ધરો ઝાલીને ધડ દેતોકને ઊંધો નાખી દે. આંચકા દઈને સોકિયાની સાંકળના મકોડા લાંબા કરી નાખે. એક ભેંસનું દૂધ એક શ્વાસે ઊભા ઊભા પી જાય. મનમાં આવે તો વાળુ કરીને પછી બેઠા બેઠા ભેલી ગોળ બુકડાવી જાય.

એક વાર નવા નાવડાની જાન ભાંભણ ગામે ગયેલી. છગન પટલને પણ તાણ કરીને જાનમાં ભેળા લીધા. એ વખતે માંડવામાં ઘી પીવાનો રિવાજ. છગન પટલને સાથે લઈને બે-ચાર જુવાનિયા માંડવા નીચે ઘી પીવા ગયા. કાંસાની થાળિયુંમાં ઘી પીરસાણું. છગન પટલ બે થાળી પી ગયા. માંડવિયાને થયું કે આ જુવાન તો ભારે જોરૂકો લાગે છે—છાતવારમાં તો બે થાળી ઘી ઉલાળી ગયો! બધા ખૂબ તાણ કરવા માંડ્યા. કોઈએ સાસુના સમ દીધા, ત્યાં તો છગન પટલ ઊભા થયા. ઘી પીરસનારના હાથમાંથી બોઘરણું લઈ લીધું અને એમાં વધેલું સાત શેર ઘી માંડવા નીચે ઊભા ઊભા ગટગટાવી દીધું અને બોઘરણાનો કર્યો ઘા—બોઘરણું ગાર્ય કરેલા સામા કરામાં બંદૂકની ગોળીની માફક પેસી ગયું અને થાળી જેવું લાંબું લચ થઈ ગયું!

ભાંભણ ગામમાં તે દિવસે ૩૦ માંડવા નંખાયેલા. જુદા જુદા પંથકમાંથી ત્રીસેક જેટલી જાનું આવેલી. ભાંભણની બજાર બહુ સાંકડી, એટલે લગોલગ એક પછી એક વાંહામોરી જાનનાં ગાડાં છૂટેલાં. છગન

પટલ પરોઢીએ દિશાએ જવા નીકળ્યા. અંધારામાં ગાડાના જોહરાની સમલ એમના પગના નળા હાર્યે ભટકાણી. “મારા બેટા જાનવાળાને આવડા મોટા ગામમાં ગાડાં છોડવાનો ચંઈ મોખ જ મળ્યો નહીં, તે આંયા બજાર વચ્ચે ડેગડી ચડાવીને મૂક્યાં છે?” એમ બબડતા છગન પટલે ડાબા હાથમાં કળશ્યો ઝાલ્યો ને જમણા હાથે એક પછી એક ગાડાને ઊંધાં ઝીંકોટવા માંડ્યાં. ઘડીબેઘડીમાં તો હનુમાને ઉખાડી નાખેલ રાવણની વાડીનાં ઝાડવાંની જેમ સંધાંય ગાડાં ઊંધાં કાન નાખી દીધાં.

મોંસૂઝણામાં તો દેકારો બોલી ગયો. જાનનાં ગાડાં ઊંધાં નાખનાર છે કોણ? નક્કી માંડવાવાળાનાં જ આ કારસ્તાન! માંડવાવાળાએ તો બે-પાંચ આળવીતરા જુવાનડાઓને બોલાવીને ખખડાવ્યાય ખરા. બજાર વચ્ચે આ બધી વહટી ચાલતી હતી ત્યાં છગન પટલ ત્યાંથી નીકળ્યા. એ પણ ટોળાની વચ્ચે આ કૌતુક જોવા ઊભા રહ્યા. એક અથરો જાનૈયો બોલી ઊઠ્યો. “કોણ આ પાણિયાળો બેટો છે?

કોનું બળ પછાડા મારે છે?”

“ઈ તો, બાપલા, આ છગન પટલનું બળ પછાડા મારે છે. પાણી માપવું હોય તો નવા નાવડાની જાનના ઉતારે આવી રે’જે.” છગન પટલ ઠાવકાઈથી બોલ્યા. “આમ મારગ માથે ગાડાં છોડીને હાલી નીકળતાં પે’લા થોડો વિચાર તો કરતા હો, ભા!”

“પણ અમારા કાને વાત નાખી હોત તો બજાર માથેથી ગાડાં આઘાં ખસેડી લેત. પણ આમ ઊંધાં નાખ્યે તમારા હાથમાં શું આવ્યું? આટલાં બધાં ગાડાં સવળાં કોણ કરશે?”

“ઈની ફકર્ય તમે શીદને કરો છો?” એમ કહેતાં છગન પટલે ધરો ઝાલીને એક પછી એક ત્રીસેય ગાડાં સવળાં કરી નાખ્યાં. “ભઈલા, આવી રમતું તો અમારા નવા નાવડાના છોકરા હંદરોજ રમે છે. ધોલવાડના મલક માથે નવા નાવડાને છતું કરવું’તું એટલે આ ખેલ કરવો પડ્યો.”

[‘સ્વસ્થ માનવ’ માસિક: ૧૯૭૮]

# જોર્જ કોલમેન

## કેવી રીતે

એ એક કેવી કરુણતા છે કે સ્ત્રીની પાસેથી કેવી રીતે કામ લેવું તે કુંવારા સિવાય બીજું કોઈ જાણતું નથી હોતું!

# જ્યોતિ દૈયા

## વિધવાની ઇચ્છા

મન્નારકાડ નામના ગામમાં લાગેલી આગના સમાચાર એક સવારે છાપામાં વાંચ્યા. આજકાલ આવા તો બહુ યે સમાચાર આવ્યા કરે છે, એમ કરીને છાપાંનાં પાનાંને ઊથલાવી દીધાં. પણ પાછળથી મળેલી તેની નીચે મુજબની વિગતે હૃદયનાં પાનાંને ઊથલવા ન દીધાં:

આગ લાગેલી એક મુસલમાનના ઘરમાં. પાડોશમાં રહેતા કૃષ્ણનને ખબર પડતાંની સાથે સફાળો ઊઠીને એ ત્યાં પહોંચી ગયો. જાતની, પત્ની ને બે બાળકોની કે વૃદ્ધ માતાની પરવા ન કરતાં તેણે આગમાં ઝંપલાવ્યું, અને ભડભડતી જ્વાળાઓમાં ઝડપાયેલાં પાડોશીનાં બે બાળકોને તો બહાર ધકેલી બચાવી લીધાં; પણ પછી પોતે બહાર નીકળવા જતાં સપડાયો, આગે તેને ભરખી લીધો.

કૃષ્ણનનું કુટુંબ નિરાધાર બન્યું. એની સંભાળ સમાજે લેવી જોઈએ, એમ કહીને કાલીકટથી નીકળતા 'માતૃભૂમિ' દૈનિકે ફાળા માટે અપીલ કરી. જોતજોતામાં રકમ રૂ. ૨૪,૦૦૦ની લગોલગ પહોંચી ગઈ. હિંદુ તેમ જ મુસલમાન વાચકોનો તેમાં ફાળો હતો. એ રકમનો ઉપયોગ પ્રથમ શેમાં કરવો છે, એવું કૃષ્ણનની પત્નીને પૂછવામાં આવ્યું, ત્યારે એ વિધવા કરુણ સ્વરે એટલું બોલી કે, "તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો, પણ મારી એટલી એક ઇચ્છા છે કે એ રકમમાંથી પહેલાં તો મારા નિરાધાર બનેલા પાડોશીને રહેવા ઘર બંધાવી દેવું."

# જ્યોતિભાઈ દેસાઈ

## જિમ કોર્બેટ

જિમ કોર્બેટનું આખું નામ હતું એડવર્ડ જેમ્સ કોર્બેટ. એક વિશાળ અંગ્રેજ કુટુંબમાં જિમનો જન્મ ૧૮૭૫માં થયેલો. સક્રિય જીવન તેમણે ભારતમાં ગાળ્યું હતું. ૮૦ વર્ષની ઉંમરે તેઓ કેન્યા (આફ્રિકા)માં અવસાન પામ્યા.

જિમ કોર્બેટ એક જગપ્રસિદ્ધ શિકારી તરીકે ઓળખાય છે. તેમને શિકારના અદ્વિતીય વાર્તાકાર પણ ગણવામાં આવે છે. હિમાલયના કુમાઉં અને ગઢવાલ પ્રદેશની ઉત્તમ પહેચાન આપનારા તરીકે પણ વર્ણવાયા છે.

વનની અને વનપશુઓની જ નહીં, પણ પહાડોમાં રહેતા અને કુદરત સાથે સહજભાવે જીવતા માનવોની પણ સાચી પહેચાન તેમણે તેમનાં લખાણો દ્વારા આપી છે. શિકારનો તો અનિવાર્ય આપદધર્મ એમણે સ્વીકારેલો. નરભક્ષીઓને હણવાનું કામ ખ્યાતિ મેળવવા કે ઇનામ મેળવવા તેમણે કર્યું ન હતું, પણ અસહાય લોકોને સહાયરૂપ થવાનો પોતાનો ધર્મ માન્યો હતો. આમ કોર્બેટે શિકાર કર્યો ખરો, પણ શિકાર કરવાનો તેમનો ધંધો ન હતો.

કુમાઉં અને ગઢવાલમાં કોર્બેટ પ્રત્યે જે લાગણી આજેય પ્રવર્તે છે તેનું એક ઉદાહરણ માર્ટિન બૂથે આપેલું છે. ૧૯૮૮ની સાલમાં કોર્બેટના જીવન વિશે ફિલ્મ ઉતારવા માર્ટિન આવ્યા હતા. એક દિવસ ઠીક ઠીક ગરમી હતી તેથી કોર્બેટનો વેશ ભજવી રહેલા અભિનેતા એક તરફ છાંયડામાં બેઠા હતા. ત્યાં કમ્મરેથી બેવડો વળી લાકડીને ટેકે ચાલતો, ૮૦ વર્ષની ઉંમરનો એક ડોસો આવ્યો અને તેના ચરણમાં પડ્યો. માર્ટિને એમના સહાયકોને આ માણસને સમજાવવા કહ્યું કે પોતે કોર્બેટ નથી, તેમનો વેશ ભજવનાર એક નટ છે. પેલો ડોસો એ વાત

માનવા તૈયાર જ ન હતો: 'મને ખાતરી હતી કે કારપેટ સાહેબ ફરી પાછા અહીં આવશે. માટે તેઓ જ આવ્યા છે.' કોઈ વાતે તે માન્યો જ નહીં. કોર્બેટ ભારત છોડીને ગયે લગભગ ૪૦ વર્ષ થયાં હતાં. એમના મૃત્યુને પણ લગભગ ૩૦ વર્ષ વીતી ગયેલાં. છતાં આ 'કારપેટ' સાહેબ જ છે તેમ તેનો વિશ્વાસ દઢ હતો. એ ડોસાને તો જેવી જાણ થઈ તેવો પોતાને ગામેથી ચાલતો નીકળી પડેલો. ૧૦૦ કિલોમીટરની મજલ તેણે ૪૮ કલાક સતત ચાલીને કાપી હતી. રખેને મળવાનું રહી જાય! જે જંગલો અને ડુંગરો-પર્વતોમાં એક દિવસના ૨૦ કિ.મી. ચાલીને જવા માગીએ તો થાકી જવાય ત્યાં 'કારપેટ' સાહેબ પાછા ફર્યાના સમાચારે, આ જીવનને છેવાડે આવી ઊભેલા ડોસાને દોડી આવવાનું અનિવાર્ય લાગ્યું હતું!

૧૯૪૮માં એમનું પુસ્તક 'રુદ્રપ્રયાગનો માનવભક્ષી ચિત્તો' બહાર પડ્યું. આ રુદ્રપ્રયાગનો માનવભક્ષી ચિત્તો જ્યાં મરાયો ત્યાંથી જ બદરીનાથ જતો માર્ગ પસાર થાય છે. આજેય બસ ડ્રાઇવર/કંડક્ટરને કહીએ તો તે સ્થળ પાસે તેઓ બસને થોભાવે છે. જે સ્થળે તે હણાયો તે ખાંભી રસ્તાથી ૨૦૦ ફૂટના અંતરે હશે. મુસાફરોને તેનાં દર્શન કરાવવા તે બસચાલકો તત્પર રહે છે. વર્ષોવર્ષ મે માસના પ્રથમ સપ્તાહમાં ત્યાં મેળો ભરાય છે જેમાં હજારો લોકો આવે છે. કોર્બેટે તે પ્રદેશને ભયમુક્ત કર્યાનો આનંદોત્સવ થયા જ કરે છે.

એમનું 'મારો ભારત દેશ' (માય ઇન્ડિયા) પુસ્તક ભારતના સામાન્યજન પ્રત્યેની એમની આસ્થાનાં દર્શન કરાવે છે. કેમ જાણે જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ એ સાતેય રંગોનાં ચિત્રોને રજૂ કરીને એક સંપૂર્ણ મેઘધનુષ્ય એમણે ખીલવ્યું છે. એ રંગો મહેફિલનું હાર્દ તો પ્રગટાવે છે, પણ તેની સાથે સાથે સામાન્યજનની ભીરુતા, ધાર્મિકતા, વહેમો અને સહજતા, ઉદાત્તતા તેમ જ પારાવાર કષ્ટ સહન કરવાની નિષ્ઠાપૂર્વકની તત્પરતા, એમના માલિકો પ્રત્યેની વફાદારી, અને છતાં જીવનને ધર્મપરાયણ રાખીને નિયતિને આધીન રહેવાની તેમની સજાગતા બતાવે છે.

લોકચિત્તનું તેમનું આખુંય ચિત્રાંકન હૃદયસ્પર્શી છે. કોઈ યુવાન સાથે પોતાની પત્ની ભાગી ગયાની ફરિયાદ કલેક્ટર સમક્ષ-સ્થળ પર નિકાલના કાર્યક્રમમાં-થયેલી છે. કોર્બેટ તેમાં હાજર છે. યુવાનને દંડ ભરવાની સજા થાય છે: "ભલે એ બાઈને તે રાખે, પણ આ તેના મૂળ પતિને દંડ આપી દે." દંડ અપાય છે ત્યાં યુવાનની પત્ની સામે આવે છે. "મારું શું?" આ તો કલ્પના બહારની મૂંઝવણનો પ્રશ્ન ઉકેલવાનો આવે છે. પણ 'નવી' કહે છે: "તું તો મારી બહેન જ છે. આપણે ત્રણે હળીમળીને રહીશું." વાત એમ પૂરી થાય ત્યાં મૂળ ફરિયાદી આગળ આવે છે. કહે છે: "બિચારા આ યુવાનને હવે ત્રણ જીવને ખવડાવવાની જવાબદારી આવી પડી છે ત્યારે એની પાસે દંડ લેવો તે તો બરોબર નથી!" દંડની રકમ યુવાનને પાછી આપી દે છે.

"નથી વેર, નથી ઝેર કે અંટશ. ગરીબ ગરીબને અને ગરીબીને બરોબર ઓળખે છે. આવું હજારો કિસ્સાઓમાં બને છે. તેમાંથી એકેય પક્ષની એક રાતી પાઈ પણ ખર્ચાયા વગર હૃદયપૂર્વકનાં સમાધાનો થાય છે એવા એ દિવસો," અને હવે, કોર્બેટ આગળ લખે છે, "આવા આવા કેસો કોર્ટોમાં જાય છે અને બંને પક્ષોનું લોહી ચૂસી ચૂસીને તેમને હાડપિંજરશા ફિક્કાફસ કરી દેવામાં આવે છે, તેમ જ પરસ્પર વૈમનસ્ય વધારી વધારીને વકીલો પોતાનાં ગજવાં આ સાદા, ભોળા, પ્રામાણિક અને મહેનતકશ જનોને ભોગે ભર્યે રાખે છે."

તેમણે એ પુસ્તકના પ્રારંભે લખ્યું છે: "હું જે ભારતને ઓળખું છું તેમાં ૪૦ કરોડ માનવીઓ રહે છે. તેમાંના નેવું ટકા લોકો સરળ, પ્રામાણિક, બહાદુર, વફાદાર અને અત્યંત મહેનતુ આત્માઓ છે, અને તેઓ ભગવાનને તેમ જ સરકારને રોજ પ્રાર્થના કરે છે કે, કમમાં કમ અમારી મહેનતનું ફળ અમને જ મળે તેમાં સહાયભૂત થાઓ. એવા આ લોકો, જેઓ ખરેખર અત્યંત ગરીબ છે અને જેમને 'ભૂખ્યાં ભારતીયો' તરીકે જગત ઓળખે છે અને જેમની વચ્ચે હું રહ્યો અને જેમને હું ચાહું છું અને જેમને વિશે આ પુસ્તક લખવા મથ્યો છું તેવા એ મારા

ભારતના ગરીબ મિત્રોને પૂરી નમ્રતા સાથે આ પુસ્તક અર્પણ કરું છું.”

[‘જિમ કોર્બેટ’ પુસ્તિકા : ૧૯૯૮]

# જ્યોતીન્દ્ર હ. દવે

## ખોટી બેઆની

[જ્યોતીન્દ્ર હ. દવેનાં હાસ્યરસિક લખાણોમાંથી લેખકે પોતે ચૂંટેલાંનો સંચય 'જ્યોતીન્દ્ર-તરંગ' ૧૯૭૬માં બહાર પડેલો. એ પુસ્તકની પ્રસ્તાવના લખનાર બકુલ ત્રાપાઠીએ પણ 'જ્યોતીન્દ્રના હાસ્યલેખો' નામનું એક સંપાદન ૧૯૭૬માં કરેલું. હાસ્યરસના ત્રીજા જાણીતા લેખક વિનોદ ભટ્ટે જ્યોતીન્દ્ર દવેની 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ' ૧૯૮૧માં સંપાદિત કરેલી. તે પછી ૨૦૦૦ની સાલમાં જ્યોતીન્દ્ર શતાબ્દી વેળા લેખકની 'પ્રતિનિધિ હાસ્યરચનાઓ' નામનો સંગ્રહ વિનોદ ભટ્ટે સંપાદિત કરેલો અને એ જ સંપાદકે એ જ વરસે 'હાસ્યેન્દ્ર જ્યોતીન્દ્ર' નામનો વધુ એક સંચય પ્રગટ કરેલો.

આ પાંચેય સંગ્રહોમાં મળીને ૮૧ જુદા જુદા લેખોની પસંદગી લેખકે પોતે અને ગુજરાતના બીજા બે સમર્થ હાસ્યલેખકોએ કરેલી છે, તેને જ્યોતીન્દ્ર દવેની ઉત્તમ હાસ્યરચનાઓ ગણી શકાય. પાંચેય સંચયોમાં પસંદગી પામી હોય તેવી એક માત્ર રચના છે 'મારી વ્યાયામસાધના.' તેને જ્યોતીન્દ્ર દવેનો શ્રેષ્ઠ હાસ્યલેખ કદાચ કહી શકાય.

આ ૮૧ લેખોમાંથી બીજા તેર એવા છે, જેની પસંદગી લેખકે તથા એક સંપાદક વિનોદ ભટ્ટે કરેલી છે. પણ બીજા સંપાદક બકુલ ત્રાપાઠી અને લેખકની બેયની પસંદગી જેની પર ઊતરી હોય તેવો લેખ એક જ છે. પાંચ લેખ એવા છે, જેની પર બન્ને સંપાદકોની પસંદગી ઊતરી છે, પણ ખુદ જ્યોતીન્દ્ર દવેએ પોતાના સંપાદનમાં તેને લીધેલ નથી.

આ ૮૧ ઉત્તમ જ્યોતીન્દ્ર-રચનાઓમાંથી ટૂંકામાં ટૂંકી છે 'ખોટી બેઆની'. તેમાંથી પણ લગભગ છઠ્ઠો ભાગ ઓછો કરીને અહીં સંક્ષિપ્તરૂપે આપી છે.—સંપાદક]

*

હમણાં થોડા દિવસ પર મારા હાથમાં, કોણ જાણે ક્યાંથી, ખોટી બેઆની આવી ચઢી હતી. એ બેઆની ખોટી છે એમ જ્યારે મોદીએ પાછી આપતાં અર્ધ તિરસ્કારયુક્ત અવાજે મને જણાવ્યું ત્યારે, 'કયો મોરલો આ કલા કરી ગયો?' એમ મને થયું. પરંતુ એ પ્રશ્નનું નિરાકરણ થઈ શકે તોપણ એથી એટલી બેઆની પૂરતી મારી ગરીબાઈ ઓછી થાય એમ નહોતું. એ પ્રશ્ન પડતો મૂકી એ બેઆનીને શી રીતે ચલાવવી તેનો મેં વિચાર કરવા માંડયો.

હાથમાં વર્તમાનપત્રા રાખી વાંચવાનો ડોળ કરી મેં ટ્રામના કંડક્ટરને એ બેઆની જરા પણ અચકાયા વગર આપી. એણે ટિકિટ આપીને બેઆની લેવાનો પ્રયત્ન કર્યો. જૂઠી વસ્તુઓને પોતાની જાહેરાત કરવાનું ઘણું મન હોય છે, એ ન્યાયે કંડક્ટરના હાથમાંથી એ ચંચળતાની મૂર્તિ સરીને નીચે પડી અને સાચી બેઆની જેવો અવાજ કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. કંડક્ટરે બેઆની ઉપાડી, વિસ્મયથી તેને ફેરવી ફેરવીને જોઈ, રાજાની નિર્દોષ પ્રતિકૃતિ સામું થોડી વાર એ ઘૂરક્યો ને પછી કંઈ પણ બોલ્યા વગર બેઆની મારા હાથમાં પાછી મૂકી. એનું જ અનુકરણ કરી મેં બેઆની પાછી લીધી. વિસ્મયથી થોડી વાર હું તેના સામું જોઈ રહ્યો. ફેરવી ફેરવી મેં તેનું બારીક અવલોકન કર્યું, રાજાની પ્રતિકૃતિ સામું ઠપકાભરી નજરે જોયું ને પછી કંઈ પણ બોલ્યા વગર એ બેઆની ગજવામાં મૂકી, બીજી કાઢી એને આપી. એક આનો પાછો આપી વિજયની નજર ફેંકી કંડક્ટર એને પંથે પળ્યો.

ચા પીવાની સામાન્ય ઇચ્છા તો મને હંમેશ જ રહે છે. પરંતુ હૃદયના ઊંડા ઊંડાણમાંથી 'ચા! ચા!'નો પોકાર ન ઊઠે ત્યાં સુધી પૈસા ખરચીને રેસ્ટોરાંમાં ચા પીવા હું બનતાં સુધી જતો નથી. પંદરવીસ મિનિટ પૂર્વે જ ચાનો સંયોગ થયેલો હોવાથી હૃદયમાંથી ચાનો પોકાર ઊઠવાની હજી કંઈક—અર્ધાએક કલાક જેટલી વાર હતી. છતાં આ પ્રસંગે હું એવા પોકારની વાટ જોયા વગર, ખોટી બેઆની ચલાવવા માટે આનો ખરચી નાખી મને કદી નહીં મળેલો એવો વ્યવહારકુશળતાનો

યશ મેળવવાની મહત્ત્વાકાંક્ષાથી એક રેસ્ટોરાંમાં દાખલ થયો. એકલી બેઆની પકડાઈ જવાનો સંભવ વધારે, એમ લાગવાથી મેં સાવચેતી વાપરી ચારેક આના જેટલો ખર્ચ કરવો એમ ધારી ચા ઉપરાંત બીજું કંઈ પણ મંગાવ્યું. ચા પૂરી કરી હું પૈસા આપવા ગલ્લા પાસે ગયો. “ચાર આના લો!” વેઇટરે બૂમ પાડી. પૈસા લેવા માટે ગલ્લા પાસે ઊભેલા પુરુષની આંખો ઘણી નબળી હોય એમ મને લાગ્યું અને “એ ઉપકાર ગણી ઈશ્વરનો” હું હરખાયો. પરંતુ હિન્દુસ્તાનના હરખની પેઠે મારો હરખ પણ અકાલીન ને અકારણ નીવડ્યો. બે ખરા આના વચ્ચે ખોટી બેઆની મૂકીને મેં એને આપીને રોફભેર ચાલવા માંડયું; પણ બે પુરુષ વચ્ચે ચાલતી હોય તો પણ સ્ત્રી તરફ જ જોનારની નજર ખેંચાય, એમ એની નજરે બે આના વચ્ચે રહેલી બેઆની જ પડી! “શી...! મિસ્ટર!” એણે મને બૂમ મારી. આશ્ચર્ય પામતો હોઉં એવી રીતે હું પાછો ફર્યો.

“કેમ?” મેં પૂછ્યું.

“એ નહીં ચલેગી,” કહી એણે બેઆની પાછી આપી.

“કેમ?”

“ખોટી હૈ. દૂસરી દો.”

“ખોટી શાથી થઈ? એના ઉપર છાપ નથી?”

પણ એના મોં સામું જોઈ, બેઆની બદલી આપી ચાલ્યા જવું વધારે સલામત લાગવાથી મેં તેમ કર્યું.

આ પછી બેચાર દિવસ સુધી મેં એ બેઆની ચલાવવા માટે તનતોડ મહેનત કરી, પણ વફાદારીની વધારે પડતી ભાવનાવાળી એ બેઆનીએ મારો ત્યાગ ન જ કર્યો. આખરે અંતિમ ઉપાય તરીકે ભિખારીને આપી દઈને કે મંદિરમાં નાખીને એની પીડામાંથી મુક્ત થવાના મરણિયા નિશ્ચય પર હું આવ્યો.

પરંતુ એટલામાં મને એક યુક્તિ સૂઝી. એક કાણા પાનવાળાની દુકાને જઈને મેં બે પૈસાનાં પાન ખરીદી તેને એક રૂપિયો આપ્યો.

એણે બે પૈસા કાપી લઈ બાકીનું પરચૂરણ આપ્યું. પરચૂરણ ગણી જોતાં યુક્તિપૂર્વક પેલી ખોટી બેઆની મેં એના ભેગી સેરવી દીધી. પછી જાણે અચાનક જ નજર પડી હોય એમ એ બેઆની મેં બહાર કાઢી કંઈક સાશંક દૃષ્ટિએ એના તરફ જોઈ, “આ બેઆની ખોટી છે, બીજી આપ” એમ કહી પાનવાળાને પાછી આપી. પાનવાળાએ બેઆની પાછી લીધી અને કહ્યું, “મારી પાસે બીજી બેઆની નથી. તમે બે આના આપો તો હું પાવલી આપું.”

મેં બે આના આપી એની પાસેથી પાવલી પાછી લીધી.

“જંગ જીત્યો રે મારો કાણિયો”નું ગીત ધીમે અવાજે ગાતો હું ત્યાંથી ચાલી નીકળ્યો. રસ્તામાં બે-ત્રાણ મિત્રો મળ્યા. તેમને બેઆનીની કથા કહી અને મારા વિજયનું અખંડ સ્મરણ જાળવવા તેમને ચા પીવા પાસેના રેસ્ટોરાંમાં લઈ ગયો. ચા પી પૈસા ચૂકવવા પેલી પાનવાળાની પાવલી મેં રેસ્ટોરાંના માલિકને આપી. એણે પાવલીને જમીન પર પછાડી ને રૂપાનો ઢોંગ કરતી એ પાવલી કલાઈના અવાજે કકળી ઊઠી! “યે પાવલી નહીં ચલેગી, દૂસરી દો.” અનુભવે રીઢો બનેલો હું કંઈ પણ બોલ્યો નહીં ને બીજી પાવલી બદલી આપી, અપૂર્વ પરાક્રમ કર્યા પછી હારેલા વીર યોદ્ધાની પેઠે ત્યાંથી પાછો ફર્યો અને “જંગ જીત્યો રે મારો કાણિયો”ની બીજી પંક્તિ “વહુ ચલે તબ જાણિયો” હતાશ હૃદયે સંભારી.

['મારી નોંધપોથી' પુસ્તક]

# પુસ્તકાલયની વિરુદ્ધમાં

પોતાના કામ માટે પાંચ-સાત વાર મને મળવાના નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી

મારો એક મિત્રા મને અચાનક, હું પુસ્તકાલયમાં જતો હતો ત્યાં મળી ગયો.

"હું પાંચ-સાતવાર આવી ગયો," એણે કહ્યું.

"હું જાણું છું, હું પુસ્તકાલયમાં ગયો હતો."

"એટલે?"

"લાઇબ્રેરીમાં ગયો હતો, ને આજે પણ જરા મોડું થયું હોત તો ન મળત. હમણાં પણ હું ત્યાં જ જતો હતો."

"તમે દરરોજ લાઇબ્રેરીમાં જાઓ છો?"

"હા."

"આ બધી લાઇબ્રેરીઓને બાળી મૂકવી જોઈએ!"

"કેમ?"

"કેમ શું? હું તો સમજતો જ નથી કે એની જરૂર શી છે? લોકોના પૈસા ને વખત બગાડવા સિવાય એ શું કરે છે?"

બહારથી આવતાં મને મોડું થાય છે ત્યારે 'લાઇબ્રેરી ગયા હશો! લોકોને પણ નકામી લાઇબ્રેરીઓ કાઢવાનું મન કોણ જાણે કેમ થતું હશે?' એવાં ઉપાલંભનાં વચનો મારે ઘરનાં મનુષ્યો તરફથી સાંભળવાં પડે છે.

પરંતુ મારા ઉપર્યુક્ત સુશિક્ષિત મિત્રો પુસ્તકાલયની આવશ્યકતા વિશે દર્શાવેલી શંકા સાંભળ્યા પછી મને પણ થાય છે કે આપણા જેવા ગરીબ દેશમાં પુસ્તકાલયની જરૂર છે ખરી?

પુસ્તકાલયને લીધે વખત ને પૈસાનો બગાડ થાય છે એની કોઈથી ના પડાય એમ નથી. મારો પોતાનો તો પુષ્કળ વખત એમાં જાય છે—જોકે એ વખતમાં હું બીજું શું કામ કરત તે કહી શકતો નથી! ને જે પૈસા મેં પુસ્તક અને પુસ્તકાલય પાછળ ખર્ચ્યા છે તેમાંથી કેટલાં સિનેમા-નાટકો જોઈ શક્યો હોત, કેટલા કપ ચાના પી શક્યો હોત, કેટલાં કપડાં વસાવી શક્યો હોત એનો હું વિચાર કરું છું ત્યારે—આગળ વિચાર કરવાની મારી શક્તિ થંભી જાય છે.

મને લાગે છે કે પુસ્તકાલયનો ગ્રંથપાલ પણ હું આ રીતે સમય-દ્રવ્યનો બગાડો કરી રહ્યો છું તે જોઈ શકતો નહીં હોય. હું જ્યારે

જ્યારે એની પાસે અમુક પુસ્તકની માગણી કરું છું ત્યારે ત્યારે હંમેશ એ પહેલાં મારા સામું ઘૂરકીને જુએ છે. પછી કહે છે કે: “એ ચોપડી અહીંયાં છે જ નહીં.” હું જવાબ દઉં છું કે: “આ પુસ્તકાલયની યાદીમાંથી જ મેં એ ચોપડીનું નામ શોધી કાઢ્યું છે.” ત્યારે શાંતિથી એ જવાબ દે છે: “એ તો ‘ઇસ્યુ’ થઈ છે, કોઈક વાંચવા લઈ ગયું છે.” હું કહું છું કે: “કબાટમાં છે. મેં હમણાં જ જોઈ.” ત્યારે નિરુપાયે કબાટની કૂંચી આપી મને કહે છે: “જાઓ, કાઢી લાવો.”

નકામી ચોપડીઓ વાંચી હું મારો વખત ન બગાડું તેની એ બહુ જ કાળજી રાખે છે.

પુસ્તકો તથા પુસ્તકાલયની આવશ્યકતા વિશે ઘણાં દૃષ્ટિબિંદુથી વિચાર કરી શકાય.

આર્થિક દૃષ્ટિએ જોતાં પુસ્તકો તથા પુસ્તકાલય પાપરૂપ છે. જ્યાં ગરીબો ભૂખે મરતા હોય, જ્યાં પશુઓ હરાયાં થઈ ફરતાં હોય, જ્યાં ટાઢતડકાથી રક્ષણ કરવા માટે કપડાં ન મળતાં હોય, ત્યાં વિદ્વાનોએ વાંચવાનો શોખ રાખવો એટલું જ નહીં, પણ તે માટે પુસ્તકાલયો કાઢવાં એના જેવું બીજું કયું પાપ છે?

ધાર્મિક દૃષ્ટિએ વિચાર કરતાં જણાશે કે પુસ્તકોએ જગતમાં જેટલો અધર્મ ફેલાવ્યો છે તેટલો બીજા કશાએ ફેલાવ્યો નથી. “ ‘કુરાન’માં હોય તે જ આમાં હોય તો એ પુસ્તકો નકામાં છે, ‘કુરાન’માં હોય તેનાથી જુદું હોય તો તે અધર્મ્ય છે. માટે એ પુસ્તકો કોઈ પણ રીતે બાળી મૂકવાં જોઈએ”—એવી જે દલીલ એલેકઝાંડ્રિયાનું ભવ્ય પુસ્તકાલય સળગાવી નાખતાં કરવામાં આવી હતી, તે બધાં જ પુસ્તકોને લાગુ પડે એવી છે.

એમ કહેવામાં આવે છે કે પુસ્તકાલયથી પ્રજાના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. પણ જ્ઞાનવૃદ્ધિ થયે શો ફાયદો? પ્રજાને જ્ઞાન મેળવવાની જરૂર છે કે પૈસો? આપણે હીન દશામાં છીએ તેનું કારણ એ નથી કે આપણે અજ્ઞાન છીએ, પણ આપણે નિર્ધન છીએ તેથી જ આપણે પરાધીન

છીએ. જ્ઞાન મેળવવાના શોખ પૈસાદારને છાજે. અને જ્ઞાન મેળવ્યે કંઈ સિદ્ધિ મળતી નથી. એમ તો રાજ કેમ ચલાવવું તેનું મને બહુ સારું જ્ઞાન છે. પણ તેથી કંઈ હું રાજા થયો?

આપણાં શરીર તો જુઓ. મારા જેવા પુસ્તકો વાંચનારાઓનાં શરીરનું વજન, હાથમાં વાંચવા લીધેલાં પુસ્તક જેટલુંયે હોતું નથી. “જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી!” એમ કહેનાર કલાપી કેટલી નાની વયમાં મૃત્યુ પામ્યો? અને એમ કહેવું એ તો ઊધઈને શોભે, માણસને નહીં. તનને કેળવ્યા પહેલાં મનને કેળવીને આપણે શો કાંદો કાઢવાના છીએ? દંડ કરો, બેઠક કરો, કુસ્તી કરો, ઝાડ પર ચડો, પહાડ પર ચડો, નાચો, કૂદો, તરો, રમો, દોડો; પણ વાંચી વાંચીને માંદા શું કામ પડો છો! પુસ્તકોમાંથી—ખાસ કરીને પુસ્તકાલયનાં જૂનાં પુસ્તકોમાંથી—એક જાતનાં પ્રાણહર જંતુ વાચકના દિલમાં દાખલ થાય છે એની તો કેટલાકને ખબરે નહીં હોય.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો પુસ્તકો જ્ઞાન નહીં પણ અજ્ઞાન ફેલાવે છે ને મનુષ્યને માયાના મોહપાશમાં જકડે છે. છોકરીઓની પેઠે ચોપડીઓ પણ માણસને પરવશ બનાવે છે, ઉન્મત્ત કરે છે, એની વિવેકશક્તિને કુંઠિત કરે છે, એના મગજમાં પોતાની સત્તા જમાવે છે, એને અન્ય કાર્ય માટે નાલાયક બનાવે છે, એની પાસે ઉજાગરા કરાવે છે. એની પાસે પૈસા ખરચાવે છે! કોઈક બહારના ઠાઠમાઠથી, તો કોઈક આંતરગુણથી, કોઈક પોતાના દળદાર કદથી, તો કોઈ પોતાની નાજુકાઈથી, કોઈક પોતાની સફાઈથી, તો કોઈક પોતાના દમામથી, કોઈક અક્કડ ગુમાનથી, તો કોઈક નેહભીની નમ્રતાથી, કોઈક પોતાની દુર્લભતાથી, તો કોઈક તરત હાથે ચડી આવવાના ગુણથી—છોકરીઓ તેમ જ ચોપડીઓ—માણસોને ઉલ્લુ બનાવે છે. બંનેનાં આકર્ષણ ખરેખર અદ્‌ભુત છે—અનિવાર્ય છે. યોગીઓ એકની માયામાંથી મુક્ત થઈ શકે છે, ભોગીઓ બીજાની માયાથી અલગ રહી શકે છે, પણ મારા જેવા રોગીઓ તો એકેની માયાથી વિરક્ત થઈ શકતા નથી.

એક રાજાએ પોતાના પુત્રને મનગમતી કન્યા પરણાવવા માટે

ઉચ્ચ કુટુંબની ખૂબસૂરત કન્યાઓ ભેગી કરી તેમાંથી પસંદગી કરી લેવાનું કહ્યું. રાજકુમાર આટલી બધી ખૂબસૂરત કન્યાઓ જોઈ ગાંડો થઈ ગયો. એણે કહ્યું: "મને તો આ બધી જ ગમે છે. કોને પસંદ કરું ને કોને નહીં?" હું પુસ્તકાલયમાં જાઉં છું ત્યારે મારી સ્થિતિ એ રાજકુમાર જેવી જ થાય છે. આટલી બધી ચોપડીઓ જોઈ મને થાય છે કે: "આમાંથી કઈ લઉં ને કઈ નહીં?" પુસ્તકો આમ મને કિંકર્તવ્યવિમૂઢ બનાવે છે.

છોકરીઓની જોડે ચોપડીઓને બીજી બાબતમાં પણ સામ્ય છે. બંને, સામાન્ય રીતે પ્રામાણિક ને ઉચ્ચ ભાવનાવાળા સદ્‌ગૃહસ્થોની નીતિની ભાવના કથળાવી નાખે છે. પારકી સ્ત્રીનાં હરણ કરી જનારા સદ્‌ગૃહસ્થોના દાખલા ઇતિહાસમાં નોંધાયેલા છે. સારી છોકરીઓ જોઈને પણ મન પર અંકુશ રાખી શકનારા કેટલાયે મહાનુભાવ પુરુષો ચોપડીઓ જોઈ ચલિતચિત્ત થઈ જાય છે. પારકી ચોપડી ઉપાડી જવી એને તેઓ પરમ પુરુષાર્થનું લક્ષણ લેખે છે. કેટલાક પોતાને કામની હોય કે ન હોય પણ પારકી ચોપડીને પોતાને ત્યાં જનાનખાનામાં પૂરી રાખવામાં જ મોટાઈ માને છે. પુસ્તકાલયમાં સંગ્રહાયેલાં પુસ્તકો જોઈ તેમને કંઈનું કંઈ થઈ જાય છે ને ચૌર્યવૃત્તિનાં બીજ તેમનામાં વિકાસ પામે છે.

આમ, પુસ્તકાલયની આપણને જરૂર નથી એ સહેલાઈથી સિદ્ધ થઈ શકે. એ જ પ્રમાણે દુનિયામાં આપણી પોતાનીયે કંઈ જરૂર નથી એ પણ એટલી જ સહેલાઈથી સિદ્ધ થઈ શકે.

['જ્યોતીન્દ્રના હાસ્યલેખો' પુસ્તક]

## "હું થોડો ગાંડો થયો છું!"

ગુજરાતી હાસ્ય-સાહિત્યને સમૃદ્ધ કરનારા ધનસુખલાલ મહેતાનાં પ્રથમ પત્ની સરલા એમને યુવાન વયે જ છોડીને ચાલી ગયાં. દ્વિતીય

પત્નીને કોઈક મનોરોગ થયો. ગાંડપણમાં બધો રોષ એમણે ધનસુખલાલ પ્રત્યે જ ઠાલવ્યો. એમને દેખે ત્યાંથી જે કંઈ હાથમાં આવે તે એમના પર ફેંકે. આખરે ઘરમાં એને રાખવી અશક્ય છે એમ લાગવાથી એને ‘મેન્ટલ હોમ’માં રાખવાનો પ્રબંધ કરવો પડ્યો.

દર શનિવારે ધનસુખલાલ એને મળવા જતા. હું તે વેળા કબીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતો હતો, તે શાળાની સામે જ આવેલી એક દુકાનમાંથી જલેબી અને ગાંઠિયા કે એવું કોઈક ચવાણું લઈને પત્નીને આપવા સારુ એ ‘મેન્ટલ હોમ’માં જતા. એક વાર એ વિષે વાત નીકળતાં મેં એમને પૂછ્યું, “તમને આમ દર અઠવાડિયે ત્યાં જતાં કંટાળો નથી આવતો? તમને એ ઓળખી શકે છે ખરી?” “અરે! બરાબર ઓળખે છે. મને દેખે છે એટલે દોડતી સામે આવે છે અને જે કંઈ હાથમાં આવે છે તે છૂટું મારા પર ફેંકે છે. સુપરિન્ટેન્ડેન્ટે મને કહ્યું પણ ખરું કે, તમને જોઈને એ ઉશ્કેરાઈ જાય છે; તમે ન આવતા હો તો? અહીં એના ખાવાપીવાનો પ્રબંધ અમે કરીએ છીએ.” “ત્યારે જાઓ છો શું કામ?” મેં પૂછ્યું. “અરે! એમ કંઈ થાય? એ તો ગાંડી થઈ ગઈ છે. મને ભલે ભૂલી જાય. પણ હું થોડો ગાંડો થયો છું? મારાથી એને કેમ ભુલાય?”

## નાનકડી જીભ

મનુષ્યની સર્વ ઇન્દ્રિયોમાં જીભનું મહત્ત્વ વિશેષ છે. કાન, હાથ, પગ આદિ બબ્બે ઇન્દ્રિયો છે ને તે કાર્ય એક જ કરે છે. એક સાંભળવાનું કામ કરવા માટે બે કાન, એક શ્વાસ લેવાનું કાર્ય કરવા માટે બે નસકોરાં, ચાલવાના એક કાર્ય માટે બે પગ, જોવાના કામ માટે બે આંખ. પણ બોલવાનું ને સ્વાદ ચાખવાનું એમ બે કામ માટે એકલી જીભની જ નિમણૂક કરવામાં આવી છે.

ઘણીખરી ઇન્દ્રિયો પર આપણો કાબૂ નથી. આપણી ઇચ્છાવિરુદ્ધ

પણ પરસંસ્કારની અસર એના પર થયા વગર રહેતી નથી. કોઈ આપણને ગાળ દેતું હોય ને તે સાંભળવી આપણને કુદરતી રીતે જ ન રુચતી હોય, તો પણ આપણા પોતાના કાન એ ગાળ આપણા મગજ સુધી પહોંચાડ્યા વિના નહિ રહે. ન જોવા જેવું આંખ અનેક વાર જુએ છે ને માથું ફેરવી નાખે એવી દુર્ગંધ નાસિકા મગજને પહોંચાડે છે, પરંતુ જીભની ઉપર તો મનુષ્યની પૂરેપૂરી સત્તા પ્રવર્તે છે. એની ઇચ્છા હોય તો જ બોલવાનું કે સ્વાદ આપવાનું કાર્ય જીભ કરી શકે, અન્યથા નહિ.

બોલવાનું ને ખાવાનું, દુનિયાનાં બે મોટામાં મોટાં કાર્ય એક નાનકડી જીભ બજાવે છે. જેમ કેટલીક કુલવધૂઓ આખા ગૃહનો ભાર ચલાવે છે છતાં ગૃહ બહારનાંને તેનાં દર્શન પણ થઈ શકતાં નથી, તેમ જીવનમાં બે સૌથી મુખ્ય કાર્યો કરતી હોવા છતાં જીભ ઘણુંખરું અદૃશ્ય રહે છે.

સ્નિગ્ધ, સુકોમળ, નાની, નાજુક ને નમણી એવી જીભ અનેક રીતે સ્ત્રીના સરખી છે. આપણે એની પાસે સૌથી વધારે કામ લઈએ છીએ તે છતાં બને ત્યાં સુધી એને ઓઝલ પડદામાં રાખીએ છીએ, રસોઈ બનાવીને સ્ત્રી આપણી સ્વાદવૃત્તિને પોષે છે ને સુંદર ઘરેણાંલૂગડાં પહેરી આપણી અભિમાનવૃત્તિને પોષે છે. તેવી જ રીતે જીભ આપણી સ્વાદવૃત્તિને સંતોષે છે ને સરસ શબ્દો વડે આપણાં વખાણ કરી અભિમાનવૃત્તિને ઉત્તેજે છે. સ્ત્રીની પેઠે જીભ પણ ઘાયલ કરે છે ને ઘા રુઝાવે યે છે. કોઈનું અપમાન કરી તેને ઘાયલ કરનારી જીભ, પાછળથી જરૂર પડ્યે તેનાં વખાણ કરી પોતે પાડેલા ઘાને રુઝાવી શકે છે. પુરુષનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કેટલીક વાર સ્ત્રીને કરવું પડે છે, તેમ પેટ આદિના રોગોના ભોગ જીભને બનવું પડે છે. પેટમાં અપચો થતાં જીભ પર ચાંદી પડે છે. પેટની વાત જીભ તરત જ બહાર કહી દે છે. અબળા વર્ગ તરફથી ઘણી વાર ગૃહનાં છિદ્રો બહારનાંને જાણવાનાં મળે છે, તે જ પ્રમાણે દેહના રોગોના નિદાન માટે તજ્જ્ઞો જીભ પર ઘણો આધાર રાખે છે.

પરંતુ જીભ માત્ર શરીરના વ્યાધિઓને જણાવતી નથી. એ મનુષ્યનાં

ગામ, જાતિ આદિની પણ માહિતી વગર પૂછ્યે આપી દે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ભેદો પણ કદાચ જીભને આધારે કરવામાં આવ્યા હશે. જેની જીભ સહેલાઈથી, નહિ જેવા કારણે, ભયંકર શાપ આપી શકે તે બ્રહ્મષિર્; જેની જીભ વેદમંત્રોના પાઠો કરી કસરત કરે ને સોમરસનું આસ્વાદન કરે તે બ્રાહ્મણ; જેની જીભ વીરરસની વાતો કરે ને કસૂંબાપાણીમાં રાચી રહે તે ક્ષત્રિય; પૈસાની વાત સાંભળી જેની જીભ ભીંજાઈ જાય તે વૈશ્ય; ને જેની જીભ ઘણખરું મૌન સેવે-ને ઇતર વર્ણના હુકમ સાંભળી ‘હા, માબાપ!’ કહે તે શૂદ્ર.

જીભ આમ માણસનાં જાતિકુલ જ નથી જણાવી દેતી, પરંતુ એ કયા શહેર કે ગામનો છે તે પણ એ કહી દે છે. એક વખત ભરૂચમાં મેં બે મનુષ્યોને વાગ્યુદ્ધ ખેલતા જોયા હતા અને તે વેળા મને બહુ નવાઈ લાગી હતી. વાગ્યુદ્ધ ખેલતા હતા તેની નવાઈ નહોતી લાગી-બે માણસો મળે ને લડે નહિ તો નવાઈ લાગે-લડે તેમાં નવાઈ નથી એ હું સારી રીતે જાણું છું. “તું લાલચોલ ડોલા કાઢીને ગાલ પર ગાલ દે છે તે માલ પરથી નીચે ઊતરની! બતાવી દઉં!” એકે કહ્યું. “સાલા, તારું મોં ઊજલું છે, પણ કરમ તો કાલાં છે. ધોલામાં ધૂલ પડી તારા!” બીજાએ ઉપરથી જવાબ દીધો. આ બંને યોદ્ધાઓએ એકમતે ‘ળ’કારનો બહિષ્કાર કરેલો જોઈ મને નવાઈ લાગી. તે પછી ભરૂચમાં લગભગ બધા જ માણસોને મેં ‘ળ’ને સ્થાને ‘લ’ વાપરતા સાંભળ્યા હતા. ‘ળ’કારનો બહિષ્કાર કરનારી જીભ ભરૂચવાસીની છે એમ તરત જણાઈ આવે છે. તે જ રીતે ‘હવાકાનું હેર હાક’ માગનારી સુરતી જીભ ને ‘સડકું ખોદીએં સીએં ને રાબું પીએ સીએં’ એમ કહેનારી કાઠિયાવાડી જીભ પણ પોતાના નિવાસસ્થાનની ખબર આપી દે છે.

બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનું શ્રેષ્ઠત્વ તથા વિશિષ્ટત્વ એની જીભને લીધે જ છે. અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યોમાં બુદ્ધિ વધારે હોય છે, એ વાત મનુષ્ય અને પ્રાણી બંનેના પરિચયમાં આવનાર કોઈથી પણ મનાય એવી નથી. મનુષ્ય કરતાં આંખની બાબતમાં બિલાડી, હાથની બાબતમાં ગોરીલા, નાકની બાબતમાં કૂતરો, પેટની બાબતમાં

વરુ ને પગની બાબતમાં ગધેડો વગેરે બળવાન હોય છે એ જાણીતું છે. તેમ જ બીજાં જાનવરોની માફક એને શીંગડાં ને પૂંછડી પણ હોતાં નથી. એ પરથી સમજાય છે કે મનુષ્ય કરતાં, જીભ સિવાયની બીજી ઇન્દ્રિયોના વિષયમાં અન્ય પ્રાણીઓ વધારે નસીબદાર છે. મનુષ્યનો ખરેખરો વિકાસ જીભના વિષયમાં થયો છે.

જગતમાં જે કાંઈ થાય છે-સારુંનરસું, આનંદકંકાસ, આત્મશ્લાઘા, ખુશામદ, વિવાહ ને વરસી, માંદગી ને તંદુરસ્તી તે સર્વ મોટે ભાગે જીભને લઈને જ થાય છે. સિદ્ધાંત તરીકે જીભ પર અંકુશ રાખવાની શક્તિ મનુષ્યમાં છે, પણ ખરી રીતે જોતાં જીભની સત્તા હેઠળ એ દબાઈ જાય છે. સમાજ, ધર્મ ને કાયદાની રૂએ પુરુષ સ્ત્રીનો સ્વામી છે, પણ વસ્તુતઃ એ સ્ત્રીનો ગુલામ હોય તેમ વર્તે છે. એ જ રીતે એ જીભના તાબામાં રહે છે. એની તંદુરસ્તી, એની નીતિ, એનો વિવેક, એનો ધર્મ એનું આખું જીવન એની જીભને આધારે જ વિકસે છે કે વણસે છે. મનુષ્ય એટલે જ જીભ.

પ્રતિકૂળ સંજોગોમાં પણ આનંદથી શી રીતે કર્તવ્ય બજાવ્યા જવાય, એ જીભ આપણને શીખવે છે. આગળ બત્રીસ ભૈયા જેવા મજબૂત દાંત, પાછળ ગળાની ઊંડી ખાઈ, અનેક પ્રકારના ટાઢા-ઊના, તીખા-ખારા પદાર્થોનો સતત મારો, સૂર્યનો જરા ય પ્રકાશ ન આવે એવી સાંકડી અંધારી જગ્યામાં લપાઈ રહેવાનું: આવી અનેક પ્રતિકૂળતાઓ છતાં, જીભ આનંદથી નિર્ભયપણે પોતાનું કાર્ય કરી જાય છે.

વૃદ્ધાવસ્થામાં બીજી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે, ત્યારે પણ જીભ તો એવી ને એવી બળવાન રહે છે. ઘણી વાર તો બીજી ઇન્દ્રિયોની શક્તિ એનામાં ભેગી થતી હોય એમ લાગે છે.

['જ્યોતીન્દ્ર-તરંગ' પુસ્તક: ૧૯૭૬]

# જ્યોત્સ્ના શુક્લ

## ડુંગરા દેખાતા નથી!

એક યુવાને આવીને કહ્યું:

“તમે કહો છો કે સ્વરાજમાં બધાએ કંઈ ને કંઈ કામ કરવું જોઈએ. સ્વરાજનો સાચો નાગરિક થવાની મારી પણ ઇચ્છા છે. પણ કંઈ કામ જ નથી; પછી કરવું શું?”

“તમારે ખરેખર કંઈ કરવું જ છે?”

“હાસ્તો, કરવું તો છે, પણ મને કંઈ કામ દેખાતું જ નથી. તમે બતાવો તો જરૂર કરું.”

“ખાદી પહેરવાથી શરૂઆત કરો.”

“એ નહીં બને. શું પહેરવું ને શું ન પહેરવું એ મારી ખુશીની વાત છે. મારે તો કામ કરવું છે. આ કંઈ કામ નથી. કામ હોય તો બતાવો.”

“સમાજ-શિક્ષણનું કામ ઉપાડો.”

“છટ્! એ તે કંઈ કામ છે? એ પંતુજીપણું આપણને ન ફાવે.”

“એ તો બહુ સારું કામ છે. આંધળાને આંખ આપવા જેવું કામ છે. તમે જે જે કંઈ જાણો છો એ બધું જ્ઞાન એમને તમે આપી શકો. સમાજસેવાનું આવું સુંદર કામ યુવાનો નહીં કરે તો કોણ કરશે?”

“ના ભાઈ! એ આપણને નહીં ફાવે. બીજું કંઈ કામ બતાવો!”

“કોઈક હરિજનવાસમાં બાલ-ક્રીડાંગણનું કામ કરશો? બાળકોને સ્વચ્છતા શીખવવી, નહાતાં-ધોતાં શીખવવું, ગીતો શીખવવાં, વાર્તાઓ કહેવી વગેરે કરશો? આનંદ આવે અને કામ પણ થાય એવું આ છે.”

“હરિજનવાસમાં જઈને ગંદાં બાળકો સાથે હું મારો સમય બગાડું? એ તો મને નહીં ફાવે.”

"તો પછી દારૂબંધીના પ્રચારનું કામ હાથમાં લો. સરકારની દારૂબંધીની નીતિ સફળ થાય એ માટે લોકોને સમજાવવા એ આપણું જ કામ છે. ઘેર ઘેર દારૂ ગળાય છે, એવી વાતો કરવાને બદલે એકાદ ગામ કે એકાદ લત્તો લઈને તેટલા ભાગમાંથી એ બદી નિર્મૂળ કરવાનો નિશ્ચય કરો અને એની પાછળ મંડી પડો."

"વાહ! આટલું બધું ભણ્યો અને ડિગ્રીઓ લીધી તે શું આવા લોકો વચ્ચે ભટકવા માટે?"

"તો પછી કરશો શું?"

"આ સિવાય બીજું જ કંઈ બતાવો તો કરું. પણ કામ જ ક્યાં છે?"

"એક કામ કરો. આપણી કેટલીક ખોટી રૂઢિઓ નાબૂદ કરવાનું કામ ઉપાડો. હજી મરણ પાછળ જમવાનાં થાય છે. એ ખોટું છે એમ લોકોને સમજાવો. કેટલીક જ્ઞાતિઓમાં વાંકડાનો રિવાજ છે. એ આપણું મોટામાં મોટું કલંક છે, સ્ત્રીજાતિનું ભયંકર અપમાન છે અને યુવાનોને માટે શરમભરેલું છે. એવી જ્ઞાતિઓના યુવાનો સાથે ભળીને આ પ્રથા બંધ કરાવવાનું કામ ઉપાડો."

"રામ રામ કરો. એ તે કોઈ કાળે બનતું હશે? અમારા જેવા ભણેલા યુવાનો તો તાતાના ડિફર્ડ જેવા ગણાય છે. ના ભાઈ! એમાં કોઈનું કંઈ ન વળે."

"તો તો ભાઈ! તમે કશું જ કામ કરવાને લાયક નથી. તમે નકામું જ ભણી બગાડયું. તમે તો સ્વરાજમાં ભારરૂપ છો."

"કેમ એમ કહો છો? સામો આવીને કામ માગું છું તોયે કરવા જેવું કામ બતાવતા નથી, કામ તમારી પાસે છે નહીં, પછી મને શા માટે દોષ દો છો?"

"જાઓ ભાઈ, જાઓ. ફક્કડ કપડાં પહેરીને આમતેમ ભટકતા ફરો. સિનેમા જુઓ. સિનેમાનાં ગીતો લલકારો. નટનટીઓની છબીઓ ભેગી કરો. ચકલે ચકલે ટોળે વળીને ટોળટપ્પાં મારો. સ્વરાજની ઠેકડી

કરો અને કેળવણીને બદનામ કરો. તમારે માટે ફક્ત આટલું જ કામ કરવા જેવું છે.”

*

આ સંવાદમાં અતિશયોક્તિ જેવું કશું જ નથી. આવા એક નહીં ને અસંખ્ય અનુભવો એક કે બીજી રીતે થતા જ રહે છે. સ્વરાજના કામને શું શીંગડાં-પૂંછડાં હોય છે? સ્વરાજનું કામ એટલે શું ફૂલબાગમાં ચમન કરવાનું કામ છે?

કહે છે: કામ કરવું છે, પણ કામ જ ક્યાં છે? આ બધાઓને કંઈ કામ જ દેખાતું નથી!

એક બહેન કહે: “કંઈ ફળદાયક કામ હોય તો કરવાનું મન પણ થાય.” પણ ફળદાયક એટલે શું? કામની વાતો કરનારા આવા બધાઓને પોતે કંઈક કર્યું, પોતે કામ કર્યું એ તરત દેખાઈ આવે એવું જોઈએ છે. એને ફળદાયક કહે છે.

સ્વરાજનાં કામો એમ ન થાય. એ માટે પહેલી જરૂર છે સાચા દિલથી કામ કરવાની તમન્નાની અને પોતાની જાતને ભૂલી જવાની. આટલું હોય તો કામ ઢગલાબંધ પડ્યાં છે. કામના ડુંગરા પડ્યા છે. એ ખોદનારાં ને ચણતર કરનારાં જોઈએ છે. જેમની આંખો ખુલ્લી છે એમની આગળ એ ડુંગરા પડેલા છે.

દેશ આજે કામ કરનારાઓને શોધે છે. આપણી પાસે દેશ કામ માગી રહ્યો છે. શહેરનાં માણસો હોય કે ગામડાંનાં હોય, ભણેલાં હોય કે ન ભણેલાં હોય, ગરીબ હોય કે ધનવાન હોય, સૌની પાસે દેશ કામ માગી રહ્યો છે. વાતો ન કરો પણ કામ કરો, એમ દેશ પોકારી પોકારીને કહે છે. તોયે આપણે આમ જ અથડાયા કરીશું ને સ્વરાજનાં કામો ઠેલ્યા કરીશું?

# ઉપલક વાતોના ભીતરમાં

વિચારકોએ, સમાજ-સુધારકોએ, આગેવાન પુરુષોએ વારંવાર કહ્યું છે કે સ્ત્રીઓનો વિકાસ થયા સિવાય દેશની ઉન્નતિ શક્ય નથી. નર્મદે અને દુર્ગારામ મહેતાજીએ આ આદર્શ રજૂ કર્યો હતો. મહર્ષિ કર્વેએ પણ એ આશયથી સ્ત્રી—શિક્ષણની યોજના કરી અને નાથીબાઈ ઠાકરસી વિદ્યાપીઠની સ્થાપના કરી. ને રાષ્ટ્રપિતા ગાંધીજીએ તો, સ્ત્રીઓના સાથ અને સહકાર વિના આઝાદીની લડત પણ સફળ થવાની નથી એમ કહીને, નાનાંમોટાં તમામ કામોમાં સ્ત્રીઓનો સાથ માગ્યો.

એમ છતાં પણ આજે આપણે શું જોઈએ છીએ? હજી આજે પણ આપણી સ્ત્રીઓની શી દશા છે? કોઈક સ્ત્રી પરદેશમાં એલચી બનીને જાય, કોઈક સ્ત્રી ગવર્નર થાય, થોડીક સ્ત્રીઓ પ્રધાન બને અને થોડીક ધારાસભામાં જાય, એથી સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ થઈ ગયો છે એમ માનવાનું નથી. મુખ્ય વાત તો સ્ત્રી પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ બદલાયું છે કે નહિ એ છે. બહારના જગતમાં સ્ત્રી—સન્માનની વાતો કરીએ કે ક્યાંક એને પ્રમુખ બનાવીને હારતોરા પહેરાવીએ કે સુંદર શબ્દોમાં એની પ્રશંસા કરીએ, એના પરથી એનું માપ નથી નીકળતું. એ બધી ઉપલક વાતોના ભીતરમાં સ્ત્રીનું સ્થાન ક્યાં છે?

સાચી રીતે તો હજી પણ એની પૂરેપૂરી અવગણના થાય છે. હજી પણ એની શક્તિની હાંસી કરવામાં આવે છે. સુંદર શબ્દોથી એની પ્રશંસા કરનારાઓ ખાનગીમાં એની ગલીચ મશ્કરી કરી શકે છે. સ્ત્રીના સૌંદર્યની અને એના યૌવનની પૂજા થાય છે, પણ એની પાછળ રહેલા સાચા સ્ત્રીત્વની ક્રૂર ઠેકડી કરવામાં આવે છે. હજી પણ સ્ત્રીને ઢોરમાર મારવામાં આવે છે, એને લાત મારીને ઘર બહાર કાઢી મૂકવામાં આવે છે. વહેલી સવારથી મોડી રાત સુધી ગદ્ધાવૈતરું કરાવ્યા પછી પણ એને ભૂખે મારવામાં આવે છે. એને સદાકાળ શંકાથી જોવામાં આવે છે. એથી જ સ્ત્રી કૂવા-તળાવ પૂરે છે અથવા ગ્યાસતેલ છાંટીને બળી મરે છે. આ છે હજી આજે પણ આપણા સમાજમાં સ્ત્રીઓની

દશા ને સ્ત્રીઓનું સ્થાન. સ્ત્રી પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ નથી બદલાયું, આપણી ભાવના નથી બદલાઈ.

આ દૃષ્ટિ બદલવાનું કામ સ્ત્રીઓએ જ કરવું પડશે; સ્ત્રી પોતે સ્ત્રી તરફની દૃષ્ટિ નહીં બદલે ત્યાં સુધી આ બનવાનું નથી. આજે તો સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બને છે. સાસુ-વહુના, નણંદ-ભોજાઈના, દેરાણી-જેઠાણીના ઝઘડા સ્ત્રીઓ જ કરે છે. સ્ત્રીની અદેખાઈ સ્ત્રી જ કરે છે. સ્ત્રીના ચારિત્રય પર સ્ત્રી જ આક્ષેપ કરે છે. સ્ત્રીની હલકટ વાતો થતી સાંભળીને એ કમકમી નથી ઊઠતી; એ તેમાંથી છૂપો આનંદ મેળવે છે. સ્ત્રીનો વિકાસ જોઈને કે એની પ્રશંસા સાંભળીને એને આનંદ નથી થતો, પણ ઈર્ષાથી એ સળગી ઊઠે છે. સ્ત્રીની નાનીમોટી ભૂલોને રાઈનો પર્વત બનાવી પુરુષો આગળ રજૂ કરતાં એ શરમાતી નથી.

# જ્યૉર્જ કેન્ટ

## બેલડાં

મેડેલિનબાઈને બેલડાં આવ્યાં.

સ્વિત્ઝરલૅંડ દેશનું ફ્રીબર્ગ ગામ છે. ગામની નાની ઇસ્પિતાલ છે. ૧૯૪૧ની સાલ છે—આખા યુરોપમાં લડાઈનો દવ ફરી વળ્યો છે. એ દાવાનળે સ્વિત્ઝરલૅંડનો સીમાડો હજી ઓળંગ્યો નથી, પણ દેશ પોતાના રક્ષણની તૈયારીઓ કરી રહ્યો છે. કેટલાંય દાક્તર-નર્સો પોતપોતાનાં ઇસ્પિતાલ-દવાખાનાં છોડીને લશ્કરમાં ભરતી થઈ ગયાં છે. જે નથી ગયાં તેમને માથે તૂટી પડાય તેટલો મોટો કામનો બોજો છે. મેડેલિનની માવજત કરનારી સુયાણી જ જુઓને—ત્રણ દિવસ ને બે રાતથી એ ખડેપગે કામ કરે છે, આંખનું મટકુંય માર્યું નથી.

ને એમાં, ૪થી જુલાઈના પ્રભાતે મેડેલિનબાઈને પેટે બેલડાં અવતર્યાં છે.

બેય ભાઈ તો ફૂલના ગોટા જેવા છે. એમનાં નામ પાડયાં છે ફિલિપ અને પૉલ. દિવસો જતાં જતાં બેય મોટા થયા—પણ એ બેલડાંના હશે એવો અણસારેય કોઈને દેખાય નહિ. બેયના સ્વભાવમાં પણ બહુ ફેર. ફિલિપ હતો એકવડિયો ને કાંઈક ચીડિયો; ને પૉલ તો ભારે ધમપછાડિયો. છઠ્ઠું વરસ બેઠું એટલે બેય ભાઈને નિશાળે બેસાડયા.

નિશાળમાં પહેલે જ દિવસે એક અચરજ થયું. દેખાવમાં એકસરખા એવા બે છોકરાઓને બેલડાં સમજીને માસ્તરે એક પાટલી ઉપર બેસાડયા. એ જોઈને નિશાળિયાઓ હસી પડ્યા. વર્ગની બહાર છોકરાઓ જે ભૂલ કરી બેઠેલા તે જ ગફલત માસ્તરે પણ કરી હતી. અર્નસ્ટ નામનો વર્ગનો એક છોકરો દેખાવમાં ફિલિપને એટલો બધો મળતો આવતો હતો કે માસ્તર પણ થાપ ખાઈ બેઠા, ને એ બેયને એમણે બેલડાંના ભાઈ માની લીધા. સાચી વાત સમજાઈ ત્યારે પછી માસ્તરે જ ફિલિપને

એના ભાઈ પૉલ સાથે બેસાડયો. અઠવાડિયાં ગયાં, મહિના વીત્યા. પણ માસ્તરની મૂંઝવણ ઓછી થઈ નહિ. હજીય નિશાળમાં સહુ કોઈ ફિલિપ અને અર્નસ્ટનો ગોટાળો કરી બેસતાં હતાં.

ગામ કાંઈ મોટું નહોતું. વાતને ફેલાતાં શી વાર? એક દિવસ એક ઓળખીતાએ આવીને મેડેલિનબાઈને કહ્યું કે, “આજ તો મેં તમારા ફિલિપને શેરીમાં બહુ તોફાન કરતો જોયો.”

“એ ફિલિપ નહિ હોય,” મેડેલિનબહેન બોલી ઊઠ્યાં. “એને તો સળેખમ બહુ થયું છે તે આખો દિવસ ઘરમાં જ બેઠો છે.”

આવું આવું તો ઘણીય વાર બનતું. મેડેલિનબહેનને ને ફિલિપના બાપાને પણ થયું કે આ તે શું કૌતુક! પછી ૧૯૪૭માં નિશાળનો વાર્ષિક મેળાવડો થયો. બધા છોકરાઓનાં માબાપ એ જોવા આવ્યાં. એમાં ફિલિપના બાપાએ પહેલી જ વાર પોતાના દીકરાને આબેહૂબ મળતો અર્નસ્ટ નામનો પેલો બીજો છોકરો જોયો. મેળાવડામાં આખી નિશાળને એકસરખાં લૂગડાં પહેરીને આવવાનું હતું. એટલે તે પોશાકમાં તો એ બે વચ્ચેનું સરખાપણું વળી અનેકગણું વધી ગયું. ફિલિપના બાપા તો જોઈ જ રહ્યા. પછી ત્યાં ને ત્યાં જઈને એ અર્નસ્ટની બાને મળ્યા, પૂછ્યું: “તમારા દીકરાનો જન્મ ૧૯૪૧ની ૪થી જુલાઈએ પેલી ઇસ્પિતાલમાં જ થયો હતો?”

જવાબ મળ્યો: “હા.”

ફિલિપનાં માબાપ તો હવે મૂંઝાવા લાગ્યાં. ગામના એક આગેવાન દાક્તરને જઈને એ મળ્યાં, પેટછૂટી વાત કરી અને પોતાની શંકા રજૂ કરી.

“બની શકે જ નહિ,” દાક્તર બોલી ઊઠ્યા. “એમ છોકરાં બદલાઈ જાય તે તો બધું વારતામાં બને, સાચી જિંદગીમાં નહિ!”

બે દિવસ પછી ફિલિપના બાપા એને ને પૉલને દાંતના દાક્તર પાસે લઈ ગયા. તપાસ કરાવી. બધા છોકરાને નીચલી દાઢમાં ચાર રાક્ષસી હોય, પણ ફિલિપના મોઢામાં બે જ હતી પૉલના દાંતમાં કાંઈ

ખામી નહોતી. વળતે અઠવાડિયે ફિલિપની બાએ નિશાળે જઈને જોયું તો આ પેલા અર્નસ્ટનાં જડબાંમાં પણ બે જ નીચલી રાક્ષસી હતી.

હવે તો મેડેલિનને અને તેના પતિને ખાતરી થઈ ગઈ કે નક્કી, ઇસ્પિતાલમાં છોકરા બદલાઈ ગયા છે; અર્નસ્ટને બદલે પૉલ આવી ગયો છે. એમનાં હૈયાંમાં વલોપાત ચાલ્યો. બેય છોકરા ઉપર એમને સરખો પ્રેમ હતો. પણ હવે પૉલથી જુદાં પડવું પડે તો—એ વિચાર જ એમને મૂઢ બનાવી મૂકતો. પણ હજીય કોને ખબર છે—કદાચ પોતાની ભૂલ થતી હોય, એમ માનીને એ તો પેલા આગેવાન દાક્તર પાસે ફરી વાર ગયાં. દાંતવાળી વાત સાંભળીને દાક્તરને પણ શંકા પડી. એણે પેલા સુવાવડખાનામાં જઈને ઊંડાણથી તપાસ કરી. ને એનો વહેમ પાકો થતો ગયો.

હવે ફિલિપની બાનું હૈયું હાથ રહેતું નહોતું. બીજી બાજુ, અર્નસ્ટની માને તો આ વાતમાં કાંઈ રસ જ નહોતો. એને દસ વરસની એક દીકરી હતી, ને પછી આ નાનો અર્નસ્ટ હતો. એ બાઈનો ધણી થોડા વખત પહેલાં જ મરી ગયો હતો, ને અર્નસ્ટ હવે એને આંખની કીકી જેવો વહાલો થઈ પડ્યો હતો. ઇસ્પિતાલમાં અદલબદલ થઈ હોય કે ન થઈ હોય, બાઈને એની કાંઈ પડી નહોતી.

ગામના લોકો પણ એમ જ કહેતા: થવાનું હશે તે થઈ ગયું. બેય છોકરા પોતપોતાને ઠેકાણે કલ્લોલ કરે છે. સહુ સુખી છે. પછી હવે જૂની વાત શીદને ઉખેળવી?

પણ મેડેલિનને ને એના ધણીને તો સાચી વાત જાણ્યા વિના જંપ વળે એમ ન હતો. વળી શરૂઆતમાં એમની વાત હસી કાઢનાર પેલા આગેવાન દાક્તર પણ હવે વાતનો તંત છોડવા તૈયાર નહોતા. અર્નસ્ટની બા ને એમની મોટી દીકરી, ફિલિપનાં માબાપ ને એમના બેય છોકરા—એ બધાંનું લોહી તપાસવામાં આવ્યું. પણ એ તપાસથી કાંઈ વળ્યું નહિ, કારણ કે સાતેયનું લોહી એકસરખું હતું.

થોડા દિવસ પછી બન્ને કુટુંબો પાટનગર જીનીવા ગયાં, ત્યાં મોટા

મોટા તબીબોની સલાહ લીધી. આઠ-આઠ મહિના સુધી તો તબીબોએ તપાસ ચલાવી. ને પછી એકમતે ચુકાદો આપ્યો કે ફિલિપ ને અર્નસ્ટ એક માને પેટે જન્મેલા છે, ને જે બાઈએ અર્નસ્ટને ઉછેરીને મોટો કર્યો છે તેનો સાચો દીકરો પૉલ છે.

બીજી પણ એક સાબિતી સાંપડી ગઈ. મેડેલિન ઇસ્પિતાલમાં હતી ત્યારના એના કેસનાં કાગળિયાંમાં થોડી છેક ભૂંસ નીકળી. બેલડાં જનમ્યાં ત્યારે એમનાં જે વજન નોંધાયાં હતાં તેમાં પાછળથી ફેરફાર થયો હતો. બેલડાંનાં બાળકોનાં વજન જન્મ વખતે સામાન્ય બાળક જેટલાં જવલ્લે જ હોય છે. ભૂલભૂલમાં અર્નસ્ટની જગ્યાએ પૉલ મુકાઈ ગયો હશે; પણ પેલી થાકીપાકી નર્સને એ વાતનો અંદેશો નહિ રહ્યો હોય, એટલે એણે બેલડાંના એક બાળકનું વજન મૂળ હતું તેના કરતાં બે રતલ જેટલું વધારે લખી નાખ્યું હતું.

પછી તો જાતજાતની તપાસ થઈ. આંગળાંની છાપ લેવાઈ, એક્સ-રેથી ત્રણેય છોકરાની ખોપરીઓના ફોટા લેવાયા, કાનના પડદા ને આંખની કીકીઓ પણ તપાસાઈ ગયાં. દરેક કસોટી એક જ ઉકેલ ચીંધતી: કે ફિલિપ ને અર્નસ્ટ જ સાચાં બેલડાં હતાં.

છેવટની એક અફર પરીક્ષા રહી હતી. એ હતી ચામડીનું થીગડું મારવાની. માણસની પોતાની જાંઘમાંથી ચામડી લઈને એના જ હાથ ઉપર એનું થીગડું માર્યું હોય તો એ બરાબર ચામડી સાથે મળી જાય. પણ બીજા કોઈની—માબાપની કે સગા ભાઈની ચામડીનું થીગડું સુધ્ધાં એવું કામ નથી આપતું. એમાં અપવાદ એક છે: બેલડાંનાં બાળકોની ચામડી એકબીજાંને થીગડાં મારવામાં કામ આવે છે. એટલે, દાક્તરોએ એ ત્રણેય છોકરાઓની ચામડીના થોડા થોડા કટકા લઈને એકબીજાનાં શરીર ઉપર એનાં થીગડાં મારી જોયાં. ફિલિપની ચામડીનું થીગડું અર્નસ્ટના શરીર પર, ને અર્નસ્ટનું ફિલિપ ઉપર બરાબર ચોટી ગયું. પણ પૉલના શરીર પરનું થીગડું કરમાઈને ઊખડી ગયું.

ડિટેક્ટિવ વારતા ત્યાં પૂરી થાય છે. પણ સાચી જિંદગીની કરુણા ત્યાંથી શરૂ થાય છે.

૧૯૪૮ના જુલાઈ મહિનાની ૧લી તારીખે મેડેલિનના પતિ પૉલને લઈને એની સાચી માને ઘેર મૂકી આવ્યા, અને અકળાયેલા અર્નસ્ટને ત્યાંથી લઈ આવ્યા. એ અદલાબદલીથી કોઈ સુખ પામ્યું નહિ. ત્રણેય છોકરાઓ સાત-સાત વરસના થઈ ગયા હતા, ને પોતપોતાના ઘરમાં એ પ્રેમથી, જતનથી ઊછર્યા હતા.

“અર્નસ્ટને મેં ખૂબ હેત કરીને મારા ઘરમાં લીધો. મારા ફિલિપની છબી જેવો જ એ હતો—એટલે મને એની ઉપર હેત તો કેટલુંય છૂટતું હતું!” મેડેલિનબહેને મને કહ્યું. “પણ પેલા છોકરા પૉલને—ભલે ભૂલથી પણ—મેં મારું બાળક ગણીને જ મોટો કરેલો હતો. એના વિના મારાથી કેમ રહેવાય? પેટનું બાળ પાછું મેળવ્યું તેનો મને હરખ હતો, પણ હૈયાનું બાળ ખોઈને હું હીબકાં ભરતી હતી.”

એ વાતને ત્રણ વરસનાં વહાણાં વાયાં છે. પણ મેડેલિનની આંખનાં નીર હજી સુકાયાં નથી. પૉલ જે દિવસે એને ઘેરથી ગયો ત્યારનો એને દીઠો નથી. છતાં કેમેય કરીને એ વીસરાતો નથી. મેડેલિને અને એના પતિએ પૉલને એના ઘરબદલાનું કારણ સમજાવેલું. એને જવું બહુ આકરું ન લાગે એટલે એમણે તેને એ પણ કહેલું કે, તારી સાચી બા બહુ પૈસાદાર છે, એને ઘેર મોટર છે, એ તને સાઇકલ અપાવશે, ખૂબ ખૂબ રમકડાં લઈ દેશે. એ બધું સાંભળીને પૉલભાઈ તો નવે ઘેર જવા ઉતાવળા થઈ ગયા હતા.

પૉલ ગયો ને અર્નસ્ટ આવ્યો. નવા ઘરમાં ક્યાંય સુધી એ અતડો અતડો રહ્યો. મેડેલિનને એ ‘બહેન’ કહીને જ બોલાવતો અને હેત કરતો નહિ, બચીઓ ભરતો નહિ. ડાહ્યો ડમરો બનીને એ રહેતો. નવાં માબાપની આજ્ઞા પાળતો, પણ માતૃપ્રેમની જ્વાળાઓ એના ભીતરમાં ભડકે બળ્યા કરતી. મેડેલિને તો એને જ્યારે મન થાય ત્યારે જૂને ઘેર આંટો મારી આવવાની રજા પણ આપેલી. પરંતુ અર્નસ્ટે માતાનો વિરહ મૂંગો મૂંગો અંતરમાં શમાવી લીધો.

અર્નસ્ટ જેને મૂકીને આવ્યો હતો તે માતાની વેદનાનો કોઈ જોટો નહોતો. મેડેલિનને તો એટલુંય સુખ હતું કે પોતાની પાસે બેલડાંનું એક

બાળક હતું, તેની જોડનું બીજું બાળક એને સાંપડ્યું હતું. પણ આ વિધવા બાઈને તો એટલું ય આશ્વાસન નહોતું. પોતે ખોયેલા દીકરાથી દરેક રીતે જુદું એવું એક બાળક એના ઘરમાં આવ્યું હતું. હા, એ બાળકનું મોઢું એના મરેલા ધણીની છબીને મળતું આવતું હતું. પણ જેને પોતાની છાતીએ ધવરાવીને મોટો કર્યો હતો એ છોકરો તો આ નહિ જ ને! જેને પોતે બેસતાં શીખવ્યું હતું, પા પા પગલી પાડતાં શીખવ્યું હતું, એ સંતાન તો આ નહિ જ ને!

આજે ત્રણેય છોકરા દસ-દસ વરસના થઈ ગયા છે. પોતપોતાનાં નવાં ઘરમાં એ બરાબર ગોઠવાઈ ગયા છે. બધી વાતે સુખી છે. પણ એ બે માતાઓ તો તૃષાતુર ચાતક પંખિણીઓની જેમ ઝૂર્યા જ કરે છે.

(અનુ. મહેન્દ્ર મેઘાણી)

# સાહસોનો સ્વપ્નદ્રષ્ટા

૧૯મી સદીના નવમા દાયકાને એક દિવસે ભરાવદાર રાતાં થોભિયાંવાળો એક આદમી ફ્રાંસના શિક્ષણપ્રધાનની મુલાકાતે ગયેલો. તેના નામના કાર્ડ સામે જોતાં જ શિક્ષણકચેરીના સ્વાગતમંત્રીનું વદન પ્રકાશી ઊઠ્યું. “વર્ન સાહેબ,” એક ખુરશી ધરતાં એ બોલ્યો: “કૃપા કરીને જરા વાર બેસશો? તમે આટલી બધી મુસાફરીઓ કરો છો, તે થાકેલા હશો!”

હા, લેખક જુલે વર્નને તો થાક લાગ્યો જ હોય. અનેક વાર એમણે પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી હતી—એક વાર તો ૮૦ દિવસમાં. મહાસાગરના પેટાળમાં એમણે ૬૦,૦૦૦ માઈલની સફર ખેડી હતી, ચંદ્રલોકની યાત્રા કરી હતી, ધરતીના પેટાળમાં પ્રવાસ કરેલો હતો. ખંડેખંડના આદિવાસીઓ સાથે એમણે વાતો કરેલી હતી. લેખક જુલે વર્ન જ્યાં ન પહોંચ્યા હોય તેવો પૃથ્વીની ભૂગોળનો ભાગ્યે જ કોઈ પ્રદેશ હશે.

પણ માનવી જુલે વર્ન તો બેઠાડુ ઘરકૂકડી જેવા હતા. એમને કોઈ વાતનો થાક લાગ્યો હોય તો તે લખવાનો. આમિયેં ગામના એમના ઘરના ઉપલા મજલાની એક નાની ઓરડીમાં બેઠાં બેઠાં ૪૦-૪૦ વર્ષો સુધી એમણે વરસનાં બેને હિસાબે પુસ્તકો લખ્યે જ રાખ્યાં હતાં.

વર્ન એક સ્વપ્નદ્રષ્ટા હતા એટલું જ નહિ, આવતી કાલની આલમની રૂપરેખાના એક મહાન આલેખક હતા. હજી તો રેડિયોની પણ શોધ નહોતી થઈ ત્યાં તેમની કલમે ટેલિવિઝનને કામ કરતું આલેખી નાખ્યું હતું—એનું નામ એમણે ‘ફોનો-ટેલિફોટો’ પાડેલું. વિમાનના શોધક રાઇટ-બંધુઓ ધરતી ઉપરથી ઊંચે ચડયા તે પૂર્વે પચાસ વર્ષે લેખક વર્ન પાસે ‘હેલિકોપ્ટર’ વિમાનો તૈયાર હતાં. આપણી વીસમી સદીની કોઈક જ એવી અજાયબી હશે કે જેનાં આગમ ઓગણીસમી સદીના આ કલ્પનાશીલ માનવીએ નહીં ભાખ્યાં હોય: સબમરીનો, હવાઈ જહાજો, ગગનચૂંબી ઇમારતો, યાંત્રાક દાદરા, બખ્તરિયા ગાડીઓ. વૈજ્ઞાનિક વાર્તાઓના એ પિતામહ હતા.

હજી તો આવતી કાલે થનારી શોધો વિશે વર્ન એટલી ચોકસાઈભરી વિગતો સાથે લખતા, કે વિજ્ઞાની મંડળોમાં તેની ઉપર ચર્ચાઓ ચાલતી અને વર્ને આપેલા આંકડાઓનો તાળો મેળવવામાં ગણિતશાસ્ત્રીઓ અઠવાડિયાંનાં અઠવાડિયાં ગાળતા.

આગળ જતાં વર્નનાં લખાણોમાંથી પ્રેરણા પામનારા અનેક નામાંકિતોએ તેને અંજલિ આપેલી છે. ઉત્તર ધ્રુવ ઉપર વિમાનમાં ઊડીને પાછા ફરેલા એડમિરલ બર્ડે કહ્યું હતું કે જુલે વર્ન એમના ભોમિયા હતા. ઊંચે અવકાશમાં ને નીચે સાગરના પેટાળમાં હેરત પમાડે તેટલાં અંતરો સુધી પહોંચનારા ઑગસ્ટ પિકાર્ડે, વાયરલેસના શોધક મારકોનીએ અને બીજા અનેકોએ કબૂલ કર્યું છે કે એ બધાં શોધ-સાહસોનો પહેલવહેલો તણખો એમના મગજમાં મૂકનાર એક જ માનવી હતો: જુલે વર્ન.

પોતાની કલ્પનાભોમમાંથી ફૂટેલા અનેક તરંગોને વાસ્તવિક સ્વરૂપ લેતા જોવાનું સદ્ભાગ્ય પણ જુલે વર્નને સાંપડ્યું હતું. એ કહેતા કે,

“એક માણસ જેની કલ્પના કરી શકે તેને બીજો માણસ સાચેસાચ સરજાવી પણ શકે.”

*

૧૮૨૮માં જુલે વર્નનો જન્મ થયો ત્યારે રેલગાડીના જન્મને હજી પાંચ જ વરસ વીત્યાં હતાં; એટલાંટિક મહાસાગર ખેડતી સ્ટીમરોમાં યંત્રો મુકાયાં હતાં, પણ તે ઓચિંતાં ખોટકાઈ પડે તે બીકે જૂના સઢ પણ સ્ટીમરો સાથે જ રાખતી હતી.

પિતાના આગ્રહથી ૧૮ વરસની ઉંમરે જુલે વર્ન પેરિસમાં કાયદાનો અભ્યાસ કરવા ગયા. પણ એમને કવિતા અને નાટકો લખવામાં વધારે રસ હતો.

એક સાંજે, પેરિસની એક ફેશનેબલ મિજબાનીથી કંટાળીને જુલે વર્ન ઓચિંતા ઊભા થઈ ગયા ને દાદરો ઊતરી ગયા. સીડીને નીચલે છેડે એ પહોંચ્યા ત્યારે બીજા એક સજ્જન પગથિયાં ચઢવા જતા હતા.

‘થ્રી મસ્કેટીઅર્સ’ના મશહૂર લેખક એલેકઝાન્ડર ડ્યૂમા સાથેની જુલે વર્નની દોસ્તીની ત્યાં, એ સીડીને પહેલે પગથિયે, શરૂઆત થઈ. ડ્યૂમા સાથેની ઓળખાણને પરિણામે નવજુવાન વર્નના જીવનમાં લેખનકાર્યનું કાયમી સ્થાન નિશ્ચિત થઈ ગયું. એ બંનેએ મળીને એક નાટક લખ્યું. પછી, ઇતિહાસ માટે ડ્યૂમાએ જે કાર્ય કરેલું તે પોતે ભૂગોળ માટે કરવાનું વર્ને ઠરાવ્યું.

પિતાની મદદથી વર્ન હવે શેરબજારના એક દલાલ બન્યા. એમના સંજોગો સુધરવા માંડ્યા, તે છતાં પુરાણા ઘરમાં રહેવાનું ને લખવાનું એમણે ચાલુ રાખ્યું. સવારના છ વાગ્યે તો એ કામે ચડી જતા ને બાળકોના એક સામયિક માટે વિજ્ઞાન વિશેના લેખો તૈયાર કરવા માંડતા. દસેક વાગે, એટલે શેરદલાલિયા વાઘા ચડાવીને એ બજારમાં પહોંચી જતા.

જુલે વર્નની પહેલવહેલી ચોપડી હતી ‘બલૂનમાં પાંચ અઠવાડિયાં’. પંદર પ્રકાશકોને એ મોકલાયેલી, પણ તે એમણે પરત કરી હતી. ખિજાઈને વર્ને ઘરની સગડીમાં એનો ઘા કરેલો, પણ લેખક-પત્નીએ

દોડીને એ ચોપડીને ઉગારી લીધી, ને હજી એકાદ પ્રકાશકને તે મોકલી જોવાનું વચન પતિ પાસેથી મેળવ્યું. સોળમા પ્રકાશકે એને સ્વીકારી ને પ્રગટ કરી.

જોતજોતામાં ‘બલૂનમાં પાંચ અઠવાડિયાં’એ તે જમાનામાં વધુમાં વધુ વેચાતાં પુસ્તકોની હરોળમાં પોતાનું સ્થાન લઈ લીધું. સુધરેલી દુનિયાની દરેક ભાષામાં તેનો અનુવાદ થયો. ૧૮૬૨માં, એ ચોપડીના ચોત્રીસ વરસના કર્તાની ખ્યાતિ દૂર દૂર સુધી પ્રસરી ગઈ હતી. ત્યારબાદ શેરબજારની વિદાય લઈને, દર વરસે બે નવલકથાઓ લખી આપવાના એક પ્રકાશક સાથેના કરાર પર વર્ને સહી કરી.

વર્નના તે પછીના પુસ્તક ‘ધરતીના પેટાળમાં’નાં પાત્રો આઈસલૅંડ ટાપુના એક જ્વાળામુખીના ડાચા વાટે પૃથ્વીના પેટમાં પ્રવેશ કરે છે, અને સેંકડો સંકટોનો સામનો કરીને ઇટલીના બીજા એક જ્વાળામુખીમાંથી વહેતા લાવા-ઝરણ સાથે બહાર નીકળે છે. પૃથ્વીના પેટાળમાં જે કાંઈ બની રહ્યું છે તે વિશેની વિજ્ઞાનની તમામ માહિતી તેમ જ કલ્પનાઓ એ કથામાં ગૂંથાયેલી હતી—ને ઉપર રોમહર્ષણ સાહસનો મસાલો ભભરાવેલો હતો. વાચકો એનાથી ધરાય જ નહિ. તે વખતે જ સુએઝની નહેરનું બાંધકામ પૂરું કરી આવેલા યશસ્વી ઇજનેર ફર્ડિનાંડ દ લેસેપ્સે વર્ન ઉપર આફરીન થઈને ફ્રેંચ સરકારને હાથે ‘લીજિયન ઑફ ઑનર’નો ચંદ્રક અપાવીને એમનું સન્માન કરાવ્યું.

વર્ન-દંપતીને ઘેર પુત્રજન્મ થયો પછી પેરિસમાંથી રહેણાંક ફેરવીને તેઓ આમિયેં ગામે જઈ વસ્યાં. લક્ષ્મીનો પ્રવાહ હવે એમના આંગણામાં વહેવા માંડ્યો હતો. જુલે વર્ને એ કાળની મોટામાં મોટી ગણાતી એક નૌકા ખરીદી, નવું મકાન બાંધ્યું ને તેના ઊંચા મિનારાની ટોચે કોઈ જહાજી કપ્તાનની કેબિન જેવી પોતાની ઓરડી સજાવી. નકશાઓ અને પુસ્તકોનાં થોથાંના ઘેરા વચ્ચે બેઠાં બેઠાં પોતાના જીવનનાં છેલ્લાં ચાલીસ વરસો એમણે ત્યાં વિતાવ્યાં.

જુલે વર્નનાં તમામ સર્જનોમાં કદાચ સહુથી વધુ વિખ્યાત ‘૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા’ બનેલું હશે. પેરિસના એક છાપામાં એ

ચાલુ વાર્તારૂપે પ્રગટ થતું. ફોગ નામનો તેનો નાયક પોતે લગાવેલી એક શરત જીતવા માટે સમયની સાથે હોડમાં ઊતર્યો હતો. આ રસાકસીને કારણે દેશદેશાવરનાં વાચકો ફોગની સાથે એવાં ઓતપ્રોત બની ગયાં કે એ કલ્પના-વીર કેટલે પહોંચ્યો છે તે છાપામાં વાંચીને તરત જ લંડન-ન્યુયોર્કનાં અખબારોના પેરિસવાસી ખબરપત્રીઓ તે સમાચારના રેડિયો-સંદેશા પોતપોતાની કચેરીએ પહોંચાડતા.

એ હતી ૧૮૭૨ની સાલ. તે પછી સત્તર વરસે ન્યુ યોર્કના એક છાપાએ નેલી બ્લી નામની ખબરપત્રી પાસે ફોગનો કાલ્પનિક વિક્રમ તોડાવેલો—એ બાઈએ ૭૨ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી બતાવી. પાછળથી, રશિયામાં સાઇબીરિયા વીંધતી રેલવે નખાઈ તેને પ્રતાપે, ફ્રાંસના એક વતનીએ ૪૩ દિવસમાં એ પ્રદક્ષિણા કરી બતાવેલી—અને સાઈબીરિયાની આરપાર જનારી એ રેલવેની આગાહી તો જુલે વર્ને વરસો અગાઉ કરી રાખેલી હતી જ!

‘સાગર તળે ૬૦,૦૦૦ માઈલ’માં વર્ને ‘નોટિલસ’ નામની જે સબમરીનનું સર્જન કરેલું તે વીજળીથી ચાલતી એટલું જ નહિ, સમુદ્રમાંથી જ વીજળી પેદા કરી શકતી—અને બે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ પછીથી એ વસ્તુ પ્રયોગરૂપે સિદ્ધ કરી બતાવી છે. અણુશક્તિ વડે ચાલતી અમેરિકન નૌકાદળની અદ્યતન સબમરીન ‘નોટિલસે’ અનંત કાળ સુધી સાગરના પેટાળમાં રહી શકવાની જે સિદ્ધિ પહેલી જ વાર હાંસલ કરી તે પણ વર્નની ‘નોટિલસ’ને પગલે ચાલીને જ.

આર્ષદ્રષ્ટા તરીકે વર્નને વધુમાં વધુ કીર્તિ અપાવે તેવી એમની એક ચોપડી ઓછામાં ઓછી વંચાઈ છે. એનું નામ છે ‘એક અમેરિકન પત્રકારની નોંધપોથી: સન ૨૮૯૦.’ એ કથામાં ન્યુ યોર્કનું નામ ‘વિશ્વનગરી’ રાખેલું છે ને તે જગતનું પાટનગર બન્યું છે. ૧૦૦-૧૦૦ વાર પહોળા તેના રાજમાર્ગોની બેઉ બાજુએ હજાર—હજાર ફૂટ ઊંચી ઇમારતોની કિલ્લેબંધી ખડી છે. તેમાં પૃથ્વીની આબોહવા સંપૂર્ણપણે માનવીના અંકુશમાં રહે છે, અને ઉત્તર ધ્રુવનાં હિમ-વેરાનોમાં પણ ખેતી થાય છે. વર્નની એ કથાનો નાયક ‘વિધિનો છડીદાર’ નામનું

છાપું ચલાવે છે, ને તેનાં આઠ કરોડ વાચકો છે. એ અખબારના ખબરપત્રીઓ જુદા જુદા ગ્રહ ઉપરથી ટેલિવિઝન વાટે સમાચાર પાઠવે છે, અને તેના ગ્રાહકો પોતાના દીવાનખાનામાં બેઠાં બેઠાં જ બ્રહ્માંડના જુદા જુદા બનાવોનાં દૃશ્યો નિહાળી શકે છે.

આયુષ્યને અંતે વર્નના જીવનમાંથી સુખ ઓસરવા માંડયું હતું. સાહિત્ય—જગતના પંડિતો એને તુચ્છકારતા હતા. એ જમાનાના ફ્રેંચ લેખકોમાં વર્નનાં પુસ્તકો સહુથી વધુ વંચાતાં, તે છતાં ફ્રાંસની ‘સાહિત્ય-અકાદમી’માં તેમને સ્થાન મળ્યું નહોતું. મીઠી પેશાબની બીમારી એમને લાગુ પડી હતી, આંખોનું નૂર આથમવા લાગ્યું હતું, બહેરાશ વધતી જતી હતી. એમની આખરી કૃતિઓ સરમુખત્યારો અને સિતમગરોના આગમનની ભયભીતતાથી ભરેલી હતી.

૧૯૦૫માં જુલે વર્નના પ્રાણ પરલોકને પ્રવાસે ઊપડી ગયા. આલમ આખી એમની મૈયતમાં મોજૂદ હતી—પેલી ‘અકાદમી’ના ૪૦ સભ્યો, દેશદેશાવરના એલચીઓ અને સમ્રાટો તથા રાષ્ટ્રપતિઓના ખાસ પ્રતિનિધિઓ. એની કબર ઉપર પ્રશંસાનાં હજારો પુષ્પોનો જે ગંજ ખડકાયો તેમાંથી પેરિસના એક છાપાની આ અંજલિ કદાચ જુલે વર્નના હૈયાની વધુમાં વધુ સમીપ પહોંચી હશે :

‘વાર્તા કહેનારા દાદાજી ચાલ્યા ગયા.’

(અનુ. મહેન્દ્ર મેઘાણી)

# જ્યોર્જ બર્નાર્ડ શો

## મૃત્યુ પામું તે પહેલાં

હું મૃત્યુ પામું તે પહેલાં મારે મારી જાતનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવો છે. હું જેટલું વધુ કામ કરીશ એટલો વધારે હું જીવીશ. મારે માટે જીવન ‘ટૂંકી મીણબત્તી’ નથી, એક ભવ્ય મશાલ છે, જે પલભર માટે મારા હાથમાં આવી છે અને ભવિષ્યની પ્રજાને તે સોંપી દેતાં પહેલાં શક્ય તેટલા તેજથી મારે એને પ્રજ્વલિત કરવી છે.

## રમૂજની રીત

રમૂજ કરવાની મારી રીત સત્ય કહેવાની છે.
દુનિયામાં એથી બડી રમૂજ બીજી કોઈ નથી.

*

સત્ય જ એક એવી વસ્તુ છે કે જેને કોઈ નહીં માને.

*

સ્વતંત્રતા એટલે જવાબદારી. તેથી જ ઘણા લોકો એનાથી ગભરાય છે.

*

જાતનું રક્ષણ કરવું હોય તો ઊભા ઊભા ચોકી કરવાથી નહીં થાય
પણ તૂટી પડીને, સારી પેઠે પિટાઈને જ થઈ શકશે.

*

સિપાહીગીરી એટલે
પોતાનામાં જોર હોય ત્યારે બેરહમ બનીને તૂટી પડવાની, અને
તાકાત ન હોય ત્યારે બાયલાની જેમ પલાયન થઈ જવાની કળા.

*

અનુભવે આપણે એટલું તો શીખીએ છીએ કે
માનવી અનુભવમાંથી કદી કાંઈ જ શીખતો નથી.

*

જિંદગીમાં બે કરુણતા આવે છે:
એક તો, પોતે જેને ઝંખતાં હોઈએ તે ન જડે એ;
અને બીજી, એ સાંપડી જાય તે.

*

સર્વ લોકો મારા ગુણ ગાય તે દિવસે મારું આવી બન્યું જાણજો!

*

મોટામાં મોટું રહસ્ય
સારી કે નરસી કે કોઈ પણ બીજી જાતની રીતભાત રાખવામાં નહીં,
પણ તમામ મનુષ્યો માટે એકસરખી રીતભાત રાખવામાં રહેલું છે.

*

જીવનનો સાચો આનંદ આ છે—
પોતે ભવ્ય માનેલા કોઈ ઉદ્દેશને ખાતર ખપી જવું;
ઉકરડા પર ફેંકાઈ જતાં પહેલાં સંપૂર્ણપણે ઘસાઈ છૂટવું;
“દુનિયા મને સુખી કરવામાં લાગી પડતી નથી,”
એવાં રોદણાં રડતા સ્વાર્થીલા, તાવલેલા ઢેફાને બદલે
કુદરતની એક શક્તિ બનવું.

*

# ઝવેરચંદ મેઘાણી

## ત્રાજવડાં ત્રોફણહારી

*બાઈ! એક ત્રાજવડાં ત્રોફણહારી આવી રે,...*
*બાઈ! એ તો નીલુડા નીલુડા રંગ લાવી રે,*
*ત્રોફાવો નીલાં ત્રાજવાં હો જી!...*
*નાની એવી કુરડી ને માહીં ઘોળ્યા દરિયા;*
*બાઈ! એણે કમખામાં સોય તો સંતાડી રે.*

## અમારે ઘર હતાં...

*અમારે ઘર હતાં, વ્હાલાં હતાં, ભાંડું હતાં, ને*
*પિતાની છાંય લીલી, ગોદ માતાની હતી યે....*
*બધી માયા-મહોબ્બત પીસતાં વર્ષો વીતેલાં,*
*કલેજાં ફૂલનાં, અંગાર સમ કરવાં પડેલાં....*
*સમય નો'તો પ્રિયાને ગોદ લૈ આલિંગવાનો,*
*સમય નો'તો શિશુના ગાલ પણ પંપાળવાનો,*
*સમય નવ માવડીને એટલું કહેતાં જવાનો:*
*"ટપકતા આંસુને, ઓ મા! સમજજો બાળ નાનો!"*

## જીવતા મહાકાવ્યની ગાથા

ઠક્કરબાપા એક વિરલ લોકસેવક છે. તેમનામાં અભિમાન કે આડંબરનો છાંટો નથી. તેમને સ્તુતિ જોઈતી નથી. તેમનું કામ એ જ તેમનો એકમાત્રા સંતોષ અને એકમાત્રા મનોરંજન છે. ઘડપણે એમનો

ઉત્સાહ મોળો પડયો નથી. એક વાર મેં એમને લખ્યું કે, ‘તમે જરા આરામ લો તો સારું.’ તરત જ જવાબ આવ્યો: ‘આટલું બધું કરવાનું પડ્યું છે ત્યાં આરામ શી રીતે લઈ શકાય? મારું કામ એ જ મારો આરામ હોવો જોઈએ.’ પોતાના જીવનકાર્ય પાછળ શક્તિ ખરચવામાં તેઓ તેમની આસપાસના એકેએક જુવાનને શરમાવે છે.—ગાંધીજી

આ મૂંગા માનવસેવકનું ભવ્ય જીવનસમર્પણ જીવતા કો’ મહાકાવ્યની ગાથા સમું છે. માંડ ૨૦-૨૫ રૂ.ના દરમાયાથી ભાવનગરમાં એક પેઢીમાં ગુમાસ્તાગીરી કરતા પિતા વિઠ્ઠલદાસ ઠક્કર અને માતા મૂળીબાઈના સંતાન અમૃતલાલનો જન્મ ૧૮૬૯માં ૨૯મી નવેમ્બરે (ગાંધીજી પછી લગભગ બે મહિને) થયેલો. પિતાની ગરીબાઈ ઉપરાંત કરડાઈ અને સખ્તાઈનો સ્વાદ પણ એને ચાખવા મળેલો. પણ વિઠ્ઠલદાસભાઈમાં એક મહાન ગુણ હતો વ્યવસ્થાનો. અપાર અવ્યવસ્થાવાળા મોટા કુટુંબમાં એ દરેક ચીજને એના યોગ્ય સ્થાને મૂકતા. વેરણછેરણ પડેલાં સ્ત્રીઓનાં કપડાંને પણ ઘડી કરીને ગોઠવતા, દાદર પાસે પડેલા જોડાના ઢગલાને હારબંધ ગોઠવતા, બાળકે ગંદું કરેલું જાજરુ જાતે ધોઈ સાફ કરતા. પિતાનો આ વ્યવસ્થાપ્રેમ અમૃતલાલના લોહીમાં ઊતરેલો.

ઘરની ગરીબી વચ્ચે અમૃતલાલે મૅટ્રિક સુધીનો અભ્યાસ ભાવનગરમાં જ પૂરો કર્યો. પછી તેને ક્યાંક નોકરીએ વળગાડી દેવાનો, કોઈ પણ કંગાલ પિતાને માટે સ્વાભાવિક ગણાય તેવો, લોભ છોડીને વિઠ્ઠલદાસભાઈએ પેટે પાટા બાંધીને પણ તેને પૂનાની એન્જિનિયરિંગ કૉલેજમાં દાખલ કર્યો. ગરીબ બાપના એ ફરજંદે ત્યાં સદાશિવ પેઠમાં કોટડી ભાડે રાખી કરકસરથી ગુજારો કરતે કરતે ત્રાણ વરસને અંતે એલ.સી.સી.ની ઉપાધિ મેળવી. પૂનાનું ખર્ચ પૂરવા માટે એમની માતાએ પોતાના નજીવા દાગીના પણ વેચેલા, તેની સભાનતા સાથે અમૃતલાલ ઠક્કર તરત નોકરીએ ચડી ગયા. થોડો વખત જુદી જુદી નોકરીમાં ગાળ્યા પછી છપ્પનિયાના દુકાળના વરસમાં એ પૂર્વ આફ્રિકા ગયા. ત્યાં કેન્યા-યુગાન્ડા રેલવેમાં કામ કર્યા બાદ ૧૯૦૪-૦૫માં મુંબઈ શહેર સુધરાઈમાં જોડાયા. સારાયે મુંબઈનગરનો ઉકરડો ખેંચી લાવી કેટલાક

એકરના વિસ્તારવાળા એક વિશાળ વિસ્તારમાં ઠાલવતી ‘લાઇટ રેલવે’ના એ નિરીક્ષક બન્યા. કચરો ઠાલવવાનું કામ કરતા માણસોનું એક મોટું સૈન્ય એમની દેખરેખ નીચે હતું.

એ લોકોની વસાહત એટલે એક જીવતું, ખદબદતું નરક. કંગાલ, કરજદાર, જુગારી અને બીજી અનેક રીતે જીવનભ્રષ્ટ, આ અછૂત દલિતોની હાલત જોઈને એવા લોકોની જીવનભરની સેવાની હૃદય-દીક્ષા અમૃતલાલ ઠક્કરે નોકરીની શરૂઆતમાં જ લઈ લીધી. આખરે તેનું પરિણામ શું આવ્યું, તે તા. ૨૫-૧-૧૯૧૪એ તેમણે કુટુંબ પર લખેલા આ પત્રામાં જોઈ શકાશે:

વહાલા ભાઈઓ,

આ પત્રા લખતાં મને દુ:ખ થાય છે. કારણ કે હું માનું છું કે આ પત્રા માંહેના સમાચાર તમને સૌને ભારી દર્દ કરશે.

મુંબઈ મ્યુનિસિપાલિટીની નોકરીનું મેં રાજીનામું આપ્યું છે અને નોકરીમાંથી ફારેગ થઈને હું સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં જોડાઈશ. આ સંબંધમાં મેં કોઈની સલાહ લીધી નથી; ફક્ત મારા અંતરાત્માની આજ્ઞા મુજબ આ પગલું લીધું છે.

મારી નોકરી દરમિયાન હાથ નીચેના માણસોની સાથે મારે અપાર મોહબ્બત બંધાઈ છે; એટલું જ નહીં, મેં બાંધેલા રસ્તાઓ સાથે—એ નિર્જીવ છે તે છતાં—પ્રેમના બંધોથી હું બંધાયો છું. મારાં આપ્તજનો કરતાં પણ મારા આ માણસો અને રસ્તાઓથી વિખૂટા પડતાં મને વિશેષ દુ:ખ થાય છે, અને મારા સાથી અમલદારે કાલે મને કહ્યું તેમ, હું જાણે સેંકડો નોકરો અને હજારો મજૂરોનો કોઈ અપરાધ કરી રહ્યો હોઉં તેમ લાગે છે. મારી ઉપર મમતા વરસાવનારા અને મને સદા મીઠી દુવા દેનાર એ હજારો માણસોને જાણે રખડાવીને હું ચાલ્યો જતો હોઉં એમ મને લાગે છે.

કોઈ કહે છે કે નોકરી દરમિયાન મારા દરજ્જા અને પ્રતિષ્ઠાને આધારે હું ગરીબોમાં જે હિતકાર્યો કરી શક્યો, તે નોકરી છોડયા પછી

બિલકુલ નહીં કરી શકું. તેમ છતાં, હું ખાતરીપૂર્વક માનતો થયો છું કે હિંદુસ્તાનને સમગ્ર જીવન અર્પણ કરી દેનારા સેવકોની જરૂર છે, અને નહીં કે પોતાની ફુરસદે ને સગવડે કામ કરનારાઓની. આજીવન કાર્યકર્તાઓ હિંદુસ્તાનને ન સાંપડે ત્યાં સુધી આપણી કશી પ્રગતિ જ નહીં થઈ શકે. સાચા કામ કરનારાઓ માટે તો પૈસાના ભંડાર ભર્યા પડ્યા છે. ગોખલેજી જેવાના ચરણોમાં લાખો રૂપિયાના ઢગલા થાય છે, પણ સાચા કામ કરનારા તેમને નથી મળતા.

હવે તમારું મારી પાસે કોઈ લેણું હોય તો વેળાસર જણાવશો, કારણ કે હું સૌની સાથે મારો હિસાબ ચૂકવી લેવા માગું છું. આજ સુધી જે જે સંસ્થાઓ કે વ્યક્તિઓની આર્થિક સહાયથી સેવા કરવાનું મારું સદ્ભાગ્ય હતું, તે હવે પૂરું થાય છે તે તો વણકહ્યું પણ સમજાશે.

મારી અંતરવ્યથાનો હવે અંત આવે છે. જીવનના સર્વ વિયોગો દુ:ખકર છે, પણ હું ઉમદા સેવાકાર્ય માટે તમને સૌને ત્યજી જાઉં છું અને સમજું છું કે તમારી સૌની મને શુભાશિષો છે.

લિ. તમારો બાંધવ
અમૃતલાલ

દીક્ષાધારી મિશનરી તરીકેના આ નવજન્મને પહેલે જ પગલે અમૃતલાલ ઠક્કરને મથુરા તરફના દુષ્કાળ સંકટનું રાહતકામ સોંપાયું. ૧૯૧૮ના અરસામાં એ જાતની કામગીરી ગુજરાતના પંચમહાલ જિલ્લા અને આસપાસના પ્રદેશમાં એમને બજાવવાની આવી. તે દિવસોમાં દાહોદ-ઝાલોદનાં ભીલ ગામડાંની દુર્દશા નિહાળનારા અમૃતલાલભાઈ હવે ‘ઠક્કરબાપા’નું સંબોધન પામ્યા હતા. ૧૯૨૨માં ભીલ સેવા મંડળની સ્થાપના કરીને તેમણે પોતાની જીવન-મજલનો બીજો અવિસ્મરણીય ખાંભો રોપી દીધો. સેવકોનું જૂથ ત્યાં બાપાએ ઊભું કર્યું અને વિશાળ ભીલપ્રદેશ પર સેવા મંડળની વડવાઈઓ વિસ્તરી ગઈ. અર્ધમાનવી જેવા ભીલોનાં બાળકોની કેળવણી, વૈદકીય સારવાર અને સમાજસુધારા, જે ઘણાંને સ્વપ્નમય ભાસતાં, તે બાપાએ સત્યસૃષ્ટિમાં ઉતારી દેખાડયાં.

યરવડા જેલમાં ગાંધીજીના ઐતિહાસિક ઉપવાસ પછી અસ્પૃશ્યતાનું

મહાપાપ ધોવાના દેશવ્યાપી કાર્ય માટે હરિજન સેવક સંઘની સ્થાપના ૧૯૩૨માં થઈ. તેની ધૂંસરી ઠક્કરબાપાના પહોળા કાંધ પર આવી અને ગાંધીજીના આદેશથી સંઘનું મંત્રીપદ એમણે સંભાળ્યું. એ સંઘની પ્રવૃત્તિમાં બાપાએ કયો પાયાનો સિદ્ધાંત સ્વીકારેલો હતો, તે એક જુવાન સ્વજન પરના તેમના તા. ૨૯-૧૧-૪૭ના પત્રામાંથી ઉતારેલા નીચેના શબ્દોમાંથી જડે છે:

આગ્રામાં સેન્ટ જોન્સ કૉલેજના છોકરાઓ આગળ મેં હરિજન કાર્યનું વર્ણન આપ્યું. તેમાંથી એક-બે જણે કહ્યું કે, આ તો અમને બહુ મોળું લાગે છે. મેં પૂછ્યું કે ત્યારે તમારી ઝડપે તમે એ કઈ રીતે કરો? જવાબ મળ્યો કે કાયદો કરીને અસ્પૃશ્યતાનો નાશ કરી નાખીએ. પણ એમ કાયદો કરીને અસ્પૃશ્યતા નાબૂદ ન થઈ શકે. એ તો લોકોની જોડે સમજાવટથી, માથાકૂટથી અને લમણાંઝીંકથી જ થાય, તે સમજાવ્યું.

કાયદાના ઝટકાથી નહીં, પણ જનતાનો સંસ્કારપલટો કરીને મેળવવાની સિદ્ધિએ ૬૩ વર્ષના એ બુઢ્ઢા પાસેથી પ્રથમ તો માગી લીધા લાંબા લાંબા પ્રવાસો. રેલવેમાં ત્રીજા વર્ગ સિવાય મુસાફરી નહીં; રેલપાટાથી ૫૦-૬૦ માઈલ દૂર પડેલાં ગામડાં સુધી મોટરખટારાથી પહોંચવું. રેલવેનાં ટાઇમટેબલો ઝીણવટથી જોઈને દરેક દિવસની મુસાફરીના કલાકો ને મિનિટો નક્કી કરવાં, બિલકુલ ક્ષતિ વગર એ કાર્યક્રમો પાર ઉતારવા, કોઈ પણ સ્થળે નક્કી કર્યા કરતાં એક કલાક પણ વધુ રોકાવું નહીં. અને એવો અકેક પ્રવાસ પૂરો કરીને દિલ્હીના મથકે પાછા આવી એકાદ અઠવાડિયું રહી ચડત ઑફિસકામ પતાવવું—ત્યાં તો બીજા પ્રવાસનો કાર્યક્રમ તૈયાર જ હોય! કાઠિયાવાડથી આસામ સુધી અને પંજાબથી મદ્રાસ સુધી ધૂળ ફાકતાં કંગાલ ગામડાંમાં જે તાકાત અને સબૂરીથી ઠક્કરબાપા રખડયા છે, તેટલું બીજા કોઈ કાર્યકર્તા નહીં રખડયા હોય—ગાંધીજી અને જવાહરલાલ પણ નહીં.

*

હિંદુસ્તાનના રાજકારણી ક્ષેત્રામાં કાર્યકરોની પડાપડી હશે, પણ ઈશ્વરની વીણાનું સ્વરહીન મૂંગું સંગીત જ્યાં બજી રહ્યું છે તેવા અદીઠ

નેપથ્યમાં સેવા સમર્પનારા તો વિરલા છે. એમ ન હોત તો, ૬૮ વર્ષના આ ડોસાની નીચેના પત્રામાં વર્ણવી છે તેવી દેહ-દશાને આપણી પ્રજા કેમ ચલાવી લેત?

હાલમાં છેલ્લા એક માસથી મારી તબિયત નરમગરમ ચાલ્યા કરે છે. બિજાપુરમાં તાવ ૧૦૨. આવી ગયો. બીજે દિવસે ત્યાંના દાક્તરે ક્ષિવનાઈનનું ઇંજેક્શન આપ્યું, તેથી વળતે દિવસે પ્રવાસ પાછો ચાલુ કરી શક્યો. પાછો દાહોદમાં તાવ આવ્યો. તે પછી ચાર દિવસનો સખત પ્રોગ્રામ વાંસવાડા તથા ડુંગરપર રાજ્યમાં મોટરબસથી આશરે ૨૬૦ માઈલનો હતો; તે કર્યા વિના ચાલે તેમ નહોતું, તેથી દાક્તરે આપેલી દવા રસ્તામાં પીતો ગયો ને પ્રવાસ પૂરો કર્યો.

અહીં આવ્યા બાદ છેલ્લા ત્રાણ દિવસથી રાતમાં એક કે બે બજે ઊંઘ ઊડી જાય છે. પછી પથારીમાં પડયો રહું છું, પણ ઊંઘથી આરામ મળે તે મળતો નથી. બપોરે ઑફિસનું કામ ૧૧થી ૫ હોય, તેથી ઊંઘાતું નથી. વળી છ કલાક લાગલગાટ ખુરશી પર બેસવાથી એમ લાગે છે કે જાણે પગે રસ કેમ ન ઊતર્યો હોય! રોજનું કામ તો નિયમિત કર્યા કરું છું.

કોથળા જેવાં ખાદી-કપડાં પહેરતા ઠક્કરબાપા જે રામરોટી જડી તે ખાઈને દેહધર્મ બજાવે છે. એના વદન પર કદી વિષાદ હોતો નથી, વાતોમાં આહભર્યા નિશ્વાસો હોતા નથી. વેદનાનો જીવન-થાળ એમના હૈયામાં હજમ થયો છે. પ્રત્યેક પ્રભાતે એમના કંઠમાંથી પ્રાચીન ભજનો પૂરા સ્વસ્થ સ્વરે ગુંજે છે.

પરંતુ દુર્ભાગ્ય છે આ દેશનું કે જ્યાં એક સેવકનું સ્થાન પૂરનાર બીજા જવલ્લે જ જડે છે. એટલે પછી સેવાજીવન પણ માનવીનું કારાગાર બની જાય છે. વસ્તુસ્થિતિ જ આ દેશમાં એટલી કારમી છે કે આજે ૭૦ વર્ષનું, અંદરથી ભૂકા થઈ ગયેલું એ શરીર આરામ લેવામાં પણ પાપ સમજીને પત્રામાં લખે છે: ‘આરામ લેવા ભાવનગર આવવા જરા પણ વિચાર થતો નથી; on duty, ફરજ પર જ, સેવા ક્ષેત્રામાં રહેવાનું મન થાય છે. ક્યાંય જવાની ઇચ્છા થતી નથી.’

બાપાના એવા ધગધગાટને શમાવવા ખુદ મહાત્મા ગાંધી પણ અશક્ત છે.

## કયે અખાડે જશું?

માએ કહ્યું, “ભાઈ, તારી પથારી ઉપાડી લેજે હો!”

“ના, કામવાળી પાસે ઉપડાવી લેજો—મારે વ્યાયામશાળાએ જવાનું મોડું થાય છે!”

બહેને વીનવ્યું, “ભાઈ, કૂવે આવીને મને પાણી ભરી દેને, મારાથી ડોલ ખેંચાતી નથી.”

“ના, મારે તો વ્યાયામ કરવા જવાનું છે!”

બાપાએ કહ્યું, “તારી બા માંદી છે; તું વાડીએ કપડાં ધોતો આવીશ?”

“ના, મારે જવું છે અખાડે!”

કામવાળી આજે આવી નથી. વાસણ-સંજવારી રઝળે છે. ઘેર પાંચ મહેમાન છે. બા-બહેન રસોઈપાણીમાં પડ્યાં છે.

પણ વ્યાયામ કરીને આવેલો ભાઈ હાથમાં સાવરણી લેતાં શરમાય છે. એઠાં વાસણની તો સામે પણ જોતો નથી. એ કામ તો બૈરાંનું!

દસ-દસ શેરિયાં મગદળ ફેરવીને મલ્લ થયેલો ભાઈ અખાડેથી આવ્યો છે. બાપુ કહે છે, “બજારમાંથી અધમણ ઘઉં લઈ આવીશ?”

ભાઈ ઘઉં ખરીદીને બજારમાં બૂમ પાડે છે: “એઈ મજૂર! ચાર પૈસા લેજે, આ ઘઉં ઘેર નાખી આવ.”

ભાઈને ઘરના ઘઉં ઉપાડતાં શરમ આવે છે. ......ભાઈ વ્યાયામવીર છે!

ભાઈ-ભાભી મુંબઈ જાય છે. સ્ટેશને પોતાની પત્નીની ટ્રંક ઊંચકતાં એને ભોંઠામણ આવે છે. ભાભીની કાખે છોકરું છે. તે ઉપરાંત ટ્રંક

પણ એ પત્નીને માથે મેલે છે. ......ભાઈ અખાડિયન છે!

અખાડાના ભાઈબંધો ભેળો ભાઈ ઊપડે છે પ્રવાસે—તળાજે, શેત્રુંજે, ઘેલા સોમનાથ. નાનાં ભાંડરડાં કહે છે, “ભાઈ, કોઈક વાર અમને સાંઢગર સુધી તો ફરવા તેડી જાવ... કો’ક દી હરણકુઈ તો બતાવો... કો’ક વાર સ્ટેશને એન્જિન જોવા તો લઈ જાવ!”

“એ મારું કામ નથી.” ......ભાઈ અખાડાવીર છે!

*

અખાડા આપણે ત્યાં ચાલે છે, વ્યાયામવીરો પાકે છે, શરીરને ટેડાં રાખીને ઘણા ચાલે છે. પણ ઘરનાં કામ કડવાં લાગે છે. દળણું, સંજવારી ને પાણી ભરવું—એવાં સાચાં આરોગ્યદાયી અને શરીરને સુંદર સુડોલ બનાવનારાં જરૂરી ઘરકામો એ ભાઈઓ કરતા નથી. એટલું જ નહીં, પણ હલકાં ગણે છે. પોતાની જનેતા કરે તે કામ હલકાં!

સ્ત્રીઓનો પક્ષ લેવાય છે—પણ તે તો ચર્ચામાં, શબ્દના વિવાદમાં. પરંતુ રોજિંદા ગૃહજીવનમાં સ્ત્રીને આપણે કેટલી હલકી ગણી છે! શારીરિક કામ—તે તો સ્ત્રીનું! પુરુષ એ કરે તો બાયલો ઠરે. વાળવાથી ને વાસણ માંજવાથી લઈ રાંધવા અને પથારી પાથરવા સુધીનાં તમામ કામોમાં સ્ત્રી-પુરુષના ભેદો છે, ત્યાં સુધી સ્ત્રીનું પદ ઊતરતું જ છે. ત્યાં સુધી વ્યાયામશાળાની સાર્થકતા નથી.

સાચો વ્યાયામ તો સવારથી સાંજ સુધીનાં ઘરકામોમાં છલોછલ પડયો છે. સાચો અખાડો કુટુંબનું શ્રમજીવન છે. અખાડે જઈને દંડ પીલો છો—તો ઘરની સંજવારી પણ કાઢો; બેઠક કરો છો—તો ઘરની રસોઈમાં પણ મદદ કરો!

અખાડાનો વ્યાયામ શરીરને ઘડે છે. ઘરનો વ્યાયામ શરીરને ઘડવા ઉપરાંત પણ સાર્થક બને છે. અખાડાની કોઈ પણ કસરતને ટક્કર મારે તેવી કસરતો દળવાની ને પાણી સીંચવાની, કપડાં ધોવાની ને દાળ ખાંડવાની છે. શરીરને ઘડે, સ્વજનોને રાહત અપાવે, ગૃહને સુંદર બનાવે ને પૈસાનો દુર્વ્યય બચાવે, એવો ગૃહવ્યાયામ એ સર્વોપરી વ્યાયામ છે.

અખાડા માટે પારકી ઓશિયાળ, પૈસા ભીખવા પડે, નાલાયકોને નોતરીને સંમેલનો કરવાં પડે, ખુશામત કરીને નીચા પડવું પડે; ઉપરાંત બંધારણના અને નાણાંના ગેરવહીવટના માંહોમાંહેના કજિયા જુદા! ગૃહજીવનને અખાડે પૂર્ણ સ્વગૌરવ, સંપૂર્ણ સ્વતંત્રતા અને પરમ શાંતિ.

પસંદગી પોતે જ કરી લેજો!

## કોણી મારીને

તંત્રી યે આપણે ને ખબરપત્રી પણ આપણે. કવિ યે થવું પડે ને સમાલોચક પણ.

આપણું પત્રાકારત્વ તો છે કોણી મારીને કૂરડું ઊભું કરવાની કળા!

## ઢૂંસાં અને દાણા

ગુજરાતની લેખન-સમૃદ્ધિ ઘણી છે. એ સમૃદ્ધિ જલદી જોવા-અનુભવવામાં આવતી નથી, તેનું કારણ એની યથાસ્વરૂપ પિછાન દેનારા પ્રયત્નોની કચાશ છે. સંપત્તિના ઢગલા માત્રા દેખાડવાથી એનું સાચું દર્શન કરાવી શકાતું નથી. ઢગલા મોઢે ખડકાયે જતાં ઢૂંસાંમાંથી સુરંગી ને પૌષ્ટિક કણ નિરાળા પાડીને બતાવી શકાય, તો જ સમૃદ્ધિનું સત્ય પરખાય.

## સર્વત્ર ગોળાકાર

હું રાસગરબાના વિશ્વદર્શનમાં રાચનારો છું. રાસ, ગરબા, ગરબી એટલે કૂંડાળે ફરતાં ગવાતાં ને નચાતાં ગીતો સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છે, મારવાડ-રાજસ્થાનમાં છે, કચ્છ-સિંધમાં છે, કૂર્ગોમાં અને સાંથાલોમાં છે.

જાપાનમાં તાળીઓ લઈ રમાતો રાસ ‘મિનાતો ઓદોરી’ (બંદરનૃત્ય) હૂબહૂ આપણા રાસડાની જ આવૃત્તિ. આર્ય ગોવાળિયો હજારો વર્ષો પર ગ્રીસના ગૌચરો પર નેસ બાંધીને રાસડે-ગરબે ઘૂમતો હતો. ગીતો ગાતાં ગાતાં કૂંડાળે થતાં સમૂહનૃત્ય જગત-સહિયારું તત્ત્વ છે.

કૂંડાળું છે સમૂહજીવનનું પ્રતીક, કલાની પરિપૂર્ણ ને બલિષ્ઠ રેખા. ગગનમાં, ક્ષિતિજ પર, સાગરપાળે કે વૃક્ષરાજિની ઘટાએ ઘટાએ, જલે-સ્થલે, પુષ્પે-પાંદડે, દલે—દલે, સર્વત્રા ગોળાકાર, વર્તુલ, મરોડ. માનવીઓનાં મન ગોળાકારે મોહ્યાં, કલામાં, કસબમાં, જીવનનું લાલિત્ય ઉચ્ચારનારી દરેક રચનામાં.

[શાંતિ બરફીવાળા સંપાદિત પુસ્તક ‘રાસકુંજ’: ૧૯૩૪]

## મુનિશ્રી જિનવિજયજી

બેએક વર્ષ પર વડોદરાની વાર્ષિક વ્યાખ્યાનમાલાના વ્યાખ્યાતાઓ લેખે મારો અને મુનિશ્રી જિનવિજયજીનો ભેટો થયેલો. તેમણે મારા હાથમાં કેટલાએક નવા ગ્રંથો મૂક્યા. ગ્રંથો વિશ્વભારતીની શ્રી સિંઘી જૈન જ્ઞાનપીઠ તરફથી મુનિજીએ સંશોધિત-સંપાદિત કરેલા.

ઘેર આવી હોંશે હોંશે આ ગ્રંથોનાં પાનાં ફેરવ્યાં, પરંતુ મારા મગજની સ્થિતિ તુંબડીમાં કાંકરા ભરાયા જેવી થઈ. સંસ્કૃત સાહિત્યનાં છેલ્લાં દર્શન મુંબઈ યુનિવર્સિટીનો બી.એ.નો સંસ્કૃત પત્ર પતાવ્યો તે દિવસે કર્યાં હતાં. અનુવાદ વગરના આ પ્રબંધપાઠમાં ચંચુપાત કરવાની મારી અશક્તિ કબૂલી મેં એ મૂલ્યવાન ગ્રંથોનો માત્ર સ્વીકાર નોંધીને ‘કલમ-કિતાબ’માં પતાવ્યું.

પછી મુનિશ્રીનો મેળાપ એમના નિવાસસ્થાને, માટુંગામાં થયો. કોણ જાણે કેટલાયે ઊંચા નંબરનાં ચશ્માં ચડાવીને આ વિદ્વાન પ્રૂફ છેક આંખો પાસે માંડીને તપાસતા હતા. એક નવી રચનાનું મેજ તેમની છાતી સુધી પહોંચતું હતું. મેં પૂછ્યું “આ ટેબલની રચના કઈ જાતની?”

"શું કરું, ભાઈ!" એમણે કહ્યું. "આંખોનાં જળ ઊંડાં ગયાં છે. સૂર્ય જેમ જેમ એની ગતિ ફેરવતો રહે છે તેમ હું પણ આ બારી સામે ટેબલને ફેરવ્યે જાઉં છું. તમને આપેલા તેના જેવા પ્રબંધોના તો ગંજેગંજ પડ્યા છે. તેનો ઉદ્ધાર કોણ કરશે?"

પ્રબંધ-સંગ્રહનો ઉલ્લેખ સાંભળી હું શરમાયો. મેં ખુલાસો કર્યો કે હું પ્રયત્ન કરવા છતાં એ પ્રબંધો ન વાંચી શક્યો.

"પણ પ્રબંધોનું સંસ્કૃત કેટલું સહેલું છે તે બતાવું?" એમણે વસ્તુપાલ—તેજપાલનો જ પ્રબંધ ખોલીને લવણપ્રસાદ, દેવરાજ પટ્ટકિલ ને મદનરાણીવાળો એક ફકરો વાંચી સંભળાવ્યો.

એક પ્રસંગના સંસ્કૃત-વાચનની ચાવી લઈ હું ઘેર આવ્યો. પ્રબંધોના અર્થો બેસાડવા માંડ્યા. ફરી ફરી પ્રબંધો વાંચ્યા અને ગુજરાતના પુનરુદ્ધારના એ શેષ દીપકજ્યોત સમા સમયની આસમાની હૃદય પર છવાતી ચાલી. પરિણામ—આ વાર્તા.

['ગુજરાતનો જય' પુસ્તક: ૧૯૪૦]

## કંડારેલું મહાકાવ્ય

અખંડ પહાડમાં જ કૈં વર્ષો પૂર્વે કોરી કાઢેલી પચાસ-સાઠ સરસ ગુફાઓ તથા મોતી જેવાં નિર્મળ મીઠા પાણીનાં મોટાં ટાંકાં, અંદરના ખંડમાં ઊભેલો બૌદ્ધ ધર્મનો સ્તૂપ વગેરેનો બનેલો સુંદર બૌદ્ધ વિહાર વીસરાતો નથી. શબ્દોમાં ગૂંથેલું નહીં પણ પથ્થરોમાં કંડારેલું મહાકાવ્ય: ચારણી ગીત-છંદો કરતાં યે શતકો જૂનું એ કાવ્ય; સૌરાષ્ટ્રીય તવારીખના સુયશકાળનો એ અબોલ સાક્ષી; બૌદ્ધ વિહાર. દૂરદૂરથી એ કાળા ડુંગરની ગુફાઓ દેખાઈ અને દિલ જાણે ઊંટ પરથી કૂદકો મારીને મોખરે દોડવા લાગ્યું. નાનીશી નદીને કાંઠે ગીરના તમામ ડુંગરાથી નિરાળો એકલ ઊભેલો સાણો શિહોરના ડુંગરાથી યે નીચેરો અને નાજુક છે. વચ્ચે વિશાળ ચોગાન છે અને બંને બાજુથી જાણે કોઈ રાજમહેલની

અટારીઓ ચઢી છે. ગુફાઓ! ગુફાઓ! નજર કરો ત્યાં ગુફાઓ! નીચેથી તે ટોચ સુધી! સંપૂર્ણ હવા-પ્રકાશ આવી શકે તેવી બાંધણીના એમાં ઓરડા ઉતાર્યા છે. ઠેકઠેકાણે ઓરડાની બાજુમાં પાણીનાં મોટાં મોટાં ટાંકાં કોરી કાઢેલાં છે. ડુંગર પરનું પાણી ખાસ કોતરેલી સરવાણીઓ વાટે ચોમાસે ટાંકાંમાં ચાલ્યું આવતું હશે. કદી કોઈએ એ ટાંકાં ઉલેચ્યાં નહીં હોય છતાં પાણીમાં નથી દુર્ગંધ કે નથી કુસ્વાદ. ચડવા-ઊતરવાનાં પગથિયાં, સ્તંભોવાળી રૂપાળી ગુફાઓના કારીગરીવાળા ઘાટ, એવી પચાસ ગુફાઓ અને એ બધું નક્કર કઠોર પાષાણમાંથી જ કોતરી કાઢ્યું છે, જાણે મીણના પીંડામાં કરેલી એ કરામત છે.

['સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' પુસ્તક: ૧૯૨૮]

## હાલો ગલૂડાં રમાડવા જી રે!

[શેરીમાં કૂતરી વિયાય એ બાળકો માટે આનંદ, નૃત્ય અને પશુપ્રેમના ઉમળકા ઠાલવવાનો અવસર બને છે.]

*કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં*
*ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*માડીને પેટ પડી ચસ! ચસ! ધાવે*
*વેલે ચોંટ્યાં જેમ તૂરિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*માતાને માથડે ચડતાં ને ચાટતાં,*
*જોગણનાં જાણે લટૂરિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*રાતાં માતાં ને રોમે રોમે સુંવાળાં,*
*હોય મીઠાં ગાલ-મસૂરિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*બાને વા’લાં છે જેમ વીરો ને બેની,*
*કાળવીને વા’લાં કુરકુરિયાં જી રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*મોટાં થાશે ને મારી શેરી સાચવશે,*
*જાગશે રાતે બ્હાદુરિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*ટીપુડો દીપુડો ડુંગરડે ઘૂમશે,*
*ગોધેન ભેળા વોળાવિયા રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*મોતિયો ને માનિયો ઝોકે રોકાશે,*
*વાછરુ ને પાડરુ ભળાવિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*ડાઘિયો દૂધિયો ખેતરમાં જાશે*
*વાસુ રે’શે બે રખોલિયા રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*કાળિયો ને લાલિયો પાદર પસાયતા*
*બાઉ! બાઉ! આલબેલ બોલિયા રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*ગોળ-ઘી-લોટના શેરા બનાવ્યા*
*કાળવીનાં પેટડાં પૂરિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

*પેટ ભરીને માડી બાળક ધવરાવે*
*ધાવીને પોઢે ટીપૂડિયાં રે*
*હાલો ગલૂડાં રમાડવા જી રે!*

['કિલ્લોલ' પુસ્તક: ૧૯૨૯]

# જીવનવાટ

ગિરનારનાં પગથિયાં પર ઠબ ઠબ લાકડીઓ ટેકા લેતી આવતી હતી. નાનાં છોકરાંને તેડીને બે મજૂરણો ચાલી આવતી હતી. એમના બોલ મોતી જેવા વીણી શકાતા હતા. બેમાંથી એક ડોશીનો બોલ પકડાયો: 'શું કરું બાઈ? ગાંડી થઈ જાઉં તો મલક ઠેકડી કરશે કે રાંડ હારીને ગાંડી થઈ ગઈ. એટલે જ રોજ ડુંગરા ચડવા-ઊતરવા રિયા.'

જુવાનજોધ દીકરાઓના અકાળ મોત પછી સંસારમાં એકલી થઈ પડેલી શ્રમજીવી મા ઉપહાસ ન થાય તે સારુ ઉદ્યમમાં જ મસ્ત છે.

*

ત્રણ ડોળીવાળા ગિરનારની પહેલી ટૂક પર ચોથાની રાહ જોતા હતા.

'આવ્યા, આવ્યા. બાપુ આ આવ્યા.' બોકાનીદાર એક ખડતલ મરદ આવી પહોંચ્યો. 'આહીં ધૂણે આવો. બાપુ, જરા તાપી લ્યો. ચા પી લ્યો.'

મૂંગા મરદે તાપ્યું. ચા પતાવી ડોળી લઈને ચાર મરદો પગથિયાં ઊતરવા લાગ્યા. અરધો રસ્તો કપાયો તેટલામાં જ 'બાપુ'નો જીવન-ઇતિહાસ જડી ગયો. ચાર દીકરા, દીકરાના પણ જુવાન પરણાવેલા દીકરા, ચાલી નીકળ્યા હતા. દીકરાની ને દીકરાના દીકરાની વહુઓ જુદાં ઘર માંડી મજૂરીએ ચડી ગઈ હતી. બાપુ એંશી વર્ષની અવસ્થાએ ડોળીઓ ચડાવતા-ઉતારતા રહ્યા છે. એમનો જીવનસંતોષ એક જ હતો: સાઠ વર્ષથી જાત્રાળુ બાયું-બેન્યુંને ગરનાર ચડાવ્યો-ઊતરાવ્યો

છે. કોઈની સામે કે'દી ય નજર માંડી નથી. કોઈને કે'દી કષ્ટ દીધું નથી. આઘુંપાછું વેણ કહ્યું નથી.

ડોળી ઊંચકનાર પચાસ-સો મજૂરોનો નૈતિક આદર્શ આ ઇસ્માઈલબાપુ છે. એમની આપવીતીમાં એ શ્રમજીવીઓની મહાગાથા છે. મૂંગું રહેવામાં જ માનવતાનું ગૌરવ સમજનાર એ ડુંગર જેવડું દુ:ખ પચીસ-પચાસ સાથીઓની મૂંગી દિલસોજીથી મધુર બની ટાંટિયામાં જીવન-વાટ ખેંચવાનું જોર મૂકે છે.

['જન્મભૂમિ' દૈનિક: ૧૯૩૯]

## અશ્રુપાત નહીં—આંતરવ્યથા

આખા રાષ્ટ્રમાં ઘૂમનારા પરદેશી વિદ્વાને કાઠિયાવાડના તળપદા સંસ્કારધનમાં દેખેલું આ સૌંદર્ય અત્યારે છેલ્લા શ્વાસ ઘૂંટી રહેલ છે એના પર હું અશ્રુપાત કરવાનું કોઈને કહેતો નથી. કાળનું ચક્ર ફરે છે તે સારાને માટે જ છે. કાળચક્રના ફરવા સાથે જૂની સ્થિતિનું સૌંદર્ય અલોપ થાય છે, તો નવી અવસ્થાનું રહસ્ય ઉપર આવે છે. વિદાય લેતા કાળને વળામણાં દેતે દેતે આંતરવ્યથા ફક્ત આટલી જ કે એની સંપૂર્ણપણે સુરેખ છબી, એની તવારીખ અને એના યુગબોલ આપણે આપણી અનુભવપોથીમાં અંકિત કરી શક્યાં નથી.

['જન્મભૂમિ' દૈનિક: ૧૯૩૯]

## ઉબેણને કાંઠે

"ઉંમર કેટલી હશે, ભાભા?"

"એંશી માથે પાંચ."

છતાં ત્રાંબાવરણું શરીર! મોં પર ઊર્મિનો એક પણ રંગ નહોતો

દેખાતો ઘેટાં ચારનાર વૃદ્ધની વાતોમાં.

“તયેં ભાઈ, વાત કહી દઉં?”

“કહોને બાપા.”

“ચાર ઘર કર્યાં, પણ પેટે એકેય વીયા ન થયું.”

“અરે રામ, ચાર ઘર?”

“પે’લી હતી પરણેતર. એક દીકરો મેલીને મૂઈ. બીજીને ઘરઘીને લાવ્યો ત્યાં દીકરો મૂઓ. દીકરો ભરખનારી ગણીને કાઢી. ત્રીજી આણી. આગલા ઘેર સર્યું હાલતી’તી. મારે ઘેર વણકોળેલ રહી, ને પાછી ગઈ. હવે ચોથી બેઠી છે.”

હસીને ડોસો ચાલ્યો. પાછો વળ્યો. બોલ્યો, “તયેં ભેળાભેળ વાત ઠાલવી નાખું. પે’લી મારી પરણેતર બહુ યાદ આવે છે.”

“આટલાં વર્ષે?”

“નથી વીસરાણું. ઈ એની નમણાઈ, એના ગુણ, એની અદબ...” પંચાશી વર્ષના રબારીની આંખોમાથી આંસુની ધારાઓ નીકળી પડી. એ દુ:ખનાં નહીં, પ્રેમનાં આંસુ હતાં.

સાઠ વર્ષોનો સમય જે સ્નેહને વીસરાવી નથી શકતો, આંસુભીનો રાખી જાળવે છે તે શોધ્યો ન જડત. ઉબેણને કાંઠે એક ઓચિંતી પ્રાપ્તિ હતી.

[જૂનાગઢ જિલ્લામાં વહેતી ઉબેણ નદીને કાંઠે વણથળી ગામે આવેલી જાનોના નવસો મીંઢળબંધા નાઘોરી મુસલમાન વરરાજાઓએ, જૂનાગઢના નવાબની ફોજથી ભાગતા એક હિંદુ કાંધલજી મેરને બચાવવા ઉબેણને કાંઠે ધીંગાણું કરેલું. એ નવસો યે નવસો તેમાં ખપી ગયેલા તેની કથા ‘કાંધલજી મેર’ મેઘાણીએ ‘સૌરાષ્ટ્રની રસધાર’ (ભાગ ૨)માં આપેલી ૧૯૨૪માં.]

# ઉપેક્ષા કરતાં શીખવું જોઈશે

'કૈસરે હિંદ'નાં કટિંગ મળ્યાં. વાંચીને મારા મન પર તમારી સરળતાની છાપ પડી છે, પરંતુ આ પ્રસંગને જાહેરમાં ફરી ચર્ચવાનું મહત્ત્વ આપવા જેવું જણાતું નથી. આથી આપ દિલગીર થશો નહીં અને મારી નીડરતા કે નિષ્પક્ષપાતીપણા વિશે શંકા લાવશો નહીં. આપણે તો પ્રમાણબુદ્ધિ અને ઔચિત્યબુદ્ધિ રાખવાની જરૂર છે, એટલે કેટલીક વસ્તુઓની ઉપેક્ષા કરતાં શીખવું જ જોઈશે. તમે પોતે પણ આવા પ્રસંગને વધુ વખત દિલ પર ન રાખતાં તમારી કવિતા તેમ જ વિવેચનાની ઉપાસનામાં જ આગળ વધશો એવું ઇચ્છું છું. મને તમારામાં ઘણી આશા દેખાય છે.

[મીનુ દેસાઈ પર પત્ર: ૧૯૪૦]

# વાતવાતમાં 'શામળિયોજી આવ્યા'!

ભાઈ ચેલૈયા, ખરે જ જો આ શિયાળબેટ તારી માભૂમિ હોય, સાચે જ જો આ ખાંડણિયો તારા લોહીથી ખરડાયેલ અબોલ સાક્ષી હોય, તો હું તને કહું છું કે લાખો નાનકડા ચેલૈયા તારું ગીત સાંભળી તારી જોડે જ કપાયા ને કંડાયા છે. તારાં ફૂલની કણી પણ આ મિટ્ટીમાં ક્યાંક પડી હોય તો એને કાને પુકારું છું કે બાવાઓ, સાધુઓ, ધર્મગુરુઓનો એનો એ અઘોર પંથ ચાલ્યો આવે છે, મા-બાપોની અંધશ્રદ્ધા હજુ ય ઘેર ઘેર કિશોર કુમળા ચેલૈયાઓનો—શરીરનો નહિ પણ આત્માનો—વધ કરી રહેલ છે. ને સામે બેઠેલું માનવભક્ષી ધર્મપાખંડ આહુતિ પછી આહુતિ પામતું 'હજુ લાવો!' 'હજુ લાવો!'ની હાક પાડી રહેલ છે. બંધુ ચેલૈયા, નક્કી કોઈ અઘોરી જોગીએ આવી દશા કરી હશે, પણ આપણે કરુણ અંત સહી શકતા નથી એટલે પ્રભુએ પ્રગટ થઈ તમને સહુને સજીવન કર્યા એવો સુખદ અંત બાપડા લોકકવિએ ઠોકી બેસારેલો હોવો જોઈએ.

ના, ના, એ કથાઓ જેવી સીધી ને મર્મવેધક છે તેવી જ છો રહી. એમાંથી અંતરાત્માઓનાં મંથનો જાગે છે; એ નિગૂઢતાને માનવી યુગયુગો સુધી વિચાર્યા કરે, સારાસાર ખેંચ્યા કરે, જીવનનું સ્વતંત્ર ઘડતર કર્યા કરે. વાતવાતમાં ગરુડે ચડીને શામળિયોજી આવ્યાની ચાવી બેહૂદી લાગે છે.

['સોરઠને તીરે તીરે' પુસ્તક: ૧૯૩૩]

## તંત્રી માટે જરૂરી પરંપરા

'ફૂલછાબ'ની સંપાદકીય દૃષ્ટિને હંમેશાં સાવ સ્વતંત્ર રાખવાને માટે હું મારી આંહીંની મર્યાદાઓ વચ્ચે પણ સતત મથ્યો છું. હજુ વધુ સ્વતંત્રતા ને તટસ્થતાની ઉપાસનાને અવકાશ છે, પણ [બ્રિટિશ વાઇસરોય] લિનલિથગો સાહેબ પોતાને માટે કહે છે તેમ હું પણ કહું કે I am a constitutional editor [હું બંધારણીય તંત્રી છું]! એ સ્થિતિની મેં tradition [પરંપરા] પાડી છે. એવી પરંપરા તંત્રીઓ માટે જરૂરની છે, કેમ કે નહીં તો તંત્રીઓને બદલે નાનકડા ઝવેરચંદો જ વ્યક્ત થવા લાગે.

[કપિલ પ. ઠક્કર પર પત્ર: ૧૯૪૦]

## એ ભાવનાને જાગ્રત કરવા જ!

પાંચાળમાં ઉનાળો વિતાવી વતન વળી નીકળેલા ચાર ગોવાળો ધણ લઈને ધાંધલપુર રાત રહ્યા. સાંજે આથમણા આભમાંથી કાળભૈરવના વાંસા જેવાં કાળાં વાદળાં ચડતાં જોઈને એકે કહ્યું, 'ભાઈ, આજ તો આભનો રંગ જુદો છે. એવો વરસ્યો તો મહિનામાં ગજ ગજ સમાણાં ખડ ઊગી નીકળવાનાં.' વાત કરે છે ત્યાં સુસવાટા કરતો પવન ફૂંકાયો અને મુશળધાર મંડાયો. દરિયાની રેલ ફરી વળે એટલાં બહોળાં પાણી

આખા ગામની સીમમાં ફરી વળ્યાં. અસંખ્ય પશુ તણાઈ ગયાં. જીવને જોખમે દેશાવર ભટકીને જાળવી રાખેલું એ ગૌધન મેઘરાજાએ હણી નાખ્યું. ગોવાળો ભૂખ્યા ને તરસ્યા ચાર દિવસ સીમમાં પડી રહ્યા અને પછી પોતાની વહાલામાં વહાલી વસ્તુ સદાને માટે એ ગામને પાદર મૂકી જતા હોય તેમ તે ગોકળીઓ પોકેપોક રોતાં રોતાં વતન તરફ ચાલી નીકળ્યા.

પાંચ દિવસ [૨૩થી ૨૭ જુલાઈ] વરસેલા વરસાદે ધંધૂકા, ધોલેરા અને પાસેના ભાલપ્રદેશને ડુબાડી દીધો. કેટલાં મકાનો પડ્યાં, પશુઓ મર્યાં, ગામ સાફ થઈ ગયાં... કંઈ ખ્યાલ આવી શકતો નથી.

'બહાદુરી' સ્ટીમર મુંબઈથી રાહત સામગ્રી લઈને ભાવનગર પહોંચી. મદદ વહેંચવા મને પાંચાળ સોંપાયો. ચાર જણાની અમારી ટુકડીએ વહેંચાઈને નેવું ગામો તપાસ્યાં અને સહાય વહેંચી. મહાજનોએ લોકોને ઢોરો તેમ જ ઘરવખરી સહિત જે રક્ષણ ભેદભાવ વગર દીધું તેની વાતો સાંભળીને થાય કે આપણી સામુદાયિક જીવનની ભાવનાને જાગ્રત કરવા ખાતર જ આ તોફાન મોકલાયું હશે.

## દુઃખની પતાકા

અરે ભાઈ, આવા દુઃખ પર સાંત્વન-શબ્દો ધીરજ ઉપજાવી શકે? રાંક બનીને એક આ પત્તું જ નાખું છું. હે પ્રભુ! અમને સૌને અમારા રંકપણાનું ભાન કરાવીને જ સંતોષ ન લેજે. અમે તારાં સંતાનો; સહેવાની શક્તિ પણ એવી આપજે કે તું તાત તરીકે પણ લજ્જિત ન બને. દુઃખની પતાકા ઉપાડવાનો બોજો આપે છે તું, તો ઉપાડવાની તાકાત પણ તું જ દેજે, નહિતર નાસ્તિકો ફજેતી કરશે.

[કપિલ પ. ઠક્કર પર પત્રઃ ૧૯૩૮]

# ભલેને બાપડું આવો!

સંસારમાં સુખદુખ બેઉનાં જોડલાં જ સૌને માટે નિર્માયાં છે, એટલે દુખને દૂર રાખવું એ તો આપણા હાથની વાત નથી. આપણા હાથની વાત તો આ છે કે સુખમાં ને દુખમાં આપણો સંગાથ તૂટે નહીં, દાંપત્યની નિષ્ઠા ડગે નહીં અને બેઉ વચ્ચે સરસાઈ ચાલે એક જ વાતની કે કોણ વધુ સહિષ્ણુ ને ધીર રહી શકે છે, કોણ વધુ અનુકૂળ બની રહે છે. આટલું હોય તો પછી ભલેને દુખ બાપડું આવો!

[ચંપાબહેન અને રતિલાલ શેઠ પર પત્ર: ૧૯૩૭]

# સાહિત્યકાર અને શિશુ

સવારનો પહોર છે. બાળક ખુશમિજાજમાં જાગેલ છે. એકાએક એનો પિત્તો દૂધ-ચાની બેઠક વખતે જ બદલી જાય છે. રોજની સંસારી ભાષામાં પ્રદર્શિત થતા એના કજિયાનું કારણ જડતું નથી, ગોતવા યત્ન પણ થતો નથી. પ્રભાતનો નાસ્તો ઝેર જેવો બને છે. કજિયાળાને માતા ઢીબવા લાગે છે, પિતા ધમકાવવા માંડે છે. એવી ધમકી આપનાર ફોજદાર હોય તો એને માટે અમે એક કોલમ ભરી કાઢીએ! એવું ઢીબવું જો કોઈ ટેનિસ-ખેલાડીએ ટેનિસ-બોય પર ગુજાર્યું હોય તો એ કિસ્સાને અદાલતમાં લઈ જવા લાયક લેખીએ.

અહીં બાળક મા-બાપની જંગમ મિલકત છે. ધમકીઓ અને ઢિબામણનો ભોગ બની ધ્રુસકાં ભરતો એ શિશુ આજે તો સામનો કરવાને શક્તિવિહોણો હોઈ બેસી રહે છે, થાકીને સૂઈ જાય છે. પોતાની બેવકૂફીનું ને જડતાનું ભાન અનુભવતાં માતાપિતા આત્મલજ્જાના મૌનમાં મોં છુપાવી અબોલા ભાંગવાનો સમય પણ હાથ કરી શક્યાં નથી, ત્યાં તો બધી કટુતા ને તમામ તેજોવધ નિદ્રાની નદીમાં ધોઈ નાખી શિશુ જાગે છે; એના મોંમાં એ જ સ્નેહશબ્દો છે. એ નાહી-ધોઈ, વાળ

ઓળાવી, પોતે કેવો રૂપાળો છે તે બતાવવા ‘જોવો!’ બોલતો સામે આવી ઊભો રહે છે ત્યારે આત્મલજ્જિત અવદશાની મા-બાપને મન અવધિ થાય છે.

ને સાહિત્યકાર પિતા અંતરને પૂછે છે: તારા જ ઘરના ઉંબરને ઘસીને નવલિકાનું ઝરણ વહી રહ્યું છે, પણ એ નવલિકા તું આજે ન લખજે! લખીશ તો લાગણીવેડા નીપજશે. એક દિવસ બાળકના મનોવ્યાપારોનાં ઊંડાં પડોને ઉકેલીને જોજે ને પછી લખજે કે આ જ શિશુ ગુજરેલા ગજબનો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથેનો હિસાબ મોટી ઉંમરે માગશે—અદાલતમાં મિલકત-હિસ્સાનો દાવો નોંધાવીને. સાચે જ લાગે છે કે પિતાપુત્ર વચ્ચે અદાલતી કજિયારૂપે ફાટતા જ્વાળામુખીઓના ગર્ભમાં આવા નાનકડા પ્રસંગોની જ ભૂસ્તરક્રિયાઓ કામ કરતી હશે.

[‘પરિભ્રમણ’ પુસ્તક]

## કવિધર્મ

પીડિતોનાં કાવ્યો કાં ગાળોનો કોશ બની જાય છે, કાં વેવલાઈની રુદનિકા બની જાય છે. નરી ચીડ અને પુણ્યપ્રકોપ વચ્ચે, ગુસ્સા અને જુસ્સા વચ્ચે વિવેક કરવાનો કવિધર્મ ગંભીર છે. પુણ્યપ્રકોપના વિશુદ્ધ પ્રાદુર્ભાવને ‘પુણ્ય’ની પહેલી અપેક્ષા છે. એ પુણ્યવત્તાને પામતાં પહેલાં હૃદયને કેટલા વિષઘૂંટડા પચાવી જવા પડે છે!

[‘એકતારો’ કાવ્યસંગ્રહના પ્રવેશકમાં]

## છાપાને વ્યક્તિત્વ નિષ્ઠાનું

વાચક, તમારું નવું તંત્રીમંડળ પોતાની વિશિષ્ટ સિદ્ધિઓ કે સાધનાઓની પિછાન કરાવવા માગતું નથી. લોકસેવા એણે કરી નથી. ઊંડા જીવનપ્રશ્નો એણે વલોવ્યા નથી. પ્રજાજીવનની એકેએક દિશાઓમાં

ઘૂમી વળવાના એને ઘમંડ નથી. ક્રાંતિની જ્યોતને એણે ઉપાસી નથી.

આજ ને આજ, અત્યારે ને અત્યારે, અમારા શબ્દોના હથોડાને આઘાતે સમાજનું પરિવર્તન આવી જવું જોઈએ, ને ન આવે તો સમાજ નાલાયક છે, એવી વિચારસરણી સેવનારા મહાન પુનર્વિધાયકો આંહીં નથી આવ્યા. ફૂટી ચૂકેલી આતશબાજીના ઉકરડા વાળવાનું કામ લઈને આવે છે માટીના માનવો. એમની પણ ખામીઓ ને ખૂબીઓ છે.

‘ફૂલછાબ’ની વિશિષ્ટ ફરજ છે કાઠિયાવાડના લોકપ્રશ્નોને અવલોકી આગળ કરવાની, કાઠિયાવાડના સંસ્કારજીવનમાં રંગ પૂરવાની. નવું તંત્રીમંડળ એ અદા કરવાનો ઉદ્યમ સેવશે.

એક કે બે વ્યક્તિઓના મહિમાનો પડછાયો બનવાની કોઈ પણ છાપાને જરૂર નથી. છાપાને વ્યક્તિત્વ હોય છે—વિચારોનું, સંસ્કારોનું, નિષ્ઠાનું. એ વ્યક્તિત્વે હયાતી પુરવાર કરવા નોખાં ફાંફાં મારવાનાં ન હોય. છાપાંનું સાહિત્ય એ વ્યક્તિત્વનું રૂપ હોય છે. એટલે જ, વાચક, ‘ફૂલછાબ’ના શબ્દદેહમાં જો તને તારું મનમાન્યું વ્યક્તિત્વ ન જડે તો તે શોધવા તું તંત્રીમંડળની એક અથવા વધુ વ્યક્તિની વિભૂતિથી ન દોરવાતો.

બીજું જોતા રહેજો નવા તંત્રીઓનું વલણ. સમાચારપત્ર ચલાવતા હોઈને સમાચાર બેશક પીરસશે પણ સો સાચા સમાચાર આપવાના રહી જાય તેને ભોગે પણ એક ખોટા સમાચાર ન છાપી મારવાની નીતિ એ સાચવશે. સત્યનો ભોગ દેનારી નાની-મોટી સનસનાટીઓ ફેલાવવાથી, હાલતાં ને ચાલતાં માત્ર ગંદવાડાઓ ખુલ્લા પાડવાથી લોકહિત સધાતું હોવાની વાત અમને માન્ય નથી.

વારસામાં મળેલી અનેક વિટંબણાઓની વચ્ચેથી પોતાની નવી પિછાન આપનાર આ હાથ, વાચક, તારા હાથ જોડે મૈત્રીનો મિલાપ યાચે છે.

['ફૂલછાબ' અઠવાડિકનો તંત્રીલેખ: ૧૯૩૬]

# ગુંડાઓનો ડર ત્યજો!

ગામો ભાંગતી લુટારુ ટોળીઓથી વધુ ભયંકર અને વધુ નામરદાઈમાં આપણને ધકેલનારા તો ગામોના એકાદ-બે ગુંડાઓ હોય છે. પ્રજાની છાતી પર દિવસ ને રાત ઊભા રહી, ધોકો બતાવી નાણાં પડાવે છે અને આપણી આબરૂના કાચના કૂંપા તેઓ એક જ ટકોરે તોડી શકે છે એવો ડર પલેપલ ઘુરકાવી રહે છે.

પ્રજાજનો! આપણે આપણી નિર્દોષ ને સીધી પ્રવૃત્તિઓ પર પણ આવા એકાદ-બેનો કાળો ઓળો સતત છવાતો દેખી જીવતે મોત અનુભવીએ છીએ. આવું જીવન જીવીને શું કરવું છે?

ભાઈઓ અને બહેનો! આપણે કાયદાધીન પ્રજા છીએ, ને રહીએ, પણ આબરૂનો આપણો ખ્યાલ ખોટો છે. આપણે સૌના પગની રજ બનીને ચાલીએ ભલે, પણ ગુંડાદાદાનો ડર નમ્રતા કે સાધુતા નથી. આપણને ભ્રાંતિ થઈ છે કે આપણે કમજોર છીએ ને ગુંડા શેરબહાદરો છે. એ ભ્રાંતિનો જ ગુંડાઓ લાભ લે છે. એક પણ ગામડાનું કે શહેરનું જીવન આ ધ્રુજારી વગરનું નથી.

પ્રજાજનો! મોતથી ડરીને ગુંડાઓને સંઘરશું? પોલીસને મદદ કરવા ટાણે ઘરમાં બેસી જઈને પોકારો જ કર્યા કરશું કે ગુંડા પીડે છે તેનો પોલીસ ઇલાજ કરતી નથી? આપણી અધોગતિ તો થઈ ચૂકી પણ આપણાં સંતાનો માટે આપણે કેવો વારસો મૂકતા જઈએ છીએ તેનો, ઓ પ્રજાજનો, ગામેગામ વિચાર કરજો!

['ફૂલછાબ' અઠવાડિકનો તંત્રીલેખ: ૧૯૪૦]

# ઓતરાદા વાયરા ઊઠો!

*ઓતરાદા વાયરા, ઊઠો ઊઠો હો તમે—*
*ઓતરાદા વાયરા, ઊઠો!...*

*ધરતીના દેહ પરે ચડિયા છે પુંજ પુંજ*
*સડિયેલાં ચીર, ધૂળ, કૂંથો;*
*જોબનનાં નીર મહીં જામ્યાં શેવાળ-ફૂગ:*
*ઝંઝાના વીર, તમે ઊઠો!*

*કોહેલાં પાંદ-ફૂલ ફેંકી નાખો રે, ભાઈ!*
*કરમાતી કળીઓને ચૂંટો;...*
*મૂર્છિત વનરાજિનાં ઢંઢોળો માથડાં,*
*ચીરો ચમકાટ એનો જૂઠો!*

(કાર્તિક-માગશરથી પવન પલટાઈને ઉત્તર-દક્ષિણ વહે છે, વિશુધ્ધીકરણની પાનખર ઋતુ મંડાય છે. નવરચનાને કારણે જીવનવાયરા પણ એવા જ સૂસવતા ને સંહારક જોઈએ.)

## સંસ્થાઓથી દૂર રહેજો

સોરઠી યુવક સંઘ સ્થાપવાની તમારી ઉમેદને ધક્કો લાગે તેવું કંઈ ન લખવાની મારી ઇચ્છા હતી, પણ તમે મારા પ્રતિ જે શ્રદ્ધા રાખીને પુછાવેલ છે તે શ્રદ્ધાને જો હું મારા મનોભાવ છુપાવી, તમને રૂડું લગાડવા ખાતર જ પંપાળતું લખું તો અન્યાય કરી બેસું. મારા વિચારો આ છે: મને સંસ્થાઓ પર ઇતબાર નથી; તમે બધા કંઈ કામ કરવાને બદલે બંધારણના ઝઘડામાં ને નાણાંની બેજવાબદાર અવ્યવસ્થામાં અટવાઈ જશો, તેને પરિણામે નર્યા લોહીઉકાળામાં પડી જઈ અભ્યાસ, નિજાનંદ, મૈત્રીનો આનંદ, બધું જ ચૂકશો. ભલા થઈને સંસ્થાઓથી દૂર રહેજો. એ કરતાં તો અવિધિસરનાં સ્નેહ-મૈત્રી-મિલનો કેળવજો ને અંદરખાનેથી ઉત્તમ ભાવનાઓ ચોમેર રેલાય તેવું મુક્ત જીવન ખીલવજો. કોઈ કોઈ વાર મેળારૂપે મળો તો પણ એ પ્રસંગ પૂરતો જ સમારંભ કરીને પછી વીંખી નાખજો. સંસ્થા કદી રચશો નહીં.

[પુષ્કર ચંદરવાકર અને મિત્રો પર પત્ર: ૧૯૪૦]

# એક જ કલગી

હું તો મારા કંઠમાં પાંચસો ગીતો પકડીને બેઠો છું. એ ચાલ્યાં જતાંને મેં હજુય આગમાંથી ઉગારી પકડી રાખેલ છે, પણ હું કરું શું? કોની પાસે જાઉં? મારે એક મોટું volume [ગ્રંથ] ગીતોનું બનાવવું છે, 'રઢિયાળી રાત'ના ત્રણ ભાગોની અંદર ન આવી શકેલાં પુષ્કળ છે. ભજનોનું કરાવી રહ્યો છું. પણ એ બધું હું કોના સહકારથી કરું? મારે પણ બીજી કોઈ પ્રતિષ્ઠા જોઈતી નથી, લોકસાહિત્યની એક જ કલગી બસ છે, ને એને vindicate [સાર્થક] કરવા માટે મારી પાસે ઘણું છે. ચારણી સાહિત્ય મારા હાથમાં છે. પેલા વળાવાળા ચારણ—કવિ ઠારણભાઈ, એકસઠ વર્ષની વયના છેલ્લા અવશેષ, ગઈ કાલે જ ભેટી ગયા. એને ઘેર, મારા ગામથી આઠ જ ગાઉ ઉપર, પાંચસો વર્ષ અંદરની હસ્તપ્રતો—ચોપડાના થોકેથોક પડ્યા છે, પણ હું એનો ભંડાર જોઈને શું કરું? હું એકલો કેટલુંક કરી શકું? Revival માટે મેં રસમાર્ગ લીધો, તો વિદ્વાનો કહેશે કે આમાં શાસ્ત્રીયતા નથી. અરે ભાઈ, શાસ્ત્રીયતા તો યુનિ.ની ડિગ્રી લઈ આવનાર સેંકડો બતાવે છે, મારો છોકરો ય કાલે બતાવશે, પણ પાંચસો ગીતો ને પાંચસો દુહા, આટલાં ભજનો ને આટલાં ચારણી કાવ્યો ને એનામાં રસ મૂકતી બીજી થોકબંધ પ્રસાદીઓનો બોજ ખેંચનારને અશાસ્ત્રીય કહીને કાઢી નાખ્યે શો લાભ છે? ને એમ હું ગળાઈને ઇતિહાસમાંથી કાંકરા-કસ્તર જેવો નીકળી જાઉં તો યે શો અફસોસ છે? પણ હું મારી પાસે જીવનતત્ત્વ છે તેને ક્યાં લઈ જાઉં તે કોઈ કહેશો?

મારું ઇતર લેખન જરૂર જરૂર ભલે ભૂંસાઈ જાઓ (ને ભૂંસાઈ જ જશે તો!) હું ફક્ત એકલા લોકસાહિત્યનું નામ લઈને ઊભો રહીશ. એમાં રહેલી નાનપ પણ મને મારી પોતાની લાગશે.

[ઉમાશંકર જોશી પર પત્ર: ૧૯૪૦-૧૯૪૧]

# વેણીનાં ફૂલ

*મારે ઘેર આવજે, બેની!*
*નાની તારી ગૂંથવા વેણી.*

*આપણા દેશમાં નીર ખૂટયાં ને*
*સળગે કાળ દુકાળ;*
*ફૂલ વિના મારી બેનડી! તારા*
*શોભતા નો’તા વાળ. મારે…*

*બાગબગીચાના રોપ નથી, બેની,*
*ઊગતા મારે ઘેર;*
*મોગરા ડોલર જુઈ ચંબેલીની*
*મારે માથે નથી મ્હેર. મારે…*

*રૂપ સુગંધી હું કાંઈ નો જાણું!*
*ડુંગરાનો ગોવાળ;*
*આવળ બાવળ આકડા કેરી*
*કાંટયમાં આથડનાર. મારે…*

*ડુંગરાની ઊંચી ટોચ ઊભેલાં*
*રાતડાં ગુલનાર;*
*સાપ-વીંટયા પીળા કેવડા હું મારી*
*બેન સાટુ વીણનાર. મારે…*

*પ્હાડ તણે પેટાળ ઊગેલાં*
*લાલ કરેણીનાં ઝાડ;*
*કેસૂડલાં કેરી વાંકડી કળીઓ*
*વીણીશ છેલ્લી ડાળ. મારે…*

*ખેતર વચ્ચે ખોઈ વાળીને*
*ફૂલ ઝીણાં ખોળીશ;*

વાગશે કાંટા, દુ:ખશે પાની,
તોય જરીકે ન બ્હીશ. મારે…

સાંજ વેળા મારી ગાવડી ઘોળી
આવીશ દોટાદોટ;
ગોંદરે ઊભીને વાટ જોતી બેની
માંડશે ઝૂંટાઝૂંટ. મારે…

## વર્ષા

ભીડેલા આભને ભેદી કો’ રાજબાળ
તાળીઓ પાડતી છૂટી;
બાપુના લાખ લાખ હેમર હાથીડલા
હાંકતી હાંકતી છૂટી.

ઘાટા અંબોડલાની મેલી લટ મોકળી
રંગભરી રાસડે ઘૂમે;
લૂંબઝૂંબ તારલાના ટેટા ઝંઝેડતી,
ચાંદા સૂરજને ચૂમે.

રૂંધ્યાં જોબન એનાં જાગી ઊઠ્યાં રે આજ,
કાજળ ઘૂંટે છ કાઠિયાણી;
નવરંગી ચૂંદડીના ચીરા ઉરાડતી

કોને ગોતે છ મસ્તાની!
કોને પાવાને કાજ સંચી રાખેલ હતી,
આ વડલાની દૂધની કટોરી!
ચાંદા-સૂરજની ચોકી વચ્ચેય તુંને
કોણ ગયું શીખવી ચોરી!

*સંધ્યાને તીર એક બખ્તરિયો જોધ ને*
*ઘોડલાની જોડ મેં દીઠી;*
*એની બેલાડય ચડી ક્યાં ચાલી એકલી*
*ચોળી તું તેજની પીઠી?*

*નિર્જન ગગનના સીમાડા લોપતી*
*આવ રે આવ અહીં ચાલી;*
*સૂતી વસુંધરાને વીજળ સનકાર કરી*
*પાતી જા ચેતનાની પ્યાલી*

# સાહિત્યની સાગરવેળ

પ્રજાના નિત્ય વિકસતા જતા વાચનરસનો નવયુગ ઊઘડયો છે. ભાતભાતના વાચન-પ્રદેશોની ભૂખ પ્રજામાં ઊઘડી છે. પ્રજાના ઊર્મિતંત્રામાં અનેક સંચા ખોટકાયા છે. તેને ઠેકાણે લાવવા માટે કાવ્યને, ચિત્રને, નૃત્યને પ્રજામાં પ્રતિષ્ઠિત કરવાનાં છે. પેટની ક્ષુધાવૃત્તિની સાથોસાથ પ્રજાની બીજી લાગણીઓ પણ સંતોષવાની છે.

સાહિત્ય એ સમસ્ત લોકપ્રાણને ડોલાવી શકે એવી વસ્તુ છે. વધુમાં વધુ લોકસમૂહને ગમ્ય તેમ જ ભોગ્ય બની રહે એવું તેનું સ્વરૂપ હોવું જોઈએ. સાહિત્ય એટલે મુંબઈના મહોલ્લાના કોઈ ત્રીજા માળ પર ખરે બપોરે માંડ માંડ દંદુડી પાડતા નળનું પા-અરધી ડોલ પાણી નહિ. સાહિત્યની તો સાગરવેળ : જીવનના વિશાળ ક્ષેત્રને અણુએ અણુએ પ્લાવિત કરી મૂકે, ચોમેર જીવન જીવન ઊછળતું કરી મૂકે એવી સચેતન દશા સાહિત્યની થાય.

સાહિત્યનો ફાલ ગુજરાતને ગૌરવ અપાવે તેટલો છે.

સાહિત્યની અભિરુચિ કેળવી શકાય છે. સાહિત્યના સારા-નરસાપણાની નાજુક સમજશક્તિનું પ્રજામાં ઘડતર કરવા માટે સારા સાહિત્ય પ્રત્યે નિર્દેશ કરતા રહેવો ઘટે છે. નવા યુગની ભાવનાઓ

સંતોષતી કૃતિઓ જ્યાં મળે, તે લોકોને સુપ્રાપ્ય બનાવવાની છે. સાહિત્ય-સર્જનોને કડક તુલા પર ચડાવનારા, પ્રચારકવેડાથી મુક્ત કલાપારખુઓ હોય તો મૂલ્યાંકન સ્વચ્છ બને. કલાની પરીક્ષા એ હોવી જોઈએ કે લાગણીની સચ્ચાઈ શામાં છે? રસનું ચિરગુંજન શામાં છે? જીવન પર માર્મિક પ્રકાશ નાખતી દૃષ્ટિ શામાં છે?

તમે જેનું વાચન કરો તેનાં ઊર્મિ-સંવેદનનો સ્થિર દીપક તમારા દિલમાં બળ્યા કરે, એ દીપકની જ્યોત ભડક ભડક ન થાય—તે સ્થિતિ સાચા વાચનરસની છે.

['પરિભ્રમણ' પુસ્તક]

# સાહિત્ય-સંગીતનું જોડું

બાર-તેર વર્ષો પરનું પ્રભાત હતું. જોધાર પુત્ર શો તંબૂર ખોળામાં સુવાડીને એક હાથે તેના તાર ગુંજાવતા તેમ જ બીજે હાથે કાગળ પર પેન્સિલ વડે લીટા કાઢતા શ્રી ખરે [ગાંધીજીના આશ્રમવાસી નારાયણ મો. ખરે] મારી પાસે લોકગીતો ગવરાવીને તેની સ્વરલિપિ નક્કી કરતા હતા. મારા અણઘડ ગળામાં સૂરો ફરી જતા, લપસી-લપસીને આઘાપાછા થઈ જતા; પંડિતજી સ્વર-લેખાઓમાં છેકભૂંસ કરતા હતા, કહેતા હતા કે શાસ્ત્રીય રીતે વિસંવાદી ગણાતા શત્રુ-સ્વરોની પણ શી અદ્ભુત મેળવણી લોકસંગીતમાં થઈ છે!

સાથે બેસી લોકગીતોની સ્વર-લિપિ કરી લેવાની મુરાદ તો રહી ગઈ. એમના બે કાગળ આવી ગયા: 'મારે ગીતો-વાર્તાઓનો મેળો ભરવો છે. આવો. બીજાને લાવો.'

મેળો નોતરનાર પોતે ચાલી નીકળ્યા છે. સાહિત્ય-સંગીતનું સુખી જોડું પરણાવી આપવા પ્રયત્ન કરનાર શ્રી ખરે જેવાને આપણે ક્યાં શોધશું?

['જન્મભૂમિ' દૈનિક: ૧૯૩૮]

# સ્વત્વ ન ચૂકજો

કાગળ વાંચતાં વાંચતાં મને પેટ ભરીને હસવું આવ્યું છે, પણ એક તો હસવું ને બીજી હાણ. ભલા ભાઈ! આ બધા અનુભવો તમને અકળાવી રહ્યા છે તે શું ગુજરાતને તમે નંદનવન કલ્પી હતી? જો આવું આવું ગોતવા ને દિલ પર લેવા બેસશો તો તમારાં મૂઠી હાડકાં તે પણ વહેલાં લાકડે જશે. નવી ગુજરાત સર્જવી હશે તો બહુ ધીરજ ને સહિષ્ણુતા જોઈશે તેમ જ નહીં, પણ ખૂબ અલિપ્તતા જોઈશે. મને મુંબઈનો અનુભવ છે. તે પરથી એક ગાંઠ વળાવું? આ બધી જ ટોળકીઓની ધમાલમાંથી ખસી જઈ એકચિત્તે અભ્યાસી બનજો, social contact [સામાજિક સંપર્ક] જરૂર પૂરતા જ રાખજો ને એક દસકા સુધી અભ્યાસનિષ્ઠા ટકાવી રાખી એવી તૈયારી કરજો કે ગુજરાત તમારી પાસે માગતી આવે. તમારા યૌવનકાળનો ધ્વંસ મુંબઈના આ ચેનચાળાથી ન કરાવી બેસતા. તમે scholar [અભ્યાસી] છો, અભ્યાસનિષ્ઠ પ્રકૃતિના છો. એ પ્રકૃતિને હણાવા દેશો નહીં. મુંબઈમાં તો પ્રસિદ્ધિ ને મહત્તા પામશો તો ય તમે મરી રહેશો ને ઉપેક્ષા પામશો તો દંશીલા બનશો. માટે મુંબઈની છાતી પર રહીને પણ સ્વત્વ ન ચૂકજો, ભાઈ! મુંબઈ-અમદાવાદ તો અત્યારે સાહિત્યદૃષ્ટિએ ભયંકર બનેલ છે. વધુ શું લખું?

[ઉપરના પત્રના જવાબમાં: ૧૯૩૯]

# નાટ્યલેખકની સાધના

અમે નાના હતા, કાઠિયાવાડના કસ્બાતી ગામોમાં રહેતા, ત્યાં જેને ‘ખીચડી—ખાઉ’ કહેવામાં આવતી તેવી ભંગાર નાટક કંપનીઓ આવતી. ‘આ કંપની તો અહીં પડદા વેચીને જ જશે!’ એવું હરકોઈ આવનાર કંપની પરત્વે અમારા ગામનું અભિમાન હતું! મુંબઈ-અમદાવાદ-વડોદરા જેવાં નગરોમાં મોટી મોટી કંપનીઓ જે ખેલો ભજવતી તેના આછા પડઘા અમારે કાને આવતા, પણ જેમ ભણતરને માટે તેમ નાટકો માટે

પણ એ નગરો અમારે મન સ્વપ્નવત્ હતાં. ગામનો અમલદાર કલાક બે કલાક મોડો હાજર થાય તે પછી જ આ ભંગાર કંપનીનું નાટક શરૂ થતું, ને અમે ચાર પૈસાની પિટ-ક્લાસ ફીથી પણ વંચિત, કાં તો રગીરગીને અંદર જતા ને નહિ તો ડેલાની તરડ દ્વારા ચોરની જેમ જોતા. તેમ છતાં પેલી નગરોની કંપનીઓનાં જે નાટકો આ ‘ખીચડી-ખાઉ’ કહેવાતી કંપનીઓ ભજવતી તેનાં ગીતો, પ્લૉટો, આછી ઝીલેલી રસિક બાની ઇત્યાદિથી અમારાં નાનકડાં હૃદયોમાં ખુમારી ભરાતી અને અમે એમાંથી સાહિત્ય-રસ પીતા.

પિયુ પરદેશીને ક્હેજો પ્રણામ અમારા
પ્રણામ અમારા
ક્હેજો કે ગઈ તુજ દારા!
ક્હેજો તને સંભારતી વિષપાન એ કરતી હતી,
છેલ્લો નીકળતાં શ્વાસ તારું નામ એ જપતી હતી.
ક્હેજો મને દીધી તજી ત્યમ બીજીને તજશો નહિ,
કોઈ પ્રીતિવશ અબળા બિચારી ભોળીને ઠગશો નહિ!

એવી ગીત-પંક્તિઓ, એ ગામઠી છતાં સુકુમાર બ્રાહ્મણ તરગાળા કિશોરોનાં ગળામાંથી વહેતી ને અમારા હૃદયમાં જે સ્પંદનો મચી રહેતાં તેની ધ્રુજારી આજેય યાદ કરીએ છીએ ત્યારે ઊઠે છે. એ ઋણ તો જીવન પર કાયમી બન્યું છે.

પછી જ્યારે હું અમરેલી હાઈસ્કૂલમાં આવ્યો ત્યારે શ્રી મૂળશંકર મૂળાણીના જમાઈ શ્રી વિશ્વનાથ ભટ્ટને અમારા ખગોળ-શિક્ષક તરીકે જોયા. એમની શિક્ષણ-છટા બીજા શિક્ષકોના કરતાં અનેરી જણાઈ. ખગોળ જેવો વિષય પણ અભિનય દ્વારા શીખવીને રસમાં તરબોળ કરી દેતા. પૂછતાં ખબર પડી કે એમના સસરા મોટા નાટ્યલેખક છે. બેઉએ મળીને કાઠિયાવાડી નાટક કંપની કાઢેલી, પણ હરીફોની ખટપટથી અને આ બેઉ જણાની સંસ્કારિતા તથા સરલતાને પરિણામે કંપની તૂટી ગઈ, ને વિશ્વનાથ માસ્તર વળી પાછા પોતાની મૂળ શિક્ષકની જગ્યાએ

આવી બેઠા છે. પછી તો શાળામાં ભારી ઉત્સાહ પ્રકટાવી દેતી જે વાર્ષિક સોશ્યલ ગેધરિંગો થતી, તેમાં વિશ્વનાથભાઈ અમારી પાસે શ્રી મૂળાણીનાં નાટકોમાંથી ચૂંટીને પ્રવેશો ભજવાવતા.

આમ શ્રી મૂળાણીની કૃતિઓના આછા લિસોટાનો જ મને પરિચય હતો અને એમણે ગુજરાતી રંગભૂમિના પ્રદેશમાં ઇતિહાસ સરજાવ્યો છે એ વાતની વિગતે જાણ તો આજે ગુજરાત સાહિત્ય સભાના આ માન-સમારંભને લીધે જ પડે છે. ૧૮૯૦થી પૂરાં ૪૦ વર્ષો પર્યંત જેમણે ઢગલાબંધ નાટકો લખી ગુજરાતી જનતાને નિર્મળ રસનું પાન કરાવ્યું તેમજ માલિકોને પુષ્કળ કમાણી કરાવી, તે માણસ મૂળે તો નોન-મૅટ્રિક. મુંબઈની નાટક-કંપનીમાં માસિક રૂ. પાંચના પગારે નોકરીએ રહે છે, નાટકના પાઠની નકલ કરવાની એને કામગીરી અપાય છે. પણ એ તો એ પાઠોના કાવ્ય વિભાગમાં પિંગળના માત્રમેળ વગેરેની ખામીઓ પકડી પાડી ઉપરીનું ધ્યાન ખેંચવા લાગે છે. એની એ શક્તિ જોઈ માલિક પાંચના માસિક પચીસ કરી આપે છે, ને પોતે નાટકના કાવ્યભાગ લખવા લાગે છે. એની કાવ્યરચના જનતાને વશીભૂત કરે છે, ને ચાળીશ વર્ષોના વિશાળ જીવન પર એ પચાસેક નાટકોની નકશી પાથરી આપે છે.

એટલું બધું સાધી શકવા પાછળ કદાચ કોઈ પ્રકૃતિદીધું વિભૂતિમત્ સત્ત્વ એમનામાં હશે એ ખરું, પણ એના વિજયની ચાવી તો એમણે આ કાર્યમાં જે યોગ સાધેલો તે છે. योगः कर्मसु कौशलम् એ સૂત્રને સાચું પાડતી જે કર્મકુશલતા કવિ મૂળશંકરે બતાવી છે તે તો આ, કે છેક એ જમાનામાં પોતે કાલિદાસ, માઘ ઇત્યાદિ પ્રાચીન ગીર્વાણોની સંસ્કૃત નાટ્યકૃતિઓનું અને શેક્સ્પિયર, બાલ્ઝાક વગેરે પાશ્ચાત્ય નાટકકારોનાં ઉત્તમોત્તમ નાટકોનું પરિશીલન કરી એની ખૂબીઓને પોતાની કૃતિઓમાં પકડવા મૌલિક યત્ન કરતા; અને પોતાની કૃતિ ભજવાતી વેળા પોતે છેક પિટક્લાસમાં છાનામાના બેસી જઈ ખામીઓનું નિરીક્ષણ કરતા, ને ભૂલો જણાય તે સુધારી લેતા.

એમની ન ભુલાય તે વિશિષ્ટતા તો ગુજરાતી વાણીની જે રમ્યતાને

પોતે ઉપાસી તે છે. તે કાળનાં ઉર્દૂ નાટકોના ધમધમતા જમાનાની વચ્ચે એમણે ગુજરાતી નાટકોને બંકી બાની આપી. ગુજરાતી વાણીને જે માધુર્ય વડે એમણે શણગારી તે આજે પણ ચકિત કરે છે.

એટલી જ ધન્યવાદને પાત્રા સિદ્ધિ એમણે પોતાની પાસેના બાલ-નટોને ઉચ્ચ સંસ્કારે વિભૂષિત કર્યા તે છે. નટો એમની સામે મસ્તક નમાવતા. બાપુલાલભાઈ, જયશંકરભાઈ જેવા નટમણિઓ એમની પાસે બાળકો પેઠે ઊછરેલા.

માણસને માનના અધિકારી બનાવવા માટે ધંધાદારી સફળતા જ બસ નથી. મૂળશંકરભાઈમાં તો ઊંડો આત્મસંસ્કાર છે. વિશાળ મનોરાજ્ય, ટૂંકી કમાણી છતાં દિલની દિલાવરી અને પોતે ગુપ્ત રહીને પણ જગતને સુગંધ આપ્યા કરવાની આત્મવિલોપન વૃત્તિ, એ આંતરિક ગુણો પણ એમની સફળતાના કારણરૂપ છે. ને એમણે શું શું નથી સહ્યું? જખમો સહ્યા છે, નિષ્ફળતાયે વેઠી છે, પ્રપંચો ખટપટોના સપાટા અનુભવ્યા છે, માનહાનિ ને મહેણાં પણ ભોગવ્યાં છે અને છેવટે પોતાનો કાળ પૂરો થયો સમજીને શાંતિથી પોતાના ઘરમાં બેસી ગયા છે.

આપણો જમાનો આજે જે આગળ વધ્યો છે તે એમના જેવા પુરુષો તરફથી મળેલા તૈયાર વારસાને આભારી છે. આપણે આજે ‘અવેતન રંગભૂમિ’નું સૂત્રા ઊભું કરીને ‘ધંધાદારી રંગભૂમિ’ શબ્દ પર કાળી શાહી રેડી દીધી છે. પણ આપણને ધીરેધીરે આ ભાન ઊગ્યું છે, કે રંગભૂમિની જે સાધના ધંધાદારીઓએ કરી છે તે નમવા લાયક છે. મૂળશંકરભાઈને આપણે પ્રણામ કરીએ. તેઓ સો વર્ષના થાય.

[નાટ્યલેખક મૂળશંકર મૂળાણીના ગુજરાત સાહિત્ય સભાએ યોજેલા સન્માન-સમારંભમાં : ૧૯૪૬]

# અંદર પડેલું મંગળ તત્ત્વ

રાસ છોડ્યું. અમિયાદ વટાવ્યું. કણભા આવ્યું. ભાગોળ પાસેના એક ખેતર તરફ આંગળી ચીંધાડીને મહારાજે કહ્યું કે, “આ એ ખેતર કે જ્યાંથી અધરાતના અંધારામાં ગોકળ પાટણવાડિયાએ મને પોતે ચોરેલા ઘીના ડબા કાઢી આપેલા.”

પાટણવાડિયાએ ચોરીઓ ન કરવી, અને જેનું ચોરાય તેણે પોલીસમાં ફરિયાદ ન કરવી; ચોરી અને ચોર મહારાજે જ પકડી આપવાં: એવો કરાર લોકો સાથે કરીને જે કાળમાં પોતે અહીં કામ કરવા બેઠા એ કાળની વાત છે. કણભાના લવાણાના ઘીના બે ડબા ચોરાયા: મહારાજે અહીં બેસી મૂંગું તપ માંડ્યું, ખાવું ન ભાવ્યું, ત્રણ દિવસ નિર્જળી લાંઘણો ખેંચી: ગામનો મુસ્લિમ ખેડુ દાજી ગામલોકોને કહે કે “કોઈએ ખાવા જવું નહિ.” રાતે સૌ સૂતા પછી ચોર ગોકળ પોતે જ છાનોમાનો મહારાજના પગનો અંગૂઠો હલાવી પોતાની પાછળ પાછળ અંધકારમાં ખેતરોમાં લઈ ગયો: એક ઠેકાણે જઈ ડબો વગાડયો: મહારાજ એ ભર્યા બે ડબા જાતે ઊંચકી રાતે લવાણાની પાસે લઈ ગયા: એક તો ઘીનો—પણ બીજો તેલનો નીકળી પડ્યો!

વળતે દિવસે પણ લાંઘણ ચાલુ: સાંજે ગોકળે મહારાજને ઘેર બોલાવી ચોરી કબૂલ કરી: ફોજદારને રુશવતના રૂ. ૪૦ આપવા માટે એક ડબો વેચ્યાનું કબૂલ્યું, પોતાની ભેંસના ઘીમાંથી નુકસાની ચૂકવવા સ્વીકાર્યું: અને પછી મહારાજને ઉપવાસ ભંગાવવા માટે અધશેર ખજૂર જોઈતો હતો તે આપનાર આ જ લવાણાએ એની કિંમતના બે આના પણ માગવાની નફટાઈ કરી!

એ પ્રસંગની લીલાભૂમિ કણભામાં મારે એ ત્રણેને નિહાળવા હતા: “થાતાં શું થઈ ગયું, પણ તમે આટલે સુધી જશો એવું નતું જાણ્યું, મહારાજ!” એમ કહીને ચોરી કબૂલનાર ગોકળને, ૫૦-૬૦ રૂપિયાનો પોતાનો માલ પાછો મળ્યા પછી ખજૂરના બે આના મોંએ ચડી સૌની વચ્ચે માગતાં ન ખચકાનાર લવાણાને, અને એને ફિટકાર દેનાર

મુસલમાન ખેડુ દાજીને. પહેલા બે તો પ્રભુને ઘેર ગયા છે. થોભિયાવાળા બુઢ્ઢા દાજીને, હાથમાં હુક્કા સહિત, જ્યાં મહારાજે ઉપવાસો કરેલા તે જ મંદિરે હરખભેર આવીને મહારાજના પગમાં હાથ નાખતો ઓછો ઓછો થઈ જતો જોયો.

*

ગામ જુએ, માણસોને ભાળે, સ્થળો દેખે, ત્યારે મહારાજને આપોઆપ નવા પ્રસંગો યાદ આવે. પ્રસંગોનું લક્ષ્ય એક જ કે આ લોકોની અંદરનાં પ્રકૃતિ-પડોમાં કયું મંગળ તત્ત્વ પડ્યું છે અને કયા તત્ત્વને કારણે પોતે આ લોકોના પ્રેમમાં પડી ગયા છે. દાખલા તરીકે—

“અહીં એક જીવા જેસંગ નામે પાટણવાડિયો હતો. એણે ને આ દાજીએ એક પરદેશ વસતા બ્રાહ્મણનો જૂના વખતનો આંબો પચાવી પાડેલો. બ્રાહ્મણ માગે, પણ આપે નહિ—માલિકી જ પોતાની ઠોકી બેસારેલી! પછી વાત મારી કને આવી. મેં આવીને પૂછ્યું: હેં જીવા, હેં દાજી, સાચું શું છે? થોડી વારે જીવો દાજીને કહે: અલ્યા દાજી! આપણે તો સત્યાગ્રહમાં ભળેલા કહેવાઈએ—આપણાથી કાંઈ જૂઠું બોલાય, હેં? દાજી કહે: નહિ જ તો!—ત્યારે, મહારાજ, જૂઠું તો સત્યાગ્રહીથી નહિ બોલાય—એ આંબો અમારો નહિ, એ તો એવા એ બામણનો છે! ....પાછો સોંપી દીધો. નહિ કોઈ પાપપુણ્યની પીંજણ, નહિ પ્રાયશ્ચિત્તનાં પ્રદર્શન: અંતરમાં ઊગ્યું તે સાચું.”

['માણસાઈના દીવા' પુસ્તક]

## “ઘી-ગોળનાં હાડ!”

“દરિયા! ઓ દરિયા!”

“શું છે, મહીં?”

“મારી જોડે પરણ.”

“નહિ પરણું.”

"કેમ નહિ?"

"તું કાળી છે તેથી."

"જોઈ લેજે ત્યારે!"

એમ કહીને મહી પાછી વળી ને પછી મંડી પથરા તાણવા, તાણી લાવીને મંડી દરિયો પૂરવા. દરિયો તોબા પોકારી ગયો: રખે આ કાળવી મને આખોય પૂરી વાળશે! કહે કે, "ચાલ, બાપુ, તને પરણું!" પરણ્યાં. મહી-સાગરનાં એ લગ્નની ચોરી તરીકે વાસણા પાસે એક ઓટો બતાવાય છે.

આવી ડરકામણી મહીને મેં દીઠી—ચાંપોલ અને બદલપુર ગામોની પાસે દીઠી—તે સાથે જ ખાતરી થઈ કે દરિયાને ગળે પડીને જ પરણી છે આ ચંડી! ને આ મહી-સાગરનું લગ્ન તો કાળા કોપનું નીવડયું લાગે છે. હું જ્યારે મહીની વત્સલ જનેતા તરીકેની કલ્પનામાં મગ્ન હતો ત્યારે માર્ગમાં જ મહારાજ વારંવાર બોલતા આવતા હતા કે, "આ મહી નથી પીવાના ખપની, નથી ખેતીના ખપની, નથી નાહવાના ખપની; છે ફક્ત સોગંદ ખાવા પૂરતી જ કામની;" ત્યારે મને સાચો ખ્યાલ આવતો નહોતો. પણ બદલપુરના ઊંચા ટીંબાથી પોણોએક ગાઉની છિન્નભિન્ન પૃથ્વી વટાવ્યા પછી જ્યારે અમે મહીના પટમાં ઊતર્યા ત્યારે મહી વિકરાળ, કાવતરાખોર, કદરૂપી અને કુભારજા લાગી. પુરુષ ભાઈ તરીકે દરિયાની મને દયા આવી!

મહીના શયનમંદિરમાં સાગર રોજ પ્રવેશે છે. એ દરિયાઈ ભરતીને 'ઘોડો' કહે છે. ઘોડાનું રૂપક જેને સૂઝ્યું હોય તેને ધન્ય છે! નદીમાં આવતો સાગરનો જુવાળ ઘોડાનો જ ઘાટ રજૂ કરે છે. કેશવાળી શી શ્વેત ફીણવાળી તરંગ-ટોચ, વિલાસ—મસ્તીના ઉછાળા મારતાં નીર-કદમો, અને હ-ડૂ-ડૂ-ડૂ એવા હણહણાટ. ઘોડો આવવાનો થાય ત્યારે આરે આરેથી માછીઓ પોતપોતાની નાવડીઓને ઘોડાની સામે બેક માઈલ લઈ જાય. ને નાવનો અને ઘોડાનો જ્યાં સંપર્ક થાય ત્યાં ઘડીભર તો નાવડીને પોતાના પાછલા પડખામાં લપાવી દઈને પછી 'ઘોડો' એને પોતાની

માણેક—લટને સ્થાને અગર તો કાનસૂરી વચ્ચેના કોઈક ફૂમતાબંધ શણગારની અદાથી રમાડતો-ઝુલાવતો હીંહોટા દેતો દેતો ધસ્યો આવે છે નદીની શયન-સોડમાં. એ દેખાવ કલ્પનામાં છે ત્યાં સુધી સુંદર છે. પણ મહારાજે મને એવા એક મહીઉતરાણનો કિસ્સો કહ્યો હતો, તેણે મનને ઉદાસીથી ભરી મૂક્યું છે. પોતે વડોદરેથી આવતા હતા. સાથે એક ભંગી ને એની દીકરી થયાં. ભાઈના હાથમાં બાળક હતું. સાથે વાંસનો ભારો હતો. મહીના આરા પર આવ્યાં કે તરત એક માણસે બૂમ મારી: “જલદી ઊતરો… નહિતર ઘોડો આવે છે!”

મહારાજ તો રહ્યા બાજંદા તરવૈયા, શરીરે પાવરધા, તે પાણીમાં ચાલ્યા. પછવાડે પેલો ભંગી ઊતર્યો, ને વાંસનો ભારો પાણીમાં ખેંચતો ચાલ્યો. એના મનમાં એમ કે બાઈ બાળકને લઈને પાછળ ચાલી આવે છે. પેલે કાંઠે બેઉ પહોંચી ગયા. પછી પાછળ જુએ તો દૂર દૂર બાઈ પાણીની અંદર સજ્જડ બનીને ઊભી થઈ રહેલી! કાંખમાં છે બાળક. બૂમ પાડી: “અરે બાઈ, ઝટ ચાલી આવ!” પણ બાઈના મોંમાં બોલ નથી, શરીરમાં સંચરાટ નથી. બૂમો પડે છે: “ઘોડો આવે છે! વાઘુ આવે છે!” જે માણસ બૂમો પાડતો આવ્યો તેને પેલા ભંગીએ કહ્યું: “ભાઈ, મારી દીકરીને તું ઉતારી લાવ.” માછી કહે: “શું દઈશ?” ભંગી કહે: “મારી કને બે આના છે તે આ લે.” “એટલે તો શાનો ઉતારું!” એમ કહેતો એ તો ઢબઢબતો ચાલ્યો ગયો. ને મહારાજ એ ભંગીને અને પછી એની પાણીમાં દૂર થંભી રહેલી બાળકવંતી પુત્રીને જોઈ રહ્યા. બેમાંથી જાણે કોઈમાં ચેતન નથી. શિર ઉપર સદાની વિદાય તોળાઈને ઊભી છે.

મહારાજ પાછા ગયા. બાઈની પાસે પહોંચ્યા. બાઈને કહે છે કે “આંહીં આવ!” બાઈ બોલતી જ નથી. એ તો જાણે જીવન-મૃત્યુ વચ્ચેનો ભેદ ત્યજીને ઊભી છે. મહારાજે જઈ બાળકને હાથમાં લીધું. બાઈનો હાથ પકડી ઘોડાનાં ચડતાં પાણીમાં દોરી. બાઈ રસ્તે ફક્ત એટલું જ બોલી શકી: “બાપજી, મારું તો જે થવું હોય તે થાવ, પણ મારી છોકરીને કંઈ થવા દેશો ના, હોંકે!” મુસીબતે બાઈને સામે કાંઠે

પહોંચાડી ત્યારે બાઈનો બાપ બોલ્યો:

"બાપજી! તમારાં તો ઘી-ગોળનાં હાડ ખરાં ને! તેથી જ તમે આને લઈ આવ્યા. અમે તો શું કરી શકીએ!"

તે દિવસે એ ભંગીના બોલ પર જેવા પોતે મરક્યા હશે તેવા જ આજે પણ મંદ મંદ મરકીને મહારાજ કહે છે: "ઘી-ગોળનાં હાડ!"

વસ્તુતઃ તો એમણે વર્ષોથી નરી ખીચડી સિવાય, કંગાલ ઘરનાં દાળ-ચોખાના બે મૂઠી બાફણાના એક ટંકના ભોજન સિવાય, ઝાઝું કંઈ જોયું નથી.

['માણસાઈના દીવા' પુસ્તક]

# છેલ્લો કટોરો

*છેલ્લો કટોરો ઝેરનો આઃ પી જજો, બાપુ!*
*સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો, બાપુ!...*

*સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,*
*શી છે ગતાગમ રત્નના કામી જનોને?*

*તું વિના, શંભુ! કોણ પીશે ઝેર દોણે!*
*હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ!*
*ઓ સૌમ્ય-રૌદ્ર! કરાલ-કોમલ! જાઓ રે, બાપુ!*

*કહેશે જગતઃ જોગી તણા શું જોગ ખૂટ્યા?*
*દરિયા ગયા શોષાઈ? શું ઘન-નીર ખૂટ્યાં?...*

*જા, બાપ! માતા આખલાને નાથવાને,...*
*જા સાત સાગર પાર સેતુ બાંધવાને—...*
*ચાલ્યો જજે! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ!...*

# તરુણોનું મનોરાજ્ય

*અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,*
*સતની સીમો લોપવા જોબન માંડે જાગઃ*
*લોપવી સીમ, અણદીઠને દેખવું,*
*તાગવો અતલ દરિયાવ—તળિયે જવું,*
*ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવુંઃ*
*આજ યૌવન ચહે, એહ વિધ જીવવું!*

# હું દરિયાની માછલી

*દરિયાના બેટમાં રે'તી*
*પ્રભુજીનું નામ લેતી,*
*હું દરિયાની માછલી!...*
*દરિયાના દેશથી વિછોડી*
*દુનિયાસું શીદ જોડી!...*

*દરિયાનાં નીર મને પાતાળે ગોતશે,*
*આભ લગી મારશે ઉછાળા....*
*છીપલીની છાતીએથી કોણ હવે ઝીલશે*
*મોં ઉઘાડી મોતીડાં રૂપાળાં!...*

*જળની સાથે અમારે જનમ કેરી પ્રીતડી,*
*મરજો પ્રીત્યોના તોડનારા—*
*હું દરિયાની માછલી!*

# ખલાસીના બાળનું હાલરડું

*ધીરા વાજો*
*રે મીઠા વાજો,*
*વાહુલિયા હો, ધીરા ધીરા વાજો!...*

*બાળુડાના બાપ નથી ઘરમાં,*
*આથડતા એ દૂર દેશાવરમાં;...*
*મીઠી લે’રે મધદરિયે જાજો,*
*વા’લાજીના સઢની દોરી સા’જો....*

*બેની મારી લેર્યો સમુદરની!*
*હળવે હાથે હીંચોળો નાવડલી*
*હીંચોળે જેવી બેટાની માવડલી....*

# આગે કદમ

*આગે કદમ! આગે કદમ! આગે કદમ!*
*યારો, ફ્નાના પંથ પર આગે કદમ!..*

*આગે કદમ: દરિયાવની છાતી પરે,*
*નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરે;*
*પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે:*
*આગે કદમ! આગે કદમ! આગે કદમ!*

—

*વસંતની વનદેવી*
*આજ દરિયાને તીર અલબેલી રમવા નીસરી;*
*રમવા નીસરી, જળની મોજડી રે....*
*આજ પૂનમને આભ, અનહદમાં રમવા નીસરી,*
*રમવા નીસરી, ઉર ચાંદો ધરી રે.*

## કોદાળીવાળો

*વળેલો, કેડ્ય ભાંગેલો, સૈકાના દુઃખભારથી;*
*ઊભો છે ટેકવી કાયા, કોદાળી કરમાં લઈ....*
*ભૂખ્યા એના જઠર મહીં છે દેવતા-માત્ર બિન્દુઃ*
*ત્યાંથી થોડે દિન પ્રગટશે વિશ્વવ્યાપી હુતાશ;*
*એ આંખોનાં અતલ ગરતે છૂપિયા સપ્ત સિંધુ,*
*જેની છોળે ગગનરમતા મ્હેલ હોશે વિનાશ.*

[એડવિન માર્કહેમના કાવ્ય ‘ધ મેન વિથ ધ હો’ પરથી]

—

*સાગર રાણો*
*માળા ગૂંથી ગૂંથી લાવે*
*સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે,*
*ધરતીને હૈયે પે’રાવે...*
*રીસભરી ધરણી નવ રીઝે,*
*સ્વામીનાં દાન ત્રોડી ત્રોડી ખીજે,*

*દરિયો વિલાપ ગજાવે...*
*યુગયુગના અણભંગ અબોલા,*
*સૂના સાગર કેરા હૈયા-હિંડોળા;*
*ગરીબડો થઈને બોલાવે...*
*ચરણ ચૂમી ચૂમી ગાવે;...*
*માળા ગૂંથી ગૂંથી લાવે,...*
*ધરતીને પાયે પે’રાવે;*
*સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.*

## કસુંબીનો રંગ

*દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં*
*ભભક્યો કસુંબીનો રંગ;*
*સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં*
*મહેક્યો કસુંબીનો રંગ.*

## કજિયાળો

*કોણ કહે કજિયાળો મુજને,*
*કોણ કહે કજિયાળો રે!...*

*મન મારું આકાશે તરતું,*
*વાદળીઓની સાથે ફરતું....*
*ઊંડા ઊંડા દરિયા ઉપર*
*શી રીતે દોડે છે સ્ટીમર:*
*પૂછું રે કોઈ આપો ઉત્તર,*
*મારી શંકા ટાળો રે!*

*નીંદરભરી રે ગુલાલે ભરી,*
*બેનીબાની આંખડી નીંદરભરી રે....*
*છીપોની વેલડીને જોડ્યા જળ-ઘોડલા,*
*બેસીને બેન જાય મુસાફરી.*
*સાતે સિંધુને તીર સફરો રે કીધી,*
*સૂરજ ઊગ્યો ને બેન આવ્યાં ફરી.*

*નાના થૈને રે*
*સૂરજ ભૈની નાનકી છોડી*
*કૂરડિયે કંકુડાં ઘોળી*
*દા'ડી દા'ડી આવે દોડી*
*દરિયે થૈને રે.*

*ડુંગર ઉપર જઈ બોલાવો:*
*ઉષાબેની, આવો આવો!*
*એની પાસે ગાલ રંગાવો*
*ગોઠ્યણ થૈને રે....*

*બાપુ! તમે નાના થૈને રે,...*
*છાનામાના રમવા આવો! નાના થૈને રે.*

—

*ચાલ મોરી નાવ! જલદી જાવું ઘોર સાગરેઃ*
*છેદું તારી બંધ-ગાંઠઃ ના ઉભાય કાંઠડે…*
*ભેદી ગાઢ અંધકાર જાવું ઘોર સાગરે!*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

## દાદાજીના દેશમાં

*હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં,*
*પ્રેમસાગર પ્રભુજીના દેશમાં….*

*સાત દરિયા વીંધીને વ્હાણ હાલશે,*
*નાગ-કન્યાના મ્હેલ રૂડા આવશે,*

*એની આંખોમાં મોતી ઝરતાં હશે;*
*હાં રે દોસ્ત! હાલો મોતીડાંના દેશમાં.*

—

*કાંઠે રમનારાં*
*દરિયાનાં તીર રળિયામણાં રે,*
*રૂડાં રમે નાનાં બાળ…*
*ઊંચે અનંત આભ થંભિયાં રે*
*વિના થોભ ને થડકાર,*
*નીચે નાચે રે નીલાં પાણીડાં,*
*હાં રે સદા ફીણાળાં શ્રીકાર…*
*દરિયો ભેંકાર ભૂરો ગાજતો રે,*

*હસે સાગરે જુવાળ;*
*હાલાં ગાતી રે જાણે માવડી*
*હાં રે નાનાં બાળુડાંને કાન.*

—

*સૂના સમદરની પાળે*
*સૂના સમદરની પાળે*
*રે આઘા સમદરની પાળે,*
*ઘેરાતી રાતના છેલ્લા શ્વાસ ઘૂંટે છે એક બાળુડો રે*

*સૂના સમદરની પાળે*
*નો’તી એની પાસ કો’ માડી,*
*રે નો’તી એની પાસ કો’ બેની:*
*વ્હાલાના ઘાવ ધોનારી, રાત રોનારી કોઈ ત્યાં નો’તી રે*

*સૂના સમદરની પાળે*
*વેગે એનાં લોહી વ્હેતાં’તાં*
*રે વેગે એનાં લોહી વ્હેતાં’તાં,*
*બિડાતા હોઠના છેલ્લા બોલ ઝીલન્તો એક ત્યાં ઊભો રે*
*સાથી સમદરની પાળે...*

## સાહિત્ય ને ચિત્રપટના સંગમ પરથી

યુરોપી ચિત્રપટોએ જગતના નામાંકિત કથાસાહિત્યને પોતાની ‘પ્રકાશ અને પ્રતિધ્વનિ’ની જીભ પર ચડાવી લીધું છે. આમ સાહિત્ય અને ચિત્રપટની કલાનો જ્યાં હસ્તમેળાપ થઈ રહેલ છે, ત્યાંથી પકડેલી આ કથાઓ છે. મૂળ ચોપડીઓ મેં વાંચી નથી. આ વાર્તાઓમાં તો

કેવળ ચિત્રપટોમાં જે જોયું તેનું જ ઝીલણ છે. વાર્તાઓનો આધાર નીચે લખ્યાં ચિત્રપટોનો લીધો હતો:

જનેતાનું હૃદય : ‘સિન ઓફ મૅડલીન ક્લોડેટ’

પાછલી ગલી : ‘બૅક સ્ટ્રીટ’

પુત્રનો ખૂની : ‘ધ મૅન આઈ કિલ્ડ’

એ આવશે : ‘મૅડમ બટરફ્લાય’

આખરે : ‘ધ સીડ’

મવાલી : ‘૨૦,૦૦૦ યર્સ ઇન સિંગ સિંગ’

આત્માનો અસુર : ‘ડૉ. જેકિલ એન્ડ મિ. હાઇડ’

જીવનપ્રદીપ : ‘સિટી લાઇટ્સ’

હાસ્ય: પહેલું અને છેલ્લું : ‘ધ ક્રાઉડ’

માસ્તર સાહેબ : ‘ટોપાઝ’

દીક્ષા : ‘ક્રેડલ સૉંગ’

હિમસાગરનાં બાળ : ‘એસ્કિમો’

બદનામ : ‘ડિસઓનર્ડ’

જલ્લાદનું હૃદય : ‘હેચેટ મેન’

ધરતીનો સાદ : ‘વિવા વિલા’

એ પંદરે પંદર પૈકીનું જે જે ચિત્રપટ જોવા મળે એ ન ગુમાવવા દરેકને મારી વિનંતી છે.

આ ચિત્રપટોમાં મૂળ કથાઓ અલગ અલગ સમુદાયોની હોવા છતાં તેની અંદર સાર્વજનીન જીવનધ્વનિ ‘(યુનિવર્સલ અપીલ’) પડેલો છે. એ જીવન-સૂર મને જેવો સંભળાયો તેવો હું વાચકોને હૈયે ધરું છું.

પાત્રોનાં વિશેષ નામો ફક્ત બે જ ઠેકાણે યોજ્યાં છે: એક માલો ને બીજો પાંચો, કારણ કે એ બેઉનાં મૂળ નામો જ ‘માલા’ અને ‘પાંચા’ છે. આમ અનાયાસે આપણા સ્થાનિક વાતાવરણને સજીવ બનાવનાર

આ બેઉ નામોનો મેં લાભ સાધ્યો છે. બાકીનાં પાત્રો પરથી મારે નામો ભૂંસવાં પડેલ છે. કેમ કે વિદેશી નામો મૂળ વાર્તાના સાર્વજનીન વાતાવરણનો ઘાત કરી નાખે છે. બીજી બાજુ આપણાં દેશી નામો જોડીને બનાવટી રીતે આ વિદેશી વસ્તુને આપણી બનાવી લેવાનું મને મુનાસબ નથી લાગ્યું. વાર્તાઓના સૂરો જો સાચેસાચ વિશ્વસૂરો હશે તો આપોઆપ એ આપણાં હૈયામાં જગ્યા મેળવશે.

મૂળ ચિત્રપટોને હું શબ્દશઃ વફાદાર રહ્યો નથી. ચિત્રપટને એનું પોતાનું નિરાળું કલાવિધાન છે. શબ્દની વાણીની એને ઝાઝી ખેવના નથી, કેમ કે એની કને ચિત્રની જોરાવર વાણી છે. ચિત્રની વાણી એના વસ્તુવેગને ધોધમાર ધપાવે છે.

બનતા બનાવોને ભાષામાં મૂકવાનો આ પ્રયત્ન પણ પોતાની શબ્દકલાને માગી લે છે. ઉપરાંત શ્રેષ્ઠ બોલપટોની ખૂબી પણ એની ભાષાની, એના સવાલો-જવાબોની, એના ખુદ બોલની જ અલ્પતામાં રહેલી છે. એ થોડાઘણા બોલોને પકડવામાંય વિદેશી ભાષાનું, વિચિત્ર અમેરિકન ઉચ્ચારોનું, પાત્રોને ભજવતાં મૂળ નટનટીઓની પણ નિરનિરાળી ઉચ્ચારખૂબીઓનું, તેને સંઘરનારાં ધ્વનિયંત્રોની સારી-માઠી સ્થિતિનું, અને છેલ્લે એ તમામને પ્રતિધ્વનિત કરનારાં થિયેટરોનું બંધન આપણી ઝીલણ-શક્તિને નડતર કરે છે.

આમ કોઈ વિરાટની આંખના વેગવંતા પલકારા દરમિયાન એની કાળી પાંપણો વચ્ચે મારાથી જે કંઈ પકડી લેવાયું, તેને મેં સ્મરણ-મંદિરમાં સુવાડી લીધું. પવનવેગીલી એ તેજપગલીઓની આછી આછી મુદ્રા મેં મારા ચિત્તપ્રદેશ પર અંકાઈ જવા દીધી. ને પછી મેં મારા અંતઃકરણની આરપાર ચાલ્યાં ગયેલાં એ અતિથિઓની અખંડ સ્મરણ-સાંકળી વેરણછેરણ અંકોડામાંથી ઊભી કરી.

સંવાદો મોટે ભાગે મારા જ છે. બનાવોની સંકલના મૂળની છે. કાપકૂપ મેં ખૂબ કરી છે. સ્મરણની પ્રતિમાઓને એના સાચા સ્વરૂપે પ્રકાશવામાં આડો આવતો કુથ્થો મેં ફગાવી દીધો છે. બનતા બનાવોને જ મેં તો જોઈને ઝીલી લીધા છે

ચિત્રપટની કલા તો એના હરકોઈ પાત્રની એકાદ મુખમુદ્રા ઉપર, એકાદ અંગમરોડની અંદર, એકાદ નયનપાતમાં એકસામટા કૈંક મનોભાવો મૂકી આપે છે. વાર્તાલેખકને એ એક જ પલકારનું સવિસ્તર પૃથક્કરણ કરવું પડે છે. એને પોતાની કલ્પનાનો દોર છુટ્ટો મૂકવો પડે છે. પાત્રને જાણે કે એ પંપાળી પંપાળી પોતાની કને વારંવાર બોલાવે છે. એ એક કરતાં વધુ વાર પૂછ્યા કરે છે કે, “કહે જોઉં! તેં તારા એ એકાદ હાવભાવની પાછળ શા શા મનોવ્યાપાર છુપાવી રાખ્યા હતા?”

એ પંદરેય કથાઓનાં પાત્રોને એક અથવા ક્વચિત્ બે વાર પડદા ઉપર ઝડપી નજરે જોઈ લીધા પછી મેં કોણ જાણે કેટલી કેટલી વાર એ બધાંને એક પછી એક મારી પાસે તેડાવ્યાં હશેઃ સ્વપ્નમાં ને જાગૃતિમાં, મિત્રો જોડેના વાર્તાલાપમાં અને એકાંતમાં, હસતાં હસતાં અને અશ્રુભેર, એ છાયાશરીરધારીઓનું મેં આવાહન કર્યું, મારાં એ સહુ પ્રિયજનો બન્યાં, તેઓનાં ગુપ્ત આવાસોનાં બારણાં મારે સારુ ઊઘડી ગયાં તે પછી જ તેઓની આ પિછાન આપવાનું મારે માટે શક્ય બન્યું.

આ પિછાનને, આ તેમના હાર્દ-ઉકેલને, આ પૃથક્કરણને સાહિત્યનો સમીક્ષક મૌલિક નહિ માને. મેં એને સર્જ્યાં નથી. પણ સર્જવામાં જો પ્રસવ-વેદના રહેલી છે, તો ઉછેરવામાં, સમજવામાં ને ચાહવામાંય ક્યાં ઓછી વેદના રહી છે!

આવી ભાવિક દૃષ્ટિએ દોરેલી આ કથાઓ કેવળ કથાસાહિત્યનું નિર્જીવ થોથું બની અભરાઈ પર ચડે એટલો જ માત્ર હેતુ નહોતો. પરંતુ—

સારાંમાઠાં સેંકડો ચિત્રપટોની અગમ અટવીમાં, ‘કંઈ સમજાયું નહિ’ની ફરિયાદ કરતાં પ્રેક્ષકોનું સારાં ચિત્રો તરફ માર્ગદર્શન કરાવવાનો પણ એક મનોરથ હતો.

ચિત્રપટના પરદા પરની વાર્તાઓ લેખે આ વાર્તાઓ એક માર્ગદર્શક સ્થંભ (ખાંભા)નું મહત્ત્વ ધરાવે છે.

જગતના કેટલાય કલાકારોની કલા પોતાના મર્મવાહક ‘(ઇન્ટરપ્રીટર’)

વિના નિષ્ફળ ઊભી છે; પોતાની પિછાન કરાવનારા આશકોની એને રાહ છે. ચિત્રપટના ડિરેક્ટરોએ પોતાની વિશિષ્ટ વાણીમાં નવી એક દુનિયાનું નિર્માણ કર્યું છે. તેઓને હું સર્જકો કહું છું. તેઓની સર્જેલી આ પ્રતિમાઓના ખરા મર્મને જો હું પારખી શક્યો હોઉં એમ તમને ભાસે, તો હું આમાં નવસર્જનનો જ આનંદ પામીશ. મારું કેટલું છે ને કેટલું પારકું છે એ અલગ પાડીને બતાવવું સહેલ નથી, આવશ્યક નથી, તેમ ઈષ્ટ પણ નથી. એમાં મારો પ્રાણ નિચોવાયો છે, એટલું શું મારે માટે ઓછું છે?

એક યુવાન વ્યાપારી સુહૃદયે મારા જીવનની એક વિકટ રાત્રીને પહોરે એક દીવો ચેતાવ્યોઃ ચિત્રપટોના દર્શનમાં એણે મને ઊંડો રસ લેતો કર્યો. એક વિવેચકને છાજતી રીતે મને એણે પરદા પર ભજવાતી કથાઓના મર્મ પારખવામાં સહાય દીધી; અને છેવટે, મારાં થીજી ગયેલ આંગળાંને જીવતા મૃત્યુમાંથી ઉગારી લેવા માટે "કંઈક લખ! હવે કંઈક લખ!" એવું ધીરું ધીરું પંપાળીને આ વાર્તાઓના લેખનમાં મને પ્રવૃત્ત કર્યો.

['પ્રતિમાઓ' અને 'પલકારા' પુસ્તકોઃ ૧૯૩૪, ૧૯૩૫]

## સોના-નાવડી

*ગાજે ગગને મેહુલિયા રે,*
*વાજે વરસાદ-ઝડી.*
*નદી-પૂર ઘૂઘવિયાં રે,*
*કાંઠે બેઠી એકલડી!*

*મારા નાના ખેતરને રે*
*શેઢે હું તો એકલડી!*
*મેં તો ધાન વાઢી ઢગલા કરિયા,*
*ડૂંડાં ગાંસડી ગાંસડીએ ભરિયાં;*

*ત્યાં તો વાદળ ઘોર તૂટી પડિયાં....*
*મારી ચૌદિશે પાણીડાં નાચી રહ્યાં,*
*આખી સીમેથી લોક અલોપ થયાં,*
*દિનાનાથ રવિ પણ આથમિયા....*

*પેલી નૌકાનો નાવિક રે*
*આવે ગાતોઃ કોણ હશે?...*
*હું તો દૂરથી જોતી રેઃ*
*જૂનો જાણે બંધુ દીસે....*

*કિયા દૂર વિદેશે રે*
*નાવિક, તારાં ગામતરાં?*
*તારી નાવ થંભાવ્યે રે*
*આંહીં પલ એક જરા!...*

*મારાં ધાન દઉં તુંને વા'લપથી,*
*તુંને ફાવે ત્યાં વાપરજે, હો પથી!...*

*મારી પાસ થતો જા રે*
*આંહીં પલ એક જરા....*
*લે લે ભારા ને ભારા રે!*
*—છલોછલ નાવડલી;*
*“બાકી છે?”—વા'લા મારા રે!*

*હતું તે સૌ દીધ ભરી.*
*મારી જૂની પછેડી ને દાતરડી,*
*મારા ભાતની દોણી ને તાંસળડી,*
*તુંને આપી ચૂકી સર્વ વીણી વીણી.*
*રહ્યું લેશ ન બાકી રે*
*રહ્યું નવ કંઈયે પડી;*
*રહી હું જ એકાકી રે,*
*આવું તારી નાવે ચડી....*

*હું તો ચડવાને ચાલી રે,*
*નાવિક નીચું જોઈ રહે;*
*નવ તસુ પણ ખાલી રે,*
*નૌકા નહિ ભાર સહે....*

*નાની નાવ ને નાવિક પંથે પળ્યાં,*
*ગગને દળ-વાદળ ઘેરી વળ્યાં;*
*આખી રાત આકાશેથી આંસુ ગળ્યાં.*

*સૂની સરિતાને તીરે રે*
*રાખી મુંને એકલડી,*
*મારી સંપત લૈને રે*
*ચાલી સોના-નાવડલી.*
*મારા નાના ખેતરને રે*
*શેઢે હું તો એકલડી.*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

## ‘સોના-નાવડી’માં ગુંજતો ધ્વનિ

મારું ‘સોના-નાવડી’ ગીત રવીન્દ્રનાથના ‘સોનાર તરી’નું મોકળું ભાષાંતર છે. ‘કુમાર’ના તંત્રી સ્નેહી શ્રી રવિભાઈ રાવળની માગણીથી ‘કુમાર’ માટે ઉતારી આપેલું ને એમણે પીઠિકા મૂકીને સચિત્ર પ્રકટ કરેલું. એ પીઠિકા પાછળ સુપ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેનની સમજૂતીનો આધાર છે, એ શ્રી રાવળે સ્પષ્ટ કર્યું હતું. ક્ષિતિબાબુ રવીન્દ્રનાથનાં અનેક કાવ્યોના સવિશેષ મર્મગામી છે.

ક્ષિતિબાબુને મુખેથી ઝીલેલો આ કાવ્યનો અર્થ શ્રી રાવળે બતાવેલ કે અલ્પ જીવનકાળરૂપી ખેતરમાં માનવી પુરુષાર્થ, ઉદ્યમ વગેરેનો પાક પકવે છે, પણ આખરમાં આપત્તિનાં તોફાન છવાતાં માનવીરૂપી ખેતીકાર તમામ કમાઈ કર્મના દેવને હવાલે કરી આપે છે. જુગજુગાન્તરથી પ્રત્યેકના

જીવનઘાટ પર જઈ-જઈને કર્મનો અધિષ્ઠાતા સર્વ શુભકર્મોની કમાઈ ઉઘરાવી લઈ કાળના પ્રવાહમાં ચાલ્યો જાય છે, પણ માનવીને ખુદને એ જરા પણ સહાય કરતો નથી, આશ્રય આપતો નથી.

આવા કોઈ ઊંડા અર્થની તો મને પણ ભાષાંતર કર્યું ત્યારે ખબર નહોતી. હું તો એના વાચ્યાર્થમાં જે વાર્તા વહે છે, ચિત્ર ખડું થાય છે, ભણકાર ઊઠે છે, તેમાં જ મુગ્ધ બનેલો. વ્યંજનાની ખબર પડી ત્યારે મુગ્ધભાવ ઘણો વધી ગયો.

બંગાળી કાવ્યમાં એ પાત્ર સ્ત્રીનું અથવા પુરુષનું હોવા વિશે સ્પષ્ટતા નથી. બંગાળી વ્યાકરણમાં ક્રિયાપદ કે વિશેષણ પરત્વે લિંગભેદ નથી, છતાં પ્રથમ જ વાચને મને એ પાત્ર ખેડુનારી તરીકે સ્ફુરી ઊઠ્યું. આટલાં ઔદાર્ય, કારુણ્ય, ઉદ્યમ અને એકલતા નારીને જ શોભી શકે.

મૂળ કાવ્ય રવિબાબુની કાવ્યસંપત્તિનું એક ઐતિહાસિક રત્ન કહેવાય. ઐતિહાસિક એટલા માટે કે કવિવરે ‘સોનાર તરી’ પૂર્વેની પોતાની કાવ્યકૃતિઓ કાચી ગણી છે અને પોતાની કવિતાસંપત્તિની સાચી ગણના ‘સોનાર તરી’ પછીથી જ થવી જોઈએ એમ એ માનતા હોવાનું મેં સાંભળ્યું છે.

[‘ફૂલછાબ’ અઠવાડિકઃ ૧૯૩૮]

# વાચનરસ કેળવવો છે?

એક મિત્રનો કાગળ છે.: “હમણાં રોજ યાદ આવો છો. પુસ્તકાલય વસાવવું છે, શોખ કેળવવો છે. પુસ્તકોની યાદી માગું છું.”

આ મિત્ર હું સૂચવું તે વાંચશે.? અભ્યાસનિષ્ઠ બનશે.? વાર્તાપુસ્તકથી વાચનરસ કેળવી શકાશે નહીં. રસેન્દ્રિયને તેજસ્વી તેમ જ તંદુરસ્ત બનાવ્યા વગર લેવાતો વાર્તારસ જ્ઞાનની હોજરીને બગાડે. થોડા કષ્ટસાધ્ય વાચનથી હોજરીની સાફસૂફી થવી જોઈએ. પહેલાં વિવેચન વાંચો, કંટાળો લાવ્યા વગર ફરી ફરી વાંચો, રસને અંતરમાં

સ્થિર કરો અને કવિતા પ્રત્યેની સૂગને કોરે મૂકી થોડાં થોડાં કાવ્યોનું સતત પરિશીલન કરો. રસેન્દ્રિયમાં અમી પેદા થશે.

લાગણીતંત્રને ઝણઝણાવી મૂકનાર પુસ્તક પહેલે દરજ્જે ત્યાજ્ય ગણજો. ઊર્મિસંવેદનનો સ્થિર દીપક દિલમાં બળ્યા કરે, જ્યોત ભડક-ભડક ન થાય, તે સ્થિતિ સાચા વાચનરસની છે.

લલિત-સાહિત્યના મધપૂડામાં મધુના ઉત્પાદન અર્થે આપણા જ્ઞાનકોશોની અંદર લલિતેતર જ્ઞાનસામગ્રી ભર્યા વગર છૂટકો નથી. પક્ષીઓ અને પશુઓની દુનિયા, જ્યોતિર્મય ગગન, ઇતિહાસ-સૃષ્ટિ વગેરે અંતરને અજવાળનારાં તત્ત્વોનું અજ્ઞાન રસસાહિત્યમાં રમવાની આપણી શકિતને હણી નાખે છે. વીનવું છું કે પ્રાણીઓની, ગ્રહોની, ભૂગોળ ને ઇતિહાસની ભવ્ય દુનિયામાં ઊતરો; પછી જોજો, તમને વાર્તા વાંચવી ગમશેયે નહીં, વાંચવાની જરૂર પણ નહીં રહે. ‘અપંગની પ્રતિભા’ વાંચો, કીડી અને ઊધઈ વિષેનાં મૅટરલિંકનાં પુસ્તકો વાંચો. એ એવો એક નીરોગી મુગ્ધભાવ આપશે કે તમને જીવવું મીઠું લાગશે.

[‘જન્મભૂમિ’ દૈનિક: ૧૯૩૮]

# ચોરાનો પોકાર...

એક ગામડાની અંદર જતાં જોયું કે ચોરો પડી ગયો છે, દીવાલો ફસકી પડી છે, ઠાકરદ્વારો ઊપડી ગયો છે. સવારસાંજ દીવા પ્રગટતા નથી. ઝાલરનો નાદ બંધ પડ્યો છે. નિર્જન, નિ:સ્તબ્ધ અને ગંભીર એ દેવાલય કે લોકાલય કોઈ અબોલ આર્તવાણી વડે ગામડિયા દેવને—ઠાકર મહારાજને—સાદ કરી રહ્યું છે.

માટીની દીવાલો તો ભાંગે; પરંતુ ચોરો માટીની ચાર દીવાલો ને છાપરું નથી. એના પરમાણુ-પરમાણુએ ગામનો ઇતિહાસ પડ્યો છે, જમાનાઓનું લોકજીવન વીંટળાઈ રહ્યું છે. શૂરવીરો આંહીં કસુંબો લેતા. ચારણ કોણી સુધી બાંયો ચડાવીને ગોઠણભેર થઈને શૌર્યનાં યશોગાન

ગાતો. પંચાયત મળતી ને ઠાકર મા’રાજની સાખે નિર્મળ ન્યાય તોળાતો. સાધુસંતો આંહીં ઊતરતા. મુસાફરોની આ ધર્મશાળા અને અમલદારોનો આ ઉતારો. ચોકીદારોની આ ચાવડી, જ્યાં બેઠાં બેઠાં ગામમાં કૂતરું દાખલ થાય તેની પણ ખબર રાખી શકાતી. અને ભજનધૂનના પડઘા આંહીં હજુ યે બોલે છે.

આજ ચોરો ભાંગી પડ્યો છે. અકસ્માત નથી. હૈયામાં પડેલા ચોરાના પાયા લોકોએ કાઢીને ફેંકી દીધા, પંચાયતો અદૃશ્ય થઈ, યશોગાન બંધ પડ્યાં, લોકજીવનના કલ્લોલ અટકી ગયા; ઠાકર મહારાજનું આસન લોકોના હૃદયમાંથી ઊખડી ગયું. પછી જ ચોરો ખળભળ્યો.

એ દેવાલયમાં ઠાકર મહારાજ પાછા લાવવા હોય તો અક્કેક આદમી ગારાનું ગાદળું લઈ આવે ને ચણતર ચણે. પરંતુ ઠાકરદ્વારની મરામત પહેલાં લોકોનાં હૃદયમાં થવી જોઈએ. લોકોને જૂના જીવનની કકડીને ભૂખ લાગવી જોઈએ.

જન્મભૂમિ આજે નાની નાની નદીઓને કિનારે ઊભી ઊભી, ગારાનાં ઝૂંપડાંના જૂથની અંદરથી ડોકિયાં કરતી, નાસેલાં સંતાનોને બોલાવે છે.

એ સાદ કોઈ સાંભળે છે?

['સૌરાષ્ટ્ર' સાપ્તાહિકઃ ૧૯૨૨]

---

*સાવજ ગરજે!*
*વનરાવનનો રાજા ગરજે,...*
*જાણે કો’ જોગંદર ગરજે,*
*નાનો એવો સમદર ગરજે!*

# નાગડાના વિચારોની ઘટમાળ

આ સોરઠિયાણી! સ્ત્રી કોઈ દી પૂરી જોઈ નહોતી. તરીને જ સદા ચાલતો આવ્યો છું. આજ નારીને નીરખી-નીરખીને ધરાતો કેમ નથી? ફરી વાર કેમ એની ગાળો ખાવા જવાનું દિલ થાય છે.? કોણ હતી એ? જાડેજી ભાષાની ઘંટડીઓ કંઠમાં કેવી વગડતી હતી! મેં શું બગાડ્યું છે કે મને ઠપકો દેતી હતી.? તમાચો લગાવી દીધો હોય તો? તો આંગળાંના વેઢા ઊઠી આવે કે નહિ? ગાલ એટલા લીસા હશે કે નહિ? ઊંચે ઉછાળીને પાછી ઝીલી હોય તો? બે બાવડાં ઝાલીને ફેરફૂદરડી ફેરવીને પછી મૂકી દીધી હોય તો ચક્કર ખાઈને પડે કે ન પડે.? એક હાથે કમ્મરથી ઝાલીને બીજે હાથે દરિયો તરવાનો હોય તો સામે કાંઠે કચ્છની ભોમ સુધી પહોંચી શકાય.? વાજોવાજ દોડતે ઘોડે રસ્તામાંથી ઉઠાવી લેવી હોય તો કેટલી વાર લાગે.? પછી બેલાડે બેસારીને ઘોડો દોટાવું તો એ બીકની મારી મારા બદન ફરતા ભુજ ભીડી લ્યે કે નહિ? ન ભીડે તો પડે મોંભરિયાં ને ફોદેફોદા નીકળી જાય. હું કાંઈ ઘોડો ઊભો ન રાખું! પાછળ વાર ચડી હોય ને હું શું ઘોડો થોભાવું? એ હાથ મેલી દે તો મને ક્યાં બીજી કળા નથી આવડતી? બેલાડેથી ઉઠાવીને ખોળામાં જ ન બેસારી લઉં! પછી તો પડવાની ધાસ્તી જ નહીં. પછી તો લગામ છૂટી જ મૂકી દેવાય, રેવત આભને ફાળ ભરતો જાય, મુલક પાર કરી જાય અને વંકા, લીલા, વાદળિયા પહાડોના કોઈ પ્રદેશમાં લઈ જઈને કહું કે લે, તાકાત હોય તો ખચકાવી કાઢ આ મારી મૂછો. ખેંચી લે; કેમ ખેંચતી નથી? ભૂલી ગઈ? વાંક કબૂલ? દઈશ કદી ગાળ? બસ તયેં, હાલ હવે મા કને, માની આશિષો માગી લઈએ. એક રાત રહી લઈએ, પ્રભાતે તો...

# પહેલું ટીખળ

નાગડો ધ્રોળને માર્ગે પડ્યો. ખેચર, જળચર, ભૂચર એવા શબ્દો મનમાં ગોખતો ગોખતો એ ઘોડો હંકારતો હતો. આથમણા ઝાંપા બહાર અજવાળી રાતે એક સ્ત્રી ધણને બહાર બેસારીને દૂઝણી ગાયોને કપાસિયા ખવરાવતી હતી તેને એણે પૂછ્યું: “આંહી ખેચર મોરીનું ઘર ક્યાં? અરે ભૂલ્યો, ભૂચર મોરી રજપૂતનું.”

છોકરી પાસે ગઈ. એ જ પુરુષ. એણે ઓઢણું સંકોર્યું ને ઉગામેલ પરોણો નીચો કર્યો. પુરુષે પણ છોકરીને ઓળખી. આ તો રાજુલ.

બંનેની રોમરાઈ ભાદરવા મહિનાના ભર્યા મોલની જેમ સળવળાટ કરી ઊઠી.

“ગામતરે ગિયા છે.” કન્યાએ બીજી બાજુ જોઈ જઈને જવાબ દીધો. એની ઓઢણી ઝૂલતી હતી. લસરતી ઓઢણી એણે ત્રણ વાર માથા ઉપર સંકોરી. ગાયોનું ધણ ઊંચાં મોં કરીને વહેમાતું ઊભું થઈ ગયું.

અસવારને યાદ આવ્યું કે હવે વધુ ઊભવાનું પ્રયોજન રહેતું નથી.

એણે ઘોડો વાળ્યો. થોડેક ગયો ત્યારે પાછળ રાજુલનો કટાક્ષ પહોંચ્યો: “ઘોડાનું પૂછડું પડી ગિયું.”

નાગડે ઘોડો થોભાવ્યો, ઊપડતે પગલે પાછો લીધો અને રાજુલ ઝૂંપડીમાં પેસી જાય તે પહેલાં આડો ફેરવીને કહ્યું, “લાવો, જરી આપજો તો પૂછડું.”

“આ લે,” કહી રાજુલે અંગૂઠો દેખાડવા હાથ ઊંચો કર્યો એ પળે જ એણે ઘોડે બેઠે દેહ લંબાવી રાજુલનો હાથ બાવડેથી પકડીને ઉઠાવી ખોળામાં નાખીને ઘોડાને દોટાવી મૂક્યો. ગાયોનું ધણ હીંહોરા દેતું પાછળ થયું.

આઘે જઈને એણે ઘોડો થોભાવ્યો. રાજુલ એના ખોળામાં પડી પડી ચંદ્રને જોઈ રહી. એણે જુવાનની કમ્મર ફરતો હાથ નાખ્યો. રાજુલના બેઉ ગાલ જુવાનને પોતાની સમક્ષ કોઈકે નજરાણું ધરેલા હેમના ખૂમચા

લાગ્યા. એ ગાલો પર બે ચુંબનો ચોડીને પછી એણે રાજુલને ધરતી પર લસરતી મૂકી. રાજુલે થોડી ઘડી પેઘડું પકડી રાખ્યું.

“પડી ગયેલું પૂછડું પાછું દેવાનાં મૂલ પહોંચ્યાં ને?”

હાંફતી રાજુલ બોલી ન શકી. એનાં લોચન અરધાં બિડાયાં હતાં.

“અધૂરાં મૂલ ચૂકવવા કાલ સાંજે આવીશ. મોરીને આંટો ખવરાવશો મા,” કહીને એ ઊપડી ગયો. પોતે ઝૂંપડીએ ક્યારે આવી તેનું સ્મરણ રાજુલને પ્રભાતે નહોતું રહ્યું. મોં ઘસીને લૂછતી હતી, પણ રોમરાઈનો સળવળાટ ભૂંસાતો નહોતો.

[‘સમરાંગણ’ નવલકથા: ૧૯૩૮]

## વાહવાહ

સાહિત્યજગતમાં મળતી વાહવાહ એ ભયંકર તત્ત્વ છે, અને એનો મોહ મને બિલકુલ છૂટી ગયો છે એમ તો હું પણ ન કહી શકું. પરંતુ મને તો એ સંબંધમાં દુનિયાએ મારી લાયકાત કરતાં પણ વધારે આપ્યું છે એટલે એની પાછળ ઘેલો બનવાનું મારે માટે રહ્યું નથી. નવાં ક્ષેત્રો મારે સર કરવાં નથી. મનમાં ખેંચ રહેતી હોય તો તે માત્ર હાથ પર લીધેલાં અધૂરાં રહી ગયેલાં કાર્યો પૂરાં કરવાં એટલી જ, કારણ કે એ પણ એક જવાબદારી છે.

[ચુનીલાલ ક. પારેખ પરના પત્રમાં: ૧૯૪૧]

## દરિયો

*દરિયો ડોલે રે માઝમ રાતનો,*
*ઝૂલે જાણે પારણે મારો વીર રે!...*
*દરિયો ગાજે રે માઝમ રાતનો,*

માવડી જાણે વીરને હાલાં ગાય રે!...
દરિયો મલકે ને ડોલર ફીણ વળે,
મલકે જાણે વીર મારાનાં મુખ રે!

## માતા, તારો બેટડો આવે!

માતા! તારો બેટડો આવે:
આશાહીન એકલો આવે....
જ્વાળામુખી એને કાળજે રે, એની આંખમાં અમૃતધાર—...
સૂતો રે હોય તો જાગજે, સાયર! ઘેર આવે પ્રાણાધાર....
ધૂળરોળાણા એ મુખ માથે, વીરા, છાંટજે શીતળછોળ,
પ્રેમેથી પાહુલિયા ધોજે!
આછે આછે વાયરે લ્હોજે!
તારા જેવાં એના આતમાનાં ગેબી હિમ, અગાધ ઊંડાણ.
ત્યાંયે આજ આગ લાગી છે:
ધૂંવાધાર તોપ દાગી છે.
સાત સિંધુ તમે સામટા રે—એની ઓલવાશે નહિ ઝાળ.

—

એક આભ માથે ચાંદરડું,
ચાંદરડે રાતાં તેજ:
ભમર રે રંગ ડોલરિયો.
એક સિંધુ-પાળે સાંજલડી,
સાંજડીએ રાતા હોજ:
ભમર રે રંગ ડોલરિયો.

## લીલો રંગ

*હાં રે એક મીઠો*
*મહાસાગરે ભરેલા પાણી તણોય લીલુડો રંગ,*

*હાં રે બીજો મીઠો*
*કણબીની વાડે ઝૂલન્તી શેરડીનો લીલુડો રંગ.*

*હાં રે મને મીઠો*
*પ્રભુજીની પીંછી કેરો રંગેલ સર્વ લીલુડો રંગ.*

## નવ કહેજો!

*વનવનમાં વદન હસવતી*
*કો સરિતા ચાલી જાય,*
*દુર્ગંધ જગતની વહતી*
*સાગરમાં શાંત સમાય:*
*સાચા જનસેવકનું જીવન ત્યમ પામે મૌનવિરામ—*
*એ સુભટ કાજ કો નવ કહેજો: 'પ્રભુ, દે એને વિશ્રામ!'*

## મા-ઘેલો બાળ

*પેલાં સાગરમાં વસનાર, માડી! મને બાળ બોલાવે;*
*એનાં હૈયાં તે કેવાં હેતાળ, માડી! મને રમવા બોલાવે.*
*છાનાં કહે મારા કાનમાં:*
*અમે ભમવા તે જાતાં*
*દેશ-વિદેશને કાંઠડે*
*રૂડાં ગાયન ગાતાં;*

*આજે આંહીં આવી નીસર્યાં,*
*કાલે ક્યાં વળી જાશું!*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

# ગુજરાતી સાહિત્ય-સમૃદ્ધિ

સાહિત્યના વિવેચનની જોડાજોડ તવારીખ-ગ્રંથ લેખે શ્રી કૃષ્ણલાલ ઝવેરીનું અંગ્રેજી Milestones in Gujarati Literature શુદ્ધ કરેલી બીજી આવૃત્તિમાં રજૂ થાય છે. ગરીબડા ગણાતા ગુજરાતી સાહિત્યને પણ ઇતિહાસ-સમૃદ્ધિ છે ને આ કથા બિનગુજરાતીઓને કહેવા જેવી છે, એવા શરમાળ સ્વાભિમાનમાંથી સર્જન પામેલો આ પહેલો સંકલનાબદ્ધ પ્રયત્ન ઝવેરી સાહેબે ૧૯૧૪માં કરેલો ત્યારે સાહિત્યનો ઇતિહાસ સંશોધનની અવસ્થામાં હતો.

સંશોધનનો નવપ્રકાશ આપણા સાહિત્યના અંધારા ખૂણાને અજવાળતો આવે છે. ગુજરાતના તળપદા કંઠસ્થ લોકસાહિત્યની વચગાળામાં બંધાયેલી લબ્ધપ્રતિષ્ઠિત પદવીનું બહોળા હાથે આ ગ્રંથમાં સન્માન થયું છે. જૈન રાસાઓના અર્ધોજ્જ્વલ કાળથી ઓગણીસમી સદી સુધીનો સૈકાવાર સંકલિત આ ઇતિહાસ આ તવારીખ-નવેશે પોતાની માન્યતાઓના રંગોને વેગળા રાખીને ઠાવકી સુધીર શૈલીએ, હકીકતોના પુંજનું પ્રાધાન્ય સચવાઈ રહે તે દૃષ્ટિએ આલેખેલ છે. મુનશીના Gujarat and Its Literatureના ભાવરંગી પુસ્તકની પડખે આ ઠાવકો ઇતિહાસ અભ્યાસીઓને ઉપકારક બનશે.

['ફૂલછાબ' અઠવાડિક: ૧૯૩૮]

# ઊર્મિના ઉમળકા

તમારો નાનકડો કાગળ પણ મારે માટે ઊર્મિના ઉમળકા લાવે છે. આપણી વચ્ચે લેણાદેવીનો ચોપડો દૂર બેઠે પણ વધુ ને વધુ ચીતરાતો જાય છે. મારી આ ઉંમરે—ઉંમરનું ભાન મને કોઈક જ વખત થાય છે—હું તમારા જેવા કિશોર(તમને હું હજુ યુવક પણ બન્યા ગણતો નથી)ની સંગાથે લંગોટિયા ભાઈબંધ જેવી લાગણી અનુભવતો હોઉં છું ત્યારે મને જ નવાઈ થાય છે.

એક ધાસ્તી પણ તમારો કાગળ મને પમાડે છે કે આ કાગળ લખવા પાછળ ‘અપરાધી’ સંબંધે તમે કરેલા વિવેચનથી મારું હૃદય રખે કદાચ દુભાય અથવા અસંતુષ્ટ રહે એવી કોઈ ચિંતા તો પ્રેરણારૂપ નહીં બની હોય? હું તમને વારંવાર શી રીતે સમજાવું, ભાઈ, કે તમારા જેવા મિત્રોનાં નિખાલસ વિવેચનો મને કેટલાં વહાલાં લાગે છે?તમે બતાવેલી ત્રુટીઓ તો મૌલિક હોય છે. તમે મારાથી ન બીઓ, કદાપિ ન બીઓ, એ જ માગું છું. આવા સન્મિત્રો તો જીવનમાં તેમ જ સાહિત્યમાં હોવા એ એક privilege છે.

સાત દિવસથી પથારીમાં જ પુરાયેલો છું. લોહીનું low blood pressure, અનિદ્રા વગેરે વધતાં બોટાદ-રાણપુર તદ્દન છોડવું પડ્યું ને આંહીં ડોક્ટરે પથારી ભળાવી. પણ એક રોગ આંહીં ખાતે ઉમેરાયો—હરસનું લોહી પડવું. આજે કંઈક ઠીક છે. આવવું’તું તો અમદાવાદ, પથારી પાથરવી હતી તમારે જ બંગલે, પણ આટલી થોડી માંદગીની સારવારનો સસ્તો જશ તમે જીતી જાઓ તે કરતાં તો કંઈક વધુ મૂંઝવતી હાલતમાં જ ન આવું! ને કંઈકે થાય તોયે અમદાવાદ સારી એવી સ્મશાનયાત્રા તો કાઢે!

[ઉમાશંકર જોશી પરના પત્રોમાં: ૧૯૩૮, ૧૯૪૧]

# વિરાટ સોબતીને ઓળખ્યા વિના રહ્યો

હમણાં તો આકાશના તારા, ગ્રહો, નક્ષત્રો વગેરે નિહાળવાની ખૂબ ધૂન લાગી છે; પણ ઓળખું ફક્ત બે-પાંચને જ, એટલે બાકીના જ્યોતિર્ધરો સામે તો બાઘાની પેઠે જોઈ રહું છું. રાત્રિઓ એટલી સ્વચ્છ હોય છે કે રાતના બે-ત્રણ-ચાર બજે, જ્યારે જ્યારે ઊઠું ત્યારે, અગાશીમાં ઊભીને ધરાઈ ધરાઈ જોયા કરું છું ને કોઈ સમજાવનારો ભેટે તે માટે ઝંખું છું. એમ થાય છે કે અહોહો! ચાલીસ વર્ષો જીવનનાં ગયાં, આખું જગત ડોળવાનો દાવો કરનાર લેખક બન્યો, ને રોજના આવા વિરાટ સોબતી આકાશને જ ઓળખ્યા વિના રહ્યો! અને એ ન જોયું તેને પરિણામે કેટલી બધી કંગાલિયત મારા સાહિત્યમાં પણ રહી ગઈ હોવી જોઈએ.

[ઉમાશંકર જોશી પરના પત્રમાં: ૧૯૩૮]

# નીંદર જોડે સંવાદ

*હું તો સાદ પાડી પાડી શોધી રહી,*
*નીંદર! આવો રે મારા ભાઈલાની સેજ—*
*નીંદરડી! વીરો મારો સૂતો નથી....*
*તમે કોણ સરોવરે સંચરતાં?*
*તમને વા'લા રે કોના નૌકા-વિહાર?...*
*હું તો ઘોર સાગરિયામાં ઘૂમી રહી,...*
*મને વા'લાં રે વાવાઝોડાનાં વા'ણ....*
*હું તો મેઘલી રાતને મધદરિયે*
*પ્રીતે પોઢાડું વા'ણવટીઓનાં બાળ,...*
*મીઠાં ઊંઘાડું માછીમારોનાં બાળ.*

# જાગેલું ઝરણું

*જુગજુગોની નીંદ થકી મારા પ્રાણને કોણ જગાડે રે!...*
*ફીણવાળા મારા નીર-ઘોડીલા...*
*ઘૂમરી ખાતા રોષમાં તાતા*
*પાગલ પગ પછાડે રે....*
*દૂરે દૂરે મહાગાન સિંધુનું*
*કાન વિશે ભણકારે રે!*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

# સ્વર્ગેથી વિદાય

*હે દુઃખિની દીનહીના મલિના*
*અશ્રુભીની માવડી મર્ત્યભૂમિ!...*

*સિંધુ-તીરે રેત-મેદાન તારાં,*
*પ્હાડો માથે નિર્મળી હિમ-રેખા,...*

*તારું નીલાકાશ, તારો ઉજાસ,*
*તારો ખોળો ખૂંદતી લોકગીર્દી—...*

*એકે એકે આજ જાણે છવાયે*
*મારા અશ્રુબિંદુની આરસીમાં.*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

# ઝંડાવંદન

*સપ્તસિંધુની અંજલિ વહેતો સમીરણ તુજને ભેટે,*
*ખંડખંડની આશિશછોળો ઉદધિતરંગો છાંટેઃ*
*ઝંડા! થાકેલા જગનો*
*દીસે છે તું આશાદીવડો.*

—

*મહાસિંધુની ઓ લહરી લહરી!*
*તમ બિન્દુએ બિન્દુની જીભ કરી*
*વદજો સારા વિશ્વને તીર ફરીઃ*
*જગ-બાંધવતા કેરા વૈરી જનોને ન*
*ગાંધીનું પ્રેમ-પ્રયાણ ગમ્યું,*
*દારૂગોળાના વારસદારને નગ્ન*
*ફકીરનું નેત્રસુધા ન ગમ્યું.*

# ઘોર સાહસ…

*ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે*
*લૈ જશે પાંખ તુંને રઝળવા,…*
*તાહરા વેગ-વંટોળલે સિંધુના*
*નીલદૂધલ ઊછળશે તરંગો…*
*પંખી! નિર્ભય, નિરુદ્વેગ જાજે ધસ્યો!*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

## મહારોગ...

*મહારોગ ને મૃત્યુના સાગરમાં*
*લાખો ચીસ-નિશ્વાસભર્યા જગમાં,*
*સિતમે સળગંત ધરા-તલમાં*
*રસ-સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સુનેરી ભૂખ્યાં જનને—*
*ત્યારે હાય રે હાય, કવિ! તું‌ને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે!*

## જાગો જાગો રે...

*જાગો જાગો રે પ્રાણ, જાગો ધીરે*
*ભારતને ભવ્ય લોકસાગરતીરે*
*રે પ્રાણ, જાગો ધીરે!*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

## સાગરે પાણી...

*સાગરે પાણી પછાડા ખાયે*
*કે લાખ લાખ લોઢ ઊડે રે લોલ,...*

*વાર વાર માંડે વીજ કડાકા*
*કે બાર મેઘ તૂટે રે લોલ,*
*તોય મારે આભને દીવડલે રે*
*કે જરીયે ન જ્યોતું હલી રે લોલ!*

# નીરધારા રે...

*નીરધારા રે હો નીરધારા!*
*ઘોર વાદળની વીર બાળા!...*
*દોટ દેજો સાગર પારા!*
*હો રે મારી નીરધારા!*

# હું વિચરીશ

*હું વિચરીશ જગ મોઝાર કરુણા-ધાર સદા રેલવતું,*
*હું કરીશ ભોમ તરબોળ સલિલ-હિલ્લોળ હેતથી ઢળતું...*
*હું સુણું દૂરથી મહાસિંધુનું ગાન, કોઈ નવ રોકો!*

[રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી પરથી]

# મોતીની ઢગલીઓ

સોરઠની રમ્યભૂમિમાં કાઠી સંસ્થાનો વેરાયેલાં પડ્યાં છે. મોતીના દાણાની નાની-નાની ઢગલીઓ કરી હોય એવી જુક્તિથી કાઠી ગામડાંઓનાં જૂથ વહેંચાઈ રહેલાં છે. ભાગદારો અક્કેક પ્રિય ગામડાને નાની-નાની રાજધાની બનાવીને બેસી ગયા છે. આ નરેશોને હરકોઈ મળી શકે, માગણી કરતાં અચકાય નહિ અને ઠપકો દેતાં ન હેબતાય. પ્રજાની વચ્ચોવચ રહેવાનું, પ્રજાની શરમ પહોંચી શકે.

હડાળામાં મહેલાતો નથી, માટીનાં મકાનો છે. રેતાળ ચોગાનની અંદર આખી રાત ભજનોની ધૂન જામે. કોઈ-કોઈવાર વડિયેથી ‘કાકાબાપુ’ પધારતા. બંને બાપુઓ ગામના પટેલિયાની સાથે દાંડિયારાસ રમે.

નવા યુગનાં ઊજળાં કિરણો એકાદ-બે ઠેકાણે પ્રવેશ્યાં છે.

ભાયાવદરના તરુણ રાજકુમાર હમણાં પરણ્યા. સુજ્ઞ ભાયાબાપુને આંગણે આડે દિવસે દારૂનો છાંટોય હોય? પરંતુ એમણે વિવાહને પણ વિશુદ્ધ રાખ્યો! અનેક સ્વજનો આવતાં અટકી ગયેલાં, હજુયે કંઈક સગાં મેણાં દેતાં હશે. પણ ભાયાબાપુને ઘેર ભ્રષ્ટાચાર ન સંભવે—ન દારૂ કે ન નાચનારીઓ.

['સૌરાષ્ટ્ર' સાપ્તાહિકઃ ૧૯૨૨]

## મોતીની ઢગલી : ભાગ ૧-૨

સંપાદકઃ મહેન્દ્ર મેઘાણી

મોતી જેવાં ૫૦થી વધુ લખાણોની રૂપકડી ખીસાપોથીઓ.

'અરધી સદીની વાચનયાત્રા'ના પહેલા ભાગમાંથી વીણેલાં લખાણોની આ બે પુસ્તિકાની કુલ ૫૦,૦૦૦ નકલ છપાઈ છે, અને એક લાખ નકલોનો તેનો ફેલાવો કરવાની લોકમિલાપની ઉમેદ છે.

રૂ. ૩

૧૦૦ નકલ રૂ. ૨ લેખે (રજિસ્ટર ટપાલખર્ચ સાથે)

૧,૦૦૦ નકલ રૂ. ૧ લેખે (પાર્સલખર્ચ સાથે)

આટલી નજીવી કિંમતમાં મોતી જેવાં મૂલ્યવાન લખાણો ભાગ્યે જ કોઈ ગુજરાતી પ્રકાશનમાં જોવા મળશે.

લોકમિલાપ ટ્રસ્ટ

પો. બો. ૨૩, સરદારનગર, ભાવનગર ૩૬૪૦૦૧

ફોન:(૦૨૭૮)૨૫૬૬૪૦૨ e-mail:lokmilaptrust૨૦૦૦@yahoo.com

'શીલધર્મી રાજપુરુષ : શ્રી બાબુભાઈ જ. પટેલ સ્મૃતિગ્રંથ' પુસ્તકમાંથી કેટલાંક ટૂંકાં લખાણો આ પુસ્તકમાં જુદાં જુદાં પાનાં પર મૂકેલાં છે. સ્મૃતિગ્રંથમાં ૪૩૨ પાનાંનાં લખાણો ઉપરાંત છબીઓનાં ૪૮

પાનાં છે. કિંમત રૂ. ૧૦૦. પ્રકાશક : બાબુભાઈ જ. પટેલ સ્મારક ટ્રસ્ટ, નડિયાદ.

## આનું નામ તે ધણી!

દિવાળીના નવા દિવસો હતા: વડોદ ગામની ખળાવાડમાં ખળાં મસળી-ઊપણીને તૈયાર થાતાં હતાં. જગા પટેલની વહુ-દીકરીઓ દાણા વાવલતી નવાં લૂગડાં અને ઘરેણાંના મનોરથમાં મહાલતી હતી. ટાઢા-ટાઢા વાવડા વાતા હતા. તેમાં મોતી જેવા દાણા ભોં માથે વરસતા હતા અને વાવલનારીઓની ચૂંદડીઓના છેડા ફરકતા હતા.

શિયાળાની તડકીમાં ચળકતો, મૂઠી ફાટે તેવો બાજરો ખળામાં પડ્યો છે. જગો પટેલ પોતાના બાજરાના ગંજ સામે મીટ માંડીને જોઈ રહ્યા છે. લીલવણી બાજરો એની નજરમાં સમાતો નથી. પ્રભાતને પહોર એને પાપનો મનસૂબો ઊપડ્યો છે. એ વિચાર કરે છે કે ‘ઓહોહો! મહેનત કરી-કરીને તૂટી ગયા મારા ભાઈયું: આ બાજરો પાક્યો અમારે પરસેવે: અને હવે ઠાલા મફતના દરબાર પોતાનો રાજભાગ લઈ જશે!’

વળી થોડીક વાર થંભી ગયા, બાજરા સામે ટાંપી રહ્યા. ફરી વાર પેટમાંથી કૂડ બોલ્યું: ‘રાતમાં એકાદ ગાડી બાજરો ભરીને ઘરભેળો કરી દઉં તો એટલો મારો સુવાંગ રે’શે, રાજભાગમાં નહિ તણાઈ જાય.’

અરધી રાતનો ગજર ભાંગ્યો એટલે પોતાના ભાઈ તથા સાથીને લઈને પટેલે ખળામાંથી બાજરાનું ગાડું ભર્યું. ભૂદેવો જેમ તરપિંડી જમતી વખતે પોતાની હોજરીનું ભાન રાખતા નથી, તેમ જગા પટેલે પણ લોભે જઈ ગાડામાં હદ ઉપરાંત બાજરો ભર્યો અને પાછલી રાતના ગાડું જોડી ઘર ભણી ચાલ્યા. સાથી ગાડું હાંકતો હતો; પોતે ગાડાની આગળ ચાલતા હતા; અને તેમના ભાઈ ગાડાની પાછળ ચાલતા હતા.

ગામનાં પાદર ઢૂકડાં આવતાં હદ ઉપરાંત ભારને લીધે ગાડાની ધરી ગુડિયામાંથી નીકળી ગઈ; અને ગાડાનું પૈડું ચાલતું અટકી પડ્યું.

જગો પટેલ મૂંઝાણા. ત્રણેય જણાએ મળી મહેનત તો કરી, પણ ગાડું ઊંચું થયું નહિ. ધણીની ચોરી એટલે કોઈને મદદે બોલવવા જાય તો છતરાયું થઈ જાય; તેમ પાછળ ખળું પણ છેટું ગયું એટલે ગાડું પાછું ખાલી પણ કરી શકાય નહિ. આમ જગા પટેલને સાપે છછુંદર ગળ્યા જેવું થયું. સવાર પડશે-અજવાળું થશે-તો ફજેતો થશે, એવી બીકમાં હાંફળાફાંફળા થતા જગો પટેલ કોઈ વટેમાર્ગુની વાટ જોવા મંડ્યા. એવામાં ઇશ્વરને કરવું તે એના જ દરબાર-જેની ચોરી હતી તે-ગજાભાઈ ગોહિલ જ પરોઢિયામાં પોતાના હંમેશના નિયમ પ્રમાણે જંગલ જવા સારુ હાથમાં પાણીનો કળશિયો લઈ નીકળ્યા. ટાઢ પડતી હતી એટલે દરબારે મોઢે બોકાનું બાંધેલું હતું. ફક્ત દરબારની આંખો જ બહાર તગતગતી હતી.

જેવા દરબાર જગા પટેલના ગાડા પાસેથી નીકળ્યા તેવા જ પટેલે, ગરજવાનને અક્કલ ન હોય એ હિસાબે, દરબારને કોઈ વટેમાર્ગુ ધાર્યા અને મનમાં વિચાર્યું કે, આ આદમી અજાણ્યો હોવાથી ગામનાને ખબર નહિ પડે કે હું બાજરો છાનોમાનો લઈ જાઉં છું. એવું ધારીને પોતે ઉતાવળા ઉતાવળા બોલ્યા કે, “એ જુવાન! જરાક આ ગાડું સમું કરાવતો જાને!”

અંધારું, ગભરામણ અને દરબારે મોઢે બોકાનું બાંધેલ; એટલે જગા પટેલે તો દરબારને ન ઓળખ્યા; પણ દરબારે જગા પટેલને ઓળખી લીધા. દરબાર સમજી ગયા કે ‘મારા રાજભાગનો બાજરો આપવો પડે એ ચોરીએ પટેલ છાનુંમાનું ગાડું ભરી લઈ જાય છે.’ પરંતુ દરબારે વિચાર કર્યો કે હું ઓળખાઈ જઈશ તો જગા પટેલ જેવો માણસ ભોંઠો પડશે-શરમાશે. માટે પટેલ પોતાને ન ઓળખે એવી રીતે નીચું જોઈ ગાડાને કેડનો ટેકો દઈ પૈડું ઊંચું કરાવ્યું, એટલે પટેલ ધરી નાખી ગાડું ચાલતું કરી રાજી થતા ઘર ભણી હાંકી ગયા.

‘હશે! હોય! બિચારા રાતદિવસ ટાઢતડકો વેઠી મહેનત કરીને કમાય અને સારો દાણો ભાળીને એનું મન કદીક બગડે તોય શું થઈ ગયું! એ પણ આપણી વસ્તી છે ને!’ આમ વિચારતા વિચારતા

દરબાર ચાલ્યા ગયા.

આ વાત બન્યાને આશરે છએક માસ થયા હશે. દરબારના દરિયાવ દિલમાં ઉપરની વાતનું ઓસાણ પણ નથી. એવે સમયે દરબારમાં મહેમાનો આવેલા. હવાલદાર મહેમાનો સારુ ખાટલા-ગોદડાં લેવા જગા પટેલને ત્યાં ગયો. પટેલે હા-ના કરવાથી હવાલદારે જગા પટેલને કાંઈ કડવું વચન કીધું, એટલે પટેલને રીસ ચડી. પોતે બોલ્યા કે “મારે આવા દરબારના ગામમાં રહેવું જ નથી.”

હવાલદારે પણ તોછડાઈથી કીધું કે “ત્યારે શીદને પડ્યો છો? તને ક્યાંય બીજે મળતું નથી? હાલ્યો જા ને!”

એટલે જગા પટેલને પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ. દુભાઈને રાતે ગાડામાં ઉચાળા ભર્યા. દરબારને આ વાતની કશી ખબર પણ નથી. પણ વળતે દિવસે સવારે દરબાર ડેલીએ ડાયરો કરી બેઠા છે, ત્યાં જગા પટેલ પોતાના બાળબચ્ચાં, રાચરચીલું અને ઢોરઢાંખર લઈ ગાડાં ભરી ડેલી પાસેથી નીકળ્યા. ગામનાં માણસો એમને વારવા-મનાવવા મંડ્યાં, પણ પટેલ તો વધારે જોર કરવા મંડ્યા. દરબારને ખબર પડી, એટલે દરબારે પણ ચોપાટમાંથી નીચે ઊતરી જગા પટેલને ખૂબ સમજાવ્યા અને કારણ પૂછ્યું. જગા પટેલે ખિજાઈને કહ્યું કે “દરબાર! અમારી વહુઓ આણામાં બે સારાં ગોદડાં લાવી હોય છે તેય અમે વેઠે કાઢી દઈએ, અમે ગાભા ઓઢીને આવી ટાઢમાં સૂઈ રહીએ, તોય તમારો ત્રણ દોકડાનો હવાલદાર અમને હડબડાવે! ફફડાવે! એ અમને નથી પરવડતું.”

દરબારે સબૂરીથી આખી વાત જાણી લીધી. ઘણા દિલગીર થયા. હવાલદારને સજા કરી, અને પટેલને કહ્યું કે “બાપ! તમે મારાં સોનાનાં ઝાડવાં છો. માફ કરો અને પાછા વળો.”

પરંતુ જગો પટેલ કોઈ રીતે સમજ્યા નહિ. એટલે દરબારે જગા પટેલના પડખે ચડી કાનમાં કીધું કે “પટલ! જાવ તો ભલે જાવ; પણ જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ભરતિયું વળાવે, તેવો ધણી

ગોતજો, હો!”

આટલું કહી દરબાર તો ચાલ્યા ગયા. પણ આંહીં પટેલના હાડોહાડમાં ધ્રુજારો છૂટ્યો. પટેલથી કાંઈ બોલાયું નહિ. મનમાં એક જ વાત બોલાઈ ગઈ કે ‘આનું નામ તે ધણી! જે ધણીની મેં ચોરી કરી હતી, તે જ ધણી ચોરીમાં મદદ કરે અને મારી આબરૂને ખાતર મને તો માફ તો કરે, પરંતુ એ વાતમાંયે હું ભોંઠો પડું એ દયાથી મને ખાનગીમાં પણ ઠપકો દે નહિ! અરે, આવો ધણી મને બીજે ક્યાં મળે?’ એમ વિચારીને પટેલે ગાડાં ફેરવ્યાં.

[‘સૌરાષ્ટ્રની રસધાર’ ભાગ ૧ પુસ્તક: ૧૯૨૩]

# કાંધલજી મેર

ચારસો વરસની જૂની એક વાત છે, તે વખતે હજુ ઢાંક અને ઘૂમલી નગરની દેવભોમકા જેઠવા રાણાઓના હાથમાં હતી.

રાણાના દરબારમાં કાંધલજી નામે બરડાના ગામ ઓડદરનો એક મેર અમીર હતો. કાંઈક કારણથી કાંધલજીનું મન જેઠવાની સાથે દુખાયેલું, તેથી પોતે જૂનાગઢના રા’ના દરબારમાં જઈને રિસામણે રહ્યા હતા.

રા’ના ઘરમાં તે વખતે જેઠવા રાણાની કન્યા હતી. એ રાણીને એક કુંવર અવતર્યો. રા’એ તો હઠ લીધી કે જેઠવાની પાસેથી કુંવરપછેડામાં ઢાંક શહેર લેવું. જેઠવો વિચારમાં પડ્યો. પોતાની પુરાતન રાજધાની ઢાંક કેમ અપાય? જેને ભીંતડે ભીંતડે નાગાજણ બાપુએ શાલિવાહનની સતી રાણીના હાથની સોનાની ગાર કરાવેલી, એ દેવતાઈ નગરી ઢાંક કેમ દેવાય? જ્યાં પૂર્વજદેવે ભાટને માથાનું દાન દીધું, જ્યાં મસ્તક વિનાનું ધડ લડ્યું, મૂંગીપુરનો ધણી શાલિવાહન જ્યાંથી ભોંઠો પડીને ભાગ્યો, એ અમરભૂમિ ઢાંક કેમ અપાય? પાંચસો વરસની બંધાયેલી માયામમતા તોડવાનો વિચાર કરતાં જ જેઠવાની નસો તૂટવા લાગી. બીજી બાજુ જમાઈના રિસામણાનો ડર લાગ્યો, દીકરીના દુ:ખની ચિંતા

જાગી. રા’ના હુમલાની ફાળ પેઠી.

આખરે જેઠવાને બારી સૂઝી. એને લાગ્યું કે કાંધલજી મારી આબરૂ રાખશે; રિસાયો છે તોય ઢાંકની બેઆબરૂ એ નહિ સાંખે. માતાની લાજ જાય ત્યારે દીકરો રિસાઈને બેઠો નહિ રહે. એણે રા’ને કહેવરાવ્યું: “અમારા કાંધલજીભાઈ ત્યાં છે. આ બાબતમાં એ જે કરે તે અમારે કબૂલ રહેશે.”

રા’ને તો એટલું જ જોતું હતું. કાંધલજી તો આપણો આશ્રિત છે: એ બીજું બોલે નહિ. એવો વિચાર કરીને કચેરીમાં કાંધલજીભાઈને રાણાનો કાગળ વંચાવ્યો. વાંચીને ગર્વથી, પ્રેમથી, ભક્તિથી, કાંધલજીની છાતી એક વેંત પહોળી થઈ, અને એના અંગરખાની કસો કડડ કડડ તૂટવા લાગી. અંતર્યામી અંતરમાં બોલી ઊઠ્યો: “વાહ, મારા ધણી! તેં તો મને ગિરનારને આંગણે ઊજળો કરી બતાવ્યો.”

“કેમ, કાંધલજીભાઈ!” રા’એ હસીને પૂછ્યું: “જોયાં તમારા જેઠવાનાં જોર?”

ધોળી ધોળી સાગરના ફીણ જેવી દાઢી ઝાપટીને કાંધલજી બોલ્યા: “બાપ! મારો ધણી તો ગાંડિયો છે. ઢાંક તો અમારી મા કહેવાય. એને જવાબ દેતાં ન આવડ્યું. દીકરીનાં માગાં હોય, પણ માનાં માગાં ક્યાંય દેખ્યાં છે?” એટલું બોલતાં તો એની આંખમાં અંગારા મેલાઈ ગયા.

રા’નું રૂંવાડે રૂંવાડું ખેંચાઈને ઊભું થઈ ગયું. એણે કહ્યું: “કાંધલજી, જૂનાગઢના રોટલા બહુ દી ખાધા. હવે ભાગવા માંડ્ય. ત્રણ દિવસની મહેતલ આપું છું. ચોથે દિવસે તું જ્યાં હોઈશ ત્યાંથી ઝાલીને તારા પ્રાણ લઈશ.”

કાંધલજી ઊભો થયો. ભેટમાં તરવાર હતી તે ખેંચી કાઢીને એની પીંછીથી ત્યાં ને ત્યાં ભોંય ઉપર ત્રણ લીટા કર્યા. અક્કેક લીટો કરતો ગયો અને રા’ની સામે જોઈ બોલતો ગયો: “આ એક દિવસ, આ બે દિવસ અને આ ત્રીજો દિવસ. જૂનાગઢના રા’! તારી મહેતલના ત્રણ દિવસ પૂરા થઈ ગયા. લે હવે, આવ પડમાં, કર ઘા. મેરને મરતાં

કેવુંક આવડે છે તે જોઈ લે.”

“હાં! હાં! હાં! કાંધલજી!” બોલતી આખી કચેરી ઊભી થઈ ગઈ.

રા’એ કહ્યું: “તુંને એમ મારું તો તો જગત કહેશે કે આશ્રિતને ઘરમાં ઘાલીને માર્યો, માટે ભાગવા માંડ્ય.”

ઘોડી ઉપર ચડીને કાંધલજી ચાલી નીકળ્યો. સાથે પોતાનો જુવાન ભાણેજ એરડો હતો. ચાલતાં ચાલતાં, ઘોડીઓ વણથળી ગામને પાદર નીકળી.

તે દિવસે ગામમાં નવસેં નાઘોરી વરો પરણવા આવેલા. અત્યારે વરરાજા અને જાનૈયાઓ ગામ બહાર દિશા-દાતણ કરવા નીકળેલા છે. ઢોલ ધ્રબૂકે છે ને કેટલાક જાનૈયાઓ પટ્ટાબાજી ખેલે છે. ગામને ગોંદરે રમાતી આ વીર-રમતો સહુના કાળજામાં શૌર્યનાં સરણાં વહાવી રહી છે. માર્ગે નીકળેલા સેંકડો વટેમાર્ગુ એ રમતો નીરખવા થંભી ગયા છે. એવે ટાણે આ ચાર-પાંચ ઘોડેસવારો કાં ઝપાટાભેર ભાગ્યા જાય છે? ઘોડીઓનાં મોઢાંમાં ફીણ છૂટ્યાં છે, ઘોડીઓ પરસેવે નીતરી રહી છે, તોય કાં અસવાર એના ડેબામાં એડી મારતાં આવે છે? પાંચેય આદમીના હાથમાં ઉઘાડાં ખડગ કેમ છે?

દોડી જઈને નવસો નાઘોરી વરરાજા આડા ફર્યા. ઘોડીની લગામો ઝાલી રાખી. ચમકીને કાંધલજી બોલ્યા: “તમે મને ઓળખો છો?”

નાઘોરી કહે: “ઓળખીએ છીએ. તમે અમારા મહેમાન એ જ મોટામાં મોટી ઓળખાણ. ગામને પાદરથી આજ તો તમ જેવો મહેમાન કસુંબો લીધા વિના ન જઈ શકે.”

કાંધલજીએ કહ્યું: “ભાઈ! તમે તમારી મેળે જ હમણાં ના પાડશો. મારી વાંસે જૂનાગઢની વહાર ચડી છે.”

“ત્યારે તો, ભાઈ, હવે રામરામ કરો! હવે તો જઈ રહ્યા! જાવા દઈએ તો નાઘોરીની જનેતામાં કંઈક ફેર પડ્યો જાણજો.”

“અરે બાપુ! તમારે ઘેર આજ વિવા છે. ગજબ થાય.”

“વિવા છે માટે જ ફૂલદડે રમશું. કંકુના થાપા તો વાણિયા-

બ્રાહ્મણના વિવાહમાંયે હોય છે. આપણને તો લોહીના થાપા જ શોભે.”

નાઘોરીઓએ આખી વાત જાણી લીધી. કાંધલજીને કોઠાની અંદર પૂરી દીધા. અને નવસેં મીઢળબંધા નાઘોરીઓ ગામને પાદર તરવાર ખેંચીને ખડા થઈ ગયા. જૂનાગઢની ફોજ આવી પહોંચી. સંગ્રામ મચ્યો. સાંજ પડી ત્યાં નવસોયે મીઢળબંધા વરરાજાઓ લોહીની કંકુવરણી પથારી કરીને મીઠી નીંદરમાં પડ્યા. કોઈ કદીયે ન જગાડે એવી એ નીંદર, એવી નીંદર તો નાઘોરણોની સુંવાળી છાતી ઉપરેય ન આવત.

કોઠા ઉપર બેઠાં બેઠાં કાંધલજીએ કસુંબલ ઘરચોળાવાળી જોબનવંતી નાઘોરણોને હીબકાં ભરતી ભાળી, મોડિયાનાં મોતી વીંખતી વીંખતી તરુણીઓનાં વેણ સાંભળ્યાં: “આપણા ધણીઓનો કાળ હજી આંહીં બેસી રહ્યો છે!” એ સાંભળીને કાંધલજીએ કોઠા ઉપરથી પડતું મેલ્યું. તરવારની ગાળાચી કરી, પોતાનું માથું ઉતારીને નીચે મૂક્યું. બે ભુજામાં બે તરવારો લીધી: અને ધડ ધીંગાણામાં ઊતર્યું. લશ્કરને એક ગાઉ સુધી તગડ્યું.

એ ધીંગાણા પછી નાઘોરીઓ અને મેરો બન્ને ‘લોહીભાઈઓ’ કહેવાય છે.

[‘સૌરાષ્ટ્રની રસધાર’ ભાગ ૨ પુસ્તક: ૧૯૨૪]

## ચમારને બોલે

વાંકાનેરના દરબારગઢમાં આજ રંગરાગની છોળો ઊડે છે. ગઢના માણસો તો શું, પણ કૂતરાં-મીંદડાંયે ગુલતાનમાં ડોલે છે. ઓરડામાં વડારણોનાં ગીતો ગાજે છે, અને દોઢીમાં શરણાઈઓ પ્રભાતિયાંના સૂર છેડીને વરરાજાને મીઠી નીંદરમાંથી જગાડે છે. દરબારના કુંવર પરણે છે. વાંકાનેરની વસ્તીને ઘેર સોનાનો સૂરજ ઊગ્યો છે.

આખું ગામ જ્યારે હરખમાં ગરકાવ હતું ત્યારે એક જ માનવીના હૈયામાંથી અફસોસના નિસાસા નીકળી રહ્યા છે. આખી રાત એણે

પથારીમાં આળોટી આળોટીને વિતાવી છે: મટકુંયે નથી માર્યું. જાગીને મનમાં મનમાં ગાયા કર્યું છે કે—

*વીરા ચાંદલિયો ઊગ્યો ને હરણ્યું આથમી રે,*
*વીરા, ક્યાં લગણ જોઉં તમારી વાટ રે,*
*મામેરા વેળા વહી જાશે રે.*

ડેલીએ જરાક કોઈ ઘોડા કે ગાડાનો સંચાર થાય ત્યાં તો આશાભરી ઊઠી ઊઠીને એણે ડેલીમાં નજર કર્યા કરી છે. પણ અત્યાર સુધી એ જેની વાટ જોતી હતી તે મહેમાનના ક્યાંયે વાવડ નથી.

એ શોકાતુર માનવી બીજું કોઈ નહિ, પણ વરરાજાની ખુદ જનેતા છે. જેનું પેટ પરણતું હોય એને અંતરે વળી હરખ કેવા? એને તો કંઈક કંઈક રિસામણાંનાં મનામણાં કરવાનાં હોય, સંભારી સંભારીને સહુ સગાંવહાલાંને લગ્નમાં સોંડાડવાનાં હોય.

એ બધું તો હોય, પણ વાંકાનેરના રાજકુંવરની માતાને હૈયે તો બીજી વધુ અણીદાર બરછી ખટકતી હતી. રાજાજી આવી આવીને એને મે'ણાં મારતા હતા: "કાં! કહેતાં'તાં ને કુંવરના મામા મોટું મોટું મોસાળું કરવા આવશે! કાં-ગાંફથી પહેરામણીનું ગાડું આવી પહોંચ્યું ને? તમારાં પિયરિયાંએ તો તમારા બધાય કોડ પૂર્યા ને શું!"

ઊજળું મોં રાખીને રાણી મરકતે હોઠે ઉત્તર દેતાં હતાં કે "હા! હા! જોજો તો ખરા, દરબાર! હવે ઘડી-બેઘડીમાં મારા પિયરનાં ઘોડાંની હણહણાટી સંભળાવું છું. આવ્યા વિના એ રહે જ નહિ."

પહેરામણીનું ચોઘડિયું બેસવા આવ્યું. ગોખમાં ડોકાઈ ડોકાઈને રાણી નજર કરે છે કે ગાંફને માર્ગે ક્યાંય ખેપટ ઊડે છે! ક્યાંય ઘોડાના ડાબા ગાજે છે! પણ એમ તો કંઈ કંઈ વાર તણાઈ તણાઈને એ રજપૂતાણીની આંખો આંસુડે ભીંજાતી હતી. એવામાં ઓચિંતો મારગ ઉપરથી અવાજ આવ્યો: "બા, જે શ્રીકરશન!'

સાંભળીને રાણીએ નીચે નજર કરી. ગાંફના ચમારને ભાળ્યો-કેમ જાણે પોતાનો માનો જણ્યો ભાઈ આવીને ઊભો હોય, એવો ઉલ્લાસ

પિયરના એક ચમારને દેખીને એના અંતરમાં ઊપજવા લાગ્યો; કેમ કે એને મન તો આજ આખું મહિયર મરી ગયું લાગતું હતું. એ બોલ્યાં: “ઓહોહો જે શ્રીકરશન, ભાઈ! તું આંહીં ક્યાંથી, બાપુ?”

“બા, હું તો ચામડાં વેચવા આવ્યો છું. મનમાં થયું કે લાવ ને, બાનું મોઢું તો જોતો જાઉં. પણ ગઢમાં તો આજ લીલો માંડવો રોપાતો હોય, ભામણબામણ ઊભા હોય, એટલે શી રીતે જવાય? પછી સૂઝ્યું કે પછવાડેને ગોખેથી ટૌકો કરતો જાઉં!”

“હેં ભાઈ! ગાંફના કાંઈ વાવડ છે?”

“ના, બા! કેમ પૂછ્યું? વીવાએ કોઈ નથી આવ્યું?”

રાણી જવાબ વાળી ન શક્યાં. હૈયું ભરાઈ આવ્યું. ટપ ટપ આંખોમાંથી પાણી પડવા લાગ્યાં. ચમાર કહે: “અરે, બા! બાપ! ખમ્મા તમને. કાં કોચવાવ?”

“ભાઈ! અટાણે કુંવરને પે’રામણીનો વખત છે. પણ ગાંફનું કોઈ નથી આવ્યું. એક કોરીય મામેરાની નથી મોકલી. અને મારે માથે મે’ણાંના મે’ વરસે છે. મારા પિયરિયાં તે શું બધા મરી ખૂટ્યાં?”

“કોઈ નથી આવ્યું?” ચમારે અજાયબ બનીને પૂછ્યું.

“ના, બાપ! તારા વિના કોઈ નહિ.”

ચમારના અંતરમાં એ વેણ અમૃતની ધાર જેવું બનીને રેડાઈ ગયું. મારા વિના કોઈ નહિ!-હાં! મારા વિના કોઈ નહિ! હુંય ગાંફનો છું ને! ગાંફની આબરૂના કાંકરા થાય એ ટાણે હું મારો ધરમ ન સંભાળું? આ બે’નડીનાં આંસુડાં મારાથી શે દીઠાં જાય? એ બોલી ઊઠ્યો: “બા! તું રો, તો તને મારાં છોકરાંના સોગંદ. હમણાં જોજે, ગાંફની આબરૂને હું જાતી રોકું છું કે નહિ?”

“અરેરે, ભાઈ! તું શું કરીશ?”

“શું કરીશ? બા, બાપુને હું ઓળખું છું. આજ એની કોણ જાણે કેમ ભૂલ થઈ હોય! પણ હું એને ઓળખું છું. હવે તું હરમત રાખજે હો, મા! શું કરવું તે મને સૂઝી ગયું છે.”

એમ કહીને ચમાર ચાલ્યો. દરબારગઢની દોઢીએ જઈને દરબારને ખબર મોકલ્યા: "ગાંફથી ખેપિયો આવ્યો છે અને દરબારને કહો, ઝટ મોઢે થાવું છે."

દરબાર બહાર આવ્યા. તેમણે ચમારને દેખ્યો; મશ્કરીનાં વેણ કાઢ્યાં: "કાં, ભાઈ! મામેરું લઈને આવ્યા છો કે?'

"હા, અન્નદાતા! આવ્યો છું તો મામેરું લઈને જ."

"એમ! ઓહો! કેમ, તમને મોકલવા પડ્યા! ગાંફના રજપૂત ગરાસિયા શું દલ્લીને માથે હલ્લો લઈને ગયેલ છે?"

"અરે, દાદા! ગાંફના ધણીને તો પોતાની તમામ વસ્તી પોતાના કુટુંબ જેવી છે. આજ મારા બાપુ પંડે આવતા હતા, પણ ત્યાં એક મરણું થઈ ગયું. કોઈથી નીકળાય તેવું ન રહ્યું, એટલે મને દોડાવ્યો છે."

"ત્યારે તો મામેરાનાં ગાડાંની હેડ્ય વાંસે હાલી આવતી હશે, કાં?"

"એમ હોય, બાપા! ગાંફના ભાણેજનાં મોસાળાં કાંઈ ગાડાંની હેડ્યુંમાં સામે?"

"ત્યારે?"

"એ અમારું ખસતા ગામ કુંવરને પે'રામણીમાં દીધું."

દરબારે મોંમાં આંગળી નાખી: એને થયું કે આ માણસની ડાગળી ખસી ગઈ હશે. એણે પૂછ્યું: "કાંઈ કાગળ દીધો છે?"

"ના, દાદા! કાગળ વળી શું દેવો'તો! ગાંફના ધણીને એમ ખબર નહિ હોય કે જીવતાજાગતા માનવીથીયે કાગળની કટકીની આંઈ વધુ ગણતરી હશે!"

ચમારના તોછડા વેણની અંદર વાંકાનેરના રાજાએ કંઈક સચ્ચાઈ ભરેલી ભાળી. આખા ગઢમાં વાત પ્રસરી ગઈ કે ગાંફનો એક ઢોર ચીરનારો ઢેઢ આવીને ખસતા ગામની પહેરામણી સંભળાવી ગયો. રાણીને માથે મે'ણાંના ઘા પડતા હતા તે થંભી ગયા. અને બીજી બાજુએ ચમારે ગાંફનો કેડો પકડ્યો. એને બીક હતી કે જો કદાચ

વાંકાનેરથી અસવાર છૂટીને ગાંફ જઈ ખબર કાઢશે તો ગાંફનું ને મારું નાક કપાશે. એટલે મૂઠીઓ વાળીને એ તો દોડવા માંડ્યો. ગાંફ પહોંચીને ગઢમાં ગયો, જઈને દરબારને મોઢામોઢ વેણ ચોડ્યાં: "ફટ્ય છે તમને, દરબાર! લાજતા નથી? ઓલી બોનડી બચારી વાંકાનેરને ગોખે બેઠી બેઠી પાણીડાં પાડે છે. એને ધરતીમાં સમાવા વેળા આવી પહોંચી છે. અને તમે આંહીં બેઠા રિયા છો? બાપુ! ગાંફને ગાળ બેસે એનીય ખેવના ન રહી?"

"પણ છે શું, મૂરખા?" દરબાર આ મીઠી અમૃત જેવી ગાળો સાંભળીને હસતા હસતા બોલ્યા.

"હોય શું બીજું? ભાણેજ પરણે છે ને મામા મોસાળાં લઈને અબઘડી આવશે એવી વાટ જોવાય છે."

"અરરર! એ તો સાંભર્યું જ નહિ: ગજબ થયો! હવે કેમ કરવું?"

"હવે શું કરવાનું હતું? ઈ તો પતી ગયું. હવે તો મારે જીવવું, કે જીભ કરડીને મરવું, એ જ વાત બાકી રઈ છે."

"કાં એલા! તારું તે શું ફટકી ગ્યું છે?"

"હા બાપુ! ફટકી ગ્યું'તું એટલે જ તમારા થકી મામેરામાં ખસતા ગામ દઈને આવ્યો છું."

"શી વાત કરછ? તું આપણું ખસતા દઈ આવ્યો?"

"હા, હા! હવે તમારે જે કરવું હોય તે કહી નાખો ને એટલે મને મારો મારગ સૂઝે."

દરબારનું હૈયું ભરાઈ આવ્યું: 'વાહ! વાહ, મારી વસ્તી! પરદેશમાંય એને મારી આબરૂ વહાલી થઈ. ગાંફનું બેસણું લાજે એટલા માટે એણે કેટલું જોખમ ખેડ્યું! વાહ! મારી વસ્તીને મારા ઉપર કેટલો વિશ્વાસ!'

"ભાઈ! ખસતા ગામ તેં તારા બોલ ઉપર દીધું એ મારે અને મારી સો પેઢીને કબૂલ મંજૂર છે. આજ તારે મરવાનું હોય? તારા વિના તો મારે મરવું પડત!"

ચમારને દરબારે પાઘડી બંધાવી, અને ડેલીએ ભાણેજનાં લગ્ન ઊજવવાં શરૂ થયાં. ચમારવાડે પણ મરદો ને ઓરતો પોરસમાં આવી જઈ વાતો કરવા લાગ્યાં: “વાત શી છે? આપણા ભાણુભા પરણે એનાં મોસાળાં આપણે ન કરીએ તો કોણ કરે? ધણી ભૂલ્યો, પણ આપણાથી ભુલાય?”

વાંકાનેરના અસવારે આવીને ખબર કાઢ્યા. ગાંફના ધણીએ જવાબ મોકલ્યો: “એમાં પૂછવા જેવું શું લાગ્યું? ગાંફની વસ્તીને તો મેં કોરે કાગળે સહિયું કરી આપી છે.”

વરની માતા હવે દાઝ કાઢી કાઢીને વાંકાનેરના દરબારગઢમાં લગનગીત ગજવી રહ્યાં છે કે—

*તરવાર સરખી ઊજળી રે ઢોલા!*
*તરવાર ભેટમાં વિરાજે રે વાલીડા વીરને,*
*એવી રે હોય તો પ્રણજો રે ઢોલા*
*નીકર સારેરી પરણાવું રે વાલીડા વીરને.*

['સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૩ પુસ્તક: ૧૯૨૫]

# જટો હલકારો

બાયલા ધણીની ઘરનારી સમી શોકભરી સાંજ નમતી હતી. આવતા જન્મની આશા જેવો કોઈ કોઈ તારલો તબકતો હતો. અંધારિયાના દિવસો હતા.

એવી નમતી સાંજને ટાણે, આંબલા ગામના ચોરા ઉપર ઠાકરની આરતીની વાટ જોવાય છે. નાનાં નાનાં, અરધાં નાગાંપૂગાં છોકરાંની ઠઠ જામી પડી છે. કોઈના હાથમાં ચાંદા જેવી ચમકતી કાંસાની ઝાલરો ઝૂલે છે; ને કોઈ મોટા નગારા ઉપર દાંડીનો ઘા કરવાની વાટ જુએ છે. સાકરની અક્કેક ગાંગડી, ટોપરાની બબ્બે કરચો અને તુળસીના પાનની સુગંધવાળા મીઠા ચરણામૃતની અક્કેક અંજળિ વહેંચાશે એની

આશાએ આ ભૂલકાં નાચી રહ્યાં છે. બાવાજીએ હજી ઠાકરદ્વારનું બારણું ઉઘાડ્યું નથી. કૂવાને કાંઠે બાવોજી સ્નાન કરે છે.

મોટેરાંઓ ધાવણાં છોકરાંને તેડી આરતીની વાટે ચોરાની કોર ઉપર બેઠાં છે.

ચોરામાં ધીરે સાદે ને અધમીંચી આંખે બુઢ્ઢાઓ વાતે વળગ્યા છે, તે ટાણે આંબલા ગામની બજાર સોંસરવાં બે માનવી ચાલ્યાં આવે છે: આગળ આદમી ને પાછળ સ્ત્રી છે. આદમીની ભેટમાં તરવાર અને હાથમાં લાકડી છે, સ્ત્રીના માથા ઉપર મોટું એક પોટકું છે. પુરુષ તો એકદમ ઓળખાય તેવો નહોતો; પણ રજપૂતાણી એના પગની ગતિ ઉપરથી ને ઘેરદાર લેંઘાને લપેટેલ ઓઢણા ઉપરથી અછતી ન રહી.

રજપૂતે જ્યારે ડાયરાને રામરામ ન કર્યા ત્યારે ગામલોકોને લાગ્યું કે કોઈ અજાણ્યા પંથકનો વટેમાર્ગુ હશે. ડાયરે એને ટપાર્યો કે “બા, રામરામ!”

“રામ!” તોછડો જવાબ દઈને મુસાફર ઝટપટ આગળ ચાલ્યો. પાછળ પોતાની પેનીઓ ઢાંકતી રજપૂતાણી ચાલી જાય છે.

એકબીજાનાં મોં સામે જોઈને દાયરાના માણસોએ સાદ કર્યો: “અરે ઠાકોર, આમ કેટલેક જાવું છે?”

“આઘેરાક.” જવાબ મળ્યો.

“તો તો, ભાઈ, આંહીં જ રાત રોકાઈ જાવ ને!”

“કાં? કેમ તાણ કરવી પડે છે, બા?” મુસાફરે કતરાઈને વાંકી જીભ ચલાવી.

“બીજું તો કાંઈ નહિ, પણ અસૂર ઘણું થઈ ગયું છે, ને વળી ભેળાં બાઈ માણસ છે. તો અંધારાનું ઠાલું જોખમ શીદને ખેડવું? વળી, આંહીં ભાણે ખપતી વાત છે: સહુ ભાઈયું છીએ. માટે રોકાઈ જાવ, ભા!”

મુસાફરે જવાબ દીધો: “બાવડાનું બળ માપીને જ મુસાફરી કરું છું, ઠાકોરો! મરદોને વળી અસૂર કેવાં! હજી તો કોઈ વડિયો દેખ્યો નથી.”

તાણ કરનારા ગામલોકોનાં મોં ઝંખવાણાં પડી ગયાં. રજપૂત ને રજપૂતાણી ચાલી નીકળ્યાં.

*

વગડા વચ્ચે ચાલ્યાં જાય છે. દિવસ આથમી ગયો છે. આઘે આઘેથી ઠાકરની આરતીના રણકાર સંભળાય છે. ભૂતાવળો નાચવા નીકળી હોય એમ દૂરનાં ગામડાંના ઝુંડમાં દીવા તબકવા લાગ્યા. અંધારે જાણે કાંઈક દેખતાં હોય અને વાચા વાપરીને એ દીઠેલાંની વાત સમજાવવા મથતાં હોય તેમ પાદરનાં કૂતરાં ભસી રહ્યાં છે.

મુસાફરોએ ઓચિંતાં પછવાડે ઘૂઘરાના અવાજ સાંભળ્યા. બાઈ પાછળ નજર કરે ત્યાં સણોસરાનો હલકારો ખભે ટપાલની થેલી મૂકી, હાથમાં ઘુઘરિયાળું ભાલું લઈને અડબૂથ જેવો ચાલ્યો આવે છે. કેડમાં નવી સજાવેલી, ફાટેલા મ્યાનવાળી તરવાર ટીંગાય છે. દુનિયાના શુભ-અશુભનો પોટલો માથે ઉપાડીને જટો હલકારો ચાલી નીકળ્યો છે. કેટલાય પરદેશ ગયેલા દીકરાની ડોશીઓ અને કેટલાય દરિયો ખેડતા ધણીઓની ધણિયાણીઓ મહિને-છ મહિને કાગળના કટકાની વાટ જોતી જાગતી હશે એવી સમજણથી નહિ, પણ મોડું થશે તો પગાર કપાશે એવી બીકથી જટો હલકારો દોડતો જાય છે. ભાલાના ઘૂઘરા એની અંધારી એકાંતના ભેરુબંધ બન્યા છે.

જોતજોતામાં જટો પછવાડે ચાલતી રજપૂતાણીની લગોલગ થઈ ગયો. બેય જણાંને પૂછપરછ થઈ. બાઈનું પિયર સણોસરામાં હતું, એટલે જટાને સણોસરાથી આવતો જોઈને માવતરના સમાચાર પૂછવા લાગી. પિયરને ગામથી આવનારો અજાણ્યો પુરુષ પણ સ્ત્રીજાતને મન સગા ભાઈ જેવો લાગે છે. વાત કરતાં કરતાં બેય જણાં સાથે ચાલવા લાગ્યાં.

રજપૂત થોડાં કદમ આગળ ચાલતો હતો. રજપૂતાણીને જરા છેટી પડેલી જોઈને એણે પછવાડે જોયું. પરપુરુષ સાથે વાતો કરતી સ્ત્રીને બે-ચાર આકરાં વેણ કહી ધમકાવીનાખી.

બાઈએ કહ્યું: “મારા પિયરનો હલકારો છે, મારો ભાઈ છે.”

“હવે ભાળ્યો તારો ભાઈ! છાનીમાની ચાલી આવ! અને મા’રાજ,

તમે પણ જરા માણસ ઓળખતા જાવ!” એમ કહીને રજપૂતે જટાને તડકાવ્યો.

“ભલે બાપા!” એમ કહીને જટાએ પોતાનો વેગ ધીરો પાડ્યો. એક ખેતરવાનું છેટું રાખીને જટો ચાલવા લાગ્યો.

જ્યાં રજપૂત જોડલું આઘેરાક નહેરામાં ઊતરે છે, ત્યાં તો એકસામટા બાર જણાએ પડકારો કર્યો કે “ખબરદાર, તરવાર નાખી દેજે!”

રજપૂતના મોંમાંથી બે-ચાર ગાળો નીકળી ગઈ. પણ મ્યાનમાંથી તરવાર નીકળી ન શકી. વાટ જોઈને બેઠેલા આંબલા ગામના બાર કોળીઓએ આવીને એને રાંઢવાથી બાંધ્યો, બાંધીને દૂર ગબડાવી દીધો.

“એ બાઈ, ઘરેણાં ઉતારવા માંડ.” લૂંટારાએ બાઈને કહ્યું.

અનાથ રજપૂતાણીએ અંગ ઉપરથી એક એક દાગીનો કાઢવાનું શરૂ કર્યું. એના હાથ, પગ, છાતી વગેરે અંગો ઉઘાડાં પડવા લાગ્યાં. એની ઘાટીલી, નમણી કાયાએ કોળીઓની આંખોમાં કામના ભડકા જગાવ્યા. જુવાન કોળીઓએ પહેલાં તો જીભની મશ્કરી શરૂ કરી. બાઈ શાંત રહી. પણ જ્યારે કોળીઓ એના અંગને ચાળો કરવા નજીક આવવા લાગ્યા, ત્યારે ઝેરીલી નાગણ જેમ ફૂંફાડો મારીને રજપૂતાણી ખડી થઈ ગઈ.

“અલ્યા, પછાડો ઈ સતીની પૂંછડીને!” કોળીઓએ અવાજ કર્યો.

અંધારામાં બાઈએ આકાશ સામે જોયું. ત્યાં જટાના ઘૂઘરા ઘમક્યા. “એ જટાભાઈ!” બાઈએ ચીસ પાડી: “દોડજે!”

“ખબરદાર એલા! કોણ છે ત્યાં?” એવો પડકાર કરતો જટો તરવાર ખેંચીને જઈ પહોંચ્યો. બાર કોળી લાકડી લઇને જટા ઉપર તૂટી પડ્યા. જટે તરવાર ચલાવી, સાત કોળીના પ્રાણ લીધા. પોતાને માથે લાકડીઓનો મે વરસે છે, પણ જટાને એ ઘડીએ ઘા કળાયા નહિ. બાઈએ બુમરાણ કરી મૂક્યું. બીકથી બાકીના કોળી ભાગી છૂટ્યા, તે પછી જટો તમ્મર ખાઈને પડ્યો.

બાઈએ જઈને પોતાના ધણીને છોડ્યો. ઊઠીને તરત રજપૂત

કહે છે કે “હાલોત્યારે.”

“હાલશે ક્યાં? બાયલા! શરમ નથી થાતી? પાંચ ડગલાં હારે હાલનારો ઓલ્યો બ્રાહ્મણ ઘડીકની ઓળખાણે મારા શિયળ સાટે મરેલો પડ્યો છે; અને તું —મારા ભવ બધાનો ભેરુ —તને જીવતર મીઠું થઈ પડ્યું! જા ઠાકોર, તારે માર્ગે. હવે આપણા —કાગ ને હંસના —સંગાથ ક્યાંથી હોય? હવે તો આ ઉગારનાર બ્રાહ્મણની ચિતામાં જ હું સોડ્ય તાણીશ.”

“તારા જેવી કૈંક મળી રહેશે.” કહીને ધણી ચાલી નીકળ્યો.

જટાના શબને ખોળામાં ધરીને રજપૂતાણી પરોઢિયા સુધી અંધારામાં ભયંકર વગડે બેઠી રહી. પ્રભાતે આજુબાજુથી લાકડાં વીણી લાવીને ચિતા ખડકી, શબને ખોળામાં લઈને પોતે ચડી બેઠી; દા પ્રગટાવ્યો. બન્ને જણાં બળીને ખાખ થયાં. પછી કાયર ભાયડાની સતી સ્ત્રી જેવી શોકાતુર સાંજ જ્યારે નમવા માંડી ત્યારે ચિતાના અંગારા ધીરી ધીરી જ્યોતે ઝબૂકતા હતા.

આંબલા અને રામધરી વચ્ચેના એક નહેરામાં આજ પણ જટાનો પાળિયો ને સતીનો પંજો હયાત છે.

['સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૧ પુસ્તક: ૧૯૨૩]

# ઝૂમણાની ચોરી

પચાસ વરસ પહેલાં ખુમાણ પંથકના ખડકાળા ગામમાં કાળા ખાચર નામના એક કાઠી રહેતા હતા. આપા કાળાને ઘેરે આઠ સાંતીની જમીન હતી, પણ એંશી સાંતીના ધણીને પાલવે એવી પરોણાચાકરી પોતાને આંગણે રાખવાનું આપાને બંધાણ થઈ ગયું હતું, એટલે આપો આજ આધેડ અવસ્થામાં પૈસેટકે ડૂબી ગયા હતા. ડેલીએ બેઠાં બેઠાં કસુંબાની કેફ કરીને કાઠી પોતાનું દુઃખ વીસરતા હતા.

પણ ઓરડે બેઠેલી કાઠિયાણીને તો પોતાની આપદા વીસરવાનો

એકેય ઉપાય નહોતો. મહેમાનોનાં ભાણાં સાચવવાં અને મોળપ કહેવાવા ન દેવી, એવી એવી મૂંઝવણો દિવસરાત આઈને ઘેરી લેતી. એમાંય સાત ખોટના એક જ દીકરા લાખાને હવે પરણાવ્યા વિના આરોવારો નહોતો. વેવાઈ ઘોડાં ખૂંદી રહ્યા હતા. વહુ મોટાં થયાં હતાં. પણ વેવાઈની સાથે કાંઈક રૂપિયા ચૂકવવાનો કરાર હતો તે વિઘ્ન હતું.

"કાઠી!" આઈએ આપા કાળા ખુમાણને ધધડાવ્યા. "કાઠી, આમ કાંઈ આબરૂ રે'શે? તમારું તો રૂંવાડુંય કાં ધગતું નથી? વેશવાળ તૂટશે તો શું મોઢું દેખાડશો?"

"ત્યારે હું શું કરું?"

"બીજું શું? ભાઈબંધોને ઊભે ગળે ખવરાવ્યાં છે, તે આજ તો એકાદાને ઉંબરે જઈ રૂપિયા હજારનું વેણ નાખો! આપણે ક્યાં કોઈના રાખવા છે? દૂધે ધોઈને પાછા દેશું."

આપા કાળાને ગળે ઘૂંટડો ઊતર્યો. એણે નજર નાખી જોઈ. મનમાં થયું કે, 'વંડે પહોંચું. ભૂવો આયર તો મારો બાળપણનો ભાઈબંધ છે, ઘોડિયાનો સાથી છે. ભગવાને એને ઘરે માયા ઠાલવી છે. લાવ્ય, ત્યાં જ જાવા દે.'

વંડા એ ખુમાણ પંથકમાં એક ગામડું છે. ઘોડીએ ચડીને આપા વંડે ગયા. ભૂવો આયર મોટો માલધારી માણસ હતો. એના ઘરમાં લક્ષ્મીનો વાસ હતો. આપા કાળાને આવે વખતે એ ટેકો આપેય ખરો. પણ જઈને જુએ તો ભાઈબંધ ઘેર ન મળે. ગામતરે ગયેલા.

ઘરમાં આયરાણી હતાં. તેણે આપાને તાણ કરીને રાત રોક્યા. વાળુ કરતાં કરતાં આપાએ વાત ઉચ્ચારી: "બાપ! બોન! લાખાનો વિવા કરવાની ઉતાવળ છે. રૂપિયા હજાર સારુ થઈને મારે જમીન મેલવા ન જાવું પડે તેવી આશાએ હું આંહીં ભાઈને મોઢે થવા આવ્યો, પણ ભાઈ તો ન મળે."

રસોડામાંથી આયરાણીએ કહેવરાવ્યું: "આયર તો લાંબે ગામતરે ગયા છે."

“હશે, બાપ, જેવાં મારાં તકદીર. સવારે તો હું વહેલો ઊઢીને ચડી નીકળીશ.”

રાતે બાઈએ વાળંદને કહ્યું: “આપાને માટે હું વાપરું છું તે ગાદલું નાખજે. અને મારો ઓછાડ કાઢી લઈને નવો ઓછાડ પાથરજે.”

વાળંદ ગાદલું ઢાળીને ઓછાડ ઉપાડે, ત્યાં તો ગાદલાની અંદર સોનાનું એક ઝૂમણું દેખ્યું. સ્ત્રીઓનો નિયમ છે કે સૂતી વખતે ડોકનો દાગીનો ઉતારીને ઓશીકે મૂકે. બાઈએ આગલી રાતે ઝૂમણું કાઢીને ઓશીકે મૂકેલું, પણ સવારે ઝૂમણું સરતચૂકથી ગાદલામાં જ રહી ગયેલું. વાળંદે પથારી કરી. આપાને પોઢાડી, ઝૂમણું સંતાડીને પડખે જ પોતાનું ઘર હતું ત્યાં ચાલ્યો ગયો. જઈને બાયડીને કહ્યું: “આ લે, સંતાડી દે.”

“આ ક્યાંથી લાવ્યા.? આ તો માનું ઝૂમણું!” બાઈ ચોંકી ઊઠી.

“ચૂપ રે’, રાંડ! તારે એની શી પંચાત! ઝટ સંતાડી દે.”

“અરે પીટ્યા, આ અણહકનું ઝૂમણું આપણને નો જરે.”

હજામે બાયડીને એક થપાટ લગાવી દીધી. ઝૂમણું કઢીના પાટિયામાં નાખ્યું, અને આખો પાટિયો ચૂલાની આગોણમાં દાટી દીધો.

ભળકડું થયું એટલે કાળો ખુમાણ તો બાઈને મોઢે થયા વગર ઘોડીએ ચડીને ચાલી નીકળ્યા. ઘેર જઈને આઠ સાંતીમાંથી ચાર સાંતી જમીન વાણિયાને થાલમાં માંડી દીધી. જમીન માથે રૂપિયા હજાર લીધા અને દીકરાનાં લગ્ન કર્યાં.

*

આંહીં, વંડાના દરબારમાં શું બન્યું.? કાળા ખુમાણ સિધાવી ગયા ત્યાર પછી બાઈને પોતાનું ઝૂમણું સાંભર્યું. એણે ગાદલામાં તપાસ કરી, પણ ઝૂમણું ન મળે. વાળંદને બોલાવ્યો; પૂછ્યું: “એલા, ઝૂમણું ગાદલામાં જ હતું એ ક્યાં ગયું.?”

હજામ કહે: “માડી, મને ખબર નથી.”

બાઈ સંભારવા લાગ્યાં: “તંઈ કોણે લીધું હશે.?”

વાળંદ બોલ્યો: “હેં મા, આપો કાળો ખુમાણ તો નહિ લઈ ગયા

હોય ને.?"

"ઈ શું કામ લ્યે.?"

"રાતે વાત કરતા'તા કે દીકરાના લગનમાં એક હજાર રૂપિયાની જરૂર હતી."

"હા, વાત ખરી; પણ કાંઈ છાનામાના લઈ જાય.?"

"એમાં શું, માડી.? મારા બાપુ ને એને ભાઈબંધી ખરી ને! પૂછીને લેતાં શરમ આવે. મનમાં એમ હોય કે પછી કાગળ લખી નાખીશ. બાપડાને જરૂર ખરીને! એટલે બહુ વિચાર નયે કર્યો હોય!"

"હા, વાત તો ખરી લાગે છે." બાઈને ગળે ઘૂંટડો ઊતરી ગયો!

થોડે દિવસે ભૂવો આયર ગામતરેથી ઘેરે આવ્યા. બાઈએ એને બધી વાત કહી. ઝૂમણાની વાત એને પણ ગળે ઊતરી ગઈ. એના મનમાં મિત્રને માટે બહુ માઠું લાગ્યું. પણ રૂપિયા એક હજારનું ઝૂમણું! કળવકળથી કઢાવી લેવું જોઈએ. એણે ખેપિયો કરીને કાગળ મોકલ્યો.

ધામધૂમથી દીકરાનાં લગ્ન પતાવીને, જાણે નવ ખંડની બાદશાહી સાંપડી હોય તેવા સંતોષથી કાળો ખુમાણ ડેલીમાં બેઠા બેઠા હુંઘાની ઘૂંટ તાણતા હતા. દીકરાનાં વહુ કોઈ સારા કુળમાંથી આવેલાં એટલે લગ્નની સુખડીમાંથી જે બાકી વધેલું તેમાંથી રોજ સવારે ને બપોરે સસરાજીને કસુંબા ઉપર ઠૂંગો કરવા માટે તાંસળી ભરી ભરી મોકલતાં અને સસરાજી બેઠા બેઠા સુખડી ચાવતા. ચાર સાંતીની જમીન ચાલી ગઈ તેનો કાંઈયે અફસોસ નથી રહ્યો-દીકરો પરણાવીને બાપ જે સંતોષ પામે છે, તેની જાણે જીવતી મૂર્તિ!

ખેપિયે ભરડાયરા વચ્ચે આવીને આપાના હાથમાં કાગળ મેલ્યો. અંદર લખ્યું હતું: "ગાદલામાંથી ઝૂમણું લઈ ગયા છો, તે હવે જરૂર ન હોય તો પાછું મોકલજો અને જો ખરચાઈ ગયું હોય તો એની કિંમતના રૂપિયા એક હજાર વેળાસર પહોંચાડજો."

ભરનીંદરમાં પોઢેલા કોઈ નિર્દોષ માણસને મધરાતે સરકારી સિપાઈ આવીને હાથકડી પહેરાવે, તેમ આપા કાળાને આ કાગળ વાંચીને થઈ

ગયું. માનવીને માથે આભ તૂટી પડે એ વાત એને ખરી લાગી. ધરતી જાણે એની નજર આગળ ચક્કર ચક્કર ફરવા લાગી. પણ કાઠીનો દીકરો, ઘૂંટડો ગળતાં આવડે. ખેપિયાને જવાબ લખી આપ્યો-લખ્યું: “હા, ઝૂમણું લાવ્યો છું. ઘરેણે મુકાઈ ગયું છે. છોડાવીને થોડા વખતમાં આવું છું.”

બાકીની જે ચાર સાંતીની જમીન રહી હતી તે માંડી કાઠીએ બીજા એક હજાર રૂપિયા ઉપાડ્યા. નવું સોળવલા હેમનું ઝૂમણું ઘડાવ્યું. ઝૂમણું લઈને ઘોડે ચડી એણે વંડાનો રસ્તો લીધો. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે ‘આ ઝૂમણું અમારું નહિ, એમ કહેશે તો! ઝૂમણા ઉપરવટ કાંઈ રકમ માગશે તો.? તો આ ઘોડી આપીશ. અને એટલેથી પણ નહીં માને તો.? એથીય એના ઝૂમણાની વધારે કિંમત માગશે તો.? મરીશ!’ પડખામાં તરવાર તૈયાર હતી.

ડેલીની ચોપાટમાં ભૂવો આયર બેઠા હતા, તેણે ઊઠીને હાથ લંબાવ્યા: “ઓહોહો! આવો, આવો, કાળા ખુમાણ! પધારો.” એમ આવકાર દીધો, બેસાડ્યા.

ઉતાવળા થઈને કાળા ખુમાણે તો ફાળિયાની ગાંઠ છોડવા માંડી; બોલ્યા: “ભાઈ! આ તમારું ઝૂમણું, સંભાળી લ્યો.”

“ઊભા રહો, ઊભા રહો. ડાયરાને કસુંબા લેવા બોલાવીએ. ઝૂમણાની ક્યાં ઉતાવળ છે, આપા કાળા!”

કાળા ખુમાણના રામ રમી ગયા. એને પૂરેપૂરો ધ્રાસકો પડી ગયો કે ભાઈબંધ આજ ભરડાયરામાં મારું મોત ઊભું કરશે.

દરમિયાનમાં વાળંદ ત્યાંથી સરકી ગયો.

ડાયરો ધીમે ધીમે ભરાવા લાગ્યો. તેમ તેમ કાળા ખુમાણના ટાંગા તૂટવા મંડ્યા. હવે વાર નહોતી. ત્યાં ભૂવો આયર ઊભા થઈને પડખાની પછીતે નાડાછોડ કરવા બેઠા. અચાનક એના કાન ચમક્યા. પછીતની અંદર આ પ્રમાણે વાતો થતી હતી:

“કાં રાંડ.? કે’તી’તી ને કે નહીં જરે.?”

"શું છે.?"

"ઝૂમણું ઘડાવીને લાવ્યો."

"કોણ.?"

"તારો બાપ-કાળો ખુમાણ."

"અરરર! પીટ્યા, કાઠીનું મોત ઊભું કર્યું!"

પેશાબ કરતો કરતો ભૂવો આયર ઠરી ગયો. 'હાય હાય! હાય હાય!'-એવા ઊના હાહાકાર, ધમણે ધમાતી આગના ભડકાની માફક, એના હૈયામાં ભડભડી ઊઠ્યા. માથાની ઝાળ વ્રેહમંડે લાગી ગઈ. એ ઊભો થયો. પરબારો વાળંદના ઘરમાં ગયો. વાળંદ ઊભો ઊભો વાતો કરતો હતો, ત્યાં આયરે એના ગાલ ઉપર એક અડબોત લગાવી દીધી. પોતે પાંચ આંગળીએ સોનાના વેઢ પહેરેલ હતા એની વાળંદના ગાલ ઉપર છાપ ઊઠી આવી. વાળંદે ચીસ પાડી: "એ અન્નદાતા! તમારી ગૌ!"

"કાઢ્ય, ઝૂમણું, કાઢ્ય, નીકર કટકા કરી નાખું છું."

આગોણમાંથી ખોદીને વાળંદે કઢીનો પાટિયો કાઢ્યો; અંદરથી ઝૂમણું કાઢ્યું. એ જ ઝૂમણું! ખૂબ કાળું પડી ગયેલું હતું. ફાળિયામાં વીંટી બગલમાં દાબી, ભૂવો ડાયરામાં આવીને બેઠો. કસુંબો તૈયાર થયો એટલે નોકરને કહ્યું: "જા ઓરડે, ઓલ્યું જોડ્યવાળું ઝૂમણું લઈ આવ્ય."

કાળા ખુમાણનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. ઝૂમણું ગઢમાંથી આવ્યું, સામે મુકાણું. પછી મોં મલકાવીને ભૂવો આયર બોલ્યો: "આપા કાળા, લ્યો કાઢો ઓલ્યું, તમે લઈ ગ્યા'તા ઈ ઝૂમણું."

કાળા ખુમાણે ઝૂમણું કાઢ્યું. એના હાથ કંપતા હતા. ડાયરાના એક-બે ભાઈઓ બોલી ઊઠ્યા: "કાં આપા, અફીણનો બહુ ઉતાર આવી ગયો છે તે ધ્રૂજો છો.?"

ભૂવો આયર બોલ્યો: "હા, હા, આપાને મોટો ઉતાર આવી ગયો છે! હમણાં કસુંબો પાઈએ."

કાળા ખુમાણની આંખે અંધારાં આવ્યાં. ભૂવો ઝૂમણું ઊંચું કરીને

બોલ્યો: “ડાયરાના ભાઈઓ, અમારા ઘરમાં આવાં બે ઝૂમણાં હતાં. તેમાંથી એક આપો કાળો ઉપાડી ગયેલા.”

ચમકીને ડાયરાએ પૂછ્યું: “હેં! ક્યાંથી.?”

“ગાદલાના બેવડમાંથી. ...કેમ ખરું ને, આપા.?... અને ભાઈઓ, આપો અમારા બાળપણના ભાઈબંધ થાય છે, હો!”

“અરર!” ડાયરામાં ચીસ ઊઠી.

“આપાને ઉઘરાણી લખી એટલે આ હલકી કિંમતનું ઝૂમણું ઘડાવીને લઈ આવ્યા, ને ઓલ્યું હજાર રૂપિયાનું ઝૂમણું ગળત કરી ગયા.”

“ભૂવા ભાઈ, આ મારી ઘોડી...” કાળા ખુમાણનો સ્વર તૂટી ગયો.

ધીરે રહીને ભૂવા આયરે પોતાની બગલમાંથી ફાળિયું લીધું, ઉખેળીને અંદરથી ઝૂમણું કાઢ્યું. ત્રણેય ઝૂમણાં ડાયરાની વચ્ચે ફગાવ્યાં; બોલ્યો: “લ્યો બા, હવે જોડ્ય મેળવો તો.?”

ડાયરો સજ્જડ થઈ ગયો: અખંડ જોડનાં બે ઝૂમણાં ને ત્રીજું નવીન! શું થયું.?

આયરની આંખમાંથી આંસુની ધાર હાલી. હિમાલય રુએ ત્યારે એનાં નેત્રોમાંથી ગંગા ને જમના વછૂટે. કાળા ખુમાણના પગની રજ લઈને એ બોલ્યો: “કાઠી, ધન્ય હોજો તારી માને! અને મારી માને માથે-ના, મારી માનો શો વાંક.? મારે પોતાને માથે એક હજાર ખાસડાં હોજો! ડાયરાના ભાઈઓ, આજ આ લાખ રૂપિયાના ગલઢેરાનું મોત બગાડવા હું ઊભો થયો’તો. મારી બાયડીએ એક વાળંદનું કહ્યું માન્યું! પણ બાયડીને શું કહું! મેં પોતે જ આવું કાં માન્યું.? પેશાબ કરવા હું ઊભો ન થયો હોત તો આજ આ કાઠીને અફીણ ઘોળવું પડત ને!”

પછી પોતે કાળા ખુમાણને બે હાથ જોડી કહ્યું: “ભાઈ! નવું ઝૂમણું તો તમારું જ છે. અને આ બેમાંથી એક ઝૂમણું મારી બે’નને કાપડામાં: આ રૂપિયા એક હજાર ભાઈને વધાવવાના: ના પાડે એને જોગમાયાના સોગંદ છે.”

['સૌરાષ્ટ્રની રસધાર’ ભાગ ૩ પુસ્તક: ૧૯૨૫]

# ઢેઢ કન્યાની દુવા

સિહોર ગામના દરબારગઢની ડેલીએ તે દિવસે બાપ-દીકરા વચ્ચે રકઝક થઈ રહી છે. સોળ વરસનો રાજબાળ આતોભાઈ ભાલે ને તરવારે તૈયાર થઈ ઘોડીના પાગડામાં પગ નાખી ચડવા જાય છે, અને બુઢ્ઢા બાપુ અખેરાજજી એનું બાવડું ઝાલી મનાવી રહ્યા છે: “ભાઈ, એમ ન ચડાય, તારાથી ન ચડાય. તું મારે એકનો એક છો. તું ગોહિલ-ગાદીનો રખેવાળ છો.”

“બાપુ, બાવડું મેલી દ્યો. હું પગે પડું છું, મેલી દ્યો.”

સોળ વરસની એની અવસ્થા હતી. પરણ્યા પછી પહેલી રાતે જેમ કન્યા શરમાતી શરમાતી કંથના ઓરડામાં આવતી હોય તેમ જુવાની પણ આતાભાઈના અંગમાં ધીરે ધીરે પ્રવેશ કરી રહી હતી. હજુ ઘૂંઘટ નહોતો ઉઘાડ્યો.

તે દિવસે બપોરે દરબારગઢની ડેલી ઉપરની મેડીમાં આતાભાઈની આંખ મળી ગઈ હતી. અચાનક ઊંઘમાંથી ઝબકી ઊઠ્યો, અને કઠોડામાં આવીને જોયું તો ડેલીએ એક બુઢ્ઢો અને એનાં બાળબચ્ચાં ધ્રુસકે ધ્રુસકે રોતાં હતાં. કુંવરે પૂછ્યું: “એલા કોણ છો.?”

“અન્નદાતા, ઢેઢ છીએ.”

“કેમ રુવો છો.?”

“બાપુ, અમે આ નેસડા ગામમાં રહીએ છીએ. મારી દીકરીને ઘેલાશાના બરવાળે પરણાવી છે. બાઈ નાની છે, ને જમાઈ બહુ કપાતર મળ્યો છે. બાઈને મારી મારીને અધમૂઈ કરે છે. દુઃખની મારી દીકરી આંહીં ભાગી આવેલી. વાંસેથી એને તેડવા આવ્યાં તે અમે ન મોકલી, એટલે ઘેલાશાના કાઠી ઘોડે ચડીને આવ્યા, તે હમણાં જ દીકરીને ઘોડે નાખીને બરવાળે ઉપાડી ગયા. બાપુ! મારી પારેવડી જેવી દીકરીનું શું થાશે.? અમારા ઢેઢુંનો કોઈ ધણી ન મળે.?”

‘અમારા ઢેઢુંનો કોઈ ધણી ન મળે!’ એ વેણ જુવાન આતાભાઈના

કલેજા સોંસરું પેસી ગયું.

“તારા ધણી બાપુ છે, રો મા.” એમ કહીને એણે નોકરોને હુકમ કર્યો: “મારી ઘોડી હાજર કરો.”

પોતે હથિયાર ધરીને નીચે ઊતર્યો. ઘોડીને પલાણ નાખવાની વાટ ન જોઈ.

ઉપર ચડે, ત્યાં ગઢમાંથી બાપુ અખેરાજજીએ સાદ કર્યો: “ભાઈ, ઊભો રહે.” આવીને બાપુએ ઘોડીની લગામ ઝાલી લીધી. દીકરાનું બાવડું ઝાલ્યું. અખેરાજજીને એ એકનો એક દીકરો હતો. દરબારનો બુઢાપો હતો.

કુંવર બોલ્યા: “બાપુ, અત્યારે મને રોકો મા, આ ઢેઢની છોકરીને અને મારે છેટું પડે છે. એ કહે છે કે અમારો કોઈ ધણી નથી!”

“બાપ, તુંથી જવાય નહિ, ફોજ મોકલું.”

“ના બાપુ, મારે એકલાને જ જાવું છે.”

“બેટા, એકલા ન જવાય; દુશ્મનો ક્યાંક મારી પાડે.”

“બાપુ, છોડી દ્યો. આપણે રાજા: વસ્તીનું રક્ષણ કરવા આપણે જાતે જ ચડવું પડે.”

“ના, મારા બાપ! આખું કટક જાય, પણ તું નહિ. તું હજી બાળકો છો.”

આતાભાઈને બાપની મરજાદની હદ આવતી હોય એમ થયું. એના હોઠ ફફડવા લાગ્યા, એના મોઢા ઉપર લાલ લાલ લોહી ધસી આવ્યું, તોય બાપુ સમજ્યા નહિ; ત્યારે એણે બાપનો હાથ ઝોંટી, ઘોડીને એડી મારી કહ્યું: “ખસી જા ભગતડા! એમ રાજ ન થાય!”

બાપ જોતા રહ્યા, ડાયરો ‘હાં હાં’ કરતો રહ્યો. આતાભાઈની ઘોડીને જાણે પાંખો આવી.

જોતજોતામાં તો પંથ કાપી નાખ્યો. દૂર દુશ્મનોને દીઠા. બે અસવારો છે, એકની બેલાડ્યે બાઈ માણસ બેઠેલું છે. બાઈની ચૂંદડી

પવનમાં ઊડતી જાય છે. વગડામાં અબળા ધા ઉપર ધા નાખી રહી છે. બીજો અસવાર એની પાછળ ઘોડી દોડાવતો પોતાની ઝગમગતી બરછી બતાવીને બાઈને ડરાવતો જાય છે. ‘ઢેઢનું કોઈ ધણી નહિ’ એવી ધા સંભળાય છે. વગડામાં કામ કરતાં લોકો ઊભાં થઈ રહે છે અને વીલે મોંએ વાતો કરે છે: ‘બાઈ ભાગેડુ લાગે છે.’

સોળ વરસનો એકલવાયો આતોભાઈ આ ત્રાસ જોતો, ઘોડીને દબાવતો, વંટોળિયા જેવો વેગ કરતો, લાલચટક મોઢે લગોલગ આવી પહોંચ્યો. ખળખળિયા વોંકળાને વળોટી બરાબર સામા કાંઠા ઉપર ચડ્યો. હાક પાડી: “હાં કાઠીડાઓ! હવે માટી થાજો: અબળાને ઉપાડી જનાર શૂરવીરો! સૂરજના પોતરાઓ! હવે માટી થાજો, હું આતોભાઈ!”

ત્યાં તો ઘોડાંનાં ભેટંભેટાં થઈ ગયાં. કાઠીડાઓ બરછીનો ઘા કરે તે પહેલાં તો આતાભાઈનો ભાલો એકની ઘોડીનાં તોરિંગનાં પાટિયાં વીંધીને પાર થઈ ગયો, અને બીજાનું બાવડું તરવારને એક ઝાટકે ઉડાવી નાખ્યું.

કાઠીઓને જીવ બચાવવાની બીજી બારી નહોતી રહી. પોતાની છાતી સાથે બાંધેલા બંધ છોડી નાખીને અસવારે ઢેઢ કન્યાને પડતી મૂકી દીધી. બેય જણા ‘ભાગો! ભાગો!’ બોલતા નીકળી ગયા.

કન્યા થરથર ધ્રૂજે છે.

“બીશ મા હવે. હું આતોભાઈ, તારી ભેરે ઊભો છું. આવી જા મારી બેલાડ્યે!” એમ બોલીને આતાભાઈએ બાઈનું કાંડું ઝાલ્યું. પોતાના પગનો પોં’ચો ટટાર કરીને કહ્યું: “આના ઉપર પગ માંડીને આવી જા મારી વાંસે.”

કન્યા ઊભી થઈ રહી: “બાપા, હું ઢેઢ છું. તમને આભડછેટ...”

“આભડછેટ કેવાની વળી.? તું તો અમારી બોન-દીકરી છો. આવી જા ઝટ ઘોડી માથે, નીકર આપણે બેય આંહીં ઠામ રહેશું. હમણાં કાઠીડાનું કટક આંબી લેશે.”

આતાભાઈએ કન્યાને બેલાડ્યે લીધી. “હા, હવે મારા ડિલને બરાબર

ઝાલી રાખજે, નીકર પડીશ નીચે ને મનેય પાડીશ. ઝાલ્ય, બરાબર ઝાલ્ય!" એવી બથ્થડ વાણી બોલતો આતોભાઈ ઉઘાડી સમશેરે વગડો ગજવતો પાછો વળ્યો. ઘોડાના સફેદ દૂધિયા પૂછનો ઝંડો, કન્યાની ઓઢણી અને જુવાન આતાભાઈની પાઘડીનું છોગું હવામાં ફરકતાં ગયાં.

માર્ગે એને પોતાના પિતાનું મોકલેલ કટક મળ્યું. કટકને મોખરે ઢેઢકન્યાને બેલાડ્ય લઈને ઉઘાડી સમશેરે જ્યારે આતોભાઈ સિહોરની બજારે નીકળ્યો, ત્યારે હજારોની આંખોનાં તોરણ થઈ રહ્યાં હતાં. આતાભાઈના આ પહેલા પરાક્રમ ઉપર એ હજારો નેત્રોની અંજળિઓ છંટાતી હતી. બાઈઓ આ વીરનાં વારણાં લેતી હતી. ઢેઢકન્યા તો એ નાટારંભ કરતી ઘોડી ઉપર બાપુને જોરથી ઝાલીને જ બેઠી રહી.

ડેલીએ ઊતરીને એણે કન્યાનાં રોતાં માવતરને દીકરી સુપરત કરી. બાપુ અખેરાજજીને બાળોરાજા પગે લાગ્યો. ગદ્ગદ કંઠે ઢેઢ કન્યાએ કહ્યું: “બાપુ! હું નીચ વરણની નાર ઠરી. હું તુંને તો શું આપું.? આંતરડીની આશિષ આપું છું કે તું જ્યાં ચઢીશ ત્યાં તારી આવી જ ફતેહ થાશે.”

['સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૨ પુસ્તક: ૧૯૨૪]

## દીકરાનો મારનાર

*અંબા મોરિયા જી,*
*કે કેસું કોરિયા,*
*ચિત્ત ચકોરિયાં જી,*
*કે ફાગણ ફોરિયા.*
*ફોરિયા ફાગણ, પવન ફરહર, મહુ અંબા મોરિયા,*
*ધણ રાગ ગાવે ફાગ ઘરઘર, ઝટે પવ્વન જોરિયા,*
*ગુલ્લાલ .ઝોળી રંગ હોળી .રમત ગોપ રમાવણા,*
*આખંત રાધા નેહ બાધા વ્રજ્જ માધા આવણા!*

દેવળિયા ગામના ઝાંપામાં ફાગણ વદ એકમને પ્રભાતે ધૂળેટી રમાઈ રહી છે. વચ્ચે દરબાર મંદોદરખાનનો આઠ વરસનો દીકરો, અને કોરેમોરે ગામ આખાના હેડીહેડીના જુવાનો છે. આગલે દિવસે હુતાશણીનું પરબ હતું એટલે લીલા, પીળા ને કેસરિયા રંગમાં સહુ ગરકાવ હતા. તમામને અંગે પચરંગી છાંટણાં દીપતાં હતાં. પણ આજ તો પડવો એટલે ઘેરૈયા માઝા છાંડી ગયા છે: ગાંડાતૂર બનીને ગારો, માટી, છાણ જેવી ગંદી વસ્તુઓ એકબીજાને રોળવામાં ગુલતાન છે. ધૂળેટીનું તો પરબ જ મૂળ ગાંડું-અને એમાંય ગામડાની ધૂળેટી: કાળો કોપ!

“એલા ભાઈઓ! કો’ક ઊજળે લૂગડે મે’માન વયો આવે.” એક ઘેરૈયાએ પાદરમાં નજર નાખીને ચસકો કર્યો. ત્યાં તો સહુ ઘેરૈયાની મીટ મહેમાન પર મંડાઈ.

“એલા, મે’માનને કોઈ છાંટશો મા!” બીજાએ મર્મમાં કહ્યું.

“અરે, મે’માનને તે કાંઈ રોળ્યા વગર રહેવાય! મે’માન ક્યાંથી હાથ આવે.?”

“સાચું! સાચું!... મે’માનને રોળો!... ગોઠ્ય માગો!... રોળો!” એવા રીડિયા ઊઠ્યા, અને ઘેરૈયાએ મુસાફર સામે દોટ દીધી.

ધોળું બાસ્તા જેવું પાસાબંધી કેડિયું: પગને કાંઠે ત્રણ-ત્રણ ડોરણાંવાળી પકતી ચોરણી: ઉપર બગસરાની ગરેડી કોરની પછેડીની ભેટ: અને બગલમાં દબાવેલી એક ફાટેલતૂટેલ મ્યાનવાળી તરવાર: કેડે કોઈક કાળાંતરની જૂની કટારી: એવો દાઢીમૂછના ઘાટા કાતરાવાળો મહેમાન ચાલ્યો આવે છે. વસંત ઋતુમાં વનવગડે આંબાના મોરમાંથી વછૂટતી ફોરમો લેતો લેતો, કેસૂડાંનાં ફૂલની ચૂંદડી જાણે વનરાઈએ ઓઢી લીધી હોય એવા શણગાર જોતો, છતાં પોતાને તો હુતાશણીનો જરાય હુલ્લાસ નથી એવો એ આદમી જે ઘડીએ ઘેરૈયાની લગોલગ આવ્યો તેવી જ ચીસ પાડી ઊઠ્યો કે, “મને રોળશો મા! ભલા થઈને મને છાંટશો મા! તમારે પગે લાગું!”

પરોણે ના પાડી તેમ તો ઘેરૈયાઓને ઊલટાની વધુ ચાનક ચડી. બમણાત્રમણા ચડે ભરાઈને સહુ બોકાસાં પાડવા લાગ્યાં: “હાં ખબરદાર! મે’માનને ઓળખાય જ નહિ એવા વહરા ચીતરી મેલો! લાવો મશ ને ગારો.”

જોતજોતાંમાં તો ધૂળ ઊડવા મંડી. ઘૈરેયાએ એકસામટી ઝપટ કરી. મહેમાન તો ‘જાળવી જાવ!’ ‘જાળવી જાવ!’ કરતો પાછો હઠવા લાગ્યો. પણ જુવાનો ‘આંબું આંબું!’ થઈ રહ્યા, એટલે એ ગાંડા ટોળાને પોતાનાથી છેટું રાખવા મહેમાને પોતાની તરવાર કાખમાં દબાવી હતી તે એમ ને એમ મ્યાન સોતી આડી વીંઝવા માંડી. ઘેરૈયા ચસકા કરતા ઉપર પડવા જાય: પોતે બબ્બે કદમ પાછો હઠતો જાય ને “રે’વા દ્યો!” “રે’વા દ્યો!” કરતો જાય. ધૂળની ડમરી ઊડે છે એટલે પોતે કાંઈ જોઈ શકતો નથી. એ રીડિયારમણ, એ ચસકા, એ કાલાવાલા, એ તરવારનાં ઝાવાં અને એ ધૂળની આંધીનો કોઈ અનોખો જ મામલો જામી પડ્યો. એમાં અચાનક ધબ દઈને કોઈક પડ્યું.

“અરે, ગઝબ થયો!... કુંવર પડ્યા! કુંવરને વાગ્યું!... કુંવર જોખમાણા!” એવી બૂમ ઊઠી.

“મહેમાને કુંવરને તરવાર મારી!... પકડજો!... ઝાલજો! ઝાલજો!” એવી બીજી ચીસ પડી.

મુસાફર ચોંક્યો. એ ભાન ભૂલી ગયો અને ભાગ્યો. ઊભી વાટે સીમાડે હડી કાઢી. શું થયું એ જોવા કે પૂછવાની વેળા ન રહી. પાછું વાળીને નજર નાખવાની પણ હામ નહોતી. પોતાના હાથમાં તરવાર પકડી છે એની શી દશા થઈ છે તે નીરખવાનું પણ ભાન નથી. ગાંડો માણસ, કોઈ ખૂની જાણે દોડ્યો જાય છે.

આંહીં ઝાંપામાં તો કેર થઈ ગયો છે. મંદોદરખાન દરબારના નવ વરસના કુંવરને બરાબર ગળાની ભૂંગળી ઉપર તરવારનો વાઢ પડ્યો છે. લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું, અને ઘડી બે ઘડીમાં તો એની નાડ રજા લેશે એવું થઈ ગયું.

પણ આ થયું શું.? થયું એમ કે ઘેરૈયાથી બચવા માટે એ બધાને પોતાનાથી છેટા રાખવા માટે, મહેમાન જે મ્યાન સોતી તરવાર આડી વીંઝતો હતો તેનું મ્યાન દૈવગતિએ એ ધૂળની આંધીમાં કોણ જાણે ક્યારે નીકળી પડ્યું; કોઈને ખબર નહિ, અને તરવારની પીંછી અકસ્માત્ કુંવરના જ ગળાની ભૂંગળી પર લબરકો લેતી ગઈ. કુંવર એક તો કુમળી વયનો, અને વળી નસીબદારનું બચ્ચું, એટલે તો બગીચાનું ફૂલ: તરત એના પ્રાણ નીકળી ગયા.

પલકમાં તો માણસો ડેલીએ દોડ્યા. કાવા કસુંબામાં આખો દાયરો ઘેઘૂર છે. દરબાર મંદોદરખાન જાતના હતા મોલેસલામ, પણ અસલ તો રાઠોડ રજપૂતની ઓલાદ. એક જ ગામડાનો ધણી; વાટકીનું શિરામણ કહેવાય; પણ પેટ બહુ મોટું; એટલે ફૂલની સુવાસ પામીને જેમ ભમરા વીંટાય, તેમ કારીગરો, નટવાઓ, કવિઓ, ગાવણાં-બજાવણાં કરનારાઓ તમામ મોટી આશાએ આજ વરસ દિવસના ઊજળા પરબ ઉપર દેવળિયાની ડેલીએ સમાતા નથી. ત્યા રંગમાં ભંગ પડ્યો: રાડ ગઈ કે કુંવરને માર્યો.

“અરે કોણે.?”

“કો’ક મુસાફરે.”

“ખોટી વાત. આજ કોનો દી ફર્યો છે.?”

“અરે, બાપુ, આ મારીને જાય ઊભે માર્ગે-ઉઘાડી તરવારે!”

“હાં! લાવો મારી ઘોડી!”

રોઝડી ઘોડી: હાથીના કુંભાથળ માથે જાતી ડાબા માંડે તેવી: ભાગતાં હરણાંની સાથે ભેટા કરનારી. એને ફક્ત ચોકડાભર મંદોદરખાને રાંગમાં લીધી; સાથળ હેઠે તરવાર દબાવી અને રોઝડીને ડચકારી: જાણે તીર છૂટ્યું.

ઝમ! ઝમ! ઝમ! આંખના ત્રણ પલકારા ભેળી તો ઘોડી સીમાડે પહોંચી. સમથળ ધરતીમાં સામે જુએ ત્યાં તો આદમી ભાગતો ભાળ્યો. હાથમાં ઉઘાડી તરવાર પિયાલા જેવી ચકચકે છે. સમજી લીધું કે એ

જ ખૂની. મંદોદરખાને ઘોડીને ચાંપી.

મહેમાન દોડ્યો જાય છે ત્યાં ડાબા સંભળાણા; થંભી ગયો. પાછો ફરીને જોતાંની વાર જ જાણી લીધું કે પોતાનો કાળ આવી પહોંચ્યો. હવે પોતે પગપાળો તે ભાગીને કેટલેક જશે.? આમેય મરવું તો છે જ, માટે હવે ચીંથરાં શીદ ફાડવાં.?

ઊભો રહ્યો. બોલીને તો કાળને અટકાવાય એવું રહ્યું નથી. ખુલાસો કરવાનો વખત નથી રહ્યો. એટલે સામા ઊભા રહીને આ મુસાફરે પોતાની તરવાર પોતાને જ ગળે માંડી.

અસવાર એ સમસ્યાને સમજી ગયો; જાણ્યું કે કોઈ ત્રાગાળું વરણ લાગે છે અને હું આગળ વધીશ તો એ તરવાર ગળામાં પરોવીને મારે સીમાડે લોહી છાંટશે. એમ સમજી એણે રોઝડીને થંભાવી. આઘેથી પૂછ્યું: “કોણ છો.?”

“ચારણ.”

“શા માટે આવ્યો’તો.?”

“કાળનો બોલાવ્યો. ભેંસ્યું બધી મરી ખૂટી... છોકરું છાશરાબ વગર રોવે છે... નો’તો આવતો. પણ ચારણ્યે ધકેલ્યો-મંદોદરખાનની વાસના માથે.” અવાજ તૂટક તૂટક નીકળે છે.

“કુંવરને તેં માર્યો.?”

“ઈશ્વર જાણે!” ચારણે આભ સામો હાથ કર્યા: “મને ખબર નથી. હું તો એટલું જ જાણું છું કે મારે ડેલીએ આવવું હતું. ચીંથરાં પહેર્યાં હશે તો ભૂંડો દેખાઈશ એમ માનીને ભેળી લૂગડાંની એક કોરી જોડ્ય હતી તે ગામ બહાર બદલાવી. ઘેરૈયા મને રોળવા આવ્યા. મેં એમાંથી ઊગરવા મ્યાનમાં બીડેલી તરવાર વીંઝી. મ્યાન ક્યારે નીકળી પડ્યું તેની મને એ ધૂળની આંધીમાં ખબર નથી રહી.”

આટલી વાત થાય છે ત્યાં તો પછવાડે ગોકીરા સંભળાયા. કાળી ચીસો પાડતું ગામ આખું હલકીને ચાલ્યું આવે છે. કોઈના હાથમાં તરવારો, તો કોઈના હાથમાં સાંબેલાં. ઘો! ઘો! ઘો! એવો દેકારો

બોલતો આવે છે.

ભાળતાં જ ચારણે ફાળ ખાધી. મંદોદરખાને રોઝડીને માથેથી રાંગ છાંડી, પોતાની તરવાર આધેરી ફગાવી દીધી અને પછી સાદ કર્યો: "ગઢવા, આંહીં આવ. આ લે."

"શું.?"

"આ મારી ઘોડી આપું છું. ચડીને ભાગવા માંડ."

"શું બોલો છો.?"

"ગઢવા, વાત કરવાની વેળા નથી. જોયું.? આ ગામ હલક્યું છે, અને તેં એના કુંવરને મારી નાખ્યો છે. આવ્યા ભેળા તારી કાયાના રાઈ રાઈ જેવા કટકા જાણજે-"

"અરે, પણ ભાઈ-તમે!"

"હું! મારી ઓળખાણ અટાણે નહિ, પછી. અટાણે તો ભાગી નીકળ, નીકર તારાં છોકરાં રઝળી પડશે અને ગામલોકો તામાં ને તામાં રોક્યાં રહેશે નહિ."

"પણ, બાપ, તારું નામ-"

"અરે નામ ખુદાનું!" કહીને મંદોદરખાન દોડ્યો. ચારણને બાવડે ઝાલીને રોઝડી પર બેસાર્યો, ચોકડું હાથમાં આપીને વાંસેથી રોઝડીને ડચકારી.

પૂંછનો ઝુંડો માથે કરતી ઘોડી ગઈ. જોતજોતામાં તો અલોપ થઈ.

મંદોદરખાન અડવાણા પગે પાછા ચાલ્યા આવે છે. રાંગમાં રોઝડી નથી, કાખમાં તરવાર નથી. ગામલોકોએ દોડીને પૂછ્યું: "કાં, બાપુ.?"

"માળો લોંઠકો આદમી! મને જીતવા ન દીધો, ને તરવાર ને ઘોડી બેઉ લઈ ગયો!"

"અરે, રાખો રે રાખો, બાપુ!" વસ્તીએ ખિજાઈને કહ્યું: "ફણિધરને માથેથી મણિ લઈ જાય તો જ મંદોદરખાનની રાંગમાંથી રોઝડી લેવાય. ઠાલા મૂરખ શું બનાવો છો અમને.? સાત ખોટનો એક દીકરો-એના

મારાને ઊલટો ભગવ્યો.?"

"લ્યો, હવે જાતી કરો." દરબારે શાંતિથી જવાબ વાળ્યો.

"જાતી શું કરે! એને પાતાળમાંથી પણ ગોતી કાઢશું."

"ભાઈ!" મંદોદરખાન બોલ્યા: "તમે તે કાંઈ દીવાના થયા.? એણે શું મારા દીકરાને જાણીબૂજીને માર્યો'તો.? એને ઘેર એવા કેટલા દીકરા ભૂખે મરે છે, જાણો છો.? કોડભર્યો એ મારે ઉંબરે આવ્યો. અને દૈવગતિએ દીકરો મર્યો એ તો ખુદાતાલાની મરજી! આપણા કિસ્મતમાં નહિ હોય એટલે ખડી ગયો. પણ એટલા સારુ હું આજ ઊજળે દિવસે મારા સીમાડા માથે સામી હત્યા વહોરું.? હાલો, બેટાની મૈયત કાઢીએ."

હસતે મુખે બાપે દીકરાને દફનાવ્યો.

['સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૫ પુસ્તક: ૧૯૨૭]

## દેપાળદે

ઉનાળો આવ્યો છે. ધોમ તડકો ધખે છે. આભમાંથી જાણે અગ્નિ વરસે છે. ઊની ઊની લૂ વાય છે. પારેવાં ફફડે છે.

ચૈત્ર મહિનો ગયો. વૈશાખ ગયો. જેઠ આવ્યો. નદી-સરોવરનાં પાણી સુકાણાં, ઝાડવાંનાં પાન સુકાણાં, માણસોનાં શરીર સુકાણાં, પશુ-પંખી પોકાર કરવા લાગ્યાં.

રાજા દેપાળદે ભગવાનના ભક્ત છે; રાતે ઉજાગરા કરે છે, પ્રભુને અરજ કરે છે: "હે દયાળુ! મે' વરસાવો! મારાં પશુ, પંખી અને માનવી ભૂખ્યાં-તરસ્યાં મરે છે."

પ્રભુએ જાણે રાજાજીની અરજ સાંભળી. અષાઢ મહિનો બેઠો ને મેહુલા વરસવા લાગ્યા. ધરતી તરબોળ થઈ. ડુંગરા ઉપર ઘાસ ઊગ્યાં.

દેપાળદે ઘોડે ચડ્યા. રાજ્યમાં ફરવા નીકળ્યા. 'જોઉં તો ખરો, મારી વસ્તી સુખી છે કે દુ:ખી.? જોઉં તો ખરો, ખેડૂત ખેતર ખેડે

છે કે નહિ.? દાણા વાવે છે કે નહિ.? તમામનાં ઘરમાં પૂરા બળદ ને પૂરા દાણા છે કે નહિ.?'

ઘોડે ચડીને રાજા ચાલ્યા જાય: ખેતરે ખેતરે જોતા જાય. મોરલા ટૌકે છે, પશુડાં ચરે છે, નદીઓ ખળખળ વહે છે, અને ખેડૂતો ગાતા ગાતા દાણા વાવે છે. સહુને સાંતીડે બબ્બે બળદો: બળદો પણ કેવા! ધીંગા અને ધફડિયા.

પણ એક ઠેકાણે રાજાજીએ ઘોડો રોક્યો. જોઈ જોઈને એનું દિલ દુભાયું. કળીએ કળીએ એનો જીવ કપાયો.

એક માણસ હળ હાંકે છે, પણ હળને બેય બાજુ બળદ નથી જોતર્યા; એક બાજુ જોતરેલ છે બળદ, ને બીજી બાજુ જોતરેલ છે એક બાયડી.

માણસ હળ હાંકતો જાય છે, બળદનેય લાકડી મારતો જાય છે, બાયડીનેય લાકડી મારતો જાય છે. બાયડીના બરડામાં લાકડીઓના સોળ ઊઠી આવ્યા છે. બાઈ તો બિચારી રોતી રોતી હળ ખેંચે છે. ઊભી રહે તો માર ખાય છે.

રાજા દેપાળદે એની પાસે ગયા. જઈને કહ્યું: "અરે ભાઈ! હળ તો ઊભું રાખ."

"ઊભું તો નહિ જ રાખું. મારે વાવણી મોડી થાય તો.? તો ઊગે શું, તારું કપાળ.? વાવણી ને ઘી-તાવણી! મડું ઢાંકીનેય વાવણી કરવી પડે, ઠાકોર!"

એટલું બોલીને ખેડૂતે હળ હાંક્યે રાખ્યું. એક લાકડી બળદને મારી અને એક લાકડી બાઈને મારી.

રાજાજી હળની સાથે સાથે ચાલ્યા. ખેડૂતને ફરી વીનવ્યો: "અરેરે, ભાઈ! આવો નિર્દય.? બાયડીને હળમાં જોડી!"

"તારે તેની શી પંચાત.? બાયડી તો મારી છે ને.? ધરાર જોડીશ. ધરાર મારીશ."

"અરે ભાઈ, શીદ જોડી છે.? કારણ તો કહે!"

“મારો એક ઢાંઢો મરી ગયો છે. હું તો છું ગરીબ ચારણ. ઢાંઢો લેવા પૈસા ન મળે. વાવણી ટાણે કોઈ માગ્યો ન આપે, વાવું નહિ તો આખું વરસ ખાઉં શું.? બાયડી-છોકરાંને ખવરાવું શું.? એટલા માટે આને જોડી છે!”

“સાચી વાત! ભાઈ, સાચેસાચી વાત! લે, હું તને બળદ લાવી આપું. પણ બાયડીને તું છોડી નાખ. મારાથી એ નથી જોવાતું.”

“પે’લાં બળદ મગાવી આપ, પછી હું એને છોડીશ; તે પહેલાં નહિ છોડું. હળને ઊભું તો જ નહિ રાખું. આ તો વાવણી છે, ખબર છે.?”

રાજાએ નોકર દોડાવ્યો: “જા ભાઈ, સામાં ખેતરોમાં, મોં-માગ્યાં મૂલ દેજે. બળદ લઈને ઘડીકમાં આવજે.”

તોય ખેડૂત તો હળ હાંકી જ રહ્યો છે. બાઈ હળ ખેંચી શકતી નથી. એની આંખોમાંથી આંસુ ઝરે છે. રાજા બોલ્યા: “લે ભાઈ, હવે તો છોડ. આટલી વાર તો ઊભો રહે.”

ખેડુ બોલ્યો: “આજ તો ઊભા કેમ રહેવાય.? વાવણીનો દિવસ; ઘડીકના ખોટીપામાં આખા વરસના દાણા ઓછા થઈ જાય!”

રાજાજી દુભાઈ ગયા: “તું પુરુષ થઈને આટલો બધો નિર્દય.? તું તો માનવી કે રાક્ષસ.?”

ખેડૂતની જીભ તો કુહાડા જેવી! તેમાંય પાછો ચારણ ખેડૂત! બોલે ત્યારે તો જાણે લુહારની કોઢનાં ફૂલડાં ઝરે! એવું જ બોલ્યો: “તું બહુ દયાળુ હો તો ચાલ, જૂતી જા ને! તને જોડું ને બાયડીને છોડું. ઠાલો ખોટી દયા ખાવા શા સારુ આવ્યો છો.?”

“બરાબર! બરાબર!” કહીને રાજા દેપાળદે ઘોડા પરથી ઊતર્યા અને હળ ખેંચવા તૈયાર થઈ ગયા; કહ્યું: “લે, છોડ એ બાઈને અને જોડી દે મને.”

બાઈ છૂટી. એને બદલે રાજાજી જુતાણા. માણસો જોઈ રહ્યાં.

ચારણ તો અણસમજુ હતો. રાજાને બળદ બનાવીને એ તો હળ હાંકવા લાગ્યો. મારતો મારતો હાંક્યે જાય છે.

ખેતરને એક છેડેથી બીજે છેડે રાજાએ હળ ખેંચ્યું. એક ઊથલ પૂરો થયો. ત્યાં તો બળદ લઈને નોકર આવી પહોંચ્યો. રાજા છૂટા થયા. ચારણને બળદ આપ્યો.

ચારણીની આંખમાંથી તો દડ દડ હેતનાં આંસુડાં દડ્યાં. એ તો રાજાનાં વારણાં લેવા લાગીઃ “ખમ્મા, મારા વીર! ખમ્મા, મારા બાપ! ક્રોડ દિવાળી તારાં રાજપાટ તપજો!”

દેપાળદે રાજા ભારે હૈયે ચાલ્યા ગયા.

*

ચોમાસું પૂરું થયું. દિવાળી ઢૂંકડી આવી. ખેતરમાં ઊંચા ઊંચા છોડવા ઊગ્યા છે. ઊંટ ઓરાઈ જાય તેટલા બધા ઊંચા! દરેક છોડની ઉપર અક્કેક ડૂંડુંઃ પણ કેવડું મોટું.? વેંત વેંત જેવડું! ડૂંડામાં ભરચક દાણા! ધોળી ધોળી જુવાર અને લીલા લીલા બાજરા!

જોઈ જોઈને ચારણ આનંદ પામ્યો.

પણ આખા ખેતરની અંદર એક ઠેકાણે આમ કેમ.? ખેતરને એક છેડેથી બીજા છેડા સુધીની હાર્યમાં એકેય છોડને ડૂંડાં નીંઘલેલાં જ ન મળે! આ શું કૌતુક!

ચારણને સાંભર્યુંઃ ‘હા હા! તે દી હું વાવણી કરતો હતો ને ઓલ્યો દોઢડાહ્યો રાજા આવ્યો હતો. એ મારી બાયડીને બદલે હળે જૂત્યો’તો. આ તો એણે હળ ખેંચેલું તે જ જગ્યા. કોણ જાણે કેવોય પાપિયો રાજા! એનાં પગલાં પડ્યાં એટલી ભોંમાં મારે કાંઈ ન પાક્યું. વાવેલા દાણાય ફોગટ ગયા!’

ખિજાઈને ચારણ ઘેર ગયો, જઈને બાયડીને વાત કરીઃ “જા, જઈને જોઈ આવ ખેતરમાં. એ પાપિયાના પગ પડ્યા તેટલી ભોંયમાં મારું અનાજેય ન ઊગ્યું.!”

બાઈ કહેઃ “અરે ચારણ! હોય નહિ. એ તો હતા રામરાજા. સાચે જ તું જોતાં ભૂલ્યો.”

“ત્યારે તું જઈને જોઈ આવ. ફરી મળે તો હું એને ટીપી જ

નાખું. એણે મારા દાણા ખોવરાવ્યા. કેવા મેલા પેટનો માનવી!”

દોડતી દોડતી ચારણી ખેતરે ગઈ. પેટમાં તો થડક થડક થાય છે, સૂરજ સામે હાથ જોડે છે, સ્તુતિ કરે છે: “હે સૂરજ, તમે તપો છો, તમારાં સત તપે છે; તોય સતિયાનાં સત શીદ ખોટાં થાય છે.? મારા રાજાના સતની રક્ષા કરજો, બાપ!”

જુએ ત્યાં તો સાચોસાચ એક ઊથલ જેટલા છોડવાનાં ડૂંડાં નીંઘલ્યાં જ નહોતાં, ને બીજા બધા છોડવા તો ડૂંડે ભાંગી પડે છે! આ શું કૌતુક!

પણ એ ગાંડા ચારણની ચારણી તો ચતુરસુજાણ હતી. ચારણી હળવે હળવે એ હાર્યના એક છોડવા પાસે ગઈ. હળવે હળવે છોડવો નમાવ્યો; હળવેક ડૂંડું હાથમાં લીધું. હળવે હાથે ડૂંડા પરથી લીલું પડ ખસેડ્યું.

આહાહાહા! આ શું.? દાણા નહિ, પણ સાચાં મોતીડાં! ડૂંડે ડૂંડે મોતીડાં: ચકચકતાં રૂપાળાં: રાતાં, પીળાં અને આસમાની મોતીડાં. મોતી! મોતી! મોતી! રાજાજીને પગલે પગલે મોતી નીપજ્યાં!

ચારણીએ દોટ દીધી, ઘેર પહોંચી. ચારણનો હાથ ઝાલ્યો: “અરે મૂરખા, ચાલ તો મારી સાથે! તને દેખાડું કે રાજા પાપી કે ધર્મી હતો.”

પરાણે એને લઈ ગઈ; જઈને દેખાડ્યું: મોતી જોઈને ચારણ પસ્તાયો: “ઓહોહો! મેં આવા પનોતા રાજાને-આવા દેવરાજાને-કેવી ગાળો દીધી!”

બધાં મોતી ઉતાર્યાં. ચારણે ફાંટ બાંધી, પરભાર્યો દરબારને ગામ ગયો.

કચેરી ભરીને રાજા દેપાળદે બેઠા છે. ખેડૂતોનાં સુખદુ:ખની વાતો સાંભળે છે. મુખડું તો કાંઈ તેજ કરે છે!

રાજાજીનાં ચરણમાં ચારણે મોતીની ફાંટ મૂકી દીધી. લૂગડું ઉઘાડી નાખ્યું, આખા ઓરડામાં મોતીનાં અજવાળાં છવાયાં.

રાજાજી પૂછે છે: “આ શું છે, ભાઈ.?”

ચારણ લલકારીને મીઠે કંઠે બોલ્યો :

*જાણ્યો હત જડધાર, નવળંગ મોતી નીપજે;*
*(તો) વવારત વડ વાર, દી બાધો, દેપાળદે!*

[હે દેપાળદે રાજા! જો મેં પહેલેથી જ એમ જાણ્યું હોત કે તું શંકરનો અવતાર છે, જો મને પહેલેથી જ ખબર પડી હોત કે તારે પગલે પગલે તો નવલખાં મોતી નીપજે છે, તો તો હું તને તે દિવસ હળમાંથી છોડત શા માટે.? આખો દિવસ તારી પાસે જ હળ ખેંચાવત ને!-આખો દિવસ વાવ્યા કરત તો મારું આખું ખેતર મોતી મોતી થઈ પડત!]

રાજાજી તો કાંઈ સમજ્યા નહિ. “અરે ભાઈ! તું આ શું બોલે છે.?”

ચારણે બધી વાત કરી. રાજાજી હસી પડ્યા : “અરે ભાઈ! મોતી કાંઈ મારે પુણ્યે નથી ઊગ્યાં. એ તો તારી સ્ત્રીને પુણ્યે ઊગ્યાં છે; એને તેં સંતાપી હતી એમાંથી એ છૂટી. એનો જીવ રાજી થયો; એણે તને આશિષ આપી, તેથી આ મોતી પાક્યાં.”

ચારણ ચાલવા માંડ્યો. રાજાજીએ એને ઊભો રાખ્યો : “ભાઈ! આ મોતી તારાં છે. તારા ખેતરમાં પાક્યાં છે. તું જ લઈ જા!”

“બાપા! તમારા પુણ્યનાં મોતી! તમે જ રાખો.”

“ના, ભાઈ! તારી સ્ત્રીનાં પુણ્યનાં મોતી : એને પહેરાવજે. લે, હું સતીની પ્રસાદી લઈ લઉં છું.”

રાજાજીએ એ ઢગલીમાંથી એક મોતી લીધું, લઈને માથા પર ચડાવ્યું, પછી પરોવીને ડોકમાં પહેર્યું.

ચારણ મોતી લઈને ચાલ્યો ગયો; ઘેર જઈને ચારણીના પગમાં પડ્યો.

['સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૧ પુસ્તક : ૧૯૨૩]

# ભાઈ!

ખાંભા ગામની એ આયરાણી હતી. આયરાણીને માથે બહુ વસમી વેળા આવી પડી. આયર મરી ગયો, અને દેશમાં દુકાળ પડ્યો. રાબ વિના છોકરાં રીડિયારમણ કરવા મંડ્યાં. દુખિયારી બાઈના મનમાં પોતાના ભાઈની એક જ ઓથ રહી હતી. પાડોશીને બે હાથ જોડી વિનવણી કરી: “બાપુ, બે દિવસ મારાં ગભરુડાંને ટીપું ટીપું રાબ પાજો, ત્યાં હું મારા ભાઈને ઘેર આંટો જઈને આવતી રહું છું.”

મિતિયાળા ગામમાં પોતાનો સગો ભાઈ રહે છે. ખાંભેથી પોતે હોંશે હોંશે મિતિયાળે ગઈ. ઘરના બારણામાં જ ભાઈને ઊભેલો ભાળ્યો; પણ ભાઈને તો કળજુગે ઘેરી લીધો હતો.

“આ લેણિયાત ક્યાંથી આવી?” એટલું બોલીને આયર ઘરમાં પેસી ગયો. પાછલી છીંડીએ થઈને એણે પલાયન કર્યું. બહેને આઘેથી ભાઈને ભાગતો ભાળ્યો કે એના પગ ભારે થઈ ગયા. તોય દુ:ખની મારી બહેન પિયરની ઓસરીએ પહોંચી. ભોજાઈએ પણ મોંમાંથી ‘આવો’ એટલું ન કહ્યું. નેવાં ઝાલીને નણંદ ઊભી રહી, એણે ભાભીને પૂછ્યું: “ભાભી! મારો ભાઈ ક્યાં ગયો?”

“તમારા ભાઈ તો કાલ્યુંના ગામતરે ગયા છે.”

ધરતી મારગ આપે તો સમાઈ જવાનું બહેનને મન થયું. એણે નિસાસો મૂક્યો. એ પાછી વળી ગઈ. ભાભી કહે: “રોટલા ખાવા તો રોકાઓ.”

“ભાભી! હસીને જો સોમલ દીધું હોત તોય પી જાત.” એટલું કહીને બહેન તો મૂંગી મૂંગી ચાલી નીકળી. પણ એની આંખમાં શ્રાવણ ને ભાદરવો વરસવા માંડ્યા. બોર બોર જેવાં પાણીડાં પાડતી ચાલી જાય છે. ઝાંપા બહાર ઢેઢવાડો છે. માથે લીંબડાની ઘટા ઝળૂંબી રહી છે અને છીંક આવે એવા ચોખ્ખાફૂલ ઓરડાની લીંપેલી ઓસરીએ જબ્બર ડિલવાળો જોગડો ઢેઢ બેઠો બેઠો હોકો પીએ છે. જોગડો બાઈને નાની

હતી ત્યારથી ઓળખતો હતો. બહેનને જોતાં જ હરખમાં આવી જઈને રસ્તા ઉપર આડો ફર્યો; પૂછ્યું: "કાં, બાપ, આમ રોતી કાં જા.?"

"જોગડા ભાઈ! મારે માથે દુ:ખના ડુંગરા થયા છે; પણ દુ:ખ મને રોવરાવતું નથી; મારો માનો જણ્યો ભાઈ મને દેખીને મોઢું સંતાડે છે, ઈ વાતનું મને રોવું આવે છે."

"અરે, ગાંડી, એમાં શું રોવા બેઠી.? હુંય તારો ભાઈ છું ના! ઊઠ, હાલ્ય મારી સાથે."

જોગડો એ બાઈને જીભની બહેન કહી અંદર લઈ ગયો. એક કળશી જુવાર લઈને ગાડું ભર્યું; રોકડી ખરચી આપી; પોતાના છોકરાને કહ્યું: "બેટા, ફુઈને લઈને ખાંભે મૂકી આવ્ય, અને આ દાણા ફુઈને ઘેર ઉતારી મેલજે."

ગાડું જોડીને છોકરો ફુઈની સાથે ચાલ્યો. વિધવા આયરાણી પોતાના મનમાં આ સંસારનાં સાચજૂઠ ઉપર વિચાર કરતી ચાલી ગઈ. તે દિવસથી જાણે એને પોતાનો ખોવાઈ ગયેલો માજાયો મળ્યો. અંતરમાંથી સંસારનાં ઝેર ઊતરી ગયાં.

બહેન ગયા પછી જોગડાની બાયડી આવીને બોલી: "ભગત, મને લાગે છે કે તમારે ને મારે છેટું પડી જાશે."

"કેમ.?'

"જુઓ, ભગત! છોકરો જો ખરેખર તમારા જ લોહીનો હશે, તો તો ગાડું ને બળદ એની ફુઈને આપીને આવશે; અને જો મારી જાતમાં કંઈ ફેરફાર હશે તો ગાડું-બળદ પાછાં લાવશે."

"અરે, મૂરખી! એવા તે વદાડ હોય! એ છોકરું, બાપડો એવી વાતમાં શું સમજે.? એ તો મોટેરાંએ કહ્યું હોય એટલું જ કરે ને.? અને આપણે કોઈ દી ક્યાં શીખવ્યું છે કે કહ્યું છે.?"

"ભગત, જો શીખવવું કે કહેવું પડે, તો પછી નવ મહિના ભાર વેંઢાર્યો તેનું મા'તમ શું.?"

બીજે દિવસે છોકરો હાથમાં એકલી રાશ ઉલાળતો ઉલાળતો ઘેર

આવ્યો. સાંભળીને પૂછ્યું: "બેટા! ગાડું-બળદ ક્યાં.?"

"ફુઈને દીધાં."

"કાં.?"

"બાપા, તમે એના ભાઈ થઈને એને કાપડું દીધું અને હું ફુઈને ફુયારું ન આપી આવું.?"

મા બોલી: "રંગ છે, બેટા! હવે ભગતનો દીકરો સાચો!"

*

જે ભુજાએ જોગડે દાન દીધાં, તે જ ભુજામાં એક વાર એણે તરવારને રમાડી. તે દિવસ મિતિયાળામાં એભલ વાળાની ગાદી હતી. દુશ્મનોની ફોજે એક દિવસ મિતિયાળું ઘેર્યું અને જોગડો રણ ખેલવા ચડ્યો. મરવાની આગલી રાતે એની બાયડીએ કેવા કાલાવાલા કર્યા!-

સારસ સાજી રાત, વલખે વલખે વાલમ જયું,
રહોને આજુ રાત, (અમારી) જોડ વછોડો મા, જોગડા!

[હે જોગડા, સારસી (ચક્રવાકી) પંખિણી જેમ આખી રાત પોતાના નરને નદીને સામે કાંઠેથી સાદ કરતી કરતી ઝૂરી ઝૂરીને રાત કાઢે, તેમ મારી ગતિ કાં કરો.? આજની રાત તો રહો! આપણી જોડી કાં તોડો.?]

પણ જોગડાને તો સહુની મોખરે મરવું હતું-એ કેમ રોકાય.? ધીંગાણું કરીને સહુથી પહેલું એણે પોતાનું લોહી પોતાની જનમભોમને ઝાંપે છાંટ્યું.

ખાંભામાં જોગડાની જીભની કીધેલી આયર બહેન ખોરડાના કરા ઉપર નિસરણી માંડીને ગાર કરતી હતી. ત્યાં કોઈએ ખબર આપ્યા: "તારો ધરમનો માનેલો વીર જોગડો ધીંગાણામાં કામ આવ્યો."

સાંભળીને બાઈએ નિસરણીની ટોચથી પોતાના શરીરનો ઘા કર્યો; ધબ દેતી નીચે પડી; માથું ઢાંકીને મરશિયા માંડ્યા. માનવીની ને પશુની છાતી ભેદાય તેવા મરશિયા એના મીઠા ગળામાંથી ગળી ગળીને નીકળવા લાગ્યા:

વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ,

(પણ) ગણને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું, જોગડા!

[હે ભાઈ જોગડા, તું લૂગડાં વણવાનું કામ કરનારો ઢેઢ હતો અને હું તો વણાર શાખની આયરાણી છું. નાતજાતના હિસાબે તો આપણી વચ્ચે કાંઈયે સંબંધ નથી, પણ હું તારી હલકી જાત સામે શું જોઉં.? હું તો તારી ખાનદાનીને રડું છું, હે હાથીઓના હણનારા જોદ્ધા!]

આયરાણી ગાતી ગાતી રાતે પાણીએ રોવા લાગી. વિલાપ આગળ વધે છે:

આગે છેલ્લી ઊઠતો, પે'લી ઊઠ્યો પાંત,

ભૂપાંમાં પડી ભ્રાંત, જમણ અભડાવ્યું, જોગડા!

[હે જોગડા ભાઈ, તું તો ઢેઢ. જમણમાં તારે તો હંમેશાં સહુથી છેલ્લે બેસવાનો વારો આવે. પરંતુ આ જુદ્ધરૂપી જમણમાં તું તો પહેલી જ પંગતમાં બેસી ગયો. સહુથી પહેલવહેલો ત્રાટકીને મર્યો. તેં તો બીજા ભૂપતિઓનું ભોજન અભડાવી માર્યું, એટલે કે તેઓની કીર્તિને ઝાંખી પાડી.]

આયરાણીએ એના વીરને સંભારી સંભારી આંખોનાં આંસુ અને હૈયાના મરશિયા ઠાલવ્યે જ રાખ્યા. એની આંખોનાં પોપચાં ફૂલી ગયાં. એનું જગત ઉજ્જડ થઈ ગયું.

['સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૩ પુસ્તકઃ ૧૯૨૫]

# ઝવેરભાઈ પટેલ

## સચ્ચી સમાનતા

સમાજ ચાહે સામ્યવાદી હો યા સર્વોદયવાદી, જબતક બહુસંખ્યક શ્રમજીવી સમુદાય બુદ્ધિહીન બના રહેગા તબ તક અલ્પસંખ્યક બુદ્ધિજીવી વર્ગ ઉસે દબાયેગા હી.

માનવ કે અભ્યુદય કે લિયે સમાજ-સંગઠન કી મજબૂતી તથા વ્યક્તિ કી સાધના, યે દોનોં રાસ્તે પ્રમાણિત હૈં. દોનોં રાસ્તે એક-દૂસરે કે પૂરક હૈં.

કોઈ ભી સામાજિક સંગઠન અપને આપ મેં ઈતના પરિપૂર્ણ નહીં હો સકતા કિ ઉસ સંગઠન કે આધાર પર હી હર વ્યક્તિ પરિપૂર્ણ બન જાય, યા ઉસે અપની સાધના કરને કી જરૂરત ન રહે. અચ્છા સમાજ-સંગઠન વ્યક્તિ કી સાધના મેં સહાયક હો સકતા હૈ —સાધના કા સ્થાન નહીં લે સકતા.

ઉસી તરહ, યદિ કેવલ વ્યક્તિ કી સાધના અચ્છી ચલી, પર સમાજ-સંગઠન ખરાબ રહા, તો વહ સંગઠન સાધના મેં બાધક હો સકતા હૈ.

ઇસલિયે અચ્છા સમાજ ભી ચાહિયે, ઔર વ્યક્તિ કી ઉત્કટ સાધના ભી ચાહિયે. અચ્છે સમાજ સે કાનૂની સમાનતા આતી હૈ, ઔર વ્યક્તિ કી સાધના સે બૌદ્ધિક સમાનતા આતી હૈ. આર્થિક સમાનતા કુછ હદ તક કાનૂની નિયંત્રણ સે સ્થાપિત કી જા સકતી હૈ, પર બૌદ્ધિક સમાનતા હી અસલી સચ્ચી ઠોસ સમાનતા હૈ.

# ઝાકિર હુસેન

## જિન્દગી બનાને કા કામ

મેરા વિશ્વાસ હૈ કિ દેશ કા ભવિષ્ય ઉસકી પાઠશાળાઓં ઔર વિદ્યાપીઠોં કી છતોં તલે બન રહા હૈ. વહ અગર ઠીક હાલ મેં ન હો, ઉસમેં કામ કરનેવાલોં કે દિલ બુઝે-બુઝે હોં, દેશ વાલે ઈસ કામ કે મહત્ત્વ કો ન જાનેં-પહચાનેં, ઉસકે લિયે સાધન ન જુટા પાયે, તો યહી દેશ કા ભવિષ્ય બિગાડ ભી સકતા હૈ.

કામકે લિએ સાધન તો ચાહિયે હી. પર સાધન મિલને કી બાત નિકલતે હી મેરા ધ્યાન રાષ્ટ્રીય શિક્ષા-સંસ્થાઓં કે શુરુ કે કઠિન જમાને કી તરફ ગયા. ઔર મુઝે કુછ ઐસા લગા કિ વહ તંગી ઔર બે-સામાની કે દિન અચ્છે હી દિન થે. સામાન નહીં થા, અરમાન તો થે. દૌલત નહીં થી, હિમ્મત તો થી. સામને એક આદર્શ થા, જી મેં એક લગન થી; અધિકાર માંગને પર ધ્યાન નહીં થા, કર્તવ્ય પૂરા કરને કી ધૂન થી; વેતન બઢવાને કા અવસર કહાં થા—જાન ખપાને મેં જી સુખ પાતા થા. હર બચ્ચા જો હમારે પાસ કુછ પઢને-સીખને-બનને કે લિયે આતા થા, ઉસકી આંખોં મેં હમે આઝાદી કી ચમક દિખાઈ દેતી થી. ઉન મેં સે હર એક મેં હમે એક ગાંધી, એક ટાગોર, એક અરવિન્દ છિપા લગતા થા જો આગે ચલકર અપને જીવન સે, અપને કામ સે, અપને વિચારોં સે દેશ કા નામ ઉજાગર કર દેગા. જિસ કામ કે અપને હાથોં પૂરા હોને કી આસ ન થી, ઉસકે પૂરા હોને કી સારી આશાઓં ઉનસે બંધી હોતી થીં. હમારે દિલ મેં ઉન બચ્ચોં કી મુહબ્બત થી. બડા અચ્છા જમાના થા વહ.

ફિર આઝાદી આઈ, બાદલ છટે, સૂરજને અપના મુખ દિખાયા—વહ મુખડા જિસે દેખને કો ગુલામી કી અંધિયારી રાત મેં આંખે તરસ રહી થી. પર યે બાદલ છટતેછટતે ખૂન બરસા ગયે.

દેશ બંટા, ઉસકે ગલી-કૂચો મેં ખૂન બહા, ઘરઘર આંસૂ બહે, ભાઈ ભાઈ કા દુશ્મન બના, લાખોં કારબાર બરબાદ હુએ, લાખોં ઘર ઉજાડ હુએ. આઝાદી કા ઉજાલા દાગ દાગ હો ગયા. નયા ભારત બનાને કે અરમાન, જો દિલોં સે દિલોં કો ગરમાતે રહે થે, કુછ ઠંડે સે પડ ગયે. નઈ વિપદાએં સામને આયીં; સારી શક્તિ ઉનકે દૂર કરને મેં લગાની પડી. ઔર આઝાદી કે પહલે હલ્લે મેં જો બહુત સા કામ હો જાતા, વહ ન હો પાયા.

પર વહ સમય ભી બીત ગયા. સમય કી બડી ખૂબી યહ હૈ કિ બીત જાતા હૈ. અબ રાષ્ટ્રીય જીવન કો બનાને ઔર સુધારને કા કામ હમારે સામને હૈ. હમારા કામ હૈ, હમ હી કો કરના હૈ. અપની ત્રુટિયોં કો કિસી દૂસરે કે સર થોપને કા હક અબ હમેં નહીં હૈ.

જિન્દગી બનાને કે ઈસ કામ મેં ગાંધીજી કે જીવન સે બહુત કુછ સબક મિલતે હૈં. જિન્દગી બનાને મેં સબસે પહલે ઇચ્છાશક્તિ દરકાર હોતી હૈ. ઉસ મહાપુરુષને, એક મામૂલી લડકા હોકર ભી, અપની સચ્ચાઈસે, અપની મેહનતસે યહ દર્જા હાસિલ કિયા. હમેશા અચ્છાઈ કી તલાશ સે, ચાહે કહીં સે મિલેં, દૂસરોં કી નેકિયાં ઔર અચ્છાઈયાં ઢૂંઢ-ઢૂંઢકર નિકાલને સે, ઉન કી બુરાઇયોં ઔર કમજોરિયોં સે દરગુજર કરકે, અપની કમજોરિયોં પર કડી પકડ કરકે,

ઉસને અપને જીવન કી ગોદ નેકિયોં સે માલામાલ કર લી. ઉસકી બડાઈ એક હિમ્મતવાલે મેહનતી આદમી કી ઉમ્રભરકી કોશિશ કા નતીજા થા. અપને હાથોં અપની શિક્ષા કા ફલ થા. ઉસને અપની જિન્દગી કી કચ્ચી ધાતુ કો મોહબ્બત કી ભટ્ઠી મેં તપા તપાકર સચ્ચાઈ કે નિથરે પાની મેં બુઝાબુઝાકર ઔર બેગરજ સેવા ઔર મેહનત કે હથોડે સે પીટ-પીટકર એક ઐસી ખરી, ઐસી પક્કી, ઐસી દમકતી જિન્દગી બનાઈ થી જો શતાબ્દિયોં મેં કિસી કો નસીબ હોતી હૈ, મગર જિસ કી રીસ કા હૌસલા હર સચ્ચા ઔર મેહનતી આદમી કર સકતા હૈ.

જિન્દગી બનાને કે લિયે જરૂરી હૈ કિ આદમી ઠીક સોચ સકે, ઠીક સમઝ સકે. જિન્દગી કે સફર મેં યહ સૂઝબૂઝ રાસ્તે કી ઉંચ-નીચ

દિખાતી હૈ, નજર કો દૂર તક લે જાતી હૈ. ઠીક સૂઝબૂઝ કી આદત ડાલનેસે પડતી હૈ, આપ હી આપ નહીં પડ જાતી. ઉસ કી રાહ મેં તરહ તરહ કી રુકાવટેં આતી હૈં. કહીં ખુદગર્જી ફરેબ દેતી હૈ, કહીં લાલચ ધોકા દેતી હૈ, કહીં જલ્દબાજી કદમ કો ફિસલા દેતી હૈ, કહીં ગુસ્સે કા તૂફાન ધ્યાન કો ઈધર સે ઉધર કર દેતા હૈ. જિદ્દેં ઔર હઠધર્મિયાં ઠોકરેં ખિલાતી હૈં. ગાંધીજી ને અપને જીવન મેં ઈન રુકાવટોં સે બચને કે ઔર સહી સૂઝબૂઝ કી આદત કે બેગિનતી સબક દિયે હૈં.

જિન્દગી કે બનાને મેં એક ચીજ ઔર બહુત કામ આતી હૈ. વહ યહ કિ આસપાસ કે વાકિઆત સે આદમી કે દિલ મેં જો અસર હોતા હૈ વહ ફૈલતા હૈ યા જલ્દ મુર્ઝાકર ખત્મ હો જાતા હૈ. ગાંધીજી કે દિલ પર જો અસર પડતા થા, વહ પથ્થર કી લકીર બન જાતા થા. ઉમ્ર ભર કે કામ કા સામાન બન જાતા થા. હમવતનોં કી બેબસી કા તજુર્બા જો દક્ષિણ આફ્રિકા મેં હુઆ, ઉસ ગમ કો દૂર કરને મેં સારી ઉમ્રકા એક એક લમહા બીત ગયા. અપની ભાવનાઓં મેં યહ ગહરાઈ ઔર ઠહરાવ ભી હમેં ગાંધીજી કે જીવનસે સીખના ચાહિયે.

મગર યહ ન સમઝો કિ ઉનકા યહ ગમ ઔર ઉસકો દૂર કરનેકા કામ ઉનકે સાથ ખત્મ હો ગયા હૈ. ઉનકા કામ ઐસા બડા કામ થા, ઐસા હમેશા ચલને વાલા થા, કિ ઉસકો પૂરા કર દેના ઉન જૈસે બડે આદમી કે બસકી બાત ભી નહીં થી. અચ્છે આદમી બનના ઔર અચ્છા સમાજ બનાના, આદમિયોં કો સમાજ કી અચ્છી સેવામેં લગાના ઔર સમાજ કો સારે સંસાર કી સેવા કે લિએ તૈયાર કરના, યહ કોઈ એક યા દોકી જિન્દગી મેં પૂરા હોનેવાલા કામ હૈ? યહ તો કભી ખત્મ ન હોનેવાલા કામ હૈ. યહ તો બરાબર કિયે જાનેવાલા કામ હૈ. હમેં ઈસ કામ કરને કા મૌકા દિલાને કે લિએ હી ગાંધીજી ને હમારે દેશ કી આઝાદી ચાહી થી.

અબ આઝાદી હુઈ હૈ બેડિયોં સે, બેજા પાબન્દિયોં સે. મગર બંધન ટૂટ જાયેં, બેડિયાં કટ જાયેં, ફિર ભી યહ પતા ન હો કિ જાના કિધર હૈ, યા યહ પતા ભી હો મગર સુસ્તી હમેં કદમ ન ઉઠાને દે,

તો યહ આઝાદી ધોખા બન જાયગી, અકારથ હોગી.

જબ તક ઈસ દેશ મેં આદમી આદમી પર જુલ્મ કરતા હૈ, જબ તક તાકતવર કમજોર કો ઉભરને નહીં દેતે, જબ તક યહાં કિસી કી મેહનત-મશક્કત સે કોઈ દૂસરા બેજા લાભ ઉઠાતા હૈ, ઉસ વક્ત તક ગાંધીજી કા કામ બાકી હૈ, ઔર મુઝે ઔર તુમ્હેં વહ પૂરા કરના હૈ. જબ તક હમારે દેશ મેં કરોડોં આદમિયોં કો પેટ ભર ખાના નહીં મિલતા હૈ, જબ તક ઉનકો દુખદર્દ મેં દવા નસીબ નહીં હોતી, જબ તક કરોડોં બચ્ચોં કો મદરસે જાના નસીબ નહીં હોતા, ઉસ વક્ત તક અંગ્રેજી સામ્રાજ્ય સે નિજાત પા જાના કાફી નહીં હૈ. હમેં ઈસ દેશ કે પહાડ કાટને હૈં, સમુન્દર પાટને હૈં, ખાનેં ખોદની હૈં, નદિયાં મોડની હૈં, ઈસકે રેગિસ્તાનોં કો ગુલજાર બનાને હૈં, ગાંધીજી કી આરજૂઓંવાલા દેશ બનાના હૈ.

ગાંધીજી કામ બતા ગયે હૈં, કામ શુરુ કર ગયે હૈં, આગે ચલને કે રાસ્તે દિખા ગયે હૈં. કાશ, હમ સબ અપને દિલ મેં યહ ઠાન સકેં કિ હમ અપને અપને બસ ભર ઈસ કામ કો પૂરા કરેંગે. અપની મેહનતોં મેં, અપની મુહબ્બતોં મેં હમ ગાંધીજી કો જિન્દા રખેંગે, અપને વિચારોં મેં ઉન્હેં જિન્દા રખેંગે.

[ગુજરાત વિદ્યાપીઠમાં દીક્ષાંત પ્રવચન: ૧૯૬૭]

## આશિક કા જનાજા

ગમકે શરીક ભાઈયોં ઔર બહનોં,

યે તેરહ દિન હમ સબ પર જૈસે બીતે હૈં, આપકો ભી વૈસે હી માલૂમ હૈં જૈસે કિ મુઝે માલૂમ હૈ. જિસને દિલ્લીકી ઉસ ભીડકો દેખા હૈ જો પંડિતજીકે બદનકો ચિતા પર લે જાનેકે વક્ત જમા હુઈ થી, જિસને ઉસ રેલ પર, જિસમેં ઉનકે ફૂલ આએ, આદમિયોંકે દરિયાઓંકો—જમુનાઓં ઔર ગંગાઓંકો—બહતે દેખા, ઘંટો તક જિસને

બૂઢોંકી દાઢિયોંકો આંસુઓંસે ગીલા દેખા, જિસને છોટે છોટે બચ્ચોંકો બિલખતે હુએ ઔર સિસકતે હુએ દેખા, વહ જાનતા હૈ કિ ઇસ દેશ પર ક્યા ગુજરી હૈ. કિસીને સચ કહા હૈ—આશિક કા જનાજા થા, બડી શાનસે નિકલા. ઇસલિએ કિ શાયદ કમ લોગ ઇસ દેશ પર, દેશ કે ગરીબોં પર, ઇસ દેશકી વિપદાઓં પર, ઇસ દેશકી અચ્છાઇયોં પર ઐસે આશિક હોંગે જૈસે કિ હમારા ગુજરને વાલા સરદાર થા.

પચાસ સાલ ઉસ ઇશ્કને બરાબર કામ કિયા. વો ઇશ્ક ખાલી આંસૂ બહાને વાલા ઇશ્ક નહીં થા. વો ઇશ્ક ખાલી મીઠે બોલ બોલને વાલા ઇશ્ક નહીં થા. વો કામ કરને વાલા ઇશ્ક થા. વો સુલગતા રહા, બિલખતા રહા, અપની જાનકો ખપાતા રહા, ઔર પચાસ સાલ તક બરાબર હમારી સેવામેં અપને એક એક મિનટકો ગુજારા ઔર જિંદગીકે આખિરી મિનટ તક વો હમારી સેવામેં લગા રહા. યહ સારા જમાના ઉસને ઈસ ઇશ્કમેં ગુજાર દિયા ઔર હમકો નયી નયી ચીજેં દીં, હમકો નયે નયે સુઝાવ દિએ, ઉન પર ચલાકર હમકો દિખલાયા, હમારી ગલતિયોં પર રોયા, હમારી અચ્છાઇયોં પર ખુશ હુઆ—લેકિન અપને કામમે લગા રહા.

જિસ તરહ ઉસને અપની જિંદગીકો નિભાયા થા, ઉસમેં એક શાને—મહબૂબિયત થી, ઉસમેં એક પ્રેમ જગાને વાલી જ્યોત થી જિસસે આદમીકે દિલકો લગાવ હોતા થા, જિસ પર આદમી ફિદા હોતા થા. ઉસકી હર બાતમેં દિલકશી થી, ઉસકી હર અદામેં દિલનવાજી થી, ઔર ઈસ તરહ વો હમારા મહબૂબ થા. હમારા મહબૂબ હમસે છિન ગયા હૈ—ઐસા મહબૂબ જો હમેં ઝિડકતા ભી થા, ઔર ઉસકી ઝિડકમેં વહી મજા આતા થા જો મહબૂબકી ઝિડકમેં આ સકતા હૈ. યહ હમસે મહોબત કરને વાલા, ઔર હમારી મહોબત લેને વાલા, ગયા. લેકિન વો અપના હક અદા કર ગયા. થક ગયા થા, આરામકો ચલ દિયા. ઉસ થકે હુએ આદમીકે કામકો હમેં આગે બઢાના હૈ.

સબ મજમુનોંમેં જહાંસે ઉસકી લાશ ગુજરી, સુનકર મેરા દિલ દહલતા થા : જવાહરલાલ નેહરુ જિન્દાબાદ, જવાહરલાલ નેહરુ જિન્દા

રહે! કૈસે જિન્દા રહેં જવાહરલાલ? બદન વાલે જવાહરલાલ અબ નહીં આયેંગે. લેકિન એક માયનેમેં વો જિન્દા રહ સકતે હૈં. અગર જવાહરલાલસે કોઈ પૂછ સકતા હૈ આજ કિ, આપ ભાખડા-નંગલમેં જિન્દા રહના ચાહતે હૈં, યા કિસી ઇસ્પાતકે કારખાનેકી શકલમેં જિન્દા રહના ચાહતે હૈં? તો કહ દેંગે કિ, મૈં અપને ભાઇયોંકે, બહનોંકે દિલોંમેં જિન્દા રહના ચાહતા હૂં. જબ જબ બચ્ચેં પુકારતે હૈં કિ “ચાચા નેહરુ જિન્દાબાદ!” તો મેરા જી કહતા હૈ કિ બસ, ઉનકા કહના પૂરા હો. ઇસલિએ કિ ઉનકે દિલોંમેં ઉન્હેં સબસે જ્યાદા જિન્દા રહના ચાહિએ. હમ તો થોડે થોડે દિનકે હૈં, ઔર નિકલ જાયેંગે, ચલે જાયેંગે. લેકિન અગર બચ્ચોંકે દિલમેં યહ બાત જમ જાએ કિ જવાહરલાલકો જિન્દા રખના હૈ, તો હમ જિન્દા રખ સકતે હૈં, ઔર વે હમારે કામોંમેં જિન્દા રહ સકતે હૈં, હમારે વિચારોંમેં જિન્દા રહ સકતે હૈં.

ઈસ તરહસે હમે જવાહરલાલકો અમર બનાના ચાહિએ. ઉનકો અમર બનાનેકે લિએ હમકો અપને અંદર કુછ બાતેં જવાહરલાલકી સી પૈદા કરની ચાહિએ. જવાહરલાલ જૈસે આદમી બનનેસે જવાહરલાલ જિન્દા રહેંગે. અગર હમારે દિલમેં હિમ્મત નહીં હૈ, તો હમ જવાહરલાલકો જિન્દા નહીં રખ સકેંગે. અગર હમારે દિલમેં રવાદારી નહીં હૈ, તો હમ જવાહરલાલકો જિન્દા નહીં રખ સકેંગે. અગર હમારે દિલમેં મહોબ્બત નહીં હૈ, તો હમ જવાહરલાલકો જિંદા નહીં રખ સકેંગે. અગર હમારે દિલમેં રહમ નહીં હૈ અપને ગરીબ ભાઈયોંકે સાથ, પિછડે હુઓંકે સાથ પૂરા તાલ્લુક નહીં હૈ, તો હમ જવાહરલાલકો જિન્દા નહીં રખ સકેંગે. અગર હમ નયે તરીકોંકો નહીં સમઝતે હૈં, અગર હમ સાઇન્સ (વિજ્ઞાન) સે ભાગતે હૈં, હમ સોચનેસે ડરતે હૈં, તો ભી હમ જવાહરલાલકો જિન્દા નહીં રખ સકેંગે.

જિસકે દિલમેં ઘટિયાપન હૈ, કમીનાપન હૈ, છોટી નજર હૈ, વો જવાહરલાલકો નહીં જિન્દા રખ સકતા. જવાહરલાલને કભી કોઈ ઘટિયા કામ નહીં કિયા, કભી ઘટિયા ચીજકો પસંદ નહીં કિયા, કભી કોઈ ઘટિયા બાત કહી નહીં. હમ ઘટિયા બાત કહતે હૈં, હમારે દિલ

જલિલ હૈં, હમ નફરત કરતે હૈં, હમ બરાબર લડતે હૈં. હમ તાકતકે લિએ ભૂખે ગિધ્ધોંકી તરહ ગિરતે હૈં, જૈસા કિ મુર્દાર પર ગિરતા હૈ. યે બાતેં હમેં દિલમેં સે નિકાલની હોગી અગર જવાહરલાલકો જિન્દા રખના હૈ તો. ફિર હમારા દેશ સચોંકા, નેકોંકા દેશ બન જાયેગા ઔર વહી જવાહરલાલકો અમર કરેગા.

[જવાહરલાલ નેહરુનાં અસ્થિ ત્રિવેણી સંગમમાં પધરાવ્યા પછી અલ્લાહાબાદની સભામાં આપેલા ભાષણમાં: ૮ જૂન, ૧૯૬૪]

# ઝીણાભાઈ દેસાઈ

## આપણાં બાળકો

આપણા બાળકને આપણે કોઈ વાર વધુ પડતાં લાડ લડાવીએ છીએ, કોઈ વાર એની સાવ ઉપેક્ષા કરીએ છીએ, તો કોઈ વાર એને ધમકાવી ધોલધપાટ પણ કરી બેસીએ છીએ. એમ છતાં તે આપણને વળગેલું જ રહે છે. પોતાના પરના અત્યાચાર એ ભૂલી જાય છે, ને રિસાયું હોય તો સહેજ લાડ મળતાં ખડખડાટ હસતું આપણી ગોદમાં સમાઈ જાય છે. આપણા પ્રેમના કવચમાં બાળક માટે એના વિકાસને ઉપકારક એવી સુરક્ષિતતા ઘરમાં સર્જાય છે.

પણ બાળક કાંઈ કાયમ માટે ઘરમાં રહેવા થોડું જ સર્જાયું છે? પા પા પગલી ભરતું, ઠુમક ઠુમક કરતું એ ઘર બહાર દોડે છે. પોતાનાં સમવયસ્કો સાથે રમવું એને ગમે છે, એ રમતમાં એને ઘર પણ યાદ નથી આવતું; ઘણી વાર તો એને બળજબરીથી ખેંચી લઈ આવવું પડતું હોય છે. પરંતુ બાળક આ રીતે હળતુંભળતું થાય, પોતાના સામાજિક સંબંધો કેળવે, તે પણ એના વિકાસ માટે જરૂરી છે.

*

ઘડીભર કલ્પના કરો કે એક ઘોર જંગલમાં ભાંખોડિયાં ભરતા કોઈ બાળક પર અચાનક આપણી નજર પડે છે. ચોમેર ભયાનકતા છે; વાઘ, વરુ, સાપ, સમડી આદિ હિંસક પશુપંખીથી વન ભરેલું છે; પણ એની કોઈ પણ જાતની સભાનતા વિના એ બાળક આમથી તેમ ભાંખોડિયાં ભરતું જ રહે છે.

થોડુંક મોટું થતાં બાળક શાળાએ જતું થાય છે, ત્યારે એની સ્થિતિ એ ઘોર અરણ્યમાં હિંસક પ્રાણીઓ વચ્ચે ભાંખોડિયાં ભરતા બાળક જેવી નથી થતી? ઘરમાંથી બહાર નીકળતાંવેંત જ પિપરમીટ, બરફના ગોળા આદિની માખીથી બણબણતી લારી કે થાળવાળા ફેરિયા

એની રાહ જોઈને જ ઊભાં હોય છે. એ વાંચતાં શીખે કે તરત એની નજર ઠેર ઠેર મુકાતી સિનેમા વગેરેની જાહેરાતો પર પડે છે. સહેજ મોટું થતાં વર્તમાનપત્રો પર એ નજર ફેરવતું થાય છે ને તેમાં પ્રગટ થતા સમાચારો—ખાસ કરીને ગુનાહિત કૃત્યોના—રસપૂર્વક વાંચતાં કોઈ વાર તે રોમાંચ અનુભવે છે, કોઈ વાર આઘાત પામે છે ને કમકમાટી અનુભવે છે. સહેજ મોટું થતાં રાજકીય પક્ષોના બખડજંતરમાં તે અટવાય છે, કુનેતાઓ એને જે સૂત્રો આપે તે લલકારે છે ને પથ્થરમારો કરતાં શીખે છે. શિક્ષણસંસ્થાઓમાં પડતી હડતાલમાં એ જોડાય છે, ઉપવાસ પર ઊતરે છે, ટોળાંઓમાં રઝળે છે. ત્યારે વાલીઓ એના ઉશ્કેરાટ કે મૂંઝવણને સમજવા કેટલા પ્રયત્ન કરતા હોય છે?

કવિ ન્હાનાલાલે બાળકોને પ્રભુના પયગમ્બરો તરીકે ઉમળકાથી બિરદાવેલાં છે, પણ આપણે તો એ પયગમ્બર જેવાં બને તે આડે કરવા જેવું કશું બાકી નથી રાખતા! આ પરિસ્થિતિમાંથી સમાજ ત્યારે જ ઊગરી શકે જ્યારે એની પ્રત્યેક વ્યક્તિ પોતાના બાળક તરફની પોતાની ફરજ બજાવતી થાય, બાળકના સાચા હિતચિંતક તરીકે તેનો પ્રેમ મેળવે, અને સાહસ ને પરાક્રમ ઝંખતી તેમની જોમ ભરેલી ઊર્મિઓને સર્જનાત્મક ક્ષેત્રોમાં વહેવાની સુવિધા મળે એવી પરિસ્થિતિ સર્જે.

*

એન્ડ્રુ ગિલ્લિસ નામના કવિએ બે પ્રાર્થના લખી છે. એમાંની પહેલી એ મતલબની છે કે, “ગઈ કાલે રાતે મારા બાળકે પોતાની કોઈ બાલિશ ભૂલની મારી આગળ કબૂલાત કરી અને મારી સમક્ષ લળી અશ્રુભીની આંખે પ્રાર્થના કરી કે, વહાલા ભગવાન, મને મારા બાપુજી જેવો મરદ બનાવજો. હું જાણું છું કે તમે એ કરી શકો તેમ છો. તે પછી એ જ્યારે ઊંઘી ગયો ત્યારે એની પથારી પાસે ઘૂંટણિયે પડી મેં મારાં પાપનો એકરાર કર્યો અને નમ્ર ને નત મસ્તકે પ્રાર્થના કરી કે, હે પ્રભુ, મારા આ બાળક જેવો બાળક મને બનાવ—પવિત્રા, કપટરહિત ને શ્રદ્ધાસભર.”

એ પિતા-પુત્રાનાં આ સંવેદનો હું વર્ષોથી દિનપ્રતિદિન અનુભવતો

રહ્યો છું. લીલીછમ હરિયાળીથી ભરેલી અમારી શાળા વિદ્યાવિહારમાં મળસકે સાડા ત્રાણ વાગ્યાથી પંખીઓનો ઉમંગભર્યો કલરવ શરૂ થાય છે. પાંચ વાગે એટલે કુમાર અને કન્યા છાત્રાલયોનાં છાત્રોને ઉઠાડવાનો ઘંટ વાગે છે. છ વાગ્યે અમારું મેદાન કલ્લોલ કરતાં કિશોર-કિશોરીઓની રમતગમત અને વ્યાયામની પ્રવૃત્તિથી જાણે કે થનગનાટ કરવા માંડયું હોય છે, ને ચણ માટે ઊડતાં કે માળામાં કલ્લોલ કરતાં પંખીઓ તેમાં ઉમેરો કરે છે. એ પછી જ્યારે વિદ્યાલયનું કામ શરૂ થાય ત્યારે પ્રાર્થના-સંમેલનમાં ફૂલ જેવાં સુંદર, નિર્દોષ, ગભરુ બાળકોનાં દર્શનથી મન ભર્યું ભર્યું બની જાય છે.

અને ત્યારે એ બાળકોના ભાવિનાં ચિત્રો મારા ચિત્તમાં કંડારાઈ જાય છે. એમાંના કોઈ બાળકને અંગે લાગે છે કે એના અંતરમાં સંગીતના મનોહર સૂર ઘૂંટાતા હશે. કોઈ બાળકના મનમાં સોનેરી પાંખ પસારીને નૃત્ય કરતી પરીઓનાં ચિત્રા અંકાતાં હશે. કોઈની કલ્પના રંગભરી પીંછીઓથી સર્જાતી કલાકૃતિઓમાં રમમાણ હશે. આવું ઘણું ઘણું મારા મનને એ બાળકોને વંદન કરવા પ્રેરે છે, તેમનામાંથી હું પ્રેરણા લઉં છું.

એ બાળકો જ્યારે એમના પ્રેમ અને આદરથી મને પરિપ્લાવિત કરે છે, જીવનરાહના દિશાસૂચન અંગે મારી સાથે વાર્તાલાપ કરે છે, ત્યારે મને મારી મર્યાદાઓનું સતત ભાન થતું રહે છે, ને હું પ્રાર્થું છું કે ભગવાન મને એમના જેવી નિખાલસતા, એમના જેવી નિર્દોષતા, ઋજુતા અને સરળતા બક્ષે.

આનો અર્થ એ નથી કે એ બાળકોનું બધું હંમેશાં શાંતિ ને સુંદરતાથી જ ભર્યું હોય છે. “ધમાલ ને ઘોંઘાટ ન કરીએ, તો અમે બાળક શાનાં!”—એવો ભાવ એ લોકો જ્યારે ધમ્માચકડી કરી વાતાવરણ ગજાવતાં હોય ત્યારે એમની આંખોમાં વરતાય છે. એ અડપલાં કરતાં હોય છે, ભાંગફોડ પણ કરતાં હોય છે, ને એવું કંઈક કંઈક કરતાં હોય છે. પણ એ બધું વેલા પરની દ્રાક્ષ ઉપરની રાખ જેવું છે. એ રાખ જીવાતો સામે દ્રાક્ષનું જેમ રક્ષણ કરે છે, તેમ બાળકોનાં તોફાન—મસ્તી વગેરે પણ બાળકોની ઢાલ હોય છે.

*

હવે બહુ નાની ઉંમરથી બાળકોને શાળામાં ભણવા મોકલવાની પ્રથા શરૂ થઈ છે. બાળક ભણવાની તક મેળવે, એ બહુ ઉમદા હેતુ છે. પરંતુ ભણવું એટલે શું, એ પ્રશ્નનો જે માતાપિતા ઝીણવટથી વિચાર નથી કરતાં તે, બાળકે બારાખડી શીખવામાં કેટલી પ્રગતિ કરી, તેને કેટલે સુધી ગણતાં આવડયું વગેરે ઉપર જ મોટે ભાગે ધ્યાન આપતાં હોય છે; અને તેમાં બાળકની પ્રગતિ કંઈક ધીમી જોતાં દુઃખી થાય છે.

ખરી વાત એ છે કે બાળક આપણા વિચાર પ્રમાણે વિકસે એવું આપણે ઇચ્છતા હોઈએ છીએ, જ્યારે બાળક પોતાની આગવી રીતે વિકસવા ઇચ્છે છે. એને પોતાના રસ છે, પોતાના ખ્યાલ છે, પોતાની ઝંખનાઓ છે. એ બધું અવરોધાય ત્યારે બાળક હતાશ બને છે, જિદ્દી ને ચીડિયું બને છે અને માબાપે ઇચ્છેલી તેની પ્રગતિ મંદ બને છે. જેને આપણે પ્રાણાધિક લેખતાં હોઈએ, તે બાળકને જે વસ્તુની ખાસ જરૂર હોય તે જ ઘણી વખત આપણે નથી આપી શકતાં, એ કેવી મોટી કરુણતા છે! બાળક વિશેષ તો કશું નથી માગતું, માત્રા બે જ શબ્દ એના આતુર વદન પર આલેખાયેલા હોય છે: “મને સમજો.”

આ વાત ખલિલ જિબ્રાને બહુ સુંદર રીતે મૂકી છે. એ કહે છે: “તમારાં બાળકો તમારાં નથી, પોતાને ઝંખતા જીવનનાં એ સંતાનો છે. એ તમારી મારફત આવે છે, પણ તમારામાંથી નથી આવતાં. એમને તમારા જેવાં બનાવવા મથશો નહીં. તેના દેહને તમે ભલે ઘરની ચાર દીવાલમાં રાખો—પણ તેના આત્માને નહીં, કારણ કે તમે જ્યાં સ્વપ્નામાં પણ પ્રવેશ કરી શકો તેમ નથી એવા આવતી કાલના ઘરમાં તેઓ વસે છે. તમે એમને તમારો પ્રેમ આપજો—પણ તમારા વિચારો નહીં, કારણ કે તેમને તેમના ખુદના વિચારો છે.”

એટલે બાળકને બરાબર ઓળખી, તેની સ્વતંત્રતાની પૂરી કાળજી રાખી, તેની ઊર્મિઓ ને તેના રસોને પિછાની, એ સૌને આરોગ્યપ્રદ પ્રવાહોમાં વળવાની સુભીતિ કરી આપવાનો એક માત્રા ધર્મ આપણો છે.

મેરી હોવિટ્ટ કહે છે તેમ આપણા હૃદયનો વિકાસ કરવા, આપણને

સ્વાર્થરહિત બનવાનું શીખવવા તથા આપણને મૈત્રી ને કરુણાથી ભરેલા બનાવવા માટે ભગવાન બાળકને મોકલે છે. એને આપણે સુરક્ષિતતા આપવાની છે. એ નિર્ભય બને તેવું વાતાવરણ એની ફરતે સર્જવાનું છે. અને એની પ્રગતિ અંગે કોઈ પણ જાતની અધીરાઈ રાખ્યા વિના, એનો વિકાસ મુક્તપણે ને ખૂબ સંવાદિતાપૂર્વક થાય તે અંગે આપણે સતત સાવધ રહેવાનું છે.

રવીન્દ્રનાથ કહે છે તેમ ફૂલની કળીની પાંખડીઓ ઉઘાડી આપવાનું કામ આપણું નથી; એ પાંખડીને આપમેળે ઊઘડવા દઈએ. પોતાના નિસર્ગદત્ત રસોને વિકસાવવાનું સ્વાતંત્ર્ય બાળકને હશે, તો પ્રગતિનાં સોપાન પર એ રમતાં રમતાં ચઢી જશે.

## બાળકના ઘડતરમાં ઘર

બાળક શાળામાં જતો થાય તે પહેલાં એની સમજ અને એના જ્ઞાનનો પાયો સુદૃઢ રીતે નંખાઈ ગયો હોય છે. અભિમન્યુએ ગર્ભમાં રહ્યાંરહ્યાં કોઠાવિદ્યાનું જે જ્ઞાન મેળવેલું તે કોઈ કવિકલ્પના ન હતી, પણ મનોવિજ્ઞાનનું એક મોટું સત્ય હતું, એ આજના શિક્ષણશાસ્ત્રીઓએ સિદ્ધ કરેલું છે. આથી ઘરની સૌથી પહેલી ફરજ બાળકનો સ્વાભાવિક વિકાસ થઈ શકે એવું વાતાવરણ સર્જવાનો ગણાય.

બાળક પોતાની આસપાસના વાતાવરણમાંથી પોતાના વિકાસ માટેનાં સાધનો મેળવતું હોય છે. મનુષ્યને મળેલી એક મહાન ભેટ તે વાણી દ્વારા પોતાના વિચારોને અભિવ્યક્તિ આપવાની એની શક્તિ. ભાષા દ્વારા સર્જાતી આ ક્રિયામાં ઘરમાં વપરાતી ભાષાનો ઘણો મોટો ફાળો હોય છે. આથી ઘરમાં થતી વાતચીત અને અન્ય વાણીવ્યવહાર બાળકોના ભાષાજ્ઞાનના પાયારૂપ બને છે.

ઘરમાં થતી વાતચીત અને તેમાં વપરાતી ભાષાની જેમ બાળક પર અસર થાય છે તેમ કુટુંબમાં એકબીજાં સાથેના વ્યવહારની,

આડોશી-પાડોશી સાથેના વ્યવહારની અને માનવસંબંધોમાં થતાં વિવિધ આદાનપ્રદાનોની બાળકના મન ઉપર સતત અસર થતી રહે છે અને એનાથી એનું રુચિતંત્રા ને વર્તન ઘડાય છે.

મોટેરાંઓ નાનેરાંઓ પાસેથી પોતાને મનફાવે ત્યારે કામ કરાવવાનો પોતાનો અબાધિત અધિકાર લેખે છે. આની બાળક પર કેવી અસર થતી હોય છે એનો એક નાનકડો કિસ્સો નોંધું: “મારા એક મિત્રાની સાત-આઠ વર્ષની દીકરી એક ચિત્રા દોરવામાં નિમગ્ન હતી. હું અને તેના પિતા વાતો કરતા બેઠા હતા. તેના પિતાએ એને કહ્યું, “નીતા, જા તો પાણી લઈ આવ!” તેણે જવાબ આપ્યો: “પપ્પા! મારું ચિત્રા અધૂરું છે. તમે જ લઈ આવો ને!” બાળક પાસેથી કામ જરૂર લેવું, પરંતુ એને પોતાને પોતાનાં રસનાં આગવાં ક્ષેત્રો પણ હોય છે એ ભૂલી જઈ આપણને ઠીક લાગે ત્યારે આપણે એને ગમે તે કામ ચીંધીએ, તો બાળકના વિકાસમાં અવરોધ અવશ્ય ઊભા થાય છે.

બાળકને વાત સાંભળવી અને વાત કહેવી ગમતી હોય છે. જગતનું બાલસાહિત્ય આ દૃષ્ટિએ ઘણું સમૃદ્ધ છે. બાળકની કક્ષાને અનુરૂપ ઘરમાં નાનકડું બાળપુસ્તકાલય જો વસાવી શકાય તો આવું પુસ્તકાલય અનેક રીતે બાળકના વિકાસમાં ફાળો આપી શકે. એ સાથે બાળકોને રોજ કુટુંબમાંથી કોઈ ને કોઈ વ્યક્તિ એકાદ નાનકડી વાત કહે તો બાળકોની કલ્પના, ઊર્મિઓ અને જીવનદૃષ્ટિને ઘણી મોટી પ્રેરણા મળે. ‘રામાયણ’ અને ‘મહાભારત’ની કથાઓ તો બાળકોને ગળથૂથીમાંથી જ મળતી થવી જોઈએ.

આમ, ઘરમાં શાળા કરતાં પણ વધુ સમૃદ્ધ એવી કેટલી બધી શિક્ષણની સામગ્રી અને સુવિધાઓ રહેલી છે એનો ખ્યાલ આ થોડાક અછડતા નિર્દેશોથી પણ આવી શકશે.

# પૂનમલાલ

છાત્રાલયમાં દાખલ થતી વખતે પૂનમલાલની ઉંમર બાર વરસની હતી. દાખલ થયા બાદ થોડાક વખતમાં જ તે વિદ્યાર્થીઓનો નેતા બની ગયો. આમલી-પીપળી રમવામાં એની કુશળતા અજોડ હતી, મોટાં ઝાડોની ઊંચામાં ઊંચી અને પાતળી ડાળીઓ ઉપર ચડવામાં એની સાથે કોઈ સ્પર્ધા કરી શકતું નહિ. આ સાથે એનામાં બીજી પણ અનેક વિશેષતાઓ હતી. વાતચીતમાં એ ઘણો કુશળ હતો અને એનું હાજરજવાબીપણું અત્યંત આકર્ષક હતું. પરંતુ તેની હાજરી છાત્રાલય તેમજ શાળામાં કાર્યકર્તાઓ માટે અળખામણી થવા માંડી. પોતાના સમવયસ્ક છાત્રોની ટોળીઓ બનાવી છાત્રાલયના નિયમોનો ભંગ કરતો તે રખડપટ્ટીએ ચડ્યો. આજુબાજુનાં ખેતરોમાંથી પણ અવારનવાર એને અંગે ફરિયાદો આવવા માંડી. એના ઉપર જે જે અંકુશો મુકાતા ગયા તે બધાનો એ બહુ સફળતાથી પ્રતિકાર કરવા માંડ્યો, અને એ પ્રત્યેક પ્રતિકારે વિદ્યાર્થીઓમાં તે વધુ ને વધુ માનીતો બનતો ગયો.

બધા વર્ગો સાથે પરિચયમાં રહી શકાય એ દૃષ્ટિએ પ્રત્યેક શ્રેણીના બધા વિભાગોને એકઠા કરી સામાન્ય જ્ઞાન તથા કવિતા જેવા વિષયો હું એ વખતે લેતો. એવા વર્ગ લેતી વખતે મને પણ પૂનમલાલનો સીધો પરચો મળ્યો. એ જ્યાં બેસતો ત્યાં ચારે બાજુએ ભારે અસ્વસ્થતા મચી રહેતી. એમાં એ જ કારણભૂત હતો એ શોધી કાઢતાં મને વાર લાગી નહિ.

પૂનમલાલે વિદ્યાર્થીઓમાં પ્રાપ્ત કરેલું સ્થાન કેવળ તેનાં અળવીતરાંને લઈને જ ન હતું, તે ભારે બુદ્ધિશાળી પણ હતો.

એટલે તો પૂનમલાલમાં મને વધુ રસ પડવા માંડ્યો. એની શક્તિઓને યોગ્ય માર્ગે વાળવા માટે શું થઈ શકે એ અંગે એના બીજા શિક્ષકો સાથે પણ હું વખતોવખત ચર્ચા કરવા માંડ્યો. પણ એને માટે જે કોઈ યોજના કરવામાં આવતી તેમાં એને લાંબો રસ રહેતો નહિ. એને તોફાનમાં અને ભાંગફોડમાં જે આનંદ આવતો તે આડે બીજી બધી

સિદ્ધિઓ એને ગૌણ લાગતી. એના આ સમાજવિરોધી વલણમાં એક પ્રકારની અવળે રસ્તે ચડી ગયેલી એની વિજિગીષાની જ અભિવ્યક્તિ હતી, એવો વહેમ ધીરે ધીરે મારા મનમાં બંધાતો ગયો. એ અંગે શું થઈ શકે એનો હું વિચાર કરતો હતો, એવામાં એક દિવસ એક મોટી ફરિયાદ મારી પાસે આવી.

અમારા કંપાઉંડની દીવાલ પાસે પાડોશીનો એક આંબો હતો. એ આંબાની કેટલીક ડાળીઓ અમારા કંપાઉંડમાં પડતી હતી. આંબા ઉપર મરવા બેઠા હતા, અને છોકરાઓ પથ્થર મારી મરવા પાડે છે એ જાતની ફરિયાદ એના રખેવાળ તરફથી અવારનવાર આવતી હતી. એ માટે વિદ્યાર્થીઓને ઠપકો, ચેતવણી વગેરે આપવા જેવું બધું અમે કરી ચૂક્યા હતા. પણ પૂનમલાલની સરદારી હેઠળની ટોળી ઉપર એની કશી અસર થવા પામી ન હતી. પરિણામે રખેવાળે છોકરાઓને ભગાડવા માટે પથ્થરો મારવા માંડયા. અને પૂનમલાલની ટોળીને જાણે એ જ જોઈતું હોય તેમ એ પથ્થરોનો જવાબ તેમણે બેવડા ઝનૂનથી આપવા માંડયો. અમારા ચોકીદારે આ જોયું અને પુનમલાલને તેણે પકડી લીધો.

એક બાજુથી પૂનમલાલને લઈને ચોકીદાર મારી પાસે આવ્યો, ત્યાં બીજી બાજુથી આંબાનો રખેવાળ અને તેની પત્ની ભારે અકળાટ સાથે રાવ ખાતાં આવી પહોંચ્યાં. વાતમાંથી મેં જાણી લીધું કે રખેવાળે એ આંબાની કેરી પચીસ રૂપિયે ખરીદી લીધી હતી. એની નફાની આશા તો બધી ધૂળમાં મળી ગઈ હતી, પણ એનું મુદ્દલ પણ હાથમાં નહિ આવે એવી એની ખાતરી થઈ ગઈ હતી. એનો અકળાટ સાચો હતો. મેં એને કહ્યું, “પંદર રૂપિયા નફો લઈ એ આંબો મને આપી દે.” મારી આ અણધારી વાતથી છોકરાંઓ તેમજ રખેવાળ ઘડીભર તો અવાક્ બની ગયાં. રખેવાળ તો બાપડો મૂંઝાઈ ગયો અને જાણે પોતે ગુનેગાર હોય એવી સ્થિતિમાં આવી પડયો. પણ મારી વાતની ગંભીરતાની તેને ધીરે ધીરે ખાતરી કરાવી તેના હાથમાં મેં ચાલીસ રૂપિયા મૂકી દીધા. એ પછી પૂનમલાલને સંબોધીને કહ્યું, “હવે પડાય તેટલા મરવા પાડો.” પણ મારી આ સૂચનાની એના મન ઉપર કશી જ

અસર થતી ન હોય એવું જણાતાં મેં કહ્યું, “કેમ, ડરી ગયો?” જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ, મારા આ ટોણાથી ઉશ્કેરાયેલો તે આંબા તરફ દોડી ગયો અને બને તેટલા ઝનૂનથી આંબા ઉપર પથ્થરમારો કરી તેણે ઢગલાબંધ મરવા ખંખેરી પાડયા. એ અંગે મેં કશી જ પૂછપરછ ન કરી તેમ જ એ બનાવની કોઈ નોંધ પણ લીધી નહિ. બીજે દિવસે પૂનમલાલ મારે ઘેર આવ્યો. થોડો વખત તો એ મૂંગો મૂંગો બેસી રહ્યો. એને કંઈક કહેવું હતું, પણ એ બોલી શકતો નહોતો. પછી ખૂબ અકળાટ સાથે તે બોલ્યો, “તમે ખૂબ ખરાબ છો.”

મેં કહ્યું: “તેં આજે જ જાણ્યું?”

તે બોલ્યો: “બધાના દેખતાં મને આમ શા માટે ભોંઠો પાડ્યો?”

મેં કહ્યું: “તને ક્યાં ભોંઠો પાડ્યો છે? તારે મરવા જોઈતા હતા અને તેની મેં તને અનુકૂળતા કરી આપી.”

“ના, ના, એવું નથી; તમે તમારી ભલાઈથી મને દબાવવા માગો છો, પણ એમ હું દબાવા માગતો નથી.”

મેં કહ્યું: “મારું પણ એ જ કહેવું છે; તારે દબાવાનું નથી જ.”

તે વધુ બોલવા અસમર્થ જણાયો. આવેગથી એનો અવાજ કંપતો હતો. તે સફાળો ઊભો થઈ એક પણ વધુ શબ્દ બોલ્યા વિના ચાલ્યો ગયો. એ પછી મોડેથી મને ઑફિસમાં એકલો બેઠેલો જોઈ તે આવ્યો, અને કંઈ પણ બોલ્યાચાલ્યા વિના મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી જતો રહ્યો. ચિઠ્ઠીમાં તેણે લખ્યું હતું:

“તમારા ચાલીસ રૂપિયા મારે વાળી આપવા છે. મને કંઈ કામ આપો. ગમે તેવું મજૂરીનું કામ કરવા પણ હું તૈયાર છું. ઝાડુ વાળવાનું કામ પણ હું કરીશ.” શાળા છૂટયા બાદ મેં પૂનમલાલને બોલાવ્યો અને અમે તાજેતરમાં જ સાઠ આંબા રોપ્યા હતા તેને પાણી પાવામાં તથા એ દરેક આંબા ફરતે થોરિયાની વાડ કરવામાં માળીને મદદ કરવાનું કામ મેં તેને સૂચવ્યું. આ વાત સાંભળતાં જ તેની આંખ આનંદથી હસી ઊઠી. એની ટુકડી સાથે એણે એ કામ ઉપાડી લીધું.

પછી થોડા જ દિવસમાં ’૪૨ની લડત આવી; શાળા બંધ થતાં પૂનમલાલ પોતાને ગામ ગયો. દસ મહિના બાદ જ્યારે શાળા ફરીથી ઊઘડી ત્યારે પૂનમલાલ પાછો આવ્યો નહિ. એનાં માતપિતા હતાં નહિ. એની ઘરડી માસી એની સંભાળ રાખતી. અને પૂનમલાલને પાછો મોકલવા અમે લખેલા પત્રો અનુત્તર રહ્યા.

[‘સંસ્કૃતિ’ માસિક: ૧૯૫૭]

# નિર્મળ દીવી

‘કુમાર’નો ૫૦૦મો અંક! કેટકેટલી સ્મૃતિઓ, કેટકેટલી તવારીખો અંકાઈ ગઈ છે એ પહેલા અને પાંચસોમા અંક વચ્ચે! કેવા પ્રબળ ઝંઝાવાતો! એમાં નિર્મળ ઘીના દીવાની જેમ સ્થિર જ્યોતે ‘કુમાર’ પ્રકાશતું રહ્યું છે. ગુજરાતની એ એક મંગળ, સાંસ્કૃતિક જ્યોત છે. એના શીતળ, સ્થિર, શાંત પ્રકાશમાં અનેક પથિકોને પ્રેરણા મળી છે.

આ કથા કહેતાં કલ્પના નાચી ઊઠે છે. પણ એ બધું સિદ્ધ કરતાં શું થયું હશે; ડગલે ને પગલે ખાડેટેકરે અડવડતા, ઠોકરાતા કયા હાથોમાં એ દીવી સચવાતી રહી છે, એ કથા આપણે કેટલી બધી ઓછી જાણીએ છીએ! કેવળ એક કે બે વ્યક્તિની મૂક સાધના પ્રજાજીવન ઉપર કેટલી વ્યાપક અસર કરી શકે છે, તેનું એક અત્યંત મનોરમ ચિત્ર ‘કુમાર’ના પાંચસોમા અંક પ્રસંગે ગુજરાતને લાધશે.

# નમીએ તુજને વારંવાર

*પરોઢિયે પંખી જાગીને*
*ગાતાં મીઠાં તારાં ગાન;*
*પરોઢિયે મંદિર-મસ્જિદમાં*
*ધરતાં લોકો તારું ધ્યાન.*

*તું ધરતીમાં, તું છે નભમાં,*
*સાગર મહીં વસે છે તું;*
*ચાંદા-સૂરજમાંયે તું છે,*
*ફૂલો મહીં હસે છે તું.*

*હરતાં-ફરતાં કે નીંદરમાં*
*રાતે-દિવસે, સાંજ-સવાર,*
*તારો અમને સાથ સદાયે,*
*તું છે સૌનો રક્ષણહાર.*

*દેવ, બનાવી દુનિયા છે તેં,*
*તારો છે સૌને આધાર;*
*તું છે સૌનો, સૌ તારાં છે,*
*નમીએ તુજને વારંવાર!*

## સાફલ્યટાણું

[શ્રી ઝીણાભાઈ દેસાઈની આત્મકથાનો આ બીજો ભાગ અસહકારનું આહ્વાન થયું ત્યાંથી શરૂ થાય છે અને પછી દેશભરમાં જે વ્યાપક ધરપકડો થઈ તેના ભાગરૂપે ઝીણાભાઈ પણ પકડાયા ને ૧૯૩૩ના પાછલા ભાગમાં છૂટીને બહાર આવ્યા ત્યાં પૂરો થાય છે. આમ, એ તેર વર્ષની કથા છે. એ વર્ષો આપણા દેશના અને ઝીણાભાઈની પેઢીના માણસોના જીવનનાં ઉજ્જ્વળ ત્યાગભાવના અને દેશની આઝાદી માટે કંઈક કરી છૂટવાની તીવ્ર તમન્નાભર્યાં વર્ષો છે. ખરું જોતાં, આ ઝીણાભાઈ નામે એક વ્યક્તિની કથા નથી રહેતી પણ એ જમાનાની અનેક વ્યક્તિઓની, અને ખાસ તો એ ગાળામાં દેશે અનુભવેલા અપૂર્વ અને અદ્‌ભુત જીવનસાફલ્યના ટાણાની, કથા બની જાય છે. ગાંધીજી માટીમાંથી માનવ સરજતા હતા એમ જે કહેવાયું છે, તે ક્રિયા અહીં પ્રત્યક્ષ જોવા મળે છે. એ જમાનાનો ઉચ્ચ આદર્શવાદ અને ધ્યેયનિષ્ઠ

ત્યાગભાવના સામાન્ય માણસમાં પણ કેવું બળ પૂરતાં હતાં તેનો અહીં પાને પાને પરિચય થાય છે. એ રીતે આ કથા આજની પેઢીને આપણી આઝાદીની લડતના એક ઉજ્જ્વળ ગાળાના પ્રેરક અને પાવક વાતાવરણનો જાણે કે પ્રત્યક્ષ અનુભવ કરાવે છે.—નગીનદાસ પારેખ]

*

ઑક્ટોબર ૧૯૨૦: કોઈ મોટા ગુરુત્વાકર્ષણથી હોય તેમ ભરૂચથી અમે કેટલાક વિદ્યાર્થીઓ સુરતના ‘પાટીદાર આશ્રમ’માં ખેંચાઈને ગયા. તે વખતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે એક પ્રચંડ સભા યોજાઈ હતી. એ સભાને ગાંધીજી સંબોધવાના હતા. માત્ર વિદ્યાર્થી-જગતમાં જ નહીં, પણ આખા જાહેર જીવનમાં ભારે ઉત્સાહનું પૂર આવ્યું હતું. ટ્રેન મારફતે, બળદગાડાં મારફતે કે પગપાળા ઠેરઠેરથી, ગામગામથી વિદ્યાર્થીઓ, જુવાનો અને વૃદ્ધોનો પ્રવાહ અસ્ખલિત રીતે, સભાના સમયથી ઘણો વહેલો, પાટીદાર આશ્રમ તરફ વહેતો થયો હતો. ગાંધીજીને જોવાનું અને એમને સાંભળવાનું ભારે કુતૂહલ લોકોના મનમાં હતું. કંઈક અવનવું બનવાનું છે, અંગ્રેજ સરકારના પાયા ડગમગવા લાગ્યા છે, અને દક્ષિણ આફ્રિકામાં મોટી જીત મેળવી ગાંધીજી આવ્યા હતા તેમ આપણે ત્યાં પણ સરકાર સામે તે એવો જ વિજય મેળવવાના છે, એવી લોકોને જાણે કે ખાતરી થઈ ગઈ હતી; જોકે અસહકારની લડતનો પૂરો ખ્યાલ લોકોને ન હતો. એમને પોતે શું કરવાનું છે એનો પણ એમને ખ્યાલ ન હતો. એમને એક જ ખ્યાલ હતો, ને તે એ કે ગાંધીજી જે કંઈ કહે તેવું અચૂક થાય જ. આવી અખૂટ શ્રદ્ધા, ગાંધીજીને જેમણે જોયા ન હતા, સાંભળ્યા ન હતા, પણ જેમનાં કેટલાંક લખાણો વાંચ્યાં હતાં, તેવા અમારા જેવા વિદ્યાર્થીઓમાં હતી.

આજે લગભગ છ દાયકા બાદ પણ એ ભવ્ય દૃશ્યને વર્ણવવા મારી પાસે શબ્દો નથી. ગાંધીજીનું ઉદ્‌બોધન ખાસ કરીને વિદ્યાર્થીઓને અનુલક્ષીને હતું: એક વર્ષને માટે જો આખો દેશ અસહકાર કરે, શાળા-કૉલેજોનો વિદ્યાર્થીઓ બહિષ્કાર કરે, વકીલો કોર્ટનો, અધિકારીઓ સરકારી નોકરીનો બહિષ્કાર કરે, તો સ્વરાજ એક વર્ષમાં હસ્તામલકવત્

બને. ગાંધીજીની જાદુભરી વાણી મારા ચિત્તતંત્રાને કોઈ નવા પ્રકાશથી ભરી ગઈ. મૅટ્રિકની પરીક્ષામાં પહેલા દસમાં સ્થાન મેળવી જગન્નાથ સ્કૉલર બનવાની મહત્ત્વાકાંક્ષા સાથે હું ભરૂચ આવ્યો હતો. સિદ્ધિઓનાં તે રંગીન સ્વપ્નાં, કાશીબા ને નાનાં ભાઈ-બહેનો માટેની ચિંતા—એ બધું જાણે કે મનમાંથી સરી પડ્યું, શેષ રહી માત્ર એક જ ઝંખના—શાળા છોડી દઈ મુક્તિસંગ્રામમાં સ્વયંસેવક બનવાની અને તે માટેની પાત્રાતા પામવાની.

એ માટે સૌથી પહેલું કામ તો શાળા છોડવાનું હતું. એ મારે માટે કેટલું બધું મુશ્કેલ હતું એનો વિચાર કરવામાં પણ જાણે બલિદાન માટેની પાત્રાતા ઝંખવાતી હોય એવી મારા મનની સ્થિતિ બની. હું કઈ રીતે કાશીબાની પાસે જાઉં, કઈ રીતે એમની પાસે રજા માગું? એ તો રાહ જોતાં હતાં કે ક્યારે એમનો બોજ હું હળવો કરું. પણ જે પ્રચંડ આહ્‌વાન હતું એની આગળ આ બધી વસ્તુ ઓગળી જતી લાગી.

મેં અસહકારમાં ઝંપલાવ્યું અને જોતજોતામાં ભરૂચમાં એ લડતના એક વિદ્યાર્થીનેતા તરીકેનું મને સ્થાન મળી ગયું. બટુકનાથ વ્યાયામશાળાના મેદાનમાં એક સભામાં મને ભાષણ કરવાની તક મળી. એ વખતે મારી સમજ પ્રમાણે વાણીની છટા સાથે ઉગ્ર તથા ઝનૂનભર્યાં વિધાનો મેં કર્યાં અને ઉપરાઉપરી પડતી તાળીઓથી હું જાણે કે સાતમા આસમાને ચડ્યો. આ ઘેન ઘણું ભારે હતું, અને હું વ્યાખ્યાન કરવાની તકો શોધવા માંડ્યો.

મારી શાળા હજુ અસહકારમાં ભળી નહોતી. એ વખતે શાળાઓને સરકારી અંકુશમાંથી મુક્ત કરાવવા માટે પિકેટિંગ કરવાનો પવન શરૂ થઈ ગયો હતો. એ પવન અમારે ત્યાં પણ જોરથી ઊઠ્યો; અને મારી શાળા ઉપર પિકેટિંગ કરવા માટેનાં ટોળાંમાં હું ફંગોળાયો. છોટુભાઈ મારી પાસે આવ્યા. તેમણે કહ્યું, “આપણે પોતાને જે ઠીક લાગે તે કરવા સ્વતંત્ર છીએ, પરંતુ બીજાના ઉપર આપણા વિચારો બળજબરીથી લાદવા એ શું બરોબર છે? આપણે આપણી શાળાને પણ અસહકારમાં લઈ જવી છે, પણ એને માટે બધાની સંમતિ જોઈએ, એમાં કદાચ

થોડો સમય પણ જાય.” એ વખતની એમની બધી વાતો તો મને યાદ નથી, પણ એમના ગૌરવભર્યા વ્યક્તિત્વ આગળ હું અત્યંત શરમિંદો બની ગયો. મને થયું કે હું જે કંઈ કરી રહ્યો હતો, તેમાં અવિનયની પરિસીમા હતી. તેમાંથી પાછા વળવાનું મેં વિચાર્યું, પણ મારા સાથીઓએ મને પડકાર્યો, હું ટોળાની બહાર ન જઈ શક્યો.

લડતના કામમાં જોડાયા પછી મારે સુરત જવાનું થયું. એ વખતે સુરતમાં પાટીદાર આશ્રમ અને અનાવિલ આશ્રમ તો જાણે યુદ્ધનાં મોટાં કેન્દ્રો બની ગયાં હતાં. એકમાં સેનાપતિ તરીકે હતા કલ્યાણજીભાઈ, બીજામાં હતા દયાળજીભાઈ. હું અનાવિલ આશ્રમમાં ગયો. આખું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયેલું હતું.

સુરત એ વખતે દલુ-કલુની જોડીથી ગાજતું હતું. દલુ એટલે શ્રી દયાળજીભાઈ દેસાઈ અને કલુ એટલે શ્રી કલ્યાણજીભાઈ મહેતા. જીવનમાં ઘણાં શક્તિશાળી સ્ત્રી—પુરુષોનો પરિચય મેળવવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. સમર્થ અધ્યાપકોને ચરણે બેસી જ્ઞાનામૃતનું પાન કર્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક પરિષદોમાં પણ ભાગ લેવાનું અને એ નિમિત્તે ઘણી તેજસ્વી વ્યક્તિઓના સમાગમમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. પણ દલુ-કલુની મારા મન પર જે છાપ રહી છે, અને એનું સ્મરણ કરતાં મારું મન જે આનંદથી પુલકિત થઈ ઊઠે છે, જે ઊંડી ઉષ્મા અનુભવે છે, તેવું આચાર્ય કૃપાલાનીજી કે ગિદવાણીજી જેવી વિરલ વ્યક્તિઓ બાદ કરતાં આંગળીને વેઢે ગણી શકાય તેવી પરિમિત વ્યક્તિઓ માટે જ મેં અનુભવ્યું હશે. દક્ષિણ ગુજરાતની ગભરુ, નિખાલસ ને બાળક જેવી સરળ આમજનતામાંથી આવેલા આ બંને ધરતીજાયા એ પ્રદેશના ઉત્તમ પ્રતિનિધિઓ જેવા હતા. ફળદ્રુપ એવા એ પ્રદેશમાં નદી, નાળાં, ઝરણાં અને તળાવોની મનોરમ ફૂલગૂંથણીથી ભરેલી એની હરિયાળી વાડીઓ જે માનવીઓના અખૂટ પરિશ્રમ અને તપથી પલ્લવિત બનતી રહી છે, તે ખેડૂતોના એ વારસ હતા. દયાળજીભાઈ જ્ઞાતિએ અનાવિલ બ્રાહ્મણ, અને કલ્યાણજીભાઈ પાટીદાર. બેમાંથી એકેયે યુનિવર્સિટીનું પ્રવેશદ્વાર દીઠેલું નહીં. પરંતુ

એમની ચોમેરની અનેક યુગોના અનુભવોથી ભરેલી પ્રકૃતિએ એમને નિત પાંગરતા ને નિત તાજા રાખ્યા હતા, અને બેઉ આપણા ઉચ્ચ કોટિના કર્મનિષ્ઠ આજીવન સારસ્વત બન્યા. દયાળજીભાઈએ પોતાની કોમનાં વિદ્યાર્થીઓ માટે સુરતમાં અનાવિલ આશ્રમની સ્થાપના કરી, અને કલ્યાણજીભાઈએ પણ બાજુમાં જ એમની કોમનાં બાળકો માટે પાટીદાર આશ્રમ સ્થાપ્યો. આ બંને આશ્રમો સહોદરની જેમ વિકસ્યા અને બંનેની ક્ષિતિજો પણ વિસ્તીર્ણ બનતી ગઈ. વખત જતાં નાતજાતનાં બંધન વિના એમાં સૌ કોઈને પ્રવેશ મળે તેવી પરિસ્થિતિ પણ સર્જાઈ અને એમણે રાષ્ટ્રીય સંસ્થાનું બિરુદ પ્રાપ્ત કર્યું.

આ બે સંસ્થાઓનો હું જ્યારે વિચાર કરું છું ત્યારે એ વખતના ગુજરાતમાં જે નવી સાંસ્કૃતિક ચેતના ઉદય પામી રહી હતી તેનું પ્રેરક દૃશ્ય નજર સમક્ષ રમી રહે છે. એ જ અરસામાં ચરોતરમાં શ્રી મોતીભાઈ અમીન અને સૌરાષ્ટ્રમાં શ્રી નાનાભાઈ ભટ્ટ જેવા જીવનવીરોએ જ્ઞાનની નવી રોશનીઓ પ્રગટાવી હતી અને ગુજરાત એના વિવિધ ભાગોમાં પ્રગટેલી આ નાની નાની ઘીની દીવડીઓના મઘમઘાટભર્યા પ્રકાશથી દીપી રહ્યું હતું.

અસહકારની શરૂઆતના એ દિવસો યાદ કરતાં, જેમ કોઈ ઊંચા ગિરિશિખર પરથી ધરતીના જુદા જુદા ભૂમિખંડો એકબીજામાં ગૂંથાઈ ગયેલા દેખાય, તેમ વિગતો એકબીજામાં ઓતપ્રોત થયેલી મનમાં ઊભરાય છે. ગુજરાતની ધરતીને નવપલ્લવિત કરતા અનેક ભવ્ય સ્રોતો દેશના જુદા જુદા ભાગમાંથી આપણે ત્યાં વહેતા થયા હતા. અખૂટ ચેતના ને પ્રેરણાના એવા એક ભાવનાસભર સ્રોત હતા આચાર્ય ગિદવાણી. આ જીવનયાત્રામાં મારા પર એમનું કેવું ભારે ઋણ છે, તેનો અંદાજ કાઢવાનું મારી શક્તિ બહાર છે. એમને એ વખતની જાહેર સભાઓમાં કેટલી વાર સાંભળ્યા તેનો હિસાબ આપી શકાય એમ નથી. પણ આજે જ્યારે એ વખતની સ્મૃતિઓ તાજી થાય છે ત્યારે પ્રાચીન રોમની સેનેટનો કોઈ પ્રતિભાવંત સેનેટર આપણે ત્યાં ઊતરી આવ્યો હોય એવી, શ્વેત ખાદીના ઝભ્ભા ઉપર જનોઈઢબે શાલ—વેષ્ટિત એક

ભવ્ય આકૃતિ અડધી સદીના કાળના પડદાને હટાવી દૃષ્ટિગોચર થાય છે. એમના મુગ્ધ શ્રોતા અમે સૌ કિશોર ને તરુણો એમની વાક્છટા ને ભાષાવૈભવના રસિયા હતા.

ગિદવાણીજીની વાણીનું વશીકરણ કેવું ભારે હતું, એ શબ્દોથી ભાગ્યે જ દાખવી શકાશે. કોઈ પ્રચંડ ધોધ પડતો હોય એવી અસ્ખલિત એમની વાણી સાંભળતાં અમે એમને શબ્દે શબ્દે જાતને ભૂલી એ જેમ દોરે તેમ જાણે કે દોરવાયે જતા: “ભારતમાતા પરાધીનતાની બેડીમાં છે ત્યારે ક્યાં સુધી એ બેડીઓને આલિંગતા તમે આ સંસ્થાઓને વળગી રહેશો? ક્યાં સુધી ઝેરી સર્પોની જેમ તમારાં મન અને આત્માને દૂષિત કરતાં વિદેશી વસ્ત્રો, પેન, ઘડિયાળ આદિને તમારા અંગ પર રાખવાની ક્ષુદ્રતા ને હીણપત તમે વેઠશો?....” એમનાં આ વાક્યો પૂરાં થાય ન થાય ત્યાં તો, ઇન્ટર આર્ટ્સની પરીક્ષા માટે તૈયારી કરતા મારા એક મિત્રો થોડા જ દિવસ પર ખરીદેલી દોઢસો રૂપિયાની, તે જમાનામાં ખૂબ કીમતી લેખાય એવી, કાંડાઘડિયાળ જમીન પર ફગાવી દીધી! ગજબનું હતું એ વશીકરણ. સુન્દરમ્‌ને સત્યાગ્રહની લડત વખતે ‘સાફલ્યટાણું’ કાવ્યમાં લાધેલું દર્શન રોજ રોજ નજર આગળ ભજવાતું અમે જોતા, અને એના વધતા જતા અદમ્ય નશામાં અમે એકબીજા સાથે ત્યાગની હોડમાં ઊતરતા.

એમનું નામ સૂચવે છે તેમ ગિદવાણીજી મૂળે સિન્ધી. દિલ્હીની રામજસ કૉલેજના આચાર્યપદે એ હતા. શાળા-કૉલેજના બહિષ્કારની હાકલના જવાબમાં આચાર્યપદનો ત્યાગ કરી પોતાની જાત તેમણે ગાંધીજીને ચરણે ધરી દીધી હતી, ને ગાંધીજીએ તેમને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકપદની જવાબદારી સોંપી હતી.

સ્વરાજ માટે ગાંધીજીની અધીરાઈને સીમા ન હતી. એક વર્ષમાં દેશને સ્વરાજ મેળવી આપવાનો એમણે કોલ આપ્યો હતો. ‘એક વર્ષમાં સ્વરાજ’ શબ્દપ્રયોગે જાણે કે એક પ્રકારની મંત્રાશક્તિ મેળવી લીધી હતી. આ ભવ્ય રાષ્ટ્રયજ્ઞમાં આપણે રખે રહી જઈએ, એ ઝંખના આબાલવૃદ્ધ લાખો ને કરોડો લોકોના હૈયામાં થનગની ઊઠી હતી. એક

કરોડનો ટિળક ફાળો, કૉંગ્રેસના કરોડ સભ્યો ને વીસ લાખ રેંટિયાના ગુંજારવથી દેશને ભરી દેવાના કાર્યક્રમને પાર પાડવા અસંખ્ય જણે પોતપોતાની શક્તિ ને રુચિ અનુસાર ઝંપલાવ્યું હતું. શાળા-પાઠશાળા છોડી આવેલા વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ ચાલુ રાખવાની સગવડ વિદ્યાપીઠોની સ્થાપના કરી ગાંધીજીએ ઊભી કરી આપી. પણ તેમના લોભને થોભ ન હતો. એટલે ગાંધીજીએ યુદ્ધસમયના વિદ્યાર્થીધર્મની વાત શરૂ કરી. યુદ્ધમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પુસ્તકોને અભરાઈએ ચડાવી, શસ્ત્ર સજી રણભૂમિ પર ધસી જતા હોય છે.

ગિદવાણીજીએ ગાંધીજીની વાતનો આ તંતુ પકડી લઈ, શાળા-પાઠશાળા છોડી આવેલા વિદ્યાર્થીઓ પૈકી જેઓ આખો વખતના રચનાત્મક કાર્યક્રમમાં જોડાઈ જઈ સ્વાધીનતાના સૈનિક થવા માગતા હોય તેમને માટે સ્વરાજ આશ્રમની સ્થાપના કરી. સ્વરાજ આશ્રમમાં એક જ કાર્યક્રમ હતો—કાંતવાનો ને કાંતણ શીખવવાનો, ને એ રીતે તૈયાર થયેલા વિદ્યાર્થીઓને ગામડાંમાં મોકલવાનો. એ વખતે કાંતવાની પ્રવૃત્તિએ આશ્ચર્યજનક આકર્ષણ જમાવ્યું હતું. એમાં જ જાણે મુક્તિની અમોઘ શક્તિ હોય એવી પ્રાણવાન હવા એણે ઊભી કરી હતી.

સ્વરાજ આશ્રમમાં અલ્પ સમય મારે રહેવાનું થયું. ત્યાંના વિચાર, વર્તન ને વાણીમાં અદમ્ય ઉત્સાહ, ભાવનાશીલતા અને ત્યાગની ભાવના હતી. રાત્રે ગીતો, લોકનૃત્યો, જુદા જુદા દેશોની સ્વાધીનતાની લડતની વાતો, આપણે ત્યાંના ક્રાંતિકારીઓના જીવનની રોમાંચક કહાણીઓ વગેરેથી મન ભર્યું ભર્યું બની જતું. અહિંસક યુદ્ધના સૈનિકો માટેનો એ એક પ્રકારનો તાલીમશિબિર હતો, ને ત્યાંથી તૈયાર થઈ વિદ્યાર્થીઓ ગામડે પ્રચાર અર્થે જતા અથવા નવી સ્થપાતી રાષ્ટ્રીય શાળાઓમાં અધ્યાપન માટે જતા.

એ વખતે સાપ્તાહિક ‘નવજીવન’નો પ્રવાહ આખા દેશને માટે પ્રેરણાના પ્રચંડ નદ જેવો હતો. દર અઠવાડિયે એના આગમનની અમે આતુરતાથી રાહ જોતા, અને તેના દરેક અંકમાંથી કંઈક નવી પ્રેરણા, નવી દૃષ્ટિ, નવી ભાવના વગેરે મેળવતા. એ અરસામાં ‘નવજીવન’માં

આવેલા સહી વિનાના એક લેખનું શીર્ષક મને યાદ આવે છે. એ હતું ‘ઋષિઓના વંશજ’. એ લેખમાં, સત્યાગ્રહ આશ્રમમાં એ વખતે જે નવું ભાવનાજગત સર્જાઈ રહ્યું હતું એ માટેનો મુગ્ધ અહોભાવ હતો. બહાર કામગીરી બજાવી ઘણે દિવસે પાછા વળતાં લેખકે આશ્રમમાં જાણે કે કોઈ નવી જ દુનિયા જોઈ. એ દુનિયા હતી આદર્શોની રંગબેરંગી ઝાંયવાળી, એમાં હતી નિર્મળ ચારિત્રય માટેની સાત્ત્વિક સ્પર્ધા અને ત્યાગ માટેની ઊંડી તમન્ના. લેખકે આશ્રમમાં જેનું દર્શન કર્યું તે, નાખી નજર ન પહોંચે એવી અમારી તે દિવસોના આદર્શોની ક્ષિતિજો એમાં અમે લહેરાતી જોતા. આખો દેશ અને ખાસ કરીને એની કિશોર અને તરુણ દુનિયા અમને ઋષિઓના વંશજ જેવી લાગતી. જ્યાં નજર પડે ત્યાં આદર્શઘેલાં યુવક-યુવતીઓનાં મુખ ઉપર મુક્તિની ઝંખના અને એ માટેની સાધનાની દીપ્તિ નજરે પડતી. એ વખતે અસહકારના રંગે રંગાયેલી જે કોઈ વ્યક્તિને—કિશોરોથી માંડી વૃદ્ધો સુધી—મળવાનું થતું, તે બધી જાણે ભાવનાના પ્રચંડ તરંગો પર ઝોલાં ખાતા દેવો જેવી લાગતી. એ પ્રત્યેકને ભારે મનોમંથન અને વેદનાઓના બોજને હસતે મુખે હળવા ફૂલની જેમ ઉપાડી, પોતે જ્યાં હોય ત્યાં પોતાનું શ્રેષ્ઠ અર્પતા જોવા અને એ બલિદાનની ધન્યતાથી પુલકિતતા અનુભવતા જોવા, એ જીવનનો એક અણમોલ લહાવો હતો.

અસહકારની લડત જેમ જેમ વેગ પકડતી ગઈ તેમ તેમ એના વિરોધીઓ પ્રત્યેનો અસહિષ્ણુતાનો પારો પણ ઊંચે ચડતો ગયો. નેતાઓનાં ભાષણોમાં પણ ઘણું ઝનૂન પ્રવેશતું. લાલા લજપતરાયે તો ‘જે અમારી સાથે નથી તે અમારી સામે છે’ એવું સૂત્રા આપ્યું, ને અમે અમારાં વ્યાખ્યાનોમાં એને વેદવાક્યની જેમ ટાંકી એના પરના ભાષ્યમાં વાણીને અંકુશવિહોણી બનાવી દેતા. આપણા દેશમાં અનેક વાર સામાજિક અત્યાચારોમાં પરિણમેલું ન્યાતબહાર મૂકવાનું શસ્ત્ર પણ અવારનવાર વપરાવા લાગ્યું ને કેટલીક વાર તે ઘોર હિંસામાં પણ સરી પડતું. ચૌરીચૌરામાં એણે એનું અતિ વરવું સ્વરૂપ દાખવ્યું. આમ, અસહકારનો અખતરો ઘણો મુશ્કેલ હતો. માણસના સ્વભાવગત

રાગદ્વેષ પર વિજય મેળવી માનવતાનો, પ્રેમનો ને અહિંસાનો મહિમા માનવહૃદયમાં વધારવાનો હતો—અને એ કાર્ય ગાંધીજીએ અમારા જેવાં અસંખ્ય અપૂર્ણ કે પાંગળાં સાધનો દ્વારા સાધવાનું હતું!

લોકોના મોહ ને પ્રેમને રચનાત્મક માર્ગે વાળવાનું ગાંધીજી જેવા માટે મુશ્કેલ ન હતું. પણ એમની મોટી મુશ્કેલી તો આ દેશના અનેક સારાનરસા વારસાવાળી વિરાટ જનતામાં નૈતિક મૂલ્યો માટેની ભૂમિકા સર્જવાની હતી. ગાંધીજી કરતાં સહેજ પણ ઓછી શક્તિવાળી વ્યક્તિ આવા વિષમ સંજોગોમાં ભાંગી પડ્યા વિના ભાગ્યે જ રહી શકી હોત. પોતાને એક અમોઘ શસ્ત્ર લાધ્યું હતું; પણ જેમના હાથમાં એ મૂક્યા વિના પોતે આગળ ડગ ભરી શકે તેમ ન હતું, ને જે હાથમાં એ મુકાય તે હાથમાં એ માટેની પાત્રાતા ઓછી હતી એ, જગતના અન્ય મહાન પયગંબરોની જેમ, ગાંધીજીના જીવનની મોટી કરુણતા હતી.

['સાફલ્યટાણું' પુસ્તક: ૧૯૮૩]

## મારે જાણવું છે

*દુનિયા આખીમાં મારે છે*
*ઘણું ઘણું જોવાનું,*
*અહીંયાં બેસી રે'તાં મારે*
*શું શું નહિ ખોવાનું!*

*ધરતીનો છેડો છે ક્યાં ને*
*સૂરજ આવે ક્યાંથી?*
*કોયલ કાળી, પોપટ લીલો,*
*બગલો ધોળો શાથી?*

*શિયાળે ઠંડી છે શાને?*
*ગરમી કેમ ઉનાળે?*

ચોમાસામાં ગાજવીજ શેં?
તણખો શાથી બાળે?

આવું આવું ઘણુંક મારે
ભણવાનું હજી બાકી,
લીલી કેરી પીળી પડતાં
કેમ મનાતી પાકી?

ચાર પગે કેમ પશુઓ ચાલે?
પંખીને કેમ પાંખો?
આવી દુનિયા જોવા મુજને
દીધી કોણે આંખો?

## સ્વાધીનોનું ગીત

સ્વાધીન અજય છે ભોમ અમારી,
મુક્ત અજય અમ સરિતાતીર;
ગિરિગહ્વર ને ખીણ-કોતરો,
મુક્ત સદા અમ સાગર-નીર!
[વૃન્દ] સ્વાધીન! અમે સ્વાધીન! સદા સ્વાધીન!

અમે સૌ ઉન્નત-શિર;
મુક્ત અભય છે ભોમ અમારી,
મુક્ત અભય અમ વહે સમીર.
વિશાળ ગૌચર ધણ અમ વિહરે,
મત્ત મુક્ત અમ ગોપી-ગોપ;
ભર્યાં ભર્યાં ખેતર અમ વિલસે,
મુક્ત નભે લહેરંતા રોપ!
[વૃન્દ] સ્વાધીન! અમે સ્વાધીન! સદા સ્વાધીન!

*સ્વાધીન ખડાં અમ ઘર જહીં રૂડાં,*
*જ્યાં સ્વાધીન સુખી સંસાર;*
*મુક્ત જહીં અમ મા-વહુ-બેટી,*
*ખેલે મુક્ત જહીં અમ બાળ!*
*[વૃન્દ] સ્વાધીન! અમે સ્વાધીન! સદા સ્વાધીન!...*

*પડે નજર એ પર જે ઝેરી,*
*ખાતી તે અહીં મોત-પછાડ;*
*ઊભા સંત્રી અમે સદા જ્યાં,*
*હિમગિરિ સરખા માનવ-પહાડ!*
*[વૃન્દ] સ્વાધીન! અમે સ્વાધીન! સદા સ્વાધીન!*

*વંદન હો આ મુક્ત હવાને,*
*વંદન હો તુજને મા-ભોમ!*
*અમો જીવતાં મુક્ત તું નિત હો!*
*મુક્ત નભે જ્યાં સૂરજ-સોમ!*

['પનઘટ' પુસ્તક]

---

*આ પૂનમની ચમકે ચાંદની,*
*એને કોણ રોકે?*
*કાંઈ સાયર છલક્યો જાય,*
*કે એને કોણ ટોકે?*

—

*સ્વાધીન અજય છે ભોમ અમારી,*
*મુક્ત અજય અમ સરિતાતીર;*
*ગિરિગહ્વર ને ખીણ-કોતરો,*
*મુક્ત સદા અમ સાગર-નીર!*

# ચિરઆસ્વાદ્ય વિરહગીત

કવિની વાણીમાં આકાર પામે ન પામે ત્યાં તો કોઈ કોઈ કાવ્યપંક્તિ લોકજીભે રમતી થઈ જાય છે. હરીન્દ્રની ‘માધવ ક્યાંય નથી મધુવનમાં’ આપણા સાહિત્યની એવી એક પંક્તિ છે. વૃંદાવન છોડી કૃષ્ણ મથુરા ગયા, એની વિરહવેદના આખા ગોકુળના મુખમાં મૂકી સદીઓથી અનેક કવિઓ ગાતા આવ્યા છે. ગળથૂથીમાં મળતો એ સાહિત્યવારસો અત્યંત સમૃદ્ધ હોવા છતાં આપણા કવિઓને એનું આકર્ષણ એટલું બધું રહેતું આવ્યું છે કે પોતપોતાની આગવી રીતે કવિઓ પેઢી દર પેઢી કૃષ્ણનાં ગીતો લખતા જ રહે છે. આ પૈકી કેટલાંક તો નરસિંહ, મીરાં, દયારામ જેવા પાસેથી મળેલા વારસામાં ચિરંતન સ્થાનનાં અધિકારી બને છે. ‘માધવ ક્યાંય નથી મધુવનમાં’ આપણું એવું એક નીવડેલું ગીત છે; મધુવન છોડી ગયેલા કૃષ્ણના વિરહથી ગોપીઓને થતી વેદનાની કવિતાના આપણા સમૃદ્ધ વારસાની યાદ તાજી કરાવતું ચિરઆસ્વાદ્ય વિરહગીત છે. આપણાં ભણેલાં, અભણ, આબાલવૃદ્ધ—સૌને અતિપરિચિત એવી કથાને આજના કવિઓ કેવી તાજગીભરી નવીનતા અર્પે છે, તે આ ગીતની પંક્તિએ પંક્તિએ ધબકે છે.

[‘ભજનયોગ’ પુસ્તકઃ ૨૦૦૩]

—

*પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન,*
*પરોઢિયે મંદિર-મસ્જિદમાં ધરતા લોકો તારું ધ્યાન.*
*તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહીં વસે છે તું;*
*ચાંદા-સૂરજમાં યે તું છે, ફૂલો મહીં હસે છે તું.*

—

*હૈયે વડવાનલ જળે, તોયે સાગર ગાય;*
*સી જાણે જગઝેર પી, સન્તન તે કહેવાય.*

## જાનૈયા મેઘ...

*જાનૈયા મેઘ, ને કન્યા કોડેભરી વસુંધરા;*
*પત્રે પત્રે તૃણે પુષ્પે મોતી મંગલસૂત્રનાં.*

## પુત્ર-પ્રપૌત્રોને નહીં કહીશું?

વચ્ચે ચાર વર્ષ અભ્યાસ પડ્યો હોવા છતાં ભાઈ ઉમાશંકર એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થવા સંમત થયા. કોલેજમાં તે વખતે આચાર્ય તરીકે પ્રિન્સિપાલ હેમીલ હતા. તેમની છાપ એક દઢાગ્રહી સામ્રાજ્યવાદી તરીકેની હતી. તેમની સામે થોડુંક વિદ્યાર્થી-આંદોલન પણ થયું હતું. એ ઘટના, ઉમાશંકર એ કોલેજમાં દાખલ થયા તે પહેલાં બની હતી. ઉમાશંકરને તેમણે પૂછ્યું:

હે.: ઇન્ટર થયા પછી તમે ચાર વર્ષ શું કર્યું? કેમ આગળ

અભ્યાસ ન કર્યો?

ઉ.: હું સત્યાગ્રહની લડતમાં હતો.

હે.: એમ? તો તમે જેલમાં ગયા હતા?

ઉ.: હા, જી.

હે.: ગુજરાત કોલેજમાં પ્રિન્સિપાલ શિરાઝ સામેની હડતાલમાં તમે હતા?

ઉ.: હા, જી.

હે.: તો અહીં પણ તેવું ન કરો એની શી ખાતરી?

ઉ.: મેં દાખલ થવાના ફોર્મમાં સહી આપી છે એટલે મારે એ અંગે વિશેષ કહેવાનું રહેતું નથી.

હે.: સારું. હું તમને પ્રવેશ આપું છું.

બી. એ. થયા પછી એમણે કંઈક કામ કરવાનું નક્કી થતાં મારી સાથે શિક્ષક તરીકે કામ કરવા મેં તેમને નિમંત્રણ આપ્યું. તેમણે તે તુરત જ સ્વીકાર્યું. એમના આવવાથી વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકોમાં આનંદની લહર વ્યાપી ગઈ.

એમને નિમિત્તે થોડા સમય માટે એક નાનકડી અપ્રિય ઘટના બની. અમારે ત્યાં અનટ્રેઇન્ડ ગ્રેજ્યુએટને માસિક ૬૦ રૂપિયાના પગારથી અને ટ્રેઇન્ડને ૭૦ રૂપિયાના પગારથી નિમણૂક આપવામાં આવતી હતી. ઉમાશંકરની ૭૦ રૂપિયાથી નિમણૂક થઈ. એ સામે એ સમયે થોડોક અસંતોષ થયાની વાત મારી પાસે આવતાં હું કોમન રૂમમાં ગયો અને મેં એ અંગે પૂછ્યું. એક સિનિયર શિક્ષકે એ વાતનો સ્વીકાર કર્યો કે, આ જાતનો ભેદભાવ ઠીક નહોતો. તેમને મેં કહ્યું: “ઉમાશંકરે વિદ્યાક્ષેત્રે તેમ જ સાહિત્યક્ષેત્રે જે સિદ્ધિ મેળવેલી છે એનું પૂરું મૂલ્ય કદી પણ આંકી શકાશે ખરું? એમની એ સિદ્ધિઓ કરતાં બી. ટી.ની પદવી ચઢિયાતી? ભવિષ્યમાં કોઈ વખત એ યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર બનશે ત્યારે આપણે પુત્ર-પ્રપૌત્રોને ગૌરપૂર્વક નહીં કહીશું કે ઉમાશંકર એક વખત અમારા સહકાર્યકર હતા?” મને લાગે છે કે એ પછી એમના મનનું

સમાધાન થયું હતું. એ વખતે તો આખા મુંબઈ ઇલાકામાં એક જ યુનિવર્સિટી હતી, પરંતુ ગુજરાત યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી અને ઉમાશંકર તેના કુલપતિ બન્યા.

## વશીકરણ

વિદ્યાપીઠમાં આવતા અતિથિઓ પૈકી જે મને પ્રેરક રીતે યાદ રહ્યા છે તેમાં દિલીપકુમાર રાય અને ઝવેરચંદ મેઘાણી અગ્રસ્થાને છે. દિલીપકુમારે ગાયેલું મીરાંનું ભજન 'ચાકર રાખોજી' એટલા તો ભાવથી ગવાયું હતું કે એની પંક્તિએ પંક્તિએ આલેખાતાં ચિત્રો મારા મનમાં કંડારાતાં ગયાં.

આવા બીજા અતિથિ, જેમની સાથે વખત જતાં આત્મીયતા બંધાઈ તે શ્રી મેઘાણી, એ વખતે એટલા જાણીતા થયા ન હતા. હું ભૂલતો ન હોઉં તો એમણે સંગ્રહેલાં લોકગીતોનો કાર્યક્રમ પહેલવહેલો વિદ્યાપીઠમાં એમણે આપ્યો. તેમનું વ્યક્તિત્વ અત્યંત આકર્ષક હતું. બાંધી દડીનું એમનું શરીર, એમનો સાફો, આત્માના ઊંડાણમાં ઊતરી જતી હોય એવી સ્વપ્નદર્શી એમની આંખો, એમનો સૂરીલો અને બુલંદ અવાજ, એમની વાણીનું માધુર્ય ને નમ્રતા એ બધું પ્રથમ દર્શને જ આપણા મન પર વશીકરણ જમાવે એવું હતું. ગીતોની એક પછી એક વહી આવતી અમૃતધારાનું અમે આકંઠ પાન કર્યું. આચાર્ય કૃપાલાનીજી અને અમારા બીજા સિંધી અધ્યાપકોએ પણ ઉત્કંઠાથી એ રસ માણ્યો. એ કાર્યક્રમ ખાસ્સો બે-અઢી કલાક જેટલો ચાલ્યો અને સમય ક્યાં જતો રહ્યો એની કોઈને ખબર સરખી પણ રહી નહિ. હવે તો ગુજરાતની જીભને ટેરવે રમતાં થઈ ગયેલાં અનેક ગીતો એમણે અમને સંભળાવ્યાં. એ દરેક ગીતની એમની મિતાક્ષરી સમીક્ષા આકર્ષક હતી. અમારે માટે જેમ આ એક અવિસ્મરણીય પ્રસંગ હતો, તેમ એમની પ્રવૃત્તિઓને અમે જે ઉમળકાથી વધાવી લીધી તેનાથી તેમને માટે પણ એ પ્રસંગ ઘણો

યાદગાર બની ગયો.

['સાફલ્યટાણું' પુસ્તક]

# ઝીમલી મુખરજી

## ચંદનની અગ્નિપરીક્ષા

“આટલી ગજબની હિંમતવાળી એક બહેનને મળતાં મને અજાયબી થાય છે, ખૂબ આનંદ થાય છે, અને એક નારી તરીકે હું ગૌરવ અનુભવું છું!”

બોય-સ્કાઉટ અને ગર્લ-ગાઈડના એક આંતરરાષ્ટ્રીય શિબિરમાં દુનિયાભરમાંથી આવેલી ૭૦૦ યુવતીઓ પૈકી પોતે જેને ‘શ્રેષ્ઠ ગાઈડ’નું પ્રમાણપત્રા આપ્યું, તે કંચન ગાબા એક અંધ બહેન છે એવું જ્યારે એમણે જાણ્યું, ત્યારે બ્રિટનનાં મહારાણી ઇલિઝાબેથના મુખમાંથી ઉપલા શબ્દો નીકળી પડ્યા. પછી, સ્કાઉટ—ગાઈડનો વિશાળ સમૂહ સભા દરમિયાન સતત હર્ષનાદોથી જેને વધાવતો રહ્યો હતો તે કંચનને સંબોધીને રાણી બોલ્યાં: “એટલી બધી લાગણી હું અનુભવી રહી છું, કે તેનું વર્ણન નહિ કરી શકું. બસ, ખૂબ ખૂબ મુબારકબાદી!”

પંદર દિવસના શિબિર માટે દેશદેશાવરથી બ્રિટન આવેલી સાતસોયે યુવતીઓની બધી ઇંદ્રિયો સાબૂત હતી. પણ તેમાંથી પોતાની શક્તિઓનો ઉત્તમ પરિચય આપનારાં એકલાં કંચનબહેન આંખ વિનાનાં હતાં. તરેહવાર કસોટીઓ એક પછી એક પસાર કરીને એ બધી બહેનોએ પોતાનું ખડતલપણું સાબિત કરવાનું હતું. તેમાં આકરામાં આકરી કસોટીના અઠવાડિયા દરમિયાન એમણે પહાડની ઊંચી કરાડો પર ચડવાનું હતું, ત્યાંથી દોરડાં વડે નીચે સરકવાનું હતું, ખાડાટેકરાળ પ્રદેશમાં આખી રાતની મજલ કાપવાની હતી, ડુંગરાની ગાળીઓ અને ગુફાઓની આંટીઘૂંટી ઉકેલવાની હતી, અને ધસમસતા નદી-પ્રવાહો પર નાનકડી હોડી વડે સવારી કરવાની હતી.

એમાંય ઊંચી કરાડોની સીધી સપાટ બાજુ પરથી દોરડા વડે નીચે લસરવાનું આવ્યું, ત્યારે મોટા ભાગની બહેનો પાછી હઠી ગઈ. એક

હજાર મીટર જેટલી ઊંચાઈએ પાટિયાંનો એક માંચડો ઊભો કરેલો હતો. લટકતા દોરડાને ઝાલીને બહેનોએ ત્યાં ચઢીને ઊતરી બતાવવાનું હતું. જ્યાં નીચે લસરવાનું આવ્યું ત્યાં સહુ થંભી ગયાં; કરાડની ટોચેથી નીચે નજર નાખતાં તમ્મર આવે. "પણ" કંચનબહેન કહે, "હું તો નીચે કે ઊંચે ક્યાંય જોઈ શકતી નહોતી, એટલે મને કરાડની બીક લાગતી નહોતી, ચક્કર પણ નહોતાં આવતાં. પાછળથી મને ખબર પડી કે એ કસોટીમાંથી પાર ઊતરનારી હું એકલી જ હતી."

હિમાલયન માઉન્ટનરિંગ ઇન્સ્ટિટ્યૂટ નામની પર્વતારોહણની સંસ્થા તરફથી ૧૯૯૮માં યોજાયેલા એક કાર્યક્રમમાં કરાડો પર ચઢતી વેળા પણ કંચનબહેનને એ જ અનુભવ થયો હતો. બીજાં બધાં જ્યારે પાછાં હઠી ગયાં ત્યારે કંચનબહેન આસાનીથી ટોચ પર પહોંચી ગયાં. એમને હંમેશાં લાગ્યું છે કે, અંધાપામાં જ મારી ખરી શક્તિ રહેલી છે—પછી ભલે કરાડો પર ચડવાનું હોય, તોફાની નદીપ્રવાહો પાર કરવાના હોય કે બીજી કોઈ પણ કસોટી હોય. "નજર સામે શું પડેલું છે તે માણસ જુએ છે, ત્યારે થરથરી જાય છે. પણ મારો અંધાપો મને તેમાંથી બચાવી લે છે," એમ એ કહે છે.

સર્વોત્તમ ગર્લ-ગાઈડ તરીકેનું પારિતોષિક ત્યારના રાષ્ટ્રપતિ શંકર દયાળ શર્માને હાથે સ્વીકારતાં ૧૯૯૫માં કંચનબહેને કહેલું કે, "આમ તો આપણે સહુ એક યા બીજી રીતે અપંગ હોઈએ છીએ. તેમાં હું અંધ છું, તો તેને લીધે મારી બીજી ઇંદ્રિયો વધુ સતેજ બની છે. અને હું તેનો બને તેટલો સારો ઉપયોગ કરું છું."

કંચનબહેનની ઝળહળતી સફળતાનો દિવસ એ હતો જ્યારે ગર્લ-ગાઈડ માટેનો ચાર વરસનો અભ્યાસક્રમ પૂરો કરનાર જગતની એકમાત્ર નારી એ બન્યાં એટલું જ નહિ, પણ સર્વ અંગો જેમનાં સાબૂત હતાં તેવી એમની સાથી બહેનોમાં પણ પ્રથમ સ્થાન મેળવી શક્યાં. જોકે, એ જાતની સિદ્ધિ પ્રાપ્ત કરનાર પોતે દુનિયાની એકમાત્રા મહિલા છે, તે વાતનું કંચનબહેનને મન ખાસ મહત્ત્વ નથી. "બીજાં સામાન્ય લોકો જો એમ કરી શકતાં હોય, તો મને તેમાં કાંઈ મુશ્કેલી શીદને પડવી

જોઈએ?” એવો સવાલ એ કરે છે.

બીજા લોકો એમને માટે જાતજાતની સહાનુભૂતિ બતાવે, તે કંચનબહેનને ગમતું નથી. બ્રિટનમાં શિબિરતાલીમ આપતાં સ્યૂ અને કેથરીન નામનાં શિક્ષિકાઓ શરૂઆતમાં કંચન અંગે સતત ચિંતા કરતાં અને કરાડોનાં ચઢાણ-ઉતરાણમાં જોડાતાં પહેલાં પૂરો વિચાર કરવાનું કહ્યા કરતાં. કંચનબહેન કહે છે કે, “એ લોકો મારું ભલું જ ઇચ્છતાં હતાં તે હું જાણતી હતી; પરંતુ મને એ પણ ખબર હતી કે મારી શક્તિ વિશે એમને શંકાઓ હતી અને વિશેષ કરીને તો એ મારે માટે સહાનુભૂતિ બતાવતાં હતાં. મારાથી એ સહન થતું નથી.”

પણ કરોડો પરથી ઉતરાણની કસોટી કંચનબહેને યશસ્વી રીતે પાર કરી, તે પછી એ શિક્ષિકાઓએ તેમને નાહિંમત બનાવવાનું બંધ કરી દીધું. કંચન કહે, “પછી તો એ લોકો મને ભેટી પડીને વહાલ કરવા લાગ્યાં, આનંદથી નાચવા લાગ્યાં! કહેવા લાગ્યાં કે, ભલે થોડા જ સમય માટે પણ, મારા જેવી શિષ્યા એમને મળી તે વાતનું એમને અભિમાન હતું.”

એવું નહોતું કે કંચનબહેન પોતે કશી તાણ અનુભવતાં નહોતાં. એ કબૂલ કરે છે કે પોતે તંગ રહેતાં, બીજાં કરતાં પણ વધારે તંગ રહેતાં, કારણ કે એક પછી એક કસોટીને સફળતાપૂર્વક પાર કરતાં જવું એ પણ એક પડકાર બની જાય છે. “મારા દેશની પ્રતિનિધિ તરીકે હું આવેલી છું, અને બધાંની નજર મારી પર રહેલી છે, ખાસ કરીને હું અંધ છું તે માટે—એ હું જાણતી હતી.”

બ્રિટનમાં પહાડ પર ચઢવાનું કામ કપરું હતું. એક તો ચઢાણ એકદમ સીધું હતું અને તેના ખડકો એવા તો સપાટ હતા કે પગનાં આંગળાં જરીક ભરાવવા જેટલી ખાંચ જડવી પણ મુશ્કેલ હતી. પણ કંચનબહેને તો ભારતમાં કેટલાંય આકરાં ચઢાણો પાર કરેલાં હતાં, ને તેમાં એ નિષ્ણાત બની ગયાં હતાં. એ કહે, “આપણા હિમાલયની સરખામણીમાં બ્રિટનના એ ડુંગરા તો કાંઈ વિસાતમાં ન ગણાય.”

પણ ડુંગરાની ગાળીઓ અને ગુફાઓની આરપાર નીકળવાનું જરા અટપટું હતું. “પોતાની આંખો અને બુદ્ધિનો, એકીસાથે બેયનો સતત ઉપયોગ જે ન કરતો રહે, તે માણસ એમાં ફસાઈ જાય. પણ એ બેમાંથી એક ચીજ મારી પાસે નહોતી, એટલે પછી બીજીનો મારે બમણો ઉપયોગ કરવાનો હતો. છતાં હું તેમાંથી બરાબર બહાર નીકળી શકી—અને બીજાં બધાં કરતાં પહેલી!”

પોતે દરેક કસોટીમાં સફળ થયાં અને બીજા કરતાં વધારે ગુણ મેળવ્યા, તેનું નહિ પણ કંચનબહેનને સૌથી વધારે સુખ એ વાતનું હતું કે એમની સફળતાથી સહુ કોઈ ભાવવિભોર બની જતાં. એ કહે છે કે, “તે લોકો ક્યારેય પણ મને પોતાની હરીફ માનતાં નહોતાં. એમને એમ જ લાગતું કે મને જે મળ્યું તેને માટે હું પૂરેપૂરી લાયક હતી. ખાસ કરીને કેની, જૂન, મેગડેલન અને જેની: એ ચારેયને પણ ઇનામો મળેલાં, અને મારા કરતાં થોડાક જ ઓછા ગુણ એમણે મેળવેલા. છતાં મને એમ છે કે એ બહેનો ઈશ્વરને પ્રાર્થના કરતી હશે કે તે એમને મારા કરતાં જરાક પાછળ રાખે. મને પ્રોત્સાહન આપવા સતત હર્ષના પોકારો કરતી, મને શાબાશી આપ્યા કરતી, અને મારે માટે સતત દોડધામ મચાવતી રહેતી એ સખીઓ કદાચ પોતાની સફળતાથી જેટલું સુખ પામી હોત તેના કરતાં પણ વધારે સુખ મારા વિજય બદલ અનુભવતી હશે.”

બસ, એ એક જ પ્રસંગ એવો હતો કે જ્યારે કંચનબહેનને થયું કે પોતાને આંખો હોત તો કેવું સારું થાત: “એમના ખુશખુશાલ ચહેરાઓ હું જોઈ શકી હોત!”

એ સખીઓની સંગાથે ડુંગરાઓ ને ખેતરો ને ઉજ્જડ વિસ્તારોની આરપાર પંદર કિલોમીટરનો પંથ એક રાતે કાપવાનો હતો એમાં ભારે મજા પડી. કંચનબહેન કહે છે, “અમાસની એ રાતે તો અમે બધાં એકસરખાં આંધળાં હતાં અને એકબીજાં ઉપર પડતાં-આખડતાં ચાલ્યાં કરતાં હતાં.”

કસોટીઓનું અઠવાડિયું વીતી ગયું અને કંચનબહેન તથા એમની

સાહેલીઓને મુક્તિ મળી—બજારમાં ખરીદી કરવા જવાની, સમુદ્રતટે લટાર મારવાની, લંડન જોવા જવાની, અને સૌથી વિશેષ તો લહેર કરવાની. અને લહેર એમણે બરાબરની કરી. “આ હું પહેલી જ વાર પરદેશ આવેલી, ઘરથી છૂટી પડેલી. આવી સ્વતંત્રતા કદી મળી નહોતી.”

કંચનબહેન આખો દિવસ બહાર ફર્યાં કરતાં, લંડનના ટ્રફાલ્ગર ચોકમાં લટાર મારતાં, દરિયાકાંઠે મહાલતાં, રાણીનો મહેલ જોવા જતાં, અને જે કાંઈ જોવા જેવું હતું તે બધું બરાબર ‘જોતાં’. પોતે અંધ છે એવું એમને ત્યાં ક્યારેય લાગ્યું નહિ. “મારાં મિત્રો બધાં સ્થળોનું એવું સરસ વર્ણન મને સંભળાવતાં, કે હું જાતે એ બધું જોતી જ હોઉં એવું મને લાગતું.”

કંચનબહેન ઘેર પાછાં ફર્યાં ત્યારે, અગાઉ બ્રિટન જઈ આવેલાં એવાં એમનાં માતાપિતા દીકરી પાસેથી લંડનનું વર્ણન સાંભળીને આભાં બની ગયાં. પોતે સગી આંખે જોયેલું હૂબહૂ લંડન ખડું થઈ ગયું!

[‘સ્ટેઇટ્સમન’ દૈનિક પરથી અનુવાદિત: ૧૯૯૮]

# ઝુલફીકાર અલી બુખારી

## અહેમદાબાદકે લોગોં ઊઠો!

*શહેરકો હમને ફિર દેખા, હઠીસિંગકા મંદિર દેખા,*
*શાહ આલમકી મસ્જિદ દેખી, અકેલે ઇન્સાનકી હદ દેખી;*
*રાનીજીકા હજીરા દેખા, દાદા હરિકા કૂવા દેખા,*
*પાટણ શહેરકી બારી દેખી, ક્યા પ્યારી ગુલકારી દેખી!*

*બચુ ઔર દીવાનકો દેખા, અમદાવાદકે માનકો દેખા,*
*રાવત દેખા, રાવલ દેખા, વિદ્યાખેતીકા હલ દેખા;*
*જોશી દેખા, સુંદરમ્ દેખા, ઇનમેં જીનેકા દમ દેખા,*
*ઝીણાભાઈ દેસાઈકો દેખા, વિદ્યાગૌરી માઈકો દેખા.*

*ધૂમકેતુ ઔર પાઠક દેખા, ઈનકો દેખા બેશક દેખા,*
*ઔર હમને કુછ ઓર ભી દેખા, આનેવાલા દોર ભી દેખા;*
*ઊંચે ઊંચે મિલ ભી દેખા, પથ્થર જૈસે દિલ ભી દેખેં,*
*કવિઓકો ભૂખા નંગા દેખા, તંત્રા ઘરોમેં રોતા દેખા.*

*ભૂખે દેખે નંગે દેખે, શાહઆલમમેં લફંગે દેખે,*
*શાયરકી ન કદરી દેખી, માહિરકી ન કદરી દેખી;*
*રાવલકા આંસુ બહતા દેખા ઔર દેસાઈકો દુખ સહતા દેખા,*
*પાઠકકો શોર મચાતે દેખા, લોગોંકો આંખ બચાતે દેખા.*

*રોઝેમેં દુકાન દેખી,*
*અહેમદાબાદકી શાન દેખી.*

*ઈનસે તુમકો કામ ભી ક્યા હય? ઈસમેં અપના નામ ભી ક્યા હય?*
*અહેમદાબાદકે લોગોં ઊઠો, પૈસા લો ઔર કલાકો છોડો;*

*દિનકો કર દો કાલી રાત, જય જય જય ગરવી ગુજરાત,*
*ઔર ગુજરાતકે લોગોં ઊઠો, કલાકા બિલકુલ નામ મિટા દો.*

*લંડનમેં હૈ એક હિ બારી, બાકી દોકી હૈ તૈયારી,*
*નર્મદાકા ઊઠો કામ મિટા દો, નાનાલાલકા નામ મિટા દો;*
*કોઈ નહીં હૈ જગમેં ઐસા જિનકે પાસ હો ઐસે પૈસે,*
*પૈસાકા કુછ ગમ મત ખાઓ, દેશાવરોંસે લોગ બુલાઓ.*

*એ ગુજરાતકી કલા મિટા દો, અહેમદાબાદકા નામ ઉછાલો*
*મિલકે માલિક યહાં રહતે હૈં, પૈસે કે દરિયા બહતે હૈં;*
*ઐસી જગે ક્યા કામ કલાકા? ક્યા મિલતા હૈ દામ કલાકા?*

*ઊઠો હે ગુજરાતકે લોગોં, ચુપસે ક્યોં હો? કુછ મત સોચો,*
*કોઈ ભી ચીજ ન છોડો, સારી પુરાની ચીજેં તોડો!*

[ગુજરાત સાહિત્ય સભા સમક્ષ ભાષણ: અમદાવાદ: ૧૯૭૮]

# ઝોહરા સેગલ

## આખરી પડદો

પંજાબમાં થોડાંક ગામડાંનું બનેલું એક નાનકું રજવાડું હતું. એનું નામ સમુંદ્રી. સમુંદ્રીના જમીનદાર મૂળ પેશાવરના વતની એક હિંદુ પઠાણ હતા. પૃથ્વીરાજ કપૂરના એ દાદા.

નાનપણથી ‘પૃથ્વી’ને નાટકનો ભારે શોખ. કૉલેજમાં ભણતા પૃથ્વીરાજનો એક વાર ગ્રાંટ એન્ડરસન નામના અંગ્રેજ અભિનેતા સાથે મેળાપ થયો. હિન્દુસ્તાની યુવક-યુવતીઓની એક મંડળી બનાવીને એ હિંદભરમાં શેક્સપિયરનાં નાટકો ભજવતો ફરતો. પૃથ્વીરાજે એન્ડરસનની સાથે પ્રવાસ ખેડયો.

કૉલેજમાં કાયદાનો અભ્યાસ પૂરો કરીને પૃથ્વીરાજે ચલચિત્રોની દુનિયામાં પગ મૂક્યો. મુંબઈ અને કલકત્તાની ઘણીખરી જાણીતી ફિલ્મ-કંપનીઓમાં એમણે કામ કર્યું. એવામાં, ૧૯૪૪માં એક દિવસ, બેતાબજી નામના એક કવિ પૃથ્વીરાજ પાસે મદદ માગવા આવ્યા. સરળ હિન્દીમાં ‘શકુંતલા’નું નાટક લખવાનું કામ કોઈએ બેતાબજીને અગાઉ સોંપેલું હશે, પણ હવે તે ગ્રાહક એ લેવા તૈયાર નહોતા. હવે શું કરવું? બેતાબજીની બધી મહેનત પાણીમાં જશે? એ ‘શકુંતલા’નું નાટક ભજવવાનું પૃથ્વીરાજે માથે લીધું અને લેખકને પુરસ્કાર પેટે રૂ. ૧૦૧ અગાઉથી આપ્યા.

પછી પૃથ્વીરાજે અભિનેતાઓ ને કારીગરો ભેગા કરવા માંડ્યા. થોડા વખતમાં એમની આસપાસ ૬૦ કલાકારોનું જૂથ એકત્રા થયું અને નાટકનાં ‘રિહર્સલો’ શરૂ થયાં. જોકે શકુંતલાનું મુખ્ય પાત્રા ભજવનારી નટી હજી મળવી બાકી હતી. અંતે છ મહિના પછી, ઉઝરા મુમતાઝ ઉપર એ કળશ ઢળ્યો. તે વખતે ‘લોકનાટય સંઘ’ના ‘ઝુબેદા’ નાટકમાં ઉઝરાબાઈ મુખ્ય પાત્રા ભજવતાં હતાં.

‘પૃથ્વી થીએટર્સ’ નામની એ નવી નાટયસંસ્થા તરફથી રજૂ થયેલ

'શકુંતલા'ની પહેલી રજૂઆતમાં ખોટ ગઈ—લાખેક રૂપિયાની. પણ નાટકના તમામ અદાકારોને તેમજ મંડળીના બધા સભ્યોને એ પહેલી રજૂઆતની યાદગીરીમાં બબે મહિનાના પગાર-બોનસની ભેટ મળી! ફિલ્મ કંપનીઓ સાથેના પૃથ્વીરાજના કોંટ્રાક્ટમાંથી નાણાં મળી રહ્યાં.

એ રીતે અનાયાસે નાટકની દુનિયામાં ઝંપલાવી ચૂકેલા પૃથ્વીરાજ સામે હવે સવાલ એ ખડો થયો કે બીજાં કયાં નાટક ભજવવાં? જૂનાં સંસ્કૃત નાટકો એમને બહુ લાંબાં લાગ્યાં, અને તે કાળે કહેવાતાં આધુનિક નાટકો પશ્ચિમની કૃતિઓનાં રૂપાંતરો હતાં. એટલે પછી પોતાની સંસ્થા માટે નવાં જ નાટકો લખાવવાની કમ્મર એમણે કસી. એ નાટકો હિન્દુસ્તાનના હરકોઈ પ્રદેશના લોકોને સમજાય તેવાં હોવાં જોઈએ અને એનું વસ્તુ પણ હિંદી જ હોવું જોઈએ.

તે કાળે ભાગલાની તલવાર દેશ ઉપર લટકતી હતી, અને પૃથ્વીરાજના કલેજાની આરજૂએ 'દીવાર' નાટકનું રૂપ ધારણ કરીને પોતાના પાગલ દેશબાંધવોને આવી રહેલી આંધીની ચેતવણી આપી. અત્યાર સુધી હળીમળીને પરસ્પર ઇતબારથી જિંદગી ગુજારતા નાના અને મોટા ભાઈની વચ્ચે એક પરદેશી આવીને દુશ્મનીની દીવાલ કેવી રીતે ઊભી કરે છે, તેનું દિલ હચમચાવનારું રૂપક એમાં જીવતું થયેલું. મેકોલે, ગાંધીજી અને ઝીણાનાં કેટલાંક જાણીતાં ભાષણોના અંશ 'દીવાર'ના સંવાદોમાં ગૂંથી લેવામાં આવેલા. નાટકના છેલ્લા પ્રવેશમાં, કબીલાના પતનને અત્યાર સુધી મૂંગી મૂંગી જોઈ રહેલી મા-બહેનો અને બંડ પોકારનારા કિસાનો મળીને જુદાઈની પેલી દીવાલને તોડી નાખે છે.

પૃથ્વી થીએટર્સના બીજા નાટક 'પઠાણ'નું વસ્તુ પણ હિંદુ-મુસ્લિમ ઐક્યને લગતું હતું. પોતાના હિંદુ દીવાન માટેની એક મુસ્લિમ ખાનની મહોબ્બતની એ તસ્વીર, દીવાનના દીકરાને બદલે એ ખાન પોતાના એકના એક બેટાનું બલિદાન ચડાવે છે ત્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે.

ત્રીજું નાટક 'ગદ્દાર', વતનના ટુકડા થયા પછી ભારતમાં રહેલા ચાર કરોડ બેગુનાહ મુસલમાનો તરફની આશંકાની લાગણીઓ દૂર કરવાનો એક પ્રયાસ હતું.

હિન્દુસ્તાનના ભાગલા વખતનાં રમખાણોમાં અપહરણ કરાયેલી એક કન્યાને જીવતી બચાવીને તેના કુટુંબમાં પાછી પહોંચાડવામાં આવે છે. તે પછી પણ ચાલુ રહેતાં સમાજનાં આંગળી-ચીંધામણાંથી ત્રાસ પોકારીને એને કેવી રીતે આત્મહત્યાનો માર્ગ લેવો પડે છે તેનો ચિતાર ‘આહુતિ’ નામના ચોથા નાટકમાં અપાયો.

રાજકીય વિષયોનો ચીલો ચાતરનારું નાટક ‘કલાકાર’ તે પછી આવ્યું. પહાડોનું ધાવણ ધાવેલી એક નિર્દોષ ગ્રામકન્યા ‘આધુનિક’ સમાજના સમાગમમાં કેવી રીતે આવે છે, એની બહારની ઝાકમઝાળથી શરૂઆતમાં એ કેવી લપસવા માંડે છે, પણ અંતે એની અંદર રહેલા વારસાગત સદ્અંશો કેવી રીતે એને ખાઈમાં પડતી બચાવી લે છે તેનો ચિતાર એમાં આવે છે.

ધન-દોલતની સદંતર જૂઠી કિંમત તરફ સમાજનું ધ્યાન દોરનાર ‘પૈસા’ પછી આવ્યું પૃથ્વી થીએટર્સનું અંતિમ અર્પણ ‘કિસાન’. મુલક આઝાદ બન્યા પછી પદભ્રષ્ટ બનેલો એક કાળનો જમીનદાર અને તેની ટોળકી ગામડાના લોકોમાં ક્લેશનું હળાહળ રેડવા જતાં કેવી અવદશાને પામે છે તેનું ચિત્રણ તેમાં હતું.

આ બધાં નાટકો પાછળ એકધારી પ્રેરણા પૃથ્વીરાજની પોતાની હતી. તેના અમુક અમુક ભાગ પણ એમણે પોતે લખેલા કે લખાવેલા, અને રંગમંચ ઉપર તક્ષણે સ્ફુરેલા કેટલાયે સંવાદોથી પૃથ્વીરાજે તેને વધુ ચોટદાર બનાવેલા. માભોમની યાતનાઓને કારણે વેદનાની જે આગ પોતાના કાળજામાં સળગતી હતી તેનું પ્રતિબિંબ પૃથ્વીરાજે તેમાં પાડેલું હતું. દરેક નાટકની વારતા સરળ અને તેની ભાષા સાદી હિન્દુસ્તાની હતી. શૈલી પણ વાસ્તવિક રહેતી—સિવાય કે કેટલીક પરાકાષ્ઠાઓમાં નાટકીય છટા પેસી જતી.

પૃથ્વી થીએટર્સે ભજવેલા એક એક નાટકની તૈયારી પાછળ વરસ વરસ ને ક્યારેક બે-બે વરસની જહેમત લેવાતી. એનાં રિહર્સલો એટલાં બધાં ખંતથી થતાં કે દરેક નટ-નટી જાણે પોતે આ કે તે પાત્રાનો અવતાર જ લીધો હોય એમ અનુભવતાં. પાત્રાની સાથે આટલી તીવ્ર

એકરૂપતાની લાગણી અનુભવનાર અભિનેતાઓના હૃદયમાંથી પણ કેટલીય વાર નવાનવા સંવાદની શેડ્યો ફૂટતી અને લેખકની મૂળ કૃતિને એ દીપાવતી. એને લીધે અસંખ્ય રાત્રીઓ સુધી ભજવાયા છતાં પૃથ્વી થીએટર્સનાં નાટકો જીવંત અને સદાય તાજાં રહેતાં. તમામ વર્ગના પ્રેક્ષકો એને હોંશે હોંશે ઝીલતા. સોળ વરસ સુધી પૃથ્વી થીએટર્સે લગભગ એકસો કલાકારો-કારીગરોને કામ ઉપર રાખ્યા. પોરબંદરથી કલકત્તા સુધી અને પહેલગાંવ (કાશ્મીર)થી ધનુષકોડી સુધીના સમસ્ત દેશમાં ઘૂમીને ૧૨૦ શહેરોમાં એમણે નાટકો રજૂ કર્યાં. બધાં મળીને ત્રણ હજાર જેટલા ‘ખેલ’ એ મંડળીએ કર્યા તેમાંના દરેકે દરેકમાં લોકલાડીલા પૃથ્વીરાજે પાઠ ભજવેલો.

પણ એ સામા પ્રવાહનો પંથ હતો. પોતાની મંડળીનાં આવક-જાવકનાં બે પલ્લાં સમતોલ રાખવા માટે પૃથ્વીરાજને સતત પ્રવાસમાં રહેવું પડતું હતું. શરૂઆતમાં તો ચલચિત્રોમાંની પોતાની કામગીરી પણ ચાલુ રાખીને તેની આવક બધી નાટકોની ખોટમાં એ રેડી દેતા. પાછળથી એમની સફરો લાંબી ને દૂર દૂરની થતી ગઈ ને એ પોતે વચવચમાં મુંબઈના ફિલ્મ-સ્ટુડીઓ સુધીની ખેપ ખેડી શકે તેમ રહ્યું નહિ, ત્યાર પછી એમના ફિલ્મી કલાકાર બેટાઓએ નાણાંનો એ પ્રવાહ ચાલુ રાખેલો.

પરંતુ પૃથ્વીરાજની પડછંદ કાયાને પણ અંતે ઘસારો તો લાગવા માંડ્યો જ. ૧૦૪. જેટલો તાવ શરીરમાં ભર્યો હોય, હૃદયરોગનો હુમલો આવ્યો હોય કે હરકોઈ બીજી બીમારી આવી ચડી હોય છતાં પૃથ્વીરાજ તખ્તા પર પોતાની ભૂમિકા ભજવતા જ હોય, અને એકેએક ખેલમાં જાણે કે પોતાની અભિનયકલાનું બિંદુએ બિંદુ સીંચી દેતા હોય. પણ એ બધું કાયમ માટે ક્યાંથી નભે? પૃથ્વી થીએટર્સે સોળ વરસમાં રંગમંચ ને રૂપેરી પરદા માટે નટ-નટીઓ તૈયાર કર્યાં, સંગીત અને નૃત્યના દિગ્દર્શકો તૈયાર કર્યા—પણ એક બીજો પૃથ્વીરાજ એ મંડળી ન નિપજાવી શકી.

અનેક જાતની મુસીબતોનો સામનો એને કરવો પડ્યો. દેશના

ભાગલા વખતે અને પછીથી, એના સ્થાપક અને બીજા કાર્યકરોને (રાષ્ટ્રવાદી ભાવનાવાળાં નાટકો રજૂ કરવા બદલ) જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા કરતી. એના કેટલાય કસબી કલાકારો સિનેમાની સૃષ્ટિમાં સિધાવી ગયા. ખુલ્લા રંગમંચ ઉપર નાટક રજૂ કરતી વખતે એને વાયરા ને વરસાદથી પરેશાન થવું પડતું. ક્યારેક ચાલુ ખેલે વીજળીનો પ્રવાહ કપાઈ જતો, ક્યારેક 'સેટ' ભરેલાં રેલ-વેગનો વખતસર આવી પહોંચતાં નહિ, કાં તો અત્યંત તાપના અને કાં તો અત્યંત ટાઢના સપાટા બોલતા. એક રિહર્સલ વખતે સાવ નવાનકોર 'સેટ' ઉપર વીજળી ત્રાટકી ને તેનાં ચીથરાં ઉડાડી મૂક્યાં (પૃથ્વીરાજ અને બીજા ત્રણ કલાકારો તખ્તા પર હતા તે કોઈ ચમત્કારથી જ બચી ગયા). 'દીવાર'ના અંતિમ પ્રવેશ વખતે એક નટીની સાડીને ઝાળ લાગી... આવી આવી, કલ્પી શકાય તેટલા પ્રકારની પરેશાનીઓની વચ્ચે પણ એક એકથી ચડિયાતાં નાટકોની પરંપરા સોળ વરસ સુધી વણથંભી ચાલુ રહી.

અને તેમ છતાં પૃથ્વી થીએટર્સના પડદા પાછળ નરી હાડમારી જ હાડમારી હતી તેવું પણ નથી. એના કાર્યકરોએ પોતાના જીવનના કેટલાક વધુમાં વધુ મસ્તી—ભરેલા, રોનકભરેલા દિવસો એ મંડળીમાં ગાળ્યા છે. નાનીમોટી દરેક ઉંમરનાં ખુશહાલ ને બેફિકર સ્ત્રી-પુરુષોનું એ વૃંદ હતું. ને તેમની વચ્ચે બાલકલાકારોનુંયે વિશિષ્ટ સ્થાન હતું. એની લિજ્જતભરી સફરો દરમિયાન કેટલીયે જીવનભરની દોસ્તીઓ બંધાઈ છે અને કેટલાયે સ્નેહતાંતણા સુખી લગ્નો સુધી લંબાયા છે. પૃથ્વી થીએટર્સને સમસ્ત મુલકનો પ્યાર સાંપડેલો હતો, એટલે તેના કલાકારો દેશભરમાં જ્યાં જ્યાં જતા ત્યાં સર્વત્રા આ મંડળના સભ્ય તરીકે ઓળખાવામાં મગરૂરી અનુભવતા.

પણ આ સૃષ્ટિમાં દરેક ચીજને આદિ અને અંત બેય હોય છે. એ રીતે, ૧૯૬૦ના મે માસમાં પૃથ્વી થીએટર્સની લીલા પણ સંકેલાઈ ગઈ. એ અંતનું કોઈ એક ચોક્કસ કારણ દર્શાવવું મુશ્કેલ છે. પૃથ્વીરાજના ચાહે તેવા પ્રભાવશાળી બરડા ઉપર પણ કરજનો જે બોજો વધતો

જતો હતો તેની ચિંતા એ સમાપ્તિ માટે કારણરૂપ હશે? કે પછી રંગભૂમિની આવરદા લંબાવી શકે એવાં સત્ત્વશીલ નાટકો લખવાની આપણા આગેવાન નાટ્યકારોની અશક્તિ એને માટે જવાબદાર હશે? બહારથી જોતાં તો પૃથ્વીરાજના ગળામાં એક ગાંઠ થઈ હતી ને એમનો અવાજ નીકળતો નહોતો, એ આ સંકેલાનું કારણ લાગે. પાછલા થોડા મહિનાઓમાં બે વાર એવું બન્યું કે એ નટમંડળી પ્રવાસે નીકળેલી તેની અધવચ્ચેથી જ એને મુંબઈ પાછા ફરવું પડેલું, કારણ કે પૃથ્વીરાજનો ઘોર ગંભીર અવાજ નાટકનાં છેલ્લાં દૃશ્યો દરમિયાન મંદ પડી જતો.

પણ પૃથ્વી થીએટર્સની વિદાયનું એ સાચું કારણ હતું એમ કહી શકાય ખરું? ગળાની ગાંઠ તો, સારામાં સારા તબીબોના કહેવા મુજબ, કાઢી શકાય તેવી છે અને એક નજીવા ઓપરેશનની જ તેમાં જરૂર છે. પણ આટઆટલાં વરસો સુધી એકલે હાથે ઝૂઝનારા એ એકલવીરના આત્માનું શું? એણે ઝીલેલા ઘાવ ઉપર મલમપટા કરી શકે એવું કેમ કોઈ નીકળ્યું નહિ?

(અનુ. મહેન્દ્ર મેઘાણી)

# ટી. એલ. વાસવાણી

## તમે

તમે ગમે તે કામ કરતા હો, ગમે ત્યાં કરતા હો—ખેતરમાં, કારખાનામાં, નિશાળમાં, ઑફિસમાં, દુકાનમાં—તમારું દૈનિક જીવન તમારું મંદિર છે, તમે પોતે એના પૂજારી છો, અને અર્પણ પણ તમે પોતે જ છો. તમે પવિત્રા સ્તુતિ છો અને યજ્ઞનો અગ્નિ પણ તમે જ છો.

# ટૉમ મહોની

## પાળેલો સંચો

ચીનની વિરાટ યાંગ્સી નદીના મૂળ ભણી મજલ કાપતો એક ભૂગોળવેત્તા એક દિવસ એશિયાની પહાડોછાઈ છાતી પરના એક ટચૂકડા ગામમાં આવી પહોંચ્યો. દૂર દૂરના એ સ્થળના જમાના-જૂના વાતાવરણને બહારની દુનિયાનો સહેજ પણ સ્પર્શ કદી નહીં થયો હોય, એવું પ્રવાસીને પ્રથમ નજરે જ લાગી ગયું. પણ ત્યાં તો તેણે એક પરિચિત અવાજ સાંભળ્યો—ઘડીક ખટખટાટ, ઘડીક ઘરઘરાટ... વળી પાછો ખટખટાટ. અવાજની એંધાણીએ મુસાફર આગળ વધ્યો ને માટીના એક કૂબામાં પહોંચ્યો. જુએ છે તો ત્યાં ભોંય પર બેઠો બેઠો એક ગામડિયો દરજી સિંગરના સંચા પર કાંઈક લૂગડું સીવતો હતો—ખટ્ખટ્.... ખટ્ખટ્ખટ્..... ઘર્ર્ર્ ઘર્ર્ર્ ઘર્ર્...

સંચા સાથે જેનું નામ જોડાયું છે તે ભાઈ આઈઝેક સિંગરે ૧૮૫૦ની સાલમાં ૪૦ ડૉલરની મૂડી ઉછીની લઈને સીવવાનો એક સંચો બનાવેલો. જોકે સીવવા માટેનું પહેલવહેલું યંત્ર તો સિંગરની પણ પહેલાં શોધાઈ ચૂક્યું હતું. વરસો પહેલાં ફ્રાંસમાં થિમોનિયેર નામના માણસે સિપાઈઓના ગણવેશ સીવવા માટે એક સંચાનો ઉપયોગ આદરેલો, પણ તેનાથી પોતાનો ધંધો ભાંગી પડશે એમ સમજીને હાથસિલાઈ કરતા બીજા દરજીઓએ એનો સંચો ભાંગીતોડી નાખેલો.

એલિયાસ હાઉ નામના બીજા એક માણસે અણી પાસે નાકાવાળી સોય ચલાવતો એક સંચો બનાવીને પેટંટ કરી લીધેલો. પાછળથી સિંગર અને બીજા બે જણ પોતાના સુધારેલા સંચા સાથે બહાર પડ્યા, ત્યારે હાઉએ તેમની ઉપર પેટંટ—ભંગનો ખટલો માંડેલો. કોર્ટના ખટલા થોડો વખત ચાલ્યા, પણ પછી બેઉ પક્ષકારોને સમજાયું કે પરસ્પરની શોધનો લાભ લીધા વિના બેમાંથી એકેયનો સંચો ચાલે તેમ નથી. પરિણામે

સમાધાન થયું અને સીવવાના સંચાનું ઉત્પાદન વધવા માંડયું.

સિંગરના શરૂઆતના સંચા મોટા ને ભારેખમ હતા ને લૂગડાં સીવવાના કારખાનાને જ તે ખપ લાગે તેવા હતા. પણ તેમાં ફેરફારો કરતાં કરતાં ઘર-વપરાશ માટેનો હળવો સંચો ૧૮૫૬માં બજારમાં મુકાયો. હાથસિલાઈથી જે કામ કરતાં કોઈ સ્ત્રીને ૧૦થી ૧૪ કલાક લાગતા, તે આ સંચાએ એક કલાકમાં જ કરી બતાવ્યું. પણ એ સંચો હજી સામાન્ય કુટુંબને પરવડે તેવો ન હતો. તે કાળમાં સરેરાશ કુટુંબની માસિક આવક માંડ ૪૦ ડૉલર હતી, ત્યારે ૧૨૫ ડૉલરનો સંચો એ ક્યાંથી ખરીદી શકે? ક્લાર્ક નામના સિંગરના ભાગીદારે એમાંથી રસ્તો ખોળી કાઢ્યો—૫ ડૉલર રોકડા અને પછી દર મહિને ૩-૩ ડૉલરના હપતા. આજે જગતભરમાં સીવવાના સંચા જેટલી જ પ્રસરી ગયેલી હપતાથી ખરીદીની પ્રથાનો એ રીતે આરંભ થયો.

હપતાવાર ખરીદીની સિંગર-સંચાની યોજના દેશદેશાવરમાં લોકોને કેવી આશીર્વાદરૂપ લાગી, તેનો ખ્યાલ આપતો એક બનાવ ફિલિપ્પાઇન્સના પાટનગર મનીલામાં બનેલો. બીજા વિશ્વયુદ્ધમાં હવાઈ બૉંબમારાથી ખંડેર બનેલા એ શહેરની સિંગરની કચેરીના બધા ચોપડા બળીને ખાક થઈ ગયેલા. પણ લડાઈ પછી ૫૦,૦૦૦ કુટુંબોએ સામે ચાલીને સિંગરના હપતાનાં લેણાં નાણાં ચૂકવી આપ્યાં!

સિંગરના સંચા વેચવા માટે દલાલો જગતમાં જ્યાં જ્યાં જતા ત્યાં પોતાના માલની જાહેરાત કરતાં ચિત્રો, ખીસાનાં ચાટલાં, મેઝરપટ્ટી, અંગૂઠી, પૂઠાના પંખા અને તારીખિયાં જેવી વસ્તુઓ સાથે રાખતા. આમ પોતાના માલની જાહેરાત પાછળ દર વરસે લાખોની રકમ ખરચવાની હિંમત સિંગરે જ કદાચ પહેલીવહેલી કરી હશે. હિંદુસ્તાનમાં સિંગરના એક વેપારીએ અજબ નુસખો અજમાવેલો. ધોતી પનાના હજારો વાર સફેદ કાપડના તાકાઓ ઉપર થોડેથોડે અંતરે સિંગરનો ‘માર્કો’ છપાવી, તેમાંથી ફાડેલા ધોતીજોટાનાં હજારો ધોતિયાં સિંગરની હરતીફરતી જાહેરખબર બની ગયેલાં!

માણસ ગાય પાળે કે ઘોડા પાળે, કોઈ ઊંટ પાળે કે હાથી. એ

જ રીતે દુનિયાભરનાં કરોડો ઘરોમાં સીવવાનો સંચો એક માનીતા, ઉપયોગી પશુ તરીકે પળાઈ રહ્યો છે.

['એડવરટાઇઝીંગ એજન્સી' સામયિક: ૧૯૫૧]

# ટોમસ આ કેમ્પીસ

## ઈસુને પગલે

જે કાંઈ સાંભળીએ કે માનતા હોઈએ તે બધું બીજાને કહેવાની ઉતાવળ ન કરવામાં ડહાપણ છે.

જાણે કે આજે જ મૃત્યુ આવવાનું હોય એમ માનીને તમારું દરેક કાર્ય ને દરેક વિચાર કરો.

ઈશ્વરના દરબારમાં, તમે શું વાંચ્યું છે એ નહીં પુછાય, પણ તમે શું કર્યું છે એ પુછાશે; કેટલાં છટાદાર ભાષણ કર્યાં છે એ નહીં પુછાય, પણ કેટલું પવિત્રા જીવન જીવ્યા છો એ પુછાશે.

માનવમાત્રા પ્રત્યે આપણે સદ્ભાવ ભલે રાખીએ, પણ બધાની સાથે અતિપરિચય ઇચ્છનીય નથી. કેટલીક વાર એવું બને છે કે અંગત રીતે આપણાથી અપરિચિત વ્યક્તિની આપણા મનમાં ખૂબ પ્રતિષ્ઠા હોય, પણ જ્યારે તેમની નજીક જઈએ છીએ ત્યારે એ છાપ ઓસરવા માંડે છે. તે જ રીતે, કેટલીક વાર આપણે એમ ધારતા હોઈએ છીએ કે આપણી સોબત બીજાઓ માટે આનંદદાયક હશે; જ્યારે ખરી રીતે આપણા વર્તનથી તે દુભાતા પણ હોય.

(અનુ. નટવરલાલ પ્ર. બુચ)

['ઈસુને પગલે' પુસ્તક]

# ટોમસ કાર્લાઇલ

## ઝરણું

દરેક માનવીના અંતરમાં ક્યાંક કવિતાનું ઝરણું વહેતું હોય છે.

# ટોમસ મેકોલે

## મહાન કવિ...

*મહાન કવિ બનવાની આકાંક્ષા જેને છે,*
*તેણે પ્રથમ તો નાના બાળક બનવાનું છે.*

## ત્યાં સુધી જીતી શકશું નહીં!

મેં ભારતનો પૂરેપૂરો પ્રવાસ કર્યો અને એવી એક પણ વ્યક્તિ ન જોઈ કે જે ભિખારી યા ચોર હોય. મેં આ દેશમાં એટલી બધી સંપત્તિ, ઊંચાં મૂલ્યો ને ઉચ્ચ બુદ્ધિસામર્થ્ય ધરાવતા લોકો જોયા છે કે જ્યાં સુધી આ દેશના મૂળને જડથી નહીં ઉખાડીએ ત્યાં સુધી કદી તેને જીતી શકીશું નહીં. આ દેશનું મૂળ એટલે તેનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો. અને તેથી હું ઇચ્છું છું કે આપણે તેના જૂના અને પ્રાચીન શિક્ષણતંત્રને, તેની સંસ્કૃતિને બદલાવીએ, જેથી ભારતીયો એવું માનતા થાય કે વિદેશી અને અંગ્રેજી તેમના કરતાં વધુ સારું અને મહાન છે. તો જ તેઓ સ્વાભિમાન અને સ્વ-સંસ્કૃતિ ગુમાવશે અને આપણે તેઓને જેવા ઇચ્છીએ છીએ તેવા તેઓ બનશે-એક ખરેખર પરાધીન દેશ.

[બ્રિટિશ પાર્લમેંટમાં : ૧૮૩૫]

# ડાયલ ઠાકોર

## તમે કહો તો—

*તમે કહો તો તડકો સાજન, તમે કહો તો ફૂલ;*
*તમે કહો તો જિત્યાં સોગઠી, તમે કહો તો ડૂલ.*
*તમે કહો તો અવસર આંગણ, તમે કહો તો ભૂલ;*
*તમે કહો તો ફરફર વાયુ, તમે કહો તો શૂલ.*
*તમે કહો તો આંસુ સાજન, તમે કહો તો ઝૂલ;*
*તમે કહો તો જિત્યાં સોગઠી, તમે કહો તો ડૂલ.*

# ડાહ્યાભાઈ ના. મિસ્ત્રી

## ‘ઢોંગી કો ગુજરાત’?

ગુજરાતીઓના સ્વભાવમાં ચિંતન કરતાં ભકિત વધારે પ્રમાણમાં છે. એટલે જ ગુજરાતીઓ એના થકી શોષાતા રહ્યા છે. કોઈ પણ નવા આચાર્ય, મુનિ મહારાજ, ધર્મગુરુ કે સંપ્રદાયી વક્તા નીકળે, એટલે સૌપ્રથમ ગુજરાતીઓ એમને ખભે બેસાડે છે. ભક્તોની ભીડમાં ગુજરાતીઓ તરત નોખા તરી આવે છે. ગુજરાતીઓની આ ખાસિયતને એક દુહો આ રીતે મૂકે છે:

*પંડિત કો પુરબ ભલો, જ્ઞાની કો પંજાબ,*
*કર્મકાંડી કો દખ્ખણ ભલો, ઢોંગી કો ગુજરાત.*

ગુજરાતનાં કોમી રમખાણો દરમ્યાન વેરઝેરનું શમન કરવા, ઘા રૂઝવવા અમુક સમજુ વર્ગ પ્રયાસ કરતો રહ્યો. પણ ધર્મ, સમાજ, સંસ્કૃતિ વિશે જોરશોરથી જે બોલતા હતા એ પ્રવચનકારો ને સાધુસંતોએ તે આગને ઠારવા કશું કર્યું? આટઆટલા જ્ઞાનબોધ આપનારા તેઓ સળગતી હોળી વખતે લોકોની વચ્ચે જઈને બેઠા ખરા? આપણા બધા ‘પરમપૂજ્ય, પ્રાત:સ્મરણીય, ધ. ધુ. પ. પુ.’ પ્રવચનકારો મૌન કેમ રહ્યા? તેઓ ઢોંગી સાબિત થયા, સનાતન ધર્મને તેમણે લજવ્યો.

[‘ઓપિનિયન’ માસિક: ૨૦૦૨]

# ડી. ડી. કર્વે

## ગામ અને જ્ઞાતિ જ?

‘ભારત’ના નામે જેને આપણે રાજકીય ઘટક તરીકે ઓળખીએ છીએ, તેવી કલ્પના અંગ્રેજી હકૂમત પહેલાંના કાળમાં અસ્તિત્વમાં હતી જ નહીં. અનેક ભાષાઓ બોલતા, ભિન્નભિન્ન રીતરિવાજોને અનુસરતા અને જુદાજુદા શાસકોનાં તંત્રા નીચે વસતા લોકો જ્યાં રહેતા હતા એવા વિશાળ વિસ્તાર ઉપર પરદેશી હકૂમત લાદવામાં આવી, અને તેને લીધે આવા એક રાજકીય ઘટકનું આપણને પહેલી વાર ભાન થયું.

‘અખિલ ભારત’ને લગતી ભાવના અંગ્રેજોના કાળ દરમિયાન કેળવાયેલા ગણ્યાગાંઠ્યા હિન્દીઓએ ઊભી કરી હતી. પાશ્ચાત્ય કેળવણી પ્રાપ્ત કરીને અને બીજા દેશોનો ઇતિહાસ વાંચીને પોતાના દેશ તરીકે હિન્દનો વિચાર તેમણે કરવા માંડ્યો હતો. પણ સામાન્ય પ્રજાનો સર્વસાધારણ સાંસ્કૃતિક વારસો ‘અખિલ હિંદ’ની ભાવનાની ભૂમિકા પૂરી પાડવા માટે બહુ નબળો હતો, અને હજી પણ છે.

અખિલ ભારતીયપણાની ભાવના ઇરાદાપૂર્વકના પ્રયત્ન વડે આપણે કેળવવાની રહે છે. મોટા ભાગના લોકો આવો કોઈ પ્રયત્ન કરતા જ નથી. તેમનું ધ્યાન મુખ્યત્વે પોતાની નાતજાત અને પોતાના પ્રદેશ ઉપર જ કેંદ્રિત હોય છે. લોકોની નિષ્ઠા ને લાગણીઓ ભારત સાથે નહીં પણ પોતાના ગામ સાથે, પોતાની જ્ઞાતિ સાથે જ હંમેશાં જોડાયેલી રહી છે. એટલે પ્રાદેશિક અને અન્ય સંકુચિત વફાદારીઓ અંગે ભડકી ઊઠવાની જરૂર નથી. એ વફાદારીઓ કાંઈ એક રાતમાં વિસર્જિત કરી શકાય તેમ નથી. આપણી સામે જે કાર્ય છે તે અખિલ ભારત-લક્ષી ભાવનાને ધીરજપૂર્વકના શિક્ષણ અને પ્રચાર વડે ઉછેરવાનું અને ખીલવવાનું છે.

# ડેનિયલ માઝગાંવકર

## નાનકડી જિંદગીમાં...

અમારી એક બહેન કેનેડામાં રહે છે. એના પરિવારમાં છે એના પતિ, બે બાળકો અને થોડાં ઢોર. ખેતી કરે છે; ખૂબ મહેનતુ છે. અને રાતે કમ્પ્યુટર પર બેસીને સારી સારી વાતો, હૃદયસ્પર્શી એવી ઘટનાઓ પોતાના મિત્રોને ઇ-મેલથી મોકલતી રહે છે. આવી એક ઘટના એના જ શબ્દોમાં રજૂ કરું છું:

કેટલાંક વરસ પહેલાં અમેરિકાના સીએટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ઓલિમ્પિક સ્પર્ધાનું આયોજન થયું હતું. એક દિવસ નવ સ્પર્ધકો દોડની સ્પર્ધા માટે ઊભા થઈ ગયા. તે નવે નવ જણ જન્મથી જ શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલાં હતાં. તેમ છતાં તે નવ ભાઈ-બહેન એકસો મીટરની દોડ માટે એક કતારમાં ઊભાં રહી ગયાં હતાં. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાંએ દોડવાનું શરૂ કર્યું. દોડવાનું તો શું,—લથડાતા પગે બીજા છેડે પહોંચવા માટે બધાં નીકળી પડ્યાં. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે જોવાનું હતું.

બધાં ધીરે ધીરે આગળ વધતાં હતાં. પણ તેઓમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો. નાનો હતો, રોવા લાગ્યો.

બીજાં આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂક્યાં હતાં, એમણે આનો રોવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં પાછાં ફરી ગયાં અને આ પડી ગયેલા છોકરા તરફ ચાલવા માંડયાં. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌદ્ધિક મંદત્વની શિકાર હતી. પેલા છોકરા પાસે આવીને તેણે નીચે નમીને તેનો હાથ પકડયો, તેને બેઠો કરી દીધો, અને પ્રેમથી

તેને ચૂમી લેતાં એ બોલી, "ચાલ, હવે તને કશો વાંધો નહીં આવે."

ત્યાર બાદ ફરી એ બધાં નવ સ્પર્ધકો એકબીજાના હાથ પકડીને દોડના અંતિમ છેડા સુધી ચાલવા લાગ્યાં અને બધાંએ મળીને એક સાથે દોરડું પાર કર્યું.

તે વખતે ત્યાં જેટલા યે દર્શકો હાજર હતા એમનાથી એ દૃશ્ય ભૂલ્યું ભુલાતું નથી. કેમ કે પોતપોતાના હૃદયના ઊંડાણમાં આપણે બધાં એક વાતની બરાબર અનુભૂતિ કરતા રહીએ છીએ કે આ નાનકડી જિંદગીમાં કેવળ પોતાની જ જીત માટે કોશિશ કરતાં રહેવાનું પૂરતું નથી. જરૂર તેની છે કે આપણે સહુ આ જિંદગીમાં બીજાને જિતાડવામાં પણ સહાયક બનીએ, પછી ભલે ને તેમ કરતાં આપણી પોતાની ગતિ થોડીક ધીમી કરવી પડે અથવા આપણે આપણી રાહ થોડી બદલવી પડે.

# ડેમિયન વ્હીટવર્થ

## અંતિમ છબી

વીસમી સદીની કેટલીક સૌથી વધુ વિખ્યાત તસવીરો જગત સમક્ષ રજૂ કરનાર અમેરિકન સામયિક ‘લાઇફ’ની જિંદગી ૨૦૦૨માં ૬૬ વરસની વયે પૂરી થઈ. પ્રખ્યાત અમેરિકન અઠવાડિક ‘ટાઇમ’ના સ્થાપક હેન્રી લ્યુસે ૧૯૩૬માં ‘લાઇફ’ શરૂ કરેલું તે વાચકો “જીવનને જોઈ શકે, દુનિયાને જોઈ શકે” એ માટે. સદીના પાંચમા ને છઠ્ઠા દાયકાના એના સુવર્ણકાળ દરમ્યાન ‘લાઇફ’ અઠવાડિક ૮૫ લાખ નકલો મારફત અમેરિકનોને એમનાં ગામ-શહેરની બહારના વિશ્વ સાથે ઉત્તમ છબીકલા મારફત પરિચય કરાવતું હતું. અંતિમકાળ દરમ્યાન તેનો ફેલાવો ૧૬ લાખ પર આવી ગયેલો, તેટલો પણ પોતે ધરાવી શકે તો મોટા ભાગનાં સામયિકોના તંત્રીઓ પારાવાર સુખ અનુભવે. અને છેવટ લગી ‘લાઇફ’ નજીવો પણ નફો કરતું રહેલું. પરંતુ એના માલિકો માટે તે પૂરતો નહોતો.

એક જમાનો હતો જ્યારે માત્ર અમેરિકનો જ નહીં પણ ભારત સહિત અનેક દેશના રસિકો છબીઓથી છલકાતા ‘લાઇફ’ના અંકની આતુરતાથી રાહ જોતા. દુનિયાના કેટલાક ઉત્તમ ફોટોગ્રાફરોએ લીધેલી દુષ્પ્રાપ્ય તસવીરો જગતના ચાહે તે ભાગમાંથી તુરતોતરત મેળવીને તેનું પ્રથમ પ્રકાશન કરવાનો જશ લેવા ત્યારે લાખોનો ખર્ચ કરતાં ‘લાઇફ’ ખચકાતું નહીં. ચર્ચિલની અંતિમ યાત્રાની છબીઓ ‘લાઇફ’નો અંક યંત્રા પર ચડવાની છેલ્લી ઘડીએ પણ પહોંચી શકે તે માટે એક ખાસ વિમાન ભાડે કરવામાં આવેલું ને કૅમેરાની ફિલ્મ ‘ડેવલપ’ કરવાનો સરંજામ પણ તેમાં હાજર રાખવામાં આવેલો. હેમિંગ્વેની નવલકથા ‘ઓલ્ડ મેન એન્ડ ધ સી’ જેવાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન પોતાના અંકમાં કરવા માટે ‘લાઇફ’ લખલૂટ દામ ચૂકવતું. એ દિશામાં ‘લાઇફ’ની મહત્ત્વાકાંક્ષાઓ

નાનીસૂની નહોતી. જર્મન વિમાનોના અવિરત બોંબમારાથી મહાનગરી લંડનમાં ફાટી નીકળતી અગણિત આગોને ઠારવા કાજે પાણી બચાવવા પોતાના બાથ-ટબમાં ઓછું પાણી ભરવાની સૂચના નાગરિકોને આપવામાં આવી, ત્યારે અમેરિકન તંત્રીએ 'લાઇફ'ના લંડન ખાતેના પ્રતિનિધિને સંદેશો મોકલેલો કે, "બૅંકઘેમ મહેલના બાથ-ટબમાં રાજા જોર્જ છઠ્ઠાની છબી તાબડતોબ મોકલાવો." પણ એ કામગીરી તો 'લાઇફ'ના ચતુર પત્રકારોથી પણ બજાવી શકાઈ નહોતી.

'લાઇફ'ની વિશિષ્ટતા એની છબીઓ હતી. પણ ટેલિવિઝન આવ્યું પછી એનો ફેલાવો ઘટવા લાગ્યો, અને ૧૯૭૨માં 'લાઇફ'નું પ્રથમ અવસાન થયું. છ વરસ પછી અઠવાડિકને બદલે માસિક તરીકે તેનો નવો અવતાર થયો, ત્યારે એનું કદ પણ નાનું બન્યું. તેમ છતાં એનો વિકાસ ન થયો, પરિણામે જાહેરખબરો મળતી ઓછી થઈ.

'લાઇફ'ના અંતિમ અંકના પૂંઠા ઉપર તેના પ્રથમ અંકના પૂંઠાનું સ્મરણ કરાવતી છબી હતી. ત્યારે એક દાક્તરના હાથમાં તાજું જન્મેલું બાળક હતું ને તેનું શીર્ષક હતું: 'લાઇફ બિગીન્સ': જીવનનો આરંભ. આ વખતે જાતજાતની નળીઓથી વીંટળાયેલા શિશુની તસવીર હતી.

['ટાઇમ્સ' (લંડન) દૈનિક: ૨૦૦૩]

તા. ક. ૨૦૦૪માં સમાચાર આવ્યા છે કે 'લાઇફ'નો નવો અવતાર થયો છે. મુખ્ય અમેરિકન અખબારોમાં એક પૂર્તિરૂપે હવે તે દર શુક્રવારે મૂકવામાં આવશે. એ પૂર્તિની સવા કરોડ જેટલી નકલો શરૂઆતમાં છપાશે.

# ડોંગરે મહારાજ

## એક મિત્ર

દરેક મનુષ્યને એક મિત્રા હોય છે તે હંમેશ એને ગુપ્ત મદદ કરતો જ રહે છે. મનુષ્યને એ કહેતો હોય છે કે, “ધરતી ખેડવાનું કામ તારું, વરસાદ વરસાવવાનું કામ મારું... બીજ વાવવાનું કામ તારું, અંકુર પ્રગટાવવાનું કામ મારું... તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ... તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ.”

એ મિત્ર તે જ ઈશ્વર. માનવજીવ એ ઈશ્વરનો છૂટો પડેલો અંશ છે.

# ડોનોવાન પેડેલ્ટી

## રક્તપિત્તથીય વધુ ભયાનક

રેલગાડીની પાટલી પર કોઈ રક્તપિત્તિયું માનવી બેઠું હોય, તો તેની પડખે જઈને તમે સુખેથી બેસશો? એની સાથે હાથ મિલાવશો? નહીં?

તો એ માટે તમને કોઈ દોષ નહીં દે—સિવાય કે પેલાં ગણ્યાંગાંઠ્યાં લોકો, જે રક્તપિત્ત વિશેનું સત્ય જાણે છે.

સાચી વાત એ છે કે ફક્ત બાળકો સિવાયના બીજા બધા મનુષ્યો માટે રક્તપિત્ત ચેપી રોગ છે નહીં અને કદી હતો પણ નહીં. જો કોઈ માણસને નાનપણમાં જ પતિયાંનો સંસર્ગ ન થયો હોય, તો પછી બાકીની આખી જિંદગીમાં એ ચાહે તે કરે તો પણ તેને રક્તપિત્ત લાગુ નહીં જ પડે એવી ૯૯.૯ ટકા ખાતરી વિજ્ઞાન આપે છે. વળી નાનપણમાં પણ બાળક વારંવાર પતિયાંના સંપર્કમાં આવે તો જ એને રક્તપિત્તનો ચેપ લાગે. ફરી ફરીને એ રીતનો સંસર્ગ થાય ત્યારે જ ચેપને બાળકના શરીરમાં પ્રવેશ મળે છે. અને પછી એકથી વીસ વરસ સુધી શાંત પડયો રહીને પણ એ ચેપ પોતાનો પરચો બતાવે છે.

માતા કે પિતા રક્તપિત્તનાં રોગી હોય તો તેમના બાળકને એ રોગ વારસામાં મળે છે, તેની પણ કોઈ સાબિતી નથી. પતિયાં માબાપનું બાળક પણ જન્મે છે ત્યારે બિલકુલ તંદુરસ્ત હોય છે. પરંતુ રોગિષ્ટ માતા કે પિતા સાથે બાળક તરીકેના એના સતત સંપર્કને લીધે જ પાછળથી એ બાળકને રક્તપિત્તનો ચેપ લાગુ પડે છે.

એટલે કે તેમાં બે શરતો મહત્ત્વની છે: બાળપણ તેમજ સતત સંસર્ગ. બાળપણમાં એકાદ વાર સંસર્ગ થયો હોય, તો તેનો ભય નથી. અને મોટપણમાં વારંવાર સંસર્ગ થાય તો પણ તેનાથી ચેપ લાગતો નથી.

રક્તપિત્તનાં જંતુઓ ક્ષયનાં જંતુને ઘણાં મળતાં આવે છે. પરંતુ

ક્ષયના કરતાં રક્તપિત્ત એકસોગણો ઓછો ચેપી છે.

રક્તપિત્ત એ કોઈ અસાધ્ય રોગ નથી. કોઈને તે એક વાર લાગુ પડયો, એટલે તેનું આવી જ બન્યું, એવું નથી. એ રોગને ડાંભી શકાય છે, માનવદેહમાંથી તેને સમૂળગો કાઢી પણ શકાય છે.

હવે જેનો ઇલાજ કરવાનો બાકી રહ્યો છે તે તત્ત્વ પતિયાંમાં નથી (એ તો થોડા વખતમાં જ ‘ભૂતપૂર્વ પતિયાં’ બની જશે), પણ આપણામાં છે. રક્તપિત્ત કરતાં પણ વધુ ભયાનક રોગ તો છે રક્તપિત્તના ફફડાટનો.

[‘યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ’ માસિક]

# તનસુખ ભટ્ટ

## ઝંખના

*ધોળિયું ધજાયું જ્યાં ફરફરે, ગરવા ગિરિવરની ટૂંક;*
*વાયુ રે ઢોળે વનના વીંઝણા, જાવું છે ત્યાં અચૂક:*
*એવા રે મારગ અમે સંચર્યા.*

*ઊંચે રે મઢીથી, ઊંચે મોલથી, ઊંચા ત્રોવરથી અપાર;*
*ઊંચે રે ઊભી ડુંગર-દેરડી, વાદળગઢની મોઝાર:*
*એવા રે મારગ અમે સંચર્યા.*

*ડાબે રે ઊંડી વનની ખીણ છે, જમણે ડુંગરની ભીંત;*
*કેડી રે વંકાણી વેલી સમી, કપરાં કરવાં ચિત્ત:*
*એવા રે મારગ અમે સંચર્યા.*

*પળમાં પડે ને પળમાં ઊપડે, વાદળ-પડદા વિશાળ;*
*પળમાં લોપાતી રે દેરડી, મળતી લેશ ન ભાળ:*
*એવા રે મારગ અમે સંચર્યા.*

*ખમા રે વાયુ, ખમા વાદળાં, ખમા ડુંગરના સ્વામ;*
*તમ્મારે દરશને ઝંખના, પૂરણ કરજો કામ:*
*એવા રે મારગ અમે સંચર્યા.*

# તુષાર પુરાણી

## સિતમની દાસ્તાન

રશિયાના મહાન લેખક અને ૧૯૭૦નું નોબેલ ઇનામ જીતનાર ૫૫ વર્ષના એલેકઝાંડર સોલ્ઝેનિત્સિન પર દેશદ્રોહનો આરોપ મૂકી સોવિયેત સરકારે તેમને દેશનિકાલ કર્યા, એની પાછળ મુખ્ય કારણ હતું એમની મહાન કૃતિ 'ગુલેગ આર્કીપેલેગો'નું પેરિસમાં થયેલું પ્રકાશન. આ પુસ્તકની રશિયન ભાષાની આવૃત્તિની ૨૦ લાખ નકલો રશિયાની બહાર વેચાઈ ગઈ.

૬૦૦ પાનાંની 'ગુલેગ આર્કીપેલેગો' સોવિયેત સરકાર સામેનું તહોમતનામું છે. 'ગુલેગ' એ શબ્દ રશિયામાં ઠેર ઠેર પથરાયેલી કેદીઓ માટેની શ્રમછાવણીઓની કેન્દ્રીય વહીવટી વ્યવસ્થાનું સંક્ષિપ્તરૂપ છે. 'આર્કીપેલેગો'નો અર્થ છે ટાપુઓનો સમૂહ. આ 'ટાપુઓનો સમૂહ' છે, ત્રાસ ફેલાવનારી શ્રમછાવણીઓ.

૧૯૭૩ના ઑગસ્ટ મહિનામાં બનેલી એક ઘટનાએ લેખકને આ પુસ્તક પ્રકાશિત કરવા માટે મજબૂર કર્યા. લેખકે આ પુસ્તકની એક હસ્તપ્રત પોતાનાં એક રશિયન સ્ત્રી-મિત્રને સાચવવા આપી હતી. લગભગ પાંચ દિવસની ક્રૂર સતામણી પછી તે સ્ત્રી-મિત્રો હસ્તપ્રત છૂપી પોલીસને બતાવી દીધી અને બીજા દિવસે તેણે આત્મહત્યા કરી. આ બનાવે સોલ્ઝેનિત્સિનને વ્યથિત કરી મૂક્યા અને તેમણે પરિણામની પરવા કર્યા વગર વિદેશમાં પુસ્તકના તાત્કાલિક પ્રકાશન માટે અનુમતિ આપી દીધી.

સોલ્ઝેનિત્સિનની બીજી કૃતિઓ 'ફર્સ્ટ સરકલ' અને 'વન ડે ઇન ધ લાઇફ ઓફ ઇવાન ડેનીસોવીચ'માં રશિયન સરકારના અત્યાચારોની ગાથા હતી જ, પણ તેમાં કલ્પિત તત્ત્વ પણ સાથે સાથે વણાયેલું હતું. 'ગુલેગ'માં લેખકે ૧૯૫૬ સુધીના લગભગ ચાર દાયકા દરમિયાન

લોકો ઉપર જે અત્યાચારો અને દમનો ગુજારવામાં આવ્યાં તેનું રૂંવાડાં ખડાં કરી નાખે તેવું દસ્તાવેજી વર્ણન કર્યું છે. ૨૨૭ નાગરિકોના પત્રો દ્વારા વર્ણવાયેલી વિતકકથા, ખાનગી દસ્તાવેજો અને અહેવાલો આ પુસ્તકની સામગ્રી છે. લેખક જણાવે છે એમ આ પુસ્તકમાં એક પણ પાત્ર કે બનાવ કાલ્પનિક નથી. દરેક વ્યક્તિની તેના નામ સાથેની માહિતી આપવામાં આવી છે અને ક્રૂર વાસ્તવિકતાઓનો આબેહૂબ ચિતાર આપ્યો છે. લેખકના મતે ઝારના સમય વખતે જે જુલ્મ અને ત્રાસ ગુજારવામાં આવ્યો હતો તેના કરતાં પણ વધુ ત્રાસ અને અત્યાચારો એકહથ્થુ સત્તા ભોગવતી કમ્યુનિસ્ટ સરકારે લેનિન અને સ્ટાલિનના શાસનકાળમાં—ચાર દાયકા સુધી—ગુજાર્યા હતા. લેખકે પોતે આઠ વર્ષ શ્રમછાવણીમાં ગાળ્યાં હતાં. સોવિયેત સરકારે જેને "સરકાર વિરુદ્ધની બદબોઈ ભરેલું પુસ્તક" કહી વખોડી કાઢ્યું છે તે 'ગુલેગ'માં સોલ્ઝેનિત્સિને જેલમાં અને શ્રમછાવણીઓના દ્વીપસમૂહમાં સબડતા પોતાના જેવા લાખો લોકોની મૂક વ્યથાને વાચા આપી છે. આ અત્યાચારો માટે તેમણે ૨,૫૦,૦૦૦ વ્યક્તિઓને દોષિત ઠરાવી છે.

૧૯૧૮માં લેનિન સત્તા ઉપર આવ્યા ત્યારથી ૧૯૫૯ સુધીના ગાળામાં લગભગ સાડ છ કરોડ સ્ત્રી-પુરુષ અને બાળકોને "શ્રમ દ્વારા સુધારણા"ના સૂત્ર નીચે આ ગુલામીના દ્વીપસમૂહોમાં મોકલવામાં આવ્યાં હતાં. જેને રશિયાના ઘડવૈયા અને એક આદર્શવાદી પુરુષ ગણવામાં આવે છે તે લેનિનને પણ લોકો પર ગુજારવામાં આવેલા સિતમ માટે સોલ્ઝેનિત્સિન જવાબદાર લેખે છે. ભય અને ત્રાસના સૂત્રથી ચાલતી આ વ્યવસ્થા લેનિને શરૂ કરી, સ્ટાલિને દઢ કરી અને ક્રેમલિનના નેતાઓએ ટકાવી રાખેલી છે.

['બુદ્ધિપ્રકાશ' માસિક: ૧૯૭૬]

# તોત્તોચાન / તોજાબુરો સાતો

## વાંચવાની વેળા ક્યાં છે?

આજ સવારનો હું ઘાસનાં દોરડાં વણ્યા કરું છું. હું ઝટ ઝટ વણતો હતો

—જેથી એ કામ પૂરું કર્યા પછી મને કાંઈક વાંચવાનો વખત રહે. ઘાસનાં છેલ્લાં તણખલાંને વળ દેતાં દેતાં નિસાસો નાખીને હું ગણગણ્યો: "હાશ, હવે મારે વંચાશે." પણ જ્યાં ચોપડી ઉઘાડું છું ત્યાં પાછળથી એક અવાજ આવ્યો: "એટલાં દોરડાં શું પૂરાં થઈ રહેવાનાં છે?"

બસ, તે પછી મારાથી કેમ વંચાય? ચોપડી બંધ કરીને દોરડાં માટે વધુ ઘાસ લાવવા હું ઊઠ્યો. ખેતરની દિશામાં ધીમાં પગલાં ભર્યાં. ત્યાં પણ ખાંડેલું ઘાસ તૈયાર નહોતું, એટલે થોડું ઘાસ ખાંડીને દોરડાં વણવા જેવું બનાવવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. જેટલું જોર હતું તેટલું કાઢીને હું લાકડાનો ઘણ પછાડતો હતો, ને ઝટ ઝટ ખાંડતો હતો, એટલે બહુ વાર તો ન લાગી. પણ તેમાંથી પછી દોરડાં વણવા માંડ્યાં ત્યાં બપોરનું ભૂંગળું વાગ્યું. મને થયું કે, હવે તો વાંચવાનો વખત મળવાનો જ નહિ; એટલે પછી પૂરેપૂરું ચિત્ત કામમાં ચોડીને હું ધમધમાવવા માંડ્યો. મને રોંઢો કરવા બોલાવ્યો ત્યાં સુધીમાં ત્રીજા ભાગનું ઘાસ જ બાકી રહ્યું હતું.

મેં નક્કી કર્યું કે બપોર પછી ખેતરે જવું નહિ, પણ એટલો વખત ચોપડી વાંચવામાં ગાળવો. મન સાથે એટલી ગાંઠ વાળીને હું અંદરની ઓસરીમાં ગયો, આડો પડ્યો અને ઊંઘવાનો ઢોંગ કરવા માંડ્યો.

પાંચેક મિનિટમાં બાપાનો સાદ સંભળાયો: "એલા ક્યાં ગયો? ચાલ ઝટ!"

તમાકુનાં પાન સૂકવવાની સાદડી એમણે ખભે નાખી તેનો ખખડાટ મેં સાંભળ્યો. મને શોધી કાઢવાનું એ બાને કહેતા પણ સંભળાયા. હવે

વાંચવાનું જરાય બનશે નહિ, તે મને સમજાઈ ગયું. ચોપડી પડતી મૂકવી મને બહુ વસમી લાગતી હતી; પણ બીજો રસ્તો નહોતો.

બાપા બહુ મહેનત કરે છે. ખેતીમાં એ ભારે પાવરધા ગણાય છે. મારા વર્ગમાં તેતાલીસ છોકરા છે તેમાંથી અમારું કુટુંબ સારી સ્થિતિનું ગણાય છે. બાપાની આવડતને લીધે જ અમે ઊંચાં આવ્યાં છીએ. મોટીબાના ઘરમાં બા એકની એક દીકરી—દીકરો એકેય નહિ; એટલે લગ્ન પછી એમણે બાપાને જ દત્તક લઈ લીધેલા. પછી તો બાપાના નામને મોટા બાપુજીની અટક લાગી. તે વખતે અમારા ખેતરની માઠી દશા હતી. એ ખેતરમાંથી અમારા ઘરનો રોટલો પેદા કરવા બાપાએ રાત—દી જોયા વિના શરીર ઘસી નાખેલું.

હવે અમારું સારું ચાલે છે, કારણ કે બાપા દિવસ-રાત મજૂરી કરે છે. આજે જે લોકો ૩૦-૪૦ વરસનાં છે તે નાનાં હતાં ત્યારના કરતાં અત્યારે ગામની એકંદર હાલત પણ સુધરી છે. પણ હજી ઘણો સુધારો થવો જોઈએ—ને એટલે મારે ખૂબ મહેનત કરીને ભણવું જોઈએ. પણ આટલું બધું કામ કરતાં કરતાં હું કેવી રીતે ભણી શકું? એક ચોપડીયે પૂરી વંચાતી નથી. જો બધું આમ ને આમ ચાલશે તો જે લોકો પાસે ભણવાના પૈસા છે, ફુરસદ છે, એમના હાથમાં જ સરકાર રહેવાની. અમે કેમ જિંદગી ગુજારીએ છીએ તેની એ લોકને કાંઈ ખરખબર નથી. અમારે જ સરકારમાં ભાગ લેવો જોઈએ—નહિતર આ સમાજને અમે કઈ રીતે સુધારી શકવાનાં હતાં? જેમના હાથમાં સત્તા છે તે અમારા પહાડી લોકોના જીવન વિશે કાંઈ નહિ જાણતા હોય તો એ એકલા પૈસાદારોનો જ વિચાર કરશે; બહુ બહુ તો શહેરનાં કારખાનાંના મજૂરોનો જ વિચાર કરશે. તો પછી અમારી દશા ક્યાંથી સુધરવાની હતી?

બાલસાહિત્યની ચોપડીઓ ને તેનાં માસિકો હું જોઉં છું ત્યારે અમને ડુંગરાનાં બાળકોને રસ પડે એવા લેખ હું એમાં ગોત્યા કરું છું. કેમ જાણે જાપાનમાં ખેડૂતો જ ન હોય! ભણતર, રમતગમત ને બીજું બધું જાણે કે ફક્ત શહેરનાં છોકરાં માટે જ ગોઠવેલાં હોય તેવું લાગે

છે. અહીં ડુંગરામાં આવીને અમને કોણ ભણાવશે? આગળ વધવાનો રસ્તો અમને કોણ બતાવશે? દિવસ ઊગે ત્યાંથી આથમે ત્યાં સુધી અમારે કામ, કામ ને કામ કર્યા કરવું પડે છે. અમારી ને અમારી આસપાસનાં લોકોની હાલત સુધારવી હોય તો કામ ઉપરાંત બીજું કાંઈક પણ અમને મળવું જોઈએ, તે કોઈ સમજતું નથી. અમે આળસુ નથી, કામની અમને ફડક નથી, પણ અમારું કામ ઊગી નીકળે તેવું થવું જોઈએ. અમે મોટાં થઈએ ને પછી અમારાં છોકરાં મોટાં થાય ત્યારે એમની દશા અમારા કરતાં વધુ સારી હોય, અમારા કરતાં વધુ કેળવણી એમને મળેલી હોય, એવું અમે માગીએ છીએ.

આ બધા વિચાર હું કરતો હતો ત્યાં મને સાંભર્યું કે બાપા ખેતરમાં મારી વાટ જોતા ઊભા હશે. મને તો ધોળે દિવસે સ્વપ્નાં આવે છે એમ કહીને બાપા ઘણી વાર મને ઠપકો આપે. પણ જો સ્વપ્નાં ન આવે તો તો આપણે કાંઈ નવું કરી જ કેવી રીતે શકીએ?

(તોજાબુરો સાતો, છોકરોઃ ૧૫ વર્ષ)

# તોશિયો ઈશી

## રોજ ઊઠીને

કો’ક કો’ક દી જ હું નિશાળે જાઉં છું. રોજ મારે ડુંગરામાં કામે જવું પડે છે. ડુંગરામાં હું લાકડાં વીણું છું ને કોલસા પાડું છું. બીજા બધા છોકરાની જેમ મનેય રોજ નિશાળે જવાનું બહુ મન થાય છે. પણ હું કેમ કરીને જાઉં? બાપા હતા તે ગુજરી ગયા છે; બા મામાને ઘેર જતી રહી છે. દાદાજી તો બહુ ઘરડા, એટલે એનાથી શું કામ થાય? પછી કામ કરનારો રહ્યો હું એકલો.

રોજ ઊઠીને હું ડુંગરામાં જાઉં છું, ને લાકડાં ફાડીને તૈયાર કરું છું. પછી હું કાળજીથી ભઠ્ઠી ગોઠવું છું. પહેલાં ભઠ્ઠીની નીચલી બારી બંધ કરીને ઉપરના બાંકામાંથી દેવતા પેટાવું છું. પછી લાકડું સળગવા માંડે એટલે ઉપલું બંધ કરીને નીચલું બાકું ઉઘાડી નાંખું છું. એને લીધે લાકડાં ધીમે ધીમે બળે છે, ને સારા કોલસા પડે છે. પછી ભઠ્ઠીને સળગતી મૂકીને વળી પાછો ઊંચે ડુંગરામાં જઈને લાકડાં ભેગાં કરું છું. લાકડાંને ઢસડીને ભઠ્ઠી સુધી લાવવાં પડે છે. ત્યાં લાવીને એને ફાડવાનાં, ને વળી પાછાં ભઠ્ઠીમાં નાખવાનાં.

ડુંગરો ચડું, ને લાકડાં ઢસડીને નીચે લાવું: એવા છ ફેરા કરું ત્યાં રોંઢાની વેળા થઈ જાય. ભૂખેય બહુ લાગી હોય, એટલે ભાતનો લચકો ને ખાટું અથાણું બહુ મીઠાં લાગે. ખાઈને બે ઘડી જંપીને બેસું, ભઠ્ઠી ઉપર નજર નાખું, ને વળી પાછો ડુંગરો ચઢવા માંડું. સાંજના પાંચેક વાગ્યા સુધી લાકડાં લાવવાના ફેરા કર્યા કરું. પછી ભઠ્ઠીને વળી એક વાર તપાસી-કરીને કોલસાનો એક થેલો ખભે નાખીને હું ઘરની વાટ પકડું.

કોલસા ભારે વજનદાર હોય છે; એટલે હજી હું અડધે રસ્તે પહોંચું ત્યાં તો, ગમે તેવી ટાઢ પડતી હોય તો પણ, આખું ડિલ પરસેવે

રેબઝેબ થઈ જાય છે.

શિયાળામાં સાડાછ વાગ્યે ને ઉનાળામાં સાંજે સાતે હું ઘેર પહોંચું. વાળુ કરી લઉં પછી ખડકલોએક ઘાસ ખાંડવાનું હોય છે. દાદાજી બેઠા બેઠા એનાં દોરડાં વણે છે. આમ ખૂબ મહેનત કરી કરીને બે-ત્રણ દીના રોટલા જેટલું હું રળી લઉં છું. બસ, ઘરમાં એટલી જણસ ભેગી થઈ જાય એટલે દાદાજી કહેશે કે, “બેટા, હવે કાલ તું તારે નિશાળે જાજે!” એટલાં વેણ સાંભળું ત્યાં તો હું હરખમાં અડધો અડધો થઈ જાઉં.

આમ કો’ક કો’ક દી જ મારે નિશાળે જવાય, એટલે ભણવામાં બીજાં છોકરાંની હારે તો હું ન રહી શકું. તોય વર્ગમાં બેઠાં બેઠાં માસ્તરની જે વાત કાને પડે તેને ચિત્તમાં ઉતારી લઉં. ને પછી, વળતે દી, ડુંગરા ઉપરથી લાકડાં ઢસડી લાવતો હોઉં ત્યારે એ વાતના જ વિચાર મને આવ્યા કરે. એમ કરતાં કરતાં ક્યારેક વળી ઉપરાઉપરી બે દી સુધી હું નિશાળે જઈ શકું. પણ બે દી સુધી ન જવાય તો ય વાંધો નહિ. સમૂળગા ન જવાય તેના કરતાં તો એક દી યે સારો ને?

તોશિયો ઇશી (છોકરો: ૧૫ વર્ષ)

# ત્રિભુવન વ્યાસ

## અજવાળી રાત

*છોકરાં રે, સાંભળજો વાત,*
*આવી છે અજવાળી રાત.*
*રાતે તારા ટમકે છે,*
*વચમાં ચાંદો ચમકે છે!*

*ચાંદો ઊગ્યો ચોકમાં,*
*રાણી બેઠી ગોખમાં.*
*ગોખે તો સોનાનાં બોર,*
*માથે બેઠા બોલે મોર!*

*મોર કરે છે લીલા લ્હેર,*
*ટહુકા કરતો ચારે મેર.*
*મે’ર કરી ત્યાં મેવલે,*
*પાણી આવ્યાં નેવલે!*

*નેવે બોલે કા કા કાગ,*
*કાકા લાવ્યા મીઠો ભાગ.*
*કાજુ, બદામ ને રેવડી,*
*છોકરાંને બહુ મજા પડી!*

## ખિસકોલી

*તું અહીંયાં રમવા આવ, મજાની ખિસકોલી!*
*તું દોડ, તને દઉં દાવ, મજાની ખિસકોલી!*

તું કેવી હસે ને રમે, મજાની ખિસકોલી!
તારા કૂદકા તો બહુ ગમે, મજાની ખિસકોલી!

તું જ્યારે ખિલખિલ ગાય, મજાની ખિસકોલી!
તારી પૂંછડી ઊંચી થાય, મજાની ખિસકોલી!
તારે અંગે સુંદર પટા, મજાની ખિસકોલી!
તારી ખાવાની શી છટા, મજાની ખિસકોલી!

તું ઝાડે ઝાડે ચડે, મજાની ખિસકોલી!
કહે, કેવી મજા ત્યાં પડે, મજાની ખિસકોલી!
બહુ ચંચળ તારી જાત, મજાની ખિસકોલી!
તું ઉંદરભાઈની નાત, મજાની ખિસકોલી!

## મારા ઘરનો વાઘ

મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.

તે હળવે હળવે ચાલે છે,
ને અંધારામાં ભાળે છે!

દહીં ખાય, દૂધ ખાય;
ઘી તો ચપચપ ચાટી જાય.

તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.

એના ડિલ પર ડાઘ છે,
એ મારા ઘરનો વાઘ છે!

# સંધ્યા

*ઈશ્વરનો ઝળહળતો દીવો,*
*અખૂટ તેજ-ફુવારા જેવો,*
*તપી તપીને નમતો સૂરજ*
*પશ્ચિમમાં આથમતો કેવો,*
*ડૂબ્યો સાગરનાં જળ ઝીલી!*
*કેવી સુંદર સંધ્યા ખીલી!*
*અંગ સજી સાડી નવરંગી,*
*વાદળીઓ હળતી ને મળતી,*
*સિંદૂર સરખી સુંદર એની*
*લાલ કિનારી શી ઝળહળતી!*
*એ તો રમતી રાસ રસીલી;*
*કેવી સુંદર સંધ્યા ખીલી!*
*સોનેરી કુંકુમથી લીંપ્યાં*
*પશ્ચિમ દિશનાં આંગણ ઘેરાં,*
*ઊગતાં તારલિયાનાં મોતી*
*નાની શી મૂઠડીએ વેર્યાં;*
*રમતી ત્યાં ચંદા સાહેલી;*
*કેવી સુંદર સંધ્યા ખીલી!...*
*પગની ધૂળે અંગ-રજોટ્યાં*
*ધેનુનાં ધણ આવે ધાયાં;*
*ગોવાળે લલકારી એને*
*સોનેરી સરિતાજળ પાયાં;*
*ભાંભરતી વાછરડાં-ઘેલી;*
*કેવી સુંદર સંધ્યા ખીલી!*
*પંખી માળે કિલકિલ કૂજે,*
*મંદિરની ઝાલરીઓ ઝણકે;*

*ચંડૂલો આકાશે ઊંચે*
*ગાતાં ગીત મધુરી હલકે;*
*પર્વત ઉપર રાતી-પીળી*
*કેવી સુંદર સંધ્યા ખીલી!...*

## ઉષા

*ધોળી ધોળી ફૂલ સરખી,*
*નવી નવી ઉર—આશા જેવી,*
*જગાડતી સૂતી દુનિયાને*
*પ્રભાતની એ ઊજળી દેવી;*
*પ્રકાશને પૂરે છલકાતી*
*દેખ, ઉષા આવે મલકાતી....*
*કુહૂ કુહૂ કરતી કોયલ જાગી,*
*જાગ્યા ભમરાઓ ગણગણતા;*
*બાળ ઢબૂરતી માતા જાગી,*
*વિપ્રો જાગ્યા મંત્રો ભણતા;*
*મંદિરમાં મંગલમય થાતી,*
*દેખ, ઉષા આવે મલકાતી.*
*ઉજાળ્યું આકાશ અનુપમ,*
*ઉજાળી આ દુનિયા આખી,*
*ઉજાળ્યાં સર-સાગરનાં જળ*
*તેજસ્વી ચંચળ દગ નાખી;*
*તિમિર તણી ભીંતો ભેદાતી*
*દેખ, ઉષા આવે મલકાતી.*
*પંખી તણો કિલ્લોલ ઝીલી*
*સ્ફૂર્તિદાયક પવન તરે,*
*તેતર મીઠું 'તિતિલક તિલ્લિ'*

ખેતરને ખૂણે ઉચ્ચરે;
ચકવી ચકવા પાસે ધાતી,
દેખ, ઉષા આવે મલકાતી.
દૂર સીમાડે સિંધુ ગાજે,
ગાજે ગોરસ ઘેર ઘમમ્ ઘમ્,
રાજાની નોબત ગગડે ને
દેવનગારાં થાય ધમમ્ ધમ્;
એમાં રમઝમતી મદમાતી,
દેખ, ઉષા આવે મલકાતી.
આથમતો પ્રિય ચંદ્ર નિહાળી
પોયણ અંતરમાં તલસે,
ભૂં ભૂં કરતાં ભૃંગે વીંટ્યાં
કમલવૃંદ મન મંદ હસે;
એના મકરંદે છંટાતી,
દેખ, ઉષા આવે મલકાતી....
પ્રભાતના પૂજનને કાજે
અંગે ઊજળો સ્વાંગ ધર્યો,
ઝગમગતા તારાનાં મોતી
વીણી વીણી થાળ ભર્યો;
રવિ વધાવા તત્પર થાતી,
દેખ, ઉષા આવે મલકાતી.

## શિયાળો

વર્ષાની વાદળીઓમાં થઈ
શરદ તણે નિર્મળ જળ ન્હાતો,
શારદ-લક્ષ્મીની વીણામાં
ગીત અભિનંદનનાં ગાતો,

*અન્નકૂટના ધર્મ ઊજવતો—*
*શિયાળો આવ્યો સૂસવતો....*
*શીળો વાયુ વાવા લાગ્યો,*
*મધુર ગુલાબી ઠંડી ચમકી,*
*ઢોલ લગનસરાનો વાગ્યો,*
*ઝાંઝરની ઘૂઘરીઓ ઘમકી;*
*સ્નેહીનાં ગૌરવ ગુંજાવતો—*
*શિયાળો આવ્યો સૂસવતો.*
*સૂકો વાયુ વાય ફરર ફર,*
*ખર ખર તરુવર પાન ખરે,*
*ધ્રૂજે દુર્બળ દીન થરર થર,*
*ધનપતિ મદભર મોજ કરે;*
*એદીનાં અંગો સૂકવતો—*
*શિયાળો આવ્યો સૂસવતો....*
*ખેડૂતે શેરડીઓ વાવી*
*સીમડીઓને રસમય કીધી,*
*કોસ તણાં પૈ સાથે ગાતાં*
*રાતોને રઢિયાળી કીધી;*
*મીઠા મીઠા પાક પકવતો—*
*શિયાળો આવ્યો સૂસવતો....*
*માતાના ઝીણા સૂર ઝીલી*
*ઘંટી મધુરા ઘોર કરે,*
*મહી વલોવતી નારી ઝૂલી*
*હાથણીઓનાં માન હરે;*
*ઘર ઘર મંગલ ગાન ગજવતો—*
*શિયાળો આવ્યો સૂસવતો.*
*વહેલાં ઊઠી કામ કરે સૌ,*
*બાળક તડકે મળતાં ટોળે,*

ઘરને આંગણ ઓઢી બેઠાં
વૃદ્ધો સગડીને સંકોરે;
ગોરે ગાલ અડપલાં કરતો—
શિયાળો આવ્યો સૂસવતો.
દક્ષિણમાં બહુ દૂરે જાતો
સૂરજનો રથ પાછો વાળી;
દાન તણો મહિમા ખૂબ ગાતી
સંક્રાંતિ ઉત્તરમાં ચાલી;
પાછળ મળવા ધૂમ મચવતો—
શિયાળો આવ્યો સૂસવતો.

મહાસાગર

હજારો નદીઓ જઈ રેડે
કાયમ તેમાં મીઠાં નીર,
તોયે એનાં સદાય ખારાં
પાણી દીસે શા ગંભીર!
અપાર જળ એમાંથી સીંચી
મેઘ બધી દુનિયાને પાય,
તોય છલાછલ છલકાતો એ
એવો ને એવો દેખાય!
એના જેવું કોઈય ન મળે,
મહાસાગર તો મહાસાગર!

*ઘોર કરીને ઘૂઘવે,*
*ગરજે સાગર ઘેરે રવે!*
*કિનારાના ખડકો સાથે*
*ધિંગામસ્તી કરતો કરતો,*
*ફીણથી ફૂંફાડા કરતો,*
*ઓરો આવે, આઘો થાય*
*ને ભરતી-ઓટ કરતો જાય.*
*ગાંડો થઈને રેલે તો તો*
*આખી દુનિયા જળબંબોળ, જળબંબોળ!*

*ખારાં ખારાં ઊસ જેવાં*
*આછાં આછાં તેલ,*
*પોણી દુનિયા ઉપર એવાં*
*પાણી રેલમછેલ!*
*આરો કે ઓવારો નહીં,*
*પાળ કે પરથારો નહીં,*
*સામો તો કિનારો નહીં:*
*પથરાયા એ જળભંડાર સભર ભર્યા!*

# દક્ષા વ્યાસ

## નિરાંત

*મા! આખરે તમે ગયાં જ.*
*પેટ ભરીને રોઈ લીધું મેં.*

*હવે—...*
*—હવે એકલ ડોશીની અને વાઘની,*
*એકલ રાજા ને સાત રાણીની,*
*પરી અને રાજકુમારની,...*

*એકની એક અસત્યકથાથી અકળાવાનું નથી....*
*—પ્રત્યેક ગમન-આગમને*

*“આજે કેમ વહેલી?”*
*“કેમ મોડી?”*
*“શીદ જવું?”*
*“શું લાવી?”ની*

*અસ્તિત્વની નક્કરતાને ખખડાવતી પંચાતથી*
*તાણ ને ચીડ અનુભવવાની રહી નથી....*
*કેવી નિરાંત!—*
*છેવટની ઘડીએ*
*તમારા ડોળામાં દેખાતી હતી*
*તેવી નિરાંત!*

# દલપતરામ કવિ

## વિવિધ ઋતુઓનું વર્ણન

*શીઆળે શીતળ વા વ્હાય, પાન ખરે ઘઉં પેદા થાય;*
*પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ધરે ચાવે તંબોળ.*

*ધરે શરીરે ડગલી શાલ, ફાટે ગરીબતણા પગ ગાલ;*
*ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલીભાત.*

*ઉનાળે ઊંડાં જળ જાય, નદી સરોવર જળ સુકાય,*
*પામે વનસ્પતિ સૌ પાન, કેસુડાં રૂડાં ગુણવાન*

*સારા હોજ ફુવારા બાગ, પ્યારા ચંદન પંખા લાગ;*
*બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે તે તો વણતોલ.*

*ચોમાસું તો ખાસું ખૂબ, દિસે દુનિયા ડૂબાડૂબ;*
*મોર ઉચારે રાગ મલાર, ખેતર વાવે ખેતીકાર.*

*ચંપા ચંપેલી જુઈ જાય, ફૂલે ગુલાબ ભલાં ફુલાય;*
*છત્રી ચોમાસે સુખમાટ, ચાખડીઓ હિંચોળાખાટ.*

## એક શરણાઈવાળો

*એક શરણાઈવાળો સાત વર્ષ સુધી શીખી,*
*રાગ રાગણી વગાડવામાં વખણાણો છે;*
*એકને જ જાચું એવી ટેક છેક રાખી, એક*
*શેઠને રિઝાવી મોજ લેવાને મંડાણો છે;*
*કહે દલપત્ત પછી બોલ્યો તે કંજૂસ શેઠ,*
*ગાયક ન લાયક તું ફોકટ ફુલાણો છે;*

*પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી,*
*સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે.*

## કેડેથી નમેલી ડોશી

*કેડેથી નમેલી ડોશી દેખીને જુવાન નર,*
*કહે શું શોધો છો કશી ચીજ અછતી રહી;*
*કહે ડોશી બાળપણું ખબર વિના મેં ખોયું,*
*જુવાનીમાં દીવાની તારા જેવી ગતિ રહી;*
*છવાઈ જરાની છાયા, કાયાના વિંખાયા બંધ,*
*ગાયા ન ગોવિંદરાયા, માયામાં મતિ રહી;*
*ઝૂકી ઝૂકી ડોકી વાંકી રાખી દલપતરામ,*
*જોતી હું ફરું છું જે જુવાની ક્યાં જતી રહી.*

## એક ભોળો ભાભો

*એક ભોળો ભાભો મોટા ખેતરમાં માળે ચડી,*
*હરણને હાંકે અને પક્ષીને ઉડાડે છે;*
*જંગલી જનાવરોને બહુ બિવરાવવાને,*
*થીર રહી પોતે એક થાળી લૈ બજાવે છે;*
*એવે સમે ઊંટ આવી ખેતરમાં ખાવા લાગ્યો,*
*ભોળો ભાભો થાળી ઠોકી તેને બિવરાવે છે;*
*ત્યારે બોલ્યો ઊંટ મારે માથે તો ત્રાંબાળુ ગાજે,*
*ઠાલો થાળી ઠોકે તે લેખામાં કોણ લાવે છે.*

—

*સૌ જનના સુખ કારણે, કીધું જે કંઈ કામ;*
*ધરણી તળમાં ધન્ય તો, નિર્મળ તેનું નામ;*
*એવા જનનો જગતમાં, કરવો જશ વિસ્તાર;*
*આપ્યો મુજને ઈશ્વરે, એ માટે અવતાર.*

## આબુનું વર્ણન

*ભલો દૂરથી દેખતાં દિલ આવ્યો,*
*ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો;*
*દીસે કુંડનો દેવતા બીજ જેવો,*
*દીઠો આજ આબુ ગિરિરાજ એવો.*

*તિથી પૂનમે શોભિયા સાંજ ટાણે,*
*બન્યા ઘંટ બે સૂર્ય ને સોમ જાણે;*
*દીપે દેવ હાથી કહે કોઈ કેવો,*
*દીઠો આજ આબુ ગિરિરાજ એવો.*

*કદી ઉપરે જૈ જુઓ આંખ ફાડી,*
*ઝૂકી ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી;*
*મહા સ્વાદુ માગ્યો મળે મિષ્ટ મેવો.*
*દીઠો આજ આબુ ગિરિરાજ એવો.*

*દિસે વાઘ ને વાંદરા સિંહ હર્ણાં,*
*ઝરે નિર્મળા નિરનાં નિત્ય ઝર્ણાં;*
*શીળો ને સુગંધી વહે વાયુ તેવો,*
*દીઠો આજ આબુ ગિરિરાજ એવો...*

તહાં તેર ગાઉતણે તો તળાવે,
પિવા ગામ અગીયારના લોક આવે;
જહાં જેઠ માસે ન દીસે પ્રસેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો...

## ઊંટ કહે

ઊંટ કહે આ સભામાં વાંકાં અંગવાળાં ભૂંડાં,
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકાં શીંગડાંનો ભાર છે;
સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે.

## પિતાની સેવા

છડો હું હતો છોકરો છેક છોટો,
પિતા પાળી પોષી મને કીધ મોટો.
રૂડી રીતથી રાખતા રાજી રાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

ચડી છાતીએ જે ઘડી મૂછ તાણી,
કદી અંતરે રીસ આપે ન આણી;
કહ્યું મેં મુખે તે કર્યું હાજી હાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

મને સારી શિક્ષા શિખાવી સુધાર્યો,
વળી આપી વિદ્યા વિવેકે વધાર્યો;
ભલી વાતના ભેદ સીધા દીધાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

કદી કોટી કોટી સહી કષ્ટ કાયા,
મને છાતીમાં લૈ કરી છત્રાછાયા;
અતિ પ્રાણથી પ્યાર જે આણતાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

મને દેખી અત્યંત આનંદ લેતા,
મુખે માગી વસ્તુ મને લાવી દેતા;
પૂરો પાડ તે તો ભૂલે પુત્ર પાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

વડા વાંકમાં આવું તો રાંક જાણી,
દીધો દંડ દેતાં દયા દિલ આણી;
તજી સ્નેહ દેહે ન દીધી પીડાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

ભણાવી ગણાવી કીધો ભાગ્યશાળી,
તથા તુચ્છ જેવી બૂરી ટેવ ટાળી;
જનો મધ્ય જેથી રહી કીર્તિ ગાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

લીધો લાવ ને લૈશ જે લાવ સારો,
ગણું ગુણ હું તાત તે તો તમારો,
સદા સુખ સારુ ઉપાયો સજ્યાજી
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.

મને નિર્ખતા નેત્રામાં નીર લાવી,
લઈ દાબતા છાતી સાથે લગાવી;

*મુખે બોલતા બોલ મીઠા મીઠાજી,*
*ભલા કેમ આભાર ભૂલું પિતાજી.*

*હતો બાળ હું આજ સુધી અજાણ્યો,*
*ઉરે આપનો ગુણ એકે ન આણ્યો;*
*હવે હું થયો જાણીતો આજ આ જી,*
*ભલા કેમ આભાર ભૂલું પિતાજી.*

*જગંનાથજી જીવતો રાખશે જો,*
*હયાતી તમારી અમારી હશે જો;*
*કરું સેવના દિલ સાચે સદાજી,*
*ભલા કેમ આભાર ભૂલું પિતાજી...*

## માનો ગુણ

*હતો હું સૂતો પારણે પુત્ર નાનો,*
*રડું છેક તો રાખતું કોણ છાનો;*
*મને દુખી દેખી દુખી કોણ થાતું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું.*

*સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,*
*પીડા પામું પંડે તજે સ્વાદ તો તે;*
*મને સુખ માટે કટુ કોણ ખાતું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું.*

*લઈ છાતી સાથે બચી કોણ લેતું,*
*તજી તાજું ખાજું મને કોણ દેતું;*
*મને કોણ મીઠાં મુખે ગીત ગાતું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું.*

*પડું કે ખડું તો ખમા આણી વાણી,*
*પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી;*
*પછી કોણ પોતાતણું દૂધ પાતું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું...*

*તથા આજ તારું હજી હેત તેવું,*
*જળે માછલીનું જડયું હેત જેવું;*
*ગણિતે ગણ્યાથી નથી તે ગણાતું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું.*

*અરે એ બધું શું ભલું જૈશ ભૂલી,*
*લીધી ચાકરી આકરી જે અમૂલી;*
*સદા દાસ થૈ વાળી આપીશ સાટું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું.*

*અરે દેવના દેવ આનંદ દાતા,*
*મને ગુણ જેવો કરે મારી માતા;*
*સમો વાળવા જોગ દેજે સદા તું,*
*મહા હેતવાળી દયાળી જ મા તું.*

## છંદ

*શિખે સાંભળે આટલા છંદ આઠે,*
*પછી પ્રીતથી જો કરે નિત્યપાઠે;*
*રીઝી દેવ રાખે સુખી સર્વ ઠામે;*
*રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.*

## ભીંડો ભાદરવા તણો

*ભીંડો ભાદરવા તણો, વડને કહે સૂણ વીર,*
*સમાઉં નહિ હું સર્વથા, તું જા સરવર તીર;*
*તું જા સરવર તીર, સુણી વડ ઊચર્યો વાણી,*
*વીતે વર્ષા કાળ, જઈશ હું બીજે જાણી;*
*દાખે દલપતરામ, વીત્યો અવસર વર્ષાનો,*
*ગયો સુકાઈ સમૂળ, ભીંડો તે ભાદરવાનો.*

—

*બાથ ભરીને ભેટ્યાં થકી કરીએ નહિ વિશ્વાસ;*
*ફોફળને લૈ બાથમાં સૂડી કરે વિનાશ.*

## અડચણ…

*અડચણ ન નડે કોઈને—કશું ન નીપજે એમ;*
*પીડા જુએ પ્રવાસીની, તો ઘન વરસે કેમ?*

## મિત્ર પ્રતિ ઉક્તિ

*વા’લા, તારાં વેણ સ્વપનામાં પણ સાંભરે;*
*નેહ ભરેલાં નેણ ફરી ન દીઠાં, ફારબસ….*

*દિલ ન થશો દિલગીર, વેલેરા મળશું વળી:*
*વદીને એવું વીર, ફરીને મળ્યો ન ફારબસ.*

*ઉચર્યો કદી ન એક જૂઠો દિલાસો જીભથી;*
*છેલ્લી વારે છેક ફોગટ બોલ્યો ફારબસ.*

*હેતે ઝાલ્યો હાથ, છેક કદી નહિ છોડતો;*
*મળ્યે સ્વરગનો સાથ, ફંટાયો તું, ફારબસ!...*

*તારા બોલ તણા જ ભણકારા વાગે ભલા;*
*ઉપજે ઘાટ ઘણા જ, ફરી ક્યાં દેખું, ફારબસ.*

*નેણે વરસે નીર સ્નેહી જ્યારે સાંભરે;*
*વે'લો આવી વીર, ફરીને મળજે, ફારબસ!*

['દલપત ગ્રંથાવલિ' પુસ્તક: ૨૦૦૧]

# દલસુખ ગોધાણી

## બાબુભાઈ

ભાવનગર જિલ્લામાં એક સભામાં હાજરી આપવા બાબુભાઈ આવેલા. કાર્યક્રમ સારો ચાલ્યો, પણ પછી જ્યારે એમને બોલવાનો વારો આવ્યો ત્યારે, “આપણો સમય પૂરો થયો છે અને તમારી આ પ્રવૃત્તિને બિરદાવું છું,” એટલું જ કહીને પોતાનું ભાષણ એમણે પૂરું કરેલું.

# દશરથલાલ શાહ

## ત્રણ મીરાં

એમ કહેવાયું કે ગુજરાતમાં ત્રણ મીરાં થઈ. (૧) મીઠુબહેન પીટીટ, જેમણે મરોલી આશ્રમ મારફતે આદિવાસીઓની સેવા કરી, (૨) મણિબહેન પટેલ, જેમણે પોતાના પિતા સરદાર વલ્લભભાઈ પટેલની સેવા મારફતે નિરંતર દેશસેવા કરી અને (૩) કુસુમબહેન પટેલ જેમણે વિઠ્ઠલ કન્યાવિદ્યાલય મારફતે સેંકડો બહેનોમાં સંસ્કારસિંચન કર્યું. ત્રણેએ આજીવન કૌમાર્યવ્રત ધારણ કરી સમગ્ર જીવન દેશસેવા અને સમાજસેવામાં સમર્પિત કર્યું.

પિતા હરિભાઈ પટેલ અને માતા મૂળીબહેનની કૂખે ૧૯૧૮માં સુરત જિલ્લાના કતાર ગામે કુસુમબહેનનો જન્મ થયો હતો. દાદીમાએ એમની માતા પાસે પ્રતિજ્ઞા લેવડાવેલી કે, દીકરીઓને દીકરાની જેમ જ ઉછેરજે.

કુસુમબહેન ગ્રેજ્યુએટ થઈને વિઠ્ઠલ કન્યાવિદ્યાલય(નડિયાદ)માં શિક્ષિકા તરીકે રહેવા જાય છે ત્યારે ત્યાંના આદ્ય આચાર્યશ્રી દેસાઈભાઈ કહે છે, “ગ્રેજ્યુએટ છો, પણ આશ્રમી જીવન નથી જીવ્યાં, એટલે વેડછી જઈ જુગતરામભાઈ પાસે રહો. તે જો તમારે માટે પ્રમાણપત્ર આપે તો પછી અમે તમને અહીં કામ આપીએ.”

કુસુમબહેન પહોંચ્યાં વેડછી અને જુગતરામકાકા પાસે તમામ કામોમાં પાવરધાં બની નડિયાદ આવ્યાં અને વિઠ્ઠલ કન્યાવિદ્યાલયમાં એવી પલાંઠી વાળી બેઠાં કે ૧૯૪૨થી ઠેઠ અવસાન સુધી પૂરાં ૫૯ વર્ષ એ માટે આપ્યાં! આ વિદ્યાલયમાં ગૃહમાતા, શિક્ષિકા, આચાર્યા, મંત્રી અને છેલ્લે મંડલનાં અધ્યક્ષા સુધી પહોંચ્યાં.

['ભૂમિપુત્ર' પખવાડિક: ૨૦૦૫]

# દાઉદભાઈ ઘાંચી

## "ઝહર ક્યા કરેગા અસર…!"

ગોધરાનો રેલવેકાંડ, નરોડા પાટિયાનો નરસંહાર, ગુલમર્ગ સોસાયટીની માનવહોળી, અને બીજું બધું તો કેટલુંય… ૨૦૦૦ જેટલી કરપીણ હત્યાઓ, એક લાખ જેટલાંની ખુદના વતનમાંથી જ કાયમી હકાલપટ્ટી, કરોડોની મિલકતોની તબાહી, અને દર-બે-દર ભટકતી કરી દેવામાં આવેલી અનેક વિધવાઓ અને અનાથોની વણઝાર, અને આ બધાંથી ઉપર ગુજરાતના સદીઓ પુરાણા સામાજિક સંવાદિતાના વારસાનો ધરાર સંહાર. ગુજરાતને શિરે ગુજારાયેલા એ બધા જુલમો-સિતમો પર, એ ગોઝારા દિવસોથી માંડીને આજ લગી ગુજરાતના સાહિત્ય, શિક્ષણ અને કલાક્ષેત્રોના કયા વીરલાઓએ માતમ કર્યું છે?

સમાજનો અગ્રવર્ગ અનુકંપા ગુમાવી ચૂક્યો છે. એમ કહો કે એની એ સહજ માનવીય ક્ષમતાને બહેરી કરી દેવામાં આવી છે. પરિણામે દીવા જેવું સત્ય પણ એ સમાજ જોઈ શકતો નથી. એનું સમગ્ર ચક્ષુતંત્ર અને સંવેદનાતંત્ર, પેલા ગીતકાર જાવેદ અખ્તરના શબ્દોમાં, ધિક્કારની અસર નીચે એની સંવેનદશીલતા ગુમાવી ચૂક્યું છે. સાંભળો જાવેદને: "ઝહર ક્યા કરેગા અસર? હમને પી રકખી હૈં નફરતેં." નિરપેક્ષ રીતે દેખવાનો, સમજવાનો કે સ્વતંત્ર રીતે વિચારવાનો યુગ ગુજરાત માટે વીતી ચૂક્યો છે, હવે એના શિરે લાદવામાં આવી ચૂક્યો છે સંકીર્ણ સાંપ્રદાયિક વિચારધારાના ફાસીવાદનો એક સુપર-આતંકવાદી યુગ. એનો આદેશ છે: ધિક્કારો, કેવળ ધિક્કારો, હર કોઈ બહાને ધિક્કારો!

['નિરીક્ષક' પખવાડિક: ૨૦૦૬]

# દાદા ધર્માધિકારી

## "એવાં ભાગ્ય ક્યાંથી?"

આદિવાસીઓના ગામમાં એક ઘરમાં રાતવાસો કરવાનો પ્રસંગ આવ્યો. એમાં એક જ ઓરડો હતો. તેને બારી નહોતી. ત્યાં જ રસોઈ થતી. આખા ઘરમાં ધુમાડો થતો. કેટલાંક મરઘાં હતાં, તેનાં બચ્ચાં આમતેમ રમતાં હતાં. એ લોકોએ વિચાર્યું કે મારા જેવાને ત્યાં સુવડાવવો ઠીક નહીં ગણાય. પાસે એક ઝૂંપડી હતી, ત્યાં ખાટલી ઢાળી દીધી. ઘરધણી મારું અપમાન નહોતો કરવા માગતો, પણ એણે ભોળેભાવે કહી નાખ્યું: "આમ તો અહીં અમે ભૂંડ રાખીએ છીએ. અમારી પાસે બીજી જગ્યા નહોતી. આજે અમે આ જગ્યાને સાફ કરી નાખી છે."

મેં કહ્યું, "ખેર, સાફ કરી એ તો સારું જ કર્યું." થોડી વારે મને વિચાર આવ્યો કે, આ માણસ અહીં ભૂંડ રાખતો હતો; પણ અહીં બારણું તો છે નહીં—રાતે કોઈ અંદર ઘૂસી જાય તો? મેં પૂછ્યું, "આમાં બારણું નથી?"

એ બોલ્યો, "એમાં બારણાની જરૂર નથી."

"કેમ? આસપાસમાં કોઈ ચોર નથી?"

"ચોર તો ઘણાય છે."

"તો તારા ઘરમાં બારણું કેમ નથી રાખતો?"

એ બોલ્યો, "અમારાં એવાં ભાગ્ય ક્યાંથી કે અમારા ઘરમાં ચોર આવે!"

સાવ અભણ માણસના આ શબ્દો છે. એ કહે છે કે, અમારું એવું ભાગ્ય નથી! કેમ? એમાં ભાગ્ય શા સારુ જોઈએ? તો કહે છે: "અમારી પાસે એક જ ચીજ છે: ગરીબી—અને એને ચોરનારું કોઈ છે નહીં."

મેં કહ્યું, "તો તો

તમારે પોલીસની કશી જરૂર નહીં પડતી હોય."

"પોલીસની અમારે તે શી જરૂર?"

"તો પોલીસવાળા તારે ત્યાં કદી આવતા નથી?"

કહે: "આવે છે ને!"

"ક્યારે આવે છે?"

"તમારા જેવાની ઘડિયાળ ગુમ થઈ જાય, ત્યારે તે શોધવા સારુ અમારા ઘરમાં આવે છે! તમારી અમીરી ને અમારી ગરીબી, બેયનું રક્ષણ એ કરે છે."

## હનુમાન બનો!

એક દફા મૈં એક સ્કૂલમેં ગયા થા. પહલી કતારમેં બિઠા હુઆ પહલે લડકે સે મૈંને પૂછા, "તૂ કૌન હૈ?"

ઉસને કહા, "બ્રાહ્મણ હૂં."

દૂસરેસે પૂછા; ઉસને કહા, "કોંકણસ્થ બ્રાહ્મણ હૂં."

તીસરેસે ફિર યહી સવાલ પૂછા. ઉસને સોચા, પહલે દો કે ઉત્તરમેં જરૂર કુછ કમી રહ ગઈ હૈ; ઉસને ઉત્તર દિયા, "મૈં ઋગ્વેદીય કોંકણસ્થ બ્રાહ્મણ હૂં."

સબસે અંતમેં એક લડકા બૈઠા થા. મૈંને ઉસસે પૂછા, તો હડબડા કર ઉઠા ઔર કહને લગા, "મૈં લડકા હૂં."

મૈંને કહા, "યહ લડકા સચ્ચા જવાબ દેતા હૈ."

આજકે જમાનેમેં યહ હાલત હૈ કિ મનુષ્ય યહ ભૂલ ગયા હૈ કિ, મૈં મનુષ્ય હૂં—ઔર તો ઉસે સબ કુછ યાદ હૈ. ગુરુદ્વારેમેં જો બૈઠા હૈ, વહ સિખ હૈ. મંદિર મેં જો બૈઠા હૈ, વહ હિન્દુ હૈ. મસ્જિદમેં જો બૈઠા હૈ વહ મુસલમાન હૈ. કોઈ કોંગ્રેસી હૈ, કોઈ કમ્યૂનિસ્ટ હૈ, કોઈ

સોશલિસ્ટ હૈ—સબકે માથે પર એક ચિપ્પી લગી હુઈ હૈ. હર મનુષ્ય પર કેવલ એક-દો નહીં અનેક ચિપ્પિયાં લગી હુઈ હૈં: મૈં બ્રાહ્મણ હૂં, ભટ્ટ હૂં, કૉંગ્રેસકા સદસ્ય હૂં... ઈતની ચિપ્પિયાં લગી હુઈ હૈં કિ આદમી દિખાઈ હી નહીં દેતા.

જો તુમ લોગ છોટે-છોટે બચ્ચે યહાં બૈઠે હો, તુમ્હારે સામને મૈં અપની ઇચ્છા પ્રકટ કરને આયા હૂં. હમ ચાહતે હૈં કિ તુમ અપને જમાનેમેં ચિપ્પિયાં હટા દો. મનુષ્ય મનુષ્ય હૈ. વહ બ્રાહ્મણ ભી નહીં હૈ, ભંગી ભી નહીં. તુમ્હારે જમાનેકા મનુષ્ય મનુષ્ય હોગા.

પહલી ચીજ જો તુમ્હેં સીખની હૈ, વહ હૈ—ઇસ ભારતવર્ષમેં તુમ્હારે લિયે કુછ સીમા નહીં. જોશીમઠમેં ઔર ત્રાવેન્દ્રમમેં રહનેવાલે લડકે દોનોંકા સારા દેશ એક દેશ હૈ, ઔર તુમ્હે ઈસકે નાપકા આદમી બનના હૈ. જિતના બડા દેશ હો, ઉતના હી બડા આદમી ચાહિયે. અગલે જમાનેમેં દેશમેં બડે ઊંચે-પૂરે આદમી હોતે થે. મહાત્મા ગાંધી, નેહરુ, અબ્દુલ ગફ્ફાર ખાં... કશ્મીરસે લેકર કન્યાકુમારી તક કા આદમી ઇન્હેં જાનતા થા. સંકલ્પ કરો કિ તુમમેં સે ઐસે આદમી નિકલેં.

સીતાજીને એક દફા અપની મણિયોંકી માલા હનુમાનજીકો પહનનેકે લિયે દી. તો ઉન્હોંને એક એક મણિ માલાસે તોડકર દાંતોંકે બીચ દબાયી ઔર કહા: “માતાજી, મૈં મણિકો ખોલકર દેખ રહા હૂં કિ ઈસમેં રામ હૈ યા નહીં. અગર રામ હોગા, તો મેરે કામકી હૈ—નહીં તો નહીં હૈ.”

જબ તુમ બડે હોગે, તો કોઈ વ્યાપારી બનેગા, કોઈ બાબૂ બનેગા. તો મૈં તુમસે કહના ચાહતા હૂં કિ હનુમાનકી તરહ હરએક ચીજકો ખોલકર દેખો કિ ક્યા ઉસમેં રામ હૈ? ક્યા ઉસમેં ગિરે હુએકો ઉપર ઉઠાનેકી કોઈ ચીજ હૈ? દૂસરોંકો ચૂસકર બડે બનનેકા રોજગાર હૈ, યા દૂસરોંકો ઉપર ઉઠાનેકા હૈ?

મેરે જમાનેકે આદમિયોંને યહ નહીં દેખા. મેરે જમાનેકે જિતને રોજગાર હૈં, વે દૂસરોંકો ચૂસનેકે હૈં. કુછ આદમી ઐસે હોતે હૈં,

જો ભેડિયેકી તરહ ખા જાતે હૈં. ઔર કુછ ઐસે હૈં, જો જોંકકી તરહ મનુષ્યોંકા ખૂન ચૂસતે હૈં. તેલમેં, આટેમેં, દવાઈયોંમેં મિલાવટ કરનેવાલે—યે સબ જોંકકી તરહ હૈં. દૂસરા જો તલવાર લેકર આતા હૈ, વહ ભેડિયોંકી તરહ હૈ. તુમ્હારી યહ શપથ હો કિ, ન કિસીકા ખૂન ચૂસેંગે, ન કિસીકો ગિરાયેંગે.

તુમ્હારે જમાનેમેં તુમ સબ લડકે-લડકિયોંકો યહ બાત સમઝની હૈ કિ મનુષ્યકી દૂસરી સારી પ્રતિષ્ઠાએં ઝૂઠી હૈં; સમાજમેં સહી મૂલ્ય ઉતના હી હૈ, જિતના પરિશ્રમ મનુષ્ય કરતા હૈ. જબ તુમ્હારા જમાના આયેગા, શાન ઉસકી હોગી જો ઓજારોંસે કામ કરેગા, જીવનકે લિએ ચીજેં બનાયેગા. ઉસકે એક હાથમેં 'ઉપનિષદ' હોગા ઔર દૂસરે હાથમેં હલ.

## શિક્ષક અને બાપ

મારા છોકરાને ભણાવવા એક શિક્ષક આવતા હતા. એક દિવસ એ કહે : "તમે પગાર નહીં વધારો, તો કાલથી હું ભણાવવા નહીં આવું."

બીજે દિવસે એ ન આવ્યા, એટલે છોકરો પૂછવા લાગ્યો કે શિક્ષક કેમ ન આવ્યા? મેં કહ્યું, એ આજથી હડતાલ પર ઊતર્યા છે.

છોકરો તો પહોંચ્યો શિક્ષકને ઘેર, અને પાછો આવીને મને કહેવા લાગ્યો કે, "કાં? તમે કહેતા હતા ને શિક્ષક હડતાલ પર ઊતર્યા છે? પણ એ તો એના છોકરાને ભણાવતા હતા! તો પછી મને કેમ નથી ભણાવતા?"

શિક્ષક હડતાલ પાડી શકે છે, બાપ હડતાલ નથી પાડી શકતો.

બીજાઓની હડતાલમાં ને શિક્ષકની હડતાલમાં એ અંતર હોવું જોઈએ કે શિક્ષક કહેશે કે, હું પગાર છોડીશ—કામ નહીં છોડું!

# કાયરતાથી ક્રૂરતા સુધી

ગાંધીના જમાનામાં આ દેશની જનતાએ અહિંસાનો સ્વીકાર કર્યો હતો, એવો ભ્રમ કોઈને હોય તો તે કાઢી નાખજો. બીજો કોઈ વિકલ્પ નહોતો. શસ્ત્રો તો અંગ્રેજોએ છીનવી લીધાં હતાં. ત્યારે આ એક માણસ, બીજું કાંઈ નહીં તો, અંગ્રેજોને તોબાહ પોકારાવી શકતો હતો. એટલે જનતા એની પાછળ પાછળ ગઈ—પણ તેમાંય હિંસા અને જુઠ્ઠાણા માટે અવકાશ હતો ત્યાં સુધી જ ગઈ. ગાંધીના કાર્યક્રમમાં સત્ય ને અહિંસા હતાં, તે તો તેના પર જ છોડ્યાં! ગાંધીજીએ કહ્યું કે, હથિયાર નથી તો મારી પાછળ પાછળ આવો; ત્યારે લોકોએ કહ્યું કે, હા, તારી પાછળ ન આવીએ તો બીજું કરીએ પણ શું? પરંતુ હથિયાર વગરેય જેટલો દ્વેષ થઈ શકશે તેટલો જરૂર કરશું!

ગયા વિશ્વયુદ્ધ દરમિયાન અમે જેલમાં હતા ત્યારે ક્યારેક ચોરીછૂપીથી છાપાં મેળવી લેતા. એમાં અમે જ્યારે વાંચતાં કે હિટલરની જીત થઈ રહી છે, ત્યારે અમને લોકોને એટલો બધો આનંદ થતો કે જાણે અમારા પિતૃઓ સ્વર્ગમાં ગયા હોય! નિર્બળતા કે કાયરતામાંથી હંમેશાં વૈરવૃત્તિ જાગે છે. અને વૈરવૃત્તિમાંથી ક્રૂરતા જ જન્મે છે. આવી ક્રૂરતા હિંદુ-મુસ્લિમ હુલ્લડો અને ભાષાકીય આંદોલનો વખતે આપણે જોયેલી છે.

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# ઈમાનદારીનો અભાવ

જીવનભર હું વિચાર જ કરતો રહ્યો છું; બીજું કાંઈ કરી શક્યો નથી. છેલ્લાં સાઠ વરસથી મારા મનમાં આ દેશ અંગે એક પ્રશ્ન ઘોળાતો રહ્યો છે. તેનો ઉત્તર હું શોધતો રહ્યો છું. સાઠ વરસ થયાં એ જ વિષયનું હું એટલું તો રટણ કરતો રહ્યો છું કે સાંભળવાવાળા

પણ કંટાળી જાય. એ પ્રશ્નને હું મૂળભૂત સવાલ માનું છું. દેશના બીજા સવાલો તેમાંથી પેદા થાય છે.

મારો સવાલ એ છે કે જે દેશને આટલી ભવ્ય સંસ્કૃતિનો વારસો મળ્યો, આટલી ઊંચી આધ્યાત્મિકતાનો જે ભૂમિમાં વિકાસ થયો, ત્યાંનો મનુષ્ય આટલા લાંબા કાળ લગી ગુલામ કેમ રહ્યો?

એની સાથે જ બીજો સવાલ પણ મારા મનમાં જાગ્યો હતો તે આ છે: આપણાં પુરાણોમાં એવું કેમ જોવા મળે છે કે શક્તિ હંમેશાં રાક્ષસો પાસે હતી, અને દેવોમાં નહોતી? 'વેદ'માં ઇન્દ્ર અને વૃત્રા રાક્ષસ વચ્ચેના યુદ્ધનું વર્ણન આવે છે. હવે ઇન્દ્ર તો છે દેવોનો રાજા, છતાં એ યુદ્ધમાં કાવાદાવા કરે છે. પણ સામે વૃત્રા રાક્ષસ છે, છતાં સીધી રીતે જ યુદ્ધ કરે છે. અને દાવપેચ છતાંયે હારે છે તો ઇન્દ્ર જ. છેવટે એ દધીચિ ઋષિ પાસે જાય છે અને કહે છે કે, મને તમારાં હાડકાં આપો, એનાથી હું લડી શકીશ; મારાં બધાં હથિયાર તો નકામાં થઈ પડ્યાં છે.

તો દેવતાઓની હાલત એવી કેમ? દેવો આટલા બધા શક્તિહીન અને રાક્ષસો આટલા શક્તિશાળી—એમ કેમ? એનો જવાબ ખોળતાં ખોળતાં મારા ધ્યાનમાં આવ્યું કે જે બધા રાક્ષસો હતા, એ તપસ્વી હતા. રાવણનું તો એટલી હદ સુધીનું વર્ણન આવે છે કે તપ કરતાં કરતાં નવ નવ મસ્તક તો એણે ઉતારીને ધરી દીધાં અને દસમું ઉતારવા પણ તૈયાર થઈ ગયો હતો. આમ આ બધા રાક્ષસો ભારે મોટા તપસ્વી હતા. પણ તો પછી એ રાક્ષસ બન્યા શી રીતે? રાક્ષસ બન્યા એ કારણે કે તપથી મળેલી શક્તિનો ઉપયોગ એમણે ભોગ માટે કર્યો. તપસ્વી ઊઠીને જ્યારે ભોગી બને, ત્યારે એ સીધો રાક્ષસ જ બને છે; પછી વચમાં ક્યાંય એ રોકાતો નથી.

તો, આ દેશની હાલત આવી કેમ થઈ?—એ સવાલનો જવાબ મને એ લાગે છે કે જે તપસ્વી હતા તે ભોગી થઈ ગયા. તપસ્વીનું પતન થાય છે ત્યારે એ વચ્ચે ક્યાંય અટકતો નથી—જઈને સીધો દાનવ બને છે. અને દાનવોની કોઈ જુદી જાતિ હોતી નથી. પ્રહ્લાદનો

બાપ દાનવ હતો, કૃષ્ણનો મામો દાનવ હતો, દાનવ રાવણ પણ એક ઋષિનો પુત્ર હતો. આમ આ જે દાનવો હતા તે બધા આપણા જ સગાસંબંધી હતા.

મારા પહેલા સવાલની પાછી વાત કરીએ તો, જ્યાં આટલું ઊંચું આધ્યાત્મિક દર્શન વિકસ્યું હતું તે દેશ પોતાના ઇતિહાસમાં સ્વાધીન ઓછો અને ગુલામ વધારે રહ્યો, એમ કેમ બન્યું? કારણ કે આ દેશના નાગરિકની ભાષા તો આધ્યાત્મિક રહી છે, પણ એની પ્રેરણા સદાય ભૌતિક જ રહેલી છે. પશ્ચિમનો નાગરિક ભલે ભૌતિક છે, પણ ઈમાનદાર પૂરો છે. જ્યારે આપણે ત્યાં ભૌતિક ઈમાનદારી નથી, માત્રા ભૌતિક આકાંક્ષા જ છે. મારી દીકરીઓ ક્યારેક પશ્ચિમના દેશોમાં જાય છે. ત્યાં તો અનેક જાતના ગુનાઓ—અપરાધો સમાજમાં થતા રહે છે, છતાં એના ત્યાં જવાથી મને કશો ડર લાગતો નથી. પણ અહીં ક્યારેક છોકરી એકલી બહાર જવા નીકળે છે, તો મનમાં અત્યંત ચિંતા થાય છે. કારણ કે આ આધ્યાત્મિકતાનો દેશ છે!

## —તો કહાં ધોયેંગે?

ક્યા વિદ્યાર્થિયોં મેં યહ શક્તિ હૈ કિ વિદ્યાર્થિયોં કી હી જ્યાદતી કે ખિલાફ વે આવાજ ઉઠા સકેં? ક્યા મજદૂરોં મેં યહ શક્તિ હૈ કિ ખુદ મજદૂરોં કે અસત્યાચરણ કે ખિલાફ વે આવાજ ઉઠા સકેં? ક્યા હમારે કાર્યકર્તાઓ મેં યહ શક્તિ હૈ કિ હમારે અપને જીવન મેં લોભ-મોહ હૈ ઉસકા ઉચ્ચારણ હમ કર સકેં? ગાંધીજીને લોગોં કે દરબાર મેં અપને પાપોં કા ઉચ્ચારણ કિયા; ઈસ તરહ અપની ગલતિયોં કા, કમજોરિયોંકા, બેઈમાનિયોં કા ઉચ્ચારણ મિત્રો કે સામને હમ લોગોંને કિયા હૈ?

હમારે યહાં હમ સત્તા કી આકાંક્ષા કા નંગા નાચ દેખ રહે હૈં. ગ્રામપંચાયત મેં સત્તા ચાહિએ, કોંગ્રેસ કમિટી મેં સત્તા ચાહિએ, અંત

મેં સર્વોદય મંડલ મેં ભી સત્તા ચાહિએ! આપ યહ ન સમઝેં કિ સિર્ફ રાજાઓં મેં હી ગદ્દી કા ઝગડા હુઆ હૈ—શંકરાચાર્ય કી ગદ્દી કે લિએ ભી ઝગડે હુએ હૈં. સિર્ફ દો મંત્રાયોં મેં હી આપસઆપસ મેં ઝગડા હોતા હૈ, ઐસા નહીં; દો પૂજારિયોં મેં ભી હોતા હૈ.

ઈસ તરહ કે ઝગડે જબ રાજ્ય કા ક્ષેત્રા છોડ કર ધર્મ કે ક્ષેત્રા મેં પ્રવેશ કરતે હૈં, તબ કોઈ આશા નહીં રહતી હૈ. દૂસરી જગહ પાપ કરેં, તો કાશી મેં ધો સકતે હૈં; લેકિન કાશી મેં પાપ કરેં, તો કહાં ધોયેંગે?

## આસમાનમાંથી ટપકી પડી છે?

આજની પરિસ્થિતિનો ઉકેલ અમારી પાસે છે, એવું કહેનારાઓ ઘણા છે; પણ આ પરિસ્થિતિ માટે સૌથી વધુ જવાબદાર આપણે સામાન્ય નાગરિકો છીએ, એવું કોઈ કહેતું નથી. એક મારા સિવાયના બીજા બધા બૂરાઈ માટે જવાબદાર છે, એમ સૌ કોઈ કહે છે; અને છેવટે તો તે જવાબદારી ઈશ્વર ઉપર પણ નાખી દેવામાં આવે છે. નેતાઓને ભય લાગે છે કે જો તેઓ જનતાને જવાબદાર ગણાવશે તો પોતે નેતા નહિ રહે. આજની મોટી મુશ્કેલી એ છે કે જનતાને નિસ્પૃહ રીતે તેની જવાબદારી બતાવનાર કોઈ નથી.

“તમારી મુશ્કેલીઓનો ઉકેલ અમારી પાસે છે,” એવું કહેનારાઓનો ભરોસો કરશો નહીં—પછી તે કહેનાર ગમે તે હોય, સર્વોદયવાળા પણ ભલે હોય. તમારી પરિસ્થિતિ જે બદલશે, તે તમારા ઉપર કાબૂ પણ ધરાવતો થશે. તેના નચાવ્યા તમારે નાચવું પડશે.

આજે સામાન્ય નાગરિક ફરિયાદ કરે છે, પણ બધી મુશ્કેલીઓનો ઉકેલ લાવવાની લગની તેને નથી. દરેકને ફિકર છે એટલી જ કે “મારી” મુશ્કેલી મટવી જોઈએ. દરેક પોતાનું જ વિચારે છે, બીજાની મુશ્કેલીની તેને કાંઈ પડી નથી. વેપારી, ગ્રાહક, ઉત્પાદક સૌ કોઈ

પોતપોતાની વાત જ આગળ કરતા હોય છે; “આપણે બધા” મળીને મુશ્કેલીઓ દૂર કરીએ, એમ કોઈ વિચારતું નથી.

આજની પરિસ્થિતિમાં એક ગંભીર બાબત ભ્રષ્ટાચારની છે. આપણી સાર્વજનિક સંસ્થાઓમાંથી એવી કેટલી હશે કે જેમાં હિસાબ વિશે એકબીજા ઉપર આરોપ ન મુકાતા હોય? સંસ્થા છોડતી વખતે છોડવાવાળો પવિત્રા, અને તેમાં રહેવાવાળા બધા ભ્રષ્ટ ને નાલાયક! તેવી જ રીતે સરકારમાં. પણ સરકાર નાલાયક હોય, તો તે ત્યાં છે જ કેમ? તે કાંઈ આસમાનમાંથી ટપકી પડી નથી ને? તમારા જ મતથી એ ત્યાં આવી છે. કદાચ પૈસાથી વોટ ખરીદીને આવી હશે, તો પૈસા લઈને વોટ વેચનારા પોતે જ પહેલાં તો ભ્રષ્ટ થઈ ગયાને!

## આંદોલનો

દરેક આંદોલનમાં અમુક ભ્રમની આવશ્યકતા હોય છે. આપણે જાણીએ છીએ કે ૧૯૪૭ સુધી ગાંધીજીને પણ એવો ભ્રમ રાખવો પડેલો કે, મારું આંદોલન એક અહિંસક આંદોલન છે. અસલમાં એ એવું અહિંસક હતું નહીં. મને યાદ છે, અસહકારના વખતમાં એવાં એવાં ભાષણો થતાં કે સ્વરાજ્ય આવશે ત્યારે આપણે ડાયરને ખોળી કાઢીશું, એને ગરદન સુધી જમીનમાં દાટીશું અને ચારેકોરની જમીન ટીપીને પાકી કરીશું! આવાં આવાં ભાષણો મારી અધ્યક્ષતામાં થયાં છે! છતાં ગાંધીજીને એમ માનવું પડ્યું કે ભારતમાં લોકો અહિંસક આંદોલન કરી રહ્યા છે.

આ સ્થિતિ હતી. તેમ છતાંયે કેટલું બધું પરિણામ આવ્યું! ગાંધીજીની પોતાની અહિંસા પાકી હતી. પ્રતિપક્ષી પણ આપણા વિશે શંકા ન કરે, એ અહિંસાની કસોટી છે. એક વાર તિલકની પુણ્યતિથિએ ‘કેસરી’માં એક લેખ લખાયેલો. તેમાં એમ લખ્યું હતું કે તિલક ગાંધી કરતાં શ્રેષ્ઠ હતા, કારણ કે અંગ્રેજો તિલકનો વિશ્વાસ નહોતા કરી શકતા, જ્યારે

અંગ્રેજ વાઇસરોય પણ ગાંધીની ગોદમાં સુખે સૂઈ શકતો. લેખકે માન્યું હશે કે પોતે તિલકની તારીફ કરી રહ્યો છે. પણ હકીકતમાં એ ગાંધીની મહત્તા હતી કે વાઇસરોયને પણ એટલો વિશ્વાસ હતો કે, આ ગાંધી મારા રાજ્યને સમાપ્ત કરવા માગે છે, તેમ છતાં એની હાજરીમાં હું એકલો પણ નિશ્ચિંત રહી શકું છું. કેમ કે વખત આવ્યે પોતાનો જાન આપીને ય એ મારું રક્ષણ કરશે. તો આપણા લોકોના અહિંસાના ઢોંગમાંથીયે આટલું નીકળ્યું!

૧૯૨૦થી આજ સુધીનાં બધાં આંદોલનોમાં જોવા એમ મળે છે કે હજી છેલ્લો માણસ તો ચિત્રમાં જ નથી આવી શક્યો. સમાજમાં જે પ્રતિષ્ઠિત છે, તેની સહાયતા સુલભ હોવાથી તે લઈને આપણે લોકો બધાં આંદોલન ચલાવતાં રહીએ છીએ. પણ આ નહીં ચાલે. નવો રસ્તો ખોલવો પડશે.

એક વાર હું અલ્લાહાબાદ સ્ટેશને રાતે બાર વાગે ઊતર્યો. મારે પાંચ માઈલ દૂર જવાનું હતું. રિક્ષામાં બેઠો. રસ્તે કોઈ ચકલુંય ફરકતું નહોતું. માણસના મનમાં જ્યારે બીક હોય છે ત્યારે તે કાં તો ગીત ગણગણવા માંડે છે, કાં વાત કરવા લાગી જાય છે. મેં પણ રિક્ષાવાળા સાથે વાતચીત શરૂ કરી, પરંતુ એ મારો વા'લો ઝાઝું બોલે નહીં. એક એક શબ્દમાં જ ઉત્તર આપીને પતાવે. આખરે મેં એને પૂછ્યું કે, ભાઈ, હું આટલા વખતથી તને સવાલો પૂછી રહ્યો છું, પણ તું કાંઈ જ જવાબ નથી આપતો, તે શી વાત છે? કંઈ વિચારમાં છે કે શું? ત્યારે બોલ્યો કે, બાબુજી, જવા દો ને! કહીશ તો તમે નારાજ થશો. મેં કહ્યું, ના, ના, કહે! ત્યારે એ બોલ્યો, બાબુજી, હું એમ વિચારી રહ્યો છું કે એવો વખત ક્યારે આવશે જ્યારે હું રિક્ષામાં બેઠો હોઈશ અને તમે એ રિક્ષા ચલાવતા હશો?

# બે જ વસ્તુ

નાગરિક આપણો પ્રમાદશીલ છે. જે કાંઈ થવાનું હોય તેને માટે પોતાને લગીરે હાથપગ હલાવવા ન પડે તો સારું, એમનેમ બધું થઈ જવું જોઈએ. પરિણામે નાગરિકે કાંઈ કરવાનું હોય તો માત્ર બે જ વસ્તુ—કાં તો ફરિયાદ, કાં તો માગણી! આમાં આપણા તરુણોયે અપવાદ નથી. બસ, એક જ નારો—અમારી માગણીઓ પૂરી કરો, અમારી ફરિયાદો દૂર કરો!

# મારું સામાન્યત્વ

શરીરની વરણાગીઓ પૂરી કરવામાં હું લગીરે કસર કરતો નથી. પરંતુ, સમજી-વિચારીને જીવનનો જે માર્ગ મેં અપનાવ્યો છે તેને જોતાં શરીરને બહુ આરામપ્રિય બનવા દેવાય તેમ નથી. પોતાની પથારી ઉપાડી વ્યવસ્થિત ગોઠવી મૂકી દેવી, ધોતિયું, ઝભ્ભો, ટુવાલ, રૂમાલ અને ઠંડીના દિવસોમાં મોજાં ધોવાં, જોડાને પોલિશ કરવું, વાસણ માંજવાં વગેરે નાનાંમોટાં કામોનો મને મહાવરો થઈ ગયો છે. અઠવાડિયામાં એક-બે વાર ઓઢવા-પાથરવાનાં કપડાં પણ ધોઈ લઉં છું. ધોબીને કપડાં આપવાં મને ગમતું નથી, વળી એટલું મારું ગજું પણ નથી. તેથી પગે ચાલવાનાં મારાં આનંદ અને શાન પણ હું છોડવા તૈયાર નથી. જીવનની જે મર્યાદાઓનો વિચારપૂર્વક સ્વીકાર કર્યો, તેની અંદર શરીર રહે એ માટે મારો પ્રયત્ન રહે છે. ખાવું-પીવું વગેરે પર એ જ ગણતરીથી કાબૂ રાખું છું. હા, દેહ-પીડન ક્યારેય નહીં કરું. પરંતુ એટલું ધ્યાન જરૂર રાખું છું કે એને જે સુખ આપવાનું મારું ગજું નથી તે સુખની એને આદત ન પડવી જોઈએ.

મારું જે સામાન્યત્વ છે તે સ્વેચ્છાથી સ્વીકારાયેલું અને નભાવાયેલું છે, એ કોઈ લાચારીનું પરિણામ નથી. તેથી મારી દરિદ્રતામાં દીનતાનો

છાંટો પણ નથી. વળી કોઈ સંસ્થા, સંપ્રદાય, હકૂમત વગેરેની પદવી મારા વ્યક્તિત્વને ચોટેલી નથી; માટે મારી ગણતરી સામાન્ય માણસોમાં જ થવી જોઈએ. સામાન્ય માણસ તેજસ્વી તથા સામર્થ્યવાન બનશે તો જ લોકસત્તાનો પાયો મજબૂત નાખી શકાશે, બીજી કોઈ રીતે નહીં.

મારે મન મનુષ્યનો સ્નેહ અમૃતથીયે અદકો જીવનદાયી અને અણમોલ છે. એને પામવાનો મારો પ્રયત્ન હોય છે. અધમ અને અપરાધી વ્યક્તિનો સ્નેહ પણ અધમ અથવા તરછોડવા યોગ્ય નથી. કેટલાક લોકોનો સ્નેહ વિકાર અથવા બીજા કોઈ હેતુથી ખરડાયેલો હોય છે, પરંતુ એમના વિકાર અને સ્વાર્થીપણાનો દૃઢતાથી પ્રતિકાર કરતાં કરતાં હું એમના સ્નેહનો સંગ્રહ કરવા પ્રયત્ન કરું છું. કોઈની પણ અશુભ મનોવૃત્તિ, દુષ્ટ પ્રવૃત્તિ અથવા દુષ્કર્મને ઉત્તેજન ન મળે એટલી સાવધાની હું મારા નિરપેક્ષ સ્નેહમાં રાખી શકું તો મારું કામ પૂરું થાય.

['ભૂમિપુત્ર' દશવારિક: ૧૯૭૮]

## યુવતીઓ પડકાર ફેંકે

સ્ત્રી-જીવનમાં મોટી ખામી છે પુરુષ-નિર્ભરતા. સ્ત્રીને સદાય પુરુષના આધારની જરૂર પડે છે. પછી એ પુરુષ બાપ હોય, પતિ હોય કે બેટો હોય, પણ પુરુષની છત્રછાયામાં રહે તો જ સ્ત્રીની સ્વતંત્રતા ટકી શકે છે. આની સામે તમામ યુવાન સ્ત્રીઓએ પડકાર ફેંકવો જોઈએ. યુવાન સ્ત્રીઓના દિલમાં આ પડકાર આજે ધારો કે ન જાગ્યો, તો ક્મ સે ક્મ એમની દીકરીઓમાં તો એ જાગે!

સ્ત્રીની પુરુષ-નિર્ભરતાનું કારણ, સ્ત્રીના મનમાં ભય છે. મેં એવી સ્ત્રીઓ જોઈ છે, જેને વાઘની બીક નથી લાગતી, જેને ભૂતની બીક નથી લાગતી. પણ જેને પુરુષની બીક ન લાગતી હોય તેવી સ્ત્રી આજ સુધી નથી જોઈ. એટલે કે સ્ત્રીના મનથી પુરુષ વાઘથી, ભૂતથી પણ વધારે ભયાનક છે. હિંદુ-મુસલમાન વચ્ચે રમખાણ થયાં, તો પહેલી

ચિંતા બંનેની સ્ત્રીઓની થશે. યુદ્ધ થયું—પછી ભલેને તે સામ્યવાદી દેશો રશિયા અને ચીન વચ્ચે જ હોય—બંને પક્ષને પોતપોતાની સ્ત્રીઓની જ ચિંતા થવાની. કારણ, સ્ત્રીનું અપહરણ થઈ શકે છે. આમ તો પુરુષનું પણ અપહરણ થતું હોય છે, પણ તે પૈસા માટે. ત્યારે સ્ત્રીનું અપહરણ કેવળ પૈસા માટે નથી થતું. બે વચ્ચે એ મોટો ભેદ છે.

સ્ત્રીના ડરનું કારણ એના શરીરની રચના છે. એ રચના એવી છે કે તેનો ઉપયોગ એની ઇચ્છા વિના પણ કરી શકાય છે. પરંતુ હવે સ્ત્રીએ બળાત્કારનો ભય છોડવો પડશે. મનથી એણે નક્કી કરવું પડશે કે બળાત્કારથી સ્ત્રી ભ્રષ્ટ થતી નથી. આ વિજ્ઞાનના યુગમાં એવી તરકીબ શોધવી પડશે કે સ્ત્રીને અનિચ્છાએ માતા બનવું પડે નહીં.

ઘરમાં દીકરીને વારે ઘડીએ ટોકવામાં આવે છે—પારકે ઘેર જવાનું છે, માટે આમ ન કરાય, તેમ ન કરાય. છેક નાનપણથી તેના પર વિવાહના સંસ્કાર પાડવામાં આવે છે. એના આ સંસ્કારો પણ ભૂંસવા પડશે. સ્ત્રી વિવાહ વગર રહી જ ન શકે, એ સંસ્કાર કાઢવા પડશે.

ઘણાં વરસ પર એક છોકરી આવીને મને કહે, “કાંઈક સંદેશો લખી આપો.” મેં લખી આપ્યું, “સૌભાગ્યની આકાંક્ષા છોડો!” એનાં માતાપિતા મારી પાસે આવ્યાં. કહે, “આ શું લખી દીધું? આ તો ભારે અનર્થ કર્યો!” છાપામાં હોહા મચી ગઈ. આ બાબત એવી છે કે સૌને ખટકે. પણ સવાલ તો એ છે કે કોઈ દિવસ કોઈ છોકરાએ સૌભાગ્યની આકાંક્ષા રાખી છે? લગ્નપત્રિકામાં લખાય છે ‘સૌભાગ્યાકાંક્ષિણી’, પણ છોકરા માટે કોઈ ‘સૌભાગ્યાકાંક્ષી’ નથી લખતું! સ્ત્રી પોતાની સહી કરશે તોપણ સાથે ‘સૌભાગ્યવતી’ જોડશે. પુરુષ તેવું કશું કરતો નથી. આ બધા સંસ્કાર આપણા શિક્ષણમાંથી આવે છે. છોકરીઓને આપણે આવા જ પાઠ શીખવીએ છીએ. કસ્તુરબા મહાન શા માટે? તો કે, પતિને સાથ આપ્યો! એ અનુગામિની, પાછળ પાછળ ચાલનારી મનાઈ—સહગામિની, સાથે ચાલનારી ન ગણાઈ.

છોકરીઓ કહે છે કે સમાજ સ્વતંત્રતા નથી આપતો. પણ આ સમાજ તે વળી શું છે? દરેક બાપ સ્વતંત્રતા આપવા તૈયાર થાય, તો

પછી બીજો સમાજ ક્યાં રહ્યો? આ તો એવું થયું કે હું તમને સમાજ માનું, અને તમે મને સમાજ માનો! એટલે આમાં પહેલ કરવાનો સવાલ છે. પહેલવહેલી જે છોકરી નિશાળે ભણવા ગઈ હશે, સૌ પહેલાં જે છોકરીએ જોડા પહેરવા માંડ્યા હશે, એની શી વલે થઈ હશે? એટલે પહેલ કરનારે સહન તો કરવું પડશે. એમાં કેવળ હિંમતની જરૂર હોય છે. સમાજ પહેલાં તો પરીક્ષા કરશે, ઠેકડી ઉડાવશે, ધમકીઓ આપશે; પણ તે છતાં જો માણસ ટકી ગયો, તો પછી સમાજ એના પગમાં પડશે, એની પાછળ પાછળ ચાલવા માંડશે.

અને હવે સ્ત્રીઓને માટે બરાબર તક આવી છે. કારણ, હવે શારીરિક શકિત કેવળ સરકસના ખેલ પૂરતી રહી જવાની છે; જીવનમાં બીજે એનો ઝાઝો ઉપયોગ નથી રહેવાનો. વિજ્ઞાને પરિસ્થિતિ એવી કરી મૂકી છે કે સામે મોટો ગામા પહેલવાન હોય તોપણ એક ચાંપ દબાવી કે ખતમ! મનુષ્ય સિંહને નચાવી શકે છે, હાથી પર સવારી કરી શકે છે. આ કોઈ શારીરિક શકિત નથી. એટલે જેમ ગાંધીએ શારીરિક શકિતથી જુદી એક શકિતનો વિકાસ કર્યો, અને તેથી કોઈ સેના એને ઝુકાવી ન શકી, તેમ સ્ત્રીએ પણ શારીરિક કરતાં ભિન્ન શકિતનો વિકાસ કરવો જોઈશે. ગાંધીએ જેમ શસ્ત્રનો ડર છોડ્યો, તેમ સ્ત્રીએ પુરુષનો ડર છોડવો રહેશે.

સ્ત્રી અને પુરુષ વચ્ચે અમુક પ્રાકૃતિક ભેદ છે, તે તો રહેવાનો. પરંતુ તે સિવાય બીજા બધા ભેદ માણસે જ દાખલ કરેલા છે; એટલે માણસે જ તે દૂર કરવાના છે. સ્ત્રી-પુરુષનાં કામોમાં કશો ભેદ ન રહેવો જોઈએ. અમુક કામ તો સ્ત્રીઓએ જ કરવાનાં, એવો ભેદ તોડવો પડશે. હા, શરીર-પરિશ્રમનાં કેટલાંક બહુ ભારે કામ છે, તે ભલે સ્ત્રી ન કરે. કારણ કે સ્ત્રીએ માતૃત્વની જવાબદારી ઉપાડવાની છે, અને મહિનાના અમુક દિવસ તેનું શરીર પણ અસમર્થ રહે છે. તેથી અતિશ્રમનાં કામ એને ન કરવાં પડે, એટલો વિવેક જરૂર રખાય.

પરંતુ આજે તો ઘરમાં સાફસૂફી, નદી-કૂવેથી પાણી ભરી આવવાનું, દળવા-ખાંડવાનું, એવાં એવાં કેટલાંય કામ એકલી સ્ત્રીને ભાગે જ આવે

છે અને દિવસ આખો એ તે કરતી રહે છે. ઉપરાંત આ બધાં કામો ઊતરતી કક્ષાનાં ગણાય છે, એટલે પુરુષ તે કરે તેમાં એને નામોશી લાગે છે. આ સ્થિતિ બદલવી જ જોઈએ. આજે સ્ત્રી એકલી જે કામો કરે છે તે બધાં પુરુષે પણ કરવાં જોઈએ.

અને મજા તો જુઓ! જે પુરુષ ક્યાંક ઘર-નોકર હોય, તે બીજાને ત્યાં તો ઝાડુ મારશે, વાસણ માંજશે, કપડાં ધોશે. પણ એને પોતાને ઘેર તો એ બધાં કામ એકલી એની પત્નીએ જ કરવાનાં! ઘરે આવ્યા પછી આવાં કામને એ હાથ નહીં અડાડે. એ પુરુષ બીજાના ઘરમાં નોકર બનીને બધાં કામ કરે છે, પણ એના પોતાના ઘરમાં તો સ્ત્રી એની નોકર બનીને રહે છે.

['ભૂમિપુત્ર' પખવાડિકઃ ૧૯૭૮, ૧૯૯૮]

# દામોદર ખુ. બોટાદકર

## જનની

*મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,*
*એથી મીઠી તે મોરી માત રે;*
*જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ....*

*અમીની ભરેલી એની આંખડી રે લોલ,*
*વહાલનાં ભરેલાં એનાં વેણ રે.—જનનીની. ...*

*ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,*
*સરખો એ પ્રેમનો પ્રવાહ રે..—જનનીની.*

*વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,*
*માડીનો મેઘ બારે માસ રે..—જનનીની.*

*ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,*
*એનો નહિ આથમે ઉજાસ રે;*
*જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.*

## અમારી ગતિ

*'શું-શાં ચાર ટકા'થી કોઈ કવિએ જેની ઉપેક્ષા કરી,*
*જેનાં બાળક કેરું ભ્રષ્ટ મુખ, હા! માન્યું બીજાએ વળી:*
*તે છે માત ગરીબડી અમતણી સાચી 'ગિરા ગુર્જરી',*
*કાલીઘેલી પરંતુ આ હૃદયની એ એકલી ઈશ્વરી...*

*પ્રેમાનંદ-નૃસિંહ-શામળ-મુખે જે સર્વદા શોભતી,*
*જે દેવી દલપત્ત-નર્મદ ઉરે રંગે રહી રાચતી;*

*સેવી કાન્ત-કલાપીએ, કુસુમ ને ગોવર્ધને સ્નેહથી,*
*આજન્માન્ત અનન્ય એ જ જનની રે’જો અમારી ગતિ.*

['કલ્લોલિની' પુસ્તકઃ ૧૯૧૨]

# જનની

*મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,*
*એથી મીઠી તે મોરી માત રે,*
*જનનીની જોડ સખી! નહીં જડે રે લોલ.*

*પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,*
*જગથી જુદેરી એની જાત રે. —જનનીની.*

*અમીની ભરેલી એની આંખડી રે લોલ,*
*વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે. —જનનીની.*

*હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,*
*હૈયું હેમંત કેરી હેલ રે. —જનનીની.*

*દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,*
*શશીએ સિંચેલ એની સોડ્ય રે. —જનનીની.*

*જગનો આધાર એની આંગળી રે લોલ,*
*કાળજામાં કૈંક ભર્યા કોડ રે. —જનનીની.*

*ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,*
*પળના બાંધેલ એના પ્રાણ રે. —જનનીની.*

*મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,*
*લેતાં ખૂટે ન એની લ્હાણ રે. —જનનીની.*

*ધરણીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ,*
*અચળા અચૂક એક માય રે.-જનનીની.*

*ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,*
*સરખો એ પ્રેમનો પ્રવાહ રે. —જનનીની.*

*વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,*
*માડીનો મેઘ બારે માસ રે. —જનનીની.*

*ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,*
*એનો નહીં આથમે ઉજાશ રે.*
*જનનીની જોડ સખી! નહીં જડે રે લોલ.*

['રાસતરંગિણી' પુસ્તક: ૧૯૨૮]

# મૂક્યું જ્યાં નામ નાનું…

*મૂક્યું જ્યાં નામ નાનું, પુનિત પદ થકી પૂર્ણ પુત્રીત્વ મૂક્યું,*
*ને વાત્સલ્યે ભરેલું જનક-હૃદયનું સ્વર્ગ-શું છત્ર છોડ્યું;…*
*એ સંસારાબ્ધિ કેરા અકળ ઉર પરે દીપતા દ્વીપ જેવું,*
*ભુલાયે ના ભવાન્તે પિયર, પિયર હા! પુણ્યવંતું પનોતું.*

—

*દીકરી વ્યોમની વાદળી રે, દેવલોકની દેવી;*
*જોઈ-ન-જોઈ વહી જતી રે વનપંખણી જેવી.*

# દિગંત દવે

## “ત્યારે મને ઉઠાડી મૂકજો!”

સરદાર વલ્લભભાઈ કુલ અગિયાર વર્ષ ઉપરાંતના સમય સુધી અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકે રહ્યા હતા. આ ગાળા દરમિયાન ૧૯૨૪થી ૧૯૨૮ સુધી એમણે મ્યુનિસિપાલિટીનું પ્રમુખપદ સંભાળ્યું હતું. મ્યુનિસિપલ બોર્ડની સભા સાંજના પાંચની હોય કે ના હોય તોપણ તેઓ મ્યુનિસિપાલિટીની જુદી જુદી ઓફિસોમાં ફરી કામદારોને મળી વાતચીત કરતા. મળતા પણ એવા હેતથી કે બધા તેમના આગમનની હોંશથી રાહ જોતા. બોર્ડનું કામ પાંચ વાગ્યે શરૂ થવાનું હોય તોપણ તેઓ મ્યુનિસિપાલિટીના પોતાના રૂમમાં ત્રણ વાગ્યે જઈ પહોંચતા. તેમનો ઘણો સમય શહેરમાં ચાલીને ફરવામાં જતો. રોજ વહેલી સવારે પાંચ વાગ્યે ચાલીને તેઓ ખાડિયામાં રહેતા ઉપપ્રમુખ બળવંતરાય ઠાકોરને ત્યાં જતા અને ત્યાંથી બન્ને જણા કાંઈ પણ ખબર આપ્યા વિના ગમે ત્યાં જઈ પહોંચતા. આના પરિણામે સફાઈના કામદારો પોતાની ડ્યુટી પર સમયસર ચઢી જતા. મ્યુનિસિપલ પ્રમુખ તરીકે મ્યુનિસિપાલિટી તરફથી ખાસ મોટર મળેલી, પરંતુ તે મ્યુનિસિપાલિટીના તબેલામાં જ પડી રહેતી. મહિનામાં એકાદ દિવસ પણ ભાગ્યે જ તેનો ઉપયોગ થતો. પ્રમુખ તરીકેનો તેમનો અભિગમ આ શબ્દોમાં જોવા મળે છે: “પ્રમુખ તરીકે હું કોઈ પણ પક્ષના સભ્ય તરીકે મારી જાતને ઓળખાવવા માગતો નથી. બોર્ડના બધા સભ્યોને કોઈ પણ જાતના પક્ષભેદ સિવાય હું સલાહ આપીશ. પ્રમુખની આ જવાબદાર જગ્યા ઉપર મને મૂક્યો છે એ દરમિયાન મારાથી ભૂલ થાય તો એ ઇરાદાપૂર્વકની નથી એમ લાગે તો માફ કરશો, અને જ્યારે એમ લાગે કે હું ઇરાદાપૂર્વક ભૂલ કરું છું ત્યારે તમે મને આ ખુરશીમાંથી

ઉઠાડી મૂકજો. અને એમ કરશો તો હું તમને અભિનંદન આપીશ.”

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિકઃ ૨૦૦૩]

# દિનકર જોષી

## ટાવરનું ઘડિયાળ બગડી જાય ત્યારે

છેલ્લા દશકામાં જેમનો ઔદ્યોગિક પ્રસ્તાર અઢળક થઈ ગયો છે એવા એક સ્વજને હમણાં વાતવાતમાં કહ્યું, “તમને તો ઘણા છાપાવાળા ઓળખતા હશે. થોડાક એવા છાપાવાળાઓની ‘ભૈબંધી’ મને કરાવી આપો. આપણું કામકાજ હવે વધતું જાય છે. એટલે છાપાવાળાની ભૈબંધી રાખી હોય તો ખપ લાગે.”

આ સ્વજન જેમને છાપાવાળા કહેતા હતા અને જેમની ભૈબંધીનું એમને મન મૂલ્ય હતું એ વિશે વધુ ખુલાસો માગવાની મારી હિંમત ચાલી નહીં. ઘણા ઉદ્યોગપતિઓ અને રાજકીય નેતાઓ ‘છાપાવાળાઓ’ સાથે આવી ભૈબંધી રાખે છે. બીજી ભાષાની કોઈ વાત આપણે નથી કરવી પણ આપણી ભાષામાં નર્મદ, ગાંધીજી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી અને શામળદાસ ગાંધી, આજના જે છાપાવાળાઓના પૂર્વજો ગણી શકાય એમણે જો આ સ્વજનની વાત સાંભળી હોત તો એમને કેવી લાગણી પેદા થઈ હોત એ કલ્પના કરવી અઘરી છે.

થોડાં વરસો પહેલાં ‘સમકાલીન’ના તત્કાલીન તંત્રી હસમુખ ગાંધીને, અર્ધી અર્ધી ચાના ઘૂંટડા ભરતાં મેં વાતવાતમાં કહ્યું હતું કે બૅન્કોમાં કેવો કેવો ભ્રષ્ટાચાર ચાલે છે. બે દિવસ પછી મારી પાસેથી મળેલી આ અંગત માહિતીને હસમુખભાઈએ પોતાના તંત્રીલેખમાં ઢાલવી દીધી હતી. આ વાંચ્યા પછી મેં એમને કહ્યું કે જો તમે ભ્રષ્ટાચાર વિરુદ્ધ જ લખવા માગતા હતા તો મેં અંગત રીતે આપેલી આ બૅન્કોના ભ્રષ્ટાચારની માહિતી સાથે જ તમારે તમારા પોતાના અનુભવની, પત્રકારોના ભ્રષ્ટાચારની માહિતી પણ છાપવી જોઈતી હતી. ત્યારે હસમુખભાઈએ એમની લાક્ષણિક ઢબે અત્યંત ક્રોધે ભરાઈને પોતાના જ ગાલ ઉપર તમાચા મારતાં મને કહેલું: “લખી લ્યો, હું તમને યાદી

આપું. આપણો કયો પત્રકાર કયા અને કોના પગારપત્રક ઉપર સહી કર્યા વિના કેટલાં નાણાં મેળવે છે.” આટલું કહ્યા પછી એમણે દાખલો આપ્યો: “ફલાણા કટારલેખકે ફલાણા માફિયાને, એ જાણે દેવનો દીકરો હોય એમ એને પોતાની કટારમાં ચીતર્યો છે. ફલાણા પત્રકારે ફલાણા શેઠને, એ જાણે પરદુ:ખભંજક રાજા વિક્રમ હોય એમ પોતાની પેનને અભડાવી છે. પણ એની રજેરજ વાત હું જાણું છું. બધા જ સાલ્લા સબ સ્ટાન્ડર્ડ છે.”

કોઈક રાષ્ટ્રીયકૃત બૅન્કના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક ત્યારે રાજકોટમાં મળી હતી. બેઠક પૂરી થયા પછી વળતે દિવસે સવારે બધા ડાયરેક્ટરો રાજકોટ એરપોર્ટ ઉપર વિમાનની પ્રતીક્ષા કરી રહ્યા હતા ત્યારે બૅન્કની કોઈક ગ્રાહક કંપની તરફથી ભેટો આવી પહોંચી. ‘ફૂલછાબ’ના એ વખતના તંત્રી હસમુખ સંઘાણી પણ એ જ વિમાનમાં મુંબઈ જઈ રહ્યા હતા. એમણે આ જોયું.

પોતે રાજકોટના એરપોર્ટ ઉપર જે દૃશ્ય જોયું હતું એની વાત કરતાં હસમુખભાઈએ મને કહ્યું: “બૅન્કના ડાયરેક્ટરો સુધ્ધાં જાહેરમાં આવી ભેટોનાં બોક્સ પકડીને ઊભા રહેતા શરમાતા નહોતા.” જવાબમાં મેં કહેલું, “તમે જોયેલા દૃશ્યનો હું બચાવ કરવા નથી માગતો; પણ ચર્ચગેટ સ્ટેશન ઉપર મોડી રાત્રે બોરિવલીની લોકલ ગાડી પકડતા પત્રકારોને તમે જોયા છે? કોર્પોરેટ સેક્ટરની કંપનીઓ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાંથી ચિક્કાર દારૂ પીને, કંપનીના વડા તરફથી અપાયેલી ભેટોનાં પડીકાં હાથમાં લઈને ઊભેલા—ખરેખર તો લથડતા—કેટલાય પત્રકારો તમને ત્યારે જોવા મળશે.’

શ્રી હરિભાઈ કોઠારીએ એક વાર કહ્યું હતું કે જો એમનું પોતાનું કાંડા-ઘડિયાળ બગડી જાય, તો એ પોતે જ ગાડી ચૂકી જાય અને એમને સહન કરવું પડે. જો ઘરની દીવાલનું ઘડિયાળ બગડી જાય તો ઘરમાં અવ્યવસ્થા થઈ જાય. પણ જો શહેરના ટાવરનું ઘડિયાળ સમય દર્શાવવાનું ચૂકી જાય તો ઘણા લોકોને ઘણું સહન કરવું પડે, કેમ કે ટાવરના ઘડિયાળને સાચું માનીને ત્યાંથી પસાર થતા ઘણા લોકો

પોતાના કાંડા-ઘડિયાળનો સમય મેળવતા હોય છે. ટાવરના ઘડિયાળને ખોટકાઈ જવું પરવડે નહીં.

તંત્રીઓ, પત્રકારો, કટારલેખકો જો ધારે તો આવાં ટાવરનાં ઘડિયાળ બનવાની ક્ષમતા ધરાવે છે.

['દિવ્ય ભાસ્કર' દૈનિક: ૨૦૦૫]

# ઝીણા અને ધર્મ

ઝીણાને અને ધર્મને શો સંબંધ હતો એ જાણવા માટે એમના જીવનની થોડીક ઘટનાઓ જોઈ લઈએ:

૧. ઝીણા આગાખાની સંપ્રદાયના ઇસ્માઇલી ખોજા હતા. ૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપના આગાખાનના વડપણ હેઠળ થઈ. આગાખાને ઝીણાને આ લીગમાં જોડાઈ જવા આગ્રહ અને એક રીતે કહીએ તો દબાણ કર્યું. ઝીણાએ કહ્યું, પોતે સહુપ્રથમ ભારતીય છે અને પછી મુસલમાન છે. મઝહબી વડા આગાખાનના વધુ દબાણથી બચવા માટે ઝીણાએ ઇસ્માઇલી સંપ્રદાય ત્યજી દીધો અને અસ્ના અશરી ખોજા સંપ્રદાયમાં ભળી ગયા.

૨. દેશના મુસલમાનો જ્યારે નિષ્પ્રાણ થયેલી ખિલાફતમાં પ્રાણ ફૂંકવા તમામ તાકાતથી ચારેય બાજુથી હવા ફૂંકી રહ્યા હતા ત્યારે ગાંધીજી અને કોંગ્રેસે, દુનિયાભરના પ્રવાહોથી વિરુદ્ધ જઈને ખલીફાનું સમર્થન કર્યું. પણ ઝીણાએ એનો વિરોધ કર્યો અને કહ્યું, "ખલીફાને અને આપણા દેશના સ્વાતંત્ર્યને શું સંબંધ છે? આપણે તો સ્વાતંત્ર્ય માટે લડવાનું છે, ખલીફા માટે નહિ."

૩. મુસ્લિમ ધર્મના કોઈ નીતિનિયમો ઝીણા પાળતા નહોતા. એની કોઈ માહિતી સુધ્ધાં ઝીણાને નહોતી. એમણે 'કુરાન' વાંચ્યું નહોતું. ક્યારેય મસ્જિદમાં ગયા નહોતા.

૪. હૈદરાબાદની એક અદાલતમાં છેક ૧૯૪૧માં એક ખટલામાં

ઝીણા અને તેજબહાદુર સપ્રુ સામસામા વકીલ હતા. ઝીણાના એક સાક્ષીએ પોતાની વાતના સમર્થનમાં 'કુરાન'ની બે આયાતો ટાંકી. અંગ્રેજ ન્યાયાધીશે ઝીણાને આ ઉર્દૂ આયાતોનું ભાષાંતર કરવા સૂચવ્યું. ઝીણાને એ મુદ્દલ આવડતું નહોતું. એમણે વકીલી વાક્છટાથી કહ્યું, "એ કામ મારું નથી, અદાલતનું છે." સપ્રુ ઝીણાનું અજ્ઞાન જાણતા હતા એટલે એમણે અદાલતનો સમય બચાવવા વચ્ચે પડીને કહ્યું, "જો અદાલતને વાંધો ન હોય તો આ અનુવાદ હું કરી આપું." જજે સંમતિ આપી અને સપ્રુએ અનુવાદ કરી આપ્યો. બીજે દિવસે હૈદરાબાદનાં અખબારોએ લખ્યું: "કુરાનની આયાતો મૌલાના તેજબહાદુર સપ્રુ સમજાવે છે, પંડિત ઝીણા નહિ."

૫. પુત્રી દીનાએ જ્યારે પારસી યુવક સાથે લગ્ન કરવાનો નિર્ધાર પ્રગટ કર્યો ત્યારે ઝીણાએ એને ઘરમાંથી હાંકી કાઢી હતી. જો એ મુસ્લિમ યુવકને પરણે તો જ એનો સ્વીકાર કરશે એમ કહ્યું. ખુદ પોતે પારસી કન્યાને પરણ્યા હતા, પણ પુત્રીને પારસી યુવક સાથે પરણાવવા તૈયાર નહોતા. આનું કારણ એ કે હવે એ મુસ્લિમ લીગના પ્રમુખ બન્યા હતા.

['દિવ્ય ભાસ્કર' દૈનિક: ૨૦૦૫]

# દિનેશ શાહ

## ભરત-મિલાપનું વર્ણન

કટોકટીનો વિરોધ કરવા માટે બાબુભાઈએ અને મેં દક્ષિણ ભારતનો પ્રવાસ ગોઠવેલો. એક સ્થળે અમે પહોંચ્યા ત્યારે 'રામાયણ'નું પારાયણ ચાલતું હતું. રામને અયોધ્યામાં પાછા લઈ આવવા માટે વનવાસ દરમિયાન ભરત તેમને મળવા ગયેલા, તે પ્રસંગ કથાકાર વર્ણવતા હતા. તેમના અને આયોજકોના આગ્રહથી ત્યાં બાબુભાઈ બોલવા ઊભા થયા. રામ-ભરત મિલાપનું તેમણે એવું હૃદયસ્પર્શી વર્ણન કર્યું કે કથાકાર અને શ્રોતાઓની આંખમાંથી આંસુ વહેવા માંડ્યાં.

*

આ બાવાઓને શા માટે નિભાવીએ છીએ?

બાવાઓએ ભારતને જેટલું નુકસાન પહોંચાડ્યું છે એટલું તો અંગ્રેજો કે મુસ્લિમો જેવા આતતાયીઓએ પણ નથી પહોંચાડ્યું. તદ્દન બિન-ઉત્પાદક એવી આ વિશાળ પરાવલંબી જમાતને આપણે યુગોથી પાળતા-પોષતા આવ્યા છીએ અને એ જમાતના પીંઢારાઓ સદીઓથી લોકોને મૂર્ખ બનાવતા આવ્યા છે. એ આપણને સત્ય, નિષ્ઠા, ત્યાગ, બ્રહ્મચર્ય વગેરેના ઉપદેશો આપે છે અને એ જ પાછા વ્યભિચાર કરતાં પકડાય છે, ધનના ઢગલામાં આળોટે છે, સત્તા માટે અદાલતના જંગે ચડે છે, જુદ્ધાણાંઓ ચલાવે છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓએ ચુસ્ત બ્રહ્મચર્ય પાળવાનું હોય છે. સહજાનંદ સ્વામીએ 'શિક્ષાપત્રી'માં પંથના સાધુઓને સ્ત્રીઓ સામે જોવાનો પણ પ્રતિબંધ મૂક્યો છે. આ જ સંપ્રદાયના સાધુઓનાં જાતીય કૌભાંડો સતત સમયાંતરે બહાર આવતાં જ રહે છે. ગુરુકુળોમાં કિશોર વયના કે એથી પણ નાના છોકરાઓ ઉપર સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યથી માંડીને બજારુ ઓરતો સાથેની કામલીલા સુધીનાં કૌભાંડો થતાં રહે છે.

દેહનો વ્યાપાર કરનાર એક ઓરત સાથેની વડતાલ સંપ્રદાયના બે સાધુઓની કામલીલાની વિડિયો સી.ડી.એ વધુ એક વખત ભગવાં કપડાં લજવનારાઓને ઉઘાડા પાડ્યા છે. વેશ્યાગમન જેવી હરકત સુધી સાધુઓ ઊતરી જાય ત્યારે સંપ્રદાયે પણ આત્મમંથન કરવાની જરૂર જણાય.

આ સમગ્ર ઘટનાક્રમમાં બે સંપ્રદાયો વચ્ચેનાં વેરઝેર કારણભૂત હોવાનું બહાનું અપાય છે. પરંતુ આ સાધુઓની કામલીલાની સી.ડી. જેન્યુઇન છે એ તો હકીકત જ છે ને? સાધુઓની અધોગતિ થઈ છે એ તો સ્પષ્ટ છે ને? સાધુઓ ભ્રષ્ટ બન્યા છે એ તો સાબિત જ છે ને? તેમને કોઈએ પકડીને દેહવિક્રય કરનારી બાઈ સાથે પરાણે તો સુવડાવી દીધા નહોતા. એવી પણ દલીલ થાય છે કે સાધુઓને મોહમાયાથી લલચાવીને ભ્રષ્ટ કરાયા છે. મોહમાયાથી લલચાય તો સાધુ તરીકેની તેની વર્ષોની સાધના ક્યાં ગઈ? ક્યાં ગઈ તેની તાલીમ? ક્યાં ગયા તેના સંસ્કારો?

ભગવું કપડું જોતાં જ નમી પડવાની આપણી સદીઓ જૂની આદત છે. આપણા લોહીમાં એ પ્રાગૈતિહાસિક ટેવ વહી રહી છે. ભગવાં પહેરનાર તમામ તરફ આદરની દૃષ્ટિ નાખવાની ભૂલ આપણે સતત કરતાં રહીએ છીએ. સાચો ત્યાગી તો એ છે કે જે ત્યાગ દર્શાવતાં ભગવાં, કંઠી, માળા, પાઘડી, કમંડળ વગેરે પ્રતીકોનો પણ ત્યાગ કરી દે. બાવાઓ પોતાને ત્યાગી સાધુ દેખાડવા માટે આ પ્રતીકોને અપનાવે છે. ભગવાં પહેરીને દેશવિદેશમાં ઉપદેશ આપતો ફરતો બાવો—જો બીજા દિવસે દાઢી મૂંડાવીને પેન્ટ-શર્ટ પહેરીને ચોકમાં ઊભો રહીને ઉપદેશ આપે તો તેને સાંભળવા પંદર જણા પણ એકઠા ન થાય. પ્રભાવ બાવાનો નથી, પ્રભાવ તેના પહેરવેશનો છે. આપણી માનસિકતા આ પ્રભાવમાં આવી જવાની છે. આંખના આંધળા પણ ગાંઠના પૂરા લોકો માનસિકતાને કારણે જ સતત લૂંટાતા રહે છે.

હિન્દુ ધર્મમાં બાવાઓની ફોજ ઊભી કરવાની જે તાકાત છે, તે અન્ય કોઈ ધર્મમાં નથી. સદીઓથી સાધુના નામે આ તોસ્તાન

લાવલશ્કરને આપણે નિભાવતાં રહીએ છીએ. વાસ્તવમાં આ ફોજ તદ્દન બિનઉત્પાદક છે. કોઈ કામ ન કરવા છતાં આરામથી જિંદગી પસાર કરવી હોય તો બાવા થઈ જવાનું. ચેલકાઓની સંખ્યા જેટલી વધે એટલી સ્વામીની આબરૂ વધે. આવા, અણસમજમાં નાની ઉંમરમાં મૂંડાઈ ગયેલાઓ જ્યારે ઉંમરલાયક થાય ત્યારે કુદરત તો પોતાનું કામ કરે જ છે. બાવા કે સંસારી વચ્ચે એ ભેદ કરતી નથી.

સ્વામીનારાયણી સાધુઓની છેલ્લાં વર્ષોની કેટલીક ‘લીલાઓ’ ઉપર આપણે આછો દષ્ટિપાત કરીએ:

૧૯૯૫: બોરીવલી(મુંબઈ)ના સ્વામીનારાયણ મંદિરના સ્વામી ઓમપ્રકાશ અને હરિદાસ પુરાણીએ મંદિરના રસોડાને ૧૮ વર્ષની યુવતી સાથેનો શયનખંડ બનાવ્યો હતો. વડતાલના દેવસ્વરૂપ સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ ચાંગના માધવ ભગત સાથે બળજબરીથી સજાતીયકાંડ આચર્યો હતો.

૧૯૯૭: જામજોધપુરના દેવસ્વામીએ એક બાળા ઉપર બળાત્કાર કર્યો હતો.

૧૯૯૮: બોટાદ-લાઠીદડના ગુરુ પ્રેમપુરાણી સ્વામીએ સજાતીય સેક્સકાંડ આચર્યો હતો.

૧૯૯૯: મદ્રાસમાં પ્રેમપુરાણ સ્વામી, નારાયણ જીવન સ્વામી અને હરીશ ભગતે કામલીલા આચરી હતી.

૨૦૦૦: રાજકોટ મંદિરના પી. પી. સ્વામી નબળા કુટુંબની એક સ્ત્રી સાથે બંગલામાં લીલા કરતા રંગે હાથ ઝડપાયા હતા. રાજકોટ મંદિરના જ સંત ગુરુ દેવનંદનદાસે મંદિરમાં જ એક યુવતી પર બળાત્કાર કર્યો હતો. ઉત્તર પ્રદેશના મંદિરના કોઠારી સ્વામીએ નરસંડામાં કૌભાંડ કરતાં લોકોના હાથે મેથીપાક ખાવો પડ્યો હતો.

૨૦૦૧: ખંભાત મંદિરના સ્વામીને કેટલાક યુવાન ભક્તોએ મારુતિ ગાડીમાં એક યુવતી સાથે કઢંગી હાલતમાં પકડી પાડ્યા હતા.

૨૦૦૨: વડતાલના એક સંત મંદિરમાં જ રહેતી એક સ્ત્રી સાથે

ગાયબ થઈ ગયા હતા.

૨૦૦૩ઃ ઉપલેટાના સ્વામી કેશવાનંદે ગુરુકુળનાં બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કાર્ય કર્યું હતું.

ધર્મને જો માનતા હો તો ધર્મમાં તો સદાચાર, નૈતિકતા, સંયમ અનિવાર્ય છે. એ જો પાળી શકાતા ના હોય તો ભગવાંના આડંબરો ઉતારીને સીધાસાદા સંસારી બની જાવ અને મુક્તજીવન માણો.

સાધુઓ આવાં કૃત્યો કરે ત્યારે આટલા આકળા જઈ જવાનું કારણ એટલું જ કે સમાજ ઉપર તેમનું પ્રભુત્વ છે. સમાજ તેમને માર્ગદર્શક માને છે. આદર્શ માને છે. તેમનાં પગલે ચાલે છે. તેમની પાસે સદાચાર અને સદ્વિચારની અપેક્ષા હોય છે.

['ગુજરાત સમાચાર' દૈનિક, 'વિવેકપંથી' માસિકઃ ૨૦૦૪]

# દિમીત્રી શોસ્તાકોવિચ

## એટલા માટે

કલાકાર પોતાની નવી કૃતિ ઉપર કામ એટલા માટે શરૂ કરે છે કે આગલી કૃતિથી તેને પૂર્ણ સંતોષ થયો હોતો નથી.

(રશિયન સંગીતકાર)

# દિલખુશ દીવાનજી

## "તેથી દીકરા મટી જતા નથી!"

ઘણાં વરસો પહેલાંની વાત છે. દેવી ડોશી દાંડીનાં વતની. ડોશીના ત્રણ જુવાન પુત્ર છે. બે દક્ષિણ આફ્રિકામાં વેપાર ખેડે, એક જમશેદપુરમાં સારું કમાય. ત્રણ પુત્રોની વહુઓ દેવી ડોશીના ઘરમાં જ રહે છે. પરદેશ કમાતા દીકરાઓ પત્નીઓને નિયમિત રકમ મોકલે છે. પણ એમાંથી દેવી ડોશીને કશું મળતું નથી—એમને તો રેંટિયો જ મદદ કરે છે. ડોશીના હાથમાંથી ઘંટી નથી છૂટી. ચોખા છડવાનું ચાલે છે. બળતણ લીલાં હોય તો ફૂંકવાં પડે, આંખમાંથી પાણી નીતરે.

દાંડીમાં પરદેશથી ગરીબો માટે મફત અનાજ આપવાની યોજના થઈ. દેવી ડોશીને પણ એ યોજનામાં નામ લખાવવા જણાવ્યું. ડોશી નામ લખાવતાં નથી.

"ડોશીમા! તમે આ મદદ કેમ લેતાં નથી?"

"દીકરા! મારાથી એ ન લેવાય. હું ગરીબોમાં મારું નામ લખાવું તો મારા દીકરાઓની આબરૂ જાય."

"પરંતુ એ દીકરા તમને કશું જ આપતા તો નથી!"

"તેથી શું થઈ ગયું? તેથી એ મારા દીકરા મટી નથી જતા—મારા દીકરાની આબરૂ હું ન સાચવું તો કોણ સાચવે?"

['લોકજીવન' પખવાડિક: ૧૯૭૮]

## સૌથી મોટું કમનસીબ

સ્વરાજ તો મળ્યું, પરંતુ હિંદની પ્રજામાં ગુલામી માનસ ખીલવવામાં જે શિક્ષણ-પદ્ધતિએ સૌથી વધુ ફાળો આપ્યો છે તે લગભગ એ જ

રહી છે. અંગ્રેજ સરકારના વૈભવને કેટલીક વાર ભુલાવે એવા વૈભવો અને કુટેવો, ભણતા અને ભણી પરવારેલા વર્ગમાં ઊંડાં ઊતરતાં જાય છે. ગરીબો માટેની દાઝ તો જાણે આજના ભણતરમાં દેખાતી જ નથી. દૂરના ગ્રામવાસીઓ પણ કેળવણીના આ ભયાનક ભ્રમમાં ફસાતા જાય છે. સ્વરાજનું આ સૌથી મોટું કમનસીબ છે.

શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને વરસો પહેલાં બાપુએ પોતાની દર્દભરી વાણીમાં જણાવેલું તે તેઓ યાદ નહિ કરે? “તમે ગરીબમાં ગરીબ ખેડૂતના દેવાદાર છો. એ ખેડૂતો જ તમને નિભાવે છે, તમારા શરીરને ઢાંકે છે. આ ભવ્ય મકાનો પણ એમણે જ બાંધી આપ્યાં છે. મજૂરોના પરસેવા અને લોહીથી આ સ્થળ ઊભાં થયાં છે. એમના પ્રતિના ઋણમાંથી તમે કદી મુક્ત નથી થવાના—સિવાય કે આ સ્થળ છોડયા પછી તમે એ ગરીબોની સેવામાં જીવન સમર્પણ કરો.”

# દિલીપ કોઠારી

## આંજતાં ન હોવા છતાં વહાલાં

‘સમરાંગણ’ અને ‘વસુંધરાનાં વહાલાં દવલાં’ એક જ બેઠકે વાંચી ગયો. ‘અપરાધી’ પણ તે જ રીતે વાંચી ગયો. હોલ કેઇનની મૂળ ‘The Master of Man’ વાંચી. લાગ્યું કે સ્વતંત્ર સર્જનની કક્ષામાં બેસે તેટલું સરસ રૂપાંતર થયું છે. મને તો ‘અપરાધી’ મૂળ કરતાં પણ સારું લાગ્યું.

‘સોરઠ તારાં વહેતાં પાણી’ સૌથી સરસ લાગી. કસુંબલ રંગની છાંટે સોહે છે. પાત્રાલેખન અને વાતાવરણ તો દિલમાં રહી ગયાં. શ્રી ગોવર્ધનરામનાં પાત્રો સંસ્કારી અને પંડિત છે, શ્રી મુનશીનાં પાત્રો ચાલાક, ચંચળ અને કુશાગ્રબુદ્ધિ છે, શ્રી [ર. વ.] દેસાઈનાં પાત્રો લાગણીપ્રધાન અને કોમળ છે. પણ તમારાં પાત્રો ખૂબ સમૃધ્ધ માનવતા અને માનવ્ય વીરતાથી ભરેલાં છે અને તે આંજતાં ન હોવા છતાં વહાલાં થઈ પડે છે.

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાંઃ ૧૯૩૯]

# દિલીપ ગુહા

## અઠવાડિક વાહનબંધી

આપણાં નાનાં-મોટાં અનેક શહેરોમાં પેટ્રોલ-ડીઝલથી ચાલતાં અગણિત વાહનોમાંથી નીકળતો ધુમાડો લાખો માનવીઓના આરોગ્ય જ નહીં, જાન માટે પણ ભયંકર જોખમ ઊભું કરી રહ્યો છે. આ પ્રદૂષણમાંથી બચવાનો તત્કાલ અમલમાં મૂકી શકાય તેવો એક રસ્તો એ છે કે અઠવાડિયાના એક દિવસે એ જાતનાં વાહનો સડક પર ચલાવવાની મનાઈ કરવી.

ફ્રાંસ દેશમાં દર અઠવાડિયે એક દિવસ સડકો પર પેટ્રોલ-વાહનો ચલાવવાનો પ્રતિબંધ છે. તેનો અમલ એટલો ચુસ્તપણે થાય છે કે તે દિવસે પાટનગર પેરિસમાં સરકારના મંત્રીઓ સુધ્ધાં સાઇકલ પર પોતાની કચેરીએ જતા જોવા મળે છે. બીજા લોકો લોકલ રેલગાડીનો કે એવી બસનો ઉપયોગ કરે છે કે જે વીજળી, બેટરી કે ગૅસ ઉપર ચાલતી હોય. એમાં અપવાદ ફક્ત બંબા કે એમ્બ્યુલન્સ જેવી આપત્તિકાળની સેવાઓ માટે રાખવામાં આવે છે. બાકીનાં બધાં વાહનો માટે એ દિવસે સવારે ૭થી રાતે ૯ સુધી સડકો બંધ.

બ્રાઝિલ દેશમાં કુરીતુબા નામના શહેરની વસ્તી ૨૫ લાખની છે. તેમાંથી ૧૮ લાખ લોકો બસ-ટ્રામ જેવાં સાર્વજનિક વાહનો વાપરે છે. (ત્યાંની બસો ૩૦૦ મુસાફરોને સમાવી શકે એટલી જંગી હોય છે.) ત્યારે દિલ્હીની એક કરોડની ગીચ વસતીમાંથી દસ ટકા જેટલા લોકો જ સાર્વજનિક વાહનોનો લાભ લે છે. દિલ્હીમાં સાર્વજનિક વાહનોની સગવડ સારી ન હોવાથી ઘણા લોકો ખાનગી વાહનો વાપરે છે અને પરિણામે સડકો પર ભીડ ને પ્રદૂષણ વધે છે.

# દિલીપ જોશી

## મ્હેક...

*મ્હેક, મ્હેક, મ્હેક, મ્હેક, મ્હેક, મ્હેક, મ્હેક,...*
*ઉમરાથી ઓસરીથી, ઘરમાંથી શેરીએથી*
*ધમધમતી જાય જુઓ મોસમની વરણાગી પાલખી!*
*ખાખરાએ કેસરિયા કોર્યા ઝરુખડા*
*-ને ઝાડવાંએ ઝાડવાંએ વેલબુટ્ટા હોય એવા*
*વાઘા સજે છે બધી ડાળખી!*

# દીપક બારડોલીકર

## કોઈ તો આવે!

*શેરી-શેરી આગ છે ગુજરાતમાં!*
*હા, કદી માહોલ મુસકાતો હતો*
*મીઠડો કલ્લોલ પડઘાતો હતો*
*ચૂંદડીના રંગ ફરફરતા હતા*
*ને હૃદયનો જામ છલકાતો હતો*
*ક્યાં હવે એ વાત છે ગુજરાતમાં*
*શેરી-શેરી આગ છે ગુજરાતમાં!*

*જે હતી, એક ભાઈબંધી પણ ગઈ*
*મનની વાતો, દિલની યારી પણ ગઈ*
*ગુમ થઈ સહિયારા સાહસની મજા*
*ને ઝળકતી કામયાબી પણ ગઈ.*
*જે હતું સુંદર, અસુંદર થૈ ગયું*
*ઘોર અંધારું મુકદ્દર થૈ ગયું.*
*ઘાત, તાતી ઘાત છે ગુજરાતમાં!*
*શેરી-શેરી આગ છે ગુજરાતમાં!*

*કોણ હાકિમ છે? આ કોનું રાજ છે?*
*લોહીપ્યાસા ભેડિયાની ધાક છે*
*માણસાઈનો જનાજો છે*
*અને હર્ષથી નાચી રહ્યો શેતાન છે*
*આંધળી-બહેરી છે ખુરશીઓ કદાચ*
*વાઘવાડામાં છે બકરીઓ કદાચ*
*મોતનો એક રાગ છે ગુજરાતમાં*
*શેરી-શેરી આગ છે ગુજરાતમાં!*

*કોઈ તો આવે, બુઝાવે આગને*
*કોઈ તો આવે, ખિલાવે બાગને*
*કે ટહુકા નિર્ઝરે ગુજરાતમાં*
*શેરી-શેરી સૌ હસે ગુજરાતમાં!*

['નિરીક્ષક' પખવાડિક: ૨૦૦૨]

# જાણે છે

*એ હકૂમત ચલાવી જાણે છે*
*માસૂમોને મરાવી જાણે છે*
*પુષ્પ શું ચીજ છે એ શું જાણે*
*માત્રા કાંટા બિછાવી જાણે છે*
*આપ આંબા ઉછેરતા જાઓ*
*એ કુહાડી ચલાવી જાણે છે...*
*આગ લાગો એ રાજમાં 'દીપક'*
*જે પ્રજાને રડાવી જાણે છે.*

# અમૃતનો પ્યાલો પિવરાવો

*ગુજરાત, ઓ લીલીછમ ગુજરાત*
*સુખચેન તણી સંપત ગુજરાત*

*મશહૂર હતી તવ સજ્જનતા*
*ફૂલવેલ-શી ભલમનસાઈ પણ*
*દરિયોય રહી જાયે જોતો*
*એ મનની હતી મોટાઈ પણ*

*મૈત્રીથી છલકતાં'તાં હૈયાં*
*ને મેળા પ્યાર-મહોબતના*
*સૌભાગ્યસુમનનાં વૃક્ષો પર*
*માળા હતા ઉમદા સૌરભના*

*અફસોસ એ રંગો આજ નથી*
*વિલાઈ અનુપમ સૌ ભાતો*
*દ્વેષાઈ ગયો માહોલ અને*
*સંસ્કારનો દીવો હોલાયો*

*ઇન્સાનની અઝમતના ઉત્તમ*
*સૌ ખ્વાબ અહીં બરબાદ થયા*
*વિષચક્ર હતું એક શેતાની*
*ઇન્સાન અહીં હેવાન થયા*

*શોણિતના ફુવારા છલકાયા*
*ને ભૂતપલીતો હરખાયા*
*ઓ લોકો, થોડી કદ્ર કરો*
*છે મોતી એને રોળો નહિ*

*અમૃતનો પ્યાલો પિવરાવો*
*ને પીઓ પરંતુ ઢોળો નહિ*
*કે ગુંજે કણ-કણમાં આ રાગ*
*છે ખૂબ ભલી ગરવી ગુજરાત*

*ગુજરાત, ઓ લીલીછમ ગુજરાત*
*સુખચેન તણી સંપત ગુજરાત*

['તડકો તારો પ્યાર' પુસ્તકઃ ૨૦૦૬]

# પી લઈએ

*સૂર્યની ડાળથી ખરે તડકો*
*જિંદગી ફાંટમાં ભરે તડકો*

*ઝીણા ઝાકળમાં ઓગળે તડકો*
*કાગડા ઘાસમાં ચણે તડકો*

*હૈયે હૈયે ઉમંગ છલકાવે*
*મસ્ત કલરવ બની વહે તડકો*
*કાલે આવો ગુલાબી ક્યાં મળશે*
*આજ પી લઈએ આપણે તડકો…*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

# તડકો તારો પ્યાર

*તડકો ચાલે, તડકો દોડે, તડકો ખેલે ખેલ*
*કિરણ કિરણ છે મોર કળાયલ જાણે શીશમહેલ*
*તડકો રૂપ હજાર*
*તડકો તારો પ્યાર!*

*તડકો જાણે જાન ઊઘલતી, ફળિયે ફળિયે ઢોલ*
*ઝગમગ ઝગમગ સાફો સુંદર, તડકો તારો કોલ*
*તડકો તો દિલદાર*
*તડકો તારો પ્યાર!…*

# વિશ્વ જોતું રહ્યું

(રવાન્ડા, બોઝનિયા વગેરેના અનામી શહીદોને)

*ખડ્ગ, ખંજરો ને ભડાકા હતા*
*સિતમના સરાસર સબાકા હતા*

*બચાવો બચાવોની ચીખો હતી*
*તડફતાં બદન, રક્તનીકો હતી*

*ઘરોમાં ને શેરીમાં લાશો હતી*
*અને નાચતી દુષ્ટતાઓ હતી*
*હવામાં હતી બૂ, ધુમાડા હતા*
*શરાફતના મોઢે તમાચા હતા*

*હતી માણસાઈની મૈયત પડી*
*હતાં ગીધ, કાગા ને સમડી હતી*

*મગર સંસ્કૃતિને થયું શું હતું*
*ફરક્યું ન કોઈ રુવાટું હતું*

*થઈ ખાંભીઓ વિશ્વ જોતું રહ્યું*
*હા, જોતું રહ્યું, માત્ર જોતું રહ્યું*
*અને બાદમાં લાજ આવી જતાં*
*સ્મરી એ શહીદોને રોતું રહ્યું.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## ગઝલ

*ગઝલ છે ચુંદડી પણ*
*ને કાળી કામળી છે.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## ઘોળી જોઈએ

*આવો, સન્નાટાને તોડી જોઈએ,*
*પાડીએ રાડો ને બોલી જોઈએ...*
*નિત્ય શું પ્યાલે કસુંબો ઘોળવો,*
*ઝેર પણ ક્યારેક ઘોળી જોઈએ.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## ખીલે છે ગુલાબ

*કોણ મોહતાજી વસંતોની કરે—*
*તમને સંભારું ને ખીલે છે ગુલાબ.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## જોઈએ

*થોડી કસોટી કેફની આજે કરીને જોઈએ,*
*ખાલી પડેલા જામ સૌ પાછા ભરીને જોઈએ....*

*શાયદ આ બળતી પ્યાસને થોડીક ઠંડક સાંપડે:*
*ખાલી પવાલામાં ચલો, મૃગજળ ભરીને જોઈએ.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## તડકો

તડકો તારો
પ્યાર: જાણે તડકો
તો ફૂલહાર

*

તડકો પીધો
મીઠો લાલમલાલ:
હું ગુલમોર...

*

તડકો ચાલે:
જાણે મેળે મહાલે
છેલછબીલો....

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## હજી પણ

*કહ્યું કોણે, વિપદના દિવસો વીતી ગયા, યારો!*
*હજી પણ પુષ્પ-શા ચહેરા ઉપર અંકિત છે ચિંતાઓ,*
*હજી પણ વેદનાઓની જલે ચોમેર જ્વાલાઓ....*

*છવાઈ છે ઉદાસીની ઘટાઓ જિંદગી ઉપર*
*અને દરરોજ નીકળે છે તમન્નાના જનાઝાઓ.*
*ગુલાબોની જવાનીનું હજી લિલામ થાએ છે*
*અને મગરૂર થૈ મ્હાલે છે રંગો લૂટનારાઓ.*
*હજી પણ પુષ્પના પરદા મહીં અંગાર બાકી છે,*
*દયાના મ્યાનમાં ખૂટલ ખૂની તલ્વાર બાકી છે....*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## અગર

*શું કામ બાગમાં પછી આવે વસંત પણ,*
*વેણી અગર અંબોડલે એ બાંધશે નહીં.*

*છે કોણ? કોના વાસતે ખોલે કોઈ કમાડ,*
*દિલ પર ટકોરા કોઈ અગર મારશે નહીં.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## ઓ મારી જન્મભૂમિ!

*...બારડોલી!*
*ઓ મારી જન્મભૂમિ!*
*હું અકસર*
*રાતોનો સન્નાટો ઓઢીને*
*તારી નમણી ગલી ગલીમાં*
*ખોવાયેલી*
*સોનકણી-શી*
*મારા માસૂમ બચપન કેરી*

*ફૂલગુલાબી યૌવન કેરી*
*ગોતવા એક એક ક્ષણ આવું છું*
*તવ માટી માથે ચઢાવું છું*
*દીપ કણેકણ પેટાવું છું...*

['તડકો તારો પ્યાર' પુસ્તકઃ ૨૦૦૬]

## મા

*પ્રેમઅમી છલકાવે મા*
*ઘરમાં સ્વર્ગ ઉતારે મા*

*મા વૃક્ષોની મીઠી છાંય*
*સૌની ખાતર દાઝે મા*

*વન, વસતી, ડુંગર, રણવાટ*
*સંતાનો સંગ ચાલે મા*

*આફતનોયે તૂટે તોર*
*આફતને પડકારે મા*

*આખું ઘર ખાબે ગુલતાન*
*એક ફિકરમંદ જાગે મા*

*ગ્રંથો પણ જ્યાં ગોથાં ખાય*
*અણસારે સમજાવે મા*

*મા રાજી તો રાજી ઈશ*
*ઈશ તણી ઇચ્છાયે મા*

['તડકો તારો પ્યાર' પુસ્તકઃ ૨૦૦૬]

## હોય છે

*ભલે ઊતરો, મગર સમજી વિચારીને—*
*ઝરણમાં હોય છે ક્યારેક દરિયા પણ...*

*બુઝેલાને બુઝેલા ના ગણો 'દીપક',*
*બુઝેલી આગમાં તો હોય તણખા પણ.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## ખોલાય ના

*પીઓ એમ, છાંટોય ઢોળાય ના:*
*નશો પણ ચડે, જામ છલકાય ના....*

*દરદ છે તો રાખો દરદની અદબ,*
*દરદ ગામભરમાં વહેંચાય ના.*

*ફક્ત એક જણથી કરું ગોઠડી*
*કે દિલ શેરી શેરી તો ખોલાય ના.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

## ઓ અજનબી!

*એમ લાગે છે મને, ઓ અજનબી—*
*ગીત, ગઝલો, મારી મ્હેફિલ તું જ છે...*
*હમસફર તારો બનાવી લે મને,*
*યા જવું ક્યાં એ બતાવી દે મને.*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

# કહી દે છે

*ગંધની લહેરો સૌ વારતા કહી દે છે,*
*શહેરમાં થયું છે શું એ હવા કહી દે છે...*

*હામ હોય તો વાંચો ભીની આંખ અબળાની*
*ઊજળા જનોની એ સભ્યતા કહી દે છે*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

# હજી પણ

*કહ્યું કોણે, વિપદના દિવસો વીતી ગયા, યારો!*

*હજી પણ પુષ્પ-શા ચહેરા ઉપર અંકિત છે ચિંતાઓ*
*હજી પણ વેદનાઓની જલે ચોમેર જ્વાલાઓ*
*છવાઈ છે ઉદાસીની ઘટાઓ જિંદગી ઉપર*
*અને દરરોજ નીકળે છે તમન્નાના જનાઝાઓ....*

*ગુલાબોની જવાનીનું હજી લિલામ થાએ છે*
*અને મગરૂર થૈ મ્હાલે છે રંગો લૂટનારાઓ....*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

# ખીલે છે ગુલાબ!

*કોણ મોહતાજી વસંતોની કરે*
*તમને સંભારું ને ખીલે છે ગુલાબ!*

['તડકો તારો પ્યાર' પુસ્તક: ૨૦૦૬]

# દીપક મહેતા

## ગુજારે જે શિરે તારે

*ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,*
*ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે…*

*રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,*
*દિલે જે દુઃખ કે આનંદ, કોઈને નહીં કહેજે…*

*કટુ વાણી સુણે જો કોઈની, વાણી મીઠી ક્હેજે,*
*પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.*
*અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,*
*ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે…*

બાળાશંકર કંથારિયા

કોઈ કવિતાની કડીઓ લોકોના રોજબરોજના વ્યવહારમાં ચલણી સિક્કાની જેમ વપરાતી થાય, એવું વારંવાર નથી બનતું. બાળાશંકર કંથારિયાની આ કૃતિની કંઈ નહીં તો કેટલીક કડીઓની બાબતમાં તો આમ બન્યું છે. એક જમાનામાં આપણા શિક્ષિત લોકો આ કાવ્યની કેટલીક કડીઓનો ઉપયોગ પોતાની વાતચીતમાં છૂટથી કરતા. આ કાવ્યમાંનો વિચાર, કાવ્યનું કથયિત્વ, કંઈ નવું નથી. વાતચીતમાં આપણે ઘણી વાર કહીએ છીએ કે: ‘ભગવાન જે કરે તે સારા માટે’ એનો જ અર્થવિસ્તાર છે આ કૃતિમાં. તેમ નથી અહીં ભાષાનો ભપકો કે નથી પદાવલિની અવનવી અલંકૃતતા. ભાષા-શૈલી અહીં સાદી છે. પણ ભાવની વ્યાપકતા અને ભાષાની સરળતા એ બેને કારણે જ કદાચ આ કાવ્યની કેટલીક કડીઓ લોકજીભે ચડી હશે.

આપણે માથે જે કંઈ આફતો આવે છે તે ઈશ્વરની ઇચ્છાનું પરિણામ હોય છે. અને ઈશ્વર જો આપણને પ્યારો હોય તો એની

ઇચ્છા આપણને અતિ પ્યારી હોવી ઘટે. માટે એ આફતોને આપણે અતિ પ્યારી ગણી એનો સ્વીકાર કરવો જોઈએ—આ સીધીસાદી વાત કૃતિના કેન્દ્રમાં રહી છે.

બાળાશંકરનો જન્મ ૧૮૫૮માં, અવસાન ૧૮૯૮માં. એટલે કે આયુષ્ય માત્ર ચાલીસ વર્ષનું. હયાતી દરમ્યાન એકે કાવ્યસંગ્રહ પ્રગટ થયો નહોતો. અવસાન પછી નવ વર્ષે એક સંચય પ્રગટ થયો ખરો, પણ કવિ તરીકે બાળાશંકર પ્રકાશમાં આવ્યા તે તો ૧૯૪૨માં ઉમાશંકર જોશીએ તેમનાં કાવ્યો સંપાદિત કરીને પ્રગટ કર્યાં તે પછી. અને છતાં ઓગણીસમી સદીના અંત સુધીમાં બાળાશંકરની આ એક કૃતિ તો લોકજીભે ચડેલી હતી જ. ગોવર્ધનરામ ત્રિપાઠીની ‘સરસ્વતીચંદ્ર’માંની ગઝલ ‘સુખી હું તેથી કોને શું’ (૧૮૮૭) અને મણિલાલ નભુભાઈની ગઝલ ‘કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે’ (૧૮૯૮) જેટલી જ લોકપ્રિયતા ૧૮૯૩માં રચાયેલી બાળાશંકરની આ કૃતિને પણ મળી હતી. અને ચોથી આવી કૃતિ તે ૧૯૦૩ પછી રચાયેલી કલાપીની ‘જ્યાં જ્યાં નજર મારી ઠરે.’

લાગે છે કે ‘ગુજારે જે શિરે તારે’ ગાનાર બાળાશંકરની પ્રાર્થના જગતના નાથે ધ્યાનપૂર્વક સાંભળી હશે, કારણ તેણે બાળાશંકર પર ગુજારવામાં મણા રાખી નહોતી. નડિયાદના ગર્ભશ્રીમંત નાગર ઉલ્લાસરામને ઘરે જન્મેલા એ એકના એક દીકરા પર મૃત્યુ પછી તેમની અંતિમવિધિ માટે તેમની ઘરવખરી વેચવી પડી તેવી દશા થઈ હતી. અને મૃત્યુ પણ ચાલીસ વર્ષની વયે મરકીના રોગથી. કિશોરવયથી કુછંદ અને વ્યસનોને રવાડે ચડેલા. સરકારી નોકરી છોડી, વેપારમાં પડ્યા અને જબરી ખોટ ખાધી. ખળખળ વહેતી નદીને કિનારે લીલીછમ વાટિકામાં કવિલોક સ્થાપવાની આદર્શઘેલછાથી તેમણે બીડનાં કારખાનાં કાઢ્યાં, પણ તેમાંય નિષ્ફળ ગયા. જુદેજુદે વખતે ‘ભારતીભૂષણ’, ‘સાહિત્યસિંધુ’, ‘ઇતિહાસમાળા’, ‘કૃષ્ણમહોદય’ જેવાં સામયિકો કાઢ્યાં કે તેની સાથે સંકળાયા, પણ પોતાની હયાતીમાં પોતાનો કાવ્યસંગ્રહ પ્રગટ થતો જોઈ શક્યા નહીં. ચાલીસ વર્ષમાં એટલું વેઠ્યું કે ‘કલાન્ત

કવિ' ઉપનામ સાર્થક થાય.

## સાહિત્ય અકાદમીનાં ૫૦ વરસ

૧૯૫૨ના ડિસેમ્બરમાં ભારત સરકારે સાહિત્ય અકાદમીની સ્થાપના કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. એક સ્વાયત્ત સંસ્થા તરીકે સાહિત્ય અકાદમીની વિધિવત્ સ્થાપના ૧૯૫૪ના માર્ચની ૧૨મી તારીખે થઈ હતી. દેશની બાવીસ ભાષાઓ અને તેના સાહિત્ય અંગે કાર્યરત રહેતી આ અકાદમીનું મુખ્ય કાર્યાલય દિલ્હીમાં ૧૯૬૧માં બંધાયેલ રવીન્દ્રભવનમાં આવેલું છે. આ ઉપરાંત કોલકાતા, બેંગલોર, ચેન્નાઈ અને મુંબઈ ખાતે અકાદમીનાં પ્રાદેશિક કાર્યાલયો છે. ૧૯૭૨થી મુંબઈમાં કામ કરતું પ્રાદેશિક કાર્યાલય ગુજરાતી, કોંકણી, મરાઠી અને સિંધી ભાષાનાં કાર્યક્રમો, પ્રકાશનો વગેરેનું સંકલન કરે છે. (૧૭૨ મુંબઈ મરાઠી ગ્રંથસંગ્રહાલય માર્ગ, મુંબઈ ૪૦૦૦૧૪.)

આજ સુધીમાં અકાદમીએ ૪,૨૦૦ પુસ્તકો પ્રગટ કર્યાં છે. આ ઉપરાંત સેમિનાર, વર્કશોપ, વ્યાખ્યાનો વગેરે કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. અકાદમી તરફથી અપાતું સર્વોચ્ચ સન્માન છે તેની 'ફેલોશિપ'. કોઈ પણ વખતે ૨૧ કરતાં વધુ વ્યક્તિઓને આ સન્માન આપવામાં આવતું નથી. ૧૯૬૮માં સર્વપલ્લી રાધાકૃષ્ણન્ અકાદમીના સર્વપ્રથમ ફેલો બન્યા હતા. ૨૦૦૨ના અંત સુધીમાં કુલ ૬૩ લેખકોને સાહિત્ય અકાદમીની ફેલોશિપથી સન્માનવામાં આવ્યા છે, તેમાં ચાર ગુજરાતી લેખકો છે: કાકા કાલેલકર (૧૯૭૧), વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (૧૯૭૩), ઉમાશંકર જોશી (૧૯૮૫) અને રાજેન્દ્ર શાહ (૧૯૯૯).

અકાદમી દર વર્ષે ૨૨ માન્ય ભાષાઓની કૃતિઓને પુરસ્કાર આપે છે. પણ આ ૨૨ ભાષાની યાદીમાં જેમનો સમાવેશ ન થતો હોય તેવી ભાષાના અગ્રણી લેખકોને 'ભાષા સમ્માન'થી નવાજે છે. ૨૦૦૨ સુધીમાં ૨૭ લેખકોને 'ભાષા સમ્માન' પુરસ્કાર આપવામાં આવ્યો

છે, જેમાં ભીલ લોકસાહિત્યના અભ્યાસી ભગવાનદાસ પટેલનો અને પ્રશિષ્ટ તથા મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી ચિમનલાલ ત્રિવેદીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૯૮૯થી ૨૨ માન્ય ભાષાઓમાં અનુવાદિત પુસ્તકો માટેના પુરસ્કારની પણ શરૂઆત કરવામાં આવી છે. અકાદમી-માન્ય ૨૨ ભાષાઓમાંથી કોઈ પણ ભાષાની અનુવાદિત કૃતિને આ ઇનામ અપાય છે. ૧૯૮૯માં પહેલો અનુવાદ પુરસ્કાર નગીનદાસ પારેખને બંગાળી સ્મરણકથા ‘ન હન્યતે’ (મૈત્રોયી દેવી)ના અનુવાદ માટે અપાયો હતો. આ ઉપરાંત રમણીક મેઘાણી, રમણલાલ સોની, જયા મહેતા, અનિલા દલાલ, સુરેશ દલાલ, પ્રતિભા દવે, ચંદ્રકાંત મહેતા, પ્રસાદ બ્રહ્મભટ્ટ, ભોળાભાઈ પટેલ, સુકન્યા ઝવેરી, ઉષા શેઠ, વર્ષા દાસ, શકુંતલા મહેતા વગેરેને તેમણે કરેલા અનુવાદો માટે આ પુરસ્કાર મળ્યો છે. સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સેમિનારનું આયોજન એ અકાદમીની એક મુખ્ય અને મહત્ત્વની પ્રવૃત્તિ રહી છે. ૧૯૬૧માં રવીન્દ્રનાથ ટાગોરની જન્મશતાબ્દી પ્રસંગે યોજાયેલ આંતરરાષ્ટ્રીય સેમિનારથી આ પ્રવૃત્તિનો આરંભ થયો હતો. ૨૦૦૩ના અંત સુધીમાં કુલ ૨૭૨ સેમિનારનું આયોજન અકાદમીએ કર્યું છે. ૧૯૮૮માં કનૈયાલાલ મુનશી વિષેનો નેશનલ સેમિનાર હતો. ત્યાર બાદ ૧૯૯૨માં સુરેશ જોશી, ૧૯૯૬માં મહાત્મા ગાંધી, ૧૯૯૬માં ઝવેરચંદ મેઘાણી, ૧૯૯૭માં ગુજરાતી વિવેચન સાહિત્યના પ્રવાહો, ૧૯૯૭માં ગુજરાતી સાહિત્યમાં ‘દેશીવાદ’, ૨૦૦૦માં વીસમી સદીના ગુજરાતી સાહિત્ય અને ૨૦૦૨માં હરિવલ્લભ ભાયાણીના પ્રદાન વિષેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

અકાદમી ૧૯૫૭થી ‘ઇન્ડિયન લિટરેચર’ નામના અંગ્રેજી દ્વૈમાસિકનું, ૧૯૮૦થી ‘સમકાલીન ભારતીય સાહિત્ય’ નામના હિંદી દ્વૈમાસિકનું, ૧૯૫૯થી ‘સંસ્કૃત પ્રતિભા’ નામના અર્ધવાર્ષિક સંસ્કૃત સામયિકનું પ્રકાશન કરે છે.

## અકાદમી-પુરસ્કૃત ગુજરાતી પુસ્તકો

૧૯૫૫ મહાદેવભાઈની ડાયરી

૧૯૫૬ બૃહત્પિંગલ (રામનારાયણ વિ. પાઠક)

૧૯૫૮ દર્શન અને ચિંતન (પંડિત સુખલાલજી)

૧૯૬૦ શર્વિલક (રસિકલાલ પરીખ)

૧૯૬૧ કચ્છનું સાંસ્કૃતિક દર્શન (રામસિંહજી રાઠોડ)

૧૯૬૨ ઉપાયન (વિષ્ણુપ્રસાદ ત્રિવેદી)

૧૯૬૩ શાંત કોલાહલ (રાજેન્દ્ર શાહ)

૧૯૬૪ નૈવેદ્ય (ડોલરરાય માંકડ)

૧૯૬૫ જીવનવ્યવસ્થા (કાકા કાલેલકર)

૧૯૬૭ ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન (પ્રબોધ પંડિત)

૧૯૬૮ અવલોકના (સુન્દરમ્)

૧૯૬૯ કુળકથાઓ (સ્વામી આનંદ)

૧૯૭૦ અભિનવનો રસવિચાર (નગીનદાસ પારેખ)

૧૯૭૧ નાટ્ય ગઠરિયાં (ચન્દ્રવદન મહેતા)

૧૯૭૩ કવિની શ્રદ્ધા (ઉમાશંકર જોશી)

૧૯૭૪ તારતમ્ય (અનંતરાય રાવળ)

૧૯૭૫ સૉક્રેટિસ (ભનુભાઈ પંચોળી, ‘દર્શક’)

૧૯૭૬ અશ્વત્થ (‘ઉશનસ્’)

૧૯૭૭ ઉપરવાસ કથાત્રાયી (રઘુવીર ચૌધરી)

૧૯૭૮ હયાતી (હરીન્દ્ર દવે)

૧૯૭૯ વમળનાં વન (જગદીશ જોશી)

૧૯૮૦ અનુનય (જયંત પાઠક)

૧૯૮૧ રચના અને સંરચના (હરિવલ્લભ ભાયાણી)
૧૯૮૨ લીલેરો ઢાળ (પ્રિયકાંત મણિયાર)
૧૯૮૩ ચિંતયામિ મનસા (સુરેશ જોશી)
૧૯૮૪ વિવેચનની પ્રક્રિયા (રમણલાલ જોશી)
૧૯૮૫ સાત પગલાં આકાશમાં (કુંદનિકા કાપડિયા)
૧૯૮૬ ધૂળમાંની પગલીઓ (ચન્દ્રકાંત શેઠ)
૧૯૮૭ જટાયુ (સિતાંશુ યશશ્ચંદ્ર)
૧૯૯૮ અસૂર્યલોક (ભગવતીકુમાર શર્મા)
૧૯૮૯ આંગળિયાત (જોસેફ મેકવાન)
૧૯૯૦ સ્ટેચ્યૂ (અનિલ જોશી)
૧૯૯૧ ટોળાં અવાજ ઘોંઘાટ (લાભશંકર ઠાકર)
૧૯૯૨ દેવોની ધાટી (ભોળાભાઈ પટેલ)
૧૯૯૩ અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ (નારાયણ દેસાઈ)
૧૯૯૪ વિતાન સુદ બીજ (રમેશ પારેખ)
૧૯૯૫ અણસાર (વર્ષા અડાલજા)
૧૯૯૬ અંધારી ગલીમાં સફેદ ટપકાં (હિમાંશી શેલત)
૧૯૯૭ કૂવો (અશોકપુરી ગોસ્વામી)
૧૯૯૮ વાંકદેખાં વિવેચનો (જયંત કોઠારી)
૧૯૯૯ ગુજરાતી સાહિત્ય (નિરંજન ભગત)
૨૦૦૦ ધૂન્ધભરી ખીણ (વીનેશ અંતાણી)
૨૦૦૧ આગંતુક (ધીરુબહેન પટેલ)
૨૦૦૨ તત્ત્વમસિ (ધ્રુવ ભટ્ટ)
૨૦૦૩ અખેપાતર (બિંદુ ભટ્ટ)
નોંધ: ૧૯૫૭, ૧૯૫૯, ૧૯૬૬ અને ૧૯૭૨માં કોઈ કૃતિને

પુરસ્કાર અપાયો નહોતો.

આજ સુધીમાં ત્રણ લેખકોએ અકાદમીના પુરસ્કારનો અસ્વીકાર કરી તે પરત કર્યો છે. ૧૯૬૯માં સ્વામી આનંદે, ૧૯૮૩માં સુરેશ જોશીએ અને ૧૯૯૮માં જયંત કોઠારીએ.

પિતા અને પુત્ર બન્નેને સાહિત્ય અકાદમીનો ગુજરાતી પુસ્તક માટેનો પુરસ્કાર મળ્યો હોય તેવો એક જ દાખલો નોંધાયો છે: મહાદેવ દેસાઈને 'મહાદેવભાઈની ડાયરી' માટે ૧૯૫૫માં અને તેમના પુત્ર નારાયણ દેસાઈને મહાદેવભાઈની જીવનકથા 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' માટે ૧૯૯૩માં આ પુરસ્કાર મળ્યો હતો.

['મુંબઈ સમાચાર' દૈનિક: ૨૦૦૪]

# પ્રજ્ઞામૂર્તિનો વિચારવૈભવ

ચમત્કારમાં જે માનતા ન હોય તેમને પણ ચમત્કાર લાગે, એવું પંડિત સુખલાલજીનું જીવન અને કાર્ય. શીતળાને કારણે સોળ વર્ષની ઉંમરે આંખો ગુમાવી. પણ તે પછીનાં વર્ષોમાં અકલ્પ્ય પુરુષાર્થ દ્વારા પ્રાચીન ભાષાઓ, ધર્મ, સંસ્કૃતિ, ફિલસૂફી વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો અને આ ક્ષેત્રોના વિદ્વાન તરીકે દેશની બહાર પણ ખ્યાતિ મેળવી. ભારતના જુદા જુદા ધર્મોમાં રહેલા સમન્વયના બીજને શોધવાનો તેમણે પ્રયત્ન કર્યો અને ધર્મને ક્રિયાકાંડથી મુક્ત કરવા મથ્યા. જે ધર્મ સમાજ માટે ઉપયોગી ન હોય એ ધર્મ અપ્રસ્તુત છે, એ વાત તેમણે પોતાનાં અનેક લખાણોમાં સમજાવી છે. તેમના ઘણાખરા ગુજરાતી લેખો 'દર્શન અને ચિંતન'ના બે ભાગમાં ૧૯૫૩માં પ્રગટ થયા હતા. તે વખતે દિલ્હીની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ આ પુસ્તકને મળ્યો હતો. પણ ઘણાં વર્ષોથી તે અપ્રાપ્ય બન્યું હતું. સમાજ, ધર્મ અને સંસ્કૃતિ અંગેની પંડિતજીની કેટલીક વિચારણા તો એવી છે કે જે આ લેખો લખાયા ત્યારે હતી તેના કરતાંયે આજે વધુ પ્રસ્તુત બની

છે. એટલે 'દર્શન અને ચિંતન ગ્રંથમાળા'નાં છ પુસ્તકોરૂપે પંડિતજીના લેખો ફરી સુલભ બન્યા છે એ આવકાર્ય છે.

આ શ્રેણીના સંપાદક જિતેન્દ્ર શાહે મૂળ ગ્રંથમાંની સામગ્રી અહીં નવેસરથી ગોઠવીને રજૂ કરી છે. ગ્રંથમાળાના પહેલા પુસ્તકમાં સમાજ, ધર્મ અને સંસ્કૃતિ વિષેના પંડિતજીના ૩૧ લેખો આપણને મળે છે. પુસ્તકના પહેલા જ લેખમાં તેઓ કહે છેઃ "ગમે તે કાળના, ગમે તે દેશના કે ગમે તે વિષયના જૂના કે નવા વિચારો મારી સન્મુખ આવે છે, ત્યારે હું તે ઉપર કશા જ બંધન સિવાય સંપૂર્ણ મુક્ત મને વિચાર કરું છું. અને તેમાંથી સત્યાસત્ય તારવવા હું યથાશકિત પ્રયત્ન કરું છું." પંડિતજીના આવા પ્રયત્નની પ્રતીતિ આ પુસ્તકના લેખોમાં થાય છે.

બીજાં પુસ્તકમાં જૈન ધર્મ અને દર્શન વિષેના ૪૦ લેખો સંકલિત થયા છે. લેખક પોતે જૈન ધર્મના અનુયાયી હતા પણ એમની વિવેકી સત્યશોધક દૃષ્ટિ જૈન ધર્મનાં દૂષણો જોઈ શકતી. એક લેખમાં તેઓ કહે છેઃ "જૈન સમાજ સામાજિક દૃષ્ટિએ નબળો ગણાય છે. રાષ્ટ્રીય અને રાજકીય બાબતોમાં પણ એ પછાત છે. કારણ શું? એવો પ્રશ્ન જો કરીએ અને તેના ઉત્તર માટે ઊંડા ઊતરીએ તો જણાશે કે તેનું મુખ્ય કારણ સંગઠનનો અભાવ છે. જ્યાં ધાર્મિક દ્વેષ હોય ત્યાં સંગઠન સંભવે જ નહીં." અલબત્ત, જૈન ધર્મની વિશિષ્ટતાઓને પણ તેમણે સુપેરે પ્રમાણી છે.

ત્રીજાં પુસ્તક 'પરિશીલન'માં કુલ ૩૦ લેખો છે. પંડિતજીનાં લખાણોમાં જોવા મળતાં અભ્યાસ, સૂક્ષ્મ અવલોકન, ચિંતન, વિશાળ વ્યાપ અને તટસ્થતાના ગુણો અહીં સવિશેષપણે પ્રગટ થતા જોવા મળે છે.

લેખકના દાર્શનિક ચિંતનને રજૂ કરતા ૨૦ લેખો શ્રેણીના ચોથા પુસ્તકમાં સંઘરાયા છે. આ લેખોમાં ભારતીય તત્ત્વજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો—જીવ, જગત, ઈશ્વર ઉપરનું ગંભીર ચિંતન લેખકે સરળ ભાષામાં રજૂ કર્યું છે.

પાંચમાં પુસ્તક 'અર્ઘ્ય'ના ૨૭ લેખોમાંના મોટા ભાગના લખાયા છે

શ્રદ્ધાંજલિ રૂપે; તેમાં લેખકે જે-તે વ્યકિતનાં જીવન અને કાર્યનું મહત્ત્વ પણ પ્રગટ કર્યું છે. ગાંધીજીની હત્યા પછી થોડા દિવસે આપેલ પ્રવચન ‘કરુણા અને પ્રજ્ઞામૂર્તિનું મહાપ્રસ્થાન’માં તેઓ કહે છેઃ “બાપુજીના આખા જીવનની નાનીમોટી સમગ્ર પ્રવૃત્તિઓનાં પ્રેરક બે જ તત્ત્વો હતાંઃ કરુણા અને પ્રજ્ઞા.” તો ઝવેરચંદ મેઘાણીને અંજલિ આપતાં લખે છેઃ “મેઘાણી બીજું ગમે તે હોય કે નહીં, પણ એમનામાં જે સમભાવી તત્ત્વ છે, નિર્ભય નિરૂપણશકિત છતાં નિષ્પક્ષતા સાચવવાની શકિત છે તે ભાગ્યે જ બીજા કોઈ એવા સમર્થ કવિ, ગાયક કે લેખકમાં હશે.”

છઠ્ઠાં પુસ્તક ‘અનેકાંત ચિંતન’ના ૧૪ લેખમાં સૂક્ષ્મ અવલોકન અને ગહન ચિંતનની છાંટ જોવા મળે છે.

૧૯૪૬ના અરસામાં પંડિત સુખલાલજીએ આત્મકથા લખવાનું શરૂ કરેલું. પણ ૧૯૨૦-૨૧ સુધીના સમયને આવરી લીધા પછી તે લખવાનું તેમણે પડતું મૂક્યું. જેટલો ભાગ લખાયો હતો તેટલો પણ પ્રગટ કરવાની સંમતિ તેમણે છેક સુધી ન આપી. મંજૂરી આપ્યા પછી થોડા જ દિવસોમાં, ૧૯૭૮ના માર્ચની બીજી તારીખે, પંડિતજીનું અવસાન થયું. ૧૯૮૦માં પરિચય ટ્રસ્ટ તરફથી ‘મારું જીવનવૃત્ત’ પુસ્તક રૂપે એ આત્મકથા પ્રગટ થયેલી. ‘દર્શન અને ચિંતન ગ્રંથમાળા’નાં છ પુસ્તકોની સાથોસાથ એ પુસ્તકનું પણ પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે.

પંડિત સુખલાલજી વીસમી સદીના એક મૌલિક વિચારક હતા. એમણે જીવનમાં વિદ્વત્તા, સાદાઈ અને મનુષ્યપ્રેમનો સંગમ સાધ્યો હતો. એક પ્રજ્ઞાચક્ષુ, અસહાય યુવાન ભારતીય દર્શનનો વિશ્વવિખ્યાત વિદ્વાન કેવી રીતે બન્યો તેની ગાથા અને તેના પરિપાકરૂપ એમનાં લખાણો કાયમ માટે સાચવી રાખવા જેવો વારસો છે.

[‘મુંબઈ સમાચાર’ દૈનિકઃ ૨૦૦૪]

# દુલા ભાયા 'કાગ'

## ચડી છાતી પરે

*ચડી છાતી પરે ઘડશે, હથોડા અંગ પર પડશે;*
*બધું સહીને, ભલા પાણા, પછી ઈશ્વર બની જાજે!*

## તૃષ્ણાને જોબન આવ્યાં

*જૂની થઈ દેયું, ને તૃષ્ણાને જોબન આવ્યાં,*
*ચીતડામાં સળગ્યા સંતાપ જી;*
*અંગડાં ડૂક્યાં ને મનડાનો વેગ વધ્યો,*
*તનડામાં ત્રાવિધના તાપ જી.*

*પગડા ખોડા ને ડુંગર માપવા,*
*જીભ જૂઠી ને દેવા શાપ જી....*
*પાંખુ વિણ ઊડવું આકાશ જી,*
*આંખ્યું વિનાનું વનરામાં ઘૂમવું જી....*

*વાણી બગડી ને વ્યાધિ ઘેરી વળી,*
*કાગ, ન સૂઝેલાં સવળાં કામ જી;*
*સેજલડી લાગે રે એને સાપની—*
*રિસાઈ ગયો છે જેનો રામ જી.*

# ઊડી જાઓ, પંખી!

[વનમાં આગ લાગી છે. એક વડલા પર પોપટ-પોપટીનું જોડલું ઘણાં વર્ષોથી વસતું. તેને વડલો કહે છે: "હે પક્ષીઓ! તમે ઊડી જાઓ, કારણ કે જંગલમાં લાગેલો દાવાનળ મને હમણાં બાળી મૂકશે. મારે તો પાંખો નથી, માટે બળી જઈશ. પણ તમે તમારા પ્રાણ બચાવો. હે પક્ષીઓ, ઘણાં વર્ષો સુધી તમારાં સુંદર ગાયનો સાંભળ્યાં, તે હૈયામાં વસી ગયેલ છે, જેથી અહીં મારી રાખ પર આવી કદીક એકાદ ટૌકો કરી જજો." ત્યારે બંને પક્ષી બોલે છે: "હે વડરાજ! તારા આશરે અમે ઘણાં વર્ષો આનંદથી રહ્યાં, તારાં મીઠાં ફળો ખાધાં અને આજે મરણ વખતે અમે તારો સાથ છોડી દઈએ તો તો અમારાં મોઢાં કાળાં થાય. હવે તો આપણે સાથે જ મરશું, સાથે જ ફરી જન્મશું અને તારે માથે, તું મોટો થઈશ ત્યારે, અમે માળો બાંધશું." આ તો લોકકલ્પનાની જૂની વાત છે. એનો એક દુહો છે કે:

*'પત્ર બિગાડે ફળ ડસે, બેઠે શીતળ છાંય;*
*તુમ જલો અમે ઊડીએ, જીવન કા ફલ નાંય.']*
*ઊડી જાઓ પંખી! પાંખુવાળા...જી,*

*વડલો કહે છે, વનરાયું સળગી, મૂકી દિયો જૂના માળા.*
*આભે અડિયાં સેન અગનનાં, ધખિયાં આ દશ ઢાળાં જી;*
*આ ઘડીએ ચડી ચોટ અમોને, ઝડપી લેશે જ્વાળા.*
*બોલ તમારા હૈયામાં બેઠા, રૂડા ને રસવાળા જી;*
*કોક દી આવી ટૌકી જાજો, મારી રાખ ઉપર રૂપાળા...*

*આશરે તારે ઈંડાં ઉછેર્યાં, ફળ ખાધાં રસવાળાં જી;*
*મરવા વખતે સાથ છોડી દે, એ મોઢાં મશવાળાં.*
*ભેળાં મરશું, ભેળાં જન્મશું, તારે માથે કરશું માળા જી;*
*'કાગ' કે આપણે ભેળાં બળશું, ભેળાં ભરશું ઉચાળા.*

# વાણી તો અમરત વદાં...

જેઠ મહિનાના ખડેલ જાંબુડા જેવો વાન, વાંભની સાંકળ ઠરડાઈને અવળાસવળી કનોટી ભેળી થઈ જાય, થાળી જેવડું કપાળ, કરમાઈ ગયેલ કારેલાના સીંસા જેવા ફોરણાં, ગોઠણથી ઊતરતી કેશવાળી, અંજળીમાં પાણી પીએ એવી નાની મોકળી (મોઢું), તાંસળી જેવી ડાબ, હથોડી જેવા ગાળ, ગાડાની પીંજણી જેવી ફીંસ (સાથળ), હાથીના પઠા જેવી પીઠ, બાજોટ જેવા ત્રીંગ, હીરની ફેલ જેવી પૂંછી, ત્રાઠેલ મૃગલી જેવી આંખ, કોરેલ પીપળાના પાન જેવી કપાળમાં ધોળી ટીલી, ફોરણાંથી નીતરતી માણેકલટ, પોતાના પડછાયાથી કંપે, પવનના ઉતાવળા લેરખાથી ફડકે અને બાપ પાંહે નદીએ પાણી પિવરાવવા માગ્યો હોય તો પેટના દીકરાને દેતા પણ જીવ નો હાલે એવો જાતવાન ઘોડો.

*

અબળા અંબિકા મટી કાલિકા બની, અંગેઅંગ ફરકી ઊઠયાં. સામી ખીંટીએથી પરબોળિયાના રસ જેવી લીલીછમ તલવાર લઈ, કામી જેમ લજ્જાને ફગાવી દે તેમ મ્યાન ફગાવીને લીધી હાથમાં ભવાની. ભય અને શૂરાતનથી શરીર કંપવા લાગ્યું. સાડાત્રણ કરોડ રુંવાડાં સમ... સમ... કરતાં અવળાં થઈ જાગી ઊઠયાં. આંખ્યુંમાં શનીશર ધજાગરા લઈ બેસી ગયો. ત્રણેક ડગલાં પાછી હઠી પગ ઠેરવી અને કર્યો ઘા! અને હરદ્વારના મેળામાં રાંકના હાથમાંથી જેમ રામપાતર જઈ પડે તેમ એક ઘા ને બે કટકે માથું ને ધડ જુદાં થઈ ગયાં. ભીંતગરોળીની પૂંછડી જેમ ઘડીક ધડ તરફડયું. ફાટેલ ડોળે ઠાકોરની આંખ્યું આ ચંડિકાને જોઈ રહી, અને જીવન આખાના પાપના સ્મરણની ઘડી જુગ જેવડી લાગી. તલવાર ત્યાં જ મૂકી મીંદડીની માફક ડગલાં ભરતી તીરની જેમ દરબારગઢની ડેલી બાર નીકળી ગઈ.

*

કાયામાં જુવાની હાગડતિ રમે છે. કાળો મોસરનો દોરો અને કાળી ભમ્મર દાઢી ગાલને બોકા દઈ રહી છે. અજવાળી આઠમના ચાંદા જેવું અરધેક માથે કપાળ, જોબનના લાલ ચટકા ઊપડેલ કેરીની

ફાડ જેવી આંખડિયું, દીવાની શગ જેવું નાક, પરવાળા જેવા હોઠ, દાડમની કળિયું જેવા દાંત અને કાંધની બુહટું ગઈ છે. હાથીની સૂંઢ જેવાં બાવડાં, ચોળાફળી જેવી આંગળિયું, ઢાલવા છાતી, સાવજ જેવી કેડ અને ગોઠણથી હેઠી બેય ભુજાઉ ફડાકા લઈ રહી છે.

*

સૂરજ મા'રાજે હજી માંડ માંડ ઉગમણી દશ્યે કોર કાઢી છે. રાતના કાળા ઓઢણાના લીરેલીરા થઈને સાતમા આસમાને ઊડી ગયા છે. મંગળ આરતીના ઘાસાં વાગી રહ્યા છે. ગાયુંના ગાળા છૂટ્યા છે. ઉદયાચળના ખોપરા માથે ઊભા રહી સૂરજનારણે સોનવરણા પડદાનો ઘા કર્યો તે પચાસ ક્રોડ ધરતીના છેડા વીંધી અસ્તાચળ પર્વતના ઉંબરે પડ્યો છે.

વર્ષા ઋતુ તો જેઠ મહિનો આવતાં જ શરમનો પડદો ફેંકીને કડેડાટ કરતીક બહાર આવે. વરુણદેવના કટક ખળભળી ઊઠે. બારબાર મહિનાનાં વિયોગી વાદળાં છાતી ભીડી ભીડીને આકાશમાં ભેળાં થાય. કાળા કાળા ઝભ્ભા પે'રી મેઘ-મા'રાજની મશાલુનાં અજવાળાં થાય. હૈયામાં સાત સાત રંગના સાથિયા પૂરી ઇન્દરધનુષ પૂર્વ—પશ્ચિમમાં ઊગી નીકળે. સમદર ગાંડોતૂર બની જાય. એના અનંત લોઢનો આંતરવિગ્રહ સળગે. દરિયાકાંઠે તો કાન પડ્યું કાંઈ જ નો સંભળાય. ઠંડા હેમાળા જેવા સાગરનાં નીર આંધણ મૂક્યું હોય એવાં ઊનાં થઈ જાય. મોરલા મેઘ મા'રાજની સવારીને નીરખી (ડોકની) સાંકળના ત્રણ ત્રણ કટકાઉ કરી 'કેહૂક...કેહૂક...કેહૂક' એમ ગહેકાટ કરે. બપૈયાઉ 'પિયુ...પિયુ' બોલી ઊઠે. ચકલિયું ધૂળમાં ના'વા માંડે. બગલાં, પારેવાં વગેરે પાંખ્યું પો'ળી કરી કરી હાંફવા માંડે. ગાયો ને ભેંશો વરસાદના વાવડ પામી, પૂંછડાના ઝંડા માથે લઈ હુંકાર કરતી નાચવા-કૂદવા માંડે અને ગાંડી ગીર સામું મોં રાખી ભેંશો રણકવા માંડે અને આમ ધરતી ગજ ગજ ઊંચી આવી જાય!

[દુલા કાગ વિશયક લેખોનો સંગ્રહ 'વાણી તો અમરત વદાં...']

# આવકારો મીઠો આપજે

*તારે આંગણિયે કોઈ આશા કરીને આવે રે*
*આવકારો મીઠો... આપજે રે જી...*

*તારે કાને કોઈ સંકટ સંભળાવે રે, બને તો થોડું...*
*કાપજે રે જી...*

*માનવીની પાસે કોઈ... માનવી ન આવે...રે...,*
*તારા દિવસની પાસે દુઃખિયાં આવે રે—આવકારો મીઠો...*
*આપજે રે...જી...*

*કેમ તમે આવ્યા છો? ...એમ નવ કે'જે...રે...,*
*એને ધીરે એ ધીરે તું બોલવા દેજે રે—આવકારો મીઠો...*
*આપજે રે...જી...*

*વાતું એની સાંભળીને... આડું નવ જોજે...રે...,*
*એને માથું એ હલાવી હોંકારો દેજે રે—આવકારો મીઠો...*
*આપજે રે...જી...*

*'કાગ' એને પાણી પાજે... સાથે બેસી ખાજે...રે...,*
*એને ઝાંપા એ સુધી તું મેલવા જાજે રે—આવકારો મીઠો...*
*આપજે રે...જી...*

# ધોવા ધો

[હિંદી ભાષાનું કોઈ કાવ્ય સાંભળેલું કે ગુહ ભીલને હોડીમાં બેસારી ઉતારવાનું ભાડું લેવાનું કહેતાં શ્રીરામને નાવિક-ભીલે ઉત્તર આપ્યો કે: "મહારાજ! આપણે તો ધંધાભાઈ કહેવાઈએ; હજામે હજામ, ધોબીએ ધોબી સામસામું મહેનતાણું લેતા નથી. હું તમોને અહીં તારું છું, અને 'તુમ કેવટ ભવસાગર કેરે', એ હિસાબે આપણે બેઉ એક

જ ધંધો કરનારા છીએ.”]

*પગ મને ધોવા દ્યો રઘુરાય;*
*પ્રભુ, મને શક પડ્યો છે દિલમાંય.*
*રામ લક્ષ્મણ જાનકીજી તીર ગંગાને જાય જી;*
*નાવ માગી નીર તરવા, ગુહ બોલ્યો ગમ ખાઈ:*
*રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાય જી,*
*તો અમારી રંક જનોની આજીવિકા ટળી જાય...*

*નાવડીમાં બાવડી ઝાલી, રામની ભીલરાયજી;*
*પાર ઉતારી પૂછિયું કે શું લેશો ઉતરાઈ?*
*નાવિક નવ લીએ નાવિકનું, આપણ ધંધાભાઈ જી;*
*‘કાગ’ લે નહિ ખારવાની ખારવો ઉતરાઈ.*

# દુલેરાય માટલિયા

## કયું વ્રત વધે?

એ જમાનામાં ગાંધીજી પરિણીતોને બ્રહ્મચર્યવ્રત લેવાનો આદેશ આપતા હતા. સેવાવ્રતનું તે આવશ્યક અંગ ગણાતું હતું.

મારા કુટુંબીએ મારે અંગે નાનાભાઈ ભટ્ટનું ધ્યાન દોર્યું. નાનાભાઈ મને કહે, “સત્ય અને બ્રહ્મચર્ય, એ બે વ્રતમાં કયું વધે?” મેં કહ્યું, “બ્રહ્મચર્ય વધે.”

એટલે નાનાભાઈ કહે, “કોઈ બ્રહ્મચારી છળકપટ કરે કે કોઈને છેતરે, તો બ્રહ્મચારી હોવાને કારણે જ તેને તમે નિર્દોષ ગણોને?” હું નિરુત્તર રહ્યો.

નાનાભાઈ બોલ્યા, “તમારાં પત્નીએ આ વ્રતનો સ્વીકાર કરવામાં સંમતિ આપી છે?” મેં કહ્યું, “અમે વ્રતબદ્ધ નથી બન્યાં, પણ તે મારી પાછળ ચાલે છે.”

“તેની મુક્ત ઇચ્છા સમજવા તમે પ્રયત્ન કર્યો છે?”

મેં કહ્યું, “સ્ત્રી માત્રાની સંતાનની ઇચ્છા તો હોય.” “તો તે ઇચ્છાને રોકવાનો તમારો શો અધિકાર છે?” મેં કહ્યું, “શ્રેયને માર્ગે જવામાં કામેષણાને ગૌણ ગણવી જોઈએ.”

નાનાભાઈએ પૂછ્યું, “તમારાં લગ્ન વખતે આ વાત સ્પષ્ટ કરી હતી? તમારા પિતા કે સસરાને તમારા વિચારો જણાવ્યા હતા?” મેં ના કહી, એટલે નાનાભાઈ કહે : “લગ્ન એ અગ્નિ, બ્રાહ્મણ અને સમાજની સાક્ષીએ આપેલો કોલ છે. કામેશણા તૃપ્ત કરવાના અને સંતાન આપવાના વચનમાંથી છટકી શકાય નહીં. તેમાંય જે કોમમાં પુનર્લગ્ન થતું નથી, અથવા તેવા લગ્નમાં હીણપત મનાય છે તે કોમમાં તો એ વચનભંગ જ નહીં—હિંસક વહેવાર પણ બને છે, અને સ્ત્રી લાચારીથી પુરુષને

અનુસરે છે. આમ સત્ય અને અહિંસાને ભોગે બ્રહ્મચર્યનો વિકાસ થઈ શકે નહીં. એટલે તમારે તમારી પત્નીની અવ્યક્ત ઇચ્છાને અનુસરવું જોઈએ. સંયમ અને સંતાનમર્યાદાનો વિવેક રાખીને જીવાતું ગૃહસ્થી જીવન પણ બ્રહ્મચર્ય જ છે, તેમ માનવામાં ગૃહસ્થાશ્રમીનો વિવેક છે. પણ આમ છતાં બંનેની આધ્યાત્મિક ઝંખના અને સર્જક પ્રવૃત્તિ બ્રહ્મચર્યને સહજ બનાવે, તો સહજતા તો હંમેશાં આવકાર્ય જ છે.”

# દુષ્યન્ત પંડ્યા

## "એ પણ મારા જ દીકરા હતા!"

સ્વામી વિવેકાનંદ અમરનાથની યાત્રાએ ગયેલા તે દરમિયાન સંઘ ક્ષીરભવાનીના મંદિર પાસે પહોંચ્યો. વિધર્મીઓને હાથે ખંડિત થયેલું મંદિર જોઈને સ્વામીજી જરા કોપાયમાન થયા. રાત્રે સૂવા ગયા ત્યારે દેશની નિર્બળતાનું કલંક એમને પીડી રહ્યું હતું. વ્યથાથી ભારે ચિત્તે એ મંદિરનું નવનિર્માણ વિચારી રહ્યા.

સવારે ઊઠ્યા તે વિવેકાનંદ બીજા જ હતા. વ્યથાનો બધો ભાર સરી પડ્યો હતો. ગ્લાનિના તરંગો શમી ગયા હતા અને ચિત્તમાં સમતા વ્યાપી હતી. તે બોલી ઊઠ્યા:

"રાતે સ્વપ્નમાં મા દેખાયાં. બોલ્યાં: મંદિરનું નવનિર્માણ કરનાર તું કોણ? તોડનાર પણ મારા જ દીકરાઓ હતા."

સ્વામીજીની સાથે એ યાત્રાએ ગયેલાં એમનાં બ્રિટિશ શિષ્યા ભગિની નિવેદિતાએ આ વાત પોતાના પુસ્તક 'ધ માસ્ટર એઝ આઈ સો હીમ'માં નોંધી છે.

['ભક્તિપદારથ' પુસ્તક: ૨૦૦૪]

## કોને રોઉં?

ઠાકુર[રામકૃષ્ણ પરમહંસ]નું એક દૃષ્ટાંત છે:

એક દંપતીનો એકનો એક દીકરો જુવાન વયે અવસાન પામ્યો. માતા કલ્પાંત કરવા લાગી. ખૂબ રુદન કર્યું. પણ જુવાનનો બાપ શાંત બેઠેલો, એની આંખમાં આંસુનું ટીપું નહીં. પત્ની કહે: "હાય હાય! આપણો જુવાન દીકરો ફાટી પડ્યો ને તમને રોવું નથી આવતું? તમે

તે કેવા બાપ?”

પુરુષે જવાબ આપ્યોઃ “તારી વાત સાચી છે; મને રોવું નથી આવતું. પણ કારણ શું તે તું જાણે છે?”

“તમે મોઢેથી કાંઈ બોલો તો ખબર પડે ને!”

“સાંભળ,” પતિએ કહ્યું. “મને રાતે સ્વપ્નું આવ્યું. તેમાં હું એક મોટો રાજા હતો ને તું રાણી હતી. રહેવા મોટો મહેલ હતો. ખૂબ વૈભવ હતો. અને આપણને છ રાજકુંવર હતા. જાગ્યો ત્યાં સ્વપ્ન ઊડી ગયું. હવે હું એ છ રાજકુંવરને રોઉં, કે આપણા આ એક દીકરાને રોઉં?”

['ભક્તિપદારથ' પુસ્તકઃ ૨૦૦૪]

# દેવજી મોઢા

## તે દેશ છે મારો

*આભને ટેકો દૈને જેના પ્હાડ ખડા,*
*તે દેશ છે મારો...*

*ઓતરાદા અરિ-હુમલા ખાળે હિમ જેનાં,*
*તે દેશ છે મારો.*

*ત્રણ બાજુએ સિંધુ પખાળે પાય જેના,*
*તે દેશ છે મારો...*

*ચંદ્ર વડે જેના રમવા ચાહ્યું શિશુ રામે,*
*તે દેશ છે મારો.*

*ઊંચક્યો પહાડ ગોવર્ધન અધ્ધર ઘનશ્યામે,*
*તે દેશ છે મારો...*

['અમૃતા' પુસ્તક]

# દેવજી રા. મોઢા

—

*માઝા મૂકે એને સાગર ન કહેજો,*
*ના ચંદ્ર—જે લાવે ન ભરતી;*
*પાતકીને પોતા પર ચાલવા ન દે,*
*એવી ધરતીને મ કહેજો ધરતી.*

## પંથ બાકી હજો!

*ભાતું ખૂટી જજો ને પાણી ખૂટી જજો,*
*પંથીનો સાથ યે વછૂટી જજો:*
*ડણકે મારગમાં છો ડુંગરિયા દૈત્ય શા,*
*નાગણ શી નદીઓ ય આડી હજો;...*
*તોય મારો પંથ હજી બાકી હજો!*

*વિપતના ગંજ વચ્ચે ખીલે પૌરુષ મારું,*
*એને વિહરવાના મારગ હજો;*
*સઘળું છો ખૂટતું, ન ખૂટે એ પંથ એક—*
*એટલી જ તાત, તવ કરુણા હજો!*
*એક મારો પંથ હજી બાકી હજો!*

['પ્રયાણ' કાવ્યસંગ્રહ]

# દેવેન્દ્ર પટેલ

## "હજી પડ્યો છે..."

રવિશંકર મહારાજને થોડી રકમ આપવાની હોંશથી એક ભાઈએ તેમના હાથમાં એક કવર મૂક્યું. તેમાંની રકમ પાછી આપતાં મહારાજે હસતે વદને પોતાના ધોતિયાનો છેડો બતાવી કહ્યું: "અહીં કેટલાય દહાડાથી એક રૂપિયો બાંધેલો છે તે હજી વપરાયા વિના એમનો એમ જ પડ્યો છે, ત્યાં વધારે પૈસા મારે રાખવા ક્યાં?"

['ગુજરાત સમાચાર' દૈનિક: ૨૦૦૫]

# દેવેન્દ્ર ભટ્ટ

## દેવ

*દેવ હાજર ના રહી શકે ઘર ઘર મહીં,*
*મા સ્વરૂપે જન્મ લે જીવતર મહીં.*

# દોલતભાઈ દેસાઈ

## માવજતનો મંતર

સૂરતમાં 'હકીમચાચા'ની દોઢસો વર્ષ જાણીતી દવાઓની દુકાન. કોકવાર એ દુકાને જઈ ચાચા સાથે વાતો કરવાની મારી ટેવ. એક વાર એક નવયુવક ગોટી લેવા આવ્યો. પ્રથમ બાળકનો એ પિતા બન્યો હતો. હકીમને કહ્યું: "બાબાને પાવાની ગોટી આપો."

હકીમે પૂછ્યું: "કેવી ગોટી આપું? એક વાર ઘસારાવાળી, બે વાર ઘસારાવાળી કે ત્રણ વાર ઘસારાવાળી?"

યુવક: "મને સમજ નથી પડતી. એક વાર ઘસારાવાળી ને ત્રણ વાર ઘસારાવાળી ગોટીમાં શો ફેર?"

હકીમ કહે: "એક વાર ઘસારાવાળી ગોટી, ઓરસિયા પર એક જ ઘસરકો કરો ને પાણી સાથે બાળકને પાવ, તો પેટ ચોખ્ખું રહે. જ્યારે ત્રણ વાર ઘસરકાવાળી ગોટી ત્રણ વાર ઘસવી પડે."

યુવક: "પણ એમાં દવા તો એક જ પ્રકારની ને?" હકીમ કહે: "બિલકુલ એક જ પ્રકારની દવા, પણ પૂટ પૂટમાં ફેર. એક ઘસરકાવાળી ગોટીમાં દવા ખૂબ ઘૂંટીને તૈયાર કરેલી, જ્યારે ત્રણ ઘસરકાવાળી ગોટીમાં દવા ઓછી ઘૂંટેલી."

યુવક કહે: "ઓહ! એટલે ફેર શો?"

હકીમ કહે: "માવજતનો!!"

દવા એક જ, પણ માવજત જુદી! જેટલી માવજત વધારે તેટલો દવા પર

પૂટ ચડે ને દવાની માત્ર વધે. પણ દવા એક જ. આ માવજતનો મંતર મને હકીમચાચાએ સમજાવ્યો.

આપણા જીવનમાંયે કેટકેટલી બાબતો માવજત માગે. રસોઈ માવજત

માગે, આપણી કાયા માવજત માગે, બાળકોનો ઉછેર માવજત માગે, આપણો વ્યવસાય માવજત માગે, માંદગી માવજત માગે.

ઉદવાડા જાઓ તો પટેલ બાપાની વાડી જોજો. વાડીમાં બે ફૂટ જ ઊંચા આંબા. વીસ વીસ કેરી લટકે. ફ્લાવર-વાઝમાં મુકાય એવાં આંબા-જમરૂખી. નાળિયેરીની એવી જાત જે માત્ર છ ફૂટ ઊંચી થાય અને ખૂબ નાળિયેર આપે. બાપાની સાઠ એકરની વાડી જોઈ, "આ બધું કેવી રીતે બને?" એમ પૂછ્યું.

બાપા કહે, "માવજત."

માવજતના મંતરને સમજવો હોય તો એક જ રોજિંદી ક્રિયા લઈએ—રોટલો બનાવવાની ક્રિયા. લોટ-પાણી જુદાં હોય તેને અમુક પ્રમાણમાં એકઠાં કરવાં પડે. માવજત કરનારમાં પ્રમાણભાન હોય. પ્રમાણ ચૂક્યા તો પદાર્થ બગડે. પછી મેળવીને લોટ ગૂંદવો પડે. મસળવો પડે. મસળવાની ક્રિયા ધીરજ માગે. માવજત કરનારમાં ધીરજની ખૂબ જરૂર. મસળીને આખડિયે રોટલો થબેડતાં થાપવો પડે. હળવેક હાથે એ કરવું પડે. એટલે માવજત કરનારમાં હળવેક હાથે કામ કરવાની આવડત જોઈએ. એ રોટલાને તાવડીમાં ધીમે તાપે શેકવો પડે. માવજત કરનારમાં શેકવાની આવડત ને શેકાવાની ધીરજ અને ક્ષમતા જોઈએ. છેવટે કદાચ હાથ દાઝે, પણ રોટલાને દેવતા પર ફુલાવવો પડે. માવજત કરનારને તાપ સહન કરતાં આવડવો જોઈએ. એ સહનશક્તિ. અને છેવટે એ રોટલા પર ઘી કે તેલ (જેને સંસ્કૃતમાં સ્નેહ કહેવાય) લગાડે. માવજત કરનાર પાસે પૂરતા પ્રમાણમાં સ્નેહ હોવો જોઈએ.

એક વાર માવજત કરી જુઓ: તમારો રોટલો રૂડો લાગશે.

['જનસત્તા' દૈનિક: ૧૯૭૬]

# એ તો એની સાથે હોય જ

પારિસના ફૂટપાથ પરના રેસ્ટોરાંમાં બેસી મધરાતે કૉફી પીવાની મજા અનેરી હોય. તેમાંયે એફિલ ટાવરની પેલી કોરના રેસ્તોરાંમાં બેસો, તો જગતના ભાતીગળ લોક જોતા રહો ને ચિંતન કર્યા કરો. કોઈ અલગારી મજા મળે. બેઠો’તો ૧૯૭૪ના માર્ચમાં ત્યાં. ઓર્ડર આપ્યો, વેઇટ્રેસને કૉફીનો. પાસે ભાતીગળ લોકો હતા. બધાં જ ઓળખ્યા વિના વાત કરતા બેસી જાય. ન નામ, ન ઠામ, ન રંગ, ન દેશ જુએ; ‘માણસ’ છો એટલું પૂરતું. જેને જિંદગીમાં પહેલી વાર જોયાં, ને પછી જોવાના નથી, તે વાતો કરે, ગીતો ગાય, ઘડી બે ઘડી બેસે ને પછી અલવિદા! વિચારું છું, ત્યાં કૉફી આવી.

વેઇટ્રેસ અર્ધું અંગ્રેજી જાણે.

કૉફી જોડે કેક ને વેફર પણ હતાં.

મધરાતે કેક ખાવાની ઇચ્છા નહિ.

મેં કહ્યું: “માત્ર કૉફી જોઈએ, કેક ન જોઈએ.”

વેઇટ્રેસ જોતી રહી. કહે, “પણ એ તો એની સાથે જ હોય. કૉફીની સાથે હંમેશાં કેક લેવાય.”

ભારે વાત કહી ગઈ. પારિસનાં બહેન બેઠેલાં. સમજાવે મને કે એકલી કૉફી પીવાથી અલ્સર થાય, કેક લેવાથી નુકસાન ન થાય. પારિસમાં—અરે, આખા ફ્રાન્સમાં—યુરોપમાં સામાન્ય રિવાજ કૉફીનો ઓર્ડર આપો એટલે કૉફી જોડે કશુંક ખાદ્ય આપવાનો.

તે રાતે વિચાર મનમાં ઘોળાયા. પ્રવાસની ડાયરીમાં નોંધાયું: “એ તો એની સાથે હોય જ.” હજી સુધી એ વાક્ય ‘ઉપનિષદ’ની ઋચા જેવું લાગે છે.

એક જણે ગુલાબ ચૂંટતાં અસંતોષ વ્યક્ત કર્યો: “આ કેવું! આટલું સારું ફૂલ, ને તે છોડને કાંટા કેમ કર્યા?” તો કો’કે ફરિયાદ કરી: “નાળિયેર આટલું સારું ફળ, પણ છોતરાં કેવાં કઠણ?”

એના ઉત્તર રૂપે પડઘો પડે: “એ તો એની સાથે હોય જ.”

['પ્રબુદ્ધ જીવન' પખવાડિક: ૧૯૭૭]

## આક્રમણના વમળમાં

આજનો વિદ્યાર્થી ચોમેરથી એક પ્રકારની ભીંસમાં સપડાયો છે. અને તેની એને જ ખબર નથી. ચારે તરફથી જ્ઞાનતંતુ પર આક્રમણ થાય છે. ફિલ્મની જાહેરાતોનાં પાટિયાં, ફિલ્મનાં ગીતો અને ખુદ ફિલ્મો, એક મોટું આક્રમણ છે. અસલ ફિલ્મનો 'હીરો' ચાહનાનું કેન્દ્ર બનતો, પણ આ દાયકામાં ફિલ્મનો વિલન પ્રશંસાનું, ચાહનાનું અને આકર્ષણનું કેન્દ્ર બન્યો છે! વિદ્યાર્થીની અતૃપ્ત અને વિધ્વંસક કામનાઓને આ વિલનમાં પોષાતી જોવા મળે, તેથી વિદ્યાર્થીઓ (કે પછી મોટેરાંઓ પણ) એના પ્રત્યે આકર્ષાતા હશે. બે પ્રશ્નો થાય: એક, આ વિલન પ્રત્યે વધતી જતી ચાહના યુવાનોને ક્યાં લઈ જશે? બીજું, ફિલ્મ કેટલું જબરદસ્ત મોટું અસરકારક માધ્યમ છે!

બીજું આક્રમણ તે સ્વાદનું. પાનની દુકાને, ભજિયાં કે પાંઉ-ભાજીની લારીએ યુવાનો ઊભેલા જોવા મળે. જે ઉંમરે પૌષ્ટિક આહારની જરૂર પડે તે ઉંમરે આ જાતનો ખોરાક યુવાનોને ક્યાં લઈ જશે? ત્રીજું આક્રમણ તે કર્ણેન્દ્રિયપર. રસ્તા પર જાતજાતના અવાજો. અવાજો માપવામાં આવે તો 'ડેસીબલ'નું યંત્રા તૂટી જાય. એ સાથે રેસ્ટોરાંમાં વાગતા 'જ્યૂક-બોક્સ'માંથી નીકળતો તમ્મર આવે એવો અવાજ. અવાજ એટલો તો મોટો કે પાસેની ખાલી ખુરશી થથરે!

ચોથું આક્રમણ ગતિનું છે. યુવાનને સ્કૂટર પર પસાર થતો જુઓ. એની ગતિ, અવાજ, ડ્રાઇવિંગની વાંકીચૂકી દિશા ઘણી વાતો કહેશે. તેમાંયે હમણાં તો 'બુલેટ' સ્કૂટર પર યુવાનોની ચાહના વધી છે; કેમ કે એ ધ્યાન ખેંચતો અવાજ કરે છે. ગતિ કેફ બક્ષે છે. આ અસર નીચે યુવાન પીડાય છે. આ સાથે, વિલનટાઇપ મારામારી, બૂમબરાડા,

સસ્તી બીભત્સતા... બધુંય આપણને વિચારતા કરી મૂકે તેમ છે.

તો શું યુવાનો ખરાબ છે? મને તો એવું નથી લાગતું. સમાજે યુવાનનો 'યોગક્ષેમ' જાળવ્યો નથી. એને માટે સારાં નાસ્તાગૃહો ખોલ્યાં નથી, તેથી ભજિયાંની લારીવાળો ફાવે છે. એને માટે દૂધ કેન્દ્રો ખૂલ્યાં નથી. સમાજે યુવાનો માટે સારા મનોરંજનવાળી ફિલ્મ ક્લબો સ્થાપી નથી, તેથી એ રઘવાયો થઈ 'શોલે' પાછળ દોડે છે, અને એને ખબરેય ન પડે તે રીતે દાઝે છે. સમાજે યુવાન માટે નવી પ્રતિમાઓ સર્જી નથી, અસરકારક વ્યક્તિઓને સમાજે યુવાન સમક્ષ મૂકી નથી, તેથી પડદાના પડછાયા પાસે એ શિર ઝુકાવે છે. એ યુવાનની ગતિને ટેબલટેનિસમાં, કબડ્ડીમાં, કે રમતોમાં ગૂંથવા સમાજે વેગવાન પ્રયાસો શેરીએશેરીએ કર્યા નથી, તેથી સ્કૂટરની ગતિ આપણને મૂંઝવે છે. સમાજે યુવાનને સૂર્યોદય, સૂર્યાસ્ત કે આકાશના રંગો જોતાં શીખવ્યું નથી, તેથી એ ફિલ્મના પોસ્ટરના રંગો જોઈ ખેંચાય છે.

['નૂતન શિક્ષણ' માસિક: ૧૯૭૬]

# પ્રાણવંતા પૂર્વજનું તર્પણ

આમાંનાં ['પરિભ્રમણ' ભાગ ૧-૩નાં] મોટા ભાગનાં લખાણો વર્તમાનપત્રની કટારો માટે થયેલાં છે. વર્તમાનપત્રમાં સાહિત્યની વાત કરનાર સાહિત્યની આસપાસની પરિસ્થિતિનો પણ વિચાર કરે. જે માણસ સાહિત્યને પ્રજાજીવનમાં વિચરતું, પ્રતિષ્ઠિત થતું અને પ્રજાજીવનને પોષતું જોવા માગે છે, તે આવા સવાલોને વિચાર્યા વિના ન રહી શકે. મેઘાણી આવા સવાલોને કોઈ જાતના વળગણ વિના વિચારે છે. સાહિત્યપ્રીતિ અને જીવનનિષ્ઠાનો આવો મેળ બહુ ઓછા માણસોમાં જોવા મળે છે.

પણ આ લખાણોમાંથી હું મેઘાણીને જ કેમ ન ઝીલું? કૌતુકપ્રેમી, મુગ્ધભાવી, સરલહૃદયી...ક્યારેક મેઘાણીની આંખની ચમક, ક્યારેક એમની ટટ્ટાર છાતી, ક્યારેક એમનું નમતું મસ્તક, ક્યારેક ગદ્‌ગદ અવાજ અને ક્યારેક હુંકાર, ક્યારેક મૌન પણ-મેઘાણી જાણે જીવંતરૂપે અનુભવાય છે. વિવેચનમાં વ્યક્તિત્વનું પ્રતિબિંબ આટલી સહજતાથી અને આટલા સ્વચ્છ સ્વરૂપે આપણે ત્યાં બહુ ઓછે ઠેકાણે પડેલું લાગે.

મેઘાણીભાઈ સાચા અર્થમાં લોકાભિમુખ કવિ-લેખક બન્યા. છેલ્લાં ૪૦ વર્ષમાં ગુજરાતી પ્રજાના હૃદયધબકાર એમના જેટલા સામર્થ્યથી કોઈએ ઝીલ્યા જાણ્યા નથી. ગઈકાલનું એમણે સંશોધન કર્યું, આજનું અવલોકન કર્યું, આવતી કાલનું આર્ષદર્શન આપ્યું.

ધનવંત ઓઝા

*

લોકચેતના પર રાખ ફરી વળી હતી. મડદાંઓમાં પ્રાણ ફૂંકવાનો હતો. રાણપુર જેવા નાનકડા ગામમાં 'સૌરાષ્ટ્ર' અખબારનાં પીળચટાં પાનાં પર મેઘાણીએ કર્મચેતનાની આગ પ્રગટાવી. હા, આજે જેનો દુષ્કાળ પ્રવર્તે છે તેવી કર્મચેતનાના મેઘાણી પ્રતિનિધિ હતા. અબોલ આદમીને

વાચા આપવાનું કામ તેમણે કર્યું. તેમણે શબ્દને સક્રિયતા સાથે જોડી આપ્યો. ગુજરાતી વાચકને માટે મેઘાણીનો શબ્દ ‘અગ્નિદિવ્ય’ બની ગયો. રાષ્ટ્રચેતનાના તમામ મર્મને આ પત્રકારે પ્રજા લગી પહોંચાડ્યો. ધોલેરાના સત્યાગ્રહથી માંડીને આયરલેંડની ઉથલપાથલ સુધીનો કોઈ વિષય તેમણે બાકાત નહોતો રાખ્યો.

પત્રકાર તરીકે બીજા કોઈએ નથી કર્યું એવું એક કામ મેઘાણીએ કર્યું: એમણે પત્રકારત્વમાં કવિતાની મદદ લીધી. કેટલાયે લાગણીપ્રેરક પ્રસંગોએ ગદ્યને સ્થાને એમણે કવિતાથી કામ લીધું. એને આપણે કાવ્યબદ્ધ અગ્રલેખો કહી શકીએ. કવિ-પત્રકાર તરીકેનું મેઘાણીભાઈનું કામ મહાનિબંધનો વિષય બને એવું છે.

યશવંત દોશી

*

પત્રકારત્વ ગુજરાતમાં વિકસ્યું ત્યારથી આજ સુધીના ગાળામાં સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રમાં મેઘાણીથી ચડિયાતું વ્યક્તિત્વ મળ્યું નથી. એમણે લખ્યું છે: “દરેક લખાણ-છાપાનું કે ચોપડીનું-સાહિત્યરંગી બનશે તેટલી તેની ચોટ વધશે. અનંતરાય રાવળના મત મુજબ, “તેમણે પત્રકારત્વને સાહિત્યરંગે રંગ્યું અને રસિક બનાવ્યું.” પત્રકાર પાસે નિરાંતે ભાષાને મઠારવાનો, ફરીફરી લખવાનો સમય હોતો નથી. અલંકારોના ઠઠેરા કર્યા વગર, સંકલના ચૂક્યા વગર, પહાડી નદીના વહેણ સરખી વાણી કલમમાંથી જેવી નિર્ઝરતી જાય, તેવી કમ્પોઝિટરનાં બીબાંમાં ગોઠવાતી જાય. રાષ્ટ્રવ્યાપી સંવેદનાને જગાડી મૂકવાની શક્તિ ધરાવતી આ કલમે નાનકડા અજાણ ગામડાના ક્ષણજીવી બનાવને આલેખતી વખતે અવનવી સિદ્ધિઓ હાંસલ કરી બતાવી હતી.

જયેન્દ્ર ત્રિવેદી

*

મેઘાણીનાં કેટલાંય રૂપ અને દરેક રૂપનાં કેટલાં પાસાં? લોકસાહિત્યના સંશોધક, ઢગલાબંધ ગ્રંથોનો ફાલ ઉતારનાર ગદ્યસ્વામી, મેદનીને ડોલાવીને જકડી રાખે તેવા ગાયક ને વક્તા, અન્ય ભાષાઓના

સર્વોત્તમ અનુવાદક અને રૂપાંતરકાર, પીઢ પત્રકાર-અરસપરસ ગૂંથાઈ ગયેલા આ બધા મેઘાણીઓમાંથી કોની વાત કરીએ? ગુજરાતે મેઘાણીને જે ઉમળકાથી વધાવ્યા, તેમના પર ભક્તિયુક્ત આદરનો અભિષેક કર્યો, તેવું બીજા કોઈ લેખક, કવિ, પત્રકાર કે લોકસેવકની બાબતમાં બન્યું નથી.

નગીનદાસ સંઘવી

*

એમની બધી પ્રવૃત્તિઓમાં ‘કલમ અને કિતાબ’ [‘જન્મભૂમિ’ દૈનિકની અઠવાડિક સાહિત્ય-કટાર] સૌથી વધુ તેજસ્વી અને વિશેષ સ્થાયી મૂલ્યવાળી લાગી છે. વિવેચનને એમણે લોકપ્રિય કર્યું. એ જાણે લોકપ્રિયતાના જ સર્જક હતા. પણ એમાં એમણે ઘણી વાર તરલ સૂક્ષ્મ દૃષ્ટિ-પાટવ બતાવ્યું છે.

સુન્દરમ્

*

‘કલમ અને કિતાબ’ના પાનાને કારણે મેઘાણીએ પોતાના રાગદ્વેશ પાતળા કરી દીધા હતા. ન્યાય કરવા તે તલપાપડ રહેતા. પોતાના હાથમાં શસ્ત્ર છે તો વિઘાતક થવું, સામાવાળાનું દૃષ્ટિબિંદુ સમજવું, એવી વૃત્તિ રાખતા.

ઉમાશંકર જોશી

*

એમનું ‘કલમ અને કિતાબ’ એટલે ‘ગુજરાતી સાહિત્યનું વિવેચનનું અઠવાડિક’ એમ કહીએ તોપણ ચાલે. ‘કલમ-કિતાબ’કાર તરીકે એમણે આપણા વિવેચનક્ષેત્રમાં લાડીલું, લોકપ્રિય અને ઈર્ષા ઉપજાવે એવું પદ વર્ષો સુધી ભોગવ્યું. કોઈના પણ વિવેચનને બહોળામાં બહોળો વાચકવર્ગ મળ્યો હોય તો તે મેઘાણીના જ. એમનાં વિવેચનો નિષ્પક્ષપાતી અને કોઈ પણ વાદથી પર હતાં. ‘કલમ-કિતાબ’નું પાનું જાણે સાહિત્યિક ચર્ચામંડળ હોય, એવું રસિત બન્યું હતું. ગુજરાતી સાહિત્યના વિવેચનમાં

જનતાને રસ લેતી કરવામાં મેઘાણીનો ફાળો અવિસ્મરણીય છે.

ચંદ્રકાંત મહેતા

[જયંત કોઠારી-સંપાદિત ‘મેઘાણી વિવેચનસંદોહ’ પુસ્તક: ૨૦૦]

# ધનવંત શાહ

## અવિરત જ્ઞાનયાત્રા

૧૯૩૧માં પ્રારંભાયેલી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા ૨૦૦૬માં પંચોતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. વચ્ચે ૧૯૩૩-૩૪-૩૫ અને '૪૨માં આ વ્યાખ્યાનમાળાનું આયોજન થઈ શક્યું ન હતું, એ ધ્યાનમાં લઈએ તો, એ ચાર વર્ષને બાદ કરતાં, આ વર્ષની વ્યાખ્યાનમાળાનો મણકો ૭૧મો થયો. વૈચારિક સમાજે આ પ્રવૃત્તિને આવકારી એટલું જ નહિ, તેની પ્રેરણા લઈ દર વરસે ભારતના અન્ય પ્રદેશોમાં આવી વ્યાખ્યાનમાળાનું આયોજન થવા લાગ્યું. આવો ઉત્તમ વિચાર કે કલ્પના જેમને આવી એ મહાનુભાવ છે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી. સૌ પ્રથમ ૧૯૩૦માં આવી વ્યાખ્યાનમાળાનું આયોજન એમની પ્રેરણાથી અમદાવાદમાં થયું. ત્યાર પછી ૧૯૩૧માં આ વ્યાખ્યામાળાનો આરંભ મુંબઈમાં મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા થયો.

આ વ્યાખ્યાનમાળાને દશ વર્ષ પૂરાં થયાં પછી ૧૯૪૦માં 'પ્રબુદ્ધ જૈન'માં 'પર્યુષણ વ્યાખ્યાનમાળા શા માટે' શીર્ષકથી પ્રગટ થયેલા પંડિત સુખલાલજીના લેખના કેટલાક શબ્દો જોઈએ :

"આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ ગુરુપદ મેળવવાનો અગર તો કોઈનું વાસ્તવિક ગુરુપદ નષ્ટ કરવાનો નથી. એ જ રીતે આનો ઉદ્દેશ પૂજા-પ્રતિષ્ઠા મેળવવાનો અગર અર્થપ્રાપ્તિનો પણ નથી. જે લોકો શ્રદ્ધાળુ છે અને આદરભક્તિથી પજુસણની ચાલતી પરંપરામાં રસ લે છે તેમને ક્રિયાકાંડથી અથવા તો વ્યાખ્યાન-શ્રવણમાંથી છોડાવવાનો પણ આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ નથી. ત્યારે આનો ઉદ્દેશ શો છે?

"આજે વિશ્વ સાથેના સંબંધની દૃષ્ટિએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ અને સમાજ તેમજ કુટુંબની દૃષ્ટિએ કેટલાય પ્રશ્નો ઊભા થયા છે અને ઊભા થતા જાય છે અને એ પ્રશ્નો ધાર્મિક સંબંધ વિનાના પણ નથી. એટલે તેની

વ્યવહારુ દૃષ્ટિએ અને ધાર્મિક દૃષ્ટિએ ચર્ચા કરવી પ્રાપ્ત થાય છે. આ માટે વિચારજાગૃતિ જોઈએ. વિવિધ જાતનું વાચન અને મનન જોઈએ. નિર્ણયશક્તિ જોઈએ. આ પ્રશ્નો તરુણ અને વૃદ્ધ વર્ગમાં આજે ચર્ચાઈ રહ્યા છે. જમાનો જ્યારે વિચારજાગૃતિ અને જ્ઞાનનું ખેડાણ માંગે ત્યારે એને યોગ્ય રીતે એ વસ્તુ પૂરી પાડવામાં જ લાભ છે.”

૧૯૩૧થી ૧૯૬૦ સુધી આ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને સતત ૩૦ વર્ષ પંડિત સુખલાલજી બિરાજ્યા, ત્યાર પછી ૧૯૬૧થી ૧૯૭૧ પ્રમુખસ્થાન પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલાએ શોભાવ્યું, ત્યાર બાદ એમના જ શિષ્ય રમણલાલ ચી. શાહ ૧૯૭૨થી ૨૦૦૫ સુધી સતત તેત્રીશ વર્ષ પ્રમુખસ્થાને બિરાજ્યા. પ્રથમ બે પ્રમુખના સમયકાળમાં વિદ્વાન વ્યાખ્યાતાઓને શોધવાનું અને પસંદ કરવાનું પરમાણંદ કુંવરજી કાપડિયાએ પાર પાડ્યું. રમણભાઈએ તો પ્રમુખસ્થાન અને વક્તા-આયોજનની બેઉ જવાબદારી સ્વીકારી.

પ્રારંભથી અત્યાર સુધીના ચિંતક વ્યાખ્યાનકારોનાં નામોની સૂચિ લખવા બેસું તો પાનાનાં પાનાં ભરાય, છતાં કેટલાંક નામોનો ઉલ્લેખ કરવાની ઇચ્છા રોકી શકતો નથી :

પંડિત સુખલાલજી, કાકા કાલેલકર, કનૈયાલાલ મુનશી, જગદીશચંદ્ર જૈન, સરલાદેવી સારાભાઈ, સ્વામી અખંડ આનંદ, મોતીલાલ કાપડિયા, મોરારજી દેસાઈ, ઉષા મહેતા, દલસુખભાઈ માલવણિયા, હરિભાઈ કોઠારી, મોરારિબાપુ, સ્વામી આનંદ, જિનવિજયજી, ઝવેરચંદ મેઘાણી, મહાસતી ઉજ્જ્વળકુમારી, કિશોરલાલ મશરૂવાળા, કેદારનાથજી, બ. ક. ઠાકોર, ઉમાશંકર જોશી, ભદંત આનંદ કૌશલ્યાયન, મૌલવી મકબુલ અહમદ, ભોગીલાલ સાંડેસરા, પુરુષોત્તમ માવળંકર, જ્યોતીન્દ્ર દવે, વિમલાતાઈ, મુનિ સંતબાલજી, પાંડુરંગ શાસ્ત્રી, જયપ્રકાશ નારાયણ, ઉછરંગરાય ઢેબર, વિજયાલક્ષ્મી પંડિત, ગુરુદયાલ મલ્લિક, સ્વામી રંગનાથાનંદ, એરચ જહાંગીર, ન્યાયમૂર્તિ હિદાયતુલ્લા, મધર ટેરેસા, ફાધર વાલેસ, ચં. ચી. મહેતા, વિજય મર્ચન્ટ, મુનિ પુણ્યવિજયજી, નારાયણ દેસાઈ, ‘દર્શક’, સુરેશ જોષી, અગરચંદજી નાહટા, કુમારપાળ

દેસાઈ.

આજ સુધી ૫૦૦થી વધુ વ્યાખ્યાતાઓએ લગભગ ૧,૦૦૦થી વધુ વ્યાખ્યાન આ વ્યાખ્યાનમાળામાં આપ્યાં. ચીમનલાલ ચ. શાહનાં કુલ ૪૪ વ્યાખ્યાનોનો અને રમણલાલ ચી. શાહનાં લગભગ ૪૦ વ્યાખ્યાનોનો લાભ આ વ્યાખ્યાનમાળાને મળ્યો. ૧૯૫૯માં માત્ર સ્ત્રી વ્યાખ્યાતાઓએ જ વ્યાખ્યાન આપ્યાં. આ રીતે ૧૬ સ્ત્રી વ્યાખ્યાતાઓનો એક સાથે લાભ મળ્યો. ૧૯૫૭માં એક જ વિષય 'અહિંસાની વિકાસશીલતા' ઉપર દાદા ધર્માધિકારીએ છ વ્યાખ્યાનો આપ્યાં.

૧૯૮૫માં રમણભાઈને એક વિચાર આવ્યો. ગુજરાતના પછાત વિસ્તારમાં અનેક એવી ઉત્તમ સામાજિક સંસ્થાઓ છે જે ધનના અભાવે આગળ વધી શકતી નથી. આવી સંસ્થાના કાર્યકરો સરકાર કે અન્ય સ્થળે દાનની વિનંતી કરવામાં સંકોચ અનુભવતા હોય છે. રમણભાઈને વિચાર આવ્યો કે પર્યુષણ પર્વ દરમિયાન જ્ઞાન ઉપાર્જન સાથે આવી સંસ્થા માટે દાનની ટહેલ નાંખવી, જેથી મધ્યમવર્ગ પણ યથાશક્તિ દાન આપી પોતાની કરુણાની ભાવનાને સંતોષી શકે. આ હેતુ માટે સંઘની કારોબારી સમિતિના સભ્યો સાથે રમણભાઈ એવી સંસ્થાની મુલાકાત લેતા. ખૂબ ઝીણવટપૂર્વક તપાસ કરી સંસ્થાની યોગ્યતાની ખાતરી કરી આવી સંસ્થા માટે શ્રોતાઓને દાનની વિનંતી કરાતી અને એકઠી થાય એ રકમ આપવા દાતાઓ અને સંઘના સભ્યો સાથે જતા. સર્વ પ્રથમ ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્રને ૧૯૮૫માં રૂ. ૨,૮૦,૦૦૦ની રકમ અપાઈ અને આજ સુધી ૨૧ સંસ્થાઓને કુલ લગભગ ત્રણ કરોડ રૂપિયા જેટલી રકમ આ વ્યાખ્યાનમાળાના માધ્યમથી પહોંચી છે.

હીરાબાગમાં પ્રારંભાયેલી આ વ્યાખ્યાનમાળા જેમ જેમ શ્રોતાઓની સંખ્યા વધતી ગઈ તેમ તેમ કાંદાવાડી દશાશ્રીમાળી વણિક વાડી, આનંદ ભુવન, ભાંગવાડી થિયેટર, મહાવીર જૈન વિદ્યાલય, ભારતીય વિદ્યા ભવન, બ્લેવેટસ્કી હોલ, બિરલા ક્રીડા કેન્દ્ર, પાટીદાર વાડી અને આજે પાટકર હોલમાં સ્થિર થઈ છે.

વ્યાખ્યાનમાળા પ્રગતિ કરતી ગઈ તેની સાથોસાથ મોંઘવારી વધતાં

ખર્ચા પણ વધ્યા. પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ ૧૯૮૨માં સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના પ્રતિનિધિ જયંતીલાલ શાહે એ ટ્રસ્ટમાંથી માતબર રકમ આપી સંઘને ચિંતામુક્ત કર્યો. ત્યાર પછી પણ દર વરસે મોંઘવારી વધે એમ ખોટ વધે, પણ આજ સુધી આ ટ્રસ્ટ સંઘને ચિંતામુક્ત કરતો રહ્યો છે.

વ્યાપકપણે જીવનને સ્પર્શે એવા વિષયોની તલસ્પર્શી છણાવટ કરે, વિવિધ વિષયોને પૂરો ન્યાય આપે અને વિચારપ્રેરક ચિંતન પ્રસ્તુત કરે એવા વિદ્વાન વ્યાખ્યાતાઓને કારણે આ વ્યાખ્યાનમાળાની ઊંચી પ્રતિષ્ઠા સ્થાપિત થઈ. આ વ્યાખ્યાનમાળામાં વક્તવ્ય આપવું અને વ્યાખ્યાનમાળામાં શ્રોતા તરીકે જવું એ પણ એક મોભારૂપ બની ગયું.

વ્યાખ્યાતાની પસંદગી માટે રમણભાઈએ એક વિશેષ વિચારને કેન્દ્રમાં રાખ્યો. દર વર્ષે પ્રસિદ્ધ વ્યાખ્યાતાઓની સાથોસાથ નવા અભ્યાસી વ્યાખ્યાતાઓને પણ નિમંત્રણ આપવું, જેથી સમાજને નવા વ્યાખ્યાતાઓ પ્રાપ્ત થાય. રમણભાઈના આ આદર્શને કારણે સમાજને ઘણા વ્યાખ્યાતાઓ મળ્યા છે.

એક સમય એવો હતો કે શ્રોતાઓથી સભાગૃહ છલકાઈ જતું, બહાર ક્લોઝ સરકીટ ટી.વી. મૂકવું પડતું, પણ આજે એ પરિસ્થિતિ નથી. પ્રૌઢ વર્ગ કાળને અર્પણ થતો જાય છે અને અન્ય મનોરંજન માધ્યમો તેમજ અંગ્રેજી માધ્યમોને કારણે થોડો યુવાવર્ગ જ આવી વ્યાખ્યાનમાળા તરફ પગલાં ભરે છે.

['પ્રબુદ્ધ જીવન' માસિક : ૨૦૦૬]

# ધનસુખલાલ મહેતા

## રંગભૂમિના મધ્યાહ્ને

૧૯૦૮-૦૯ની સાલ હતી. હમણાંના સમયમાં યુવક-યુવતીઓ જેમ આજકાલની ફિલ્મો, તેનાં નટનટીઓ, થિયેટરો વિશે ઝીણવટથી જ્ઞાન ધરાવે છે, તેમ તે જમાનામાં અમારા જેવા જુવાનિયાઓ જુદી જુદી નાટક કંપનીઓ, તેમનાં નાટકો, નાટ્યકારો અને નટો વિશે સારી માહિતી ધરાવતા હતા. મોરબી—વાંકાનેરની નાટક મંડળીઓ અને ડાહ્યાભાઈ ધોળશાજીની કંપનીનાં બધાં નાટકો મેં એકથી વધુ વખત જોઈ નાખ્યાં હતાં. 'નરસિંહ મહેતા' જેવાં કેટલાંક નાટકો મેં અગિયાર-બાર વાર જોયાં હતાં અને તેમાંનું દરેક ગાયન હું હારમોનિયમ તથા દિલરૂબા પર વગાડી શકતો હતો.

૧૮૫૩માં પારસી બિરાદરોએ ગુજરાતી રંગભૂમિનો આરંભ કર્યો. તેમનું જોઈને ૧૮૭૮માં નરભેરામ શુક્લે પહેલવહેલી હિંદુ ગુજરાતી નાટક કંપની કાઢી; ત્યાર કેડે બાર વરસ પછી મોરબી કંપની વાઘજીભાઈએ, દેશી નાટક કંપની ડાહ્યાભાઈએ. તેમ વાંકાનેર ને મુંબઈ ગુજરાતી નાટક મંડળી વગેરે અનેક નાનીમોટી કંપનીઓ નીકળી. ૧૯૦૦થી ૧૯૨૦ સુધી ગુજરાતી રંગભૂમિના જુવાળનો સમય હતો. ૧૯૨૦ પછી અચાનક નાટકોની ભાષામાં ફેર પડયો; ઉર્દૂની ઉર્દૂમાં જ સારી લાગે તેવી શૈલી પ્રચારમાં આવી, અને તેણે ગુજરાતી નાટકોને કથળાવ્યાં. થિયેટરો પ્રમાણ બહાર લાંબાં થતાં ગયાં, તેમ તેમ ભાવવાહી શબ્દોચ્ચારને બદલે બૂમબરાડા દાખલ થયા. પ્રેક્ષકોના હૈયામાં રમી જાય તેવી તરજોને બદલે સંગીતમાં કોઈ વિચિત્ર તરજો ઘૂસી ગઈ. અને બોલતી ફિલ્મો આવતાં તો નાટકોનો જુવાળ ઓટમાં પલટાઈ ગયો.

રંગભૂમિના આ ટૂંકા ઇતિહાસમાં એના મધ્યાહ્ન સમયે જે પ્રખર નાટ્યકારો આપણે ત્યાં હતા તેમાં કવિશ્રી મૂળશંકર મૂલાણીનું સ્થાન

અનોખું છે. તેમની સાથે ઊભા રહી શકે એમ કહીને બેચાર નામ ગણાવવાં જ હોય તો ડાહ્યાભાઈ અને વાઘજીભાઈ, નથુરામ, ફૂલચંદ વગેરે ગણાવાય. એ અસલના અડીખમ નાટ્યકારો સંસ્કૃત સાહિત્ય ઉપરાંત શૅક્સપિયરમાંથી પણ પ્રેરણા લેતા.

મૂળશંકર મૂલાણીનો જન્મ ૧૮૬૮માં અમરેલીમાં થયો હતો. પાંચ વરસની વયથી તેમણે ગુજરાતી સાથે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો હતો. ધીમે ધીમે કરતાં શૅક્સપિયરનાં નાટકો વાંચી શકાય તેટલું અંગ્રેજી તેમ જ હિંદી, બંગાળી અને મરાઠી પણ શીખી લીધું. નાટક કંપનીમાં માત્રા લહિયા તરીકે જીવનની શરૂઆત કરી આગળ વધતાં વધતાં ગીત રચનાર અને નાટ્યકાર તરીકેની કલા તેમણે હસ્તગત કરી.

પ્રેક્ષકોની નાડ એમને એટલી જાણીતી હતી કે અનેક વેળા તેમણે ડૂબતી કંપનીઓને એક એક નાટકથી તારી દીધી હતી: ૧૯૦૧માં ‘વિક્રમચરિત્ર’થી મુંબઈ ગુજરાતી નાટક મંડળીને, ૧૯૦૩માં લખેલ ‘સૂર્યકુમારી’થી આર્યનૈતિક નાટક સમાજને. પણ કિસ્મત કેવું કે એમનાં બે અતિ સુંદર નાટકો ‘કૃષ્ણચરિત્ર’ અને ‘દેવકન્યા’ વડે પોતાની જ નાટક મંડળીને મરી પરવારતી તે બચાવી શક્યા નહીં!

[‘સૌભાગ્યસુંદરી’ પુસ્તક]

# ધર્માનંદ કોસંબી

## માતા સમાન

માતા જેમ ધાવણા છોકરાનું મૈત્રીથી (પ્રેમથી) પાલન કરે છે, તે માંદું થાય ત્યારે કરુણાથી તેની સેવા કરે છે, પછી વિદ્યાભ્યાસાદિકમાં તે હોશિયાર થાય એટલે મુદિત અંતઃકરણથી તેને થાબડે છે, અને ત્યાર પછી જ્યારે તે સ્વતંત્રપણે સંસાર શરૂ કરે, અથવા માતાના મતથી વિરુદ્ધ રીતે વર્તવા લાગે ત્યારે, તેની ઉપેક્ષા કરે છે; કદી તેનો દ્વેષ કરતી નથી, અને તેને મદદ કરવા હંમેશ તૈયાર હોય છે. તે પ્રમાણે જ આ ચાર શ્રેષ્ઠ મનોવૃત્તિઓથી પ્રેરિત થઈને જનસમૂહનું કલ્યાણ કરવા મહાત્માઓ તત્પર હોય છે.

['બુદ્ધચરિત' પુસ્તક]

# ધર્મિષ્ઠા મોદી

## સેવકોની ટંકશાળ

મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા બાદ સક્રિય રીતે રાજકીય તેમજ સામાજિક કાર્યોનો પ્રારંભ કરતાં પહેલાં ભારતીય ગ્રામજીવનને અનુભવવાનો અને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

પંચમહાલ જિલ્લાના અગ્રણી નેતાઓના આગ્રહને કારણે ગુજરાતની પ્રથમ રાજકીય પરિષદ યોજવા માટે ગોધરાની પસંદગી કરવામાં આવી હતી. નવેમ્બર ૧૯૧૭ની પ્રથમ રાજકીય પરિષદથી ગુજરાતના રાજકીય જીવનનો પ્રારંભ થયો. પરંતુ એ પરિષદમાં સામાજિક પ્રશ્નોને બાકાત રાખવામાં આવેલ.

પરિષદમાં આવેલ ઉચ્ચવર્ણના લોકોના સૂચનથી અંત્યજ લોકોની એક સભા (જે પાછળથી અંત્યજ પરિષદ તરીકે ઓળખાઈ) તા. ૫-૧૧-૧૯૧૭ના રોજ ગોધરાના હરિજનવાસમાં ગોઠવવામાં આવી હતી અને એ સભાનું પ્રમુખસ્થાન ગાંધીજીએ સંભાળ્યું હતું. આ પરિષદમાં અસ્પૃશ્યતા-નિવારણ અંગેનો ઠરાવ પસાર કર્યા બાદ ગાંધીજીએ કરેલ પ્રવચનમાં કહ્યું હતું, “આજે આપણે કહેવાતા પછાત વર્ગના લોકો સાથે મળ્યા છીએ, આ ઢેડ જાતિ સાથે હળીમળી રહ્યા છીએ. આ જાતિ નીચી છે એમ ન માનશો. તેમની અને તમારી વચ્ચે અનુરાગ-એકતા થાય એટલે તમે સ્વરાજ્યને લાયક થશો.” અંત્યજ લોકોને સ્વપ્રયત્નોથી જ ઊંચે આવવાની સલાહ ગાંધીજીએ આપી હતી. સભાને અંતે ગાંધીજીએ અંત્યજોના બાળકો માટે શાળા શરૂ કરવા અને નિભાવણી માટે ફાળો આપવા અપીલ કરી હતી. અમદાવાદના મિલમાલિક અંબાલાલ સારાભાઈએ આપેલ રૂ. ૫૦૦ના ફાળા સહિત કુલ રૂ. ૧૬૫૬ની રકમ સ્થળ પર જ એકઠી થઈ ગઈ હતી. આ ફાળામાંથી ગોધરામાં પ્રથમ અંત્યજ શાળા શરૂ થઈ.

૧૯૧૭માં સ્થાપિત ગોધરાની અંત્યજ શાળા ૧૯૨૨માં ગાંધી આશ્રમ તરીકે ઓળખાઈ. તેના પ્રથમ સંચાલક તરીકે સેવા આપનાર અંત્યજ-સેવક વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે ઉર્ફે મામાસાહેબ ફડકે લખે છે કે: “હરિજન કાર્ય માટે શ્રી કાકાસાહેબ કાલેલકરે મારી ભલામણ ગાંધીજી આગળ કરી કારણ કે ૧૯૧૧-૧૨ વખતની મારી હરિજનસેવા શ્રી કાકાસાહેબ જાણતા હતા.” હરિજનવાસમાં અંત્યજ સભા શરૂ થઈ એ પહેલાં વ્યવસ્થા જોવા માટે આવેલ શ્રી ઠક્કરબાપાને સર્વે અંત્યજોને છાપરે ચડેલાં જોઈ ખૂબ જ આશ્ચર્ય થયું હતું. તેમણે એ લોકોને સમજાવીને નીચે ઉતાર્યા હતા તેમજ સભામાં બેસવા જણાવ્યું હતું. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક નોંધે છે: “પ્રજાની સૌથી વધુ કચડાયેલ અછૂત જાતિના ઉદ્ધાર વિષે રાજકીય પરિષદે ખાસ ઠરાવ ન કર્યો, પણ તેનો સાક્ષાત્ સંપર્ક સાધવા શ્રી મામાસાહેબ ફડકે અને શ્રી ઠક્કરબાપાના પ્રયાસોથી એક ઐતિહાસિક સભા ગોધરાના હરિજનવાસમાં ભરવામાં આવી. આવું દૃશ્ય ગુજરાતમાં પહેલી વાર જોવામાં આવ્યું કે જ્યાં શેઠિયાઓ, વકીલો, વ્યાપારીઓ અને આવા બીજા ગૃહસ્થો ઢેડ અને ભંગી લોકોની સાથે હળીમળીને ભેગા થયા હોય.” શ્રી મામાસાહેબ ફડકેએ આ સભાને “દેવોને દુર્લભ એવા મેળાવડા” તરીકે બિરદાવી હતી.

ગોધરાના તે વખતના રૂઢિચુસ્ત સામાજિક વાતાવરણમાં અંત્યજોના ઉદ્ધાર માટે થયેલ આ પ્રયત્નને રગદોળી નાખવા પ્રયાસો થયા હતા. આ વલણને કારણે તે વખતે ગોધરાના સ્થાનિકમાંથી કોઈએ પણ નાણાકીય સહાય કરી ન હતી. પાછળથી આશ્રમની સ્થાપના માટે પારસી સદ્ગૃહસ્થ શ્રી રૂસ્તમજીની રૂ. ૧૬,૦૦૦ની નાણાંકીય સહાયથી જ આશ્રમની સ્થાપના શક્ય બની હતી.

તે વખતનાં ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકો પણ અંત્યજ પ્રવૃત્તિને સમર્થન આપતાં ન હતાં. અંત્યજ સભા અંગે અને અંત્યજ શાળાની સ્થાપનાના સફળ પ્રયત્નો વિષે અછડતો ઉલ્લેખ પણ તે વખતનાં વર્તમાનપત્રોમાં નોંધાયો નથી.

જે અંત્યજો માટે શાળાની સ્થાપના કરવામાં આવેલ, તેઓ જ

શરૂઆતમાં શિક્ષણ પ્રાપ્ત કરવા માટે તૈયાર થતા નહોતા. અંત્યજ બાળકો શાળાથી દૂર ભાગતા. મામાસાહેબ ફડકે જાતે હરિજનવાસમાં છોકરાંઓને શાળામાં લઈ જવા આવે, તો કેટલાંક મા-બાપ તેઓને દૂરથી આવતાં જોતાં જ બાળકોને ભગાડી મૂકતાં હતાં. મામાસાહેબ બાળકોને વિનવી-કરગરીને લાવે, તો શાળાના મેડા પરથી દોરડું લટકાવી ભાગી જતાં હતાં. અંત્યજ બાળકોને શિક્ષિત કરવાની સાથે સાથે મામાસાહેબે વ્યસનમુક્તિ, ખાદી અને સુઘડતાના પાઠ શીખવવા પ્રયત્ન કર્યા.

ગોધરામાં હરિજનો અને સવર્ણો વચ્ચે જેટલી અસ્પૃશ્યતા હતી તેટલી જ હરિજનો અને ભંગીઓ વચ્ચે પણ હતી. આ આંતરિક અસ્પૃશ્યતાને કારણે અસ્પૃશ્યતાનિવારણના પ્રયત્નો પર વિપરિત અસર પડતી હતી.

આવી પરિસ્થિતિ હોવા છતાંયે ગોધરામાં શરૂ થયેલ પ્રથમ અંત્યજ શાળા ગુજરાતના ઇતિહાસમાં ખાસ મહત્ત્વ ધરાવે છે. ૧૯૧૭ પછી ગુજરાતમાં શરૂ થયેલી ઘણીખરી અંત્યજ પ્રવૃત્તિઓ અને પરિવર્તનોના મૂળિયાં તેમાં પડેલાં હતાં.

શ્રી કાકાસાહેબ કાલેલકરની દૃષ્ટિએ ગોધરાની અંત્યજ શાળા, અંત્યજ સેવકો તૈયાર કરવાની ટંકશાળ પુરવાર થઈ હતી. મામાસાહેબ ફડકે, ઠક્કરબાપા, ઇન્દુલાલ યાજ્ઞિક, પરીક્ષિતલાલ મજમુદાર, કિશોરલાલ મશરૂવાળા જેવા ઉચ્ચ વર્ણોમાંથી આવતા હોવા છતાં તેઓ ઉત્તમ અંત્યજ સેવકો પુરવાર થયા હતા.

['સામ્પ્રત' ત્રિમાસિક: ૨૦૦૬]

# ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'

## રંગભૂમિનાં ગીતો

જૂની ગુજરાતી રંગભૂમિનો ઉદ્ભવ પ્રથમ મુંબઈને આંગણે થયો અને તેના જન્મદાતા હતા મુંબઈના પારસીઓ. તે જમાનામાં અંગ્રેજો 'બોમ્બે થિયેટર'માં શેક્સપિયર, મોલિયેર ને શેરિડનનાં જે નાટકો ભજવતાં હતાં તે જોઈને એવાં નાટકો ગુજરાતી અને ઉર્દૂ ભાષામાં ભજવવાની તેમણે શરૂઆત કરી, અને પહેલું ગુજરાતી નાટક 'રૂસ્તમ-સોહરાબ' ભજવાયું. એમાં ગીતો કવિ દલપતરામે લખ્યાં હતાં. આમ, ૧૮૪૩માં પારસીઓએ 'પારસી નાટકમંડળી'ના નામથી ગુજરાતી જૂની રંગભૂમિનો પ્રારંભ કર્યો. આ શરૂઆત કરનાર હતા તે નાટક કંપનીના માલિક ફરામજી ગુ. દલાલ. પછી તો એ દશકામાં ગુજરાતી નાટકો મુંબઈ, અમદાવાદ ને સુરતમાં ભજવાયાં હતાં. ૧૮૪૨ની આસપાસ શંકર શેઠે નાટકોની ભજવણી માટે મુંબઈમાં થિયેટર બાંધ્યું હોવાનું નોંધાયું છે.

જૂની ગુજરાતી રંગભૂમિ જુદા જુદા તબક્કાઓમાં પસાર થઈ; જાહોજલાલી ભોગવીને સમાજને મનોરંજન આપી લોકઘડતરનું ઉત્તમ કામ કરી ગઈ. પણ વિવિધ કારણોસર એની પડતીની શરૂઆત ૧૯૦૨થી થવા માંડી ને છેવટે ૧૯૬૩માં નાટ્યકાર તેરસી ઉદેશીએ સ્થાપેલ 'મધર ઇંડિયા થિયેટર્સ' નામની સંસ્થાએ 'સો ટચનું સોનું' નાટક મુંબઈમાં ભજવ્યા બાદ જૂની રંગભૂમિનો અંત આવ્યો. જો કે એ પછી 'દેશી નાટક સમાજ' ને બીજી કેટલીક નાટ્યકંપનીઓ તરફથી એકલદોકલ રીતે છૂટાંછવાયાં નાટકો તો ભજવાતાં રહ્યાં હતાં.

જૂની ગુજરાતી રંગભૂમિના ઇતિહાસ વિશે રમણીકલાલ જ. દલાલ નોંધે છે: "ભારતમાં બંગાળ, મહારાષ્ટ્ર ને ગુજરાતના ત્રણ પ્રદેશોમાં રંગભૂમિનો વિકાસ રોમાંચક રીતે થયો છે, એમાં ભારે સાહસો થયાં છે. કરાંચીથી રંગુન સુધીના પ્રદેશો ખૂંદીને ગુજરાતી રંગભૂમિએ નાટકનો

જાદુ ફેલાવ્યો અને હિંદી, ઉર્દૂ તથા ગુજરાતી ભાષામાં નાટકો ભજવી બતાવ્યાં. અનેક નામાંકિત ને બાહોશ નટો તેણે સર્જ્યા છે. અનેક પ્રકારની યાંત્રિક કરામતોથી માંડીને વિવિધ પ્રકારની તખ્તા-સજાવટ તેણે દેખાડી છે. તેણે રંગમંચ પર ભડભડ બળતી આગો દેખાડી, વિમાનો ચઢતાં-ઊતરતાં દેખાડ્યાં, મહેલો એકાએક ખડા થતા ને ગાયબ થતા બતાવ્યા, વરસાદની ઝડીઓ વરસતી બતાવી, વહેતી નદીઓ, ઘૂઘવતા સાગરો અને ફાટતા જ્વાળામુખીઓ દેખાડ્યા, વૃદ્ધો બાળકોમાં ફેરવાઈ જતા બતાવ્યા અને પાત્રો ધરતીમાં સમાઈ જતાં પણ દેખાડ્યાં

વળી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ કહે છે તેમ ગુજરાતી રંગભૂમિએ સાહિત્ય, સંગીત અને કલાની દોઢ સૈકા સુધી અવિચ્છિન્ન રીતે સેવા કરીને ઉત્તમ કલાકારો, કવિઓ ને દિગ્દર્શકો બીજા કોઈ પણ પ્રાંત કરતાં મોટી સંખ્યામાં આપ્યા છે. એનું સ્વરૂપ ઘડનારા મુંબઈના પારસીઓ, સૌરાષ્ટ્રના ગુગળી ને શ્રીમાળી બ્રાહ્મણો ને ઉત્તર ગુજરાતના નાયક-તરગાળા-મીર અને થોડાક મારવાડી કલાકારો, થોડાક મહારાષ્ટ્રીય પણ ખરા. મરાઠી નાટ્યકાર મામા વરેરકર તો કહેતા કે “ગુજરાતી રંગભૂમિ મરાઠી રંગભૂમિચી આઈ આહે.” ગુજરાતી રંગભૂમિનો જન્મ થયો ગુજરાતીઓ દ્વારા, પણ એ ફૂલીફાલી તો મુંબઈમાં જ.

જૂની ગુજરાતી રંગભૂમિનું સૌથી મોટું પ્રદાન તે તેણે આપેલી અસંખ્ય નાટકોની સમૃદ્ધિ. પ્રખ્યાત નાટ્યકાર ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીએ એમના ‘સતી પાર્વતી’ નાટકમાં કહ્યા મુજબ “નાટક તો ગુણદોષ જોવાનું, દિલડાનું દુઃખ ખોવાનું, ઘડીક હસાવતું, રડાવતું અને બોધ બતાવતું દુનિયાનું રૂડું દર્પણ.” આવાં અસંખ્ય ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક, સામાજિક અને રાજનૈતિક નાટકો જૂની ગુજરાતી રંગભૂમિ તરફથી આપણને મળ્યાં છે. એ પૈકી મોટા ભાગનાં અપ્રગટ રહ્યાં હોવાથી એના પ્રદાનનો ખ્યાલ આપણને મળતો નથી.

જૂની ગુજરાતી રંગભૂમિનું બીજું મોટું પ્રદાન તે તેનાં મનોરંજક ને બોધક ગીતોની સમૃદ્ધિ છે. તેમાં ફાળો આપનાર મુખ્ય સર્જકોમાં નર્મદ, દલપતરામ, રણછોડભાઈ દવે, ‘કાન્ત’, રઘુનાથ બ્રહ્મભટ્ટ, પ્રભુલાલ

દ્વિવેદી, ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી, મણિલાલ ત્રિવેદી 'પાગલ', ર. વ. દેસાઈ, વૈરાટી, મૂળશંકર મુલાણી, 'જામન', નૃસિંહદાસ ભ. વિભાકર, નંદલાલ શાહ, નારાયણ વિ. ઠક્કર, પ્રાગજી ડોસા છે.

મારી નજર તળે આવાં દસ-બાર હજાર નાટ્યગીતો આવ્યાં છે, પણ ખરેખર તો આ ગીતોની સંખ્યા વીસ-પચીસ હજારથી વધુ હોવાનો અંદાજ છે. પ્રભુલાલ દ્વિવેદી અને રઘુનાથ બ્રહ્મભટ્ટ-એ દરેકનાં ગીતોની સંખ્યા આશરે પાંચ પાંચ હજારથી વધુ માનવામાં આવે છે. વળી ગુજરાતી જૂની ધંધાદારી રંગભૂમિની ૨૦૦ જેટલી નાની-મોટી નાટકમંડળીઓએ આશરે ૨,૦૦૦ જેટલાં નાટકો ભજવ્યાં હોવાનો અંદાજ છે, અને દરેક નાટકમાં ગીતો સરેરાશ પંદર જેટલાં હોવાનું માનીએ તો પણ કુલ ગીતોની સંખ્યા ૩૦,૦૦૦ જેટલી સહેજે હોય.

એમાં પ્રકૃતિ, પ્રણય, પ્રભુભક્તિ અને દેશભક્તિના વિવિધ ભાવો ગૂંથાયેલા નજરે પડે છે. એમાં ગઝલ, રાસગરબા, કવાલી, હાલરડાં, લગ્નગીતો, મરશિયાં, લોકગીતો, બાળગીતો અને કટાક્ષ-વિડંબન ગીતો પણ છે. એમાં પિતૃપ્રેમ, વતનપ્રેમ, માતૃપ્રેમ, બાળપ્રેમ, નારીપ્રેમ, વિશ્વપ્રેમ, ધરતીપ્રેમ, ગુરુભક્તિ, દેશભક્તિ અને વિદ્યાભક્તિના ભાવો પણ ગવાયા છે.

એની વિશિષ્ટતા તો છે સાદી, સરળ ને તળપદી સ્વાભાવિક ભાષામાં થયેલી એની ભાવાભિવ્યક્તિ. એમાં ભાષાનો આડંબર નથી. ભાષાની સરળતા તથા ગીતોની મધુર ગેયતાને લીધે એની વિશિષ્ટતા જે નજરે પડે છે તે એની વ્યાપક લોકપ્રિયતા. આજે જે રીતે સિનેમાનાં લોકપ્રિય ગીતો ગલીએ ગલીએ ને ચૌટેચકલે લોકજીભે ગવાય છે, તેમ રંગભૂમિની જાહોજલાલીના સમયમાં એનાં ય સંખ્યાબંધ ગીતો લોકોની જીભને ટેરવે રમી રહ્યાં હતાં. 'માલવપતિ મુંજ' નાટકમાંના પ્રભુલાલ દ્વિવેદીનું 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી', 'વડીલોને વાંકે' નાટકનું 'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા,' 'એક અબળા' નાટકનું 'આ દુનિયા છે દંભભરેલી, ઉપરથી પાલિસ કરેલી' અને રઘુનાથ બ્રહ્મભટ્ટકૃત 'સૂર્યકુમારી' નાટકનાં 'સોહામણી સ્વર્ગની વાટ એક

દિન સોહાવજો હો રાજ’, ‘કોઈ કહેજો જોગીડાને હો રાજ, મધુવનમાં ઝૂરે તારી બાલાજોગણ’, ‘માલવપતિ મુંજ’માંનું ‘હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે’ વગેરે ગીતો અનેક વન્સમોર પામ્યાં હતાં અને નાટ્યપ્રેમીઓના જીભને ટેરવે આજ પર્યંત રમી રહ્યાં છે. વળી, રઘુનાથ બ્રહ્મભટ્ટનાં ‘જો મરણ એ જિંદગીની છે ખરે છેલ્લી દશા, તો પરાર્થે અર્પવામાં આ જીવનના મોહ શા’, ‘સાહ્યબો મારો ગુલાબનો છોડ, હું તો વેલી લવિંગની’, ‘પ્રેમતત્ત્વ કોઈ અજબ સનાતન વિરલ પ્રેમીજન જાણે’ અને ‘મોગલે આઝમ’ ફિલ્મમાં ચોરાયેલું ‘મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો’ એ ‘છત્રવિજય’ નાટકનું હિંદી ગીત વગેરે અનેક ગીતો આજ પર્યંત લોકપ્રિય છે.

આ ઉપરાંત આપણા રાસગરબાને ચોકમાં આણવાનું સૌથી મોટું કામ ગુજરાતી રંગભૂમિનાં નાટકોએ કર્યું છે. તત્કાલીન નાટકોમાં આવતા ગરબા-રાસ પ્રેક્ષકો પર મોટી પકડ જમાવી રાખતા. મિલમાલિકથી માંડીને ફેરિયા સુધીના સૌ કોઈ તન્મય થઈને ત્યારે એ રાસ-ગરબા લલકારતા હતા. આ રાસગરબાએ મનોરંજન આપી સામાજિક પ્રશ્નોની છણાવટ કરી હતી અને લોકમાનસ પર અસર કરી હતી. છોટાલાલ ન. ભટ્ટે ‘રાધાવિલાસ’ની રચના આખી ‘રાસમય’ જ બનાવીને તેમાં ૧૦૫ જેટલા નવાજૂના રાસ ગૂંથ્યા હતા. પછી તો એવું બન્યું કે જૂની રંગભૂમિનું કોઈ પણ નાટક ‘ગરબા’ વગરનું હોઈ શકે એમ કલ્પવું જ અઘરું થઈ પડ્યું.

આ બધા રાસો એમના જમાનામાં લોકપ્રિય હતા ખરા, પણ એ બધી રચનાઓમાં નરસિંહ, દયારામ કે ન્હાનાલાલના રાસગરબાના જેવી મોહકતા ને મધુરતા નથી. એટલે એ લોકહૃદય પર ચિરંજીવ કામણ ન કરી શક્યા. ‘વડીલોના વાંકે’ની ‘મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા’, ‘સંગતનાં ફળ’ની ‘આવ્યું રૂડું ફાગણનું રાજ’ અને ‘હીરાના હાર’ની ‘મલકાતી મદમાતી શરમાતી મોહભરી, અનુરાગી વરણાગી સોહાગી સુંદરી સોનાના ચોકમાં, રમતી રસસુંદરી’ આદિ રાસરચનાઓમાં ઊંડાણથી જોઈએ તો શબ્દોની ભભક સિવાય કંઈ વિશેષ જણાતું નથી

અને એ બોટાદકરકૃત 'ગુર્જરનારી' વિષયક રાસ તથા બાલમુકુંદ દવેકૃત 'ફાગણ ફૂલ્યો' રાસની સરખામણીમાં ફિક્કા ને ફિસ્સા લાગતા હોવાની ક્મળા સુતરિયાની માન્યતા ધ્યાનપાત્ર છે. કોઈક કવિ ન્હાનાલાલકૃત 'ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુંદલડી' જેવી રચનાને બાદ કરીએ તો મોટે ભાગે નાટકોના રાસોમાં ઝમક વગરના શબ્દો, અલંકાર વગરની શબ્દાવલી, શુષ્ક શબ્દોનો સમૂહ અને ચિંતનની બાદબાકી જ જોવા મળે છે.

'વ્હાલા મારા વૃંદાવનને ચોક્ય કે વહેલા પધારજો રે લોલ', 'વા વાયા ને વાદળ ઊમટ્યાં, મધદરિયે ડૂબ્યાં વા'ણ', અને 'આવો રૂડો જમુનાનો આરો, કદંબ કેરી છાયા રે' જેવી હૃદયંગમ મધુર કૃતિઓ નાટકોના રાસોમાં ગણીગાંઠી જ મળી આવે છે. આમ છતાં, સુંદર વસ્ત્રપરિધાન, ગાયકના કંઠની હલક-મીઠાશ અને તખ્તાની સરસ સજાવટને લીધે એ રાસો ત્યારે લોકપ્રિય બનવા પામ્યા હતા.

['ગુજરાતી રંગભૂમિનાં ગીતો' પુસ્તક: ૨૦૦૬]

# અસ્મિતાના જ્યોતિર્ધર

ઈ. સ. ૧૦૮૮માં ગુજરાતના ધંધુકા ગામે જન્મી ૮૪ વર્ષનું સાર્થક આયુષ્ય ભોગવી ૧૧૭૩માં પાટણ મુકામે કાળધર્મ પામનાર ગુજરાતની અસ્મિતાના પહેલા જ્યોતિર્ધર હેમચંદ્રાચાર્યે છંદ, શબ્દકોશ, મહાકાવ્ય, ચરિત્ર, વ્યાકરણશાસ્ત્ર આદિ ક્ષેત્રોમાં વિહાર કરી તેત્રીસ ગ્રંથો અને તેમાં લાખ ઉપરાંતના સંસ્કૃત શ્લોકો આપણને આપ્યા છે. તેમનું ચિંતન વ્યાપક અને પ્રેરક છે. તેમાંથી કેટલીક સૂકિતઓનું આસ્વાદન કરીએ:

મેઘ વિના વૃષ્ટિ, બીજ વિના અંકુર અને સૂર્ય વિના દિવસ હોઈ શકે જ નહિ, તેમ દયા વિના ધર્મ હોતો નથી. તે દયા ઉપકાર વડે સિદ્ધ થાય છે. સજ્જનોએ કરેલો ઉપકાર વિપત્તિને દૂર કરે છે, વેરનો ઉચ્છેદ કરે છે.

કદાચિત સમુદ્ર મરુસ્થલતાને પામે, ચંદ્ર ઉષ્ણતાને ધારણ કરે, સૂર્ય અંધકારની પુષ્ટિ કરે, તોપણ હિંસા કરવાથી સુકૃત થાય નહિ.

સુમેરુથી અન્ય કોઈ સ્થિર નથી, આકાશથી બીજું કોઈ વિશાળ નથી અને સમુદ્રથી અન્ય કોઈ શુદ્ધ નથી, તેમ અભયદાનથી બીજું કોઈ હિત નથી.

['પ્રબુદ્ધ જીવન' માસિકઃ ૨૦૦૫]

# ધર્મેન્દ્રસિંહ ચાવડા

## અંજામ: ભંગાર અને મોત

અમદાવાદમાં બિલાડીના ટોપાની માફક ફૂટી નીકળેલાં, બાંધકામના નિયમોને સદંતર નેવે મૂકનારાં ગેરકાયદે મકાનો અંગે સરકારે શાં પગલાં લીધાં? નરાતાર નિયમ-ભંગ કરીને બંધાયેલાં એ મકાનોને કાયદેસર ઠરાવતો એક વટહુકમ બહાર પાડ્યો! અને વધારામાં મકાન બાંધનારાઓ ઉપર ‘ઇમ્પેક્ટ ફી’ નામે કર નાખ્યો.

એ વટહુકમમાં ઝીણામાં ઝીણી બાબત અંગે કશી શંકા રહી ન જાય તેની ખૂબ કાળજી લેવામાં આવી છે. ઇમારતની ઊંચાઈમાં વધારો, સામૂહિક વપરાશ માટે અલગ રાખવાની જગામાં બાંધકામ, ‘એફએસઆઈ’માં ઉમેરો કે પછી ખેતી માટેની જમીનનો બિનખેતી હેતુ માટે ઉપયોગ—એમ કલ્પી શકાય તેવી તમામ જાતની ગેરકાનૂની હરકતોને એ વટહુકમ મારફત ધોરણસરની ઠરાવી શકાશે. મનુષ્યના વસવાટ માટેનાં પ્રમાણપત્રા મેળવવા અયોગ્ય ઠરેલાં બધાં જ મકાનોને હવે કાયદેસર પ્રમાણિત કરવામાં આવશે.

‘જાહેર હિત’ નામના પોતાને ફાવતા આવતા શબ્દપ્રયોગનો સરકારે આશરો લીધો. “આટલાં બધાં મકાનોને તોડી પાડવાં તે વહીવટી દૃષ્ટિએ શક્ય નથી તેમ ઇચ્છનીય પણ નથી,” એવી દલીલ સરકારે કરી—તેને પરિણામે “ઘણા બધા લોકો હાડમારીમાં મુકાય, અથવા તો કાયદો ને વ્યવસ્થા જાળવવાનું પણ મુશ્કેલ બને.”

વટહુકમ માટેનું વાતાવરણ જે રીતે જમાવવામાં આવ્યું, તે ‘બિલ્ડરો’નું સરકાર પર કેટલું બધું વર્ચસ્વ છે એ વિશે ઘણું ઘણું કહી જાય છે. ગેરકાયદે બાંધકામો સામે દાદ માગતી સંખ્યાબંધ અરજીઓની સુનાવણી ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી હતી ત્યારે, તત્કાલીન નિયમો અને કાયદાઓનો બરાબર અમલ કરવાની સૂચના અદાલતે અમદાવાદ

મહાનગરપાલિકાને તથા નગરવિકાસ માટેની સત્તા ધરાવતી સંસ્થા ‘ઔડા’ને આપી હતી. એ બંનેએ તે આદેશને માન આપ્યું: અહીં એકાદ ભીંત તોડી પાડી, તહીં કોઈ ભોંયરામાંથી ગેરકાયદે દુકાનો હઠાવી, ફૂટપાથ પરથી ફેરિયાઓને હાંકી કાઢ્યા. પણ તોતિંગ બહુમાળી ઇમારતોને કશી હરકત આવી નહીં; તેમાં એક અપવાદ ગણો તો, ૧૦ માળી ‘સેંટર પોઇંટ’નો એક ગેરકાનૂની માળ દૂર કરવામાં આવ્યો—તે પણ હાઈકોર્ટનાં વારંવારનાં ફરમાનોને અંતે.

ન્યાયમૂર્તિ પટેલ અને ન્યાયમૂર્તિ મજમુદારની બનેલી હાઈકોર્ટની બેન્ચે પોતાની ચીડ વ્યક્ત કરતાં એવું ઉચ્ચાર્યું કે, “મહાનગરપાલિકા કડક પગલાં કેમ નથી લેતી તે અંગેનાં કોઈ વાજબી કારણો અદાલત સમક્ષ મૂકવામાં આવ્યાં નથી. મહાનગરપાલિકાના કમિશનરને કાયદા મુજબ સત્તાઓ તથા જવાબદારીઓ સોંપવામાં આવેલી છે, અને એક નિષ્પક્ષ અધિકારી તરીકે તે વર્તે એવી અપેક્ષા રાખવામાં આવે છે.”

અમદાવાદના તાલેવંત ચી. ગી. (સી. જી.) માર્ગ પર આવેલી ગેરકાયદે ઇમારતોને તે શા માટે તોડી પાડતી નથી, એવું કોર્ટે જ્યારે મહાનગરપાલિકાને સાફ સાફ પૂછ્યું, ત્યારે મહાનગરપાલિકા પાસે બહાનું તૈયાર જ હતું: એ ઇમારતોને લગતા મુકદ્દમાઓ હજી વિવિધ અદાલતો સમક્ષ પડેલા છે. એટલે હાઈકોર્ટે વધુ ઊંડી તપાસ કરી, તો જાણવા મળ્યું કે એવા કેટલાક ખટલાઓમાં બિલ્ડરો હારી ગયેલા જ હતા. એક બિલ્ડર તો પોતાની લડત છેક સર્વોચ્ચ અદાલત લગી લઈ ગયેલા અને ત્યાં એમની હાર થયેલી, અને છતાં મહાનગરપાલિકા એક તસુ પણ હલીચલી નહોતી.

એટલે પછી હાઈકોર્ટે મહાનગરપાલિકાના ભૂતપૂર્વ વહીવટકર્તા પી. કે. ઘોષ સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી આરંભી તેમ જ તેના હાલના કમિશનર કૈલાસનાથન અને ‘ઔડા’ના અધ્યક્ષ સુરેન્દ્ર પટેલ પર પસ્તાળ પાડી. વળી, આ બધી ગેરકાનૂની હરકતોમાં ફાળો આપનાર કર્મચારીઓ સામે પગલાં લેવાનો આદેશ પણ અદાલતે મહાનગરપાલિકાને આપ્યો. ત્યાર પછી રાજ્ય સરકારે પોતાની છટકબારીનું આયોજન

કર્યું: આખા મામલામાં સંડોવાયેલા સહુ કોઈને બચાવી લેનારો વટહુકમ.

રહેણાક માટેનાં મકાનોના ધંધાદારી હેતુઓ માટે થઈ રહેલા ઉપયોગ સામે 'ગ્રાહક સુરક્ષા સમિતિ' વતી હાઈકોર્ટમાં અરજી કરનાર એડવોકેટ મિહિર ઠાકોર કહે છે તેમ, "અદાલતે સરકારને કાયદાનો અમલ કરવાનું જણાવ્યું. તેને બદલે સરકારે તમામ ગેરકાયદે બાબતોને વટહુકમથી કાયદેસરની જ ઠરાવી નાખી."

મહાનગરપાલિકાના કમિશનરે કોર્ટમાં એવું સોગંદનામું રજૂ કર્યું કે અમદાવાદમાં ૯,૨૦૦ ગેરકાનૂની મકાનો અસ્તિત્વ ધરાવે છે. અને એટલાં બધાં મકાનો તોડી પાડવાં તે અશક્ય છે, એવું જણાવીને કમિશનર પાણીમાં બેસી ગયા.

તે વખતે, ગેરકાનૂની મકાનોને કાયદેસર ઠરાવવા અંગેના નિયમો ઘડવા માટે સરકારે એક સમિતિની નિમણૂક કરી. વિખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશીને તેમાં જોડાવાનું કહેણ મોકલાયું, પણ તેમણે ના પાડી. સરકારને તો રઘવાટ વળગ્યો હતો, એટલે તેણે વટહુકમ ફટકારી જ દીધો. સરકાર એટલી હદ સુધી બેબાકળી બની ગઈ હતી કે બિલ્ડરોએ જ્યાં નિયમોની સદંતર અવહેલના કરેલી હતી ત્યાં પણ આંખ આડા કાન કરવાનું વચન તેણે આપી દીધું: કોઈ મકાનમાં આગ ઠારવાનો સરંજામ ન રાખેલો હોય તો સરકાર એની વ્યવસ્થા કરશે; વાહનો રાખવા માટે મુકરર જગામાં કોઈ બિલ્ડરે દુકાનો બાંધી હોય તો સરકાર પાર્કિંગની સગવડ પૂરી પાડશે.

અંતે, ધરતીકંપ થયો ત્યારે, આ બધાંનો અંજામ આવ્યો ભંગાર અને મોતમાં.

# ધીરજબહેન પારેખ

## કાંડાંની કમાણી

ચહેરે કાળી અને કેશે ગોરી, જોતાં અંગઉપાંગ પણ બેડોળ ગણાય તેવી

વૃદ્ધાને લઈને એક બહેન ઓચિંતાં મારે ત્યાં આવ્યાં. તેમણે કહ્યું: “તમારે માટે આ માલિશ કરવાવાળી લાવી છું. થોડાક દિવસ જોઈ જુઓ; ઠીક લાગે તો વધારે દિવસ રોકજો—નહિતર રજા આપજો.”

હું કંઈ જવાબ આપું ત્યાં ડોશીમાએ કહ્યું: “તમે મારી પાસે કામ કરાવી જુઓ; રાખવા-ન-રાખવાનું પછી નક્કી કરજો. મારે કોઈના પૈસા હરામના નથી લેવા, બહેન!”

મને તેની વાત વાજબી લાગી: આમતેમ દવાદારૂ માટે દાક્તરને ત્યાં દોડીએ તેના કરતાં, ઘેર બેઠાં આ બાઈ આવી છે તો શા માટે ન અજમાવી જોવું? મેં તેને રાખી લીધી.

દેખાવે ડોશી હતી, પણ જોરમાં જુવાન લાગી. મારે જ કહેવું પડ્યું: “અરર, મારાથી તો ખમાશે નહિ આવું!”

તે બોલી: “તમને ટેવ નથી તેમાં જ; બાકી તો માણસો એવાંય છે કે કલાકો સુધી ના ન પાડે. લો ત્યારે, ધીરે ધીરે ચોળું, હં!” પછી પૂછ્યું: “હવે કેમ લાગે છે?”

“હં, બસ આમ જ; આસ્તેથી ચોળજો.” મને થયું, પાએક કલાક આ કાર્યક્રમ ચાલશે; પણ એમ ન બન્યું. એ તો વગરપૂછી કેટલીયે વાતો કરવા લાગી: “વીસ વરસથી આ ધંધો કરું છું, બહેન! દેખાવે હું ‘કંડમ’ લાગું છું. પણ કામમાં ‘કંડમ’ નથી, હોં!”

બિલકુલ જૂના જમાનાની વૃદ્ધાને મોંએ પણ અંગ્રેજી શબ્દો સરતા જોઈને મને સહેજ હસવું આવ્યું. મારે કબૂલવું પડ્યું: “ના, માજી, તમારું

કામ સોળ આના છે!"

"તો બસ, મારી બહેન! ઘરાક રાજી તો હુંયે રાજી. મને કામનો લોભ છે એટલો પૈસાનો નથી. ને તેમાં તો મારાં જૂનાં ઘરાક મને જ બોલાવે છે ને? પણ મારાથી કેટલેક ઠેકાણે પહોંચાય, બહેન? એટલે મારે બીજાં કોઈને મોકલવાં પડે છે. પણ આજનાં લોક હાડકાંનાં એટલાં હરામ થઈ ગયાં છે કે રોટલો નભાવી જાણતાં નથી. આપણે ઓલી કે'વત છે ને—કે બ્રાહ્મણ હાથજોડ કરાવી દે, કંઈ ઘર થોડાં જ હલાવી દે!"

મેં પૂછ્યું: "આવાં કેટલાંક કામ તમે ધર્યાં છે? તમે થાકી નથી જતાં આટલું બળ વાપરીને?"

"થાકી તો કામ નથી હોતું ત્યારે જાઉં છું—ઊલટી માંદા જેવી થઈ જાઉં છું! આમ ચોળવા-મસળવામાં તો મારા હાથનેય કસરત મળે છે. અત્યારે આ બીજું કામ છે તમારું; અને ખાઈ કરીને પછી પાછાં ત્રણ હજુ કરવા જઈશ."

"એટલે તમને પોણોસોકનો મહિનો પડે છે?"

"પોણોસો તો રોકડા. ઉપરાંત ક્યાંકથી બપોરનું ખાવાનું, સવારની ચા પણ મળે; અને જેને ઘેર લાગટ એક-બે મહિના કામ કર્યું હોય ત્યાંથી સાડી-લૂગડું પણ મળે છે."

"તો એટલી બધી સાડીઓને તમે શું કરો—વેચી નાખો?" એણે દાંત તળે જીભ દબાવીને કહ્યું: "અમે મડદાં પરનાં ખાંપણ થોડાં લઈએ છીએ કે વેચી નાખીએ? અમે તો મડદાંને બેઠાં કરીને કમાણીનાં, મહેનતનાં લૂગડાં લઈએ છીએ. હું તો મારે હાથે કરું છું! જોકે તમ જેવાને પ્રતાપે પેરનારી ત્રણ ત્રણ વહુઓ આવી ગઈ છે. અને તે ઉપરાંત મારા ભાઈની દીકરીઓ છે એનેય આપું."

"તમારે ત્રણ દીકરા છે, માજી?—અને તોય તમે આવાં કામ કરો છો?" મેં નવાઈ પામીને પૂછ્યું.

"તે કામ કરવામાં શી ખોટ છે, બહેન? દાણા પડ્યા સડી જાય

તે કરતાં દળ્યા શું ખોટા?”

ડોશીનો એકેએક જવાબ મને દંગ કરી દેતો હતો. મેં પૂછ્યું: “છોકરાના બાપ ક્યારે—હમણાં જ મરી ગયા?”

“ના રે, બહેન! ઈ તો સાવ જુવાનીમાં દેવ થઈ ગ્યા છે. ઉપઉપલાં જણ્યાંને ભગવાને હેમખેમ રાખ્યાં એટલો પાડ પ્રભુનો. નીકર એને તો થ્યો’તો ટી.બી.! પૈસા રોકડા તો અમ જેવા પાસે ક્યાંથી હોય? ખેતરની પેદાશ આવે એટલી ઘરમાં જ પૂરી ન થતી, એટલે મંદવાડમાં મારે કરજ કરવું પડ્યું; તોય આવરદા નહિ તે ઊઠ્યા જ નહિ. થોડોક વખત શોક પાળવા રહી ત્યાં લેણાવાળા ઉતાવળા થવા માંડ્યા. મેં તો શોક છોડી દીધો—એટલે કે મનમાંથી મરનારાને ભૂલી ગઈ એમ નહિ. હું તો એક મોટા છોકરાને મુલકમાં તેની ફઈ પાસે મૂકીને આવી. મુંબઈ બે છોકરાને હારે લેતી આવી. નવીસવી હતી એટલે શરૂઆતમાં તો બિગારી કામ કરતી. પછી એ છોડીને લોકોનાં કપડાં-વાસણ કરવાનું શીખી. અને એકાદ વરસમાં તો એક જણીને આ ધંધામાં કમાતી જોઈને હુંય મારે આ કામ કરવા લાગી!”

“મોટા દીકરાને ઘેર કેમ મૂક્યો?” મેં પૂછ્યું.

“ઘેર મારી નણંદ વિધવા થઈને આવેલાં, તેને કોણ સાચવે? અને ખેતીવાડીની પણ દેખભાળ કરે ને? અમારે ફણસનાં ચાર ઝાડ છે અને બીજા આંબા છે. એનીય ઊપજ આવે અને ખેતરમાં પંદર મણ ચોખા પણ થાય છે. મારા દેરે કહ્યું: તમારી જમીનનો કર અમે ભરશું. પણ મેં ના પાડી. હવે કર ભરવાના આવે આખા દસ રૂપિયા—એટલામાં મારે એના ઓશિયાળા શું કામ થાવું જોઈએ? મારે દીકરા હતા ત્રણ! પછી લોકના હાથ સાજા કેમ કરું?”

“પછી પેલા કરજનું શું કર્યું?”

“અરે, એટલું બસો રૂપિયાનું કરજ તો ત્રણ જણાંનું ખાવા-ખર્ચ કાઢતાં છ મહિનામાં કર્યું પૂરું, અને બીજા છ મહિનામાં ઘર ચણાવું એટલું જમા કર્યું. પછી ઘરે જઈને ઘર ઉખેડ્યું અને કકડાવીને કર્યું પૂરું!”

"ઘર ચણવાનો તો બહુ ખર્ચ થયો હશે, ખરું ને?"

"અરે બહેન, મારે ક્યાં બંગલો ચણવો'તો કે ખરચ વધારે થાય! અમારે ઝાડવાં તો ઘરનાં બાવળ, ખેર, નાળિયેર જેવાં હોય. અને માણસોને મજૂરી નહીં આપવાની. કોઈનું ઘર ચણાતું હોય તો ફુરસદને વખતે સૌ મદદ કરવા લાગે. જે જાય દોડયાં કે જંગલમાંથી ઝાડવાં કાપી લાવે. બબ્બે ખેપ નાખે ત્યાં કાટમાળ થઈ જાય. રૂપિયા તો સુથારને જ દેવા પડે, બાકી કાંઈ નહિ."

મેં કહ્યું: "અરે વાહ! આ રીત તો બહુ સારી કહેવાય. અહીં તો કોઈ એમ સંપીને કામ કરે જ નહિ."

"આ તો શે'રગામ ગણાય, બાપુ; આંઈનાં માણસું બઉ પાકાં! ગામડાંનાં માણસુંમાં કળજગ હજુ આવ્યો નથી!"

"તમારા દીકરાને પરણાવ્યા કોણે?"

"આ કાંડાંની કમાણી ઉપર દીકરાને મેં જ પરણાવ્યા છે. અમારા ધારા પ્રમાણે વહુઓને બધું જ ઘરેણું કરાવ્યું છે મેં."

ચોળવા-મસળવાથી અંગો ઊલટાં અકળાયાં હતાં, પરંતુ મારા હૈયામાં અપાર આનંદ થતો હતો. વચમાં તે પૂછતી: "થાકી ગયાં, બહેન?" મેં કહ્યું: "ચોળવાનું બંધ કરો ભલે, પણ વાત તો કર્યા જ કરો. મારે તમારી બધી જ વાત સાંભળવી છે."

તે બોલી: "મારી વાતમાં શું માલ બળ્યો છે, બહેન? વાતું તો ઓલ્યા રસિયાના રાજા આવ્યા છે એની સાંભળવા જેવી હોય!"

"તમે હમણાં ક્યાં રહો છો?"

"હું મારા ભાઈની છોકરી ભેગી રહું છું. મારા દીકરા બે માટુંગામાં રે' છે. હમણાં જ આવી. છ મહિનાથી મુલકમાં ગઈ'તી. મારાં જૂનાં કામ બે બાઈઓને વેંચી દીધાં'તાં; હવે હું આવી એટલે એ લોક મને કહેવા મંડયાં: ડોસી, તમે જ આવો! પણ બહેન, આપણને ગરજ હોય ત્યારે કોઈને રાખીએ અને આવતાંવેંત ખસેડી મૂકીએ એ કંઈ રીત ગણાય? મને તો દેવ દઈ રે'શે. કોઈના રોટલા પર પાટુ મરાય

થોડી? મને પૈસાની એવી હાયવરાળ નથી. વળી મારા દીકરા ક્યાં ના પાડે છે? ત્રણ જણા પાંચ-પાંચ આપે તોય બે મહિના ખેંચી કાઢું. પણ એ બચારા હવે થયા બાળબચ્ચાંવાળા; એને નડવા હું નથી જાતી."

"પણ તમે એની સાથે કેમ નથી રે'તાં? વહુઓ કેવીક છે?"

"વહુઓ તો આ જમાનાની બધીય સરખી. કોઈનાં વખાણ થાય તેમ નથી. પણ મારા છોકરા તો છોકરા જ છે, હોં! હું મુલકમાં 'સિક' પડી હોઉં ને કાગળ લખાવું, કે તરત ત્રણેય દોડે. એ તો કે' છે ને કે, અમારી મા એટલે મા જ છે! એની હારે રે'વા જાઉં તો મારાં જૂનાં ઘરાક ટળી જાય; અને વળી મારા ભાઈની છોકરીને મારાં જેવાં માણસની જરૂર છે."

"એને તમારે પૈસા આપવા પડે છે?"

"ના રે, એક પાઈ પણ નહિ. એ બીજાંનાં કામ કરવા જાય ત્યારે હું સાથે તેને કામ કરાવવા લાગું ને પાછી! વળી ઘરમાંય કાંઈ બેસી થોડી જ રહું છું? એનાં છોકરાંને રાખું, કચરો કાઢું, સાંજે રસોઈ કરું..."

મેં કહ્યું: "આટલી ઉંમરે તમે જે કામ ગણાવો છો એ સાંભળતાં જ મારાં તો હાજાં ગગડી જાય છે, માજી!"

"સાચું કહું? આ કમર કસીને કામ ન કરવાથી જ તમારા સાંધા ઝલાઈ જાય છે! હમણાં ઘંટી ફેરવવાની હોય, છાશ તાણવાની હોય કે કૂવેથી પાંચ બેડાં પાણી તાણવાનું હોય ને, તો કોઈ રોગ પાસે ઢૂંકવાય નો આવે!"

મારે કબૂલવું પડ્યું કે, "તમે ગણાવ્યું તેવું કામ જ્યારે હું કરતી ત્યારે માથું કેમ દુ:ખે એની મને ખબરેય નહોતી."

તે આપમેળે કહેવા લાગી: "મારે બળદ હતા બે, મેં જ કમાઈને લીધા'તા. પણ મોટો છોકરો નોખો થયો ત્યારે એક બળદ તેણે લઈ લીધો. લઈનેય પાસે ન રાખ્યો; વેચી નાખ્યો રૂપિયા સાઠમાં. હવે એક બળદથી અમે ક્યાંથી ખેતી ખેડીએ? તરત જ વાણિયાના રૂપિયા કરજે કાઢ્યા અને બળદ લાવી બીજો. છોકરાએ કહ્યું: જમીન વહેંચી આપ.

પણ હજુ બે કુંવારા હતા ત્યાં જમીન ક્યાંથી વહેંચું, બહેન? એને પાંચ મણ ડાંગર પાકે એટલો કટકો આપ્યો, બીજી ન આપી. હા, ત્યાર કેડે બે પરણાવ્યા એ પણ ઉધાર કરીને જ. હવે એનાં દેણાં આપું છું.”

“તે તમારા દીકરા નથી ભરતા પૈસા, કે તમારે ભરવા પડે?”

“એય ભરે, પણ એને વધે જ શું? અત્યારના છોકરાના હાથ બઉ પો’ળા. જોઈએ ત્યાં ન ખરચે, ન જોઈએ ત્યાં વાપરે; પછી વધે શું? અને મારે ભેળું કરીને એના સાટુ મૂકી જાવું, તેના કરતાં દેણું જ ન દઈ દઉં!”

“વહુઓ તમારું અપમાન કરે કે કોઈ વાર, માજી?”

“ભેગી રે’વા જાઉં તો કોઈ ભૂલે એવીયું નથી—અને એની દાઢ તળે બોલતાં કાંકરોય ન આવે. પણ આપણે આબરૂને લીધે કાંઈ ન બોલી શકીએ. તેના કરતાં જીવું ત્યાં સુધી આમ કમાઈ ખાવા દેજે, પ્રભુ!—એવું હું તો માગું છું, બહેન! કેમ બોલતાં નથી?”

મેં ઘડિયાળમાં જોયું ત્યારે બરાબર એક કલાક થઈ ચૂક્યો હતો, છતાં ડોશી ચોળવાથી થાક્યાં નહોતાં. મેં કહ્યું: “બસ કરો, માજી, હવે.”

તે બોલી: “લાવો ચણાનો લોટ, હું પીઠે ચોળીને નવડાવીયે દઉં!”

એક આઠઆનીમાં તેની પાસેથી આટલું બધું કામ લેવાની મને શરમ આવતી હતી, પણ તે એમ છોડે? તેણે સ્નાન કરાવ્યું; ઉપરાંત કપડું પણ ધોઈને સૂકવી નાખ્યું. આવીને પાછું તેણે પૂછ્યું: “મારું કામ પસંદ પડ્યુંને, બહેન? કોઈ નવું ઘરાક હોય તો બતાવજો, જેથી મારે પેલી બાયુંને આપવા થાય અને હું મારાં જૂનાં ઘરાક પાછાં લઈ શકું. વીસ-વીસ વરસની માયા થઈ ગઈ છે ને, એટલે તેને કે મને નવાં માણસ ઝટ દઈને ન ફાવે.”

“પણ માજી, તમે અહીં આવ્યાં તે હવે ત્યાં ખેતી કોણ કરશે?”

“એક છોકરાવહુને ત્યાં જ રાખ્યાં છે. એ ઊપજ આવે ત્યારે ત્રણ સરખા ભાગ પાડી નાખે છે. મારી નણંદ ખેતરમાં જ ઝૂંપડી બાંધી છે ત્યાં રે’ છે. એને છોકરો ભાતું દઈ આવે રોજ. મારે હમણાં

આવવું નો'તું, પણ એક બળદ મરી ગયો એટલે બીજો લીધા વગર છૂટકો થોડો જ થાય? આ છ-આઠ મહિના કામ કરીશ ત્યાં બળદ માટે લીધેલા રૂપિયા ભરાઈ જાશે."

"તે રૂપિયા તમે કોની પાસેથી લીધા છે? વ્યાજે લીધા?"

"ના બાપુ, વાણિયાના ચોપડામાં માથું મૂકવા હું ન જાઉં! મેં તો એક ખેડૂતને ફણસનાં ચાર ઝાડ ચડાણે આપ્યાં છે. જ્યાં સુધી રકમ ન ભરું ત્યાં સુધી ફણસની ઊપજ એ ખાય. પછી મને પાછાં આપશે."

"એમ કરવામાં તકરાર ન થાય? લખતબખત કરાવ્યું છે?"

"અરે મારી બાઈ, લખત ને બખતનું કામેય શું? ગામડાંના અને વળી સાવ ત્રાહિત માણસું એવી તકરાર ન કરે. હા, સગાંને આપ્યાં હોત તો વળી કદી હક્ક કરી બેસત ખરાં!... લો, ત્યારે, હું હવે જાઉં કે? કાલે ક્યારે આવું? જો તમારી મરજી હોય તો જ બોલાવજો, હોં! હું પૈસા માટે પરાણે નથી કહેતી."

મેં એને બીજા દિવસનો સમય આપ્યો અને તે ગઈ.

# ધીરુ પરીખ

## મોતીભાઈ અમીન

મોતીભાઈ અમીને, વડોદરા રાજ્યના પુસ્તકાલય ખાતામાંથી નિવૃત્તિ લીધી ત્યારે પોતાના સાથીદારોને આ સંદેશો આપેલો: “મને ચાહતા હો તો મારા કામને ચાહજો.”

હજુ યુવાનીને ઉંબરે પગ માંડતા હતા ત્યારે જ એમણે પોતાના કર્મયોગનો આરંભ કરી દીધેલો. એ વર્ષ ૧૮૮૮નું. વાચન, મનન અને ચર્ચા માટે એમણે અગિયાર વિદ્યાર્થીઓનો સંઘ સ્થાપ્યો. આ અવિધિસરના સંઘનું નામ આપ્યું ‘વિદ્યાર્થી સમાજ’. ચરોતરમાં આવેલા પોતાના વતન વસોમાં નવી નીકળેલી અંગ્રેજી શાળાના બીજા ધોરણમાં એ ત્યારે અભ્યાસ કરતા. એ વખતના હેડમાસ્તર શ્રી મગનભાઈ ચતુરભાઈ અમીને એમનામાં સ્વદેશપ્રેમ, સમયપાલન, વ્યવસ્થા, દઢતા, સત્ય વગેરે ચારિત્ર્યગુણો ખીલવ્યા. વળી, એ જ અરસામાં પોતાના મિત્ર લાલાજીની સાહિત્યપ્રિયતાનો તથા તેમના ય મિત્ર મગનલાલ ભટ્ટનો મોતીભાઈને વધુ પરિચય થયો. પરિણામે મોતીભાઈને પણ વાચનનો નાદ લાગ્યો. રજાઓ પડે અને આ વાચનરસિયાઓ નવાં પ્રગટ થયેલાં પુસ્તકો શહેરમાંથી લાવે. એ વંચાય ને એની ચર્ચા થાય. શિક્ષણપ્રેમ અને શિષ્ટ વાચનપ્રવૃત્તિનાં બીજ અહીંયાં વવાયાં.

૧૮૭૩માં પોતાના મોસાળ અલંદ્રામિાં જન્મેલા મોતીભાઈનું ભાવિ આમ સ્વપ્રયત્ને નિર્માણ થતું જતું હતું. વિશાળ દિલના અને હેતાળ મનના પિતા નરસિંહભાઈ પેટલાદની વહીવટદાર કચેરીમાં કારકુન હતા. એમનું મૃત્યુ થયું ત્યારે મોતીભાઈનું આયુ નવ વર્ષનું. હવે કાકા હરિભાઈ અને માતા જીબા તથા અપરમા હરખાબાના હાથમાં એણનો ઉછેર રહ્યો. હરિકાકા દઢાગ્રહી જીબા દુનિયાદારીથી અલિપ્ત અને હરખાબા વ્યવહારકુશળ મોતીભાઈમાં આ બધા જ અંશો સમરસ થયા.

મોટા થયા પછી એમણે બાળલગ્નની જે પ્રથાનો વિરોધ કરેલો તેના જ પોતે ૭ વર્ષની વયે ભોગ થઈ પડેલા! ૭ વર્ષના બાળક મોતીભાઈને સાત વર્ષનાં રૂપબા સાથે પરણાવીને કુટુંબીઓએ લગ્નનો લહાવો લીધો હશે! આઠ વર્ષની ઉંમરે વસોની પ્રાથમિક શાળામાં જવાનું શરૂ કર્યું. ૧૮૮૮માં નવી અંગ્રેજી શાળામાં 'વિદ્યાર્થી સમાજ'ની સ્થાપના કરીને ભાવિ કારકિર્દીના અજ્ઞાતપણે શ્રીગણેશ માંડ્યા. ૧૮૮૯માં હાઈસ્કૂલનાં અભ્યાસ માટે એ વડોદરા ગયા, ત્યાં કમાટીબાગના ખૂણે આવેલા રામજીમંદિરમાં ધામો નાખ્યો. અહીં પણ એમણે અન્ય છાત્રોને પુસ્તકવાચન માટે પ્રેર્યા. પરિણામે વસોના વિદ્યાર્થીઓએ દર મહિને એક રૂપિયાની બચત કરી તેનાં પુસ્તકો ખરીદી ત્યાં પોતાના 'વિદ્યાર્થી સમાજ પુસ્તકાલય'ની સ્થાપના કરી.

પણ આવી ઇતર પ્રવૃત્તિમાં આગળ પડતા મોતીભાઈ અભ્યાસમાં કાચા પડતા હતા. એ મૅટ્રિકમાં બે વાર નાપાસ થયેલા! ૧૮૯૪માં ત્રીજા પ્રયત્ને એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી અને રૂપિયા પાંચની શિષ્યવૃત્તિ પણ મેળવી.

મૅટ્રિકની પરીક્ષા આપવા તેઓ અમદાવાદ ગયેલા. રાયપુરમાં આકાશેઠ કૂવાની પોળને નાકે એમનો ઉતારો. સામે જ ગોપીલાલ ધ્રુવ રહે. સુધારાવાદી આ કુટુંબની બે બહેનો-વિદ્યાબહેન અને શારદાબહેન-ને કોલેજમાં અભ્યાસ કરવા જતી જોતાં મોતાભાઈને પણ સ્ત્રીકેળવણીનું રૂડું સ્વપ્ન જાગ્યું.

મોતીભાઈ વડોદરાની કોલેજમાં પ્રવેશ્યા. પાછા એ જ જૂના રામજી મંદિરમાં વસવાટ. કોલેજિયન મિત્રો રહે ત્યાં, જમે બહાર. આથી મુશ્કેલી પડતી એટલે મોતીભાઈએ ત્યાં જ ક્લબ ચલાવવાનું બીડું ઝડપ્યું. અને રામજીમંદિરના રહીશોની ક્લબ શરૂ થઈ ગઈ. પહેલે જ મહિને સારું ભોજન, સારો વહીવટ અને ઉપરથી રૂપિયા પાંચનો ફાયદો! એમણે પાંચ રૂપિયા અલ્પસાધન છાત્રોને સહાય કરવામાં આપી દીધા! યુવાન મોતીભાઈની ઉદારતા, નિ:સ્વાર્થવૃત્તિ, પરોપકારની ભાવના અને સ્વચ્છ વહીવટીશક્તિનું એમાં દર્શન હતું. સહુ સાથે જમતા એટલે એકતાની

ભાવના પણ પોષાઈ.

એમાં પુરોહિત, જીવાભાઈ રેવાભાઈ અને મોતીભાઈની 'ત્રિપુટી' આદર્શ શિષ્યાવસ્થાને લઈને નોખી તરી આવતી. શ્રી પુરોહિતે તો મોતીભાઈની ભાષાશુદ્ધિ અને ઉચ્ચારશુદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપેલો. ચરોતરી સમાજમાં ઊછરેલા મોતીભાઈની ભાષા જાડી, ખરબચડી અને અશુદ્ધ. વારેવારે ગાળ બોલવાની પણ કુટેવ. ઉચ્ચારો પણ એવા જ અશુદ્ધ. મોતીભાઈ ગાળ બોલે કે અશુદ્ધ ઉચ્ચાર કરે ત્યાં જ પુરોહિત એમનો હાથ પકડીને કહે: "એ શું બોલ્યા? ફરી બોલો જોઈએ!" અને મોતીભાઈ શરમાઈ જાય. ધીમે ધીમે તેમની ભાષા અને ઉચ્ચારમાં નોંધપાત્ર સુધારો થઈ ગયો.

આ કોલેજકાળ દરમિયાન એમણે પરાર્થનાં અને સુધારાનાં કાર્યો કરવા માંડ્યા. છપ્પનિયો દુકાળ પડ્યો ત્યારે મોંઘું અનાજ ખરીદી, તેના રોટલા બનાવી ગરીબોને વહેંચવાની પ્રથા એમણે પાડી, તો બીજી તરફથી બાળલગ્ન, પ્રેતભોજન ને કાણમોકાણ જેવી રૂઢિઓની સામે એમણે સુધારાની શરૂઆત કરી.

આ ગાળા દરમિયાન એમણે ઘણાં અંગ્રેજી તથા ગુજરાતી પુસ્તકો વાંચ્યાં. એવામાં જ બહાર પડેલું, આપબળે ઉન્નતિ પામેલા અમેરિકન મહામાનવ 'બેન્જામિન ફ્રેંકલિનનું જીવનવૃત્તાંત' એમણે વાંચ્યું. એની અસર એમના પર ખૂબ ઊંડી થઈ. એમાંના 'જાતકેળવણી' નામના પ્રકરણમાંથી તો એમને ચારિત્ર્ય ખીલવવાની ચાવી જ હાથ લાગી ગઈ. બેન્જામિનની જેમ મોતીભાઈએ પણ પોતાના સદ્ગુણ-દુર્ગુણનાં પત્રકો બનાવ્યાં. પોતાના દુર્ગુણની નોંધ નિખાલસ આત્મનિરીક્ષણથી એઓ એક સ્થાને આમ કરે છે: "નિશ્ચયબળની શિથિલતા, બુઠ્ઠી વાણી, ગાળો બોલવાની ટેવ, મુલતવી રાખવાની ટેવ, ગપ્પાં મારવાની ટેવ, બેદરકારી, ગુસ્સો, આળસ, બીજાનું ભૂંડું બોલવું, બોલાવ્યા સિવાય બોલવું!' એ માટે એમણે સિદ્ધાંત સ્વીકાર્યો: "ખરાબ ટેવ દેખાય કે તરત તેને ઉખેડી નાખવી એ ઉત્તમ છે. નાનામાં નાની કુટેવ પણ વખત જતાં મોટી બને છે."

૧૯૦૦માં મોતીભાઈ બી. એ. થયા. માંહ્યલો ઝંખતો'તો શિક્ષક

થવા. વડોદરામાં શિક્ષકની કામચલાઉ નોકરી મળી ગઈ. પરંતુ એ મુદત પૂરી થતાં જ નોકરી છૂટી ગઈ. ફરી પ્રયાસ કર્યા, ત્યારે નોકરી ક્યાં મળી? દીવાનકચેરીમાં. શિક્ષકજીવ જાણે ફાઇલોના ફંદામાં ફસાયો! કચેરીમાં એક દિવસ ભર્યો અને સાંજે એમણે નિર્ણય કરી લીધો નોકરી છોડી દેવાનો. આવી સાહેબશાહી નોકરી છોડી 'પંતુજી'નો માર્ગ પસંદ કરનાર મોતીભાઈને લોકોએ મૂરખ માન્યા. પ્રયત્ન કરતાં પાટણમાં રૂ. ૪૫ના પગારે શિક્ષકની નોકરી મળી ગઈ.

અહીં એમનો શિક્ષકજીવ કોળવા લાગ્યો. શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં એ રસ લેવા લાગ્યા. શાળા છૂટે એટલે વિદ્યાર્થીઓને એકઠા કરે, ચર્ચાઓ કરે, સ્પર્ધાઓ યોજી રમતોમાં રસ જગાડે. વ્યાયામનો શોખ લગાડે. આનંદપર્યટનો યોજી સંઘજીવનનો લાભ અનુભવાવે, પુસ્તકોની વાતો કરી વાચનભૂખ જગાડે. અભ્યાસમાં કાચા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય તો કરે જ. વિદ્યાર્થીઓને જરૂરી આર્થિક મદદ પણ કરે.

પાટણમાં હોળીના તહેવારની બીભત્સ ઉજવણી થતી. તે બંધ કરાવવા આ એક મામૂલી શિક્ષકે અથાક પ્રયત્નો કર્યા અને સફળતાને વર્યા. એક વર્ષે પાટણમાં રેલસંકટ આવ્યું. સેંકડો ઘર પડી ગયાં, હજારો બેઘર બન્યાં. મોતીભાઈએ રાહત માટે ફાળો ઉઘરાવ્યો. આમ એમણે પાટણવાસીઓનાં દિલ જીતી લીધાં.

પેટલાદ તો પોતાનો જ પ્રદેશ. ૧૯૧૦ સુધી ત્યાં અંગ્રેજી શાળાના હેડમાસ્તર તરીકેની કામગીરી બજાવી. બહારગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે એમણે છાત્રાલય શરૂ કર્યું. નામ આપ્યું 'પેટલાદ બોર્ડિંગ હાઉસ'. 'મિત્રમંડળ પુસ્તકાલય'ની પ્રવૃત્તિ શરૂ કરી. એવામાં જ અમૃતલાલ પઢિયારનું 'સંસારમાં સ્વર્ગ' અને ભાવનગર રાજ્યે પ્રગટ કરેલું 'સંગીત નીતિવિનોદ' એમના વાંચવામાં આવ્યાં. આવા શિષ્ટ વાચનનો ફેલાવો પ્રજામાં કરવો જોઈએ એવી દૃઢ પ્રતીતિપૂર્વક ૧૯૦૬માં એમણે વડોદરાની મેઈલ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થી શિક્ષકો સમક્ષ એક યોજના રજૂ કરી કે તાલીમ પામીને જે શિક્ષક પોતાના

ગામ ગયા બાદ ૧૦-૧૫ રૂપિયા મોકલી આપશે તેને ત્યાં પુસ્તકાલય શરૂ કરવા પોતાના તરફથી મોતીભાઈ ૨૦-૩૦ રૂપિયાનાં વર્તમાનપત્રો અને પુસ્તકો મોકલી આપશે. ૫૦ શિક્ષકોએ આ યોજના ઉપાડી લીધી. પહેલે જ ધડાકે ૫૦ ગામોને એમણે નાનકડાં પુસ્તકાલયો પૂરાં પાડ્યાં. પછી તો આ પ્રવૃત્તિ વિકસતી જ ગઈ.

વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડ ત્યારે અમેરિકાના પ્રવાસે હતા. ત્યાંની પુસ્તકપ્રવૃત્તિથી એ પ્રભાવિત થયા. પોતાના રાજ્યમાં લોકશિક્ષણની એ પ્રવૃત્તિને સંગીન સ્વરૂપ આપવા ત્યાંની પુસ્તકાલય પ્રવૃત્તિના નિષ્ણાત શ્રી બોર્ડનને એ વડોદરે લાવ્યા અને એમને મદદરૂપ થવા માટે મોતીભાઈ અમીનની મદદનીશ વ્યવસ્થાપક તરીકે નિમણૂક કરવામાં આવી. આમ તો નિમણૂક એક વર્ષ માટે જ હતી. પણ પછી તો નિવૃત્ત થયા ત્યાં સુધી એ પ્રવૃત્તિમાં જ એમને રોકી લેવામાં આવ્યા. એમની સૂઝ, સમજ અને સહાયથી બે વર્ષ દરમિયાન જ વડોદરા રાજ્યમાં લગભગ ૪૦૦ પુસ્તકાલયો શરૂ થઈ ગયાં. મોતીભાઈ આમ સાચી રીતે જ પુસ્તકાલય પ્રવૃત્તિના પિતા બન્યા. એમની પ્રવૃત્તિઓને બિરાદવવા એક અભિનંદન ગ્રંથ પ્રગટ કરવાનું વિચારાયું. પરંતુ માનસન્માનથી હંમેશાં દૂર ભાગનાર મોતીભાઈએ એવા ગ્રંથનું પ્રકાશન બંધ રખાવ્યું. ગાયકવાડ સરકારે આપવા ધારેલું માન પણ એમણે ન સ્વીકાર્યું. ગુજરાતી સાહિત્ય પરિષદના કરાંચી અધિવેશનમાં પુસ્તકાલય વિભાગનું પ્રમુખસ્થાન લેવા મોતીભાઈને કહેવામાં આવ્યું એ પ્રમુખસ્થાનનો પણ અસ્વીકાર કર્યો. સભાસમારંભો, ભાષણો, ઉદ્‌ઘાટનો અને પ્રમુખસ્થાનોથી સદા દૂર રહી મોતીભાઈએ જે અવિરત સેવાયજ્ઞ કર્યો છે તે આજે કોઈ પણ ક્ષેત્રના સેવકને માટે ઉમદા દૃષ્ટાંતરૂપ છે.

પ્રજાને શિષ્ટવાચન સસ્તા ભાવે પૂરું પાડવા ચૂંટેલી કૃતિઓનું સામયિક ‘ગદ્યપદ્યસંગ્રહ’ પ્રગટ કરવાની પ્રવૃત્તિ એમણે શરૂ કરી. ‘પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ’ જેવી પ્રથમ સહકારી સંસ્થાની શરૂઆત પણ એમણે જ કરેલી. ‘પુસ્તકાલય’ માસિક પણ એમને આભારી છે.

વસોના ઉદારચરિત દરબાર ગોપાળદાસનાં પ્રથમ પત્ની પુત્ર મૂકીને મૃત્યુ પામ્યાં. તેને કેળવવા મોતીભાઈએ દરબારને મોન્ટેસોરી પદ્ધતિ બતાવી. આ યોજનાનો લાભ ગામનાં બાળકોને પણ મળી શકે એ આશયથી દરબાર ગોપાળદાસે પોતાની હવેલીમાં બાલમંદિર શરૂ કરાવ્યું. આમ ગુજરાતનું સર્વ પ્રથમ બાલમંદિર ૧૯૧૫ના જાન્યુઆરીની પહેલી તારીખે વસોમાં શરૂ થયું. છ વર્ગની ‘નવી ગુજરાતી શાળા’ પણ ત્યાં શરૂ થઈ. આ હતી ગુજરાતની સર્વ પ્રથમ મોન્ટીસોરી શાળા. એ જ અરસામાં ત્યાં બાલ પુસ્તકાલયનું મકાન પૂરું થયું. એના ઉદ્‌ઘાટન વિધિમાં દરબાર ગોપાળદાસ પોતાની સાથે વઢવાણના વકીલ ગિરિજાશંકર બધેકાને તેડતા આવ્યા. તે શાળા અને તેનાં સાધનોથી ગિરિજાશંકરભાઈ પ્રભાવિત થયા. એમને બાળકેળવણીમાં રસ જાગ્યો. કાયદાના વકીલ મટી એ બાળકોની કેળવણીના વકીલ બન્યા. પૂનાની ‘ડેક્કન એડ્યુકેશન સોસાયટી’ પરથી પ્રેરણા લઈ આણંદ ખાતે ‘ચરોતર એજ્યુકેશન સોસાયટી’ની સ્થાપના ૧૯૧૬માં કરી. વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં જરૂરી રકમ લોન તરીકે આપવા ‘ચરોતર વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ’ સ્થાપ્યું.

એ કાળે સ્ત્રીકેળવણી નહિવત્. મોતીભાઈ વિદ્યાર્થિનીઓને અર્ધી ફીએ શાળામાં દાખલ કરે, ચર્ચાસંવાદોમાં ઉતારે ને આમ જાહેરમાં આગળ આવવાની તક પૂરી પાડે.

એમનો કાળ એ સ્વરાજ્ય માટેની જાગૃતિનો કાળ હતો. ભલે એ ઝુંબેશમાં રાજકીય રીતે ઝંપલાવ્યું નહોતું. પરંતુ નવયુગ માટે પ્રજાને કેળવણી દ્વારા તૈયાર કરવામાં એમણે એટલું જ દેશસેવાનું કાર્ય કર્યું હતું. સ્વરાજ્યમાં પ્રજાની જવાબદારી કોઈ સંપૂર્ણ સભાન મોતીભાઈ એક સ્થળે લખે છે: “સ્વરાજ્ય તો ઘોડાપૂરે આવી રહ્યું છે. પેલું સામેના ઝાડ જેટલું સ્પષ્ટ મને સ્વરાજ્ય દોડતું આવતું દેખાય છે, પણ જ્યારે એ આવીને ઊભું રહેશે ત્યારે વહેલું આવ્યું લાગશે. કારણ કે ભગીરથ ઋષિની તપશ્ચર્યાથી ગંગાજી સ્વર્ગમાંથી તો ઊતર્યાં, પણ શિવજી જેવા જટાધારી એને ઝીલનાર મળ્યા ન હોત તો એનો પ્રવાહ પાતાળ થોડી

નાખત. તેમ સ્વરાજ્યને ઝીલનારી પ્રજા જો તૈયાર કરી નહિ હોય તો સ્વરાજ્ય માગનારી પ્રજા જ સ્વરાજ્યના તેજથી અંજાઈ જશે અને એ જ પ્રજા આવેલા સ્વરાજ્યને વેડફી પણ નાખશે.”

['સમયરેત પર પગલાં' પુસ્તક: ૨૦૦૧]

# ધીરુબહેન પટેલ

ઝરતા મંજુલ ધ્વનિથી મનનો થાક હરી લેતાં મધુર ઝરણાં જેવી એમની વાગ્ધારાથી મકરન્દભાઈ [દવે] પહાડ પરથી આપણને કોઈ નવા જ પ્રદેશમાં લઈ જતા, એ અનુભવ કેટલા બધાને થયો છે!

# ધીરુભાઈ ઠાકર

## સ્વસંસ્કારનું ભાન કરાવનાર લોકનાયક

ગુજરાતી પ્રજા માટે મણિલાલ નભુભાઈ દ્વિવેદી (૧૮૫૮-૧૮૯૮) વિપુલ અક્ષરવારસો મૂકી ગયા છે. સાહિત્યનાં લગભગ તમામ અંગોનું તેમણે સફળ ખેડાણ કરેલું છે. મણિલાલ કેવળ સાક્ષર નહોતા; લેખનકાર્ય દ્વારા પ્રજાને સ્વસંસ્કારનું ભાન કરાવનાર લોકનાયકની જવાબદારી પણ તેમણે બજાવી હતી. ગુજરાતી પ્રજાને પ્રાચીન ધર્મ અને સંસ્કૃતિ તરફ વાળનાર સાંસ્કારિક આંદોલનરૂપે તેમની સાક્ષરતા ગુજરાતભરમાં ફેલાઈ ગઈ હતી.

મણિલાલની આ સંસ્કારરક્ષક પ્રવૃત્તિનું મુખ્ય વાહન તેમનાં બે માસિક પત્રો ‘પ્રિયંવદા’ અને ‘સુદર્શન’ હતાં. તેમના અક્ષરજીવનના અર્કરૂપ ગણાતા ગદ્યલેખો લેખકના મૃત્યુ બાદ એક દાયકે ૧૯૦૯માં ‘સુદર્શન ગ્રંથાવલિ’રૂપે સંગ્રહિત થઈને પ્રગટ થયેલા. મોટા કદનો ૧૧૦૦ જેટલાં પાનાંનો આ ગ્રંથ અપ્રાપ્ય થતાં તેમાંથી પસંદ કરેલા નિબંધોના બે સંગ્રહો ૧૯૪૮માં ગુજરાત વિદ્યાસભાએ પ્રસિદ્ધ કર્યા હતા. તે પણ આજે દુષ્પ્રાપ્ય છે. અહીં સ્વીકારેલી પૃષ્ઠમર્યાદામાં રહીને મણિલાલના પ્રતિનિધિરૂપ નિબંધોનો આ ‘મણિલાલ દ્વિવેદી સંચય’ રજૂ થાય છે. તેમાં, વડોદરા રાજ્યની કન્યાશાળાઓ માટે મણિલાલે તૈયાર કરેલા લઘુનિબંધોના સંગ્રહ ‘બાળવિલાસ’માંથી પણ કેટલીક નમૂનારૂપ કૃતિઓ મૂકી છે.

વિદ્વત્તા, વિશાળ અનુભવ અને અવલોકનની સંપત્તિ મણિલાલ પાસે બહોળા પ્રમાણમાં છે. ઉચ્ચ વિચારસામગ્રી એ મણિલાલના નિબંધોનું મુખ્ય લક્ષણ છે. પ્રત્યેક મુદ્દાની ચર્ચાને વિશદ કરવા માટે તેઓ વચ્ચે વચ્ચે ઉચિત દૃષ્ટાંતો મૂકે છે. આને લીધે અઘરો વિષય પણ સુગ્રાહ્ય બને છે. મણિલાલનું ગદ્યપ્રભુત્વ અદ્‌ભુત છે. આટલી સાદી છતાં પ્રૌઢ,

સરળ છતાં વિચારગર્ભ, ઉત્કટ છતાં સ્વસ્થ અને શાસ્ત્રીય છતાં સઘળા વિષયોને સુગ્રાહ્ય બનાવી દેતી સર્વભોગ્ય ગદ્યશૈલી ગુજરાતી ભાષાને મણિલાલે સૌપ્રથમ ઘડી આપી. ગુજરાતી ગદ્યના વિકાસમાં મણિલાલનો આ ફાળો અવિસ્મરણીય રહ્યો છે.

સમર્થ ગદ્યસ્વામી તરીકે ખ્યાતિ પામનાર મણિલાલે લેખનનો પ્રારંભ કવિતાથી કરેલો. મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા તે વર્ષે તેમણે ‘શિક્ષાશતક’ નામનો બોધક પદ્યખંડોનો સંગ્રહ પ્રગટ કરેલો. પણ પછી મણિલાલે કાવ્યસર્જનને પોતાની પ્રધાન સાહિત્યિક પ્રવૃત્તિ ગણી નહીં. છૂટક છૂટક કુલ ૫૫ કાવ્યો તેમણે લખ્યાં હતાં, જે ‘આત્મનિમજ્જન’ નામના એકમાત્ર સંગ્રહમાં સમાવિષ્ટ છે. મણિલાલનાં કાવ્યોમાં મોટી સંખ્યા જૂનાં ભજનો, લોકગીતો કે ગરબીઓના ઢાળમાં રચાયેલાં ગીતોની છે. સરળ, રસાળ અને સંગીતમય વાણીમાં ઉત્તમ વિચારસામગ્રી ભરીને મણિલાલ અર્વાચીન ગુજરાતી કવિતાને ઉન્નત તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં વિહરાવે છે.

[‘મણિલાલ દ્વિવેદી સંચય’ પુસ્તક]

## આઠ સદીની કથા

આપણે ભૂતકાળમાં જેમ નજર કરીશું તેમ ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર આજના કરતાં ઘણો મોટો જણાશે. અગિયારમા શતકના આરંભમાં અરબી મુસાફર અલ-બે-રુનીએ આબુથી જયપુર સુધીના પ્રદેશનો ‘ગુજરાત’ એમ ઉલ્લેખ કરેલો છે. આ રીતે છેલ્લા આઠ-દશ સૈકાથી ગુજરાતની સરહદો બદલાતી જતી હતી. તેમ છતાં આજના ગુજરાતના અમુક પ્રદેશનો તો એ બધો વખત ગુર્જર દેશ તરીકે ઉલ્લેખ થતો આવ્યો છે.

આ ગુર્જરોની ભાષા તે ગુજરાતી. દ્વારિકાથી દમણગંગા સુધીના પ્રદેશ પર બોલાતી ભાષા તે ગુજરાતી કહેવાય છે. પણ જે અર્થમાં આજે આપણે ગુજરાતી કહીએ છીએ, તે અર્થમાં એ ભાષા તે સમયમાં

પ્રચલિત નહોતી.

હજારેક વર્ષ પહેલાં આપણા પૂર્વજો બોલતા તે અપભ્રંશને મળતી આવતી ભાષા હતી. અપભ્રંશ ભાષા આસામથી રાજસ્થાન અને મહારાષ્ટ્ર સુધી થોડાક પ્રાંતિક ભેદે સાહિત્યમાં સ્થિર થયેલી હતી. ઈ.સ. ૧૨૦૦થી લગભગ ૧૫૦૦ સુધી માળવા, રાજપુતાના અને ગુજરાતમાં એક જ ભાષાસ્વરૂપ પ્રચલિત હતું: જૂની પશ્ચિમી રાજસ્થાની. પણ સોળમા શતકમાં ગુજરાતી અને રાજસ્થાની બંનેનું ભાષાસ્વરૂપ અલગ અલગ ખાસિયતો વિકસાવતું ગયું. છેવટે રાજસ્થાની તે હિંદીની ઉપ-ભાષા બની રહી, અને ગુજરાતી સ્વતંત્રા ભાષા તરીકે ઉદય પામી. આમ છતાં ગુજરાતીની માતા તો અપભ્રંશ જ ગણાય.

બોલાતી ભાષા તરીકે જૂની ગુજરાતી અગિયારમા સૈકામાં પ્રચલિત હતી. આ બોલાતી ભાષા સાહિત્ય-ભાષા તરીકે રૂઢ થઈ બારમા સૈકાના અંતમાં. ૧૧૮૫માં રચાયેલી જૈન મુનિ શાલિભદ્રસૂરિની ‘ભરતેસર-બાહુબલિરાસ’ નામની પદ્યકૃતિ જૂની ગુજરાતીની સૌ પહેલી રચના મનાય છે. તેરમા સૈકાના આરંભમાં ગુજરાતીને સ્વતંત્રા ભાષા તરીકે જૈન મુનિઓએ સાહિત્યમાં પ્રતિષ્ઠિત કરી હતી.

૧૪મા અને ૧૫મા સૈકા દરમિયાન ગુજરાતી ભાષાના ચારપાંચ સમર્થ કવિઓ થઈ ગયા, જેમણે ગુજરાતીનું પોતીકું સાહિત્યિક વ્યક્તિત્વ બાંધવામાં મુખ્ય ફાળો આપ્યો છે. નરસિંહ અને મીરાં ઉપરાંત અસાઈત, ભાલણ વગેરે આ ગાળાના કવિઓ છે. પણ ૧૩મા ને ૧૪મા સૈકામાં જૈન કવિઓએ સેંકડો રાસો રચેલા છે.

## ભાવકને સુરુચિપ્રદ

અનંતરાય મ. રાવળ (૧૯૧૨-૧૯૮૮)ની વિવેચનપ્રવૃત્તિ લગભગ પાંચ દાયકા ચાલી હતી. આઠ સંગ્રહોમાં તેમનાં વિવેચનો ગ્રંથસ્થ થયેલાં છે. સમભાવપૂર્ણ ગુણદર્શિતા અને માહિતીની વિશ્વસનીયતા, એ તેમનાં

લખાણોની વિશિષ્ટતાઓ છે. ગુણદોષની પરીક્ષા કરતી વખતે સહેજ પણ વધતું-ઓછું તોળાઈ ન જાય તેની તેઓ ખાસ કાળજી રાખતા. દોષદર્શન કરાવવાની પણ તેમની રીત સૌમ્ય અને રુચિકર હોય છે. તેમની શિષ્ટ ને રસાળ શૈલી સત્ય અને પ્રિયને એકસાથે કહી શકે છે. આ પ્રકારનાં વિવેચનો ભાવકને સુરુચિપ્રદ નીવડે છે, અભ્યાસીને માર્ગદર્શન પૂરું પાડે છે અને સર્જકને પ્રોત્સાહન આપે છે.

## કોઈ તારશે, તો આ વાણી જ

ગાંધીજીએ પ્રગટાવેલાં મૂલ્યોની વિશેષતા એ છે કે, વારંવાર તેનો હ્રાસ કરતાં વિરોધી બળોનું વર્ચસ જામ્યા છતાં, દબાઈ ગયેલાં ગાંધીમૂલ્યો તક મળ્યે માથું ઊંચકીને પ્રજાને સત્ય, પ્રેમ અને કલ્યાણનો માર્ગ ચીંધ્યા કરે છે, મૂલ્યોની આ શાશ્વતતાને કારણે, તેમ સ્વપુરુષાર્થથી શતદલપદ્મની જેમ ખીલેલા મહાત્માના વ્યક્તિત્વને બળે કરીને, તેમનો પ્રભાવ પરોક્ષ રીતે પણ આજ સુધી વિસ્તરેલો છે. સહસ્રરશ્મિના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો જેમ એકસાથે સર્વ દિશાઓને અજવાળે છે તેમ, તેમના સચ્ચારિત્રયમાંથી ફૂટેલી તેજ-સરવાણીઓએ રાષ્ટ્રદેહનાં ધર્મ, અર્થ, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ અને સાહિત્ય—એમ સર્વ અંગોને પ્રકાશિત કીધેલાં છે.

ગાંધીજીનું સાહિત્ય વિપુલ છે. સાહિત્યસર્જન માટે નહિ, પણ લોકશિક્ષણ અર્થે તેમની લેખનપ્રવૃત્તિ હતી. એટલે તેમના સમગ્ર જીવનકાર્યનો અર્ક તેમના સાહિત્યમાં ઊતરેલો છે. તેમનાં લખાણો ઘણુંખરું ચિરંતન સાહિત્યની કોટિમાં સ્થાન પામે છે. ગુજરાતી કે ભારતની અન્ય કોઈ ભાષામાં એક જ લેખકે આટલું વિપુલ લખાણ કરેલું હોય, એમ જાણ્યામાં નથી.

ગુજરાતી સાહિત્યના પટ પર એક એ જ એવા લેખક થઈ ગયા, જેમણે દેશભરના સાહિત્ય અને જીવન પર યુગસ્વામી તરીકે અસર

પાડી છે. ગાંધીજીનું સાહિત્ય, કોસ હાંકનાર પણ સમજી શકે તેવી ભાષા વાપરવાના તેમના આગ્રહનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. છેલ્લામાં છેલ્લા થરનો માણસ પણ સમજી શકે તેવી સાદી, સરળ અને સીધેસીધી અસર કરે તેવી ભાષાનો પ્રયોગ તેમને સહજ સિદ્ધ હતો. સાદી ને તળપદી ભાષામાં ભવ્ય અને દુર્ગમ વિચારો રજૂ કરવાની તેમનામાં શક્તિ હતી. "બંદૂકની ગોળી જેવાં ટૂંકાં ટૂંકાં વાક્યો"થી તેઓ ધારી અસર ઉપજાવી શકતા હતા. બુદ્ધ અને મહાવીરની માફક તેમણે લોકભાષાનો બહોળો ઉપયોગ કરેલો છે. જરૂર પડયે તેમણે સંખ્યાબંધ નવા શબ્દો યોજ્યા છે. ગુજરાતી ગદ્યમાં ઘરગથ્થુ કહેવતો અને રૂઢિપ્રયોગોનો ગાંધીજીના જેટલો બહોળો ઉપયોગ તેમના પુરોગામીઓમાંથી ભાગ્યે જ કોઈએ કર્યો હશે. ભાષાની ગુંજાશને વધારવામાં ગાંધીજીનો ફાળો અવિસ્મરણીય છે.

ગાંધીજીનાં સર્વ લખાણોમાં સાહિત્યિક દૃષ્ટિએ 'આત્મકથા' વિશેષ મહત્ત્વની છે. જેમ કોઈ સુવર્ણકાર સુવર્ણ ગાળીને શુદ્ધ કરતો જાય, તેમ તેમણે સત્યની ભઠ્ઠીમાં પોતાના જીવનની વિવિધ ઘટનાઓને ગાળીને અહીં મૂકી છે. જ્યારે વાંચો ત્યારે તેનાં તેજ ને તાજપ સ્પર્શ્યા વિના ન રહે. તેના શબ્દેશબ્દમાંથી અન્ય સર્વ માટેનો પ્રેમ અને પોતાને માટે સત્યના જ્વલંત અગ્નિનો સ્પર્શ પ્રતીત થાય છે. ગુજરાતને શ્રેષ્ઠ આત્મકથાનો આદર્શ ગાંધીજીની આત્મકથાએ આપ્યો. તે ભારતની જ નહિ, દુનિયાભરની શ્રેષ્ઠ આત્મકથાઓમાં સ્થાન પામી છે.

સત્યાગ્રહના પોતાના દક્ષિણ આફ્રિકામાંના પ્રયોગ અને અનુભવનું વર્ણન ગાંધીજીએ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' પુસ્તકમાં કર્યું છે. તે શુષ્ક ઇતિહાસને બદલે પ્રેમ અને ઉત્સાહથી કરેલું સ્વાનુભવનું રોમાંચક રસભર્યું વર્ણન બને છે. તે ચિત્ર એવી સચેત લેખિનીથી તેમણે દોર્યું છે કે ગમે તે જમાનાના વાચકને રોમાંચિત કર્યા વિના રહે નહીં.

'હિંદ સ્વરાજ' ગાંધીજીના આંતરમંથનનો જ્વલંત અગ્નિ પ્રગટ કરનારું પુસ્તક છે. ભારતને કેવું સ્વરાજ ખપે અને તે કેવી રીતે પ્રાપ્ત કરવું, તેની ચર્ચા તેમાં તેમણે કરી છે.

ગાંધીજીની પત્રકારપ્રવૃત્તિ ગુજરાત જ નહિ ભારતના પત્રકારત્વના

ઇતિહાસનો ઉજ્જ્વલ અને સર્વશ્રેષ્ઠ તબક્કો છે. પત્રકારી સ્વાતંત્ર્યની ગાંધીજીએ હિમાયત કરી છે. છતાં તેમણે કહ્યું છે કે, “જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાવે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.” આ અંદરનો અંકુશ ગમે તેવી કટોકટીભરી સ્થિતિમાં પણ તેમણે ગુમાવ્યો નહોતો, એ તેમની પત્રકાર તરીકેની મોટી સિદ્ધિ હતી. સત્યભક્તિ, નીડરતા, નિયમિતતા, ઉદારતા અને વિશાળ જનહિતભાવના, એ તેમના પત્રકાર તરીકેના બીજા ગુણો હતા, જે વડે કાળક્રમે તેઓ પત્રકારમાંથી લોકનેતા અને માનવજાતિના ઉદ્ધારક સંતપુરુષ રૂપે મહોરી ઊઠ્યા હતા.

દેશમાં ચોમેર હિંસા અને વેરઝેરનો ભયાનક દાવાનળ સળગી રહ્યો હતો ત્યારે, જિંદગીના છેલ્લા સાડાચાર માસ દરમ્યાન, ગાંધીજીએ આપેલાં પ્રાર્થના પ્રવચનો પ્રેમ અને શાંતિની અમૃતવર્ષા કરી રહ્યાં હતાં. ગાંધીજીએ હિંદુસ્તાનીમાં આપેલાં એ પ્રવચનોનો ગુજરાતી અનુવાદ ‘દિલ્હી ડાયરી’ પુસ્તકમાં વાંચતાં એમ લાગે છે કે સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ નૈતિક અધ:પતન તરફ વળી રહેલી આપણી પ્રજાને હજીયે જો કોઈ તારશે તો આ શહીદ સંતની અમર વાણી જ.

જેને તેના જીવનકાળ દરમ્યાન જ દુનિયાએ વિશ્વવંદ્ય વિભૂતિ તરીકે ઓળખવાનો દાવો કર્યો હતો અને જેના લાખ્ખો અનુયાયીઓ હતા, તેને જ એ અનુયાયીઓની વચ્ચે “મારું કોઈ સાંભળતું નથી” એવા આર્તનાદે રુદન કરવાનો વખત આવે, અને પોતાના જ સહધર્મીના દ્રોહનો ભોગ બનવું પડે, એના જેવી ઇતિહાસમાં બીજી કઈ કરુણ ઘટના નોંધાઈ હશે? આ દૃષ્ટિએ ઈસુ અને સૉક્રેટિસના કરતાં ગાંધીજીની બલિદાનકથા વિશેષ કરુણ છે.

[‘અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા’: ભાગ ૨]

# શબ્દો

ચીલી દેશના કવિ અને નોબેલ લોરિયેટ પાબ્લો નેરુદાએ આત્મકથા ‘મેમ્વાર્સ’)માં આ મતલબનું નિવેદન કર્યું છે:

મને શબ્દો મળે છે ફૂલની કટોરીમાંથી,
મને શબ્દો મળે છે ભોજનની થાળીમાંથી,
મને શબ્દો મળે છે વરસાદની હેલીમાંથી,
મને શબ્દો મળે છે રેતી અને પથ્થરમાંથી,
મને શબ્દો મળે છે લોહી અને આંસુમાંથી,
મને શબ્દો મળે છે .....બધેથી...
એ લોકો આવ્યા.
એમણે અમારા પ્રદેશ પર હુમલો કર્યો.
અમારું બધું જ લૂંટી ગયા.
પણ...

પણ એમને ખબર નથી કે તેઓ એક મોટી દોલત પાછળ મૂકતા ગયા છે.

એમનાં શિરસ્ત્રાણમાંથી, એમનાં પગરખાંમાંથી,

એમની ફરફરતી દાઢીમાંથી, એમનાં ઘોડાંની ખરીઓમાંથી, એમનાં હથિયારમાંથી, એમના પ્રહારોમાંથી,

એમની ગાળોમાંથી અને એમના હોકારા-પડકારામાંથી
અમને શબ્દો આવી મળ્યા છે.
જે આક્રમણકારો આવ્યા એમના શબ્દો એટલી મોટી દોલત છે કે
તેમાંથી બની અમારી ભાષા.

[લંડનમાં પ્રવચન: ૨૦૦૬]

# પત્રમાધુરી

[ધીરુભાઈ ઠાકર પરના પત્રો]

ભાવનગર, તા. ૧૩-૭-૮૩

મુ. શ્રી ધીરુભાઈની પવિત્ર સેવામાં,

કુશળ હશો. આ કાગળ આપને વિનંતી રૂપે લખું છું, આપની ઉદારતાથી દયા કરશો તેવી આશાથી લખું છું.

૪-૬ દિ' પે'લાં મુ. નાથુભાઈ દવે ખબર આપી ગયેલા કે, આવતા સપ્ટેમ્બરમાં પ્રો. રવિશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાનરૂપે સાયન્સ કોલેજમાં વ્યાખ્યાન દેવા તમે આવવાના છો અને તેમાં મારાં કાવ્યો વિશે પણ બોલવાના છો, માટે કાવ્યસંગ્રહો આપો; હું શુક્રવારે અ'વાદ જાઉં છું, ઠાકર સા.ને આપી આવીશ.

આ બારામાં શ્રી હરીન્દ્ર દવે તથા ડો. દિલાવરસંહિજી જાડેજા ભાવનગરના કવિઓ પર બોલી ગયા, ત્યારે તેઓ મારા વિશે બોલવાના હતા. મેં તેઓને પત્ર લખી વિનંતી કરેલી કે કૃપા કરી મારા વિશે ન બોલશો, ને તેઓએ મારા પર દયા કરી મને પડતો મૂકેલો. આપને પણ મારી તે વિનંતી છે. હું કવિ કે સાહિત્યકાર નથી જ, માણસ છું. આ જમાનામાં જન્મ્યો છું એવા કુટુંબમાં કે લખતાં વાંચતાં શીખ્યો, ને સુખદુખ બોલ્યા વગર રે'વાતું નથી તેથી લખી છપાવું છું. પણ અંતરથી સમજું છું કે તદ્દન મિથ્યાભિમાન છે.

અંગત રીતે મારી નંદાકિરવી હોય કે લખાણોમાં કેવળ દોષદર્શન જ કરાવવાના હો તો ખુશીથી બોલો, નહીં તો મારા જીવતાં નહીં. હું હવે લાંબું કાઢું એમ નથી. હું એવી વ્યક્તિ નથી જ કે મારો ઉલ્લેખ પણ યોગ્ય હોય. ખૂણામાં જીવ્યો છું ને એમ ને એમ જાઉં એમાં જ મારું કલ્યાણ છે. તેમાં આપ મારા પર ઉદારતાથી દયા કરી, મારે વિશે કોઈ જ ઉલ્લેખ ન કરો એ પ્રાર્થના છે.

લિ. સેવક

મુકુન્દરાયના પ્રણામ
[મુકુન્દરાય પારાશર્ય]

*

અમદાવાદ, ૧-૫-૯૨

ભાઈ શ્રી ધીરુભાઈ,

તમારી ‘સ્મરણમાધુરી’ વાંચી પ્રસન્ન થઈ ગયો. ખૂબ રસ પડ્યો. તમારી સ્મૃતિ પણ ગજબની છે. ભાષા પણ પ્રાસાદિક છે. બબ્બે વાર પોલીસનો સામનો કરનાર અને બેયોનેટના ઘા ઝીલનારની તમારી મૂતિર્ નજર સામે ખડી થાય છે. તમારે વિશે પણ ઘણું જાણવાનું મળ્યું. તમે મોડાસામાં લગભગ બધી જ જ્ઞાનશાખાઓ વિકસાવી એક યુનિવર્સિટી જ ઊભી કરી હતી, એમ કહીએ તોયે ચાલે. અને હવે નિવૃત્તિ પછી તમે જે મહાભારત કાર્ય ઉપાડ્યું છે તે પણ એટલું જ યશસ્વી નીવડશે, એમાં શંકાને સ્થાન નથી.

લિ.
નગીનદાસ પારેખનાં વંદન

*

૨૨-૭-૬૬

પ્રિય ધીરુભાઈ,

‘સ્વાધ્યાય’માં હાઈકુ પરનું તમારું વ્યાખ્યાન વાંચતાં ઘણો આનંદ થયો. તમે વિષય પરની જે પકડ એમાં દાખવી છે, તે ખરેખર ઊંડી સમજ અને સામર્થ્ય દર્શાવે છે. હું જાણું છું કે તમને એ માટે જોઈતું સાહિત્ય મળ્યું ન હતું, એમ છતાં તમારી આગવી સૂઝથી હાઈકુના મર્મને તમે સારી રીતે પકડી શક્યા છો. એ માટે તમને ધન્યવાદ જ નહીં-કૃતજ્ઞતાપૂર્વક મારા હાદિર્ક ધન્યવાદ. મારી કૃતિઓને આટલા તાટસ્થ્યથી જોવાની તમે મને મોટી તક આપી છે, અને એનો લાભ માત્ર હાઈકુ માટે જ નહીં, મારી બીજી સર્જનપ્રક્રિયા માટે પણ હું લઈશ. દા. ત. તમે

*અબ્ધિ છોળોએ*
*દડો સૂર્યનો ઝીલ્યો*
*ઊછળી ઊંચે.*

હાઈકુની પ્રલંબ આકૃતિને એમાં જે જરાક વિક્ષેપ નડે છે એમ બતાવ્યું છે, તે મને ખરું લાગ્યું છે. અને તમારાં બે સૂચનના નિર્દેશ લઈ મારા સંગ્રહમાં સુધારીને હું નીચે પ્રમાણે મૂકવા ધારું છું:

*અબ્ધિ છોળોએ*
*ઊછળી ઊંચે ઝીલ્યો*
*દડો સૂર્યનો.*
*એ જ પ્રમાણે*
*ઠીંકરી જળે*
*ઠેકવી ગઈ સરે*
*ઝાંઝર એનાં.*
*અંગે જે કહ્યું છે, તે પણ સાચું છે.*
*ઠીંકરી જળે*
*ઠેકતી જાય: સરે*
*નાજુક લ્હેર.*

-એમ જો હું મૂકી શક્યો હોત તો સંભવ છે કે વધુ સારું થાત. પણ એ હાઈકુ ઘણુંબધું જાણીતું થયું છે, એટલે હવે એમાં મને ફેરફાર કરવાનું ઠીક નથી લાગતું.

કોઈક સામયિક, જેમ કે ‘સંસ્કૃતિ’ કે ‘બુદ્ધિપ્રકાશ’માં દર મહિને તમે આવો એક સ્વાધ્યાય આપતા હો, તો કેવું સારું! મોડાસામાં તમે છો ત્યાંનું શાંત વાતાવરણ ને વસ્તુના મૂળ સુધી પહોંચવાની તમારી શક્તિ, એનો સુમેળ કેટલો બધો અણમોલ બને!

લિ.
ઝીણાભાઈના સપ્રેમ નમસ્કાર
[ઝીણાભાઈ દેસાઈ, ‘સ્નેહરશ્મિ’]

*

વડોદરા, ૩૦-૧૨-૫૭

સ્ને. શ્રી ધીરુભાઈ,

તમે ભેટ આપેલું 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ' એ પુસ્તક તરત સાદ્યન્ત વાંચી ગયો છું. મણિલાલના જીવન અને સાહિત્યનો ઊંડો, સાંગોપાંગ અભ્યાસ કરીને તમે ગુજરાતી સાહિત્યની એક સાચી સેવા બજાવી છે. 'જીવનરંગ'માંના પ્રત્યેક મહત્ત્વના વિધાનને તમે ઉચિત પુરાવા અને સાધકબાધક વિગતોના તોલન સહિત રજૂ કર્યું છે, છતાં નિરૂપણની સરલતાને ક્યાંય બાધ આવતો નથી અને ચરિત્રનાયકનું સુરેખ વ્યક્તિત્વ એમાંથી ઊપસી આવે છે, એ તમારી એક આગવી સિદ્ધિ છે. મણિભાઈની આ જીવનકથા તત્કાલીન સામાજિક સાંસ્કારિક ઇતિહાસ માટે પણ એટલી જ અગત્યની.

લિ. સ્ને.
ભોગીલાલ સાંડેસરાના નમસ્કાર

*

૧-૬-૯૨

સ્ને. શ્રી ધીરુભાઈ

તમારો લેખસંગ્રહ 'અભિજ્ઞાન' મળ્યો કે તુરત એ હું સાદ્યન્ત વાંચી ગયો હતો. આ પહેલાંનાં તમારાં લગભગ બધાં પુસ્તકો મેં વાંચેલાં છે, પણ પ્રસ્તુત સંગ્રહમાંનો એક પણ લેખ આ પહેલાં મેં વાંચ્યો ન હતો. વાંચીને ઘણો સંતોષ થયો. તમારા શાંત અધ્યયન અને શીલનો શીળો પ્રકાશ તમારા પ્રત્યેક લેખમાં તથા તમારી શૈલીમાં પ્રગટ થાય છે, એ માટે અભિનંદન!

લિ. સ્ને.
ભોગીલાલ સાંડેસરાના નમસ્કાર

*

મુંબઈ, ૧૮-૮-૪૯

સ્નેહી ભાઈશ્રી ધીરુભાઈ ઠાકર,

મારાથી થઈ શકે છે તેટલું અને કંઈક વધારે કામકાજ હું કરતો

આવ્યો છું. હજી કર્યા કરું છું. આખર લગી એમ જ ચાલ્યા કરશે, કેમ જે કામ જ મારું જીવન છે. વહુ નથી, કામકંદર્પ નથી; પૈસાનો લોભ હતો જ નહીં: ગરીબી અને તંગી સામે બંડ કરવા કંઈ પણ કરી નાખીને, આમ દોડીને તેમ ફાંફાં મારીને ધન ધન ધન મેળવાય તો ધન્ય-એ વૃત્તિ જ કદાપિ નહોતી, હવે થાય એમ નથી. છોકરાં મ્હોટાં થઈ ગયાં; એટલે જંજાળ-કડવી, ખટમીઠી, મધુરી, સ્વર્ગીય, જેવી ગણો તેવી મુદ્દલ નથી.

મૌન આવડે છે; અસહકાર આવડે છે; પ્રતિષ્ઠા ન જળવાય એવું ડગલું ભરવું નથી, એવી સોબતમાં ઘસડાવું નથી-એવા બડેજા મહાજનોથી અંજાવું નથી. મ્હારા જે સિદ્ધાંતો, જે વલણો, જે ફિલસૂફી છે, જે કાર્યપદ્ધતિ છે, કાર્યમાં જે સફાઈ અને જે ચોકસાઈ માટે આગ્રહ છે, ટૂંકામાં મ્હારું ચારિત્ર છે, જે સર્જન છે, જે રીતે વહ્યા કરે છે, જે એક જ મ્હારું જીવન છે, તેની કદર હાલના ગુજરાતે ઘણા કરી શકે એવો સંભવ મેં તો કોઈ બી દિવસે સ્વપ્ને પણ કલ્પ્યો નથી, કેમ કે હું ગુજરાતને, ગુજરાતની સંસ્કૃતિને, ગુજરાતની વાતડાહ્યી, આળસુ-અલ્પસંતોષી અને ફડાકી વિલાસિતાને બહુબહુ વહેલેથી-તમારો જન્મ પણ થયો નહીં હશે ત્યારથી-સારી રીતે ઓળખી ગયો છું. ગુજરાતનાં લક્ષણો અંબાલાલને નડ્યાં, ગાંધીજીને નડ્યાં, તો મ્હારા જેવા જંતુને ના નડે વળી?

બલવંત ક. ઠાકોરના જયભારત

*

છેલ્લા છએક દાયકા દરમિયાન મારા પર આવેલા પત્રોમાંથી કેટલાક પસંદ કરીને મૂક્યા છે. પત્રો લખનાર કોઈ ને કોઈ રીતે સાહિત્ય સાથે કામ પાડનાર મહાનુભાવો છે અને દરેક પત્રમાંથી નાનોમોટો સાહિત્યનો મુદ્દો ઊપસે છે.

આ પત્રો આત્મરતિથી પ્રેરાઈને નહીં પણ કેવળ સાહિત્યપ્રીત્યર્થ પ્રગટ કરવા લલચાયો છું. તેમાંની વિગતો કાળના પ્રવાહમાં લુપ્ત થઈ જાય તે પહેલાં આ રીતે સચવાઈ રહે, તો કોઈક અભ્યાસીને કામ

લાગે એવી આશા સાથે આ પત્રસંચય રજૂ કરું છું.

ધીરુભાઈ ઠાકર

['પત્રમાધુરી' : પુસ્તક]

*

# ગુજરાતી વિશ્વકોશ

માણસ વિચાર કરતો થયો ત્યારથી તેને પોતાના અસ્તિત્વ વિશે, આસપાસની સૃષ્ટિ વિશે અને તેના સર્જક વિશે કુતૂહલ થયું હશે. ધર્મ-તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનની શાખા-પ્રશાખાઓનું જ્ઞાન તેના ચિત્તમાં સંચિત થવા લાગ્યું હશે. લિપિની શોધ થઈ ત્યાં સુધી મનુષ્યસમાજે શ્રુતિ અને સ્મૃતિની સહાયથી પોતાનાં જ્ઞાન-અનુભવનો વારસો પેઢી-દર-પેઢી જાળવવાની વ્યવસ્થા કરેલી; એ રીતે ભારતમાં વેદ-વેદાંગ-ઉપનિષદનાં જ્ઞાનવચનો-સૂત્રો મુખપાઠરૂપે હજારો વર્ષ સુધી સચવાઈ રહ્યાં હતાં. પશ્ચિમમાં ઈ. પૂ. ચોથી સદીમાં ગ્રીક ફિલસૂફ એરિસ્ટોટલે પોતાના શિષ્યો માટે પોતાના જમાનાનાં જ્ઞાન અને ચિંતનનો સંચય કરી રાખેલો તે પ્રાચીન ગ્રીસનો પ્રથમ જ્ઞાનકોશ ગણાય છે.

જ્ઞાનવિજ્ઞાનની વિવિધ શાખાઓની સંપત્તિ કોઈ એક જ સાધનમાં એકત્રિત સ્વરૂપે ઉપલભ્ય હોય તો તે વિશ્વકોશમાં છે. 'વિશ્વકોશ' શબ્દ અંગ્રેજી શબ્દ 'encyclopaedia'નો ભારતીય પર્યાય છે. માણેકજી એદલજી વાછા અને અરદેશર ફરામજી સોલને આપેલ પહેલા ગુજરાતી જ્ઞાનકોશમાં તેમણે 'એન્સાઇક્લોપીડિયા' માટે 'સર્વવિદ્યામાલા' શબ્દ પ્રયોજ્યો છે (૧૮૯૧). પરંતુ ગુજરાતનો પ્રથમ સંપૂર્ણ જ્ઞાનકોશ આપનાર રતનજી ફરામજી શેઠનાએ પ્રયોજેલો પર્યાય 'જ્ઞાનચક્ર' મૂળ અંગ્રેજી શબ્દની વધુ નિકટ સમજાય છે. આમ છતાં 'વિશ્વકોશ' શબ્દ આધુનિક સમયમાં હિન્દી, મરાઠી, બંગાળી વગેરે ભારતીય ભાષાઓમાં સુપ્રચલિત થયો હોવાથી 'એન્સાઇક્લોપીડિયા'ના ભારતીય પર્યાય તરીકે 'વિશ્વકોશ' શબ્દનો સ્વીકાર થયો છે.

વિશ્વકોશ એટલે વિશ્વવિદ્યાનો કોશ. સચરાચર સૃષ્ટિની સર્વાંગીણ માહિતીનો ભંડાર. તેમાં જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખાઓને લગતા વિષયોની માહિતી સંક્ષેપમાં અધિકૃત સ્વરૂપમાં મુકાય છે. તેના લેખકનું લક્ષ્ય શાસ્ત્રપૂત માહિતીને શક્ય તેટલા સંક્ષિપ્ત અને સઘન સ્વરૂપમાં, તાર્કિક ક્રમે, તટસ્થપણે રજૂ કરવાનું હોય છે. વિષયના પ્રત્યેક પાસાનું સ્વચ્છ, સુદૃઢ અને યથાર્થ પ્રતિબિંબ પાડવા વિશ્વકોશનો અધિકરણલેખક મથે છે.

જ્ઞાનકોશ તરીકે લોકોમાં પ્રચલિત બનનાર પ્રથમ ગ્રંથશ્રેણી તે પ્લીની ધી એલ્ડર (ઈ. ૨૩-૭૯)નો 'હિસ્ટોરિયા નેચરલિસ' છે, જેમાં સેંકડો લખાણોમાંથી હજારો હકીકતો અને દૃષ્ટાંતો એકત્રિત કરીને મૂકેલાં છે. આ ગ્રંથશ્રેણી ઘણી લોકપ્રિય નીવડી હતી. મધ્યયુગમાં તેની અનેક આવૃત્તિઓ થઈ હતી. ૧૫૦૦ વર્ષ સુધી આ કોશમાંથી પછીના કોશોને સામગ્રી મળ્યા કરી હતી.

જૂના અંગ્રેજી જ્ઞાનકોશોમાં પ્રથમ ઉલ્લેખપાત્ર છે જોન હૅરિસનો 'એન યુનિવર્સલ ઇંગ્લિશ ડિક્શનેરી ઓવ્ આર્ટ્સ ઍન્ડ સાયન્સીઝ' (૧૭૦૪). તેમાં ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રનું પ્રાધાન્ય હતું. ધર્મવિદ્યા, કવિતા કે ચરિત્રને તેમાં સ્થાન નહોતું.

ઇંગ્લૅન્ડમાં આ પ્રવૃત્તિના વિકાસનો સીમાસ્તંભ ગણાય તેવો કોશ તે 'ચેમ્બર્સ સાઇક્લોપીડિયા' (૧૭૨૮) છે. અબ્રહામ રીસે સંપાદિત કરેલા આ કોશના નવીન સંસ્કરણની અનેક આવૃત્તિઓ થયેલી. ૧૮૨૦માં તેની ૪૫ ગ્રંથોની શ્રેણી પૂરી થઈ હતી.

બ્રોકહાઉસનો જર્મન વિશ્વકોશ 'કોન્વરસેશન્સ લેક્સિકોન' (૧૭૯૬-૧૮૧૧) અહીં ખાસ ઉલ્લેખપાત્ર છે. તેના નમૂના પરથી યુરોપના બીજા દેશોના વિશ્વકોશો તૈયાર થયેલા. વિવિધ વિષયોની અદ્યતન અને અધિકૃત માહિતી પીરસતા, સંક્ષિપ્ત અને સુગ્રથિત લેખોને કારણે આ વિશ્વકોશની પ્રતિષ્ઠા બંધાઈ હતી.

રાજકીય કારણસર બોસ્ટનમાં દેશવટો ભોગવતા ફ્રાન્સિસ લાઇબર

નામના એક જર્મને 'એન્સાઇક્લોપીડિયા અમેરિકાના'નું સર્વપ્રથમ પ્રકાશન કરેલું (૧૮૨૯). તેણે બ્રોકહાઉસના જર્મન કોશનું ભાષાંતર કર્યું હતું. ૧૮૩૩માં તેના ૧૩ ગ્રંથ પૂરા થયા હતા. પછીનાં પચીસ વર્ષોમાં તેની અનેક આવૃત્તિઓ થયેલી. પછી રિચાર્ડ એસ. પીલ નામના પ્રકાશકે 'સાયન્ટિફિક અમેરિકન' માસિકના સહયોગમાં 'એન્સાઇક્લોપીડિયા અમેરિકાના' પ્રગટ કરેલો. ૧૯૧૮-૨૦ દરમિયાન તેની નવી જ ૩૦ ગ્રંથોની શ્રેણી પ્રગટ થયેલી. આ કોશની વિશિષ્ટતા એ હતી કે દરેક સદીનો ઇતિહાસ તથા સાહિત્ય અને સંગીતની મહત્ત્વની રચનાઓનાં સાર ને વિવેચન તેમાં આપેલાં. સંપાદકો, સલાહકારો અને લેખકોના મોટા કાફલાની સહાયથી 'એન્સાઇક્લોપીડિયા અમેરિકાના'ના નવનિર્માણનું કામ અદ્યાપિ પર્યંત ચાલુ છે.

'ફ્રેન્ચ આન્સિક્લોપેદિ'એ ફ્રાન્સમાં નવા યુગનું પ્રવર્તન કર્યું હતું. જોન મિલ્સ અને ગોટફ્રીડ સેલીએ 'ચૅમ્બર્સ સાઇક્લોપીડિયા'ને ફ્રેન્ચ ભાષામાં ઉતાર્યો હતો, તેને ૧૭૫૧-૧૭૯૧ દરમિયાન દેનિસ દિદેરો તથા ઝ્યાં દ આલ્બર્તે વિસ્તૃત બનાવ્યો. આપખુદ શાસન, સામન્તશાહી તંત્ર અને મધ્યયુગીન સમાજની રૂઢિપરસ્તીને ફ્રેન્ચ ક્રાન્તિએ મરણતોલ પ્રહાર કરીને એક નવા યુગનું મંડાણ કર્યું હતું. તેમાં ફ્રેન્ચ વિશ્વકોશે અગત્યનો ભાગ ભજવ્યો હતો. અગાઉના વિશ્વકોશો મુખ્યત્વે વ્યક્તિવિશેષના પ્રયત્નોનું પરિણામ હતા. ફ્રેન્ચ વિશ્વકોશમાં સૌપ્રથમ વિવિધ લેખકોનો પુરુષાર્થ સંઘબદ્ધ થઈને એકસૂત્રમાં પરોવાયો. અહીંથી વિશ્વકોશ એક વ્યક્તિનું સાહસ મટીને વિચારકો અને વાચસ્પતિઓનું સંયુક્ત સાહસ બની રહે છે. પરંતુ રાજકીય અને સામાજિક વિષયો પર આ કોશકારોનું ધ્યાન કેન્દ્રિત હોવાથી બીજા વિષયોની ઉપેક્ષા થવા પામી હતી એ તેની મોટી મર્યાદા હતી.

વિશ્વકોશની વિભાવના મહોરીને પૂર્ણપણે મૂર્તરૂપ પામી 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં. અર્વાચીન યુગમાં જ્ઞાનકોશની એક અનિવાર્ય જ્ઞાનસાધન તરીકે પ્રતિષ્ઠા થઈ તે 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'ના પ્રસારને પ્રતાપે. ૧૭૬૮માં તેની પ્રથમ આવૃત્તિ પ્રગટ

થઈ અને ૧૯૭૫માં પંદરમી પ્રકાશિત થઈ તે બસો વર્ષના ગાળામાં અદ્યતન વૈજ્ઞાનિક યુગની માગને પહોંચી વળે તેવું તેનું સઘન અને વ્યાપક સ્વરૂપ બંધાયું છે. દુનિયાભરમાંથી વિવિધ વિષયોના નિષ્ણાતોને તેમાં લખવાનું નિમંત્રણ મોકલાય છે.

ચીન, જાપાન, સ્પેન, પોર્ટુગલ અને ઇટાલીએ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'ના સહકારથી પોતપોતાની ભાષામાં વિવિધ કદના વિશ્વકોશો વીસમી સદી દરમિયાન પ્રગટ કરેલા છે. અમેરિકાનો 'રેન્ડમ હાઉસ એન્સાઇક્લોપીડિયા' પણ અનેક ભાષાઓમાં ઊતર્યો છે. સ્વીડન, નોર્વે, ચેકોસ્લોવેકિયા, પોલૅન્ડ, ફિનલૅન્ડ, રૂમાનિયા, યુગોસ્લૅવિયા, બલ્ગેરિયા, લિથુઆનિયા વગેરે યુરોપીય દેશોમાં અદ્યતન માહિતી પીરસતા સુંદર જ્ઞાનકોશો તૈયાર કરાયેલા છે.

*

ભારતમાં શબ્દકોશની રચનાની પ્રવૃત્તિના જેટલી વિશ્વકોશની પ્રવૃત્તિ જૂની નથી. ઓગણીસમી સદીથી કેટલીક ભારતીય ભાષાઓમાં તે માટે છૂટાછવાયા અને અધૂરા પ્રયત્નો થવા લાગ્યા. નગેન્દ્રનાથ બસુનો બંગાળી વિશ્વકોશ ભારતીય વિશ્વકોશોમાં સીમાસ્તંભરૂપ છે. ૧૮૮૬માં પહેલા ખંડનું આયોજન રંગલાલ મુખોપાધ્યાય અને ત્રૈલોક્યનાથ મુખોપાધ્યાય નામના બે ભાઈઓએ કરેલું. પછી નગેન્દ્રનાથે અનેક વિદ્વાનોના સહકારથી તેના ૨૨ ખંડો સંપાદિત કર્યા હતા. તેનું પ્રકાશન ૧૯૧૧માં પૂરું થયું. બસુના 'બાંગ્લા વિશ્વકોશે' દેશના બૌદ્ધિકોનું ધ્યાન ખેંચ્યું. ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા'માં તેની પ્રશંસાત્મક નોંધ લીધી હતી.

૧૯૨૫થી ૧૯૩૨ની વચ્ચે બસુએ 'હિન્દી વિશ્વકોશ'ના ૨૫ ભાગો તૈયાર કર્યા હતા. તેનો આધાર 'બાંગ્લાકોશ' હતો. તેમણે હિન્દી ભાષાના વિદ્વાનોનો પણ સહકાર લીધેલો. ૧૯૮૬માં આ ગ્રંથનું નવું સંસ્કરણ ૨૫ ખંડોમાં પ્રગટ કરવામાં આવેલું. તેમાં મૂળ સામગ્રીને અદ્યતન ઓપ આપીને નવી સામગ્રી ઉમેરેલી પણ ખરી. ૧૯૫૪માં નાગરી પ્રચારિણી સભાએ ૧,૦૦૦ પૃષ્ઠનો એક એવા વિશ્વકોશના ૩૦ ગ્રંથોનું આયોજન કરેલું. તેના ત્રણ ગ્રંથો ૧૯૭૦માં પ્રગટ થયેલા. તેની

પણ સંશોધિત આવૃત્તિ પ્રગટ થયેલી છે.

સુપ્રસિદ્ધ મહારાષ્ટ્રીય વિદ્વાન ડો. શ્રીધર વ્યંકટેશ કેતકરે 'મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ' મરાઠી ભાષામાં ૨૩ ભાગમાં પ્રસિદ્ધ કર્યો હતો (૧૯૨૧-૧૯૨૯). તે તેમણે એકલે હાથે તૈયાર કરેલો હતો. તેમની ખ્વાએશ ભારતની બધી ભાષાઓમાં સમાન પરિભાષા ધરાવતા જ્ઞાનકોશ તૈયાર કરવા-કરાવવાની હતી. તે મુજબ 'ગુજરાતી જ્ઞાનકોશ'નો પ્રથમ ભાગ ૧૯૨૯માં વિદ્યાબહેન નીલકંઠની પ્રસ્તાવના સહિત પ્રગટ કર્યો હતો. તેમાં વિવિધ વિષયોના ગુજરાતી નિષ્ણાતોનો સહકાર લીધો હતો. પણ કેતકરના અવસાનને કારણે એનું કામ બે ગ્રંથથી આગળ ચાલ્યું નહિ.

વિવિધ વિષયોની માહિતીનો અકારાદિક્રમે ગોઠવાયેલાં શીર્ષકો ધરાવતો, પાશ્ચાત્ય વિભાવનાનો સર્વસંગ્રાહક વિશ્વકોશ હજુ મળવાનો બાકી હતો. બીજી અનેક બાબતોની માફક આ બાબતમાં પણ ગુજરાતમાં તેની પહેલ પારસીઓએ કરી હતી. વિશ્વકોશ રચવાનો પ્રથમ પ્રયત્ન વાછા અને સોલને ૧૮૯૧માં 'સર્વવિદ્યામાલા' શીર્ષકથી કરેલો. ચાર ભાગમાં કોશ રચવાનો તેમનો પ્રકલ્પ હતો, પણ એક ભાગથી આગળ તે વધી શક્યા નહોતા.

ગુજરાતી ભાષામાં પ્રથમ સંપૂર્ણ વિશ્વકોશ આપનાર રતનજી ફરામજી શેઠના છે. તેમણે ૧૮૯૯થી ૧૯૧૦ દરમિયાન નવ ભાગમાં વિસ્તરેલું 'જ્ઞાનચક્ર' આપેલું છે. મુંબઈની જ્ઞાનપ્રસારક (ગનેઆન પરસારક) મંડળીના સેક્રેટરી પર અરદેશર સોરાબજી દસ્તૂર કામદીન નામના ગૃહસ્થે પત્ર લખીને અંગ્રેજી 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'ને આધારે વર્ણાનુક્રમે શબ્દો ગોઠવીને મુખ્યત્વે ધર્મ, ઇતિહાસ તથા દેશી હુન્નરકળાના વિષયોનું અને પછી તે સિવાયના વિષયોનું પણ જ્ઞાન આપે તેવો 'રેસાલો' (હસ્તપ્રત) તૈયાર કરનારને રૂપિયા ચારસોનું ઇનામ આપવાની તત્પરતા દર્શાવી હતી. તેના જવાબમાં ચાર લખાણો આવેલાં. તે પૈકી રતનજી ફરામજી શેઠનાનો 'રેસાલો' પરીક્ષક સમિતિને શ્રેષ્ઠ લાગતાં તેને છાપવા માટે પસંદ કરવામાં આવ્યો. તેને પરિણામે 'અ-આ'થી શરૂ થતાં અધિકરણો ધરાવતો પ્રથમ ગ્રંથ ૧૮૯૯માં પ્રગટ

થયો. તે રીતે દર વર્ષે ૪૦૦ રૂપિયાના ઇનામની જાહેરાત કરીને રતનજી શેઠનાના 'જ્ઞાનચક્ર'ના નવ ગ્રંથો ૧૯૧૦ સુધીમાં પ્રસિદ્ધ થયા. આમ, 'જ્ઞાનચક્ર' ગુજરાતી ભાષાનો પહેલો વ્યવસ્થિત જ્ઞાનકોશ છે.

જ્ઞાન-વિજ્ઞાનની તમામ શાખાઓની અદ્યતન તેમજ આધારભૂત માહિતી તત્કાળ પીરસે તેવા સર્વસંગ્રાહક વિશ્વકોશની ઊણપ હજુ ગુજરાતમાં ઊભી હતી. સામાન્ય જનની જ્ઞાનભૂખ વધતી જતી હતી. અગાઉની કોઈ પણ પેઢીને હતી તેના કરતાં આજની પેઢીને તેની કદાચ વિશેષ જરૂર જણાતી હતી. આ પરિસ્થિતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં સર્વસંગ્રાહક વિશ્વકોશ તૈયાર કરવાનો સંકલ્પ કર્યો.

મહારાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તે વખતે મુખ્ય પ્રધાન યશવંતરાય ચવ્હાણે ત્યાંની પ્રજાનાં સાહિત્ય-સંસ્કૃતિના વિકાસ માટે એક સ્વાયત્ત મંડળ સ્થાપ્યું હતું. મહારાષ્ટ્રનો ઇતિહાસ અને મરાઠી વિશ્વકોશ તૈયાર કરવાનું કામ તે મંડળને સોંપાયેલું. તદનુસાર વિદ્વાન તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશીના મુખ્યસંપાદક પદે મરાઠી વિશ્વકોશ તૈયાર થઈ રહ્યો હતો. સરકારે તે માટે અધિકારી વિદ્વાનોની નિયુક્તિ ઉપરાંત વિશ્વકોશના મકાન અને અલાયદા મુદ્રણાલયની સગવડ કરી હતી. આજ (૨૦૦૬) સુધીમાં મરાઠી વિશ્વકોશના ૧૬ ખંડ પ્રસિદ્ધ થયા છે.

મરાઠી વિશ્વકોશની પદ્ધતિનો અભ્યાસ કરીને અમે અમારી રીતે ગુજરાતી વિશ્વકોશ વીસ ભાગમાં તૈયાર કરવાની યોજના ઘડી કાઢી અને એ વખતને ધોરણે ૭૫ લાખ રૂપિયા અંદાજિત ખર્ચની વિગતો યુનિવર્સિટી દ્વારા સરકાર સમક્ષ મૂકી. સરકારે પ્રથમ ૫૦ લાખ રૂપિયા મંજૂર કર્યા. તે અંગેનો સરકારી ઠરાવ પણ યુનિવર્સિટીને મળી ગયો. પણ એ જ અરસામાં સરકાર બદલાઈ. બીજી સરકાર આવી. તેણે આગલી સરકારનો ઠરાવ રદ કરીને વિશ્વકોશની યોજના નામંજૂર કરી! યુનિવર્સિટીને વિશ્વકોશ વિભાગ બંધ કરવો પડ્યો.

*

૧૯૮૫ના ઓગસ્ટમાં મારે વીસનગર જવાનું થયું. ત્યાં મારા જૂના મિત્ર, સ્વાતંત્ર્યસેનાની અને ઉત્તર ગુજરાતના અગ્રણી કાર્યકર

સાંકળચંદ પટેલને મળવાનું થયું. વાતમાંથી વાત નીકળતાં મેં તેમને વિશ્વકોશનું કામ કેવી રીતે બંધ પડ્યું તેની વાત કરી. સાંકળચંદભાઈ સાત ચોપડી ભણેલા. તેમને વિશ્વકોશ એટલે શું તેની ખબર નહોતી. મેં તેમને ટૂંકમાં સમજાવ્યું: “દુનિયાભરનું જ્ઞાન ગુજરાતી ભાષામાં ઉતારી આપે તે વિશ્વકોશ.” દરેક પ્રજાને માટે પોતાની ભાષામાં વિશ્વકોશ હોય તે જરૂરનું છે તે મેં તેમને સમજાવ્યું. આ જ્ઞાનસાધન લોકહિતાર્થે ઉપલબ્ધ કરવું જોઈએ તેની તેમને ખાતરી થતાં તેમણે મને આ કામ ઉપાડી લેવા સૂચવ્યું અને ખર્ચની જવાબદારી પોતે લીધી. ટ્રસ્ટ રચાયું.

સાંકળચંદ પટેલે આરંભમાં એવી સંગીન આર્થિક મદદ કરી કે વિશ્વકોશનું કામ તરત વેગ પકડી શક્યું. સાધન કે સગવડના અભાવે એ કામ અટકે કે બગડે નહિ અને ગુણવત્તામાં ઊતરતું ન થવા પામે એ માટે તેઓ ચેતવે. એક પૈસો પણ ખોટું ખર્ચ ન થાય અને જરૂર પડે તો લાખો રૂપિયા ખર્ચાય, એ તેમની નીતિ હતી.

૧૯૮૬ના નવેંબરમાં તેમણે આ દુનિયામાંથી વિદાય લીધી ત્યારે વિશ્વકોશનો ભૂમિકાખંડ તૈયાર થઈ રહ્યો હતો. સાંકળચંદભાઈએ તેર લાખ રૂપિયા જેટલી માતબર રકમ ત્યાં સુધીમાં આ સત્કાર્ય પાછળ ખર્ચી નાખી હતી.

સાંકળચંદભાઈની પ્રથમ પુણ્યતિથિને દિવસે (૨૮ નવેમ્બર, ૧૯૮૭) વિશ્વકોશનો ભૂમિકાખંડ પ્રગટ થયો. વિશ્વકોશનો ત્રીજો ગ્રંથ ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી ચીમનભાઈ પટેલને હસ્તે વિમોચન પામ્યો. ચીમનભાઈએ પ્રકાશનખર્ચના પચાસ ટકા જેટલી ગ્રાન્ટની મંજૂરી પર અવસાનને આગલે અઠવાડિયે જ સહી કરી. માર્ચ ૧૯૯૭ સુધીમાં આઠ ગ્રંથ પ્રગટ થયા. એ જ વર્ષમાં શ્રી શંકરસિંહ વાઘેલા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીપદે આવ્યા. નવમા ગ્રંથના વિમોચન પ્રસંગે તેમણે વિશ્વકોશના પ્રકાશન-ખર્ચના સોએ સો ટકા ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી. તેને પરિણામે ગ્રંથ ૯થી ૨૦ સુધીના પ્રકાશન અંગેની જવાબદારી ગુજરાત સરકારે નિભાવી છે.

વિશ્વકોશની સતત ચાલતી રહેતી પ્રવૃત્તિને લક્ષમાં રાખીને ગુજરાત

સરકારે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને અમદાવાદમાં આશરે ૨૭૨૬ ચોમી. જમીન વિનામૂલ્યે આપી છે. તે જમીન ઉપર વર્તમાન તેમજ ભવિષ્યની નાની-મોટી પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે તેવું વિશાળ વિશ્વકોશ ભવન તૈયાર થયું છે.

ગુજરાતી વિશ્વકોશની પચીસ ગ્રંથોની શ્રેણી ૨૦૧૦ સુધીમાં સંપૂર્ણ થવાની ધારણા છે. ચાલુ ગ્રંથશ્રેણીની કામગીરીની સાથે પછી પ્રગટ થનાર ચરિત્રકોશ અને બાળવિશ્વકોશનું કામ ચાલે છે. ઉપરાંત વિવિધ વિદ્યાશાખાવાર અને વિષયવાર વિશ્વકોશ તૈયાર કરવાનું કામ ટ્રસ્ટના ભાવિ કાર્યક્રમમાં છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના આ વિદ્યાયજ્ઞમાં પચીસ જેટલા વિદ્વાનો કાર્યરત છે. એટલી જ સંખ્યામાં વહીવટી કાર્યકરો જોડાયેલા છે. વિશ્વકોશની સફળતાનો યશ તેમને જાય છે.

વિશ્વકોશના જેટલું જ આકર્ષણ તેની ઉપપેદાશરૂપે પ્રગટ થયેલાં વિવિધ વિષયોનાં લોકોપયોગી પુસ્તકોનું રહ્યું છે. તેમાં ‘કૅન્સર’ (ત્રણ આવૃત્તિઓ), ‘ગુજરાત’ (બે આવૃત્તિઓ), ‘ગાંધીચરિત’ (બે આવૃત્તિઓ), ‘મેઘાણીચરિત’ (બે આવૃત્તિઓ), ‘ભારત’, ‘ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો’નો સમાવેશ થાય છે.

જ્ઞાન-વિજ્ઞાનના વિસ્ફોટના આ યુગમાં માહિતીમાં સતત ફેરફાર થતો રહે છે. અનેક નવી ઘટનાઓ તથા પરિબળોનો ઉમેરો કરવાની જરૂર પડે છે. આ પરિસ્થિતિમાં ગુજરાતી વિશ્વકોશની નવી આવૃત્તિ કેવળ પુનર્મુદ્રણ રહેવાને બદલે નવસંસ્કરણ પામીને પ્રગટ થાય છે. એ રીતે વિશ્વકોશ ગ્રંથ ૧, ૨, ૩ અને ૪નાં નવસંસ્કરણો ૨૦૦૧થી ૨૦૦૬ સુધીમાં પ્રગટ થયાં છે. દરેકમાં આને કારણે ૧૦૦થી ૧૫૦ જેટલાં પૃષ્ઠો ઉમેરાયાં છે. પછીના ગ્રંથો પણ અત્યારે ક્રમશઃ નવસંસ્કરણની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. એટલે વિશ્વકોશની રચનાની પ્રવૃત્તિ સતત ચાલતો રહેલો જ્ઞાનયજ્ઞ છે.

[‘ગુજરાતી વિશ્વકોશ’ પુસ્તિકા: ૨૦૦૬]

*

# ધીરુભાઈ મ. દેસાઈ

## અનેક ગુણોનો વિકાસ

સરળતા, નિરાભિમાનતા, નિખાલસતા, કરકસર (માત્ર પૈસાની નહિ સમય, શબ્દ અને દરેક ચીજની), સ્વાવલંબન, અથાગ પરિશ્રમ, ચોક્સાઈ, વ્યવસ્થા, સુઘડતા, સમયપાલન, હિંમત, ધીરજ, સહનશીલતા, અતૂટ મૈત્રીભાવના, પોતાની ક્ષતિઓનો એકરાર કરવાની તત્પરતા, બીજાની વાત ધ્યાનપૂર્વક સાંભળવાની તૈયારી, સત્યપ્રિયતા, પ્રામાણિકતા, અભ્યાસવૃત્તિ, સાહિત્ય-શોખ, ગરીબો-દલિતો પ્રત્યે ઊંડી હમદર્દી, ત્વરિત નિર્ણયશકિત, સમજાવટની શકિત, લોકશાહી રીતરસમ, સંપૂર્ણ દ્વેષ-રહિતતા વગેરે અનેક ગુણોના વિકાસથી બાબુભાઈએ પોતાનું જીવન ઊંચે ને ઊંચે ચઢાવ્યું અને જેના જેના સંપર્કમાં આવ્યા તે સહુનો એકસરખો પ્રેમ સંપાદન કર્યો.

# ધ્રુવ ભટ્ટ

## મહાન દર્શનોના મૂળમાં

આ વિદ્વજ્જનોની સભામાં સહુથી પહેલાં હું એ લોકોને યાદ કરવા માગું છું કે જેમણે કદી કંઈ પણ વાંચ્યું નથી અને જેઓને વાંચતાં પણ આવડતું નથી. તેમની બોલીઓનું શબ્દભંડોળ રોજિંદા કામકાજના શબ્દોથી વધુ મોટું નથી. હું તેઓને યાદ કરું છું, કારણ કે મને અનેક વખત એવું લાગ્યું છે કે જગતનાં મહાન દર્શનોનાં મૂળમાં આ લોકો છે. એટલું જ નહીં, પ્રકૃતિ સાથે રહેતા અને સતત ઝૂઝતા આ લોકોએ ખેતરોમાં કામ કરતાં કરતાં, વનોમાં વિચરતાં વિચરતાં અને ઘરમાં અનાજ છડતાં રહીને પણ પોતાની પેઢીઓને વાર્તાઓ કહી છે, ગીતો સંભળાવ્યાં છે અને હાલરડાં ગાઈને સુવાડી છે. એ રીતે તેઓએ સમર્થ સાહિત્યકારોને અને દર્શનોને જિવાડયાં છે.

મેં નર્મદા-તટે થોડી રખડપટ્ટી કરી. પરિક્રમાવાસીઓને મળ્યો, ગ્રામજનો સાથે નિવાસ કર્યો. આ બધાંમાંથી જે સંવેદનો જાગ્યાં તે મેં ‘તત્ત્વમસિ’ કથામાં વણ્યાં. મને એવા માનવીઓ મળ્યા જે બિલકુલ અભણ હતા, પોતાની આસપાસના થોડા કિલોમીટરથી મોટો વિસ્તાર તેમણે જોયો ન હતો. જેને આપણે અજ્ઞાની કહીએ છીએ તેવા માણસો પાસે મને જીવનને લગતી વાતો સાંભળવા મળી. જીવન તરફની તેમની દૃષ્ટિથી હું પ્રભાવિત થયો. આ મારો અનુભવ અને તેના પર આધારિત મારાં અર્થઘટનોમાંથી જે કંઈ થોડું લખ્યું તે ‘તત્ત્વમસિ’ નામે તમારી સામે છે.

આ દેશની વિવિધતા ધરાવતી, અસમાનતાઓ ધરાવતી, અનેક પ્રશ્નોથી ઘેરાયેલી પ્રજા જે એક અદૃશ્ય સૂત્રાથી બંધાયેલી રહી છે, તે સૂત્રાના તાંતણા વિખરાતા જતા જોઉં છું ત્યારે સાહિત્ય અને સંવેદનાના સંબંધ પર ભરોસો રહેતો નથી.

# જાદુ

લોક કહે ડુંગર પર ઊગ્યાં છે ઝાડ,
મારાં ઝાડવાંમાં ડુંગર રમમાણ છે,
આખો યે દેશ સાવ વાદળ થઈ જાય
એવા નકરા જાદુનું આ કામ છે.

કાળ-જૂના પથ્થરમાં ઊભી તિરાડસમી
આકરી વ્યથામાં સ્હેજ જોવું,
અંદર છે ઝરણાને રણઝણતું રાખવાને
આખાયે જંગલનું હોવું.

ક્યાંક કંઈક કોળે તો એક વાત જાણીએ કે
ધરતી તો ઊગવાનું જ્ઞાન છે.
આખો યે દેશ સાવ વાદળ થઈ જાય
એવા નકરા જાદુનું આ કામ છે.

લોક કહે ડુંગર પર ઊગ્યાં છે ઝાડ,
મારાં ઝાડવાંમાં જંગલ રમમાણ છે.
મહુડા કે સાગડામાં આથમતા સૂરજથી
જંગલની વારતાઓ થાય નહીં;
રંગ-રૂપ, ગંધ-સ્વાદ, શબ્દ-ઢોલથાપ વિના
જંગલનાં ગીતો ગવાય નહીં.

જંગલ તો હાથ મૂકો છાતીએ ને
સાંભળી લો એવા થડકારાનું નામ છે.

# ચાલ જાગીએ!

*ભાંગતો પહોર કંઈક બોલે છે બોલ*
*ક્યાંક વાગે છે ઢોલ—ચાલ જાગીએ!*
*આઘેના ડુંગરમાં બોલે છે મોર*
*એનો ઝીણો કલશોર—ચાલ જાગીએ!*

*ઝરમરતી વાદળીના ઝીણા વરસાદ*
*ભીનો ચંદરવો ગોળ—ચાલ જાગીએ!*
*ઝીલી લે ઝીલી લે વરસ્યાં આકાશ*
*એમાં સપનાઓ બોળ—ચાલ જાગીએ!*

*ઝીણેરી જાત એના ઝીણેરા ઓરતામાં*
*રાચે છે કોક—ચાલ જાગીએ!*
*ઝીણેરી ઝાંઝરીના ઝીણા રણકાર*
*એમાં પગનો હિલ્લોળ—ચાલ જાગીએ!*

*ઝરમરતી રાત એના ઝીણા ઉજાગરાની*
*આંખો હિંગોળ—ચાલ જાગીએ!*
*ઝીણી ઘોડી ને એનો ઝીણો અસવાર*
*કહે દરવાજો ખોલ—ચાલ જાગીએ!*

*ઝીણેરાં ઝાડવાંનાં ઝીણેરાં ફૂલ ખર્યો*
*આખોયે ચોક—ચાલ જાગીએ!*
*ફૂલ છે તો ફોરમ કે રંગ છે તો રૂપ*
*બધી ધારણાઓ ફોક—ચાલ જાગીએ!*

*આવ્યા તે ઓઢી લે ઝીણા અંધાર*
*હવે પડછાયા છોડ—ચાલ જાગીએ!*
*ઝીણેરી વીજળીના ઝીણા ઝબકાર*
*એમાં દર્પણને તોડ—ચાલ જાગીએ!*

## રાનમાં

*ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં,*
*વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી*
*થાશે મેદાનમાં,*
*ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં…*

*ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઊતરશે*
*ધોધમાર હેઠું,*
*ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું*
*ધારધાર બેઠું.*
*કાલ સુધી રહેતા’તા આપણે ને કાલથી તો*
*વાછંટો રહેશે મકાનમાં,*
*ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં…*

*આપણને થાય એવું વાદળને થાય, એવું*
*ઝરણાંને થાય એવું ઘાસને*
*આવી ઘટનામાં જે ડુંગરને થાય, થાય નેવેથી*
*દડદડતાં ગામને.*
*તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં અને ઝાડ*
*તળે ગહેકું રે પાનમાં,*
*ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં…*

## ક્યાંક…

*સ્મરણોનું એવું*
*કે ક્યાંક હોય ફૂલ, ક્યાંક ધૂળ, ક્યાંક રેતી*
*કે ધોધમાર વરસ્યો વરસાદ*
*પગલાંની છાપ*

*ક્યાંક ઓગળતી આંખ, ક્યાંક ભીંજાતી લાગણી*
*કે દૂર દૂર રવરવતો સાદ.*

ધ્રુવ ભટ્ટ

*

*ક્યાંક ઊઘડતું આવે અંતર,*
*ક્યાંક ઓસરી જાય!*
*બે આંખોમાં કંઈ કંઈ આવે,*
*કંઈ કંઈ ચાલી જાય!...*
*ક્યાંક કશું પકડાતું આવે,*
*ક્યાંક છૂટતું જાય.*

ચંદ્રકાન્ત શેઠ

# નગીનદાસ પારેખ

## આરાધ્યદેવ: જીવન

એક સ્વાધ્યાયપરાયણ, વિદ્યાર્થી-વત્સલ અને રાષ્ટ્રપ્રેમી શિક્ષક તથા ઓજસ્વી શૈલીના લેખક ગોવિંદરાવ પા. ભાગવતનો જન્મ મધ્ય ભારતમાંથી ગુજરાતમાં આવી વસેલા મહારાષ્ટ્રીય કુટુંબમાં થયો હતો. ગાંધીજીએ અસહકારની હાકલ કરતાં મૅટ્રિકમાંથી અભ્યાસ છોડીને એ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા ને પછી ગામડાંમાં સ્વરાજના સૈનિક તરીકે કામ કરવા લાગી ગયા હતા. સુણાવમાં રાષ્ટ્રીય શાળા શરૂ થતાં પોતાના મોટા ભાઈ ગોપાળરાવ સાથે તેઓ એ શાળામાં પહોંચ્યા હતા. તેજસ્વી નક્ષત્રામાળા સમું એક વિરલ શિક્ષક-જૂથ એ શાળામાં એકઠું થયું હતું. રવિશંકર મહારાજ એના સ્થાપક હતા. એ શાળાએ આસપાસનાં ગામોમાં જે સંસ્કાર સીંચ્યા હતા, તેનો પ્રભાવ દાયકાઓ પછી પણ વર્તાતો રહ્યો.

શિક્ષકનું કામ સ્વીકારતાં જ ગોવિંદરાવે પોતાનું ઘડતર શરૂ કર્યું. કવિ ‘કાન્ત’નો ‘શિક્ષણનો ઇતિહાસ’ એમનું ‘બાઇબલ’ બની ગયું. એમનો આરાધ્યદેવ જીવન હતું. ગમે તે વિષય શીખવતા હોય, વિદ્યાર્થીઓનું જીવનઘડતર કરવામાં તેનો કઈ રીતે ઉપયોગ કરવો એ જ તે વિચારતા હોય. પોતે જન્મે મહારાષ્ટ્રીય, પણ મરાઠી કરતાં ગુજરાતી ભાષા ઉપર તેમનું પ્રભુત્વ વધારે હતું.

૧૯૩૫માં ગાંધીજીને હાથે નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપના થઈ ત્યારે ગોવિંદરાવને ત્યાં બોલાવવામાં આવેલા. ૧૯૪૨ની લડતમાં વિદ્યાલય બંધ થયું ત્યારે એમણે કમલ પ્રકાશન મંદિર નામે પ્રકાશન સંસ્થા શરૂ કરી. એ વખતે પુસ્તકોના થેલા ઉપાડીને ઘેર ઘેર જઈ લોકોને સદ્વાચનનો શોખ લગાડવા એમણે કરેલા પ્રયત્નો સ્વરાજની

લડતના પુરુષાર્થ કરતાં લગારે ઓછા નહોતા.

['બુદ્ધિપ્રકાશ' માસિક: ૧૯૭૩]

## બાળસાહિત્યને નામે

બાળસાહિત્યને નામે આજે જાત-જાતનો કચરો પ્રગટ થઈ રહ્યો છે અને સાહિત્યની બાબતમાં બાળકો જેવાં જ અનભિજ્ઞ મા-બાપો તે ખરીદે છે.

એ લોકોની એક દલીલ આશ્ચર્યકારક છે. બાળસાહિત્ય વિષે બોલનાર તમો વિવેચકો કોણ? જે ગીતોને બાળકોએ અપનાવ્યાં છે તેને વખોડી કાઢનાર તમે કોણ? પણ આનાં કરતાં સારાં કાવ્યો બાળકોને આપવામાં આવે તો તેઓ તેનો અસ્વીકાર કરે એમ લાગે છે? બાળકોની રુચિ પણ તમે જ ઘડો છો ને?

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રામાં: ૧૯૩૮]

## લેખનની મુશ્કેલીઓ

કોઈ ભાવ, વિચાર કે વસ્તુ ભાષા દ્વારા લખીને બીજાને પહોંચાડવાની કળા, તે લેખન. એમાં બે વસ્તુ સમાઈ જાય છે: એક તો જે કહેવાનું છે તે, અને બીજી તે કહેનારી ભાષા.

કોઈ પણ વસ્તુ આપણે બીજાને કહેવાનો પ્રયત્ન કરીએ તે પહેલાં તેનો આપણા મનમાં સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ. તો જ આપણે તે સામા માણસને બરાબર કહી શકીએ. ત્યાર પછી એને સારી રીતે સામા માણસને પહોંચાડવા માટે ભાષા જોઈએ. આપણા મનમાં કહેવાની વાત સ્પષ્ટ હોય, છતાં બીજો માણસ તે બરાબર સમજી શકે એ રીતે કહેવાની ભાષા આપણી પાસે ન હોય, તોયે લેખન સફળ થતું નથી.

પોતાને શું કહેવું છે તેની જે માણસને ખબર જ નથી હોતી, તેનું લખાણ ગાંડા માણસના રઝળપાટ જેવું હોય છે. તેમાં હકીકતનાં ટોળાં ફાવે તેમ ભટકતાં હોય છે. લખાણમાં અસંગતિ, અસંબદ્ધતા વગેરે દોષો દેખા દે છે. તેનું કારણ, લેખકના ચિત્તમાં વિચાર સ્પષ્ટ થયો હોતો નથી.

લેખન સંબંધે પહેલી મુશ્કેલી શું લખવું છે તે નક્કી કરવાની છે; અને બીજી, એ કહેવાને કાબેલ ભાષા મેળવવાની છે. આ બે તત્ત્વોને આધારે આપણે લેખકોના ચાર વર્ગ પાડી શકીએ.

૧. જેમની વિચારણા સ્પષ્ટ અને તર્કશુદ્ધ છે, અને સાથોસાથ તે વ્યક્ત કરવાને કાબેલ એવી ભાષા પણ જેમની પાસે છે.

૨. જેમની પાસે સ્પષ્ટ વિચારણા છે, પણ ભાષાની સજ્જતા ઓછી છે.

૩. જેમની પાસે ભાષાની સજ્જતા છે, પણ જેમની વિચારણા ગોટાયેલી કે ધૂંધળી છે.

૪. જેમની પાસે સ્પષ્ટ વિચારણા પણ નથી અને ભાષાની સજ્જતા પણ ઓછી છે.

આમાંના પહેલા વર્ગના પ્રતિનિધિ તરીકે હું બર્ટ્રાન્ડ રસેલને લેવા માગું છું. એમનાં લખાણ જેમણે વાંચ્યાં હશે તેમને એ અનુભવવાનો આનંદ મળ્યો હશે કે અત્યંત સૂક્ષ્મ અને સંકુલ વિચારો પણ કેવા સુવ્યવસ્થિતપણે પાણીના રેલાની માફક અસંદિગ્ધ અને પ્રાસાદિક ભાષામાં વહેતા હોય છે. એમનું કોઈ પણ લખાણ વાંચીએ ત્યારે વાક્યો અને વિચાર વ્યૂહબદ્ધ થઈને કૂચ કરતા સૈન્યની માફક ચાલતાં લાગે છે. એનું કારણ, એમણે પોતાનું કહેવાનું ચિત્તમાં બરાબર પ્રત્યક્ષ કરેલું હોય છે, એકએક વાક્ય અને તેમાં આવતો દરેક શબ્દ સુધ્ધાં એમણે વિચારી લીધેલો હોય છે.

બીજા વર્ગના લેખક પાસે સ્પષ્ટ વિચારણા હોય છે, પણ ભાષાની સજ્જતા ઓછી હોય છે. એ વર્ગના લેખકોના પ્રતિનિધિ તરીકે ‘હિંદ

સ્વરાજ'ના લેખક ગાંધીજીને હું લેવા માગું છું. એમણે પોતાના જીવનના ચાલીસમા વરસે 'હિંદ સ્વરાજ' લખ્યું. એ સમયે એમના વિચારો સ્પષ્ટ થઈ ગયા હતા, સ્થિર થઈ ગયા હતા અને પોતાને શું કહેવું છે તે એમના મનમાં બરાબર સ્પષ્ટ હતું. તેમ છતાં એમના લખાણમાં જે કચાશ લાગે છે તેનું કારણ ભાષાને લગતી સજ્જતા એમની ઓછી છે એ છે. આ સજ્જતા પણ ગુજરાતી કરતાં અંગ્રેજીમાં એમની વધારે છે. એટલે તેઓ પોતાની વાત અંગ્રેજીમાં વધુ સારી રીતે કહી શકે છે. 'હિંદ સ્વરાજ' એમણે મૂળ ગુજરાતીમાં લખેલું, પણ પછી ગુજરાતી ન જાણનાર મિત્રો માટે એનો અંગ્રેજી અનુવાદ કરેલો. એ મૂળ પુસ્તક અને તેનો અંગ્રેજી અનુવાદ, એ બેની મદદથી હું મારી વાત સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશ.

'હિંદ સ્વરાજ'માં (પાના ૫૫ ઉપર) આ વાક્ય આવે છે: "તે લશ્કરનો આપણે ઉપયોગ કર્યો, ને હવે તેની ઉપર દોષ રાખીએ તે નકામું છે."

અહીં લેખકના મનમાં "હવે તેને દોષ દઈએ" અથવા "તેનો દોષ કાઢીએ" એમ હોવાનો સંભવ છે.

અંગ્રેજોના સ્વભાવમાં રહેલી એક વસ્તુનો પરિચય આપતાં (પાના ૩૯ ઉપર) તેઓ કહે છે: "તેઓનામાં એક વસ્તુ છે ખરી, તે એ કે પોતાના દેશને જવા નહીં દે, ને જો કોઈ તેની ઉપર નજર કરે, તો તેને આંધળો ભીંત કરી મૂકશે."

હવે, આપણે સામાન્યપણે "આંધળું ભીંત" એ શબ્દપ્રયોગ "સારાસાર વિવેકશૂન્ય, ભાન ભૂલેલું" એવા અર્થમાં કરીએ છીએ. પણ અહીં ગાંધીજીએ તે શબ્દપ્રયોગ જુદા જ અર્થમાં કર્યો છે. અને એમનો ઇષ્ટ અર્થ અંગ્રેજી અનુવાદ જોયા પછી જ મને સમજાયો. અંગ્રેજીમાં એ ભાગ આ પ્રમાણે છે:

"They have certainly one quality very strongly developed. They will never allow their country to be lost.

If any person were to cast an evil eye on it, they would pluck out his eyes."

અહીં આપણે જોઈએ છીએ કે "તેઓ તેની આંખ જ નિકોલી કાઢે" એમ કહેવા માટે એમણે આવો પ્રયોગ કર્યો છે, જે એમણે ઇચ્છેલો અર્થ દર્શાવવાને સમર્થ નથી. આ સિવાય પણ આખો વિચાર અંગ્રેજીમાં વધારે સ્પષ્ટ છે, એ ખ્યાલમાં આવ્યું હશે.

શું કહેવું છે તે ગાંધીજીના મનમાં સ્પષ્ટ હોવા છતાં તે કહેવાને કાબેલ શબ્દો એમની કલમે ચડતા ન હોઈ, કહેવાનું બરાબર કહેવાતું નથી.

હવે લેખકોના ત્રીજા વર્ગનો વિચાર આપણે હાથ ધરીએ. એ વર્ગના લેખકો પાસે ભાષા હોય છે, પણ એમના વિચારો ધૂંધળા હોય છે. આ વર્ગના પ્રતિનિધિ તરીકે હું કોઈ એક લેખકને ન લેતાં કેવળ છૂટક ઉદાહરણ જ આપીશ. 'જુવાની ટકાવવી હોય તો' એ નામના લેખમાં લેખક લખે છે: "કોઈ એ ટકાવી શકતું નથી એ હકીકત છે. એ ટકી શકે તેવી વસ્તુ નથી એ હકીકત છે. એ ટકી શકે તેવી વસ્તુ છે એ કલ્પના છે. એને ટકાવવી જોઈએ એ આદર્શ છે. એને ટકાવવાની કલા છે એ શાસ્ત્રા છે... જુવાની એ માણસની ટકે છે, જેના જીવનમાં કવિતા ટકે છે."

અને લેખને અંતે આવે છે: "એક વખત એ ગયા પછી આવતી નથી એ ખરું, પરંતુ એ જવા માટે આવતી નથી એ પણ એટલું જ ખરું છે."

આને આપણે શું કહીશું? વિચારદોષ, તર્કદોષ કે શબ્દછલ?

ચોથા પ્રકારના લેખકો પાસે વિચારણાની સ્પષ્ટતા પણ નથી હોતી, તેમ નથી હોતી ભાષાની સજ્જતા. એવા લેખકો કેવળ શબ્દાડંબરથી કામ લેવા મથે છે અને હાસ્યાસ્પદ પરિણામ નિપજાવે છે.

આચાર્યશ્રી કૃપાલાનીજીના જીવનનો પરિચય આપતી એક પુસ્તિકામાંથી દૃષ્ટાંત હું લઉં છું. એમના દેખાવનું વર્ણન: "ઉન્નત

ભાલપ્રદેશની સીમાના એક છેડાથી શરૂ થઈને વિશાળ ગરદનના બીજા છેડા સુધી... પથરાયેલા મનોહર વાળના જુલ્ફા. છેક આજાન સુધી સ્પર્શતો ખાદીનો શ્વેત ઝભ્ભો."

શબ્દના ગોળાથી વાચકને માત કરવાની નેમ વાંચતાં જ વરતાઈ જાય છે.

"અન્યાયની સામે સર્વતોમુખી શક્તિથી ઝઝૂમવાની કેવી અદ્ભુત આત્મશક્તિની કેળવણીની તાલીમ એમણે પ્રાપ્ત કરી છે..."

'ઝૂઝવું' એટલે યુદ્ધ કરવું, અને 'ઝઝૂમવું' એટલે તોળાઈ રહેવું, લટકવું, એ તે શબ્દોના સાચા અર્થો છે. ઘણા લેખકો 'ઝૂઝવા'ના અર્થમાં 'ઝઝૂમવું' વાપરે છે. જેમ કે, શ્રી ખબરદારના એક કાવ્યમાં આવે છે—

ક્યાં રજપૂત વીર ઝઝૂમ્યા

બળ દાખવવા જ અસીમ.

'કેળવણી' એટલે જ 'તાલીમ.'

એવો જ એક બીજો પ્રયોગ જુઓ: "સમગ્ર દેશમાં મહાત્માજીની દાંડીકૂચે એક નવા રાજદ્વારી વાતાવરણની હવા દેશમાં ફેલાવી દીધી હતી."

'વાતાવરણ' એટલે જ 'હવા', પણ લેખકને એક શબ્દથી સંતોષ નથી. આ વાક્ય જુઓ: "એમની પ્રાધ્યાપકક્ષમ શિક્ષણપદ્ધતિની સુકીર્તિની સુવાસ પથરાઈને મઘમઘી ઊઠતી હતી."

આવાં વાક્યો વિચાર અને વસ્તુની ઊણપ લચ્છાદાર ભાષાથી ઢાંકવાના વ્યર્થ પ્રયત્નોનાં જ નિદર્શક છે. આવી શબ્દોના સાથિયામાં રાચનારી શૈલી કેટલી હદ સુધી જઈ શકે, તેનો ઉત્કૃષ્ટ નમૂનો નીચેના વાક્યમાં જોવા મળે છે: "નજીકમાં આવેલાં વૃક્ષોનાં નાનાંમાં નાનાં પાંદડાંય જાણે પોલીસની આજ્ઞાઓનું ઉલ્લંઘનનો અસ્વીકાર કરવાની ના પાડતાં હોય એમ હાલી રહ્યાં હતાં." ઉપહસનીયતામાં આને ટપી જાય એવાં વાક્યો ભાગ્યે જ મળે.

['બૃહદ ગુજરાતી ગદ્યપરિચય': ભાગ ૨]

# રોજિંદા જીવનનું વ્યાકરણ

ગાંધીજીએ પોતાના એક જીવન દરમિયાન અનેક જીવનોનાં કાર્યો પતાવ્યાં. ભારત જેવા વિશાળ દેશને બ્રિટિશ સલ્તનતની નાગચૂડમાંથી છૂટવામાં મદદ કરી, ભારતની સ્ત્રીઓને જાણે જાદુથી ન હોય એમ પુરુષોની હરોળમાં મૂકી દીધી, અને અણુશસ્ત્રથી ત્રાસેલા જગતને આત્મબળનું હથિયાર આપ્યું. એમણે ભારતને સ્વરાજનો એક નકશો પણ આપ્યો હતો, જેને આજે આપણે વિસારે નાખ્યો છે. પણ એમનાં આ બધાં મોટાં ને મહત્ત્વનાં કાર્યોને બદલે એમના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશે જ બે વાત હું કહેવા માગું છું.

ગાંધીજી સાચા અર્થમાં લોકનેતા હતા. તેઓ લોકોને દોરતા હતા, લોકોથી દોરાતા નહોતા. આપણા જીવનમાં એમણે કેટલીક ઊણપો જોઈ હતી અને એમના ઇંગ્લેંડવાસે એ બધીનું એમને તીવ્ર ભાન કરાવ્યું હતું. તે ઉપરથી એમણે પ્રચંડ પુરુષાર્થપૂર્વક પોતાના જીવનમાંથી એ ઊણપોને દૂર કરી નવી ટેવો પાડી હતી. અને આપણી આખી પ્રજામાં તેને વ્યાપક બનાવવા તેઓ જીવનભર મથ્યા હતા. એ માટે એમણે આવા કેટલાક આગ્રહો ઉપર ખૂબ ભાર મૂક્યો હતો :

૧. આવો પહેલો આગ્રહ સમયપાલનનો. આપણા દેશમાં કોઈ સભાનું કામ જાહેર કરેલે સમયે ભાગ્યે જ શરૂ થતું. આજે પણ હંમેશાં થાય છે, એમ નથી. સેંકડો કે હજારો માણસોનો સમય બગડે, એની જાણે આપણને કિંમત જ નથી. પણ ગાંધીજી આ બાબતમાં ખૂબ ચાનક રાખતા હતા. જે સમય જાહેર થયો હોય તે સમયે કાર્ય શરૂ થવું જ જોઈએ, એવો એમનો આગ્રહ રહેતો. ગોધરામાં અંત્યજ પરિષદ મળી ત્યારે લોકમાન્ય તિલક અર્ધો કલાક મોડા આવ્યા હતા. તે જ વખતે ગાંધીજીએ કહ્યું કે, સ્વરાજ અર્ધો કલાક મોડું થયું!

સમયપાલનનો એક બીજો અર્થ પણ થાય છે. અને તે એ કે નીમેલે વખતે નીમેલું કામ કરવું. અમુક વખતે ઊઠવું, અમુક વખતે ફરવા જવું, અમુક વખતે ઉપાસના કરવી, અમુક વખતે ભોજન લેવું,

અમુક વખતે મુલાકાત આપવી વગેરે. આ બધું એ ખૂબ કાળજીપૂર્વક પાળતા. જેને જે વખતે મુલાકાતનો સમય આપ્યો હોય તેને તે વખતે અંદર બોલાવતા, અને સમય પૂરો થતાં ઘડિયાળ બતાવતા. આટલા બધા કામગરા હતા છતાં એમણે કદી ઉપાસના કે ફરવાનું છોડ્યું હોય એવું બન્યું નથી. વિલાયત ગયા હતા ત્યારે ત્યાંની ઠંડી અને ધુમ્મસમાં પણ એ ફરવા નીકળતા હતા. એને એ શરીર પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. જે શરીર પાસે આપણે કામ લેવાનું છે, તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક એવો વ્યાયામ એને આપવો જ જોઈએ.

૨. એમનો એક આગ્રહ સ્વચ્છતા વિશેનો હતો. અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે, પણ સામૂહિક જીવનમાં એ જોવા મળતી નથી. આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝ્યા. એમણે સ્વચ્છ જીવનનો કેવળ ઉપદેશ જ ન કર્યો, એના દાખલા પૂરા પાડયા. પાયખાનાં અને મૂતરડીઓ, રસોડાં અને ખાતરના ખાડા કેવાં હોય અને કેમ સ્વચ્છ રખાય એ એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું. જાજરુની સફાઈને એમણે સંસ્થાની કસોટી બનાવી મૂકી.

૩. એ પછી સાદાઈ અને કરકસર આવે. ગાંધીજીએ પોતાને ગરીબ ભારતના પ્રતિનિધિ માનેલા, એટલે એમણે પૂરી સાદાઈથી જીવન વિતાવ્યું. વિલાયત જવા ઊપડ્યા ત્યારે સાથે મહાદેવભાઈ, પ્યારેલાલ, દેવદાસ વગેરેએ ચામડાની બૅગો ભરીને સામાન લીધો હતો. સ્ટીમર ઊપડ્યા પછી ગાંધીજીએ જડતી શરૂ કરી. અને જે પુણ્યપ્રકોપના લાવાનો ધોધ વહેવડાવ્યો, તે આ બધાનાં આંસુથી પણ ઠર્યો નહિ. એડનથી વધારાની બધી ટ્રંકો અને વધારાનો સામાન પાછો દેશ મોકલ્યો ત્યારે જ જંપ્યા. “હું ભારતનાં દીનજનોનો પ્રતિનિધિ. મારા મંત્રીને કાગળ રાખવા ચામડાની બૅગ શા સારુ જોઈએ? ખાદીની થેલી કેમ ન ચાલે?” વગેરે વગેરે. યરવડા જેલમાં સરદાર વલ્લભભાઈ ગાંધીજી માટે ખજૂર ધોઈને તૈયાર કરતા હતા. પંદર પેશી લેવાનો નિયમ હતો. વલ્લભભાઈ કોઈ વાર સત્તર સરકાવી દેતા, તો ઠપકો સાંભળવો પડતો.

પોતા પર આવેલા પત્રોની પાછલી કોરી બાજુનો ઉપયોગ કરતા. પણ જ્યાં જરૂર હોય ત્યાં હજારો વાપરતાં પણ એ અચકાતા નહિ. એક વાર બંગાળની પ્રાંતિક પરિષદમાં હાજર રહેવાનું એમણે દેશબંધુ દાસને વચન આપ્યું હતું, તે પાળવા સ્પેશિયલ ટ્રેન જોડાવીને પણ ગયા હતા. 'યંગ ઇન્ડિયા' કે 'હરિજન' માટે ઘણી વાર આખા લેખોના લેખો તારથી મોકલતા. એ એમને ઉડાઉપણું નહોતું લાગતું.

૪. એની સાથે હિસાબની ચોકસાઈ પણ સંકળાયેલી છે. જાહેર નાણાંની પાઈએ પાઈ જે હેતુ માટે આવી હોય તે હેતુ માટે જ અને કરકસરપૂર્વક વપરાય, એ વિશે એમનો આગ્રહ જાણીતો છે. પોતે દક્ષિણ આફ્રિકાથી જ્યારે પ્રતિનિધિમંડળ તરીકે વિલાયત ગયા હતા, ત્યારની એમની હિસાબની નોંધમાં ઘોડાગાડીનો, છાપાંનો, ચાનાસ્તાનો, ટપાલનો એવો ઝીણો ઝીણો ખર્ચ પણ વિગતે નોંધેલો છે. પરચૂરણ ખર્ચ જેવું કોઈ ખાતું જ એમાં નથી. તદ્દન નજીવી રકમ માટે એમણે કસ્તૂરબાને પણ 'નવજીવન'ને પાને ચડાવ્યાં હતાં.

૫. ગમે એટલું નાનું કામ કે માણસ એમને મન નાનું નહોતું. પોતે સદાય દેશનાં મોટાં મોટાં કામોમાં રોકાયેલા રહેતા હતા, છતાં પોતાના નાનામાં નાના માણસની કે કામની એમણે કદી ઉપેક્ષા કરી નથી. વાઇસરૉયને જવાબ લખાવીને તરત જ બીજો પત્ર તેઓ કોઈ દૂર પડેલા સાથીને મેથીની ભાજી ખાય કે મગ એ વિશે સલાહ આપતો પણ લખાવતા. ઘણી વાર કૉંગ્રેસ કારોબારીની સભામાંથી થોડી મિનિટ કાઢીને કોઈ દરદીને એનિમા આપવા ચાલ્યા જતા.

૬. તોલ્સ્તોયની એક વાર્તા છે: ત્રણ પ્રશ્નો. તેમાં પ્રશ્નો એવા છે કે સૌથી મહત્ત્વની ક્ષણ કઈ? સૌથી મહત્ત્વનું કામ ક્યું? અને સૌથી મહત્ત્વનું માણસ કયું? જવાબ એ છે કે ચાલુ ક્ષણ એ જ સૌથી મહત્ત્વની, હાથમાં હોય એ કામ જ સૌથી મહત્ત્વનું, અને સામે હોય એ માણસ જ સૌથી મહત્ત્વનો.

ગાંધીજીએ પોતાના જીવનમાં સૌથી પહેલું જાહેર કામ કયું કર્યું? દક્ષિણ આફ્રિકામાં ત્રણ ભારતીઓ—એક હજામ, એક હાટડીવાળો

અને એક કારકુન—ને અંગ્રેજી શીખવવાનું માથે લીધું, એ એમનું પહેલું જાહેર કામ કહેવાય—અને તે પણ બેરિસ્ટર નવરો તે પેલાઓને ઘેર જઈને શીખવે. તેઓ જ્યારે કલકત્તા કૉંગ્રેસમાં ગયા ત્યારે તો દક્ષિણ આફ્રિકાના આગેવાન થઈ ચૂક્યા હતા, છતાં એમણે કૉંગ્રેસ કચેરીમાં જઈને પૂછ્યું કે “મારે લાયક કંઈ કામ હોય તો આપો. નકલ કરવી, પત્ર લખવા, જે હશે તે કરવા હું તૈયાર છું.” આપણે કોઈ મહત્ત્વની ક્ષણની, મહત્ત્વના કાર્યની અને મહત્ત્વના માણસની રાહ જોઈને બેસી રહીએ છીએ, અને જીવન પૂરું થઈ જાય છે. ગાંધીજીએ જ્યારે જે કામ આવી પડ્યું ત્યારે તે ઉપાડી લીધું અને તેમાં પોતાનો સમગ્ર પ્રાણ રેડયો.

૭. માનવપ્રેમ એમના જીવનના પાયામાં હતો, ગાંધીજીની વિચારણામાં માનવ કેન્દ્રમાં હતો. સંતતિનિયમનનાં સાધનોનો એમનો વિરોધ ખૂબ જાણીતો છે. એ વિશે પુષ્કળ માથાઝીક કર્યા છતાં શ્રીમતી માર્ગરેટ સેંગર એમની સંમતિ મેળવી શક્યાં નહોતાં. તેમ છતાં ‘મહાદેવભાઈની ડાયરી’ ઉપરથી આપણે જાણીએ છીએ કે અમુક માણસની બાબતમાં એમણે વંધ્યીકરણ, ગર્ભનિરોધનાં સાધનોનો ઉપયોગ પણ હિતકર માન્યો હતો. પોતે ચા-કૉફી પીતા નહોતા, છતાં થાકેલા મહાદેવભાઈ માટે ચા કે માંદા રાઘવન માટે કૉફી જાતે બનાવતા એમને આપણે જોઈએ છીએ. એટલું જ નહિ, પોતે માંસાહારના વિરોધી હતા, માણસ માટે એ આવશ્યક કે યોગ્ય નથી એમ માનતા હતા, છતાં અબ્દુલ ગફારખાનનાં બાળકો માટે આશ્રમમાં આમિશ વાનીઓ કરાવવા એ તૈયાર થયા હતા. સિદ્ધાંતજડતા એમનામાં નહોતી. અહીં મને અમેરિકન પાદરી શ્રી મોટ સાથેની ગાંધીજીની વાતચીત યાદ આવે છે. એ પાદરીએ પૂછ્યું હતું કે “તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ હોય છે, કે માનવ પ્રત્યેનો પ્રેમ હોય છે?” ત્યારે ગાંધીજીએ કહ્યું હતું: “મારી સેવા પાછળ માનવ પ્રત્યેનો પ્રેમ જ હોય છે. જો હું માનવીની સેવા ન કરી શકું, તો કેવળ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ તો નિષ્પ્રાણ છે.”

# "—તે પુસ્તકમાં જ શોધજો!"

શરદબાબુનો જન્મ તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૮૭૬. હાઈસ્કૂલ પૂરી કરી હુગલી જિલ્લા(બંગાળ)ના દેવાનંદપુર ગામે. ૧૮ વરસની ઉંમરે મૅટ્રિકની પરીક્ષા આપી, તે અરસામાં જ પોતાની પહેલીવહેલી નવલકથા 'બાસા' લખવા માંડી; પણ તે ગમી નહિ એટલે ફાડી નાખી. એ રીતે પોતે લખેલી ઘણી વારતાઓ ફાડી નાખેલી. એ તરુણ વયમાં એક જ ધૂન લાગેલી કે રવીન્દ્રનાથ ઠાકુરના જેવું લખતાં શીખવું—અને જ્યાં સુધી એવું ન લખાય ત્યાં સુધી પોતે લખેલું કશું પ્રગટ ન કરવું! એ પ્રતિજ્ઞા મુજબ, પાંત્રીસ વરસની ઉંમર સુધી એક પણ લખાણ એમણે પ્રગટ કરેલું નહિ.

મિત્રોએ શરૂ કરેલા માસિક 'યમુના' માટે, અત્યંત આગ્રહ પછી, ૧૯૧૩માં એક ટૂંકી વાર્તા લખી. તે છપાતાંની સાથે જ શરદબાબુ પ્રખ્યાત થઈ ગયા. તે અગાઉ પંદરથી પચીસ વરસની ઉંમર દરમિયાન સાહિત્ય-સંસ્થાઓનાં હસ્તલિખિત માસિકો માટે લખી આપેલી ઘણી રચનાઓ હવે 'યમુના' તથા 'સાહિત્ય' માસિકોમાં છપાઈને બંગાળના વાચકોને મુગ્ધ કરવા લાગી. એમની બધી કૃતિઓમાં પુસ્તકરૂપે પહેલવહેલી બહાર પડી તે 'બડીદીદી' નવલકથા. અનેક બંગાળી સામયિકોમાં એમની વાર્તાઓ ને ચાલુ નવલકથાઓ છપાઈ. 'પથેરદાબી' નામની એમની વિખ્યાત નવલકથા 'બંગવાણી' સામયિકમાં બે વરસ લગી પ્રગટ થતી રહી અને પછી પુસ્તકરૂપે બહાર પડી ત્યારે પહેલે જ દિવસે તેની એક હજાર નકલ ખપી ગઈ; ૩,૦૦૦ નકલની પહેલી આવૃત્તિ એક મહિનામાં ખલાસ થઈ ગઈ. બીજી આવૃત્તિની પાંચેય હજાર નકલો (૩ રૂ.ની કિંમતે) બીજા ત્રણ માસમાં ખલાસ. દરમિયાન અંગ્રેજ સરકારે તેને જપ્ત કરી, એટલે તો પછી એની નકલો છૂપી રીતે દસથી ત્રીસ રૂ.ની કિંમત આપી આપીને પણ લોકો ખરીદવા લાગ્યા.

શરદબાબુની ૫૩મી વરસગાંઠની ઉજવણી કલકત્તાની પ્રેસિડન્સી કોલેજ તરફથી થઈ ત્યારે વિદ્યાર્થીઓ સમક્ષ બોલતાં એમણે કહેલું:

"ભાષણ કરવું પડશે, એવું સાંભળતાં જ મારા પેટમાં ધ્રાસકો પડે છે. હું કાંઈ બોલી શકતો નથી. લખી શકું છું, થોડું લખ્યું પણ છે. જો તેથી તમને આનંદ થતો હોય તો હું સુખ માનીશ. મોઢેથી હું ઉપદેશ આપું, કોઈ પુસ્તકની સમાલોચના કરું અથવા કાંઈ નવો અર્થ બતાવું, એવી મારામાં શકિત નથી. જે કાંઈ છે તે પુસ્તકમાં જ છે; ત્યાં શોધજો."

ભારતના એક મહાન લેખક શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનું ૧૯૩૮ની તા. ૧૬ જાન્યુઆરીએ કૅન્સરને લીધે અવસાન થયું.

['શરદ ગ્રંથાવલી' (ગ્રંથ બીજો) પુસ્તક]

## અનુવાદની કળા

અનુવાદકનું કામ, પરભાષામાંથી કોઈ કૃતિનો જે અર્થ અને ભાવ પોતાને સમજાયો હોય તે ચોક્સાઈપૂર્વક પોતાની ભાષામાં ઉતારવાનું છે. કોઈ પણ કૃતિ આપણે વાંચીએ છીએ ત્યારે આપણે તેનો અર્થ ગ્રહણ કરીએ છીએ અને સાથોસાથ એ અર્થ આપણા ચિત્તમાં અમુક લાગણી અથવા ભાવ જગાડે છે. એ બન્નેને—અર્થને અને ભાવને—અનુવાદકે ચોકસાઈપૂર્વક પોતાની ભાષામાં પ્રગટ કરવાના છે.

આ કહેવું જેટલું સહેલું છે તેટલું કરવું સહેલું નથી. એક ભાષાની કૃતિ બીજી ભાષામાં ઉતારવામાં રહેલી મુશ્કેલીનું કારણ એ છે કે દરેક ભાષાની પ્રકૃતિ અને તેનું વ્યકિતત્વ અલગ હોય છે. આથી દરેક ભાષા દરેક વસ્તુ પોતાની આગવી રીતે કહે છે. દરેક ભાષા સૈકાઓના વપરાશથી અને તેને બોલનાર પ્રજાના સામાજિક તથા સાહિત્યિક ઇતિહાસથી એવી વિશિષ્ટ રીતે ઘડાયેલી હોય છે કે તેના કણેકણમાં સંલગ્ન સૂચનો, સંસ્કારો અને સૂક્ષ્મ અર્થની તથા ભાવની છટાઓના ભંડારો ભર્યા હોય છે. અને તે બધાને માટે બીજી ભાષામાં સમાનાર્થ શબ્દો ભાગ્યે જ મળી આવે છે. ટોલ્સ્ટોયને તો સદ્ભાગ્યે મોડ અને

ગાર્નેટ જેવા કુશળ અને ખંતીલા અનુવાદકો મળ્યા હતા, તેમ છતાં તેઓ ઘણી વાર ફરિયાદ કરતા કે, મારા ગ્રંથો અનુવાદમાં ગાલીચાની અવળી બાજુ જેવા લાગે છે. આ તો ગદ્યના અનુવાદની વાત થઈ. કવિતાના અનુવાદની વાત કરીએ તો, ફ્રેંચ ભાષાના એક જાણીતા અધ્યાપકે કહ્યું છે કે, અંગ્રેજી ભાષામાં એક પણ ફ્રેંચ કવિતાનો એક પણ અનુવાદ એવો નથી, જેમાં મૂળની ચોટ અર્ધ કરતાં વધુ સચવાઈ હોય!

અનુવાદકમાં બે વસ્તુ તો હોવી જ જોઈએ. એક તો જે ભાષામાંથી એ અનુવાદ કરવા માગતો હોય તેનું સારું નિર્ભરયોગ્ય જ્ઞાન અને બીજી વસ્તુ તે પરભાષામાં વાંચેલી વસ્તુ પોતાની ભાષામાં બરાબર કહેવા જેટલો સ્વભાષા ઉપર કાબૂ.

આ રીતે જોઈએ તો અનુવાદકાર્યનાં બે અંગો છે. એક, પરભાષામાં કહેવાયેલી વસ્તુ પૂરેપૂરી સ્પષ્ટ રીતે સમજવી અને બીજું એ કે તેને પોતાની ભાષામાં યથાતથ પ્રગટ કરવી. અનુવાદક પોતે જ જો વસ્તુ પૂરેપૂરી સમજ્યો ન હોય, તો એના અનુવાદમાં બધો અર્થ આવી જ ન શકે. એટલે સારા અનુવાદ માટે તે અત્યંત આવશ્યક છે કે અનુવાદક મૂળ કૃતિને સમજવા બરાબર પ્રયત્ન કરે. અહીં સમજવું એટલે કૃતિમાં વપરાયેલા શબ્દો ઓળખી લેવા એટલું જ નહિ, પણ દરેકેદરેક શબ્દનો તે-તે સંદર્ભમાં જે વિશેષ અર્થ થતો હોય તે પકડવો. શબ્દોના ઘણી વાર અનેક અર્થો થતા હોય છે. એ ભિન્નભિન્ન અથવા એકસરખા લાગતા અર્થોમાંથી અહીં કયો અર્થ અભિપ્રેત છે એ પકડાય નહિ ત્યાં સુધી વાક્ય પૂરું સમજાય નહિ. મુખ્ય અર્થ નક્કી થયા પછી એ અર્થની આસપાસ સંલગ્ન ભાવો, ગર્ભિત સૂચનો અને ગૌણ અર્થોનો જે પરિવેશ હોય છે તેનો વિચાર કરવાનો પણ પ્રાપ્ત થાય છે. આમ મૂળ કૃતિ સમજવી એટલે આ બધી સંકુલ અને સૂક્ષ્મ અર્થછટાઓ અને ભાવછટાઓ અનુભવવી, સહૃદયતાપૂર્વક એનો આસ્વાદ લેવો, એમાં સમરસ થવું.

તરવા-તંતરવાની પેઠે અનુવાદ પણ આપકળા છે. દરેક માણસ પોતાની રીતે અનુવાદ કરે છે. એના કોઈ નિયમો બતાવી શકાતા નથી.

પણ સારા અનુવાદોનો અભ્યાસ કેટલેક અંશે મદદકર્તા થઈ પડે એમ લાગે છે. આપણે ત્યાં મહાદેવભાઈ [દેસાઈ], નરહરિભાઈ [પરીખ], સ્વામી આનંદ, ચંદ્રશંકર શુક્લ, વિશ્વનાથ ભટ્ટ, અંબાલાલ પુરાણી, સુન્દરમ્, મણિભાઈ દેસાઈ, ગોપાલદાસ પટેલ વગેરે સારા અનુવાદકોના ગ્રંથો સુલભ છે. એમાંના કેટલાક ભાગનો [મૂળ પુસ્તક પરથી] અનુવાદ પોતે કર્યા પછી એમના અનુવાદો સાથે સરખાવવો જોઈએ. આપણે અનુવાદ કરશું ત્યારે એની મુશ્કેલીઓનો આપણને ખ્યાલ આવશે, અને પછી એમના અનુવાદો જોતાં એનો ઉકેલ એમણે શી રીતે કર્યો છે તે જોવા મળશે. કેવળ અનુવાદ વાંચવાથી આ સમજાતું નથી.

['પરિચય અને પરીક્ષા' પુસ્તક]

## એક ઉદરમાંથી બીજામાં—

અનુવાદકનું કામ કોઈ છોડને એક ભૂમિમાંથી ઉપાડીને બીજી ભૂમિમાં રોપવા જેવું છે. શબ્દનો નાદ, ધ્વનિસંલગ્ન, અર્થ, વાક્યનો લય, શબ્દોની વિશિષ્ટ ગોઠવણી-એ બધાંના સહયોગથી જે ભાવપિંડ બંધાય છે, તેને એક ભાષામાંથી બીજી ભાષામાં અકબંધ લઈ જવો, એ ગર્ભને એક ઉદરમાંથી બીજા ઉદરમાં લઈ જવા જેવું વિકટ કામ છે.

## માંગલ્યને ગાતી કવિતા

વાસ્તવ ધરતીથી બહુ ઊંચે ભાવના કે આદર્શના આકાશમાં ઊડ્યા વગર અને ચિંતનના ગહનમાં બહુ ઊંડે ઊતર્યા વગર, જીવનની ઝંઝા-થપાટો ખાવા છતાં આશા કે પુરુષાર્થનો સૂર છોડ્યા વગર, જીવનના આનંદ, ઉલ્લાસ અને માંગલ્યને ગાતી શ્રી બાલમુકુન્દ દવેની કવિતા પોતાની નિર્વ્યાજ મનોહરતાને કારણે આકર્ષણ કર્યા વગર રહેતી નથી. પોચટ લાગણીવેડા કે પોકળ શબ્દાડંબર ક્યાંય નથી. હૃદયની સાચી

લાગણીઓ સચ્ચાઈપૂર્વક, સંયમ અને મિતભાષિતાથી, અહીં વ્યક્ત થયેલી જોવા મળે છે.

# નગીનદાસ સંઘવી

## પરખ

માનવીનું મન એટલું અતાગ છે અને તેની આજુબાજુની પરિસ્થિતિ એવી સંકુલ હોય છે કે બેમાંથી એકેની તત્કાળ અને સચોટ પરખ કરવાનું કાર્ય અત્યંત મુશ્કેલ હોય છે. પોતાની નિરીક્ષણ-શક્તિ, અનુભવ કે બુદ્ધિપ્રતિભાને કારણે આવી પરખ કરવાની શક્તિ જેનામાં આવે છે તે માણસને માટે આ દુનિયાના બધા દરવાજા ખૂલી જાય છે.

નંદ વંશના છેલ્લા રાજવી ધનનંદના સૈન્યમાં અધિકારીનો હોદ્દો ધરાવનાર ચંદ્રગુપ્ત મૌર્ય પોતાને સહન કરવા પડતાં અપમાન અને અવહેલનાથી અત્યંત દુ:ખી થતો હતો, પણ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ તેને સૂઝતો ન હતો. એક વખત નદીકિનારે જતાં તેણે એક વિચિત્ર દૃશ્ય જોયું કે લગભગ પોતાના જેટલી જ ઉંમરનો એક યુવાન બ્રાહ્મણ કાંઠા પર ઊગેલા ધારવાળા ઘાસને ખેંચી કાઢીને તેનાં મૂળમાં થોડું થોડું મધ રેડી રહ્યો હતો. આ અજબ વર્તનનું કારણ પૂછતાં પેલા બ્રાહ્મણે ખુલાસો કર્યો કે સવારે સ્નાન માટે જતી વખતે આ ધારદાર ઘાસથી કેટલીક વખત તેના પગમાં લોહી નીકળે છે, માટે આ ઘાસ જડમૂળથી નાબૂદ કરી દેવા તે મૂળમાં મધ રેડી રહ્યો છે કે જેથી કીડીઓ અંદર ઘૂસીને મૂળને ખાઈ જાય. આટલી તીવ્ર બુદ્ધિમત્તા અને આટલી ચુસ્ત કાર્યનિષ્ઠા ધરાવનાર બ્રાહ્મણ પોતાને ચોક્કસ ઉપયોગી થઈ પડવાનો, તેવું પારખીને ચંદ્રગુપ્તે તેની જોડે મૈત્રી બાંધી અને નભાવી. કુટલક વંશના આ બ્રાહ્મણનું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય. મૌર્ય વંશની સ્થાપના કરવામાં તેણે બજાવેલી કામગીરી ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

*

મોગલ સામ્રાજ્ય આથમી ગયું હતું ત્યારે ભારત પર ચડી આવેલા નાદિરશાહે દિલ્હીમાં ધામધૂમથી પ્રવેશ કર્યા બાદ મહમ્મદ શાહ પાસે

તેની બેગમોના નાચમુજરા જોવાની ઇચ્છા દર્શાવી, અને આ નાચગાનની મહેફિલમાં કેવળ નાદિરશાહ એકલો જ હાજર રહે તેવી શરતે આ બાયલા બાદશાહે આવી અપમાનાસ્પદ માગણી પણ કબૂલ રાખી. બેગમો મહેફિલના ઓરડામાં દાખલ થઈ ત્યારે નાદિરશાહ તકિયા પર ઊંઘતો પડયો હતો અને તેનાં હથિયાર તેની આસપાસ વીખરાયેલાં હતાં. તેના જાગવાની રાહ જોતી બેગમો ખૂણામાં ઊભી રહીને ઘુસપુસ કરતી રાહ જોવા લાગી. થોડી વાર પછી નાદિરશાહે પોતાની આંખ ઉઘાડી અને અત્યંત તિરસ્કારભર્યા અવાજે આ બેગમોને કહ્યું કે, “તમારો નાચ મારે જોવો નથી. હું તો હિંદુસ્તાનની ફોજ આટલી બુજદિલ શા માટે છે તેનું કારણ શોધી રહ્યો હતો, અને તે મને મળી ચૂક્યું છે. તમારું આટલું અપમાન કરનાર હું એકલો, ઊંઘતો હોવાનો ડોળ કરીને પડયો છું—છતાં અહીં પડેલું કોઈ હથિયાર ઉઠાવીને મારું ખૂન કરવાની કોશિશ કરવા જેટલી ગરમી પણ તમારા દિમાગમાં નથી! પછી તમારી ઓલાદ આવી નપુંસક થાય તેમાં શી નવાઈ છે?”

*

ગાંધીજી હરિજન-ફાળા માટે ભારતભરમાં ઘૂમી રહ્યા હતા. દેહરાદૂનમાં આજુબાજુનાં ગામડેથી દર્શને આવેલી સ્ત્રીઓની સભામાં તેમણે નવો ખેલ ચલાવ્યો. ફાળો ભેગો કરવા માટે પોતે સભામાં ઊતર્યા અને ખોબો ધરીને ચાલવા લાગ્યા. ગાંડીતૂર થયેલ ગરીબ સ્ત્રીઓએ તેમના ખોબામાં પાઈ, પૈસો, આનો, અડધો, રૂપિયો, નોટો અને ઘરેણાં નાખવા માંડયાં. ખોબો ભરાઈ જાય એટલે મહાત્માજી હાથ છોડીને એ બધું નીચે પડી જવા દે અને “મારો ખોબો ખાલી છે, ભરી આપો” તેમ કહેતા જાય. પૂરો અડધો કલાક આ ખેલ ચાલ્યો. સભા વિખેરાઈ ગઈ. નીચે પથરાયેલાં નાણાં ઉપાડીને એકઠાં કરી લેવાનું કામ મહાવીર ત્યાગીને સોંપીને મહાત્માજી ચાલ્યા ગયા. પરચૂરણ, નોટો અને દાગીના એકઠા કરીને, તેની યાદી બનાવીને મહાવીરજી ખુશ થતા ઘેર પહોંચ્યા. ત્યાં તો રાત્રો સાડાનવ વાગે તાબડતોબ હાજર થવાનો સંદેશો મળ્યો. ત્યાગી આવી પહોંચ્યા ત્યારે ગાંધીજી અત્યંત ગુસ્સામાં હતા. “કામ માથે લેવા નીકળો ત્યારે કશી જવાબદારી સમજો છો ખરા કે નહિ?”

મહાવીર તો બિચારા મોં ફાડીને જોઈ જ રહ્યા. "સભામાં નીચે વેરાયેલું બધું કેમ એકઠું કર્યાં નથી?" મહાવીરે ડરતાં ડરતાં કહ્યું: "જી, બધી જ ચીજો લઈ લેવામાં આવી છે." "નથી લેવામાં આવી," ગાંધીજીએ કહ્યું. "કોણે કહ્યું?" એવા ત્યાગીના સવાલના જવાબમાં ગાંધીજીએ એક નાનકડું બૂટિયું ઊંચું કર્યું. "આ બૂટિયું કહે છે. તેની જોડ નથી. બૂટિયું આપવાવાળી બાઈ કંઈ એક જ બૂટિયું આપે નહિ. આની બીજી જોડ ત્યાં ચોક્કસ હોવી જોઈએ; તમને મળી નથી એનો અર્થ એ કે તમે પૂરી તપાસ કરી નથી."

મહાવીર ત્યાગી પોતાનાં સંસ્મરણોમાં નોંધે છે કે, "રાત્રે કિટ્સન લાઇટો પેટાવીને અમે ઊપડ્યાં, બધી તાડપત્રીઓ ઊલટાવી પૂલટાવીને શોધખોળ કરી. ભગવાનની દયા તે બૂટિયું તો મળ્યું; પણ સાથે પરચૂરણ અને ચોળાયેલી ચૂંથાયેલી નોટો મળીને બસોએક રૂપિયાની રકમ પણ એકઠી થઈ. આ બધું બાપુને મોકલાવ્યું, પણ થોડા દિવસ તો તેમને મોં દેખાડતાં પણ શરમ આવતી."

*

ચીનના અત્યંત વિચક્ષણ શહેનશાહ ત્સાઈ-ત્સુંગ એક જેલની મુલાકાતે ગયા હતા. ગંભીર ગુનાઓ માટે લાંબી સજા ભોગવતા કેદીઓને ભેગા કરીને તેમણે એક સવાલ પૂછ્યો કે, "તમે બધા વરસોથી અહીં છો અને હજુ વરસો સુધી રહેવાના છો. તમને કદી તમારાં બૈરીછોકરાં, સગાંવહાલાંને મળવાનું, તેમની જોડે રહેવાનું મન થાય છે ખરું?" કેદીઓનાં મોં પરની ઉત્કટ આતુરતા જોઈને તેમણે કહ્યું: "હું તમને એક મહિનાની છુટ્ટી આપું તો તમે બધાં પોતપોતાની મેળે પાછા આવશો?" બધાએ હા કહી અને ત્સાઈ-ત્સુંગે આ બધાને મહિના માટે ઘેર રહેવા જવાની છૂટ આપી. મહિના પછી જ્યારે એકેએક કેદી પાછો ફર્યો ત્યારે ત્સાઈ—ત્સુંગે પોતાના ઉચ્ચ અધિકારીઓની સભા બોલાવી. "આવું કઠોર એમનું જીવન હોવા છતાં આપેલું વચન પાળનાર આ કેદીઓને હું મારા રાજ્યના સૌથી પ્રામાણિક માણસો માનું છું. આવા માણસો જેલમાં હોય તેમાં કાં તો સમાજની હલકાઈ છે અથવા મારા

વહીવટની ખામી છે.” તેવું કહીને તેમણે વહીવટી અને ન્યાયતંત્રામાં અસંખ્ય સુધારા કરાવેલા. કોઈ પણ માણસને ફાંસી આપવાના હુકમ પર શહેનશાહની સહી હોવી જોઈએ અને આ સહી કરતાં પહેલાં શહેનશાહે આખો દિવસ અપવાસ કરવો પડે, તેવો નિયમ તેમણે ઘડેલો.

અમેરિકાની સૌથી નામીચા અને ઘાતકી કેદીઓ સાચવનારી સીંગ સીંગ જેલના અધિકારી જેમ્સ માર્શલ અને તેમનાં પત્નીએ ૨૦-૨૫ વરસ તેમના કેદીઓને ઘણા સમભાવથી સાચવેલા. શ્રીમતી માર્શલ ગુજરી ગયાં ત્યારે ખ્રિસ્તી રિવાજ મુજબ તેમનું શબ ત્રાણ દિવસ દેવળમાં રખાયું હતું. બીજે દિવસે કેદીઓની માગણી આવી: “અમારે શ્રીમતી માર્શલને છેલ્લી અંજલિ આપવા માટે દેવળમાં જવું છે.” લાંબી ગડમથલ પછી માર્શલે આ ભયંકર જોખમ ઉઠાવ્યું. અંધારી રાતે દરવાજા ખૂલ્યા અને ચોવીસ નામચીન ગુનેગારો ત્રાણ માઈલ દૂર આવેલા દેવળમાં ચોકીપહેરા વગર પહોંચ્યા; થોડી વાર માથું નમાવીને ઊભા રહ્યા અને ફરી પાછા તાળાબંધ થવા આવી પહોંચ્યા.

આવી પરખ અત્યંત જોખમી હોય છે અને ખોટી પડે તો તેનાં પરિણામો પણ ભયંકર આવે છે. પણ આવા ભયને ગાંઠે અને જોખમથી ગભરાય, તે જિંદગી જાણે અને માણે કેવી રીતે?

['નવનીત' માસિક: ૧૯૭૩]

# ઇતિહાસની વિકૃતિ

મહારાષ્ટ્રના વૈચારિક અને સાહિત્યજગતમાં અદકેરું સ્થાન ધરાવનાર દુર્ગાબાઈ ભાગવત પર જાનનું જોખમ ઊભું થયું છે તેમ સમજીને પોલીસ ખાતાએ તેમને ખાસ સંરક્ષણ આપવાનું ઠરાવ્યું છે. તેમનો દોષ એટલો જ છે કે દલિતોના પૂજનીય ડૉ. ભીમરાવ આંબેડકરે ભારતીય બંધારણમાં કશો મહત્ત્વનો ભાગ ભજવ્યો ન હોવાથી તેમને બંધારણના જનકની પદવી આપવી અયોગ્ય છે તેવો મત તેમણે

દર્શાવ્યો છે. વારંવાર અસત્યનું ઉચ્ચારણ કરીને રાજકીય આગેવાનો અને દલિતોના ખેરખાંઓએ આ મતને સર્વમાન્ય હકીકત તરીકે એવો ઠસાવી દીધો છે કે ખુદ ડૉ. આંબેડકરનું પોતાનું કબૂલાતનામું પણ માનવાની કોઈ દરકાર રાખતું નથી. ૧૯૫૪માં તેમણે કરેલા નિવેદનને તમામ અખબારોએ બહોળી પ્રસિદ્ધિ આપી છે.

"હું તો કેવળ લહિયો હતો અને નિર્ણયો અન્યત્રા લેવાયા છે" (આઈ વોઝ એ મિયર હેક રાઇટર, ડિસિશન્સ વેર ટેકન એલ્સવ્હેર), તેવું તેમણે જાતે જ કહ્યું છે.

હકીકતોને તોડીમરોડીને, આસપાસના સંદર્ભને જાણ્યાસમજ્યા વગર ઇતિહાસની વિકૃત રજૂઆત, એ આપણા રાજકારણનો સામાન્ય શિરસ્તો છે. ઇતિહાસ આપણે ત્યાં અભ્યાસ કે સંશોધનનો વિષય મટીને એકબીજાને ભાંડવા ઉતારી પાડવાનું સાધન બની ગયો છે અને લોકોનાં અજ્ઞાન કે અર્ધજ્ઞાનનો જબરદસ્ત દુરુપયોગ થઈ રહ્યો છે.

વાત કે વિગત થોડી જૂની થાય કે તરત જ તેના પર પડ ચડાવીને મનગમતો રંગ આપવામાં આવે છે. મહાત્મા ગાંધીને મુસ્લિમપરસ્ત ગણીને ગોળી મારનાર લોકો તેમના ચુસ્ત અને આજીવન અનુયાયી સરદાર પટેલને મુસ્લિમદ્વેષી તરીકે રજૂ કરવામાં આંચકો ખાતા નથી. સરદાર પટેલ ને જવાહરલાલ નેહરુ જેવા પ્રચંડ વ્યક્તિત્વ ધરાવનાર આગેવાનો વચ્ચેના મતભેદને જાણ્યાસમજ્યા વગર તેમને પરસ્પર શત્રુ ચીતરવાનો વિકૃત આનંદ પણ લોકો અનુભવે છે. જ્વલંત રાષ્ટ્રભક્તિ પણ દીર્ઘદૃષ્ટિનો અભાવ ધરાવનાર સુભાષ બોઝે તે વખતે જાપાન-જર્મની જેવા લોકશાહી-શત્રુઓનું પડખું સેવીને નિષ્ફળતા વહોરી લીધી. આ ખૂનખાર નાઝીવાદે ભારત પર ભરડો જમાવ્યો હોત તો શું થયું હોત તેનો ખ્યાલ આજે પણ કંપારી ઊપજાવે છે. પણ સુભાષ બોઝ આજે સર્વગુણસંપન્ન લેખાય છે.

શીખ આતંકવાદી જેવું કશું હતું જ નહીં અને ઇન્દિરા ગાંધીએ ૧૯૮૪માં સુવર્ણમંદિર પર લશ્કરી હલ્લો કરીને શીખોને ત્રાસ આપ્યો, નિર્દોષ શીખો પોતાની ધર્મરક્ષા કાજે શહીદ થયા, તેવું નર્યું જૂઠાણું

શીખ સમાજના આગેવાનો ઠોક્યે જાય છે અને આ લશ્કરી કારવાઈ માટે સરકારે માફી માગવી જોઈએ તેવું જોરશોરથી કહ્યા કરે છે. આતંકવાદનું ઉન્મૂલન કરવામાં પોલીસે વધારે પડતું બળ વાપર્યું અને આ હોળીમાં કેટલાક નિર્દોષ લોકોનો જાન ગયો તેવું કહેવાય છે. તેની તપાસ થવી જોઈએ અને ગુનેગારને સજા થવી જોઈએ; પણ કુલ મળીને સાત હજાર હિંદુઓ—શીખોનો ભોગ લેનાર આતંકવાદીઓ શહીદ હતા તેમ કહેવું, તે લોહીતરસ્યો વાઘ શાકાહારી છે તેમ કીધા બરાબર છે. સુવર્ણમંદિરમાં કિલ્લેબંધી થઈ, હથિયારો અને દારૂગોળાના ભંડાર ભરાયા, ભિંદરાવાલે જેવો ગુનેગાર અંદર ઘૂસીને આશરો પામ્યો અને લશ્કર પણ મહામુશ્કેલીએ અંદર પ્રવેશ કરી શક્યું. આ ધર્મસ્થાન નથી, પણ સમાંતર સરકારનો અડ્ડો છે. આવી કિલ્લેબંધી કાશી વિશ્વનાથના પૂજારીઓ કરે કે અજમેરની ખ્વાજા શરીફની દરગાહમાં થાય ત્યારે આ તમામ સ્થાનોને જડમૂળથી ઉદ્ધ્વસ્ત કર્યા સિવાય દુનિયાની કોઈ સરકાર કેવી રીતે ચૂપ બેસી શકે? માફી તો શીખ ધર્મના આગેવાનોએ માગવાની છે કે સુવર્ણમંદિરની સાચવણ તેમણે કરી નહીં અને હજારો નિર્દોષ માણસોની કતલનું પાપ તેમણે પોતાને શિરે વહોરી લીધું. તાજેતરના ઘટનાક્રમની આ સૌથી મોટી વિકૃતિ છે, પણ હજારો લોકો તેમાં શ્રદ્ધા ધરાવે છે.

સત્તા અને વિલાસ ગુમાવી બેઠેલાં થોડાં મુસલમાન-હિંદુ રજવાડાંએ ૧૮૫૭માં કરેલાં છમકલાંને આઝાદીની પહેલી લડત ગણાવનારા ‘ઇતિહાસકારો’નો આપણે ત્યાં તોટો નથી. ૧૮૫૭ના એક પણ આગેવાનને રાષ્ટ્ર કે આઝાદીનું ભાન નથી કે દરકાર નથી, દાદાભાઈ નવરોજી કે દયાનંદ સરસ્વતી જેવો એક પણ ત્યાગી સમજદાર માણસ તેમની સાથે ઊભો રહ્યો નથી, તેની કશી ખેવના રાખવામાં આવતી નથી. પણ આવા તો કેટલા દાખલા આપીએ? જેમ પાછળ જતાં જઈએ છીએ તેમ આવી વિકૃતિઓથી આપણા ઇતિહાસગ્રંથો ઊભરાય છે. શિવાજી તદ્દન સામાન્ય સરદાર અને તે જમાનાના અનેક સરદારો—રાજાઓના પ્રમાણમાં વધારે સમજદાર અને સદાચારી કહી શકાય; પણ તેમને

રાષ્ટ્રપુરુષ કરીને વંદન કરવામાં આવે છે, એટલું જ નહીં, પણ સુરતમાં તેમણે બે વખત લૂંટ ચલાવી તે મોગલ બાદશાહને હથિયારનો પુરવઠો મળતો અટકાવવા માટે ચલાવેલી, એવી વાહિયાત વાતો પણ કરવામાં આવે છે. તે જમાનામાં બીજાં રાજ્યોમાં ધાડ પાડવી, લૂંટ ચલાવવી તે સર્વસામાન્ય શિરસ્તો હતો અને સુરત જેવા સમૃદ્ધ શહેરને લૂંટીને તિજોરી ભરવા સિવાય તેમાં બીજો કોઈ ઉદ્દેશ શોધવાની જરૂર નથી.

## કારણ કે—

તમાકુ મહા ઝેર છે, અનેક રોગ પેદા કરે છે. જનતાને જેનાથી નુકસાન થાય છે તેવી તમાકુનો વપરાશ બંધ કરવો હોય તો તેનો ધરમૂળથી નાશ થવો જોઈએ. આપણા દેશમાં, ખાસ કરીને ગુજરાત-તમિલનાડુ-આંધ્રમાં, તમાકુનું વાવેતર મોટા પાયા પર થાય છે. પણ અફીણના વાવેતર પર પ્રતિબંધ છે તેમ તમાકુના વાવેતર પર પણ મૂકવાનો અથવા સિગારેટ બનાવનાર કંપનીઓ બંધ કરવાનો કાયદો ઘડાતો નથી. કારણ કે માલેતુજાર ખેડૂતો અને સિગારેટના કારખાનેદારો સરકારને નચાવી શકે છે.

['દિવ્ય ભાસ્કર' દૈનિક: ૨૦૦૫]

# નજીબ મહફૂઝ

## હુશિયાર અને શાણો

માણસ હુશિયાર છે કે નહીં તે એણે આપેલા જવાબ પરથી આપણે કહી શકીએ. એ શાણો છે કે કેમ તે એના સવાલો પરથી.

[નોબેલ પારિતોષિક મેળવનાર અરબી ભાષાના એકમાત્ર નવલકથાકાર]

## 'નચિકેત'

# છેલ્લા શ્વાસ સુધી બગાવત

"એલા, આ કોનો છોકરો છે?"

"ગોવિંદરાવનો."

"પણ એ તો જાતનો માળી છે, ને આ બ્રાહ્મણની જાનમાં ક્યાંથી?"

"આ તો ધર્મ-ભ્રષ્ટતા કહેવાય, કેમ ચાલે!"

એક કાનેથી બીજે કાને, બીજાથી ત્રીજા કાને વાતની કાનફૂસી થવા લાગી. બ્રાહ્મણોની ચોટલીઓ ધ્રૂજી ઊઠી: જાણે વીજળીનો સબાકો થાય, તેમ કોઈનો ક્રોધ સળગી ઊઠ્યો; "કાઢો સાલાને અહીંથી, જુઓ છો શું?"

ભૂદેવોની ભ્રમરો ઊંચી થઈ; તીર પેઠે તણાઈ! જાણે ધરતી રસાતાળ! નાત આખી ખડાંગ કરતી ઊભી રહી ગઈ. વાત હમણાં વધી જશે, એવો ભય જોઈને ઘરધણીએ જ્યોતિરાવને ઘેર ચાલ્યા જવા વિનંતી કરી.

ભૂદેવો મૂછે વળ ને ચોટલીએ તાવ દેવા લાગ્યા.

જ્યોતિરાવને ભોં ભારે થઈ પડી. તે ભોંઠપનો માર્યો નીચે મોંએ ચાલ્યો ગયો.

એ દિવસે જ્યોતિરાવના મનમાં વિચાર-વંટોળ ઊઠ્યો: સમાજમાં ઊંચ—નીચના ભેદભાવ શા માટે? કોણે તે ઊભા કર્યા? એમાં ધર્મ ક્યાં આવ્યો? બ્રાહ્મણ હોય કે ચાંડાળ, પણ સૌ ઈશ્વરને મન સરખા છે, તો પછી માણસ માણસ વચ્ચે આવાં ધિક્કાર કે ઘૃણા શા માટે? આ બધાંનું મૂળ કારણ એક જ છે—અજ્ઞાનતા.

એ વેળા, એની વય માંડ વીસેક વરસની હશે. તેણે પૂનામાં બુધવાર પેઠમાં કન્યાશાળા શરૂ કરી. કન્યા ભવિષ્યની માતા છે, તે

કેળવાયેલી હશે તો ભાવિ પેઢીને તે અજ્ઞાનતામાંથી ઉગારી શકશે: જ્યોતિરાવની આ દૃઢ માન્યતા હતી.

જ્યોતિરાવે ભારતમાં સૌથી પહેલી કન્યાશાળા ઊભી કરી. સમાજ અને ધર્મના ઠેકેદારોમાં ચારેકોર ઊહાપોહ થયો: છોકરીઓને ભણાવીએ તો ધર્મભ્રષ્ટ થવાય. પણ જ્યોતિરાવ આવા વિરોધને ગણકારે એમ ન હતા. એ તો પોતાના કામને નિષ્ઠાથી વળગી રહ્યા. બને તેટલો શિક્ષણ-પ્રચાર કરવો એ જ એમનું જીવન બની ગયું.

જ્યોતિરાવનાં લગ્ન નાનપણમાં જ થઈ ગયાં હતાં. આઠ વર્ષની સાવિત્રી અને ૧૪ વર્ષનો જ્યોતિરાવ. સાવિત્રી જૂના રીતરિવાજોથી ઘડાઈ હતી. છતાં જ્યોતિરાવે ધીરજ અને સમજથી કામ લીધું. એક દિવસ તેણે સાવિત્રીને કહ્યું: “સાવિત્રી, ગાડાનાં બે પૈડાં સરખાં ન હોય તો ગાડું ચાલે નહીં, તેમ જીવનનું પણ છે; પતિ ભણેલો હોય ને પત્ની સાવ અભણ ને ગમાર રહે તો તે સારું ન કહેવાય.”

“તમારી વાત ખરી છે. તમે કહો તે કરવા તૈયાર છું.”

એ દિવસથી પત્નીને ભણાવવા માંડયું અને બે જ વરસમાં સાવિત્રીને પોતાની શાળાની શિક્ષિકા બનાવી દીધી. આ રીતે પતિ-પત્ની એકમેકનાં પૂરક બની, શિક્ષણના પ્રચારમાં આગળ ધપવા માંડયાં. આની દેખાદેખીએ બીજા ઘણા મિત્રોએ પણ ઘેર પોતાની પત્નીને શિક્ષણ આપવા માંડયું.

ઘેર ઘેર શિક્ષણનાં પગરણ મંડાતાં જોઈને રૂઢિચુસ્તો, સમાજના ધુરંધરો ઊકળી ઊઠ્યા; માર્ગ પરથી સાવિત્રી પસાર થાય કે તેને ગંદી ગાળો ભાંડે, ધૂળ ઉડાડે, પથરા ફેંકે. પણ સાવિત્રી કાચી-પોચી નહોતી. તે જરાય ભય પામી કે વિચલિત થઈ નહિ. ઊલટું, લોકો એની નિંદા કરતાં, તેમ એણે પોતાના કામનો વેગ વધાર્યો.

એક દિવસ રૂઢિચુસ્તો ભેગા મળીને જ્યોતિરાવના બાપ પાસે ગયા, અને એમને ધમકાવ્યા: “તમારા છોકરાએ તો હવે હદ કરી છે. વર-વહુ બેઉ જણાં ગામને વંઠાડવા બેઠાં છે કે શું? એને જાણે કોઈ

કહેનારું જ નથી! તમે એને કહી દેજો કે આ બધું બંધ કરે, નહિતર ગામ તમારો વહેવાર બંધ કરી દેશે.”

ગામના લોકો જ્યાં એક થઈ ગયા હોય ત્યાં એકલદોકલનું શું ગજું! જ્યોતિરાવના બાપ ગોવિંદરાવ ગભરાયા. તેમણે પોતાનાં દીકરા અને વહુને ઘણાં વાર્યાં, પણ એ માન્યાં નહીં. એ તો પોતાનું કાર્ય ચાલુ રાખવા મક્કમ હતાં. આખરે નાછૂટકે બાપે કહ્યું: “દીકરા, ગામમાં રહેવું અને ગામથી વેર બાંધવું એ કેમ ચાલે? તમને જો ના પરવડે તો નોખાં થઈ શકો છો.”

પતિ-પત્નીએ વડીલનાં આ વેણ સાંભળી, એકબીજાની સામે જોયું અને બંનેએ એકમેકની અંતરની વાત સમજી લીધી. પિતાના આદેશને શિરોધાર્ય કરી પતિ-પત્ની એ જ ઘડીએ ઘર છોડી નીકળ્યાં.

પણ, ગામમાં એમને ખોરડું કોણ આપે? એક મિત્રાની મદદથી મકાન તો માંડ માંડ મળ્યું, પણ જીવનનિર્વાહ કેવી રીતે કરવો?

ઘણી મનોવ્યથા અને મંથન પછી જ્યોતિરાવે એક ઠેકેદાર પાસે પેટાકામ શરૂ કર્યું. ધીરે ધીરે નાનાંમોટા બાંધકામ પોતે કરવા માંડયાં. દિવસના ધંધો કરે, રાતના અભણ મજૂરોને ભણાવે, પોતાના ખર્ચે પાટી-પેન પૂરાં પાડે. કશાય ભેદભાવ વગર જ્યોતિરાવે મરાઠા, મહાર, માંગ, ચાંડાળ, ઢેઢ, ભંગી વગેરેના છોકરાઓને ભણાવવાનું શરૂ કર્યું. સાવિત્રી પણ પતિને પગલે પગલે ડગ ભરતી હતી.

લોકોએ જ્યોતિરાવ અને તેની પત્નીને ત્રાસ આપવા બાકી નહોતું રાખ્યું. એમનાં માથે થૂંકે, પાનની પિચકારીઓ મારે, ગમે તેવી ગાળો આપે. પણ એમના પેટનું પાણી હલતું નહિ.

પતિ-પત્નીએ મળીને એક વધુ શાળા ખોલી; અસ્પૃશ્યો માટેની એ સૌપ્રથમ શાળા હતી. જ્ઞાનનાં દ્વાર સૌ કોઈ માટે ખુલ્લાં છે, એવું જ્યોતિરાવે આહ્‌વાન કર્યું ત્યારે ચારેકોર દાવાનળ લાગ્યો હોય એવો રોષ ભભૂકી ઊઠ્યો. વિરોધીઓ ભેગા થયા અને એક કાવતરું ઘડાયું.

મધરાતનો પોર હતો. સૌ મીઠી નિદ્રામાં પોઢી ગયાં હતાં. આખા

દિવસની થાકીપાકી સાવિત્રી પણ ઊંઘી ગઈ હતી. જ્યોતિરાવ પોતાને આશ્રયે રાખેલા અનાથ બાળકો માંહેના એક અસ્વસ્થ બાળકને ઊંઘાડવા વહાલથી પંપાળતા બેઠા હતા.

એ ટાણે ઘરને પાછલે બારણેથી બે જણ હાથમાં હથિયારો સાથે પ્રવેશ્યા. જોયું તો જ્યોતિરાવ એક અનાથ બાળકને પંપાળતા બેઠા છે. જોતાં જ એ હેબતાઈ ગયા, ત્યાં જ થંભી ગયા. એમનાં મસ્તકો જ્યોતિરાવનાં ચરણોમાં ઢળી પડ્યાં.

એમને જ્યોતિરાવ પોતાની રાત્રાશાળામાં ભણાવવા લાગ્યા. આગળ જતાં, એમાંના એક ધોંડીરામને જ્યોતિરાવે આગળ અભ્યાસ માટે કાશી મોકલ્યો. ત્યાં એ ભણી-ગણીને પંડિત થયો. બીજો જ્યોતિરાવનો અંગરક્ષક બની ગયો. તે ભણી—ગણીને જ્યોતિરાવના વિચારોનો પ્રચાર કરતો, ક્રાંતિનાં ગીતો રચીને ગાતો અને લોકોમાં જાગૃતિનો સંચાર કરતો.

જ્યોતિરાવની પ્રવૃત્તિથી, શિક્ષણક્ષેત્રો તેણે સાધેલી પ્રગતિથી પ્રભાવિત થઈને વિદ્યાધિકારી સર અર્સ્કીન પેરીએ ઇંગ્લૅન્ડનાં રાણીને આવી સુંદર અને સુધારક પ્રવૃત્તિનું બહુમાન કરવા જણાવ્યું. રાણીએ એ માટે અભિનંદન પાઠવ્યાં.

લોકો જેને હડધૂત કરી નિંદા કરતાં, એ જ જ્યોતિરાવના જાહેર સન્માનમાં પૂના શહેરના લોકો ઊમટી પડ્યા. ૧૮૫૨ના નવેમ્બરની ૧૬ તારીખે ગવર્નરના પ્રમુખપદે શહેરના અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિ વચ્ચે જ્યોતિરાવની મહાન સેવા બિરદાવવામાં આવી. ત્યારે એ બહુમાનનો સ્વીકાર કરતાં અત્યંત નમ્રપણે એમણે કહ્યું: “મેં કોઈ મહાન કાર્ય કર્યું હોય એમ હું માનતો નથી. હું તો કેવળ ભગવાનની ઇચ્છા પ્રમાણે, આજ સુધી ઉપેક્ષિત રહેલું કાર્ય શરૂ કરી રહ્યો છું; એમાં આપ સૌનો હૃદયપૂર્વક સહકાર માગું છું.”

પોતાના પુત્રાનું બહુમાન થયાનું જાણીને પિતા ગોવિંદરાવનું હૈયું હલી ઊઠ્યું. પોતે એને ઘરમાંથી કાઢી મૂકેલા તે બદલ ભારે દુ:ખ થયું, પોતે આવીને પુત્રા સાથે રહેવા લાગ્યા. જ્યોતિરાવે સુધારાની જ્યોત

વધુ ને વધુ પ્રજ્વલિત કરી. વિધવા—વિવાહનું જ્યોતિરાવે આહ્વાન કર્યું અને વિધવા-મુંડન સામે વિરોધ ઉઠાવ્યો—એટલું જ નહિ, મુંબઈ અને પૂના જેવાં શહેરોમાં વાળંદોની સભા બોલાવીને આ રિવાજ બંધ કરવાનું ઠરાવ્યું. આ ક્રાંતિકારી સુધારાથી સમસ્ત સ્ત્રીસમાજને ભારે આનંદ થયો.

જ્યોતિરાવને સંતાન ન હતું, એથી એમણે પત્નીના સહયોગથી પારકાં સંતાનોને ઘરઆંગણે વસાવી અનાથાશ્રમ ઊભો કર્યો. જીવનમાં ભૂલી પડેલી એક બ્રાહ્મણી સ્ત્રીના સંતાનને વિધિવત્ ખોળે લઈ, એ સ્ત્રીને કલંકમાંથી ઉગારી. આ દત્તક પુત્રા યશવંતે તબીબી અભ્યાસ કરી, પિતાના પગલે ચાલીને સેવાનો માર્ગ ગ્રહણ કર્યો.

જ્યોતિરાવની બહુવિધ સેવા, ત્યાગ અને જીવનસમર્પણની સમસ્ત મુંબઈના શિક્ષિત સમાજમાં ભારે સુવાસ પથરાઈ હતી. સન ૧૮૮૮માં મુંબઈમાં એક જંગી સભાનું આયોજન કરી જ્યોતિરાવનું જાહેર સન્માન કરવામાં આવ્યું. એના પ્રમુખપદે રાનડે અને ભાંડારકર જેવી વિભૂતિઓ ઉપસ્થિત હતી. એ વેળા રાવબહાદુર વડેકરે જ્યોતિરાવને 'મહાત્મા' તરીકે સન્માન્યા. સાથે એમનાં પત્ની સાવિત્રીબાઈનું પણ અપૂર્વ સન્માન કરવામાં આવ્યું.

આ મહાન સેવાધારી વિચારકે ૧૮૭૩માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી, જે સમાજની કાયાપલટનો એક મહાન સંકલ્પ હતો. ગામેગામ એની શાખાઓ ખૂલી. સર્વ માટે એનાં દ્વાર ખુલ્લાં હતાં. 'મનુષ્યની યોગ્યતા નાત-જાત પર નહિ, પણ એના ગુણ-સંસ્કારથી જ નક્કી થાય છે,' એ એમનું મુખ્ય સૂત્રા હતું. પોતાના આ વિચારોને વહેતા કરવા એમણે પુસ્તકો લખીને રૂઢિ અને અંધશ્રદ્ધા સામે બગાવતનો ઝંડો ફરકાવ્યો.

જીવનના છેલ્લા શ્વાસ સુધી સમાજ સામે બગાવત કરતાં કરતાં, આ મહાન જ્યોતિર્ધર જ્યોતિરાવ ફુલેએ ૧૮૯૦ની ૨૭મી નવેમ્બરે આ જગતમાંથી વિદાય લીધી.

# નરસિંહ મહેતા

## મેહુલો ગાજે ને—

મેહુલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાયે ઘૂઘરડી રે,
તાલ પખાજ વજાડે રે ગોપી, વહાલો વજાડે વેણુ વાંસલડી રે.

પહેરણ ચીર, ચરણા ને ચોળી, ઓઢણ આછી લોબરડી રે;
દાદુર, મોર, બપૈયા બોલે, મધુરી શી બોલે કોયલડી રે.

ધન વંસીવટ, ધન જમનાતટ, ધન ધન આ અવતાર રે;
ધન નરસૈયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલ્હાર રે.

## ભોળી રે ભરવાડણ

ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી;
સોળ સહસ્ર ગોપીનો વહાલો, મટુકીમાં ઘાલી.

અનાથના નાથને વેચે આહીરની નારી;
શેરીએ-શેરીએ સાદ પાડે: લ્યો કોઈ મોરારિ!

મટુકી ઉતારી, માંહી મોરલી વાગી;
વ્રજનારીને સેજે જોતાં મૂરછા લાગી.

બ્રહ્માદિક ઇન્દ્રાદિક સરખા કૌતક એ પેખે;
ચૌદ લોકના નાથને કાંઈ મટુકીમાં દેખે.

ગોવાલણીના ભાગ્યે પ્રગટ્યા અંતરજામી;
દાસલડાંને લાડ લડાવે નરસૈનો સ્વામી.

# નાનું સરખું ગોકુળિયું

*નાનું સરખું ગોકળિયું મારે વહાલે વૈકુંઠ કીધું રે;*
*ભક્તજનોને લાડ લડાવી ગોપીઓને સુખ દીધું રે.*

*ખટદર્શને ખોળ્યો ન લાધે, મુનિજનને ધ્યાને ના'વે રે;*
*છાશ વલોવે નંદઘેર, વહાલો વૃંદાવન ધેનુ ચરાવે રે.*

*વણકીધે વહાલો વતાં કરે, પૂરણ બ્રહ્મ અવિનાશી રે;*
*માખણ કાજ મહિયારી આગળ ઊભો વદન વિકાસી રે.*

*બ્રહ્માદિક જેનો પાર ન પામે, શંકર કરે ખવાસી રે,*
*નરસૈંયાનો સ્વામી ભક્ત તણે વશ, મુકિત સરીખી દાસી રે.*

['નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ' પુસ્તક]

# કૂવો હોય તો…

*કૂવો હોય તો ઢાંકીને મૂકીએ રે,*
*સાયર ઢાંક્યો ક્યમ જાય?*

# નરસિંહરાવ દિવેટીઆ

–

*જો એક અશ્રુ તુજ મ્હેં કદી હોય લોહ્યું,*
*એકાદ અશ્રુતણું દાન જ યાચું તો હું*

## શાંત ખૂણામાં મધુર વીણા

બોટાદકર કવિતદેવીના મંદિરમાં અગ્રસ્થાનના અધિકારી છે. ગૃહજીવનના કોમળ, ગૂઢ, ચારુતાયુક્ત પ્રસંગો અને ભાવોના સૂર આ કવિની વીણામાં અજબ સંગીત ઉત્પન્ન કરે છે; આ ક્ષેત્રમાં બોટાદકરની કલા અને પ્રતિભા અદ્વિતીય છે. એમનાં કાવ્યો અનેક દુખી હૃદયને આશ્વાસન આપશે, ઉલ્લાસ પૂરશે, દિવ્યતાનાં દર્શન કરાવશે. આ વિનીત કવિએ પોતાના જીવનમાં ક્યાંય પણ ઘોંઘાટથી જનસંઘને આકર્ષવાનો દંભ કર્યો નથી, કદી પણ ઉચ્ચ પદવીએ ચઢવાનો લોભ કર્યો નથી; માત્ર પોતાની મધુર વીણા શાંત ખૂણામાં બેઠા બેઠા વગાડીને આનંદ લીધો છે ને અધિકારીમાત્રાને આનંદ આપ્યો છે.

[બોટાદકર-કૃત કાવ્યસંગ્રહ ‘શૈવલિની’ઃ ૧૯૨૫]

# નરહરિ પરીખ

## એમાં નવાઈ શી?

*આપણે,*
*જેઓ ગરીબ લોકોની સેવા કરવાનો દાવો કરીએ છીએ,*
*તેમણે વિચારવાનું છે કે*
*કેમ એ લોકો તોફાની ચળવળ કરનારાઓ પાસે દોડી જાય છે?*
*તેમનાં હિતને નામે જે હડતાલો તેમની મરજી વિરુદ્ધ*
*થોડા ગુંડાઓ દ્વારા પડાવવામાં આવે છે,*
*તેને વશ ન થવા જેટલું બળ*
*આપણે કેમ તેમનામાં પેદા કરી શકતા નથી?*
*આપણે વિચારીએ કે આપણામાંથી કેટલા*
*સમાજના છેક નીચલા થરના*
*કચડાયેલા લોકો પાસે પહોંચ્યા છીએ?*
*તેમનાં દુઃખો ટાળવામાં આપણામાંથી કેટલા*
*તેમને મદદગાર થયા છીએ?*
*ઉપલા થરના લોકો આ લોકોની મહેનતનો ગેરવાજબી લાભ ઉઠાવે છે,*
*તેમને ચૂસે છે, તેમનું અપમાન કરે છે,*
*ને એ લોકોને ઊંચે આવવા દેતા જ નથી.*
*પણ ઉપલા થરના લોકોને આ હકીકત કહેવાની*
*આપણી હિંમત ચાલતી નથી.*
*આપણા પર તેઓ નારાજ થશે, અને તેથી આપણી પ્રવૃત્તિઓમાં*
*ધનથી તેમનો જે સહકાર મળતો હોય છે તે બંધ થશે,*
*એવો ડર આપણા દિલ ઉપર સવારી કરે છે.*
*પછી દલિત વર્ગ*

*તોફાનોને જ ક્રાંતિનું હાર્દ માનવાવાળા લોકોના હાથમાં જઈ પડે, એમાં નવાઈ શી?*

# વાચન-વિચાર-લેખનના તપસ્વી

સારા ગુજરાતી ગદ્ય અને પદ્યના નમૂના હું કાકા કાલેલકરને ૧૯૧૮માં વાંચી સંભળાવતો, ત્યારે 'નવલગ્રંથાવલિ'ના લેખોમાંના વિવિધ વિષય ઉપરના દીર્ઘદષ્ટિયુક્ત વિચારો સાંભળી કાકાસાહેબે, મને કહ્યું કે, આ ચારે ચોપડીમાં પડેલા લેખો કોઈ વાંચશે નહીં, અને નવલરામભાઈના વિચારો તો આજે પણ પ્રજા સમક્ષ રહે તે આવશ્યક છે; એટલે તમે એમાંથી તારણ કાઢી સારા સારા લેખો એક પુસ્તકમાં આપો, તો ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થીઓની એક મોટી સેવા થશે.

'નવલગ્રંથાવલિ' સૌથી પહેલી હું કૉલેજમાં ભણતો ત્યારે વાંચેલી. તે ઉપરથી ગુજરાતી ભાષાના સામર્થ્યનો ખ્યાલ આવ્યો. નવલરામભાઈએ ગંભીર વિચારો બહુ સાદી ભાષામાં દર્શાવેલા હોઈ, સાહિત્યના અભ્યાસનો આરંભ કરનાર વિદ્યાર્થીને એ બહુ ઉપકારક થઈ પડે એવું એમનું વિવેચન છે. ઉત્તમ વિવેચકનો એક મુખ્ય ગુણ ગોવર્ધનરામભાઈ ગણાવે છે કે "પુષ્પોમાં સામાન્ય દૃષ્ટિને દેખાતું નથી તે મધ શોધવાની શક્તિ ભ્રમરમાં હોય છે, તેમ ગ્રંથોના ગુપ્ત ગુણો શોધનારી સૂક્ષ્મ દૃષ્ટિ પરીક્ષકમાં હોવી જોઈએ." એ શક્તિ નવલરામભાઈમાં સારા પ્રમાણમાં હતી, અને તેથી તેઓ તેમના જમાનાના ગ્રંથકારોના આદર તથા પ્રીતિને પાત્ર થયા હતા.

'સુબોધચિંતામણિ' ગ્રંથ પરનું નવલરામભાઈનું વિવેચન ગુજરાતી સાહિત્યમાં અમર રહી જશે. 'સુબોધચિંતામણિ'ના લેખક "માત્રા ૨૩-૨૪ વર્ષની જ ઉંમરના અને મધ્યમ કેળવણી પામેલા વલ્લભદાસ શેઠને જાહેર રીતે કવિપદ" આપવાનો અધિકાર નવલરામભાઈ સિવાય બીજા કોઈ વિવેચકે ગુજરાતમાં ભોગવ્યો નથી. જે સાત્ત્વિક અને સાહિત્યનિષ્ઠ

પ્રવૃત્તિથી તેઓ વિવેચન કરતા, તે જોતાં એ વચનો વાપરવાનો તેમનો અધિકાર તે વખતે સ્વીકારાતો. જે એવા અધિકારને યોગ્ય હોય છે તેમની એ યોગ્યતા વણમાગી સર્વમાન્ય થાય છે.

નવલરામે લગભગ પચીસ વર્ષ જે અખંડ સાહિત્યપ્રવૃત્તિ ચલાવી તેમાં એક પ્રવૃત્તિ ખાસ ધ્યાન ખેંચે છે કે સંસ્કૃતમાંથી કે અંગ્રેજીમાંથી જે કાંઈ જ્ઞાન તેમને મળ્યું, અથવા પોતાના અનુભવમાંથી જે નવા વિચારો તેમને સૂઝ્યા, તેનો લાભ પોતાના દેશબંધુઓને આપવા તેમણે ચીવટપૂર્વક પ્રયત્ન કર્યો છે. પોતાથી ઓછી જ્ઞાનસંપત્તિવાળા પોતાના બંધુઓને મદદરૂપ થવાની ધગશ જોઈ એ વિદ્વાન પ્રત્યે માથું નમ્યા વિના રહેતું નથી. પોતાની બધી સાહિત્યપ્રવૃત્તિ પંડિતમાં ખપવા માટે નહીં પણ આખા જનસમાજને કેળવણી આપવાને અર્થે તેમણે કરી છે.

જ્યારે નવલરામના મનમાં લાગ્યું કે હવે અંતકાળ આવ્યો છે, ત્યારે પોતાના પિતાને પાસે બોલાવ્યા, અને પોતાના મરણ પછી પુત્રા તથા સ્ત્રી સાથે કદાચ અણબનાવ થતાં વૃદ્ધ પિતાને પરતંત્રાપણું ભોગવવું ન પડે એ હેતુથી પાંચ હજાર રૂપિયાની નોટો રાખી મૂકી હતી તે દુ:ખી ડોસાના હાથમાં મૂકતાં ગદ્ગદ કંઠે કહ્યું: “પિતાજી, જે વખતે આપણા લોકમાં કેળવણીની બૂજ હતી નહીં તેવે સમયે તમારી ટૂંકી રોજીમાંથી કરકસર કરી મને પૂરો વિદ્યાભ્યાસ કરાવવા ખર્ચ કર્યો, તો હું બે અક્ષર ભણ્યો અને કંઈક વિદ્વાનમાં ખપ્યો તેનો બદલો મારાથી વાળી શકાય એમ નથી. તેમ છતાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી આ હું તમને આપું છું તે સ્વીકારી મને આશીર્વાદ દ્યો કે મારા આત્માનું કલ્યાણ થાય.”

વાંચવું, વિચારવું અને લખવું: એ ત્રણ ક્રિયાઓ, સમુદ્રમાં નિરંતર પાણી ઊછળે એમ, નવલરામના જીવનમાં ઊછળતી હતી. એમના નિષ્કલંક જીવનમાં પ્રથમથી છેલ્લે સુધી અહોનિશ ઉદ્યોગ-તપ તપાયું છે. એ તપનું ફળ પરમાર્થ સિવાય બીજું એમણે ઇચ્છયું નથી.

['નવલગ્રંથાવલિ' પુસ્તક]

# મહાદેવભાઈની ડાયરી

મહાદેવભાઈ ૧૯૧૭માં ગાંધીજીની સાથે જોડાયા ત્યારથી તે ૧૯૪૨માં તેમનો દેહાંત થયો ત્યાં સુધીની ડાયરી તેમણે લખેલી છે. ગાંધીજીના પત્રવ્યવહારની, તેમનાં ભાષણોની, વ્યક્તિઓની સાથે થયેલી વાતચીતોની તેમજ વિવિધ વિષયો ઉપરના તેમના વિચારોની તેઓ નોંધ કરી લેતા.

ગાંધીજીનું આખું જીવન તદ્દન ખુલ્લું હતું. અંગત અને ખાનગી ગણાય એવી એમની વાતો જેટલી જગત જાણતું હશે, એટલી ભાગ્યે જ બીજા કોઈ નેતાની જાણતું હોય. છતાં ગાંધીજીની ઘણી જાણવા જેવી વાતો હજી જનતાને જાણવા ન મળી હોય. ગાંધીજીની બહાર નહીં આવેલી ખાસિયતો તથા જીવનપ્રસંગો તેમજ જીવનને લગતા ગાંધીજીના વિચારો આ ડાયરીઓમાંથી જાણવા મળે છે. તેમણે વાંચેલાં પુસ્તકોનું વિવેચન અને કેટલાંય પુસ્તકોમાંથી આકર્ષક ફકરા મહાદેવભાઈએ આપ્યા છે.

મહાદેવભાઈની ડાયરીઓ ગાંધીજીના જીવનચરિત્રા માટેનો કાચો, અતિશય મહત્ત્વનો મસાલો છે. માનવજાતિને પ્રેરણા આપનાર બહુ ઉપયોગી સાહિત્ય તરીકે તેનું મહત્ત્વ છે.

ગાંધીજીની જીવનકળા ઉપરાંત મહાદેવભાઈની કર્તવ્યનિષ્ઠા, અનેક વિષયોમાં તેમનો રસ આ ડાયરીઓમાં પ્રગટ થાય છે. મહાદેવભાઈમાં ઊંચા પ્રકારની સાહિત્યશક્તિ હતી. બીજાના ગુણ જ જોવાનો તેમનો સ્વભાવ પડી ગયો હતો. તેમની નમ્રતા, પોતાની જાતને ભૂંસી નાખવાની તેમની વૃત્તિ, એ તેમના જીવનસાર્થક્યની મુખ્ય ચાવી હતી. એ વસ્તુનું દર્શન આ ડાયરીઓમાં થાય છે. વસ્તુના ઉદાત્તપણાને લીધે તેમજ તે રજૂ કરવાની શૈલીની ચિત્તાકર્ષકતાને લીધે ‘મહાદેવભાઈની ડાયરી’નું

સ્થાન દુનિયાના આ જાતના સાહિત્યમાં બહુ ઊંચું રહેશે.

નરહરિ પરીખ

['મહાદેવભાઈની ડાયરી' : પુસ્તક પહેલું]

*

મહાદેવભાઈની ડાયરી એ પ્રધાનપણે ગાંધીજીની પ્રવૃત્તિની ડાયરી છે. આપણા સમયની એક વિરલ વિભૂતિના પ્રભાવી વ્યક્તિત્વનાં વિવિધ પાસાં આ ડાયરી દ્વારા વાચક ખૂબ નજીકથી જોવા પામે છે. ગાંધીજીને મળવા આવનાર, એમની સાથે પત્રવ્યવહાર કરનાર અનેક વ્યક્તિઓનો એમાં પરિચય મળે છે. મહાદેવભાઈનું વાચન વિવિધ અને વિશાળ હતું. એમણે વાંચેલાં પુસ્તકોનાં સારગ્રાહી વિવેચન, ઉતારા વગેરે ડાયરીમાં એમણે છૂટે હાથે વેર્યાં છે. એમની શૈલી મોહક છે, ભાષાનો પ્રવાહ અસ્ખલિત વહ્યો જાય છે.

મહાદેવભાઈની ડાયરી સાથે સરખાવી શકાય એવાં લખાણોનો વિચાર કરીએ તો, તેમાં એકરમેનનું 'કોન્વરસેશન્સ વિથ ગેટે' આવે. શ્રી મહેન્દ્રનાથ ગુપ્તે રામકૃષ્ણદેવના વાર્તાલાપોની રોજેરોજની નોંધ રાખેલી, તે ઉપરથી 'શ્રી રામકૃષ્ણ કથામૃત' મહાગ્રંથ લખેલો છે. તેના અંગ્રેજી 'ધ ગોસ્પેલ ઓવ શ્રી રામકૃષ્ણ'ની પ્રસ્તાવનામાં આલ્ડસ હક્સ્લીએ તેના લેખક વિશે લખ્યું છે :

To a deep knowledge of his master's teaching, he added a happy gift for recording the small happenings of each day in an interesting way. To read through these conversations is in itself a liberal education in humility and tolerance.

[પોતાના ગુરુના ઉપદેશોનું ઊંડું જ્ઞાન ધરાવવા ઉપરાંત રોજેરોજના નાના નાના પ્રસંગોની રસભરી નોંધ કરવાની કલાનું તેમને સુખદ વરદાન હતું. એ વાર્તાલાપોનું વાચન કરવામાં જ વિનમ્રતા અને સહિષ્ણુતાની કેળવણી આપોઆપ મળી રહે તેમ છે.]

આ શબ્દો મહાદેવભાઈને પણ એટલા જ ઔચિત્યપૂર્વક લાગુ

પાડી શકીએ.

નગીનદાસ પારેખ
['પરિચય અને પરીક્ષા' પુસ્તક]

*

આ ડાયરીમાંથી ગાંધીજીની છબી સુરેખ ઊઠી આવે છે. ગાંધીજી જીવનની પળેપળ કેવી ઊંચાઈએ જીવતા હતા, ક્ષણેક્ષણને કાર્યથી ભરી દઈ દરેકેદરેક કાર્યને કેવા અલૌકિક મહત્ત્વથી અંકિત કરતા હતા, તે આ ડાયરીમાંથી આપણને પ્રતીત થાય છે. જાણે ગાંધીજીની પાસે રહીને આપણે નજરોનજર એમની એકધારી મહાનુભાવિતાનું દર્શન કરી રહ્યા ન હોઈએ! એવો અનુભવ થાય છે.

આ 'મહાદેવભાઈની ડાયરી'નો વિષય મહાદેવભાઈ નથી. મહાદેવભાઈનું હૃદય તો એક વાત જાણે છે: સ્વચ્છ થઈને બાપુની સામે ઊભા રહેવું, જેથી બાપુની યથાર્થ છબી એમાં સ્ફુરી રહે. આ ડાયરીમાં ગાંધીજીનું પ્રતિબિંબ જોઈ, સ્થિર પ્રસન્ન જલાશય જેવા લેખકના ચિત્તનો પણ આહ્‌લાદક અનુભવ થાય છે.

ઉમાશંકર જોશી
['અભિરુચિ' પુસ્તક]

*

જગત-સાહિત્યમાં ડાયરીઓ ઘણી મળશે, તથાપિ [૧૯મી સદીના સ્વિટ્ઝર્લેન્ડના કવિ અને ફિલસૂફ] એમિયલનું 'જર્નલ' અને 'મહાદેવભાઈની ડાયરી' જેવી રચનાઓ વિરલ ગણવી રહેશે. સમયના વિશાળ પટ પર પથરાયેલી, આવડા ઊંચા સાહિત્યગુણવાળી ડાયરી બીજી એકે આપણા સાહિત્યમાંથી બતાવી શકાશે નહીં.

જીવનની પળેપળને પોતાની મહત્તાથી અંકિત કરતા ગાંધીજીના પ્રેમમય વ્યવહારના કેટલા બધા પ્રસંગો [ડાયરીમાં] આવ્યા જ કરે છે. પ્રજાના સમુદ્ધારનો હિમાલય જેવડો કર્તવ્યબોજ ઉપાડનારને અનેકના અંગત-બિનંગત પ્રશ્નો પર જીવનવિધાયકની દૃષ્ટિથી સલાહસૂચન આપતા કે લમણાઝીક કરતા, મૂર્ખ દલીલોને ધીરજપૂર્વક સાંભળતા ને તુચ્છકાર્યા

વિના એનું ખંડન કરતા, એને રીઝવીને એમને કાઢતા, કોઈને ટપારતા, કોઈની ટીખળ કરતા, વિદેશી સરકારની અવળાઈઓને સતત લડત આપતા… અને આ બધાંને અંતે નિર્દોષ બાળકની જેમ ઘસઘસાટ ઊંઘતા આપણે જોઈએ છીએ.

ગંગાની જેમ નિત્ય, પ્રવાહમાન એક અલૌકિક વ્યક્તિના ઠેઠ સાંનિધ્યમાં ડાયરી આપણને મૂકી દે છે અને એની પુનિત વિચારધારાનું આપણા અંતરમાં સતત સિંચન થતાં આપણે પણ પાવન થઈએ છીએ.

યશવંત શુક્લ
['ઉપલબ્ધિ' પુસ્તક]

# નરેશ ઉમરીગર

## દરજ્જાનો ખ્યાલ

માનસિક કામ કરનારા આપણને બધાને એક જાતનું બેઠાડુ, બને ત્યાં સુધી પટાવાળા અને નોકરો પાસેથી કામ લેવાની આદતવાળું, જીવન જીવવાની ટેવ પડી ગઈ છે. અને આપણું શિક્ષણ પણ આપણને એ જ શીખવી રહ્યું છે. આપણે આપણી ઑફિસમાં પટાવાળાઓ પાસે તેમની ફરજના ક્ષેત્રમાં ન આવતું કામ પણ લઈએ છીએ. બહુ ઓછા શિક્ષિત માણસો આવા કર્મચારીઓનાં નામ જોડે ‘ભાઈ’ શબ્દ જોડીને તેમને સંબોધતા હશે. પટાવાળો આપણા કરતા ઉંમરમાં મોટો હોય તો પણ ‘તું’ જ રહે છે.

પશ્ચિમના સંપત્તિવાન દેશોમાં ઝાડુવાળો પોતાની મોટરમાં આવી સફાઈ કરી, જમવાના સમયે, તે જ ઑફિસના વડા સાથે એક ટેબલ પર ભોજન કરવા બેઠો હોય. માનવ સમાનતાનો આપણે ફક્ત વિચાર-સ્વીકાર જ કર્યો છે, એના અમલ વિષે આપણે ભાગ્યે જ સભાન રહીએ છીએ. સ્વિટ્ઝરલેન્ડમાં બાગમાં સુકાયલાં પાંદડાં વીણતા વૃદ્ધને એક પરદેશી મુસાફરે ત્યાંના પ્રમુખની ઑફિસ બતાવવા કહ્યું. વૃદ્ધ પેલાની જોડે ચાલ્યો. ઑફિસમાં આવ્યા પછી વૃદ્ધે કહ્યું : “બોલો, શું કામ છે? હું જ પ્રમુખ છું.” આ સહજતા આપણા રાજકારણીઓમાં ભાગ્યે જ જોવા મળે છે, કારણ કે દરજ્જાના ખ્યાલને આપણે ક્યારેય છોડયો નથી.

[‘ગુજરાતમિત્ર’ દૈનિક]

# નરોત્તમ પલાણ

## તસવીર પીધી!

મેઘાણીએ જેને ‘રઢિયાળી રાત’નો ભાગ ચોથો અર્પણ કર્યો છે તે “બગવદરનાં મેરાણી બહેન ઢેલી”ને થોડાં વર્ષો પહેલાં મળવાનું થયેલું.

‘રઢિયાળી રાત’ તેમને અર્પણ થયાનું સ્મરણ હતું. એટલે મેઘાણી વિશે પૃચ્છા કરી: મેઘાણી અહીં ક્યારે આવેલા? શું બન્યું હતું? વગેરે. ઢેલીઆઈ વાતડાહ્યાં જાજ્વલ્યમાન મેરાણી છે. તેમણે આખી વાત માંડીને કહી:

મને ગીતો બહુ યાદ છે, એવું સાંભળીને મેઘાણીભાઈ એક દિવસ આવ્યા. ધોળાં ધોળાં લૂગડાંમાં મોટી મોટી આંખો નીચી ઢાળીને મારે આંગણે ઈ ઊભા હતા. જોતાં જ આવકાર દેવાનું મન થાય એવો માણસ! મેં તો ઓટલીએ ગોદડું પાથરી દીધું ને બેસાડયા. હું હેઠે બેસવા જતી હતી, ત્યાં પગે પડીને “હં…હં…હં, તમે અહીં ઉપર બેસો, નહીંતર હું ય નીચે બેસું.” એમ કહીને મને ય ઉપર બેસાડી. પછી તો એમને જે ગીતો જોતાં’તાં તેની અરધી અરધી કડીઓ પોતે બોલે, ને હું ગીત પૂરું કરી દઉં. પોતે નીચી મૂંડકી રાખીને ઝીણા ઝીણા અક્ષરમાં ટપકાવ્યે જાય. મને ગીત ગાયા વિના બોલતાં ન આવડે, એટલે પોતે હસે. હું તો જેના જેવા રાગ તેમ મન મૂકીને હલકો કાઢીને ગાઉં! આજુબાજુનાં ય ભેળાં થઈ ગયાં અને છેક બપોર સુધી ગીતો ગાયાં.

જમવા બેઠા. પાટલો ઢાળ્યો હતો, પણ પોતે પાટલે ન બેઠા. હું નીચે બેઠી બેઠી રોટલા ઘડતી હતી, તે પોતેય નીચે બેઠા! ઘણું કહ્યું, તો કહે: “રોટલા ઘડનારી નીચે બેસે અને ખાનારો ઊંચે બેસે, એ ક્યાંનો ન્યાય?” મને તો અમારા ગાર્યવાળા ઘરમાં એનાં લૂગડાં બગડે એનો જ ભે હતો. પણ પોતે એકના બે ન થયા. અને હજી તો પૂરા જમી ન લે એની મોર્ય તો આખું ગામ ઓસરીમાં ભેળું થઈ ગયું.

અમારી કોમમાં ગીતો ગાવાં-સાંભળવાં બહુ ગમે.

જમીને એમણે એક ગીત ગાયું. અસલ અમે ગાઈએ એ જ ઢાળમાં. અમે તો બધાં એના મોઢા સામું જ જોઈ રહ્યાં!—ને પછી તો એક પછે એક... રોંઢો ઢળ્યા સુધી એની પાસે ગવડાવ્યે જ રાખ્યું. પછી અમારો વારો આવ્યો. અમે આઠદશ બાયુંએ ગીત ગાવા માંડ્યાં. પણ બધી બાયું ભેળી થાય, એટલે બેસીને કેમ ગવાય? થયાં ઊભાં અને ફળિયામાં જ રાસડા માંડ્યા! પોતે તો હમણાં ઢગલો એક હસી નાખશે એવા થતા થતા કાગળિયાંમાં ટપકાવ્યે જાય. જોણાં ને રોણાંને તેડું થોડું હોય? ઢગ બાયું ભેગી થઈ અને અંધારું થયા લગી રાસડા હાલ્યા. વાળુ કરીને પાછાં ભેળાં થયાં, તે એક પછી એક નવાં નવાં ગીત મધરાત સુધી ગાયાં. છેલ્લે પોતે થોડાંક મરકડાં કીધાં અને સહુને હસાવ્યાં.

થોડાંક રહી જતાં હતાં તે ગીત સવારે પણ મેં ગાયાં. અને પોતે તો મારાં વખાણ કરતાં કરતાં નીચી મૂંડકી રાખીને લખ્યે જાય. મનેય ગીત બહુ મોઢે—સવારોસવાર ગાઉં, પણ એકેય ગીત બીજી વાર ન આવે.

અહીંથી પોતાને બખરલા જવું હતું, એટલે શિરામણ કરીને ગાડું જોડયું. પણ પોતે કહે: “હું ગાડામાં નહીં બેસું; એક જીવ તાણે ને બીજા જીવથી અમથું અમથું નો બેસાય.” સંધાયની આંખમાં પાણી આવી ગયાં. પોતે લૂગડાં સંકોરતા સંકોરતા સૌને હાથ જોડીને ચાલતા થયા. ઓહોહો! આવો માણસ...!

મેઘાણીભાઈની તસવીર, નેવું વરસ વટાવી ચૂકેલાં ઢેલીઆઈની આંખમાંથી મેં પીધી!

# નરોત્તમ પલાણ

## આંખો છલકાણી

બામણાની આજુબાજુ પ્રવાસે નીકળેલા પુષ્કર ચંદરવાકર લુસાડિયામાં આવેલી ઉમાશંકરની જમીન ઉપર જઈ ચડ્યા. એનો રખેવાળ નાથુજી ભીલ કહે: “ભણેલા છો?” પછી કહે: “ભણેલો તો અમારો ઉમિયો જ—.” પુષ્કરભાઈએ આ પ્રસંગ ઉમાશંકરને કહ્યો, અને ખર્‌ર્‌ર્ ઉમાશંકરની બેય આંખો છલકાણી.

# નર્મદાશંકર દવે (નર્મદ)

## વળાયે નહીં પાડ

*ખરેખાત મા-પુત્રા સંબંધ કેવો,*
*ખરે જાણવો પૃથિવી ને વૃક્ષ જેવો!*
*કૃતઘ્ની છતાં વહાલ તો આણતાં જી,*
*વળાયે નહીં પાડ માયાળુ માજી!*

—

*સજન-નેહ નિભાવવો ઘણો દોહ્યલો, યારઃ*
*તરવો સાગર હોડકે, સૂવું શસ્ત્રની ધાર.*

## સ્વદેશાભિમાન

પોતાનાં છોકરાંનું, કુટુંબનું કલ્યાણ ઇચ્છવું ને કરવું એ જેમ ઘરડાં વડીલોને સ્વાભાવિક છે, તેમ અમારા દેશમાં રૂડું કરનાર બહુ હોજો, અમને સારો રાજા મળજો, અમારા દેશમાં ભણેલા ઘણા થજો, અમારા દેશમાં પુણ્યાત્મા અવતરજો વગેરે પોકારો દેશદેશના માણસોને સ્વાભાવિક છે. પણ જે પ્રમાણે કુટુંબ અને ન્યાતની વાતમાં એ અભિમાન જણાઈ પડે છે, તે રીતે દેશની બાબતમાં દેખાતું નથી; માણસના દિલમાં તો છે, પણ બહાર પડતું નથી. જ્યારે સભામધ્યે ચાલતા પ્રકરણમાં કોઈની વિદ્યા, કોઈનું ઔદાર્ય, કોઈનું આચરણ, કોઈના પૈસા, કોઈનાં ભૂંડાં કર્મો આદિકનું વર્ણન થતું હોય તે વેળા, જે કુળના ને જે ન્યાતના પુરુષ વિષે બોલાયું હશે, તે કુળના અને તે ન્યાતના સભામાં બેઠેલા માણસોના

દિલમાં ખુશીનો અથવા દિલગીરીનો જોસ્સો એકાએક પેદા થઈ આવે છે: હાશ! આપણામાં પણ મોટમોટા થઈ ગયા છે; ધન્ય છે તેઓને; અથવા હાય રે! આપણી ન્યાતનું નામ ફલાણાએ બોળ્યું જ જો, મુઓ એ; એમ અભિમાન અથવા ધિક્કાર થાય છે. હિંદુસ્તાન દેશમાં નાના પ્રકારના લોકો છે. જાતો ઘણી છે-ન્યાતો અગણિત છે-પોતપોતાની ન્યાત શ્રેષ્ઠ, એમ સર્વ ન્યાતના લોકો જાણે છે. જેમ માર ખાધાથી ચામડું બહેર મારી જાય, તેમ લોકો બહેર ખાઈ ગયેલા છે-અદેખાઈએ સજ્જડ મૂળ ઘાલ્યું છે-અને અદેખાઈથી કલહ, કંકાસ, નીચ-ઊંચ વગેરે કુસંપો થવા માંડ્યા છે. એકે એક કામ આરંભ્યું તો બીજો તોડી પાડે છે, એટલે શરૂ કરેલું પાર પડતું નથી.

ચાનક રાખી સર્વ ન્યાતના ગૃહસ્થોએ પોતપોતાના કુળનું, ન્યાતનું તથા શહેરનું ભલું કરવું અને છેવટે દેશમાં તવંગરને સુખ-યશ મળે, ગરીબ સુખે રોટલો પેદા કરે, દેશમાં મોટમોટાં કારખાનાં નીકળે, પૈસેટકે દેશ તાજો થાય, ઊપજ ઘણી અને સુંદર થાય, એવી ઉત્તમ જણસો પરદેશમાં વેચાય; વિદ્યા, હુન્નરો બહોળા લોકોમાં ફેલાય: તેમ કરવા મંડી પડવું, એનું નામ દેશાભિમાન. દેશને પરદેશીઓના હુમલામાંથી સંરક્ષવાને રાજા અને લશ્કરી શૂરા માણસો રણસંગ્રામમાં પડે છે, તેઓ જ ખરા અને માત્ર દેશાભિમાની છે એમ ન સમજવું. રે! જે ગરીબ વિદ્વાન અરણ્યમધ્યે ઝૂંપડામાંના ખૂણામાં બેસી લોકોનું સારું થાય એવી વાતો અને તેનાં સાધનો ઝાડનાં પાંદડાં ઉપર લખી લોકોમાં આપી જાય છે, તે પણ ખરેખરો અને મોટો સ્વદેશાભિમાની છે એમ જાણો.

અસલ વેળા દેશની સ્થિતિ કેવી હતી? લોકો સુખી હતા-ક્ષત્રી શૂરા હતા, બ્રાહ્મણો ધર્મોપદેશ અને ગ્રંથો કરતા, વૈશ્યો મોટા વ્યાપાર ચલાવતા, અને શૂદ્રો મન દઈ સેવા કરતા. તેઓ દેશાટન કરતા. નવા દેશની નવી વસ્તુઓ, નવો રિવાજ, વિલક્ષણ વિચારો લઈ આવી એઓથી સ્વદેશને શણગારતા. રાજા-રૈયત પરસ્પર એકબીજાનો ધર્મ જાણી વર્તતાં. લોકમાં સદાચાર હતા. છોકરાંઓની મા ભણેલી હતી. ન્યાતિપ્રતિબંધ થોડા હતા. એ સર્વ હમણાં ક્યાં બળી ગયું છે? રાજા

મનુને હજુ સંભારો, મહાઋષિઓના ચિરંજીવ ગ્રંથોનાં અવલોકન કરો. રે! તમારો મોટો જ્યોતિષી ભાસ્કરાચાર્ય, હિંદનું નામ રાખી આખી પૃથ્વીમાં દીવા જેવો પ્રકાશે છે. વેદાંતશાસ્ત્ર અને કર્મમાર્ગમાં વ્યાસ અને જૈમિનિ એઓએ ખૂબ બુદ્ધિ પહોંચાડી છે. પતંજલિ, કશ્યપ અને ન્યાયશાસ્ત્રીઓ, તેમ પાણિનિ વગેરે વૈયાકરણીઓએ ઘણા શ્રમ લઈ ગ્રંથો રચ્યા છે. વાલ્મીકિ અને વ્યાસનાં કરેલાં ‘રામાયણ’ અને ‘મહાભારત’ પશ્ચિમના લોકો આતુરતાથી ભણે છે. ઉજ્જૈન નગરીના વિક્રમ, ધારાનગરના ભોજ અને પ્રતિસ્થાનના શાલિવાહન એઓનાં પરદુ:ખભંજન રાજ્યો કહેવાયાં. શંકર, વલ્લભ, ગૌતમ આદિ પુરુષો ધર્મબોધ કરવાની કીર્તિ મેળવી ગયા છે. રામ, અર્જુન, પરશુરામ, ચંદ્રગુપ્ત, પોરસ, પૃથ્વીરાજ અને શિવાજી વગેરે લડાઈમાં શૂરા કહેવડાવી ગયા છે. નાના ફડનવીસ, સીંધીઆ, હોલકર એઓએ રાજખટપટમાં હોશિયારી બતાવી છે. આ વિષય બંધ કરવાને મારું મન થતું નથી, પણ આટલી સૂચનાથી આપણી હમણાંની અવસ્થામાં કેટલી ન્યૂનતા છે, તે સ્હેજ માલૂમ પડશે.

શૂરપણું તો બિલકુલ નથી. રાજાઓએ, ક્ષત્રિયનામ ધરાવી જનાનાના જ ખૂણાઓ ધરી અફીણ-કસુંબાના તોરમાં નામરદાઈ કરી એ શરમની વાત થઈ છે.

અરે, ઓ ભાટ ચારણો! તમારી કળા ક્યાં ગુમાવી નાખી છે? નીતિમાન લોકોના પ્રતિનિધિ થઈ, રાજાઓને ચેતવો કે, રાજા! અમે તમારા નેકીદાર કહેવાયા ને તમારી નેકી તો કંઈ જ નથી, માટે બદી છોડી દો ને અમને તમારી નેકીને જ પોકારવા દો. કવિઓ અને કારભારીઓ! રાજાઓની સુસ્તી, તેઓની નામરદાઈ, તેઓની અવિદ્વત્તા એ ઉપર ફરદુસીની પેઠે નિંદાયુક્ત કવિતા રચો, જેથી તેઓ દુખાઈને ચાનક રાખી કુળનામ બોળ્યાં છે તેને તારી લાવે. ઓ રજપૂતો! તમને મુસલમાનોએ, તમને પિંઢારાઓએ, તમને દેશની ચાર સીમાઓ તરફથી બળવાન લોકોએ, હેરાન હેરાન કર્યા છે. ચોરી, છિનાળી, લબાડી, સોદાઈ વગેરે દુર્ગુણોએ તમારા દેશની હાલત બૂરી કરી નાખી છે. છોકરા અને છોકરીઓને નિશાળે મૂકી ભણાવો. તેઓને સદા જ્ઞાનનું

જ ખાજું આપો. રસ્તા ચોખ્ખા કરાવો. વ્યસનોથી દૂર રહો. ખેડૂતો હાલ ઘણા અજ્ઞાન છે. તેઓએ વિદ્યા શીખી ભૂમિસંબંધી રસાયનશાસ્ત્ર જાણી ખેતીનાં કામમાં સુધારો કરવો જોઈએ. છાપયંત્ર ઠામઠામ દાખલ કરો. જોતા જાઓ, વિદ્યાનાં ફળો વિલાયતમાં કેવાં થાય છે! જ્યારે એકેક માણસ છાતી તોડી કામ કરી, આ સંસાર લડાઈનું ઠેકાણું છે, એમ સમજી દેશને સારુ પોતપોતાની ફરજો બજાવશે, ત્યારે જ દેશનો જયજયકાર થશે. નાખુશ છું કે જુવાન સમજેલા તેઓ પણ જાણી જોઈને ખાડામાં પડ્યા છે. ન્યાત જમાડી, વરા, ફુલેકાં, વરઘોડા, બડુવા, સાબેલા, સરકસ, નાચરંગમાં ફુલાઈ ફુલાઈ પૈસો ઉડાડી દો છો તે તમને ઘડપણે ઘણો સાલશે. એ નાણાંઓનું અર્ધ ધર્મશાળાઓ, મુસાફરીનાં મકાનો, તરસ્યાને માટે કૂવા વાવ તળાવ, થાક્યાને માટે ચોતરાઓ, એ સર્વ બાંધવામાં, આંધળા લૂલા વગેરે ગરીબ નિરાશ્રિતને ધર્મ કરવામાં તથા તેઓને કામે લગાડવામાં, બાળકોને સારુ મકતબો તથા લોકોને વાસ્તે કિતાબખાનાંઓ અને દવાખાનાંઓ વગેરે કારખાનાંઓ કાઢવામાં નાખ્યાં હોય, તો દેશમાં કેટલું પુણ્ય અને સુખ અને કેવી કીર્તિ સ્થિર રહે! કહ્યું છે:

अस्थिरं जीवितं लोके अस्थिरे धनयौवने ।

अस्थिराः पुत्रदाराश्च धर्मकीतिर्द्वयं स्थिरम् ।।

પ્રાણી માત્રના જીવતરનો, પૈસાનો, જુવાનીનો, છોકરાંનો, બૈરીનો કોઈનો ભરોસો નથી; આજ છે ને કાલ નહીં. પણ ધર્મ અને કીર્તિ એ તો સ્થિર રહેવાનાં. માણસ મરી જાય છે, પણ તેનાં સુકૃત્યો વિસરાતાં નથી.

વરા, ઘરબારી, ન્યાતો અને વરઘોડા તો જે દિવસે હોય, તે જ દિવસોમાં યાદ રહે છે. પણ દેશને અર્થે પરોપકારબુદ્ધિથી કરેલાં કામો નિરંતર અમર રહે છે. જમશેદજી જીજીભાઈને અગાઉ એની ન્યાતીના જ ઓળખતા ને હવે જગ ઓળખે છે. ઓ ભગવાન! આળસુ, અજ્ઞાન, દુરાચાર અને ફુવડાઈ દેશમાંથી ગયેલી કયે દિવસે દેખાડીશ?

ગુજરાત અને એની પેલી બાજુ વર્તમાનપત્રો અને વિદ્યાજ્ઞાનપ્રસારકર્તા ગ્રંથો થોડા જ છે અને મંડળીઓમાં મળી ભાષણ વગેરેના વિચારો થોડા થાય છે. એ ઉપર સર્વે ધ્યાન પહોંચાડવું. શું સુરતનાં ‘દર્પણ’ અને ‘જ્ઞાનદીપિકા’ અને અમદાવાદનાં ‘વર્તમાન’ અને ‘બુદ્ધિપ્રકાશ’ આખા ગુજરાત અને કાઠિયાવાડને સુધારવાને બસ જાણો છો? ઘણાં જ થોડાં છે. માટે એ પુસ્તકોમાં વધારો કરવો. ધીમે ધીમે નઠારી ચાલ કાઢી નાખતા જાઓ ને તેને બદલે તમારાં વિદ્યા, જ્ઞાન, અનુભવ અને બુદ્ધિ જેની સૂચના કરે, તે તે વાતો દેશમાં ઊભી કરો. હિંમત! હિંમત! હિંમત ધરો! જેની પાસે સાધન ન હોય, તેને સઘળી વાતની વાર લાગે; પણ તમારી પાસે રસાળ જમીન છે, અમૂલ્ય ખાણો છે, જે જોઈએ તે તમારી પાસે જ છે. વિદ્યા અને શ્રમ એ પણ તમારા જ હાથમાં છે. ત્યારે કહો ભાઈ, હવે શા માટે ન મંડી પડીએ? દેખીતી આંખે, કુમળી ચામડીએ અને નાજુક દિલે, દુઃખના બળાપા કેમ સહન કરીએ? આવો, આપણે રણમાં શ્રમ અને બુદ્ધિની તલવાર ઉછાળીએ. હે પ્રભુ! અમે નાચાર થઈ ગયા છીએ તેની તરફ જો, સન્માર્ગે ચાલવાની બુદ્ધિ આપ, તારે વિશે અમારું ચિત્ત રહે એમ કર, ને હિંદુસ્તાન દેશમાં દશે દિશાએથી, હું મારા દેશને માટે જાન ખોઈશ, હું મારા સ્વદેશીનું સારું કરીશ એવાં રૂડાં અને શુભ વેણો નીકળે એવો સમય જલદીથી આપ.

[‘જૂનું નર્મગદ્ય’ પુસ્તક]

# નવનીત સેવક

## ઘાણીના બળદની વાત

કોઈ એક ગામને વિષે કોઈ એક વેળાએ નારણ નામે પટેલ વસતો હતો. અતિ પ્રયાસે પાંચમા પ્રયત્ને 'એસ. એસ. સી.' પરીક્ષા પાસ થઈ છે જેના વડે એવા તે પટેલને, ત્યાર બાદ, પોતાનો ખેતીનો ધંધો કનિષ્ઠ અને ગામડાના ખેડૂતોને છેતરીને પાંચ પૈસા પેદા કરતા વણિકનો ધંધો શ્રેષ્ઠ લાગ્યો. એટલે, એક વેળાએ જ્યારે પરચૂરણ વેપાર કરનાર ગામના વણિકની દુકાને ખેડૂતો વડે કપાસ તેમજ અનાજના બદલામાં માલસામાન લઈ જવાતો હતો, અને વણિક વડે તેલમાં બોળેલ હાથે ગોળ જોખાતો હતો, ત્યારે તે નારણ નામે પટેલ વડે તે વણિકને આ પ્રમાણે કહેવાયું: "હે બંધુ, વૈદને હાથે મરવા કરતાં જેમ ડૉક્ટરના હાથે મરવું ઉત્તમ છે, તેમ ખેડૂતનો ધંધો કરવા કરતાં તમારો ધંધો કરવો વધુ સારો છે. માટે, હે મિત્રા! મારો વિચાર તમારા જેવો ધંધો શરૂ કરવાનો છે, તો કૃપા કરીને મને તેના લાભાલાભ સમજાવો."

પટેલનું આવું ઉદ્‌બોધન સાંભળીને, દુકાનમાંથી માખીઓ ઉડાડતા તે વણિક વડે આ પ્રમાણે કહેવાયું: "હે ભાઈ! તારું કહેવું યથાર્થ છે; પરંતુ વેપારીઓને જેમ સેલ્સ-ટૅક્સ નડે છે તેમ અમને પણ આ ગામનો મુખી નડે છે. કહેવત છે કે—

"સિનેમા-ટિકિટના કાળાબજારિયાને જેમ મેનેજરનો લાગો હોય છે, શહેરમાં ફરતી લારીઓને જેમ એનક્રોચમેન્ટવાળાઓનો લાગો બાંધેલો હોય છે, સટ્ટા—ફીચરિયાઓને જેમ પોલીસનો લાગો હોય છે—તેમ ગામડાના વેપારીને મુખીનો લાગો બાંધેલો હોય છે. (૧)

"તે માટે, હે બંધુ, જો તારે વગર મહેનતે કમાવાનો ધંધો કરવો હોય તો ગામનો મુખી થવા માટે પ્રયત્ન કર."

તે પછીથી તે વણિકની આપેલી પૈસાની બેવાળી બીડી પીને ખુશી

થતાં તે નારણ નામે પટેલ વડે ગામના મુખી પાસે જઈને આ પ્રમાણે કહેવાયું: “હે મુખી! દેવો જેમ વૃત્રાસુરથી ડરે, તેમ ગામનાં લોકો આપ વડે ડરે છે. અમેરિકાની પેઠે આપ પણ અનેક સંધિઓ કરાવો છો, ને અનેક તોડાવો છો. રશિયાની જેમ આપનો વીટો-પાવર પણ અસીમ છે. માટે હે બંધુ! એસ. એસ. સી. પાસ થયેલા એવા મારા વડે હવે મુખી થવાનો વિચાર કરાયો છે; તો આપના આ મુખીપણાના લાભાલાભ મને સમજાવો.”

તે પરથી તે મુખી વડે આ પ્રમાણે કહેવાયું: “હે નારણ! જોકે યાલ્ટા કરારની જેમ, અમારા ધંધાની વાત પણ બહાર પાડવામાં મજા નથી; તો પણ હું તે તને કહું છું તે તું શ્રવણ કર. હે ભાઈ! ગામડામાં અમે સર્વસત્તાધીશ હોવા છતાં પણ પોલીસ ઇન્સ્પેક્ટરના આગમન વખતે તો અમે પણ સાવ બકરી જેવા થઈ જઈએ છીએ. કહ્યું છે કે—

“રેશનાલિઝેશન આવતાં જેમ મજૂર ગભરાય છે, ટી.ટી.ઈ. આવતા જેમ ખુદાબક્ષ મુસાફર ગભરાય છે, પરીક્ષા આવતાં જેમ વિદ્યાર્થી ગભરાય છે, મહેમાન આવતાં જેમ અમદાવાદી ગભરાય છે—તેમ પોલીસ ઇન્સ્પેક્ટર આવતાં ગામડાનો મુખી ગભરાય છે. (૨)

“માટે કરીને, હે ભાઈ, તારા વડે ગમે તેમ કરીને પોલીસ ઇન્સ્પેક્ટર થવાનું યોગ્ય છે.”

ત્યાર બાદ, ફ્રાન્સના પ્રધાન-મંડળની પેઠે વિચારો બદલાયા છે જેના, એવા તે નારણ નામે પટેલ વડે પોલીસ ઇન્સ્પેક્ટર થવાનો વિચાર થયો. તે પછીથી એક વેળાએ જ્યારે ગામમાં પોલીસ ઇન્સ્પેક્ટરનું આગમન થતાં ઉતારો સજ્જ કરાવાતો હતો, માગી આણેલાં ગાદલાં પથરાતાં હતાં, રાવણિયાઓ વડે દોડાદોડી થતી હતી, કુંભારને ત્યાંથી મફત માટલાં આવી રહ્યાં હતાં, અને હજામને ચંપી કરવાની વરધીઓ અપાતી હતી—ત્યારે તે નારણ વડે તે ઇન્સ્પેક્ટર પાસે જઈને આ પ્રમાણે કહેવામાં આવ્યું: “હે સાહેબ, બેકારોની સંખ્યા જેમ અપરિમિત છે, તેમ આપની સત્તા પણ અપરિમિત છે; આપની કૃપા વડે કરીને અનેક કેસો દબાઈ જાય છે અને અકૃપા વડે અનેક નિર્દોષો રહેંસાઈ

જાય છે; આવી આપની સત્તાનું વર્ણન સાંભળી પોલીસ—અધિકારી બનવાની આકાંક્ષાવાળો હું આપને આ સંબંધમાં પૂછવા માટે આવ્યો છું.”

તે પરથી તે ઇન્સ્પેક્ટરે કહ્યું: “હે મિત્રા! પોલીસ ડિપાર્ટમેન્ટમાં અત્યારે ‘વિનય-સપ્તાહ’ ચાલતું હોવાથી તારા પ્રશ્નોના ઉત્તર હું શાંતિથી આપું છું તે તું શ્રવણ કર. હે ભાઈ! વકીલાતનો ધંધો મૂકીને પોલીસ થવું એ કૉંગ્રેસ કારોબારીના સભ્ય મટીને ગવર્નર બનવા જેવું છે. સરકારના અનેક પ્રશ્નોમાં માથું મારતી કારોબારીની જેમ વકીલો પણ પોલીસોનાં અનેક (સારાં-નરસાં) કામોમાં માથું મારે છે. કોર્ટમાં અનેક વખતે અમારે વકીલથી ડરવું પડે છે. કહેવામાં આવ્યું છે કે—

“જેમ (અમદાવાદી) કાછિયાને રખડતી ગાયોનો ડર છે, લેંકેશાયરના કાપડ ઉદ્યોગને ભારતનો ડર છે, વેપારીને ઇન્કમટેક્સ અધિકારીનો ડર છે, ફિલ્મ-નિર્માતાને સેન્સરનો ડર છે—તેમ પોલીસના સિપાહીને વકીલનો ડર છે. (૩)”

ત્યાર બાદ, તે પોલીસ ઇન્સ્પેક્ટરની સલાહ ગમી છે જેને એવા તે પટેલ વડે વકીલાતનું ભણવાનો વિચાર કરવામાં આવ્યો; તથા એક વેળાએ જ્યારે કોર્ટ પાસે ‘...હાજર હૈ!’ની બૂમો પડતી હતી, બનાવટી જામીન થનારાઓ ઘરાક માટે આમતેમ ફરતા હતા, બોગસ પંચનાં નામોના સમન્સો નીકળતા હતા, રજૂ કરવા માટે લવાયેલા કેદીઓ પાસેથી બીડીઓ માગીને સિપાહીઓ પીતા હતા, તથા રૂઆબવાળા વકીલોને મેજિસ્ટ્રેટ ધારીને અજાણ્યાઓ વડે સલામો ભરાતી હતી—ત્યારે તે નારણ નામે પટેલ વડે એક વકીલ પાસે જઈને (તથા તેની દક્ષિણાના પૈસા અપાઈને) આ પ્રમાણે કહેવાયું: “હે સાહેબ! હોલાંડના ડૉક્ટરો જેમ પુરુષને સ્ત્રી અને સ્ત્રીને પુરુષ બનાવી શકે છે, તેમ આપ પણ સત્યને અસત્ય અને અસત્યને સત્ય બનાવી શકો છો. હે સાહેબ! મારા વડે વકીલાતની પરીક્ષા આપવાનો વિચાર કરવામાં આવ્યો છે તે યોગ્ય છે કે નહિ તે આપના વડે કહેવાઓ.”

તે પરથી તે વકીલે કહ્યું: “હે બંધુ! ગોવધ-સત્યાગ્રહીઓની જેમ તારા મગજમાં અનેક વિચારો આવે તે સ્વાભાવિક છે; પરંતુ અમદાવાદી

જીવદયાપ્રેમીઓ જેવી રીતે કૂતરાને પકડીને બીજા ગામની સીમમાં મૂકી આવે, તેવી જ રીતે તારા મનમાંથી વકીલ થવાના વિચારોને તું કાઢી મૂક; કેમ કે સારાનરસાનું જ્ઞાન હોવા છતાં પણ રાષ્ટ્રપ્રમુખની જેમ અમારી પાસે પણ કાંઈ કરવાની સત્તા નથી. વકીલોની દલીલ કરતાં મેજિસ્ટ્રેટના વિચારો ઉપર કેસ વધારે આધાર રાખે છે; માટે વકીલ કરતાં મેજિસ્ટ્રેટ શ્રેષ્ઠ છે. કહેવત છે કે—

"સો ડબા વેજિટેબલ ઘી કરતાં એક ડબો અમેરિકન ઘી સારું છે, સો રૂપિયાના ફીચર કરતાં એક રૂપિયાની (શબ્દરચના) હરીફાઈ સારી છે, સો ઠરાવ કરતાં એક કાયદો સારો છે—અને સો વકીલ કરતાં એક મેજિસ્ટ્રેટ સારો છે. (૪)

"તેથી કરીને, હે વીર! જો તારો કોઈ પણ લાઇન લેવાનો વિચાર હોય તો તું ગમે તેમ કરીને મેજિસ્ટ્રેટ થા, અને તારા ઓળખીતા-પાળખીતા વકીલોના ઉદ્ધાર માટે પ્રયત્ન કર."

તે પછીથી મેજિસ્ટ્રેટ થવાની ઉત્કંઠા વધી ગઈ છે જેની એવા તે નારણ નામે પટેલ વડે એક થર્ડ ક્લાસ મેજિસ્ટ્રેટના ઘેર જઈને આ પ્રમાણે કહેવાયું: "હે માન્યવર! હું કોઈ કેસના કામ માટે નથી આવ્યો; પરંતુ સર્વે ધંધાઓમાં મેજિસ્ટ્રેટ થવું ઉત્તમ છે એ પ્રમાણે સાંભળવામાં આવવાને લીધે તે સંબંધમાં આપની શી સલાહ છે તે જાણવા માટે હું અહીં આવ્યો છું."

તેનું આવું કથન સાંભળીને તે મેજિસ્ટ્રેટે તે નારણ નામે પટેલને કહ્યું: "હે ભાઈ! તારાથી આ પ્રમાણે અહીં અવાયું છે તે યોગ્ય જ છે, જેવી રીતે પરભાષામાંથી ગુજરાતીમાં અનેક અનુવાદો પ્રગટ થયા કરે છે, તેમ મેજિસ્ટ્રેટોની સત્તા બાબતમાં પણ અનેક અફવાઓ ઊડયા કરે છે; પરંતુ, હે બંધુવર! ખરું જોઈએ તો અમારા વડે તો કાયદાઓ પ્રમાણે જ ચુકાદો અપાય છે; પણ જેમણે ઊંઘતાં ઊંઘતાં ઘડેલા કાયદાઓનો અભ્યાસ કરીને પિટક્લાસના પ્રેક્ષકની જેમ અમારી ગરદન દુ:ખી જાય છે, એવા ધારાસભાના સભ્યો જ ખરેખરા સત્તાવાળા છે. માટે, હે વિપ્ર! જો તારે આરામ અને પૈસા બંને જોઈતા હોય તો તું

ધારાસભાનો સભ્ય થા. કહ્યું છે કે—

"ઉંમરલાયક કન્યાનો પિતા રાત્રે તેમજ દિવસે જાગે છે; તસ્કર, વેશ્યા ને વિદ્યાર્થી રાતના જાગીને દિવસે ઊંઘે છે; પરંતુ 'એસ.ટી.'ના વહીવટકર્તાઓ તેમ જ ધારાસભાના સભ્યો તો રાત્રે અને દિવસે બેઉ વખત ઊંઘે છે. (પ)

"તેથી, હે બંધુ! તું ખરેખરો સત્તાવાન થવા માગતો હોય તો ધારાસભાનો સભ્ય થવા માટે પ્રયત્ન કર."

ત્યાર પછી એક વેળાએ રાતની ટ્રેનમાં જ્યારે ઉપર તેમ જ નીચેના બર્થ પર બિસ્તરાઓ પથરાતા હતા, સૂતેલાઓ અને બેસનારાઓ વચ્ચે મારામારી થતી હતી, પોલીસો વડે અશુદ્ધ હિંદીમાં ગાળો દેવાતી હતી, ઠરાવેલા ચાર્જ માટે પોર્ટરો સાથે રકઝક થતી હતી, તેમ જ પાઉડરની ચાના પ્યાલા વેચાતા હતા—ત્યારે તે નારણ નામે પટેલ વડે, બંધારણસભામાં હાજરી આપવા માટે સરકાર તરફથી સેકંડ ક્લાસનું ભાડું મળવા છતાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા એક ધારાસભ્ય પાસે જઈને આ પ્રમાણે કહેવાયું: "હે સાહેબ! આપ તો દેશના ભાગ્યવિધાતા છો. આપ ઊંઘતાં ઘડેલા કાયદા વડે અનેકોની ઊંઘ ઉડાડી દો છો; સિને-અભિનેત્રીઓના ચાહકોની જેમ આપની ઓળખાણો પણ અનેક છે; રાજસ્થાનના સીમાલોભની જેમ આપનાં ભાષણો, ઉદ્‌ઘાટનો અને વચનોને પણ સીમા નથી; અરે, હે ભાઈ! આપ તો પાકિસ્તાનના ગવર્નર-જનરલની જેમ બંધારણમાં પણ સુધારો કરી શકો છો. હે સાહેબ! મારો વિચાર પણ આવતી ચૂંટણીમાં ઊભા રહેવાનો છે; તો તે સંબંધમાં આપની શી સલાહ પડે છે તે આપ મને જણાવો."

અમદાવાદ વડોદરા રેડિયો-સ્ટેશનોના કાર્યક્રમોના જેવાં આ પટેલનાં વચન સાંભળીને માથું દુખ્યું છે જેનું એવા તે ધારાસભ્ય વડે, ત્યાર બાદ, તેને બીજે દિવસે મળવા માટે સમજાવવામાં આવ્યો; પરંતુ તેમ છતાં પણ, મુંબઈ પર દાવો કરતા મહારાષ્ટ્રીયનોની જેમ, તે પણ પોતાની હઠમાંથી ડગ્યો નહીં, ત્યારે ધારાસભ્ય વડે તેને આ પ્રમાણે કહેવાયું: "હે બંધુ! રાજા બનનાર નટની જેમ અમે પણ રંગભૂમિ પર હોઈએ

ત્યાં સુધી જ સત્તાવાન હોઈએ છીએ; પરંતુ તે પછી તો અમારા સગાને નોકરી અપાવવા જેટલી પણ અમારી સત્તા રહેતી નથી. માટે, ખરેખર જોઈએ તો જેમના વડે અમે ધારાસભામાં ચૂંટાઈએ છીએ તે ગામડાંના કરોડો ખેડૂતો સાચી રીતે મહાન છે. તેથી જ કહેવાયું છે કે—

"પાટલૂન પટાને આધારે રહે છે, શહેરની સ્ત્રીઓ રામાને આધારે રહે છે, છાપાવાળાઓ જાહેરખબરને આધારે રહે છે—અને ધારાસભ્યો ખેડૂતોના તથા મજૂરોના મતને આધારે રહે છે. (૬)

"માટે, હે ભાઈ! ખરેખરા મહાન તો દેશના કરોડો ખેડૂતો જ છે."

આ પ્રમાણેનાં તે ધારાસભ્યનાં વચન સાંભળીને, રેલવેકન્સેશન માટે ધક્કા ખાતા યુનિવર્સિટીના વિદ્યાર્થીની જેમ બધે ફરીને નિરાશ થયેલા તે નારણ નામે પટેલ વડે, ત્યાર બાદ, પોતાનો જ ધંધો સ્વીકારાયો.

સાર: મેલ કરવતિયા કરવત કે પટેલના પટેલ.

# નવલભાઈ શાહ

## જેવું ઘડતર

લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઊપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઊપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો ૬૦૦ રૂ. ઊપજે. અને નાળ કે સોયને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો ૫૦,૦૦૦ રૂ. ઊપજે. લોખંડ તો એનું એ અને એટલું જ છે. પણ તેનું ઘડતર કરો તેવું તેનું મૂલ્ય.

માણસ વિશે પણ એવું જ છે.

## આવતી પેઢીને એ નહીં મળે

એવું સાંભળેલું કે આપણે માટે તો જેલ મહેલ સમાન હોવી જોઈએ. એનો અર્થ એ કે માણસને મહેલની સગવડોમાંથી જે સુખ મળે છે તે આપણને જેલના કસોટીભર્યા જીવનમાંથી મળવું જોઈએ. પણ સત્યાગ્રહીઓએ ૧૯૪૨માં સાબરમતી જેલને ખરેખર જ મહેલ બનાવી દીધો હતો. જે સગવડો બહાર મળે તે બધી જ અંદર મળતી એટલું જ નહિ, કોઈ જાતની ચિંતાયે નહીં.

એટલે સાબરમતીથી વિસાપુર જેલમાં જવાનું નક્કી થતાં જ મારું દિલ આનંદથી ભરાઈ ગયું. મને થયું: ચાલો, ત્યાં તકલીફોમાં સાચી જીવનસાધના થશે.

સાબરમતીથી ઊપડ્યા ત્યારે અમારી પાસે મગજની ભરેલી પેટીઓ હતી. ઘીનો ડબ્બો હતો. પથારી, ગોદડાં, રજાઈ વગેરે હતાં. એટલે ખાસા રસાલા સાથે અમારી પચાસ જણની ટુકડી વિસાપુર પહોંચી.

બે દિવસની મુસાફરીથી થાક્યાપાક્યા અમે સ્વતંત્રા ઓરડી મેળવી લઈ આડા પડવાનો વિચાર કરતા હતા. ત્યાં તો જેલને દરવાજેથી ઓર્ડર છૂટયો: "કતાર!" અમે હારમાં ગોઠવાઈ ગયા. પછી નાની સરખી દરવાજાની બારીમાંથી એક પછી એક અમને અંદર જવાની પરવાનગી મળી. સહેજ હાલ્યા કે શ્યામ વર્ણના, મોટી મૂછોવાળા એક કદાવર જમાદાર લાકડી લઈને ધસ્યા જ હોય. ક્યાં સાબરમતીનું મુક્ત વાતાવરણ અને ક્યાં વિસાપુરની કડકાઈ! થોડી જ વારમાં અમારાં બધાં સાધનો છિનવાઈ ગયાં. નિરાશા વ્યાપી ગઈ.

જેલના બે-ત્રાણ દિવસના અનુભવે અમે જોઈ લીધું કે અહીં રસોડામાં અંધેર ચાલે છે. અમારી સાથે એક જૂના જોગી કેદી હતા. યુવાન અને ઉત્સાહી હતા. અમે તેમને અમારા મુખી નીમ્યા. એમને જેલમાં બધે ફરવાની છૂટ મળી. બે-ત્રાણ દિવસ થયા ત્યાં ભાઈએ તો પોતાનાં પરાક્રમ શરૂ કર્યાં: "આજે તો ગાજર ખાધાં... રસોડામાં ગરમાગરમ રોટલા ખાવાની મઝા આવે છે......"

બીજે દિવસે અમારી ટુકડીમાં વાત ચાલી: જો આપણો જ મુખ્ય માણસ બહાર જઈને ગાજર કે રોટલા ખાઈ આવે, તો પછી આપણી પ્રતિષ્ઠા શી રહે? આપણે આખી જેલમાં ભલે પચાસ જણ રહ્યા, પણ આપણું જીવન તો બાપુજીના આદર્શ પ્રમાણેનું જ હોવું જોઈએ...... સૌએ મળી અમારા મુખીને બદલી નાખ્યા.

હવે મને બધે જવાની તક મળી. હું ઑફિસમાં જતો, રસોડામાં જતો. પણ ત્યાં મેં જોયું કે રાજદ્વારી કેદીઓની પ્રતિષ્ઠા નહોતી. તેઓ બે પોસ્ટકાર્ડ કે થોડા ભાત માટે વોર્ડરોની ગુલામી કરતા હતા. આ જોયું જતું ન હતું.

જેલમાં ટપાલ ત્રીજે દિવસે વહેંચવામાં આવતી. બીજે દિવસે હું ઑફિસમાં ઊભો હતો. ઘેરથી કાગળ આવ્યો હતો. મને કહ્યું, "મિસ્ટર શાહ, આ તમારો કાગળ છે, લઈ લો."

હું મૂંગો રહ્યો.

"એમાં શો વાંધો છે?" ટપાલનું કામ કરતા રાજદ્વારી કેદીએ કહ્યું.

"ના, બધાને ટપાલ મળશે ત્યારે વાંચીશ." જેલર આ સાંભળી રહ્યા હતા. તે મારા તરફ જોઈ જ રહ્યા. મેં કાગળ હાથમાંય ન લીધો, અને કહ્યું, "જો બધાને રોજ ટપાલ મળે, તો લેવામાં મને વાંધો નથી."

બે-ચાર દિવસમાં તો બધા વિભાગોનો પરિચય થઈ ગયો. રસોડામાં જોયું તો ભારે અંધેર ચાલતું હતું. ઘઉંની રોટલીની ચોડની ચોડ ઉપડી જતી હતી. ત્યાં બીડી અને સાબુનો વ્યવસ્થિત વેપાર ચાલતો હતો. એવું જ ભાતનું. પરિણામે ગરીબ કેદીઓના હકનું છિનવાઈ જતું હતું. રસોઈ બનાવવામાં પણ કોઈ જાતની કાળજી રહેતી ન હતી.

અમે સાતેક જણે રસોડામાં મદદ કરવાનું નક્કી કર્યું. જેલરને બધી વાતની ખબર હતી, વળી અમારા માટે માન પણ હતું, એટલે તેમણે ખુશીથી એ વાત સ્વીકારી લીધી. બીજા દિવસથી અમે રસોડામાં કામે લાગ્યા. શરૂઆતમાં રોટલા બનાવવા લાગ્યા. ધીમે ધીમે અમે ૨૫થી ૩૦ જણ કામ કરતા થઈ ગયા.

જેલના રસોડાની એક અનોખી દુનિયા હતી. કિસન એ જેલનો ગુંડો હતો, રસોડામાં ખૂણામાં બેઠો બેઠો બધાને નચાવતો હતો. તે બીડી-સાબુનો મોટો વેપારી હતો. એક મહિનામાં જ સમજાઈ ગયું કે રસોડાને સુધારવું હોય તો રસોડાનો કબજો લેવો જોઈએ. જેલર તો કહેતા જ હતા, પણ એ લેવો કેવી રીતે?

બે મહિનામાં એકેએક વિભાગનો ભોમિયો થઈ ગયો. જેલમાં અઘરામાં અઘરું કામ તવા ઉપર ઊભા રહીને રોટલા શેકવાનું ગણાતું. જેલનો તવો એટલે બે-ચાર રોટલાનો તવો ન હતો. એક મોટું લોખંડનું પતરું હતું. એની ઉપર એકીસાથે અડતાળીસ રોટલા નાખી શકાય. તવો તો લાલઘૂમ થયેલો હોય. ગરમી તો એટલી કે પાસે ઊભા જ ન રહેવાય. બાજુ પર ઊભા રહી ત્રાણેક ફૂટ લાંબા તવેથાથી આ રોટલાને શેકતાં અડધું લોહી શેકાઈ જાય. અને જો સહેજ ઢીલ થાય તો રોટલો બળી જ ગયો સમજો. જે કેદી આ કામ કરે તેની સજા પણ

દોઢી કપાય. પણ મારે તો રસોડાનો કબજો લેવો હતો, અને કબજો કાંઈ આવડત વગર થોડો લેવાય છે? તવા ઉપર ઊભા રહેવાનું શરૂ કર્યું. થોડા જ દિવસમાં સાધારણ હાથ બેસી ગયો.

હું ઑફિસમાં ગયો.

“બોલો, તમે ક્યારે ચાર્જ લો છો?”

“કાલથી જ. પણ એક શરતે: આ કિસનને રસોડામાંથી બહાર કાઢવો જોઈએ.” “કિસનને?” જેલરે કહ્યું. “હા, એ ગુંડો છે. જ્યાં સુધી એ અંદર હશે ત્યાં સુધી કશું થઈ નહિ શકે.”

“પણ તમે જાણો છો? કિસનને બહાર કાઢશું કે તરત જ આખા રસોડામાં ધમાલ થશે. બધા જ કેદીઓ રસોઈ ટુકડીમાંથી નીકળી જશે. પછી?”

“તેની આપ ચિંતા ન કરો. અમે આખી જેલને રસોઈ કરીને ખવડાવશું.”

“શું રોટલા પણ તમે શેકશો?”

“હા.”

જેલર થોડા ખચકાયા. વિસાપુર જેલના બારસો કેદીઓમાં લગભગ ૪૦૦ હુર હતા. તેઓ તો માંસાહારી હતા. અઠવાડિયામાં એક દિવસ અમને ગોળ મળતો, જ્યારે તેમને તેમનો ખોરાક મળતો. જેલરે કહ્યું: “પણ માંસ રાંધવાનું શું?”

એ વાત મારા ધ્યાન બહાર જ રહી ગઈ. મેં કહ્યું, “તમે ખમી જાવ. હું તમને આવતે અઠવાડિયે ખબર આપીશ.” આજે રવિવાર હતો. જેલનું બધું રેશન તોળવા હું જતો હતો. પણ આ તો કોઈ દિવસ જોયું જ ન હતું. હુરોના આગેવાનને કહી દીધું: “સાંઈ, આજે હું આવીશ.”

મારી જિંદગીમાં આ રીતે માંસ જોયું ન હતું. તાજું જ વાઢેલું બકરું ત્રાજવે ચઢ્યું. તે જોખાયું. એક ક્ષણ તો ચીતરી ચઢી. પણ મેં મન સાથે એટલું નક્કી કર્યું હતું કે જેટલો આદર મને મારા ખોરાક

માટે છે, એટલો જ સામાના ખોરાક માટે હોવો જોઈએ. માંસનું ડબલું લઈને રસોડે પહોંચ્યા. ટુકડા થયા, એનો વઘાર પણ થયો. બધું જ બરાબર સમજી લીધું. મનને મક્કમ કર્યું. જો જરૂર પડે તો માંસ તૈયાર કરી આપવાની પણ મન સાથે તૈયારી કરી લીધી.

બીજે દિવસે જેલરને કહ્યું, "હવે અમને કબજો સોંપો."

જેલર તો ખુશ હતા, કારણ કે રસોઈ સારી બને તો જેલસંચાલનની અડધી જવાબદારી ઓછી થાય. વળી આટલા દિવસના અનુભવથી તેમના દિલમાં પણ અમારે માટે શ્રદ્ધા જન્મી હતી.

બીજે દિવસે સવારે આખી જેલ ચોંકી ઊઠી. કિસન, જેની સામે પોલીસ પણ બોલી ન શકે તેને બહાર ફાઇલમાં લઈ જવામાં આવ્યો. પગે બેડી પડી ગઈ. અને પછી તો શું જોઈએ? રસોઈઘરમાં ગયો. કોઈ રસોઈ કરવા તૈયાર નહીં. મેં કહ્યું:

"જેમને સાથે રહેવું હોય તે રહે. અમારે કોઈની જરૂર નથી. હું તો એક જ વાતમાં માનું છું કે આપણે રસોડાને સારું બનાવવું છે. એમાંની ચોરીઓ અટકાવવી છે."

ટપોટપ કેદીઓ બહાર નીકળી ગયા. તવા ઉપર ઊભા રહેનાર કેદીએ પણ તવેથો છોડી દીધો. બારસો કેદીઓના રોટલા શેકવાના! એ કેદીઓના મનમાં તો ખાતરી હતી કે આ ખાદીવાળા બધું કરશે, પણ તવાનું શું?

રાઘુ રોટલા શેકવામાં નિષ્ણાત હતો. તેણે કહ્યું: "હું પણ જાઉં છું."

મેં કહ્યું: "ભલે," અને તવેથો હાથમાં લધો. એક કલાકમાં, તે શેકતો હતો તેથી સવાઈ રોટલાની ચોડ ઉતારી. બધા કેદીઓ જોઈ જ રહ્યા. અને બપોર થતાં સુધીમાં તો ટુકડીના માણસો અંદર આવી કામે લાગી ગયા. કારણ કે રસોઈ ટુકડીમાં ખાવાપીવાનું સુખ હતું, વળી રજાઓ પણ બીજા કરતાં વધુ મળતી. રાઘુ દશ વરસથી જેલમાં હતો. તેની સજા પૂરી થવાને છ માસ બાકી હતા. જો તે કામની ના પાડે તો તેની દોઢ વર્ષની ચઢેલી રજા પણ કપાઈ જાય. એટલે બધી

રીતે વિચારી તેણે તવેથો મારા હાથમાંથી લઈ લીધો.

જેલના જીવનમાં રસોડાનું સંચાલન મારે માટે મોટી સાધના બની ગઈ, અને એ સંચાલન કરતાં જે અનુભવો મળ્યા તેણે મારામાં અપાર શ્રદ્ધા જન્માવી. જેલ એ કેળવણીનું ઉત્તમ સાધન છે. મને ત્યાંથી જીવનની કેળવણી મળી. એ અનુભવોને આજે પણ ભૂલી શકતો નથી.

આપણી આવતી પેઢીને હવે જેલમાં જવાનું નહીં મળે, અને એ રીતે તે અમૂલ્ય અનુભવોથી તેને વંચિત જ રહેવાનું.

## ધર્મને જીવવાની વાત

બનારસ યુનિવર્સિટીના બે વર્ષના અભ્યાસ દરમિયાન મને પંડિત સુખલાલજીના સમાગમનો લાભ મળ્યો. અઠવાડિયામાં એકાદ વખત એમની પાસે બેસવા જતો. નાની વયે આંખો ગુમાવ્યા છતાં પુરુષાર્થ કરી ભણ્યા. પછી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં તેઓ જૈનદર્શનના અધ્યાપક થયા. જૈન તત્ત્વજ્ઞાનના ધુરંધર પંડિત, પણ પંડિતાઈના ભાર વગર સાદી વાતો કરતા.

હું જન્મે જૈન, મારાં બા-બાપુજી ધાર્મિક વૃત્તિવાળાં. એટલે મને સ્વાભાવિક ઇચ્છા થઈ કે પંડિતજી પાસે જૈનદર્શનનો અભ્યાસ કરું. પંડિતજી જાણતા હતા કે હું તે યુનિવર્સિટીમાં ટેક્નોલોજીનું ભણવા આવેલો. એક દિવસ મેં નમ્રતાથી એમને કહ્યું, “આપ જો મદદ કરો તો મારે જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો છે.”

તેઓ જરા ટટાર થયા અને પૂછ્યું, “કેમ?”

હું કાંઈ જવાબ આપું તે પહેલાં જ એમણે બીજો પ્રશ્ન પૂછ્યો: “અખાડામાં મલ્લોને કુસ્તી કરતા જોયા છે?”

“હા જી,” મેં કહ્યું.

“બસ!” પંડિતજી બોલ્યા: “કુસ્તીના દાવપેચ જેવી જ આ પણ

એક કસરત છે. એ ચૂંથણાંનો પાર જ ન આવે. જો, જીવનભર ચૂંથણાં કર્યા પછી એક વાત સમજાય છે—સાદાઈથી સ્વચ્છ જીવન જીવવું, બીજાને ઉપકારક થવાય એવું જીવન જીવવું, અને એ રીતે જીવતાં કોઈ ગૂંચ પડે તો અનુભવી સંતને પૂછવું, કે એવાં પુસ્તકો વાંચવાં. અખાએ કહ્યું છે કે, ગ્રંથ-ગરબડ કરી, વાત ન ખરી કરી.”

એક હાથની હથેળી પર બીજા હાથની બે આંગળીની ટપલી મારતાં વળી કહ્યું, “ગ્રંથ-ગરબડ કરનારાઓમાંનો હું પણ એક છું... તું જુવાન છે, આવા સારા વિદ્યાલયમાં યંત્રવિદ્યાનું ભણે છે. તો પૂરી ખંતથી ભણ, એ આવડત દેશને માટે વાપર. છતાં જીવવામાં કોઈ ગૂંચ પડે તો આવજે.”

પંડિતજી પ્રજ્ઞાચક્ષુ હતા. બધાં દર્શનોને જીવનની કસોટીએ ચડાવીને જીવતા સંત હતા. વેશ કે બાહ્યાચાર સાદા ગૃહસ્થ જેવો; ખાદીનું ધોતિયું અને અડધી બાંયની કફની પહેરતા. કોઈ જ આડંબર કે અપેક્ષા નહીં. એમના જેટલી વિચારની સ્પષ્ટતા બહુ ઓછા સંતોમાં મેં જોઈ છે. તેમણે વાત કરી તે ધર્મને જીવવાની.

આમ અંધ, પણ તેમને મળવા જાઉં ત્યારે બારણામાં પેસું ત્યાં જ ઓળખી જાય. પાસે બેસાડે. મારો હાથ પોતાના હાથમાં લઈ, દબાવીને પૂછે: “આશ્રમની ગાયો કેમ છે? કેટલું દૂધ આપે છે? પૂરતો લીલો ચારો મળે છે?” તેમના હાથના દબાણમાં ચેતનાનો સંચાર હતો.

[‘અખંડ આનંદ’ માસિક]

## આજીવન સત્યાગ્રહી

પચાસ વર્ષના જાહેર જીવનમાં વજુભાઈનો ઉત્સાહ કદી ઓસર્યો નથી. ગમે તેવી નિરાશાના વાતાવરણમાં પણ વજુભાઈને મળો એટલે કોઈ નવી પ્રેરણા લઈને જ પાછા ફરો.

વજુભાઈનો પ્રેમ એવો કે તે જે કહે તે કર્યા વગર રહી જ ન

શકાય. તેમની ખરી વિશેષતા તો કોઈ પણ વિચારને સમજાવવાની કળા. કલાકો સુધી ધીરજથી વાતો કરે. સામા માણસને સમજવા પૂરો પ્રયત્ન કરે. પોતાની વાત તેની હોય એમ લાગે એ રીતે એના હૃદયમાં પ્રવેશે.

ગુજરાતમાં અનેક વક્તાઓને સાંભળવાની તક મળી છે, પણ વજુભાઈ તો વજુભાઈ જ. તે ગામડાંના સામાન્ય માણસ સાથેની વાતોમાં તો ખીલે જ, પણ ભણેલાગણેલા વર્ગનેયે તેમની વાતોથી મંત્રમુગ્ધ કરી દે. ગમે તે વિષય ઉપર તેઓ બોલી શકે. જે વિચાર પર તે બોલતા હોય તે વિચાર તેમના હૃદયમાંથી ઊઠતો હોય એવી પ્રતીતિ સાંભળનારને થયા વગર ન રહે. એટલે જ વજુભાઈની વાણી ઝીલતાં કોઈ થાકે નહિ. અને વાતો કરતાં, સામાના હૃદયમાં પ્રવેશતાં થાકે તો તે વજુભાઈ નહિ.

દેહથી ભિન્ન આત્મા છે, આત્માની શકિત છે, તેનો સતત અનુભવ કરાવે એવું હતું વજુભાઈનું જીવન. પચાસ વર્ષ સુધી એકધારી દેશસેવા કરતાં કરતાં શરીર ઘસાઈ ગયું ત્યારે પ્રેમપૂર્વક આત્માએ ઓઢેલી “જ્યોં કી ત્યોં ધરી દીની ચદરિયા.”

## ધન્ય પોણો કલાક

‘કટોકટી’ પછી બાબુભાઈ પટેલની સરકાર બરતરફ થઈ. બાબુભાઈની ધરપકડ કરીને પહેલાં જૂનાગઢની જેલમાં મોકલવામાં આવ્યા. પછી ત્યાંથી અમે બીજા સાથીઓ જ્યાં હતા તે વડોદરાની જેલમાં લાવ્યા. ત્યાં એમને આપેલા વિશાળ ઓરડામાં પ્રવેશતાં પહેલી છાપ વ્યવસ્થિતતાની પડે. ટેબલ પર એક પણ પત્ર કે વસ્તુ અવ્યવસ્થિત નજરે ન પડે. ટેબલની બાજુના ઘોડા પર તેમની પેટીઓ વ્યવસ્થિત ગોઠવાયેલી રહેતી. તેમનું જેલજીવન રોજ સવારે ફરવાના કાર્યક્રમથી શરૂ થાય, ત્યારે ૬૪ વરસની ઉંમરે યુવાનને શરમાવે એવા જુસ્સાથી ને ઝડપથી સવાર-સાંજ થઈને પાંચેક માઇલ ચાલતા. બે મુખ્ય પ્રવૃત્તિ

વાંચવું ને કાંતવું. રોજની ટપાલના રોજ જવાબ ન આપે ત્યાં સુધી એમને ચેન પડે નહિ. ક્યારેક ચાર કલાક ટપાલ લખવામાં ગાળતા. રોજ સાંજે પ્રાર્થના પછી બધા સત્યાગ્રહી કેદીઓ એકઠા થતા. સંસ્કૃત કાવ્ય ‘રઘુવંશ’નો રસાસ્વાદ બાબુભાઈ કરાવતા ત્યારે એ પોણો કલાક અમારે માટે ધન્ય બની જતો.

# નવલરામ જ. ત્રિવેદી

## થોડામાંના એક

*અંધારા કો અતિશય ઊંડા વારિધિની ગુફામાં*
*મોંઘેરાં ને ઝળહળ થતાં મૌક્તિકો કૈં પડ્યાં રહે;*
*ને પુષ્પો કૈં નિરજનવને ખૂબ ખીલી રહીને*
*પેંકી દે છે નિજ સુરભિ; હા! દૈવનો દુર્વિપાક!*

અંગ્રેજ કવિ ટોમસ ગ્રેના આ શબ્દો શ્રી દા. ખુ. બોટાદકરને કેટલેક અંશે લાગુ પડી શકે છે. એમનાં કાવ્યકુસુમો ગુજરાતને ઘણા સમયથી સુવાસ આપી રહ્યાં છે, પણ તેના ભોક્તાઓ વિરલ છે. શ્રી બોટાદકર પોતે પણ રત્નાકરની ગુફામાં સંતાઈ રહેલ રત્નની જેમ ભાવનગર રાજ્યના એક નાના ગામડામાં શિક્ષકનું કામ કરી રહેલ છે. પણ આર્યસંસારના સંસ્કારથી ઓપતું તેમનું હૃદય, કેમ જાણે આ કાવ્યનો જવાબ આપતું હોય તેમ કહે છે :

*સહજ સુરભિ સમર્પીને કુસુમ કર્તવ્યતા સેવે,*
*ભ્રમર મકરંદના ભોગી મળે કે ના મળે તોએ;*
*સુગંધી પુષ્પ પ્રકટાવી મનોહર માલતી રાચે,*
*સમયને સાચવી માળી ચૂંટે કે ના ચૂંટે તોએ.*

આપણા સંસારમાં દુ:ખ ક્યાં છે તે તો ઘણાએ બતાવ્યું છે, પણ જેવા છે તેવા આપણા સંસારમાં પણ કેવું સૌરભ ભર્યું છે તે બહુ થોડાએ બતાવ્યું છે. તે થોડાઓમાંના શ્રી બોટાદર એક છે.

['બુદ્ધિપ્રકાશ' માસિક : ૧૯૨૨]

# —યાદ આવે છે

શ્રી બોટાદકરનાં કાવ્યોમાં સૌથી મોટી સંખ્યા કુદરતનાં ચિત્રો વિશેનાં કાવ્યોની છે. નિર્જીવ પદાર્થોને આત્મસંભાષણ કરતા કલ્પવા, તે પણ એમનાં કાવ્યોમાં સારા પ્રમાણમાં મળી આવે છે. આવા એક કાવ્ય ‘પતંગ’માં કવિ પતંગ પાસે નીચેના શબ્દો બોલાવે છે:

*કંઈક કરતાં તૂટે તૂટો હવે દૃઢ દોર આ!*
*હૃદય સહસા છૂટો છૂટો કુસંગતિથી અહા!*

*પરશરણ આ છૂટયે છોને જગત્ સુખ ના મળે!*
*તન ભટકતાં સિંધુ કેરા ભલે હૃદયે ભળે!*

*ભડ ભડ થતાં અગ્નિ માંહે ભલે જઈ એ બળે,*
*ગિરિકુહુરની ઊંડી ઊંડી શિલા પર છો પડે.*

*મૃદુલ ઉરમાં ચીરા ઊંડા ભલે પળમાં પડે,*
*જીવન સઘળું ને એ રીતે સમાપ્ત ભલે બને.*

*પણ અધમ આ વૃત્તિકેરો વિનાશ અહા! થશે,*
*પર કર વશી નાચી રે’વું અવશ્ય મટી જશે;*
*રુદન કરવું વ્યોમે પેસી નહીં પછીથી પડે,*
*ભ્રમણ ભવના બંદી રૂપે નહીં કરવું રહે.*

હિંદને સ્વરાજ્ય મળે તો પછી તેમાં અંદર અંદરની લડાઈઓ જાગે, પરદેશીઓ તેના પર આક્રમણ કરે વગેરે પ્રકારના દેખાડવામાં આવતા ડરની સામે મહાત્મા ગાંધીજીએ કહેલ વચન—હિન્દનો ગુલામી દશામાં ધીમે ધીમે નાશ થાય તે કરતાં તો સ્વતંત્રા થઈને ત્વરાથી તેનો નાશ થાય, તે હું વધારે સારું ગણું—આ લીટીઓ વાંચતાં યાદ આવે છે.

# ગ્રામજીવનનું ચિત્ર

બોટાદકરે ‘કૃષિક’ નામનું કાવ્ય લખ્યું છે. તેમાં ખેડૂતના એક દિવસના જીવનનું વર્ણન છે. સંધ્યા સમયનું વર્ણન કરતાં કવિ કહે છે—

*આવે ધસ્યું સુરભિનું ધણ સીમમાંથી*
*સંતોષના સ્વરથકી નભને ગજાવી;*

**

*હાંકે ત્વરાથી હળને નિજ ગામ વાટે,*
*ખેંચ્યા રહે ન વૃષભો ઉર હર્ષ વાધ્યે.*

**

*ઘંટાનિનાદ સુરમંદિરમાં સુહાવે,*
*શાંતિતણી જનનીને વિધિએ વધાવે;*
*ભાગોળમાં જનકની ચિર વાટ જોતા,*
*આવી ઉમંગભર આતુર બાલ ઊભાં,*
*દૂરેથી જોઈ હસતાં કંઈ હર્ષઘેલાં,*
*આલિંગતાં વિરહવ્યગ્ર બની રહેલાં;*

**

*ગાઢું તમિસ્ર ઉદરે ભરી સર્વ વસ્તુ,*
*સંરક્ષવા સદનમાં બની વ્યાપી રે’તું;*
*કોલાહલો પળ વિષે સહુ શાન્ત થાય,*
*આ એકલો અનિલ સંચરતો જણાય.*

આ વાંચતાં અંગ્રેજી સાહિત્યના અભ્યાસીઓને અંગ્રેજ કવિ ગ્રેએ Elegy Written in a Country Churchyardમાં આપેલ ગ્રામજીવનનું ચિત્ર યાદ આવ્યા વિના રહેશે નહિ. સૌંદર્યમાં આ તેના કરતાં કોઈ રીતે ઊતરે તેવું નથી.

*The curfew tolls the knell of parting day,*
*The lowing herd wind slowly o'er the lea;*
*The ploughman homeward plods his weary way,*
*And leaves the world to darkness and to me.*

**

*Now children run to lisp their sire's return,*
*And climb his knees the envied kiss to share.*

**

*Now fades the glimmering landscape on the sight,*
*And all the air a solemn stillness holds.*

['બુદ્ધિપ્રકાશ' માસિક: ૧૯૨૨]

# નવલરામ પંડ્યા

## એ વિદ્યા શા કામની?

વિદ્વાનોની ફરજ છે કે પોતે જે ધર્મકર્મ સાચાં માન્યાં હોય તે પ્રમાણે જ વર્તવું. પોતાના મનમાં એક વાત સાચી માન્યા છતાં તેથી વિરુદ્ધ ચાલવું, એ ઘણી નામર્દાઈ છે. કોઈ વિદ્વાન જ્યારે પોતાના વિચાર પ્રમાણે વર્તતો નથી, ત્યારે તે ગમે તેટલું બોલે પણ એ ખરો છે એમ લોકો કદી માનતા નથી.

“સમય અનુકૂળ નથી,” એવા ગણગણાટ અમારા કાન ઉપર અથડાય છે. “એક માણસથી શું થઈ શકે? પ્રવાહની સામા કેમ તરાય? અમે અમારી ફરજ બધી યે જાણીએ છીએ, પણ એકલા શું કરીએ?”

એકલા શું કરીએ? એક માણસથી શું થઈ શકે? અમે કહીએ છીએ, મોટાં કામ એકથી જ થાય છે. બૌદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન ધર્મના કાઢનાર એક હતા કે અનેક? શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, કબીર, એ પ્રથમ એક જ હતા કે અનેક? શિવાજી એક હતા કે અનેક? એક ગેલીલિયોએ કેટલું કર્યું છે? એક સોક્રેટિસ ગ્રીસ દેશમાં સુધારાનો પોકાર કેવો ઉઠાવી શક્યો હતો?

દરેક કામની શરૂઆત તો એક જ માણસથી થાય છે. પ્રથમ તે નિંદાય છે, લોકો સામા થાય છે, અને કેટલાક વખત સુધી દુખ પણ શોષવું પડે છે. સુધારકની કીર્તિની એ જ કિંમત છે. પણ જો તે ફિટકાર અને જુલમમાં ડગતો નથી, તો લોકો ધીમે ધીમે તેને માન આપતા જાય છે, તેના વિચાર સાચા માનવા લાગે છે અને પરિણામે તેની પછાડી ઘસડાયા આવે છે.

તે છતાં, એ ઘસડાયા આવો કે નહીં, ધારેલો સુધારો થાઓ કે નહીં, લોકો રૂઠો કે ત્રૂઠો, પણ જ્ઞાનીનો ધર્મ છે કે પોતાના જ્ઞાનને અનુસરતું ચાલવું. પોતે જે સાચું માન્યું છે તે પ્રમાણે વર્તવું. પોતે તે

સાચું માને છે તેની પરીક્ષા જ એ છે.

હિંદુસ્તાનમાં તો ભણેલાઓને આ વાત વધારે જોરથી લાગુ પડે છે, કેમ કે તેમની કેળવણીનો ખર્ચ દેશની તરફથી કરવામાં આવે છે. હિંદુસ્તાનમાં બધાં કેળવણીખાતાં સરકારની ઉદારતાથી જ ચાલે છે. આટલો બધો ખર્ચ કરાવી ભણેલો માણસ દેશને બદલો આપવાને બંધાયેલો જ છે. તે દેશનો કરજદાર છે. અને તે વાળવું જ જોઈએ.

કદાપિ કોઈ કહેશે કે એ તો સરકારનો ઉપકાર છે; એમાં દેશને શું? પણ એ જ મોટી ભૂલ છે. લોકોની એ સમજથી જ હિંદુસ્તાનની ખરાબી થઈ છે અને થાય છે. સરકાર એ રૈયતની પ્રતિનિધિ છે. એ પૈસા વાપરે છે તે લોકોના જ, લોકોની તરફથી, અને લોકોને વાસ્તે જ વાપરે છે. સરકાર વિદ્યાદાન કરે છે તે લોકો જ કરે છે. જેને વિદ્યાદાન મળેલું છે, તેણે લોકોનો જ ઉપકાર માનવો જોઈએ. પેલા ગામડિયા ખેડૂતને તેણે નમીને કહેવું જોઈએ: માબાપ, તમે મને તમારે ખરચે ભણાવીગણાવી હોશિયાર કર્યો છે, એ ઉપકાર હું ભૂલવાનો નથી; અને એ વિદ્યાથી મારાથી તમારું જેટલું ભલું થશે તે કરવાને જો હું ચૂકું તો મોટો લૂણહરામી કહેવાઉં.

બેશક, માબાપ આપણને ભણાવે છે તેનો બદલો વાળવાને બંધાયેલા છીએ તે કરતાં પણ આપણે આપણા દેશ તરફ એમ કરવાને વધારે બંધાયેલા છીએ. શું ફલાણા ભાઈ બી.એ. થઈ રૂપિયા કમાઈને મોજ મારે, કે એમ.એ. થઈ ધન એકઠું કરવા મંડી જાય તેને સારુ દેશે તેની પછાડી આટલા રૂપિયા બગાડયા છે? જો પોતાની વિદ્યા દેશનું ભલું કરવામાં ન આવી, તો તે શા કામની? કહ્યું છે કે, પેટ ભરવું તો કાગડાઓ પણ શું ચાંચ વડે નથી કરતા?

# નવલરામ લ. પંડ્યા

## તાક્યું તીર મારનારો

ગુજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ છે, અને એ થઈ ગયો તે સૈંકડામાં આપણા બધા મોટા કવિઓ ઘણું કરીને થઈ ગયા છે. આ તરફ શામળ ભટ્ટ વાર્તારૂપે પોતાના સમયનાં સંસારચિત્ર આપવાનો સંપ્રદાય પહેલવહેલો જ પ્રાકૃત ભાષાઓમાં દાખલ કરતો હતો; તો પેલી તરફ અખો ભગત, લોકોના મનને સોના સરખા વહાલા જે પરાપૂર્વના વહેમ, તેને હથોડો લઈને તોડવા મંડી ગયો હતો. વલ્લભ પોતાના મર્દાની સૂરથી વીરરસને લાયકની ભાષા બહુચરાજીની ભકિતમાં ગજવી રહ્યો હતો. તે વખતે ખેડાનું એક નાનું રત્ન કોમળ શૃંગારના ઝબકારા મારી રહ્યું હતું. એ પાંચે કવિઓ વિક્રમના અઢારમા સૈંકડામાં થઈ ગયા છે.

પ્રેમાનંદની કવિત્વશકિત અસાધારણ હતી. એ જે વિષય ઉપર લખે છે તેનું આબેહૂબ ચિત્ર વાંચનારની નજર આગળ ઊભું કરવાનું એ કદી ચૂકતો નથી. રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે, અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે. એની વધારે મોટી ખૂબી એ છે કે એને એક રસમાંથી બીજા રસમાં છટકી જતાં વાર લાગતી નથી, અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશમાત્ર પણ રસભંગ થતો નથી. આવી રીતે એ કાવ્યસિદ્ધિ કરે છે, તેનું મુખ્ય કારણ એ છે કે એને જનસ્વભાવનું બહુ જ ઊંડું જ્ઞાન છે. ક્યાં કેટલો અને કેવો રસ મૂકવો એ પ્રેમાનંદ બરાબર સમજતો હતો. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત તથા પદબંધન સરળ, ઘટ્ટ અને કોમળ છે.

આ બધા ગુણોને લીધે એ કવિ ઘણો જનપ્રિય છે. એનાં ઘણાંખરાં

કાવ્ય તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે એમ કહીએ તોપણ ચાલે. હજારોને ‘સુદામાચરિત્ર’ શનિવારે, અને ‘હૂંડી’ રવિવારે ગાઈ જવાનો નિયમ છે. ગામેગામ ચૈત્ર માસમાં એનું ‘ઓખાહરણ’ તો ઊછળી જ રહે છે, જુવાન કે વૃદ્ધનાં અંતઃકરણ વિહ્વળ કરી નાંખે છે, અને વ્યાસની એ કાવ્યથી રોજી ચાલે છે. શ્રાદ્ધના દહાડામાં જ્યાંત્યાં નરસિંહ મહેતાના બાપનું ‘શ્રાદ્ધ’ વંચાય છે, અને લોકો અડધી રાત આનંદમાં કાઢે છે. સુરત કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલૂમ પડે છે ત્યાં દરેક સ્ત્રીની અઘરણી વખતે સાસરે ને પિયર ‘મોસાળું’ ગવડાવવું એ તો એક આચારનો જ ભાગ થઈ પડ્યો છે. ચોમાસાના દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું નહિ માલૂમ પડે કે જ્યાં પ્રેમાનંદકૃત ‘દશમસ્કંધ’ વંચાતો નહિ હોય. ધન્ય છે પ્રેમાનંદને કે જેના કાવ્યસમુદ્રમાં પર્વેપર્વે સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઈને આવે છે અને શુદ્ધ, કોમળ, તથા ભકિતમાન થઈને સંસારમાં પાછા વળે છે.

‘મામેરું’ એ ભકિતમાર્ગનું કાવ્ય છે. એનો ઉદ્દેશ નરસિંહ મહેતાનો દૃઢ વિશ્વાસ અને ભગવાનનું ભક્તાધીનપણું દર્શાવવાનો છે. કાવ્ય-વસ્તુ ઘણી નાની છે. મહેતાજીની પુત્રી કુંવરબાઈનું અઘરણી આવ્યું તે વેળા આ દેશની રીત પ્રમાણે મોસાળું તો કરવું જ જોઈએ, અને મહેતાજી પાસે ફૂટી બદામ પણ સંઘરામાં ક્યાંથી હોય? એ સમયે ભગવાન વાણિયાને રૂપે ભરસભામાં આવી મોસાળું કરી ગયા અને ભક્તની લાજ રાખી. જનવાર્તામાંથી આટલો પાયો લઈને તે ઉપર પ્રેમાનંદ કવિએ આ રસિક કાવ્ય રચ્યું છે.

ભક્તચરિત્ર ઘણું કરીને નીરસ, અને કવિતાના શોખીનને કંટાળાભરેલાં લાગે છે. પણ પ્રેમાનંદના પ્રતાપે આ વિષય તેટલો જ સરસ અને મનોહર થઈ રહ્યો છે. એ કથામાં એક રસબીજ રહેલું છે તે આ કવીશ્વરની દૃષ્ટિએ પડ્યું, અને તેનું સિંચન કરી એણે તુરત એક સુંદર વૃક્ષ બનાવી દીધું. જગત-ભગતની રીત એકબીજાથી કેવળ ઊલટી છે; અને એ ઊલટાપણું જ કુશળ કવિના હાથમાં એક નવીન રસનું સાધન છે.

એ કાવ્યનો નાયક નરસિંહ મહેતા છે. એ ભક્તરાજની નખશિખ મૂતિર્ કાવ્યમાં બંધાય છે. કુંવરબાઈનું રાંકડાપણું, એની માત્ર રૂપરેષા જ પાડી છે તેમાંથી પણ જણાઈ આવે છે. શ્રીરંગ મહેતો, જે ઘરસંસારી કામમાં સ્ત્રીનો જ દોરાયો દોરાય છે, તે હિંદુ કુટુંબ અને વિશેષ કરીને નાગર કુટુંબના ઉપરીનો ખરેખરો નમૂનો છે. સાસરામાં વહુને સાસુનણંદ શી રીતે હંમેશાં મેણાંઓઠાં માર્યા કરે છે તેનું આમાં બરાબર ચિત્ર આપ્યું છે. નાગરાણીઓની વાગ્વિદગ્ધતા અને નાગરોનો મજાકી સ્વભાવ આ કાવ્યમાં બરાબર વર્ણવ્યો છે.

સઘળી કથા વાંચનારની આગળ આવીને મૂતિર્માન ઊભી રહે છે. આપણે વાંચતા નથી પણ જાણે જોઈએ છીએ એમ થાય છે, અને એક દેખાવની ઉપર બીજો દેખાવ ઝપાટાબંધ આવતો જાય છે તેથી એ કાવ્યના અંત સુધી આપણે એકચિત્ત થઈ રહીએ છીએ. જો કોઈ ચિતારો હોય તો એ ઉપરથી તે ઘણાં સરસ ચિત્ર કાઢી શકેઃ નરસિંહ મહેતાની વહેલનું વર્ણન, બધી ન્યાત ભરાયેલી છે ત્યાં નરસિંહ મહેતા દશવીસ વેરાગીઓની સાથે થાળ ગાવા મંડી જાય છે તે, પહેરામણીની વખતે વડસાસુ રિસાઈ જાય છે અને તેને ખીરોદક આપી મનાવી લાવે છે તે, વગેરે. મોસાળાની વખતે ભેગી થયેલી સ્ત્રીઓનું જે વર્ણન આપ્યું છે તે ખરેખરું લાલિત્યનું આનંદમય ચિત્ર છે.

એમાં હાસ્ય, શાંત, કરુણ અને અદ્‌ભુત એ રસ અનુક્રમે ઓછાવત્તા આવેલા છે. ઘણો ભાગ હાસ્ય અથવા મસ્ત આનંદનો છે. કરુણરસ થોડો જ છે, પણ છે ત્યાં બહુ સરસ છે. તે છતાં કાવ્યનું સાધારણ અંગ આનંદનું જ છે; અને સીમંતના હર્ષના દિવસોમાં એને ગાવાનો જે સંપ્રદાય પડ્યો છે તે ખરેખર એક ઊચી રસિકતાનું જ ચિહ્ન છે.

['નવલગ્રંથાવલિ' પુસ્તક]

# ઓથારિયો હડકવા

(એક ચર્ચાપત્ર)

શ્રી. ‘ગુજરાત શાળાપત્ર’ના અધિપતિ સાહેબ,

આપણામાં હાલ જે નવો ભયંકર રોગ ચોતરફ ફાટી નીકળ્યો છે તે જોઈ સઘળે ત્રાહે ત્રાહે થઈ રહ્યો છે. એથી તે બાપડાં પોર્યાંઓની, તેનાં સગાંવહાલાંની, અને છેવટે બધા દેશની એવી ખરાબી થાય છે કે આ રોગનો ઇલાજ કોઈએ શોધી કાઢવો જોઈએ. એ કામ મહા વિકટ છે, અને તે વેળાએ દેશનું સમસ્ત વૈદ્યમંડળ ભેળું થઈ વિચાર કરે તોપણ તેનો પત્તો ન લાગે. પરંતુ પ્રયત્ન એ જ પુરુષનું કર્તવ્ય છે, તેથી મેં મારી અલ્પ જોગવાઈઓ પ્રમાણે એ રોગ સંબંધી જે કંઈ જૂજ તપાસો કરી છે તે નમ્રતાથી સર્વેની હજૂરમાં રજૂ કરું છું, કે વખતે કોઈ અપૂર્વ બુદ્ધિશાળીને આ મહાવ્યાધિના નિદાનાદિકનો ખરો માર્ગ સૂઝી આવે.

ચિકિત્સા: જેમ શીળીનો ઉપદ્રવ બહુધા બાળકોને જ થાય છે તેમ આ રોગમાં કિશોરાવસ્થાવાળા જ સપડાઈ પડે છે. મૂછનો દોરો ફૂટવા માંડ્યો કે આ દુષ્ટ મરજની પૂરેપૂરી વકી રાખવી, અને જ્યાં સુધી તે બરાબર ભરચક ઊગી નથી, ત્યાં સુધી તે ચેપ લાગવાની દહેશત એક ક્ષણ પણ દૂર થતી નથી. એટલે, આ રોગથી સંભાળ રાખવાનો ખરેખરો વખત ૧૫થી ૨૫ની ઉંમર સુધીનો છે. વખતે એથી મોટાને અને એકાદ બે ડોસાને પણ આ રોગ ભયંકર રૂપમાં થયેલો સાંભળ્યો છે, તથાપિ તે માત્ર અપવાદ જ કહેવાય. કિશોરાવસ્થામાં તો શીળીની પેઠે એ રોગ હાલ સર્વને જ થતો માલૂમ પડે છે, અને તેથી જ લોકમાં આટલો બધો ગભરાટ ઊઠ્યો છે.

આ રોગનું પૂર્વરૂપ બહુ જ ભૂલથાપ ખવડાવનારું છે. પ્રથમ તો બુદ્ધિ ને શરીરમાં ઘણી જ ચંચળતા દેખાય છે. કિંચિત્ જ્વર નાડીમાં તથા માથા પર રહે છે, તે કોઈના લક્ષ્યમાં આવતો નથી. અંતઃકરણમાં

કોહવાણ શરૂ થાય છે, તે તો કોઈના દીઠામાં શી રીતે આવે? તેથી તેનાં માબાપ તથા મહેતાજી તો છોકરો ખૂબ ખીલવા લાગ્યો છે એમ સમજી રાજી રાજી થતાં હોય છે. તે વેળા જ આ ભૂંડો રોગ તેના શરીરમાં ઘર ઘાલે છે. થોડા વખતમાં તે બાળકનો સ્વભાવ ખાટો ને તીખો થવા લાગે છે. બોલવું બહુ કમ થઈ જાય છે, અથવા બોલે છે તો તે મહા ધૂંધવાતું ને તિરસ્કારભર્યું. હજી પણ એના વાલીઓ ચેતી ઠાવકા ઉપાયો કામે લગાડતા નથી, તો પછી આ રોગ પોતાનું ભયંકર રૂપ એકાએક પ્રકટ કરે છે.

એકાએક દરદીની આંખો જતી રહે છે, અથવા યથાર્થતાથી બોલીએ તો એને એક એવો વિલક્ષણ નેત્રવિકાર થાય છે કે સૂક્ષ્મદર્શક ને દૂરબીનના વિરુદ્ધ ગુણો જ એની આંખમાં આવીને વસે છે. હવે એ પોતાનાં માબાપ, ગુરુ વગેરે પ્રાણી માત્રને માખી જેવડાં જ, અને પોતાને હાથી કરતાં પણ મોટો દેખે છે. હવેથી એ મદોન્મત્ત હાથીના જેવો જ જગતમાં નિરંકુશ ફરે છે, અને પ્રાચીન કાળના સર્વમાન્ય અદ્‌ભુત પ્રચંડાંગી પુરુષોનાં નામ સાંભળી ચિડાઈ ઊઠે છે કે ‘છિટ! એ અલ્પ જંતુઓની મારી આગળ વાત ન કરો!’

કેટલાક ધારે છે કે આ નેત્રવિકાર નથી, પણ ભેજાનો વરમ છે. એમ પણ હોય. એના આ સમેના બખાળા બેશક ગાંડા કરતાં પણ વધારે છે. પણ આ તો હજી એ રોગની પાશેરામાં પહેલી પૂણી છે. હજી તો આ રોગને બહુ તો સનેપાત જ કહી શકાય, પણ થોડા વખતમાં તે હડકવાનું ત્રાસદાયક રૂપ ધારણ કરે છે.

હવે એ દરદીનું ડાચું ફાટેલું જ રહે છે, અને તેમાંથી ઝેરી મહા ગંધાતી લાળ નિરંતર વહ્યા કરે છે. એની વાણી એવી બદલાઈ જાય છે કે તેનું બોલ્યું માણસમાં તો કોઈ પણ સમજતું જ નથી. પણ હડકવા સાથે ઘણામાં ઘણું મળતાપણું તો આ વાતમાં છે. જે કૂતરાને હડકવા હાલ્યો હોય છે તે જેમ પાણીનું પ્યાલું જોતાં મહા આક્રંદે ચડે છે, તેમ આ અભાગિયાની નજરે શાહીનો ખડિયો પડતાં જ એનો જીવ ભેઉથલ થઈ જાય છે. જેમ હડકાયેલું કૂતરું પાણીના શોષથી વ્યાકુળ ચોતરફ

દોડ્યા જ કરે છે, પણ તેને ગળે એક પણ ટીપું ઊતરી શકતું નથી, અને તેથી તે છેક બાવરું, ગાભરું, ને ગાંડું બની જાય છે, તેમ જ આ બાપડા દરદીની અવસ્થા છે. આઠે પહોર જાગતાં ને ઊંઘતાં એના મનમાં નિરંતર એમ જ થયા કરે છે કે હું કંઈ લખું, હું કંઈ લખું, અને લખવા જાય છે ત્યારે એક પણ અક્ષર લખી શકાતો નથી. આ સમે એનો જે પરિતાપ, એના જે પછાડા, ને એની જે વેદના તે તમે જોઈ હોય તો નિશ્ચય એમ જ કહો કે એ કરતાં હડકાયેલા કૂતરાની અવસ્થા સો દરજ્જે સારી છે.

ખડિયો દીઠો કે તેને એ ધાઈને બાઝે છે, અને પાસે કલમ તો મળે નહિ એટલે તેમાં દશે આંગળાં બોળી લખવાનું કરે છે. પણ જેના જીવનું જ ઠેકાણું નથી, તેના હાથપગ તે ધાર્યું શી રીતે કરી શકે? કાગળ ક્યાંના ક્યાં રહી જાય છે, અને તે પોતાના શરીર ઉપર જ લીટા પાડવા મંડે છે. કંઈક ભાન આવે છે ત્યારે ચિડાઈને શાહીનો શીશો જ કાગળ ઉપર છૂટો ફેંકે છે, અને પછી પાછો જે શાહીનાં ખાબડાં ભરાય છે તેમાં હાથ બોળી પરવશપણે આડાઅવળા જેમ આવે તેમ પોતાના મોં ઉપર જ ફેરવવા મંડી જાય છે. આ સમે એ ભાઈનું સ્વરૂપ આફ્રિકાના ઉરાંગઉટાંગથી પણ વધારે વિચિત્ર દેખાય છે, પરંતુ એને મન તો એ કોટિકંદર્પતુલ્ય છે.

સારું છે કે હજી લોકોના જોવામાં એની ચેષ્ટાઓ નથી; નહિ તો એને બેશક ગાંડાની ઇસ્પિતાલમાં તેઓ પુરાવ્યા વિના રહે નહિ. હજી તો ફક્ત બિચારાં ઘરનાં કોઈક દેખે છે ને દાઝે છે. તે બાપડાં તો જ્યારથી એણે અધવચ નિશાળ છોડી દીધી, કોઈનું કહ્યું માન્યું નહિ, અને ધંધારોજગારની વાત એ કાને ધરતો નથી એવું જાણ્યું, ત્યારથી જ ગંભીર હૈયાશોકમાં પડ્યાં છે. એની તરફના લાભની આશા તો તેમણે સઘળી જ છોડી દીધી છે, પણ એનું આગળ શું થશે એ ચિંતામાં ને ચિંતામાં તેઓ રાતદહાડો બળીને ખાખ થઈ જાય છે. પણ તેમની ક્યાં જરાયે દાઝ છે આ મદે ચડેલા હૃદયમૃત મૂર્ખાને? એનો આત્મા તો અહંપદમાં તલ્લીન થઈ ગયો છે. માબાપ કરોડોબંધ નિસાસા મૂકે છે,

અને બાયડી પાછલી રાતનો દરરોજ એના નામનો છેડો વાળે છે, તે વેળા એ ભાઈ પોતાની લહેરમાં કેવો આનંદે છે તે હવે આપણે જોઈએ.

પણ અધિપતિસાહેબ, આપ એક ચર્ચાપત્રને આપો તે કરતાં તો વધારે જગા રોકાઈ ગઈ, અને કહેવાનું તો હજી પાર વિનાનું છે. કરવું શું? એ જ કે મારે મારી કલમ અટકાવવી, નહિ તો રખેને તમે એમ ધારો કે મને પણ આ ઓથારિયો રોગ જ થયો હશે. મને એ રોગ થયો તો નથી, પણ દહાડાની ચાલે કદાપિ થયો જ હોય એમ સાબિત થાય તોપણ તેમાં કંઈ અજબ થવા જેવું નથી, કેમકે હાલ આસપાસની તમામ હવામાં અણુએ અણુમાં એ ચેપ પ્રસરી રહ્યો છે. એની અસર આટલી તો મને પણ જણાય છે કે કેમે કરી આ કલમ મારા આંગળામાંથી હાલ છૂટતી જ નથી, માટે મને બેચાર બોલ તો વધુ લખવા દો.

આ રોગનું નામ ઓથારિયો હડકવા કેમ પડ્યું તે તો તમારે આ અંકમાં જણાવવું જ જોઈએ. ઠીક, ત્યારે સાંભળો. આ રોગની આખર અવસ્થામાં દર્દી 'હું ઓથાર' 'હું ઓથાર' એમ બરાડતો ગામમાં ફરે છે, તે ઉપરથી જ આ નામ નીકળ્યું છે એમાં જરાયે સંદેહ નથી. એમ બોલે છે એનો અર્થ શો એ તકરારની વાત છે. અમારા ગામમાં એકસો ને એક વરસની એક ડોશી છે તે તો કહે છે કે એને જે ઓથારે ચાંપ્યો છે તે જ આમ બોલે છે. આ વાત અંગ્રેજી ભણેલા હસી કાઢે છે. તેઓનું કહેવું એમ છે કે અંગ્રેજીમાં 'ઓથાર' શબ્દનો અર્થ ગ્રંથકર્તા થાય છે, અને 'હું ઓથાર' 'હું ઓથાર' એમ જે બરાડા પાડે છે તેની મતલબ તો એ છે કે હું મોટો ગ્રંથકર્તા થઈ ગયો. અંગ્રેજીમાં એમ અર્થ થતો હશે તેની હું ના કહી શકતો નથી, પણ આ છોકરા તેમ સમજીને બોલતા હોય એ તો મને જરા પણ સંભવિત લાગતું નથી, કારણ કે એમાંના ઘણા તો બાપજનમમાં અંગ્રેજીનો એકે અક્ષર ભણ્યા નથી એ હું ખાતરીથી જાણું છું. સાધારણ લોકો તો, 'હું ઓથાર', 'હું ઓથાર', એવા તેમના બોલ સાંભળી એટલું જ કહે છે કે 'હા બાપુ, ખરું કહો છો. તમારા જેવા બીજા 'ઓથાર' જગતમાં શોધ્યા ક્યાં જડવાના

હતા?' આ જવાબ બેશક મશ્કરીનો છે, પણ પંચ ત્યાં પરમેશ્વર એ ન્યાયે મને તો એ જ કારણ ખરું ભાસે છે. ગાંડાઈની પરિસીમા એ જ કે ગાંડાઈનું અભિમાન કરી ફુલાવું. એ વાત ખરી છે કે ગાંડાને પણ ગાંડો કહેતાં મહા દુઃખ લાગે છે, પણ આ રોગનું એ જ વિશેષ છે, અને તે માટે જ આ ઓથારિયો હડકવા સઘળી ગાંડાઈમાં પરમ ગાંડાઈ ગણાય છે.

બસ! લો, આ કલમ ફેંકી દીધી! મરજી હશે તો બાકીનું હવે પછી, ને નહિ તો રામ રામ.

લિ. વૈદ્ય નિર્દર્ભકર આનંદધરના યથાયોગ વાંચવા.

['નવલગ્રંથાવલિ' પુસ્તક]

# જનસમૂહની આરસી

આખો જનસમૂહ, જ્ઞાન, વિચાર, તથા મનોવૃત્તિમાં કેવો છે તેની ખરેખરી આરસી તો નાટકશાળા જ છે. કેમ કે ત્યાં તો વાંચનાર ને ન વાંચનાર આખું આલમ વખતોવખત આવી જાય છે, અને તેથી તે બધાને ગમતાં, સમજાતાં અને સરસ લાગતાં નાટકો જ ત્યાં ભજવવામાં આવે છે. માટે જે દેશનાં નાટકો સુઘડ, સુરસ, સૂક્ષ્મ વિચારથી ભરેલાં, તે દેશના લોક પણ સુઘડ, સુરસ, સૂક્ષ્મ વિચાર કરવાની સ્થિતિએ પહોંચેલા છે એમ જે માનવામાં આવે છે તે સામાન્યપણે વાજબી જ છે.

એ જ કારણથી નાટકશાળા સર્વોત્તમ શિક્ષાગુરુ ગણાય છે. પાઠશાળા કે પુસ્તકશાળાથી પણ તેની સત્તાને પહોંચી શકાતું નથી. લોકનાં જ્ઞાન, નીતિ ને વિચાર ઉપર નાટકશાળા દ્વારા જેટલી અસર કરી શકાય છે તેટલી કોઈ પણ બીજે રસ્તે કરવી એ અશક્ય છે. નાટકશાળા તો જનસમૂહની વચ્ચે જ સાદ કરતી ઊભી રહે છે, અને તેનો મનોહર સાદ સાંભળી લોકો દોડ્યા આવે છે. આખા દેશની મનોવૃત્તિને નાટકશાળા જે માર્ગે વાળવા ચાહે, તે માર્ગે વાળી શકે.

નાટકશાળાનો બોધ સારો કે નઠારો માણસના મનમાં ચોંટી બેસે છે તેવો તેને કોઈનો પણ બેસતો નથી. અલબત્ત, એ નાટકો તેવી રીતે ઉસ્તાદોના હાથથી લખાયેલાં જોઈએ જ. કહેવાની મતલબ એ છે કે દેશમાં સુબોધ કે કુબોધ ફેલાવવાનું નાટકશાળા જેવું એકે સાધન નથી. દેશને સુરસિક, શૂરવીર કે ફૂવડ ને બાયલો કરવો, એ નાટકશાળાના બોધની ઉપર જ બહુધા આધાર રાખે છે. નાટકશાળા એ સુધારા કે કુધારાનું એક જબરદસ્ત હથિયાર છે, અને વિચારવંત સુધારકો તેને પોતાના પક્ષમાં લેવા કદી ચૂકતા નથી.

નાટક લખનારે બોધ કરવા ઉપર લક્ષ રાખવું જોઈએ, એમ અમે કહેતા નથી. સુબોધ એ સારા નાટકનું સ્વાભાવિક ફળ છે, પણ તેનો ઉદ્દેશ નથી. શુદ્ધ ને ઊંચા રસમાં સ્વાભાવિકપણે જ સારો બોધ સમાયેલો છે, પણ તે બોધનરૂપે નથી તે માટે જ તે વધારે અસર કરે છે.

હાલ નઠારાં નાટકો થાય છે તેનો દોષ તો અમે નાટકટોળીઓ કરતાં નઠારા લોકમતને જ આપીએ છીએ. સભ્ય ગૃહસ્થો કંટાળીને કે ગમે તે કારણથી તેને પૂરું ઉત્તેજન આપતા નથી, અને તેથી તેનો મોટો આધાર નીચવર્ગના લોકોને જ રાજી કરવા ઉપર રહેલો છે. જો એ નાદાન શ્રોતાઓ વિદૂષકનું મૂર્ખાઈ કે બેહયાઈભર્યું બટકબોલું સાંભળીને જ રાજી થઈ તાબોટા પાડતા દેખાય, તો સ્વાભાવિક જ છે કે નાટકમંડળીઓ એવું બટકબોલું જ આખા નાટકમાં આણવાના. જો જોનારાને દાદરા, ઠુમરી કે ખ્યાલ ટપ્પા કે ગઝલ રેખ્તા પર વિશેષ ભાવ હોય છે, તો નાટકમાંના રાજા ને બુઢ્ઢા પંડિતો પણ ઠોળિયા બની ભરસભામાં કાને હાથ દઈ રાગોટા જ કાઢવા મંડી જાય છે. જો એવા લોકને બીભત્સ વાતના ઇશારા ગમે છે, તો સભ્ય નાટકમંડળી પણ તજવીજે તજવીજે તેમ જ કરવા દોરાવાની, ને દોરાય છે જ.

આવી હાલ આપણી નાટકશાળાઓની સ્થિતિ છે, અને તેને સુધારવાનો ખરો ઉપાય એ જ છે કે તેનું વિવેચન, નિરંતર વિવેચન, ખરા રસજ્ઞ પુરુષોની તરફથી થવું જોઈએ. નાટકનો શોખ એકવાર લોકમાં ઉત્પન્ન થયો છે તે જતો રહેવાનો નથી, અને નાટકટોળીઓ

ગમે તેવી છે પણ તે દિન પર દિન વધતી જ જવાની એ નિશ્ચય કરીને જાણવું; માટે એને સુધારવી, સુમાર્ગે વાળવી, અને લોકની આંખ આગળ શુદ્ધ ને ઊંચા રસનાં નાટકો મૂકવાં કે સ્વાભાવિક રીતે જ તેઓ તેને પસંદ કરશે, અને હાલના કચરા કે ટાયલાંને ધિક્કારતાં શીખશે. બાળકના હાથમાંથી જોખમકારી રમકડું લઈ લેવું હોય, તો તેનો સર્વોત્તમ ઉપાય એ જ છે કે બીજું રમકડું નિર્દોષ પણ તેથીયે રઢિયાળું તેની આગળ ધરવું. અર્થાત્ નઠારાં નાટકને કાઢવાનો ઉપાય એ જ છે, કે સારાં નાટકને ઓળખી તેને ઉત્તેજન આપવું, અને તેના જે દોષ હોય તે વિવેકથી બતાવવા.

['નવલગ્રંથાવલિ' પુસ્તક]

# નાથાલાલ દવે

## રાત થઈ પૂરી

*રજા ત્યારે હવે, દિલબર! અમારી રાત થઈ પૂરી,*
*મશાલો સાવ બૂઝી, તેલ ખૂટ્યું, વાત થઈ પૂરી;*
*અમારી રાત થઈ પૂરી.*

*ભરાયો જામ રાત્રાનો, ઉપર તરતા હતા તારા,*
*ગયા ડૂબી બધા, ડૂબ્યો વળી મહેતાબ આસ્માને;*
*તમારો કંઠ થાક્યો, ગાન થંભ્યું, વાત થઈ પૂરી;*
*અમારી રાત થઈ પૂરી....*

*જુઓ મસ્જિદ-મિનારે એ ઝલક આફતાબની આવી,*
*પુકારે બાંગ મુલ્લાં મસ્ત રાગે, વાત થઈ પૂરી;*
*અમારી રાત થઈ પૂરી.*

['મિલાપ' માસિક: ૧૯૬૨]

## ધરતી હિન્દુસ્તાનની

*મૂર્તિ જ્યાં સરજાઈ રહી છે એક નવા ઇન્સાનની,*
*ચાલો, દોસ્તો! ખૂંદી વળીએ ધરતી હિન્દુસ્તાનની.*

*સતલજનાં બંધાયાં પાણી, બાંધ્યા કોશીના વિસ્તાર,*
*દામોદર ને હીરાકુંડના શા સરજાયા જલભંડાર!*
*દુર્ગમ સૂકા મારગ ભેદી વહેતી નહેરો અપરંપાર,*
*ધરતીમાં નવજીવન જાગે, સોહે હરિયાળા અંબાર.*
*લાખો હાથે બદલે સૂરત આ ઉજ્જડ વેરાનની.—ચાલો.*

*કોના દિલમાં હજી નિરાશા? કોણ હજી ફરિયાદ કરે?*
*કોણ એવો બુઝદિલ હજી અંધારી રાતો યાદ કરે?*
*અંગ્રેજીના આશક બેઠા માધ્યમ કેરા વાદ કરે,*
*છોડો એને; ચાલો સાથી! ખુલ્લાં ખેતર સાદ કરે.*
*દિશેદિશામાં ગાજે નોબત પ્રજા તણા ઉત્થાનની.—ચાલો.*

*નવીન આશા, નવા ઉમંગો, નવાં તેજ રેલાય છે,*
*ખંડે ખંડે પંચશીલનો શાંતિમંત્રા લહેરાય છે.*
*પ્રજા પ્રજાનાં ભવ્ય મિલન! શી પ્રીતગાંઠ બંધાય છે!*
*આજ અખિલ સંસાર તણું શું ભાગ્ય અહીં પલટાય છે!*
*હજાર વરસે આવી અનુપમ ઘડી નવાં નિર્માણની.—ચાલો.*

*અમર રહો ભારત જેની અરવિંદે કીધી સાધના,*
*ને અણમોલાં કાવ્યકુસુમથી કરી રવીન્દ્રે અર્ચના,*
*ગાંધી, જેને પુણ્ય પગલે પાવન આ પૃથ્વી બની,*
*જીવન કેરા યજ્ઞ રચી જેની કીધી આરાધના.*
*જિંદગી સાટે રક્ષા કરીએ ભારતના એ પ્રાણની.—ચાલો.*

## સોનાવરણી સીમ

*સોનાવરણી સીમ બની,*
*મેહુલિયે કીધી મ્હેર રે,*
*ભાઈ! મોસમ આવી મહેનતની.*

*નદીયુંનાં જલ નીતર્યાં*
*લોકોમાં લીલાલ્હેર રે...ભાઈ! મોસમ.*

*લીલો કંચન બાજરો*
*ને ઊજળો દૂધ કપાસ રે...ભાઈ! મોસમ.*

*જુવાર લોથે લૂમેઝૂમે*
*ને હૈયામાં ઉલ્લાસ રે…ભાઈ! મોસમ.*

*ઉપર ઊજળા આભમાં*
*કુજડિયુંના કિલ્લોલ રે…ભાઈ! મોસમ.*

*વાતા મીઠા વાયરા*
*ને લેતા મોલ હિલોળ રે…ભાઈ! મોસમ.*

*હો! લિયો પછેડી દાતરડાં*
*આજ સીમ કરે સાદ રે…ભાઈ! મોસમ.*

*રંગે સંગે કામ કરીએ*
*થાય મલક આબાદ રે…ભાઈ! મોસમ.*

*લીંપીગૂંપી ખળાં કરો*
*લાવો ઢગલેઢગલા ધાન રે…ભાઈ! મોસમ.*

*રળનારા તે માનવી*
*ને દેનારો ભગવાન રે…ભાઈ! મોસમ.*

## લોકજીવનનાં સ્પંદનો

અમદાવાદની સાહિત્ય પરિષદમાં ૧૯૩૪માં પ્રમુખપદેથી ગાંધીજીએ ગુજરાતના લેખકોને ગ્રામજનો માટે સાહિત્ય સર્જવા આદેશ આપ્યો હતો. મારા સાહિત્યસર્જનના પ્રારંભના એ દિવસો હતા. રાષ્ટ્રપિતાએ તે દિવસે અશ્રુસિક્ત કંઠે કરેલી અપીલ મનમાં વસી ગઈ અને ત્યારથી ગ્રામસમાજ સમજી શકે, ઝીલી શકે, લાગણીઓ માણી શકે તેવાં સરલ ગીતો તેમની જ ભાષામાં, પ્રચલિત લોકઢાળોમાં લખવાનું મારું વલણ બંધાયું.

ગુજરાતનું ભાતીગળ લોકજીવન! કેવી હૃદયકારી, મનોહર,

વૈવિધ્યસભર એની ફૂલગૂંથણી છે! સુખદુ:ખ, આનંદઅશ્રુની કેવી અનંત તરંગમાલા! ગામડાનું પરિશ્રમમય જીવન, સરલ ઉલ્લાસ, ઋતુઓની લીલા, ઉત્સવો અને મેળા, દિનભરની પ્રવૃત્તિનો ઈશભજનમાં વિરામ, એ સમૃદ્ધ લોકજીવનનાં સ્પંદનો અહીં સૂર અને શબ્દોમાં ઝીલવાનો પ્રયત્ન છે.

['સોનાવરણી સીમ' પુસ્તક: ૧૯૮૮]

## ધરતીના સાદ

*એવા આવે છે ધરતીના સાદ રે...હાલો ભેરુ! ગામડે.*
*ભીની માટીની ગંધ આવે યાદ રે...હાલો ભેરુ! ગામડે.*

*બોલાવે આજ એનાં ખુલ્લાં આકાશ,*
*મીઠા પરોઢના અલબેલા ઉજાસ.*
*ઘેરાં ઘમ્મર વલોણાંના નાદ રે...હાલો ભેરુ! ગામડે.*

*ચારીશું ગાવલડી ડુંગરના ઢાળે,*
*બાંધીશું હીંચકો વડલાની ડાળે.*
*મોર ગહેકે જ્યાં સરોવરની પાળે...હાલો ભેરુ! ગામડે.*

*ગાઓ રે બંધવા! ગામડાંનાં ગીત,*
*યાદ કરો ભોળુડાં માનવીની પ્રીત.*
*જાણે જિંદગીનાં મીઠાં નવનીત રે...હાલો ભેરુ! ગામડે.*

*ખૂંદવાને સીમ, ભાઈ! ખેડવાને ખેતરો,*
*ભારતના ભાવિનાં કરવાં વાવેતરો,*
*હે જી કરવા માભોમને આબાદ રે...હાલો ભેરુ! ગામડે.*

—

*કામ કરે ઈ જીતે*
*કામ કરે ઈ જીતે રે, માલમ!*

*કામ કરે ઈ જીતે.*
*આવડો મોટો મલક આપણો*
*બદલે બીજી કઈ રીતે રે.*
*ખેતર ખેડીને કરો સીમ સોહામણી!*

*બાંધો રે નદીયુંનાં નીર;*
*માગે છે દેશ આજ મહેનત મજિયારી,*
*હૈયાનાં માગે ખમીર....*
*હાલો રે ખેતરે ને હાલો રે વાડીએ,*

*વેળા અમોલી આ વીતે;*
*આજે બુલંદ સૂરે માનવીની મહેનતના*
*ગાઓ જયજયકાર પ્રીતે.*

## કારવાં

*ચાલો મોરી કારવાં!*
*ગાજે ત્રંબાળુ ઢોલ, ગોરંભે ગંભીર બોલ.*

*ગુંજે શરણાઈ નવી જિંદગીના દેતી કોલ,*
*ગગડે છે નોબત ન્યારી, વાગે ડંકા નિશાન.*

*ભાંગે હો માનવીની જુગજૂની નીંદરા,*
*નવલા અંબાર ભાલે ઝીલે વસુંધરા.*
*મૂંગા આશિષ જો રેલે ગુલાબી આસમાન.*

બાંધો સામાન, સાથી! સંકેલો આજ ડેરા,
દિલે નવી ભોમ કેરા આવ્યા રે સાદ ઘેરા;
દૂરની મંજિલ કેરી અંગે અંગે લાગી તાન.

ઘૂમીશું ખંડે ખંડે; વીંધીશું કૈંક પ્હાડ,
મારગને રૂંધનારી ભેદીશું કૈં કરાડ.
મિટાવીશું જૂના અન્યાયનાં નામોનિશાન.

દિલમાં છે સ્વપ્ન જેને નયનોમાં જેને આશ,
માનવીની આઝાદીની જેને જેને લાગી પ્યાસ,
એ સહુ અમારી સંગે, હો! ચાલશે ઉમંગે.
કોઈની તાકાત ના કે આવાં રોકે પ્રયાણ.
સામે ધરતી અપાર, આભે પંખીનાં ગાન.

## વાવણી

ભાઈ! હાલો રે કરવાને વાવણી,
હે જી ગાતાં હરિની લાવણી.

બાર બાર મહિને તે મેહુલિયો આવ્યો,
હૈયાનાં હેત સમાં નીર ભરી લાવ્યો,
ગઢની તે રાંગેથી ગહેક્યા રે મોરલા,
ને વનરામાં ગાજી વધામણી.

વગડાના વાયરા દેતા શી ઝપટો!
કાઢો રે દંતાળ, કાઢો રે રપટો,
મોંઘાં તે મૂલનું લેજો બિયારણ ને
લેજો રૂપાળી ઓરણી.

મીઠી ઘૂઘરીએ ધરવો રે ધોરી,
કંકુનો ચાંદલો કરજો રે, ગોરી!

*સારા તે શુકને નીકળજો, ભાઈ!*
*દુવા માંગીને દુંદાળા દેવની.*

*ધોરી, ધીમા તમે ચાલજો રે, મારે*
*સીધા તે પાડવા ચાસ;*
*રેશમી શી સુંવાળી માટી આ મ્હેકે,*
*વાહ રે એની ભીની વાસ!*

*મહેનતનો રોટલો રળનાર માથે,*
*રાજી રે’ ચૌદ લોકનો ધણી.*

## તરણેતર

*મારાં મનડાંનો માનેલ મીઠો, માણીગર ક્યાં મ્હાલે?*
*એને મેળામાં ક્યાંય ના દીઠો, માણીગર ક્યાં મ્હાલે?*

*આવી તરણેતરને મેળે, માણીગર ક્યાં મ્હાલે?*
*જોતી આવી હું ઊભે કેડે, માણીગર ક્યાં મ્હાલે?*

*અહીં ઊમટ્યા માનવી લાખો, માણીગર ક્યાં મ્હાલે?*
*નહિ એનાથી થઈ ચાર આંખો, માણીગર ક્યાં મ્હાલે?*

*મેં તો ડોકમાં હાંસડી પહેરી, માણીગર ક્યાં મ્હાલે?*
*અને લ્હેરિયાં હાલ્યાં લ્હેરી, માણીગર ક્યાં મ્હાલે?*

*મેં તો પહેર્યો ગુલાબી કમખો, માણીગર ક્યાં મ્હાલે?*
*જાશે આજનો દન શું અમથો? માણીગર ક્યાં મ્હાલે?*

*મારી ખણખણ કાંબિયું બોલે, માણીગર ક્યાં મ્હાલે?*
*મારી નજરું તે એકને ખોળે, માણીગર ક્યાં મ્હાલે?*

*મારી સાહેલિયું કતરાતી, માણીગર ક્યાં મ્હાલે?*
*મારી સંશેથી ધડકે છાતી, માણીગર ક્યાં મ્હાલે?*

*મન મૂકી બધાંય રે' મ્હાલી, માણીગર ક્યાં મ્હાલે?*
*મારો મેળો શું જાશે ખાલી? માણીગર ક્યાં મ્હાલે?*

*એના વાવડ તે કેને પૂછું, માણીગર ક્યાં મ્હાલે?*
*જરા ભીની આંખલડી લૂછું, માણીગર ક્યાં મ્હાલે?*

*ત્યાં તો પાછળથી વાગે પાવો, માણીગર ક્યાં મ્હાલે?*
*ન્હોય બીજાનો સૂર તે આવો, માણીગર ક્યાં મ્હાલે?*

*પછી વાંકી એ પાઘડી દીઠી, માણીગર ક્યાં મ્હાલે?*
*હસી માયાળુ આંખડી મીઠી, માણીગર ક્યાં મ્હાલે?*

*કેડ પાતળી ને ફૂમકાં ઝાઝાં, માણીગર ક્યાં મ્હાલે?*
*ડિલે છાંટણાં ગલાલનાં તાજાં, માણીગર ક્યાં મ્હાલે?*

*એની મીટ પરે મનડાં ઓવારું, માણીગર ક્યાં મ્હાલે?*
*કરું ઓળઘોળ આયખું મારું, માણીગર ક્યાં મ્હાલે?*

*મીઠો તરણેતરનો મેળો, માણીગર ક્યાં મ્હાલે?*
*મારો સંગી તે થઈ ગ્યો ભેળો, માણીગર ક્યાં મ્હાલે?*

*હવે મેળાનો રંગ રહી જાશે, માણીગર ક્યાં મ્હાલે?*
*હાશ! હૈયાને ટાઢક થાશે, માણીગર ક્યાં મ્હાલે?*

## નેનથી ગૂંથાય...

*નેનથી ગૂંથાય નેન, હૈયાના રણઝણી રહે તાર;*
*આગલે ભવે ક્યાંક મળ્યાના ઉર જાગે અણસાર.*

# નાનાભાઈ ભટ્ટ

## ક્યાં લાંછન છે?

આપણી તમામ સરકારો આજે નાણાભીડમાં છે. નાણાંની તંગ સ્થિતિને લીધે આપણે પ્રજા-કલ્યાણનાં ઘણાં કાર્યો કરી શકતા નથી. પણ જો આપણે ગરીબ પ્રજા હોઈએ, તો આપણે ગરીબ છીએ એમ સ્વીકારવામાં આપણને ક્યાં લાંછન છે? ગરીબ માણસો પોતાનો ઘરવ્યવહાર ગરીબાઈને ધોરણે ગોઠવે છે. આપણી સરકારો ગરીબ છે, તો આપણું સરકારી તંત્રા પણ ગરીબાઈને ધોરણે શા માટે ન ગોઠવાય? આપણી રાજધાની શા માટે ગરીબીને ધોરણે ઊભી ન થાય? આપણી ન્યાય-કોર્ટોનો પ્રભાવ ગરીબાઈથી શા માટે ઓછો થાય?

પણ જો આપણને પોલીસને માટે પૈસા મળતા હોય, નવાં પાટનગરો ઊભાં કરવા માટે જો આપણને પૈસા મળતા હોય, આલીશાન ન્યાયમંદિર બાંધવા માટે આપણને જો પૈસા મળતા હોય અને ગામડાની શાળા માટે ઝૂંપડું બાંધવાના પૈસા ન મળતા હોય, તો આ સરકારો માટે આપણે શું સમજવું?

['કોડિયું' માસિક: ૧૯૫૩]

## ઠંડું મગજ

સ્ટીમરે ભરદરિયે ઝુકાવ્યું હોય, પ્રચંડ વાયુ વાઈ રહ્યો હોય, પર્વત જેવડા મોટા લોઢ આખા જહાજને આમતેમ ડોલાવી રહ્યા હોય, ઉતારુઓમાં ગભરાટ અને બૂમાબૂમ વર્તી રહ્યાં હોય, ખલાસીઓની બુદ્ધિ કામ કરતી ન હોય: આવે વખતે કપ્તાન—આખા જહાજનો કપ્તાન—ઠંડું મગજ રાખી સુકાનને ઝાલીને બેસી રહે છે. કપ્તાન દરિયાને ઓળખે છે, પવનને ઓળખે છે, પોતાના જહાજની તાકાત

તેના ખ્યાલમાં છે; પોતાની શક્તિમાં તેને વિશ્વાસ છે……

ઘરમાં પતિ બિછાને પડ્યો છે, નાનાં નાનાં છોકરાં અનેક પ્રકારની મસ્તી જમાવી રહ્યાં છે, જમાઈ દીકરીને તેડી જવા આવીને બેઠો છે, પાડોશીએ નળેથી પાણી ભરવાની ના પાડી છે, અને કામવાળી બાઈને અંતરાય હોવાથી આવી નથી: છતાં કુશળ ગૃહિણી ઠંડું મગજ રાખીને ઘર ચલાવ્યે જાય છે. તે પતિની સેવા કરી જાણે છે, છોકરાંની મસ્તીને વાળી શકે છે, જમાઈરાજના મિજાજને ઓળખે છે, પાડોશીને પહોંચી વળે છે; પોતાની તાકાતની તેને બરાબર પરખ છે……

વરસાદના દિવસો હોય, એકીસાથે દસ-પંદર બિછાનાં પડી ગયાં હોય—કોઈને ટાઇફોઈડ તો કોઈને મેલેરિયા, કોઈનો પગ તો કોઈનું ગળું દુ:ખતું હોય, એક વિદ્યાર્થીએ બીજાને બટકું ભરી લોહી કાઢ્યું હોય તો એકે બીજાને મા સામી ગાળ દીધી હોય, કોઈ મોટા વિદ્યાર્થીએ નાનાને થપાટ ધરી દીધી હોય તો કોઈ નાનાએ મોટાનાં દાંતિયાં કર્યાં હોય, પટાવાળો ચોરી કરીને નાસી ગયો હોય અને રસોયાએ ઘી સંતાડીને શીરો કરીને ખાધો હોય, છાત્રાલયની રસોઈમાં ઇયળ-ધનેડાં આવે છે એ બાબત છાપામાં રિપોર્ટ આવ્યો હોય, વિદ્યાર્થીઓ પાસે ઘરનું કામ કરાવવા માટે માબાપોના ઠપકાના કાગળો આવ્યા હોય, વિદ્યાર્થીઓ માત્રા દંડીકા લઈને રખડી જાણે છે પણ એક અક્ષરે આવડતો નથી એવો શાળા તરફથી ઠપકો આવ્યો હોય, વિદ્યાર્થીઓમાં ધર્મનો છાંટો નથી એવી સેક્રેટરીસાહેબની ફરિયાદ હોય: છતાં કુશળ ગૃહપતિ ઠંડું મગજ રાખી છાત્રાલય ચલાવ્યે જાય છે. માંદાની તે સારવાર કરે છે, વિદ્યાર્થીઓના ટંટા પતાવે છે ને નોકરોને હાથ રાખી જાણે છે, માબાપોને પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવે છે અને સેક્રેટરીસાહેબને ધર્મના આવિર્ભાવ માટે ધીરજ રાખવા વીનવે છે. આવો ગૃહપતિ તરુણ વિદ્યાર્થીને ઓળખે છે, પોતાના પેગામને ઓળખે છે, પોતાના શાસ્ત્રાને ઓળખે છે, ખુદ પોતાની તાકાતને બરાબર ઓળખે છે.

આ ઠંડું મગજ કપ્તાનને તોફાનમાંથી પાર ઉતારે છે, ગૃહિણીનું ઘર શાંત રાખે છે, અને ગૃહપતિના માથાને અનેક નાનાંમોટાં મોજાંની

ઉપર ટટ્ટાર રાખે છે.

છતાં, દરિયામાં કાંઈ હંમેશાં તોફાન નથી હોતું, ગૃહિણીને પણ આડે દિવસે તો અનાયાસે શાંતિ રહે છે. પણ છાત્રાલયમાં તો રોજ તોફાન, દરરોજ નાનીમોટી ટપાટપી, દરરોજ નાનામોટા ગોટાળા, દરરોજ વિદ્યાર્થીઓ તરફથી નાનોમોટો નિયમભંગ, દરરોજ એ અવસ્થાનાં નાનાંમોટાં છમકલાં, દરરોજ ન્યાય-અન્યાયની કડાકૂટ, દરરોજ કોઈ કોઈને કડવા થવાનો પ્રસંગ, દરરોજ ફરિયાદોનો અસ્ખલિત ધોધ, દરરોજ કોઈ ને કોઈ ભૂલ દેખાડે. આ બધા પ્રસંગોમાં હાડચામડાવાળા માણસનું મગજ સહેજે તપી જાય છે, અને એ તપેલું મગજ આસપાસના તોફાનમાં નવું તોફાન ઊભું કરે છે. ગૃહપતિનું મગજ એક વાર તપી ગયું એટલે તે ડાચિયાં—વડચકાં કરવા લાગશે, નિર્દોષ રમતને તોફાન ગણશે, કીડીને કોશનો ડામ દેવા દોડશે, વિદ્યાર્થી ફરિયાદ કરવા આવશે તો થયેલી તકરારમાં પોતે થપાટ લગાવી નવી ફરિયાદ ઊભી કરશે, કોઈ છેટે ઊભા વાત કરતા હશે તો વહેમાશે, અને આખા છાત્રાલયના વહીવટમાં કેમ જાણે દુનિયા આખી બગડી ગઈ છે અને વિદ્યાર્થી બધા સડેલા છે એ ધોરણ પર ચાલીને જીવવાનો પ્રયત્ન કરશે.

આવું તંગ મગજ છાત્રાલયમાં ન જોઈએ. અને તંગ મગજની પાછળ વિદ્યાર્થીઓમાં અશ્રદ્ધા છે, તરુણ આત્મામાં અશ્રદ્ધા છે, ખુદ પોતામાં અશ્રદ્ધા છે. આવા તંગ મગજને ઢીલું કરવું હોય તો આપણે વિદ્યાર્થીઓમાં શ્રદ્ધા કેળવીએ, તરુણ આત્મામાં શ્રદ્ધા કેળવીએ, આપણા કેળવણીના પેગામમાં શ્રદ્ધા કેળવીએ, ઈશ્વરમાં શ્રદ્ધા કેળવીએ, ખુદ આપણી જાતમાં શ્રદ્ધા કેળવીએ.

## નવીન કેળવણી એટલે?

હું જાણું છું કે આજે દુનિયામાં લવરી ઘણી વધી પડી છે એવે વખતે માણસે જીભને ટેરવે ચડી રહ્યું હોય તે પણ ન બોલવું. છતાં

જે ધંધામાં હું ઘરડો થયો છું તે ધંધાનો લૂલો-પાંગળોય અનુભવ મારા ધંધાભાઈઓને આપવાના કોડ મને કેમ ન થાય?

આપણે હમણાં હમણાં નવીન કેળવણી અને કેળવણીની નવીન દૃષ્ટિની વાતો કરીએ છીએ, અને છાત્રાલયના ગૃહપતિમાં આ નવીન દૃષ્ટિ આવે એવી અપેક્ષા પણ રાખીએ છીએ. આપણે આ નવીન કેળવણીનાં લક્ષણો તપાસીએ.

નવીન કેળવણીનું એક લક્ષણ એ છે કે તે વિદ્યાર્થી-પ્રધાન છે. આપણી ઘણી શાળાઓ હજી આજે વિષય-પ્રધાન છે. આપણી શાળાઓમાં પરંપરાથી ચાલ્યા આવતા વિષયો વિદ્યાર્થીને રુચે ન રુચે તોપણ ભણવા જ પડે છે, અને તે તે વિષયોના સારા અભ્યાસી ગ્રેજ્યુએટોને આપણે શિક્ષકો તરીકે પસંદ કરીએ છીએ. શાળાના વિષયો વિદ્યાર્થી માટે છે—પણ વિદ્યાર્થી વિષયો માટે નથી, એ વસ્તુ આપણા લક્ષમાં હોત, તો તો આજે આપણે વિષયના જાણકારને શોધીએ છીએ તેમ વિદ્યાર્થીના જાણકારને શોધતા હોત. નવીનચંદ્રને સંસ્કૃત શીખવવું હોય, તો શિક્ષકને જેમ સંસ્કૃતનું જ્ઞાન જોઈએ તેમ જ નવીનચંદ્રનું પણ જ્ઞાન જોઈએ. પણ આપણી નજર પર આ વાત નથી.

આપણી શાળાઓની માફક જ આપણાં છાત્રાલયો પણ વિષય-પ્રધાન છે, વિદ્યાર્થી-પ્રધાન નથી. આપણા ગૃહપતિઓની લાયકાતમાં વિદ્યાર્થીને ઓળખવાની શક્તિનો સમાસ ક્યાં છે? છાત્રાલયનો કોઠાર ચલાવી દઈએ, વિદ્યાર્થીઓને ઘરના પાઠો ફક્કડ કરાવી દઈએ, ને સેક્રેટરીને રાજી રાખી શકીએ, તો પછી વિદ્યાર્થીને ઓળખીએ છીએ કે નથી ઓળખતા એ કોણ જુએ છે? આપણાં છાત્રાલયોમાં કેન્દ્રસ્થાને આપણે ગૃહપતિઓ, કેન્દ્રસ્થાને સેક્રેટરી, કેન્દ્રસ્થાને રસોયો, કેન્દ્રસ્થાને ધર્મશિક્ષણ, કેન્દ્રસ્થાને સમયપત્રાક, કેન્દ્રસ્થાને વાર્ષિક મેળાવડો, કેન્દ્રસ્થાને આપણી શિસ્ત—નહિ કેન્દ્રસ્થાને વિદ્યાર્થી. છાત્રાલયનું ખુદ અસ્તિત્વ વિદ્યાર્થીઓની કેળવણી માટે છે. જો તેને માટે તે ઊભું થાય છે, તો તેને જ કાં આપણે હડસેલી પાડીએ? છાત્રાલયના આખા વિચારમાં અને વ્યવહારમાં વિદ્યાર્થીને કેન્દ્રસ્થાન પર મૂકવો જોઈએ, અને આપણે

બધાએ એની આસપાસ ગોઠવાઈ જવું જોઈએ.

આથી કોઈ એમ માની ન લે કે છાત્રાલયમાં વિદ્યાર્થી કરે તે જ થાય, અને વિદ્યાર્થીઓ જ છાત્રાલયમાં માતેલા થઈને ફરે. વિદ્યાર્થી કેન્દ્રસ્થાને એટલે આપણે તેનો અને તેના માનસનો વિચાર પહેલાં કરવો. આપણે ગૃહપતિઓ છાત્રાલયમાં જે જે કરીએ કે વિચારીએ તે ખુદ વિદ્યાર્થી ઉપર શું પરિણામ લાવશે, વિદ્યાર્થીના અંતરને સારી વસ્તુ તરફ કેટલું અભિમુખ કરશે, તેની શક્તિમાં કેટલો વધારો કરશે, તેના જીવનમાં કેટલું જડાઈ જશે, વગેરેનો વિચાર કરીને કરીએ તો બસ છે. આજે તો આપણને સારું લાગ્યું માટે વિદ્યાર્થીને સારું લાગવું જ જોઈએ એમ માનીને આપણે ચાલીએ છીએ, અને વિદ્યાર્થીનો વિચાર સરખો કરતા નથી. આથી ખરી રીતે આજે વિદ્યાર્થી શાળામાં કે છાત્રાલયમાં કેળવણી મેળવે છે તેના કરતાં બહારથી વધારે મેળવે છે, અને શાળા-છાત્રાલયોમાંથી છૂટીને હાશ કરે છે.

આની સાથે ગાઢ સંબંધ ધરાવતું નવીન કેળવણીનું બીજું લક્ષણ એ છે કે તેમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વનો આદર હોય છે. વિદ્યાર્થી એક મીણનું પૂતળું કે કોરો કાગળ નથી, અથવા તો જેમ વાળવા ધારીએ તેમ વાળી શકાય એવો પાતળો છોડ નથી. એ એક સ્વતંત્ર આત્મા છે, વ્યક્તિ છે, જીવતું પ્રાણી છે અને તેને પોતાના વિકાસના ખાસ નિયમો છે. દરેક વિદ્યાર્થી અનંત શક્તિઓને લઈને અવતરે છે અને પોતાની અમુક ચોક્કસ રીતે આગળ વધે છે. વિદ્યાર્થીના આ વ્યક્તિત્વનો વિચાર આપણી શાળાઓમાં તેમજ છાત્રાલયોમાં ક્યાં છે? આપણાં છાત્રાલયો તો સિપાઈઓની બરાકો છે. એક જ સમયપત્રક, એક જ પોશાક, એક જ શિસ્ત, એક જ તાલીમ—બધાને માટે એક જ જાતની લશ્કરી ગોઠવણ! જુદાં જુદાં વ્યક્તિત્વવાળા વિદ્યાર્થીઓને આપણી શાળાઓ એક જ બીબાંમાં ઉતારે છે, તેમ છાત્રાલયો પણ ઉતારવા મથે છે. આથી વ્યક્તિત્વનો હ્રાસ થાય છે. માણસમાં જે કાંઈ માણસાઈ કે જોમ છે, એ તો આ વ્યક્તિત્વનું છે. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને કચરી નાખી ફિક્કા પોચા નામર્દોને ઉત્પન્ન કરવા, તેના કરતાં શાળા-છાત્રાલયો બંધ

કરીને ગમે તેવા જંગલી પણ વ્યક્તિત્વની છાપવાળા મર્દોને ઊભા થવા દેવા, એ યોગ્ય નથી?

## ઘરમાં જ દેવાળું?

આપણે સૌ કેળવણી આપવા નીકળ્યા છીએ. પણ આવતી પેઢીને કેળવણી આપવાનો દાવો કરનારા આપણે આપણી સ્ત્રીઓની કેળવણી વિશે વિચાર કર્યો છે ખરો? કોઈએ પોતાના ઘરમાં નવી કેળવણી દાખલ કરી? કોઈ પોતાનાં બાળકો સાથે અર્ધો કલાક પણ ગાળીએ છીએ? આપણી સંસ્થાના અધ્યાપક વર્ગ સિવાયના પટાવાળા, ખેતીના સાથીઓ, ચોકીદાર વગેરે કાર્યકર્તાઓ પણ જીવનસંસ્કારના એટલા જ અધિકારી છે, એમ આપણે કદી વિચાર્યું છે? એમનાં બાળકો પણ આપણાં બાળકોના જેટલાં જ જ્ઞાન-સંસ્કારનાં હકદાર છે, એમ આપણે માન્યું છે?

દુનિયા આખીને કેળવણી આપનાર આપણે સ્ત્રીઓને, બાળકોને, રસોયાને, આપણી કામ કરનાર બાઈને જ સંસ્કારવિહોણી રાખશું? દુનિયાને કેળવણી આપનારા આપણા ઘરમાં જ દેવાળું કાઢશું?

['કોડિયું' માસિક: ૧૯૫૯]

## પ્રજા તેજસ્વી હોય તો—

પ્લેટોનું પુસ્તક 'રિપબ્લિક' મેં વાંચ્યું, અને કોઈ રાજા જ્ઞાની કે જીવનમુક્ત હોય તો રાજાશાહી પણ સુંદર પરિણામ આપે એવી વિચારણા થોડો વખત મારા મનમાં રહી ગઈ. પણ રાજા આવો જ્ઞાની ન હોય તો? વળી જ્ઞાની રાજાના કુંવર પણ જ્ઞાની જ હશે, તેની શી ખાતરી? એટલે પછી, રાજવહીવટની લગામ વંશપરંપરામાં ઊતરે એ વ્યવસ્થાના મૂળમાં જ દોષ છે, એમ હું સમજ્યો.

પણ આ સમજણની સાથે જ એક બીજો વિચાર પણ મારા મનમાં ઊગ્યો: રાજ્યતંત્ર ગમે તે પ્રકારનું હોય; તંત્રનું બાહ્ય ક્લેવર રાજાશાહી હોય, લોકશાહી હોય, સરમુખત્યારશાહી હોય, કોમ્યુનિસ્ટ હોય—ગમે તે હોય; પણ પ્રજા પોતે જો તેજસ્વી હોય તો કોઈ પણ સરકારને પોતાના અંકુશમાં રાખી શકે છે. પ્રજામાં, મોટા ભાગના લોકોમાં, જો આખરે ખુવાર પણ થઈ જવાની તાકાત હોય તો કોઈ પણ રાજ્યસત્તાનો ભાર નથી કે તે પ્રજાને પીડી શકે.

પરંતુ રાજતંત્ર લોકશાહી હોય તો પણ, જો પ્રજા નિર્માલ્ય હોય અને શાસકો સત્તાલોલુપ હોય તો, લોકશાહીના બહારના માળખાની અંદર પણ બીજી કોઈ 'શાહી' ઢંકાયેલી રહી શકે છે. એટલે રાજ્યતંત્રનું બહારનું ક્લેવર ભલે લોકોને રુચે તેવું રાખો; પરંતુ સત્તાધારીઓ લોકોની વ્યક્તિગત તેમજ સમાજગત શક્તિને કુંઠિત ન કરે, અને બીજી બાજુ પ્રજા પોતાની સ્વતંત્રતા જાળવવા માટે નિરંતર જાગૃત રહે, એ બે વાત પર વિશેષ ઝોક આપવો જોઈએ.

## અભણોના વેદના લહિયા

વ્યાસ ભગવાન એક વાર બદરિકાશ્રમમાં બેઠા હતા. ત્યાં નારદમુનિ આવી ચડ્યા. ત્યારે નારદે વ્યાસને પૂછ્યું, "ભગવાન, તમે પરમતત્ત્વનું ઊંડું ચિંતન કર્યું છે, છતાં તમારા મુખ પર આવો ખેદ કેમ?"

વ્યાસ બોલ્યા, "ભક્તરાજ નારદ, તમારી વાત સાચી છે. મેં 'વેદ'ના વિભાગ કર્યા અને 'વેદાંતસૂત્રો'ની રચના કરી; છતાં કોણ જાણે કેમ મારા ચિત્તમાં હું પ્રસન્નતા અનુભવતો નથી. તમે યોગી છો, તો મારા ખેદનું કારણ મને સમજાવો તો તમારો મોટો ઉપકાર થશે."

આવાં વચન સાંભળીને નારદ ઘડીભર શાંત રહ્યા અને પછી ઊંડા વિચારમાંથી જાગીને બોલતા હોય એમ બોલ્યા, "વ્યાસજી, મને તમારા ખેદનું કારણ સમજાય છે. તમે 'વેદ' રચ્યા એ વાત સાચી;

પણ તમારા 'વેદ' અને 'વેદાંત' એ તો વિદ્વાન બ્રાહ્મણો સમજી શકે એવાં ગણાય. પરંતુ આવા વિદ્વાન બ્રાહ્મણોની સંખ્યા કેટલી? આવા ગણ્યાગાંઠ્યા પંડિતોને બાદ કરીએ તો 'વેદ-વેદાંત'ના અધિકારી પણ ન ગણાય એવા લાખો શૂદ્રો, સ્ત્રીઓ, અભણ, અનાર્ય એ બધાં લોકોને તો તમારા જ્ઞાનનો લાભ જ નથી મળ્યો. ભગવાન તો વિદ્વાનનો પણ છે અને અભણનો પણ છે, બ્રાહ્મણનો છે અને શૂદ્રોનો પણ છે, પુરુષોનો છે અને સ્ત્રીઓનો પણ છે—અને તેમાં પણ જે અભણ છે, દલિત છે, ગરીબ છે, તેનો તે વધારે છે. માટે આવાં લાખો અભણ સ્ત્રી-પુરુષો સમજે એવી રીતે તમે તમારું શાસ્ત્રા લખો, તો તમે વિરાટ ભગવાનની સેવા કરી ગણાશે. અને ત્યારે તમારો ખેદ આપોઆપ દૂર થશે."

વ્યાસ બોલ્યા, "નારદજી, વિચાર કરતાં મને પણ તમારી વાત યથાર્થ લાગે છે."

આ પ્રમાણે વાત ચાલતી હતી ત્યાં તો વ્યાસ ભગવાનના મનમાં 'મહાભારત'ની વાતો કેમ જાણે આકાર લેવા માંડી અને તેમની આર્ષવાણી ફૂટું ફૂટું થવા લાગી. એટલે વ્યાસે નારદને જણાવ્યું, "ભક્તરાજ, તમે કહો છો તેવો અભણ લોકોનો 'વેદ' મારે લખવો હોય તો તેના માટે એવો હોશિયાર લખનારો જોઈએ. ભગવાનની કૃપાથી મને બધું સ્ફુરશે, પણ એ લખવા માટે તમે મને કોઈ યોગ્ય લખનારો આપો."

વ્યાસનાં વચન સાંભળીને નારદ સીધા ગણપતિ પાસે ગયા અને વિરાટ ભગવાનની સેવાના આ કામમાં વ્યાસના લખનાર થવા માટે ગણપતિને વાત કરી. પણ ગણપતિ તો મોટા દેવ! ગણપતિ જેવા દેવ વ્યાસ જેવા ઋષિના લખનારા થાય? પણ નારદજી તો ભારે કુશળ. તેમણે નમ્રતાથી કહ્યું, "હે ગણેશ, વ્યાસને અભણ લોકોનો 'વેદ' રચવાની પરમાત્માની પ્રેરણા થઈ હોય એમ લાગે છે. એમની પ્રતિભાનો ધોધ ફૂટું ફૂટું થઈ રહ્યો છે. આવે વખતે આ ધોધનો ઝીલનારો કોઈ ન મળે તો પરમાત્માની કૃપા ને વ્યાસની પ્રેરણા એળે જાય. વ્યાસના આ ધોધને ઝીલનારો તમારા વિના બીજો કોઈ દેખાતો નથી. માટે સમાજના કલ્યાણ ખાતર તમે આ લખવાનું કામ સ્વીકારો."

ગણેશ ઘડીભર વિચારમાં પડી ગયા અને પછી બોલ્યા, "ભલે, હું વ્યાસની કૃતિનો લેખક થાઉં; પણ મારી એક શરત વ્યાસ સ્વીકારે. વ્યાસનો કવિતાપ્રવાહ ખરેખર ધોધ જ હોય તો મારે લખતાં લખતાં કદી અટકવું પડે નહીં એમ વ્યાસ લખાવે. જો લખતાં લખતાં મારે બેસી રહેવું પડે, તો હું લખવાનું કામ છોડી દઉં."

નારદે બદરિકાશ્રમમાં આવીને બધી વાત વ્યાસને કહી, એટલે વ્યાસ પણ ઘડીક તો વિચારમાં પડી ગયા, પણ પછી બોલી ઊઠ્યા, "નારદજી, ભલે, ગણપતિને લખતાં લખતાં વચ્ચે અટકવું ન પડે એવી રીતે હું લખાવીશ. પણ ગણેશ ભગવાનને કહેશો કે એમણે પણ કોઈ શ્લોક સમજ્યા વિના લખાણ આગળ ચલાવવું નહીં." ગણપતિએ એ વાત આનંદથી સ્વીકારી. ગણેશ પોતે જ વિદ્યાના અધિષ્ઠાતા હતા, એટલે શ્લોકો સમજવામાં તેમને જરાય મુશ્કેલી આવે તેમ ન હતું. પણ વ્યાસ ભગવાને એવી યુક્તિ કરી કે દર એકસો શ્લોકને અંતે એક એક કૂટ શ્લોક એ ગોઠવતા ગયા, અને ગણપતિ આ કૂટ શ્લોકનો અર્થ બેસાડવા રોકાય, એટલી વારમાં વ્યાસ બીજા ત્રણસો નવા શ્લોકો વિચારી લે અને કામ આગળ ચલાવે.

## આવા ભગવાન ન ચાલે

બાણાસુરની પુત્રી દિવસો સુધી પોતાના મહેલમાં અનિરુદ્ધ સાથે ક્રીડા કરે, એ ઉષા ઉપર ગુસ્સે થઈને બાણાસુર અનિરુદ્ધને કેદ કરે અને બાણાસુરના આ પગલા માટે ભગવાન શ્રીકૃષ્ણ પોતે બાણાસુરની સામે યુદ્ધે ચડે અને આપણે સૌ ભક્તિભાવથી શ્રીકૃષ્ણ ભગવાનનાં આવાં કૃત્યને ગાઈએ! આજના યુગમાં આપણા ધાર્મિક ભાઈબહેનોની શ્રીકૃષ્ણ તરફની આવી ભક્તિને આપણે કેવું નામ આપવું? નવા યુગના 'ભાગવત'માં આપણા શ્રીકૃષ્ણ આવા ન હોય: હોય તો તે આપણા યુગના ભગવાન ન ગણાય.

આપણી ધર્મસંસ્થાઓમાં ભક્તિભાવને નામે આવા દુરાચારો આજે પણ માફ થાય છે તે દુ:ખની વાત છે.

['સંસ્થાનું ચરિત્ર' પુસ્તક]

# નાનાલાલ મહેતા

## સાવધાન!

['સૌરાષ્ટ્રની રસધાર'ની] શ્રેષ્ઠ વાર્તા છે 'ભૂત રૂવે ભેંકાર.' આપણી વિખ્યાત પ્રેતકથાઓના સંગ્રહ તમે આપો તો એક મોટી સિદ્ધિ ગણાશે.

'રસધાર'ના પાંચમા ભાગમાં તમારી કલમ થોડી તાકાત ગુમાવી બેઠી હોય એવું મને લાગ્યું. ગુજરાતીના ઉપયોગમાં સાવધાન રહેવું જરૂરી છે, કારણ કે એ સહેલાઈથી માંદલા વરણાગિયાવેડામાં સરી પડે છે. આપણા પ્રેમશૌર્યસભર સાહિત્ય માટે એ વલણ જીવલેણ નીવડી શકે.

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાં: ૧૯૨૭]

## એ

એને ઘસઘસાટ ઊંઘ આવે છે. એ સૂવા લાગ્યો કે ઊંઘતાં એને વાર નથી લાગતી; ઊંઘી રહ્યો કે ઊઠતાં વાર નહીં.

ભોજનમાં એને સ્વાદ આવે છે. એ પાણી પીએ ત્યારે જાણે ગંગા પીએ છે. ખાધું-પીધું એને બરાબર હજમ થાય છે.

એને કામ કરવાનો ઉમંગ રહે છે. પોતાનું કામ કરતાં કરતાં એ બીજાનું યે કામ કહેતાંવેંત કરી દે છે, તેમાંથી હરખ પણ મેળવે છે.

એ ચાલે છે ત્યારે જાણે અધ્ધર ઊડતો ચાલે છે; દાદરનાં બબ્બે પગથિયાં સામટાં ચઢે-ઊતરે છે. વગડામાં ફરવા નીકળે ત્યારે વાટમાં પડેલા પાણા ઊંચકી ઊંચકીને દૂર ફેંકે છે. એ ટેકરી જુએ છે—ને દોટ મૂકીને ચઢી જાય છે, ઝાડ દીઠું કે કોઈ ઊંચી ડાળે જઈને બેસે છે, નદી દેખીને ઝંપલાવે છે. એનું લોહી એવા ઉછાળા મારે છે.

ક્યારેક ઉજાગરો થયો, તો તેની ખોટ એક જ ઊંઘે પૂરી થઈ

જાય છે. ક્યારેક લાંબી મજલ કાપવાની થઈ, તો થોડી વિશ્રાંતિએ એ પાછી તાજગી મેળવે છે. એની આંખો પ્રકાશ ઝીલે છે—ને આપે પણ છે. એના મજબૂત દાંત કશુંક ચાવવા—કચડવા તત્પર હોય છે. મુશ્કેલ કામ પહેલું હાથ ધરવાનો ઉમંગ એને રહે છે; પછી એ અશક્ય લાગે તેને પહોંચી વળવા એ મથે છે. મુશ્કેલીઓનો સામનો કરતાં એ થાકતો નથી. એને નિષ્ફળતાનો ભય નથી, હાંસીનો ડર નથી. એ ક્રોધ નથી કરતો, ફરિયાદો નથી કરતો, વગોણાં નથી કરતો. બીજાંની કદર કરવી એને ગમે છે.

એને તમે મળ્યા છો કોઈ વાર?

# નારાયણ દેસાઈ

## અગ્નિવીણા

કાઝી નસરૂલ ઇસ્લામના પ્રસિદ્ધ કાવ્યગ્રંથનું નામ છે 'અગ્નિવીણા'. સ્વામી આનંદની પ્રતિભામાં પાવકની પાવનકારી શક્તિ અને વીણાના માધુર્યનું મિલન હતું.. તેમના વ્યક્તિત્વમાં એક તરફ તિલક-ગાંધીની સત્યનિષ્ઠા અને બીજી તરફ સૂર—તુલસી અને રામકૃષ્ણની ભક્તિના સંસ્કાર સમન્વિત હતા.

'અંત્યજ' કે આદિવાસી પ્રત્યે થતો અન્યાય, બનાવટી સાધુઓનો દંભ, સંકુચિત પ્રાંતવાદ, અંગ્રેજોનો સામ્રાજ્યવાદ, સ્વરાજ પછીના ઘઉંવર્ણા સાહેબોના ડોળદમામ અને ભ્રષ્ટાચાર, રચનાત્મક કાર્યકર્તાઓની જડતા-નિષ્ક્રિયતા કે રાજ્યાશ્રિતતા, અણુબોંબ કે જંતુયુદ્ધની ભીષણતા, સભ્યતા અને પ્રગતિને નામે પ્રકૃતિ પર ગુજારાતો અત્યાચાર—આ તમામ બાબતો સ્વામીની અસિધારાના વારના વિષયો હતા. એક સૈકામાં અગિયાર ઓછા વરસના એમના દીર્ઘ જીવનના વરસે વરસના ત્રણસોને પાંસઠ દિવસમાં ભાગ્યે જ કોઈ એવો દિવસ ગયો હશે કે જ્યારે સ્વામીના અગ્નિના તણખા નહીં ઝર્યા હોય. આ અગ્નિશિખા જ એમના કર્મયોગની પથપ્રદર્શિકા હતી. અન્યાય સામે નિરંતર ઝૂઝવાનો એમનો તરવરાટ જ એ સંન્યાસી જીવને સંસારના રણ-આંગણમાં ખેંચી જતો; એ જ એમને તિલક મહારાજ કે ગાંધીજીને ચરણે બેસાડતો; થાણા કે સુરત જિલ્લાના વાર્લી, કુંકણા, દૂબળા કે ઢોડિયાઓની ઝૂંપડીઓ સુધી રખડાવતો.

બીજી બાજુ એમનું માધુર્ય, વાત્સલ્ય કે કરુણાના ધોધરૂપે સદા ધસમસતું રહ્યું છે. દશ વર્ષની વયે ભગવાનનાં દર્શનના લોભે ઘર છોડી નીકળી પડેલા, તે રખડુ સાધુઓની સંગતમાં ચેલાઓ ઉપર થતી જોહુકમી અને જુલમ જોઈ કે ભીખ માંગવામાં ઉપયોગી નીવડે એટલા

સારુ કુમળાં બાળકોની આંખો ખુદ માતા-પિતાને જ જાતે ફોડી નાખતાં જોઈને એમનું હૈયું દ્રવી ઊઠેલું. તેમાંથી રામકૃષ્ણ પરમહંસના કોઈ શિષ્યની આંગળી પકડી ઊગરી નીકળવા છતાં એ દૃશ્યની કરુણતા આખી જિંદગી સુધી ભૂલી ન શક્યા. રામકૃષ્ણાશ્રમમાં ભજનોનો જે નાદ લાગ્યો તે છેવટ સુધી એમના હૈયાને તરબોળ કરતો રહ્યો.

વિનોબા, મશરૂવાળા, મહાદેવ કે નરહરિની હરોળમાં જે સહેજે બેસી શકે એમ હતા, આખા દેશને નવું જીવન આપનાર ‘નવજીવન’ના અંકો તૈયાર કરવામાં જેમનું સ્થાન ગાંધીજી પછી બીજે નંબરે આવે એમ હતું, જેમણે ગોસેવા સંઘનું મંત્રીપદ શોભાવેલું અને કસ્તૂરબા ટ્રસ્ટનો પાયો નાખેલો, બિહારના ભૂકંપ વખતે જેમણે ગુજરાતની રાહત ટુકડીની આગેવાની કરેલી, સરદાર પટેલના મિત્ર અને મંત્રી તરીકે જેમણે એકથી વધુ વાર કામ કરેલું, ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે જેમણે નિરાશ્રિતોની સેવા ઘરના માણસની જેમ કરેલી, ખેર સાહેબ, વૈકુંઠભાઈ મહેતા, યશવંતરાવ ચવ્હાણ જેવા પ્રધાનો જેમની પાસે આદરપૂર્વક સલાહ માગતા, તેમને આજે લોકો આટલું ઓછું કેમ જાણે છે? સ્વામી અવિખ્યાત રહ્યા તેનું સાચું કારણ એ છે કે સંસારી વસ્ત્રોમાં હોવા છતાં તેઓ આજન્મ સંન્યાસી જ હતા. પોતાના સહજ સંન્યાસમાં એમણે પોતાની નામનાને ડુબાડી દીધી હતી. તેથી જ ગાંધીજીના આંદોલનના વાજતા અને ગાજતા દિવસોમાં પણ સ્વામી તમને મંચ પર બિરાજેલા ન દેખાત. એ તો હોય કોઈ ટ્રેડલ પ્રેસ ચલાવતા, બીબાં ગોઠવતા, પ્રૂફ જોતા, કોષો ઊથલાવતા કે ચોક્કસ ઉદ્ધરણોનાં મૂળ શોધતા. એમની મિજબાની તો ચાલતી હોય ઘોડાગાડીમાં બેસીને ચણા ફાકવામાં કે બિહારનાં ગામડાંઓમાં રખડતાં પ્રેમથી સત્તૂ આરોગવામાં.

[‘ભૂમિપુત્ર’ પખવાડિક: ૧૯૭૬]

# આત્મયોગીની ધૂણી

'ગામડે જાઓ'ના એક ગાંધીબાણે વીંધાઈને જુગતરામભાઈએ જીવનનાં બાસઠ-ત્રીંસઠ વર્ષો દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની સેવામાં ગાળ્યાં. પાંચ તપથીયે લાંબું એમનું તપ. જુગતરામભાઈની સેવાએ દક્ષિણ ગુજરાતમાં શાંત ક્રાંતિ સર્જી છે. એમણે આખું જીવન વેડછી અને આસપાસના લોકોની સેવારૂપે સમર્પણ કર્યું અને તેને જ આત્માની ઉન્નતિનો માર્ગ માન્યો.

જુગતરામભાઈનાં કાવ્યોમાં એક 'અન્તરપટ' કાવ્ય જ એમને ગુજરાતી સાહિત્યમાં અમર સ્થાન અપાવે તેવું છે.

રવીન્દ્રનાથનાં કાવ્યોનાં જુગતરામભાઈએ કરેલાં ગુજરાતી ભાષાંતરો સંપૂર્ણ ગુજરાતી ક્લેવર ધરીને આવે છે. આ બાબતમાં જુગતરામભાઈ મેઘાણી જોડે તુલ્ય છે. ભાષાંતરકારને બંને ભાષાઓના સ્વરૂપનું જ્ઞાન અને કાવ્યના વિષયનો અનુભવ જોઈએ. જુગતરામભાઈ પાસે આ બન્ને વસ્તુઓ પૂરતા પ્રમાણમાં છે. તેથી 'બંદો દોડે દોડે', 'ભૂલું નહીં શયને કે સપને', 'મારગડો કોણ ગામ જાશે?' જેવાં ગીતો મૌલિક રચનાઓ જેવાં જ રઢિયાળાં થયાં છે.

[જુગતરામ દવેનાં વીણેલાં કાવ્યોનો મોહન મઢીકર-સંપાદિત સંગ્રહ 'અન્તરપટ']

# સૂતેલા ગુજરાતને બેઠું કરનાર

બારડોલીના સત્યાગ્રહ વખતે સરદાર ગુજરાતની પ્રજાને કહેતા કે "તમે ભલે દૂબળા હો, પણ કાળજું વાઘ-સિંહનું રાખો, સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો, કોઈ તમને અંદર અંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો." આ ત્રણે ગુણો—સિંહ જેવું કાળજું, સ્વમાન ખાતર મરી ફીટવાની આત્મશકિત અને મતભેદોથી ઉપર ઊઠવાની

સમજણનો ગુણ—સરદારે પોતાના જીવનમાં ભરપૂર ખીલવ્યા હતા તેથી જ તેઓ સ્વરાજની લડતના લડવૈયા અને રાષ્ટ્રીય એકતાના ઘડવૈયા બની શક્યા.

કોઈ પણ દેશની આઝાદીની લડાઈ લડવા સારુ અને એ આઝાદીને એકતા અને આબાદીમાં ફેરવવા સારુ કાર્યકર્તાઓની એક મોટી તાલીમ પામેલી ફોજની જરૂર પડે છે. ગાંધીજીની સફળતાનું એક મોટું કારણ એ હતું કે એમને એવી ફોજ તૈયાર કરી શકે એવા સરદાર મળી ગયા હતા. તમોગુણમાં સૂતેલા ગુજરાતને આળસ ખંખેરીને બેઠું કરનાર, વીખરાતા ભારતને એક તાંતણે બાંધનાર, વજ્રશી શકિત ધરાવતા છતાં અંતરને કુસુમશું કોમળ રાખનાર હતા.

## ખુલ્લું ઘર

મૂળ જર્મનીથી આવેલા પાદરી ફાધર કુન્ત્સે બ્રાઝિલના સાઓ પાઓલા શહેરની એક ઝૂંપડપટ્ટીમાં સ્વેચ્છાએ નિવાસ સ્વીકાર્યો હતો. એક વાર દેશના ઉત્તર- પશ્ચિમ ભાગમાં ભયંકર દુકાળ પડ્યો ને લોકો ગામડાંમાંથી ઉચાળા ભરીને શહેર તરફ આવવા માંડ્યા, ત્યારે શહેરના લોકોએ છાપાંને પત્રો લખીને કહ્યું કે શહેરની અનાજની દુકાનો લૂંટાવાનો ભય ઊભો થયો છે, એટલે દુકાનદારોને બંદૂકના પરવાના આપવા જોઈએ. ભૂખે મરતા લોકોના આ પ્રકારના સ્વાગતની વાત વાંચી ફાધર કુન્ત્સના હૃદયમાં જે પીડા થઈ તે તેમને ઉત્તર-પશ્ચિમમાં લઈ ગઈ. ત્યાંના કસ્બાના મુખ્ય દેવળમાં જઈને તેમણે જાહેર કર્યું કે પોતે ૨૧ દિવસના ઉપવાસ પર ઊતરે છે. શરૂઆતમાં તો લોકોએ એમની હાંસી કરી: “ઉપવાસ કરવાથી ભૂખમરો ઓછો જ મટવાનો છે?” પણ ફાધર કુન્ત્સને તો ખૂંચતી હતી નગરજનોની હૃદયશૂન્યતા. તેમણે ચૂપચાપ ઉપવાસ ચાલુ રાખ્યા. બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ. લોકો વિચારવા લાગ્યા: ‘આ તો દક્ષિણનો માણસ. એ આપણી ખાતર કષ્ટ

વેઠે છે?' કોઈ કોઈએ આવીને પૂછ્યું, "અમે શું કરી શકીએ? અમે તમારી જોડે ઉપવાસ પર બેસીએ?" ફાધરે કહ્યું: "ભૂખે મરતા લોકોની પીડ જેમણે ખરેખર પિછાણી હોય તેઓ એક કામ કરે. પોતપોતાના ઘર બહાર એક પાટિયું મૂકી તેની ઉપર આટલું લખી દે: 'આ ઘર સૌને સારુ ખુલ્લું છે. અમારી પાસે જે કંઈ ખાવાનું હશે તે અમે તમારી સાથે વહેંચીને ખાશું. રોટલામાંથી બટકું બટકું. ને એય નહીં હોય તો સાથે બેસીને ભગવાનની પ્રાર્થના કરીશું'. હવે એક પછી એક ઘરની આગળ 'ખુલ્લા ઘર'નાં પાટિયાં મુકાવા લાગ્યાં. ૨૧ દિવસને અંતે તો એ શહેરનાં હજારો ઘરો સામે એવાં પાટિયાં મુકાઈ ગયાં ને બંદૂકના પરવાના માગતું શહેર ભૂખ્યા લોકો સારુ ઘર ખુલ્લાં મૂકતું થઈ ગયું.

['ભૂમિપુત્ર' પખવાડિક: ૨૦૦૪]

## અનુપમ સખા એન્ડ્રૂઝ

પાંચમી એપ્રિલ ૧૯૪૦ને દિન કલકત્તાની એક હોસ્પિટલમાં દીનબંધુ ચાર્લ્સ ફ્રીઅર એન્ડ્રૂઝે દેહ છોડ્યો. ૨૬ વર્ષની એક મિત્રાચારી પૂરી થઈ. ગાંધીજી સત્યના શોધક હતા. એન્ડ્રૂઝ કરુણાભર્યા સેવક હતા. બંનેને પીડિતોનાં દુ:ખ નિવારવામાં જ ઈશ્વરભક્તિ દેખાતી હતી. એન્ડ્રૂઝ ભાવુક, કાંઈક ભોળા અને ખૂબ ઉદાર હતા. ગાંધીજી સ્થિરમતિ, ધૈર્યવાળા અને દૃઢનિશ્ચયી હતા.

બંનેની પહેલી મુલાકાત દક્ષિણ આફ્રિકામાં થયેલી. ગાંધીજી એમના સત્યાગ્રહમાં ગળાડૂબ હતા અને ગોખલેજીની સલાહથી એન્ડ્રૂઝ અને પિઅર્સન ત્યાં ગયા હતા. પોતાના કામમાં મદદરૂપ થવા આવનાર આ બે અંગ્રેજોનું સ્વાગત કરવા ગાંધીજી ડરબન ગયા હતા. બંદર પર એન્ડ્રૂઝે ગાંધીજીને ઓળખ્યા નહીં. કારણ ત્યાર સુધી તેમણે એમને ફોટાઓમાં પશ્ચિમી વેશમાં જ જોયેલા. પણ ગિરમીટિયાઓ સાથેની કૂચ દરમિયાન એમણે સફેદ લુંગી, કુરતું અને ચંપલ ધારણ કરીને

ગિરમીટિયાઓ જોડે સમરસતા સાધવા પ્રયાસ કરેલો. એન્ડ્રૂઝે કોઈકને પૂછીને ગાંધીજીને ઓળખ્યા ત્યારે એ વાંકા વળીને એમને પગે લાગ્યા. ગાંધીજી ત્યારે કાંઈ મહાત્મા નહોતા બન્યા કે એમની અનિચ્છાએ પણ ભક્તજનોનો એમનાં ચરણો પર ધસારો રહે. એમને ખૂબ સંકોચ થયો. ધીરે અવાજે એમણે એન્ડ્રૂઝને કહ્યું: “મહેરબાની કરીને આમ ન કરશો. હું એનાથી બહુ હીણપત અનુભવું છું.” પણ હીણપત અનુભવનારા એકલા ગાંધી જ નહોતા. આ વાત જ્યારે છાપામાં આવી ત્યારે ઘણાય ગોરા લોકો એ વાંચી લાજ્યા હતા. એક અંગ્રેજ કોઈ એશિયાવાસીને પગે લાગે એ વિચારે જ એ લોકો ઊકળી ઊઠ્યા.

દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો પ્રશ્ન સમજવામાં એન્ડ્રૂઝને વાર ન લાગી. ગાંધીજી તે વખતે ગિરમીટિયાઓના ત્રણ પાઉન્ડના કર અને હિંદીઓના લગ્નને ગેરકાયદેસર ગણવાના કાયદા વિરુદ્ધ લડી રહ્યા હતા. એન્ડ્રૂઝે બેચાર મિનિટની વાતચીત પછી જ ગાંધીજી તરફ વળીને કહ્યું: “તમે એ કાયદા સામે ઊભા થયા છો એ સાવ સાચું કરો છો.” અને તે ક્ષણથી એન્ડ્રૂઝ અને ગાંધીજી રેવરંડ એન્ડ્રૂઝ અને મિસ્ટર ગાંધી મટીને ચાર્લી અને મોહન બની ગયા. તેથી જ એમની પ્રથમ મુલાકાતને ગાંધીજીએ ‘પ્રથમ દૃષ્ટિએ પ્રેમ’ તરીકે વર્ણવી હતી. અને દક્ષિણ આફ્રિકાની આ મુલાકાતની પોતાની છાપ વર્ણવતાં એન્ડ્રૂઝે થોડા સમય બાદ લખ્યું હતું:

“જેમને હું દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર મળ્યો હતો તે મહાત્મા ગાંધીમાં, પોતે કષ્ટ વેઠીને વિજય મેળવવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ મને દેખાઈ આવતી હતી. એમની સાથે રહેવાથી મારામાં જે કાંઈ ઉત્તમ હતું તે બધું જાગી ઊઠ્યું. એમણે પોતાના પરમ સાહસમય જીવન દ્વારા મારામાં એવું જ સાહસ જગાવ્યું.

“એક વાર ધોમ ધખતી બપોરે હું એમની પાસે એક ઝરણાકાંઠે બેઠો હતો. હું એમની જોડે એવી દલીલ કરતો હતો કે કુદરતે જ જ્યારે ‘જીવો જીવસ્ય જીવનમ્’ વ્યવસ્થા ગોઠવી છે, ત્યારે માણસ પોતાના ખોરાક સારુ બીજા પ્રાણીઓનું ભક્ષણ કરે તો તે કુદરતના

નૈતિક નિયમથી વિસંગત નથી. ત્યારે એમણે તરત મારા તરફ ફરીને કહ્યું: ‘તમે એક ખ્રિસ્તી થઈને આવી દલીલ કરો છો? ઈશુ ખ્રિસ્તે બીજાઓની ખાતર પોતાનું બલિદાન આપીને પોતાના જીવનનું સત્ય મેળવ્યું હતું. શું કોઈનો જીવ લેવા કરતાં પોતાનું જીવન સમર્પણ કરવામાં વધુ દૈવી તત્ત્વ નથી?’ એમના એ શબ્દોએ એક ઝબકારા સાથે મને એવી આત્માની ઝાંખી કરાવી કે આ પૃથ્વી વિશે એક ઉત્તમ કક્ષાની ધાર્મિક વિભૂતિ અવતરી છે. એ સ્ત્રીઓ અને પુરુષોનાં દિલ જીતી એમની પાસે કલ્પનાતીત એવાં બલિદાનો અપાવી શકે એમ છે.

“દક્ષિણ આફ્રિકાની આખી લડતમાં મેં આના પુરાવા ભાળ્યા. દૂરના આ દેશમાં જુલમથી પીડાતી નાનકડી હિંદી કોમે મને ઈશુના શિષ્યો સહિયારું જીવન જીવતા હતા તેની યાદ અપાવી. ફિનિક્સ આશ્રમ, જ્યાં મહાત્મા ગાંધી અને એમના અનુયાયીઓએ પોતાનું આગવું ધાર્મિક સમૂહજીવન ઊભું કર્યું હતું, ત્યાંની પ્રથમ સંધ્યાએ જ આ વાત મેં જોઈ. ત્યાં તેઓ નાનકડાં બાળકોથી વીંટળાયેલા હતા.”

આમ પ્રથમ દર્શને જ ચાર્લી એન્ડ્રૂઝને એ વાતની ખાતરી થઈ ગઈ હતી કે ગાંધીજી પ્રેમ અને કષ્ટસહનનો સંદેશ લઈને અવતરેલા દૂત હતા. એન્ડ્રૂઝની સરળતા, ઊંડી ધાર્મિકતા અને દુખિયારા પ્રત્યેની એમની કરુણા ગાંધીજીને સ્પર્શી ગઈ હતી. એન્ડ્રૂઝને ગાંધીજી અન્યાય, શોષણ અને સામ્રાજ્યવાદની સામે જાતે કષ્ટ સહન કરીને સામાનું પરિવર્તન થશે એવી શ્રદ્ધા રાખનારા દૈવી શકિતના અંશ લાગતા હતા. ગાંધીજીને એન્ડ્રૂઝમાં ઉત્તમ અંગ્રેજ અને ઉત્તમોત્તમ ખ્રિસ્તી જન દેખાતા હતા.

ગિરમીટિયાઓની સેવા સારુ ગાંધીજીએ એન્ડ્રૂઝને પ્રોત્સાહિત કર્યા હતા. પીડાતા ગિરમીટિયાની આંખોમાં એન્ડ્રૂઝને ઈશુ ખ્રિસ્તની મુખમુદ્રા દેખાતી હતી. પોતે જેની સામે લગભગ આખું આયુષ્ય યુદ્ધ ખેલવાના હતા તે ઇંગ્લૅન્ડમાં ઈશ્વરે શુભ અંશ તો મૂકેલો હોય એવી ગાંધીજીની શ્રદ્ધા હતી. એ શુભ અંશને ગાંધીજી એન્ડ્રૂઝરૂપે મૂર્તિમંત થતો જોતા હતા.

જ્યારે જ્યારે પણ એન્ડ્રૂઝ ગાંધીજીની સાથે રહ્યા ત્યારે ત્યારે

તેમણે ગાંધીજીના કામને પોતાનાથી બનતો ટેકો આપવો એ જ મુખ્ય કામ કરી દીધું. તેઓ આખો જન્મારો દીનદુખિયારા, પીડિત, ત્રાસિત, દલિત લોકોના દોસ્ત રહ્યા હતા. એટલેસ્તો ગાંધીજીએ તેમને 'દીનબંધુ' તરીકે ઓળખાવ્યા હતા. અમદાવાદની એક સભામાં એન્ડ્રૂઝ ફીજીમાં વસતા હિંદના ગિરમીટિયા મજૂરોની સ્થિતિ વિશે બોલવાના હતા. એ સભાના પ્રમુખ તરીકે ગાંધીજીએ એન્ડ્રૂઝસાહેબની ઓળખાણ આપતાં કહ્યું હતું: "તેમનામાં એક પવિત્ર ઋષિના સંપૂર્ણ ગુણો રહેલા છે. ફીજીમાં તેઓ હોટેલોમાં ઊતરતા નહીં તેમજ કોઈ મોટા શ્રીમંતોને ત્યાં રહેતા નહીં, પરંતુ મજૂરોનાં ઘરોમાં તેમની સાથે જ રહેતા અને તેમની રહેણીકરણીનો અભ્યાસ કરતા."

એન્ડ્રૂઝ કેમ્બ્રિજમાં ભણ્યા અને પાછળથી ત્યાંની યુનિવર્સિટીમાં ભણાવતા હતા. તે વખતે તેઓ સામાન્ય રીતે ભણેલાગણેલા અંગ્રેજો હોય તેવા જ સામ્રાજ્યને વફાદાર હતા. ૧૮૯૭માં તેમને પાદરી નીમવામાં આવ્યા ત્યાં સુધી તેઓ એક સંકુચિત અર્થમાં જ ખ્રિસ્તી ધર્મને સમજતા હતા. એમના એક પ્રાધ્યાપક વેસ્ટકોટે તેમને ખ્રિસ્તી ધર્મ અંગેની વિશાળ દૃષ્ટિ કેળવવા પૂર્વ તરફ નજર માંડતાં શીખવ્યું. વેસ્ટકોટના ચાર ચાર દીકરાઓ ભારતમાં પાદરી થઈને ગયા હતા. એમાંનો સૌથી નાનો બેસિલ ચાર્લીનો ખાસ દોસ્ત હતો, તે ભારતમાં કોલેરાથી મરણ પામ્યો ત્યારે ચાર્લીએ વિચાર કર્યો કે એણે પોતે ભારત જઈને બેસિલનું સ્થાન લેવું જોઈએ. તેથી તેણે ૧૯૦૪માં દિલ્હીની સેન્ટ સ્ટીવન્સ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કામ સ્વીકાર્યું.

પશ્ચિમના બીજા મિશનરીઓ કરતાં એન્ડ્રૂઝ નોખા તરી આવ્યા. હડતાળો વખતે તેમણે હિંદી મજૂરોને ટેકો આપ્યો હતો; અને ગાંધીજી કરતાં પણ પહેલાં તેમણે હિંદ માટે સંપૂર્ણ સ્વતંત્રતાની હિમાયત કરી હતી.

એન્ડ્રૂઝના નિધન પછી ગાંધીજીએ લખેલી નોંધનો કેટલોક ભાગ નીચે આપ્યો છે:

"ઇંગ્લૅન્ડ પ્રત્યેનો એમનો પ્રેમ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અંગ્રેજના કરતાં કોઈ

રીતે ઊતરે નહીં એવો હતો એમાં શક નથી. અને તે પણ એટલું જ નિ:સંદેહ છે કે હિંદ પ્રત્યેનો તેમનો પ્રેમ પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હિંદીના પ્રેમની બરોબરી કરે એમ હતો. અંગ્રેજોનાં દુષ્કૃત્યો ભુલાઈ જશે, પણ દીનબંધુનાં વીર સુકૃત્યો ઇંગ્લૅન્ડ અને હિંદની હસ્તી હશે ત્યાં સુધી એકે નહીં ભુલાય. જો દીનબંધુની સ્મૃતિ પ્રત્યે આપણું સાચું વહાલ હોય તો, અંગ્રેજો પ્રત્યે—જેમાં દીનબંધુ શ્રેષ્ઠ હતા—આપણા દિલમાં ડંખ ન રહેવો જોઈએ.”

['મારું જીવન એ જ મારી વાણી' પુસ્તકઃ ૨૦૦૩]

# આત્મતનયા મીરાં

૧૯૨૫ના નવેમ્બરની સાતમી તારીખે મીરાંબહેને સાબરમતી આશ્રમમાં પહેલી વાર પગ મૂક્યો.

ગાંધીજી અને મીરાંબહેન વચ્ચેનો સંબંધ આત્મિક હતો. ઉપરથી જોતાં બંનેની પટભૂમિ સાવ જુદી હતી. મીરાંબહેન ઇંગ્લૅન્ડના નૌકાદળના એડ્મિરલની નાની દીકરી, ને ગાંધીજી બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો જાહેર કરી ચૂકેલ અસહકારી આગેવાન. મિસ મેડેલીન સ્લેડ(મીરાંબહેનનું મૂળ નામ)ના રુચિના વિષયો કળા, સ્થાપત્ય અને શાસ્ત્રીય સંગીત. ગાંધીજીના રસના વિષયો કાંતણ, પીંજણ, વણાટકામ અને પાયખાનાં—સફાઈ. મેડેલીન બેથોવનના સંગીત પર મુગ્ધ હતી. બેથોવનનું સંગીત જ એને વીસમી સદીના પૂર્વાર્ધના મહાન લેખક રોમાં રોલાં સુધી ખેંચી ગયું. મેડેલીન બેથોવન ખાતર જર્મન ભાષા શીખી અને રોમાં રોલાં ખાતર ફ્રેંચ શીખી. પોતાના શાંતિવાદી વિચારોને લીધે યુદ્ધરત માતૃભૂમિ ફ્રાન્સને છોડીને સ્વિટ્ઝર્લૅન્ડ જઈ વસેલા એ સાહિત્ય-સંગીત-કલા નિપુણ મનીષીને જઈને મળી. મળવાનો હેતુ બેથોવનને સમજવાની અંતરની પ્યાસ મિટાવવાનો હતો.

પહેલી વારની મુલાકાત વખતે મેડેલીન હૈયું ખોલીને કશું બોલી

ન શકી. ‘મારે અહીંથી કાંઈક મેળવવાનું રહી જાય છે,’ એવી લાગણી સાથે પોતાને નિવાસસ્થાને પાછી આવી. ત્રણચાર દિવસ બાદ રોમાં રોલાંએ એને સંગીત વિશેનું એક સારું પુસ્તક મોકલાવી આપ્યું. બીજી વારની મુલાકાત વખતે રોલાંએ મેડેલીનને પ્રવાસ કરવાની સલાહ આપી. એમાં હિંદુસ્તાનનો પણ ઉલ્લેખ હતો, તે જ વખતે તેમણે ‘મહાત્મા ગાંધી’ નામની એક પુસ્તિકા લખી હતી એના સંદર્ભમાં. મેડેલીનનો નવાઈભર્યો ચહેરો જોઈને રોલાંએ પૂછ્યું: “તેં એમને વિશે કાંઈ સાંભળ્યું નથી?” મેડેલીને કહ્યું “ના.” “તેમણે મને એમને વિશે વાત કરી ને પછી બોલ્યા: ‘એ તો બીજા ઈશુ ખ્રિસ્ત છે.’ આ શબ્દો મારા અંતરમાં ઊંડા ઊતરી ગયા. ખાસ કાંઈ વિચાર કર્યા વગર મેં તે મનમાં સંઘરી રાખ્યા.”

સ્વિટ્ઝર્લૅન્ડથી મેડેલીન પાછી પૅરિસ આવી ત્યારે પહેલું કામ રોમાં રોલાંની ‘મહાત્મા ગાંધી’ પુસ્તિકા શોધી કાઢવાનું કર્યું. લગભગ એકીબેઠકે એ વાંચી ગઈ.

“મહાત્મા ગાંધી હિંદુસ્તાનની કચડાયેલી જનતાની સત્ય, અહિંસા અને નિર્ભયતાને માર્ગે સેવા કરી રહ્યા હતા. આ કાર્ય આખી માનવજાતિની સેવા માટે હતું. હિંદુસ્તાનની ભૂમિ મને પોકારી રહી હતી.”

લંડન પહોંચીને તરત તેમણે ભારત સારુ આગબોટની ટિકિટ કઢાવી. માતાપિતાને વાત પછી કરી. માબાપ બંને દીકરીના અંતરમાંથી ઊઠેલી પ્રેરણાનું મહત્ત્વ સમજી ગયાં અને તેમણે સંમતિ આપી. પણ મેડેલીનને જ એ ખ્યાલ આવ્યો કે ગાંધીજી પાસે જતાં પહેલાં એણે તૈયાર થવું જોઈએ. ટિકિટને એક વરસ પછીની કરાવી તેણે તૈયારી કરવા માંડી. પલંગ પર સૂવાને બદલે નીચે જમીન પર શેતરંજી પાથરી સૂવા માંડ્યું. એક ઊનનો રેંટિયો ખરીદીને એણે કાંતવાનું શીખવા માંડ્યું. ઘર પાસેની એક વણાટશાળામાં જઈને વણાટકામની શરૂઆત કરી. માંસ અને મદિરા છોડ્યાં. જમીન પર પલાંઠી વાળીને બેસવાનો અભ્યાસ કરવા માંડ્યો. ઉર્દૂ ભાષા શીખવાની વ્યવસ્થા કરી, પણ તે ખૂબ અઘરી લાગી. ‘યંગ ઇન્ડિયા’નું લવાજમ તરત ભરી દીધું. ‘ગીતા’

અને ‘ઋગ્વેદ’નો થોડો ભાગ ફ્રેન્ચ ભાષામાં વાંચ્યો.

અભ્યાસનું અડધું વર્ષ પૂરું થયું ત્યાં સમાચાર આવ્યા કે ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ એકતા સારુ ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા છે. આટલા દિવસ તેઓ ખેંચી કાઢશે કે નહીં એ વિશે શંકા ઊભી થઈ. પણ મેડેલીને અભ્યાસ ચાલુ રાખ્યો. પોતાની પાસેના પૈસા તો સંગીતના જલસા પાછળ ખરચાઈ ચૂક્યા હતા. પણ હાથમાં એક નાનકડી હીરાજડિત વીંટી હતી તે વેચીને થોડા પૈસા મેળવ્યા. એક પત્ર ગાંધીજીને લખીને સાથે ૨૦ પાઉન્ડ બીડ્યા. ત્યાર બાદ ઠેઠ ૧૯૪૭ સુધી ચાલેલા પત્રવ્યવહારની આ રીતે શરૂઆત થઈ. ગાંધીજીનો મેડેલીન પરનો પહેલો પત્ર ટ્રેનમાંથી ૧૯૨૪ના આખરી દિવસે લખાયેલો હતો:

પ્રિય મિત્ર,

વહેલો જવાબ ન લખ્યો તે માટે માફી ચાહું છું. હું એકધારો મુસાફરી કરતો હતો. તમે મોકલાવેલ ૨૦ પાઉન્ડ માટે આભાર. એ પૈસા રેંટિયાના પ્રચારમાં વાપરીશ.

અહીં આવવાના પહેલા આવેશને વશ થવાને બદલે તમે અહીંના જીવનમાં ગોઠવાવા થોડો વખત થોભી જવાનું નક્કી કર્યું તેથી હું ઘણો રાજી થયો છું. એક વરસની કસોટી પછી પણ તમારો આત્મા અહીં આવવા માટે દબાણ કરે તો તમે ભારત આવો એ ઠીક થશે.

તમારો સ્નેહાધીન
મો. ક. ગાંધી

થોડી વધુ તાલીમ લીધા પછી મેડેલીને પુછાવ્યું કે સાબરમતી આશ્રમમાં રહેવાની પરવાનગી મળે ખરી? સાથે પોતાના કાંતેલા ઊનના થોડા નમૂના પણ મોકલ્યા. જવાબમાં ગાંધીજીએ મેડેલીનના ઊનના સૂતરના નમૂનાને ‘ઉત્તમ’નું પ્રમાણપત્ર આપ્યું હતું. તેઓ જો ચોક્કસ સ્ટીમર જણાવશે તો તેમને મુંબઈ બંદર પર લેવા આવી કોઈ અમદાવાદની ગાડીમાં બેસાડી દેશે એમ પણ કહ્યું. પછી લખે છે: “એટલું જરૂર ધ્યાનમાં રાખજો કે આશ્રમનું જીવન બહુ સહેલું નથી. ખૂબ મહેનતુ જીવન છે. દરેક આશ્રમવાસીને શારીરિક શ્રમ કરવાનો હોય છે. આ

દેશની આબોહવા વિશે પણ જરા વિચાર કરવા જેવું છે. આ બધું તમને ડરાવવા માટે નહીં પણ ચેતવવા માટે લખું છું.”

અમદાવાદ સ્ટેશને મેડેલીનને લેવા મહાદેવભાઈ, વલ્લભભાઈ અને સ્વામી આનંદ આવ્યા હતા.

છેવટે આશ્રમ પહોંચ્યાં. તેનું વર્ણન એમની જ કલમે:

“ત્યાં સુધીમાં મારી બધી સૂધબૂધ ચાલી ગઈ હતી. જે સમીપ આવી રહ્યું હતું એના વિચારમાં જ મારું સમગ્ર મન કેન્દ્રિત થઈ ગયું હતું... પછી એક ફાટકમાં થઈને નાના આંગણામાં પહોંચ્યાં, પગથિયાં વટાવીને ઓશરીમાં પ્રવેશ્યાં. ઓરડીમાં હું દાખલ થઈ કે તરત જ જરા ઘઉંવર્ણા રંગની પાતળીદૂબળી આકૃતિ ઊઠીને મારી સામે આવી. મને એક પ્રકાશ સિવાય બીજા કશાનું ભાન નહોતું. હું ઘૂંટણિયે પડી. બે હાથોએ મને પ્રેમથી પકડીને ઊભી કરી. અવાજ સંભળાયો: તું મારી દીકરી થઈને રહીશ.”

આશ્રમમાં આવતાંની સાથે જ ગાંધીજીએ મેડેલીન સ્લેડને ભારતીય નામ આપ્યું—મીરાં. એમને કાંતવા-પીંજવાનું શીખવવાની જવાબદારી નેપાળના શ્રી તુલસી મહેરને અને હિંદી શીખવવાની ઉત્તર પ્રદેશના સુરેન્દ્રજીને સોંપી.

મીરાંબહેને શરૂઆતના દિવસોમાં જ બે ઇચ્છાઓ વ્યક્ત કરી: પોતાના વાળ કપાવી નાખવાની અને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવાની. વાળ કપાવવા બાબત ગાંધીજીએ એમને આશ્રમની બહેનોની સલાહ લેવાનું સૂચન કર્યું. લગભગ બધી બહેનોએ એ વિચારનો વિરોધ કર્યો. પણ એ યોજના તેમણે અમલમાં મૂકી જ. બીજી ઇચ્છા બાબત પણ ગાંધીજીએ પૂરો વિચાર કર્યા પછી જ અમલ કરવાની સલાહ આપી.

પરંતુ મીરાંબહેનની આકરી કસોટી થઈ અનાસકિત અંગે. ગાંધીજીએ બહુ થોડા વખતમાં એ જોઈ લીધું કે મીરાંબહેનને ગાંધીજીની નિકટ રહીને એમની વ્યકિતગત સેવા કરવામાં જેટલો રસ હતો, એટલો બીજા કશાયમાં નહોતો. ગાંધીજી એમને પોતાનાથી દૂર રહેતાં શીખવવા

માગતા હતા.

એક વાર મીરાંબહેનથી ન રહેવાયું ને ગાંધીજીને મળવા નંદી હિલ દોડી ગયાં. ગાંધીજીએ સખત ઠપકો આપ્યો અને એમને સાબરમતી મોકલી દીધાં.

મીરાંબહેને કાંતણપીંજણની કળા એવી સારી હસ્તગત કરી લીધી કે થોડા વખતમાં તો તેઓ કાર્યકર્તાઓને એની તાલીમ આપતાં થઈ ગયાં. ગાંધીજીના કેટલાક પ્રવાસો દરમિયાન એમની વ્યકિતગત જરૂરિયાતોની કાળજી રાખવાનું કામ મીરાંબહેને કર્યું. એનું થોડું વર્ણન એમની કલમે:

“બાપુની અંગત જરૂરિયાતોનું ધ્યાન રાખવાનું કામ મને સોંપાયું હતું. બાપુની જરૂરિયાતો ઘણી સાદી હતી. પરંતુ જે સંજોગોમાં એ જાળવવાની હતી તે કામ ઘણું કપરું હતું. અમે સતત ફરતાં જ રહેતાં. રસ્તે ઠેકઠેકાણે સભાઓ હોય. બધે જ મોટી માનવમેદની જામતી. બાપુનાં દર્શન માટે ઉત્સુક, તરસ્યા અને આતુરતાથી વિહ્વળ બનેલા લોકો સ્ટેશન ઉપર ટોળે વળતા. ગામડાંમાંથી પસાર થઈએ ત્યારે લોકો મોટરનો રસ્તો રૂંધી રાખતા, અમારા ઉતારાની આજુબાજુ ટોળે વળી જતા. બાપુ (સભામાં) જાય ત્યારે હું અમારે ઉતારે વ્યવસ્થા જોવા દોડતી. એક ઓરડામાંથી બધું રાચરચીલું કાઢી નાખી જમીન ઉપર ગાદી પાથરી તેની ઉપર ખાદીની ચાદર પાથરી ઓરડો બાપુ માટે તૈયાર રાખવો, તેમ જ તાજાં ફળ અને કાચાં શાક તથા બકરીના દૂધની વ્યવસ્થા કરવી. દૂધ તાજું અને ચોખ્ખું મળે તે ખાતર શક્ય હોય ત્યાં બકરીને હું જાતે જ દોહવાનું પસંદ કરતી. ત્યાં દૂર દૂરથી ‘મહાત્મા ગાંધી કી જય’નો નાદ સંભળાતો અને ચેતવણી મળતી કે સભા પૂરી થઈ છે અને થોડી વારમાં બાપુ આવી પહોંચશે. બાપુ આવી પહોંચે છે—ધૂળથી ભરેલા, થાકેલા, તપેલા છતાં શાંત અને હસતા. મહામુસીબતે લોકોનાં ટોળાંને દરવાજા આગળ રોક્યાં છે. તેઓ નહાવા જાય છે. તે દરમિયાન તેઓના ભોજનની તૈયારી કરું છું. તેઓ જમે એટલામાં હું નાહીને અમારાં બંનેનાં કપડાં ધોઈ નાખું છું.

“કોઈ વાર હું સભામાં હાજરી આપી શકતી. ભાષણ પૂરું થયા

પછી ફાળો ભેગો કરવામાં મદદ કરવાનું કામ મને મળતું. જમીન ઉપર ખીચોખીચ બેઠેલા સભાજનોની વચ્ચે અમે થેલીઓ લઈને ફરતાં. ફાળો આપવાને લાંબા થયેલા આતુર હાથ અમને ચારે બાજુથી બોલાવતા. કપડાને છેડે ગાંઠ વાળીને કમરે ખોસેલા તાંબાજસતના સિક્કા ખેડૂતો જે રીતે આપતા તે જોઈને દિલ ભરાઈ આવતું હતું. સૂરજના તાપે તપેલા અને મજૂરી કરીને ઘસાઈ ગયેલા હાથ વડે જલદી જલદી કપડાની ગાંઠ છોડતા અને જરાયે અચકાયા વગર કે ગણ્યા પણ વગર પોતાનો બધો ખજાનો અમારી થેલીઓમાં ઠાલવી દેતા હતા. (એક વાર) ગામડાની એક સ્ત્રીએ મારો હાથ પકડ્યો. તેની પાસે આપવા માટે તો ફક્ત રૂપાના એક ભારે કડા સિવાય બીજું કાંઈ નહોતું. એ કડું એટલું જાડું હતું કે તેને ખોલીને પગમાંથી એ કાઢી શકતી નહોતી. તેણે મને કહ્યું કે આ જરા ખેંચાવો. અમે બંને જમીન ઉપર બેસીને કડું ખેંચવા લાગ્યાં. આખરે તે કડું અમે કાઢી શક્યાં. તે સ્ત્રીની ખુશીનો પાર ન રહ્યો. બાપુને આપવા માટે તે કડું એણે મારા હાથમાં મૂક્યું. આટલો ઊભરાતો પ્રેમ સાદી કૃતજ્ઞતાથી બાપુ સ્વીકારતા હતા. પરંતુ એક એક પૈસો તેઓ એક પવિત્ર અમાનત સાચવે તેમ સાચવતા હતા. પાઈએ પાઈનો સંભાળપૂર્વક ચોક્કસ હિસાબ રાખવાનો તેઓ આગ્રહ રાખતા.”

ગાંધીજીની ચીંધેલી પ્રવૃત્તિઓ એમની હયાતી દરમિયાન મીરાંબહેને બે દાયકાઓ સુધી કરી. ગાંધીજીના ગયા પછી પણ થોડાં વર્ષો ભારતમાં રહીને તેમણે ગોસેવાની પ્રવૃત્તિ કરી. પણ પછી એમનું મન ઊઠી ગયું અને પોતાની મૂળ રુચિને અનુસરીને બેથોવનના દેશ ઓસ્ટ્રિયામાં જઈને રહ્યાં. ત્યાં એક જંગલ વચ્ચે નાનીસરખી કુટી વસાવી બેથોવનનું જીવનચરિત્ર લખવાના કામમાં પરોવાયાં.

['મારું જીવન એ જ મારી વાણી' પુસ્તકઃ ૨૦૦૩]

# ‘પણ જીવવા દેશે કોણ!’

૧૯૪૪ની વાત છે. પંચગીનીમાં ગાંધીજી હતા. હું પણ ત્યાં હતો. ગાંધીજીના નિવાસની બહાર વિરોધીઓ સૂત્રોચ્ચાર કરતા આવી પહોંચ્યા. ગાંધીજીએ કહ્યું, “મારે એ લોકોને મળવું છે.” પણ પેલા લોકો કહે, “અમારે એમને મળવું નથી.” પછી એ લોકોને પોલીસે પકડ્યા —તલાસી લીધી ત્યારે એક માણસ પાસેથી લાંબો છરો મળ્યો. એ માણસનું નામ હતું નથુરામ ગોડસે! ગાંધીજીની હત્યા માટે ૧૪ વર્ષથી પ્રયાસો ચાલતા હતા અને આ છઠ્ઠો પ્રયાસ હતો. છમાંથી ચાર પ્રયાસોમાં ગોડસે હાજર હતો. ગાંધીજીએ ૧૯૩૭-’૩૮માં ૧૨૦ વર્ષ જીવવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે નથુરામ ગોડસેએ મરાઠી પેપર ‘અગ્રણી’ના તંત્રી તરીકે તંત્રીલેખ લખ્યો, તેનું મથાળું હતું, ‘...પણ એમને જીવવા દેશે કોણ?’

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિક: ૨૦૦૬]

# નિરંજન ત્રિવેદી

## ખોવાયા નથી!

આથી અમે આખા અમદાવાદના (એક સિવાયના) નીચેના નિરંજન ત્રિવેદીઓ જાહેર કરીએ છીએ કે અમે ખોવાયા નથી. અમારે ઘેર અમે સલામત છીએ. આમ જાહેર કરવાનું કારણ એ છે કે મેડિકલ કૉલેજના એક નિરંજન ત્રિવેદી ગુમ થયા પછી અમારામાંના દરેક નિરંજનનાં સગાંવહાલાંને લોકો પૂછપરછ કરે છે કે "તમારો નિરંજન ખોવાયો છે?" જનતાને વિનંતી કે અમારા બાપાઓને, કાકાઓને, મામાઓને, ફુઆઓને, મિત્રોને તથા ઓળખાણવાળાઓને એવું પૂછપૂછ કરીને હેરાન કરવા નહીં. અમે જીવતાજાગતા, હાજરાહજૂર સલામત છીએ. જેમને ખાતરી કરવી હોય તે આવતા રવિવારે અમારે ઘેર તપાસ કરે. અમને જોવા માટે ખુલ્લા મૂકવામાં આવનાર છે.

લિ. નિરંજન ત્રિવેદી (ફલાણી પોળ), નિરંજન ત્રિવેદી (ઢીંકણી પોળ), નિરંજન ત્રિવેદી (રાજકુમાર સોસાયટી), નિરંજન ત્રિવેદી (રાજકુમારી સોસાયટી), નિરંજન ત્રિવેદી (સરકાર રોડ), નિરંજન ત્રિવેદી (જનતા રોડ) તથા બીજા નહીં ખોવાયેલા નિરંજનો વતી.

# નિરંજન ભગત

## ત્રિવેણી-સંગમ

જે મનુષ્યને પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને અન્ય મનુષ્યો, પશુઓ, પંખીઓ, જંતુઓ—અરે, નિર્જીવ પદાર્થો સુધ્ધાંમાં પરમેશ્વરનું દર્શન થાય છે. આ મનુષ્યને માટે પરમેશ્વર વિનાનું ક્યાંય ક્યારેય કશું જ નથી. એથી આ મનુષ્યને મોહ નથી, શોક નથી, ભય નથી, શંકા નથી, નિરાશા નથી. એનામાં નિરંતર અનંત આનંદ આનંદ જ હોય છે.

આ જ્ઞાન એ બીજ છે. એ બીજમાંથી જે વૃક્ષ ઊગે છે તે છે ભક્તિ. અને આ વૃક્ષ પર જે ફળ આવે છે તે છે કર્મ. આ ભક્તિ જ્યારે ક્રિયાશીલ થાય છે, ત્યારે એ સેવારૂપે પ્રગટ થાય છે. આ મનુષ્યને માટે ભક્તિ પરમેશ્વરની હોય અને સેવા મનુષ્યો, પશુઓ આદિની હોય. આ મનુષ્યને માટે ત્યાગ નથી, સંન્યાસ નથી, મોક્ષ નથી. આ મનુષ્યને માટે જનમોજનમ ભક્તિ અને સેવા જ હોય છે. આ ભક્તિ અને સેવામાં જ જ્ઞાન અને કર્મની સાર્થકતા છે. ભક્તિ વિનાનું જ્ઞાન શુષ્ક છે, અને સેવા વિનાનું કર્મ જડ છે. આ જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રાવેણી સંગમ એટલે મા શારદામણિ.

સજ્જન હોય કે દુર્જન, જ્ઞાની હોય કે અજ્ઞાની, રાય હોય કે રંક—શારદામણિ માટે તે સૌ એકસમાન છે, સૌ પરમેશ્વરનાં અને પોતાનાં પણ સંતાનો છે. સૌ એમની સેવાનાં એકસમાન અધિકારી છે. એમને માટે કશું જ ક્ષુદ્ર નથી, તુચ્છ નથી. સૌનું મહત્ત્વ છે, કારણ કે સૌ પરમેશ્વરનાં સંતાન છે, સૌમાં પરમેશ્વર બિરાજમાન છે.

નારીનાં અનેક સ્વરૂપો છે: કન્યા, પ્રેયસી, પત્ની, માતૃ. એમાં માતૃ સ્વરૂપ શ્રેષ્ઠ છે. માતૃ સ્વરૂપ એ આ અન્ય સૌ સ્વરૂપોની પરમ-ચરમ સીમા છે. પણ નારીનું એક એવું સ્વરૂપ પણ છે કે જેમાં નારી સંસારી હોય છે, પણ સંસારથી પર હોય છે. નારીનું આ સ્વરૂપ છે:

વિશ્વજનની. 'પરમાપ્રકૃતિ શ્રી સારદામણિ' ગ્રંથમાં શારદામણિનું આ વિશ્વજનની સ્વરૂપ સતત પ્રગટ થાય છે.

['પરમાપ્રકૃતિ શ્રી શ્રી સારદામણિ' પુસ્તક: ૧૯૯૮]

## સંઘેડાઉતાર

મીરાંનું એક એક પદ કેવું સ્વચ્છ અને સુઘડ છે, કેવું સાફસૂતરું અને સંઘેડાઉતાર છે! એનાં ઘાટઘૂટ અને એનું ઘડતર-જડતર સંપૂર્ણ છે. એનો આરંભ, એનો અંત, એનો લય, એના પ્રાસ બધું જ સુંદર છે. ક્યાંય છૂંછાછેડા નહીં, ક્યાંય ગાંઠગૂંચ નહીં. બધું જ ઘટ્ટ ને ઘાટીલું.

—

*મારાં ઊઘડ્યાં ઉરનાં દ્વાર!*
*મહીં મળ્યો માનવનો મેળો, હું જ રહ્યો રે બ્હાર!*

## સચિંત અને સક્રિય

રણજિતરામ[મહેતા]એ ૧૯૦૫માં પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક થવા લગીનો જે પુરુષાર્થ કર્યો તે ગુજરાતના પ્રજાજીવનના ઇતિહાસનું એક ભવ્ય પ્રકરણ છે. નર્મદ પછી અને ગાંધીજી પૂર્વે જો કોઈ વ્યકિત ગુજરાતના પ્રજાજીવનના મહાપ્રશ્નોમાં—આર્થિક, રાજકીય, સામાજિક પ્રશ્નોના પ્રાણસમા સાહિત્ય અને શિક્ષણના પ્રશ્નોમાં—સૌથી વધુ સચિંત અને સક્રિય હોય તો તે રણજિતરામ. પાંત્રીસ વર્ષની અતિકાચી વયે અકસ્માતથી રણજિતરામનું મૃત્યુ થયું. એથી, એમનું વ્યકિતત્વ જેમાં નિ:શેષપણે પ્રગટ થયું હોત એવો ગુજરાતના

ઇતિહાસનો ગ્રંથ તો વણલખ્યો જ રહ્યો. પંદરેક વર્ષના લેખનકાળમાં રણજિતરામે વીસેક સામયિકોમાં સોએક લખાણો કર્યાં છે. ‘રણજિતકૃતિ સંગ્રહ’ અને ‘રણજિતરામના નિબંધો’—રણજિતરામના આ બે ગ્રંથોનું મરણોત્તર પ્રકાશન થયું છે. એમાં એમનાં પચાસેક લખાણો પ્રજાને સુલભ છે. બે પ્રસિદ્ધ ગ્રંથોમાં નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ આદિ સ્વરૂપોમાં લખાણો છે.

[‘યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા’ પુસ્તક]

## ‘પથેર પાંચાલી’: જોયા વિના કેમ જિવાય?

સાહિત્યમાં ગામડાં ક્યાં તો સ્વપ્ન જેવાં સુન્દર, ક્યાં તો દુ:સ્વપ્ન જેવાં દુ:ખદ; ક્યાં તો સ્વર્ગ, ક્યાં તો નરક. ગામડાં એકબાજુથી ભીરુઓની ભાગેડુવૃત્તિનાં અને બીજી બાજુથી સસ્તી સેવાવૃત્તિનાં ભોગ બની ગયાં. એથી સાહિત્યમાં ગામડાંનું નર્યું અવાસ્તવિક અને અસત્ય આલેખન થયું. વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાયની નવલકથામાં આ બેમાંથી એકે બાજુનો અતિરેક નથી. એમાં ગામડાનું સમતોલ દર્શન છે. વાસ્તવ છે, સત્ય છે. જગતને જરીય જાણ ન થાય એમ ગામડાનું એક કુટુંબ ભાંગીને ભુક્કો થાય છે એની આ કરુણ કથા છે. આમ, આ ચિત્રની સફળતામાં, સિદ્ધિમાં કથાનો ફાળો કંઈ ઓછો નથી. ‘પથેર પાંચાલી’ નવલકથાનાં પાનાંને કચકડાની પટીમાં પલટતાં, એક કલાપ્રકારને બીજા કલાપ્રકારમાં પ્રગટતાં, સત્યજિત રાયે જે સૂઝ અને સમજથી, જે કલ્પના અને કસબકારીગરીથી ચિત્રની માવજત કરી છે એમાં જ એની મહાનતા છે.

હજારો ઝીણી ઝીણી વિગતોને વીણી વીણીને એમણે ચિત્રમાં એવી ચાતુરીથી વણી છે કે અંતે એક સુગ્રથિત, સુરેખ આયોજનનો આકાર ધારણ કરે છે અને પ્રેક્ષકના ચિત્તમાં સમગ્રતાની છાપ છપાઈ જાય છે. સત્યજીત રાયે આ કીમિયો કર્યો છે અનેક પ્રતીકો અને

અનેક અવાજો દ્વારા. એમણે કશુંયે સીધેસીધું, સ્પષ્ટ કરીને કહ્યું જ નથી. માત્ર વારંવાર આદિથી અંત લગી સૂચન કર્યું છે, ધ્વનિ દ્વારા આડકતરી રીતે કહ્યું છે.

નિશ્ચંદપુર નામના નાનકડા ગામડાના એક કુટુંબની આ કથા છે. માત્ર પાંચ જ પાત્રો છેઃ હરિહરરાય, એમની પત્ની સર્વજ્યા, એમની ઘરડી બહેન ઇન્દિરા ઠાકુર, એમની પુત્રી દુર્ગા અને એમનો પુત્ર અપૂર્વ. કથાના કેન્દ્રમાં આ કુટુંબની ગરીબાઈ છે. અને ભારતવર્ષ એટલે ગરીબાઈ. આથી આ એક કુટુંબ સમગ્ર ભારતવર્ષનું પ્રતીક છે. એની કથા એ ભારતવર્ષની કથા છે. એક પણ પાત્ર પાસે ‘અમે ગરીબ છીએ’ એમ એક વાર પણ ન કહેવડાવીને આ કલાકારે ગરીબાઈનું કેવું ગૌરવ કર્યું છે! એની પવિત્રતાનો કેવો પરિચય કરાવ્યો છે! આ સંયમ કેટલો અસાધારણ અને અપૂર્વ કલામય છે. આ આખુંયે કુટુંબ અને સવિશેષ તો સર્વજયા કેટલી ઠંડી તાકાતથી ગરીબાઈનો મૂંગે મોઢે સામનો કરે છે. આ ગરીબાઈનું માત્ર પ્રતીકો અને પ્રસંગો દ્વારા સૂચન જ કર્યું છે. મીઠાઈની કાવડ, ઠાકુરદીદીની ચાદર, ભૂખ્યે પેટે ભટક્યા કરતો કૂતરો, સખીના ઘરમાંથી દુર્ગાએ ચોરેલી માળા વગેરે પ્રતીકો દ્વારા ગરીબાઈ પ્રગટ થાય છે. દીકરી એટલે તો દેવું ને દીકરો એટલે દીવો, એવી માતાની મનોદશા પણ ગામડાની ગરીબાઈનું જ પરિણામ છે. એથી જ સર્વજયા પુત્રપુત્રી પ્રત્યેના પ્રેમમાં કેવો પક્ષપાત કરે છે. પુત્રી ચોરી કરે તો એ લડે, પણ પુત્ર ચોરી કરે તોયે લાડ લડાવે, ભાવથી ભોજન ખવડાવે. રોજ દ્હાડે ગરીબાઈ સાથે ઠંડું યુદ્ધ અને રોજ રાતે જીવતરને થીંગડું કેમ દેવાં એની મૂંઝવણ અને મથામણ.

આ ચિત્રનું સર્વશ્રેષ્ઠ પાત્ર છે ઠાકુરદીદી. એ ભારતવર્ષના ગામપ્રદેશનું મૂર્તિમંત જીવંત પ્રતીક છે. એનો પુરાતન આત્મા છે. પોતે બિલાડીનાં બચ્ચાંની જેમ જ ગરીબ ભાઈને ઘરે આવી પડી છે. દુર્ગા ચોરીને ફળ લાવે ત્યારે એના હિજરાયલા હોઠ પણ કેવા ફરર ફરર ફરકે છે. કેવું મોહક મરકે છે! ભાઈને ઘેર પુત્રનો જન્મ થાય ત્યારે હડધૂત થયેલી આ હતભાગિણી હેતના હડકવાથી ભત્રીજાને ભારે હોંસથી

કેવી હાલરડે હુલાવવા પાછી ફરે છે. દુર્ગા પર ચોરીનો આરોપ આવે તે એને કેવો અસહ્ય લાગે છે અને દુર્ગાને માર પડે ત્યારે એને પણ કેવો વાગે છે. છેલ્લે જતાં જતાં પણ એને ભલે કોઈ પાણી ન પાય, પણ એ તો એના આંગણાના છોડ પર પાણી છાંટીને પછી જ મરે છે. જીવમાત્ર પ્રત્યે પ્રેમ અનુભવતો આ ભારતવર્ષનો પ્રાચીન આત્મા છે.

ઠાકુરદીદી અને દુર્ગા સાથે જ જીવે અને સાથે જ મરે. દુર્ગાનો આથી અન્ય કોઈ અંત કલ્પી શકાય છે? એનું મૃત્યુ ન થાય તો? એની સખીનું લગ્ન થાય પણ એનું ન પણ થાય, ક્યાંથી થાય? ને તો પછી ભવિષ્યમાં એ અપૂર્વને ઘેર બીજી ઠાકુરદીદી જ બને ને! આમ, જો એ જીવતી રહે તો એ વધુ કરુણ છે; એથી ઠાકુરદીદીની કરુણતાનું પુનરાવર્તન જ થાય, એમ સૂચવીને એના મૃત્યુથી એનો એક ભવ્ય અને કલામય અંત આણ્યો છે.

અપૂર્વનું પાત્ર પણ એટલું જ નિર્દોષ અને નિખાલસ છે, એટલા જ સંયમ અને એટલી જ સહજતાથી સર્જ્યું છે. દુર્ગાને ઘરમાંથી દૂર કરવામાં આવે ત્યારે અંતે એની એકલતાની અસહ્યતા અનુભવતાં ચોપડીમાં માથું ઘાલીને મોટેથી વાંચતો અપૂર્વ, ભવાઈનો ખેલ જુએ પછી એની નકલ કરવામાં જ એના જીવનમાં વીરરસની શક્યતા છે એમ હસતો અપૂર્વ, દુર્ગાના મૃત્યુ પછી પોતાનું મૃત્યુ હવે માતાને ન પાલવે એમ સમજીને વરસાદમાં બહાર જતાં છત્રી લેવાનું ન ભૂલતો અપૂર્વ, આખાયે ચિત્રનું આશ્વાસન છે. કારણ કે ચિત્રના મોટામાં મોટા પાત્ર ઠાકુરદીદીની જેમ જ ચિત્રના નાનામાં નાના પાત્ર અપૂર્વની આંખમાંથી આંસુનું એક ટીપું પણ ન પડાવીને ચિત્રકારે આપણને કેટકેટલું આશ્વાસન આપ્યું છે.

ચિત્રનું સર્વશ્રેષ્ઠ પ્રતીક છે અંધારામાં જેને દોરાથી પરોવવાનો અશક્ય પ્રયત્ન ઠાકુરદીદી કરે છે તે સોય. અંધારામાં જો સોય પરોવી શકાય તો અહીં જીવી શકાય. આ ગ્રામ પ્રદેશની કરુણતા, આ જીવનની અશક્યતા, અને આ કુટુંબના સર્વનાશનું કારણ છે યાંત્રિક સંસ્કૃતિ અને એની આગવી સરજત જેવી મોહમયી મહાનગરીઓ. આ કરુણતાનું

રહસ્ય કલાકારે સીધેસીધું કહ્યું નથી પણ પ્રતીક દ્વારા પ્રગટ કર્યું છે. જ્યારે જ્યારે ચિત્રમાં કોઈ નવી મુસીબત, મથામણ કે મૂંઝવણ આવે છે, માંદગી આવે છે કે મૃત્યુ આવે છે ત્યારે ત્યારે અત્યંત સબૂઝ અને સભાન રીતે ટ્રેઈનનો અવાજ અચૂક આવે છે. નણંદ-ભોજાઈની તકરારથી એક જ ઘરના મનુષ્યો વચ્ચેનો જીવનભરનો માનવસંબંધ તૂટી જાય છે ત્યારે, હજારો માઈલો વચ્ચે ક્ષણવારમાં યાંત્રિક સંબંધો સ્થાપતા તારના થાંભલાનો સૂસવાટ દુર્ગાના અને અપૂર્વના—અને આપણાય તે—કાનમાં કેવો સણકે છે. ટ્રેઈનનું દર્શન તો એક જ વાર કરાવ્યું છે, પણ હર્યાભર્યા હરિયાળા ખેતરના પાક પર એન્જિનનો ધુમાડો કેવી એક સળંગ કાળી લીટી લગાવે છે. અને પસાર થતી ટ્રેઈનનાં પૈડાં વચ્ચેથી છોડ કેવા ઝૂકતા ને નમતા દેખાડ્યા છે. વરસાદ ને વાવાઝોડામાં ઘરનું અને દુર્ગાનું અસ્તિત્વ નાશ પામે છે. દીવાના અને મૂર્તિના કંપ દ્વારા, બારીના પડદાના ફફડાટ દ્વારા અને કમાડના કિચૂડ કિચૂડ અવાજ દ્વારા ઘરમાં ધસમસ પ્રવેશતા મૃત્યુને કેવું મૂર્તિમંત કર્યું છે. તૂટું તૂટું થતા જીવતરના પ્રતીક જેવું પેલું કૂવાનું દોરડું કેવું એકલું લટકે છે. ઠાકુરદીદીને ઘરમાંથી હડધૂત કરીને હડસેલતાં પડતા લોટાનો અવાજ, મીઠાઈની કાવડની ઘંટડીનો દુર્ગાની માંદગી સમયે અગાઉથી જુદો જ અવાજ વગેરે અવાજો કેટલા અર્થપૂર્ણ, અસરકારક અને સૂચક છે. કૂતરું, બિલાડીનાં બચ્ચાં, વાવાઝોડા પછી ઘરના ભંગારછાયા ચોકના ખાબોચિયામાં પડેલું મરેલું દેડકું, અંતમાં અભરાઈ પરથી દુર્ગાએ જેમાં માળા સંતાડી છે તે કચોળાને ઉતારતાં લસરી જતો કરોળિયો અને હંમેશને માટે ઘર ખાલી કરતાં, ગાડામાં ગાંસડાંપોટલાં મેલીને ગામ છોડતાં... આપણે સૌ અહીંથી એક દિવસ સદાયને માટે ચાલ્યા જશું પછી પડીને પાધર થતાં આપણાં ઉજ્જડ ઘરોમાં જે નવા અને સદાયના વસનારા આવી પહોંચશે એમના પ્રતિનિધિ જેવો બે પથ્થરોની વચ્ચેથી પસાર થતો સાપ વગેરે પ્રાણીજંતુઓ પાસેથી પણ કલાકારે કેટકેટલો અર્થ કઢાવ્યો છે. આમ, અનેક અવાજો અને આદિથી અંત લગી રવિશંકરનાં વાદ્યોના કરુણ મધુર અવાજ દ્વારા અને અનેક પ્રતીકો અને આદિથી

અંત લગી આ સમગ્ર પ્રતીકોના સરવાળા જેવા એક સૂચિત પ્રતીક દ્વારા 'પથેર પાંચાલી'ના ચિત્રકારે એક સર્વાંગસુન્દર અને સાંગોપાંગ સંપૂર્ણ કલાકૃતિનું સર્જન કર્યું છે.

બંગાળી ભાષાની બારાખડી પણ ન જાણી હોય તો યે આ ચિત્ર માણી શકાય છે કારણ કે એમાં પ્રતીકો અને અવાજોની ભાષા એ માનવહૃદયની સાર્વભૌમ ભાષા છે.

'પથેર પાંચાલી' જોવું એ જીવનનો એક લહાવો છે.

'પથેર પાંચાલી' જોયા વિના કેમ જિવાય?

['સાહિત્યચર્યા' પુસ્તકઃ ૨૦૦૪]

# કાયદો નહિ, કવિતા

રાજવી કવિ ભર્તૃહરિએ ગર્વભેર ગાયું છેઃ "સુકવિતા યધસ્તિ રાજ્યેન કિમ્." "કાવ્ય જો કરું, પછી શું રાજ્યની જરૂર?" આ એક રાજવીએ ગાયું છે. એટલું જ નહિ, રાજ્યની નિઃસારતા સમજી લેનાર અને એને ત્યજી દેનાર એક દિલ ને દિમાગવાળા રાજવીએ ગાયું છે. કારણ? રાજવી એના રાજ્યની સીમાઓમાં અને તે પણ એ જીવે ત્યાં લગી જ રાજ્ય કરે, પણ કવિ તો સર્વત્ર અને મૃત્યુ પછી પણ રાજ્ય કરે છે. રાજવી કાયદા દ્વારા એટલે કે સત્તા દ્વારા રાજ્ય કરે, પણ કવિ તો કવિતા દ્વારા એટલે કે પ્રેમ દ્વારા રાજ્ય કરે છે. રાજવી સુવર્ણના સિંહાસન પર બિરાજે, જ્યારે કવિ મનુષ્યોના હૃદયના સિંહાસન પર બિરાજે છે.

અંગ્રેજી કવિ શેલીએ કહ્યું છેઃ "અમે કવિઓ જગતના અવિધિસરના વિધાનકર્તાઓ છીએ."

આ વિધાનોનો એક જ અર્થ છે કે જે કાયદાથી ન થાય તે કવિતાથી થાય.

૧૯મી સદીના ઇંગ્લેન્ડમાં કાર્લાઈલ, રસ્કિન, આર્નલ્ડ અને ન્યુમેનના

નિબંધોથી અને ખાસ તો ડિકિન્સની નવલકથાઓથી અંગ્રેજ સમાજમાં જેટલું પરિવર્તન થયું હશે એટલું ભાગ્યે જ કાયદાથી થયું હોય. અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટે જેને ‘એકવ્યકિતજન્ય ક્રાંતિ’ (one-man revolution) કહી છે તે ડિકિન્સે કરી છે. ઇંગ્લેન્ડમાં કાયદો, કેળવણી અને કેદખાનું મુખ્યત્વે આ ત્રણ ક્ષેત્રમાં જે ક્રાંતિ અને પ્રગતિ થઈ તે એક ડિકિન્સને આભારી છે. ૨૦મી સદીમાં પણ શો-ગોલ્સ્વર્ધીનાં નાટકોએ અને એ. પી. હર્બર્ટ જેવાની નવલકથાઓએ કાયદાથી વિશેષ કામ આપ્યું છે. આપણે ત્યાં પણ ગોવર્ધનરામના ‘સરસ્વતીચંદ્ર’થી અને ન્હાનાલાલ અને કંઈક અંશે કલાપીની કવિતાથી અસંખ્ય ગુજરાતીઓનો સંસાર રસ અને સંસ્કારથી હર્યોભર્યો થયો હશે.

પશુમાંથી પરમેશ્વર થવાનો આ પૃથ્વી પર મનુષ્યનો જે પુરુષાર્થભર્યો ઉપક્રમ છે એમાં એને પ્રથમથી જ ધર્મ, કળા, સાહિત્ય વગેરે પાસેથી સહાયની અપેક્ષા રહી છે અને સાહિત્યકારોએ સૈકાઓથી પોતાનો ધર્મ સમજીને એ સહાય મનુષ્યને પ્રેમપૂર્વક આપી છે. જીવનનાં ગહન રહસ્યો પ્રગટ કરવાનું, સમજ અને સહાનુભૂતિ સર્જવાનું, મનુષ્યનો મહિમા ગાવાનું અને અંતે મનુષ્યમાં જે ઈશ્વરી અંશ છે એનું દર્શન કરાવવાનું કર્તવ્ય યુગેયુગે સાહિત્યકારોએ બજાવ્યું છે.

કાયદાનું પાલન મનુષ્યને માટે ફરજિયાત છે. જ્યારે કવિતા દ્વારા હૃદયધર્મનું પાલન મરજિયાત છે અને માટે જ મનુષ્ય એ પાલન જ્યારે કરે છે ત્યારે પ્રેમપૂર્વક કરે છે. મનુષ્યો સાથે કવિનો કોઈ કોલકરાર નથી. કવિ બધું જ મનુષ્યની સ્વેચ્છા પર છોડી દે છે. કાયદો મનુષ્યના બાહ્યવર્તન પર કાબૂ ધરાવે છે. કવિતા સૂક્ષ્મ અસરો દ્વારા મનુષ્યનો આંતરવિકાસ કરે છે. કાયદાથી જે ન થાય તે કવિતાથી થાય એના બે રમૂજી બનાવો બન્યા છે.

નગરો રચ્યા પછી પ્રકૃતિ સાથે પોતાનો પુરાણો સંબંધ સ્થાપવા દક્ષિણ જર્મનીમાં બાગ બાંધ્યા ને લીલોતરીની લીલીછમ જાજમો બિછાવી. મનુષ્યનાં નેત્રોને આનંદ આપવા આમ કર્યું હતું. પણ લોકો તો બસ એના પર જ ચાલે, એનું બધું સૌંદર્ય બરબાદ કરે. નગરપાલિકાએ

દંડ દાખલ કર્યો, ચેતવણીનાં પાટિયાં ચોડ્યાં, કાયદા કર્યા. પણ કંઈ જ અસર નહિ. અંતે કવિતાની ચાર પંક્તિઓ ચીતરી. એનો અંગ્રેજી અનુવાદ આ પ્રમાણે છે.

*Wanderer, hail!*
*But as you pass*
*Walk on the road,*
*Not on the grass;*
*So we may look*
*And tell for true*
*Which are the cows*
*And which are you.*

(સહેલાણી, આવો! પણ ચાલો ત્યારે રસ્તા પર ચાલજો, ઘાસ પર નહિ. જેથી અમે જોઈ શકીએ અને કહી શકીએ કે માણસ કોણ છે ને ઢોર કોણ છે.)

પહેલી પંક્તિમાં કેટલો આદરસત્કાર છે, કેવું આમંત્રણ છે, સન્માન છે. પછી કેવી વિનમ્ર વિનંતી છે. અને અંતે કેવો કટાક્ષ છે કે બુદ્ધિ બરોબર સમજી જાય છે. અને શરીરના બીજા છેડા લગી, પગ લગી છાનોમાનો સંદેશો પહોંચી જાય છે. પછી પગ કદી ઘાસ પર પડતા નથી.

ત્યાર પછી ૧૯૩૭માં આધુનિક અમેરિકામાં ન્યુયોર્કની ટપાલ કચેરી સામેના બાગમાં પણ આમ જ બન્યું. નગરપાલિકાના અધિકારીએ સૂચના મૂકી કે ઘાસથી દૂર રહો. પણ કોણ વાંચે? પછી કવિતાની બે પંક્તિઓ મૂકી:

*Let no one say and say it to your shame*
*That all was beauty here until you came.*

(કોઈને એમ કહેવા ન દેશો, નહિ તો લાજી મરશો કે તમે પધાર્યા તે પહેલાં અહીં બધું જ સુંદર હતું.)

આ બન્ને કવિઓએ એ નગરોના નાગરિકશિક્ષણમાં આવી સામાન્ય

કવિતાથી પણ મહાન અર્પણ કર્યું છે. આ બે નાની હકીકતો સ્પષ્ટ પુરવાર કરે છે કે જે કાયદાથી ન થાય તે કવિતાથી થાય.

કાલાન્તરે પણ આ પૃથ્વી પરથી જો અસદ્ અલોપ થશે તો કોણ કરશે? મનુષ્ય પરમેશ્વર થાય તે પહેલાં એને પશુમાંથી મનુષ્ય કોણ કરશે? કાયદો નહિ, કવિતા.

['સાહિત્યચર્યા' પુસ્તકઃ ૨૦૦૪]

## પશ્ચાતદર્શન થશે ત્યારે—

એકવીસમી સદીને અંતે, ૨૧૦૦ના વર્ષમાં, વીસમી સદીના ગુજરાતી સાહિત્યનું પશ્ચાતદર્શન થશે ત્યારે-

કવિતામાં બલવન્તરાય, ન્હાનાલાલ, સુન્દરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર, લાભશંકર અને સિતાંશુની કૃતિઓ;

નાટકમાં જયંતિ દલાલ અને ઉમાશંકરની એકાંકી કૃતિઓ;

ટૂંકી વારતામાં રામનારાયણ અને પન્નાલાલની કૃતિઓ;

નવલકથામાં મુનશી, પન્નાલાલ અને 'દર્શક'ની કૃતિઓ;

નિબંધમાં કાલેલકર, ભોળાભાઈ, આનંદશંકર, ગાંધીજી, કિશોરલાલ અને સચ્ચિદાનંદની કૃતિઓ;

ચરિત્રસાહિત્યમાં ગાંધીજી, ઇન્દુલાલ [યાજ્ઞિક] અને નારાયણ દેસાઈની કૃતિઓ;

વિવેચનમાં આનંદશંકર, બલવન્તરાય, રામનારાયણ અને ઉમાશંકરની કૃતિઓ;

તથા સાહિત્યિક પત્રકારત્વમાં 'જ્ઞાનસુધા', 'વસંત', 'પ્રસ્થાન', 'કૌમુદી', 'માનસી', 'સંસ્કૃતિ' અને 'ક્ષિતિજ'-આટલી કૃતિઓ તો દૂરદૂરથી પણ ઉન્નત શૃંગોની જેમ દૃષ્ટિગોચર થશે. આ કૃતિઓને નતમસ્તકે વંદન.

# હેતે ઝાલ્યો હાથ

૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના પછી ફોર્બ્સે આયુષ્યના અંત લગી ગુજરાતની પ્રજાને અન્ય અનેક અર્વાચીન સંસ્થાઓ અને પ્રવૃત્તિઓની ભેટ ધરી હતી. ૧૮૪૯માં અમદાવાદમાં 'નેટિવ લાઇબ્રેરી'ની સ્થાપના કરી હતી. ૧૮૪૯માં ગુજરાતી ભાષાનું પ્રથમ સાપ્તાહિક 'અમદાવાદ વર્તમાનપત્ર'નું પ્રકાશન કર્યું હતું. (દર બુધવારે પ્રગટ થતું હોવાથી એનું લોકપ્રિય નામ હતું 'બુધવારિયું'. એનું ૬ રૂપિયા વાર્ષિક લવાજમ હતું, એના ૧૨૫ ગ્રાહકો હતા, એ સ્વનિર્ભર હતું. ૧૮૬૪ લગી એ અસ્તિત્વમાં હતું.) ૧૮૫૦માં હરકુંવરબાઈના સહકારમાં એક કન્યાશાળાનું સંચાલન કર્યું હતું. ૧૮૫૪માં 'બુદ્ધિપ્રકાશ'નું પ્રકાશન કર્યું હતું.

૧૮૫૦માં ફોર્બ્સ સુરતમાં શહેર સુધરાઈના અમલદાર તરીકે નિયુક્ત થયા હતા. અહીં એમણે 'એન્ડ્રુસ લાઇબ્રેરી'ની સ્થાપના કરી હતી. એમાં દર બુધવારે સભાનું આયોજન થતું હતું અને વ્યાખ્યાન થતું હતું. વળી દર બુધવારે 'સુરત સમાચાર' વર્તમાનપત્રનું પ્રકાશન કર્યું હતું.

૧૮૫૧માં ફોર્બ્સ અમદાવાદમાં આસિસ્ટંટ કલેક્ટર તરીકે નિયુક્ત થયા હતા. એમણે ગુજરાતના ઇતિહાસમાં માટે સામગ્રી એકત્ર કરવા માટે ગુજરાત-સૌરાષ્ટ્રનાં અનેક સ્થળે પ્રવાસ કર્યો હતો.

૧૮૫૨માં ફોર્બ્સ મહીકાંઠા એજન્સીમાં પોલિટિકલ એજન્ટ તરીકે નિયુક્ત થયા હતા. આ વર્ષમાં દીપોત્સવી પ્રસંગે ઈડરમાં અનેક કવિઓને પોતાના નિવાસસ્થાને નિમંત્રણ આપીને 'કવિ મેળો' યોજ્યો હતો.

૧૮૫૪માં ફોર્બ્સ ત્રણ વર્ષની રજા પર હતા અને 'રાસમાળા' લખવા અને એનું ઇંગ્લૅન્ડમાં જ પ્રકાશન કરવા ઇંગ્લૅન્ડમાં રહ્યા હતા અને ૧૮૫૬માં 'રાસમાળા: ભાગ ૧,૨'નું ઇંગ્લૅન્ડમાં પ્રકાશન કર્યું હતું.

૧૮૬૨માં ફોર્બ્સ મુંબઈમાં હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત

થયા હતા. મુંબઈમાં એ અતિ લોકપ્રિય હતા. એમને એશિયાટિક સોસાયટીનું પ્રમુખપદ અર્પણ કરવામાં આવ્યું હતું. એનો એમણે વિનયપૂર્વક સ્વીકાર કર્યો ન હતો, પણ એ એના ઉપ-પ્રમુખપદે રહ્યા હતા. મુંબઈ સરકારે એમને મુંબઈ યુનિવર્સિટીના વાઇસચાન્સેલર તરીકે નિયુક્ત કર્યા હતા. ૧૮૬૫માં મુંબઈમાં મુંબઈના નગરજનો અને સૌરાષ્ટ્રના મહારાજાઓનાં મોટી રકમોનાં દાનની સહાયથી 'શ્રી ગુજરાતી સભા' સ્થાપી હતી. ફોર્બ્સના અવસાન પછી એમની સ્મૃતિમાં, એમના સ્મરણાર્થે 'શ્રી ગુજરાતી સભા'નું 'શ્રી ફોર્બ્સ ગુજરાતી સભા' એવું નવીન નામકરણ કરવામાં આવ્યું હતું.

૧૮૬૫માં ૪૪ વર્ષની અતિકાચી વયે 'બહુ વિચાર કરવાથી, અને ઘણાં કામ સાથે લેવાથી મગજમાં રોગ થયો' એથી એમનું અવસાન થયું હતું.

ફોર્બ્સની જન્મભૂમિ ભલો ઇંગ્લૅન્ડ હોય, પણ એમની કર્મભૂમિ તો ગુજરાત જ. ૨૧ વર્ષની વયે આ સાહિત્ય પ્રિય ઇતિહાસવિદ્ એવા એક અંગ્રેજ અમલદાર તરીકે ભારત આવ્યા હતા. ૪૪ વર્ષની વયે એમનું અવસાન પૂનામાં ભારતમાં જ થયું હતું. ૨૩ વર્ષ લગી એમણે ગુજરાત, ગુજરાતી ભાષા અને ગુજરાતની પ્રજા જ્ઞાનસમૃદ્ધ થાય એ માટે ભારે પરિશ્રમ અને પુરુષાર્થ કર્યો હતો. ૧૮૫૬માં 'રાસમાળા'નું પ્રકાશન થયું ત્યારે નર્મદે એની પ્રશંસા રૂપે લખ્યું હતું, "ઓ દેશીઓ! આ શાં તમારાં નૂર! તમે કેવા ઊંઘતા અને આળસુ છો કે તમારી પાસે પડેલી તમારી જ ચીજનું તમે બરાબર ભાન નથી રાખી શકતા! પરદેશીઓ એ વસ્તુઓનું ચોખ્ખું ભાન ધરાવે છે, તોપણ એ ઉપર તમે નિઘા નથી કરતા." તેઓ અંગ્રેજ અમલદાર હતા. છતાં અંગ્રેજી અમલ દરમિયાન જ ૧૮૫૭ના બળવા અંગે એમણે નિર્ભીક અને નિષ્પક્ષ નિવેદન કર્યું હતું: 'લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થાય તેથી જ બળવો થયો.' નર્મદે ફોર્બ્સની મૃત્યુનોંધમાં 'દાંડિયા'માં લખ્યું હતું, "'મુંબઈ ક્વાર્ટરલી રીવ્યુ'માં આર્ટિકલો લખીને પોતાના વિચાર તે વખતના તપેલા અંગ્રેજોનાથી જુદા હતા તે બતાવ્યા હતા. ભાંગના

ક્યારામાં કોઈ વખત તુલસીનો છોડ ઊગી નીકળે છે. તેમ હાલ બેત્રણ વર્ષ થયા ઘણી ચવાયલી અને સઉની દાઢે ચડેલી 'સિવિલ સર્વિસ'માં પણ જૂના ટોપીવાલાઓમાંના કોઈ બડા અચ્છા સાહેબો નીવડેલા છે. તેવા મરનાર એલેકઝાંડર કી. ફોર્બ્સ સાહેબ થયા. ફક્ત એમણે સાહેબી ભોગવી જાણી નથી. એમણે તો ગુજરાતને જ પોતાનું વતન જાણ્યું છે."

આમ, આ ગુજરાતપ્રેમી અંગ્રેજે ગુજરાતને, ગુજરાતના ભાષાસાહિત્યને, ગુજરાતની પ્રજાને અનેક અર્વાચીન સંસ્થાઓ અને પ્રવૃત્તિઓની ભેટ ધરી હતી. પણ એમની સર્વશ્રેષ્ઠ ભેટ તો હતી દલપતરામ, દલપતરામની અર્વાચીનતા.

દલપતરામે નાનપણમાં ગામઠી પ્રાથમિક શાળામાં નહિવત્ ઔપચારિક અભ્યાસ કર્યો હતો. એ અનેક કવિઓની જેમ સ્વશિક્ષિત હતા. એમણે કિશોરવયે જ ઉખાણાં, હડૂલા આદિ કાવ્યસ્વરૂપોમાં કવિતા રચવાનો આરંભ કર્યો હતો. શામળ એમનો પ્રિય કવિ હતો. પછીથી એમણે ફોર્બ્સના સાન્નિધ્યમાં ઉચ્ચ કક્ષાનું અનૌપચારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. દલપતરામના જીવનમાં અને કવનમાં જે નૈતિક મૂલ્યોનો, નૈતિકતાનો આગ્રહ છે એમાં સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રેરણા હતી. પછી એને બૌદ્ધિકતાનું, અર્વાચીનતાનું એક નવું પરિમાણ પ્રાપ્ત થયું એમાં ફોર્બ્સની પ્રેરણા હતી.

દલપતરામે 'રાસમાળા' માટે ગુજરાતના ઇતિહાસની સામગ્રી-હસ્તપ્રતો, કંઠસ્થ લોકગીતો અને લોકકથાઓ આદિ-એકત્ર કરવા ફોર્બ્સની સાથે ગુજરાતમાં સ્થળે સ્થળે પગપાળા પ્રવાસો કર્યા હતા. આ પ્રવાસો દરમિયાન દલપતરામને લોકમાનસનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. એમનાં પદ્ય અને ગદ્ય લખાણોમાં-સવિશેષ હાસ્યનાં કાવ્યો અને નાટકોમાં-એ પ્રગટ થયો છે.

ફોર્બ્સ દ્વારા એમને પશ્ચિમનો અને પશ્ચિમનાં અર્વાચીન જીવનમૂલ્યોનો ગાઢ પરિચય થયો હતો અને એમની ઇતિહાસ-દૃષ્ટિ ખૂલી-ખીલી હતી.

ફોર્બ્સે દલપતરામને નિબંધો લખવાનો આગ્રહ કર્યો હતો. ૧૮૫૦માં

એમણે ઇનામી સ્પર્ધા માટે ભૂત-પ્રેત આદિનો ભ્રમ ભાંગવા માટેનો ‘ભૂતનિબંધ’ લખ્યો હતો અને એ ઇનામ જીતી ગયા હતા. ગુજરાતી ભાષાનો આ પ્રથમ નિબંધ હતો. પછીથી ફોર્બ્સે એનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. દલપતરામને સહજાનંદ સ્વામીની ‘શિક્ષાપત્રી’નો અનુભવ તો હતો જ. પછીથી એમણે જીવનભર ગુજરાતના સમાજનાં દોષો અને દૂષણો-મદ્યપાન, બાળલગ્ન, જ્ઞાતિ, કુસંપ, કુટેવ આદિ-વિશે અનેક નિબંધો લખ્યા હતા. આ નિબંધોની અનેક આવૃત્તિઓનું પ્રકાશન થયું હતું. પછીથી દલપતરામે બે દાયકા લગી ગદ્યમાં માત્ર નિબંધના સ્વરૂપમાં જ નહિ પણ વાર્તા અને સંવાદ તથા નાટકનાં સ્વરૂપોમાં પણ અઢળક સર્જન કર્યું હતું. દલપતરામના આ ગદ્યગ્રંથોનું અનેક આવૃત્તિઓમાં પ્રકાશન થયું હતું. એમાં એમનું હાસ્યપ્રધાન નાટક ‘મિથ્યાભિમાન’ મુખ્ય છે. રમણભાઈએ ગુજરાતી ભાષામાં પ્રથમ હાસ્યપ્રધાન નવલકથા ‘ભદ્રંભદ્ર’ રચી તે પૂર્વે ૧૮૬૯માં દલપતરામે આ નાટક રચ્યું હતું. ગુજરાતી ભાષાનું આ પ્રથમ નાટક છે. જેમાં મૂર્ખતા અને ધૂર્તતાનું વિચિત્ર અને અદ્‌ભુત મિશ્રણ છે એવું જીવરામ ભટ્ટનું પાત્ર એ દલપતરામનું એક ચિરંજીવ સર્જન છે.

[‘ગુજરાત સમાચાર’ દૈનિક: ૨૦૦૬]

# નિરુપમા શેઠ, અજિત શેઠ

## એક વિધવાને કારણે

શસ્ય શ્યામલ બંગાળ. એક નાનકડું ગામ ભાગલપુર. ૧૮૯૭ની એક સમી સાંજ છે. સાહિત્યરસિકોની મંડળી જામી છે —વિભૂતિ અને તેના થોડા મિત્રો. એક યુવતી પણ ત્યાં હાજર છે અને પડદા પાછળ બેઠી બેઠી સાહિત્યગોષ્ઠિમાં ભાગ લઈ રહી છે. વિભૂતિની તે બહેન છે ને લખવાનો તેને શોખ છે. તેનું લખાણ વંચાય છે. મંડળીમાંનો એક લાંબો પાતળો યુવાન એ યુવતીના લખાણથી પ્રભાવિત થાય છે. પોતાની રચના પણ એ સંભળાવે છે. એ સાંભળતાં યુવતી જાણે ખોવાઈ જાય છે.

એ યુવતીનું નામ નિરુપમા, જે પાછળથી બંગાળી સાહિત્યમાં નિરુપમા દેવી નામે પ્રસિદ્ધ થયાં. 'દીદી', 'વિધિલિપિ', 'અન્નપૂર્ણાનું મંદિર' વગેરે એમનાં પુસ્તકો જાણીતાં છે. સાહિત્ય અને કલામાં રસ ધરાવતા કુલીન પરિવારમાં એ ઊછરેલાં.

પેલો લાંબો સરખો યુવાન તે શરદચંદ્ર. મિત્ર વિભૂતિના પરિવારમાં તે કુટુંબીજનની જેમ ભળી ગયેલો. નિરૂપમાની સાહિત્યપ્રતિભાથી તેના તરફ આકર્ષાયેલો. પણ તેને પ્રત્યક્ષ નિહાળવાનો અવસર કદી મળ્યો ન હતો. બધો વ્યવહાર પર્દા પાછળથી. સૈકા પહેલાંનો હિંદુ સમાજ. સ્ત્રીઓને ઘૂમટામાં જ રહેવાનું.

એવામાં એક દુર્ઘટના બની. પંદર વરસની વયે વિધવા બનીને નિરૂપમા પિતૃઘરે પાછી ફરી. અકાળે વિધવા બનેલી બહેનનો આઘાત સહેતા વિભૂતિને આશ્વાસન આપવા મિત્રો અવારનવાર આવતા. એ રીતે શરદચંદ્ર પણ કલાકો વિભૂતિ સાથે ગાળતા. તેમાં અનાયાસે નિરૂપમાને સદેહે નિહાળવાનો અવસર એમને સાંપડ્યો. નિરૂપમાની સાહિત્યપ્રીતિ અને કલમશક્તિ તરફ તો આકર્ષણ હતું જ. હવે તેના રૂપથી મુગ્ધ

બનીને શરદચંદ્ર તેના સ્નેહમાં પડી ગયા.

પણ તે સમયના રૂઢિચુસ્ત બંગાળી સમાજમાં કિશોરી વિધવાને પોતાના શેષ જીવનકાળમાં કોઈને પ્રેમ કરવાનો, કોઈનો યે પ્રેમ સ્વીકારવાનો ક્યાં અધિકાર હતો? યુવાન શરદચંદ્ર મનોમન મૂંઝાતા રહ્યા. અને આ મુગ્ધ પ્રણયની વેદનામાં એમણે એક વાર્તા લખી નાખી: ‘અનુપમાનો પ્રેમ’. તેનું વિષયવસ્તુ નિરૂપમાના જીવનને નખશિખ મળતું આવે છે.

*

એક દિવસ ઘરમાં નિરુપમા એકલી છે. સૌ કોઈ કામેકાજે બહાર ગયું છે. શરદ બહાર લખવા-વાંચવામાં મગ્ન છે. અચાનક...

કોણ જાણે કેમ, શરદ પોતાનું મન ખાળી શક્યા નહીં. ઘરની અંદર પ્રવેશી નિરુપમા સામે આવી ઊભા રહી ગયા. પ્રેમ ક્યારેક દુસ્સાહસી બની જાય છે. બોલ્યા: “કેમ છો?”

અત્યંત ધર્મપરાયણ વિધવા શરદને સહસા જોઈ હતપ્રભ થઈ ગઈ. એક પળ પણ યુગ જેવી થઈ ગઈ. પછી સાહસ કરી ખૂબ મહેનતથી બોલી: “મહેરબાની કરી અહીંથી ચાલ્યા જાવ. તમારે અહીં ન આવવું જોઈએ...”

અને શરદ ધીરે ધીરે પાછા વળી ગયા, નત મસ્તકે ચાલ્યા ગયા. વેદના સહન ન થતાં થોડા દિવસમાં ભાગલપુર હંમેશ માટે છોડ્યું. પ્રથમ પ્રીતિની નિષ્ફળતાથી ઊર્મિમય હૃદય કંપી ઊઠ્યું. ભાગલપુર છોડ્યું અને શરદ સાવ રખડુ થઈ ગયા. આ નિરાશા અને આઘાતમાં તે સાહિત્યનો આશરો લે છે. તેની કલમે એક પછી એક નવલકથા રચાયે જાય છે. તેમની કથાઓની સર્વ વિધવા નાયિકાઓમાં નિરુપમાના ચરિત્રની પ્રચ્છન્ન છાપ છે. કદાચ આ કારણે જ પોતાની રચનાઓમાં તેઓ વિધવા સ્ત્રીના તેના પ્રેમી જોડે ક્યારેય વિવાહ કરાવી શક્યા નહીં.

[‘કોરેલ ગ્રામ અને નિરુપમા દેવી’ પુસ્તિકા]

# નિર્મળા દેશપાંડે

## વિચાર ગળે ઊતરે તો જ

૧૯૫૩ની વાત છે. બિહારના હજારીબાગ જિલ્લામાં ભૂદાનયાત્રા ચાલતી હતી. હજારીબાગ શહેરમાં પગ મૂકતાંની સાથે કેટલાક સજ્જનોએ આવીને વિનોબાને ખબર આપ્યા: “બિહાર સરકારના ગોવધબંધીના કાયદામાં ગાયની સાથે બળદની હત્યા પર પણ પ્રતિબંધ મુકાય તે માટે વીરજી નામના એક ભાઈ આમરણ ઉપવાસ પર ઊતર્યા છે; આજે ઉપવાસનો આઠમો દિવસ છે. વીરજીની હાલત અત્યંત ચિંતાજનક છે. તમે એમને સમજાવીને ઉપવાસ છોડાવો.”

વિનોબા તરત સંમત થયા. વીરજીના ઘર તરફ પ્રયાણ કરતાં મહાદેવીને કહ્યું, “થોડાં સંતરાં સાથે લઈ લે.”

મૃત્યુને દરવાજે પહોંચી ચૂકેલા વીરજી વિનોબાને પ્રણામ કરીને બોલ્યા, “સારું થયું આપનાં દર્શન થયાં તે, હવે હું સુખેથી મરી શકીશ.”

જરા હસીને વિનોબા બોલ્યા: “મરવાની કશી જરૂર નથી. તમારા આમરણ ઉપવાસ સત્યાગ્રહ નથી, પણ દુરાગ્રહ છે; એવો મારો અભિપ્રાય છે. એ વાત તમારે ગળે ઉતારવા જ હું આવ્યો છું. દેશ સ્વતંત્રા થયો છે, લોકશાહી પદ્ધતિથી દેશનો કારભાર ચાલે છે. જનતા પાસે જઈ, પોતાના મતનો પ્રચાર કરી, જનમતને પોતાની તરફેણમાં કરવાની તમને સ્વતંત્રતા છે, તેનો ઉપયોગ કરવાનું પડતું મેલીને તમે ઉપવાસ શા માટે આદર્યા છે? લોકોને તમારો વિચાર સમજાવો. પછી પ્રજા તે મુજબ સરકાર પાસે કાયદો કરાવશે. ઉપવાસ એ સત્યાગ્રહમાં આખરી ઉપાય છે. બીજાં બધાં શસ્ત્રા નિષ્ફળ ગયા પછી જ તેને અડવાનું હોય. સત્યાગ્રહ એટલે ધાકધમકી નથી. સત્યાગ્રહ એટલે તો પ્રેમ-પ્રકાશ. આજની હાલતમાં તમારા આ ઉપવાસ બધી રીતે અયોગ્ય છે. માટે તે છોડી દો.”

વાતાવરણ ક્યાંય સુધી સ્તબ્ધ રહ્યું. પછી વીરજીએ પોતાની બાજુ માંડી. વિનોબાએ સત્યાગ્રહના શસ્ત્રાનું વિવેચન કરીને ફરીથી પોતાનો વિચાર વીરજીને ગળે ઉતારવા પ્રયત્ન કર્યો. છેવટે વીરજીએ કહ્યું, “તમારી આજ્ઞા હશે તો હું ઉપવાસ છોડીશ.”

આ સાંભળીને લાગલા જ વિનોબા બોલ્યા: “તો તો ધરાર ના છોડશો. હું તો કોઈનેય આજ્ઞા કરતો નથી, અને કોઈની આજ્ઞા માગતો પણ નથી. હું તમને ફક્ત એક વિચાર સમજાવું છું. એ વિચાર તમારે ગળે ઊતરે તો જ ઉપવાસ છોડજો, ગળે ન ઊતરે તો ન છોડશો. એમ કરતાં પ્રેમપૂર્વક મૃત્યુને આધીન થજો. તમારો આ ઉપવાસ એટલે સરકાર સામે તાકેલી પિસ્તોલ છે. એ શુદ્ધ સત્યાગ્રહ નથી, એવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે.”

વીરજી ફરીફરીને કહેતા રહ્યા કે, “તમે આજ્ઞા આપો. તમારા જેવા મહાન સંતના શબ્દ ખાતર હું ઉપવાસ છોડીશ. બાકી તમારો વિચાર મારે ગળે ઊતર્યો નથી… તમે આજ્ઞા આપો.”

મોતની સાથે બાથે ચડેલા આ હાડપિંજરને જોઈને ત્યાં ઉભેલા પ્રતિષ્ઠિત સજ્જનો વિનોબાને આજીજી કરવા લાગ્યા, “આપો, આપો, આજ્ઞા આપો ને તેનો પ્રાણ બચાવો.”

વીરજી તરફ જોતાં વિનોબા બોલ્યા, “હું તમારા આ ખોળિયાને બચાવવા આવ્યો નથી. તમારા શું કે કોઈના શું, ખોળિયાની મને મુદ્દલ ચિંતા નથી. આ ખોળિયું આજે નહીં તો કાલે પડવાનું જ છે. તમને જે વિચાર યોગ્ય લાગે તેને ખાતર મરવું, એ તમારું કર્તવ્ય છે. હું તો તમને ફક્ત વિચાર જ સમજાવું છું કે આ તમારો ઉપવાસ એ સત્યાગ્રહ નથી. એ વિચાર ગળે ઊતરે તો જ ઉપવાસ છોડજો.”

વાતાવરણ ગંભીર થતું જતું હતું. “આજે આખો દિવસ હું ગામમાં જ છું, આવતી કાલે સવારે અહીંથી નીકળીશ. માટે દિવસભર વિચાર કરી જુઓ. વિચારને અંતે તમને મારું કહેવું બરાબર લાગે તો મને ખબર આપજો. હું ખુશીથી પાછો આવીશ અને મારા હાથે સંતરાંનો

રસ પાઈને પારણાં કરાવીશ. પણ મારો વિચાર ગળે ન ઊતરે તો આપણા છેલ્લા જુહાર. સતત પરમેશ્વરનું સ્મરણ કરતા રહેજો.”

સાંજ પડી. વીરજીને ઘેરથી સંદેશો લઈને કોઈક આવ્યું. પોતાના પડાવ પરથી વિનોબા પાછા વીરજીને મળવા નીકળી પડ્યા. “દિવસ આખો વિચાર કરતો રહ્યો છું. તમારી વાત મને ઠીક લાગે છે.” દુર્બળ અવાજે વીરજીએ કહ્યું.

હસીને વિનોબા બોલ્યા, “પૂરો વિચાર કરીને નિર્ણય કરજો. શરીરને બચાવવા ખાતર નહીં, પણ આ ઉપવાસ અયોગ્ય છે એવું સમજાય તો જ ઉપવાસ છોડવાનો નિર્ણય કરજો.” વીરજીને વિચાર બરાબર સમજાયો છે તેની ખાતરી કર્યા પછી સંતરાંના રસનો પ્યાલો તેના હાથમાં આપી વિનોબા ‘વેદ’ના મંત્રો ઉચ્ચારવા લાગ્યા.

[‘ભૂમિપુત્રા’ દશવારિક: ૧૯૫૭]

# નીતિન વિ. મહેતા

## રાહ કોણ જોશે?

*ઓરડાના ખૂણાએ પ્હેરી ઉદાસી ને*
*ભીંત બધી ધ્રુસકે રડી.*

*ઉંબરે ઊભાં રહી રાહ કોણ જોશે,*
*હવે દેશે હોંકારો કોણ હૂંફથી;*
*મોભને ગજવશે હવે કોણ એની ગર્જનાએ,*
*શીતળતા દેશે કોણ ફૂંકથી?*

# નીના ભાવનગરી

## સંસ્કૃત કવિતા

પુષ્પદન્ત-વિરચિત 'શિવમહિમ્નઃ સ્તોત્ર' એક લોકપ્રિય સ્તોત્ર છે. એમાંનું એક પદ્ય તો શિવભક્તોના નિત્યપાઠનો અંશ બની ગયું છે:

*અસિતગિરિસમં સ્યાત્કજ્જલં સિન્ધુપાત્રે*
*સુરતરુવરશાખાં લેખિની પત્રમુર્વીમ્,*
*લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં,*
*તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ.*

શ્યામગિરિ સમુ કાજળ સમુદ્રના પાત્રમાં કાલવીને, કલ્પવૃક્ષની ડાળીને કલમ બનાવીને, પૃથ્વી જેવડા વિશાળ કાગળ પર સ્વયં શારદા સદાકાળ લખ્યા કરે, તોપણ હે ઈશ! તમારા ગુણોનો પાર ન આવે.

ભર્તુહરિના 'વૈરાગ્યશતક'માં તીવ્ર વિરાગની ભાવના આલેખતાં પદ્યો છે, વૈરાગ્યની ભાવના વિના બધા ભોગવિલાસ નિરર્થક છે, એવો ભાવ સૂચવતું આ પદ્ય જુઓ:

"બધી ઇચ્છાઓ પૂરનારી લક્ષ્મી પ્રાપ્ત થઈ, તેથી શું? દુશ્મનોને વશ કરી લીધા, તેથી શું? વૈભવના પ્રભાવથી સ્નેહીજનો આવી મળ્યા, તેથી શું? દેહધારીઓના દેહ અમર થઈ ગયા, તેથી શું?" વિશ્યાપેભોગ અને મનુષ્યજીવનની નશ્વરતાને વેધક રીતે વર્ણવતું આ પદ્ય જુઓ:

*ભોગા ન ભુક્તાઃ વયમેવ ભુક્તાઃ*
*તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ*

*કાલો ન યાતો વયમેવ યાતાઃ*
*તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ*

ભોગો નથી ભોગવાયા, આપણે જ ભોગ બની ગયા. તપ નથી તપાયું, આપણે જ સંતાપ પામ્યા. કાળ નથી વીત્યો, આપણે જ (મૃત્યુ

તરફ) ગતિ કરી છે. તૃષ્ણા જીર્ણ નથી થઈ, આપણે જ જીર્ણ થયા છીએ.

['સંસ્કૃત ઊર્મિકાવ્યો' પુસ્તિકા : ૨૦૦૬]

# ‘નીરજ’

## મેલા એક મશાલકા

*આજ જનમદિન હૈ, ઓ બચ્ચે, વીર જવાહરલાલકા!*
*વહી જવાહર જો ખુદમેં થા મેલા એક મશાલકા....*
*મુસલમાનકા કાબા થા તો હિન્દૂકી વહ કાશી થા,...*
*તનસે રાજકુમાર સલોના, મનસે પર સંન્યાસી થા;*
*સબસે સચ્ચા સિક્કા થા વહ મિટ્ટીકી ટકસાલકા....*

*બન ગુલાબ મહકા જાકર વહ ઈસ ક્યારી, ઉસ ક્યારીમેં,*
*પ્રાંત-પ્રાંતકો એક બનાતા ફિરાકી હર ફુલવારીમેં;*
*બડા રસિક થા, કભી નાચતા થા ગ્વાલોંકી ટોલીમેં,*
*કભી રંગકી પિચકારી ખુદ બન જાતા થા હોલીમેં,*
*કભી બોલતા રાજનીતિ તો કભી શાયરોંકી ભાષા....*

[‘કારવાં ગુઝર ગયા’ પુસ્તક]

## તુમ્હેં મરને ન દેંગે

*તુમ બતાતે થે કિ અમૃત સે બડા હૈ હર પસીના,*
*આંસુઓ સે હૈ ન જ્યાદા કીમતી કોઈ નગીના;*
*યાદ હરદમ વહ કસમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.*

*તુમ નહીં થે વ્યક્તિ, તુમ આઝાદિયોં કે કારવાં થે,*
*અમ્ન કે તુમ રહનુમા થે, પ્યાર કે તુમ પાસબાં થે;*
*યહ હકીકત હૈ, ન ભ્રમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.*

*તુમ લડકપન કે લડકપન, તુમ જવાનોં કી જવાની,*
*સિર્ફ દિલ્લી હી ન, હર દિલ થા તુમ્હારી રાજધાની;*
*પ્યાર વહ અબ ભી ન કમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.*

['જ્યોતિ જલે' પુસ્તક]

## કારવાં ગુઝર ગયા

*હાથ થે મિલે કિ ઝુલ્ફ ચાંદકી સંવાર દૂં,*
*હોઠ થે ખુલે કિ હર બહારકો પુકાર દૂં,*
*દર્દ થા દિયા ગયા કિ હર દુખીકો પ્યાર દૂં,*
*ઔર સાંસ યૂં કિ સ્વર્ગ ભૂમિ પર ઉતાર દૂં.*

*હો સકા ન કુછ મગર,*
*શામ બન ગઈ સહર,*
*વહ ઉઠી લહર કિ ઢહ ગયે કિલે બિખર-બિખર;*
*ઔર હમ ડરે ડરે,*
*નીર નયનમેં ભરે,*
*ઓઢકર કફન પડે મઝાર દેખતે રહે:*
*કારવાં ગુઝર ગયા, ગુબાર દેખતે રહે.*

['મિલાપ' માસિક: ૧૯૬૫]

## અબ યુદ્ધ નહીં હોગા-નહીં હોગા!

*મૈં સોચ રહા હૂં: અગર તીસરા યુદ્ધ છિડા,*
*ઈસ નઈ સુબહકી નઈ ફસલકા ક્યા હોગા?...*

*યહ નદિયોંકા લહરોંકે બાલ ખોલ ચલના,*
*યહ પાનીકે સિતાર પર ઝરનોંકા ગાના;*

*મૈંનાઓંકી નટખટી, ઠિઠાઈ તોતોંકી,*
*યહ શોર મોરકા, ભૌર ભૃંગકી યહ ગુનગુન;*
*બિજલીકી કડક-તડક, બદલીકી ચટક-મટક,*
*યહ જોત જુગનુઓંકી, યહ ઝીંગુરકી ઝુનઝુન;*

*કિલકારી ભરતે હુએ દૂધસે યહ બચ્ચેં,*
*નિર્ભીક ઉછલતી હુઈ જવાનોંકી ટોલી;*
*રતિકો શરમાતી હુઈ ચાંદસી યહ શકલેં,*
*સંગીત ચુરાતી હુઈ પાયલોંકી બોલી;...*

*ક્યા ઈન સબ પર ખામોશી મૌત બિછા દેગી?*
*ક્યા ધ્રુન્ધ-ધુઆં બનકર સબ જગ રહ જાયેગા?*
*ક્યા કૂકેગી કોયલિયાં કભી ન બગિયામેં?*
*ક્યા પપિહા ફિર ન પિયાકો પાસ બુલાયેગા?*
*મૈં સોચ રહા: યુગ જો ઇતિહાસ લિખ રહા હૈ,*
*ક્યા રક્ત ધુલેગા ઉસકી સાદી સ્યાહીમેં?*
*ક્યા લાશોંકે પહાડ પર સૂરજ ઉતરેગા?*

*ક્યા ચાંદ સિસકિયાં લેગા ધ્વંસ તબાહીમેં?*
*ક્યા ખિઝાં ચાટ લેગી શબાબ ઈન ફૂલોંકા?*
*ક્યા ધૂપ અંધેરેકી દાસી હો જાયેગી?*
*ક્યા પી જાયેગા રેગિસ્તાન નર્મદાકો?*
*ક્યા ગંગાકા સૈલાવ ભાપ બન જાયેગા?*
*ઝુક જાયેગા ક્યા શીશ હિમાલય યોગીકા?*
*બિન્ધ્યાચલમેં પતઝાર દુબારા આયેગા?*

*મૈં સોચ રહા: જો ફૂલ રહા ખેતોંમેં, ઉસ*
*બચપનકો ગોદ મિલેગી ક્યા સંગીનોંકી?*
*મિટકર મિટ્ટીકે સર પર જો ધર રહા તાજ,*
*ઉસ શ્રમકો ઉમ્ર મિલેગી ટૈંક-મશીનોંકી?*
*જો અભી-અભી સિન્દૂર દિયે ઘર આઈ હૈ,*

*જિસકે હાથોંકી મેહંદી અબ તક ગીલી હૈ,*
*ઘૂંઘટકે બાહર આ ન સકી હૈ અભી લાજ,*

*હલ્દીસે જિસકી ચૂનર અબ તક પીલી હૈ-*
*ક્યા વહ અપની લાડલી બહન સાડી ઉતાર,*
*જાકર બેચેગી નિજ ચૂડિયાં બાઝારોંમેં?*
*જિસકી છાતીસે ફૂટા હૈ માતૃત્વ અભી,*
*વહ મા ક્યા દફ્નાયેગી દૂધ મઝારોંમેં?*
*ક્યા ગોલીકી બૌછાર મિલેગી સાવનકો?*
*ક્યા ડાલેગા વિનાશ ઝૂલા અમરાઈમેં?*

*ક્યા ઉપવનકી ડાલોંમેં ફૂલેંગે અંગાર?*
*ક્યા ઘૃણા બજેગી ભૌંરોંકી શહનાઈમેં?...*
*ચાણક્ય, માર્ક્સ, ઍંજિલ, લેનિન, ગાંધી, સુભાષ-*
*સદિયાં જિનકી આવાઝોંકો દુહરાતી હૈં;*
*તુલસી, વર્જિલ, હોમર, ગોર્કી, શાહ, મિલ્ટન-*
*ચટ્ટાનેં જિનકે ગીત અભી તક ગાતી હૈં:*
*મૈં સોચ રહા-ક્યા ઉનકી કલમ ન જાગેગી,*
*કરવટેં ન બદલેંગી ક્યા ઉનકી કબરેં જબ-*
*ઉનકી બેટી વેશ્યા બનાઈ જાયેગી?*

*જબ ઘાયલ સીના લિયે એશિયા તડપેગા,*
*તબ બાલમીકકા ધૈર્ય ન કૈસે ડોલેગા?*
*ભૂખી કુરાનકી આયત જબ દમ તોડેગી,*
*તબ ક્યા ન ખૂન ફિરદૌસીકા કુછ બોલેગા?*
*સુન્દરતાકી જબ લાશ સડેગી સડકોં પર,*
*સાહિત્ય પડા મહલોં મેં કૈસે સોયેગા?*
*જબ કૈદ તિજોરીમેં રોટી હો જાયેગી,*
*તબ ક્રાન્તિ-બીજ કૈસે ન પસીના બોયેગા?*
*હંસિયેકી જંગ છુડાનેમેં રત હૈ કિસાન,*

*હૈ નઈ નોક દે રહા મજુર કુદાલીકો;*
*નભ બસા રહા હૈ નયે સિતારોંકી બસ્તી,*
*ભૂ લિયે ગોદમેં નયે ખૂનકી લાલીકો.*

*બઢ ચુકા બહુત આગે રથ અબ નિર્માણોંકા:*
*બમ્બોંકે દલદલસે અવરુદ્ધ નહીં હોગા;*
*હૈ શાંતિ-શહીદોંકા પડાવ હર મંજિલ પર:*
*અબ યુદ્ધ નહીં હોગા-અબ યુદ્ધ નહીં હોગા!*

[હિન્દીની ચૂંટેલી શાંતિ-કવિતાનો સંગ્રહ ‘શાંતિલોક’]

# નોર્મન કઝીન્સ

## શબ્દોનો રણકાર

એક મહાન લેખકના શબ્દો જેટલાં શક્તિશાળી શસ્ત્રો કોઈ પણ સરકાર પાસે નથી. યોગ્ય શબ્દો એ જગતે જોયેલું પરિવર્તન માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. લોકોના ચિત્તમાં શબ્દોનો સાચો રણકાર સંભળાય છે ત્યારે, જેનો પ્રતિકાર ન કરી શકાય તેવી શક્તિઓ સંચાલિત થાય છે.

*

પ્રગતિ વિના સંસ્કૃતિ નહીં, વિચારો વિના પ્રગતિ નહીં, પુસ્તકો વિના વિચારો નહીં. પુસ્તક મારફત માણસ બીજાના કોઈ પણ અનુભવને પોતાનો કરી શકે છે, પોતાની પસંદગીના યુગમાં જીવી શકે છે, એક જ જિંદગીમાં અનેક અવતારો ભોગવી શકે છે.

# ન્હાનાલાલ કવિ

## અરુણોદય

*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે;*
*ઊગે છે ઉષાનું રાજ ધીમે ધીમે;*
*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...*

*રજનીની ચૂંદડીના*
*છેડાના હીરલા શા,*
*ડૂબે છે તારલા આજ ધીમે ધીમે;*
*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...*

*પરમ પ્રકાશ ખીલે,*
*અરુણનાં અંગ ઝીલે;*
*જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે...*
*જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે;*
*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...*

## લઈ જા

*અસત્યો માંહેથી, પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,*
*ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા;*
*મહામૃત્યુમાંથી અમૃત સમીપે, નાથ! લઈ જા,*
*તું-હીણો હું છું તો તુજ દરસનાં દાન દઈ જા...*

# હરિનાં દર્શન

*મ્હારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી;*
*એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી.*
*શોક-મોહના અગ્નિ રે તપે, ત્હેમાં તપ્ત થયાં;*
*નથી દેવનાં દર્શન રે કીધાં, ત્હેમાં રક્ત રહ્યાં.*

*પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;*
*નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઊભર્યા,*
*નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઈ રહે;*
*નાથ વાયુની પેઠે રે સદા મુજ ઉરમાં વહે.*

*જરા ઊઘડે આંખલડી રે, તો સન્મુખ તેહ તદા;*
*બ્રહ્મ બ્રહ્માંડ—અળગા રે ઘડીયે ન થાય કદા.*
*પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ ત્હેને ચેતનની?*
*જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ ત્હોયે કંઈ દિનની.*

*સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;*
*જીભ થાકીને વિરમે રે, 'વિરાટ, વિરાટ' વદી.*
*પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ! ક્યહારે ઊઘડશે?*
*એવાં ઘોર અન્ધારાં રે પ્રભુ! ક્યહારે ઊતરશે?*

*નાથ! એટલી અરજી રે, ઉપાડો જડપડદા;*
*નેનાં! નીરખો ઊંડેરું રે, હરિવર દરસે સદા.*
*આંખ! આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી;*
*એક મટકું તો માંડો રે, હૃદયભરી નીરખો હરિ.*

## એ જ સાચાં મૂલ!

લાધીશોને, ગુર્જર કવિવરોને, ગુર્જર સાહિત્યકારોને મારી વિનવણી એટલી છે—

‘ગુજરાતીમાં સાહિત્ય’ એ પ્રશસ્તિવાદના ગોઝારા મોહકૂપમાં પુરાઈને ન ડૂબતા. દૃષ્ટિ સદા વિશ્વપ્રતિ રાખજો કે, મ્હારા લેખનું જગતસાહિત્યમાં સ્થાન શું? છેલ્લાં સત્તાવીસ વર્ષથી આછો અધૂરો યે હું તો એ આદર્શ ઉપાસતો આવ્યો છું! ગુર્જર સાહિત્યકૃતિઓનાં ને ગુર્જર સાહિત્યકારોનાં યે મૂલ જગતબાઝારમાં મૂલવાશે એ જ સાચાં મૂલ!

[‘અર્ધશતાબ્દીના અનુભવબોલ’ પુસ્તક]

—

*શૂરવીર સૌરાષ્ટ્રી યશવાન,*
*કચ્છનાં સાહસિક સંતાન;*
*ખંડખંડ વિસ્તરતો હિંદી મહાસાગર મહારેલ,*
*તીર-તીર જઈ સ્થાપી ગુર્જરી સંસ્થાનોની વેલ;*
*મહાસાગરનાં પૃથ્વી-વિશાળ*
*સરોવર કીધાં ગુર્જરી બાળ!*

## પુણ્યપ્રદેશ

*સ્થળેસ્થળ નવપલ્લવના પુંજ,*
*નદી ને તળાવ કેરી કુંજ;...*
*જગજૂનાં નિજ ગીત ગરજતો ફરતો સાગર આજ,*
*કેસર ઊછળી ઘૂઘવે ગરવો વનમાં જ્યહાં વનરાજઃ...*

*ધન્ય હો! ધન્ય જ પુણ્યપ્રદેશ,*
*આપણો ગુણિયલ ગુર્જર દેશ!*

—

*સરોવર ભરિયાં, સાગર ભરિયા, ભરિયાં આભ અનંત;*
*એક ખાલી અમ ઉરની કટોરી, હરિ!*

## ફૂલની ફોરમ…

*ફૂલની ફોરમ ફૂલમાં ન માયે,*
*તટમાં સરિતા ન માય;…*
*લહરિયાં સાગરમાં સમાય.*

## સરોવર ભરિયાં…

*સરોવર ભરિયાં, સાગર ભરિયાં, ભરિયાં આભ અનંત,*
*એક ખાલી અમ ઉરની કટોરી, હરિ!*

## પિતા!…

*પિતા! પેલો આઘે જગતવીંટતો સાગર રહે,*
*અને વેગે પાણી સકળ નદનાં તે ગમ વહે;*
*વહો એવી નિત્યે અમ જીવનની સર્વ ઝરણી*
*દયાના, પુણ્યોના તુજ, પ્રભુ! મહાસાગર ભણી.*

# ભારતસંતાનોનો નિત્યધર્મ

ભારતનાં સંતાનો!

સાગરને તીરે એક બંદર છે. બંદરમાંથી સેંકડો નૌકાઓ દિશદિશામાં સફર ખેડવા સંચરે છે. કોઈ માલ લઈને જાય છે, કોઈ માલ લઈને આવે છે. ભારતના બંદરેથી શો માલ લઈ જઈને જગ-બંદરોમાં આપશો? નિકાસ ને આયાત તમે શેની કરશો? કાળ ને અવકાળના મહાસાગરોને ખેડનારી તમે આત્મનૌકાઓ છો: શું લાવશો? ને શું શું લઈ જશો?

ભારતના આધ્યાત્મ-વહેવારિયાઓ! ભારતની અધ્યાત્મ-સંસ્કૃતિનો વેપાર ખેડજો. હા, ભારતનો ભાર તમારે માથે છે; ભારતનું ભલું તમારા ભાગ્યમાં છે.

પણ ભારતનો ઉદ્ધાર ભારતવાસીઓને કાજે જ વાંછવો, તેયે શું એક સ્વાર્થ નથી? ઉમદા સ્વાર્થ છે, પણ સ્વાર્થ જ છે.

શાણાઓ કહે છે કે આજ ભારત દુખી છે, તેમ જગતેય દુખી છે; આજ ભારત ભૂલું પડ્યું છે, તેમ જગતેય ભૂલું પડ્યું છે. જગતના ઉદ્ધારને કાજે, માનવજાતિનાં શુભને કાજે, ભારતનો ઉદ્ધાર વાંછજો!

*

જેવો વ્યક્તિધર્મ છે, નગરધર્મ છે, પ્રાંતધર્મ છે, દેશધર્મ છે, તેવો જ જીવનનો ‘જગત’ધર્મ પણ છે. જેવો કાળધર્મ છે, તેવો શાશ્વત ધર્મ છે. આપણો ભારતસંતાનોનો શાશ્વત ધર્મ કિયો?

ભારતપ્રસાર એ જ સહુ ભારતવાસીઓનો શાશ્વત ધર્મ. ભારતની અધ્યાત્મવલ્લભ સંસ્કૃતિ આત્મામાં ભરવી, ભારતીય સંસ્કૃતિને પોશક અધ્યાત્મતત્ત્વ જગતસંસ્કૃતિઓમાંથી ભારતમાં આણવું, અને એ અધ્યાત્મસમૃદ્ધ ભારતસંસ્કૃતિ જડવલ્લભ જગતમાં વિસ્તરવી: ભારતીય હો તે સહુનો એ નિત્યધર્મ છે. ખંડખંડમાંથી યુગયુગમાંથી ભારતીય સંસ્કૃતિને પોશક અધ્યાત્મતત્ત્વનાં સાત્ત્વિક ધન નૌકાઓ ભરીભરી આણવાં, ભારતીય સંસ્કૃતિનાં સાત્ત્વિક ધન મહાનૌકાઓ ભરીભરી દેશદેશે પ્રજાપ્રજાને પાઠવવાં: એ જ ભારતવાસીઓનો શાશ્વત ધર્મ.

ભારતભોમના વાસીઓ! સુણશો?-આતુર જગત આમંત્રે છે:

*ઊઠ, ઓ ભરતગોત્ર! તુજ વાટ*
*જુવે જો! જગત કાળને ઘાટ.*

['સંસારમંથન' પુસ્તક]

—

*ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર;*
*ભણે તુજ કુલયશના જોર-દોર;*
*ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર.*

*નિરખો ઉજાસ, નૃપ! ભયો ભોર;*
*વનવન ગરજે, નૃપ! મોર મોર;*
*ઝીણી જલઝકોર*
*ઉગતે પહોર*
*ભણે બિરદ ઓર*
*નૃપ! ઠોર ઠોર:*
*ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર.*

# દેવી દુખહારિણી

*આભના વરણથી આંજી વિશાળ તુજ આંખડી,*
*આભના ભેદમાં જોતી દૃષ્ટિ તે તાહરી વડી....*
*પ્રારબ્ધિ, પુણ્યશાળી ને પાપ-પાવનકારિણી;*
*ધૈર્ય, ગાંભીર્યથી ધીંગી, દેવી! તું દુખહારિણી.*

# માવડીએ દીધો—

*ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ:*
*મોંઘામૂલો છે મ્હારો વીર જો!—ખમ્મા. …*

*આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ:*
*ઘરમાં ઉજાસ મ્હારો વીર જો!—ખમ્મા. …*

*દેવે દીધી છે મ્હને માવડી રે લોલ:*
*માવડીએ દીધો મ્હારો વીર જો! ખમ્મા!*
*વીરાને જાઉં વારણે રે લોલ.*

# પટ્ટાભી સીતારામૈયા

## ત્યાં સુધી—

ઈસ્ટ ઇન્ડિયા કંપનીની વિદાય પછી ભારતમાં બ્રિટિશ સરકારના સીધા શાસનની સ્થાપના થઈ. તેમાં પણ પ્રજા પરના અન્યાયો ચાલુ રહ્યા. ખેડૂતો પર ત્રાસ, ગરીબી, લૂંટ વગેરે જુલ્મો, વાણીસ્વાતંત્ર્ય પર અંકુશ, દુકાળ... એમ લોકો પીડાતા રહ્યા.

તે કાળે એલન હ્યુમ નામના એક અંગ્રેજ અહીં સરકારના મોટા અધિકારી હતા. આટઆટલી બરબાદી છતાં આ દેશના લોકો અન્યાયનો સામનો કરવા માટે જાગતા કેમ નથી, તેનું એમને અચરજ અને દુ:ખ હતું. તેમને લાગ્યું કે ભારતના લોકોનું એક એવું સંગઠન હોવું જોઈએ, જે એમનાં દુ:ખોનો પડઘો પાડે અને સરકારના કારભાર સામે માથું ઊંચું કરે. પણ તેમણે જોયું કે આ દેશના લોકો નિષ્ક્રિય છે, અંગત સ્વાર્થ અને નાનીનાની વાતોમાં ગૂંચવાયેલા રહે છે. એ હ્યુમના પ્રયત્નોથી ૧૮૮૫માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસનો જન્મ થયો.

તે પહેલાં બેએક વરસે એલન હ્યુમે કલકત્તા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એક ખુલ્લો પત્રા લખ્યો હતો અને ભારતના યુવાનો તથા સમસ્ત પ્રજાને સંગઠિત થવાની હાકલ કરેલી. એ પત્રામાંથી થોડો ભાગ નીચે આપ્યો છે :

“આ દેશના આગળ પડતા ને વિચારવાન લોકો પણ જો એટલા પામર હોય, અથવા પોતાના અંગત સ્વાર્થમાં એટલા રચ્યાપચ્યા રહેતા હોય, કે પોતાના દેશનું કાર્ય કરવા માટે પ્રવૃત્ત ન જ થઈ શકે, તો પછી પરદેશીઓ તેમને કચડે તે સ્વાભાવિક છે. પ્રત્યેક પ્રજાને પોતાની યોગ્યતાના પ્રમાણમાં જ સારી કે નરસી રાજ્યવ્યવસ્થા પ્રાપ્ત થતી હોય છે. આ દેશના નવનીત સમાન અને ઊંચી કેળવણી પામેલા લોકો પણ જો એશઆરામ અને સ્વાર્થ ફગાવી દઈને સ્વતંત્રતા મેળવવા

માટે ખંતભેર પ્રયાસ કરી શકતા ન હોય, તો તેનો અર્થ એટલો જ કે હિંદ અત્યારે જે રાજવહીવટ હેઠળ છે તેનાથી સારો અમલ તેને જોઈતો નથી, કે એ માટે તેની યોગ્યતા નથી. પ્રજાકીય કામો કરવા માટે જરૂરી ઉત્સાહ જો તમારામાં ન હોય, સામાજિક કલ્યાણ માટે મચી પડનારા ઉચ્ચ કોટિના પરમાર્થનો તમારામાં અભાવ હોય, અંગ્રેજોએ જેને કારણે આજે પોતાનું સ્થાન સિદ્ધ કર્યું છે તે સ્વદેશપ્રેમ જો તમારા હૃદયમાં વસતો ન હોય, તો પછી તેઓ તમારી પર રાજ્ય ચલાવે એ સ્વાભાવિક છે. સ્વાર્થના ત્યાગથી અને બીજાંની સેવાથી જ સુખ પ્રાપ્ત થાય છે એવું ભાન તમને જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી એ લોકો તમારી ઉપર રાજ કરવાના, તમારી પાસે વેઠ કરાવવાના જ—પછી ભલે તેમની ધૂંસરી તમને ગમે તેટલી ડંખતી હોય.”

# 'પથિક' પરમાર

## તો ખરા!

*ઝાંઝવાંને બાથ ભીડો, તો ખરા;*
*પેટમાં અજગરને પાળો, તો ખરા.*

*દીવડાને દૂર રાખી જ્યોતથી*
*અંધકારોને ઉલેચો, તો ખરા.*

*પાનખરને આમ હડસેલો નહીં;*
*શક્યતાને આવકારો, તો ખરા.*

*સામસામે જોઈ લેવું ઠીક છે;*
*ભીંત સોંસરવા નિહાળો, તો ખરા.*

*ચાર પળનો ચટકો ક્યાંથી પાલવે?*
*શ્વાસના સંબંધ રાખો, તો ખરા.*

*એક હોઠે સ્મિત ફરકાવો અને*
*એક આંખે ગમ વહાવો, તો ખરા.*

*દ્વાર સામે ઝૂરતી પીળાશ છે;*
*સ્હેજ દરવાજો ઉઘાડો, તો ખરા.*

['વિશ્વમાનવ' માસિક: ૧૯૭૭]

# પન્ના નાયક

## કપાયેલી નાળ

*એક વૃદ્ધાના સૌંદર્યની હલચલ,*
*આંખોનો મધુર અવાજ,...*
*બધું જાણે*
*એક જ ઝાટકે*
*થઈ ગયું સ્થિર...*
*મારા જન્મ સમયે*
*કપાયેલી*
*સંબંધક નાળ*
*ફરીને...*

## તમે શું કહેશો?

*તરફડાટ એટલે... ?*
*તમે કહેશો :*
*જલ બહાર આણેલા*
*કોઈ મીનને પૂછી જુઓ!*
*પણ*
*ઘૂઘવતા ઉદધિની ભીતર*
*જે*
*કોરું કોરું તરફડે*
*એને તમે શું કહેશો?*

*તરફડાટ એટલે?*
*તમે કહેશો,*
*જલ બહાર આણેલા*
*કોઈ મીનને પૂછી જુઓ!*
*પણ ઘૂઘવતા ઉદધિના ભીતર*
*જે*
*કોરું કોરું તરફડે,*
*એને તમે શું કહેશો?*

['પ્રવેશ' પુસ્તક]

# પન્નાલાલ પટેલ

## વિશ્વાસનું વાવેતર

અમારી શાળામાં એક સંત માણસનો આજે વાર્તાલાપ હતો. સમય થતાં હું મારા વર્ગનાં બાળકોને પ્રાર્થના-મંદિરમાં લઈ ગયો. પાંચેક મિનિટ થઈ હશે ને

આચાર્યશ્રી મહેમાન સાથે આવી પહોંચ્યા. આચાર્યશ્રીએ મહેમાનની ટૂંકી ઓળખાણ આપી પછી એ મહેમાન ઊભા થયા અને કહેવા લાગ્યા :

પ્યારાં બાળકો,

જ્યારે જ્યારે તમારા જેવાં બાળકો આગળ બોલવાનું આવે છે ત્યારે મારા બચપણનો એક પ્રસંગ યાદ આવતોકને ઊભો રહે છે.

એ વખતે મારી ઉંમર અગિયાર-બારની હતી. મારા પિતા એક સારા કેળવણીકાર હતા. અમે લોકો મુંબઈના એક પરામાં રહેતાં હતાં.

મારે એક ચાર-પાંચ વર્ષની નંદા નામે બહેન હતી. અમને બેઉને જોડેના પરામાં બાપુજીના એક મિત્રાની સંસ્થામાં ભણવા માટે મૂક્યાં હતાં. નંદાનું બાલમંદિર પણ મારી શાળા ભેગું જ હતું, એટલે હું તથા નંદા બસમાં બેસીને સાથે જતાં ને સાથે જ પાછાં આવતાં.

આમ તો જોકે, બસભાડું તથા વાપરવાના પૈસા બા જ મને આપતાં. પણ એ દિવસે બા બહારગામ ગયાં હતાં. એટલે હું તથા નંદા ખભે બસ્તા ભરાવી બાપુજી પાસે પૈસા માગવા ગયાં. મેં કહ્યું : “લાવો બાપુજી, પૈસા.”

“શું ?” કહેતાં બાપુજીએ ટેબલ ઉપર મૂકેલા એક મોટા પુસ્તકમાંથી નજર ઉઠાવી ચશ્માં કાઢી આંખો ચોળી. જાણે કોઈ ઓરડામાંથી બહાર આવીને જોતા હોય તેમ અમારી સામે જોયું. હસીને પૂછ્યું : “કેમ બેટા, શું છે ?”

મેં કહ્યું: "લાવો ત્રણ આના."

"કેમ ત્રણ આના?"

"કેમ તે—બે આના મારા જતા-વળતાના, ને એક આનો ચવાણાનો!"

"ને નંદાને?"

બાપુજીના આ અજાણપણા ઉપર મને હસવું આવ્યું: "હા... હા...નંદાને શું વળી?"

"કેમ?" એને નાસ્તાના નહિ, પણ બસના તો ખરા ને?"

વળી પાછું મને હસવું આવ્યું: નંદાને બાલમંદિર તરફથી નાસ્તો મળતો હતો એ બાપુજી જાણતા હતા, પણ એનું બસભાડું નથી પડતું એ વાતની એમને એક વર્ષ થવા આવ્યું તોય ખબર ન હતી! મેં કહ્યું: "એની ક્યાં ટિકિટ પડે છે, બાપુજી?"

બાપુજીને કાં તો થયું હશે: કાયદો બદલાઈ ગયો કે શું? નવાઈ પામતાં બોલ્યા: "કેમ? ચાર-ચાડાચાર વર્ષના બાળકની અડધી ટિકિટ કેમ નહિ?"

"અરે, પણ કંડક્ટર જ નથી માગતો ને!"

બાપુજીએ બાજુની ભીંતે ભેરવેલા પહેરણમાંથી પાકીટ કાઢતાં કહ્યું: "એ ન માગે તોય આપણે સામેથી આપવું. એ શું જાણે કે આની ઉંમર ત્રણ વર્ષ કરતાં વધારે છે?"

બસ ચૂકી જવાની બીકને લીધે મેં બોલ્યા-ચાલ્યા વગર પાંચ આના લઈને ખિસ્સામાં મૂક્યા, ને નંદાને આગળ કરી ચાલતો થયો.

મને હતું કે બે દિવસ પછી બા આવશે ત્યારે એને નંદાની ટિકિટના પૈસા આપતાં, બાપુજીએ આ પૈસા બઝાડયા છે એની ગમ્મતભરી વાત કરીશ.

પણ બસમાં બેઠો ત્યાં જ નંદાએ એની લૂલી હલાવવી શરૂ કરી: "ભાઈ, મારી ટિકિટ મને આપજે."

ટિકિટો આપતો કંડક્ટર બાજુમાં આવ્યો ત્યાં વળી બોલી ઊઠી:

“ભાઈ, લઈ લે ને આપણી ટિકિટો!”

મને એના ઉપર એવી તો ચીઢ ચઢી! પણ બસની અંદર એને દબડાવવા જાઉં તો ઊલટાની વાત ફૂટી જાય. ને મેં એને પટાવી: “જો, હમણાં તું ચૂપચાપ બેસી રહે. નીચે ઊતરીને હું તને—”

ને પછી કંડક્ટર પાસેથી મારી એકલાની ટિકિટ લઈ નંદાને એ આપી રાખી, “લે, રાખ તારી પાસે.”

“પણ તારી?”

મેં એના કાનમાં કહ્યું: “હમણાં ચૂપ બેસ. પછી નીચે ઊતરીને તને ગમ્મતની વાત કરીશ.”

ને નંદા બિચારી ચુમાઈને બેસી રહી.

પણ નીચે ઊતરતાં વળી એણે વાત ઉપાડી: “ભાઈ, બાપુજીએ તો આપણા બેઉની ટિકિટ લેવાનું કહ્યું હતું ને?... ત્યારે તેં એક જ કેમ લીધી?”

“આ બચેલા પૈસાની આપણે ચોકલેટ લઈશું.” આમ કહીને મેં એને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

પણ નંદા ન માની. એને તો ચોકલેટ કરતાં પોતાના હાથમાં ટિકિટ આવે, ને તેય પાછી પોતાના નામની, એ વાતનો વધારે રસ હતો. અને મેં, શાળાનો દરવાજો આવતાં હાલ તુરત એને શાંત કરી: “ઠીક છે, જતી વખતે લઈશું...”

ને જતી વખતે વળી પાછો નંદાએ, બસમાં બેસતાંની સાથે એનો ટકટકારો શરૂ કરી દીધો: “ભાઈ, લેજે હાં ટિકિટ!... મને આપજે હાં, ભાઈ..”

ને કંડક્ટર આવ્યો ત્યારે તો એણે, મને જાણે કાનમાં કહેતી હોય તેમ, ધીમે બોલતાં આંગળીઓ પણ ખોસવા માંડી: “લે ને ભાઈ; ભાઈ, બે લેજે, હાં!”

પણ જ્યારે મેં એક જ ટિકિટ લીધી ત્યારે તો એ એટલી બધી

નિરાશ થઈ ગઈ! અરે, રડવા આડે એક આંસુ આવવાં જ બાકી હતાં. આ વખતે તો મારી ટિકિટ પણ એણે ન લીધી. મેં એના હાથમાં થમાવી તો એણે મારા ખોળામાં પાછી ફેંકી દીધી.

ને ઘેર જતાંમાં જ એણે ઑફિસમાંથી હમણાં જ આવેલા બાપુજીને ફરિયાદ કરી: "ભાઈએ તો, બાપુજી, મારી ટિકિટ લીધી જ નો'તી." આ વખતે તો એની આંખમાં આંસુ પણ આવી ગયાં.

બાપુજીએ પ્રેમપૂર્વક અમને બેઉને સામે બેસાડયાં ને પછી આખીય વાત અમારી પાસેથી જાણી લીધી.

શા માટે મેં ટિકિટ ન લીધી એનું કારણ અત્યાર સુધી મેં ગોઠવી દીધું હતું; કહ્યું: "ટિકિટ તો લેત પણ પછી બા આવે ને નંદાની ટિકિટના પૈસા ન આપે તો?"

મારો ભય અર્થ વગરનો છે એમ બાપુજીએ કહ્યું, એટલે પછી એમના કરતાં હું જાણે વધારે ડાહ્યો હોઉં એ જાતની મેં બીજી વાત કરી: "કંડક્ટર માગે નહિ, પછી આપણે સામે જઈને શું કામ આપવા?...બાએ પણ આમ જ કહી રાખ્યું છે કે માગે તો કે'જે કે, કાલથી લઈ આવીશ."

પણ બાપુજીએ તો મારી આ હોશિયારીની વાત જાણે કાને જ ન ધરી, સાટે એમણે મને લાંબીચોડી શિખામણ આપી, જેનો સાર કાઢીએ તો આમ કહેવાય: "બસ આપણને વહી લઈ જાય એના બદલામાં આપણે એને એના કાયદા અનુસાર ત્રણ વરસ પછી અડધું ભાડું આપવું જ જોઈએ. ન આપીએ તો એ આપણે ચોરી કરી કહેવાય."

પણ ખરું કહું તો એ વખતે બાપુની આ શિખામણ સાંભળવાનો, એટલે કે કાને ધરવાનો, કોણ જાણે કેમ પણ હું માત્ર ડોળ જ કરી રહ્યો હતો.

પરંતુ બીજી સવારે તૈયાર થઈને હું તથા નંદા બાપુજી પાસે પૈસા લેવા ગયાં એ વખતે એવી એક વાત બની કે એ ઉપરથી બાપુજીએ કરેલી એક નાનીશી ટકોર, મીણના ગઠ્ઠામાં તીર ખૂંપે એ રીતે, આજ

દિવસ સુધી મારા હૃદયમાં ખૂંપી રહી છે!

મેં બસ-ભાડાના પૈસા માગ્યા એ સાથે જ નંદા બોલી ઊઠીઃ “બાપુજી! મારી ટિકિટના (પૈસા) મને આપો.”

આ સાથે જ બાપુજી જાણે કોઈ બૉમ્બ પડ્યો હોય એ રીતે સ્તબ્ધ થઈ ગયા. નંદા ઉપરથી નજર ઉઠાવી, મારી દયા ખાતા હોય એ રીતે મારી સામે જોતાં પૂછ્યુંઃ “શું સમજ્યો, બેટા?”

પણ મને એમાં કંઈ સમજ ન પડી. એટલે બાપુજી સામે તો નંદા તરફ, એમ હું જોવા લાગ્યો.

બાપુજીએ પૂછ્યુંઃ “શા માટે નંદા એની ટિકિટના પૈસા પોતે લેવાનો આગ્રહ રાખે છે?”

હું જાણે સમજી ગયો હોઉં તેમ બોલી ઊઠ્યોઃ “હાં, બાપુજી...! એને બસની ટિકિટો રમવા જોઈએ છે ને એટલે!”

મારી વાત ન માનતા હોય એ રીતે બાપુજીએ નંદા સામે જોયું.

નંદા બોલી ઊઠીઃ “ના બાપુજી, ભાઈ મારી ટિકિટ લેશે જ નહિ!”

બાપુજીએ જરા દુઃખ સાથે મારી સામે જોયું, ને વળી મારી દયા ખાતા હોય

એ રીતનું હસ્યા. કહ્યુંઃ “જોયું ને બેટા! નંદાને તારો હવે વિશ્વાસ જ નથી પડતો!”

હું તો એવો લજવાઈ ઊઠ્યો કે બાપુજી સામે જોઈ જ ન શક્યો!

અલબત્ત, આ પછી નંદાને સમજાવીને એના પૈસા મને જ આપ્યા. પણ આ સાથે કહેલું વાક્ય એવું તો મારા હૈયામાં ઘર કરી ગયું છે!

ધીર ગંભીર અવાજે બાપુજીએ કહ્યું હતું, “આમ કરતાં કરતાં જગતમાં તું અવિશ્વાસનાં બીજ વાવતો ન થઈ જાય એ વાત, આજના પ્રસંગ ઉપરથી, ખૂબ ધ્યાનમાં રાખજે, બેટા.”

# પરમાનંદ કું. કાપડિયા

## વિરલ ગુણાઢ્યતા

અભ્યાસની ઉજ્જ્વળ કારકિર્દી પછી ધંધાવ્યાપારમાં જે જઈ શક્યા હોત, તે વૈકુંઠભાઈ લ. મહેતાનું ખેંચાણ પહેલેથી સામાજિક અને સાર્વજનિક પ્રવૃત્તિ તરફ હતું. તે જમાનાના મુંબઈ ઇલાકામાં સૌથી ટોચની ગણાતી બોમ્બે પ્રોવિન્શિયલ કો-ઓપરેટીવ બૅન્કમાં તે ૧૯૧૩માં જોડાયા, આગળ જતાં મેનેજિંગ ડિરેક્ટરના પદે પહોંચ્યા, અને કુલ ૩૩ વરસ સુધી તેમણે ત્યાં કામ કર્યું. સહકારી પ્રવૃત્તિને તેમણે પોતાના જીવનના એક મિશન તરીકે સ્વીકારી હતી. હરિજનોના ઉદ્ધારને લગતા આંદોલનમાં એમણે ૩૦ વરસથી વધુ સમય લગી સેવા આપેલી. ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ સાથે પણ તેઓ ગાઢપણે સંકળાયેલા રહેલા અને ગાંધીજીનો આદર મેળવી શકેલા. સહકારી તેમ જ સામાજિક ક્ષેત્રે તેમણે વરસો સુધી બજાવેલી સેવાની કદરરૂપે અંગ્રેજ સરકારે તેમને ૧૯૧૬માં કૈસરે હિન્દનો રજત ચંદ્રક, અને આગળ જતાં સુવર્ણ ચંદ્રક પણ અર્પણ કરેલો. પણ ૧૯૨૦માં સરકારે અખત્યાર કરેલી દમનનીતિના વિરોધમાં વૈકુંઠભાઈએ બંને ચંદ્રકો સરકારને પરત કરેલા.

પોતાની ઘણી અનિચ્છા છતાં, ગાંધીજી અને સરદાર વલ્લભભાઈના આગ્રહને વશ થઈને વૈકુંઠભાઈ ૧૯૪૬માં મુંબઈ રાજ્યના કોંગ્રેસી પ્રધાનમંડળમાં જોડાયેલા. નાણામંત્રી તરીકે છ વરસ કામ કરીને એક કુશળ અર્થનિષ્ણાત તરીકે એમણે સારી નામના મેળવી હતી. પ્રગાઢ વિદ્વત્તા, ઊંડી કાર્યનિષ્ઠા, અપૂર્વ નમ્રતા, મિતભાષિતા અને આદરપ્રેરક પવિત્રતાઃ આવી તેમની ગુણાઢ્યતા ગુજરાતમાં તો શું—ભારતભરમાં વિરલ ગણાઈ છે.

# પર્લ બક

## પ્રેમની હત્યા

ધરતીના દૂર દૂરના છેવાડાના પ્રદેશો સુધીયે બાળકો માટેનો પ્રેમ સર્વત્રા જોવા મળે છે. એ પ્રેમ જીવનને ભર્યુંભર્યું રાખનારો છે. આશા અને શ્રદ્ધાનો એ નવો જન્મ છે.

શ્રદ્ધા રાખવાની અને ચાહવાની તત્પરતા લઈને જ બાળક અવતરે છે—શ્રદ્ધા કે દુ:ખમાં કોઈક શાતા પૂરશે ને પીડાનું શમન કરશે... અને પછી એ દિવસ, એ ઘડી કેટલી વેદનામય બને છે, જ્યારે એ વિશ્વાસનો ઘાત થાય છે! તેમ છતાં બાળકોની ક્ષમાશક્તિ અકલ્પ્ય હોય છે. પ્રેમ માટેનાં તમામ કારણો નાબૂદ થઈ ગયાં હોય ત્યારે પણ તેમનું પ્રેમઝરણું વહેતું જ રહે છે. માબાપો પોતાની જાતને એ પ્રેમ માટે નાલાયક સાબિત કરી ચૂક્યાં હોય, તે પછીયે લાંબા કાળ સુધી બાળકો તો પોતાનાં જનક-જનનીને ચાહવાનું ચાલુ રાખવાનાં જ.

બાળકના હૈયામાં રહેલા પ્રેમની હત્યા કરવી બહુ મુશ્કેલ છે—પણ એ કરી શકાય છે; હા, એ કરી શકાય છે ખરી. અને એ હત્યા થાય છે ત્યારે, બાળક જ્યારે જાણ પામે છે કે પોતે જેને ચાહે છે એવી કોઈ વ્યક્તિએ તેને છેહ દીધો છે ત્યારે, એ જખમ પછી કદી રુઝાવી શકાતો નથી. એ બાળક પોતાનું શેષ જીવન એક જખમી પ્રાણી બની વિતાવે છે, શ્રદ્ધાપૂર્વક એ ફરી કદી ચાહી શકતું નથી. એવો પ્રાણઘાતક જખમ કોઈ બાળકને થયો છે કે નહિ તે એના વદન પરથી, એની આંખોની મીટ પરથી, પારખી શકાય છે. બાળકમાં છલના નથી હોતી, બાળક કશું ગોપવી રાખતું નથી. એ જે રીતે મીટ માંડે છે, તેની મારફત એ બધું પ્રગટ કરી દે છે.

બાળક પ્રેમ ઝંખે છે. તેના વિકાસને માટે પ્રેમ આવશ્યક છે. પરંતુ એ એક નિસ્વાર્થ પ્રેમ હોવો જોઈએ. બાળકના પોતાના વિકાસ સિવાય

બીજા કશા બદલાની તેમાં અપેક્ષા ન હોવી જોઈએ. અને એ બદલો જ શું પૂરતો નથી? એક બાળકના દેહનો, ચિત્તનો, આત્માનો વિકાસ થાય; પોતાની જાતમાં જ લીન એવું એક નાનકડું નવજાત પ્રાણી એક જવાબદારી ભરેલા, પ્રવૃત્તિમય મનુષ્યરૂપે પરિવર્તન પામે—તે નિહાળવાના આનંદ કરતાં મોટો જીવનનો બીજો કોઈ આનંદ હોઈ શકે?

# પાંડુરંગ આઠવલે

## ભગવાન તે જ આપે

ભગવાન આપણે માગીએ તે આપવાવાળા નથી. શંકરાચાર્યે नमस्कृताभीष्टवरप्रदाभ्याम् કહ્યું છે. अभीष्टवरप्रदाभ्याम् એટલે મારું જેમાં કલ્યાણ હોય તે જ એ આપે, બાકી બીજું ન આપે. જેનાથી જીવનનો વિકાસ થાય તે જ ભગવાન આપે.

સાધકના જીવનમાં આવો અનુભવ ઘણી વખત આવે. એનો પુણ્યસંચય થયેલો હોય અને ભગવાન પાસે એ કાંઈ માગણી કરતો હોય પણ તે મળતું ન હોય. આમ છતાં, 'મારો આટલો પુણ્યસંચય થવા છતાં મને મળતું કેમ નથી?' એવું તેને લાગતું નથી.

માગ્યા પછી તરત આપે તે મા જ નહીં. માગ્યા પછી ના પાડે તેનું નામ જ મા! માગ્યા પછી તરત આપે તે બીજા. એ તો કહે—'લે, જા ને મર.' એમનું શું જવાનું છે? પણ માની ભૂમિકા જ જુદી હોય. મા પાસે માગો તો પણ એ આપે જ એવું નહિ. અંગ્રેજીમાં એક કહેવત છે 'Jam yesterday, jam tomorrow, no jam today.' છોકરો ખૂબ ગળ્યું ખાય એટલે એની તબિયત બગડે. તેથી તે મીઠાઈ માગે ત્યારે એની મા કહે: 'ગઈ કાલે મીઠાઈ હતી, આવતી કાલે પણ આપીશ, પણ આજે મીઠાઈ નહીં મળે.' આવી રીતે મા જ ના પાડે. હોટેલવાળો ના ન પાડે. ભગવાન હોટેલવાળો નથી કે તમે પૈસા—પુણ્ય આપો કે તરત તમે માગો તે આપે. ભગવાન મા છે. હોટેલવાળાને તો પૈસા કમાવા છે—તમારું પેટ બગડે તો એના બાપુનું શું જાય? એને તો, તમે પૈસા આપો એટલે આપવું જ પડે. પણ ભગવાન આવી રીતે બંધાયેલા નથી કે એ માગો તે આપે જ. આ ભગવાનનું માતૃવાત્સલ્ય છે. તેથી જ શ્રી શંકરાચાર્યજી કહે છે ભગવાન अभीष्टवरप्रदाभ्यम्—એટલે કે જેમાં કલ્યાણ હોય તે જ આપવાવાળા છે.

# પાંડુરંગ ગ. દેશપાંડે

## પ્રતિકાર-શક્તિનો નિર્માતા

પંદરમા-સોળમા સૈકામાં મધ્યયુગના અંધારામાંથી બહાર પડેલી યુરોપની પ્રજાઓમાં નવું ચૈતન્ય સ્ફુરવા લાગ્યું અને આખી દુનિયાને પાદાક્રાન્ત કરવાની તમન્ના તથા સાહસવૃત્તિ તેમનામાં થનગનાટ કરવા લાગી હતી. એ સાહસવૃત્તિથી પ્રેરાઈને અંગ્રેજ લોકો મૂળ એક વેપારી મંડળી તરીકે હિન્દમાં આવ્યા. અહીં આવ્યા પછી હિન્દની રાજકીય સ્થિતિ જોઈને તેમને થયું કે આપણે જો કુનેહથી કામ લઈશું તો કુસંપ, અજ્ઞાન, વહેમો, શિસ્તનો અભાવ ઇત્યાદિને લીધે છિન્નવિછિન્ન થયેલી આ પ્રજા પર સત્તા જમાવી શકીશું. અને હિન્દી પ્રજાની એ ક્ષતિઓનો પૂરેપૂરો લાભ લઈ એવી સત્તા જમાવવાની તેમણે શરૂઆત કરી દીધી. પ્રથમ બંગાળ-બિહારથી માંડી એકે એકે બીજા પ્રાંતો પર પોતાનું વર્ચસ્વ તેઓ સ્થાપન કરતા ગયા. આવી રીતે મુલકનો કબજો લીધા પછી પોતાની સત્તા વ્યવસ્થિત અને સ્થિર બનાવવાનું કામ તેમણે હાથમાં લીધું. એ દિવસોમાં વિલાયતથી હિન્દ આવેલા એલ્ફિન્સ્ટન, મનરો, માલકમ, મેટકાફ વગેરે જેવા બહુ જ કાબેલ, દૂરદષ્ટિવાળા અને સંસ્કારસંપન્ન માણસો પણ તેને મળ્યા. તેમણે ચાલુ કરેલી સુંદર રાજવ્યવસ્થાને પરિણામે, ૧૯૦૬માં લખેલા એક લેખમાં લોકમાન્ય ટિળકે જણાવ્યું છે તેમ—

“અંગ્રેજી રાજ્ય એટલે કાયદાનું, ન્યાયનું, સુધારાનું રાજ્ય એવી માન્યતા લોકોમાં ફેલાઈ. સાહેબ લોકોની રાજ્યવ્યવસ્થાની ટાપટીપ, તેમણે કવાયત શીખવેલી પલટણો, આંકી આપેલી વ્યવસ્થાની શિસ્ત, રાજ્યના અમલદારોના કાયદાથી ઠરાવેલા ક્રમાનુસારી અધિકારો, દેશનો વેપાર તથા વહેવાર વ્યવસ્થિતપણે ચાલે તે માટે બનાવેલા રસ્તા, ટપાલની વ્યવસ્થા, પોલીસ ખાતું, અને થોડા વખત પછી દાખલ થયેલી

આગગાડી ને તારના સંદેશાની વ્યવસ્થા —એ બધું જોઈને લોકોમાં આશ્ચર્ય ને કૌતુકની લાગણી ફેલાઈ અને ટોપીવાળાઓની હોશિયારી જોઈને તેઓ ચકિત થઈ ગયા. સામાન્ય લોકો જ શું, પણ પેશવાના મોટા મોટા સરદારો અને જાગીરદારો પણ આશ્ચર્યમાં ગરકાવ થયા હતા. છેલ્લા બાજીરાવના વખતની અંધાધૂંધીનો અંત આણી અંગ્રેજોએ વ્યવસ્થા સ્થાપી, એ આપણા ઉપર પરમેશ્વરનો એક ભારે ઉપકાર છે, અનુગ્રહ છે, અને આ શાંતિના રાજ્યમાં આપણું ને આપણાં બાલબચ્ચાંનું કલ્યાણ થશે એમ તેમને લાગ્યું. ધર્મની બાબતમાં અમે હાથ ઘાલતા નથી, એવી તેમની પ્રતિજ્ઞા, બધા ધર્મના લોકોને પોતપોતાના આચાર મુજબ વર્તવાની પૂરેપૂરી છૂટ, વ્યક્તિસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય, અને મિલકતની સલામતી —આ અથવા આના જેવી જ બીજી વસ્તુઓથી લોકોનાં મન આકર્ષિત થયાં. એકંદરે આમજનતાને એ ક્રાન્તિ તે વખતે લાભદાયક અને સંતોષકારક લાગી હતી. જમીનની મોજણી થઈને પહેલી મોજણી વખતે મહેસૂલ ખૂબ ઘટાડવામાં આવ્યું; વતનદારોના હક નક્કી કરવામાં આવ્યા અને તેઓ જાગીરદારોની પકડમાંથી મુક્ત થયા. વેપાર પરના કર ઓછા થયા અને સડકો થવાથી ખુલ્લો વેપાર શરૂ થયો. દેશમાં આગગાડી જેવાં કામો શરૂ થયાં અને પરદેશમાંથી જે મૂડી અહીં આવીને વપરાઈ તેથી લોકોને વધારે મજૂરી મળવા લાગી, એટલું જ નહીં પણ રાજ્યનો કમિશ્નર જેવો અધિકારી ગરીબોની પણ દાદ સાંભળવા લાગ્યો. ઘેર બાપનું શ્રાદ્ધ હોય તો કારકુનને રજા મળવા લાગી અને વળી મહિનાનો પગાર નિયમિતપણે મળવા લાગ્યો. અંગ્રેજોએ પેશવાઈનો અંત આણ્યો તે આપણું અપમાન કરવા માટે નહીં, પણ આપણા હકોનું સંરક્ષણ કરવા માટે, એવી તે વખતના મોટા લોકોની સમજણ હતી. આ બધા લોકો અંગ્રેજોની ટાપટીપ અથવા શિસ્ત અને તેમનો શાંતિભર્યો કારભાર એ બધાં પર આફરીન થઈ ગયા હતા. ટૂંકમાં એ રાજ્ય-ક્રાંતિ રાયથી રંક સુધી બધા જ લોકોને સુખદાયક ભાસી.”

જિતાયેલી પ્રજાના માનસમાં પોતાને વિશે અહોભાવ, ધાક ને આદર

પેદા થાય અને તે અંજાઈ જાય, પ્રજા પોતાને વિશેનો આત્મવિશ્વાસ ખોઈ બેસે ને નાહિંમત થાય અને રાજકર્તાઓની સરખામણીમાં હીનત્વનો ભાવ તે ધારણ કરતી થાય તે માટે વિજેતાઓએ સફળ પ્રયત્ન કર્યો. અને હિન્દની પોતાની રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇત્યાદિ વસ્તુઓથી માંડીને કુદરતી-ભૌગોલિક સ્થિતિ અને આબોહવા સુધી બધી બાબતો વિશે પ્રજામાં એ હીનત્વ-ભાવ સોંસરો ઊતરી ગયો. રાજ્યકર્તાઓની બધી જ વસ્તુઓ સારી અને પોતાની બધી ઊતરતી કોટિની, ફેંકી દેવાને જ પાત્ર, એવી માન્યતા પ્રજામાં રૂઢ અને સ્વાભાવિક જેવી બની ગઈ.

એટલે જ્યારે દેશનું રાજ્યતંત્ર, અર્થતંત્ર અને તેને અંગેનાં બધાં કામોનું નિયંત્રણ તથા જવાબદારી અંગ્રેજ રાજ્યકર્તાઓએ પોતાના હાથમાં પૂરેપૂરાં લીધાં, ત્યારે દેશના લોકોને એ ઝાઝું ખટક્યું નહીં.

સમરાંગણ પરની હાર કરતાં સાંસ્કૃતિક ક્ષેત્રમાં આ જે હાર હિન્દને મળી, તે તેને વસમી પડી અને રાજકીય સ્વાતંત્ર્ય મળ્યા છતાં તે હજી તેમાંથી ઊંચું આવી શક્યું નથી.

દેશની આવી મોહિત દશામાંથી તેને બહાર કાઢવા માટે સૌથી મોટી જરૂરિયાત તેનામાં આત્મવિશ્વાસ પેદા કરવાની હતી. ટિળકની પહેલાંના આપણા ઘણાખરા આગેવાનોએ દેશના વિવિધ ક્ષેત્રોમાં સુધારા કરવાનું કામ અવશ્ય ઉપાડ્યું હતું. પણ અંગ્રેજો આપણા ગુરુ છે અને તેમની રાહબરી નીચે તેમની નિશાળમાં ઉમેદવારી કરી, ભણતર પામીને આપણે તેમના જેવી લાયકાત પ્રાપ્ત કરવી જોઈએ અને તેવી લાયકાત મેળવીશું તો અને ત્યારે તેઓ આપણને આપણા દેશનો કારભાર સોંપી દેશે, એવી ભોળી આશા એ લોકો સેવતા હતા.

બ્રિટિશ લોકો સાથે હિન્દુસ્તાનનો સંબંધ થયો તેમાં હિન્દુસ્તાનનું હિત કરવાનો પરમેશ્વરનો હેતુ હોવા બાબત જૂની પેઢીના લોકોને શ્રદ્ધા હતી, અને અંગ્રેજોના વાલીપણા હેઠળ આપણા દેશની સર્વાંગી પ્રગતિ થશે એમ તેઓ માનતા. ૧૮૫૩ પછી જુદા જુદા પ્રાંતોમાં અંગ્રેજી કેળવણીની યુનિવર્સિટીઓ સ્થપાઈ અને તેમાં પદવી મેળવી બહાર

પડનારને ધન ને પ્રતિષ્ઠા બંને મળવા લાગ્યાં, એટલે તેઓ પણ ઉપરની શ્રદ્ધા ધરાવનારા લોકોમાં જ ભળી ગયા. અભ્યાસકાળ દરમિયાન વાંચેલાં બર્ક, મિલ, સ્પેન્સર વગેરેનાં લખાણોને પરિણામે તેમનામાં એવી શ્રદ્ધા પેદા થઈ કે, અંગ્રેજ પ્રજા ઉદારમતવાદી, સ્વતંત્રતાની પરમ ઉપાસક છે; અને જો હિન્દુસ્તાનના રાજ્યતંત્રમાં કોઈ ખામીઓ કે કશું ફરિયાદ કરવા જેવું હોય તો તે અહીં આવેલા અંગ્રેજ અમલદારોના દોશોને આભારી છે. બ્રિટિશ પ્રજા ન્યાયનિષ્ઠ અને ખાનદાન હોવાથી અહીં ચાલતી ગેરરીતિઓને કદાપિ મંજૂર નહીં રાખે.

અંગ્રેજોની રાજ્યવ્યવસ્થા અને આથિર્ક નીતિને લીધે દેશ કેવો વધુ ને વધુ કંગાલ બનતો જાય છે તેની મીમાંસા પ્રથમ દાદાભાઈ નવરોજીએ કરી અને ડિગ્બી તથા દત્તે પોતાનાં લખાણ વડે તેમનું જ સમર્થન કર્યું. પણ એ બધી પ્રવૃત્તિ પાછળ કાર્યનું જે પરિણામકારી બળ જોઈએ તે એ વખતે પેદા થયું ન હતું. પછી અર્થકારણના ક્ષેત્રમાં દાદાભાઈ-ડિગ્બીએ કરેલી શોધોને દેશની આગળ રજૂ કરી તેનામાં પ્રતિકારશક્તિ નિર્માણ કરવાનું શ્રેય ટિળકને ઘટે છે.

પરકીય રાજ્ય કોઈ પણ સંજોગોમાં દેશને માટે હિતકારક હોઈ ન શકે. સ્વરાજ્ય માટે આપણી લાયકાતની કોઈ કસોટી હોઈ ન શકે. આજે અને અત્યારે આપણે સ્વરાજ્ય માટે લાયક છીએ, स्वराज्य ए मारो जन्मसिद्ध हक छे अने हुं ते प्राप्त करीश ज, એ મંત્રનું તેમણે સતત રટણ કર્યા જ કર્યું અને તે પ્રાપ્ત કરવા માટે અખંડ પુરુષાર્થ કર્યો.

વર્તમાનપત્ર, ધામિર્ક કે રાષ્ટ્રીય ઉત્સવ, સ્વદેશી, દુકાળરાહતનું કામ, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ, દારૂબંધી, સંશોધન કે લશ્કરી ભરતી —તેમણે ચલાવેલી કે પુરસ્કારેલી કોઈ પણ પ્રવૃત્તિ તરફ નજર કરો; તે દરેક પ્રવૃત્તિ સ્વરાજ્ય તરફ લઈ જનારી શી રીતે બને તેનો જ તેઓ સતત વિચાર કરતા. તેથી દરેક બાબતમાં સરકાર સાથે સંઘર્ષ થયા વિના રહેતો નહીં. સરકારે તેમને પોતાના કટ્ટા શત્રુ ગણી તેમની પજવણી કરવામાં મણા રાખી ન હતી.

લોકમાન્યે રાજકારણમાં પ્રવેશ કર્યો તે પહેલાં આપણા દેશનેતાઓની

બધી રાજકીય પ્રવૃત્તિઓ પરદેશી સરકારને વિનવણી કરી તેને પ્રસન્ન કરવા માટે જ મોટે ભાગે થતી. લોકો સાથે એ નેતાઓ ભાગ્યે જ સંપર્કમાં આવતા. એ પ્રવૃત્તિઓને ત્યાંથી વાળી લોકાભિમુખ બનાવવાનું કામ લોકમાન્યે જ પ્રથમ કર્યું. વળી, તેમની પહેલાંના આગેવાનો પોતાનો અંગત વ્યવસાય કે નોકરી સાચવીને ફુરસદના વખતમાં જાહેર પ્રવૃત્તિ કે રાજકારણમાં ભાગ લેતા. લોકમાન્યની પેઢીએ જ રાષ્ટ્રીય કાર્યને પોતાનું જીવન અર્પણ કરવામાં પહેલ કરી અને એક નવીન પરંપરા શરૂ કરી દીધી.

['લોકમાન્ય ટિળક' પુસ્તક]

# પાંડુરંગ ગો. દેશપાંડે

## સંકલ્પ અંશતઃ પૂરો

વરસોજૂનો સંકલ્પ આ કોશના પ્રકાશન સાથે અંશતઃ પૂરો થાય છે. અંશતઃ એટલા માટે કે મોટા કોશનો ખરડો લાંબા વખતથી તૈયાર પડ્યો છે અને હજી છાપવાનો બાકી છે.

હિંદની શાળા-મહાશાળાઓ માટે તૈયાર થયેલો એક અંગ્રેજી કોશ 'ન્યુ મેથડ ઇંગ્લિશ ડિક્શનેરી', ઇંગ્લેન્ડની શાળાઓ માટે તૈયાર થયેલો કોશ 'ઓક્સફર્ડ સ્કૂલ ડિક્શનેરી', તેમ જ જિજ્ઞાસુ વાચકો માટે રચાયેલો કોશ 'જનરલ બેઝિક ઇંગ્લિશ ડિક્શનેરી'—આ ત્રણે કોશો પ્રસ્તુત કોશમાં સમાવી લેવામાં આવ્યા છે. તેમાં બીજા કેટલાય શબ્દો ઉમેરવામાં આવ્યા છે. શબ્દોના અર્થો સ્પષ્ટ અને ચોક્કસપણે આપવા માટે કેટલાક અંગ્રેજી, અંગ્રેજી-ગુજરાતી, અંગ્રેજી-મરાઠી અને ક્યાંક અંગ્રેજી-હિન્દી કોશોની પણ મદદ લેવામાં આવી છે. શબ્દોના ઉચ્ચારો મુખ્યત્વે 'કોન્સાઈઝ ઓક્સફર્ડ ડિક્શનેરી ઓફ કરન્ટ ઇંગ્લિશ' અનુસાર આપ્યા છે. શબ્દોની વ્યાખ્યાઓ, સમજૂતી અને સંદર્ભો સાથે પર્યાયો આપવાનો બનતો પ્રયત્ન કર્યો છે.

# પિંગળશી મે. ગઢવી

## મોઢે આવે—

*અણધાર્યા આવી પડે ઘટમાં દુખના ઘા—*
*નાભિથી વેણ નીકળે, મોઢે આવે ‘મા.’*

# પિંગળશી મે. ગઢવી

## ભવનું ભાતું

મોટે મળસકે નરી શાંતિ છવાઈ ગઈ હોય, શીતળ પવનની મીઠી લહરથી રાત ઠરતી આવતી હોય, જળથળ જંપી ગયાં હોય, ત્યાં અવાજ આવે:

અન્ન સમાન નહિ ઓખદી, જરણા સમો નહિ જાપ,

કૃષ્ણ સમો નહિ દેવતા, નિંદા સમો નહિ પાપ.

ભજ મેના રામો નામ હરિ...રા...મો ના...મ હરિ.

પ્રભાતનો રાગ સાંભળતાં જ અડોસપડોસની બાઈઓ-બહેનો ઝબકીને જાગી જાય અને એકબીજીને કહેવા લાગે: “ઊઠો ઊઠો, બાઈયું! ઘંટીએ બેસવાનું ટાણું થઈ ગયું. જુઓ, મૂળુ આતા ઊઠ્યા!”

વા ચૂકે, મે’ ચૂકે, પણ મૂળુ આતાના ઊઠવાના ટાણામાં ફેર ન પડે.

મેર લોકો ચારણોને ‘આતા’ કહે છે. છત્રાવા ગામના દેવીપુત્ર મૂળુ આતા ખેડુ છે. પોતે ઈશ્વરની મોટી કૃપા માનતા કે એક તો ચારણને ખોળીએ અવતાર, અને વળી ખેતીનો ઉત્તમ ધંધો આપ્યો છે—જે ધંધો કોઈના ઘરમાં ખાડો પાડયા વિના એક કણનું અનેકગણું કરી આપે છે. બીજા ધંધામાં તો કોઈકના ઘરમાં ખાડો પડે ત્યારે આપણા ઘરમાં આવે. ખેડુને માટે તો ઈશ્વરને ઘેરથી જ ચિઠ્ઠી ફાડવાની. જાતમહેનત કરીને રોટલો રળવો, કોકને ખવરાવીને ખાવું, એના જેવું બીજું સદ્ભાગ્ય કયું?

મૂળુ આતા હંમેશાં વહેલા ઊઠી, દાતણપાણી કરી, પ્રભાતિયાં ગાતા ગાતા આખું ફળિયું વાળે. માથે પાણીનો છંટકાવ કરી પંખીડાંને ચણ નાખે. પછી ઢોરને વાડે આવે ત્યાં પાવડીથી પોદળા ખસેડીને ઢોરને નીરણપૂળો કરે. મોંસૂઝણું થતાં ખભે કાવડ લઈને ભાદર નદીએ જાય. ભદ્રાવતીની સ્તુતિ કરે. સ્નાન પતાવી, પાણીની કાવડ ભરી ઘેર આવે.

ચકલાંનાં કૂંડિયાં ઘસી વીછળીને તાજું પાણી ભરે.

ત્યારબાદ લોટની ટોપલી લઈ ઓસરીની કોરે થાંભલીને ટેકે બેઠા બેઠા બેરખો ફેરવે ને લોટિયાંને લોટ આપે. લોટિયાં આવી ગયા બાદ શિરામણ કરવા બેસે. પછી લાંબા હાથાવાળી કોદાળી લઈને ઊપડે ખેતર ભણી. રસ્તામાં જ્યાં ખાડા, ખાબોચિયાં, પથરા, કાંટા નડતર કરતાં હોય તેને શોધી શોધીને, કોઈ મોક્ષપંથનો વટેમાર્ગુ કામ-ક્રોધ ને ઈર્ષા-તૃષ્ણાનાં જાળાં સાફ કરતો હોય તેમ, રસ્તાને સમારતા જાય. કહે કે, “એ મૂંગા જીવ બિચારા કોને કહેશે કે, આ વાટના ખાડાના ઓચિંતાના આંચકાથી અમારી કાંધ ભાંગી પડે છે?”

રસ્તે ખેતર ગમે તેનું હોય—શેઢાના છોડવા ઢળી પડ્યા હોય તો ઊભા કરી, પાંદડાંની આંટી વાળી ઊભડી કરી દેવાની.

પોતાને ખેતરે પહોંચીને જ્યાં સાંતી ચાલતું હોય ત્યાં જાય. બળદને માથે હાથ ફેરવે, ઈતરડી-ગિંગોડા વીણે. માણસને પૂછતા હોય એમ બળદને પૂછે: “કેમ બાપા! આજ ભૂખ્યા છો?” સાથીને પૂછે: “સાંગણ! આજ મોડો ઊઠ્યો’તો? ખેડુના દીકરાથી દિવસ ઊગતાં સુધી નીંદર ન ઘોરાય. આમ ભૂખ્યે પેટે એનાથી ધૂળના લાદા ક્યાંથી ઢરડાય? હવે આજ એને વે’લેરા છોડી નાખજે, હો ભાઈ! અને એક વાત ભૂલવી નહિ—સાંતીએથી બળદને છોડીએ ત્યારે એના મોઢાનાં ફીણ લઈને કાંધે ચોપડી દેવાં.”

આમ વાતો કરતાં કરતાં દાંતા-ડાઢા તપાસે: કસૂતર તો નથી ને? જોતરની ડોઈ જુએ: ટૂંપો તો નથી આવતો ને? ધૂંસરી કાંધ ઉપર ચડી જાય એટલી બધી ઢીલી તો નથી ને? અનેક ભલામણ કરે. બળદને એકાંતરા તેલની નાળ વાળવાનું કહીને ઓથે આવે, ગમાણ સાફ કરે, ઓગાસના પૂળા વાળી ઓઘામાં ખડકે. મૂતરના ખાડામાં ધૂળ ભરે. પછી ઘર તરફ વળે ને વળી સાથી પાસે આવીને કહે, “સાંગણ! ઢાંઢાને હાંકતી વેળા જબાન સારી રાખીએ. બળદને ગાળો દેતાં હોઈએ, ને ખડ લેતી બાઈયું-બોનું સાંભળે ઈ કેવું ખરાબ લાગે! ‘મર! મર!’ને બદલે ‘હાલો, મારા બાઈ! હાલો, મારી જિવાઈ!’ એમ કહીએ તો પણ

એટલી જ વાર લાગે. સારું વેણ નીકળે તો સાંસતું કાઢીએ જ નહીં.”

વળતા દિવસનાં કામોની ભલામણ કરીને બપોરટાણું થાય ત્યાં ઘેર આવે. રોટલા ખાય ને ઘડીક આડો વાંસો કરે. ટાઢો પો’ર ઢળતાં ગામને ચોરે જાય. રસ્તામાં બાઈઓ-ભાઈઓ જે કોઈ સામાં મળે એમને “રામરામ સીતારામ” કહેતા જાય. માણસ માણસને સામું મળે, તો કાંઈ ઢોરની જેમ મૂંગુંમૂંગું ચાલ્યું જવાય છે?

ચોરે આવીને બેઠા બેઠા આતા બેરખો ફેરવે. સાંજ પડતી જાય એમ માણસો આવતાં જાય. બેરખો ફેરવતાં ફેરવતાં એમની સાથે વાતો કરતા જાય. પોતે અભણ, એટલે સાદી સીધી એની વાત:

“દેને કુ ટુકડા ભલા, લેને કુ હરિનામ. બને તો પાંચ માળા કરવી. સ્થિતિ પ્રમાણે આપણો હાથ લંબાવવો. કોક કહેશે કે, આપણે ગરીબ માણસ શું કરીએ..? ભલે આપણે તળાવ ન બંધાવી શકીએ, પણ પોતાની ઝૂંપડીને નેવે સીકું બાંધી, ઘડાની ઠીબ મૂકીને બે કળશિયા પાણી તો રેડી શકીએ ને? પંખીડાં આવીને ત્યાં પાણી પીએ, ઈ આપણું તળાવ! દળણું દળીને જે સોંણ-ઝાટકણ ચપટી ચાંગળું નીકળે, તે ચકલાં ચણી જાય એવે ઠેકાણે નાખીએ; ઠામ-વાસણનો એઠવાડ કૂતરાંની ચાટમાં નાખીએ, એ આપણું સદાવ્રત. મોટી ધર્મશાળા ભલે ન બંધાવી શકીએ, પણ બે-ચાર ઝાડવાં તો આપણે ઉજેરી શકીએ ને? એ આપણી ધર્મશાળા—જેને દરવાજો જ નહિ. ગમે તે અને ગમે ત્યારે આવે ત્યાં પોરો ખાવા. આપણા સ્વાર્થ માટે કેટલાં ઝાડ કાપી નાખ્યાં હશે, એનો કોઈ નેઠો (હિસાબ) ખરો? જેટલાં કાપ્યાં એટલાં તો નહીં, પણ બે-પાંચ તો ઉજેરી જવાં, કે પાછલાંને કામ આવે.”

કોઈ કહે, “મૂળુ આતા! આપણી આ ખારચ જમીનમાં ઝાડ ઊજરતાં નથી!” તો મૂળુ આતા સમજાવે:

“એવું નથી, ભાઈ. ભગવાને જેવી જમીન બનાવી છે, એમ એને ભાવે તેવી વનસ્પતિ પણ બનાવેલી છે. ખારચ શું—દરિયામાં પણ થાય એવાંય ઝાડવાં છે. હું આંબા ઉજેરવાનું નથી કહેતો, પણ બીજાં

ઝાડ ક્યાં ઓછાં છે? ખારચમાં પણ લીમડો, રામબાવળ, અરડૂસો, એવાં એવાં ઊજરે છે. જો, મેં કેટલાં ઉજેર્યાં!”

ગામને પાદર ઝાડનું નામ નથી, સાવ ઉઘાડું પડ્યું છે. ધેણું તડકે હાંફે છે, થાક્યાંને વિસામો નથી. આ વાત આતાના અંતરમાંથી ખસતી નથી. એમણે વિચાર્યું કે, પુણ્ય તો પાંગળું છે; કોઈ પીખડી પકડીને ચલાવવાવાળો જોઈએ. આમ વાતો કરવાથી નહિ વળે. એટલે નક્કી કરી નાખ્યું કે, મારે પંડે પચાસ ઝાડ તો ઉજેરવાં જ. દર વર્ષે દસ ઝાડ ઉજેરતો જઈશ.

આમ મૂળુ આતાએ વરસે વરસે દસ ઝાડ વાવવા માંડ્યાં. એને વાડ-કાંટો ને રખેવાળી કરે. એમાંથી બે-ત્રણ ઘસાઈ યે જાય; તો પાંચસાત ઊજરી જાય. આમ આઠ—દસ વરસમાં તો ગામ લૂંબેઝૂંબે થઈ ગયું. એ જોઈને બીજા બે-પાંચ ભાઈઓને ચાનક ચડી. ગામ હોય ત્યાં બેપાંચ તો નીકળેને? એમણે પણ બબ્બે-પાંચપાંચ ઝાડ ઊજેર્યાં.

પિસ્તાલીસ વરસ સુધી મૂળુ આતાએ આવાં કામ કર્યાં. છેવટે બ્યાશી વરસની અવસ્થાએ, મહાત્મા ઈસરદાસની જેમ, જાણે કે ઘોડે ચડીને પરિયાણ કર્યું. પોતે ઘોડી લઈને સીમમાં આંટો દેવા નીકળેલા. પાદરમાં ઘોડી પરથી પડી ગયા. સામેથી આવતા ખેડૂતે પાસે આવીને જોયું તો કાયાને કશી ઈજા થઈ નહોતી. કાંઈ બોલાયું નહિ, પણ હાથમાં બેરખો ફરતો હતો. ખાટલા પર સુવરાવીને ઘેર લાવ્યા, ને આતાએ સંવત ૧૯૯૩માં લાંબું ગામતરું કર્યું. મૂળુ આતા પોતે ભવનું ભાતું બાંધીને ગયા, અને ઝાડ ઉજેરવાનો સંસ્કાર ગામમાં સીંચતા ગયા.

# પી. એન. લેખી

## ધરપકડ

વિખ્યાત ફ્રેન્ચ વિચારક ઝાં પોલ સાર્ત્રો એક વાર પારી(સ) શહેરમાં 'ધરણા' કરેલ. રાજધાનીના મૅજિસ્ટ્રેટની એમને પકડવાની હિંમત ન ચાલી, અને ફ્રાંસના ગૃહપ્રધાન પાસે એમણે એ બાબત રજૂ કરી. પ્રધાને રાષ્ટ્રપતિ દ' ગોલની સૂચના માગી. "દ' ગોલ ફ્રાંસની ધરપકડ કરી શકે નહિ," રાષ્ટ્રપતિએ ઘોષણા કરી.

# પી. મૂર્તિ

## ઇલાજ

આપણી કુટુંબરચના સ્ત્રીની લાચારી પર, આપણી ઉત્પાદનપદ્ધતિ મજૂરોની કંગાલિયત પર અને આપણી સમાજવ્યવસ્થા અછૂતોની હીનતા પર ટકેલી છે. તે એક અમાનવીય જીવનપદ્ધતિ છે. આને સ્થાને બીજી જીવનપદ્ધતિ લાવવાનો ઇલાજ જીવનશિક્ષણ છે.

(અનુ. નરોત્તમ પટેલ)

# પીટર ક્રોપોટકિન

## એક ક્રાંતિકારની આત્મકથા

મારાં પરિભ્રમણો દરમિયાન મેં જોયું કે અમુક પ્રદેશની અતિશય કઠણ જમીનનાં ઢેફાં ભાંગવા માટે ખેડૂતને કેટલી પારાવાર જહેમત ઉઠાવવી પડે છે. તે વખતે મને વિચાર આવ્યો કે હું એક પુસ્તક લખીને જમીન ખેડવાની સર્વોત્તમ પદ્ધતિઓ ખેડૂતોને બતાવીશ. આ અહીં એક ખેતરમાં ઝાડનાં પુષ્કળ ઠૂંઠાં ઊભાં છે; તે ખેંચી કાઢવાનો અમેરિકન સંચો ખેડૂતને અપાવ્યો હોય, તો તેની કેટલી બધી મહેનત બચે! પણે પેલા ખેતરને સારા ખાતરની બહુ જરૂર છે; વિજ્ઞાનની મદદથી એ બનાવવાનું આ લોકોને શીખવ્યું હોય તો કેટલો બધો લાભ થાય!

પણ આ ખેડૂતો પાસે અમેરિકન સંચાની કે વિજ્ઞાનની વાત કરવી શી કામની? —જ્યાં બે પાક વચ્ચેના ગાળામાં એમને પેટપૂરતો રોટલો પણ મળતો હોય નહીં ત્યાં! તેમની પાસે હળ ખેંચવાના ન તો પૂરતા ઘોડા છે, ન તો એ ઘોડાને ચરવા માટે ઘાસ-ખેતર, કે નહીં સારું ખાતર. અધૂરામાં પૂરું થોડાં થોડાં વરસે દેશમાં દુકાળ પડતો રહે છે, એટલે એમની પાયમાલીની અવધિ આવી જાય છે. તેમને ખરી જરૂર તો એ છે કે, મારા જેવા એમની સાથે રહી, તે પોતાની જમીનના માલિક બને એવી સ્થિતિ આણવામાં તેમને મદદ કરે. ખેતી કે વિજ્ઞાનને લગતાં પુસ્તકો વાંચીને તેઓ જે કાંઈ લાભ પામી શકે તે તો ત્યાર પછી —હમણાં નહીં.

વિજ્ઞાન અને તેનો અભ્યાસ એ, અલબત્ત, ઘણી સરસ વસ્તુઓ છે. વિજ્ઞાનની જુદી જુદી શાખાઓને લગતા ગ્રંથ રચવાની મને ખૂબ હોંશ થતી. પણ જ્યાં મારી ચોપાસ માનવીને સૂકા રોટલાનો ટુકડો પામવા માટે પણ વલખાં મારતો હું જોતો હતો, ત્યાં મારી એ હોંશ પૂરી કરવાનો મને શો અધિકાર હતો? મારી અભિલાષાઓ સિદ્ધ કરવા

સારુ મારે જે પૈસા ખર્ચવા જોઈએ, તે તો હું આ ટળવળતાં ગરીબો ને તેમનાં બાળબચ્ચાંનાં મોંમાંથી બટકું રોટલો ઝૂંટવીને જ મેળવવાનો ને? કોઈકના મોંમાંથી તો એ ઝૂંટવ્યે જ છૂટકો, કેમ કે માણસજાતનું એકંદરે સંપત્તિ-ઉત્પાદન હજી બહુ થોડું છે.

જ્ઞાન આપણને ખૂબ સામર્થ્ય આપનાર ચીજ છે, તેથી દરેક મનુષ્યે જ્ઞાન પામવું જ જોઈએ. પણ અત્યાર સુધીમાં આપણે જે બધું જ્ઞાન એકત્રિત કર્યું છે તેટલું પણ ગરીબોને આપવા માંડીએ તો કેટલી બધી સાચી પ્રગતિ થાય! પ્રકૃતિ વચ્ચે જ જીવન વિતાવતા આ ખેડૂતોનાં આનંદભેર ગવાતાં પ્રકૃતિપ્રેમનાં ગીતો સાંભળતાં આપણને ખાતરી થાય કે તેઓ સાહિત્યના ભૂખ્યા છે, તેનો આસ્વાદ બરાબર લઈ શકે તેમ છે. તેમનામાં જે લાગણી રહેલી છે, જે વિચારશક્તિ પડેલી છે, તે વિકસાવવા આપણે તેમને વધુ સંસ્કાર કેમ ન અર્પીએ? વખતે-કવખતે પ્રગતિ-પ્રગતિની બાંગ પોકારનારા આપણે એકલપેટા શિષ્ટજનોએ આવા લોકોને ઊંચે લાવવા માટે શું કર્યું?

(અનુ. વિજયરાય ક. વૈદ્ય)

['એક ક્રાંતિકારની આત્મકથા' પુસ્તક]

# પુ. લ. દેશપાંડે

## “ગાંધી-ટોપી છે ને, એટલે!”

સત્યાગ્રહના દિવસો હતા. મુંબઈના લેમિંગ્ટન રોડ પર પોલીસ સ્ટેશન પાસે સત્યાગ્રહીઓનું એક ટોળું આવ્યું હતું. પોલીસની ગાડીમાં નીડરતાથી ઘૂસીને લોકો પોતાની ધરપકડ કરાવી લેતા હતા. એ ભીડમાં એક યુવતી હતી. પોતાના શરીર પરનાં ઘરેણાં એણે ઉતાર્યાં. બાજુવાળા એક ભાઈના હાથમાં મૂક્યાં, પોતાનું નામ-સરનામું આપ્યું અને કહ્યું:

“આટલાં ઘરેણાં મારે ઘેર પહોંચાડી દેજો અને કહેજો કે હું સત્યાગ્રહમાં જાઉં છું!”

પેલા ભાઈએ સવાલ કર્યો, “બહેન, આપણે તો કોઈ ઓળખાણ પણ નથી, ને આ ઘરેણાં હું તમારે ઘેર પહોંચાડી દઈશ એવો ભરોસો કેવી રીતે રાખો છો?”

“તમારા શરીર પર ખાદી ને માથે ગાંધી ટોપી છે ને, એટલે!”

*

હું અંગ્રેજી બીજી ચોપડીમાં આવ્યો અને ગાંધીજીની સત્યાગ્રહની ચળવળ શરૂ થઈ. ચોતરફ ‘ગાંધી-ગાંધી-ગાંધી’ સંભળાતું હતું. હું આઠ-નવ વર્ષનો હતો ત્યારે મારા માથા પરથી કાળી ટોપી ગઈ અને ગાંધી ટોપી ચઢી. મૅટ્રિક થતાં સુધી એનો મુકામ મસ્તક પર હતો. એ ટોપીની માફક ગાંધીજીએ અમારા નાનકડા માથાનો કબજો લીધો હતો, પણ એમનાં દર્શન થયાં નહોતાં.

પહેલવહેલાં દર્શન થયાં એકત્રીસની સાલમાં. મુંબઈના પરા વિલેપાર્લાના એક ચર્ચના પટાંગણમાં સભા હતી. ચર્ચના પાદરીબાબા ગાંધીજીનું આ સંકટ વહોરી લેવા કઈ રીતે તૈયાર થયા હશે, એ તો ભગવાન જાણે! પણ ત્યાર બાદ ચર્ચના પરિસરમાં કોઈ રાજકીય સભા મેં તો જોઈ નથી. સ્વતંત્રતાની ચળવળ એ આપણું કામ નહીં, એવું

પાર્લાના ખ્રિસ્તીઓ માનતા. આથી ચર્ચના પટાંગણમાં ગાંધીજીની સભા હોય એ વાતથી જ અમે તો ચકરાઈ ગયા હતા. લોકોનાં ટોળેટોળાં સભાસ્થળ ભણી જઈ રહ્યાં હતાં. અગાઉ ક્યારેય આવી ભીડ જોઈ નહોતી. અમે તો ક્યારનાયે વહેલા વહેલા જઈને જગા રોકીને બેસી ગયા હતા.

જેમના નામનો સતત જપ થઈ રહ્યો હતો એમનાં પ્રત્યક્ષ દર્શન... કોઈ પણ જાતની નાટકીય ઊતરચઢ વગરની એમની કથનશૈલી... હજારોના મુખમાંથી નીકળેલી ‘મહાત્મા ગાંધીની જય’ એવી ગર્જના... એવી કાંઈક સંમોહિત દશામાં આખો જનસમુદાય પાછો ફર્યો.

એ પછીનાં કેટલાંય વર્ષો ગાંધીમય થઈ રહ્યાં. છાપાંમાં રોજ ગાંધીજીના નવા કાર્યક્રમની માહિતી, એમના લેખ, એમને વિશેના લેખો. અસંખ્ય માથાં પર ગાંધી ટોપી દેખાવા લાગી. શરીર પર ખાદી ચઢી. કાંતણના વર્ગો શરૂ થયા. આપણા દેશની બધી આધિવ્યાધિઓનું મૂળ અંગ્રેજ રાજ છે, એ જતું રહે પછી ભારત સુખોનો ભંડાર થશે એવી ત્યારે ધારણા હતી. એવા કેફમાં અઢારમું વર્ષ ઓળંગતાં વિશ્વયુદ્ધ આવીને ઊભું રહ્યું.

*

પંદરમી ઓગસ્ટની મધરાતે સત્તાની ફેરબદલીનો હેવાલ રેડિયો પરથી સાંભળતા હતા. પણ ભાગલાને લીધે થયેલા ક્રૂર અત્યાચારોની કથનીઓ બીજા જ દિવસથી છાપાંમાં આવવા લાગી હતી. મુક્તિનું પરોઢ ઊગ્યાની ઘોષણા કાને પડી હતી, પણ આંખ સામે અંધારું લાગતું હતું. સ્વતંત્રતા માટે જેમણે મોટો ત્યાગ કર્યો હતો એવા લોકો રાજ્યકર્તા થતાં ખાદીનો સંબંધ હવે ગાદી સાથે જોડાયો હતો. દરિદ્રનારાયણની ચાર આનાવાળી જે ગાંધીટોપી માથા પર હોય તો એક બીડી અમથી ફૂંકવાની હિંમત ચાલતી નહિ, એ ટોપી નીચેનું માથું સત્તાના મદમાં ઝૂમવા લાગ્યું હતું. “સત્તાના લોહીનો ચટકો લાગતાં શું થાય છે, એનાં દર્શન મને થયાં છે,” એવા ઉદ્ગાર ખુદ ગાંધીજીએ કાઢ્યા હતા. બાપુએ જેની વાત કરેલી તે કાંઈ આ સ્વરાજ નહોતું, એમ સ્વરાજનાં

અજવાળાંની રાહ જોઈને બેઠેલાં ગામડાંનાં દીનદલિતોને લાગતું હતું.

સ્વરાજ કઈ રીતે આવ્યું, એનું એક લોકગીત મેં સાંભળ્યું હતું. એમાં પેલો ગ્રામકવિ ગાતો હતો કે, ‘સ્વરાજ આવ્યું હાથી પર મહાલતું મહાલતું. અંબાડી પર બેઠેલા રાજેન્દ્રબાબુના હાથમાં કળશ હતો. ઘોડા પર બેસીને મોખરે આવતા હતા જવાહરલાલ. ફક્ત એક બાપુ અમારી સાથે ધૂળમાં ચાલી રહ્યા હતા.’

અંગ્રેજોના અપમાનિત રાજમાં અડધી જિંદગી વિતાવી ચૂકેલા માણસ તરીકે મને એ વાતનો આનંદ છે કે આપણે હવે સ્વતંત્ર છીએ. પણ આજે જે છોકરાંઓ વીસ-પચ્ચીસીમાં છે, તેમને શું જોવા મળ્યું? રોજનાં છાપાંમાં તેમણે શું વાંચ્યું? ગાંધી-નેહરુનાં નામનો જાદુ એમના પર કઈ રીતે ભૂરકી નાખશે? ખાદીની ટોપી ચઢાવનાર જિલ્લા પંચાયતના પ્રમુખને દારૂ પીને ગાળાગાળી કરતો એમણે જોયો છે. પોલીસના ફોજદારને ગુંડાઓ સાથે હાથ મિલાવતો એ જોઈ રહ્યા છે. પોતાના છોકરાના માર્ક વધારવા માટે શાળાના માસ્તર પર ધાકધમકી અજમાવતા અભણ સરપંચને એમણે જોયો છે. પોતાને માટે જીવ બાળનારું અહીં કોઈ નથી, એવું એને લાગે છે. “અમે છીએ ને તારે પડખે!” એવું કહેનારું કોઈ દેખાતું નથી.

યુવાનોનો આક્રોશ ઉછાળા મારે છે. આજની પેઢીને મૂલ્યોની કદર નથી, એવી બૂમાબૂમ થાય છે. પણ મૂલ્યોને કાજે બલિદાન આપનારા માણસો એમણે તો વરસોથી જોયા જ નથી. આજની પેઢીમાં આદરભાવના નથી, એવું કહેતી વખતે એમને આદર થાય એવા કેટલા માણસો આખા દેશમાંથી આપણે ચીંધી શકીશું?

— અનુ. અરુણા જાડેજા

[‘અખંડ આનંદ’ માસિકઃ ૨૦૦૪]

# સુખનો કાળ બાળપણનો

જો નિશાળ ન હોત તો બધાંના બાળપણનો કાળ સુખમાં ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ, એનો અર્થ એવો જરાય નહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઈ રીતે થાય? નારિયેળમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય? આખો દિવસ આપણે ગીતો ગાતાં રહીએ તો શું થાય?—આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે! રોજ પ્રાર્થના કરવા છતાંય ભગવાન ગણિતમાં માર્ક આપવામાં આપણા પર આટલો ક્રૂર કેમ થાય? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી. એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું. પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેકથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દિનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વરના મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, ‘ભગવાન મને ગણિતમાં પાસ કર’, ‘પુરવણી પર શાહી ઢોળાવા દઈશ નહિ’, એવી એવી માગણીઓ કરતા.

મારો જન્મ મુંબઈના ગામદેવી વિસ્તારની કિર્પાળ હેમરાજની ચાલીમાં થયેલો. મારું બાળપણ મુંબઈના પરા જોગેશ્વરીમાં વીત્યું. આશરે પંચાવન-છપ્પન વર્ષ પહેલાં ગામદેવી-ગિરગામ વિસ્તારની ચાલીઓમાં રહેનારા કારવાર પ્રાંતના કેટલાક લોકોએ જોગેશ્વરીમાં સહકારી ધોરણે મકાનો બાંધ્યાં. ત્યારે તો જોગેશ્વરીમાં રેલવે સ્ટેશન સુધ્ધાં નહોતું. ચાર કુટુંબો રહે એવું એક એક માળનું મજાનું ઘર, ત્રણ ઓરડા, આગળ નાનકડું આંગણું, પાછળ વાડો. આવી આ વસાહતનું નામ હતું ‘સરસ્વતીબાગ’. પણ ત્યાં રહેનારાઓ એને ‘સોસાયટી’ કહેતા. મારું બાળપણ આ સોસાયટીમાં વીત્યું. બાળપણને સુખી કરનારી

દરેક વાત ત્યાં હતી. એ વર્તુળાકાર અને અર્ધવર્તુળાકાર બંગલાઓની વચ્ચોવચ્ચ આવેલા ક્લબના બેઠા ઘાટના એક નાનકડા મકાનમાં ચાલતી મ્યુનિસિપાલિટીની નિશાળે એટલો એક મીઠાનો ગાંગડો મારા સુખમાં નાખ્યો હતો! બાકી તો અમારી આ સરસ્વતીબાગ સોસાયટી નાનાં બાળકો માટે કેવી સરસ હતી!

આજે પણ એ ‘સોસાયટી’ છે, પણ હવે સિમેન્ટ-કોંક્રિટની ઇમારતોનાં જંગલોમાં એ પૂરેપૂરી ઢંકાઈ ગઈ છે, કૂંડામાંના સુંદર ફૂલનો એકાદ છોડવો અડાબીડ વધેલા ઘાસમાં ઢંકાઈ જાય તેમ. એક સમયે જોઈએ તો ત્યાં આંબાનાં, જાંબુનાં, વડનાં, તાડનાં, વાડામાં સરગવાનાં, અગથિયાનાં ઝાડ હતાં. ગુલબાક્ષના તો હજારો છોડવા. તેટલી જ અબોલી. કેવડો પણ ખરો. (કારવાર તરફની સ્ત્રીઓને માથામાં નાખવા રોજ નવી નવી, જાતે ગૂંથેલી ફૂલની વેણી જોઈએ.) બપોર થતાં થતામાં જ ઘરે ઘરે પરસાળમાં સ્ત્રીઓ ટોળે મળીને વેણીઓ ગૂંથ્યે જતી.

પશ્ચિમની હદે રેલગાડીના પાટા. સોસાયટીનાં મકાન થોડાંક ઊંચે હતાં એટલે નદીના ઊંચા કિનારા પરથી પાણી વહેતું દેખાય તેમ રેલગાડીઓ વહ્યે જતી. પૂર્વ, દક્ષિણ, ઉત્તર એમ ત્રણે બાજુ માત્ર ઝાડ જ હતાં. આજુબાજુ ડાંગરનાં ખેતરો અને પૂર્વમાં નજીક જ ટેકરીઓ ને તેની પાછળ ડુંગરોની હાર. ટેકરીઓ તો તાડનાં ઝાડથી ખીચોખીચ. ટેકરી પરની ઇસ્માઇલ કોલેજ ત્યારે ત્યારે જ બંધાવા લાગી હતી. આથી કોલેજ નામનો શબ્દ તો મેં ઠેઠ નાનપણથી સાંભળેલો. હાલમાં તો અફાટ ગિરદીથી ઊભરાતા એવા એ રસ્તા પર, ત્યારે તો ચકલુંય ફરકતું નહિ.

સોસાયટીમાંનો, અમો બાળકોના વડીલ, કાકા, મામા વગેરે એવો પુરુષવર્ગ સવારે નવ સુધીમાં જમવાનું પરવારી અંધેરીથી છુકછુક ગાડીમાં બેસીને મુંબઈમાં કારકુની કરવા હોફિસમાં જતો. એ વખતે પત્ની પતિનું નામ જાહેરમાં ઉચ્ચારતી નહિ. દિનુના બાપુ, વિનુના બાપુ કે પછી ‘એ’ એવી રીતે બોલાવે. પણ સોસાયટીનાં એક બહેન પતિને ‘હોફિસ’ જ કહેતાં. “ચાલ બહેન, ‘હોફિસ’ આવવાનો વખત થયો!”

એવું બોલતાં. એક વાર વડીલમંડળી હોફિસમાં જાય એટલે સોસાયટીમાં છોકરાં-છોકરીઓ અને બા-બહેનોનું રાજ. રામલાઓ, નિશાળના ગોખલે માસ્તર, સલગર ડોક્ટર, મસમોટા કૂવા પર બેસાડેલી ટાંકીનું એન્જિન ચાલુ કરનારા દત્તુમામા અને રામેશ્વર મંદિરના પૂજારી જેવા ગણ્યાગાંઠ્યા પુરુષો જ બાકી રહેતા. બહુ બહુ તો પાંચ-દશ પેન્શનર દાદાજી. મરાઠી ફક્ત નિશાળમાં જ; બાકી બધો વ્યવહાર કારવારી ભાષામાં. અમારી સોસાયટીમાં દૂધ આપવા આવનાર રામગુલામ ભૈયો અને વેસાવેથી રોજ માછલાં વેચવા આવનાર કોળણ બાઈ પણ કારવારી ભાષા જાણે. ભૂલોકમાં કારવારી, હોફિસમાં અંગ્રેજી અને મંદિરમાં થતાં ભજન-કીર્તન-પુરાણ પૂરતી જ ભાષા મરાઠી હોય એવું લાગતું. મારા પહેલા-બીજા ધોરણવાળા વાગળે, નાડકર્ણી, વાઘ, રાયાફેણે, દેસાઈ, તેલંગ વગેરેના કોંકણી ટોળામાં હું જ એકલો ઘાટી દેશપાંડે. પણ હું દુભાષિયો; મા સાથે કારવારીમાં અને બાપુ સાથે મરાઠીમાં બોલનારો. કારણ કે મારા બાપુ એકલા જ કોલ્હાપુરના, બાકી બધાં કારવાર તરફનાં.

જોગેશ્વરીની આ કોલોનીની આસપાસ જંગલ હોવાથી સાપનો અને થોડો- ઘણો ચોરનો ઉપદ્રવ રહેતો. આ ચોરોથી બચવા માટે રાત્રે પહેરો ભરનારા બે પઠાણ ચોકીદાર હતા. તેમાંના કાદરખાનને હું ક્યારેય ભૂલીશ નહિ. એ વખતે રેડિયો આવ્યો નહોતો. રાત પડી નથી ને તમરાં સિવાયના બાકી બધા અવાજ થાય બંધ. ફક્ત જતી-આવતી રેલગાડીનો અવાજ, અને તે પણ કાંઈ આજની જેમ મિનિટે મિનિટે નહિ. નોકરીને કારણે મારા બાપુને સતત પરગામ ફરવું પડતું. આથી ઘરમાં બા, મારી મોટી બહેન વચ્છીતાઈ અને અમે ત્રણ ભાઈઓ. હું, મારાથી બે વર્ષે નાનો ઉમાકાંત અને ઘોડિયામાંનો રમાકાંત. સોસાયટીના દરવાજાને અડીને આવેલા એક પતરાના શેડમાં અમે રહેતાં. પાછળથી અમને સોસાયટીના બ્લોકમાં જગા મળી. રાત્રે બધું સૂમસામ થાય એટલે પેટમાં બીકનો આફરો ચઢે. ઘરમાં હોય ફાનસનું ટમટમતું અજવાળું. આવે વખતે દૂર ક્યાંકથી કાદરખાન પઠાણની વાંસળી સંભળાતી. એ સૂર રેલાતાં જ કેટલીયે હામ બંધાતી. આ કાદરખાન કદાવર હતો,

પણ એ વાંસળી વગાડતો તેથી એનું કદાવરપણું મને ક્યારેય ડરામણું લાગ્યું નહોતું. ટાગોરની 'કાબુલીવાલા' વાર્તા મેં એ પછી જ્યારે પહેલી વાર વાંચી ત્યારે અમને બાળકોને વાંસળી વગાડી બતાવનારો કાદરખાન જ આંખ સામે આવીને ઊભો રહેલો. અમો બાળકો તેને કારવારીમાં, 'કાદરખાં, વગાડ રે વગાડ' કહેતાંની વારમાં જ વાંસળી વગાડતો કાદરખાન. રાતના વખતે મનને હામ દેનારો વાંસળીવાળો. થોડા સમય બાદ સોસાયટીમાંથી એ અલોપ થયો ત્યારે બીજા પઠાણે 'કાદરખાં મુલૂખ ગયા' એવું જણાવેલું.

સૂર પ્રત્યેનું મારું ખેંચાણ ઠેઠ બાળપણથી જ રહ્યું છે. મારી બાનો અવાજ પણ એકદમ ખુલ્લો અને સુરીલો. ગાયન સાથે વાચન પણ સારું. મારા નાનાજી જ નહિ, સદ્ભકિત મંદિરની ભક્તમંડળી પણ 'હરિવિજય', 'પાંડવપ્રતાપ' વગેરે તેની પાસે વંચાવતા. મારા નાનપણના સુખ સાથે આ સૂરનો ખૂબ નજીકનો નાતો રહ્યો છે. અમારે બારણે એકતારો વગાડતો એક ભિખારી આવતો. એ પ્રેમાબાઈનાં ભજનો ગાતો. એમાંનું 'મારા રામને કોઈ લઈ આવો રે' એ ગીત અમે તેની પાસે વારંવાર ગવડાવતા.

સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે મારું ખેંચાણ વધારે અને મેદાની રમત કરતાં એ અધિક પ્રિય. કલાનો નહિ, नकला (મિમિક્રી)નો પણ ગમો ખરો. આ બધાં બીજ મારા મનમાં જોગેશ્વરીના સરસ્વતીબાગમાં રોપાયાં. રામેશ્વર મંદિરમાં કીર્તન શરૂ થાય કે ખાવાપીવાની સૂધ રહે નહિ. કથાકાર મહારાજના ગાન જેટલું જ વાજાંપેટીવાળા તરફ પણ મારું ધ્યાન હોય. પેટીમાંથી ગાન નીકળવા માંડે એટલે ચમત્કાર થતો! કીર્તન સાંભળીને ઘરે આવ્યા બાદ, બીજા દિવસથી મારું કીર્તન ઘરમાં શરૂ થાય. સોસાયટીના ગણેશોત્સવમાં મેં પહેલવહેલી વાર જ્યારે કામતને મિમિક્રી કરતા જોયા ત્યારથી જ મિમિક્રી માટેની મારી રુચિ પેદા થઈ.

પ્રયોગ તો ઘરમાં જ થાય, આથી કાયમ હાઉસફુલ! પહેલી-બીજીમાં હતો ત્યારે મેં પહેલી વાર શાહિર ખાડિલકરનાં શૌર્યગીતો સાંભળ્યાં. પછી લાગલું જ સૂપડાનું ડફ બનાવીને, 'પ્રથમ નમન શારદાચરણે...

શારદાચરણે... શારદાચરણે; યુકિત, બુદ્ધિ અને શકિત દે, ગાઉ હું કવન' શરૂ. 'જી'... 'જી'...ના હોંકારા ભરવા માટે હોય ઉમાકાંત. સોસાયટીમાં વચ્ચે વચ્ચે ક્યારેક ભાષણો થતાં. મારું પહેલું જાહેર ભાષણ પાંચ-છ વર્ષનો હતો ત્યારે ટાકી મહારાજની હાજરીમાં સદ્ભકિત મંદિરમાં થયું. એમાંનું એક સંભારણું તો પાક્કું છે. મારા નાનાજીએ લખેલું વીર અભિમન્યું પરનું ભાષણ મેં ચાર-પાંચ મિનિટમાં ફટાફટ બોલી બતાવ્યું અને છેલ્લે ભૂલી ગયો, પણ તરત જ સમયસૂચકતા વાપરીને, 'છોડો, મારો દૂધ પીવાનો સમય થઈ ગયો છે,' એમ કહીને શ્રોતાઓના ચક્રવ્યૂહમાંથી મારો છુટકારો કરી લીધો! મારાં આ 'દૂધ પીવાનો સમય થયો'વાળાં મજાક અને લાડ એ પછી લાંબો સમય ચાલ્યાં.

અને આ જ સોસાયટીમાં નાટક નામની ચીજ મેં પહેલવહેલી વાર જોઈ. મુંબઈમાં ગંધર્વનાં નાટકો થતાં. પણ જે ઉંમરે બાના ખોળામાં બેસીને મેં એ જોયાં તે સમયે બાલગંધર્વ મરાઠી રંગભૂમિ ગજાવી રહ્યા હતા છતાંય તે મને જગાડી શક્યા નહિ હોય. મેં પહેલું સંપૂર્ણ નાટક જોયું તે ૧૯૨૫-૨૬ના કાળમાં: સોસાયટીના રાયાફેણે, સંજીવ, કાશીનાથ વાઘ, સાખરદાંડે, લજપત વગેરેએ કરેલું 'પુણ્યપ્રભાવ'. મારી દૃષ્ટિએ તો એ એક ચમત્કાર જ હતો. એમાંના વૃંદાવન થયેલા રાયાફેણેની અને કંકણ બનેલા કાશીનાથ વાઘની બીક તો મને કેટલાય દિવસો સુધી રહી હતી. વસુંધરાના પાત્રમાં હતો લજપત અને કામત તરીકે હતો પેલો કિંકિણી. પચાસ વર્ષ થઈ ગયાં તોય પાત્રયોજના યાદ છે. (નિશાળમાં ભૂગોળ પણ આવી જ યાદ રહી હોત તો?)

એની સામે જોઈએ તો રમતગમતમાં મારી જરાયે પ્રગતિ નહોતી. સોસાયટીમાં સુંદર ટેનિસકોર્ટ હતો. ત્યાં સફેદ હાફપેન્ટ પહેરીને મોટેરા રમતા. હદની બહાર જતો દડો લાવી આપવાની સ્વયંસેવકગીરી અમારા હાથે થતી. એમાંનો 'ડ્યૂ...સ' શબ્દ મને ખૂબ ગમતો. એના અર્થની આજે પણ ખબર નથી. ક્રિકેટનું મેદાન પણ હતું. પણ એ રમતમાં સેકંડ વિકેટકીપર અને લાસ્ટ પ્લેયરના હોદ્દાથી આગળ ક્યારેય હું ગયો નથી. પણ ખરી રુચિ તો નાટકની. એમાંયે મારા નારાયણમામા આગેવાન.

મિમિક્રી, અભિનય એ બધાંમાં નારાયણમામા અમારો આદર્શ. એ મુંબઈ જઈને અંગ્રેજી સિનેમા જોઈ આવતા. ત્યારે બોલતાં ચિત્રપટ નહોતાં. દેમાર મારામારી. એટલે અમારાં નાટકો મારામારી-ફાઇટિંગનાં. ક્યારેક મારા નાનાજી (ઋગ્વેદી) અમને નાટકો લખી આપતા. નારાયણમામાની નાટકમંડળી આખીયે સોસાયટીમાં ફરી ફરીને નાટક નાટક રમતી. વિષય 'રામાયણ', પણ સ્ત્રીપાત્રરહિત. મુખ્ય ભાર રામ-રાવણ યુદ્ધ પર. અમે વાનરસેનામાં. પૂંઠાં-પતરાંનાં ચમકતા મુગટ, ધનુષ્યબાણ, પૂંછડાં ચોંટાડેલ ચડ્ડીઓ હોય એવા ઠાઠમાઠમાં અમારી નાટકમંડળીના પ્રયોગો આખી સોસાયટીમાં થતા. વાનરમંડળી સાચકલા આંબાની ડાળ પર ચઢી બેસતી. મારા મોટા મામા ચિત્રકાર, તે અમને સુંદર મુગટ બનાવી આપતા. અમારી આ નાટ્યસેવાની સાથેસાથે નાનાજી પાસેથી શ્લોક-આર્યા શીખવાનો કાર્યક્રમ પણ ચાલુ રહેતો. વરસ આખરે બે અડધી પાટલૂન અને પહેરણ સિવાય અમારા પોશાકમાં બાપુ બીજું કાંઈ ઉમેરતા નહિ. પણ નાનાજી બાળકો માટે વાર્તાની ચોપડીઓ પુષ્કળ લાવી આપતા. 'રામાયણ'—'મહાભારત' સાથેનો મારો ગ્રંથપરિચય વા. ગો. આપટેનાં પુસ્તકોથી થયો. મારા સાતમા-આઠમા વર્ષે મને લાગતું કે નાનાં બાળકોના વાચનની ચિંતા કરનારા આ એક જ લેખક અને તેમનું 'આનંદ' નામનું એક જ માસિક છે. તે જમાનામાં બાળકો માટે ચંપ્લ બનાવનારા કારીગરો નહિ હોય. છેક મૅટ્રિકના વર્ગમાં ગયો ત્યારે મેં ચંપલ પહેર્યાં અને જિંદગીનો પહેલવહેલો પાયજામો ચઢાવ્યો. પણ નિશાળમાં માસ્તર સિવાય કોઈ જ ચંપલ પહેરનારું નહોતું. બાપુમંડળી કારવારથી 'જૂતી' લાવતી, તેને કોપરેલ તેલનું માલિસ થતું.

એટલું ખરું કે તે સમયે અમારા બાપુઓનું પણ બાળપણ જ ચાલતું હોવું જોઈએ. અમો બાળકોની કલાઉપાસનામાં તેમનો ખૂબ જ સાથ હોય. અમારા બધા જ મનોરંજન કાર્યક્રમોના એ લોકો હોંશીલા શ્રોતાઓ. "ગાવાનું નહિ, નાટક કરવાનાં નહિ, ફક્ત ભણવાની ચોપડીઓ વાંચવાની!" એવાં વાક્યો મારા બાળપણમાં બાપુમંડળીને મોઢેથી સાંભળ્યાં નથી. ઊલટું મારા બાપુજીના મોઢે 'શાપસંભ્રમ', 'શારદા' જેવાં નાટકોનાં

ગીતો જ હોય. મારા મહારુદ્રમામા તો ‘પરવશતા પાશ દૈવી’ ગાવાનું શરૂ કરે તો એવું લાગતું કે માસ્ટર દીનાનાથ આમની પાસેથી જ શીખ્યા હોવા જોઈએ! ઘરમાં સૌથી પહેલો ભૂંગળીવાળો ફોનોગ્રાફ પણ એ જ લાવેલા, જેમાં હાસ્યના વિવિધ પ્રકારો બતાવનારું એક ‘લાફિંગ સોંગ’ હતું.

સોસાયટીના બધા જ લોકો ‘જુઓ, અમારાં છોકરાં કેવાં ગુણિયલ’, એવા વટથી અમને તાકી રહેતા. મારા સાહિત્યપ્રેમી નાનાજી છોકરાં-છોકરીઓ માટે ગીતો લખી આપતા. રાયાફેણે, સાખરદાંડે જેવા નાટ્યપ્રેમી લોકો, ટાકી મહારાજ જેવા અત્યંત રસમય પ્રવચનો કરનારા ભકિતમાર્ગીઓ, ગાંઠનું ખરચીને હોંશે હોંશે ‘વાહ વા, દડો આ’ વગેરે ગીતો અંગભંગિ સાથે શીખવનારાં કૃષ્ણાબાઈ (સાહિત્યકાર જ્ઞાનેશ્વર નાડકર્ણીનાં બા)—સોસાયટીમાં આવા વડીલવર્ગનું નેતૃત્વ હોવાથી, બીજે બધે હોય છે તેવી બાળકોના કાન ખેંચીને ફક્ત ભણવા બેસાડે એવી ધાકભરી સંસ્કૃતિનો સોસાયટીનાં અમ બાળકોને ક્યારેય ત્રાસ થયો નથી.

હોંશે હોંશે આ કુટુંબો સાથે રહેવા આવ્યાં હતાં. મહિને ‘સો’ની આસપાસ બધાની આવક. મોટે ભાગે બધા અંગ્રેજી કંપનીમાં નાનામોટા કારકુની હોદ્દા પર. થોડાક જણ સરકારી નોકરીમાં. એ. એફ. ફર્ગ્યુસન કંપની, રેલી બ્રધર્સ, શો વોલેસ, ડંકન સ્ટ્રેટન, ઇમ્પીરિયલ બેંક, આવાં આવાં નામ અમારા કાન પર અથડાતાં. દિનુ, વિનાયક, ચરણ, વસંત, મોહન જેવા છોકરાઓની માયું ગમે ત્યારે જમાડે, ખાઉ આપે. આથી ‘સુકરુંડે’ કોની બા સારાં બનાવે, કોના ઘરના ‘એરાપ્પે’ સારા, ‘ચવડે’ સૌથી ફરસાં કોનાં, એની બધીયે ખબર અમો બાળકોને બરાબર રહેતી. મજમુદારનાં ઘરડાં માજી અનંત ચતુર્દશીને દિવસે સોસાયટીનાં બાળકોને એક એક વાડકી ખીર આપે. એમાં કિસમિસ હોય અને કેસરની સુગંધ પણ હોય.

આ બધાં સુખોની આડે જો સાચે જ કોઈ આવતું હોય તો તે સવારે અગિયારથી પાંચ એક પાટલી પર પાંચ પાંચ છોકરાંઓને બેસાડી રાખનારી, અંગૂઠા પકડાવનારી, કાન આમળનારી, ટેબલ પર

હાથ ઊંચો કરી તેના પર ફૂટપટ્ટીનો માર ખવડાવનારી અથવા તો મૌખિક હિસાબ ભૂલ્યા તો હરોળમાં આપણી નીચે ઊભેલાં અને હિસાબ બરાબર આવડનારાં છોકરાં પાસેથી આપણી કાનપટ્ટીમાં ફટકારાવીને, આપણને ‘વાંકો વળ, ગધેડા’ એવું બધું સંભળાવનારી નિશાળ. ત્યાં જતી વખતે અમારા નાટકનો રામ જ નહિ, રાવણ પણ રોજ વનવાસે જવા નીકળતો હોય તેમ નીકળતો!

નાનાં બાળકો માટે છ રવિવાર અને ફક્ત એક જ સોમવાર હોય એવું અઠવાડિયું શરૂ કરવું જોઈએ. પછી જુઓ દરેકનું બાળપણ કેવું સુખમાં જાય છે!

– અનુ. અરુણા જાડેજા

[‘ઉદ્દેશ’ માસિકઃ ૨૦૦૧]

## ‘જાને ક્યૂં આજ તેરે નામ પે રોના આયા...’

આજે સવારના પહોરમાં જ ગીતની એક કડીએ મને ઊંઘમાંથી જગાડી દીધોઃ “જાને ક્યૂં આજ તેરે નામ પે રોના આયા.” એ ગીત બેગમ અખ્તરના સૂર પહેરી-ઓઢીને આવ્યું હતું. ચારપાંચ વર્ષ પહેલાં એ ગીત સાંભળતાં રોક્યાં રોકાય નહિ એવાં આંસુથી મારું ઓશીકું ભીંજાયું હતું.

બેગમસાહેબાનું અવસાન થયું તે રાત્રે, એમના સૂરોના શ્રવણથી ધન્ય થયેલા કૃતજ્ઞ રસિકજનોએ એમને રેડિયો મારફતે શ્રદ્ધાંજલિ અર્પી હતી. દરેક જણ ભરાયેલા હૈયે, મોં વાટે બે શબ્દો બહાર કાઢવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. સાંભળતાં સાંભળતાં હૈયું ભરાઈ આવતું હતું. છેવટે અચાનક બેગમસાહેબાના ગળામાંની એ ગઝલ રેકર્ડમાંથી ઊમટી રહી...

*અય મુહબ્બત તેરે અંજામ પે રોના આયા.*
*જાને ક્યૂં આજ તેરે નામ પે રોના આયા.*

ત્યાં સુધી તો આંસુઓનો બંધ મેં ફૂટવા દીધો નહોતો. પાંચ

દાયકા વટાવી ચૂકેલા મારા જેવા માણસને એ ગઝલ સાંભળીને આટલું હીબકે હીબકે રડવાની કોઈ જરૂર નહોતી. આંખોમાંથી વહી રહેલી એ ધારાની મને પણ નવાઈ થતી રહી હતી.

એ ગઝલ લખનારા શકીલ તો આજે હયાત નથી અને એ કડીએ કડી આંસુથી ભીંજવીને ગાનારાં બેગમ અખ્તર પણ નથી. તોય અંદર રૂંધાયેલાં આંસુ માત્ર અચાનક સરવા માંડે છે. આરસપહાણ સિવાય બીજા કોઈ પણ પથ્થર વડે તાજમહાલના ચણતરની કલ્પના જ થઈ શકતી નથી. તેવી જ રીતે કેટલીક ગઝલો બેગમ અખ્તરના સિવાય બીજા કોઈના પણ અવાજમાં સ્વીકારવી જ અશક્ય લાગે છે.

બેગમ અખ્તરના ગાનનો મેળાપ આમ અચાનક જ થઈ ગયો હતો. ઘણાં વર્ષો પહેલાંની વાત છે. મુંબઈનું રેડિયોસ્ટેશન એ વખતે બેલાર્ડ પિયર પાસેના એક મકાનમાં હતું. એક મોટો એવો હોલ. એને અડીને જ એનાઉન્સરનો ઓરડો. ગીતો, સંગીતિકા, ભાષણો બધા જ કાર્યક્રમો એ એક જ હોલમાંથી થતા. પાસે જ બુખારીસાહેબની ઓફિસ. હોલની બહાર, કાર્યક્રમ માટે આવનાર લોકોને બેસવાના ઓરડામાં એક ટેબલ પર રેડિયોસેટ હોય. ઓગણીસસો સાડત્રીસની આસપાસની વાત. ખેડૂતોના કાર્યક્રમોમાં ગીત-ભજન વગેરે ગાવા માટે, તો ક્યારેક વળી વચ્ચે કોઈ એક નાટિકામાં કામ કરવા માટે મારે જવાનું થતું. પાંચ રૂપિયાની કડકડતી નોટ મળતી, પણ આકર્ષણ હતું તે પેલા ઓરડામાંના રેડિયોનું. એ વખતે પાર્લામાં બહુ બહુ તો ચાર-પાંચ ઘરમાં રેડિયો હશે. આ બાજુ રેડિયોસ્ટેશન પર શમસુદ્દિનખાંસાહેબ, કામુરાવ મંગેશકર, રત્નકાંત રામનાથકર, ગોવિંદ યલ્લાપુરકર, નિમકર એનાઉન્સર, એકાદ-બે સારંગિયા એવા લોકોની મંડળી રહેતી. પાંચ રૂપિયાવાળા ગાનારાઓમાં હું, આર. એન. પરાડકર વગેરે રેડિયોસ્ટાર હતા. પણ રેડિયોસ્ટેશનમાં જવાનો મુખ્ય હેતુ તો ત્યાં રેડિયો સાંભળવા મળે એ રહેતો. ભલે ને પાંચ રૂપિયાવાળો કેમ ના હોઉં, પણ ‘રેડિયોસ્ટાર’ હોવાથી મારે માટે ત્યાં પ્રવેશ ખુલ્લો હતો.

એક દિવસ જોઉં છું તો રેડિયો સામે હાડે ઊંચાપૂરા ઝુલ્ફિકારખાન

બુખારીસાહેબ પોતે ઊભા છે અને એમની આજુબાજુ ઘેરાયેલા બધા બજવૈયા. રેડિયો પરથી અફલાતૂન ગઝલ ચાલી રહી હતી. ગાનારી બાઈ ‘અખ્તરી ફૈઝાબાદી’ છે એવું જાણવા મળ્યું. અતિતારના સૂરે અવાજ થોડોક ફાટતો અને બુખારીસાહેબથી માંડીને બધાની ‘સુભાનલ્લા’ કહેતાં દાદ મળતી. એટલામાં શરૂ થયું ‘દીવાના બનાના હૈ તો દીવાના બના દે’, અને અખ્તરીબાઈ ફૈઝાબાદી નામ અને એ સૂરોનાં છૂંદણાં મનમાં ત્રોફાઈ રહ્યાં.

જિંદગીમાં ગાનસૃષ્ટિના ત્રણ માણસો મને એવા મળ્યા કે એ લોકો ફક્ત ગાવા માટે જ ગાતા હતા. એમને ઘરાણું સિદ્ધ કરવું નહોતું. પોતાની કરામત બતાવવાની નહોતી. કોઈને માત કરવાના નહોતા. એક બાલગંધર્વ, એક બરકત અલી અને એક બેગમ અખ્તર. એમના ગાનમાંથી ગાયકી ક્યારેય છૂટી નથી. એમના ગળામાંથી નિરંતર લહેરાયે જતું ગાયન સ્વયંભૂપણે જ બહાર આવતું. કોઈ જાતનો આડંબર નહિ. કોઈ પણ પરંપરાને આગળ લઈ જવાની નહોતી. આ બાજુ ભલભલા તબલચીઓ પોતાની મુશ્કેલ કરામત બતાવી રહ્યા છે, જાતજાતની લગ્ગીચાટ થઈ રહી છે. અને બેગમ અખ્તરના શબ્દો હળવેકથી આવીને ઝૂલતી ડાળી પર બેસનારાં પંખીડાંની જેમ પડાવે પહોંચે છે.

બેગમ અખ્તર, બરકત અલી અને બાલગંધર્વના સૂરોની લગની પાછળ તો, માડગૂળકરની ભાષામાં કહીએ તો, અમારા ‘કાનના મધુકર’ ભટકતા હતા એવો એ કાળ. જિંદગીમાં એવા હાંડીઝુંમર જેવા ઝગમગનારાં ગાન ઘણાં સાંભળ્યાં. મંજીખાં, કેસરબાઈ, વઝેબુવા, ફૈયાઝખાં સાહેબ, અબ્દુલકરીમખાં, બડે ગુલામ અલી, ઉમેદભીના નિસાર હુસૈનખાં, “આવું ગાનવૃક્ષ ઊભું કરવું જોઈએ,” કહેનારા બાલકૃષ્ણબુવા ઇચલકરંજીકરની અપેક્ષા પૂરી કરનારા ગાયકો સાંભળ્યા. આ લોકો સાચે જ એક એક રાગ કોઈ એક વૃક્ષ જેવો જ ઊભો કરતા. આ તપસ્યાનો વૈભવ જોઈને અચંબો થતો. એમના તંબૂરાની ખોળ કાઢવાનું માન મળે તોય ધન્યતા થઈ આવતી. એની સામે બેગમ અખ્તર, બરકત અલી અને હાફ પેન્ટ તથા ખુલ્લા ગળાનું શર્ટ પહેરીને મહેફિલમાં જનારા

બાલગંધર્વ. આ બધાંમાં ગાયક અને સંગીત જુદું પાડી જ ન શકાય. આ લોકો ખુદ સંગીત બની જતા.

પહેલવહેલું બરકત અલીનું ગાન સાંભળ્યું તે સાડત્રીસ-ઓગણચાળીસની સાલમાં. એક રવિવારે બપોરે સાંતાક્રૂઝના સબર્બન મ્યૂઝિક સર્કલમાં એ નાનકડા સ્ટેજ પર તબલાંપેટી લાવનારા સાથે સાદા શર્ટ-પાયજામો પહેરીને બરકત અલી આવ્યા. પળવારમાં તો તબલાં મેળવાયાં અને ગાન શરૂ થયું. એ સમયે એમના ‘બાગોંમેં પડે ઝૂલે’એ અમારા પ્રાણ હરી લીધા હતા. નારાયણરાવ બાલગંધર્વનું પણ તેવું જ. તબલાંએ સૂરો સાથે સંગત કરી અને ઓર્ગને સૂર ભર્યા કે ગાન શરૂ. કોઈની દાદ આવે છે કે નહિ, સાંભળનારા જાણકાર છે કે અજાણ એની કોઈ પરવા જ નહિ. બેગમ અખ્તર ગાવા લાગે કે એ જ ગત. જાણકારોની દાદ મળી ન મળી ત્યાં તો હાથની જોડાયેલી આંગળીઓ ઝૂકેલી ગરદન તરફ ગયા વિના રહેતી નહિ.

જેમને પંઢરપુર જવા મળતું નથી તેવા શ્રદ્ધાળુઓ ત્યાંથી પાછા આવનારા જાત્રાળુઓને બાથ ભરીને પ્રભુ સાથે ભેટો થઈ ગયાની ભૂખ શમાવી લે છે. મારી યુવાનીમાં મને લખનૌનું ભારે ખેંચાણ હતું. પણ પાર્લાથી ગિરગામ જવાનું કહીએ ત્યારે ટિકિટના ચાર-આઠ આના દસ વાર ગણી જોવાના તે દહાડા. તો વળી લખનૌ તો ક્યાંથી જવાના? અમારા નસીબે તો કોકના ઘરે હોય એવી વાજાથાળી. અને એવા વખતે તો નાદબ્રહ્મથી અધિક આવશ્યક એવા અન્નબ્રહ્મની શોધમાં હું પુણે આવ્યો હતો. લખનૌને પવિત્રધામ માનનારો મધુકર ગોળવલકર મને ત્યાં મળ્યો. હું, મધુકર અને વસંતરાવ દેશપાંડે: બેગમ અખ્તરની રેકોર્ડોએ અમારી કેટકેટલી રાત્રીઓ રોશન કરી એનો હિસાબ નથી. લખનૌમાં મધુએ બેગમસાહેબની મહેફિલમાં સારંગીની સંગત કરી હતી. લખનૌ રેડિયો પર તેણે નોકરી કરી હતી. બનારસ હિંદુ વિદ્યાપીઠમાં એન્જિનિયર થવા ગયેલો, જબલપુરના મોટા રઈસ એવા ગોળવલકર ખાનદાનનો મધુ, બેગમ અખ્તરના સૂરોનો સારંગિયો થઈ બેઠો હતો. આવા હિસાબકિતાબ સાવ જુદી જ ભાષામાં લખાતા હોય છે.

'દીવાના બનાના હૈ તો દીવાના બના દે'—આ તે કેવી માગણી છે, તે કોણે, કોને અને કેવી રીતે સમજાવીને કહેવું? ગાન પૂર્વેના સૂરોના રણકાર તો ઓઝલ જેવા હોવા જોઈએ. એની પાછળ છુપાયેલું એ કરુણ, રમ્ય, મોહક, આકર્ષક, અટકચાળું જે કાંઈ સૌંદર્ય હોય તે દર્શાવવા માટે પેલી ઓઝલ હળવેકથી દૂર હટાવવાની એ ક્ષણ ગાયકને ખરે ટાણે પકડતાં આવડવી જોઈએ. ઉત્કંઠા બહુ ખેંચીને પણ ચાલતી નથી કે ઉતાવળ કરીને પણ શમતી નથી.

બેગમસાહેબા જિંદગીમાં ક્યારેક મળશે, પ્રેમથી ગાન સંભળાવશે એવું ધાર્યું પણ નહોતું. 'ડિઝાયર ઓફ એ મોથ ફોર ધ સ્ટાર એન્ડ નાઇટ ફોર ધ મોરો' આ પંક્તિ વારંવાર સંભારીએ એવી જ રીતે જિંદગીનાં આશાભર્યાં વર્ષો વહી ગયાં, તોપણ નિરાશાની મૂડી જમાવીને પોતાની જાતને હાસ્યાસ્પદ કરી મૂકી નહોતી. અમારે માટે તો અમારા સૂરોની ભક્તિની મગરૂબી એવી તો જબરદસ્ત હતી કે બેગમ અખ્તરની 'વફાઓં કે બદલે જફા કર રહે હૈં'ની રેકર્ડ સાંભળતાં ફાટેલી-તૂટેલી શેતરંજીના ગાલીચા બની જતા અને છત પરના ઉઘાડા બલ્બનાં ઝુંમર. ભાવિક મંડળી ભાગવત અને દાસબોધના પારાયણો કરતી હતી. અમે બેગમસાહેબની એકેએક રેકર્ડનાં સપ્તાહો ઊજવતા હતા.

અચાનક અમારા કરતાં ઉંમરમાં, માનમાં, ધનમાં, રૂપમાં અને સ્વભાવસૌંદર્યમાં કેટલાયે ગણા મોટા એવા રસિકરાજ રામુભૈયા દાતે સાથે અમારાં મન મળી ગયાં. પહેલાંના વખતમાં બાળકોને વડીલ મુરબ્બીઓનાં ચરણોમાં ધરતા, તેમ એમણે લખનૌમાં બેગમસાહેબાના દૌલતખાનામાં એમની સાથે મારી મુલાકાત કરાવી દીધી. બેગમસાહેબા સાથે એમણે મારી ઓળખાણ કરાવી આપવી એટલે જાણે સાક્ષાત શ્રીકૃષ્ણે 'આ મારો મિત્ર' કહીને રાધા સાથે જ ઓળખાણ કરાવી આપવા જેવું હતું. ખાસ લખનવી કલાકસબી શબ્દોમાં ગૂંથીને રામુભૈયાએ મારી તારીફ કરી હતી. સાથે હતાં કુમારગંધર્વ, ભાનુમતી, રામભાઉ ગુળવણી. રામુભૈયાએ દીવાનખાનામાંની એક પેટી આગળ ખેંચી અને બેગમસાહેબાને કહ્યું, "સુનિયે," અને મને કહ્યું, "વગાડો."

મેં કહ્યું, “આફત છે, રામુભૈયા! શેનું વગાડવાનું?”

“અરે યાર, મોટી આફત છે! ભીમપલાસી-મુલતાનીની વેળા છે. એને શું એમ જ જવા દેવી? એનુંયે કાંઈ માન રાખશો કે નહિ?”

આ બાજુ કુમાર, પેલી બાજુ બેગમસાહેબા અને મારી આગળ વાજાંપેટી. મેં પણ ‘થઈ જવા દો’ કહીને પેટી લીધી. આંગળીઓ ભીમપલાસી પર ફરી વળી અને બેગમસાહેબા એકદમ બોલ્યાં, “હમારે ગંધર્વ કૈસે હૈં?” ભીમપલાસીના એ ચાર સૂરોને લીધે એમને અચાનક બાલગંધર્વનું સ્મરણ થયું હતું. એમને મોઢે બાલગંધર્વનો ઉલ્લેખ થયો અને નવીસવી ઓળખાણના બધા જ ઔપચારિક બંધ સરી પડ્યા. ભીમપલાસી તો બાલગંધર્વને જન્મથી જ બક્ષિસમાં મળેલો રાગ. બાલગંધર્વને લીધે મરાઠી સંગીતરસિયાઓએ આ ભીમપલાસીને પુષ્કળ પ્રેમ કર્યો. બેગમસાહેબાને બાલગંધર્વ માટે હેતભાવ છે એવું જાણતાં જ એ અજાણ્યા દીવાનખાનામાંનું બધું અજાણપણું સરરર દઈને સરી ગયું.

એ દિવસોમાં ખાદીનો પાયજામો અને જાકીટ એવો મારો પહેરવેશ રહેતો. આથી બેગમસાહેબાએ એ પહેલી જ મુલાકાતથી મને ‘લીડરસાહેબ’ કહેવાની શરૂઆત કરી હતી. પાંચ-છ જણની એ મહેફિલમાં કુમારે ગાયું હતું. કુમારનો ષડ્જ લાગ્યો અને બેગમસાહેબની છલકાઈ ઊઠેલી આંખોએ એ ષડ્જને પહેલી દાદ આપી. ગાન પૂરું થયું અને સન્નાટો ફેલાયો...

તે દિવસના ગાન જેટલો જ એ સન્નાટો, એ શાંતિ મને આજે પણ સાંભરે છે. નાદબ્રહ્મ તો આવી નાદાતીત અવસ્થાએ પહોંચવા માટે જ હોય છે.

પોતે પોતાને જ જાણવું એ તત્ત્વ બધી જ ‘પહોંચી હુઈ’ મોટી વ્યક્તિ આજ સુધી કહેતી આવી છે. ગાનકળાના સંદર્ભમાં બેગમ અખ્તરે ઘણી નાની ઉંમરે જ એ પામી લીધું હતું. હકીકતમાં તો એમણે ફૈજાબાદમાં વિધિસર ગાવાની તાલીમ લેવાની શરૂઆત કરી હતી. એ સૂર, એ ગાયકી એમના ગળાને સહજસિદ્ધ હતી. પણ આ ગાયકી

એમને જોઈએ તેવી તસલ્લી આપી શકતી નહોતી, મોકળાશ આપી શકતી નહોતી. આ ગાયકી તો પોતાના કાયદાકાનૂન લઈને આવતી હતી, ફૈજાબાદમાં રહેતાં'તાં એ હવેલીને આગ લાગ્યાનું નિમિત્ત થયું અને અખ્તરી કલકત્તા આવી. એક બંગાળી નાટક કંપનીમાં, એ વખતના પારસી થિયેટ્રિકલ્સના નાટકમાં ગાઈને વન્સમોર લેવા લાગી—અને એક દિવ્ય ક્ષણે ઉર્દૂ શાયરીના ખંડમાં એનો પ્રવેશ થયો. ગાલિબ, મીર, ઝૌક જેવા શાયરોના દીવાન એના હાથમાં આવ્યા. યુવાન અખ્તરીના અંતર્યામીના રુણ સૂરોને સાથ દેનારા શબ્દો ક્યાંકથી જડી આવ્યા. આંતરિક વેદનાના હોંકારાને ગઝલો મારફતે વાટ જડતી ગઈ. જે ગાવું હતું તે ગવાવા લાગ્યું. એ ગાવું જ્યાં જઈને પહોંચે એવા શબ્દ અને સૂરને પારખનારા રસિકોનો મેળાવડો જામ્યો. પોતાના શબ્દોને અખ્તરીના સૂર પામ્યાની ધન્યતાનો અનુભવ શૌકત, બેહજાદ જેવા શાયરોને થવા લાગ્યો. અને જોતજોતામાં તો લખનૌની 'અખ્તરી મંજિલ' સૂરોની શમા પર ચક્કર લગાવનારા પરવાનાઓની મક્કા થઈ રહી. બેહજાદસાહેબે અખ્તરી ફૈજાબાદીને નવી ગઝલ લખી આપ્યાની વાત, ઝવેરી બજારમાં નવો નવલખો આવ્યા જેવી સંગીતરસિકોમાં ફેલાતી રહેતી અને મહેફિલો હકડેઠઠ ભરાયે જતી.

આખરે તો જીવંત મહેફિલ એ જ સાચી. એ ગાન, એ ગાયિકા, કાળજાના કાન કરીને એના સૂરેસૂર પકડનારા અને ક્ષણભરનો અવકાશ મળ્યો ન મળ્યો ત્યાં તો એમાં સાજનો રંગ ભરી દેનારા કુશળ સાજિંદાઓ, ઉત્કંઠાથી ભરપૂર એવી એ પ્રત્યેક ક્ષણ, એ ક્ષણોને લાધેલી સૂરલયની શ્રીમંતાઈ, કોઈ એક જીવલેણ સૂરાવલી ગળામાંથી નીકળતાં ગાયિકાની આંખોમાં ચમકી ગયેલી એ વેદના—અને આ બધાંનો અંગીકાર કરવા માટે પોતાનું પૂરું હુંપણું ગુમાવીને યાચક થઈ બેઠેલું પેલું દિલદાર રસિકવૃંદ અને ખુલ્લા દિલે અપાતી એ દાદ. 'અખ્તરી મંજિલ'માં આ મહેફિલો જેણે માણી હશે તેમણે, "આ મહેફિલ આમ જ અવિરત ચાલવા દે" એનાથી વધીને બીજી કોઈ દુઆ અલ્લામિયાં પાસે નહિ માગી હોય.

આ બેગમ અખ્તરના ગળામાં એવું તે શું હતું જે સમજાતું નથી? પણ ક્યાંયથીય એ સૂર જો કાને પડ્યા તો આપણા હાથમાનું કામ જેમનું તેમ થંભી જાય, વાતચીત થંભી જાય. ના, કાળ જ થંભી જાય એવું લાગતું. ગયા વરસની જ વાત છે. ધારવાડમાં મલ્લિકાર્જુન મન્સૂરના ઘરે અમસ્તી જ આમની-તેમની વાતો ચાલી રહી હતી. વાતો જામી રહી હતી. એટલામાં જ પેલી બાજુના ઓરડામાં એમની દીકરીએ રેડિયો ચાલુ કર્યો અને ગાન શરૂ થયું. 'સિતારોંસે આગે જહાઁ ઔર ભી હૈ...' બેગમ અખ્તર ગાતાં હતાં. વાતો અચાનક બંધ. મલ્લિકાર્જુન અણ્ણા કેટલું સરસ બોલી ગયા! કહ્યું...

"આ અવાજ અને નારાયણરાવનો અવાજ, એમને મૃત્યુ જ નથી. અમે બધા ભુલાઈ જઈશું. આ તો દેવોએ સિદ્ધ કરીને પાઠવેલા સૂર."

બેગમ અખ્તરનું ગીત સાંભળતાં ઉર્દૂ શાયરીમાંનો સૂક્ષ્માર્થ ન સમજાવા છતાં પણ કોણ જાણે કેમ પણ એમાંના વ્યાકુળ ભાવોથી હૈયું ગદ્‌ગદ થઈ ઊઠતું. એ ગાનને નકામી ખટપટ મંજૂર નહોતી. કોઈ ઉતાવળ નહોતી. ચળકાટની લોલુપતા નહોતી. ઢાળમાં ઊટપટાંગપણું નહોતું. સીધાસાદા રાગમાંથીય શબ્દો વહેતા આવતા, વિસામો લેતા લેતા. શાયરીમાંના નાટ્ય અને મતલબની આસ્તેકથી પ્રતીતિ કરાવતું આ ગાન ચાલતું. પણ આવી સાદગી જ મહામુશ્કેલ. અને ખાસ તો એ કે સામે બેઠેલા દરેક સાથે સંવાદ સાધનારું આ ગાન હતું. દીવાનખાનામાં જ જામનારું, મોટા થિયેટરોમાં નહિ.

પુનામાં બેગમસાહેબાનો મુકામ રામમહારાજ પંડિતના 'આશિયાના' બંગલામાં થતો. રામમહારાજનાં પત્ની વસુંધરાબાઈ તેમનાં શિષ્યા. વસુંધરાબાઈએ તો જન્મદાત્રી માતાને કરીએ તેટલો પ્રેમ આ અમ્મીને કર્યો હતો. એમની સેવામાં સહેજ પણ કચાશ રાખી નહોતી. અમ્મીનો 'આશિયાના'માંનો મુકામ જ અમારે માટે તો ઓચ્છવ થઈ રહેતો. લખનૌની 'અખ્તરી મંઝિલ'માં થતી મહેફિલોમાં શરીક થવા મળે એ તો ભાગ્યયોગ જ કહેવાતો. અહીં મહેફિલવાળી પેલી મલિકા અમારી ફરમાઈશને માન આપીને પેટ ભરીને ગાયન સંભળાવ્યે જતી. કીર્તિ,

સંપત્તિ, અસંખ્ય રસિકોના મનમાં રહેલો એમના પ્રત્યેનો ભક્તિભાવ કે આમાંની કોઈ પણ બાબતથી એમની પ્રતિભાને અહંકારનો જરા જેટલોય સ્પર્શ થયો નહોતો. કોઈ સાથે ચડસાચડસીમાં ઊતરવા માટે એ ક્યારેય ગાતાં નહિ. અંતઃકરણમાંથી જે સૂર સ્રવતા હતા એમને ફક્ત વાટ દેખાડી હતી. મુંબઈમાં બાલગંધર્વની લૉંગ પ્લેઇંગ રેકર્ડના પ્રકાશનનો સમારંભ હતો. લખનૌ જવા માટે લીધેલી ટિકિટ રદ કરીને સમારંભમાં આવ્યાં અને પ્રેક્ષકોમાં જઈ બેઠાં. મારું ભાષણ હતું. સામે જોઉં છું તો બેગમસાહેબા બેઠાં હતાં. મરાઠી ન જાણતાં હોવા છતાંયે ‘वाच्यवरची वरात’ જોવા આવ્યાં હતાં. બાલગંધર્વના રેકર્ડ પ્રકાશન સમયેનું મારું ભાષણ સાંભળીને કહેલું, “લીડરસાબ, આજ આપને બહુત દિલચશ્પ તકીર ફરમાયી.”

મેં પૂછ્યું, “મેરી મરાઠી બાત આપકી સમઝમેં, કૈસે આયી?”

તો કહ્યું, “આપ હંમેશ બહોત હઁસાતે હો, મગર આજ જો દાદ દી જા રહી થી, વહ કુછ અલગ થી.”

રામમહારાજ પંડિતના ‘આશિયાના’માં એક વાર અત્યંત સુંદર મહેફિલ જામી હતી. સ્નેહભાવથી એકત્રિત થયેલાં લોકો ગાનારાને તરત જ ઓળખાઈ આવે છે. રાત્રીનો પ્રહરેપ્રહર ધન્ય કરતી મહેફિલ ચાલતી હતી. ઠૂમરી, ગઝલ, દાદરા, સૂરલયનાં અત્યંત મોહક રૂપો પ્રગટી રહ્યાં હતાં. ઠેકઠેકાણે દાદ મળતી હતી. પેટી પર વસંતરાવ દેશપાંડે હતા. થોડી વાર પછી મધ્યાંતર થયો. ચાંદની રાત હતી. હવાની લહેરખી ખાવા માટે હોલમાંથી લોકો બહાર આવ્યા. ‘કોફી થઈ જાય’ એવી હવા હતી. બેગમસાહેબાએ કહ્યું, “ખુદા કસમ, મને પુનામાં ગાવું ખૂબ જ ગમે છે.”

મેં કહ્યું, “આ તો આપની લખનવી તહેજીબ છે. હું પણ દરેક ગામમાં—‘આ ગામ જેવો રસિક શ્રોતા બીજે ક્યાંય મળતો નથી,’ એવું જ કહેતો રહું છું.”

“એવું નથી. અહીં આવવું મને કેમ ગમે છે, તમે જાણો છો?

અહીં મારા સૂરને દાદ મળે છે. ત્યાં તો બધી દાદ શાયર જ લઈ જાય છે અને સૂર બિચારા શરમાઈને રહી જાય છે. અહીં તો સૂરો પ્રેમ પામે છે.”

એ મહેફિલ અવિસ્મરણીય રહી. રાતના અઢી થયા હતા, તોયે મહેફિલની તાજગી ખલાસ થઈ નહોતી. રાતોની રાતો હવા આવી જવાન રાખવાનો જાદુ જે ગણ્યાગાંઠ્યા કલાકારોએ સાધ્યો હતો એમાં બેગમસાહેબાનો ક્રમ ખાસ્સો ઉપર. પછી સંગતે બેઠેલા વસંતરાવ દેશપાંડેને બેગમસાહેબાએ કહ્યું, “ગુરુજી, આપ કુછ નહીં સુનાયેંગે?” પછી તો પરોઢિયાના પાંચ વાગ્યા સુધી વસંતરાવે પણ એકદમ તબિયતથી ગઝલ-ઠૂમરી ગાઈ... બેગમસાહેબાનું એ સાંભળવું, દાદ આપવી એ પણ એક અનુભવવા જેવી વાત રહેતી. દીપશિખા મંદ થવાના પ્રહરે મહેફિલ ઊઠી. પુણેરી હવાએ પણ મહેફિલના એ કદરદાનો પર મહેરબાન થવાનું ઠરાવ્યું હતું. એ પરોઢિયું પણ એ સ્વરગર્ભરાત્રીને ખીલેલા પુષ્પ જેવું જ ઊગ્યું હતું.

હૈયું ભરાઈ આવે એવી મેં સાંભળેલી બેગમસાહેબાની એ આખરી મહેફિલ. એ પછી એમની મુલાકાત થઈ તે દિલ્હીમાં. સંગીત નાટ્ય અકાદમીએ એમનું સન્માન કર્યું તે પ્રસંગે. પુરસ્કારપ્રાપ્ત કલાકારની રૂએ તે દિવસે ત્યાંના કામાણી હોલમાં એમણે ગાયું.

....અને એક દિવસ અચાનક સમાચાર આવ્યા કે અમદાવાદમાં બેગમસાહેબાનું અણધાર્યું અવસાન થયું છેઃ એકત્રીસ ઓક્ટોબર, ઓગણીસ ચુમોતેર. બેગમસાહેબાના સૂરોનો નાતો ખાસ કરીને વિજોગ જોડે જ જોડાયેલો હતો. ગાતી વખતે તેમનું હૈયું ભરાઈ આવતું. સાંભળતી વખતે સાંભળનારનું હૈયું ભરાઈ આવતું. પાંખડી પર અશ્રુ ટપકે એવો ફોરાં જેવો ભીનો સૂર શબ્દો પર પડતો. એ તો વિરહગીતોની રાણી હતી.

જન્મથી જ મેળવાયેલા એ સૂરીલા તારમાંથી પેલો સ્વયંભૂ ગંધાર અણધાર્યો જ બધી કરુણતા લઈને પ્રગટતો અને ઉત્કટતાની ચરમસીમા આવે કે, ચોમાસામાં તાર પરથી ટપક્યે જનારા ટીપાથી પોતાનો જ

ભાર ન સહેવાતાં ટીપું ફૂટી જાય તેમ, એ વેદનાનો ભાર સહન ન થતાં એ સૂર પણ ફાટતો. સુજાણ અને સહૃદય શ્રોતાનાં બધાં પુણ્યોનું ફળ ત્યાં જ મળતું. બાલગંધર્વના ગાનમાં એકાદો શબ્દ આવી જ રીતે ગદ્યપદ્યની સીમારેખા પર મૂકીને ગાયેલો જડે કે એ જગ્યા જેમ ચટકો ભરી જતી, તેવો જ આ અનુભવ. પરિપૂર્ણતાનો આનંદ અને એ ક્ષણ પૂરી થયાનું દુ:ખ, આ બે વચ્ચે ક્યાંક આવી એકાદ ક્ષણની ચમત્કૃતિ ડોકાઈ જતી.

બેગમ અખ્તર આવતાં, ગાઈને જતાં રહેતાં—અમને, ‘ઇન્શાઅલ્લા ફિર મિલેંગે’નું વચન આપીને. ‘અખ્તર’ એટલે તારિકા. આ સિતારાએ જ અમને “સિતારોં કે આગે જહાં ઓર ભી હૈ” એવું ભીંજાયેલા સૂરમાં જણાવ્યું હતું. તારાઓની પેલે પારની આ દુનિયાની જ્યારે એ અમને યાદ કરાવતાં ત્યારે વાસ્તવિકતાની ખૂંચનારી સભાનતામાંથી એ ક્ષણે અમે મુકિત પામતા—બેગમસાહેબા ગયાં અને ક્યારેક રેકર્ડમાંથી તો ક્યારેક કેસેટમાંથી એમનું ગાન સાંભળવા જેટલી તો સગવડ પાછળ રહી છે. પણ હવે આ બધું ચિત્રો થકી ઋતુલીલા નિહાળવા જેવું. એ યંત્રો બિચારાં એ ગાન સંભળાવે છે. પછી આંખો સમક્ષ મહેફિલો ખડી થઈ જાય છે. વર્ષોનાં વર્ષો પહેલાંની એ રાતો જાણે ગઈ કાલની જ લાગે છે અને એક જ કડી ફરીફરી કાનમાં ગુંજારવ કરી રહે છે—“કબજે મેં થી બહાર, આજકલકી બાત હૈ.” ગઈકાલની જ વાત!

આજે મારી જિંદગી જગતનાં વિવિધ પ્રકારનાં કુદરતી અને માનવનિર્મિત દુ:ખોના ડુંગર નીચે દબાઈ રહી છે, એવું કાંઈ નથી. અપાર દુ:ખો ભોગવનારાં માણસો હું રોજ જોઉં છું. તોપણ મારા ઘર સામેના ઝાડ પર અજાણ્યાં પક્ષીઓ આવીને ભૂપાલી ગાઈ જતાં હોય છે. આસપાસનાં ઘરોનાં ભૂલકાંઓની બાલઋચા કાને પડતી હોય છે. ક્યારેક હવાની એકાદી લહેરખી, ઋતુચક્રે એક ઓર ફેરો ફર્યાની વાત પણ કહી જાય છે. પણ ગૅલેરીમાંથી દેખાતી વાડ પાસેની પેલી ટચૂકડી વેલી પર એકાદા પંખીડાનું હળવેકથી ટપકી પડવું, ધીમા ધીમા સરવડાંથી ભીંજાઈને ટપટપ ટીપાં પાડનારાં જાસૂદનાં પાંદડાં, ઘેરાઈ

આવેલું સવારનું આકાશ, આ બધાંની એવી કાંઈ અસર થઈ આવે કે બેગમ અખ્તરના સૂરોની તરસ લાગી ઊઠે છે. પંખીડાનું એ ટપકી પડવું, પેલા પાંદડાં પરનાં ટીપાંનું એ ટપકવું, ઓચિંતું ઘેરાઈ આવેલું એ આકાશ, આ બધું જેટલું સહજ, કુદરતી અને ભીંજાઈને જેટલું છલકાયેલું એટલું જ બેગમસાહેબાનું ગાન. એ ઘેરાઈ આવનારા સૂર. લય પર એ આસ્તેકથી પોરો ખાવો. હું પોતે જ સવારની એક કવિતા થઈ જાઉં છું. એ કવિતાની પહેલી કડી પણ, ‘જાને ક્યૂં આજ તેરે નામ પે રોના આયા...’ એ જ હોય છે!

— અનુ. અરુણા જાડેજા

[‘નવનીત-સમર્પણ’ માસિકઃ ૨૦૦૩]

# પુરુષોત્તમ ગ. માવળંકર

## કાર્ય અને પદ

આઝાદી પછી આપણા રાષ્ટ્રીય જીવનનાં અવનવાં ક્ષેત્રો જ્યારે પહેલી જ વાર ખૂલ્યાં છે, ત્યારે નિષ્ઠાવાન કાર્યકરોની મોટી સંખ્યા આપણે ત્યાં તૈયાર થવી જોઈએ; તેને બદલે દંભ અને દોરદમામમાં રાચતા પદાધિકારીઓની ફોજ વધી રહી છે. ભારત સ્વતંત્ર નહોતું ત્યારે આપણી વચ્ચે જેટલા કાર્યકરો હતા, તેટલા પણ આજે દેખાતા નથી; અને ગુલામ દેશના લોકસેવકોમાં સચ્ચાઈ, સન્નિષ્ઠા તથા સ્વાભિમાન જેટલા પ્રમાણમાં હતાં તેટલાંય આજે વર્તાતાં નથી.

કાર્ય કરતો રહે તે કાર્યકર; અને પોતાનું નિયત કામ સતત, સરસ રીતે કરતો રહે તે સાચો કાર્યકર. કામ કરતા રહેવામાં જ તેને આનંદ આવે છે. પદની લાલસા એ રાખતો નથી. કામ કરતાં કરતાં પદો મેળવવાનાં છે તેમ છોડવાનાં પણ છે, એમ તે સમજે છે. ગમે તે કારણે પોતાનું પદ છોડી દેવાની તૈયારી સાથે પોતાનું કાર્ય એ કરતો રહે છે. ગમે તેટલું મોટું પદ મળે તેને શોભાવવાની લાયકાત અને કુશળતા એ પ્રાપ્ત કરી શકે છે. અને કોઈ પણ પદ ન મળે તોયે, પોતાનું વ્યક્તિત્વ એ જ એક અનેરું પદ છે એવા નિર્દોષ રૂઆબથી એ વર્તે છે.

['અભ્યાસ' માસિક: ૧૯૬૯]

## વાચનની વૃત્તિ કેળવવી પડે છે

માણસમાં વિચાર કરવાની ક્ષમતા છે; પણ તેથી કાંઈ દરેક માણસ વિચાર કરે જ છે એવું નથી.

વિચાર કરવામાં વાચન સહાયક નીવડે છે. પણ વિચારશીલ માણસ માટે વાચન અનિવાર્ય જ છે, એવું યે નથી. અનેક સ્ત્રી-પુરુષો વાંચી નથી શકતાં, છતાં તેઓ વિચારી તો શકે જ છે. તેમ છતાં અંત:પ્રેરણાથી વિચાર કરનારાં એવાં ઓછાં જ રહેવાનાં. વાચનથી આપણને અનેક વિચારબિંદુઓ મળે છે, આપણી માહિતી વધે છે; જીવન વિશેની આપણી સમજણને વાચન વધારે છે. જીવનની વિવિધ સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય છે, એ વિશેનું અનુભવામૃત આપણે વાચન દ્વારા પામીએ છીએ. જેમ આંખો છે એટલે જોવા જેવું સારું બધું જોવાય જ છે, એવું નથી; તેમ વાંચતાં આવડે છે તેથી વાંચવું જોઈતું સઘળું વંચાય જ છે, એવું નથી. અનેક માણસો આખી જિંદગી ભાગ્યે જ કશુંક નક્કર ને નોંધપાત્રા વાચન કરતા હોય છે. વાચનની વૃત્તિ એ દરેક માણસની કુદરતી પ્રક્રિયા નથી; એને કેળવવી પડે છે. આ બાબત અભ્યાસની છે, પ્રયત્નપૂર્વક કરતા રહેવાના વ્યવહારની છે. વાચનની ટેવ નાનપણથી પડવી જોઈએ, મા-બાપોએ અને શિક્ષકોએ તે પાડવી જોઈએ.

અઢળક વાચનસામગ્રી નજર સામે આવે ત્યારે જે કાંઈ જોયું તે બધું વાંચ્યું—એવું નહીં ચાલે. વિસ્તૃત સામગ્રીમાંથી કામનું, આહ્લાદનું અને પ્રેરણાપાન માટેનું વાચન શોધી કાઢતાં આપણે શીખવાનું છે. જેમજેમ આપણું વાચન વધતું જાય તેમતેમ શુંશું અવશ્ય વાંચવા જેવું છે અને શુંશું ન વાંચવા જેવું છે તેની આપણને ખબર પડવા લાગે છે. કેવળ બહુ વાંચી નાખવાથી જ કોઈનું કલ્યાણ થયું નથી. વાચન આત્મસાત્ થાય તે પણ અગત્યનું છે. જે જે વાંચ્યું તેમાંથી કયું ગ્રહણ કરવા લાયક છે, એ નક્કી કરતાં શીખવાનું છે.

થોડા સમયમાં વધુ વાંચી લેવાની ટેવ ધીરેધીરે અને કષ્ટપૂર્વક પણ પાડવી જોઈએ. ઝડપથી વાંચવું એટલે ગબડાવવું, એમ નહીં! નજર સડસડાટ ફેરવતાં આવડવું જોઈએ, તેમ તેને યોગ્ય મુદ્દા પર રોકતાં પણ આવડવું જોઈએ. વાંચતાં વાંચતાં કયું તરત ભૂલી જવા જેવું છે એની પણ સૂઝ કેળવવાની છે.

સરસ પુસ્તકો વસાવતાં રહેવું અને વાંચતાં રહેવું, એ દરેક સંસ્કારી સ્ત્રી—પુરુષનો આજીવન છંદ બની રહો!

# પૂજાલાલ

## મરજીવિયા

*સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી*
*અટંક મરજીવિયા, ડગ ભરંત ઉત્સાહનાં;*
*પ્રદીપ્ત નયનો; અથાગ બળ ઊભરે અંગથી;*
*મહાર્ણવ તણી દિશા પર ઠરી બધી ચાહના.*
*ડર્યાં પ્રિયજનો, બધાં સજલનેત્રા આડાં ફર્યાં,*
*શિખામણ દીધી 'વૃથા જીવન વેડફો કાં ભલા!*
*કહીંથી વળગી વિનાશકર આંધળી આ બલા!'*

*પરંતુ દૃઢનિશ્ચયી નહિ જ એમ વાર્યા વર્યા.*
*ગયા ગર્જતા અફાટ વિકરાલ રત્નાકરે,*
*તરંગ ગિરિમાળ શા ઊછળતા ઉરે આથડ્યા;*
*હઠ્યા ન લવ તોય, સાહસિક સર્વ કૂદી પડ્યા*
*અગાધ જળમાં, પ્રવેશ કીધ કાળને ગહ્વરે.*
*ખૂંદ્યાં અતળનાં તમોમય તળો, અને પામિયા*
*અખૂટ અણમોલ કોશ, લઈ બ્હાર એ આવિયા.*

['પારિજાત' પુસ્તક]

—

*રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની,*
*સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી-વાદળી.*

# પેરી બાસ્કોમ

## હાલરડું

સંગીત-મહોત્સવમાં મશહૂર બજવૈયા ને વિખ્યાત સ્વર-કિન્નરીના કાર્યક્રમો હતા. ભવ્ય રંગભવન શ્રોતાજનોથી છલોછલ હતું. બજવૈયો વાજિંત્રાના સૂર છેડવાની હજી તો શરૂઆત કરે છે, ત્યાં જ આગલી હરોળનું એક બાળક રડવા લાગ્યું. તરત જ સૂર-સમ્રાટે વાદ્ય હેઠું મૂક્યું, અને લજ્જાભરી માતા હજારો તીણી નજરોથી પરોવાયેલાં પગલાં ભરતી બહાર નીકળવાના દરવાજા સુધીનો લાંબો પંથ ખેડી રહી ત્યાં સુધી એ વાટ જોતા ઊભા.

થોડી વાર પછી, ગાયિકાના કોકિલ-કંઠનો આલાપ શરૂ થયો. ત્યારે વળી પાછું મોખરાની જ હરોળમાંનું બીજું કોઈ શિશુ રડી ઊઠ્યું. બાલ-રુદનનો આગલો બનાવ, સ્વાભાવિક રીતે, આ માતાના સ્મરણમાં હતો. એટલે ઝટઝટ બાળકને લઈને બહાર નીકળી જવા એ ઊભી થઈ. પણ પોતાની સાથે સૂર પુરાવતા વાદ્યને બંધ કરાવી, રંગમંચની કિનારી સુધી આવીને ગાનારીએ તે મૂંઝાયેલી માતાને પોતાની બેઠકમાં પાછાં ફરવાનો ઇશારો કર્યો: “હું યે સાત છોકરાંની મા છું, બહેન,” એ બોલી: “અને કોઈ પણ બાળક રડી શકે તેના કરતાં ઊંચા સાદે હું ગાઈ જાણું છું. જે ગીત હું ગાવાની હતી તેને બદલે, ચાલ, એક હાલરડું સંભળાવું.” અને તાળીઓનો હર્ષઘેલો ગડગડાટ શમ્યો તેવી જ પોતાના પ્રિય હાલરડાના કોમળ સૂરની હલક એ કોકિલ—કંઠમાંથી નીકળવા લાગી. જોતજોતામાં બાળક જંપી ગયું—અને શ્રોતાસમુદાય પણ.

# પોપ જોન ૨૩મા

## પિતા

*પિતાને બાળકો હોય છે,*
*પણ બાળકોને સાચો પિતા ક્યારેક જ મળે છે.*

# પોપટલાલ પંચાલ

## ત્રણ ત્રણ ગાંધી માર્યા!

*તમે અમોને કેવા ધાર્યા,*
*નરમ નમાલા માન્યા?*
*અરે અમે તો વારાફરતી,*
*ફરતાફરતી,*
*ત્રણ ત્રણ ગાંધી માર્યા!*
*એક નહીં મોહન ગાંધીજી,*
*ઇન્દિરા ગાંધીને માર્યાં,*
*રાજીવને સંહાર્યા....*
*અમે કહો કેવા નરબંકા,*
*ત્રણ ત્રણ ગાંધી માર્યા!*

*તકલીધર મોહન ગાંધીએ*
*મુસ્લિમોને ફટવ્યા;*
*છૂતાછૂતનું કલંક ધોવા*
*હરિજનોને ચગવ્યા;*
*અને રસોડાની રાણી થઈ*
*રાંક બનીને ચૂલો ફૂંકતી,*
*છોરાં જણતી,*
*જીવન આખું કરી વૈતરાં,*
*પ્રેમે મરતી—*
*ઘરની એ અબળા નારીને*
*સબળા કીધી;*
*અંગ્રેજો સામે આખડતી,*
*ઝાંસીની રાણીના જેવી,*

*ચાંદબીબીનાં બીબાં જેવી,*
*કરી બડેખાં—*
*ફટવી મારી મહિલાઓને,*
*હાય તમારા ગાંધીજીએ*
*અમ જીવનની*
*પત્તર રગડી દીધી!*
*એ ગાંધીને માર્યા—*
*ફક્કત ત્રાણ ગોળીમાં ઢાળ્યા!*

*અને અલ્યા ભઈ,*
*નેહરુપુત્રી ઇન્દિરાએ,*
*ભારતની એ વડી પ્રધાને,*
*મુછાળા મર્દોને જાણે*
*લવરમૂછિયા કીધા!...*
*‘બ્લુ સ્ટાર’નું શસ્ત્રા ઉગામી,*
*શીખ સાથે વેર કરાવી,*
*પ્રાક્રમ એવાં કીધાં,*
*કે કહેવાતી ભડ પુત્રી એ*
*ભારતમાની ઇન્દિરાના*
*રક્ષણકર્તા અંગરક્ષકે*
*સ્વયં પ્રાણ લઈ લીધા!*

*એનો પેલો છોરો નાનો,*
*રાજીવ ગાંધી,*
*લોક કહે કે ‘ક્લીન’ આદમી.*
*એણે, ભઈલા,*
*શ્રીલંકાને સાથ આપવા*
*હાથ મદદનો દીધો—*
*એને ત્યારે*

*ફૂલમાળામાં બૉમ્બ મૂકીને*
*ક્ષણમાં ફૂંકી દીધો! તમે કહેશો—*

*ઘરના દીવડા,*
*ઘરના થઈને,*
*અમે બુઝાવી દીધા!*
*ભારતના તારણહારોને*
*અમે ડુબાડી દીધા!*
*મડદાં જેવાં લોકે જેણે*
*પ્રાણ મર્દના પૂર્યા;*
*જેની મૃત્યુકથા સાંભળી*
*જમનાનાં જળ સૂક્યાં;*
*હેમાળોયે ગયો ઝૂકી,*
*ને દિગ્ગજ ડોલી ઊઠ્યા,*
*ને ચિતા પર પોઢ્યો ગાંધી;*
*અગ્નિ એ શરમાયો,*
*ઝૂકી ગયાં વૃક્ષો વનવગડે,*
*પહાડો કંપી ઊઠ્યા;*
*લાખો આંખો રડી ઊઠી,*
*ને લાખો રૂંધાયા;*

*કહો જેમ કહેવું હોયે તે—*
*અમે રહ્યા નરબંકા!*
*દેશભક્તિના રંગરખૈયા,*
*અમે વીર લડવૈયા!*
*ભલે ઝૂકી આલમ આખી,*
*ને ભલે રડયાં જનહૈયાં.*
*અમે રહ્યા એવા નરબંકા,*
*અમે કદી ના ઝૂક્યા!*

ભઈલા,
અમે ધર્મ ના ચૂક્યા!

# પોલા હેમલીન

## વાવાઝોડું અને કિશોર

એક ભયાનક વાવાઝોડું આવ્યું ત્યારે અમારા ગામમાં વૃક્ષો પડી ગયેલાં, છાપરાં ચૂવા માંડેલાં ને દિવસો સુધી વીજળી બંધ પડી ગયેલી. તેવામાં એક દિવસ પવનના સુસવાટા સોંસરવો બારણે ટકોરાનો અવાજ સંભળાયો. અંધારે હાથે ફંફોસતાં દરવાજો ખોલીને જોયું તો અમારો છાપાનો કિશોર ફેરિયો સ્મિત કરતો ઊભો હતો.

"આવા દિવસોમાં બીલ ઉઘરાવવા નીકળવું બહુ આકરું પડતું હશે, નહીં?" મારી બાએ પૂછ્યું.

"ના રે, ના," એણે જવાબ વાળ્યો. "અત્યારે તો બધા ઘરાક ઘેર જ હોય છે!

# પ્યારેલાલ નય્યર

## સમાજવાદી વિદ્યાર્થીઓને—

ગાંધીજી બિહારમાં હતા ત્યારે પોતાને સમાજવાદીઓ તરીકે ઓળખાવતા પંદરેક વિદ્યાર્થીઓ તેમને મળવા આવેલા. એ સોમવાર હતો ને ગાંધીજી મૌન પાળતા હતા, તેથી વિદ્યાર્થીઓના સવાલના જવાબ કાગળના કાપલા પર લખીને તેઓ આપતા હતા. તેમણે લખ્યું, શરીરશ્રમ પ્રત્યેનો અણગમો અને આળસ તજવાં, એ સમાજવાદની દિશાનું પહેલું પગલું છે. “હવે મને કહો, તમારા પૈકીના કેટલાને ઘેર નોકરો છે?” અકંદરે, તે દરેકને ઘેર ઓછામાં ઓછો એક નોકર હોવાનું તેમણે કબૂલ કર્યું. એટલે ગાંધીજીએ પૂછ્યું, “અને તમે બીજાઓ પાસે તમારી ગુલામી કરાવતા હોવા છતાં તમારી જાતને સમાજવાદી કહેવડાવો છો? એ તો વિચિત્રા પ્રકારનો સમાજવાદ કહેવાય! તમે મારી વાત સાંભળો, તો હું તો એમ કહું કે કોઈ પણ વાદની માથાકૂટમાં તમે ન પડો. હા, અભ્યાસ દરેક વાદનો કરો. તમે જે કાંઈ વાંચો તે બરાબર સમજો, તેના પર વિચાર કરો, અને તેમાંથી જે કાંઈ તમારે ગળે ઊતરે તેનો જાતે અમલ કરવાનો પ્રયત્ન કરો. પણ ભગવાનને ખાતર, કોઈ અમુક વાદ સ્થાપવા તૈયાર ન થઈ જતા. તમારા હાથપગનો ઉપયોગ કરતાં શીખવું, એ સમાજવાદના અમલની દિશાનું પ્રથમ પગલું છે. સમાજમાંથી શોષણ અને હિંસા નિર્મૂળ કરવાનો એ જ એકમાત્રા ને અચૂક રસ્તો છે. આપણી આસપાસ ભૂખમરો ને બેકારી હોય, ઊંચ-નીચના ભેદ હોય, ત્યાં સુધી સમાજવાદની વાતો કરવાનો આપણને કશો જ હક નથી.”

પછીથી ગાંધીજીએ વહેવારુ સમાજવાદનો કાર્યક્રમ તેમને માટે લખી આપ્યો: (૧) સવારે ઊઠીને તમારી પથારી સંકેલી લો, (૨) નાસ્તો તૈયાર કરવા અને પીરસવામાં મદદ કરો, (૩) ઘરનું વાસીદું કાઢવામાં

મદદ કરો, (૪) પોતાનાં કપડાં જાતે જ ધોઈ લો, (૫) વાસણ માંજવામાં પોતાનાં મા-બહેનોને મદદ કરો, (૬) તમારે જરૂરી કપડાં મેળવવા માટે દરરોજ કાંતો, (૭) તમારાં પુસ્તકો ને કાગળિયાં વ્યવસ્થિત રાખો અને (૮) પચાસ રૂ.ની મોંઘી ઇન્ડિપેનને બદલે બે આનાની ટાંક વાપરો.

છેલ્લે ગાંધીજીએ કહ્યું કે સમાજવાદનો ઉપદેશ કરવાને તમે આ રીતે સમાજવાદનો અમલ કરવા માંડશો, તો તમારી આસપાસ સમાજવાદી સમાજ નિર્માણ કરી શકશો. “પછી તમારે કોઈને સમાજવાદી બનાવવાની જરૂર નહીં રહે; તમારું દૃષ્ટાંત જ એ કામ કરશે. અને વિશેષ તો એ કે લાંબા કાળથી હાડમારી વેઠતાં આવેલાં તમારાં માબાપને એથી રાહત મળશે. તમે એમને માટે બોજારૂપ મટી જશો.”

*

પછીને વરસે દિલ્હીમાં તેમને મળવા આવેલા બે સાધુઓને પણ ગાંધીજીએ શરીરશ્રમનો મહિમા સમજાવેલો : “આપણા સમાજનું માનસિક, શારીરિક તેમજ નૈતિક અધ:પતન થયું છે તેનાં મૂળ, શરીરશ્રમને આપણે હલકો ગણ્યો છે એ હકીકતમાં રહેલાં છે.” માનવજાતની સેવા માટે સંસારનો ત્યાગ કરીને દેશમાં ફરતા રહેતા અને સામાન્ય લોકોમાં આધ્યાત્મિક જ્ઞાનનો ફેલાવો કરતા સાધુઓ તો આપણા પ્રાચીન શાણપણના જ્ઞાનકોશ સમા હતા. પરંતુ બીજી અનેક પ્રાચીન સંસ્થાઓની જેમ, સાધુસંસ્થાની પણ અવનતિ થવા પામી. સાધુઓ આળસનો રોટલો ખાઈને તાગડધિન્ના કરવા લાગ્યા. ગાંધીજીએ એમને કહ્યું કે, “બીજાઓના પરિશ્રમને ભોગે બેફિકરાઈનું જીવન ગાળનારાઓ આખા સમાજને નીતિભ્રષ્ટ કરે છે. માટે જાતે શરીરશ્રમ કરીને તથા આમજનતા પાસે તે કરાવીને તમે સમાજની સેવા કરી શકશો.”

(અનુ. મણિભાઈ દેસાઈ)

[‘મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ’ પુસ્તક]

# સિદ્ધાંતોને જીવી જાણનાર

ધર્માનંદ કોસંબી બૌદ્ધ સાધુ હતા અને પાલિ ભાષાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનારા વિદ્વાન હતા. પ્રોફેસરની મોટા પગારની નોકરી સહેલાઈથી મળી શકી હોત, પરંતુ તેમણે સેવાનું ક્ષેત્રા અને સ્વેચ્છાએ ગરીબાઈનું જીવન પસંદ કર્યાં. ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે પ્રોફેસર કોસંબી તેમાં જોડાયા. પાછળથી જીવનના છેવટના ભાગમાં પોતાના અંતિમ દિવસો ત્યાં ગાળવાને તેઓ આશ્રમમાં આવ્યા. તેમનાં દીકરો તથા દીકરી સારી સ્થિતિમાં હતાં, અને તેમની સાથે રહીને કોસંબીજી સગવડભર્યું જીવન જીવી શક્યા હોત. પરંતુ આશ્રમના વાતાવરણમાં જીવવાનું અને મરવાનું તેમણે પસંદ કર્યું. આશ્રમવાસીઓની સેવા લેવાને પણ તે ઇચ્છતા નહોતા. પોતાના આશ્રમવસવાટ દરમિયાન તે લગભગ ઉપવાસી જ રહ્યા. તે મરણને આરે આવી પહોંચ્યા ત્યારે પણ તેમનાં દીકરા-દીકરીને બોલાવવાની, પોતાની વિશિષ્ટ બૌદ્ધ સમતાથી, તેમણે ના પાડી. એને બદલે પોતાની સારવાર કરનાર આશ્રમવાસીને બોલાવ્યો, આશીર્વાદ આપવા પોતાનો હાથ તેના માથા પર મૂક્યો અને પૂરી શાંતિથી તેમણે પ્રાણ છોડયા. તેમના મૃત્યુ વિશે ગાંધીજીએ કહેલું: “બુદ્ધના સિદ્ધાંતો તેમણે પોતાના જીવનમાં ઉતાર્યા હતા અને એ વસ્તુએ મૃત્યુને વફાદાર મિત્ર તથા મુક્તિદાતા તરીકે લેખવાનું તેમને શીખવ્યું હતું.”

(અનુ. મણિભાઈ દેસાઈ)

['મહાત્મા ગાંધી: પૂર્ણાહુતિ' પુસ્તક]

# એ રવિ-કિરણોનું રહસ્ય

પોતાની માતૃભૂમિમાં એકતા સિદ્ધ કરવાનું તેમનું સ્વપ્ન છિન્નભિન્ન થવાની તૈયારીમાં હતું, એવે સમયે પણ ગાંધીજી આશા અને ઉત્સાહ,

શાંત આત્મવિશ્વાસ અને સામર્થ્યનાં કિરણો ફેલાવતા સૂર્ય સમા બની રહ્યા હતા. શોકમાં ડૂબેલા ને ક્રોધે ભરાયેલા, નાસીપાસ થયેલા ને નિરાશ બનેલા લોકો તેમની પાસે આવતા—કેટલાક તેમની ઠેકડી કરવા ને કેટલાક ગાળો દેવા. ગાંધીજીની અક્ષુબ્ધ સમતા અને તેમની શાંત, વેધક દલીલો એ લોકોના રોષની ધાર બૂઠી કરી દેતી. તેમની સાથે તકરાર કરવા આવનારાઓ ગાંધીજીના અપાર પ્રેમથી પરાજિત થઈને તેમના ભક્ત બની જતા. જેમના મનનું સમાધાન નહોતું થતું એવાઓ પણ પોતાના દિલની કડવાશ છોડીને એવી લાગણી સાથે પાછા ફરતા કે, આ માણસ તો વખત આવ્યે આપણો ભેરુ બને તેવો છે અને તેને ગુમાવવો આપણને પાલવે નહીં. નિરાશા ને સંશયમાં ડૂબીને જેઓ આવતા, તે પ્રસન્ન ચિત્તે અને બળ મેળવીને એમની પાસેથી પાછા ફરતા.

આ વિસ્મયકારી વસ્તુનું રહસ્ય શું હતું? એનો જવાબ રહેલો છે પોતાની જાતને સર્વથા ભૂંસી નાખવાની તેમની વૃત્તિમાં, કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના જીવમાત્રાની સેવા કરવાની તેમની તીવ્ર તાલાવેલીમાં. તેમના સર્વવ્યાપી પ્રેમનું રહસ્ય પણ એ જ હતું. એને લીધે, જે ક્ષણિક છે તેને પાર જઈને શાશ્વત ઉપર પોતાની દૃષ્ટિ તેઓ ઠેરવી શકતા હતા.

ગાંધીજી એક અદ્ભુત ઇજનેર હતા. સામુદાયિક સત્યાગ્રહની જે ભવ્ય ઇમારત તેમણે ચણી, તેમાં ઈંટો સમાન હતા મૂગા, નિસ્વાર્થ, નિરભિમાની કાર્યકર્તાઓ—એકલાં આશ્રમમાં જ તાલીમ પામેલાં નહીં પણ બહાર રહીનેય આશ્રમની જીવનપદ્ધતિમાં ઘડાયેલાં સ્ત્રી-પુરુષો તથા બાળકો. બાહ્ય રીતે જોતાં આ કાર્યકર્તાઓમાં ઊડીને આંખે વળગે તેવું કશું નહોતું. મોટે ભાગે એ બધા સીધાસાદા લોકો હતા. એમનામાં કેટલીક ઊણપો હતી, વિચિત્રાતાઓ હતી. હા, એ પૈકીના કેટલાક અનેક પ્રકારની પ્રતિભા ધરાવનારા પણ હતા. ગાંધીજીએ તેમની એ શક્તિઓને ઉપયોગમાં લીધી હતી. પરંતુ મુખ્યત્વે તેને લીધે જ તેઓ તેમને મૂલ્યવાન ગણતા નહોતા. હિંમત અને શ્રદ્ધા જેવા તેમના ગુણોને કારણે અને સૌથી વિશેષ તો, સૈનિકસહજ આજ્ઞાપાલન દાખવીને ધ્યેયને કાજે પોતાનું બલિદાન આપવાની તેમની શક્તિને કારણે જ ગાંધીજી

તેમની કિંમત આંકતા હતા. આખી રચનાના હાર્દ સમાન એ કાર્યકરો હતા અને પોતાના રાજકીય સાથીઓ જ્યારે બૌદ્ધિક સંશયનો ભોગ બનીને પાછા પડતા ત્યારે ગાંધીજી એમને ફરીફરીને ઉપયોગમાં લેતા. એટલે પછી, એવા કાર્યકર્તાઓ ખોળવામાં તથા તેમને ઘડવામાં પોતાનાં સમય તથા ધ્યાન આપતાં ગાંધીજી જરા પણ અચકાતા નહોતા અને તેમની અંદર રહેલા ઉત્તમને બહાર લાવવા માટે પોતાનું જે કાંઈ શ્રેષ્ઠ હોય તે એમને અર્પણ કરતા હતા, તેમાં શી નવાઈ?

ઘણી વાર લોકોને નવાઈ લાગતી કે વિવિધ પ્રકારનાં આટલાં બધાં તત્ત્વોની વફાદારી, ભક્તિ અને તેમનો ત્યાગ ગાંધીજી મેળવી શકતા હતા ને જાળવી રાખી શકતા હતા તથા પોતાના પ્રેમના બંદીવાન તેમને બનાવી શકતા હતા, તેની પાછળ કઈ શક્તિ રહેલી હશે? પરસ્પર વિરોધી એવાં હિતો અને પ્રકૃતિઓના આટલા વિશાળ શંભુમેળા વચ્ચે સુમેળ અને એકરાગ સાધીને અહિંસાની તાકાતનું નિર્માણ તેઓ કેવી રીતે કરી શકતા હશે?

પોતાની દોરવણીની જેમને જરૂર હતી તેમનો પંથ અજવાળવા માટે, જોખમો વિશેની જે બેપરવાઈથી ગાંધીજી પોતાની મીણબત્તીને બે છેડેથી બાળી રહ્યા હતા, જે લોકોએ ધ્યેયને પોતાની જાત સમર્પિત કરી હતી તેમને વિશે તેઓ જે ચિંતા સેવતા હતા, તેમનું જે પરિપક્વ શાણપણ હતું, જે કોઈ સમસ્યાને તેઓ સ્પર્શતા તેમાં જે મૌલિકતા તેઓ દાખવતા હતા—તેમાં જ એ શક્તિ રહેલી હતી.

વિવિધ પ્રકારની શક્તિઓ ધરાવનારા અનેક માણસોને ગાંધીજી પોતાની આસપાસ ભેગા કરતા હતા. જવાહરલાલ નેહરુએ કહ્યું છે કે, "અમે બધા અનેક પ્રકારના લોકોના અજબ શંભુમેળા જેવા હતા. અમારી જીવનપદ્ધતિ તેમ જ વિચારસરણી ભિન્ન ભિન્ન હતી. પરંતુ એક જ નેતાની આગેવાની નીચે એક સહિયારા ધ્યેયની સેવા કરતાં કરતાં અમે અમારો વિકાસ સાધી શક્યા."

ઘનશ્યામદાસ બિરલા જેવા ચકોર વેપારી, જવાહરલાલજી જેવા ક્રાંતિકારી, રાજગોપાલાચારી જેવા સક્ષમ બુદ્ધિવાદી, રાજેન્દ્રબાબુ જેવા

દેશભક્ત, મૌલાના આઝાદ જેવા ધર્મોપદેશક અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જેવા કૈં કૈંનો ગાંધીજીના નિકટના વર્તુળમાં સમાવેશ થતો હતો.

પોતપોતાના ક્ષેત્રામાં જે જાતે ધુરંધરો હતા એવા આ મહાનુભાવોનાં ચિત્ત અને હૃદય પર તેમણે એવો અજબ પ્રકારનો પ્રભાવ જમાવ્યો, તેનું રહસ્ય શું હશે? એવી તે શી વસ્તુ તેમની પાસે હતી કે જેને લીધે આ બધાએ તેમને પોતાના પૈકી સર્વશ્રેષ્ઠ અને પ્રત્યેકના ઉત્તમાંશ તરીકે લેખ્યા હશે? એનું રહસ્ય રહેલું હતું તેમની ઊંડી સહાનુભૂતિમાં, તેમના ઝીણવટભર્યા વિવેક તથા તેમની સ્વાભાવિક મીઠાશમાં ને કુનેહમાં. ક્રાંતિકારોને પોતાના કરતાંયે વધારે કૃતનિશ્ચયી ક્રાંતિકારનાં દર્શન તેમનામાં થયાં. રાજાજીએ તેમનામાં ભાળી વિચારની સ્પષ્ટતા અને વિરોધીના ગુણદોષોનું મૂલ્યાંકન કરવાની કુશળતા. ગંજીપો રમતા બેરિસ્ટર વલ્લભભાઈ પટેલે તેમનામાં વાતો નહીં પણ કાર્ય કરી બતાવનાર નેતાનાં દર્શન કર્યાં. તેથી એ બધા તેમના દાસ બની ગયા. એ રીતે ગાંધીજી આપણા યુગના સૌથી મોટા માનવઘડવૈયા બન્યા.

પોતાનાં સાધનો વિશે તેઓ કદી ફરિયાદ કરતા નહીં. મનુષ્યસ્વભાવ જેવો હોય તેવો સ્વીકારી લઈને તેઓ ચાલતા. ગાંધીજી પોતાની જાતને અનેક દુર્બળતાઓથી ભરેલા એક સામાન્ય માનવી તરીકે જોતા. એટલે બીજાઓના દોષનું દર્શન કરવામાં એ મંદ હતા, પણ પોતાની નબળાઈઓ વિશે અત્યંત અસહિષ્ણુ હતા. જે કપરા માર્ગે તેમણે પોતાની જાત પર કાબૂ મેળવ્યો હતો, તેનું સ્મરણ બીજાઓની ઊણપો પરત્વે તેમને સહિષ્ણુ બનાવતું. પોતાનાથી જુદા વિચારો ધરાવનારાઓ પ્રત્યે વિચારપૂર્વક પક્ષપાતી વલણ અખત્યાર કરવાનો પ્રયત્ન તેઓ સદાય કરતા. પોતે જેને માટે તૈયાર ન હોય તેવો કોઈ પણ ભોગ આપવાનું બીજાઓને તે કદી કહેતા નહીં. સામા માણસમાં રહેલા સર્વોચ્ચ અંશને બહાર લાવવા અને તેનો વિકાસ સાધવા માટે એ નિરંતર મથતા રહેતા. ભલાઈને અસરકારક કેવી રીતે બનાવી શકાય, એ તેમણે દર્શાવી આપ્યું છે. બીજા માણસની લાગણી દુભાવ્યા વિના તેને સત્ય સંભળાવવાની

અને તેના આનંદપૂર્વકના સહકાર સાથે તેની પર આકરી ‘આધ્યાત્મિક શસ્ત્રક્રિયા’ કરવાની કળા તેમને વરેલી હતી.

પ્રતિસ્પર્ધીને મહાત કરવાને નહીં, પણ સત્યની ખોજમાં વિરોધીને પણ પોતાનો ભેરુ બનાવવાને તેઓ તાકતા હતા. તેની તાકાતનો નાશ કરવાને બદલે, તેઓ તેનું પરિવર્તન કરતા, તેને વિકસાવતા. વિરોધીને બૌદ્ધિક પ્રહારોથી દાબી દેવાની નેમ તેઓ કદી રાખતા નહીં; પરંતુ તેણે લીધેલા વલણમાં રહેલો દોષ સામો માણસ જાતે જોઈ શકે એમાં મદદરૂપ બનીને તેને પોતાનો કરી લેતા. પરિણામે વિરોધીનું મન તેમની સામે ટક્કર લેનારું નહીં પણ ગ્રહણશીલ બનતું. છેવટ જતાં ‘જીત’ કે ‘હાર’ની લાગણી કોઈને રહેતી નહીં. સત્યની શોધ અને સત્યના જ વિજયનો રોમાંચ તથા આનંદ બંને પક્ષો એકસરખી રીતે અનુભવતા. ગાંધીજી બાંધછોડ કરતા, છૂટછાટ મૂકતા, સુમેળ બેસાડવા મથતા, પણ એ બધું પોતાના પાયાના સિદ્ધાંતોની બાબતમાં કશું પણ રહ્યુંગયું કર્યા વિના કરતા. લોકોની લાગણી ન દુભાય એ રીતે કડવામાં કડવાં સત્યો તેમને મોઢામોઢ સંભળાવતા.

પોતે કડક આત્મસંયમ પાળતા હોવા છતાં, જેઓ અમુક બાબતમાં તેમને અનુસરી ન શકે તેમના પ્રત્યે ગાંધીજી કદી પણ અસહિષ્ણુતા દાખવતા નહોતા. તેઓ કોઈના કાજી કદી બનતા નહીં. તેમની ઝીણી નજરમાંથી કશી બાબત છટકી શકતી નહોતી, છતાં તેઓ બીજાઓનો ન્યાય તોળવા ક્યારેય બેસતા નહીં. તેમના ઉપર પ્રેમ રાખનારાઓને આત્મસંયમ કેળવવા માટે તેમના સહકારની જરૂર પડે, તો ગાંધીજી તે અવશ્ય આપતા; પણ બીજાઓના જીવનમાં દખલ કરતા નહીં. દાખલા તરીકે ચા-કૉફી આરોગ્યને હાનિકારક છે, એમ તેઓ માનતા ને પોતે એ લેતા નહીં. પરંતુ તેના વિના જેમને ન ચાલે, તેમને એ મળી રહે એવી ગોઠવણ તેઓ આનંદથી કરતા. એક પ્રસંગે, રેલ-મુસાફરી દરમિયાન પોતાના સાથીઓ હજી ઊંઘતા હતા ત્યારે સ્ટેશન પર ઊતરીને પોતે તેમને માટે ચા લઈ આવ્યા હતા. બંગાળના રમખાણગ્રસ્ત નોઆખાલી જિલ્લામાં શાંતિ સ્થાપવા માટે ૧૯૪૬ના અંત ભાગમાં ગાંધીજી તેનાં

ગામડાં ખૂંદતા હતા ત્યારે નાતાલને દિવસે તેમને ભેટ આપવા માટે એક ખ્રિસ્તી મિત્રા આવ્યા હતા. મૂળ તો લશ્કરના સૈનિકો માટે બનાવેલા એ ભેટ-પડીકામાં સાબુ, ટુવાલ, મોજાં, ગંજીપો, કોરા કાગળ, સિગારેટ વગેરે વસ્તુઓનો સમાવેશ થતો હતો. તેમાંની બીજી ચીજો તેમણે પોતાના સાથીઓમાં વહેંચી આપી, પણ સિગારેટ જવાહરલાલ નેહરુ માટે રાખી મૂકેલી; બે-ત્રાણ દિવસમાં જ એ ત્યાં આવવાના હતા!

ગાંધીજીએ પોતાના વ્યક્તિત્વને વિવિધતાભરેલું અને ક્યારેક તો પરસ્પર વિરોધી વસ્તુઓથી ભરેલું બનાવેલું હતું. દાખલા તરીકે, તેઓ સાદાઈમાં માનતા હતા, પણ ફૂવડપણામાં નહીં. ભૌતિકવાદને તે વખોડતા હતા, પરંતુ કરોડો લોકોને પ્રાથમિક ભૌતિક સગવડો પૂરી પાડવા માટે તેમણે બીજા કોઈના કરતાં વધારે જહેમત ઉઠાવેલી હતી. એમણે તો એટલે સુધી કહ્યું છે કે ભૂખ્યા માણસ સમક્ષ ઈશ્વર રોટલાના રૂપમાં જ પ્રગટ થાય છે. સત્યને વળગી રહેવા માટે જે કાંઈ યાતનાઓ વેઠવી પડે તેને માટે લોકો તૈયાર રહે, એમ તેઓ માગતા હતા. પરંતુ કેવળ કષ્ટ સહન કરવા ખાતર કષ્ટ સહવાનો સંપ્રદાય તેમણે નહોતો બનાવ્યો. ‘જોખમની સન્મુખ’ જીવવામાં તેઓ માનતા હતા, પણ ‘જોખમભરી રીતે’ જીવવામાં નહીં. તેમને મન સત્ય કોઈ નિર્વિવાદ સિદ્ધાંત નહીં, પણ સદૈવ વિકાસશીલ તત્ત્વબોધ હતો. સત્યની અવિરત સાધનામાંથી તેમને વિચારની સ્પષ્ટતા, વિગતો પરનો કાબૂ તથા લગભગ છઠ્ઠી ઇંદ્રિય જેવી વિચક્ષણ પ્રકારની સૂઝ પણ લાધતી હતી.

લોરેન્સ હાઉસમેને એકવાર કહ્યું હતું તેમ, ગાંધીજી એટલા બધા સીધાસાદા ને નિખાલસ સ્વભાવના હતા કે કેટલાક લોકોને તે ગૂંચવણમાં નાખી દેતા, એટલા બધા નેકદિલ હતા કે કેટલાક લોકોને શંકાશીલ બનાવતા. તેમના આ ગુણો કેટલીક વાર તેમના વિરોધીઓને, અને કોઈક વાર તેમના મિત્રોને સુધ્ધાં, મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકી દેતા. દાખલા તરીકે, તેઓ પ્રત્યેક વ્યક્તિ પર વિશ્વાસ મૂકીને જ ચાલતા. એ વસ્તુ તેમની હાજરીમાં જૂઠું બોલવાનું માણસને માટે અશક્ય કરી મૂકતી. આમ છતાં, તેમના પર ખોટો આભાસ પાડવાનો પ્રયાસ કોઈ

કરતું, તો ગાંધીજીની વેધક દૃષ્ટિ એ ચાલબાજીનો પાર પામી જતી. અને વિશેષ તો એ કે, પોતાની શંકા તેઓ ભલે વિનોદપૂર્વક પણ, હંમેશાં સાફ સાફ શબ્દોમાં દર્શાવતા હતા.

અનુ. મણિભાઈ ભ. દેસાઈ

['મહાત્મા ગાંધી: પૂર્ણાહુતિ' પુસ્તક]

# વેળુ-કણે દર્શન વિશ્વનું

એક વિધવા માતા સેવાગ્રામ આશ્રમમાં જોડાયાં હતાં. તેમના નવ વરસના તેજસ્વી દીકરાને આશ્રમની બુનિયાદી શાળાના છાત્રાલયમાં મૂકવામાં આવ્યો હતો. ગાંધીજી પોતાને મળવા છાત્રાલયમાં આવે, એ શરતે તે છોકરો શાળામાં જવા તૈયાર થયો હતો.

એ શરત પ્રમાણે ગાંધીજીએ તેમના બાળમિત્રના છાત્રાલયની ઓચિંતી મુલાકાત લીધી. ઓરડામાં દાખલ થતાંની સાથે જ તેમની નજર વચ્ચોવચ સાદડી પર પડેલાં ખડિયા-કલમ પર પડી. ખડિયો ગંદો દેખાતો હતો. કલમની ટાંક તેમણે તપાસી, તો તે ફાટેલી જણાઈ. પથારીના ગાદલાનું રૂ ગડગૂમડ થઈ ગયેલું હતું. ફાટેલી ચાદર જેમ તેમ સાંધેલી હતી. આ મુલાકાતમાં પાંચ મિનિટથી વધારે વખત આપવાનું તેમણે ધાર્યું નહોતું. તેને બદલે, વસ્તુઓ તપાસવામાં ને તેને વિશે સમજૂતી આપવામાં ગાંધીજીએ પોણો કલાક ગાળ્યો. પછી પોતાના અવલોકન વિશે તેમણે નોંધ લખી:

"ફાટેલી ચાદરો કાં તો બરાબર સાંધી લેવી જોઈતી હતી, અથવા તેને બેવડાવીને ગોદડી બનાવી લેવી જોઈતી હતી. [દક્ષિણ આફ્રિકામાં] ટ્રાન્સવાલમાં હું જેલમાં હતો ત્યારે ફાટેલા કામળાની ગોદડીઓ બનાવવાનું ઘણું કામ મેં કર્યું હતું. ફાટેલાં ચીંથરાં ધોઈને ગડી કરીને રાખવાં જોઈએ; ફાટેલાં કપડાંને થીંગડાં મારવામાં તેનો ઉપયોગ કરી શકાય."

નોંધમાં તેમણે વધુમાં જણાવ્યું: "આ બધી વસ્તુઓ તમને ક્ષુલ્લક

લાગશે. પણ તમામ મોટી વસ્તુઓ આવી ક્ષુલ્લક વસ્તુની જ બનેલી હોય છે. મારું સમગ્ર જીવન ક્ષુલ્લક લાગતી વસ્તુઓના પાયા પર જ રચાયું છે. આપણા છોકરાઓના મન પર નાની નાની વસ્તુઓનું મહત્ત્વ ઠસાવવાનું આપણે જેટલા પ્રમાણમાં ચૂક્યા છીએ, તેટલા પ્રમાણમાં આપણે નિષ્ફળ નીવડ્યા છીએ, અથવા કહો કે હું નિષ્ફળ નીવડ્યો છું. કારણ કે નયી તાલીમનો પ્રયોગ શરૂ કરનાર હું છું. પરંતુ એ પ્રયોગ આગળ ચલાવવા માટે હું પોતે સમય કાઢી શક્યો નથી, અને એ કામ મારે બીજાઓ ઉપર છોડવું પડ્યું. સ્વચ્છતા અને સુઘડતાની દૃષ્ટિ, મારા અભિપ્રાય પ્રમાણે, નયી તાલીમનું હાર્દ છે. એ કેળવવા માટે કશો ખર્ચ કરવો પડતો નથી. એને માટે જરૂર માત્ર સૂક્ષ્મ અને નિરીક્ષક નજરની અને કળાની દૃષ્ટિની હોય છે.”

નોંધના છેવટના ભાગમાં તેમણે જણાવ્યું: “તમે મને એમ કહો કે, આ રીતે તો અમે એકાદ-બેથી વધુ છોકરાઓને ન્યાય ન આપી શકીએ, તો હું કહીશ કે તમે વધારે નહીં પણ એક કે બે છોકરાઓ જ ભલે લો. આપણે યોગ્ય રીતે પાર પાડી શકીએ તેના કરતાં વધારે ભાર માથે લેવાથી આપણે આપણા આત્મામાં અસત્યનું કલંક દાખલ કરીએ છીએ.”

ગાંધીજીની એ એક વિશિષ્ટ ખાસિયત હતી:

*વેળુ-કણે દર્શન વિશ્વનું અને*
*નિહાળવું સ્વર્ગ જ વન્ય પુષ્પે,*
*આનંત્યને ધારવું હસ્તરેખમાં,*
*ક્ષણે વળી શાશ્વતતા...*

તે દિવસે પાછળથી એ પ્રસંગનો ઉલ્લેખ કરીને ગાંધીજીએ કહ્યું, “આજે મેં સ્વરાજની ઇમારતમાં બીજી એક ઈંટનું ચણતર કર્યું છે.”

અનુ. મણિભાઈ ભ. દેસાઈ

['મહાત્મા ગાંધી: પૂર્ણાહુતિ': પહેલો ભાગ પુસ્તક]

# ઉપવાસમાં ક્ષતિ

રાજકોટના ઠાકોરસાહેબે પોતાના રાજ્યની પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર આપવાની જાહેરાત ૧૯૩૯માં કરેલી. પણ પાછળથી દીવાન વીરાવાળાની સલાહ માનીને પોતાના વચનમાંથી તે ફરી ગયા હતા. એ અંગે ગાંધીજીએ લાંબી વાટાઘાટો ચલાવી. પણ તેનું કાંઈ પરિણામ ન આવતાં, પ્રજાને આપેલા વચનનું ઠાકોર પાલન કરે તે માટે ગાંધીજી આમરણ ઉપવાસ પર ઊતરેલા. પછી ઉપવાસને ચોથે દિવસે તેમણે આ બાબતમાં વચ્ચે પડવા તે વખતના વાઇસરોયને તાર કર્યો. વાઇસરોયની દરમિયાનગીરીને કારણે ઝઘડો લવાદને સોંપવા દીવાન તૈયાર થયા. હિંદની વરિષ્ટ અદાલતના વડા ન્યાયમૂતિર્ મોરીસ ગ્વાયરે દીવાનની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો. પણ દીવાન એવા ચાલાક નીવડ્યા કે કેટલીક છટકબારીઓનો લાભ લઈને એમણે ચુકાદાને વ્યવહારમાં નિરર્થક બનાવી દીધો. ત્યારે ઊંડા આત્મનિરીક્ષણ પછી ગાંધીજી એવા નિર્ણય પર આવ્યા કે એક બાજુથી પોતે કષ્ટસહન દ્વારા દીવાનનો હૃદયપલટો કરાવવા મથી રહ્યા હતા, ત્યારે બીજી બાજુથી દીવાન પર દબાણ લાવવાની અપીલ તેમણે વાઇસરોયને કરી. આટલે અંશે એમના ઉપવાસમાં ક્ષતિ રહી હતી. આને કારણે અહિંસાનો એમનો પ્રયોગ દૂષિત બન્યો. આ ભૂલ નજરે ચડતાં જ ગાંધીજીએ પોતાના વિજયનાં ફળ છોડી દેવાનો નિર્ણય કર્યો, અને લવાદના ચુકાદાને જતો કરતો પત્ર વાઇસરોયને લખી દીવાનને પણ તેની ખબર આપી.

અનુ. મણિભાઈ ભ. દેસાઈ

['મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ' : પુસ્તક]

# અંતિમ દિવસે

૩૦મી જાન્યુઆરીના એ દૈવનિર્મિત શુક્રવારે ગાંધીજીની ધારણા હતી કે બે દિવસ પછી સેવાગ્રામ જવા નીકળવું. "આપના ત્યાં પહોંચવાની તારીખની ખબર આપતો તાર સેવાગ્રામ કરી દઈએ?" એવું તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું: "તારના પૈસા શીદને બગાડવા? અહીંથી નીકળવાની તારીખ હું સાંજના પ્રાર્થના-પ્રવચનમાં જાહેર કરીશ. અને સેવાગ્રામવાળાઓને તાર પહોંચે તે પહેલાં તો છાપાંમાંથી એમણે તે જાણી લીધું હશે."

*

એ દિવસે સ્નાન કરીને આવ્યા પછી ગાંધીજી ઘણા પ્રફુલ્લ લાગતા હતા. આશ્રમની કન્યાઓનાં સૂકલક્ડી શરીર માટે તેમની મજાક એમણે ઉડાવી. કોઈકે કહ્યું કે એક બહેન આજે સેવાગ્રામ જવાનાં હતાં, પણ વાહન ન મળવાથી ગાડી ચૂકી ગયાં. એ સાંભળીને ગાંધીજી બોલ્યા: "તે ચાલીને કેમ સ્ટેશને ન પહોંચી ગયાં?" પોતાની પાસે જે કાંઈ સાધન હોય તે વડે હર કોઈ પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જણે તૈયાર રહેવું જોઈએ, એવી ગાંધીજીની અપેક્ષા હતી. તેઓ જે કાંઈ કામ સોંપતા, તેમાં સગવડનો અભાવ કે મુશ્કેલી વગેરે બહાનાં સ્વીકારવામાં આવતાં નહીં. દક્ષિણ હિંદના તેમના પ્રવાસ દરમિયાન એક વાર વાહનમાં પેટ્રોલ ખૂટ્યું ત્યારે, તેર માઈલ દૂરના સ્ટેશને પહોંચવા માટે પ્રવાસનો સામાન ઉપાડીને પગપાળા જવા તેઓ તૈયાર થઈ ગયા હતા.

*

મળવા આવેલી એક આશ્રમવાસી બહેનને તેની ખરાબ તબિયત માટે ગાંધીજીએ ઠપકો આપ્યો: "એ બતાવે છે કે તમારા હૃદયમાં રામનામનો હજી પૂરો પ્રવેશ નથી થયો."

થોડી વાર પછી તેમને ઉધરસનું સખત ખાંખણું આવ્યું. એ શમાવવા માટે પેનિસિલનની ગોળી ચૂસવાનું કોઈએ સૂચવ્યું ત્યારે, એકમાત્ર રામનામની શક્તિથી જ સાજા થવાનો તેમનો નિર્ધાર ગાંધીજીએ છેલ્લી

વાર ફરી પાછો ઉચ્ચાર્યો. તેમના માથાને માલિશ કરનાર પરિચારકને તેમણે કહ્યું: “જો હું કોઈ પણ રોગથી મરું-અરે, એક નાનકડી ફોડકીથીય મરું, તો તું પોકારી પોકારીને દુનિયાને કહેજે કે આ દંભી મહાત્મા હતો. તો જ હું જ્યાં હોઈશ ત્યાં મારા આત્માને શાંતિ થશે. ભલે મારે ખાતર લોકો તને ગાળો દે, પણ રોગથી મરું તો મને દંભી મહાત્મા જ ઠેરવજે. પણ કદાચ કોઈ મને ગોળીથી મારે અને તે સામી છાતીએ ઝીલું છતાં મોઢામાંથી સિસકારો ન કાઢતાં રામજીનું રટણ કરતો રહું, તો જ કહેજે કે હું સાચો મહાત્મા હતો.”

*

બપોરના ચાર પછી ગાંધીજીએ કાંતતાં કાંતતાં સરદાર સાથે કલાકેક સુધી વાતો કરી. વાતો કરતાં જ સાંજનું ભોજન લીધું. પ્રાર્થનાનો સમય થવા આવ્યો હતો, પણ વાતો હજી પૂરી થઈ નહોતી. વચ્ચે બોલવાની આભાની હિંમત ન ચાલી, પણ ગાંધીજીનું ઘડિયાળ ઉપાડીને એ તેમની સામે ધર્યું. તોયે કશું વળ્યું નહીં. અંતે સરદારને “હવે તો મારે ગયે જ છૂટકો,” કહીને ઊભા થયા અને આભા તથા મનુના ખભા પર પોતાના બે હાથ રાખીને, તેમની સાથે મજાક ઉડાવતા તેઓ પ્રાર્થનાભૂમિ તરફ ચાલ્યા. પ્રાર્થના કરવાના ચોતરા તરફ જતાં પગથિયાં પસાર કરતાં તેઓ બોલ્યા: “હું દશ મિનિટ મોડો છું. મોડા પડવાનું મને બિલકુલ પસંદ નથી. હું ઇચ્છું કે બરાબર પાંચને ટકોરે હું પ્રાર્થનામાં હોઉં.”

એ બાપુના છેલ્લા શબ્દો હતા.

અનુ. મણિભાઈ ભ. દેસાઈ

[‘મહાત્મા ગાંધી: પૂર્ણાહુતિ’: પુસ્તક]

# પ્રકાશ ન. શાહ

## બત્રીસલક્ષણાનો બલિ

૧૯૪૬ના જુલાઈની પહેલીએ, રથયાત્રાને દહાડે, અમદાવાદમાં વરસાદ તો પડ્યો હતો. પણ ગુજરાતને એમાં તપ્ત ધરતી પરનાં શીતળ ફોરાં કરતાં વધુ તો ભારતમાતાનાં આંસુ અનુભવાયાં હશે: એ સાંજે વસંત અને રજબ બેઉ બત્રીસલક્ષણાઓએ કોમી હુતાશનને ઠારવા જતાં બલિદાન વહોર્યું હતું.

ચાળીસ વરસના વસંતરાવ હેગિષ્ટે અને સત્તાવીસ વરસના રજબઅલી લાખાણી. સ્વરાજની લડતે ટિપાઈને ઘડાયેલાં ને નિખરેલાં વ્યક્તિત્વો.

વસંતરાવ એટલે ચંચળ આંખો, ખડતલ દેહ, તેજસ્વી છતાં મીઠી જબાન. રજબઅલી એટલે સરસ ઊંચાઈ, ગુલાબી ચહેરો, તેલ વિનાના-ખરબચડા છતાં સુંદર લાગતા વાળ, સફેદ પરિધાન, ઝડપી ચાલ.

મહારાષ્ટ્રી મૂળના, પણ ગુજરાતમાં વસી ગયેલા પરિવારમાં વસંતનો જન્મ ૧૯૦૬માં. લીંબડીના, પણ ઠીક વખતથી કરાચીમાં વસી ગયેલા ગુજરાતી ખોજા પરિવારમાં રજબનો જન્મ ૧૯૧૯માં.

૧૯૦૬થી ૧૯૪૬નાં એ વરસો એટલે કેવાં વરસો! એ જમાનામાં જીવવું એ બડી ખુશાલીની વાત, અને એમાંયે વળી જુવાન હોવું...! વડ્ઝવર્થે ફ્રેન્ચ ક્રાન્તિ માટે કહ્યું'તું તેમ, એ તો સાક્ષાત્ સ્વર્ગમાં હોવું.

૧૯૧૫-૧૬થી ગાંધીજીનો અમદાવાદમાં વસવાટ, અને આશ્રમનાં મંડાણ. પ્રોપ્રાયટરી (પછીથી દીવાન-બલ્લુભાઈ) હાઈસ્કૂલના વિદ્યાર્થી વસંતને વિલાયત મોકલવાની મામાને હોંશ હતી. પણ અંગ્રેજી સાત ધોરણ પછી ગુલામી કેળવણીમાંથી વસંતનું મન ઊઠી ગયું. પેઢીમાં, મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની પુસ્તકની દુકાનમાં, ને ઘરમાં ઉપયોગી થાય, પણ ચિત્ત લડતમાં, લડતની વાતોમાં. નિશાળનાં વરસોમાં નબળા

શરીરનું મહેણું વ્યાયામની સાધના કરીને ભાંગેલું. એમની ભદ્રની વ્યાયામશાળા ત્યારે જેનો ડંકો વાગતો એવી વ્યાયામશાળાઓ પૈકી હતી. ૧૯૩૦ની દાંડીકૂચ વેળાએ આશ્રમથી અસલાલી લગીની વ્યવસ્થા આ વ્યાયામશાળાના વસંતરાવ ને સાથીઓએ સંભાળી હતી.

એમનાં નાનાં બહેન, પછીથી નવયુગી મહિલા પ્રવૃત્તિકાર તરીકે ઝળકેલાં ને જ્યોતિસંઘે જાણીતાં હેમલતા હેગિષ્ટે હંમેશ સંભારતાં કે દાદા (ભાઈ) ધરાસણા ગયા ત્યારે મોટાં બહેને પોતાની આંગળી પર ચીરો મૂકી એમને રક્તતિલક કરેલું. ધરાસણાના અગર પર પહેલી વ્યક્તિગત ટુકડી અબ્બાસ તૈયબજીની હતી, તો બીજી વસંતરાવ હેગિષ્ટેની. પછીથી, સરોજિની નાયડુના નેતૃત્વમાં સામુદાયિક હલ્લો યોજાયો ત્યારે મોખરે સરોજિનીદેવી અને પાછળ તરત વસંતરાવ, એવી રચના હતી. પોલીસનો માર વેઠી, કલાકો બેભાન રહ્યા પછી, વસંતરાવ અમદાવાદ પાછા ફર્યા ત્યારે માથે શોભતો પાટો હતો. શરીર પરના લાઠીના વળ, કાળા લિસોટા સ્તો, એ જતાં ન જાણે કેટલા દિવસો ગયા હશે. પણ કુટુંબીજનો ને મિત્રો સાથે ધરાસણાના કાળા કેરની વાત નીકળે ત્યારે દાદા કહેતા, “જ્યારે બીજા ઉપર માર પડતો જોયો ત્યારે એમની ચીસો સાંભળી દિલ તૂટતું અને હિંમત હારી જઈશ એમ થતું; પણ ખુદ જ્યારે મારા ઉપર માર પડ્યો ત્યારે કંઈ જ લાગ્યું નહીં અને એક ઓર ઉત્સાહ આવ્યો ને મજા પડી.”

અને ધોલેરાની છાવણીના એ દિવસો! અમદાવાદની ટુકડી સાથે વસંતરાવ હતા. વૌઠાના મેળા વખતે છાવણી નાખેલી ત્યારે મળ ઉપાડવાનું ગંદામાં ગંદું કામ હોય કે કોઈ ગુંડાઓને હાથ કરવાની જોખમી રમત હોય, ભદ્ર વ્યાયામશાળાની ટુકડી સૌથી મોખરે હોય.

૧૯૩૧ એટલે કરાચી કોંગ્રેસનું વરસ. સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે મળેલા એ અધિવેશનમાં ભાગ લેવા વસંતરાવ એમના મિત્રો સાથે નીકળ્યા તો ખરા, પણ એમની આગવી શૈલીએ-સાઇકલ પર! અમદાવાદથી વીરમગામ, માંડલ, પાટડી, ખેરવા, વઢવાણ, મુળી, ચોટીલા, રાજકોટ, પોરબંદર. ત્યાંથી સ્ટીમરમાં કરાચી.

અંગ્રેજ સરકારના તેડ્યા ગાંધીજી બીજી ગોળમેજી પરિષદ માટે લંડન તો ગયા, પણ ખાલી હાથે પાછા ફર્યા અને મુંબઈ ઊતરતાંવેંત સરકારે એમને પકડી લીધા. અમદાવાદે હડતાળ પાડી પોતાની વિરોધલાગણી દર્શાવી. દરમિયાન, ૧૯૩૦થી શરૂ થયેલા સિલસિલા મુજબ ૧૯૩૨માં પણ ૨૬મી જાન્યુઆરીએ સ્વરાજ માટેનો સંકલ્પ દિવસ ઊજવાયો. એમાં ભાગ લઈ પ્રતિજ્ઞાવાચન સબબ વસંતરાવ પકડાયા. છ મહિનાની સજા થઈ. વળી બે મહિના બહાર રહ્યા ને ફરી ત્રણ મહિનાની સજા થઈ. ૧૯૩૨ના આ કારાવાસોમાં એમને સાબરમતી ને યરવડા રહેવાનું થયું.

કેવા કેવા સાથીઓ હતા એ જેલવાસમાં? ‘ઈશ્વરનો ઇન્કાર’ અને ‘લગ્નપ્રપંચ’થી ઓળખાતા નરસિંહભાઈ પટેલ, ગાંધીજીના ત્રીજા દીકરા રામદાસ ગાંધી, પછીથી વરિષ્ઠ સાહિત્યકાર તરીકે ઊભરનારા ગુલાબદાસ બ્રોકર, તો મહારાષ્ટ્રી સાથીઓમાં વળી એસ. એમ. જોશી ને એવા બીજા. વાચનનો જે દોર જામ્યો છે ને કૈં!

વ્યાયામવીરની આબરૂ ધરાવતા આ તરુણે જેલવાસમાં એકથી વધુ ભાષાઓનો પરિચય કેળવવાનીયે કોશિશ કરી. દક્ષિણ આફ્રિકા વખતથી ગાંધીજીના સાથી ઈમામસાહેબના જમાઈ ગુલામરસૂલ કુરેશીની પાસે વસંતરાવ ઉર્દૂ શીખે, તો નગીનદાસ પારેખ, રમણલાલ સોની ને ભોગીલાલ ગાંધી પાસે બંગાળી. પણ જેમ શીખવાનું તેમ શીખવવાનુંયે ખરુંસ્તો. વિ. સ. ખાંડેકરની પ્રસિદ્ધ નવલકથા ‘દોન ધ્રુવ’ ગુજરાતીમાં લઈ આવનાર હરજીવન સોમૈયાને દાદા મરાઠી શીખવતા.

૧૯૩૨ના જેલવાસ પછી વસંતરાવે ઉપાડેલું એક કામ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની સ્થાપનામાં હાથ બટાવવાનું હતું. તેની સાથે શહેરમાં મેદાની રમતો લોકપ્રિય બનાવી એક જુદી જ જમાવટ કરવાનું ચાલતું હતું.

૧૯૩૬ના ફૈઝપુર અધિવેશન સાથે કોંગ્રેસે શહેરોમાં નહીં પણ ગામડાંમાં મળવું જોઈએ એવો ચાલ શરૂ થાય છે. આ ૧૯૩૬નું વરસ, રજબઅલીના જીવનમાં પણ એક દીક્ષાનું વરસ બની રહ્યું હતું.

વાચનશોખ સારો, અવનવા વિચારો આવે. પણ ખાધેપીધે સુખી એવી નોકરીમાં કારકિર્દી જોતાં માબાપને એ કેમ પાલવે?

એવામાં, બબલભાઈ મહેતા કરાચી આવેલા. રજબને એમનો ભેટો થઈ ગયો. બબલભાઈ મૂળ હળવદના, પણ કરાચીમાં રહેલા-ભણેલા. 'કાલેલકરના લેખો' વાંચવાનું બન્યું. "આ પુસ્તકે મારી સામે ભારતનાં ગામડાંનું અને ભારતીય સમાજનું હૃદયંગમ ચિત્ર રજૂ કર્યું," બબલભાઈ લખે છે: "એમાંથી મને સમજાયું કે દેશની ગુલામી દૂર કરવા માટે તથા ભારત દેશનાં ગામડાંઓનું ઉત્થાન કરવા માટે આજે નવજુવાનોએ બહાર આવવું જોઈએ." જેવો આ સાદ સંભળાયો કે એ મેડિકલનું ભણવાનો વિચાર છોડી કરાચીથી અમદાવાદ આવી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ગયા. આગળ ચાલતાં જેલવાસનોયે અવસર આવી મળ્યો. વિદ્યાપીઠની તાલીમ અને જેલમાં વાંચવા-વિચારવાનું બન્યું એટલે ગામડામાં બેસવાનો વિચાર પાકો થયો. બેસવાનું બને એ પહેલાં બાને લઈને કુટુંબના સૌને મળી લેવું એ ખયાલે બબલભાઈ કરાચી આવ્યા હતા. બબલભાઈએ લખ્યું છે કે, "એ અરસામાં કરાચીના શારદા મંદિરમાં એક પ્રદર્શન યોજાયું હતું. હું રોજ એ પ્રદર્શનમાં મદદે જતો. એ વખતે ત્યાં ૧૪-૧૫ વર્ષની ઉંમરના વિદ્યાર્થીમિત્રો સાથે સંબંધ બંધાયો." એમાંના એક તે આપણા સહચરિત્રનાયક રજબ. બબલભાઈ તો થોડે દહાડે ગુજરાત પાછા ફર્યા, "પણ ભાઈ રજબના પત્રો મારી પાછળ પાછળ આવવા લાગ્યા. દિવસે દિવસે એના વર્તનમાં સાદાઈ અને ત્યાગના ગુણો ખીલતા જતા હતા. આ વિચિત્રતાથી માતાપિતાને વહેમ જતો હતો કે રખે ને આ છોકરો ગાંધીવાળામાં ભળી જશે!"

પરિણામે પિતાએ કસ્ટમની એમની નોકરીમાંથી લાંબી રજા લીધી અને રજબને લઈને વતન લીંબડી આવી રહ્યા. માતાપિતા બેઉની ગણતરી તે બીજે ફંટાઈ જાય એ પહેલાં એને પરણાવી દઈ ઠેકાણે પાડવાની હતી. રજબ સગપણ માટે તો માન્યા નહીં, પણ મૅટ્રિકના વર્ગમાં દાખલ થયા ને ઊંચે નંબરે પાસ થઈ ભાવનગરની શામળદાસ કોલેજમાં આગળ ભણવા દાખલ થયા.

રજબઅલી જુનિયર બી. .એ.ના વરસમાં હશે ને રાજકોટની લડત ઊપડી. દસેક મિત્રોની ટુકડી તે પછી તો રાજકોટ પંથકમાં જઈ પણ આવી. લીંબડી રાજ્યના જુલમોથી લગભગ છ હજાર જેટલું લોક બ્રિટિશ હદમાં હિજરત કરી ગયું હતું. તેના કેટલાક વખત પહેલાં રજબઅલી ભાવનગરથી વતન પહોંચી ગયા હતા. એ ઘોડે બેસી લીંબડી હસ્તકના ભાલનાં ગામડાંમાં ઘૂમતા અને ખેડૂતોને હિજરત માટે સમજાવતા.

લીંબડી હિજરત નિમિત્તે થયેલું ગ્રામાયન રજબને માટે શિક્ષણપ્રદ બની રહ્યું હશે તેમ એમના એ વખતના એક પત્ર પરથી સમજાય છે: "ગામડાંઓમાં ફરીને મેં જે જોયું છે તેથી હું ખૂબ દુ:ખી થયો છું. ગામડાંના કુરિવાજો અને અજ્ઞાન સાથે શહેરનાં બધાં અનિષ્ટો ઘૂસી ગયાં છે. વ્યસનો તો શહેર કરતાં વધુ ઊંડાં અને વ્યાપક છે. ખટપટ, લુચ્ચાઈ, લાંચ-રુશવત શહેરના કરતાં વધુ અને ચારિત્ર્યની દષ્ટિએ તો ગામડાંઓ શહેર કરતાં ઘણાં જ ખરાબ. લીંબડી-ભાલનાં દસ ગામોના ઊંડા અનુભવને પરિણામે મેં આ જોયું છે. આપણી સામે ઊભેલું કામ કેટલું મોટું છે, એની કલ્પના કરતાં કોઈક વાર ખૂબ energetic (સ્ફૂર્તિમાન) થઈ કામ કરવા મંડી પડવાની લાગણી થઈ આવે છે, તો કોઈક વાર નિરાશ હતાશ થઈ જવાય છે."

આ જ ગાળામાં રજબ થોડા દિવસ તરવડા પણ રહી આવ્યા હતા. તરવડા અમરેલી પાસેનું એક ગામ. ૧૯૩૪માં જેલમાંથી છૂટ્યા પછી ત્યાં રતુભાઈ અદાણી અને બીજા સાથીઓ 'ટોલ્સ્ટોય ફાર્મ' પર ખેતીવાડીનું મહેનતમજૂરીનું જીવન જીવતા હતા. મહેનતમજૂરીની એમની વ્યાખ્યા ખેડૂતના જીવન સાથે તદ્રૂપતામાં પૂરી થતી નહોતી. હલકામાં હલકું ગણાતું ચમારકામ, તે પણ તેઓ કરતા.

*

વિનોબાજી પહેલા ને જવાહરલાલ બીજા, એમ વ્યક્તિગત સત્યાગ્રહનો દોર દેશમાં શરૂ થઈ ગયો અને ૧૯૪૦માં વસંતરાવ જેલભેગા થઈ ગયા. એ હજુ જેલમાં હતા ને અમદાવાદમાં ૧૯૪૧ના માર્ચમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું. વ્યાયામશાળા ને સેવાદળનો જીવ,

અને રાષ્ટ્રીય સંસ્કાર. વસંતરાવ આવે વખતે ઝાલ્યા રહે? પણ નિરુપાય હતા, કેમ કે જેલમાં હતા. એ હુલ્લડમાં રવિશંકર મહારાજ ને મૃદુલા સારાભાઈ અભયપૂર્વક ફરતાં હતાં ને શાંતિસ્થાપન માટે મથતાં હતાં. ઇન્દુમતી શેઠે ત્યારે દાખવેલ બહાદુરીનું ચિત્ર તો મેઘાણીની કલમે અંકિત થઈ ગુજરાતના સાર્વજનિક જીવનની અક્ષરસંપદાશું બની રહ્યું છે. જુમ્મા મસ્જિદ પાસે તંગદિલી છે તે જાણી ત્યાં જવા નીકળી પડેલાં ઇન્દુબહેન ત્રણ દરવાજે ગાડી મૂકી ઉશ્કેરાયેલાં ટોળાં વચ્ચે પગપાળાં ધસી ગયાં હતાં. ટોળામાંના એક પઠાણે એમને ઓળખ્યાં અને સાથીઓ સાથે મળીને, પાસેની દુકાનના ઓટલેથી લોકોને સંબોધવા સમજાવ્યાં હતાં.

હુલ્લડ પછી ત્રણ-ચાર મહિને જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે સાથીઓ સાથેની વાતમાં આ બાબતે વસંતરાવ વિગતે ઊઘડ્યા હતા: “આટલા મોટા અમદાવાદમાંથી શું બસો-ચારસો નીડર માણસો ન નીકળ્યા? આખું શહેર ગુંડાઓને સ્વાધીન કરી દીધું! હુલ્લડ અગાઉ જુમ્મા મસ્જિદ પર જવા ફક્ત ઇન્દુબહેન જ બહાર પડ્યાં! ક્યાં ગયા હતા મહાસભાના ધારાસભ્યો? શહેર સમિતિના હોદ્દેદારોને તેમનું કર્તવ્ય ન સમજાયું? અખાડામાં આવનારાઓમાંથી પણ કોઈ આ ગુંડાઓની સામે ન થયું!”

અને ક્યાં હતા રજબઅલી એ દિવસોમાં? બી.એ.ની પરીક્ષામાં બેસવાનું હવે દિલ રહ્યું નહોતું. પછી વ્યક્તિગત સત્યાગ્રહની લડત આવી અને એમાં જોડાયા. ૧૯૪૧માં પકડાઈને સાબરમતી જેલમાં. ત્યાંથી બદલી થઈને યરવડા. જેલની અવ્યવસ્થા અને ત્રાસ સામે લડવામાં પણ મોખરે. જેલ-સુધારનું આ આંદોલન જ્યારે યરવડાના અધિકારીઓને વસમું થઈ પડ્યું ત્યારે રજબઅલી વગેરેને ‘આ પાંચ જણા ખાસ તોફાની અને ભયંકર છે, માટે એમને સૌથી અલગ રાખજો’ એવા શેરા સાથે ધૂળિયા જેલમાં મોકલી આપ્યા. રજબઅલી ૧૯૪૨ના ઓગસ્ટમાં પકડાઈ વરસેકમાં છૂટ્યા. પાછા પકડાઈ વળી નવ માસની સજા પામ્યા.

આ જેલવાસોમાં અને વળી બહાર આવીને રજબનું લેખનવાચન

સતત ચાલુ હતું. વસંત દાદા સાથે મળી રજબે અમદાવાદમાં રહી સેવાદળનાં ને એવાં બીજાં સ્વરાજકામોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. એ ૧૯૪૬નું વરસ હતું. આ દિવસોમાં એમનું ને વસંતરાવનું, બેઉ કર્મબાંધવોનું, હૃદયબંધન ગાઢ થતું આવતું હતું.

૧૯૪૧માં પહેલું કોમી હુલ્લડ ઘર ભાળી ગયું હતું. ૧૯૪૬ના જુલાઈની પહેલીએ રથયાત્રા દરમિયાન ભારેલા અગ્નિમાં ભડકો થયો. કોમી ગાંડપણ સવાર થઈ ગયું ને શહેરમાં ટોળાંના ખૂની હુમલા તેમજ આગ ને લૂંટફાટનો સિલસિલો શરૂ થઈ ગયો. રજબઅલીના ઘડતરકાળના મિત્ર, ભાવનગરના હોસ્ટેલ-સાથી ભાનુભાઈ શુકલે તે દિવસે શું જોયેલું તે એમના જ શબ્દોમાં ઉતારીએ:

“ચારે બાજુ લૂંટ, આગ અને ખૂન ચાલુ હતાં, તે સમયે ખાડિયા ચાર રસ્તા પર હું પણ રખડતો હતો, ત્યાં રજબઅલી અને વસંતરાવ દાદા મળ્યા. બાલાહનુમાન પાસે એક વોશિંગ કંપની લૂંટાતી હતી. રજબઅલી અને દાદા તુરત ત્યાં દોડ્યા. લોકોને તેમ નહીં કરવા અને બીજી કોમને નહીં ઉશ્કેરવા સમજાવ્યું. ઉશ્કેરાયેલા માણસોએ કહ્યું કે, બીજે શું થાય છે તે જોઈ આવો-અહીંયાં કોઈ મુસલમાન આવે તો જીવતો જવા ન દઈએ! રજબઅલીએ આગળ આવીને કહ્યું: હું મુસલમાન છું. મને મારો. અને ટોળું શરમિંદું બન્યું.”

સાંજે કાર્યકરો ને સ્વયંસેવકો કોંગ્રેસ હાઉસમાં મળ્યા હશે ત્યાં, જમાલપુરમાં ખાંડની શેરી પાસે ડુગલપુરામાં દુધાભાઈના ને બીજાં હરિજનોનાં પાકાં મકાનો સળગાવવાની અને ખૂની હુમલાની કોશિશના ખબર આવ્યા. વસંતરાવ ને રજબઅલી તરત ત્યાં પહોંચવા તૈયાર થયા. ગુલામરસૂલ કુરેશીએ અને બીજાઓએ એમને વાર્યા. વાહન અને કુમકની જોગવાઈ થાય એટલે જવા કહ્યું. પણ રીડ પડ્યે છૂપે તે રજપૂત શાનો: વસંત-રજબને જાણે નજર સામે બળતા મહોલ્લા, ખેંચાતાં ખંજરો ને રહેંસાતા લોકો દેખાતાં હતાં, પીડિત માનવતાનું ક્રંદન સંભળાતું હતું. એમણે કહ્યું, અમે ચાલ્યા; બીજા ભલે બધું ગોઠવાયે આવે. બંને ચાલ્યા ને સાથે સેવાદળના બીજા બે સૈનિકો, પોપટલાલ

સોની ને દ્વારકાદાસ પટેલ પણ જોડાયા. જમાલપુર કાછિયા શેરી આગળ વીફરેલું હિંસક ટોળું સામે મળ્યું. પછી શું બન્યું તે આ ચાર પૈકી ખુદ દ્વારકાદાસ પટેલના શબ્દોમાં સાંભળીએ :

"સામેથી સો-દોઢસો માણસોનું ઉશ્કેરાયેલું ટોળું અમારી તરફ દોડતું આવી રહ્યું હતું. તેમના હાથમાં ધારિયાં, છરા, ચપ્પુ, પાઇપો વગેરે જેવાં ઘાતક હથિયારો હતાં. અમે હાથ ઊંચા કરી મોટા અવાજે કોઈ હથિયાર અમારી પાસે ન હોવાની ખાતરી આપી, તેમને શાંત પાડવા સમજાવવા માંડ્યા. ટોળું વીસ-પચીસ ડગલાં દૂર ઊભું રહી ગયું. કેટલાકે તો 'વારુ જાઓ' કહી અમને આગળ જવાની છૂટ પણ આપી. અમે ચારે જણા તેમને મોટે સાદે સમજાવવાનો અને શાંત પાડવાનો પ્રયત્ન કરતા આગળ વધ્યા. પરંતુ થોડા કટ્ટર ઝનૂનીઓ ગરજી ઊઠ્યા, 'નહીં જવા દઈએ. તમને પણ ખતમ કરીશું.' એટલે વસંતરાવે જણાવ્યું, 'અમે શાંતિ માટે આવ્યા છીએ. અમને મારવાથી તમારી આગ બૂઝતી હોય તો અમે મરવા પણ તૈયાર છીએ. તેમ કરો. અમે સામે બચાવનો કોઈ પ્રયત્ન નહીં કરીએ.' આટલું કહી વસંતરાવ અને રજબઅલી વચ્ચે રસ્તા પર સૂઈ ગયા. હું અને પોપટલાલ તેમનાથી થોડે દૂર સમજાવવાનો પ્રયત્ન કરતા હતા. વસંતરાવ અને રજબઅલીને સૂઈ જતા જોઈને પોપટલાલ પણ દોડીને તેમની પાસે લાઇનમાં સૂઈ ગયા. એ જ વખતે મારા પર પાછળથી કોઈકે હુમલો કર્યો. પણ તે સાથે મારી નજર પાછળ પડી. મારા સાથીદારો ખુલ્લી જગ્યામાં લાઈનમાં સૂતા હતા. તેમનાં શરીરોમાંથી લોહીના ફુવારા ઊડતા હતા. તે જોઈ હું પણ દોડીને તેમની સાથે લાઇનમાં પડખાભેર સૂઈ ગયો. અમે બલિદાનની એવી ઊંચી ભાવના અનુભવતા હતા કે અમારા ઉપર થતા હુમલાઓથી બચવાનો વિચાર સુધ્ધાં અમને આવ્યો ન હતો. અમે ચારે જણા શાંતિપૂર્વક શહીદીની વાટ જોતા પડ્યા હતા. અમે સૌ બેભાન બન્યા. પછી સાંભળવા પ્રમાણે એટલામાં વરસાદ પડ્યો. હિંસક ટોળું અમને મરણ પામેલા સમજીને ત્યાંથી ચાલ્યું ગયું હતું. અડધાએક કલાક પછી પોલીસવાન ત્યાં આવી. તેમની સાથે એક

ટ્રક પણ હતી. તેમાં આજુબાજુના વિસ્તારોમાંથી મળેલા મૃતદેહો હતા. અમારાં શરીરોને પણ મૃતદેહો સમજીને ટ્રકમાં ચઢાવી દઈ હોસ્પિટલ ભેગાં કરી દેવામાં આવ્યાં...”

આગળ ચાલતાં દ્વારકાદાસ ઉમેરે છે, “અમારા ચારમાંથી બે મિત્રો શહીદ બની ગયા.” વળી નિસાસો નાંખે છે, “કમનસીબે અમારે શહીદીથી વેંતનું છેટું પડી ગયું.”

અને પછી હેમલતા હેગિષ્ટેએ વસંતદાદાને હોસ્પિટલમાં જોયા ત્યારે “મુખ પર નહોતી કોઈ વેદનાની અસર, કે કોઈ વિકાર. આંખો ખુલ્લી હતી અને મોં હસતું. તપાસ કરતાં રજબઅલીનો પણ મૃતદેહ દેખાયો. એમની આંખો ઉઘાડી હતી, ચશ્માં નહોતાં. મોઢું પણ ઉઘાડું હતું અને જાણે હસી રહ્યું હતું. મુખ પર નહોતી કોઈ વેદના કે વિકાર.”

વળતે દહાડે અંતિમયાત્રાની ઘડીએ હેમલતાબહેન (અને બીજા પણ અનેક)નું અંત:કરણ વધુ તો ત્યારે વલોવાયું જ્યારે કોંગ્રેસ હાઉસથી બંનેના મૃતદેહને છૂટા પાડવામાં આવ્યા. જેમને મૃત્યુ સુધી કોઈ છૂટા પાડી ન શક્યું એમના મૃતદેહો છેવટ વિખૂટા કરવા પડે એ અસહ્ય હતું. પણ એ વખતે તો મગજ કોઈ વિચાર કરવાની સ્થિતિમાં નહોતું.

રજબઅલી તો અમદાવાદને અજાણ્યા જેવા. જનાજો જેમતેમ નીકળ્યો. કારવાં બનતો ગયો. ગોમતીપુરના ચાર તોડા કબ્રસ્તાને લઈ ગયા ત્યારે મૈયત પાસે ઊભા રહી લોકોને ઉદ્દેશીને રજબઅલીનાં દર્શન કરવા માટે કહી રહેલા મૌલવીના શબ્દો હવામાં ગુંજતા હતા: “યહ શહીદ કા જનાજા હૈ, ભાઈ! ઐસી કિસ્મત હર કિસીકો નહીં મિલતી.”

જેમને હાથે, પછીથી વસંત-રજબ સ્મારક ગ્રંથનું કામ રૂડી પેરે પાર પડવાનું હતું તે મેઘાણીએ એક મિત્ર જોગ પત્રમાં ત્યારે લખેલું કે, “બધાં ભલે ‘બલિદાન’ ‘બલિદાન’ કૂટે, હું તો એ બાપડાં મેંઢાં કતલખાને રેંસાયાં એવું સમજું છું.”

મેઘાણીની પ્રતિક્રિયા વળતે મહિને ‘ઊર્મિ અને નવરચના’ની એમની નોંધમાં વધુ સ્પષ્ટ થઈ હતી: “મહાત્મા ગાંધીજી આવાં હુલ્લડોને વિલક્ષણ

દૃષ્ટિએ નિહાળે છે; જે પ્રતિકાર સૂચવે છે તે એમણે કોઈ પણ ઠેકાણે કે અવસરે અજમાવી જોયો નથી. એકાદ ગણેશશંકર વિદ્યાર્થીનું નામ તો સોગંદ ખાવા માટે જ ઠીક કહેવાય. મહાત્માજીનું પ્રયાણ પૂનાથી પંચગનીને બદલે જો અમદાવાદ તરફ થયું હોત ને પાંચસો મરજીવાની મોખરે એમનો પ્રવેશ જો જમાલપુરમાં થયો હોત તો જગતને કંઈક જાણવા-ગ્રહવાજોગું જરૂર મળ્યું હોત.”

સદા સજગ અને વળી મેઘાણીએ પોતે જેને ‘સાગર પી જનારા’ કહ્યા હતા તે ગાંધીજી આવે વખતે અંદરબહાર કઈ રીતે જોતા હશે તે ‘હરિજનબંધુ’માંની એમની આ ટિપ્પણીથી સમજવા મળે છે: “આવી પરિસ્થિતિમાં મને કંઈક કરી બતાવવાનું કહેવામાં આવ્યું છે એ યોગ્ય છે. કોઈ સાથે આવે કે ન આવે તેની મારે પરવા રાખવાની ન હોય. હું ઘરમાં બેસીને બીજાઓને મરવા મોકલું એ મારે માટે શરમની વાત કહેવાય ને એ અહિંસાના દાખલારૂપ ન થાય.” અને પછી લગભગ આર્ષ શબ્દોમાં કહે છે: “ગમે તે હો, ઈશ્વરની કૃપા હશે તો તે મને એવો મોકો હજી આપશે, મને તાવીને શુદ્ધ કરશે અને અહિંસાનો રસ્તો સાફ કરશે. આનો અર્થ કોઈ એવો ન સમજે કે મારા આવા બલિદાનથી હિંસા સાવ નાબૂદ થઈ જશે. એવી ઘોર હિંસા ચાલી રહી છે કે તેમાંથી અહિંસા પ્રગટ થાય તેને માટે મારા જેવાં અનેક બલિદાનોની જરૂર પડશે.”

એક નાગરિકને નાતે, પ્રજાને પક્ષે, સમાજછેડે કેટલું બધું કરવાપણું હતું અને છે એનો અંદાજે હિસાબ મેઘાણીએ જ્યારે વસંત-રજબ સ્મારક ગ્રંથનું સંપાદન માથે લીધું ત્યારે એમને મળેલા આ નનામા પત્ર પરથી મળી રહેશે: “તમે વસંત-રજબ સ્મારક ગ્રંથનું સંપાદન કરવાનું સ્વીકાર્યું તે જાણી મને ખેદ થયો. વસંત હેગિષ્ટેને તો સજા કરવી જોઈએ. હિંદુ લોહી તેની નસેનસમાં વહેતું હોવા છતાં તેણે એક મુસલમાન ડ્રાઇવર કે જેને લોકોનું ટોળું મારી નાખવા ઇચ્છતું હતું તેને બચાવ્યો માટે તેનો હિંદુ ધર્મ તરફનો અપરાધ અક્ષમ્ય ગણાય. શું તે નિર્દોષ હિંદુઓ કે જેની નીચ મુસલમાનો કતલ કરી નાખતા હતા

તેને બચાવી શક્યો હતો? વળી રજબઅલી મૂઓ એ તો હિંદુઓને મન હર્ષની વાત કહેવાય. તેનું વળી સ્મારક શેનું હોય? માટે હું તને અપીલ કરું છું કે તું સંપાદન કરવાનું છોડી દઈ ખરો હિંદુ બની જા.”

કેટલા સાચા હતા ગાંધીજી કે, હજુ અનેક બલિદાનોની જરૂર પડશે!

વસંત-રજબ સરખાના જીવનની સાર્થકતા એમના જીવનની અંતિમ ક્ષણોમાં જ માત્ર નથી. તેઓ જે હેતુસર મર્યા તે જ હેતુસર જીવનની ક્ષણેક્ષણ જીવવા મથ્યા. અને આ જીવવું તે કેવું જીવવું? સમાજના સર્વાંગી નવજીવનને સમર્પિતપણે. સંઘર્ષ, સ્વાધ્યાય અને સર્જનની સરગમની રીતે.

['વસંત-રજબ' પુસ્તિકા : ૨૦૦૬]

# પ્રજારામ રાવળ

## રેશમના વસ્ત્રની ગડી જેવી

‘રઘુવંશ’નો અનુવાદ કરતાં, હું ઝાઝો રાજી થયો તે તો ગુજરાતી ભાષાના અકલ્પ્ય સામર્થ્યથી. ગુજરાતી ભાષાનો શબ્દભંડોળ કોઈ અક્ષયપાત્રામાં ભરેલો હોય તેવો છે. વળી, ગુજરાતી ભાષા ઘણી નમનીય, વાળી વળે તેવી, કોઈ સારા માણસ જેવી છે. ઉત્તમ રેશમના વસ્ત્રની ગડી જેવી, કોઈ રીતે ન ભાંગી શકે તેવી છે એ. એને ગમે તેમ ચોળી નાખો તોય એ તો ઇસ્ત્રીબંધ જ રહે. સારા કુટુંબની દીકરી સાસરિયામાં સરખી ગોઠવાઈ જાય તેવી છે એ.

–

*આ ઝરમર ઝર વરસાદ,*
*વળી વળીને વરસે જાણે મધુર કોઈની યાદ!*

# પ્રણવ દવે

## દલિતવાસમાં કથા કરતા બ્રાહ્મણ

આ હળાહળ કળિયુગમાં સાચા માણસને શોધવો એટલે ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું કામ છે. પરંતુ કુદરતના ખજાનામાં પારસ અને મોતીની કોઈ ખોટ નથી. આવું એક વ્યકિતત્વ ચતુર્ભુજ ભટ્ટનું છે. ક્લાર્કમાંથી ડેપ્યુટી કલેક્ટર સુધીની પદોન્નતિ છતાં કોઈ ગર્વ નહીં, બ્રાહ્મણ ખોળિયું છતાં કોઈ જાત અભિમાન નહિ અને ભણેલા છતાં અભણોની વચ્ચે વસીને સદી વટાવી ચૂકેલા ચતુર્ભુજ ભટ્ટને દરેક જીવમાં તેમનો રામ સમાયેલો દેખાય છે. સવર્ણ કે દલિત શબ્દ તેમના શબ્દકોશમાં નથી.

પચાસેક વર્ષ પહેલાં કોઈ બ્રાહ્મણ કે સવર્ણ દલિતોના વાસમાં જતો નહીં. ૪૫ વર્ષ પહેલાં અમદાવાદ જિલ્લાના વાઘોડિયા ગામે દલિતો અને સવર્ણો વચ્ચેની એક સંયુક્ત સભામાં એક દલિત ભાઈએ માગણી કરી કે, અમારા વાસમાં સત્યનારાયણની કથા કરાવવી છે. કોઈ બ્રાહ્મણ અમારા આંગણે આવવા તૈયાર છે? ત્યારે સભામાં સોપો પડી ગયો હતો. પરંતુ સભામાં ઉપસ્થિત તત્કાલીન મામલતદાર ચતુર્ભુજ ભટ્ટે બુલંદ અવાજે જાહેરાત કરી કે, હું કથા વાંચવા આવીશ. તે સાંજે વાઘોડિયાના દલિત વાસમાં ધામધૂમથી સત્યનારાયણ ભગવાનની કથા વંચાઈ અને પ્રસાદ પણ વહેંચાયો.

હાલ ૧૦૧ વર્ષની વયે દર ચૈત્ર માસના પ્રારંભથી રામનવમી સુધી ચતુર્ભુજ ભટ્ટ 'રામાયણ' કથા વાંચે છે. અત્યારે ૨૪મી રામપારાયણ તેઓ કરી રહ્યા છે. છેલ્લા ૨૩ વર્ષથી તેઓ દર વર્ષે ચૈત્રમાં 'રામાયણ' વાંચે છે. ૧૧ ઓગસ્ટ, ૧૯૦૩ના રોજ જન્મેલા ચતુર્ભુજ દોલતરાય ભટ્ટ હાલમાં, ગુરુકુળ વિસ્તારમાં પુત્રને ઘરે આ 'રામાયણ' વાંચી રહ્યા છે.

તેમણે અનેક વાર દલિતવાસમાં કથાની સાથોસાથ ભાગવત સપ્તાહ

પણ કરી છે. આજ સુધી તેમણે કરેલી રામાયણકથામાંથી ક્યારેય કોઈનો એક પૈસો પણ અંગત સ્વાર્થ પાછળ ખર્ચ્યો નથી.

['દિવ્ય ભાસ્કર' દૈનિકઃ ૨૦૦૪]

# પ્રદ્યુમ્ન તન્ના

## "ઈ તો સાંયડી રોપી છે!"

સાંભરી આવે છે સાતેક વર્ષ પહેલાંના કચ્છ-ભ્રમણ દરમિયાન ઘડયો પ્રસંગ. ભ્રમણનો મુખ્ય ઉદ્દેશ હતો એકાદા રબારી લગ્નની શક્ય એટલી દસ્તાવેજી સામગ્રી એકઠી કરવાનો. કચ્છનાં ભાતીલાં લોકવરણમાંયે રબારી જેવી રૂપાળી, ખડતલ અને ખુમારીભરી જાતિ બીજી એકેય નહીં! નમણા, ભીનેવાન પંડથી માંડી અંગનાં પહેરવેશ-આભૂષણો, ભૂંગાનાં લીંપણગૂંપણ અને ઘરવખરી: બધાંમાં આંખે ઊડીને વળગે એવી જન્મજાત રુચિ-સૂઝ.

રબારીના આરાધ્યદેવ કૃષ્ણ. ને પરંપરા માગે કે રબારીનાં લગ્ન લેવાય કેવળ ગોકળ આઠમે! આમ, ગામેગામ લગ્ન હોય. મીંઢીયાણામાં ઢેબરિયા રબારીઓનો મોટો વસવાટ. એટલે ઘણાં ઘેર લગ્ન હતાં. પૂછા કરતાં ખબર પડી કે બે જાનોને નજીકના ટપર ગામે ઉતારો આપવામાં આવ્યો હતો. સાતમની બપોરે જ ટપર પહોંચી, આવેલ જાનનાં વડેરાંઓને મળી, આઠમની લગ્નવિધિને છબીઓમાં મઢવાની સંમતિ મેળવી લીધી. સાંજ થવાને હજી વાર હતી એટલે ખોરડાંનાં લીંપણ—શણગાર અને જાનૈયાઓના ઠાઠને નીરખતાં, વાસના ચોક મહીં આવ્યાં. બીચ પડ્યા ખાટલાઓમાંથી એક પરે, ગોદડાંના વીંટાને અઢેલીને એક ભાભુમા માળા ફેરવતાં બેઠાં હતાં. ખાટની પડખે જ, નાની કાંટાળી વાડના ઘેરા બીચ, આછા ભીના પોતમાં વીંટયો એક રોપો જોઈ કુતૂહલ થઈ આવ્યું, ને નજીક જઈ એ અંગે પૂછા કરી. અમને આવકારતાં હળવું હસીને બાઈ બોલ્યાં, "ઈ તો સાંયડી રોપી છે, ભલા!"

પળભર તો કીધું ઊકલ્યું નહીં, પણ પછી એક અવર્ણ્ય રોમાંચ અનુભવ્યો એ સહજ સર્યા ઉત્તરની ઓળખે. "છાંયડી" રોપી હતી. બસ. લીમડો, વડ-પીપળ કે પછી આંબો-આંબલી, ઝાડના નામનુંય

અગત્ય નહોતું! ને એ વધતાં પહેલાં જ ઘેટાં-બકરાં ચરી ના જાય કે ધખતા ધોમ એને સૂકવી ના દે, માટે ફરતી મેલી હતી કાંટાળી વાડ અને માથે પાતળું ભીનું પોત!

કોઈ સમરથ કવિનેય ઈર્ષ્યા થઈ આવે એટલો સચોટ ને સભર શબ્દ-વિલાસ હતો એ! ને જેને વાંચતાં-લખતાંયે નહોતું આવડતું એવી એક અભણ ગ્રામનારીએ સહજ ઊભર્યા અલંકારની સાથોસાથ આપણી સંસ્કૃતિના એક મૂળભૂત મૂલ્યને પણ દોહરાવ્યું હતું! છાંયડી એટલે છત્રા-છાયા, આશ્રય અને રક્ષણ. છાંયડી, ભારતના અજોડ ઔદાર્ય અને સહિષ્ણુતાનું પરિમાણ છે. જગતના અનેક શરણાર્થીઓની પેઢાનપેઢી એ ઓથમાં નિર્ભયપણે ફૂલીફાલી છે; વિવિધ ભાષાઓ અને ધર્મની ચિંતનધારાઓ પ્રગટી-પાંગરી છે!

જ્યાં લગી આપણાં જનગણમન મહીં ભાવ-કથનનું આવું સૌષ્ઠવ ભર્યું પડ્યું છે ત્યાં લગી ગુર્જરગિરાના સાતત્યને, કહો, શી આંચ આવશે?

## પ્હેલો વરસાદ

*ક્યારની તે જોતાં’તાં વાટ એવા મોસમના*
*પ્હેલા વરસાદમાં જાવા દે જરી,*
*મા! જાવા દે જરી.*
*ચારેકોર ઊભરતા હાલક હિલોળ મહીં*
*ઝબકોળાં થોડાંઘણાં થાવા દે જરી.*
*મા! થાવા દે જરી.*
*કેમ આજ રે’વાશે ઘરમાં ગોંધાઈ,*
*કેમ બારી ને બા’ર કીધાં બન્ધ?*
*ઝાલ્યો ઝલાય નહીં જીવ એવાં કે’ણ લઈ*
*આવી મત્ત માટીની ગન્ધ!*

*ફળિયાને લીમડે ગ્હેંકતા મયૂર સંગ*
*મોકળે ગળે તે ગીત ગાવા દે જરી,*
*મા! ગાવા દે જરી.*
*ચાહે ઘણુંય તોય રે'શે ના આજ કશું*
*તસુ એક હવે ક્યહીં કોરું,*
*જળે ભર્યાં વાદળાંના ઝુંડ પર ઝુંડ લઈ*
*ઝૂક્યું અંકાશ જ્યહીં ઓરું:*
*ઝડીયુંની જોરદાર જામી આ રમઝટમાં*
*થઈએ તરબોળ એવું ના'વા દે જરી,*
*મા! ના'વા દે જરી.*
*ક્યારની તે જોતાં'તાં વાટ એવા મોસમના*
*પ્હેલા વરસાદમાં જાવા દે જરી*
*મા! જાવા દે જરી.*

['કવિલોક' બે-માસિક]

# પ્રબોધ ચોકસી

## કેટલું છેટું છે?

રાષ્ટ્રીય આવકના વિભાગવાર આંકડા રિઝર્વ બૅન્ક વખતોવખત પ્રસિદ્ધ કરે છે. તેમાં ખેતી વિભાગના કરતાં ઉદ્યોગ વિભાગની આવક વધારે ઝડપથી વધે છે, અને તેના કરતાં પણ વધુ વેગથી ‘સેવા-વિભાગ’ની આવક વધતી દેખાય છે.

આ સેવા-વિભાગમાં કોણ આવે છે? સરકારી નોકરો, શિક્ષકો, વકીલો, ડૉક્ટરો, ઇજનેરો, કલાકારો, સાહિત્યકારો, સામાજિક સેવકો તેમજ નેતાઓ: ટૂંકમાં એવા લોકો જે કશી નક્કર ચીજવસ્તુ પેદા નથી કરતા પણ ‘સેવા’ પેદા કરે છે.

ભારતમાં ખેતીના શોષણ પર ઉદ્યોગો અને સેવાઓ વધ્યાં છે. ખેતી વિભાગના લોકોને દુકાળને આરે ધકેલીને દસેક કરોડ લોકો શહેરી સુખસવલતો ભોગવે છે. એ દસ કરોડ લોકો માને છે કે પોતે જ સમગ્ર ભારત દેશ છે અને પોતાના પ્રશ્નો તે જ રાષ્ટ્રના પ્રશ્નો છે. એ વર્ગ માટે, એ વર્ગ દ્વારા, એ વર્ગનું રાજ્ય આજે આ દેશ પર ચાલે છે.

એક બાજુ દુકાળો પડે છે, અનાજ તેલને ભાવે વેચાય છે, તેલ ઘીના ભાવે વેચાય છે અને બીજી બાજુ બૅન્કોનાં થાપણખાતાં છલકાય છે, ગગનચુંબી મકાનો બંધાયે જાય છે. એક બાજુ સંપત્તિની છાકમછોળ છે; બીજી બાજુ કિસાનોને પોતાનાં હળબળદ ને ઘરવખરી વેચીને જીવવાના દહાડા આવ્યા છે. મરવા પડેલી માનવતામાં ફરિયાદની ચીસ પાડવા જેટલા હોશકોશ પણ નથી રહ્યા. લોકો આત્મશ્રદ્ધા ગુમાવી બેઠા છે. એમને પોતાની શક્તિમાં જરાકે વિશ્વાસ નથી રહ્યો; પૈસાની ને લાગવગની શક્તિમાં જ રહ્યો છે.

સ્વરાજની લડતના આરંભકાળે ગાંધીએ એક લેખમાં કહેલું કે આ ‘ડેથ ડાન્સ’ છે, ‘પતંગ-નૃત્ય’ ચાલી રહ્યું છે. શોષણની પરંપરા

પર મંડાયેલી આ નાચગાનની મહેફિલનો અંજામ ગાંધીએ દેશના મોતમાં જોયો હતો. આજે જે દશા છે, તેનાથી દેશનું મોત કેટલું છેટું છે?—વહેંત, બે વહેંત?

# પ્રબોધ જોશી

## સ્મૃતિ –

(સમય: માર્ચ ૧૯૭૪નો, ગુજરાતમાં નવનિર્માણ ચળવળનો)

*વી. એસ. હોસ્પિટલ: રાતના ૧૨-૪૦. નર્સના આંટાફેરા.*
*ટપોટપ એમ્બ્યુલન્સો આવવા લાગે.*
*હાંફની વધઘટ વચ્ચે સવાર પડે ને સામેની અગાસીએ,*
*કોઈ બાળકના રડમસ ચહેરા જેવો, ઝાંખો સૂરજ ચડવા લાગે.*
*ઘેનનું ઇન્જેક્શન સહસા ઊતરી ગયું હોય એમ,*
*હોસ્પિટલ સફાળી બેઠી થઈ જાય.*
*દૂધવાળાઓ, ચાવાળાઓ, સ્વીપર્સ, સફેદ વસ્ત્રોની ફરફર*
*—જોતો રહું ને નિસ્સહાયતાની ચાદર સહેજ નજીક ખેંચું...*
*(અને એક દિવસ, એટલે કે ૩ માર્ચ, ૧૯૭૪)*
*પ્રવેશતાંવેંત, બારી પાસે તાજો જ પ્રગટાવેલો દીવો.*
*મારી નજર સમક્ષ, મેં સાંભળેલી બધી જ વિધિઓ તરવરવા લાગે.*
*બધા—બધા જ પ્રયત્નો પર સફેદ ચાદરનું ઢંકાઈ જવું.*
*(વતન વડનગરમાં એમની સ્મૃતિ)*
*ખડકીના ગોખલા આગળ એમણે કરેલો સાથિયો.*
*તમાકુનું ભૂંગળાળું પડી રહેતું એ જગ્યા,*
*જ્યાં તેઓ પાઠ કરવા બેસતા એ જૂના ઘરનો ઉંબરો,*
*અને ફરી પાછું ખડકીના ગોખલામાં પડી રહેતું એમનું પંચિયું.*
*પાણિયારે દોરેલા ગણપતિ પાસે પડી રહેતા પાટલા પર*
*બેસી જમતાં-જમતાં ક્યારેક કહેલી અમદાવાદની નવાજૂની*
*—બધું, બધું જ યાદ આવી ગયું.*
*મેડા ઉપર બારી પાસે પડી રહેલા ખાટલે,*
*એમની આદતે, માથે ધોતિયાનો કકડો મૂકી આડો પડ્યો,*

*તો ખાસ્સી કલાકેક ઊંઘ આવી ગઈ.*
*હોસ્પિટલના ત્રીજા માળના ખુલ્લા ગવાક્ષમાંથી*
*જેની પ્રતીક્ષા કરું છું તે એમ્બ્યુલન્સ આવી લાગે છે.*
*એક ધબકતો દેહ, ઋષિચહેરો*
*—સ્ટ્રેચરમાં લવાતો અને થોડા દા’ડા કેડે લઈ જવાતો—*
*જોઉં છું અને મને જૂના ઘરને પલ્લે બેસતા,*
*તમાકુનું ભૂંગળાળું ફંફોસવા માટે ખિસ્સામાં હાથ નાખતા,*
*ઉતાવળમાં બંડીનાં બટન બંધ કરવાનું ભૂલી જતા*
*અને માથે ઊંધી કાળી ટોપી પહેરતા,*
*ગુનગુન પાઠ કરતા ‘શિવમહિમ્નઃ સ્તોત્ર’નો,*
*બપોરે પીઠ ફેરવીને આડા પડતા,*
*જોરજોરથી બૂમો પાડીને મને ઉઠાડતા દાદા યાદ આવ્યા*
*—એમનો ફોટો સાફ કરતાં એમાં મારું પ્રતિબિંબ દેખાય છે*
*અને એમની સાથે રહેલા મને મળવા*
*હું એકાએક દોટ મૂકું છું,*
*તો ઠેસ વાગે છે અને ફસડાઈ પડું છું—*
*આ લિસ્સા કાગળ પર.*

# પ્રભાકર ખમાર

## સોદાબાજી નહીં... નહીં... ને નહીં જ

ચૂંટણી વખતે રાજકીય પક્ષો ઉદ્યોગપતિઓ પાસેથી ચિક્કાર નાણાં પડાવે છે. ઉદ્યોગપતિઓ ચૂંટણીમાં આપેલાં નાણાંનું વળતર મેળવી લેતા જ હોય છે. ચૂંટણી પછી એ બોજ છેવટે તો પ્રજા ઉપર જ પડે છે. આજે આવી પરિસ્થિતિ પ્રવર્તે છે ત્યારે, ગાંધીયુગના નેતાઓની પ્રતિષ્ઠા કેવી ઊંચી હતી!

ચૂંટણીના ખર્ચ માટે કે લોકોપયોગી કામો માટે સરદાર નાણાં ઉઘરાવતા ત્યારે પ્રજા ઉદાર હાથે એમની થેલી છલકાવી દેતી. તેમાં અંગત રીતે સરદારનો ભાવ, પ્રામાણિકતા અને પ્રતિષ્ઠા કામ કરતી હતી. તેઓ મૂડીવાદીઓને શરણે ગયા નહોતા કે એમના અહેસાન નીચે કદી આવ્યા નહોતા. અંગત સંબંધ રાખવા છતાં એમની શેહશરમમાં કદી ખેંચાયા નહોતા.

૧૯૩૫માં પ્રાંતિક ધારાસભાઓની ચૂંટણી વખતે રાજેન્દ્ર પ્રસાદે સરદારને ફરિયાદ કરી કે ચૂંટણી ફંડ માટે જે. આર. ડી. તાતા કેટલીક સોદાબાજી કરવા માગે છે. સરદારે તાતાને મળવા બોલાવ્યા. તાતાએ માગણી કરી કે, ઉમેદવારો નક્કી કરવાની સમિતિમાં મારો એક માણસ મૂકો તો નાણાં આપું. સરદારે એનો ઇનકાર કર્યો અને પૂછ્યું, “તમે તમારી કંપનીમાં અમારા કોઈ માણસને મેનેજમેન્ટ કમિટીમાં મૂકશો ખરા?” તાતા એ સાંભળી સહી કરેલો કોરો ચેક સરદારના હાથમાં મૂકી સસ્મિત વદને વિદાય થઈ ગયા.

એક વાર દાલમિયા શેઠના સેક્રેટરી ધર્મદેવ સરદારના સેક્રેટરી શાંતિલાલ હ. શાહને મળવા આવ્યા. તેમણે કહ્યું કે, “દાલમિયા શેઠ ચૂંટણી ફંડ માટે બે લાખ રૂપિયા આપવા માગે છે. સરદાર એ સ્વીકારશે ખરા?” શાંતિભાઈએ સરદારને પૂછ્યું. સરદારે જવાબ આપ્યો, “લઈશું.”

બીજે દિવસે ધર્મદેવ ફરી આવ્યા અને શાંતિભાઈને કહ્યું કે દાલમિયા શેઠ ઇચ્છે છે કે સરદારસાહેબ તેમને ત્યાં ચા પીવા આવે અને એ સમયે તેઓ આ રકમ તેમને સુપરત કરશે. શાંતિભાઈએ આ સંદેશો કહ્યો તેવા જ સરદાર તાડૂકી ઊઠ્યાઃ “જુઓ, શાંતિલાલ, એમને સ્પષ્ટ જણાવો કે ચેક મોકલવો હોય તો મોકલે, નહીં તો એમની મરજી. આ કામ માટે હું એમના ઘેર નહીં આવું.” શાંતિલાલે એ સંદેશો ધર્મદેવને આપ્યો અને સરદારનો સંદેશો સાંભળી દાલમિયા શેઠે બે લાખમાં પચીસ હજાર ઉમેરીને સવા બે લાખનો ચેક તરત જ સરદારને મોકલી આપ્યો. આ હતી સરદારની ખુમારી અને રાજકીય સૂઝ. એ સાથે હૃદયની ઋજુતા પણ જુઓ. પંદર દિવસ પછી સરદાર સામેથી કહેવરાવીને દાલમિયાને ત્યાં ચા પીવા ગયા.

શેઠ વાલચંદ હીરાચંદ સરદારના મિત્ર હતા. ધંધાકીય અને સામાજિક બાબતોમાં સરદારની સલાહ પણ લેતા. ૧૯૩૪માં મહારાષ્ટ્રની ધારાસભાની ચૂંટણી હતી. સરદારે એક બેઠક માટે વી. એન. ગાડગીલ ઉપર પસંદગી ઉતારેલી. વાલચંદ શેઠને આ બેઠક ઉપર ઊભા રહેવું હતું. ગાડગીલ સરદારના વિશ્વાસુ સાથીદાર હતા. વાલચંદ શેઠને ધનિક વર્ગનો ટેકો હતો. આથી કેટલાક ઉદ્યોગપતિઓ વાલચંદ શેઠની વકીલાત કરવા સરદારને મળવા આવ્યા અને રજૂઆત કરી કે આ બેઠક જો વાલચંદ શેઠને અપાય તો ચૂંટણી ભંડોળમાં અમુક લાખ રૂપિયા આપવામાં આવશે. સરદારે સ્પષ્ટ શબ્દોમાં એ સોદાબાજીનો ઇનકાર કર્યો. એટલું જ નહીં, જો વાલચંદ શેઠ એ બેઠક પર અન્ય પક્ષ તરફથી અથવા અપક્ષ ઊભા રહેશે તોપણ પરાજિત થશે એવી ચેતવણી પણ ઉચ્ચારી. અને ખરેખર એમ જ થયું. વાલચંદ શેઠ પરાજિત થયા. સરદારે બતાવી આપ્યું કે નાણાંના જોરે રાજકીય સોદાબાજીને એમના જીવનમાં સ્થાન નથી.

['દિવ્ય ભાસ્કર' દૈનિક]

# પ્રભાશંકર પટ્ટણી

## ઉઘાડી રાખજો બારી!

*દુઃખી ને દર્દીઓ કોઈ, ભૂલેલા માર્ગવાળાને*
*વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.*

*ગરીબની દાદ સાંભળવા, અવરના દુઃખને દળવા*
*તમારાં કર્ણ-નેત્રોની ઉઘાડી રાખજો બારી.*

*અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા*
*કિરણને આવવા સારુ, ઉઘાડી રાખજો બારી.*

*થયેલાં દુષ્ટ કર્મોના, છૂટા જંજીરથી થાવા*
*જરા સત્કર્મની ન્હાની ઉઘાડી રાખજો બારી.*

['રા' કવાટ' નાટક]

# પ્રભુદાસ ગાંધી

## ભજનનું ભાતું

દિવસે ને દિવસે અમારે ત્યાંનું આખું વાતાવરણ ઊપડવાની તૈયારીનું થતું જતું હતું. ક્યારે ઊપડીશું અને કઈ દિશાએ ઊપડીશું, એ કોઈ કહી શકતું ન હતું. દેશ જવાની મોટી મોટી ઉમેદો અમારા મનમાં હતી. અને જેલ જવાનીયે હોંશ ઓછી ન હતી. કઈ ઘડીએ કયો હુકમ મળે છે એ સાંભળવાને અમારા કાન સળવળી રહ્યા હતા.

ઐ મુસાફિર, કૂચકા સામાન કર, ઈ

સ જહાં મેં હૈ બસેરા ચંદ રોજ.....

એ નઝીરની કડીઓ અમે હાલતાંચાલતાં એકબીજાને સંભળાવતા. ફિનિક્સના તબેલામાં બધાયે ઘોડા હણહણી રહ્યા હતા.

અનેક દિવસની ચર્ચાઓ પછી હું અટકળ બાંધી શક્યો કે અમારા ઘરમાંથી બધાં જ જાય એવી વાત ચાલે છે, અને બધાં વડીલો જતાં રહે તો અમ બાળકોની શી દશા થાય તે ફિકર એ બધાંને કોરી રહી છે. બાપુજીની સત્યાગ્રહની લડત તો છ-સાત વરસથી ચાલુ હતી, પણ સ્ત્રી-સત્યાગ્રહીનો ઇતિહાસ હજુ નોંધાયો ન હતો. પરંતુ હવે દક્ષિણ આફ્રિકાની સરકાર તરફથી હિન્દુસ્તાની ઢબનાં લગ્ન ફોક કરનારા કાયદાનો અણધાર્યો હુમલો થયો હતો. એ ભયાનક માનભંગનો જવાબ તો બહેનો આપે એ જ શોભે એમ હતું. એટલે સત્યાગ્રહના ઇતિહાસમાં અપૂર્વ એવો નવો આરંભ કરવાનો હતો.

એક બપોરે મારી બાએ મને પાસે બોલાવી, ખોળામાં બેસાડી, માથે હાથ ફેરવતાં પૂછ્યું, "પ્રભુ, અમે જેલ જઈએ તો પછી આ નાનાં ભાઈબહેનોને તું સંભાળીશ ને?"

"પણ બા, મને જેલ જવાનું ક્યારે મળશે?"

"હજુ તો તું નાનો છે. તને બારમું વરસેય શરૂ નથી થયું. ચાર વર્ષ પછી તું યે અમારી સાથે જેલમાં આવજે. ત્યાં સુધી આ નાનાં ભાઈબહેનોને સંભાળજે. એમને ખવડાવજે, પથારી કરી દેજે, નવડાવી ને કપડાં પહેરાવજે, જેથી અમને યાદ કરીને એ રુએ નહીં."

એક દિવસ જનરલ સ્મટ્સનો ત્રાણસો શબ્દોનો તાર આવી પહોંચ્યો. બાપુજીએ એ વાંચ્યો અને લડત શરૂ કરી દેવાનું નક્કી કરી નાખ્યું. પ્રાર્થના પછી મારી બા પાસે 'વૈદર્ભી વનમાં વલવલે, અંધારી છે રાત' એ પદ ગવડાવ્યું. પછી બાપુજીએ કહ્યું :

"હવે જેલ જવાનો દિવસ આવી પહોંચ્યો છે. જેલ જવું એ રમતવાત નથી. આખો દિવસ પથરા ફોડવા પડશે. કઠણ જમીન તીકમથી ખોદવી પડશે. ખાવામાં બહુ વેઠવું પડશે. ઉપવાસ કરવાના પ્રસંગો પણ આવ્યા વિના નહીં રહે. અને ઉપવાસ કરતાં છતાં મજૂરી કરવાની ના નહીં પડાય. શરીર બેભાન થઈ પડી જાય ત્યાં સુધી કામ કરવાનું છોડી શકાશે નહીં જ. જેટલો વિચાર કરવો હોય એટલો આજે કરી લો. જેલમાં ગયા પછી ત્યાંનાં દુ:ખ ન સહેવાય અને આંખમાં આંસુ આવે, તેના કરતાં આજે ન જવું એ જ સારું."

૧૯૧૩ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખ હતી. સોમવારનો દિવસ હતો. જગતના ઇતિહાસનું દિવ્ય પાનું ઊઘડયું હતું. આપેલાં વચનોને પગ તળે કચડી નાખી, દક્ષિણ આફ્રિકાની સરકાર ચપટીમાં આવેલા ચાંચડની જેમ હિન્દી કોમને ચોળી નાખવા તૈયાર હતી. હિન્દીઓને લડાઈ આપ્યા વિના છૂટકો ન હતો. ગમે એટલાં સંકટ ઝીલીને ભારતમાતાનું નાક સાચવવાનો હિન્દીઓએ નિરધાર કર્યો હતો.

એ દિવસે હું વધારે વહેલો ઊઠયો અને ઊઠતાંની સાથે મારી ટેવ પ્રમાણે ચોમેર ઘૂમી વળ્યો. ફિનિક્સનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. બધાં પ્રવાસીઓ ઉમંગભેર ગાંસડા-પોટલાં બાંધવામાં રોકાયેલાં હતાં. બાપુજી રસોડામાં ઊભે પગે હતા. કસ્તુરબા અને મારી બાની હાજરી વિના રસોડું ખાલી લાગતું હતું. મગનકાકા રોટલીના મોટા પિંડાને પહોંચી વળવા બાપુજીની મદદમાં હતા. લડવૈયાઓને સારુ ઘરનું એ

છેલ્લું ભોજન હતું. એટલે જમવાનો ઘંટ વાગતાં સુધીમાં બાપુજીએ જાતજાતની રસોઈ તૈયાર કરી દીધી. રોટલી, ખીર, મસાલેદાર શાક, કચુંબર, ખજૂરનો રસ, કઢી-ભાત વગેરે વાનીઓ આજે ય મારી નજર સામે તરે છે. હોંશે હોંશે બાપુજીએ સૌને તે દિવસે પીરસ્યું. મધ્યાહ્ન પહેલાં આનંદપૂર્વક એ ભોજન પૂરું થયું. પણ ભાણેથી ઊઠતાંની સાથે એકાએક ચોમેર ગંભીરતા છવાઈ ગઈ. બે વાગતાં બધાંનાં બિસ્તરાં-પોટલાં ઠેલામાં ખડકાઈ રવાના થઈ ગયાં. પછી સૌ બાપુજીના છેલ્લા આશીર્વાદ લેવાને ભેગાં થયાં. પોતાની શાંત, ગંભીર અને મીઠી વાણી વડે બાપુજીએ બધાંને વીરરસથી ભરી મૂક્યાં:

"જોજો! લાજ રાખજો. અત્યારે જેવા ઉત્સાહ અને આનંદમાં છો એવા જ ઉત્સાહ અને આનંદમાં, ગમે તેટલું દુ:ખ આવી પડે તોયે રહેજો. માથે દુ:ખ આવી પડતાં જેલમાં બુદ્ધિ હાથમાં નહીં રહે ત્યારે તમને થશે કે, આપણે શા સારુ બીજા માટે દુ:ખ ભોગવીએ છીએ? પણ એવા વિચાર આપણને છાજે નહીં. આપણે ઘણી વાર નરસિંહ મહેતાનું પદ ગાઈએ છીએ, એમાં પહેલી વાત જ એ છે ને કે પર—દુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે, એ વૈષ્ણવજન. આપણામાંથી ઘણાના ગળામાં કંઠી છે. આપણે વૈષ્ણવ જન્મ્યા છીએ. આપણો ધર્મ છે કે પારકાંને દુ:ખે દુ:ખી થવું. બીજાના દુ:ખે દુ:ખી થવા સિવાય, એમના કષ્ટમાં ભાગ લીધા સિવાય, આપણે વધુ કંઈ નથી કરી શકતા. પારકાનું તો શું, પણ આપણા સગા ભાઈનું યે દુ:ખ દૂર કરવું એ આપણા હાથની વાત નથી. દુ:ખ દૂર તો ઈશ્વર કરે છે.

"ભરતજી નંદિગ્રામ શા માટે જઈને રહ્યા હતા? એમને અયોધ્યામાં શું દુ:ખ હતું? પણ રામ વનવાસનાં દુ:ખ સહે ત્યારે એનાથી કેમ નિરાંતે સેજ પર સૂઈ શકાય? જ્યારે મનમાં સહેજ પણ શંકા આવે ત્યારે, આપણે રોજરોજ 'રામાયણ'માં વાંચ્યું છે અને ભજનોમાં ગાયું છે એનો ખ્યાલ કરવો. એટલે અંતરમાં ખૂબ બળ આવશે અને પારકાને દુ:ખે હસતે મોઢે મરવામાં પણ તમે પાછી પાની નહીં કરો."

મારી બાએ ભજન ઉપાડ્યું, તેમાં પચીસત્રીસ જણાંનો કંઠ ભળ્યો.

વાતાવરણ ધ્રૂજી ઊઠ્યું. બાપુજીએ છેવટનો આદેશ આપ્યો: “આ ભજનો તમારા ભાતામાં બાંધજો.” થોડી વાર બધે શાંતિ પથરાઈ ગઈ. સૌ જાણે પોતાના ઊંડાણને ભાળતાં બેઠાં હતાં. બાપુજીએ ગંભીરતાનું એ વાદળ વિખેરી નાખ્યું. ત્રાણેક વરસની નાની રૂખીને તેમણે મારી કાકીના ખોળામાંથી લઈ લીધી અને માથી વિખૂટી પડતાં એ રડે નહીં એટલા માટે તેને હસાવવા લાગ્યા. એ જોઈ બધાને ગળે બાઝેલો ડૂમો છૂટી ગયો અને સૌ સ્ટેશને જવા તૈયાર થઈ ગયાં. કલાક સવા કલાકે સ્ટેશને પહોંચ્યાં. થોડી વારે ભકભક કરતું ઍંજિન પ્લૅટફૉર્મમાં દાખલ થયું ને ડબ્બાઓનો ગડગડાટ કાને પડયો. એ ઘડીએ મારી છાતીમાં ધબકારા થવા લાગ્યા. તરત જ છોકરાઓની ટોળીમાંથી છૂટો થઈને મારી બા તથા પિતાશ્રી ઊભાં હતાં એ તરફ વળ્યો, અને એકી નજરે એમની સામે મેં જોયા કર્યું. ક્ષણભર ધ્રૂજી ગયો. “મા-બાપ જેલમાં જાય છે, હવે પાછાં મળે અને ન પણ મળે,” વગેરે વિચારો વીજળીના ઝબકારાની જેમ ઝબકી જઈને દિલને આંચકો મારતા ગયા. ગળે ડૂમો બાઝ્યો. નીચી આંખે મેં ઝટપટ માબાપ અને બીજાંઓને પગે લાગી લીધું અને ત્યાંથી ખસી ગયો.

[‘જીવનનું પરોઢ’ પુસ્તક]

# શૂરા સેનાપતિ સાથે

ઉનાળાની લૂની પેઠે શિયાળાની સવારે સાબરમતીને તીરે ટાઢો પવન પણ ખૂબ સુસવાટા મારતો. અમારી શાળામાં ભણવાના વખતમાં કોઈ આડુંઅવળું થતું, તો તે દરગુજર થતું. પણ મજૂરીનું કામ ચાલતું હોય ત્યારે એક બાળક પણ આડોઅવળો થાય કે આળસ કરે તો તરત જ એને જોતરવામાં આવતો. જો કે વધુ સાચી વાત તો એ છે કે તોફાની કે જડસુ છોકરાનેયે મહેનત-મજૂરીના કાર્યક્રમમાંથી છટકી જવાનું ખાસ મન નહોતું થતું. વ્યવસ્થા જ એવી હતી કે અમને કામનો ભાર જણાતો નહીં. ઉત્સાહભર્યા અમે કામની છુટ્ટીનો ઘંટ વાગે ત્યાં

સુધી મંડ્યા રહેતા.

અમારું એ વખતનું કામ સહેલું પણ ન હતું. જમીનના વિશાળ કટકામાં એ વખતે ગીચોગીચ બાવળની ઝાડી હતી. વચ્ચે વચ્ચે બોરડીનાં ઝાંખરાં યે હતાં. એ આખો કટકો સાફ કરી ત્યાં રમતનું મેદાન બનાવવાનું ઠર્યું. શાળાના વિદ્યાર્થી અને શિક્ષકોએ તે કામ માથે લીધું. પ્રત્યેક શિક્ષકને ફાળે બે-બે ચાર-ચાર વિદ્યાર્થીઓ આવતા અને એક એક ટોળી મળી પોતાના ભાગનું કામ કરતી.

શિયાળાના સૂસવતા વાયરામાં સવારના નાસ્તા પછી કાકાસાહેબ [કાલેલકર] જોડે અમે બેત્રણ વિદ્યાર્થીઓ બાવળના એકએક ઝાડને સમૂળું ઉખેડી નાખવા પાછળ કમર કસીને મંડ્યા રહેતા. બાવળનાં મૂળિયાં જમીનમાંથી સહેજે ખોદી કઢાય એવાં ન હતાં. ઊંડે ઊંડે સુધી જમીન ખોદવી પડતી, કુહાડી ચલાવવી પડતી, અને બાવળની લાંબી લાંબી શૂળોનો પાર નહોતો. અમે જ્યારે પગમાંથી કાંટા કાઢવા બેસતા ત્યારે ગણીગણીને આઠ-આઠ કાંટા એકએક જણાના પગમાંથી સોય વડે કાઢતા. પણ કામ કરતી વખતે કાંટા વાગ્યાને કારણે કામ અટક્યાનું મને યાદ નથી આવતું.

એક શૂરા સેનાપતિ પેઠે કાકાસાહેબ બાંયો ચડાવીને ઝૂઝતા. બે-અઢી કલાક સુધી એક મિનિટ પણ એમનું કામ અટકતું નહીં. એમની ચકોર દૃષ્ટિ અને ગજબની સૂઝ દરેક થડિયા અને મૂળિયાને જમીનના ઊંડાણમાંથી છૂટા પાડવાની નવી નવી યુક્તિઓ શોધી કાઢતી. વાક્શૂર કાકાસાહેબ આ કામ ચાલતું ત્યાં સુધી ભાગ્યે જ એક-બે શબ્દો પણ ઉચ્ચારતા. એમને મૂંગે મોઢે કામ કરતા જોઈ અમારા ઉપર જાદુઈ અસર થતી અને એ કાંટાળા વનને હતું-ન-હતું કરવામાં અમે અમારો બધો ઉત્સાહ અને જોર ઠલવી દેતા.

# પ્રવીણ દરજી

## શિક્ષકોના યે શિક્ષક

મને બરાબર યાદ છે. પંચમહાલ અને સાબરકાંઠામાં ૧૯૬૦-’૬૧નાં વર્ષોમાં ગોધરા અને મોડાસા મુકામે પ્રથમવાર આર્ટ્સ-સાયન્સ કૉલેજો શરૂ થયેલી. એ વર્ષોમાં વિદ્યાસંસ્થાઓ શરૂ કરવી એ એક તપકાર્ય હતું. માત્ર વિદ્યાપ્રાપ્તિ, માત્ર ગામડાંના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનો લાભ મળે એ જ એના સંચાલકોનો અભિલાષ.

ધીરુભાઈ ઠાકર ગુજરાત કૉલેજની નોકરી છોડીને મોડાસા જેવા અલ્પવિકસિત નગરમાં આવે છે. જે કૉલેજ હજી શરૂ જ થઈ હતી. નહોતું એનું પોતાનું મકાન, એ વિદ્યાસંસ્થા વિશે કોઈના મનમાં ત્યારે કશો પાકો નકશો પણ ન મળે. કૉલેજ ચલાવવા માટે ભંડોળની પણ આગોતરી વ્યવસ્થા નહીં! છતાં ધીરુભાઈ અમદાવાદ છોડી મોડાસા આચાર્યપદ સ્વીકારી લે છે. કારણ ધીરુભાઈની શિક્ષણપ્રીતિનું—ગામડામાં શિક્ષણપ્રસારનું, ધૂણી ધખાવીને એક વિદ્યાકેન્દ્ર વિકસાવવાનું. ચિત્રો યાદ કરું છું તો હારમાળારૂપે એ સર્વ આવતું જાય છે. સગવડના અભાવવાળા મકાનમાં ધીરુભાઈ વિદ્યાર્થીઓને તન્મયતાથી ભણાવે, કૉલેજ સિવાયના સમયમાં મંડળના સદસ્યો સાથે મોડાસા અને આજુબાજુનાં ગામોમાં ઉઘરાણા માટે નીકળે, કૉલેજમાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ ગામડેથી આવે, શિક્ષણનો લાભ લે તે માટે અધ્યાપકોને સાથે રાખી ગામડે તેની ટહેલ નાખવા પણ જાય.

નવી નવી કૉલેજ, નવા નવા આચાર્ય. ત્યારે તેમના માટે કામના કલાક ચાર—પાંચ નહીં—ચોવીસ હતા. મકાનની સાથે હોસ્ટેલ, ગ્રંથાલય, રમતગમતનું મેદાન, નાટયગૃહ બધાં કામો તેમણે વારાફરતી હાથમાં લેવા માંડ્યાં. છેવટે અધ્યાપકો માટેનાં ક્વાર્ટર પણ. જોતજોતામાં તો કૉલેજ કેમ્પસ એક અનન્ય વિદ્યાધામ તરીકે યુનિવર્સિટીના નકશામાં ઉપર ઊપસી

આવ્યું. ૧૯૬૫-૬૬નાં વર્ષોમાં તો કૉલેજ કેમ્પસ વિદ્યાપ્રવૃત્તિઓથી તેની ટોચ દાખવી બતાવે છે. કોમનરૂમના અધ્યાપકવર્તુળમાં વિભિન્ન વિષયોની દર અઠવાડિયે ચર્ચાઓ થાય. યુનિવર્સિટી કક્ષાની નાટયસ્પર્ધાઓ, આઉટડોર-ઈન્ડોર ગેઇમ્સ પણ આ કેમ્પસ ઉપર થાય. આખું વિદ્યાસંકુલ પ્રવૃત્તિઓથી ઊભરાતું લાગે. ભાગ્યે જ એવું એકાદ સપ્તાહ બાકી રહે કે જ્યારે કોઈ વિદ્વાનનું વ્યાખ્યાન ન થયું હોય! અહીં જ્યોતીન્દ્ર દવે આવે, રઘુવીર-ભોળાભાઈ આવે, ચં. ચી. મહેતા પડાવ નાખે, કુમુદિની લાખિયા અને મૃણાલિની સારાભાઈ પણ આવે. પુરુષોત્તમ માવળંકર, ઉમાશંકર-સુન્દરમ્, ઈશ્વર પેટલીકર કે ભોગીલાલ સાંડેસરા જેવા પણ ઘણા ઘણા આવે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રકટ થવા, પામવા અહીં પૂરો અવકાશ હતો. આ સઘળા પાછળ ધીરુભાઈની તંતોતંત વિદ્યાપ્રીતિ પડેલી હતી. સાચો શિક્ષક કેટલો વિસ્તરી શકે અને પોતાની શક્તિઓથી સંસ્થાને પણ વિકસાવી શકે તેનું દૃષ્ટાંત ઠાકરસાહેબે અહીં પૂરું પાડયું. ધીરુભાઈ માત્ર શિક્ષક નહોતા, સ્વપ્નશીલ શિક્ષક હતા.

પ્રવૃત્તિઓમાં ગળાડૂબ ઠાકરસાહેબ સેનેટ, સિન્ડિકેટ અને યુનિવર્સિટીનાં અન્ય મંડળોમાં સતત કામ કરે. પોતાના પ્રભાવથી શિક્ષણને ઉપકારક નિર્ણયો લેવડાવી શકે. પણ આ બધી વેળા ‘પોતાની કૉલેજ’ અને ‘પોતાનો વિદ્યાર્થી’ સહેજે અળગાં નહીં. બેલ પડે એટલે તરત વહીવટીકાર્યને બાજુએ મૂકીને અમારો બી.એ.નો પિરિયડ એ પોતાની ઑફિસમાં શરૂ કરી દે. ‘શર્વિલક’ ભણાવે ત્યારે એ નાટક આખે આખું નજર સામે ભજવાતું લાગે, તેવી તેમની ભાષાશૈલી. એમ.એ.માં ‘ગોરા’, ‘બ્રધર્સ કેરેમેઝોવ’, ‘ટેસ’ જેવી કૃતિઓ ભણાવે ત્યારે વિશ્વનવલકથાનો આખો પરિપ્રેક્ષ્ય તેઓ ઉઘાડી આપે. વિદ્યાર્થીને વ્યાખ્યાનમાં રસતરબોળ કરી મૂકે. ધીરુભાઈનું શિક્ષકત્વ ત્યારે એવું કોળે કે તેઓ શિક્ષકની સાથે સાથે નર્યા આત્મીયજન પણ લાગે.

અધ્યાપકોની સાથે પણ તેમનું શૈક્ષણિક આદાન-પ્રદાન સતત ચાલુ રહે. બધાં કાર્યો પડતાં મૂકી તેઓ રિસેસમાં અધ્યાપકોના ખંડમાં આવીને સૌ સાથે ચા-નાસ્તો કરે. અંગત જીવનના પ્રશ્નોથી માંડીને

લખવા-વાંચવાનું શું ચાલે છે, સાહિત્ય કે શિક્ષણમાં દેશમાં કે દેશબહાર કશું નવું થયું હોય—એ સર્વની વાત ઠાકરસાહેબ કરે. અધ્યાપકખંડ આખો મહેકતો થઈ જાય. દર અઠવાડિયે અધ્યાપકે અનિવાર્યપણે કોઈ એક વિષય ઉપર અધ્યાપકખંડમાં પેપર રીડિંગ કરવાનું રહેતું. પેપર પૂરું વંચાઈ રહે પછી ગોષ્ઠી થાય, અને એમ એવી ગોષ્ઠીઓમાંથી ‘સંગોષ્ઠી’ ગ્રંથ થયો.

એક વાર તેમણે અધ્યાપકખંડમાં પ્રસ્તાવ મૂક્યો: “તમે મને ત્રણ મહિનાની ઉનાળુ રજાઓમાંથી માત્ર પંદર દિવસ આપો.” અધ્યાપકોએ હા પાડી, એટલે તેમણે કહ્યું: “આ પંદર દિવસ તમે કૉલેજના ગ્રંથાલયમાં હાજર રહો. મન ફાવે તે વાંચો, નોંધ કરો. ન વાંચવું ગમે તો એમ જ બેસી રહો. પણ ગ્રંથાલયમાં તમારી પંદર દિવસની ઉપસ્થિતિ જ એક દિવસે નવી આબોહવાનું નિર્માણ કરશે.” બસ, પછી અધ્યાપકોની ગ્રંથાલયમાં આવન-જાવન વધી. ગ્રંથપાલ પણ ઉત્સાહી. દોડી દોડીને પુસ્તકો ખોળી આપી, પરાણે વાંચવાનું કહે. આનું પરિણામ સરવાળે ઘણું સારું આવ્યું. સીમા ઉપર ઊભેલા નવા-સવા અધ્યાપકોને વાંચવાની એક સુટેવ પડી.

સાચો શિક્ષક મૃદૂનિકુસુમાદપિ હોય, તો વજ્રાદપિ કઠોરાણિ પણ હોય. ધીરુભાઈમાં એ બંને ગુણોનું અજબનું મિશ્રણ. વર્ગમાં પૂરી આત્મીયતાથી ભણાવતા ઠાકરસાહેબ લૉબીમાં નીકળે, કેમ્પસમાં આંટો મારવા નીકળે. જો વર્ગ ચાલતો હોય અને કોઈ વિદ્યાર્થીએ પિરિયડ ન ભર્યો હોય તો તેનું આવી બન્યું સમજો. ત્યારે તેમની કઠોરતાનો પૂરો અનુભવ થઈ રહે. લાકડી તૂટી જાય ત્યાં સુધી માર્યાનો પ્રસંગ છે. અલબત્ત, તેનો પશ્ચાત્તાપ પણ તેમણે પ્રકટ કર્યો છે. હોસ્ટેલમાં પણ

વિદ્યાર્થીના કોઈ તોફાનને તે ચલાવી ન લે. ક્યારેક હોસ્ટેલમાંથી કે કૉલેજમાંથી એવા વિદ્યાર્થીને કાઢી મૂક્યાના પ્રસંગો પણ બન્યા છે. હોસ્ટેલના વિદ્યાર્થીઓની જો કોઈ સાચી ફરિયાદ હોય તો તેઓ વિદ્યાર્થીની પડખે પણ ઊભા રહ્યા છે. રસોડાના કોન્ટ્રાક્ટર દાસભાઈને એવી વેળા તે ઊધડો પણ લે. કોલેજ હોસ્ટેલના કેમ્પસમાં ત્યારે તેમનો

પ્રભાવ એવો કે કોઈ મધરાતે પણ બીડી-સિગારેટ પીવાની હિંમત ન કરે. મધરાતે પણ ઠાકરસાહેબ હોસ્ટેલમાં અચાનક રાઉન્ડ લેવા નીકળે! મારા જેવો મોડી રાત સુધી વાંચતો હોય તો પટાવાળા પાસે એ પુસ્તકો જ લેવડાવીને પોતાના ઘેર મુકાવી દે! વાંચો, પણ તબિયતના ભોગે નહીં. કઠોરતાની સાથે આવું માર્દવ પણ ઠાકરસાહેબમાં એટલું જ. કોઈ વિદ્યાર્થી ગરીબ હોય, ટી.બી. જેવો રોગ થયો હોય, પાસે દવાદારૂના પૈસા ન હોય તો ઠાકરસાહેબ તેની વહારે ધાય. તેને મદદ કરે—કરાવડાવે. જે કામ હાથમાં લે તે પછી નાનું હોય કે મોટું તંતોતંત તે તેમાં ખૂંપી જાય. પરિણામે કોઈ પણ કાર્ય એમના હાથે દીપી આવે.

આવા સ્વસ્થ, શીલવંત, ભડ અને ભદ્ર શિક્ષકને નવનિર્માણના વર્ષમાં મેં વ્યથિત હૃદયે જોયા છે. પોતાની સાકાર સ્વપ્નભૂમિને વેરવિખેર થતી જોઈને તે દ્રવી ઊઠ્યા હતા. એ પળે મોડાસામાં ગાળેલાં વર્ષો વિશે—‘શું મેં અઢાર અઢાર વર્ષ સુધી રણમાં પાણી રેડયા કર્યું?’—એવો હલબલાવી મૂકે તેવો કરી બેઠા હતા. પેલી સ્વહસ્તે ચીતરેલી, રંગ પૂરેલી છબી હવે ઓઘરાળી બનતી જતી હતી. એ બધું તેઓ માટે અસહ્ય હતું. એમનું શિક્ષકત્વ એ જીરવી શક્યું નહોતું.

મોડાસા કૉલેજમાંથી નિવૃત્તિ લીધી ત્યારે ૧૯૬૦થી ૧૯૭૮નાં અઢાર વર્ષોનું શિક્ષણજગતનું દોઢ તપ પૂરું થયું હતું. અમે થોડાક વિદ્યાર્થી મિત્રોએ એકઠા થઈ ઠાકરસાહેબનો વિદાય સમારંભ યોજ્યો. ઉમાશંકરભાઈને અમે રૂબરૂ મળી સમારંભમાં ખાસ હાજર રાખ્યા. હૉલ ચિક્કાર હતો. ઠાકરસાહેબમાંનો શિક્ષક ત્યારે ગદ્ગદિત હતો. મોડાસાને વિદ્યાધામ તરીકે પ્રતિષ્ઠા અપાવનાર તેઓની પાસે ત્યારે શબ્દો ઓછા હતા. ઉમાશંકરભાઈ બધું પારખી ગયા હતા. તેમણે આંખમાં આંસુ સાથે ધીરુભાઈની શૈક્ષણિક સેવાઓને બિરદાવતાં કહ્યું: “મારે મારા વતનમાં જે કામ કરવું જોઈએ એ ન કરી શક્યો તેનો મને આજે અફસોસ છે. પણ ધીરુભાઈએ અહીં વસીને એ કાર્ય કર્યું. એ માટે હું તેમનો ભવોભવનો ઋણી છું.” ધીરુભાઈ આજે પણ, જીવનના સાડા આઠ દાયકા ઉપર પહોંચ્યા પછીય, ગુજરાતી ભાષાના વિશ્વકોશના

કાર્યમાં ખૂંપેલા છે. તેઓ રુંવે રુંવે શિક્ષક છે. અનેક શિક્ષકોના તે શિક્ષક રહ્યા છે.

['સામ્પ્રત' માસિક: ૨૦૦૩]

## પેટલીકરનો શબ્દ

પેટલીકર માત્ર શબ્દકાર નહોતા, વિચારક અને સમાજચિકિત્સક પણ હતા. તેમનો શબ્દ, શબ્દ ખરો, પણ લોક વચ્ચે પાંગરતો શબ્દ.

અગિયાર વાર્તાસંગ્રહો આપનાર પેટલીકરની વાર્તાશક્તિએ 'લોહીની સગાઈ', 'ભવસાગર' અને 'મધુરાં સપનાં' જેવી રચનાઓમાં પોતાનો પૂરો હિસાબ આપી દીધો છે. આ ત્રણેક વાર્તાઓ ગુજરાતી ભાષાના આયુષ્ય સુધી જીવતી રહે તેવું બળ દાખવે છે.

ચોવીસથી વધુ નવલકથાઓ એમના નામે છે. પણ 'જનમટીપ' એકલી જ એ સર્વનું સાટું વાળી આપે તેવી ક્ષમતા દાખવે છે. મેઘાણી તો એની ઉપર ઓળઘોળ હતા જ. સર્જકનેય તેમાં પોતાની એટલી બધી સર્જકશક્તિ ખર્ચાઈ ગયેલી જણાઈ છે કે તે કહે છે: "આ વાર્તા કરતાં વધુ સારી વાર્તા લખી શકીશ કે કેમ તેની મને ખબર નથી." જીવન કેવું કેવું, ક્યાં ક્યાં, કઈ કઈ રીતે સંતાઈને ઊભું છે તે પેટલીકરના શબ્દે અહીં કેમેરા બનીને 'ક્લિક' કરી આપ્યું છે. સરળ રહીને પણ એ શબ્દ ઘેઘૂર બન્યો છે.

નિબંધોમાં પેટલીકરનો શબ્દ સમાજ, રાજકારણ, ધર્મ, કેળવણી જેવા અનેક વિષયોમાં વિહાર કરે છે. હૃદયભીનો એ શબ્દ છે તેથી સર્વભોગ્ય બન્યો છે. ભાવકને કશું સ્વીકારવાની ફરજ તે પાડતો નથી, વસ્તુને ચોખ્ખીચણક કરીને દર્પણની જેમ સામે ધરે છે.

[ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા: ૨૦૦૩]

# પ્રવીણકાંત મો. શાહ

## પટાવાળાની પડખે

બાબુભાઈ સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ હતા, તે સમયે એક સમારંભ યોજવામાં આવ્યો હતો. ખુલ્લા મેદાનમાં સ્ટેજ બંધાઈ ગયું હતું. મહેમાનો અને પ્રેક્ષકો માટે સેંકડો ખુરશીઓ મુકાઈ ગઈ હતી. મુખ્ય મહેમાનને આવવાની થોડી જ મિનિટો બાકી હતી. એટલામાં મેઘરાજાની પધરામણીના ધડાકા ભડાકા આકાશમાં થવા લાગ્યા. સમારંભનું સ્થળ તાકીદે ખસેડીને બાજુના હોલમાં લઈ જવાની જરૂર ઊભી થઈ. તે સમયે હાજર રહેલ બે-ત્રણ પટાવાળાએ ખુરશીઓ ઊંચકીને બાજુના હોલમાં મૂકવા માંડી. બાબુભાઈએ જોયું કે આ બે-ત્રણ પટાવાળા સમયસર અંદર ખુરશીઓ મૂકી નહીં શકે અને હમણાં જ મુખ્ય મહેમાનની સવારી આવી પહોંચશે. ઉપકુલપતિના પોતાના મોભાને બાજુએ મૂકીને બાબુભાઈએ તરત જ ખુરશીઓ ઊંચકીને બાજુના હોલમાં મૂકવા માંડી.

મુખ્ય મંત્રી તરીકે પોતાને જ્યાં પણ જવાનું હોય ત્યાં તેમનો કાર્યક્રમ બાબુભાઈ પોલીસને જણાવતા નહીં, જેથી પોલીસની રોજ-બ-રોજની કામગીરીમાં દખલ ન પડે. ઉપરાંત પોલીસના ભારે બંદોબસ્તના કારણે તેમના ભાડા-ભથ્થાનો બોજ સામાન્ય લોકોના શિર ઉપર પડે નહીં. તેઓ કહેતા કે, “હું લોકોનો છું. લોકો મારા છે. પછી મારે કોનાથી ડરીને ચાલવાનું?”

ગુજરાત વિધાનસભાની ૧૯૭૨ની ચૂંટણીમાં બાબુભાઈ હાર્યા ત્યારે અમે તેમને મળવા ગયેલા. એ સમયે એમના મુખ ઉપર પરાજયના દુખની નાની સરખી રેખા પણ દેખાતી નહોતી અને ખૂબ રસથી કવિ નર્મદનું જીવનચરિત્ર એ વાંચી રહ્યા હતા.

# પ્રહ્લાદ પારેખ

## અદના આદમીનું ગીત

*અદના તે આદમી છઈએ,*
*હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.*
*ઝાઝું તે મૂંગા રહીએ,*
*હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.*

*વસ્તરના વણનારા, ખેતરના ખેડનારા,*
*ખાણના ખોદનારા છઈએ;*
*હોડીના હાંકનારા, મારગના બાંધનારા,*
*ગીતોના ગાનારા થઈએ,*
*હે જી અમે રંગોની રચનાય દઈએ!*

*છઈએ રચનારા અમે છઈએ ઘડનારા,*
*તે સંહારની વાતું નહીં સહીએ!*
*જીવતરનો સાથી છે સર્જન અમારો:*
*નહીં મોતના હાથા થઈએ,*
*હે જી એની વાતુંને કાન નહીં દઈએ!*

*હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.*

## આપણે ભરોસે

*આપણે ભરોસે આપણે હાલીએ,*
*હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ....*

*બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,*
*સાગર મોઝારે ઝુકાવીએ;*
*આપણા વહાણનાં સઢ ને સુકાનને*
*આપણે જ હાથે સંભાળીએ.*

*કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,*
*કોણ લઈ જાય સામે પાર?*
*એનો કરવૈયો કો' આપણી બહાર નહીં,*
*આપણે જ આપણે છઈએ!*
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.

## ઇતબાર

*તારો ઇતબાર જેને, તારો ઇતબાર તેને:*
*આ પારે શું વા સામે પાર—*
*જેને તારો ઇતબાર!*

*તરશે કે ડૂબશે હોડી, દિયે એ ઉચાટ છોડી:*
*એવા વળી શાને ભરે ભાર—*
*જેને તારો ઇતબાર!*

## પેટ કેરી આણને તે કેમ ઉથાપાય?

*ક્યાંથી હોય એને ભાન*
*ઉપર રહ્યું છે એક નીલ આસમાન,*
*ઝાડ કેરી ડાળ પરે પણે એક ફૂલ,*
*કોકિલાના સૂર રચે એક એક ગુલ.*

*સૂરજનું સોનું લઈ*
*ચાંદ કેરું રૂપું*
*સજી શણગાર બેસે*
*જાણે નવવધૂ!*
*ધરતી આ કેવી સોહે!*
*જોઈ જોઈ આંખ મોહે.*

*પણ પેલું ભૂંડ*
*નીચું કરી મુંડ*
*એક માત્રા ખાય,*
*ધરતીનું રૂપ એને*
*નહીં રે દેખાય!*

*બસ, મારું ભાણું—*
*કશુંયે ન બીજું જોઉં,*
*સૂણું નહીં જાણું;*
*પેટરાજા પળે પળે*
*માગે નજરાણું:*
*ખોજી રહે દાસ ભૂંડ*
*નીચું નીચું રાખી મુંડ*
*માત્રા એક ખાણું.*

['બુદ્ધિપ્રકાશ' માસિક: ૧૯૬૨]

## દવ રે લાગ્યો!

*દવ રે લાગ્યો ને ખંડો સળગિયા, સળગ્યા સાગર ને આભ;*
*બળ્યાં રે શે'રો ને બળિયાં ગામડાં, સારે સંસારે લા'ય....*

*બળે રે મહેલો ને બળતાં ઝૂંપડાં, સળગે મોટાં ને બાળ;*
*ઊભાં રે સળગાવી દૂરે જે બધાં, થાતી સહુનો એ કાળ.*

*બુઝાવી શકે ન એને રાજવી, કોઈ નહીં વા કુબેર;*
*એક રે સૌ થાયે અદના આદમી, ત્યારે અટકે એ કેર.*

# અમારી મહેફિલો

*અમારી મહેફિલો કદીક નભના મંડપ મહીં*
*થતી; ને ત્યાં રાત્રા નિજ મટુકીચંદા શિર ધરી,*
*લઈ આવે પીણું અજબ ભરિયું એ મટુકીમાં;*
*અમે તારા-પ્યાલી ભરી ભરી પીતા એ ફરી ફરી.*

*અમારી મહેફિલો કદીક વળી થાતી વન મહીં;*
*વસંતે આવે ત્યાં કુસુમ-મટુકીને શિર ધરી;*
*નશાવાળું પીણું મટુકી મહીં એ છે સુરભિનું;*
*અમે પ્યાલી માંહી ભરી ભરી પીતા એ, મુકુલની.*

*અમારી મહેફિલો કદીક વરષા સંગ ભરતા,*
*અને તેનાં પીણાં ભરી ભરી અમે વાદળ પીતા;*
*ભરી મુઠ્ઠી વર્ષા વિવિધ તહીં રંગો ઊડવતી,*
*અને નાચી રે' ત્યાં ગગન ભરીને વિદ્યુત નટી.*

*કદી મહેફિલો એ જનગણ તણાં આંગણ મહીં*
*થતી, ને પીણાં જે પ્રિયતમ અમારાં, તહીં મળે;*
*ઉરોના પ્યાલામાં સુખ-રસ, કદી દુઃખ, છલકે,*
*લઈએ પી, હૈયાં અમ અનુભવે ઐક્ય સહુથી.*

*અમે પીનારા એ અદ્‌ભુત રસોના ફરી ફરી,*
*અમે ગાનારા એ રસઅસરને સૌ અનુભવી.*

['આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પુસ્તક]

## એક છોરી

*એક છોરી*
*કોરી ગઈ અંતરમાંહી દેરી:*
*આંખો તણાં બે નિજ ટાંકણાંથી,*
*ને હાસ્ય કેરી લઘુ લૈ હથોડી,*
*કોરી ગઈ અંતર માંહી દેરી*
*એ એક છોરી.*

*બની ગઈ દેવ સ્વયં પધારી*
*ત્યાં ઘંટડી કંઠ તણી બજાવી;*
*ને બોલ એના પ્રગટી ઊઠે છે*
*દીવા બનીને.*

*અંગાંગમાં પુષ્પ અનેક ફૂટતાં*
*પળે પળે, ને સહુ એ ખરી જતાં*
*દેરી મહીં; સૌરભ છાઈ ત્યાં જતી*
*કોઈ અનેરી.*

*ને ઊડતી જે લટ કેશ કેરી,*
*એ ધૂપની સેર સમી જણાતી!*
*માન્યું હતું, પથ્થર શું બન્યું છે*
*હૈયું હવે, કોઈ પ્રવેશ પામી*
*શકે નહીં ત્યાં!*
*પણ એક છોરી*

આવી, અને અંતર કોરી કોરી,
દેરી બનાવી,
બની ગઈ દેવ સ્વયં પધારી!

['આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પુસ્તક]

## ગામની વિદાય

હે જી મારા નાનપણાના ગામ! મારા બાળપણાના ધામ!
તને કરું રે પરણામ, તને કરું રે પરણામ.

તારી આ માટી, તારું પાણી, હે ગામ મારા!
તારી આ ઝાડવાંની છાયા,
એની લાગી છે મને માયા;
છોડવાં નો'તાં એને છોડવાં આજે:
જાણે હૈયાનાં ખેંચાયે છે ચામ—મારા.

ના રે કળાયા કદી, નેહના વેલા એવા,
ભોંયે આ તારી પથરાયા;
જાવા ઉપાડું મારા પાયને ત્યાં તો એમાં,
ડગલે ને પગલે એ અટવાયા.
ક્યારે બાંધી લીધો'તો મને આમ?—મારા.

તારા ડુંગર ને તારા વોંકળા, હે ગામ મારા!
તારાં આંસુ ને તારાં હાસ;
હૈયાને મારા એવો બાંધી લીધો છે જાણે,
કોઈ અદીઠ એવી રાશ:
ખેંચી ઊભાં છે આજ એ તમામ!—મારા.

# સાદ કરે છે!

*સાદ કરે છે, દિલ હરે છે રે,*
*મને એ સાદ કરે છે રે!*

*ગામને પાદર રોજ બપોરે*
*ઝાડવાં કેરી ડાળ,*
*સાદ કરે છે સાંજને ટાણે*
*દૂરની ડુંગરમાળ!—મને એ.*

*ભણવા-ટાણે સાદ કરે છે*
*નાનકું એક તળાવ,*
*કામની વેળા રોજ બોલાવે*
*એક એવો છે ઢાળ!—મને એ.*

*નદીઓ કેરી ભેખડ પેલી,*
*ખેતરો કેરી હાર,*
*સાદ કરે છે જંગલ-કેડી,*
*કેમ કરું હું વાર?—મને એ.*

*આભ અડે જ્યાં દૂર જમીને*
*કોણ છુપાયું ત્યાં?*

*રોજ ઇશારે એય બોલાવે:*
*આવ, અલ્યા! અહીંયાં!—મને એ.*

# થાયે છે થેઈથેઈકાર

*થાયે છે થેઈથેઈકાર,*
*—ધરા ને ગગનમાં*
*થાયે છે થેઈથેઈકાર!*

*બોલે છે મોરલા મલ્હાર,*
*—કે આઘેરી સીમમાં*
*થાયે છે થેઈથેઈકાર!*

*વાદળના પડદાની આગળ આ વીજળી*
*નાચે, ને થાયે ચમકાર;*
*આવે અવાજ ઓલાં ઝરણાંની ઝાંઝનો*
*ને ઝાડવાં વગાડે કરતાલ!*
*—ધરા ને ગગનમાં*
*થાયે છે થેઈથેઈકાર!*

*કેવું અજબ છે આ વર્ષાનું જંતર, એને*
*બાંધ્યા છે લખલખ તાર;*
*એ રે અનેકમાંથી એક જ ઊઠે છે આ*
*હૈયાં હલાવતો ઝંકાર!*
*–ધરા ને ગગનમાં*
*થાયે છે થેઈથેઈકાર!*

*વાગે છે પાવા પવન કેરા ધીરા ધીરા,*
*—વાદળનો ઘેરો ઘમકાર;*
*શ્યામલના સૂર કેરી, ધરતીને આવરીને*
*ચાલી રહી છે વણજાર!*
*—ધરા ને ગગનમાં*
*થાયે છે થેઈથેઈકાર!*

['આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પુસ્તક]

# જાગો જાગો જન

*જાગો જાગો જન, જુઓ, ગઈ રાત વહી;*
*રાત વહી ને ભોર ભઈ.—જાગો.*

*હિમડુંગરનાં શિખરો ઝળક્યાં,*
*મરક મરક વનરાઈ થઈ;*
*સાગર જાગ્યો ભૈરવ રાગે,*
*ઝરણ-જલે નવઝલક ધરી.—જાગો.*

*દૂરે દૂરે ઝાલર વાગે,*
*ક્યાંક બજી શરણાઈ રહી;*
*વન ઉપવનમાં ફૂલડાં જાગે,*
*પવન ફરે પમરાટ લઈ.—જાગો.*

*શ્યામલ-વરણી પલટી ધરણી,*
*તેજ તણા શણગાર કરી;*
*જાગે છે નવ જોમ ગગનમાં,*
*લાલ રંગ સહુ અંગ ધરી.—જાગો.*

['આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પુસ્તક]

# વિદાય

*કદી નહિ કહું, 'મને જ સ્મરણે સદા રાખજે,*
*અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે;*
*પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં,*
*મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.*

*પરસ્પર કરી કથા રજનિ ને દિનો ગાળિયાં,*
*અનેક જગતો રચી સ્વપનમાં, વળી ભાંગિયાં;*

*કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યાં,*
*કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં.*

*મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,*
*જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં;*
*રચે સ્વપન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,*
*ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યાં.*

*છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,*
*ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું.*

['આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પુસ્તક]

## આજ

*આજ અંધાર ખુશબોભર્યો લાગતો,*
*આજ સૌરભ ભરી રાત સારી;*
*આજ આ શાલની મંજરી ઝરી ઝરી*
*પમરતી પાથરી દે પથારી.—આજ.*

*આજ ઓ પારથી ગંધને લાવતી*
*દિવ્ય કો સિન્ધુની લહરી લહરી;*
*આજ આકાશથી તારલા માંહીથી*
*મહેકતી આવતી શી સુગંધી!—આજ.*

*ક્યાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના*
*મઘમઘાટે નિશા આજ ભારી?*
*ગાય ના કંઠ કો, તાર ના ઝણઝણે:*

*ક્યાં થકી સૂર કેરી ફુવારી?—આજ.*

*હૃદય આ વ્યગ્ર જે સૂર કાજે હતું*
*હરિણ શું, તે મળ્યો આજ સૂર?*
*ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું,*
*આવિયો તે થઈ સુરભિ-પૂર?—આજ.*

['આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પુસ્તક]

—

*આજ ઓ પારથી ગંધને લાવતી*
*દિવ્ય કો' સિન્ધુની લહરી;*
*આજ આકાશથી તારલા માંહીથી*
*મ્હેકતી આવતી શી સુગંધી!*

—

*અંગાંગે છે પરમ ભરતી મસ્ત સિન્ધુ સમી ને*
*લજ્જા કેરી નયન પર છે એક મર્યાદરેખ;*
*હર્ષે થાતી પુલકિત ધરા પાયના સ્પર્શથી જે,*
*જાયે કોઈ યુવતી નયનો ધન્ય મારાં કરીને.*

## ક્યાંથી?

*ક્યાંથી... આ ક્યાંથી*
*સરવાણી આનંદ તણી*
*આવી દે ઉરને છલકાવી!*
*તું આવી પેલા તારકથી?*

*કે ધરતી કેરા મારગથી?*
*આવી સાગર કેરા જળથી?*
*કે શ્યામલ વાદળના દળથી?*

## અબોલડા

*ઉરે હતી વાત હજાર કે’વા,*
*કિન્તુ નહીં ઓષ્ઠ જરીય ઊઘડ્યા;*
*જલ્યા કર્યા અંતર સ્નેહદીવા,*
*ઉજાસ શાં હાસ્ય મુખે ન આવિયાં.*

*નિસર્ગલીલા તુજ સાથ જોવા*
*હૈયે હતા કોડ, ન પાય ઊપડ્યા;*
*સૂરે મિલાવી તુજ સૂર, ગાવા*
*ઉરે ઊઠ્યાં ગીત; બધાં શમાવ્યાં.*

*મળી મળી નેન વળી જતાં ફરી,*
*અકથ્ય શબ્દે વદી વાત ઉરની;*
*હૈયું મૂગું ચાતક શું અધીર;*
*એ રાહ જોતું તુજ શબ્દબિન્દુની:*
*એવો અબોલા-દિન છે સ્મૃતિમાં,*
*—જે દિ’ ચડ્યાં અંતર પૂર નેહનાં?*

## પરબ

*હું તો બેઠી પરબ એક માંડી,*
*કે પાણીડાં કોણ પીશે?*

લીલા લીમડાએ છાંયડી ઢળી,
કે પાણીડાં કોણ પીશે?

મેં તો મારગડે મીટ એક માંડી,
કે પાણીડાં કોણ પીશે?

કોઈ આવે જો દૂરના પ્રવાસી,
કે પાણીડાં કોણ પીશે?

આજે હૈયે છે કામના જાગી,
કે પાણીડાં કોણ પીશે?

કોઈ આવીને નીર લે માગી,
કે પાણીડાં કોણ પીશે?

—

બનાવટી ફૂલોને
તમારે રંગો છે,
અને આકારો છે,
કલાકારે દીધો, તમ સમીપ આનંદકણ છે,
અને બાગોમાંનાં કુસુમ થકી લાંબું જીવન છે.

ઘરોની શોભામાં,
કદી અંબોડામાં,
રહો છો ત્યાં જોઈ ઘડીકભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઊચરતું.

પરંતુ જાણ્યું છે,
કદી વા માણ્યું છે,

શશીનું, ભાનુનું ક્ષિતિજ પરથી ભવ્ય ઊગવું,
વસંતે વાયુનું રસિક અડવું આ અનુભવ્યું?

ન જાણો નિંદું છું,
પરંતુ પૂછું છું,
તમારા હૈયાનાં ગહન મહીં યે આવું વસતું?—
દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.

–

આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે,
જાયે ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તે.

# પ્રાગજીભાઈ ભામ્ભી

## વળાંક પર

વસંતપંચમીની વહેલી સવાર. ઠંડી ખરી, પણ જતા પગલે હતી. અંધારું જવા કરતું હતું, અજવાળું આવું આવું હતું. હવા હળવે હળવે વહી રહી હતી. આવા રમણીય સંધિ-સમયે હું ભિલોડા ગામે જતી લોકલ બસમાંથી વળાંકના સ્ટૅન્ડે ઊતર્યો. બામણા ગામને ઉત્તર દિશામાં બે-એક કિલોમીટર આઘું છોડીને અહીંથી બસ પૂર્વમાં વળે છે તેથી આ જગાનું નામ વળાંક પડેલું છે. નામ તો બામણા વળાંક, પણ ટૂંકમાં વળાંક.

ચાર-પાંચ મિનિટ તો હું આ વળાંક પર ઊભો જ રહ્યો. ઉગમણા આકાશમાં નજર ગઈ: અહો! કેવો વિરાટ પડદો તણાયેલો છે! ઉપર લાલ રંગનાં કૂંડાં ઉપર કૂંડાં ઠલવાઈ રહ્યાં છે. ધીરો, મધરો મધરો પવન, આછી આછી ગુલાબી ગુલાબી ઠંડી, ચારે તરફ કુદરતનાં કામણ! હું વિચારે ચડું છું—

ઉમાશંકર જેઠાલાલ જોશી, મારી ભાષાના તો કેટલા મોટા કવિ, તેમની આ જન્મભૂમિ ને ઉછેરભૂમિ! શું આ જમીન, આ આકાશ, આ પવન ને અહીંના પાણીમાં કંઈક નોખાપણું હશે? અત્યારે, આ ક્ષણે તો નોખાપણું જ લાગ્યું. કેવી, હોંસ ભરે તેવી હવા હતી! કવિ બનાવી દે તેવી! હૃદયમાં એ હવા ભરીને મેં ઉત્તર બાજુ બામણા ભણી ચાલવા માંડ્યું. બામણા ગામથીયે દૂર ફતેપુરમાં કિસાનસભાની મિટિંગ હતી. હું અહીં મિટિંગ માટે આવ્યો હતો, કંઈ ધરા-આકાશનાં સૌંદર્યો પીવા નહોતો આવ્યો. પણ મારો જીવ જ ઝાલ્યો ન રહ્યો ત્યાં કરું શું? ઉમાશંકરની ધરતી પર ઉમાશંકર યાદ આવ્યા, તેમની કવિતા યાદ આવી. પંક્તિઓ ઉપર પંક્તિઓ આવીને જાણે આ વાતાવરણમાં પથરાઈ રહી હતી, એમ એમ વાતાવરણનો નશોય વધતો જતો હતો.

મારું મન ઊડું ઊડું થઈ રહ્યું હતું. પગ બામણા તરફ ચાલી રહ્યા હતા. નજર આસપાસ ને આકાશમાંયે ફરતી રહેતી હતી. અને ત્યાં, ઉગમણા આકાશે સૂર્યનો લાલ ગોળ નીકળતો દેખાયો. થોડી વારમાં તો ખેતરે, ખાખરે, રસ્તે બધે કૂણો કૂણો તડકો છવાઈ ગયો. સૂર્યનાં કૂણાં કિરણોને ઝીલતો ઝીલતો હું ચાલી રહ્યો હતો. બામણા ગામ હવે ખાસ્સું નજીક આવી ગયું હતું.

અને, સામે જોઉં છું તો એક વ્યકિત ચાલી આવે છે. પોશાકના સામ્યથી મેં તો માની લીધું કે રણછોડભાઈ ત્રિવેદી જ છે. વહેલી સવારના ચાલવા નીકળ્યા હશે. પણ દસ જ ડગલાં હું આગળ ચાલ્યો ત્યાં તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આવનારને ઓળખી લીધા. આ તો સાક્ષાત્ ઉમાશંકર જોશી જ હતા, બામણાની જમીન પર! નજીક આવ્યા. હું નીરખી રહ્યો. એ જ એકવડિયો બાંધો, ચશ્માં, સફેદ ઝભ્ભો ને ધોતી ખાદીનાં. ખભે શાલ ને પગમાં ચંપલ. કવિશ્રી એકધારી ચપળ ચાલે ચાલી રહ્યા હતા. મારી સામે આવી રહ્યા હતા. મારા ચિત્તમાં તેમની પેલી પ્રખ્યાત કાવ્યપંકિતઓ ચમકી ઊઠી:

*વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;*
*માથે ધરું ધૂળ વસુંધરાની.*

શું કરું? થવાનું થઈને રહ્યું. હું મિટિંગમય બનવાને બદલે ઉમાશંકરમય બની રહ્યો.

ઉમાશંકરભાઈ બિલકુલ મારી સામે આવી ગયા. હું તેમનો રસ્તો રોકીને ઊભો રહી ગયો. પછી તો તેઓ પણ ઊભા રહી ગયા. મેં આટલા નજીકથી તો કવિને પહેલી વાર જોયા. મને ઓળખતા ન હોવા છતાં તેમણે મારી સામે હાથ લંબાવ્યો. સંકોચ-રોમાંચ સાથે મેં હાથ મિલાવ્યો. એમની મોં-કળા પર કેવી તાજગી હતી! કહે: “આવો, આવો. વસંતપંચમીની આ વહેલી સવારે સ્વાગત છે, મારા બામણા ગામમાં.”

કોણ બોલી? કોકિલા કે? ના રે ના. પરંતુ રસ્તાની બંને બાજુએ ઊભેલા મહોરેલા આંબા મઘમઘાટ વેરી રહ્યા. વાતાવરણ ‘હોંશીલું’

બની રહ્યું. ખાખરાઓનાં કૂણાં નવાં પાન વાયુ ઢોળી રહ્યાં. મેં મારી ઓળખાણ આપી. મલાસા ગામનો છું એમ પણ કહ્યું.

"મલાસાના છો?" તેમને જાણે મારા પર ઉમળકો આવ્યો.

"હા જી."

"ખેમજીભાઈના ગામના. મારા ગુરુજીના ગામના. મજામાં છે સાહેબ?" કવિશ્રી ઈડર હાઈસ્કૂલમાં ખેમજીભાઈના વિદ્યાર્થી હતા.

મેં 'હા' કહી, જવાબ તો વાળ્યો જ, પણ મારે અત્યારે તેમની સાથે કવિતાની ને બીજી એવી ઘણી ઘણી વાતો કરવાની હતી.

"આપ બહાર નીકળ્યા છો. મારે બામણા જવું છે. હું થોડીક વાર આપની સાથે ચાલું? આપની દિશામાં? આપની સાથે વાત કરવાનું મન છે."

"બહુ સરસ. મને પણ વાત કરવાનું ગમશે."

પરંતુ અમે સાથે ચાલવા માંડ્યા ત્યારે પગ જ ચાલતા હતા. જીભ બંધ રહી હતી. અમે બંને બોલ્યા વગર જ ચાલી રહ્યા હતા. હું તો તેમનો દોર્યો દોરાઈ રહ્યો હતો. વળાંક પર આવ્યા. પછી ભિલોડા બાજુ વળ્યા. નજર નાખો ત્યાં ચારે બાજુ ડુંગરા જ ડુંગરા. હાથમતી જલાગારની ખુલ્લી થયેલી જમીન પર ઘઉંનાં ખેતરો ઊબીઓના ભારથી લચી પડ્યાં હતાં. ધોળાધફ તેતરો શેઢેથી દોડીને વાડમાં સરકી જતા હતા. હવામાં મસ્તી હતી. આકાશે પંખીઓની હાર ગાતી ગાતી ઊડી રહી હતી. કદાચ આવા મદિલા માહોલે અમને અબોલ બનાવી દીધા હતા.

મારે તો કેટલી વાતો કરવી હતી કવિ જોડે! અમે આગળ ચાલ્યા. મૌન પણ આગળ જ ચાલ્યું. એવી અબોલાવસ્થામાં હું કવિને જોવામાં પડી ગયો. તેમનું ધ્યાન પ્રકૃતિમાં ને મારું તેમનામાં. તેઓ પ્રકૃતિને પી રહ્યા હતા ને હું તેમને.

મૌનાવસ્થામાં યાદો સતેજ થતી હોય છે. મને પુનાસણ ગામના મોતીસિંહે કહેલી વાત સાંભરી. (પુનાસણ ગામ બામણાને અડીને જ

વસેલું છે.) મેં જ મૌન છોડ્યું. મેં પૂછ્યું, કવિને: “બાલસમુદ્ર ગયેલા ત્યાંથી આપને ‘ભોમિયા વિના’વાળું ગીત સ્ફુરેલું? પુનાસણના મોતીસિંહ સિસોદિયા કહેતા હતા.”

કવિ ટહુકી ઊઠ્યા: “બિલકુલ સાચી વાત.”

હું જોઈ શક્યો કે કવિના મનમાં એક લહેર ઊઠી હતી, તે તેમના ચહેરા પર ઊપસી આવી હતી. કહે: “ભલું મોતીસિંહભાઈએ યાદ રાખ્યું છે. એ વખતે તો આ વિસ્તારમાં ગાઢ જંગલ હતું.” તેમણે સામે, કંઈક દૂર, આંગળી ચીંધીને તે સ્થળ દેખાડ્યું: “જુઓ, અહીંથી પેલી ઝાંખી ઝાંખી વનરાજિ દેખાય છે?” મેં હા પાડી પછી ઉમળકાભેર કહેવા લાગ્યા: “એ જ બાલસમુદ્રની જગા. ત્યારે ગીચ ઝાડી હતી. અમે ત્રણ મિત્રો ત્યાં ગયેલા. હું છૂટો પડી ગયો. ઝાડીમાં વાટ જડે નહિ. અનેક કેડીઓ ખૂંદી. કુંજોમાં રવડ્યો. પડતો-આખડતો છેક સાંજે ઘેર પહોંચી રહ્યો. થાક પણ એવો લાગેલો ને ભૂખ તો કકડીને લાગેલી. જમીને તરત સૂઈ જ ગયો. તમે માનશો? ઊંઘ આવે તે પહેલાં ગીત આવ્યું. જેમ તેમ કરીને પેન ખોળી કાઢી ને અંધારામાં જ આખું ગીત ઉતાર્યું. નોંધપોથી તો પથારી જોડે જ હતી.”

અને કવિ બાલસમુદ્ર બાજુ જોઈ રહ્યા. સ્મરણોમાં સરી ગયા. સવારના પહોરની ધીરી ધીરી હવા એમના ઝભ્ભાની ફડકમાં ભરાતી હતી.

કશા સંદર્ભ વગર જ હું બોલ્યો: “સૌ પ્રથમ આપને મેં અમદાવાદ સારંગપુર રેલવે સ્ટેશને ઊભેલા જોયેલા. ઠીક ઠીક દૂરથી જોયેલા. સંકોચવશ નજીક નહિ આવી શકેલો.”

“ડુંગર તો ભાઈ, દૂરથી જ રળિયામણા લાગે.” તેમણે હસતાં હસતાં કહ્યું.

“આપ ભલે ને કહો. ડુંગર તો મને નજીકથીયે રળિયામણા લાગ્યા છે. આપને તો વળી વધુ લાગ્યા હશે. તે વિના ‘ભોમિયા વિના’ વાળું ગીત સ્ફુરે જ કઈ રીતે?”

કવિએ તરત મારો હાથ પકડી લીધો. ઉમળકો દેખાડીને કહે છે—“વાહ ભાઈ વાહ, તમે પણ છો તો કવિ જ! તમારી કવિતા સાંભળવી પડશે.”

મેં વાતને જ બદલી નાખી. કહ્યું: “કિસાનસભાની અનેક કૂચોમાં અમે આપનું ‘જઠરાગ્નિ’ કાવ્ય લોકો સમક્ષ રજૂ કર્યું છે.”

કવિ મીઠું મલક્યા. એમની આંખમાં ચમક ને ચહેરા પર પ્રફુલ્લતા આવી. તેમણે મારે ખભે હાથ મૂક્યો. મેં રોમાંચ અનુભવ્યો. સંકોચ પણ થયો. તરત જ હું સ્વસ્થ થઈ ગયો. મને થયું કે મારે ખાસ જે પૂછવું છે તે રહી ના જાય. મનમાં શબ્દો ગોઠવીને હું બોલ્યો: “ ‘જઠરાગ્નિ’ કાવ્ય ૧૯૩૨માં રચાયું. છેલ્લી બે પંક્તિઓ તો સૂત્રરૂપ બની ચૂકી છે.” આ કહેતાં હું કવિની સામે તો જોઈ શક્યો નહિ પણ મને લાગ્યું કે તેઓ મારી વાતને ધ્યાનથી સાંભળી રહ્યા છે. મેં વાત આગળ ચલાવી: “૧૯૪૦માં પ્રગટેલા કાવ્યસંગ્રહ ‘બારીબહાર’ના કવિ પ્રહ્‌લાદ પારેખને આપે ‘સૌંદર્યાભિમુખ કવિ’ તરીકે બિરદાવેલા ને?”

“બિરદાવેલા નહિ, કહેલા.” મરક મરક હસતાં કવિએ ભારપૂર્વક ઉત્તર વાળ્યો.

“ભલે તેમ”—મારા કહેવામાં આવેશનું તત્ત્વ ભળ્યું—“પણ ૧૯૪૦થી ભૂખ્યાજનો રહ્યા જ નહિ? સૌંદર્યાભિમુખ કવિતાના આગમન સાથે પેલી ભૂખ્યાજનોવાળી સંવેદના કાલગ્રસ્ત બની ગઈ?”

હવે મેં કંઈક વિજયીની મુદ્રા ધારણ કરી કવિની સામે જોયું. પરંતુ એમના મુખ પર તો પ્રસન્નતા જ હતી. પકડાઈ જવાનો ભય હતો જ નહિ. હસતાં હસતાં કહે છે—“હું પણ સામ્યવાદી જ છું, કોમરેડ! સૌંદર્યાભિમુખતાની વાત તો મેં ‘બારીબહાર’ના કવિની લાક્ષણિકતા બતાવવા કહેલી. મારો સૂર તો આજે પણ એ જ છે—‘ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે.”

અમે પાછા ચાલવા માંડ્યા. મહા મહિનાનો તડકો ધીરે ધીરે આકરો બની રહ્યો હતો. મેં કહેવાનું કહી જ દીધું: “આપનો એ સૂર

વિલીન થઈ ગયો. સુન્દરમ્ અને આપ બંને ગુજરાતીના સક્ષમ કવિઓ. સુન્દરમ્ 'દિવ્યતા'માં ભળ્યા ને આપ 'છિન્નભિન્ન' થઈ ગયા! ભૂખ્યો જન તો બાપડો વિસારે જ પડી ગયો!"

કહેતાં તો કહી દીધું, પણ આવેશ ઊતર્યા પછી મને ભારોભાર પસ્તાવો થયો. થયું કે આટલું બધું ને આવી રીતે મેં કહ્યું તે ઠીક ન થયું. પછી પાછું એમ પણ થયું કે મનમાં જુદું ને બોલવું જુદું એ ઇમાનદારી ન કહેવાય. પસ્તાવો શા માટે કરું? છતાં પસ્તાવાની લાગણી તો રહી જ. એટલે તો હું બોલ્યા વગર રહી ન શક્યો—

"મને માફ કરો. હું આવેશમાં વધુ પડતું બોલી ગયો." આટલું બોલતામાં તો મારો સાદ ભીનો થઈ ગયો.

કવિએ માથું ધુણાવીને કહ્યું: "નહિ રે, માફી વળી શાની? તમે કહ્યું એમાં સત્યાંશ છે જ. અને આપણી તો માટી અને તેજ બંનેની સગાઈ છે."

ભિલોડા બાજુ છેક ધુળેટાના પાટિયા લગી જઈને અમે પાછા વળ્યા. બામણા ગામ બાજુ વળતાંની સાથે જ તેમની ચાલ વેગીલી બની. અહીંથી એમના ઘર પાસેનો ખંભેરિયો (ડુંગર) દેખાતો હતો. ઝાંઝરીના વહેળાનો આકાર પણ જણાતો હતો. ચોગરદમ નજર પડે ત્યાં લીલોતરી ને પીળોતરી. પ્રકૃતિની આવી રમણીય ફ્રેમમાં કવિ ઉમાશંકરની છબી કેવી જચતી હતી!

બામણા ગામ તરફ ચાલતાં પાછા અમે મૌન બની ગયા. કવિની નજર તો ખંભેરિયા પર જ હતી. આખરે છૂટા પડવાની ક્ષણ આવી પહોંચી. મારો કંઠ ભરાઈ આવ્યો. હું બોલવા માગતો હતો પણ બોલી ન શક્યો. મને બોલતો કરવા જ હોય તેમ કવિ બોલ્યા: "આપણી આ મુલાકાત વિશે તમે 'સંસ્કૃતિ'માં લખો. હું તમને આમંત્રણ આપું છું."

જીવનમાં કેવા કેવા પલટા કેવી રીતથી આવતા હોય છે! 'સંસ્કૃતિ'માં મારો લેખ એ વાત જ રોમાંચક હતી! કવિ 'સંસ્કૃતિ'ના તંત્રી અને ગુજરાતના સંસ્કાર- જીવનમાં 'સંસ્કૃતિ'નું સ્થાન ઊંચું. હુંયે લોભે લેવાયો

જ. ‘સંસ્કૃતિ’ના લેખકવર્ગમાં સમાવેશ પામવાની કલ્પનાએ મને એકદમ કવિની નજદીક લાવી દીધો. હવે જે પૂછવાનું હતું તે હું સંકોચ વગર પૂછી શક્યો—“એક કંઈક બાલિશ લાગે તેવી વાત પૂછું. ‘બળતાં પાણી’ કાવ્યની પેલી પંક્તિ છે ને, ‘જવું સિંધુ કેરા અદીઠ વડવાગ્નિ બૂઝવવા!’ એ વાંચતાંની સાથે જ મને આપણી બાજુનું એક લગ્નગીત સાંભરે છેઃ ‘વરને દૂબળો ઘોડો નં જવું વેગળું.’ બંને પંક્તિઓમાં જ્યાં ને જેવી રીતે ‘જવું’ ક્રિયાપદ યોજાયું છે તેની ખૂબી મને કોઈ ઓર જ લાગી છે. આપે ‘બળતાં પાણી’ કાવ્ય રચ્યું ત્યારે આ લગ્નગીત મનમાં હતું? બામણામાં પણ એ ગવાય જ છે.”

અને કવિની મોંકળા ખીલી ઊઠી. જૂનાં ઝોડ જાગી ઊઠ્યાં. ઉમાશંકર જાણે અસલ ઉમાશંકર બની રહ્યા. કવિ તો ગાવા લાગ્યા—

*વરનો કાકો તે ચાલવા ના દેય*
*વરને દૂબળો ઘોડો નં જવું વેગળું.*

ઉમાશંકરને તમે ગાતાં સાંભળ્યા છે? મેં પણ આજે જ સાંભળ્યા. અમારી બાજુનો અસલ ઢાળ ને ઢાળો એમના કંઠમાં હતો. હું જિતાઈ ગયો. લોકગીત મારી ભાવતી વસ્તુ છે.

એક મોટા કવિ અને એક અદનો ભાવક બંને વચ્ચે બહુ મોટું અંતર રહે છે. કવિએ એ અંતર ખાળવા ઠીક ઠીક વાનાં કર્યાં. ગાણું ગાયું. તોપણ અંતર તો રહે જ ને રહ્યું. મારો ‘જઠરાગ્નિ’વાળો પ્રશ્ન પણ રહ્યો જ. પણ હવે એટલી સાહજિકતા મારામાં આવી ગયેલી કે કવિની સાથે ટેસથી વાતો તો કરી શકું. પરંતુ હવે બામણાગામ નજીક આવી ગયું હતું. અહીંથી અમારા રસ્તા ફંટાતા હતા. કવિને ખંભેરિયા પાસે એમને ઘેર જવાનું હતું ને મારે કિસાનસભાની મિટિંગમાં.

છૂટા પડતી વખતે અમે એકબીજાને ‘આવજો’ કહ્યું. એટલામાં તો ઘણું ઘણું કહેવાઈ ગયું હતું. એ વળાંક પર કવિની ઘર ભણી વળેલી છબી મારા ચિત્તમાં છપાઈ ગઈ છે. ઘડીભર ઊભો રહીને હું કવિનાં ઘર તરફ વળેલાં પગલાં નિહાળી રહ્યો. મારું મન ગાઈ રહ્યું—

વરને દૂબળો ઘોડો નં જવું વેગળું...

['શબ્દસૃષ્ટિ' માસિકઃ ૨૦૦૫]

# પ્રિયકાન્ત મણિયાર

## આ નભ ઝૂક્યું તે—

*આ નભ ઝૂક્યું તે કાનજી*
*ને ચાંદની તે રાધા રે.*

*આ સરવર જલ તે કાનજી*
*ને પોયણી તે રાધા રે.*

*આ બાગ ખીલ્યો તે કાનજી*
*ને લ્હેરી જતી તે રાધા રે.*

*આ પરવત શિખર કાનજી*
*ને કેડી ચડે તે રાધા રે.*

*આ ચાલ્યાં ચરણ તે કાનજી*
*ને પગલી પડે તે રાધા રે.*

*આ કેશ ગૂંથ્યા તે કાનજી*
*ને સેંથી પૂરી તે રાધા રે.*

*આ દીપ જલે તે કાનજી*
*ને આરતી તે રાધા રે.*

*આ લોચન મારાં કાનજી*
*ને નજરું જુએ તે રાધા રે!*

## તમારા સ્નેહની...

*તમારા સ્નેહની રુશ્નાઈ ન'તી મેં એવી જાણી કે*
*લખાશે ગ્રંથ પૂરો ત્યાં બધા અક્ષર ઊડી જાશે;*
*સમંદર ખેલનારી એ ન'તી મેં એવી જાણી કે,*
*તમારી નાવ ઝાકળબિન્દુની માંહે બૂડી જાશે!*

## દીવડાની જ્યોત...

*દીવડાની જ્યોત થકી આંજી લીધી આંખડી,*
*કાજળનું શું રે હવે કામ?*

–

*આપણે તો આકાશને ખેડવું છે,*
*આ તારાઓ સરખા નથી વવાયા.*

# પ્રીતમ

## હરિનો મારગ

*હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;*
*પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.*

*સુત વિત્ત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;*
*સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને.*

*મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;*
*તીરે ઊભો જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.*

*પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;*
*માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.*

*માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;*
*મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.*

*રામઅમલમાં રાતા માતા, પૂરા પ્રેમી જન જોને;*
*પ્રીતમના સ્વામીની લીલા, નીરખે રજનીદિન જોને.*

—

*હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;*
*પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.*
*સુત વિત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને;*
*સંધુમિધ્યે મોતી લેવા માંહી પડ્યા મરજીવા જોને!*

# અગ્નિને ઉધેઈ...

*અગ્નિને ઉધેઈ ન લાગે, મહામણિને મેલ જોને;*
*અપાર સિંધુ મહાજળ ઊંડાં, મર્મીને મન સહેલ જોને.*

# પ્રીતમલાલ કવિ

## ભાવવાહી ગીતોના સર્જક

*સાહ્યબો મારો ગુલાબનો છોડ,*
*વેલી હું તો લવંગની;*
*ઊડશું જીવનમાં જોડાજોડ,*
*પાંખો જેવી પતંગની!*

આ ગીત એક જમાનામાં યુવાન ગુજરાતણોના કંઠે ઘરે ઘરે ગુંજતું હતું. એમાં મુગ્ધ પ્રણયની છટા છે. આવાં ભાવવાહી ગીતોના રચયિતા હતા રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ. નડિયાદ શહેરમાં તેમનું મકાન આજે પણ ઊભું છે. એમણે નડિયાદમાં જ અભ્યાસ કર્યો, અને કમ્પાઉન્ડર તરીકે દવાની પડીકીઓ વાળતાં વાળતાં કવિતાના અમૃતને અંતરની ખરલમાં ઘૂંટવા માંડ્યું. કવિ ન્હાનાલાલ તેમના પ્રિય કવિ હતા. માત્ર સોળ વર્ષની કુમાર વયે તેમણે 'બુદ્ધદેવ' નાટક લખ્યું, એ મુંબઈમાં ૧૯૧૪માં ભજવાયું. ત્યારથી રસકવિ રઘુનાથની કર્મભૂમિ મુંબઈ બન્યું. ૧૮૯૨માં ૨૨મી ડિસેમ્બરે જન્મેલા કવિ નાટ્યલેખન અને ગીતલેખનમાં સોળે કલાએ ખીલ્યા. વિવિધ નાટકોનું તેમણે સર્જન કર્યું અને રંગભૂમિ ઉપર એ નાટકોએ કામણ પાથર્યાં. રઘુનાથની કલમે લખાયેલાં ગીતોમાં એક તરફ પ્રણયની, વિપ્રલંભ શૃંગારની સુકુમાર અનુભૂતિ ગુંજી રહી છે તો બીજી તરફ જગતના અનુભવો અને જ્ઞાનનો સ્પર્શ વર્તાય છે. 'સાર આ સંસારમાં ન જોયો', તેમજ 'નાગરવેલીઓ રોપી તારા રાજમહેલોમાં' જેવાં ગીતોએ એક જમાનામાં ગુજરાતણોના કંઠમાં કૂજન ભરીને મધુરભાવથી તેમનાં હૃદયને છલકાવી દીધાં હતાં.

એક વખત ગુજરાતની જનતામાં અત્યંત લોકપ્રિય બનેલ ગીત— 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે!' વર્ષોપર્યંત લોકોના કંઠમાં ગુંજ્યા કરતું હતું. આ ગીત રસકવિએ 'છત્ર વિજય' નાટકમાં લખેલું.

એ ગીતને જાણીતી ફિલ્મ ‘મોગલે આઝમ’માં અન્ય કવિના નામે ચઢાવી દેવામાં આવ્યું. તે અંગે રસકવિએ ફિલ્મ-નિર્માતા સામે કેસ કરેલો, પણ પછી સારી એવી રકમ લઈને સમાધાન કર્યું હતું.

રઘુનાથ બ્રહ્મભટ્ટનાં લખેલાં ૧૯ નાટકો મુંબઈની રંગભૂમિ પર ભજવાયાં હતાં. કુલ ૭૩ નાટકો અને ૨૦ ગુજરાતી ફિલ્મોનાં ગીતો પણ તેમણે લખ્યાં છે.

[‘રૂપલબ્ધિ’ પુસ્તકઃ ૨૦૦૪]

# પ્રીતમલાલ મજમુંદાર

## ઋતુવાસી

*અમે જઈએ અમારે દેશ, રામરામજી;*
*થઈ પૂરી વરસની ભેટ, રામરામજી.*

*પડે દેશે કકડતી ટાઢ, રામરામજી;*
*ગળે હિમે અમારાં હાડ, રામરામજી.*

*અમે આવ્યાં શિયાળા કાજ, રામરામજી;*
*હવે બેઠાં વસંતનાં રાજ, રામરામજી.*

*હવે જઈએ અમારે દેશ, રામરામજી;*
*પણ પ્રીતિ ન ભૂલશું લેશ, રામરામજી.*

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# પ્રીતિ સેનગુપ્તા

## માની નજર

*આટલાં વર્ષેય હજી*
*ચોમાસે ચોમાસે*
*હૈયું યાદો થકી ઝૂલે*
*આગલા વરંડાને હીંચકે:*
*ઘૂંટણ પર હડપચી મૂકી*
*ભીની માટીની મ્હેક માણવી,*
*ખુલ્લું પુસ્તક હાથમાં રાખી*
*અદૃશ્ય કો’ને જોઈ અમસ્તાં મલકવું—*
*ને કેવી કનડતી*
*એ મધુર દિવાસ્વપ્નોને*
*માની નજર*
*અંદરને ઓરડેથી ડોકાઈ જતી!*

# પ્રેમશંકર ન. ભટ્ટ

## નાનો-મોટો

*તું નાનો, હું મોટો—*
*એવો ખ્યાલ જગતનો ખોટો;*
*આ નાનો, આ મોટો—*
*એવો મૂરખ કરતા ગોટો.*

*ખારા જળનો દરિયો ભરિયો,*
*મીઠા જળનો લોટો;*
*તરસ્યાને તો દરિયાથીયે*
*લોટો લાગે મોટો.*

*નાના છોડે મહેકી ઊઠે*
*કેવો ગુલાબગોટો!*
*ઊંચાં ઊંચાં ઝાડે તમને*
*જડશે એનો જોટો?*

*મન નાનું તે નાનો,*
*જેનું મન મોટું તે મોટો.*

# પ્રેમાનંદ

## કૃષ્ણ-સુદામાનો મેળાપ

*“મારો બાળસ્નેહી સુદામો રે,*
*હું દુખિયાનો વિસામો રે;”*
*ઊઠી ધાયા જાદવરાય રે,*
*નવ પહેર્યાં મોજાં પાય રે.*
*પીતાંબર ભૂમિ ભરાય રે,*
*રાણી રુક્મિણી ઊચાં સાય રે;*
*અતિ આનંદે ફૂલી કાય રે,*
*હરિ દોડે ને શ્વાસે ભરાય રે.*
*પડે-આખડે બેઠા થાય રે,*
*એક પળ તે જુગ જેવી જાય રે;*
*સ્ત્રીઓને કહી ગયા ભગવાન રે,*
*“પૂજાથાળ કરો સાવધાન રે.*
*હું જે ભોગવું રાજ્યાસન રે,*
*તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે;*
*જે કોઈ નમશે એનાં ચરણ ઝાલી રે,*
*તે નારી સહુપેં મને વહાલી રે.”*
*તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે,*
*સામગ્રી પૂજાની કરતી રે;*
*સહુ કહે, માંહોમાંહી, “બાઈ રે,*
*કેવા હશે શ્રીકૃષ્ણના ભાઈ રે?*
*જેને શામળિયાશું સ્નેહ રે,*
*હશે કંદર્પ સરખો દેહ રે;”*
*લઈ પૂજાના ઉપહાર રે,*

*રહી ઊભી સોળ હજાર રે.*
*“બાઈ લોચનનું સુખ લીજે રે,*
*આજ જેઠનું દર્શન કીજે રે;”*
*ઋષિ શુકજી કહે સુણ રાય રે,*
*શામળિયોજી મળવા જાય રે.*
*છબીલાજીએ છૂટી ચાલે રે,*
*દીધી દોટ તે દીનદયાળે રે;*
*સુદામે દીઠા કૃષ્ણદેવ રે,*
*છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે.*
*જુએ કૌતુક ચારે વર્ણ રે,*
*ક્યાં આ વિપ્ર? ક્યાં આ અશરણશર્ણ રે;*
*જુએ દેવ વિમાને ચડિયા રે,*
*પ્રભુ ઋષિજીને પાયે પડિયા રે.*
*હરિ ઉઠાડ્યા ગ્રહી હાથ રે,*
*ઋષિજી લીધા હૈડા સાથ રે;*
*ભુજ-બંધન વાંસા પૂંઠે રે,*
*પ્રેમનાં આલિંગન નવ છૂટે રે.*
*મુખ અન્યોઅન્યે જોયાં રે,*
*હરિનાં આંસુ સુદામે લોયાં રે;*
*તુંબીપાત્ર ઉલાળીને લીધું રે,*
*દાસત્વ દયાળે કીધું રે.*
*“ઋષિ, પાવન કર્યું મુજ ગામ રે;*
*હવે પવિત્ર કરો મુજ ધામ રે;”*
*તેડી આવ્યા વિશ્વાધાર રે,*
*મંદિરમાં હરખથી અપાર રે.*
*જોઈ હાસ્ય કરે સૌ નારી રે,*
*આ તો રૂડી મિત્રાચારી રે!*
*ઘણું વાંકાબોલાં સત્યભામા રે,*

*"આ શું ફૂટડા મિત્ર સુદામા રે!*
*હરિ અહીંથી ઊઠી શું ધાયા રે!*
*ભલી નાનપણાની માયા રે;*
*ભલી જોવા સરખી જોડી રે,*
*હરિને સોંધો, એને સખોડી રે!*
*જો કોઈ બાળક બહાર નીકળશે રે;*
*તે તો કાકાને દેખી છળશે રે;"*
*તવ બોલ્યાં રુકિમણી રાણી રે,*
*"તમે બોલો છો શું જાણી રે?"*

**વલણ**

*શું બોલો વિસ્મય થઈ? હરિભક્તને ઓળખો નહિ;*
*બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી.*

['સુદામાચરિત્ર' પુસ્તક]

# કુંભકર્ણની નિદ્રા

*"જાગો રે ભાઈ! ભીડ પડી છે (કરે વિનતિ રાવણરાયઃ)*
*નરવાનરે લંકા ગઢ ઘેર્યો, તુંને નિદ્રા ક્યમ સોહાય?"*
*શત સેવક તેડાવ્યા રાયે, કહ્યુંઃ "જગાડો કુંભકરણ."*
*લક્ષ જોદ્ધા વળગી ઢંઢોળે, જાણે શું પામ્યો મરણ!*
*જળ છાંટ્યે નવ જાગે જોદ્ધો, તાપણાં કીધાં ચોફેર,*
*હૃદે ઉપર શલ્યાપડ મેહેલ્યાં, કાનમાં ફૂંકે મદનભેર.*
*કપાળ ઉપર દુંદુભિ વાજે, શરણાઈ નફેરી ઢોલ,*
*કરોડ મેઘશબ્દે સાદ કરે; પણ રાણો ન આપે બોલ!...*
*હૃદયા ઉપર અશ્વ દોડાવ્યા, વરાડ્યા મહિષ માતંગ;*
*તોયે એ સૂતો નવ જાગે, સાણસે ત્રોડાવ્યાં અંગ!*

—એમ વાજ આવ્યો રાવણરાજા, ન લાગ્યો એકે ઉપાય;
ત્યારે કુંભકરણની આવી અંગના નમન કરતી પાયઃ
“કષ્ટ કીધે મારો કંથ ન જાગે; એને વાહાલા શ્રી ભગવાન;
જગાડું હું હેલામાત્રમાંઃ તમો કરાવો ભકિતગાન.
ભક્ષ ભોજન કરાવીને રાખો, નહિ તો કરશે સહુનો આહાર.”
રાવણે મધુમાંસ અણાવ્યાં, અન્ન તણા કીધા અંબાર.
અપછરા પાસે નૃત્ય કરાવ્યાં, ગાન તાન વાજે વાજિંત્ર.
કુંભકરણ ડોલ્યો જ્યમ મણિધર, સાંભળતાં ગોવિંદચરિત્ર.
ઊઠીને સરવ અન્ન આરોગ્યું, પછે પૂછ્યો સમાચારઃ
“હું કાચી નિદ્રાએ શીદ જગાડ્યો? આ શા વાનરના હોકાર?”
રાવણે વાત કહી વિસ્તારી જે રીતે દૂભ્યા શ્રીરામઃ
“અંગત્ય માટે તુંને ઉઠાડ્યો, કોણ કરે તું વિણ સંગ્રામ?”...

# ફાધર વાલેસ

## ખુમારી

એ ખુમારી કહેવાય. અઘરું કામ પોતે માથે લઈને એમને માટે જ સહેલું કામ રહેવા દીધું. દિલમાં ખુમારી હતી એ એણે સહજ ભાવે બહાર આવવા દીધી.

પ્રશ્નપત્રાને મથાળે લખ્યું હતું: ગમે તે પાંચના જવાબ લખો. અઘરો વિષય ગણાતો હતો, એની આ છેલ્લી પરીક્ષા હતી. એમાં પરીક્ષાર્થીઓની સગવડ ખાતર વિકલ્પ આપવામાં આવ્યો હતો. સાત પ્રશ્નો પૂછ્યા હતા, એમાંથી પાંચ લેવાના હતા. એટલાનો સંતોષકારક જવાબ લખાય તો પૂરા ગુણ મળે. માટે પ્રશ્નપત્રા હાથમાં આવે કે તરત કયા પ્રશ્નોથી કેટલો ફાયદો થાય એ બરાબર તપાસીને યોગ્ય પસંદગી કરવી, એ વિદ્યાર્થીઓનું પહેલું કામ હતું.

પણ આ વિદ્યાર્થી જરા જુદી માટીનો હતો. એના હાથમાં પ્રશ્નપત્રા આવ્યો ત્યારે “ગમે તે પાંચના જવાબ લખો” એ સૂચના એણે પણ વાંચી. વાંચીને તે ધીમેથી હસ્યો. કુલ સાત પ્રશ્નો છે એ તેણે જોઈ લીધું, અને ક્રમમાં જે પહેલો પ્રશ્ન આવતો હતો એ લઈને તેનો જવાબ લખવા માંડયો. એ પૂરો થયો ત્યારે ક્રમમાં આવતો બીજો પ્રશ્ન લીધો, પછી ત્રીજો... એમ કરી કરીને પાંચ નહીં પણ સાતેસાત પ્રશ્નોના જવાબ લખ્યા. લખવાનું પૂરું કર્યું ત્યારે પરીક્ષાના સમયને પૂરો થવામાં થોડી મિનિટ બાકી હતી. પોતાના લખાણ ઉપર એણે એક ઊડતી નજર નાખી. સંતોષ થયો. ને ત્યારે ઉત્તરપત્રાના પહેલા પાનાના મથાળે એણે સ્પષ્ટ અક્ષરોથી લખ્યું: “ગમે તે પાંચ તપાસો....”

તમે ગમે તે પાંચના જવાબ લખવાનું કહ્યું, તો હું ગમે તે પાંચ તપાસવાનું કહું છું. તમે સગવડ કરી આપી, તો હું તમને સગવડ કરી આપું છું. લ્યો, ગમે તે પાંચ તપાસો. તમને તપાસતાં સહેલા લાગે એ

લો. હું પણ વિકલ્પો આપું છું. તમારી પાસે ઉદારતા છે, તો અમારી પાસે પણ છે. અમારું દિલ પણ મોટું છે.

પછી વિજયના સ્મિત સાથે વિદ્યાર્થીએ ઉત્તરપત્રા નિરીક્ષકને આપ્યો.

# અંદરની શૂન્યતા

“બીજી વસ્તુ ખરીદી, એટલે પગમાં બીજો પથરો બાંધ્યો. નવી માલિકી, અને નવી ગુલામી. હાથમાં માલ લેવો, એટલે દિલને બેડીઓ પહેરાવવી.”

અપરિગ્રહનો એ પ્રાચીન મંત્ર હતો. પણ એ જૂના ઉપદેશમાં હવે નવો રણકો વાગે છે. કારણ કે એ ઉપદેશ આપનાર એક આધુનિક વિજ્ઞાની હતા. ઉપર ટાંકેલા શબ્દો આજના યુગમાં વિજ્ઞાનીઓના શિરોમણિ એવા આલ્બર્ટ આઇન્સ્ટાઈનના હતા.

લોકો એમને કોઈ ભેટ આપવા જાય, કોઈ સારા પ્રસંગે પ્રેમાદર બતાવવા કંઈક મોકલે કે એમના હાથમાં કોઈ વસ્તુ મૂકે, ત્યારે તે કંઈક મજાકમાં ને કંઈક ઠપકામાં ફરિયાદ કરતા: “મને આ શું આપો છો? મારા હાથમાં આ કેવી બેડીઓ નાખો છો? મારે આ બધી વસ્તુઓની ક્યાં જરૂર છે? અને જરૂર નથી, પછી એના મોહમાં શા માટે ફસાઉં?”

અને જેવું કહેતા, તેવું કરતા. સાદું, તપસ્વીને શોભે એવું જીવન. ઘેર મોંઘું રાચરચીલું નહીં. ભીંત પર કોઈ ચિત્રની શોભા નહીં. રોજ જેમતેમ દાઢી બનાવે—સામાન્ય સાબુ ને બ્લેડ વાપરીને. અને વાળ કપાવવા તો કોઈ દિવસ ન જાય—વર્ષમાં એકાદ વાર માથા પરનાં ડાળખાંમાં પત્નીને માલણની કામગીરી બજાવવા દે.

પ્રિન્સટન યુનિવર્સિટીએ એમને અધ્યાપક નીમ્યા ત્યાં સુધીમાં તો એ દુનિયામાં સૌથી પ્રખ્યાત વિજ્ઞાની બની ચૂક્યા હતા. વિજ્ઞાનના ક્ષેત્રામાં પ્રિન્સટન પહેલી હરોળમાં, ત્યાં એમને સંશોધન માટે પૂરી સગવડ મળી શકે. તેનું આમંત્રાણ આઇન્સ્ટાઈને સ્વીકાર્યું ત્યારે યુનિવર્સિટીના

પ્રમુખે એમની આગળ કાગળ ધરીને કહ્યું: “આપના પગાર-પુરસ્કાર માટે આપને યોગ્ય લાગે તે રકમ આમાં ખુશીથી લખી નાખો. આપ જે કાંઈ આંકડો મૂકશો, તે યુનિવર્સિટીને મંજૂર હશે.”

આઇન્સ્ટાઈને કાંઈક રકમ લખી. એ જોઈને પ્રમુખશ્રીનું મોં પડી ગયું. “આવું તે કાંઈ લખાતું હશે?” એટલે આઇન્સ્ટાઈન કાગળ પાછો લઈને ઓછી રકમ લખવા જતા હતા, ત્યાં પ્રમુખે ખુલાસો કર્યો: “આટલો ઓછો પગાર તો આ યુનિવર્સિટીના કારકુનને પણ અમે આપતા નથી. અને આપ એટલો જ પગાર લો, તો યુનિવર્સિટીની આબરૂ જાય. માટે આપની આ માગણી અમારાથી નહીં સ્વીકારી શકાય.”

અને આઇન્સ્ટાઈને લખેલ આંકડાની પછી એક મીંડું ચડાવીને યુનિવર્સિટીના પ્રમુખે નિમણૂકપત્રા પર સહી કરી.

*

સાદું જીવન. સરળ વ્યવહાર. પણ સાદું જીવન તપશ્ચર્યા માગી લે છે. સરળ સમજણની પાછળ ઊંડો અભ્યાસ હોય છે. જેનું આંતરિક જીવન સમૃદ્ધ હોય, એ જ પોતાના બાહ્ય જીવનમાં સાદાઈ રાખી શકે. જેનું દિલ ને મન ભરેલું હોય, તેને બહારના આધારની જરૂર પડતી નથી. આઇન્સ્ટાઈનના જીવનમાં વિજ્ઞાનનું અનુશીલન હતું, વાયોલિન પર શાસ્ત્રીય સંગીત વગાડવું એ એમનો મોટો શોખ હતો, અને ઘેર પ્રેમાળ પત્ની ને સુખી દાંપત્ય હતાં. જ્ઞાનવિજ્ઞાનનું સેવન, વિદ્યાની ઉપાસના, કલાસંગીતનો રસ ને પ્રેમની હૂંફ, એ સંસ્કારી જીવનનાં ખરાં મૂલ્યો છે. એ હોય તો પછી બહાર ધાંધલ ને ભપકો, મનોરંજન ને એશઆરામ શોધવાની કોઈ જરૂર રહેતી નથી.

દિલ ખાલી છે, મન શૂન્ય છે, એટલે જ્યાંત્યાંથી કંઈ ને કંઈ પકડી લાવવાનાં ફાંફાં ચાલે છે. લેવાનું, માગવાનું, ખરીદવાનું, નવું નવું વસાવવાનું, આખું ઘર ભરી દેવાનું. અંદરથી શૂન્યતા ન દેખાય, તે માટે બહાર ધનનું પ્રદર્શન કરવાનું.

સાદાઈ અને અપરિગ્રહનો માર્ગ અને તેનો અનુરોધ કોઈ જૂનવાણી

ઉપદેશક તરફથી નહીં, પણ આધુનિક વિજ્ઞાનીના મોંએથી ને જીવનમાંથી.

['ફાધર વાલેસ લેખસંચય': ભાગ ૧]

# આજનો દિવસ

હમણાં બેએક કલાક પહેલાં ઊઠ્યા, નાહી-ધોઈને તૈયાર થયા, ચા પીધી, છાપું વાંચ્યું, ભગવાનનેય યાદ કર્યા; મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે કોઈ સારું કામ થાય અને કોઈ પુણ્ય મળે. પછી દિવસમાં ઝંપલાવવા તૈયાર થયા, અને એમાં પ્રશ્ન થયો: આજનો દિવસ કેવો જશે? કેવો જાય તો મને સંતોષ થાય, આનંદ રહે, કૃતકૃત્યતા લાગે?

કેટલાક લોકો એવી પ્રતિજ્ઞા લે છે કે રોજ કોઈ એક સુકૃત્ય કરવું, જેથી કંઈ નહીં તો એટલું સારું સ્મરણ દિવસમાં રહે અને એક શુભ કાર્યના પુણ્યથી આખો દિવસ સારો ગયો એમ કહી શકાય. દિવસ ગમે તેવો ગયો હોય, પણ તેને માથે એ એક સુકૃત્યનો ચાંલ્લો આવ્યો એટલે આખો દિવસ પવિત્રા બન્યો.

એ ભાવના છે અને ભાવના સુંદર છે. પણ આજે મારો વિચાર કંઈક જુદો છે. સુકૃત્યો તો જરૂર કરીએ; પરંતુ જાણે દિવસને મામૂલી બનતો અટકાવવા માટે નહીં. એકાદ સુકૃત્યથી નમાલા દિવસ ઉપર ઓપ ચડાવવાનો સવાલ નથી. આખો દિવસ પવિત્રા જોઈએ—પછી ચાંલ્લો કરીશું, પછી પવિત્રા મંદિર ઉપર કળશ ચડાવીશું.

એટલે કે આખો યે દિવસ પવિત્ર છે જ. એ મામૂલી, સામાન્ય દિવસ પવિત્ર છે. એ કેવી રીતે? મંદિરના પથ્થરો પવિત્ર છે, એ રીતે. એ તો પથ્થર જ છે—પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરી રહ્યા છે, પોતાનો પથ્થર-ધર્મ પાળે છે, એટલે પવિત્રા છે. શરીરનાં અંગો પવિત્ર છે, એ રીતે પણ. એ તો હાથ-પગ છે, હાડમાંસ છે, ગંદાં-મેલાં થાય; પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરે છે, પોતાનો ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે.

ચાંલ્લો આવે તે પહેલાં, કળશ આવે તે પહેલાં જ, દેહ પવિત્ર છે, મંદિર પવિત્ર છે—અને દિવસ પણ પવિત્ર છે. એનાં બધાં કૃત્યો—ઊઠવાનું ને બેસવાનું, ઊંઘવાનું ને જાગવાનું, ઑફિસનું કામ ને ઘરના પ્રસંગો ને મિત્રોની મુલાકાતો—બધાંનું સ્થાન છે, બધાંનું કામ છે, બધાંનો ધર્મ છે અને તેથી એ બધાંથી બનેલો આખો દિવસ પવિત્રા છે.

કોઈ વિશિષ્ટ કૃત્યની જરૂર નથી, કોઈ સોનાની ઈંટની જરૂર નથી; હોય તો સારું છે, પણ એ ન હોય તોય દિવસને મંગળ કહીશું. દરેક કાર્ય હોવું જોઈએ તેવું હોય, એટલું જ જરૂરી છે. ખાવાનું તો ખાવાનું અને વાંચવાનું તો વાંચવાનું. વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય, આનંદથી થાય. દરેકમાં ધ્યાન અને દરેકથી સંતોષ. એ રીતે સારો દિવસ થાય. એ રીતે સારું જીવન જિવાય. આજનો દિવસ એવો જીવીએ!

## કળિયુગના સ્નાતકો

આજે ઘણા લોકોના મનમાં એક જાતની કળિયુગની ગ્રંથિ હોય છે—બધું ખરાબ છે; આજે ધર્મ નથી ને નીતિ નથી ને સત્ય નથી ને પ્રામાણિકતા નથી. પહેલાં એ બધું હતું, પણ અત્યારે નથી. પહેલાં લોકો સાચું બોલતા હતા, હવે ખોટું બોલવું પડે છે; પહેલાં પ્રામાણિક હતા, હવે ચોરી કરવી પડે છે. એટલે પહેલાં સારા હતા, હવે ખરાબ છીએ.

પણ જેવા સંજોગો, તેવું વર્તનનું મૂલ્યાંકન જોઈએ. બધાં સાચું બોલતાં હોય એમાં હું પણ સાચું બોલું, એ સત્યનિષ્ઠાનું કોઈ પરાક્રમ નથી. પણ બધાં જૂઠું બોલતાં હોય, તેમાં હું કંઈ નહિ તો કોઈ કોઈ વાર અગવડ વેઠીને પણ સાચું બોલું એ ખરી સિદ્ધિ છે. સતયુગમાં સત્ય બોલવાનું પ્રમાણપત્ર સસ્તું છે—બધાંને જ મળે છે. જ્યારે કળિયુગમાં સત્યની અધૂરી સાધના પણ કીમતી છે. સહેલી પરીક્ષામાં બધા પાસ થાય, પણ એની કિંમત કેટલી? હાલ તો અઘરી કસોટી

ચાલે છે; તેમાં એકાદ વાર નાપાસ થવાય તો યે વાંધો નથી. આખરે તો કળિયુગના સ્નાતકો પંકાશે.

## શ્રેષ્ઠતા

ઈટલીના મિલાનો શહેરમાં વિશ્વવિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઊંચી ને ભિડાતી જગ્યાએ મૂકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શિલ્પકાર પોતાના કામમાં લીન થઈને એક-એક રેખામાં ને મરોડમાં પોતાની કલા ઢાલવીને મૂર્તિઓ કોતરતો હતો. એક મિત્રો એ જોઈને ટીકા કરી: “આ મૂર્તિ પર કોઈની નજર સરખી યે પડવાની નથી, તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? ઝટ પતાવી દેશો તો ત્યાં તો ચાલશે.”

શિલ્પીએ મૂર્તિમાંથી આંખ ઊંચી કર્યા વગર જવાબ આપ્યો: “મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઈએ—પછી ભલે કોઈ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું. અને બીજું કોઈ નહિ, તો ભગવાન તો એ જોશે જ ને?”

“મારી કૃતિ છે, એટલે શ્રેષ્ઠ જોઈએ”—એ કલાકારનો આદર્શલેખ છે અને જીવનઘડતરનો અગ્રસિદ્ધાંત છે. મારે હાથે કાચું કામ નહીં શોભે. મારી મર્યાદાઓ તો છે જ; પણ એમાં રહીને મારાથી જેટલું સારામાં સારું કામ થઈ શકે એટલું હંમેશ વ્યવહારમાં ઉતારવાનો મારો આગ્રહ રહેશે. મારું કામ છે, એટલે મારા પ્રમાણમાં ઉત્તમ જ હોય.

યુવાન માઈકલાંજેલોની કેટલીક શિલ્પકૃતિઓ ચોરાઈ અને બીજાના નામે વેચાઈ, ત્યારે એને ખૂબ લાગી આવ્યું અને જે મૂર્તિ પોતે ઘડી રહ્યા હતા એના ઉપર જ મોટા અક્ષરોથી પોતાનું નામ કોતરી દીધું. પણ એ ઉપાય બેહૂદો લાગતાં એમણે મનસૂબો કર્યો કે, મારી એક-એક કૃતિ હવે પછી એવી થશે કે તે જોતાંવેંત એ માઈકલાંજેલોની જ છે એની સૌ કોઈને પ્રીતિ થઈ જશે. સ્થૂળ અક્ષરોથી નહીં, પણ મારો

પ્રાણ મારી દરેક કૃતિમાં રેડીને હું તે મારી કૃતિ તરીકે ઓળખાવીશ. અને ખરેખર, આજના કલાનિષ્ણાતો પણ માઈકલાંજેલોની એક-એક મૂર્તિમાં ને એકએક ચિત્રામાં એમની આગવી છાપ પારખી શકે છે.

મારા જીવનઘડતરમાં, મારા અંતરના ચિત્રામાં પણ એવી છાપ ને એવી કારીગરી જોઈએ. ‘કોપીરાઈટ’ના કાયદાને જોરે નહીં, પણ મારા આત્માના પ્રભાવથી મારું કામ ને મારું જીવન ખરેખર મારાં જ છે એ હું સિદ્ધ કરી દઈશ. મારી સહી ન હોય તો યે કાગળ મારો છે એમ વાંચનારને થાય એવી રીતે હું લખીશ. ભજનની છેલ્લી કડીમાં “ભણે નરસૈયો” ન આવે તોય ભજન નરસૈયાનું જ છે એવી પ્રીતિ આપોઆપ થાય એવી રીતે મારું જીવનકાવ્ય હું રચીશ.

કેટલું કરો છો એ નહીં, પણ કેવી રીતે કામ કરો છો એ મુદ્દાની વાત છે. કામની ‘વિપુલતા’ નહીં પણ ‘શ્રેષ્ઠતા’ સાધવાનો આદેશ છે. ફ્રાંસના અગ્રણી તત્ત્વચિંતક સાર્ત્રાની આગળ તેમના એક શિષ્યે ફરિયાદ કરી કે “આપે પ્રમાણમાં ખૂબ ઓછાં પુસ્તકો લખ્યાં છે.” ત્યારે એમણે જવાબમાં કહ્યું: “મેં લખ્યું છે તો ઘણું, પરંતુ મારા લખાણનો ફક્ત પાંચમો ભાગ પ્રસિદ્ધ કર્યો છે,” અને ઉમેર્યું: “જો મારાં બધાં જ લખાણો મેં પ્રગટ કર્યાં હોત તો મને આટલી ખ્યાતિ મળી ન હોત, અને તમે મારા શિષ્ય પણ ન હોત!” એ શ્રેષ્ઠતાએ એમને સાક્ષરોના કીર્તિમંદિરમાં સ્થાન અપાવ્યું.

શ્રેષ્ઠની ઉપાસના એ કલામાં ને વિજ્ઞાનમાં, ધર્મમાં ને જીવનમાં વિજય અપાવનાર મંત્રા છે. લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તો યે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય, તો યે હું સરખી રીતે વાંચીશ. ક્રિકેટ-મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી ‘મૈત્રી-રમત’ હોય, તો યે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહીં, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો ‘કલા ખાતર કલા’, દાર્શનિકો ‘કર્તવ્યબુદ્ધિ’ અને ધર્મગુરુઓ

'નિષ્કામ કર્મ' કહે છે; પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતનાં ભાષાંતર: કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ.

પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવે છે. એ ચોખાના દાણા અખંડ, અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પૂજારી નથી. આપણું જીવન પણ એક યજ્ઞ છે. દિવસે દિવસે, દાણે દાણે હૃદયમંદિરમાં બિરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકેએક કાર્ય વિશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દિલથી આગ્રહ ન હોય, તે સાચો જીવનપૂજારી નથી.

## આ મંદિરને શું થયું?

હું શ્રેષ્ઠતાનો ઉપાસક છું.

જ્યાં કોઈ પણ જાતનું કામ, કોઈ પણ જાતની કૃતિ, પછી એ મનની હોય, હાથની હોય, વિચારની હોય, બુદ્ધિની હોય કે મહેનતની હોય, પણ સાચી હોય; ધ્યાનથી સુરુચિથી, ભાવથી, કૌશલ્યથી બનેલી હોય એવી કોઈ પણ કૃતિ જોઉં ત્યારે મારું દિલ હરખાય અને મારું માથું નમી પડે. એ મારો ઇષ્ટદેવ અને એ મારી પ્રેરણામૂર્તિ.

હું સાચા કારીગરનો ભક્ત છું—પછી એ કડિયો હોય, લેખક હોય કે ભંગી હોય.

જે કોઈ માણસ પોતાનું કામ સારી રીતે શીખે, જાણે, કરે; જે ચૂક્યા વગર હંમેશાં પોતાના ધંધાનું કે ઘરનું કામ ચોકસાઈથી, મમતાથી, કુશળતાથી, પ્રામાણિકતાથી કરે એને મારાં વંદન અને એની મારે પૂજા. મારી આગળ એ સાચો સાધક અને એ સાચો સંત.

*

હું અમદાવાદમાં રહેવા આવ્યો ત્યારે નેહરુ પુલ તાજો બંધાયેલો હતો.

એ ગામનું નાક હતું, અને મને મારું પોતાનું ગૌરવ લાગતું. ગર્વ સાથે હું એની ઉપર ચાલતો, સાઇકલ ચલાવતો; એની ઉપરથી સાબરમતીનાં પાણી જોતો, રેતી જોતો.

જૂના-નવા શહેરની વચ્ચે એ વજ્રકાય સેતુ, આધુનિક ભગીરથ વિદ્યાનો એ ચમત્કાર અહોભાવ અને મમતા સાથે નિહાળતો રહેતો. પુરુષાર્થનું સ્મારક હતું, પ્રગતિનો સાક્ષી હતો.

નેહરુ પુલને વીસ વર્ષ પણ પૂરાં થયાં નથી, ત્યાં સમાચાર આવ્યા: પુલ પર તિરાડો પડેલી જણાઈ છે, એના બાંધકામમાં રહી ગયેલી ખામીઓને કારણે હવે સુધારા કરવા પડશે. વીસ વર્ષનું યુવાન સ્થાપત્ય ઘરડું થઈ ગયું હતું! જે પુરુષાર્થનું સ્મારક હતું, તે નબળાઈનો પુરાવો બન્યું છે. આ કરુણ સ્થિતિનું શું કારણ? નેહરુ તો વિજ્ઞાનના હિમાયતી હતા. વિકાસ અને પ્રગતિ માટે એમનો જીવનભરનો આગ્રહ હતો. માટે અમદાવાદમાં નવો આધુનિક પુલ બંધાયો ત્યારે જાણે સહજ પ્રક્રિયાથી એનું નામ નેહરુ પુલ પડ્યું. અને નેહરુજીનું નામ એના પર શોભતું હતું.

પણ આજે એ હવે લાજે છે.

આજની જાહેર બાંધકામની કૃતિઓ તો આધુનિક ભારતનાં મંદિરો છે, એવું નેહરુજી કહેતા.

તો આ મંદિરને શું થયું? આ આધુનિક મંદિર વીસ વર્ષ પણ સમારકામ વગર ન ટકી શકે? શું આ આપણી પેઢીનો સંકેત હશે? આપણા છીછરાપણાનું, બેધ્યાનપણાનું પ્રદર્શન હશે?

હજી નેહરુ પુલ પર ચાલું છું, સાઇકલ ચલાવું છું. પણ હવે હૃદયમાં ગૌરવ નથી, આનંદ નથી. પુલની બાજુમાં એનું નામ પોકારતી શિલા તરફ હવે હું જોતો નથી. હવે ફક્ત સામે કાંઠે બને તેમ જલદી પહોંચવાની ઇચ્છા રહે છે.

# આંધીમાં બુઝાયેલી જ્યોત

આધુનિક ગણિતમાં સૌથી ઊજળું નામ ‘સમૂહશાસ્ત્ર’ના શોધક ગાલોઆ નામના ફ્રેંચ વિદ્વાનનું છે. એમને એકવીસ વરસ પણ પૂરાં થયાં નહોતાં ત્યારે એમનું અવસાન થયું—અને તે એમના અસંયમી વર્તનને પરિણામે.

નિશાળમાં ઉચ્છૃંખલ, ઘેર કજિયાખોર, સમાજમાં બદનામ. બે વખત જેલ જઈ આવેલા. (પોતાનું ગણિતનું સંશોધન ઘણુંખરું જેલમાં કરેલું!) જેલમાં માંદગી આવતાં સારવાર માટે એમને હૉસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં એ શરીરે સાજા તો થયા, પણ એક નર્સની સાથે એમનો અઘટિત સંબંધ બંધાયો. નર્સના પતિએ એ લાંછન ધોવા ગાલોઆને દ્વંદ્વયુદ્ધનો પડકાર ફેંક્યો. તેમાં પેટમાં ગોળી વાગતાં ગાલોઆનું બીજે દિવસે મોત નીપજ્યું.

આગલી રાત્રે ગાલોઆએ મિત્રો ઉપર બે પત્રો લખ્યા હતા: એકમાં પોતાની અદ્ભુત ગણિતિક શોધો ટૂંકમાં સમજાવીને, એ કોઈ પ્રખ્યાત ગણિતશાસ્ત્રીને પહોંચાડવાની વિનંતી હતી. ઉચ્ચ ગણિતની જે શાખા આજે ‘અરૂપ બીજગણિત’ને નામે ઓળખાય છે, તેની રૂપરેખા તેમાં હતી.

બીજા પત્રમાં ગાલોઆએ પોતાનું હૃદય ઠાલવ્યું હતું: “મારું જીવન એક કરુણ ફારસ બનીને નષ્ટ થાય છે. આટલી યુવાન વયે મરવું, આટલી તુચ્છ વસ્તુ માટે મરવું, આટલી અદ્ભુત શોધો છોડીને મરવું… કેવો તિરસ્કાર છૂટે છે!”

વિજ્ઞાન-આકાશની એ જ્વલંત જ્યોત એકવીસ વરસની કાચી ઉંમરે બુઝાઈ ગઈ—વાસનાની આંધીમાં. જો ગાલોઆ બીજાં વીસ વરસ જીવ્યા હોત, તો ગણિતના ઇતિહાસનાં વહેણ જુદાં વહ્યાં હોત!

# દિલનો અજંપો

જમ્યા પછી હું મારા રૂમ પર જતો હતો. બપોરનો તાપ હતો, એટલે થોડો આરામ કરવાનો વિચાર હતો. મકાનમાં કંઈક કામ ચાલતું હતું, અને એ કામ કરનારા બે-ત્રણ મૂજરો પણ બપોરના તાપને માન આપીને ટિફિનનું ભોજન કર્યા પછી આરામ કરતા હતા. એમાંનો એક બરાબર મારા રૂમના બારણાની આગળ લાંબો થઈને સૂતો હતો. એને કોઈ સ્પર્શ કે વિક્ષેપ ન થાય એ કાળજીથી મેં તાળું ખોલ્યું અને બરાબર સાચવીને, એના ઉપર થઈને હું ધીરેથી અંદર ગયો.

પછી અંદરથી બારણું બંધ કર્યું, અને સૂવાનો વિચાર કર્યો. પણ મનમાં બીજો વિચાર હતો. મારા રૂમની બહાર સૂતેલા અને ઊંઘી ગયેલા મજૂરનો વિચાર મનમાં હતો. બારણું બંધ હતું. પણ એનું ચિત્ર તો મનની આગળ હતું. અને એ ચિત્ર જોઈ જોઈને મનમાં અનેક જાતના વિચારો આવવા લાગ્યા.

*

એક રીતે તો એની અદેખાઈ આવી. એ નિરાંતે ઊંઘતો હતો. ભોંય પર સૂઈને, કંઈ ઓઢયા-પાથર્યા વગર, માથાની નીચે હાથ મૂકીને ઊંઘતો હતો. વળી લોકો આવે, જાય, અવાજ થાય, ન થાય—એની પરવા કર્યા વગર તે ઊંઘતો હતો. મને તો ગાદલું ન હોય અને ઓશીકું (નરમ) ન હોય અને કંઈક ઓઢવાનું ન હોય તો ઊંઘ જ ન આવે. અને બહાર અવાજ થાય તો ઊંઘ ઊડી જાય. એ મજૂરના મનમાં હાલ કોઈ ચિંતા નહોતી એટલે એ નિરાંતે ઊંઘી શકતો હતો. એની પાસે કોઈ કીમતી વસ્તુ નહોતી કે ચોરની બીક લાગે, કોઈ અગત્યનું કામ કરવાનું નહોતું કે ઉતાવળ ને ચિંતા થાય. સવારે કામ કર્યું હતું અને બપોરે કરશે, અને જેટલું થાય તેટલું થશે, અને આજે ન થાય તે કાલે થશે એટલે ચિંતા નથી, અને નિરાંતે ઊંઘી શકાય. કોઈ ઘેનની ગોળીઓ લેવાની જરૂર નથી. કોઈ ખાસ તૈયારી કરવાની જરૂર નથી. જ્યાં છે ત્યાં સૂઈ જાય અને ઊંઘ આવે. એટલે મારા

કરતાં એ વધારે સ્વતંત્રા છે, કારણ કે એને ઓછી વસ્તુઓની જરૂર છે. ઊંઘ તો કુદરતનું વરદાન છે, માટે એના ઉપર કુદરતની વિશેષ કૃપા છે એ ફલિત થયું. એટલે એ રીતે થોડી અદેખાઈ તો આવી. સાદાઈનો આશીર્વાદ હતો. ગરીબાઈની મુક્તિ હતી.

પણ એથી મનને સંતોષ ન થયો. એની સાદાઈ સાચી અને એની ગરીબાઈ આશીર્વાદરૂપ; પણ એ તો હું સારી સગવડભરી રૂમમાં બેસીને અને સારું ભોજન જમી આવીને કહું છું. એને માટે એ સાદાઈ અને એ ગરીબાઈ તો ફરજિયાત છે, બંધનરૂપ છે. એ એણે પસંદ કર્યાં નથી, સહન કરવાં પડે છે. એનું ટિફિન મેં જોયું છે. એનાથી એક નાના છોકરાને પણ પૂરું ન પડે. અને એ લઈને એને આખો દિવસ મજૂરી કરવી પડે છે. એ ગરીબ છે, એની પાસે કશું નથી. એની પાસે કશું નથી એ એનું સદ્‌ભાગ્ય નથી, લાચારી છે. એ મારા રૂમની બહાર સૂતો છે અને હું અંદર બેઠો છું. મારી પાસે ઘણું છે, કંઈ નહિ તો જોઈએ એટલું બધું છે. ખુશ જીવન છે, આરામ છે. પછી દિલમાં શાંતિ કેમ રહે?

*

દિલમાં અજંપો છે. સાદાઈ માટે પહેલેથી જ તો આકર્ષણ છે. સાધના માટે ત્યાગ જોઈએ, આધ્યાત્મિકતા માટે અપરિગ્રહ જોઈએ એ ખબર છે, એટલે એ પ્રયત્ન પણ છે. ઓછું લઈને જીવવું, ઓછી જરૂરિયાતો, ઓછો ખર્ચ. પૈસાનો વ્યવહાર નહિ, સંગ્રહ કરવાની વૃત્તિ નહિ. અને તોય અનેક ચીજો વળગી જાય, ટેવો પડી જાય. આ જોઈએ છે, અને તે વિના ન ચાલે. આખરે આપણે કામ કરવાનું છે ને! આપણે ક્યાં વૈરાગી બાવા છીએ કે એક લંગોટી ને એક દંડ લઈને ફરીએ! કૉલેજમાં ભણાવવાનું છે એટલે કપડાં જોઈએ અને પુસ્તકો જોઈએ, અને પુસ્તકો રાખવા માટે કબાટ જોઈએ, અને કબાટને માટે રૂમ જોઈએ, અને રૂમમાં થોડી વ્યવસ્થા જોઈએ ને થોડી સગવડ જોઈએ. એટલે નાનકડો સંસાર બંધાય અને પરિગ્રહ જામે. સાદાઈનો આદર્શ છે. થોડોક અમલ છે, ઘણી ખામીઓ છે, માટે દિલનો અજંપો રહે છે. સાધનાને પંથે જેમ

સામાન ઓછો, તેમ જલદી આગળ વધી શકાય એ સિદ્ધાંત છે. એ અનુભવ છે. અને તેથી જીવન બને તેમ સાદું બનાવવા સતત જાગૃતિ છે અને પ્રયત્ન છે. પણ બીજું કારણ પણ છે. આધ્યાત્મિક સાધના અને અંગત પ્રગતિ ઉપરાંત જીવનમાં સાદાઈ અને સરળતા લાવવા માટે બીજું કારણ પણ છે. અને એ પણ તાકીદનું અને અગત્યનું છે. એ કારણ તો મારા રૂમની આગળ સૂતેલો એ અકિંચન મજૂર છે. ગરીબ લોકો છે. દુનિયાની આર્થિક વિષમતા છે.

ધર્મનો સંદેશ દયાનો અને સેવાનો છે, પ્રેમનો અને એકતાનો છે. બધા માણસો ભાઈઓ અને બધા સમાન. બધા એક જ કુળના અને એક જ કુટુંબના. હા, પણ પછી એક મહેલમાં અને એક ઝૂંપડીમાં, એક મિલનો માલિક અને એક મિલનો મજૂર, એક ધરાઈને ખાય અને બીજો ભૂખે મરે. એ ભાઈઓ કેવા? અને એ ધર્મ કેવો?

બધા એકસરખા હોવા જોઈએ એમ તો નથી. કંઈક ઊંચે, કંઈક નીચે; કંઈક મોટા, કંઈક નાના. બધા અવયવો સરખા હોય તો દેહ નહિ થાય. બધાં પાત્રો સરખાં હોય તો કથાવસ્તુ નહિ જામે. અમુક ભિન્નતા જોઈએ, અમુક ફેર જોઈએ. અને રહેશે. પણ આટલો ફેર તો નહિ. આટલું અંતર તો નહિ. એક પગથી ઉપર સૂઈ જાય અને બીજો પંખાની નીચે સુંવાળી પથારીમાં સૂઈ જાય, એમ તો નહિ. એક અભણ રહે અને બીજો પરદેશ અભ્યાસ કરવા જાય, એમ પણ નહિ. વિષમતા છે એ મટાડવાની છે. અન્યાય છે એ દૂર કરવાનો છે.

*

મારા વર્ગમાં થોડા કરોડપતિઓના દીકરાઓ બેઠા છે. કેટલાક ગરીબ છોકરાઓ પણ છે. એમને હમણાં જઈને ભણાવવાનું થશે. ફરીથી મારા રૂમની આગળ સૂતેલા એ મજૂરના ઉપર થઈને હમણાં એ છોકરાઓને ભણાવવા વર્ગમાં જવાનું થશે. ભણાવવાનું તો ગણિત છે અને ગણિત બધાને માટે સરખું છે. એટલે હું આંખ આડા કાન કરી શકું, અને આગળ કોણ કોણ બેઠા છે એ તરફ ધ્યાન આપ્યા વગર નિર્લેપ ભાવે ગણિતનો પાઠ ચલાવી શકું, અને એમાં મેં મારી

ફરજ પૂરી કરી એનો સંતોષ લઈ શકું. ગણિતનો વર્ગ છે. વિજ્ઞાનની તટસ્થતા છે. હા, પણ શિક્ષણનું કામ પણ છે. સંસ્કારોનું કામ છે. એ સંદેશ પણ આપવો જોઈએ. એ જાગૃતિ પણ કરાવવી જોઈએ. એ ભાવના પણ પેટાવવી જોઈએ. ગણિતના સમીકરણોમાં એવું ન જુએ તો ગણિતશિક્ષકના જીવનમાં જુએ. પાઠ્યપુસ્તકોમાં ન આવે તો શિક્ષકના વર્તનમાં આવે. સામે એ સુખી કુટુંબના છોકરાઓ બેઠા છે. એમને એ ખ્યાલ પહોંચવો જોઈએ, એ બોધ મળવો જોઈએ કે પોતે સુખી છે તો ભગવાનનો આભાર માને; પણ ઘણા સુખી નથી, સાવ ગરીબ છે, અકિંચન છે, કંગાલ છે એનો ખ્યાલ રાખે. અત્યારથી એમના દિલમાં એ જવાબદારી જાગવી જોઈએ, એ ચિંતા થવી જોઈએ. ગરીબોની સેવા કરવા, મજૂરોની સ્થિતિ સુધારવા, સમાજના અન્યાય મિટાવવા, દુનિયાનાં અંતર ઘટાડવા અમારે શું કરવું? આજથી એ સંસ્કારો પડે તો આગળ ઉપર કંઈક કરશે. પણ આજે જો એ ધનવાનના દીકરાઓ આરામથી જીવે, લહેરથી ફરે, સામાજિક પ્રશ્નો ઉપર ધ્યાન ન આપે, ગરીબોની સામે નજર ન કરે—તો આવતી કાલે તેઓ એમનું શોષણ કરતા રહેશે, અને સમાજનાં અંતરો ઘટવાને બદલે વધતાં જશે.

એમાં મારી જવાબદારી લાગે. કંઈ નહિ તો મારા જીવનમાં અને વર્તનમાં, સંકેતમાં અને ભાવનામાં તેઓ જો સાદાઈ જુએ, જો એ સ્વેચ્છાથી સ્વીકારેલી ને અપનાવેલી ને વધાવેલી ગરીબાઈ જુએ, જો અપરિગ્રહ અને ત્યાગ જુએ, જો ગરીબોને માટે પ્રેમ અને ચિંતા અને સેવા અને દયાના ભાવ જુએ, તો પેલા બીજા પાઠની સાથે આ મહત્ત્વનો પાઠ પણ આવશે, આ સિદ્ધાંત બેસશે, આ સંસ્કાર પડશે, અને એ પ્રેરણાથી એમનું જીવન સુધરશે, અને એમનું જીવન સુધરવાથી આગળ ઉપર સમાજની સ્થિતિ સુધરશે. માટે જ એ અજંપો છે. એ અધીરાઈ છે. પોતાની જાતથી અસંતોષ છે. કંઈક વધારે કરવું જોઈએ, જેથી જીવન વધારે સરળ બને, વધારે સાદું બને, અને એ સંદેશ એ વિદ્યાર્થીઓને પહોંચે, એ સમાજને પહોંચે, અને નવી વ્યવસ્થા લાવવા અને સાચી સમાનતા લાવવા બધા એક સાચો ને અસરકારક પ્રયત્ન

કરીએ. એ અજંપો છે, અને એ અજંપો શુભ છે. એ હશે એટલે વધુ કરવા પ્રેરશે, નવું કરવાની ફરજ પાડશે.

એ અજંપો છે એ ભગવાનની કૃપા છે, અને એ રહે અને વધે અને કંઈક કરાવે અને ક્યાંક લઈ જાય એ અત્યારથી ભગવાનને દિલથી પ્રાર્થના છે.

અને ભગવાન એ પ્રાર્થના સાંભળશે, સાંભળી રહ્યો છે. એ યાદ દેવરાવવા અને એ લાગણી સળગાવવા અને એ અજંપો કરાવવા એ એવા પ્રસંગો આપશે, એવાં દૃશ્યો જોવરાવશે, એવા અનુભવો કરાવશે. હા. આજની જેમ એવા ગરીબ લોકોને, એવા મજૂરોને મોકલશે અને આપણી આગળ રસ્તામાં સુવાડશે.

એ મજૂર હજી ત્યાં સૂતો છે. મારો આરામનો સમય તો પૂરો થયો છે. મને ઊંઘ આવી નથી. એને તો બરાબર આવી છે. હજી ઊંઘે છે. ને મારે તો પેલા છોકરાઓને ભણાવવા જવાનું છે. રૂમનું બારણું ધીરેથી ઉઘાડીશ. ધીરેથી બંધ કરીશ. સંભાળીને એના સૂતેલા શરીર ઉપર થઈને પસાર થઈશ. અને રસ્તામાં ભગવાનને પ્રાર્થના કરતો જઈશ કે પેલો અજંપો મારા દિલમાં જલતો રાખે.

## ઉપાય

દાંત દુખતો હતો ત્યારે દાંતના ડોક્ટરની પાસે જવાની જરૂર જણાઈ. જવાની તૈયારી પણ કરી, પણ એટલામાં દુખાવો ઓછો થઈ ગયો હતો, લગભગ સાવ શમી ગયો હતો. એટલે ડોક્ટરની પાસે જવાનું માંડી વાળ્યું. એમ તો દાંતના ડોક્ટરની પાસે જવું કોઈને ગમતું નથી, ને હવે તો દુખાવો ગયો હતો એટલે ખોટો ધક્કો ખાવા જવું નથી એમ પણ લાગ્યું એટલે જવા દીધું. કુદરતને પોતાનું કામ કરવા દઈએ તો કુદરત જ દુખાવો મટાડી આપે ને! એટલે દુખાવો ગયો.

પણ બીજે દિવસે દુખાવો પાછો આવ્યો. એ જ દાંતે ને એ જ

રીતે ને થોડો વધારે તીવ્ર. થયું: હવે ચોક્કસ ડોક્ટરની પાસે જવું પડશે. પણ એકદમ જવું તો અનુકૂળ ન હતું. સાંજે જવાનું નક્કી કર્યું, પણ સાંજ સુધીમાં દુખાવો ફરીથી ગુમ થયો હતો અને ભુલાઈ ગયો હતો એટલે ડોક્ટરનો ફેરો પણ રહી ગયો. આમ રમત થોડા દિવસ ચાલી. દુખાવો, નિર્ણય, શમન, વિસ્મરણ. છેવટે એક દિવસ દુખાવો ઉગ્ર બન્યો ને ગયો નહીં ને ઊંઘવા પણ ન દીધો ને કામ કરવા પણ ન દીધું, એટલે દાંતના ડોક્ટરની પાસે જઈને ઉપાય કર્યો.

માણસનો એવો સ્વભાવ છે, ન છૂટકે ઉપાય કરે. વિલંબ કરે, આળસ કરે, વાયદા મૂકે, ચલાવી લે, ભુલાવી દે, ધકેલી દે. છેવટે સહન ન થાય ત્યારે ડોક્ટરની પાસે જાય. દાંતના ઉપાય માટે પણ અને દિલના ઉપાય માટે પણ.

દિલનો ઉપાય ભગવાન પાસે છે. પણ ભગવાનની પાસે જવાની માનવીને ફુરસદ નથી. દિલ દુખવા માંડે ત્યારે વિચાર કરે: ભગવાન પાસે જાઉં. પણ વિચાર જ છે. જીવનમાં દુ:ખ આવે, વિયોગ થાય, આફત પડે ત્યારે માનવીને જરૂર ખ્યાલ આવે કે ભગવાન પાસે જવું જોઈએ. જવાનો નિર્ણય પણ કરે છે, પણ દુ:ખ ઓછું થાય, પ્રસંગ વીસરી જાય. જિંદગી આગળ ચાલે—અને ભગવાનને મળવાનું રહી જાય. છેવટે ન છૂટકે, મોટું દુ:ખ આવે, એ જતું ન રહે અને કામ કરવા ન દે ને જીવવા જ ન દે ત્યારે માણસ ભગવાનની પાસે જાય અને ધર્મનો ઉપાય શોધે. એ માનવીનો સ્વભાવ છે. મોડો જાય. ન છૂટકે જાય. દુ:ખ અસહ્ય બને ત્યારે જાય.

કહે છે કે દાંતમાં કોઈ પણ તકલીફ ન હોય તોપણ દાંતના ડોક્ટરની પાસે તપાસ માટે નહિ નહિ તો વરસમાં બે વખત જવું હિતાવહ છે. એમ કરવાથી દાંતની ઘણી તકલીફોમાંથી માણસ બચી જાય છે. ડાહ્યા માણસો એમ કહે છે. ભગવાનની પાસે પણ વારે વારે જવાથી—વિશેષ દુ:ખ ન હોય તોપણ—માનવીને લાભ થાય, એમ પણ અનુભવી કહે છે.

# શબ્દથી મૃત્યુ: શબ્દથી પ્રેમ

શબ્દો ઘાતક છે, અને શબ્દો હકીકતમાં માણસને જાનથી પણ મારી શકે છે, એવાં ઉદાહરણો આપવાનો છું. આ એક દુ:ખની કહાણી છે અને એ લખતાં મને કષ્ટ પડે છે; પણ શબ્દોની અમંગળ શકિત અને અઘોરી જુલમ બતાવવા એ સાચી અને મર્મભેદી કથા છે, એટલે એ કહેવાની હિંમત કરું છું. લોકો વસ્તુ જોતા નથી, નામ જ જુએ છે. માણસો ભગવાનના ઉપાસકો નથી, ભગવાનના નામના જ ઉપાસકો છે. ભગવાન ગયો અને ભગવાનનું નામ જ રહ્યું. એમાં દુ:ખ એ આવ્યું કે ભગવાનનાં નામ ઘણાં હોવાથી હવે વચ્ચે વચ્ચે સંઘર્ષ થાય છે અને ભગવાનનું નામ લઈને લોકો બીજા ભગવાનનું નામ લેનારા લોકોને મારી નાખે છે. શબ્દોનો એ અંતિમ અત્યાચાર છે.

હિંદુ-મુસ્લિમ રમખાણ. ક્યારે? એટલાં થયાં છે કે વર્ષ યાદ નથી. ઈસુએ તો ચેતવણી આપી હતી: “પોતે ભગવાનની સેવા કરી રહ્યા છે એમ માનીને જ લોકો તમને મારી નાખશે.” (યોહાન, ૧૬-૨) અભાગી ભવિષ્યવાણી સાચી પડી. આજે યુરોપમાં ખ્રિસ્તીઓની વચ્ચે, મધ્યપૂર્વમાં મુસ્લિમોની વચ્ચે, અને ભારતમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ઘાતક સંઘર્ષો થાય છે.

એમાં એક ઘાતકી રમત. હિંદુઓના ટોળામાં એક મુસ્લિમ આવી જાય. ટોળું કહે: “ભગવાન બોલો.” મુસ્લિમ બોલે: “ખુદા.” અને એનો જીવ જાય. બીજા ખૂણામાં બીજો દાવ ખેલાય. મુસ્લિમોના ટોળામાં હિંદુ આવી જાય. ટોળું કહે: “ખુદા બોલો.” હિંદુ બોલે: “ભગવાન.” અને એનો જીવ જાય. બંને પક્ષો થાકી જાય ત્યાં સુધી એવી રમત રમાય.

ભગવાન-ખુદાની રમત. એ શબ્દો લખતાં જ કેવો ઘેરો મૂંગો આઘાત દિલમાં અનુભવાય છે! સૌથી પવિત્ર ભાવના અને સૌથી ભયંકર નિષ્ઠુરતા. જીવનદાતાના નામે મોત. ધર્મના નામે મોત.

ઈશ્વર તો એક જ છે. ભગવાન, ખુદા, ગોડ એક જ પરમ તત્ત્વનાં જુદાંજુદાં નામો છે. અને બધાં મળીને એ પરમ તત્ત્વની જુદીજુદી

ઝલક પ્રગટ કરતાં જાય. પરંતુ અહીં તત્ત્વ કરતાં શબ્દ વધારે મહત્ત્વનો બને. વસ્તુ કરતાં એનું નામ વધારે કીમતી લાગે. અને એ નામ હવે એ પરમ તત્ત્વનું નહીં પરંતુ એક પ્રજા, એક સંસ્કૃતિ, એક પક્ષ, એક મોરચાનું બની જાય.

એ અમંગળ સ્મરણ ભૂંસવા ઈશ્વરના નામની બીજી અને હવે તો હૂંફાળી વાત અહીં કરવી છે. સન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે અથડામણ થઈ ત્યારે સ્થાયી શાંતિ સ્થાપવા માટે ભારતના વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાન રશિયાના તાશ્કંદ શહેરમાં મળ્યા, અને દિવસો સુધી ખંતથી કામ કરીને છેવટે ઉભય પક્ષે માન્ય એવા શાંતિકરાર ઉપર સહી કરીને જંપ્યા. મિલનનો છેલ્લો દિવસ હતો. એક યુદ્ધ લડ્યાનો શ્રમ અને શાંતિ લાવ્યાનો પરિશ્રમ સૌ અનુભવતા હતા. સાથે સાથે સુખદ અંતનો સંતોષ સૌના હૃદયમાં હતો, અને વિશેષ તો જાગ્રત, સૌમ્ય, સ્થિર, નમ્ર, ગૌરવવંતા અને શાંતિપ્રિય શાસ્ત્રીજીના હૃદયમાં. મોડી રાત થઈ ગઈ હતી. હવે રાતના વિશ્રામ માટે છૂટા પડવાના હતા, અને બીજે દિવસે સવારે પોતપોતાના દેશ જવા સૌ રવાના થઈ જવાના હતા. છેલ્લી રાતની એ છેલ્લી ઘડીએ બંને રાજપુરુષો એકબીજાની સામે ઊભા રહ્યા અને હાથ મિલાવવા લાંબા કર્યા, ત્યારે શાસ્ત્રીજીએ સહજ સ્ફુરણાથી સુંદર શબ્દો ઉચ્ચાર્યા. એમ તો તેઓ ખાલી રોજ વાટાઘાટોમાં વપરાતી અને સૌને પરિચિત ને સૌની વચ્ચે તટસ્થ એવી અંગ્રેજી ભાષા વાપરીને "ગૂડ નાઈટ" કહી શક્યા હોત. પણ ભારતના વડા પ્રધાન, ભક્તિમય હિંદુ શાસ્ત્રો જાણનાર માનનીય 'શાસ્ત્રી' મુસ્લિમોની રીતો પણ જાણતા હતા, અને મુસ્લિમો પરસ્પર અભિવાદન કરવા જે શબ્દો વાપરે છે તે એમણે એ વિરલ મુહૂર્તે વાપરવાનું પસંદ કર્યું. એમણે પાકિસ્તાનના પ્રમુખ સામે જોયું, એમનો હાથ પોતાના હાથમાં લીધો, સ્મિત કર્યું અને કૂણા ભાવથી દુવાના શબ્દો ઉચ્ચાર્યા: "ખુદા હાફિજ." મુસ્લિમ પ્રમુખ આશીર્વાદના શબ્દો તરત ઓળખી ગયા અને કદર સાથે, આનંદ સાથે, શ્રદ્ધા સાથે પુણ્યશબ્દોના અરીસાનો પડઘો પાડીને સહજ વાક્ય

બોલ્યા: “હાફિજ ખુદા.”

એ શબ્દોનું સ્થાન હવે ઇતિહાસમાં છે. એક શાણા, ભલા, કુશળ, ઉદાર માનવીના છેલ્લા શબ્દો તરીકે એ માનવ-ઇતિહાસના અનંત ગ્રંથમાં નોંધાયેલા છે. એ દિવસો ને એ મહિનાઓના શ્રમનો ભાર શાસ્ત્રીજીના નાજુક બંધારણ ઉપર આવ્યો, અને ત્યાં ને ત્યાં એમનો દેહ તૂટ્યો. બીજે દિવસે સવારે સ્વદેશની યાત્રા કરવા એમને લેવા ગયા ત્યારે હૃદયના ઘોર હુમલાથી એઓ પથારીમાં જ મૃત્યુ પામેલા મળ્યા. યુદ્ધમાં તેઓ અણનમ રહ્યા હતા, શાંતિ-સુલેહ માટે ઇંતેજાર રહ્યા હતા, અને અલવિદાના સૌમ્ય હૂંફાળા શબ્દો વાપરવા જાગ્રત અને સંવેદનશીલ પણ બન્યા હતા. એમના હોઠ પર “ખુદા” એ શાંતિ અને પ્રેમની સંજ્ઞાવાળો શબ્દ બન્યો. એવો જ રહો!

['શબ્દલોક' પુસ્તક]

# મેળાવડો

છોકરાની પાંચમી વરસગાંઠે એની મમ્મીએ ઘેર સારો મેળાવડો ગોઠવ્યો હતો. છોકરાંઓ આવ્યાં, એમની મમ્મીઓ આવી; સારું ખાવાનું મળ્યું, સારું પીવાનું મળ્યું, ટોપીઓ મળી, ફુગ્ગાઓ મળ્યા, સિસોટીઓ મળી, જાતજાતની મઝાની રમતો રમાઈ.

આનંદની ધમાલની વચ્ચે પાંચ વર્ષના છોકરાએ એની મમ્મીની પાસે જઈને પૂછ્યું: “મમ્મી, આ બધું પૂરું થાય ત્યારે રમવા જઈ શકીશું ને?”

['પ્રસન્નતાની પાંખડીઓ' પુસ્તક]

# વાગ્યજ્ઞ

મેં જિંદગીમાં એક મોટી ભૂલ કરી છે, જેનું પૂરું ભાન હમણાં હમણાં મને થવા માંડ્યું છે. કોલેજમાં ભણાવવા માટે મેં ગણિતનો વિષય લીધો, એ જ ભૂલ. જોકે ખરું જોતાં મેં એ લીધો નહીં, મારી પાસે લેવરાવ્યો. મારું આજ્ઞાપાલનનું વ્રત છે, એટલે સંઘના ઉપરીઓ મને આજ્ઞા કરે એ પ્રમાણે મારે વર્તવાનું હોય છે; એટલું જ નહીં પણ એમની આજ્ઞા ભગવાનની આજ્ઞા છે એમ સમજીને પાળવાની છે, અને એમાં કોઈ ભૂલ હોય તો ભગવાન એ સુધારશે અને વાંકાને સીધું બનાવશે એવી શ્રદ્ધા રાખવાની છે.

મેં સ્પેનમાં ગ્રીક ભાષામાં અને તત્ત્વજ્ઞાનમાં ડિગ્રીઓ મેળવી હતી, એટલે ભારતમાં આવીને કોલેજમાં ભણાવવા મારે બીજી ડિગ્રી લેવાની હતી ત્યારે હું સંસ્કૃત અથવા ગુજરાતી લઉં તો સારું એવી નમ્ર સૂચના મેં કરી. તોય કોલેજ તો અમદાવાદમાં થવાની હતી; અમદાવાદમાં સંસ્કૃતના અને ગુજરાતીના ઉત્તમ અધ્યાપકો મળી શકે, જ્યારે ગણિતનો વિષય તો અઘરો છે અને અગત્યનો છે, માટે એની ખાતરી કરવા માટે વિશ્વાસના માણસને ત્યાં બેસાડીએ એ ખ્યાલથી મને મદ્રાસ યુનિવર્સિટીમાં ગણિત લેવાનું કહ્યું. આજ્ઞા માથે ચડાવીને મેં ગણિત લીધું અને વર્ષો સુધી નિષ્ઠાથી ને ઉત્સાહથી કોલેજમાં ભણાવ્યું. હવે, ઉપરીઓની આજ્ઞા કામ તો કરાવી શકે, પણ મનની રુચિ બદલાવી ન શકે. મારા મનમાં સાહિત્ય, ભાષા, શબ્દો માટેની રુચિ હતી તે એમ ને એમ રહી. મેં ગણિતને બદલે ગુજરાતી અથવા સંસ્કૃત લીધું હોત તો મારી એ કુદરતી રુચિ ખીલી જાત અને આખી જિંદગી એ પ્રિય વિષયની પાછળ આપી શકત. ગણિતની ફરજ તો પાળી, પણ પહેલી જ તકે રાજીનામું આપ્યું અને દબાયેલ સાહિત્યના શોખને બહાર આવવા દીધો. ભગવાન ઉપરીઓની ભૂલો સુધારે છે કે કેમ એ ખબર નથી, અને ભૂતકાળની સાથે ઝઘડવામાં માલ નથી એ વાત નક્કી, માટે હું વસવસો રાખતો નથી ને કોઈને દોષ દેતો નથી; પણ મને ગણિત

લેવરાવવાનો નિર્ણય ખોટો હતો એ પણ સંકોચ વગર કહું છું.

મારો વિચાર કરું ત્યારે મારે માટે નવાઈની વાત એ છે કે આ વાત આટલી સ્પષ્ટ હોવા છતાં વર્ષો સુધી હું એ જોવા, સમજવા, સ્વીકારવા તૈયાર નહોતો, અને હમણાં હમણાં જ એ મને દેખાઈ અને એ કબૂલ કરવાની હિંમત આવી. મેં ભૂલ કરી છે, મારાં જીવનનાં ઉત્તમ વર્ષો ખોટા વ્યવસાયમાં ખર્ચાયાં, બીજું ક્ષેત્ર મેં પસંદ કર્યું હોત તો કંઈક વધારે કરી શકત—એ સ્વીકારવાની ઇચ્છા નથી. માટે ભૂતકાળનો બચાવ થાય, ગણિતનો નિર્ણય સાચો હતો એમ શ્રદ્ધાથી કહેવાય, એથી અનેક લાભ મળ્યા છે એની ખાતરી અપાય, ઉપરીઓને, આજ્ઞાપાલનને, સંસ્થાને, પોતાની જાતને, સૌને સારું લગાડવાનો પ્રયત્ન થાય. પ્રયત્ન વ્યર્થ છે. ધર્મનો ગમે તેટલો ઓપ ચડાવાય તોય હકીકત તે હકીકત, અને ભૂલ તે ભૂલ. એ જોતાં મને બહુ વાર લાગી. એથી કોઈ રોષ નહીં ને અફસોસ નહીં. મારું જીવન જેવું છે અને મારો ભૂતકાળ જેવો બન્યો તેવાં જ સ્વીકારું છું. સાથે સાથે એ કહેવાની ચોકસાઈ રાખું છું કે મારે માટે ગણિતના માર્ગ કરતાં સાહિત્યનો માર્ગ વધારે યોગ્ય હતો.

ગણિતમાં મઝા નથી પડી, એમ નથી. પડી. હા, અને સાહિત્ય લીધું હોત તો કદાચ અણધાર્યાં વિઘ્નો આવત અને આટલી સફળતા ન પણ મળત. સંભવ છે. પણ રસનો વિષય તો મળ્યો હોત, અને રસ તો જબરો કામ કરાવનાર છે. મને ભાષાઓ ગમે છે, સાહિત્ય ગમે છે, વ્યાકરણ ગમે છે, શબ્દો જ ગમે છે. જિંદગીના લાંબા ગાળા પછી મન મૂકીને શબ્દોની પાસે આવી શકું અને એમની મૈત્રી પૂરા દિલથી માણી શકું એ મારો અત્યારનો એક ધન્ય અનુભવ છે.

['શબ્દલોક' પુસ્તક]

# આંધળા

બે ભારતીય લેખકોની આ વાત છે. વેદ મહેતા આંધળા છે, તોય એ ‘ધ ન્યૂ યોર્કર’ અઠવાડિકના અગ્રગણ્ય કટારલેખક છે, સૂક્ષ્મ વર્ણનશકિત ધરાવે છે અને પૂરી વિગતો સાથે લખે છે. જ્યારે વિદ્યા નાઇપોલ સાહિત્યના નોબેલ પારિતોષિક વિજેતા છે અને ગંભીર સ્વભાવ ને ઠાવકા મોં માટે પ્રખ્યાત છે.

એક અમેરિકનને વિશ્વાસ નહોતો કે વેદ મહેતા આંધળા છે. તે આટલી ચોકસાઈથી લખે છે તો સાવ આંધળા તો હોઈ ન શકે, એમ એ અમેરિકન ભાઈ માનતો. એટલે એણે પોતાના એક ભારતીય મિત્રને વિનંતી કરી કે વેદ મહેતા ક્યાંક જાહેર પ્રવચન કરવાના છે ત્યાં એને લઈ જાય. વેદ મહેતા બોલતા હતા એમાં એ અમેરિકન ભાઈ કોઈ પણ અવાજ કર્યા વગર એની સમક્ષ ગયો, હાથ એના મોંની સામે ધરીને ચાળા કરવા લાગ્યો. બધું કર્યું, પણ વક્તા બોલતા હતા એવી જ શાંતિથી બોલતા રહ્યા અને એને કોઈ ખલેલ પડી હોય એમ લાગ્યું નહિ.

ત્યાંથી પાછા વળતાં અમેરિકન ભાઈએ પોતાના મિત્રને કહ્યું: “વેદ મહેતા ખરેખર આંધળા છે અને એમને કશું દેખાતું નથી એનો મને પૂરો વિશ્વાસ બેઠો છે.”

ભારતીય મિત્રે જવાબ આપ્યો: “પણ આ તો વેદ મહેતા નહોતા; વેદ મહેતા તો પાછળથી બોલવાના હતા. આ તો વિદ્યા નાઇપોલ હતા!”

[‘પ્રસન્નતાની પાંખડીઓ’ પુસ્તક]

# જોખમ

યુદ્ધ પૂરું થયું હતું. ગામનાં ક્ષેત્રોમાં હવે શાંતિ હતી. સૈનિકો ગયા હતા, તોપો દૂર લઈ જવામાં આવી હતી, વિમાનો હવે આકાશમાં

ઊડતાં ન હતાં, બૉંબના ધડાકા સંભળાતા ન હતા. હવે યુદ્ધ નહોતું, પણ યુદ્ધના અવશેષો તો રહ્યા હતા.

ગામનાં ખેતરોમાં ભૂમિના અંતરમાં અસંખ્ય સુરંગો દટાયેલી હતી. યમદૂતોનું લશ્કર. મૃત્યુનાં સંતાડેલાં સાધનો. એક ડગલું, એક સ્પર્શ, એક ખીલો, એક તાર અને એક ભડાકો થાય, એક દેહ ઊડી જાય, એક પગ કપાય. યુદ્ધ ગયું હતું પણ મૃત્યુનો ભય રહ્યો હતો.

એનું એક પરિણામ આવ્યું. ગામના લોકો જાણતા હતા કે પગલે પગલે મોત આવી શકે. જીવન ક્ષણભંગુર છે એ તેઓ તો જાણતા હતા, અત્યારે એવું અનુભવતા હતા, અને તે પ્રમાણે વર્તવા લાગ્યા. ગમે તે ક્ષણે જીવનનો અંત આવી શકે, પછી પરિગ્રહનો શો અર્થ, લોભનો શો અર્થ, ગુસ્સાનો શો અર્થ, હરીફાઈનો શો અર્થ? ગમે ત્યારે જઈ શકીએ, એટલે સૌના આશીર્વાદ લઈને જઈએ. વેરનો શો અર્થ, ઝઘડાનો શો અર્થ, અભિમાનનો શો અર્થ? અનિશ્ચિત સમય છે એટલે એનો સદુપયોગ કરીએ. ક્ષણે ક્ષણે જીવવાનું છે એટલે દરેક ક્ષણને શુભ બનાવીએ.

ગામનું જીવન સુધરી ગયું. સૌ સૌને સ્મિત કરતાં, કારણ કે કદાચ એ સૌથી છેલ્લું સ્મિત હશે એનું ભાન હતું. થોડા અકસ્માતો તો થયા, અને એનું દુ:ખ સૌને રહ્યું; પણ જીવનદૃષ્ટિ, આધ્યાત્મિકતા, ભક્તિ અને શ્રદ્ધા તો સૌમાં વધ્યાં અને સૌનું કલ્યાણ થયું.

['પ્રસન્નતાની પાંખડીઓ' પુસ્તક]

# ફાધર વિલિયમ

## ખુમારી ક્યાં?

ગાંધીજીના જીવનમાંથી અંગત રીતે મને કાંઈ સ્પર્શી ગયું હોય તો તે છે સત્યાગ્રહ અને અપરિગ્રહ. સમાજમાં પ્રવર્તતા એક યા બીજા અન્યાયો સામે ગાંધીજી રોજ રોજ સતત લડતા હતા. એમના જીવનમાં જાણે કે એકેય દિવસ સત્યાગ્રહ વિનાનો નહોતો. અપરિગ્રહ, મારી સમજ મુજબ, ગાંધીજીનું મોટામાં મોટું સામર્થ્ય હતું. એટલે જ ગાંધીજી અસાધ્ય કામો પાર પાડી શક્યા.

આ ઘણી જ મહત્ત્વની બાબતોને ગાંધીવાદીઓ વીસરી ગયા લાગે છે. રાજકારણ, શિક્ષણ, વહીવટીતંત્ર, ભ્રષ્ટાચાર વગેરે બાબતે ‘સત્યાગ્રહ’ કરવાની ઘણી આવશ્યકતા છે, તેમ છતાં વર્ષે દહાડે એકાદ વાર પણ ગાંધીવાદીઓ (એકાદ-બેના અપવાદ સિવાય) સત્યાગ્રહ કરતા જોવા મળતા નથી.

અન્યાય સામે સત્યાગ્રહ કરીને લડવાને બદલે ગાંધીવાદીઓએ ‘રચનાત્મક પ્રવૃત્તિઓ’ હાથ ધરી છે. આ રચનાત્મક પ્રવૃત્તિઓ સારા પગારો, નોકરીઓ, સરકારી અનુદાન મેળવીને કરવામાં આવતી હોય છે. પરિણામે ગાંધીવાદીઓ જેમની સેવા કરે છે તેમનામાં ‘ખુમારી’ ઊભી કરી શક્યા નથી.

ગુજરાતમાં કોમી રમખાણો દરમિયાન નરસંહાર ચાલ્યો ત્યારે ગાંધીજીએ આપેલ ‘અભય’ શસ્ત્ર હાથમાં ધરી, ફાસીવાદીઓનો પ્રતિકાર કરવાની બહાદુરી એક જ ગાંધીવાદી જગદીશ શાહે વડોદરામાં બતાવી આપી.

ખ્રિસ્તી મિશનરીઓએ પણ તેમની લોકસેવાની પ્રવૃત્તિઓમાં આવો જ અભિગમ અપનાવ્યો છે. આદિવાસીઓ અને દલિતોને માટે અલગ ધર્મસ્થાનો, શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, અનાથાશ્રમો જેવી ‘રચનાત્મક’

ગણાતી પ્રવૃત્તિઓનો સહેલો વિકલ્પ તેમણે અપનાવ્યો અને ‘સંઘર્ષ’ને ટાળ્યો છે. પરિણામે ધર્માંતરિત આદિવાસી, દલિત અને પછાત સમૂહોમાં શોષણ અને અન્યાય સામે લડી લેવાની ખુમારી ઊભી કરવામાં તેઓ નિષ્ફળ નીવડ્યા છે. ધર્માંતર પૂર્વે પ્રસ્તુત વર્ગોમાં થોડીઘણી જે ખુમારી જોવા મળતી હતી તે પણ ધર્માંતર બાદ મરી પરવારી છે. એ ધર્માંતરિત વર્ગોનો જ હું એક સભ્ય હોઈ, આ બાબતની પૂરી જાણ સાથે આ લખું છું. આને કારણે તો મારા જેવા બેચાર ગણ્યાગાંઠ્યા વર્ષોથી પ્રયાસો કરીએ છીએ તેમ છતાં ખ્રિસ્તીઓને લોકચળવળોમાં સામેલ કરી શકવામાં સફળ થયા નથી. આ બાબતે ખ્રિસ્તી મિશનરીઓ અને ગાંધીવાદીઓમાં મને ઝાઝો ફેર દેખાતો નથી.

[‘નયા માર્ગ’ પખવાડિક: ૨૦૦૨]

# ફિલ બોસ્મન્સ

## વાતો... પ્રેમ... વૈભવ...

આજે જેટલી વાતો થાય છે એટલી ક્યારેય થઈ નથી. પોકળતાનો આવો ખળભળાટ ક્યારેય થયો નથી. અર્થહીન શબ્દો લોકોના માથે મારવામાં આવે છે. બધાને જ બોલબોલ કર્યા કરવું છે. બધાને દરેક વસ્તુમાં ડહાપણ ડોળવું છે. કંઈક કહેવાનું તો બહુ ઓછાને હોય છે, કારણ કે બહુ થોડા માણસો મૌન રહી શકે છે અને વિચારવાનો પ્રયત્ન કરી શકે છે.

*

જગતમાં સ્વતંત્રતા કરતાં પ્રેમનું મૂલ્ય અધિક છે. જે માણસ બધાને પ્રેમ કરે છે એ પોતાની જાતને ભૂલી જાય છે અને પોતાના પર બીજાનો અધિકાર માન્ય રાખે છે, અને આમ કરીને પોતાની સ્વતંત્રતાની લહાણી કરે છે.

*

તમારો વૈભવ પણ એવો હોવો જોઈએ કે તમારે ત્યાં આવનારને નાનપ ન લાગે, તમારી આગતાસ્વાગતા એ હોંશેહોંશે માણે. તમારો એને કે એનો તમને ભાર ન લાગે.

*

હે ઈશ્વર! મારી પાસે પૂરતું છેઃ આકાશમાં સૂર્ય છે. માથા પર છાપરું છે. મારા હાથને કામ મળી રહે છે. ખાવાપીવાની ખેંચ નથી, અને જેમને ચાહી શકું એવા માણસો છે.

(અનુ. રમેશ પુરોહિત)

['સુખને એક અવસર તો આપો' પુસ્તકઃ ૧૯૯૩]

# શબ્દ એ શસ્ત્ર

કોઈનો ન્યાય તોળવા બેસો ત્યારે બોલવામાં ધ્યાન રાખજો.

શબ્દો શક્તિશાળી શસ્ત્રો છે, જેને કારણે અનેક મહાભારત સર્જાય છે.

તમારી જીભને કારણે સામો માણસ ગમાર લાગે એવું તો ન જ કરો.

તમારા મોટે મોઢે સામો માણસ નાનો લાગે એવું તો કરતા જ નહીં.

એક કઠોર શબ્દ, એક ધારદાર વાગ્બાણ કોઈના દિલને લાંબા સમય સુધી કોતર્યા કરશે અને મૂકી જશે એક કાયમી જખમ.

*સ્વીકારો કે બીજાઓ તમારાથી જુદા છે,*
*જુદી રીતે વિચારે છે, જુદી રીતે વર્તે છે,*
કંઈક જુદું જ અનુભવે છે અને બોલે છે—
થોડાક સૌમ્ય બનો અને શબ્દોથી એના ઘા રુઝાવો.

શબ્દો ફૂલ જેવા હળવા હોવા જોઈએ, શબ્દો શાંતિ પમાડે તેવા હોવા જોઈએ, જે લોકોને એકમેક સાથે જોડી આપે અને સુખચેનનો અહેસાસ કરાવે.

શબ્દો જ્યારે શસ્ત્રો બને છે ત્યારે, લોકો એકમેકનો મુકાબલો દુશ્મનની જેમ કરે છે.

જિંદગી બહુ જ ટૂંકી છે. અને આપણી દુનિયા કુરુક્ષેત્ર બનાવવા માટે બહુ નાનકડી છે.

મારે જે કહેવું છે એના વિશે હું પૂરેપૂરું જાણું નહીં ત્યાં સુધી, હે ઈશ્વર, મારી વાણીના તીરને મ્યાન કરવામાં મદદ કર.

(અનુ. રમેશ પુરોહિત)

['સુખને એક અવસર આપો' પુસ્તક: ૧૯૯૩]

# ફીરોઝ કા. દાવર

## ધર્મની ભગિની

ધર્મ એ કાંઈ અરણ્યમાં જઈને શોધવાની વસ્તુ નથી, પણ સમસ્ત જીવનમાં અને સામાજિક વ્યવહારમાં તેનું આચરણ કરવાનું છે. જીવનનું પ્રત્યેક પાસું ધર્મના રંગે રંગાયેલું હોવું જોઈએ. ધર્મના માર્ગદર્શન વિનાનાં જ્ઞાન, વિજ્ઞાન કે વિદ્યા હાનિકારક નીવડશે. ધાર્મિક દિશાસૂચન વિનાનાં કલા અને સાહિત્ય ભુલાવો ખવડાવશે.

સાહિત્ય, સંગીત અને કલાને ધર્મની ભગિનીઓ કહી છે, તે આ કારણે. શોપેનહાવર એક નિરાશાવાદી તત્ત્વજ્ઞ હતો, અને જીવનને તે અપાર દુ:ખનું ધામ માનતો હતો. એમ છતાં દિવસને અંતે તે એક સંગીતશાળામાં જઈ સંગીતના મનહર સૂરોમાં પોતાનું દુ:ખ ભૂલી જતો. એ દુ:ખી જીવને જે આશ્વાસન ધર્મ પણ આપી ન શક્યો, તે એને કલા દ્વારા સાંપડ્યું.

ભક્તિમાં જે લક્ષણો આપણે જોઈએ છીએ, તે જ શિષ્ટ સાહિત્યમાં પણ જોવા મળે છે. બંનેમાં પવિત્રતા હોય છે. બંનેમાં નમ્રતા ને નિખાલસતા હોય છે. ભક્ત ઈશ્વરપ્રાપ્તિ વિના બેચેન રહે છે; કવિ પણ તેણે સેવેલાં સ્વપ્નોની સિદ્ધિ થતી નથી ત્યાં સુધી બેકાર રહે છે. ભક્તિ અને લેખનપ્રવૃત્તિ બેય સ્વેચ્છાનાં પરિણામો છે. કોઈની આજ્ઞાથી ભગવાનનું ભજન થતું નથી કે કવિતા રચાતી નથી. સાચી ભક્તિ નિષ્કામ હોય છે, અને ભક્તોને ઈશ્વર પાસેથી કોઈ અપેક્ષા હોતી નથી: સાચો સાહિત્યકાર પણ નફાતોટા પ્રત્યે ઉપેક્ષા સેવે છે અને લોકપ્રિયતાની પરવા કરતો નથી.

કલા અને સાહિત્ય તેની ભવ્યતાથી આપણામાં આદર ઉત્પન્ન કરે છે, અથવા સૌંદર્યથી મોહ પમાડી આપણને વશ કરે છે. સૌંદર્ય જેમ દૈહિક હોય, તેમ નૈતિક અને આધ્યાત્મિક પણ હોઈ શકે. લેખકનો ધર્મ

સૌંદર્ય દ્વારા આનંદ અને રસ ઉપજાવીને વાચકનો ઉત્કર્ષ કરવાનો છે.

શ્રેષ્ઠ સાહિત્યના એક ઉત્તમ દૃષ્ટાંત તરીકે યુગકવિ ન્હાનાલાલ પ્રત્યે દૃષ્ટિપાત કરીએ. સૌથી પ્રથમ ગુણ જે આંખે ચડે છે, તે એમની કવિતા પ્રત્યેની સમર્પણતા. એમનામાં એક ફકીરની બેપરવાઈ હતી. બહોળો વસ્તાર હોવા છતાં સરકારી હોદ્દો ફગાવી દઈ તેઓ કાવ્યદેવીની એકનિષ્ઠ સેવા કરવાને કટિબદ્ધ થયા. તેમ કરતાં તેઓએ પુષ્કળ વેઠ્યું હતું. છતાં તેમના સ્વાર્થત્યાગ વિશે કોઈ સૂચન કરે તે પણ તેઓને અરુચિકર થઈ પડતું.

હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં જે ઉચ્ચત્તમ આદર્શો છે તે ટાગોર અને ન્હાનાલાલના કાવ્યોમાં ગવાયા છે. ધનપ્રાપ્તિ કે લોકેષણા સારુ એમણે એમના સાહિત્યનું ધોરણ હેઠું પાડ્યું નથી. સૌ કોઈ સમજી શકે એવા શુભાશયથી પણ એઓ પોતાની કવિતાનું ધોરણ જનસમાજની પંક્તિ પર લાવી શકતા નહીં. એઓ એમ માનતા કે એમણે નીચે ઊતરવા કરતાં અર્ધશિક્ષિત સમાજને ઊંચે આવવાની જરૂર વધારે હતી.

એમની કવિતામાં જન્મસિદ્ધ પવિત્રતા ખડકાયેલી છે. પણ માત્ર નીતિ અને પવિત્રતાથી કોઈ કાવ્યમુગટ ધારણ કરી શક્યું નથી. કવિશ્રીમાં પવિત્રતા અને રસિકતા, સાત્ત્વિકતા અને સૌંદર્યનો સુરેખ સમન્વય સધાયો છે. જેમ નીતિભંગ, તેમ રસજ્ઞતાનો ભંગ પણ એમને માટે અકલ્પ્ય હતો. તેમના તેજેઘડ્યા શબ્દો, તેમની ભવ્ય ઉપમાઓ, નીતિનો પરિમલ પ્રસરાવતાં તેમનાં અનેક કાવ્યપુષ્પો અને સંગીતસભર રાસો આપણા કાવ્યસાહિત્યનો મહામૂલ્યવાન વારસો છે.

[ન્હાનાલાલ જયંતી વ્યાખ્યાન : ૧૯૬૫]

# ફૈયાઝખાં

## હરેક જલસે મેં ઇમ્તિહાન

હમ તો કુછ નહીં ગાતે, અલ્લાહ ગવાતા હૈ ઔર હમ ગા લેતે હૈં. વો તો આપકા પ્રેમ હૈ કિ આપ લોગોં કો મેરા ગાના અચ્છા લગતા હૈ... ખુદ કો ભૂલ

જાના પડતા હૈ, તબ કભી અચ્છા ગાયા જાતા હૈ. આપ લોગ દો-ચાર સાલ તાલીમ લેને કે બાદ ઇમ્તિહાન દેતે હૈં ઔર બી.એ. યા એમ.એ. કી ડિગ્રી લેતે હૈં. લેકિન હમ લોગોં કો તો હરેક જલસે મેં ગાતે વક્ત ઇમ્તિહાન દેની પડતી હૈ.

# ફ્રેન્ક હોલપીન

## કૉફીના એક કપને કારણે

"ફેરિયાને ગાળો બદલ ન્યાયાધીશને દંડ": ત્રાણ લીટી જેટલા મોટા અક્ષરોના એવા મથાળા હેઠળ 'ન્યૂયોર્ક ટાઇમ્સ' દૈનિકને પહેલે પાને, રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય મહત્ત્વના બીજા સમાચારોની હરોળમાં, એ બનાવના ખબર છપાયા હતા. તેમાં વાત હતી ન્યૂયોર્કના પરાવિસ્તારની એક અદાલતના ન્યાયાધીશની અને થોમસ નામના ફેરિયાની. ૩૭ વરસના થોમસભાઈ અદાલતની નજીક પોતાની ગાડી ઊભી રાખીને કૉફી ને સેન્ડવિચ વેચવાનો ધંધો કરતા.

એક દિવસ ન્યાયાધીશ પોતાની કોર્ટમાં બિરાજેલા હતા. વાહનવ્યવહારના કાયદાના ભંગના ખટલા ચાલતા હતા. તેમાં ન્યાયાધીશે થોમસની ગાડીએથી કૉફી લઈ આવવા એક હવાલદારને મોકલેલો. કૉફીનો ઘૂંટડો ભરતાંની સાથે જ એના સ્વાદ બાબતનો બુલંદ પ્રત્યાઘાત અદાલતમાં સંભળાયો.

હવે એમણે હવાલદારની સાથે બે પોલીસને પણ થોમસની ગાડી પર મોકલ્યા. જઈને એમણે સંભળાવ્યું: "જજ સાહેબ બોલાવે છે—કૉફી તો કાળા કોપની છે!"

"મશ્કરી કરો છો કે શું, હવાલદાર!" થોમસ બોલી ઊઠ્યો. પણ પેલાઓ બિલકુલ હસવાના મિજાજમાં નહોતા. ફેરિયાને હાથકડી પહેરાવીને કોર્ટ-ચોગાનમાંથી કૂચકદમ કરાવતા જજની ચેમ્બરમાં હાજર કરવામાં આવ્યો.

થોમસની કેફિયત મુજબ, એને જોતાં જ જજ સાહેબ બરાડી ઊઠ્યા: "કૉફીમાં પાણી જ ધબેડયું છે ને!"

૧૯૭૫ના એપ્રિલની એ એક સાંજ હતી. તે પછી લાગટ બાર મહિના સુધી કોર્ટના કર્મચારીઓએ થોમસની ગાડીનો બહિષ્કાર કર્યો,

ને અંતે તેને એ ધંધો બંધ કરવો પડયો. પોતાનું અપમાન કરવા બદલ અને આર્થિક નુકસાની બદલ તેણે ન્યાયાધીશ ઉપર દાવો માંડયો. પરિણામે ન્યાયાધીશોની વર્તણૂક અંગેના રાજ્યના પંચ સમક્ષ પ્રથમ તો જજ સાહેબને તેડાવવામાં આવ્યા. ત્યાં ખોટી જુબાની આપવા બદલ પાછળથી હાઈકોર્ટે એ જજને વરસે ચારેક લાખ રૂપિયાના પગારવાળા હોદ્દા પરથી બરતરફ કર્યા. નોકરીમાંથી ફારેગ થઈને એમણે પછી વકીલાત કરવા માંડી.

દરમિયાન ફેરિયાએ માંડેલો પેલો ખટલો ચાલ્યો. તેના ચુકાદાને આગલે દિવસે ભૂતપૂર્વ જજ સાહેબ અને તેમની વીમા કંપનીએ ફેરિયાને બે લાખ ડૉલર ચૂકવીને સમાધાન કરવાની તૈયારી બતાવી. પણ હવે સરકારના બેકારી ભથ્થાં પર ગુજારો કરતા થોમસે ના પાડી—સમાધાન નહીં, મારે ન્યાય ખપે.

બીજે દિવસે જુરીએ ચુકાદો આપ્યો કે થોમસના નાગરિક અધિકારોનો ભંગ થયો હતો, તેથી જજ અને હવાલદારે મળીને તેને નુકસાનીના ૮૦,૦૦૦ ડૉલર ચૂકવવાના, ઉપરાંત જજે એકલાએ બીજા ૬૦,૦૦૦ અને પોલીસે ૧,૦૦૦ ડૉલર નુકસાનીરૂપે આપવાના.

‘ટાઇમ્સ’ છાપાના પ્રતિનિધિને થોમસે જણાવ્યું કે પ્રતિવાદી તરફથી સમાધાનરૂપે આ નુકસાનીના કરતાં પણ મોટી રકમ મળવાની હતી, તેનો અસ્વીકાર કરવા બદલ પોતાને અફસોસ નહોતો. સત્તાધારીને હાથે જેને અપમાન વેઠવું પડ્યું હોય તેવો સામાન્ય નાગરિક ખંતભેર મથામણ કરે તો અંતે ઇન્સાફ મેળવી શકે છે, તે એને સાબિત કરવું હતું.

આ મુલાકાતના અહેવાલની સાથે ‘ન્યૂયોર્ક ટાઇમ્સ’માં પ્રગટ થયેલી છબીમાં થોમસભાઈ પોતાને ઘેર બેઠાં બેઠાં જુરીના ચુકાદાની ખુશાલી માણતા દેખાતા હતા—બેશક, કૉફીના કપથી સ્તો!

[‘સ્પાન’ માસિક પરથી અનુવાદિત: નવેમ્બર ૧૯૭૭]

# બકુલ ટેલર

## વિપાશા જેનું નામ!

ખોળિયા સાથે જ પેરેલિસિસની અસર લૂઈ જન્મેલી વિપાશા સેરેબ્રલ પાલ્સીના રોગની દર્દી છે. પણ મનની સર્જનાત્મકશકિત, ચિંતનશકિતની મદદે વિપાશાએ અનેકોને વિસ્મયથી સ્તબ્ધ કરી દીધા છે. સિતાંશુ યશશ્ચંદ્ર જેવા કવિ, નાટ્યલેખક, વિવેચક અને અંજનીબહેન જેવાં મનોવિજ્ઞાનનાં અધ્યાપિકા રહેલાં પિતા-માતાની આ દીકરીમાં એવા બધા જ ગુણ છે જે આત્મબળ કોને કહેવાય તેનું ઉદાહરણ ગણાય. યુનિવર્સિટીએ હમણાં જ ૩૩ વર્ષની વિપાશાના પીએચ.ડી. નિબંધને માન્યતા આપી.

બારમા સુધીનો બધો જ અભ્યાસ મુંબઈમાં રહી કરનાર વિપાશા એસ.એસ.સી.માં ૭૪ ટકા તો એચ.એસ.સી.માં ૭૨ ટકા લાવેલી. અધ્યાપક પિતાને થોડાં વર્ષો દિલ્હી રહેવું પડ્યું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ થતાં રાજકોટ રહેવું પડ્યું અને પછી વડોદરા અધ્યાપન કરાવતા રહ્યા, એટલે વિપાશાને મા અને પછી નાના ભાઈ આરણ્યકનો સધિયારો રહ્યો. એમ. એ. કરવા તે પપ્પા પાસે વડોદરા આવી અને ફિલોસોફીના વિષય સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવી. હવે સાત વર્ષના પરિશ્રમ પછી પીએચ. ડી. થઈ છે. હમણાં થોડા દિવસ પહેલાં ‘ઊપટેલા રંગોથી રિસાયેલી ભીંતો’ નામનો વિપાશાનો કાવ્યસંગ્રહ કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ પ્રગટ કર્યો છે. પિતા સિતાંશુભાઈ દીકરીની પ્રતિભાના સ્ફુલિંગને યાદ કરતાં કહે છે, “બાળકોની હોસ્પિટલની પથારીએ બેઠી તે હાથીની કવિતા લખવા માંડી ત્યારથી જ એનાં મસ્તી-તોફાન બહાર આવવા માંડેલાં. પાંચેક વર્ષની હતી ત્યારથી તે મારી જોડે નાટકો જોવા આવતી. એક વાર ભાંગવાડીમાં પ્રવીણ જોષીનું નાટક જોવા લઈ ગયેલો તો કહે કે, આ પ્રવીણ કાકાનું નાટક લાગતું નથી.”

વિપાશા ખૂબ વાંચે છે. માર્ક ટ્વૅઇન જેવા લેખકને આખો વાંચી ગઈ છે અને હમણાં હેમિંગ્વે વાંચે છે. ફિલોસોફીમાં અંગત રસથી ઘણું વાંચ્યું છે. નાની નાની કવિતાઓ વડે તેણે પિતાની જેમ જ સર્જકતાનો આગવો મહિમા કર્યો છે.

શરીરની મર્યાદાને કારણે જ અનેક કામો નથી કરી શકતી એ વિપાશામાં રહેલાં આત્મબળને અમેરિકાની વ્યવસ્થા અને ટેક્નોલોજીનો મોટો સધિયારો છે. વિપાશાનો અર્થ થાય છે પાશ વિનાનું, બંધન વિનાનું. વિપાશાને શરીરે બાંધવા ચાહ્યું, પણ તે મનની શકિતથી એ બંધનને ફગાવી રહી છે.

['દિવ્ય ભાસ્કર દૈનિક': ૨૦૦૫]

# બેતાલીસ વરસની મજલ

જે સામયિકોએ વર્ષો સુધી પ્રતિષ્ઠાપૂર્વક ટકી રહી સાહિત્યના જે તે તબક્કામાં વિશિષ્ટ પ્રદાન કર્યાં હોય તેની ફાઇલમાંથી પસાર થવું અત્યંત રોમાંચક હોય છે. જે સર્જકો આજે તેમની જે કૃતિઓથી ખૂબ પ્રતિષ્ઠિત થયા હોય, જે વિવેચકની પ્રતિભા આજે સાહિત્યજગતમાં નિર્ણાયક મૂલ્ય ધરાવતી થઈ હોય તેમના વિકાસકાળને સામયિકોમાં જોતાં જાણે ફરી એક નવી ઓળખ રચાતી હોય છે. તેમણે જે સામયિકને કૃતિપ્રાગટ્ય માટે પસંદ કર્યું હોય તેનાથી તે સામયિક અને તેના સંપાદકની તે કાળની પ્રતિષ્ઠાનો પણ સહજ ખ્યાલ તેમાં સમાઈ જતો હોય છે.

બેતાલીસ વર્ષ સુધી પ્રગટ થતા રહેલા 'કંકાવટી'ના લગભગ ૪૬૦-૭૦ અંકોના સંપાદક રતિલાલ 'અનિલ' મુશાયરાપ્રવૃત્તિમાં વર્ષો સુધી સંકળાયેલા લોકપ્રિય ગઝલકાર, ચળવળકાર. સ્વાતંત્ર્ય આંદોલનમાં જેલવાસ ગુજારી ચૂકેલા અને પછી પત્રકારત્વ વડે જીવનનિર્વાહ ચલાવતા હોય એવા પત્રકાર. એમના અંતિમ વર્ષ સુધી તેમાં લખતા રહ્યા.

'કંકાવટી'માં આરંભથી જ કવિતા, વાર્તા, નિબંધ, વિવેચન, આસ્વાદ

સ્વરૂપે સામગ્રી પ્રગટ થતી રહી-મૌલિક અને અનૂદિત રૂપે. 'અનિલે' સ્વયં કોઈ 'સંપાદકીય' લખ્યું નથી. પોતાની ગઝલો, ગઝલવિષયક લખાણો અને નિબંધો તેમણે 'હું સંપાદક છું' એવો કોઈ વિશેષ ભાવ રાખ્યા વિના સહજક્રમે જ હંમેશ પ્રગટ કર્યાં છે.

રતિલાલ 'અનિલ' પાસે સામયિક ટકાવી રાખવા માટે કદીય સારા આર્થિક સંજોગો નથી રહ્યા તોપણ તેને ચલાવવા કોઈ નુસખા અજમાવ્યા વિના, પોતે નિશ્ચિત કરેલા ધોરણના આગ્રહ સાથે સક્રિય રહી સામયિક ટકાવતા રહ્યા છે.

['કંકાવટી' માસિક: ૨૦૦૬]

# બકુલ ત્રિપાઠી

## આ ભૂખનો વિચાર કરશું?

એસ.એસ.સી. પૂરી કરી રહેલાં કિશોર-કિશોરીઓ હવે એક વિશાળ બૌદ્ધિક શૂન્યાવકાશમાં પ્રવેશી રહ્યાં છે.

જગત વિશે, જાત વિશે, જીવન વિશે સમજ મેળવવાની ભૂખ આ ઉંમરે ઊઘડશે, તે સંતોષવાની તક તેમને નહીં મળે. બૌદ્ધિક જાગૃતિને અનુરૂપ સ્વતંત્રતા જે ઉંમરે મળે છે, તે જ ઉંમરે વાચનની દુનિયાનાં દ્વાર તેમને માટે જાણે કે બંધ થઈ જાય છે.

શાળાનાં પુસ્તકાલયો ખાસ સમૃદ્ધ હોય છે એમ તો ન કહેવાય. તોયે જેને અભ્યાસેતર વાંચવું હોય તે વિદ્યાર્થી શાળાકાળમાં ઠીક ઠીક વાંચી શકે છે. જ્યારે કૉલેજના વિદ્યાર્થીઓ તો ગ્રંથાલયમાં જાય તે પાઠ્યપુસ્તકો માટે જ. ગ્રંથાલયોમાં જવા માટે કિશોરોને પ્રેરવાની કોઈ વ્યવસ્થા જ ન મળે. કૉલેજનાં ચાર વર્ષ એટલે લાઇબ્રેરી જોડે લેવાદેવા વિનાનાં વર્ષો.

આમાં યુનિવર્સિટીનો, કૉલેજોનો, પ્રાધ્યાપકોનો ઘણો વાંક કાઢી શકાય. પણ સૌથી મોટો વાંક તો છે મા-બાપોનો, આપણો સૌનો. છાતી પર હાથ મૂકીને કહો, તમે કદી વિચાર કર્યો છે કે હવેના દોઢ મહિનાના નવરાશના ગાળામાં તમારો પુત્ર કે પુત્રી શું વાંચશે? કૉલેજમાં આવનાર સંતાન માટે કપડાં કે નવાં ચંપલનો જેટલો વિચાર કરીએ છીએ, તેના દસમા ભાગનોય એમની વાચનભૂખનો કરતા નથી આપણે; અને પછી ચાર વર્ષને અંતે એ ગ્રેજ્યુએટ લગભગ ‘બાર્બેરિયન’ જેવો થઈને બહાર પડે છે ત્યારે આપણે કાં તો કૉલેજના તંત્રાને, કાં તો જમાનાને કે ‘જનરેશન ગેપ’ને ગાળ આપી, એના નામનો નિસાસો નાખી કામે વળગીએ છીએ. દરમિયાન આપણું બીજું સંતાન એસ.એસ.સી. પાસ થઈ એવી જ રીતે અજ્ઞાનના અરણ્યમાં ભટકવાના તબક્કામાં

પ્રવેશી રહ્યું હોય છે.

પુસ્તકો અંગેની સગવડો વધારો, વાચન-શિબિરો યોજો, પ્રકાશન-યોજનાઓ આકારો, એવી કોઈ ભલામણો કરવાનું મન હવે નથી થતું. કારણ, એક વાત ચોખ્ખી છે કે આપણને વડીલોને જ પુસ્તકોની કંઈ પડી નથી, બાળકોને કંઈ વંચાવવાની આપણી રુચિ જ નથી, પૈસા અને સલામતી માટે ઝાવાં નાખવા સિવાય બીજાં સાંસ્કારિક મૂલ્યોની મા-બાપોને સાચી ચિંતા જ નથી. આપણે કબૂલ કરી લઈએ કે આપણે મોટેરાં એક અજ્ઞાની, અસંસ્કારી પેઢી છીએ અને આપણી પછીની પેઢીને આપણાથી ય વધુ અજ્ઞાની ને અસંસ્કારી રાખવા અંગે આપણને કંઈ જ વાંધો નથી.

## ઑફિસનો આત્મા

જવાહરલાલ નેહરુ કહે છે કે આપણી ઑફિસમાં પટાવાળાઓની જરૂર નથી; પરદેશોમાં ઑફિસોમાં પટાવાળા રાખવાની પદ્ધતિ જ નથી; આપણે ત્યાં પણ પટાવાળા બિનજરૂરી છે. એક રીતે એમની વાત ખરી છે. ફાઈલો એક ટેબલ પરથી બીજા ટેબલ પર લઈ જવી, ટપાલનાં કવરો પર ટિકિટો ચોડવી, કારકુન સાહેબોને પાણી આપવું વગેરે કામો ઑફિસના અન્ય કાર્યકરો જાતે કરી લઈ શકે એવાં છે. એ રીતે પટાવાળાઓ બિનજરૂરી છે, એ વાત હું કબૂલ કરું છું; પણ કોણ જાણે—મારું મન માનતું નથી. જીવનમાં કેટલાક વિષયો બુદ્ધિના ક્ષેત્રના નથી હોતા, લાગણીના ક્ષેત્રના હોય છે. બુદ્ધિની કોઈ ગણતરી, બુદ્ધિનો કોઈ ચુકાદો ત્યાં ચાલતો નથી. હું, અને સહેજ હિંમતથી કહું તો અમે સૌ, (અમે એટલે કે ઑફિસોમાં જેણે જેણે કામ કર્યું છે તે સૌ—ટાઇપિસ્ટો, કારકુનો, કેશિયરો કે હિસાબનીસો, નાના કે મોટા સાહેબો કે ગ્રાહક તરીકે કે બીજા કોઈ સંબંધે ઑફિસોમાં જવાઆવનારાઓ, સૌ) કબૂલ કરીશું કે પટાવાળાઓ વિના ચાલી શકે એમ છે. અને

શ્રી જવાહરલાલ પટાવાળાઓને દૂર કરવાનું કહેશે તો કદાચ અમે કબૂલ પણ રાખીશું. પણ એટલું ચોક્કસ કે પટાવાળાઓ જતાં આપણી ઑફિસોમાં—અને અમારાં હૃદયમાં—એક એવું ખાલીપણું ઊભું થવાનું છે કે જે કદી પૂરી શકાવાનું નથી.

પટાવાળો તો ઑફિસનો આત્મા છે. જાણું છું કે ઑફિસમાં કારકુનો પણ હોય છે. ગુસપુસ કરતા, વારેવારે ચા પીતા, રજાઓ કેમ લેવી વધારે એની યોજના ઘડતા, સાહેબના જીવનચરિત્રાની ખૂટતી કડીઓ પરસ્પરની સહાયથી મેળવવાનો પ્રયત્ન કરતા, કાગળોના જવાબ લખતા, જવાબ ન લખવા જેવા કાગળો ટેબલના ખાનામાં કે કબાટની પાછળ સેરવી દેતા, પટાવાળા પાસે પાણી મંગાવતા, પટાવાળો ના લાવે એટલે સાહેબને ફરિયાદ કરવાની ધમકી આપતા પણ પછી શાણા થઈ એ ધમકી પાછી ખેંચી લેતા, આ હૃદયપલટાથી ખુશ થયેલા પટાવાળાએ લાવી આપેલું પાણી પી જતા, ટેબલની જમણી બાજુની ફાઇલો ડાબી બાજુ ગોઠવીને અને પછી ડાબી બાજુની ફાઇલો જમણી બાજુ ગોઠવીને રિસેસ પહેલાંનો સમય, અને ટેબલના એક ખાનામાંના કાગળો બહાર કાઢીને બીજા ખાનામાં મૂકી એ બીજા ખાનાના કાગળો કાઢીને પહેલા ખાનામાં મૂકી રિસેસ પછીનો સમય પસાર કરનાર કારકુનભાઈઓ ઑફિસમાં ઘણા મહત્ત્વના છે એ ખરું. એ ન હોય તો ઑફિસ ન ચાલે એ પણ ખરું. પણ ઑફિસના આત્માનું સ્થાન તો એમને ન જ અપાય.

ઑફિસમાં કેશિયર પણ મહત્ત્વનો છે. ઑફિસના મકાનને આગ લાગી હોય, ચારે બાજુ દોડાદોડ અને ગભરાટ વ્યાપ્યાં હોય, છતાં એક પછી એક નોટો શાંતિથી ગણી, થોકડી પર રબ્બરની દોરી ચડાવી, પેન્સિલથી એ નોટો પર સંખ્યા લખી, કોટ નીચેના ખમીસ નીચેના ઝીણા પહેરણ નીચેની બંડી નીચેની જનોઈ પરની ચાવીઓ બહાર કાઢી તિજોરી ખોલી, નોટો એમાં મૂકી, તિજોરી બંધ કરી, ખૂણામાં પડેલી જૂની છત્રી લઈને જ બહાર નીકળનારો ધીરગંભીર કેશિયર પણ ઑફિસનો આત્મા નથી. મહિનાની ૧લી તારીખથી ૭મી તારીખ સુધી એ ઑફિસનો આત્મા હોય એવું લાગે છે, પણ તે ભ્રમ

છે. કારકુનોને પેઢી તરફથી અપાતો પગાર પોતે પોતાના તરફથી જ આપી રહ્યો છે એવા કો'ક ભ્રમને કારણે હંમેશના ગંભીર મોઢા પર વધુ ગંભીરતા લાવી દેતા અને 'વધારે આવ્યા હોય તો પાછા આપી દેજો' એમ કહીને ખૂબ દિલગીરી સાથે પગાર ચૂકવતા કેશિયરનું મહત્ત્વ ઓછું આંકી શકાય એમ નથી. પણ ઑફિસનો શ્વાસપ્રાણ તો એને ન જ ગણી શકાય.

ઘણા માને છે કે, 'સાહેબ'ને જ ઑફિસના આત્માસ્થાને ગણવા જોઈએ, સાહેબ વડે ઑફિસ ઊજળી છે, સાહેબ છે તો ઑફિસ છે. જોકે કેટલાક બળવાખોરો એમ નથી માનતા. એ લોકો તુમાખીમાં, કટાક્ષમાં, મિજાજમાં (સાહેબ હાજર ન હોય ત્યારે) કહે છે કે "ઑફિસ છે તો સાહેબ છે." એમનો મુદ્દો પણ વિચારવા જેવો છે. કેરી પહેલી કે ગોટલો પહેલો, અથવા તો મરઘી પહેલી કે ઈંડું પહેલું, એના જેવો જ ગૂંચવણભર્યો આ છે: સાહેબ છે તો ઑફિસ છે, કે ઑફિસ છે તો સાહેબ છે? ઑફિસ છે તો સાહેબ છે, એમ માનનારા અધર્મીઓ દલીલો કરે છે કે આ ઑફિસ ન હોત તો સાહેબનું શું થાત? આટલો મોટો પગાર, ચીજવસ્તુઓ આમતેમ ગોઠવવા માટે આવું વિશાળ ટેબલ, વગાડવા માટે આવી ઘંટડી, ઘડીકમાં ધીમો અને ઘડીકમાં ઝડપી કરીને વખત પસાર કરવા માટેનો આ સુંદર ઇલેક્ટ્રિક પંખો, મોં જોવા માટેનો ટેબલ પરનો સરસ કાચ, તારીખો ફાડવા માટે કૅલેન્ડરો, વઢવા માટે કારકુનો, હુકમો કરવા માટે પટાવાળા અને પેનમાં પૂરવા માટે ઑફિસની મફત શાહી એમને ક્યાંથી મળત? ઑફિસ ન હોત તો સાહેબનું શું થાત? આમ દલીલ કરીને એ લોકો ઑફિસ છે તો સાહેબ છે, એમ સાબિત કરવા મથે છે. પણ હું માનું છું કે સાહેબ છે તો ઑફિસ છે. અનેક સરકારી ઑફિસના દાખલા મારી પાસે છે કે જ્યાં સાહેબને ખાતર ઑફિસો સર્જવામાં આવી છે. સાહેબની એક ઑફિસ સંકેલાઈ જાય—કરકસરનાં પગલાંને કારણે કે કોઈ કામ કે યોજના પૂરી થવાને કારણે—તો સાહેબને ખાતર નવી ઑફિસ ઊભી કરવામાં આવે છે, એ શું બતાવે છે? એ જ. અજ્ઞાનીજનો ભલે માનતા હોય કે ઑફિસ

છે તો સાહેબ છે. જેને સંસારનું જ્ઞાન છે, જેને વ્યવહારનું ભાન છે, જેને વાસ્તવિકતા માટે માન છે, તે તો જાણે છે જ કે સાહેબને ખાતર જ ઑફિસો હોય છે—ઑફિસોને ખાતર સાહેબ નહિ.

એટલે આવી મહત્ત્વની વ્યક્તિને ઑફિસનો આત્મા કહેવા આપણે લલચાઈએ એ સ્વાભાવિક છે. જગતની અનેક ઑફિસોને ઉપરછલ્લી રીતે જોઈને આવા જ નિર્ણય પર અવાય એ સંભવિત છે. પણ સાહેબનાં અને ઑફિસનાં નિકટવર્તી વર્તુલો, 'સાહેબનોય સાહેબ તે પટાવાળો' એવી જે વ્યાખ્યા પટાવાળાની કરે છે તે સાંભળ્યા પછી સાહેબ ઑફિસનો આત્મા છે, એ માન્યતા ટકાવવી મુશ્કેલ બની જાય છે.

ઑફિસનું ઑફિસત્વ પટાવાળાઓને કારણે જ છે. કેટલાક માને છે કે ઑફિસનું ઑફિસપણું, ઑફિસનો અર્ક, એ ત્યાં થતું કામ છે; ત્યાં લેવાતા અગત્યના નિર્ણયો, લખાતા પત્રો, ઉકેલાતા પ્રશ્નો, એ બધાંમાં જ ઑફિસનું સાર્થક્ય છે. આ ખ્યાલ ખોટો છે. આ ખ્યાલને ખરો ગણીએ તો તો ઘણી ઑફિસોને ઑફિસો જ ન કહી શકાય. ઑફિસોનું ઑફિસપણું આ બધાં કાર્યોમાં નથી. આ કાર્યો તો ક્ષણિક છે, મિથ્યા છે, આજ છે ને કાલ નથી. ઑફિસનું ખરું ઑફિસપણું છે એની 'હવા'માં, એના 'વાતાવરણ'માં, એના ભપકામાં, એના દમામમાં, એના ચકચકાટમાં, એના કાગળોના સળવળાટમાં, ટાઇપરાઇટરોની કટકટમાં, કોલબેલની અને ટેલિફોનની રણકતી ઘંટડીઓમાં, ઝપોઝપ ઊઘડતાં—બંધ થતાં અને ઝૂલ્યાં કરતાં રિવોલ્વિંગ બારણાંમાં. આ બધું ન હોય તો ઑફિસને ઑફિસ કોણ કહે? પત્રોના જવાબ બરાબર કે વખતસર ન જતા હોય તો ચાલશે, પ્રશ્નો ઉકેલાતા નહિ હોય તો ચાલશે, નિર્ણયો નહિ લેવાતા હોય તો ચાલશે—ચાલશે શું? ચાલે છે જ—પણ જો ઑફિસમાં ઉપર કહ્યું તેવું ઑફિસનું 'વાતાવરણ' નહીં હોય તો એને ઑફિસ નહીં કહેવાય!

અને ઑફિસના આ ઑફિસપણાનું પ્રતીક છે પટાવાળો! ઑફિસમાં આમતેમ ઘૂમતા, ફાઇલો કે કાગળો લઈને ઘૂમાઘૂમ કરતા પટાવાળાઓને કારણે તો ઑફિસ ઑફિસ લાગે છે. આ કેવી રીતે એ મારાથી નહીં

સમજાવી શકાય. રામકૃષ્ણ પરમહંસ કહેતા કે આ સૃષ્ટિના અણુઅણુમાં વ્યાપી રહેલો ઈશ્વર એ સમજવાની વાત નથી, અનુભવવાની વાત છે; એમ ઑફિસના ઑફિસપણાના પ્રતીક સમા પટાવાળાનું મહત્ત્વ પણ કોઈ વિવરણ-વિવેચનથી સમજાવી શકાય એમ નથી. તમે થોડો વખત પણ આપણી કોઈ ઑફિસ જોશો તો તમારું હૃદય જ મારી વાત ખરી છે એવી સાક્ષી પૂરશે!

આમ તાત્ત્વિક રીતે તો પટાવાળો ઑફિસનો આત્મા છે જ. પછી બાહ્ય રીતે એનું મહત્ત્વ સ્વીકારાતું હોય કે નહીં, એ સવાલ જુદો છે. જોકે ઘણુંખરું તો બાહ્ય રીતે પણ પટાવાળાનું મહત્ત્વ સૌ જાણતા જ હોય છે. 'પટાવાળો એટલે સાહેબનો સાહેબ' એ વ્યાખ્યા કંઈ અમથી પ્રચલિત બની હશે? કારકુનની 'સાહેબે કહ્યું છે' એવી ધમકીભરી દલીલના ઉત્તરમાં "સાહેબ તો કહે, એમને બિચારાને શી ખબર? હું કહું છું ને? તમે તમારે આમ જ કરો!"—એમ કહેવાની હિંમત ઑફિસમાં પટાવાળા સિવાય બીજા કોની હોય છે?

દેખીતી રીતે કૃષ્ણ અર્જુનના સારથિ હતા, સેવક હતા. પણ બીજી રીતે એ અર્જુનના સાથી હતા, સખા હતા. અને હકીકતમાં તો એ અર્જુનના ભગવાન હતા. એવું પટાવાળાનું પણ છે. ઘણી વાર પટાવાળાનો અને સાહેબનો સંબંધ કૃષ્ણ અને અર્જુન જેવો હોય છે. આમ એ સાહેબનો સેવક જ હોય છે; સાહેબ આવે છે ત્યારે બારણું ઉઘાડીને ખડો થઈ જાય છે, સાહેબની ઘંટડી વાગે છે ત્યારે સફાળો ઊભો થઈ જાય છે, સાહેબને ને સાહેબનાં પત્નીને અને સાહેબના પુત્રને પણ સલામ કરે છે; પરંતુ આ એનું એક બાહ્ય સ્વરૂપ છે. સંસારમાં કર્મ કરવા માટે કૃષ્ણે પણ સારથિનું રૂપ ધારણ કરેલું જ ને!

પટાવાળો આમ દેખીતી રીતે સાહેબનો પટાવાળો છે, પણ બીજી રીતે સાહેબનો સમોવડિયો પણ છે. ઑફિસમાં જેવા સાહેબના જ અધિકાર છે એવા જ એના પણ અધિકાર છે. આખીય ઑફિસમાં હક્કપૂર્વક ઊંઘવાનો અધિકાર બે જ જણને હોય છે—કોને કોને એ તમે જાણો છો! ચાલુ ઑફિસે બહાર ફરવા પણ કોણ કોણ જઈ

શકે છે? પોતાની પત્નીને માટે ‘શોપિંગ’ કરવા સાહેબ જઈ શકે છે, અને પોતાના છોકરા માટે ઉતરાણની તૈયારીરૂપે ગેંડા છાપ રીલ ખરીદવા—અને ઘણી વાર તો દોરી પાવા પણ—પટાવાળો જઈ શકે છે. અને કારકુનોને હક્કપૂર્વક દબડાવવાનો અધિકાર પણ ઘણી ઑફિસમાં બે જ જણને હોય છે—સાહેબને અને પટાવાળાને. આમ એનું સ્થાન સાહેબના જેટલું જ મહત્ત્વનું હોય છે.

જોકે પટાવાળા અને સાહેબના સંબંધની નાજુક રમણીયતા નહીં સમજનારાઓને ઉપરના કથનમાં કંઈક અવિવેક, કંઈક અઘટિતપણાનો વહેમ આવશે. નમ્ર અનુવાદકો કહે છે તેમ હું પણ કહું છું કે જો આવો કંઈક ભાસ તમને થતો હોય તો તેમાં પટાવાળાનો કે સાહેબનો વાંક નથી—વાંક મારી વર્ણનશક્તિની મર્યાદાનો છે. આદર્શ પટાવાળો સાહેબ પ્રત્યે કદી અવિવેક નથી બતાવતો. એ જ્યારે કહે છે કે, “સાહેબ શું સમજે?” ત્યારે એ કોઈ અવિવેક કે અહંકારને કારણે નથી કહેતો, પણ માતાને બાળક પ્રત્યે હોય છે એવી લાગણીને કારણે, એવા ભાવને કારણે—હં, શબ્દ જડયો—‘વાત્સલ્યભાવ’ને કારણે. ઘણા પટાવાળા સાહેબ પ્રત્યે વાત્સલ્યભાવ રાખતા હોય છે. એ જાણે કહેતો હોય છે: “સાહેબ મોટા માણસ છે એ વાત ખરી, એ જાણીને મારા જેટલો આનંદ બીજા કોને થાય? પ...પણ... કંઈ નહીં, જવા દો ને... તમને કહેવાની શી જરૂર છે? હું જાણું છું...ને સાહેબ જાણે છે! પછી શું?”

સાહેબની પત્નીના અધિકાર ઘણી વાર પટાવાળો ભોગવે છે. “ના સાહેબ, હવે વધારે કામ નથી કરવાનું!”; “ના, તમારે આજે ઑફિસમાં નથી આવવાનું. તમારી તબિયત કેવી છે! ખબર નથી?”; “સાહેબ, તમે તો કહો—હું નથી કરવાનો!” આવી ઉક્તિઓ બે જણના મુખમાં જ શોભે છે: સાહેબની પત્નીના અને સાહેબના પટાવાળાના!

આ બધાં કારણે જ મને, અને મારા જેવા અનેકોને, લાગે છે કે ઑફિસનો પટાવાળો એ જવાહરલાલજી માને છે એવો બિનજરૂરી નથી. ભલે એ ઑફિસમાં મરજી પડે ત્યારે અને તો જ પાણી પાવાનું, અનુકૂળતાએ ફાઇલોની હેરફેર કરવાનું કે સાહેબ આવે ત્યારે બારણું

ઉઘાડવાનું... એવાં નજીવાં કામ કરતો હોય; ભલે એ ખૂણામાં સ્ટૂલ પર બેસીને ઝોકાં ખાવાનું, કોઈ કારકુન ઘંટડી વગાડે તો ગુસ્સાભરી નજરે એની સામે જોઈ રહેવાનું ને ફરીથી પાંપણો ઢાળી દેવાનું, ફરીથી ઘંટડી વગાડે તો માંડ માંડ ઊઠીને કારકુનનું બતાવેલું કામ (ફરીથી કામ બતાવવાનું મન ન થાય એવી રીતે અને એવી ગતિએ) કરીને, પાછો સ્ટૂલ પર જઈ ઝોકે ચડી જવાની પ્રવૃત્તિ જ કરતો હોય; ભલે એ નવરો બેઠો શબ્દરચના હરીફાઈના વ્યૂહ ભરતો હોય કે, અમારો એક પટાવાળો કરતો હતો તેમ, કોઈ ભેદી મંત્રા સવાલાખ વાર લખી જઈ વશીકરણ શક્તિ મેળવવાની પ્રવૃત્તિમાં ગૂંથાયેલો રહેતો હોય; ભલે એનું મુખ્ય કાર્ય ઑફિસમાં કારકુનોની પ્રવૃત્તિ અંગે સાહેબના ખબરપત્રી તરીકેની, સાહેબની પત્ની આગળ સાહેબની પ્રવૃત્તિના ખબરપત્રી તરીકેની અને કારકુનો આગળ સાહેબ તથા સાહેબની પત્ની બન્નેની પ્રવૃત્તિના ખબરપત્રી તરીકેની ફરજ બજાવવાનું જ હોય; તો પણ એ ઑફિસમાં અનિવાર્ય છે. એ ઑફિસની શોભા છે. એ ઑફિસનું ચૈતન્ય છે. એ નહીં હોય તો ઑફિસ ઑફિસ નહીં કહેવાય, અને સાહેબ સાહેબ નહીં કહેવાય.

ને તોયે, થોડાક રૂપિયા-આના-પાઈની કરકસર ખાતર, આજે આપણે પટાવાળાને દૂર કરવાની વાતો કરતા થઈ ગયા છીએ? આપણે તે ક્યાં જઈને અટકીશું?*

---

* હમણાં તો અહીંયાં જ!

## ઓફિસમાંથી રજા કેમ લેવી?

‘ઓફિસમાંથી રજા કેમ લેવી?’ એ આજના યુગનો એક સળગતો પ્રશ્ન છે. આપણી શિક્ષણપદ્ધતિની વ્યવહારુ-વિમુખતાને કારણે આપણા નવયુવાનને અનેક પ્રશ્નોમાં ખૂબ સહન કરવું પડે છે. એવું એક અગત્યનું ક્ષેત્ર છે ‘ઓફિસ’ અને એવો એક અગત્યનો પ્રશ્ન છે ‘ઓફિસમાંથી

રજા લેવાનો'!

એ પણ એક કળા છે. જો તમે એનો ઉપયોગ કરી જાણો તો એમાં અપરિમિત આનંદ સમાયો છે. કુશળતાપૂર્વક રજા લેતાં આવડે તો ઘેર આરામ મળે છે એ તો ખરું જ, પણ બીજાય અનેક લાભ મળે છે. 'સાહેબ' પાસેથી રજા મેળવવાના કાર્યથી તમારી વાક્પટુતા ખીલે છે, અભિનયશકિત વિકસે છે, રજાની ચિઠ્ઠી લખવામાં—એવું કયું કારણ આપવું અને કેવા શબ્દોમાં કે, જે પરથી 'સાહેબ' કંઈ જ આડુંઅવળું શોધી ન શકે એનું ધ્યાન રાખીને ચિઠ્ઠી લખવામાં—લેખનશકિત અને 'ડ્રાફ્ટંગિ'ની શકિત ખીલે છે. ચિઠ્ઠી યોગ્ય કારકુન દ્વારા વખતસર પહોંચાડવાના કાર્યથી અથવા તો આગલે દિવસે “જો અલ્યા, કાલે આ ચિઠ્ઠી સાહેબને આપજે, મારો વિચાર માંદા પડવાનો છે,” એમ કહીને ચિઠ્ઠી આપી રાખવાની વ્યવસ્થા કરવાથી વ્યવસ્થાશકિત ખીલે છે. પકડાઈ જઈએ તો બીજે દિવસે 'સાહેબ'ની ઘંટડી સાંભળી એમની કેબિનમાં તદ્દન નિર્દોષ મોં કરીને જવામાં હિંમત ખીલે છે, એ બધા લાભ તો ખરા જ. પણ 'કેઝ્યુઅલ' લેવામાં, ઓફિસમાંથી અકારણ—બસ, 'મૂડ' આવ્યો એટલે—રજા લેવામાં આધ્યાત્મિક રીતે પણ ઘણું જ કલ્યાણ સમાયું છે.

જગત આખું કામ કરતું હોય, પૈસા ખાતર દોડાદોડ કરી રહ્યું હોય, કારખાનાંઓમાં, બેંકોમાં, ઓફિસોમાં દેમાર પ્રવૃત્તિ ચાલી રહી હોય ત્યારે, ઘેર આરામખુરશીમાં પડ્યા પડ્યા, સ્વસ્થચિત્તે, બધાથી દૂર રહીને, સંસારમાં રહ્યા છતાં સંસારથી અળગા રહીને સંસારને નીરખવાથી કોઈ નવું જ દર્શન પ્રાપ્ત થાય છે. પ્રવૃત્તિ પ્રત્યેનો મોહ દૂર થાય છે. આ દોડાદોડ, આ ખેંચાખેંચ, આ હોંશાતોંશીની અસારતા સમજાય છે, અને જે મરતો નથી, મારતો નથી, બળતો નથી, બાળતો નથી, ભીંજાતો નથી, ભીંજવતો નથી, કામ કરતો નથી, કામ કરાવતો નથી, ઓફિસમાં જતો નથી, 'જવડાવતો' નથી, એવા અસ્પર્શ્ય, અદૃષ્ટ, અવ્યક્ત આત્માનું દર્શન થાય છે. અને આપણે આ બધાંમાં નથી તોય બધું ચાલ્યા કરે છે, સંસાર તો ચાલ્યા જ કરે છે, એ નમ્રતાપ્રેરક

સત્યનું ભાન થાય છે, અહંકાર દૂર થાય છે! પણ આ બધું ક્યારે? કે ઓફિસમાંથી ગમે ત્યારે ગુલ્લો મારતાં આવડે ત્યારે!

હવે મુશ્કેલી એ છે કે આજકાલ (આજકાલ જ શું કામ? જમાનાઓથી!) દરેક ઓફિસમાં 'સાહેબ' નામનું એક પ્રાણી રાખવામાં આવે છે, કેટલાક એને 'બોસ' પણ કહે છે, કેટલાક કહે છે 'શેઠ'! નામરૂપ જૂજવાં પણ અંતે તો બધુંય એક જ. આ 'સાહેબ'નાં મુખ્ય કામો ઓફિસમાં ખાસ કેબિનમાં બેસી રહેવાનું, ટપાલ ફોડવાનું, પટાવાળા પાસે પાણી મંગાવવાનું, બપોરે 'લંચ' માટે ઘેર જવાનું, બને તો ચાલુ ઓફિસે ઊંઘવાનું, કોઈ પોતાને ઊંઘતા જોઈ જાય તો એને દબડાવવાનું, મોડા ઘેર જવાનું અને કારકુનોને વઢ્યા કરવાનું—એ હોય છે. આ માટે એમને મોટા મોટા પગારો આપવામાં આવે છે.

આ 'સાહેબો', કોણ જાણે કેમ, રજા આપવાની બાબતમાં ક્રૂર હોય છે. કેટલાક દયાળુ પણ હોય છે. (જેમને સરળતા ખાતર એમની ગેરહાજરીમાં 'મૂર્ખા' તરીકે પણ ઓળખવામાં આવે છે.) આવા સાહેબો કારકુનના કહેવા સાથે જ એને રજા આપી દે છે. આવા સાહેબો હોય છે તો રજા લેવામાં બહુ મુશ્કેલી નથી પડતી. જે યુવાનોએ પૂર્વજન્મમાં પોતે સાહેબ હતા ત્યારે પોતાના હાથ નીચેનાઓને પ્રસન્નચિત્તે અનેકાનેક રજાઓ આપવાનું પુણ્ય કર્યું હોય છે તેમને આ ભવે આવા દયાળુ સાહેબો મળે છે. પણ મોટા ભાગના સાહેબો 'કડક' અથવા તો 'જવા દે ને સવારના પહોરમાં એનું નામ' એ પ્રકારના હોય છે. એમની પાસેથી રજા લેવામાં આપણા મુગ્ધ યુવાનને, હજી હમણાં જ કોલેજમાંથી બહાર પડી જીવનના ઝંઝાવાતમાં ઝડપાયેલા દૂધમલ જુવાનને, કેટલી મુશ્કેલી પડે છે એ તો એનું મન જાણે છે! કોઈએ એને કહ્યું નથી હોતું કે રજા કેવી રીતે લેવી, કોઈએ એને શિખવાડ્યું નથી હોતું કે દુષ્ટ સાહેબ પાસેથી 'કેઝ્યુઅલ' સરળતા અને સલામતીપૂર્વક કેમ પ્રાપ્ત કરવી. અરે, મા, બાપ, શિક્ષક, વડીલો કોઈ કરતાં કોઈએ એને નથી ચેતવ્યો હોતો કે "રજા લેવી એ પણ ભાઈ, એક કળા છે. એ પ્રાપ્ત કર્યે જ તારો છૂટકો છે." મુગ્ધ કન્યાને સૌ ચેતવે છે કે, "રોટલી પણ

વણતાં નથી આવડતી તો સાસરે જઈને કરીશ શું?" પણ વિદ્યાર્થીને કોઈ કરતાં કોઈ ચેતવતું નથી કે, "ભાઈ, બહાનું કાઢીને 'કેઝ્યુઅલ' લેતાં નહિ આવડે તો ઓફિસમાં જઈને કરીશ શું?"

ઘણા આમાં ખત્તા ખાય છે. ઘણાક અનુભવે શીખે છે. ઘણા નથી શીખવા પામતા અને હેરાન થાય છે. ઘણા આ કળા ન શીખી શકવાને કારણે પૂરતી કેઝ્યુઅલો 'ભોગવી' શકતા નથી, ભોગવી શકે છે તો જે 'ટેસ'થી ભોગવવી જોઈએ તે ટેસથી ભોગવી શકતા નથી. એટલે જ કહું છું કે આ પ્રશ્ન પરત્વે વ્યવસ્થિત વિચારણા થવી જરૂરી છે.

આમ ગણો તો કામ બહુ સહેલું છે. ચિઠ્ઠી મોકલી દેવી. 'તબિયત ખરાબ છે. આવી શકાશે નહીં. આજની રજા મંજૂર કરવા મે. કરશો.' સાહેબ 'તબિયત'નો અર્થ 'શારીરિક સ્થિતિ' એવો ગણશે. તમારી શારીરિક તંદુરસ્તી બરાબર હશે તોય તમે ખોટા નહીં ગણાઓ. કારણ ફારસી ભાષામાં 'તબિયત' એટલે 'માનસિક સ્થિતિ', 'મિજાજ', 'મૂડ'! અને તમારો મિજાજ ઠેકાણે નથી એ વાત તો ખરી જ ને! યુધિષ્ઠિરને 'નરો વા કુંજરો વા' કહેવાથી લાગેલું એટલુંય પાપ તમને 'તબિયત ખરાબ છે' એમ કહેવાથી નહીં લાગે.

ચિઠ્ઠી મોકલવાની ક્રિયા બહુ ધ્યાનપૂર્વક કરવી પડે છે. આપણી ઓફિસમાં કામ કરતો પડોશી આજે જ ઘેરથી વહેલો નીકળી ગયો હોય તો? ઘરનું બીજું કોઈ ચિઠ્ઠી આપવા જઈ શકે એમ ન હોય તો? ત્યારે કરવું શું? માટે ડાહ્યા માણસો જ્યારે આકસ્મિક રીતે માંદા પડવાના હોય ત્યારે આગલે દિવસે ઓફિસમાં પોતાની સાથે કામ કરનાર મિત્રને, "કાલે માંદા પડવાનો વિચાર છે. આ ચિઠ્ઠી સવારે સાહેબને આપજે," એમ કહીને ચિઠ્ઠી આપી રાખે છે.

પણ અચાનક તબિયત બગડ્યા અંગેની ચિઠ્ઠી આમ વારંવાર નથી મોકલી શકાતી. "ગઈ કાલે તો સાજોસમ હતો અને આજે અચાનક શું થઈ ગયું?" એવાં (ન કરે નારાયણ પણ તમારી શોકસભામાં બોલાવાં જોઈએ એવાં) વાક્યો સાહેબ અને અન્ય સજ્જનો બોલે એ તદ્દન સ્વાભાવિક છે. આથી દર વખતે કંઈ અચાનક માંદા પડ્યાની ચિઠ્ઠી

ન મોકલાય.

એટલે બને ત્યારે, માંદા પડવાનું હોય એના બેત્રણ દિવસ અગાઉ ‘વાતાવરણ’ જમાવવું! આંખો ચોળીને લાલ કરવી, ઢીલા થઈ જવું, ધીમેથી બોલવું, ખૂબ ધીમેથી ઉધરસ ખાવી, અચાનક આંખો બંધ કરીને બેસી જવું, અને કોઈ પૂછે એટલે “કંઈ નહીં”... “કંઈ નહીં” કહીને શહીદની જેમ કામે વળગવું, દર બે કલાકે ઓફિસ વીંધીને વોટરરૂમ આગળ જઈ, પ્યાલામાં પાણી લઈ, વર્ષાબિંદુ ઝીલતા ચાતકની જેમ મોં ઊંચું કરી, પહોળું કરી, ગોળી ગળવી. બજારમાં એસ્પ્રો-એનેસિન જેવા દેખાવની પિપરમીટની ગોળીઓ મળે છે! સાહેબની કેબિનમાં જવું-આવવું તેય ધીમે પગલે. જતાં અને આવતાં જરા ઉધરસ ખાઈ લેવી, સહેજ બેધ્યાન બની જવું અને અચાનક સાહેબનો ઘાંટો સાંભળતાં ચમકીને જાગી જવું અને ગરીબડું મોં કરીને ઊભા રહેવું.

અને આવા એકાદ દિવસ પછી જો તમે માંદા પડ્યાની રજા લો તો રજા આપનારના હૃદયમાં તમે તમારા પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન કરી શકશો. જો યોગ્ય વાતાવરણ જમાવી શક્યા હશો તો એકને બદલે બે કે ત્રણ દિવસની ‘સિક લીવ’ લઈ શકશો!

બને ત્યાં સુધી આવી ‘ખરાબ તબિયત’ની રજા એક સાથે બે દિવસથી વધારે સમય માટે લેવી નહીં. નહીં તો ઓફિસના મૂર્ખ મિત્રો આપણી ખબર લેવા ઘેર આવે છે, અને એ લોકોને આવતા જોઈને બે મિનિટમાં જ, એકદમ દોડી ચોરસો લાવી ઓઢીપોઢીને પલંગમાં સૂઈ જવામાં ઘણી ઉતાવળ કરવી પડે છે. ખમણઢોકળાં ખાતા હોઈએ તો રકાબી રસોડામાં મૂકી આવી, હાથ ધોઈને આરામખુરશીમાં ઢીલા થઈને સૂઈ જવાનો પૂરતો વખત મળતો નથી. પિક્ચરના બપોરના શોમાં ગયા હોઈએ તો આપણે અંદર સૂઈ ગયા છીએ અને “હમણાં જ માંડ આંખ મીંચાઈ છે એટલે ડિસ્ટર્બ કરવા ઠીક નહીં; પણ તમારું નામ કહો, તમે આવ્યા હતા તે કહીશું, અને પાણીબાણી પીવું છે? સારું ત્યારે, આવજો!”—કહીને મિત્રોને ઝડપથી વળાવી દેવાનું કામ ઘરનાં માણસો માટે ઘણું મુશ્કેલીભર્યું બની જાય છે.

માટે આકસ્મિક માંદગીની રજાઓ બે કે ત્રણ દિવસથી વધારે લાંબા ગાળા માટે લેવી હોય તો હવાફેરનો કાર્યક્રમ યોજવો!

અમારા એક મિત્રે આવી રીતની સરસ યોજના કરેલી. એક દિવસ ક્ષયનિવારણ નિમિત્તે ઓફિસમાં ફાળો ઉઘરાવવા સ્વયંસેવકો આવ્યા ત્યારે છટકવા માટે એ પાએક કલાક પાણીની રૂમમાં સંતાઈ રહેલા ત્યારે એમને એક વિચાર આવ્યો અને તરત એમણે સાત દિવસનો ઉધરસ સપ્તાહ ઊજવી નાંખ્યો!

સાહેબે પૂછ્યું છેવટે, “શું થયું છે?”

“કંઈ નહીં,” એમણે કહ્યું.

પછી બે દિવસ ઉધરસ.

“કંઈ થયું છે, મિ. શાહ?”

“નહીં સાહેબ, એ તો... સહેજ પંદરેક દિવસથી ઉધરસ આવે છે અને અહીં... અહીં સાહેબ, છાતીમાં ડાબી બાજુ દુખ્યા કરે છે... એટલું જ, બીજું કંઈ નહીં... તો હં સાહેબ, પેલા નાગરવાડિયા એન્ડ કં.ના ઓર્ડરનો શો જવાબ લખવાનો છે, સાહેબ?”

અહા, ધન્ય છે આ વીરપુરુષને! પંદર પંદર દિવસથી છાતીમાં દુખે છે (ડાબી બાજુ) પણ એને એની પરવા નથી; એ સચિંત છે, ઉદ્વિગ્ન છે, વિચારમગ્ન છે—પણ તે છાતીના દુખાવા અંગે નહીં પરંતુ નાગરવાડિયા એન્ડ કં.ના ઓર્ડર અંગે! ‘ધન્ય છે’ સાહેબના મનમાં થયું હશે. પણ એ કંઈ બોલ્યા નહીં.

પણ ત્રણ દિવસમાં એ ભાઈ છેવટે સાહેબ પાસે બોલાવડાવી શક્યા, “તો પછી કો’ક સારા ડોક્ટરને બતાવો ને, મિ. શાહ.”

“હા, સાહેબ!”

એમણે સાહેબની આજ્ઞા માની. એક દિવસ ડોક્ટરને બતાવવા જવાની રજા.

પછીના બે દિવસ ઓફિસમાં હાજરી.

પછીના બે દિવસ મોટી હોસ્પિટલમાં સ્ક્રીનિંગ કરાવવા જવા માટે રજા.

તે પછી એક દિવસ રિપોર્ટ લેવા જવાની રજા.

પછી ટ્રીટમેન્ટ ચાલુ થઈ. "સાહેબ, કદાચ, આઈ મીન ટી. બી. પણ હોય. હજી કહેવાય નહીં!"

વધુ બે રજાઓ.

ડોક્ટરે જાહેર કર્યું: "ટી. બી.ની અસર છે, અઠવાડિયું હવાફેર માટે જઈ આવો."

ગયા. અઠવાડિયાની રજા.

આવ્યા, "હવે કેમ છે?"

"ઠીક છે."

"ઠીક છે ને?"

"હા...જો કે સાચું પૂછો તો આ તો આમ જ ચાલવાનું. ડોક્ટર તો કહે છે મહિનો રજા લઈને બહાર રહી આવો. પણ સાહેબ, એ તે કંઈ ચાલે? ઓફિસનું કામ 'સફર' થાય..."

"જો ખરેખર જરૂર હોય તો પછી..."

"પણ સાહેબ, રૂલ્સ મુજબ..."

"એ તો જોઈશું. એમ કરો, ત્રણેક અઠવાડિયાં જઈ આવો."

ગયા.

આવ્યા.

ઠીક છે. ચાલે છે.

એમનો તો હજી બે મહિના પછી એકાદ અઠવાડિયું રજા લેવાનો વિચાર હતો, ત્યાં એક દિવસે સાહેબે પૂછ્યું, "બાય ધ વે, મિ. શાહ, તમે કયા ડોક્ટરની ટ્રીટમેન્ટ લો છો?"

"સાહેબ.... ટ્રીટમેંટ તો સાહેબ... એ તો છે ને સાહેબ... ડો.

દેસાઈની…”

“ડો. દેસાઈ? કયા દેસાઈ?”

“છે સાહેબ…. એ બાજુ… અમારી બાજુ… ઘણા હોશિયાર છે, સાહેબ…”

“એમ કે? મને તો મૂરખ લાગે છે.” સાહેબે કહ્યું, “તમારું દરદ તો લંબાયા કરે છે. ધેટ ઇઝ સિરિયસ! તમે એમ કરો, હું ચિઠ્ઠી લખી આપું છું. ડો. કામાને મળો, મારા ઓળખીતા છે, હોશિયાર માણસ છે.”

પણ અમારા એ મિત્ર પણ હોશિયાર માણસ હતા! આ વાતચીત પછી દસ જ દિવસમાં એમનો રોગ મટી ગયો!

પણ એકંદરે એમનું એ વર્ષ ઘણું સુખમાં ગયું. આમ માંદગી એ નાના પાયા પરની તેમ જ મોટા પાયા પરની રજા લેવા માટે ઉત્તમ બહાનું છે. શિયાળામાં કે ચોમાસામાં શરદી તો થાય જ, તે ઉપરાંત દાંતનો દુખાવો, સ્ટમક અપસેટ થઈ જાય, કાકડા ફૂલે, આધાશીશી થઈ જાય… ઈશ્વરે અનેક રોગો સર્જ્યા છે, એ બધાંનાં લક્ષણો યાદ રાખવાં, દરેકનાં ચિહ્નો ધ્યાનમાં રાખવાં, સામાન્ય રીતે કેટલો સમય ચાલે છે એ જાણી લેવું. એના નિષ્ણાત—પણ સાહેબથી અજાણ્યા, કારણ કે કલ્પિત—એવા ડોક્ટરોનાં નામ યાદ રાખવાં, એવી ઘણી ઘણી વાતોની દરકાર રાખવાની છે.

સાહેબને ચીડવીનેય રજા લઈ શકાય! તબિયત ખરાબ હોવાનો, આગળ કહ્યો એવો, અભિનય સારા પ્રમાણમાં કરી પછી કામકાજમાં ભૂલો કરવા માંડવી, હાથમાંથી ફાઈલો પડી જાય, અચાનક ચોપડી લઈને જતાં જતાં ગમે તે ખુરશી પર બેસી જવું પડે, શાહીનો ખડિયો ઢોળાઈ જાય, ટોટલ તદ્દન ઢંગધડા વિનાના થવા માંડે, એટલે સાહેબ ચિડાશે, “તમારું મગજ ક્યાં છે!” “હેં? …ઓહ, સોરી સાહેબ… વેરી સોરી.”

બે-ત્રણ દિવસ પછી કોઈ સાથી (તમારી સૂચના મુજબ) સાહેબને કહેશે, “સાહેબ, એ માંદો છે!” “એમ?” “હા, બે દિવસથી ટેમ્પરેચર છે.” “તો પછી કહેતો કેમ નથી?” “તમને કહેતાં સાહેબ… એક્સક્યુઝ

મી, પણ એ જરા ગભરાય છે.” વફાદાર મિત્ર કહેશે.

“ગભરાય છે! હું તે કંઈ વાઘ છું! ફાડી ખાવાનો છું!” સાહેબ ચિડાઈને કહેશે. “એને કહો કે કંઈ અરજન્ટ હોય તો પૂરું કરી નાંખે અને ઘેર જાય... જાઓ... આજના યંગમેન, ‘કરેજ’ નહીં મળે કોઈ જાતની...” સાહેબ બબડતા રહેશે, અને મિત્ર બહાર જઈને યંગમેનને સમાચાર આપશે. યંગમેન એને જરા ચાપાણી પિવડાવીને ઘેર જશે. બે દિવસની રજા!

પરંતુ યુદ્ધમાં તેમ રજા લેવામાં એકસરખી ચાલ હંમેશાં ના ચાલે! યુકિતઓ બદલતાં રહેવું જોઈએ. જાતે માંદા પડવાનું પૂરતા પ્રમાણમાં થઈ ગયું હોય તો સગાંવહાલાંને માંદા પાડવાં, કે પછી... પહોંચાડી દેવાં! માંદા પડવા માટે સન, વાઇફ અને ફાધર ઘણાં અનુકૂળ છે. ફાધર બહારગામ જ રહે. એટલે દર વખતે એમને માંદગીનો ઊથલો આવે ત્યારે ત્યાં જવું પડે. પહોંચાડી દેવા માટે જરા દૂરનાં સગાં પસંદ કરવાં. પણ કેટલાં સગાં છે, કોણ ક્યાં રહે છે અને કેટલી ઉંમરનાં છે એનું ધ્યાન રાખવું. બને તો ઘેર એનું લિસ્ટ રાખવું. જેમનો આપણા શહેરમાં આવવાનો અને આપણી ગેરહાજરીમાં ઓફિસમાં આવવાનો સંભવ જરાપણ ન હોય એવાં જ સગાંનું અવસાન નિપજાવવું. નહીં તો, “તમે કોણ! મિ. ત્રિવેદીના ફુઆ કે! ઓહ! પણ એ તો તમારા ઉઠમણામાં ગયા છે એટલે રજા પર છે!” એવું કહેવાનો સંજોગ ઊભો થાય છે. આવું ભાગ્યે જ બને પણ ધ્યાન રાખવું સારું.

પણ આ બહાનામાંય મજા નથી. એક તો રજા પરથી આવ્યા પછી દિલગીર હોવાનો અભિનય કરવો પડે છે. અને બીજીય મુશ્કેલી છે. સગાંવહાલાં કેટલાં હોય! અવસાન પમાડી-પમાડીનેય કેટલાં સગાંને પમાડીએ!

આ માટે નાતીલા બહુ સારા! નાતીલાની સંખ્યા ઉપર કોઈ મર્યાદા નથી. અને એમને મૂકવા સ્મશાને જવું પડે એ તદ્દન સ્વાભાવિક પણ છે! આ બહાનું એવું કરુણ છે કે પાષાણહૃદયી સાહેબો પણ ઝાઝી હા-ના કરી શકતા નથી.

સાહેબ ચિડાય: “આ તે કંઈ રીત છે! તમારી નાતમાં રોજ કેટલા માણસ મરે છે! હમણાં દસ દિવસ પહેલાં કોઈ ગુજરી ગયેલું. અને પાછું આજે!”

ત્યારે તમે ઠંડે કલેજે કહી શકો, “આ તો સાહેબ, કંઈ આપણા હાથની વાત છે!”

છતાંય સાહેબ મિજાજમાં આવીને કહી નાંખે, “તો પછી... તો પછી... ના જાઓ સ્મશાને! આમ ઓફિસનું કામ બગડે એ કેમ ચાલે!”

તો તમારાથી કહેવાય: “એ તો સાહેબ, એવું છે ને, આ તો કાલે આપણો વારો. એમનામાં નહીં જઈએ તો આપણામાં કોણ આવશે?” સાહેબને મનેકમને પણ રજા આપ્યે જ છૂટકો! અને તમે ‘આપણા’ એ શબ્દ દ્વારા સાહેબને પણ સમાવી દીધા એ વાત પર મનમાં મલકાતા મલકાતા કેબિનમાંથી બહાર નીકળશો.

પરંતુ જીવનમાં એકપત્નીવ્રત પાળવું શક્ય છે, પણ એક બહાનાવ્રત પાળવું શક્ય નથી. બહાનાંને પણ પ્રધાનોની જેમ વારંવાર બદલતા રહીએ તો જ બરાબર કામ આવે. માંદા પડવા-પાડવા અને લોકોને અવસાન પમાડી દેવા ઉપરાંત ચોમાસામાં વતનના ઘરના છાપરામાંથી પાણી ગળતું હોવાનો (કે એ ઘરમાં ચોરી થયાનો!) પાડોશીનો તાર મંગાવવો એ પણ એક ઉત્તમ માર્ગ છે. ઉપરાંત ટેક્સનાં લફરાં, ગેસ્ટનાં લફરાં વગેરે પણ બહાનાં તરીકે કામ આવી શકે એમ છે.

આવાં બહાનાં પસંદ કરવામાં એક વાતનું ધ્યાન રાખવું. સાહેબને જે લફરાંનો, જે મુશ્કેલીઓનો અનુભવ હોય તે જ મુશ્કેલી આપણે પણ પસંદ કરવી. એથી કહી શકાય કે, “સાહેબ, મકાનમાલિક સામે ઘરના ભાડાના ઝઘડા અંગે કોર્ટમાં જવું પડે એમ છે. એ માટે દિવસ આખો બગાડવો પડશે. આ પણ સાહેબ, મોટું લફરું છે. તમે તો જાણો છો સાહેબ, તમને કેટલી મુશ્કેલી પડી હતી ગઈ વખતે!” આમ કહીને સાહેબને, “મકાનમાલિકો નાલાયકો હોય છે જ એવા” એવું કહેવા તરફ દોરી જઈ શકાય અને સમદુખિયા ગણાઈને રજા મેળવી શકાય!

અલબત્ત, આ માટે સાહેબના અંગત જીવન અંગે, સાહેબની મુશ્કેલીઓ અંગે, કુટુંબ અંગે થોડી માહિતી હોવી જોઈએ. તો જ ખબર પડે કે સાહેબે કઈ કઈ મુશ્કેલીઓ અનુભવી છે અને તે મુજબ તમે પણ મુશ્કેલી પસંદ કરી શકો. પણ પટાવાળા જોડે સારો સંબંધ રાખ્યાથી આ માહિતી તો સહેલાઈથી મેળવી શકાય છે.

કુશળ માણસો તો સાહેબને મદદરૂપ થઈને (ન થઈ શકાય એમ હોય તો પણ થઈને!) રજા લઈ શકે છે. સાહેબ પણ આખરે તો માણસ જ છે. હું જાણું છું, ઘણા કારકુનો આ વાત કબૂલ કરવા તૈયાર નહીં હોય. પણ ખરેખર સાહેબો પણ આખરે માણસો છે, એમને પણ બાળકો હોય છે, એ બાળકો બાલમંદિરમાં ભણતાં હોય છે, ચાર વર્ષ પૂરાં થતાં એમને પણ શાળામાં દાખલ કરવાનાં હોય છે. અને શાળામાં એડમિશન કેમ મેળવવું તે અંગે સાહેબોને પણ ક્યારેક ચિંતા થતી હોય છે!

આવી વખતે તમારે નાવડું લઈને ઝુકાવવું, નૂતન સ્કૂલના હેડમાસ્તર તમારા સંબંધી છે, (આધ્યાત્મિક રીતે, ઐહિક રીતે નહીં.) માટે તમે એ અંગે કંઈ કરી જ શકો. એ માટે બપોરે જ જવું પડે... બે ત્રણ વાર જાઓ તોય એ મળે નહીં. મળે તો પછી આવવાનું કહે જ. એટલે તમારે ફરીથી બેત્રણ વાર રિસેસ પછી ઓફિસમાંથી જતાં રહેવું પડે. અને એડમિશનનું! એનું એવું છે ને, કે જેના ભાગ્યમાં જે લખ્યું હોય છે તે જ થાય છે! આપણે કોણ!

એવી જ રીતે તમારી પોસ્ટઓફિસમાં, શેરબજારમાં વગેરે અનેક સ્થળે ઓળખાણો હોઈ શકે છે. હોય જ! રિસેસ પછી રજા લેવી હોય એટલે ઓળખાણ હોય જ ને! બને તો કામ કરવું, ન બને તો ઘેર જઈને રેકર્ડો સાંભળવી. પ્રભુ જે કરશે તે સારું જ કરશે. न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति । ઈશ્વરની લીલાની જેમ ઓફિસમાંથી રજા લેનારાઓની લીલા અનંત છે. બધું તો આપણે ક્યાંથી વર્ણવી શકવાના! કેવા સાહેબ છે, કેવી ઓફિસ છે, કેવા સાથીદારો છે અને કેવી હવા છે એ જોઈને સૌએ પોતપોતાનો મોરચો રચવો

રહ્યો. મુદ્દાની વાત એક જઃ “આના કરતાં ખોટી રજાઓ લેવી જ નહીં એ શું ખોટું!” એવા મોક્ષને ન અપાવનારા, અકીતિર્ કરનારા, અને આરામની શક્યતાઓનો ક્ષય કરનારા સંશયમાં કદી પડી જવું નહીં; કારણ આવા સંશયને વશ થઈ રજા ન લેવાથી, આ લોકમાં સુખની પ્રાપ્તિ થતી નથી અને પરલોકમાં પણ “અરેરે પૃથ્વી પર મેં પૂરતી કેઝ્યુઅલો પણ ન ભોગવી!” એ પ્રકારનો શોક રહ્યા કરે છે!

['સોમવારની સવારે' પુસ્તક]

# બટુક દેસાઈ

## આ વિષચક્રમાંથી છૂટવા

ગામડાંઓ તૂટી રહ્યાં છે. રોજગારીની શોધમાં ગામડાંમાંથી એકધારો પ્રવાહ શહેરો તરફ વહી રહ્યો છે. શહેરોમાં ગુનાખોરીના પ્રમાણમાં મોટો વધારો થઈ રહ્યો છે. વિશ્વભરમાં છેલ્લા બે દશકામાં હિંસક ગુનાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે.

વખાનો માર્યો રોજી-રોટલો શોધવા શહેરમાં આવેલો ગામડાનો સીધોસાદો ખેડૂતનો દીકરો ગુનેગારીને માર્ગે શા માટે વળતો હશે?

માનવીમાત્રાનું એક વ્યક્તિત્વ છે. તેને પોતાનો સમૂહ છે, પોતાનાં વડીલો છે, વડીલોની આમન્યા પાળવાની પરંપરા છે, મિત્રો છે—અને એ બધાંથી બંધાયેલું તેનું વ્યક્તિત્વ છે. આ બધાંનો તેને ખોટું કરતાં વારતો ડર પણ છે, અને પોતાની પ્રતિષ્ઠા ઘટવાની ભીતિ પણ છે. નિરક્ષર અને બેકાર મનુષ્યની પણ, તે જ્યાં જન્મ્યો અને ઊછર્યો હોય તે સમાજમાં કોઈક પ્રકારની ભૂમિકા છે. ત્યાં બીજાઓ તેને પિછાને છે, તેમની સાથે તેનો સામાજિક વ્યવહાર છે, લાગણીનો સંબંધ છે. તેમની પાસેથી તે આવકાર પામે છે, સ્વીકૃતિ પામે છે.

આવા ખેડુપુત્રો રોજીની શોધમાં શહેરમાં આવે છે ત્યારે એકલા-અટુલા, મિત્રો-સંબંધીઓ વિનાના, મૂળિયાં વિનાના છોડ જેવા બની જાય છે, શહેરના વિશાળ ફલકમાં ખોવાઈ જાય છે. વ્યક્તિત્વ અને કશી નિજી ઓળખ વિનાના પડછાયા જેવા તે બની જાય છે, અને શું કરવું એની સમજ તેને પડતી નથી.

શરૂઆતમાં તો પોતાના કે અડોશપડોશના ગામથી આવેલા ઓળખીતાઓ રહેતા હોય ત્યાં ગોઠવાવા એ પ્રયત્ન કરે છે. પણ એ લોકોય માંડ જીવન ગુજારતા હોય છે અને આખો દિવસ તન તોડતા અસંખ્ય ગરીબોની જમાતના હોય છે. નવા આવનારને દાદ દઈ શકે

તેવી એમની જ સ્થિતિ નથી હોતી. એટલે પછી નવો આગંતુક વસતીથી ઊભરાતા શહેરમાં અટુલો પડી જાય છે. પોતાનામાં જે કાંઈ શક્તિ હોય તેની અભિવ્યક્તિ દ્વારા બીજાઓની પ્રશંસા પામવાની તક તેને મળતી નથી. તે હતાશ થાય છે, પોતાને વ્યક્તિમાંથી માત્રા પડછાયો બની ગયેલો જોઈને તે હતાશ થાય છે. ધીમે ધીમે તેને આ શહેર ઉપર અને પોતાની જાત ઉપર નફરત આવતી જાય છે.

આમ છતાં આરંભમાં તો તે ગુનેગારીના માર્ગે વળતો નથી. ગુનામાં આવી જવાય એવું કશું પણ કરતાં એ ડરે છે. પણ આસપાસ જે કાંઈ બની રહ્યું છે તે જોતાં જોતાં એનો ડર હળવે હળવે ઘટતો જાય છે. શહેરના પ્રતિકૂળ વાતાવરણમાં પણ કેટલાય ગરીબો શી રીતે જીવે છે તે જોતાં જોતાં એ પણ તેની કરામતો શીખવા માનસિક રીતે તૈયાર થતો જાય છે. અને પછી ક્યાંક આડોઅવળો સાથ મળતાં તે પણ ગુનેગારોની આલમમાં દાખલ થઈ જાય છે. આજની સામાજિક વિષમતા અને આર્થિક અસમાનતાએ શહેરોને ગુનેગાર તૈયાર કરવાનાં કારખાનાં બનાવી દીધાં છે.

પ્રામાણિકપણે મહેનત કરીને રોટલો રળવા આવેલા ખેડુપુત્રાને ગુનેગારમાં પલટી નાખતી આ પ્રક્રિયાને વેગ આપનારું બીજું પરિબળ તે શહેરનો માહોલ છે. શહેરનું મુક્ત વાતાવરણ, સ્વચ્છંદતા, કોઈની શરમ કે ભય વિના મનગમતા ભોગ ભોગવવાની—પૈસા હોય તો—છૂટ : આ બધું જોઈને તે હલબલી ઊઠે છે. સાચા—ખોટાની તથા જીવનને મૂલવવાની આછીપાતળી જે કંઈ સમજ તેનામાં હોય તે હચમચી જાય છે.

આટલું ઓછું હોય તેમ ટીવી દ્વારા પ્રસારિત કરાતો ઉપભોક્તાવાદ, સુખવાદ બાકીનું કામ પૂરું કરી નાખે છે. ટેલિવિઝન ગાઈ-બજાવીને તેને કહે છે કે માણસનું મૂલ્ય તેના ચારિત્રયથી નહીં, સમાજઘડતરમાં તે કેટલો ફાળો આપે છે તેના પરથી નહીં, પણ નાણાંથી મૂલવાય છે. આવા સંજોગોમાં, જેની પાસે ધન નથી અને સીધે રસ્તે તે રળવાની તક પણ નથી એવા લોકો ગુના કરવા તરફ વળે છે. આજે મહાનગરોમાં ગુનેગારી કૂદકે ને ભૂસકે વધતી જાય છે, તેના મૂળમાં આ પરિસ્થિતિ

રહેલી છે.

ભણેલાગણેલા મધ્યમવર્ગમાં પણ ગુનાખોરીનું પ્રમાણ વધતું જાય છે. તેમના ગુનાઓ હિંસક પ્રકારના નહીં પણ વિવિધ પ્રકારની આર્થિક છેતરપિંડીના હોય છે. આવા ગુનાની ૯૨૮ ફરિયાદો ૧૯૯૫માં દિલ્હીની પોલીસ પાસે નોંધાઈ હતી, જ્યારે ૧૯૯૮માં તેની સંખ્યા ૨,૪૨૦ પર પહોંચી હતી.

ફિલ્મો અને ટીવીની સિરિયલોમાં હિંસાને આકર્ષક બનાવતાં દશ્યો ને સંવાદોની ભરમારે પરિસ્થિતિને વિશેષ વણસાવી છે. શ્રમ-આધારિત ઉત્પાદનનું સ્થાન યંત્રા—આધારિત ઉત્પાદન લેતું ગયું તેમ તેમ બેકારી વધતી ગઈ. પેટનો ખાડો પૂરવા, પેટનાં સંતાનોને મૂઠી ધાન આપવા, ગુનાને માર્ગે વળવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નહીં. પરિણામે ગુનાખોરી પણ વધતી ગઈ. મુંબઈની ગુનેગાર આલમના નામચીન સરદારો, એ બેકાર મિલ-મજૂરોની જ ઓલાદ છે. મોટા ઉદ્યોગો વધતા જશે તેમ તેમ આ બેકારોની ફોજ પણ વધતી જ જવાની. મોટાં શહેરોમાં ગુનાખોરી વધતાં તેની સામે બુમરાણ થશે, પોલીસની સંખ્યા ને કડકાઈ ત્યાં વધતી જશે, તેથી ત્યાંના ગુનેગારો મધ્યમ કક્ષાનાં શહેરો ભણી વળશે; પછી ત્યાં ગુનાઓનું પ્રમાણ વધી જશે.

આ એક વિરાટ વિષચક્ર છે. તેમાંથી છૂટવું હશે તો આપણી જીવનશૈલી અને મૂલ્ય-પદ્ધતિ અંગે ફેરવિચારણા કર્યા વિના ચાલવાનું નથી. ઉપભોક્તાવાદી જીવનશૈલી છોડીને તંદુરસ્ત જીવનશૈલી તરફ વળવું પડશે. આ વિકલ્પી જીવનશૈલીનો પાયો લોભ નહીં પણ આવશ્યકતા હશે. સમાજના થોડાક સંપન્નોના ભોગવિલાસ પૂરનારા નહીં, પણ આમજનતાની લઘુતમ આવશ્યકતા પર ભાર મૂકનારા અર્થતંત્રાની રચના આપણે કરવી પડશે.

# બટુકદાસ નિમાવત

## મહાનદના સાંનિધ્યનું સાહિત્ય

માર્ક ટ્વેનનું મૂળ નામ હતું સૅમ્યુઅલ લેન્ગહોર્ન ક્લીમેન્સ. ૧૮૩૫માં તેમનો જન્મ. માર્ક ટ્વેનની ખરી જન્મદાતા તો મિસિસિપી નદી. મિસિસિપી એટલે દરિયા જેવી વિશાળ નદી. બાળક સૅમ્યુઅલના મન પર આ નદીની પ્રગાઢ અસર પડેલી. દશેક વર્ષના અભ્યાસ પછી સૅમ્યુઅલે નાનામોટા ધંધાઓ આદર્યા. તેની નવલકથા ‘ટોમ સોયરનાં પરાક્રમો’માં વાસ્તવમાં તો સૅમ્યુઅલનાં પરાક્રમો જ છે. ટોમની રખડુવૃત્તિ અને સાહસિકતા ટ્વેનના પોતાના જ ગુણોની અભિવ્યક્તિ છે. તેને પણ ટોમની જેમ પગ વાળીને બેસવું ન ગમે. શરૂઆતમાં છાપખાનામાં મદદનીશ તરીકે કામ કર્યું. પછી મિસિસિપી નદીમાં ચાલતી આગબોટના ચાલક તરીકે અનુભવ મેળવ્યો. સૈનિક બનવાનો અણગમતો પ્રયોગ થોડાંક અઠવાડિયાં માટે કરી જોયો. પત્રકારત્વનો પણ અનુભવ મેળવ્યો. મિસિસિપી નદીના અનુભવોની માર્ક ટ્વેનના સાહિત્ય પર પ્રગાઢ અસર છે. મિસિસિપી નદી તેમની કથાઓની પશ્ચાદ્ભૂમિકા તો છે જ, પણ મહત્ત્વનું પાત્ર પણ છે.

સૅમ્યુઅલના જન્મ પછીનાં ચારેક વર્ષ બાદ એનાં માતપિતા હાનિબાલમાં જઈ વસ્યાં. અહીં સમુદ્ર જેવી પહોળે પટ્ટે વહેતી ધીરગંભીર મિસિસિપીનું સાંનિધ્ય સાંપડ્યું નાનકડા સૅમ્યુઅલને. આ વિશાળ નદીમાં આગબોટો, જહાજો નિરંતર આવનજાવન કરે. ગામમાં અવનવા લોકો આવ્યા કરે. નાવિકજીવનની સાહસસભર રોમાંચક વાતો સાંભળવા મળે. નાનકડા સૅમ્યુઅલમાં ગજબનું કુતૂહલ. ભટકતા-વિચરતા આવારા જેવા લોકોની વાતો સૅમ્યુઅલે અત્યંત રસપૂર્વક સાંભળેલી. લઘરવઘર રહેતા ગરીબ પણ સાહસોની અખૂટ મૂડી ધરાવતા લોકોનો સૅમ્યુઅલને બચપણમાં જ પરિચય થયો. તેના મનમાં મુફલિસ જેવા આ લોકો

માટે ઊંડો સદ્ભાવ હતો. આ લોકો ભલે અભણ હતા પરંતુ તેમણે તેમનાં વિસ્મય અને સાહસિકતાને અકબંધ જાળવી રાખેલાં છે. તેમના જીવનમાં પારાવાર મુશ્કેલીઓ આવ્યા કરે પણ તેઓ આ મુશ્કેલીઓને હસી કાઢે. હિંમત હાર્યા વિના, ઝૂક્યા વિના તેઓ જીવતા હોય છે. તેમનું હાસ્ય દંભરહિત, ખુલ્લા દિલનું અને તેમના વર્તનમાં નિખાલસતા.

આ ગ્રામીણજનો જ ક્વેનેનાં પ્રેરણાસ્રોતો છે. તેમની પાસે ધનસંપત્તિ નથી પણ માનવતાની મૂડી છે. હિંમતનો પણ પૂરો ખજાનો તેમની માલિકીનો. સહકારની ભાવના ભારોભાર. હક્લબૅરી ફિન જેવો આવારા છોકરો પણ ગામનો અગત્યનો સભ્ય છે. તેની સલામતીની ચંતાિ સમગ્ર નગર કરતું રહે. અહીં હજુ શહેરી જીવનના દંભ અને સ્વાર્થ પ્રવેશ્યા નથી. ગ્રામજીવનની આ તાસીર ક્વેનેના જીવનમાં પણ દેખાય છે. એનામાં સાહસિકતા અને ભ્રમણવૃત્તિ ભારે પ્રબળ. ઠરીને ઠામ થવાનું તેના સ્વભાવમાં નહોતું. જાતજાતના વ્યવસાયો કર્યા. ધંધામાં ઘણી વાર દેવાળું કાઢ્યું. જગતના પ્રવાસે નીકળ્યા. હિંદુસ્તાનની મુલાકાત પણ લીધેલી. વીસ વખત આટલાન્ટિક સમુદ્ર ઓળંગીને લગભગ ૧૩ વર્ષ વતનની બહાર ગાળ્યાં.

૧૮૭૫માં ‘આટલાન્ટિક મન્થલી’ માટે ક્વેને મિસિસિપી નદી પરના આગબોટના અનુભવોની ધારાવાહિક શ્રેણી લખી. પાછળથી થોડા ઉમેરાઓ સાથે ૧૮૮૩માં આ અનુભવો ‘લાઇફ ઓન ધી મિસિસિપી’ તરીકે પ્રગટ થયા. આ કૃતિમાં તેમના નદી પરના જીવનનું હૂબહૂ નિરૂપણ છે. તેમની પ્રસિદ્ધિ ટોચ પર પહોંચી ‘ટોમ સોયરનાં પરાક્રમો’ના પ્રકાશન બાદ. ૧૯૭૬માં પ્રસિદ્ધ થયેલી ‘ધી એન્ડવેન્ચર્સ ઓફ ટોમ સોયર’ તેમની અદ્ભુત કૃતિ છે. થોડાં વર્ષો પછી ટોમ સોયરનાં પરાક્રમો સાથે જોડાયેલા એક ખૂબ જ મહત્ત્વના પાત્ર હકલબૅરી ફિનને લઈને બીજી કૃતિ રચી. ૧૮૮૪માં ‘ધી એન્ડવેન્ચર્સ ઓફ હકલબૅરી ફિન’ પ્રકાશિત થઈ. આ પુસ્તકે તો ધૂમ મચાવી દીધી. એના ટોમ અને હક જગતભરના કિશોરોનાં માનીતાં પાત્રો બની ગયાં. ટોમ સોયર અને હકલબૅરી ફિન બંનેની કથાઓ ક્વેનેના અંગત જીવનના અનુભવો પર

આધારિત છે. ટોમ અને હકની વાતો બચપણના માધુર્યની કથાઓ છે. બંને ચિરંતન કિશોરો છે. બંનેની કથાઓ આપણામાં સૂતેલા બાળકને ઢંઢોળે છે, આપણા વીતેલા બચપણને પુનઃ તાજું કરે છે.

['માર્ક ટ્વેનની કથાસૃષ્ટિ' પુસ્તિકાઃ ૧૯૯૯]

# બનારસીદાસ ચતુર્વેદી

## કોંગો-તટ કા ઋષિ

સંસારકે અદ્‌ભુત મહાપુરુષો મેં જિનકી ગણના કી જાતી હૈ વહ અહિંસા કે પુજારી આલ્બર્ટ શ્વાઈત્ઝર કા જન્મ ૧૮ જનવરી, ૧૮૭૫ કો હુઆ થા. આઠ બરસ કી ઉમ્ર મેં વહ પિયાનો બજાને લગે થે.

ધર્મ-વિજ્ઞાન ઔર દર્શનશાસ્ત્રા મેં ઊંચી-સે-ઊંચી ડિગ્રી પાને પર ભી ઉન્હોંને યહ નિશ્ચય કિયા કિ, મૈં ડાક્ટર બનકર આફ્રિકાકે લોગોં કે બીચ મેં કામ કરુંગા. ઔર ઉન્હોંને એક મેડિકલ કોલેજ મેં શિક્ષા પ્રાપ્ત કરને કા નિશ્ચય કર લિયા. જબ વહ કૉલેજ મેં દાખિલ હોને કે લિએ ગએ, તો વહાંકે આચાર્યને ઉન કી ઈસ બાત પર યકીન નહીં કિયા કિ વિશ્વવિદ્યાલય કા એક મહાન શિક્ષક મામૂલી વિદ્યાર્થિયોંકે સાથ ડાક્ટરીકે પ્રથમ વર્ષમેં દાખિલ હોને આ રહા હૈ! ઉન્હોંને સમઝા કિ શ્વાઈત્ઝર વિક્ષિપ્ત હો ગયે હૈં ઔર કહા, “માલૂમ હોતા હૈ કિ આપ બહુત પરિશ્રમ કરતે રહે હૈં. અગર આપ ચાહેં તો ઈસ બારે મેં મનોવૈજ્ઞાનિક ડૉક્ટરસે કુછ બાતચીત કર લેં.”

યહ સુનકર શ્વાઈત્ઝર બડે જોરકે સાથ હંસે ઔર બોલે: “નહીં નહીં, મૈં કોઈ પાગલ થોડા હી હો ગયા હૂં? મૈં સચમુચ ડાક્ટરી પઢના ચાહતા હૂં.”

ઔર તીસ બરસ તકકી ઉમ્ર મેં વહ ડાક્ટરી કે પ્રથમ વર્ષ મેં દાખિલ હો ગયે. છ બરસ તક વહ ઘોર પરિશ્રમ કરતે રહે ઔર ઉન્હોંને ડાક્ટરીકી પરીક્ષા ઉત્તીર્ણ કર લી. ઉસકે સાથ વહ અસ્પતાલોં મેં વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરતે રહે. સન ૧૯૧૩ મેં વહ આફ્રિકા કે લિએ રવાના હો ગયે, ઔર તબસે લેકર વહીં નિરંતર કામ કર રહે હૈં. કઠિનાઈયોં કા સામના કરતે હુએ વહ કોંગો નદીકે તટ પર રહતે હૈં ઔર જંગલી જાતિયોં કી સેવામાં નિરત હૈ. ઉન્હોંને યહ

ઠાન રખ્ખા હૈ કિ સરકાર યા કિસી સોસાયટીસે પૈસે નહીં લેંગે, બલ્કિ સ્વયં અપને પરિશ્રમ પર નિર્ભર રહેંગે. ઉન્હોંને કિતાબેં લિખીં હૈં, જિસ મેં આફ્રિકા કે જંગલોં મેં અપને જીવન કી કથા સુનાઈ હૈ. ઈન પુસ્તકોં કી બિક્રી સે તથા જબ કભી—બહુત દિનોં બાદ—વહ યૂરોપ જાતે હૈં તબ વહાં સંગીત બજાકર જો પૈસા કમાતે હૈં, ઉસ સે અપના પરિવાર કા ઔર અસ્પતાલ કા ખર્ચ ચલાતે હૈં. ઉનકી વિદુશી પત્ની ઉનકે ઈસ કાર્ય મેં સહાયતા કરતી હૈ.

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# બબલભાઈ મહેતા

## "મારા હાથનો જ પીવો!"

ભક્તિબા તો સ્વામીનારાયણ સંપ્રદાયમાં ઊછરેલાં હતાં, પરંતુ દરબાર ગોપાળદાસ રાજા હતા ત્યારે દારૂના વ્યસનમાં ફસાયેલા હતા.

સાસરે આવ્યા પછી ભક્તિબાએ એક દિવસ દરબાર સાહેબ પાસે વાત રજૂ કરી કે, "તમે મારું એક વચન ન રાખો?" દરબાર સાહેબે કહ્યું, "જરૂર. બોલો, વચન રાખ્યું."

ભક્તિબા બોલ્યાં: "હું જાણું છું કે તમને દારૂની લત વળગેલી છે. તમારાથી એ છૂટે નહીં ત્યાં સુધી દારૂ તમે ભલે પીતા રહો; પણ તમારે તમારી મેળે કે બીજા કોઈને હાથે દારૂ ન પીવો, પણ મારા હાથનો આપેલો જ પીવો. આટલી મારી માગણી ન સ્વીકારો?"

દરબાર સાહેબે પહેલેથી "જરૂર" તો કહ્યું જ હતું, એટલે આપેલા વચનમાંથી તે પાછા શાના ફરે? પણ એમના મનમાં વિચાર આવ્યો કે, ભક્તિબા જેવાં, લસણ કે ડુંગળીને પણ ન અડકનાર ધર્મપરાયણ પત્નીને મારે કારણે દારૂનો સ્પર્શ કરવો પડે, એના કરતાં એવા દારૂને જ હું છોડું એ શું ખોટું?

તે દિવસથી દરબાર સાહેબનો દારૂ ગયો.

## થોડાક દોરાનો ફેર

એક કાળ એવો આવી ગયો કે ભારતના નવજુવાનોએ રાષ્ટ્રની આઝાદી ખાતર પોતાના જીવનનાં બલિદાન આપવાની તૈયારી દાખવી. ભારતની માતાઓએ પોતાના વહાલા પુત્રોને દેશહિત ખાતર જેલમાં જવા હોંશેહોંશે વિદાય આપી. ભારતની સામાન્ય જનતાએ દેશપ્રેમથી

પ્રેરાઈને કાંઈક ને કાંઈક ત્યાગની રેલ ચલાવી. ત્યાગ છૂટતો જાય છે અને વૈભવ વધતો જાય છે. સંયમ છૂટતો જાય છે અને વિલાસ વધતો જાય છે. અનીતિ વધતી જાય છે અને નીતિમત્તા ઘટતી જાય છે.

એ જ ભારતમાં આજે એકેએક ક્ષેત્રામાં નાનામાં નાની સેવાનો બદલો મંગાવવા લાગ્યો છે. મોટા મોટા પગારો ઓછા પડે છે, મોટામાં મોટા નફાઓ ઓછા પડે છે અને નફાખોરી તથા લાંચરુશવત આજે જીવનના દરેક ક્ષેત્રામાં વ્યાપી ગયેલ સડો બની ગઈ છે. ત્યાગ છૂટતો જાય છે અને વૈભવ વધતો જાય છે. સંયમ છૂટતો જાય છે અને વિલાસ વધતો જાય છે. અનીતિ વધતી જાય છે અને નીતિમત્તા ઘટતી જાય છે.

આનું કારણ શું છે? અને એનો ઉપાય શો છે?

શિયાળાની કડકડતી ટાઢમાં પણ ઇંગ્લૅન્ડ જેવા ઠંડા મુલકમાં ભારતનો પ્રતિનિધિ નગ્ન ફકીરરૂપે ગયો હતો. એ નગ્ન ફકીરીમાં એને રાષ્ટ્રનું સાચું પ્રતિનિધિત્વ રજૂ થતું દેખાતું હતું. જાતે સ્વીકારેલી એ ગરીબાઈમાં એને રાષ્ટ્રનાં માન-આબરૂ દેખાતાં હતાં.

આજે તો ભારતના પ્રતિનિધિને તોપો ફોડાય કે રાજવૈભવ દેખાડાય ત્યારે જ રાષ્ટ્રનાં માન-આબરૂ વધતાં દેખાય છે. આ બન્ને અલગ અલગ દિશાઓ છે.

રેલગાડીના પાટા અલગ દિશામાં જવાની શરૂઆત જ્યાં કરે છે, ત્યાં બે પાટા વચ્ચે થોડાક દોરાનો જ ફરક હોય છે, પણ એની પરની રેલગાડી જેમ જેમ આગળ વધતી જાય છે તેમ એ અંતર વધતું જ જાય છે. છેવટે એ મૂળના કરતાં સદંતર વિરોધી દિશામાં પણ જતી દેખાય છે. એમ આપણા પ્રતિનિધિઓએ બદલેલી એમની જરાક સરખી ચાલના પડઘા પ્રજાજીવનના એકેએક ક્ષેત્રામાં પડવા લાગ્યા છે.

# બબલભાઈ મહેતા

## જુગતરામભાઈનું "જગતિયું"

ગુજરાતના આદિવાસીઓ વચ્ચે ચાળીસ વર્ષોથી પલાંઠી વાળીને બેઠેલા આજીવન સેવક શ્રી જુગતરામ દવેને ૧૯૬૫માં પંચોતેર વરસ પૂરાં થવા આવ્યાં ત્યારે ગુજરાતના ગાંધી-વિચારના સેવકો એમની સેવાની કદર કરીને કાંઈક વિશેષ પ્રેરણા મેળવવા માગતા હતા. એ માટે ચીલાચાલુ રીતે રૂપિયાની થેલી અર્પણ કરવાનો વિધિ નહોતો વિચાર્યો, પણ પંચોતેર નવયુવકો પછાત પ્રદેશમાં સેવા કરવાની દીક્ષા લે તો એમને સ્નાતક સુધીનો અભ્યાસ કરાવવાની યોજના વિચારી હતી. પણ એમણે કહ્યું કે, હું જીવતો છું ત્યાં સુધી તો મહેરબાની કરીને આવું કાંઈ ન કરો એવી મારી માગણી છે. એ કાર્યક્રમ યોજનારી સમિતિના સંવાહક ઉપર એમણે લખેલો પત્ર વાંચવાથી એમની આ બાબતની કેવી ઉન્નત વૃત્તિ છે એનું આપણને દર્શન થાય છે:

વાત્સલ્યધામ, ૭-૯-૬૫

પ્રિય ભાઈ રતિભાઈ,

તમારો તા. ૩જીનો પરિપત્ર મળ્યો અને તમે કેટલાક મિત્રોએ મળીને મારું 'જગતિયું' કરવાની યોજના ઘડી છે એ તે ઉપરથી જોયું. ગઈ કાલે આ સંબંધમાં મારી સંમતિ મેળવવા શ્રી બબલભાઈ આવ્યા છે.

મિત્રોની ભાવના સમજી શકું છું અને તે માટે હું સૌનો આભારી છું. પણ મારી જીવન-પદ્ધતિ અને સ્વભાવ તમે સૌ જાણો છો તેમ જુદી જાતના ઢાળામાં ઢળાયેલાં છે. આવી કોઈ યોજનાથી મારા આત્માને આનંદ થવાને બદલે અત્યંત વિશાદ જ થાય તેમ છે. તે અંગે કંઈ સભામેળાવડા કરવામાં આવે તેમાં હું હાજરી આપવાનું પસંદ કરી શકું નહીં.

મારી હાજરી વગર તમે તમારી મેળે કંઈક કરશો તો હું તમને

અટકાવી શકવા લાચાર હોઈશ. પણ તમારે માટે પણ આવું કંઈક કરવાનો સારામાં સારો સમય મારા પ્રયાણ પછીનો જ હશે. આ તો સારાસારવિવેકનો અને મારી પ્રકૃતિને સમજી શું કરવું, શું ન કરવું, ઉચિત ગણાય તે સમજવાનો છે. ચર્ચા કે દલીલનો નથી.

શ્રી બબલભાઈ અહીં રૂબરૂ આવ્યા છે તે મારી મનોભાવના સમજ્યા છે. તમે સૌ ભાઈઓ પણ સમજી જશો અને મને બિનજરૂરી દૂભવવાથી દૂર રહેશો એમ માગી લઉં છું. મને સમજાવવા કે શરમાવવાનો પ્રયત્ન પણ ન કરો એમ ઇચ્છું છું.

લિ. જુગતરામ દવે

## મારું ગામડું

લડત દરમિયાન પ્રજાની પારાશીશીનું માપ બાપુના હાથમાં બરાબર આવી ગયું હતું. એમણે જોઈ લીધું કે હવે તલમાંથી વધુ તેલ નીકળે એમ નથી, પ્રજા દમનથી થાકી ગઈ છે, ત્યારે એમણે સત્યાગ્રહની લડત બંધ જાહેર કરી. એમણે એમ પણ કહ્યું કે હવે સ્વયંસેવકોએ ગામડે ગામડે બેસી જવું જોઈએ અને પ્રજાની તાકાત વધારવી જોઈએ. એટલે ગામડામાં જવાની મારી ઇચ્છા તીવ્ર બની હતી. ત્યાંની દુઃખી, અજ્ઞાન, વહેમી પ્રજાની સેવામાં દટાઈ જવાની અંતરની અભિલાષા હતી.

ગામડામાં જવાનો નિર્ણય કર્યો ત્યારે મેં એક વિચાર કર્યો હતો કે સંપન્ન નહીં પણ વિપન્ન ગામમાં જ સેવા કરવા બેસવું. જ્યાં રસ્તા ન હોય, રેલવે સ્ટેશન ન હોય, પાણીની અગવડ હોય, ગરીબી હોય, અજ્ઞાન હોય, વહેમો હોય એવું કોઈ પછાત નાનું ગામ પસંદ કરવું. ૧૯૩૦-૩૨ની સત્યાગ્રહની લડત વખતે મારે ખેડા જિલ્લામાં કામ કરવાનું આવ્યું હતું અને ત્યાંના કાર્યકરો તથા ગામ સાથે વધુ પરિચય થયો હતો. એટલે સ્વાભાવિક રીતે જ ગામડું પસંદ કરવા માટે હું સર્વ પ્રથમ ખેડા જિલ્લામાં ફરવા નીકળ્યો. પછાત ગણાતા તાલુકાઓમાંથી

એકાદ ગામડું પસંદ કરવાનું મેં નક્કી કર્યું. કોઈ ઓળખાણનો આશરો લીધા વિના અજાણ્યા ગામડામાં બેસી જઈને અનુભવ લેવાની પણ એક ઝંખના હતી.

ફરતાં ફરતાં ઠાસરા તાલુકામાં શેઢી નદીને કિનારે આવેલું મીઠાનું મુવાડું કરીને એક નાનું ગામ મને પસંદ પડ્યું હતું. પણ એનાથીયે ‘ચડિયાતું’ કોઈ પછાત ગામ મળી જાય તો એની શોધ માટે મેં આ પ્રવાસ લંબાવ્યો. એક દિવસ એક ટેકરી ઉપરના નાના ગામના ઝૂંપડાના આંગણામાં મેં એક બારૈયા ભાઈને એનો પગ પકડીને બેઠેલો જોયો. પગ સાથળ સુધી કોવાયો હતો, ચારે બાજુ સોજો ચડી ગયો હતો અને એની વેદના વધતી જતી હતી. મેં જોયું તો એની ઝૂંપડીમાં કોઈ હતું નહીં. અડોશપડોશવાળાં પણ ખેતરોમાં ચાલ્યાં ગયાં હતાં. એની પાસે ખાવાનાં ઠેકાણાં નહોતાં, ત્યાં દવા તો ક્યાંથી કરાવે?

મને થયું: આને શી રીતે મદદ કરવી? થોડી વાર બેસી મેં એની સાથે વાતો કરી. પછી પાંચ માઈલ ચાલીને હું ઠાસરા ગયો. ત્યાંથી ડ્રેસિંગમાં ઉપયોગી થાય એવી થોડી દવાઓ તથા ખાવા માટે લોટ, ગોળ ને તેલ ખરીદતો આવ્યો. સાંજે હું પાછો એના ઝૂંપડે આવ્યો. ગરમ પાણી કરી, એમાં પોટાશ પરમેંગેનેટ નાખી જખમ ધોયો અને ડ્રેસિંગ કરી પાટો બાંધ્યો. ત્યાર પછી રાબડી અને રોટલો બનાવીને અમે બંનેએ ખાધું. બીજે દિવસે મેં એનું ઘર જરા વ્યવસ્થિત કર્યું, આંગણું સ્વચ્છ બનાવ્યું, ફરી ડ્રેસિંગ કર્યું અને ફરી રસોઈ કરીને અમે ખાધું. અડોશીપડોશી અમારે ત્યાં આવીને બેસવા ને વાતો કરવા લાગ્યાં. મારા વિશે એ બધાં ભાતભાતની અટકળો કરવા લાગ્યાં.

ત્રીજે દિવસે સવારે હું ઊઠ્યો ત્યારે પેલા ભાઈની પીડા લગભગ મટી ગઈ હતી. જખમ ઉપર પાટો કેમ બાંધવો અને કઈ કઈ દવા લગાડવી, એ મેં એને સમજાવી દીધું હતું. એટલે બપોરે જમીને હું આગળ વધ્યો.

ઠાસરા કસબો છોડીને ડાકોર તરફ જતાં મને ખબર પડી કે ત્યાંથી પાંચેક માઈલ દૂર માસરા નામે એક ગામ છે. એની શાખ સારી ન

હતી. પણ મને થયું: ચાલો, ત્યાં જ જઈએ. કેટલાક ભાઈઓએ મને ચેતવ્યો: “એ તો ધોળા દહાડે લૂંટે એવું છે; ત્યાં જઈને શું કરશો?” મેં કહ્યું, “અનુભવ તો લઈએ.”

એ કાળે થામણા અને માસરા વચ્ચે ગીચ બાવળી હતી. એ બાવળીનું વન જ ચોરી-લૂંટની બીક લગાડે એવું હતું. પણ હું તો હિંમતભેર એકલો માસરા તરફ આગળ ધપ્યે જતો હતો. બપોરના બરાબર એક વાગ્યે હું એ ગામમાં પહોંચ્યો. તરસ બહુ લાગી હતી. કોઈકના ઘરેથી પાણી માગી લેવા વિચાર્યું, પણ ગામમાં લગભગ બધાં ઘર બંધ દેખાયાં. બધાં સીમમાં કામે ગયેલાં. એક જગ્યાએ જોયું તો પાંચ-સાત માણસો માટીનું એક પીંઢેરી મકાન ચણતા હતા. ત્યાં જઈને મેં પૂછ્યું: “અહીં પીવાનું પાણી મળશે કે?” દૂર તળાવ હતું એના તરફ આંગળી ચીંધીને એક જુવાને જરા કટાક્ષમાં કહ્યું: “એ રહ્યું પેલું તળાવ!” એ સાંભળીને હું તો ચમકી ગયો. મને થયું, પીવાનું પાણી માગનારને તળાવ ચીંધનારા મનુષ્યો પણ ભારત જેવા આતિથ્ય-મશહૂર દેશમાં પડ્યા છે! આપણી સંસ્કૃતિનો પારો કેટલો નીચે ઊતરી ગયો છે, એનું મને અહીં દર્શન થઈ ગયું. ગામડામાં દળદર, ગંદકી અને બીજાં ઘણાં અપલક્ષણો સાંભળ્યાં હતાં અને કેટલાંક નજરે પણ જોયાં હતાં, પણ આ દર્શને તો મારી આંખ ઉઘાડી નાખી. મનમાં નક્કી થઈ ગયું કે મારે આ ગામમાં જ બેસવું જોઈએ.

થોડી વારે મકાન ચણનારાઓમાંથી એક જણ મારે માટે તળાવના ડહોળા પાણીની ડોલ ભરી આવ્યો. મેં થેલીમાંથી પ્યાલો કાઢી રૂમાલ વતી એ ડહોળું પાણી ગાળીને પીધું અને મારી તરસ છિપાવી. આમ, “એ રહ્યું પેલું તળાવ!” એ વાક્યે, હું જે ગામડું શોધતો હતો એ મને શોધી આપ્યું.

માસરા એક હજારની વસ્તીનું એકમાત્ર બારૈયા કોમનું ગામ. ગામમાં નહોતી નિશાળ કે નહોતું કોઈ સંસ્કારકેન્દ્ર. ગામની વચ્ચોવચ એક જ ‘સંસ્કારધામ’ હતું, અને તે દારૂનું પીઠું! ગામમાં વેપારીઓ આવતા, પણ તે આ ગરીબ માણસો પાસેથી નફો મેળવવા. અમલદારો

આવતા તે પણ અંદરઅંદરની લડવાડનો લાભ ઉઠાવવા. વર્ષો સુધી સરકારે કે કોઈ ધર્મ ને સંસ્કારિતાનો ફેલાવો કરનારાઓએ આ ગામ તરફ જોયું નહોતું. પછી દળદર, અજ્ઞાન અને વહેમોમાં સબડતા આ ગામની સંસ્કૃતિનું તળિયું આવી રહે, એમાં શી નવાઈ? મેં આ ગામમાં જ બેસવાનો નિર્ણય કર્યો.

ગામ-આગેવાનોને ભેગા કરીને મેં આ વાત એમના કાને નાખી. ત્યારે એમણે કહ્યું, “બહુ સારું. માણહથી રૂડું શું?” પણ થોડી વાર પછી એમણે કર્યો, “શું તમે દુકાન કાઢવાના છો?” મેં કહ્યું, ના. એમણે કહ્યું, “તો નિશાળ ખોલવાના છો?” મેં કહ્યું, ના. ત્યારે એમણે કર્યો, “તો શા માટે અહીં રહેવા આવવાના છો?” મેં કહ્યું, “મહાત્મા ગાંધીએ ગામડામાં જઈને રહેવા અને ગામલોકોની સેવા કરવા કહ્યું છે, એટલે હું અહીં આવ્યો છું. પણ હું રહેવા લાયક છું કે નહીં એની મારે ખાતરી કરવી છે. જો હું લાયક હોઈશ તો વધુ રોકાઈશ, નહીં તો પંદર દિવસમાં અહીંથી ચાલ્યો જઈશ.”

આવી વાત કહેનારો આજ સુધી એમને કોઈ મળ્યો ન હતો. એમને થતું હતું કે લાભ વિના કોઈ શા માટે આપણા ગામમાં આવે? એમના મનમાં એવી પણ શંકા આવી ગઈ કે આ વેશે કોઈ સી. આઈ. ડી.નો માણસ આપણા ગુના પકડવા તો નહીં આવ્યો હોય? મેં એમને પૂછ્યું, “અહીં રહેવા માટે કોઈ મકાન ભાડે મળે ખરું?” એટલે એ લોકો અંદરઅંદર જ વાતો કરવા લાગ્યા: “આપણે ત્યાં એકેય મકાન ક્યાં ખાલી છે? ઢોર બાંધવાની પણ આપણને મુશ્કેલી નથી પડતી?” એમની આ વાતોથી મને જવાબ મળી ગયો કે મકાન મળશે નહીં. પણ થોડી વાર પછી એક ભાઈએ કહ્યું, “મારું ઢોર બાંધવાનું એક કોઢારું છે એ હું આપું. પણ ચોમાસામાં મને એ ખાલી કરી આપવું પડે. એ વખતે એમાં ઢોર બાંધવાં પડે છે.” મેં કહ્યું, “બહુ સારું. એનું ભાડું શું લેશો?” એમણે કહ્યું, “મહિને એક રૂપિયો આપજો.”

આમ મેં એ કોઢારું રહેવા માટે ભાડે રાખ્યું. માટી લાવીને મેં એના ખાડા પૂર્યા અને થાપી-લીંપીને એ રહેવા લાયક બનાવ્યું. આગળના

ચોકમાં એક ઉકરડો લાંબો થઈને સૂતો હતો એને પાવડા વતી બેઠો કર્યો, એટલે એના તળે દબાયેલો સુંદર ચોક હતો એ બધાની નજરે ઊપસી આવ્યો. રોજ સાંજે હું ત્યાં બેસતો અને ગામલોકો આ નવતર કોણ છે એ જાણવાની આશાએ વાતો કરવા ભેગા થતા. હું મારો ચોક અને શેરી વાળીને ચંદન જેવાં ચોખ્ખાં કરી નાખતો. કોઈ કોઈ વખત હું પડોશીના ખેતરમાં વાઢવા-લણવા પણ જતો. કામ કરતાં કરતાં જે વાતો થતી એમાંથી મને એમનો સાચો પરિચય થયો.

મેં એક નિયમ કરેલો: નવરા બેસવું નહીં. કાંઈ કામ ન હોય ત્યારે હું મારો રેંટિયો કાંતતો હોઉં. એ જોવામાં લોકોને બહુ રસ પડવા લાગ્યો. કોઈ કોઈ કહેવા લાગ્યા, “અમને રેંટિયો ના શીખવો?” મેં કહ્યું, “જરૂર શીખવીશ.” ધીમે ધીમે કરતાં મારા ઓરડામાં માય એટલા ૧૪-૧૫ રેંટિયા ચાલુ થઈ ગયા. હું મારું આંગણું ચોખ્ખું રાખતો એ જોઈ આજુબાજુનાં ઘરવાળાં પણ એમનાં આંગણાં ચોખ્ખાં રાખવા લાગ્યાં. પ્રૌઢો રાતે બેસવા આવતા, એમને હું વાર્તા કહેતો અને લખતાં-વાંચતાં શીખવતો. એમાંથી કેટલાકે બીડી છોડી, કેટલાકે દારૂ છોડયો, કેટલાકે હુક્કો અને ચા પણ છોડ્યાં.

એક દિવસ એક હરિજનને વીંછી કરડયો. એ રડતો રડતો મારે ત્યાં આવ્યો. મેં થોડી દવાઓ રાખી હતી. મેં એની દવા કરી, વીંછી ઊતર્યો અને એ હસતો હસતો ઘેર ગયો. પણ પ્રૌઢોએ મને પૂછ્યો, “બબલભાઈ, તમે હરિજનને અડયા પછી નાહ્યા કેમ નહીં?” મેં કહ્યું, “હું તમને અડીને નાહું છું? તમારા કરતાં એ કાંઈ વધારે ગંદો દેખાતો નહોતો!”

પણ આટલી વાત થયા પછી બીજે દિવસે અમારા વર્ગની સંખ્યા સત્તાવીસની હતી તે સાતની થઈ ગઈ અને ત્રીજે દિવસે ત્રણની થઈ ગઈ. હું તો જેમ ચલાવતો હતો એમ મારો વર્ગ ચલાવ્યે ગયો.

એટલામાં એક દિવસ કેટલાક ખ્રિસ્તી મિશનરીઓ ત્યાંના ખ્રિસ્તી ભાઈઓને મળવા આવ્યા. ગામના ચોકમાં જ મારો ને એમનો ભેટો થઈ ગયો. એમણે મારી સાથે હાથ મિલાવ્યા અને રાતે એમના વાસમાં

મળનારી સભામાં આવવાનું મને આમંત્રણ આપ્યું. મેં એ સ્વીકાર્યું. લોકોને થયું કે આણે તો ગામમાં બોળાવાડો કરી મૂક્યો!

રાતે હું હરિજનવાસમાં જવા નીકળ્યો. અંધારી રાત હતી. મારી પાછળ પાંચ—સાત ભાઈઓ લાકડીઓ ને ધારિયાં લઈને ચાલવા લાગ્યા. હું સભામાં ગયો ત્યારે એ બધા વાસની બહાર ટોળે વળીને ઊભા રહ્યા. મેં ત્યાં જઈને ખ્રિસ્તી ભાઈઓને આરોગ્યની દૃષ્ટિએ મુડદાલ માંસ છોડવાનું સમજાવ્યું, અને હું ત્યાંથી પાછો ફર્યો. પેલું ટોળું પણ મારી પાછળ પાછળ ચાલવા લાગ્યું. એક જણ બોલ્યો, “એને ઘર કોણે આપ્યું છે? એને બાળી મૂકો ને!” બીજાએ કહ્યું, “કાલે સવારે આપણા કૂવે ચડે તો એને કૂવામાં જ હડફી દો!”

એ લોકોના રોષનો મને ખ્યાલ આવી ગયો. મને થયું, આજે રાતે જરૂર કાંઈક નવાજૂની થશે. મારા મનમાં તો એક પ્રકારનો આનંદ હતો: કદાચ આજે બલિદાન અપાશે તો આ ઉકેલવામાં એ મદદરૂપ જ થશે. રોજ હું મારો ખાટલો ઓસરીમાં ઢાળતો. પણ આજે મેં એ આંગણામાં જ ઢાળ્યો, જેથી કોઈને કાંઈ કરવું હોય તો સહેલું પડે. આ મારી છેલ્લી પ્રાર્થના હશે, એમ સમજી પ્રાર્થના કરી હું ઘસઘસાટ ઊંઘી ગયો. સવારે ઊઠ્યો ત્યારે જાણ્યું કે કોઈ વિશેષ બનાવ બન્યો નથી. પણ એ લોકોનો રોષ વધે નહીં એ માટે મેં એમની સાથે કોઈ ચર્ચા ન કરી. વરસાદને કારણે મારી શેરીમાં ખાડા પડ્યા હતા અને ઘાસ ઊગી ગયું હતું. હું ખાડા પૂરી, ઘાસ કાઢીને શેરીને સપાટ અને સ્વચ્છ કરી રહ્યો હતો, ત્યારે ત્યાંથી પસાર થનારાં બોલવા લાગ્યાં: “એ અહીં આયા પછી છોકરાં ભણવા લાગ્યાં, દારૂ-બીડી ઓછાં થયાં, સારો સુધારો થવા લાગ્યો—આ જ શું એનો વાંક છે?” મેં જોયું કે લોકોના મનમાં મારા વિશે સદ્ભાવ તો છે.

પણ થોડા દિવસ પછી મેં જ લોકોને કહ્યું કે, “હું હવે અહીંથી જવા માગું છું.” ફળીવાળા કહેવા લાગ્યા, “કેમ?” મેં કહ્યું, “હું અહીં રહું તો કોઈકનું ઘર બળી જાય; મારે એવું નથી થવા દેવું.” લોકોએ કહ્યું, “તમને આપણી ફળીમાં એક સ્વતંત્ર મકાન બનાવી આપીશું.”

મેં કહ્યું, “પણ મારા એ મકાનમાં હરિજનો તો આવશે.” એમણે કહ્યું, “તમારા ઘરમાં જેને આવવું હોય તો છોને આવે!”

એક જ મહિનામાં એમણે મારે માટે સ્વતંત્ર મકાન તૈયાર કરી આપ્યું, અને હું એમાં રહેવા લાગ્યો. ભણવા આવનારની સંખ્યા પણ દિવસો જતાં વધવા લાગી. પેલા ઘરવાળાએ એના ઘરમાં બે વર્ષ રહ્યો છતાં એક પાઈનું પણ ભાડું લીધું નહીં અને કહ્યું,“તમે તો અમારા માટે તકલીફ ઉઠાવો છો. તમારી પાસેથી ભાડું શાનું લેવાનું હોય?” એક વિદ્યાર્થીને નાતે હું આ ગામમાં ત્રણ વર્ષ રહ્યો, લોકોનો મિત્રા બનીને, એમનો અદનો સેવક બનીને એમની વચ્ચે રહ્યો. મેં જોયું કે થોડા વખતમાં ગામના ભાઈઓ મારે માટે મહોબ્બત રાખતા થઈ ગયા. એમના કકડા રોટલામાંથી પણ મને એ કકડો ખવડાવવા લાગ્યા. નવી અને જૂની પેઢી વચ્ચે અથડામણો થાય છે એવી અમારે પણ થતી, પણ અમારો પ્રેમનો તાંતણો એવો બંધાયો હતો કે બધી અથડામણો વચ્ચે પણ એ અતૂટ રહેતો હતો.

કોઈ કહેશે, “ત્રણ વર્ષમાં તમે શું કર્યું?” હું કહીશ કે એ બધું જાણવું હોય તો ‘મારું ગામડું’ પુસ્તક વાંચો. માસરાના મારા અનુભવો અને ગ્રામજીવનનો મારો અભ્યાસ એમાં છે. છતાં બાહ્યદૃષ્ટિએ કહેવું હોય તો એમ કહી શકાય કે એ ગામમાં હવે થોડાં ઈંટેરી અને નળિયેરી મકાન વધ્યાં છે, ગામલોકોનું દેવું ઓછું થયું છે. ખેતીમાં પણ સુધારો થયો છે; પહેલાં લોકો માત્રા બાવટો-કોદરા ખાતા એને બદલે બાજરી-ડાંગર ખાવા લાગ્યા છે. પહેલાં ગામમાંથી કોઈક ને કોઈક તો જેલમાં હોય જ, હવે કોઈ જેલમાં નથી હોતું. પહેલાં ગામમાં દારૂ અને અફીણના અઠંગ બંધાણી હતા, એ બંને બંધાણ હવે છૂટ્યાં છે. પહેલાં ગામમાં જ્યાં શાળાનું મકાન નહોતું અને લોકો છોકરાંને ભણાવવા પણ તૈયાર ન હતા, ત્યાં શાળાનું સુંદર મકાન બંધાયું છે અને સાત ધોરણની શાળા છે. આજુબાજુનાં ગામોમાં આ ગામની શાખ પહેલાં કરતાં ઘણી સુધરી છે. પહેલાં ગામમાં બહુ વહેમો હતા. માણસ માંદો પડે ત્યારે માનતાઓ રખાતી, ભાદરવાની ઉજાણી વખતે જાહેરમાં એક પાડાનો

ને ત્રણ બકરાનો વધ થતો. એ બધું હવે અટક્યું છે.

મારે માટે તો આ ગામે એક કૉલેજની ગરજ સારી છે. શાળા-કૉલેજમાં ભણ્યો, લડત અને જેલ દરમ્યાન અનેક લોકોના સહવાસમાંથી ઘણું શીખ્યો, સમાજશાસ્ત્રાનાં અને ગ્રામજીવનનાં પુસ્તકો વાંચીને ઘણું ભણ્યો, પણ માસરા ગામના ભાઈઓ સાથે હું ત્રણ વર્ષ રહ્યો એ દરમિયાન મને જે ભણતર મળ્યું એ સૌથી ચડિયાતું હતું.

['મારી જીવનયાત્રા' પુસ્તક: ૧૯૮૨]

## શિક્ષણમાં ક્રાંતિ એટલે શું?

આજકાલ અપાતું શિક્ષણ ઘણું ખામીભરેલું છે, એટલે એમાં ફેરફારો થવા જોઈએ, એ સર્વસ્વીકૃત વાત છે. એમાં યુનિવર્સિટી તથા કેળવણીતંત્રાની કેટલીક ત્રુટીઓ છે, એ વાત પણ આપણે સ્વીકારીને ચાલીએ. પણ શું એમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની કોઈ જ જવાબદારી નથી?

વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરે કે કરાવે, વધારે માર્ક મેળવવા માટે લાલચ આપે કે ધમકી આપે, એ કેટલું વાજબી ગણાશે? શિક્ષકો જેમ એમના પગારના વધારા કે હક્કોની માગણી કરે છે, એમ શિક્ષણનું સ્તર ઊંચું આવે એ માટેની એમની જવાબદારી ખરી કે નહિ? પોતાનાં પુત્ર-પુત્રીઓ એમનું વર્તન એક નાગિરકને શોભે એવું રાખે છે કે નહિ, એ વિષે માબાપની જવાબદારી ખરી કે નહિ?

આપણે શિક્ષણમાં ક્રાંતિ કરવી છે; એટલે શું ભણ્યા-ભણાવ્યા વિના વિદ્યાર્થીઓને પાસ કરી દેવા, એ ક્રાંતિ છે? પરીક્ષામાં ચોરી કરવી-કરાવવી કે પરીક્ષક ઉપર લાગવગ વાપરવી, એ ક્રાંતિ છે?

સાચી ક્રાંતિ તો એ છે કે, મારા હક્કનું છે એટલું જ મારે જોઈએ, એથી વધુ મારે જરાય ન જોઈએ, અને આવડતું ન હોય તો મારે પાસ નથી ગણાવું; બીજા માટે હું ઘસારો વેઠીશ પણ મારા સ્વાર્થ ખાતર

હું બીજા કોઈને જરાય નુકસાન નહિ પહોંચાડું; મારી વિદ્યા વડે હું બીજાઓનું અને સમાજનું હિત થાય એવાં કામો કરીશ. આવી સમજણ વધારવી અને આવો વ્યવહાર કરવો એ શિક્ષણમાં ક્રાંતિ થઈ.

## મીઠું મીઠાપણું તજે નહીં

તોફાનો જોઈને તેને વશ થઈ જનારી સરકાર સામાન્ય જનતાને કદી રક્ષણ નહિ આપી શકે. બેંક-કર્મચારી હોય કે સરકારી નોકરિયાત હોય, પણ તે સંગઠિત થઈને હડતાલ પાડે, બીજાં તોફાનો કરે, એટલે સરકાર એના તરફ ધ્યાન આપે છે, અને તે અંગે સમાધાન કરવાના યોગ્ય-અયોગ્ય માર્ગ લે છે. આ પરંપરાથી સામાન્ય જનતાની મોંઘવારી વધતી જાય છે. બૂમો પાડવા છતાં એની તકલીફો સાંભળવામાં આવતી નથી, અને એના મનમાં પણ એવો ભાવ જાગે છે કે ન્યાય મેળવવો હોય તો ધાંધલ થાય, જાહેર મિલકતને નુકસાન થાય એવાં પગલાં ભરો—તો આપણી વાત સંભળાશે. આ બહુ ચિંતાજનક વલણ છે.

શિક્ષકો પણ જો એ દિશામાં વળતા હોય, તો એ વલણ વધુ ચિંતાજનક બને છે. જ્યાંથી સમજદારી, પ્રેમ અને ઉદારતાનાં વલણ કેળવવાનાં છે એ વિદ્યાધામો ચલાવનારા જ જો એ શ્રદ્ધા ખોઈ બેસે, તો આપણે ક્યાં જઈને ઊભા રહેશું? બીજા લોકો ગમે તે માર્ગ લે; પણ મીઠું જ એની અંદરની ખારાશ ત્યજી દેશે, તો ખારાશમાંથી પેદા થતી મીઠાશની લહેજત આજે આખો સમાજ માણી રહ્યો છે એ સંસ્કારનું સિંચન કોણ કરશે?

તંત્રોએ પણ સજાગ થઈને, ખટકારો બોલે તેની સાથે જ એ ખટકારો શાને લીધે થયો અને વહેલી તકે એને શી રીતે દૂર કરવો એની ખોજ કરીને યોગ્ય ઉપાય કરી લેવા જોઈએ. ઊંજણની જરૂર હોય ત્યાં ઊંજણ પૂરવું જોઈએ. શિસ્ત કેવળ દબાણ કે દંડથી જ નથી જળવાતી. પોતાની વાતને યોગ્ય રીતે સાંભળવામાં આવે છે, એવી ધરપત

અને આત્મીયતામાંથી શિસ્ત ઊગતી હોય છે, એ ભૂલવું ન જોઈએ.

# બરકત વીરાણી ‘બેફામ’

## શું થશે?

*આશાનું, ઇંતેજારનું, સપનાનું શું થશે?*
*તું આવશે તો મારી આ દુનિયાનું શું થશે?*

*દુ:ખ પર હસી તો લઉં હું—મગર પ્રશ્ન થાય છે:*
*જે દોસ્ત દઈ ગયા—એ દિલાસાનું શું થશે?*

*‘બેફામ’ એટલે તો નિરાંતે ઊંઘી ગયો:*
*જીવવાનું દુ:ખ જ્યાં થાય, ત્યાં મરવાનું શું થશે?*

[‘સમર્પણ’ પખવાડિક: ૧૯૬૫]

## ગઝલ

*...કોણ જાણે હતી કેવી વર્ષોજૂની જિંદગીમાં અસર એક તનહાઈની?*
*કોઈએ જ્યાં અમસ્તું પૂછ્યું: “કેમ છો?” એને આખી કહાની સુણાવી દીધી...*

*જોઈને રણ ઉપરનાં સૂકાં ઝાંઝવાં, અમને આવી ગઈ કંઈ દયા એટલી;*
*કે નદીઓ હતી જેટલી અંતરે, આંખ વાટે બધી યે વહાવી દીધી.*

*જીવતાં જે ભરોસો હતો ઈશ પર, એ મર્યા બાદ ‘બેફામ’, સાચો પડ્યો;*
*જાત મારી ભલેને તરાવી નહીં, લાશ મારી પરંતુ તરાવી દીધી.*

[‘જનશક્તિ’ દૈનિક: સંવત ૨૦૩૨]

# ગઝલ

*વસ્તુ એની એ જ છે, કેવળ જુદાં સ્થળ થઈ ગયાં,*
*જળ સમંદરમાં જો શોષાયાં તો વાદળ થઈ ગયાં...*

*ફૂલ જેવા ફૂલનોયે ભાર ઊંચકાતો નથી,*
*એટલા કાંટા ઉપર ચાલ્યા કે નિર્બળ થઈ ગયા.*

*તારી મહેફિલની મજાની લાજ રાખી છે અમે,*
*કોઈને ના જાણવા દીધું કે વિહ્વળ થઈ ગયા...*

*જીવતાં પણ કોઈએ જાણ્યા નહીં 'બેફામ'ને,*
*મોતની પહેલાં જ એ તો એક અટકળ થઈ ગયા.*

['નવનીત' માસિક: ૧૯૭૭]

–

*અશ્રુ પછીના સ્મિતનું આ દૃશ્ય તો જુઓ!*
*વર્ષા પછીનો જાણે કે પહેલો ઉઘાડ છે.*

–

*અહીંયાં ઉજાગરાની નયનમાં રતાશ છે,*
*ને આભમાં છવાય છે લાલી સવારની.*

*આ પાર તરી આવ્યો છું, તો*
*સાગરને કહીં દઉં ભેદ હવે:*
*તોફાન મહીં જે ડૂબી ગયો—*
*એ મારો તારણહાર હતો!*

—

*હોત દરિયો તો હું તરવાનીય તક પામી શકત,*
*શું કરું કે ઝાંઝવાંઓએ ડુબાવ્યો છે મને!*

# બર્ટ્રામ વુલ્ફ

## "તેની ના કેવી રીતે પાડી શકું?"

૧૯૦૩ના સપ્ટેમ્બરની ૨૩મીએ જન્મેલો યુસુફ મહેરઅલી કાયદાનો અભ્યાસ કરતાં કરતાં મહમ્મદઅલી ઝીણાની ઑફિસોમાં ઘડાયેલો. પણ ઝીણા રાષ્ટ્રીય મહાસભામાંથી છૂટા પડ્યા અને પાકિસ્તાનનું જુદું મુસ્લિમ રાષ્ટ્ર સ્થાપવા પ્રયાસ કર્યો એટલે યુસુફ ગાંધી-પક્ષે ગયો. ૧૯૨૮માં તેણે બૉમ્બે યૂથ લીગની સ્થાપના કરી. અખિલ હિન્દ યુવક કૉંગ્રેસનો તે સામાન્ય મંત્રી બન્યો. ઇન્ડિપેન્ડન્સ ઑફ ઇન્ડિયા લીગનો મંત્રી બન્યો. હિન્દી રાષ્ટ્રીય મહાસભા સાથે જોડાયેલા કૉંગ્રેસ સમાજવાદી પક્ષના સ્થાપકોમાંનો તે એક. પછી તો તે તેનો સામાન્ય મંત્રી પણ બન્યો.

ઇંગ્લૅંડમાં ત્રીસીમાં હું યુસુફ મહેરઅલીને પહેલી વાર મળ્યો. દેખાવે તે સશક્ત પણ તાજગીભર્યો હતો.

૧૯૪૬-૪૭માં અમેરિકામાં હું યુસુફને ફરી મળ્યો. આ ગાળા દરમિયાન ભારતમાં તેણે અંગ્રેજ અમલ નીચે કારાવાસ વેઠયો હતો, લાંબી ભૂખહડતાલનો અનુભવ લીધો હતો. લાહોર સેન્ટ્રલ જેલમાંથી છૂટ્યાને પાંચ દિવસ થયા ત્યાં તો એ મુંબઈના મેયર તરીકે ચૂંટાયો હતો.

યુસુફ હૃદયરોગથી પીડાતો હતો અને તેના ડૉક્ટરોએ તેને આરામ લેવાની કડક સૂચના આપી હતી. યુસુફ લેખકોને અને ખ્યાતનામ વ્યક્તિઓને હોટેલમાં પોતાની નાની રૂમમાં બોલાવી જતો. ત્યાં પથારીમાં પડ્યો પડ્યો તે તેની સાથે ફિલસૂફી, રાજકારણ, ઇતિહાસ, કલા, નીતિશાસ્ત્રા વગેરેના અગણિત પ્રશ્નો પર ઉત્સાહભેર વાર્તાલાપ કરવામાં ને વિચારવિનિમયમાં કલાકોના કલાક ગાળતો. તેનું હૃદય દિવસે દિવસે નબળું પડતું જતું હતું, પણ તેનું દિમાગ લગારે મંદ નહોતું પડ્યું. જાતભાતની વ્યક્તિઓ સાથે વાતો કરવાનો ને ચર્ચા ચલાવવાનો તેનો સતત ઉત્સાહ તેની શક્તિ નિચોવી લેતો હતો. તે એટલો બધો દુર્બળ

થઈ ગયો હતો કે પાંજરામાં પાંખો વીંઝતા વનપક્ષીની જેમ આછાપાતળા દેહમાં તેનો જુસ્સો પ્રગટતો હતો.

તે ઉનાળામાં હું ને મારી પત્ની કેપ કૉડના છેડે ગયેલાં. અમે યુસુફને અમારી સાથે આગ્રહપૂર્વક લઈ ગયેલાં. તેને વારંવાર શરદીના હુમલા થતા ને હૃદયને વિશેષ બોજો પડતો એટલે મોટા ભાગનો સમય તે બારીઓ બંધ રાખીને પથારીમાં વિતાવતો. પણ જ્યારે ઋતુ સાનુકૂળ હોય અને તેની તબિયત સહેજ સુધરી હોય ત્યારે તે ત્યાંના કલાકારો ને લેખકોની મુલાકાત લેતો અને તેના મગજમાં જે વિચારો રમી રહ્યા હોય તે પર અનંત ચર્ચાવિચારણા કર્યા કરતો. તેને રેતાળ ટેકરાઓ, દેવદારનાં ઝૂંડ અને સાગર બહુ ગમતાં. પણ રેતી ખૂંદીને ત્યાં પહોંચવાની તાકાત તેનામાં નહોતી.

એક દિવસ સ્ટેશન વૅગનમાં અમે સાગરકાંઠે ઘૂમવાનું ગોઠવ્યું. અમે ઉપસાગરના અંદરના કિનારાની અને આટલાન્ટિક મહાસાગરના બહારના કિનારાની પ્રદક્ષિણા કરી. ભૂશિરના છેડે અમે પહોંચ્યાં ત્યારે મેં તેને જણાવ્યું કે આ સ્થાન ‘રેસ પૉઇન્ટ’ તરીકે જાણીતું છે. કારણ આ સ્થાનની આસપાસ ભરતી સમયે મહાસાગરનાં ને ઉપસાગરનાં પાણી સ્પર્ધામાં ઊતરે છે. સંકોચાતાં સંકોચાતાં યુસુફે પૂછ્યું, “તમે અહીં સહેજ થોભશો?” અમે થોભ્યાં. તે મહાસાગર ને ઉપસાગરના સંગમસ્થાને ગયો. પગરખાં કાઢી નાખ્યાં ને ઘૂમરાતાં પાણીમાં ફર્યો. બહાર આવ્યો ત્યારે તેના ચહેરા પર પ્રસન્નતાની આભા હતી. આવું સુખ તો મેં તેના મુખ પર કદીયે જોયું નહોતું. તેણે ખુલાસો કર્યો કે “અમે ભારતીયો દરેક સંગમને પવિત્રા સ્થાન માનીએ છીએ.”

એ વખતે મને સ્પષ્ટ સમજાયું કે યુસુફમાં આંતરરાષ્ટ્રીય સમાજવાદી ફિલસૂફી અને ભારતીયોની પ્રાચીન શ્રદ્ધાનો સુભગ સમન્વય થયો હતો. જન્મે મુસલમાન હોવા છતાં તેની સહજ પ્રતિક્રિયા હિન્દુ તરીકેની હતી.

છેવટે જ્યારે અંગ્રેજોએ ભારતમાંથી ખસી જવાનો સંકલ્પ કર્યો ત્યારે મેં યુસુફની કટુતા ઓસરતી જોઈ. તેનામાં કોઈ દ્વેષભાવ નહોતો. બ્રિટિશ રાજ્યને કારણે તેને ઘણો સમય જેલમાં વિતાવવો પડ્યો હતો,

છતાં ભારતીય સંસ્કૃતિ ને સભ્યતાને બ્રિટને જે શુભ તત્ત્વો આપ્યાં હતાં તેની તે વિશેષ વાત કરતો. બ્રિટિશ પ્રણાલિકામાં અંતર્ગત ન્યાયની ભાવના, વ્યક્તિનું ને તેના નાગરિક હકોનું રક્ષણ વગેરેની તે ખાસ પ્રશંસા કરતો. ભારત જેવા વિશાળ ઉપખંડમાં એટલી બધી પ્રજાઓ ને બોલીઓ છે કે હિંદના બુદ્ધિજીવીઓને વ્યવહારમાં જુલમગારોની ભાષાને સર્વસામાન્ય ભાષા તરીકે સ્વીકારવી પડી છે, એ વાતની તે મજાક ઉડાવતો. તે ભાષાએ ભારતને માટે એક મહાન સાહિત્ય ને પ્રણાલિકાનો ખજાનો ખુલ્લો કર્યો છે ને ભારતીય સાહિત્યને સમૃદ્ધ કરવામાં તે ફાળો આપી શકે તેમ છે.

જે લોકોએ તેને આટલો લાંબો સમય જેલમાં પૂરી રાખ્યો હતો તેવા ‘બ્રિટિશ લોકોની ન્યાયભાવના’ વિશેની વાત પર મેં તેને ચીડવવાની કોશિશ કરી જોઈ. પણ તેણે ઊંડી લાગણીપૂર્વક કહ્યું, “અમને તે લોકો સતાવતા ત્યારે પણ તે વિશે તે બેચેન રહેતા. બ્રિટિશ જેલમાં ભૂખહડતાલ પર ઊતરીને હું વાંચવા માટે પુસ્તકો મેળવી શક્યો. હિટલરની કે સ્તાલિનની જેલમાં તો મને ગોળીએ દીધો હોત. પરદેશી રાજના અનિષ્ટ સામેનો ગાંધીજીનો અહિંસક સત્યાગ્રહ એ સ્વાભાવિક ધારણા પર આધારિત હતો કે આપણી અસર પહોંચાડી શકાય એટલી સારી પ્રકૃતિ અંગ્રેજો ધરાવે છે. ભલેને ગાંધીની તે હાંસી કરતા ને તેમને જેલમાં પૂરતા, છતાં તેમના વિરોધને તે નોંધપાત્ર સમજતા. રખેને એકાદ વિરોધક અનશનમાં તે મરણ પામે એ ખ્યાલથી તે હંમેશાં ભયભીત રહેતા. તેટલા જ માટે તેમણે અમને શીખવ્યું હતું કે અંગ્રેજોની અનિષ્ટ બાબતોને ધિક્કારવી પણ અંગ્રેજોને વ્યક્તિ તરીકે ધિક્કારવા નહીં, તેમ જ તેમનામાં ને આપણામાં રહેલ ચેતનતત્ત્વને ધિક્કારવું નહીં.” જ્યારે તેણે મારી સાથે ગાંધી વિશે વાતો કરી ત્યારે હું સમજ્યો કે બન્ને વચ્ચે સ્નેહની ઉષ્મા ને નિકટતા હતી. બન્ને વચ્ચે ઓછેવત્તે અંશે પિતા-પુત્રનો, ગુરુ—શિષ્યનો, મિત્રા-મિત્રાનો સંબંધ હતો. યુસુફના સમાજવાદમાં જે સિદ્ધાંત-જડતા હતી, ઉગ્રતા હતી ને નીતિનિરપેક્ષ અંશો હતા તેમને ગાંધીના તત્ત્વજ્ઞાને કંઈક સંસ્કાર્યા હતા.

ભારત પાછા ફરવા માટે યુસુફે પ્રોવિન્સટાઉન છોડ્યું ત્યારે મેં તેનો સામાન પેક કરાવવામાં સહાય કરી હતી. તેના સામાનનો વિસ્તાર ને વજન જોઈ હું ચોંકી ગયો હતો. તેણે સેંકડો પુસ્તકો, સામયિકો, હસ્તલિખિત લેખો એકઠાં કર્યાં હતાં. મને એમ લાગે છે કે દરેક હિંદી વધારે પડતો સામાન રાખે છે. પણ યુસુફના સામાનમાં તો બીજી ચીજવસ્તુઓ કરતાં પુસ્તકોનો ભાર જ અતિશય હતો. ક્યાં યુસુફનું સુકલકડી શરીર ને ક્યાં ગ્રંથોનો મોટો ભારો! કેવો વિરોધાભાસ! હૃદયરોગને કારણે તે હલકામાં હલકો સામાન પણ ઊંચકવા અશક્ત હતો. જાણે અમારી સર્વ કલા, સાહિત્ય, સંસ્કૃતિ, સભ્યતા, તેનાં પરિચિત સ્ત્રીપુરુષો ને સ્થાનોનાં સર્વ સ્મરણચિહ્નોને ભારત લઈ જવા મથતો હતો. મારે આડોશપાડોશના ત્રણ જણની સહાય માગવી પડી. અમે ચાર જણાએ યુસુફની ‘નાજુક સવારી’ને અને તેનાં પોટલાંને ગાડીમાં ગોઠવ્યાં.

વિદાય વેળાએ મેં તેને આગ્રહપૂર્વક કહ્યું હતું કે તેણે પ્રવાસો, ભાષણો ને ચર્ચા વગેરે કાર્યક્રમો ઓછા કરી નાખવા. મેં તેને વિનંતી કરી કે તેણે તેની શક્તિ સાચવવી અને હવે પુસ્તકો મારફતે વિચારવ્યવહાર કરવો.

તેણે મને અડધુંપડધું વચન આપ્યું. પણ પછી મને તે કહેવા લાગ્યો કે હિંદની આમજનતા ભાષણ સાંભળવા ને નવું શીખવા એટલી બધી આતુર છે કે શક્ય હોય તેટલું શિક્ષણ દરેકે આપવું જ જોઈએ. તેણે મને પૂછ્યું, “કોઈ પણ સ્થાને ને કોઈ પણ સમયે આ કાર્યનો ઇનકાર હું કેવી રીતે કરી શકું? કામ તો ઢગલો પડ્યું છે. અને તે કરવામાં કેવો આનંદ છે!”

૧૯૫૦માં જ્યારે અમારા મિત્રોએ ભારતથી મને જાણ કરી કે યુસુફનું નાજુક હૃદય ધબકતું અટકી ગયું છે ત્યારે મને આશ્ચર્ય ન થયું. જીવનની અંતિમ ક્ષણ સુધી તેણે દિલથી જનસેવા કરી.

યુસુફનો ગાઢ પ્રભાવ એટલા બધા લોકો પર પડ્યો છે કે ભારતથી આવેલ કોઈ પણ વ્યક્તિને અમારી મિત્રાતાનો ઉલ્લેખ કરું ત્યારે મારી કિંમત તેની નજરમાં વધી જાય છે. યુસુફ મારો મિત્રા હતો

એમ સાંભળેલું હોય એવા લોકો મને શોધતા આવે છે. અને મને તો ભરોસો છે કે જે દેશનું અંતરતમ એણે મારી આગળ પ્રગટ કર્યું તે દેશની મુલાકાત લેવાની તક મને કોઈ વાર મળશે, તો તેનું નામ મારે સારુ પાસપોર્ટ જેવું થઈ પડશે.

(અનુ. મહેન્દ્રકુમાર મહેતા)
[‘નિરીક્ષક’ પખવાડિક: ૨૦૦૩]

# બલવન્તરાય ક. ઠાકોર

## તે જ સાચો કવિ

ગુજરાતી કાવ્યકલા-ભક્તો, ગુજરાતી પ્રજાના સૌંદર્યરસિકો!

તમે માનવકલાસાગરનાં બહોળાં પાવક જલોમાં આવો, પૃથ્વીને આપણે ખૂણે આપણી વાણીમાં ફૂટતાં સર્જનસ્રોતને તમે એ મહાસ્રોતને નમૂને સરખાવી જુવો, એ એક જ પારાવારે આપણો સ્રોત પણ ભળી શકે, એવો તેને બનાવવાને મથો. આખી માનવજાતિ જેનું કવિત્વ સ્વીકારી ભોગવી શકે, તે જ સાચો કવિ. એવા સાચા કવિ ગુજરાતે પણ પાકો, એ જ અમારી નવીનોની મહેષણા છે.

['નવીન કવિતા વિશે વ્યાખ્યાનો' પુસ્તક]

## સન્માનાર્હ કોણ?

બે જાતની વ્યકિતઓ સન્માનાર્હ છે. લક્ષ્મીનંદનને સન્માનાર્હ નથી ગણતો, સત્તાધારીને સન્માનાર્હ નથી ગણતો. કેવળ વિદ્યાનેય હું સન્માનાર્હ નથી ગણતો. દુનિયાદારી ચડતીને પણ હું સન્માનાર્હ નથી ગણતો. ભાગ્યદેવીના લાડકવાયાને હું સન્માનાર્હ નથી ગણતો.

સન્માનાર્હ એક તો હું ગણું છું પૂરેપૂરાં બળ, આવડત અને દિલે મજૂરી કરતા મજૂરને. સાધન, ઓજાર આદિ વડે ઇષ્ટ વસ્તુ ઉપજાવવા તે એટલો તો મચીમથી રહે છે કે તેના હાથપગ, તેનાં આંગળાં, તેના સ્નાયુએ સ્નાયુ, તેની રગેરગ, તેની બુદ્ધિનાંય પડેપડ એ સાધનો અને ઓજારો, ક્રિયાઓ અને પ્રક્રિયાઓની ઊંડી છાપ ગ્રહણ કરતાં કરતાં એ સાધનસામગ્રીના અને ઓજાર-હથિયારના ઉપર પ્રભુત્વ મેળવે છે અને ભોગવે છે; અને એ પ્રભુત્વ કુદરતી ફળ પરિપાક રળે છે અને

આનંદે છે.

ગુજરાતીઓને આવી સ્વેદઝેબમંડિત મજૂરી તરફ સન્માનબુદ્ધિ છે ખરી? આપણા ઊજળિયાત વર્ણો આવી મજૂરીને સન્માને છે અને પોતે પણ તે વેઠવાને તૈયાર છે? પોતાને ખેડૂત કહેવડાવનારી આપણી ઊજળિયાત ન્યાતોમાંથી કઈ કઈ જાતે હળ ખેડે છે, કોશ અને ઘાણી ચલાવે છે, ગળતું ખાતર તૈયાર કરે છે અને પાથરે છે, કૂવા ખોદે છે ને ગાળે છે, વરસતે વરસાદે ડાંગરના ધરુનો ક્યારાપલટો કરે છે વગેરે વગેરે? જે ન્યાતો અંગચોર છે, મહેનત-મજૂરીથી કાયર છે, તે કાપુરુષો ગુજરાતી પ્રજામાં ભૂષણરૂપ નથી; ભલે ને તેમને પ્રજાના બીજા વર્ગો અને વર્ણો સૈકાઓની કુરૂઢિથી ભૂદેવો, સૂર્યવંશી, ઠાકોર આદિ ગણતા આવ્યા હોય.

સન્માનાર્હ હું બીજો ગણું છું બુદ્ધિમાન, બુદ્ધિસજ્જ, બુદ્ધિને વાપરી જાણનાર, ખેડનાર, પદોડનાર, નિચોવનાર, મથનાર, વલોવનાર, માથું ભમી ભમી ઘુમ્મ થઈ જાય, ફાટી પડતું લાગે, મૂર્છિત થઈ જાય, ત્યાં લગી ખેદો ન છોડનાર મનન-પરાયણ નરને. કોદાળી, પાવડો, હળ, દંતાળી વગેરે જેમ મજૂરનાં ઓજાર છે તેમ વિદ્યા, શાસ્ત્ર, ઇતિહાસ, અનુભવ, અવલોકન, ભાવના અને સ્વપ્નાંની સાથે સાક્ષાત વિરાટનો આખો ચરખો, વિચારક માણસનાં સાધનસામગ્રીય છે, ઓજાર-હથિયારે છે. એણે માણસજાતની નબળાઈઓને પણ શોધવાની તથા પરામર્શવાની છે. એણે અસ્પર્શ્ય અને અપવિત્રને, સડાને, રોગને પણ તપાસવા—ચૂંથવાના છે. માણસોમાં સન્માનાર્હ જેટલો મજૂર છે તેટલો વિચારક છે, જેટલો વિચારક છે તેટલો મજૂર છે. વિચારકને કશું અપ્રસ્તુત નથી, સિદ્ધ નથી, કશું અસાધ્ય નથી. વિચારકને કોઈ પરમ ગુરુ નથી, વિચારક કોઈનું ગુરુપદ ચાહતો નથી. ગુરુપદ સમર્પવા આવે તેવાને સાફ કહી દે છેઃ ભાઈઓ, તમે પોતે પોતાના ગુરુ બનવા સમર્થ છો. નાના-મોટા સૌ સ્વતંત્ર વિચારક બની પોતપોતાના ગજા, અનુભવ, સંજોગો, સાથીઓ પ્રમાણે વિચારપ્રવૃત્તિમાં ધાયે જાય, એટલું જ તે તો વાંછે.

['પંચોતેરમે' પુસ્તક]

# નિશાનચૂક..

*નિશાનચૂક માફ થાય, ન કદીય નીચું નિશાન.*

# બહાદુરશાહ પંડિત

## ધીરજ અને આત્મશ્રદ્ધા

સાગરકાંઠે એક માણસ બેઠો હતો. એના હાથમાં દર્ભની એક સળી હતી. દર્ભની એ સળી પાણીમાં બોળીને બહાર રેતી પર તે પાણી છંટકારતો હતો. ત્યાં બીજો એક માણસ આવી ચડ્યો. પેલાની આ વિચિત્ર ક્રિયા જોઈ આગંતુકે પૂછ્યું :

“આ શું કરો છો?”

“દરિયો ખાલી કરું છું.” પેલા માણસે શાંતિથી જવાબ આપ્યો.

“હેં!” આગંતુકે આશ્ચર્યથી કહ્યું : “તમે આ રીતે તો દરિયો કેવી રીતે ખાલી કરી શકશો?”

“કેમ કેવી રીતે?” પેલાએ જવાબ આપ્યો; “સળીથી જેટલું પાણી બહાર છંટકારાય છે, એટલું દરિયામાંથી ઓછું તો થશે ને? એટલું ઓછું થાય છે તો ધીમે ધીમે બધું જ ખલાસ થઈ જશે.”

ધીરજ અને આત્મશ્રદ્ધાનું આ કેવું આદર્શ ઉદાહરણ છે! તમે હાથમાં લીધેલું કામ ગમે તેટલું મોટું હોય અને તમારી પાસેનું સાધન ગમે તેટલું નાચીઝ હોય, તોપણ તમારી પાસે ધીરજ અને આત્મશ્રદ્ધા હશે તો એ કામ અવશ્ય પાર પડશે.

જેના સામ્રાજ્યનો સૂર્ય કદી આમથમતો નહોતો એવી બ્રિટિશ સલ્તનતમાં કેટલી મોટી તાકાત હતી? એની સામે માથું ઊંચકવા માટે ગાંધીજી પાસે કયું મોટું સાધન હતું? એમની પાસે માત્ર અહિંસાનું એક હથિયાર હતું. છતાં એ નાનકડા માનવીએ ધીરજ અને આત્મશ્રદ્ધાથી એટલી મોટી સલ્તનતને હરાવી અને ભારતને સ્વરાજ્ય અપાવ્યું. ગાંધીજી કોઈ દૈવી પુરુષ નહોતા; આપણા જેવા જ હાડચામના બનેલા માનવી હતા. એમનાથી જે થઈ શક્યું, એ આપણાથી પણ કેમ ના થઈ શકે?

“ધીરજનાં ફળ મીઠાં” અને “ઉતાવળે આંબા ના પાકે” એ કહેવતો આખી પ્રજાના અનુભવનો નિચોડ છે. આંબાની કેરી જેવું સ્વાદિષ્ટ ફળ પ્રાપ્ત કરવું હોય તો ગોટલો વાવ્યા પછી કેટલાં વર્ષો સુધી ધીરજ રાખવી પડે છે? એમ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો “રોમ એક દિવસમાં બંધાયું નહોતું” એ ધ્યાનમાં રાખી સતત મથ્યા કરવું જોઈએ.

ધીરજ સાથે પુરુષાર્થ અને આત્મશ્રદ્ધા સંકળાયેલાં છે. એકલી ધીરજ તો કશું ફળ આપી શકે નહિ. આરંભમાં આપેલા દૃષ્ટાંતનો નાયક દર્ભની સળીથી સતત પાણી બહાર કાઢી રહ્યો છે, અદબપલાંઠી વાળીને બેસી રહ્યો નથી.

તમે કરવા ધારેલું કામ ઘણું મોટું છે, એ જોઈને જ તમે હારી જાઓ તો તો કદી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. કામ મોટું છે, તો તમારી આત્મશ્રદ્ધા પણ ક્યાં નાની છે? તમારી ધીરજ રાખવાની શક્તિને પણ ક્યાં મર્યાદા છે?

નેપોલિયન બોનાપાર્ટ સામે આખું યુરોપ ખડું થઈ ગયું હતું. પણ એની આત્મશ્રદ્ધા હિમાલય જેટલી અડગ હતી. “મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી!” એમ કહીને એણે જે અપૂર્વ આત્મશ્રદ્ધાથી અને વિરલ ધીરજથી પોતાની સામેના પડકારને ઝીલી લીધો એનો ઇતિહાસમાં કોઈ જોટો નથી. હિમાલયની ટોચ પર પહોંચવું તે કેટલું કપરું કામ છે? હિલેરી અને તેનસિંગે એ કપરું કામ સદેહે પૂરું પાડ્યું. એક એક ડગલું ભરીને એવરેસ્ટ પર પહોંચવાનું હતું. મુશ્કેલીઓનો તો પાર નહોતો. પણ આ બન્ને સાહસવીરો પાસે ધીરજની ઢાલ અને આત્મશ્રદ્ધાની તલવાર હતી. એથી એમણે મુસીબતોને મારી હઠાવી.

આ ધીરજ અને આત્મશ્રદ્ધાનો કોઈ ગાંધી, નેપોલિયન કે તેનસિંગે ઇજારો રાખ્યો નથી. એ બન્ને તમારી પાસે છે, મારી પાસે છે અને આપણી સૌની પાસે છે; પણ આપણે એને પારખીને વાપરતા નથી, એનો ઉપયોગ કરતા નથી.

ગોવર્ધનરામ ત્રિપાઠીની સુપ્રસિદ્ધ નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ પૂરી

થતાં ૨૦ વર્ષ લાગ્યાં હતાં. એમણે કેટલી ધીરજથી કામ કર્યું હશે! જગતની સાત અજાયબીઓમાં સ્થાન પામેલો તાજમહાલ તૈયાર થતાં પણ વીસ વર્ષ લાગ્યાં હતાં. ચીનની દીવાલ શું રાતોરાત તૈયાર થઈ ગઈ હશે? દરેક મહાન કાર્ય માણસની ધીરજની કસોટી કરનારું જ હોય છે. કોઈ પણ મહાન કાર્ય ચમત્કારથી થતું નથી. હા, ચાઈમ વાઈઝમેન કહે છે એમ, "ચમત્કારો પણ ક્યારેક થાય છે ખરા—પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે."

ધીરજ માણસની માનસિક સ્વસ્થતાની સંજ્ઞા છે, એની પરિપક્વતાની નિશાની છે. ધીરજમાં સહિષ્ણુતા, સ્વસ્થતા અને માનસિક સ્થિરતા છે. એ ઉપરાંત અપૂર્વ આત્મશ્રદ્ધા પણ છે. આમ ધીરજ અનેક સદ્‌ગુણોની જનેતા છે.

કોલોરાડો પ્રદેશમાં જ્યારે સૌથી પહેલી વખત સોનાની ખાણો નીકળી, ત્યારે આખું અમેરિકા ગાંડું થઈ ત્યાંની જમીન ખરીદવા લાગ્યું. એક કરોડપતિએ પોતાની બધી મૂડી રોકીને એક આખો પહાડ ખરીદી ખોદકામ શરૂ કર્યું. ખૂબ ખોદકામ થયું, પણ સોનું ના મળ્યું. નિરાશ થયેલા શ્રીમંતે આખો પહાડ સાધનો સાથે વેચવા કાઢ્યો. ઘરનાં માણસો કહે, તમારા જેવો ગાંડો કોણ હશે તે ખરીદવા આવશે? પણ ખરેખર એક ખરીદનારો આવ્યો. વેચાણ થઈ ગયા પછી આ શ્રીમંતે કહ્યું: "તમે ખરા માણસ છો! હું બરબાદ થઈને વેચવા નીકળ્યો છું, એ જાણ્યા છતાં તમે ખરીદવા નીકળ્યા છો?"

"શી ખાતરી કે તમે ખોદ્યું છે એનાથી ઊંડું ખોદતાં સોનું નહિ નીકળે?" પેલાએ શ્રદ્ધાથી કહ્યું. અને ખરેખર, એક ફૂટ ઊંડું ખોદતાં જ સોનું મળ્યું. આ નસીબ હતું? ના, ધીરજ અને આત્મશ્રદ્ધા!

['કુમાર' માસિક: ૧૯૭૭]

# સંત અને શેઠ

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રસિદ્ધ સંત કવિ મુક્તાનંદજી એક વાર એમના થોડા બાલશિષ્યો સાથે એક ગામના મંદિરમાં ઊતર્યા હતા. એ સંપ્રદાયના સાધુઓ એક જ વાર જમે છે. એટલે બીજા દિવસે સવારે પેલા બાળસાધુઓ ખૂબ ભૂખ્યા થઈ ગયા. મુક્તાનંદજી ગામમાં કોઈ ભક્તના ઘેર ગયેલા, એટલે બાળસાધુઓની ભૂખ ભડકી ઊઠી હતી. એમણે તો રસોડામાં જઈ, આગલા દિવસના બનાવેલા બાજરીના રોટલા શોધી લાવી ખાવા માંડ્યા. પણ બિચારા બાળસાધુઓ ખાવાનું શરૂ કરવા જાય છે ત્યાં મુક્તાનંદજી આવી પહોંચ્યા. ગુરુને જોતાં શિષ્યો ગભરાઈ ગયા અને એમના હાથમાંથી રોટલા પડી ગયા.

મુક્તાનંદજી પરિસ્થિતિ પામી ગયા. પોતે જાણે કશું જોયું જ નથી એમ સીધા રસોડામાં પહોંચી ગયા અને મોટેથી શિષ્યોને બોલાવ્યા: “અરે બાળસંતો, જુઓ, તપાસ કરોને કંઈ ખાવાનું હોય તો! આજે તો મને કકડીને ભૂખ લાગી છે.” અને વરસોનું એકટાણાનું વ્રત તોડીને પણ મુક્તાનંદજીએ બાળસાધુઓ સાથે રોટલા ખાધા.

*

એક શેઠના ઘરમાં ઘણાં વર્ષોથી એક બાઈનોકર કામ કરતી હતી અને કુટુંબના સભ્ય જેવી બની ગઈ હતી. બાઈ વિશ્વાસપાત્રા અને પ્રામાણિક ગણાતી હતી. ઘરનાં સૌ એના વિશ્વાસે ઘર ખુલ્લું મૂકીને બહાર જતાં અચકાતાં નહિ. એક વાર આમ ઘરનાં બધાં બહાર ગયાં હતાં ને આ બાઈ ઘરમાં એકલી જ હતી. શેઠ એ દિવસે પેઢીએથી થોડા વહેલા ઘેર આવ્યા. પણ ઘરમાં પ્રવેશતાં શેઠે જોયું કે બાઈ એમના ખીંટીએ લટકતા જૂના કોટના ખિસ્સામાંથી પૈસા કાઢતી હતી. શેઠને થયું કે બાઈ જો પોતાને જોઈ જશે તો એને આઘાત લાગશે. પોતે પણ જેના ખોળામાં ઊછરીને મોટા થયેલા એવી બાઈને ભોંઠાં ન પડવું પડે તે માટે શેઠ બારણેથી જ પાછા ફરી ગયા—નોકર બાઈને અણસારો પણ ના આવે એટલી સિફતથી.

પાછળથી પોતાના મિત્રાને આ વાત કરતાં શેઠે કહેલું: “કેટલી મોટી લાચારી આવી પડી હશે ત્યારે એવી પ્રામાણિક બાઈને ચોરી કરવાની દાનત થઈ હશે! એની એક એવી નાની સરખી ભૂલ માટે એના આખા જીવન પર કંઈ ડાઘ પડવા દેવાય?”

['કુમાર' માસિક: ૧૯૭૭]

# બળવંતરાય ક. ઠાકોર, ભૂપેન્દ્ર ત્રિવેદી, ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

## લીલાવતી જીવનકલા

'સરસ્વતીચંદ્ર' —સર્જક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ પોતાની વ્હાલી પુત્રી લીલાવતી ક્ષયરોગમાં ન્હાની ઉંમરે ગત થતાં, એનાં ટૂંકા આયુષ્યને લગતી મુખ્ય હકીકતો આ ન્હાની ચોપડીમાં બહુ સાદી રીતે વર્ણવી છે.

કુલીન કુટુંબોની ગૃહિણીઓમાં કર્તવ્યભાવના અને ધર્મભાવના આપણા સમાજનું મહામોટું ધારણાબલ છે. એવા ધારણાબલવાળી ગૃહિણીઓ સ્થળે સ્થળે, શેરીએ શેરીએ, ગામેગામ હશે ત્યાં લગી જ હિંદુત્વ, હિંદુધર્મ, હિંદુસંસ્કૃતિ અને હિંદુસમાજ-સંપત્તિવિપત્તિની ગમે તેવી લીલી સૂકીમાં પણ-ભૂતકાલના આસમાની સુલતાનીના અનેકાનેક સૈકા વટાવીને જીવંત રહ્યાં છે, તેમ હજી પણ ભાવિમાં સૈકાઓ લગી જીવંત રહેવાને સમર્થ છે. દુઃખના અસહ્ય બોજા તળે ચંપાયેલી તથાપિ લીલાવતી આ ધારણાબલે સંસાર તરી ગઈ છે, જીવી ગઈ છે; એનું જીવન ગમે તેટલું દુઃખી તોપણ સાચા મનુષ્યત્વના પ્રકાશે વિજયી, યશસ્વી જીવન હતું. આ ધારણાબલ દરેક હિંદુ બાલકબાલિકા પામે તેની આસપાસ કેવા સંસ્કાર અને તેને મળતી કેળવણી કેવી હોય? એ સવાલનો જવાબ પણ કર્તા આ ચોપડીમાં જ ગૂંથી લે છે.

બળવંતરાય ક. ઠાકોર

*

'લીલાવતી જીવનકલા' પ્રસિદ્ધ થયા બાદ સંસ્કારી માબાપો પોતાની પુત્રીઓને માર્ગદર્શક બનવા એ પુસ્તક વારંવાર વાંચવા-વંચાવવાનો આગ્રહ સેવતાં, અને પરણ્યા પછી પોતાની જાતને આદર્શ ગૃહિણી બનાવવા સંસ્કારી નવોઢાઓ પણ આ પુસ્તકનું પરિશીલન કરી પ્રેરણા

મેળવતી.

ભૂપેન્દ્ર ત્રિવેદી

*

# લીલાવતીના જીવનપ્રવાહોનાં મૂલસ્થાન

લીલાવતીનું વય વર્ષ ૧૦-૧૧. મારી પાસે આવી પૂછવા લાગી: "મોટા કાકા, આ પરણવાનું શું કારણ હશે? લોક ન પરણે ને કુંવારા રહે તો ન ચાલે?"

આ પ્રશ્ને મને વિચારમાં નાખ્યો. લીલાવતી વર્ષ બે વર્ષની હતી ત્યારે ભાવનગરમાં ખોળામાં લઈ નિદ્રામાં નાખવા તે કાળે રચાતી 'સ્નેહમુદ્રા' હું ગાતો હતો, તેમાં હિંદુ પુત્રીએ વિદ્વાન પિતાને પ્રશ્ન પૂછ્યા છે તે કંઈક આવા જ હતા. તેનો પ્રતિધ્વનિ આ શું લીલાવતીએ આજ કર્યો? લગ્નથી એનું ભાગ્ય કેવું બંધાશે? આ દેશમાં આ વર્ણમાં તો એ ભાગ્ય બાંધવાનો ધર્મ મને પ્રાપ્ત થાય છે અને જેવું નીવડે તેવું એ ભાગ્ય સ્વીકારવાનો ધર્મ લીલાવતીનો થશે! આ વિચારો પૂરા થતાં પહેલાં લીલાવતીએ વળી ફરી પ્રશ્ન પૂછ્યો ને કંઈક શરમાતી શરમાતી ઊભી રહી. "આ બાળકને શો ઉત્તર આપું?" મને ચિંતા વધી ને એને આતુરતા વધી. અંતે ઉત્તર દેવો પડ્યો ને એને પાસે લઈ, વાંસે હાથ ફેરવી દીધો.

"બહેન, આપણે ત્યાં તું જન્મી અને આપણે આપણા લોકના વ્યવહારમાં છીએ, માટે તારે પરણ્યા વિના ન ચાલે. માબાપ જન્મારો ન પહોંચે, માટે દીકરીઓને માબાપ ન હોય ત્યારે કોઈ છત્ર જોઈએ."

તે બોલી નહીં ને સંતુષ્ટ દેખાઈ ચાલતી થઈ. મારા હૃદયમાં ઉદ્‌ગાર થયો: "બહેન, આપણા લોકમાં હું છું અને મને સંસાર ફળ્યો છે તે જેવી ઈશ્વરની કૃપા થઈ છે તેવી જ કૃપા તારા ઉપર તેની થાઓ!"

લીલાવતી! મારા હૃદયમાં ઊઠેલો આશીર્વાદ તારા હૃદયમાં કેવી

રીતે ફળ્યો એ દર્શનનો પ્રભાવ હું આજ જોઉં છું. તારા જીવનમાં સુખવાસનાને સ્થાને ધર્મમયી, તપોમયી, પાતિવ્રત સ્નેહમયી ભાવના વિના અન્ય વાસનાનો અંકુર કદી સ્ફુર્યો નથી. આ લેખ હું કાંઈ સ્તુતિગાનને માટે લખતો નથી, પણ તારા જીવનમાં સંસારને માટે કંઈક બોધ રહેલો છે એવી ભાવનાથી આ લેખને હું પ્રયોજું છું. તારા અવસાન પછી જગતમાં તારા જેવી અનેક પુત્રીઓ અનેક માતાપિતાને પેટ અવતરી જીવતી હશે, સર્વના હૃદયસત્ત્વમાં તારું જ સત્ત્વ હું જોઉં છું, અને તે સર્વને લીલાવતીઓ જ ગણું છું. તો પ્રિય વાંચનાર! આ લેખમાં હું ‘લીલાવતી’ શબ્દથી અનેક સંબોધન યોજું, ત્યાં તે આ સર્વ લીલાવતીઓને ઉદ્દેશી કહેલાં સમજજે; અથવા આ લેખની વાસ્તવિક કર્ત્રી લીલાવતીને આ સર્વ લીલાવતીઓના ધર્મપિતારૂપે સંબોધું છું એમ સમજજે.

*

શ્વશુરગૃહ ભણી કન્યાને વળાવતાં તેનાં માતાપિતાનાં હૃદયોમાં જે વિકાર થાય છે તે કન્યાનું ભાગ્ય કેવું રચાવાનું હશે તેના વિચારોનું ફળ છે. અનેક વર્ષને અંતે, કન્યાનું પાણિપીડન કરનાર અને તેનું કુટુંબ આ કન્યાને કેવી રીતે સ્વજન કરી જાળવી લે છે એ અનુભવમાં આવે છે ત્યાંસુધી, આ ચિંતાનો અંત આવતો નથી. લીલાવતીએ તે સંબંધે પ્રશ્ન પૂછી એ ચિંતાનો અનુભવ લગ્ન પહેલાં કરાવ્યો હતો, અને ચિંતાની શાંતિ કરવાનો પ્રયત્ન તેના અવસાનકાળ સુધી બંધ ન કર્યો.

તે ચિંતાને શાંત કરવાનો પ્રથમ પ્રસંગ તેણે તેના શ્વશુરગૃહમાં પગ મૂકીને તરત જ શોધ્યો. ૧૮૯૫ના મધ્યભાગમાં હું પોરબંદર હતો અને લીલાવતી તેના શ્વશુરગૃહમાં પેટલાદ ગામમાં હતી, તેના વિષયની કાંઈ કિંવદન્તીથી ચિંતા ઉત્પન્ન થતાં તેનાં આરોગ્યાદિક જાણવા તેને મેં પોરબંદરથી પત્ર લખ્યો તેનો ઉત્તર તેણે લખ્યો કે:

“મને નડિયાદમાં એક દિવસ અને પેટલાદમાં એક દિવસ તાવ આવ્યો હતો, પણ હવે ઠીક છે. તમે જ ‘સ્નેહમુદ્રા’માં પહેલી કવિતામાં કહ્યું છે કે-

તજી કોષ દ્વિજ અવનિમાં ધરે નવો અવતાર,

ખાતાં ઊડતાં શીખીને તજે જનકનો સાથ.

તે જ પ્રમાણે ‘શકુંતલા’ના ચોથા અંકનો છેલ્લો શ્લોક ખબર છે. તમને પણ ઘણુંખરું વા આવે છે તે કેમ છે તે લખશો. ફિકરચિંતા કરશો નહીં. ઈશ્વર સૌ સારું જ કરશે.”

ચૌદ વર્ષની વયે તેણે આ વિષયમાં આ પ્રથમ ઉદ્‌ગાર કર્યો. શાસ્ત્રીજી જીવરામના હાથમાં તેનું વિદ્યાદાન સોંપતાં આ લેખકે એવો ઉદ્દેશ દર્શાવ્યો હતો કે “શાસ્ત્રીજી, લીલાવતી પરદેશ જવાને નિર્મેલી છે ત્યાં મારાથી કે એની માતાથી એનાં સુખદુઃખપ્રસંગે સદ્વિચાર આપવા નહીં જવાય. તમે આને વિદ્યા આપો તે એવી આપો કે તે એની બુદ્ધિના સન્મિત્રનું કામ એ જ્યાં જાય ત્યાં કરે અને લીલાવતી પોતાની બુદ્ધિ વડે સનાથ રહે.” શાસ્ત્રીજીએ આ સૂચના પાળવાની કૃપા કરી અને તે કૃપાને લીલાવતીએ સફળ કરી ઉપરના પત્રમાં ‘શાકુન્તલ’ના ચતુર્થ અંકના છેલ્લા શ્લોક ઉપર આ લેખકનું ધ્યાન ખેંચ્યું. તે શ્લોકમાં શકુંતલાના ધર્મપિતા તેને શ્વશુરગૃહે વળાવી કહે છે કે-

अर्थो हि कन्या परकीय एव तमद्य निक्षिप्य करे गृहीतुः ।

जातः प्रकामं विशदो ममायं प्रत्यपिर्तन्यास इवान्तरात्मा ।।

કન્યા તો પારકું જ દ્રવ્ય છે. તેના ગ્રહણ કરનારના હાથમાં આજ તેને આપી દઈને તેને સાચવવાની ચિંતાથી મુક્ત થયેલા પુરુષનું ચિત્ત જેવું ચિંતામુક્ત થાય, તેવો આજ મારો આ અંતરાત્મા અત્યંત વિશદ થયો.

આ શ્લોકની સંખ્યા દર્શાવી લીલાવતીએ તેના પિતાનું સ્નેહવૈકલ્ય શમાવવા કણ્વમુનિનું આ દૃષ્ટાંત આપ્યું, “તમે તમારો ધર્મ કરી ચૂક્યા અને હવે મારી ચિંતા કરો છો તે અયોગ્ય છે” એવો બોધ આપ્યો. ઐહિક સંબંધમાત્ર ક્ષણિક છે અને પિતાપુત્રીનો સંબંધ તો ઈશ્વરની રચનાના ક્રમથી જ આવો છે તેનું ભાન મારી રચેલી કવિતાના અક્ષરો સ્પષ્ટ લખીને જ મારો કરેલો ઉદ્‌ગાર મને પોતાને સંભળાવ્યો.

લીલાવતી! અમે તને અનેક પત્ર લખ્યા હશે, તેં અમને લખ્યા હશે, પણ કાંઈ સહુ પત્ર સાચવી રાખ્યા નથી. તારો પ્રથમ પત્ર ઉપર લખેલો, અને છેલ્લો પત્ર આપણા છેલ્લા યોગ પહેલાંનો, કાંઈ દૈવેચ્છાથી મારી પાસેથી નીકળ્યો. તારા અવસાન પછી તારી પેટીમાંથી શું નીકળ્યું? જે જે પત્રોમાં વ્યવહારની વાત હતી તે તેમાં નથી, પણ તને ઉપદેશ હતા તે સર્વ પત્ર તેં જાળવી રાખ્યા છે. તો તને શું પ્રિય હતું તે પ્રકટ કરવાને તેમાંના બે નમૂના ઉતારું છું.

તારી માતા તારા શ્વશુરગૃહારંભે તને લખે છે કે “જેમ પિયરમાં માબાપ, તેમ સાસુસસરા પણ માબાપ કહેવાય ને જેવાં ભાઈ-ભોજાઈ તેમ જેઠ-જેઠાણી; એવી રીતે બધાં ઉપર વહાલ રાખી પોતાનાં ગણી વર્તવું. તે સર્વને ઈશ્વરતુલ્ય ગણી કોઈને દુભાવાં દેવાં નહીં. સાસરિયામાં બધાંની જોડે મન ખુશીમાં રાખી મળી જવું તથા નાનાં છોકરાં પર્યંત સહુની સાથે નમ્રતાથી વર્તવું ને એની સેવા કરવી. તો ઈશ્વર આપણા ઉપર રાજી રહે. એ બધું તું ક્યારે શીખીશ ને બધાંને સંતોષ આપીશ તેની હું રાહ જોઉં છું. આપણામાં કહેવત છે કે ઉદ્યમે દરિદ્ર નાસ્તિ, તેમ નવરાં ના બેસી રહેવું ને કંઈ કંઈ કામનો ઉદ્યમ કરવો. એવું પેટ મોટું રાખીએ કે મનનો મર્મ કોઈને કહીએ નહીં. જગત તો એવું છે કે ખોટી વાત બનાવટની આપણને કહે ને આપણી પાસે વાત લે ને છાશમાં પાણી ઉમેરીને જ્યાં પોલું દેખે ત્યાં સહુ પગ ઘાલે. માટે એવાંને ધ્યાન ન દેવું. ન બોલ્યામાં નવ ગુણ ને બોલ્યામાં બાર અવગુણ છે. કહેવત છે કે ઘર ભાંગવા સર્વ આવે પણ બાંધવા કોઈ ન આવે. માટે જેને સાસરામાં સંપી રહેવું હોય તેણે ગમે તેમ કહે પણ સાંભળ્યા કરવું ને હેત વધે તેમ પ્રયત્ન કરવો ને સહુને રાજી રાખવાં ને રહેવું. તું આ બધું લખ્યા પ્રમાણે વર્તીશ ત્યારે મારા મનને સંતોષ મળશે.”

લીલાવતી! આ શિખામણો તેં એવી માની અને આ સંતોષ તેં એવો વાળ્યો કે તે જ વાતનું સ્મરણ એ શિખામણ આપનારીને અને સંતોષ પામનારીને આજ અત્યંત શોકમાં નાંખે છે, અને એ શોકશમનને માટે તેને હું આજ આપું છું તે ઉપદેશ કેવળ નિષ્ફળ થાય છે. કહેનારે

કહ્યું છે કે-

न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि

प्रियत्वं वस्तूनां भवति खुतिद्भाहकवशात् ।।

કોઈ પણ વસ્તુ પોતાની પ્ર કૃતિથી રમ્ય કે અરમ્ય નથી, પણ તે પ્રિય કે અપ્રિય લાગે છે તે તેના ગ્રાહકના ગુણને લીધે. જે ગ્રાહકને એક કાળે પ્રત્યક્ષરૂપે તું પ્રિય હતી તે પરોક્ષરૂપે થઈ ને તે જ ગ્રાહકને દુ:ખનું કારણ થાય છે. આ વિયોગ કેમ અપ્રિય થાય છે? સર્વથા તને જ ઉપદેશ દેનારીને દુ:ખ થવાનું મુખ્ય કારણ એ જ છે કે તેં એ ઉપદેશ પાળ્યો છતાં, તેથી તને સુખ પામતી જોવી જોઈએ તે પામતાં પહેલાં તું ચાલી ગઈ!

તું ચાલી ગઈ, પણ ઉપર કહેલું શાસ્ત્રવચન સર્વથા સત્ય છે એવું સિદ્ધ કરતી ગઈ. તારી માતાનો ઉપદેશ પાળનારી તું જાતે ફળની ઉદાસીન રહી સ્વસ્થ રહી, અને એ ઉપદેશ પળાવનારી તારી માતા એ ફળકામનાથી આજ દીન બની શોક કરે છે. તારું સર્વ જીવન તપોમય અને અધ્યાત્મ હતું તેના મર્મસ્થાનમાં હું દૃષ્ટિ કરું છું ત્યારે તારી નિષ્કામના, સ્વસ્થતા, અને સંતુષ્ટતા ઉપરાંત બીજું કાંઈ પણ દૃષ્ટિગોચર થતું નથી.

આબુ પર્વત ઉપર તને તારા જેવી એક દુ:ખી બહેનનો અનુભવ થયો; પાલણપુરમાં બીજી એવી બહેનનો થયો. તારા વાતોન્માદ હિસ્ટીરિયાને પ્રસંગે તું તેમને જ સંબોધી લવતી હતી કે, “બહેન, તમે આવો. આપણે ત્રણ જણીઓ દુ:ખી છીએ. પણ હું તમને રસ્તો બતાવું છું કે આપણે દુ:ખને ગાંઠીએ શું કરવાને જે? દુ:ખને કહીએ કે તમારે જેટલું આવવું હોય તેટલું આવો, પણ અમે તો સુખી જ રહીશું.”

લીલાવતી! શોકને તરી જતાં તને આવડ્યું. તારી આ બે બહેનો જેવી અનેક બહેનો આ ભવસાગરમાં દુ:ખના અસંખ્ય તરંગોને ધક્કે ચડે છે અને મનુષ્ય કે ઈશ્વર તેમને તારવાને આવતો હોય એવું જણાતું નથી, તેમ તને પણ થયું. પણ એ અનાથતામાંથી મનુષ્યને ઉગારનાર

એક જ વસ્તુ છે અને તે તેમના પોતાના સંસ્કાર છે, તેમનો ઈશ્વર ઉપરનો વિશ્વાસ છે. જે ઈશ્વરને નથી દેખતા તે અનાથ થઈ રુએ છે, અને ઈશ્વરને દેખે છે તે જ સુખના તેમ દુઃખના ભોગથી મુક્ત થાય છે. મારા કરેલા ઉપદેશના પત્ર તેં જાળવી રાખ્યા તે તારી પેટીમાં તારા પ્રિયતમ 'સાવિત્રીચરિત' નાટક સાથે તેં રાખેલા મળ્યા. તેમાંના એક પત્રમાં લેખ છે કે-

"તને વિદ્યાભ્યાસ કરાવ્યો તથા ઘરકામ શીખવ્યું તે પ્રસંગે તારી મા, હું તથા શાસ્ત્રી મહારાજ તે સૌએ તારા જીવને ક્લેશ કરાવેલો તે તારા કલ્યાણને માટે હતો. તેમ જ હાલ તને કોઈ જાતની હરકત પડે કે જીવને દુઃખ થાય ત્યારે એમ જાણવું કે એ રસ્તે આપણો સહુનો પિતા ઈશ્વર તારા ભવિષ્યના કલ્યાણને વાસ્તે તને કસે છે અને રાત પછી દિવસ આવે છે તે આખરે તને સુખ આપશે. ઈશ્વરના ઉપર વિશ્વાસ રાખ્યો ક્યારે કહેવાય કે તેનાં આપેલાં કષ્ટ વખતે ધૈર્ય રાખીએ તો. મોડુંવહેલું તારું કલ્યાણ થશે એવું ઈશ્વર કરશે એટલો વિશ્વાસ રાખી આનંદમાં રહેજે.

"તું અમારાથી છૂટી પડે ત્યારે તને કામમાં લાગે એવી સુશિક્ષિત બુદ્ધિ તને આપી છે. તે બુદ્ધિ અને વિદ્યા તને પરદેશમાં સુખ આપશે. તારા મનને કાંઈ ગૂંચવાડો પડે કે કાંઈ ગભરામણ થાય ત્યારે તારી માની જોડે વાતો કરે તેમ તારી મેળે તારી બુદ્ધિ ચલાવજે. તે તારા ગૂંચવાડા છોડાવશે અને તને સવળો રસ્તો દેખાડશે. ગમે તે થાય તોયે રજ ગભરાવું નહીં ને મનને આનંદમાં રાખી આપણા કુળનો ને ઈશ્વરનો વિચાર કરી ધીરજ રાખવી. આસપાસ કોઈ માણસમાં અસત્ય કે અપવિત્રતા જોવામાં આવે ત્યારે તેને બિચારાને ઈશ્વરે સારું જ્ઞાન આપેલું નથી તે આપ્યું હોત તો આવા અવળા માર્ગ ઉપર જાત નહીં, એમ ગણી તેની દયા આણવી. તને એવે રસ્તેથી બચાવવા જેટલું જ્ઞાન તને ઈશ્વરે આપ્યું માટે ઈશ્વરનો ઉપકાર માનવો.

"ગુણસુંદરીની આસપાસ કેવાં કેવાં માણસ હતાં અને તે સૌને ગુણસુંદરીએ પોતાની જ નીતિથી અને કળાથી કેવાં પોતાનાં કરી લીધાં

અને કેવાં વશ કર્યાં, તે સરત રાખી તે પ્રમાણે કરજે. સામું માણસ ગમે તેવું હશે પણ આપણે સારાં અને પવિત્ર હોઈશું તો અંતે ધર્મનો જય છે, એમ જાણવું.

“તારી સાથે કોઈ કઠોર વાક્ય બોલે તો મનને દુ:ખ કરીશ નહીં, પણ સામું એવું મધુર અને કોમળ વચન બોલજે કે તે માણસ આખરે કોઈ દિવસ પસ્તાશે અને તારું સારું બોલશે. કોઈનો દોષ દેખે તો ક્ષમા રાખજે ને તે દોષ કોઈની પાસે ઉઘાડા ન પાડતાં મનમાં સજી મનમાં જ રાખજે, અને એવા દોષમાં જાતે તું ન પડે એટલી સાવચેતી રાખજે.

“તને હાલ વાંચવાનો વખત મળતો ન હોય તો તે બાબત ઊંચો જીવ નથી. પુસ્તક વાંચવાથી જે લાભ તને થવાનો તે લાભ તને હું મારા પત્રોમાં આપીશ, એટલે એ જ તને અભ્યાસ થશે.”

બીજો પત્ર: “વધારે લખવાનું એ કે તને વાંચવાનો વખત ન મળતો હોય તોયે જ્યારે પા ઘડી નવરાશ મળે ત્યારે તને જે જે પુસ્તકો વંચાવ્યાં છે તેમાંથી નીતિની કે જ્ઞાનની વાતો વાંચી હોય તેનો વિચાર કરવો ને તે સંભારવાનું રાખવું. તારી બાને જ્ઞાનમાર્ગે ચડાવી છે તો એના જીવને કેટલું સુખ થયું છે ને એનો વખત કેવા કેવા ઈશ્વરના વિચારમાં જાય છે તે સંભારવું ને તેવું સુખ તારે પામવું. બહેન, તું હવે અમારાથી છૂટી પડી અને પરદેશી થઈ ત્યાં અમારાથી તને શિખામણ કે જ્ઞાન આપવા નહીં અવાય; પણ જેટલી થોડી વિદ્યા તને આપવાની બની છે તે વિદ્યાના બળથી તારા મનને બળવાળું કરવું તે એવી રીતે કે આ સંસારનાં દુ:ખ તને શોક ઉત્પન્ન કરે નહીં.”

લીલાવતી! તેં મારા આ પત્રોમાંના અક્ષરેઅક્ષર તારા જીવનમાં એવા તો વણી દીધા કે અત્યારે તારા હૃદયનું અને સદ્વર્તનનું વર્ણન કરવા બેસું છું ત્યારે એટલું જ સૂઝે છે કે, બોલવે સહેલી પણ ચાલવે કઠણ એવી મારા પત્રોમાંની અને તારી માતાના પત્રોમાંની એકેએક વાત તેં તારા અંતકાળ સુધી ઉત્સાહથી સત્ય ગણીને પાળી; અને તેમાંની કઈ વાત તેં ન પાળી એ શોધવાને માટે ઊંચા આકાશ ભણી દૃષ્ટિ કરું છું ત્યારે મારા નેત્ર સામી તારી મુખછબી દેખું છું, અને મારા અને તારી

માતાના આયુષ્યને અંતકાળે એ છબી જીવતી જોવાની અમારી ઇચ્છાને તું અનુસરી શકી નહીં એટલી જ વાતમાં તેં અમારી ઇચ્છાને સફળ કરી નહીં, એ વિના બીજું કાંઈ સૂઝતું નથી. આ અમારી ઇચ્છાને સફળ થઈ નહીં ગણી શોક કરીએ તે અમારા ઉપરના મોહના આવરણનો દોષ. તારા વાતોન્માદમાં તું લવતી હતી અને ઈશ્વર સાથે વાતો કરતી હતી: "હે ઈશ્વર, તારી ઇચ્છા હોય તેટલું દુ:ખ આપજે. હું તને તેની ના કહેતી નથી. તારા આપેલા દુ:ખનો તિરસ્કાર કરી આ આંખોમાંથી મેં કોઈ દિવસ આંસુ પાડ્યું છે? હું તે વાતમાં તારો દોષ કાઢતી નથી, કારણ તું જે કરતો હોઈશ તે કોઈ મોટા સારા વિચારથી જ કરતો હોઈશ. પણ એક વાતમાં તને પૂછવાનું કે જગતને માથે આ મરકી, આ દુકાળ વગેરે આપત્તિઓને તું વર્ષાવે છે અને સર્વ પ્રજાને રિબાવી રિબાવી મારે છે; તેનો નાશ તારી દૃષ્ટિમાં યોગ્ય હોય તો આમ સહુને રિબાવવા કરતાં એકદમ ધરતીકંપ આણી પ્રલયકાળ વર્ષાવી એક ક્ષણમાં સહુનો એકદમ તું નાશ કરે, તો નાશના બે માર્ગમાંથી આ બીજો માર્ગ વધારે સારો નથી?"

લીલાવતી! જે નમ્રતાથી ને મધુરતાથી તું જાગ્રત અવસ્થામાં મને વાતો પૂછતી હતી તેવી જ રીતે મૂર્છાકાળે તું ઈશ્વરને આમ પૂછતી હતી. તું જગતને માટે, અન્ય જીવોને માટે, દયા આણી ઈશ્વરને આમ પ્રશ્ન કરી વિજ્ઞપ્તિ કરે છે, ને પોતાને માટે સર્વ દુ:ખ સહેવામાં શાંતિને, સ્વસ્થતાને અને શ્રદ્ધાને જ ધર્મરૂપ ગણે છે. તે ધર્મ જેવો તેં પાળ્યો તેવો અન્ય જીવોએ પણ પાળવાનો આ તારો ધ્વનિત ઉપદેશ છે, મધુર રીતે કરેલો ઉપદેશ છે તે સ્મરી હું શોકમુક્ત બનું છું ને એ ઉપદેશ લેવાનું તારી માતાને અને સર્વ પુત્રીદુ:ખથી દુ:ખી માતાઓને સૂચવું છું.

એક કોમળ વયની બાળા પણ મનોબળની સીમાને પહોંચેલી અને આર્યસંસ્કારોમાં-જળમાં મત્સ્ય પેઠે-જીવેલી લીલાવતી આવી અકળ કળા કેવી રીતે ખેલતી ખેલતી અદૃશ્ય થઈ ગઈ, તે સ્વપ્નનો સાક્ષી આ લેખક થયેલો છે. એ સ્વપ્નનું શુદ્ધ ચિત્ર દર્શાવવું તો અનેક કારણોથી અશક્ય છે, અને એ ચિત્રનાં રહસ્ય વિચારતાં આ લેખક પોતાના

વિષયમાં એટલો જ ઉદ્‌ગાર કરે છે કે-

મૂગેકુ સુપનો ભયો, સમજ સમજ પસ્તાય!

તોપણ, આ લેખકના કાલ્પનિક લેખનું અભિનંદન કરનાર વાચકવર્ગને એ જ લેખકના અનુભવચિત્રની પણ કાંઈક રેખાઓ પ્રિય અને બોધક થશે એ જાણીને જ, આ છિન્નભિન્ન લેખનો આદર કરેલો છે.

ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

['લીલાવતી જીવનકલા' પુસ્તક: ૧૯૦૫]

## 'બાદલ'

# સોળમી મોસમ

*લીંબોળી એક એક ગોઠવીને એકલી હું છાનેરું ગણવાને બેઠી,*
*મારાથી શરમાઈ નાઠી કેવી હું, મને સોળમી તે મોસમ સૈ, બેઠી!*
*અલ્લડતા વડલાની ડાળખીથી ફફડાવી*
*પાંખોને, ઊડી ક્યાંક ગઈ;*
*કાછોટો મારી હવે અવળી ગુલાંટ ખઈ*
*ક્યાં ડૂબકી દા' રમવાની, સઈ?*
*ઓઢણું જરીક જ્યાં સરકે, ટોકે છે માડી: "ઓઢો સરખુંક જરા બેટી!"*
*મારાથી શરમાઈ નાઠી કેવી હું, મને સોળમી તે મોસમ સૈ, બેઠી!*

*વારવા તે કેમ કરી ઘડીયે ને પલકે કૈં*
*તકતામાં તાકવાના ઓરતા,*
*આંખોમાં ઊગી ગ્યાં મહુડાનાં વન અને*
*ગુલમ્હોરો ગાલમાં શા મ્હોરતા!*
*લાજી મરાય એવાં શમણાંની વાત કહી વ્હોરવી ના સૈયર ફજેતી,*
*મારાથી શરમાઈ નાઠી કેવી હું, મને સોળમી તે મોસમ સૈ, બેઠી!*

*રૂવાં યે સાવ રોયાં વીછીના ડંખ થઈ*
*ચટકે એવાં કે લાહ્ય ઊઠતી,*
*ભીતરના ભમ્મરિયાં પૂર ક્યાંક તાણી ગ્યાં*
*ચેનને હું બાવરી થઈ ખોળતી;*
*ઉડાડો, નફ્ફટ થઈ પોપટ ઠોલે છે મને કેસર કેરીની શાખ બેઠી,*
*મારાથી શરમાઈ નાઠી કેવી હું, મને સોળમી તે મોસમ સૈ, બેઠી!*

# બાપાલાલ ગ. વૈદ્ય

## મને ગમે છે

*મને સવારનો વખત ગમે છે.*
*એ વખતની શરીરની તાજગી ગમે છે.*
*સવારનો મીઠો તડકો ગમે છે.*
*હસતાંકૂદતાં કિલકિલાટ કરતાં બાળકો ગમે છે.*
*મને સંધ્યાની સુરખી ગમે છે.*
*તારાજડિત આકાશ ગમે છે.*
*ચંદ્રનાં દર્શન ગમે છે.*
*સુંદર નાજુક સ્ત્રીઓ ગમે છે.*
*પડછંદ મહેનતુ પુરુષો ગમે છે.*
*દૂધ આપનારી નીરોગી ગાયો ગમે છે.*
*દધિમંથન-ઘોષ ગમે છે.*
*ખડતલ, દેખાવડા બળદો ગમે છે.*
*થનગનતા ઘોડાઓ ગમે છે.*
*ભાતભાતનાં પક્ષીઓ ગમે છે.*
*મને ફૂલો ગમે છે; દેવની એ કટોરીઓ છે.*
*બાગબગીચા જોવાનું ગમે છે.*
*કોયલનો ટહુકો, મોરનો કેકારવ ગમે છે.*
*નદીઓ અને પહાડો ગમે છે.*
*વનો અને વૃક્ષો ગમે છે.*
*વનમાં વૃક્ષો સાથે વાતો કરવાનું ગમે છે.*
*ઝાડે વીંટળાયેલી વેલો ગમે છે.*
*સમુદ્રનાં દર્શન ગમે છે.*
*તળાવો ને સરોવરો ગમે છે.*

એમાં ખીલેલાં કમળો ગમે છે.
શરદઋતુનાં કાચ જેવાં નિર્મલ નીર ગમે છે.
લીલીછમ ડાંગરના ક્યારડા ગમે છે.
યૌવનનો થનગનાટ ગમે છે.
વૃદ્ધોનું શાણપણ ગમે છે.

*

મને ગમતું નથી—
મને સવારની શાંતિનો ભંગ કરનાર ગમતું નથી.
કર્કશ વાણી ગમતી નથી.
સુક્કલકડી માણસો ગમતાં નથી.
કદરૂપી સ્ત્રીઓ ગમતી નથી.
માયકાંગલા મરદો ગમતા નથી.
નિસ્તેજ આંખો ગમતી નથી.
શરીર અને મનનાં માંદાં ગમતાં નથી.
ધર્મનું વેવલાપણું ગમતું નથી.
વરઘોડાનું વરણાગીપણું ગમતું નથી.
ધનનું પ્રદર્શન ગમતું નથી.
ઉડાઉ માણસો ગમતા નથી.
કંજૂસ માણસો ગમતા નથી.
કોઈ ઝાડ કાપે છે તે ગમતું નથી.

*

# બાપુ ગાયકવાડ

## શાંતિ પમાડે તેને—

*શાંતિ પમાડે તેને તો સંત કહીએ;*
*એના દાસના તે દાસ થઈને રહીએ રે.*
*કલ્પવૃક્ષ સેવ્યે દારિદ્ર રહ્યું ઊભું;*
*ત્યારે તેના તો ગુણ શીદ ગાઈએ રે?...*

*લીધો વળાવો ને લૂંટવા રે લાગ્યો;*
*ત્યારે તેની સંઘાતે શીદ જઈએ રે?*
*વૈદ્યનો સંગ કર્યે રોગ રહ્યો ઊભો;*
*ત્યારે વૈદ્યની તે ગોળી શીદ ખાઈએ રે?...*

# બાબા આમટે

## આંસુની નદી આડો બંધ

અયોધ્યામાં એક મસ્જિદને જમીનદોસ્ત કરવામાં આવી, તેમાંથી ઊડેલી ધૂળની ડમરીએ આપણને આંધળા બનાવી મૂકતો વંટોળ ચોમેર ફેલાવ્યો છે. તેને પરિણામે, નર્મદાને કિનારે મેં મારી જાત પર લાદેલો એકાંતવાસ તોડવાની મને ફરજ પડે છે. નર્મદા પરના મોટા વિનાશકારી બંધો સામેનો મારો વિરોધ મારા અંતિમ શ્વાસ સુધી ચાલુ રહેશે જ. પણ આજે તો, અયોધ્યામાં અને તેના અનુસંધાનમાં અન્યત્રા ફેલાયેલા વિનાશે આંસુઓની જે મહાનદી વહેતી મૂકી છે, તેની આડો કોઈ બંધ બાંધવા મારે નીકળી પડવાનું આવ્યું છે. પરમાત્માને મારી પ્રાર્થના છે કે મારી ભાંગેલી, કહ્યું ન કરનારી કાયા હવે મારા અંતરાત્માના આદેશ મુજબ ચાલે.

આપણી ઉપર જે આપત્તિ તોળાઈ રહી છે તે માત્રા આ દેશના કટકા કટકા થઈ જવાની નથી—જે સંકટ ઊભું થયું છે તે તો છે આપણી પ્રજાનાં દિલ અને દિમાગના ટુકડે ટુકડા થઈ જવાનું. રાષ્ટ્રનો આત્મા જાણે મરી પરવાર્યો છે. જે કાંઈ આપણે મહામૂલું ગણેલું, જેને કાજે તો આપણી હસ્તી હતી, એકતાની જે અવિચલ ભાવનાએ આપણામાં પ્રાણ પૂરેલા, જેના થકી આ રાષ્ટ્ર આકરામાં આકરા પડકારોનો સામનો કરી શકેલું, તે બધાંની ઉપર મરણતોલ પ્રહાર થયો છે. એ ભાવનાને આપણે ફરી જીવતી કરવાની છે, નવેસર તેની પ્રતિષ્ઠા કરવાની છે.

આપણામાંના પ્રત્યેકને આજે હું એ પ્રશ્ન કરવા માગું છું કે, કશું પણ મહાન અને સુંદર, પવિત્રા અને સનાતન શું અપમાન ને આશંકા, વૈર ને વિનાશના પાયા ઉપર બાંધી શકાય ખરું? આપણે જેને ઇતિહાસની ભૂલો માનતા હોઈએ તેને ખાતર, જે નબળા અને નિર્દોષ છે તેમને આજે દંડ દેવા બેસવું તે શું આપણને છાજે છે? અને આ

જંગાલિયત આપણને ક્યાં દોરી જશે? આ હેવાનિયતનો અંત ક્યારે આવશે? આપણી નફરત ગળા સુધી ધરાઈ જાય તે પહેલાં હજી કેટલી મસ્જિદો જમીનદોસ્ત થશે, કેટલાં મંદિરોનો આપણે નાશ કરશું?

અયોધ્યામાં એ વિવાદાસ્પદ સ્થળે આપણે ન મંદિર બાંધીએ કે ન મસ્જિદ, પણ પ્રેમનું એક સાચું દેવળ ઊભું કરીએ અને છઠ્ઠી ડિસેમ્બર પછી ફેલાયેલી પાગલ હિંસાખોરીમાં અનાથ બનેલાં બાળકોને ત્યાં વસાવીને ઉછેરીએ. અયોધ્યાને આપણે ઇન્સાનની બિરાદરીનું ને એકતાનું, મનમોટપ ને મહોબ્બતનું પ્રતીક બનાવીએ. આપણાં ગામ-શહેરોમાં જે બધાં ઘરબારોનો આ પાશવલીલામાં વિનાશ થયો છે તેને, ચાલો, આપણે તમામ મઝહબ અને કોમના લોકો ભેગા મળીને શ્રમદાન મારફત નવેસર બાંધીએ!

# બાબુ દાવલપુરા

## સમભાવ સાહિત્ય પૂરતો જ નહીં

ઈશ્વર પેટલીકરનો જન્મ અને ઉછેર ચરોતરના એક નાના ગામડામાં થયો હતો. તેની આસપાસના ગ્રામપ્રદેશમાં વસતા લોકોના સામાજિક વ્યવહારો, તેમના વ્યવસાયો તેમજ રીતરિવાજોનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ તેમણે વર્ષો પર્યંત કર્યું હતું. પ્રાથમિક શિક્ષક તરીકે અને પછી ‘પાટીદાર’ માસિકના સંપાદક તરીકે તેમણે ગામડાંના અને શહેરના સમાજના પ્રશ્નો વિશે ઊંડો રસ લઈને સમાજ-સુધારણાની પ્રવૃત્તિ કરી હતી, તેને કારણે તેમની ઘણીબધી નવલકથાઓ અને નવલિકાઓમાં ચરોતરના જનસમાજનાં ઊજળિયાત તેમજ પછાત વર્ગનાં પાત્રો કેન્દ્રસ્થાને રહે છે.

પેટલીકરનો દલિત વર્ગ પ્રત્યેનો સમભાવ કેવળ તેમના સાહિત્ય પૂરતો જ સીમિત નહોતો. અમદાવાદમાં પોતાના નવા નિવાસનું વાસ્તુ કરવાના મંગળ પ્રસંગે, આણંદનિવાસનાં વર્ષો દરમિયાન પોતાના કાર્યાલય અને ઘરમાં નેકદિલીપૂર્વક કર્તવ્ય બજાવનાર હરિજન સફાઈ કામદારને નોતરવાનું તેઓ ચૂક્યા નહોતા.

[‘રૂપલબ્ધિ’ પુસ્તકઃ ૨૦૦૪]

# બાબુ સુથાર

## મને સાંભરે રે

૧૯૭૯માં બી.એ.ના છેલ્લા વરસનું પરિણામ આવ્યું. પાસ થઈ ગયો. [ત્યારે હું ગોધરામાં ટેલિફોન ઓપરેટર હતો.] મિત્રોએ કહ્યું: બાબુ, એમ.એસ.માં ભણવા જા, ત્યાં સુરેશ જોષી ભણાવે છે. સુ.જો.નાં લગભગ બધાં પુસ્તકો મેં વાંચેલાં હતાં. કેટલાંક તો ચાર કે પાંચ વખત. એટલે એમના હાથ નીચે ભણવાની ઇચ્છા તો બહુ હતી પણ, નોકરી કરવા ગોધરા રહેવાનું અને ભણવા વડોદરા જવાનું જરા અઘરું લાગતું હતું. પણ એટલામાં જ બીજા બેચાર ટેલિફોન ઓપરેટરો આવી ચડ્યા. કહેવા લાગ્યા: બી.કે., તું એમ.એસ.માં જ ભણવા જા. અમે અમારી રાતપાળી તને આપીશું. [ગોધરાના ટેલિફોન ઓપરેટરો ત્યારે મને બી.કે. કહેતા.] અમારી નોકરીનો સમય દર અઠવાડિયે બદલાયા કરતો. ક્યારેક સવારે આવતો તો ક્યારેક બપોરે તો ક્યારેક સાંજે તો ક્યારેક રાતે. જો કે, અમે એકબીજા સાથે અમારી પાળી બદલી શકતા. પરણેલા ઓપરેટરો ભાગ્યે જ રાતપાળી કરતા. મને એનો લાભ મળી જતો. પછી મેં વડોદરા ભણવા જવાનું નક્કી કર્યું.

બીજા દિવસે સવારે આવ્યો વડોદરા. આર્ટ્સ ફેકલ્ટીની ઓફિસમાંથી એમ.એ.નું પ્રવેશપત્ર લીધું, ભર્યું.

[રોજ રાતપાળી કરવાની. પછી સવારે ગોધરાથી વડોદરા આવવાનું, ક્લાસ ભરવાના. પછી સાંજે વડોદરાથી ગોધરા જવાનું. થોડો આરામ કરું ન કરું અને રાત પડી જાય. એટલે ફરી પાછા નોકરીએ જવાનું. આ બધું ખૂબ જ અઘરું લાગતું હતું. હું રાતપાળી કરીને સવારે સાડાસાતે રૂમ પર આવતો. તે વખતે નાનો ભાઈ (ભીખો) મારી સાથે રહેતો હતો. એ વહેલો ઊઠીને ખીચડી બનાવી દેતો. હું નાહી-ધોઈ, ખીચડી ને છાસ કે ખીચડી ને દહીં ખાઈ સાડા આઠ વાગે સાઇકલ

લઈને રેલવે સ્ટેશને જતો. સાઇકલ ક્યારેક સ્ટેશન પર તો ક્યારેક એક વરલીમટકાવાળાને ત્યાં મૂકતો. અઠવાડિયામાં ત્રણ દિવસ હું ડિલક્સ લેતો અને બે દિવસ પશ્ચિમ એક્સપ્રેસ. ડિલક્સમાં પાસ ન ચાલે. એમાં ભીડ પણ એટલી. એટલે ઘણી વાર હું એના છાપરે બેસીને મુસાફરી કરતો. સમલાયાના ઓવરબ્રિજ પર માથું ન અફળાય એની ખાસ કાળજી રાખતો. પછી વડોદરા આવે ત્યારે બે ડબ્બાની વચ્ચે આવી જતો. જેથી ઇલેક્ટ્રિક વાયરો જીવ ન લે. ઘણી વાર આખો પ્રવાસ બે ડબ્બા વચ્ચે ઊભા રહીને કરતો. ક્યાંય જગ્યા ન હોય તો ક્યારેક ટોઇલેટમાં પણ ઘૂસતો. તે પણ પાછો એકલો તો નહીં, ચૌદ-પંદર જણ સાથે. પછી વડોદરા આવે એટલે ટિકિટ કલેક્ટર જોઈ ન જાય એમ ચોરીછૂપીથી અલકાપુરીવાળા રસ્તે નીકળી જતો. એકાદ-બે વાર તો અમે પાસવાળાઓએ ફાળો કરીને ટિકિટ ચેકરને દક્ષિણા પણ આપેલી. બદલામાં એ અમને ડીલક્સમાં પ્રવાસ કરવા દેતો. જો ઉપરથી ટિકિટ ચેકરોની ટુકડી આવવાની હોય તો એ અમને અગાઉથી ચેતવી દેતો, એટલે અમે ટિકિટ ખરીદી લેતા. ક્યારેક હું બસ લેતો. જોકે, મને બસ ખૂબ મોંઘી પડતી. સાંજે પાછા આવવા ક્યારેક જનતા એક્સપ્રેસ, ક્યારેક ડિલક્સ / પશ્ચિમ એક્સપ્રેસ લેતો.]

એક દિવસે સુ.જો.એ મને પૂછ્યું કે તમે ગોધરાથી આવનજાવન કઈ રીતે કરો છો? મેં એમને મારાં આ પરાક્રમો કહેલાં. દેખીતી રીતે એમને મારાં પરાક્રમો ન’તાં ગમ્યાં. પછી એમણે પૂછેલું: શું બીજો કોઈ જ વિકલ્પ નથી? મેં કહ્યું: છે, મારે બસમાં આવવું પડે. જે મને ન પરવડે. અથવા તો વડોદરા બદલી કરાવવી પડે. અરજી કરી છે પણ ક્યારે બદલી મળશે કંઈ કહેવાય નહીં.

*

એક દિવસે એમની ઓફિસમાં અમે બે જ જણ બેઠા હતા. વાતમાંથી વાત નીકળી. સુ.જો.એ મને મારા પગાર વિશે, હું ઘર કઈ રીતે ચલાવું છું એ વિશે, મારાં માબાપને કેટલા પૈસા મોકલું છું એ વિશે પણ પૂછ્યું. મેં એમને બધી વાત કરી. પછી એ કહે: તમે આટલા

બધા પૈસા તો માબાપને મોકલી આપો છો, તો પછી અહીં આવવા-જવાના પૈસા ક્યાંથી કાઢો છો? મારી પાસે સાચું બોલવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. મેં ડરતાં ડરતાં કહ્યું: સુરેશભાઈ, મારું ભણવાનું ગોધરાના એક બે વરલીમટકાવાળા સ્પોન્સર કરે છે. એ લોકો મને ખુશ રાખવા દર અઠવાડિયે'બક્ષિસ' આપ્યા કરે છે. હું એમાંથી પુસ્તકો ખરીદું, બસનું ભાડું પણ આપું અને પાસના પૈસા પણ કાઢું.

સુ.જો. સાથેના મારા સંબંધના ઇતિહાસમાં આ એક અત્યંત મહત્ત્વની ક્ષણ હતી. એ જરા વિચારમાં પડી ગયા. કહેવા લાગ્યા: આ તો અપ્રમાણિકતા થઈ. તમે સાહિત્યની વાત કરો છો, કળાની વાત કરો છો અને જીવનમાં અપ્રમાણિક બનો છો એ તે કેમ ચાલે? હું જવાબમાં કેવળ મૌન રહેલો. છેલ્લે, હું હવે એવું નહીં કરું, કહીને ઓફિસમાંથી બહાર નીકળી ગયેલો.

*

મેં ક્યારે એમના ઘેર જવાનું શરૂ કર્યું યાદ નથી આવતું. પણ, એમ.એ. થઈ ગયો ત્યાં સુધીમાં ભાગ્યે બેએક વાર એમને ત્યાં ગયો હોઈશ. મારું એમ.એ.નું છેલ્લું વરસ. યોગાનુયોગ એમનું પણ ડિપાર્ટમેન્ટમાં છેલ્લું વરસ હતું.

એ નિવૃત્ત થયા પછી, મેં Diploma in Lingui'tic'માં પ્રવેશ લીધો. ક્લાસ બપોરે હોય. એટલે લગભગ રોજ સવારે નવ સાડા નવની આસપાસ એમના ઘેર જતો. સુ.જો. મોટે ભાગે તો આગળ બેઠકરૂમમાં બેઠા બેઠા કંઈક વાંચતા હોય. એમણે મોટે ભાગે બંડી, લેંઘો પહેર્યો હોય. એક હાથમાં દમનો પંપ પકડ્યો હોય. ત્યારે પ્રણવભાઈ અને કલ્લોલભાઈ વડોદરામાં ન હતા રહેતા. એટલે સુ.જો.નું નાનુંમોટું કામ ઘણી વાર હું કરતો. એ કામ સોંપતા નહીં, પણ મને એમનું કામ કરવાની મજા આવતી હતી. કારણ એક જ કે એ કોઈ પણ કામ સોંપતા ત્યારે એ કામને વિશે કંઈક ને કંઈક ટીપ્પણી કરતા. તે પણ સાહિત્યમાંથી સંદર્ભ લઈ આવીને. જો બેંકમાં ચેક જમા કરાવવાનું કામ સોંપતા તો રશિયન વાર્તાકાર ઝોશેન્કોની વાત કાઢતા અને

કહેતા કે ભારતમાં આટલી નોકરશાહી છે તો પણ કેમ કોઈ ઝોશેન્કો પાકતો નથી? ક્યારેક પોસ્ટઓફિસના કારકુનની વાત કાઢતા, પછી એ કારકુનને એ કાફકાના કારકુનો સાથે જોડતા. ક્યારેક એ પોતાના બેંકના કે પોસ્ટઓફિસના અનુભવની વાત કરતા. એ પુસ્તકોની વાત કરતા, પ્રકૃતિની વાત કરતા, રોજબરોજના બનાવોની વાત કરતા, એમના પર પોતાની ટિપ્પણી પણ કરતા. એ બધાંમાંથી મને કંઈક ને કંઈક શીખવા મળતું. એટલે જ મારી એમની એકેએક મુલાકાતને હું ક્લાસમાં જવા બરાબર ગણતો.

ઘણી વાર સવારે જાઉં ત્યારે એ એમના બગીચામાં ફરતા હોય. હું પણ એમની સાથે જોડાઈ જાઉં. એ એકેએક ફૂલછોડને જાણે કે સંજ્ઞાવાચક નામથી ઓળખતા ન હોય એમ જાળવતા. ઘણી વાર એ એકાદ છોડના પાનને સ્પર્શીને મને પૂછતા: આ શાનો છોડ છે તમને ખબર છે? હું ગામડાનો જીવ. બાજરીના ડૂંડાને કે મકાઈના ડોડાને જેટલો સરળતાથી ઓળખતો એટલી સરળતાથી સોનચંપો કે મોગરો ન'તો ઓળખતો. એટલે હું કહેતો કે મને ખબર નથી. તો એ કહેતા: ભલાદ'મી, એટલી ખબર નથી? આ તો બટમોગરો છે. જુઓ સૂંઘી જુઓ. પછી, બટમોગરાનું ફૂલ સૂંઘાડે. તોડ્યા વગર. એ જ રીતે રાતરાણીનો પરિચય કરાવે. મને ઘણી વાર એ શહેરી ફૂલોમાં રસ ન'તો પડતો. પણ, એ જે રીતે ફૂલછોડનો પરિચય કરાવતા તે ગમતું.

*

ઋચાનાં લગ્ન વખતે ઘર સાચવવાની જવાબદારી મારા માથે હતી. લગ્નસ્થળે જતાં અગાઉ સુ.જો.એ બધું જ બતાવી દીધેલું. નળ કઈ રીતે ચાલુ કરવો, કઈ રીતે બંધ કરવો, બગીચામાં છોડને પાણી પાઈને પાઇપ વાળીને ક્યાં મૂકવી, પાણીની ટાંકી ભરાઈ કે નહીં તેની ખાતરી કઈ રીતે કરવી વગેરે.

લગ્ન પતી ગયાં. પછી સુ.જો., ઉષાબહેન અને કુટુંબીજનો ઘેર આવ્યાં. હું મારી રૂમ પર આવ્યો. બીજા દિવસે સવારે મને થયું કે લાવ, સુ.જો.ને જરા હલો કરી આવું. હું અસ્મદીયમ્ પર આવ્યો. જોઉં

છું તો સુ.જો. હાથમાં દમની દવાનો પંપ લઈને બગીચામાં આંટાફેરા મારી રહ્યા હતા. એ જરા અસ્વસ્થ લાગતા હતા. મને જોઈને તેમણે રાબેતા મુજબ આવો કહ્યું. પણ, એ આવોમાં કોણ જાણે કેમ રોજના જેવાં ઉષ્મા અને ઉત્સાહ દેખાતાં ન હતાં. મને થયું કે સુ.જો.ને કદાચ ઋચા યાદ આવતી હશે. હું એમને કારણ પૂછવાની પરવા કર્યા વગર જ ઘરમાં ગયો. ઉષાબહેન સાથે થોડીક વાતો કરી. પછી બહાર આવ્યો. જોઉં છું તો સુ.જો. હજી પણ બગીચામાં આંટાફેરા મારી રહ્યા હતા. છેવટે મને થયું: લાવ, પૂછવા તો દે. કંઈ ગરબડ તો નથીને? મેં કહ્યું: સુરેશભાઈ, કેમ તમે મૂડમાં નથી લાગતા? જવાબમાં એ મને ગુલાબના એક છોડ પાસે લઈ ગયા અને કહેવા લાગ્યા: આ છોડ પર એક ફૂલ હતું તે ક્યાં ગયું? મેં કહ્યું: એ તો પેલી ધોબીની છોકરી આવી હતી તે ચૂંટી ગઈ. મને કહે કે, અંકલ, બગીચામાંથી એક ફૂલ લઉં? મેં હા પાડી. એટલે એ લઈ ગઈ. એ બોલ્યા: અરે ભલાદ’મી, એમ કોઈને ફૂલ અપાતું હશે? પૈસા આપી દેવાના હોય. એમ કહી એ ચૂપ થઈ ગયા. મને લાગ્યું કે હું એમનું ઘર બરાબર સાચવી શક્યો નથી. હું કરું પણ શું? આઠદસ વરસની કોઈ છોકરી આપણને પૂછે કે અંકલ હું એક ફૂલ લઉં? તો આપણે કેમ કરીને ના પાડી શકીએ? હું આમ વિચારતો હતો ત્યાં જ એ બોલ્યા: નાનકડી કળી હતી ત્યારનો હું એ ફૂલનો વિકાસ જોતો આવ્યો હતો.

હું કંઈ પણ બોલ્યા વગર ચૂપચાપ ત્યાંથી નીકળી ગયો.

નવું ઘર બાંધ્યું. પછી એ અધ્યાપક કુટિરમાંથી નવા ઘરમાં રહેવા આવ્યા. કહે, ચાલો ઘર બતાવું: આ બેઠકરૂમ, આ બેડરૂમ. આ બેઝમેન્ટ. અહીં પુસ્તકો રહેશે. પુસ્તકોનો ઘોડો બનાવવા સુથાર શોધવો પડશે. ચોપડીઓ ગોઠવવામાં તમારી મદદની જરૂર પડશે.

બહાર એક સીડી હતી. એ બતાવતાં એ બોલ્યા: આ સીડીની મદદથી ઉપર મહેમાનોની રૂમમાં જઈ શકાય. એ જ રીતે ઘરમાંથી પણ મહેમાનોની રૂમમાં જઈ શકાય. મેં પૂછ્યું: આ બહારની સીડી શા માટે રાખી છે?

એમણે હસતાં હસતાં જવાબ આપેલો: આ મુંબઈવાળા આવેને. બહાર પાર્ટીમાં ગયા હોય. જરાક પીને આવે તો સીધા જ એમની રૂમમાં જઈ શકે.

પછી જ્યારે પુસ્તકો ગોઠવવાનાં આવ્યાં ત્યારે મને કહે: હવે તમે સાંભળી લો. કવિતા એક બાજુ, નવલકથા એક બાજુ, ફિલસૂફી એક બાજુ, બંગાળી પુસ્તકો જુદાં કાઢજો. જે પુસ્તકો પર બીજા કોઈનું નામ હોય એ પણ બાજુ પર રાખજો. આપણે એ પુસ્તકો જે તે માલિકને પાછાં આપી દઈએ. મને તો મજા પડી ગઈ. પુસ્તકો ગોઠવવાને બહાને એમનાં પુસ્તકો જોવા મળ્યાં.

એક દિવસે એ કહે: પુસ્તકો ગોઠવવાનું કામ ખૂબ મુશ્કેલ છે હોં. આપણને ખબર હોય કે આ પુસ્તક હું કદી વાંચવાનો નથી, પણ એને કાઢી નાખવાનો જીવ ન ચાલે. તે દરમિયાન મેં થોડાંક પુસ્તકો બાજુ પર કાઢી રાખ્યાં હતાં તે બતાવીને કહ્યું: આ બધાં ગુજરાતી પુસ્તકો છે. લેખકોએ તમને મોકલાવ્યાં હોય તેવાં. આમાં કોઈ જાણીતી કૃતિ નથી. કોઈ જાણીતો લેખક પણ નથી. મોટા ભાગનાં પુસ્તકો ચીલાચાલુ છે. આ કાઢી નાખું ને? સુ.જો. કહે: અરે હોય? કોઈ આપણને પુસ્તક આપે એ કેમ કાઢી નંખાય? ભલેને એ પુસ્તક કચરા જેવું હોય!

હું પુસ્તકો ગોઠવતો હોઉં ત્યારે એ આવે અને એમને ગમતું પુસ્તક જો એ જોઈ જાય તો કહે: લાવોને જરા. આ કવિ તો સરસ લખે છે. પછી એ કવિની અડધી જીવનકથા કહી નાખતા અને મૂડમાં હોય તો કવિતાની પંક્તિઓ વાંચી બતાવતા.

એક દિવસે પુસ્તકો ગોઠવીને થાકી ગયો, એટલે બેઠકરૂમમાં જઈને બેઠો. એટલામાં સુ.જો. આવ્યા. કહેવા લાગ્યા: શું થાકી ગયા ને? ભલા’દમી, ઉતાવળ કરવાની જરૂર નથી. પછી કહે: તમે વોલ્ટર બેન્જામીનનો લેખ Unpacking my library વાંચ્યો છે? મેં કહ્યું: ના. એમણે કહ્યું: Illumination’માં છે. વાંચજો. પુસ્તકો વસાવવાં, ગોઠવવાં, સાચવવાં ખરેખર અઘરું કામ છે.

મારું પુસ્તકો ગોઠવવાનું કામ પંદરેક દિવસ ચાલ્યું. ત્યાર પછી ક્યારેક એમને કોઈ પુસ્તક ન જડે તો મને કહેતા: બાબુભાઈ, તમને યાદ આવે છે પેલું ઉનામૂનોનું પુસ્તક. ઘેર આવો તો જરા શોધી આપજોને, વગેરે.

*

પ્રણવભાઈને ત્યાં પારણું બંધાવાનું હતું. સુ.જો. અને ઉષાબહેનને હરખનો પાર ન હતો. એક દિવસે સાંજે એમને મળવા ગયો. થોડી વાતો કરી. પછી હું ઊભો થવા ગયો ત્યાં એ કહે: જમીને જજોને. સુ.જો.ને ત્યાં જમવાની હું ક્યારેક જ ના પાડતો. એક તો હોસ્ટેલનો ખોરાક ખાઈ ખાઈને કંટાળો આવતો હતો. બીજું, એમની સાથેનું જમણ એક મીની ક્લાસ બની રહેતું.

જમ્યા પછી અમે રસોડામાં તગારામાં તાપણું કરીને બેઠાં. સુ.જો. એક ડાયરી જેવું લઈને અમારી સાથે બેઠા. મેં ડાયરી જોઈ કૌતુકથી પૂછ્યું: આ શું છે? સુ.જો. કહે: હવે પ્રણવ બાપ બનશે. એના બાળકને કવિતા તો જોઈશે ને? આપણે જાતે કવિ હોઈએ તો પછી કવિતા બહારથી શા માટે ખરીદવાની? મેં કહ્યું: અમને સંભળાવોને. એમણે સાત-આઠ બાળકાવ્યો વાંચી બતાવેલાં.

['સોનગઢનો કળાધર સુરેશ જોષી' પુસ્તક: ૨૦૦૩]

# બાલકૃષ્ણ દવે

## શુભમાં સદાય શ્રદ્ધા

વજુભાઈ[શાહ]ને કૌમારાવસ્થામાં જૈન સાધુ બનવાનો પ્રબળ ભાવ જાગેલો. પરંતુ રાષ્ટ્રીય લડત આવી. સત્યાગ્રહમાં જોડાવા અન્ય મિત્રો સાથે વજુભાઈએ પણ ઝંપલાવ્યું. એમના જીવનપ્રવાહને એક નવો જ વળાંક મળ્યો.

વજુભાઈનો શાસ્ત્રાભ્યાસ બહુ ન હતો, છતાં એમની વાણી અને સમજણ શાસ્ત્રપૂત અને ધર્મયુક્ત હતાં. એમનાં વિચાર, વાણી અને વર્તનમાં એકતા હતી. એમની જાગૃતિ એટલી બધી હતી કે એમના મુખેથી ક્યારેય હલકું વચન નીકળતું નહિ. કોઈની નિંદા પણ નીકળે નહિ. દરેકના ગુણ જુએ અને એ ગુણોને જ રજૂ કરે. ગ્રહણશકિત એવી જોરદાર કે સામો માણસ અરધી વાત કરે ત્યાં આખી વાત સમજી જાય અને તેને એટલી સરસ રીતે રજૂ કરે કે પેલો માણસ કહે, “મારે એ જ વાત કરવી હતી.” ગમે તેવી ઉશ્કેરણીના પ્રસંગે પણ જરાય ક્ષુબ્ધ થયા વિના ફરી ફરીને મિત્રભાવે પોતાની વાત સમજાવવાનો પ્રયાસ કરતા હોય. વજુભાઈની સ્મરણશકિત પણ એવી જ બળવાન હતી. એમને યાદી ટપકાવવાની જરૂર ન પડતી. ચહેરા, પ્રસંગ અને થયેલી વાતનું સ્મરણ તાજું જ રહેતું. એમનું હૃદય અત્યંત સંવેદનશીલ હતું. કંઈ પણ અનુચિત બને એ તરત એમને ખટકે. સામા માણસની લાગણીનો પૂરો ખ્યાલ રાખે.

વજુભાઈ સર્વથા નિર્ભય હતા. ગમે તેવા વિષમ સંજોગોમાં પણ આત્મવિશ્વાસથી જઈને ઊભા રહેતાં તેઓ અચકાતા નહિ. સત્ય વાત રજૂ કરતાં ક્યારેય સંકોચાતા નહિ. પરંતુ નિર્ભયતાની સાથે એમની નમ્રતા પણ એટલી બધી હતી કે એ વાત સાંભળનારનો એમના પ્રત્યે સદ્‌ભાવ વધે.

વજુભાઈના જીવનમાં ક્યારેય ક્ષુદ્રતા પ્રવેશી નથી. રાજકારણમાં ક્યારેક ક્યારેક કોરડુ માણસો સાથે પણ કામ પાડવું પડે છે. પરંતુ વજુભાઈનો એવા માણસો સાથેનો વ્યવહાર પણ હંમેશાં નિર્મળ મૈત્રીભર્યો રહ્યો છે અને એના પણ ગુણો જ જોયા છે. દ્વેષ તો વજુભાઈની નાડમાં જ ન હતો. ચૂંટણી જેવા પ્રસંગોમાં પણ વિરોધ પક્ષના કાર્યકરોને પોતાની સાથે પ્રવાસમાં લેતા. એ ભાઈ પોતાના પક્ષની સભા કરી આવે, અને વજુભાઈ પોતાની સભા કરી આવે. ફરી બન્ને સાથે નીકળી પડે. પ્રસંગોપાત્ત જે જે મિત્રોને દુભાવાનું બનેલું, એના નિવારણ માટે અને એમનો પ્રેમ પાછો મેળવવા માટે એમણે દિલથી પ્રયત્નો કરેલા. એમના માટે હું શું કરું?—એમ કહીને આંસુ વહાવતા જોયા છે.

વજુભાઈએ ક્યારેય સભાનપણે અશુભ કાર્ય કર્યું નથી અને હંમેશાં એટલા સાવધ રહેતા કે અજાણતાં પણ અશુભ થવા ન પામે. એમની શ્રદ્ધા એવી પ્રબળ હતી કે શુભનું પરિણામ આજે નહિ તો કાલે શુભ આવવાનું જ.

વજુભાઈનો ઉત્સાહ હંમેશાં ઊછળતો જ રહ્યો છે. ભલભલાનેય નિષ્ક્રિય બનાવી દે એવા શ્વાસરોગના કષ્ટદાયી હુમલા વખતે પણ તેઓ હજારો શ્રોતાઓની મેદનીને ભાષણથી મુગ્ધ કરતા હોય, અથવા કોઈ સમિતિની બેઠકમાં મુદ્દો બરાબર સમજાવતા હોય. ગમે તેવો તાવ ભર્યો હોય તોપણ પ્રવાસની જરૂરત હોય તો નીકળ્યા જ હોય. વચ્ચે બીમાર પડેલા ત્યારે અમદાવાદની હોસ્પિટલમાં હતા. છેલ્લી ઘડીઓ ગણાતી હતી. ત્યારે મુંબઈથી વર્ષાબહેનનો ફોન આવ્યો. “વજુભાઈને કેમ છે? બોલી શકે છે?” વજુભાઈને ફોનની વાત કરી, એ વખતે પણ કહે કે “એને કહો કે માઈક લાવ, ભાષણ આપી દઉં.” બધા હસી પડ્યા. શરીર, મન અને વાણીના જાણે એ સ્વામી હતા.

સુગઠિત ને રૂપમધુર કંઠ અને ગાવાની સરસ હલક, છટાદાર તેજસ્વી વક્તૃત્વ, રજવાડાંની કચેરીઓ અથવા એવાં મહત્ત્વનાં સ્થાનોમાં બેસવાની ગૌરવશીલ ઢબ, શરીરની ગમે તેવી સ્થિતિમાં પણ સ્વચ્છ, સુઘડ, પૂરાં કપડાં પહેરવાની સફાઈ, આ બધાં એમને ખૂબ અરઘતાં.

એના વડે એમનું વ્યકિતત્વ આકર્ષક રહેતું. મેઘાણીભાઈએ ધોલેરાના સત્યાગ્રહીઓનો પરિચય આપતાં વજુભાઈને ‘સોહામણા જુવાન’ તરીકે વર્ણવેલા. એ કાળે તો તેઓ વાળનાં લાંબાં ઓડિયાં પણ રાખતા.

અમરેલીમાં હાવાભાઈ સંઘવીનું ઘર એટલે કાર્યકરોની છાવણી. માતા-પિતા જૂની પેઢીનાં પ્રતિષ્ઠિત વૈષ્ણવ છતાં નવા વિચારને સમજવાવાળાં હતાં, એટલે બધા કાર્યકરોને તેઓ દીકરાની જેમ રાખતાં. એક દિવસ હાવાભાઈનાં બાએ વજુભાઈને કહ્યું, “ભાઈ વજુ, તું સમજુ છો, મર્યાદાવાળો છો, પાંચ માણસમાં પુછાય એવો છો, પણ આ તારાં ઓડિયાં મને ગમતાં નથી.” બાની આટલી ટકોરે વજુભાઈને સાવધ કરી દીધા. એ જ દિવસે વાળ કપાવીને ટૂંકા કરી નાખ્યા. ત્યારથી વજુભાઈના જીવનમાં સ્થૂળ રજસ્ કાયમ માટે ગયો.

# બાલમુકુન્દ દવે

## હજી છે આશ સૃષ્ટિની

*હજી છે આશ સૃષ્ટિની જ્યાં લગી ખીલતાં ફૂલો,*
*વૃક્ષે વૃક્ષે વિહંગો ને શિશુસોહ્યાં મનુકુલો…*

*ખીલવું પ્રતિ ફાલ્ગુને કેસૂડો નવ વીસરે,*
*ફોડીને રણની ભોમ ખજૂરી-વૃક્ષ નીસરે…*

*શરદે શરદે ચન્દ્રી અમીનો કુંભ ઢાલવે,*
*હજી લજ્જાવતી ઢાંકે શીલને નિજ પાલવે…*

*ગીરના કેસરી જેવા અલ્પસંખ્ય ભલે, છતાં*
*શૂર ને સંતથી સીંચી લીલી છે સૃષ્ટિની લતા.*

*તૂટું તૂટું થતો તોયે ગંઠાયો હજી તાર છે,*
*વીંટાયો સ્નેહને સૂત્રો વિશ્વનો પરિવાર છે.*

['લોકજીવન' માસિક: ૧૯૭૫]

## ભાઈબહેન

*પાછલા તે પહોરની ઊડી ગઈ નિંદરા,*
*સરવે ઊંઘે ને અમે જાગતાં જી રે;*
*ઓશીકાં ઉપર બે ઓઢાડી ધાબળા,*
*ચૂપચાપ ભાઈબહેન ભાગતાં જી રે.*

*બિલ્લીપગે તે અમે ઉઘાડ્યા આગળા,*
*બાપુ ને બા તે શું જાણતાં જી રે!*

હાથમાં તે હાથ લેઈ ભાગ્યાં ઉતાવળાં,
ખુલ્લી હવાની મોજ માણતાં જી રે.

ટાઢો તે હિમ જેવો વાય વહાલો વાયરો,
ધોળાં તે ધોળાં અજવાળિયાં જી રે;
ખેતર ને કોતરને ચાલ્યાં વટાવતાં;
ખૂંદી વળ્યાં તે આંબાવાડિયાં જી રે.

રૂપા તે રંગની રેતી વેરાયલી
પાસે વહે છે વહેણ વાંકડું જી રે;
છોડી રહેઠાણ આવું રૂપાળું મોકળું,
શાનું ગોઠે ઘર સાંકડું જી રે?

ઊડે અદીઠ રોજ ઝાકળની ચૂંદડી,
આજ એને ઊડી જતી ખાળવી જી રે;
છેડો ઝાલીને એનો જાવું આકાશમાં,
જોવું છે કોણ એનો સાળવી જી રે!

ખોબો ભરીને વીણી શંખલાં ને છીપલાં,
આખાયે વાદળમાં વેરવાં જી રે;
ઊંચે તે આભથી લાવીને તારલા,
ધરતીને ખોળે ખંખેરવા જી રે.

સોનેરી કોરની લાવીને વાદળી,
ચંદરવા ચાર કોર બાંધશું જી રે;
એની તે હેઠ અમે રહેશું બે ભાઈબહેન,
ભાવતી રસોઈ રોજ રાંધશું જી રે.

# અવકાશી અસવાર

*ઊની રે વરાળો પહોંચી આભમાં*
*ધરતી પાડે રે પોકાર;*
*દુખિયાંનો બેલી સમરથ ગાજિયો,*
*વા’લીડે કરિયો વિચાર:*
*આવે રે રાજાનો રાજા મેહુલો.*

*આવે રે દેકારા દેતો દખ્ખણે,*
*વરતે જયજયકાર;*
*છડી રે પોકારે વનના મોરલા,*
*ખમ્મા! આવો અનરાધાર:*
*આવે રે રાજાનો રાજા મેહુલો.*

*છૂટાં રે ઊડે રાજાનાં ઓડિયાં,*
*ઝૂલે વીજની તલવાર;*
*અંકાશી ઘોડાના વાગે ડાબલા.*
*સાયબો થિયો છે અસવાર:*
*આવે રે રાજાનો રાજા મેહુલો.*

*નીચે રે મહેરામણ ઘેરા ગાજતા,*
*ઊંચે હણેણે તોખાર;*
*એકના પડછંદા દૂજે જાગતા,*
*ધરતી-આભ એકાકાર:*
*આવે રે રાજાનો રાજા મેહુલો.*

['સહવાસ' પુસ્તક]

# કન્યાવિદાય

*સોડમાં લીધાં લાડકડી!*
*આંખ ભરી પીધાં લાડકડી!*
*હીબકાંને હૈયામાં રૂંધ્યાં*
*ને પારકાં કીધાં લાડકડી!*

ક્યારામાં ઝપાટાભેર પાંગરી રહેલ તુલસીછોડની ઓળખાણ કલાપીએ આમ કહીને કરાવી છે: “પિતૃગૃહે જેમ વધે કુમારિકા.” પિતૃકુલક્યારામાં આવી પાંગરી રહેલી તુલસીછોડ સમી શુચિત્વભરી પ્રત્યેક કુમારિકાને એક દિવસ આખી ને આખી મૂળ-માટી સોતી બીજા કુટુંબક્યારામાં રોપાવાનો અવસર આવે છે. માંડવો બંધાય છે. ઢોલ-શરણાઈ વાગે છે. ગણેશપૂજન થાય છે. અંગે અંગે પીઠી ચડે છે. ચોરી ચીતરાય છે. મંગળફેરા ફરાય છે અને કોક પરદેશી પોપટડો આવીને બેનીબાને લઈ જાય છે!

ગૃહસ્થાશ્રમની આખી આયુષ્યયાત્રામાં કન્યાવિદાય જેવો કરુણમંગલ પ્રસંગ બીજો એક્કે નથી. જોશી મહારાજ પાસે લગ્નની તિથિ જોવડાવીને મુહૂર્ત નક્કી થાય ત્યારથી ઘરને ખૂણે ખૂણે હવે પરણીને પારકી થનાર દીકરીના પગની જ્યાં જ્યાં પગલીઓ પડે છે ત્યાં ત્યાં જાણે કંકુની ઢગલીઓ થતી આવે છે. હવે લગ્ન આડે ફક્ત આટલા દિવસ રહ્યા... સાહેલીઓનાં વહાલ ને વિયોગ બેય ઘેરાં બનતાં આવે છે. મા અધરાતે-મધરાતે ઝબકીને દીકરીનું મોં જોઈ લે છે. દીકરીના શ્વાસે શ્વાસેથી જાણે સૂર ઊઠે છે: “અમે ચકલીઓના માળા, અમે કાલે ઊડી જઈશું...”

અડધી રાત આમ ઊંઘતી દીકરીનું મોં જોઈને અને અડધી રાત દીકરી માટે કરકરિયાવરની તૈયારી કરવાના વિચારમાં પૂરી કરીને મા સવારે ઊઠે છે. માના ચહેરા પર ઉચાટ અને ઉમંગ બેય વરતાઈ આવે છે. પણ બાપે તો બધી વેદના ભીતરમાં ભંડારી દીધી છે. એ અસ્વસ્થ થાય તો આ અવસર ઊકલે શી રીતે? દીકરીના લગનની ઝીણીમોટી તૈયારીઓની ગણતરી એના મગજમાં રમે છે.

ચૂડો-પાનેતર, કંકાવટી, માંચી-બાજોઠ, માયામાટલી... એકે એકે ખરીદાવા માંડયું; પણ હજી મૂળ મુદ્દો તો બાકી રહ્યો—દીકરી માટે દાગીના! ચાલો દીકરી રતનપોળમાં, તમને ગમતો ઘાટ પસંદ કરી લો. સાથે સાડીસાલ્લાનું પણ પતાવી આવીએ. એક મોટી ટ્રંક અને એક નાની નાજુક ચામડાની બૅગ... સરૈયાઓળમાંથી સેન્ટ-અત્તર... અરે, પણ ચાવીઓ માટે ચાંદીનો ઝૂડો તો રહી ગયો. ચાલો પાછાં રતનપોળમાં...

હવે તો ગણતર વરધો જ બાકી રહી. ઘરનું રંગરોગાન પૂરું થયું. રસોડાનો સામાન, પૂજાપો, જાનનો ઉતારો બધું પાકું થઈ ગયું. છતાં દીકરીના બાપને થયું : લાવ એક આંટો વેવાઈને ત્યાં મારી આવું. જાનમાં કેટલા માણસો આવશે એ પાકું કરી આવું. બીજા વટવહેવારની વાતો પણ કરતો આવું. માંડવે વર આવે ને કંઈ વાંકું પડે તો વળી ફજેતી! મનમાં આવા મણકા મૂકતા દીકરીના બાપ વેવાઈને ત્યાં જઈ બધું પાકું કરી આવ્યા. ઘેર આવીને ગોરને બોલાવ્યા. નજીકનાં સગાંસાગવાં આવ્યાં અને કંકોતરીઓ લખાઈ. દીકરીએ એની બહેનપણીઓ અને મિત્રામંડળમાં વહેંચવા પોતાની પસંદગીની ખાસ કંકોતરી છપાવી. માએ આડોશણ પડોશણોને કરિયાવર જોવા બોલાવી. ગોળધાણા વહેંચાયા.

હવે તો લગ્ન આડે આડી રાત જ રહી. મંડપને છેલ્લો ઓપ અપાયો. લાઇટ ડેકોરેશન થઈ ગયું. આંગણામાં છત્રીઘાટે ઊભેલી બોરસલીમાં નાની નાની લાઇટની આખી જાળ પથરાઈ ગઈ. જુવાન દીકરીના અંતરનાં અરમાનો જાણે એ બોરસલીનાં પાંદડે પાંદડે પ્રકાશી રહ્યાં! ઢોલીડા આવ્યા. શરણાઈ ગુંજી ઊઠી. ચારે બાજુ આનંદમંગલ વરતાઈ રહ્યું. શૈશવમાં જે આંગણામાં દીકરી ખેલતીકૂદતી, ત્યાં ચોરીની સજાવટ થઈ. લગ્નની આગલી રાતે વડીલ વર્ગ તો ઊંઘ્યો જ નહીં. યાદ કરી કરીને બધી તૈયારી થઈ. સવાર પડ્યું. લગ્નમંડપમાં ગાલીચા પથરાઈ ગયા. પાનબીડાં અને ગુલાબના થાળ શગોશગ ભરાઈ ગયા. વરકન્યા માટે ખાસ બનાવડાવેલા મોટા હારના કરંડિયા આવી ગયા. વેણી ને ગજરા પણ આવ્યા.

...અને જાન આવી પહોંચી. સાસુએ વરરાજાને પોંક્યા. વરકન્યા

માહ્યરામાં બેઠાં. ચાર આંખો મળી અને ઢળી. શરણાઈના મંગળ સૂર ગુંજી ઊઠ્યા. સૂરે સૂરે અંતરની લાગણીઓ અવળાસવળા આમળા લઈ રહી. ઢોલ ઢમકી રહ્યા. વરપક્ષની જાનડીઓ ઇડરિયો ગઢ જીત્યાના ગૌરવ સાથે ગીતો ગાઈ રહી. ગોર મહારાજે “વરકન્યા સાવધાન”નો પોકાર કર્યો. હસ્તમેળાપ થયા અને સહેલીઓ દબાતે અવાજે ગાઈ રહી: “પરણ્યાં એટલે પારકાં બે’ની…”

અને આખરે કન્યાને વળાવવાની વસમી ઘડી આવી પહોંચી. શરણાઈના સૂરના તડપન સાથે કન્યાના ઉરની ધડકન વધી રહી. પતિને અનુસરવું પ્રિય તો છે, પણ પિતૃગૃહની માયા કેમે છૂટતી નથી. ઘરની બારસાખે કંકુના થાપા મારતી વખતે તો અંતરની ધ્રુજારી જાણે આંગળીઓનાં ટેરવાંએ આવીને વસી. કંકુનો થાળ ધ્રૂજવા લાગ્યો. ઘર ધ્રૂજવા લાગ્યું. મંડપ ધ્રૂજવા લાગ્યો. આંગણાની બોરસલી ધ્રૂજવા લાગી… શરણાઈના સૂર ઝૂરતા પાવામાં પલટાઈ રહ્યા, ઢોલનો ઢમકારો ધ્રાસકામાં પલટાઈ રહ્યો.. માબાપની માયા, સહિયરોનો સાથ… પિયરનાં ઝાડવાંનું પાનેપાન પોકારી રહ્યું: “મત જા… મત જા…”

પણ કોઈ કન્યા રોકી રોકાઈ છે? ઝાલી ઝલાઈ છે? અને આ કન્યા પણ વિદાય થઈ!

દીકરીને લઈને જતી મોટર ઊપડી ત્યાં સુધી હાંફળીફાંફળી સાથે ડગ ભરતી, સાસરિયાંને દીકરીની સોંપણ કરતી, દીકરીને માથે-મોઢે હાથ ફેરવી રહેલી ડૂમાભરી માતા માટે “આવજે બેટા!” એટલા શબ્દો બોલતાં બોલતાં તો બ્રહ્માંડ ડોલી જાય છે. કેમે કરી દીકરી છાતીએથી છૂટતી નથી. “મારી પંખણી…” “મારું ફૂલ…” એ શબ્દો ‘આવજો આવજો’ના શોરબકોરમાં ડૂબી ગયા. મોટરે વેગ પકડયો, માના હૈયાના રતનને લઈને મોટર ઓ દૂર ને દૂર… ચાલી જાય.. માને આશ્વાસન આપવા સગાંસ્નેહીઓ વીંટળાઈ વળ્યાં. કોઈએ પાણી લાવીને આપ્યું. માને જરા શાતા વળી.

પણ દીકરીના બાપ? અત્યાર સુધી કઠણ છાતી કરીને લગ્નનો અવસર જે ઉકેલી રહ્યા હતા—તે ક્યાં ગયા? ઓશરીમાં જોયું. ઘરમાં

જોયું. ક્યાંય નથી! તો પછી ગયા ક્યાં? દેવપૂજાની ઓરડીમાંથી એક ડૂસકું સંભળાયું. જઈને જોયું તો તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા હતા. દીવામાં હવે ઘી ખૂટવા આવ્યું હતું તેથી શગ ધ્રૂજી રહી હતી. એ ધ્રૂજતી શગના અજવાળામાં રુદન કરતા બાપના ચહેરાની એકેએક રેખા પણ ધ્રૂજી રહી હતી. પાસે મોટો દીકરો પાણીનો પ્યાલો લઈને ઊભો હતો, પણ આંસુ આડે એને કોણ જુએ? દેવની મૂર્તિ સાથે વાતો કરતા હોય એવો બાપનો કરુણ સ્વર સંભળાયો: “ભગવાન! અલ્લડ વાછરડી જેવી મારી દીકરી... કોઈ દહાડો બાપડીએ કશી લીલીસૂકી જોઈ નથી... પારકા ઘરમાં શી રીતે સમાશે?” અને અત્યાર સુધી બાપે જાળવી રાખેલા ધીરજના આચ્છાદાનના સો સો લીરા વાતાવરણમાં ઊડી રહ્યા. ઉપરથી સ્વસ્થ દેખાતા બાપનાં હીબકાં કેમેય શમતાં નહોતાં: “મારી લાડકડી...”

દીવાનું ઘી ખૂટ્યું અને શગ એક છેલ્લી ધ્રુજારી સાથે હોલવાઈ ગઈ.

['લોકજીવન' માસિક: ૧૯૭૬]

## ઝાકળની પિછોડી

*જૂઠી ઝાકળની પિછોડી*
*મનવાજી મારા! શીદ રે જાણીને તમે ઓઢી?*
*સોડ રે તાણીને મનવા! સૂવા જ્યાં જાશો ત્યાં તો—*
*શ્વાસને સેજારે જાશે ઊડી.*
*મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી!*

*બળતા બપ્પોર કેરાં અરાંપરાં ઝાંઝવાંમાં*
*તરસ્યાં હાંફે રે દોડી દોડી;*
*મનના મરગલાને પાછા રે વાળો, વીરા!*
*સાચાં સરવરિયે ઘોને જોડી.*
*મનવાજી મારા! જૂઠી ઝાકળની પિછોડી!...*

# અત્તરિયાને

*અત્તરિયા! અત્તરના સોદા ન કીજીએ.*
*અત્તરિયા! અત્તર તો એમનેમ દીજીએ.*

*હાટડી પૂછીને કોક આવી ચડે તો એને*
*પૂમડું આલીને મન રીઝીએ;*
*દિલની દિલાવરીનો કરીએ વેપાર, ભલે*
*છોગાની ખોટ ખમી લીજીએ.*

*ઊભે બજાર લોક આવે હજાર, એની*
*ઝાઝી ના પડપૂછ કીજીએ;*
*આપણને વહોરવા આવે, એને તે એલા*
*ગંધને રે બંધ બાંધી લીજીએ.*

*આઘેથી પગલાંને પરખી લઈએ, ને એના*
*ઉરની આરતને પ્રીછીએ;*
*માછીડો ગલ જેમ નાખે છે જલ, એમ*
*નજરુંની ડૂબકી દીજીએ.*

*આછી આછી છાંટ જરી દઈએ છાંટી ને એવો*
*ફાયો સવાયો કરી દીજીએ;*
*રૂંવે-રૂંવે સૌરભની લેર્યું લહેરાય, એવાં*
*ઘટડામાં ઘેન ભરી દીજીએ.*

# અમાસની મધરાત

*રમણે ચડેલ આજ ભાળી*
*મધરાત મેં તો રમણે ચડેલ આજ ભાળી;*

*ભીલડી જુવાનજોધ કાળી,*
*મધરાત જાણે ભીલડી જુવાનજોધ કાળી!*

*દશે દિશા તે જાણે ઘાઘરાનો ઘેર એનો,*
*ઠેકી ઠેકી લે તાળી;*
*આકાશી અતલસને તસતસતે કાપડે*
*સંતાડી રૂપની થાળી!*

*મધરાત આજ રમણે ચડેલ મેં તો ભાળી.*
*સુખિયાં સંજોગિયાં તો હૂંફાળી નીંદમાં*
*શાનાં જુએ તને કાળી?*
*બળતી આંખલડીએ બેસી વિખૂટાં બે*
*ચકવા ને ચકવીએ ભાળી!*
*મધરાત આજ રમણે ચડેલ મેંય ભાળી!*

## લીમડી

*મારે આંગણિયે લીલુડી લીમડી;*
*લચે લિંબોળીની લૂમ:*
*લીમડી લૂમેઝૂમે રે.*

*વાયા વૈશાખના વાયરા,*
*એણે ધાવ્યાં ધરતીનાં દૂધ:*
*લીમડી લૂમેઝૂમે રે.*

*લીલીપીળી ઓઢી ઓઢણી,*
*માંય ચાંદાસૂરજનાં ફૂલ:*
*લીમડી લૂમેઝૂમે રે.*

ભલે ઊગે તું મારે આંગણે,
તારાં શાં શાં મૂલવું મૂલ?
લીમડી લૂમેઝૂમે રે.

કાળે ઉનાળે તું કોળતી,
તારી ટાઢકભીની છાંય:
લીમડી લૂમેઝૂમે રે.

બળ્યાંજળ્યાંનું તું બેસણું,
થાક્યાંની ઠારે કાય:
લીમડી લૂમેઝૂમે રે.

## શ્રાવણ નીતર્યો

આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલોજી
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઈ ઝીલોજી.

આ કપૂર-કાયા સરી જશે કોઈ ઝીલોજી
પેલા ઊડી ચાલ્યા ધૂપ હો કોઈ ઝીલોજી.

આ જલધારામાં ઝૂલતી કોઈ ઝીલોજી
પેલી તૂટે મોતનમાળ હો કોઈ ઝીલોજી.

આ લટ લહેરાતી લળી લળી કોઈ ઝીલોજી
પેલું કોણ હસે મરમાળ? હો કોઈ ઝીલોજી.

આ નથી ટપકતાં નેવલાં કોઈ ઝીલોજી
આ વરસે અમરત મેહ હો કોઈ ઝીલોજી.

આ સમણાં કેરા કરા પડે કોઈ ઝીલોજી
આ નરદમ વરસે નેહ હો કોઈ ઝીલોજી.

*આ ચળકે વાદળતલાવડી કોઈ ઝીલોજી*
*એની તડકે બાંધી પાળ હો કોઈ ઝીલોજી*

*આ દિન વહી ચાલ્યો સુહામણો કોઈ ઝીલોજી*
*આ રાત ચલી રઢિયાળ હો કોઈ ઝીલોજી.*

*આ દૂધે ધોયા ડુંગરા કોઈ ઝીલોજી*
*પેલી ઝરણાંની વણજાર હો કોઈ ઝીલોજી.*

*આ જતિસતીનાં તપ રેલે કોઈ ઝીલોજી*
*પેલા શિવલોચન-અંબાર હો કોઈ ઝીલોજી.*

['સહવાસ' પુસ્તક]

## યાદ આવે છે

*અમારા પ્રાણપ્યારા, દિલસિતારા દેશને માટે*
*અમે માથે કફન સાથે ઝઝૂમ્યાઃ યાદ આવે છે.*

*કદમબોસી ગુલામોની ફગાવીને, શહીદોએ*

*સનમની જેમ ચૂમી'તી શૂળી, એ યાદ આવે છે....*

*હતી ઝંઝા તુફાની ને જુવાનીની તીખી ટક્કર,*
*અમે દરિયાનો દાવાનળ બન્યા'તાઃ યાદ આવે છે!*

—

*છીછરાં નીરમાં, હોય શું ના'વું?*
*તરવા તો મઝધારે જાવું!*

# વડલો

*સરવરની પાળે એક વડલો ઘેઘૂર ઊભો:*
*પાંદે પાંદે લીલો રે કુંજાર:*
*દહાડે રે ડોલે, વડલો રાતે રે ચડતો ઝોલે:*
*ડાળે ડાળે પંખીના ગુંજાર!*

*ભીતર ગોપાયાં, એનાં મૂળ રે રોપાયાં ચોગમ:*
*ભેદી રે પાતાળી ઊંડી ભોમ!*
*નીચો રે ફાલ્યો, વડલો ઊંચો રે ફાલ્યો, એની*
*ટોચે રે તોળાયાં સારાં વ્યોમ!*

*વેલા-વડવાઈઓના એવા રે ગૂંથાયા, શીળા*
*મમતા કેરા માંડવા સઘન!*
*કવિ ને કવિતા આંહીં એવાં રે ખેંચાયાં, એનાં*
*ઘડિયાં રે લેવાયાં લગન!*

*ઝીણાં રે વીણાજંતર વાગે અદીઠાં આંહીં,*
*મૃગલો રે ડોલે વાંકે શંગિ:*
*થનગનતો આવે મીઠો માણીગર મોરલો ને*
*ભૂલો પડી આવે રે ભોરંગિ!*

*શિવજીએ ઝીલી અધ્ધર ધીંગી ગંગાની ધારા,*
*રમતી રે મૂકી ધરતી-ચોક:*
*વડલે ધરતીની ગંગા એવી રે ઉછાળી, છેક*

*હિમાળે પહોંચાડી રાખ્યો નોક!*

*પ્રલ્લેનાં પાણી જ્યારે ડૂબવશે દુનિયા સારી,*
*થાશે રે જળજળમાં બંબોળ!*

*જોગંદર વડલો ત્યારે અડૂબ્યો અડોલ ઊભો,*
*અનભે થૈ કરશે રે અંઘોળ!*

['કવિલોક' બેમાસિક]

## પરકમ્માવાસી

*આવી ચડ્યાં અમે દૂરનાં વાસી,*
*પ્રથમીની અમે પ્રીતનાં પ્યાસી;*
*મનખે મનખે ધામ ધણીનું—*
*એ જ મથુરા ને એ જ રે કાશી:*
*ભોમકાનાં ભમનાર પ્રવાસી.*

*વેમાનની અમે વાટ ના જોતાં,*
*વૈકુંઠને કાજ આંસુ ના ખોતાં;*
*પેદલ ચાલતાં ચાલતાં મા'લતાં*
*ભમવા નીસર્યાં લખચોરાશી:*
*ભોમકાનાં ભમનાર પ્રવાસી.*

*સંત મળ્યા તેને સાંઇડું લીધું,*
*ને શઠ મળ્યા તેને ગઠડી દીધી;*
*અમે લૂંટાવીને લાભિયાં ઝાઝું!*
*ખાલી ખભે ખેપ ખેડશું ખાસી:*
*ભોમકાનાં ભમનાર પ્રવાસી.*

*થિર મુકામમાં જંપ વળે ના,*
*જીવ અમારાને વાટની માયા;*
*ધરતીના કણકણમાં તીરથ—*
*એનાં અમે પરકમ્માવાસી:*
*ભોમકાનાં ભમનાર પ્રવાસી.*

# હિના

*પે’લવે’લી તને જોઈ મેં જ્યારે*
*આંખડી આંખમાં પ્રોઈને ત્યારે,*
*અલકલટેથી ખાઈ હિંડોળો*
*નેન જડ્યાં પગને પગથારે!*

*એમ તો તારાં નેણ બિલોરી*
*વેણથી યે વધુ બોલકાં, ગોરી!*
*લોપતી તારા લાખ મલાજા*
*કંચવાની ઓલી રેશમી દોરી!*

*સુન્દરી! તારી દેહની દેરીએ*
*રોમરોમે જલે રૂપના દીવા;*
*તો ય ઢળ્યાં જઈ લોચન પાનીએ*
*રૂપશમાની રોશની પીવા!*

*એવી દીઠી તારી પાનીએ હિના:*
*એ જ કાશી, મારું એ જ મદીના!*

# નદીકાંઠે સૂર્યાસ્ત

*વ્યજન કરતી ઠંડી મીઠી જરા લહરાઈને,*
*સ્વજન-કર શી અંગે અંગે હવા સ્પરશી વહે.*

*સઘન ઢળતી વૃક્ષચ્છાયા અતીવ પ્રલંબની,*
*સરિતજળમાં કંપી કંપી વિલુપ્ત થતી જતી.*

*સરપ સળકે, મત્સ્યો કૂદે, હલે જલકાચબો:*
*જલચર તણી સૃષ્ટિ ગૂઢાં રહસ્ય થકી ભરી!*

કુસુમદલને છેલ્લું ચૂમી, ટીપું મધનું લઈ,
અમરતભરી ગીતારી શી ગુંજે મધુમખ્ખિકા.

ઘર ગમ જતી ખેડુકન્યા ખિજાવત કોકિલા:
સ્વરહલકની સામાસામી બજે શરણાઈઓ.

ઉરપડળનાં એકાન્તોમાં છૂપા અભિલાખ શાં,
વિજન પથમાં બોલી ઊઠે, અહો, તમરાં કશાં!

અણુ અણુ લહે તૃપ્તિ, શાંતિ, સુધામય સ્પર્શથી,
મલયમધુરી સંધ્યા આવી ફરી ફરી ના ઢળે!

ક્ષણ અરધમાં શોભા, કિન્તુ, જતી ઊપટી; અને
નગરરચના ગાંધર્વી સૌ અલોપ થતી જતી.

સમ સમ થતી સીમાઓના, અહા, સૂનકારમાં
અરવ ગરજે અંધારાંનો અફાટ સમુદ્ર શો!

નજર ચડતું ચારે કોરે હવે નવ કોઈ યે:
તિમિરજલમાં એકાકી હું સરું જલદીપ શો!

## સંગમ

### ૧

સખી, આપણો તે કેવો સહજ સંગમ!
ઊડતાં ઊડતાં વડલા-ડાળે,
આવી મળે જેમ કોઈ વિહંગમ-
એમ મળ્યાં ઉર બે અણજાણ;
વાર ન લાગી વહાલને જાગતાં:
જુગજુગની જાણે પૂરવપિછાણ!

*પાંખને ગૂંથી પાંખમાં ભેળી,*
*રાગની પ્યાલી રાગમાં રેડી,*
*આપણે ગીતની બંસરી છેડી.*

*રોજ પ્રભાતે ઊડતાં આઘાં,*
*સાંજરે વીણી વળતાં પાછાં:*
*તરણાં, પીછાં, રેશમી ધાગા;*
*શોધી ઘટાળી ઊંચેરી ડાળો,*
*મશરૂથી યે સાવ સુંવાળો*
*આપણે જતને રચિયો માળો.*

*એકમેકમાં જેમ ગૂંથાઈ*
*વડલાની વડવાઈ, રૂપાળી*
*તેજ-અંધારની રચતી જાળી,*
*રોજિંદી ઘટમાળમાં તેવાં*
*હૂંફભર્યા સહવાસથી કેવાં*
*આપણાં યે સખી, દોય ગૂંથાયાં!*
*અંતર પ્રેમને તંત બંધાયાં!*

*ઋતુઋતુના વાયરા જોયા,*
*ભવના જોયા તડકા-છાંયા;*
*ભાગ્યને ચાકડે ઘૂમતાં ઘૂમતાં*
*જિંદગીના કેવા ઘાટ ઘડાયા!*

*આપણે એમાં સાવ નિરંજન,*
*સુખને, દુખને ભોગવે કાયા;*
*જે જે, સખી, દીનાનાથે દીધું,*
*આપણે તે સંતોષથી પીધું;*
*સંગ માણી ભગવાનની માયા!*

## ૨

*જોને, સખી, જગવડલા હેઠે*
*ઋણસંબંધે આવી ચડેલો*
*કેવો મળ્યો ભાતભાતનો મેળો!*
*કોક ખૂણે સંસારિયાં ઋણી:*
*કોક ખૂણે અવધૂતની ધૂણી!*
*કોક પસંદ કરે સથવારો:*
*કોક વળી નિ:સંગ જનારો!*
*ભોર ભઈ તોય ઘોરતો ગાફલ:*
*કોક સચેત અખંડ જ જાગે!*
*કોક ઉતારી બોજની ભારી,*
*ખાઈ પોરો પલ ચાલવા લાગે!*

*અમલકસૂંબા ઘોળતી પેલી*
*જામતી રાતે જામતી ડેલી;*
*કરમી, ધરમી, મરમી વચ્ચે*
*ગ્યાનની કેવી ગોઠ મચેલી!*

*ઢળતી ઘેઘૂર છાંયડી હેઠી*
*ભજનિકોની મંડળી બેઠી;*
*ઉરને સૂરના સ્નેહથી ઊંજે,*
*ઘેરો ઘેરો રામસાગર ગુંજે!*

## ૩

*વગડાના સૂનકારને માથે*
*તડકો કેવો ઝાપટાં ઝીંકે!*
*આવી જાણે પ્રલ્લેકાળની વેળા:*
*જીવ ચરાચર કંપતા બીકે!*

*તો ય જોને પેલું ધણ રે ધ્યાનીઃ*
*નિજાનંદે જાણે ડોલતો જ્ઞાની!*
*હોલા ભગતને ધૂન શી લાગી!*
*તૂહી તૂહી કેવો ગાય વેરાગી!*

*ચોખૂણિયા પેલી ચોતરી વચ્ચે*
*કોક અનામી સતીમાની દેરી;*
*પાસે ઊભો પેલો પાળિયો ખંડિત*
*શૌર્યકથાઓનાં ફૂલડાં વેરી.*
*એક કોરે પેલી પરબવાળી*
*તરસ્યા કંઠની આરત જાણી,*
*કોરી માટીની મટકી માંહી*
*સંચકી બેઠી શીતલ પાણી.*

*મટકીનું પીને ઘૂંટડો પાણી,*
*ભવનો મેળો ભાવથી માણી,*
*આપણે યે વિશરામ કરી ઘડી*
*ઊડશું મારગ કાપતાં આગે;*
*થોભશું ક્યાંક જરી પથમાં વળી*
*પાંખને થાક જ્યહીં, સખી, લાગે.*

*આંખ ભરી ફરી નીરખી લેશું,*
*આપણે સંગ જે યાતરા ખેડી;*
*પાંખમાં વેગ ભરી નવલા, ફરી*
*કાપશું કોટિક તેજની કેડી...*
*તેજની કેડી... તેજની કેડી...*

# ચમેલીને ઠપકો

*ચટકીલી મોરી ચમેલડી રે,*
*લૂમે લૂમે લટક્યાં ફૂલ, ’લી ચમેલડી!*
*ઝાઝાં ઉછાંછળાં ના થૈએ જી રે.*
*ચટકીલી મોરી ચમેલડી રે,*
*માનભર્યાં મોઘમમાં રૈએ ’લી ચમેલડી!*

*ગોપવીએ ગોઠડીને હૈયે જી રે.*
*ખીલે સરવર પોયણી, રમે ચન્દ્ર-શું રેનઃ*
*પરોઢનો પગરવ થતાં, લાજે બીડે નેન.*
*ચટકીલી મોરી ચમેલડી રે,*
*ઝાઝાં ના ગંધ ઢોળી દૈએ, ’લી ચમેલડી!*

*જોબનને ધૂપ ના દૈએ જી રે.*
*ચટકીલી મોરી ચમેલડી રે,*
*વાયરાના વાદ ના લૈએ, ’લી ચમેલડી!*
*ઘેર ઘેર કે’વા ના જૈએ જી રે.*
*સ્વાતિમાં સીપોણીએ જલબિન્દુ ઝિલાયઃ*
*વિશ્વ ભેદ જાણે નહીં, મોતી અમૂલખ થાય!*

*ચટકીલી મોરી ચમેલડી રે,*
*ભમરાની શી ભૂલ, ’લી ચમેલડી!*
*પોતે જો ઢંગે ના રૈએ જી રે?*
*ચટકીલી મોરી ચમેલડી રે,*
*રૂપનાં રખોપાં શીખી લૈએ, ’લી ચમેલડી!*
*દૂજાંને દોષ ના દૈએ જી રે.*

# વડોદરા નગરી

વડોદરા શે'ર સાથે પુરાણી છે પ્રીત મારે,
સાત વર્ષ લગી મારો અહીં વસવાટ છે;
આજવાનાં પાણી હજી ઊછળે છે અંગઅંગ,
માંડવીની ધજાનો આ ઉરે ફરકાટ છે.

પાણી દરવાજો, ગેંડી, ચાંપાનેર, લે'રીપુરા,
એટલો આ શહેરનો અસલ વિસ્તાર છે;
અલકાપુરી ને બીજાં એવાં એવાં ઝૂમખાંઓ
પાછળથી વસેલાં તે બાવનની બા'ર છે.

માંડવીથી ડાબે હાથ ચોકસીની ઓળ, પછી
ઘડિયાળી પોળ-નાકે અંબાજી હજૂર છે;
નાકની દાંડીની સામે સીધેસીધા ચાલ્યા જાઓ,
સયાજી ઈસ્કૂલ ત્યાંથી જરાયે ના દૂર છે.

સયાજી ઈસ્કૂલ, ભાઈ, સંભારું છું સકારણ,
ભણ્યો છું હું એમાં, એનું ઋણ તો અપાર છે;
કુંભકાર જેમ જેણે ટીપણાથી ટીપી ટીપી
ઘડ્યો મારો ઘાટ, એને વંદન હજાર છે.

ભૂલું શેં શુક્કરવારી? દશેરાની ભવ્ય સ્વારી?
અગ્ગડ, અખાડા અને સંગીતની ગુંજને?
બળતા બપોર સમી ભવરણવાટ વિષે
સદાય હરિત રાખે હૈયાકેરી કુંજને.

નગર પિયારા! તારે પ્રાણ હજી સ્ફુરી રહ્યા
પ્રેમાનંદી માણતણા રમ્ય રણકાર છે,
દયારામ-નગરી ડભોઈ નથી દૂર, એની
ગરબીના સૂર ઉર પૂરે ઝણકાર છે.

*શરદની રાતે અહીં પોળતણા ચોકઠામાં*
*સરખી સાહેલીઓએ કંઠ જ્યારે ખોલ્યો છે,*
*કાયાના કરંડિયામાં પોઢેલો આ પ્રાણ મારો*
*મોરલીના નાદે ત્યારે નાગ જેમ ડોલ્યો છે.*

*નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી,*
*વાંકો એનો અંબોડો ને વાંકાં એનાં વેણ છે;*
*સભાની અદબ રાખી, વાણીને લગામ કરું,*
*કે’તો નથી એટલું કે કેવાં એનાં નેણ છે.*

*લલિત લાજાળુ નાર તણાં શાં કરું વખાણ?*
*રસોઈની વાનીમાંયે એવી હોશિયાર છે,*
*અરધીક પોળ લગી મચી જાય છીંકાછીંક*
*એવો એનો ટેસદાર દાળનો વઘાર છે!*

*અહીંની અનેક પોળ મહીં ઘર ભાડે રાખી,*
*ખટ માસે બદલતા, રસિક એ વાત છે;*
*મંડળી અમારી ઘર ગોતવાને ઘૂમે ત્યારે*
*ગુસપુસ બોલે લોક: ‘જુદી આ જમાત છે!’*

*‘ખાલી ઘર છે કે અહીં?’ પૂછતાંની વાર, જોઈ*
*દીદાર અમારા સામો સવાલ પુછાય છે:*
*‘કુંવારા કે પરણેલા?’ ઠેર ઠેર એની એ જ*
*શંકાભરી નજરોની મોકાણ મંડાય છે!*

*નાયક ટોળીનો થઈ ઠાવકો ભજાવે વેશ:*
*‘ઘરવાળાં પિયરમાં, થોડા દીની વાર છે.’*
*લખ્ખણ અમારાં જોઈ, ગાજી ઊઠે લોકનાદ:*
*પોળમાંથી કાઢો, આ તો વાંઢાની લંગાર છે!*

*રાજમે’લ જોવા જતાં પાવલી ખટાવી અમે*
*પલંગમાં પોઢવાની કરી લેતા પેરવી;*

*મ્યુઝિયમ જોવા જતાં નજર ચુકાવી અમે*
*આરસની સુંદરીને હાથ લેતા ફેરવી.*

*કાચના પિયાલા અમે રોશનીમાં ચોરી લીધા,*
*ગ્રંથાલયે ઘૂસી જઈ ફોટા ફાડી લીધા છે;*
*થાંભલે ચડીને ગોળા વીજળીના ગેપ કીધા,*
*એવાં એવાં કામ અમે બાહોશીનાં કીધાં છે.*

*કોને યાદ કરું? કોને વિસારું? કિતાબ થાય*

*એકથી સવાયા એક એટલા પ્રસંગ છે;*
*અધ્યયનકાળ મારો વીત્યો જે લાખેણો અહીં,*
*નમૂનાનાં બતાવ્યાં મેં એક-બે આ નંગ છે.*

[ટૂંકાવીને]

## પારાવારના પ્રવાસી

*આપણે તે દેશ કેવા?*
*આપણે વિદેશ કેવા?*
*આપણે પ્રવાસી પારાવારના હે…જી.*

*સંતરી સૂતેલા ત્યારે*
*આપણે અખંડ જાગ્યા;*
*કોટડાં કૂદીને ભાગ્યા:*
*આપણે કેદી ના કારાગારના હે…જી;*
*આપણે પ્રવાસી પારાવારના હે…જી.*

*આપણે પંખેરું પ્યાસી*
*ઊડિયાં અંધાર વીંઝી,*
*પાંખ જો પ્રકાશ-ભીંજી:*
*આપણે પીનારાં તેજલધારના હે…જી;*

*આપણે પ્રવાસી પારાવારના હે...જી.*
*આપણે ભજનિક ભારે:*
*આપણે તે એકતારે*
*રણકે છે રામ જ્યારે,*
*આપણા આનંદ અપરંપારના હે...જી;*
*આપણે પ્રવાસી પારાવારના હે...જી.*

## ધૂળિયો જોગી

*એક ધૂળિયો જોગી રમે—*
*રમે એક ધૂળિયો જોગી રમે.*

*આભમંડલમાં ઊડે ઓડિયાં,*
*પગ ધરતી પર ભમે;*
*અંગન અંગન અલખ જગાવે,*
*કાયા કષ્ટે દમે:*
*હે જી એક ધૂળિયો જોગી રમે–*
*રમે એક ધૂળિયો જોગી રમે.*

*આંખ જોગીની અલખ વાંચતી,*
*વાણી વેદ ઓચરે;*
*એની ધૂળીના શીળા ધખારા*
*પ્રેમલ તણખા ઝરે:*
*હે જી એક ધૂળિયો જોગી રમે–*
*રમે એક ધૂળિયો જોગી રમે.*

*કંઠી બાંધી સોય નર જીત્યા,*
*નૂગરા હારે બાજી;*
*ભવનું ભાથું બાંધ લિયો, ભાઈ,*

*છોડ દિયો પતરાજી:*
*હે જી એક ધૂળિયો જોગી રમે—*
*રમે એક ધૂળિયો જોગી રમે.*

*ભૂમિ, દોલત, માલ, ખજાના–*
*સંગ ચલે ના કોડી;*
*મૂઠી, ટોપલે, ખોળે, ખોબલે*
*દૈ દેજો, ભાઈ, દોડી:*
*હે જી એક ધૂળિયો જોગી રમે–*
*રમે એક ધૂળિયો જોગી રમે.*

*જે દેશો તે થશે સવાયું:*
*કીમિયાગર ભિખારી;*
*ઓળખી લેજો, આયો સદાશિવ*
*ગોકુલમાં અલગારી:*
*હે જી એક ધૂળિયો જોગી રમે–*
*રમે એક ધૂળિયો જોગી રમે.*

# મુક્તિમિલન

**[૧૫ ઓગસ્ટ, ૧૯૫૦]**

**૧**

*મુક્તિમિલન?*
*આ તે, અહો!*
*આ તે, કહો, કેવું મિલન?*

*જે જાગતાં ઝંખ્યું હતું*
*ને ઊંઘતાં સો સો અજંપે જે સદા ડંખ્યું હતું—*
*તે આજ જ્યારે આંખ સામે છે છતું*
*ત્યારે, અરે, સિદ્ધિ તણા આનંદથી*
*રૂંવું ય કાં ના ફરકતું?*

*જે માગતા’તા તે મળ્યું,*
*ખોવાયલું મોતી જડ્યું,*
*સ્વપ્નું હતું તે સત્ય થઈ જ્યારે ફળ્યું—*
*ત્યારે, કહો, એવું કશું ઓછું પડ્યું*
*કે હર્ષથી ના લેશ રે ઉર ઊછળ્યું?*

*સામે સમંદર ડોલતો*
*તે શું નર્યો ઝાકળ તણો?*
*આ બાગ રૂપાળો ખીલ્યો*
*તે શું બન્યો કાગળ તણો?*
*ચોપાસ માયાભાસ શો!*
*ચિતાર જાતો ના સહ્યો આગળ તણો!*

## ૨

*ઘેલી મિલનની ઝંખના!*
*રોળ્યાં રતન કૈં રંકનાં!*
*હસતે મુખે બેટો વળાવી માવડી*
*છાને ખૂણે જૈ બે ઘડી લેતી રડી!*
*પે...લી પડી—*
*ઠેબે ચડી!-*
*કો’ કોડવંતી નારની નંદાયલી રે બંગડી!*

*કેવા હતા એ વાયરા!*
*વેદી પરે તાજા ઊના*

*શોણિતની ચાલી હતી કેવી સરા!*
*ભીની હજી તો છે ધરા!*

૩

*શું એ બધી લીલા હતી એ એકની?*
*ને એ જતાં—*
*નિસ્તેજ પાછાં રે બની*
*જોઈ રહ્યાં વિમૂઢ શાં સૌ એકબીજાંની ભણી!*

*પ્યારા વતન!*
*મૂંઝાયલું પૂછી રહ્યું છે આજ મન:*
*આ શું ઉદય છે ભાગ્યનો?—*
*કે આવતું ઘેરું વધુ બીજું પતન?*
*આરોહણે આ ઊર્ધ્વના*
*ઊભી થતી ને લથડતી શી ભારતી!*
*છૂટી જતાં રે ધર્મ કેરી આંગળી*
*જાણે હિમાળે દ્રૌપદી જાતી ગળી!*

*તાણી વિજયની સોડ, હા!*
*સામે પરાજયને ઉશીકે હાંફતું*
*કારુણ્યનું, રે, કાવ્ય કેવું છે ઢળ્યું!*

૪

*—ને તે છતાં,*
*આરંભ કીધી છે હવે જે જાતરા,*
*સો સો વટાવીને મુસીબત-ડુંગરા*
*આગે બઢાવ્યે છે જવી.*

*જે આપણો છે સંઘવી,*
*તે શ્વાનને યે સાથમાં લીધા વિના*
*દાખલ થવાની સ્વર્ગમાં પાડી દિયે છે સાફ ના!*
*તેને વળી શું જંપ કે*
*પ્હોંચ્યા વિના મુકામ એનો સંઘ આ?*

*શ્રદ્ધા ભરીને શ્વાસમાં,*
*આગે બઢીશું હાથ ગૂંથી હાથમાં;*
*બાહુ પસારીને ઊભો છે તેડતો*
*એની અનુકંપાભરેલી બાથમાં.*

## શ્રાવણ નીતર્યો

*આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલો જી:*
*પેલાં રેલી ચાલ્યાં રૂપ, હો, કોઈ ઝીલો જી.*

*આ કપૂર-કાયા સરી જશે કોઈ ઝીલો જી:*
*પેલા ઊડી ચાલ્યા ધૂપ, હો, કોઈ ઝીલો જી.*

*આ જલધારામાં ઝૂલતી કોઈ ઝીલો જી:*
*પેલી તૂટે મોતનમાળ, હો, કોઈ ઝીલો જી.*

*આ લટ લહેરાતી લળી લળી કોઈ ઝીલો જી:*
*પેલું કોણ હસે મરમાળ? હો, કોઈ ઝીલો જી.*

*આ નથી ટપકતાં નેવલાં કોઈ ઝીલો જી:*
*આ વરસે અમરત-મેહ, હો, કોઈ ઝીલો જી.*

*આ શમણાં કેરા કરા પડે કોઈ ઝીલો જી:*
*આ નરદમ વરસે નેહ, હો, કોઈ ઝીલો જી.*

*આ ચળકે વાદળ-તલાવડી કોઈ ઝીલો જી:*
*એની તડકે બાંધી પાળ, હો, કોઈ ઝીલો જી.*

*આ દિન વહી ચાલ્યો સુહામણો કોઈ ઝીલો જી:*
*આ રાત ચલી રઢિયાળ, હો, કોઈ ઝીલો જી.*

*આ દૂધે ધોયા ડુંગરા કોઈ ઝીલો જી:*
*પેલી ઝરણાંની વણજાર, હો, કોઈ ઝીલો જી.*

*આ જતિ-સતીનાં તપ રેલે કોઈ ઝીલો જી:*
*પેલા શિવલોચન-અંબાર, હો, કોઈ ઝીલો જી.*

# બાળકોબા ભાવે

## માની અંત્યેષ્ટિ ક્રિયા

૧૯૧૮માં ઇન્ફ્લુએન્ઝા આખા હિન્દુસ્તાનમાં ફેલાયો હતો અને હજારો લોકો તેના ભોગ બનેલા. અમારા ઘરમાંય માતા-પિતા, બહેન શાંતા તથા સૌથી નાનો ભાઈ દત્તુ, એમ ચાર જણ એ રોગમાં સપડાયાં હતાં. હું અને શિવાજી એ ચારની સેવામાં હતા.

ઉપચાર તો ઘણા કર્યા, પણ માને તે લાગુ પડ્યા જ નહીં. તે વખતે દાદા (મોટાભાઈ, વિનોબા) સાબરમતી આશ્રમમાં હતા. સમાચાર મળતાંવેંત એ ઘેર આવી પહોંચ્યા. દાદાને જોતાં માના આનંદનો પાર ન રહ્યો. પરંતુ તે પછી થોડા દિવસમાં એમને ડબલ ન્યુમોનિયા લાગુ પડ્યો, અને તેમાં જ માનું અવસાન થયું.

માની ઉત્તરક્રિયાનો વિધિ બ્રાહ્મણો પાસે કરાવવો કે નહિ, એ પ્રશ્ન હવે અમારી સામે ઊભો થયો. પિતાજીની દલીલ એવી હતી કે, “મારું મૃત્યુ થાય ત્યારે કોઈ પણ જાતના ક્રિયાકાંડ વિના જ મારો અગ્નિસંસ્કાર કરશો તો ચાલશે, કારણ કે ક્રિયાકાંડ ઉપર મને એવી કોઈ શ્રદ્ધા નથી. પરંતુ તમારી માતાની બાબતમાં તો તમારે તેના વિચારો ને ભાવના પ્રમાણે વર્તવું જરૂરી છે. તેની પોતાની શ્રદ્ધા મુજબ તેની અંત્યેષ્ટિ ક્રિયા તમારે કરવી પડશે.”

દાદા કહે: “જો એમ જ થવાનું હોય, તો હું સ્મશાનયાત્રામાં નહીં આવી શકું.” એટલું બોલીને તેઓ ગંભીર અને કરુણ અવાજે ‘ગીતા’નો અઢારમો અધ્યાય વાંચવા બેસી ગયા. હું અને શિવાજી બંને માની સ્મશાનયાત્રામાં ગયા. પણ દાદા અમારી સાથે ન જ આવ્યા.

[‘વિનોબા સાથે બાળપણમાં’ પુસ્તિકા]

# બિપિનચંદ્ર જી. ઝવેરી

## સજ્જનની સુવાસ

ગુજરાતમાં વિદ્વાનો છે, નીડર યોદ્ધાઓ છે, પ્રખર રાજકારણીઓ છે, પણ ગુજરાતનો એકમાત્રા સજ્જન તો રમણભાઈ છે: આવું ગાંધીજીએ જેમને વિશે કહેલું તે રમણભાઈ નીલકંઠ.

અમદાવાદના જાણીતા કેળવણીકાર મહીપતરામ રૂ. નીલકંઠને ત્યાં ૧૮૬૮ની ૧૩મી માર્ચે એમનો જન્મ થયેલો. ઉત્કટ દેશપ્રેમ, સુધારક વૃત્તિ, સ્ત્રીસન્માનની ભાવના ને સિદ્ધાંતને માટે લડી નાખવાનું ખમીર એમને પિતા તરફથી વારસામાં મળેલાં.

બાળક રમણભાઈની સ્મરણશક્તિ ને અવલોકનશક્તિ ઘણી તીવ્ર હતી. નાનપણથી જ એમને દરેક વસ્તુ જાણવાનો શોખ હતો. મૅટ્રિકમાં અમદાવાદ કેન્દ્રમાં પહેલા આવીને પાસ થયા પછી ૧૮૮૪માં એ ગુજરાત કૉલેજમાં દાખલ થયા.

એ વરસે એમના વચલા ભાઈનાં લગ્ન લેવાયાં, એટલે પિતા મહીપતરામે નાના પુત્રા રમણનાં લગ્ન પણ સાથોસાથ ઉકેલી નાખ્યાં. દાક્તર સુમન્ત મહેતાની પિત્રાઈ બહેન—૧૩ વરસની હસવદન સાથેનું રમણભાઈનું લગ્ન સુખી નીવડ્યું, પણ ચાર વરસ પછી એ વિધુર થયા.

પ્રાર્થના સમાજના સહસ્થાપક ને તે વખતના આગેવાન સુધારક ભોળાનાથ સારાભાઈ સાથે મહીપતરામને સારો સંબંધ હતો. મૈત્રી બેય કુટુંબો વચ્ચે લગ્નસંબંધથી ગાઢ કરવાની ભોળાનાથની ઇચ્છા હતી, પણ મહીપતરામના ત્રાણે પુત્રો પરણેલા હોવાથી તેમ કરી શક્યા નહોતા. પછી રમણભાઈ વિધુર થતાં નરસિંહરાવે તથા ભોળાનાથનાં બીજાં સંતાનોએ પોતાની ભાણેજ વિદ્યાગૌરીનું વેવિશાળ રમણભાઈ સાથે કરી ભોળાનાથની એ ઇચ્છા પૂર્ણ કરી. આમ ૧૮૮૯માં રમણભાઈનું બીજું લગ્ન થયું. રમણભાઈની ઇચ્છા એમ. એ. થઈને અધ્યાપક બનવાની

હતી. પણ એમની નાજુક તબિયતને કારણે દાક્તરે આગળ અભ્યાસ કરવાની ના પાડી. એટલે અમદાવાદ જિલ્લા અદાલતમાં થોડાં વરસ નોકરી કર્યા પછી રમણભાઈએ વકીલાત કરવા માંડી. વરસો જતાં વલ્લભભાઈ ઝ. પટેલ સહિત અમદાવાદના ચાર અગ્રગણ્ય વકીલોમાં તેમની ગણના થવા લાગી.

૧૮૯૭માં રમણભાઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઈ આવ્યા, તે દિવસથી જાહેર સેવાનો તેમનો યજ્ઞ શરૂ થયો તે લગભગ જીવનના અંત સુધી અવિરતપણે ચાલ્યો. એમની સેવા પામેલી એવી બીજી અનેક સંસ્થાઓ પૈકી મુખ્ય બે તે પ્રાર્થના સમાજ અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી—આજની ગુજરાત વિદ્યાસભા.

પ્રાર્થના સમાજે પોતાના પાક્ષિક ‘જ્ઞાનસુધા’નું સંપાદન ૧૮૮૭માં રમણભાઈને સોંપેલું. ૧૮૯૨થી માસિક બનેલા એ પત્રામાં રમણભાઈની નવલકથા ‘ભદ્રંભદ્ર’ હપતાવાર છપાવા લાગી, ને ૧૯૦૦માં તે પુસ્તકાકારે પ્રસિદ્ધ થઈ. સમગ્ર હિંદુ સમાજ ઉપર તેમાં કરવામાં આવેલા કટાક્ષોને લીધે જનતામાં લગભગ હાહાકાર મચી ગયો.

રમણભાઈનાં પત્ની વિદ્યાબહેને સાક્ષર આનંદશંકર ધ્રુવના એક ટોણા પરથી ૧૮૯૪માં—લગ્ન પછી પાંચ વરસે—કૉલેજનો અભ્યાસ આરંભેલો, જે ૧૯૦૧માં પૂરો થયો. એમને એ સાલમાં મળેલી બી.એ.ની ઉપાધિ એ, સંતાનવંતાં વિદ્યાબહેનની ધીરજ અને મહેનતનો તેટલો જ સુધારક રમણભાઈની તિતિક્ષાનો વિજય હતો. બાકી, લગભગ સમગ્ર સમાજના વિરોધ વચ્ચે, અનેક જાતની કુટીકાઓ સહેતાં સહેતાં એ જમાનાનો કયો પતિ પોતાની પત્નીને આટલે સુધી ભણવા દેત! વિદ્યાબહેન—રમણભાઈનું લગ્નજીવન દાંપત્યના ઉત્કૃષ્ટ નમૂનારૂપ બન્યું હતું. એ દંપતીના રમૂજી લેખોનો સંગ્રહ ‘હાસ્યમંદિર’ ૧૯૧૫માં બહાર પડ્યો.

હાસ્યલેખક રમણભાઈની હાસ્યવૃત્તિ જીવનમાં પણ અનન્ય હતી. મ્યુનિસિપાલિટીના બેસમજ સભ્યો તથા તેના અનાડી પટાવાળા, બંનેને એ હાસ્યવૃત્તિ વડે રમણભાઈ કાબૂમાં રાખતા. કર્તવ્યભાર તળે કચડાયેલા

તેમના જીવનમાં પણ આ હાસ્યવૃત્તિને લીધે જ આનંદ રહેતો.

રમણભાઈનો ગાડીવાળો કોઈ કોઈ વાર આવીને કહે કે, “સાહેબ, આજે મારી ન્યાતમાં મૈયત થઈ છે, એટલે મને જવાની રજા આપો.” વકીલ એની સામે જોઈ રહે. એમને યાદ આવે કે પખવાડિયે પખવાડિયે રવિવારે જ એની ન્યાતમાં મૈયત થાય છે. અને જવાબ આપે કે, “મને લાગે છે કે આ તો હવે તારી ન્યાતનો છેલ્લો જ માણસ હશે!”

રમણભાઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યારે પોતાની ઘોડાગાડીમાં ફરતા. તેમાં બેઠા બેઠા પણ ઊંધું ઘાલીને કાંઈક ને કાંઈક વાંચ્યા કે લખ્યા કરતા. પગ આગળ પડેલી કાળી પેટીમાંથી એક પછી એક તુમાર એ ઉઠાવે અને તેના પર શેરો કે સહી કરી પાછો મૂકતા જાય. એમની વિક્ટોરિયા શહેરની સુધરાઈના વંડામાં રોજ દાખલ થાય ત્યારે ઘડિયાળમાં પાંચના ટકોરા સંભળાય. સાડા આઠ વાગ્યે સુધરાઈની સભા પૂરી થાય ને નવેક વાગ્યે રમણભાઈની ગાડી ભદ્રની બહાર આવેલા બંગલામાં પાછી ફરે. વાટ જોઈને બેઠેલાં પત્ની-બાળકો સાથે ભોજન પતાવ્યા પછી રમણભાઈ પોતાના ઓરડામાં જાય અને વકીલાતની બ્રીફો, મ્યુનિસિપલ તુમારો, પત્રાવ્યવહાર અને છપાતાં લખાણોનાં પ્રૂફોમાં દટાઈ જાય. વચ્ચે પ્રેમાળ ધર્મપત્ની “હવે તો ઊઠો! ક્યાં સુધી બેસી રહેશો?” એમ કહી જાય. પણ એ દૂબળીપાતળી કાયા તો એક વાગ્યે ઊંઘવા ઊઠે.

જાહેર કામોના વધતા જતા બોજામાંથી માથું ઊંચું કરવાની યે ફુરસદ ન હોવા છતાં, એક શાસ્ત્રી રાખી એની પાસે ‘ઉપનિષદો’ વગેરેનો અભ્યાસ કરી, રમણભાઈએ પોતાની સંસ્કૃત-પિપાસા જીવનના છેલ્લા દાયકામાં પૂરી કરી. ૧૯૨૬માં તેઓ આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટાયા.

નબળી શરીર-પ્રકૃતિવાળા રમણભાઈ જાહેર સેવા પાછળ વિના હિસાબે શક્તિ ખરચ્યે જતા હતા. આ અતિશ્રમનું પરિણામ આવતાં ઝાઝી વાર લાગી નહીં. તેમને લકવાનું દરદ લાગુ પડ્યું, જે એમના અંત સુધી લંબાયું. વકીલાત અને લગભગ બધાં કામ છોડી એમને

પથારીવશ રહેવું પડ્યું. ૧૯૨૮માં એમનું અવસાન થયું.

['કુમાર' માસિક: ૧૯૫૧]

# બી. ટી. ત્રિવેદી

## જીભ પર રમે

૧૯૭૭-૮૨ના ગાળામાં હું પાલનપુરમાં સિવિલ સર્જન હતો ત્યારે બનાસકાંઠાની સંભવિત દુષ્કાળની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે મુખ્ય મંત્રી બાબુભાઈએ જિલ્લાના અધિકારીઓની એક મિટિંગ ત્યાં બોલાવેલી હતી. જિલ્લાના કયાં ગામમાં કેટલા સરકારી કે ખાનગી ‘બોર’ આવેલા છે તે બધા જ આંકડા બાબુબાઈની જીભ પર રમે. કયાં ગામમાં જળ કેટલાં ઊંડાં ગયાં છે તેની પણ એમને ખબર. આખા ગુજરાત વિશેની એમની આવી જાતમાહિતી. કોઈ અમલદાર એમને છેતરી ન શકે. અધિકારીને પણ ખબર ન હોય એવા સાચા આંકડા તેઓ આપે ત્યારે દંગ રહી જવાય.

# બીલ રોજર્સ

## ચોરોએ ચેમ્પિયન બનાવ્યો!

ચોરલોકોએ મને લાંબી દોડનો ચેમ્પિયન બનાવ્યો હતો. એક સવારે મને ખબર પડી કે મારી મોટર સાઇકલ ચોરાઈ ગઈ છે, એટલે મેં એક સાઇકલ વસાવી. પછી એ સાઇકલ પણ ચોરાઈ ગઈ ત્યારે મેં નક્કી કર્યું કે રોજ નોકરી પર પહોંચવા માટેની ૨-૩ માઈલની મજલ દોડીને કાપવી. એની ચોરી કોણ કરી શકવાનું હતું?

## 'બેકાર'

# બોચાસણ આશ્રમમાં

*નિત્ય ઊઠીને ભલા ઝાડુ પકડવાનું રહ્યું,...*
*સ્વપ્નમાં પણ કામ, ને બસ કામ કરવાનું રહ્યું....*

*કૈંક વરસોથી જે ટેબલ પર ચઢાવી ટાંટિયા*
*વામકુક્ષિ કરતો તેનો દંડ ભરવાનું રહ્યું....*

*ગોળ સાથે ખોળ તેં ખાધો અહીં આવી ભલા,*
*છે ફક્ત બાકી હવે ઘાસ ચરવાનું રહ્યું.*

*તેં કલમ ત્યાગી અહીં ગ્રહ્યાં છે વેલણ-પાટલી,*
*આવતાં વારો અહીં ચૂલામાં પડવાનું રહ્યું.*

*ગામ ને ઘરની સફાઈ તેં અહીં આવી કરી,*
*પણ હજી દિલની સફાઈ તારે કરવાનું રહ્યું....*

*ભવતણા સાગર મહીં કોનો સહારો, ક્યાં સુધી?*
*તુંબડે નિજના અહીં સર્વને તરવાનું રહ્યું.*

*શબ્દ 'સેવા' મિષ્ટ પણ, 'બેકાર', એવું જાણજે*
*કે અહીં સેવામાં પરસેવે નીતરવાનું રહ્યું.*

# બેન કાર્સન

## એ પ્રવાસ ક્યારે શરૂ થયો…

૧૯૬૧ની સાલ હતી. હું પાંચમા ધોરણમાં ભણતો હતો. પરીક્ષાનું મારું પરિણામ ખૂબ ખરાબ હતું. પણ તે અંગે ચિંતા કરવા જેટલો હું સમજણો થયો ન હતો.

અમારા પિતાજીનું વર્ષો પહેલાં અવસાન થયું હતું. મારો ભાઈ કર્ટિસ અને હું અમારી મા સાથે અમેરિકાના ડેટ્રૉઇટ શહેરના પછાત વિસ્તારમાં રહેતાં હતાં. અમારું ઘર સંકડાશવાળું, ખાસ સરસામાન વિનાનું અને છતાં ચોખ્ખું હતું. વળી ડાઇનિંગ ટેબલ પર હંમેશાં ખાવાનું પણ મૂકેલું રહેતું. મારી અને મારા ભાઈની વાત કરું તો, પોતાની જાતને સલામતીની લાગણી આપનારી એક નિર્દોષ બાલસહજ અભાનતા અમારામાં પણ હતી. એટલે ત્રાણ ઘરની કામવાળી એવી અમારી મા બે છેડા કેવી રીતે ભેગા કરતી તેનો અમને પણ આછોપાતળો જ ખ્યાલ હતો.

અમારી દુનિયા એકંદરે કંઈક આવી હતી: નિશાળ પૂરી કરવી, પછી ફૂટબૉલ કે બાસ્કેટબૉલ રમવું, ત્યાર બાદ પાડોશીના વાડાના ઝાડ પરથી સફરજનની ધાપ મારવી અને ક્યારેક એરગન લઈને મોટા ઉંદરો કે સસલાં મારવાં. અંધારું થાય એટલે ટેલિવિઝન જોવું. માના પલંગ પર ટાંટિયા લંબાવીને અમે કલાકો સુધી નાના પડદા સામે તાકી રહેતા.

પણ એક દિવસ માએ અમારી દુનિયા ધરમૂળથી હંમેશાં માટે બદલી નાખી. તેણે ટી. વી. બંધ કરી દીધું. આ આખી વાત પરીક્ષાના મારા પરિણામને કારણે આવી પડી.

અમારી મા સોન્યા ત્રાણ ચોપડી જ ભણેલી હતી. પણ એ દિવસોમાં અમારી જાણમાં એના જેટલી હોશિયાર અને ચબરાક બીજી કોઈ વ્યક્તિ ન હતી. પરાં વિસ્તારમાં ઘરોમાં સાફસફાઈનું કામ કરતાં

કરતાં તેણે એક વસ્તુની પાકી નોંધ લીધી હતી—પુસ્તકોની. એટલે એક દિવસે ઘરે આવ્યા પછી તેણે ટી.વી. ફટાક કરતું બંધ કરી દીધું, અમને પાસે બેસાડયા અને સમજાવ્યું કે એના દીકરાઓએ જિંદગીમાં કંઈક બની બતાવવાનું છે. તેણે પાછું એમ પણ કહ્યું: "તમારે દર અઠવાડિયે બે પુસ્તકો વાંચવાનાં, અને તમે જે વાંચ્યું એ વિશે મને નિબંધ લખી બતાવવાનો."

અમે કકળાટ કરતાં તેને કહ્યું કે એની વાત બરાબર નથી, બધાં જ બાળકો તો ટેલિવિઝન જુએ છે. પણ અમારું કંઈ ચાલ્યું નહીં, એટલે અમે વિચાર્યું કે મા તો આ વાત બે-ત્રાણ દિવસમાં ભૂલી જશે. વળી, વાંચવા માટે અમારા ઘરમાં માના 'બાઇબલ' સિવાય કોઈ પુસ્તક હતું પણ નહીં.

ઘરમાં ભલે પુસ્તકો ન હોય, જ્યાં પુસ્તકો હોય ત્યાં આપણે જઈશું, એમ માએ અમને કહ્યું. એણે જાહેર કર્યું: "હું તમને લાઇબ્રેરીમાં લઈ જઈશ." ટૂંક સમયમાં જ ચિડાયેલા અને મોં ચડાવેલા બે છોકરાઓને લઈને માની મોટર ડેટ્રૉઇટ પબ્લિક લાઇબ્રેરી ભણી ઊપડી. ત્યાં જઈને હું કચવાતે મને બાળકોના વિભાગમાં ફરવા લાગ્યો. પ્રાણીઓ મને ગમતાં, એટલે પ્રાણી વિશે હોય તેવાં લાગતાં પુસ્તકોનાં પાનાં હું ફેરવવા લાગ્યો.

મેં બરાબર વાંચીને પૂરું કરેલું પહેલું પુસ્તક એટલે 'ચીપ દ્ ડૅમ બિલ્ડર'. એ પુસ્તક બીવ્હર પ્રાણી અને તે કેવી રીતે પુરતા બાંધે છે તેના વિશે હતું. જિંદગીમાં પહેલી જ વાર હું એક બીજી દુનિયામાં ખોવાઈ ગયો. આ શબ્દપ્રવાસ મને શીતળ ઝરણાં અને તેમાં ઘર બાંધતાં બીવ્હરની એક દૂરસુદૂરની દુનિયામાં લઈ ગયો. ટેલિવિઝન પરની કોઈ શ્રેણીએ મને આવી દુનિયામાં પહોંચાડયો ન હતો.

થોડાક દિવસ પછી તો મારી નવી દુનિયાના આ નીરવ અભયારણ્યમાં ફરીથી ક્યારે ફરવા મળે તેની હું રાહ જોવા લાગ્યો. મને ડાયનોસોર્સની ભાળ મળી. સરિસૃપ અને સસ્તન પ્રાણીઓ વચ્ચેનો તફાવત મને સમજાયો. તદુપરાંત ખૂબ મહત્ત્વની એ વાત પણ સમજાઈ

કે મને વાંચવામાં મજા આવે છે, એટલું જ નહીં પણ હું વધુ માહિતી વધારે ઝડપથી ગ્રહણ કરી શકું છું. છાપેલા શબ્દ દ્વારા થતી માહિતી ગ્રહણની આ પ્રક્રિયા ટેલિવિઝન પરના અવાજ કે ચિત્રા દ્વારા થતી ગ્રહણપ્રક્રિયા કરતાં વધુ ઝડપી છે.

પ્રાણીઓ વિશેનાં પુસ્તકો તરફથી હું ઝાડછોડ વિશેનાં પુસ્તકો તરફ વળ્યો. લાઇબ્રેરીમાં વનસ્પતિ વિશેનાં જેટલાં પુસ્તકો મળ્યાં તેટલાં બધાં મેં વાંચી નાખ્યાં. પછી મને ખડકોમાં રસ પડયો. રેલગાડીના પાટે પાટે રખડીને હું ખોખું ભરીને પથ્થરો ભેગા કરતો, અને તે ખોખાંને ખેંચીને ઘરે લાવતો. પછી ભૂસ્તરશાસ્ત્રાનાં પુસ્તકોની મદદથી હું તે પથ્થરોને ઓળખવા પ્રયત્ન કરતો.

એ બધાં પુસ્તકોનાં બે પૂઠાં વચ્ચે જાણે આખાં ને આખાં વિશ્વો હતાં અને હું તેમાં મુક્તપણે વિહરી શકતો. આ બધા દરમિયાન એક મજાની વાત બની—શાળામાં જે કંઈ શીખવવામાં આવતું તેમાં મને સમજ પડવા લાગી. આ બાબત મારા શિક્ષકોના પણ ધ્યાનમાં આવી. હવે તો એવું થયું હતું કે છેક ઘરે પહોંચીને પુસ્તકો વાંચું તેટલી મારી ધીરજ રહેતી નહીં. મા પોતાનું કામ પૂરું કરીને પછી મને અને કર્ટિસને મોટરમાં બેસાડીને લાઇબ્રેરી લઈ જાય તેટલો સમય પણ અમારાથી રહેવાતું નહીં. એટલે અમે અમારી રીતે શૉર્ટ-કટ શોધ્યો. અમે રેલગાડીના પાટેપાટે લાઇબ્રેરી તરફ ચાલતા થતા. ક્યારેક ધીમે ધીમે ચાલતી ગાડીમાં રસ્તા વચ્ચેથી જ ચડી જતા. ગાડી લાઇબ્રેરીના વિસ્તારમાં પહોંચે એટલે અમે તેમાંથી કૂદી પડતા. પછી ત્યાં આવતી એક ટેકરી ઊતરીને પુસ્તકસ્થાનકે પહોંચી જતા.

પછી ટેલિવિઝન પરની બંધી બાબતે મા સહેજ કૂણી પડી. દર અઠવાડિયે થોડા કલાક માટે અમને ટી.વી. જોવા મળતું. પણ હવે ટી.વી. એ અમારી દુનિયા ન હતી. એ તો માત્રા કો’ક વારની મજા હતી.

આજે કર્ટિસ એન્જિનિયર છે અને હું બાળકોની એક હૉસ્પિટલમાં મગજની શસ્ત્રાક્રિયા માટેનો વડો સર્જન છું. ક્યારેક હું મારા જીવનપ્રવાસનો વિચાર કરું છું. નાપાસ થતા અને નફિકરા છોકરાથી

માંડીને શિષ્યવૃત્તિ પર યુનિવર્સીટીમાં તબીબી અભ્યાસ પૂરો કરીને, આજે અઘરી શસ્ત્રાક્રિયાઓ શીખવવા અને કરવા માટે દુનિયાભરમાં ફરનારા નિષ્ણાત તરીકેનો આ પ્રવાસ ક્યારેક મને માનવામાં ન આવે એવી વાત લાગે છે. પણ આ પ્રવાસ ક્યારે શરૂ થયો તે મને બરાબર ખબર છે—એ શરૂ થયો મારી માએ ટેલિવિઝન બંધ કરીને અમને લાઇબ્રેરીમાં લઈ જવા માટે મોટરમાં બેસાડયા તે ઘડીથી.

(અનુ. સંજય શ્રી. ભાવે)

# બોરિસ પાસ્તરનાક

## ખ્યાતિ

*વિખ્યાત થવું એ નથી કોઈ શોભનીય ઘટના,*
*નહીં બનાવે એ આપણને ગૌરવાન્વિત.*
*નિરર્થક છે સંગ્રહસ્થાન રચવાં*
*અને તૂત છે કીર્તિગાથાઓ રચવાની પ્રવૃત્તિ.*

*સર્જકતાને જોઈતી નથી બુલંદ અને સસ્તી લોકપ્રિયતા,*
*એ તો માગે છે સ્વાર્પણ.*
*ને લ્યાનત હજો એ અજ્ઞાની અપકૃત્ય કરનારા પર*
*ગાવા દે છે જે બીજાઓને તેનાં પોતાનાં ગુણગાન....*
*તેથી અજ્ઞાતની ગર્તામાં ડુબાડી દો જાતને.*
*કશું ન સૂઝે એવા ધુમ્મસમાં*
*ઓગળી જાય છે જેમ ભૂમિ,*
*તેમ છુપાવી દો સગડ તમારા ચીલાના.*

*તમારા એક એક પગલાનું પગેરું શોધીને*
*તમારા જીવંત માર્ગે પાછળ પડશે બીજાઓ;*
*પણ દેખાડશો ના ભેદ*
*તમારા વિજય કે પરાજયના.*
*અને ન વળશો પાછા જરાય*
*કે ન ડૂકશો તેમનો સામનો કરવામાં;*
*પણ રહેજો જીવંત તમારે ભાગે આવેલા જીવન સુધી,*
*રહેજો જીવંત અંત ન આવે ત્યાં સુધી.*

અનુ. મહેશ દવે
['કવિતા' બે-માસિક: ૨૦૦૪]

# ભગવતીકુમાર શર્મા

## અભાવો વચ્ચે જીવવાની ખુમારી

આજે આપણે જે સ્થિતિમાં છીએ, તેની સરખામણીમાં અને ભૌતિક અર્થમાં આપણા વડવાઓ ‘સુખી’ નહોતા.

ગરીબી ત્યારે વધારે દારૂણ હતી, અસમાનતા વધારે વ્યાપક અને આકરી હતી. સમાજનો એક મોટો વર્ગ ગુલામ જેવું જીવન જીવતો હતો. સાધન-સુવિધાઓને નામે, આજની તુલનામાં, મીંડું હતું. સ્ત્રીઓ-બાળકોનાં મૃત્યુ-અપમૃત્યુનો દર ઘણો ઊંચો રહેતો. વહેમ-અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય છવાયેલું હતું. જીવન નર્યું પરિશ્રમી હતું. અભાવ એ જ જાણે જિંદગીનો પર્યાય હતો.

આ સર્વની સરખામણીમાં આજે આપણામાંના કેટલાક ન:શંક રાહતભર્યું જીવન જીવીએ છીએ. પણ સાધનસમૃદ્ધિની છોળો વચ્ચેય આપણે સાચૂકલા સુખ અને નરવા સંતોષની અનુભૂતિ કેમ નથી કરી શકતા? આ સ્થિતિનું મૂળ આપણે અપનાવેલી કૃત્રામ જીવનશૈલીમાં રહેલું છે. આપણે રેઢિયાળ, ધ્યેયહીન જીવન વેંઢારી રહ્યા છીએ. નદીઓને આપણે અત્યાધિક પ્રદૂષિત કરી મૂકી છે. પ્રકૃતિ સાથેના આપણા સંબંધનો છેલ્લો તંતુ પણ કદાચ હવે તૂટી ગયો છે.

આની તુલનામાં આપણા વડવાઓ ઘણું પ્રકૃતિપરાયણ જીવન જીવતા હતા. નિસર્ગ સાથેનો તેઓનો પ્રત્યક્ષ સંપર્ક અને ભાવાનુબંધ, બંને ઘણા સઘન હતા. બીજી ઘણી રીતે ભૂંડા-ભખ્ખ જેવા તેઓના જીવતરમાં પ્રકૃતિ સાથેનો આ અબાધિત સંવાદ જ જીવવાનું મુખ્ય બળ પૂરું પાડતો હતો. તેઓના જીવનમાં અભાવો તો પારાવાર હતા; પણ એ અભાવો તેની પ્રત્યેની અભાનતાને કારણે તેઓને ખટકતા નહોતા. અને બીજું, કુદરત સાથેના તાદાત્મ્ય દ્વારા તેઓ એ અભાવોને પણ ખુમારીથી જીરવી લેવાનું બળ પ્રાપ્ત કરી શકતા હતા.

જીવનના ખરા સુખ, સંતોષ અને આનંદનો આ મૂળ સ્રોત જ આપણે ઘણે બધે અંશે ગુમાવી બેઠા છીએ. કુદરત અને આપણી વચ્ચે હવે હજારો ગાઉનાં છેટાં પડતાં જાય છે. ચોતરફ ફેલાઈ રહેલાં સર્વદેશીય પ્રદૂષણો પરત્વે આપણે આંખ—કાન-મન-હૃદયનાં બારીબારણાં બંધ કરતા જઈએ છીએ.

*

ધ્રુવ ભટ્ટનું પુસ્તક ‘સમુદ્રાન્તિકે’ વાંચતાં મારા આ વિચારોને સમર્થન મળ્યું છે. ‘સમુદ્રાન્તિકે’ ગુજરાતી ભાષાનું કદાચ સૌપ્રથમ સર્જકીય પર્યાવરણવાદી પુસ્તક છે. મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેના સંવાદનો પ્રગલ્ભ રીતે મહિમા કરતું પણ એ સંભવતઃ પ્રથમ સર્જનાત્મક પુસ્તક છે. દક્ષિણે ઉંબરગામથી છેક કચ્છ સુધી વિસ્તરેલી દરિયાને અડોઅડ ભૂમિપટ્ટી એ આપણી પ્રાદેશિક વિશિષ્ટતા છે. ત્યાં વસતાં માનવીઓનું નિસર્ગ સાથેનું તાદાત્મ્ય, તેમાંથી પ્રગટતી નિરામયતા અને તેની સામે નગરજીવનની કૃતકતા—આ બધું લેખકે કૌશલથી ઊપસાવ્યું છે. વળી ઉદ્યોગીકરણની આંધળી દોડ આવા નિસર્ગ-સમર્પિત વિસ્તારોને પણ કેવા ભરખી જઈ શકે તેમ છે, એના સંકેતો પણ લેખકે આપ્યા છે. કુંવારું પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા આવા વિસ્તારોમાં વિષવમન કરતાં ઔદ્યોગિક સંકુલો સ્થપાતાં જાય છે, તેથી એ સૌન્દર્ય તો જોખમાશે જ; તે સાથે ત્યાં વસતા લોકોની અત્યાર સુધીની કુદરતપરાયણ જીવનશૈલીમાં પણ શહેરી કૃતકતા પ્રવેશશે, જે તેમની નિરામયતા અને ખુમારીનો પહેલો ભોગ લેશે.

## શ્રેષ્ઠ મિત્ર

*મા મારી… શ્રેષ્ઠ મિત્રા….*
*બીજી મિત્રાતાઓમાં*
*કદીક સ્વાર્થનું નહિ તો અપેક્ષાનું,*

*વાળ જેવું બારીક*
*પણ એકાદ કણ તો આવી જાય;*
*પછી ઘસરકો, ઉઝરડો, તિરાડ....*

*માને તો આકાશ જેટલું ચાહી શકાય,*
*દેવમૂર્તિની જેમ પૂજી શકાય.*
*પણ એ એવું કશું માગે—ઇચ્છે—વિચારેય નહિ!*
*એટલે જ દોસ્તની જેમ*
*એને ખભે કે ખોળામાં માથું મૂકી શકાય,*
*ઝઘડી યે શકાય.*

*આપણા હોઠો પરની દૂધિયા ગંધ*
*એની છાતીમાં અકબંધ.*
*એના ખોળામાંની*
*આપણા પેશાબની દુર્ગંધ*
*એ સાથે લઈને જ જાય*
*ભગવાનની પાસે—*
*અને સ્વયં ભગવાન સુગંધ સુગંધ!*
*(ભગવાનની યે મા તો હશે જ ને?)*

## જાહેરમાં ગુજારાતા અત્યાચાર

છેલ્લાં ચાળીસેક વર્ષમાં અનેકાનેક કાર્યક્રમોમાં હાજરી આપવાનું બન્યું છે. શ્રોતા તરીકે, રિપોર્ટર તરીકે, વક્તા તરીકે, પ્રમુખ-અતિથિવિશેષ તરીકે. આમાંના બહુ જ થોડા કાર્યક્રમો વિશે સુખદ અનુભવો થયા છે. કેટલાક કાર્યક્રમોના આયોજન સાથે તો સંકળાવાનું પણ બન્યું છે. એવા કાર્યક્રમોના આયોજન-પાસાથી પણ કાંઈ ઝાઝો સંતોષ થયો નથી. સમારંભોનું પ્રમાણ સર્વત્ર ધોધમાર રીતે વધતું જ જાય છે. કેમ કે વસતિ વધી છે, સંસ્થાઓ વધી છે, તેઓની ઉપરછલ્લી તો ઉપરછલ્લી પણ

પ્રવૃત્તિઓ વધી છે, કીર્તિવાંચ્છુઓ વધ્યા છે, પ્રસિદ્ધિની તકો વધી છે. પરંતુ સમારંભોમાં આયોજનો પરત્વેનું રેઢિયાળપણું ઘટતું નથી વધતું જ જાય છે. આને પરિણામે મોટા ભાગના કાર્યક્રમો મનહૃદયમાં મધુર સ્વાદ મૂકી જનારા નીવડતા નથી.

પહેલી વાત એ કે બહુ થોડા સભાસમારંભો સમયસર શરૂ અને સમયસર પૂરાં થાય છે. મારા જેવા થોડાક માણસો નિયત સમય કરતાં પા-અડધો કલાક વહેલા પહોંચી જાય, પણ ભોંઠા પડે. કાં તો આયોજકો જ ન હોય અને શ્રોતાઓ હોય તો ગણ્યાંગાંઠયા. જાહેર થયેલા સમય કરતાં અડધો કલાક મોડો પણ જ્યારે કાર્યક્રમ શરૂ થવાના ચાળા ન વર્તાય, ત્યારે કોઈ આયોજક ગરીબડું મોઢું કરી આપણી સમક્ષ કહે: “હેં…હેં…હેં…! શું થાય? આ તો ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ છે!”

ઓ.કે.! વક્તા કે પ્રમુખ-બ્રમુખ તરીકે જવાનું હોય, કાર લઈને આયોજકો ઘરે અમુક સમયે આવશે તેમ નક્કી થયું હોય, એટલે આપણે બિફોર ટાઇમ કપડાં—બપડાં બદલી તૈયાર થઈ બારીએ ડોકાયા કરીએ. કાર કોઈક વાર સમયસર આવે, પણ ઘણુંખરું મોડી જ આવે. એ જ બચાવ: “શું કરીએ? ખાલીખમ હૉલમાં આપને લઈ જઈએ તે કાંઈ ઠીક લાગે?” કદીક કાર કલાક વહેલી પણ આવી ચઢે! કારણ? “ફલાણાભાઈ અને ફલાણાભાઈને પિકઅપ કરવાના છે ને રસ્તામાં તમારું ઘર પહેલું આવે એટલે પહેલા તમને જ પિકઅપ કરી લઈએ અને પછી…!” એટલે આપણે લૂસ લૂસ કરતા બે કોળિયા જમી, ઝટ ઝટ કપડાં બદલી કારમાં ખડકાઈએ અને નગરપરિક્રમાનો આનંદ મફતમાં માણીએ!

સભાસ્થળે પહોંચી મંચ પર ગોઠવાઈએ, એટલે કોઈક સ્માર્ટ કાર્યકર પ્રસન્ન વદન રાખી આપણા હાથમાં કાર્યક્રમના એજન્ડાનું કાગળિયું પકડાવી જાય! હવે તો એવું કાગળિયું હાથમાં લેતાં અને તેમાંની વિગતો વાંચવી શરૂ કરતાં હું રીતસર ધ્રુજારી અનુભવું છું! કાર્યસૂચિની આઇટેમો પંદર-વીસ-પચીસથી ઓછી હોય તો તે સાંજ કે રાત પૂરતી આપણી જાતને પરમ ભાગ્યશાળી જ માનવી પડે! પ્રાર્થના

તો હોય જ! પછી સ્વાગત-ગીત! સ્વાગત-પ્રવચન! શ્રી કોમ્પિઅર કે માસ્ટર ઑફ ધ સેરિમની કહેશે: “શબ્દોમાં સ્વાગત બાદ હવે પુષ્પોથી સ્વાગત…!”

ભલે ભાઈ! પણ હવે એમાં નવી તરકીબ ઉમેરાઈ છે: ધારો કે મંચ પરના પાંચ ‘મહાનુભાવો’ને પુષ્પાર્પણ કરવાનાં છે, તો એક વ્યક્તિ ફટાફટ તેઓને પુષ્પગુચ્છ આપી દે તેને જૂનવાણી રીતરસમ લેખવામાં આવે છે! તેને બદલે, “પ્રમુખશ્રી માનનીય અમથાલાલને સંસ્થાના પ્રમુખશ્રી જેઠાભાઈ, અતિથિવિશેષ શ્રી મફતલાલને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી કચરાભાઈ, બીજા અતિથિવિશેષ શ્રી પૂંજાભાઈને સંસ્થાનાં મંત્રી શ્રીમતી જડાવગૌરી, ઉદ્‌ઘાટક શ્રી ઉઠાભાઈને સંસ્થાનાં સહમંત્રી કુમારી શ્લેષ્માબહેન પુષ્પગુચ્છ અર્પણ કરી પોતાના આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરશે અને મહાનુભાવોને સ્નેહની સુગંધથી તરબતર કરશે,” તેવી સુમધુર ઘોષણા પ્રવક્તાશ્રી એકાદ શેર ફટકારવાની સાથે કરશે. જેમ કે: “ફૂલોની મહેક આપના સ્વાગતમાં છે હજુ, સૌરભથી બાગબાગ રહો એ જ આરઝુ…!” ઇત્યાદિ… ઇત્યાદિ…!

અને હવે ‘ડાયસ પર બેઠેલા મહાનુભાવોનો પ્રેરક પરિચય….!’ એમાં પણ એ જ આયોજન: અમથાલાલનો પરિચય માખણલાલ, જેઠાભાઈનો પરિચય શકરાભાઈ, ફોગટલાલનો પરિચય દિવાળીબહેન, જમરૂખભાઈનો પરિચય ગુવારશિંગબહેન… ઍન્ડ સો ઓન! દરેક પરિચાયક આટલું તો અવશ્ય કહેશે: “શ્રીમાન ફોગટલાલને આ શહેરમાં કોણ નથી ઓળખતું? એમનો પરિચય આપવો તે સૂરજને આરસી બતાવવા જેવું છે, છતાં મારે માથે આવેલી ફરજ બજાવતાં હું (ફરીથી એ જ) આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું! ફોગટલાલનો જન્મ ઈ.સ. ૧૯૨૦ની ૧લી એપ્રિલે જામખંભાળિયામાં…!”

આખા સમારંભમાં ‘આ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું’ એવા ઉલ્લેખો તમને એટલી બધી વાર સાંભળવા મળે કે શબ્દકોશમાંથી એ બે શબ્દોને તડીપાર કરવાનું ખુન્નસ ચઢી આવે! પણ તમે લાચાર છો… અને તમારી લાચારી વધતી જ જવાની છે સમારંભની પૂર્ણાહુતિ

સુધી!

પછી આવે મંગળ દીપના પ્રજ્વલનનો મંગળવિધિ! છેલ્લી ક્ષણે દીવાસળીની પેટી જ ખોવાઈ જાય! મીણબત્તીની ગોઠવણ કરવાનું પેલા ચંપકને અગાઉથી કહી રાખ્યું હોય, પણ એના કોઈ કામમાં ક્યારે ભલીવાર હોય જ છે? સીલિંગ ફેન બંધ કરવો પડે, નહિતર માંડ પ્રગટેલો દીપ બુઝાઈ જાય! અને મોતિયાવાળી આંખો ધરાવતા (મારા જેવો સ્તો!) દીપ પ્રજ્વલનકારને મદદ કરવી પડે, નહીંતર તે બાજુમાં ફોટો પડાવવા માટે સસ્મિત વદને ઊભેલા કોઈ ‘મહાનુભાવ’ની કફનીની બાંયનું પ્રજ્વલન કરી બેસે!

ચાલો, એય પત્યું! હવે શું? જુઓ એજન્ડા: ‘પ્રાસંગિક પ્રવચનો!’ કેટલાં છે? ઓછામાં ઓછાં ત્રાણ તો ખરાં જ! પાંચ, સાત કે નવ પણ હોઈ શકે! દરેક વક્તાને પાંચ મિનિટ ચુસ્તપણે ફાળવાઈ હોય, પણ તે ‘મંચ પરના મહાનુભાવો’નાં નામ અને પદવીના ઉલ્લેખો સહિતનાં સંબોધનો કરવામાં જ પહેલી બે મિનિટ ખાઈ જાય! બાકીની ત્રાણ મિનિટમાં શું બોલવું ને શું ન બોલવું? કોઈક ત્યાગમૂર્તિ સમાન વક્તા શહીદીના જુસ્સામાં આવીને કટુતાપૂર્વક એવી પણ ઘોષણા કરી નાખે: “મારે ફાળે આવેલી પાંચ મિનિટનું સમયદાન હું મારા પછીના વક્તાને કરું છું!” અને થાકેલા-હારેલા-બગાસાં ખાતા-ઊંઘરેટા શ્રોતાઓ તેને તાળીઓથી વધાવે!

અને હવે સમારંભનો મુખ્ય ભાગ ધીરેધીરે શરૂ થાય: પુસ્તકનું વિમોચન હોય યા કોઈ મહાનુભાવનું કે કોઈ ‘સપૂત’નું સન્માન હોય! ત્યાં સુધીમાં સમારંભના ઘોષિત સમય પછીના બે’ક કલાક તો વીતવા આવ્યા હોય! પેલા માસ્ટર ઑફ ધ સેરિમની શેરો-શાયરી અને ‘જોક્સ’ની રમઝટની વચ્ચે વચ્ચે એવી મંગલ વધામણી આપ્યા જ કરતા હોય: “સજ્જનો અને સન્નારીઓ, હજી તો આપણે પ્રમુખ શ્રી કોદરલાલ, અતિથિવિશેષ શ્રી કરોડીમલ, મુખ્ય અતિથિ શ્રી મુલેકચંદ અને વ્યક્તિવિશેષ શ્રીમતી મોંઘીબહેનનાં અદ્ભુત વક્તવ્યો સાંભળવાનાં છે!” જ્યારે કોદરલાલ કે મુલેકચંદ પોતાનું ‘અદ્ભુત’ વક્તવ્ય આપવા

માઇકની નિકટ પ્રસ્થાન કરે ત્યારે અડધું શ્રોતાવૃંદ કા તો નસકોરાં-વિવાદ કરતું હોય, કાં ગુસ્સામાં કે પેટમાં લાગેલી ભૂખને કારણે દાંત કચકચાવતું હોય અને બાળકો પોપકોર્ન કે વેફરનાં કચરકચર ધ્વનિઆંદોલનો સર્જતાં હોય! મહિલા શ્રોતાઓની પારસ્પરિક સાડીચર્ચા પણ ખૂટી પડી હોય.

મને લાગે છે કે મારી વાતને હવે અહીં જ અટકાવું, નહીં તો આ લેખ પણ આપણા મોટા ભાગના સમારંભો જેવો રેઢિયાળ, લઘરવઘરિયો, કોઈ મોટી ટ્રેજેડી જેવો બની જવાનો ભય રહેશે!

આપણા કાર્યક્રમ-આયોજકો, વક્તાઓ, ‘મંચ પરના મહાનુભાવો’ અર્થાત્ પ્રમુખો, અતિથિવિશેષો, ઉદ્ઘાટકશ્રીઓ, માસ્ટર ઑફ સેરિમનીઓ, શ્રોતાઓ વગેરે સૌને નિયત સમયે શરૂ થતા, શોર્ટ ઍન્ડ સ્વીટ, બિઝનેસલાઇક સમારંભો કેમ યોજવા તેના અભ્યાસક્રમો શરૂ કરવાની તાતી આવશ્યકતા પેદા થઈ ચૂકી છે. શ્રોતાઓ સમયસર હૉલમાં આવે, સમારંભની ઔપચારિકતાઓ ઓછામાં ઓછી અને ટૂંકી હોય, વક્તવ્યો ઓછાં અને મુદ્દાસરનાં હોય, આભારવિધિઓ-સોરી, વોટ ઑફ થેન્કસ—ન જ હોય, પુષ્પગુચ્છ-અર્પણ પણ ટાળી શકાય, સ્મૃતિભેટ-અર્પણ ખાનગીમાં પતાવી દઈ શકાય, પરિચયવિધિ ન જ હોય અને હોય તે બે’ક મિનિટમાં પતવો જોઈએ, માસ્ટર ઑફ સેરિમની બધા વક્તાઓએ ખાધેલા કુલ સમય કરતાં બેવડો સમય ખાઈ જાય નહીં તેની કડક તકેદારી રખાય, તો આપણા સમારંભો સહ્ય અને સ્વીકાર્ય બની શકે. બાકી અત્યારે તો જે ચાલી રહ્યું છે તે આયોજકો, વક્તાઓ, શ્રોતાઓનાં સમય-શક્તિ-સાધનોના દુર્વ્યય જેવું અને તેથી લગભગ સાર્વજનિક અત્યાચાર સમાન બની ચૂક્યું છે.

[‘હૃદયસરસાં’ પુસ્તક]

# ફૂલો સાથે વાત કરવાનો સમય

કવિવર ઉમાશંકર જોશીએ લખ્યું: "પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહિ."

મારી સ્થિતિ જુદી છે: મારે પુષ્પોના સંપર્કમાં આવવાનું બહુ બન્યું જ નથી.

હા, એક દૃશ્ય મને હંમેશ ગમ્યું અને વારંવાર હું એને મારા કલ્પના-ફલક પર સાકાર કરવા મથું છું—અને તે છે ફૂલોનો હાર બનાવતી તરુણી. તમે ક્યારેક જોજો: પાસે પુષ્પોની ઢગલી પડેલી હોય. તરુણીના હાથમાં સૂતરનો દોરો અને નાનકડો સોયો હોય. તે આપણી સામે જોતી જાય, મીઠું મીઠું હસતી જાય, ક્યારેક કોઈક ગીત પણ ગણગણી લે, દેવઘર તરફ દૃષ્ટિ પણ કરી લે, અને ટપોટપ, ચપોચપ ફૂલોને સોયા વડે દોરામાં પરોવતી જાય, અને એમ હાર ગૂંથાતો રહે. એની આંખોના ઝડપી પલકારા અને એની આંગળીનાં ટેરવાંની ચપળતા જાણે પરસ્પરની સ્પર્ધામાં ઊતરેલાં લાગે! સોયો મૃદુ પુષ્પોને તો વીંધે જ, ક્યારેક અસાવધ ક્ષણે તરુણીનાં ટેરવાંનેય ટોચી જાય અને આપણા કાન જો સરવા હોય તો આપણે તેનો આછો સિસકારો પણ સાંભળી શકીએ, અને આ બધું ભાવિની કોઈ પીડાપૂર્ણ છતાં મધુર અનુભૂતિ-ક્ષણના આગોતરા સંકેત જેવુંય લાગી શકે! અને ત્યારે આપણને પ્રશ્ન એ થાય કે જે સુગંધ ફેલાય છે તે શેની છે—ફૂલોની કે અનાઘ્રાત પુષ્પ જેવી તરુણીનાં તન-મનની?

*

આ ક્ષણે અચાનક મને તનમનિયાનાં ફૂલોની નાનકડી સૃષ્ટિ પણ સાંભરે છે. તનમનિયાં, બારમાસી, કૌરવ-પાંડવ, રાતરાણી, સૂર્યમુખી, જાસૂદ, ચંપો, મોગરો ઇત્યાદિ પુષ્પનામો પાડનાર કવિહૃદયને પ્રણામ કર્યા વિના કેમ રહેવાય?

પરંતુ મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે જીવનભર ફૂલો અને સુગંધોના પ્રત્યક્ષ સંપર્કથી એકંદરે વેગળા રહેલા મારા અસ્તિત્વમાં કશીક

અવ્યાખ્યેય, અઘ્રાણ્ય સુગંધની છાલક ક્યાંથી વીંઝાતી રહેતી હશે? મારાં કાવ્યો અને નવલકથાઓના પરિચ્છેદો અને લલિત નિબંધોમાં ન જાણે ક્યાંથી, શી રીતે સુગંધ અને તેના સમાનાર્થી શબ્દો જાઈ-જૂઈનાં ઝૂમખાંની જેમ ડોકાઈ જતાં વરતાશે. ફૂલો અને ખુશ્બોથી સરવાળે ઊફરો રહેલો હું મનના કોઈક અગોચર ખૂણે તેને જ ઝંખતો હોઈશ, તેની ઓળખ તો મારી શબ્દડાળીઓએ જ મને કરાવી. તેના પર સુગંધ—ઝુરાપાનાં ફૂલ ન ફૂટયાં હોત, તો હું એ ઓળખથી વંચિત જ રહ્યો હોત.

*

ફૂલમાંથી ન ઉદ્ભવી હોય તેવી સુગંધનું પણ આ વિશ્વમાં પ્રવર્તન છે જ. કોઈકના અઢળક પ્રેમની સુગંધની તુલના કયા પુષ્પની મહેક સાથે કરી શકાશે? કોઈક ઊજળું હસે છે ને ખંડમાં ફૂલોનો ઢગલો થાય છે અને ઓરડો આખો મઘમઘી ઊઠે છે. કોઈક બોલે છે અને સુગંધિત શબ્દ-કુસુમો ઝરતાં લાગે છે. કોઈકના સદ્ગુણોની સુવાસ, જ્ઞાનનો પરિમલ, સત્કર્મોની સુરભિ, સુંદર કૃતિમાંથી ઝરતી ખુશબો. કદીક કોઈ ગીત મહેકતું અનુભવાય છે. ક્યારેક કોઈના હોઠનો ઝીણો કંપ, આંખની ચમક, અંગુલિની મુદ્રા કે સ્મિતની બંકિમા આપણા મનમાં ફોરમનો ઉત્સવ રચી આપે છે—અને ત્યારે પ્રત્યક્ષ ફૂલો સાથે વાત કરવાનો સમય ન મળવાનો કવિસહજ વસવસો ઓસરતો અનુભવાય. આમ જુઓ તો ફૂલો ક્યાં નથી અને તેઓની સંગતમાં શ્વસવાનો સમય પણ ક્યાં નથી?

# મોંઘવારીનાં મૂળિયાં

વિનોદ ભટ્ટે લખ્યું છે કે તેમના માતામહ પંદર રૂપિયાના પેન્શનમાં છ જણાંના આખા કુટુંબનો જીવનનિર્વાહ કરી શકતા હતા. હા, જૂના જમાનામાં સોંઘવારી એટલી હતી કે ઘરનો મોભી પંદર રૂપિયામાં બહોળા કુટુંબનું ગુજરાન ચલાવી શકતો હતો. સાથોસાથ ત્યારના લોકોમાં ત્રોવડ

પણ એવી હતી કે સાવ નજીવી આવકમાં પણ કુટુંબનો નિર્વાહ કરી શકતા હતા. તેના મૂળમાં સાદગી, કરકસર, ઓછામાં ઓછી જરૂરતો, કશા પણ વગર ચલાવી લેવાની તત્પરતા—આ બધું હતું.

આજે દારૂણ મોંઘવારી છે અને વળી આ પ્રકારની જીવનશૈલીના ફુરચા ઊડી ગયા છે, એટલે મોંઘવારીનો માર આપણને બેવડો-ત્રેવડો લાગે છે. આ સ્થિતિ દૂર કરવાના, તેને હળવી પણ બનાવવાના ઉપાયો કરવાનું આપણે ટાળતા રહીએ છીએ.

મોંઘવારીનો સામનો કરવા માટે, ભાવો ઘટે એ માટે, પ્રજાકીય કે વૈયક્તિક સ્તરે આપણે કયું પગલું ભર્યું? શું આપણે આપણી જરૂરતો જરાય ઘટાડી? પેટ્રોલના ભાવ વધે છે તેની બૂમો આપણે પાડીએ છીએ. પણ પેટ્રોલ-પંપો પરની કતારોમાં કાપ મુકાયો? કોઈ જુવાને સ્કૂટરનાં ચક્કરો ઓછાં કર્યાં?

સાદાઈ, કરકસર, શક્ય હોય તેના વગર ચલાવી લેવાની ત્રેવડ—આ બધાં આપણી અગાઉની જીવનપદ્ધતિના પાયાને આપણે ઊંચા જીવનધોરણના છાકમાં આવીને વિસારે પાડ્યા. તેની સજા સનાતન મોંઘવારીની જનમટીપના રૂપમાં આપણે ભોગવી રહ્યા છીએ.

મૂળ વાત એ છે કે ત્યાગ, તપશ્ચર્યા, સાધના, પરિશ્રમ—આ બધા જીવનધર્મી ગુણો આપણે ઝડપભેર ગુમાવતા જઈએ છીએ.

['ગુજરાતમિત્ર' દૈનિક]

*આ છાંયડાના કસુંબાઓ ગટગટાવી લ્યો!*
*નગરનું વૃક્ષ છું, કોઈ પણ ક્ષણે વઢાઈ જઈશ.*

*અનુભવ છે દરિયાના તોફાનનો, પણ*
*આ રેતીમાં હોડી ખરાબે ચઢી છે.*

# સાર્થક્યનાં કંકુછાંટણાં

સ્વ. ઉમાશંકર જોશીએ, તેઓ વિદ્યમાન હતા ત્યારે જ, પોતાના સાહિત્ય-સંતાન સમા ‘સંસ્કૃતિ’નું પ્રકાશન બંધ કરી દીધું હતું. તે સમયે એ ઘટનાના ખાસ્સા પ્રત્યાઘાતો પડ્યા હતા. તેનો મુખ્ય સૂર વિષાદનો હતો. મહેન્દ્ર મેઘાણીએ તેમનું ‘મિલાપ’ બંધ કર્યું ત્યારેયે આવા પ્રત્યાઘાતો પડ્યા હતા; જોકે મહેન્દ્રભાઈ હજી અતિ વૃદ્ધ વયે પણ સદ્વાચનપ્રસારનું ઋષિકાર્ય કરી રહ્યા છે. આવી ગતિ બીજાં કેટલાંક સાહિત્ય-સામયિકોની પણ થઈ છે. કોને કોને સંભારીશું? યશવંત દોશીનું ‘ગ્રંથ’ અને મડિયાનું ‘રુચિ’ અને સુરેશ જોષીનું ‘ક્ષિતિજ’ તો ખરાં જ. થોડાંક નવાં પ્રગટ્યાં છે. જૂનાં કાળના ગર્ભમાં વિલીન થયાં છે. હવે તેમાં ‘કંકાવટી’ સાહિત્યસામયિકનો ક્રમ આવી રહ્યો છે. તેના વયોવૃદ્ધ તંત્રી-માલિક શ્રી રતિલાલ ‘અનિલ’ની નાદુરસ્ત તબિયતને કારણે ‘કંકાવટી’ને તેની લીલા સંકેલવાની ફરજ પડી છે.

અનેકાનેક પ્રતિકૂળતાઓ વચ્ચે શુદ્ધ સાહિત્યનું આ સામયિક નિતાન્ત વ્યક્તિગત સાહસ લેખે અડધી સદી સુધી ટક્યું અને પોતાના અસ્તિત્વને સાર્થક કરતું રહ્યું, એ ગુજરાતી સાહિત્યની એક વિરલ ઘટના છે. નહીંવત્ વિજ્ઞાપન, નહિ કોઈ સંસ્થા કે સંપત્તિવાનનો સાથ, ન પોતાનું કશું આર્થિક ગજું. માત્ર ફકીરી ધૂન. ‘કંકાવટી’ ઘણી રીતે રતિલાલ ‘અનિલ’નો ‘વન મૅન શો.’ ધોરણ વિશેના ઊંચા, અકાટ્ય આગ્રહો, સમાધાન કરવાનું વલણ જ નહિ, કોઈનું વાજિંત્ર બનવાની લેશમાત્ર વાત નહિ. અને તેમણે ‘કંકાવટી’ ચલાવ્યું-પૂરાં પચાસ વર્ષ

સુધી! એ જ નાનકડું કદ, એ જ સુઘડ મુદ્રણ, એ જ મર્યાદિત પાનાં, સાદગીનું એ જ શુચિસૌંદર્ય, સાહિત્યના નિકષ પર ચકાસાયેલી વાચનસામગ્રી અને સામયિક પર અથેતિ પથરાયેલી તેના તંત્રીની એ જ અમુખર મુદ્રા. અડધા સૈકામાં ‘કંકાવટી’ ન બદલાયું, ન તેણે પોતીકું નૂર બદલ્યું. તેના સંપાદનમાં ધ્રુવતારક સમાન લક્ષ્ય તો એક જ : ઊંચું, સાહિત્યિક સ્તર.

‘કંકાવટી’ મૂળ તો ‘અબીલગુલાલ’ની સાથે લોકપ્રિય સામયિકના સ્વરૂપમાં સુરતની પ્રકાશન સંસ્થા ‘સાહિત્યસંગમ’ના માલિક-લેખક નાનુભાઈ નાયકે પ્રસિદ્ધ કરેલું. પણ પછી ‘અનિલે’ તે લીધું અને તેનું વ્યક્તિત્વ આમૂલાગ્ર બદલી નાખ્યું. તેઓ દીર્ઘકાળ પર્યંત દૈનિક પત્રકારત્વ સાથે જીવનનિર્વાહ પૂરતા સંકળાયેલા રહ્યા, પણ તેમનું હૃદયદ્રવ્ય સાહિત્યિક પત્રકારત્વને વરેલું હતું, જે ‘પ્યારા બાપુ’ જેવા સામયિકમાં સુપેરે વ્યક્ત થયા પછી ‘કંકાવટી’માં સકળપણે ઢોળાયું.

વ્યક્તિની કે સામયિકની ચિરવિદાય અવસાદપ્રેરક જ હોય, પરંતુ વ્યક્તિ અને સામયિક પોતાના અસ્તિત્વની સાર્થકતાનાં થોડાંક કંકુછાંટણાં છાંટી જાય તો તે પર્યાપ્ત છે. ‘કંકાવટી’ એવા સદ્‌ભાગ્યને વર્યું હતું.

# ભગવાનદીન

## "તુમ્હારે ભગવાન ઝૂઠે હૈં!"

"પ્રેમલતાજી, આપકે ચેહરે પર તો હરદમ હંસી ખેલતી રહતી હૈ. આજ ઉદાસી ક્યોં?"

"બહન ભગવતીજી, ક્યા કહૂં? આજ મુઝસે ભારી ભૂલ હો ગઈ."

"ઐસી ક્યા ભૂલ હો ગઈ, જિસકી વજહસે ઈતની ઉદાસી?"

"વહ ભૂલ હુઈ હૈ ઈસ બચ્ચેકી વજહસે." અપને છોટે લડકેકી તરફ ઇશારા કરકે પ્રેમલતાજી બોલી.

"હૈં, ઈસ આઠ વરસકે પ્રહ્‌લાદને ઐસી ક્યા ભૂલ કર દી?"

"ભૂલ ક્યા કર દી—દેવતા પર ચઢાનેકે લિયે તસ્તરીમેં મિઠાઈ રખી થી, ઉસમેંસે એક ટુકડા બરફીકા ગાયબ; જબ ઇનસે પૂછા ગયા, તો ઇન્હોંને ઇનકાર કર દિયા!"

"ઘરમેં બચ્ચેં રોજ હી ઐસા કરતે હૈં, ઈસમેં ઉદાસ હોનેકી ક્યા બાત હૈ? બચ્ચેં કૌન દેવતાસે કમ હૈં?"

"બહનજી, મૈં ઈસ વજહસે થોડે હી ઉદાસ હૂં? યહ સારી કી સારી મિઠાઈ ખા જાતા, તો મૈં ભી યહી સમઝતી કિ વહ દેવતાકો પહુંચ ગઈ. ઈસકા મુઝે ગમ નહીં. ગમ તો મુઝે ઈસકા હૈ કિ ઈસને ઝૂઠ બોલ દિયા!"

"પ્રેમલતાજી, બચ્ચોંકે ઝૂઠ બોલને પર અગર યોં હી ઉદાસ હુઆ જાય, તો ચલ ચુકા દુનિયાકા કામ! કિસ ઘરમેં બચ્ચે ઝૂઠ નહીં બોલતે હૈં? ઔર ખાનેપીનેકે મામલેમેં ક્યા હમ-તુમને બચપનમેં ઐસા નહીં કિયા?"

"બહનજી, મુઝે અપના બચપન યાદ હૈ. ઈસીસે તો મૈં બચ્ચોંકો બહુત હી કમ ધમકાતી હૂં. મારતી-પીટતી તો કભી નહીં. ફિર ઈસને

તો ઐસા ઝૂઠ ભી નહીં બોલા, પીછે ઈસને કબૂલ ભી કર લિયા કિ ઈસીને મિઠાઈ લી થી.”

“તબ તો, બહનજી, આપને કમાલ હી કર દિયા. અબ ઉદાસ હોનેકી ક્યા બાત રહ ગઈ? સુબહકા ભૂલા શામકો ઘર આ જાતા હૈ, તો ભૂલા નહીં કહા જાતા. ઔર યહ તો તુરંત હી ઘર આ ગયા; ઈસકા ઈતના ક્ષોભ ક્યોં?”

“બહનજી, બાત ઐસી નહીં. હુઆ યહ કી જબ મિઠાઈ લેનેસે ઇન્કાર કર દિયા, તો ખાનેવાલી રહ ગઈ મેરી છોટી લડકી, ક્યોંકિ ઘરમેં ઉસ વક્ત દો હી બચ્ચેં થે, તીસરી થી મૈં. મૈંને ખા લી નહીં, લડકેને લી નહીં, તો ફિર લડકીને હી લી....”

“લડકીને લી, તો ક્યા હુઆ? ક્યા આસમાન ટૂટ પડા?”

“બહનજી, મેરી બાત પૂરી સુનિએ તો—ફિર કુછ કહિએગા.

“અચ્છા, કહિએ-કહિએ.”

“હુઆ યહ કિ મૈં વિશ્વાસકે સાથ પાંચ બરસકી પ્રાચીસે પૂછ બૈઠી—પૂછ બૈઠી ક્યા, કહ બૈઠી—કિ તુમને તસ્તરીમેં સે મિઠાઈ ખા લી હૈ. પ્રાચી સ્વાભિમાનસે બોલી: અમ્મા, મૈંને નહીં ખાઈ. મૈં બોલી, બેટી, મૈં ઠીક કહતી હૂં—તુમને હી મિઠાઈ ખાલી હૈ. અમ્માસે ભગવાન આકર સબ બાત કહ જાતે હૈં, ઔર ભગવાન સચ બોલતે હૈં... પ્રાચી એકદમ બોલ ઉઠી: તો તુમ્હારે ભગવાન ઝૂઠે હૈં.”

## કહો, તમે જુવાન છો?

*તો પછી હાથ પર હાથ ચડાવી બેઠા કેમ છો?*
*શું કાંઈ કામ મળતું નથી? અરે, કામની ક્યાં કમી છે?*
*પાંચ માઈલ દોડી નાખો જોઈએ!*
*કોદાળી ઉઠાવો ને ધરતી ખોદી નાખો.*

*કુહાડી ઉઠાવો ને સાંજ સુધીમાં*
*પાંચ મણ લાકડાં કાપી લાવો!*
*એ ન કરી શકો તો ઘેર ઘેર ફરીને બીમારોને જુઓ,*
*જેનું કોઈ ન હોય તેને કાંઈક ઉપયોગી થાવ.*

*તમારી ઉંમર કેટલી? સોળ વરસ?*
*સોળ વરસનો નવજુવાન બાપકમાઈ પર જીવે?*
*છોડો એ સહારો, ને લાગી જાવ કામે!*
*દિવસ આખો મંડયા રહો.*
*સાંજ પડશે ત્યારે સમજાશે કે એમાં કેવી મોજ છે!*

*બાળપણનાં સ્વપ્નાં યાદ આવે છે?*
*તે વેળા શા શા ઉમંગો આવતા હતા?*
*પહાડો ચડવાના? જંગલો ઘૂમવાના?*
*તો ત્યારે કેમ નીકળી પડ્યા નહીં?*
*માબાપનો ડર હતો ત્યારે? પણ આજે કોનો ડર છે?*
*ભાઈબહેનોનો? સગાંસ્નેહીઓનો?*
*એવા ડર તો કમબખ્ત મરતાં લગી પજવવાના.*
*ભાઈબહેન પછી પત્નીનો, પછી બાળબચ્ચાંનો,*
*ને એમ કરતાં કરતાં કોણ જાણે કેટલાંયનો.*
*ફેંકી દો એ ડરને!*
*જેને તરવું છે એને તો ડર છોડીને*
*એક વાર ઝંપલાવવું જ પડે છે.*
*બચપણમાં તમારું અંતર જે જે સ્વપ્નાં ઘડતું હતું,*
*તે સાચાં પાડવા હવે કટિબદ્ધ થઈ જાવ!*

# બાળક અને આપણે

કુદરત બાળકને એક એવી તાકાત આપે છે કે છ માસનું થાય ત્યાં સુધીમાં તો તે ભયંકર કીટાણુઓનો પણ સામનો કરી શકે છે. તેથી જ તો બાળક કોઈ પણ ચીજ નચિંતપણે મોઢામાં નાખી શકે છે અને તેની ઉપર લાગેલાં કીટાણુઓ છતાં સુરક્ષિત રહે છે.

*

રડવું એ બાળકની બોલી છે. એનું રડવું ક્યારેય એકસરખું નથી હોતું. દૂધ પીતું બાળક રડે છે ત્યારે કંઈક સૂચવવા માગે છે. ખાવાપીવા માટે તે એક રીતે રડે છે, તો સંડાસ કરવા માટે જુદી રીતે. કોઈ કીડી-મંકોડી કરડી હોય ત્યારે વળી એ સાવ જુદા પ્રકારનું રડે છે.

*

બાળક ગમે તેટલું તોતડું, અસ્પષ્ટ કે અશુદ્ધ બોલે તોપણ આપણે તો તેની સાથે શુદ્ધ જ બોલવું જોઈએ. આપણે જો શુદ્ધ બોલતાં રહીશું, તો બાળકનું તોતડાપણું આપોઆપ સુધરી જશે.

*

સૌથી મોટાં પશુઓ કરતાં પણ માનવબાળ વધારે બુદ્ધિશાળી હોય છે.

*

બાળક જન્મથી જ અસ્તેયવ્રતી હોય છે, કેમકે પોતે ધરાઈ ગયા પછી વધેલી ચીજ સાથે કોઈ સ્નાન-સૂતક ન હોય તેવી રીતે એને છોડીને તે ચાલતું થાય છે.

*

બાળકને શ્રમ પસંદ હોય છે. જો માવતર ટોકે નહીં તો સાવ નાનું બાળક હાથે દાઝીને પણ રોટલી બનાવવાની કોશિશ કરે છે, પોતાનાં કપડાં જાતે ધુએ છે.

*

શરીરને જેમાં શ્રમ પડે તેવા જ્ઞાન માટે બાળકને ખૂબ આકર્ષણ રહે છે. પાણી ભરવું, સફાઈ કરવી, વસ્તુ લઈ જવી, ઘાસ કાપવું—એવી

બધી ક્રિયાઓ માટે તે જેટલું જલદી તત્પર બને છે તેટલું ભણવા માટે નથી થતું, કેમ કે ભણવામાં તેને શ્રમ કરવાની તક મળતી નથી.

*

બાળક જન્મથી જ નિર્ભય હોય છે, એટલે તેને કોઈથી ડરવાનું નથી હોતું. કુદરતી રીતે આપણા સૌને માટે અનિવાર્ય એવો કેટલોક ભય તેનામાં પણ હોય છે.

*

બાળક મૂળથી હઠીલું નથી હોતું, પણ આપણે તેને એવું બનાવીએ છીએ.

*

નાનામાં નાનું બાળક પણ દરેક પ્રસંગે આપણી પાસેથી કંઈક શીખતું હોય છે. તેથી બાળક અમુક કામ કરતાં ન શીખે તેવું આપણે ઇચ્છતાં હોઈએ, તો તેવું કામ તેની સામે કદી કરવું નહીં.

*

બાળક જ એક એવું પ્રાણી છે જેને કોઈ પોતાને મદદ કરે તે ગમતું નથી.

*

બાળક પોતાની આંગળીને દઝાડ્યા વિના, કેવળ ઉપદેશથી, અગ્નિથી દૂર રહેશે નહીં; પાણીમાં ડૂબ્યા વિના તેની મૂંઝવણ સમજશે નહીં; પોતાનો શ્વાસ રૂંધાયા વિના તેને હવાની કિંમત સમજાશે નહીં. આવું બધું તે આપણાથી છૂપું છૂપું કરે, તેના કરતાં સારો રસ્તો એ છે કે સમજણાં માવતર પોતાની હાજરીમાં જ તેને અગ્નિમાં આંગળી નખાવે, પાણીમાં ડૂબકી મરાવે, પેટીમાં પૂરીને ઢાંકણું બંધ કરી દે, જેથી અગ્નિનો તેમજ હવાપાણીના અભાવનો કીમતી અનુભવ તેને મળી જાય.

*

નાના બાળકના માથે હાથ ફેરવતાં ખ્યાલ આવી જશે કે માથાનો આગળનો ભાગ હાડકાં વિનાનો હોય છે. એના ઉપર આંગળાં રાખવાથી હૃદયના જેવા ધબકારા સંભળાશે. તેથી એ ભાગનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. બાળકના માથા પર ટપલી મારવી નહીં—લાડમાં પણ ન મારવી;

એનાથી બાળકના મગજને નુકસાન થાય છે.

*

તંદુરસ્ત બાળક હસતાં હસતાં જાગવું જોઈએ અને રમતાં રમતાં સૂઈ જવું જોઈએ. જેને ગમે ત્યાં ઊંઘ આવી જાય તેનું નામ તંદુરસ્ત બાળક.

*

બાળકને કાખમાં તેડીને માતા બજારમાં જાય ત્યારે તે બાળકનું બહુ મોટું શિક્ષણ કરે છે.

*

સાધારણ રીતે પોતાને ઉપયોગી ન હોય તેવી બીજા કોઈની વસ્તુ બાળક લેતું નથી. પણ જો આપણે તેને કીધા કરીએ કે, આ મારી ચોપડી છે તેને અડવાનું નથી—તો બાળક અચૂક એ ચોપડીઓ લેવાનું.

*

દરેક ઓજારનો ઉપયોગ શીખવાની બાળકને સ્વાભાવિક જ તાલાવેલી હોય છે. પણ જો કોઈ ઓજારનો એ ખોટો ઉપયોગ કરે તો ગુસ્સે થવાને બદલે તેનો સાચો ઉપયોગ બતાવવો જોઈએ. બાળક કુહાડીથી ઈંટ ઉખાડે, તો તેને સમજાવવું જોઈએ કે, કુહાડીથી તો લાકડાં કાપી શકાય, પણ ઈંટ ઉખાડવા માટે ત્રાકમનો ઉપયોગ કરવો જોઈએ; તારે ઈંટ ઉખેડવી હોય તો કુહાડી મૂકીને ત્રાકમ લઈ આવ.

*

બાળક પડવાથી ગભરાતું નથી એટલું જ નહીં, જે કરતાં તે પડ્યું હોય એ કામ પણ છોડતું નથી. બાળક પડી જાય ત્યારે તેને બેઠું કરવા દોડવું નહીં—તેની તરફ જોવું પણ નહીં. આમ કરવાથી તે રડયા વગર આપમેળે બેઠું થઈ જશે.

*

બાળકને વિનયવિવેકની શિખામણ આપવાની જરૂર નથી. બાળક સાથેનું આપણું વર્તન વિનયવાળું હશે, તો એ આપણી જેમ જ બીજાઓ સાથે વિનયથી વર્તશે.

*

ક્યારેક બાળક આપણા કરતાં પણ વધુ સારું વિચારી શકે છે,

એ વાતનો સ્વીકાર કરવો જોઈએ. એટલે બાળક કોઈ સૂચન કરે તો ધ્યાનથી સાંભળીને, યોગ્ય લાગે તો તેનો અમલ કરવો જોઈએ.

*

બાળક રમતું હોય ત્યારે એ તેમાં સંપૂર્ણપણે લીન થઈ ગયું હોય છે. એવે વખતે એ બીજાની વાત ન સાંભળે તો એ તેનો વાંક નહીં પણ ગુણ ગણવો. યોગીને ચિત્તની એકાગ્રતા સાધવા બહુ મહેનત કરવી પડે છે, જ્યારે બાળકને કુદરતી રીતે જ એ ગુણ મળેલો હોય છે.

*

કોઈ કુટેવ અંગે આપણે બાળકને મારીએ છીએ ત્યારે હકીકતમાં આપણે કોને મારતા હોઈએ છીએ તેનો ખ્યાલ આપણને હોય છે ખરો? ત્યારે માણસ પોતાની જાતને, પોતાની પત્નીને મારી રહ્યો હોય છે, અથવા પોતાનાં જ માતાપિતાની પિટાઈ કરી રહ્યો હોય છે. કારણ કે બાળક જે અવળચંડાઈ કરે તે ઘણુંખરું તો તેણે તેનાં માવતર કે દાદા-દાદી પાસેથી શીખેલી હશે.

*

જે બાળકોને પૂરતો પ્રેમ મળતો નથી તેને ભાતભાતની કુટેવો પડે છે. જે બાળકોને વધારે પડતો પ્રેમ મળે છે, તે એવો પ્રેમ આપનારાંની વાત બિલકુલ માનતાં નથી.

(અનુ. હાજીભાઈ બાદી)

# ભનુ ર. વ્યાસ, ‘સ્વપ્નસ્થ’

## “સર્જન આ—”

‘કલમ-કિતાબ’માંથી તમે લીધેલી રજાથી ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિ જાણે મંદ પડી ગઈ લાગે છે. જે ઉષ્મા, સજીવતા એ પાનાં પર દેખાતી હતી તે બીજે ક્યાંય વરસોથી ન હતી, એનું ભાન હવે જ થાય છે.

સર્જનનો આવિષ્કાર જોઈ રાચતી એ કલમ વાંસો થાબડતી થાબડતી જ ઠપકો આપી લેતી. મોટા મોભ પણ ખાંગા થઈ ગયા હોય તો અચૂક એ પાનાં પર ચિતરાઈ આવતા. એ હૃદયની સરાણે ચડાવવાની પરીક્ષા સહૃદય માણસ તો હંમેશાં વધાવી લે.

“સર્જન આ—” એમ કહેવાવાળું કોઈ રહ્યું નથી.

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાં: ૧૯૪૧]

# ભાનુભાઈ શુકલ

—

એવાં કેટલાંય ભાઈબહેનો છે જેમને વજુભાઈએ દેશસેવાનો રંગ લગાડ્યો છે. વજુભાઈએ મેઘાણીનાં ગીતો ગવડાવ્યાં, કંતાવ્યું, ખાદી પહેરાવી, હરિજનવાસમાં મોકલ્યાં, શેરીઓ વળાવી. તેમની પ્રેરણા પામનાર રજબઅલી લાખાણી જેવા યુવાને શહીદી પણ વહોરી. એવું ઘડતરનું કામ વજુભ્રાઈ કરતા હતા.

# ભાલચંદ્ર નેમાડે

## અનુવાદકની નિષ્ઠા

ઉર્વશી પંડ્યાએ મારી મરાઠી કવિતાનો ગુજરાતી અનુવાદ દ્વારા કરાવેલો પરિચય તટસ્થ અને સંતુલિત છે.

૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન અમે મુંબઈ યુનિવર્સિટીમાં સહકાર્યકર્તા હતા. આ એક વર્ષના સમયગાળામાં ઉર્વશીએ ઘણી જહેમત અને નિષ્ઠાથી આ અનુવાદો કર્યા છે. બધી કવિતામાંથી વારંવાર પસાર થઈ કોઈ એક કવિતાની પસંદગી કર્યા બાદ થોડા દિવસો પછી ઉર્વશી મારી પાસે તે કવિતાની સંપૂર્ણ સમજ અને તૈયારી સાથે આવતાં અને એ વખતે તેમની પાસે મરાઠી કવિતાનો અનૂદિત પાઠ પણ તૈયાર રહેતો. એ પછી અમે મૂળ મરાઠી કવિતા અને તેના ગુજરાતી પાઠની પંક્તિએ પંક્તિ સાથે વાંચતાં-ચર્ચતાં. જરૂર લાગે ત્યાં મઠારીને અનુવાદને ક્ષતિ-રહિત બનાવતાં. ક્યારેક ઉર્વશી મરાઠીના દુર્બોધ અને ગહન અર્થને સારી રીતે સમજી શકવા છતાં અનુવાદ સંતોષકારક ન બનતો. તેથી ઘણાબધા નવા પાઠ તૈયાર કરી, અનેક ફેરફારો કરી આખરે ગુજરાતી કાવ્યબાનીમાં જે તે કવિતાને યોગ્ય આકાર ને ઓપ આપી શકાતાં.

હું શ્રદ્ધાપૂર્વક કહી શકું કે બધા જ અનુવાદો મૂળ કૃતિને વફાદાર રહીને થયા છે. ભાષાકીય પ્રયોગોમાં પ્રાંતીય બોલી, કહેવતો અને રૂઢિપ્રયોગો અથવા લોકગીતો જેવા અત્યંત મહત્ત્વનાં પરિમાણોનું ઉર્વશીએ અત્યંત ધીરજપૂર્વક સફળતાથી કાવ્યાંતર કર્યું છે. ઉર્વશીના શબ્દભંડોળમાં મરાઠી શબ્દોના ગુજરાતી પર્યાયોથી હું ઘણો જ પ્રભાવિત થયો છું. મારી કવિતાનાં મૂળિયાં લોકગીતો અને અમૂર્ત વિષયોમાં હોવાથી તેને માટે ગુજરાતીમાં સંબંધિત પર્યાયો અને યોગ્ય લય શોધવાનું કામ ઘણું કપરું છે. ઉર્વશી ગુજરાતી અનુવાદમાં પણ મરાઠી કવિતાનો લય

અને સંગીત સાહજિકતાથી લાવી શક્યાં છે.

['રામણદીવાના ઉજાસે' પુસ્તક: ૨૦૦૧]

# દાદીમા

*દાદી, તારી ગોદમાં મોઢું ઘાલી જોરશોરથી રડનારું*
*મારું બાળપણ ચાલ્યું ગયું, તારી સાથે જ સૃષ્ટિની પેલે પાર...*
*તું જ દાયણ હતી મારા જન્મ વખતે.*
*તેં જ મારા મ્હોમાં શ્વાસ આપીને ફૂંક્યું'તું*
*જીવતરનું રણશંગૃં...*
*દાદીમા, તું મરી ત્યારે કોઈ રડ્યું નહીં,*
*કોઈનુંય ગળું ભરાયું નહીં.*
*દેખાઈ તારી તૂટેલી ખાટલી, ઘાઘરો-પોલકું, જસતનો તાટ-*
*જેમાંથી ભાખરી ખેંચી મંદિડી ખાઈ લેતી બિનધાસ્ત,*
*અને*
*ગોખલામાં અનેક વર્ષોના વૈધવ્ય સાથે મેળ ખાતો*
*તૂટેલા દાંતાવાળો લાકડાનો દાંતિયો,*
*જેમાંના ન નીકળનારા ધોળા વાળ મારાં આંગળાંને બરાબ્બર*
*વળગ્યા.*
*દાદીમા, એકાણું વર્ષનાં તારાં છાણાં રાખ થયાં*
*અમારા બળબળતા કુટુંબના ચૂલામાં—....*

(અનુ. ઉર્વશી મ. પંડ્યા)

['રામણદીવાના ઉજાસે' પુસ્તક: ૨૦૦૧]

# ભિક્ષુ અખંડાનંદ

## નમ્ર વિનંતી

સજ્જનો પ્રત્યે નમ્ર વિનંતી કે આ સેવકને મહાત્મા કે દાતાર સમજીને કોઈએ તેની પાસે આવવા જેવું, માગવા જેવું, બીજીત્રીજી વાતે વાળવા જેવું, નિમંત્રણ આપવા જેવું કે તેડાવવા જેવું નથી. એક તો આ સેવક વિદ્વાન નથી. આખો વખત રોકાણ પહોંચે છે. માટે સર્વ સજ્જનો પાસે ક્ષમા માગું છું.

(૧૯૩૨)

## શુભસંગ્રહ

સામયિકપત્રો દ્વારા અનેકવિધ લખાણોનો જે બહોળો પ્રવાહ વહ્યા કરે છે, તેમાં કોઈ કોઈ લેખ રત્ન જેવા હોય છે તે પણ બીજાં સામાન્ય લખાણો ભેગા સ્વલ્પ સમયમાં હંમેશ માટે નષ્ટ થઈ જાય છે. એ વિશેષ ઉપયોગી લેખોને ચૂંટતાં ચાલી તેને ગ્રંથરૂપે દીર્ઘાયુષી અને જનસમાજના સદા માટે વફાદાર સાથી બનાવવા, એ પણ એક અગત્યનું સેવાકાર્ય છે. તેથી આજથી બારેક વર્ષ પર એક લેખસંગ્રહ ગુજરાતી લિપિમાં અને હિંદી ભાષામાં છપાયો હતો. એના નિવેદનમાં એવા સંગ્રહોની આવશ્યકતા અને હિતાવહતા વિશે કેટલુંક જણાવાયું હતું. તેમાંનો ઘણો ભાગ આ નીચે (સહેજ ફેરફાર સાથે) અપાય છે:

તીસ કોટી જનસંખ્યા કો ધારણ કરનેવાલે યહ વિશાલ ભારતવર્ષ કો અપને હી પૈદા કિયે હુએ ઔર બઢાયે હુએ ભેદભાવ, સ્વાર્થવૃત્તિ ઔર દ્વેષાદિ દૈત્યોં કી દુષ્ટતા સે કૈસી કૈસી કાતિલ દુર્દશાયેં ઈ. સ. ૧૦૦૦ કે બાદ ભોગની પડી; ઔર ઉનકે મારે વહ અપની અસલી દશા કો તો ક્યા, પરંતુ તત્કાલીન દુર્દશા કો ભી ભૂલતા હુઆ કૈસી

બેહોશી મેં ગિર પડા થા, યહ દુખપ્રદ બાત યહાં યાદ આ જાતી હૈ.

કોઈ ભી પ્રજા કે ઉપર કિસી મહાપીડા કા આ પડના ખુદ ઉનકા હી કોઈ ભારી દોષ કે બિના નહીં બન સકતા. જહાંતક ઉનકે અપને અંગ મેં કોઈ મુખ્ય અવગુણરૂપી અંતઃશત્રુ ઉદિત હોકર બઢ જાતા નહીં, વહાંતક મકદૂર નહીં કિસી બાહ્યનિમિત્ત કી કિ વહ આકર ઉનકો સતા સકેં. સ્થૂલદષ્ટિ સે ભલે હી કહા જાવેં કી ભારત કો સતાને ઔર ગિરાને વાલી અમુક બાહર કી પ્રજા અથવા વ્યક્તિયાં થી; પરંતુ યથાર્થ દષ્ટિ સે દેખા જાય તો વહ સબ માત્ર બાહ્ય નિમિત્તરૂપ હી થી ઔર સચ્ચે તો વહ અંદર કે હી શત્રુ થે.

અવગુણરૂપ અંતઃશત્રુઓં કે બઢ જાને સે હી દેશ કો સેંકડો વર્ષો તક બાહ્ય શત્રુ કે અધીન હોકર મહાદુર્દશા ભોગની પડી થી. દેશ કે પુનરુદ્ધાર કે અભિલાષી કોઈ કોઈ સિતારે ભારત કે કાલે ભાગ્યાકાશ મેં ચમક ભી ચૂકે; પરંતુ જહાં તક ગ્યાનરૂપ સૂર્ય કા ઉદય તથા ઉનકી સદ્‌ગુણરૂપી કિરણોં કા અમલી પ્રકાશ દૂર થા, જહાં તક ઉન અંતઃશત્રુરૂપ નિશાચરોં કા કાબૂ દેશવ્યાપી હો રહા થા, વહાં તક ઉન સિતારોં કા પ્રકાશ સ્થાયી ઔર સુખસંપત્તિદાયક કૈસે હો સકતા થા?

શતકોં કે શતકોં તક ઉન મહાશત્રુઓં કી ઘાતક પીડાયેં સહતા આયા થા તો ભી અપને ધર્મરૂપી પ્રાણ કો, યહ બૂઢા ભારત અપને હાડપિંજરવત્ શરીર મેં કાયમ રખ સકા થા. અપને પુરુષોત્તમોં ને પ્રદાન કિયે હુએ શુભ સંસ્કાર કો વહ અબ તક ભી થોડે બહુત યાદ રખ સકા થા. ગૌરાંગ, રામાનુજ, કબીર, નાનક, તુલસીદાસ, જ્ઞાનદેવ, તુકારામ, એકનાથ, નરસિંહ, મીરાં ઇત્યાદિ સેંકડો મહાત્માઓ કી પરંપરા ભારત કે જીર્ણ પ્રાણ મેં ચેતના સિંચન કરતી રહી થી. અબ યહી માર્ગ રહા થા કિ વહ મહાઅંતઃશત્રુ કા અમલ હટતા ચલેં ઔર ભારત મેં જ્ઞાનસૂર્ય બઢને કા પૂરા અવકાશ મિલ જાવે. અપની ઉન્નતિ કે લિયે ભારતવાસીયોં કી તો યહી ફર્ઝ હૈ કી સચ્ચે મિત્રરૂપી સદ્‌ગુણ—સમૂહ કો અચ્છી તરહ બઢાતે ચલે. વહ મિત્રોં કે નામ સંયમ, સેવાભાવ, સ્વાર્થત્યાગ, ધર્મનીતિ કી વિશુદ્ધિ, જ્ઞાનચારિત્રય કી ઉન્નતિ,

આચારવિચારોં કા સુધાર ઇત્યાદિ અનેકાનેક હૈં. સબ સ્થૂલ સંપત્તિયોં કા મૂલ ઐસી અંતરસંપત્તિયાં હી હૈ.

માસિકપત્રો મેં છપે હુએ અનેક ઉત્તમોત્તમ લેખ, જો કઈ એક પત્રોં કો પઢને કે સિવા કભી ભી નહીં અવગત હો સકતે હૈં, વહ ઈસ ગ્રંથ દ્વારા સંગ્રહિત હો કર પાઠકબંધુઓં કી સેવા મેં સાદર કિયે ગયે હૈં, સો ઉપરોક્ત હેતુ સે હી કિયે હૈં. દૈનિક, સાપ્તાહિક ઔર માસિકપત્રોં કા સંબંધ સામયિક લેખોં કે સાથ જ્યાદા હોને પર ભી કંઈ એક લેખ ઉસમેં ઐસે આતે હૈં કિ જો કિસી અચ્છે ગ્રંથ કી તરહ સંગ્રાહ્ય ઔર ઉપકારક માલૂમ હોતે હૈં. અંગ્રેજી પ્રકાશક ગણ અપની ભાષા કે ઐસે અચ્છે સુપાઠ્ય લેખોં કે સંગ્રહ સમય સમય પર પ્રસિદ્ધ કિયા કરતે હૈં, ઔર વહાં કે પાઠકગણ ભી ઉન ગ્રંથો કા બડા આદર કરતે હૈં.

દેશી ભાષાઓં કે સામયિક પત્રોં સે ભી ઐસે ઉત્તમ સંગ્રહ તૈયાર હો સકતે હૈં, ઔર પાઠકોં કે લિયે વહ રોચક વ ઉપયોગી હો સકતા હૈ. પરંતુ ભિન્ન ભિન્ન સામયિક પત્રોં કે સૈકડોં અંકોં મેં હજ્જારોં લેખ દેખતે-ઉલટાતે હુએ સો-દોસો લેખોં કા પઢને યોગ્ય નિકલ આના ઔર ઉસકો પઢને કે બાદ દસ-બીસ લેખ વિશેષતાયુક્ત મિલ જાના; ઔર ઈસી તરહ મિલે હુએ સૌ-દો સૌ લેખ એકત્ર કરને કે બાદ ઉન કો કંઈએક બાર પઢ પઢ કે ઉનમેં સે અધિક ઉપયુક્ત બીસ-તીસ લેખ ચુને જાના: ઐસા કામ જિસને કભી કિયા હોગા વહી જાન સકતા હૈ.

*

મનમાં એમ થયા કર્યું છે કે ગ્રંથમાળા દ્વારા અથવા જુદા માસિકરૂપે ઉત્તમ લેખોના આવા સંગ્રહો આપ્યા કર્યા હોય તો કેવું સારું! આ સેંકડો પડવાળી પત્રવલિમાં જે જે વાનીઓ સમાયેલી છે તેમાં કાંઈ પણ હિતાવહતા જણાય, તો તેનો સર્વ યશ તેને તૈયાર કરનારા વિદ્વાનોને જ આપવો જોઈએ. આ સેવકે તો તેમની તૈયાર કરેલી વિવિધ પ્રકારની હજારો વાનીઓમાંથી યથામતિ જે જે પીરસવા જેવી લાગી, તે માત્ર પીરસવાનું જ કામ બજાવ્યું છે. કઈ ચીજ જમવી ને કઈ ન જમવી, કઈ ચીજ સારી લાગવી ને કઈ ખરાબ લાગવી, એ તો પ્રત્યેક જમનારની

પોતાની સ્થિતિ અને રુચિ ઉપર છે.

[‘શુભસંગ્રહ’: ભાગ ૨માં ૧૯૨૭માં કરેલ નિવેદન]

# ભીમરાવ આંબેડકર

## પગ પર કુહાડો

પોતાનો અલગ કોમવાદી પક્ષ બનાવવો, એ લઘુમતીના હિતમાં નથી. કેમ કે જો લઘુમતી પોતાનો કોમવાદી પક્ષ બનાવશે, તો પછી બહુમતી પણ પોતાનો કોમવાદી પક્ષ બનાવશે—જે સ્વાભાવિક રીતે જ મોટો ને બળૂકો હશે. એ રીતે બહુમતીને પોતાનું કોમવાદી રાજ સ્થાપવાનું સહેલું થઈ પડશે. એટલે, પોતાની સલામતી માટે પણ લઘુમતી જો કોમવાદી પક્ષ બનાવે, તો એ પોતાના જ પગ ઉપર કુહાડો મારવા બરાબર થશે.

# ભૂપત વડોદરિયા

## શિખરો સર કરવાની તાલાવેલી

પરીક્ષામાં પહેલો-બીજો નંબર નહીં આવતાં ભાવનગરના એક કિશોર અને કિશોરીએ ઝેર ગટગટાવી લીધું. આત્મહત્યાનો એ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો, તે સારી વાત છે. પણ પરીક્ષામાં પહેલો નંબર ના આવે તેની નિરાશાનું ઝેર ખેલકૂદની જિંદગીને આટલી હદે ઘેરી વળે છે, તે બીના માબાપોએ અને શિક્ષકોએ વિચારવા જેવી તો ખરી. અભ્યાસ કરવાની ઉંમરે બાળકો અભ્યાસમાં પોતાનું ચિત્ત જોડે, તે બરાબર છે. પણ શાળા-કૉલેજની કિતાબી મજૂરી અને પરીક્ષાખંડનો એકલિયો જંગ એ જ જિંદગીની પરમ સાર્થકતા, તેવું બાળકોનાં મનમાં આપણે ઠસાવી તો નથી રહ્યાને? વિદ્યાની પ્રાપ્તિ એ મોટી વસ્તુ છે; પણ માહિતીનો સંગ્રહ અને પરીક્ષાના અભિમન્યુ-ચક્રને પાર પાડવાનું કૌશલ, એ બહુ મોટી વસ્તુ નથી.

બાળકો, કિશોરો અને જુવાનોને આપણે જીવનનાં સાચાં મૂલ્યોનું થોડુંક ભાન કરાવીએ તે જરૂરી છે. આપણે બાળકોને સમજાવવાની જરૂર છે કે શાળા અગર કૉલેજમાં નિયમિત હાજરી, અંધાધૂંધ ગોખણપટ્ટી અને પરીક્ષામાં ઊંચી પાયરીની પ્રાપ્તિ, એ વિદ્યાનો મર્મ નથી અને એ જીવનની સાર્થકતા પણ નથી. શાળા કે કૉલેજ છોડતાંની સાથે અભ્યાસ પૂરો કર્યાની લાગણી જે પેદા કરે તે કેળવણી ખોટી છે. શાળા-કૉલેજની તાલીમ જો વિદ્યાનાં ગિરિશૃંગો સર કરવાની સાહસિકતા અને તાલાવેલી જગાડે, તો સાચી કેળવણી.

આપણાં બાળકો પરીક્ષામાં આગળનો નંબર સિદ્ધ કરે તેનાથી આપણે પોરસ અનુભવીએ છીએ, અને તેની આગળ ઉપરની જિંદગીની સફળતાની આ ગેરંટી હોય તેવા ભ્રમમાં રાચીએ છીએ. સાચી વાત એ છે કે શાળા-કૉલેજની તેજસ્વિતાને પુખ્ત જીવનની સફળતા-નિષ્ફળતાઓ

સાથે ઝાઝી લેવાદેવા હોતી નથી. આંકડા ને માહિતીનાં ભૂંગળાંનાં ભૂંગળાં જાદુગરની અદાથી ગળામાં ઉતારી ગયેલો વિદ્યાર્થી જીવનના ખરેખરા જંગ વખતે આમાંથી કશું ઉપયોગમાં લઈ ના શકે, તેવું બને છે. યુદ્ધનું વિજ્ઞાન કોઈ કિતાબમાંથી ગમે તેટલું કાગળ ઉપર ઉતારે, પણ ખરેખર લડવાનું આવે ત્યારે તેમાંથી કેટલું ખપમાં આવવાનું? લડાઈ જીતવા માટે તો હિંમત, ધૈર્ય, શૌર્ય અને ઠંડી તાકાત જોઈએ. જે લોકો મોટાં યુદ્ધો જીત્યા છે, તે બધા યુદ્ધશાસ્ત્રાના પોથીપંડિતો નહોતા. પોથીપંડિતો જ બધું કરતા હોત, તો અર્થશાસ્ત્રાના પ્રાધ્યાપકો જ મોટા ઉદ્યોગપતિ બની જતા હોત, અને કૉલેજમાં કાલિદાસનું ‘શાકુંતલ’ ભણાવનારાઓ પોતે જ મહાકાવ્યો રચતા હોત. અધ્યાપનનું કાર્ય કરનારાઓની આ ટીકા નથી. પાઠ્યપુસ્તકો પર આધારિત શિક્ષણની મર્યાદા અને જીવનના ઘૂઘવતા મહાસાગરની અસીમતા સમજવાની વાત છે.

નોબેલ ઇનામ જીતી શકવા જેટલું પ્રાણવાન અંગ્રેજી ગદ્ય લખનારા અને યુદ્ધ જીતવા જેટલા સમર્થ બનનારા બ્રિટિશ વડા પ્રધાન ચર્ચિલ ભણવામાં ‘ઢ’ હતા; વર્ગમાં એ છેલ્લી પાટલી પર બેસતા. વડા પ્રધાન થયા પછી પોતાની બાળપણની શાળાની મુલાકાતે એ ગયા, ત્યારે શિક્ષકે હોંશેહોંશે પહેલી પાટલી પર બેઠેલા હોશિયાર વિદ્યાર્થીને ઊભો કર્યો. પણ ચર્ચિલની નજર તો છેલ્લી પાટલી પર હતી. ત્યાં બેઠેલા વિદ્યાર્થીને ઊભો કરીને ચર્ચિલે કહ્યું કે, હિંમત હારીશ નહીં; હું પણ એક વાર તારી જગ્યાએ જ બેસતો હતો!

બધા ઠોઠ વિદ્યાર્થીઓ કાંઈ મહાન બનતા નથી, તેમ બધા તેજસ્વી વિદ્યાર્થીઓ નિષ્ફળ પણ જતા નથી. મુદ્દો એટલો જ છે કે શાળા-કૉલેજની સફળતાની મર્યાદા સમજી લઈએ.

મહાત્મા ગાંધી ભણવામાં હોશિયાર નહોતા, પણ પોતાનું ઘડતર જાતે કરવાની ત્રોવડ એમણે મેળવી લીધેલી હતી. શાળા કે કૉલેજમાં તમે શું કરો છો તેના કરતાં પણ આ વાત વધુ મહત્ત્વની છે: તમારી અંદર પડેલી શક્તિઓને પિછાનવી, જગાડવી, તેના ભંડાર ખોલવા અને તેમાં ખૂટતાં તત્ત્વ પૂરવાં.

બૌદ્ધિક વિકાસ, કમાણીનું સાધન, સામાજિક દરજ્જાની પ્રાપ્તિ, એ બધાંની ભેળસેળ આપણે કરી નાખી છે. ભણતર અને ડિગ્રીની પ્રાપ્તિ, એ જાણે તમામ સુખોનો આરંભ હોય તેવું સમજી બેઠા છીએ. આથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો બધા એકીસાથે નિરાશ થાય છે.

જેમણે સાહિત્યમાં નામ મેળવ્યું, વિજ્ઞાનની નવી શોધો કરી, ઉદ્યોગો સ્થાપ્યા, એ બધા લોકો ભણવામાં અચૂક હોશિયાર નહોતા. કેટલાક જરૂર ભણવામાં પણ હોશિયાર હશે, પરંતુ તેમની સિદ્ધિની સગાઈ તેમના ભણતર સાથે જ નહોતી. તેમની સફળતાના પાયામાં તેમની હૈયાઉકલત, તેમનો ઉદ્યમ, તેમની લગન અને તેમનું ધૈર્ય હતું.

શાળામાં કે કૉલેજમાં તમે કેટલી માહિતી કંઠસ્થ કરી તેનું ખાસ મૂલ્ય નથી—તમારી ગ્રહણશક્તિ, સમજણશક્તિ અને જ્ઞાનની પિપાસાને તમે કેટલી તીવ્ર બનાવી, તે મહત્ત્વની વાત છે. જીવનને સમજવાની અને માણવાની સંવેદનશક્તિ આપે તે શિક્ષણ. તમારી અંદર જે પડેલું છે તેને બહેલાવે એ શિક્ષણ.

['ગુજરાત સમાચાર' દૈનિક: ૧૯૭૮]

## આપણે, પાર્ટ-ટાઇમ માબાપો

મુંબઈની ૧૨૦ શાળાઓમાં બાર માસ દરમિયાન એક કૉલેજે કરેલા સર્વેક્ષણમાંથી એવું તારતમ્ય નીકળ્યું છે કે બાળગુનેગારીમાં દર વરસે અગિયાર ટકા જેટલો વધારો થઈ રહ્યો છે. બીજા ગુનાઓના પ્રમાણમાં બાળગુનાઓનું પ્રમાણ મહારાષ્ટ્રમાં ૨૫ ટકા જેટલું, એટલે કે દેશમાં સૌથી વધુ છે.

આ મોજણીમાંથી એ હકીકત આપણી નજર સામે આવે છે કે બાળકોમાં ગુનેગારીનું વલણ વધ્યું છે, કારણ કે એમની ઉપર માબાપોનો અંકુશ ઘટયો છે, વાલીઓની સંભાળ ઓછી થઈ છે. ક્યાંક બાળકને માબાપનો વધુ પડતો પ્રેમ મળે છે અને એ બગડે છે, ક્યાંક એને ઘરમાં

મુદ્દલ પ્રેમ નથી મળતો તેથી બાળક તોફાની બને છે. કેટલાંક ઘરોમાં બાળકો ઉપર મુદ્દલ અંકુશ નથી તેથી તેઓ બગડે છે, તો કેટલાંક ઘરોમાં એમની પર વધુ પડતા અંકુશને કારણે બાળકો હાથથી જાય છે.

સર્વેક્ષણે એક માર્મિક નોંધ કરી છે કે, “બાળકો ઉછેરવાની કળા આપણે ગુમાવી બેઠા છીએ, એવું લાગે છે.”

હા, વાત સાચી છે કે બાળકો ઉછેરવાની કળા આપણે ખોઈ બેઠાં છીએ. હકીકતે, આપણે બધાં પાર્ટ-ટાઇમ માબાપ બની ગયાં છીએ. માત્રા સમયનો મુદ્દો આમાં નથી—આપણા એકંદર ધ્યાનની એમાં વાત છે. બાળકો ઉપર ખરું ધ્યાન આપણે આપતાં નથી, માબાપ તરીકે આપણે જે એકાગ્ર ધ્યાન તેમની ઉપર આપવું જોઈએ તે આપતાં નથી.

બાળ-ઉછેર એ ‘ફુલ-ટાઇમ’ નહીં, ‘હોલ-ટાઇમ’ની કામગીરી છે. પણ તેજ રફતારના આ જમાનામાં માબાપ વહેલી સવારથી દોડવા માંડે છે. ઊંચા જીવનધોરણનું ભૂત આપણી ઉપર સવાર થયું છે. વધુ કમાણી અને સુખસગવડનાં વધુ સાધનો પાછળની આ આંધળી દોટમાં આપણે બાળકોના ઉછેરની સરિયામ ઉપેક્ષા કરીએ છીએ. આપણને તેને માટે સમય નથી એટલું જ નહીં, તેમાં આપણને રસ પણ નથી રહ્યો. હા, બાળકો માટે પ્રેમ છે, પણ તે એક લોહીની સગાઈનો છે, સાચી સમજદારીમાંથી જન્મેલો નથી. બાળકો તરફ આપણે બેધ્યાન રહીએ છીએ અને તે માટે આપણું દિલ ડંખે પણ છે. પરંતુ આપણે એવું આશ્વાસન લઈએ છીએ કે છેવટે તો આ બધી દોડધામ બાળકોના જ સુખ માટે છે ને? એ આપણું બચાવનામું છે. બાળકોના ભાવિ કલ્યાણને ખાતર આપણે વર્તમાનમાં બાળકોની ઉપેક્ષા કરીએ છીએ!

ઘરમાં કે શેરીમાં આપણા બાળકનો ચહેરો આપણે બરાબર ઓળખી શકતાં નથી. એ એની દુનિયામાં ખોવાઈ ગયેલો છે, અટવાઈ ગયેલો છે; આપણે આપણી દોડધામમાં મસ્ત છીએ. બાળક તેની જરૂરિયાતોની યાદી આપણી આગળ રજૂ કરે, એટલે ઑફિસમાં સાહેબ કોઈનું બિલ પાસ કરે તે ઢંગથી આપણે કાં તો આંખો મીંચીને તે પાસ કરી દઈએ છીએ, અગર આપણો મિજાજ બગડેલો હોય તો બિલમાં જાતજાતના

વાંધા કાઢીએ છીએ.

પણ બાળક ચકોર હોય છે. તે તરત જ પામી જાય છે કે માબાપને પોતાનામાં બહુ ઊંડો રસ નથી, પોતાને માટે સાચો પ્રેમ નથી. એટલે ધીરે ધીરે બાળક માબાપથી માનસિક રીતે દૂર થતો જાય છે. હવે એ માબાપને પ્રશ્નો કરતો નથી, એમની સમક્ષ તોફાન કરતો નથી. માબાપ સમજે છે કે છોકરાની ગાડી લાઇન ઉપર છે. બાળક કપડાં ઢંગથી પહેરે છે, થોડા અંગ્રેજી શબ્દો ગોટપીટ બોલે છે, એટિકેટ શીખી લે છે.

માબાપને ખબર નથી કે એ બાળક તો પિંજરામાં પડેલા પંખીની કે સાંકળે બંધાયેલા પ્રાણીની થોડી લાચાર વિવેકવાણી જ શીખ્યું છે. એ તેમનાથી ઘણું દૂર નીકળી ગયું છે, તેનું ભાન તેમને થતું નથી. પિતાને સમય નથી, માતાને પણ સમય નથી. કેટલીક માતાઓ ધન કે કીર્તિ કમાવા બહારની દુનિયામાં ઘૂમી રહી છે, તો કેટલીક માતાઓ ઘરકામ અને પારકી પંચાતમાં ડૂબી ગઈ છે.

પછી એ બાળક જરાક મોટું થઈને જ્યારે ચપ્પુ રમાડતું, કોઈનું પાકીટ તફડાવતું કે બીજું કાંઈક ખોટું કરતું માબાપ સમક્ષ રજૂ થાય છે, ત્યારે માબાપને એકાએક જબરો આઘાત લાગે છે. તેમને નવાઈ લાગે છે કે આ બાળગુનેગાર શું પોતાનું જ સંતાન છે? આવું કેમ બની શકે?

પણ આવું જ બને છે, અને તેની જવાબદારી માબાપોની છે. કોઈ કહેશે કે આજની દુનિયામાં માબાપ બિચારાં રોજીરોટી માટે માર્યાં ફરતાં હોય છે, ત્યાં બાળકોની પાછળ કેટલુંક ધ્યાન આપે? એ બિચારાં શું કરે? પણ આ બચાવ માબાપોને કાંઈ કામ આવવાનો નથી. તમારે બાળક છે, તો તેની ઉપર ધ્યાન આપો, તેને પ્રેમ આપો, તેને જીવતાં શીખવો, તેને ઊંચાં ચઢાણ શું છે તે સમજાવો. તમારા જીવનમાં એ છે, તો તેને યોગ્ય સ્થાન આપો.

મોટા ભાગનાં માબાપો માની લે છે કે, આપણે બાળકને ખાવાપીવા આપીએ, કપડાં આપીએ, પાઠ્યપુસ્તકો અને ભણવાની ફી આપીએ,

એટલે આપણી ફરજ પૂરી થઈ ગઈ. પણ આટલી જરૂરિયાતો પૂરી પાડવાથી માબાપ નથી બની જવાતું. માબાપે તો બાળકને ઉછેરવું પડે છે. એક ગુલાબના છોડને પણ ચાનું પાણી માફક આવે છે, તેટલી સમજ આપણે કેળવી છે. પણ બાળકને પોષણ કયા ખાતરમાંથી મળશે, કેવી માટીમાંથી મળશે, તેની પરવા આપણે નથી કરતાં.

બાળકને આપણે શિક્ષક પાસે ધકેલીએ છીએ. શિક્ષક તેને પાછું ઘેર ધકેલી દે છે. પછી બાળક આવારાઓની ટોળીમાં ભળી જાય છે. તેને ખબર પડી જાય છે કે ઘરમાં તેને માટે ઝાઝી જગ્યા નથી, નિશાળમાં તેને માટે ગણતરીના કલાકોથી વધુ સમય નથી. આથી આવારા ટોળીનો આવકાર તેને મીઠો લાગે છે, ત્યાં એના જીવને ચેન પડે છે.

જૂની કુટુંબવ્યવસ્થાના કેટલાક ગેરલાભ હશે. પણ દાદા-દાદીવાળાં ઘરનો એક મોટો લાભ હતો. એ વૃદ્ધો બાળકોનું જતન કરતાં, બાળકોને પ્રેમ કરવા માટે એમની પાસે સમય હતો. એમના સાંનિધ્યમાં બાળકને સ્નેહ, સંતોષ અને સલામતીનો અનુભવ થતો. વિભક્ત કુટુંબમાં એ ખૂટતું લાગે છે. આજનું બાળક પોતાના કુટુંબ સાથેનો જીવંત સંબંધ ગુમાવી બેઠું છે. તેને કુટુંબનાં બધાં સગપણોની પણ ખબર નથી. એ ખરેખર એકલું પડી ગયું છે. એકલું બાળક તેના ચિત્તમાં જાતજાતનાં જીન પેદા કરે છે. આપણે અત્યારે જે જોઈએ છીએ તે કુટુંબથી અટૂલા પડી ગયેલા બાળકના દિમાગી જીનની ઉપદ્રવલીલા જ છે.

ચોરી કરતું બાળક, કોઈનું ખીસું કાપતું કે કોઈની સાઇકલ તફડાવતું બાળક જાણે કે આપણી સામે પોકાર કરતું હોય છે કે, “મને તેડી લ્યો! મને બોલાવો! મને પ્રેમ કરો!”

## છોડી શકાતો નથી

વર્ષો પછી એક મિત્રા મળવા આવ્યા. કૉલેજમાં અમે સાથે ભણ્યા અને પછી કામધંધે લાગી ગયા. કોઈ કોઈ વાર મળવાનું બનતું, પણ

પછી તો અમે બંને સંપર્ક ગુમાવી બેઠા. મિત્રા અચાનક આવી પહોંચતાં હૃદયમાં આનંદ આનંદ થઈ ગયો. એના ચહેરા પર કાંઈક ઉદાસી અને નિરાશા જેવું જોઈને પૂછ્યું: “છો તો મજામાં ને? કંઈ મુશ્કેલી તો નથી ને?”

મિત્રો હસીને કહ્યું: “આમ તો કંઈ મુશ્કેલી નથી. વર્ષોથી અમેરિકા હતો. બધાં અમેરિકા જ છે, બંને દીકરા અને બંને દીકરીઓ. વહેવારના કામે હું બે મહિના માટે આવ્યો છું. પણ હવે અમેરિકા પાછા જવું કે નહીં એની દ્વિધામાં છું. કોણ જાણે કેમ હું ત્યાં રહી શકતો નથી. ત્યાં સગવડો બધી જ છે, પણ ત્યાં જીવને ચેન પડતું નથી. મારી પત્નીને પણ ત્યાં ગમતું નથી, પણ પૌત્રોને ઉછેરવાની જવાબદારી એના માથે આવી પડી છે; તેને પણ એ મોહ છૂટતો નથી. પણ મને તો જાણે એવું જ લાગે છે કે કોઈકે ધક્કો મારીને મને કંટાળાના અતળ કૂવામાં ફેંકી દીધો. તમે કહેશો કે તો પછી અહીં જ શાંતિથી રહોને, દીકરા-દીકરી ભલે પરદેશમાં લહેર કરે. વચ્ચે ત્રાણ વર્ષ પહેલાં આ અખતરો કરી જોયો. અહીં થોડા દહાડા ગમ્યું, પણ પછી રાત-દિવસ દીકરા-દીકરી યાદ આવવા માંડયાં. પાછાં ત્યાં ગયાં. અમેરિકાના સમાજશાસ્ત્રીઓએ સારું નામ શોધી કાઢયું છે: ખાલી થઈ ગયેલા ‘માળા’નો ખાલીપો કે ખટકો. તમે લેખક, એટલે સારો શબ્દ શોધી લેજો. પણ આ ‘એમ્પ્ટી નેસ્ટ સિન્ડ્રોમ’નો અર્થ એટલો જ છે કે દીકરા-દીકરી ચાંચાળાં-પાંખાળાં થાય અને ઊડી જાય પછી માળામાં—ઘરમાં માબાપને ખાલીપણાની લાગણી સતાવ્યા કરે છે.

“મને લાગે છે કે આનો કંઈ ઇલાજ નથી. તમે શું માનો છો? આજના જમાનામાં દીકરા બધા ભેગા મળી સંયુક્ત કુટુંબમાં રહે, માબાપની સાથે રહે, એ શક્ય નથી લાગતું. એવડાં મોટાં ઘર ક્યાંથી કાઢો? કદાચ ઘર મળી જાય તોય એવડાં મોટાં મન ક્યાંથી કાઢો? એ જમાનો તો ગયો. હવે એ શક્ય જ નથી. અને એક રીતે જુઓ તો મારા જેવા વૃદ્ધોએ જરા વિચારવા જેવું છે કે દીકરાઓને તેમનું પોતાનું જીવન ન હોય? તેમને સ્વતંત્રા રીતે જીવવું છે. તેમની પત્નીઓ

જૂની કૌટુંબિક મર્યાદાઓની બહાર રહીને આઝાદીથી જીવવા માગે છે. મને લાગે છે કે અમારાં જેવાં માબાપોએ દીકરા-દીકરીનો આવો મોહ હવે છોડવો જોઈએ. દીકરાઓને મા—બાપનો આર્થિક ભાર ઉપાડવામાં વાંધો નથી, પણ માબાપ છાતી ઉપર ખમાતાં નથી. પ્રૌઢ અને વૃદ્ધ પતિ-પત્નીઓએ એકલાં રહેતાં શીખવું જોઈએ. બે-ચાર દહાડા માટે દીકરા-દીકરીને મળવા જાય તો ઠીક, બાકી તો તેમણે ઊડી ગયેલાં પંખીઓને પોતાના જૂના જર્જરિત માળામાં પાછાં બોલાવવાની આ ઘેલી રમત બંધ કરવી જોઈએ.”

આટલું કહેતાં તો મિત્રાની આંખમાં આંસુ આવી ગયાં. એ આંસુ ઢાંકવા એકદમ હસ્યા અને બોલ્યા: “મારી વાત બરાબર છે ને? માબાપની ફરજ દીકરા-દીકરીને ઉછેરીને-ભણાવીગણાવીને પરણાવી દેવાની કે શક્ય હોય તો ક્યાંક કામધંધે લગાડી દેવાની. બસ, પછી તેમને તેમની રીતે તેમના રસ્તે જવા દેવાં જોઈએ.”

ગળગળા થઈ જતાં મિત્રો પોતાના મોટા દીકરાનું બાળપણ યાદ કર્યું: “એ સમયના ભાવનગરની તદ્દન શાંત શેરીમાં એ ટ્રાઇસિકલ ચલાવતાં ડરતો હતો, અને આજે અમેરિકામાં ધસમસતા પૂરની ગતિએ મોટર હાંકે છે. નાનો હતો ત્યારે તો ગળેથી છૂટતો જ નહોતો. મારા ગળા ફરતે એના નાનકડા હાથ બરાબર ભીડી દે. તે દહાડે હું એને ‘છોડ, છોડ’ એવું કહ્યા કરતો હતો. આજે હવે હું એને મારા ગળેથી છોડી શકતો નથી. આજે હવે જાણે વગર કહ્યે એ મને કહી રહ્યો છે: છોડો-છોડો, પપ્પા, હવે અમને છોડો.” મિત્રાના ગળે ડૂમો ભરાયો.

## અપેક્ષાઓના તાણાવાણા

બ્રિટનના સમર્થ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની નવલકથા ‘ડોમ્બી ઍન્ડ સન’માં એક માણસના ઘેર પુત્રા જન્મે છે, તો તે માને છે કે ભગવાને તેને ‘ડોમ્બી ઍન્ડ સન’ની કંપની ચલાવવા જ મોકલ્યો છે.

પિતાએ પુત્રા ઉપર કલ્પનાની ઇમારતો ઊભી કરવા માંડી હોય છે. પણ બાળક લાંબું જીવતો નથી! પિતાએ આ અલ્પાયુ પુત્ર પર જ બધો 'પ્રેમ' ઢોળ્યા કર્યો હોય છે અને પ્રેમાળ પુત્રીની સતત ઉપેક્ષા કરી હોય છે. નથી એને પુત્રીનો પ્રેમ મળતો, નથી પુત્રનું 'સુખ' મળતું.

દરેક માબાપને તેમનાં સંતાનોની ચિંતા થાય, તેમને સુખી જોવા તે ઇચ્છે એ બધું બરાબર છે. પણ માબાપ તેમના સંતાનને વધુમાં વધુ તો પ્રેમ અને શુભેચ્છાઓનો જ વારસો આપી શકે. પુત્ર કે પુત્રીની ચિંતા કરવાનો હક્ક માબાપને છે. તેમના સ્વતંત્ર જીવનના અધિકારનો પાવર ઑફ એટર્ની લખાવી લેવાનો અધિકાર તેમને નથી. માબાપનું કહ્યું નહીં માનીને કદાચ તેઓ દુ:ખી પણ થઈ શકે છે. પણ તેમને પોતાના જ નિર્ણયના કારણે આવી પડેલાં દુ:ખ કે પીડા વેઠવાનો અધિકાર વાપરવો છે. તેને તમારું તૈયાર સુખ બક્ષિસરૂપે નથી જોઈતું. તમે જે કિંમત તમારી કલ્પનાના સુખની આંકો છો તે જ કિંમત તે ન પણ આંકતો હોય! તેને પોતાની કલ્પના મુજબનું સુખ જાતે જ કમાવું છે. તમે માનો છો કે તમારો અનુભવ બહુ કીમતી ખજાનો છે, દીકરો માને છે કે એનો પોતાનો બિનઅનુભવ અપાર શક્યતાઓનું એક અસીમ મેદાન છે!

આપણે લોહીની સગાઈને 'ડિવાઈન રાઈટ ઑફ પેરેન્ટ્સ' રૂપે જોઈએ છીએ. પણ લોહીની તમામ સગાઈઓને લાગણી વડે ફરી કમાવી પડે છે. કોઈ સંતાનનાં માબાપ હોવું એ એક અકસ્માત છે. તેને પ્રેમ દ્વારા 'પ્રાપ્ત' કરીને આપણે માબાપ તરીકેની આપણી લાયકાત સિદ્ધ કરવી પડે છે. ઇંગ્લૅન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલની મા સૌંદર્યવતી હતી, સંસ્કારી હતી, પણ તે ચર્ચિલને પ્રેમ આપી ના શકી. ચર્ચિલના ખંડમાં ટેબલ ઉપર એક આયાની તસવીર જ રહેતી, જેણે ચર્ચિલને પ્રેમ આપ્યો હતો. અબ્રાહમ લિંકનને માતાનો સાચો પ્રેમ પાલક માતા પાસેથી જ મળ્યો હતો. લોહીની સગાઈનું મૂલ્ય જરાય ઓછું નથી. પણ સંતાનોને મિલકત ગણીને તમે તેને ચાહતાં હશો તો એ પ્રેમ સાચા લોહીની સગાઈનો ચમત્કાર નહીં સર્જી શકે. તમે જ્યારે સંતાનને એક

સ્વતંત્રા સ્વમાની વ્યક્તિનો દરજ્જો આપીને ચાહો ત્યારે એ પ્રેમમાં તમને સાચા લોહીનો ધબકાર દેખાશે. લોહીના કુદરતી ખેંચાણને તમારે એકમેકની સાચી સમજણ અને સહાનુભૂતિના આકર્ષણમાં ફેરવવું પડે છે. જ્યારે આવું થાય છે ત્યારે પિતા અને પુત્રાનાં અલગ અલગ સદ્ભાગ્ય અને દુર્ભાગ્યની અનેક ઊથલપાથલો વચ્ચે પણ પેલો પ્રેમ અકબંધ રહે છે.

માનવજીવન એવું છે કે નઃસ્વાર્થમાં નઃસ્વાર્થ પ્રેમમાં પણ પરસ્પરની અપેક્ષાઓના સૂક્ષ્મ તાણાવાણા મોજૂદ હોય જ છે. તેમાં કશું ખોટું પણ નથી અને શરમાવા જેવું પણ નથી. યાદ રાખવા જેવું એટલું જ છે કે પિતાની ‘યોગ્યતા’ માપવા માટે પુત્રા પ્રેમનો માપદંડ જ વાપરે એવી અપેક્ષા જેમ પિતાની હોય છે, તેમ પુત્રાની અપેક્ષા પણ એ જ રહેવાની કે પિતા પુત્રાની ‘યોગ્યતા’ માટે પણ પ્રેમનો માપદંડ જ વાપરે.

વિખ્યાત અમેરિકન પત્રકાર—લેખક નોર્મન કઝીન્સ જ્યારે હૃદયરોગના પ્રચંડ હુમલા પછી ઇસ્પિતાલમાં પોતાની એ રાતને જિંદગીની છેલ્લી રાત ગણી રહ્યા હતા, ત્યારે તેમને તેમના પિતાની મૃત્યુપથારી વેળાની છેલ્લી મુલાકાત યાદ આવી ગઈ.

પિતાએ ઉચ્ચારેલા શબ્દો નોર્મન કઝીન્સના કાળજે કોતરાઈ ગયા હતા: “બેટા, બીજું બધું તો ઠીક, પણ આ છેલ્લી ક્ષણ આવી પહોંચી છે ત્યારે મને થાય છે કે મેં તમને બધાંને પૂરતાં ચાહ્યાં તો છે ને? હું તમને પૂરતો પ્રેમ આપી શક્યો છું કે નહીં? એવો પ્રશ્ન મને થયા કરે છે.”

સંતાનો અંગે જ નહીં, મિત્રો, સ્નેહીઓ બધાંના સંબંધોમાં આપણને અંતકાળે જ આવો પ્રશ્ન થાય તેવું બને. એવું પણ બને કે કોઈ મિત્રા કે કોઈ સ્નેહી ઓચિંતી વિદાય લે ત્યારે આવો પ્રશ્ન હૃદયમાં શૂળની જેમ ભોંકાય. માણસનું સદ્ભાગ્ય એમાં છે કે પોતાના સ્વજનની ઓચિંતી વિદાયની ક્ષણે કે ખુદ પોતાની વિદાયની ક્ષણે આત્મવિશ્વાસપૂર્વક એવું કહી શકે કે, મેં મારાં સ્વજનોને બરાબર ચાહ્યાં છે; બીજી ઘણી કમી રહી હશે, લાગણીની કમી મેં રહેવા દીધી નથી. માણસે આટલું કર્યું

હોય તો મોતની ગમે તેવી વીજળી પડે ત્યારે તે છેક આશ્વાસનરહિત બની જતો નથી.

## ક્યાંથી શીખે છે?

થોડાં વરસો પહેલાં વૈજ્ઞાનિકોને સવાલ થયો કે આ બધાં પંખીઓ માળો બાંધતાં ક્યાંથી શીખતાં હશે? કોણ તેને શીખવે છે? શું જોઈને તે માળા બાંધતાં શીખે છે? એટલે તેમણે એક પ્રયોગ કર્યો. થોડાંક પંખીનાં ઈંડાં લીધાં અને પ્રયોગશાળાની બંધ દુનિયામાં તેને રાખ્યાં. ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યાં, પણ પ્રયોગશાળાનો એ ખંડ એવો હતો કે જ્યાં તેમને માળાની કલ્પના પણ ન આવે. આવી રીતે, જેણે માળો કદી જોયો નથી, માળાની કલ્પના પણ જેને આવે તેમ નથી, તેવાં પંખીઓની ત્રીજી-ચોથી પેઢી ત્યાં ને ત્યાં પ્રયોગશાળામાં પેદા કરી. પછી ચોથી પેઢીનાં પંખીઓને બહાર કાઢી છૂટાં મૂક્યાં, ત્યારે વૈજ્ઞાનિકો એ જોઈને દંગ થઈ ગયા કે એ પંખીઓ સ્વાભાવિકપણે માળો બાંધવા લાગ્યાં!

['ગુજરાત સમાચાર' દૈનિક: ૧૯૭૭]

## જિંદગી એટલે વાવણી

એક જુવાન કહે છે: હું ત્રીસ વર્ષનો થયો, હું તો ઠેરનો ઠેર રહ્યો હોઉં એવું લાગે છે. જેણે ચાલીસ વર્ષ પૂરાં કર્યાં છે તેની ફરિયાદ એવી છે કે ચાલીસ વર્ષ પાણીમાં પડી ગયાં. આટલું આટલું મેળવવું હતું, પણ મેળવી ન શકાયું. નોકરીમાં અમુક બઢતી મેળવવી હતી તે હજુ નથી મળી. આટલું બૅન્કબૅલેન્સ કરવું હતું તે ન થયું. પચાસ વર્ષ થાય ત્યારે માણસ કહેશે કે, જે મેળવ્યું છે તે મારી શક્તિના હિસાબે અને બીજાઓ સાથેની સરખામણીના હિસાબે ઘણું જ ઓછું છે. માણસને ૬૦ વર્ષ થાય એટલે કહેશે કે કોઈની કંઈ કદર જ મળી

નહીં. કંઈ કેટલાય માણસો ષષ્ટિપૂર્તિ ઊજવી ગયા, કંઈ કેટલાય કેટલી બધી જાત્રાઓ કરી આવ્યા, કંઈ કેટલાય પરદેશના પ્રવાસો કરી આવ્યા. સિત્તેર વર્ષે માણસને લાગે છે કે બસ, તબિયત જે લોહી પીવા માંડી છે તેને કઈ રીતે અંકુશમાં લેવી તે જ સવાલ છે! મૃત્યુ કઈ રીતે આવશે તેનો વિચાર ગભરાવી મૂકે છે. કોઈ કોઈ વાર અડધી રાતે આંખ ઊઘડી જાય છે અને મોત જ ક્યાંક આજુબાજુમાં સંતાઈને બેઠું હોવાનો વહેમ પડે છે.

પણ જીવનની બહારની આ સંપત્તિ જેમને ન મળી તેમણે પોતાની અંદરની સંપત્તિથી પોતાની દુનિયાને આબાદ કરી છે તે હકીકત છે. મહાન ચિત્રાકાર વિન્સેન્ટ વાન ગોગે ત્રીસ વર્ષની ઉંમરે તેના ભાઈ થીઓ પરના પત્રામાં લખ્યું હતું: “જિંદગી પાસે ઝાઝી અપેક્ષા કરવી નહીં જોઈએ; જિંદગી એ તો એક પ્રકારનો વાવણીનો સમય છે—લણણીનો નહીં!”

આખી દુનિયાની દરિયાઈ સફર કરી આવેલા સર ફ્રાન્સિસ ચિચેસ્ટરે કહ્યું છે: “આખી જિંદગી આમ જુઓ તો આખરે નિષ્ફળતા જ છે, પણ એમાંથી હાંસલ કરવા જેવું કંઈ હોય તો તેમાં મળતી રમત-ગમ્મત જ છે.”

જર્મન મહાકવિ ગેટેએ નોંધ્યું છે: “મારી ૭૫ વર્ષની જિંદગીમાં ખરેખર મને સુખ અને શાંતિનો એક મહિનો પણ મળ્યો નથી. પણ મને મારી જિંદગી વિશે ખરેખર કોઈ ફરિયાદ નથી.” બીમાર સેમ્યુઅલ જોન્સને ૭૫ વર્ષની ઉંમરે કહ્યું છે: “એકાદી નવી ઓળખાણ ન કરું તો મને મારો દિવસ ફોગટ ગયેલો લાગે.”

૭૫ વર્ષની ઉંમરે વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું: “હું હવે ભગવાનને મળવા તૈયાર છું, પણ એ મને મળવા તૈયાર છે કે નહીં તે વળી જુદી વાત છે.” પછી ૯૧ વર્ષ સુધી જીવેલા ચર્ચિલને કોઈએ પૂછ્યું હતું કે, તમે આટલું લાંબું જીવ્યા કઈ રીતે? ચર્ચિલે કહ્યું: “આટલાં લાંબાં વર્ષોમાં મેં મારા હૃદયમાં કોઈની પ્રત્યેના ધિક્કારને મુદ્દલ સ્થાન નથી આપ્યું.”

૭૯ વર્ષની ઉંમરે બેન્જામિન ફ્રૅંકલિને એક પત્રામાં લખ્યું હતું: “હજુ હયાત છું અને જિંદગીની મજા પણ માણી રહ્યો છું. વૃદ્ધાવસ્થાની નબળાઈઓ ઝડપથી આવી રહી હોય એવું લાગે છે અને શરીર એટલું બધું સમારકામ માગી રહ્યું છે કે પરમાત્માને કદાચ એમ જ થતું હશે કે આ જર્જરિત ઇમારતનું સમારકામ મોંઘું પડે. તેને પાડી નાખીને નવી જ ઇમારત બનાવું.”

## જીવવાનું બંધ ના કરો!

૮૨ વર્ષની ઉંમરે શ્રી મોરારજી દેસાઈ ભારતના વડાપ્રધાન બન્યા.

બીજું તો ઠીક, સામાન્ય માણસને અહોભાવ જાગે છે. ૮૨ વર્ષે વડાપ્રધાન! ૮૨ વર્ષનો માનવી આટલો મોટો બોજો ઉપાડવા માટે શારીરિક અને માનસિક દૃષ્ટિએ કેટલો બધો સુસજ્જ હોવો જોઈએ? મોરારજી દેસાઈ ટટાર ચાલે છે અને ટટાર બેસે છે. એમની અદામાં કે અવાજમાં આઠ દાયકાની ઉંમરનો ભાર દેખાતો નથી.

માણસો મોટી ઉંમરે પણ સક્રિય જીવનમાં તરબોળ રહી શકે, માંદા થઈને પથારીમાં ના પડે અને નિરોગી જીવન જીવે તેનું કાંઈ રહસ્ય છે ખરું? એનું રહસ્ય એટલું જ છે કે ઉંમરની સાથે જીવનશક્તિનાં પૂર ઓસરવા ના દેવાં હોય તો કોઈ પણ સંજોગોમાં મનથી ટટાર રહો.

આપણે ત્યાં માણસો મનથી હારી જાય છે, વહેલાં હારી જાય છે અને મનથી વહેલાં નિવૃત્ત થઈ જાય છે. ઉંમરનો કાંટો ૫૫-૫૮ આસપાસ પહોંચે, ત્યાં માણસો થાકીને બેસી જવાની તૈયારી કરે છે.

જે દેશમાં લાખો જુવાનો કામ શોધતા હોય ત્યાં માણસોએ અમુક ઉંમરે નોકરી છોડવી પડે, તેવું તો ગોઠવવું જ પડે. નોકરી, બેશક, છોડી દો, પણ જીવવાનું બંધ ના કરો. તમારી ઉંમર ગમે તેટલી હોય, તમે તમારી જાતને ખોડા ઢોર જેવી ના ગણો. માણસ છો, તો છેલ્લી ઘડી સુધી લડો—લડતાં લડતાં જ મરો, મરતાં મરતાં પણ લડો. એટલું

નક્કી કરી નાખો કે, મરીશ તો લડતાં લડતાં જ મરીશ; યમરાજ મળવા આવશે તો તેને ઑફિસ કે દીવાનખાનામાં જ મળીશ—શયનખંડમાં નહીં જ મળું.

જેમણે જિંદગીમાં કાંઈક કર્યું છે, તેવા માણસોનાં જીવન તપાસશો તો તમને દેખાશે કે, આ લોકો કામ કરતા રહ્યા છે, કપરો સંગ્રામ ખેલતા રહ્યા છે, વારે વારે પોતાની ઉંમરનાં ટીપણાં ઉખાળતા બેસી રહ્યા નથી.

પશ્ચિમ જર્મનીના એક વારના ચાન્સેલર એડોનેરનું જીવન જ ૬૦ વર્ષ પછી શરૂ થયું હતું. ચર્ચિલનું સાચું રાજકીય જીવન પણ ૬૦ વર્ષ પછી શરૂ થયું. ચર્ચિલના એક ચરિત્રાકારે નોંધ્યું છે કે, ચર્ચિલનું મૃત્યુ ૬૦ વર્ષે થયું હોત તો બ્રિટનના ઇતિહાસમાં તેનું નામ કોઈ નાના પ્રકરણની ફૂટનોટમાં જ દટાઈ ગયું હોત. ચંગેઝખાનની જિંદગી ખરેખર ૫૬મા વર્ષે શરૂ થઈ હતી. બ્રિટનના જાજરમાન વડાપ્રધાનો ડિઝરાયલી અને ગ્લેડસ્ટન જિંદગીની સંધ્યાટાણે સૂરજની જેમ ઊગ્યા હતા. રવીન્દ્રનાથ ટાગોર ૫૫ વર્ષની ઉંમરે અંગ્રેજીમાં કવિતા કરવા બેઠા અને નોબેલ પારિતોષિક મેળવવા સદ્‌ભાગી બન્યા. દુનિયામાં લાખો લોકો આજે પણ જે કથા રસપૂર્વક વાંચે છે, તેનાં હાસ્ય અને કરુણતા માણે છે, તે ‘ડોન ક્વીઝોટ’નો લેખક સર્વાન્ટીસ દારુણ ગરીબીમાં ૫૮ વર્ષની ઉંમરે એ વાર્તા લખવા બેઠો હતો. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન ૫૫ વર્ષના થયા ત્યાં સુધી તેમને જિંદગીમાં કરુણ પરાજયો જ મળ્યા કર્યા હતા.

જિંદગીમાં કોઈને વહેલી સફળતા કે ખ્યાતિ મળે, કોઈને ખૂબ મોડી મળે, અને ઘણાંને તો કદાચ મળે પણ નહીં. પરિણામો આપણા હાથમાં નથી, કર્મ આપણા હાથમાં છે. માણસે પોતાને સંતોષ થાય અને જીવન સાર્થક લાગે તેવું કાર્યક્ષેત્ર નક્કી કરી નાખવું જોઈએ અને પછી તેમાં ગૂંથાઈ જવું જોઈએ.

આપણે શાંત અને સુરક્ષિત જિંદગીના ખ્યાલમાં વધુ પડતા ઠંડા અને કાયર બની ગયા છીએ.

તમારી ઉંમર ગમે તે હો—હવે તમે જીવવાનું શરૂ કરો. હજુ મોડું થયું નથી. કોઈ ઉંમરે, ક્યારેય મોડું થતું નથી. કોઈક મનપસંદ કામ લઈને તેનો યજ્ઞ આરંભી દો. જિંદગી એક લાંબા પંથ જેવી છે. મોત ક્યારે અને કઈ ઝાડીમાંથી આપણી ઉપર ત્રાટકવાનું છે તે આપણને ખબર નથી. આપણે તેની બીકથી રસ્તામાં વારેવારે ઊભા રહેવાની કે બેસી જવાની જરૂર નથી. ચાલતા જ રહો, કામમાં એટલા બધા ડૂબી જાવ કે ખુદ યમરાજા તમને ‘ડિસ્ટર્બ’ કરતાં ખચકાટ અનુભવે.

[‘ગુજરાત સમાચાર’ દૈનિક: ૧૯૭૭]

## નારીનું એક જ રૂપ?

એક સંબંધી હમણાં અમેરિકાથી આવ્યા હતા. એમણે કહ્યું “અહીં આપણી બહેનોને આપણે રસોડામાં વધુ પડતી કેદ કરી નથી? ખાવાપીવાની બાબતમાં વધુ પડતા લાડ કરવા આપણે ટેવાઈ ગયા છીએ. આ કારણે બહેનો રસોડામાં સવાર-સાંજના વધારે પડતા કલાક ગાળે છે. આટલા બધા કલાક રસોડામાં ગાળતી સ્ત્રી પોતાનો વિકાસ કેવી રીતે સાધી શકે? કાંઈ વાંચવાનો સમય તે ક્યાંથી ફાજલ પાડે? પોતાનાં બાળકોની સાથે કેટલો સમય ગાળી શકે? એ ઘરને સુંદર કઈ રીતે રાખી શકે?”

આ ભાઈની વાતમાં તથ્ય છે. કચેરીઓ ને બૅન્કો બંધ હોઈ શકે, શાળા—કૉલેજોમાં છુટ્ટી હોઈ શકે, તાર-ટપાલની સેવાઓ પણ રજા પાળી લે, પણ આપણું રસોડું ત્રીસેય દિવસની સેવામાંથી નવરું ન પડે! આપણી થાળીને આપણે એટલી અટપટી બનાવી દીધી છે કે તેની તૈયારીમાં ગૃહિણીના ઘણાબધા કલાકો ચાલ્યા જાય છે. સાદાઈની વાતો કરનારા પણ તેમના સાદા ખોરાકની પળોજણ ઊભી કર્યા વગર રહેતા નથી.

આપણે ત્યાં એવી રૂઢિ જડ ઘાલી બેઠી છે કે પુરુષો તો તૈયાર

ભાણા ઉપર બેસે, રસોઈના કામમાં તો પુરુષોથી શાક સમારવા જેટલી મદદ પણ ના થઈ શકે! કેટલીક વાર તો આવું કોઈ કામ પુરુષને સોંપવા ગૃહિણી જ તૈયાર થતી નથી. કોઈ પણ પ્રકારના બીજા ઘરકામમાં પણ પુરુષની મદદની આશા કોઈ કરતું નથી. આપણને કબૂલ કરવું કદાચ ન ગમે, પણ રસોયણ કે કામવાળી સિવાયના બીજા કોઈ રૂપમાં આપણે સ્ત્રીને ખીલવા દીધી જ નથી. પત્ની તરીકે, માતા તરીકે, એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે એ પોતાનું સ્વરૂપ બતાવી શકતી નથી.

['ગુજરાત સમાચાર' દૈનિક: ૧૯૭૭]

## માત્ર રૂપાળા રંગો જ?

૧૯૫૨-૫૩ની સાલની વાત છે. રાજકોટમાં પૃથ્વીરાજ કપુર આવ્યા હતા, એમનાં પ્રખ્યાત નાટકો લઈને. પૃથ્વીરાજનાં નાટકોમાં રાષ્ટ્રીય અને સામાજિક જાગૃતિની એક ઝલક હતી. ગોંડલ રોડ ઉપરના એક વિશાળ મકાનમાં તેમનો ઉતારો હતો. તેમનાં નાટકો વિષે ઘણીબધી વાતો કરી અને પછી તેમના પુત્ર રાજકપુર વિષે પૂછ્યું. સવાલ કંઈક આવો હતો: “રાજકપુર 'બરસાત' જેવી ફિલ્મમાં શું કહેવા માગે છે? પ્રણયની ઉત્કટતાનાં આ દૃશ્યો, પ્રેમનાથનું દિલફેંક જુવાનનું પાત્રા અને તેની ચેષ્ટાઓ જુવાન પેઢી ઉપર કેવી અસર કરતાં હશે? તમને નથી લાગતું કે રાજકપુરનું 'બરસાત' જુવાન પેઢીના માનસને દૂષિત કરશે?”

પૃથ્વીરાજે જવાબ આપ્યો તે કંઈક આવો હતો: “આ સવાલ તમારે રાજકપુરને કરવો જોઈએ. એનો જવાબ હું આપીશ તો તમને થશે કે હું મારા પુત્રનો બચાવ કરું છું. પણ તમને હું એક સામો સવાલ કરું—આપણે આપણાં યુવક—યુવતીઓ વિશે શું માનીએ છીએ? આપણે આ ખરાબ છે, ખરાબ છે કહીને તેની આંખોથી કેટલુંક ઢાંક્યા કરીશું? બાળકોને, જુવાનોને આપણે શું 'ગ્લાસ વીથ કેર,' સાચવી-સંભાળીને રાખવા જેવી કાચની વસ્તુઓ જ બનાવી દેવાં છે? તમે શું એવું

માનો છો કે તમે બાળકથી, જુવાનથી જિંદગીની બરછટ બાજુ ઢાંકેલી રાખશો એટલે તે સદ્‌ગુણી જ બની રહેશે? શું સદ્‌ગુણો પાપના સંપૂર્ણ અજ્ઞાનમાંથી પાંગરે છે? આને તમે શું નિર્દોષતા કહેશો? નવી પેઢીથી તમે ઘણુંબધું છુપાવ્યા કરશો તો તેથી તે નિરોગી બની જશે, તેવું માનવાની ભૂલ કરશો નહીં. આવું કરીને તમે તેમને સદ્‌ગુણ શીખવી નહીં શકો; એ માત્ર દંભ શીખશે. રૂપજીવિનીઓની છબીઓ સંતાડયા કરશો, તો તેઓ માત્ર સતીઓની છબીઓ જ પિછાનશે તેમ માનવું ભૂલભરેલું છે. છુપાવેલી વસ્તુને તેનું પોતાનું આકર્ષણ છે. હું કહું છું કે તેને જિંદગીની બધી બાજુઓ જોવા દ્યો. અને તેમાંથી સારી બાજુ ગ્રહણ કરવાની તેની શક્તિ નહીં વિકસાવો તો તે મહાત્મા ગાંધીના જીવનચરિત્રામાંથી પણ માત્ર ચોરીનો પ્રસંગ જ પકડી લેશે અને મનમાં ને મનમાં કહેશે કે, મહાત્મા જેવા મહાત્માએ પણ ચોરી કરી હતી તો આપણે તેમ કરીએ તો શું ખોટું? તમે તેને વિવેક શીખવો.

“મારું માનો તો સદ્‌ગુણોનો ચારો ચરાવવા માટે પણ બાળકોને તેના વાડામાં પૂરવાનું રહેવા દ્યો. સદ્‌ગુણના વિકાસના શુભ હેતુથી પણ આવાં બંધનો ઊભાં કરવાનું માંડી વાળો. તેમને છૂટા મૂકો. તેમને પણ ભૂલ કરવા દો. તમે તેને જિંદગીની તલવાર આપી છે, તો સાથે તલવારનું મ્યાન પણ આપો અને મ્યાનમાં તલવાર રાખતાં તેને શીખવો. તલવાર શું છે એ તે જોઈ પણ ના શકે, તે માટે માત્ર તેને મ્યાન ન આપો. આમ કરશો તો માત્ર કુતૂહલ જ કોઈક દિવસ તે મ્યાન તોડી નાખશે અને એમાં રહેલી તલવાર તેને જ ઘાયલ કરશે.”

પછી તો ચર્ચા ખૂબ ચાલી. આ સવાલ જ એવો છે કે જેનો કોઈ બિનવિવાદાસ્પદ ઉકેલ આવી ના શકે. વખત જતાં પૃથ્વીરાજની વાતમાં તથ્ય લાગ્યું. આપણે ફિલ્મોને સેન્સર કરીએ કે તેનો બહિષ્કાર કરીએ, આપણે પુસ્તકો ઉપર પ્રતિબંધની જેહાદ ચલાવીએ કે તેને લોકોની આંખે ચઢતાં રોકીએ, તેથી પાપનો અને દુરાચારનો ક્ષય થઈ જવાની આશા રાખતા હોઈએ તો તે મોટી ભૂલ છે. આપણે જેને સદાચાર કહીએ છીએ તે પણ માણસના જીવનમાંથી ઊગેલો હોવો

જોઈએ. તેની ફોરમ તેના પોતાનામાંથી પ્રગટવી જોઈએ.

બાળકની આંખથી આપણે જન્મની ઘટના કે મોતનો બનાવ ઢાંકેલો રાખીશું તો તેથી શું થવાનું? દુનિયામાં નવાં બાળકો આવે છે, અને માણસો મરી જાય છે, ક્યાંક અલોપ થઈ જાય છે, તે હકીકત ક્યાંક ને ક્યાંક તેની સમજ સાથે અથડાયા જ કરે છે. જિંદગીની વાસ્તવિકતાઓ સંપૂર્ણપણે સંતાડી-છુપાવી શકાતી નથી. જીવનના ચિત્રમાંથી માત્ર રૂપાળા રંગો જ બતાવવાની અને તેનાં કાળાં ધાબાં ઢાંકી દેવાની તમારી મથામણ એળે જવાની છે. જીવનનું ગમે તેવું અટપટું પણ આખું ચિત્ર જ તેને જોવા દેવું પડશે. તમે જોવા નહીં દો તોપણ વહેલુંમોડું તે તેની આંખે ચઢવાનું જ છે.

જે પ્રકૃતિગત છે તેને તમે તદ્દન ભુલાવી નહીં શકો. આખી દુનિયા ઉપર કાળો પડદો પાડીને તમે એક સ્ત્રી અને એક પુરુષને નિર્દોષ શિશુના સ્વરૂપે કોઈક નિર્જન ટાપુ ઉપર એકલાં મૂકી દેશો, તો પણ ફરી આદમ અને ઈવની કહાણી શરૂ થયા વગર રહેવાની નથી. અજ્ઞાન કદી સદ્‌ગુણનું ફળદાયક ખાતર બની શકતું નથી. માણસ માણસને સારાખોટાની, દૂધ અને પાણીની સમજ આપી શકે, વિવેક આપી શકે; બાકી માત્ર દૂધ દેખાડવાથી તે પાણીથી અજ્ઞાત રહે તેમ માનવું ભૂલભરેલું છે.

ચોપડીઓ ઉપર, ફિલ્મો ઉપર તમે ‘ફોર એડલ્ટસ ઓનલી’, ‘ફક્ત પુખ્ત વયનાઓ માટે જ’ એવી ચેતવણી ચીતરાવી શકશો. પણ આ સંસાર ફોર એટલ્ટસ ઓન્લી, પુખ્ત વયનાઓ માટે જ છે તેવું તમે કઈ રીતે શીખવશો? તમે બાળકને ક્યાં રાખશો? કેટકેટલા પડદા, કેટલી કેટલી ઓઝલ ઊભી કરશો? ગમે તેટલા પડદા છતાંય તમે તેના મનને અંધારામાં રાખી નહીં શકો. તેને જે જોવું હોય તે જોવા દો, જાણવું હોય તે જાણવા દો અને તે જે જુએ છે, તે જે જાણે છે, તેનો મર્મ સમજાવો. તમે માનો છો તેવી માણસની નમાલી માટી નથી—તમે કીચડ કરવા નાખેલી માટીમાંથી પણ કમળ બેઠાં થઈ જાય છે. બહારવટિયો વાલ્મીકિ બને છે અને સાપને દોરડું સમજવા જેટલો કામાતુર પુરુષ

સંત તુલસીદાસ બને છે. પુણ્યની જરૂર દોસ્તી કરાવો, પરંતુ પાપની પણ પિછાન તેને થવા દ્યો. તે પાપનો જ ભાઈબંધ બની જશે, તેવો ડર રાખવાની જરૂર નથી.

['ગુજરાત સમાચાર' દૈનિક: ૧૯૭૭]

## સમાજ ક્યાં બદલાયો છે?

ઉર્દૂના મશહૂર વાર્તાકાર સહાદત હુસેન મન્ટોની એક વાર્તા છે. એ વાર્તામાં એક યુવતી ઘોડાગાડી ચલાવવાનું લાઇસન્સ લેવા સત્તાવાળાઓ પાસે જાય છે. ઘોડાગાડી ચલાવવાનું લાઇસન્સ એને મળી શકતું નથી. યુવતી ગણિકા બનવા માટેનું લાઇસન્સ માગે છે. એ લાઇસન્સ એને સહેલાઈથી મળી જાય છે! પુરુષપ્રધાન સમાજ સ્ત્રીને ઉપભોગના સાધન સિવાય બીજું કશું ગણતો જ નથી, તે હકીકતને મન્ટોએ એ વાર્તામાં નિષ્ઠુરતાથી અને હૃદયસ્પર્શી રીતે આલેખી છે.

એ તો વર્ષો પહેલાંની વાત. હવે દુનિયા બદલાઈ છે. નારી-મુક્તિની ચળવળ દેશેદેશમાં જાગી છે. ભારતીય સમાજ પણ બદલાઈ ગયો છે. કાયદાથી સ્ત્રીને સમાનતા મળી છે. અમદાવાદમાં જમુના નામની એક યુવતીને રિક્ષા ચલાવવાનું લાઇસન્સ મળ્યું, રિક્ષા ચલાવતી જમુનાની તસવીરો અખબારોમાં પ્રગટ થઈ. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને બારેક જેટલી યુવતીઓને બસના કન્ડક્ટર તરીકે ભરતી કરવાનું સ્વીકાર્યું છે.

ક્યાં સહાદત હુસેન મન્ટોએ પોતાની વાર્તામાં આલેખેલો સમાજ, અને ક્યાં આજનો સમાજ? સમાજ બદલાઈ ગયો છે, નહીં? કે નથી બદલાયો? હજુ નથી બદલાયો. મન્ટોની વાર્તા આજ પણ સાચી છે. રિક્ષાનું લાઇસન્સ મેળવીને હર્ષવિભોર બનેલી યુવતીને રિક્ષા ચલાવવા જતાં શો અનુભવ થયો? એ આંસુ સારતાં કહે છે કે, મારા બદલે મારો પતિ રિક્ષા હંકારે છે કેમ કે હજુ મારા માટે રિક્ષા ચલાવવાનું એટલું

સરળ-સલામત બન્યું નથી. મારી રિક્ષામાં બેસવા માણસો પડાપડી કરે છે! કહે છે કે, તમારે જ્યાં લઈ જવા હોય ત્યાં લઈ જાવ! બધાની નજર એની કાયા ઉપર છે. નહીં કે એ અત્યંત રૂપવતી છે—માત્ર એટલા જ કારણે કે એ જુવાન સ્ત્રી છે.

ક્યાં બદલાયો છે સમાજ? ક્યાં બદલાયો છે પુરુષ? પુરુષ તો હજુ એ નો એ જ છે. ટાંગાનું લાઇસન્સ માગવા છતાં નહીં મેળવી શકતી મન્ટોની એ યુવતી, અને રિક્ષાનું લાઇસન્સ મેળવી શકેલી અમદાવાદની યુવતીની સ્થિતિમાં ઝાઝો ફરક નથી.

સવાલ એ થાય કે વાસના સિવાયની બીજી કોઈ નજરે આપણે સ્ત્રીને કેમ જોઈ નથી શકતા? આપણી નજરમાંથી વિકૃતિ ઓગળતી જ નથી, એવું કેમ? ‘મહાભારત’ના દુઃશાસને ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચ્યાં હતાં. આપણા આજના સમાજમાં દુઃશાસનોનો રાફડો ફાટયો છે. કેટલાક ખરેખર સ્ત્રીનાં ચીર ખેંચે છે. પણ બીજા લાખો ખરેખર ચીર ખેંચતા નથી તો પણ પોતાની નજરથી સ્ત્રીનાં ચીર ખેંચે છે. તેને નિર્વસ્ત્ર કરી દે છે.

સિનેમાઘરો, હોટેલો, જાહેર બગીચા, કચેરીઓ, વેપારી પેઢીઓ—ઠેર ઠેર અવિરતપણે આ દુઃશાસનલીલા ચાલ્યા જ કરે છે. બધાને તેની ખબર છે, અને છતાં જાણે કોઈ કાંઈ નોંધ લેતું નથી. જાણે પુરુષોએ મૌનનું એક કાવતરું રચ્યું છે. બધાને આ જ સ્વાભાવિક લાગે છે. બધાને આ આધુનિકતાનું સ્વાભાવિક લક્ષણ લાગે છે. એક સેલ્સ ગર્લ, એક ટાઇપિસ્ટ, એક કારકુન સ્ત્રીને રોકનાર માનવીની ટાંપ એના દેહ ઉપર રહે છે. એક છોકરી કચેરીમાં, દુકાનમાં, પેઢીમાં, બૅંકમાં જે વૈતરું કરે છે, તેની જાણે ખાસ કાંઈ કિંમત નથી. એ જાણે મફતમાં રૂપિયા લઈ જાય છે—સિવાય કે એ બીજો કોઈ ઉપહાર આપી શકે તેમ હોય તો! ચારે તરફથી આપણે કામનો એક કૃત્રામ આતશ ઊભો કર્યો છે—સસ્તી વાર્તાઓ, સિનેમા, પોસ્ટરો, કપડાંલત્તાની જાહેરખબર હોય કે પંખાની કે ફ્રીજની કે ચોકલેટ કે દવાની કે ગમે તેની જાહેરખબરમાં એક સ્ત્રી સિવાય બીજું કાંઈ આપણને સૂઝતું નથી.

ચોતરફ દુ:શાસન-લીલા પથરાયેલી નિહાળીએ છીએ ત્યારે એવું જ લાગે છે કે આપણે નિરોગી મનના માનવીઓના સમૂહમાં ફરતા નથી, પણ ખંડિત કલેવરોના જીવતા કબ્રસ્તાનમાં ઘૂમી રહ્યા છીએ.

આપણે એવું વસ્ત્ર-હરણ માંડયું છે કે ક્યારેક શંકા જાય છે કે આપણે સ્ત્રીને પાછી બુરખા ભેગી તો નહીં કરી દઈએ?

['ગુજરાત સમાચાર' દૈનિક: ૧૯૭૬]

## લોકો ભૂલ કરે જ નહીં?

એક શહેરમાં કોઈ પોલીસ અધિકારીને પ્રામાણિક રીતે છતાં સખ્તાઈથી કામ કરતો જોઈને તેની સામે દેખાવો અને બદલીનાં દબાણો થતાં આપણે જોયાં નથી? લોકોનાં દબાણોને જ આપણે છેવટની સત્તા ગણીશું, તો એવું નહીં બને કે લોકો સતત પ્રતિનિધિના માથા ઉપર જ બેસી રહે અને તેને એવાં કામો કરવાનો હુકમ કર્યા કરે જે સમગ્ર રીતે રાજ્ય કે રાષ્ટ્રના હિતમાં ના પણ હોય? અમુક જિલ્લાના લોકો તેના ચૂંટાયેલા પ્રતિનિધિઓને એવું જ કહેશે કે, તમે આ જિલ્લામાં જ નર્મદાનાં પાણી આવે તેવો બંદોબસ્ત કરો અને નહિતર ખસી જાવ. આવું ના થઈ શકે તેમ પ્રતિનિધિ કહેશે, તો ઉશ્કેરાયેલા લોકો તેને 'ભ્રષ્ટાચારી' કે ગમે તે લેબલ આપશે.

રાજા કંઈ ખોટું કરે જ નહીં, તે માન્યતા જુનવાણી અને જૂઠી છે; અને લોકશાહીમાં લોકો પણ કંઈ ભૂલ કરે જ નહીં તેવો ખ્યાલ પણ ખોટો છે.

['ગુજરાત સમાચાર' દૈનિક]

# ભોગીલાલ ગાંધી

## એમનો બેલી કોણ?

બોલકા અને સંગઠિતોની માગણીઓ સંતોષવા પાછળ સરકારોએ કરોડો રૂપિયાનો ખર્ચ વધાર્યો હશે. છતાં માગણીઓનો અંત નથી; સાત સંતોષી ત્યાં સત્તર જન્મી: પગાર વધ્યો, પણ કામનો બોજ ક્યાં ઘટયો છે? માટે વધુ માણસોનો સ્ટાફ આપો. વધુ સગવડો આપો. આપો, આપો ને આપો.

અને એ માગણીઓ માટેનાં આંદોલનો કેવાં હતાં? કોઈએ ધમકી આપી—અમે દર્દીઓની સારવાર બંધ કરીશું. કોઈએ કહ્યું—અમે પરીક્ષા નહીં લઈએ. બીજા વળી દેશમાં ઊંચામાં ઊંચું પગારધોરણ મેળવવા છતાં કહે છે કે ચેકોનું ક્લીયરિંગ થંભાવી દેશના વ્યાપારવણજ ખોરવી નાખીશું. કેટલાક રેલનાં પૈડાં જામ કરી દઈ દેશના જનજીવનને જ થંભાવી દેવાની ધમકી દે છે. કેટલાક કહે છે, વીજળીની વ્યવસ્થા ખોરવી અમે દેશ આખાને અંધારામાં નાખશું. કોનો છે આ અવાજ? સંગઠિત, શિક્ષિત અને પોતાના અધિકારો માટે સજાગ એવા લોકોનો… જેમને ભણાવવા માટે સરકારે ગંજાવર ખર્ચ કર્યા છે અને આજે પણ દેશની શાળા-કૉલેજો તથા શિક્ષણની અન્ય સગવડોનો લાભ એમનાં જ બાળકોને મહદ્ અંશે મળી રહ્યો છે. આવા લોકો સારી રીતે પોતાનું કામ બજાવી શકે તે માટે ભૂખે મરતી જનતાએ પેટે પાટા બાંધી એમને પાકાં મકાનો, પાણી, વીજળીની સગવડો, એમનાં કુટુંબીજનો માટે દવાદારૂની સગવડો અને ભવિષ્યમાં કામ છોડે ત્યારે પણ આગળ ઉપરના જીવનનિર્વાહ માટેની વ્યવસ્થાઓ આપી છે.

આ બધું જેના પેટે પાટા બાંધીને અપાયું, તે ગરીબ જનતાને શું મળ્યું? ચોમાસાના ચાર મહિનાની બેકારી બાદ માલિકોના ખેતરમાં કેડનો કાંટો વાળીને કામ કરનાર એ સ્ત્રી-પુરુષ મજૂરોને શું મળ્યું?

રોજ લૂખોસૂકો રોટલાનો ટુકડો ચાવતાં ચાવતાં એના દિલમાં અરમાન જાગે છે, તો એટલા જ જાગે છે કે ભગવાન કરે ને આવો જ ટુકડો કાલ પણ મળી રહે! એમાંના મોટા ભાગનાને નથી માથે છાપરું કે નથી લાજ ઢાંકવા તન પર કપડું; દવાદારૂની વાત તો દૂર જ રહી—પીવાનું ચોખ્ખું પાણી પણ નથી. એમનો બેલી કોણ થશે? એમનો અવાજ કોણ સાંભળશે?

['નિરીક્ષક' પખવાડિક]

# ભોલાભાઈ ગોળીબાર

## એ શીંગ-ચણાના દાણા!

મારી મા કહેતી હતી કે, “દીકરા મારા! દીકરીઓ તો નસીબદારના ઘરે જ હોય.” અને રૂમાએ મને મોડેમોડેય નસીબદાર ઠેરવ્યો હતો. યાસીન અને મોહસીન, બે દીકરાના જન્મ પછી દીકરી રૂમા જન્મી હતી.

રૂમા નાનપણમાં ઘરઘર રમતી. નાનાં નાનાં વાસણોથી પોતાનું અલાયદું રસોડું સજાવતી. મારા માટે એ એકલા પાણીની ચા બનાવતી ત્યારે આસપાસ ઘણું ઢોળાતું. ઘરમાં કચ્ચરઘાણ કરવા બદલ નજમા એને વઢતી, ત્યારે હું રૂમાના હાથની બનેલી જૂઠમૂઠની ચા ટેસથી પીતો!

રૂમા સ્કૂલે જતી ત્યારે પોતાના નાસ્તામાંથી થોડો ભાગ બચાવીને મારે માટે ઘેર લઈ આવતી. એના શીંગ-ચણામાંથી પાંચ-પચીસ દાણા પોતાના ફ્રોકના ટચૂકડા ખીસામાં એ ઘરે લઈ આવતી અને મારી સામે ધરતી, ત્યારે મારાથી એને કપાળે ચૂમીઓ થઈ જતી.

રાતના ઓફિસેથી હું પાછો ન આવું ત્યાં સુધી રૂમા જમતી નહીં. હું એને સમજાવવાની કોશિશ કરતોઃ “બેટા! મારે કામ હોય તો ઓફિસે મોડુંય થઈ જાય. તું મમ્મી ને ભાઈઓ સાથે જમી લેતી હોય તો...! તું ભૂખી કેમ રહે છે?”

“હું ક્યાં ભૂખી રહું છું, પપ્પા?” એ જવાબ આપતી. “તમે આવતા નથી ત્યાં સુધી મને ભૂખ જ નથી લાગતી ને!”

અને હું કાંઈ બોલી શકતો નહીં.

જેમજેમ રૂમા મોટી થવા માંડી, તેમતેમ નજમા એને ઘરના કામકાજમાં લગાવવા માંડી. એ સ્કૂલેથી આવી ને લેસન પતાવે-ન-પતાવે ત્યાં તો નજમા એને રસોડામાં કામ સોંપતી. હું નજમાને ટકોરતોઃ “એને નિરાંતે ભણવા દે ને!”

“રૂમાએ બે કામ શીખેલાં હશે, તો એને જ ખપ લાગશે,” નજમા દલીલ કરતી. “એ કાલે મોટી થઈ જશે પછી સાસરે જઈને શું કરશે?”

“હજુ તો રૂમા નાની છે,” હું કહેતો.

પણ ત્યારે મને ખબર નહોતી કે દીકરીને મોટી થતાં વાર લાગતી નથી.

જે રૂમાને ઢીંગલીની જેમ મારા ખોળામાં ઉપાડી હતી, એને પરીની જેમ ઘરમાં ઊડતી જોવા છતાં જાણે મને મારી આંખ પર વિશ્વાસ બેસતો નહોતો. આંખના પલકારામાં જાણે રૂમા નાની છોકરીમાંથી યુવતી બની ગઈ હતી.

અમારામાં કાકા-મામાનાં બાળકો વચ્ચે લગ્ન થઈ શકે છે. રૂમાના મામાનો દીકરો રિઝવાન ‘નજમાફૂઈ’નો લાડકવાયો ભત્રીજો. એની સાથે રૂમાનાં લગ્ન કર્યાં.

અત્યારે એ સુખી છે. સાસરેથી એના જેટલા ફોન ઘરે મમ્મીને નથી જતા, એટલા મને ઓફિસે આવે છે. રાબેતા મુજબ એ મને ફોન પર શિખામણ આપતી રહે છે: “તબિયત સાચવજો… મોડે સુધી કામ ન કરતા …વહેલા ઘરે ચાલ્યા જજો… બ્લડપ્રેશરની દવા લેવાનું ભૂલતા નહીં!”

ક્યારેક મારા માણસ સાથે હું એને કાંઈક વસ્તુ મોકલું, ત્યારે વળતાં પોતાની બનાવેલી કોઈ ને કોઈ વાનગી એ જરૂર મોકલે. પણ એક વાર એ રીતે તેણે નાસ્તા-બોક્સમાં શીંગ-ચણા મોકલેલા ત્યારે… સ્કૂલેથી આવીને ફ્રોકના ખીસામાંથી કાઢેલા શીંગ-ચણા મારી સામે ધરતી વર્ષો પહેલાંની મારી રૂમા નજર સામે તરવરી ઊઠેલી.

[‘દીકરી વહાલનો દરિયો’ પુસ્તક]

# ભોળાભાઈ પટેલ

## ‘રચ્યા છે રૂડા છંદ દલપતરામે’

૧૯૯૮નું વર્ષ દલપતરામ કવિની મૃત્યુશતાબ્દીનું વર્ષ હતું. કવિના અવસાન પછી એક સો વર્ષમાં ગુજરાતી કવિતા ક્યાંની ક્યાં પહોંચી છે. તેમ છતાં, અર્વાચીનયુગના આરંભમાં દલપતરામ એવા કવિ થઈ ગયા છે જેમનું નામ ગુજરાતી ‘ભાષામાં ઓગળી ગયું છે’, એવી પ્રતીતિ થયા કરે છે. દલપતરામનું નામ ભાષામાં ઓગળી જવાનું એક કારણ તેમણે ‘હોપ વાચનમાળા’ માટે રચેલાં કાવ્યો છે. દલપતરામની કેટલીક કાવ્યરચનાઓ વિદ્યાર્થીકાળમાં જેમને ભણવામાં આવેલી હશે, તેમાંથી મારી જેમ અનેકોને હજીય લગભગ કંઠસ્થ હશે.

ગુજરાતી ભાષાના પ્રેમી અંગ્રેજ ન્યાયાધીશ ફોર્બ્સ અને દલપતરામની મૈત્રી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક અનન્ય ને ઉજ્જ્વળ પ્રકરણ છે. ફોર્બ્સની પ્રેરણાથી ૧૮૪૮માં સ્થપાયેલ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા) સાથે યુવાન દલપતરામ જોડાયા અને જોતજોતામાં એને ગુજરાતી ભાષાસાહિત્યની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવી અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોને એ સંસ્થામાં રસ લેતા કર્યા.

[‘ચૂંટેલી કવિતા : દલપતરામ’ પુસ્તક : ૨૦૦૨]

## રગેરગમાં... લોહીના લયમાં

સોજા મારું ગામ કલોલ તાલુકામાં છે. ગામ જૂનું, પણ તેનો કોઈ ઇતિહાસ નથી. નદી કે પહાડી નથી. પટેલો સારી ખેતી કરે. એક વખતનું ગાયકવાડી ગામ, ફરજિયાત કેળવણી, એટલે નિશાળે તો સૌ જઈ આવ્યાં હોય. બહેનો પણ.

મારા બાપા શંકરભાઈ પ્રાથમિક શાળામાં શિક્ષક. શિક્ષક તરીકેનાં ઘણાં વર્ષો તેમણે બાજુના ગામ પલિયડમાં ગુજારેલાં, પણ સોજાથી આવજા કરે. શિક્ષક એટલા જ ખેડૂત. નિશાળેથી આવીને ખેતરમાં કામ કરે. બાપા સ્પષ્ટવક્તા, કડવા પણ લાગે. બાપાના સ્વભાવથી વિપરીત ગુણો મારામાં આવ્યા; હું કોઈને સ્પષ્ટ કહી શકતો નથી. એમના સ્વભાવમાં આળસ જરા પણ નહિ, આવતી કાલનું કામ આજે કરે; હું કામ તરત કરવાનું ટાળવામાં રાચું. બાપાએ કદી પોતાના વિચારો મારા પર લાદ્યા નથી, મને સ્વતંત્ર નિર્ણયો લેવા દીધા છે—એક મારા લગ્ન સિવાય. મોટા ઘરની પ્રતિષ્ઠા રાખવા ૧૪ વર્ષની વયે મારું લગ્ન કરાવી દીધેલું. પણ તે પછી હંમેશાં પોતાનો વિચાર દર્શાવી છેવટે “જેવી તમારી મરજી” એમ જ કહે.

મારી બા રેવાબા બધી બાઓ જેવી. ખેતીના કામમાંથી છોકરાંની કાળજી રાખવાની નવરાશ ન મળે. નાની વયે હું પરગામ બોઋડગમાં રહેવા ગયેલો, તે આંસુ સારે. રજાઓની રાહ જુએ. પછી પણ રજાઓની રાહ જુએ—જ્યારે અમે પણ પુત્રપરિવારવાળા થયેલા. રાયણાં લઈ રાખે. નવી માટલીઓમાં પાણી ભરી રાખે. મા પાસેથી સાંભળેલું સીતાવનવાસનું લોકગીત મારી રગેરગમાં ભળી ગયેલું છે: “સોના ગેડી રૂપા દડુલો રે રામ રમવાને ચાલ્યા.”

*

દફતરમાં સ્લેટ-પેન લઈ, મહાદેવની પડાળીઓમાં ચાલતી પ્રાથમિક શાળાનાં પગથિયાં ચડેલો તે દૃશ્ય હજી યાદ છે. શાળાના પશા માસ્તર યાદ છે—એમની સોટીનો માર પણ. લગભગ બધા સાહેબો મારતા. ન આવડે તો તો મારે, અને આવડે તો પણ. અમારા ભાઈશંકર માસ્તર આપણો જવાબ ખરો પડે એટલે, જેનો જવાબ ખોટો હોય તેના ગાલ પર તમાચો મારવાનું આપણને કહે. પેલો તો આપણો મિત્રા હોય. તેને હળવેથી ટાપલી મારીએ, એટલે તમાચો કેમ મરાય તેનું નિદર્શન ભાઈશંકર આપણા ગાલે તમાચો મારી કરી બતાવે! તમ્મર આવી જાય.

ત્યાં ધોરણ ચારમાં શિક્ષકને મોઢે પહેલી વાર હિંદી ભાષા

સાંભળી. હિંદી પાઠ્યપુસ્તકનો કદાચ એ પહેલો પાઠ વાંચતા હતા. હિંદી સાંભળતાં જાણે કોઈક અબોધપૂર્વ ભાવ થતો હતો. એ દિવસે ઘરે આવી આખો વખત મોટેથી એ હિંદી વાક્યો બોલ્યાં કર્યાં અને એ ભાષાનાં ઉચ્ચારણનો સ્વાદ મમળાવ્યા કર્યો. એવી રીતે પહેલી વાર સંસ્કૃત ભાષાનું નામ સાંભળ્યું ગામને ઓટલે. પોતે સંસ્કૃત ભણ્યા છે એવી વાત પ્રાથમિક શાળાના એક બ્રાહ્મણ શિક્ષકે કરી, ત્યારે જાણે કોઈ દુષ્પ્રાપ્ય વિદ્યા એમને આવડે છે એવી લાગણી થયેલી—પંડયા માસ્તર સંસ્કૃત જાણે છે! પછી અંગ્રેજી શાળામાં જતાં પ્રાર્થના માટે પ્રથમ સરસ્વતીવંદનાનો સંસ્કૃત શ્લોક મોઢે કર્યો. મારી સ્મૃતિ પ્રમાણમાં સારી. ઘણી વાર તો કશુંક સાંભળું ને છપાઈ જાય. હિન્દીના પાઠ મોઢે થઈ જાય. અંગ્રેજી ભાષાનો પરિચય થવા લાગ્યો પછી અંગ્રેજીના પાઠ મોઢે થઈ જાય.

*

આ દિવસોમાં પણ ચોપડીઓ માટે અનહદ આકર્ષણ. પલિયડની લાઇબ્રેરીમાંથી બાપા મારે માટે ચોપડીઓ લાવે. એ નિશાળેથી આવે એટલે નવી ચોપડીઓની રાહ જોઉં. વ્યાસ વલ્લભરામનું ‘મહાભારત’ સાતમીમાં કંઈ કેટલીયે વાર વાંચ્યું.

બાપાનો બહુ મોટો ઉપકાર, તે મને આઠમીથી કડી સર્વવિદ્યાલયમાં ભણવા મૂક્યો. કડી ભણવા જતાં તો જાણે કાશી ભણવા ગયા! જીવનઘડતરનો દઢ પાયો નખાયો. સર્વવિદ્યાલયનું વિશાળ વાચનાલય સાથેનું પુસ્તકાલય. પુષ્કળ પત્રપત્રકાઓ આવે. અમારા શિક્ષકો વાંચવા માટે પ્રોત્સાહિત કરે. સંસ્કૃતના શિક્ષક રામભાઈએ ભવભૂતિના ભાવજગતમાં પ્રવેશ કરાવ્યો. મોહનલાલ પટેલના હાથે ગુજરાતી ભણવાનો લહાવો, એટલે વિશ્વસાહિત્યમાં પ્રવેશવા માટેની ભૂમિકા. રજાઓમાં કડીથી ઘરે આવીએ ત્યારેયે વાચન ચાલે. મારા બાપુજી ત્યારે ગામની નિશાળમાં આવેલા અને પુસ્તકાલય સંભાળતા. પાંચેય કબાટની ચાવીઓ મારી પાસે.

*

આઠમા ધોરણમાં સંસ્કૃત ભાષા રીતસરની ભણવા મળી. અમારે

'ગીર્વાણ ગીતાંજલિ' ચાલતી, તેમાંના પસંદ કરેલા શ્લોકો મોઢે કરવાના. અઠવાડિયામાં એક જ પિરિયડ, પણ એની રાહ જોઉં. સંસ્કૃત કવિતા કંઠસ્થ થઈ ગઈ. પછી તો શ્લોકોનું એ પગેરું સંસ્કૃત કૃતિઓ સુધી લઈ ગયું, અને એક દિવસ સંસ્કૃતનો ખજાનો ખૂલી ગયો. ભવભૂતિ ઊઘડી ગયા, કાલિદાસ ઊઘડી ગયા. એ દિવાળીની રજાઓમાં જુવાર ટોતાં ટોતાં, ખેતર વચ્ચેના ઊંચા માચડા પર બેસી મણિલાલ નભુભાઈનો 'ઉત્તરરામચરિત'નો અનુવાદ એક પ્રકારના કેફ સાથે વંચાતો ગયો. ન્હાનાલાલનું 'મેઘદૂત' હાથમાં આવેલું. બધું સમજાય નહિ, પણ સમજાયા વિનાયે સ્મૃતિમાં રહી જાય.

સર્વવિદ્યાલયમાં હતા ને લખવાનું શરૂ થયેલું. શાળાના ગ્રંથાલયમાં એક દિવસ રવીન્દ્રનાથનું અંગ્રેજી કાવ્ય 'બ્લાઇન્ડ ગર્લ' વાંચવામાં આવ્યું, એનો ગુજરાતી અનુવાદ કર્યો. એસ.એસ.સી. પરીક્ષા પછી લાંબી રજામાં બંગાળી લિપિ શીખ્યો. બંગાળી ભાષાનું આકર્ષણ વધતું ગયું. પણ ક્યાં ભણવી? તે પહેલાં શાંતિનિકેતન એક પત્ર પણ લખેલો કે ત્યાં અભ્યાસ કરવા આવવાની ઇચ્છા છે, તો માર્ગદર્શન આપવા વિનંતી છે. જવાબ ક્યાંથી હોય?—પત્ર ગુજરાતીમાં લખેલો!

*

બાપાએ કહેલું કે, તને કૉલેજમાં ભણાવવાના ખર્ચાને પહોંચી વળવાનું મુશ્કેલ છે. ત્યાં મારા એક વખતના શિક્ષક મણિભાઈ પટેલે માણસાની નિશાળમાં શિક્ષકની જરૂર છે એમ કહી બોલાવી લીધો. હું શિક્ષક તરીકે રહી ગયો. હું સાહિત્યકાર હોઉં-ન-હોઉં, પણ જન્મજાત શિક્ષક છું. એટલે પૂરાં અઢાર વરસની પણ નહિ એવી નાની વયે માણસામાં શિક્ષક થવાથી મારી એ જન્મજાત વૃત્તિનો જ વિકાસ થયો. આજે ચાર દાયકા પછી પણ વર્ગ એ મારે માટે સ્વર્ગ સમાન છે. ભણાવવું એ મારે માટે સર્જનાત્મક આનંદરૂપ રહ્યું છે—તેની શરૂઆત માણસાની શાળાથી. ઉત્સાહ એવો કે નાના પગારમાંથી પણ પુસ્તકો ખરીદતો. ભણાવવાનો પાઠ મૂળ જેમાંથી લીધેલો હોય તે પુસ્તક આખું વાંચતો. આ નિશાળમાં 'કુમાર'ની અકબંધ ફાઇલોનો ખજાનો મળ્યો. પણ

સૌથી મૂલ્યવાન જે મળ્યું, તે વિદ્યાર્થીઓ. એવા છાત્રો—આપણે બોલીએ તે જાણે પી રહ્યા હોય! ભણાવવાનો ઉત્સાહ થાય. એ ઉત્સાહમાં કદી ઓટ આવી નહિ. વિદ્યાર્થીઓનો પ્રેમ મળ્યો.

*

માણસામાં ભણાવતાં ભણાવતાં ભણવાનું શરૂ કર્યું..બીજા શિક્ષકો પણ એમાં જોડાયા. એકસ્ટર્નલ પરીક્ષાઓ એક પછી એક આપી. ચોથે વરસે તો અમે બી.એ.ની પરીક્ષા આપવા કાશી ગયા.

૧૯૫૫માં વડોદરામાં ભરાયેલા લેખક મિલનમાં હું માણસાથી ગયેલો. લેખકોને આમ મળવાનો પ્રથમ અનુભવ. આટલા બધા લેખકો સાથે ત્રણ દિવસ! આ બધાનાં કાવ્યો, વાર્તાઓ એવાં વાંચેલાં કે લગભગ મોઢે. ગામડે ગામથી ગયેલો હું તો માત્ર ચૂપચાપ સાંભળું.

આમ ભણાવવાનું, ભણવાનું અને સાહિત્યજગતના સંપર્કમાં આવવાનું થતું ગયું. લખવાનું થોડું થોડું. પણ એમાંથી કશું પ્રગટ કરવાનું સાહસ થતું નહોતું.

*

માણસામાં એક મહત્ત્વાકાંક્ષા જન્મી કે કૉલેજમાં અધ્યાપક થવું. એ માટે એમ.એ. તો કરવું જ. એટલે માણસા છોડવું અનિવાર્ય હતું. અમદાવાદમાં નિર્વાહ માટે નોકરી આવશ્યક હતી, તે નૂતન ફેલોશિપ હાઈસ્કૂલમાં મળી ગઈ. પરિવારને સોજા રાખી હું યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતો. ૧૯૬૦માં એમ.એ.ની પરીક્ષા આપી. યુનિવર્સિટીમાં હિંદીમાં પ્રથમ આવ્યો. કૉલેજમાં અધ્યાપક બન્યો—એક સ્વપ્ન સિદ્ધ થયું. હવે પરિવાર સાથે અમદાવાદમાં રહેવાનું શરૂ કર્યું.

અધ્યાપક થયા પછી એકવાર ‘બાંગ્લા સહજ શિક્ષા’ હાથમાં આવી, અને ઉનાળાની આખી રજાઓ એને આપી; પછી ‘રવીન્દ્ર રચનાવલિ’થી જ સીધો પ્રવેશ બંગાળીમાં કર્યો. રવીન્દ્રનાથને મૂળ બંગાળીમાં વાંચવા એ ભાષા આદરણીય નગીનદાસ પારેખ પાસે વિદ્યાર્થી બનીને શીખી. ૧૯૬૪થી ૧૯૭૮ સુધી નિયમિત સપ્તાહમાં એક કે બે વાર તેમની પાસે બંગાળી ભાષા અને સાહિત્યનો અભ્યાસ કર્યો. દરમ્યાન બંગાળીમાંથી

અનુવાદ પણ થતા રહ્યા.

૧૯૮૩માં વિશ્વભારતીના કુલપતિએ એક વર્ષની ફેલોશિપ આપી મને શાંતિનિકેતન નિમંત્રાત કર્યો. ૧૯૫૧માં એસ.એસ.સી.માં હતો ત્યારે ત્યાં જવા માટે પત્ર લખેલો, તેની વાત આ પ્રસંગે કવિ ઉમાશંકરને કરી. પૂછ્યું: શો જવાબ આવેલો? મેં કહ્યું: કોઈ જવાબ નહિ. એ બોલ્યા: કેમ—જવાબ ના આવ્યો? આ આવ્યોને ૧૯૫૧ના પત્રનો જવાબ ૧૯૮૩માં!... શાંતિનિકેતનમાં આખું વર્ષ રહી રવીન્દ્ર-સાહિત્યનું વિશેષ અધ્યયન કર્યું.

*

ભાષાઓના અધ્યયનમાં મારો પ્રથમ પ્રેમ સંસ્કૃત. કાલિદાસ-ભવભૂતિનું પરિશીલન હંમેશનું. એવી રીતે રવીન્દ્રનાથ. એ રીતે ગુજરાતીમાં કવિ ઉમાશંકરને અને હિન્દીમાં અજ્ઞેયજીને વાંચ્યા છે. કાલિદાસ અને રવીન્દ્રનાથ જેવા કવિઓ જાણે હરપળે ચેતનાના નેપથ્યમાં ઉપસ્થિત રહે છે. કશુંક રમણીય જોતાં એની વાત કરવાના શબ્દો ન જડે કે અધૂરા પડે, તો તેઓ તરત સહાયમાં સાક્ષાત. મારે જે કહેવું હોય તે એમની પાસેથી મળી જાય. ઘણી વાર તો મનમાં સંકલ્પ જેવું કરીને લખવા બેસું કે, આ લખાણમાં કાલિદાસ કે રવીન્દ્રનાથ તો નહિ જ. પણ એ તો લોહીમાં લય બનીને રહેલા છે—આવે જ. પ્રત્યક્ષ ન દેખાય, પરોક્ષ ઉપસ્થિત હોય.

['ભોળાભાઈ પટેલ: સર્જક અને વિવેચક' પુસ્તક]

## સાહિત્યગુરુ મોહનલાલ

ગુજરાતી સાહિત્યમાં પ્રવેશપાત્ર બનવા માટે પ્રશિક્ષિત કરનાર શિક્ષાગુરુ એક કરતાં વધારે મને મળ્યા છે, પરંતુ દીક્ષાગુરુ તો મોહનલાલ પટેલ. એમણે સાહિત્યનો મર્મ પામવાની દૃષ્ટિ આપી છે. એ દૃષ્ટિને મારી તરુણવયનાં વર્ષોમાં અનેક સંવાદો-પત્રોથી પોષી પણ છે.

સર્વવિદ્યાલય(કડી)માં એ ૧૯૫૦-૫૧માં આવવાના હતા એ વખતે એક મિત્રે 'મિલાપ'માં આવેલી એક વાર્તા બતાવી. વાર્તાનું શીર્ષક હતું 'ચીમન'. '(કુમાર'માં એ પહેલાં 'ચક્રવત્ પરિવર્તન્તે' નામે પ્રગટ થયેલી.) એ વખતે વાચનાલયમાં વાંચી લીધી. મિત્રે કહ્યું કે આ વાર્તાના લેખક આપણે ત્યાં ગુજરાતીના શિક્ષક તરીકે આવવાના છે.

રતિલાલ નાયક, રાજગોર તથા રામભાઈ પાસે અમે સાહિત્યના પાઠ ભણતા હતા. હવે આ નવા શિક્ષક તો પોતે 'સાહિત્યકાર' છે. અમે ઉત્સુકતાથી રાહ જોવા લાગ્યા.

સર્વવિદ્યાલયમાં એ સમયમાં, ૧૯૪૮ પછીનાં વર્ષોમાં પણ, મોટા ભાગના શિક્ષકો ખાદીનાં કપડાં પહેરતા. એટલે જ્યારે ઉત્તમ સિલાઈવાળા પેન્ટશર્ટમાં સજ્જ યુવા મોહનલાલ પટેલે પ્રવેશ કર્યો ત્યારે વર્ગખંડના વિદ્યાર્થીઓ એમને જોઈ રહ્યા.

અમે તો દસમા ધોરણના છાત્ર; પણ તેઓ કોઈને 'તું' ન કહે, બધા છાત્રોને 'તમે' કહે. આ પણ નવો અનુભવ. વર્ગમાં ફરતાં ક્યાંક કોઈને પણ અડકી જાય તો તરત બોલે 'સોરી'. ઉજ્જડ એવા અમને આ વિવેક, આ રીતભાત વણકહ્યે કેટલું બધું કહેતા હતા! એ પાટીદાર આશ્રમમાં નહિ પણ કડી ગામમાં રહેતા, એટલે શરૂઆતમાં એમનો સંપર્ક ઓછો રહેતો. પછી તેઓ કિશોરકુંજમાં ગૃહપતિ તરીકે રહેવા આવ્યા. જે દિવસથી એ કાર્યભાર સંભાળ્યો તે દિવસથી પેલાં પેન્ટશર્ટ અને કોટ અદૃશ્ય થઈ ગયાં, ખાદીનાં વસ્ત્રો આવી ગયાં હતાં.

વર્ગમાં રાજગોર પાસે અમે મુનશીનો એક પાઠ ભણેલા. રાજગોર એ સત્રની વચ્ચે જ કદાચ ગયેલા. એ પછી તરત મોહનલાલ પટેલ આવેલા. મુનશીની વાત કરતાં પછી એલેક્ઝાન્ડર ડ્યુમા અને 'થ્રી મસ્કેટિયર્સ'ના વિશ્વમાં અમને લઈ ગયા. 'ધૂમકેતુ'ની વાત કરતાં શરદબાબુ—ખાંડેકર તો ખરા જ, અમને તેઓ ચેખોવ અને મોપાસાંની, ગોગોલ અને ટોલ્સ્ટોયની અને સ્ટીવન્સનની વાર્તાસૃષ્ટિમાં પણ લઈ ગયા. દસમા ધોરણના છાત્રો આગળ સાહિત્યજગતની અજાયબીઓ ખૂલી રહી હતી. છાત્રો ગ્રંથાલયમાં જઈ આ બધા સાહિત્યસ્વામીઓની ચોપડીઓ ફેંદવા

લાગ્યા. ‘ધ બેસ્ટ શોર્ટ સ્ટોરીઝ ઓફ ધ વર્લ્ડ’ પુસ્તક હું ગ્રંથાલયમાંથી લઈ આવ્યો અને તેમાંથી ટોલ્સ્ટોયની પ્રસિદ્ધ વાર્તા ‘હાઉ ફાર એ લેન્ડ ડઝ એ મેન નીડ’ વાંચી; એ વાર્તાનો નિર્દેશ એમણે વર્ગમાં કરેલો. મોપાસાંની ‘નેકલેસ’, સ્ટીવન્સનની ‘લાસ્ટ લીફ’, ગોગોલની ‘ઓવરકોટ’, ચેખોવની ‘એ લેટર’—આ બધી વાર્તાઓ વર્ગમાં એમણે ‘ધૂમકેતુ’, રા. વિ. પાઠક આદિની વાર્તાઓ ભણાવતાં ગૂંથી લીધેલી.

નવલકથાઓમાં પણ શરદબાબુ, ખાંડેકરની સાથે પશ્ચિમના સાહિત્યસ્વામીઓ, ખાસ તો વિક્ટર હ્યુગો અને ડ્યુમા વગેરે અમે વાંચતા થયેલા. સદ્ભાગ્યે મૂળશંકર મો. ભટ્ટનું ‘લા મિઝરેબલ’નું ગુજરાતી રૂપાંતર એ વખતે નીકળેલું, અમે ઘણા છાત્રોએ એ વાંચેલું. એ રીતે અમારો વિશ્વસાહિત્યમાં બહુ ઓછા સમયમાં પ્રવેશ થયો. મને થતું કે આ બધું હું ક્યારે વાંચી લઉં?

મોહનલાલ પટેલની વાર્તાઓ તો અમને પ્રિય હોય જ. એ અમે વાંચીએ અને થાય કે અરે આ વાર્તાકાર આપણા શિક્ષક—સાહેબ છે! પરંતુ એમણે કદી પોતાની વાર્તાઓ વિષે વર્ગમાં એક શબ્દ પણ ઉચ્ચારેલો નહિ.

‘સવિતા’ માસિકની વાર્તાહરીફાઈમાં એમની વાર્તા ‘એમના એ સોનેરી દિવસો’ને પહેલું ઇનામ મળેલું. એ દિવસોમાં બહુ ઇનામો મળતાં નહોતાં. અમારે માટે એ ગૌરવની વાત હતી. અમે એ વાર્તા વાંચવા ‘સવિતા’ માસિકનો એ અંક મેળવવા ઉત્સુક હતા. અંક મળ્યો, પણ વાર્તાનાં પાનાં ગાયબ. સાહેબે કાઢી લેવડાવેલાં. પોતાના છાત્રોને સ્ત્રી-પુરુષના સંબંધની વાર્તા રજૂ ન કરાય એવો ખ્યાલ હશે? પણ આ હતા મોહનલાલ પટેલ.

મારા શિક્ષાગુરુ—દીક્ષાગુરુ મોહનલાલ કેમ હતા, તે વિશે અંગત નિર્દેશ કરું? એમણે એક વાર પરીક્ષામાં ‘ભારતીય સંસ્કૃતિ’ એવો નિબંધ પૂછેલો. મારો નિબંધ એમને ગમ્યો. સારા માર્ક આપ્યા, એ તો ખરું—આખા વર્ગ આગળ મારો એ નિબંધ વંચાવ્યો. મારો આત્મવિશ્વાસ જાણે જાગી ઊઠ્યો. મારો નિબંધ આટલો સારો છે? સારો નિબંધ

કોને કહેવાય? વર્ગમાં નિબંધ લખવા એક વાર વિષય આપ્યો ‘મારો અવિસ્મરણીય અનુભવ.’ કહે આ નિબંધમાં તમારે તમારો અનુભવ લખવાનો. અનુભવનું મહત્ત્વ નથી, એ કેવી શૈલીમાં, ભાષામાં તમે લખો છો—તેને હું અગત્યનું ગણીશ.

મેં મારો એક અનુભવ લખવાનો પ્રયત્ન કર્યો. અનુભવ હતો છમાસિક પરીક્ષામાં નાપાસ થવાના પરિણામનો. (પછી ખબર પડેલી કે પરિણામપત્રકમાં ભૂલથી ઓછા ગુણ લખાયેલા, પણ નાપાસ-પત્રક સાથે પત્ર ઘેર આવેલો.) એ આઘાતની વાત લખવાનો પ્રયત્ન કર્યો—પ્રતિક્રિયાઓ આલેખતાં વર્ગશિક્ષકની બેદરકારીની પણ વાત લખેલી (એઓશ્રી જ વર્ગશિક્ષક હતા) અને એવું બધું. નિબંધની નોટ તપાસાઈને પાછી મળી તો એક પૅરેગ્રાફ આગળ નિશાન કરી લખેલું: ‘શૈલી સારી છે.’

હું ચકિત! સારી શૈલી કોને કહેવાય? અંગત પ્રસંગ લખવામાં એ કેવી રીતે પ્રયોજાઈ હતી, એ વાત એમણે રેખાંકિત કરી આપી. પછી નિબંધો લખવામાં મને સફળતા કંઈક મળી હોય તો તે આ શાળાના વર્ગખંડમાં લખાયેલા મારા એ પ્રકારના પહેલા નિબંધને આભારી છે.

કિશોરકુંજમાં એ આવીને રહ્યા, તો અમે અનેક વાર ઘેર મળવા જતા. એવો જ સૌજન્યપૂર્ણ વ્યવહાર. વાતો કરે, પણ સૌથી વિશેષ અમારી કાચી રચનાઓ વાંચી એની ચર્ચા કરે. હું ‘કવિતા’ રચતો એ વાંચીને છંદ સુદ્ધાંની ચર્ચા કરે. મારી સાથે બીજા મિત્રો પણ હોય. અમે એમનું માર્ગદર્શન મેળવી આગળ વધતા. પછી એક વાર તો મારી કવિતા તેઓ ‘કુમાર’ની બુધવારની બેઠક માટે લઈ ગયેલા, બચુભાઈને બતાવવા. બચુભાઈએ વાંચેલી અને છંદદોષ જ્યાં હતો, ત્યાં લાલ પેન્સિલથી નાની ચોકડી કરેલી. ૧૯૫૧ની એ હસ્તપ્રત મેં જાળવી રાખી છે.

એ વખતે ૧૧મા ધોરણ (જૂનું એસ.એસ.સી.)માં પહેલી વાર અભ્યાસક્રમમાં મોટો ગદ્યપદ્યસંચય આવ્યો. આખું ‘કુંવરબાઈનું મામેરું’ ભણવાનું હતું. મોહનલાલ પટેલે પ્રેમાનંદના એ આખ્યાનને એવી રીતે

ભણાવેલું કે આખ્યાનકળા કોને કહેવાય તે તો સમજાયું, એનું વિવેચન કેવી રીતે કરાય તે પણ.

એસ.એસ.સી. પાસ કર્યા પછી કોલેજ જવાને બદલે હું શિક્ષક થયો અને યુનિવર્સિટીનો એકસ્ટર્નલ વિદ્યાર્થી બન્યો. કવિતા ક્યારેક ક્યારેક લખાય. એક નાનકડી રચના એમને મેં માણસાથી મોકલી. થોડા દિવસ પછી તો એ કવિતાનું વિશ્લેષણ કરતો ત્રણ પાનાનો પત્ર! મને સમજાતું જતું હતું કે સર્જનાત્મકતા શું છે. હંમેશાં પત્રોના જવાબ લખે, વિગતે લખે અને સાહિત્યિક પ્રશ્નોની છણાવટ એવી રીતે કરે, જાણે કોઈ સિદ્ધ સાહિત્યકાર આગળ ન કરતા હોય. હવે એ પોતાની વાર્તાઓ અવસર મળ્યે મારી સમક્ષ વાંચતા; ‘અનંત શેતરંજ’ એ રીતે વાંચેલી. મને એ વાર્તા બહુ પ્રભાવિત કરી ગયેલી. એનું છેલ્લું વાક્ય—‘ચંદ્ર ઊગ્યો—દક્ષાના ચહેરા જેવો’—તો એવું ચોંટી ગયું છે કે ઘણી વાર ઊગતા ચંદ્રને જોતાં સ્મૃતિમાં ઝબકી ઊઠે.

એમણે પોતાના પહેલા વાર્તાસંગ્રહનું નામ ‘હવા! તુમ ધીરે બહો!’ રાખેલું. પોતાના એ પહેલા વાર્તાસંગ્રહથી તેમણે ગુજરાતી વાર્તાકારોમાં આગવું સ્થાન સિદ્ધ કરી લીધું હતું.

એમના સાત જેટલા વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. તેઓ વાર્તાની ઉપાસના સતત કરતા રહ્યા છે, એટલે વાર્તા પણ એમને વરેલી રહી છે. તેમની વાર્તાઓનો પ્રધાનગુણ છે—સાહજિકતા. મોહનલાલ પટેલ એક વાર્તાકાર તરીકે માનવીય સંબંધો, એમાંય પારિવારિક સંબંધોની ક્યારેક કોઈ નાની અમથી ઘટના, કોઈ વાર્તાલાપના ખંડ કે આસપાસના પરિવેશની નિર્ભાર સહાયથી નિરૂપિત કરે છે. આ માનવીય સંબંધોમાં મૂળ સ્વર તો કઠોર વાસ્તવને અડકીને પણ લેખકની પરમ આસ્તિકતાનો રહે છે, જે વાચકને સ્પર્શ્યા વિના રહેતો નથી.

લાઘવીરીતિ એમની લઘુકથાઓમાં અમોઘ રીતે પ્રયોજાઈ છે. ગુજરાતીમાં લઘુકથા એટલે મોહનલાલ પટેલ એવું સમીકરણ યોજાય છે. ટૂંકી વાર્તાનો જ એક ફાંટો નહિ, પણ આગવા કથારૂપ તરીકે લઘુકથાને સ્થાપવાનું શ્રેય મોહનલાલ પટેલને છે. બંગાળીમાં એક એવા લઘુકથા

લેખક ‘બનફૂલ’ (બલાઈચાંદ મુખોપાધ્યાય) છે, જે મોહનલાલ પટેલની જેમ લઘુકથાલેખનનો આદર્શ પૂરો પાડે છે. હિંદીમાં પણ મોહનલાલ પટેલના બરની લઘુકથાઓ ઘણી ઓછી છે. ‘કુમાર’માં પ્રગટ થતી એમની લઘુકથાઓએ ખાસ ધ્યાન ખેંચ્યું.

મોહનલાલ પટેલે નવલકથાઓ લખી તેની શરૂઆત તેમની ‘હેતનાં પારખાં’ (૧૯૫૭)થી થઈ. આ નવલકથા માટે લેખકે જે ઘટનાભૂમિ લીધી છે, જે પાત્રસૃષ્ટિ લીધી છે, તે વિસ્તારનો અને તે ચરિત્રોનો જાતઅનુભવ લેખકે લીધેલો. આદિવાસી પહાડી વિસ્તારનો પરિવેશ, ત્યાંની વનસ્પતિસૃષ્ટિ, જનજનાવર, તેની સવાર-સાંજ અને રાત્રિઓનાં યથાર્થ વર્ણનોમાં તો તેમણે કવિતાશકિતનો જાણે ઉપયોગ કર્યો છે. આદિવાસી ડુંગર વિસ્તારની વાત છે એટલે એ ડુંગરાઓનો નિર્દેશ પહેલા વાક્યમાં જ એક સુભગ ઉપમાથી થયો છેઃ “ચારપાંચ સેટનો નીલમનો હાર ધરતીની છાતી ઉપર ગૂંચવાઈને પડ્યો હોય એવા દેખાતા લીલાછમ ડુંગરાઓ માઇલોના માઇલો સુધી પથરાયેલા હતા.” આ નવલકથાએ એ વખતે કથારસિકોનું ધ્યાન ખેંચ્યું હતું. આજે પણ નવલકથા વાચકને તૃપ્ત કરે એવી સાહિત્યિકતાથી રસાન્વિત છે.

૧૯૫૫ની આજુબાજુના કોઈક વર્ષમાં મારે પાટણ જવાનું થયેલું. તે વખતે સાહેબ પાટણને કેંદ્રમાં રાખીને નવલકથા લખવાની તૈયારી કરતા હોય એમ લાગ્યું. પાટણ વિશે આપણી પહેલી નવલકથા ‘કરણઘેલો’ તો છે, એ પછી મુનશીની નવલકથાઓ છે. પણ મુનશીએ પાટણની મુલાકાત પણ લીધા વિના કલ્પનાના દોરે એ નગરના કોટ-દરવાજાઓનું અને ઘસાઈને વહેતી સરસ્વતી નદીનું વર્ણન કર્યું છે. મોહનલાલ પટેલે અમને વર્ગમાં ભણાવતાં એ બધા તથ્યદોષોની વાત કરી હતી. એમણે ત્યાંનાં ઐતિહાસિક સ્થળો, ઇમારતો, ખંડેરો એ બધાંમાં ભમીભમીને, ક્યાંક તો માપ સાથે હકીકતો એકઠી કરેલી. તેઓ આ બધાં સ્થળોએ જાતે લઈ ગયા. દરેક સ્થળની એમણે જે જાણકારી મેળવેલી તે કહેતા જાય. સાહિત્યકૃતિ પાછળ લેવાતા પરિશ્રમના પાઠ એમની પાસેથી શીખવા મળ્યા.

આવા સાહિત્યગુરુ મળવા એ આપણું ઉત્તમ ભાગ્ય હોય તો જ બને. એમના હાથે શિક્ષિત અને દીક્ષિત થયેલા અનેક એમના શિષ્યોને એ ભાગ્ય મળ્યું છે.

['શ્રી મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ']

# ઘર

શહેરમાં સ્થિર થયા પછી, લગભગ બંધ રહેતું અમારું એ ગામડાગામનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યો. જે વાસમાં અમારું ઘર હતું ત્યાંના જૂના પાડોશીઓ પણ હવે શહેરમાં રહેતા થઈ ગયા હતા. મોટા ભાગનાએ તો પોતાનાં ઘર કાઢી પણ નાખ્યાં હતાં. એટલે પરણમરણ જેવા કોઈ સામાજિક પ્રસંગે કે લાંબી રજાઓમાં ગામડાનાં એ ઘરમાં થોડા દિવસ રહેવા જતા ત્યારે ઘણું અડવું પણ લાગતું. નવા પાડોશીઓ આવી ગયા હોય અને તેમની સાથે નાતો બંધાયો જ ન હોય. અમને પણ તેઓ જાણે આગંતુક જ ગણે. એટલે હવે એ ઘર રાખી રાખવાનું કોઈ આકર્ષણ રહ્યું નહોતું.

વળી બંધ રહેવાને કારણે જૂનું ઘર વધારે જીરણ બનતું જતું હતું. ચોમાસું ભારે હોય તો પતરાંના છાપરામાંથી પણ પાણી અંદર ઊતરે. પરિણામે એક કરામાં થોડી તિરાડ જેવું પડી ગયું છે. ખુલ્લી અરક્ષિત ઓસરી અને આંગણામાં કચરાના થર જામ્યા કરે. એટલે બાની સંમતિ લઈ ઘર કાઢી નાખવાનો વિચાર પાકો કર્યો. યોગ્ય ઘરાક મળે તો વેચવા માટે ગામમાં રહેતા અમારા એક વ્યવહારકુશળ મિત્રને ભલામણ કરી શહેર ચાલ્યા આવ્યા. પછી એક દિવસ 'ઓફર' આવી પણ ખરી. ઓફર વાજબી હતી. ઓફર કરનાર માણસ પણ સારો અને ભરોસાપાત્ર હતો, એટલે હવે વિલંબ કે આનાકાનીનો પ્રશ્ન નહોતો.

પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી, રહી રહીને વ્યગ્ર કરતો વિચાર આવવા લાગ્યો કે શા માટે બાપદાદાનું ઘર કાઢી નાખવું?

ત્રણચાર પેઢીથી ચાલ્યા આવતા માટીના ખોરડાને સ્થાને ત્યાં આ ઘર, ઈંટોનું પાકું ઘર મારા બાપાએ બંધાવેલું, કહો કે ઘણીખરી મજૂરી ઘરનાં સૌએ જાતે કરીને બાંધેલું. તે માટે પોતાના બળદગાડામાં ઈંટો તાણી લાવેલા. ચણતર માટે ગાર કરવા ગામના આંબા તળાવની ચીકણી માટી જાતે ગોડી લાવેલા. લાકડાં માટે અમારા ખેતરના જૂના લીમડા પાડેલા. છેક મોભારા સુધી ગારનાં તગારાં મારી બાએ ઉપર ચઢાવેલાં. પછી શહેરમાં અમે છોકરાઓએ જ્યારે નવાં ઘર બંધાવવા માંડ્યાં ત્યારે પોતાના દીકરાઓનાં એ મકાનો નોકરિયાત સુપરવાઇઝરોની દેખરેખ નીચે મજૂરો દ્વારા બંધાતાં જોઈ, મનમાં થોડું રાજી થતાં બા-બાપા ઘણી વાર ગામડાગામનું અસલવારીનું એ ઘર કેવું નવેસરથી જાતમહેનતથી પોતે બાંધેલું તેની ભાવુકતાથી વાત કરતાં.

એ ઘરમાં જ અમ સૌ ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો. એટલું જ નહીં, એ જ ઓરડામાં અમારાં દાંપત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારાં સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા, આ ઘર તેનું સાક્ષી.

ઘરના આંગણામાં કેટલું રમેલા! એક દિવસ એ આંગણું વટાવી ખભે થેલી ભરાવી ગામની નિશાળે ભણવા બેઠેલા. એક દિવસ દૂર પરગામ સુધી ભણવા ગયા. એ જ આંગણું વટાવી શહેરમાં જઈ વસ્યા. એ ઘરના આંગણામાં અમારી બહેનોના અને અમ ભાઈઓના લગ્નમંડપો બંધાયેલા. ત્યાં જ્ઞાતિજનો સાથે ઝઘડાઓ અને સ્નેહમિલનો થયેલાં. ત્યાં પાડોશીઓ સાથે ઊંચા અવાજે બોલાચાલી અને શિયાળામાં તાપણાની આસપાસ મધુર વિશ્રંભકથાઓ થયેલી. એ જ આંગણામાં અમારા પરિવારના અબોલ સભ્યો બંધાતા—ભેંસ, પાડરાં, બળદ, રેલ્લા.

એ ઘરની ઓસરીમાં મારાં દાદી અને પછી દાદાનો ચોકો થયેલો, અને થોડાં વર્ષો પર મારા બાપાનો.

અમારાં એ ઘરની બન્ને બાજુએ બીજાં ઘર છે. એક ઘર છે મારા ખરેખરના આજન્મ સાથીનું. તે પણ બંધ છે. મારો મિત્ર રોટલો રળવા દેશનાં અનેક સ્થળોએ ફરી, ગૃહભંગ થઈ હવે અમદાવાદમાં રહે છે.

તે પછીના મકાનમાં કાશીફોઈ રહેતાં. તેમને ઊઠી ગયે તો વર્ષો થયાં. જ્યાં વર્ષો સુધી રેતની કલાકની શીશી લઈને રોજ સામાયિક કરતાં તે ઓસરીમાં હવે ફાંદવાળા એક બારોટ સૂતા જોવા મળે. સામેના ઘરનો માલિક પ્રૌઢ વયે, પણ કુંવારો જ ઊઠી ગયો. એ ઘર પણ એક દિવસ પડી ગયું અને નવી દિશાને બારણે નવું થયું છે.

આમ બધું બદલાઈ ગયું છે. છતાં થવા માંડ્યું કે શા માટે અમારે અમારું એ ઘર વેચી નાખવું? જૂનું તોયે બાપદાદાનું ઘર. એ ઘર છે, માત્ર ચાર દીવાલો ને છાપરાનું મકાન નથી. મકાન પૈસાથી ખરીદી શકાય, બાંધી શકાય, પૈસા લઈ વેચી શકાય, પણ 'ઘર?' ઘર એ તો ભાવના છે. એ માત્ર પૈસાથી ખરીદી કે બાંધી શકાય નહીં. એટલે થવા માંડ્યું કે ભલે ઘર જૂનું થાય, જીરણ થાય, ભલે પડી જાય, પણ ઘર છો રહેતું.

બીજી બાજુ પાછું મન તર્ક કરે કે આ બધા લાગણીવેડા છે. જો ગામમાં જવાનું જ ના હોય તો ત્યાં ઘર રાખી રાખવાનો શો અર્થ છે? સારા પૈસા ઊપજે છે. એટલા પૈસા ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકોને, તોય...

છેવટે ઘર કાઢી નાખવાનો વિચાર રહ્યો. પણ અમે બધા ભાઈઓએ છેલ્લે છેલ્લે સપરિવાર બાપદાદાના એ ઘરમાં સાથે રહેવાનો વિચાર કર્યો. કાયમ માટે કાઢી નાખવાનું છે, તો એ ઘરમાં બધાં સાથે રહી લઈએ.

વળી પાછું ઘણા વખતનું બંધ ઘર ખૂલ્યું.

જોતજોતામાં તો નાનાંમોટાં પરિવારજનોથી એ સૂનું ઘર ગાજતું-ગુંજતું થઈ ગયું. મારા એક નગરવાસી મિત્રને પણ આ વેળા તો ગામડાગામનું ઘર જોવા સાથે લઈ ગયો. પુરાણા દિવસો પાછા આવ્યા હતા. બાપાના મૃત્યુ પછી મારી બા લગભગ ઉદાસીન રહેતી. ઘરના પ્રસંગોમાં રસ લેતી નહીં. તે પણ અહીં આવીને સૌની વચ્ચે પ્રસન્ન લાગી.

પરંતુ હવે ઘરની પ્રત્યેક દીવાલ મને ઠપકો આપવા લાગી. ઓસરીમાં જ્યાં હું હંમેશાં બેસતો, જ્યાં બેસીને પહેલો એકડો ઘૂંટેલો

અને જ્યાં બેસીને પછી દરેક રજામાં અભ્યાસના ગ્રંથો ઉથલાવતો ત્યાં બેઠો. ત્યાં ભીંતે ટેકો દેતાં જ તે મને અંદરથી હચમચાવી રહી. મેં પાછા વળી તેના પર હાથ ફેરવ્યો, તે કહી રહી, “આટલે દહાડે આવ્યા અને હવે બસ...”

હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી, ખીલા હતા પણ ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠ્યાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહ્યો... ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું.

ઘરના ઓરડામાં ગયો. બંધ જીરણ ઓરડો વધારે મુખર લાગ્યો. પછીતની એક નાની જાળીમાંથી થોડું અજવાળું આવતું હતું. આ ઓરડો એક વેળા કોઠીઓ-કોઠલાઓથી ભરેલો રહેતો. એ બધું ક્યારનુંય કાઢી નાખ્યું છે, પણ ત્યાં હજી ખૂણામાં વલોણાની મોટી ગોળી અને ખીંટીએ મોટો રવૈયો લટકે છે.

વચલા ખંડમાં, જ્યાં અમે સૌ જમતાં, ત્યાં થઈ ફરી વાર ઓસરીમાં આવું છું. બા એકલી બેઠી છે. અત્યારે સૌ આઘાંપાછાં છે. જોઉં છું તો ઘરડી બા રડતી હતી. બાને ઓછું ભળાય છે, ઓછું સંભળાય છે. હવે ઝાઝું કાઢે એમ પણ નથી. મેં પાસે જઈ પૂછ્યું, “આ શું? તું રડે છે બા?”

અને એનાથી મોટેથી રડાઈ ગયું, “આ ઘર...” એટલું માંડ આંસુ અને હીબકાં સાથે બોલી. બાપુજીના અવસાન વખતે નહોતી રડી એટલું બા રડી રહી હતી. ધીરે ધીરે હીબકાં વચ્ચે એણે કહ્યું, “આ ઘર.... હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. હવે હું ઝાઝા દિવસ નથી. પછી તમતમારે...”

“પણ બા, તેં કહ્યું હતું ને?”

"કહ્યું હશે. પણ હવે પાછા અહીં આવ્યા પછી... ના તમે ના કાઢશો." એનું રડવાનું અટકતું નહોતું.

બાને રડતી જોઈ મને દુઃખ થયું પણ વિશેષ આનંદ થયો. થયું કે એનું હૃદય હજી જીવતુંજાગતું છે. એને હજી જગતમાં, જીવનમાં રસ છે. અમે તો માનતા હતા કે બા માત્ર દહાડા કાઢે છે. પણ ઘર માટેનો આ રાગ...

મારા મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ તો હતો ઘર કાઢવાની વાતથી. પણ હવે તો રીતસરનો સણકો ઊપડ્યો. ઘર સૌની સંમતિથી વેચવાનું વિચારેલું. બાનાખત પણ થઈ ગયું હતું. જોકે તે દિવસથી દરેક જણ ઘરની વાત આવતાં મૂગું બની જતું.

એટલામાં નાનો ભાઈ મકાન ખરીદનારની સાથે આવ્યો. ઘરનાં બીજાં સૌ પણ ભેગાં થઈ બાની આસપાસ બેસી ગયાં હતાં. બાને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં, "આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું, આ જ ઘરના પૈસામાંથી તમે કહેશો તેવું..."

બા કહે, "આ ઘરને મોભે મેં ઈંટો ચઢાવી છે. તમારા બાપે કેટલી હોંશથી બાંધ્યું છે. એટલે તમતમારે મારા ગયા પછી ભગવાન કરે ને મહેલ ચણાવજો... પણ આ ઘર તો..." નાનો ભાઈ સ્થિતિ પામી ગયો. એણે મકાન ખરીદનારને કહ્યું, "ભાઈ, હમણાં ખમી જાઓ. આ ઘર આપીશું ત્યારે તમને જ આપીશું."

મેં જોયું કે અમ સૌની છાતી પરથી પથ્થર ઊતરી ગયો હતો. વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું. અદૃષ્ટ ગૃહદેવતાની પ્રસન્નતાનો સૌને સ્પર્શ થયો હતો.

*

પહેલાં અમે ભાઈઓ-બહેનો બધાં દિવાળીની રજાઓમાં મોટે ભાગે ગામડાનાં ઘરે જઈએ. બા-બાપા જાણે આ દિવસોની રાહ જોતાં હોય. ઘર ભરાઈ જાય કલકોલાહલથી. દિવાળીની રજાઓ પૂરી થતાં એક પછી એક કુટુંબએકમો નીકળી જાય. બન્ને બહેનો ચાલી જાય, અમે બન્ને ભાઈઓ છોકરાંછૈયાં સાથે નીકળીએ. આંતરે દિવસે, એ

જ દિવસે સવારે કે સાંજે બા-બાપા પોતાનાં સંતાનોને ઝાંપા સુધી વળાવવા આવે. બાપા ક્યારેક ધીમે ધીમે ચાલતાં ભાગોળે બસ સુધી આવે. અમે અમારી ધમાલમાં હોઈએ. જલદી આવજો, સંભાળજો કહીને નીકળી પડતાં.

પણ પછી ખાલી ઘરમાં પાછા ફરતાં વૃદ્ધ મા-બાપને ઘર કેવું ભેંકાર લાગતું હશે તે હવે કંઈક સમજું છું. આવાં તો ઘેરઘેર વૃદ્ધ મા-બાપ હશે, ખાસ તો ગામડાંમાં.

કવિ ‘ઉશનસ્’ની ‘વળાવી બા આવી’ એ પ્રસિદ્ધ કવિતામાંનો વિરહબોધ મને અડકી ગયો. એ કવિતા મને આખી મોઢે હતી. હું ઘરની આગળની મોટી ગૅલેરીમાં બેસી એ યાદ કરવા લાગ્યો—ના, એ કવિતા હું રચવા લાગ્યો—જાણે એ પંક્તિઓ સ્મૃતિમાંથી નહીં, મારી આ ક્ષણોની અનુભૂતિમાંથી ઊતરતી હતી—પહેલાં ત્રુટક ત્રુટક અને પછી સળંગ—જાણે છેકછાક વિના રચાઈ ગઈ:

*રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘર મહીં*
*દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની*
*વસેલાં ધંધાર્થે દૂર સુદૂર સંતાન નિજનાં,*
*જવાનાં કાલે તો...*

દિવાળીની રજાઓ પડતાં, ગામડાગામમાં માતાપિતા સાથે રહેવા દૂર વસેલાં સંતાન આવતાં. ઘરમાં મનની એક ‘શાંતિ’ સ્થપાતી. પણ હવે રજાઓ પૂરી થતાં સૌ સંતાન જશે, એથી એ મનની શાંતિ ડહોળાઈ ગઈ છે. જવાને આગલે દિવસે રાત્રે બા-બાપા, ફોઈ અને છોકરાં-છૈયાં બેઠાં હતાં. હવે કદાચ આવતી દિવાળીએ વાત, એમ વિચારતાં હશે તે વખતે બા-બાપાએ, ગં.સ્વ. ફોઈએ આ બધાંની વચ્ચે પોતાને કર્મે લખાયેલા સંતાનોના વિરહને પણ જાણે જોઈ લીધો! પણ એને ઉવેખીને સૂઈ ગયાં.

*—જનક જનની ને ઘર તણાં*
*સદાનાં ગંગામા સ્વરૂપ ઘરનાં ફોઈ સહુએ*

*લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ*
*નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગ્યા,*
*ઉવેખી એને સૌ જરઠ વળી વાતે, સૂઈ ગયાં.*
*સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,*
*ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું.*

છોકરાં-છૈયાંવાળું ભર્યું ઘર લઈને સવારે મોટાભાઈ ઊપડ્યા તેની સાથે જાણે અર્ધી વસતિ ખાલી થઈ ગઈ. નાનાં છોકરાંઓ જાય એનો ખાલીપો વધારે સાલે. એમના જતાં આખું ઘર શાંત બની ગયું, તે પછીઃ

*બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની*
*નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી.*

બે નાના ભાઈ મીઠું બોલતી અને હળવું હસતી એવી પોતાની નવોઢા પત્નીઓ લઈને બપોરે ગયા. પછી કવિ લખે છેઃ

*વળાવી બા આવી નિજસકલ સંતાન ક્રમશઃ,*
*ગૃહવ્યાપી જોયો વિરહ પડી બેસી પગથિયે.*

જે ઘરમાં હજી તો હમણાં સંતાનોનો, સંતાનોનાં સંતાનોનો કલકલ્લોલ હતો, તે આખા ઘરમાં વિરહ આજે વ્યાપી ગયો હતો—અને બા ઘરમાં જઈ શકી નહીં, એ પગથિયે જ બેસી ગઈ. કવિએ કહ્યું—‘પડી બેસી પગથિયે’—‘પડી બેસી’માં વૃદ્ધ માબાપની સંતાનોના જતાં અનુભવાતી મર્મભેદી નિઃસહાયતા પ્રકટ થઈ છે. ‘પડી બેસી પગથિયે’—પોતાના ગયા પછી મા આમ ઘરને પગથિયે જ બેસી પડી હશે, એવો સંતાનોને વિચાર આવ્યો હશે? એ તો પોતાની પ્રવૃત્તિની દુનિયામાં ખોવાઈ જવાનાં, પણ અહીં પાછળ રહેનાર? બીજા એક કવિએ કહ્યું છેઃ

*ઘરને તજીને જનારને*
*મળતી વિશ્વની વિશાળતા,*
*પછવાડે અડવા થનારને*
*ભરખે ઘર કેરી શૂન્યતા.*

આખી વાતની વિડંબના તો એ છે કે વિચ્છેદભાવ દિવાળીના

ઉત્સવ સાથે રચાય છે. દિવાળી મંગલપર્વ, મિલનપર્વ, પણ દિવાળી જતાં જ વૃદ્ધ મા-બાપને કર્મે લખાયેલ વિરહપર્વ.

આ કવિતા એકદમ આપણી છે, મારી છે, તમારી છે. હું ઘરમાં બેઠો છું, આ કવિતા માનસપટ પર રચું છું.

હું દિવંગત બા-બાપુનું તીવ્રતાથી સ્મરણ કરું છું. મેંય કદી વિચાર નહોતો કર્યો કે દિવાળીની રજાઓ પૂરી થતાં અમને વિદાય આપ્યા પછી ઘેર પાછાં ફરતાં બાપાના કે બાના પગ કેવા ઢીલા પડી જતા હશે—અને પછી ખાલી આંગણા કે માંડીમાં પ્રવેશતાં પથ્થરની જેર પર જ ખૂંભીને અઢેલીને બા બેસી પડતી હશે...

આવું કેમ? કેમ આવું? આપણે સમજીએ ત્યારે મોડું કેમ થઈ ગયું હોય છે? એક પેઢી, બીજી પેઢી, ત્રીજી પેઢી.... આ ક્રમ અનંત છે શું?

['તેષાં દિક્ષુ' પુસ્તક]

## એક બીજી ગંગોત્રી

પોતાના ગામથી જ્યારે નીકળ્યા ત્યારે શબ્દ લઈને નીકળ્યા હતા—એમ કવિ ઉમાશંકરે નોંધ્યું છે. એ 'શબ્દ' પછી એમને ક્યાં ક્યાં લઈ ગયો? તો કહે છે કે એ શબ્દ એમને "સત્યાગ્રહ છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્યમંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં,—એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં" લઈ ગયો.

એ શબ્દ એટલે કવિતાનો શબ્દ. કવિમાત્રને એ શબ્દ સૌપ્રથમ એના ઘરમાંથી મળે છે, એના વતનમાંથી મળે છે. દુનિયાના કોઈ પણ કવિની કાવ્યગંગોત્રીનું ગોમુખ એનું પોતાનું ઘર હોય છે.

એટલે આપણને થાય કે જ્યાંથી કવિ-શબ્દ સરવાણી પ્રકટી, એ ગંગોત્રી, એ ગોમુખ અર્થાત્ કવિનું ઘર કેવાં હશે? કવિને વતન જવું એટલે તીર્થયાત્રાએ જવું.

વર્ષોથી ઇચ્છા હતી ‘ગંગોત્રી’ના કવિ, ‘નિશીથ’ના કવિ, ‘સપ્તપદી’ના કવિ જે ગામથી શબ્દ લઈને નીકળ્યા, તે ગામ જવાની. કવિ ઉમાશંકરનું ગામ બામણા. સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના ખંભેરિયા પહાડની તળેટીમાં વસેલું ગામ. ઈડર વિસ્તારનાં આ ગામોના ડુંગરો, જંગલો અને મેળાની વાત કરતાં કવિ થાકતા નથી. શૈશવકાળની કવિના વતનની આ ભૂમિમાં એમના સમસ્ત શબ્દલોકનાં નવાણ છે. ત્યાંથી ભોમિયા વિના એ શબ્દ લઈને નીકળ્યા હતા.

એક દિવસ કવિએ કહ્યું, આપણે બામણા જવાનું છે. રોમ-હર્ષ. સદ્ભાગ્ય કેવું કે સ્વયં કવિની સાથે કવિને ગામ જવાનું મળે છે! એક સવારે અમદાવાદથી મોટરગાડીમાં નીકળ્યા. કવિપુત્રી નંદિનીબહેન તથા બીજા બે કવિમિત્રો ચંદ્રકાન્ત શેઠ અને મણિલાલ પટેલ સાથે હતા.

કવિભૂમિનો લૅન્ડસ્કેપ જોવા અમે ઘણા આતુર હતા. હિંમતનગર છોડ્યા પછી એ બધો વિસ્તાર શરૂ થઈ જતો હતો. એ વિસ્તારના ખેતરાઉ, પહાડી માર્ગો ઈડરમાં ભણતી વખતે કવિએ જુદી જુદી ઋતુઓમાં અનેક વેળા પગપાળા કાપેલા. અત્યારે ડામરની સડક પરથી સરતી મોટરગાડીમાંથી બાજુમાં ચઢતાઊતરતા પહાડો અને એના વળાંકો બતાવી કવિ એ મારગ ચીંધતા હતા.

રસ્તો બે માર્ગે ફંટાયો. એક શામળાજી તરફ જતો, બીજો ભીલોડા તરફ. શામળાજીના મેળાનો પ્રભાવ કવિના સર્જકચિત્ત પર ઘણો પડ્યો છે. વાર્તાકાર ઉમાશંકરની ‘શ્રાવણી મેળો’ વાર્તાની એ પટભૂમિ. અમારે ભીલોડાના માર્ગે જવાનું હતું.

એક ઊંચો ડુંગર દેખાયો. એ જ ખંભેરિયો. ખંભેરિયાની ટોચે એક ઝાડ દેખાતું હતું અને એક સફેદ ધજા ફરફરતી હતી. અમારી નજર એ ધજાની આસપાસ ફરફરવા લાગી. રસ્તાની ધારે એક ડુંગરી દેખાઈ. કવિએ કહ્યું: “આ ડુંગરીની ધારે બેસીને મિત્ર સાથે ‘સાપના ભારા’નાં નાટકો વાંચ્યાં છે.” ૧૯૩૧-૩૨ની આ વાત હશે. સૌ પ્રશ્નો પૂછીને કવિને એમના શૈશવ, કિશોરકાળની દુનિયામાં લઈ જતાં હતાં.

બામણા ગામના પાદરે પહોંચતાં વિશાળ સરોવર; એનું પાત્ર પહાડો અને ખીણોના આધારે વળાંકોમાં ઘડાયું છે. પાદરમાં અમે ઊતરી ગયાં. આ બાજુ સરોવર, આ બાજુ ગામ. સરોવરકાંઠે સરસવનાં પીળાં ખેતર હતાં. આ બાજુ અમારી નજર સામે ખંભેરિયાનો ડુંગરો હતો. ગામ એના ઢાળ પર વસેલું છે.

મોટરગાડીમાંથી ઊતરી અમે શેરીઓમાં ચાલવા લાગ્યાં. આમ તો ગામ જેવું ગામ. પણ આ તો કવિનું ગામ હતું, અને કવિ સાથે હતા. ગામના લોકોનું અભિવાદન ઝીલતા કવિની શેરીમાં પ્રવેશ્યા. કદાચ છે ને આ ઘરોમાં ‘સાપના ભારા’નાં એકાંકીઓનાં કેટલાંક પાત્રોના અનુજો—વંશજો મળી જાય. ‘દળણાના દાણા’નાં ડોશી, ‘કળજગનું પાણી પીવા એકલી રહી ગયેલી રામી’ પણ યાદ આવ્યાં. ઢોળાવ પર આવેલા ગામની આ શેરીમાં વરસાદના પ્રવાહને કારણે ઊખડેલા ઢેખાળા અને વાંઘાં હજી હતાં. મને થતું હતું, અત્યારે પંચોતેર વર્ષની વયે પહોંચવા થયેલા કવિ અહીં ચાલતાં શૈશવની પગલીઓ શોધતા હશે શું? શેરીના એકબે વળાંક વટાવતાં જ સામે નળિયાં છાયેલું કવિનું બાપીકું ઘર. બરાબર ખંભેરિયાની ઢાળે. ઘરમાં કવિનાં ભાભી રહે છે. આંગણું વટાવી અમે ઓસરીમાં આવ્યાં. ઘરની પછીતે જાઓ એટલે ખંભેરિયો શરૂ થઈ જાય.

અમારી નજર સામેથી જાણે છસાત દાયકાનો સમય સરી જતો હતો. ઘરમાં હરતાફરતા શબ્દોને પીતા શિશુ કવિની કલ્પના કરી રહ્યા. ભર્યો પૂરો પરિવાર હતો. પાઘડી બાંધતા કવિના પિતા અને વત્સલ બાની કલ્પના કરી. અમે ઓસરીમાં બેઠા. ચંદ્રકાન્ત તો ચૂપચાપ સરકી ખંભેરિયો ચઢવા ઊપડી ગયા. કવિ સ્વજનોને મળવા ગામમાં ગયા. અમે ઘરના ઓરડામાં ગયા. આ ઓરડામાં કવિનો જન્મ.

અમે પરસાળમાં બેઠા. કવિ આવી ગયા હતા. નાનપણની વાત કરતાં કરતાં દેવુભાઈ, કાન્તિભાઈ સૌ ભાઈઓને, ગામમાં જ રહેતાં બહેનને, મિત્રોને કવિ સ્મરી રહ્યા. ચા પીતાં પીતાં કવિએ કહ્યું: ત્યાં બેસી ‘ગીતાનિષ્કર્ષ’ વાંચ્યું હતું. ઓસરી બતાવતાં કહે: આ ઓસરી

અનેક કવિતાઓનું જન્મસ્થળ છે. 'ગંગોત્રી' કાવ્યસંગ્રહની ઘણી કવિતાઓ બામણામાં લખાઈ છે. એ વખતે કવિની વય વીસ-બાવીસની હશે. 'વિશ્વશાંતિ'ના રચયિતા તરુણ કવિએ સ્વતંત્રતા માટેની લડતમાં ઉચ્ચ અભ્યાસ છોડી દઈ ઝંપલાવ્યું હતું. વિસાપુરનો જેલવાસ વેઠીને બામણા આવ્યા છે. મા-બાપને તો ઘણીય આશાઓ હતી, જેવી દરેક મા-બાપને હોય છે; પણ આ તરુણને તો દૂરના 'અદીઠ વડવાગ્નિ બૂઝવવા' દોડી જવું હતું. ઘેર ઘરડાં માવતરની આશાઓનું શું? પિતાનો પ્રેમ, મીઠી માડીનું વહાલ, ભલે, પણ કહે છે:

*મને રોકો ના, ના, ખડક ધરી આડે! યમશિલા*
*વચાળે રૂંધો મા! શીદ ભીડી રહો બાથ જડમાં...*

વિચારે છે માવતર પહેલાં? દેશ પહેલો? આ ઘર નાનું પડે છે, આ ગામ. હવે તો 'વિશ્વ' જ એની સામે છે.

આ ઓસરી એ તરુણના મનોમંથનની સાક્ષી છે. કવિ કહે: ઓસરીની પેલી પેલ્લી પર બેસી ઘણી ચોપડીઓ વાંચી છે.

બપોર ભીલોડામાં ગાળી સાંજે ઈડર જવા નીકળ્યા. ત્યાં જતાં રસ્તે જાણે 'ઝાકળિયું' વાર્તાનાં ખેતરો દેખાતાં હતાં. ઘણી કાવ્યપંક્તિઓ પણ સ્મરી રહ્યાં. સાંજ પડે તે પહેલાં ડુંગરોના માર્ગે થઈ ઈડર શહેર વીંધીને પશ્ચિમે આવેલી શ્રીમદ્ રાજચંદ્રની ઊંચી પહાડીની તળેટીમાં સીધાં પહોંચી ગયાં.

અહીં જે શિલા પર શ્રીમદ્ને જ્ઞાન લાધ્યું હતું તે સિદ્ધશિલા છે. શ્રીમદ્ રાજચંદ્ર જાતિસ્મર હતા, એટલે કે પૂર્વજન્મોનું એમને જ્ઞાન હતું. ઉમાશંકરભાઈએ એ વિશે એક વાત કરી: ભગવાન મહાવીર જ્યારે સદેહે આ ભૂમિ પર વિચરણ કરતા હતા ત્યારે આ ડુંગરોમાં આવેલા. એ સમયે તેઓ જે શિલા પર બેઠેલા તે સ્થળ શ્રીમદે ચિહ્નિત કરી બતાવ્યું છે.

સૂર્ય જમીનમાં ઊતરી જતો જોયો. અમે પહાડી ઊતરી રહ્યાં. ઊતરતાં ઊતરતાં થતી વાતોમાં કવિનાં છાત્રવયનાં સ્મરણો ડોકાતાં.

ઉમાશંકર ઈડરના છાત્રાલયમાં રહીને ભણેલા, ગુજરાતી ચોથા ધોરણથી અંગ્રેજી છઠ્ઠી સુધી. પછી મૅટ્રિક્માં અમદાવાદ આવેલા.

બીજે દિવસે ઇડરિયો ગઢ ચઢવાનો હતો. પહેલાં તો અમે જે શાળામાં કવિ ભણેલા તે સર પ્રતાપ હાઈસ્કૂલ અને એની બાજુની બોર્ડિંગ ભણી ગયાં. કવિ જાણે પોતાની એ કિશોરાવસ્થાનાં પદચિહ્નો સૂંઘતા ચાલતા હતા. જીર્ણ બોર્ડિંગના એક ઓરડામાં અમે પ્રવેશ કર્યો. આ એ ખંડ જેમાં છાત્ર તરીકે એ રહ્યા હતા. એક ભીંતમાં તાકું હતું. કહે: આ ગોખલામાં મારી આખી ‘લાઇબ્રેરી’ રહેતી!

બહાર આવ્યા. રસ્તા સામેની ટેકરીઓ બતાવતાં કહે: પેલી છે તે ધનેશ્વરીની ડુંગરી, ત્યાંની દેરીઓમાં અને ત્યાંના આંબાની ડાળીઓ પર બેસી પરીક્ષાના દિવસોમાં વાંચતા.

નિશાળના પ્રાંગણમાંથી બહાર નીકળતાં કવિ કહે: નિશાળ છોડતી વખતે યાદ છે કે એક ગોરજ ટાણે એને અસ્ફુટ વાણીમાં કહ્યું હતું: “હું તારું નામ ઉજાળીશ.”

કવિએ વચન પાળ્યું છે.

ઈડરનો આ ડુંગરો અરવલ્લીની પર્વતમાળાનો આખરી છેડો છે. ગઢ પર ચઢ્યા, તો શિખરોની વચ્ચે વિશાળ ખુલ્લી જગ્યા. જૂની ઇમારતો, વાવો, મંદિરો, દેરાસર આ બધું છે. વડ જેવાં પુરાતન વૃક્ષો છે.

અમે ચાલતા ચાલતા ગઢની ઉત્તર દિશાની રાંગે ગયા. ત્યાંથી નીચેનું મેદાન અને દૂરના ડુંગર રળિયામણા લાગતા હતા. આ બાજુ રાણીનું તળાવ દર્પણ જેવું લાગતું હતું. ઠંડો પવન હતો, હોલાંનો કલરવ હતો. દૂરથી ડંકીનો અવાજ સંભળાતો હતો. સવારના તડકામાં ખિસકોલીઓ બધી જમીન સરસી જડાઈ ઠંડી દૂર કરતી હતી.

આ ઇડરિયા ગઢ પરથી જે કાવ્યઝરણું ફૂટ્યું તે એવું કે સતત વહેતો મહાનદ બની ગયું. કવિની સમગ્ર કાવ્યગંગાની ગંગોત્રી-ગોમુખ એ આ ભોમકા, આ ડુંગરા...

[‘તેષાં દિક્ષુ’ પુસ્તક: ૨૦૦૪]

# નારીનો મહિમા

મોટામોટા સાહિત્યકારોની અમરતામાં તેમણે સર્જેલ ઉત્તમ નારીચરિત્રોનો મહદ્ અંશે ફાળો છે. વાલ્મીકિએ સીતાનું સર્જન કર્યું, વ્યાસે દ્રૌપદીનું, કાલિદાસે શકુન્તલાનું; શેક્સપિયરે ડેસ્ડિમોના તથા અન્ય અનેક નારીપાત્રો આપ્યાં... એમ યાદી લંબાવી શકાય.

રવીન્દ્રનાથે ‘માનસી’ કાવ્યમાં કહ્યું છે કે, “હે નારી, તું માત્ર વિધાતાનું સર્જન નથી; પુરુષે પોતાના અંતરનું સૌંદર્ય તારામાં સંચારીને તને ઘડી છે, કવિઓએ સોનાનાં ઉપમા-સૂત્રોથી તારાં વસ્ત્રો વણ્યાં છે; તારે માટે સમુદ્રમાંથી મોતી આવ્યાં છે, વસંત તારે માટે પુષ્પો લઈને આવે છે...” અંતે કવિ કહે છે કે, “નારી, તું અરધી માનુશી છે, અરધી કલ્પના છે.” (One half woman and one half dream.)

પોતાની અદ્‌ભુત સર્જકતા અને કલ્પના વડે પુરુષસર્જકો નારીના મનનાં ઊંડાણોના આલેખનમાં સફળ થયા છે.

પુરુષના ‘હૃદય’ પર ભલે કોઈ નારીનું શાસન ચાલતું હશે, પણ પૂર્વમાં કે પશ્ચિમમાં સમાજ પ્રાયઃ પુરુષશાસિત જ છે. પિતૃસત્તાક સમાજમાં નારીનું સ્થાન સદીઓથી બીજા દરજ્જાનું રહ્યું છે. નારીનું સ્થાનક ઘર છે, પરિવાર છે, જનની બનીને એને વંશવેલો વધારવાનો છે—એમ કહીને આદર્શ નારીનાં મૂલ્યો પુરુષોએ આરોપિત કર્યાં છે; અને એ રીતે નારીસમાજનું ચિત્ત ઘડાતું રહ્યું છે. નારીનો જે આદર્શ બની ગયો છે; તે આપેલો તો છે પુરુષોએ જ.

સદીઓથી એમ ચાલતું રહ્યું છે. પરંતુ છેલ્લા બે સૈકાથી તેની સામે નારીસમાજના વિરોધના સૂર ઊઠ્યા છે. નારીનાં બંધનોની અને એ બંધનમાંથી મુક્તિની વાત યુરોપમાં ઇબ્સન જેવા (પુરુષ-)સર્જકોએ કરી. તેના ‘ઢીંગલી-ઘર’ નાટકમાં, ગૃહત્યાગ માટે ઉંબર બહાર ડગ મૂકવા જતી નોરાને એનો પતિ જુદી જુદી રીતે રોકવા મથે છે, અને છેવટે પત્ની તથા માતા તરીકેના એના કર્તવ્યની યાદ અપાવે છે. ત્યારે નોરા કહે છે—“મારી બીજી ફરજો પણ છે.”

"કઈ?"

"મારી જાત પ્રત્યેની."

ઇબ્સને નોરાને મુખે જે વાત કહેવડાવી, તે વાત નારી હવે સ્વયં કહેવા લાગી છે. પોતાની આત્મ-ઓળખ, પોતાનું સ્થાન, પોતાની સ્વતંત્રતા અને પોતાની જાત પ્રત્યેની ફરજની વાત કહેવા નારી હવે આગળ આવી છે. નારીમુકિતની સર્જનાત્મક અભિવ્યકિત સાહિત્યમાં નારીસર્જકો દ્વારા થઈ રહી છે. સમાનતા અને સ્વતંત્રતાના પાયા પર નારી-આંદોલનની ઇમારત ચણાતી ગઈ છે.

પોતાનું સ્ત્રીત્વ બરાબર જાળવી રાખીને પણ નારી પુરુષના જેવી સ્વતંત્રતાની અધિકારી બની રહે, એવો તેનો મહિમા આજે થવો ઘટે.

['શબ્દસૃષ્ટિ' માસિકઃ ૨૦૦૨]

## આવા હતા ઉમાશંકર

હવે કોને પૂછીશું?

ઉમાશંકરે ૧૯૪૭માં 'સંસ્કૃતિ' શરૂ કર્યું. ચાર દાયકા સુધી ચાલેલું 'સંસ્કૃતિ' એક આખું અવતારકૃત્ય છે. 'સંસ્કૃતિ એમણે એકલે હાથે (૧૯૬૪ સુધી જ્યોત્સ્નાબહેનની સહાયથી) ચલાવ્યું. સંપાદક પોતે અને ઘણી વાર ગ્રાહકોનાં સરનામાં કરનાર પણ પોતે ઉમાશંકર. 'સંસ્કૃતિ'ની આર્થિક ખોટ પણ એમણે વેઠી છે. ચાર દાયકા સુધી 'સંસ્કૃતિ'એ ગુજરાતની સર્જકતા અને મનનશીલતાના ક્ષેત્રમાં પ્રદાન કર્યું છે. નંદિનીબહેન, સ્વાતિબહેન ઉપરાંત આ 'સંસ્કૃતિ' એમની તૃતીય કન્યા. જ્યોત્સ્નાબહેન જતાં એ પણ નમાયી બનેલી. ચાર દાયકાઓની 'સંસ્કૃતિ'ની ફાઈલો જોતાં આંસુ આવી જાય છે—માત્ર ભાવુકતાને લીધે નહીં, પણ ગુજરાતી પ્રજા માટે આપણા કવિએ કેવી પોતાની જાત ઘસી છે, એ વિચારથી. દૂર દેશાવર ગયા હોય ત્યારે એમણે વધારે ચિંતા આ તૃતીય કન્યાની કરી છે. 'ગુણિયલ' ગુજરાતે છેલ્લે જતાં

એને પ્રતિસાદ આપેલો માત્ર બસો ગ્રાહકોની સંખ્યાથી!

ઉમાશંકર કુશળ આલાપચારી હતા. એમની સાથેના વાર્તાલાપોમાં નર્મમર્મ, વ્યંગવિનોદ ઊભરાતાં હોય. હાસ્યના ફુવારા પણ ઊડતા હોય. પોતા પર પણ ખૂબ હસે. દેશ-દુનિયાના મોટા મોટા વિદ્વાનો સાથે સહજભાવે વાતો થાય, એમના તરુણવય સમકાલીનો સાથે પણ. ક્વચિત્ ક્રુદ્ધ થવા છતાં કદી એમને મુખે હીણો શબ્દ ઉચ્ચારાતો સાંભળ્યો નથી. એમના જેવું-જેવડું મિત્રમંડળ બહુ ઓછા સર્જકોનું હશે. બાલમિત્રો તો એમના અસંખ્ય, લગભગ દરેકને નામથી ઓળખે, વર્ષો પછી પણ રેખાઓ ઉપરથી ઓળખી એમને નામથી બોલાવે. એ અનેકોનાં દુ:ખમાં સમભાગી થયા છે, અને છતાં એવું લાગ્યું છે કે ઉમાશંકર પોતે તો ક્યાંક એકાકી છે; એ એકાંત દેશમાં કોઈ જઈ શક્યું નથી, જોઈ શક્યું નથી.

ઉમાશંકર શું સાચે હવે નથી? આપણને સૌને એ સ્વીકારતાં ઘણી વાર લાગશે. આપણને ટેવ પડી ગઈ છે, કંઈ કશું હોય, લાવો એમને પૂછી જોઈએ. એ શું કહે છે? ઉમાશંકર શું કહે છે? જાણે આપણા કોન્શન્સના એ રખેવાળ ન હોય!

હવે કોને પૂછીશું? એમને પૂછી જોઈએ કે હવે અમે કોને પૂછીએ!

# મંજુ ઝવેરી

## મોકળાશ

પુસ્તકોનો લગાવ ભારે, એમને જોવાં-અડવાં સુધ્ધાં ગમે, રોમાંચિત કરે; પણ ક્યારેય પદ્ધતિસરનું વાચન કર્યું નથી. લખવાનો શોખ મને ક્યારેય થયો નથી. મારી દીકરીના જન્મ પછી આડત્રીસ કે એવી ઉંમરે બહાર નોકરીએ જવા અસમર્થ હતી, તેથી ઘેર બેસી કમાવા માટે કેટલાંક અંગ્રેજી પુસ્તકોના અનુવાદ કર્યા હતા. ઘણા બધા ચિંતકોએ મને અનેક રીતે પ્રભાવિત કરી છે: ટ્રોટ્સ્કી, ફ્રોઈડ, કૃષ્ણમૂર્તિ, રજનીશ વગેરે. પણ જો કોઈ એક વ્યક્તિનો મારા પર સૌથી વધારે પ્રભાવ હોય, તો એ ગાંધીજી છે. એમનું લખાણ જ્યારે પણ વાંચું છું ત્યારે મોટે ભાગે તાજગીસભર લાગ્યું છે. પોતે જે માનતા હોય એને તત્કાળ આચરણમાં મૂકી સાહસભેર એ જીવ્યા, સતત પ્રયોગશીલ રહ્યા અને ઉત્ક્રાંત થતા ગયા. બહોળા ફલક ઉપર એક વિરલ સાધક રહ્યા અને ગુરુપણું કર્યું નહીં. નેતાગીરી એમને સહજ પ્રાપ્ત થઈ, પણ એમનાં તમામ કાર્યો એમની સાધનારૂપે રહ્યાં. એમની સતત પ્રયોગશીલતાને કારણે મને એક પ્રકારની મોકળાશ એમની સાથે લાગી છે.

['કંકાવટી' માસિક: ૨૦૦૦]

# મકરન્દ દવે

## પંડનાં પાતાળપાણી

*દુષ્કાળ ઉપર દુષ્કાળ વરસ આતમનાં!*
*ઘોડાપૂર ગયાં ક્યાં ઘૂઘવતાં?*
*શેવાળ હવે તો ખરસટ, સૂકોભટ રેતાળ*
*પડ્યો પટ દૂર દૂર, ભગ્નાશ હૃદય*
*ગોથું ખાતું, ચિત્કાર કરી ચકરાતું.*
*તાપ—બળી, તલખ-વલખતી સમળી—શું દુષ્કાળ!*

*ક્યાં જાવું? મન, જબ્બર બંધ તણી માયા છોડો!*
*મોડો મુખ જગ-વિસ્તરતાં છિલ્લર વારિ થકી.*
*પોતીકા નાના ખેતરમાં*
*આ ઊંડા ભમ્મર, તરછોડ્યા કૂવા પર ઝૂક્યાં*
*ઝાડઝાંખરાં, વેલા, કાળા વિષધર કેરા*
*કરો રાફડા સાફ; જવું ઊંડે ઊંડે ઊંડે.*

*પહાડની છાતી ચીરી, અંધારાં ભેદી*
*ધરતીની ધોરી નસ પામીને*
*સેંજળ છલકાવો! લાવો, જોડો પાછો*
*એ કાટ ચડેલો કોશ: કિચુડ-બોલે ગાશે*
*પંખી પાછાં, ક્યારી ક્યારીમાં રેલ*
*નાચતી મલકાશે; દુશ્કાળ ભલે ભેંકાર*
*ખડો જમદાઢ કચડતો માથા પર!*

*એકાકી, એકાંતઘોર મંડાણ પરે*
*મથવું પડશે એકલપંડે દિનરાત*

*રાતદિન જંપ વિના, જાગે નહીં જ્યાં લગ*
*ઝળહળ નિરમળ અનગળ જળ.*

*દુષ્કાળ! આવ, ધર ખોબો, પી જળ ઘટક ઘટક.*

['સમર્પણ' પખવાડિક: ૧૯૬૪]

## દેખ—

*હાડ-હાડમાં હેત ભર્યું જેને*
*વેણ વેણ વરદાન,*
*દેખ—ઘરેઘર એ જ બિરાજે*
*ભૂતળમાં ભગવાન.*

## ભોલારામની છબી

### (૧)

*ખૂણે બેસી ખાય ને જોઉં તો*
*ઊભે વગડે ગાય રે, ભોલા!*

*કેમ કરી તને ઘેર બોલાવી*
*હેતને કોળિયે સાથ જમાડું?*
*કેમ કરી તારે એકલ મારગ*
*હાથમાં લઈને હાથ રમાડું?*
*હાટ-બજારે સૂનો સમ ને*
*વગડે પડઘો થાય રે, ભોલા!*

અંધકારે ઓળો થઈને
ચાલ, તું જીવ, ખંડેરને ખૂણે,
વાયરે મારા પ્રાણ પરોવી
આવ રે કોઈ અતીતને ધૂણે,
હોઠમાં દૂધિયું હાસ ફોરે ને
કંઠમાં કંઠ સમાય રે, ભોલા!

**(૨)**

ધરતી અગનઝાળમાં પડી,
ભરતી તારે ગગન ચડી,
દવને પાદર, પ્રેમની ભાદર
ભર કાંઠે તું વહાવ રે, ભોલા!

આભનાં ખેતર ખુલ્લંખુલ્લા,
કોઈ દિશે નહીં વાડ રે, દુલ્લા!
કોણ રોકે તને વાટમાં, ભીતર
ઘણના ઘાવ લગાવ રે, ભોલા!

એ જ તો આપણી પ્રીતની ખૂબી,
મોજમાં ડોલે, જાય જે ડૂબી,
મન મૂકી તારા મોતની વાંસળી
જિંદગીભર બજાવ રે, ભોલા!

મેઘ આષાઢીલો હાથથી ખાલી,
શરદરાસમાં આપતો તાલી.
પંડને તુંયે પૂર કપૂરમાં
મઘમઘાટે મિટાવ રે, ભોલા!

## (૩)

*આજ તો ભોલા, એમ થવા દે,*
*જેમને કે'વું હોય કે'વા દે.*
*મૂછને મરડી, આંખથી કરડી*
*જાલમસંગ આ જોતા હોય તો*
*મરને જોતા. ડાયાડમરા, ડોસલા*
*બોખલે મોઢે હસતા હોય*
*ને જાણે બધુંય જાણતા હોય*
*ને ધીરે ગુસપુસોની લાપસી માણતા હોય*
*ને ત્યારે*
*મંછારામની સીતલી, વળી*
*સામતા વાઘરી કેરા છોરા*
*રામલાના તું*
*હાથમાં મેળવી હાથ હાલ્યો જા*
*ભરબજારે*
*ભે-વિના તલભાર. તું તારે*
*રૂડા વીવા કેરા મંગળ મન્તર ભણતો*
*આભના માંડવા હેઠ, સૂરજની સાખે, ભોલા!*
*મન મૂંગાની પ્રીતના સોનલ તારને વણતો*
*નીકળી પડ.*

*ને ત્યાં જ ધડાધડ*
*લાઠિયું પડશે, માથું ફૂટશે.*
*ભોલા, ભવની બેડિયું*
*તડાતડ ન્યાં તૂટશે.*
*રંગ રે ભોલા, આજ સપરમા દા'ડે,*
*આતમઘાતે ચડતા ગભરુ જીવને વાડે*
*મૂળ સોતા તું નાખ ઉખાડી*

*કારમા ખીલા,*
*પે’રામણીમાં પ્રેમમાં આપી*
*ભોલારામની ભેટનાં*
*સાચાં રાચરચીલાં*

['કવિલોક' બે-માસિક : ૧૯૯૮]

# ઢોલક હજુ બજાવે છે

*આ સૂની સૂની રાત મહીં*
*કોઈ ઢોલક હજુ બજાવે છે,*
*ને ઉજ્જડપાના ફળિયામાં*
*એ સૂતાં પ્રેત જગાવે છે.*

*વર્ષો વીત્યાં, એ વાત ગઈ,*
*રજવાડી એ મો’લાત ગઈ*
*ને એ રઢિયાળી રાત ગઈ;*
*પણ ઉજ્જડપામાં આથડતાં*
*એ પડઘા રંગ જમાવે છે—*
*આ સૂની સૂની રાત મહીં*
*કોઈ ઢોલક હજુ બજાવે છે....*

*એ હોઠ રહે આછા મલકી,*
*એ કંઠ રહે આભે છલકી,*
*ને ગામ ઊઠે આખું હલકી;*
*એ રાસ મહીં જાણે સૌને*
*ડુબાડી પાર લગાવે છે—*
*આ સૂની સૂની રાત મહીં*
*કોઈ ઢોલક હજુ બજાવે છે.*

*કહી દઉં એ કોનાં કામણ છે?*
*રે! આમ તો સાવ અભાગણ છે,*
*દુખિયારી રંગુ વડારણ છે;*
*પણ ઢોલક પર એની થાપી*
*કેવો તો કેર મચાવે છે!*
*આ સૂની સૂની રાત મહીં*
*કોઈ ઢોલક હજુ બજાવે છે.*

## વડા ધણીને વિનતિ

*બાપજી, પ્રાણને પાથરું રે, વેણ રાખજે મારું:*
*આ રે કાયાની કાવડે રે તારાં અમરત સારું.*
*વેરનાં વખિયાં ખેતર રે ખેડી-ગોડીને ખાંતે,*
*વ્હાલનાં બી વાવું હોંશથી રે હસીખુશી નિરાંતે.*
*ઊંડા તે ઘાવ વરામણા રે, દિલે દાહ જ્યાં કારી,*
*અંગે અંગે દઉં નિરમળા રે શીળા લેપ નિતારી.*

*ડાકણ બેઠી ડરામણી રે કૂડી શંકાની આડી,*
*વાટ ચીંધું વિશ્વાસની રે આગે પાય ઉપાડી.*
*માથું ઢાળી બેસે માનવી રે હાથ લમણે મૂકી,*
*રંગ દઈ વાંસો થાબડી રે ભેટ બાંધું બળૂકી.*
*અંધારું ચૂતું જ્યાં આભથી રે ગજવેલ શું ગાઢું!*
*બીજ સમી ત્યાં તો બંકડી રે આછી કોર હું કાઢું,*

*ઝૂરી મરે રણ-રેતમાં રે કોઈ જીવ ઉદાસી,*
*ઝરણું બની એની પાસમાં રે વેરું કલકલ હાસી.*
*વડા ધણી, મારી વિનતિ રે, આંસુ એકલો પ્રોઉં,*
*પરનાં આંસુડાં પ્રેમથી રે ધોડી ધોડીને લોઉં.*

*મોટો ભા થઈને મેરમ રે મારું ગાણું ન માંડું,*
*કો'કને સાંભળું, સમજું રે દઈ કાન ને કાંડું.*

*ભીખ માગું નહીં ભાવની રે કરી ઉછી-ઉધારાં,*
*હૈયું લૂંટાવું હું હેતથી રે, દિયે હાડ હોંકારા.*
*ઓછું થતું નહીં આપતાં રે, થાય અદકી મૂડી,*
*વાંકગુના સૌ વિસારતાં રે થાય જિંદગી રૂડી.*
*માલિક, આવી જો મોજથી રે મારો માંહ્યલો મેરે,*
*અમરલોકનું આયખું રે મારો આતમા વરે.*

['મિલાપ' માસિક: ૧૯૬૩]

# અભરામની ટેલ

બાવા અભરામ યહૂદીઓનો આદિ વડવો. જેટલો જોરાવર એટલો જ જિગરનો મુલાયમ. હાથ જાણે લોઢાના, તો હૈયું મીણનું. પારકું દુ:ખ કે વિપદ દેખી ઓગળી—પીગળી જાય. અભરામ જેવી જ તેની સ્ત્રી સારાહ પણ ભલીભોળી. બંને ખુલ્લા મેદાનમાં તંબૂડી બનાવીને રહે, ઢોરઢાંખર ચરાવે અને પોતાને ત્યાં આવી ચડે તેની મન મૂકીને મહેમાનગત કરે.

એક વાર ભગવાન પોતે જ આવી ચડયા.

બપોરનો વખત હતો. અભરામ પોતાની તંબૂડીમાં બેઠો બેઠો ઝોકાં ખાતો હતો. અચાનક આંખ ખોલીને જુએ છે, તો સામેની ખજૂરીની છાયામાં ત્રાણ જણ ઊભેલા—તેમાંય વચલા પુરુષના ચહેરા પરથી તો તેજતેજના ફુવારા ઊડે. અભરામ ઓળખી ગયો: ભગવાન અને તેમના ફિરસ્તા સિવાય આવા નૂરાની ચહેરા કોઈના ન હોય. અભરામ દોડયો; ભગવાનના ચરણમાં પડી કહે: “આવ્યા, મારા નાથ! આવી આછી-પાંખી ખજૂરીને છાંયે ઊભા ન રહેવાય, મહારાજ! આવો, આવો, આ ગરીબની તંબૂડી હવે પાવન કરો.”

પણ ભગવાન જરા ઉતાવળમાં હતા. કહે, “અભરામ, આ બાજુ નીકળ્યો'તો. તારી ભક્તિ જોઈને તને દર્શન દીધા વિના ન ચાલ્યું. પણ હવે હું જઈશ. મારે બહુ અગત્યનું કામ છે.”

અભરામ એમ ભગવાનને છોડે? આડા હાથ દઈને ગળાના સોગન ખાઈ તેણે કહ્યું: “પ્રભુ, રોટલો ને છાશ ખવરાવ્યા વિના હું તમને કોઈ કાળે જવા નહીં દઉં.” અને પછી સારાહને બૂમ પાડી કહ્યું: “સારાહ, પ્રભુના પગ ધોવા જલદી ગરમ પાણી કરી લાવ, અને ઊની ઊની રસોઈ ધમકારે બનાવી દે! જો તો ખરી, આપણે ત્યાં પ્રભુ પધાર્યા!”

સારાહના હરખનો પાર ન રહ્યો. જલદી જલદી ઘંટી ફેરવીને તેણે તાજો આટો દળી લીધો. ટપાકે રોટલા ટીપી નાખ્યા. શેડકઢાં દૂધનાં છાલિયાં ભર્યાં. ખજૂરના ગોળનો રવો તૈયાર રાખ્યો. પાણીના કળશા ભરીને પાટલા નાખી એ તો ગાતી જાય:

*અચો મુંજા પીર સચ્ચા, રબ તાં રંધાણી,*
*રબ તો રંધાણી, પડ્યાં માંહી પ્રીત્યુનાં પાણી રે—*
*અચો મુંજા પીર સચ્ચા.*

ભગવાન તો આ પ્રેમ, આ હુલાસ, આ ઓળઘોળ થતી આવભગત આશ્ચર્યથી જોઈ રહ્યા. સારાહે ભગવાનનાં ચરણ પખાળ્યાં ને ઝટ ઝટ તેમને જમવા બેસાડી દીધા.

ભગવાને તો ઝટપટ ભોજન પતાવ્યું. અભરામ અને સારાહને અઢળક આશીર્વાદ આપ્યા. અને સોદોમ શહેરની દિશામાં મારમાર કરતા ચાલી નીકળ્યા. થોડે દૂર સુધી અભરામ ભગવાનને વળાવવા ગયો. એણે જોયું કે સોદોમ ભણી નજર કરતાં જ ભગવાનની ભ્રૂકુટિ ચડી જતી હતી. આંખમાંથી અંગારા ઝરતા હતા, અને બિડાયેલા હોઠ પુણ્યપ્રકોપથી કંપી ઊઠતા હતા. ભગવાને અભરામને અંતરની વાત કરી:

“સોદોમ અને ગોમોરાના શહેરીઓનો પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે. સાતમા આસમાનને ભેદીને તેમની રાડ મારે કાને આવી છે. આ બંને નાપાક શહેરોને હું ભસ્મીભૂત કરી નાખીશ. એક ઈંટ ઉપર બીજી

ઈંટ નહીં રહેવા દઉં."

ભગવાને ઝડપ વધારી અને અભરામને કહ્યું, "તું હવે પાછો જા. તારું કામ ખોટી થતું હશે."

સોદોમના સત્યાનાશની આગાહી સાંભળી અભરામનું કાળજું ફફડી ઊઠ્યું. તે પાછો જવાને બદલે ભગવાનની વધુ નજીક આવ્યો ને ગળગળે સાદે બોલ્યો:

"પ્રભુ, સોદોમમાં બધા જ કાંઈ પાપી થોડા હશે? એમાં પચાસ જણ સારા નહીં હોય? અને હરામખોરોની જમાત ભેળા આવા સાચદિલ ને સાફદિલ પણ હોમાઈ જાય, તે કાંઈ ચૌદ બ્રહ્માંડના ધણીનો ન્યાય કહેવાય?"

આ સાંભળી ભગવાન ઊભા રહી ગયા. અભરામને ખભે હાથ મૂકી બોલ્યા: "સોદોમમાં પચાસ સારા માણસ હશે, તો તેમને ખાતર હું આખા નગરને જતું કરીશ, જા!"

પણ અભરામ આઘો ન ખસ્યો. તેણે ભગવાનને ચરણે પડી કહ્યું, "પ્રભુ, હું તો તમારા પગની રજ પણ નથી. પણ બે વેણ કહું તો બેઅદબી માફ કરશો. એ પચાસ માણસમાંથી પાંચ જ ઓછા નીકળશે, તો પણ તમે સોદોમને ખતમ કરી નાખશો?"

ભગવાને કહ્યું, "ભલે, પિસ્તાલીસ જેટલા નેક ને પાક આદમી હશે તો હું સોદોમનો સંહાર નહીં કરું."

અભરામે અત્યંત નરમાશથી પૂછ્યું, "પ્રભુ, એવા વીસ માણસો મળે, તો એ બીજા ભેળા બળીને ભડથું થઈ જશે?"

"નિર્દોષ ને નિષ્પાપ વીસ માણસો પણ મળે તો આખા સોદોમને ઊની આંચ નહીં આવે." ભગવાને અભરામને આશ્વાસન આપતાં કહ્યું.

અને પછી અત્યંત લાડથી મરક મરક હસતાં અભરામે ભગવાનને વિનંતી કરી: "અને પ્રભુ, દશ?"

માનવજાત પ્રત્યેની અભરામની અપાર કરુણા જોઈ ભગવાન પણ હસી પડ્યા. તેમણે પ્રસન્ન થઈને કહ્યું: "જા, એ દૈવતવાળા દશને

ખાતર પણ આખું સોદોમ ઊગરી જશે.”

આટલું કહી ભગવાન વીજળીવેગે સોદોમની દિશામાં અદશ્ય થઈ ગયા.

અને એ વિશાળ શહેરના આભઊંચા મિનારા પર નજર નાખી અભરામે પોકાર કર્યો: “સોદોમના શહેરીઓ! તમારામાંથી દસ તો માઈના પૂત નીકળો! માનું ધાવણ ન લજાવે એવા દસ ધરમવીરની પણ તમારામાં ખોટ પડી ગઈ? વધારે નહીં—હજારોમાંથી દસ જ હાડસાચા આદમી હશે, તો તમને બચાવવા માટે એ બસ થઈ પડશે.”

અભરામનો એ સાદ આજે પણ આકાશમાં ઘૂમરી ખાઈ રહ્યો છે.

## ફોરમ

*ફૂલ તો એની*
*ફોરમ ઢળી રાજી.*

*વાયરો ક્યાં જઈ ગંધ વખાણે,*
*ફૂલ તો એનું કાંઈ ન જાણે,*
*ભમરા પૂછે ભેદ તો લળી*
*મૂગું મરતું લાજી...*
*એનું નિજના રંગમાં રાતું,*
*ખુશ્બૂભર્યું એકલું ખાતું,*
*મસળી નાખે કોઈ તો સામે*
*મહેક દે તાજી તાજી!*
*ફૂલ તો એની*
*ફોરમ ઢળી રાજી.*

# માલમી બેઠો રે

*હરમત હારો મા, હૈયાદૂબળા!*
*માથે કાં રાખો મલકનો ભાર?*
*માલમી બેઠો રે હાથ સુકાન લઈ,*
*બેડી તારી કરી દેશે પાર.*

*વાયરા ચડે જો વસમા ચૌદિશે,*
*એમાં વીરા, તારો તે શું વાંક?*
*મોજાંનો તું ખેલ જોને મોજથી,*
*રોઈ રોઈ થાવું શેણે રાંક?*
*ભલેને ઝળૂંબે રાતબિહામણી,*
*ધન ધન ઢળે છો અંધાર;*
*માલમી બેઠો છે હાથ સુકાન લઈ,*
*બેડી તારી કરી દેશે પાર.*

*“મારા મારા” કહી જેને વળગતો,*
*ભેરુ તારા મૂઆ ક્યાં આ વેળ?*
*તારાં તે રખવાળાં કરશે આ સમે*
*એવું એક નામું તો ઉખેળ!*
*વંટોળિયા ફૂંકાશે, છાતી ફાટશે,*
*હાય જાણે જળબંબાકાર!*
*માલમી બેઠો રે હાથ સુકાન લઈ,*
*બેડી તારી કરી દેશે પાર.*

# હરિ એને હાથવગો

*જેને ઊંચા ઉતારા રે, ઓછા પડે આભ તણા,*
*એ તો ભાંગલી ભીંતે રે, હસી ઊભા આ હમણાં.*

આંખો આડી છો ચાલે રે, ચાલે ઊંધા ચરણ છતાં,
એ તો આવે ને આવે રે, આવે હસતાં હસતાં.

હરિ, આ કોને કહેવું રે, ભૂલોમાં જે રોજ ભમે,
એને પંથ સુઝાડો રે, સામેથી તમે જ તમે.
તમે શેરી વચાળે રે, વળી તમે સીમ મહીં,
ક્યાં ને શી રીતે મળશો રે, એનું કોઈ નીમ નહીં.

કાલ ગરવાને માથે રે, બેઠા અવધૂત થઈ,
આજ જોયા તો બેઠા રે, બજારે બકાલું લઈ.
સ્વામી! આ કેવી લીલા રે, કેવી આ તે જાદુગરી,
નજરું ખાલી ને ખાલી રે, ને તોય ભરી ને ભરી.

હવે હરખે હું હાલું રે, હવે હાલું કોઈ દિશે,
એક તમને નિહાળું રે, હું કોઈ ને કોઈ મિષે?
મારા સરવે મનોરથ રે, બળ્યા તો ભલેને બળ્યા;
આ તે અચરજ કેવું રે, કે એમાં તમે જ મળ્યા!

હવે ઢોલ પિટાવું રે કે નગર ઢંઢેરો કરી,
કોઈ આઘા મ જાજો રે, કે અમથાં ને અમથાં મરી.
જેનું કાંઈ ન હાલે રે, જેનું નહીં કોઈ જગે,
હોંશે હોંશે રહે છે રે, હરિ એને હાથવગે.

# વિધાતાએ દીકરી ઘડી

વિધાતાએ દીકરી ઘડીને ત્યારે ખૂબ ખાંતે
કસબી હાથેથી એણે કરી શી કમાલ!
રૂપનો અંબાર કરું, મીઠપ અપાર ભરું
ખજાનો ખુટાડી કરું ખલકને ન્યાલ.

*દેવીયું કનેથી માગી લીધો મલકાટ*
*અને મધરાત કેરા માપી સીમાડા સુદૂર,*
*ચપટીક રજ લીધી નખેતર તણી*
*અને દીકરીને આંખે ભર્યાં દમકતાં નૂર.*

*સાકરનો લઈને સવાદ એણે દીકરીમાં*
*તજ ને લવિંગ વળી ભેળવ્યાં જરીક*
*સૂરજનાં ધોળાંફૂલ હાસ ને હુલાસા દીધાં*
*જોઈ કારવીને કીધું, હવે કાં'ક ઠીક.*

*વિધાતાએ દીકરી ઘડી ને વળી જોઈ જોઈ*
*વારે વારે હસું હસું થાય એનું મુખ,*
*હૈયે એને હાશ, હર માવતર કાજે ધર્યું*
*હર્યુંભર્યું હોત, નર્યું નીતર્યું આ સુખ.*

(અનુ. મકરન્દ દવે)

## વળતા આજ્યો હો!

*માધવ, વળતા આજ્યો હો!*
*એક વાર પ્રભુ ખબર અમારી લેતા જાજ્યો હો!*

*રાજમુગુટ પહેરો કે મોટા કરો ધનુષટંકાર,*
*મોરપિચ્છ ધરી જમુના કાંઠે વેણુ વાજ્યો હો!*

*અમને રૂપ હૃદય એક વસિયું, ગમાર ક્યો તો સહેશું,*
*માખણ ચોરી નાચણ પગલે નેણ લગાજ્યો હો!*

*રોકી કોણ શકે તમને પ્રભુ, રાખી પ્રાણ પરાણે,*
*જોશું વાટ, અમારા વાવડ કદી પુછાજ્યો હો?*

## નિરધાર

*સાચને પડખે રહીને ઝૂઝતાં*
*આપણે પળવાર પણ ખસવું નથી…*

*જાલિમો ને ધૂર્તના પાયે પડી*
*કોઈ દી કોઈ મિષે નમવું નથી…*

*પ્રાણ મારા, એકલા આગે બઢો;*
*આજ બોલો, ‘ના, હવે ડરવું નથી.’…*

*સાચને પડખે પરાજય હો ભલે,*
*તે છતાં પાછું હવે ફરવું નથી.*

## એ દેશમાં—

*ઝાઝાં છે મંદિરો ને ઝાઝાં જુગારખાનાં,*
*એ દેશમાં ઉપાયો ક્યાં છે ઉગારવાના?*

*ઝાઝા છે મુખર વક્તા, ઝાઝા છે મૂઢ શ્રોતા,*
*એ દેશમાં છે મેલાં કથણી તણાં મસોતાં.*

*ઝાઝા છે પ્રેક્ષકો ને ઝાઝા છે અદાકારો,*
*એ દેશમાં છે નકલી વેશો તણો વધારો.*

*ઝાઝા છે ગુરુજીઓ, ઝાઝા છે વળી ચેલા,*
*એ દેશમાં છે માનવ મૃત્યુ વગર મરેલા.*

*ઝાઝા છે પક્ષકારો, ઝાઝા છે દેશનેતા,*
*એ દેશમાં તો કાયમ છે વેંતિયા વિજેતા.*

*ઝાઝા છે બંધ, ઝાઝી હડતાળની બજારો,*
*એ દેશમાં હંમેશાં હડધૂત છે હજારો.*

*ઝાઝા છે ખાસ દિવસો, ઝાઝી વળી રજાઓ,*
*એ દેશમાં ફળે છે સદીઓ તણી સજાઓ.*

*તેજીના ટકોરાથી જાગે ન દેશ હમણાં,*
*એ દેશમાં રહ્યાં છે સૌ લોક સારુ ડફણાં.*

['કવિતા' દ્વિમાસિકઃ ૧૯૯૯]

## તો હું માગું શું?

*એટલું આજે કહો, બસ એટલું જ કહો જરા*
*કે, અરે મકરન્દ, જા તું માગ તે મંજૂર છે.*
*તો હું માગું શું તમે કલ્પી શકો છો, હેં ભલા!...*

*એક હો પટ વિસ્તર્યો સામે અફાટ અને પગે*
*ચાલતાં કેડી મહીં જ્યાં ફૂટતા અંકુર છે;*
*હાથ લાઠી, કામળી ખભ્ભે અને કંઠે કડી*
*ગીતની એકાદઃ ના બીજી કંઈ જ જરૂર છે...*

## બડા જાદુગર આયા

*હમ બડા જાદુગર આયા*
*હમ ખેલ ઇલમકા લાયા.*
*અચ્છા મૈયા, આજ દિખાવો,*
*ક્યાં પેંડાકા ડબરા?*
*પલભરમેં છૂમંતર કર દેં,*
*હમ જાદુગર જબરા!*

લ્યો હસવામાં શું પાયા?
હમ બડા જાદુગર આયા.

ચૉકલેટ, પીપરસે મૈયા,
ભરો હમારી મુઠ્ઠી;
ફૂંક મારકે ખાલી દેખો,
જાદુઈ લકડી જુઠ્ઠી?
લ્યો હમને તો નહીં ખાયા!
હમ બડા જાદુગર આયા.

ખોટા ખોટા હમકો ખીજવી,
હસો હસો મત બબલી,
હવે બોલી તો ચપટીમેં હમ,
કર દેવેંગે ચકલી!
હાં, ઐસા બોત બનાયા!
હમ બડા જાદુગર આયા.

આંખ મીંચકે ઊભી બજારે,
સાઇકલ સોત ચલાવે,
દો આના તો દે દો મૈયા,
હમ ભાડે લઈ આવે.
લ્યો ના પાડી નવડાયા!
હમ બડા જાદુગર આયા.

અડધો તારો ભાગ બરાબર,
સમજી બબલી બેના!
તને સાથ સવારીમાં પણ
સાઇકલ ઉપર લેના.
બસ અબ તો જાદુ ભાયા?
હમ બડા જાદુગર આયા.

*તેરા કહ્યા કરેંગે મૈયા,*
*દે પીપર ને પૈસા,*
*બબલી બીચમેં ક્યોં કરતી હૈ,*
*મુખડા બંદર જૈસા?*
*બા તેરા દીકરા ડાયા,*
*હમ બડા જાદુગર આયા.*

## જંગલની મંજરી

*મુંબઈ નગરીમાં કોઈ આંબો મ્હોરે તો*
*એની મંજરીને રામ રામ કે'જો!*
*એનાં મીઠાં ઓવારણાં લેજો.*

*ઊંચા સિમેન્ટના ડુંગરની ધારે ને*
*કાળી ડામરની તળેટીએ,*
*જંગલની મંજરી આ આવી ચડી છે અહીં*
*પાણા તે ફોડવાને પેટિયે;*
*ઊઘડતી આંખ એની બિડાતી જાય તો*
*અમરતનાં છાંટણાં દેજો!*

*ભમરાનો ઘેરો ગુંજાર નથી ઘેરતો ને*
*કોયલની કૂક નથી ઘેલી,*
*ભૂંગળાંના ઘોંઘોંમાં હરખાતો જાય અહીં*
*ભોંયતેલ વેચતો તેલી;*
*ઝેરી ધુમાડામાં મંજરીના મુખ પરે*
*ઝરણું બનીને કોઈ વ્હેજો!*

*કયા રે જનમનાં પાપ આજ પાંગર્યાં ને*
*પથ્થર બનવાની આવી વેળા,*

આના કરતાં તો ભલી જંગલની ઝાળ,
ભલે અંગ અંગ ઊઠતા ઝળેળા;
મુંબઈ નગરીમાં આજ છડેચોક ઊડે છે,
રાન રાન છોરીનો રેજો.

## આવો!

અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યોને તારેતારને,
વીંધો અમને વ્હાલા, આરંપાર:
આવો, રે આવો હો જીવણ, આમના…

અમે રે ઊધઈ-ખાધું ઇંધણું,
તમે ધગધગ ધૂણીના અંગાર;
પડેપડ પ્રજાળો વ્હાલા, વેગથી,
આપો અમને અગનના શણગાર:
આવો, રે આવો હો જીવણ, આમના.

## આ મોજ ચલી

આ મોજ ચલી જે દરિયાની તે મારગની મુહતાજ નથી,
એ કેમ ઊછળશે કાંઠા પર એનો કોઈ અંદાજ નથી.

ઓ દોસ્ત, વહેતા જીવનની આ કોણ સિતાર સુણાવે છે?
આ બેઠો છે ક્યાં બજવૈયો? કૈં સૂર નથી, કૈં સાજ નથી.

હા, બે’ક ઘડી એ નયનોમાં જોઈ છે એવી એક છબી,
ઝબકારે એક જ જાણી છે, જ્યાં કાલ નથી કે આજ નથી.

*હરરોજ હજારો ગફલતમાં હું ભૂલી જાઉં તને, પ્રીતમ!*
*ને એમ છતાં એવું શું છે જે પ્રીતમ, તારે કાજ નથી?*

*આ નૂરવિહોણી દુનિયામાં મેં એક જ નૂર સદા દીઠું,*
*એક પંખી ટહુકી ઊઠ્યું તો લાગ્યું કે તું નારાજ નથી.*

*આ આગકટોરી ફૂલોની પરદા ખોલી પોકાર કરે,*
*ઓ દેખ નમાઝી, નેન ભરી! જ્યાં લગની છે ત્યાં લાજ નથી.*

## કો’ક દિન!

*કો’ક દિન ઈદ અને કો’ક દિન રોજા,*
*ઊછળે ને પડે નીચે જિંદગીનાં મોજાં.*

*કાંઈ અફસોસ નહીં કાંઈ નહીં ફિકર,*
*કોઈ ચીજ તણી નહીં જિંદગીમાં જિકર;*
*આવે ને જાય એના વેઠવા શા બોજા?*
*કો’ક દિન ઈદ અને કો’ક દિન રોજા...*

*દૂધ મળે વાટમાં કે મળે ઝેર પીવા,*
*આપણા તો થીર બળે આતમાના દીવા...*

*ઘેલાં ભલે ઘૂઘવે આ જિંદગીનાં મોજાં,*
*આવો તમે ઈદ અને આવો તમે રોજા!*

## ધૂળિયે મારગ

*કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?*
*કાં ભૂલી જા મન રે ભોળા! આપણા જુદા આંક.*

થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું? એમાં તે શી ખોટ?

ઉપરવાળી બૅન્ક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.

ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ,
સુખદુ:ખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.

ખુલ્લાં ખેતર અડખેપડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ?

સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયાં માટે દોડતાં એમાં જીવતાં જોને પ્રેત!

માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ!

## અજાણ્યા મુસાફરની પ્રેમકથા

અજાણ્યો મુસાફર અજાણી દિશામાં
હજી યે ફરે છે,
અને કોઈ સામે મળે તેને રોકી,
વમળમાં ફસાયેલી નજરે વિલોકી
ને પૂછ્યા કરે છે:
ભલા, યાદ છે તમને? જોયા પછી તો કહો, કોણ ભૂલે?
એ વારુણી આંખો, જ્યાં સ્વપ્નાંઓ લેલૂમ ઝૂલે ને ઝૂલે;
નયનમાં હજી સોમનાથી એ સાગરનું
છે નીલ આંજણ,
અને કેશમાં ઘટ્ટ ગિરનારી કાળી ઘટા કેરું કામણ,
અને પાનીએ હળવદી લાલ માટીનો કેસરિયો ફાગણ,

*તમે જોઈ છે એને? બોલો, કૃપાળુ!*
*અરે, આ હું ભાળું—*
*સુદર્શન સરોવરની પાળે હજી તો અમે માંડ બેઠાં*
*અને મેઘ ખાંગા થયા, સોનરેખા છલી, પાળ તૂટી*
*થયા પથ્થરે પથ્થરો ક્યાંય હેઠા,*
*અમે હાથ ઝાલી ઘણી દોટ મૂકી, ઘણી ગાંઠ વાળી,*
*ઘણી ભેટ તાણી,*
*છતાં અમને આંબી ગયાં હાય, ભમ્મરિયાં પાણી.*
*રતન મારું રોળાયું ને તોય હૈયું કહે તો*
*કહો ભાઈ, હૈયાનો શો વાંક છે?*
*કે તું જો તો ખરો, એ હજી ક્યાંક છે, ક્યાંક છે, ક્યાંક છે.*
*નથી હૈયું ખોટું હો! ખોટો હશે માનવી પણ,*
*મને સોમનાથી લહરનાં મળ્યાં એ જ નીલેરાં આંજણ,*
*અને મારી ગિરનારી કાળી ઘટાનાં મળ્યાં*
*કેશગૂંથેલાં કામણ.*
*અને મારી ધખધખતી માટીમાં*
*લીલી ક્ષણોની મળી હૈયાધારણ*
*કહું? હા, હતો ત્યારે*
*સમૃદ્ધ વલભીની સોના બજારે*
*હું તો ચાલતો ને નજર ઊંચી નાખું તો,*
*હે શંભુ! પુણ્યો ફળ્યાં શું?*
*નયન એ ઝરૂખેથી ઝૂકી કહે કે:*
*લો, આવી મળ્યા શું?*
*અને સાંજના ઝલઝલા અંજવાસે*
*પગથિયાં ઊતરતી એ આવે જ્યાં પાસે ને પાસે,*
*થયો શોર હો હલ્લા, ભાગો રે ભાગો અચાનક*
*જુઓ, આરબોનું કટક આવી પહોંચ્યું ભયાનક,*
*હું કમરેથી સમશેર ખેંચી રહું ને*

*મુલાયમ એ કરને હું કરમાં ગ્રહું ને*
*કહું: ભય નથી; ત્યાં મશાલોનાં મોજાં હડૂડે*
*અને તેજ ભાલાનાં અંધાંધ પૂરે બધી વાટ બૂડે*
*અને લાલબંબોળ લોહીના જોયા મેં ધસમસતા રેલા,*
*સુણ્યાં ના સુણ્યાં ઘોર ઘમસાણે બે વેણ ઘેલાં,*
*ખબર છે પછી કોઈ તીરે વીંધાતી એ છાતી*
*અને કાનમાં રહી ગઈ ચીસ આ સંભળાતી:*
*નથી ભૂલી, ના, ના નથી, પ્રાણ, ભૂલી—*
*અધૂરાં એ વેણે,*
*એ અંધારે ઘેરાતાં ઘનનીલ નેણે,*
*સફર મારી આજે યે ચાલી રહી છે અટૂલી.*
*વિસામો લીધા વિણ ફરું છું બધે આમ, ભાઈ,*
*હું જોઈ વળું છું ને જોતાં વધે*
*મારી આશા ને આશાથી પીડા સવાઈ.*
*હજી કાય આ ઢંક પાટણની ધૂળે ભરી છે,*
*અને ઘૂમલી વાવ કેરા જળે નીતરી છે,*
*અને ઢાળ કનકાવતીનો ચડી-ઊતરી છે,*
*નજર જ્યાં મળી ના મળી ત્યાં ફરીથી ગુમાવી*
*મને ભાળ આપી શકો છો?*
*ને આપી શકો ના તો લેજો નિભાવી.*
*સુણી વ્યર્થ વાણી*
*કે કથની પુરાણી,*
*મને માફ કરજો કદી જાવ ત્રાસી,*
*હું છું મોરબીનો નિવાસી.*

[મોરબીમાં બંધ તૂટ્યો ને ગામ તણાયું ત્યારે]

# અર્ધજલે ડૂબી પ્રતિમા

*હજુ યે ઘૂંટણ તારાં ડૂબી અર્ધજલે રહ્યાં,*
*ચિંતવી શું રહી એવું, સેંકડો વરસો વહ્યાં.*
*પુરાણી વાવમાં, સૂની, જલસૂકી, અવાવરી,*
*ક્યાં હશે ઘર? ક્યાં વ્હાલાં? ભૂલી બેઠી શું બાવરી!*

*અને તારો ભરાયો ના હજુ યે ઘડૂલો અહીં,*
*બનીને પથ્થર ઊભી, પ્રાણ તો કહીંના કહીં.*
*કોણ જાણે સખીવૃંદ ક્યારે ચાલ્યું ગયું હશે,*
*તને સાદ કરી થાકી, એમ ધારી તું આવશે;*
*કોઈ મિલન સંકેતે આપેલું વેણ સાચવી,*
*પરંતુ હજુ યે ના’વ્યું મન માનેલ માનવી?*
*કેટલાં આંસુડાં તારાં હશે આ જલમાં સર્યાં?*
*ભરીને ઘડૂલા પાછા ઠાલવ્યા તેં ભર્યા ભર્યા?*

*પ્રતીક્ષા ના થશે પૂરી? જલમાં સ્હેલ ડૂબવું,*
*સ્હેલું માથું અફાળીને ચૂરેચૂરા થઈ જવું,*
*ના રે ના, એ બને ક્યાંથી? આપેલું વેણ પાળવા,*
*ઘસાતાં ને ઘસાતાં યે કાળના ઘાવ ખાળવા*
*તારે, કાં કે કહે કોણ, ક્યારે એ આવશે ઘડી?*
*કોઈની ક્યાંકથી સ્પર્શી જાય સોના તણી છડી!*

# અમારે ભલી રાત

*તમારો ભલે દૂર દીવો ઝબૂકે,*
*અમારે ભલી રાત અંધારઘેરી.*

*સમી સાંજના સર્વ ચાલ્યા મુસાફર,*
*જવાનું હતું પ્હાડ ઊંચા વળોટી;*
*અમે તો જમાવી અહીં ગામચોકે*
*કહ્યું: કોણ આઘે કરે આશ ખોટી!*

*હવે પર્વતો પાર છોને પ્રકાશે,*
*તમારી દયાવંત એ દેવ-દેરી;*
*તમારો ભલે દૂર દીવો ઝબૂકે,*
*અમારે ભલી રાત અંધારઘેરી.*

*અજાણી દિશે રોજ ને રોજ વેગે*
*અજાણ્યાં જતાં જોઉં છું કૈંક ટોળાં;*
*અહીં બે ઘડી જે ન પામે વિસામો,*
*અરે, અંતમાં પામશે શું ય ભોળાં!*

*ભલે ગાળ ખાવી લખી છે લલાટે,*
*નશાખોર, પાગલ, નકામો, લહેરી;*
*તમારો ભલે દૂર દીવો ઝબૂકે,*
*અમારે ભલી રાત અંધારઘેરી.*

*મુબારક હજો તેજ-અંબાર સૌને,*
*અમોને અમાસોની જાહોજલાલી;*
*પ્રસાદો સદા પામજો જાતરાળુ,*
*અમારે ભલી એકલી રંગપ્યાલી.*

*નથી ઓરતા કૈં, નથી કૈં અજંપા,*
*ભર્યો જામ છે જિંદગીનો સુનેરી;*
*તમારો ભલે દૂર દીવો ઝબૂકે,*
*અમારે ભલી રાત અંધારઘેરી.*

*ઘટા ઘોર જામેલ કાળી નિશાને*
*જરા આ કટોરા તણો રંગ પાશું;*

પડી આજ મેદાનમાં ધ્રો પરે બસ
મહા મસ્ત મોસમ તણાં ગાન ગાશું.

પ્રવાસી અરે! પર્વતનો પ્રભુજી,
તમારો અહીં આવશે હેરી હેરી;
તમારો ભલે દૂર દીવો ઝબૂકે,
અમારે ભલી રાત અંધારઘેરી.

## સૌન્દર્યનું ગાણું

સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો
જ્યારે પડે ઘા આકરા.
જ્યારે વિરૂપ બને સહુ
ને વેદનાની ઝાળમાં
સળગી રહે વન સામટાં,
ત્યારે અગોચર કોઈ ખૂણે
લીલવરણાં, ડોલતાં, હસતાં, કૂણાં
તરણાં તણું ગાણું મુખે મારે હજો,
સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો...

એકદા જેને પ્રભુ!
અંકે પ્રથમ અણબોધ ખોલી લોચનો
પામી ગયો જ્યાં હૂંફ હું પહેલી ક્ષણે
ને પ્રેમનાં ધાવણ મહીં
પોષાઈ જીવ્યો છું અહીં
હેતાળ એ ભૂમિ તણે
હૈયે જીવનમાં શીખવજો સર્વસ્વ મારું સીંચતાં
ને કોઈ વેળા આખરે આ લોચનોને મીંચતાં
એના પ્રકાશિત પ્રાણનું,

*એના હુલાસિત ગાનનું,*
*એના સુવાસિત દાનનું ગાણું મુખે મારે હજો!*

*આવતાં જેવું હતું*
*જાતાંય એવું રાખજો!*
*ઉત્સવ તણું ટાણું સુખે ત્યારે હજો!*
*સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો.*

## અનુકંપા

ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે ઉમાએ અતિ ઘોર તપશ્ચર્યા શરૂ કરી. શિયાળામાં તે હિમ-ઝરણામાં ઊભાં રહ્યાં, ઉનાળામાં પંચાગ્નિ તપ કર્યું અને ચોમાસામાં બારે મેઘ માથે ઝીલ્યા. આઠે પહોર એક ભગવાન શંકરનું જ રટણ તેના ચિત્તમાં રમવા માંડયું. દેવતાઓ પણ આવી ઉગ્ર તપસ્યા જોઈ આશ્ચર્યમુગ્ધ બની ગયા. પણ ભગવાન શંકરનાં દર્શનની આછીપાતળી ઝાંખીયે ઉમાને ન થઈ.

ઉમાના પાતળા હોઠ કંપી ઊઠ્યા. અત્યાર સુધી તો કંદમૂળનો આહાર કરી તેણે દેહને ટકાવી રાખ્યો હતો. હવે મુઠ્ઠીભર સૂકાં પાંદડાં જ ખાવાં તેણે શરૂ કર્યાં. એકાગ્ર ચિત્તે ભગવાન શિવનું આરાધન કરતાંકરતાં એની નજર દૂર દૂર ક્ષિતિજ પર મંડાઈ રહેતી. ક્યાંય ચન્દ્રમૌલિની ગૌર કાન્તિનો ઉદય થાય છે? ક્યાંયે નટરાજનો દિગંત ડોલાવતો ડમરુધ્વનિ સંભળાય છે? પણ એ આશા ફોગટ નીવડી. ઉમાએ મુઠ્ઠીભર પાંદડાં પણ મુખમાં મૂકવાનું છોડી દીધું. દેવતાઓ હાહાકાર કરી ઊઠ્યા અને તેમણે પર્ણનો પણ ત્યાગ કરનારી ઉમાનું નામ રાખ્યું—અપર્ણા. સહુને થયું કે હવે તો વૃષભધ્વજને આ તરફ આવ્યા વિના છૂટકો નથી. પણ ભગવાન શંકરનું આસન ચલાયમાન ન થયું. આવા ભીષણ તપની જ્વાલાથી પણ ભગવાન શંકરની આનંદસમાધિને જાણે ઊની આંચ પણ ન લાગી. મહર્ષિઓ, દેવગણો, યક્ષ—કિન્નરો

સહુના વિસ્મયનો પાર ન રહ્યો.

પણ ભગવાન શંકરની ઉપેક્ષા અનહદ હતી, તો ઉમાની સહનશક્તિનેયે સીમા નહોતી. તેણે આથી પણ વધુ આકરી તપસ્યા કરવાનો સંકલ્પ કર્યો. અત્યાર સુધી તો એ અંજલિ ભરી જળ પી લેતાં. રાતે થોડી વાર શયન કરતાં, થોડી નિદ્રા પણ આવી જતી. હવે એણે જળનો ત્યાગ કર્યો, નિદ્રા છોડી અને એક પગે ઊભાં રહી ખુલ્લાં નેત્રો ભગવાન શંકરની પ્રતીક્ષા શરૂ કરી. આંખનું મટકું પણ માર્યા વિના ઉમાએ ભગવાન શંકરના અખંડ ધ્યાનની લગની લગાવી. હવાના એક હિલોળાથી એનું તપઃકૃશ શરીર ક્યાંયે ઊડી પડે એમ હતું, પણ અંતરના વજ્રનિશ્ચયથી એણે પગને હિમાલયની જેમ અડગ કરી દીધો. દેવતાઓએ અંતરીક્ષમાંથી હિમાલયની પુત્રી પાર્વતી પર પ્રસન્નતાનાં ફૂલ વેર્યાં. પણ ભગવાન શંકરને પામવાની એની આશાલતાને કોઈ ફૂલ ન બેઠું.

ઉમાની તપસ્યા આગળ વધતી ચાલી. તેની એક પગે ઊભી રહેલી અચળ કાયાને ઊગતો સૂર્ય આશ્ચર્યથી જોઈ રહેતો ને એવું જ આશ્ચર્ય લઈ આથમી જતો. ત્યાં એક દિવસ સાવ સામાન્ય બનાવ બન્યો.

ઉમા અડગ ઊભાં હતાં. માથે આકરો ધોમ ધખતો હતો. બાજુના સુકાઈ જવા આવેલા સરોવરનું પાણી મરણાસન્ન વ્યક્તિની આંખ જેવું ચળકતું હતું. ત્યાં એક ડુક્કરનું બચ્ચું પાણી પીવા આવ્યું. સરોવરની ચારે તરફ કાદવકીચડ જામ્યો હતો. સહેલાઈથી ઊતરાય તેમ નહોતું, પણ પેલા બચ્ચાની છાતી તરસથી ફાટતી હશે. તે પાણી પીવા નીચે ઊતર્યું ને કાદવમાં ફસાઈ ગયું. બહાર નીકળવા એણે તરફડિયાં મારવાં શરૂ કર્યાં. ઉમાની એના તરફ નજર ગઈ. તપસ્યાભંગની બીકે તેણે તરત નજરને પાછી વાળી ને શંકરના ધ્યાનમાં પરોવી. પણ આજે કેમેય કર્યું એનું ચિત્ત ધ્યાનમાં ચોંટયું નહીં. ઉમાના અંતરમાં કાંઈનું કાંઈ થવા માંડયું. પેલા ડુક્કરના બચ્ચા ભણી એની આંખો ફરી ફરીને ભમતી હતી. ઉમાનું અંતર ચિત્કાર કરી ઊઠ્યું. પેલું બચ્ચું જેમ જેમ બચવા માટે તરફડિયાં મારતું હતું, તેમ તેમ કાદવમાં વધુ ખૂંચતું જતું

હતું. હવે તો તેનું નાનકડું માથું જ દેખાતું હતું. અને એના પર કાદવ છવાતાં કેટલી વાર?

ઉમાથી ન રહેવાયું. એ તો જગન્માતા ખરાં ને! આવી અડગ તપસ્યા છોડીને અંતે એ દોડયાં. ઊંચે શ્વાસે, પડતાંઆખડતાં, પેલા બચ્ચાને જલદી વહાલસોયા ખોળામાં ઊંચકી લેવા, પણ કદાચ પોતે ત્યાં પહોંચે એ પહેલાં બચ્ચું કાદવમાં ગરક થઈ જાય તો? ઉમાએ એક ડુક્કરના બચ્ચા માટે આવડી મોટી તપસ્યાનું પુણ્યફળ હોમી દેતાં કહ્યું: “દેવાધિદેવ, એ બચ્ચાને બચાવી લો! બચાવી લો! મારી તમામ તપસ્યાનું ફળ હું એના જીવન માટે સમર્પી દઉં છું.”

એક ડુક્કરને ખાતર ઉમા ડગી ગયાં તેથી દેવતાઓએ નિરાશ વદને માથું ધુણાવ્યું. પણ ત્યાં તો ડુક્કરના ડૂબતા બચ્ચાની જગ્યાએ ત્રાભુવનને ભરી દેતું પ્રભામંડળ રચાયું. ભગવાન શંકર પોતે પ્રગટ થયા અને ઉમાની પાસે આવી અત્યંત મધુર સ્વરે કહ્યું: “શુભે, આ એક જ કૃત્યથી આજે તેં મને સદાને માટે ખરીદી લીધો છે. હું તારો ક્રીતદાસ છું. મારા એકાદ અતિ ક્ષુદ્ર પ્રાણી તરફની જીવતી અનુકંપા કરોડો વર્ષોની તપશ્ચર્યાથી પણ ચડી જાય છે.”

ભગવતી ઉમાની આંખો લજ્જા, ગૌરવ અને આનંદથી ધરતી ખોતરવા માંડી.

['પીડ પરાઈ' પુસ્તક]

## ભજન કરે તે જીતે

*વજન કરે તે હારે રે મનવા!*
*ભજન કરે તે જીતે.*

*તુલસી-દલથી તોલ કરો તો*
*બને પવન-પરપોટો,*
*અને હિમાલય મૂકો હેમનો*

*તો મેરુથી મોટો:*
*આ ભારે હળવા હરિવરને*
*મૂલવવો શી રીતે?*
*રે મનવા, ભજન કરે તે જીતે.*

*એક ઘડી તને માંડ મળી છે*
*આ જીવતરને ઘાટે,*
*સાચ-ખોટનાં ખાતાં પાડી*
*એમાં તું નહીં ખાટે;*
*સ્હેલીશ તું સાગરમોજે કે*
*પડ્યો રહીશ પછીતે?*
*રે મનવા, ભજન કરે તે જીતે.*

*આવ, હવે તારા ગજ મૂકી,*
*વજન મૂકીને વરવાં.*
*નવલખ તારા નીચે બેઠો,*
*કયા ત્રાજવડે તરવા?*
*ચૌદ ભુવનનો સ્વામી આવે*
*ચપટી ધૂળની પ્રીતે.*
*રે મનવા, ભજન કરે તે જીતે.*

# સ્વામી આનંદને પત્ર

બા બરાબરનાં પટકાયાં. પથારીવશ. પાછાં ધીરેધીરે બેઠાં થાય છે. વચ્ચે થોડા દિવસો બહુ ખરાબ કાઢ્યા. શરીરનો ટેક્સ આકરો ને તકાદો પઠાણી. ઊતરતી વેળાએ બધુંય ઉઘરાણું અંકે કરાવે. પણ અંદર ઘાટ પાકી ગયો હોય તો બહુ વાંધો આવતો નથી. મારા બાપુજીના બારામાં તો સારણગાંઠના ભયંકર ઉપદ્રવ વખતે પણ તેમને મેં હસતા જોયેલા. દેહને છે ને! મારે શું?—એવી અલિપ્ત આત્મવૃત્તિ તેમને સહજ થઈ

પડી હતી. બાને પણ એ જ દિશામાં વળતાં જોઉં છું. 'રોગ ને શરીર ભલે પોતાનું રોડવી લ્યે, પણ મન, તું મોજ કર!'—એ રામકૃષ્ણનાં વચનો જિવાતાં જોઉં છું ને ભાથું બાંધું છું—ભવોભવનું.

સૌરાષ્ટ્રમાં 'લોકસાહિત્ય વિદ્યાલય' ખોલવામાં આવ્યું છે. તેમાં અસલી ગીતોના મૂળ ઢાળ અને ચારણી છંદોની તાલીમ અપાય છે. પણ એ પુરાણાનું સંગ્રહસ્થાન ન બને તો સારું. લોકોનાં ગળાંમાં ગુંજવાને બદલે—રોજના ઉપયોગને ઠેકાણે જેમ સોરઠી ભરતના ચાકળા-ચંદરવાનો ઠઠારો સંમેલનોમાં કરવામાં આવે છે તેમ—સભા-સમારંભોમાં આ ગાયકો ગળાં તાણશે તો ખરો અરથ નહીં સરે. પ્રજાના લોઢઉછાળ સાથે તેનો અનામી ગાયક પણ તેને પોરસ ચડાવતો, ચેતવણી આપતો કે સતમારગ ચાતરે તો ફિટકાર તો સાથે જ ચાલ્યો આવે છે. આ પરંપરા સાવ તૂટી નથી ગઈ. ક્યાંક ક્યાંકથી આ ધીંગી ને ધરખમ પેઢીના પ્રાણ જાગે છે. પણ આ સૂર ઊઠ્યો કે એને ઝીલનારા ને લોકોની રગરગમાં રમતા કરનારા ભાવમસ્ત આડતિયાના વખા પડ્યા છે.

વ્યક્તિપૂજા ને અવતારવાદનો અતિરેક આપણે આજ લગણ જોયોજાણ્યો ને એનાં કડવાં ફળ ચાખ્યાં, પણ આ જીવનનાં સાચાં ઊંચાં મૂલ્યો ને શ્રદ્ધાને જ ફગાવી દેનારું નૂગરાપણું ક્યાં લઈ જશે? પોતાની ક્ષુદ્રતાનું કોચલું ભાંગી કોઈ અનંતનો અણસારો દેનારો આ દુનિયાને ખપતો નથી.

['સ્વામી અને સાંઈ' પુસ્તક]

# સ્હેલાણી સ્વર

*જિન્દગીભર જીવતું આલાં જિગર આપો મને,*
*મુફલિસીમાં મ્હેકતું મગરૂર સર આપો મને;*
*નૂર આંજેલી નશાઘેરી નજર આપો મને,*

*પાય કેડી પાડતા, સાબૂત કર આપો મને,*
*—ને સદા ગાતો જતો સ્હેલાણી સ્વર આપો મને.*

*ક્યાંય પણ રોનક નથી એ, ને નથી એ રોશની,*
*ડાહીડમરી ચોતરફ ચાલે હવા કાં હોશની?*
*આપની મહેફિલ! અને ત્યાં બોલબાલા દામની?*
*થાય છેઃ છોળો ઉછાળી દઉં છલકતા જામની,*
*કોઈ દીવાનાનો દામન તરબતર આપો મને.*

*તેજનો વાઘો સજી ફરતા તિમિરનો દોર છે,*
*રેશમી જાળે વણેલું શું મુલાયમ જોર છે!*
*જૂઠની જાદુગરી છે, પ્રેતનો કલશોર છે,*
*કેટલો કોમળ ગુલાબી કેર ચારેકોર છે!*
*ના ખપે ફાગણ ફરેબી, પાનખર આપો મને.*

*જોઉં છું વણઝાર વેગીલા કદમની ડૂકતી,*
*જેમને ઝંઝા ગણ્યા એની સવારી ઝૂકતી,*
*ક્યાં ગઈ હસ્તી ભર્યું ઘરબાર હાથે ફૂંકતી?*
*પાંખની પાછી ધજાઓ થાય આભ ફરુકતી,*
*આંખમાં એકાદ પળ જો માનસર આપો મને.*

*મેઘલી રાતો કદી હો, દૂધલી રાતો કદી,*
*ઓળઘોળી જાતને આઠે પ્રહર ગાતી જતી,*
*સિંધુને ખોળે સમાવા હર મુકામે સાબદી*
*જિન્દગી કેરી વહો ભરપૂર બે કાંઠે નદી—*
*આપજો બસ એટલું, કાંઈ અગર આપો મને.*

## ગમતાંનો કરીએ ગુલાલ

*ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ*
*ને ગમતાંનો કરીએ ગુલાલ.*

*આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,*
*પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,*
*સમદરની લ્હેર લાખ સુણી ક્યાંય સાંકળી?*
*ખાડા ખાબોચિયાંને બાંધી બેસાય, આ તો*
*વરસે ગગનભરી વ્હાલ.*

*ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી?*
*સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી?*
*આવે તે આપ કરી પળમાં પસંદગી,*
*મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી*
*ને વેર્યે ફોરમનો ફાલ...*

*ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ*
*ને ગમતાંનો કરીએ ગુલાલ.*

## સપનાં સપનાં

*રે! ખાલી સપનાં સપનાં:*
*આ કરુણ જીવનને રોજ કનડતાં*
*આવે છાનાં છપનાં!*
*રે! ખાલી સપનાં સપનાં.*

*સાંજ પડે ને શુંય થતું કે*
*હૈયું ખાલી ખાલી,*
*મનમોહનને મળવા કાજે*

*રે'તું ભાળી ભાળી;*
*હસી જરી ત્યાં આવે મૂરત*
*કામણગારી કાળી:*
*રે! કૂડી જીવ કલપના!*
*એ ખાલી સપનાં સપનાં.*

*અધરાતે મધરાતે હું તો*
*જાગી જાઉં સફાળી;*
*રે! કોઈ કહે છે: આવ, આવ ઓ!*
*આવ મગનભર ચાલી!*
*સુણી રહું ત્યાં ઘેલી કરતી*
*વેણુ વાગે વ્હાલી:*
*રે! જૂઠી જીવ, જલપના!*
*એ ખાલી સપનાં સપનાં.*

*રોજ રોજ એ આંખે તરતી*
*કાયા રંગરૂપાળી;*
*રે! રોજ રોજ એ જાય લગાડી*
*માયા કો' મર્માળી:*
*હું કરું અરે શું? ક્યારે મળશો*
*મનમોહન વનમાળી!*
*રે! સૂનાં અંતર-તપનાં*
*આ સાચ કરો સૌ સપનાં.*

## "—એમ કહી શકશે ખરી?"

સહુથી પવિત્ર સંબંધ હોય તો તે ભાઈ-બહેનનો છે. "મારો વીર" કહેતાં સ્ત્રીના મુખ ઉપર જે ઉલ્લાસ, જે ગર્વ, જે આત્મીયતા જાગે છે, એ તો દેવોને પણ ઈર્ષા ઉપજાવે. ગુજરાતી ભાષાએ 'વીર' એટલે

બહાદુર અને 'વીર' એટલે ભાઈ, એ બન્નેને જોડીને ભાષાને ભાવની અત્યંત ઉચ્ચ સપાટી પર મૂકી દીધી છે. જે પ્રજામાં વીર બેઠો હોય, એની બહેનો વગડામાંયે નિર્ભય ફરતી હોય.

ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં હું ભણતો હતો ત્યારે ત્યાં મેઘાણીનો કાર્યક્રમ હતો. એમણે મેના ગુર્જરીનું ગીત ગાયું. તેની એક પંક્તિ આજે પણ કાનમાં ગુંજે છે. મેના બાદશાહને સંભળાવે છે—

*મુને ન જાણીશ એકલી*
*મારા ગુર્જર ચડે નવ લાખ રે!*

"બાદશાહ, મને એકલી જાણીને ઉપાડી જવાની ગુસ્તાખી કરતો હો, તો રહેવા દેજે. મારા નવ લાખ ગુર્જરો તારું પગલું દબાવતા આવશે અને તને ધૂળ ચાટતો કરી દેશે."

પછી કોલેજના વિદ્યાર્થીઓ તરફ આંગળી ચીંધી મેઘાણીએ કહ્યું: "આ કોલેજની કોઈ પણ છોકરીની છેડતી થાય, તો તે ગુંડાને એમ કહી શકશે ખરી કે, મારી પાછળ મારા પાંચસો વીર બેઠા છે; તારી ખો ભુલાવી દેશે?"

## મૃતમિત્રો

*મૃતજનો મારાં ખરાં છે સોબતી:*
*રોજ એની પાસ મળવા જાઉં છું,*
*ગીત એનાં રોજ ગરવાં ગાઉં છું,*
*પ્રેમના પ્યાલા છલોછલ પાઉં છું:*
*મૃતજનો મારાં ખરાં છે મ્હોબતી.*

*દેહહીણા દોસ્ત પણ શા જીવતા!*
*હાસ્યની એની લહર વિરમી નથી.*
*હાથમાં એના હવે ગરમી નથી,*

*નેનની જ્યોતિ છતાંય નમી નથી:*
*જીભ વિણ ચાલે જુગોની વારતા....*
*યાદ હું કોને કરું? કોને નહીં?*
*સ્વજન મારાં, રાહબર ને મિત્રનાં*
*અબરખી આછાં રહેલાં ચિત્ર આ,*
*નીરખ્યાં નયણે સહાય અનિદ્ર આ,*
*પાય જેને પ્રેમની ઝરણી વહી.*
*મૃતજનો કેરી જમાત મને જડી:*
*રોજ રહેતો મસ્ત એની સોબતે,*
*રોજ એની પાસ સરતો મહોબતે,*
*વાગતી પળ પળ હૃદયની નોબતે*
*ગેબની ચાલે અમારી ગોઠડી.*

## સંકોચ

મારાં લખાણની સાથે મારું નામ વાંચું છું ત્યારે એક વિચિત્ર પ્રકારનો સંકોચ થાય છે; જાણે દાન કોઈ કરતું હોય અને વહેંચનાર પોતાના નામનો ધજાગરો ફરકાવતો હોય!

## અમે ખાખ થઈને...

*અમે ખાખ થઈને દટાશું ધરા, પણ*
*તને આપશું ખેલતી ખુશખુશાલી!*

## વહુનું વાસીદું

*સંધાય આવે ને જાય ઊલળતા હાથે,*
*એક વહુનું વાસીદું વહુને માથે.*
*શેડકઢાં દૂધ મારા સસરાને જમાડો*
*ને જેઠને જમાડો બાસૂંદી*
*માખણનો પીંડો મારા પરણ્યાને પરોસો*
*ને સાસુને ચખાડો થીણું ઘી;*
*સૂકો એવો રોટલો ને ખાટી એવી છાશ, વીરા!*
*આવે મારે ઠોસરાની બાથે....*
*ઘંટીનાં પડ વચ્ચે આયખું ઘસાતું, વીરા!*
*ઊડા કૂવાનાં નીર સીંચું;*
*માનો ખોળો કાં મુંને રોજરોજ યાદ આવે,*
*ક્યાં રે જઈ હું આંખડી મીચું?*
*કોને પૂછું કે મારો આવો અવતાર, વીરા!*
*ઘડ્યો હશે શેણે દીનાનાથે?*
*સંધાય આવે ને જાય ઊલળતા હાથે,*
*એક વહુનું વાસીદું વહુને માથે.*

## અસહાય

*હાંફે એની હજી છાતી, હૈયામાં ત્રાસ-ત્રાસ છે;*
*ડગલાં લથડે, ઝંખે: ક્યાંયે આશ્રય પાસ છે?*
*આંખે જીવનની આશા, કાને મોત ધપી રહ્યું;*
*પડઘે પડઘે એના, આયુ જાણે ખપી રહ્યું.*
*શિકારી કૂતરા વાંસે, આગે આ સસલી ધસે;*
*ત્રાગડા જિંદગી કેરા તૂટે તંગ નસે નસે....*

કાળા, ક્રૂર જુવાનો બે હુડદાવી રહ્યા હસી—
સુંવાળી સસલી કેવી મોતના મુખમાં ફસી!
આછેરા ઘાસમાં એને ઓથ ક્યાંય મળે નહીં;
આખરે અટકી ઊભી, એનું કાંઈ વળે નહીં.
મૂઢ માનવતા જોઉં ઊભેલી અણુ-ઉંબરે—
કોણ જાણે મને ત્યારે દૃષ્ય આ નજરે તરે!
અને સસલીના શ્વાસે સારી માનવતા કળું:
અણુના ભડકે થાતું આખું આકાશ ધૂંધળું.

## જનાજો

ખીલી છે ઉપર ચાંદની પૂર બહારે,
અને જાય છે આંહીં નીચે જનાજો.

સુણી વાયરે વાત આછી વહેતી:
ગઈ ગામની ગુલબદન જિંદગાની;
તમે તો નથી જાણતા એ જિગરને,
તમે તો નથી જોઈ એની જવાની:

હજી ગાન ગુંજ્યાં કરે એ ગળાનાં,
હજુ તો હિનાનો તરે રંગ તાજો;
ખીલી છે ઉપર ચાંદની પૂર બહારે,
અને જાય છે આંહીં નીચે જનાજો.

અમે હાથમાં હૈયું રાખી પરાણે
નિહાળ્યું નદીના કિનારે કિનારે:
વહી જાય મોજાં ઉપર માનવીનાં,
અરે, ફૂલનૌકા શું છેલ્લા વિહારે!

*દબાતા ડુમે, ડૂસકે સાવ ધીમા*
*સરે ધ્રૂજતા બંદગીના અવાજોઃ*
*ખીલી છે ઉપર ચાંદની પૂર બહારે*
*અને જાય છે આંહીં નીચે જનાજો.*

*અને આજ તો ગુલબદન હોત પાગલ,*
*અને હોત સાજિન્દ બન્દા દીવાના,*
*હલાવી દઈ ગેબનાં ગુંબજોને*
*ભરી ચાંદનીમાં તુફાની તરાનાઃ*

*કહે કોણ પણ આજ દુલ્હન પળી છે*
*પિયા કાજ આ મૌન પાળી મલાજો!*
*ખીલી છે ઉપર ચાંદની પૂર બહારે*
*અને જાય છે આંહીં નીચે જનાજો.*

*અહો, આજ આકાશ રૂપે રસેલું,*
*અને શ્વેત ચાદર બિછાવી જમીને!*
*ભલા, ચાંદ સ્વાગત કરે છે, કહો, ક્યાં?*
*હસી ચાંદ મુખનું નમીને નમીનેઃ*
*છબી આજ ઓઝલ બને છે છતાંયે*

*નિહાળી દિલે નેન દેજો નમાજો;*
*ખીલી છે ઉપર ચાંદની પૂર બહારે*
*અને જાય છે આંહીં નીચે જનાજો.*

## અંતરની માટલી

ધર્મઝનૂની મૌલવીઓએ મોગલ બાદશાહોના કાન ભંભેર્યા અને શીખ લોકો ઉપર તવાઈ ઊતરી. ઔરંગઝેબના વખતમાં તો મોગલોના જુલ્મોએ માઝા મૂકી.

દશમા ધર્મગુરુ ગુરુ ગોવંદિસિંહ ત્યારે શીખ ધર્મની ગાદી પર. તેમણે આ જુલ્મોનો સામનો કરવાનો નિરધાર કર્યો. એમણે પ્રતિજ્ઞા લીધી કે—

ચીડિયાસે મૈં બાજ ગિરાઉં, બિલ્લી સે મૈં શેર મરાઉં,

સવા લાખપે એક ચડાઉં, તબ ગોવંદિસિંહ નામ ધરાઉં.

સવા લાખની સામે લડવા નીકળે તેવા એક એક શીખ સિપાહીને હું તૈયાર કરું, તો જ મારું નામ ગોવંદિસિંહ!

ગુરુ ગોવંદિસિંહે રણહાક વગાડી. ગુરુની વાણી તો મડદાંને પણ બેઠાં કરે તેવી! ગુરુના એક બોલ પર મરી ફીટવા હજારો જુવાનો થનગની રહ્યા. “વાહ, ગુરુ! વાહ, ગુરુ કી ફત્તહ!”નો હુંકાર કરતા શીખ બેટડા ખડા થઈ ગયા. માથે મોકળા કેશ અને હાથે ચમકતી કિરપાલ-જાણે કેશવાળી ખંખેરી સિંહ જાગી ગયા! ત્યારે એક બૂઢો આદમી એ રણબંકા જુવાનોને ટગરટગર જોઈ રહેતો. લડાઈના મેદાનમાં જવાની તેને જબરી હોંશ હતી. પણ કાયા કામ નહોતી કરતી. નેવું શિયાળા એણે જોઈ નાખ્યા હતા. હાથમાં સાવરણો લઈને એ ગુરુ સાહેબનું આંગણું વાળતો ને બેઠા બેઠા પરમાત્માના ગુણ ગાતો. ગુરુની હાકલ પડતાં આજ સહુ સંગાથે હાલી નીકળી નથી શકાતું, તેનો એને ભારે વસવસો રહેતો. એક દિવસ ગુરુ ગોવંદિસિંહ પાસે આવી, હાથ જોડી એણે કહ્યું: “ગુરુસાહેબ, મારે લડાઈના મેદાનમાં જવું છે. મને આજ્ઞા આપો.”

ગુરુ તો બૂઢા સામે જોઈ રહ્યા. તેનો દેહ નર્યો હાડકાંનો માળખો હતો. અંગો ધ્રૂજતાં હતાં. ગુરુએ કહ્યું, “પણ બાબા, તમે રણમેદાનમાં જઈને શું કરશો? તલવાર ઉપાડવાની પણ શક્તિ નથી તમારામાં.”

“મારા ગુરુ ખાતર હું માથું ઉતારી આપીશ,” બૂઢાએ કહ્યું.

“બાબા, મારા શીખનાં માથાં એવાં સોંઘાં નથી.” થોડી વાર વિચાર કરીને ગુરુએ કહ્યું. “પણ તમે એક કામ કરો. લડાઈના મેદાનમાં ઘાયલ સૈનિકોને પાણી પાવાનું કામ તમારું.”

બૂઢો તો રાજી રાજી થઈ ગયો. કાંધે પાણીની મસક ઉપાડીને ચાલી નીકળ્યો.

પણ લડાઈના મેદાનમાં બૂઢાની હાજરી ઘણાને સાલવા માંડી. એની વિરુદ્ધની ફરિયાદો સાંભળી ગુરુ ગોવંદિસિંહે પૂછ્યું, "શું એ સોંપેલું કામ બરાબર નથી કરતો?"

"ના, રે, ગુરુસાહેબ," સરદારોએ કહ્યું. "કામ તો એના જેટલું બીજો કોણ કરતો હશે? મણ મણની મસક ઉપાડીને દોટ મૂકે છે. ઘાયલ ને તરસ્યાનું નામ સાંભળીને ઘમસાણ વચ્ચે ઘૂમી વળે છે. નથી ડરતો તીરથી, નથી ડરતો તલવાર કે ભાલાથી."

"ત્યારે? વાંધો શું છે?"

"ગુરુસાહેબ, આ બૂઢો ઘાયલ શીખને પાણી પાય છે એમ દોડીને દુશ્મનને પણ પાણી પાય છે. ના પાડતાંયે કોઈનું માનતો નથી. પાણી કોણ માગે છે તે જોયા વગર જ એ તો પાણી પાવા લાગી જાય છે. મુસલમાન સિપાહીને માથે પણ પ્યારથી હાથ ફેરવે છે. એ જોયું નથી જતું, ગુરુસાહેબ!"

ગુરુ ગોવંદિસિંહની આંખમાં જળજળિયાં આવી ગયાં. તેમણે બૂઢાને બોલાવ્યો અને શીખ સરદારોની હાજરીમાં પૂછ્યું, "બાબા, તમારી સામે ફરિયાદ આવી છે. તમે મુસલમાનોને પણ પાણી પાઓ છો?"

બૂઢાએ હાથ જોડી કહ્યું, "દશમ પાદશાહ, હું તો આપની આજ્ઞાનું પાલન કરું છું. 'પાણી! પાણી!'નો પોકાર જે કોઈ કરે તેને પાણી પાવા હું દોડું છું. મને બીજી કોઈ ખબર નથી."

બૂઢાના ધ્રૂજતા હાથને ગુરુએ પોતાના પંજામાં લઈ લીધો. આનંદ અને પ્રેમથી છલકાતા સ્વરે કહ્યું, "બાબા! તમે તો શીખ ધર્મને ઉજાળ્યો. ધન્ય છે! આપણી હસ્તીને પડકાર થતાં આપણે તલવાર ઉઠાવી છે. પણ મોતને બારણે કોઈ ભેદ નથી. પાણી માટે તરફડતા હરકોઈ સૈનિકને તમતમારે ખુશીથી પાણી પાજો. અને બાપા, એક બીજી વાત પણ તમારે કરવાની છે..."

“આજ્ઞા કરો, ગુરુસાહેબ!” બૂઢો બોલ્યો.

“મારા આ સરદારોના લોખંડી દિલમાં પણ તમારું પ્રેમજળ સીંચ્યા કરજો. આપણા ધર્મની તલવાર જેટલી તીખી છે, એટલું જ આપણા અંતરની માટલીનું જળ મીઠું છે, એ તેમને ભૂલવા ન દેતા!”

['વૈષ્ણવજન' માસિક: ૧૯૬૨]

## આ અંધકાર શો મહેકે છે!

*આ અંધકાર શો મહેકે છે!*
*આ મત્ત મોર ઘનશોર કરી*
*શો આજ અષાઢી ગહેકે છે!*
*આ અંધકાર શો મહેકે છે!*

*આ કામણ કાજળનાં વરસે,*
*ના નયન શકે નીરખી હરષે,*
*ના અંગ શકે પુલકી સ્પરશે;*
*પણ આતમની રજનીગંધા*
*ઉત્ફુલ્લ અલક્ષ્યે બહેકે છે!*

*આ અંધકાર શો મહેકે છે!*
*આ ભીની હેત ભરી હલકે,*
*શી મીઠી મંદ હવા મલકે!*

*છાની છોળે અંતર છલકે;*
*આ ગહન તિમિરની લહેરો પર*
*કોઈનાં લોચન લહેકે છે!*

*આ અંધકાર શો મહેકે છે!*
*આ શ્યામ સઘન ઉલ્લાસ ધરી*
*કો' જાતું જાદુઈ હાસ કરી;*

*શી રાત બિછાત સુવાસ ભરી!*
*હું અંધ ભલેને દેખું ના—*
*મીત મને તો દેખે છે!*
*આ અંધકાર શો મહેકે છે!*

## મંઝિલ કોઇ મળે!

*ઝંખું છું આભ-સમંદરમાં અણબૂઝયો કંદિલ કોઈ મળે!*
*માપું છું કાળ તણા કેડા આતમની મંજિલ કોઈ મળે!*

*માટીમાં રગદોળાયો છું એવો કે માટી હું જ બન્યો,*
*ભીતરની જ્યોત જગાડે એ કીમિયાગર કામિલ કોઈ મળે!*

*રખવાળી જીવનની કરતાં તો જીવન આખું હાર્યો છું,*
*મૃત્યુમાં શ્વાસ ભરી દેતા કરુણાળુ કાતિલ કોઈ મળે!*

*દુનિયાના દોરંગી મેળાનાં શરબત લાગ્યાં સૌ મોળાં,*
*ફાટેલ પિયાલાના પ્રેમી મસ્તોની મહેફિલ કોઈ મળે!*

*આસાની કેરા ઉંબરમાં આગળ વધવાનું શું, બાબા!*
*ચડવાને તારો હાથ ગ્રહી હેમાળા મુશ્કિલ કોઈ મળે!*

*ધોળા દિવસે ધોરી મારગની મેં તો મેલી રાહબરી,*
*કાળી ઝેબાન નિશામાં હું ગોતું છું ગાફિલ કોઈ મળે!*

*સાજી તબિયતવાળા જીવો, શું જાણે મારી ઘોર વ્યથા?*
*આ વાત હૃદયની કહેવાને ઘાયલ કેરું દિલ કોઈ મળે!*

*ખંડેરો સ્વપ્નોનાં ભેદી ગાતા જે ગાણું રોજ નવું,*
*સૂતી કબરોથી સાદ કરે એ બંદા બિસ્મિલ કોઈ મળે!*

# મગનભાઈ પ્ર. દેસાઈ

## ધન્યતા

વર્ધા શિક્ષણ યોજના અંગેનું પહેલું સંમેલન પૂરું થયું પછી ગાંધીજી આવીને વર્ધામાં જમનાલાલજી બજાજના મકાનમાં બેઠા. એક પ્રકારનો નિશ્વાસ નાખીને તે બોલ્યા: “ભગવાને આ કેળવણીની બાબત મને આટલી મોડી કેમ સુઝાડી?” બીજું વાક્ય એ ઈશ્વરભક્તે સુધારીને ઉચ્ચાર્યું કે, “ભગવાનને દોષ દેનાર હું કોણ? ક્યારે શું કરવું જોઈએ અને શું નહીં, તે વસ્તુ એ જાણે છે. અને તેના વખતે તેણે આજે પણ મને સુઝાડી, એના સંકેત પ્રમાણે મને સૂઝી, એનો મારે મન ધન્યવાદ છે.”

અને પછી એમણે કહ્યું કે, “મારી બધી જ વસ્તુઓમાં હિંદુસ્તાન માટે મોટામાં મોટી ભેટ હોય તો આ વર્ધા-શિક્ષણનો વિચાર છે.” ત્યાર પછી એ વાક્યને એમણે કદી સુધાર્યું નથી.

ભાતભાતનાં દુ:ખો સહન કરીને, ગાળો ખાઈને ગાંધીજીએ પુરુષાર્થ કર્યો. કેટલી યાતના, કેટલી ગેરસમજોમાંથી આ માણસનું જીવન પસાર થયું છે! આ બધી વસ્તુઓ યાદ આવે છે ત્યારે, હિંદુસ્તાનના ઇતિહાસની અંદર—આગળ ઉપર ઇતિહાસકાર જેને ભવ્યમાં ભવ્ય યુગ કહેશે એ યુગની અંદર જીવવાનું મળ્યું એ માટે હું ધન્યતા અનુભવું છું.

[પોતાના ષષ્ઠિપૂર્તિ સમારંભમાં: ૧૯૫૯]

# મજરૂહ સુલતાનપુરી

## તબ—

*આંચલ મેં સજા લેના કલિયાં,*
*જુલ્ફોં મેં સિતારે ભર લેના,*
*ઐસે હી કભી જબ શામ ઢલે*
*તબ યાદ હમેં ભી કર લેના.*

['ફિર વોહી દિલ લાયા હૂં' ફિલ્મ]

# મણિભાઈ પટેલ

## જીવનમાં વણાઈ ગયેલું

મુનિશ્રી સંતબાલજીના જીવનમાંથી કેટલીક નાની નાની બાબતો મને સૂક્ષ્મ સત્ય સ્વરૂપે સમજવા મળી હતી:

તેમનું પ્રવચન હોય ત્યારે જે સમય નક્કી કર્યો હોય ત્યારે, ભલે એક જ માણસ હાજર હોય તો પણ, તેઓ શરૂ કરી દે, અને નક્કી કરેલા સમયે તે પૂરું કરી નાખે. ઘડિયાળમાં જુઓ તો એક મિનિટ વધુ-ઓછી ન હોય. નિયમિતતાને તેઓ સત્યનો જ ભાગ માનતા. આ રીતે સત્ય તેમના જીવનમાં વણાઈ ગયેલું દેખાતું.

સભામાં લોકો ‘સંતબાલજીની જય’નો પોકાર કરે તેનો તેઓ નિષેધ કરતા.

તેમની હાજરીવાળી સભામાં દાનનો ફાળો કરાતો નહીં. તેઓ ધનને પ્રતિષ્ઠા આપતા નહીં, એટલે તેમની પ્રેરણાથી ચાલતી સંસ્થાઓ સાથે કોઈ દાતાનું નામ જોડાતું નહીં. તેઓ કહેતા કે આજની ઘણીખરી કમાણી અનૈતિકતાથી થાય છે, એટલે દાન આપનાર તો પોતાનાં કર્મોનું પ્રાયશ્ચિત્ત કરે છે.

સંતબાલજીને કોઈ ધર્મની, સાધુસાધ્વીની કે કોઈ પણ વ્યક્તિની ટીકા કરતા મેં કદી સાંભળેલા નથી. એટલું જ નહીં, બીજું કોઈ એવી નિંદા શરૂ કરે ત્યાં તેઓ બીજી વાત શરૂ કરી દેતા.

કોઈ પણ વસ્તુ મને અકળાવતી હોય અને હું એમની સાથે ચર્ચા કરું, ત્યારે તેઓ સહેજ પણ અકળાયા વિના, જ્યાં સુધી મારા મનનું સમાધાન થાય નહીં ત્યાં સુધી સમજાવ્યા કરે.

[‘વિશ્વવાત્સલ્ય’ માસિક: ૨૦૦૨]

# થેલીમાંથી ડબ્બો કાઢીને...

હું હોસ્ટેલમાં હતો ત્યારે અમારે વિદ્યાર્થીઓને એક 'સોવેનિયર' બહાર પાડવું હતું. તેમાં મુખ્ય મંત્રી તરીકેનો શુભેચ્છા સંદેશ લેવા અમે ગાંધીનગર ગયેલા. ત્યારે બાબુભાઈ કહે, "તમારી ભાવના સારી છે, પણ એટલા માટે અહીં સુધી ધક્કો શા માટે ખાધો? કાગળ લખ્યો હોત તોપણ સંદેશો મોકલી દેત." તરત જ સંદેશો લખાવી, ટાઇપ કરાવીને ત્યાં ને ત્યાં અમને આપી દીધો...

પણ વાત અહીં પૂરી થતી નથી. અમારું સોવેનિયર પ્રસિદ્ધ થાય તે પહેલાં બાબુભાઈની સરકાર ગઈ! ત્યાં તો બાબુભાઈનો પત્ર આવ્યો કે, હવે હું મુખ્ય મંત્રી નથી, માટે મારા સંદેશા નીચે 'માજી મુખ્ય મંત્રી' લખશો.

૧૯૯૦માં મોરબીથી વિધાનસભામાં ચૂંટાયા પછી બાબુભાઈએ ચીમનભાઈ પટેલના મંત્રીમંડળમાં નર્મદા ખાતાનો હવાલો સંભાળેલો. તે વખતે ૮૦ વરસના બાબુભાઈ નિયમિત મોરબી જઈ પોતાના મતવિસ્તારની પ્રજાના પ્રશ્નો સાંભળતા. એ જોઈને મુખ્ય મંત્રી ચીમનભાઈ એક વાર રમૂજમાં બોલેલા કે, બાબુભાઈ આ ઉંમરે છેક મોરબી સુધી નિયમિત જાય છે, પણ મારાથી અહીં નજીક ઊંઝા સુધી જવાતું નથી, એટલે લોકો મારી ટીકા કરે છે!

એક વાર મજૂર મહાજનના કાર્યક્રમમાં તેઓ વહેલા આવી ગયા, એટલે મેં કહ્યું કે, બાબુભાઈ, તમે વહેલા છો. તો મને કહે કે, "મારે હજુ ખાવાનું બાકી છે; ખાઈશ ત્યાં સુધીમાં સમય થઈ જશે." એટલે મારી મૂંઝવણ વધી ગઈ કે એ સમયે બાબુભાઈને શું ખવડાવવું? પણ ત્યાં તો એમણે થેલીમાંથી ડબ્બો કાઢીને નાની ભાખરી ખાવા માંડી!

# મણિભાઈ પ્રજાપતિ

## જીવતરનું ભાથું

આત્મકથામાં આત્મશ્લાઘાથી બચવું અને સત્યનું આલેખન કરવું તેમજ તેને કલાત્મક ઘાટ આપવો એ એક અઘરું કાર્ય છે. આ પ્રકારની આકરી કસોટીમાંથી પાર ઊતરીને સમયે સમયે આપણને કેટલીક ઉત્તમ આત્મકથાઓ પ્રાપ્ત થતી રહી છે. આવી એક રસપ્રદ અને ઉત્તમ આત્મકથા આપણને ભારતીય રોકેટ કાર્યક્રમના પ્રણેતા અને સુવિખ્યાત વૈજ્ઞાનિક એ. પી. જે. અબ્દુલ કલામ દ્વારા પ્રાપ્ત થાય છેઃ ‘વિંગ્ઝ ઓફ ફાયર’. સરળ અભિવ્યકિત અને કાવ્યાત્મકતાના રંગે રંગાયેલી આ કૃતિ એક સુગ્રથિત નવલકથાની જેમ વાચકને કુતૂહલવૃત્તિ સાથે જકડી રાખવા સમર્થ છે.

એક વૈજ્ઞાનિકની કલમે લખાયેલ તેમજ વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધતી આ આત્મકથા એક પ્રાણવાન કૃતિ બની છે. પ્રસંગોપાત્ત પોતાના ભાવને અનુરૂપ અંગ્રેજી કવિઓની તેમજ સ્વરચિત કાવ્યપંકિતઓ ઉપરાંત ‘અથર્વવેદ’, ‘ભગવદ્‌ગીતા’, ‘કુરાન’, ખલીલ જિબ્રાન વગેરેનાં ટાંચણોથી સભર હોવાથી રોકેટ અને મિસાઈલ્સની વિકાસગાથા વર્ણવતી હોવા છતાં આ કૃતિ બોઝિલ બની નથી. ઠેરઠેર મૌલિક વિચારમૌકિતકો વાચકોને જીવતરનું ભાથું પૂરું પાડે છે. સરળ ભાષા અને પ્રવાહિતા આ કૃતિની આગવી વિશેષતા છે. વિદ્યાર્થી, અધ્યાપક, સંશોધક, મૅનેજર વગેરે હરકોઈ ક્ષેત્રની વ્યકિત આ ગ્રંથમાંથી પોતાને ઉપયોગી માહિતી મેળવીને કૃતાર્થતા અનુભવશે તેમ નિ:શંકપણે કહી શકાય. આજે દિનપ્રતિદિન વાંચનટેવ વિસરાતી જાય છે, ત્યારે આ આત્મકથાનું વાંચન ઉદ્દીપક બની રહેશે.

[‘ઉદીચ્ય’ પખવાડિકઃ ૨૦૦૨]

# મણિભાઈ ભ. દેસાઈ

## વિદાય

પ્રમુખનો હોદ્દો સંભાળી લેવાને વોશિંગ્ટન જવા ઊપડવાનો દિવસ નજીક આવી પહોંચ્યો. ત્યાં જવા પહેલાં સૌ પ્રથમ તેની અપર માતા સેલીને મળવા લિંકન ગયો. એક બાજુ પોતાના પેટના દીકરાના કરતાં પણ વધારે પ્રેમ વરસાવનાર અપર માતા, અને બીજી બાજુ તેના પર સગી માતા કરતાં પણ વધારે માયામમતા રાખનાર સાવકો પુત્ર: એવાં એ માતા-પુત્રને એકબીજાંની વિદાય લેવાનું વસમું થઈ પડ્યું. છૂટા પડતી વખતે વૃદ્ધ સેલી લિંકનને વળગી પડી અને ડૂસકાં ખાતી ખાતી બોલી, “એબ, પ્રમુખપદ માટે તું ઉમેદવારી કરે એ મારે જોઈતું નહોતું, અને તું પ્રમુખ ચૂંટાય એ પણ હું માગતી નહોતી. મારું હૃદય કહે છે કે તને કંઈક થવાનું છે અને આપણે સ્વર્ગમાં મળીએ ત્યાં સુધી હું તને કદી મળી શકવાની નથી.”

માતાની વિદાય લીધા પછી, પોતાની જુવાનીના આરંભના દિવસો જ્યાં તેણે ગાળ્યા હતા એ સ્થળોની મુલાકાતે પણ લિંકન ગયો, જૂના સાથીઓને મળ્યો, તેમની સાથે અગાઉની વાતો યાદ કરી અને તેમની પ્રેમભરી વિદાય લીધી.

દરમ્યાન, સંઘરાજ્યમાંથી છૂટાં પડી ગયેલાં દક્ષિણનાં રાજ્યોના પ્રતિનિધિઓએ પોતાના અલગ રાજ્યની સ્થાપના કરી. ‘કોન્ફેડરેટ સ્ટેટ્સ ઓફ અમેરિકા’ એવું નામ તેને આપવામાં આવ્યું. આમ, ગુલામ-માલિકો લાંબા સમયથી જેની ધમકી આપતા આવ્યા હતા એ તેમણે કર્યું અને યુનાઈટેડ સ્ટેટ્સના સંઘ રાજ્ય પર જીવલેણ ફટકો માર્યો.

વોશિંગ્ટન જવાને ૧૧મી ફેબ્રુઆરીએ સ્પ્રીંગફીલ્ડથી નીકળવાનું હતું. આગલે દિવસે, વોશિંગ્ટન રવાના કરવાનો સામાન ચૂંટાયેલા પ્રમુખે જાતે જ પેક કર્યો, પારસલો જાતે દોરડાંથી મજબૂત બાંધ્યાં અને તેના

પર લેબલો ચોડી જાતે સરનામાં કર્યાં. જાતે ઘરનું આંગણું વાળનાર, જાતે ગાય તથા ઘોડાને ઘાસ નીરનાર તથા તેમની કોઢ સાફ કરનાર, પોતાની અને ક્યારેક પડોશીની પણ ગાય જાતે દોહી લાવનાર અને ઘર માટે જરૂરી લાકડાં પણ જાતે જ ફાડનાર પુરુષમાં રાષ્ટ્રનો વડો ચૂંટાયાથી કશો જ ફરક પડ્યો નહીં.

બીજે દિવસે વહેલી સવારે લિંકનને વોશિંગ્ટન લઈ જવા માટે સ્પેશિયલ ગાડી તૈયાર ઊભી હતી. મેરી તથા છોકરાંઓ પાછળથી તેની સાથે થવાનાં હતાં. ચૌદ માણસોના રસાલા સાથે તે સ્ટેશન પર પહોંચ્યો ત્યારે આકાશ વાદળાંઓથી ઘેરાયેલું હતું અને ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. લિંકનના મિત્રો અને પ્રશંસકો તેને વળાવવાને સ્ટેશન પર જમા થયા હતા. એ દરેક સાથે લિંકને પ્રેમપૂર્વક હાથ મિલાવ્યા. વિદાય વખતે તે કશું બોલવા માગતો નહોતો. ગાડી ઊપડવાનો સમય થયો. સિસોટી વાગી અને પોતાના ડબ્બામાં તે દાખલ થયો. વિદાય આપવા આવેલા સમુદાય પર તેણે છેલ્લી વાર નજર કરી ત્યારે એ સુપરિચિત અને સ્નેહાળ ચહેરાઓ જોઈને તેનું હૈયું ભરાઈ આવ્યું. ચિંતાથી નખાઈ ગયેલા તેના ચહેરા પર આંસુ ટપક્યાં, અને જેમની સાથે તેનું જીવન પા સદી સુધી ઓતપ્રોત થયું હતું તેમના પ્રત્યે આભારની ઊંડી લાગણી પ્રગટ કર્યા વિના તેનાથી રહેવાયું નહીં. અંતરના ઊંડાણમાંથી શબ્દો આપોઆપ સરી પડ્યા :

“મિત્રો, આ છૂટા પડતી વખતની મારી શોકની લાગણી, મારી સ્થિતિમાં ન મુકાયો હોય એવો કોઈ પણ માણસ સમજી શકે એમ નથી. આ સ્થળનો તથા અહીંના લોકોની ભલાઈ અને માયામમતાનો હું દરેક રીતે ઋણી છું. પા સદી સુધી હું અહીં રહ્યો છું, અને અહીં જ યુવાન મટી વૃદ્ધ થયો છું. અહીં જ મારાં બાળકો જન્મ્યાં અને એક તો અહીંની જ ભૂમિની ગોદમાં સૂતું છે. (પ્રમુખ) વોશિંગ્ટનને માથે હતું એના કરતાં પણ ભગીરથ કાર્ય માથે લઈને હું અહીંથી જાઉં છું. હું અહીં ક્યારે પાછો આવીશ, અથવા ક્યારે પણ પાછો આવીશ કે કેમ, એ તો ભગવાન જાણે. જે દૈવી શક્તિનો તેને (વોશિંગ્ટનને) સહારો

હતો તેની મદદ વિના હું સફળ થઈ શકું એમ નથી. તેની મદદ હશે તો હું કદી નિષ્ફળ નીવડનાર નથી. સૌના કલ્યાણને અર્થે જે સર્વત્ર વ્યાપી રહ્યો છે તે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને આપણે આશા રાખીએ કે હજી સૌ રૂડાં વાનાં થશે. તેને આશરે હું તમને સોંપું છું અને ઇચ્છું છું કે તમારી પ્રાર્થનામાં તમે પણ મને તેને આશરે સોંપજો."

લિંકનના આ લાગણીભર્યા ઉદ્ગાર સાંભળીને તેને વળાવવા આવેલા સૌની આંખો પણ ભીની થયા વિના ન રહી. ગાડી ઊપડ્યા પછી, વિદાય આપવા આવેલા લોકો દેખાય ત્યાં સુધી આંખો ખેંચીખેંચીને લિંકને તેમના તરફ જોયા કર્યું. પછી તેણે ડબ્બામાં પોતાની બેઠક લીધી. એ ગાડી પાટનગર વોશિંગ્ટન તરફ, આંતરવિગ્રહ તરફ, શહીદી તરફ તેને લઈ જઈ રહી હતી. વળાવવા આવેલાઓ પણ, ગાડી દેખાતી બંધ થઈ ત્યાં સુધી, એકીટસે તેની તરફ જોઈ રહ્યા. પોતાના એ ઉમદા નગરબંધુને તેઓ ફરીથી જીવતો જોવાના નહોતા.

['અબ્રાહમ લિંકન' પુસ્તક]

# અમર બે મિનિટ

જનરલ રોબર્ટ લીની સમર્થ દોરવણી નીચે [અમેરિકાના] દક્ષિણના કોન્ફેડરેટ રાજ્યનું સૈન્ય સંઘરાજ્યનાં સૈન્યો પર એક પછી એક વિજય મેળવતું આવ્યું હતું. સાત મહિનાના ગાળા દરમ્યાન જનરલ લીએ સંઘરાજ્યના કરતાં લગભગ અરધા સૈન્ય તથા ઘણી ઓછી શસ્ત્રસામગ્રીથી સંઘરાજ્યનાં સૈન્યોનો બે વાર કચ્ચરઘાણ કાઢીને તેને સખત હાર આપી હતી.

પોટોમેક નદી ઓળંગીને જનરલ લી પોતાના સૈન્યને ઉત્તરમાં દોરી ગયો. ઉત્તરનાં હેરિસબર્ગ, ફિલાડેલ્ફીઆ, બાલ્ટીમોર, વોશિંગ્ટન વગેરે મહત્ત્વનાં શહેરો સર કરવાનો તેનો ઇરાદો હતો. જનરલ લીની ચડાઈથી આખા ઉત્તરમાં ગભરાટ ફેલાઈ ગયો. લીના સૈન્ય આગળ

નિરાશ્રિતોનાં ટોળેટોળાં નાસભાગ કરવા લાગ્યાં.

લીનો સામનો કરવાને સંઘરાજ્યના સૈન્યને ઝડપથી રવાના કરવામાં આવ્યું. લિંકને જનરલ મીડને એ લશ્કરની સરદારી સોંપી. મીડે જનરલ લીના સૈન્યનો પીછો પકડયો. ગેટીસબર્ગના નાનકડા કસબા નજીક બંને લશ્કરો અણધાર્યાં ટકારાઈ પડ્યાં. એ યુદ્ધ દક્ષિણ તેમજ ઉત્તર માટે કટોકટીભર્યું અને જીવનમરણનું હતું. દક્ષિણ હારે તો તેની કેડ ભાંગે અને આંતરવિગ્રહમાં વિજય મેળવવાની તેની છેલ્લી આશા નષ્ટ થાય. ઉત્તર હારે તો સંઘરાજ્ય છિન્નભિન્ન થઈ જાય.

ગેટીસબર્ગના રણક્ષેત્ર પર ત્રણ દિવસ ખૂનખાર યુદ્ધ ચાલ્યું. પહેલા બે દિવસ તો પરિણામ અનિશ્ચિત રહ્યું, પણ ૩જી જુલાઈએ સંઘરાજ્યના સૈન્યે કોન્ફેડરેટ સૈન્યને મારી હટાવ્યું. લી પરિસ્થિતિની ગંભીરતા વરતી ગયો અને પોતાના હજારો ચુનંદા સૈનિકોના મૃતદેહોને જેમના તેમ પડતા મૂકીને પીછેહઠ કરવાનો તેણે પોતાના સૈન્યને હુકમ આપ્યો.

આંતરવિગ્રહમાં અત્યાર સુધી લડાયેલાં યુદ્ધોમાં ગેટીસબર્ગનું યુદ્ધ સૌથી વધુ ખૂનખાર હતું. એમાં કોન્ફેડરેટ રાજ્યના ૨૮,૦૦૦ તથા સંઘરાજ્યના ૨૩,૦૦૦ સૈનિકોની ખુવારી થવા પામી. દક્ષિણને ખમવો પડેલો એ સૌથી મોટો પરાજય હતો. યુદ્ધ જોકે પછી બે વરસ ચાલુ રહ્યું. પણ ગેટીસબર્ગના વિજય પછી ઉત્તરના અંતિમ વિજય વિશે હવે કશી શંકા રહી નહીં. એ કારણે એ યુદ્ધમાં પોતાનો જાન કુરબાન કરનારા સૈનિકો જ્યાં ચિરનિદ્રામાં પોઢ્યા હતા એ સ્થળની રાષ્ટ્રીય સ્મારક તરીકે પ્રતિષ્ઠા કરવાનું ઠરાવવામાં આવ્યું.

૧૮૬૩ના નવેમ્બરની ૧૯મી તારીખે એ સમારંભ યોજવાનું નક્કી કરવામાં આવ્યું અને તેમાં હાજરી આપવાને પ્રમુખ લિંકન, મુલકી તેમજ લશ્કરી અધિકારીઓ તથા દેશના અનેક નામાંકિત ગૃહસ્થોને આમંત્રણ આપવામાં આવ્યાં. એ પ્રસંગે શહીદોને અંજલિ આપવાને દેશના સૌથી મશહૂર વક્તા એડવર્ડ એવરેટને નોતરવામાં આવ્યા હતા. લિંકન એ ઐતિહાસિક પ્રસંગને ઘટે એવું ભાષણ તૈયાર કરવા ઇચ્છતા હતા. પણ તેનાં ભરચક રોકાણોને લઈને એ માટે તે બિલકુલ વખત કાઢી

શક્યા નહીં. આખરે ૧૮મી તારીખે ગેટીસબર્ગ જવાને તે નીકળ્યા એ સ્પેશિયલ ગાડીમાં જ, બીજે દિવસે આપવાનું પોતાનું નાનકડું ભાષણ ઉતાવળે તેણે ચીતરી કાઢ્યું.

મુખ્ય વક્તા એવરેટે એ પ્રસંગની ગંભીરતા, મહત્તા તથા યશસ્વિતા વિસ્તારથી વર્ણવતું વ્યાખ્યાન બે કલાક સુધી આપ્યું. એ પછી લિંકન ઊભા થયા. કોટના ગજવામાંથી પોતાનું લખેલું ભાષણ તેણે કાઢ્યું. એ કાગળ એક હાથમાં રાખી, બીજા હાથથી ચશ્માં ચડાવીને તેના પર નજર કરી લીધી, અને કાગળ પાછો ગજવામાં મૂકી દીધો. પછી તે આ પ્રમાણે બોલ્યા:

“સત્યાશી વર્ષ પૂર્વે આપણા રાષ્ટ્રવિધાયકોએ આ ખંડ પર એક નવું રાષ્ટ્ર નિર્માણ કર્યું, જેનું ધ્યેય સ્વતંત્રતા હતું અને ઈશ્વરે માણસમાત્રને સમાન સર્જ્યા છે એ સિદ્ધાંતને જે વરેલું હતું.

“એ રાષ્ટ્ર, અથવા એવા ધ્યેય તેમજ સિદ્ધાંતને વરેલું બીજું કોઈ રાષ્ટ્ર, લાંબા કાળ સુધી ટકી શકે કે કેમ, એની કસોટી કરે એવા એક મહાન આંતરવિગ્રહમાં આપણે હાલ રોકાયા છીએ.

“એ વિગ્રહના એક મહાન રણક્ષેત્ર પર આપણે એકઠા થયા છીએ. એ રાષ્ટ્ર જીવતું રહે એટલા માટે જેમણે પોતાના જીવનની આહુતિ આપી તેમના અંતિમ વિશ્રામસ્થાન તરીકે તેના થોડા ભાગની પ્રતિષ્ઠા કરવાને આપણે એકઠા થયા છીએ.

“આપણે એમ કરીએ એ સર્વથા ઉચિત અને યથાર્થ છે.

“પરંતુ વ્યાપક અર્થમાં આ ભૂમિને આપણે સમર્પિત કરી શકતા નથી. જીવતા રહેલા તથા વિદેહ થયેલા જે વીરપુરુષો આ સ્થળે ઝૂઝ્યા હતા તેમણે જ તેને પુનિત કરી છે. તેમાં વધારો કે ઘટાડો કરવા આપણી પામર શક્તિ અસમર્થ છે.

“આપણે અહીં જે બોલીએ, તેની દુનિયા ભાગ્યે જ નોંધ લેશે, અથવા ઝાઝો સમય તેને યાદ રાખશે; પરંતુ તેમણે અહીં જે કર્યું, એ તે કદી ભૂલી શકનાર નથી.

“ખરેખર તો, જેને તેમણે ઉમદા રીતે આટલે સુધી આગળ ધપાવ્યું તે અધૂરા રહેલા કાર્યને પૂરું કરવા આપણે આપણી જાત સમર્પણ કરીએ, એ આપણી જીવતા રહેલાઓની ફરજ છે. હવે તો, અધૂરું રહેલું જે મહાન કાર્ય આપણી સામે છે તેને આપણી જાત આપણે સમર્પણ કરીએ. આ કાર્યમાં છેવટ સુધી પોતાની અશેષ નિષ્ઠા જેમણે અર્પણ કરી, તે યશસ્વી શહીદો પાસેથી અધિકતર નિષ્ઠાની આપણે દીક્ષા લઈએ. આપણે એવો અડગ નિર્ધાર કરીએ કે જેમણે અહીં પ્રાણ પાથર્યા છે તેમનાં બલિદાનો વ્યર્થ નથી ગયાં, અને ઈશ્વરની છત્રછાયા નીચે રાષ્ટ્રમાં સ્વતંત્રતા નવો જન્મ પામે જેથી કરીને પ્રજાની, પ્રજા દ્વારા ચાલતી અને પ્રજા કાજે ચાલતી સરકાર પૃથ્વી પરથી નાશ ન પામે.”

આ રીતે બે મિનિટમાં લિંકનનું ભાષણ, જાણે શરૂ થયું તે પહેલાં જ પૂરું થયું! તેની સામે કેમેરા ગોઠવીને ઊભેલા ફોટોગ્રાફરને ફોટો પાડવા જેટલો સમય પણ ન મળ્યો.

“આપણે અહીં જે બોલીએ, તેની દુનિયા ભાગ્યે જ નોંધ લેશે, અથવા ઝાઝો સમય તેને યાદ રાખશે,” એવું લિંકને પોતાના ભાષણમાં કહ્યું હતું. પરંતુ તેની એ ધારણા ખોટી પડનાર હતી. ગેટીસબર્ગ ખાતે તેણે ઉચ્ચારેલા શબ્દોની દુનિયાએ નોંધ લીધી એટલું જ નહીં, હજી પણ તે એને યાદ કરે છે અને લોકશાહી જીવતી રહેશે ત્યાં સુધી યાદ કરતી રહેશે. સત્યાસત્ય તેમ જ સાર-અસારની સાચી મુલવણી કરનાર કાળે તેને અમરત્વ આપ્યું.

[‘અબ્રાહમ લિંકન’ પુસ્તક]

# મણિલાલ દેસાઈ

## હાક તુજની

*ગયાં વીતી વર્ષો દશ ઉપર બેચાર તુજથી*
*થયે જુદા, તોયે મુજ હૃદયની શૂન્ય કુટિરે*
*વિરાજેલી બા!...*

*હજી તારી કાયા મુજ નયન સામે ઝળહળે,*
*હજી તારો હાલો કરણપટ માંહીં રણઝણે,*
*અને ગાલે મારે તુજ ચૂમી તણી સ્નેહવર્ષા*
*નથી ઝાંખી થૈ કૈં!...*

*વધે છે વર્ષો તો દિનદિન છતાં કેમ મુજને*
*રહે છે બોલાવી બચપણ તણી હાક તુજની?*

## અંધારું

*અંધારું પીળું આકાશ નહીં બાલમા,*
*અંધારું લોલ લાલ સુંવાળું ફૂલ.*
*અંધારું બાવળનું ફૂલ નહીં બાલમા,*
*અંધારું સુંવાળી શમણાંની શૂલ.*

*અંધારું આંખોમાં આંજ્યું અંજાય,*
*એને ઘૂમટામાં સાંત્યું સંતાય મારા બાલમા.*
*અંધારું પીળું આકાશ નહીં બાલમા,*
*અંધારું લોલ લાલ સુંવાળું ફૂલ.*

અંધારું ચમકે જે આંખ મહીં મધરાતે,
અંધારું મલકે જે હોઠ મહીં મધરાતે;
અંધારું કાળું ગુલાબ મારા બાલમા,
અંધારું આપેલો કોલ મારા બાલમા.
અંધારું બાવળનું ફૂલ નહીં બાલમા,
અંધારું સુંવાળી શમણાંની શૂલ.

અંધારું કોયલનું ટોળું નહીં બાલમા,
અંધારું સોનાનો સુંવાળો સૂર.
અંધારું કૂતરાનું ભસવું નહીં બાલમા,
અંધારું મૌન તણું ધસમસતું પૂર.
અંધારું માગો તો આપ્યું અપાય,
એને ભાંગો તો ભાગ્યું ભંગાય મારા બાલમા.
અંધારું પીળું આકાશ નહીં બાલમા,
અંધારું કાળું ગુલાબ મારા બાલમા.

લીમડામાં સૂસવતું ઝૂલે તે અંધારું,
સુગરીના માળામાં લટકે તે અંધારું;
અંધારું ફૂલોની છાબ મારા બાલમા,
અંધારું પાળેલો બોલ મારા બાલમા.
અંધારું બાવળનું ફૂલ નહીં બાલમા,
અંધારું સુંવાળી શમણાંની શૂલ.

અંધારું અટવાતું તારા આશ્લેષમાં,
અંધારું ગૂંચવાતું છૂટેલા કેશમાં;
અંધારું આપણો આ સંગ નહીં બાલમા,
અંધારું વિરહવેરાન મારા બાલમા...

# રંગલયગતિ

*ડાંગરના ખેતરમાં તડકો રોજ સવારે ઝૂલે ડાંગર થઈને,*
*રોજ સવારે તડકો ઝૂલે શેઢા ઉપર પીળાંપીળાં રાઈ તણાં ફૂલ થઈને.*

*દૂર ક્યારડો વાલોળે લીલો ભમ્મર થઈને ચક્કર ચક્કર ઘૂમતો,*
*ને પાસ થોરની ટોચ ટુકડો આભ બનીને ચટાક રંગ લ્હેરમાં ચૂમતો,*
*બ્હાર ઊભેલો આંબો એનાં પાનપાન આ ઊડી જાય રે પંખીટૌકા થઈને!*
*ડાંગરના ખેતરમાં તડકો રોજ સવારે ઝૂલે ડાંગર થઈને.*

*નીક મહીં ખળખળતાં જળમાં આભ પડી અમળાય,*
*સૂરજના અસ્તવ્યસ્ત ટુકડા તરતા રેલાય,*
*કાંટાળા બાવળમાંથી સૂરજનાં કિરણો*
*જીર્ણશીર્ણ થઈ તિરાડ તૂટી ભોંય ઉપર ઠેલાય,*
*રંગરંગનાં પડ્યાં ગાબડાં સીમ મહીં*
*ને સીમ તણા શેઢાઓ તો આ ખીલે રે, ફૂલે રે, ઝૂલે સવાર થઈને.*
*ડાંગરના ખેતરમાં તડકો રોજ સવારે ઝૂલે ડાંગર થઈને.*

# મણિલાલ ન. દ્વિવેદી

## ખરી સત્યભક્તિ

કારભાર કરનારો જાણે છે કે, હું એક કારભારું ડહોળું છું માટે કશી વાત મારાથી અગમ્ય હોય જ કેમ? વિદ્યાવિલાસીઓ જાણે છે કે, અમે અતિશ્રમે જે જ્ઞાન મેળવ્યું છે તેને ખોટું કહે જ કોણ? પંથ-પ્રવર્તકો જાણે છે કે, અમે ઠાવકું મોઢું રાખી “અહંબ્રહ્મ” કહીએ છીએ તેનો ઇન્કાર કરનાર કોણ?

પણ એક વ્યવહારવાળો તમામ વ્યવહારનાં સત્ય સમજી જ શકવો જોઈએ, એવો નિયમ નથી. કુંભાર ઘણો ચતુર હોય તો ઘડા પારખી જાણે, માટે તરવારની ધાર વિશે પણ તેનો અભિપ્રાય ખરો જ હોવો જોઈએ, એમ નથી. પોતપોતાના ધંધાનું સંપૂર્ણ સત્યરૂપ જ્ઞાન હોવું એ જ મુશ્કેલ છે, એટલું જ ખરેખર હાથ થઈ શકતું નથી, તો તે ઉપરાંત વળી પારકાની વાત ડહોળવા જવી એ કેવું અશક્ય છે!

ત્યારે કોઈ એમ પૂછશે કે તો શું કોઈએ કોઈનું વચન માનવું જ નહીં? કોઈ ગુરુ કરવો જ નહીં? પણ માણસનો ખરો ગુરુ એનું મન અને એની આંખ જ છે. સત્યને ગુરુ નથી, ને ચેલાયે નથી. ખરા ગુરુ તો તે જ કે જે સત્ય માટે પ્રાણ આપે, છતાં સત્ય ગમે ત્યાંથી પણ ગ્રહણ કરવા તત્પર રહે. જેણે એમ જ ઠરાવ્યું કે સત્ય તે આટલું જ ને બીજું બધું અસત્ય, જેના જ્ઞાનની તિજોરી ભરાઈ ચૂકી છે, તેવા તો સંસારને દુખમય કરનારા નીવડે છે. પોતાને જે નિશ્ચય થાય તે સર્વદા સમજાવવો, એ પરમધર્મ છે. પણ તેમ કરતાં એ નિશ્ચય ઉપર કોઈ પણ તરફથી વિશેષ અજવાળું પડે તેવો સંભવ અટકાવવા માટે તેને પેટીમાં પૂરી રાખી તે જ બધા પાસે ખરો મનાવવો, એ તો પશુબુદ્ધિ જ છે. સત્યને માટે જે માણસ પ્રાણ આપવા પણ તૈયાર હોય, તેને ઘટે છે કે તેણે એ સત્ય સમજવામાં અન્યે બતાવેલી પોતાની ખામી

પણ સહન કરવી; એ જ ખરું પ્રાણાર્પણ છે, ખરી સત્યભક્તિ છે.

['આપણું ચિંતનાત્મક નિબંધ-સાહિત્ય' પુસ્તક]

## પ્રસન્નતા

ઘણાંક માણસનો સ્વભાવ જ એવો હોય છે કે તે કોઈ પણ મંડળીમાં આવી મળે કે તે મંડળીને આનંદમય કરી નાખે. તે ત્યાં ન હોય ત્યારે તેમની ખોટ સર્વને લાગે.

પ્રસન્નતા એટલે આપણી જે સ્થિતિ હોય તેનાથી સંતોષ પામી સુખી થવાની વૃત્તિ. જે સર્વ સ્થળે અને સર્વ સમયે સંતોષથી રહે છે તે નિત્ય પ્રસન્ન જ રહે છે. આવું એની મેળે થઈ શકતું નથી; ધૈર્ય, શાંતિ આદિ શુભ ગુણોના બળથી જ તે થાય છે.

આ જગતમાં આપણને જે પ્રાપ્ત થાય છે તે આપણી ઇચ્છા પ્રમાણે જ થતું નથી. એટલે શ્રમ કર્યે જવો, પણ જે ફળ થાય તેથી નિરંતર સંતોષ રાખી પ્રસન્ન રહેવું. આપણા જીવિતને સુખવાળું કરવું કે દુખવાળું, એ જેટલું આપણા પોતાના ઉપર આધાર રાખે છે એટલું બીજાના ઉપર નથી રાખતું. ફલાણું હલકું છે, અમુક મને ગમતું નથી, એમ આપણી પોતાની સ્થિતિ વિશે જ્યારે બડબડાટ કર્યા કરીએ છીએ, ત્યારે આપણને કદી નિરાંત વળતી નથી ને સુખે રોટલો આપણાથી ખવાતો નથી. જેટલું ને જેવું જોઈએ તેવું જગતમાં મોટા રાજાને પણ મળેલું નથી, તો આપણે એવી વિના કારણ પીડા શા માટે વહોરવી?

દુ:ખને સમયે હરબડી જતાં પહેલાં [આપણાથી] વધારે દુ:ખી લોકે જે ધીરજ રાખી હોય તે સંભારવી; અને સુખની વખતે ફુલાઈ જતાં પહેલાં, સુખી છતાં દુ:ખી થયેલાંને સ્મરણમાં લાવવાં. એમ સંતોષ ઉપર મનને ચોંટાડવું. એમ થવાથી અંત:કરણ સર્વદા પ્રસન્ન રહેશે, સર્વત્ર પ્રસન્નતા જ દેખશે અને બધે પ્રસન્નતા પેદા કરવાનું કારણ થઈ શકશે.

પ્રસન્નતાનો એટલો બધો ચમત્કાર છે કે તેનાથી ઘણાક રોગ થતા અટકે છે, કે થયા હોય તે ઓછા થાય છે. અપ્રસન્ન માણસ મનમાં દુઃખી રહે છે એટલું જ નહીં, તેનું શરીર પણ નઠારું થઈ જાય છે. વળી જે માણસ બહુ અસંતોષી અને અપ્રસન્ન છે તેનામાં ઈર્ષ્યા અને લોભ એવા દુર્ગુણો પ્રવેશ કરે છે. જે લોક પોતાના કરતાં પ્રસન્ન અને સુખી હશે તેની તેને ઈર્ષ્યા થશે; અને ગમે તે રીતે પણ પ્રાપ્તિ કરવાની ઇચ્છા થવારૂપી તેને લોભ પેદા થશે. ઈર્ષ્યા અને લોભથી માણસો જે કુકર્મ કરે છે ને જે દુઃખ જાતે વેઠે છે, તેનાં દૃષ્ટાંત આપણે નિત્ય દેખીએ છીએ. એક કુકર્મ બીજાં દસ કરાવે છે, કેમ કે તે વિના પ્રથમનું કુકર્મ ઢંકાતું નથી. અપ્રસન્નતાની ટેવમાંથી અનેક અનર્થ ઊપજે છે, માટે સર્વદા પ્રસન્ન રહેવાનો જ પ્રયત્ન કરવો.

કોઈ કોઈ માણસોની પ્રકૃતિ એવી હોય છે કે તે બોલતાં પણ વઢી પડે છે, સહજમાં માઠું લગાડી બેસે છે, ને એમ કોઈ રીતે નિરાંત વાળી બેસતાં નથી. એનાથી આપણને કે કોઈને કશો લાભ નથી. કેટલાંકને તો એવી ટેવ હોય છે કે તે એક સામાન્ય વિનંતી પણ પ્રસન્નતાથી કરી શકતાં નથી. આજ્ઞા કરવાને જ જાણે તે અવતર્યા હોય, સામા માણસના મન દુભાવવાનો જ તેમનો ધંધો હોય, બીજાંની દરકાર ન કરવી એ જ તેમનો હક હોય, તેમ તેવાં માણસ નિરંતર વર્તે છે. તેમને જે માન મળે છે તે પણ ઓછું લાગે છે. તેમને કશું ગમતું નથી, બધી વાતોમાં કાંઈ ને કાંઈ ખામી જણાય છે; તેવાં માણસ નિરંતર અપ્રસન્ન રહે છે ને જ્યાં જાય ત્યાં ક્લેશ પેદા કરવાનું કારણ થઈ પડે છે. ઘરમાં છોકરાંછૈયાં જાણે કોઈ વાઘ આગળ ઊભાં હોય તેમ તેના આગળ ફરે છે; બહાર લોકમાત્ર તેનાથી દૂર ચાલ્યા જાય છે. એ બધાંનું કારણ શું? માત્ર અપ્રસન્નતા.

જેનામાં કોઈ ઉત્તમ ગુણ હોય છે, તે તો સાળ જેવાં નમ્ર હોય છે, સર્વત્રા પ્રસન્ન હોય છે. પણ જાતે પ્રસન્ન રહી બીજાને પ્રસન્ન રાખવામાં અતિશય નમ્રતા ધારણ કરવી, ખોટી પ્રશંસા કરવી, એનું નામ ખુશામદ. જેની ખુશામદ કરવામાં આવે છે તે માણસ પોતાની

કિંમત જાણતો જ હોય છે, એટલે ખોટી ખુશામદથી ક્વચિત જ રાજી થાય છે. સારા માણસ એ રીતે પ્રસન્ન થતા નથી, અને આપણે જૂઠું બોલવાનું પાપ કરીએ છીએ. આપણે જેવાં હોઈએ તેવાં જણાવું, ને જેને જેવું હોય તેવું કહેવું. પણ તેમાં યે આપણે ધારીએ તેટલી નરમાશ વાપરી શકીએ. સામા માણસને માઠું ન લાગે તેવી નરમાશથી વ્યવહાર રાખવામાં આપણી તેમ તેની, બન્નેની પ્રસન્નતા સારી રીતે સચવાય છે અને એવી નરમાશથી કહેલું અસર કરી શકે છે.

અનેક વિદ્યા ભણવી, અનેક અધિકાર પ્રાપ્ત કરવા, એ બધાંનું ફળ એટલું જ છે કે ચારે પાસાં સમાધાની રહે; ઘરમાં સર્વને આપણાથી શાતા વળે, કોઈ આપણાથી વિના કારણ બીહે નહિ. [પણ] ઘરનાં આપણા પર પ્રસન્ન રહે, બહાર પણ સર્વે આપણને ચહાય [તે] માટે એમને અઘટિત વર્તણૂક પણ કરવા દેવી, એવાં લાડ કે નરમાશ તજવા યોગ્ય છે. સર્વે આપણને ચહાય એમ કરવું; પણ સર્વને એવો નિશ્ચય રહે તેમ પણ કરવું કે કાંઈ પણ અયોગ્ય વાત એ જવા દેશે નહીં. બાળકો રમે-કૂદે તેમાં માતાપિતા તેમને મારનાર નથી, એવું તેમને લાગવું જોઈએ; પરંતુ તે એકલાં હોય ત્યારે પણ તેમને એમ રહેવું જોઈએ કે અમુક વાત મારાં માતાપિતા સારી ગણશે નહિ, અને તે હું કરીશ તો મને તેઓ પોતાનું પ્રિય ગણશે નહિ. એમ સર્વત્રા.

આમ એક પાસા ખુશામદ કે ખોટાં લાડમાં ન પડી જતાં, તેમ બીજા પાસા અતિશય કરડાં ન થતાં, યોગ્ય નરમાશથી સર્વ પ્રસન્ન રહે તેમ વર્તવું; અને તેવા વર્તનમાં પણ મુખ્ય કારણ એ જ જાણવું કે આપણા પોતાના અંતઃકરણમાં પ્રસન્નતા સંઘરવી.

['બાલવિલાસ' પુસ્તકઃ ૧૯૫૭]

# અમર આશા

*કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે,*
*ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે.*

*જુદાઈ જિંદગી ભરની કરી રો રો બધી કાઢી;*
*રહી ગઈ વસ્લની આશા અગર ગરદન કપાઈ છે.*

*ઘડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી;*
*હજારો રાત વાતોમાં ગમાવી એ કમાઈ છે....*

*શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ;*
*અગમ ગમની ખરાબીમાં મજેદારી લુટાઈ છે.*

*ફના કરવું ફના થાવું, ફનામાં શહ્ સમાઈ છે;*
*મરીને જીવવાનો મંત્રા દિલબરની દુહાઈ છે....*

*સદા દિલના તડપવામાં સનમની રાહ રોશન છે;*
*તડપતે તૂટતાં અંદર ખડી માશૂક સાંઈ છે.*

*ચમનમાં આવીને ઊભો ગુલો પર આફરીં થઈ તું;*
*ગુલોના ખારથી બચતાં બદનગુલને નવાઈ છે.*

*હજારો ઓલિયા મુરશિદ ગયા માશૂકમાં ડૂલી;*
*ન ડૂલ્યા તે મૂઆ એવી કલામો સખ્ત ગાઈ છે.*

['મણિલાલ દ્વિવેદી સંચય' પુસ્તક]

# મણિલાલ મ. પટેલ

## માનવરૂપે મધમાખી

ખાદીના ઝભ્ભા-લેંઘાના પોશાકમાં સજ્જ દાઢીધારી અનિલ ગુપ્તાને જોતાં કોઈને કલ્પના પણ ન આવે કે આ માણસ વિશ્વભરમાં જાણીતી અમદાવાદ-સ્થિત ભારતીય પ્રબંધ સંસ્થાન (આઈ.આઈ.એમ.)ના કૃષિ મૅનેજમેન્ટના અધ્યાપક હશે! દુનિયાભરમાં તેઓ પોતાના આ ગ્રામીણ પોશાકમાં જ ઘૂમે છે! આપણે ત્યાં તરેહતરેહની યાત્રા રાજકીય કે ધાર્મિક હેતુસર યોજાય છે, પણ આ માણસે ૨,૦૦૦ કિલોમીટરની ૧૨ શોધયાત્રાઓ પગપાળા કરીને ગુજરાતનો ગ્રામવિસ્તાર ખૂંદ્યો છે. દર વર્ષે ‘સૃષ્ટિ’ સંસ્થાના ઉપક્રમે ૨૦૦ જેટલા પ્રયોગશીલ ખેડૂતોને લઈને પ્રો. ગુપ્તા ૧૦ દિવસ શોધયાત્રાએ નીકળે છે. ૧૨માંથી ૮ શોધયાત્રા ગુજરાતમાં કરી છે. બાકીની ચાર તામિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક અને ઉત્તરાંચલમાં યોજી છે. આ શોધયાત્રામાં પરંપરાગત જ્ઞાન ધરાવતી વ્યક્તિઓને શોધીને તેના ઘરઆંગણે જઈને તેનું સન્માન કરાય છે. અત્યાર સુધી શોધયાત્રામાં આવી ૬૦૦ જેટલી વ્યક્તિઓનું સન્માન કરાયું છે.

૪૯ વર્ષીય પ્રો. ગુપ્તા ઉત્તર પ્રદેશના એક નાનકડા ગામના કેળવણીક્ષેત્રના પિતાનું સંતાન છે. જિંદગીની કારકિર્દીનો આરંભ બૅન્કની નોકરીથી કર્યો. બૅન્કની નોકરી છોડીને આઈ.આઈ.એમ.માં જોડાયા. આ સંસ્થામાં તેમના વિચારને મૂર્તિમંત કરવા વિશાળ તકો મળી. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફરીને સંશોધનકાર્ય શરૂ કર્યું. દુકાળમાં પણ ખેડૂત, પશુ કેવી રીતે જીવે છે તેની જાણકારી પ્રાપ્ત કરવાનું શરૂ કર્યું. આમ કરતાં કરતાં ૧૯૮૮માં એક ‘હનીબી નેટવર્ક’ શરૂ કર્યું. હનીબી એટલે મધમાખી. મધમાખી જેમ એક પુષ્પ પરથી પરાગ બીજા પુષ્પ પર લઈ જાય તેમ એક ગ્રામીણ ખેડૂત કે પશુપાલકનું પરંપરાગત જ્ઞાન બીજા

ખેડૂતને મળે, એક ભાષાનું આવું પરંપરાગત જ્ઞાન બીજી ભાષાવાળાને મળે તે માટે આ નેટવર્ક દ્વારા પ્રયાસો શરૂ કર્યા.

ગુજરાતમાં લોકભારતી અને ગ્રામભારતી જેવી ૨૨ જેટલી ગ્રામવિદ્યાપીઠોમાં જાતે ફરીને પ્રો. ગુપ્તાએ વિદ્યાર્થીઓ પાસેથી ગામડાંની આવી માહિતી એકત્ર કરવાનું કામ 'જતન' સંસ્થાના કપિલ શાહના સહયોગથી શરૂ કર્યું. અત્યાર સુધી આવા પરંપરાગત જ્ઞાનની ૮,૦૦૦ જેટલી જાણકારી તેઓ એકત્ર કરી શક્યા છે. આ કામને આગળ ધપાવવા ૧૯૯૩માં 'સૃષ્ટિ' નામની સંસ્થાની તેમણે રચના કરી. ગુજરાતની ગ્રામીણ સૃષ્ટિમાંથી જે પરંપરાગત જ્ઞાન તેમને મળ્યું તેને લોકો સુધી પહોંચાડવા ગ્રામીણ પત્રકારત્વને વરેલા રમેશ પટેલ જેવા સાથીના સહયોગથી 'લોકસરવાણી' નામનું સામયિક શરૂ કરીને પરંપરાગત જ્ઞાનની સરવાણીને વહેતી કરી. ત્યારબાદ અંગ્રેજીમાં 'હનીબી' અને હિંદીમાં 'સૂઝબૂઝ' નામનાં સામયિકો પણ આ જ હેતુસર શરૂ કર્યાં.

આવું પરંપરાગત જ્ઞાન ધરાવતી વ્યક્તિઓની એક પરિષદ ૧૯૯૭માં યોજાઈ. આ સંશોધકોને તેમના જ્ઞાનનું વળતર મળે અને તે જ્ઞાનનું ટેક્નિકલ હસ્તાંતરણ કરીને બીજાના ઉપયોગમાં લાવી શકાય તે માટે રાજ્ય સરકારે એક કરોડ રૂપિયાનું ફંડ આપ્યું અને પ્રો. ગુપ્તાના નેતૃત્વ નીચે આ માટે 'જ્ઞાન' નામની સંસ્થા રચાઈ.

પ્રો. ગુપ્તાના કાર્યથી પ્રભાવિત ભારત સરકારે ૨૦૦૦ના વર્ષમાં રૂ. ૨૦ કરોડના ફંડથી રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન નામની સંસ્થા તેમના જ નેતૃત્વ નીચે સ્થાપી છે, જેના દ્વારા આવી ગ્રામીણ કોઠાસૂઝને દેશનાં વિવિધ રાજ્યોમાંથી શોધવાની અને બીજે પહોંચાડવાની કામગીરી શરૂ થઈ છે. ૧૦૦ વર્ષ વટાવી ચૂકેલી મહિલાઓ શોધીને તેમના પરંપરાગત જ્ઞાનને બહાર લાવવાનું કાર્ય 'સૃષ્ટિ'એ હાથ ધર્યું છે. આવી ૧૦૦થી વધુ શતાયુષી ગ્રામીણ મહિલાઓ ગુજરાતમાંથી તેમણે શોધી છે. વિશ્વભરની પરિષદોમાં તેમણે ૧૦૦થી વધુ શોધપત્રો રજૂ કર્યા છે. આઈ.આઈ.એમ.માં પણ શોધયાત્રાનો અભ્યાસક્રમ તેમણે શરૂ કરાવ્યો અને વિદ્યાર્થીઓને લદ્દાખ ને ભૂતાનના ગ્રામીણ વિસ્તારોમાં લઈ ગયા છે.

આમ પ્રો. ગુપ્તા માટે આઈ.આઈ.એમ., લોકભારતી (સણોસરા), ગ્રામભારતી (અમરાપુર) અને હાર્વર્ડ (અમેરિકા) સમાન સ્તરે છે. તેમણે ખેતી, પશુપાલન, આરોગ્ય તથા ગ્રામકારીગરોનાં સંશોધનો તથા પરંપરાગત જ્ઞાનને વિશ્વસ્તર સુધી પહોંચાડયાં છે. ૧ લિટર પાણીથી વૃક્ષ ઉગાડવાની વાત હોય કે બુલેટ દ્વારા ચાલતા હળની વાત હોય કે કંપોસ્ટ ખાતરની વાત હોય, આજે વિશ્વભરમાં અનિલ ગુપ્તાનું નામ આદરથી લેવાય છે. સાથે સાથે દુનિયાભરના આર્થિક લૂટારાઓના પડકાર સામે પણ એ લડે છે. ૨૦૦૧ના વર્ષમાં ન્યૂયોર્કના ‘બિઝનેસ વીક’ સામયિકે જેને એશિયાની પચાસ પર્સનાલિટીમાં સ્થાન આપ્યું હતું તે ઉત્તર પ્રદેશથી આવેલા આ પ્રો. ગુપ્તાએ એક સવાઈ ગુજરાતી બનીને ગુજરાતને ગૌરવ બક્ષ્યું છે.

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિક: ૨૦૦૪]

## રાજ વિનાના મહારાજ

ગુજરાત રાજ્યનું ૧લી મે, ૧૯૬૦ના રોજ સાબરમતી આશ્રમ ખાતે પુણ્યાત્મા રવિશંકર મહારાજના હસ્તે ઉદ્‌ઘાટન થયું. ગુજરાતની રચના અંગે મહારાજ અને મોરારજી દેસાઈ વચ્ચે વિચારભેદ હોવા છતાં મોરારજીએ નયા ગુજરાતનો મંગલદીપ પ્રગટાવવાનું મહારાજના હસ્તે કરાવ્યું, તે જ રાજ વિનાના મહારાજની મહાનતાનું સૂચક છે. પછી ૧૯૮૪ સુધી મહારાજ જીવ્યા ત્યાં લગી જે કોઈ ગુજરાતના મુખ્યમંત્રી બને તે સોગંધવિધિ બાદ તરત જ મહારાજના આશીર્વાદ લેવા પહોંચી જતા તેવી એક ઉમદા પ્રણાલી હતી.

મહારાજને ગુજરાતના બીજા ગાંધી કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. ગાંધીજીનું સો વર્ષ જીવવાનું સ્વપ્ન સાકાર ન થયું, પણ સેવાયજ્ઞ કરતાં કરતાં સો વર્ષ જીવવાનો ‘ઇશોપનિષદે’ આપેલો અધિકાર મહારાજે ભોગવ્યો અને ૧૦૧મા વર્ષમાં જીવનલીલા સંકેલી. ગાંધીજીએ એક

વાર મહારાજને કહેલું કે, “જો ઈશ્વર અદલાબદલી કરવા દે, ને તમે ઉદાર થઈ જાઓ તો તમારી સાથે જરૂર અદલા—બદલી કરું..” જેમના ખોળિયાની ખુદ ગાંધીજી અદલાબદલી કરવા ઇચ્છે તે મહાપુરુષના જીવનકાર્યને પુણ્યનો પહાડ જ કહેવાય!

૧૯૨૧માં તિલક ફાળામાં પોતાનું મકાન, જમીન વેચીને રકમ આપી દેવાની મહારાજની ઇચ્છા સાથે તેમનાં પત્ની સૂરજબા સંમત ન થતાં, મહારાજે જમીન મિલકત પરનો પોતાનો હક તે સમયે છોડીને પોતાનું જીવન સમાજને સમર્પિત કરી દીધું હતું. ત્યારબાદ ૧૯૫૩માં તેમણે પોતાનું જીવનદાન કર્યું, તે સમયે મહારાજને સાચી રીતે સમજેલાં તેમનાં પત્ની સૂરજબાએ બધી જમીન સ્વેચ્છાએ ભૂદાનમાં આપી દીધી હતી. જીવનદાન કરનાર મહારાજે મૃત્યુ પછી પણ દેહદાન કરીને શરીર સમાજને સમર્પિત કરીને ત્યાગ અને સેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડયું હતું.

મહારાજ આખી જિંદગી કેટલું ચાલ્યા હશે તેનો હિસાબ માંડવો મુશ્કેલ છે. પણ ૧૯૫૫થી ’૫૮ દરમિયાન ૭૧ વર્ષની ઉંમરે મહારાજે ભૂદાન માટે ૬ હજાર કિલોમીટરની પદયાત્રા કરી હતી. ૧૯૨૦માં પગરખાં ચોરાયાં પછી તેમણે પગરખાંનો ત્યાગ કર્યો હતો. એમનો પગ કાંટાને વાગે, પણ કાંટા પગને ન વાગે! લૂખી ખીચડીરૂપી પેટ્રોલથી ચાલતી તેમની બે પગની ગાડી ૮૦ વર્ષ સુધી બગડયા વિના સતત ચાલુ રહી હતી.

ડૂબેલાને બચાવવાની કામગીરીથી નાનપણમાં આરંભાયેલો તેમનો સેવાયજ્ઞ દેશભરમાં રેલ, દુકાળ, ભૂકંપ, કોમી તોફાનો, આગ, રોગચાળામાં રાહતકાર્ય અને નાગપુર સત્યાગ્રહથી ‘હિંદ છોડો’ સુધીની આઝાદીની તમામ ચળવળોમાં જેલવાસ, ૧૯૭૫માં કટોકટીના વિરોધ સુધી ચાલુ રહ્યો. આઝાદી પછી ગ્યાસપુરના ખેડૂતોના સત્યાગ્રહ ટાણે સરદાર અને મોરારજીને પણ મહારાજે સાફ સુણાવી દીધેલું કે, ખેડૂતોની જમીન લેવા આવશો તો હું ત્યાં મરીશ પણ જમીન નહીં આપું.

પાટણવાડિયા, બારૈયા અને બહારવટિયાને અંધશ્રદ્ધા, વહેમ,

ચોરી, લૂંટ વગેરે બદીઓમાંથી છોડાવવાનું, સુધારવાનું કાર્ય તેમણે ગાંધીના બહારવટિયા કે વિનોબાના ટપાલી બનીને કર્યું. મહારાજ તો કરોડપતિ ભિખારી હતા. મહારાજની એક અપીલથી કરોડો રૂપિયા ભેગા થતા. મોરારજીએ એક વાર કહેલું કે જિંદગીમાં કોઈને પાઈ પણ ન આપનારાઓએ મહારાજને લાખો રૂપિયા આપ્યા છે. સેવા, સુધારણા અને સ્વાતંત્રયની લડતના ત્રાવેણી સંગમ સમું મહારાજનું સમગ્ર જીવન હતું. લડતમાં જેલવાસ હોય કે દારૂનાં પીઠાં પર પિકેટિંગ હોય કે પછી દુર્ગંધ મારતાં શબોનો અગ્નિદાહ દેવાનો હોય; બધાં જ કામ મહારાજની સેવાસૂચિમાં સામેલ હતાં.

સુણાવ અને મહેમદાવાદની રાષ્ટ્રીય શાળામાં પટાવાળાથી માંડીને આચાર્ય સુધીની ફરજ મહારાજ એકલા બજાવતા. તે સમયે ગ્રાન્ટ શબ્દ તો હતો નહીં. શાળાનો ખર્ચ ઘંટી પર જાતે દળવાનું કાર્ય કરીનેય મેળવતા. મહારાજે દાનની અપીલો સિવાય કશું લખ્યું નથી.

ગામઠી શબ્દો અને ભેંસ—બળદનાં દૃષ્ટાંતોમાં ‘ગીતા’ સમજાવતાં મહારાજનું પાંડિત્ય ઝળહળી ઊઠતું. જેલમાં ‘ગીતા’ના ૧૮ અધ્યાય કંઠસ્થ કર્યા હતા. હજારો માર્ગ ભૂલેલાઓનાં જીવન સુધારનાર મહારાજમાં સરદારને પવિત્રા ઋષિનાં દર્શન થતાં હતાં. તો ઝવેરચંદ મેઘાણી અને મનુભાઈ પંચોળી જેવા સાક્ષરોને તેમનામાં સિદ્ધહસ્ત સાહિત્યકારનાં લક્ષણો દેખાયાં છે. ઉઘાડપગા, સ્વયંપ્રકાશિત મૂકસેવક મહારાજ ખરેખર રાજ વિનાના મહારાજ હતા.

[‘દિવ્ય ભાસ્કર’ દૈનિક: ૨૦૦૪]

# મણિલાલ હ. પટેલ

## કવિતા વિશે...

*અશ્વત્થની રતુંબડી કૂંપળ—*
*કવિતાઃ સીમમાં ઊડતું પતંગિયું*
*પળનું ને પરંપરાનું મૂળ*
*શૈશવ ને શેરીની ધૂળ*
*કવિતાઃ વડવાઈ કબીરવડની*
*બાવળની ડાળે ડાળે શૂળે શૂળે*
*વીંધાયેલાં ઝાકળ મોતી*
*મારી કવિતા...*
*દાદીમાના ચહેરાની કરચલીઓ*
*કવિતાઃ ખેતરે ખેતરે ખેડ*
*ચાસ, ઊના ઊના શ્વાસ માટીના*
*વાટ જોતી નવોઢાનું આંસુ*
*અંધારે રણઝણતાં ઝાંઝર*
*કવિતાઃ*
*નથણી નીરખતો નાથ*
*ઓકળિયો પાડતો હાથ*
*કદી નહિ મળનારો સાથ કવિતા*
*પશ્ચિમાકાશે એકાકી*
*બીજત્રીજનો ચન્દ્ર મારી કવિતા...*
*ભવભવની ભીની આણ*
*ઉતારવો બાકી સહિયરનો દાવ*
*કવિતાઃ દીવાલ પરના કંકુ થાપા*
*બાપુજીનું ડૂમો થઈ ગયેલું ગીત*

*કોઈને માટે સાચવી રાખેલું*
*નહીં વહાવેલું કાળમીંઢ આંસુ—*
*કવિતા...*
*છાનાંછપનાં ડૂસકાં ભરતાં શેરી ને પાદર*
*વતનવિચ્છેદ ટાણે*
*ભાઈની આંખોની આર્દ્રતા*
*બેનનો ભીનો ભીનો અવાજ—*
*મારી કવિતા...*
*રણમાં તોફાની તોખાર પવને*
*ચીતરેલી કોમળ કોમળ ઓકળિયો*
*કવિતાઃ*
*પહાડોમાં હવાએ કોરેલાં શિલ્પો*
*ભીની રેતમાં પ્રિયજનોએ લખેલાં*
*નામને ભૂંસી નાખતાં*
*દરિયાનાં મસ્તીખોર મોજાંઃ કવિતા*
*વૃક્ષે વૃક્ષે માળામાં સેવાતા*
*અનાગત કલરવતા દિવસો*
*સુક્કી ડાળ પર*
*બેઠેલી શૂક પંક્તિઓ*
*ઘોર અંધારી રાતનાં નક્ષત્રોઃ*
*મારી કવિતા....*

['શબ્દસૃષ્ટિ' માસિકઃ ૨૦૦૩]

## આધુનિકતાનો એરુ આભડી ગયો છે

કપાઈ ગયાં છે મારાં ખેતરો, વચ્ચે પડી છે ઊભી સડક. ભરચક મકાઈમોલથી મલકાતાં એ ખેતરો વચ્ચે, રખવાળી કરવા દાદાએ બાંધેલા, ઊંચા છાપરિયા માળા ઉપર બેસીને અમે ભણતરના પાઠ

ગોખતા ને ડોડા શેકી ખાતા. એ માળાનું ઉલાળિયું કરી મેલતી અને વગડાવાટે પડેલી કાળી નાગણ જેવી વળ ખાતી સડક ઉપરથી આજે તો ટનબંધ માલ લાદેલા ખટારા પસાર થાય છે. જે ખેતર વચ્ચે બે ભાઈઓ સાથે કામ કરતા હતા ને શેઢે બેસી બપોરનાં ભાતાં ખાતા હતા તે ખેતર વહેરાઈ ગયું. એક ખેતર ઓલી પા, એક આણી મેર. જુદા પડી ગયા બેઉ ભાઈઓ. ઉઘાડિયાં-ત્રિકોણિયાં કપાયેલાં ખેતરોમાં હવે મોલ લહેરાતા નથી, માળા બંધાતા નથી, નવી પેઢીનાં પોતરાં ત્યાં પાઠ કરતાં નથી ને ભાઈઓ ભેળા બેસીને ભાતાં ખાતા નથી. હું જોઈ રહ્યો છું વખતના ખેલ ને ભણી રહ્યો છું જીવતરના પાઠ.

બંધાઈ ગયો છે ડેમ મારી મહીસાગરને માથે. પુરાઈ ગયાં છે કોતરો. ધરતીના ખોળામાં આડાપડખે થયેલાં છેલ્લાં વૃક્ષોને તાણી ગયાં છે પાછલાં પૂર. ‘વૃક્ષો ગંધાય, વૃક્ષો ખાઉં’ કહેતો કોઈ શહેરી બકાસુર ધરણી ધમરોળતો ફરી રહ્યો છે. ડેમના ઉપરવાસમાંથી ઊઠી ગયાં છે ગામડાં. ભરખાતાં જાય છે જંગલો ને તૂટતી જાય છે ભેખડો. લુણાવાડાથી ઊટ પર ઘરનું કરિયાણું ભરી લાવતો ધૂળો બારિયો એના ઊટ સાથે જીવતરને વેચીને લમણે હાથ દઈને બેઠો છે, યમના તેડાંની રાહ જોતો. ભરચક નદીમાં બારેમાસ હોડી ફેરવીને ઘર-ગામ નિભાવતો રામજી હોડી મૂકીને ડુંગરો પાર ચાલ્યો ગયો છે. હોડી ખાલી હૈયા જેવી સૂનમૂન પડેલી છે ને ખાલીખમ નદીમાં રાક્ષસોનાં માથાં જેવી શલ્યાઓ બહાર આવી ગઈ છે. પાણીને વહેવાનું સાંભરે છે ને તડપતી માછલી જેવાં આ છટપટાતાં પાણી વહેવા માટે ઝાવાં નાખે છે. વઢાઈ ગયો છે મારો વગડો. બાંડો થઈ ગયો છે કોથળિયો ડુંગર. સમ ખાવા આપેલી એક કાચી નહેર સીમમાંથી એ રીતે વહે કે ઊંચાં ખેતરોને પાણી જ ન મળે... ને નીચાં ખેતરમાં એની ઝમણ એટલી કે ભોંય ભેજમાં લથબથ રહે. એટલે કશું પાકે જ નહીં. આવાં ઝમતાં પાણીએ સૂકવી નાખ્યાં છે અમારાં વૃક્ષો. એક વખતે પાણી વિના ટળવળતાં વૃક્ષો-ખેતરોને હવે ‘પાણી લાગ્યું’ છે ને એ સુકાઈ ગયાં છે. ગોરવાળો આંબો હોત ત્યાં હવે ખાડો બચી ગયો છે. લાડવો આંબો ઠૂંઠા જેવો

ઊભો છે. ધણને પોરો ખાવાની જગ્યા નથી રહી. તળાવ પુરાયું ને વડલા વીંખાયા. લીમડા પાંખા પડ્યા.

બદલાઈ ગયું છે મારું ગામ. ત્યારે તો ચોમાસામાં લીલછાઈ જતી ટેકરીઓના ઢોળાવો ને સીમની લીલાશ જોતાં થતું કે મારો મલક રૂડોરૂપાળો છે. ને આજે? સાપણ સડકો ને વેરી વીજળીના તાર મારા ગામમાં એક વરવું 'વિલાયત' લઈ આવ્યાં છે. શહેર મારી ધૂળિયા શેરીઓમાં ડોકાવા લાગ્યું છે. પડસાળો પડી ભાંગી છે ને ગાલ્લાં પછીતમાં મુકાઈ ગયાં છે. બળદો વેચાઈ ગયા છે. ટ્રેક્ટરો ખેતરો ખેડે છે. હવે બાજરી-મકાઈના જમાના જ ગયા. રોકડિયા પાક લેવાના, ને ખાવાનાં ધાન બજારથી લાવવાનાં. ખાવાનાં અન્ન પકવવાં મેલીને કણબી વરિયાળી વાવે છે—દૂરના મલકને મુખવાસ સારુ. દવાઓ છાંટીને ઝેર પકવવામાં લોકો માહેર થયા છે. હું કોઈ પરાયા મુલકમાં આવ્યો હોઉં એમ પેલી ધૂળી નિશાળને, બાવરો બનીને, આધાર પામવા શોધું છું.

ચૂંટણીએ વાવેલાં વેરઝેરનાં બીજ રાતોરાત વાડવેલા થઈને વધતાં જાય છે. ટીવીમાં મેચ ચાલે છે ત્યારે પ્રૌઢો પણ રન પૂછે છે ને 'વડો પ્રધાન નરસીરાંમ? મારો હાળો મેંઢો સે'—થી લૈને રોજના રાજકારણની વાતો કરે છે. ગામની નેંહાળમાં આવેલી નવી મ્હેતીને મોટિયારો જોવા જાય છે. ગામમાં વધુ ટીવી ચેનલો સારુ ડિશ લાવવા ફાળો ઉઘરાવાય છે. વૃક્ષો કપાઈ ગયાં છે, નદી નથાઈ ગઈ છે... સીમ સૂની પડી છે.

એકવીસમી સદીનો એરુ મારા ગામને આભડી ચૂક્યો છે.

['સમકાલીન' દૈનિકઃ ૧૯૯૮]

## થયાં

*...ખેતરો ખાલી હવે તાકી રહે છે તેતરો જેવું,*
*નિશ્વાસ મેં મૂક્યો અને આ પાંદડાં પીળાં થયાં....*

*કો’ક ખેતરની વચોવચ હું તરસ થઈને ઊગ્યો,*
*નીકમાં પાણી સ્વરૂપે એમનાં પગલાં થયાં.*

*કુંજડીની હાર જેવા દિવસો આવ્યા ખરા,*
*યાદમાં ને યાદમાં વેરાન ઘર વસતાં થયાં.*

# મધર ટેરેસા

## પ્રેમની ભૂખ

આજે લોકો પ્રેમના ભૂખ્યા છે, સમજદારી ભરેલા પ્રેમને એ ઝંખે છે. આટલી બધી ગરીબી અને એકલવાયાપણાનો એ જ એક ઉકેલ છે. ઇંગ્લંડ અને અમેરિકા જેવા દેશોમાં રોટલા માટેની ભૂખ નથી રહી. પણ ત્યાં લોકો ભયંકર એકલતા, ભયાનક હતાશા, ભયાનક ધિક્કાર અનુભવી રહ્યા છે; એમને લાગે છે કે કોઈને એમની પડી નથી, એમને મદદ કરનારું કોઈ નથી, એમને કોઈ આશા નથી. કેવી રીતે સ્મિત કરવું તે એ ભૂલી ગયા છે, માનવીના સ્પર્શનું સૌંદર્ય એ વિસરી ગયા છે. મનુષ્યનો પ્રેમ શું છે તે એ ભૂલવા માંડ્યા છે. કોઈક એમને સમજી શકે, એમને સન્માન આપે તેની એમને ઝંખના છે.

# મધુ ત્રેહાન

## કયા અધિકાર છે?—કયા નથી!

દરેક દેશના બંધારણમાં તેના નાગરિકોના કેટલાક પાયાના અધિકારો ગણાવવામાં આવ્યા હોય છે. તેનો ભંગ કરનારા કાયદા એ દેશની કોઈ પણ સરકાર કે સંસદ પણ ઘડી શકે નહીં. ઘડે તો તે બંધારણનો ભંગ થયો ગણાય, અને તેની સામે દેશની સર્વોચ્ચ અદાલતમાં નાગરિકો દાદ માગી શકે.

આવા પાયાના અધિકારોની સાથોસાથ કેટલાક દેશનાં બંધારણોમાં તેના નાગરિકોની પાયાની ફરજોનો પણ નિર્દેશ થયેલો હોય છે. ભારતના સંવિધાનના ભાગ ૪(ક)માં નાગરિકોની દસ પાયાની ફરજ નીચે મુજબ ગણાવેલી છે :

૧. બંધારણનું પાલન કરવું.

૨. સ્વતંત્રતા માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને ચાહવા અને અનુસરવા.

૩. ભારતના સાર્વભૌમત્વનું સમર્થન અને રક્ષણ કરવું.

૪. દેશનું સંરક્ષણ કરવું અને સાદ પડે ત્યારે રાષ્ટ્રની સેવા બજાવવી.

૫. ધર્મની, ભાષાની અને પ્રદેશની વિવિધતાની ઉપર ઊઠીને ભાઈચારાની ભાવના ફેલાવવી; મહિલાઓના ગૌરવને માટે અપમાનજનક રિવાજોનો ત્યાગ કરવો.

૬. આપણી વિવિધતાભરી સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું બહુમાન કરવું અને તેને સુરક્ષિત રાખવો.

૭. કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું, તેને સુધારવું અને પ્રાણીમાત્ર માટે અનુકંપા રાખવી.

૮. વૈજ્ઞાનિક માનસ, માનવતા, કાર્યકારણની ખોજ તથા સુધારાની ભાવના વિકસાવવી.

૯. પ્રજાકીય માલમિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો સદંતર ત્યાગ કરવો.

૧૦. વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિમાં ઉત્તમતા માટે મથવું, જેથી આપણું રાષ્ટ્ર સાધના અને સિદ્ધિની વધુ ને વધુ ઊંચી સપાટીએ સતત ચડતું રહે.

નાગરિક તરીકે આપણને કેટલાક અધિકારો અવશ્ય છે, તેમ કેટલાક અધિકારો બિલકુલ નથી, એ પણ ખ્યાલમાં રાખવા જેવું છે. જે અધિકાર કોઈને નથી તેની કાંઈક આવી યાદી બનાવી શકાય:

૧. કોઈ પણ કાયદો તોડવાનો આપણને અધિકાર નથી.

૨. આપણે ચાહે તે કુળમાં જન્મ લીધો હોય, પણ કોઈ વિશેષ સગવડ માગવાનો આપણને અધિકાર નથી.

૩. કોઈ પણ વ્યક્તિ પુરુષ છે કે સ્ત્રી છે, અમુક જાતિ કે ધર્મની છે તે કારણે તેની સામે ભેદભાવ રાખવાનો આપણને અધિકાર નથી.

૪. કોઈની પણ સામે હિંસા કરવાનો આપણને અધિકાર નથી.

૫. લાંચ આપવાનો કે લેવાનો આપણને અધિકાર નથી.

૬. નશો કરીને એલફેલ વર્તન કરવાનો આપણને અધિકાર નથી.

૭. ગમે ત્યાં ગંદકી કરવાનો આપણને અધિકાર નથી.

['આઉટલુક' અઠવાડિક: ૨૦૦૨]

# મધુકર ઉપાધ્યાય

## શોધ

*બા,*
*સ્ત્રીના દરેક રૂપમાં મેં તને શોધી છે.*
*તને શોધવી છે એટલે સ્ત્રીને ધિક્કારી નથી શકતો,*
*તું મળતી નથી એટલે સ્ત્રીને ચાહી નથી શકતો.*

# મધુકર રાંદેરિયા

## કમ્મર કસી છે

*ચલો આજ, ભૈયા, ઉઠાવી લો લંગર,*
*સમંદરની અંદર ઝુકાવી દો કિસ્તી;*
*સલામત કિનારાના ભયને તજી દો,*
*તુફાનોને કહી દો કે કમ્મર કસી છે.*

*મુહબ્બતની અડિયલ એ વાતોને છોડો,*
*મુહબ્બતનાં દમિયલ એ ગીતો જવા દો;*
*જગતને જગાડી દો એ રીતથી કે,*
*ક્લેવરને કણકણ જુવાની વસી છે.*

*અમે સિંધુડાને સૂરે ઘૂમનારા,*
*અમે શંખનાદો કરી ઝૂઝનારા;*
*મધુરી ન છેડો એ બંસીની તાનો,*
*અમોને એ નાગણની માફક ડસી છે...*

*અમે દર્દ ને દુઃખ કાતિલ સહ્યાં છે,*
*ભરી આહ ઠંડી ને નિશ્વાસ ઊના;*
*જીવનમાં હતી કાલ જો ગમની રેખા,*
*મરણ સામને આજ મુખ પર હસી છે.*

# મધુકર લ. પટેલ

## “ડોક્ટરેટ કોને મળી છે!”

નડિયાદના પ્રા. રામચંદ્ર પંડ્યાને મહાકવિ કાલિદાસ ઉપરના તેમના મહાનિબંધ માટે ડોક્ટરેટની ઉપાધિ મળી હતી. શ્રી પંડ્યાનું બહુમાન કરવા સંસ્કારસભા તરફથી સંતરામ મંદિરમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં અન્ય વક્તાઓનાં પ્રવચન પછી પ્રમુખસ્થાનેથી બાબુભાઈએ ‘મેઘદૂત’થી શરૂ કરી કાલિદાસની અન્ય કૃતિઓનું જે રસપ્રદ વર્ણન કર્યું તે સાંભળી શ્રી રામચંદ્ર પંડ્યાએ જણાવ્યું કે, કાલિદાસ અને સંસ્કૃત સાહિત્ય વિશે બાબુભાઈને આજે સાંભળીને, મને ડોક્ટરેટ મળી છે કે શ્રી બાબુભાઈને તે અંગે મને શંકા થાય છે!

એક પ્રસંગે ડાકોરમાં એક સભામાં દેશના ઘણા મંડલેશ્વરો અને વિદ્વદ્‌જનોની ઉપસ્થિતિમાં ‘ભગવદ્ ગીતા’ ઉપર બાબુભાઈએ ૪૫ મિનિટ સુધી અસ્ખલિત સંસ્કૃતમાં મનનીય પ્રવચન આપ્યું હતું! એ સાંભળી સૌ વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

બાબુભાઈને તેમનું જીવનચરિત્ર લખવા વિનંતી કરતા પત્રો મેં લખ્યા હતા. જવાબમાં તેમણે મને લખ્યું: “મારા જીવનમાં એવું કાંઈ નથી કે હું મારું જીવનચરિત્ર લખું. મારી એવી કોઈ જ સિદ્ધિ નથી. મારું તો, અન્યની જેમ સામાન્ય જીવન રહ્યું છે, તેથી જીવનચરિત્ર લખવાનો કોઈ પ્રશ્ન નથી.”

## પરિપત્રિત ઠરાવ

બાબુભાઈ નડિયાદની સંસ્કાર-સભાના પ્રમુખ હતા. સંસ્કારસભામાં એક અગત્યનો ઠરાવ તાકીદે કરવાનો હોઈ તે અંગે પરિપત્ર કાઢી

કારોબારીના સૌ સભ્યોની સહી લેવાનું બાબુભાઈએ મને જણાવ્યું. કારોબારીના ૧૧ સભ્યોમાંથી ૧૦ સભ્યોએ સહી કરી. એક સભ્યે તેમાં પોતાનો વિરોધ દર્શાવ્યો. એટલે બાબુભાઈએ નિયત સમય આપી કારોબારીની મિટિંગ બોલાવવા કહ્યું. મેં તેમને પૂછ્યું: “૧૧માંથી ૧૦ સભ્યો સહમત છે, તો ઠરાવ બહુમતીથી કેમ પાસ ન કરી શકાય?”

બાબુભાઈએ મને સમજાવ્યું કે વિરોધ કરનાર સભ્ય એમ કહી શકે કે જો તેને સભ્યોને રૂબરૂ મળવાની તક મળી હોત તો તે બીજાને પોતાના મતના કરી શક્યો હોત. કોઈપણ પરિપત્રિત ઠરાવ સર્વાનુમતે જ થઈ શકે. તેથી એ ઠરાવ માટે એક અઠવાડિયા પછી મિટિંગ બોલાવવામાં આવી.

# મધુસૂદન કાપડિયા

## સર્વાંગસંપૂર્ણ ગ્રંથ

આ પુસ્તકમાં ગાંધીજીવનની સમગ્રતાને આલેખવાનો પુરુષાર્થ નારાયણ દેસાઈએ કર્યો છે. એકેએક પ્રસંગ, એકેએક સંવાદ, કોઈ પણ અવતરણ—આ સૌનો અનેક પાદટીપમાં મૂળ આધાર આપ્યો છે. આનાથી ગ્રંથ સંપૂર્ણપણે આધારભૂત બન્યો છે. ઝીણામાં ઝીણી વિગત ખૂણેખાંચરેથી લેખકે મેળવી છે અને પાનેપાને એના આધારો આપ્યા છે. લેખકે ઉપયોગમાં લીધેલી સંદર્ભસામગ્રી અવાક્ કરી મૂકે તેવી સમૃદ્ધ છે.

ગાંધીજીનાં પાંચ પુસ્તકોનું જે વિવેચન નારાયણ દેસાઈએ કર્યું છે, તે ગ્રંથાવલોકનના ઉત્તમ નમૂના છે: ‘હિંદ સ્વરાજ’, ‘સત્યના પ્રયોગો’, ‘રચનાત્મક કાર્યક્રમ’, ‘મંગળ પ્રભાત’ અને ‘અનાસક્તિયોગ’. દરેક પુસ્તકની લાક્ષણિકતાઓ સ્વતંત્ર પ્રકરણોમાં સંક્ષેપમાં આપી છે, અને આ પુસ્તકોમાંના ગાંધી-ચિંતનની આજની દુનિયામાં કેવી પ્રસ્તુતતા છે તેનું વિશ્લેષણ કર્યું છે.

દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન આવ્યા ત્યારબાદની ગાંધીજીની મોટી ફલશ્રુતિ કહી શકાય ઉત્તમ સાથીઓની પ્રાપ્તિ. ૧૯૧૬થી ૧૯૨૧ સુધીમાં ગાંધીજીએ એવા સાથીઓની ખોજ કરી લીધી કે જેમણે પોતાની પૂરી શક્તિ ગાંધીજીની મારફત દેશને સમર્પણ કરી. એકએકથી ચડિયાતા વ્યક્તિત્વવાળા આ તરુણો પોતાની આશાભરી કારકિર્દી છોડીને ગાંધીજી સાથે જોડાયા અને જીવનભર એમના વફાદાર બનીને રહ્યા.

નારાયણ દેસાઈ નોંધે છે તેમ, તે વખતના સમાજકારણમાં બે આદર્શો પ્રવર્તતા હતા: એક યોગસાધના દ્વારા મુક્તિ મેળવવાનો અને બીજો દેશસેવામાં ખપી જવાનો. આ બંને આદર્શોનો સમન્વય યુવાનોને ગાંધીજીના કાર્યક્રમમાં દેખાયો. તેમણે જોયું કે હિંસા દ્વારા ક્રાંતિ કરવા મથતા લોકોમાં દેશ ખાતર બલિદાન આપવાની તૈયારી હતી, પણ

છૂટીછવાયી હિંસાનો કાર્યક્રમ તેમને સફળ થતો દેખાતો નહોતો. [બીજી બાજુ,] રામકૃષ્ણ-વિવેકાનંદથી માંડીને શ્રીઅરવિંદ સુધીના મહાપુરુષોની આધ્યાત્મિક માર્ગની ભૂમિકા ઊંચી હતી, પણ તેમના અધ્યાત્મની દેશની આઝાદીની લડત પર કાંઈ સીધી અસર નહોતી થતી. ૧૯૧૮-૧૯ સુધીમાં તેમણે જોઈ લીધું કે ગાંધીજીના સત્યાગ્રહમાં નરમ દળની વિનમ્રતા, ગરમદળની તીવ્રતા, ક્રાંતિકારીઓની બલિદાનવૃત્તિ અને યોગીઓની આધ્યાત્મિકતાનો સમન્વય થયો હતો.

ગાંધીજીના જીવનમાં અસંખ્ય લોકો એવા આવ્યા છે, જે તેમનાથી પ્રભાવિત થયા છે. થોડાક એવા પણ આવ્યા છે, જેમનાથી ગાંધીજી પ્રભાવિત થયા છે. ગાંધીજી સાથે સંપર્કમાં આવેલી વ્યક્તિઓનાં ચિત્રો ગ્રંથમાં વારંવાર જોવા મળે છે. પરંતુ ગાંધીજી સાથે નિકટના સંપર્કમાં આવેલા પાંચ મહાન આત્માઓને લેખકે સ્વતંત્ર પ્રકરણો ફાળવ્યાં છે: આત્મતનયા મીરાં, આશ્રમનો પ્રાણ મગનલાલભાઈ, સામ્યયોગી વિનોબા, દીનબંધુ એન્ડ્રૂઝ અને પરમભક્ત મહાદેવભાઈ. આ એકેએક વ્યક્તિચિત્ર ગાંધીજી સાથેની આત્મીયતાની ઉષ્માથી અને નારાયણ દેસાઈની શૈલીનાં રંગરેખાથી સમૃદ્ધ બન્યું છે.

બે હજારથી વધુ પાનાંમાં વિસ્તરતી આ કૃતિ ક્યાંય નીરસ નથી બનતી. લેખકની શૈલી સરળ, મધુર અને પ્રવાહી છે. ગ્રંથ સર્વાંગસંપૂર્ણ છે, ઉત્કૃષ્ટ છે.

ચાર ખંડમાંથી એકમાં પણ ગાંધીજીની જીવનયાત્રાના મુખ્ય પ્રસંગો તારીખો સાથે આપેલ નથી. બીજી આવૃત્તિમાં આ ક્ષતિ સુધારી લેવામાં આવશે, એવી આશા છે.

મારું જીવન એ જ મારી વાણી (ખંડ ૧-૪): નારાયણ દેસાઈ, રૂ. ૧૫૦૦

['પરબ' માસિક: ૨૦૦૫]

# જીવન પર પ્રભાવ પાડનારાં

પોતાના જીવન ઉપર કયાં પુસ્તકોનો પ્રભાવ પડ્યો તેનું આલેખન કરતા લેખો મેળવીને પ્રીતિબહેન શાહે ‘પીધો અમીરસ અક્ષરનો’ પુસ્તકનું સંપાદન કર્યું છે. આ પુસ્તક અપરંપાર સમૃદ્ધિથી સભર છે. માત્ર આ એક જ પુસ્તકના વાચનથી બીજાં અનેક પુસ્તકોનો પરિચય મળી જાય છે. સૌથી મૂલ્યવાન તો છે કેટલાંક પુસ્તકોમાંથી ટાંકેલાં મધુર અવતરણો.

લાભશંકર ઠાકરે ઇબ્સનના ‘એ ડોલ્સ હાઉસ’ની વિસ્તારથી વાત કરી છે. તમે જો આ નાટ્યકૃતિ વાંચવાના ન હો તો આ લેખ અચૂક વાંચજો. લા. ઠા.એ એનો મર્મ અને એનું રહસ્ય એટલાં ઉત્કૃષ્ટ રીતે પ્રકટ કર્યાં છે કે જાણે આપણી સમક્ષ એ ભજવાતું હોય એવો આસ્વાદ મળે છે. નોરાનું પાત્ર સજીવન થઈ જાય છે. નોરા [તેના પતિને] કહે છે: “પાપા મને તેમની ‘ડોલ-ચાઇલ્ડ’ કહેતા અને મારી સાથે રમતા. જેમ હું મારી ઢીંગલીઓ સાથે રમતી. અને હું તમારી સાથે રહેવા આવી ત્યારે, પાપાના હાથમાંની ઢીંગલી તમારા હાથમાં ટ્રાન્સફર થઈ. હું તમારી ઢીંગલી-વહુ બની રહી અને બાળકો મારી ઢીંગલીઓ. આ છે આપણો લગ્નસંસાર.” નોરા ઘર છોડીને ચાલી જાય છે, નીચેથી બારણું બંધ થવાનો ધમ અવાજ આવે છે. કહે છે કે રંગમંચ પર આ બારણું બંધ થવાથી આખું યુરોપ કંપ્યું હતું.

હરિભાઈ કોઠારીનો ‘ગીતા પંથપ્રદીપ’ આ સંકલનના ઉત્તમ લેખોમાંનો એક છે. શંકરાચાર્યથી ગુણવંત શાહ સુધીના ‘ગીતા’નાં ભાષ્યો અને ‘ગીતા’વિષયક અનેક છૂટાછવાયા લેખો વાંચ્યા પછી પણ આના જેવો સંક્ષિપ્ત, સરળ અને વિશદ લેખ મેં ભાગ્યે જ વાંચ્યો છે.

સુસ્મિતા મ્હેડ આનંદશંકર ધ્રુવનો એક પ્રસંગ ટાંકે છે કે તેમના ઘરમાં એક વખત આગ લાગી. તે સમયે આચાર્યશ્રીએ ગર્ભશ્રીમંત કુટુંબની માલમત્તા, તિજોરી કે ઝવેરાતને બદલે ઝપાટાભેર પોતાનાં બધાં જ પુસ્તકો ખસેડાવી બીજા ઘરમાં મૂકી દીધાં. ઉત્તરવયે તે પરિમલ સોસાયટીના ‘વસન્ત’ બંગલામાં રહેતા હતા. અંતિમ દિવસોમાં પોતાના

મિત્રવત્ શિષ્ય રતિલાલ ત્રિવેદી પાસે તેમણે એક અભિલાષા વ્યક્ત કરી: “રતિભાઈ! મને એવો વસન્તોત્સવ ઊજવવાનું મન થાય છે કે પોળના ઘરનાં બધાં જ પુસ્તકો ગોઠવી, નમસ્કાર કરી એક પાટિયું મુકાવું કે The‘e have made me. રાધેશ્યામ શર્મા આનંદશંકર ધ્રુવના વિષાદને મૂર્ત કરે છે: “આનંદશંકર ધ્રુવ જેવા ગંભીર પંડિતે એક મોટા ગ્રંથાલયમાં ઊભા રહી, પુસ્તકો સામે હાથ લંબાવી, શકુન્તલાને નીરખી દુષ્યંતે કાઢ્યા હતા તેવા રસિક શ્લોક-ઉદ્ગારથી ચિંતા વ્યક્ત કરી હતી: ન જાને ભોક્તારમ્: આ સર્વને કોણ ભોગવશે? ન જાણે!”

આ સંકલનમાં સંપાદકના લક્ષ્યને સંપૂર્ણ વફાદાર રહીને લખાયેલો લેખ છે તે તખ્તસિંહ પરમારનો: ‘સંસ્કારબીજનું વાવેતર.’ કોલેજકાળ દરમિયાન વાંચેલાં અનેક ઉત્તમ પુસ્તકોની માત્ર યાદી જ આપીને, એના પ્રભાવનો સહેજ ઉલ્લેખ કરીને, લેખક ઉમેરે છે: “સંસ્કાર-બીજ-નિક્ષેપ તો બાળપણમાં જ થાય છે. આપણે ફળઝાડ વાવ્યાં હોય તેની માવજત કરવી જોઈએ. બીજ રોપ્યા પછી અંકુર ફૂટે તેને સાચવવા વાડોલિયું કરવું જોઈએ, જલસિંચન કરતા રહેવું જોઈએ. સારો ફાલ મેળવવા ખાતર આપતા રહેવું જોઈએ. યુવાવસ્થા-પ્રૌઢાવસ્થા-વૃદ્ધાવસ્થામાં વાંચેલું સાહિત્ય એ વાડોલિયા-જલસિંચન ને ખાતરનું કાર્ય કરે છે. બીજનિક્ષેપ તો થાય છે નાનપણમાં વંચાયેલા સાહિત્યથી.”

અને પછી લેખક આપણને બાળપણનાં પ્રિય કાવ્યો ને કથાઓની સહેલગાહે લઈ જાય છે. ન્હાનાલાલનું ‘સાચના સિપાઈ’, “મને તો ગમે મારી સારી કુહાડી, ભલાં માત દો પાણી માંહેથી કાઢી”નો ભુજંગી છંદ. આવી બાળપણમાં વાંચેલી બીજી અનેક કૃતિઓની સ્મૃતિને તખ્તસિંહ પરમારે મધુર રીતે નિરુપી છે.

છેલ્લે, પુસ્તકો માટેના વર્ષા અડાલજાના શબ્દો રત્નચિંતામણિ જેવા છે:

“…જીવનના આરંભકાળમાં આ પુસ્તકોએ ખૂબ આનંદમાં સમય ગુજારવામાં સાથ આપ્યો. બસ એટલું જ? ના. જીવનની દરેક સ્થિતિને સ્વીકારીને હસતાં શીખવ્યું. ‘ખૂલ જા સિમસિમ’ કહેતાં એક અદ્ભુત

નિરાળી દુનિયામાં પુસ્તકોએ મારો પ્રવેશ કરાવ્યો. ન વીસા, ન પાસપોર્ટની જરૂરત. બેરોકટોક ગમે ત્યારે ગમે ત્યાં જઈ આનંદથી વિહરી શકાય. પુસ્તકપ્રેમે એકાંતને ચાહતાં શીખવ્યું. પુસ્તકોએ ઘણું ઘણું આપ્યું છે. એકાદ પાનામાં સમાઈ જતા કાવ્ય માટે ક્યારેક આખું હૃદય નાનું પડતું હોય છે. પુસ્તકો માનવજાતની શ્રેષ્ઠ શોધ છે. એણે બાંધેલા ભવ્યાતિભવ્ય પ્રાસાદો જમીનદોસ્ત થઈ ગયા, પરંતુ આ સર્જન કાળની થપાટો ખાઈને અડીખમ ઊભું છે. એના ગઢની એક કાંકરી પણ ખરી નથી.”

['ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' : ૨૦૦૫]

# મધુસૂદન હી. પારેખ

## ઝવેરાતના પારખુ

મારા પિતાશ્રી હીરાલાલ ત્રિ. પારેખનો જન્મ ૧૮૮૨માં. કિશોરાવસ્થાથી જ તેમને ઇતિહાસનો વિષય અત્યંત પ્રિય હોવાથી જૂના સિક્કા, હસ્તપ્રતો, શિલ્પસ્થાપત્ય વિશે તેમને તીવ્ર જિજ્ઞાસા રહેતી. શાળા-જીવન દરમિયાન તેમને સાહિત્યની કંઈ વિશેષ અભિરુચિ હોય એમ જણાતું નથી, પણ પાછળથી એ શોખ ખૂબ ખીલ્યો.

કોલેજના અભ્યાસકાળમાં એમને ઉત્તમ કોટિના વિદ્વાનોનો લાભ મળ્યો. અમદાવાદમાં એ સમયે દયારામ ગીદુમલ જજ હતા. તેમણે અભ્યાસવાંછુ યુવકો સાથે અંગ્રેજી સાહિત્ય વાંચવાની ઇચ્છા પ્રકટ કરી, અને આચાર્ય આનંદશંકર ધ્રુવે તેમને સૂચવેલા વિદ્યાર્થીઓમાં મારા પિતા તથા દાદાસાહેબ માવળંકરનાં નામ પણ હતાં. આ સત્સંગથી તેમની સાહિત્યાભિરુચિ કોળી. એમના યુવાન હૃદયમાં એ સમયે ઉત્સાહનો થનગનાટ હતો. વિવિધ પ્રકારનું સાહિત્ય ગુજરાતમાં નિર્માણ કરવાનાં સ્વપ્નો તે સેવી રહ્યા હતા.

કોલેજ પૂરી કર્યા પછી પિતાશ્રીની ઇચ્છા પુસ્તકવિક્રેતા અને પ્રકાશક થવાની હતી. ૧૯૧૦માં તે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી(હવે ગુજરાત વિદ્યાસભા)ના સહાયકમંત્રી નિમાયા પછી ગુજરાતી સાહિત્યનો વિકાસ, જ્ઞાનકોશ, શબ્દકોશ વગેરેની તેમના ચિત્તમાં પડેલી યોજનાઓ સળવળાટ કરવા માંડી.

પરદેશમાં પ્રગટ થતા સાહિત્યપ્રકારો પર તેમ જ કેળવણી, વિજ્ઞાન, ધર્મ, રમત, કળા વગેરે વિષયનાં સામયિકો પર તેમનું સતત લક્ષ રહેતું. એવાં સામયિકો ગુજરાતી ભાષામાં પણ પ્રગટ થાય તે જોવાની તેમની અભિલાષા હતી. એટલે ગુજરાતમાં ક્યાંક પણ કળા કે સાહિત્યનો પ્રયોગ કરતું સામયિક નજરે ચડે તો તેમના ઉમળકાનો પાર

ન રહેતો. નવોદિત સાહિત્યકારોને પ્રોત્સાહન આપી, પ્રકાશમાં આણવા તે હંમેશાં તત્પર રહેતા. ગિજુભાઈ બધેકા એક ખૂણે બાળકેળવણી દ્વારા ભાવિ પ્રજાના ઘડતરની મૂગી પ્રવૃત્તિ કરતા હોય, કે ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય માટે ભેખ ધરીને સૌરાષ્ટ્રનાં ગામડાંમાં ઘૂમતા હોય—પિતાશ્રીની નજર સતત તેવી પ્રવૃત્તિ પર મંડાયેલી જ હોય. સંસ્કારસેવકોમાં કે સાહિત્યકારોમાં રહેલું ઝવેરાત પારખવાની તેમની શકિત અદ્‌ભુત હતી.

ગુજરાતી પ્રજામાં વાચનનો શોખ કેળવાય અને પુસ્તકોનો પ્રજામાં બહોળો પ્રસાર થાય તેની યોજનાઓ ઘડતાં તે થાકતા નહીં. પુસ્તકાલયો ઊભાં કરી, તેમને સમૃદ્ધ કરી, પ્રજાને તેનો અમૂલ્ય લાભ આપવા અંગે એવા જ ભેખધારી શ્રી મોતીભાઈ અમીન સાથે તે કૈંકૈં યોજનાઓ ચલાવ્યા કરતા.

પોતાના પ્રાણરૂપ એવી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ લખવાની એમની ઝંખના ૧૯૩૦ પછી પાર પડી. સોસાયટીના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનારા સંસ્કારસેવકો વગેરેની માહિતી તો એમાં છે જ; તદુપરાંત પ્રજાના સામાજિક ઇતિહાસ તરીકે પણ તેનું મૂલ્ય ઘણું છે.

એમની બીજી સિદ્ધિ તે ત્રણ ભાગમાં લખાયેલો ‘અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન’નો ગ્રંથ છે. વર્ષોની મહેનતથી એકત્ર કરેલાં સેંકડો અવતરણો, કાપલીઓ અને લેખોની સામગ્રી તથા કેટલાંય પુસ્તકોના અભ્યાસ પછી તેમણે સર્જેલા આ ગ્રંથમાં ૧૮૦૧થી ૧૯૩૬ સુધીના રાજકારણ, સાહિત્ય, કેળવણી, પત્રકારત્વ વગેરે પાસાંનો ચિતાર આપેલો છે.

‘ગ્રંથ અને ગ્રંથકાર’ના નવ ભાગમાં લેખકોના જીવનપરિચય ઉપરાંત ગુજરાતમાં પ્રગટ થતા ઉત્તમ સાહિત્યના નમૂનાનો સમાવેશ કરીને તેમણે તેને મૂલ્યવાન બનાવ્યા છે.

[‘કુમાર’ માસિકઃ ૧૯૬૫]

# મધુસૂદનલાલ

## ફાટેલી ચાદર

પંડિતજી જેટલા મોટા હતા તેટલા જ નાના હતા—સાવ બાળક જેવા. તેમણે કદી પોતાને વૃદ્ધ માન્યા નથી, અને એ હતા પણ નહીં. મરતાં સુધી, મને તો કોઈ એવો પ્રસંગ યાદ નથી જેમાં તેમણે પોતાનો થોડો અમથો બોજ પણ બીજાને માથે નાખવાનો પ્રયત્ન કર્યો હોય. એ તો ભારતના વડાપ્રધાન હતા. જરા અમથો ઇશારો કરતાં મોટા મોટા માણસો એમના પગમાં ઝૂકી જાય. પણ તમને વિશ્વાસ નહીં બેસે—એમણે કદી ઘંટડી વગાડીને કોઈ નોકરને બોલાવ્યો નથી. કોઈ વસ્તુની જરૂર હોય તો જાતે ઊઠીને બારણા સુધી જતા ને જે કોઈ દેખાય તેને કહેતા: “ભાઈ, જરા અંદર આવજે.” અને ઑફિસમાં કામ પૂરું થાય પછી ઊઠતા ત્યારે કોઈ કામ નોકરોને માટે બાકી ન રાખતા. બત્તી, પંખો, હીટર જાતે જ બંધ કરતા. અરે, બારણાં સુધ્ધાં જાતે બંધ કરીને નીકળતા.

મેં મારી આંખે જોયું છે કે એ બેઠાબેઠા કામ કરીને થાકી જાય ત્યારે ખુરશી પર એક પગ રાખીને કામ કરતા. પછી ઊભા થઈ જતા. થાકી જવાથી કે તબિયત ઠીક ન હોવાથી તેમણે કદી કામ અધૂરું છોડ્યું નથી.

લોકોને એમ થતું હશે કે ભારતના વડાપ્રધાન આરામ અને દબદબાથી રહેતા હશે. પણ ઘણુંખરું તો એ એક ભગવો ઝભ્ભો ને પાયજામો પહેરતા. એક જૂની ચાદર હતી, ઘણી જગ્યાએથી ફાટેલી; સવારે ફરતી વખતે કે છાપું વાંચતી વેળા તે જ ઓઢતા. એક દિવસ ચાદર બહુ મેલી જોઈ હરિને કહ્યું, “આ ધોવડાવી નાખજે.” બપોરે ધોબી આવ્યો. ચાદર લઈ જવાની જ એણે ના પાડી, બોલ્યો, “આ તો સાવ જરી ગઈ છે, પાણીમાં જ રહી જશે.” બીજે દિવસે પંડિતજીને

આ વાતની ખબર પડી, ત્યારે જાતે ચાદર ધોઈ વરંડામાં દોરી બાંધીને સૂકવી. છેક સુધી એમની પાસે એ જ ફાટેલી ચાદર મેં જોઈ હતી.

# મનસુખ સલ્લા

## મારા વિદ્યાર્થીઓ

લોકભારતી (સણોસરા)માં પાંત્રીસ વરસ અને ગ્રામદક્ષિણામૂર્તિ (આંબલા)માં બે વરસ સુધી મેં શિક્ષક તરીકે કામ કર્યું તે કાળના થોડા અનુભવો અહીં આપ્યા છે.

પરીક્ષાનો ભાર વિદ્યાર્થીઓને લાગતો જ હોય છે. તેથી ક્યારેક તે ચોરી કરવા પણ પ્રેરાય છે. આ અંગે મેં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. કહ્યું, “તમે તમારા બળે જ સારી કક્ષા મેળવો. ઇતર માર્ગો તમને અંતે લાભકર્તા નહિ થાય. તમે કહેશો તો પુસ્તકો અને વર્ગનોંધ લઈને પરીક્ષાખંડમાં આવવાની તમને છૂટ આપીશ. પ્રશ્નપત્ર એ રીતે કાઢીશ.” વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા, “ના, ના, ના. એવું પ્રશ્નપેપર તો બહુ અઘરું હોય. એવું નથી કરવું.” મારો અનુભવ છે કે વિદ્યાર્થીઓ આ માટે તૈયાર નથી થતા. આ અમારી શિક્ષકોની નિષ્ફળતા છે. પરંતુ આમાંથી એક સારી બાબત નીપજી આવી. મેં પૂછ્યું, “સારું, તો બીજો એક પ્રશ્ન કરું. તમને મેં સારી રીતે ભણાવ્યું છે. તો પરીક્ષા વખતે નિરીક્ષક તરીકે મારે શા માટે હાજર રહેવું જોઈએ? મને તમારા ઉપર ભરોસો છે કે તમે ચોરી નહિ કરો. હું પાંચેક મિનિટ પછી પરીક્ષાખંડ છોડી જઈશ. પછી કોઈ નિરીક્ષક નહિ હોય. બારણા પાછળ ઊભું રહીને કોઈ જોતું નહિ હોય. છે તમારી તૈયારી?”' વિદ્યાર્થીઓ કહે, “હા.” મેં નિયામકશ્રીને આખી વાત લખીને મંજૂરી માગી. (કારણ કે વાર્ષિક પરીક્ષા હતી અને હું આચાર્ય હતો.) નિયામકશ્રીએ મારી સાથે વિગતે વાત કરીને સંમતિ આપી. પ્રશ્નપત્રા અને ઉત્તરવહીઓ વહેંચીને, દસેક મિનિટમાં મેં વર્ગખંડ છોડી દીધો. છેલ્લે ઉત્તરવહીઓ એકઠી કરીને વિદ્યાર્થીઓ મારે ઘરે પહોંચાડવાના હતા. તે મુજબ થયું. પછી મેં વિદ્યાર્થીઓ સાથે વાત કરી. તેમણે કહ્યું, “ક્યારેક અમે અંદરોઅંદર કાંઈક પૂછી લઈએ

છીએ. પણ આજ તો ત્રણ કલાક ડોકું ઊંચું નહોતું કર્યું.” મેં પૂછ્યું, “એમ કેમ?” “તમે અમારા ઉપર વિશ્વાસ મૂક્યો હતો. તમને ખાતરી આપ્યા પછી ચોરી કરીએ તો તો અમે ખોટા પડીએ ને?”

વિદ્યાર્થીઓ ઉપર વિશ્વાસ મૂકો, પ્રતિભાવ મળશે જ—એવું નાનાભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ, બુચભાઈ પાસેથી સાંભળ્યું હતું, પણ અનુભવ્યું આ ઘટનામાં. એ પછી અનેક પ્રસંગોએ વિદ્યાર્થીઓ ઉપર વિશ્વાસ મૂકતાં મને ખચકાટ નથી થયો. ક્યારેક છેતરાયો પણ છું, પરંતુ મારી આ શ્રદ્ધા ડગી નથી. એટલું જ નહિ, મનુષ્યની સારપ ઉપર વિશ્વાસ એ જ શિક્ષક અને શિક્ષણનો મૂલાધાર છે તેવો વિશ્વાસ બંધાયો છે.

એક વખત વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે કહી દીધું કે, અમે કોઈ પ્રવૃત્તિમાં ભાગ નહિ લઈએ. કારણ? એક વિભાગના વડાએ અમને પૂરા સાંભળ્યા વિના અમારે માટે અયોગ્ય શબ્દો વાપર્યા છે, અમને અન્યાય કર્યો છે. વિભાગીય વડા પોતાની રીતે સાચા હતા. પરંતુ ભાષાપ્રયોગ અને અહમ્‌ની ટકરામણીને કારણે પ્રશ્ન ઊભો થયો હતો. બેમાંથી એકે પક્ષ નમતું આપવા રાજી નહોતો. સમય જતો હતો તેમ તેમ વાતને વળ ચડતો જતો હતો. અધ્યાપક ઉપરાંત હું ત્યારે મુખ્ય ગૃહપતિ હતો. તે છાત્રાલયના ગૃહપતિ, નિયામકશ્રી, વિભાગીય વડા અને હું મળ્યા. અમે સૌ ખાસ્સા મૂંઝાયેલા હતા. લોકભારતીમાં આવું ભાગ્યે જ બને. એક રીતે આ હડતાળ જ કહી શકાય. વિભાગીય વડાએ અભિપ્રાય આપ્યો, “કરી દ્યો વર્ગો બંધ. ભલે ઘેર જાતા. આવી અશિસ્ત ચલાવી ન લેવાય.” પણ મને થયું: આ એ જ વિદ્યાર્થીઓ હતા, જેને અમે સંતાનની જેમ ચાહતા હતા. તેમની માંદગીમાં અમે કાળજી લીધી હતી. અમારા કુટુંબની કપરી માંદગીમાં એમણે તાણરહિત ઉજાગરા કર્યા હતા. મહાભોજન વખતે પરસ્પરને પકડીને મીઠાઈના ફાસરા ખવડાવ્યા હતા. મેં મારો અભિપ્રાય આપતાં કહ્યું, “આપણે શિક્ષક ન મટવું. છોરુ કછોરુ ભલે થાય. આપણે વિદ્યાર્થીઓને કહીએ કે ઘર હોય તોય પ્રશ્નો થાય છે, તો આ તો મોટી સંસ્થા છે. પ્રશ્નો થાય. પરંતુ તમે કેવી લોકભારતી

ઇચ્છો છો? લોકભારતીના વાતાવરણને જાળવવાની જવાબદારી તમારી પણ છે. તમે સૌ મળીને જે ઠરાવશો તે અમે સ્વીકારશું. વિભાગીય વડા તમારા વડીલ છે. તમને ચાહે છે. એ માફી માગે તે તમને શોભશે?” સમિતિના સભ્યો સંમત થયા. બીજા બેત્રણ મુદ્દા પણ ઉમેરાયા. અમે વિદ્યાર્થીઓને મળીને આખી વાત સમજાવી. ચોવીસેય કલાકનો અમારો સંબંધ હતો. અમે પરસ્પરને ચાહતા હતા. વિદ્યાર્થીઓએ જોયું કે અમે જીદ કરવા માગતા નહોતા, તેમના વિવેક ઉપર બધું છોડતા હતા. તેઓ પાછા વળ્યા. ઘીના ઠામમાં ઘી પડ્યું.

*

રાત્રીપ્રવૃત્તિમાં હું ત્રીજા વરસના છાત્રાલયમાં ગયો હતો. હાજરી પછી અનૌપચારિક વાતો થતી હતી. એક વિદ્યાર્થીએ મને પૂછ્યું, “તમને કેટલાં વરસ થયાં?” મેં કહ્યું, “૬૦મું ચાલે છે.” બેત્રણ વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા, “હોય નહિ, હજુ તો માંડ ૪૦ વર્ષના લાગો છો.”

આ અભિપ્રાયે મને વિચારતો કરી દીધો. મારા મોટા ભાગના વાળે વિદાય લીધી છે. છે તે પણ ધોળા થવા લાગ્યા છે. તો આ અભિપ્રાયનું રહસ્ય શું? મારો શારીરિક બાંધો? મારો ઉત્સાહ? વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારની સરળતા? કે વિપશ્યનાને કારણે પ્રમાણમાં જળવાતી સ્વસ્થતા? વિચારતો ગયો તેમ સમજાયું કે બાકી બધાંએ મદદ કરી હશે, પરંતુ મૂળભૂત રહસ્ય છે ચૈતન્યથી ઊભરાતાં, નવાં નવાં સ્વપ્નોથી ધબકતાં, અને એકનું હજારગણું કરીને ચાહતા વિદ્યાર્થીઓનો સતત સહવાસ. એથી શરીર ઘસાય, શારીરિક લક્ષણો ચાડી ખાય, તોપણ મન તો ૨૫-૩૦ વર્ષના યુવાન જેવું પ્રફુલ્લિત રહે છે. વિદ્યાર્થીઓને વિકસતા જોઈને નવું નવું આયોજન કરવાનો ઉત્સાહ ચડે છે. તેઓ પોતાના ભાવને દરેક વખતે વાણીમાં વ્યક્ત નથી કરતા, પરંતુ તેમની આંખનું અમી લોકભારતીમાં અભ્યાસ કરતાં હોય ત્યારે કે અભ્યાસ પૂરો કર્યા પછી વર્ષો બાદ મળે ત્યારે પણ અનુભવાય છે. પ્રેમવિસ્તાર એ જ આ પૃથ્વીલોકનું અમૃત છે, એનો સાક્ષાત્કાર વિદ્યાર્થીઓ સાથે થાય છે. મૈત્રીમાં, દાંપત્યમાં, અપત્યપ્રેમમાં પણ આ અનુભવાય છે.

પરંતુ દીર્ઘકાળ સુધી અને પ્રગાઢપણે મેં એનો અનુભવ મારા વિદ્યાર્થીઓ સાથે કર્યો છે.

અરે! અકોણા, આળવિતરા અને પ્રશ્નરૂપ હતા, અને જેને ક્યારેક આત્યંતિક પ્રશ્નને કારણે એકાદ વર્ષ ઘેર મોકલવા પડ્યા છે તેવા વિદ્યાર્થીઓ સાથે પણ પછી આવો જ સૌહાર્દ અને ઉષ્માનો અનુભવ કર્યો છે.

મારી સમજવિકાસમાં અને મારા આંતરવિકાસમાં મારા વિદ્યાર્થીઓનો જરૂર ફાળો છે. એ માટે હું તેમનો ઋણી છું તેમ કહેવામાં નથી નમ્રતા કે નથી અતિશયોક્તિ.

['પ્રગતિશીલ શિક્ષણ' માસિક: ૨૦૦૨]

# સંજીવનીનાં મૂળ

કેળવણીનું ધ્યેય ચારિત્ર્યનો સર્વાંગી વિકાસ હોય છે. એ માટે જોઈએ જાગ્રત, જ્ઞાનનિષ્ઠ અને કરુણાવાન શિક્ષકો. એમનાં વાત્સલ્ય અને પ્રેમ વિદ્યાર્થીના હૃદયને ખીલવવામાં પોષક બને.

કેળવણીનો આ આદર્શ લોકભારતીમાં રહ્યાં રહ્યાં મેં અનુભવ્યો, તેનો પરિચય કેટલાક પ્રસંગો પરથી આપવો ઠીક થશે. આમાંથી લોકભારતીની સંજીવનીનાં મૂળ ક્યાં છે તેનો પરિચય પણ મળી શકશે.

૧૯૬૦ના જૂનમાં હું ઉચ્ચ અભ્યાસ માટે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ (સણોસરા)માં આવ્યો. નાનાભાઈ ભટ્ટના ઘર પાસે અમારું છાત્રાલય હતું. તેમના ઘરમાં કોઈ મોટેથી વાત કરતું હોય તો અમે સાંભળી શકીએ એટલા નજીક. અમારી બારીથી ૬-૭ ફૂટ દૂર સવારે તડકામાં નાનાભાઈ ખુરશીમાં બેસે. ઘરમાંથી તેમને ખુરશીમાં લાવે—લઈ જાય. તેમના સાથળનું હાડકું ભાગ્યું હતું તેથી તેઓ ચાલી શકતા નહીં.

નાનાભાઈના મૃત્યુ પહેલાંનો લગભગ ત્રીજો મહિનો (ઓક્ટોબર ૧૯૬૧). વિદ્યાર્થીઓ સાથે પ્રાર્થનામાં બેસવાનો નાનાભાઈ સતત આગ્રહ

રાખતા હતા. ડોક્ટર અને કુટુંબીજનો ના પાડતાં હતાં. એક દિવસ સૌ સંમત થયાં. તેમના ઘર પાસેનાં છાત્રાલયના આંગણામાં નાનાભાઈને ઊચકીને લાવ્યા. પ્રાર્થના શરૂ થઈ. થોડી વાર પછી મેં આંખ ખોલીઃ નાનાભાઈની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. થોડી વારે નાનાભાઈ સ્વસ્થ થયા. પ્રાર્થના પછી બોલવાની તેમની ઇચ્છા હતી. શબ્દો છૂટા છૂટા પણ મક્કમ હતાઃ “તમને સૌને મળવાની બહુ ઇચ્છા હતી. મને ઊચકીને લાવ્યા ત્યારે હું અહીં આવી શક્યો, એવી મારી તબિયત છે. પણ ઊચકાવાનું મને ગમતું નથી. હું મદ્રાસ ગયો હતો. ત્યાંથી સ્ટીમર પકડવા માટે હાથરિક્ષામાં બેસું તો જ પહોંચાય તેમ હતું. મેં ના પાડી. માણસ ખેંચે અને હું તેમાં બેસું તે મને ન શોભે. એ સ્ટીમર મેં જતી કરી. તમે તો યુવાન છો. આદર્શોમાં બાંધછોડ ન કરતા.” વળી તેમની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. અવાજ તૂટવા લાગ્યો, “પરિસ્થિતિ તો પ્રતિકૂળ હોય, પણ આપણાપણું કેમ છોડી શકીએ?” મેં પ્રત્યક્ષપણે સાંભળેલા તેમના આ છેલ્લા શબ્દો હતા.

૩૧ ડિસેમ્બર, ૧૯૬૧, સવારના લગભગ ૧૦-૧૫. નાનાભાઈનું અવસાન થયું. અગ્નિદાહ થયો સાંજે ૫-૩૦ વાગ્યે. મનુભાઈ પંચોળી થોડી થોડી વારે આંખ લૂછતા હતા. તેમનું નાક અને આંખ લાલ થતાં જતાં હતાં. અંતિમ દર્શન વખતે નાનાભાઈનાં ચરણોમાં ફૂલ અર્પણ કરતી વખતે મનુભાઈ મોટેથી રડી પડ્યા.

સાંજે સ્મશાનેથી આવી, નાહી, જમી, પ્રાર્થના પહેલાં અમે ફરવા નીકળ્યા. મૂળશંકરભાઈના ઘરની બારી પાસે બે-ત્રણ વિદ્યાર્થીઓ ઊભા હતા. અંદર ઓરડામાં મૂળશંકરભાઈ સિતાર વગાડતા હતા. (તેઓ સંગીત વિશારદ હતા, પણ તેમણે ઘણા વખતે સિતાર વગાડી હતી.) લગભગ ૨૦-૨૫ મિનિટ હું ત્યાં ઊભો રહ્યો. શાસ્ત્રીય રાગની મને કશી ગતાગમ નહોતી. એ સૂરો એટલો અનુભવ કરાવતા હતા કે સિતાર વાટે કોઈક રડી રહ્યું છે.

૧૯૭૬નો પ્રસંગ. બુચભાઈનાં પત્ની પુષ્પાબહેનનું હૃદયરોગથી અવસાન થયું. (લોકભારતી પરિવાર તેમને માસીને નામે ઓળખતો.)

બપોરે અઢી વાગ્યે એટેક આવ્યો. બુચભાઈ ત્યારે વર્ગમાં હતા. વિગત જાણી ઘરે આવ્યા. થોડી ક્ષણો સ્તબ્ધ શા ઊભા રહ્યા. પછી બેસી ગયા. આંસુ એક વાર પાંપણની ધાર ઓળંગી ગયાં. પછી આખો પ્રસંગ જાણે બીજા કોઈનો હોય તેટલી સાહજિકતાથી બધું જોતા-સાંભળતા રહ્યા. ૭૦ વર્ષની વય, હવે પછીનું એકાકી જીવન—કશુંય તેમની સ્વસ્થતાને ડગાવી શકતું ન હતું.

ભાવનગરમાં મૂળશંકરભાઈને માસીના સમાચાર મોડા મળ્યા. તેઓ લોકભારતી પહોંચ્યા ત્યારે અગ્નિદાહ થઈ ગયો હતો. મૂળશંકરભાઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. મૂળશંકરભાઈને લોકભારતીનો પરિવાર ‘ભાઈ’ એવા આત્મીય સંબોધનથી ઓળખતો. ત્રીજા (અંતિમ) વર્ષમાં ભાઈ અમારા ગૃહપતિ હતા. રાત્રે હાજરી પછી કાંતણ હોય. થોડા દિવસ સરખું ચાલ્યું. પછી વિદ્યાર્થીઓની હાજરી પાતળી થતી ગઈ. ભાઈ કાંતતા હોય. ચારપાંચ દિવસ ગયા. ન ઠપકો, ન ઉપદેશ. એક દિવસ વાત શરૂ કરી, હરિવલ્લભ ભાયાણીની ‘શબ્દકથા’ની. બીજા દિવસે દિલખુશભાઈ દીવાનજીની, ક્યારેક ગાંધીજીની, તો ક્યારેક નાનાભાઈ ભટ્ટની. ‘માનવીની ભવાઈ’ની વાત આવે, તેમ દાંપત્યજીવનની વાત પણ છણે. એમાંથી પ્રશ્નો જાગ્યા. એનું ફલક વિસ્તર્યું. એક વિદ્યાર્થીએ બીજાને કહ્યું, બીજાએ ત્રીજાને. કાંતણમાં સંખ્યા વધવા લાગી.

વિદ્યાર્થીમંડળની ચૂંટણી હતી. અમે છેલ્લા વર્ષમાં. મેં મહામંત્રી તરીકે ઉમેદવારી નોંધાવેલી. પ્રતિપક્ષી પણ અમારા વર્ષના જ. બધાં છાત્રાલયો બે જૂથમાં વહેંચાઈ ગયાં. ઉમેદવારો કરતાં ટેકેદારોનો ઉત્સાહ વધુ હતો. તેમાંથી કટ્ટરતા જન્મી. શૈક્ષણિક મૂલ્યો છૂટી ગયાં. ભાઈ મુખ્ય ગૃહપતિ તરીકે વિદ્યાર્થીમંડળના પ્રમુખ પણ હતા. ચૂંટણીનાં તંદુરસ્ત ધોરણો વિશે તેમણે પ્રાર્થના—પ્રવચન આપ્યું. બાજી સુધારવા અમને એક દિવસની મહેતલ આપી. પણ અમારી આંખે હરીફાઈનાં પડળ ચડ્યાં હતાં. અમે પાછા ન વળ્યા. બીજો દિવસ. સાંજે હાજરી પછી ભાઈ બોલ્યા, “મને લાગે છે કે તમારે હવે ગૃહપતિની જરૂર નથી. તમે પૂરતા તૈયાર થઈ ગયા છો. હવેથી તમારા કોઈ ગૃહપતિ નહીં

હોય. તમારી મેળે છાત્રાલય ચલાવજો. હું આવતી કાલથી બાલવાડીનો ગૃહપતિ થઈશ.” સોપો પડી ગયો. પોતાને ઘેર ગયા. અમારી વચ્ચે વલોણું ચાલ્યું. મોડી રાત સુધી સાથે બેસી શિંગ-ગોળ ખાતાં ખાતાં અમારામાંથી બિનપક્ષીય ગંગારામ સર્વાનુમતે મહામંત્રી તરીકે પસંદ થયા.

મનુભાઈ અમને અંતિમ વર્ષમાં ‘યુરોપનો ઇતિહાસ’ ભણાવે. તેમને વારંવાર બહારગામ જવાનું થાય. સમયપત્રક આરામ કરે. આવીને રાત્રે પોતાને ઘેર કે વહેલી સવારે સોનમહોર નીચે વર્ગો લે. જઈએ ત્યારે કોઈ દળદાર અંગ્રેજી પુસ્તક વંચાતું હોય. એક વાર પૂછી બેઠાઃ “તમે તો ઇતિહાસના અભ્યાસી છો. આટલાં વર્ષોથી ભણાવો છો, તોય તમારે વર્ગ પહેલાં વાંચવું પડે?” તેમણે તેમની વેધક આંખો અમારા પર માંડી. કહે, “એક પાનુંય વાંચ્યા વિના પાંચ વર્ષ ભણાવી શકું એટલું મેં વાંચ્યું છે. યાદ પણ સારું રહે છે. પણ મારો નિયમ છે કે દર વર્ષે નવું પુસ્તક વાંચવું.” સહેજ અટક્યા. “અધ્યયન કાયમ તેજસ્વી રહેવું જોઈએ.” પછી વર્ગ શરૂ થયો. રાત્રે આઠ વાગ્યે શરૂ થયેલો વર્ગ સવા દસે પૂરો થયો.

મનુભાઈ ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને ‘રાજનીતિના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ’ ભણાવતા. વર્ગો પૂરા નહીં લઈ શકેલા. તેથી સઘન અભ્યાસ માટે વિદ્યાર્થીઓને માતૃધારા સંસ્થામાં બોલાવ્યા. મકાનો હજુ ચણાતાં હતાં. એક જ મકાનમાં દીવાલો ઉપરાંત ધાબું હતું. બારીબારણાં બાકી હતાં. તેમાં જ નિવાસ, વર્ગખંડ અને વરસાદ વખતે ભોજનખંડ. તેના એક ખૂણામાં મનુભાઈનો પલંગ. બાકી અમે સૌ લાદી વગરના ભોંયતળિયે, દરરોજ રાત્રે રેતીની વધઘટ કરીને સૂઈએ.

મનુભાઈ દરરોજ ત્રણ તબક્કે વર્ગો લે. શિશુને જોઈને માતાની છાતીમાં પાનો ચડે, તેમ વર્ગમાં મનુભાઈમાં વિચારો ઊભરાય. સમય ઓછો પડે. પ્લેટો, મેકિયાવેલી, રુસો, મિલ, હેગલ કે માર્ક્સને પહેલા સ્થાપે, પછી નિર્મમ રીતે મૂલવણી કરે. સાર ગ્રહે, ફોતરાં ઉડાડી મૂકે. વિચારના વિકાસક્રમ સાચવીને વર્તમાન પ્રશ્નો દ્વારા વિશ્લેષણને જીવંત બનાવે. અવતરણો અને ઉદાહરણો અનાયાસ વણાય. ગાંભીર્ય, હળવાશ,

પુણ્યપ્રકોપ, ચિંતનની સહોપસ્થિતિ રચાય.

વર્ગો સિવાયના સમયમાં ક્યારેક પૂર્વતૈયારીરૂપે વાંચે. ક્યારેક રસોઇયા બહેનને ભાખરીનો લોટ કેમ બાંધવો તે બતાવે. રેતી ચળાતી હોય તો તેનાં તગારાં ઉપડાવે. ઈંટો ફેરવવાની લાઇનમાં જોડાય. એક દિવસ તાવ હતો. વિદ્યાર્થીઓની ‘ના’ ગણકાર્યા વિના વર્ગો લીધા, ઈંટોની લાઇનમાં પણ જોડાયા. તેમને લાઇનમાંથી બહાર કાઢવા અંતે વિદ્યાર્થીઓ આરામ કરવાને બહાને બેસી ગયા.

ભોજનમાં એક દિવસ લાપસી કરવાનું ઠર્યું. વધુ ખર્ચ ન પોસાય તેથી તેલ વાપરવાનું હતું. તેમને ખબર પડી. આગ્રહ કરીને ઘી મંગાવ્યું. ઘીનું ખર્ચ સંસ્થામાં નખાવ્યું. કહે, “આ ઉંમરે છોકરાં ઘી નહીં ખાય તો શું મારી ઉંમરે ખાશે?”

એક રાતે ‘ઝેર તો પીધાં’ના ત્રીજા ભાગનાં અપ્રગટ છેલ્લાં બે પ્રકરણ વાંચ્યાં. બીજી રાતે એન્ડરસનની વાર્તા કહી. ત્રીજી રાતે પત્તે રમ્યા. ચોથી રાતે ગામના ચોકમાં વાર્તા કહી. ક્યારેક બેલ વગાડનાર ઊંઘતો રહે તો સવારે બેલ પણ વગાડે ને જગાડે!

આ બધાંની સાથે પત્ર કે લેખ લખવા, સંસ્થાની વિગતો કાળજીપૂર્વક સાંભળવી, અનુભવ આધારિત સૂચનો કરવાં—બધું ચાલુ હોય.

[‘અખંડ આનંદ’ માસિક: ૨૦૦૫]

## અહોભાવની મર્યાદા

“કોઈ એક ક્ષેત્રની વિશેષતા કે સિદ્ધિ એ મનુષ્યનું સમગ્ર શીલ નથી.” મહાન જીવનમર્મજ્ઞ સોક્રેટિસે આ વિચાર વિશદતાથી સમજાવ્યો છે.

કોઈ વ્યક્તિ દયાવાન હોય, પરંતુ તેની દયા વેવલી પણ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ નિર્ભય હોય, યુદ્ધમાં પાછું પગલું ન ભરે, પરંતુ તેની નિર્ભયતામાં ક્રૂરતા પણ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ ઉત્તમ ગાયક હોય, તેના કંઠનું અસાધારણ માધુર્ય આપણને ડોલાવી દે. એથી કરીને

તેને સંપૂર્ણ માનવાની ભૂલ ન કરવી જોઈએ. તેવું જ રમતવીરોનું ગણાય. રમતમાં તે શ્રેષ્ઠ પ્રદર્શન કરે એટલે મનુષ્ય તરીકે તે શ્રેષ્ઠ જ હોય તેવી અપેક્ષા નહિ રાખી શકાય. હોય પણ ખરો, ન પણ હોય.

આ ભ્રમ પ્રજાને સૌથી વધુ ધાર્મિક ક્ષેત્રમાં નુકસાન કરે છે. ધર્મક્ષેત્રની વ્યક્તિઓ અસરકારક વ્યાખ્યાન કરી શકતી હોય, સરસ સંગઠન કરી શકતી હોય, લાંબા ઉપવાસ કરી શકતી હોય, સ્થૂળ વસ્તુઓનો ત્યાગ કરી શકતી હોય, છતાં તેની ચિત્તશુદ્ધિ થઈ ન હોય તેવું શક્ય છે. ધર્મક્ષેત્રની વ્યક્તિની સત્તાલાલસા, ધનલાલસા, પ્રતિષ્ઠાલાલસા કે અહંકારજન્ય અનુદારતા અખંડ હોય તેવું શક્ય છે.

ઉપરાંત વિશિષ્ટ લાક્ષણિકતાઓને કારણે પ્રજાનું ધ્યાન ખેંચી શકનારી વ્યક્તિઓનું એક કર્તવ્ય એ પણ છે કે તેઓ ખોટાં ધોરણો સ્થપાય તેમાં સાથ નહિ આપે. અમુક લાખ રૂપિયા મળે માટે અભિનેતા કે રમતવીર સિગારેટ, દારૂ કે તમાકુનો પ્રચાર ન કરી શકે. પ્રજા તેમને ગુણવિશેષને કારણે ચાહે છે, તેનો આવો દુરુપયોગ ન કરી શકાય. આનો સંયમ અને વિવેક કેવો હોય તેનું દૃષ્ટાંત આપણી વચ્ચે જ છે. હમણાં જગપ્રસિદ્ધ જાદુગર કે. લાલે કહ્યું કે ગુટખા વેચનાર એક કંપનીનો માણસ તેમને મળવા આવ્યો. હાથમાં ગુટખાની પડીકી રાખીને કે. લાલે એટલું જ બોલવાનું હતું કે “વાહ, મજા આ ગયા!” બાકી બધું એ લોકો ગોઠવી લેશે. આ વાક્યના અને ફોટો મૂકવા દેવાના અગિયાર લાખ રૂપિયા મળશે! કે. લાલે સાભાર ના પાડી. વળી બપોરે ફરી મળવા આવ્યા અને કહ્યું: “અમે એકવીસ લાખ આપીશું. આપ હા પાડો.” એમણે કહ્યું: “હું મારા દેશની ઊગતી પેઢીને ખોટો સંદેશો આપવા માગતો નથી.” તેઓ ગયા. વળી સાંજે ફરી આવ્યા. કહે કે: “એકાવન લાખ રૂપિયા આપીશું, પણ તમે સંમતિ આપો.” કે. લાલે કહ્યું: “એકાવન લાખ આપો કે કરોડો આપો, પણ હું સંમતિ નહિ આપું. મારે મારા દેશની ઊછરતી પેઢીને ઝેર નથી ખવડાવવું. મારા ખેલમાં સૌથી વધુ બાળકો અને કિશોરો હોય છે. તેઓ મારા જાદુના ખેલથી પ્રભાવિત થતા હોય છે. હું જાહેરાતમાં દેખાઉં તો તેનાથી પણ

પ્રભાવિત થાય. મારે એ નથી કરવું.”

['કોડિયુ' માસિક: ૨૦૦૬]

# મનસુખલાલ ઝવેરી

## ખુદવફાઈ

'ખુદવફાઈ', એ સૌને માટે સરવાળે સાચું બળ છે—કવિ માટે તો ખાસ. દંભ, દેખાવ, ગતાનુગતિકતા, પોતાનાં પગલાં ભૂંસી નાખવાની ચાલાકી કે પ્રજા પાસે પોતાની અમુક જ પ્રતિમા ઊભી કરવા-કરાવવાની કુનેહ—કવિતામાં આમાંનું કશું પણ ચાલતું નથી. કવિતા-કલા જ એક એવી વસ્તુ છે જે ટકે છે, ટકી શકે છે, કેવળ આંતર સત્ત્વથી. આંતર સત્ત્વ ન હોય તો વય, લિંગ, નીતિ, જાત, ધર્મ, સંપ્રદાય, મિત્રો ને પ્રશંસકો—કોઈ તેને ટકાવી શકતું નથી. રાજકારણમાં કે જીવનવ્યવહારમાં એકનું એક જૂઠાણું સો વાર ફેલાવવામાં આવે તો સત્ય તરીકે સ્વીકારાઈ જતું હશે કદાચ; ને કાપુરુષો વીર તરીકે, વીર કાપુરુષ તરીકે પંકાતા કે વગોવાતા હશે. પણ કવિતા અને કલામાં નથી પક્ષનું ચાલતું, નથી પ્રચારકાર્યનું ચાલતું. સમકાલીનો જેને માથે મૂકીને નાચ્યા હોય તેવી કૃતિઓને અનુગામી પેઢીઓએ મહત્ત્વની ન ગણી હોય, ને સમકાલીનોએ જેને ઉવેખી કે વખોડી હોય તેવી કૃતિઓને અનુગામી પેઢીઓએ સંમાની હોય, તેવાં ઉદાહરણો આપણા જ નહિ, આખા જગતના સાહિત્યના ઇતિહાસમાં વિરલ નથી.

—

*મારું ન કશું તોયે, મને આ સૃષ્ટિ લાગતી*
*આખી મારી જ, માહરી.*

# દાંપત્યચિત્રોની તેજસ્વિતા

'સમરાંગણ' અને '[રા'] ગંગાજળિયો' વાંચી ગયો. મને એ બંને પુસ્તકો બહુ જ ગમ્યાં. એ બેમાં વધારે કયું ગમ્યું એ કહેવું, અલબત્ત, અઘરું છે. કેવળ નવલકથાની જ—વસ્તુગુંફનની જ—દૃષ્ટિએ જોઈએ તો 'સમરાંગણ' અવશ્ય ચડી જાય, પણ આલેખનની દૃષ્ટિએ તમારી કલ્પના 'ગંગાજળિયા'માં ખરેખર ચગી છે. તેમાં તમે જે પ્રસંગો અને જે પાત્રો ખડાં કરી રહ્યાં છો [તે] તમારા સમગ્ર સર્જનમાં પણ અનન્ય લાગે છે.

છલકાઈ જતા અને ગંભીર, બંને પ્રકારના પ્રેમને તમે આલેખ્યો છે. તમારાં દાંપત્યચિત્રોમાં, ૨. વ. દે.માં દેખાય છે તેવી, મીઠાશભરી માનવતા છે અને સાથે સાથે, મુનશીમાં દેખાય છે તેવી, સ્વમાનનિષ્ઠ તેજસ્વિતા પણ છે. ઉપરાંત, રમણલાલનાં ચિત્રોમાં દેખાય છે તેવું વ્યકિતત્વ-વિલોપન કે મુનશીનાં ચિત્રોમાં મળી આવે છે તેવું વ્યકિતત્વ-સંઘર્ષણ તમારાં ચિત્રોમાં અતિશયતાએ પહોંચેલું નથી દેખાતું. મુનશી માનવતી પ્રિયતમાઓ સર્જી શકે છે; તમે માનભરી માતાઓ સર્જી રહ્યા છો. 'ગંગાજળિયા'ની કુંતા દે, કે આપા ભૂંથાની ચારણિયાણી કે 'સમરાંગણ'ની વજીર-પત્ની: આ બધીમાં મને તો માતાનો આત્મા દેખાય છે. નારીહૃદયનું સ્વપ્ન પ્રેયસી કે માનિની બનવાનું હશે, પણ તેની કૃતાર્થતા તો માતૃત્વમાં જ રહેલી છે.

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાં: ૧૯૪૦]

# શિખરું ઊંચાં

*શિખરું ઊંચાં ને મારગ આકરા,*
*નહિ કોઈ સાથ કે સંગાથ.*
*નહિ ત્યાં કેડી કે નહિ વાટ,*

*ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં.*
*શિખરું ઊંચાં ને મારગ આકરા.*

*લિયે એ મારગ નર કોઈ બંકડા,*
*છોડી આળ ને પંપાળ,*
*રાખી રામૈયો રખવાળ.*
*કાચી રે છાતીનાં બેસે તાકતાં.*
*શિખરું ઊંચાં ને મારગ આકરા.*

*ચડે એ ઊંચે, જે માંહે ડૂબતાં,*
*જેને આતમનો સંગાથ,*
*એનો ઝાલે હરિવર હાથ.*
*પંડને ખુએ તે પ્રીતમ પામતાં.*
*શિખરું ઊંચાં ને મારગ આકરા.*

# ખદબદતી મુત્સદ્દીગીરી

યુનિવર્સિટીની મુત્સદ્દીગીરી વિશે જેમ જેમ સાંભળું છું તેમ તેમ મારા ક્રોધનો ને ખેદનો પાર નથી રહેતો. યુનિ.નું જ શા માટે? આપણા ગુજરાતી સમાજના અંગેઅંગમાં એ મુત્સદ્દીગીરી ખદબદી રહી છે. ખુશામત અને ખટપટ તો જાણે આપણો સ્વભાવ જ બની ગયાં છે. કોઈને મહેનત કરવી નથી. નક્કર અભ્યાસ કે સંગીન સાહિત્યસેવા કરીને કોઈને યશપ્રાપ્તિનો સાચો પણ લાંબો અને ધીરજ ખૂટે તેવો માર્ગ લેવો નથી. લેખકોની સાથે પરિચય રાખીને જ પોતે પણ લેખક ગણાઈ જાય તેવો લોભ સહુ રાખીને ફર્યા કરે, પરસ્પર પંપાળીને સહુ પોતપોતાના મનમાં મોટા બનીને ફુલાયા કરે અને નાના નાના વાડાઓ રચીને ‘અહો રૂપં, અહો ધ્વનિ:’ કર્યા કરે!

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાં: ૧૯૩૯]

## મનહર તળપદા

# એકલદોકલ કેડીએ...

*એકલદોકલ કેડીએ કો તડકાઓના ધણની*
*સાથે ઝાંઝરમાં રણઝણતું રાજસ્થાન,*
*ખંડિયેરનું ભૂત બનીને કોતરમાંનાં ખાંડાંમાં ખણખણતું રાજસ્થાન.*

# મનુ પંડિત

## એવા ગુરુજનો

આપણને આપણા કરતાં પણ વધારે ઓળખી શકનારા ગુરુજનો કોઈ વાર મળી આવે છે. તેઓ આપણને આંતરબાહ્ય રીતે જાણીને આપણા પર પ્રેમ કરે છે. આવા ગુરુજનો મળે પછી પોતાની જાત એમને ચરણે ધરી દેવી રહે. એવા મને મળ્યા જુગતરામ દવે, મુનિ સંતબાલજી અને આશાદેવી તથા આર્યનાયકમજી.

['જીવનસ્મૃતિ' માસિક : ૨૦૦૬]

# મનુ સુબેદાર

## "એટલે અધૂરું મૂકી શકતો નથી!"

અમૃતલાલ પઢિયારની હનુમાન ગલીની ઓરડીમાં સ્વામી અખંડાનંદજીનો મારી સાથે પ્રથમ મેળાપ ૧૯૦૬માં થયેલો. લોકોના હિત માટે ધાર્મિક પુસ્તકો સસ્તાં કેમ મળે તેની યોજનાઓ તેઓ વિચારતા હતા, તેમાં મને તેમણે ભેળવ્યો.

૧૯૩૩માં અમદાવાદના મિલમાલિક અને મજૂરો વચ્ચેના ઝઘડામાં મજૂરો તરફથી ગાંધીજી પંચમાં નિમાયા હતા. પણ તેમની તબિયત સારી ન હોવાથી તેઓ બેંગ્લોરમાં હતા. માલિકોનો તકાદો જલદી ચુકાદો મેળવવાનો હોવાથી પંચમાં ગાંધીજીને બદલે કોઈ બીજાને નીમવાની તેમણે માગણી કરી, એટલે ગાંધીજીએ મને તે જગ્યા ઉપર મૂક્યો ને મારે અમદાવાદ જવું પડ્યું. ત્યારે હું સ્વામીજીને મળવા ગયો. 'મુસ્લિમ મહાત્માઓ' પુસ્તક સ્વામીજીને અત્યંત પસંદ હતું અને ત્યારે તેમાંથી તેઓ હંમેશ થોડું વાંચતા. તેમાં એક ઓલિયા સંતે એમ કહ્યું છે કે, જ્યાં તારી પ્રતિષ્ઠા હતી ત્યાં જ તારું અપમાન થાય એવી રીતે વર્તવાથી ઈશ્વરને મળવાનો રસ્તો સુલભ થઈ જશે. પોતાના જીવનમાં થયેલી એક મોટી ભૂલ અને તેનાં પરિણામો તે વખતે સ્વામીજીએ મને કહી દેખાડ્યાં. જનસમાજમાં પ્રતિષ્ઠાની ઇચ્છા, એ યોગીઓના માર્ગમાં સૌથી છેલ્લી આડખીલી ગણાય છે અને સાધકદશામાં થયેલી ભૂલો જગત પાસે ખુલ્લી મૂકવામાં અજબ બળ મળતું લાગે છે. 'મો સમ કૌન કુટિલ ખલ કામી?' એ સુરદાસનું ભજન સ્વામીજીનું અત્યંત માનીતું હતું.

ત્યાર પછીનો પ્રસંગ સ્વામીજી ઉપર રાજદ્રોહના ખટલા સંબંધી મારી સલાહ લેવાનો આવ્યો. તે અંગે મુંબઈ સરકારના ગૃહખાતાના સેક્રેટરીને હું મળી આવ્યો. મેં તેમને કહ્યું કે જે સંસ્થા પાંત્રીસ વરસથી ચાલે છે ને રાજકારણથી અળગી રહી છે, તેને હાથે જાણીને તો

આવી વાત બને નહીં. બહાર પડેલું પુસ્તક ઉશ્કેરણી કરનારું હતું એમાં શક નથી. મૂળ હિંદી પુસ્તક ૧૯૨૧માં છપાયેલું તેનું ભાષાંતર તૈયાર પડ્યું હશે એટલે વાપરી નાખ્યું હશે. મેં જણાવ્યું કે ગુજરાતમાં ગાંધીજીની પછી દરેક ઘરમાં જેનું નામ જાણીતું છે એવા આ ભિક્ષુ અખંડાનંદ છે, અને તેમનો બચાવ કરવામાં અમારા જેવા ખર્ચ કરવામાં પાછું વાળીને જોશે નહીં. એક સદીમાં ન બની હોય તેવી મોટી બીના આ થઈ જશે, માટે કેસ પાછો ખેંચી લેવો. પબ્લિક પ્રોસીક્યૂટરે તો, સ્વામીજી તરફના માનને લીધે, “આ કેસ હું નહીં ચલાવી શકું” એવું લખ્યું હતું જ. આ બધી વાત સાંભળીને હોમ સેક્રેટરીએ કેસ પાછો ખેંચી લેવાનો હુકમ કર્યો.

આગળ જતાં સ્વામીજીએ સંસ્થા આટોપી લેવાનો નિર્ણય કર્યો. તેમના અવસાન પછી કાંઈ બાકી રહી ગયું હોય તો ટ્રસ્ટીઓ તે કામ પૂરું કરે, તેવી સૂચના સાથે એમણે વિલ બનાવ્યું. મને પણ ટ્રસ્ટી થવાનું કહ્યું. મેં હા તો પાડી, પણ સારું કામ તોડી પાડવામાં મને કેમ જોડો છો, એવું પૂછ્યું. ત્યારે તેમણે યોગ્ય માણસો માટે કરેલી શોધના નિરાશાજનક પરિણામની વાત કરી. પણ પછી સંસ્થા બંધ કરવી કે ચાલુ રાખવી તેનો નિર્ણય તેમણે ટ્રસ્ટીઓ પર છોડી દીધો.

આખર જતાં સ્વામીજી ત્રણત્રણ દરદોથી પીડાતા હોવા છતાં રોજ નડિયાદથી અમદાવાદ રેલવેમાં આવતા અને પોતાના કાર્યને ચૂકતા નહીં. એક ગૃહસ્થ તેમને પિછાને, પણ વાતનો પ્રસંગ પડેલો નહીં. એક દિવસ તેના ડબ્બામાં સ્વામીજી આવી ચડ્યા, તો આ ભાઈ રાજી થયા કે આજે વાતો કરીશું. પણ સ્વામીજીએ તો આવતાંની સાથે પ્રૂફો અને પેનસિલ કાઢીને કામ શરૂ કરી દીધું, તે ગાડી અમદાવાદ ઊભી રહી ત્યારે પૂરું થયું. ત્યારે આ ભાઈએ પૂછ્યું કે, “સ્વામીજી, આપની તબિયત સારી નથી, આટલું કષ્ટ થાય છે, છતાં આટલો શ્રમ શા માટે લો છો?” સ્વામીજીએ જવાબ આપ્યો: “જો મારું કામ હોય તો છોડી દઉં, પણ ઈશ્વરનું કામ છે એટલે અધૂરું મૂકી શકતો નથી.” સ્વામીજીનું મનોબળ અગાધ હતું; કેટલાકને તેમાં હઠ કે દુરાગ્રહ જેવું

લાગતું. પણ મહાત્માઓની તો એવી જ ભાવના હોય છે કે પોતાની પાસે જે હોય તે બીજાઓને આપતા જવું.

સ્વામીજીએ મારા ઉપર લખેલા છેલ્લા (તા. ૧૦-૧૦-૪૧ના) પત્રમાંથી થોડો ઉતારો આપીને પૂરું કરું :

“દીપકને સળગતો રાખવા માટે તેલ-પાવરની જરૂર રહે છે, તેમ મનુષ્યને હૃદયમાં આધ્યાત્મિક જ્યોત સળગતી રાખવા માટે નિત્ય સ્વાધ્યાય બહુ જરૂરી છે. આ સેવક પણ જ્યારે ને જ્યાં સમય મળે ત્યાં ત્યાં સ્વાધ્યાય થઈ શકે તે માટે પુસ્તકો સાથે જ રાખે છે, જેથી નિરર્થક જતા સમયનો ઉપયોગ થઈ શકે.”

['ભિક્ષુ અખંડાનંદ' પુસ્તક: ૧૯૪૭]

# મનુભાઈ ત્રિવેદી

## આમ હવાની ફૂંક...

*આમ હવાની ફૂંક વાગે ને ધૂળને ફૂટે પાંખ,*
*આમ આઘેની ટેકરીના ગુલમોરની ખૂલે આંખ.*

## કદી આંખ ચૂવે...

*કદી આંખ ચૂવે અમસ્તી અમસ્તી,*
*કદી આંખ જુવો તો મસ્તી જ મસ્તી!*

## ન ફાવ્યું, તો...

*ન ફાવ્યું, તો ગયાં કરમાઈ પુષ્પો પાનખર આવ્યે;*
*ખરી શકતા નથી કંટક—એ દુખિયારાએ ક્યાં જાવું?*

# મનુભાઈ પંચોળી

## એક મનોહારી આત્મકથા

અમેરિકામાં છેક ૧૮૬૫ સુધી ગુલામીનું કલંક હતું. કાળા હબસી લોકો—થોડાઘણા નહિ, ૩૧ લાખ હબસીઓ—ગુલામ હતા. તેને ઢોરની જેમ રાખતા, ઢોરની જેમ ટીપતા, ઢોરની જેમ વેચતા—માને એક જણને ત્યાં વેચે, એના છોકરાંને બીજાને ત્યાં વેચે, પતિને ત્રીજાને ત્યાં. આ હબસી ગુલામોના ૯૦ ટકા અમેરિકાના દક્ષિણ ભાગમાં હતા. તેમનાં લોહી-પરસેવાથી મબલક કપાસ, ડાંગર, શેરડી પાકતાં.

આ કલંક સામે લડનારાં પણ હતાં. બે નામ તો એ કલંકકથા જાણનારાંને હોઠે ચડી ગયાં છે: વિલિયમ લોઈડ ગેરીસન અને ‘ટોમ કાકાની ઝૂંપડી’ની લેખિકા હેરિયટ બીચર સ્ટો. એ ચોપડીએ દેશપરદેશનાં હૈયાંને હચમચાવ્યાં. સારાં સારાં પુસ્તકોથી પણ મોટા ફેરફાર થાય છે, તેનો નમૂનો આ ‘અંકલ ટોમ્સ કેબિન’ છે. એ જમાનામાં તેની લાખો નકલો છપાઈ અને ઘણી બધી ભાષામાં તેના અનુવાદો થયા; તેના પરથી ગુલામી નાબૂદ કરવા માગનાર પાર વગરનાં નાટકો પણ ભજવાયાં.

લેખિકાને મળવા પ્રમુખ લિંકને નિમંત્રાણ આપેલ. તેને જોઈને કહે, “આટલી નાની સન્નારીએ આવડી મોટી લડાઈ સળગાવી!” ઉત્તર અને દક્ષિણ વચ્ચેનું તે અસાધારણ યુદ્ધ હતું. ગુલામી રાખવાવાળા અને ગુલામી નહિ રાખવાવાળા બંને ગોરા ભાઈઓ હતા, એક જ ‘બાઇબલ’ વાંચનારા ને એક જ રાજ્યમાં વસવાવાળા. એ લડાઈમાં પાંચ લાખ મૂઆ. બે ગોરાઓ એક ત્રીજા કાળા માટે આ કારમું યુદ્ધ લડયા.

પણ લિંકને ગુલામી-નાબૂદી માટેનું આ યુદ્ધ કર્યું તે પહેલાંય ૭૫-૧૦૦ વર્ષથી ગુલામી સામે લડનારા શૂરાઓ થયા હતા, તેય મોટા ભાગે ગોરા જ હતા. આવાં પુણ્યશ્લોક સ્ત્રી-પુરુષોમાંના એક લેવી કોફિને આ કામ ૩૦-૪૦ વર્ષ કર્યું. દક્ષિણમાંથી ગુલામોને નસાડી લાવે, કોઈ

જાતે નાસી આવ્યા હોય એ બધાને આશરો આપે, કપડાલત્તાં—ખોરાક આપે ને અમેરિકાની બહાર સેંકડો માઈલ દૂર જે બ્રિટનનું સંસ્થાન હતું, જ્યાં ગુલામી નહોતી, ત્યાં કેનેડા મોકલી આપે. આની લાંબી સાંકળને ઇતિહાસમાં ‘ભોંયભીતર ચાલતી રેલગાડી’ કહી છે. પણ વસ્તુતઃ એ છેક કેનેડા સુધીનાં થાણાં હતાં. ત્યાં બધાંને સંતાડી, સાચવી યોગ્ય સ્થળોએ પહોંચાડવામાં આવતાં.

આમાં કેવાં જોખમો, સાહસો હતાં, ઠંડા લોહીની કેવી તાકાત પ્રગટતી હતી, તેનું આત્મકથન લેવી કોફિને કર્યું છે, તેનું પુનઃ પુનઃ ધર્મગ્રંથની જેમ પારાયણ કરવા જેવું છે.

લેવી કોફિને ૨૦થી ૭૦ વર્ષની ઉંમર સુધી, અરધી સદી સુધી, વિકટ કામ કર્યું. તેના ઘરમાં ભોંયરાં હોય, પાછળ વાડામાં ઓરડીઓ હોય, ઉપરના માળે કાતરિયાં હોય, તેમાં ગુલામોને સંતાડી રાખે. કોઈક વાર દિવસો ને અઠવાડિયાં સુધી તેમને સાચવવાં પડે. લેવી કોફિન બધા સંજોગો માટે તૈયાર. એમની આત્મકથાનું કોઈ ગુજરાતી કરે તો યશદાયી કામ થાય.

## ઉન્નત મસ્તકે જીવવા

આપણા દેશમાં એકતાની ઘણી જરૂર છે, એમ અવારનવાર આપણે કહીએ છીએ. પણ ભાવાત્મક એકતા તો, પ્રજાએ ભૂતકાળમાં જે કામો કર્યાં અને તેમ કરતાં જે સુખદુઃખ વેઠ્યાં તેની કહાણી નવી પેઢી આત્મસાત્ કરે તો જ આવે. આ દૃષ્ટિએ હિન્દુસ્તાન અંગ્રેજોના આવ્યા પહેલાં ને સ્વરાજ પહેલાં જેટલો એક હતો તેટલો આજે નથી, ને ઝપાટાબંધ તે એકતા ઓછી થતી જાય છે. તેથી જ પંદર વર્ષ પછીનું હિન્દુસ્તાન આજના કરતાંયે વધારે મુશ્કેલ સ્થિતિમાં હશે, તેવું ભાસે છે. હિન્દુસ્તાનની આંતરિક સંસ્કારજન્ય એકતાનો આપણે ધીરે ધીરે નાશ જોઈ રહ્યા છીએ. અભણ જનતાને એક સાંસ્કારિક ઘટક

રાખનારાં પુરાણો કે કથાવાર્તાઓ ભૂંસાતાં જાય છે, ને ભણેલાઓને મિથ્યા અહંભાવ ને પોતાની ‘કેરિયર’, બે જ તાલીમ મુખ્યત્વે મળે છે. તેમાં મૂલ્યને તો કશું સ્થાન જ નથી. કાંઈક જૂની સંસ્કારિતાને લીધે અને કાંઈક પંડિતજી (નેહરુ) તથા તેમની પેઢીના આગેવાનોને લીધે આપણને બધું સમું ચાલતું લાગે છે. પણ જગતની ભીંસના સામે આવતા દાયકામાં જ્યારે એ પેઢી નહીં હોય, ત્યારે નવું લોહી કેટલું કરી શકશે તે શંકા છે. આવું વિચારવાનું બને છે ત્યારે હાથ પરનાં કામો, વ્યક્તિગત સુખદુઃખ સાવ વામણાં લાગે છે.

પણ દરેક સમાજને તેનાં કર્મો પ્રમાણે જ ફળ મળે છે. આપણે માટે તે કાયદો બદલાઈ જાય, તેમ કેમ ઇચ્છાય? આપણા સમાજનાં બધાં કર્મોનો સરવાળો—બાદબાકી થઈને જે કાંઈ આપણા ખોળામાં આવે તે સ્વીકારવું અને છતાં, જાગૃત બુદ્ધિથી થતાં સત્કર્મમાં જ સમૂહને ઉન્નત મસ્તકે જીવવાની ચાવી છે એવી શ્રદ્ધા રાખવી, તે જ કર્મયોગ છે.

## “તે ચૂકવીને આવીશ”

મારા પિતાજી ગુજરી ગયા, તે વખતે મારાં બાને મેં કહ્યું, “હવે તમે આંબલા આવો; અહીં એકલાં રહેવું નહીં ફાવે.”

બા કહે : “હજુ અહીં રહેવું પડે તેમ છે. તારા બાપુજી દાણાવાળાની દુકાનેથી જે કાંઈ લાવતા, તેમાં ૭૦-૮૦ રૂપિયા ચૂકવવાના બાકી છે; તે ચૂકવીને હું આવીશ.”

મેં કહ્યું, “એ કઈ મોટી વાત છે? હું સાંજે એની દુકાને જઈને રકમ ભરી આપીશ.”

મારી બા કહે, “એમ ન થાય, એ પૈસા તો મારે જ ભરવા જોઈએ; એ તો હું વેંત કરીશ.”

“તું મારા પૈસા ન લે?”

“લઉં જ ને! પણ આ પૈસા મરનારે ભર્યા હોત; હવે એ નથી,

એટલે હું ભરીશ.”

હું જાણતો હતો કે ઘરમાં કાંઈ નથી. મારા બાપુજીને ૨૦-૨૨ રૂપિયા પેન્શન મળતું. એમાં પોતાનું ચલાવતા ને દીકરીઓ-ભાણેજડાંને ટાણેટચકે સાચવતા.

મેં કહ્યું, “બા, તું ક્યાંથી ભરીશ? મરનારના વારસ તરીકે તેનું આ બધું દેણું હું ભરી આપીશ.”

બા બોલ્યાં, “તું વારસ, ને ભરે તે વાત સાચી. પણ આ તો હું જ ભરીશ. તું માથાઝીક ન કર.”

તે ન જ માન્યાં. ત્રાણ મહિને દેણું ભર્યું. કેવી રીતે કમાયાં હશે? દળણાં દળ્યાં હશે? બાંધણી બાંધી હશે? ભગવાન જાણે! પણ પોતાની જાતકમાણીથી દેણું ભર્યું; પછી જ આંબલા આવ્યાં.

## શિક્ષણનું ખરું કામ

*ભણાવવું એટલે શું?*
*ભણાવવું એટલે જ્ઞાન આપવું*
*અને સાથે મરદાનગી આપવી.*
*આજે શિક્ષણનું મુખ્ય કામ*
*અન્યાય સામે લડવાનું શીખવવાનું છે.*
*આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી,*
*એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી*
*સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને*
*અન્યાય-નિવારણ માટે લડત આપે.*
*શિક્ષણનું ખરું કામ આ છે:*
*ભણેલો માણસ શૂરવીર હોય.*
*સેવા પણ એને માટે જ છે:*
*સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ,*

*સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ.*
*શિક્ષણ, સાહિત્ય અને સેવાએ*
*જે કરવાનું છે તે આ છે.*
*શિક્ષણ ખાતર શિક્ષણ નહીં,*
*સાહિત્ય ખાતર સાહિત્ય નહીં,*
*સેવા ખાતર સેવા નહીં.*
*તે ત્રાણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ,*
*માણસ બેઠો થવો જોઈએ.*
*આવી તાકાત જો ન નીપજતી હોય,*
*તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.*

## ધનનું ધન

છેલ્લાં પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રોકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્‌ભુત શોધો માણસે કરી છે. પણ છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રાની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે, તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું ક્ષેત્રા વિસ્તરશે, ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

એટલે બાલશિક્ષણનું કામ એક ધાર્મિક કામ છે, ને બાલશિક્ષકો શાંતિ-સૈનિકો છે. આવું કામ કરનારા શિક્ષકો ભારે આદરને પાત્રા છે. કારણ કે સમાજના સ્વાસ્થ્ય ને સુખ માટે તેઓ પાયાનું કામ કરી રહ્યા છે.

આપણાં ધન, આબરૂ, સુખાશા એ બધાંને માટે આપણે વારે વારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઈએ છીએ. તેને બદલે જો આપણે બાલમંદિરો તરફ જોતા, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ, તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને. કારણ કે

ધનનું ધન આખરે તો આપણાં સુશીલ સંતાનો છે, અને તેમને સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

કેળવણીનું ધ્યેય આમ તો સનાતન છે : વિદ્યાર્થીને માણસ બનાવવો. રુસોએ સુયોગ્ય રીતે જ કહ્યું છે કે, “મારો વિદ્યાર્થી લશ્કરમાં, દેવળમાં કે ન્યાયાલયમાં જશે, તે મને બહુ સ્પર્શતું નથી; પહેલાં તે માણસ થશે.” આનો અર્થ સ્પષ્ટ છે કે જે સારો માણસ નથી તે સારો સિપાહી, સારો ધર્મગુરુ કે સારો ન્યાયાધીશ ન થઈ શકે.

પણ આખરે તો આ સારપ કોઈ ને કોઈ રીતે અમુક સમય કે સ્થળમાં મૂર્તિમંત થવાની હોય છે. કેળવણીના સિદ્ધાંતો સાચા હોય તોપણ તેને કાર્યરત તો યુગની માંગ પ્રમાણે જ કરાય. તેમ ન થાય તો ઉત્તમમાં ઉત્તમ વિચાર નિષ્પ્રાણ કે ભ્રામક કાર્યક્રમોમાં પડયો રહે. સનાતન સત્યે યુગધર્મમાં પરિવર્તિત થવું જ જોઈએ.

ગઈ સદીનાં કેટલાંયે દૃઢ મનોબળવાળાં, સહજ તપ કરવાવાળાં સ્ત્રી-પુરુષોનાં હૃદયસ્પર્શી શબ્દચિત્રો શ્રી મુકુન્દરાય પારાશર્યે આપ્યાં છે. એ વાંચતાં ઘણી વાર હું ગદ્‌ગદ્ થયો છું. પણ હરેક વાચને મને થયું છે કે, આવાં ધાર્મિક સ્ત્રી-પુરુષો હોવા છતાં આ દેશ ગુલામ કેમ બન્યો? અહીં અસ્પૃશ્યતા શા માટે? અહીં સતીનો રિવાજ, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, સ્ત્રીઓને તુચ્છ ગણવાનો ચીલો કેમ? શા માટે આ ધાર્મિક પુરુષો કે સ્ત્રીઓનું ધ્યાન એ બાજુ ન ગયું?

અને ગાંધીએ એ જ તપ અને ધર્મવૃત્તિનું આચરણ કર્યા છતાંયે, એ જ ગુલામી અને દૂષણો સામે શા કારણે બળવો કરતાં શીખવ્યું? તેનું સાદું કારણ ધર્મના સનાતન અને નૂતન યુગાનુકૂળ સ્વરૂપ વિશે તેમની સ્પષ્ટ સમજ હતી, તે લાગે છે.

# "પાઠ પાકો નથી થયો"

શાળાનો પહેલો દિવસ હતો. આચાર્ય નવા હતા, વિદ્યાર્થીઓ પણ નવા હતા.

આચાર્યે લખાવ્યું: "સત્યં વદામિ" અને કહ્યું, "બોલો: હું સત્ય બોલું છું." બધા વાંચવા માંડયા: "હું સત્ય બોલું છું: સત્યં વદામિ."

આચાર્યે કહ્યું: "કાલે પાઠ પાકો કરી લાવજો."

આચાર્ય હતા દ્રોણ: વિદ્યાર્થીઓ હતા કૌરવ-પાંડવો. બીજા દિવસે દ્રોણાચાર્યે પૂછ્યું, "પાઠ કરી લાવ્યા છો?"

બધા કહે, "હા."

આચાર્યે લખ્યું: "સત્યં વદામિ" અને કહ્યું, "વાંચો જોઈએ." બધા એક પછી એક વાંચવા લાગ્યા: "સત્યં વદામિ... હું સત્ય બોલું છું." અર્જુને વાંચ્યું, દુશાસને વાંચ્યું, વર્ગમાં ધ્યાન ન આપનાર ભીમ પણ કડકડાટ વાંચી ગયો! યુધિષ્ઠિરનો વારો આવ્યો. યુધિષ્ઠિરે હાથ જોડીને ગુરુને પ્રણામ કરી કહ્યું:

"ગુરુજી, મને હજુ પાઠ નથી આવડયો."

દ્રોણાચાર્યે કહ્યું, "ભલે, કાલે પાકો કરી લાવજો."

બીજા દિવસે પૂછ્યું, "કેમ, પાઠ પાકો કરી લાવ્યા છો ને?"

વળી યુધિષ્ઠિરે કહ્યું, "હજુ પાકો થયો નથી."

આચાર્યે વળી એક દિવસ વધારે આપ્યો. પણ યુધિષ્ઠિર તે દિવસે પણ પાકો ન કરી શક્યા. ચાર-પાંચ દિવસ ગયા, એટલે દ્રોણાચાર્યે એક દિવસ કહ્યું, "આમાં તે શું પાકું કરવાનું હતું કે હજુ પાઠ નથી આવડયો? આ જડબુદ્ધિ દુશાસન પણ હમણાં વાંચી ગયો કે 'સત્યં વદામિ,' ને તને હજુ ન આવડયું? કાલે પાકો કરી જ લાવજે!"

વર્ગમાં બધાને થયું કે યુધિષ્ઠિરને આટલુંય ન આવડે તો તે ઠપકાને લાયક જ હતા.

બીજે દિવસે દ્રોણાચાર્યે ફરી પૂછ્યું ત્યારે પણ યુધિષ્ઠિરનો જવાબ તો એ જ હતો: “હજુ પાઠ પાકો નથી થયો.”

“સાવ પોઠિયા જેવો લાગે છે! આમાં તે શું આવડવાનું હતું!” દ્રોણાચાર્યે સહેજ ખિજાઈને કહ્યું; વર્ગ હસી પડયો.

યુધિષ્ઠિર અચકાતાં અચકાતાં બોલ્યા: “ગુરુજી, આપ પાઠ પાકો કરી લાવવાનું કહો છો, ને હુંય ઘણી કોશિશ કરું છું. પણ હજુયે મારાથી કોઈ વાર ખોટું બોલાઈ જાય છે, ત્યાં સુધી કેમ કરીને કહું કે ‘હું સત્ય બોલું છું’ એ પાઠ પાકો થઈ ગયો છે?”

## “શીંગડાં માંડતાં શીખવશું!”

ગાંધી પાસેથી અમે સમજ્યા કે કેળવણીનું યુગાનુકૂળ સ્વરૂપ દેશના અજ્ઞબહુજનસમાજને માટે એમનામાંથી જ સુજ્ઞ નેતાગીરી પૂરી પાડનારું હોવું જોઈએ. ગાંધીને પ્રતાપે અમને એવી સમજણ હતી કે વિદ્યાર્થીઓ ગામડાંમાં રહેવા, ગામડાંને સુધારવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય, તે ગામડાંની કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ.

આ માટે અમારે અમારા શિક્ષણમાં નવો અભ્યાસક્રમ, નવી પદ્ધતિઓ, નવાં સાધનો, નવા શિક્ષકો તો ઊભાં કરવાનાં હતાં જ. પણ એનાં કરતાંયે વધારે મહત્ત્વનું કામ આ વિદ્યાર્થીઓમાં ગામડાં માટે પ્રેમ-ગૌરવ અને ગામડાંને ધોવાતાં અટકાવવા સારુ જરૂરી યુયુત્સાવૃત્તિ કેળવવાનાં હતાં.

ગામડાંના વિદ્યાર્થીઓ બધા અતિ સામાન્ય કુટુંબનાં બાળકો હતાં. પણ જે આવતા તે અમને વહાલસોયા લાગતા. તેમને અમે જાતે જ પીરસતા. તેમને કપડાં ધોતાં, વાળ ઓળતાં શીખવતા. તેમની જોડે વરસતા વરસાદમાં દોટ મૂકીને અમે ડુંગરામાં જતા. સાથે ધૂબકા મારતાં ટેકરા વળોટતા, ગાયો ચારતા, ગાયો દોહતા, હૂતૂતૂ-લંગડી તો રમતા જ, પછડાતા, પછાડતા.

વિદ્યાર્થીઓ વૅકેશનમાં ઘેર જાય ત્યારે અમે વિલાઈ જતા; દહાડા ન જતા. આવે ત્યારે ઝાંપે લેવા જતા. જરૂરીથી વધારેની જરૂર નહોતી અમને કોઈને. હું લગ્ન કરવા ગયો ત્યારે રેલભાડાના પૈસા ઉછીના લઈને ગયેલો. એવા મસ્તીના દિવસો હતા—“તે હિ નો દિવસા ગતા:!”

કોઈ વાર બાળકોના વાલીઓ પૂછતા: “મારા છોકરાને નોકરી મળશે?”

હું કહેતો: “મળે પણ ખરી, ન પણ મળે; પણ અમે નોકરી માટે ભણાવતા નથી.”

“તો પછી એ શું કામ ભણે? ખેતી તો અમારે ઘેર રહીનેય જોતાં જોતાં શીખી જાય.”

“ના, બાપા, નવી ખેતીની તમને પણ ખબર નથી. એ નવી ખેતી શીખશે. એ તમારે માથે નહીં પડે, પોતાનો રસ્તો કરી લેશે.”

“પણ તમે બીજું શું શીખવો છો? ખેતીનું તો ઠીક, મારા ભાઈ; અહીં ઢેફાં ભાંગ્યાં કે ઘેર, બધુંય સરખું છે.”

“જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું?” પછી તેવાની સામે આંખ નોંધી હું કહેતો: “—શીંગડાં માંડતાં શીખવીએ છીએ!”

અને પછી પેલા બકરાના બચ્ચાની વાત કહેતો કે એ બ્રહ્મા પાસે જઈને પોતાને કૂતરાં, નાર, માતાજી, બધાં ખાઈ જાય છે—તેમાંથી બચવું કેમ, તે અંગે કાકલૂદી કરવા લાગ્યું. અને પછી બ્રહ્માએ આપેલા જવાબથી તેના કાન ભરાઈ જાય તેમ કહેતો: “બાપા, બ્રહ્માએ એ બચ્ચાને કહ્યું, ‘હું તો તારો દાદો છું ને? એ છતાંય તારું આ કૂણું કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે તને એક બટકું ભરી લેવાનું! તો જરા શીંગડાં માંડતાં શીખ્ય. તને મેં શીંગડાં શા સારુ આપ્યાં છે?—બાપા, અમે આ શીંગડાં માંડતાં શીખવવાના છીએ.”

મને પરમ સંતોષ છે કે આ શીંગડાં માંડવાનું શીખવતા શિક્ષણને પ્રતાપે અમે ગામડાંના કેટલાય વગર પૈસાના વકીલો કેળવી શક્યા.

આ બધામાં શિરટોચ નીવડયા ભાઈ દુલેરાય માટલિયા. અમારું કામ

તેમને અપૂરતું લાગ્યું—અને એમ હતું જ—એટલે ઊપડ્યા માલપરા. ત્યાં જઈને ધૂણી ધખાવી. શાળા-બાલમંદિર હાથમાં લીધાં. ખાદીકામ કર્યું. રાત્રી-પ્રાર્થનામાં ગામની કેળવણી શરૂ કરી. આખા ગામને કેળવવાનો આવો પ્રયોગ કદાચ બબલભાઈ સિવાય કોઈએ નહીં કર્યો હોય. માલપરાને તેમણે સ્વચ્છતાના, નિર્ભયતાના, પ્રભુશ્રદ્ધાના પાઠ શીખવ્યા. બહેનોને બધાં કામમાં બહાર કાઢી. ગામડાંની સભામાં માલપરા જેટલી બહેનોની સંખ્યા ભાગ્યે જ મળે. માલપરા જેવી ચોખ્ખી શેરીઓ ભાગ્યે જ કોઈ ગામમાં જોઈ છે.

એવો પ્રશ્ન થાય કે એ માલપરામાં હવે તેવું જ છે ખરું? અને જો ન હોય તો આ બધી ઝંઝટ, દોડધામ, ઊથલપાથલનું મૂલ્ય શું?....એ જ દલીલને આગળ લંબાવીએ તો પૂછી શકાય કે ગાંધીથી શું થયું? ભાગલા પડ્યા, નિર્દયીઓએ લાખો નિર્દોષોની હત્યા કરી... અને આજેય દેશની આ દશા? ત્યાં માટલિયા કે અમારા જેવાં તરણાંનો શો હિસાબ? તો શું લોક-સંગ્રહનાં, લોક-કેળવણીનાં કામો છોડી દેવાં? મનુષ્ય શું ઉખર ભોંય જેવો છે? તેમાં કોઈ બી ઊગતાં જ નથી?

મને એવું લાગે છે કે સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે. તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કાર-વારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુ બહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે, અને તે બહુ જતનથી આપીએ તો જ રહે છે.

## પ્રજાની પોતાની વીમાયોજના

નાલંદા વિશ્વવિદ્યાલય એ બૌદ્ધકાળનું એક પ્રખ્યાત વિદ્યાધામ હતું. હિંદભરમાંથી તો ત્યાં વિદ્યાર્થીઓ આવતા જ, પણ અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ, ચીન અને જાપાનમાંથીયે વિદ્યાર્થીઓ આવતા. જાણીતા ચીની

પ્રવાસી શ્યેન-ચાંગ આ વિદ્યાધામમાં પાંચ વરસ સુધી રહેલા ને વિવિધ શાસ્ત્રોમાં વિશારદ થયેલા. તેના લખવા મુજબ નાલંદામાં તે વખતે ૮,૫૦૦ વિદ્યાર્થીઓ હતા ને ૧૫૦૦ અધ્યાપકો હતા; એટલે કે લગભગ છ વિદ્યાર્થીએ એક અધ્યાપક હતો. નાલંદાના વિવિધ અભ્યાસક્રમો, ત્યાંનું પુસ્તકાલય, ત્યાંનાં મકાનો ને ઉદ્યાનો વિશે એ પ્રવાસીએ જે લખ્યું છે તે ઘણું મોહક છે. પણ નાલંદાની મહત્તાનું મુખ્ય કારણ છે આ છ વિદ્યાર્થીએ એક અધ્યાપકનું પ્રમાણ.

નદિયા અથવા નવદ્વીપ આવું જ મોટું વિશ્વવિદ્યાલય હતું, ત્યાંના આ જાતના આંકડા નાલંદાને મળતા આવે છે. ૧૭૯૧ની સાલમાં નદિયામાં ૧૧૦૦ વિદ્યાર્થીઓ અને ૧૫૦ અધ્યાપકો હતા.

આજે આપણા શિક્ષણની એક બહુ મોટી ખામી એ છે કે એક એક શિક્ષકના હાથ નીચે ઘણા વધારે વિદ્યાર્થીઓ મૂકવામાં આવે છે. પ્રાથમિક શાળામાં તો એક એક વર્ગમાં ૬૦-૭૦ બાળકો હોય છે. એ શિક્ષકો પોતે જ કહે છે કે, અમે એમને ભણાવતા નથી, માત્રા સાચવીએ છીએ. કૉલેજના પહેલા-બીજા વર્ષમાં તો આથીયે વધારે સંખ્યા હોય છે.

શિક્ષકની પાસેથી આપણે શી અપેક્ષા રાખીએ છીએ? બાળકના સર્વાંગી વિકાસની, ચારિત્ર્યગઠનની. ભારેમાં ભારે જવાબદારી સોંપીને ઓછામાં ઓછી અનુકૂળતા આપવાની પ્રથા અત્યારે શિક્ષકના વ્યવસાયમાં છે. કોઈને દસ હજાર રૂપિયા આપીને કહીએ કે મિલ ઊભી કરો, તો એ ના પાડશે. પણ શિક્ષક? એ તો હવાપ્રકાશ વિનાના નાના ઓરડામાં ૬૦ જણને ભણાવી શકે, સાધનો વિના ચલાવી શકે. ને રંગપેટી કે વાદ્યોની તો વાત જ શી? છતાં એણે બાળકોનું ચારિત્ર્યગઠન કરવાનું! સાંબેલું વગાડી દેવાની આજ્ઞા કરતાંયે આ કપરી છે.

કોઈ કહેશે, શિક્ષક દીઠ એટલા થોડા વિદ્યાર્થીનું પ્રમાણ રાખીએ તો તો શિક્ષણ કેટલું મોંઘું થઈ જાય?

પણ જો નદી-બંધો કે નહેરો બાંધવાનું કામ મોંઘું હોય, બિયારણના સંશોધનનું કામ મોંઘું હોય, તો શિક્ષણનું કામ સોંઘું હોવું જોઈએ તેવી

અપેક્ષા કેમ રાખવામાં આવે છે? શિક્ષણ એ, પોતાનું ભાવિ ઉજ્જ્વળ રહે અને આજની પેઢીની વૃદ્ધાવસ્થા વખતે તેમનું સ્થાન લઈ સમાજને સુખી કરે એવી મૂડી મેળવવા ખાતર પ્રજાએ આરંભેલ વીમાયોજના છે.

નાલંદા વિહારને એના ખર્ચ માટે સેંકડો ગામો અપાયાં હતાં. નદિયા વિદ્યાલયનું સમગ્ર ખર્ચ નદિયાના મહારાજા આપતા. આજે રાજ્ય પ્રજાનું છે, એટલે પોતાનું ભાવિ ઉજ્જ્વળ કરવા માટે પ્રજાએ જ સારું એવું મૂડીરોકાણ કરવું પડશે.

## સારપ ને સમજણ અલગ છે

સ્વરાજ આવ્યું, લોકશાહી લાવ્યા; સમાનતા, સમાજવાદ, આયોજન, બિનસાંપ્રદાયિકતા જેવા કાંઈ કાંઈ મોટામસ શબ્દો ચલાવ્યા. પણ તેનો અર્થ પ્રજા સુધી કાંઈ પહોંચ્યો ખરો? ફુગાવો શા માટે છે? એ કેમ મટે? સાચી કેળવણી કઈ? બજેટમાં પોતાને માથે કેટલો બોજો પડે છે? એમાં કેટલો વાજબી કે ગેરવાજબી? તે બાબતમાં લોકો કાંઈ જાણે છે ખરા? મધ્યયુગમાં બ્રાહ્મણો યજમાન ન સમજે તેવા મંત્રોથી યજ્ઞો ચલાવતા, તેવાં જ અર્થહીન ભાષણો આપણા રાજકીય નેતાઓ આજે બહુ અંશે કરે છે. લોકો તે સમજતા નથી, ઝટ સમજે તેમ પણ નથી. અને અત્યારે તેમને સમજાવવાની ધીરજ નેતાઓમાં નથી. એ બધું તો ઘણું વહેલું થવું જોઈતું હતું.

લોકભારતી વિદ્યાપીઠમાં ખેતીના સ્નાતક થવા આવતા વિદ્યાર્થીઓને પ્લેટોથી માક્સ સુધીનું રાજનીતિશાસ્ત્રા શીખવાનું ફરજિયાત હોય છે. શરૂઆતમાં તેમાંના કેટલાક પૂછે છે કે, “અમારે આ રાજનીતિશાસ્ત્રા જાણીને શું કરવું છે? એને બદલે અમને ભૂમિ-રસાયણ, વનસ્પતિસંસ્કરણવિદ્યા વધારે શીખવો, તો તે ઉપયોગી પણ થાય.”

ત્યારે હું એમને સમજાવું છું કે અંગ્રેજો અહીં આવ્યા ત્યારે આ દેશની ખેતી વિલાયતના કરતાં સારી હતી, ગ્રામોદ્યોગો સારા હતા,

એટલે તો ધન મેળવવા અહીં આવેલા. તેઓ તો આપણાથી ગરીબ હતા જ. પણ સામાજિક, રાજકીય, વૈજ્ઞાનિક વિચારોમાં તે આપણા કરતાં આગળ વધી ગયા. આપણે નવું કાંઈ શીખ્યા નહીં. પરિણામે, આર્થિક રીતે આપણે આગળ હોવા છતાં સામાજિક, રાજકીય અને વૈજ્ઞાનિક પછાતપણાને લીધે આપણે હાર્યા. તેનું પુનરાવર્તન હવે ન થવા દેવું હોય તો ખેતી-વિજ્ઞાનની જોડે જ અસરકારક નાગરિકતા માટે જરૂરી અન્ય શાસ્ત્રો ખેતીના સ્નાતકે પણ ભણવાં પડશે.

લોકકેળવણી વિના આરો નથી. રચનાત્મક કામ પણ લોકકેળવણી વિનાનું, પરંપરાગત હોઈ શકે છે. આવું પરંપરાગત રચનાત્મક કાર્ય કાંતનાર કે વણનારના હાથમાં થોડા પૈસા મૂકીને સંતોષ માની લે છે. પણ તે વીસરી જાય છે કે કાંતણવણાટનો ઉદ્યોગ આ દેશમાં ઘેરઘેર હતો ને નિપુણતાથી ચાલતો હતો. તે મરી પરવાર્યો કારણ કે એ કાંતનાર, વણનાર કે તેને નભાવનારાઓમાં, અંગ્રેજોના આગમનથી જે નવી પરિસ્થિતિ ઊભી થઈ તેના સામાજિક, રાજકીય કે નૈતિક સંદર્ભોનો ખ્યાલ જ ન હતો. સારા માણસો તે વખતે પણ હતા જ. પરંતુ સારા અને સામાજિક રીતે સમજુ, બંને અલગ છે. સારા માણસો પણ સામાજિક રીતે અણસમજુ હોઈ શકે છે; તે વખતે હતા, આજે પણ છે. રાજ્ય-સંચાલનનાં, જ્ઞાતિનાં કે ધર્મનાં જૂનાં વિધિવિધાનો નવા વિચારોના સંદર્ભમાં ફેરવવાં જોઈએ, તે એમને સૂઝયું જ નહીં; પરિણામે હાર્યા.

## ઝંખના

શરદબાબુને ઘણીબધી સ્ત્રીઓનો પરિચય થયેલો, સારી મનાતી કે નબળી મનાતી. પણ તેમાંની કોઈ તેમની કથાઓ માંહેલી રાજલક્ષ્મી, ચંદ્રા, પાર્વતી હોય, તે વાત અસંભવિત છે. તેવું હોત તો સમાજ વહેલો જ નિર્મળ ને પ્રાણવાન બની ગયો હોત. એ સ્ત્રીઓમાં કાંઈક તણખો

અવશ્ય હશે જ; પણ શરદબાબુએ જે મહિમાપૂર્ણ નારીપાત્રો નખશિખ કંડાર્યાં, તે તો તેમની કલ્પના અને સ્ત્રીને પૂર્ણરૂપે જોવાની ઝંખનાને પરિણામે. શરદબાબુની વિરલતા મૂંગા અને સ્નેહસભર ત્યાગને સજીવ કરવામાં છે. ‘પરિણીતા’ની લલિતાથી માંડીને તેમની છેલ્લી અધૂરી કૃતિ ‘શેષ પરિચય’ સુધી તે ચાલ્યા કરે છે.

## ક્ષાત્રધર્મ

રામચંદ્રજી વનવાસ માટે નીકળ્યા ત્યારે હથિયાર ધારણ ન કરવાનો નિશ્ચય કરેલો. સાધુની જેમ ૧૪ વરસ રહેવાનું હતું. રસ્તામાં એક આશ્રમ આગળ હાડકાંનો ઢગલો જોઈને પૂછ્યું કે, આ શું? ત્યારે આશ્રમવાસીઓએ જણાવ્યું કે, આ છે ઋષિઓનાં હાડકાં; રાક્ષસો આવીને અમને ઉપાડી જાય છે અને પછી હાડકાં અહીં નાખી જાય છે. આથી ક્રોધ અને આવેશમાં આવીને રામચંદ્રજી કહે: “આશ્રમવાસીઓ, તમે જાઓ; નિરાંતે જપ-તપ-ધ્યાન કરો; આવા રાક્ષસોને હું હણીશ.” અને સીતાજીને કહ્યું, “લાવો મારાં ધનુષ્યબાણ!” સીતાજીએ ધનુષ્યબાણ આપ્યાં ને હળવેકથી કહ્યું: “તમે તો સાધુની જેમ હથિયાર હાથમાં ન લેવાનું વ્રત લીધું છે ને?”

રામચંદ્રજી આવેશથી બોલ્યા: “હું તને તજી શકું, લક્ષ્મણને તજી શકું, પણ આ આર્તત્રાણને બચાવવાનો મારો ક્ષત્રિયનો ધર્મ કદી ન તજી શકું.”

[‘સ્વરાજધર્મ’ પખવાડિક: ૨૦૦૧]

## છાયા-પ્રકાશના વણાટમાં

નાનાભાઈના આશિષ અને ભરોસાથી મેં ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતી, બે નવપથવાળી સંસ્થાઓ બાંધી, ચલાવી; હજારો વિદ્યાર્થી-

વિદ્યાર્થિનીઓ નીકળ્યાં અને ગુજરાતના ખેતી, ગ્રામવિકાસ કે કેળવણીના કામમાં યશસ્વી રીતે પથરાઈ ગયાં.

એ કામનું મને અવશ્ય ગૌરવ છે, પણ ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ [નવલકથા] પૂરી કરી શક્યો તેનો આનંદ અદકેરો છે. સંસ્થાઓ તો તેની પરંપરા સમજીને જાળવનારા કાર્યકરો મળે તો જ જીવંત રહે છે, નહીં તો રહે છે ફક્ત મકાનો અને તુચ્છ અહમહમિકા. પણ રોહિણી, સત્યકામ, હેમંત, ગોપાળબાપા,અચ્યુત, રેખા છે મારું આવતીકાલનું ગુજરાત.

ગુજરાતે પોતાનું સત્ત્વ જાળવીને બધા અંશો, બધી સુષમા, શોભા સ્વીકારવાનાં છે. તે સિવાય ભારતનો પણ આરો નથી. હવે કોઈ એકાકી નથી.

“No man is an island.” આ વાત કવિ જોન ડને અદ્‌ભુત આર્ષવાણીમાં કહી છે: “Any man’s death diminishes me, because I am involved in mankind.” ચારેક શતકો પહેલાં કથેલ આ વાણી આજે તો અવગણ્યે ચાલે તેમ નથી. બીજાં મરતાં હોય ત્યારે આપણે પણ અંશતઃ મરીએ છીએ. પછી તે અફઘાનિસ્તાન હોય, હંગેરી હોય કે દક્ષિણ આફ્રિકા.

દુખો અકારણ આવતાં નથી. અન્યાયકારી લાગતાં દુખો પણ આ અણસમજભર્યા સંસારનો એક ભાગ છે. સંસાર સુર-અસુરના સંગ્રામ જેવો છે. માત્ર તેની નિગૂઢતા, શોકમય રમણીયતા એમાં છે કે ત્યાં સુરમાં કોઈ વાર અસુર અને અસુરમાં કાંઈક સુર મળી આવે છે. આ છાયા-પ્રકાશના વણાટમાં આંસુ અને હર્ષભીના સંસારની છબી ઊપસી આવે છે.

# જુલમ સામેનું કવચ

રાજ્ય 'સેક્યુલર' હોવું જોઈએ કે નહીં તેનું મંથન ચાલી રહ્યું છે. ઝેર નીકળશે કે અમૃત તેનો આધાર ચર્ચા ટોળું કરે છે કે સમજદાર લોકો, તેના પર છે.

આ સેક્યુલર રાજ્ય છે. તેનો સામાન્ય અર્થ તે બિનસાંપ્રદાયિક રાજ્ય છે, તેને મન બધા ધર્મો સરખા છે અને કોઈનીય તરફેણ તે કરતું નથી, તેવો કરવામાં આવે છે. પણ તે પૂરો અર્થ નથી.

આ વિચાર જવાહરલાલે આપ્યો. બહુ ધર્મોવાળા આ દેશમાં એક ધર્મનું રાજ્ય ચાલે નહીં, એટલે સેક્યુલર રાજ્યવ્યવસ્થા એમણે સૂચવી. પણ તેમાં કોઈ ધર્મ તરફ પક્ષપાત ન કરવો કે કોઈ દખલ ન કરવી તેટલો જ અર્થ હોત, તો હિન્દુ ધર્મના ઠરાવેલા રીતરિવાજોમાં મહત્ત્વના ફેરફાર કરતું હિન્દુ કોડબિલ તેઓ કેવી રીતે લાવત? એનો અર્થ એમ થાય છે કે બિનસાંપ્રદાયિક રાજ્ય પણ ધર્મમાં સુધારા કરી શકે છે.

પણ આવો જ કાયદો મુસ્લિમો માટે ન લાવ્યા, તેથી ભારતીય જનતા પક્ષ આને મુસલમાનોની તરફદારી તરીકે ઘટાવે પણ ખરા અને આ બિનસાંપ્રદાયિકતા ઢોંગી અને હિન્દુવિરોધી છે તેમ કહી શકે. પણ હકીકતમાં એ તથ્ય નથી. કહેવું એમ જોઈએ કે બિનસાંપ્રદાયિકતા તો બરાબર જ છે અને તે મુજબ મુસ્લિમ ધર્મમાં પણ સુધારો કરો, બીજા ધર્મોમાં પણ કરો.

મૂળ વાત એ છે કે બિનસાંપ્રદાયિકતાનો અર્થ કોઈ ધર્મમાં દખલ ન કરવી, ચાલતું હોય તેમ ચાલવા દેવું—રામાય સ્વસ્તિ, રાવણાય સ્વસ્તિ, તેવો નથી.

ઇતિહાસમાં એક લાંબો ગાળો બધે એવો આવ્યો છે જેમાં રાજ્ય ધર્મસત્તાની નીચે કે તેની દોરવણી મુજબ ચાલતું. રાજ્યનું કર્તવ્ય કે અકર્તવ્ય ધર્મસંસ્થા નક્કી કરે. આ દેશમાં જન્મે બ્રાહ્મણ હોય તેનો વધ રાજ્ય ન કરે. શૂદ્રને ઊંચે આવવા ન દે. નવા નવાણમાં કે

કિલ્લામાં શૂદ્રનો બલિ અપાય. અસ્પૃશ્યો અસ્પૃશ્યો જ રહે. સતીમાતાના ચિતારોહણ વખતે રાજા હાજર રહી આશીર્વાદ માગે. પૃથ્વી ગોળ છે તેમ કહેનારને સજા થાય. શૂદ્ર શંબૂક તપ ન કરી શકે, તપ કરતો હોય તો ધર્મમાં માનનાર રામે તેનો વધ કરવો જ જોઈએ. આવા નિયમો ધર્મે ઠરાવેલા. રાજા તેનો અમલ કરનાર અધિકારી હતો.

આવા ઘણા ખ્યાલો વહેમ ગણાય અને તેને પળાવી ન જ શકાય, તેવી વાત વિજ્ઞાનના વિકાસ સાથે આગળ આવી. પ્રશ્ન પુછાયો કે પૃથ્વી ગોળ છે એમ કહેનાર ગેલીલિયો સાચો કે પૃથ્વી ગોળ નથી તેમ કહેનાર ધર્મગુરુ સાચો? રાજ્ય કોના નિયમની નીચે ચાલે? ધીમે ધીમે એવું સ્વીકારાયું કે રાજ્ય ધર્મનું નહીં, રાજ્ય રાજાનું પણ નહીં. રાજા પણ પક્ષપાત કરતો હોય, તે પણ ધર્મગુરુ જેટલો જ અજ્ઞાની અને આપખુદ હોઈ શકે. એવા રાજાઓ થયા કે જે કહેતા કે "હું રાજ્ય છું; મારાથી અલગ રાજ્ય જ ન હોઈ શકે". અને એ રાજા દેવાંશી કહેવાયા.

વિજ્ઞાને કહ્યું કે આ નવો વહેમ છે, તેને સત્યનો આધાર નથી. તે ઝઘડામાં રાજા પણ ગયા અને રાજ્યકારોબાર નાગરિકોના હાથમાં આવ્યો; તેના ત્રાણ પાયા :

(૧) રાજ્ય ભલે ભલું કે બૂરું ચાલે, પણ તેનું છેવટનું પરિણામ નાગરિકોએ જ ભોગવવાનું છે. તેથી નાગરિકો જ રાજ્ય વિષે છેવટનો અધિકાર ભોગવે. એટલે કે રાજ્ય નાગરિકોનું.

(૨) તે રાજ્ય આંતરે આંતરે બદલાતું રહે.

(૩) અને તેમાં ઝાઝા કે થોડા નાગરિકો અન્ય નાગરિકો પર આપખુદી ન કરી શકે તે માટે આ નાગરિકતંત્રાને પણ સીધું રાખવા મૂળભૂત અધિકારો અને સ્વતંત્રા ન્યાયસત્તા રહે.

મૂળભૂત અધિકારો નીચે સત્યની શોધ કશા અવરોધ વિના ચાલુ રહી શકે અને નિયત ઢબે કરેલા કાયદાનું પાલન ન થાય તો ન્યાયતંત્રા રાજ્યસત્તાને તે બાબતમાં અંકુશમાં રાખી શકે. આ વ્યવસ્થાનું

પરિણામ એ આવ્યું કે ધર્મની સત્તા ગઈ જ. આ અર્થમાં સાધુ-સંન્યાસી કે શંકરાચાર્યોને રાજકીય સત્તા ચલાવવાનો અધિકાર ન રહ્યો.

બીજું પરિણામ એ આવ્યું કે સાબિત થયેલા સત્યથી વિરુદ્ધ જે કથની કે કરણી ધર્મસંસ્થા ચલાવે તેને નાગરિકસત્તા રોકી શકે. હિન્દુ કોડબિલ કરી હિન્દુસમાજમાં સુધારા કર્યા તે આ અધિકારને દાવે. તેવું જ બધા ધર્મો માટે થવું જોઈએ. આ અર્થમાં સેક્યુલરિઝમનો પાયો બિનસાંપ્રદાયિકતા જ નથી, તેનો શિલાન્યાસ ધર્મસત્તાને બદલીને બંધારણીય અંકુશોવાળી નાગરિકસત્તા છે. છેલ્લા અર્થમાં તેનો આધાર નક્કી ધોરણે થયેલો કાયદો છે. સેક્યુલરિઝમે આ અર્થમાં ધર્મ અને રાજ્ય બંનેને પદભ્રષ્ટ કરી નાગરિકસત્તાને સ્થાપિત કરી છે.

આ સમતોલ વ્યવસ્થાને કારણે સ્વાતંત્ર્ય અને સત્યની શોધ ચાલુ રહે છે, અને છતાં સમાજ સ્થિરપણે વિકસતો રહે છે. તેમાં વિલંબ થાય તો પણ પ્રજાની આળસને કારણે, તેમાં ઝડપ આવે તો પણ તેમને કારણે. નાગરિક જ કર્તા-ભોક્તા અને નિયંતા છે.

આ છે બંધારણીય સ્વાતંત્ર્યનો ઉદય. ન ધર્મશાહી, ન રાજાશાહી, ન ટોળાંશાહી. ટોળું લોકશાહીનું વિરોધી છે. રાજા કે ધર્મસત્તાની જેમ ‘મારું જ તમારે માનવું પડશે, નહીંતર બાળી-તોડી નાખશું’, એવું તે કહે છે.

[‘સ્વરાજધર્મ’ પખવાડિક: ૨૦૦૧]

# અમૃતસમી નવલકથા

બંગાળના ભાગલા પડ્યા. રવીન્દ્રનાથે બંગભંગવિરોધી હિલચાલમાં ઉત્સાહથી ભાગ લીધો. ગીતો લખ્યાં, ગવરાવ્યાં. પણ એ દરમિયાન એમને અનુભવ થયો કે દેશને પરદેશીઓની ચૂડમાંથી છોડાવવા શરૂ થયેલ આ હિલચાલમાં બધું સમુંસૂતરું નહોતું. સોનું ઓછું ને ગિલેટ ઝાઝું હતું. ને તેઓ પાછા હઠી ગયા. લોકોએ તેમની ટીકાનિંદા કરી.

તેમની દેશભક્તિ પર શંકાઓ થઈ. પણ કવિ તો ન ડગ્યા. ઊલટું, બધી ટીકા-નિંદા-શંકા વાગોળી-પચાવી અમૃતસમી નવલકથા ‘ઘરે-બાહિરે’ આપી કવિપદને સાર્થક કર્યું.

‘ઘરે-બાહિરે’ મોટી નવલકથા નથી. ‘યુદ્ધ અને શાંતિ’, ‘જીન ક્રિસ્તોફ’, ‘લા મિઝરેબલ’ મહાકાય કૃતિઓ છે. પણ આ નવલો જે તીવ્ર ભાવાનુભવ અને છેવટે ભાવશુદ્ધિ કરાવે છે, તેનાથી ‘ઘરે-બાહિરે’માં લગીરે ઓછો ઉત્કટ અનુભવ નથી. ઊલટું, જગતની આ મહાનવલો કરતાંય ક્યાંક ક્યાંક લાલિત્ય અને લાઘવમાં તે ચડી જાય છે. કથા દ્વારા જે બોધપાઠ આપ્યો છે તે છે પ્રેયને છોડી શ્રેયને પસંદ કરવા જતાં આવનારાં પરિણામનો; શીલને મૂકી શક્તિની પાછળ દોટ મૂકવા જતાં આવતી આફત પરંપરાનો. ગાંધીજીના સાધનશુદ્ધિના આગ્રહને જેણે યથાર્થ રીતે સમજવો હોય, તેને માટે ‘ઘરે-બાહિરે’થી કોઈ વધારે સહાયક કૃતિ નથી. મહાવિદ્યાલયના વર્ગોમાં, જેલમાં મેં તેનું પારાયણ કર્યું ત્યારે ત્યારે અંધરાષ્ટ્રવાદ, આત્મવંચના અને અનાસ્થાનાં પડને ઓગાળી નાખનારું રસાયણ તેમાં પ્રકરણે પ્રકરણે છે તેવો અનુભવ થયો છે.

## જૂનું માનસ અકબંધ

ગાંધીજીએ ‘હિંદ સ્વરાજ’માં કહ્યું છે કે, “અંગ્રેજોએ હિંદુસ્તાન જીત્યું નથી, પણ આપણે તેમને સોંપી દીધું છે.” ભારે માર્મિક અને કડવું લાગે તેવું, છતાં અંદરથી સાચું વાક્ય છે. તે દિવસે સાચું, તેટલું જ આજે પણ સાચું. અંગ્રેજો થોડા હતા, ને આપણે તો અસંખ્ય હતા. આ થોડાએ અસંખ્યને કેમ હરાવ્યા? આ થોડા અંગ્રેજોને લશ્કરના સિપાહીઓ ને વહીવટદારો કોણે પૂરા પાડયા? આપણે જ એમના સિપાહી થયા, એમના વહીવટદાર થયા. તેનો અર્થ એ કે આપણે જ એમને આપણો દેશ સોંપી દીધો.

જમાનો બદલાતો ગયો, પણ આપણે ન બદલાયા. ન્યાતજાતનાં

તે જ કૂંડાળાં, તે જ ધાર્મિક રૂઢિઓ, તે જ પરલોક-પરાયણતા, આ લોક વિશે તે જ બેદરકારી. આ બધાં અપલક્ષણો સાથે આપણે નવું બંધારણ ને નવી રાજપદ્ધતિ લાવ્યા, પણ આપણે તો જૂના ને જૂના જ રહ્યા. કોળી કોળી માટે, કણબી કણબી માટે, ગરાસદાર ગરાસદાર માટે, ભણેલા—ખરી રીતે ભૂલેલા—ભણેલા માટે, આ નવો જ્ઞાતિવાદ. બધું જૂનું માનસ અકબંધ રહ્યું.

અંગ્રેજો ગયા, ગોરા સાહેબોને બદલે ઘઉંવર્ણા સાહેબો આવ્યા. તે આપણા મુનીમ છે, રાજ્ય આપણું છે તે આપણા લાભમાં ચાલે, એ જાતની જાગૃતિ નથી, જ્ઞાન કે અભ્યાસ નથી. રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તેવા પ્રજાકીય પ્રૌઢશિક્ષણની જરૂર છે. તે માટે આપણે જૂના વિચારો, જૂના આચારો, જૂની વર્ણવ્યવસ્થા, એવું કાંઈ કાંઈ બદલવું પડશે. નહીંતર એ જ મતદાનથી નબળાં તત્ત્વો સત્તા પર આવશે. અંગ્રેજોને આપણે જ આપણો દેશ સોંપી દીધેલો, તેમ આજે દેશ ઘઉંવર્ણા સાહેબોને, ન્યાતજાતને આપણે સોંપી દીધો છે.

લોકશાહી તો એવું ઝાડ છે જેનો રસ પાંદડે પાંદડે, ડાળીએ ડાળીએ, મૂળિયાંમાં, થડમાં બધે ઊતરેલો હોય. પરંતુ આપણી લોકશાહી કેવળ રાજકીય લોકશાહી છે. સામાજિક લોકશાહી હજી જન્મી નથી. શું શેઠ અને ગુમાસ્તા વચ્ચે લોકશાહી છે? અરે, પતિ-પત્ની વચ્ચે પણ ક્યાં લોકશાહી છે? ખાઈ-પીને પતિદેવ આરામથી ખાટ પર બેસે, અને પત્ની ઠામ ઊટકવા બેસે! આ રીતે માત્ર રાજકીય લોકશાહી હોય તે કેમ ટકી શકે?

## નિર્વ્યાજ પ્રેમ: નિરભ્ર બુદ્ધિ

આ બે-ત્રાણ (૧૯૭૩-૭૬) વર્ષમાં મારું અવલોકન કરું છું, તો આદર્શવાદ રહ્યો છે પણ તે માટેની કાર્યશક્તિ અને મરજીવાવૃત્તિ ઘટયાં છે. ઉપરાંત, આ બધાંમાં એક પણ જણ સાથે હોય તેવું રહ્યું નથી.

વજુભાઈ ખરા, પણ તે પથારીવશ. બાકીના બધા એક એક સામી બાજુ સરકતા થયા છે. જૂઠાણાં અને ખુશામતનો જે એકધારો અનર્ગળ પ્રવાહ ચાલ્યો છે, તેનાથી ઊબકા આવે છે. દેશમાં ઊંડા, તટસ્થ અભ્યાસનું મૂલ્ય નથી, માન કે શ્રદ્ધા નથી. અભ્યાસ કેટલી તપસ્યા, શિસ્ત, ધીરજ અને—અનુમાનો પોતાની વિરુદ્ધ આવે ત્યારે—કેટલી નૈતિક હિંમત માગે છે તેની કલ્પના નથી.

મનુષ્યજીવનનાં મેં બે ચરમ ગિરિશિખરો ગણ્યાં છે; પડતાંઆખડતાં એ દિશામાં ચડયો છું. એક છે નિર્વ્યાજ પ્રેમ, જે મેં ઘણાં વિદ્યાર્થીઓ કે મિત્રોને આપ્યો છે. માનવયાત્રાનું બીજું શિખર મેં માન્યું છે નિરભ્ર બુદ્ધિની ઉપાસના—નિરભ્ર બુદ્ધિ, જે સમતોલ રહી જેટલું ખરાબ હોય તેટલું જ કહે છે, તલભાર વધારે નહીં; અને તે છતાં સારું હોય તેને સારું કહી આદરમાન રાખે છે. રામકૃષ્ણદેવ—ગાંધીજીને પ્રતાપે મને કોઈના પ્રત્યે દ્વેષ કે વેર થયેલ નથી, અને જ્યાં સારું જોઉં ત્યાં કદર કરવાની આદત રહી છે.

ઇતિહાસમાં જે સત્ય શોધે છે તેણે પોતાના પ્રિય-અપ્રિયના ગ્રહોને બાજુ પર રાખવા જોઈએ, નહીંતર ઇતિહાસનો દેવતા તેને દર્શન ન દે. મારી એવી આકાંક્ષા છે કે હું તેનાં દર્શન કરી શકું. આથી મેં મારાં પોતીકાં લોકોની ભૂલો પણ જરૂર પડયે દર્શાવી છે, જે પક્ષ કે સંસ્થામાં રહ્યો તેની પણ ભૂલો બતાવી છે; અને આથી હું આ બધાંને ઘણી વાર અણગમતો થયો છું. જેને હું મારાં કહી શકું તેવાં કદાચ જૂજ માણસો છે.

## મનુષ્યને સમજવાની ચાવીઓ

કલકત્તામાં એક વાર ત્યાંનું પ્રસિદ્ધ સંગ્રહાલય જોવા અમે ગયેલા. રસ્તામાં ‘શ્રીકાન્ત’ [નવલકથા]નો પહેલો-બીજો ભાગ મારા હાથમાં આવ્યા. મ્યુઝિયમના દરવાજા આગળ જ હું તે વાંચવા બેસી ગયો. મિત્રો બે

કલાક પછી જોઈને આવ્યા ત્યારે પણ હું વાંચવામાં તલ્લીન હતો. આટલી બધી એકાત્મતા આણવાની સાહિત્યકૃતિઓમાં શક્તિ હોય છે.

સારી કૃતિની એક ખાસિયત ધ્યાન રાખવા જેવી છે. એ કૃતિ તેનું સમગ્ર સ્વરૂપ પહેલા વાચને જ પ્રગટ કરી દે છે, તેવું નથી. ઉત્તમ કૃતિ કુલ-કન્યા છે. વારંવારના અનુનય પછીથી તે પ્રાપ્ત થાય છે. કોઈ પણ સારી કૃતિ પ્રથમ વાચને તેનું સ્વરૂપ આપણને બતાવી દે જ, તેવું નથી.

વાચન પણ એક તપ છે. તેમાં પણ બહારના રસોને થંભાવી દઈ, નિરાહાર થઈ, કૃતિ સાથે એકાકાર વૃત્તિથી બેસવું પડે છે. રવીન્દ્રનાથનું ‘કૃપણ’, ‘આવાગમન’, ‘અભિસાર’ અનેક વખત ભણાવ્યું છે ને જેટલો એકાકાર વૃત્તિવાળો થઈને તે કાવ્યો પાસે ગયો છું તેટલો નવો અર્થ, નવું રહસ્ય મને મળ્યાં છે. પ્રેમાનંદમાં એવો અનુભવ થાય, તેમાં નવાઈ જ શું? અને ‘મહાભારત’, ‘રામાયણ’ની તો વાત જ શી કરવી!

વસ્તુતઃ, સાહિત્યસેવન એ આનંદ-તપસ્યા છે. તેમાં આનંદ છે માટે લહેર જ લહેર છે, કાંઈ તપસ્યા નથી, એવું નથી. તેમાં પણ અનિદ્રા અને અનાહારી રહેવું પડે છે અને ત્યારે જ તેમાં રહેલા દેવતા તેનો વરદ હસ્ત વાચકના શિર પર મૂકે છે.

*

મનુષ્યને હૃદય મળેલું છે, અને એ હૃદય અનેક ભાવોને અંદર ઝંખતું હોય છે. હૃદય એક મોટો દરિયો છે. એ દરિયાની વિશાળતાની બાબતમાં, ગહનતાની બાબતમાં ગરીબમાં ગરીબ માણસ અને છત્રાપતિ વચ્ચે કશો ફેર નથી. દરેકને અગાધ હૃદય મળ્યું છે. આ સાહિત્ય છે તે હૃદયની વાર્તા કહે છે. હૃદયનાં ઊંડાણની, હૃદયનાં તોફાનોની, હૃદયનાં વમળોની, હૃદયની મલિનતાની, હૃદયની શુદ્ધતાની, હૃદયમાંથી પ્રગટ થતા ભગવાનની, હૃદયમાં પ્રગટ થતા શેતાનની અને એ શેતાન અને ભગવાનના ઝઘડાની—ને એ ઝઘડામાંથી ધીમે ધીમે શેતાન કેમ ભગવાનમય થતો જાય છે એની વાર્તા. સંતોની વાર્તા કહેવી સહેલી છે, શેતાનની વાર્તા કહેવી અઘરી છે. કારણ કે શેતાન એ ખરેખર શેતાન

નથી, પણ ભગવાન થવામાં નિષ્ફળતા મળવાથી મૂંઝાયેલો મનુષ્ય છે.

આ સાહિત્યપદાર્થમાં મનુષ્યને સમજવાની, મનુષ્ય પ્રત્યે અપાર સહાનુભૂતિ કેળવવાની શક્તિ હોય છે. જે બધા મોટા સાહિત્યકારો થયા છે તેમણે સંસ્કૃતિની જો કોઈ મોટામાં મોટી સેવા કરી હોય તો તે એ કે મનુષ્યને સમજવાની ચાવીઓ એમણે આપી છે. સાહિત્યની શક્તિ મનુષ્યના મનને પરિશુદ્ધ કરવાની છે. પણ તે એવી રીતે નહીં કે આમાં બધું ચોખ્ખેચોખ્ખું છે. ચોખ્ખું નથી, છતાંય સહાનુભૂતિ રાખવા જેવું છે. કારણ કે કોઈને ચેન નથી ચોખ્ખું થયા વિના. આ પ્રકારની એક પ્રતીતિ સાહિત્ય કરાવે છે.

## મારી વાચનકથા

મારા પિતાજી લુણસરની શાળાના મુખ્ય મહેતાજી હતા, એટલે શાળાની નાનકડી લાઇબ્રેરી મારે માટે ખુલ્લી સંપત્તિ હતી. લીલાં ને પીળાં પૂઠાંવાળી ‘વિજ્ઞાન વિલાસ’ની થોડી ફાઇલો હજી મારી નજર સામે તરે છે. તેમાં કટકે કટકે છપાયેલી વીર દુર્ગાદાસની વાતોએ મારા પર ભારે જાદુ કરેલું; ફરી ફરીને હું એ વાંચ્યા કરતો. એ

બાળવયે તેના એક એક પ્રસંગ સાથે મેં મારા અંતરના તાણાવાણા ગૂંથેલ. શૌર્ય, ખાનદાની, વફાદારીના જે સંસ્કારોનાં બીજ મારામાં પડ્યાં હશે, તેમાં આ વાર્તાના ફરી ફરીના વાચને પૂર આવેલ. મારે મન દુર્ગાદાસ એક આદર્શ વીર પુરુષ બની ગયો. તેમાંયે, ઘેરાઈ ગયેલા દુર્ગાદાસના દળમાં ભળવા માટે નીકળેલ ગંભીરનું પાત્રા મારા મનમાં દઢતાથી વસી ગયેલું. શત્રુઓના કડક ચોકી પહેરાને તેણે અને તેના ચાર મિત્રોએ શબ અને ડાઘુ બનીને વટાવેલો.દુર્ગાદાસે કરેલો તેના મિત્રા માનસિંહની પત્નીની કામ-યાચનાનો અસ્વીકાર, શત્રુ મુસલમાન સરદારોમાંથી પણ ખાનદાન સેનાપતિઓ તરફનો તેનો ઉદાર વર્તાવ—આ બધી ઘટનાઓએ મારા ચારિત્ર્યગઠનમાં કેડીઓ પાડી દીધી, તેમ

આજે હું જોઈ શકું છું. ઔરંગઝેબ અને રજપૂતો વચ્ચેના વિગ્રહના આ વાર્તારૂપ વાચને મારા મનમાં ગુલામી નિવારવા અને રાષ્ટ્રને મુક્ત કરવાની ઝંખના ઊભી કરી હોય તો નવાઈ નહીં. અને ૧૯૩૦માં જ્યારે હું ઘેરથી છાનોમાનો ભાગીને ધોલેરાની સત્યાગ્રહ છાવણીમાં પહોંચ્યો, ત્યારે પેલો ગંભીર મારી પડખે બેઠો હોય તો પણ નવાઈ નહીં.

*

લુણસરમાં પાંચ ગુજરાતી પૂરી કરીને મારે વાંકાનેર હાઇસ્કૂલમાં ભણવા જવાનું થયું. વાંકાનેરમાં પણ એક લાઇબ્રેરી હતી, પણ પુસ્તકો વાંચવા માટે તો ત્યાં ફી ભરવી જોઈએ; તે ક્યાંથી કાઢું? પરીક્ષા વખતે એક-બે છોકરાઓને ભણાવવાનું માથે લીધું. ટ્યુશનનો દર—મહિને આઠ આના! બે-ત્રાણ મહિના આમ કરીને વરસ આખાનું લવાજમ ભર્યું.

પણ આ પુસ્તકાલય મારે માટે લુણસર જેવું નિર્દોષ ન નીવડ્યું. તેમાં પુસ્તકાલયનો વાંક ન ગણાય. તે મોટાઓ માટે પણ હતું; માત્રા કિશોરો માટે ન હતું. તેથી એવું પણ સાહિત્ય મારા હાથમાં—એટલે આખરે હૃદયમાં—આવ્યું કે જે મીઠા ઝેર જેવું નીવડ્યું. કિશોરવયે તો સાહસ, તરવરાટ, ઊથલપાથલ ગમે. એ વખતે તેવું સાહિત્ય પણ ઝાઝું નહોતું. પણ મને તો વાંચવાનું, અખંડ વાંચવાનું બંધાણ થઈ ગયું હતું. એટલે તે એક-બે વર્ષમાં મેં કેટલીયે અનર્થકારી નવલકથાઓ વાંચી. આ નવલકથાઓએ મને દિવાસ્વપ્નોની દુનિયામાં મૂકી દીધો. કોઈ કોઈ વાર તો આખી રાત આવી વાર્તાઓ વાંચવામાં વીતી જતી—સંધ્યા અને ઉષા બંનેનાં કિરણ અખંડ ઉજાગરે જોવાનું બનતું. જે ઉંમરે સ્ત્રીઓ વિશે કામભાવે વિચારવાનું સહજ ન ગણાય, તે ઉંમરે આ નવલકથાઓએ મને કાલ્પનિક સહવાસો ભોગવતો કર્યો.

પણ આ રદ્દી નવલકથાઓની વચ્ચે જ મને ‘ગુજરાતનો નાથ’ અને ‘રાજાધિરાજ’ પણ વાંચવા મળ્યાં. જીવન સંસ્કાર-સમૃદ્ધ પરાક્રમો માટે છે, તેવું ભાન એ નવલકથાઓએ કરાવ્યું. કેટલી બધી વખત એ કૃતિઓ વાંચી છે—અને હજુ પણ એ તાજગીથી કેટલી બધી વખત વાંચીશ! બાળવયે મને રસ, ભાવના ને વીરોદ્રેકથી તરબોળ કરી

મૂક્યો હોય, તો એ ‘નર્મગદ્ય’માં સંઘરાયેલ ‘ઈલિયડ’, ‘રામાયણ’ અને ‘મહાભારત’ના સારભાગે. આ ત્રણ મહાન ગ્રંથોના સરળ છતાં સજીવ સંક્ષેપો મને એ ઉંમરે વાંચવા મળ્યા, તેને હું મારા જીવનનું એક પરમ સૌભાગ્ય ગણું છું. ‘મહાભારત’ અને ‘રામાયણ’નાં પાત્રો વિશે નર્મદે ટૂંકાં ટૂંકાં વાક્યોમાં જે નિર્ભય સમાલોચના કરી છે, તેની મારા પર ઊંડી છાપ પડી હતી. મહાપુરુષોને પણ તટસ્થ રીતે જોવા-કસવાના સંસ્કાર તેણે મને આપ્યા.

‘ઈલિયડ’નું સારદોહન એટલું રસાળ ને સચોટ હતું કે મને એ કથામાં પરદેશીપણું ન લાગ્યું. ત્યારે હું ત્રીજી ચોપડીમાં હોઈશ. એ ઉંમરના બાળકને ‘ઈલિયડ’ના વાચનમાં તન્મય, તદ્રૂપ કરી મૂકનાર નર્મદ એક વિરલ રસાત્મક અને અસાધારણ સારદોહક હતો તેવું લાગે છે. ગ્રંથ ઉત્તમ હોય ને તેને પચાવીને ઉતારનારો જો કલાકાર હોય, તો પરદેશની કૃતિ પણ સ્વાદિષ્ટ લાગે છે; એટલું જ નહીં, એનાથી પરભોમનાં વિકસેલાં શીલ અને સૌંદર્ય તરફ મમતા પણ જાગે છે તથા એ મુગ્ધાવસ્થામાં બે દેશો વચ્ચેનો પુલ અનાયાસે સર્જાઈ જાય છે.

પછીથી વ્યાસ-વલ્લભના ‘મહાભારત’નું મોટું થોથું મારા હાથમાં આવતાં અલ્લાઉદ્દીનનો ખજાનો હાથ આવ્યા જેવું થઈ ગયું. નવરાશની એકેએક ક્ષણે હું એની ઉપર તૂટી પડતો; રમવાનું રહી જતું, ખાવાનું વિસરાઈ જતું. આ ‘મહાભારત’ના બધા પ્રસંગો કિશોરોને કુમારોને હંમેશાં માટે ઉચ્ચ ભાવોમાં તરબોળ કરે તેવા છે. વાંકાનેરમાં હું પાંચમી અંગ્રેજીમાં ભણતો હતો, તે વખતે જ ૧૯૩૦ની સત્યાગ્રહની લડત આવી. અમારું કુટુંબ ગરીબ ગણાય; પિતાજીને ત્રીસેક રૂપિયા પગાર મળતો. મારે પાંચ બહેનો, અમે બે ભાઈઓ—આ બધો સંસાર પિતાજી ધીરજ અને આસ્થાથી ખેંચતા. ભાઈઓમાં હું મોટો ને ભણ્યેગણ્યે કાંઈક ઠીક ઠીક હતો, એટલે બાપુજીને આશા હતી કે સારી રીતે મૅટ્રિક પાસ થઈ, ક્યાંકથી સ્કોલરશિપ મેળવી બી.એ. થઈ જઈશ અને તેમનો બોજો ઉતારીશ.

પણ ત્યાં તો ગાંધીજીએ દેશના પ્રાણને હાકલ કરીને “કાગડા-

કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના પાછો આશ્રમમાં નહીં આવું," એવી ભીષ્મપ્રતિજ્ઞા લીધી અને મેં અભ્યાસ મૂકી લડતમાં પડવાનો સંકલ્પ કર્યો. મારી જોડે આવવા તૈયાર થયેલા છેલ્લી ઘડીએ ન આવી શક્યા. પણ હું તો નીકળ્યો તે નીકળ્યો જ.

મને પ્રશ્ન એ થાય છે કે વાંકાનેર જેવા શહેરમાંથી એ દિવસે હું એકલો જ હોવા છતાં નીકળ્યો, તેનું આંતરિક કારણ શું? લડતનાં જોખમો ઘણાં કહેવાતાં. નીકળ્યો ત્યારે માથાં પછાડતી મારી બહેનનું ચિત્રા હજુ યે મારી સામે તરે છે. છતાં હું કેમ નીકળી શક્યો?

ત્યારે એક જ જવાબ મળે છે કે—મારા વાચને આપેલા પ્રેરણાબળે. આ અજાણ્યા ને કઠણ માર્ગે ઇશારો કરીને મને ખેંચી જનારાં 'રામાયણ', 'મહાભારત', 'ઈલિયડ' અને 'સૌરાષ્ટ્રની રસધાર'નાં બલિષ્ટ, સંનિષ્ટ ને મારે મન તો સજીવ પાત્રો.

*

આ ગાળામાં મારા ચિત્તના ઊર્ધ્વીકરણમાં સહજભાવે અનન્ય સહાય કરી હોય તો તે શરદચંદ્રે. ૧૯૩૦થી ૧૯૪૦ના ગાળામાં તો શરદ-સાહિત્યની ગંગા જ ગુજરાતમાં ઊતરી. ગાંધીજીના વિચારોમાં ઔદાર્ય, સહિષ્ણુતા ને આત્મબલિદાનના જે ઉન્મેષો હતા, તે જ કલાના માધ્યમ દ્વારા સજીવ થઈને શરદ-સાહિત્યમાં મારી સમીપે આવ્યા. ગાંધીવિચારનો મર્મ સુધીનો જે અનુભવ મને કાકાસાહેબ કે કિશોરલાલભાઈમાં નહોતો થયો, તે શરદચંદ્રમાં થયો. સાહિત્યની શક્તિ અદ્‌ભુત છે કે સામાન્ય ધર્મગ્રંથો જ્યાં અટકી જાય છે ત્યાંથી એ પોતાની યાત્રાનો આરંભ કરે છે.

વાંકાનેરમાં ભંગાર નવલકથાઓના વાચને મને સ્ત્રીઓના કાલ્પનિક સહવાસમાં વિહરતો કરેલો. પણ મારાં એટલાં પુણ્ય કે તે પહેલાં વીરત્વથી ભરેલું સાહિત્ય વાંચેલું, અને સત્યાગ્રહની લડતે મારામાં પડેલી વીરતાને પ્રગટાવી. પણ આખરે જરૂર તો હતી સ્ત્રીઓ તરફના દષ્ટિકોણના પરિવર્તનની. કયા રસથી સ્ત્રી—સમુદાયને નીરખવો? શરદચંદ્રે એ દષ્ટિકોણ આપ્યો. શરદચંદ્રનાં સ્ત્રીપાત્રોએ જાણ્યો છે તેવો પ્રેમ તો

કોઈએ જાણ્યો નથી. પણ એ બધી સંયમની મૂર્તિઓ છે. આ સંયમ વડે તેઓ પ્રેમને મહિમાવંત કરે છે. તેમના ચિત્તની અલૌકિક સમૃદ્ધિના તેજમાં શરીરની વાસનાઓ ક્ષીણ થઈ જાય છે.

જીવનની આ મૂળભૂત ને પ્રબળ વાસનાના ઊર્ધ્વીકરણ વિશે શરદચંદ્રે જાણે જીવનભર મનોહારી વિશ્લેષણ કર્યા કર્યું છે. આ દૃષ્ટિકોણે મને ઘણું અજવાળું અર્પ્યું અને પેલી અનારોગી નવલકથાઓના વાચને જે નુકસાન કર્યું હતું, તેનું અનેકગણું સાટું વળી ગયું.

['મારી વાચનકથા' : પુસ્તક]

# નરસિંહનાં પ્રભાતિયાંના પડઘા

નરસિંહનાં પ્રભાતિયાં સૈકાઓ સુધી ગુજરાતના શિક્ષિત-અશિક્ષિતોના ઊઘડતા પ્રભાતને રસાળું ઉજમાળું કરતાં રહ્યાં છે. એની વાણી કંઈકની સવારને સોહામણું કરતી. ઊઘડું ઊઘડું થતા સૂર્યને આમંત્રાતાં પ્રભાતિયાંના નાદસ્વરો ઘરને ભરી દેતા. પણ તે ફરી ન લખાયાં.

કવિજીવ ‘શશિશિવમે’—ચંદ્રશંકર ભટ્ટે આ વસમી વાટે પગલાં પાડયાં અને એક એકથી ચડિયાતાં પ્રભાતિયાંથી આ શૂન્ય ખૂણાને અજવાળ્યો. એમાં નરસિંહના વાણી-લહેકા તો છે જ, પણ જાણે નવા ઉમંગથી, પોતીકા અવાજથી કંઈક નવી તાજગીથી તે ગવાયાં છે. આનંદ-ઉમંગ આ પ્રભાતિયાંમાં મૂળ ભાવ છે. કેટકેટલી કડીઓમાં તે ઊભરાય છે!

*સકળ આકાશમાં મેઘ ગરજે અને*
*ઝબકતી વીજ ભરી ગગન ગાજે;*
*અવનવાં રૂપ સોહામણાં ઊઘડતાં*
*અણદીઠું નયનમાં કંઈ વિરાજે.*

*

*શ્વાસના શ્વાસમાં કોણ આ ધબકતો,*
*રક્તના વહેણમાં કોણ સરકે!*
*વિરહનાં આંસુમાં કોણ ટપકી રહ્યો!*
*ઝીલવો કેમ જીવ કંઈ ન પરખે...*
*આવ હવ આંગણે તરફડે જીવ આ,*
*રમ્ય કે રુદ્ર રૂપે વધાવું.*
*એ પરાત્પરને ખોજતાં કવિનું વ્યાકુળ ચિત્ત ઉદ્‌ગારી ઊઠે છેઃ*
*ક્યાં હશો ક્યાં હશો, કૃષ્ણ હે જાદવા!*
*વ્યોમમાં ભોમમાં ક્યાં નિહાળું?*

વળી કહે છે:

*સ્હાય કર સ્હાય કર, શામળા, સ્હાય કર!*

ત્રણ ત્રણ વાર ‘સ્હાય કર’ શબ્દ પ્રયોજી કેવા અપાર તલસાટથી કવિ શામળાને પોકારે છે!

સરલ પ્રવાહી આર્ત વાણીમાં જાણે મૃદંગનાં બેઉ પડખાં પડઘાય! બાહ્ય જગત, વ્યોમ-ભોમ, વૃક્ષ-વેલી-જલ બધું જ પ્રત્યક્ષ અને અંતરનો ઝુરાપો:

*નેત્રા વિણ નીરખવો*
*સ્પર્શ વિણ પરખવો.*

એકેય ઇંદ્રિય—મન સુધ્ધાં—કામ ન આવે, અને છતાં તે છે, અંદર છે, બહાર છે, બધે છે. એ અનુભવ પ્રભાતિયાંમાં નરસિંહે ગાયો અને ચંદ્રશંકરે તેને ફરી સજીવ કર્યો. આ પ્રભાતિયાં અર્વાચીન કવિતામાં અનેરું અર્પણ છે.

# સ્થિર, પ્રકાશવંત દીપ

ગાંધીજીએ આ દેશને ઢંઢોળવા મુંબઈને કિનારે પગ મૂક્યો એ જ સાલનો બનાવ છે. ભાવનગરના તખ્તેશ્વર મંદિર પાસેના એક બોર્ડિંગ હાઉસના દરવાજા પર એક બપોરે ધમાલ મચી છે. તીર-કામઠાં ને બંદૂકોવાળા પંદરવીશ શિકારીઓ બંધ દરવાજાની બહાર ઊભા છે. કેટલાકની પાસે સાંકળે બાંધેલ કૂતરા છે, કોઈને કાંડે બાજ છે.

“માસ્તર ક્યાં છે?”

“ઘેર નથી, બંદરે ગયા છે.” અંદર ઊભેલ છોકરાઓ કહે છે.

“તમારી કૂતરી ક્યાં છે? લાવો, મહારાજા સાહેબે મગાવી છે.”

“કૂતરી તો ક્યાંય રખડતી હશે. સા’બ આવે પછી આવજો,” છોકરાઓ બનાવટી જવાબ આપે છે. કૂતરી એમને અતિશય વહાલી છે.

“અમે હમણાં જ એને ઝાંપામાં આવતી જોઈ છે. અંદર જ છે. બારણાં ઉઘાડો; અમારે તપાસ કરવી છે.”

છોકરાઓ બારણાં આડા ઊભા છે, ને શિકારીઓ બારણાં ધકેલે છે, ધમકીઓ આપે છે, ગાળો દે છે; પણ છોકરાઓ ચસકતા નથી. કાળુડી ને એનાં ગલૂડિયાં એમને જીવ જેવાં વહાલાં છે. એમની બૂમાબૂમ સાંભળી પડખેના ઓરડાની બારીમાંથી ડોકું કાઢી એક આધેડ બાઈ શિકારીઓને ધમકાવે છે: “મારા રોયાઓ, એમ પરાણે ઘરમાં પેસતાં લાજશરમ નથી આવતી?”

બરાબર એ જ વખતે માસ્તર આવે છે: મોં ઉપર ધૂળનો થર જામ્યો છે; કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝ્યાં છે; કોટ કાઢી હાથ પર નાખ્યો છે. માસ્તર જુવાન છે. મોં પર ખડકની દૃઢતા ને પ્રતિમાની નિશ્ચલતા છે, પણ પ્રતિમાની નિર્જીવતા નથી. શરીર સંન્યાસીના દંડ જેવું સીધું, ને માથું પર્વતના શિખર પેઠે ઊંચું રહ્યું છે.

“ભાઈ, ભાઈ, આપણા ફળિયામાં શિકારીઓ પેઠા છે, ને બા તો રડે છે.” એક વિદ્યાર્થી દોડતો આવીને કહે છે.

માસ્તરને જોતાં જ પેલી આધેડ બાઈ ઘરમાંથી બહાર નીકળીને રડી દે છે: “મારે આંહીં નથી રહેવું, અમને અમારે ગામ મોકલી દે; આ ત્રણ દોકડાનાં સપાઈસપરાં મને ને મારી વહુને ગાળો કાઢે ત્યાં અમારે નથી રહેવું.” માસ્તર મૂંગામૂંગા જ એને આશ્વાસન આપે છે. છોકરાઓને હાથ વતી દૂર ખસવાનો ઇશારો કરી શિકારીઓને પૂછે છે.

એક ઘરડો શિકારી આગળ આવીને કહે છે: “માસ્તર, એ તો વાત એમ બની કે કાલ સાંજે મહારાજા સા’બની ગાડી અહીંથી નીકળેલી ત્યાં અહીં બે ગલૂડિયાં રમતાં ભાળ્યાં. ગલૂડિયાં રૂપાળાં ને રાભડા જેવાં હતાં એટલે બાપુસાહેબે પૂછ્યું કે, આ ગલૂડિયાં કોની કૂતરીનાં છે? તપાસ કરતાં ખબર પડી કે આ બોર્ડિંગની કૂતરીનાં જ છે. એમને એમ થયું કે આપણે એ કૂતરી રાખી લઈએ તો ઓલાદ સરસ થાય. એટલે અમને આજ લેવા મોકલ્યા.”

“પણ એને લઈ જાવ તો ગલૂડિયાં મરી જાય; ધાવે કોને?” છોકરાઓ કહે છે.

“એ તો દૂધ પવાય,” પેલો શિકારી કહે છે. “લ્યો માસ્તર, હવે કૂતરી લાવો.” માસ્તર તો વિચારમાં ઊતરી ગયા છે—જાણે એ એમની ટેવ જ હોય ને!—એટલે સહેજ ઝબકીને કહે છે: “કૂતરી? કૂતરી તો નહીં મળે.”

છોકરાઓ તાળીઓ પાડવા માંડે છે, માસ્તર આંખ વતી જ ના ભણે છે, ને બધા શિકારીઓ સાંભળે તેમ સ્પષ્ટપણે, દરેક શબ્દ પર ભાર મૂકીને કહે છે: “તમે મહારાજા સાહેબને કહો કે માસ્તર કૂતરી આપતા નથી.” “તમે શું બોલો છો, માસ્તર? કાંઈ ભાન-બાન છે?” માસ્તર કાંઈ જવાબ આપતા નથી; પોતાના હાસ્યથી જ પોતે બેભાન નથી એમ કહે છે.

“મહારાજાએ તો અમને હુકમ આપ્યો છે કે કૂતરી લઈને જ આવજો.”

“હું આપવાનો નથી.”

“માસ્તર, અમે તમારી હારે માથાઝીક કરવા નથી આવ્યા. કાં તો કૂતરી આપો, નહીંતર અમે ઝાંપો તોડી અંદર આવીએ છીએ.” આખરે પેલા ઘરડા શિકારીએ સંભળાવ્યું ને તિરસ્કારથી ઉમેર્યું: “બામણ અમથા માને જ નહીં.”

“ગોપાળ, પોલીસ-ઉપરી સાહેબને મારું નામ દઈ સલામ સાથે કહેજે કે અમારી બોત્રૠડગની હદમાં થોડાક હથિયારબંધ લોકો પરાણે ઘૂસવા માગે છે; આપ પોલીસની મદદ લઈને આવો.” એમના અવાજમાં ત્રાંબાનો રણકાર ને પોલાદની દૃઢતા છે. હોઠ સખત રીતે બીડી એ બારણા પાસે ઊભેલ શિકારીઓને હાથ વતી હડસેલી આડા ઊભા રહે છે. “જોઉં છું કે તમે કેમ દાખલ થાવ છો?”

શિકારીઓના ગુસ્સાનો પાર નથી. એ તો મહારાજાના માનીતા શિકારીઓ: મહારાજાના એમના પર ચારે હાથ! આવાં તો કાંઈક તોફાન એમણે મચાવ્યાં છે, કોઈ દી ઊની આંચ આવી નથી. આજ એક પંતુજી એમને બધાને ડરાવી જાય? એમનાં કૂતરાં ઘૂરકે છે; બાજ ચિચિયારીઓ પાડવા માંડે છે.

થોડી વારે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ એમના માણસો સાથે આવી પહોંચે છે. એટલે માસ્તર એક બાજુએ ખસી જઈને કહે છે: “હવે તમે સંભાળો.”

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ માસ્તરને ઓળખે છે; ગામમાં જેટલાં ભણેલાં માણસો છે એ સૌએ માસ્તરનું નામ સાંભળ્યું છે. ત્રણેક વર્ષ પહેલાં જ એ રાજ્યની કૉલેજમાં પ્રોફેસર હતા, મહિને બસો રૂપિયાનો પગાર હતો, માનપાન હતાં; પણ કૉલેજનું ભણતર નિરર્થક લાગતાં એ છોડી દીધું છે, ને અત્યારે પંદરવીશ ટાબરિયાંને લઈને અહીં બેસી ગયા છે; ‘શાકુંતલ’ ને ‘શિશુપાલવધ’, રોમ કે ગ્રીસનો ઇતિહાસ ભણાવવાને બદલે ચકાચકીની વાર્તા કહેવા માંડ્યા છે. કેટલાક લોકો એમને ભેજાંગેપ માને છે. પોલીસ-ઉપરીએ પણ અહીં આવીને મહારાજાના શિકારીઓને જોયા ત્યારે એ સહેજ ખંચકાઈ ગયો. એણે તો ધારેલું કે કોઈ ડફેરબફેર હશે.

"માસ્તર, આ તો મહારાજાના શિકારી છે."

"એ તો છે જ; પણ એ પરહદપ્રવેશના ગુનેગાર છે."

પોલીસ ઉપરી બિચારો મૂંઝવણમાં પડે છે. શિકારીઓને સમજાવવા જાય છે ત્યારે એને ખબર પડે છે કે આ તો એક મામલત વગરની કૂતરી માટે ઝઘડો થાય છે.

"ત્યારે તો માસ્તર, તમે કૂતરી આપી દો ને!"

"જુઓ સાહેબ, આપને મહારાજા સાહેબના શિકારીઓની બીક લાગતી હોય તો આપ મને કહી દો કે, હું તમને રક્ષણ નથી આપી શકતો; એટલે હું મારું રક્ષણ કરી લઈશ. બાકી કૂતરી તો શું આ ફળિયાની કાંકરી પણ આપવી કે ન આપવી એ મારી મુનસફીની વાત છે. આપની સ્થિતિ હું સમજી શકું છું, આપ ખુશીથી ના પાડી દો; હું મારો રસ્તો ગોતી લઈશ."

"પણ તમારે કાયમ અહીં રહેવું છે, સંસ્થા ચલાવવી છે. રાજ્યનાં હજાર કામ પડશે. બે દોકડાની કૂતરી માટે મહારાજા સાહેબ સાથે..."

"આમાં કૂતરીનો સવાલ નથી; જબરદસ્તીનો સવાલ છે. હું જબરદસ્તીને નમતું નહીં આપું." એમના અવાજમાં પ્રતિજ્ઞા લેનારનું ગાંભીર્ય છે. પોલીસ ઉપરી એ રંગ પારખે છે; પોતાના સિપાહીઓને દરવાજા આડા ઊભા રહેવાનો હુકમ કરી કહે છે: "માસ્તર, ચાલો તો, આપણે ટેલિફોન કરતા આવીએ."

ટેલિફોનની ઘંટડી ગાજે છે: ટરરરં...ટરરરં. "હાં, હાં, કોણ—માસ્તર ના પાડે છે?"

"જી હા, એ કહે છે કે, મારે કૂતરી નથી આપવી; ને શિકારીઓ કહે છે કે કૂતરી લઈને જ આવવાનો આપનો હુકમ છે."

"તે માસ્તરને સમજાવો કે કૂતરી આપી દે."

સજ્જન પોલીસ અમલદાર મૂંઝાઈને માસ્તર સામું જુએ છે.

"મારું નામ લઈને મહારાજા સાહેબને કહો કે કૂતરી એમ નહીં

મળે. કૂતરી લેવાનાં આ લખ્ખણ નથી. મારી બોઋડગમાં પૂછ્યા વિના પેસી જાય, મારાં છોકરાંઓને ગાળો કાઢે, મારી માને ધમકાવે—એમ કૂતરી ન મળે.”

પોલીસ-ઉપરી માસ્તરનો સંદેશો કહે છે.

“હેં, ગાળો કાઢે છે? મારીને કાઢી મૂકો એ બધાને—સમજે છે શું?”

પોલીસ ઉપરી ખડખડાટ હસી પડે છે.. એક ઘડી પછી શિકારીઓ બબડતા ફફડતા પાછા જાય છે.

એ બોર્ડિંગ તે દક્ષિણામૂર્તિ: મહારાજા તે ભાવસિંહજી, ને માસ્તર તે નાનાભાઈ ભટ્ટ.

*

બાળપણ છેક ગરીબાઈમાં વિતાવેલું. મા નાનપણમાં મૂકીને જ મરી ગયેલાં. પિતાનો અગ્નિહોત્રી ને કથાકારનો ધંધો હતો ...કથા વાંચતી વખતે જો પાટલા પર કાંઈ પૈસા આવ્યા હોય તો ઘરમાં શાક આવે, નહીંતર સૌ લૂખુંપાંખું ખાઈ લે એવી સ્થિતિ. પણ આ ગરીબાઈ પિતાને ભાગ્યે જ સાલતી, ને દીકરાને તો કદીયે નથી સાલી. એલફિન્સ્ટન કૉલેજ તો બાદશાહી કૉલેજ ગણાય. ત્યાં તો બધા અમીરના દીકરા પેઠે રહેનારા. એ બધા વચ્ચે પણ નરસિંહપ્રસાદ એક જ પહેરણે ચલાવે: રોજ રાત્રે પહેરણ ધોઈને સૂકવી નાખે, ને સવારે ઊજળા બાસ્તા જેવું પહેરણ પહેરીને કૉલેજમાં જાય. એક જ કોટે ચાર વર્ષ કાઢેલાં.

મુંબઈમાં ભણતા ત્યારે રજા પડે કે તરત જ આજુબાજુના ડુંગરામાં ભટકવા ઊપડી જાય. સાથે રાખે એકાદ લાકડી ને બેચાર ટંકની ભાખરી. કેનેરી, કાર્લા, એલિફન્ટા-ઘારાપુરીની ગુફાઓ—એ બધું તો પગ નીચે કેટલીય વાર કાઢી નાખેલું. ઊંચા ઊંચા ડુંગરાની ટોચે ચડી ક્ષિતિજ સુધી પથરાયલા રત્નાકરને જોયા કરવામાં કલાકો ચાલ્યા જાય; એકાદ ઝાડ નીચે વાંચતાં વાંચતાં સાંજ પડી જાય. મોજશોખ તો જીવનમાં કદી રુચ્યા નથી. હા, મુંબઈમાં એક મોજ માણેલી: એ અરસામાં એક અમેરિકન નાટક-કંપની આવેલી, તે શેક્સપિયરનાં નાટકો અસાધારણ સુંદર રીતે ભજવે. નરસિંહપ્રસાદે એ વર્ષમાં એલિઝાબેથના

સમયનાં નાટકોને ઐચ્છિક વિષય તરીકે લીધેલાં. એમણે નક્કી કર્યું કે આ નાટકો તો જોવાં જ. તપાસ કરી તો છેલ્લામાં છેલ્લા વર્ગની ટિકિટ પણ દસ રૂપિયા. ને દસ રૂપિયા તો નરસિંહપ્રસાદનું આખા મહિનાનું ખર્ચ આવતું. છતાં ત્રણ નાટકો જોયાં. ત્રીસ રૂપિયા ખરચ્યા ને છ મહિના એકટાણું જમ્યા. એલિઝાબેથના સમયનાં કાવ્યો ને નાટકો ખરીદવા માટે પાંચસો રૂપિયા ઉછીના લીધેલા—એવું ગાંડપણ!

*

ભણી રહ્યા પછી એમણે ભાવનગર રાજ્યમાં નોકરી માગી—પણ તે અંગ્રેજી હાઈસ્કૂલ કે કૉલેજમાં નહીં, પણ ગુજરાતી પ્રાથમિક શાળામાં. રાજ્ય પણ સહેજ વિચારમાં પડ્યું: બી.એ.માં જે પ્રથમ શ્રેણીમાં ઊંચા ગુણ લઈને પાસ થયેલ છે, એ ગુજરાતી નિશાળમાં એકડિયા ભણાવવાનું શા માટે પસંદ કરે છે? નરસિંહપ્રસાદ રાજને કહે છે કે, મારે ખરેખર શિક્ષણનું કામ કરવું હોય તો આ બાળપોથી ને એકડિયાનાં ધોરણો જ લેવાં જોઈએ. જેનો પાયો જ પોલો ખોદાયો છે એના પર હું કઈ રીતે મોટી ઇમારત ચણવાનો હતો? મારે તો પાયામાં જ પૂરણી કરવી છે.

રાજ્યને વાત સમજાઈ, પણ ગુજરાતી કેળવણી ખાતામાં ઊહાપોહ થઈ પડ્યો. કેટલાક ‘સિનિયર’ શિક્ષકોએ વાંધો ઉઠાવ્યો કે આ પ્રમાણે વધુ અંગ્રેજી ભણેલાને ગુજરાતી નિશાળોમાં દાખલ કરશો તો બીજા સિનિયર કદાચ ઊંચા નહીં આવી શકે. એમાંના એક મહેતાજી તો પહોંચ્યા નાનાભાઈના પિતાની પાસે ને તેમને સમજાવ્યું કે, નરસિંહપ્રસાદ તો અમારા પેટ પર પગ મૂકે છે. એને જગ્યાઓનો ક્યાં તોટો છે તે ગુજરાતી શાળામાં દાખલ થાય છે? એને તો અંગ્રેજી નિશાળમાં ગમે ત્યાં દાખલ કરશે. પણ જો તે અહીં દાખલ થશે તો અમે આગળ નહીં વધી શકીએ. પિતાના અતિશય આગ્રહથી છેવટે એમણે એ વિચાર પડતો મૂક્યો ને રૂ. ૫૦ના પગારથી મહુવાના હેડમાસ્તર તરીકે નોકરીમાં જોડાયા.

હાઈસ્કૂલમાંથી પછી કૉલેજમાં પ્રોફેસર તરીકે નિમાયા; પગાર પણ સારો એવો વધ્યો. બધું સુખશાંતિથી ચાલતું હતું, પણ મનને

સુખશાંતિ નહોતી. તેઓ જોતા કે કૉલેજના વિદ્યાર્થીઓ એમની પાસે આવતા, પણ એ તો કેમ પાસ થવું એની ચાવીઓ શીખવા જ—કેમ જીવન જીવવું તે શીખવા નહીં. જાણે એમની ને વિદ્યાર્થીઓની વચ્ચે એક વ્યાપારી સંબંધ હતો, એકબીજાના જીવનમાં પ્રવેશવાનાં બારણાં જાણે બંધ હતાં. તેઓ જોતા કે વિદ્યાર્થીઓ કૉલેજમાં ચાર વર્ષ રહ્યા પછી પણ એટલા જ દિશાશૂન્ય ને ઉપલકિયા રહેતા.

આ સ્થિતિ કરુણ હતી. પૃથ્વીનાં દ્રવ્યોમાંનું સૌથી મૂલ્યવાન દ્રવ્ય, યૌવન, નિરર્થક વેડફાયે જતું હતું. એમને થાય છે કે આવી અર્થશૂન્ય કેળવણીનો હું કેમ ભાગીદાર થાઉં? અહીં તો અધ્યાપકો મહાલયો બાંધે છે, પણ ઈંટ-ચૂના વિના જ. અહીં જે બધા વિદ્યાર્થીઓ આવે છે એ ધોવાઈ ગયેલાં ખેતરો જેવા, ઘઈડાવાળી પાટી જેવા: એમાં કશું ઝિલાય તેમ નથી, કશું સર્જાય તેમ પણ નથી.

૧૯૧૦-૧૧ના એક શુભ દિવસે એ કૉલેજમાંથી રાજીનામું આપી દે છે. ગુજરાતના કેળવણીના ઇતિહાસમાં એ દિવસ યાદ રહેશે કારણ કે તે દિવસે ગુજરાતમાં શિક્ષણવિદ્યાનો પુનર્જન્મ થયો, શારદાની વીણાનો બંધ પડેલ ઝંકાર ફરી શરૂ થયો.

તે દિવસે એમને આ માર્ગે ન જવાની સલાહ આપનારા સંખ્યાબંધ નીકળેલા. ઘણાએ કહેલું કે, “રોટલી વિના રઝળશો, ને પછી વારે વારે આ કૉલેજની જગ્યા નથી મળવાની.”

પણ એમણે એક જ જવાબ આપેલો કે, “એવું થશે તો મારું દુર્ભાગ્ય સમજીશ.”

*

દક્ષિણામૂર્તિ સંસ્થા શરૂ થઈ તે દિવસોની વાત છે.

“ધરમશી ક્યાં છે?” છાત્રાલયના કમ્પાઉન્ડમાંથી એક ગૃહપતિ બૂમ પાડે છે.

“એની જગ્યાએ.”

“કહો કે મહાદેવ બોલાવે છે.” ગૃહપતિ છાત્રાલયમાં હમણાં જ

જોડાયેલા છે. એ ધરમશીને ધમકાવતા હોય છે:

"ક્યાં હતા અત્યાર સુધી? તમારો વાળવાનો વારો હતો. હજુ કેમ વાળ્યું નથી? હું એ બિલકુલ નહીં ચલાવું."

વિદ્યાર્થી બબડતો-ફફડતો ચાલ્યો જાય છે. ઉપરની મેડી પરથી એક સ્થિર ને શાંત અવાજ આવે છે: "મહાદેવ..."

ગૃહપતિ ઉપર જુએ તો ઑફિસની બારીમાં નાનાભાઈ ઊભા છે. "આવ્યો, નાનાભાઈ."

ઉપર જતાં જ સંભળાય છે: "તમે ગૃહપતિ છો, હવાલદાર નથી. હાકોટા હવાલદાર નાખે."

"પણ નાનાભાઈ, એણે છાત્રાલય વાળ્યું નથી."

"એ બરાબર છે; મેં તમને છાત્રાલય વળાવવા નથી રાખ્યા, એ તો પંદર રૂપિયાનો હવાલદાર પણ કરી શકે. તો હવાલદાર અને ગૃહપતિ વચ્ચે ફેર શો? તમે વ્યવસ્થા, સ્વચ્છતા બધું રખાવો—પણ હવાલદાર થઈને નહીં."

એમના પરિચયમાં આવ્યા પછી મને સૌથી મોટું આશ્ચર્ય થતું તે એમના ગૃહસ્થાશ્રમનું. પહેલી જ વાર એમને ઘેર ગયો, ત્યારે એ બેઠા બેઠા મંજુને હીંચોળતા હીંચોળતા જેઠાલાલના હિસાબના ચોપડામાં સહી કરતા હતા ને તેમને હિસાબની ગૂંચ બતાવતા હતા.

પછી જ્યારે જાઉં ત્યારે હીંચોળતા હોય, કાં તો ખાટલો પાથરતા હોય, કોઈ વાર બાથરૂમમાં બેસી બધાંનાં લૂગડાંને સાબુ દેતા હોય, કોઈ વાર રસોડામાં બેસી અજવાળીબહેનને કંઈક વાંચી સંભળાવતા હોય. વચમાં વચમાં વાંચવાનું અટકી પડે ને ઘરની વાતો ચાલે. આમ કોઈ નેતાને તૂટેલી માંચી પર બેસી છોકરાંને હીંચોળતા જોયેલ નહીં. અહીં એક વિદ્વાનને, એક મોટી સંસ્થાના નિયામકને, પથારીઓ પાથરતો ને થાળી-વાટકા મૂકતો જોઉં છું. મારા આશ્ચર્યની કોઈ સીમા રહેતી નથી.

એવું જ મને બીજું આશ્ચર્ય થાય છે કે અજવાળીબહેન સાથે એમને કેમ ફાવતું હશે?

અજવાળીબહેન બિચારાં લગભગ અભણ; બ્રાહ્મણની દીકરી તરીકે છૂતાછૂતનો પાર નહીં. ઘરમાં પેસતાં જ એમ થયા કરે, કે રખે ક્યાંક અડી તો નહીં જવાય ને! એમનું પાણિયારું-રસોડું, પૂજાઘર અને ચારે બાજુ મરજાદની વાડ ઊભી કરેલી. મને તો આશ્ચર્ય, કે આ તે કેમ નભે! વારંવાર સવાલ થયા કરે: કેવું જબરદસ્ત છે આ બન્ને વચ્ચેનું અંતર! ક્યાં નાનાભાઈની વિદ્વત્તા, યશ, સ્થાન, ત્યાગ—ને ક્યાં અજવાળીબહેન? એ કેટલું ભણ્યાં હશે? બે-પાંચ ચોપડી. કેમ ચાલ્યો હશે એમનો સંસાર? આજસુધી તો અનેકને મોંએ સાંભળ્યું છે, કે જે બન્નેમાં સમાન આદર્શ, સમાન શીલવ્યસન ન હોય, એક અભણ ને બીજું ભણેલું હોય, ત્યાં સંસાર-રથનાં ચક્રો ચૂંચૂં ચૂંચૂં કરવાનાં જ—ને કદાચ અધવચ્ચે જ ખૂંપી જવાનાં. અહીં તો એ ઊણપ, એ ક્લેશ, એ ક્ષુદ્રતા, એ કર્ણકટુ વાદવિવાદની છાયા પણ દેખાતી નથી. કઈ અદૃશ્ય વસ્તુએ આવડા મોટા અંતરને ભેદીને એમને નિકટ આણ્યાં હશે?

પરિચય થયાને બહુ દિવસો નથી થયા. એક રાત્રે કંઈક કામે ગયો હતો. પોતે મંજુને હીંચોળતાં હીંચોળતાં હાલરડું ગાતા હતા. મને કહે: “હમણાં તો નવરાશ મળે છે, પણ શરૂઆતમાં તો દિવસમાં પા કલાક પણ બચુની બા સાથે બેસવાને વખત ન મળે મને. પછી તો મન સાથે નક્કી જ કર્યું, કે દિવસનો અમુક સમય તો આપવો જ—પછી ભલે ગમે તેવું કામ હોય. આજ સુધી એ નિયમ અતૂટ ચાલ્યો આવ્યો છે, ને એમાં હું ઘણું કમાયો છું: મંજુ કે બેબીને હીંચોળતાં, એમની પથારી કરતાં, એમને પંપાળતાં, રાતમાં એ થાકી ગઈ હોય ત્યારે ઊઠીને ગોદડું સમું કરતાં મનને આનંદ ને કૃતાર્થતા મળે છે. મારા સંસારનો સમસ્ત ભાર પત્ની પર નાખી દીધો છે, એનું થોડુંક પ્રાયશ્ચિત્ત કરતો હોઉં એમ લાગે છે.”

“એ જ આપની મોટાઈ.”

“ઘણાં લોકો આમ કહે છે ત્યારે મને લાગે છે, જીવનમાં જે મોટાં કારભારાં ડોળે એ જ મોટા? બીજા ગુણોની કિંમત નહીં? સાદામાં સાદા માનવીમાં પણ એક એની પોતાની મહત્તા પડી હોય છે, જે વિશ્વના

બીજા કોઈ ખૂણેથી મળવાની નથી, એ આપણે ભૂલી ગયા છીએ? ...કહે છે, કે મારી બા ખડ વાઢવા જતી ત્યારે ઝોળીમાં મને સાથે લઈ જતી. વાંસા પરની ઝોળીમાં મને સુવાડયો હોય, ને ખડ વાઢતી જાય. આ ત્યાગ, આ સંભાળની તોલે શું મારો આ થોડોક બુદ્ધિવૈભવ મૂકી શકાય તેમ છે?"

એક વાર મેં પૂછ્યું: "મારી બા ખાદી કેમ નથી પહેરતાં?"

એ હસીને કહે: "ભાઈ, મારી એક મૂંઝવણ છે: મેં ખાદી ને સ્ત્રી-સ્વાતંત્રય, બંનેની હિમાયત સાથે ઉપાડી છે. કહેતા હો તો ખાદી પરાણે પહેરાવું, ને સ્ત્રીસ્વાતંત્રયનો ઝંડો હેઠો મેલી દઉં. પણ જ્યાં સુધી એ ધજાગરો પણ ઝાલ્યો છે ત્યાં સુધી તો ખાદી પહેરાવવાનું નહીં બને...

"મારે મનથી ખાદી એ કેવળ રાજકીય પોશાક નથી. એ અહિંસાનું પ્રતીક છે. પ્રેમમૂર્તિ ઈશુ ને કારુણ્યમૂર્તિ બુદ્ધની મૂર્તિ માટે લોકો તલવાર ઉપાડે છે એ ક્ષણે જ બુદ્ધ ને ઈશુ મરી જાય છે. હું રાહ જોઈ શકીશ, પણ તલવાર નહિ ઉઠાવી શકું. ખાદી પહેરવાની વસ્તુ છે, પહેરાવવાની નહીં...

"બગીચાનો માળી પાણી સીંચ્યા જ કરે છે. કદી છોડને પહોંચ્યું કે નહીં એ જોવા છોડને ઉખેડતો નથી. એ તો જાણે જ છે, કે છોડનાં મૂળિયાં જે દિવસે પાણીને ગ્રહણ કરશે તે દિવસે ટોચે કૂમળી ટીશીઓ નીકળવાની, નવરંગી પાંદડાં પ્રગટવાનાં. હા, શંકા થાય તો એટલું જુએ, કે કઋતુએ તો નથી આપતો ને? વધારે પડતું તો નથી આપતો ને? પણ મૂળિયું ઉખેડીને જોવાનું ડહાપણ તો ભગવાને એને નથી જ આપ્યું!"

*

ચારે બાજુની કૃત્રામતાએ ને ઝેરે એમને ગામડાંનાં ખુલ્લાં ખેતરો ને મહેનતુ લોકો તરફ ધકેલ્યા. ત્રીશ વર્ષ પહેલાં કહ્યું હતું તેમ એક શુભ દિવસે કહે છે: "ચાલો, આ બધાંને છોડીને ગામડામાં ચાલ્યા જઈએ."

કાર્યવાહકો કહે છે: "આ ચાર લાખ ખરચીને મકાનો કર્યાં, તેનું

શું?"

"મકાનો કાંઈ આપણને બાંધી રાખી નહીં શકે. આપણો સંકલ્પ હશે તો ઈંટચૂનો તો ગમે ત્યાં ભેળાં થવાનાં."

પણ એ ગંજાવર સંસ્થામાંથી એક પણ જણ એમની સાથે જવા તૈયાર નથી.

કૉલેજ છોડી ત્યારે જેમ અનેકે ચેતવણી આપી હતી એમ આજે પણ સૌ ચેતવે છે. ધ્રુવને છોડીને અધ્રુવ પાછળ નહીં દોડવાને વિનવે છે: "આવડી મોટી સંસ્થા, કાર્યકર્તાઓનું આવું જૂથ, આટલી પ્રતિષ્ઠા, એ બધાંને શા માટે છોડી દો છો?... આટલાં વર્ષો શહેરમાં ગાળ્યાં પછી ગામડામાં ફાવશે?... છોકરાં તથા છોકરાંની બાનું શું? તમે હવે કેટલાંક વર્ષ? તમારા ગયા પછી નવી સંસ્થાને કોણ સંભાળશે?... આવી રૂડી સંસ્થા વીંખી નાખવાનું કેમ સૂઝે છે?" આવા અનેક પ્રશ્નો ને વિનવણીની ઝડી વરસે છે. કોઈ કોઈ સંસ્થા ભાંગી નાખવાના આક્ષેપો કરે છે. કોઈ વળી એવી શંકા પણ બતાવે છે કે—આ બધું નવી સંસ્થામાં ભેળું કરવું હશે!

તેઓ તો પોતાની નિત્યની ટેવ મુજબ હસે છે. આવું તો કેટલુંય ઝેર એમણે આજ સુધી પચાવ્યું છે. માત્ર મનમાં જ એક સંકલ્પ કરે છે કે, અહીંની એકેએક ચીજ મારે શિવનિર્માલ્ય છે.

જે સંસ્થાનો એક એક પથરો ચણાતાં જોયો છે, એક એક ખૂણા સાથે રાગના તંતુઓ જોડ્યા છે, જે કલામંદિરની એક એક કૃતિને પ્રશંસા ને અભિમાનથી એકઠી કરી છે, એને નજર પણ નાખ્યા વગર પાછળ છોડીને બિલકુલ અજાણ્યા ને અનિશ્ચિત ભાવિ તરફ એકેય સાથી વિના ચાલતા થવું એ સહજ વસ્તુ નથી. આજે તો જુવાની પણ નથી. મિતાહારે સ્વસ્થ રાખેલું શરીર પણ ખળભળી ગયું છે. કોઈક વાર આંખમાં થાકનો પડછાયો દેખાય છે. પણ સંકલ્પ? સંકલ્પ તો સ્થિર ને પ્રકાશવંત દીપ પેઠે પડ્યો છે. સંસ્થાનો રાગ ખરી જાય છે, વૃદ્ધાવસ્થા ભુલાઈ જાય છે; માત્ર સામે દેખાય છે—ધૂળમાં રગદોળાયેલું,

અજ્ઞાન ને દારિદ્રયે છિન્નભિન્ન ગામડું.

ગુજરાતની કેળવણીના ઇતિહાસમાં એ દિવસ પણ લખાશે.

જાણે ફરી જુવાની ફૂટી. સવારના ચાર વાગ્યે ઊઠે છે તે સૂએ ત્યાં સુધી કામ ચાલ્યા કરે છે. એ જ ઉત્સાહ, એ જ ચીવટ, એ જ અવિચલતાથી છોકરાંઓને ભણાવવાનું, પટેલિયાઓને સમજાવવાનું, કાંતવાનું, વાડીઓમાં ફરવાનું, દર્દીઓને જોવાનું ચાલ્યા જ કરે. થાક નથી—ઊલટો ઉત્સાહ છે: જાણે બાકી રહી એકેય ક્ષણ નિરર્થક ન જાય.

કોઈ કોઈ વાર મિત્રો આવી ચડે છે; પૂછે છે:

“આપ અહીં ગ્રામવિદ્યાપીઠ કાઢવાના?”

“વિદ્યાપીઠ શેની કાઢું? હજુ તો મારી પાસે એમને આપવાની વિદ્યા જ નથી, ત્યાં પીઠ શાની ચલાવું? મને ઝરડાંની ઝાંપલી બનાવતાં આવડે છે? આંબામાંથી ઘણ કેમ કાઢવો એ ખબર છે? ગાયને દોહતાં, બળદનું ખાણ પલાળતાં, હળ હાંકતાં, કોશ કાઢતાં—કશું આવડે છે? અરે, નીંદતાં-ગોડતાં પણ ક્યાં આવડે છે? આવો હું એમની વિદ્યાપીઠ શું કાઢું? હું તો બને તો ઘણું ભૂલવા ને નવું શીખવા આવ્યો છું. આમ નવું નવું શીખતાં જ દેહ પડી જાય તોય જીવતર સફળ થઈ ગયું ગણું.”

# લોટામાંનો રાક્ષસ

એટલું નિશ્ચિત માનજો કે જ્યાં સુધી આજની શિક્ષણપદ્ધતિ આપણે નહિ બદલીએ, ત્યાં સુધી આપણું કામ થવાનું નથી. આજની ભૂંડી કેળવણીથી માણસ નર્યા સ્વાર્થ સિવાય કશું શીખતો નથી. હરામનાં હાડકાં કરવા અને સમાજદ્રોહ કરવા સિવાય બીજી કોઈ વૃત્તિ તેનાથી પોષાતી નથી.

પહેલાં તો દસ-વીસ ટકા ભણતા હતા. તેટલો બેઠાડુ વર્ગ કદાચ પરવડી શકે, કારણ કે બાકીનો એંશી ટકા વર્ગ કામ કરતો હોય. વીસ

ટકા બેસી રહે તે પણ અન્યાય છે, છતાંય તેથી સમાજ સ્થગિત ન થાય. પરંતુ ૧૦૦ ટકા લોકો બેઠાડુ થાય, તો સમાજનું સત્યાનાશ જ વળે ને!

આપણે કહીએ છીએ કે કામ કરનારા નથી મળતા. પણ શેના મળે? આ શિક્ષણથી તો કામ ન કરે તેવાની જ સંખ્યા વધશે. આમાં તો કોઈક મળે તો ચમત્કાર માનવો જોઈએ. જ્યારે આપણે તો લાખોની સંખ્યામાં કાર્યકર્તાઓ જોઈએ છે.

આજની કેળવણી સામે આપણે બંડ ઉઠાવવું જોઈએ. આ ભયંકર વસ્તુ છે. આની આ કેળવણી ચાલુ રહી, તો દસ-વીસ વરસે નવી પેઢી સમૂળગી પાંગળી અને સ્વાર્થી, સમાજદ્રોહી અને દેશદ્રોહી બની જશે—અને ત્યારે પેલા ‘અરેબિયન નાઇટ્સ’ના લોટામાંના રાક્ષસ જેવો ઘાટ થશે. તે હમણાં ભલે બંધ લોટે છે, પણ પછી બહાર નીકળશે.

## ગોળ અને ખોળ

શરદચંદ્ર તો સાહિત્યસ્વામી છે. આપણે જેમને સામાન્ય લોકો કહેતા હોઈએ તેવા લોકો તરફ એમની સહાનુભૂતિ, અનુકંપા અને શ્રદ્ધાનો કોઈ પાર નથી. એટલે એમની વાર્તાના નાયકો અને નાયિકાઓ ઘણી વાર સમાજના ઓરમાયા વર્ગનાં હોય છે. ‘અંધારે આલોક’ અને એમની વિખ્યાત નવલ ‘શ્રીકાંત’ એના દાખલા છે.

આ બધું વાંચ્યું છે, રસપૂર્વક વાંચ્યું છે. પણ તે વખતે મનમાં એમ થતું કે, આ બધું અદ્‌ભુત રીતે લખાયું છે એની ના નહિ; પરંતુ આ નવલકથામાં આવે છે એવી સ્ત્રીઓ અને એવાં અસામાન્ય સામાન્યજનો ખરેખર હશે ખરાં? કે પછી મહાપુરુષોને હાથે પથ્થરની પ્રતિષ્ઠા થાય તોપણ પૂજાય, એવું તો આ નહિ હોય ને? એમની અનુકંપાએ એમનાં પાત્રોને વધારે પડતો રંગ તો નહિ ચડાવ્યો હોય? પરંતુ હમણાં ફરતાં ફરતાં શરદચંદ્રની શ્રદ્ધાને સાચી ઠરાવતા એકાદ

બે કિસ્સા પ્રત્યક્ષ જોવા મળ્યા.

... ગામ ગયો હતો. — પટેલ અનુભવી ને આબરૂવાળા. શેરડી ખાતાં ખાતાં વાતો ચાલતી હતી. મેં કહ્યું:

“મારે તમને એક વાત કહેવી છે. બાજુના ગામમાં ગયો હતો, ત્યાં ... પટેલને તો તમે ઓળખો છો. એણે એની વહુને હમણાં કાઢી મૂકી છે. કહે છે કે છોકરાં ઊઝરતાં નથી, એટલે બીજી કરવાનો વિચાર છે. એ તો ઠીક, પણ બાઈ એના પિયરથી હજાર-બે હજારનું ઘરેણું લઈને આવેલી; હવે એ ઘરેણું પણ નથી આપતો ને જિવાઈ પણ નથી આપતો. તમારી નાતે આવા કિસ્સામાં વચ્ચે પડવું જોઈએ.”

“એ તો બહુ કહેવાય, હળાહળ કળજુગ જ આવ્યો છે ને! ઘરનું માણસ, કેટલા તડકા-છાંયડા હારે કાઢ્યા હોય, તોય આમ કેમ થતું હશે? સાળું, માણસ પોતાના જૂના ઢાંઢાને ય આમ કાઢી નથી મૂકતો!”

મેં કહ્યું: “હવે કાઢી મૂકવાનું ક્યાં લેવા જાવું પડે એમ છે? એ બાબતમાં કાળજાં કઠણ થઈ ગયાં છે.”

“સાચી વાત છે. જમાનો એવો આવ્યો છે કે આબરૂસોતા એના (પરમાત્માના) ધામમાં પહોંચી જઈએ તો ઘણું કહેવાય.... અમારા ઘરમાં જ હજુ કાલ બોલાચાલી થતાં રહી ગઈ.”

“શું?” મારાથી બોલી જવાયું.

“અમારી ભાણેજવહુ છે, એના સારુ કંઈક લૂગડું આવેલું, તે બૈરાંનો જીવ...” કહી થોડી વાર એ થંભી ગયા. શેરડીનો કટકો હાથમાં રહી ગયો. પછી કહે:

“મારે એક બહેન હતી. પરણાવી, પણ આદમી કાંઈક સ્થિતિએ દૂબળો એટલે જમીન પણ અમે પડખેના ગામમાં લઈ દીધેલી. પરણાવ્યા પછી ચારેક વર્ષે બહેન દુ:ખાણી. દોઢ વરસનો ભાણો, એટલે અમે ઘેર લઈ આવ્યા. ત્યાંની ખેડ અહીંથી જ અધવારું કરીને સંભાળી. થોડાં વરસે બહેન પણ પાછી થઈ. ભાણો અમારી ભેગો રહ્યો, ખેડ શીખ્યો. ભાણો પણ જોઈને કાળજું ઠરે એવો. સત્તર-અઢાર વરસનો

થયો એટલે પરણાવ્યો. બાઈ આણું આવી, એટલે એમને ગામ મોકલીને ત્યાં વસાવ્યાં ને ખેડ શરૂ કરાવી. ભાણાને ઘેર દીકરો આવ્યો... પણ ભગવાનને કરવું છે ને? વાત જોડી કાઢેલી લાગે, પણ ત્રીજે જ વરસે ભાણોય પાછો થયો. પછી એની વહુને આંહીં તેડી આવ્યા, કેમ કે એના પિયરમાં સમાય એમ નહોતું. પહેલાં બહેન ને ભાણો આવ્યાં'તાં, એમ આ ભાણેજવહુ ને એનો દીકરો આવ્યાં. ખેતીનું પેટ મોટું, તે સૌ મહેનત કરે તો ગદરી ખાય. ખેતી ઉપર એટલી ઈશ્વરની દયા છે. બહેનને હું અહીં તેડી લાવેલો તે દિવસથી મેં એક નીમ લીધેલું કે ઘરમાં બાઈયું માટે, છોકરાં માટે, કાંઈક લૂગડું-ચીંથરું, ચીજ-વસ્તુ લાવવાની હોય તો એક નંગ વધારે જ લાવવું. વીસ-પચીસ વરસ થઈ ગયાં, પણ મારી સાંભરણમાં કોઈ દી હું એમને ભૂલ્યો નથી કે વહેરોવંચો થાવા દીધો નથી. પણ કાલ સાંભળ્યું કે ભાણેજવહુને માટે ઘરમાં કંઈક લૂગડું આવ્યું હશે ત્યારે નાના દીકરાની વહુએ એમ કહી નાખ્યું હશે કે, 'આવાં ને આવાં ખરચ—ગોળ ને ખોળ સૌ સરખાં!' ભાણાની વહુના સાંભળતાં આમ બોલ્યાં તે એણે બે આંસુ પાડયાં હશે. ભગવાન! ભગવાન! એને એટલીયે ખબર ન પડી કે ગોળ તો મીઠો મધ જેવો લાગે, ને વેણ તો કડવી નઈ જેવાં કાઢ્યાં!... પણ તોય અમારા ઘરમાં ભારે સંપ."

હું પાછળથી પૂરું ધ્યાનપૂર્વક સાંભળતો નહોતો. વિચારે ચડી ગયેલો કે આ માણસે જે પુણ્યકાર્ય કર્યું છે, તેને કયા પ્રકારનો યજ્ઞ કહેવો? રાજસૂય, સર્વમેધ, વિશ્વજિત કે કયો યજ્ઞ આની તોલે આવે? પહેલાં બહેન અને ભાણેજને સમાવ્યાં. ખાવાનું જ આપ્યું એમ નહિ—એ તો અનાથાશ્રમો પણ આપે છે—પણ પ્રેમ આપ્યો, ગૌરવ આપ્યું, જીવનનો મહિમા આપ્યો. ને એ કામ પૂરું થયું, "હવે આપણે છૂટાં" એમ માન્યું, ત્યાં વળી "પુનશ્ચ હરિ ઓમ્" જેવું થયું. હજુ એ બાળક ચાર વરસનું છે; તેને અઢાર વરસનું કરવું પડશે. લાંબાં ચૌદ વરસ! ભલભલાની છાતી બેસી જાય, પણ આને તો વિચાર જ નથી. એણે કહ્યું કે ખેતીનું પેટ મોટું, એટલે સૌ સમાઈ જાય. એ વાત સાચી છે.

મધ્યમ વર્ગમાં આવું બન્યું હોય તો નભાવવું મુશ્કેલ હોય છે. કેમ કે એમાં એક જણ કમાનાર ને બાકીનાં સૌ ખાનાર હોય છે. પણ તેમ છતાંય ખેતી કરનારનું દિલ પણ મોટું હોવું જોઈએ. સગા ભાઈને અરધો ચાસ જમીન વધારે ન આપવા માટે, એટલી જમીનની કિંમત કરતાં વીસ-વીસ ગણાં નાણાં કોરટ-કચેરીમાં ખર્ચીને પાયમાલ થનાર ખેડૂતો પણ પડ્યા જ છે ને?

## જ્વર ન ચડવો જોઈએ…

આઈઝનહોવરે પોતે બીજા વિશ્વયુદ્ધનો એક કિસ્સો નોંધ્યો છે. આઈઝનહોવર મિત્રા રાજ્યોના સેનાપતિ હતા. જર્મની પર ચડાઈ કરનાર સૈન્યના સરસેનાપતિ હતા. તેના હાથ નીચે ચાલીસ લાખ સૈનિકો અને ડઝનબંધ જનરલો હતા. પેટન આમાંના એક મોવડી હતા. તે ટેંકદળના વડા અને નિષ્ણાત હતા. તે વખતે તેની બોલબાલા હતી. એક દિવસ પેટન ઘાયલોની હૉસ્પિટલમાં જઈ ચડયા. ત્યાં તેણે એક સૈનિકને જોયો. પૂછ્યું: “તમે તો ઘાયલ થયા નથી લાગતા. તમે કેમ અહીં છો?” સૈનિક કહે: “મને બહુ બીક લાગે છે મોરચા પર.” પેટને તેને જોરથી તમાચો માર્યો: “બીકણ! હૉસ્પિટલ તારે માટે નથી.”

એ વખતે દાક્તરો, નર્સો સાથે હતાં. પેલો સૈનિક રડવા લાગ્યો. પેટને તેની સામું જોયું નહિ અને ચાલતા થયા. દાક્તરોના વડા કહે: “જનરલ, તમારો વર્તાવ અણશોભતો હતો. એ દર્દી અમારી દેખરેખ નીચે હતો. એને માટે તો મારી જવાબદારી છે.” પેટન કહે: “બીકણ લોકોને મારા સૈન્યમાં સ્થાન નથી. તેના પર તો બરફના પાણીની ડોલો ઢોળવી જોઈએ, જેથી તેનું મગજ ઠેકાણે આવે.” પેટનની સામું તો કોઈ બોલી ન શકે. પણ આ પ્રસંગ ઘણાની રૂબરૂમાં જ બનેલો, એટલે વાત છાની ન રહે. યુદ્ધ-ખબરપત્રીઓએ તરત આ પ્રસંગના તાર—સંદેશા મોકલ્યા. પણ તે સેન્સરે રોક્યા. ખબરપત્રીઓએ સરસેનાપતિને ફરિયાદ

કરી. આઈઝનહોવરે તેમને સમજાવ્યા: “ખબર મોકલાય તો પેટન સામે તપાસ કરવી પડે. તેને ઠપકો આપવો પડે. કદાચ હોદ્દો પણ છોડવો પડે. આ બધું ચાલુ યુદ્ધે આપણા લાભમાં નથી.”

પણ પેલા ખબરપત્રીઓને સંતોષ ન થયો. સમાચાર બીજી રીતે પણ પહોંચ્યા. અને અમેરિકન છાપાંઓમાં તેની સનસનાટી મચી ગઈ. પેટનને પણ પૂછવામાં આવ્યું.

પેટન મોટા જનરલ. ટેંકયુદ્ધના નિષ્ણાત. તેનું ટેંકદળ માર-માર કરતું જર્મન સરહદમાં ઘૂમતું હતું. પેટને ખોટું તો કર્યું જ હતું. પણ પેટન હઠીલા હતા. તુમાખીવાળા હતા. અમેરિકન દળોમાં તેની પ્રતિષ્ઠા પણ ઘણી હતી. એણે કહ્યું: “હું રાજીનામું આપી દઉં, પણ માફી નહીં માગું. એક સિપાઈને મેં બે લાફા માર્યા, એમાં શું થઈ ગયું?”

આઈઝનહોવરે કહ્યું: “એ માત્ર સિપાઈ નથી, અમેરિકન નાગરિક છે. અમેરિકામાં કોઈ પણ માણસને ગમે તેવો મોટો માણસ પણ લાફો મારે, એ બની જ ન શકે.”

આઈઝનહોવરે મહામહેનતે પેટનને સમજાવ્યા. અને એ જ હૉસ્પિટલમાં, એ જ સિપાહી અને દાક્તર-નર્સોની રૂબરૂમાં દિલગીરી દર્શાવવાનું ગોઠવ્યું.

ક્યાં ટેંકદળોની મારમાર કૂચ. ક્યાં જર્મનીને ભિડાવી શરણે લાવનારી વ્યૂહરચના અને ક્યાં એક બીકણ સિપાહીને મારેલો તમાચો અને દર્શાવાયેલી દિલગીરી!

આઈઝનહોવરને કંઈ મંથન નહિ થયું હોય? કે આ આવડો મોટો સેનાપતિ રાજીનામું આપશે તો શું થશે? કયા જોર પર આ માણસે આ પગલું ભર્યું હશે? અન્યાય તે અન્યાય; મોટો કરે કે નાનો કરે, તે ન જ ચલાવી લેવાય. આ પાયાની વાત.

પેટને માફી માગવી જ પડી.

**

આવો જ બીજો કિસ્સો છે ચર્ચીલનો.

ઇટલીમાં મિત્રારાજ્યો આગળ વધી રહ્યાં હતાં ત્યારે, ઉત્તર ઇટલીના શહેરમાં એ જમાનાના મોટા ચિંતક, ઇતિહાસવિદ્, તત્ત્વવેત્તા ક્રાઉચે રહેતા હતા. એણે ઇતિહાસ, સૌન્દર્યશાસ્ત્રા પર ગ્રંથો લખેલા છે. ચર્ચીલને સમાચાર મળ્યા કે જર્મનો વળતો હુમલો કરવાના છે અને ક્રાઉચેના ગામ આગળથી પસાર થવાના છે. એ વખતે જર્મનો એને પકડી જાય ને જેલમાં ગોંધી રાખે તો? કદાચ જેલમાં જ એને મારી નાખે તો? એણે તરત જ વાયરલેસથી સંદેશો મોકલાવી આપ્યો કે: “આ ગામ આપણા કબજામાં નથી. વિખ્યાત ફિલસૂફ ક્રાઉચે ત્યાં રહે છે. ને જર્મનો એને ઉપાડી જાય એવો સંભવ છે. તેથી ત્યાં બસો પેરેશુટિયા ઉતારો ને એ ગામનું રક્ષણ કરો. જરૂર લાગે તો ક્રાઉચેને બીજે લઈ જાવ.”

દુનિયાની આવડી મોટી લડાઈ ચલાવવાવાળો માણસ, જેને માથે કરોડો માણસોની વ્યવસ્થા છે, એ માણસને મન યુદ્ધની ભીષણતા એ બિનમહત્ત્વની વસ્તુ છે. રોજ હજારો માણસો મરતા હશે. માણસોના મરવાનો હિસાબ તો યુદ્ધમાં હોતો જ નથી. એ માણસ આટલું સૂક્ષ્મતાથી જુએ છે! આવો એક માણસ પણ આપણે કેમ ખોઈ શકીએ? આ એક ચિત્તની અવસ્થા છે. અનાસક્તિની અવસ્થા છે.

**

મહાભારતમાં પણ આવો જ પ્રસંગ આવે છે.

એક ટિટોડી રઘવાઈ થઈને આંટા મારતી હતી. ભગવાનનું ધ્યાન ગયું. પૂછ્યું: “કેમ અહીંયાં આવી છો?”

પેલી કહે: “ભગવાન, મારાં ઈંડાં અહીં પડ્યાં છે. હમણાં બધા રથો ને હાથીઓ અહીં દોડશે અને મારાં ઈંડાં કચડાઈ જશે, તેથી આવી છું.”

ભગવાન કહે: “દિવસોથી અહીં યુદ્ધનાં પડઘમ વાગતાં હતાં તેની ખબર નો’તી?”

પેલી કહે: “ખબર તો હતી.”

"પછી… ?"

"મને એમ કે કાંઈ નહિ થાય. ભાઈઓ ભાઈઓ બાઝશે તો નહિ જ. વળી તમારા જેવા સલાહકાર છે, પછી તો ન જ બાઝે ને? એમ મને થયું હતું."

ભગવાન કહે: "ઠીક, ઠીક; અત્યારે તું જા. તારાં ઈંડાંને હું સાચવીશ." અને ભગવાને એ જ વખતે હાથીની ડોકેથી ઘંટ લઈને ટિટોડીનાં ઈંડાં માથે મૂકી દીધો. ઘમસાણ લડાઈ ચાલી. પછી સાંજે ભગવાને અર્જુનને કહ્યું: "તું જરા થોભ અહીં. રથમાં જ બેસજે. નીચે ન ઊતરતો. હું હમણાં જ આવું છું."

જે યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું તેમાં બોતેર લાખ માણસો મર્યાનો અંદાજ છે. એટલે રોજનાં ચાર લાખ માણસો મર્યા છે. એ યુદ્ધમાં કૃષ્ણ ભગવાનને શું ચિંતા છે? આ ટિટોડીનાં ઈંડાં તો બચવાં જ જોઈએ.

સાંજે ઈંડાં હાથમાં લઈને ગયા. ટિટોડીને આપ્યાં ને કહ્યું: "લે, લઈ જા તારાં ઈંડાં."

આ અનાસક્તિ છે.

જે મરવાને પાત્રા છે એ તો ભલે મર્યાં, પણ જેનો ગુનો નથી એ શું કામ મરે? 'ગીતા'માં વારે વારે કહે છે: 'યુદ્ધ સ્વ વિગત જ્વર:'—જ્વર ન ચડવો જોઈએ. 'મારી નાખું—ખોખરો કરી નાખું!' એવો જ્વર ચડે છે આપણને. તેવો જ્વર ચડવો ન જોઈએ ને લડવું જોઈએ. 'મહાભારત'ના મર્મનો એક ભાગ આ છે.

# વિશ્વશાંતિની ગુરુકિલ્લી

છેલ્લાં પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રૉકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્ભુત શોધો માણસે કરી છે.

પણ છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું

બાલશિક્ષણશાસ્ત્રાની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

'યુનેસ્કો'ના ખતપત્રની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ, યુદ્ધ પહેલાં માણસોના હૃદયમાં શરૂ થાય છે ને ત્યાં જ તેને ડામવું જોઈએ. કોરી જમીનમાં પડેલ તિખારો આપોઆપ ઓલવાઈ જાય છે. પણ ઘાસવાળી ભોંયમાં જો પડે તો જરૂર દાવાનળ લાગે છે. તિખારો ન પડે તે એક સાવચેતી; ને તિખારો પડે તો પણ આગ ન લાગે, આપમેળે બુઝાઈ જાય, તે બીજી સાવચેતી. બાળકેળવણીનું શાસ્ત્રા આ બીજા પ્રકારનું કામ કરે છે. એટલે જ બાળકેળવણીમાં કામ કરનારાઓને હું ઘણી વાર શાંતિસૈનિકો કહું છું. શાંતિ સ્થાપવાનું કામ માત્ર આઈઝનહોવર, ખ્રુશ્ચોવ કે વિનોબાજી જ નથી કરતા, પણ રાનીપરજનાં ઝૂંપડાંઓ વચ્ચે બાલવાડી ચલાવનાર ગ્રામસેવિકા પણ કરી રહેલ છે. કારણ કે તે પોતાની સંભાળમાં મુકાયેલાં ભૂલકાંઓમાં આક્રમક વૃત્તિનાં બીજ ન રહે તેવી હિકમતથી કામ કરી રહેલ છે.

લડાઈનાં પડઘમ વાગે કે તરત જ આક્રમકને સંખ્યાબંધ સૈનિકો મળી રહે છે, તે શા કારણે? સૈનિકો નોંધવાની પડાપડી થાય છે, જે રહી જાય છે તે ઘણી વાર રડે છે, તે શા માટે? ઉનાળામાં ધરતી પર તરણુંય નથી હોતું, ને વરસાદ પડતાં હરિયાળું ઘાસ ઊગી નીકળે છે, તે શા કારણે? ઘાસનાં સૂક્ષ્મ બીજો ત્યાં ધરતીમાં જ હતાં, વરસાદ પડતાં તે બીજ ફૂટી નીકળ્યાં. આક્રમક વૃત્તિનાં બીજો ત્યાં ચિત્તની ભૂમિમાં વેરાયેલાં જ હતાં, અનુકૂળ ઘડી મળતાં જ તે ફૂટી નીકળ્યાં. સંસ્કૃતિ, વિવેક, સારાસાર વૃત્તિ કશું ત્યાં કામ ન આવ્યું.

બાલશિક્ષણ અને બાલમાનસશાસ્ત્રા એમ કહે છે કે આ આક્રમક વૃત્તિ કાંઈ બાળકમાં પહેલેથી નથી હોતી. જિજીવિષા, સંરક્ષણની ઇચ્છા તેને હોય છે, પણ આક્રમણની વૃત્તિ તો કુશિક્ષણનું જ પરિણામ છે, ને યોગ્ય શિક્ષણ તેને રોકી શકે છે.

જમાનાઓથી સાધુસંતો શાંતિનો ઉપદેશ દેતા આવ્યા છે. તેનું

પરિણામ શા સારુ આટલું ઓછું આવ્યું છે? ઈશુ કે ભગવાન તથાગત, સંત ફ્રાંસિસ, એકનાથ કે તુકારામનાં ચારિત્રય, જ્ઞાન અને કરુણા અપરિમેય હતાં; પણ તેના સંસર્ગમાં આવેલામાંથી મોટા ભાગને તેઓ ચિત્તશાંતિ આપી શક્યા? ને તેમના ગયા પછી પણ તેમના ઉપદેશનાં શ્રવણમનનથી કેટલાંનાં જીવતરનું પરિવર્તન થયું? એમની મહત્તા અને ગુણવત્તા બંનેના પ્રમાણમાં પરિણામ કેટલું? ગંગાના અનર્ગળ જીવનદાયી પ્રવાહમાંથી કેમ મબલખ પાક નથી ઊતર્યો? હું ઉત્તર આપવાનું સાહસ કરું? આ મહાપુરુષોએ પોતાનો ઉપદેશ પ્રૌઢોને આપ્યો છે. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢ-પરિવર્તનનું ગણ્યું હતું.

‘મહાભારત’માં ભગવાન વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે. દુર્યોધનને એક વાર વિદુર સમજાવે છે કે ભાઈભાઈના યુદ્ધનું પરિણામ કેવું ભયંકર આવે છે! દુર્યોધન એ બધું સાંભળીને કહે છે जानामि धर्मम् न च मे प्रवृतिः, जानामि अधर्मम् न च मे निवृत्तिः।—(ધર્મ શું છે તે હું જાણું છું, પણ મારાથી તે પળાતો નથી. અને અધર્મ શું છે તે પણ હું જાણું છું, પણ મારાથી તેમાંથી પાછું ફરાતું નથી.) સૌની ઓછેવત્તે અંશે આવી દશા હોય છે. આપણે દુર્યોધનની નાનીમોટી આવૃત્તિઓ છીએ; કારણ કે જ્ઞાન પછીથી આવે છે, આદતો-લાગણીનાં વલણ બાળપણમાં પડી ચૂક્યાં હોય છે. આથી ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે અને આદતો-લાગણીઓ બીજી બાજુ. આ ગજગ્રાહમાં, થોડાક સદ્‌ભાગીઓને બાદ કરીએ તો, બાળપણની આદતો અને લાગણીઓ જીતે છે. આ પૂજ્ય અને પ્રણમ્યની મહાપુરુષો પ્રત્યે પૂરો આદર રાખીને પણ એમ કહી શકાય કે એમણે આની શરૂઆત કરવી જોઈએ ત્યાંથી નો’તી કરી, એટલે તેમના પ્રયત્નનું પરિણામ ઓછું આવ્યું છે.

બાલશિક્ષણશાસ્ત્રીનું બીજું વિધાન એ છે કે આક્રમક વૃત્તિનાં મૂળ બાલ્યાવસ્થામાં થયેલ નૈરાશ્યના અનુભવમાં છે. બાળકોનાં અપમાન અને નિરાશાના જે અનુભવો આપણા ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે તે બાળકો ભૂલી નથી જતાં. તેમના હાથપગ નાના હોવાથી તે મૂંગાં રહે છે, પણ તેમના ચિત્તના ચોપડામાં તેઓ તે સમાજને ખાતે

ઉધારી રાખે છે. મોટાં થતાં જ તે ચોપડો ખોલે છે ને પોતાનું લેણું સમાજ પાસેથી એક યા બીજી રીતે વસૂલ કરે છે. બાળકે નાનપણમાં અપમાનના અનુભવ કર્યા હોય છે, એટલે મોટી ઉંમરે તે કોઈને ને કોઈને પીડિત કર્યા સિવાય રહી શકતો નથી.

બાળકને જેટલી વાર નિરાશાનો અનુભવ આપણે કરાવીએ છીએ તેટલી તેની આત્મશ્રદ્ધાની ઈંટો એક પછી એક ખસેડીએ છીએ. ને જેની આત્મશ્રદ્ધા ગઈ તે તક આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે. તેને આપણે દબડાવ્યો, રોવડાવ્યો, હીણપત આપી; તેને થયું કે આનો બદલો કેમ લેવો? પોતાનાથી કોઈ નાનો મળશે તેને તે દબડાવશે. બીજા દેશ પર આક્રમણનાં નગારાં વાગે ત્યારે તેમાં ભરતી થઈને દેશસેવાના નિમિત્તે મનમાં ભરી રાખેલાં અપમાનોની કોઈના પર દાઝ કાઢી પોતાની વડાઈ સાબિત કરશે.

કર્ણ ચીતરીને વ્યાસ ભગવાને આપણને આ જ શિખામણ આપી છે. કર્ણને નાનપણમાં સૌએ અજ્ઞાતકુલશીલ ગણી તિરસ્કાર્યો. પણ કર્ણ બળવાન હતો એટલે એ સહન કરી બેસી ન રહ્યો. તેણે દુર્યોધન સાથે ભળી પાંડવ-કૌરવનું પાટે ચડવા ન દીધું. દ્રૌપદીના વસ્ત્રહરણમાં, છળકપટ ભરેલા દ્યુતમાં, બધે તેણે સાથ આપ્યો. કર્ણ મોટો દાનવીર હતો. પોતાનાં કવચકુંડલ દાનમાં આપતાં તે અચકાયો ન હતો. શાસ્ત્રોનો પણ જાણકાર અને છતાંયે તેણે આવું કેમ કર્યું હશે? નાનપણમાં અપમાનો-નિરાશા વેઠવાં પડેલાં તેનો બદલો લેવા કર્ણે આ બધું કર્યું. તેને ભણવું હતું તે માટે ખોટો વેષ લઈને તેને પરશુરામ પાસે ભણવા જવું પડ્યું, ને ત્યાં પણ પકડાતાં શાપ મળ્યો. દ્રૌપદીને પરણવું હતું, પણ ભરસભામાં ‘સૂતપુત્રને નહિ વરું’ કહી દ્રૌપદીએ તેને અપમાનિત કર્યો. કૃપાચાર્યે કુમારોની પરીક્ષા વખતે ‘તું રાજવંશનો પુત્ર નથી—તારાં માતાપિતા કોણ?’ કહી હાંસી કરી. ભીષ્મ તો તેને કાગડો કહેતા. આમ ચારે બાજુ નિરાશા ને અપમાન મળતાં બદલો લેવા તે અધર્મને પક્ષે ગયો, આક્રમણ કરનારાઓનું સોગઠું બન્યો. હજારો વર્ષ પર ભગવાન વ્યાસે જે કવિની દૃષ્ટિથી જોયું, તે જ બાલશિક્ષણકારોએ આજે વૈજ્ઞાનિક

દૃષ્ટિથી શોધ્યું છે.

બાલશિક્ષણશાસ્ત્રીઓનું ત્રીજું વિધાન એ છે કે સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમણનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય, તેમની વૃત્તિ લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણવ્યવસ્થામાં જ યોજે છે, તેને કોરટો-જેલો-લશ્કરોનું ખર્ચ ઓછું કરવું પડે છે. આત્મસંયમ નથી ત્યાં પરસંયમ-પરશાસન લાવવું પડે છે. એટલે જ પ્લેટોએ કહ્યું કે જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે. આ આત્મસંયમ જેટલો નિગ્રહથી આવે છે તેનાથી વિશેષ અંતઃતૃપ્તિથી આવે છે. જેને પોતાની પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે, તેને બીજાના કામમાં ડખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ હોતી નથી. ફૂલ પર બેઠેલી મધમાખીની જેમ તે રસ ચૂસવામાં તલ્લીન થઈ જાય છે. આપણામાંના મોટા ભાગને આંતરતૃપ્તિ નથી માટે બહાર દોડધામ કરીએ છીએ, વસ્તુઓના ગંજના ગંજ ખડકીને મોટા થવાનો ખોટો ડોળ કરીએ છીએ, કારણ અંદર આપણું મન ખાલીખમ હોય છે.

બાળકોને એ અવસ્થાએ આપણે સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિ કરવા દઈએ તો અંતઃતૃપ્તિ માટેનો તેમનો માર્ગ ખુલ્લો થશે ને બીજાને ડખલ કરવાનું, બીજાની ઈર્ષા કરવાનું, બીજાને હલકાં પાડી મોટાં થવાનું ઝેર તેમના સ્વભાવમાં નહિ પ્રવેશે. આ ઝેર શું આપણા સમાજમાં ઓછું છે? કોઈક જરાક આગળ વધે તો રાજી થનારા કેટલા? અને ઈર્ષા કરનારા કેટલા? આવો ઈર્ષાળુ સમાજ, સમાજ કહી શકાય ખરો? ઈર્ષાળુ વ્યક્તિઓ યુદ્ધની આગ ફેલાવનારાઓને સૂકા ઘાસની ગંજી જેવી ઉપયોગી નીવડે છે. એટલે, બાલશિક્ષણનું કામ એક ધાર્મિક કામ છે, ને બાલશિક્ષકો શાંતિસૈનિકો છે. ભલે આવું કામ કરનારા શિક્ષકો ઝાઝા ન હોય, પણ જેટલા હોય તેટલા ભારે આદરને પાત્રા છે. કારણ કે સમાજના સ્વાસ્થ્ય ને સુખ માટે તેઓ પાયાનું કામ કરી રહ્યા છે. આપણાં ધન, માલ, આબરૂ, સુખાશા એ બધાંને માટે આપણે વારે વારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઈએ છીએ. તેને બદલે

જો આપણે બાલમંદિરો તરફ જોતા, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને. કારણ કે ધનનું ધન આખરે તો આપણાં સુશીલ સંતાનો છે, અને તેમને સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

## અધૂરી ચોપડી

બાપુએ એક દા'ડો યરવડામાં વિચાર કર્યો કે, હું ભારતીય સંસ્કૃતિ વિશે લખું કંઈક. તો બાપુએ લખવાની શરૂઆત કરી. એમાં પહેલું વાક્ય લખ્યું કે, "જગતની સંસ્કૃતિઓમાં ભારતની તોલે આવે એવી એકેય સંસ્કૃતિ નથી." લખ્યા પછી કલમ અટકી ગઈ અને એમ ને એમ સૂનમૂન થોડી વાર બેસી રહ્યા. પછી આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. એમણે કહ્યું, "વાક્ય લખ્યું તો ખરું, પણ પછી મારા અંતરે પૂછ્યું કે, અલ્યા, તું સત્યાગ્રહી—ને આવું વાક્ય શું જોઈને લખ્યું? મારી નજર સામે અસ્પૃશ્યો તરવરવા માંડ્યા, ભંગીઓ તરવરવા માંડ્યા. મને એમ થયું કે આ લોકો જે સંસ્કૃતિમાં આ દશામાં હોય, એની તોલે કોઈ આવે એમ નથી એવું હું કેમ લખી શક્યો?"

પછી બીજું વાક્ય એમણે લખ્યું નહીં.. અને એ ચોપડી અધૂરી રહી.

—

વજુભાઈ દધીચિની પરંપરાનો માણસ હતો. સૌરાષ્ટ્ર માટે એણે હાડ ઓગાળી નાખ્યાં છે. અમારી પેઢીમાં કોઈમાં અજાતશત્રુતા હોય તો એકમાત્ર વજુભાઈમાં મેં જોઈ છે. સાચી વાત કહેવાની તેમની રીત સૂર્યનાં પ્રખર કિરણો જેવી નહીં પણ ચંદ્રનાં કિરણ જેવી શીતળ હતી. તેજ ખરું, પણ તપાવે તેવું નહીં.

વજુભાઈ લોકસેવક જ નહીં, શ્રેયાર્થી માણસ હતા. આ સંસારમાં રહીને પણ મોક્ષ મેળવી શકાય એ તેમણે સાબિત કર્યું છે.

# સાધુત્વની દિશામાં

સાધુનું લક્ષણ એ છે કે તે બીજાનો વિચાર કરીને ચાલે છે. સાધુ પોતાની શક્તિનો ઉપયોગ પોતાને માટે ઓછામાં ઓછો કરે, અને જેને જરૂર હોય તેને માટે વધારે કરે. ખલપુરુષ અને સાધુપુરુષ બન્નેની પાસે જ્ઞાન હોય છે, ધન અને સત્તા પણ હોય છે. એ બધાંનો ઉપયોગ માણસ કેવી રીતે કરે છે તેની પરથી નક્કી થાય છે કે એ સાધુ છે કે નથી. માણસ ઘરમાં રહે કે આશ્રમમાં, લૂગડાં ધોળાં પહેરે કે ભગવાં, તે મહત્ત્વનું નથી. અગત્યની વાત તો એ છે કે ઈશ્વરે આપણને જે કાંઈ આવડત આપી છે, જ્ઞાન-ધન કે સત્તા આપ્યાં છે, તેનો ઉપયોગ આપણે કઈ રીતે કરીએ છીએ.

જેમ માતા બાળકનું દુ:ખ પોતે અનુભવે છે, તેમ સાધુ બીજાંનું દુ:ખ અનુભવે છે. સાધુ એ સંસારની માતા છે. એટલા માટે કહેવાયું છે કે સંતો આ ભૂમિને તપથી ટકાવી રાખે છે. આ સંસાર ટકી રહ્યો છે, કારણ કે આપણે બીજાંનો વિચાર કરતા થયા છીએ.

આવું સાધુત્વ દરેક માણસ કેળવી શકે છે. આપણે શિક્ષક હોઈએ કે ડોક્ટર, વેપારી હોઈએ કે ગૃહિણી, પણ આપણે પરદુ:ખે દુ:ખી થઈએ, બીજાના દુ:ખને ટાળવાનો પ્રયત્ન કરીએ, એટલે સાધુત્વની દિશામાં આપણે આગળ વધ્યા. રાતોરાત આપણે સાધુ થઈ શકતા નથી. પણ આપણા મનમાં દિશા સાફ હોવી જોઈએ. જેટલી સ્વકેન્દ્રિતતા ઓછી, તેટલું સાધુત્વ વધારે. પંડિતો પણ સ્વકેન્દ્રી હોય છે, ગરીબો પણ સ્વકેન્દ્રી હોય છે. આ સ્વકેન્દ્રિતતા તે છે સંસાર. આપણે સંસારમાંથી સાધુત્વ તરફ યાત્રા કરવી છે. અહંકાર ઓછો કરવો છે, ‘હું’ ઓછો કરવો છે. સાવ એ જશે, એવું કદાચ નહીં બને. પણ આપણાથી થાય

તે થોડું થોડું કરતા રહેવાનું છે. આ યાત્રામાં રસ્તે જો થાકી જઈશું, તો જરા બેસશું ને પાછા આગળ ચાલીશું.

[ડૉ. શિવાનંદ અધ્વર્યુને અંજલિ આપતાં કરેલું પ્રવચન]

## સતયુગ અને કલિયુગ

અસત્ય, હિંસા સતયુગમાં હોતાં નથી તેવું નથી; પણ સતયુગમાં તેની પ્રતિષ્ઠા હોતી નથી અને તે સર્વોપરી ગણાતાં નથી. કલિયુગમાં સત્ય, પ્રેમ, દયા હોતાં નથી તેમ નહીં; પણ તેમની ઠેકડી ઉડાડાતી હોય છે. કલિયુગનો અર્થ એ કે શરીરસુખને જ સર્વ કાંઈ ગણવું, અને તેને ટકાવવાના સાધનરૂપે બળ ઉપર જ બધો આધાર રાખવો.

## —ત્યારે આવીશ

નાનાભાઈ [ભાવનગરથી] આંબલા ગયા તે પહેલાં હું દક્ષિણામૂર્તિ [ભાવનગર] છોડીને એકલો ગામડામાં ગયેલો. “દક્ષિણામૂર્તિની કેળવણી ઉપલક છે અને તમે તમારી જિંદગી નિરર્થક વેડફો છો,” તેમ મેં નાનાભાઈને કહેલું. સાથોસાથ ખાતરી આપેલી કે તેઓ જ્યારે ગામડામાં જાય અને મને બોલાવે ત્યારે હું આવીશ. એટલે આંબલામાં મને સાદ કર્યો અને હું ગયો.

[‘દર્શકના દેશમાં’ પુસ્તક]

## વીસર્યા નહોતા

આ દેશમાં લોકોને કેન્દ્રમાં રાખનાર જે મહાપુરુષો થઈ ગયા તેમાં શ્રી કૃષ્ણ સૌથી મહાન હતા. સોનાની દ્વારીકામાં રહ્યા છતાં

પણ તેઓ વ્રજવાસી ગોવાળિયાને વીસર્યા નહોતા, પોતાની ગાયોને વીસર્યા નહોતા. તેમને સામાન્યજનો તરફથી જે પ્રેમ મળ્યો તે તેમને મહેલાતોમાંથી નથી મળ્યો.

['કોડિયું' માસિક: ૨૦૦૬]

# અંતરદેવતાને

હું કોને માટે લખું છું તેનો જવાબ સીધેસીધો આપવો મુશ્કેલ છે; પણ મેં કેમ ને ક્યારે લખ્યું તેમાં કદાચ એનો જવાબ આવી જશે. પહેલું લખાણ મેં ચોથી કે પાંચમી ચોપડી ભણતો હોઈશ ત્યારે લખ્યું હતું. ગામડાગામમાં રામલીલા આવેલી. સાત રાત સુધી તે ભજવાય. ગામ આખું જોવા હલકે. આના કેફમાં એક નાટક લખી કાઢેલું. પરશુરામે પિતાની આજ્ઞા મુજબ માતાનો વધ કરેલો ને પછી પ્રસન્ન થયેલ પિતા પાસે માતાને સજીવન કરવા વરદાન માગેલું, તે પૌરાણિક કથા પર ખાસ્સું નાટક લખેલું. અરે, ગીતો પણ અંદર મૂકેલાં! કેવાં હશે એ ગીતો ને કેવું હશે એ લખાણ તે તો કલ્પી શકાય તેવું છે. તે નાટક થોડા વખત પછી વાંચી મેં જ શરમમાં તેને ફાડી નાખેલું. અમારી ગાયની કોઢમાં ઉનાળાની વરસતી લૂમાં, જાડી રિલીફ ટાંકે હું કલાકો સુધી લખ્યા કરતો. ઇન્ડીપેન તો તે દિવસે જોઈ નહોતી, પણ તલ્લીનતામાં કાંઈ ઊણપ નહોતી. લખાવતો હતો પેલો રામલીલાનો કેફ.

૧૯૩૦ના એ રણભેરીના દિવસો. દેશની થનગનતી જુવાની રણે ચઢી હતી. હું પણ તેમાં હતો. લડતના દિવસોમાં મીઠું ચોરવામાં, પત્રિકાઓ વહેંચવામાં વચ્ચે વખત મળતો. પાઠકસાહેબનું 'દ્વિરેફની વાતો' વાંચ્યું. 'ખેમી' તો ખેંચ્યા સિવાય કેમ રહે? આપણારામે પણ ત્રણચાર વાર્તાઓ લખેલી; તેમાં એક કોઈ દાતણવાળી પણ હતી. એક છાવણીમાં આવતી એક નાની રૂપાળી છોકરી મોટા ખખડધજ વરને પરણી, તેનાં કલ્પેલાં દુ:ખો પર હતી. પણ કોણ લખાવતું હતું મને? 'દ્વિરેફ' જ.

ને કોને માટે લખતો હતો? લડત પત્યા પછી 'દ્વિરેફ'ને તે મોકલવા. સદ્ભાગ્યે પોલીસ ઉપરી શેખસાહેબે છાવણી પર એક દહાડો ધાડ પાડી. મારાં કપડાં સાથે આ વાર્તાઓને પણ તેઓ જપ્ત કરી ગયા.

વિસાપુર જેલમાં દીવાલો નહીં, તંબૂઓનું જ નગર. સખ્તાઈનું નામનિશાન નહીં. જોઈએ તેટલાં પુસ્તકો, પ્રેમાળ મિત્રો ને સરોવર જેવું તળાવ. રમણલાલની એકાદ નવલકથા તે અરસામાં વાંચી હતી. કઈ તે યાદ નથી, પણ લખવા માંડ્યું. આચાર્ય ભાગવતનાં ગાંધીવાદ પરનાં, સદોબા પાટીલનાં સમાજવાદ પરનાં વ્યાખ્યાનો, બાજુના શીખ સરદારના 'ગુરુ કા બાગ' સત્યાગ્રહના અનુભવો—આ બધું લખાણને રંગ આપતું હતું. વિસાપુર એ જેલ નહોતી, વિદ્યાલય હતું. ત્યાં જોઈએ તેટલી મુક્તિ, જોઈએ તેટલી શાંતિ ને જોઈએ તેટલું તપ અનાયાસે હતાં. તેમાંથી લખાયું 'બંદીઘર'. કોને માટે તે ખબર નથી. છપાશે તેવી ધારણા તો હતી નહીં; પણ મનમાં પેલા વિરલ અનુભવનો સળવળાટ હતો. સાથોસાથ તે અનુભવને વ્યાપકતા સાથે અનુસંધાન કરાવનારાં વ્યાખ્યાનો હતાં. નમ્ર બનવા પ્રેરતી 'ગુરુ કા બાગ'ની વાતો હતી. 'બંદીઘર' મારી પહેલી કૃતિ, પહેલી નવલકથા. છપાવામાં પાછળ, પણ લખવામાં આગળ. જે ઊંડાણથી અનુભવ્યું તેને ઉત્સાહ ને નમ્રતાથી વહેંચી દેવાની ઉત્કંઠાથી તે લખાયું.

પહેલાં છપાયાં 'જલિયાંવાલા' ને '૧૮૫૭.' બન્ને નાટકો કહેવાયાં. '૩૦-'૩૨ના સંગ્રામમાં હાર્યા હતા તેની અંદરની નિરાશાને ટાળવા માટે આ લખાયેલાં.

પછી જાણીતું થયું 'બંધન અને મુક્તિ'. સાચું કહું તો સાહિત્યના દરબારમાં એણે મને સન્માન અપાવ્યું. આગલાં પુસ્તકોમાં ભાવના હતી, સચ્ચાઈ પણ હતી, ભાષાની છટા પણ હશે, પણ મારી પરિતૃપ્તિ નહોતી. સારું કામ થયું એમ થતું, પણ સુંદર થયું તેમ નહોતું. 'બંધન અને મુક્તિ' લખાયા પછી મનને થયું, 'સુંદર થયું'. પણ તે લખવાનું નિમિત્ત વિચિત્ર જ છે. આગલે વર્ષે ભાઈ જેઠાલાલ જોષીએ હ્યુગોનું પુસ્તક '૯૩' આપેલું. 'લે મિઝરાબ્લ' તો જેલમાં મેં તન્મયતાથી વાંચેલું. પણ

આ નવલકથાનું સૌંદર્ય અનેરું છે. મેઘાણીભાઈ વાંચીને મને ઉતારવા આગ્રહ કરે. આળસ અને અસ્થિરતા મને વળગેલાં. એમાં બહેનનાં લગ્ન આવ્યાં. ખર્ચના પૈસા મારે આપવા હતા. આ નિમિત્તનો માર્યો લખવા બેસી ગયો. ફ્રાન્સની ક્રાંતિને સ્થાને ૧૮૫૭ના બળવાને તેમાં ખેંચી આણ્યો. આઠમે દિવસે પૂરી કરી ઊઠી ગયો. કોને માટે આ લખ્યું હતું? શેના ધક્કા માર્યા? લેખકને ધનની જરૂર પડે છે, યશ પણ જોઈએ છે. તે તેને ધક્કો મારતાં હશે; પણ સહુથી વધારે જોઈએ છે વિરલ અનુભવ. 'બંધન અને મુકિત' અને '૯૩'માં અપાર અંતર છે. 'બંધન અને મુકિત' લખી ત્યારે એ ચોપડી મારી પાસે હતી પણ નહીં. વાંચ્યે એક વર્ષ થઈ ગયું હતું. પણ મેં લખ્યું છે હ્યુગોની તે ચોપડીને તર્પણરૂપે. બહેનનાં લગ્નના પૈસા મળ્યા તે તો પરોઢે વનમાં ફરવા જઈએ ને માથે ઝાકળનાં ટીપાં પડે તેવો સુખદ અકસ્માત!

'દીપનિર્વાણ' પણ ૧૯૪૨માં જેલમાં લખાયેલું. વિસાપુરની જેવી જ શાંત મુક્ત તપોભૂમિ. ભારતનો સંગ્રામ હાર ને જીત વચ્ચે ઝોલાં ખાતો હતો. બીજું વિશ્વયુદ્ધ પણ આમ જ ઝોલાં ખાતું હતું. મારું મન પણ ઝોલાં ખાતું. તુંઃ न हि कल्याणकृत कश्चित् दुर्गति तात् गच्छति। વાક્ય સાચું પડશે? બીજી બાજુ ઇંગ્લૅન્ડની મૂડીવાદી લોકશાહી પણ જે અડગ રીતે એકલી યુદ્ધ આપતી હતી તે પણ મનમાંથી આફરીન પોકારાવતી. ગ્રીસનો ઇતિહાસ વાંચતો હતો. નાનકડા ગ્રીસે ઈરાની શહેનશાહતનો જે વિરલ સામનો મૅરેથોન, સેલેમીસ, થર્મોપોલીમાં કર્યો તે નજર સામે જાણે થઈ રહ્યો હતો. મનમાં સળવળાટ થતો હતો. કોઈકે તો આને પ્રેમાનંદની માતા ગુર્જરીમાં ઉતારવા કોશિશ કરવી જોઈએ. તેમાં જયસ્વાલનું 'હિંદુ પોલિટી' હાથ આવ્યું. તેમાં ગણરાજ્યોએ એલેકઝાંડરના કરેલા સામનાનું વર્ણન વાંચ્યું. મૅક્રિન્ડલના એ વિગતો આપતા ગ્રંથો મંગાવ્યા, ફરી ફરી વાંચ્યા, હર્ષનો રોમાંચ અનુભવ્યો. જે ઇંગ્લૅન્ડ કરતું હતું, જે એથેન્સે કર્યું હતું તે અમે પણ કર્યું હતું. રગો કલમ લેવા માટે ઝણઝણવા લાગી. અકસ્માત રોકહિલનું 'બુદ્ધ' વાંચ્યું. તેણે મને છેવટે ધક્કો માર્યો. ને કશીયે અડચણ વિના જેમ

સિમેન્ટના રસ્તા પર ગાડી ચાલે તેમ, લખાણ ચાલ્યું. કશી ચિંતા નહીં, કશો આવેગ પણ નહીં. કોને માટે આ લખ્યું હતું? પેલા સળવળાટને શમાવવા કે હારતા રાષ્ટ્રને પુનર્જીવિત કરનારી સંજીવનીને શોધવા? કોણ કહી શકે?

છેલ્લી નવલકથા 'ઝેર તો પીધાં છે' કોને માટે શરૂ કરી? જાણીતા માસિક 'કરંટ હિસ્ટરી'માં એક ચરિત્રમાળા આવતી. તેમાં પહેલા મહાયુદ્ધ પછીના જર્મનીના પરદેશ પ્રધાન રેથન્યુનું ચરિત્ર આવેલું. રેથન્યુ યહૂદી હતો ને આખા યુરોપનું સંઘરાજ્ય જોનારો સ્વપ્નઘેલો હતો. ઉગ્ર રાષ્ટ્રવાદીઓએ તેનું ખૂન કર્યું. તેના ખૂનીઓને જ્યારે સજા કરવાની વેળા આવી ત્યારે રેથન્યુની માએ કોર્ટને પોતાના દીકરાના ખૂનીઓને માફી આપવા વિનંતી કરેલી. પરિણામે તેની સજા ઓછી થઈ. હિટલર આવ્યા પછી આ ખૂનીઓ છૂટ્યા, રેથન્યુને મારવાને કારણે મોટા દેશભક્ત ગણાયા, તેમનાં પૂતળાં મુકાયાં. પણ એમાંનો એક આ સન્માનમાંથી છૂટીને ચાલ્યો ગયો. હિટલરની યહૂદી સામેની જેહાદ શરૂ થઈ. બીજું મહાયુદ્ધ થયું, ફ્રાન્સ પડ્યું, શરણે થયું. સાથોસાથ ફ્રેંચ દેશભક્તોએ ભૂગર્ભ હિલચાલ પણ ચાલુ રાખી. તે વખતે એક યહૂદીને આ ભૂગર્ભદળના સૈનિકે બચાવેલ. યહૂદીએ ઓળખાણ આપતાં કહ્યું, પોતે રેથન્યુનો ભત્રીજો હતો. ત્યારે પેલા સૈનિકે કહ્યું, "મારુ ંકામ આજે પૂરું થયું." ને પોતાની ઓળખાણ આપી રેથન્યુના ખૂની તરીકેની. રેથન્યુની માતાએ ક્ષમા આપવાની જે વિનંતી અદાલતને કરેલી તેથી તેનો પલટો થયેલો ને હિટલરનું જર્મની છોડી તે ફ્રાન્સમાં ચાલ્યો ગયેલો. આટલાં વર્ષો હિટલરના પંજામાંથી યહૂદીઓને બચાવવામાં જ કાઢેલાં. તેણે કહ્યું, "આજે મારું પ્રાયશ્ચિત્ત પૂરું થયું."

'ઝેર તો પીધાં છે' લખવાનો ધક્કો આપનાર આ પહેલો દસ્તાવેજ. ગાંધીનાં સત્ય ને અહિંસાની સચોટતાનો આ વિશ્વવ્યાપી સાહેદ. પણ ભારતમાં તે કઈ ભૂમિકાએ રજૂ કરવું?

વીસ વર્ષ પહેલાં દક્ષિણામૂર્તિનાં વિદ્યાર્થીઓને લઈ ભાણવડ ગયેલો. ત્યાંના અપંગાશ્રમને સંભાળનાર ભગત ધનારામ બાપાને જોયેલા. ભાણવડ

બહારનું જગત તેમને જાણતું નથી. હું એક વાર જ મળેલો. આફ્રિકાની કમાણી આ અપંગોને સાચવવામાં જ ખરચતા હતા. ઘરની સ્ત્રીઓ આ અપંગો માટે દળે, ભરડે, રાંધે ને પોતે પીરસે. પણ પીરસે તે કેવું! જાણે સ્નેહરસ પીરસી રહ્યા છે! દિવસમાં એક કલાક ‘ભાગવત’ વાંચે, બાકી બધો સમય આ લૂલાં-લંગડાંની સેવામાં. તેમની શાંત, તેજોમય, પ્રેમમૂતિર્ રેથન્યુની સાથે જ ખડી થઈ. વિશ્વ જાણે એ બેનો મેળાપ કરાવવા માગે છે.

એ જ અરસામાં એક બહેન મળ્યાં. વિધવા, પણ જાણે ભાણવડના પેલા બાપાની જ પુત્રી સમાં સ્નિગ્ધ, શીતળ. ત્રણ વર્ષની માંદગી જોઈ, પણ મોં પરથી ન સ્મિત સુકાયેલું જોયું, ન તો આંખનું અમી ઘટેલું જોયેલું; રોગનો જાણે સ્પર્શ નહોતો. પોતાની ક્લેશકંકાસવાળી દુનિયાને અમીમય કરેલી. પછી પોતાની સ્ત્રીની તબિયત સાચવવા બ્રહ્મચર્ય પાળનાર એક અસંયમી છતાં સંનિષ્ઠ યુવકનો મેળાપ થયો. પ્રેમમૂતિર્ને અખંડિત રાખવા માટે તેણે ભોગનું બલિદાન આપ્યું હતું ને તે પ્રસન્ન હતો.

ચારેનો મેળ કેમ એ જ વખતે મળી ગયો, તાંતણા મનમાં કેમ સંધાઈ ગયા, ખબર નથી. પણ તેને વ્યક્ત કરવા ‘ઝેર તો પીધાં છે’ લખાયું. વિવેચક ને વાંચનારે કરેલી કદર સહાયભૂત થાય છે. સામગ્રી વિરલ અનુભવો જ આપે છે, પણ લખાય છે તેને સર્વવ્યાપી કરવાની અદૃશ્ય મનીષાની પરિતૃપ્તિ માટે. ધન્યનામ ગુંસાઈજીએ પણ લેખકને આ જ આદેશ આપ્યો છે, स्वान्तः सुखाय तुलसी रघुनाथगाथाम्

સર્જન કોઈને માટે થતું નથી; કોઈને ઉપયોગી અવશ્ય થાય છે, પણ સર્જનનાં ફૂલો તો ચડે અંતરદેવતાને.

[‘વાગીશ્વરીનાં કર્ણફૂલો’ પુસ્તક]

# મનોજ ખંડેરિયા

## એમ પણ બને

*પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને*
*આ હાથ આખેઆખો બળે એમ પણ બને.*

*જ્યાં પ્હોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં*
*મન પ્હોંચતાં જ પાછું વળે એમ પણ બને.*

*એવું છે થોડું: છેતરે રસ્તા કે ભોમિયા?*
*એક પગ બીજાને છળે એમ પણ બને.*

*જે શોધવામાં જિંદગી આખી પસાર થાય*
*ને એ જ હોય પગની તળે એમ પણ બને.*

*તું ઢાળ ઢોલિયો: હું ગઝલનો દીવો કરું*
*અંધારું ઘરને ઘેરી વળે, એમ પણ બને.*

## કોઈ કહેતું નથી

*લાલઘૂમ તાપમાં મહોરતો, મસ્તીનો તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.*
*આ નગરની વચોવચ હતો એક ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.*

*પૂછું છું બારને-બારીને-ભીંતને-લાલ નળિયાં-છજાંને વળી ગોખને,*
*રાત દિ' ટોડલે બેસીને મ્હેકતો મોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.*

*કૈં જ ખૂટ્યું નથી, કૈં ગયું પણ નથી, જર-ઝવેરાત સહુ એમનું એમ છે,*
*તે છતાં લાગતું સઘળું લૂંટી અને ચોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.*

*સાવ સૂની બપોરે ઘડી આવીને એક ટહુકો કરી, ફળિયું ભરચક ભરી,*
*આંખમાં આંસુ આંજી અચાનક શકરખોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.*

*કેટલાં વર્ષથી સાવ કોરાં પડ્યાં ઘરનાં નેવાં ચૂવાનું ય ભૂલી ગયાં;*
*ટપકતો ખાલીપો પૂછતોઃ મેઘ ઘનઘોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી...*

*પાછલી રાતની ખટઘડી એ હજી, એ તળેટી ને એ દામોદર કુંડ પણ—*
*ઝૂલણા છંદમાં નિત પલળતો પ્રથમ પ્હોર તે ક્યાં ગયો, કોઈ કહેતું નથી.*

## રસ્તા વસંતના

*આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના*
*ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં*

*મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ*
*દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના*

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના

ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના

## પીછું

ગગન સાથ લઈ ઊતરે એ ફરકતું
વિહગ-પાંખથી જે ખરી જાય પીછું

ફરકતું પડે ત્યારે ભૂરી હવામાં
ઝીણાં શિલ્પ કૈં કોતરી જાય પીછું

હજી એમાં કલશોર ગૂંજે વિહગનો
સૂનું આંગણું આ ભરી જાય પીછું

હ્રદયમાં વસ્યાં પંખીઓ બ્હાર આવે
કદી આંખમાં જો તરી જાય પીછું

ગગનના અકળ શૂન્યમાં જઈ ડૂબે, જે
વિહગને ખર્યું સાંભરી જાય પીછું

## ...જઈશ

લાલાશ આખા ઘરની હવામાં ભરી જઈશ
ગુલમોર મારી લાગણીનો પાથરી જઈશ

ઊડતાં ફૂલોની કલ્પનાને સાચી પાડવા
આપી મહેક પતંગિયાને હું ખરી જઈશ

આખુંય વન મહેકતું રહેશે પછી સદા
વૃક્ષોના થડમાં નામ લીલું કોતરી જઈશ.

હું તો છું પીછું કાળના પંખીની પાંખનું
સ્પર્શું છું આજ આભને, કાલે ખરી જઈશ

મારો અભાવ મોરની માફક ટહુકશે
ઘેરાશે વાદળો અને હું સાંભરી જઈશ

## ખબર પડતી નથી

યાદ ભૂંસાતી રહી કે હું—ખબર પડતી નથી,
જ્યોત બુઝાતી રહી કે હું—ખબર પડતી નથી.

હું થતો ભરચક ફૂલોની સાવ વચ્ચેથી પસાર,
મ્હેક વીંધાતી રહી કે હું—ખબર પડતી નથી.

કૈં યુગોથી છું સફરમાં તોયે પ્હોંચાયું નહીં,
કેડી રોકાતી રહી કે હું—ખબર પડતી નથી.

ક્યાં હવે પળને લીલીછમ રાખનારાં આંસુઓ,
આંખ સુકાતી રહી કે હું—ખબર પડતી નથી.

*એક લક્કડખોદ ઘસતો ચાંચ સૂની સાંજ પર,*
*ડાળ છોલાતી રહી કે હું ખબર પડતી નથી.*

## અમે જ દઈએ...

*અમે જ દઈએ બાર ટકોરા,*
*અમે જ ભોગળ થઈને ચાલ્યા.*

# મનોહર ત્રિવેદી

## પોષની સવારે

*પાદરમાં લીમડાની છાંયડીઓ તડકાની વાટ જોઈ ઊભી છે*
*ધ્રૂજતી...*
*વણઝારી દંગાની જેમ પણે ધુમ્મસમાં ટેકરીઓ લાગે છે ઊંઘતી...*

*જળની વચાળ હશે સૂતું તળાવ અને ઝાડ ઉપર ઝૂલે ના ડાળખી,*
*પાળ ઉપર મોરના ન રંગ હજી ઊડતા કે સીમ નથી પીંછાથી*
*આળખી;*
*ગામને તો ઠીક ઓલા સૂરજનાં કિરણોને એની દિશાય નથી*
*સૂઝતી...*

*વણઝારી દંગાની જેમ પણે ધુમ્મસમાં ટેકરીઓ લાગે છે ઊંઘતી...*
*પાદરમાં લીમડાની છાંયડીઓ તડકાની વાટ જોઈ ઊભી છે*
*ધ્રૂજતી...*

['નવનીત' માસિક: ૧૯૭૮]

# મનોહર પ્રભાકર

## એક જ દાણામાંથી!

રાજસ્થાનના ડુંગારી ગામમાં મેળો ભરાયો હતો. ખેતીવાડી ખાતા તરફથી તેમાં એક પ્રદર્શન ગોઠવાયેલું. ત્યાં ઘઉંના સુધારેલા બિયારણનો નમૂનો રાખેલો, તેની પર રામનારાયણ નામના ખેડૂતની નજર પડી. તે લેવાનું એને મન થયું, પણ ખાતાના અધિકારીએ કહ્યું કે એ વેચવા માટે નથી. હતાશ થઈને રામનારાયણ પાછો ગયો. બીજે દિવસે ફરી એ ત્યાં જઈને ઊભો. થોડી રકઝક પછી અધિકારીએ તેને એ ઊંચી જાતના ઘઉંનો નમૂનો આપ્યો—પણ એક જ દાણો!

એને મોંઘામૂલા રતનની જેમ જાળવીને રામનારાયણ લઈ ગયો. પોતાના ખેતરની સારામાં સારી જગા પસંદ કરી, ત્યાં ખાતર નાખીને એ એક દાણો વાવ્યો. રોજ તેની કાળજી લેવા માંડયો. થોડા દિવસે અંકુર ફૂટયો, છોડ મોટો થવા લાગ્યો અને આખરે તેની ઉપર ઘઉંની ડૂંડીઓ ઝૂલવા લાગી. પાક લણ્યો ત્યારે, એક દાણો વાવેલો તેમાંથી પોણો રતલ ઘઉં નીકળ્યા! રામનારાયણનું હૈયું હરખે ભરાઈ ગયું. એ ઘઉંની પોટલી સાચવીને પટારામાં મૂકી દીધી.

બીજે વરસે એ પોણો રતલ દાણા એણે પાછા વાવ્યા. વખત જતાં એના ખેતરમાં તેના છ-છ ફૂટ ઊંચા છોડ થયા. આસપાસના લોકો તે જોઈને અજાયબ થયા. આ વખતે તેર ગણો પાક ઊતર્યો ને દસ રતલ ઘઉં નીપજ્યા. પછીને વરસે એ દસ રતલ વાવતાં તેમાંથી ઊંચી જાતના ત્રાણ મણ ઘઉં પાક્યા—પેલા એક જ દાણામાંથી!

## 'મરીઝ'

# વેણુ વગાડીએ!

['મરીઝ'ની ગઝલ એની સ્વરૂપગત મર્યાદાઓને અતિક્રમીને ઊંચી કવિતા સિદ્ધ કરી શકી છે. એમની ગઝલોમાં ઉત્તમ શેરોની સંખ્યા ઘણી છે. કેટલીક તો સાદ્યન્તસિદ્ધ ગઝલો છે. એમના શેર સરળ વાણીમાં માર્મિક વાત કહે છે. તેઓ ગુજરાતી ગઝલક્ષેત્રો સાચકલી કવિતાના સર્જક છે.—હેમન્ત દેસાઈ]

*આ જગતમાં પ્રેમીઓ એવા પણ આવી જાય છે,*
*જે વચન દેતાં નથી તેયે નભાવી જાય છે.*

*

*એકાદ હો તો એને છુપાવી શકું, 'મરીઝ',*
*આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે.*

*

*એણે આપી તો ક્ષમા એ રીતે—*
*કંઈ જ સૂઝી નહિ સજા જાણે.*

*

*એનાથી તો સરસ તારી અવહેલના હતી—*
*આ તારી આંખમાં જે ગલત આવકાર છે.*

*

*એવી તો બેદિલીથી મને માફ ના કરો—*
*હું ખુદ કહી ઊઠું કે સજા હોવી જોઈએ!*

*

*એવો ડરી ડરીને હું જન્નત તરફ ગયો,*
*જાણે કે એની ભૂલ થઈ છે હિસાબમાં*

*

*કંઈક વેળા કંઈક મુદ્દતને કશી માની નથી,*
*કોઈ વેળા એક પળને જિંદગી સમજી લીધી.*

*

*કંઈ પણ નથી લખાણ, છતાં ભૂલ નીકળી—*
*કેવી વિચિત્રા પ્રેમની કોરી કિતાબ છે!*

*

*કેવો ખુદા મળ્યો છે, ભલા શું કહું, મરીઝ—*
*પોતે ન દે, બીજા કને માગવા ન દે.*

*

*ગગનમાં આ જગા ખાલી નથી, એમાં લપાયા છે—*
*ચમકવાની રજા મળતી નથી જે આફતાબોને.*

*

*ચાલો કે ગતિની જ મજા લઈએ, કે અમને*
*મંજિલ ન રહી યાદ, ન રસ્તો, ન દિશા યાદ.*

*

*જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે,*
*અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે.*

*

*જિંદગીના રસની પીવામાં કરો જલદી, ‘મરીઝ’*
*એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.*

*

*જીવનની સત્ય ઘટના એમ સાંભળતું નથી કોઈ,*
*બધે કહેવું પડે છે કે કહાની લઈને આવ્યો છું.*

*

*ડૂબી છે જઈને નાવ અમારી ક્ષિતિજ પર,*
*દુનિયાનો છે ખયાલ કે પાર ઊતરી ગઈ.*

*

*રાધા કોઈ મળે ન મળે, ના મળે ભલે;*
*એ આપણી ફરજ છે કે વેણુ વગાડીએ.*

['ગીત એક ગાયું ને વાયરે વાવ્યું...' પુસ્તક]

## ઇશારે ઇશારે

*જીવનભરનાં તોફાન ખાળી રહ્યો છું,*
*ફક્ત એના મોઘમ ઇશારે ઇશારે.*
*ગમે ત્યાં હું ડૂબું, ગમે ત્યાં હું નીકળું*
*છે મારી પ્રતીક્ષા કિનારે કિનારે.*

*અહીં દુઃખની દુનિયામાં એક રંગ જોયો,*
*ભલે સુખનું જગ હો પ્રકારે પ્રકારે.*
*સુજનની કબર કે ગુનેગારની હો,*
*છે સરખી ઉદાસી મઝારે મઝારે...*

*મરણ કે જીવન હો એ બંને સ્થિતિમાં,*
*'મરીઝ' એક લાચારી કાયમ રહી છે:*
*જનાજો જશે તો જશે કાંધે કાંધે,*
*જીવન પણ ગયું છે સહારે સહારે.*

## ન દે...

*જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે,*
*અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે!...*
*કેવો ખુદા મળ્યો છે ભલા શું કહું 'મરીઝ',*
*પોતે ન દે, બીજાની કને માગવા ન દે!*

# ગઝલ-કણિકા

*ન આવે નીંદ ગયા એવું ખ્વાબ આપીને;*
*ગગન ન રહેવા દીધું આફતાબ આપીને...*

*આ પથ્થરોમાં તું રઝળાવે છે મને ઓ ખુદા!*
*ને મારા હાથમાં એક ફૂલછાબ આપીને...*

*છે એક મશ્કરી એની 'કુરાન' હો કે 'ગીતા',*
*સમય ન વાંચવાનો દે કિતાબ આપીને.*

*હવે કશો જ કયામતનો ડર રહ્યો ન 'મરીઝ',*
*હું જઈ રહ્યો છું જગતને હિસાબ આપીને.*

**

*...પીતો રહ્યો સુરા કે ન બદનામ કોઈ હો,*
*લોકો કહે ખુવાર થયો છે શરાબમાં.*

*એવો ડરી ડરીને હું જન્નત તરફ ગયો,*
*જાણે કે એની ભૂલ થઈ છે હિસાબમાં...*

**

*પ્રથમ જો થાય છે આ જિંદગી તમામ ગઝલ;*
*પછી લખાય તો એનું છે એક નામ ગઝલ!...*

*ન ધર્મભેદ છે એમાં, ન એની જાત 'મરીઝ',*
*આ અલ્લાહ અલ્લાહ ગઝલ છે કે રામ રામ ગઝલ!*

**

*આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,*
*દે એક મહાન દર્દ અને પારાવાર દે.*

*સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,*
*અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે!...*

**

*કંઈ પણ નથી લખાણ છતાં ભૂલ નીકળી,*
*કેવી વિચિત્ર પ્રેમની કોરી કિતાબ છે...*

*ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી,*
*તેથી બધા કહે છે જમાનો ખરાબ છે!...*

## આવે—

*એવો કોઈ દિલદાર જગતમાં નજર આવે;*
*આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે.*

*હમદર્દ બની જાય જરા સાથમાં આવે;*
*આ શું કે બધા દૂરથી રસ્તા જ બતાવે!...*

*એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો,*
*કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે...*

*છે મારી મુસીબતનું 'મરીઝ', એક આ કારણ,*
*હું મુજથી રૂઠેલો છું, મને કોણ મનાવે?*

—

*ડૂબી છે જઈને નાવ અમારી ક્ષિતિજ પર,*
*દુનિયાનો ખ્યાલ છે કે પાર ઊતરી ગઈ.*

–

*મોજ આવી શકે છે સાગરની,*
*ખુદના ખાબોચિયે તરે કોઈ.*

## જીવનભરનાં…

*જીવનભરનાં તોફાન ખાળી રહ્યો છું*
*ફક્ત એના મોઘમ ઇશારે ઇશારે;*
*ગમે ત્યાં હું ડૂબું, ગમે ત્યાં હું નીકળું,*
*છે મારી પ્રતીક્ષા કિનારે કિનારે.*

# મહાદેવ દેસાઈ

## પેગંબરોની તો અવગણના જ

ઈશુનું જીવનચરિત્રા લખનાર [ઈટાલિયન ફિલસૂફ] પેપીની (૧૮૮૧-૧૯૫૬) લખે છે કે યહૂદીઓને જાગ્રત કરનારા જેટલા પેગંબરો મળ્યા, તેટલા ભાગ્યે જ કોઈને મળ્યા છે, અને છતાં તેમનો અવાજ પણ તેમના જમાનાને કાને ન પડ્યો.

આપણે ત્યાં આજે એવું જણાય છે? એવું જણાતું હોય તોયે પેગંબરનું કામ જ એવું રહેલું છે, પેગંબરોનો ઇતિહાસ જ એવો છે, એમ સમજીને આપણે આશ્વાસન મેળવીએ. આ રહી પેપીનીની ચમત્કારિક ભાષા :

“પેગંબરને પોતાના જમાનાનો સડો પ્રત્યક્ષ ભાસે છે, એનું હૈયું ચિરાય છે; આ પાપ ન ફેડીએ તો આવી પડનારી આફતની પણ એની નિર્મળ દૃષ્ટિ આગાહી કરે છે, અને જો ચેતીએ તો ફેલાનારી સુખશાંતિનું પણ એને દર્શન થાય છે. એ મૂંગાનું દુખ પ્રગટ કરનાર છે, અજ્ઞાનનું દુ:ખ જણાવનાર છે; પીડિત અને રઝળતાંનો એ બેલી છે, ગરીબનો રક્ષક છે, અને ત્રાસ આપનારાઓની ખબર લેનારો છે. જુલમ ખમનારાઓની વહારે એ ધાય છે, ભૂખ્યા અને અનાથની પેરવી કરે છે. એટલે જ રાજાઓ અને સત્તાધીશો એની ભાગ્યે જ બરદાસ્તી કરે છે, ધર્મગુરુઓ એને દુશ્મન માને છે, તવંગરો એની ઘૃણા કરે છે.”

અનેક જમાનાઓ ઉપર સાચી પડેલી એ વાત વારંવાર સાચી પડતી આવી છે. એટલે પેગંબરોની અવગણના અને ઘૃણા થાય છે એને સ્વાભાવિક સમજી, આપણે આપણી શક્તિ પ્રમાણે એમનો સંદેશો જેટલો પચાવી શકીએ તેટલો પચાવીએ.

# વિરલ વીરજીવન

જવાહરલાલની જીવનકથા નિત્ય વિકાસવંત જીવનનો એમને પોતાને મુખે કહેવાયેલો ઇતિહાસ છે. આપણામાંના કેટલા પોતાને વિષે આ ઉદ્‌ગાર કાઢી શકે એમ છે: “મારો વિકાસ થઈ રહ્યો છે, એવો ચાલુ અનુભવ મને થાય છે.” નિત્ય નવીન વિકાસનો અનુભવ કરી રહેલા એવા, હું તો બીજા એકલા ગાંધીજીને જ જાણું છું. આમ સતત વિકાસનો અનુભવ કરનાર વ્યક્તિઓ જગતમાં વિરલ છે. આ પુસ્તકમાં એ વિરલ વીરજીવનની કથા છે; યુવાવસ્થાથી જ વૈભવમાત્રને ફગાવી રણમાં ઝૂઝનાર, અનેક આઘાતોથી માથું લોહિયાળ થયા છતાં માથું અણનમ રાખનાર યોદ્ધાના જીવનની કથા છે.

આપણા સ્વાતંત્ર્યના મહાભારતનાં અનેક નાનાં-મોટાં વર્ણનો લખાયાં છે; પણ આટલું ઉદાત્ત, આટલાં ગંભીર ચિંતન અને આત્મનિરીક્ષણથી ભરેલું, આટલું તાદૃશ વર્ણન બીજું એકે નથી લખાયું. એ સંપૂર્ણ ઇતિહાસ નથી, છતાં એ અપ્રતિમ છે. આપણા પુણ્યશ્લોક, સુગૃહીતનામ, યશ:કાય મહાજનો એ પુસ્તકનાં પાનાંમાં આપણી આગળ સજીવ મૂર્તિ સમા ખડા થાય છે; એમને જાણે આંખ આગળ જોઈને આપણે પ્રણમીએ છીએ. આપણા કેટલાક રોગો—કોમવાદ અને હિંસાભરી ત્રાસનીતિ—નું એમનું તલસ્પર્શી પૃથક્કરણ એ ગહન ચિંતન અને અભ્યાસનો અજોડ નમૂનો છે. એમનું કેટલુંક પૃથક્કરણ—દેશી રાજ્યની એકહથ્થુ સત્તાનું, કોમવાદનું, સામ્રાજ્યવાદનું—બર્ક જેવા લેખકની અગ્નિઝરતી અને વિવેકભરી શૈલીની યાદ આપે છે. વળી ક્યાંક ક્યાંક યુદ્ધના વર્ણનમાંથી વિરામ લઈ જ્યારે તેઓ પોતાના અંતરમાં વાચકને ડોકિયું કરાવે છે ત્યારે વાચક, પંડિતજીની ગમે તેટલી મહત્તા છતાં, તેમની સાથે સહૃદયતા અને સામ્ય અનુભવે છે, તેમના તરફ વહાલથી ઊભરાય છે.

આ પુસ્તકના અભ્યાસથી જે તાકાત અને શિક્ષણ મળે છે, જે તાજગી, સ્ફૂર્તિ અને ચેતન મળે છે, તે આપણા ઇતિહાસના કોઈ પણ અભ્યાસીને છોડયે પાલવે એમ નથી. આ પુસ્તકમાં એમને જેવા છે તેવા

જોઈએ છીએ—અધીરા, આકરા અને વળી પ્રસન્નગંભીર, નિરાશામાં ડૂબતા અને વળી આશાભર્યા ઊડતા. એનાં પાનાંમાં એમનાં હાસ્ય અને એમનાં અશ્રુ પણ ઘણી વાર આપણે પ્રગટ જોઈ શકીએ છીએ. છતાં જાણે એમ લાગે છે કે કાંઈક રહી ગયું છે, કાંઈક વધારે અંગત પરિચય આપ્યો હોત તો! ઘણે ઠેકાણે લાગણીના ઝંકાર અને હૃદયના ધબકાર ઝીલતું એમનું ગદ્ય ગીતિકાવ્ય બને છે, ત્યારે કેટલેક ઠેકાણે જાણે વર્તમાનપત્રોને માટે એ લખતા હોય એમ લાગે છે.

પંડિતજીના સમૃદ્ધ વ્યક્તિત્વમાં અનેક પરસ્પર વિરોધી તત્ત્વો ભળ્યાં છે—શ્રદ્ધા અને શંકા, નિશ્ચય અને અનિશ્ચય, ધર્મ અને ધર્મ વિશે અસહિષ્ણુતા. રાતદિવસની અપરંપાર પ્રવૃત્તિથી ભરેલું અને વેદના ને દુ:ખોથી ભરેલું જીવન એથી બીજું ન હોઈ શકે. સાચી હકીકત એ છે કે પંડિતજીમાં શંકા છતાં શ્રદ્ધા છે, ધર્મનાં પ્રચલિત સ્વરૂપો વિશે તીવ્ર વિરોધ છતાં ઊંડે ઊંડે ધર્મ ભર્યો છે.

[જવાહરલાલ નેહરુની ‘મારી જીવનકથા’ના અનુવાદક તરીકે પ્રસ્તાવનામાં]

## રોમેરોમ ઓળખી જનાર

કિનારા ઉપરનાં પ્રેમાળ મુખો ઝાંખાં થતાં ગયાં અને છેક દૃષ્ટિ આગળથી લુપ્ત થયાં ત્યાં સુધી આંખ તાણીતાણીને જોતા, અને છેવટે આસપાસના પાણી સિવાય બધું દેખાતું બંધ થયું એટલે બોટ ઉપરની અમારી ઓરડીમાં બેઠા. ઢગલાબંધ તારો અને કાગળો આવેલા હતા તે વાંચવા માંડ્યા. વાંચી રહ્યા બાદ મેઘાણીનો ‘છેલ્લો કટોરો’ બાપુના હાથમાં આવ્યો. બાપુ કહે: “મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે.” મીરાંને કહે, “એનું ભાષાંતર મહાદેવ કરશે, પણ એનું કાવ્ય અને એની ભાષા તને શી રીતે આપી શકશે?... કવિએ તો એનું આખું હૃદય એમાં ઠાલવ્યું છે.”

મેઘાણીના કાવ્યને વાંચતાં તો જાણે મેઘાણીનો આત્મા ગાંધીજીના

છેલ્લા પંદર દિવસનો સતત સાક્ષી રહ્યો હોય એમ પ્રતીત થાય છે. ૧૧મી ઑગસ્ટે હોટસન સાહેબનો કાગળ આવ્યો ત્યારથી માંડીને તે ૨૭મીએ સિમલાથી નીકળ્યા ત્યાં સુધીનું દરેક પગલું જાણે મેઘાણીજીએ ક્યાંક છુપાઈને—પેલી આપણી પ્રાચીન વાર્તાઓનો અંધારપછેડો ઓઢીને—જોયા કીધું હોય એમ લાગે છે.

"છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ!" અને છેલ્લા પંદર દિવસના કડવા ઘૂંટડાનો કટોરો હજી પૂરો થયો નહીં હોય તેમ વિલાયત એ પૂરો કરવાને માટે જતા હોય, એ કવિની ભવ્ય કલ્પના હૃદય સોંસરી ચાલી જાય છે.

પણ એ કટોરાનું ઝેર, પીનારને થોડું જ ચડવાનું છે? પીનાર તો કલ્પનામાં ન આવી શકતી શંભુની લીલા જગત આગળ પ્રત્યક્ષ કરશે:

*સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,*
*શી છે ગતાગમ રત્નના કામી જનો ને?*
*તું વિના, શંભુ! કોણ પીશે ઝેર દોણે!*
*હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ!*
*ઓ સૌમ્ય-રૌદ્ર! કરાલ-કોમલ! જાઓ રે, બાપુ!*

'સૌમ્ય-રૌદ્ર' 'કરાલ-કોમલ'ને તો, ઘડીકમાં ખડખડાટ હસાવનારા અને ઘડી પછી બોર બોર જેવડાં આંસુ પડાવનારા બાપુની સાથે ચોવીસે કલાક રહેનારા જેટલા જાણે, તેટલા કોણ જાણે? એ રહેનારા, અ-કવિ હોઈ, બાપુની મૂર્તિનું અમર ચિત્ર નથી આપી શક્યા. જ્યારે બાપુની સાથે રહેવાનો લહાવો જેને નથી મળ્યો, પણ જેની અદ્ભુત કલ્પનાશક્તિ બાપુને રોમેરોમ ઓળખી ગઈ છે, તેવા કવિએ બાપુનું શાશ્વત ચિત્ર આલેખ્યું છે.

# વિયોગદુઃખ

*સાજન જાતાં સૌ આંખોથી આંસુ ખરે;*
*જે દી લોચન વર્ષે લોહી, તે દી સાજન સાચાં જાણિયાં*

સન ૧૯૧૭નો ડિસેમ્બર મહિનો હતો. તે વેળા હું ગાંધીજીની સાથે તાજો તાજો જ જોડાયેલો હતો. મુસ્લિમ લીગની કલકત્તાની બેઠકે છીંદવાડામાં પરહેજ થયેલા અલીભાઈઓમાંના એકને સરનશીન બનાવેલા અને સરનશીનની ખુરશી ખાલી રાખી હતી. ગાંધીજીને ત્યાં જવાનું ખાસ આમંત્રણ હતું. બપોરે અમે ત્યાં ગયા, તો ઉર્દૂ તકરીરોની બહાર ચાલી રહી હતી. દરેક બોલનાર પળે પળે એવાં વચનો કાઢતો હતો કે તેને આખી બેઠક ઊઠીને 'આમીન', 'આમીન' કહી વધાવી લેતી હતી અને હરેક આંખમાંથી આંસુ સરતાં હતાં. કેટલાકનાં ડૂસકાંનો અને જોરથી રોવાનો અવાજ પણ સંભળાતો.

આ સમયે ગાંધીજીને બોલવાનું કહેવામાં આવ્યું. તેઓ રોવામાં ન જોડાયા, તેમણે તો શ્રોતાઓ પાસે કેટલાક સવાલોનો સીધો જવાબ માગ્યો. "આ આંસુનો ધોધ ચાલી રહ્યો છે તે આંસુ શું સાચાં છે? એ તમારા દિલમાંથી નીકળે છે? જો તમને શોકતઅલી અને મહમદઅલીના વિયોગનું દુ:ખ ખરેખર લાગતું હોય, તો તમારી આંખમાંથી પાણી નહિ પણ આજે લોહી વહેવું જોઈએ. એ તમારાં આંસુ તમે બંને ભાઈઓને છોડાવવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ છો, પ્રાણ આકરા કરવાને માટે તૈયાર છો એ વાતની સાક્ષી પૂરતાં હોય તો સાચાં છે."

એ જ પ્રશ્નો આજે આપણે પોતાને પૂછી શકીએ છીએ. ગાંધીજીને વળાવવા જનાર સ્વજનો સૌ સાચાં હતાં? તેમની વિદાયના દિવસે અનેક ઘરોમાં ખૂણામાં બેસીને રોનારાઓનાં આંસુ સાચાં હતાં? જો સાચાં હોય, તો આપણે તેમના ગયા પછી શું કર્યું?

વિયોગદુ:ખની વિહ્વળતાનું ચિત્ર આપણા સાહિત્યમાં—બલ્કે જગતના સાહિત્યમાં—ભરતના પાત્રામાં જેવું મળે છે તેવું ક્યાંયે નથી

મળતું. ભરતને રામચંદ્રજીને વિદાય દેવાનો લહાવો નહોતો મળ્યો. ગાંધીજીને વિદાય દઈ તેમનો સંદેશ સાંભળવાનો જે લહાવો આપણામાંના કેટલાકને મળ્યો હતો, તે લહાવો ભરતના ભાગ્યમાં ન હતો. ભરતને પોતાના ભાઈના વિયોગના દુઃખની ખબર અયોધ્યા આવીને પડી, જે અયોધ્યામાં તેમનાં આંસુ લૂછીને તેમને સંસારનાં દુઃખ ક્ષણિક છે એમ સમજાવી રાજ લેવાનું સમજાવનારા સ્વજનો—અરે, ગુરુઓ પણ—પડેલા હતા. પણ ભરતે તેમાંના એકેની સલાહ કાને ન ધરી. તેને તો બધી સલાહ વિષમય લાગી. ક્ષણ પણ રામચંદ્રજીને જોયા વિના જીવવું તેને દુઃખરૂપ લાગ્યું. તક્ષણ જ તેણે રામચંદ્રજીના દર્શને જવાનો, તેમનાં ચરણસ્પર્શ કરી ટાઢા થવાનો, બને તો તેમને અયોધ્યામાં પાછા લાવવાનો, અને ન બને તો તેમની આજ્ઞા લઈ તેનો અક્ષરે અક્ષર પાળવાનો નિશ્ચય કર્યો.

આ નિશ્ચય કરાવીને જ તુલસીદાસ તેને રામચંદ્રજી પાસે નથી લઈ જતા. ભરત રામચંદ્રજીને મળે તે પહેલાં ભરતનાં અશ્રુથી ભીંજાયેલા તેના પ્રત્યેક પગલાનો, પ્રત્યેક સ્થળનો કવિએ ચિતાર આપ્યો છે. બહાવરા બહાવરા રથમાં ભરત નીકળે છે, ગંગાજી ઊતરવાનો સમય આવે છે ત્યાં રામચંદ્રજીનો પરમ ભક્ત ગુહક તેમને મળવા આવે છે. રામચંદ્રજીનો ભક્ત એટલે પોતાનો પૂજ્ય સમજી, દૂરથી જ રથમાંથી ઊતરી તે ગુહકને પ્રણામ કરે છે અને રામને જે શ્રદ્ધા ને ભક્તિથી જોતા તે જ શ્રદ્ધા અને ભક્તિ તેમને જોઈને અનુભવે છે. રામચંદ્ર ક્યાં ગયા છે તે જાણીને ભરત ગુહકની વિદાય નથી લેતા—તેઓ ક્યાં ઊતરેલા, ક્યાં સૂતેલા, ક્યાં બેઠેલા તે પૂછી લઈ તે પ્રત્યેક સ્થાનની પદ-રજ લે છે, અને રામનામના ઉચ્ચારણ સાથે આંસુ સારે છે. ગુહકની સાથે રામચંદ્રજી પાસે જઈ, તેમને કરેલી વિનવણી, આખરે તેમની પાદુકાભિક્ષા અને ખિન્ન હૃદયે નંદિગ્રામમાં પુનરાગમન—કઠણમાં કઠણ હૃદયને પિગળાવનારાં છે. રામચંદ્રજીનાં વનવાસનાં દુઃખો, સીતાજીનાં દુઃખો ભૂલી જવાય, પણ ભરતનું વિયોગદુઃખ, ભરતે કરેલી ૧૪ વરસની ઉગ્ર તપસ્યાની પ્રતિજ્ઞા, પ્રભુને મેળવવા પ્રભુનાં જેવાં દુઃખ-

કષ્ટ વેઠીને રહેવાની પ્રતિજ્ઞા કોઈ ભૂલી શકે એમ નથી.

આવી પરાકાષ્ઠાની ભક્તિ અને વિયોગદુ:ખ પછી કરેલાં આવાં પરાકાષ્ઠાનાં તપ જે દેશે જાણ્યાં છે, તે દેશમાં ધર્મનો શું એટલો બધો લોપ થયેલો છે કે તે પોતાનું વિયોગદુખ ભૂલી જાય અને પ્રથમની કર્તવ્યવિમુખ વિલાસપ્રિય દશામાં ઊતરી પડે? જેલમાં જતાં પહેલાં ગાંધીજી પોતાનો સંદેશો પ્રજા આગળ મૂકતાં ન ચૂક્યા, ‘પતંગનૃત્ય’ જેવા લેખ લખી પ્રજાના રોગની ચિકિત્સા અને તેનું નિદાન પોકાર કરીને કહી ગયા. ગાંધીજીને માટે રોનારા કેટલાએ તે સંદેશાનો અમલ કીધો? જ્યાં આંખમાંથી લોહીની ધારા વહેવી જોઈએ ત્યાં, જ્યારે દેશમાં અખંડ વિરહાગ્નિ સળગતો હોવો જોઈએ ત્યાં, જ્યાં જોઈએ ત્યાં કાં તો નિરાશ ઉદાસીનતા અથવા તો મૃત્યુ તરફ ધ્યાન કરતી વરયાત્રાઓની નોબત વાગી રહી છે. આ દેશને વિયોગદુ:ખ છે, એમ કોણ કહેશે?

[‘નવજીવન’ અઠવાડિક: ૧૯૨૩]

# પારેવું પ્યારું હોય તો—

ચક્રવર્તી રાજા શિબિ મહા દાનવીર અને ભીડભંજન હતા. એક વાર યજ્ઞ કરતા હતા, ત્યાં એક પારેવું એમના ખોળામાં આવીને પડ્યું, અને કરુણ આંખે એમની સામે જોવા લાગ્યું. એની પાછળ એક શકરો પડેલો હતો. શકરાએ રાજાને કહ્યું, “મારો શિકાર છોડ, તારા જેવા ભીડભંજનને મારા જેવા ભૂખ્યાનો શિકાર આમ છીનવી લેવો ન શોભે.”

મોટો લાંબો સંવાદ ચાલે છે; શકરો નથી ડગતો, અને પારેવું રાજાના ખોળામાં કંપી રહ્યું છે. શકરો આખરે તેજસ્વી રાજાના તેજ ઉપર પ્રહાર કરે છે. કહે છે: “વારુ, ત્યારે તને આ પારેવું પ્રાણ કરતાં પ્યારું હોય તો એ પારેવા જેટલું માંસ તારા શરીરમાંથી જ મને આપી દે ને, ભૂંડા! એટલે હું મારી મેળે મારી ભૂખ શાંત કરીને ચાલ્યો જઈશ.”

રાજાએ તત્ક્ષણે કહ્યું, “એ કરવાને તો તૈયાર જ છું.” એમ કહીને

એણે ત્રાજવાં મંગાવ્યાં. અને એક પલ્લામાં પારેવાને મૂકીને બીજામાં પોતાના અંગમાંથી કાપીને એક માંસનો કકડો મૂક્યો. પણ પારેવાવાળું પલ્લું નીચે નમ્યું. વળી કકડો કાપ્યો, તોય પેલું પલ્લું ઊંચું જ ન થાય. આખરે રાજાએ કહ્યું, "વારુ, ત્યારે હવે હું જ સામા પલ્લામાં બેસું છું, પછી તો મારે કાંઈ આપવાનું રહેતું નથી. મારા આખા શરીરનો તું સુખે ભક્ષ કર."

આટલું કહેતાંવેંત ન મળે પારેવું, ન મળે શકરો! રાજા આગળ ઇન્દ્ર અને અગ્નિદેવ પ્રત્યક્ષ થયા અને કહ્યું: "તારી પરીક્ષા પૂરી થઈ. તારું મંગળ થાઓ અને તારાં તેજ અખંડ તપો."

['મહાદેવભાઈની ડાયરી': ભાગ ૩ પુસ્તક]

## ગામડે ગામડે જ્ઞાનની પરબ પહોંચાડનાર

ભિક્ષુ અખંડાનંદે જોયું કે ગુજરાતમાં જે સાહિત્ય ઉત્પન્ન થાય છે તે લોકભોગ્ય નથી, લોકહિતકારી પણ નથી. એ જોઈ ગયા કે લોકોમાં જીવન આણવું હોય, જાગૃતિ આણવી હોય, તો તેમને રુચે એવું, તેમનાથી પચાવી શકાય એવું, તેઓ સહેજે સમજે એવું સાહિત્ય તેમને માટે તૈયાર કરવું જોઈએ. આને માટે તે સ્થળેસ્થળે ભટક્યા અને જુવાનોને ખોળી કાઢી તેમની પાસે કામ લેવા લાગ્યા, અનેક ભાષાઓમાં લોકભોગ્ય થયેલા ગ્રંથોની શોધ કરી તેને ગુજરાતીમાં ઉતરાવવા લાગ્યા. પરિણામે એમણે ગુજરાતના હજારો સામાન્ય જનોને વાંચતા કરી મૂક્યા.

ભિક્ષુ અખંડાનંદજીના પરિશ્રમે 'સસ્તુ સાહિત્ય' ગુજરાતના ઘરેઘરમાં પરિચિત શબ્દ થઈ પડ્યો છે. ઘણુંખરું અભણ મનાતા અને મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા એવા ઘણા જણોનાં ઘરમાં એમણે પ્રસિદ્ધ કરેલા સ્વામી રામતીર્થના, સ્વામી વિવેકાનંદના ગ્રંથો, તુકારામની વાણી, 'રામાયણ', 'ભાગવત' આદિ ગ્રંથો મળી આવે છે, અને સૌ તેને રસપૂર્વક વાંચે છે. એમનાં બધાં પ્રકાશનો સાહિત્યની

દૃષ્ટિએ નિર્દોષ નથી, એમાં સુધારાને ઘણો અવકાશ છે. છતાં સ્વામીજી જે કામ કરી ગયા છે તે મહાભારત કામ છે, એ વિશે શંકા નથી.

"તેલ જુઓ, તેલની ધાર જુઓ" —એવી વૃત્તિથી કામ કરવાની સ્વામીજીને ટેવ નહોતી. અમુક પુસ્તક તો સરસ નથી થયું, હજી એને માટે બે-પાંચ વરસ સુધી રાહ જોઈએ, એવી વૃત્તિથી કામ કરવાની સ્વામીજીની ટેવ ન હતી. એમને તો એમ હતું કે મનુષ્યજીવન પરિમિત છે; કાચું-પાકું, અધૂરું-પૂરું ઈશ્વર આપણે હાથે જે પિરસાવે તે સમાજને માટે પીરસી જવું.

કેટલોક સમય થયાં તેઓ લકવાથી પીડાતા હતા. બોલવું-ચાલવું-લખવું એ બધું કષ્ટમય થઈ પડ્યું હતું, છતાંયે અપંગ દશામાં પોતે નડિયાદથી અમદાવાદ આવતા. છેવટના દિવસોમાં તો એ જીવન એટલું કષ્ટમય બન્યું હતું કે, તેમણે જ ઈશ્વર પાસે મુક્તિ ઇચ્છી હશે. સ્વામીજી નિષ્કામ કર્મયોગનું સરસ ઉદાહરણ હિંદુસ્તાનના ભગવાધારીઓ માટે મૂકી ગયા છે.

# મહાવીર

## એક ક્ષણ પણ—

ડાભની અણી પર ઝાકળનું ટીપું પડવાની તૈયારીમાં હોય એમ લટકતું રહે છે, એ જ પ્રમાણે મનુષ્યનું જીવન પણ ગમે ત્યારે ખરી પડનારું છે. માટે હે ગૌતમ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર.

ધર્મનું શ્રવણ દુર્લભપણે મળે છે. ધર્મનું શ્રવણ ધારો કે સાંપડ્યું છતાં તેમાં શ્રદ્ધા બેસવી મુશ્કેલ છે. ઉત્તમ ધર્મમાં વિશ્વાસ બેઠો હોય છતાં તે પ્રમાણે શરીરથી, વાણીથી, મનથી આચરણ કરવું ભારે કઠણ છે.

માટે હે ગૌતમ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહીં.

['ઝરૂખે દીવા' પુસ્તક]

# મહાવીર ત્યાગી

## કેવો અમારો એ નેતા હતો!

સરદાર વલ્લભભાઈને હૃદયરોગ થયો પછી એ દિલ્હીથી દહેરાદૂન આરામ લેવા માટે અવારનવાર જતા. એક વાર હું દિલ્હી ગયો ત્યારે સંદેશો મળ્યો કે સરદારે મને યાદ કર્યો છે અને મને તરત દહેરાદૂન લઈ જવા માટે મોટરગાડીની વ્યવસ્થા કરી છે.

હું એમની પાસે પહોંચ્યો એટલે સરદાર બોલ્યા, “શંકર, પેલો કાગળ કાઢો. શુભ કાર્ય કરતાં પહેલાં બ્રાહ્મણને પૂછવું જોઈએ.”

હું તો ચકિત થઈ ગયો: “શેનો કાગળ?”

સરદારે કહ્યું, “તમને એક અગત્યની બાબત વિશે ચર્ચા માટે બોલાવ્યા છે.”

કાગળ આવતાં આવતાં તો આજુબાજુ મણિબહેન, અંગત મદદનીશ વગેરે એવી રીતે ગોઠવાઈ ગયાં કે જાણે કોઈ મુકદ્દમો ચાલવાનો હોય નહીં! શ્રી શંકરે પરબીડિયામાંથી પત્ર કાઢ્યો ને મારા હાથમાં મૂક્યો. જોયું તો એ જવાહરલાલ નેહરુ પર લખેલો હતો. એના શબ્દો તો મને યાદ નથી. પણ મારી આંખો ત્યારે શબ્દ અને શબ્દના અર્થને પાર કરીને એક જુદું જ ચિત્ર જોઈ રહી હતી. એ પત્ર પહોંચ્યા પછી તેના પરિણામે જે અંધકારમય ચિત્ર ભારતની સામે ખડું થવાનું હતું, તે નિહાળતો હું આખો પત્ર વાંચી ગયો, તે પછી પણ હજી વાંચતો જ રહ્યો. સરદારે પૂછ્યું, “વાંચી રહ્યા?”

મારે શો જવાબ દેવો? પત્રની જગ્યાએ હવે ખુલ્લી આંખે સરદારનો ચહેરો જ હું વાંચી રહ્યો હતો. મણિબહેન અને શંકર મારા મોં તરફ તાકીને જોઈ રહ્યાં હતાં. કેમ જાણે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર આ બ્રાહ્મણના હાથમાં સોંપવામાં આવ્યો ન હોય! મને લાગ્યું કે પરિસ્થિતિને હું જે રીતે સમજ્યો છું તેના કરતાં એ વધારે ગંભીર

છે. ઉતાવળમાં મેં કહ્યું, "રજા આપો તો આ બગીચામાં દસ મિનિટ આંટા મારું અને કાગળનો મર્મ પચાવી લઉં." સરદાર હસીને બોલ્યા, "હા, જાવ; મેં આનો નિર્ણય તમારી ઉપર જ છોડ્યો છે."

હું ઊઠીને બહાર આવ્યો. વિચારવા લાગ્યો કે શો જવાબ દઉં. મારા જીવનની સૌથી મોટી પરીક્ષા સામે આવીને ઊભી હતી.

મૂળ વાત એ છે કે મનુષ્ય જ્યારે કિંકર્તવ્યમૂઢ બની જાય અને પોતાની સમસ્યાનો ઉકેલ ન શોધી શકે, ત્યારે ભલભલાં મગજ "શૂન્ય સ્તર" (ઝીરો લેવલ) પર ઊતરી જાય છે. દિલને ભારે ચોટ લાગી હોય ત્યારે એવા વખતે પછી જીવનની મોટામાં મોટી સમસ્યાનો ઉકેલ સિક્કો ઉછાળીને લેવો પડે છે. મને લાગે છે કે તે દિવસે સરદાર સાહેબના હાલ એવા જ થયા હતા. નહીં તો આવા વિચારવાન પુરુષ મારા જેવા તુચ્છ સેવક સાથે આવી ગંભીર બાબતની ચર્ચા શીદને કરે?

ફરતાં ફરતાં મને ઝાઝી વાર થઈ ગઈ. એટલામાં સરદારે મને બોલાવ્યો: "શો વિચાર કર્યો?"

ભારતનાં એટલાં ભાગ્ય કે તે ઘડીએ મારી જીભ પર સરસ્વતી આવીને બેસી ગઈ. કાંઈ સમજ્યા-કર્યા વિના હું બોલવા લાગ્યો: "પત્રની ભાષા ઘણી સરળ ને સીધી છે. વજનમાપમાં બરોબર છે. જે આશયથી પ્રેરાઈને પત્ર લખાયો છે તે પણ ઉચ્ચ કોટિનો છે. આ સંબંધમાં તમે જે વલણ લીધું છે તેની સામે કોઈ આંગળી પણ નહીં ઉઠાવી શકે. પરંતુ આટલું સમજી લેજો કે મહાત્મા ગાંધીના ગયા પછી એક તમે અને બીજા જવાહરલાલ, એ બેના ઉપર દેશની આશા બંધાઈ છે. આ પત્ર દિલ્હી પહોંચતાંની સાથે કોંગ્રેસની સરકારનો અંત આવી જશે. જનતા તો તમને સાથ આપશે; પરંતુ ઇતિહાસનો ચુકાદો તમારી વિરુદ્ધમાં પડશે. દેશ પર જે આફત ઊતરી પડશે, તેની તમામ જવાબદારી તમારી પર આવવાની અને જ્યારે બધું નષ્ટભ્રષ્ટ થઈ જશે, ત્યારે એનું સૌથી વધારે દુખ તો તમને જ થવાનું છે. અને જે બાબત અંગે તમે પત્ર લખો છો તેનો પણ આથી નિવેડો આવી જશે, એવું પણ મને લાગતું નથી."

સરદાર બોલ્યા: "પણ જે કાંઈ આજે બની રહ્યું છે, તેને શું એમ જ ચાલવા દેવાય? તેમાંથી જે પરિસ્થિતિ સરજાશે, એ શું ઓછી વિનાશકારી હશે? લોકો તો મને પૂછવાના કે, તું પણ વર્કિંગ કમિટીનો મેમ્બર હતો, તેં આવી પરિસ્થિતિ રોકવા શું કર્યું?"

મેં કહ્યું: "એથી તો મારો પણ એવો મત છે કે પત્ર મોકલવો જરૂર. પરંતુ રાજેન્દ્રબાબુને એમ લખીને મોકલવો કે, બીમાર હોવાથી અહીં એકલો પડ્યો છું. જેની સાથે મંત્રણા કરી શકું એવો કોઈ સાથી અહીં નથી. વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર રહી શકું એવી સ્થિતિ નથી. બેઠકમાં ચર્ચવાના મુદ્દા (એજન્ડા) જોઈને મારા મન ઉપર જે અસર થઈ છે, તેને પરિણામે જવાહરલાલ પર આ પત્ર લખેલો છે. તમે કોંગ્રેસના પ્રમુખ છો, એટલે મારી ઇચ્છા છે કે પત્ર પહેલાં તમને બતાવી લઉં. કૃપા કરીને એ વાંચીને જવાહરલાલ પર મોકલી આપશો?"

"બસ થયું. શંકર, આ બ્રાહ્મણની વાત માનો અને પત્ર સત્વર રાજેન્દ્રપ્રસાદને પહોંચાડી દો."

વાત એમ હતી કે ભારતમાંથી મેઓ નામની જાટ પ્રજા પાકિસ્તાનમાં ચાલી ગઈ હતી. એમને પાછા બોલાવીને ફરી વસાવવાના હતા. એ પ્રશ્ન ઉપર પ્રધાનમંડળમાં બે વાર નિર્ણય લેવાઈ ગયેલો હતો. એમ છતાં એક સભ્યના આગ્રહથી પ્રશ્ન કોંગ્રેસની વર્કિંગ કમિટી પાસે મુકાયો હતો. પ્રધાનમંડળનો નિર્ણય બદલવાની એ તરકીબ હતી. અને સરદાર સાહેબને એ વાત મંજૂર નહોતી. બીમાર હોવાથી કમિટીની બેઠકમાં એ જઈ શકે તેમ નહોતા. એટલે પ્રધાનમંડળ અને વર્કિંગ કમિટી બંનેમાંથી રાજીનામું આપવાનું ઠરાવ્યું હતું.

વાતોમાં ને જમવામાં સમય વીતી ગયો. ટેલિફોનની ઘંટડી વાગી: દિલ્હીથી સરદાર સાહેબ માટે ફોન છે. તેઓ વાત કરીને પાછા ફર્યા ત્યારે એમના મોં પર હાસ્ય હતું: "રાજેન્દ્રબાબુ પણ આપણી સાથે સહમત છે. એમણે એ બાબત એજન્ડામાંથી કાઢી નાખી છે."

*

બીજા એક પ્રસંગે સરદાર પાસે હું ગયો હતો. ત્યારે મણિબહેનના

સાડલા પર એક મોટું થીગડું જોઈને મારાથી બોલાઈ જવાયું: "મણિબહેન, રાજા રામનું કે કૃષ્ણનું પણ નહોતું એવડું મોટું રાજ્ય, અશોકનું યે નહીં કે અકબરનું યે નહીં અને અંગ્રેજોનું યે નહીં એવું અખંડ ચક્રવર્તી રાજ્ય જેમણે સ્થાપી દીધું છે એવા, મોટા રાજા-મહારાજાઓનાયે સરદારની પુત્રી થઈને આવો થીગડાંવાળો સાડલો પહેરતાં તમને શરમ નથી આવતી? અમારા દહેરા ગામની બજારમાંથી નીકળશો, તો લોકો સમજશે કે કોઈ ભિખારણ જાય છે ને આનો-બે-આના તમારા હાથમાં મૂકશે!"

મારી મશ્કરીથી સરદાર પણ હસ્યા ને બોલ્યા, "બજારમાં ઘણા લોકો હોય છે, એટલે આનો-બે-આના કરતાં કરતાં મોટી રકમ ભેગી થઈ જશે!"

સુશીલા નય્યર હાજર હતાં, તે કહે: "ત્યાગીજી, આ મણિબહેન આખો દિવસ ઊભે પગે સરદાર સાહેબની સેવા કરે છે, ડાયરી લખે છે, અને પાછાં રોજ નિયમિત ચરખો ચલાવે છે. તેમાંથી જે સૂતર નીપજે છે, એનાં સરદાર સાહેબનાં ધોતિયાં ને પહેરણ બને છે. તમારી જેમ સરદાર સાહેબ ખાદીભંડારમાંથી કપડાં ક્યાં ખરીદે છે? અને સરદાર સાહેબનાં ઊતરેલાં કપડાંમાંથી મણિબહેન પાછાં પોતાનાં કપડાં બનાવી લે છે!"

ફરી સરદાર બોલી ઊઠ્યા, "ગરીબ માણસની દીકરી છે. સારાં કપડાં ક્યાંથી લાવે? એના બાપ ક્યાં કશું કમાય છે?" એટલું કહીને સરદારે પોતાનાં ચશ્માંનું ખોખું બતાવ્યું—વીસેક વરસનું જૂનું હશે. ચશ્માંની એક દાંડી હતી, બીજી તરફ દોરો બાંધ્યો હતો. ત્રીસ વરસની જૂની એમની ઘડિયાળ પણ જોઈ.

કેવો અમારો એ નેતા હતો! કેવો પવિત્ર આત્મા હતો! એ ત્યાગ ને એ તપસ્યાની સિદ્ધિ અમે બધા નવાં નવાં ઘડિયાળ કાંડે બાંધનાર દેશભક્તો ભોગવી રહ્યા છીએ!

['નગારખાનામાં તતૂડીનો અવાજ' પુસ્તક: ૨૦૦૧]

# મહીયુદ્દીન મન્સુરી

## અધૂરી વાતો

જયંત કોઠારી સાથેનો મારો સંબંધ એટલે અધૂરી વાતોનો સંબંધ. અધૂરી વાતો એ માટે કે એજન્ડા વિનાની અને વારંવાર વિષયાંતર પામતી અમારી મુલાકાતો કલાકો સુધી ચાલે, તો પણ છૂટા પડતી વખતે અમારી વાતો પૂરી ન થઈ હોય એમ મોટે ભાગે બનતું.

અમારી મિત્રતાથી કેટલાકને આશ્ચર્ય થતું. એનું કારણ તેમના અને મારા વ્યક્તિત્વો વચ્ચે બાહ્ય દૃષ્ટિએ દેખાતા તફાવતો હતા. અમે બંને જન્મે જુદા જુદા ધર્મોના હતા એ તો અમારી વચ્ચેનો તફાવત ખરો જ; પણ પહેરવેશ, ખાણીપીણી, વાતચીતની શૈલી અને રાજકીય વિચારો, એ બધાંની દૃષ્ટિએ અમે એકબીજાથી જુદાં પડીએ. ખાવાપીવાનો મને કોઈ બાધ નહોતો. રેસ્ટોરાં કે લારીગલ્લા પર વખતબેવખત ચા-નાસ્તો કરતાં મને સહેજે સંકોચ ન થાય. ઉપરાંત ધૂમ્રપાનનું મારું વ્યસન એવું કે કોલેજના વર્ગની બહાર લોકો મને મોટે ભાગે મોંમાંથી ધુમાડા કાઢતો જ જુએ. અને કોઠારીસાહેબ સાત્ત્વિક ભોજનના આગ્રહી; ધૂમ્રપાનની વાત તો આઘી રહી-તે ચા સુધ્ધાં ન પીએ. બોલવામાં હું સારાનરસા શબ્દો વચ્ચે ભેદ ન પાડું અને છાપી ન શકાય એવા શબ્દોમાં મારા ગમાઅણગમા વ્યક્ત કરું. પણ તેઓ તો જેને અપશબ્દો કહેવાય તેવા શબ્દો ક્યારેય ન બોલે. જોકે ક્યારેક એમના અણગમા ઉગ્રતાથી વ્યક્ત થાય ખરા; પણ તે માટે “આ યોગ્ય ન કહેવાય”, “આ એમને શોભતું નથી”, એવું કંઈક તે કહે; અને જો “બૌદ્ધિક અપ્રમાણિકતા” જેવા શબ્દોનો ઉપયોગ તે કરે, તો તો એ હાડોહાડ લાગી જાય એવી એની અસર કોઈકને થાય.

અમારાં વ્યક્તિત્વ વચ્ચે ઘણાબધા તફાવતો હોવા છતાં અમે ગાઢ મિત્રો બન્યા એનું મુખ્ય કારણ કદાચ અમારી વચ્ચે બાહ્ય દૃષ્ટિએ ન

દેખાય એવી કેટલીક સમાનતાઓ હોવી જોઈએ. એ સમાનતાઓ કઈ તે હું જાણી શક્યો નથી.

અમારાં ઘર ચાલીને જવાય એટલાં અંતરે હતાં. અમે એકબીજાના ઘરે જઈએ-આવીએ. આમ એકબીજાનાં કુટુંબીજનોનો પરિચય થતાં અમે સહકુટુંબ એકબીજાના ઘરે જવા લાગ્યા. અમારી વચ્ચે કૌટુંબિક સંબંધો બંધાયા. ક્યારેક અમે સહકુટુંબ સિનેમા જોવા જતા. તેમના કુટુંબના બધા સભ્યો મારી સાથે એટલા બધા હળીમળી ગયેલા કે અમે અરસપરસ હસીમજાક કરીને જ એકબીજાનું અભિવાદન કરીએ. તેમનાં પત્ની મંગળાબહેન સાથે તો મારો સંબંધ દિયર-ભોજાઈ જેવો. અમે એકબીજાની ટીખળ ન કરી હોય એમ તો ભાગ્યે જ બન્યું હશે, અને અમારી ટીખળબાજી કોઠારીસાહેબ ઉપરાંત ઘરનાં બધાં જ સભ્યો માણે. તેમનાં સંતાનો મારી સાથે કુટુંબના એક વડીલ સ્વજન તરીકે મોકળા મને વાત કરે. જોકે તેમાં દર્શના પ્રત્યે મારો પક્ષપાત વધારે. વાતચીતમાં હંમેશાં હું દર્શનાનો જ પક્ષ લઉં, તેથી મંગળાભાભી તો દર્શનાને મારી દીકરી તરીકે જ ઓળખાવે. ૧૯૬૨માં અમારી મિત્રતા થયા પછીથી બેસતા વર્ષના દિવસે સવારના સમયે હું તેમને મળવા ન ગયો હોઉં એમ ભાગ્યે જ બન્યું હશે. એ દિવસે એમનાં સંતાનો મારી ખાસ રાહ જુએ. મુલાકાતીઓના સ્વાગત માટે જુદી જુદી વાનગીઓથી સજાવેલી મોટી થાળી ટેબલ પર મૂકેલી હોય, તેમાંથી બધી જ વાનગીઓ ભરેલી જુદી પ્લેટથી મારું સ્વાગત થાય. મને ભાવતી વાનગીઓ હું ધરાઈને ખાઉં એટલું જ નહીં, વધુ ભાવતી વાનગી બેશરમ થઈને માંગીયે લઉં.

આજે જ્યારે હું જીવનનો સાતમો દાયકો સમાપ્ત કરી રહ્યો છું ત્યારે જીવનના એક રહસ્યને પામ્યો છું, અને તે એ કે સાચું સુખ મિત્રો સાથેની નિખાલસ વાતચીત દ્વારા જ મળે છે. આવું સુખ કોઠારીસાહેબ સાથેની મારી અધૂરી વાતોમાંથી મને મળ્યું છે. અમારી વાતો અધૂરી રાખીને એ ચાલ્યા ગયા, એથી મેં જીવનનું મહામૂલું ધન ગુમાવ્યું છે તે હવે ક્યારેય પાછું નહીં મળે?

# મહેન્દ્ર ગો. દેસાઈ

## છઠ્ઠા દીકરા

૧૯૮૪માં પેન્શન-ધારા વિરુદ્ધ મેં ઉપવાસ કર્યા. મારા ૨૩મા ઉપવાસને દિવસે બાબુભાઈ ૧૪ અગ્રણીઓની સહીઓ સાથેનો એક પત્ર લઈને આવ્યા.

પત્રમાં મને વિનંતી કરવામાં આવી હતી કે મારે ઉપવાસ છોડી દેવા, મારો પ્રશ્ન તેઓ ઉપાડી લે છે. મેં એ માન્ય રાખીને ઉપવાસ છોડેલા. આ પેન્શન ધારાનો અમલ ન કરવા માટે સરકાર સાથે વાટાઘાટો, લખાણો, વિવિધ પ્રકારની રજૂઆતો બાદ પણ કાંઈ જ પરિણામ આવ્યું નહીં. બાબુભાઈ નર્મદા અંગેના મંત્રીપદે હતા. તે વખતે પેન્શનધારાનો અમલ શરૂ કરવા માટે પક્ષના ધારાસભ્યોનું અનહદ દબાણ થતું. લોકશાહીમાં બહુમતીના મતને અવગણી ન જ શકાય વગેરે દલીલો થઈ. ‘પેન્શન આપવાનું શરૂ કરવું’ એવું નક્કી થવાની અણી ઉપર હતું. ત્યારે બાબુભાઈએ જાહેર કર્યું કે “બહુમતીને જોરે સિદ્ધાંત વિરુદ્ધનું કામ થવાનું હોય તો હું રાજીનામું આપીશ.” અન્ય બે મંત્રીઓ દીનશા પટેલ ને બાબુભાઈ વાસણવાળાએ પણ આ જ વાત કરી. પરિણામે પેન્શનધારાનો અમલ વળી મોકૂફ રહ્યો.

દરબાર ગોપાળદાસ દેસાઈના અમે પાંચ દીકરા હતા, પણ બાબુભાઈ જશભાઈ પટેલ અમારા છઠ્ઠા ભાઈ હતા. એટલે મારાં માતુશ્રી ભક્તિબાના અવસાન વખતે તેમને અગ્નિદાહ દેવાની મેં બાબુભાઈને વિનંતી કરેલી.

# મહેન્દ્ર મેઘાણી

## નાની શી મિલન-બારી

### ['મિલાપ' માસિકના જાન્યુઆરી ૧૯૫૦ના પ્રથમાંકનો આરંભનો લેખ]

'મિલાપ' નામે આ નવું માસિક શરૂ થાય છે. શા માટે?

ખેડૂતનો દીકરો સાંતી જોડે છે. કુંભારનો છોકરો ચાકડો ફેરવે છે. એમને પૂછ્યું હોય કે શા માટે આ મહેનત કરો છો? તો એ શો જવાબ આપી શકે?

ખેતરો ખેડાય છે, તો દુનિયાને દાણા મળે છે. ચાકડો ફરે છે, તો સમાજને ઠામ-વાસણ મળે છે. સાળ ચાલે છે, તો લોક લૂગડાં પામે છે. છતાં એ દુનિયાનો કે એ સમાજનો વિચાર કરીને પોતે મજૂરી કરે છે એમ કોઈ ખેડૂત, કોઈ વણકર કે કોઈ કુંભાર થોડો જ કહી શકવાનો છે? રાત-દિવસ જોયા વગર બારેય મહિના તનતોડ મહેનત કરતા એ શ્રમજીવીના મનમાં તો એકમાત્રા વિચાર એના રોટલાનો ને એનાં બાળબચ્ચાંનો જ રમતો હોય છે. બાપીકો ધંધો એ બચપણથી શીખતો આવ્યો છે. પોતાની બધી શક્તિઓ એ એક જ ધંધામાં રેડી દઈને સમાજને ઉપયોગી બનવા એ મથે છે, અને બદલામાં આશા રાખે છે ફક્ત બે ટંકના રોટલાની. બેને બદલે એક કે અર્ધા જ ટંકનો રોટલો સમાજ એને આપે, તોયે બાપીકા ધંધાને એ છોડી શકતો નથી—કારણ કે બીજાત્રીજા કોઈ કસબ એને ભાગ્યે જ આવડતા હોય છે.

લેખનને પણ મુખ્યત્વે આ જાતનો એક વ્યવસાય સમજીને આ માસિકનું પ્રકાશન હાથ ધરવામાં આવે છે. એની વાટે સાહિત્યની કે સમાજની મોટી સેવા થઈ જશે એવી ભ્રમણા નથી. તેમ ગુજરાતી

પત્રાકારિત્વના ઇતિહાસમાં એ અમર થઈ જાય, તેવી મહત્ત્વાકાંક્ષા પણ નથી. ખેડૂત અને વણકર, કુંભાર અને સુથાર, સઈ અને મોચી, એ સહુ કારીગરો પોતપોતાની શક્તિ અનુસાર સમાજની અમુક અમુક જરૂરિયાતો પૂરી પાડે છે. એમની માફક પ્રામાણિક પરિશ્રમ કરીને આપણી પ્રજાની એક ચોક્કસ જરૂરિયાત પૂરી પાડવાનો આ નમ્ર પ્રયાસ છે.

એ જરૂરિયાત છે ચોપાસની દુનિયા વિશેના જ્ઞાન વધારનારા, સાદા, સમજી શકાય તેવા વાચનની.

આજે, ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીના મંગલ મુહૂર્તે, ભારતના પ્રજાસત્તાકનો પાયો નખાઈ રહ્યો છે. પર્વનો એ દિવસ હમણાં જ વીતી જશે. રાતની રોશનીઓ આવતી કાલે ગાયબ બનશે. ધ્વજપતાકાઓ અને તોરણોના શણગાર વળતા પ્રભાતે કરમાઈ જશે. ઉત્સવ-ગીતોના ભણકારા ડૂબી જશે. ગોળધાણાનો સ્વાદ સુકાઈ જશે... અને પછી આરંભાશે ભારતના પ્રજાસત્તાકની આભઊંચી ઇમારત રચવાનો પુરુષાર્થ. દિવસો અને મહિનાઓ સુધી, વર્ષો અને દાયકાઓ સુધી એ ચણતરકામ અવિરતપણે ચાલુ રહેશે. આવો પ્રચંડ પુરુષાર્થ કરવા માટે આપણી પ્રજાને જેટલી અન્નની તેટલી જ જ્ઞાનની જરૂર પડશે. આ જરૂર પૂરી પાડવાના જે પ્રયાસો આ પ્રાંતમાં થઈ રહ્યા છે, તેમાં ‘મિલાપ’ પણ પોતાનાં રંક સાધનો વડે સાથ પુરાવશે.

વિશાળ લોકસમૂહોને જ્ઞાન પૂરું પાડવા માટેનાં જે સાધનો આજે જગતમાં વપરાય છે, તેમાં છાપાં અને પુસ્તકોનું સ્થાન મોટું છે. એકલી ગુજરાતી ભાષામાં જ આજે દોઢસો જેટલાં સામયિકો બહાર પડે છે. ભારતની બીજી બાર મુખ્ય ભાષાઓમાં પ્રગટ થતાં સામયિકોની આવી ગણતરી ગયે વરસે થયેલી: હિંદી ૮૫૩, ઉર્દુ ૫૭૧, બંગાળી ૩૬૯, તમિલ ૩૦૫, મરાઠી ૨૪૩, તેલુગુ ૧૫૧, પંજાબી ૮૧, કન્નડ ૫૧, ઉડિયા ૪૯, મલયાલમ ૨૩, સિંધી ૮, અસમિયા ૭. તે ઉપરાંત એકલી અંગ્રેજી ભાષામાં નીકળતાં ભારતીય સામયિકોનો આંકડો તો એ સૌને વટાવી જનારો હતો: ૮૬૮. કુલ ૩,૭૦૦ કરતાંય વધુ દૈનિકો, સાતવારિયાં અને અન્ય સામયિકોના આ ખડકલામાં જુદી જુદી ભાષાઓ,

જુદી જુદી હકીકતો, જુદા જુદા વિચારો હશે. એમાં તત્કાલીન બાબતોને લગતો કેટલોય કુથ્થો હશે; પણ થોડુંક વાચન એવું હશે કે જે ભારતની કોઈ પણ ભાષાના સામાન્ય સમાજના રસિક વાચકને રુચે, સરળ લાગે અને ઉપયોગી નીવડે. વિદેશોથી અહીં આવતાં સામયિકોમાં પણ એવાં લખાણો હોય છે. એવી થોડીક સામગ્રીની એ વિરાટ વાચન-પૂંજમાંથી તારવણી કરીને આ માસિકમાં મૂકવાની ઉમેદ છે.

આ જાતના સામયિક પાછળ પૂરતો પરિશ્રમ લેવાય તો ગુજરાતની નવી રચાતી ઇમારતમાં એ પરપ્રાંતો તથા પરરાષ્ટ્રો સાથેની નાનીશી મિલન-બારી બની શકે, એવી નિષ્ઠા સાથે ‘મિલાપ’ના પ્રકાશન-માર્ગે અમે ડગલું માંડીએ છીએ. કોઈ એક વ્યક્તિ, પક્ષ, વાદ કે કોઈ વાવટા પ્રત્યેની વફાદારીનું છત્રા અમારે શિરે નથી. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાને આંગણે શીતળ સમીર-લહરોમાં એકસંગાથે કલ્લોલતા તમામ પ્રજાઓના વાવટા દૂરદૂરથી દીવાદાંડી સમા અમને દેખાય છે. અમારા કાનમાં ભણકારા વાગે છે સાગરપારના એક મહાકવિએ ગાયેલા પેલા મંત્રાના—

“એબવ ઑલ, ટુ ધાઈન ઓન સેલ્ફ બી ટ્રુ”: અને સૌથી વિશેષ તો તારા આત્માને જ વફાદાર રહેજે; એને ન છેતરજે.

એ શબ્દોમાં ગુંજી રહેલા ઈમાનને કદી ન ચૂકવાનું બળ અમારી મજલના માલિક પાસે માગીએ છીએ.

# આ લોકો .... પેલા લોકો

*આ લોકોને ત્રાણ ટંક ભોજન મળે છે...*
*પેલા લોકોને પેટપૂર રોટલોયે નથી મળતો.*
*આ લોકોને દૂધ-ઘીની કોઈ કમીના નથી...*
*પેલા લોકોને છાશના પણ સાંસા રહે છે.*
*આ લોકોને પાણી-વીજળીની છાકમછોળ છે...*
*પેલા લોકો એની સતત તાણ નીચે જીવે છે.*

*આ લોકો બાંધ્યા પગાર ને ભથ્થાં મેળવે છે...*
*પેલા લોકોને રોજની મજૂરી મળવાનીયે ખાતરી નથી.*
*આ લોકોને ચાલુ પગારે કેટકેટલી રજાઓ મળે છે...*
*પેલા લોકોને માટે તો રજા એટલે પેટને તાળાં.*

અને છતાં આ લોકો—

હાલતાં ને ચાલતાં હડતાલો પાડયા કરે છે, ત્રાસવાદીઓની જેમ આખા સમાજને બાન પકડે છે: પોતે બંધ પાળે છે, જોરજુલમથી બીજા પાસે પળાવે છે.

આ લોકો મણમણના મોટા પગાર મેળવે છે, પણ કામ રતિભાર કરે છે અને ઉપર જતાં બળજબરીથી બીજાંને રોજી રળતાં અટકાવે છે.

આ લોકો માતેલા સાંઢની જેમ આથડે છે. આ લોકો લાજતા નથી, પણ ગાજતા રહે છે, હીજડાની માફક “હાય! હાય!” કરે છે, નપુંસક તોડફોડ ને બાળઝાળ કરે છે.

પછી ગુંડાગીરીમાં શેરને માથે સવાશેર એમને ભેટે છે, ત્યારે બાયલા બનીને બધાં અપમાનો સહન કરે છે, પોતાની બહેનોની બેઇજ્જતી પણ સાંખી લે છે...

પરંતુ પેલા લોકો—

ટાઢ-તડકામાં ને વરસતા વરસાદમાં કાળી મજૂરી કરીને

માટીમાંથી સોનું પકવે છે, ઢોર સાથે ઢોર બનીને દૂધની નદી વહાવે છે,

આંખ ફોડીને કાંતે છે, બાવડાં તોડીને કાપડ વણે છે.

ઉકરડા ને ગટરો ઉલેચતા રહે છે,

તીકમ ને તગારાં લઈને મચી પડે છે, ઊંચી ઇમારતો ને લાંબી સડકો બાંધે છે.

દિલચોરી કે કામચોરી કરતા નથી, રામ કે રહીમને માથે રાખીને પરસેવો પાડે છે.

નથી ભીખ માગતા, નથી રુશવત માગતા—માગે છે ફક્ત મજૂરી કરીને રોટી રળવાની તક.

આ બધાં પછી પણ તેઓ હડધૂત થતા રહે છે, અને તેમ છતાં ન્યાય તોળવાનું તેઓ ઉપરવાળા પર જ છોડે છે.

આ જગત હજી ચાલે છે, તે પેલા લોકોના પુણ્યપ્રતાપે,
અને પૃથ્વીનો જો પ્રલય થશે તો આ લોકોના પાપે.
તો કયામતને દિવસે આપણે કઈ જમાતમાં ઊભાં રહ્યાં હશું?
—આ લોકોની.... કે પેલા લોકોની?

## એમના ઉપકાર સંભારશું?

*રોજેરોજ આપણા ખોરાક માટે અનાજ ને શાકપાન મળે છે,*
*કારણ કે આપણા ખેડૂત ભાઈઓ બંધ નથી પાળતા.*

*આપણે ઢોર નથી પાળતા, છતાં દૂધ-ઘી પામીએ છીએ,*
*કારણ કે ગોપાલક ભાઈઓ બંધ નથી પાળતા.*

*આપણી શેરીઓ ઉકરડાથી સાવ ઢંકાઈ જતી નથી,*
*કારણ કે હરિજન ભાઈબહેનો બંધ નથી પાળતાં.*

*આઘેની નદીનાં નીર આપણા ઘરના નળમાંથી ઠલવાય છે,*
*કારણ કે પાણીખાતાના મિત્રો બંધ નથી પાળતા.*

*દૂરના નદીબંધો પર પેદા થતી વીજળી આપણી બત્તીઓ પેટાવે છે,*
*કારણ કે વીજળી-કર્મચારીઓ બંધ નથી પાળતા.*

*સગાંસ્નેહીઓની ટપાલ આપણને મળ્યા કરે છે,*
*કારણ કે ટપાલી ભાઈઓ બંધ નથી પાળતા.*

*કાંટા-કાંકરા-તડકાથી આપણા પગને પગરખાં બચાવે છે,*
*કારણ કે આપણા ચમાર ને મોચી ભાઈઓ બંધ નથી પાળતા.*

*ભાતભાતનાં કપડાં નાનાંમોટાંને પહેરવા મળે છે,*
*કારણ કે કાંતનારી બહેનો, વણકરો, દરજીઓ બંધ નથી પાળતાં.*

*આપણને ટંકે ટંકે ભાવતાં ભોજન મળી રહે છે,*
*કારણ કે આપણી માતાઓ કે ગૃહિણીઓ બંધ નથી પાળતી.*

*આટલી મોટી દુનિયાનું તંત્રા ચાલતું રહે છે,*
*કારણ કે કરોડો ઈમાનદાર નરનારીઓ કદી યે બંધ નથી પાળતાં.*

*પરસેવો પાડીને તેઓ આ જગતને જીવતું રાખે છે.*
*એ કરોડોના અનંત ઉપકારો સંભારીએ તો—*
*આપણે પણ બંધ પાળવાનું પાપ કદી ન કરીએ.*

## જાગૃત કર, હે પિતા!

કોમી રમખાણ દરમિયાન એક જુવાન ઓરતની હત્યા પોતે કરી છે, અઢીસો હુલ્લડખોરોને મોખરે રહીને એક મહોલ્લાની લૂંટ ચલાવી છે, એવી બેધડક કબૂલાત કોઈ માણસે પોતાની આત્મકથામાં કરી હોય, એ પુસ્તકની પ્રસ્તાવના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા શ્રી સુદર્શને લખેલી હોય, અને પુસ્તકના લેખક કિશન ગોપાલ રસ્તોગીને ભારત સરકારે એક સમિતિમાં નીમીને જાણે કે પુરસ્કૃત કર્યા હોય—એ તમે માની શકો છો?

ભારતની સંસદના વિવિધ પક્ષોના પચાસ સભ્યોએ પ્રધાનમંત્રીને એક પત્રા લખીને શ્રી રસ્તોગી વિશેની આવી જાણકારી મોકલીને કહ્યું હતું કે ‘નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ’ જેવી શિક્ષણખાતા હેઠળની શૈક્ષણિક સંસ્થાની પસંદગી સમિતિમાં સરકારે નીમેલા આવા લેખકને તેમાંથી દૂર કરવા જોઈએ. પરિણામે શું

થયું તે તમે માની શકશો? 'સંઘ'ના એક સ્વયંસેવક એ રસ્તોગીજીને શિક્ષણખાતાએ પસંદગી સમિતિમાંથી ખસેડીને પેલી કાઉન્સિલની બીજી બે સમિતિઓમાં ખાતાના સલાહકાર તરીકે સ્થાન આપ્યું!

'પ્રચારક જીવન' નામની પોતાની આત્મકથાના સાતમા પ્રકરણમાં રસ્તોગીજીએ એક પ્રસંગનું રોમહર્ષણ બયાન આપેલું છે. હિંદના ભાગલા પછીનાં રમખાણો દરમિયાન, હરદ્વાર અને રૂડકી વચ્ચે આવેલા કલિયાર નામના મુસ્લિમ મહોલ્લા ઉપર પોતાની આગેવાની હેઠળ 'સંઘ'ના કાર્યકરોના એક ટોળાએ કેવી રીતે હલ્લો કરેલો અને તે વેળા એક મુસ્લિમ યુવતીને પોતે ઠંડે કલેજે કેવી રીતે ઠાર મારેલી, તેનું વર્ણન રસ્તોગીજીએ આમ આપ્યું છે :

મુસલમાનોની વસ્તીવાળો એ એક પુરાણો મહોલ્લો હતો. છરા, ભાલા અને બંદૂકોથી સજ્જ બનીને કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા એ લોકો તૈયાર હતા. અમુક હિંદુ લત્તા પર હલ્લો કરવાના તેમના ઇરાદાની મને જાણ થઈ ત્યારે કેટલાક જાણીતા ગુંડાઓ સહિત ૨૫૦ માણસોને તૈયાર કરીને હું કલિયાર પર હુમલો લઈ ગયો.

ત્યાં એક વિચિત્રા બાબત બની. એક ઘરની અંદરના માણસોને અમે ખતમ કરી રહ્યા હતા તે વખતે એક બહુ ખૂબસૂરત જુવાન છોકરી અમારી નજરે પડી. મારી આગેવાની હેઠળના હુમલાખોરો તત્કાલ મોહવશ બની ગયા. એ છોકરીને પોતાના કબજામાં લેવા તેઓ અંદરોઅંદર લડવા પણ લાગ્યા. અમારી સામે જે મુખ્ય કામ હતું તેની પર બધું ધ્યાન કેન્દ્રિત કરવા હુમલાખોરોને મેં ખૂબ સમજાવ્યા. મેં એમને ભાંડયા, ધમકાવ્યા, પણ એ લોકો મારું સાંભળે જ નહીં! અને અચાનક એ મુસીબતનો ઇલાજ મને જડી ગયો. આખરે તો એ છોકરી જ આ મુશ્કેલીના મૂળમાં હતી, અને તેને જ ખતમ કરવી જોઈએ. મારી બંદૂક ઉઠાવીને મેં તેને ઠાર મારી. શબ બનીને એ ઢળી પડી.

પછી મારા સાથી પોતાના કર્તવ્ય ભણી પાછા વળ્યા. એક સ્ત્રીની હત્યા કરવી, એ અમારા સિદ્ધાંતોની વિરુદ્ધ હતું, પણ કટોકટીની ઘડીએ તેમ કરવું પડ્યું હતું અને હજી પણ મને તેનો ખેદ છે.

દેશના પ્રખ્યાત અંગ્રેજી દૈનિક ‘સ્ટેઇટ્સમન’માં જે સમાચાર તા. ૨-૫-૨૦૦૧ના અંકમાં પહેલે પાને પ્રગટ થયા છે, તેમાંથી ઉપરની માહિતી આપી છે. વાચકોના ચિત્ત ઉપર તેની શી અસર પડશે?

સંઘ પરિવારના પાકા રંગાયેલા જે ઝનૂની સભ્યો છે, તે તો ગાંધીજી જેવી વિશ્વવિભૂતિના હત્યારાઓ માટે પણ મગરૂરી અનુભવનારા છે. એટલે એક કુમળી કન્યાના આવા ખૂનથી એમનું રુવાંડું પણ કદાચ ન ફરકે. એમને તો તે એક ધર્મકૃત્ય પણ લાગે.

સામી બાજુ, આવાં કૃત્યો પાછળની વિચારસરણીને ધિક્કારનારો એક વર્ગ છે; પણ તેને લાગે છે કે ‘સંઘ’વાળાઓ તો બહુ સ્પષ્ટ વિચારપૂર્વક આવું બધું કરતા હોય છે, એટલે તે અંગે વેદના કે રોષ વ્યક્ત કરવાથી તેમના પર કશી અસર પડવાની નથી.

એ બે છેડાની વચ્ચે એક વિશાળ જનસમૂહ છે, જેને ધર્મને નામે બહેકાવીને ગુમરાહ બનાવવામાં ‘સંઘ’વાળાઓ ઠીક ઠીક સફળ થયા છે, તેમના ટેકાથી સત્તા મેળવી શક્યા છે અને માતેલા બન્યા છે. પોણી સદી પહેલાં જર્મની ને ઈટલીમાં ફાસીવાદના જે ઝેરનું વાવેતર થયું અને તેની મબલક ફસલને પરિણામે આખી દુનિયાને જે વેઠવું પડ્યું, તેનું પુનરાવર્તન ભારતની ધરતી પર બહુ યોજનાપૂર્વક આજે થઈ રહ્યું છે. તેને અટકાવવું હોય તો આ વિશાળ જનસમૂહની આંખ ઉઘાડવાના અથાક પ્રયત્નો સહુ વિચારવંતોએ કરવા પડશે. ‘સંઘ’વાળાઓ પર માત્રા શબ્દોના પ્રહારો કરીને બેસી રહેવાથી કાંઈ વળવાનું નથી.

એવા પ્રયત્નો કરવાનો ઉમંગ જેમને થાય તે સહુએ પ્રથમ તો પોતાના વિચારો—આદર્શોની બાબતમાં સ્પષ્ટ બનવું જોઈએ. આપણે જોયું કે માત્રા અંગ્રેજોને હાંકી કાઢવાથી દેશમાં સ્વરાજ્ય સ્થપાઈ જતું નથી, તેમ ‘સંઘ’વાળાઓને સત્તા પરથી હઠાવવાથી જ પ્રજા સુખી થઈ જવાની નથી. સ્વરાજ અને સુરાજ્યની, ભારતના ભાવિની આપણી કલ્પના સુરેખ રીતે, સાદા શબ્દોમાં, એકદમ સંક્ષેપમાં પ્રજા પાસે મૂકવી જોઈએ અને આપણા પોતાના જીવનમાં તેનું પ્રતિબિંબ આજે પ્રજાને દેખાવું જોઈએ.

આપણે એક કલ્પના રજૂ કરી દેશું, એટલે લોકો તેની પર તરત વારી જવાના છે, એવું પણ નથી. બલકે આપણે ઇચ્છીએ કે ખોટા ઉત્સાહમાં આવી જઈને લોકો ઝટઝટ એ વિચારો ગળે ઉતારી ન જાય. ખરેખરું સુરાજ્ય લાવવું હશે તો લોકોએ પોતાના કેટલાક મિથ્યા આચારવિચાર છોડવા પડશે, અને તે કેટલું આકરું છે તે તો આપણે પોતે કેટલી કુરુઢિઓનો ત્યાગ કરી શક્યા છીએ એ તપાસતાં સમજાશે. એટલે ધીરજ રાખીને અનેક પ્રસંગે લોકોને સમજાવતા રહેવાનું છે. આપણને જેમ સમજાવવાનો હક છે, તેમ લોકોને ધીમે ધીમે સમજવાનો, બિલકુલ ન સમજવાનો પણ, અધિકાર છે.

વિચાર ગળે ઊતરતો જાય તેની સાથે પ્રજાને એ પણ ખ્યાલ મળતો રહેવો જોઈએ કે સુરાજય લાવવા માટે ઘણો ભોગ આપવો પડશે. સ્વરાજ માટે દેશે જેટલો ભોગ આપ્યો તેના કરતાં સુરાજ્ય માટે કદાચ વધારે ભોગ આપવો પડે. સ્વરાજ માટે આપણે જેમની સામે લડયા તે અંગ્રેજોની એક પ્રજા તરીકેની સંસ્કારિતા આજના શાસકોના કરતાં ઘણી ઊંચી હતી. આજે દેશ પર જેમનું વર્ચસ્વ છે તે રાજકીય બળો, અને તેમને પણ હથેળીમાં નચાવતાં આંતરિક ને આંતરરાષ્ટ્રીય આર્થિક બળોની નાગચૂડ આપણને ભરડો લઈ રહી છે. ઉંમરગામના કર્નલ પ્રતાપ સાવે જેવા અનેક નવલોહિયાનાં બલિદાન સુરાજ્ય માટે આપવાં પડશે. આપણું ધ્યેય જેટલું ઊંચું હશે તેટલાં શુદ્ધ સાધનો આપણે વાપરવાં પડશે.

દેશના વિચારઘડતરમાં જેમણે ફાળો આપ્યો છે એવાં સજ્જન-સન્નારીઓ સાથે મળીને વિચાર અને આચારનું એક એવું અલ્પતમ જાહેરનામું પ્રજા પાસે મૂકે કે સુરાજ્યની દિશામાં ચોક્કસ કદમો ઉઠાવવાની વ્યાપક લોકસમૂહને પ્રેરણા મળે.

કવિઓના કવિ, ગુરુઓના ગુરુદેવ રવીન્દ્રનાથની (શ્રી નગીનદાસ પારેખ—અનુવાદિત) આ પ્રાર્થના આપણાં અંતરમાં ગુંજી રહો:

*ચિત્ત જ્યાં ભયશૂન્ય છે,*
*શિર જ્યાં ઉન્નત રહે છે,*
*જ્ઞાન જ્યાં મુક્ત છે,*
*ઘરઘરના વાડાઓએ જ્યાં રાતદિવસ*
*વસુધાના નાના નાના ટુકડા કરી મૂક્યા નથી,*
*વાણી જ્યાં સીધી હૃદયના ઝરણમાંથી વહે છે,*
*કર્મનો પ્રવાહ જ્યાં દિશાએ દિશાએ*
*અજસ્રપણે સફળતા ભણી ધસે છે,*
*તુચ્છ આચારની મરુ-રેતી*
*જ્યાં વિચારનાં ઝરણાંને ચૂસી લેતી નથી—*
*પૌરુષને શતધા છિન્નભિન્ન કરી નાખતી નથી,*
*તું જ્યાં સકલ કર્મ અને વિચારનો અગ્રણી છે:*
*તે સ્વાતંત્ર્ય-સ્વર્ગમાં, હે પિતા,*
*તારે પોતાને હાથે નિર્દય આઘાત કરીને,*
*ભારતને જાગૃત કર.*

## એ દેશની ખાજો દયા!

કૂતરી છે, કૂતરી!

કોણ?

કરોડો મતદારોએ ચૂંટેલી જેની સરકારો દેશમાં ૧૪ રાજ્યોમાં શાસન સંભાળે છે, તેવા એક રાજકીય પક્ષના લાખો સભ્યોએ જેને પોતાની સંસ્થાના પ્રમુખપદે સ્થાપેલ છે, તે નારી કૂતરી છે!

એવું તે વળી કોણ કહે છે?

ના, ભીંડી બજારના કોઈ મવાલીના ગલોફામાંથી એ ગાળ નથી નીકળી, સરહદપારના રાષ્ટ્ર-શત્રુ લશ્કરી માંધાતાની જીભેથી એ અંગારો નથી પડ્યો, ગટરના પત્રાકારત્વના કસબી કોઈ છાપાવાળાને એ ગલીચતા

નથી સૂઝી...

ત્યારે?

દુનિયાભરના હિંદુઓને નામે ચાલતી એક સંસ્થાના આગેવાને, હલકટપણાની આટલી નીચી કક્ષાએ ઊતરીને એક સ્ત્રીને માટે, પોતે જેને પેટે જન્મ લીધો હશે તેના જેવી જ એક માતાને માટે, આ બીભત્સ વાણી એક જાહેર સભામાં ઉચ્ચારેલી છે. સ્વામી વિવેકાનંદથી માંડીને મહાત્મા ગાંધી જેવા વિશ્વવિખ્યાત મહાપુરુષોને પેદા કરનાર હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિને કલંક લગાડનારી આવી અશ્લીલતા સામે અવાજ ઉઠાવનારો એક પણ માઈનો પૂત એ સભામાં નીકળ્યો હશે? એવો ગંદવાડ જાહેરમાં ઓકનારાની ઉપર થૂથૂકાર કરીને સભામાંથી પાંચ બહેનો પણ બહાર નીકળી ગઈ હશે? પોતે હિંદુ છે એવો હુંકાર ગર્વથી કરનારા ત્રાપુંડધારી—ખેસધારીઓ અને લોહીતરસ્યાં ત્રાશૂળધારકોની તો આ બાબતમાં તેમના નેતા સાથે સંમતિ જ હશે ને?

ભગવાન ઈસુ અને કવિવર રવીન્દ્રનાથની વાણીનો સમન્વય જેમની કવિતામાં કેટલાકને દેખાયો છે તેવા ખલિલ જિબ્રાનના શબ્દોને આપણા સાંઈ મકરન્દે ગુજરાતીમાં ઉતાર્યા છે, તે આજે સાંભરે છે:

*દોસ્તો, સફરના સાથીઓ! એ દેશની ખાજો દયા—*
*જ્યાં ધર્મનો છાંટો નહીં, ફિરકા છતાં ફાલી રહ્યા....*

*‘રંગ છે બહાદુર!’ બિરદાવી ફુલેકે ફેરવે,*
*જે પ્રજા નાચી રહે ગુંડા-ટણકને ટેરવે,*
*ને દમામે જીતનારાને ગણે દાનેશરી—*
*હાય, એવા દેશના જાણે ગયા છે દી ફરી!...*

*નવા રાજાને કહે વાજાં વગાડીને: જીયો!*
*જાય તો પાછળ ઉડાડી ધૂળ બોલે હૂરિયો—*
*ને છતાં એ કોઈ બીજાને સત્કારવા*
*એ જ નેજા! એ જ વાજાં! એ જ ખમ્મા, વાહ વા!*

*જાણજો એવી પ્રજાના ખીલડા ખૂટલ થયા,*
*દોસ્તો, સફરના સાથીઓ! એ દેશની ખાજો દયા.*

# કપડું ધોતાં રહેવું પડે છે

એક ભાઈએ સવાલ ઉઠાવ્યો છે કે, “ગમે તેવાં લખાણો પણ રાષ્ટ્રીય હિતને નુકસાનકર્તા એવા આચરણ પર પ્રભાવક નિયંત્રાણ ન લાવી શકતાં હોય, તો માત્રા સતત લખ્યા કરવાનો અર્થ શું છે?” આપણું શિક્ષણ રાષ્ટ્રના અધ:પતનનું કારણ બની ગયું છે, એવું જણાવીને તેઓ પ્રશ્ન કરે છે કે તો પછી શું શાળા-કૉલેજોને તાળાં મારી દેવાં? અંતમાં તેઓ આક્રોશ કરે છે કે આ બધાંનું કારણ એ છે કે “પ્રત્યેક બાળકને એક જવાબદાર નાગરિક બનાવવાની બાબત પરિવાર, સમાજ, શિક્ષણ, ધર્મ તેમ જ સરકાર, બધાં જ નિષ્ફળ ગયાં છે.”

આ જાતની લાગણી વત્તેઓછે અંશે બીજા લોકો પણ આજે અનુભવતા હશે. ભૂતકાળમાં પણ શુભ હેતુથી વિવિધ પ્રવૃત્તિ ચલાવનારાં સજ્જનો અને સન્નારીઓની મહેનત વ્યર્થ ગયાનો ભાવ લોકો અનુભવતા રહ્યા છે. એ સહુને કાંઈક આશ્વાસન મળે તેવા આ શબ્દો બબલભાઈ મહેતાના પુસ્તક ‘મારી જીવનયાત્રા’માં આવે છે:

હું નાનો હતો ત્યારથી મને એવો સત્સંગ અને એવું વાચન મળ્યાં છે કે આ માનવજીવન કાંઈક સારાં કામ કરી જવા માટે છે, એવો સંસ્કાર દિવસે દિવસે દૃઢ થતો ગયો. આત્મતત્ત્વને ઓળખવું અને જનસેવા કરવી, આ બે માર્ગ સ્વામી વિવેકાનંદે મને નાનપણમાં ચીંધ્યા હતા. યુવાનીમાં કાકા કાલેલકરે ગુલામ ભારતને સ્વતંત્રા કરવાની અને ભારતનાં તૂટેલાં ગામડાંને બેઠાં કરવાની પ્રેરણા ને માર્ગદર્શન આપ્યાં. ગાંધીજીએ શરૂ કરેલી સ્વાતંત્ર્યની લડતમાં ૧૯૩૦થી હું મારો યત્કિંચિત ફાળો આપી શક્યો. ગાંધીજીએ ગામડાંમાં બેસીને સેવા કરવાનો આદેશ આપ્યો, એટલે ૧૯૩૪થી હું માસરા ગામમાં જઈને બેઠો. ૧૯૪૭માં

એમણે નઈ તાલીમનો વિચાર મૂક્યો, એનો પ્રયોગ કરવા નિમિત્તે મારે થામણામાં આવીને બેસવાનું થયું. બંને ગામોમાં અનેક કામો થયાં એમાં હું ક્યાંક ક્યાંક નિમિત્ત બન્યો, તેમાં હું ઈશ્વરની કૃપા જોઉં છું.

વર્ષો સુધી સેવાનાં કાર્યો કર્યા પછી કેટલાક લોકોના મનમાં થાય છે કે, આમાં કાંઈ વળ્યું નહીં. આ દુનિયામાં કોઈને કશાની કદર નથી—આવો નિરાશાનો ભાવ જાગતો હોય છે. મને આવી નિરાશા થતી નથી. બાળકના સદ્ગુણોનું નિર્માણ કુટુંબમાં થતું હોય છે, એટલે સ્વસ્થ કુટુંબજીવન એ સ્વસ્થ સમાજજીવનની આધારશિલા બને છે. બધા કહે છે કે દુનિયા બહુ બગડી ગઈ છે. પણ હું કહું છું કે એવાં કેટલાંય કુટુંબો છે કે જે આ બગડી ગયેલી દુનિયાને મીઠી મીઠી બનાવી રહ્યાં છે.

કપડું ધોઈએ ને એ ફરીફરી મેલું થાય છે. એને ફરીફરી ધોતાં રહેવું પડે છે. એમ માનવ-મનને પણ વારંવાર ધોતાં રહેવું પડે છે.

## પિતાની ભેટ

પોતાના પુત્રને કાંઈક ભેટ આપવાની એક પિતાની હોંશમાંથી એક નાની રૂપકડી ચોપડીની ઉત્પત્તિ થઈ છે.

પુત્ર પોતાની સ્વતંત્રા જિંદગીની મજલ પર રવાના થવાની તૈયારીમાં હતો ત્યારે, કદાચ તેને ઉપયોગી નીવડે એવા શિખામણના બે શબ્દો કાગળ પર ટપકાવી લેવા માટે પિતા ઘરને એક ખૂણે બેસે છે. જેક્સન બ્રાઉન નામના એ પિતાએ વરસો પહેલાં ક્યાંક વાંચેલું કે પોતાનાં સંતાનો માટે સડક બાંધી આપવાની જવાબદારી માબાપો ઉપર નથી; એમણે તો વાટનો નકશો જ પૂરો પાડવાનો છે. પોતે લખી કાઢેલાં પાનાંનો ઉપયોગ પોતાનો પુત્ર એ રીતે જ કરશે, એવી પિતાને ઉમેદ છે.

એ લખાણનાં કાગળિયાં પુત્રના હાથમાં મૂકતાં પિતા એવી મતલબનું બોલ્યા કે જીવન સુખદાયી શી રીતે બનાવી શકાય તે વિશેના પોતાના

ખ્યાલો એમાં વ્યક્ત કરેલા છે. ભેટ હાથમાં લેતાં પુત્ર પિતાને ભેટી પડયો, એમની સાથે હાથ મિલાવીને વિદાય થયો.

થોડા દિવસ પછી એના નવા સ્થાનેથી પુત્રનો ફોન આવ્યો. “બાપુ,” એનો અવાજ સંભળાયો: “તમે પેલી શીખ લખી આપી છે તે વાંચતો જાઉં છું ને મને લાગે છે કે મને મળેલી સારામાં સારી ભેટમાંની આ એક છે. હવે હું પણ તેમાં ઉમેરો કરતો રહીશ અને... કોઈક દિવસ મારા દીકરાને એ ભેટ આપીશ.”

પિતાની એ શીખમાંથી નીપજેલી અંગ્રેજી ચોપડીનું નામ છે: ‘લાઇફ્સ લિટલ ઇન્સ્ટ્રક્શન બુક’ (Life’s Little Instruction Book). તેને દરેક પાને સાદા શબ્દોમાં બે-ચાર નાની નાની શિખામણો મોટા અક્ષરે છાપેલી છે.

લેખકે ચોપડી આ રીતે અર્પણ કરેલી છે: “અનેક રીતે જે મારો ગુરુ પણ છે તે પુત્રને.” પછી નીચે ચાર લીટી એ પુત્રને સંબોધીને પિતા કહે છે: “બેટા, લાં....બું જોવામાં હું તને કઈ રીતે મદદ કરી શકું? મારા ખભા ઉપર તને ઊભો રહેવા દઉં?....હાં, હવે તું મારા કરતાં પણ લાંબે સુધી જોઈ શકીશ. હવે તું આપણા બેય વતી જોઈ શકવાનો... તો, તું શું જુએ છે તે મને કહીશ ને?”

લેખક અમેરિકન છે, પણ તેની ઘણી શિખામણો અનેક દેશના પિતાઓ પોતાના પુત્રોને આપી શકે તેવી લાગે છે. મારો એક પૌત્રા યુવાનવયે પહોંચ્યો છે તેને લખી મોકલવા જેવી કેટલીક મને લાગી, તે અહીં ગુજરાતીમાં ઉતારું છું. વાચકોને પણ પોતાના પુત્ર કે પૌત્રાને લખી મોકલવાનું મન થાય તેવી એમાંથી નીકળશે, એવી આશા છે.

* સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે—ભલે પછી એ કદી નહિ વંચાય એમ લાગે.
* કોઈને પણ વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહિ. ચમત્કારો દરરોજ બનતા હોય છે.
* દરેક બાબતમાં ઉત્તમતાનો આગ્રહ રાખજે અને તેની કિંમત

ચૂકવવા તૈયાર રહેજે.

* તંદુરસ્તી એની મેળે જળવાઈ રહેવાની છે, એમ માનતો નહીં.
* તારી નજર સામે સતત કશુંક સુંદર રાખજે—ભલે પછી તે એક પ્યાલામાં મૂકેલું ફૂલ જ હોય.
* આપણાથી જરીક જેટલું જ થઈ શકે તેમ છે એવું લાગે, માટે કશું જ ન કરવું એમ નહિ. જે થોડુંક પણ તારાથી થઈ શકે તે કરજે જ.
* સંપૂર્ણતા માટે નહિ પણ શ્રેષ્ઠતા માટે મથજે.
* જે તુચ્છ છે તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે.
* ઘસાઈ જજે, કટાઈ ન જતો. પોતાની જાતને સતત સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે.
* હારમાં ખેલદિલી બતાવજે. જીતમાં ખેલદિલી બતાવજે. પ્રશંસા જાહેરમાં કરજે, ટીકા ખાનગીમાં.
* લોકોમાં જે સારપ રહેલી હોય તે ખોળી કાઢજે.
* તારા કુટુંબને તું કેટલું ચાહે છે તે દરરોજ તારા શબ્દો વડે, સ્પર્શ વડે, તારી વિચારશીલતા વડે બતાવતો રહેજે.
* પોતાની જાતમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો આંક કદી ઓછો ન આંકવો. પણ બીજાંઓમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો વધુ પડતો આંક ન આંકવો.
* ક્યારે મૂંગા રહેવું તેનો ખ્યાલ રાખજે. ક્યારે મૂંગા ન રહી શકાય તેનો પણ. રૂ ગંદકી સામે જંગ માંડજે.
* બીજાઓની સફળતા વિશે ઉત્સાહ અનુભવજે. બીજા લોકોને એમનું પોતાનું મહત્ત્વ ભાસે તેમ કરવાની તકો શોધતો રહેજે.
* પોતાના ગુજરાન માટે મહેનત કરતા દરેક માણસ સાથે સન્માનથી વર્તજે—ભલે એ કામ ચાહે તેવું નજીવું હોય.

* એવી રીતે જીવજે કે તારાં બાળકો જ્યારે પણ ઈમાનદારીનો, નિષ્ઠાનો અને પ્રામાણિકતાનો વિચાર કરે ત્યારે એ તને સંભારે.
* જેમને એ વાતની કદી જાણ પણ થવાની ન હોય એવા લોકો માટે કશુંક સારું કરતા રહેવાની આદત કેળવજે.
* વિચારો મોટા મોટા કરજે, પણ નાના નાના આનંદો માણી જાણજે.
* ગુલાબોની સુવાસ માણવાનો સમય મેળવજે.
* દિમાગ મજબૂત રાખજે, કાળજું કૂણું.
* કોણ સાચું છે તેની ફિકર કરવામાં સમય ઓછો ગાળજે, અને શું સાચું છે તે નક્કી કરવામાં વધારે.
* એકંદર યુદ્ધમાં વિજય મેળવવા કાજે નાની નાની લડાઈઓમાં હારતાં શીખજે.
* જે ગાંઠ છૂટી શકે તેને કાપતો કદી નહિ.
* દરેક ચીજ જે હાલતમાં આપણને મળી હોય તેના કરતાં જરાક સારી સ્થિતિમાં તેને મૂકતાં જવું.
* યાદ રાખજે કે સફળ લગ્નજીવનનો આધાર બે વસ્તુ પર રહે છે: (૧) યોગ્ય પાત્રા શોધવું અને (૨) યોગ્ય પાત્રા બનવું.
* તને વખત નથી મળતો, એમ કદી ન કહેતો. એક દિવસના તને પણ એટલા જ કલાકો મળેલા છે જેટલા હેલન કેલરને, મધર ટેરેસાને અને આઇન્સ્ટાઈનને.
* એટલું સમજજે કે સુખનો આધાર માલમિલકત, સત્તા કે પ્રતિષ્ઠા ઉપર નહિ, પણ આપણે જેમને ચાહતા ને સન્માનતા હોઈએ તેવા લોકો સાથેના આપણા સંબંધો પર રહે છે.
* તને માન મળે તેમાં બીજાંને સહભાગી બનાવજે.
* તારાં બાળકોને નિયમિત કશુંક વાંચી સંભળાવજે, ગીતો સંભળાવજે. તારાં બાળકોને સદાય સાંભળજે.
* “મને એની ખબર નથી,” એમ કહેતાં ડરતો નહિ. “મારાથી ભૂલ

થઈ ગઈ", એમ કહેતાં અચકાતો નહિ. "હું દિલગીર છું", એટલું બોલતાં ખચકાતો નહિ.

* ક્યારેક નિષ્ફળ નીવડવાની પણ તૈયારી રાખજે.

## સંગીત-સૂત્રમાં પરોવનાર

*હમ હોંગે કામિયાબ,*
*હમ હોંગે કામિયાબ, હમ હોંગે કામિયાબ એક દિન.*
*પૂરા હૈ વિશ્વાસ!.....*

આપણાં ગામડાંની નિશાળો સુધી પહોંચી ગયેલા આ ગીતનું મૂળ અંગ્રેજી સ્વરૂપ પણ આ દેશમાં ઘણું જાણીતું થઈ ગયેલું છે.

We shall overcome, we shall overcome some day,
Oh deep in my heart, I do believe,
That we shall overcome some day....

ભારતમાં આ ગીત પહેલવહેલું ગવાયું ૧૯૬૩માં. કલકત્તાના પાર્ક સરકસ મેદાનમાં એક અમેરિકન લોકગાયકે એ ગીત ગાયું અને ૨૦,૦૦૦ની મેદનીએ તે સમૂહમાં ઝીલ્યું. પછી તો ગીતને પાંખો ફૂટી અને તે દેશભરમાં ફેલાઈ ગયું.

એ ગીતના ગાનાર હતા પીટર સીગર. ત્યાર બાદ તેત્રીસ વરસે એ ફરી ભારતની મુલાકાતે આવ્યા. ૧૯૯૬ના નવેમ્બરમાં કલકત્તા ઉપરાંત દિલ્હી, બેંગલોર અને તિરુવનાંતપુરમમાં એમનાં ગીતોના કાર્યક્રમો યોજાયા. એ કેવો વિલક્ષણ જોગાનુજોગ કે ગુજરાતના એક લોકગાયકની શતાબ્દીના અરસામાં જ અમેરિકાના એ મહાન લોકગાયકનું આ દેશમાં પુનરાગમન થયું!

પીટર સીગરે 'વી શેલ ઓવરકમ'ની પ્રથમ ઘોષણા અમેરિકામાં ઘણાં વરસો અગાઉ માર્ટિન લ્યૂથર કિંગના સમાન નાગરિક હક માટેના

આંદોલન વેળા કરેલી. મૂળ તો કોઈ હબસી અમેરિકન પાદરીએ રચેલા એ ભજનનો સીગરને કંઠેથી લલકાર થયો, અને દેશદેશાવરમાં એના પડછંદા ઊઠ્યા. જોતજોતામાં એ સમસ્ત વિશ્વનું સ્વાતંત્ર્ય-ગાન બની ગયું. મૂળ ભજનમાં શબ્દો હતા “આઈ વિલ ઓવરકમ”, તેમાં સહેજ ફેરફાર કરીને સીગરે ગાયું: “વી શેલ ઓવરકમ.”

ગીત-સંગીતની દુનિયામાં એક ઓલિયા જેવા પીટરભાઈ પાંચ દાયકાઓથી સમાનતા, સામાજિક પરિવર્તન અને શાંતિ હાંસલ કરવા કાજે સંગીતનું શસ્ત્રા અજમાવી રહ્યા છે. એમનાં ગીતો લોકોને આનંદ સાથે જ્ઞાન આપે છે, ઉત્સાહિત અને રોમાંચિત કરે છે. જગતભરમાં ઘૂમીને મોટી જન-મેદનીઓ સમક્ષ એમણે ગીતો ગાયાં છે, અન્યાયની સામે મસ્તક ઉઠાવનારાઓની પડખે ઊભા રહીને. ૧૯૭૦માં અમેરિકન પાટનગર વૉશિંગ્ટન પરની વિરાટ લોક-કૂચ વખતે એમણે જોન લેનોનનું મશહૂર ગીત ‘ગિવ પીસ એ ચાન્સ’ (એક તક આપો શાંતિને) ગાયેલું.

સંગીતકારોના એક કુટુંબમાં ૧૯૧૯માં જન્મેલા પીટરભાઈએ વીસ વરસની ઉંમરથી જાહેરમાં ગાવાનું શરૂ કરેલું. કૉલેજનો અભ્યાસ અધૂરો પડતો મૂકીને લોકગીતોનો અભ્યાસ કરવા એ લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ (અમેરિકન સંસદના ગ્રંથાલય)માં પહોંચી ગયા હતા. પછી લોકગીતો વિશે વધુ જાણકારી મેળવવા માટે, પોતાનું તંતુવાદ્ય બેન્જો હાથમાં લઈને એ આખા અમેરિકામાં રઝળવા નીકળી પડ્યા હતા. લોકગીતોના પુનરુદ્ધારની જે નવી ચળવળ અમેરિકામાં શરૂ થઈ, તેમાં પીટર સીગર મોખરે હતા. અમેરિકાને ખૂણે ખૂણેથી, અને દુનિયા આખીમાંથી પણ, એમણે લોકગીતો ભેગાં કરવા માંડયાં અને પછી હબસીઓનાં ભજનો, શ્રમજીવીઓનાં ગીતો, યુદ્ધ-વિરોધી ગીતો, પીડિતોનાં ગીતો—એમ તરેહ તરેહનાં ગીતો એ ગાવા લાગ્યા. ઇન્સાનિયત માટેની ઊંડી ખેવનાથી એમનું ગાન તરબતર છે. માનવ—આત્માનું અવિજેયપણું એ તેનો મુખ્ય સૂર છે. સીગર ગીતો ગાય છે, તેમ પોતે લખે છે પણ ખરા, અને ઘણી વાર બીજાનાં ગીતોમાં જરાક ફેરફાર કરીને તેને પોતાની પરંપરામાં પરોવી લે છે.

માનવજાતને સંગીતના સૂત્રામાં પરોવીને એક કરવા પીટરભાઈ મથતા રહ્યા છે. શોષિત-પીડિત જનતાની પડખે એ નિરંતર ખડા રહ્યા છે. વિયેટનામના યુદ્ધમાં અમેરિકાએ ભાગ લીધો તેનો વિરોધ કરવામાં એ મોખરે રહેલા. વિયેટનામમાં ખપી ગયેલા જુવાનજોધ અમેરિકન સૈનિકો અંગે તે કાળે એમણે ગાયેલું શોકગીત ‘વ્હેર હેવ ઓલ ધ ફ્લાવર્સ ગોન!’ (પુષ્પો બધાં ક્યાં જતાં રહ્યાં!) વિખ્યાત છે. પાછળથી પોતાની આત્મકથાને પણ સીગરે એ જ નામ આપેલું: ‘વ્હેર હેવ ઓલ ધ ફ્લાવર્સ ગોન!’

સીગરે જે અનેક ગીતો ગાયેલાં અને લોકપ્રિય બનાવેલાં છે, તેમાં વિચાર અને ભાવનાની ઉદાત્તતાને કારણે જેની કવિતાનું સૌંદર્ય અનોખું બની આવ્યું છે, તેનું નામ છે ‘ગ્વાન્તાનામેરસ’. ક્યૂબાના રાષ્ટ્રવીર હોઝે માર્ટીએ લખેલા સ્પેનિશ ભાષાના એ ગીતમાં માતૃભૂમિ માટેની તીવ્ર મહોબતને કવિએ વાચા આપેલી છે. આ ગીત એટલું બધું લોકપ્રિય બન્યું કે અનેક ભાષાઓમાં અનુવાદિત થઈને જગતભરમાં એ ગવાય છે.

સીગર કુદરતના ભારે ચાહક છે. ‘સ્લૂપ ક્લીયર-વૉટર’ નામની પોતાની સઢવાળી હોડીમાં હડસન નદી પર સહેલ કરતાં કરતાં એમણે પ્રદૂષણનાં કારમાં જોખમો સામે પોકાર કરેલો. સીગર એટલે સાદગીના સામર્થ્યની કથા. મહાનગરી ન્યૂયોર્કથી સોએક કિલોમીટર ઉત્તરે, હડસનને કાંઠે રમણીય કુદરતને ખોળે પોતે પતિ-પત્નીએ હાથે બાંધેલા સાદા ઘરમાં પીટરભાઈ રહે છે. કુદરત અને પર્યાવરણનું રક્ષણ કરવાની એકમાત્રા પ્રવૃત્તિને હવે તેમણે પોતાની જાત અર્પણ કરી દીધી છે, અને નગરજીવનની કુત્સિતતા વિશેનાં ઘણાં નવાં ગીતો બેસાડયાં છે.

[‘ભૂમિપુત્રા’ પખવાડિક: ૧૯૯૬]

# બિખરી મહેફિલનાં પતંગિયાં

મહાવીર ત્યાગીની બે નાની નાની ચોપડીઓના ગુજરાતી અનુવાદનાં પુનર્મુદ્રણો હમણાં બહાર પડ્યાં છે: ‘સ્વરાજની લડતના તે દિવસો’ (આવૃત્તિ ચોથી) અને ‘નગારખાનામાં તતૂડીનો અવાજ’ (આવૃત્તિ ત્રીજી). બેય ચોપડીઓ મૂળ હિન્દીમાં ૧૯૬૩ના અરસામાં પ્રગટ થયેલી. ગુજરાતીમાં તેના અનુવાદકનું નામ એકેય ચોપડીમાં આપેલું નથી; આગલી આવૃત્તિની કશી વિગત પણ જણાવેલી નથી. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં પ્રકાશનો છે, તેથી એમ લાગે કે આગલી આવૃત્તિઓ પણ એ સંસ્થા તરફથી બહાર પડેલી હશે.

બેય ચોપડીમાં લેખકના જીવનનાં સંસ્મરણો છે. એકનાં ૧૩૨ પાનાં છે, બીજીનાં ૧૫૨. બેમાંથી ઓછાં પાનાંવાળી ‘સ્વરાજની લડતના તે દિવસો’ મેં પહેલાં ખોલી, તેનાં ૧૪ પ્રકરણો છેલ્લેથી વાંચવા માંડયાં. વાંચતાં વાંચતાં આંખ ભીની થતી રહે, ને મોંમાંથી ખડખડાટ હાસ્ય પણ નીકળતું જાય.

કોઈ નવું પુસ્તક મને બહુ ગમી જાય તો તેમાંથી થોડો ભાગ ટૂંકાવીને ‘નયા માર્ગ’, ‘નિરીક્ષક’ કે ‘ભૂમિપુત્ર’ જેવાં પખવાડિકોને તે મોકલું અને ઉમેદ રાખું કે તંત્રીને યોગ્ય લાગશે તો તેટલો ભાગ કોઈ અંકમાં પ્રગટ કરીને પોતાના વાચકોનું ધ્યાન તે પુસ્તક તરફ દોરશે. ‘સ્વરાજની લડતના તે દિવસો’માંથી નીચેનાં પ્રકરણો મને વિશેષ ગમેલાં છે:

૧. ‘તું મને નાચ નચાવીશ?’

૨. કરજ

૩. દિલ કે ધડકને કી યાદ

૪. ‘મારી ખીર શરૂ કરાવી દે!’

જે વાચકો મહાવીર ત્યાગીના નામથી પરિચિત ન હોય, તેમને માટે પુસ્તકમાંથી થોડો ભાગ અહીં ઉતારું છું:

કોઈ અલૌકિક રાગિણીના ચઢતા જતા સ્વરો ઉપર મંત્રામુગ્ધ બનીને નાચનારા અમે મતવાલાઓએ ત્રીસ વર્ષ સુધી નિરંતર આ મહાનૃત્યના તાલ સાથે અમારા હૃદયની ધડકન બાંધી લીધી હતી. સંસારની બધી શક્તિઓની અવગણના કરીને અમે એ સંગીતમાં મસ્ત બનીને ઘૂમતા હતા.

પણ હવે પહેલાં જેવી મસ્તી નથી, એવી ધૂન નથી. દીપશિખા બુઝાઈ જતાં પતંગિયાંની મહેફિલ વીખરાઈ જાય—બરાબર એવી રીતે અમારી મહેફિલ પણ બહેકી ગઈ છે. રાગ વિનાનો સ્વર, એમ બાપુ વિનાની કૉંગ્રેસ. પાછલાં ચાલીસ વર્ષોમાં અમે શું શું કર્યું, એ પણ પૂરું યાદ નથી. જે કર્યું તે કોઈ નશાની મસ્તીમાં કર્યું હતું. એમાં મુસીબતો હતી, પણ અમે હસતાં-ખેલતાં કામ કરી ગયા છીએ.

પણ હવે સ્વરાજને કારણે અમારા ઘણાખરા કૉંગ્રેસીઓ રોજગાર વગરના ને ઠેકાણાં વિનાના થઈ ગયા છે. જે માલિકે અમને પાળ્યા હતા તે મરી ગયો. એની ચપટી વાગે કે કાન ઊંચા કરતા હતા, એની સીટી વાગે એટલે કૂદતા હતા, દોડતા હતા. એના મોં ઉપરનું સ્મિત જોઈને લટ્ટુ બની જતા. હવે અમારા ગળાનો પટો નીકળી ગયો છે અને અનાથ બનીને અમે અહીંતહીં પૂંછડી હલાવતા ફરીએ છીએ. હવે કોઈ ચપટી વગાડતું નથી, કોઈ સિસકારો કરતું નથી.

જ્યારે અંગ્રેજો હતા ત્યારે મને રોજરોજ કંઈ ને કંઈ કામ મળી જતું. કંઈ ન બને તો પ્રભાતફેરી કાઢતા. જ્યાં દસ જણ જોયા કે છાપાંની ખબરો સંભળાવતા. દૂરથી જોઈને લોકો આવકારતા. પાસે જઈએ ત્યારે સવાલ કરતા: ‘કેમ આજકાલ મહાત્મા ગાંધીજી શું કરી રહ્યા છે? તમને તો સારી રીતે ઓળખે છે!’ ઘણા ઉત્સાહથી હું એમની વાતો કહેતો. ગાંધીજીની વાતો કરતાં હું કદી થાકતો નહીં. પણ હવે તો એ બધી વાતો સ્વપ્ન જેવી બની ગઈ છે. અંગ્રેજોના ગયા પછી એમના બબરચી વગેરે નોકરી વગરના થઈ ગયા, તેમ કૉંગ્રેસ કાર્યકરો પણ કામ વિનાના બની ગયા.

યાદ કરી કરીને, ગણી ગણીને દરેક નેતાનો દરવાજો હું ખખડાવી

આવ્યો છું—કોઈ મદદ કરે તો હું પણ કામમાં જોડાઈ જાઉં. પરંતુ નેતાઓ પાસે હોદ્દા, પરમિટ, લાઇસન્સ, વજીફા ઘણાં છે, પણ કામ નથી.

['નયા માર્ગ' પખવાડિક: ૨૦૦૧]

## ઘેરઘેર પહોંચેલું ઝેર

આપણાં ઘરોમાં કપડાં અને વાસણ ધોવા માટે હવે લગભગ બધે ડિટરજન્ટ પાઉડર વપરાવા લાગ્યો છે. ડિટરજન્ટની ગોટીઓ પણ વપરાય છે. અગાઉ સાબુના ભૂકાનું પાણી કરી તેમાં કપડાં પલાળીને થોડા કલાક પછી ધોવાતાં, તે સાબુ-ભૂકો હવે બજારમાં ભાગ્યે જ દેખાય છે. ડિટરજન્ટ પાઉડર સસ્તો પડે છે, વાસણ-કપડાં ઊજળાં બનાવે છે અને વાપરવામાં સુગમ છે તેથી ગૃહિણીઓનો તે માનીતો બની ગયો છે. અને ટી.વી.-રેડિયો-છાપાંમાં તેની ધૂમ જાહેરાતો થાય છે તેથી ચારેકોર ડિટરજન્ટની બોલબાલા છે.

પણ ઉદ્યોગો મારફત ફેલાતાં ઝેર અંગે સંશોધન કરતા લખનૌના 'ઇન્ડસ્ટ્રિયલ ટોક્સિકોલોજીકલ રિસર્ચ સેન્ટર' તરફથી થયેલું સંશોધન જણાવે છે કે ડિટરજન્ટ તો ઘેરઘેર પહોંચી ગયેલું એક જાતનું ઝેર જ છે. તેનાથી ધોયેલાં કપડાંમાંથી ડિટરજન્ટનો પાઉડર સદંતર કાઢવા માટે કપડાંને ફરીફરીને વીસ વાર પાણીમાંથી તારવવાં પડે. એ પાઉડરથી માંજેલાં વાસણને નવ વખત પાણીમાં સાફ કરીએ ત્યારે તેને ચોટેલો ડિટરજન્ટ વાસણમાંથી નીકળે છે. એટલી બધી વાર કપડાં કે વાસણને સાફ કરવા જેટલું પાણી આપણી પાસે નથી, ને નથી એટલી ધીરજ પણ.

પરિણામે વાસણ-કપડાંમાં જે ડિટરજન્ટ રહી જાય છે તે આપણને સહુને અનેક રીતે નુકસાન કરે છે. ડિટરજન્ટમાં રહેલું ફોસ્ફેટ અદૃશ્ય રીતે વાસણને ચોટી રહે છે ને પછી ખોરાક સાથે પેટમાં જઈને પાચનતંત્રને નુકસાન પહોંચાડે છે. તેમાંયે નાનાં બાળકોની નાજુક હોજરી પર તો તેની વધુ વિપરીત અસર થાય છે.

કપડાંમાં રહી ગયેલ ડિટરજન્ટ તે પહેરનારને ચામડીના રોગો વળગાડે છે. ડિટરજન્ટની ગોટીથી હાથ ધોનારને તો ભયંકર પરિણામ ભોગવવાં પડે છે. ચામડી પરનું કુદરતી તૈલી પડ તેનાથી નાશ પામે છે, ચામડી બરછટ થાય છે, ચકામાં પડે છે. ડિટરજન્ટના કારખાનામાં કામ કરતા લોકો આવા રોગના વધારે ભોગ બને છે. ડિટરજન્ટથી કાપડના રેસા પણ નબળા પડે છે, ને તેમાંયે સુતરાઉ કાપડ તો તેનાથી વહેલું ફાટે છે.

ડિટરજન્ટવાળું મેલું પાણી ગટર વાટે નદીનાળાંમાં ને પછી દરિયામાં જાય છે અને તેના ઝેરથી જળચર પ્રાણીઓનો નાશ થાય છે. ગટરનું પાણી ખુલ્લી જમીનમાં વહી જવા દેવાય છે તો તે માટીને પણ ડિટરજન્ટથી ઘણું નુકસાન થાય છે.

સસ્તો લાગતો ને સહેલો ડિટરજન્ટ વાપરીને પેટના ને ચામડીના રોગો વહોરવા, કાપડનું આયુષ્ય ઘટાડવું, પાણીનો બગાડ કરવો અને ધરતીમાતાને પણ નુકસાન પહોંચાડવું, તેને બદલે આપણે પહેલાંની માફક સાબુ વાપરતાં થઈએ તે હિતકારી નહીં?

## આનું નામ લોકશાહી!

પેટ્રોલના ભાવ ખૂબ વધી ગયા ત્યારે તેની સામે ઘણા દેશોમાં વિરોધના દેખાવો થયા. ફ્રાંસના ખેડૂતો પોતાનાં વાહનો લઈને સડકો પર આવી ગયા, ચક્કા જામ થઈ ગયો. ત્યાંની સરકારને તેની સામે નમવું પડ્યું. ખેડૂતોની એ સફળતાની હવા બ્રિટનમાં પહોંચી. ત્યાં પણ ભાવ-વધારાના વિરોધીઓએ પેટ્રોલની રિફાઈનરીઓ ઉપર પિકેટિંગ ગોઠવી દીધું. એવી આડશો ઊભી કરી કે રિફાઈનરીમાંથી ડીઝલ-પેટ્રોલ ભરેલું એક પણ વાહન બહાર નીકળી શકે નહીં. દેશભરના પેટ્રોલ-પંપો પર દુકાળ પડયો, વાહનોની કતારો લાગી. અમુક ખાસ જરૂરિયાતવાળાં વાહનોને જ પેટ્રોલ મળશે, એવી સરકારે જાહેરાત કરી. કતારમાં જેનો

વારો આવે તે વાહન જો એ મર્યાદામાં ન આવતું હોય તો પંપવાળા તેમ કહે, એટલે બીજી જ ઘડીએ ચાલક પોતાનું વાહન પાછું વાળીને હંકારી જાય. નહીં કાંઈ જીભાજોડી, નહીં બૂમાબૂમ, નહીં ગાળાગાળી.

પણ દિવસો ગયા તેમ એ મર્યાદિત વર્ગનાં વાહનો માટે પણ પેટ્રોલ ખૂટવા માંડયું. રિફાઈનરી પર પિકેટરોના જથ્થા અડગ હતા. એમને હટાવવા માટે લશ્કર મોકલવા સિવાય હવે કોઈ ઇલાજ દેખાતો નહોતો. ત્યારે બ્રિટનના પ્રધાનમંત્રી ટોની બ્લેર સૈનિકોને કૂચ કરવાનો હુકમ આપવાને બદલે ટેલિવિઝન પરથી સમસ્ત પ્રજાને સંબોધે છે. સમજાવે છે કે દેશની આરોગ્ય-સેવાઓનું આખું તંત્ર પિકેટિંગને કારણે અટકી પડવાની તૈયારીમાં છે. હજારો-લાખો આજારોના જાન જોખમમાં છે. આખું રાષ્ટ્ર વિચારમાં પડી જાય છે. ભાવ-વધારો એકેએક કુટુંબને આકરો લાગે છે. રિફાઈનરીના દરવાજા બંધ કરાવી દેનારા દેખાવકારોને પ્રજાનો ટેકો છે. પણ પ્રધાનમંત્રીની વાતેય બિલકુલ વજૂદવાળી લાગે છે. છાપાં અને લોકમતનો પડઘો પાડનારાં બીજાંઓનો અવાજ હવે સંભળાવા લાગે છે: સબૂર! ભાવ-વધારાનો વિરોધ જરૂર કરીએ. પણ આ રીતે નહીં. નિર્દોષોને ભોગે નહીં. દેખાવકારોને ગળે પણ વાત ઊતરે છે. પિકેટિંગ ઉઠાવી લેવામાં આવે છે. એ નિર્ણય બદલ ઠેરઠેરથી એમને ધન્યવાદ મળે છે. વિરોધ બેલાશક કરશું. પણ આમ કાનૂનભંગ કરવો તે આપણને શોભે નહીં. “શાનકે ખિલાફ” છે એ તો. પ્રધાનમંત્રીએ તો પહેલેથી જ પિકેટરોને નમતું આપવાની ના પાડેલી: સરકારની નીતિ પિકેટિંગના મોરચાઓ પર ઘડવાની બ્રિટનની પ્રણાલિકા નથી. હડતાલિયાઓ—પિકેટરોને ચોમેરથી “શાનકે ખિલાફ”ના અવાજો સંભળાયા, ત્યારે એમાંના સૌથી વધુ ઉગ્રવાદીઓ પણ શરમાયા હશે.

જોકે આ ભાવવધારાના આંદોલનના દિવસો દરમિયાન દેશભરમાં અશાંતિનો નાનોસૂનો યે એક પણ બનાવ બન્યો નહીં. અઠવાડિક પગાર મળવાના શુક્રવારની સાંજે કોઈ પીઠાની બહાર સામાન્ય ગણાય તેટલી અશાંતિ પણ આ આંદોલનને કારણે થઈ નહિ. લંડનના એક પેટ્રોલપંપ પર જેનો વારો આવ્યો તે ટેક્સીવાળાને પંપ-સંચાલકે જણાવ્યું કે, ભાઈ,

ઠરાવેલા અગ્રતાક્રમમાં તમે નથી આવતા. ડ્રાઇવર એક ગાળ બોલીને ચાલતો થયો. ત્યારે આસપાસનાં સેંકડો લોકોનાં મોઢાં પર એવી લાગણી છવાઈ ગઈ કે જાણે દેવળમાં કોઈ અપશબ્દ ઉચ્ચારાયો હોય!

કોઈ પણ સવાલ અંગે “સીધાં પગલાં” લેવાય તેને બ્રિટિશ પ્રજા સહાનુભૂતિથી જોતી નથી. આવશ્યક પ્રજાકીય સેવાઓને જે કોઈ ખોરવી નાખે, તે આખી પ્રજાની નફરતનો ભોગ બને છે.

આનું નામ લોકશાહી, આનું નામ સત્યાગ્રહ!

## ધોકે મારીને ધરમ કરાવાય?

જૈનોના પર્યુષણના તહેવારો દરમિયાન દસેક દિવસ માટે રાજ્યનાં બધાં કતલખાનાં બંધ રાખવાનો હુકમ દર વરસે ગુજરાત સરકાર તરફથી નીકળે છે. એ હુકમને રાજ્યની હાઈકોર્ટે હમણાં ગેરકાયદે ઠરાવેલ છે. અદાલતનો આવો ચુકાદો ઘણા વખત પહેલાં આવવો જોઈતો હતો.

જે લોકો માંસાહારથી ટેવાયેલા હોય તેમને હાડમારી પડે અને કતલખાનાં ચલાવનારા તથા માંસ વેચનારાના લોકોના ધંધા-રોજગાર બંધ રાખવા પડે, એ જાતનો હુકમ કોઈ લોકશાહી સરકાર કેવી રીતે કરી શકે, તે સૌએ શાંતિથી વિચારવા જેવું છે. દેશમાં લોકશાહી આવી તે પહેલાંના જમાનામાં તો ગામડાગામમાં ગરીબ ઘાંચીની ઘાણી પણ મહિનામાં અમુક દિવસે બંધ રાખવી પડે, એવી જીવદયાપ્રેમી મહાજનની જોહુકમી ચાલતી હતી. જૈનોએ એ આગ્રહ હવે જેમ છોડી દીધો છે, તેમ કતલખાનાં બંધ કરાવવા વિશે પણ એમના આગેવાનોને સૂઝયું હોત, તો તેમાં એમની શોભા ગણાત.

હજારો વરસથી માનવજાતનો ઘણો મોટો ભાગ માંસાહાર કરતો આવ્યો છે. ભારતની પ્રજાનો મોટો ભાગ આજે પણ માંસાહારી છે. છતાં જૈનો જેવી એક નાની લઘુમતી ભારતના કોઈ રાજ્યમાં માંસાહાર પર અમુક દિવસો પૂરતો પણ પ્રતિબંધ મુકાવી શકે છે, એ કેવી વિચિત્રા

બાબત કહેવાય! આવા પ્રતિબંધથી એક પણ મનુષ્યને માંસાહારત્યાગની પ્રેરણા મળી શકે ખરી? આ જાતની જબરદસ્તીથી તો માંસાહારી લોકોને જૈનો માટે નફરતની લાગણી ન થાય?

યુરોપ-અમેરિકામાં એક વેળા માંસાહારી હતા તેવા કેટલાક લોકો પૂરી વિચારણાને અંતે એવા ચુસ્ત શાકાહારી બન્યા છે કે આજે તેઓ દૂધનો પણ નિષેધ કરે છે. ધારો કે એવા લોકોનો એક નાનો વર્ગ ભારતમાં પણ ઊભો થાય અને, વેપારધંધા પરના પોતાના વર્ચસ્વના જોરે સરકાર પર દબાણ લાવીને વરસના અમુક દિવસોએ દૂધના વિતરણ પર પ્રતિબંધ મુકાવી શકે, તો જૈનોને પણ એ ગમશે?

વિનોબાએ તો એટલે સુધી કહેલું છે કે, “માણસ બીજાં જાનવરોનું દૂધ પીએ એ વાત પણ ઊતરતા દરજ્જાની છે. દસ હજાર વરસ બાદ આવનારા લોકો આપણે વિશે કહેશે: બાપરે! એ લોકો દૂધ કેવી રીતે પીતા હશે? એવા કેવા જંગલી! સારાંશ કે વિકાસને માટે હજી ઘણો અવકાશ છે. કોઈ પણ ગુણનો પૂરેપૂરો વિકાસ હજી થયો નથી.”

જૈનોના શાણા આગેવાનોએ વિચારવાનું એ છે કે જેમ એમના ધર્મમાં લોકોનો માંસાહાર-ત્યાગ સુધીનો ગુણવિકાસ કાયદાના દબાણ વગર થયો, તેમ બાકીના ભારતવાસીઓનો, આખી માનવજાતનો કેવી રીતે થઈ શકશે? પોતાની વગનું દબાણ સરકાર પર લાવીને, તેની સત્તા મારફત આવડા મોટા દેશમાં માંસાહાર કોઈ કાળે પણ અટકાવી શકશે? મનુષ્યનો ગુણવિકાસ જો સત્તા મારફત થઈ શકે તેમ હોત, તો મહાવીર પોતે રાજવીકુળમાંથી નીકળીને સાધુ શીદને બનત? જૈનસમાજે માંસાહારત્યાગની આટલી મહાન સિદ્ધિ મેળવી, તે શું કોઈ શાસનકર્તાના આદેશથી? પેલા અમેરિકનોએ દૂધ સુધ્ધાં છોડી દીધું ને આપણા જૈનો કરતાંય જીવદયામાં આગળ નીકળી ગયા, તે શું કોઈ સરકારના કાયદાથી?

આપણામાં કહેવત છે જ કે ધોકે મારીને ધરમ કરાવાય નહિ.

# દધિ બેચન ઔર...

પોતાના ગામમાં 'મુંબઈના દૂધવાળા' તરીકે જાણીતા જશુભાઈ પટેલને બાકીનું ગુજરાત તો 'બોરિયાવીના પુસ્તકપ્રેમી' તરીકે ઓળખવાનું. ખેડા જિલ્લાના રહેવાશી જશુભાઈ ઢોરવાડો ચલાવે છે, ભેંસો પાળે છે અને તે વિંયાય એટલે મુંબઈ પોતાની ડેરી પર મોકલી આપે છે. એ એમનો વ્યવસાય. પણ એમને એક અદ્‌ભુત શોખ છે પુસ્તકોનો. સારાં સારાં પુસ્તકોની દસ-દસ નકલ એ ખરીદતા રહે છે અને પછી સ્વજનો-સ્નેહીઓને જ નહિ, રસ્તે જતા વાચનરસિકોને પણ હોંશભેર ભેટ આપતા રહે છે.

અમદાવાદના કેટલાક સેવાભાવી સજ્જનો એક વાર સિંધરોટ (વડોદરા) શ્રમમંદિરની મુલાકાતે ગયેલા, તે પાછા વળતાં જશુભાઈની મુલાકાત પણ લેતા આવ્યા. એમના સ્વાગતમાં 'મુંબઈના દૂધવાળા'એ દરેક મહેમાનને પાંચ-પાંચ પુસ્તકો ભેટ આપ્યાં. આવા શોખ પાછળનું કારણ કોઈ પૂછે તો જશુભાઈ એટલું જ કહે કે, "ગયા ભવનું ઋણ ચૂકવવાથી વિશેષ કશું કરતો નથી." એમના ઘરનો એક ઓરડો આખો પુસ્તકોથી ભરેલો છે.

જશુભાઈના જેવી પુસ્તક-લગનવાળા બીજાઓ પણ ગુજરાતનાં ગામોમાં કોઈ કોઈ હશે. એવાનો વેલો વધે, તેવી હોંશ કોને નહિ થાય? પણ એ બધા જશુભાઈઓ કેટલાક લોકોને પુસ્તકો ભેટ આપી શકે? સાચો રસ્તો એ છે કે તેઓ ચૂંટેલાં પુસ્તકોની થોડી થોડી નકલો પોતાને ત્યાં એક કબાટમાં રાખે અને મિત્રો તથા રસ્તેથી પસાર થનારાઓ અવારનવાર ત્યાં જઈને એ ખરીદતા રહે.

# ઘરઘરમાં પારાયણ કરવા જેવું

આફ્રિકા ખંડના પચાસેક મુલકો પૈકી દક્ષિણ આફ્રિકા નામના દેશ સાથે ભારતનો લાંબા કાળનો સંબંધ રહ્યો છે. આજે સ્વાધીન એવા દક્ષિણ આફ્રિકા ઉપર સદીઓ સુધી અંગ્રેજોનું સામ્રાજ્ય હતું. ફળદ્રુપ જમીન અને પુષ્કળ વરસાદને કારણે ત્યાંની ખેતીમાં મબલક કમાણી ગોરાઓ કરી શકે તેમ હતા. પણ ખેતી માટે મજૂરો જોઈએ, તે ત્યાં મળતા ન હતા. એટલે ત્યાંની અંગ્રેજ સરકારે ભારત પર તે વખતે રાજ કરતી અંગ્રેજ સરકાર પાસે મજૂરોની માગણી કરી. તેના જવાબમાં હિંદી મજૂરોથી ભરેલી પહેલી સ્ટીમર દક્ષિણ આફ્રિકા પહોંચી ૧૮૬૦ની આખરમાં. એ મજૂરો સાથે ‘એગ્રીમેંટ’ (કરાર) કરવામાં આવતું કે પૂરાં પાંચ વરસ દક્ષિણ આફ્રિકામાં મજૂરી કર્યા પછી જ તે હિંદુસ્તાન પાછા આવી શકશે, અથવા તો એ દેશમાં રહીને નોકરી ધંધો કરી શકશે. ‘એગ્રીમેંટ’નું લોકભાષામાં થયું ‘ગિરમીટ’ અને એવા કરાર મુજબ દક્ષિણ આફ્રિકામાં મજૂરી કરવા ગયેલા હિંદી મજૂરો ‘ગિરમીટિયા’ તરીકે ઓળખાયા.

મજૂરોની પાછળ પાછળ હિંદી વેપારીઓ પણ આફ્રિકા પહોંચ્યા. તેમાંના મોટા ભાગના પોરબંદર વિસ્તારના મેમણો હતા. દાદા અબ્દુલ્લા નામની એવી એક મોટી પેઢીએ દક્ષિણ આફ્રિકામાં સારો એવો વેપાર જમાવ્યો. તેમની અને તેમના એક હરીફ વેપારી વચ્ચે એક મોટી રકમનો કેસ અદાલતમાં ચાલતો હતો. આ વેપારીઓ અંગ્રેજી ઝાઝું જાણે નહીં, એટલે તેમના ગોરા વકીલોને પોતાની વાત સમજાવવામાં મુશ્કેલી પડે. એમાં મદદરૂપ થાય તેવા કોઈ કાઠિયાવાડી વકીલની એમને જરૂર હતી. ઓગણીસમી સદીના છેલ્લા દાયકાની આ વાત. તે અરસામાં લંડન જઈ તાજા બૅરિસ્ટર થઈ આવેલા રાજકોટના મોહનદાસ કરમચંદ ગાંધી તરફ દાદા અબ્દુલ્લાની પેઢીનું ધ્યાન ગયું અને એમણે એક વરસની બંધણીથી મોહનદાસને ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા બોલાવ્યા.

આ બૅરિસ્ટરે આફ્રિકા પહોંચતાંની સાથે જ જોયું કે ત્યાં હિંદીઓ

સામે ગોરાઓ ડગલે ને પગલે રંગભેદ કરતા હતા. ખેતરો પર મહેનત કરવા માટે હિંદી મજૂરો એમને જોઈતા હતા, પણ ત્યાંના ધીકતી કમાણીવાળા એમના વેપારમાં ભાગ પડાવનારા હિંદી વેપારીઓ એ ગોરાઓને આંખના કણાની જેમ ખૂંચતા હતા. એટલે એ ધરતી પરથી એમનો પગ ઊખડી જાય એવા જાતજાતના હિંદી-વિરોધી કાયદાઓ ગોરાઓની સરકારે કરવા માંડેલા. આવા કાયદાઓના અન્યાય વિશે ત્યાંના હિંદીઓને જાગૃત કરવાનું, અને પછી પોતાના હક માટે લડવા તેમને તૈયાર કરવાનું બિલકુલ અણધારેલું કામ બૅરિસ્ટર મોહનદાસ પર આવી પડ્યું. એટલે, એક જ વરસ માટે ત્યાં ગયેલા તેને બદલે એકંદર એકવીસ વરસ સુધી દક્ષિણ આફ્રિકામાં તેમનો વસવાટ લંબાયો.

દક્ષિણ આફ્રિકાનાં આ એકવીસ વરસ ભારત અને આખા જગતના ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. કારણ કે એ વરસો દરમિયાન અન્યાય સામે શાંતિપૂર્વક લડવાનું, જાતે દુ:ખ વેઠીને અન્યાય કરનારાઓમાં રહેલી માનવતાને જગાડવાનું, ‘સત્યાગ્રહ’ નામનું અદ્ભુત અને અપૂર્વ શસ્ત્ર મોહનદાસ ગાંધીએ માનવજાતને આપ્યું. એમની દોરવણી હેઠળ દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ અહિંસક યુદ્ધની સફળતાનો પહેલવહેલો નમૂનો વિશ્વને પૂરો પાડ્યો.

*

છેવટે ૧૯૧૪માં આફ્રિકા કાયમ માટે છોડીને મોહનદાસ પોતાની માતૃભૂમિ ભણી રવાના થયા. હિંદમાં પણ અંગ્રેજ સરકાર સામે અહિંસક લડત ચલાવવાનું એમના ભાગ્યમાં આવ્યું. એવી એક લડત દરમિયાન ગાંધીજી ૧૯૨૪માં યરવડા જેલમાં હતા ત્યારે, દક્ષિણ આફ્રિકાના હિંદીઓની લડતની કથા એમણે લખવા માંડી. તેનાં કેટલાંક પ્રકરણ તેમના અઠવાડિક ‘નવજીવન’માં છપાયાં. જેલમાંથી છૂટયા પછી બીજે વરસે એમણે બાકીનાં પ્રકરણો પૂરાં કર્યાં. એ બધાં ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ’ નામે પુસ્તક રૂપે પ્રગટ થયાં. ત્યારબાદ ‘સત્યના પ્રયોગો’ નામે પોતાની આત્મકથા ગાંધીજીએ લખી, તેમાં પણ દક્ષિણ આફ્રિકાના તેમના અનુભવો સ્વાભાવિક રીતે આવ્યા જ.

પરંતુ એ બે પુસ્તકો લખાયાં તે પહેલાં ઘણાં વરસે, ગાંધીજીના સાબરમતી આશ્રમની રાષ્ટ્રીય શાળાના એક કિશોર વિદ્યાર્થીએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહકાળનાં પોતાનાં સંસ્મરણો શાળાના હસ્તલિખિત ‘મધપૂડો’ના અંકોમાં આલેખવા માંડયાં હતાં. તેણે તરત જોયું કે ગાંધીજી વિશેની નાનીમોટી વાતો સાંભળવામાં સૌને મજા પડતી.

એ કિશોરનું નામ પ્રભુદાસ. એના દાદા ખુશાલચંદ ગાંધી તે ગાંધીજીના પિતરાઈ મોટા ભાઈ. (ઉત્તમચંદ ગાંધીના એક દીકરા કરમચંદના પુત્ર મોહનદાસ, બીજા દીકરા જીવનલાલના પુત્ર ખુશાલચંદ.) પ્રભુદાસના કાકા મગનલાલ અને પિતા છગનલાલ, એ બેઉ મોહનદાસકાકાના નિમંત્રણથી અનુક્રમે ૧૯૦૨ અને ૧૯૦૩માં દક્ષિણ આફ્રિકા ગયેલા. ૧૯૦૫માં ત્યાં ગાંધીજીએ ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી ત્યારે બેય ભાઈઓ તેમાં જોડાઈ ગયા. પછી બંનેનાં કુટુંબો પણ હિંદથી ફિનિક્સ રહેવા ગયાં. તેમાં ચારેક વરસનો બાળક પ્રભુદાસ હતો, તે પણ ફિનિક્સવાસી થઈ ગયો.

ફિનિક્સ આશ્રમમાં ગાંધીજી શું કરતા, કેવી મજૂરી કરતા, આશ્રમવાસી કુટુંબોનાં બાળકોને કેમ ભણાવતા, તોફાની વિદ્યાર્થીઓને કેમ વશ કરતા, નાનીમોટી મુસાફરીઓમાં સહુને કેવો આનંદ કરાવતા અને સત્યાગ્રહ કરી જેલ જવાને આશ્રમવાસી ભાઈબહેનોને કેવી રીતે તૈયાર કરતા—એ બધી વાતો યાદ કરીને પ્રભુદાસે ‘મધપુડો’માં લખવા માંડેલી. પછીથી એ લેખમાળા ‘જીવનનું પરોઢ’ નામે ‘કુમાર’ માસિકમાં હપ્તાવાર પ્રકાશિત થવા લાગી. એનું ૬૦૦થી વધુ પાનાંનું પુસ્તક ૧૯૪૮માં બહાર પડેલું, પણ તેના તરફ વાચકોનું ધ્યાન દુર્ભાગ્યે દોરાયું નહીં. તે પછી પ્રભુદાસ ગાંધીએ તૈયાર કરેલી ૩૦૦ પાનાંની તેની સંક્ષિપ્ત આવૃત્તિ ૧૯૬૯ના ગાંધી શતાબ્દી વરસમાં પ્રગટ થયેલી. વળી એનાથીયે નાનો લઘુ સંક્ષેપ પ્રભુદાસભાઈએ તૈયાર કરી આપ્યો, તેની ૧૨,૦૦૦ નકલો ૧૯૭૩માં છપાયેલી.

મૂળ પુસ્તક અને તેના ઉપલા બે સંક્ષેપો ઘણા વરસથી અપ્રાપ્ય હતા ત્યારે એનો હજી નાનો, અને અંતિમ સંક્ષેપ, લગભગ ૮૦ પાનાંનો,

ગાંધીજીની સવાસોમી જયંતીએ ૧૯૯૫માં પ્રગટ થયેલો. એ અરસામાં જ પ્રભુદાસ ગાંધીનું ૯૪ વરસની વયે અવસાન થયું. પછી ૨૦૦૦ની સાલની આખરમાં પ્રભુદાસભાઈનું જન્મશતાબ્દી વરસ શરૂ થાય તે પહેલાં જ 'જીવનનું પરોઢ'ના મૂળ મહાગ્રંથનું પુનર્મુદ્રણ નવજીવન ટ્રસ્ટ તરફથી ફક્ત રૂ. ૧૫૦ જેટલી ઓછી કિંમતે સુલભ બન્યું છે.

નવી પેઢીના કિશોરોના હાથમાં ગાંધીજી વિશે પહેલવહેલું કોઈ પુસ્તક મૂકવું હોય તો હું 'જીવનનું પરોઢ' સૂચવું. 'આત્મકથા'ની પણ પહેલાં એ વાંચવા જેવું છે. તેના ત્રાણ સંક્ષેપો પૈકી એક પણ જેમણે વાંચેલો હશે તેમનામાં મૂળ આખું પુસ્તક વાંચવાની ઉત્કંઠા અવશ્ય જાગી હશે, તે હવે પૂરી થઈ શકશે. ગાંધીજીના ચરિતામૃત સાથે ઘૂંટાયેલી પ્રભુદાસભાઈના બાળપણની આ સ્મરણયાત્રાનું, 'રામાયણ'ની માફક, અનેક કુટુંબોમાં જ્યારે પારાયણ થતું હશે, એવો દિવસ જરૂર આવશે.

['નયા માર્ગ' પખવાડિક]

## ૨૦૦૧નાં મને ગમેલાં ૧૦૦ પુસ્તકો

એકવીસમી સદીના પહેલા વરસમાં સેંકડો ગુજરાતી પુસ્તકો બહાર પડ્યાં. તેમાંથી મારા જોવામાં જેટલાં આવ્યાં તે પૈકી જેટલાં, એક સામાન્ય વાચક તરીકે, મને ગમ્યાં તેવાં ૧૦૦ પુસ્તકોની યાદી અહીં સવિનય રજૂ કરું છું. મારા જેવા બીજા સામાન્ય વાચકોને તે જોઈને કેટલાંક પુસ્તકો વાંચવાનું, ખરીદવાનું મન થશે, એવી હોંશથી આ કામ કર્યું છે.

આ યાદીમાં ૧૦૦ જ પુસ્તકો છે એ તેની દેખીતી મર્યાદા છે. વરસભરમાં બહાર પડેલાં ઘણાં પુસ્તકો મેં જોયાં-તપાસ્યાં ન હોય એટલે તેનો સમાવેશ અહીં ન થયો હોય. મારી સમજણ અને રુચિની મર્યાદાને કારણે અમુક પ્રકારનાં પુસ્તકો જ હું પસંદ કરી શક્યો હોઉં. એટલે આ ૧૦૦ સિવાયનાં ઘણાં પુસ્તકો ૨૦૦૧ના વર્ષમાં પ્રગટ થયાં

હોય તેની ભલામણ સામાન્ય વાચકોને કરી શકાય. પણ આ યાદીમાં નબળાં પુસ્તકો આવી ન જાય તેની ચિંતા મેં રાખી છે. જગતભરમાં પુસ્તકો ધોધમાર બહાર પડતાં રહે છે તેમાં કચરો પણ ઘણો હોય છે. તેનાથી વાચકોને બચાવવાની કાળજી આવી યાદી બનાવનારે રાખવી જોઈએ જ. દરેક વરસને અંતે વાચકોને આ જાતની યાદી મળતી રહે અને પછી દાયકાને અંતે તેમાંથી ૧૦૦ પુસ્તકો ચૂંટી શકાય.

શરૂઆતમાં મેં પસંદ કરેલાં પુસ્તકો ૭૫ જેટલાં થયાં. તેની યાદી બનાવીને આટલા ગ્રંથપરીક્ષકોને મોકલેલી: ગુણવંત શાહ, ધીરુભાઈ ઠાકર, તંત્રી: ‘પરબ’, તંત્રી: ‘પ્રત્યક્ષ’, ભોળાભાઈ પટેલ, મધુસૂદન પારેખ, રઘુવીર ચૌધરી, તંત્રી: ‘શબ્દસૃષ્ટિ’, શરીફા વીજળીવાળા, સુરેશ દલાલ. એમને વિનંતી કરેલી કે મારી યાદીમાં જેટલાં પુસ્તકો પોતાને ભલામણ કરવા જેવાં લાગે તેની સામે નિશાની કરે, યાદીમાંથી કાઢી નાખવા જેવાં લાગે તેની આગળ ચોકડી કરે અને ઉમેરવા જેવાં સૂઝે તે સૂચવે. દસમાંથી આઠના જવાબ મળ્યા, તેમાં એક પણ પુસ્તક કાઢી નાખવાનું કોઈએ કહ્યું નથી. લગભગ બધાંએ પોતપોતાની પસંદગીની નિશાની કરી છે. યાદીમાંનાં બધાં પુસ્તકો એમણે ન પણ જોયેલાં હોય, એ મર્યાદા એ પસંદગીની સમજવાની છે. લગભગ બધાંએ અમુક પુસ્તકો ઉમેરવાનાં સૂચન કર્યાં છે. તે પૈકી જેટલાં હું જોઈ શક્યો ને મને ગમ્યાં તેનો ઉમેરો કરીને આંકડો ૧૦૦ સુધી પહોંચાડયો છે. સૌની સદ્‌ભાવપૂર્ણ સહાય માટે અત્યંત આભારી છું. પણ આખી યાદી માટેની જવાબદારી તો મારી એકલાની જ રહે છે.

૧૦૦માંથી અડધાં જેટલાં પુસ્તકો ૨૦૦૧માં પહેલી વાર પ્રકાશિત થયેલાં છે, બાકીનાં પુનર્મુદ્રણો છે, જૂજ સંવર્ધિત આવૃત્તિઓ છે. કેટલાંક પુનર્મુદ્રણો ઘણાં વર્ષો પછી થયેલાં છે, એટલે અત્યારના વાચકો માટે તો તે નવાં પ્રકાશનો ગણી શકાય. ‘તોત્તો-ચાન’ જેવાં ગણ્યાંગાંઠયાં પુસ્તકો ૨૦૦૧માં બહાર પડ્યાં ને એ વર્ષ દરમિયાન જ તેનું પુનર્મુદ્રણ કરવું પડ્યું તે આનંદની વાત છે.

અન્ન-વસ્ત્ર તથા જીવનની અનેક જરૂરિયાતોની કિંમત વર્ષોથી

વધતી આવી છે, તેમ કાગળની પણ વધી છે અને પુસ્તકો મોંઘાં થયાં છે. ત્રાણ આંકડાની કિંમતવાળાં પુસ્તકોની ભલામણ સામાન્ય વાચકોને કરતાં હાથ ધ્રૂજે છે, પણ યાદીમાં લગભગ અડધાં પુસ્તકો એટલી કિંમતવાળાં થઈ ગયાં છે. સૌથી મોંઘું ‘ગરવા ગુજરાતી’—રૂપિયા ૭૫૦નું પણ તેના લેખક-ચિત્રાકાર રજની વ્યાસે પરિશ્રમપૂર્વક પુસ્તકને ગુજરાતી ભાષાનું એક આભૂષણ બનાવ્યું છે. મારા જેવા મોટા ભાગના વાચકો તે ખરીદી નહીં શકે, પણ આપણાં પુસ્તકાલયો તેમને માટે એ જરૂર સુલભ બનાવશે. યાદીમાં સૌથી ઓછી કિંમતવાળું, પણ અધિક મૂલ્યવાળું, ૩૪ પાનાંનું નાનકડું પુસ્તક છે હરિપ્રસાદ દેસાઈનું ‘ઉચ્ચ જીવન’. છવ્વીસમું પુનર્મુદ્રણ કરીને વાચકો કાજે તે સતત સુલભ રાખનાર સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનાં જે ઉત્તમ પ્રકાશનો માટે ગુજરાત ઋણી છે, તેમાંની એક આ પુસ્તિકા છે.

આ યાદીનાં ૧૦૦ પુસ્તકો આપણને પચીસેક પ્રકાશકો પાસેથી મળેલાં છે. તેમાં સૌથી મોટો ફાળો ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (૧૫), અને આર. આર. શેઠ (૧૫)નો છે. તે પછી નવભારત સાહિત્ય મંદિર અને ઇમેજ પ્રકાશન આવે છે.

એકંદરે સારાં આવાં ૧૦૦ પુસ્તકોનો બને તેટલો વ્યાપક ફેલાવો થાય તે માટે, મારું ચાલે તો, યાદીની એક લાખ નકલ છપાવી તેનો વિનામૂલ્યે પ્રચાર કરું. દરેક પુસ્તકનો બે-પાંચ લીટીમાં પરિચય આપતી પુસ્તિકા છાપીને તે પડતર કિંમતે આપી શકાય. મને ખાતરી છે કે એ રીતે પુસ્તકોનો પરિચય પામનારાં હજારો કુટુંબોને યાદીમાંથી થોડાંક પણ વસાવવાની હોંશ થશે અને પ્રકાશકોને તેનાં પુનર્મુદ્રણો કરવાં ગમશે.

## ૨૦૦૧નાં ૧૦૦ પુસ્તકો

અમી-સ્પંદન: સં. પ્રવીણચન્દ્ર દવે

અમે જોયેલા-જાણેલા જયપ્રકાશ: સં. નારાયણ દેસાઈ

અડધી રાતે આઝાદી: લેરી કોલિન્સ, દોમિનિક લેપિયર: અનુ.

અશ્વિની ભટ્ટ

અંધશ્રદ્ધાનો એક્સ-રે: જમનાદાસ કોટેચા

૮.૪૬, અને ધરા ધ્રૂજી: સં. એસ્થર ડેવિડ

આપણા યુગની વીરાંગનાઓ: યશવંત મહેતા, ગાર્ગી વૈદ્ય

આપણા હાથની વાત: શાંતિલાલ ડગલી

આરણ્યક: બિભૂતિભૂષણ બંદોપાધ્યાય અનુ. ચંદ્રકાન્ત મહેતા

આશ્રમ-ભજનાવલિ: સં. ના. મો. ખરે

આસપાસનાં પંખી: લાલસિંહ રાઓલ

ઉચ્ચ જીવન: હરિપ્રસાદ દેસાઈ

ઉપસંહાર: સ્વામી સચ્ચિદાનંદ

ઊઘડતાં દ્વાર અંતરનાં: એઈલીન કેડી: અનુ. ઈશા-કુન્દનિકા

કદલીવન: વિનોદિની નીલકંઠ

કબીર વચનાવલી: અનુ. પિનાકિન ત્રાવેદી, રણધીર ઉપાધ્યાય

કલાપીનો કાવ્યકલાપ: સં. અનંતરાય મ. રાવળ

કારાવાસમાંથી કીર્તિશિખર: પ્ર. ન. જોશી: અનુ. રશ્મિન મહેતા

કાવ્યવિશ્વ: સં. સુરેશ દલાલ

ગરવા ગુજરાતી: લેખક-ચિત્રાકાર રજની વ્યાસ

ગુજરાતી કવિતાનો આસ્વાદ: સુરેશ હ. જોશી: સં. જયંત પારેખ

ગુજરાતી પ્રતિનિધિ ગઝલો: સં. ચિનુ મોદી

ગુજરાતી લલિત નિબંધ સંચય: સં. ભોળાભાઈ પટેલ

ગ્રંથ: આત્માની ઔષધિ: સં. રમેશ ઓઝા

ગૃહપતિને: નાનાભાઈ ભટ્ટ

જયપ્રકાશની જીવનયાત્રા: કાન્તિ શાહ

જાગરણ: ભૂપત વડોદરિયા: સં. વિનોદ પંડયા

જીવતર નામે અજવાળું: મનસુખ સલ્લા

જીવનનું અંતિમ પર્વ: મીરા ભટ્ટ

જેને રખવાળાં ગોમાતનાં: નંદિની મહેતા: અનુ. મીરા ભટ્ટ

જોગાજોગ: રવીન્દ્રનાથ ઠાકુર: અનુ. શિવકુમાર જોષી

ઝરૂખે દીવા: સં. ઈશા-કુન્દનિકા

ઢાઈ અક્ષર પ્રેમકા: ગુણવંત શાહ

તત્ત્વમસિ: ધ્રુવ ભટ્ટ

તમારા વિના સાંજ ડૂસકે ચડી છે: ભગવતીકુમાર શર્મા: સં. સુરેશ દલાલ

તાજા કલમમાં એ જ કે....: મુકુલ ચોકસી

તારકનો ટપુડો: તારક મહેતા

તોત્તો-ચાન: તેત્સુકો કુરોયાનાગી: અનુ. રમણ સોની

દિવસો જુદાઈના જાય છે: ગની દહીંવાલા: સં. સુરેશ દલાલ

દીકરી વહાલનો દરિયો: સં. વિનોદ પંડયા, કાન્તિ પટેલ

ધરતીના ચિત્રકાર: ખોડીદાસ પરમાર

ધરતીનો અવતાર: ઈશ્વર પેટલીકર

ધર્મ: સ્વામી સચ્ચિદાનંદ

૯૯ લઘુકથાઓ: મોહનલાલ પટેલ

ન હન્યતે: મૈત્રેયી દેવી: અનુ. નગીનદાસ પારેખ

નાનાભાઈ ભટ્ટ પ્રસંગદીપ: ભરત ભટ્ટ

પડકાર: કિરણ બેદીની જીવનરેખા: પરમેશ ડંગવાલ: અનુ. કેશુભાઈ દેસાઈ

પરમ સમીપે: સં. કુન્દનિકા કાપડીઆ

પીધો અમીરસ અક્ષરનો: સં. પ્રીતિ શાહ

પ્રભાતનાં પુષ્પો: વજુ કોટક
બાળકોના સરદાર: મુકુલ કલાર્થી
બોરસલ્લી: પ્રભુલાલ દ્વિવેદી
ભગવાન હોવાનો ભ્રમ: યશવંત મહેતા
ભાત ભાત કે લોગ: પુ. લ. દેશપાંડે: અનુ. સુરેશ દલાલ
મનોહર છે, તો પણ: સુનીતા દેશપાંડે: અનુ. સુરેશ દલાલ
માનવીનાં મન: પુષ્કર ગોકાણી
મારા અનુભવો: સ્વામી સચ્ચિદાનંદ
મારી વિચારયાત્રા: જયપ્રકાશ નારાયણ: સં. કાન્તિ શાહ
મારે પણ એક ઘર હોય: વર્ષા અડાલજા
માહોલ મુશાયરાનો: રઈશ મણિયાર
મિરઝા ગાલિબ: હરીન્દ્ર દવે
મુક્તક-રત્ન-કોશ: અનુ. હરિવલ્લભ ભાયાણી
મેઘાણીનાં નાટકો: ઝવેરચંદ મેઘાણી
મૃત્યુનું માહાત્મ્ય: હીરાભાઈ ઠક્કર
યાત્રા-અંત: શાંતિની: પીસ પિલ્ગ્રિમ: અનુ. મીરા ભટ્ટ
‘રસધાર’ની વાર્તાઓ: ઝવેરચંદ મેઘાણી: સં. જયંત મેઘાણી
રાખનું પંખી: રમણલાલ સોની
રામગાથા: રમાનાથ ત્રાપાઠી: અનુ. જયા મહેતા
રાહબર: મુકુન્દલાલ મુન્શી
લારીયુદ્ધ: ઇલા ર. ભટ્ટ
વગડાને તરસ ટહુકાની: ગુણવંત શાહ
વડ અને ટેટા: જ્યોતીન્દ્ર હ. દવે
વસવાયો: દયા પવાર: અનુ. કિશોર ગૌડ

વાતોમાં બોધ: પ્રભાશંકર દ. પટ્ટણી

વાર્તા-ખજાનો: લેખક-ચિત્રાકાર વી. રામાનુજ

વિદ્યાર્થી ઘડતર ગ્રંથમાળા (૧-૭): મુકુલ કલાર્થી

વીણેલાં ફૂલ (ગુચ્છ ૧૪): ‘હરિશ્ચંદ્ર’

વેવિશાળ: ઝવેરચંદ મેઘાણી વૉલ્ડન: હેન્રી ડેવિડ થોરો: અનુ. સુંદરજી બેટાઈ

શ્રીવાણી ચિત્રા શબ્દકોશ: હર્ષદેવ માધવ

શ્રેષ્ઠ હાસ્યરચનાઓ: જ્યોતીન્દ્ર દવે: સં. વિનોદ ભટ્ટ

શ્રેષ્ઠ હાસ્યરચનાઓ: વિનોદ ભટ્ટ

સત્યના પ્રયોગો: મો. ક. ગાંધી

સફરના સાથી: રતિલાલ ‘અનિલ’

સબકો સન્મતિ દે ભગવાન: ગુણવંત શાહ

સમુદ્રાન્તિકે: ધ્રુવ ભટ્ટ

સરદાર એટલે સરદાર: ગુણવંત શાહ

સરસ્વતીચંદ્ર (બૃહત્ સંક્ષેપ): ગોવર્ધનરામ ત્રાપાઠી

સર્વને મારા નમસ્કાર:

કાનનદેવીની આત્મકથા: સંધ્યા સેન: અનુ. ચંદ્રકાન્ત મહેતા

સંક્ષિપ્ત આત્મકથા: મો. ક. ગાંધી: સં. મથુરાદાસ ત્રાકમજી

સંગમયુગના દ્રષ્ટાની જીવનસરસ્વતી: જયંત કોઠારી

સાગરને ખોળે ૩૨ દિવસ: હરકિસન મહેતા

સાગરપંખી: રિચાર્ડ બાક: અનુ. મીરા ભટ્ટ

સાગરસમ્રાટ: જુલે વર્ન: અનુ. મૂળશંકર મો. ભટ્ટ

સિદ્ધાર્થ: હર્માન હેસ: અનુ. રવીન્દ્ર ઠાકોર

સૉક્રેટિસ: મનુભાઈ પંચોળી ‘દર્શક’

સોરઠી બહારવટિયા: ઝવેરચંદ મેઘાણી
સૌરાષ્ટ્રની રસધાર: ઝવેરચંદ મેઘાણી
સ્વરાજની લડતના તે દિવસો: મહાવીર ત્યાગી
હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ: સં. મણિલાલ હ. પટેલ
હૈયું ખોલીને હસીએ!: બકુલ ત્રાપાઠી

['મિડ—ડે' દૈનિક: ૨૦૦૨]

# ચંદ રોજ

['મિલાપ'ના આખરી અંક (ડિસેમ્બર ૧૯૭૮)નું નિવેદન]

*હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ!*
*દેખ લો ઈસકા તમાશા ચંદ રોજ.*
*ફિર તુમ કહાં ઔ મૈં કહાં, ઐ દોસ્ત!*
*સાથ હૈ મેરા-તુમ્હારા ચંદ રોજ.*

પ્રિય વાચક,

'મિલાપ'નો પહેલો અંક ૧૯૫૦ના જાન્યુઆરીમાં બહાર પડેલો. ૧૯૭૮ના ડિસેમ્બરમાં તેને ૨૯ વરસ પૂરાં થાય છે. એ માસનો અંક ૩૩૯મો હશે. વચમાં 'કટોકટી' દરમિયાન નવ મહિના તેનું પ્રકાશન બંધ રાખવું ન પડ્યું હોત, તો કુલ ૩૪૮ અંક થયા હોત. પણ હવે તેનું પ્રકાશન સ્વેચ્છાએ સંકેલી લેવાનો સમય આવ્યો છે. આ માટે કોઈ એક ખાસ કારણ નથી. દરેક વસ્તુનો એક આરંભ હોય છે, તેમ એક અંત પણ હોય છે. એવો એક સહજ અંત 'મિલાપ'નો પણ આવે, તે સ્વાભાવિક ગણાય.

અમેરિકામાં પત્રાકારિત્વનો વરસેકનો અભ્યાસ કરીને ૧૯૪૯માં હું પાછો ફરેલો. ત્યાંના જગમશહૂર 'રીડર્સ ડાઇજેસ્ટ'ની પદ્ધતિએ ગુજરાતમાં એક માસિક શરૂ કરવાનું સ્વપ્ન અંતરમાં ભરેલું હતું.

પોતાના જોવામાં જે કાંઈ આવે તેમાંથી સુંદરતમ વસ્તુઓનો આનંદ માણવામાં અન્યને સહભાગી બનાવવા—અને એ રીતે પોતાનો આનંદ અનેકગણો વધારવો—એવી એક તાલાવેલી હતી.

૧૯૫૦ના જાન્યુઆરીની તા. ૨૬મીએ, સ્વતંત્રા ભારતે એક પ્રજાસત્તાકનું સ્વરૂપ ધારણ કર્યું તે મંગલ દિને, ‘મિલાપ’નો પહેલો અંક બહાર પડયો. તેને ઊઘડતે પાને ‘નાની શી મિલનબારી’ નામના લેખમાં ‘મિલાપ’નું આ પ્રયોજન વ્યક્ત કરેલું: ચોપાસની દુનિયા વિશેનું જ્ઞાન વધારનારું, સામાન્ય સમજના રસિક વાચકને રુચે, સરળ લાગે ને ઉપયોગી નીવડે તેવું વાચન પૂરું પાડવું.

તે પછીનાં આ વરસો દરમિયાન સામયિકો-વર્તમાનપત્રો-પુસ્તકોના વિશાળ ઉપવનમાંથી રૂડાં પુષ્પો વીણી વીણીને તેની છાબ ગુજરાત પાસે દર મહિને ધરવામાં એક ધન્યતા ‘મિલાપ’ અનુભવતું આવ્યું છે. ગુજરાતની ફૂલવાડીમાં ‘મિલાપ’ પણ નાનકડું પુષ્પ બનીને ખીલ્યું, અને પુષ્પની જેમ જ સ્વાભાવિકપણે હવે એ ખરી પડે છે. આજે નહીં તો બે-પાંચ વરસે પણ એને ખરવાનું તો હતું જ. ખીલવામાં જેમ આનંદ હતો, તેમ યથાકાળે ખરી પડવામાં પણ એક જાતની સાર્થકતા અનુભવાય છે.

‘મિલાપ’ની ગ્રાહક-સંખ્યા સાવ મામૂલી રહી છે, છતાં વાચકોની થોડીક ચાહના મેળવવાનું સદ્‌ભાગ્ય તેને સાંપડ્યું છે. લગભગ ત્રાણ દાયકાની આ મજલ દરમિયાન તેનો ફેલાવો દોઢથી બે હજાર નકલો જેટલો રહ્યો છે. તેના લવાજમમાંથી ‘મિલાપ’ના છાપકામ જેટલો ખર્ચ નીકળતો રહ્યો છે. શરૂઆત થોડા મિત્રો પાસેથી મૂડી ઉછીની લઈને કરેલી, અને સ્નેહીજનોએ જાહેરખબરના રૂપમાં આપેલી સહાય વડે આરંભનાં થોડાં વરસો સુધી સંપાદન તથા વ્યવસ્થામાં ટેકો મળેલો. પછીથી તો પુસ્તક-વેચાણ અને પુસ્તક-પ્રકાશનમાંથી એની જોગવાઈ થતી આવી છે. પુસ્તક—વેચાણનું ક્ષેત્રા વિસ્તરતાં વિસ્તરતાં વિદેશો સુધી પહોંચ્યું અને આપણી પ્રજાના કાંઈક વિશાળ વર્ગ સુધી ઉત્તમ પુસ્તકો પહોંચાડવાના કાર્યક્રમો પણ તેમાંથી વિકસ્યા.

‘મિલાપ’ પાછળ, પુસ્તકવેચાણના ને પ્રકાશનોના કામ પાછળ રાતદિવસ જોયા વિના મહેનત કરી છે. કોઈએ કહ્યું નહોતું, પણ પોતાને ગરજ હતી એટલે. શ્રી ઉમાશંકર જોશી જેવા કોઈ સંપાદક માટે તો ‘મિલાપ’ ચલાવવું એ ડાબા હાથનો ખેલ હોય. પણ હું સામાન્ય શક્તિનો માણસ. મારી પાસે એણે સારો એવો શ્રમ કરાવ્યો. સાથીઓની, ભાઈઓની અને સંતાનોની સહાય વડે તે પરિશ્રમ કરવામાં પારાવાર આનંદ માણ્યો છે, જીવનની કંઈક સાર્થકતા અનુભવી છે. જયંતભાઈ પરમાર, જયંતિભાઈ શુક્લ, ગુણવંતભાઈ વડોદરિયા, યશવંત ત્રાવેદી, ચંદ્રકાન્ત શાહ, ભાઈ નાનક, ભાઈ જયંત, ગોપાલ અને મંજરી તથા વીસેક વરસથી સતત સાથે રહેલા અરવિંદભાઈ—એ બધાની નિષ્ઠાભરી જહેમતનો ટેકો મળ્યો તેથી જ ‘મિલાપ’ ચાલી શક્યું છે.

‘મિલાપ’નો પ્રકાર જ એવો છે કે બીજા કોઈ પણ સામયિકના કરતાં વધુ લેખકોની કૃતિઓ તેમાં રજૂ થાય. એ લેખકોનો આંકડો હજાર જેટલે પહોંચી ગયો હશે. આટલાં વરસોમાં આઠેક હજાર નાનાંમોટાં લખાણો ‘મિલાપ’માં પુનર્પ્રગટ થયાં હશે. તેમાંથી ગદ્યનાં લગભગ તમામનો થોડોઝાઝો સંક્ષેપ કરેલો; ક્વચિત કાવ્યો સાથે પણ એવી ધૃષ્ટતા આચરેલી છે. એવી છૂટ લેવા દેવા બદલ તેના સર્જકોનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. રોકડ પુરસ્કારને બદલે ‘મિલાપ’ના અંકો કે લોકમિલાપનાં પ્રકાશનો સ્વીકારવાની ઉદારતા તેમાંથી લગભગ બધાએ બતાવી છે, તેનું ઋણ તો કદી નહીં ચૂકવાય. મારું સ્વપ્ન તો એવું હતું કે ‘મિલાપ’માં પ્રગટ થતા નાના મુક્તકને પણ ઓછામાં ઓછા રૂ. ૧૦૦ પુરસ્કાર-પાંખડીરૂપે આપી શકાય…

સ્વપ્ન તો એવું પણ હતું કે ‘મિલાપ’ની પચાસેક હજાર નકલો વંચાતી હશે… સ્વપ્ન હજીયે એવું છે કે ‘આપણો સાહિત્ય-વારસો’ની ઢબનાં પ્રકાશનો માટે લાખ લાખ આગોતરા ગ્રાહકો નોંધાતા હોય… સ્વપ્ન એવું છે કે ‘મિલાપ’ના એકલા ‘લોકગંગા’ વિભાગનું જ સ્વતંત્ર અઠવાડિક ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજીમાં પ્રગટ થતું હોય… સ્વપ્ન એવું છે કે આજનાં આપણાં દૈનિકોના એક જ પાના જેટલી

પણ નક્કર સામગ્રીવાળું દૈનિક બહાર પાડી, અમારા બોટાદના બાળભેરુ થોભણભાઈને ખેતરે લઈ જઈને હું કહી શકું કે ઘડીભર સાંતી છોડીને આટલા મિતાક્ષરી સમાચાર દેશ અને દુનિયા વિશેના તમારે વાંચી જ લેવા જોઈએ... સ્વપ્ન એવું છે કે ભારત વિશેના અત્યંત જરૂરી સમાચારોનો ૬૫ લાખ વિદેશવાસી હિંદીઓ માટે સાર રજૂ કરતું સાપ્તાહિક એમને હવાઈ ટપાલથી પહોંચાડવું.....સ્વપ્ન એવું છે કે પાંચેય ખંડમાં ઉત્તમ ભારતીય સાહિત્ય-કલા-સંગીતને સુલભ બનાવતાં મથકો ઊભાં કરવાં... સ્વપ્ન એવું છે કે ૧૯૭૯ના આવી રહેલા આંતરરાષ્ટ્રીય શિશુ-વરસમાં એક માલવાહક જંબો વિમાન ‘ચાર્ટર’ કરીને તેમાં ભારતીય બાલસાહિત્યની ૧૦૦ ચૂંટેલી ચોપડીઓની લાખો નકલો ભરીને વરસભર દેશદેશાવર ઘૂમતાં રહેવું અને રોજ નવા નવા શહેરમાં હજારો બાળકોમાં તેનું પ્રદર્શન-વિતરણ કરતાં રહેવું... સ્વપ્ન એવું છે કે જગતભરનાં બાળકો માટે સુંદર ચિત્રકથાઓની એકાદ કરોડ ચોપડીઓ ‘શિશુ વરસ’ દરમિયાન બહાર પાડવી....

આવાં હરકોઈ સોણલાંને સાચાં પાડવા માટે પોતાની મામૂલી ગુંજાશ મુજબ મચી પડવું, એમાં જ જીવનની સાર્થકતા છે. પણ એક મામૂલી જિંદગીનું ગજું કેટલું? સ્વપ્નસિદ્ધિની મજલે મુશ્કેલીઓ વધતી જાય તેવો કાળ આવ્યો છે, અને દેહની શક્તિ હવે વધતી નથી. પ્રાણ પાંખો વીંઝે છે, પણ શરીરને હવે એની પાછળ ઘસડાવું પડે છે. એંશીની અડોઅડ પહોંચેલા શ્રી બચુભાઈ રાવત જેવા હજી પણ જે તપ કરી રહ્યા છે, તે જોતાં મારા જેવા પંચાવને જ પહોંચેલાને માટે થાકનો આવો અનુભવ અજુગતો ગણાય. પણ હવે ‘મિલાપ’ ચાલુ રાખવાની હામ નથી રહી. થીગડથાગડ કરીને એને અંત લગી વળગી રહેવાની આસક્તિ નથી. પાંચ ટકા પ્રેરણા અને પંચાણું ટકા પરિશ્રમ: એ ‘ફોર્મ્યુલા’ વડે મારા જેવો સામાન્ય માણસ પણ એને ચલાવી શક્યો, તો વળી કોઈ સમર્થને હાથે ‘મિલાપ’ના સ્વરૂપનું અન્ય સામયિક ગુજરાતી પ્રજાને જરૂર મળી રહેશે.

‘મિલાપ’ વાટે જે થોડાંક હજાર સહૃદય ભાઈ-બહેનો સાથે સ્નેહનો

તાંતણો બંધાયો, તે આ રંક જીવનની કમાઈ છે. એમનાથી સદંતર વિખૂટા તો જીવતાં લગી પડી શકાય તેમ નથી. પુસ્તક-પ્રકાશન અને વિતરણનું કામ લોકમિલાપ વાટે ચાલુ રહેશે, તેનો વ્યાપ હવે કદાચ વધારી શકાશે. તે અંગેની જાણકારી આપતી પત્રાકા બહાર પાડીને સહુ વાચકો સાથેનો સંપર્ક થોડોક પણ જીવતો રાખવો છે. ઉમેદ છે કે સામે પક્ષેથી પણ એ સંબંધ ચાલુ રહી શકશે અને સારાં સારાં પુસ્તકો વસાવવા માટે એ બધાં કુટુંબો-સંસ્થાઓ લોકમિલાપની સેવાનો ઉપયોગ કરતાં રહેશે.

'મિલાપ' માસિક વાટે અને પુસ્તક-પ્રકાશન-વિતરણની યોજનાઓ મારફત લોકમિલાપનો એક નાનકડો પરિવાર બંધાયો છે ને વિદેશો સુધી એના તાંતણા લંબાતા રહ્યા છે. એ સહુનું, એમની જરીક જેટલી સેવા કરવાની તક અમને આપવા બદલ, પ્રેમપૂર્વક, કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું.

*ઉઠ જાગ મુસાફિર, ભોર ભઈ,*
*અબ રૈન કહાં જો સોવત હૈ.*

[તા. ૧૬ ડિસેમ્બર, ૧૯૭૮ : સવારના ૧થી ૪]

# લાખ વાચકોનો મહાસંઘ

ગુજરાતી બોલનારી પ્રજા ત્યારે ચાર કરોડથી સહેજ વધુ હશે. એટલે કે એકાદ કરોડ કુટુંબો. તેમાંથી ફક્ત એક ટકાને, એટલે એક જ લાખ પરિવારોને, સત્ત્વશીલ વાચનની એક ચોપડી એકસામટી પહોંચાડવાનું એક સ્વપ્ન હતું. તેને સાચું પાડવાનો પુરુષાર્થ આઠસોએક મિત્રોએ મળીને સાત મહિના દરમિયાન કર્યો, તેને પરિણામે ૧૯૮૯માં બહાર પડ્યું એક નાનું પુસ્તક 'ચંદનનાં ઝાડ'.

લાખ વાચકોનો એક મહાસંઘ જાણે કે સાહિત્યનાં તીર્થક્ષેત્રોની યાત્રાએ નીકળી રહ્યો છે. માર્ગમાં આ યાત્રીઓને રોજના એક પાના જેટલું વાચન મળતું રહે, પૌષ્ટિક ખોરાકના જેટલી કાળજીથી એ તેમને

પીરસાતું રહે, એવી વ્યવસ્થા કરવાની છે. એવું વાચન એટલી નજીવી કિંમતે સુલભ બની શકે તેમ છે તેની સાબિતી છે 'ચંદનનાં ઝાડ'. હવે પછી કોઈને એવું કહેવાનો વારો નહીં આવે કે, પુસ્તકો મોંઘાં છે એટલે અમે વસાવી શકતાં નથી. આપણી પ્રજાને માથાદીઠ અમુક અનાજ, તેલ, દૂધ, બળતણ કે કાપડ મળે, તેમ દરેક નાગરિકને રોજનું એકાદ પાના જેટલું નરવું વાચન પણ સાંપડી રહે તેવું આયોજન આપણે કરી શકીએ તેમ છીએ.

લાખ વાચકોના આ સંઘમાં કોને કોને સામેલ કરવાનાં છે? ગામડાંના ખેડૂતો ને પશુપાલકોને, કાંતનારી બહેનો અને વણકરોને, દરજી-મોચીથી માંડીને સુથાર—કડિયા સુધીના કારીગરોને, રેલ-પાટા ને સડકો પર દિવસરાત વાહનવહેવાર ચાલુ રાખનારા કર્મચારીઓને, ટપાલીઓને, શિક્ષકોને, વિદ્યાર્થીઓને.

આ લાખ વાચકો પાસે ધરવા જેવું જે યાદગાર વાચન આપણી ભાષામાં પડેલું છે, તેનું સ્મરણ કરતાં એના અનેક લેખકો પ્રત્યે આભારવશતાની લાગણી અંતરમાં ઊભરાય છે. એમના સાહિત્યમાંથી આ વિશાળ વાચક-સમુદાયને અનુરૂપ ચયન કરીને તેમને નજીવી કિંમતે સુલભ કરી આપવાનો કીમિયો આપણે અજમાવતા રહેવાનો છે.

નર્મદા યોજના હેઠળ સરદાર સરોવરનું વિશાળ જળાશય ભરાશે તેને પરિણામે ચોપાસ સેંકડો હેક્ટરના વિસ્તારના કૂવાઓમાં પાણીના ભૂગર્ભ પ્રવાહો જઈ પહોંચશે. ત્યાંની વાડીઓમાં મોલાતો લહેરાશે અને વગડો છે ત્યાં વનરાજિ વિસ્તરશે. એ પ્રમાણે આ લાખ વાચકોનું સંગઠન રચાયા પછી પ્રજાજીવનમાંથી સુકાયેલાં રસનાં નવાણો સાહિત્યના પ્રવાહો વડે સજીવન બનશે. અત્યારે સરેરાશ ગુજરાતી પુસ્તકની એક હજાર જ નકલ છપાય છે, તેને બદલે હવે આપણાં કેટલાંક પુસ્તકોની પાંચ પાંચ હજાર નકલ પ્રગટ થતી રહેશે. પોતાની કલાના ભોક્તાઓનો આવો વિસ્તરતો જતો સમુદાય જોઈને સાહિત્યકારોને પણ નવા નવા વિષયો અને વધતી જતી સજ્જતા સહિત વાચકો સમક્ષ ઉપસ્થિત થવાની પ્રેરણા મળશે.

આ ‘ચંદનનાં ઝાડ’ પાંચ જ રૂપિયામાં, ચાલુ બજારભાવના પાંચમા ભાગની કિંમતે, એક લાખ વાચકોને ઘેરબેઠાં સાંપડેલું. માની ન શકાય તેટલી નજીવી કિંમતે એ મળ્યું તેનું મોટું શ્રેય આઠસો ઉદારદિલ પુસ્તકપ્રેમીઓને જાય છે. લાખ નકલોની આગોતરી કિંમત ચૂકવીને તેમણે કોઈ સમર્થ પુસ્તક-પ્રકાશકની કામગીરી બજાવી છે. તદુપરાંત, પોતાની આસપાસના સમાજને આ પુસ્તક પડતર કિંમતે જ સુલભ બનાવવામાં પોતાનાં સમયશક્તિ અર્પણ કરીને સેંકડો પુસ્તક-ભંડારોથી ન થાય તેટલું મોટું કામ તેમણે બજાવ્યું છે. કોઈ પણ પુસ્તકના પ્રકાશકે તથા વિક્રેતાઓએ બજાવેલી કામગીરીના બદલામાં તે પુસ્તકની કિંમતના છાસઠ ટકા જેટલો હિસ્સો તેમને ફાળે આજે જતો હોય છે. આ આઠસો મિત્રોએ તે છાસઠ ટકા બચાવી આપીને આ પુસ્તક આટલી અલ્પ કિંમતનું બનાવી આપ્યું. ગુજરાતી પુસ્તક-પ્રકાશનના ઇતિહાસમાં તેમનું અર્પણ યાદગાર નીવડશે.

આઠસો કુટુંબો-સંસ્થાઓએ આ પુસ્તકની ઓછામાં ઓછી પચાસ-પચાસ નકલ તો મગાવી જ. ૧૦૦, ૨૦૦... એમ ૫,૦૦૦ સુધી નકલો મંગાવનારાની સંખ્યા પણ સારી એવી થઈ. આઠસો પૈકી ત્રીજા ભાગના મિત્રોએ જ ૭૦ ટકા જેટલી નકલો છપાવવા માટે મૂડી-રોકાણ કરેલું અને તેના વિતરણનો બોજો પણ ઉઠાવેલો. આ લાખ નકલની વરદીઓ બસો ગામ-શહેરોમાંથી નોંધાઈ અને તેમાંથી પણ લગભગ ૩૦ ટકા એકલા મુંબઈના મહાનગરમાંથી.

આ પુસ્તકની યોજના ૧૯૮૮ના એપ્રિલમાં જાહેર કરી ત્યારે એવું ઠરાવેલું કે તેની લાખ નકલ ખરીદીને વિતરણ કરનારા મિત્રો મળે પછી જ તેનું છાપકામ શરૂ કરવું. સદ્ભાગ્યે, લાખ નકલો માટેના એવા સંકલ્પો કાકા કાલેલકરની જન્મજયંતીના શુભ દિવસે, પહેલી ડિસેમ્બરે, પૂરા મળી રહ્યા.

# પહાડી નિશાળના પડઘા

જાપાનમાં પહાડોની ગોદમાં યામામોટો નામનું ગામડું વસેલું છે. યામામોટોમાં નિશાળ તો છે; પણ એની જાહલ છાજલી વરસાદ અને બરફ-વર્ષાની વાટ જોતી ઊભી છે. એની પાસે કોઈ જાતનાં સાધનો નથી, એક પણ છાપેલો નકશો નથી, સંદર્ભગ્રંથો નથી. ફક્ત દરેક વિષયનું એક-એક પાઠ્યપુસ્તક, ચાકનો ટુકડો અને એક પુરાતન પાટિયું એ નિશાળમાં છે. પણ નિશાળની સૌથી મોટી મૂડી એના વિદ્યાર્થીઓના વિદ્યા-તલસાટમાં ને એના શિક્ષકોની શિક્ષણ-લગનીમાં સમાયેલી છે. પહાડોમાં વસનારાં ગામડિયાં કિશોર-કિશોરીઓ યામામોટોની શાળાને ખરા દિલથી ચાહે છે, ને નિશાળે જઈને ભણવા માટે અનેક મુસીબતો હોંશેહોંશે વેઠે છે.

સેઇક્યો મુચાકુ નામના ૨૪ વર્ષના જુવાન એ નિશાળના ઉત્સાહી શિક્ષક છે. પોતાના દેશની—ખાસ તો પોતાના ગામની—સામાજિક હાલત એ ગ્રામશાળાના નિશાળિયાઓ સમજતા થાય, અને એ હાલત સુધારવાની તમન્ના એમનામાં જાગે, એના મુચાકુભાઈને કોડ છે. એટલે પોતપોતાના જીવનના કોયડાઓ વિશે અને સમાજ માટેના એમના ખ્યાલો વિશે એમણે વિદ્યાર્થીઓ પાસે નિબંધો લખાવ્યા. છોકરાંઓએ ગામડાંનું જીવન જેવું જોયું હતું, જેવું અનુભવ્યું હતું તેવું એમની પાસે શિક્ષકે આલેખાવ્યું. નિશાળિયાઓએ આ નિબંધ-લેખનનું કામ એટલા બધા ખંતપૂર્વક ઉપાડી લીધું, અને એ લખાણોમાં એમના જીવનનું તેમજ આસપાસના વાતાવરણનું એવું હૂબહૂ પ્રતિબિંબ પાડ્યું, કે મુચાકુ માસ્તરે સારા સારા નિબંધો ચૂંટીને તેની ચોપડી છપાવી. સમાજના ઉપયોગી, પુરુષાર્થી નાગરિકો બનવા પૂરતી કેળવણી મેળવવા માટે યામામોટોના ઊગતા કિશોરો જે મુસીબતો બરદાસ્ત કરી રહ્યા છે તેનો થોડો ખ્યાલ પોતાના દેશનાં શહેરીજનોને આ ચોપડી આપશે, એવી એ શિક્ષકને ઉમેદ હતી.

એ ઉમેદને જાપાની પ્રજાએ ધાર્યા કરતાં ઘણો મોટો આવકાર

આપ્યો. કૂંણી ડાંખળીઓ સમી કિશોર-કલમોએ લખેલા નિબંધોના એ સંગ્રહે જાપાનભરમાં વધુમાં વધુ વેચાતાં પુસ્તકોની યાદીમાં જોતજોતામાં સ્થાન લઈ લીધું, ને વાચકોના હૃદય સોંસરવો એનો સંદેશો પહોંચી ગયો. અર્થશાસ્ત્રાના મોટા મોટા નિષ્ણાતો કે સમાજશાસ્ત્રા-વિશારદો જે ન કહી શક્યા હોત તે એ બાળકોની સરળ શૈલીએ મર્મભેદક રીતે કહી બતાવ્યું. એ નાનકડી ચોપડી એટલી બધી વંચાઈ, એને વિશે એટલી બધી વાતો થઈ, કે જાપાનના શિક્ષણ-પ્રધાને યામામોટો ગામ સુધીની મજલ ખેડી અને પોતાના જીવનના પ્રશ્નો સમજવા માટે આવો પુરુષાર્થ કરી રહેલા એ ગામઠી શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષકોને શાબાશી આપી. તે પછી એ ચોપડી ઉપરથી એક ફિલ્મ પણ ઊતરી. અને અંતે તેનો અંગ્રેજી અનુવાદ ‘એકોઝ ફ્રોમ એ માઉન્ટન—સ્કૂલ’ (પહાડી નિશાળના પડઘા) નામે પ્રગટ થયો.

યામામોટો જેવાં અનેકાનેક ગામડાં જાપાનમાં, ચીનમાં, ભારતમાં તેમજ એશિયાભરના, આફ્રિકાના ને લેટિન અમેરિકાના અણવિકસ્યા પ્રદેશોમાં પડેલાં છે. પૃથ્વીનાં લાખ-લાખ યામામોટોનાં જીવનજળ શોષાઈ ગયાં છે. ભેંકાર કંગાલિયત, રોગિયલપણું, અજ્ઞાન અને જડ રૂઢિ વચ્ચે ઘેરાયેલાં એનાં કોટિ કોટિ બાળુડાંઓમાંથી થોડાંક સ્વમાનભેર ઊંચે ચડવા માટે કેવો અથાક પરિશ્રમ કરી રહ્યાં છે તેનો ચિતાર એમનાં બાલહૈયાં ને બાલમાનસમાંથી ઊઠેલા આ શબ્દ-ફુવારામાંથી મળી રહે છે. યુગયુગોની માનવ-કૂચમાં પાછળ પડી ગયેલાંઓને નવાં કદમ માંડવાની પ્રેરણા આવા કિશોરોના પુરુષાર્થમાંથી નહિ મળે તો બીજે ક્યાંથી મળશે?

મૂળ જાપાની ચોપડીમાંથી જે આઠ નિબંધો તેના અંગ્રેજી અનુવાદમાં આપેલા હતા તેમાંથી ચૂંટેલા ત્રણને અહીં ગુજરાતીમાં ઉતાર્યા છે.

# બંધ પેટીઓ: અટપટી ચાવીઓ

ગ્નાનનો મોટો ભંડાર પુસ્તકોરૂપી પેટીઓમાં બંધ થયેલો છે. ભાશા અને લિપિ એ પેટીઓ અુઘાડવાની ચાવીઓ છે. સાર્વજનિક વપરાશ માટે રસ્તા અુપર અૂભા કરેલા નળની ચકલી એવી ન હોવી જોઈએ કે તેને અુઘાડવા માટે ખાસ તાલીમ લેવી આવશ્યક થાય. તેમ પુસ્તકોને અુઘાડવા માટેની ચાવીઓ પણ તે વાપરવાની રીત સર્વને ઝપાટાબંધ આવડી જાય એવી હોવી જરૂરી છે. એ ચાવીઓનાં અનેક અવનવાં પેટંટ હોવાં અશ્ટિ નથી.

આ કથન છે ‘સમૂળી ક્રાંતિ’ પુસ્તકના લેખક કિશોરલાલ મશરૂવાળાનું. તેને ધ્યાનમાં રાખીને જરા વિચાર કરતાં જણાશે કે ગુજરાતી લિપિમાં કેટલુંક અટપટાપણું રહી ગયું છે અને પેટંટો પેસી ગયાં છે. તેને લીધે સામાન્ય માનવીને પેલી પુસ્તક-પેટીઓ અુઘાડવાનો કંટાળો આવે છે અને તેથી પેટીમાંના ગ્નાનભંડાર સુધી પહોંચવાની ગડમથલ તે પડતી મૂકી દે છે. આવી રીતે જેને ગ્નાનથી વંચિત રહેવું પડે તે પ્રજા દબાણ અને ધમકીનાં બળોનો ભોગ બને, ફોસલામણ તથા છેતરપિંડીનો શિકાર બને તેમાં શી નવાઅી?

લિપિ વિશે બેએક સામાન્ય બાબતો શ્રી મશરૂવાળાનાં લખાણોમાંથી આપણે નોંધી લઅીએ: (૧) લિપિ એ ભાશાને લખાણમાં પ્રગટ કરવાનું સાધન છે. (૨) ભાશાનું પ્રયોજન એકબીજાને પોતાનું મનોગત સમજાવવાનું છે. ભાશા પોતે જીવનનું સાધ્ય નથી પણ સાધન છે. અને ભાશા કરતાંય લિપિ વધારે બાહ્ય વસ્તુ છે; લિપિ કેવળ સગવડની વસ્તુ છે. (૩) જીવન્ત ભાશા અને લિપિ તદ્દન એકસરખાં રહી શકતાં નથી. આ મારી બાપીકી ભાશા કે લિપિ, એ મિથ્યાભિમાન છે. આપણા પૂર્વજો ક્યારેક તો આજની આપણી ભાશા કરતાં જુદી ભાશા બોલનારા, જુદી લિપિ લખનારા હતા જ.

એ પૂર્વજોએ સંસ્કૃત જેવી એક અત્યંત સમ્રુદ્ધ ભાશા ખીલવેલી હતી. તેની મૂળ લિપિને બ્રાહ્મી કહી છે, અને તેનો દેવનગર(કાશી)માં

સ્થિર થયેલો મરોડ તે આધુનિક દેવનાગરી. આવી અુત્તમ ભાશા અને લિપિ ભારતમાં એક કાળે હતી, છતાં તેને બદલે તેમાંથી અૂતરી આવેલી ગુજરાતી, હિન્દી, બંગાળી વગેરે ૧૦-૧૫ ભાશાઓ ને લિપિઓનો અુપયોગ આજે આપણા દેશમાં થઅી રહ્યો છે. આ પરિવર્તનનું કારણ એ હોવું જોઅીએ કે એક કાળે આપણા પૂર્વજોને લાગ્યું હશે કે ગ્નાનનો જે ભંડાર તે જમાનામાં હતો તેને સામાન્ય માનવી માટે સુલભ બનાવવો હોય તો, તેમનાય પૂર્વજો પાસેથી તેમને વારસામાં મળેલી ભાશા અને લિપિ રૂપી ચાવીઓમાંથી અટપટાપણું ઓછું કરવું જોઈએ. થોડાક પંડિતો જેમાં ખૂબ પારંગત બન્યા હતા તે સંસ્કૃત ભાશા અને નાગરી લિપિ કરોડો સામાન્ય જનોને અઘરી લાગતી હતી. એવા લોકોને અનુકૂળ પડે તેવાં બોલવા-લખવા-વાંચવા માટેનાં સરળ સાધનો પૂરાં પાડવાની તીવ્ર જરૂરિયાત કેટલાક સુધારકોએ અનુભવી હશે, તેમાંથી ભારતમાં જુદીજુદી ભાશાઓ અને લિપિઓ આકાર લેવા માંડી.

આ બધા ફેરફારો રાતોરાત તો ન થયા હોય. ગુજરાતી અને સંસ્કૃત ભાશાઓ અને નાગરી તથા ગુજરાતી લિપિઓ વચ્ચે જે તફાવતો આજે દેખાય છે તે બધા કાંઅી કોઅી એક સવારે સામટા અમલી બનેલા નહોતા. તેને માટે કોઅી મહારાજાએ હુકમ બહાર પાડી દીધો નહોતો. સંસ્કૃત અને નાગરીમાં કરવા જેવા ફેરફારો જુદાજુદા વિચારકોને સૂઝતા ગયા હશે, તે દાયકાઓ સુધી પ્રજા પાસે મુકાતા આવ્યા હશે, અને કાલક્રમે લોકો તેમાંથી કેટલાકને અપનાવતા ગયા હશે.

પરિવર્તનની આ પ્રક્રિયા જેમ એક જ દિવસે શરૂ થઅી ન હોય, તેમ અમુક તારીખે તે પૂરી પણ થઅી જતી નથી. ચાહે તેવી સત્તા પણ એવો ફતવો બહાર પાડી શકે નહિ કે બસ, આટલા ફેરફારો થઅી ગયા, પણ હવે પછી કોઅીથી બીજા ફેરફારો કરી શકાશે નહિ. જીવનના કોઅી ક્શેત્રમાં પરિવર્તન અમુક હદ સુધી પહોંચીને સમાપ્ત થઅી જતું નથી. ક્રાંતિનો આરંભ થઅી શકે છે, પણ તેની પૂર્ણાહુતિ કરી શકાતી નથી.

નાગરી લિપિને સરળ બનાવવા માટે ભૂતકાળમાં થતા આવેલા

ફેરફારોને પરિણામે ગુજરાતી લિપિનું એક સ્વરૂપ આજે વપરાશમાં આવેલું દેખાય છે. પણ હજી તેમાં વિશેશ સરળીકરણની જરૂર છે, તે માટે અવકાશ છે. એ દિશાનાં સૂચનો કિશોરલાલ મશરૂવાળા, કાકા કાલેલકર અને વિનોબા ભાવે જેવા આપણા જમાનાના વિદ્વાન સુધારકોએ કરેલાં છે. મહાત્મા ગાંધીના આદેશથી કાકા કાલેલકર અને તેમના સાથીઓએ તૈયાર કરેલો જોડણીકોશ ગુજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડ્યો, લગભગ તે કાળથી લિપિસુધાર અંગેનું ચિંતન પણ આપણી સમક્શ રજૂ થતું આવ્યું છે. તેમાંનું કેટલું અશ્ટિ છે તે વિચારવા માટે છ દાયકા જેટલો સમય પ્રજાને મળી ચૂક્યો છે. હવે તેમાંના જે સુધારા આપણને બુદ્ધિગમ્ય લાગતા હોય, તેનો સામૂહિક રીતે અમલ કરવાનો કાળ પાકી ગયો ગણાય.

દેશમાં સ્વરાજ સ્થપાયાને પાંચ દાયકા થવા આવ્યા. પણ કરોડો લોકો હજી વાંચી-લખી શકતા નથી, આપણી લોકશાહીને સુરાજ્ય બનાવવામાં તેઓ બરાબર ફાળો આપી શકતા નથી. નવું અક્શરગ્નાન મેળવતાં બાળકો અને અભણ પ્રૌઢો માટે વાંચવા-લખવાનું સરળ બને તેવા સુધારા આપણી લિપિમાં કરીએ, તો રાશ્ટ્રઘડતરના કાર્યમાં પોતાનો ફાળો આપવાની તક પ્રજાના મોટા ભાગને મળે એવી ભાવનાથી આ વિશયના મારા, એક સામાન્ય માનવીના, વિચારો નમ્રભાવે રજૂ કરું છું.

(૧) પહેલી પ્રથમ વાત તો ગુજરાતી લિપિમાં કેટલા અક્શરો છે તે અંકે કરવાની છે. અંગ્રેજી ભાશાની લિપિમાં કેટલા અક્શર છે, એવા સવાલના જવાબમાં આપણે સહુ એકમતે કહેવાના કે ૨૬. પણ ગુજરાતી લિપિના અક્શર કેટલા, તે આપણે નિશ્ચિતપણે કહી શકશું? રસ્તે ચાલતા પાંચ ભણેલા માણસોને એ પૂછશું, તો જવાબમાં જુદાજુદા આંકડા મળશે—અને કેટલાક કોઈ જ આંકડો આપી શકશે નહિ. આ કેવી નામોશીની વાત કહેવાય કે આપણી ભાશામાં કેટલા અક્શરો છે તે પણ આપણે નક્કી કરી શકતા નથી! ખેર, પ્રાથમિક શાળાના કોઈ બાળકની ચોપડીમાં છાપેલો કક્કો આપણે જોઈએ, તો તેમાં ૪૯ ગુજરાતી મૂળાક્શરો ગણી શકાશે. એ આંકડા વિશે પણ

વિદ્વાનોમાં મતભેદ નીકળશે. માટે પહેલવહેલું તો આપણે એ નક્કી કરવું જોઈએ કે ગુજરાતી લિપિના અક્શર કેટલા.

(૨) પણ કામચલાઉ આ ૪૯નો આંકડો લઈને આપણે વાત આગળ ચલાવીએ, તો અંગ્રેજીના કરતાં લગભગ બમણા અક્શરો યાદ રાખવાનો બોજો ગુજરાતી બાળકને ભાગે આવે છે. પણ તે તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. અંગ્રેજીના ૨૬ અક્શર જે બાળકે શીખી લીધા, તે એ ભાશાનું કોઈ પણ પુસ્તક વાંચી શકશે—ભલે એ તેને સમજાય નહિ. પણ પોતાની લિપિના ૪૯ અક્શરો જાણનાર ગુજરાતી બાળક હજી ગુજરાતી પુસ્તક વાંચી શકશે નહિ. દરેક અક્શરને લાગુ પડતી બારાખડીની બારેક નિશાનીઓ પણ તેણે શીખવી પડશે. ત્યાર બાદ જોડાક્શરોનું મોટું વિઘ્ન તેણે પાર કરવાનું રહેશે. બે અક્શરો જોડીને બોલવાનું અંગ્રેજીમાં પણ આવે છે. પરંતુ એવા ઉચ્ચારો લખતી વખતે ત્યાં દરેક અક્શર આખો ને અલગ રહે છે. ત્યારે ગુજરાતીમાં જ્યાં બે અક્શર જોડીને બોલાય, ત્યાં લખવામાં પણ તે જોડવાના આવે છે. આવા જોડાક્શરો લખવા માટે તેના પણ મૂળાક્શરો જેવા નિરાળા આકારો પંડિતોએ તો ઉપજાવવા માંડ્યા. પણ કેટલાક શાણા શિક્શકોને બાળકોની દયા આવી કે એ રીતે દરેક જોડાક્શર માટે નવા નવા અક્શર બનાવીએ તો બાળકોને ૪૯ મૂળાક્શરો ઉપરાંત કેટલા બધા જોડાક્શરોના આકારો પણ યાદ રાખવાનો બોજો ઉઠાવવો પડશે! આપણે ૧થી ૧૦ સુધીના પાયાના આંકડા શીખી લઈએ, પછી તેટલાની જ મદદથી કરોડો ને અબજોની સંખ્યાઓ સરળતાથી લખી શકીએ છીએ; તેને માટે કોઈ નવા આકારના આંકડાઓ શીખવાની જરૂર પડતી નથી. એ જ રીતે પાયાના મૂળાક્શરો શીખી લીધા પછી તેના વડે જ તમામ જોડાક્શરો બનાવવાનું સહેલું પડે—નહિ કે આ બધા જોડાક્શરો માટે નવા નવા આકાર નિપજાવીને તેને યાદ રાખવાનું. એટલે એમણે એક સરળ નિયમ વિદ્યાર્થીઓને આપી દીધો કે, જ્યાં બે અક્શરો જોડવાના આવે ત્યાં આગલા અક્શરનું પાંખિયું કાઢી નાખીને તેને પછીના અક્શર સાથે જોડી દેવો; અને ગુજરાતીમાં

જે ચોથા ભાગના અક્શરો પાંખિયા વગરના છે તેને ખોડા કરીને પછીના અક્શર સાથે જોડેલા ગણવા. આ દયાળુ શિક્શકોની શાણી સલાહ છતાં પંડિતોએ જોડાક્શરો માટે યોજેલાં કેટલાંક નિરાળાં સ્વરૂપો લિપિમાં રહી ગયાં છે, તે આજે આપણે કાઢી નાખવાં જોઈએ, અને પેલા એક જ નિયમ મુજબ તે લખવાનું રાખવું જોઈએ: દ્ય નહિ પણ દ્ય, શ્ચ નહિ પણ શ્ચ, શ્વ નહિ પણ શ્વ, શ્ર નહિ પણ શ્ર. વળી ર અને બીજો કોઈ અક્ષર જોડવાના હોય ત્યારે ર પહેલો આવતો હોય તો તેને બીજા અક્શરની ઉપર રેફ બનાવીને મૂકવો (કર્મ), અને ર બીજો આવતો હોય તો પહેલા અક્શરની અંદર તીર મારીને મૂકવો (ક્રમ), એવું પંડિતોએ ચલાવ્યું. કેટલાક અક્શરોમાં તીર ફાવ્યું નહિ ત્યાં તીરને બદલે અક્શરની નીચે ખૂણિયું મૂક્યું (ટ્રેન). કોઈ અક્શરની સાથે ઋ જોડવાનો આવે, ત્યારે પહેલા અક્શરની નીચે રેફ મૂકવાનું રાખ્યું (વૃક્ષ). જોડાક્શરની આવી ચિત્રવિચિત્ર પદ્ધતિને અનુસરવામાં બાળકોને કેટલો ત્રાસ પડે તેની કલ્પના એ પંડિતોને ન આવી. પણ આપણે તો એ રેફ અને તીરને તિલાંજલિ આપીને ઉપર જણાવેલા એક જ નિયમને અનુસરીને જોડાક્શરો લખીએ. જોડાક્શર વાંચવાનું સરળ બને તે માટે, તેના અક્શરો જે ક્રમમાં બોલીએ તે જ ક્રમમાં લખવા જોઈએ. જેમ કે 'અર્ઘ્ય'માં અ પછી ર્ બોલાય છે, પણ તે લખાય છે તો છેક છેલ્લે, તેથી ઉચ્ચાર કરવાનું અટપટું બની જાય છે. તેને બદલી 'અર્ઘ્ય' લખીએ તો ઉચ્ચાર સીધોસટ કરી શકાય છે.

અહીં એ નોંધવા જેવું છે કે ગુજરાત વિદ્યાપીઠનો સર્વમાન્ય બનેલો જોડણીકોશ અ થી શરૂ થઈ ળ પાસે પૂરો થઈ જાય છે. તે પછીના કક્કાના છેલ્લા બે અક્શરો ક્ષ અને જ્ઞથી શરૂ થતા શબ્દો ત્યાં આવતા નથી. તે શા માટે નથી, તેનો ખુલાસો સુદ્ધાં ત્યાં આપેલો નથી. પછીનાં પાનાં છાપવાનાં રહી ગયાં હશે? કે બંધામણીમાં નહિ લેવાયાં હોય? તમારે જે કલ્પનાઓ કરવી હોય તે કરી શકો છો. પણ તમે નસીબદાર હશો તો કોઈક દિવસ કોશનાં પાનાં ઉથલાવતાં ઉથલાવતાં ક્વિનાઈન... ક્વૉરેન્ટીન જેવા શબ્દની જોડણી કે અર્થ

જોતા હશો, ત્યાં અચાનક તેની નીચે તમારી નજરે ચડશે: “ક્ષ: ક્ + શનો જોડાક્ષર.” પછી ફરી ક્યારેક નસીબ પાધરું હશે ને કોશમાં જોહુક્મી કે જૌહર જેવા શબ્દ શોધતા હશો, ત્યાં પાછું નજરે ચડી જશે: “જ્ઞ: જ, ઞનો જોડાક્શર”. વાહ, અબ તો ભેદ પાયાને?

હવે સવાલ એ થાય છે કે વિદ્યાપીઠનો જોડણીકોશ પણ પાંસઠ પાંસઠ વરસથી જેને જોડાક્શરો ગણાવે છે, તેવા બે અક્શરો ક્ષ અને જ્ઞ આપણને અને આપણાં સંતાનોને શાળામાં મૂળાક્શર તરીકે શીદને ગોખાવવામાં આવેલા? ખેર, હવે તો આજની ઘડીથી આપણે એ બેને પેલા ૪૯ મૂળાક્શરોમાંથી બાદ દઈએ. એટલે બાકી રહ્યા ૪૭.

(૩) હવે બાળપોથીમાંનો કક્કો આપણે આગળ જોઈએ. તેમાં ઘ પછી ઙ, અને ઝ પછી ઞ આવે છે. તેને વિશે જોડણીકોશ શું કહે છે? “ઙ: આ વ્યંજનથી શરૂ થતો શબ્દ નથી તથા આમેય ગુજરાતીમાં તે ઓછો દેખાય છે.” પછી જુઓ ઞ: “એથી શરૂ થતો એકે શબ્દ નથી. ચઞ્ચલ જેવા શબ્દોમાં સંસ્કૃત ઢબે લખવામાં આવી શકે. પણ ગુજરાતીમાં એમ કોઈ ભાગ્યે જ લખે છે. અનુસ્વાર જ મોટે ભાગે લખાય છે.” એ નોંધો વાંચ્યા પછી આ બે અક્શરોનો બોજો બાળક ઉપરથી આપણે ખુશીથી ઓછો કરી શકશું. હવે રહ્યા ૪૫.

(૪) નાગરી લિપિને સરળ બનાવવા માટે ગુજરાતીમાં આપણે કેટલાક ફેરફારો કરેલા છે. પણ નાગરી લિપિનો એક ગુણ તેને જગતની લિપિઓમાં બહુ ઊંચું સ્થાન અપાવે છે. તે એ કે તેમાં દરેક અક્શરનો એક જ નિશ્ચિત ઉચ્ચાર થઈ શકે છે, અને લગભગ દરેક ઉચ્ચાર માટે એક જ નિશ્ચિત અક્શર છે. અંગ્રેજીમાં A અક્શરનો ઉચ્ચાર અ, આ, એ, ઓ વગેરે થઈ શકે છે. વળી એક ક ઉચ્ચાર માટે અંગ્રેજીમાં C, K, CH, CK વગેરે જુદાજુદા અક્શરો વપરાય છે. આવી જ અંધાધૂંધી તેના બીજા કેટલાયે અક્શરો વિશે ચાલે છે. તેથી પરભાશા તરીકે અંગ્રેજી શીખનારાઓ માટે તેની જોડણી અને ઉચ્ચારો મોટાં માથાદુખણાં થઈ પડે છે. ઉચ્ચાર અને અક્શર વચ્ચેની એકવાક્યતાને લીધે નાગરીમાં જે સરળતા આવી છે, તે એની

મહાન સિદ્ધિ છે. તેને આપણે ગુજરાતીમાં પૂરેપૂરી જાળવી રાખવાની છે. એટલું જ નહિ, તેમાં કોઈ છિદ્ર રહી ગયાં હોય તો તે કાઢી નાખવાનાં છે. એ રીતે તપાસતાં જણાશે કે શ અને ષનો ઉચ્ચાર એકસરખો છે, રુ અને ઋનો પણ સરખો છે. તો તેમાંથી ષ અને ઋ છોડી દઈએ, એટલે રહે ૪૩.

(૫) નાગરી લિપિની શિરોરેખા આપણે છોડી દીધી છે. अ, अि, उ, ए, क, ख, च, ज, झ, ण, फ, ब, ल, ळ જેવા તેના પંદરેક અક્ષરોને ગુજરાતીમાં જુદા આકારો આપ્યા છે. વળી બારાખડીમાં આપણે એક ફેરફાર કર્યો. નાગરીમાં अ પછી કાનો મૂકીને आ બને છે. પણ एनो ત્યાં સ્વતંત્ર આકાર રાખેલો છે. ગુજરાતીમાં પણ આપણે અ પછી કાનો મૂક્યો, તેમ અ ઉપર સીધેસીધી માત્રા મૂકીને એનું સરળ સ્વરૂપ બનાવ્યું. એવી જ રીતે હવે અિ, અી, અુ, અૂ જેવાં બીજાં ચાર સરળ સ્વરૂપો પણ ચાલુ કરી દઈએ, તો વળી ચાર મૂળાક્શરો ઓછા થઈ જાય. પછી રહ્યા ૩૯. હવે આ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃને જુદા મૂળાક્શરો ગણવાને બદલે તેને અ ની બારાખડી જ ગણી શકાય. એટલે અથી અઃ સુધીના ૧૩ મૂળાક્શરો ગણતા હતા તેને બદલે તેમાંથી અ ને જ મૂળાક્શર ગણવો. બાકીના બારમાંથી ઋ અને ઇ, ઈ, ઉ, ઊ તો આપણે ઉપર કાઢી જ નાખ્યા છે. હવે આ સાત પણ નીકળ્યા એટલે મૂળાક્શર રહ્યા ૩૨. આમ અંગ્રેજીના ૨૬ મૂળાક્શરોની કાંઈક નજીક ગુજરાતી મૂળાક્શરોને આપણે લાવી શકીએ.

(૬) આંકડાનો પણ આપણે લિપિમાં સમાવેશ કરી લઈએ. તેમાં હવે કોઈ ફેરફાર આપણે કરવાનો રહેતો નથી, કારણ કે ભારતના બંધારણે જ તેની ઉપર પરિવર્તનની મહોર મારી દીધેલી છે. ભારતની રાશ્ટ્રભાશા-આંતરભાશા હિન્દી અને તેની લિપિ નાગરી રહે, પણ તેમાં રોમન આંકડા રાખવાનો આદેશ આપણા બંધારણે ૧૯૫૦માં આપી દીધેલો છે—આપણે તેનો અમલ સર્વત્ર કરવાનો છે, એટલું જ. આ રોમન આંકડા અંગ્રેજીની જેમ જગતની બીજી અનેક ભાશાઓમાં વપરાય છે. તે ઉપરાંત, આપણા બંધારણે તેમને માન્યતા આપી તે પહેલાં

પણ દક્શિણ ભારતની ચાર ભાશાઓમાં તો એ વપરાતા જ હતા, એ હકીકત કદાચ બહુ જાણીતી નથી. બંધારણે રોમન આંકડા સ્વીકાર્યા તેનું આ પણ એક કારણ હતું. એ રીતે, ભારતમાં ભાશા અને લિપિઓ ભલે જુદીજુદી હોય, પણ એકસરખા આંકડા કાશ્મીરથી કેરલા સુધી વપરાતા હોય તે રાશ્ટ્રની એકતાની દિશામાં નાનું પણ સુંદર પગલું છે. દુનિયાભરની ઘડિયાળોમાં એ જ આંકડાનો અુપયોગ થાય છે તે જોતાં એ આપણને વિશ્વ-એકતા ભણી પણ લઅી જનારા છે. આજે ભારતમાં જુદાંજુદાં રાજ્યો પોતપોતાની ભાશામાં જે પાઠ્યપુસ્તકો અને બીજાં પ્રકાશનો બહાર પાડે છે, તે તમામમાં આ એકસરખા આંકડા વપરાય છે. એટલે આપણા વિદ્યાર્થીઓ તો તેનાથી ટેવાઅી ગયા છે. હવે આપણે તમામ ગુજરાતી પ્રકાશનોમાં પણ તેનો અુપયોગ તરત કરવા માંડીએ તે અુચિત ગણાશે.

ગુજરાતી લિપિમાં આ સુધારા સૂચવવાનો અુદ્દેશ આપણાં બાળકોની યાદશક્તિ પરનો બોજો થોડો હળવો કરીને ગુજરાતી વાચન-લેખન તેમને માટે વધુ સરળ અને રસિક બનાવવાનો છે. ગુજરાતી પુસ્તકોમાં વિચારો, ભાવનાઓ અને માહિતીનું જે કાંઅી ધન આજે અુપલબ્ધ છે, તેનો લાભ આપણા ભણેલો લોકો પણ મોટા પ્રમાણમાં લઅી શકતા નથી; કારણ કે એ ધનની પેટી અુઘાડવાની લિપિ રૂપી ચાવીઓ એમને અટપટી લાગે છે. તે અટપટાપણું દૂર કરવા માટે લિપિમાં થોડા સુધારા કરવાની જરૂર છે. પણ આવા સુધારા બુદ્ધિગમ્ય અને અુપયોગી જણાય છતાં કેટલાક લોકો તેને સ્વીકારવા તૈયાર થતા નથી, કારણ કે એમને તે ‘વિચિત્ર’ લાગે છે.

સંસ્કૃત તથા નાગરીમાં ફેરફાર કરીને વિકસાવેલી ગુજરાતી ભાશા અને લિપિ આજે આપણને સ્વાભાવિક લાગતી હોય, અને તેમાં કરવા જેવા નવા ફેરફારો વિચિત્ર લાગતા હોય, તો જરા કલ્પના કરીએ કે સદીઓ પહેલાં જ્યારે આ જ ગુજરાતીનો પ્રારંભ થયો હશે ત્યારે સંસ્કૃતથી ટેવાયેલા લોકોને તે કેવી વિચિત્ર લાગી હશે અને ત્યારના પંડિતોએ તેનો કેવો આકરો વિરોધ કરેલો હશે! તે વખતે ગુજરાતીના

હિમાયતીઓ પોતાના સુધારાને વળગી રહ્યા ન હોત, તો આજે આપણી પાસે ગુજરાતી ભાશા હોત ખરી?

એવું બનતું આવ્યું છે કે કોઅી સમાજ અમુક સુધારાને બુદ્ધિપૂર્વક સ્વીકારતો નથી ત્યારે કોઅી સત્તા કે પછી સંજોગો જબરદસ્તીથી તેની અુપર એ ઠોકી બેસાડે છે. પણ પછી પૂરતો કાળ જાય એટલે સમાજ તે સુધારાને વશ થાય છે. એટલું જ નહિ, એ સુધારો જાણે અસલથી જ પોતાનું અંગ હતું એમ સમજી તેનું મમત્વ પણ રાખવા માંડે છે. આ બાબતમાં પણ કિશોરલાલ મશરૂવાળાના શબ્દો યાદ કરીએ:

સુધારા પ્રત્યેની આપણી વૃત્તિ આગગાડીના મુસાફરો જેવી છે. નવો મુસાફર બેસવા આવે તો, જગ્યા હોય તોયે, પહેલાં તેને રોકવાનો પ્રયત્ન કરવો. પણ એ પરાણે ઘૂસી જાય તો પહેલાં થોડી વાર રોશ બતાવવો, અને પછી તેને મિત્ર બનાવવો. વળી કોઅી ત્રીજો મુસાફર આવે, તો જૂના અને નવા બન્નેએ મળી તેવો જ વ્યવહાર એ ત્રીજા પ્રત્યે બતાવવો.

આપણે છાતી અુપર હાથ મૂકીને વિચારવાની વાત એ છે કે અુપરના સુધારાથી આપણાં બાળકોની યાદશક્તિ પરનો નાહકનો બોજો થોડો ઓછો થાય છે કે નહિ. નિશાળે જતાં કૂમળાં બાળકોની અુપર પાઠ્યપુસ્તકો અને નોટબુકોનો જે અમાનુશી બોજો આપણા કેળવણીકારોએ લાદેલો છે, તેનાથી એ બાપડાં કેવાં બેવડ વળી જાય છે એનું ચિત્ર રાજ્યસભામાં એક સહ્રુદય સભ્યે આલેખ્યું, ત્યારે સાંભળનારાંની આંખો ભીની થઅી ગયેલી. એ પુસ્તકો—નોટબુકોના કરતાં પણ વધુ નિર્દય બોજો લિપિના અટપટાપણાને લીધે ગુજરાતી બાળકો અુપર આપણે લાદેલો છે. અને પછી, તેને પરિણામે લખવા-વાંચવામાં બાળકોની જે ભૂલો થાય છે તે માટે એમને દોશ દેવો, એ તો દાઝ્યા અુપર ડામ દેવા જેવું છે.

આપણામાંથી કેટલાકને પોતાના શાળાજીવનના એ દિવસો યાદ હશે કે જ્યારે ખાંડી, મણ, શેર ને તોલા સુધીના અને રૂપિયા, આના, પાઅીના દાખલાઓ ગણવાનો ત્રાસ વિદ્યાર્થીઓને વેઠવો પડતો હતો.

તેની સરખામણીમાં આજે આપણાં બાળકોનું એ સદ્ભાગ્ય છે કે તોલમાપની અને ચલણની દશાંશ પદ્ધતિને કારણે એમનાં મગજને હવે તેવો નકામો બોજો વેઠવો પડતો નથી, અને તેનો અુપયોગ બીજી અુપયોગી ગ્નાનવિશયક સામગ્રી સંઘરવામાં તેઓ કરી શકે છે. આનો જશ આપણા એક એવા રાશ્ટ્રનેતાને જાય છે, જેના હાડમાં વૈગ્નાનિક દ્રુશ્ટિ હતી અને સાથોસાથ પોતાના કરોડો દેશવાસીઓની ચાહના પણ જેમણે મેળવેલી હતી. પરિણામે, તેઓ જે કહે તે પોતાના લાંબા ગાળાના હિતમાં જ હશે એમ માનીને પ્રજા તેમની વાત સ્વીકારતી હતી.

એવી વૈગ્નાનિક દ્રુશ્ટિ અને લોકચાહનાની પ્રાપ્તિનો થોડોક પણ સમન્વય જેનામાં થયો હોય તેવા કોઅી આગેવાન આ લિપિ-સુધારની ઝુંબેશને પણ સાંપડો, એવી મારી પ્રાર્થના છે.

[ગુજરાતી સાહિત્ય પરિશદ તરફથી યોજાયેલા જોડણી અંગેના પરિસંવાદમાં રજૂ કરેલું નિવેદન: ૧૯૯૫]

## "કૂદી પડશું!"

યતીન અને વિક્રમ, બે ભાઈબંધ. દિલ્હીની હેપી મોડેલ સ્કૂલમાં નવમા ધોરણ સુધી બેય સાથે ભણેલા. પણ વિક્રમ નાપાસ થયો અને યતીન કોલેજમાં ગયો. છતાં બેયની દોસ્તી ચાલુ રહી.

તા. ૨ ઓગસ્ટે યતીન અને તેના પિતા કોઈને મળવા ગયેલા ત્યાંથી બપોરના એક વાગ્યા પછી પાછા ફરતા હતા. એમની મોટરગાડી યતીનની જૂની નિશાળ પાસેથી નીકળી ત્યારે એણે જોયું કે શાળાના દરવાજા બહાર જ છોકરાઓનું એક ટોળું મારામારી કરતું હતું. "આ તો મારો ભાઈબંધ વિક્રમ છે!" એટલું કહીને યતીને ગાડી ઊભી રખાવી અને ટોળા ભણી દોટ મૂકી. પિતા એને ના પાડતા રહ્યા, પણ એ તો પહોંચી ગયો.

ટોળા વચ્ચે યતીન આવ્યો, એટલે મારામારી ઘડીભર થંભી ગઈ,

એ પિતાએ ગાડીમાંથી જોયું. પણ ત્યાં તો એક છોકરો યતીન સામે છરી ઉગામતો દેખાયો. દીકરાની વહારે તેના પિતાને દોડી આવતા જોઈને બે સિવાયના બધા છોકરાઓ નાસી છૂટ્યા. પેલા બેમાંથી એકે યતીન સામે આંગળી ચીંધી, અને બીજાએ યતીનના સાથળમાં છરી હુલાવી દીધી. પિતાએ એ છરીવાળાને પકડી લીધો અને બેય જણ ભોંય પર પડ્યા. યતીનના ઘામાંથી લોહી ખૂબ વહેતું હતું, તે છતાં તેણે પણ પેલાનો પગ પકડી લીધો.

પણ ત્યાં તો પેલાએ ઓચિંતી ગુલાંટ મારી અને યતીનને જમણા પડખામાં ફરી છરી હુલાવી દીધી. યતીનની ચીસ સાંભળીને પિતાએ પેલાને પડતો મૂકી દીકરાને હોસ્પિટલ પર પહોંચાડવા ગાડી મારી મૂકી. ત્યાં પહોંચતાં જ યતીનના પ્રાણ ઊડી ગયા.

પેલી મારામારી પાછળનું કારણ એ હતું કે નિશાળમાં કોઈ છોકરાએ વિક્રમની બહેનની સતામણી કરેલી, એટલે અઠવાડિયા પહેલાં જ વિક્રમને તેની સાથે મારામારી થયેલી. પછી બનાવવાળા દિવસે વિક્રમ પોતે વર્ગમાંથી ગેરહાજર રહેલો, પણ સાંજના નિશાળ છૂટે ત્યારે બહેનને સલામત રીતે ઘેર લાવવા નિશાળ ઉપર ગયેલો. સાથે એક ભાઈબંધ હતો. નિશાળને દરવાજે જ પેલો સતામણી કરનાર અને તેનો મિત્ર ભેટી ગયા, બે વચ્ચે બોલાચાલી થઈ, અને વાત પહોંચી મારામારી પર. તે વખતે યતીનની ગાડી ત્યાંથી નીકળેલી.

પોતાની બહેનની સતામણી કરનાર વિશે વિક્રમે કદાચ ભાઈબંધ યતીનને વાત કરી હશે. વિદ્યાર્થીઓના ટોળામાં વિક્રમને જોઈને કદાચ તે યતીનને યાદ આવી હશે, એટલે મિત્રની વહારે એ કૂદી પડેલો. એને એમ ન થયું કે વિક્રમ એનું ફોડી લેશે. એને એમ ન લાગ્યું કે, મારે શી પંચાત—ક્યાં મારી બહેનની સતામણી થઈ છે!

પણ એવું વિચારીને તે દિવસે યતીન જો ત્યાંથી પસાર થઈ ગયો હોત તો—સંભવ છે કે કદાચ કોઈક દિવસ કોઈ મવાલી યતીનની જ બહેનની સતામણી કરતો હોત, તો તેનો સામનો કરવાની મરદાનગી એ ન બતાવી શક્યો હોત.

કોઈની પણ બહેનની ઇજ્જત પર આક્રમણ થાય ત્યારે એ પોતાની જ મા—જણી બહેન પર થયું છે એવી વેદના અનુભવીને, એને બચાવવા કૂદી પડનારા ભાઈઓ સામે મીટ માંડીને આજે તો ઊભી છે—આપણી નિશાળો-કોલેજોની ગભરુડી વિદ્યાર્થિનીઓ. બળેવને દિવસે એમના હાથની રાખડી બંધાવનારા નવજુવાનો વણબોલ્યા શપથ લે કે, ટાણું આવશે ત્યારે અમે પણ યતીનની જેમ કૂદી પડશું!

## જાગૃત કરો!

આપણા ભારત દેશમાં, ક્યાંક ને ક્યાંક, દર કલાકે બે બળાત્કાર થાય છે. એ તો સત્તાવાર આંકડા છે. પણ ખરેખર તો એ આંકડો ઘણો મોટો હશે, કારણ કે ઘણા કિસ્સામાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા કોઈ જતું નથી.

૨૦૦૩ની સાલમાં ભારતમાં બળાત્કારના ૧૫,૮૫૬ કિસ્સા નોંધાયા હતા, તેમાંના ફક્ત નવ ટકા મોટાં (૧૦ લાખ કે વધુ વસ્તીવાળાં) શહેરોના હતા. નેવું ટકાથી વધુ બળાત્કારો નાનાં શહેરો ને ગામડાંના નોંધાયા હતા. અને ગામડાંમાં તો લોકો એવા કિસ્સા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવાનું ટાળે છે. આખા દેશમાં ૧૮ વરસથી નાની છોકરીઓ પર થતા બળાત્કારનું પ્રમાણ કુલ બળાત્કારના ૨૦ ટકા જેટલું હતું. પણ મોટાં શહેરોમાં આ પ્રમાણ ૪૩ ટકા જેટલું નોંધાયેલું.

૨૦૦૩ના વરસમાં ૧૮,૦૦૦થી વધુ આરોપીઓ ઉપર બળાત્કારના કેસ થયેલા, પણ તેમાંથી ચોથા ભાગને જ અદાલતમાં સજા થયેલી. જેને સજા થાય તેમાંથી ૬૬ ટકા જેટલા ઉપલી અદાલતમાં અપીલ કરતા હોય છે. પણ જેને સજા ન થાય તેવા આરોપીઓની સામે પોલીસ ઉપલી કોર્ટમાં ભાગ્યે જ અપીલ કરે છે.

પોલીસથાણાની અંદર બંદીવાન સ્ત્રીઓ પર બળાત્કાર કરવાના આરોપસર ૨૦૦૨માં ૧૪૭ પોલીસ કર્મચારીઓ ઉપર કોર્ટમાં ખટલા

મંડાયા હતા; તેમાંના ૧૩૨ પર કામ ચાલ્યું તે પૈકી ફક્ત ચારને સજા થયેલી. બાકીના ૧૫ ઉપર પછીને વરસે કામ ચાલ્યું, તેમાંથી કોઈને સજા થઈ નહોતી.

બધી વાતનો સાર એવો નીકળે છે કે, (૧) બળાત્કારના જેટલા બનાવો બને છે તેમાંથી બહુ ઓછા અંગે પોલીસ પાસે ફરિયાદ આવે છે; (૨) જેમની સામે ફરિયાદ નોંધાય છે તે પૂરતા પુરાવાના અભાવે મોટે ભાગે કોર્ટમાં ગુનેગાર સાબિત થતા નથી.

વાજબી શંકાથી પર એવી સાબિતી કોર્ટમાં રજૂ થાય નહીં ત્યાં સુધી આરોપી નિર્દોષ ગણાય છે. પણ બળાત્કારનો ભોગ બનનાર સ્ત્રી તો તે ફરિયાદ કરે એ ઘડીથી જ ગુનેગાર ઠરી જાય છે. નિષ્ઠુર સમાજની આ વાસ્તવિકતા છે. વરુઓને હાથે પિંખાયેલી હાલતમાં હોય તેવી, બળાત્કારનો ભોગ બનેલી શહેરની કે ગામડાની સ્ત્રીને કે છોકરીને પહેલાં તો એ મહેણું મારવામાં આવે છે કે પુરુષોની વાસના ભડકાવે એવા પોશાક શીદને પહેરો છો! પછી, બળાત્કારવાળા સ્થળે તે સમયે તું શીદને ગઈ હતી, એવું પુછાણ થાય છે. પેલા નર-રાક્ષસ સાથેના તેના છૂપા સંબંધોની વાતો વહેતી મૂકવામાં આવે છે.

બળાત્કારો થતા રહે છે તેના કરતાં પણ વધુ ભીષણ વાત છે આપણી નિર્વીર્યતાની, તેનો ઉલ્લેખ દિનકર જોશીના તાજેતરના એક લેખમાં આવે છે:

મુંબઈના મરીન લાઇન્સ જેવા ભરચક વિસ્તારમાં ધોળે દહાડે દસેક તરુણ અને તરુણી મિત્રો સાથે ફરતી એક કન્યાને, એક અને માત્ર એક જ દારૂડિયો પોલીસ ચોકીની અંદર લઈ જાય અને સાથેનાં યુવકયુવતીઓને લાલ આંખ દેખાડીને હાંકી કાઢે અને પછી બળાત્કાર થાય, એક વાર નહીં પણ ત્રણ વાર. કલાકેક જેટલો સમય તો આમાં ગયો જ હશે. આ આખો એક કલાક પેલી તરુણીના મિત્રો બહાર ઊભા હશે. એમણે શું કર્યું? એમણે ધાર્યું હોત તો ત્યારે લાકડાની પોલીસ ચોકીની કેબિનના દરવાજા હચમચાવીને તોડી નાખ્યા હોત. માર્ગ ઉપરના માણસોને એકત્ર કરી શક્યા હોત. બહુબહુ તો પેલો

બળાત્કારી પ્રતિકાર કરત અને એમાં કોઈકને ઈજા થઈ હોત, પણ એથી શું? જે કન્યા સાથીદાર હતી, જે કન્યા વિશ્વાસે સાથે આવી હતી એની ઉપર આપત્તિ આવે ત્યારે, પોતાને મિત્રો કહેવડાવતા આ તરુણોનું શું કોઈ કર્તવ્ય નથી હોતું? સવાલ એ થાય છે કે આપણી સંવેદનાઓ આટલી બધી નિર્વીર્ય કેમ થઈ ગઈ છે? પારિવારિક જીવન કે શિક્ષણ-પ્રથાએ આ તરુણ પેઢીને શું એટલું પણ નથી શીખવ્યું કે અઘોર અત્યાચાર થતો હોય ત્યારે, ઓછામાં ઓછું, અણગમાનો એક ઊહકારો તો કરો! વર્તમાન સમાજજીવનની સૌથી ઘેરી કટોકટી આપણી માનસિકતાનું આ પરિવર્તન છે.

આજે કોઈ પણ દુષ્કૃત્ય, પછી ભલે એ બળાત્કાર હોય, હત્યા હોય, અપહરણ હોય, લૂંટ હોય, છેતરપિંડી હોય, આ બધાનો બૌદ્ધિક સ્તરે, રાજકીય સ્તરે, કાનૂની સ્તરે બચાવ કરનારાઓ થોકબંધ જડે છે.

કોમ્યુનિસ્ટ પક્ષ (માક્ર્સવાદી)ના પોલીટ બ્યુરોનાં મહિલા સભ્ય બ્રિન્દા કરાટ કહે છે કે, “ત્રાસવાદી હુમલાઓના કરતાં પણ વધુ સ્ત્રીઓ બળાત્કારીઓને હાથે મોત કે જોખમોની ભોગ બને છે” અને છતાં, ‘ટાઇમ્સ ઓફ઼ ઇન્ડિયા’ના પત્રકાર શંકર રઘુરામન એક અહેવાલમાં જણાવે છે તેમ, જાણે કે “મૌનનું એક જબરદસ્ત કાવતરું આપણને સૌને ઘેરી વળ્યું છે.”

કોઈ રવિશંકર મહારાજ, કોઈ મુનિ સંતબાલજી સમી કરુણાવત્સલમૂર્તિ આવો અને નિર્વીર્યતાની આ બેહોશીમાંથી આપણને જાગૃત કરો!

## ચરિત્રકીર્તન

દેશપરદેશના જે અનેક ‘સરસ માણસો’ના પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં ઉમાશંકર જોશી આવેલા, તેમનાં શબ્દાંકનો તેમણે ‘હૃદયમાં પડેલી છબીઓ’ (ભાગ ૧-૨) તથા ‘ઇસામુ શિદા અને અન્ય’ જેવાં પુસ્તકોમાં આપેલાં છે. ‘સર્જકપ્રતિભા’ (૧-૨) નામના એમના મરણોત્તર

પ્રકાશનમાં તથા બીજાં પુસ્તકોમાંથી પણ એ જાતની સામગ્રી મળે છે.

'મિલાપ' માસિક (૧૯૫૦-૧૯૭૮)ના અંકોમાં એવા 'સરસ માણસો' વિશેના ચરિત્રલેખો, રેખાચિત્રો, જીવનપ્રસંગો રજૂ કરવાની તક મને મળેલી. વિવિધ લેખકોને હાથે આલેખાયેલાં એવાં શબ્દાંકનો અનેક સામયિકો કે પુસ્તકોમાંથી વીણીવીણીને ટૂંકાવેલા કે અનુવાદિત સ્વરૂપે 'મિલાપ'માં પ્રગટ થતાં રહેતાં. "ઉત્તમ પૂજ્યોને જ વીરપૂજાના અર્ઘ્ય આપવામાં આવે," એવા ઉમાશંકરભાઈના શબ્દો ધ્યાનમાં રાખવા યથામતિ પ્રયત્ન કર્યો હતો.

'મિલાપ'નું પ્રકાશન બંધ થયું પછી, તેમાં રજૂ થતાં તેવાં કેટલાંક લખાણો ચાલુ સામયિકો-પુસ્તકોમાંથી ચૂંટીને રસિકો સમક્ષ વાંચી સંભળાવવાની હોંશ મને થઈ. કુટુંબો ને સંસ્થાઓમાં જઈ, નાનામોટા સમૂહો સામે વિવિધ રસનાં લખાણોનું પઠન કરવાની વાચનયાત્રા થોડાં વરસોથી ચાલે છે, તેમાં મને વધુ પ્રિય રહ્યા છે ચરિત્રકીર્તન પ્રકારનાં.

ઉપર કહી તેવી ત્રિવિધ સામગ્રી નવેસર તપાસી, તેને શક્ય તેટલી વધુ સંક્ષિપ્ત કરીને એકવીસમી સદીના નવા વાચકો માટે ગ્રંથસ્થ કરવાની ઉમેદ રહ્યા કરી છે.

## કલિયુગમાં ઋષિ-પરંપરા

અમદાવાદ શહેરમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને મહાત્મા ગાંધીએ એક ઋષિકર્મ કરેલું. તે પછી ઘણાં વરસે સૌરાષ્ટ્રના સણોસરા નામના ગામડામાં લોકભારતી વિદ્યાપીઠ સ્થાપીને, પોતાને "મહેતાજી" તરીકે ઓળખાવનાર નાનાભાઈ ભટ્ટે પણ એવું ઋષિકર્મ કર્યું હતું. તેમના અવસાન પછી મનુભાઈ પંચોળી અને બીજા સાથીઓએ મળીને લોકભારતી સંસ્થાનો વિકાસ ચાલુ રાખ્યો.

આફ્રિકામાં વસતા એક ગુજરાતી કુટુંબની કન્યા મૃદુલા એ લોકભારતીમાં અભ્યાસ કરવા આવી. પોતાની નિર્મળ તેજસ્વિતા અને

ભક્તિને કારણે તે મનુભાઈ જેવા ગુરુની એક પ્રિય શિષ્યા બની. આગળ જતાં નાનાભાઈ ભટ્ટે મણારમાં સ્થાપેલી લોકશાળામાં મૃદુલાબહેન શિક્ષિકા બન્યાં. દરમિયાન રવિશંકર મહારાજના સમાગમમાં આવીને એમનું વાત્સલ્ય પામ્યાં. અમદાવાદમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી પાસે થોડો વખત રહેવાનું સદ્ભાગ્ય પણ તેમને સાંપડ્યું. તે દિવસોમાં અમેરિકાના મહાન હબસી વૈજ્ઞાનિક જ્યોર્જ વોશિંગ્ટન કાર્વરની જીવનકથા તેમણે પંડિતજીને અંગ્રેજીમાં વાંચી સંભળાવેલી. ત્યારે સુખલાલજીના મુખેથી શબ્દો નીકળેલા કે, આ કથામૃત ગુજરાતીમાં પણ વહાવી શકાય તો કેવું સારું! કાર્વરના સંતજીવનથી પ્રભાવિત થયેલાં મૃદુલાબહેનના અંતરમાં તો એ અભિલાષા હતી જ. પછી મનુભાઈને તેમણે આ વાત કરી ત્યારે જાણવા મળ્યું કે લોકભારતીની સ્થાપના પાછળ રહેલું ગુપ્ત પ્રેરક બળ હતું અમેરિકાના બે હબસી મહાપુરુષોનું જીવન: તેમાંના એક ટસ્કેજી નામની વિખ્યાત હબસી વિદ્યાપીઠના સ્થાપક બુકર ટી. વોશિંગ્ટન અને બીજા તેમના સાથી અને સમર્થ અનુગામી વનસ્પતિ વિજ્ઞાની જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર.

પછી તો હબસીઓના ઋષિ સમા એ કાર્વરને લગતાં જુદાં જુદાં પુસ્તકો મૃદુલાબહેન વાંચતાં ગયાં. સાથોસાથ લોકશાળાના પોતાના વિદ્યાર્થીઓને એ જીવનકથાનું રસાયણ પાતાં ગયાં. એ લાંબા અનુભવને અંતે એમણે લખેલી કાર્વરની જીવનકથા ‘દેવદૂત’ને નામે ૧૯૬૭માં બહાર પડી.

## મહાન મુફલિસ

ચાલીસથી વધુ વરસો સુધી અમેરિકામાં સતત ફિલ્મોનું નિર્માણ કરનાર જગતના એક મહાન કલાકાર ચાર્લી ચેપલિનનો જન્મ ૧૮૮૯માં ઇંગ્લંડમાં થયેલો. તેનાં ગરીબ માતાપિતા બેઉ નાટક કંપનીમાં કામ કરતાં હતાં, તેમાં માતા અધઘેલી જેવી હતી અને પિતા દારૂડિયા

હતા. લંડનની કંગાલ શેરીઓમાં વિતાવેલા બાળપણે ચાર્લીના અંતરમાં દીનદુખિયાં માટે ઊંડી સહાનુભૂતિ પ્રગટાવેલી.

પાંચ જ વરસની વયે પિતાની સાથે તખ્તા પર પગ મૂકનાર ચાર્લીએ તે પછી એક નાટક મંડળી સાથે સાત વરસ લગી ઇંગ્લંડ, યુરોપ અને અમેરિકાની સફર કરી. એક અભિનેતા તરીકેની નામના એણે મેળવી તેને પરિણામે કીસ્ટોન નામની અમેરિકન ફિલ્મ કંપનીમાં એને ૧૯૧૩માં નોકરી મળી ગઈ-અઠવાડિયાના દોઢસો ડોલરના પગારથી.

પહેલી ફિલ્મમાં તો દિગ્દર્શકે આપ્યો તેવો વેશ તેણે ધારણ કરેલો, પણ બીજી જ ફિલ્મથી એક મુફલિસ તરીકેનો પોતાનો જગમશહૂર પહેરવેશ ચેપલિને ઉપજાવી કાઢેલો —સાવ ટૂંકા જાકીટ હેઠળ લાંબું ને કોથળા જેવું પાટલુન ને મોટાંમસ પગરખાં પહેરેલું, ઝીણી ઝીણી મૂછો ને હાથમાં નેતરની સોટી વાળું.

કીસ્ટોનના સ્ટુડિયોમાં હાસ્યરસની ૩૫ ફિલ્મો ચેપલિને બનાવી, તે બધી મૂંગી અને ૧૦-૧૦ મિનિટ ચાલનારી હતી, પણ તે જમાનાની બીજી કોમેડીઓના કરતાં તેમાં કલા અને સંયમનું તત્ત્વ વધુ ને વધુ પ્રમાણમાં જોવા મળતું ગયું. એ ફિલ્મોની સફળતા જોઈને બે જ વરસમાં હોલીવુડની બીજી એક કંપનીએ ચેપલિનને અઠવાડિયાના ૧૫૦ને બદલે સીધા ૧૨૫૦ ડોલરના પગારથી રોકી લીધા. ત્યાં ૧૯૧૫ના એક જ વરસમાં ૧૪ ફિલ્મો ઉતારી અને પછીને વરસે ત્રીજી એક ફિલ્મ કંપનીએ એને રોકી લીધા —વરસે પોણા સાતલાખ ડોલરના પગારથી! એ રીતે, હોલીવુડમાં આવ્યા પછી ચેપલિનની આવક દર વરસે લગભગ દસ ગણી થતી જતી હતી. સિનેમાના સામાન્ય પ્રેક્ષકો ઉપરાંત વિશિષ્ટ જનો તથા ફિલ્મ-વિવેચકોને હાથે એમનાં ચિત્રોની કદર હવે થવા લાગી. ૧૯૧૮માં ફર્સ્ટ નેશનલ નામની કંપનીએ બાર મહિને આઠ ફિલ્મ ઉતારવાનો કરાર કરીને વરસે દસ લાખ ડોલરના પગારથી ચેપલિનને રોકી લીધા.

ત્યાં સુધીમાં તો ફિલ્મી દુનિયામાં એટલા બધા નકલી ચેપલિનો નીકળી પડ્યા કે પછી પોતાની દરેક ફિલ્મના આરંભમાં ચાર્લી ચેપલિનને

પોતાની સહી સાથે એવી જાહેરાત પરદા પર રજૂ કરવી પડી કે એ હસ્તાક્ષર સિવાયની બીજી કોઈ ફિલ્મ અસલી ચેપલિનની નથી.

'વન એ. એમ.' (મધરાત પછી એક વાગ્યે) નામની એકપાત્રીય ફિલ્મ ચેપલિને ૧૯૧૬માં ઉતારી ત્યારથી મહાન ચલચિત્રોની તેમની પરંપરાનો આરંભ થઈ ગયો, અને પરદા પરના હાસ્ય-ફુવારાના ભીતરમાં લાગણીની કરુણાની ઝાંય પ્રેક્ષકોની નજરે ચડવા લાગી. રણમોરચા પરની ખાઈઓમાં રહીને લડતા સૈનિકોના જીવનની ભયાનકતાઓને હાસ્યનો અંચળો પહેરાવીને રજૂ કરતી 'શોલ્ડર આર્મ્સ' એમણે ૧૯૧૮માં તૈયાર કરી તે, એ જ વરસે પૂરા થયેલા પ્રથમ વિશ્વયુદ્ધ વિશેની સહુથી મહાન ફિલ્મો પૈકીની એક હજી પણ ગણાય છે.

૧૯૨૦માં 'ધ કિડ' નામની પહેલવહેલી લાંબી ફિલ્મ ચેપલિને ઉતારી તે ત્યાર સુધીનું એમનું સૌથી વધુ સફળ સર્જન નીવડ્યું. તેમાં જેકી કૂગન નામના જે બાળ-અભિનેતા પાસેથી એમણે કામ લીધું, તે આગળ જતાં જગવિખ્યાત બન્યો.

સમસ્ત માનવજાતને સ્પર્શી જાય એવું એક તત્ત્વ ચેપલિનની ફિલ્મોમાં હવે સ્પષ્ટ થવા લાગ્યું હતું. ૧૯૨૧માં એ યુરોપની મુલાકાતે ગયા ત્યારે સામાન્યજનો ને મહાજનો, સહુ કોઈનો એકસરખો ઉષ્માભરેલો આવકાર એમને ઠેરઠેર સાંપડ્યો.

એ જમાનાના બીજા કેટલાક નામાંકિત ફિલ્મ-કલાકારો સાથે મળીને ચેપલિને ૧૯૧૯માં 'યુનાઇટેડ આર્ટિસ્ટ્સ' નામની સ્વતંત્ર કંપનીની સ્થાપના કરી. તેના નેજા હેઠળ બનાવેલી 'ગોલ્ડ રશ' (૧૯૨૫), 'સર્કસ' (૧૯૨૮) અને 'સિટી લાઇટ્સ' (૧૯૩૧) નામની ત્રણ ફિલ્મોમાં ચેપલિનની કલા તેના શિખરે પહોંચી... ૧૯૩૦ સુધીમાં તો વિજ્ઞાને બોલતી ફિલ્મો શક્ય બનાવી દીધી હતી, છતાં 'સિટી લાઇટ્સ'માં ચેપલિને માત્ર સંગીત અને ધ્વનિનો ઉપયોગ કર્યો હતો ને તેનાં પાત્રો તો અગાઉની ફિલ્મોની જેમ મૂંગાં જ રહેલાં.

આખરે પરદા પરના ચેપલિનના મુખમાંથી શબ્દો નીકળ્યા

પહેલવહેલા ૧૯૩૬માં ‘મોડર્ન ટાઇમ્સ’ નામની ફિલ્મમાં, પણ તેય એક અસ્પષ્ટ રીતે ગણગણાયેલા ગીત રૂપે. રીતસરના સંવાદો ચેપલિનની ફિલ્મમાં પહેલવહેલા સાંભળવા મળ્યા છેક ૧૯૪૦માં ‘ગ્રેટ ડિક્ટેટર’ નામની ફિલ્મમાં. તે પછી આધુનિક ઔદ્યોગિક અને શહેરી સમાજ પરના કટાક્ષરૂપે ચેપલિનની ફિલસૂફી વ્યક્ત થઈ ‘મોડર્ન ટાઇમ્સ’માં.

માનવ ઇતિહાસના મહાન સિતમગરો પૈકીના એક હિટલર પર કટાક્ષના ચાબખા ફટકારનારી ફિલ્મ ‘ગ્રેટ ડિક્ટેટર’માં ચેપલિન બેવડી ભૂમિકા ભજવે છે: ખુદ એ સરમુખત્યારની તથા દેખાવમાં એના જેવા જ લાગતા એક યહૂદી હજામની. તે પછી પેલા મહાન મુફલિસનું પાત્ર ચેપલિનની ફિલ્મોમાંથી વિદાય લે છે. વાણીના કરતાં અનેકગણી વધુ ચોટદાર અભિવ્યક્તિ માત્ર મૂંગા હાવભાવ મારફત કરી શકનાર મુફલિસનું પાત્ર બોલતી ફિલ્મોના યુગમાં કોળી શક્યું નહીં. અને ચેપલિનની સફળતા ને સિદ્ધિ પણ હવે કરમાવા લાગી.

મુફલિસના પાત્ર વગરની હવેની ફિલ્મોએ ચેપલિનના ચાહક પ્રેક્ષકોને નિરાશ કર્યા, તેમ જ વિવેચકોને તેમાંનો આદર્શવાદ બહુ બોલકો લાગવા માંડ્યો. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકામાં સામ્યવાદ-વિરોધી એક મોટો જુવાળ આવ્યો તે ભલભલા પ્રગતિશીલોને બદનામીના ઘોડાપૂરમાં તાણી ગયો. સોવિયેત સંઘ સાથે મૈત્રીની હિમાયત કરનાર ચેપલિન જેવા ભડવીરને પણ અમેરિકા છોડવાની નોબત આવી. તે પછીનાં વીસ વરસ એમણે યુરોપમાં ગાળ્યાં તે દરમિયાન બે જ ફિલ્મો બનાવી, એ પ્રમાણમાં અસફળ નીવડી.

અંતે, ચેપલિન જેવા મહાન કલાકારને પોતે કરેલા અન્યાયનું કાંઈક પ્રાયશ્ચિત્ત અમેરિકાએ ૧૯૭૨માં કર્યું. તે વરસે, ઉત્તમ ચલચિત્ર કલા માટેના મશહૂર ‘ઓસ્કાર’ પારિતોષિકો આપવાના ભવ્ય વાર્ષિક સમારંભમાં ચેપલિનનું અત્યંત ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું.

૧૯૭૭માં, ૮૮ વરસની વયે એમનું અવસાન થયું ત્યારે, સમસ્ત માનવજાતને વધુમાં વધુ હસાવનાર વ્યક્તિ તરીકે ચાર્લી ચેપલિનનું નામ ઇતિહાસમાં અંકિત થઈ ચૂક્યું હતું.

# ગાંધી-હૃદયમાં પડેલી છબીઓ

ઉમાશંકર જોશીનું સ્મરણ કરતાં જ એમનું કવિ-સ્વરૂપ ચિત્ત સમક્ષ આવે. કવિતા એમને કદાચ સહજ હતી. પણ ગદ્યને એમણે આહ્‌વાનરૂપ વસ્તુ ગણી હતી. દેશપરદેશની, પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવેલી, વિશિષ્ટ વ્યક્તિઓ વિશેનાં કેટલાંક અવિસ્મરણીય શબ્દાંકનો એમની પાસેથી આપણને મળેલાં છે. તે આલેખતી વખતે એમને સતત અનુભવ થયા કરેલો કે શબ્દોથી ચિત્રની રેખાઓ ઉપસાવવી, એ કેટલું વસમું અને આહ્‌લાદજનક છે. કવિએ કરેલાં આવાં શબ્દાંકનો પુસ્તકરૂપે ‘હૃદયમાં પડેલી છબીઓ’ના બે ભાગ રૂપે પ્રગટ થયેલા છે. ચરિત્રસંકીર્તનના ત્રીજા ભાગનું નામ છે ‘ઈસામુ શિદા અને અન્ય.’ ત્રણેયમાં મળીને નાનાંમોટાં ૧૮૮ શબ્દાંકનો છે.

ગાંધીજી જેવા કઠોર વ્રતધારીએ લખ્યું છે કે, “એકલાં વ્રતો પાળ્યે પાર નથી ઊતરી શકાતું. સતત કીર્તન ચાલે ત્યારે વ્રતો ફળે. સારાં સારાં જીવનચરિત્રો આપણે વાંચતા રહીએ તો બળ મળે.”

૧૮૬૯માં ગાંધીજી આ જગતમાં આવ્યા અને લગભગ પળેપળના કર્મયોગથી ભરેલા ૨૮,૦૦૦ જેટલા દિવસ અહીં ગાળી, પોતાના તપોમય જીવન અને અમીભરી વાણીથી ખંડેખંડમાં કરોડો માનવીઓનાં જીવન પર અનેરો પ્રભાવ પાડી, ૧૯૪૮માં સ્વર્ગે સિધાવ્યા.

આવા એ મહાપુરુષના પોતાના હૃદયમાં કેવાં કેવાં નર-નારીઓની છબીઓ પડેલી હશે તેની તારવણી ‘અક્ષરદેહ’ના એંશી જેટલા ખંડોમાંથી કોઈ કરે, તો ઘણા મોટા વાચક-સમુદાયને તેમાં રસ પડે અને બળ મળે. પણ અત્યારે ગાંધીજીની ‘આત્મકથા’માં છૂટીછવાઈ પડેલી એવી કેટલીક છબીઓ પર આપણે નજર નાખીએ.

*

બાળકને જગતમાં પ્રથમ પરિચય માતાનો થાય. એવાં માતા પૂતળીબાઈનું ચિત્ર ગાંધીજીએ બે વાક્યમાં આપ્યું છે: “માતા સાધ્વી સ્ત્રી હતી. તે બહુ ભાવિક હતી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને

લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે.”

કરમચંદ ગાંધી વિશે એ કહે છે: “પિતા કુટુંબપ્રેમી. સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિશે આસક્ત પણ હશે. પિતાની કેળવણી કેવળ અનુભવની હતી. આમ છતાં વ્યવહારુ જ્ઞાન એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજારો માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી.”

બાળક મોહન ઉપર પ્રભાવ પાડનારી કદાચ ત્રીજી જ વ્યક્તિ રંભાબાઈ નામનાં એનાં દાઈ જોવા મળે છે. મોહન ભૂતપ્રેતથી ડરતો. તેનું ઔષધ રામનામ છે, એમ રંભાએ સમજાવ્યું. મોહનને તો રામનામ કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી. પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ જીવનભર ગાંધીજી સારું અમોઘ શક્તિ બની રહ્યું, તેનું કારણ રંભાબાઈએ રોપેલું એ બીજ હતું.

તેર વર્ષના મોહનનાં કસ્તૂરબાઈ સાથે લગ્ન થયાં. ૧૯૪૩માં કસ્તૂરબાનું કારાવાસમાં અવસાન થયું ત્યાં સુધીમાં સાઠ વરસના બા-બાપુના ઘરસંસાર વિશે એક સ્વતંત્ર લેખ તૈયાર થાય તેમ છે.

લગ્ન થયાં ત્યારે હાઈસ્કૂલમાં ભણતા મોહનને અંગત મિત્રો થોડા જ હતા. એવા એક મિત્રનું નામ આપ્યા વિના તેની સાથેના ઘણાં વર્ષોના સંગના પ્રસંગો ગાંધીજીએ ‘આત્મકથા’માં વિસ્તારથી આપેલા છે. માંસાહાર અને વ્યભિચારને આરે એમને પહોંચાડનાર એ મિત્રના કેટલાક દોષો ત્યારે પણ એ જોઈ શકતા હતા. પણ પોતાનો તેની સાથેનો સંબંધ કેવળ તેને સુધારવાને ખાતર છે, એમ માનતા હતા. એમની એ ગણતરી બરાબર નહોતી, એમ તે પાછળથી જોઈ શક્યા. એમને ત્યારે સમજાયું કે સુધારો કરવા સારુ પણ માણસે ઊંડા પાણીમાં ઊતરવું નહીં જોઈએ. અંતે ગાંધીજી એવા અભિપ્રાય પર આવ્યા કે અંગત મિત્રતા અનિષ્ટ છે, કેમકે મનુષ્ય દોષને ઝટ ગ્રહણ કરે છે. જેને આત્માની, ઈશ્વરની મિત્રતા જોઈએ છે તેણે એકાકી રહેવું ઘટે છે.

*

બેરિસ્ટર બનવા ઇંગ્લંડ ગયેલા ગાંધીજી ત્યાં હતા તે અરસામાં

નારાયણ હેમચંદ્ર પણ ત્યાં આવેલા. લેખક તરીકે તેમનું નામ ગાંધીજીએ સાંભળેલું. એક અંગ્રેજ મહિલાને ત્યાં એમની ઓળખાણ થઈ. નારાયણ હેમચંદ્રને અંગ્રેજી નહોતું આવડતું. તેમનો પોષાક વિચિત્ર હતો. બધા ફૂલફટાક લોકો વચ્ચે એ નોખા પડી જતા. એમને અંગ્રેજી શીખવું હતું, તેમાં ગાંધીજીએ મદદ કરી. બેઉની વચ્ચે ભારે સ્નેહગાંઠ બંધાઈ. નારાયણ હેમચંદ્રને વ્યાકરણ ન આવડે તેની શરમ પણ નહોતી.

"મને મારા વિચારો જણાવવામાં વ્યાકરણની જરૂર નથી જણાઈ. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકોનો તરજુમો તો ગુજરાતી પ્રજાને મેં જ આપ્યો છે ના? મારે તો ઘણી ભાષાઓમાંથી ગુજરાતી તરજુમા આપવા છે. ભાવાર્થ આપું એટલે મને સંતોષ થાય. મારી પછી બીજાઓ ભલે વધારે આપે. હું તો વગર વ્યાકરણે મરાઠી જાણું, હિંદી જાણું ને હવે અંગ્રેજી જાણતો થવા લાગ્યો. મારે તો શબ્દભંડાર જોઈએ. મારે ફ્રાંસ જવું છે ને ફ્રેંચ પણ શીખી લેવું છે. બનશે તો જર્મની જઈશ ને જર્મન પણ શીખી લઈશ."

ભાષાઓ જાણવા ને મુસાફરી કરવાનો તેમનો લોભ અપાર હતો. પણ નારાયણ હેમચંદ્રની સાદાઈ તો તેમની પોતાની જ હતી. તેમની નિખાલસતા પણ તેટલી જ. અભિમાનનું નામ નહોતું.

*

ઇંગ્લંડમાં બેરિસ્ટર બન્યા ને ત્રીજે જ દિવસે ગાંધીજી સ્વદેશ તરફ પાછા વળ્યા. મુંબઈ ઊતર્યા ત્યાં કવિ રાયચંદ અથવા રાજચંદ્રની ઓળખાણ થઈ. તેમની ઉંમર તે વેળા પચીશ વર્ષ ઉપરની નહોતી. છતાં તે ચારિત્રવાન અને જ્ઞાની હતા, એ તો ગાંધીજી પહેલી જ મુલાકાતે જોઈ શક્યા. તે શતાવધાની ગણાતા હતા. એ શક્તિની ગાંધીજીને અદેખાઈ થઈ, પણ જેના ઉપર એ મુગ્ધ થયા તે વસ્તુનો પરિચય એમને પાછળથી થયો. એ હતું એમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર અને આત્મદર્શન કરવાની તેમની ભારે ધગશ. પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ-

હરિદર્શન હતો. તેમના અતિ નિકટના સંબંધમાં ગાંધીજી રહ્યા. જ્યારે એ તેમની દુકાને પહોંચે ત્યારે ગાંધીજી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાત જ ન કરે. ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં ત્યાર પછી ગાંધીજી આવ્યા. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન એમણે કર્યો, પણ જે છાપ એમની ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ ન પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો એમને સોંસરાં ઊતરી જતાં. પોતાની આધ્યાત્મિક ભીડમાં ગાંધીજી તેમનો આશ્રય લેતા.

રાયચંદભાઈને વિશે એમનો આટલો આદર છતાં તેમને ગાંધીજી પોતાના ધર્મગુરુ તરીકે હૃદયમાં સ્થાન ન આપી શક્યા. એમની એ શોધ કદાચ છેવટ લગી ચાલુ રહી. હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને ગાંધીજી માનનારા હતા. ગુરુ વિના જ્ઞાન ન હોય, એ વાક્યને તેઓ ઘણે અંશે સાચું માનતા. પણ કહેતા કે ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય. એટલે, જોકે રાયચંદભાઈને ગાંધીજી પોતાના હૃદયના સ્વામી ન બનાવી શક્યા, તોપણ પોતાના જીવન ઉપર ઊંડી છાપ પાડનાર ત્રણ આધુનિક મનુષ્યોમાં તેમની ગણના એમણે કરી છે. રાયચંદભાઈએ એમના જીવંત સંસર્ગથી, ટોલ્સટોયે તેમના ‘વૈકુંઠ તારા હૃદયમાં છે’ નામના પુસ્તકથી ને રસ્કિને ‘અન ટુ ધિસ લાસ્ટ’ નામના પુસ્તકથી એમને ચકિત કર્યા હતા.

*

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે વકીલાત સાથે જાહેર કામ કરતા. જોહાનિસબર્ગમાં એમની ઓફિસમાં એક શોર્ટહેન્ડ લખનાર અને ટાઇપ કરનારની જરૂર હતી. મિસ સ્લેશિન નામની સત્તર વર્ષની બહેન તેમની પાસે આવી. તે કંઈ નોકરી કરવા નહોતી આવી. તેને તો અનુભવો મેળવવા હતા. તેના હાડમાં ક્યાંય રંગદ્વેશ નહોતો જ, નહીંતર દક્ષિણ આફ્રિકામાં ‘કાળા’ માણસને ત્યાં ગોરાં તે નોકરી કરે? આ બહેનનું અંગ્રેજી જ્ઞાન ગાંધીજી જેવાએ પણ પોતાના કરતાં ઊંચા પ્રકારનું માન્યું હતું તેથી, ને તેની વફાદારી ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી, તેણે ટાઇપ કરેલા ઘણા કાગળોમાં ગાંધીજી ફરી તપાસ્યા

વિના સહી કરતા.

મિસ સ્લેશિનની ત્યાગવૃત્તિનો પાર નહોતો. તેણે ગાંધીજી પાસેથી ઘણા કાળ લગી તો દર માસે છ જ પાઉન્ડ લીધા. (અગાઉનાં એક બહેન સાડા સત્તર લેતાં.) ને છેવટ લગી દસ પાઉન્ડ કરતાં વધારે લેવાની તેણે ચોખ્ખી ના જ પાડી. ગાંધીજી જો વધારે લેવાનું કહેતા તો તેમને ધમકાવતી: “હું કંઈ પગાર લેવા નથી રહી. મને તો તમારી સાથે કામ કરવું ગમે છે ને તમારા આદર્શો ગમે છે તેથી રહી છું.”

તેની ત્યાગવૃત્તિ જેવી તીવ્ર હતી તેવી જ તેની હિંમત હતી. સ્ફટિકમણિ જેટલી પવિત્રતાવાળી અને ક્ષત્રીને અંજાવે એવી વીરતાવાળી જે બહેનોને મળવાનું સદ્ભાગ્ય ગાંધીજીને પ્રાપ્ત થયું હતું, તેમાંની એક એ બાળા હતી. તેનો અનુભવ એમને સારુ હંમેશાં પુણ્યસ્મરણ બની રહ્યો. તેણે કામ કરવાનો રાતનો કે દિવસનો ભેદ નહોતો જાણ્યો. તે અધરાત મધરાત એકલી ગમે ત્યાં જવાનું હોય તોયે ચાલી જાય, ને ગાંધીજી જો કોઈને તેની સાથે મોકલવા ધારે તો તેમની સામે રાતી આંખ કરે. દાઢીવાળા હજારો હિંદીઓ પણ તેને માનની નજરથી જોતા ને તેનું વચન ઝીલતા. ગાંધીજી અને બધા સાથીઓ જેલમાં ગયા, જવાબદાર પુરુષ ભાગ્યે કોઈ બહાર હતો, ત્યારે તે એકલી આખી લડતને સંભાળી રહી હતી. લાખોના હિસાબ તેના હાથમાં, બધો પત્રવ્યવહાર તેના હાથમાં, ને ‘ઇન્ડિયન ઓપીનિયન’ પણ તેના હાથમાં, એવી સ્થિતિ હતી. પણ તેને થાક નહોતો લાગ્યો.

આ બધું જણાવ્યા પછી ગાંધીજી કહે છે કે: “મિસ સ્લેશિનને વિશે લખતાં હું થાકું તેમ નથી.” પણ અંતે ગોખલેનું પ્રમાણપત્ર ટાંકીને તેઓ અટકે છે. ગોપાલ કૃષ્ણ ગોખલે આફ્રિકા આવ્યા ત્યારે ગાંધીજીના બધા સાથીઓનો પરિચય કર્યો હતો. તેમને બધાંના ચારિત્રના આંક મૂકવાનો શોખ હતો. બધાં હિંદી ને યુરોપિયન સાથીઓમાં મિસ સ્લેશિનને તેમણે પ્રધાનપદ આપ્યું હતું. “આટલો ત્યાગ, આટલી પવિત્રતા, આટલી નિર્ભયતા અને આટલી કુશલતા મેં થોડામાં જોઈ છે. મારી નજરે તો મિસ સ્લેશિન તારા સાથીમાં પ્રથમપદ ભોગવે છે.”

*

દક્ષિણ આફ્રિકામાં ત્રણ વરસ રહ્યા પછી ૧૮૯૬માં ગાંધીજી દેશની મુલાકાતે આવેલા. દક્ષિણ આફ્રિકાના હિંદીઓની લડત અંગે મુખ્ય શહેરોમાં ફરીને લોકમત કેળવવાનો ઇરાદો હતો. તેને અંગે મુંબઈમાં ફીરોજશા મહેતાને એ મળ્યા. 'મુંબઈના સિંહ', 'મુંબઈના બાદશાહ'થી અંજાવાને તો ગાંધીજી તૈયાર હતા જ. પણ 'બાદશાહે' એમને ડરાવ્યા નહીં. વડીલ જે પ્રેમથી પોતાના દીકરાને મળે તેમ તે મળ્યા.

મુંબઈથી ગાંધીજી પુણે ગયા, ત્યાં લોકમાન્ય ટિળકને મળ્યા. પ્રથમ દર્શને જ લોકમાન્યની લોકપ્રિયતાનું કારણ એ તરત સમજી શક્યા.

ત્યાંથી એ ગોખલે પાસે ગયા, તે ફરગ્યુસન કોલેજમાં હતા. ખૂબ પ્રેમથી ગાંધીજીને ભેટ્યા ને પોતાના કરી લીધા. ફીરોજશા મહેતા ગાંધીજીને હિમાલય જેવા લાગ્યા. લોકમાન્ય સમુદ્ર જેવા લાગ્યા. ગોખલે ગંગા જેવા લાગ્યા. તેમાં પોતે નાહી શકે. હિમાલય ચડાય નહીં. સમુદ્રમાં ડૂબવાનો ભય રહે, ગંગાની ગોદમાં રમાય. રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં જે સ્થાન ગોખલેએ જીવતાં ગાંધીજીના હૃદયમાં ભોગવ્યું ને દેહાંત થયા પછી પણ ભોગવતા રહ્યા, તે કોઈ ભોગવી શક્યું નથી.

દક્ષિણ આફ્રિકાના કામને અંગે ગાંધીજી કલકત્તામાં એક મહિનો રહેલા. ત્યારે ગોખલેએ ગાંધીજીને પોતાની સાથે રહેવા આમંત્રણ આપ્યું. પહેલે જ દહાડેથી ગોખલેએ ગાંધીજીને એ મહેમાન છે એવું ન ગણવા દીધું. પોતાના સગા નાના ભાઈ હોય એમ રાખ્યા. એમની હાજતો જાણી લીધી ને તેને અનુકૂળ થવાની તજવીજ કરી. સારે નસીબે ગાંધીજીની હાજતો થોડી હતી. બધું જાતે કરી લેવાની ટેવ એમણે કેળવેલી હતી. તેમની આ ટેવની, તેમની તે કાળની પોષાક વગેરેની સુઘડતાની, તેમના ઉદ્યમની, ને તેમની નિયમિતતાની ગોખલે ઉપર ઊંડી છાપ પડી, ને તેની ગાંધીજી અકળાય એટલી સ્તુતિ કરવા લાગ્યા.

ગોખલેની કામ કરવાની પદ્ધતિથી ગાંધીજીને જેટલો આનંદ થયો તેટલું જ શીખવાનું મળ્યું. તેઓ પોતાની એક પણ ક્ષણ નકામી ન જવા દેતા. તેમના બધા સંબંધો દેશકાર્યને અંગે જ હતા. બધી વાતો

પણ દેશકાર્યને ખાતર. વાતોમાં ગાંધીજીએ ક્યાંય મલિનતા, દંભ કે જૂઠ ન જોયાં. હિંદુસ્તાનની કંગાલિયત અને પરાધીનતા તેમને પ્રતિક્ષણ ખૂંચતી. અનેક માણસો તેમને અનેક બાબતોમાં રસ લેવડાવવા આવે. તેમને ગોખલે એક જ જવાબ દેતા: “તમે એ કામ કરો. મને મારું કરવા દો. મારે તો દેશની સ્વાધીનતા મેળવવી છે. તે મળ્યા પછી મને બીજું સૂઝશે. અત્યારે તો એ વ્યવસાયમાંથી મારી પાસે એક ક્ષણ પણ રહેતી નથી.”

*

આવાં શબ્દાંકનો તે તે વિશિષ્ટ વ્યક્તિની ને સમગ્ર જમાનાની તસવીર ઓળખવામાં કાંઈક અંશે ઉપકારક નીવડશે એવી આશા રાખતાં ઉમાશંકર જોશીએ કહેલું કે: “પ્રજાની વીરપૂજાની ભાવનાને જાગ્રત કરી, તેની કાર્યશીલતાને એક વધુ વળ આપવાનું પૂર્વજોના નામસંકીર્તનથી વધારે સુકર બને છે. પણ પ્રજામાં વીરપૂજાની ભાવના કેળવવી જ હોય તો ધ્યાનમાં રાખવું જોઈએ કે ઉત્તમોત્તમ પૂજ્યોને જ વીરપૂજાના અર્ઘ્ય અર્પવામાં આવે. જે પ્રજા સાચા પૂજાર્હોને ઓળખી શકતી નથી, તે ક્રમેક્રમે પૂજ્ય પુરુષોને પેદા કરવાની શક્તિ પણ ગુમાવી બેસે છે. પ્રથમ કક્ષાનાઓને પડતા મૂકી, ઊતરતી કક્ષાના ઠિંગુજીઓને જે પ્રજા પૂજે તે પોતાના આદર્શોને પણ એ ધોરણ પર લાવી મૂકે છે.”

['પરબ' માસિક: ૧૯૯૦]

## ગાંધીજીએ ઘડેલ ઉત્તમોત્તમ વ્યક્તિ

“જેને મારા સર્વસ્વના વારસ તરીકે મેં ચૂંટી કાઢ્યો હતો, તે ચાલ્યો ગયો. મારામાં જો ઈશ્વર ઉપર જીવતી શ્રદ્ધા ન હોત તો પોતાના પુત્ર કરતાંયે વધારે વહાલો, જેણે મને કોઈ કાળે દગો દીધો નહોતો, જે ઉદ્યોગની મૂતિર્ હતો, વિશ્વાસુ કૂતરાની પેઠે જેણે આશ્રમની આથિર્ક અને આધ્યાત્મિક ચોકીદારી કરી, તેને ખોઈને હું તો ગાંડો થઈને બરાડા પાડતો હોત.”

મહાત્મા ગાંધીએ આ શબ્દો ૧૯૨૮માં જેમના અવસાન પછી લખેલા તે મગનલાલ ગાંધી વિશેની સોએક પાનાંની ચોપડી ‘આશ્રમનો પ્રાણ’માં મગનલાલભાઈનો પરિચય કરાવતાં લખાણો ગાંધીજી ઉપરાંત વિનોબા ભાવે, મહાદેવ દેસાઈ, કાકા કાલેલકર વગેરેનાં પણ છે. ‘મારો સર્વોત્તમ સાથી’ નામના ઉપર ટાંકેલા લેખમાં ગાંધીજી વિશેષમાં કહે છે:

“આશ્રમમાં મારા હાથ, પગ, આંખો બધું મગનલાલ જ હતા. દુનિયાને ક્યાં ખબર છે કે મારું કહેવાતું મહાત્માપણું પવિત્ર, બાહોશ અને એકનિષ્ઠ એવા સાથીઓના મૂક વૈતરાને જ આભારી છે. અને આવા સાથીઓમાં મારે મન સૌથી શ્રેષ્ઠ, પવિત્ર અને ઉત્કૃષ્ઠ તે મગનલાલ હતા.”

પુસ્તકના પ્રવેશક સમા ‘આશ્રમનો પ્રાણ’ નામે બીજા લેખમાં ગાંધીજીએ લખ્યું છે:

“જો કોઈની ને મારી વચ્ચે અભેદ હતો, તો તે મગનલાલ અને મારી વચ્ચે. જો મારામાં કોઈના ગુરુ થવાની લાયકાત હોત, તો હું તેને મારા પ્રથમ શિષ્ય તરીકે ઓળખાવત.

“કોઈ પણ સરદારને મગનલાલ કરતાં વધારે સારો સેવક ન મળે. મારાં સદ્ભાગ્ય એવાં છે કે મને હંમેશાં શ્રદ્ધાવાન, નીતિવાન, બુદ્ધિશાળી અને કાર્યદક્ષ સખા મળ્યા છે. પણ આ બધામાં મગનલાલ સર્વોપરી હતા.

“મગનલાલમાં જ્ઞાન, ભક્તિ અને કર્મની ત્રિવેણી વહેતી હતી. તેમનું જીવન સંન્યાસની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. નિસ્વાર્થ, નિષ્કામ કર્મ એ જ ખરો સંન્યાસ છે, એમ તેમણે ચોવીસ વર્ષ લગી અખંડિત રીતે બતાવી આપ્યું હતું. વિચાર ને આચારની સમાનતા સાધવામાં મગનલાલે ચોવીસે કલાક જાગૃતિ રાખી હતી.

“દેશસેવા, જગતસેવા, આત્મજ્ઞાન, ઈશ્વરદર્શન-એ નોખી વસ્તુઓ નથી, પણ એક જ વસ્તુનાં જુદાં જુદાં સ્વરૂપ છે. આનું દર્શન મગનલાલે કરાવ્યું. જે દેશમાં ધર્મ આમ મૂર્તિમંત થઈ શકે, તે દેશનો જય જ છે.”

*

'પૂજ્ય મગનલાલભાઈ' નામના લેખમાં વિનોબા જેવા ગાંધીજીના બીજા વારસદારે જે અંજલિ આપી છે તે જોઈએ :

"મગનલાલભાઈના જીવનની મારા હૃદય પર થયેલી અસર અક્ષય છે. તેમનો મને હંમેશાં એક જાતનો પાવક ધાક લાગ્યા કરતો. એમના મારા પર અનંત ઉપકારો થયા છે, અને તે કદી ફેડી શકાય એવા નથી.

"મગનલાલભાઈનો સ્વભાવ નાળિયેરના જેવો હતો-ઉપરથી જોતાં કઠોર, પણ અંતર બહુ પ્રેમાળ. આવા બન્યા વિના સાધકના ભુક્કેભુક્કા થઈ જાય. નાળિયેર જો ઉપરથી કઠણ ન હોય, તો જલદી કોહી જાય. બહારના વાતાવરણની પ્રતિકૂળ અસર ન થાય એ સારુ વૈરાગ્યના કઠોર કવચની અત્યંત જરૂર રહે છે, અને એ અંતરમાં પ્રેમ ભરપૂર ભર્યો હોવો જોઈએ. પ્રેમાળ માણસો વૈરાગ્ય વિનાના હોવાથી સંસારમાં તણાઈ ગયા જાણ્યા છે. મંગલ કાર્યોમાં નાળિયેરની પૂજા કરવાનો હિન્દુઓમાં રિવાજ છે. કઠોર વ્રતના કવચથી પ્રેમાળપણું રક્ષાયેલું હોય તો જ મંગલ કાર્યો પાર પડે છે, એ એનું રહસ્ય છે. મગનલાલભાઈનું જીવન મંગલ નીવડ્યાનું કારણ એમનો નાળિયેર જેવો સ્વભાવ.

"પણ આવા મૃદુ-કઠોર સ્વભાવને કારણે ઘણા લોકો સાધકોને વિશે ગેરસમજ કરી લે છે. અને તેથી સાધકોને સહેવું પણ ખૂબ પડે છે. પણ એમાં સાધકોને કશું નુકસાન નથી. ગેરવર્તણૂક સિવાય બીજા કોઈ કારણે થયેલી ગેરસમજ સાધનાના રોપાને ખાતર જેવી પોષક થઈ પડે છે. મગનલાલભાઈને વિશે અનેક લોકોની ગેરસમજૂતી થયેલી. અને તેને પરિણામે તેમણે આત્મપરીક્ષા વધારે ઊંડી કરી.

"સ્વકર્મરૂપ પુષ્પોથી ઈશ્વરની પૂજા કરવાનો 'ગીતા'નો ઉપદેશ મગનલાલભાઈએ આચારમાં ઉતાર્યો હતો. 'ગીતા'ના તેઓ ભક્ત હતા. 'રામાયણ'માં ભરત અને હનુમાન તેમને ખૂબ ગમતા. 'રામાયણ'માં હનુમાનનું જે સ્થાન છે, તે ગાંધીજીના જીવનમાં મગનલાલભાઈનું હતું. તુકારામ મહારાજના અભંગો તેમને બહુ મધુર લાગતા. 'જેથે જાતો તેથેં તૂ માઝા સાંગાતી'-એ અભંગ ગાતા ગાતા તેઓ તલ્લીન થઈ જતા.

"હિંદુસ્તાન એ સંતોની ભૂમિ છે. એ ભૂમિમાં અનાદિકાળથી સંતો પાકતા આવ્યા છે. આજના આપણા પતિત કાળમાં પણ માતાએ હજી પોતાનું બિરુદ છોડ્યું નથી. હજી પણ 'જગાચા કલ્યાણા સંતાંચા વિભૂતિ' તે નિર્માણ કર્યે જાય છે. આવી 'સંતાંચા વિભૂતિ'માં મગનલાલભાઈને ગણવામાં મને જરાયે સંકોચ થતો નથી."

*

'તપસ્વી જીવન' નામના લેખમાં કાકા કાલેલકરે લખ્યું છે :

"આશ્રમમાં જે કંઈ સારું છે તે ગાંધીજીને નહીં, પણ મગનલાલભાઈને આભારી છે; મગનલાલભાઈના સદ્ગુણો ભલે ગાંધીજીને આભારી હોય. શરૂઆતથી આખર સુધી એવા એવા વિચિત્ર લોકોને ગાંધીજીએ આશ્રમમાં ભેગા કર્યા અને એ લોકોએ એવો તો કડવો અનુભવ મગનલાલભાઈને ચખાડ્યો, કે બીજો કોઈ હોત તો ભાગી જ જાત.

"મગનલાલભાઈનો ક્રોધ ઘણા જોતા. પણ એ ક્રોધ પાછળ ચારિત્ર્યની સાત્ત્વિકતા, આશ્રમ પ્રત્યેની નિષ્ઠા અને ઉજ્જ્વળ દેશભક્તિ હતી. ન્યાયાધીશને જેમ અખંડ કડવાં કામો જ કરવાં પડે છે, તેમ આ ચારિત્ર્યશિથિલ અને પ્રમાદી સમાજમાં દેશસેવકને હરક્ષણે કોઈ ને કોઈ માણસને દુભવ્યા વગર છૂટકો નથી થતો. મગનલાલભાઈને હંમેશાં પોતાના જમાના સામે લડવું જ પડ્યું. આધ્યાત્મિક અને દેશસેવાની સંસ્થા ચલાવવી એ કંઈ રમત વાત નથી. ખાંડાની ધારની ઉપમા સાચે જ આવે ઠેકાણે લાગુ પડે છે."

અન્યત્ર કાકાસાહેબે કહ્યું છે કે : "આશ્રમ ચલાવવાની જવાબદારી મગનલાલભાઈને માથે હતી. તેઓ પરિશ્રમી હતા, કર્મનિષ્ઠ પણ હતા. હું કેટલેક અંશે અવ્યવસ્થિત હતો. અમે બંને પોતપોતાના દષ્ટિકોણના અતિઆગ્રહી. તેથી વચમાં વચમાં અમારી વચ્ચે મતભેદ ફૂટી નીકળતો. પણ એમને માટે મારા મનમાં કેટલો પ્રેમ છે, એની કલ્પના મને પણ ન હતી. બિહારમાં એમના મૃત્યુ થયાના ખબર આવ્યા ત્યારે હું ગાંધીજી પાસે ગયો અને એક નાના બાળકની જેમ રડવા લાગ્યો. તે સોમવાર હતો. પણ તે દિવસે હું એટલો રડ્યો કે પોતાનું મૌન તોડીને બાપુજીને

મારું સાંત્વન કરવું પડ્યું.”

‘અધ્યાપક મગનલાલભાઈ’ નામના બીજા લેખમાં કાકાસાહેબ પોતાની પાસે કોક કોક વાર સ્વાર્થની વાતો કરતા મગનલાલભાઈની વાત કહે છે:

“[પુત્ર] કેશુ આદર્શ બ્રહ્મચારી, દેશસેવક બને અને [પુત્રી] રાધાબહેન પણ તેજસ્વી બ્રહ્મચારિણી બની હિન્દુસ્તાનની સ્ત્રીઓના ઉદ્ધારમાં પોતાનું જીવન અર્પણ કરે, એ જ એમની જંદિગીનો એક સ્વાર્થ હતો. આના કરતાં વધારે ઉજ્જ્વળ સ્વાર્થ મનુષ્યજાતિમાં કયા પિતાએ બતાવ્યો છે? કોઈ પણ બાળકે પિતા માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરવી હોય તો તેણે એમ જ કહેવું જોઈએ કે, મગનલાલભાઈ જેવા પિતા અમને મળજો.”

મગનલાલભાઈને આદર્શ વિદ્યાર્થીના રૂપમાં ઓળખાવતાં કાકાસાહેબ

ઉમેરે છે:

“જિજ્ઞાસા, ઉત્સાહ અને સંયમ આ ત્રણેય વસ્તુ વિદ્યાર્થીમાં આવશ્યક છે. દરેક વસ્તુનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા એમનામાં પૂરેપૂરી હતી. મનુષ્યપ્રયત્નને કશું અશક્ય નથી, એ જ એમનો જીવનમંત્ર હતો. આ બંને ગુણો સાથે સંયમ ન હોય, તો વિદ્યાર્થીઓમાં ઊંડાણ ન આવી શકે. જે વસ્તુ જાણવાની પોતાને જરૂર નથી, તેને પણ જરા ચાખી જોવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં હોય છે. મગનલાલભાઈ રસ માટે નહીં, પણ કાર્યને માટે જીવતા. જે વસ્તુની આપણને જરૂર નથી, તેમાં વખત બગાડવો એ એમને ગુના જેવું લાગતું. મગનલાલભાઈએ જાણે અપ્રમાદવ્રત જ લીધું હતું.

“બુદ્ધ ભગવાન કહે છે: ‘અપ્રમાદી લોકો જ અમર છે. પ્રમાદી લોક તો મૂઆ જેવા છે.’ મરણ લગી અપ્રમાદ કેળવી મગનલાલભાઈએ અમૃતપદ મેળવ્યું.”

*

સરદાર વલ્લભભાઈ અમદાવાદમાં ગાંધીજીના આશ્રમમાં આવતા

થયા ત્યારથી જ એમની વિચક્ષણ આંખ મગનલાલભાઈ ઉપર ઠરી હતી. અને મગનલાલભાઈના દેહાંતના ખબર મળતાં એમણે ગાંધીજીને તાર કરેલો કે, “આશ્રમનો પ્રાણ ચાલ્યો ગયો.” પછી ગાંધીજીને એ લખે છે:

“આશ્રમ તો એમણે જ ઊભું કરેલું છે. આપનો બધો જ બોજો એ પોતે ઉઠાવી અથાગ મહેનત કરતા હતા. આપનું તો સૌ માન પણ રાખે, કોઈ વાત ગમે કે ન ગમે તોપણ બધા કબૂલ રાખે, પરંતુ આપની ગેરહાજરીમાં આશ્રમનો બોજો ઉઠાવનારને કાંટાની પથારીમાં સૂવાનું હતું. અને એ તો મગનલાલ જેવા ઉગ્ર તપશ્ચર્યા કરનારનું જ કામ, બીજાનું ગજું નહીં. આશ્રમમાં એમના જેટલું તપ કોઈએ કર્યું નથી, અને આપના સિદ્ધાંતોનો સર્વાંશે અમલ કરવાનો સતત પ્રયત્ન તો એમણે જ કરેલો છે.

“મને લાગે છે કે આપના સાથીઓ બધા અપૂર્ણ છે, અને તેથી હિન્દુસ્તાનમાં આજે આપના સિદ્ધાંતોનો અમલ થતો નથી. એટલે ઈશ્વરની ઇચ્છા જ એવી હશે કે બધા અપૂર્ણ સાથીઓ સાથે, આપે ફરીથી જન્મ લેવો અને દેશનો ઉદ્ધાર કરવો; અને તેની ભૂમિકા તૈયાર કરવાને મગનલાલભાઈને આગળ મોકલ્યા હોય તો કોને ખબર છે?”

*

૧૯૧૬ની સાલમાં મહાદેવભાઈ ગાંધીજીની સેવામાં જોડાયા અને પછી એમના પડછાયા સમા બનીને જીવ્યા, તે કહે છે:

“ગાંધીજીની ઉત્તમોત્તમ કૃતિ આશ્રમ એમ ગાંધીજી અનેક વાર કહે છે; તો ગાંધીજીએ ઘડેલ ઉત્તમોત્તમ વ્યક્તિ મગનલાલભાઈ એમ હું કહું. ‘ગાંધીજીએ ઘડેલ’ એમ કહેવામાં હું મગનલાલભાઈની તપશ્ચર્યાની જરાય ઓછી કિંમત નથી કરતો. સૌ જોઈ શકતા હતા કે મગનલાલભાઈનું જીવન કેટલા પુરુષાર્થ ઉપર ઘડાયેલું હતું. તીવ્ર આત્મપરીક્ષા અને ઉગ્ર પુરુષાર્થ, એ તેમના જીવનના વાણા અને તાણા હતા. ગાંધીજીના સિદ્ધાંતોની સમજ અને પાલનના પ્રયાસમાં ગાંધીજીની બરોબરી કરનાર કોઈને કલ્પી શકીએ તો તે મગનલાલભાઈ હતા. આશ્રમમાં ગાંધીજી

પછી કોઈ વ્યક્તિ પોતાનાં બધાં વર્ષોના ચોવીસે કલાકનો હિસાબ આપી શકે તો તેઓ હતા.

“એમની અસાધારણ જાગૃતિ અને આશ્રમનિષ્ઠાની જ્યોત અખંડ રાખનારી એમની ધાર્મિકતા હતી. એમનું ધાર્મિક સાહિત્યનું વાચન તો અલ્પ હશે, પણ એમનો સત્ય વિશેનો પ્રેમ અને એમની ભક્તિ-એક શબ્દમાં એમની ધાર્મિકતા-મોટા જ્ઞાનીઓને લજવે તેવી હતી. નિત્ય નવા પ્રયોગ કરનાર ગાંધીજીના પ્રતિક્ષણના ભાવોને ઝીલવાની તેમની તત્પરતા, તેમના સિદ્ધાંતોનો અમલ કરવામાં તેમણે વેઠેલાં કષ્ટો, બળાપા અને ત્યાગો-આ બધી સાધના કરી તેઓ ગાંધીજીના અપ્રતિમ ભક્ત બન્યા હતા; પણ તેમની ભક્તિમાં વેવલાપણું નહોતું. ગાંધીજી આશ્રમમાં હોય તોપણ દહાડાના દહાડા સુધી તેમને મળવાની મગનલાલભાઈને ફુરસદ જ ન મળી હોય, એવું બન્યું છે. તેમને ગાંધીજીની પાસે રહી તેમના શરીરની સેવા કરવી નહોતી, તેમને તો તેમના સિદ્ધાંતની, તેમના કાર્યની ઉપાસના કરવી હતી. ‘વણાટશાસ્ત્ર’ના તેમના પુસ્તકના સમાપ્તિના બે બોલ હંમેશને સારુ સ્મરણમાં અંકિત રાખવા જેવા છે:

‘રેંટિયાની સ્થાપનામાં રહેલી ધાર્મિકતા વિશે કંઈ કહેવું, એ આ પુસ્તકનો વિષય નથી. પણ એક લેખકની કવિતાની બે લીટીઓ વિના પ્રયત્ને હજી યાદ રહી ગઈ છે, તે અહીં મૂક્યા વિના રહી શકાતું નથી. તે લેખકનું નામઠામ યાદ નથી, પણ તેની લીટીઓ ભુલાય તેમ નથી:

*મારો વીરો પસલીએ ચીર પૂરતો રે લોલ,*
*તારો રેંટિયો બારે માસ જો.*

એ લીટીઓ યાદ રહી ગઈ છે તેનું કારણ રેંટિયાને કવિએ અદ્વિતીય સ્થાન આપ્યું છે તે છે. બહેનને ભાઈથી વહાલું શું હોય? એવા ભાઈ કરતાં પણ રેંટિયાની અનન્ય વિશેષતા ઉપલી લીટીમાં એ અપ્રખ્યાત કવિએ બતાવી છે. કેવો કોમળ ભાવ એમાં તરી રહે છે! બહેનના ભાઈઓ આપણે સહુ છીએ, અને જો વફાદાર ભાઈ હોવાનો દાવો કરીએ તો રેંટિયાના કાંતેલા સૂતરના વસ્ત્ર સિવાય એકેય વસ્ત્ર

આપણને ખપી શકે ખરું? હિંદુસ્તાનની અસંખ્ય બહેનો ભાઈ વિના ટળવળતી સાંભળીએ છીએ. રેંટિયાનું સૂતર પહેરીને આપણે તેમના પરોક્ષ રીતે ભાઈ બની શકીએ છીએ. દ્રૌપદીને જેવા કૃષ્ણ, તેવો હિંદની ગરીબ બહેનોને રેંટિયો.'

"આ ઉદ્‌ગારો ગાંધીજીના ઘેલા ભક્તના નથી, પણ ગાંધીજીની સેવકાઈ દ્વારા ભારતની સેવા કરનારના છે. એ સેવકાઈની સાધનામય મગનલાલભાઈની જંદિગી હતી. એ સાધનામાં તેમની તોલે આવનાર સેવક કોઈ જાણ્યા નથી."

*

બિહારના પ્રવાસ દરમિયાન મગનલાલભાઈ માંદા પડ્યા અને ત્યાં જ તેમણે દેહ છોડ્યાના સમાચાર આશ્રમમાં આપ્યા, ત્યારે ગાંધીજી તુરત મગનલાલભાઈને ઘેર જઈ બાળકોને સોડમાં લઈ બેઠા, તે પ્રસંગનું વર્ણન પણ મહાદેવભાઈએ આપેલું છે:

"આશ્રમ આખું હાંફળુંફાંફળું વીંટળાઈ વળ્યું. 'બધાંને ભેગાં થવાની જરૂર નથી, જે કામ ચાલે છે તે બંધ પાડવાની જરૂર નથી'-એ આજ્ઞા થઈ. ભડ કર્મવીરના અવસાનનો શોક કર્મ કરીને જ મનાવાય ના! ગાંધીજીએ પ્રાર્થના પછી આશ્વાસન આપ્યું. ચોવીસ ચોવીસ વર્ષના સંબંધ ક્રૂર કાળે તોડ્યા, જંદિગીમાં કદી ન લાગેલો એવો કારી ઘા લાગ્યો, છતાં છાતી કઠણ કરી વિયોગવેદના હળવી કરવાની ખાતર જ જાણે ઉદ્‌ગારો કાઢ્યા: 'હું મીરાંબાઈની જેમ ઝેરના પ્યાલા પી શકું એમ છું, સરપ કોઈ ગળે વીંટાળે તો તે સહન કરી શકું એમ છું, પણ આ વિયોગ એ કરતાં વધારે આકરો છે.'

"આ ઉદ્‌ગારો જાણે ચિરકાલ સુધી સ્મૃતિમાં જાગતા જ રહેશે."

*

૧૯૦૨ની આખરમાં દક્ષિણ આફ્રિકાની ત્રીજી સફરે ગાંધીજી ઊપડ્યા ત્યારે પોતાની સાથે ચાર-પાંચ જુવાનોને લઈ ગયેલા. કુટુંબમાં જેટલા સદાચરણી જુવાનિયા હોય, તેને ચોરી લેવાની ઇચ્છા એમને રહ્યા કરતી. તેમના આદર્શોને વાળવાનો પ્રયત્ન એ કરવાના હતા, અને

તેમાં મગનલાલભાઈને દોરવામાં પોતે બહુ સફળતા પામ્યાનું એમણે ‘આત્મકથા’માં નોંધેલું છે. ૧૯૧૪માં ગાંધીજીએ કાયમ માટે દક્ષિણ આફ્રિકા છોડ્યું, ત્યારે એમને ઇંગ્લંડ થઈને હિંદ જવાનું હતું. પણ ફિનિક્સના આશ્રમવાસીઓની એક ટુકડી મગનલાલભાઈની આગેવાની હેઠળ સીધી હિંદ ગયેલી.

લગભગ એક દાયકા સુધી મગનલાલભાઈએ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની સાથે રહીને જે કામ કર્યું તેનો થોડોક ખ્યાલ એમના ભત્રીજા પ્રભુદાસ ગાંધીએ ‘જીવનનું પરોઢ’ પુસ્તકમાં આપેલો છે. તેનો એક અંશ આ સાથે જ જોઈ લઈએ :

“મારા પિતા અને કાકાના જીવનના કર્ણધાર શરૂથી આખર સુધી એમના મોહનદાસ કાકા રહ્યા અને મારી કેળવણીના પાયા મારા મગનલાલકાકાને હાથે નખાયા.

“બાળવયથી જ મગનકાકા તીખા સ્વભાવના તેમજ હાલતાંચાલતાં કંઈ ને કંઈ નવું તોફાન જગાવનારા તથા કોઈના હાથમાં ઝાલ્યા ન રહે એવા હતા. નિશાળમાંથી આવ્યા પછી મગનકાકા હુતુતુતુ, આંબલીપીપળી વગેરે રમતો રમતા અને પછી રબારીવાડે જઈ શેડકઢું દૂધ પીતા. એમનું શરીર કસાયેલું જોદ્ધા જેવું હતું.

“૧૯૦૧ની આખરમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી આવીને હિંદમાં વકીલાત જમાવવાનો પ્રયાસ કર્યો. ૧૯૦૨ના અંતમાં તેઓ મુંબઈ હતા ત્યારે, અમદાવાદમાં મૅટ્રિકની પરીક્ષા આપીને મગનકાકા એમને મળવા પૂરતા મુંબઈ ગયેલા. બરાબર એ જ વખતે ગાંધીજીને આફ્રિકા પાછા બોલાવતો તાર મળ્યો. અને એમણે મગનકાકાને અણધાર્યું કહ્યું, “ચાલો, મારી સાથે આવતા હો તો લઈ જાઉં.” મગનકાકા તૈયાર થયા, એટલે ગાંધીજીએ રાજકોટ તાર કરીને મારા ખુશાલચંદ દાદાની રજા મેળવી લીધી. એટલે માતાપિતાને મળ્યા વગર જ મગનકાકા ગાંધીજીની સાથે દક્ષિણ આફ્રિકા ઊપડી ગયા. ત્યાં એક કસબામાં એ દુકાનદારી કરતા થયા. થોડા વખત પછી મારા પિતાશ્રી પણ આફ્રિકા ગાંધીજી પાસે પહોંચી ગયા.

"રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચીને ૧૯૦૪માં ગાંધીજીએ ખેડૂતનું શ્રમજીવન ધારણ કરવાનો નિશ્ચય કર્યો, અને ડરબન નજીક ફીનિક્સમાં ૨૫૦ હેક્ટર જેટલી જમીન ખરીદી ત્યાં વસાહત શરૂ કરી. એમનું 'ઇન્ડિયન ઓપીનિયન' છાપું તથા તેનું છાપખાનું ડરબનથી ત્યાં ફેરવી નાખવામાં આવ્યાં. તેમાં કામ કરવા મગનકાકા અને મારા પિતાશ્રી પણ ફીનિક્સવાસી બન્યા. મગનકાકા છાપખાનાના કારીગરનું કામ કરવા માંડ્યા. તેમણે બહુ ઝડપથી બીબાં ગોઠવવાનું અને યંત્ર ચલાવવાનું હસ્તગત કર્યું. છાપખાનામાંથી છૂટીને સુથારો સાથે નવી વસાહતના મકાનો બાંધવાના કામમાં મગનકાકા પરોવાઈ જતા. એમ કરતાં ત્રણેક વરસ પછી મારાં કાકીને, મારાં બાને અને મને આફ્રિકા તેડી જવા મગનકાકા રાજકોટ આવ્યા.

"અમે ફીનિક્સ પહોંચ્યાં ત્યારે હું પાંચ વરસનો 'ઢાંઢો' થયો હતો, છતાં મને ભણતાં નહોતું આવડતું! આથી આખા ઘરનો હું ગુનેગાર થઈ પડ્યો. ભણાવે ત્યારે મારી બા તો મને કડવી લાગતી જ; પણ પછી મગનકાકાએ મને હાથમાં લીધો ત્યારે તેઓ દુશ્મન સમા લાગવા માંડ્યા. એમના મારની બીકે મને રાતદહાડો ગભરાટ રહ્યા કરતો.

"પવન ઉગ્ર રૂપ ધારણ કરે ત્યારે તે મોટાં મોટાં વૃક્ષોયે સમૂળાં ઉખેડી નાખે છે, પણ એ જોશ શમ્યા પછી એ જ પવન જીવમાત્રને પ્રાણદાતા બને છે. એવી જ જાતનો સ્વભાવ મગનકાકાનો હતો. ગુસ્સામાં તેઓ જેટલા વિકરાળ હતા, તેટલા જ પ્રસન્ન હોય ત્યારે પ્રેમાળ હતા. મને ઘણું ઘણું શીખવી ખૂબ સારો બનાવવાના તેમને કોડ હતા. તેઓ મને કાંધે ચડાવીને માઈલો સુધી કુદરતનું દર્શન કરવા લઈ જતા. ઘેર પણ ઝીણી ઝીણી વાતની તાલીમ કાળજીથી આપતા.

"મગનકાકાએ પોતાના ક્રોધને અંકુશમાં આણ્યો હતો. પણ મારી જૂઠું બોલવાની ટેવને તેઓ શાંતિથી સહી શકે એમ ન હતા. હડહડતું જૂઠું બોલીને મેં તેમને એક વાર બહુ જ ઉશ્કેરી મૂક્યા હતા. મગનકાકાએ મને ખોટું બોલવાની ખો ભુલાવવાના ઉપાય આદર્યા. મને મારી મારીને પાયખાનામાં પૂર્યો. તેમાંથી કાઢી ફરી માર્યો. ફરી પૂર્યો. જ્યારે મારા

પરનું આક્રમણ અત્યંત ત્રાસદાયક થઈ પડ્યું ત્યારે મારી બાથી ન રહેવાયું. ગુસ્સાભીની આંખે અને કઠોર અવાજે તેમણે કાકાને વાર્યા: ‘તમારે છોકરાને જીવતો રહેવા દેવો છે કે નહીં?’ મારી બાનાં ગળગળાં વચનો સામે મગનકાકાએ માથું ઝુકાવી દીધું. પોતાની ભાભીને આટલું દુખ થયેલું જોઈને એ ખૂબ શરમાયા.

“હું ધારું છું કે ત્યાર પછી મારા પર હાથ ન ઉગામવાનો મગનકાકાએ મનોમન નિશ્ચય કર્યો. આ કિસ્સા પછી તેમના હાથનો એકેય તમાચો ખાવો પડ્યો હોય એવું સાંભરતું નથી. મગનકાકાની એ જ મહત્તા હતી. લાવા સમાન ઊકળતા ગુસ્સાવાળા છતાં તેઓ પોતાના ઉપર આકરો અંકુશ રાખી શકતા અને લીધેલી પ્રતિજ્ઞા પાળી શકતા. એમના એ ગુણે એમને બાપુજીના સર્વપ્રથમ સેવકનું પદ અપાવ્યું.

“ઉત્તર વયમાં મગનકાકાને પોતાનો એ ક્રોધ યાદ આવતો ત્યારે તેઓ અત્યંત દુખી થઈ જતા. તેમનું રૂંવેરૂંવું ઊંડા પસ્તાવાથી રડી ઊઠતું. હું એમનો ભત્રીજો છતાં તેઓ પોતાની ભૂતકાળની એ ભૂલોની માફી માગતાં માગતાં ગદ્ગદ થઈ જતા.

“દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની છેલ્લી લડાઈમાં જલદી સફળતા મળી એના મૂળમાં તપનો પ્રચંડ પ્રવાહ વહ્યો એ હકીકત હતી. જાલિમનું હૈયું પિગળાવવા માટે તપનો અતૂટ ધોધ વહેવો જોઈએ. તે વખતે મગનકાકાએ આકરું તપ આદર્યું હતું. નિસાસો નાખવામાંયે મોઢાની વરાળ વેડફી મારવા કરતાં, પોતાના અંતરની બધી વરાળ સેવાના કામમાં જ ખરચી દેવામાં તેઓ જીવ્યું ધન્ય સમજતા.

“ગાંધીજીને બાર મહિનાની જેલ મળી હતી ત્યારે હિંદી સત્યાગ્રહીઓનાં અપમાન અને ઉત્પીડનની ઉશ્કેરણીમાંયે મનને ટાઢુંબોળ રાખી, દર બુધવારે ‘ઇન્ડિયન ઓપીનિયન’ પ્રગટ કરી દક્ષિણ આફ્રિકાની હિંદી પ્રજાને માર્ગદર્શન આપવાનું કપરું કામ મગનકાકા ફીનિક્સથી કરી રહ્યા હતા.

“એ વેળાની મગનકાકાની દિનચર્યા તપસ્વીને હરાવે એવી હતી.

મળસકે બે-અઢી વાગ્યે ઊઠી છાપા માટેનું લખાણ લખવા તેઓ બેસતા. ‘ઇન્ડિયન ઓપીનિયન’નાં બધાં ગુજરાતી કોલમો એમને એકલે હાથે ભરવાનાં હતાં. પો ફાટ્યે અમે ઊઠીએ ત્યારે મગનકાકાની પથારી એમના લખેલાં અનેક કાગળિયાંથી ભરાઈ ગઈ હોય અને પોતાના સુંદર મરોડદાર અક્ષરે વધુ ને વધુ પાનાં તેઓ ભરતા જતા હોય. આઠ-સાડા આઠે લખાણો પૂરાં કરી તેઓ છાપખાને પહોંચી જતા. આખો વખત કામમાં જ તેઓ ડૂબેલા રહેતા. કેટલીક વાર બપોરે બે-ત્રણ વાગ્યે પોતાના મેજ પરથી ઊઠીને છાપખાનાથી થોડે દૂર લીલા ઘાસની અંદર તેઓ આળોટી આવતા. કહેતા, ‘લખતાં લખતાં ઝોલાં આવવા લાગ્યાં, એટલે ધરતી પર આળોટી લીધું. માટી શરીરનો થાક બહુ જલદી ચૂસી લે છે. દસ મિનિટમાં જ ત્રણ કલાકની ઊંઘ જેટલા તાજા થઈ જવાય છે.’

“સત્યાગ્રહની લડતના ભાગરૂપે કોલસાની ખાણના હિંદી ગિરમીટિયા મજૂરો શાંતિમય હડતાલ પર ઊતરેલા હતા. ખાણના માલિકોનાં આપેલાં ઘરોમાંથી હિજરત કરીને નીકળેલાં ગિરમીટિયા ભાઈબહેનોનો પ્રવાહ ફીનિક્સ ભણી વહેતો હતો. શેરડીનાં ખેતરોના હજારો ગિરમીટિયાઓ પણ હડતાલ પાડી, પોતાનાં રહેઠાણ ખાલી કરી, ઘરવખરી તથા બાળબચ્ચાં સહિત બહાર નીકળી પડ્યા હતા. એમાંનાં સેંકડો અને હજારો આવ્યા અને ગિરમીટિયાંઓનો પ્રવાહ ફીનિક્સને ખૂણેખૂણે ફરી વળ્યો, ત્યારે મગનકાકાના પરિશ્રમની પરાકાષ્ઠા થઈ. એક એક રાતમાં છસો-આઠસો માણસો આવે. દરેક ટોળું આશ્વાસન માગે, સૂવાની જગ્યા માગે, અને ખોરાક-પાણી માગે. એકને શાતા આપી અરધો કલાક ઊંઘ ન લીધી હોય, ત્યાં બીજું ટોળું આવીને મગનકાકાને જગાડે. દિવસ આખાની મહેનત પછી રાતનું આ કામ મૂંઝવી મારનારું હતું. પણ મગનકાકા ચોવીસેય કલાક એકસરખા શાંત, ગંભીર અને સામા માણસને સંતોષ આપવાને પ્રયત્નશીલ દેખાતા.

“ગાંધીજીએ જે ઉચ્ચવૃત્તિથી અહિંસાની લડત ઉપાડી હતી, એટલી જ ઊંચી ભૂમિકા ઉપર પહોંચી મગનકાકાએ તે અપનાવી હતી. પણ

મગનકાકા ભારે કુશળ અને બહાદુર યોદ્ધા છતાં ઇતિહાસકારની કલમથી વેગળા રહેવામાં ફાવ્યા હતા. મૂંગું તપ એ એમના જીવનનું બિરુદ હતું.”

## કવિતાનું ઝરણું

“દરેક માનવીના અંતરમાં ક્યાંક કવિતાનું ઝરણું વહેતું હોય છે.”

એક મહાન ઇતિહાસકાર તથા નિબંધકાર ટોમસ કાર્લાઈલ (૧૭૯૫-૧૮૮૧)ના અનુભવ અને ચિંતનમાંથી નીપજેલા આ શબ્દો છે. ફ્રાંસની ક્રાંતિ (૧૭૮૯) વિશેના એમના ગ્રંથમણિના પ્રકાશને કાર્લાઈલને અગ્રણી સાહિત્યકારોમાં સ્થાન અપાવેલું. આપણા સહુના અંતરમાં વહેતા કવિતાના ઝરણાને એમણે ચીંધી બતાવ્યું.

તુલસીદાસથી માંડીને લોકગીતોના અનામી અદના રચનાકારોની કવિતા આપણી પ્રજાના દરેક સ્તરને સદીઓથી સ્પર્શતી આવી છે. વીસમી સદી દરમ્યાન ગુજરાતી વાચકોને જે કવિતા માણવા મળી તેમાંથી કેટલાંક કાવ્યો ‘અરધી સદીની વાચનયાત્રા’ના પહેલા ત્રણ ભાગમાં સંગ્રહાયેલાં છે. એ ત્રણ ભાગની મળીને પોણો લાખ નકલ ત્રણેક વરસમાં છપાઈ હતી. એવો અંદાજ કરી શકાય કે તેનો એક યા બીજો ભાગ પાંચેક લાખ લોકોના હાથમાં આવ્યો હશે અને તેના કેટલાક અંશો તેમણે વાંચ્યા હશે. આ વાચકોએ માણેલાં તેનાં લખાણોમાં થોડીઘણી કાવ્યપંક્તિઓ પણ હશે.

ફક્ત બે-બે પંક્તિની બનેલી કેટલીક યાદગાર કાવ્યકણિકા ‘અરધી સદીની વાચનયાત્રા’ના ફક્ત પહેલા ભાગમાંથી વીણીને અહીં રજૂ કરી છે. માત્ર બે જ લીટીમાં પણ મનુષ્યના અંતરને સ્પર્શી જવાની કેટલી બધી શક્તિ હોય છે, તેનો અનુભવ એમાંથી થાય છે. ‘નિબંધો’ નામના પોતાના પુસ્તકના બે ભાગથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર અમેરિકન લેખક રાલ્ફ વાલ્ડો એમર્સન (૧૮૦૩-૧૮૮૨) કહે છે તેમ, થોડાક જ શબ્દોમાં કેટલી પ્રચંડ શક્તિ રહેલી છે તે કવિતા આપણને

સમજાવે છે અને આપણી વાચાળતાને અંકુશમાં રાખે છે.

પણ મનોરમ્ય કાવ્યપંક્તિઓ આપણા ચિત્તમાં રમી રહે ત્યારે એના સર્જકોનાં નામ સ્મરણમાં રહે નહીં, એવું બનતું હોય છે. નીચે આપેલી કાવ્ય-કણિકાઓની સાથે તેનાં કવિ-નામ મૂક્યાં નથી તે એટલા માટે કે આપણી સ્મૃતિને આપણે જરા ઢંઢોળી શકીએ. જરા જુઓ તો, આમાંથી કેટલી કણિકાના કવિઓનાં નામ તમે યાદ કરી શકો છો? તેમાં મદદરૂપ થવા, બધી કણિકાઓ અને તેના કવિઓનાં નામ (અટક પ્રમાણે) કક્કાવાર આપેલાં છે. હવે એક એક કણિકા લઈને એ યાદીમાંથી તેના કવિ કોણ તે યાદ કરવાનો પ્રયત્ન કરી જોશો? જેમકે, કણિકા ૩૪ના કવિ રવીન્દ્રનાથ ઠાકુર (ક્રમાંક ૧૧) અને બંગાળી પરથી તેના અનુવાદક નગીનદાસ પારેખ (ક્રમાંક ૨૪) છે. એ રીતે બને તેટલી કણિકા અને તેના કર્તાનાં જોડકાં બનાવતા જવાય.

**(૧)**

*અણધાર્યા આવી પડે ઘટમાં દુખના ઘા-*
*નાભિથી વેણ નીકળે, મોઢે આવે ‘મા’!*

**(૨)**

*અને સ્વયં ભગવાન સુગંધ સુગંધ!*
*(ભગવાનની યે મા તો હશે જ ને?)*

**(૩)**

*અમૃત તો હાથે ન્હોતું ચઢ્યું, પણ નીર હતું નિર્મળ થોડું-*
*દુર્ભાગ્ય જુઓ, રે તેય હલાહલ સંગાથે ઘોળાઈ ગયું!*

(૪)

અહો, ઊગ્યા મુક્તિના સૂરજ, નિજનાં રાજ રચાયાં,
પણ સુખશાંતિ તણા ચોઘડિયાં હાય, હજી નવ વાગ્યાં!

(૫)

આ જગતમાં પ્રેમીઓ એવા પણ આવી જાય છે,
જે વચન દેતાં નથી તેયે નભાવી જાય છે.

(૬)

આપજો જેને ઉજાસો આપવાના-
લો, અમે લીધી અમાસોઃ વાત શી છે?

(૭)

આપણાં એક વારનાં ચળકતાં ગીતો
ચુપચાપ કટાય છે આ હીંચકાનાં કડાંમાં.

(૮)

આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું...
છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું

(૯)

આ સૂની સૂની રાત મહીં
કોઈ ઢોલક હજુ બજાવે છે.

(૧૦)

આંખ ઊંચા તારલાના તેજને ચૂમી રહી;...
આ ગગન ટૂંકું પડે, બીજું ગગન આપો મને!

(૧૧)

આંખમાં અંગાર છે ને કાંઈ થૈ શકતું નથી,
આદમી જૂંઝાર છે ને કાંઈ થૈ શકતું નથી!

(૧૨)

આંખમાં કાજળ આંજ્યું છે, માથું ઓળ્યું છે મીંડલાં લઈ;
બજરબટા ને પારા નજરિયા, રાખતી એ સીવવાની સૂઈ.

(૧૩)

આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર-
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.

(૧૪)

આંખોમાં ઊગી ગ્યાં મહુડાનાં વન અને
ગુલમ્હોરો ગાલમાં શા મ્હોરતા!

(૧૫)

આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ:
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો!

(૧૬)

ઉંબરે ઊભાં રહી રાહ કોણ જોશે,
હવે દેશે હોંકારો કોણ હૂંફથી?

(૧૭)

એક ઘડી એ કબૂતરાં
ને ઘડી અન્ય એ સાવજ.

(૧૮)

એકાકી, એકાંતઘોર મંડાણ પરે
મથવું પડશે એકલપંડે દિનરાત.

(૧૯)

એ સર્વ એનાં વરદાન મંગલ-
કૃતાર્થ થૈ, તૃપ્ત બની વધાવીએ.

(૨૦)

કદી વિસ્તરે રણ સમંદરના દિલમાં,
કદી રણની આંખોમાં ડોકાય દરિયો.

(૨૧)

કસુંબલ આંખડીના આ કસબની વાત શી કરવી?
-કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી!

(૨૨)

કેવી હશે ને કેવી નૈ?
મા મને કોઈ દી સાંભરે નૈ!

(૨૩)

કેવું કેવુંક થશે ગુજરાત-કોણ જાણે?...
આ તો ઉઘડંત રાત કે પ્રભાત-કોણ જાણે?

(૨૪)

કોઈ તો આવે, બુઝાવે આગને!
કોઈ તો આવે, ખિલાવે બાગને!

(૨૫)

કો’ક કામળી, કો’ક બંસરી, કો’ક અધૂરું ગાન,...
બધું ગયું વિસરાઈ, એકલું ટકી ગયું વેરાન!

(૨૬)

ખરેખાત મા-પુત્ર સંબંધ કેવો?
ખરે જાણવો પૃથિવી ને વૃક્ષ જેવો!

(૨૭)

ખાક તો તારી આ તલસતી
લાલવરણાં ગુલાબો મહીં કોળવા.

(૨૮)

ખોરડાં મટી ગ્યાં, અમે ખંડેર કે’વાણાં,
કિયે મોઢે દઈ આવકારા રે?

(૨૯)

ગાલ્લીના ઘૂઘરામાં રણકે છે ગામડું,
ગીત જેવું છાતીમાં કણસે છે ગામડું!

(૩૦)

ઘરમાં નથી ઘી ને ગોળ,
લાડવા કરશું રે પોર.

(૩૧)

ચંદરની શીતળતા મા, તારે ખોળલે
ને આંખોમાં ઝરમરતી પ્રીત.

(૩૨)

ચારે રે દિશાથી તાપને નોતરો,
જોજો-એક્કે કાચું રહે નહિ અંગ!

(૩૩)

ચાંદાનું કિરણ બની લપતો ને છપતો તુંને
ભરી જૈશ એક-બે બક્કા, હો મા!

(૩૪)

ચિત્ત જ્યાં ભયશૂન્ય છે,
શિર જ્યાં ઉન્નત રહે છે.

(૩૫)

જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં,
હવે શું આવશે એથી ભયંકર?-જોઈ લેવાશે!

(૩૬)

જાંબુડાના ઝાડ ઉપર લટકતો
લીલો લીલો મારો સૂરજ ક્યાં છે?

(૩૭)

જે કદી સ્વપ્નેભર્યા વિસ્તૃત સમય જેવી હતી,
એ સમેટાતી સમેટાતી હવે એક ક્ષણ બની.

(૩૮)

જો જાગી જશે મુજ માતા,
નિજ અંગ પછાડી પંથે મારા ચરણ રંગશે રાતા!

(૩૯)

ઝીણી ઝીણી ઝરમર
મેહ મીઠી વરસે.

(૪૦)

ડુંગરે ગાવલડી ભાંભરે,
મને રહી રહી સાંભરે.

(૪૧)

ડૂબવાનું છો હો નિર્માયું, તોય અલ્યા! તું માટી થા,
છોડ ઢાંકણી, ખાડા-કૂવા-નાળાં છોડ, સમંદર ગોત!

(૪૨)

તારા ઘરમાં, જા, નહીં રહીશું,
વનવગડામાં ભાગી જઈશું!

(૪૩)

તારો ઇતબાર જેને, તારો ઇતબાર તેને
આ પારે શું વા સામે પાર!

(૪૪)

તે પરોઢે જીવતા હોવું, પરમ આનંદ એ;
હોવું પરંતુ જુવાન, તે તો સ્વર્ગસમ!

(૪૫)

દશે દિશ ભભૂકે અગન કેરી નાળું-
છતાં માનું: માનવનું ભાવિ રૂપાળું!

(૪૬)

દેવ હાજર ના રહી શકે ઘર ઘર મહીં,
મા સ્વરૂપે જન્મ લે જીવતર મહીં.

(૪૭)

દોસ્તો, સફરના સાથીઓ! એ દેશની ખાજો દયા-
જ્યાં ધર્મનો છાંટો નહીં, ફીરકા છતાં ફાલી રહ્યા.

(૪૮)

ધોમધડાકા, વ્યોમ-કડાકા, વાદળીઓની દોટમદોટ;
પવન ફૂંકાયા ધરતી ઉપર, ધૂળ તણા ત્યાં ગોટમગોટ.

(૪૯)

નથી ગમતું ઘણું, પણ કૈંક તો એવું ગમે છે-
બસ, એને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે!

(૫૦)

ના રોશની છે શહેરની આવી છતાં ત્યાંની ગટર
ને ખેતરોને ખૂંદતું આવી રહ્યું છે કાગળો કેરું કટક.

(૫૧)

ફેંકતા પાસા અમે, પણ દાવ તારા હાથમાં;
છે ભલે હથિયાર મારાં, ઘાવ તમારા હાથમાં!

(૫૨)

બધી માયા-મહોબ્બત પીસતાં વર્ષો વીતેલાં,
કલેજાં ફૂલનાં, અંગાર સમ કરવાં પડેલાં.

(૫૩)

બને કે તું કો' દી જનમીશ તરુ થૈ ભવરણે,
તને હું છાયાથી લઈશ પરખી શીતલપણે.

(૫૪)

બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ.

(૫૫)

બાજુમાં ગુલ અને નજરમાં બહાર,
હાથમાં જામ, આંખડીમાં ખુમાર!

(૫૬)

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલમૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.

(૫૭)

ભવ તણા સાગર મહીં કોનો સહારો, ક્યાં સુધી?
તુંબડે નિજના અહીં સર્વને તરવાનું રહ્યું.

(૫૮)

ભાતું ખૂટી જજો ને પાણી ખૂટી જજો,...
તોય મારો પંથ હજી બાકી હજો!

(૫૯)

ભારતની જીવનગંગામાં ભળી જઈ હું થાઉં અશેષ;
ભારતની માટીમાં મળું, ત્યાં લ્હેરો મુજ સ્વપ્નાંનો દેશ!

(૬૦)

મનના મારા એકલ કૂબે
જગ આખાની સાહ્યબી ઝૂલે!

(૬૧)

મરજીવા થઈ સાગર તરશું,
પવન પલાણી થનગન ફરશું.

(૬૨)

મુલાયમ ગુલાબ-શું હૃદય, ધૈર્ય મેરુ સમું,
પ્રચંડ પુરુષાર્થધોધ, નભ-શાં ઊંડાં સ્વપ્ન કૈં

(૬૩)

રજા ત્યારે હવે, દિલબર! અમારી રાત થઈ પૂરી;
મશાલો સાવ બૂઝી, તેલ ખૂટ્યું, વાત થઈ પૂરી.

(૬૪)

રાધા કોઈ મળે-ન-મળે, ના મળે ભલે;
એ આપણી ફરજ છે કે વેણુ વગાડીએ.

(૬૫)

વસ્તરના વણનારા, ખેતરના ખેડનારા,
ખાણના ખોદનારા છઈએ.

(૬૬)

શબ્દના સૌ ખેલ ચાલે ક્યાં સુધી?
મૌન ના મૂકે મલાજો ત્યાં સુધી.

(૬૭)

સઘળાં સુખે સૂઈ રહે છો-
આપણે તો, ભાઈ! જાગતાં રે’શું!

(૬૮)

સાત સાત સમુંદર ઓળંગીને આવતી
નાવડી મારી કવિતા.

(૬૯)

સૂના આ ઘરમાં આજે કેટલે વર્ષ, હા! ફરી
મૂકું પગ, રહે ત્યાં તો સ્મૃતિનાં પૂર ઊછળી.

(૭૦)

હજારો વર્ષ પહેલાંના પ્રબળ ઉદ્‌ગાર સફરી થૈ,
વટાવી કાળના વગડા, પધાર્યા છે કિતાબોમાં.

(૭૧)

હજી તારી કાયા મુજ નયન સામે ઝળહળે,
હજી તારો હાલો કરણપટ માંહી રણઝણે

(૭૨)

હતા જન્મ્યા જ્યાં, તે લઘુક હતું આનંદ-ભવન;
તમે ઝંખ્યું: આખ્ખું કરવું જગ આનંદ-ભવન!

## કવિઓ

૧. અનવર આગેવાન
૨. ‘ઉશનસ્’
૩. ન્હાનાલાલ દ. કવિ
૪. મીરઝા કેમ્પે
૫. પિંગળશી મે. ગઢવી
૬. અમૃત ‘ઘાયલ’
૭. રઘુવીર ચૌધરી
૮. ‘જટિલ’
૯. ખલિલ જિબ્રાન
૧૦. ઉમાશંકર જોશી

૧૧. રવીન્દ્રનાથ ઠાકુર
૧૨. જયંતીલાલ સો. દવે
૧૩. જુગતરામ દવે
૧૪. નર્મદાશંકર દવે (નર્મદ)
૧૫. નાથાલાલ દવે
૧૬. મકરન્દ દવે
૧૭. હરજીવન દાફડા
૧૮. મણિલાલ દેસાઈ
૧૯. હેમન્ત દેસાઈ
૨૦. શિવકુમાર નાકર
૨૧. શંકરભાઈ બુ. પટેલ
૨૨. ઉપેન્દ્ર પંડ્યા
૨૩. જયન્ત પાઠક
૨૪. નગીનદાસ પારેખ
૨૫. પ્રહ્લાદ પારેખ
૨૬. ‘બાદલ’
૨૭. દીપક બારડોલીકર
૨૮. હસિત બૂચ
૨૯. ‘બેકાર’
૩૦. દેવેન્દ્ર ભટ્ટ
૩૧. યોગેન્દ્ર વિ. ભટ્ટ
૩૨. સુમન મજમુદાર
૩૩. ‘આદિલ’ મન્સૂરી
૩૪. ‘મરીઝ’

૩૫. નીતિન વિ. મહેતા

૩૬. કરસનદાસ માણેક

૩૭. ઝવેરચંદ મેઘાણી

૩૮. દેવજી રા. મોઢા

૩૯. જયમલ યાદવ

૪૦. લાભશંકર રાવલ

૪૧. લોકસાહિત્ય

૪૨. વિલિયમ વર્ડ્ઝવર્થ

૪૩. શોભન વસાણી

૪૪. ભગવતીકુમાર શર્મા

૪૫. રાજેન્દ્ર શાહ

૪૬. ‘શાહબાઝ’

૪૭. સુન્દરમ્

૪૮. કિસન સોસા

છેવટે, તમે બનાવેલાં જોડકાંનો તાળો આ યાદી સાથે મેળવી શકશો :

કણિકા ૧ : કવિ ૫... ૨ : ૪૪... ૩ : ૩૬... ૪ : ૪૭... ૫ : ૩૪... ૬ : ૧... ૭ : ૨૩... ૮ : ૬... ૯ : ૧૬... ૧૦ : ૪૬... ૧૧ : ૧૭... ૧૨ : ૩૯... ૧૩ : ૨૩... ૧૪ : ૨૬... ૧૫ : ૩... ૧૬ : ૩૫... ૧૭ : ૨૮... ૧૮ : ૧૬... ૧૯ : ૪૭... ૨૦ : ૩૩... ૨૧ : ૬... ૨૨ : ૧૧... ૨૩ : ૨... ૨૪ : ૨૭... ૨૫ : ૭... ૨૬ : ૧૪... ૨૭ : ૪... ૨૮ : ૧૨... ૨૯ : ૨૧... ૩૦ : ૪૧... ૩૧ : ૨૦... ૩૨ : ૧૨... ૩૩ : ૧૧... ૩૪ : ૧૧... ૩૫ : ૧૯... ૩૬ : ૨૩... ૩૭ : ૪૮... ૩૮ : ૧૦... ૩૯ : ૪૫... ૪૦ : ૧૦... ૪૧ : ૩૧... ૪૨ : ૧૧... ૪૩ : ૨૫... ૪૪ : ૪૨... ૪૫ : ૩૬... ૪૬ : ૩૦... ૪૭ : ૯... ૪૮ : ૩૨... ૪૯ : ૩૬... ૫૦ : ૨૮... ૫૧ : ૨૩... ૫૨ : ૩૭... ૫૩ : ૨... ૫૪ : ૨૫... ૫૫ : ૬... ૫૬ : ૧૦... ૫૭ :

૨૯... ૫૮: ૩૮... ૫૯: ૧૦... ૬૦: ૪૦... ૬૧: ૨૮... ૬૨: ૧૦... ૬૩: ૧૫... ૬૪: ૩૪... ૬૫: ૨૫... ૬૬: ૨૩... ૬૭: ૪૩... ૬૮: ૨૩... ૬૯: ૨૨... ૭૦: ૨... ૭૧: ૧૮... ૭૨: ૪૭. (કણિકાની સંખ્યા ૭૨ની થાય છે અને કવિઓની ૪૮, કારણ કે કેટલાક કવિઓની એકથી વધુ કણિકા આવે છે.)

આની ઉપરથી ‘કૌન બનેગા ક્રોડપતિ’ જેવો કાર્યક્રમ બનાવવા માટે સુરેશ દલાલને અર્પણ!

# મહેશ દવે

## શ્રમ અને સૌંદર્ય

રવીન્દ્રનાથ પ્રવાસ-શોખીન જીવ હતા. યુરોપ, ઇંગ્લૅન્ડ અને અમેરિકા જોયા પછી જાપાનની સફર માટે તેમનો જીવ તલપાપડ હતો. ૧૯૧૬માં અચાનક સફરનો સંજોગ ઊભો થયો. વ્યાખ્યાનો આપવા અમેરિકાથી આમંત્રણ આવ્યું. આવવા-જવાના ખર્ચ ઉપરાંત પુરસ્કાર મળવાનો હતો. અમેરિકામાં રવીન્દ્રનાથનાં લખાણો માટે ઉત્સાહ હતો. તેમનાં પુસ્તકો સારાં વેચાતાં હતાં. મેકમિલન કંપનીએ અનુવાદોની માગણી કરી હતી. અમેરિકામાં રવીન્દ્રનાથનાં વ્યાખ્યાનો યોજવા આકર્ષક ઓફર આવી હતી. શાંતિનિકેતન માટે નાણાં એકઠાં કરવાની જરૂર પણ હતી. રવીન્દ્રનાથે પહેલાં જાપાન ને ત્યાંથી અમેરિકા જવાનું ગોઠવ્યું.

૧૯૧૬ના મેમાં રવીન્દ્રનાથ જાપાન જવા નીકળ્યા. વચ્ચે રંગૂનમાં બે દિવસનું રોકાણ થયું. બર્માનું જન-જીવન જોવા મળ્યું. રમતરમતમાં કેટલાંય કામોમાં ફરી વળતી બર્મી નારીઓ રવીન્દ્રનાથે નિહાળી. સતત કામ કરવાથી એ નારીઓનાં શારીરિક સૌષ્ઠવ અને સૌંદર્ય ખીલી ઊઠ્યાં હતાં. બર્મી પુરુષો કરતાં બર્મી સ્ત્રીઓ વધુ કામગરી હોય છે. બહારનાં કામો પણ સ્ત્રીઓ જ કરતી. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ પતંગિયાં જેવી બર્મી નારીઓ ચારે બાજુ જોવા મળતી. રવીન્દ્રનાથે નોંધ્યું છે: “ભૂમિ ઉપર ને શાખાઓ પર-સમગ્ર દૃષ્ટિપથ પર પુષ્પ જેવી પ્રફુલ્લિત આ નારીઓ સિવાય જાણે બીજું કશુંય દેખાતું જ નથી.” બંગાળમાં ‘સાંથાલની નારી’ અંગે રવીન્દ્રનાથે જોયું હતું કે શારીરિક શ્રમ સ્ત્રીઓને સૌંદર્ય બક્ષે છે. અહીં બહારનાં કામો કરતી બર્મી નારીને જોઈ રવીન્દ્રનાથને લાગ્યું, “ઘરની બહાર નીકળતી નારી સ્વાશ્રય, પૂર્ણતા ને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરે છે.”

હોંગકોંગના બંદરે રવીન્દ્રનાથને સખત મજૂરી કરતા ચીની કામદારો

જોવા મળ્યા. જરાય ચરબી વગરનાં કસાયેલાં એમનાં શરીર તડકામાં ચમકતાં હતાં. તેમના સુદૃઢ-સ્નાયુબદ્ધ શરીરમાંથી અનેરું સૌંદર્ય પ્રગટતું હતું. રવીન્દ્રનાથને લાગ્યું કે વ્યવસ્થિત રૂપે થતો પરિશ્રમ માનવદેહને અનોખી આભા આપે છે. ચીની શ્રમિકોની લયબદ્ધ કામગીરી જોઈ રવીન્દ્રનાથે લખ્યું, “વાજિંત્રમાંથી નર્તન કરતો સૂર વહે, તેમ શ્રમિકોના શરીરમાંથી થનગન કરતો પરિશ્રમ સહજ રીતે વહી રહ્યો હતો. સ્ત્રીઓનું સૌંદર્ય પણ આ પુરુષોના સૌંદર્યની બરાબરી ન કરી શકે. કારણ કે પુરુષોના શરીરમાં બળ અને લાવણ્યની પૂર્ણ સમતુલા હોય છે. આ ગુણોની આવી સમતુલા સ્ત્રીઓને મળી નથી.” ચીની પ્રજાનાં શરીરબળ અને કાર્યકૌશલ તથા તેમનામાં જોવા મળતો કામ કરવાનો આનંદ નિહાળી રવીન્દ્રનાથ ખાસ્સા પ્રભાવિત થયા. તેમણે ભવિષ્યવાણી ભાખી: “પ્રજાના આ ગુણોમાં જ્યારે આધુનિક વિજ્ઞાનના આશીર્વાદ ભળશે ત્યારે આ પ્રજાના સામર્થ્યને કોઈ પડકારી નહીં શકે.”

૨૯ મેના દિવસે રવીન્દ્રનાથ જાપાનના કોબે બંદરે ઊતર્યા. રવીન્દ્રનાથને જાપાનની પ્રજાનાં શિસ્ત અને આત્મસંયમ અદ્ભુત લાગ્યાં. તેમનાં વાણી, વર્તન અને સંસ્કારોમાં શાંત સૌંદર્ય છલકાતું હતું. જાપાની સ્ત્રીઓનું સૌંદર્ય પણ અનાક્રમક અને શાંત જણાતું હતું. પ્રજામાં વાણી-વિલાસ ઓછો હતો. તેમની કવિતા પણ નાનાં-નાનાં લઘુકાવ્યો કે ઉક્તિઓમાં અભિવ્યક્તિ પામતી હતી. દાખલા તરીકે,

*જૂનું તળાવ*
*ખાબકતાં દેડકાં*
*છલકે જળ.*

આવું કાવ્ય અંધકારમાં બેઠેલા કોઈ શાંત પુરાણા સરોવરનું ચિત્ર આપણી સામે ખડું કરે છે. સરોવર આસપાસ કોઈ મનુષ્ય નથી. છે ફક્ત કૂદકા મારતાં દેડકાં. તેમના કૂદકાથી શાંતિમાં ખલેલ પહોંચતી નથી, બલકે સમગ્ર વાતાવરણની શાંતિ પાણીની છાલકોના અવાજથી છતી થાય છે. આ પ્રકારની કાવ્યરચનાઓથી રવીન્દ્રનાથ ખાસ્સા પ્રભાવિત થયા. તેમના ‘સ્ટ્રે બર્ડ્ઝ’ અને ‘લેખન’ નામના સંગ્રહોમાં તેમણે આવા

પ્રયોગો કર્યા પણ ખરા.

['કવિતાનો સૂર્ય: રવીન્દ્રચરિત' પુસ્તક: ૨૦૦૪]

# રવીન્દ્રકલા અને રવીન્દ્રસંગીત

આઠ વર્ષની વ્યે રવીન્દ્રનાથે તેમની પ્રથમ કાવ્યપંક્તિઓ લખી ને પછી લખતા જ રહ્યા, નોટબુકો ભરાતી ગઈ. બાર વર્ષની ઉંમરે પ્રતિષ્ઠિત સામયિક 'તત્ત્વબોધિની પત્રિકા'માં તેમનું 'અભિલાષા' નામનું ૧૫૬ પંક્તિનું કાવ્ય પ્રથમ વાર પ્રગટ થયું. સોળ વર્ષની ઉંમરે મોટા ભાઈ જ્યોતિરીન્દ્રનાથે લખેલા હાસ્યનાટકમાં રવીન્દ્રનાથે સફળતાથી મુખ્ય પાત્ર ભજવ્યું. તે પછી કેટલાંય નાટકોમાં અભિનય કર્યો. બાળપણથી જ રવીન્દ્રનાથ મીઠા કંઠે સૂર-તાલમાં ગાતા. સત્તર વર્ષની વયે તેમણે અમદાવાદમાં પહેલી વાર પોતાનાં બે ગીતોનું સ્વરાંકન પણ કર્યું.

લેખન, અભિનય, ગાયન અને સંગીતની કળાઓનો વિકાસ રવીન્દ્રનાથમાં આ રીતે નાનપણથી દેખાય છે, પણ ચિત્રકલાનો વિકાસ તેમનામાં છેક અડસઠ વર્ષની ઉંમરે જોવા મળ્યો.

રવીન્દ્રનાથ અતિસંપન્ન પ્રતિભાબીજ સાથે જન્મ્યા હતા. ભર્યાભર્યા ઠાકુરકુટુંબમાં સાહિત્ય, સંગીત, નાટક, ચિત્રકલા, ધર્મ અને અધ્યાત્મ-ચિંતનના સંસ્કાર. બડોદાદા [મોટા ભાઈ] દ્વિજેન્દ્રનાથની કવિતા અને કાવ્યપાઠ સાંભળેલા; મેજદાદા [વચેટ ભાઈ] જ્યોતિરીન્દ્રનાથ નાટકો લખતા, ભજવતા, ચિત્રો દોરતા, પિયાનો વગાડતા, સંગીતકારોના સ્વરો ઘરમાં ગુંજતા રહેતા. રવીન્દ્ર બધું આત્મસાત્ કર્યે ગયા, પોતાનું ઉમેર્યું અને વિપુલ સર્જન કર્યું. ૧૯૨૮માં છેક ૬૮ વર્ષની ઉંમરે સમયનો અવકાશ અને અનુકૂળતા ઊભી થતાં તેમની અંદર પડેલાં ચિત્ર-સંસ્કારનાં બીજ અંકુરિત થયાં ને પાંગર્યાં. જીવનનાં છેલ્લાં બાર વર્ષમાં તેમણે અસંખ્ય ચિત્રો કર્યાં; તેમાંથી ૨૫૦૦ જેટલાં જ સચવાયાં છે.

રવીન્દ્રનાથ ચિત્રો કરતા થયા તેની કથા રસપ્રદ છે. રવીન્દ્રનાથ

ભારે શોખીન અને વ્યવસ્થિત ભદ્રજન હતા. દેખાવ, વસ્ત્રપરિધાન, ઠાઠ-ઠસ્સો અને બધી વસ્તુઓમાં ખૂબ કાળજી રાખવાનો એમનો સ્વભાવ. સુંદર અને મરોડદાર હસ્તાક્ષર કાઢવાનું પણ એમણે કેળવ્યું હતું. એમની હસ્તપ્રતો પણ આગવી સુંદર રીતે બાંધતા. આ પ્રકારની ચીવટ રવીન્દ્રનાથને આનંદ આપતી. જોકે કાવ્યમાં થતા સુધારાઓને કારણે છેકછાક થતી. છેકછાકના લીટા રવીન્દ્રનાથને ગમતા નહીં. તેમણે લખ્યું છે: “હસ્તપ્રતોમાં વિખરાયેલા લીટા અને સુધારાઓથી મને ચીડ ચડે છે.” આ કારણે છેદ અને લીટાઓમાંથી આંખને ગમે તેવું પોત સર્જવા તરફ એ વળ્યા.

રવીન્દ્રનાથે સાનંદાશ્ચર્ય નિહાળ્યું કે સુધારા કરવા માટે કરેલા લીટાઓને આમતેમ કરી જોડીએ તો તેમાંથી પણ એક લય અને સૌષ્ઠવ ઊભાં થાય છે, છેકછાકને આભૂષણમાં બદલી શકાય છે. રવીન્દ્રનાથની ચિત્રકલા આપસૂઝમાંથી પ્રગટી છે. પોતાનો રસ્તો એ આપમેળે કંડારે છે. લોકકલાનો વિકાસ આવી જ રીતે થતો હોય છે. સીવવાનું કામ લઈ બેઠેલી કોઈ સ્ત્રી કિનારને કે ફાટેલા ભાગને થીગડું મારવાનો પ્રયત્ન કરી રહી હોય તેમાંથી લોકસહજ સંવેદના અને સૂઝથી ભરતકામ સર્જાય છે. ઊંડી સંવેદનશીલતા કામને કલાની પ્રવૃત્તિમાં બદલી નાખે છે.

રવીન્દ્રનાથની ચિત્ર દોરવાની પદ્ધતિ આગવી છે અને એવી જ છે એમની સાધનોની પસંદગી. મોટા ભાગે ચિત્રો દોરવા તેઓ કાગળનો ઉપયોગ કરતા. શાહી કે ઘટ્ટ રંગોથી એ ચિત્રો દોરતા. પેન, ક્રેયોન, ક્ત્તિો, રૂ, ચીથરાં કે તેમની આંગળી સુધ્ધાંનો ચિત્રો દોરવા કે રંગ લગાડવા માટે એ ઉપયોગ કરતા.

રવીન્દ્રનાથનાં ચિત્રોમાં વિષયનું તેમજ પ્રકારનું અપાર વૈવિધ્ય છે. તેમણે દૃશ્યચિત્રો, રેખાચિત્રો ત્વરિતચિત્રો, મનુષ્યાકૃતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ, ફૂલો, વનપ્રદેશો, ભૂમિદૃશ્યો, ચિત્ર-વિચિત્ર આકૃતિઓ એમ અનેક પ્રકારનું ચિત્રકામ કર્યું છે. પોતાનાં જ બાર જેટલાં રેખાચિત્રો તેમણે દોર્યાં છે. શાંતિનિકેતનનાં પ્રકૃતિદૃશ્યો, ગ્રામજનો, આસપાસનાં ગામો, સાંથાલની નારીઓ, કાળાં-ઘેરાં વાદળો પડછે વૃક્ષો અને વચ્ચે

પીળાચટ્ટક પ્રકાશના ચમકારા-આવાં બધાં ચિત્રો બંગાળનું જીવનદર્શન કરાવે છે.

૧૯૩૦માં પહેલી વાર આ ચિત્રો પૅરિસમાં રજૂ થયાં ત્યારે કલાવિવેચકો અચંબો પામી ગયા. ત્યાર પછી જર્મની, બ્રિટન અને અન્ય સ્થળોએ રવીન્દ્રનાથનાં ચિત્રોનાં પ્રદર્શનો થતાં રહ્યાં છે.

*

રવીન્દ્રનાથનું સંગીત ‘રવીન્દ્રસંગીત’ તરીકે જાણીતું છે. બંગાળમાં આજે એ એટલું જ જીવંત છે. પ્રચલિત લોકપ્રિય ભારતીય સંગીત પર રવીન્દ્રસંગીતે તેની અમીટ છાપ મૂકી છે. પશ્ચિમના દેશોમાં રવીન્દ્રસંગીતનું મૂલ્ય વહેલું સમજાયું હતું.

શાસ્ત્રીય સંગીત શીખવા અને માણવાની રવીન્દ્રનાથના કુટુંબમાં પરંપરા હતી. કુટુંબમાં સંગીત ગાજતું અને ગુંજતું રહેતું. પરદેશનાં અને દેશનાં વાદ્યો ઘરમાં હતાં જ. કંઠ્યસંગીતના ઉસ્તાદો ઘરમાં આવતા-જતા રહેતા. શાસ્ત્રીય રાગો ગવાતા અને શિખવાડાતા. પણ એ સંગીતમાં ગીતો અને તેના શબ્દો કે અર્થને સ્થાન નહોતું.

રવીન્દ્રનાથે રાગોનો આધાર લઈ ગીતોની સ્વરરચના કરી. તેમણે ગીતોના શબ્દો ને અર્થોને પ્રાધાન્ય આપી નવું જ ભાવજગત ઊભું કર્યું. આ રીતે શબ્દોને મહત્ત્વ આપી સ્વરરચના કરવી એ એક નવી ક્રાન્તિ હતી. આ ક્રાન્તિમાંથી ‘રવીન્દ્રસંગીત’નો ઉદ્‌ભવ થયો.

રવીન્દ્રનાથને સ્વરકાર બનાવવામાં બ્રાહ્મોસંગીત, વૈષ્ણવગીતો, ભજન, બાઉલ અને ભટિયાલી ધૂનોનો સવિશેષ ફાળો છે. આ ગીતોમાં શબ્દ-અર્થ અને સંગીત બંનેનું મહત્ત્વ રહેતું. આ તત્ત્વોને કારણે જ તે સંગીત લોકપ્રિય બન્યું. કલકત્તાની શેરીઓમાં અને ગામડાંમાં રવીન્દ્રનાથે બાઉલ ભજનો સાંભળ્યાં હતાં. પદ્માના કિનારે દૂરદૂરથી સંભળાતી નાવિકોની ભટિયાલી ધૂને તેમને આકર્ષેલા. આ પ્રકારના સંગીતની સાદગી અને મધુરતા રવીન્દ્રનાથને સ્પર્શી ગઈ હતી. આ લોકસંગીતનો પ્રભાવ રવીન્દ્રનાથ પર પડ્યો. આવા લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનું સંમિશ્રણ કરી તેમણે સ્વરરચનાઓ કરી. શબ્દો, અર્થો અને સંગીત

ઓતપ્રોત થયાં અને તેમાંથી લોકભોગ્ય મીઠાશ નીપજી.

રવીન્દ્રનાથે પોતાનાં ગીતોની સ્વરરચનામાં શાસ્ત્રીય રાગો અને લોકસંગીતનાં તત્ત્વોનો સમન્વય કરી એક નૂતન-નવીન લોકપ્રિય સંગીત સર્જ્યું, તે જ રવીન્દ્રસંગીત. તોડી, ભૈરવી, આશાવરી, સારંગ, પૂર્વી, બાગેશ્રી, મલ્હાર, કેદાર અને માલકોશ જેવા અનેક રાગોનો આધાર લઈ રવીન્દ્રનાથે તેની સાથે લોકસંગીત ભેળવ્યું. એમાંથી સર્જાયું તેમનાં ગીતોનું અર્થપૂર્ણ, લોકો ગાઈ શકે તેવું સંગીત.

બંગાળમાં રવીન્દ્રસંગીતની લોકપ્રિયતા આજે પણ એવી જ છે. બંગાળી ઘરોમાં જાણ્યે-અજાણ્યે રવીન્દ્રસંગીત ગવાય છે. રસ્તે જતો દૂધવાળો કે ફેરિયો રવીન્દ્રસંગીત ગણગણતો હોય છે. આજે પણ ‘રવીન્દ્રસંગીત’ના ઉત્સવો યોજાય છે. ફિલ્મોમાં પંજાબ અને ઉત્તર હિન્દુસ્તાનના સંગીતની અસર આવી તે પહેલાં કેટલાંય વર્ષો સુધી ભારતના ફિલ્મ-સંગીતમાં રવીન્દ્રસંગીત જ નહીં, રવીન્દ્રગીતોની પણ અસર રહી. સંગીતકારોએ ફિલ્મોમાં રવીન્દ્રસંગીતની ઘણી ધૂનો સુધારાવધારા સાથે કે બેઠેબેઠી વાપરી છે. સત્યજિત રાયે તેમની ફિલ્મોમાં ઘણી વાર શુદ્ધ રવીન્દ્રસંગીત જ ઉપયોગમાં લીધું છે. સત્યજિત રાય પશ્ચિમના સંગીતના પણ એટલા જ પ્રખર અભ્યાસી હતા. એમનું માનવું છે કે: “ગીતોના સ્વરકાર તરીકે પૂર્વમાં કે પશ્ચિમમાં રવીન્દ્રનાથની બરોબરી કરી શકે તેવો બીજો કોઈ સ્વરકાર નથી.” આજે જેને આપણે સુગમસંગીત કહીએ છીએ તેના જનક પણ રવીન્દ્રનાથ ગણી શકાય, કારણ કે શાસ્ત્રીય સંગીતના ચુસ્ત બંધનમાંથી નીકળી સ્વરરચના તરફ વળનાર એ પહેલા સ્વરકાર છે.

[‘કવિતાનો સૂર્ય: રવીન્દ્રચરિત’ પુસ્તક: ૨૦૦૪]

# ગુરુદેવ અને બિજોયા

બહુ ઓછા સર્જકોએ રવીન્દ્રનાથ ઠાકુર જેટલું બહુવિધ અને વિપુલ સાહિત્ય-સર્જન કર્યું હશે. કવિતા, નાટક, નવલિકા, નવલકથા, આત્મચરિત્રાત્મક લેખન, પ્રવાસકથા અને બાળસાહિત્ય સહિતનાં તમામ સ્વરૂપોમાં એમની પાસેથી અઢળક મળ્યું છે. એમના અન્ય સાહિત્ય જેટલું જ તેમનું પત્ર-સાહિત્ય મબલક અને માતબર છે. રવીન્દ્રનાથ જબરા પત્રલેખક હતા.

રવીન્દ્રનાથના જીવનકાળ દરમિયાન 'યુરોપ પ્રવાસીર પત્ર', 'ચિઠીપત્ર', 'યુરોપયાત્રીર ડાયરી', 'છિન્નપત્ર', 'ભાનુસિંહેર પત્રાવલિ', 'સૂર ઓ સંગતિ' અને 'પથેર સંચય' એટલું પત્ર-સાહિત્ય પ્રગટ થયું હતું. તેમના મૃત્યુ પછી 'સ્મૃતિ', 'પલ્લિ પ્રકૃતિ', 'સંગીતચિંતા' અને 'ચિઠીપત્ર'ના દસ ભાગ પ્રગટ થયા છે. ટૂંકમાં તેમના પત્ર-સાહિત્યના વીસ ગ્રંથો થયા છે, પણ તેમાં ક્યાંય રવીન્દ્રનાથ અને વિક્ટોરિયા ઓકામ્પોના પત્રવ્યવહારનો સમાવેશ નથી.

ઓકામ્પો અને રવીન્દ્રનાથ વચ્ચેનો પત્રવ્યવહાર નવેમ્બર ૧૯૨૪થી શરૂ થયો. તે પહેલાં રવીન્દ્રનાથ વિક્ટોરિયા ઓકામ્પોને ઓળખતા નહોતા. ઓકામ્પો પણ રવીન્દ્રનાથને પ્રત્યક્ષ મળ્યાં નહોતાં; જોકે તેમણે રવીન્દ્રનાથનાં પુસ્તકો વાંચેલાં. આકસ્મિક રીતે રવીન્દ્રનાથ અને ઓકામ્પોનું મિલન થયું. એ મધુર અકસ્માત રસિક નીવડ્યો અને એમાંથી એક રોમહર્ષક સંબંધ બંધાયો.

અમેરિકાની દક્ષિણે આવેલો પ્રદેશ લૅટિન અમેરિકા તરીકે ઓળખાય છે. તે પ્રદેશમાં ઘણાં રાજ્યો છે. તેમાંના એક રાજ્ય પેરુએ તેની સ્વાતંત્ર્યની શતાબ્દીની ઉજવણીમાં રવીન્દ્રનાથને આમંત્રણ આપ્યું. ત્યાંથી મેક્સિકો પણ જવાનું હતું. બંને દેશો રવીન્દ્રનાથની સંસ્થા 'વિશ્વભારતી' માટે એકએક લાખ ડોલર આપવાના હતા. ઓક્ટોબર ૧૯૨૪માં રવીન્દ્રનાથ પેરુ જવા નીકળ્યા. એટ્લેન્ટિક મહાસાગર પાર કરી રવીન્દ્રનાથ દક્ષિણ અમેરિકા પહોંચ્યા. ત્યાં અધવચ્ચે જ નાદુરસ્તીને કારણે આર્જેન્ટિનામાં

ઊતરી જવું પડ્યું. ત્યાં સારવાર લઈ, અઠવાડિયું રોકાઈ પેરુ જવાનું નક્કી કર્યું, પણ હૃદયના નિષ્ણાતોએ ટાગોરને સંપૂર્ણ આરામ લેવા ફરમાવ્યું. અઠવાડિયાને બદલે આર્જેન્ટિનાના બ્યુનેસ એરિસ નગરમાં એક મહિનો ને વીસ દિવસ રોકાઈ જવું પડ્યું. પેરુની ઉજવણીમાં જવાનું રદ કરવું પડ્યું. બ્યુનેસ એરિસમાં રવીન્દ્રનાથના જીવનમાં એક નવું અને અજબ પ્રકરણ ઉમેરાયું.

રવીન્દ્રનાથને બ્યુનેસ એરિસમાં કોઈ પરિચય નહોતો. ક્યાં રહેવું, શું કરવું તેની મૂંઝવણ હતી. તેમને ખબર નહોતી કે તેઓ ઓળખતા નહોતા એવી વિક્ટોરિયા ઓકામ્પો નામની રવીન્દ્રનાથની એક જબરી ચાહક રાજધાની બ્યુનેસ એરિસના ઉપનગર સાન ઇસીદ્રોમાં વસતી હતી. વિક્ટોરિયાને જ્યારે ખબર પડી કે રવીન્દ્રનાથ પેરુ જવા બ્યુનેસ એરિસથી પસાર થવાના છે ત્યારે તેની ખુશાલીનો પાર ન રહ્યો. વિક્ટોરિયા સાહિત્યવર્તુળોમાં નામના કાઢી રહી હતી. ફ્રેન્ચ અને સ્પૅનિશ સારું જાણતી, અંગ્રેજી આછું અને ઓછું આવડતું. સાહિત્યની તે ગજબની શોખીન હતી. તેના લગ્નજીવનની કરુણાંતિકા વખતે દસ વર્ષ પહેલાં 'ગીતાંજલિ'ના ફ્રેન્ચ અનુવાદે તેને શાતા અને સ્થિરતા આપી હતી. તેણે રવીન્દ્રનાથના યેટ્સે કરેલા અંગ્રેજી, જીદે કરેલા ફ્રેન્ચ અને ઝેનોબિયાએ કરેલા સ્પૅનિશ અનુવાદો વાંચ્યા હતા. વિક્ટોરિયાને જ્યારે ખબર પડી કે રવીન્દ્રનાથને બ્યુનેસ એરિસમાં રોકાવું પડે તેમ છે, ત્યારે પ્લેટ નદીને કિનારે 'વિલા મિરાલરિયો' નામના બંગલામાં રવીન્દ્રનાથના રહેવા માટે તેણે વ્યવસ્થા કરી આપી. એનું ઘર તેની નજીકમાં જ હતું.

ચોત્રીસ વર્ષની વિક્ટોરિયાને રવીન્દ્રનાથ માટે આદર જ નહીં, પ્રેમ હતો. ત્રેસઠ વર્ષના પણ જાજરમાન રવીન્દ્રનાથની તેણે અનેક રીતે સેવા કરી. તે રોજ વિલા મિરાલરિયો આવતી. તેમાંથી બંને વચ્ચે એક સરસ, સુંદર, લાગણીસંબંધ બંધાયો. રવીન્દ્રનાથના ઘણા વખતના શુષ્ક, એકાકી જીવનમાં સાહિત્ય, લાગણી અને ઉષ્માની મીઠી વીરડી ફૂટી. ઘણા વખતે નવાં ગીતોનો ફાલ ઊતર્યો. રવીન્દ્રનાથ વિક્ટોરિયાને 'વિજયા'

કહી સંબોધતા. ઓકામ્પોને ત્યાં લખાયેલાં ગીતો પછીથી 'પૂરબી' નામના સંગ્રહમાં ગ્રંથસ્થ થયાં છે. તે સંગ્રહ રવીન્દ્રનાથે 'વિજયા'ને અર્પણ કર્યો છે. વિક્ટોરિયાએ પાછળથી સ્પૅનિશ અને ફ્રેન્ચ સાહિત્યમાં નામ કાઢ્યું. રવીન્દ્રનાથના જીવનમાં આવેલી સ્ત્રીઓમાં 'વિજયા' કદાચ સૌથી વધુ બુદ્ધિમાન, રસિક, સાહિત્યપ્રેમી, અને રવીન્દ્રનાથનાં રસ-રુચિ સાથે તાલ મિલાવી શકે તેવાં હતાં.

રવીન્દ્રનાથ અને વિક્ટોરિયા વચ્ચે સાઠેક પત્રોની આપ-લે થઈ છે. રવીન્દ્રનાથના મૃત્યુ (૧૯૪૧) પછી ચાળીસેક વર્ષ સુધી રવીન્દ્રનાથ અને ઓકામ્પો વચ્ચેના સંબંધ કે પત્રવ્યવહાર પર ધ્યાન અપાયું હોય એવું જણાતું નથી. ૧૯૮૦ના અરસામાં રવીન્દ્ર ભવન, વિશ્વભારતી તથા શાંતિનિકેતને રવીન્દ્રનાથ અને ઓકામ્પો વચ્ચેના પત્રવ્યવહારનું સંપાદન કરાવવાનું નક્કી કર્યું. સંપાદનનું કામ ઓક્સફર્ડમાં રહેતાં કેતકી કુશારી ડાયસનને સોંપવામાં આવ્યું. કેતકી મૂળ બંગાળનાં; અંગ્રેજી, ફ્રેન્ચ તથા સ્પૅનિશ જાણે. આ અગાઉ તેમણે 'રવીન્દ્રનાથ ઓ વિક્ટોરિયા ઓકામ્પોર સંધાને' નામની નવલકથા બંગાળીમાં લખી હતી. કેતકીએ શાંતિનિકેતન, બુયોનેસ એરિસ અને ઇંગ્લૅન્ડ એમ ત્રણ ખંડોમાં ફરી, સાહિત્ય તપાસ્યું, સંબંધિત વ્યક્તિઓના પત્રો જોયા, તેનો ક્રમ ગોઠવ્યો, સંકલન કર્યું, ઘટતી જગ્યાએ ટિપ્પણ અને નોંધો લખી અને એ રીતે પ્રમાણભૂત સંપાદન કર્યું. એ પુસ્તક 'In Your Blo“oming Flower-Garden'ના નામથી પ્રગટ થયું છે.

રવીન્દ્રનાથ અને ઓકામ્પોના એકબીજા પરના પત્રો લાગણીનો ઉત્કટ સંબંધ દર્શાવે છે. નવેમ્બર અને ડિસેમ્બર ૧૯૨૪ દરમિયાન બંને એક જ સ્થળે, એક જ ઘરમાં હતાં, છતાં મોઢામોઢ વાત કરવાને બદલે બેઉ વચ્ચે નવ જેટલા પત્રોની આપ-લે થઈ! ઓકામ્પોએ લખ્યું છે તેમ, “લાગણી હૃદયતંત્રને હલબલાવી મૂકે ત્યારે બોલી શકાતું નથી”. કવિ રાતે વાતો કરે, લખેલી નવી કવિતા આપે અને ઓકામ્પો મંત્રમુગ્ધ થઈ સાંભળી રહે, તેવો માહોલ અવારનવાર ગોઠવાતો. રવીન્દ્રનાથ લખે છે, “એકલતાનો ભારે બોજ લઈ હું જીવી રહ્યો છું”... “મારા અંતરને

કોઈ પામે એવી મારી અભિલાષા માત્ર સ્ત્રીના પ્રેમ વડે સંતોષાઈ શકે એમ છે”... “તું મને ચાહે છે એટલે જ આ બધી વાતો તને કહી શકું છું...” આવું ઘણું બધું લખાણ ટાંકી શકાય.

['રવીન્દ્ર-ઓકામ્પો પત્રાવલિ' પુસ્તક: ૨૦૦૬]

# માઓ ત્સે-તુંગ

## ક્રાંતિ

ક્રાંતિ એ કોઈ મહેફિલ નથી, એ કોઈ કલાકૃતિ નથી. ક્રાંતિને હળવે હાથે, મુલાયમપણે, કાળજીપૂર્વક, સન્માનપૂર્વક, ગણતરીપૂર્વક અમલમાં મૂકી શકાતી નથી.

# માધવ રામાનુજ

## તમે

*અમે રે વાળેલું કોરું આંગણું*
*તમે કંકુ-પગલાંની ભાત,*
*નેજવે ટાંગેલી ટપકે ઠીબડી*
*ભીંજે એક ભીતરની વાત...*
*તમારે સગપણે અમીં મ્હોરિયા.*

*તમે રે ચોપાટ્યું માઝમ રાતની*
*અમે ઘાયલ હૈયાના ધબકાર...*
*ઊઘડે અંધારાં ગરવા ઓરડે*
*સોણલાના ઊઠે રે ઘમકાર...*
*તમારા સોણામાં અમીં મ્હોરિયા.*

*અમે રે રેવાલે છબતા ડાબલા*
*તમે ખરિયુંની ઊડતી ધૂળ,*
*આંખો અણિયાળી અમિયલ આભલું,*
*અમિયલ ધરતીનું કૂળ...*
*તમારે પડછાયે અમીં મ્હોરિયા.*

*શેરીના રમનારા ભેરુ સાંભર્યા,*
*વરસ્યું આભ અનરાધાર;*
*કોણે રે આવીને વાળ્યાં વ્હેણને,*
*શમણાં આવ્યાં કે સવાર?*
*કોણ રે ઊગ્યું ને મ્હોર્યું આયખું!*

['કવિલોક' બે-માસિક : ૧૯૭૭]

## આશ્વાસક!

૧૯૯૧થી શરૂ થયેલી ‘ગુજરાતી કવિતાચયન’ની યાત્રામાં સંપાદકોનાં તારણો લગભગ એક જ કુળગોત્રાનાં બની રહે છે. ૧૯૯૧માં હર્ષદ ત્રિવેદી કહે છે કે, “જૂજ અપવાદો બાદ કરતાં ક્યાંય કોઈ કવિના નિજી શ્વાસોચ્છ્વાસની કવિતા સંભળાતી નથી.” ૧૯૯૨માં રમેશ ર. દવે “અપવાદોનું જ આશ્વાસન” પામે છે. ચંદ્રકાન્ત ટોપીવાળા ૧૯૯૩ની કવિતાનું નિદાન કરતાં લખે છે: “ગુજરાતી સાહિત્યકારોએ જાણે કે ઓછી મૂડીએ ઝાઝું રળવાનું શરૂ કર્યું છે.” તો એમના એવા નિદાનને સ્વીકારતા હોય તેમ હરિકૃષ્ણ પાઠકને [૧૯૯૪માં] “અગાઉના સંપાદકો કરતાં કશો વિશેષ સંતોષ લેવા સરખું લાગ્યું નથી.” ૧૯૯૫માં રમણ સોની “આપણે ત્યાં મધ્યમબરની કવિતાનું પ્રમાણ ઘણું મોટું છે, એવી સર્વસામાન્ય છાપ છે. પરંતુ કાવ્યનામી એકએક કૃતિની સાથે ઘસાઈને ચાલવાનું થયું ત્યારે લાગ્યું કે સ્થિતિ એથી ય વધુ ચિંતાજનક છે.”

અલબત્ત, વાસ્તવિકતા એવી હોવા છતાં રમણભાઈએ એમના સંપાદકીય લેખનું બાંધેલું મથાળું ‘કેટલીક રૂપેરી રેખાઓ’ આશ્વાસક નીવડે છે!

[‘ગુજરાતી કવિતાચયન’ પુસ્તક: ૧૯૯૫]

## પછી

*દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણેરું તોડયું રે પાન,*
*પરદેશી પંખીનાં ઊડયા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન!*

*ખોળો વાળીને હજી રમતાં’તાં કાલ અહીં,*
*સૈયરના દાવ ન’તા ઊતર્યા;*
*સૈયરના પકડીને હાથ ફર્યા ફેર-ફેર—*
*ફેર હજી એય ન’તા ઊતર્યા;*

*આમ પાનેતર પહેર્યું ને ઘૂંઘટમાં ડોકાયું*
*જોબનનું થનગનતું ગાન!*
*દાદાના આંગણામાં કોળેલા આંબાનું કૂણેરું તોડયું રે પાન.*

*આંગળીએ વળગેલાં સંભાર્યાં બાળપણાં,*
*પોઢેલાં હાલરડાં જાગ્યાં;*
*કુંવારા દિવસોએ ચૉરીમાં આવીને*
*ભૂલી જવાનાં વેણ માગ્યાં!*
*પછી હૈયામાં, કાજળમાં, સેંથામાં સંતાતું*
*ચોરી ગયું રે કોક ભાન!*
*પરદેશી પંખીનાં ઊડ્યા મુકામ પછી માળામાં ફરક્યું વેરાન!*

['તમે' પુસ્તક]

—

*અમે રે વાળેલું કોરું આગણું,*
*તમે કંકુ-પગલાંની ભાત.*

## માધવ વી. કામથ

# ઊંચે, હજી ઊંચે...

મારી પાસે વિકલાંગ ભાઈ જગદીશ સંભરાનીનું લખેલું પુસ્તક How To Live With Disabilities—'અક્ષમતાઓ સાથે કેમ જીવવું' છે. એમણે જુદાજુદા પ્રકારની અક્ષમતા ધરાવતા અનેક માનવોની વાત કરી છે, જેઓ મુશ્કેલીઓની વચ્ચે શાંતિથી અને આનંદથી પોતાનું કામ કર્યે જાય છે. એક છે સમાજસેવક, બીજા છે પ્રોફેસર, ત્રીજા ટેક્નોલોજિસ્ટ તો ચોથા બેંકના અધિકારી, પાંચમા વળી રેલવેકર્મચારી અને છઠ્ઠા તબીબીશાસ્ત્રના વિદ્યાર્થી વગેરે. દરેકની અસીમ વીરતાની વાત છે. કમલા વત્સનું ડોકથી નીચેનું આખું શરીર લકવાથી જકડાઈ ગયું છે; તે પ્રૂફ તપાસીને અને થોડું ટાઇપિંગ કરીને જીવનનિર્વાહ કરે છે. એહલિર્ક અબ્રાહમ પોલિયોથી અપંગ બનેલો છે; એમણે વેરાન જમીનના એક ટુકડાને ફળ આપતી લીલીછમ વાડીમાં ફેરવી નાખ્યો છે. નાનપણમાં લકવાના ભોગ બનેલા પ્રવીણ શામળદાસ ભુત્તા ન્યાયાધીશની પાયરીએ પહોંચ્યા. નાનામોટા અનેક વિકલાંગીઓનાં ઉદાહરણોના ભંડારમાંથી સંભરાનીએ તો આપણને થોડાક નમૂના જ આપ્યા છે.

*

થોડા મહિના અગાઉ ગુજરાતમાં નર્મદા પ્રોજેક્ટના કામ કરતા એક ભાઈ જોડે મારી ઓળખાણ થઈ. આ ભાઈ પ્રોજેક્ટના સ્થળે યંત્રોની દેખરેખ રાખતા હતા, જેમાં અત્યંત જટિલ પ્રકારનાં યંત્રો પણ હતાં. આશ્ચર્યની વાત એ હતી કે એમનો અભ્યાસ માધ્યમિક શાળાથી આગળ ન હતો. સિવિલ, મિકેનિકલ કે ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગની ડિગ્રી કે ડિપ્લોમા ધરાવતા ન હતા. આમ છતાં, એ આખા પ્રોજેક્ટના ટેકિનકલ ડિરેક્ટર હતા, કારણ કે કોઈ પણ યંત્રનું સમારકામ કરવાની ક્ષમતા એ ધરાવતા હતા. જીવનના દરેક ક્ષેત્રે એમના જેવી વ્યકિતઓ છે. આવી વ્યકિતઓ સૂચવે છે કે સફળ થવા માટે કોલેજના અભ્યાસની

કે પીએચ.ડી.ની આવશ્યકતા નથી. ભારતની મોટી કમનસીબી છે કે કોલેજના અભ્યાસ પર વધુ પડતો ભાર મૂકી એ સિવાયનાં બીજાં કામોને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. ગાર્ડનરે કહ્યું છે, “ઉત્તમ પ્લમ્બર અસમર્થ ફિલસૂફ કરતાં હજાર દરજ્જે વખાણવાલાયક કહેવાય. પ્લમ્બિંગ હલકા પ્રકારનું કામ સમજી જે સમાજ પ્લમ્બિંગમાં મેળવેલી શ્રેષ્ઠતાને તિરસ્કારે અને તત્ત્વજ્ઞાન એ સ્તુત્ય કાર્ય છે સમજી એમાં નિમ્ન ધોરણ ચલાવી લે, એ સમાજમાં પ્લમ્બિંગ કે તત્ત્વજ્ઞાન બેમાંથી એક પણ સારું નહિ હોય.”

ભારતમાં આજે આવી જ પરિસ્થિતિ છે. નિમ્ન ફિલસૂફોની તરફેણ કરતા આપણે સારા પ્લમ્બરોને અવગણીએ છીએ. પરિણામે આપણે ખરાબ પ્લમ્બર અને એથીયે ખરાબ ફિલસૂફો પેદા કરીએ છીએ. આપણી શાળાઓ અને કોલેજો નિમ્ન શિક્ષકો અને નિમ્નતર વિદ્યાર્થીઓથી ભરેલી છે, જેઓનું એકમાત્ર ધ્યેય ડિગ્રી મેળવવાનું છે. જીવનમાંથી શું મેળવવું છે કે સમાજને શું પ્રદાન કરવું છે એ વિષે કોઈ ખ્યાલ નથી. મહત્ત્વની વાત એ છે કે સમસ્યાઓથી ભરપૂર આ વિશાળ દુનિયામાં રાજીખુશીથી ઝઝૂમી શકે એવા અભિપ્રેરિત સ્નાતકો આપણે ઊભા કરીએ. સાથેસાથે એ પણ યાદ રાખીએ કે શાળા અને કોલેજના શિક્ષણક્રમની બહાર પણ ઘણું શીખવા જેવું છે. ઘણી વાર આપણી યુવાપેઢી ઇલેક્ટ્રિશિયન કે વેલ્ડર બનવાને બદલે થર્ડ ક્લાસ બી. એ. થવાનું વધુ પસંદ કરે છે.

*

ભારત સરકારના ઉદ્યોગખાતાના એક કાળે સફળ પ્રધાન હતા તે ડી. એ. પાઈએ નાનપણમાં એક જ્યોતિષશાસ્ત્રીને પોતાનાં માતાજીને એવું કહેતાં સાંભળ્યા કે, આ છોકરો મૅટ્રિકથી આગળ અભ્યાસ નહિ કરી શકે અને જીવનમાં સફળતા નહિ મેળવી શકે. તે દિવસ સુધી એ કિશોર આળસુ હતો, સવારે મોડો ઊઠે અને લેસન કરવામાં પાછો પડે. પણ આ વાત સાંભળીને રાતોરાત તેણે નિર્ણય કરી લીધો કે, આ જ્યોતિષીને ખોટા પાડવા. બીજા દિવસથી સવારે પાંચ વાગે ઊઠીને

તેણે બધું લેસન બરાબર કરવા માંડ્યું ને ઇતરવાચન માટે પણ સમય કાઢ્યો. વખત જતાં એ સિન્ડિકેટ બૅન્કના મેનેજિંગ ડિરેક્ટર બન્યા, ઇંદિરા ગાંધીની સરકારમાં પ્રધાનપદ મેળવ્યું.

*

મહાન લખાણ અને રોચક લખાણમાં ફરક છે. રોચક લખાણ શબ્દો જોડે રમતાં આવડે એવી કુદરતી બક્ષિસનું પરિણામ હોઈ શકે છે. જ્યારે મહાન લખાણ ઉદ્‌ભવે છે એકાગ્રતામાંથી. વિન્સ્ટન ચર્ચિલ જ્યાં સુધી વિચારને અનુરૂપ યોગ્ય શબ્દો ન મળે, ત્યાં સુધી પોતાના લખાણને મઠારવાની મહેનત કર્યા જ કરતા. પિકાસો ઘડીભરમાં શ્રેષ્ઠ કલાકૃતિ તૈયાર કરી શકતા; પરંતુ એ સરળ દેખાતી રેખાઓ પાછળ કલાકો, દિવસો અને મહિનાઓનો મહાવરો હતો.

*

બીજાઓ કરતાં પોતાને ચઢિયાતા બનાવવાની હરીફાઈમાં ઊતરવાને બદલે પોતાને પોતાની જાત કરતાં વધુ ઉત્કૃષ્ટ બનાવવી, તેમાં શ્રેષ્ઠતા રહેલી છે. આપણે બધા નોબેલ ઇનામ ન જીતી શકીએ, પણ એટલું તો જરૂર કરી શકીએ કે કોઈ પણ વસ્તુને ગઈકાલ કરતાં આજે વધુ સારી રીતે કરીએ, અને આવતી કાલે તેથી પણ વધુ સારી રીતે કરવાની ઉમ્મીદ રાખીએ.

(અનુ. કાલિન્દી રાંદેરી)

[‘ઊંચે, હજી ઊંચે...’ પુસ્તકઃ ૨૦૦૨]

# ક્ષિતિમોહન સેન

## પ્રેમસૂત્રમાં પરોવાયેલાં

હું સંસ્કૃત ભણતો તે વેળા ચતુષ્પાઠીઓની પ્રથા હતી. મંદિરો કે શ્રીમંતોના આશ્રયે ચાલતાં આ ગુરુકેન્દ્રિત વિદ્યાલયોમાં ચતુર્વેદ અને ષટ્શાસ્ત્રોનું શિક્ષણ અપાતું હતું. વિદ્યાર્થીઓ ગુરુને ઘેર તેમનાં સંતાનોની જેમ રહેતા અને ભણતા. ગુરુ તથા ગુરુપત્ની એ શિષ્યો અને પોતાનાં સંતાનો વચ્ચે કોઈ પ્રકારનો ભેદભાવ રાખતાં નહીં. આવી આત્મીયતાને કારણે ગુરુ અને શિષ્યોનાં કુટુંબો ઘણી પેઢીઓ સુધી પ્રેમસૂત્રમાં પરોવાયેલાં રહેતાં.

તે કાળે કાશીમાં કેશવ શાસ્ત્રી નામના મહારાષ્ટ્રી પંડિત વસતા. પોતે નિસંતાન અને વિધુર હતા; ઘરની દેખરેખ એમનાં બહેન રાખતાં. બધા વિદ્યાર્થીઓનાં તે ફોઈ હતાં. પંડિતજીને ત્યાં લગભગ રોજ કોઈ ને કોઈ ભક્તને ત્યાંથી મીઠાઈ વગેરે આવતું. કોઈ નવો વિદ્યાર્થી આવ્યો હોય અને મીઠાઈ પર હાથ મારતાં સંકોચ પામે, તો ફઈબા પંડિતજી પાસે જઈને ફરિયાદ કરતાં: "આ છોકરાઓને કોણ જાણે શું થયું છે—જાણે પારકું ઘર હોય એમ રહે છે. પહેલાંના છોકરા તો મીઠાઈ કેવી ચટ કરી જતા!" મમતાના આ વાતાવરણમાં કર્તવ્યભાવનાનો અગ્નિ પણ સદા પ્રજ્વલિત રહેતો.

બીજા એક વિખ્યાત પંડિત ગંગાધર શાસ્ત્રીનો પુત્ર ઢૂંઢિરાજ નાના સરખા મંદવાડમાં એક દિવસ ચાલી નીકળ્યો. પણ પંડિતજીએ તો તે દિવસે પણ અમને નિત્ય મુજબ ભણાવ્યા. એમના મુખ પરની ઉદાસીની ઊંડી રેખાઓનું કારણ અમે કલ્પી શક્યા નહીં. તે દિવસે અમારો પ્રિય સાથીદાર ઢૂંઢિરાજ વર્ગમાં આવેલો નહીં, એટલે વર્ગ પૂરો થતાં જ અમે તેના નામની બૂમ મારી. ત્યારે પંડિતજી બોલ્યા કે, "ઢૂંઢિરાજ તો હવે એટલો દૂર ચાલ્યો ગયો છે કે તમારો અવાજ ત્યાં

સુધી નહીં પહોંચી શકે.”

પહેલાં તો અમે કાંઈ સમજ્યા નહીં. પછી બનેલી ઘટનાનો ખ્યાલ આવ્યો, ત્યારે અમારામાંથી એક જણે આશ્ચર્ય અને વિનયથી પૂછ્યું, “ગુરુજી, આવા દુ:ખમાં પણ તમે આજે પાઠ બંધ ન રાખ્યો?”

“એવું શી રીતે થાય, બેટા?” પંડિતજીએ સમજાવ્યું. “તમે બધા બાળકો ક્યાં ક્યાંથી અહીં આવ્યા છો! તમારો એક દિવસ પણ હું શી રીતે બગાડું? પુત્રશોક તો મારી અંગત બાબત છે. પણ જ્ઞાનની આ ઉપાસનાનો સંબંધ તો તમારી સહુની સાથે છે. તેમાં વિઘ્ન નાખીને તમારો વિકાસ અટકાવું, એ શું મારે માટે યોગ્ય કહેવાય?”

[‘નવનીત’ માસિક: ૧૯૬૮]

# 'મીનપિયાસી'

## તડકો વાદળિયો

*આ તડકો જો વાદળિયો.*
*શોભે કેવો, પુરુષ જાણે કેડયેથી પાતળિયો!*
*આ તડકો જો વાદળિયો…*

*અહીં પડી આ ધીંગી ધરતી, ત્યાં ઘૂઘવે છે દરિયો,*
*કાજળકાળા કચરા-ઢગ શો, છાંયો છે પાથરિયો,*
*શત શત કિરણે વાળે સોનલ સાવરણાની સળીઓ.*
*આ તડકો જો વાદળિયો…*

*મેલાં થઈને સાવ મસોતાં વાદળ નભને લૂછે,*
*સાફ થયું કે? ડોકું કાઢી સૂરજ સહુને પૂછે;*
*થાકી ત્યારે હાશ કરીને ધરતી-હૈયે ઢળિયો.*
*આ તડકો જો વાદળિયો…*

*વિશ્વાત્માના વદન ઉપર કોઈ વિષાદ આવી વસિયો,*
*એમાં જાણે હોય અચાનક હૈયું ખોલી હસિયો;*
*પ્રસન્નમૂર્તિ પ્રકાશ એવો પૃથ્વી પર ફરી વળિયો.*
*આ તડકો જો વાદળિયો…*

# મીરઝા કેમ્પે

## જીવંત ખાક

*એક જ્વાલા હતી, ને હવે ખાક છું.*
*સાંભળો! ખાક શું ગાય છે:*
*આભ ઊંચી લઈ જાવ, ગગને ઝુલાવો મને:*
*પવન-પાંખાળી હું ખાક છું, ઊડવા થનગનું;*
*ને પછી ઝળકતા નીલ નામથી*
*વિખેરો મને, અહીં વાવો મને*
*હિન્દના પરમ હેતાળ હૈયા પરે.*
*અંગેઅંગે છવાતી જતી, પ્રસરતી આછી ચાદર સમી,*
*કહીશ હું કાનમાં:*

*મા, તને થાય છે સ્પર્શ મારો?*
*જીવન ને મૃત્યુમાં*
*એક જ્વાળા બની, ને હવે ખાક થઈ,*
*માત! મેં તુજ પરે જાત ઘોળી કરી.*
*હિન્દમૈયા કહે છે મને:*
*લાલ પ્યારા જવાહર! તને નહિ દઉં જંપવા,*
*ના, નહીં મૃત્યુકાંઠે દઉં વિરમવા.*
*ખાક તો તારી આ તલસતી*
*લાલવરણાં ગુલાબો મહીં કોળવા;*
*જિન્દગીનું સદા કમલ તવ*
*ખીલશે નિત્યનવ ફુલ્લ મારા મહીં.*

*

*—હું હતી નીલઘન લહર દરિયાવ દુર્દમ સમી,*
*આજ તો ભૂખરી ખાક છું મૌન ભારે ઢળી.*
*સાંભળો! ખાક શું ગાય છે:*

*મુઠ્ઠીભર મુઠ્ઠીભર લઈ મને*
*દો પ્રયાગે જ પધરાવી, આનંત્યની*
*ગંગાના હું ઉછંગે વહું ઝૂલતી ઝૂમતી*
*ત્યાં મહાસાગરે*
*વિશ્વના સાગરોનો જહીં રંગમેળો મળે.*
*માનવીના દિમાગે રહું વિલસતી,*
*પૂછશે વિવિધ લોકો મને:*
*શાંતિ કેરી તું સહિયર અલી!*
*શાંત થઈ કેમ સૂતી નથી?*
*ખાકની ફેનકલગી શિરે ધારતું*
*આપશે મોજું ઉત્તર: ભલા,*
*આજ આવો, મિલાવો ખભા,*
*ભાઈ સમ સર્વ ભેટી પડો!*

*ને પછી મોજું મોજા સહે ભેટતું*
*ઊછળી ધસી જશે*
*રોજ આગે અને રોજ આગે બઢી,*
*આ અશાંતિની દુનિયા મહીં*
*સાદ પાડી સદા,*
*સાદ પાડી બધે,*
*શાંતિ ને પ્રેમનો, પ્રેમ ને શાંતિનો!*

[મૂળ લેટવીઅન ભાષાના કાવ્યના કવયિત્રીએ પોતે કરેલા અંગ્રેજી ભાષાંતર પરથી]

(અનુ. મકરન્દ દવે)

# મીરાં

## ક્હાન રાખે તેમ રહીએ

*ક્હાન રાખે તેમ રહીએ ઓધવજી, ક્હાન રાખે તેમ રહીએ;*
*કોઈ દિન પે'રણ હીર ને ચીર, કોઈ દિન સાદાં રહીએ.*

*કોઈ દિન ભોજન શીરો ને પૂરી, કોઈ દિન ભૂખ્યાં રહીએ;*
*કોઈ દિન રહેવાને બાગબગીચા, કોઈ દિન જંગલ રહીએ.*

*કોઈ દિન સૂવાને ગાદી ને તકિયા, કોઈ દિન ભોંય સૂઈ રહીએ.*
*મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સુખદુ:ખ સૌ સહી રહીએ.*

## નાહીં તોડું

*જો તુમ તોડો પિયા, મૈં નાહીં તોડું;*
*તોસોં પ્રીત તોડ, કૃષ્ણ! કૌન સંગ જોડું?*

*તુમ ભયે તરુવર, મૈં ભઈ પંખિયા;*
*તુમ ભયે સરોવર, મૈં તેરી મછિયા,*

*તુમ ભયે ગિરિવર, મૈં ભઈ મોરા,*
*તુમ ભયે ચંદા, મૈં ભઈ ચકોરા.*

*તુમ ભયે મોતી પ્રભુ, હમ ભયે ધાગા;*
*તુમ ભયે સોના, હમ ભયે સોહાગા.*

*મીરાં કહે, પ્રભુ! વ્રજ કે વાસી!*
*તુમ મેરે ઠાકુર, મૈં તેરી દાસી.*

# બંસીવાલા! આજો મોરા દેશ

*બંસીવાલા, આજો મોરા દેશ! તારી શામળી સૂરત હદવેશ.*
*આવન-આવન કહ ગયે, કર ગયે કોલ અનેક;*
*ગણતાં-ગણતાં ઘસ ગઈ જીભાં, હારી આંગળીઓની રેખ.*

*એક બન ઢૂંઢી સકલ બન ઢૂંઢી, ઢૂંઢ્યો સારો દેશ;*
*તોરે કારણ જોગન હોઊંગી, કરુંગી ભગવો વેશ.*

*કાગદ નહિ મારે સાહી નાહિ, કલમ નાહિ લવલેશ;*
*પંખીનો પરવેશ નાહિ, કિન સંગ લખું સંદેશ?*

*મોરમુગટ શિર છત્રા બિરાજે, ઘુંઘરવાળા કેશ;*
*મીરાંકે પ્રભુ ગિરિધરના ગુણ, આવોની એણે વેશ.*

['મીરાંનાં પદો' પુસ્તક]

# વૃંદાવન મોરલી

*વાગે છે રે વાગે છે,*
*વૃંદાવન મોરલી વાગે છે;*
*તેનો શબ્દ ગગનમાં ગાજે છે.*

*વૃંદા તે વનને મારગ જાતાં,*
*વા'લો દાણ દધિનાં માગે છે.*

*વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,*
*વા'લો રાસમંડળમાં બિરાજે છે.*

*પીળાં પીતામ્બર જરકસી જામા,*
*વા'લાને પીળો તે પટકો રાજે છે.*

કાને તે કુંડળ મસ્તકે મુગટ,
વા’લા મુખ પર મોરલી બિરાજે છે.

વૃંદા તે વનની કુંજ ગલનમાં,
વા’લો થનક થૈ થૈ નાચે છે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
વા’લા દર્શનથી દુખડાં ભાજે છે.

## રામ રાખે ત્યમ રહિયે

રામ રાખે ત્યમ રહિયે, ઓધવજી, રામ રાખે ત્યમ રહિયે,
આપણે ચિઠ્ઠીના ચાકર છૈયે.

કોઈ દિન પ્હેરિયે હીરનાં ચીર, તો કોઈ દિન સાદાં ફરિયે.
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, તો કોઈ દિન ભૂખ્યાં રહિયે.

કોઈ દિન રહેવાને બાગબગીચા, તો કોઈ દિન જંગલ રહિયે.
કોઈ દિન સૂવાને ગાદીતકિયા, તો કોઈ દિન ભોંય પર સૂઈએ.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, તો સુખદુ:ખ સર્વે સહિયે.

## મ્હાંને ચાકર રાખોજી

મ્હાંને ચાકર રાખોજી,
ગિરિધારી લાલ, ચાકર રાખોજી.

ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઉઠ દરસન પાસૂં,
વૃંદાવન કી કુંજગલિન મેં, ગોવિંદ-લીલા ગાસૂં.

*ચાકરી મેં દરસન પાઊં, સુમિરન પાઊં ખરચી,*
*ભાવ-ભગતિ જાગીરી પાઊં, તીનો બાતાં સરસી.*

*મોરમુકુટ પીતાંબર સોહે, ગલે બૈજંતીમાલા,*
*વૃંદાવન મેં ધેનુ ચરાવે, મોહન મુરલીવાલા.*

*ઊંચે ઊંચે મહલ બનાઊં, બિચ બિચ રાખૂં બારી,*
*સાંવરિયા કે દરસન પાઊં પહિર કસુમ્બી સારી...*

## કહો, મનડાં...

*કહો, મનડાં કેમ વારીએ, ઓધવજી!*
*કહો, મનડાં કેમ વારીએ?*
*કૂપ જો હોય, તો ગાળીએ નીર કૂપનાં,*
*સાગરને કઈ પેર ગાળીએ?*

## રાણોજી રૂઠશે...

*રાણોજી રૂઠશે તો રાજ તજાવશે,*
*પ્રભુજી રૂઠે ક્યાં જાશું?*

# મુકુંદ ટાકસાળે

## પુસ્તકોની હૂંફ

મારી દીકરી ગમે ત્યાં પ્રવાસે જવા નીકળે, કે પછી ગામમાં ને ગામમાં જ તેની માસીની છોકરીને ત્યાં જતી હોય, તે ઘરમાંથી નીકળતાં નીકળતાં લાગલું જ એક પુસ્તક સાથે લઈ લે છે. એની આ આદત જોઈને મારી છાતી ઊભરાય છે. યેસ્સ... આ મારી જ આદત!

આમ તો મુસાફરીમાં પુસ્તક વાંચવું મુશ્કેલ બાબત છે. એનાથી વાંચનારની આંખને અન્યાય થાય છે, અને તે જ પ્રમાણે બારીમાંથી દેખાતા નોખા-નિરાળા પ્રદેશને પણ અન્યાય થાય છે. મારી છોકરી માસીને ત્યાં જાય એટલે ત્યાં એની મશિયાઈ બહેન સાથે ગપસપ ને ટોળટપ્પાં કરવાની એ તો જાણે નક્કી હોય છે. એ ત્યાં પુસ્તક વાંચવાની નથી એ પણ નક્કી હોય છે. આ પણ મારા જેવું જ. હું પણ પુસ્તક સાથે લઉં એનો અર્થ એ વાંચું એવો નથી હોતો. એ સાથે લેતી વખતે, મારાથી એ વંચાવાનું નથી એનો મને પૂરો અંદાજ હોય છે. તોય હું પુસ્તક સાથે લઉં છું. કેમ?

પુસ્તક સાથે છે, એ લાગણી જ મનને દિલાસો આપનારી હોય છે. પુસ્તક વંચાય કે ન વંચાય, પણ વખત આવ્યે એ આપણી પાસે છે એ વાત મહત્ત્વની હોય છે. પૈસાના પાકીટ જેવી આ વાત છે. આપણે બહાર જઈએ ને પાકીટ ભૂલી ગયા છીએ એવું યાદ આવે એટલે એકદમ બગવાઈ જવાય છે. દુકાનમાંની કેટલીય ચીજો ઇશારા કરતી હોય છે. એકાએક ખરીદી કરવાની સખત ઇચ્છા થાય છે. પણ શું કરીએ? પાકીટ જ હોતું નથી! હોટેલ દેખીને ભૂખ લાગી હોય એવું લાગવા માંડે છે. અંદર જઈને મસાલા ઢોંસા ઝાપટવાનું મન થાય છે. પણ અરેરે! ખિસ્સામાં પાકીટ નથી હોતું! ખિસ્સામાં પાકીટ ન હોવાની લાગણી જ મનને અસલામત બનાવે છે. પણ પાકીટ હોય એટલે આવું

કશું થતું નથી. એ ‘ખિસ્સામાં છે’ એ ખ્યાલથી જ માણસને ટેકો ને હૂંફ રહે છે. આખા દિવસમાં પાકીટ ખોલવાનો વખત પણ આવતો નથી. પણ ‘પાકીટ છે’ એ લાગણી જ મનને સલામતી આપી રહે છે.

પુસ્તકની બાબતમાં પણ આવું જ થતું હોવું જોઈએ. એ આપણી સાથે છે એવી હકીકતથી જ આપણે એક સુશિક્ષિત, સંસ્કારી દુનિયાના નાગરિક છીએ, એવી હૂંફાળી લાગણી મનમાં જાણતાં-અજાણતાં ઊભી થતી હોવી જોઈએ. ગમે તેવી કંટાળાજનક કે અકળાવનારી પરિસ્થિતિ ઊભી થાય તોપણ પુસ્તકોનો સંગાથ છે જ, આવો દિલાસો પુસ્તક સાથે હોય એટલે હંમેશાં થતો રહે છે.

બ્રિટિશ લાઇબ્રેરી મારી ખૂબ મનગમતી લાઇબ્રેરી છે. ત્યાં જાઉં એટલે વિવિધ વિષયો પરનાં પુસ્તકો જોઈને આંખ ફાંગી થઈ જાય છે. કેટલાંક વર્ષો પહેલાં ‘હજુ આપણે કેટલાં બધાં પુસ્તકો વાંચવાનાં છે’ એ વિચારમાત્રથી છાતી બેસી જતી! હવે એમ થાય છે કે આખો જન્મારો આપણે માત્ર પુસ્તકો જ વાંચ્યા કરીએ (એમ કરવું શક્ય પણ હોતું નથી) તોય આમાંથી કેટલાં બધાં પુસ્તકો વાંચવાનાં રહી જ જાય, અને એનો કોઈ ઉપાય નથી. તોય બ્રિટિશ લાઇબ્રેરીનાં કેટલાય વિષયો પરનાં પુસ્તકો ઇશારો કરીને બોલાવતાં રહે છે અને હું એમને ઉમંગથી ઘરે લઈ આવું છું.

ક્યારેક એમ થાય છે, ‘એક વાર તો આખો શેક્સપિયર વાંચી નાખીએ.’ એના માટે થોડીક વાચનશિસ્ત કેળવીએ એટલે બસ! એ ઉપાડે એકાદ નાટક ઝડપભેર વંચાઈયે જાય છે. પણ પછી ઉત્સાહ ઓસરી જાય છે.

‘એનોટેટેડ ડિકન્સ’ નામે પાંચ પાંચ નવલકથાઓના બે મસમોટા ખંડ છે. એ હું કેટલી વાર ઘરે લઈને આવ્યો હોઈશ, એની કોઈ ગણતરી જ નથી. એ ઘરે લાવું; કામ કે બીજાં રોકાણોને લીધે, કે પછી આંખ સામે ટેલિવિઝનનું અખંડ અગ્નિહોત્ર ચાલતું હોવાને કારણે એ પુસ્તકો વંચાય તો નહીં જ. પછી એ વાંચ્યા વિના જ થોડાં પાનાં ફેરવીને પાછાં આપી દેવાનાં. આવું કેટલી વાર બન્યું છે એ કહેવું મુશ્કેલ છે.

છતાં હું ખંતપૂર્વક એ પુસ્તકો લાવું છું, ખંતથી રિન્યુ કરાવું છું. આવું ત્રણ વખત થાય એટલે એ પુસ્તકો પાછાં આપવાનો સમય થઈ જાય છે. તોય એમ થતું રહે છે કે આપણાથી આ પુસ્તકો વંચાઈ જ જશે. લાઇબ્રેરીમાં પુસ્તકો મોડાં પાછાં આપતાં દંડેય ઘણો ભરવો પડે છે. પણ તેના બદલામાં પુસ્તકો થોડા વધુ સમય માટે સાથે રાખવાનો સંતોષ મેળવી શકાય છે. પુસ્તકો પાછાં આપતી વખતે, એમનો જે સહવાસ થયો તેનાથી જ ‘આપણે તે વાંચ્યાં’ એવું લાગતું રહે છે.

પુસ્તકો માત્ર સાથે રાખવાથી જો આવો ‘સાત્ત્વિક’ સંતોષ મળતો હોય, તો એ ખરેખર વાંચીએ ત્યારે કેટલો બધો સંતોષ મળતો હશે!

(અનુ. સંજય શ્રી. ભાવે)

[‘શબ્દસૃષ્ટિ’ માસિક: ૨૦૦૫]

# મુકુંદરાય પારાશર્ય

## જીવનમાં એની કવિતા

મારાં મોટી બહેનનાં લગ્ન તેના બારમે વર્ષે થયાં. એ મારાથી બે વરસે મોટાં. લગ્ન પછી દોઢેક વરસે એ પિયર આવેલાં ત્યારે એ ઘણાં ગીતો ગાતાં. એક શિયાળાની રાતે ઓરડામાં ભાંડરડાંને એ હીંચકો નાખતાં'તાં ને હું બહાર પૂર્વાભિમુખ ઓસરીમાં હતો. ખુલ્લા અંધારા આકાશમાં તારાઓ જોતો'તો. ત્યારે બહેન ગાતાં'તાં તે શબ્દો મને ગમ્યા ને યાદ રહી ગયા :

બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું સુખકુંજ સમ ઊંડું, ત્યાં એકલો ઊડું.

જન, જગત, સૂર્ય, સુહાગી જ્યોત્સ્ના, વિશ્વ બહુ રૂડું, પણ એકલો ઊડું.

અને પછી તો થોડા જ દિવસોમાં રોજ તેમની સાથે ગાઈ એ ગીત કંઠે કરી લીધું. આ ન્હાનાલાલ નામે કવિની કવિતા છે ને એ કવિ વિદ્યમાન છે, એવી કોઈ સમજણ ત્યારે હતી એવું યાદ આવતું નથી. એ ગીતની બધી જ પંક્તિઓ હું સમજું છું કે માણી શકું છું, એમ તો આજે પણ કહી શકતો નથી. પણ થોડીક પંક્તિઓની મધુરતા તો મને કાળક્રમે વધુ લાગી, એવું થયું છે. એ થયું ૧૯૨૯ના ડિસેમ્બરમાં, ગિરનારની ટેકરીઓમાં ઉઘાડે પગે એકલાં રખડતાં ગુફાઓ અને ખીણપ્રદેશો જોતાં તથા રાતે ખુલ્લા આકાશ તળે એ નિર્જનતામાં ગમે ત્યાં સૂવાનું થતું ત્યારે.

અમારા કુટુંબમાં અંત્યાક્ષરી રમવાની રોજની ટેવ હતી એટલે સંસ્કૃત ને ગુજરાતી શ્લોકો, મુક્તકો, કવિતા અને ગીતો-ભજનોની કડીઓ કંઠસ્થ કરેલી, તેમાં ન્હાનાલાલની રચનાઓ પણ હતી. એ વખતે વાચનનો શોખ હતો. ઘરમાં કાકાએ વસાવેલ 'વસંતોત્સવ', 'ઇન્દુકુમાર', 'ન્હાના ન્હાના રાસ', 'ગીતા'-'મેઘદૂત'નાં ભાષાંતર વગેરે હતાં તે હું વાંચતો.

મારું વય ન હતું એ વેળા હું ‘વસંતોત્સવ’ વાંચતો’તો, તેવામાં મારાં ફઈએ એક છોકરીના સંબંધમાં કહ્યું કે ‘કેવી ગુલછડી સમોવડી છે!’ અને ‘વસંતોત્સવ’ની પહેલી જ લીટી મને યાદ આવી, ત્યારે એ વાત સમજાઈ કે જે કંઈ વાંચીને જાણીએ તેને જીવનમાં જોતાં શીખવું જોઈએ.

[‘ગ્રંથ’ માસિક: ૧૯૭૭]

## નામ માધવનું

*બેન, વગડો બોલે છે નામ માધવનું.*
*બેન, ખડવનમાં સળી સળીમાં સળવળતું નામ મારા માધવનું.*

*બેન, ઝૂલે વડવાઈએ નામ માધવનું.*
*બેન, છાંયે આળોટે નામ માધવનું.*
*બેન, થડ થડ પર છુપાતું મલકે છે નામ મારા માધવનું.*

*બેન, થાળે ઢલવાય નામ માધવનું.*
*બેન, ક્યારે છવરાય નામ માધવનું.*
*બેન, ખેતરનાં ડૂંડાંમાં ડોલે છે નામ મારા માધવનું.*

*બેન, લણતાં લણાયું નામ માધવનું.*
*બેન, ખડક્યું ખળામાં નામ માધવનું.*
*બેન, ગાડે વેરાતું વહી આવે છે નામ મારા માધવનું...*

*બેન, પિંજર પુકારે નામ માધવનું.*
*બેન, ખીલે ખેંચાય નામ માધવનું.*
*બેન, બારણાની તડમાંથી સૂસવતું નામ મારા માધવનું.*

*બેન, ચાતક રૂવે છે નામ માધવનું.*
*બેન, પાલવ લૂવે છે નામ માધવનું.*
*બેન, રહી રહીને નેવલે ચૂવે છે નામ મારા માધવનું.*

*બેન, સ્થળ જળ ઝીલે છે નામ માધવનું.*
*બેન, મૃગજળ તલખે છે નામ માધવનું.*
*બેન, અંધારાં-અજવાળાં, પીએ છે નામ મારા માધવનું.*

*બેન, મળતાં મળ્યું છે નામ માધવનું.*
*બેન, અનુભવનું ધામ નામ માધવનું.*
*બેન, બોલાવું કોકને ને પડઘામાં નામ મારા માધવનું.*

['સંસ્કૃતિ' માસિક: ૧૯૭૫]

# એક ગુરુપુષ્યામૃતયોગ

આ શીર્ષક જ્યોતિષવિદ્યાને લગતું છે. આકાશમાં બાર રાશિ વચ્ચે સત્યાવીશ નક્ષત્રો વહેંચાયેલાં છે. તેમાં કર્ક રાશિમાં પુષ્ય નક્ષત્રા આવે છે. ચંદ્ર દર માસે એક વખત તેના પરથી પસાર થાય છે. ચંદ્ર એ નક્ષત્રા પરથી ગમે તે વારે નીકળી શકે, પણ એ ગુરુવારે જ નીકળે તેવું તો ભાગ્યે જ બને છે. એવું થાય તેને ગુરુપુષ્યામૃતયોગ ગણાવાયો છે. તેમાંય ગુરુવારના પ્રારંભથી ચંદ્ર નક્ષત્રા પર હોય ને તે દિવસ પૂર્ણિમાનો હોય તેવો યોગ બહુ વિરલ છે. આવી પોષી પૂનમ જોવા હું ભાગ્યશાળી થયો છું. પ્રભાશંકર પટ્ટણી (૧૮૬૨-૧૯૩૮)ના અવસાન પછી ત્રણ વરસે તેમના અંગત સેક્રેટરીએ કરેલી આ વાત મારા શબ્દોમાં રજૂ કરું છું.

૧૯૩૪ની શરૂના શિયાળામાં એક દિવસ કોઠી સાથે કામ હોવાથી પ્રભાશંકર રાજકોટ ગયેલા. પાછા ફરતાં ભાવનગર તરફની ગાડી ઊપડવાને પોણા કલાકની વાર હતી, તે વખતે પ્રભાશંકર તેમના બે સેક્રેટરી સાથે રાજકોટ સિટી સ્ટેશને આવી ગયા. એ સ્ટેશનેથી સામાન્ય રીતે ઘણા ઓછા ઉતારુઓ ચડતા. એક સેક્રેટરી પૉર્ટફોલિયા સાથે બાંકડે બેઠા ને પ્રભાશંકર પ્લૅટફૉર્મના આ છેડેથી તે છેડે ફરવા નીકળ્યા. પ્લૅટફૉર્મના છેડેથી જરા આગળ તેમણે સાંધાવાળાનું ક્વાર્ટર જોયું.

બાજુમાં કાચી છાપરી નીચે એક ભેંસ ને ગાય બાંધેલાં જોઈ તે ત્યાં ગયા. એક આધેડ બાઈ સામે આવી, આવકાર આપતાં બોલી કે, "પધારો મહાતમાજી." આમ કહી ખાટલો ઢાળી તે પર ગોદડું નાખી કહ્યું કે, "હ્યાં બેસો."

પ્રભાશંકરે બેસતાં કહ્યું કે, "દુઝાણું જોયું એટલે તમારે આંગણે બેસવા આવ્યો. ઘરમાંથી ક્યાં ફરજ પર ગયા છે?"

સામે નીચે બેસતાં બાઈએ હા કહી ને પૂછ્યું, "મહાતમા બાપુ, તમે કોણ, કાં રો છો?"

પ્રભાશંકરે કહ્યું, "હું મહાત્મા નથી, બ્રાહ્મણ છું, પણ પચાસ વરસથી એક રાજની નોકરી કરું છું. ભાવનગર રહું છું. ઢોર બહુ ગમે ને એ જેને ત્યાં હોય ત્યાં જાવું-બેસવું ગમે."

બાઈએ કહ્યું, "દેવ, મારે હ્યાં તો ભગવાને દીધાં બે જ ઢોર છે, ઝાઝાં નથી. તમારાં પગલાં થ્યાં, હવે ઝાઝાં થાય ઈમ માગું. પણ બાપુ, તમે ભલે કો' કે રાજનો નોકર છું, પણ હું માનું નૈં. તમે તો મે'ની ઘોણે દયા કરવા આવ્યા છો, નહીંતર આંઈ વગડામાં આટલે છેટે છાપરીએ કોણ આફૂડું ડોકાય? કોણ સાધુમા'તમા આવે? આવ્યા છો તો હમણે જ ગા દોઈ છે, દૂધ લેસો? તાંસળી ભરી દઉં, સેડકઢું છે."

પ્રભાશંકરે કહ્યું કે, "બે'ન, દૂધ તો નથી પીવું, છાશ ઘો તો પીઉં." "શીદ નો દૌં, ઈ પીયો." કે'તી બાઈ ઊઠી ને એક હાથમાં ભરી તાંસળીને બીજા હાથમાં છાશની દોણી લઈ આવી. કીધું કે, "રોજ સવારે કરીએ છૈ." પ્રભાશંકરે તાંસળી ભરી માખણ ઉતાર્યા વગરની છાશ પીધી. તેનાં વખાણ કર્યાં.

બાઈએ કહ્યું, "છાશમાં શું વખાણ? સંધેય સરખી."

પ્રભાશંકરે કહ્યું, "માડી, મને ફેર લાગે."

બાઈએ કહ્યું, "બાપુ, કાંક ઉપદેશ દો."

પ્રભાશંકરે કહ્યું, "એ દેનારો હું નથી. મળેલા ઉપદેશ મુજબ જીવવા મે'નત કરું છું. તમે હ્યાં એકાંતમાં ઢોર રાખી સેવા કરો છો ને

મને એવે ઠેકાણે બેસવું બહુ ગમે, બાળપણ તાજું થાય, એટલે તમારે ત્યાં રાજી થઈને આવ્યો.” બાઈએ કહ્યું, “અમે વસવાયાં કે’વાઈં. અમને અમારા જેવાં હારે ગમે એટલે બે બાંધ્યાં છે.”

પ્રભાશંકરે પૂછ્યું, “માડી, આપણાં જેવાં છે એમ તમને કેમ કરતાં લાગ્યું?”

બાઈએ કહ્યું, “ઈ કાંઈ નો સમજું. પણ એવું થ્યું કે આંઈ એની નોકરી થૈ ને જાતે દા’ડે છાસવારે ભારખાનાના ડબામાં પૂરેલી ગામાતા ને ભેંસું જોઈ મેં એક દાણ એને પૂછ્યું કે, આ ઢોરાં ભારખાનામાં કૈ દેમણાં જાય છે? તો કે, મુંબઈ. મેં પૂછ્યું, હ્યાં સું કામ? તો કે, હ્યાં મોટું કતલખાનું છે. દેસમાંથી કૈંક ઢોરાં હ્યાં જાય છે. સાંભળીને મને અરેરાટી થૈ: હાય જીવ, આ કળજગ! ઘરેઘરે ગાય બંધાય ને સેવા થતી, છોરાં સેડકઢું દૂધ પીતાં, ઈ માતાના આ હાલ? આમ થોડા દી નો થ્યા ને મને કાંઈ ગોઠતું નૈં એટલે એને કીધું કે તમે હા કો’ તો ગા મારે પીરથી લાવું ને તમે એક ગા કે ભેંસ લાવી દ્યો. સેવા કરીએ. જે ગાડીમાં આ સારું ઢોર ચડે ઈ ગાડીવાળાનું કામ કરી એનો દીધો રોટલો કયા ભવ સારુ ખાવો? તો મને ક્યે કે, નીણપૂર તો તું કર, પણ ઈ લાવવાં ક્યાંથી? મેં કીધું, તમ તમારે દી આખો તમારું કામ કરો. મારે બે છોડી, રાંધી ખવરાવું પછી સાવ નવરી. છાણ-લાકડાં વીણવા જૌ છું ઈને બદલે છાણ ઘેર થાશે એટલે દી આખો ચારીશ, ચોમાસા કેડે ખડ વાઢ્યાવીસ. તમ તમારે એક ગા કે ભેંસ લાવી દો. ઈયે હું સરખા છે. ઈ ભેંસ લાવ્યા, બે ઢોર ઘેર બાંધ્યાં. છોડિયુંને લૈ સીમમાં ચારવા જાઉં, ઝાડને છાંયે બેસી છોડિયુંને ચણિયા-કમખા ને કડિયાં ભરતાં ને મૈં આભલાં ભરતાં શીખવું. કરગઠિયાંય વીણીએ. છોડિયું જરા મોટી થૈ એટલે ઈયે ખડ વઢાવે. હવે તો ઈ સાસરે ગ્યું. આ ઢોર છે તો મારે સંગાથ છે. ઈ હતાં ઈ મરી ગ્યાં. ઈ ગાને પાંચ વાછડી. ભેંસને પાંચ પાડી થૈ. આ બે છે ઈ એનાં. વાછડી વોડકી થાય ને પાડી ખડાઈ થાય એટલે ભામણને કે એવા કોકને, જ્યાં છોરાં હોય હ્યાં દૈ આવું. આમ ને આમ દી પૂરા થાય તો હાંઉં.”

પ્રભાશંકરે કહ્યું, “આટલુંયે હું કરી શકતો હોઉં!”

બાઈએ કહ્યું, “તમેય તમારી ઝૂંપડીયે ઢોર બાંધ્યાં જ હશે.”

પ્રભાશંકરે કહ્યું, “છે, પણ નીરણપૂળો કોક વાર થાય. મારાં માવતર ને મોટેરાં તો ગાયુંની વચમાં સૂઈ રે’તાં. બાળપણમાં હુંયે સૂતો છું. પણ છેલ્લાં બત્રીસ વર્ષથી બંગલામાં રહું છું. હું દોતોય ખરો, વહુ-દીકરાને આવડે, પણ હવે કરે કોક વાર. છું ભામણ, તોય હવે તમારા જેવી સેવા અમારી નહીં. હું તો તમારાથી થયેલો રાજીપો બોલી બતાવું છું. છાશ પાઈને તમે ટાઢક કરી. માડી, બેસવાનું તો ગમે, પણ ગાડીનો વખત થયો છે એટલે રજા લઉં. મારા જેવું કામ હોય તો કહો. રાજી થઈને કરીશ.”

“મારે સું કામ હોય! સખે રોટલા ખાઈને રૈ છૈં. તમે પગલાં કર્યાં, પણ મેંથી કાંઈ થ્યું નૈં. દુવા દ્યો કે આ ઢોરને સાજાંનરવાં જાળવી શકું ને મનમાની સેવા કરું.”

બેઠા થતાં પ્રભાશંકરે કહ્યું, “માડી, જે ધણીએ આટલાં વરસ તમારી રખેવાળી કરી ને સહુ જીવજંતુનીય કરતો રહ્યો છે, એ બહુ દયાળુ છે. તમારા જેવાંનું એ રક્ષણ કરશે જ. મને એ ભરોસો છે. ખોળો પાથરી પગે ન પડો,” એમ કહેતાં પ્રભાશંકરે સામે નમી પ્રણામ કર્યા ને ઢોર તરફ હાથ જોડી માથું નમાવી પાછા ફર્યા. પાછા ફરતાં ગાય-ભેંસને પંપાળતા આવ્યા.

પાટા ઓળંગી પ્લૅટફૉર્મ પર આવતાં પ્રભાશંકરના કહેવાથી સેક્રેટરી પાછા ફરી એ બાઈને દશ રૂપિયા દેવા માંડ્યા, તો બાઈએ કહ્યું કે, “ઈ નો લેવાય ભૈલા, પાપમાં પડીએ. અમે સખનો રોટલો ખાઈં છૈં.”

સેક્રેટરીએ કહ્યું કે બાપુ તો ભાવનગરના દીવાન હતા. બાઈએ કહ્યું, “ઈ ભલે રહ્યા. ભગવાન એને કરોડ વરસના કરે. હું નૈં લઉં.”

સેક્રેટરીએ કહ્યું, “ઉપરથી ભગવાન મેઘ વરસાવે એ આપણે સૌ ઝીલીએ છીએ. એમ આયે ભગવાનનો જ પ્રસાદ છે. બાપુએ કે’વાનું કીધું છે કે બીજાને દેવા માટે જ ભગવાન મને નાણું આપે છે.” આમ

કહી ખાટલે રૂપિયા મૂકી સેક્રેટરી પાછા આવ્યા.

ગાડી ઊપડ્યા પછી સેક્રેટરીએ બાઈની આનાકાનીની વાત કરી, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે, “આ દેશનાં ભોળાંભલાં માણસોની મતિ ફેરવવા ઘણા પ્રયત્નો સો વરસથી થતા રહ્યા છે. પણ ઋષિમુનિઓએ હજારો વરસ પહેલાં સીંચેલા સંસ્કાર એટલા મૂળ સ્વભાવમાં ઊતરી આવ્યા છે કે સૈકાઓથી આ પ્રજા પીડાતી આવે છે છતાં હજી આવાં સાચાં માણસો રહ્યાં છે. પ્રભુએ આવાં માણસ જાળવીને બાવળની કાંટમાં ક્યાંક ક્યાંક ચંદનનાં ઝાડ ઉગાડ્યાં છે.”

## રેવાવહુ

પ્રખ્યાત પુરાતત્ત્વવિદ પંડિત ભગવાનલાલ (૧૮૩૯-૧૮૮૮)ના પિતા ઇન્દ્રજી. એ શાસ્ત્રી ઇન્દ્રજીના કાકા શાસ્ત્રી જેઠાલાલના કુટુંબની આ વાત છે.

શાસ્ત્રી જેઠાલાલના પિતા શાસ્ત્રી જગન્નાથ મૂળ પોરબંદરના. તેના ત્રણ પુત્રો: મુરારજી, અંબારામ અને જેઠાલાલ. ત્રણેય ભાઈઓ વિદ્યાસંપન્ન, શાસ્ત્રાનિપુણ અને કર્મકાંડી હતા. જૂનાગઢના નાગરોના આગ્રહને વશ થઈ મુરારજી તથા અંબારામ જૂનાગઢ જઈ વસ્યા અને જેઠાલાલ પોરબંદર જ રહ્યા.

ત્રણેય ભાઈઓમાં જેઠાલાલ વધુ વિદ્યાવ્યાસંગી ને કાવ્યકોવિદ હતા. પણ તેમની વિદ્વત્તા કરતાં તેમની ધર્મપરાયણતા અને સરળતાને કારણે તેમની સુવાસ ઘણી હતી. નિયમિત સારી આવકને અંગે જ્ઞાતિમાં સ્થિતિ પણ સારી ગણાતી; પરંતુ પતિપત્નીની ઉદારતાને કારણે પાસે સ્થાયી પૂંજી ન રહેતી.

એ શાસ્ત્રી જામનગર પરણેલા. પત્નીનું નામ મટીબાઈ. આ દંપતીને મોટી વયે સંતાનમાં એક પુત્ર થયો. પણ એ પુત્રમાં કુળની વિદ્વત્તાના કે બુદ્ધિક્ષમતાના ગુણો ન હતા. ભગવાનનો માણસ કહેવાય એવો

સાવ ભોળો ને સમજહીન એ હતો. વળી બોલવામાં બહુ થોથરાતો. માતાપિતાએ ઘણા પ્રયત્ન કર્યા, પણ છોકરો કંઈયે ભણી ન શક્યો. તેમાં વળી સાતેક વર્ષની વયે, રસ્તામાં વીફરીને ભાગેલા બળદના પગ તળે આવી જતાં તે એક પગે સાવ લંગડો બની ગયેલો. એ છોકરાનું નામ ચતુર્ભુજ.

અપંગ છોકરાને નવડાવી મા તેને ઓસરીને ઓટલે બેસાડી દે. પડખે બે સૂંડલી મૂકે; એકમાં હોય જાર, બીજીમાં હોય બાજરાનો લોટ. છોકરો પારેવાંને જાર નાખીને ચણાવે, ને જે કોઈ બ્રાહ્મણ આવે તેને ચપટી બે ચપટી લોટ આપે. સાંજે સીમમાંથી ગાય આવે ત્યારે માની ઓથે રહી ગાયને ને વાછરડાંને પૂળા ખવડાવી તેને હાથ ફેરવે.

અપંગ થયા પછી વળતે વર્ષે ચતુર્ભુજને જનોઈ આપી. એ પ્રસંગે મટીબાઈનાં બાળસહિયર પ્રભાકુંવર મોરબીથી આવેલાં. જામનગરમાં એ બંને એક પછીતે આવેલાં બે ઘરમાં પડખે પડખે રે'તાં, સાથે રમતાં, જમતાં, વ્રતો કરતાં. વર્ષોથી 'મટી'ને જોઈ ન હતી તેથી મળવા માટે જનોઈના આ પ્રસંગે તે આવ્યાં. મટીને મળી એ હરખથી રોઈ પડ્યાં. જેઠાલાલ શાસ્ત્રી પ્રત્યે આખા ગામનો ભાવ જોઈ સંતોષ પામ્યાં; પણ ચતુર્ભુજને જોઈ તેનું દિલ દુભાયું.

"મટી, તારો છોકરો અપંગ થયો તે ભારે થઈ!"

"ને સ્વભાવે જડભરત." મટીબાઈએ કહ્યું.

"આ તો દેખીને દાઝવા જેવું થયું." પ્રભાકુંવરે કહ્યું.

"હા. એમ થાય છે કે અમે માવતર કેટલાક દી? પછી આ છોકરો સાવ પરાધીન થશે. સૌનો ભગવાન છે; તોય, હું તો કળજગની મા છું એટલે થાય છે કે આનું શું થાશે?" કહી મટીબાઈ ઢીલાં થઈ ગયાં.

"પાછું, તારે બીજો દીકરો નથી; નહીંતર ચિંતા ન રહે."

"છતે દીકરે ડેલીએ તાળાં દેવાશે." કહેતાં મટીબાઈને કમકમાં આવ્યાં.

"તાળાં નહીં દેવાય. આવા શાસ્ત્રીને ઘેર તાળાં ન હોય."

"આને પોતાની દીકરી કોણ દે, બે'ન? ને પારકી દીકરીનો ભવ બગડે એમ મારાથી લેવાય પણ કેમ?" મટીબાઈએ કહ્યું.

"કેમ ન લેવાય? દે એની લેવાય." પ્રભાકુંવરે કહ્યું ને ઉમેર્યું: "હાલ્ય, મારી દીકરી રેવા તારા દીકરાને આપી, લે."

"હં, હં! એવું ન બોલ! મારે એને પરણાવવો નથી. મારે મરતાં મરતાં કોઈના નિસાસા લેવા નથી." મટીબાઈએ કહ્યું.

"હવે ના ન હોય, મારી જીભ કચરાઈ ગઈ." પ્રભાકુંવરે કહ્યું. 'પણ મારે તારી દીકરી નથી લેવી."

"મેં વચન દઈ દીધું. હવે તું ન લે તો મારી દીકરીને ગાળ ચોટે. તું એટલી હદે જાઈશ? તારાથી મને ના ન કહેવાય." પ્રભાકુંવરે કહ્યું.

"પણ તારા ઘરમાં તો પૂછ. યદુરાયને પૂછ્યા વગર..."

"ઈ મને ના પાડે? ધરમના કામમાં ઈ ના નો કહે. એકબીજાની હા જ હોય ને?"

ને આવી વાતચીતને અંતે, મટીબાઈ તથા તેનાં નણંદ-જેઠાણીને સમજાવી ને શાસ્ત્રી તથા તેના ભાઈઓને સમજાવી, પ્રભાકુંવરે પોતાની દીકરી રેવાનું સગપણ એ અપંગ જડભરત ચતુર્ભુજની સાથે કર્યું ને મોરબી પાછાં આવ્યાં.

એ વાત ઉપર બીજાં સાત વર્ષ ગયાં ને ચતુર્ભુજનાં રેવા સાથે લગ્ન થયાં.

પરણીને રેવા પિયર આવ્યા પછી એક વાર તેની બહેનપણીઓએ 'રેવાનો વર લંગડો', 'રેવાનો વર લંગડો' કહીને ચીડવી અને તેથી રેવા ખૂબ રોઈ, ત્યારે રેવાની મા પ્રભાકુંવરે છોકરીઓને કહ્યું: "ધણી લંગડો હોય કે માંદો, ગરીબ હોય કે ગાંડો, ધણીની સેવા કરી ઘર ઉજાળે એનું નામ સ્ત્રી. સ્ત્રીનો ધરમ સમજો ને પછી આ રેવા એના ધણીની કેવી સેવા કરે છે તે જોઈને બોલજો."

આ પછી વર્ષે દોઢ વર્ષે આણું વળી રેવા સાસરે આવી. આવતાંની સાથે તેણે ઘરભાર ઉપાડી લીધો. રેવામાંથી રેવાવહુ બની ગયાં.

દળણુંપાણી, છાણવાસીદું વગેરે કામ એ આનંદથી કરતાં. ચતુર્ભુજને કપડાં પહેરીને બેસવાની ટેવ પાડી. સાસુને કહીને સસરાના કોઈ શિષ્ય સાથે લાકડીને ટેકે ટેકે હવેલીએ દર્શન કરવા માટે સાંજે સાંજે મોકલવા માંડ્યો. આ કારણે, કે કોઈ બીજાં કારણે, ચતુર્ભુજમાં થોડીક પ્રસન્નતા દેખાવા લાગી. બહુ બુદ્ધિ આવી ગઈ એવું તો ન થયું, પણ ચતુર્ભુજમાં ફેર થયો. પહેલાં એ ગમે તેવાં મેલાં કપડાં પહેરીને ઓસરીએ-ઓટે નીચે સૂઈ જતો, તે હવે પાથરણા વગર સૂતો-બેસતો નથી. સ્વચ્છતાનો ખ્યાલ વધ્યો છે. ઘેર આવતાંજતાંની સાથે થોડીઘણી સરખી વાત કરે છે. જે શિખાબંધ ન રાખતો તે જાતે શિખાબંધ રાખે છે. શાસ્ત્રી પિતાને એ વાતનો હર્ષ થયો કે છોકરો ભલે અર્થ ન સમજતો પણ રોજ સવારે સૂર્યોદય પહેલાં નાહી, ઘરના ઠાકોરજી સામે બેસી ગાયત્રીની એક માળા કરે છે; ચંદન ઘસે છે. રોજ કંઈક નવો સુધારો છોકરામાં દેખાય છે, તે પ્રતાપ વહુના છે એમ કહેતા. ને એ રેવાવહુ રોજ સાયંકાળે ઘરમાં દેવ પાસે દીવો મૂકી સાસુસસરાને પાયે પડતાં ત્યારે આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવતાં અને ગદ્ગદિત થઈ શાસ્ત્રી કહેતા: “વહુ બેટા! ઠાકોરજીને પગે લાગો છો એમાં અમે બેય આવી ગયાં. તમે અમારી લક્ષ્મીમાતા છો. બેટા, તમે પગે ન લાગો.” શાસ્ત્રી એને ‘સુકન્યા’ પણ કહેતા.

આ રેવાવહુ વ્રતો-ઉપવાસો બહુ કરતાં. જોકે તેનાથી તેનું શરીર લેવાઈ જતું. ઉત્તરોત્તર તેના મુખ પર પ્રસન્ન ગંભીરતા અને ઓજસ વધતાં જતાં હતાં. લગ્ન પછી દશબાર વર્ષને અંતે જોનારને ‘આ એ જ રેવા?’ એમ આશ્ચર્ય સાથે માન થતું, એવો ફેરફાર તેમાં થયો હતો.

અને લગ્ન પછી બાર વર્ષે રેવાવહુને સીમંત આવ્યું ને પુત્રજન્મ થયો. સુવાવડ પછી પિયરથી રેવાવહુ પાછાં આવ્યાં ત્યારે મટીબાઈએ શાસ્ત્રીના હાથમાં પૌત્રાને મૂકતાં કહ્યું: “લો, લક્ષ્મીજીના આશીર્વાદને રમાડો.”

જ્યારે નવરા હોય ત્યારે શાસ્ત્રીજી પૌત્રાને રમાડતા; પણ એ જ્યારે પૂજામાં બેઠા હોય, શિષ્યોને ભણાવતા હોય કે શ્રવણ કરાવતા

હોય ત્યારે તેની સામે ગોદડી નાખી તેમાં રેવાવહુ બાળકને સુવડાવી જતાં. એ બાળક અઢી વર્ષનો થયો ત્યારે શાસ્ત્રીજી અવસાન પામ્યા.

શાસ્ત્રીજીના કારજમાં તેમના ભત્રીજા ઇન્દ્રજીએ કહ્યું: "કાકી, હવે જૂનાગઢ ચાલો. ત્યાં સહુ સાથે રે'શું તો ચતુર્ભુજને ગમશે."

આનો નિર્ણય રેવાવહુએ લઈ સાસુને કહ્યું: "એ તો ગાય જેવા મૂંગા છે એટલે સમજાવી નહીં શકે, પણ આ ખોરડા વગર એમનું દુ:ખ હળવું નહીં થાય. અજાણ્યું રહેઠાણ એમને નહીં ગોઠે. ઓળખીતા આવ્યા કરે તેથી જીવ અહીં હળવો થશે. બાકી એ જે રીતે અહીં રહે છે તે ત્યાં નહીં બને. બાપદાદાનાં ખોરડાં તળે તમારા દીકરાનું કલ્યાણ જોઉં છું."

વહુનાં વચને જૂનાગઢ જવાનો વિચાર પડતો મુકાયો. શાસ્ત્રીજી ગયા એટલે રાજમાંથી આવક બંધ થઈ. પણ ચતુર્ભુજને તેની સમજ ન હતી. સવારે નાહીને એ ઓટે બેસે તે વખતે જાર-લોટથી ભરેલી બે સૂંડલી પડખે તૈયાર હોય. એક સવારે અર્ધી સૂંડલી લોટ જોઈ ચતુર્ભુજે કહ્યું: "મા, આખી સૂંડલી આપો."

માએ કહ્યું: "બેટા, હવે તારા બાપ નથી. હવે પછેડી પ્રમાણે સોડ તાણતાં શીખ."

વહુએ આ વાત સાંભળી સાસુને કહ્યું: "જેણે આજ દિવસ સુધી આપણી રખેવાળી કરી છે એ ભગવાન હજીયે દઈ રે'શે. ભલે તમારો દીકરો દેતા હોય તેમ દે. એમનો જીવ દેવાથી રાજી રે' છે."

પણ આપમેળે સ્થિતિ સમજીને બ્રાહ્મણો જ ઓછા આવવા લાગ્યા, ત્યારે રેવાવહુએ આવનાર બ્રાહ્મણોને ફરી આવતા કર્યા. શાસ્ત્રીજીના સમયમાં બારસ—અમાસે પાકાં સીધાં દેવાતાં, તે દેવાતાં કર્યાં. શાસ્ત્રીજીની વરસીમાં રાજ્ય તરફથી ફરી દરમાયો શરૂ થઈ ગયો.

ચતુર્ભુજના પુત્રનું નામ જગન્નાથ. એ બોલતાં શીખ્યો ત્યારથી રેવાવહુ તેને સંસ્કૃત શ્લોકો ને કવિતાઓ શીખવતાં, બોલાવતાં. રોજ પૂજા વખતે શાસ્ત્રીજી જે સ્તોત્રો બોલતા તે રેવાવહુએ સાંભળીને કંઠસ્થ

કરી લીધેલાં. તે વારસો તેણે જગન્નાથને જનોઈ દીધી તે પહેલાં આપી દીધો. જગન્નાથની જનોઈ પ્રસંગે પ્રભાકુંવર આવેલાં. તેને મટીબાઈએ કહ્યું: “રોજ ચતુર્ભુજ પૂજા કરે તે ટાણે છોકરો સ્તોત્રો ભણે છે, એ કામ રેવાનાં છે. એટલે એ ઘરકામ કરતાં હોય ત્યાં માળામાંથી ઊઠીને મારું મન એને નમે છે. તારી તો એ દીકરી છે, પણ મારી તો મા છે!”

એ પ્રસંગે ગામની થોડી સ્ત્રીઓ પ્રભાકુંવરને ખોળો પાથરી પગે પડી. “બાઈયું, બે’ન્યું, તમે શું કામ પગે લાગો છો?” એમ પ્રભાકુંવરે પૂછ્યું, ત્યારે તે સ્ત્રીઓએ કહ્યું: “રેવાવહુ તો દેવી છે. તેનાં તમે જનેતા છો, એટલે પગે લાગ્યાં. તમારાં દર્શન ક્યાંથી?!”

જગન્નાથની જનોઈ પ્રસંગે તેનું વેવિશાળ પણ થયું; ને થોડા માસ પછી મટીબાઈનું અવસાન થયું.

જગન્નાથને પહેલાં જૂનાગઢ ઇન્દ્રજી કાકા પાસે ને પછી મોરબી મોસાળમાં શાસ્ત્રી મહેશ્વર પાસે ભણવા મોકલેલો. એ મોરબી ભણતો ત્યારે રેવાબાઈ, મરે તો એ જ મરે એવાં માંદાં પડ્યાં. માંદી પત્નીની પથારીએ ચતુર્ભુજ બધો વખત બેસી રહેતા. સગાંવહાલાં હતાં તે તેને જમવાસૂવા જવા કહે તોયે ન ઊઠે. પત્નીના મંદવાડે એનું શરીર લેવાઈ ગયું હતું.

આ રાત નહીં કાઢે, માનીને સગાંસંબંધી બધાં જાગતાં બેઠાં હતાં. બીમાર પત્નીને ઓશીકે ચતુર્ભુજ બેઠા હતા. રેવાવહુએ પાણી માગ્યું. એ પાણી ટોતાં ટોતાં ચતુર્ભુજ રોઈ પડ્યા ને બે વખત બોલ્યા: “તું મરીશ તો મારું શું થાશે?”

રેવાવહુ તેની સામે તાકી રહ્યાં. પછી હાથ જોડી આંખો મીંચી ગયાં ને થોડી વારે કહ્યું: “હું નહીં મરું.”

ને એ મર્યાં નહીં. થોડા દિવસમાં હતાં તેવાં સાજાં થઈ ગયાં.

પછી તો અપંગ પતિને લઈ ગાડામાં બેસી તેણે દ્વારકા તથા પ્રભાસની યાત્રા કરી. જગન્નાથને પરણાવ્યો. ભણતર પૂરું કરી જગન્નાથ દાદા પેઠે શાસ્ત્રીપદું કરવા લાગ્યો ને વહુએ રેવાબાઈને માથેથી ઘરકામનો

બોજો ઉપાડી લીધો.

એ પછી બેચાર વર્ષે ચતુર્ભુજ માંદા પડ્યા. મંદવાડ ભયંકર બન્યો.

ને ચતુર્ભુજ ગુજરી ગયા. રેવાબાઈ પણ સખત માંદાં થઈ ગયાં. ચાલતાં પડી જાય, એવી અશક્તિ આવી ગઈ. પણ તેણે ઓટે બેસી બ્રાહ્મણોને લોટ આપવાનું પતિનું કામ ચાલુ રાખ્યું. એ લોટ તે જાતે દળતાં. જગન્નાથ જ્યારે પગે લાગીને દવા લેવા તથા આરામ કરવા કહેતો ત્યારે તે કે'તાં: “બેટા, તું ચિંતા ન કર. મને કાંઈ નહીં થાય. હું જે કરું છું એ મારા મનના સંતોષ માટે આનંદથી કરું છું.” અને ચતુર્ભુજની વરસી પછી આખા કુટુંબને લઈ જગન્નાથ દ્વારકા ગયા ને પિતાનાં અસ્થિ પધરાવ્યાં. તે દિવસે બ્રહ્મભોજન કરાવ્યું. રાતમાં રેવાબાઈએ પુત્રને જગાડી કહ્યું: “ઘેરથી ગંગાજળની લોટી લઈને આવી છું. આ લે. હવે હું જાઉં છું.” કહી તે થોડી વારમાં અવસાન પામ્યાં!

ગોમતીને ઓવારે રેવામાનો અગ્નિસંસ્કાર કરી તેનાં અસ્થિને પિતા પાછળ પધરાવીને જગન્નાથ પાછા પોરબંદર આવ્યા.

## વેવિશાળ

સૌરાષ્ટ્રમાં લીંબુડા નામે નાનું ગામ છે. બ્રહ્મનિષ્ઠ નથુરામ શર્મા એ ગામે થોડો કાળ શિક્ષક તરીકે રહેલા, તેથી તે કંઈક જાણીતું થયું છે. એ ગામમાં ૧૮૦૦ની આસપાસમાં અહિચ્છત્રા જ્ઞાતિનું એક જ ખોરડું હતું. ઘરમાં બે માણસો: એક સાઠબાસઠ વર્ષની ડોશી ને બીજો તે ડોશીના દીકરાનો દીકરો, જેની ઉંમર પાંચસાત વર્ષની હશે. ડોશીનાં વહુદીકરો બે વર્ષ પહેલાં ગુજરી ગયેલાં. સીમમાં ચાર ખેતરમાં લાગો હતો, તે આજીવિકાનું સાધન હતું.

એ વખતે, ફાગણ-ચૈત્રાની એક સાંજે, ડોશીના સાત-આઠ જ્ઞાતિભાઈઓ ચારધામની યાત્રા કરીને પાછાં ફરતાં, જૂનાગઢથી પોરબંદર જતાં, રસ્તામાં લીંબુડે રાત રહેવા માટે આવ્યા. ઘેર આવી યાત્રાળુઓએ

પૂછ્યું, "છોકરા, તારી ડોશી ક્યાં?"

"બહાર ગયાં છે, સાંજે આવશે." છોકરાએ જવાબ દીધો.

યાત્રાળુઓએ પોતાની પાસેથી પ્રસાદ કાઢી ઘરમાંથી થાળી મંગાવીને તેમાં આપ્યો ને કહ્યું, "છોકરા, કે'જે તારી ડોશીને કે આ ચારધામની જાત્રાનો પ્રસાદ છે." આમ કહી યાત્રાળુઓ પાછા ફર્યા. દિવસ હજી હતો, એટલે એકાદ આગળને ગામે રહેવાનો તેમનો વિચાર હતો. પાદરે નદી ઓળંગી એ લોકો જ્યાં આગળ ચાલ્યા, ત્યાં ઘઉં ભરેલા ગાડા પર બેસી ડોશી સીમમાંથી આવતાં સામાં મળ્યાં. ડોશીએ યાત્રાળુઓને ઓળખ્યા, કહ્યું: "જાત્રા કરીને આવો છો, તેથી એમ ને એમ પાદર વળોટીને નહીં જાવા દઉં; હાલો પાછા."

યાત્રાળુઓએ કહ્યું, "પ્રસાદ ઘેર દીધો છે, કંઠી પણ છે. સારું થયું તમે મળી ગયાં. હવે જઈએ કે જેથી કાલ વે'લા પોરબંદર ભેળા થઈએ."

"હવે જવાય છે..." ડોશીએ કહ્યું, "તમે જાત્રા કરીને આવ્યા, ને મારે આંગણેથી એમ ને એમ જાવા દઉં તો મને પાપ લાગે. હાલો પાછા. જમી, રાત વિસામો લઈ, સવારે જાજો."

યાત્રાળુઓ માટે ડોશીને લાડુ કરવા હતા. પૂરતો લોટ હતો નહીં, તેથી દળવા બેઠાં. યાત્રાળુઓએ કહ્યું, "ખીચડી કરી નાખો—ખાધે હળવી." ડોશીએ કહ્યું, "આજ આ ઘેર ખીચડી ન ખવાય."

"પણ તમે માંદા રહો છો; કાંઈક થાય તો કાળી ટીલી અમને લાગે." "કાંઈ ન લાગે," ડોશીએ કહ્યું. "ઊલટું મારાં એવાં પુન્ય ક્યાંથી કે તમે જાત્રા કરીને આવો છો ત્યાં તમારે ખભે ચડીને જાઉં?"

ઘંટીનો અવાજ સાંભળી પાડોશણ આવી; કહ્યું: "મા, મારે ઘેરથી લોટ લાવી છું. અત્યારે થાક્યાંપાક્યાં દળવું રહેવા દો."

ડોશીએ કહ્યું, "મારે ઘેર ચારધામના જાત્રાળુ ક્યાંથી? ને હું હવે કેટલા દી? મારા મોરાર માટે મને આજ તો પુન્ય રળવા દો."

"લાવો, હું દળું," પાડોશણે કહ્યું.

"તું દળે તો મને શાનું પુન્ય મળે?"

ત્યારે પાડોશણે કહ્યું, "મને તમે પછી દળીને લોટ આપજો; પણ અત્યારે તો આ મારો લોટ રાખો."

ડોશીએ ના કહી; કહ્યું, "નવા ઘઉંના લાડુ ખવરાવું, તો મારા જીવને શાતા રહે." ને ડોશીએ સામટા ઘઉં દળ્યા. બાટી કરી. જાતે ખાંડી લાડુ વાળ્યા ને તાણ કરી કરી ખવરાવ્યા. યાત્રાળુઓ પાસે બેસી ડોશીએ ચારધામની યાત્રાની વાતો સાંભળી. સહુને પગે લાગ્યાં. રાતે સહુ સૂતાં ને અચાનક ડોશીને છાતીમાં દુખવા આવ્યું. બધા જાગીને ઉપચાર કરે તે પહેલાં તો ડોશી ગુજરી ગયાં. યાત્રાળુઓએ ડોશીની અંતિમક્રિયા કરી.

સ્મશાનેથી સહુ પાછા આવ્યા ને જોયું તો ઓસરીની થાંભલીને બથ ભરીને છોકરો મોરાર છાતીફાટ રોતો હતો. પાડોશણ બાઈ તેને છાનો રાખવા મહેનત કરતી હતી, તેમ તેમ છોકરાનું રુદન બેવડાતું હતું.

આ જોઈ યાત્રાળુઓમાંથી એકે કહ્યું, "આપણે તો જશું, પણ આ છોકરાનું શું? એનું કોણ?"

પ્રશ્ન સાંભળીને હાટીના માળિયાવાળા શાસ્ત્રી ધનેશ્વર ડેલીની બહાર નીકળ્યા. સ્મશાનેથી આવી હજી ધોતિયું બદલ્યું ન હતું.

શાસ્ત્રીએ પાડોશીને ઘરે જઈ કહ્યું, "કોઈ બહેન કંકાવટી લઈને આવો ને!" પાડોશીને નવાઈ લાગી. પણ તેણે છોકરીને કંકાવટી લઈને મોકલી. ધનેશ્વરે ઓરડામાંથી બાજોઠ મગાવી, ઓસરીમાં ઢાળી, પાંચ-સાત વર્ષના મોરારને પાણી પાઈ બાજોઠે બેસાડ્યો. બીજાઓ પૂછવા લાગ્યા કે, આ શું થાય છે? ત્યાં ધનેશ્વરે પાડોશણ બાઈને હાથે મોરારના કપાળે ચાંદલો કરાવ્યો ને કહ્યું: "મારી નંદા નામની એકની એક છોકરી આ છોકરાને .....છોકરા, તારું નામ શું?"

"મોરાર." પાડોશણે કહ્યું ને છોકરાએ તે ફરી ઉચ્ચાર્યું.

ધનેશ્વરે કહ્યું, "મારી છોકરી નંદા આ છોકરા મોરારજીને આપી, ને જેશંકર વ્યાસને ખોળે બેસાડી."

એ જ વખતે ગોળધાણા મંગાવી વહેંચાવ્યા. બાળક મોરારને ધનેશ્વર પોતાની સાથે લઈ ગયા.

શાસ્ત્રી ધનેશ્વરે છોકરાને પોતાને ત્યાં રાખ્યો, ભણાવ્યો ને પરણાવી પાછો લીંબુડે સ્થિર કર્યો ત્યાં સુધી લીંબુડાના ઘરખેતરનીયે સંભાળ લીધી.

## “લોકોને મારવા માટે નથી!”

બાળમહારાજા કૃષ્ણકુમારસિંહજીને ઇંગ્લૅન્ડમાં ભણવા મૂકેલા. ત્યાંથી ૧૯૨૭માં રજામાં થોડા વખત માટે તેમને ભાવનગર લઈ આવેલા. ભાવનગરની પ્રજાને તેમનું સ્ટેશને સ્ટેશને સ્વાગત કરવું’તું. એટલે લોકો ઊમટે, ફૂલતોરા કરે, ધોળ કરે વગેરે વિધિ થતાં ટ્રેન સિહોર સ્ટેશને આવી ત્યારે ત્રાણ કલાક મોડી હતી. આજુબાજુનાં ઘણાં ગામડેથી માણસો ઊમટેલાં. લોકોના ધસારાના પરિણામે દીવાન પ્રભાશંકરનો ફેંટો ઊડી ગયો, ને અંગરખાની ચાળ ફાટી ગઈ. બાળમહારાજા પણ ટલ્લે ચડી છૂટા પડી ગયા. તેમનો સાફો નીકળી ગયો. એ હાલતમાં જેમતેમ કરી ડબામાં ચડી ગયા. બારણામાં આગળ મહારાજા ને ફાટેલે અંગરખે, ઉઘાડે માથે પ્રભાશંકર ઊભા હતા. ટોળાનો ધસારો વધતો ગયો. ધક્કામુક્કીમાં લોકો બારણાં પર ચડવા લાગ્યા. તેમને રોકવા ફોજદારે સોટી વીંઝવી શરૂ કરી. એકદમ પ્રભાશંકરે બૂમ મારી: “બંધ કરો! પોલીસ આઘી ખસી જાય. લોકોને મારવા માટે પોલીસ નથી!”

બાળમહારાજાએ કહ્યું: “મારી પ્રજાને શા માટે મારો છો?”

લોકોના સાંભળતાં પ્રભાશંકરે સ્થાનિક વહીવટદારને હુકમ આપ્યો કે ફોજદાર સાહેબનો આજ ને આજ દસ રૂપિયા દંડ વસૂલ લેવો. વહીવટદારે દંડ વસૂલ કર્યો ને બીજે દિવસે પાછો ચૂકવતી વખતે પટ્ટણીસાહેબે દંડ માફ કર્યો છે તેમ જણાવ્યું.

અઠવાડિયા પછી કોઈ કામ નિમિત્તે પ્રભાશંકરનો સિહોર મુકામ થયો, ત્યારે પોતાનો દંડ માફ કર્યા બદલ ફોજદાર આભાર માનવા

આવ્યા. ત્યારે પ્રભાશંકરે કહ્યું: “તમારો હેતુ વ્યવસ્થા જાળવવાનો હતો, એ હું સમજતો’તો. પણ લોકોને મારવાથી વ્યવસ્થા ન જળવાય, ઊલટી ગેરવ્યવસ્થા વધે ને લોકોને રાજ્ય તરફ માન ઘટે. હું તમારી જગ્યાએ હોઉં તો સામટાં માણસો લાંબા વખતથી રાહ જોઈ કંટાળે, એમ સમજીને કોઈ કોઈ મા પાસેથી રોતું છોકરું તેડી અથવા એને માટે પીવાનું પાણી લાવી દઈ છાનું રાખતાં રાખતાં એ માવડીને કહું કે, આ યે બાળારાજા છે. એ બિચારાને તેડીને આ ભીડમાં આવ્યાં છો તો હેરાન થશો. માટે છેટે ઊભાં રહીને જોજો, નહીંતર ભીડના ધસારામાં છોકરું હાથમાંથી છૂટી પડશે, કચરાઈ મરશે ને રોવા વારો આવશે. જો આમ લોકોને આગળથી સમજાવ્યાં હોત તો ધમાલ ન થાત. ભીડમાં ધાંધલ ન થાય તે માટે અગાઉથી સાવચેતીનાં પગલાં લેવા માટે પોલીસ છે.” (આ ફોજદારના કામથી પ્રભાશંકરને સંતોષ હતો. એ ફોજદાર ડિસ્ટ્રિક્ટમાં હોય, ત્યારે પોતાનું સીધું ભેગું લઈ જતા ને હાથે રાંધતા. ગાડીવાળો ના કહે તો પણ તેને ભાડું દીધા વગર ઘોડાગાડીમાં બેસતા નહીં!)

['પ્રભાશંકર પટ્ટણી: વ્યક્તિત્વ-દર્શન' પુસ્તક]

## હરિ!...

*હરિ! મને ઝરણ બનાવી ગિરિથી દોડવ્યો,*
*વળી તમે દરિયો થઈ દીધી દિલે આશ:*
*હવે હું સૂતો ક્યમ રહું?*

## પ્રશ્ન

*કે’શો મને? સામે ખીલ્યાં તે ફૂલ છે કે હું?*
*કો’તો ખરા, ભોંકાય છે તે શૂળ છે કે હું?*

*કે'શો મને? ખોળે રમે એ બાળ છે કે હું?*
*કો'તો ખરા, આ જાય છે તે કાળ છે કે હું?*

*કે'શો કંઈ, આ ઝાડ નીચે મૂળ છે કે હું?*
*કો'તો ખરા, પગલાં પડે તે ધૂળ છે કે હું?*

*કે'શો? વિહંગોને ફૂટે તે પાંખ છે કે હું?*
*કો'ને, ખૂલે જે જીવને તે આંખ છે કે હું?*

*કે'શો? નિરાશા, એ નર્યો અંધાર છે કે હું?*
*કો'તો ખરા, મંદર તળે આધાર છે કે હું?*

*કો'તો ખરા, અનુભવતણો કૈં સાર તો બોલો,*
*બધું દેખાય સામે તે ખરેખર કોક છે કે હું?*

['મનડામાં મોતી બંધાણું' પુસ્તક: ૨૦૦૫]

## છેતર્યાં!

*જેણે હસીને લોભાવી કીધી વાતડી,*
*સૂતાં જગાડ્યાં વેણુના દઈને સાદ,*
*એણે રે અમને છેતર્યાં!*

*આશા દઈને છોડાવ્યાં ઘર ને ઘાટને,*
*વગડે રઝળાવ્યાં અંતરિયાળ–*
*એકાન્તે એણે છેતર્યાં!*

*તાળી હસીને આપી હસતાં વહી ગયા,*
*એણે જાણ્યો ના ભોળીનો ઉન્માદ–*
*ગોવિન્દે અમને છેતર્યાં!*

*તરસી જોવાને રઘવાઈ મૂંગી ગાવડી,*
*જેનાં રૂંવાડાં તલખે વેણુનાદ,*
*એને યે હરિએ છેતર્યાં!*

*વગડો વાગોળે છે દિ ને રાત વાંસળી,*
*ઊંડો અમ જેવો વેઠે વિષાદ-*
*નથી રે કોને છેતર્યાં!*

*બાઈ, અમે રડીએ સહ્યું ના જાયે એટલે,*
*નથી આ કો’ને યે કંઈ રાવ ફરિયાદ-*
*પ્રભુએ જ્યારે છેતર્યાં!*

[‘મનડામાં મોતી બંધાણું’ પુસ્તકઃ ૨૦૦૫]

## ક્યમ રહું?

*હરિ, મને કોકિલ બનાવી વગડે મેલીયો,*
*વળી તમે વસંત બનીને વિલસ્યા પાસ,*
*હવે હું મૂંગો ક્યમ રહું!*

*હરિ, મને ઝરણું બનાવી ગિરિથી દેડવ્યું,*
*વળી તમે દરીઓ થઈ દીધી દિલે આશ,*
*હવે હું સૂતો ક્યમ રહું!*

*હરિ, મને સુવાસ બનાવી કળીયું ખીલવી,*
*વળી તમે પવનો થઈ પ્રસર્યા ચોપાસ,*
*હવે હું બાંધ્યો ક્યમ રહું!*

*હરિ, મને દીપક પેટાવી દીવેલ પૂરિયાં,*
*વળી તમે ફરતા ફેલાયા થઈ આકાશ,*
*હવે હું ઢાંક્યો ક્યમ રહું!*

*હરિ, મને હુંપદ આપીને પુરુષાર્થી કીધો,*
*વળી તમે પરમપદ થઈ દીધી પ્યાસ,*
*હવે હું જુદો ક્યમ રહું!*

['મનડામાં મોતી બંધાણું' પુસ્તકઃ ૨૦૦૫]

## નૈં

*બેન, બંધાતી છીપલી ખોલીએ નૈં.*
*બેન, ઉરની સુવાસને તોળીએ નૈં.*
*બેન, જીવવાના અવસરને ટાણે એ પ્રીતડી બોલીએ નૈં.*

*બેન, કાચી કળિયુંને કદી તોડીએ નૈં.*
*બેન, સરજાતી સુરભિને વેરીએ નૈં.*
*બેન, ઋતુવરના સ્પર્શની પ્હેલાં થઈ ફૂલડું ખીલીએ નૈં.*

*બેન, આછરતાં નીરને ડોળીએ નૈં.*
*બેન, પોતાની છાંયમાં મોહીએ નૈં.*
*બેન, અંતર વસનારને સેવ્યા વિણ એકલાં સૂઈએ નૈં.*

*બેન, સરિતા થઈ પંથમાં થંભીએ નૈં.*
*બેન, છાનેરાં આભથી વહીએ નૈં.*
*બેન, સમદરમાં ભળવાને ટાણે ઉછાંછળાં બનીએ નૈં.*

*બેન, મધુવનની વાતડી છેડીએ નૈં.*
*બેન, પામ્યા સંકેતને બોલીએ નૈં.*
*બેન, માધવનું હેત મળ્યું કેવું, એ કોઈને કહીએ નૈં.*

*બેન, હુંપદ રાખીને એને પેખીએ નૈં.*
*બેન, વિરહે દાઝીને એને ભેટીએ નૈં.*
*બેન, ફૂલડાંનો હાર થયા પ્હેલાં શ્રીકંઠમાં પડીએ નૈં.*

['મનડામાં મોતી બંધાણું' પુસ્તક: ૨૦૦૫]

# મુકુલ કલાર્થી

## એ જગ્યા હજુ ખાલી છે!

અગાઉ અમેરિકામાં હબસીઓને ગુલામ તરીકે રાખતા અને તેમની પાસેથી ઢોરની જેમ કામ લેતા. તેમના પર બહુ જુલમો થતા. એ ગુલામો તેમના માલિકની મિલકત ગણાતા. માલિકને ત્યાંથી ગુલામ નાસી જાય તો કાયદા મુજબ તેને આકરી સજા થતી. છતાં માણસના હૃદયમાં મુક્તિની ઝંખના એવી રહેલી છે કે ઘણી વાર ગુલામો નાસી જતા અને પકડાય પછી ભારે સજા ભોગવતા.

એવો એક નાસી ગયેલો ગુલામ પોલીસને હાથે પકડાયો. કોર્ટમાં એને ખડો કર્યો, ત્યાં મેજિસ્ટ્રેટે પૂછ્યું: "તારે કેમ નાસી જવું પડ્યું? શું તારો શેઠ તને મારે છે?"

ગુલામ કહે, "ના જી."

"ત્યારે શું એ પૂરતું ખાવાનું આપતો નથી?"

"ના જી, મને પેટ ભરીને ખાવાનું મળે છે."

"ત્યારે કપડાં પૂરતાં મળતાં નથી?"

"એ પણ પૂરતાં મળે છે."

"ત્યારે શું બહુ સખત મહેનત કરાવે છે?"

"ના જી, એમ તો ન કહેવાય."

મેજિસ્ટ્રેટે પૂછ્યું, "તો પછી શેઠ સામે બીજી કાંઈ ફરિયાદ છે તારે?"

ગુલામ કહે, "ના જી, અમારો આ શેઠ અને તેના ઘરનાં લોકો માયાળુ છે."

આ સાંભળી મેજિસ્ટ્રેટે આશ્ચર્યથી પૂછ્યું, "તારો શેઠ તને મારતો નથી, બહુ સખત મજૂરી કરાવતો નથી, પૂરતાં ખોરાક-કપડાં આપે છે,

અને માયાળુ પણ છે—તો પછી આટલા સુખમાંથી નાસી જવા માટે તારે કારણ શું છે?"

ઘડીભર મૂંગો રહીને ગુલામ બોલ્યો, "નામદાર, એ જગ્યા હજુ ખાલી છે. આપ એ લઈ શકો છો!"

## ઊલટાનો આનંદ

જૂના જમાનાની વાત છે. ગ્રીસ દેશના સ્પાર્ટા નામે રાજ્યમાં એક જુવાન રહેતો. પિડાર્ટસ એનું નામ. ભણીગણીને તે વિદ્વાન બન્યો હતો. હવે એ નોકરીની શોધમાં હતો. તેવામાં ખબર મળી કે રાજ્યમાં ત્રણસો જગ્યાઓ ખાલી છે. એણે તરત અરજી કરી.

પરંતુ પરિણામ જાહેર થતાં જણાયું કે પિડાર્ટસને નોકરી માટે પસંદ કરવામાં નહોતો આવ્યો. મિત્રોને લાગ્યું કે વિદ્વાન પિડાર્ટસ બાપડો બહુ દુ:ખી થયો હશે, તેથી બધા તેને આશ્વાસન આપવા ગયા.

એમની વાત સાંભળીને પિડાર્ટસ હસતાં હસતાં બોલ્યો: "એમાં દુ:ખી થવા જેવું શું છે? મને તો ઊલટાનો એ જાણીને આનંદ થયો કે, આપણા રાજ્યમાં મારા કરતાં પણ વધુ લાયક ત્રણસો માણસો છે."

## "રોટી વડે નહીં—"

સ્પેઈન દેશમાં આંતરયુદ્ધ ચાલતું હતું, તે વખતે ફાસીવાદી સેનાએ પાટનગર માડ્રિડને ઘેરો ઘાલ્યો હતો. ઘેરો ઘણા દિવસ સુધી ચાલ્યો. શહેરની અંદર અનાજ ખૂટી ગયું. ભૂખમરાથી લોકો પરેશાન થઈ ગયા હતા.

આવી કટોકટી વખતે એક દિવસ ફાસીવાદીઓએ માડ્રિડ શહેર પર વિમાનમાંથી પાંઉરોટીનો વરસાદ વરસાવ્યો. એ રીતે ભૂખે મરતા

પ્રજાતંત્રાવાદીઓને લલચાવીને તે પોતાના પક્ષમાં લેવા માગતા હતા.

પરંતુ માડ્રિડના ભૂખ્યા નગરજનો એ પાંઉરોટીને અડયા પણ નહીં. વ્યવસ્થાપકોએ સડકો પરથી બધી પાંઉરોટીને ભેગી કરી. પછી એનાં બંડલો બાંધીને શહેરની બહાર ફેંકી દીધી. સાથે એક ચિઠ્ઠી મૂકી. તેમાં માડ્રિડવાસીઓનો જવાબ લખેલો હતો :

“માડ્રિડ નગરીને ફાસીવાદી રોટી વડે નહીં જીતી શકાય. એ માટે તો તમારે લડવું પડશે. પ્રજાસત્તાકના રક્ષણ માટે અમે એકેએક જણ ખપી જવા તૈયાર છીએ.”

# એ શુદ્ધિ

પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય રામાનુજ ઘડપણમાં ખૂબ અશક્ત થઈ ગયા હતા. તો પણ કોઈના ખભાનો ટેકો લઈને તેઓ સ્નાન કરવા નદીએ જતા.

નદી ભણી જતી વખતે તેઓ પોતાના બ્રાહ્મણ શિષ્યના ખભા પર હાથ મૂકીને જતા, અને સ્નાન કર્યા પછી શૂદ્ર જાતિના શિષ્યના ખભાનો આધાર લઈને આશ્રમે પાછા ફરતા. રામાનુજની આવી વિચિત્રા રીત જોઈને જૂના વિચારના સનાતની લોકો બહુ અકળાતા. એક દિવસ તેઓ ભેગા થઈને રામાનુજાચાર્ય પાસે ગયા અને કહેવા લાગ્યા, “આચાર્યજી, આપે જોઈએ તો સ્નાન પહેલાં શૂદ્રનો સ્પર્શ કરવો; પરંતુ સ્નાન કરીને શુદ્ધ થયા પછી તો મલિન શૂદ્રના ખભા પર હાથ ન જ મૂકવો જોઈએ.”

આ સાંભળીને આચાર્ય હસતા હસતા બોલ્યા, “અરે ભાઈઓ, તમે જેને શૂદ્ર સમજો છો તેના ખભા ઉપર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું છું તે તો ઉચ્ચ કુલીન જાતિના મારા અભિમાનને ધોઈ નાખવા માટે. એ શુદ્ધિ હું પાણી વડે કરી શકું તેમ નથી.”

# નિર્ધન?

મહાત્મા તોલ્સતોય પાસે એક જુવાન આવીને કહેવા લાગ્યો: “હું બહુ જ ગરીબ માણસ છું. મારી પાસે એક પાઈ સુધ્ધાં નથી!”

તોલ્સતોય મીઠું સ્મિત ફરકાવતાં બોલ્યા, “તારી પાસે એક પાઈ સુધ્ધાં નથી? એમ તે કાંઈ બને?”

જુવાન દયામણે અવાજે બોલ્યો: “ના જી, મારી પાસે કશું જ નથી.”

તોલ્સતોયે કહ્યું: “તને એક રસ્તો બતાવું. મારો એક મિત્રા વેપારી, માણસની આંખો વેચાતી લે છે. તે બે આંખના વીસ હજાર આપે છે. બોલ, તારે પૈસાની જરૂર હોય તો તારી બે આંખો વેચવી છે?”

જુવાન ફાટી આંખે બોલ્યો: “શું કહ્યું—આંખો? ના જી!”

તોલ્સતોય આગળ બોલ્યા: “તે વેપારી હાથ પણ ખરીદે છે. બેય હાથના મળીને પંદરેક હજાર આપશે. બોલ, તારે હાથ વેચવા છે?”

પેલો જુવાન ગભરાયેલા અવાજે બોલ્યો: “ના જી! ના જી! મારે હાથ નથી વેચવા!”

તોલ્સતોય હસતા હસતા બોલ્યા: “તો પછી એમ કર—તારા પગ વેચી નાખ. તને બે પગના તે દશ હજાર તો આપશે જ.”

જુવાન તો તોલ્સતોયની વાતો સાંભળીને ધ્રૂજતે અવાજે બોલ્યો: “સાહેબ, આવું બધું આપ શું બોલો છો? મને તો એ સાંભળીને ગભરામણ થાય છે!”

તોલ્સતોય ખડખડ હસતા બોલ્યા: “હું તને તારી નિર્ધનતા મટાડવાનો ઉપાય જ બતાવું છું. એમાં ગભરાવા જેવું શું છે? અચ્છા, સાંભળ. જો તારે ખૂબ પૈસાદાર થવું હોય તો તને એક લાખ રૂપિયા આપીને એ મારો મિત્રા તારું આખું શરીર ખરીદી લેશે. તે વેપારી માણસના શરીરમાંથી ગુપ્ત દવાઓ બનાવે છે, એટલે એ તને લાખ રૂપિયા જરૂર આપશે. બોલ, શો વિચાર છે?”

પેલો જુવાન હિંમત એકઠી કરી જરા મક્કમ અવાજે બોલ્યો: “સાહેબ, એક લાખ તો શું—કોઈ કરોડ રૂપિયા આપે તો યે હું મારું શરીર નહીં વેચું!”

એ સાંભળી તોલ્સતોય પ્રેમાળ સ્મિત ફરકાવતા બોલ્યા: “જે માણસ કરોડ રૂપિયા લઈને પણ પોતાનું શરીર વેચવા તૈયાર નથી, તે જો એમ કહે કે હું સાવ નિર્ધન છું, તો કોઈને હસવું ન આવે? અરે, ભલા જુવાન, આ આંખો, આ હાથ, આ પગ, આ પ્રાણવંત શરીર—એ સૌ ધનના અખૂટ ખજાના છે. આટલું જાણી લે અને મહેનત કર. સોનું, રૂપું એ સઘળું પછી કશી વિસાતમાં નથી. ચાંદો-સૂરજ પણ તારા હાથવેંત જ છે.”

## પારિતોષિક પહેલાં પતરાં

આફ્રિકાના ઊંડાણમાં પચાસ વર્ષ સુધી ગરીબોની, દરદીઓની, રક્તપિત્તિયાંઓની સેવા કરતાં કરતાં ૧૯૬૫માં સ્વર્ગે સિધાવેલા ડૉક્ટર આલ્બર્ટ શ્વાઈત્ઝર એક દિવસ રક્તપિત્તિયાં માટેની હૉસ્પિટલનું છાપરું બાંધી રહ્યા હતા. તે વેળાએ સ્વીડનથી ખાસ આવેલ એક સંદેશવાહક તેમની સમક્ષ ખડો થયો અને ખૂબ ખુશાલી દર્શાવતાં બોલ્યો: “હું સ્ટોકહોમથી આવું છું. આપશ્રીને મારે....”

ડૉક્ટરે વચ્ચે જ કહ્યું: “ઠીક, ઠીક, આ પતરાનો પેલો છેડો જરા પકડવા લાગશો? સારું થયું તમે વખતસર આવી ચડયા—એકલે હાથે ખીલા મારતાં મને ફાવતું નહોતું.”

પોતાનો ઉમળકો માંડ શમાવીને પેલા સજ્જને ડૉક્ટર સાહેબને મદદ કરવા માંડી. ખીલા ઠોકાઈ રહ્યા એટલે એણે વાત આગળ ચલાવી: “ડૉક્ટર શ્વાઈત્ઝર, નોબેલ પારિતોષિક સમિતિએ મને આપની પાસે મોકલ્યો છે. આપ સ્ટોકહોમ પધારો અને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક સ્વીકારો, એવી સમિતિની વિનંતી છે.”

ડૉક્ટરે સહજભાવે કામમાંથી માથું ઊંચું કરીને કહ્યું: "હું આવીશ—પણ હમણાં આવી શકાય તેવું નથી. મારે હજી આ મકાન તૈયાર કરવાનું છે. દરદીઓને બાપડાને બહુ અગવડ પડે છે. તમે મારા વતી સમિતિનો આભાર માનજો ..... એ પૈસા આ મકાન બાંધવામાં બહુ કામ લાગશે."

એટલું બોલીને ડૉક્ટર શ્વાઈત્ઝર નીચું ઘાલીને પાછા પતરાં બેસાડવાના કામે લાગી ગયા.

## જેવી જેની વાસના

કોઈ ભક્તજનને એક વાર સ્વપ્નું આવ્યું. તેમાં સાધુને તેણે નરકમાં જોયો અને રાજાને સ્વર્ગમાં.

સવારે તે જાગ્યો ત્યારે સ્વપ્નામાં જે જોયું હતું તેની વિમાસણમાં પડી ગયો. પોતાના ગુરુ પાસે જઈને તેણે એ સ્વપ્નની વાત સંભળાવી અને પૂછ્યું, "ગુરુજી, આવી ઊલટી વાત શી રીતે બની હશે?"

ગુરુએ સમજાવ્યું: "બેટા, પેલા રાજાને સાધુસંતો સાથે સત્સંગ કરવાનું બહુ ગમતું હતું, તેથી મૃત્યુ પછી એ સ્વર્ગમાં ગયો અને ત્યાં એવો સમાગમ કરવા લાગ્યો. પણ સાધુને રાજાઓ તથા અમીરો સાથે ભળવાનું ખૂબ ગમતું હતું, તેથી તેની વાસના એવા લોકોના સંગ માટે તેને નરકમાં લઈ ગઈ."

['લોકજીવન' પખવાડિક: ૧૯૫૫]

## પૂરા દસ હજાર નહીં!

જમશેદજી મહેતા કરાંચી શહેરના એક મહાન નાગરિક તરીકે જાણીતા થઈ ગયા. એમનું સાધુચરિત જીવન સૌને પ્રેરણા આપતું હતું.

કરાંચીમાં લેડી ડફરીન સાર્વજનિક હૉસ્પિટલ છે. એક વાર એ હૉસ્પિટલ માટે ફંડ ભેગું કરવાનું સૌએ વિચાર્યું. જમશેદજી મહેતાને એ માટેની કમિટીમાં લેવામાં આવ્યા. કમિટીએ એવું ઠરાવ્યું કે જે જે દાતા દસ હજાર રૂપિયા આપે તેના નામની આરસની તકતી હૉસ્પિટલની દીવાલ પર મૂકવી. ઘણા સુખી ગૃહસ્થોએ મોટી મોટી રકમ નોંધાવી. જમશેદજીએ પણ દાનમાં રકમ આપી... પણ દસ હજારથી થોડાક ઓછા રૂપિયા તેમણે આપ્યા.

એમણે દસ હજાર પૂરા કેમ નહીં આપ્યા હોય, તે કહેવાની જરૂર નથી ને?

['જનસત્તા' દૈનિક: ૧૯૭૬]

# લોકનાયક લિંકન

૧૮૦૯ની સાલમાં અમેરિકાના પશ્ચિમ પ્રદેશના એક પરગણાના નોલીન ક્રીક નામના સ્થળે, ૧૪ ફૂટ લાંબી-પહોળી ઝૂંપડીમાં એબ્રહેમ લિંકનનો જન્મ થયો હતો. તે વખતે આ પ્રદેશ પૂર્વના કરતાં ઓછો વિકસ્યો હતો. ત્યાં હજી બધે ગીચ જંગલ હતું. વધારે આબાદ થયેલા પૂર્વ પ્રદેશમાં જે લોકો જીવનસંગ્રામમાં નાસીપાસ થાય અથવા ગુલામો ખરીદીને રાખી ન શકે, તેવા લોકો જંગલના આ પશ્ચિમ પ્રદેશમાં આવીને વસતા. તેઓ ઝાડઝાંખરાં કાપી નાખી, જંગલ સાફ કરી, ઝૂંપડાં બાંધીને વસતા અને સાફ કરેલી જમીનમાં મકાઈ તથા બટાટા પકવી કે શિકાર કરીને પોતાનું ગુજરાન ચલાવતા.

આમ નવી બનતી વસાહતમાં હજી વ્યવસ્થિત સમાજ સ્થપાયો નહોતો. સૌ લોકો સખત મહેનત કરી જીવન જીવતા હતા. ભૂમિતલ તેમની શય્યા હતી. ઓઢવા—પહેરવા માટે શિકાર કરેલાં પશુનાં ચામડાં, રાંધવા-ખાવા માટે થોડાં માટીનાં વાસણો, અને થોડાં ખેતીનાં ઓજારો, એ તેમની ઘરવખરી હતી. વળી તેઓનું જીવન સ્થાયી પણ ન હતું.

એક જગ્યાએ ન ફાવે, તો બીજી અનુકૂળ જગ્યાએ તેઓ સ્થાનાંતર કર્યા કરતા. પાંચ-છ ઝૂંપડાંથી વધારે વસ્તી કોઈ સ્થળે ભાગ્યે જ જોવા મળતી. આવા નવા વસતા જતા અરણ્ય-પ્રદેશમાં એબ્રહેમ લિંકને પોતાની જિંદગીનાં પહેલાં સત્તર વર્ષ વિતાવ્યાં.

એબ્રહેમ લિંકનના પિતાનું નામ ટોમસ અને માતાનું નામ નાન્સી હતું. ટોમસ નિરક્ષર, તરંગી અને ભોળા સ્વભાવનો હતો. નાન્સી ભણેલીગણેલી અને મૃદુ તથા પ્રેમાળ સ્વભાવની હતી. ટોમસ પહેલાં સુતારીનો ધંધો કરતો હતો અને પછીથી તેણે ખેતી કરવાનું શરૂ કર્યું હતું.

એબ્રહેમ લિંકનને બધાં એબ કહીને બોલાવતાં. એબને સારાહ નામે મોટી બહેન હતી. એબ્રહેમ લિંકનના જીવન-ઘડતરમાં તેની માતાએ સારો ફાળો આપ્યો છે. માતા બાળકોને ‘બાઇબલ’ વાંચી સંભળાવતી. એબને માતાએ જ કક્કો શીખવ્યો હતો. એબ પણ પોતાની જેમ વાંચતો-લખતો થાય, એવી તેને હોંશ હતી. તે સમયમાં ભણવા માટે શાળાની કશી વ્યવસ્થા ન હતી. પરંતુ એબને કેળવણી મળે તે માટે તેની મા બધા પ્રયત્ન કરતી. બાજુના ગામમાં કોઈ શિક્ષક શાળા શરૂ કરે, તો એબને એ ત્યાં ભણવા મોકલતી. એબ પણ ખૂબ ચીવટ રાખીને વિદ્યાભ્યાસ કરતો. ટોમસ એક સ્થળેથી બીજે સ્થળે વસવાટ ફેરવ્યા કરતો હતો, તેથી એબને તૂટક તૂટક કેળવણી મળી હતી. સત્તર વર્ષની ઉંમર સુધીમાં એબને ત્રણ જ વખત નિશાળનો લાભ મળેલો.

*

ઉંમર વધતી ગઈ તેમ એબની જિજ્ઞાસા તથા વાચનનો શોખ ઉત્તરોત્તર વધતાં જ ગયાં. જે કોઈ ચોપડી તેના હાથમાં આવે તેને તે વાંચી નાખતો. નાનપણમાં જ ‘બાઇબલ’, ‘રોબિન્સન ક્રૂઝો’, ‘પ્રિલગ્રિમ્સ પ્રોગ્રેસ’, ‘ઈસપની વાતો’ વગેરે અનેક પુસ્તકો તેણે વાંચી નાખ્યાં હતાં.

એક દિવસ તેને ખબર પડી કે, દૂરની વસાહતમાં એક માણસ પાસે સ્વાતંત્ર્યવીર જોર્જ વોશિંગ્ટનનું ચરિત્ર છે. લાગલો તે તેની પાસે પહોંચ્યો અને પુસ્તક માગી લાવ્યો. એક રાતે તાપણીના પ્રકાશમાં વાંચીને પુસ્તક છાપરાની ફાટમાં ભરાવી તે સૂઈ ગયો. રાતે વરસાદ

પડ્યો અને તે પુસ્તક પલળી ગયું. તરત જ એ પુસ્તક લઈને તે એના માલિક પાસે પહોંચ્યો અને ચોપડીને થયેલા નુકસાનની વાત કરી. માલિકે ત્રણ દિવસની મજૂરીની માગણી કરી. એબને નુકસાનીનું આ વળતર વધારે લાગ્યું. તેણે પૂછ્યું: "ત્રણ દિવસની મજૂરી માત્ર નુકસાની પેટે કે આખા પુસ્તક પેટે?" માલિકે જણાવ્યું કે, "ત્રણ દિવસની મજૂરી કરો, એટલે એ પુસ્તક તમારું." તેને ત્યાં ત્રણ દિવસની મજૂરી કરી એબે એ પુસ્તક પોતાનું કર્યું.

*

નાનપણમાં એબ તેના પિતા સાથે લાકડાં કાપવાનું પણ કામ કરતો. સાત વરસના એબને તેના પિતાએ કુહાડીની દીક્ષા આપી હતી તે દિવસથી માંડીને તેવીસમા વરસ સુધી તેણે કુહાડીનો ઉપયોગ કર્યો હતો. ખેતરમાં કામ ન હોય અથવા પિતા શિકારે જાય ત્યારે બળતણ આણવું, નજીકના ઝરામાંથી પાણી ભરી લાવવું, ગાયને ઘાસ નીરવું વગેરે ઘરકામમાં એબ માતાને મદદ કરતો.

એબ દશ વર્ષનો પણ ન થયો ત્યાં તો મરકી ફાટી નીકળી, તેમાં તેની માતા નાન્સી ઝડપાઈ ને નાનાં બાળકોને માવિહોણાં મૂકી ચાલી ગઈ. આમ માતા જવાથી એબનું જીવન હંમેશ માટે એકલવાયું અને વિષાદમય બની ગયું. એની અસર લિંકનના ચહેરા પર કાયમની થઈ. મુખ પર કરુણાભર્યો વિષાદ અને આંખોમાં દયામય ખેદ લિંકનના મુખનાં ખાસ લક્ષણો ગણાય છે. જીવનભર અનેક વિરોધીઓના વિરોધ તથા વેરીઓનાં વેર તે લક્ષણોએ શમાવ્યાં અને અસંખ્ય દુઃખ મિટાવ્યાં. લિંકનના જીવન પર તેની માતાની ચિરસ્થાયી અસર પડી હતી. પોતાની માતા વિષે તે હંમેશાં કહેતા:

"હું જે કંઈ છું અને હજી પણ થવાની આકાંક્ષા રાખું છું, તે બધું મારી માતાને જ આભારી છે."

માવિહોણાં બાળકોને એકલાં અટૂલાં જોઈને ટોમસે બીજી વાર લગ્ન કરવાનો વિચાર કર્યો. તે સેલી નામની બાઈ સાથે પરણ્યો. સેલીએ નાન્સીનાં નમાયાં બાળકોને પ્રેમથી પોતાનાં કરી લીધાં અને પેટનાં

છોકરાંની જેમ ઉછેર્યાં. એબને તેના પ્રત્યે ભારે મમતા બંધાઈ અને તે તેના જીવન પર્યંત ટકી. એબને ભણતરનો શોખ હતો એ સેલી જોઈ ગઈ અને તેના એ શોખને તેણે ઉત્તેજન આપ્યું.

સત્તર વરસની ઉંમરે એબ છ ફૂટ ચાર ઈંચ ઊંચો જુવાન થયો હતો. તેના પિતા હવે તેને મજૂરીએ મોકલવા લાગ્યા. લાકડાં ચીરવામાં તે એવો કુશળ હતો કે, એ કામ માટે ઠેર ઠેરથી એની માંગણી આવતી. કામ કરતાં કરતાં તે પોતાના સાથીઓને તરેહ તરેહની બોધક વાર્તાઓ, દૃષ્ટાંતો અને રમૂજી ટુચકાઓ કહેતો. કામકાજમાં તેની પ્રમાણિકતા અને નિર્મળ ચારિત્રય આસપાસ બધે કહેવતરૂપ થઈ ગયાં હતાં.

*

એક દિવસ, પાસેની અદાલતમાં ખૂનના કોઈ આરોપીનો બચાવ કરવાને અમેરિકાના એક નામાંકિત વકીલ આવેલા છે એવું જાણીને તે કેસ સાંભળવા એબ ગયો. વકીલનું ભાષણ સાંભળીને તે છક થઈ ગયો. તેને પણ બોલવાની કળા ખીલવવાનું મન થયું. એટલે તે વારંવાર જંગલમાં જઈ વૃક્ષો સમક્ષ વ્યાખ્યાન આપી વક્તૃત્વના પાઠો લેવા લાગ્યો. તેણે યુનાઇટેડ સ્ટેટ્સનું રાજ્યબંધારણ તથા સ્વતંત્રતાના જાહેરનામાનો પરિચય કર્યો. પરંતુ હજી તેની દુનિયા પોતાના પરગણાની નાની વસાહતને ઓળંગીને આગળ ગઈ નહોતી. એવામાં વિશાળ દુનિયાનો અનુભવ મેળવવાની તેને એક અણધારી તક સાંપડી.

એક વેપારીએ એબ્રહેમને પોતાનો માલ હોડીમાં ભરીને દક્ષિણમાં આવેલા ન્યૂ ઓર્લીઅન્સ ગામ લઈ જવા નોતર્યો. આ તેના જીવનની યાદગાર મુસાફરી બની ગઈ. આ મુસાફરી વેળાએ પહેલી વાર તેને હબસી ગુલામીનાં દર્શન થયાં. સ્ટીમરોમાં લોઢાની સાંકળથી જકડાયેલા ગુલામો રૂપી સજીવ માલ તેણે જોયો. વિશાળ ખેતરોમાં કામ કરતાં હજારો ગુલામોનાં ઝુંડ તેના જોવામાં આવ્યાં. અને ન્યૂ ઓર્લીઅન્સના ગુલામોના બજારે તો તેના મર્મ ઉપર કારી ઘા કર્યો. ગુલામ સ્ત્રી-પુરુષોને બળજબરીથી હંમેશ માટે તેમના કુટુંબથી વિખૂટાં પાડી દૂર દૂરના પ્રદેશમાં વેચી દેવાતાં જોઈ તે સમસમી ગયો. આ અનુભવે તેના

મનમાં ગુલામીની પ્રથા માટે તિરસ્કાર પેદા કર્યો.

*

આ ગુલામીની પ્રથા અમેરિકામાં શી રીતે શરૂ થઈ, એ જાણવા જેવી હકીકત છે. સ્વમાન, સ્વતંત્રતા અને સ્વધર્મ ખાતર માતૃભૂમિ સહિત સર્વસ્વનો ત્યાગ કરી, અનેક જોખમો અને સંકટોનો સામનો કરી, યુરોપના ધર્મવીરોએ અમેરિકાના વિરાટ ભૂખંડનો આશરો લીધો. યુરોપના આ ધર્મનિષ્ઠ વસાહતીઓએ અમેરિકાની ભૂમિ ઉપર પગ મૂક્યો ત્યારે તેમની એક બાજુએ મહાસાગર અને બીજી બાજુએ દેશના એક છેડાથી બીજા છેડા સુધી પ્રસરેલું અરણ્ય હતું. અરણ્ય હિંસક પશુઓથી ભરપૂર હતું. આ જંગલોને કાપી કાપીને ત્યાં વસાહતીઓએ ખેતી કરવા માંડી. નવી ભૂમિએ ધાન્યની રેલમછેલ કરી મૂકી. પરંતુ લોભને કંઈ થોભ છે? અમેરિકાવાસીઓને ધનનો લોભ વળગ્યો. આવી ફળદ્રુપ જમીનમાં કપાસ અને તમાકુ જેવા કમાઉ પાકો વિશાળ પાયા ઉપર કરવા તેઓ વિચારવા લાગ્યા. પરંતુ જમીનના વિસ્તારના પ્રમાણમાં તેમની વસ્તી બહુ ઓછી હતી. તેઓએ પ્રથમ ‘રેડ ઇન્ડિયનો’ને (અમેરિકન આદિવાસીઓને) પકડીને તેમની પાસેથી મજૂરીનું કામ લેવા ધાર્યું. પરંતુ એમાં તેઓ ફાવ્યા નહિ. એટલે તેઓએ ઇંગ્લેંડના કેદીઓને અને યુરોપભરમાંથી મજૂરીનો કરાર કરી ગિરમીટિયા મજૂરો લાવીને કામ લેવાનો પ્રયોગ કર્યો. એમાં પણ તેઓ સફળ થયા નહિ. આ પછી તેઓની એઠી નજર આફ્રિકાના ગરીબ હબસીઓ પર પડી. આ કાર્યમાં ઇંગ્લેંડના ધનલોલુપ વેપારીઓએ તેમને મદદ કરી. એ વેપારીઓ આ અબોધ હબસીઓને ભોળવી, ફોસલાવી, અનેક પ્રકારની લાલચો આપી, વહાણમાં ખડકીને અમેરિકા રવાના કરવા લાગ્યા. પછી તો જોરજુલમ અને બળજબરીથી પણ તેમને પકડવા લાગ્યા. આ રીતે, પોતાની સ્વતંત્રતા ખાતર તથા ધર્મના રક્ષણ ખાતર અમેરિકા આવી વસનારા ધર્મનિષ્ઠ લોકોએ, પોતાની અર્થેષણાને વશ થઈ આફ્રિકાની એક ગરીબ, અજ્ઞાન અને રાંકડી પ્રજાનો શિકાર કરવા માંડ્યો અને લોહીનો વેપાર શરૂ કર્યો.

*

એબ્રહેમ લિંકન જ્યારે ફરીને ન્યૂ ઑર્લીઅન્સ ગયો ત્યારે ત્યાં તે એકાદ માસ રોકાયો. આ વસવાટ દરમિયાન તેને ગુલામીની પ્રથાનો વધારે ઊંડો અને ભીષણ અનુભવ થયો. ગુલામોના હાટ આગળ સંખ્યાબંધ અર્ધનગ્ન સ્ત્રી અને પુરુષ ગુલામોનું કરુણ દૃશ્ય તેણે જોયું. બેહાલ ગુલામ યુવાન સ્ત્રીઓ પ્રત્યે લંપટ વેપારીઓને ગેરવર્તન કરતા જોઈને એબ્રહેમનું હૃદય દ્રવી ઊઠ્યું. તે ત્યાંથી ખિન્ન બની પાછો ફર્યો. પરંતુ પાછા ફરતાં લિંકને આ પ્રથાનો સદંતર નાશ કરવાનો સંકલ્પ કર્યો.

જીવનમાં કેટલીય તડકીછાંયડીમાંથી પસાર થતાં થતાં એબ્રહેમ લિંકન ૧૮૪૬માં ઇલનોય રાજ્યની ધારાસભામાં ચૂંટાયા. તે વખતે ઉત્તર અને દક્ષિણનાં સંસ્થાનો વચ્ચે ગુલામીની પ્રથા અંગે કટોકટીનો મામલો રચાયો હતો. અમેરિકાનું સંયુક્ત રાજ્ય સ્થપાયું ત્યારે વૉશિંગ્ટન અને જેફરસન જેવા રાષ્ટ્રનાયકોએ ગુલામીની અમાનુષી પ્રથાને દૂર કરવા અથાગ પ્રયત્ન કર્યો હતો. પરંતુ દક્ષિણનાં છ સંસ્થાનોએ જરાયે મચક આપી ન હતી. આગળ જતાં ઉત્તરનાં સંસ્થાનો ગુલામી પ્રથા નાબૂદ કરવાની તરફેણમાં મક્કમ થવા લાગ્યાં, અને તેમ તેમ દક્ષિણનાં સંસ્થાનો ગુલામી પ્રથા જારી રાખવા વધારે કટિબદ્ધ થવા લાગ્યાં. આમ ચાલતાં ચાલતાં, લિંકનના સમય સુધીમાં દેશભરમાં ગુલામી વિરુદ્ધ ચળવળ જોરશોરથી ચાલુ થઈ હતી.

તેની અસર ઇલનોયની ધારાસભા ઉપર પણ પડી. ઇલનોય દક્ષિણનાં સંસ્થાનોની સરહદ પર આવેલું હોવાથી ત્યાંની ધારાસભાએ ગુલામીની પ્રથાનું સમર્થન કરતો ઠરાવ મોટી બહુમતીથી પસાર કર્યો. લિંકન જાણતા હતા કે તેની તરફેણમાં ખાસ કોઈ નથી, છતાં એ ઠરાવનો એણે સખત વિરોધ કર્યો. એનું પરિણામ એ આવ્યું કે આગામી ચૂંટણી વખતે તેણે ધારાસભામાંની પોતાની બેઠક ગુમાવી. પરંતુ દેશભરમાં ગુલામી પ્રથા બંધ કરવાનું આંદોલન ઉગ્ર સ્વરૂપ પકડતું ગયું, એ દરમિયાન એવા અવનવા બનાવો બન્યા કે જેથી એક છેડેથી બીજા છેડા સુધી આખો દેશ ખળભળી ઊઠ્યો ને સંયુક્ત રાજ્યની એકતા જોખમમાં આવી પડી. રાષ્ટ્રના બે ભાગલા પડી જવાની દહેશત

જાગી. આ કટોકટીની ઘડીએ લિંકનને તેના જીવનકાર્યની દિશા જડી ગઈ અને પોતાના દેશને વિનાશના માર્ગે જતો રોકવા તેણે અથાગ પરિશ્રમ શરૂ કર્યો. છેવટે સેવાભાવી સત્યવક્તા વીર લિંકનના ગુણોથી આકર્ષાઈ મતદારોએ ૧૮૬૦માં મોટી બહુમતીથી તેને રાષ્ટ્રના પ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યા.

આવા વિષમ કાળમાં પ્રમુખ થવું એ શિરનું સાટું કરવા બરાબર હતું. દક્ષિણનાં સંસ્થાનો ખૂબ ઉશ્કેરાયેલાં હતાં. તેઓ સાથે સમાધાન કરવા અને આંતરવિગ્રહ અટકાવવા લિંકને તનતોડ પ્રયત્નો આદર્યા. પરંતુ તેણે લંબાવેલો મૈત્રીનો હાથ દક્ષિણના લોકોએ તિરસ્કારથી તરછોડયો.

લિંકનની ચૂંટણી પછી થોડા જ વખતમાં દક્ષિણનાં ૭ સંસ્થાનો સંયુક્ત રાજ્યમાંથી છૂટાં પડ્યાં. લિંકનની મુસીબતો વધતી જ ગઈ છતાં તેણે ખૂબ ધીરજ અને સ્વસ્થતા જાળવીને કામ લેવા માંડયું. પરંતુ સુલેહના તેના ભગીરથ પ્રયત્નો આખરે નિષ્ફળ નીવડયા અને લાંબા કાળ સુધી ઘુમાયા પછી ગુલામીના સવાલમાંથી જ આંતરવિગ્રહનો દાવાનળ ભભૂકી ઊઠ્યો. એની જ્વાળાએ આખા સંયુક્ત રાજ્યને આવરી લીધું અને લાખો અમેરિકનોનો ભોગ લીધો.

*

લિંકન જેવા માનવ-પ્રેમી અને પ્રજાતંત્રવાદીને માટે આંતરવિગ્રહનો આ ગૃહક્લેશ આકરામાં આકરી કસોટી સમાન હતો. એ કારમી કસોટીમાંથી રાષ્ટ્રને હેમખેમ ઉગારી લેવાને માટે તેણે આકાશપાતાળ એક કર્યાં. એ યુદ્ધ દરમિયાન તેણે પોતાની સહિષ્ણુતા, ક્ષમાશીલતા, બંધુતા, ધૈર્ય અને પ્રેમળતાનો પારાવાર પરિચય કરાવ્યો. આરંભમાં જ ઉપરાઉપરી મળતા પરાભવથી કેટલી યે વાર પ્રજાની ધીરજ ખૂટી જતી; આખી પ્રજા હતાશ થઈ જતી અને સર્વત્ર વિનાશ ને સૂનકાર દષ્ટિગોચર થતાં હતાં; ત્યારે પણ લિંકન વિરલ ઉત્સાહ અને સમતા દાખવી અડગ રહેતા અને પ્રજામાં ધીરજ, હિંમત અને વિશ્વાસનો સંચાર કરતા. છેવટે આખી પ્રજા તેના નેતૃત્વ નીચે વિજય પામી. પરંતુ એ કાળની સતત ચિંતા અને અસહ્ય જવાબદારીએ એનું ખડતલ

શરીર પણ ઘસી નાખ્યું. યુદ્ધનાં ચાર વરસમાં તે વૃદ્ધ જેવા થઈ ગયા. એની નિર્મળ અને કરુણાપૂર્ણ આંખો ઊંડી ઊતરી ગઈ; એના ચહેરા ઉપરની વિષાદની રેખાઓ ઘેરી બની; અને એનું બાલોચિત મુક્ત હાસ્ય મંદ પડ્યું.

આંતરયુદ્ધના છેવટના તબક્કામાં હવે તેના વિચારો ગુલામોની મુક્તિ તરફ વળ્યા. ગુલામી ભારે પાપ હોવા ઉપરાંત સાચા પ્રજાતંત્રાની પણ વિઘાતક છે, એવી લિંકનની દૃઢ માન્યતા હતી. એ વિષે તે કહે છે: "હું ગુલામ ન થાઉં, તે જ રીતે હું માલિક પણ ન બનું: એ સૂત્ર પ્રજાતંત્રની મારી કલ્પના વ્યક્ત કરે છે. જે તંત્ર એનાથી જુદું પડે છે, તે તેટલા પૂરતું પ્રજાતંત્ર નથી." આ મુજબ, યુદ્ધ પૂરું થતાં પહેલાં જ એક જાહેરનામું બહાર પાડી તેમણે સંયુક્ત રાજ્યના ગુલામોને મુક્ત કર્યા.

છેવટે ૧૮૬૫ના જુલાઈમાં આ ભીષણ આંતરવિગ્રહનો અંત આવ્યો. આથી દેશભરમાં ભારે આનંદ પ્રવર્તી રહ્યો. એ ખૂનામરકી અટકવાથી લિંકનના હૃદયનો ભાર હળવો થયો અને તે ભાવિના સુખી દિવસોનાં સ્વપ્નાં સેવવા લાગ્યા. એ વિષે તેણે પોતાની પત્નીને કહ્યું હતું: "પાટનગર વોશિંગ્ટન આવ્યાં ત્યારથી આપણા દિવસો બહુ કપરા ગયા છે. પણ હવે યુદ્ધ પૂરું થયું છે, અને ઈશ્વરેચ્છાથી બાકીનાં વરસ સુખ ને શાંતિથી ગાળવાની આશા આપણે રાખીએ."

પરંતુ લિંકનનું એ સ્વપ્ન પૂર્ણ ન થયું. વિજયના હર્ષમાં વોશિંગ્ટનમાં રંગરાગ ચાલી રહ્યા હતા. તેમાં ભાગ લેવાને એક દિવસ પ્રમુખ માટે પણ નાટક જોવાનો કાર્યક્રમ યોજાયો. લિંકન અને તેનાં પત્ની ૧૪ જુલાઈની રાત્રે થિયેટરમાં તેમને માટે ખાસ મુકરર કરેલી જગ્યાએ બેસીને નાટક જોઈ રહ્યાં હતાં. એવામાં દશ વાગ્યાને સુમારે પાછળથી પિસ્તોલનો ભડાકો થયો. બૂથ નામના દક્ષિણના એક ઝનૂની માણસે લિંકનનો ઘાત કરવા એ ગોળી તેના ઉપર છોડી હતી. ગોળી મગજમાં પેસી ગઈ હતી. સારવાર માટે અનેક નિષ્ણાત દાક્તરો દોડી આવ્યા. પણ તેમના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા અને જુલાઈની ૧૫મી તારીખે સવારે લિંકને દેહ છોડયો. આ કરુણ અને દુ:ખદ પ્રસંગના

સમાચારથી, કાળાગોરા કે ઉત્તર-દક્ષિણના કશાયે ભેદભાવ વિના, આખું અમેરિકા શોકસાગરમાં ડૂબી ગયું.

એબ્રહેમ લિંકનના મરણથી અમેરિકાએ પોતાનો પનોતો પુત્ર ખોયો, હબસીઓએ પોતાનો તારણહાર ખોયો અને જગતે એક સત્યકામ, સત્યસંકલ્પ અને સત્યનિષ્ઠ મહાપુરુષ ખોયો.

## "ટાઇપિસ્ટ?"

હર્બર્ટ હૂવર નામનો જુવાન અમેરિકાની એક યુનિવર્સિટીમાંથી ઇજનેરની પદવી લઈને બહાર આવ્યો. તેનો વિચાર ખાણના એન્જિનિયર થવાનો હતો. શુક્રવારે સવારે એક ખાણના વ્યવસ્થાપકને તે નોકરી માટે મળ્યો. વ્યવસ્થાપકે કહ્યું, "અમારે તો એક ટાઇપિસ્ટની જરૂર છે. તમે એ કામ માટે તૈયાર છો?"

"ટાઇપિસ્ટ?" જુવાન બોલ્યો. પછી જરાક થંભીને તેણે કહ્યું, "ઠીક છે. હું એ કામ કરીશ. આવતા મંગળવારે સવારે હું કામે લાગી જઈશ."

મંગળવારે સવારે જુવાન પોતાના કામે બરાબર હાજર થઈ ગયો. વ્યવસ્થાપકે તેને પૂછ્યું, "તમે મંગળવારથી આવવાનું શા માટે નક્કી કર્યું? એની પાછળ કશો હેતુ હતો?"

જુવાને જવાબ દીધો, "જી હા, ચાર દિવસ મને મળ્યા, તેમાં એક ભાડુતી ટાઇપરાઇટર લઈને હું જરૂરી ટાઇપિંગ શીખી ગયો છું."

આગળ જતાં યુનાઇટેડ સ્ટેઇટ્સના રાષ્ટ્રપતિ બન્યા તે આ જ હર્બર્ટ હૂવર.

# મુનિ ભુવનચંદ્ર

## જૈન ધર્મ-સાર

['સમણસુત્તં' પુસ્તકમાં આપેલી ૭૫૬ ગાથાઓમાંથી સંકલિત]

તું તારા માટે જે ઇચ્છે છે, તેવું બીજા માટે પણ ઇચ્છજે.

તારા પોતાને માટે જે નથી ઇચ્છતો, તેવું બીજાને માટે પણ ન ઇચ્છતો.

*

એકના અપમાનમાં બધાનું અપમાન છે;

એકની પૂજામાં સર્વની પૂજા આવી જાય છે.

*

રાગ અને દ્વેષ આપણું જેટલું બૂરું કરે છે, એટલું તો

બળવાન શત્રુ પણ નથી કરી શકતો.

એ બે જ આપણને અન્ય પાપોમાં દોરી જાય છે.

*

બહારની લડાઈથી શું વળશે? લડવાનું તો પોતાની જાત સાથે જ છે.

જે જાતને જીતે છે તે જ સાચું સુખ પામે છે.

*

ક્રોધ પ્રેમનો નાશ કરે છે, માયા મૈત્રીનો, પણ લોભ તો સર્વનો નાશ કરે છે.

ક્ષમાથી ક્રોધને હણો, નમ્રતાથી અભિમાનને જીતો,

અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.

*

નિષ્કામભાવે દાન આપનાર અને નિષ્કામભાવે દાન લેનાર,

બન્ને આ જગતમાં દુર્લભ છે.

*

ઇંદ્રિયોની ઉપશાંતિ એ જ ઉપવાસ છે.

જિતેન્દ્રિય ભોજન કરતો હોય ત્યારે પણ ઉપવાસી છે.

ઉપવાસોથી અજ્ઞાનીને જેટલી શુદ્ધિ થાય,

તેનાથી ઘણી વધારે શુદ્ધિ રોજ જમનારા જ્ઞાનીને થાય છે.

*

સુખી સ્થિતિમાં મેળવેલું જ્ઞાન દુખની સ્થિતિમાં નકામું થઈ જાય છે.

માટે સાધકે પોતાની શક્તિ અનુસાર કષ્ટ અપનાવીને જાતને કેળવવી.

*

જે તપની સાથે જ્ઞાન નથી, એ તપ કેવળ ભૂખમરો ગણાય.

*

સુખ મેળવવું કે દુખને દૂર કરવું, એ તપનો હેતુ નથી.

તપનો હેતુ તો મોહક્ષય કરવાનો છે.

*

પાણી વગર અનાજ પાકતું નથી, તેમ વિનય વગરની વિદ્યા ફળતી નથી.

*

વાચના (પાઠ કરવો), પરિવર્તના (શીખેલું ફરી યાદ કરી જવું),

પૃચ્છના ( પ્રશ્નો કરવા), અનુપ્રેક્ષા (વિચારવું), અને ધર્મકથા (અન્યને સમજાવવું)

—આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય તે તપ છે.

સ્વાધ્યાય સમાન અન્ય કોઈ તપ છે નહિ.

['સમણસુત્તં' એ જૈનધર્મસારનો મુનિશ્રી ભુવનચંદ્રજીએ કરેલો સરળ ગુજરાતી અનુવાદ છે. વિશ્વના મહાન ધર્મોના અધ્યયન પછી વિનોબાજીએ 'કુરાનસાર', 'ખ્રિસ્ત ધર્મસાર', 'ગીતા-પ્રવચનો', 'ધમ્મપદ', 'જપુજી', 'ભાગવતધર્મસાર', 'તાઓ ઉપનિષદ' વગેરે પુસ્તકો તૈયાર કરીને પ્રજાને આપ્યાં. તે પછી તેમની પ્રેરણાથી જૈનોના જુદા જુદા

ફિરકાના મુનિઓ તથા વિદ્વાનો એકત્રા થયા. એ બધાની મહેનતને પરિણામે જૈનોનો એક ઉત્તમ, સર્વમાન્ય ધર્મસાર તૈયાર થયો, તે ‘સમણસુત્તં’ નામે ગ્રંથરૂપે ૧૯૭૫માં ભગવાન મહાવીરની ૨૫૦૦મી જયંતી પ્રસંગે પ્રગટ થયો. પછીને વરસે તેનો ગુજરાતી અનુવાદ બહાર પડેલો, તે ઘણો સમય અપ્રાપ્ય રહેલો. પછી મુનિશ્રી ભુવનચંદ્રજીએ મૂળ ગાથાઓ પરથી ‘સમણસુત્તં’નો નવેસર કરેલો, અનુવાદ ૧૯૯૫માં જૈન સાહિત્ય અકાદમી (ગાંધીધામ)તરફથી પ્રકાશિત થયો છે.]

# ‘મુસાફિર’ પાલનપુરી

## ફૂંક નમણી

*...વહે મખમલી કંઠથી ફૂંક નમણી,*
*નસેનસમાં વ્યાપી રહે ઝણઝણાટી,*
*અલૌકિક સૂરો ઝળહળે સૂર્ય થઈને,*
*પરમ તેજ પ્રગટે સઘન પોહ ફાટી...*

*મયૂરો તણી મુગ્ધ ગહેકાર એમાં,*
*કદી બુલબુલોની મધુર કિલકિલાટી;*
*બધું લાક્ષણિક-મસ્ત બાંકી અદાઓ,*
*આ ટોપી, આ મુસકાન, આ તરવરાટી!...*

[‘અહીં જ ક્યાંક આપ છો’ પુસ્તક]

# મૂળજીભાઈ શાહ

## તાર—તંબૂરના ને હૈયાના

દરભંગા(બિહાર)માં દર વર્ષે દુર્ગાપૂજાનો મોટો મેળાવડો થાય છે. તેમાં પ્રસિદ્ધ ઠૂમરી-ગાયિકા ગિરિજાદેવીને પણ આમંત્રયાં હતાં. પણ કોઈ બાબતમાં કાર્યક્રમના આયોજકોની સાથે તેમને બોલાચાલી થઈ ગઈ એટલે એ લોકોએ તેમને કહ્યું, “તમારો કાર્યક્રમ રાતના ચાર વાગ્યે થશે.” અને ચાર વાગવા આવ્યા ત્યારે એમણે શ્રોતાઓને કહ્યું કે હવે કાર્યક્રમ પૂરો થયો છે, એટલે શ્રોતાઓ તો ચાલ્યા ગયા.

ગિરિજાદેવી મંડપમાં ગયાં ત્યારે ત્યાં કોઈ ન મળે. તેમને ઘણું દુઃખ થયું. મંડપની સામે જ દુર્ગામાતાની મૂર્તિ હતી, બાજુમાં ભગવાન શિવનું મંદિર હતું. તે જ વખતે પ્રભાતની પૂજાની શરૂઆત થઈ. ઘંટ અને શંખના નાદ સાથે ગિરિજાદેવીના હૃદયના તાર ઝણઝણી ઊઠ્યા. તેમણે વિચાર્યું, લોકો સાંભળે કે ન સાંભળે, પણ ભગવાન તો સાંભળશે જ ને?

ગિરિજાદેવીએ દુર્ગામાતાની સામે બેસી આંખો બંધ કરીને તંબૂરના તાર છેડ્યા, અને તેની સાથે જ હૃદયના તાર પણ મળી ગયા. કોકિલ કંઠમાંથી રાગ અહિર ભૈરવ વહેવા માંડ્યો: “હે બેરાગી! રૂપ ધરે મેરે મન ભાયે.” ...અને જ્યાં આખો મંડપ ખાલી હતો ત્યાં ધીમે ધીમે ત્રણથી ચાર હજાર માણસો ભેગા થઈ ગયા. તે પછી તેમણે ઠૂમરીમાં ‘બાબુલ મોરા નૈહર છૂટો જાય’ અને જોગિયામાં ‘જનની મૈં ન જાઉં બિન રામ’ ભજન ગાયું. ગાતાં ગાતાં તેમની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી.

# મૂળશંકર પ્રા. ભટ્ટ

## સંસ્કારઘડવૈયો અંગ્રેજ

થિયોડોર હોપનું નામ જેની સાથે સંકળાયેલું છે તે ‘હોપ વાચનમાળા’એ ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા કરી છે. સરકારે ભારતના લોકોને શિક્ષણ અંગ્રેજીમાં આપવું કે માતૃભાષામાં એ સવાલ ૧૯મી સદીમાં ચર્ચાતો હતો, ત્યારે મુંબઈના ગવર્નર સર માલ્કમે શિક્ષણ માતૃભાષામાં જ આપવાની વાત મક્કમતાપૂર્વક રજૂ કરી હતી. પરિણામે માતૃભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું કામ ઉપાડવામાં આવ્યું. ગુજરાતી પુસ્તકો તૈયાર કરવાનું કામ પણ મરાઠી શાસ્ત્રીઓને સોંપવામાં આવ્યું, તેથી તેની ભાષા મરાઠી વ્યાકરણ મુજબની રહી. ત્યારે મહીપતરામ રૂપરામે તેને વિશે જબરો અસંતોષ વ્યક્ત કરેલો. ત્યારબાદ સરકારના કેળવણી નિરીક્ષક થિયોડોર હોપને ગુજરાતી પાઠ્યપુસ્તકો નવેસર તૈયાર કરવાનું કામ સોંપાયું. તેમણે મરાઠી પરથી અનુવાદ કરવાને બદલે ગુજરાતીમાં જ સ્વતંત્રા વાચનમાળા તૈયાર કરાવી. પાઠોમાં તેમણે ગુજરાતી વાતાવરણ ઊભું કર્યું, જેથી બાળકોને પોતાના સમાજના રીતરિવાજ, આચાર, વ્યવહાર વગેરેનું જ્ઞાન મળી રહે. એ વાચનમાળાનો કવિતા વિભાગ કવિ દલપતરામની ખાસ મદદ માગીને તૈયાર કરાવવામાં આવ્યો. ૧૮૬૦માં પ્રથમ પ્રગટ થયેલી એ હોપ વાચનમાળાએ પૂરાં છેંતાલીસ વર્ષ સુધી ગુજરાતનાં બાળકોનું સંસ્કારઘડતર કર્યું. હિંદ સરકારે નીમેલી પાઠ્યપુસ્તક સુધારણા સમિતિએ તેનાં ખૂબ વખાણ કર્યાં અને સૂચવ્યું કે બીજા પ્રાંતોની ભાષાઓમાં પણ હોપ વાચનમાળાનો આદર્શ રાખીને કામ કરવું. ત્યાં સુધી નાગરી લિપિમાં છપાતી વાચનમાળાને ગુજરાતી લિપિમાં જ છાપવાનો આગ્રહ અંગ્રેજ અમલદાર હોપ સાહેબે રાખ્યો. તે કાળે પણ જોડણીમાં અવ્યવસ્થા ચાલતી હતી, તેમાં વ્યવસ્થા લાવવા સમિતિના સભ્યો સાથે મળીને એમણે જોડણીના નિયમો ઘડી કાઢયા.

હોપ સાહેબની આવી સેવાઓના મીઠા સ્મરણરૂપે સુરતમાં તાપી નદી પરનો હોપ પુલ આજે પણ ઊભો છે.

['વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ-કોશ' પુસ્તક]

# પંડિતા રમાબાઈ

દક્ષિણ કર્ણાટકના એક ગામડામાં ૧૮૫૮માં જન્મેલી રમા નાની હતી ત્યારે પિતા અનંતશાસ્ત્રી અને માતાની સાથે તીર્થયાત્રામાં જોડાવાનું તેના ભાગ્યમાં આવ્યું. જોડે એક ભાઈ ને બીજી બહેન. જે ગામે આવે ત્યાં પિતા વિદ્વાનો સાથે વાદવિવાદ કરે ને પછી આગળ જાય. પંદરેક વર્ષ ચાલેલી આ યાત્રા દરમિયાન રમા બધી ચર્ચાઓ ધ્યાન દઈને સાંભળતી રહી. મોટા ભાઈને પિતા સંધ્યા શીખવતા, તેના બધા મંત્રો રમા પણ સાથે સાથે બોલતી જતી.

૧૮૭૬-૭૭માં દક્ષિણમાં ભારે દુકાળ પડયો ત્યારે પિતાએ તેમની બધી મિલકત દાનમાં આપી દીધી. ભીખ માગવી પડે એવો વખત આવ્યો. બધાં જંગલમાં ગયાં ત્યાં પિતાએ સંન્યાસ લીધો. બાકીનાંને જળસમાધિ લેવાનો વિચાર આવ્યો, પણ તે છોડીને આગળ ચાલ્યાં. વાટમાં પહેલાં પિતાનો, પછી માતાનો ને છેવટે બીજી બહેનનો પણ દેહ પડયો. બાકી રહેલ ભાઈ અને રમા કાશ્મીરથી બંગાળ સુધી ખૂબ રખડયાં. જેમતેમ જીવન ટકાવ્યું. તીર્થક્ષેત્રોમાં સંન્યાસીઓથી માંડીને લૂંટારા સુધીના ભાતભાતના લોકોના સંપર્કમાં આવ્યાં. અંતે કલકત્તા પહોંચ્યાં ત્યાં જાણે કે માનવસમાજમાં પાછાં ફર્યાં.

માત્ર શરીર પરનાં વસ્ત્રો સાથે આવેલી આ વીસ વરસની તેજસ્વી તરુણીએ કલકત્તાના એક મંદિરમાં સંસ્કૃત ભાષાના પોતાના જ્ઞાનની ઝાંખી કરાવી. ભાઈ—બહેન ભૂખમરાથી કૃશ થયેલાં હતાં, પણ જ્ઞાન અને સંસ્કારિતાનું તેજ તેમનાં મુખ પર દેખાતું હતું. કલકત્તામાં વાત ફેલાઈ કે બાઈ તો સરસ્વતીના અવતાર જેવી છે. ઠેકઠેકાણે સભાઓમાં

પ્રવચન આપવાનાં નિમંત્રાણ મળવા લાગ્યાં.

દરમિયાન ભાઈનું પણ અવસાન થયું. હવે રમાબાઈ એકલાં રહ્યાં. બિપિનબિહારી દાસ નામના યુવાને માગણી મૂકી અને બંને લગ્નગ્રંથિથી જોડાયાં. પણ પતિ હરિજન હોવાથી લોકોમાં રમાબાઈની નિંદા ચાલી. બાળપણથી ધર્મપાલન કરતી આવેલી આ સ્ત્રી હવે હિંદુ ધર્મ વિશે સાશંક બનતી જતી હતી. પુત્રી મનોરમાના જન્મ પછી પતિ કોગળિયામાં મૃત્યુ પામ્યા. દેશમુખ અને રાનડે જેવા અગ્રણીઓએ રમાબાઈને મહારાષ્ટ્રમાં આવીને કામ કરવા આગ્રહ કર્યો. ૧૮૮૨માં પુણે આવીને એમણે સ્ત્રીજાગૃતિનું કાર્ય ઉપાડ્યું. ‘આર્ય મહિલા સમાજ’ નામની સંસ્થા ઊભી કરી. પછીને વરસે રમાબાઈએ લોર્ડ હંટર સમક્ષ મરાઠીમાં વિવાદ ચલાવ્યો. એમની દલીલોથી પ્રભાવિત થયેલા હંટર ઇંગ્લંડ પાછા ફર્યા ત્યારે વિવાદનું અંગ્રેજી ભાષાંતર રાણી વિક્ટોરિયાને વાંચી સંભળાવ્યું. રાણી રીઝ્યાં.

માતા-પુત્રી ઇંગ્લંડ ગયાં. ત્યાં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. ત્યાંની કૉલેજમાં નોકરી કરતાં અંગ્રેજી શીખી ગયાં. અમેરિકાથી આમંત્રાણ મળતાં ત્યાં ગયાં. ખૂબ માન મળ્યું. અંતે ભારત પાછાં ફરી મુંબઈમાં વિધવાઓને સહાય કરવા ‘શારદા સદન’ની સ્થાપના કરી. લોકોના વિરોધ વચ્ચે પણ, જીવ્યાં ત્યાં લગી સંગીન કામ કરતાં રહ્યાં.

[‘વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ-કોશ’ પુસ્તક]

# મૃણાલિની દેસાઈ

## બાળગંધર્વ

વીસમી સદીની શરૂઆતમાં એક દિવસે રંગભૂમિનો મખમલનો પડદો ઊંચકાયો. નાટક જોવા જતા ગણ્યાગાંઠ્યા માણસો તે દિવસે પણ ત્યાં હતા. પણ હંમેશાં નાટક જોઈને ઘેર જાય ત્યારે તેઓ પાનના ડૂચા સાથે બેચાર રંગીલા શબ્દો જીભ પર રમાડતા જાય, તેને બદલે એ દિવસે નાટક જોઈને જે ગયા તે ગંભીર બનીને ગયા. તે દિવસે તખ્તા પર જે છોકરી જોઈ તે કેટલાકને પોતાની કન્યા જેવી લાગી, તો કોઈને એમાં પોતાની બહેન દેખાઈ. એ નાટક હતું ‘શારદા’.

નાનકડી કન્યાનાં લગ્ન કોઈ જરઠ મુરતિયા સાથે લેવાયાં છે. વરરાજા આમ ખાસ ઉંમરલાયક તો ન કહેવાય—હમણાં જ પંચોતેર પૂરાં થયાં છે! પણ પૈસો સારો છે. કન્યા કરગરે છે, મા કલ્પાંત કરે છે, જુવાનિયાઓ અકળાય છે. જોનારાનાં મન જીતી લીધાં હતાં ગભરુ બાળા ‘વલ્લરી’એ. એ બોલે તો જાણે મોતી ખરે. ગાય ત્યારે બધાં મંત્રામુગ્ધ બની જાય.

ટિળક મહારાજે આ નવા નાનકડા અભિનેતાની કીર્તિ સાંભળી. ગાન પણ સાંભળ્યું. છોકરો નાનો ને નમણો, અને કંઠ તો જાણે દેવનો દીધેલો! લોકમાન્ય ડોલી ઊઠ્યા : “આ તો બાળગંધર્વ માનવીની દુનિયામાં અવતર્યા છે!” બસ, તે દિવસથી આ બાળ-અભિનેતા ‘બાળગંધર્વ’ તરીકે જાણીતા થયા.

હવે તો સારા સારા માણસો નાટક જોવા લાગ્યા. સાક્ષરોની કલમ નાટ્યલેખન તરફ વળી. એમની પ્રભાવી ભાષા ઝીલી લઈ, કથાવસ્તુને અંતરમાં ઉતારી, એ નાટકોની નાયિકા બની, ‘બાળગંધર્વ’ તખ્તા પર ચમકવા લાગ્યા. અને પછી તો, લેખકના મનમાં રમતું હોય પણ તે વ્યક્ત કરતા શબ્દો ન જડયા હોય એવા એના મનના ભાવ એના

અભિનયમાંથી ખીલવા લાગ્યા.

'સ્વયંવરા' નાટકની શરૂઆત છેઃ રુક્મિણી દાદરાનાં પગથિયાં ઊતરે છે. લેખકે ત્રણ જ શબ્દ એનાં મોંમાં મૂક્યા છેઃ "દાદા, તે આલે ના?" (ભાઈ, એ આવ્યા ને?) ત્રણ જ શબ્દ, પણ એમાં સ્ત્રીસુલભ શાલીનતા છે, પ્રથમ પ્રીતિનો ગુલાબી આવિષ્કાર છે, પ્રિયતમને આવકાર છે, મનોભાવનું સૂચન છે. કૃષ્ણ પ્રવેશ કરે તે પહેલાં જ ખાતરી થાય છે કે આ જે 'એ' છે તે અને આ દેવી અવિભક્ત છે, એક છે. માત્ર ત્રણ સાદા શબ્દોમાંથી પ્રેક્ષક જે પામે છે તે કોઈ મહાકાવ્ય વાંચીને ભાગ્યે જ પામે!

હવે તો આબાલવૃદ્ધોથી પ્રેક્ષકગૃહો ઊભરાવા લાગ્યાં. રસિક પ્રેક્ષકો ગામેગામ એ નાટક કંપની સાથે ફરવા લાગ્યા. બહેનો પણ નાટકો જોવા લાગી. પોતાના ઘરમાં કેવી સૌંદર્યવતી, ચતુરા, બુદ્ધિમતી નારીઓ વસે છે તે જોવાની દૃષ્ટિ બાળગંધર્વે પુરુષોને આપી. બહેનો પણ ચાતુર્ય, વેશભૂષા ને કેશરચનાનું કૌશલ્ય, બોલવું-ચાલવું—હસવું, ઘણું બધું એમની પાસેથી શીખી.

'એક ચ પ્યાલા'માં લખનાર કવિને પણ ડોલાવી જાય એવો અપ્રતિમ અભિનય. બાળગંધર્વે બીજું કાંઈ ન કર્યું હોત તો પણ એ અભિનય ખાતર જગતે એને કીર્તિમાળા પહેરાવી હોત. પણ આવા અભિનયની સાથે બીજી પણ અમૂલ્ય ભેટ એમણે સંસારને ધરી દીધીઃ સંગીતની. એમના "મધુમધુર" સૂર કંઠેકંઠમાં જઈને વસ્યા. મહારાષ્ટ્ર આખાને સંગીતનું ભાન કરાવ્યું બાળગંધર્વે.

શાસ્ત્રીય સંગીતમાં પણ હલનચલનની નજાકત બિલકુલ બગાડયા વગર, મુખના ભાવને અર્થ-સ્વર-લય સાથે મેળમાં રાખી બાળગંધર્વ રાગ છેડે, ત્યારે જાણકારો આફરીન થઈ જાય. રાત પૂરી થવા આવતી, પણ સંગીત ને અભિનયની સમાધિમાં ભાન ક્યાંથી રહે? સુભદ્રાના ભાઈ કૃષ્ણ રુક્ષ્મણીની વિદાય લેવા ઊઠી "પ્રિયે, રાત્રીચા સમય સરુનિ યેત ઉશઃકાળ હા"—એ ભૂપ રાગ લલકારે ત્યારે જ કાંડા પરનાં ઘડિયાળો તરફ લોકોની નજર જાય. પરોઢના ચાર વાગ્યા હોય, પાંચ

પણ થયા હોય!

# મૃદુલા મહેતા

## જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર

"એય ટાબરા, ઊઠ! ચાલ જલદી કર!"

બહાર તો હજી અંધારાં પથરાયાં હતાં. કડકડતી ટાઢમાં વહેલી સવારે એક ગોરો ખેડુ એક હબસી છોકરાને ઢંઢોળી રહ્યો હતો.

"અલ્યા ઊભો થાય છે કે દઉં એક થોબડામાં! ચાલ ઊઠ!"

ટૂંટિયું વળીને પડેલો નાનકડો છોકરો ચડપ કરતો બેઠો થઈ ગયો. પાતળા દોરડી જેવા હાથ-પગ, દૂબળું ફિક્કું મુખ અને માંડ માંડ દેખાય તેવી નાની-શી કાયા! ફેબ્રુઆરી માસની આકરી ટાઢ અને ખેડૂતનાં એથીયે વધારે આકરાં વેણ સાંભળીને બિચારો બાળ ધ્રૂજતો ઊભો રહ્યો. આખાયે બેડોળ અંગમાં તેની બે ચમકતી તેજસ્વી આંખો ધ્યાન ખેંચે તેવી હતી. જોકે તે બહુ બોલી શકતો નહિ, પણ તેની ચપલ ચકોર આંખો બધે ફરી વળતી.

તે છ-સાત વર્ષનો થયો હતો. મરઘાં-બતકાંનું ધ્યાન રાખવું, ગાય દોહવી, બગીચામાં નીંદામણ કરવું એવું તો છ-સાત વર્ષનો ઢાંઢો કરી જ શકે ને! ગઈ કાલે તેણે કલાકો સુધી બગીચામાં કામ કર્યું હતું. તેની કમ્મર ભાંગી પડતી હતી. આંખોમાં ઊંઘ અને થાક ભર્યાં હતાં. પરાણે પરાણે તે નીચે આવ્યો. રસોડામાં સુઝનની હેતાળ નજર ભાળતાં જ તેની આંખો વાત્સલ્યથી ચમકી ઊઠી.

"ના, ના હજી તે ઘણો નાનો છે. કાલનો તે ખૂબ થાકી ગયો છે. આજે મારે તેનું ઘરે કામ છે. તે ખેતરે નહિ આવે." સુઝન પોતાના પતિને કહી રહી હતી.

"ત્યારે મને કામમાં કોણ મદદ કરશે?" ખેડૂત ગુસ્સામાં બરાડી ઊઠ્યો, "આ બધો મોલ સડી જશે તેનું શું?... મરજે પછી ભૂખે!"

"દેવાવાળો બેઠો છે. બિચારા છોકરાને સુખે રહેવા દો. કાલ સવારે કમાતો—ધમાતો થઈ જશે." સુઝનના શબ્દે શબ્દે કરુણા ટપકતી હતી. છોકરો એકીટશે તેના તરફ જોઈ રહ્યો હતો. જાણે તેની વાણીમાંથી અમીના ઘૂંટડા પી રહ્યો હતો.

"બહુ થયું", ખેડૂત ભભૂકી ઊઠ્યો, "કેવો રૂપાળો ઘોડો હતો. બદલામાં આ આવ્યું ને?" કહેતાં તેણે બાળક તરફ એક વેધક દૃષ્ટિ નાખી અને બારણું ધડાક કરતું પછાડતો એ બહાર નીકળી ગયો.

સુઝને બાળક પાસે આવી તેને છાતી સરસું ચાંપ્યું. બાળકની આંખમાં આંસુ ઊભરાતાં હતાં. માથે હાથ ફેરવતાં તે બોલી, "એ તો બોલે એટલું જ! ભકભકિયો સ્વભાવ પડયો. ચાલ, આપણે જલદી ચૂલો પેટાવીએ. એક વાર રોટલા પેટમાં પડશે એટલે બધું ઠીક થઈ જશે."

દૂર દૂર ક્ષિતિજ પરની ટેકરીઓ પર ઉષાની આછી છાંટ ઊઘડી રહી હતી. ખેડુ કાર્વર બહાર નીકળીને મોટા કોઠાર તરફ વળ્યો. તેનાથી નઃશ્વાસ નંખાઈ ગયો. એક દિવસ ધાનથી ભરેલો કોઠાર આજે કેવો ખાલીખમ પડયો હતો! એક દિવસ માઈલો સુધી પથરાયેલાં તેનાં હરિયાળાં ખેતરો જોઈને આંખ ઠરતી. ફળથી લચી પડતી ઘટાદાર વાડીને લીધે નજીકમાં નજીક રહેતા ખેડૂતનું ઘર પણ દેખાતું નહીં. પણ આજે તો ધરતી જાણે ખાવા ધાય છે. ને પેલો છોકરો પણ શું કામમાં આવવાનો હતો?

અમેરિકાના પ્રજાજીવનમાં એક ભારે મોટો ઝંઝાવાત ઊભો થયો હતો. ગુલામીનાબૂદીનો પવન ફૂંકાયો હતો. કેટલાંક રાજ્યો કોઈ પણ ભોગે સમાજનું આ કલંક ધોવા માગતાં હતાં. જ્યારે કેટલાંક રાજ્યોને ગુલામીનાબૂદી પરવડે તેમ નહોતું. ગુલામીનાબૂદી કરવા ઇચ્છતા અને ગુલામી જાળવી રાખવા ઇચ્છતા પ્રાંતો વચ્ચે ભારે રસાકસી અને ખેંચતાણ ઊભાં થયાં. રાજ્યો વચ્ચેના આ વિગ્રહમાં સૌથી વધારે સાઠમારી મીસુરી રાજ્યના ભાગ્યમાં આવી હતી. ત્યાંની પ્રાંતીય સરકારે જાહેર કરેલું:

"શહેરને ધજાપતાકાથી શણગારો. દરેક વ્યક્તિને માલૂમ થાઓ

કે આજે ઈ. સ. ૧૮૬૫ના જાન્યુઆરી માસના ૧૧મા દિવસે મીસુરી પ્રાંતમાં સદાને માટે ગુલામી નાબૂદ થાય છે. હવે પછી ઈશ્વર સિવાય કોઈ માલિક નથી, કોઈ ગુલામ નથી. આતશબાજી ફોડો, રોશની કરો. માનવજંજીરો તૂટી છે. અંધારપછેડો ચિરાયો છે, પ્રકાશનાં કિરણો ફેલાયાં છે. સ્વાતંત્ર્યની ચેતના પ્રગટી છે. પ્રભુનાં શ્યામલ સંતાનો માટેનું સુવર્ણ પ્રભાત ખીલ્યું છે.”

જાહેરાત રોમાંચક હતી. પ્રભુના એ શ્યામલ સંતાનો સુધી પહોંચી—ન—પહોંચી તે પહેલાં તો રાજ્યો રાજ્યો વચ્ચેના વિગ્રહે એવું સ્વરૂપ પકડયું હતું કે આ પ્રદેશમાં આવેલા ખંતીલા જર્મન ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા. તેમને ગુલામીપ્રથા ગમતી જ ન હતી. તેમને ખેતીમાં મદદની જરૂર પડતી એટલે ગુલામો ખરીદવા પડતા, પણ જર્મનીમાં પડેલી ટેવ મુજબ તેની સાથે સાથીના જેવો જ વર્તાવ રાખતા.

કાર્વરને પણ ખેતર પર કામની ખેંચ પડવા લાગી. મજૂરો મળતા નહીં અને પરાણે પકડી લાવેલા ગુલામોના વ્યાપારના સહભાગી થવાનું તેને ગમતું નહીં. પણ શું કરે?

તે વખતે કાર્વરની પત્ની સુઝન નોકરડી મેરીને ખરીદી લાવેલી. અત્યંત શરમાળ અને નમ્ર મેરી ઘરકામમાં ઉપયોગી થતી. તેનો પતિ થોડા માઈલો પર એક મોટા જમીનદારને ત્યાં ગુલામ હતો. ઘણી વાર મહિનાઓ સુધી તે તેની પત્નીને મળવા આવી શકતો નહિ. તેના મૃત્યુના સમાચાર પણ ઘણા મોડા મળ્યા હતા. કોઈકે કહ્યું હતું કે કંઈક લાકડું માથે પડતાં તેનું મૃત્યુ થયું હતું.

તે પછી મેરી જાણે મૂંગી થઈ ગઈ હતી. તેની વાણી, તેનું હાસ્ય સુકાઈ ગયાં હતાં. ક્વચિત્ પોતાના નાના બાળક જ્યૉર્જને ઊંઘાડતાં તેનું એકાદ હાલરડું સંભળાતું.

મેરી અને તેનાં બાળકો રહેતાં તે ભાંગી પડેલી ઝૂંપડી તરફ કાર્વરની નજર પડી. તેનો ગુસ્સો ઓસરી ગયો. તેની પત્નીની વાત તેને સાચી લાગી. તે બિચારા માંદલા બાળક પાસેથી કામની શી આશા રાખવી!

પાંચ વર્ષ પરનો ભૂતકાળ તેની નજર સામે તરવા લાગ્યો. કેવી ભયંકર ઠંડી હતી તે રાતે! ચાબખા વીંઝાતા હોય તેવા પવનના સુસવાટા વચ્ચે પોતે દોડીને ઘરભેગો થયો હતો. ગામમાં સમાચાર જાણવા મળ્યા હતા: “ગુલામોને સાચવજો—લૂંટારાઓ સરહદ વટાવીને આ પ્રદેશમાં આવી પહોંચ્યા છે.” પગ દોડતા હતા તે કરતાં વધારે વેગથી તેનું મન કામ કરી રહ્યું હતું. આજુબાજુ દરેક ઘરનાં બારણાં ટપોટપ બંધ થઈ રહ્યાં હતાં.

ગુલામીનાબૂદી અંગેના આંતરવિગ્રહના તે દિવસો હતા. અમેરિકા આખું ખળભળી ઊઠ્યું હતું. યુદ્ધના છેલ્લા દિવસો હતા છતાં કેટલાક પ્રાંતોમાં હજી ગુલામોની બહુ જ સારી કિંમત ઊપજતી. બીજી ચોરીઓ કરતાં ગુલામોની ચોરીમાં ઘણો નફો રહેતો.

પોતે ઘરે પહોંચ્યો એટલે તરત જ ઘોડાને તબેલામાં મૂકી બરાબર તાળું વાસ્યું. લૂંટારુઓનું ભલું પૂછો! હાથ આવ્યું તે ગમે તે લેતા જાય!

દૂરથી મેરીના હાલરડાનો ધીમો સૂર કાને પડતો હતો. ઘરમાં પગ મૂકતાં તેણે સુઝનનો ચિંતાતુર ચહેરો જોયો. સમાચાર અહીં પહોંચી ગયા હતા. બંનેએ સાંભળેલી વાતો એકબીજાને કહી.

“આપણે મેરી અને તેનાં બાળકોને અહીં ઘરમાં લઈ લઈએ તો કેમ?” છેવટે સુઝને કહ્યું.

“પેલાઓ તો મરદોની શોધમાં છે, સ્ત્રીઓને કોઈ નહીં કનડે!” કહેતાં કહેતાં પોતે પથારીમાં લંબાવ્યું. આખા દિવસના થાકે તેની આંખોને ઘેરી લીધી.

પરંતુ તેની ગણતરી ખોટી પડી. મધરાતને સુમારે વાતાવરણને ભેદી નાખતી એક કારમી ચીસ સંભળાઈ. તેણે ઓળખ્યો તો મેરીનો જ અવાજ હતો. કાર્વરે એકદમ બંદૂક ઉપાડી અને છલાંગ મારતો બહાર નીકળી ગયો. કાળી ઘોર અંધારી રાતમાં તેને પોતાને હાથ પણ દેખાતો ન હતો. માત્રા દૂર દૂર સરી જતા ઘોડાના દાબડા અને કોઈની ગૂંગળાતી દબાતી ચીસોના પડઘા તેના કાન પર અથડાયા. તે

મેરીની ઝૂંપડી તરફ દોડયો. તેને પગે કાંઈક અથડાયું. મેરીની નાની છોકરી ઝૂંપડી બહાર અર્ધબેભાન દશામાં પડી હતી. તેના માથામાંથી લોહીની ધારા વહેતી હતી. તેનો ભાઈ ખૂણામાં ધ્રૂજતો ઊભો હતો, ઝૂંપડી નિર્જન હતી. મા અને સૌથી નાના બાળકનો પત્તો ન હતો.

ગામમાં મદદ મેળવવા તે પહોંચે તે પહેલાં ઘણો સમય વીતી ગયો હતો. ગામમાં તેને ઘણા સમદુખિયા મળ્યા. લૂંટારાઓની પાછળ પડવું જોઈએ તેમ સૌને લાગ્યું હતું.

“મારા ઘોડા પર કોઈ તેમની પાછળ પડે તો જરૂર આંબી શકાય. કોઈ જાય તો હું મારો ઘોડો આપું.” કાર્વરે સૂચન મૂક્યું. બધાએ તે વધાવી લીધું અને જનારા પણ મળી આવ્યા.

તેમણે પૂછ્યું, “તમે પૈસા લાવ્યા છો?” “હં... તમારે પૈસાની જરૂર પડશે. હા. પણ એમ કરોને. તે લૂંટારાને બદલામાં ઘોડો આપી દેજો. પણ જુઓ, ના છૂટકે જ ઘોડો આપજો. અહીં પાછા આવે તો સાથે લાવજો, એટલે હું તેમને પૈસા ચૂકવી દઈશ. ન જ માને તો પછી ઘોડો આપીને મેરીને તો છોડાવી જ લાવજો.”

દિવસો પસાર થઈ ગયા. કંઈ સમાચાર ન હતા. પખવાડિયા પછી પેલા આવ્યા. “તેમણે તો અમને ભારે ઠગ્યા. વાંકોચૂંકો એવો માર્ગ પકડયો હતો કે ભલભલા ગોથાં ખાય. માંડ હાથ આવ્યા. છેવટે ઘોડાના બદલામાં મા-દીકરાને મુક્ત કરવાનું કબૂલ્યું. કહેવડાવ્યું : ઘોડાને ઝાડે બાંધીને તમે દૂર ચાલ્યા જાઓ. અમે ઘોડાને તપાસશું અને જ્યારે અમારું રણશીંગું સંભળાય ત્યારે આવીને મા-દીકરાને લઈ જજો! વિશ્વાસ તો નહોતો બેસતો પણ તે સિવાય છૂટકો ન હતો. છેવટે રણશીંગું સંભળાયું, પણ ઘણે દૂરથી... અમે એકદમ દોડયા. ઝાડ નીચે પાણીથી તરબોળ ધ્રૂજતા બાળકનું આ પોટકું ભાળ્યું. ઘોડો લઈને તેઓ પલાયન થઈ ગયા હતા.” આવનારે એકસામટી બધી વાત કરી નાખી.

વાત સાંભળતાં જ સુઝનની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં. તેણે બાળકને લઈ લીધું. તેનું ટાઢુંબોળ શરીર પહેલાં તો નિશ્ચેતન

લાગ્યું. સુઝન ધ્રૂજી ગઈ. થોડા દિવસ પહેલાં જ અનેક સારવાર છતાં મેરીની દીકરી હાથતાળી દઈને ચાલી નીકળી હતી. ઊંડે ઊંડે પણ આ બાળકમાં પ્રાણ ટકી રહ્યો છે તેમ વર્તાયું અને સુઝનની વત્સલતાએ ઉપચારો કરવામાં કંઈ બાકી ન રાખ્યું. દિવસો સુધી એ ટચૂકડો છોકરો ઉધરસમાં બેવડો વળી જતો. જાણે શ્વાસ જતો જ રહેશે. વખત જતાં જરાક ચેતન આવ્યું. તોપણ તેનો વિકાસ એટલો મંદ હતો કે તે લાંબું જીવશે તેમ લાગતું ન હતું.

સૌ કહેતાં કે મહેનત નિરર્થક જશે. પણ સુઝન હિંમત હારવા તૈયાર ન હતી. “મેરીનું બાળક જીવવું જ જોઈએ. તે જીવશે જ.” મક્કમ સ્વરે તે કહેતી.

ધીમે ધીમે બાળકમાં જીવન આવ્યું. ઊઠતાં-બેસતાં અને ડગલીઓ ભરતાં તે શીખી ગયો. આમ ધીમે ધીમે તે મોટો થવા લાગ્યો, પણ તે બોલી શકતો નહીં. પેલી જીવલેણ ઉધરસમાં જાણે તેનો કંઠ ગૂંગળાઈ ગયો હતો. ગમે તેવા પ્રયત્ન છતાં તે એક શબ્દ પણ ઉચ્ચારી શકતો નહીં. ક્યારેક ગોટા વાળતો, પણ તેની તે ભાષા કોઈ ઉકેલી શકતું નહીં.

પરંતુ વાણીમાં જે વ્યક્ત ન થતું તે તેની ચમકતી આંખોમાં બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત થતું. સુઝને કહ્યું, “મારા જીવનમાં ક્યારેય મેં આવી તેજસ્વી આંખો જોઈ નથી.”

“એ તેજસ્વિતાની શી કિંમત છે જ્યારે તે આવા દુર્બળ અને કંગાળ શરીર સાથે બંધાયેલી છે?” કાર્વરે જવાબ આપ્યો.

“ભગવાનને ખબર!” સુઝને કહ્યું, “પણ તેણે આ બાળકને આપણે ભરોસે મૂક્યું છે.”

“મને વિશ્વાસ છે કે હું મારી ફરજ અદા કરીશ.” કાર્વરે ગંભીરભાવે કહ્યું.

“અને હું પણ.” સુઝનનો અવાજ રણકી ઊઠ્યો.

મેરી વિષે ફરી કાંઈ સાંભળવા મળ્યું નહીં. એટલે છેવટે પેલા કીમતી ઘોડાના બદલામાં આ મૂંગો અપંગ બાળક તેમને માથે પડયો

હતો……

આ બધાં જૂનાં સ્મરણોમાં ડૂબેલા કાર્વરે નિરાશામાં ડોકું ધુણાવ્યું. ત્યાં કોઈકે તેનું પહેરણ ખેંચ્યું. તેણે પાછળ વળી જોયું. પેલો નાનો છોકરો ધીમું ધીમું હસતો ઊભો હતો.

કાર્વરથી હસ્યા વગર ન રહેવાયું. “વાહ, નાસ્તો તૈયાર છે, એમ ને! ચાલ, હું પણ તૈયાર છું.” તેણે પ્રેમથી બાળકનો કાળો ટચૂકડો હાથ પોતાના હાથમાં લીધો અને ખુશમિજાજે એ ઘર તરફ વળ્યો. આ જોઈને સૂઝને સંતોષનો દમ લીધો. તે બોલી: “એ બોલે એટલું જ. મનમાં કાંઈ નહિ.”

[‘જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર’ પુસ્તકનું પહેલું પ્રકરણ]

# “હું આવું છું”

[ઉત્તર અમેરિકા ખંડની શોધ પછી ત્યાં જે બ્રિટિશ સંસ્થાનો સ્થપાયાં હતાં, તેમણે ૧૭૭૬માં પોતાની સ્વતંત્રતાની ઘોષણા કરી અને અંગ્રેજો સામેના યુદ્ધમાં વિજય મેળવીને યુનાઇટેડ સ્ટેઇટ્સ ઓફ અમેરિકાના નૂતન રાષ્ટ્રની સ્થાપના કરી. પણ અમેરિકન પ્રજાની સ્વતંત્રતાના સોનાના થાળમાં એક લોઢાની મેખ રહી ગઈ હતી. એ ગોરી પ્રજાની વચ્ચે કાળા હબસી ગુલામોની એક લઘુમતીનું હજી અસ્તિત્વ હતું. ગોરાઓનો એક વર્ગ એમની ગુલામી નાબૂદ કરવા આતુર હતો, જ્યારે એવો જ બીજો હિસ્સો હબસીઓને કાયમ ગુલામ રાખવા માગતો હતો. એ બે પ્રકારના ગોરાઓ વચ્ચેનો આ મતભેદ વધતો વધતો એટલો ઉગ્ર બન્યો કે યુનાઇટેડ સ્ટેઇટ્સનાં ત્યારે ૧૩ રાજ્યો હતાં તેમાંથી ગુલામી નાબૂદ કરવા માગતાં ઉત્તરનાં સાત અને ગુલામી ચાલુ રાખવા મક્કમ દક્ષિણનાં છ રાજ્યો વચ્ચે ૧૮૬૧થી ૧૮૬૫ સુધી આંતરવિગ્રહ લડાયો. ગુલામીના મુદ્દા પર સંઘરાજ્યમાંથી નીકળી જવાનો નિર્ધાર કરનારાં દક્ષિણનાં રાજ્યોનો ત્યારના રાષ્ટ્રપતિ એબ્રહામ લિંકને મક્કમતાથી

સામનો કર્યો અને અંતે યુદ્ધમાં વિજય મેળવ્યો. તેને પરિણામે આખા દેશમાંથી ગુલામી નાબૂદ થઈ.

આંતરવિગ્રહ હજી ચાલુ હતો, ત્યારે જ લિંકને ગુલામીની મુક્તિનું જાહેરનામું ૧૮૬૩માં બહાર પાડેલું. તે પછીને વરસે જ જન્મેલો ગુલામ માબાપનો એક બાળક આગળ જતાં જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર નામે એક મહાન વૈજ્ઞાનિક તરીકે જગવિખ્યાત બનવાનો હતો અને પોતાની હબસી જાતિને અપૂર્વ ગૌરવ અપાવવાનો હતો. એ જ્યોર્જ હજી નિશાળમાં સાતમા ધોરણમાં ભણતો હતો તે કાળે, બુકર ટી. વોશિંગ્ટન નામના બીજા એક હબસી મહાપુરુષ પોતાના કાળા બંધુઓને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ ભણી ખેંચી જવા મથી રહ્યા હતા.-સંપાદક]

*

યુનાઇટેડ સ્ટેઇટ્સના વિશાળ દક્ષિણ પ્રદેશમાં હજારો કાળાં નરનારીઓ ગુલામીમાંથી મુક્ત બન્યાં હતાં. પણ માત્ર માલિકની આજ્ઞા ઉઠાવવાની ને કાળી મજૂરી કરવાની પેઢીઓની આદતને કારણે તેમને દુનિયાદારીની કોઈ ગતાગમ રહેવા પામી નહોતી. કાયદાએ તેમને પોતાના પગ પર ઊભા રહેવાનો અધિકાર આપ્યો હતો; પણ આવતીકાલની ચિંતા કરવાની સૂઝ જેમનામાં નહોતી રહી તેવા એ લોકો અચાનક જ ઠામઠેકાણાં વગરનાં બની ગયાં હતાં. જેમની પોતાની પરણેતરો પણ એમની પહેલાં તો ગોરા માલિકોની બનતી હતી, કુટુંબજીવનનો લહાવો જેમને કદી ભોગવવા મળેલો નહોતો, તેમને માથે એકાએક જાતે સંસાર ચલાવવાની જવાબદારી આવી પડી હતી. એમનાં હિંમત ને સ્વમાન તો ક્યારનાંયે ઝૂંટવાઈ-રગદોળાઈ ગયાં હતાં. કંગાલિયત ને અજ્ઞાન તેમને ઘેરી વળ્યાં હતાં. કોઈ કાળે પણ એમને આગળ ન આવવા દેવાનો નિર્ધાર જે ગોરા લોકોએ કરેલો હતો, તેમની જ બરોબરી કરવાનો, તેમની સાથે ખુલ્લી હરીફાઈમાં ઊભા રહેવાનો, તેમની સાથે કદમ મિલાવીને ચાલવાનો અધિકાર ને અવસર તેમને હવે મળ્યો હતો.

દક્ષિણના મોટા ભાગના ગોરાઓ તો એવું માનતા હતા કે હબસી બાળક અમુક ઉંમર સુધી જ ગોરા બાળકના જેટલી બુદ્ધિ ને

ગ્રહણશક્તિ ધરાવતો હોય છે, પણ તે પછી તેની આ શક્તિ કુંઠિત થઈ જાય છે. એટલે એને વધુ ભણાવશો તો તે ઉલટાનો સમાજ માટે આપત્તિરૂપ બનશે.

પરંતુ થોડાક-બહુ થોડા-ગોરાઓ સમજતા હતા કે ગુલામીની બેડીમાંથી છૂટેલા કાળા લોકો જો અજ્ઞાનની જંજીરોમાં જકડાયેલા રહેશે, તો જ તે જોખમરૂપ બનશે. તેમની બુદ્ધિને કેળવીને સમાજ માટે તેમની ઉપયોગિતા વધારવી, તેમાં જ સરવાળે સૌનું ભલું છે.

જે થોડાક કાળા લોકોને કાંઈકેય ભણવાની તક સાંપડી હતી, તેઓ તો પામી જ ગયા હતા કે અજ્ઞાનની ઊંડી ખાઈમાંથી તે નીકળી શકશે તો જ એમની મુક્તિ સાચી નીવડશે. એટલે પોતાને માટે ઠેકઠેકાણે નાનીમોટી નિશાળો ઊભી કરવાના તેમના પ્રયત્નો ચાલતા હતા. જેઓ પોતે ઝાઝું ભણેલા નહોતા, તે પણ પોતાના નિરક્ષર જાતભાઈઓને કાંઈક શીખવવા મથતા હતા.

*

દક્ષિણ યુનાઇટેડ સ્ટેઇટ્સના આલાબામા રાજ્યમાં હબસીઓની સેવા કરતી એક સંસ્થાએ જોયું કે કોઈ પણ જાતના રચનાત્મક કામનું પહેલું પગથિયું છે કેળવણી. એટલે બાળકો માટે મફત કેળવણીની એમણે શરૂઆત કરી. બે હજારની વસ્તીવાળું ટસ્કેજી ગામ, તેમાં મોટા ભાગના લોકો કાળા હતા. લુઈ એડમ્સ ત્યાંનો વતની. તેના સારા નસીબે ગુલામીકાળમાં પણ જરા આગળ વધવાની તક તેને મળી હતી. તે કુશળ કારીગર હતો; જોડા સીવવા-સાંધવાથી માંડીને બંદૂકની મરામત સુધીની બધી કામગીરીમાં તેના હાથ ને મગજ કુશળતાથી ચાલતાં હતાં.

ગુલામી-નાબૂદી પછી તો કાળા લોકોને પણ ચૂંટણીમાં મત આપવાનો અધિકાર મળ્યો હતો. જે ગોરાને ધારાસભામાં જવું હોય તેને કાળા લોકોના મતની પણ ગરજ રહેતી. એ સંજોગોનો લાભ એડમ્સભાઈએ લીધો. કાળા લોકો માટે એક સરકારી શાળાની માગણી તેણે પોતાના વિસ્તારના ધારાસભ્ય પાસે મૂકી. ધારાસભ્યના પ્રયાસ ચાલ્યા. છેવટે ૧૮૮૧માં ટસ્કેજી ગામની શાળા માટે સરકારે ગ્રાંટ મંજૂર કરી.

પણ ખરી મુશ્કેલી તો હવે ઊભી થઈ. કાળા લોકોનાં છોકરાંને ભણાવે કોણ? હબસીઓમાં તો શિક્ષણની હજી શરૂઆત જ થઈ હતી, એટલે હબસી શિક્ષક ક્યાંથી મળે? અને ગોરો તો કાળાંને ભણાવવા આવે જ શાનો!

તપાસ કરતાં કરતાં ભાળ લાગી કે હેમ્પટનની કોલેજમાં એક હબસી સ્નાતક પ્રાધ્યાપક છે. પત્રવ્યવહાર ચાલ્યો, ને પરિણામે બુકર ટી. વોશિંગ્ટન નામના એ સ્નાતકને બોલાવીને તેના હાથમાં ટસ્કેજીની નવી હબસી શાળા સોંપવામાં આવી.

સરકારી ગ્રાંટ તો શિક્ષકના પગાર પૂરતી જ હતી. તેમાં મકાન પાછળ ખર્ચ કરવાનો કોઈ અવકાશ ન હતો. ગામથી દૂર ટેકરી પર એક જૂનું જર્જરિત દેવળ ઊભું હતું. વરસાદના દિવસોમાં ત્યાં ઊભા રહેવા જેટલી કોરી જગ્યા મળી રહેતી હતી. આ મકાન અને ત્રીસ વિદ્યાર્થીઓ સાથે બુકર ટી. વોશિંગ્ટને કેળવણીનો પોતાનો પ્રયોગ શરૂ કરી દીધો.

ખૂબ મહેનત કરીને તેણે થોડા પૈસા ભેગા કર્યા. લખવા-વાંચવા ઉપરાંત વિદ્યાર્થીઓને તેણે ઈંટો પાડતાં શીખવવા માંડ્યું. છોકરાઓએ હોંશે હોંશે કામ કર્યું, અને એ ઈંટોમાંથી પહેલું મકાન ચણાયું.

ઈંટો પાડવાનું કામ ધીમે ધીમે આગળ ચાલ્યું. ગામમાં અને આજુબાજુના પ્રદેશમાં ચણાતાં મકાનોને ઈંટો પૂરી પાડવાનું કામ આ વિદ્યાર્થીઓ કરવા લાગ્યા. વિદ્યાર્થીઓ વધતા ગયા તેમ તેમ ટસ્કેજી સંસ્થામાં બીજાં મકાનો ઊભાં થતાં ગયાં. થોડા ઉદ્યોગો ચાલુ થયા. પછી તો સહુની અજાયબી વચ્ચે ચાર માળનું આલીશાન મકાન પણ વોશિંગ્ટને વિદ્યાર્થીઓ પાસે જ તૈયાર કરાવ્યું. તેમાં સ્થળની પસંદગી અને નકશાથી માંડીને પાયાથી મોભ સુધીનું તમામ કામ વિદ્યાર્થીઓએ જાતે કરેલું.

“કાળિયાઓને તે વળી શું આવડે?” એવું કહેનારા ગોરાઓ મોંમાં આંગળાં નાખી ગયા. કાળા લોકોએ ભારે આત્મવિશ્વાસ અને ગૌરવ

અનુભવ્યાં. વિદ્યાર્થીઓના સંસ્કારઘડતરમાં પણ વોશિંગ્ટનને ઠીક ઠીક સફળતા મળી.

આ બધું તો થયું. પણ મીઠા વગરનું બધું મોળું, તેમ અન્ન વિનાનું સર્વ કાંઈ પાંગળું. દક્ષિણની આ કસવિહોણી જમીનને સુધારીને તેમાંથી નીપજ મેળવતાં ન આવડે, ત્યાં સુધી બધું વ્યર્થ.

એ આલાબામા રાજ્યનો પ્રદેશ એક જમાનામાં આંખો ઠારે એવો હરિયાળો હતો. ‘આલાબામા’નો અર્થ જ થાય ‘આરામગાહ’. વર્ષો પહેલાં અમેરિકાના આદિવાસી લોકોનો એક કાફલો ત્યાં આવીને ઠરીઠામ થયેલો. તેનો મુખી આ ધરતીની ફળદ્રૂપતા પર એવો પ્રસન્ન થઈ ગયેલો કે તેના મુખેથી જ સરી પડ્યું ‘આલાબામા’ નામ.

પરંતુ ટસ્કેજી વસ્યું ત્યાં સુધીમાં તો ત્યાંની જમીન ધોવાઈ ધોવાઈને કસવિહોણી બની ગઈ હતી. કાંટા-કાંકરા ને જાળાંઝાંખરાંનો પાર નહોતો.

એવા સ્થાનમાં ધૂણી ધખાવીને બુકર ટી. વોશિંગ્ટન બેઠા હતા. કેવા કેવા મનોરથ એણે સેવ્યા હતા! પોતાનાં ભાષણોમાં અનેક વાર પેલું દૃષ્ટાંત એ આપતા:

જૂના વખતની વાત છે. દરિયાના તોફાનમાં એક વહાણ ઘણા દિવસથી અટવાઈ ગયું હતું ને ક્યાંય જતું ફંગોળાઈ ગયું હતું. ઊંચે આભ ને નીચે ખારાં ઉસ જેવાં નીર. ચોપાસનાં આટલાં બધાં પાણી વચ્ચે તરસે તરફડવાનો દિવસ આવ્યો હતો.

અચાનક આશાનું એક કિરણ ઝળક્યું. દૂર દૂર એક બીજું જહાજ પસાર થતું દેખાયું. સડસડાટ ધજા ચડાવી આ લોકોએ; સંકેત આપ્યો: “પાણી! પાણી! તરસે મરીએ છીએ!”

પેલા જહાજે જવાબ વાળ્યો: “જ્યાં છો ત્યાં જ ઘડો બુડાડો ને!”

ફરી કહેવડાવ્યું, “પાણી મોકલો, પાણી!”

ફરી ઉત્તર મળ્યો: “જ્યાં છો ત્યાં જ ઘડો બુડાડો.”

છેવટે ત્યાં જ ઘડો બુડાડીને પાણી સીંચ્યું. મીઠું અમૃત જેવું પાણી પામીને સૌ તાજુબ થયાં. સાગર સમાણી મહાનદી એમેઝોનનું મુખ

નજીકમાં જ હતું, તેથી એ સંગમસ્થાનનાં જળ મીઠાં હતાં.

વોશિંગ્ટન પણ લોકોને વારંવાર કહેતા: જ્યાં છો ત્યાં જ ઘડો બુડાડો, ત્યાં જ પુરુષાર્થ કરો; જમીન સુધારો, ઢોરઢાંખર ઉછેરો. ધરતીની સંપત્તિને ઉલેચીને બધું હર્યુંભર્યું કરો.

પણ... પણ... પંદર પંદર વરસની મહેનત જાણે પાણીમાં જવા બેઠી હતી. નિશાળમાં ઈંટકામ શીખવ્યે કેટલુંક વળે? એકાદ-બે ઉદ્યોગો પર કેટલું નભે? હબસી સમાજને મૂઠી ધાનનાં જ સાંસા હોય, ત્યાં અધભૂખ્યાં બાળકોને ભણવા કોણ મોકલે?

કંગાલિયતની કારમી યાતના વેઠતાં માનવીઓ વચ્ચે વોશિંગ્ટન પંદર વરસથી અડીખમ બનીને બેઠા હતા, પણ વ્યર્થ... બધું વ્યર્થ. લોકોની ભૂખ એ ભાંગી શક્યા નહોતા.

નિરાશાથી તેનું અંતર કરમાઈ રહ્યું હતું. પણ કરવું શું? ખેતીનો એકડોય પોતે જાણતા નહોતા. જમીન ચુસાયેલા ગોટલા જેવી બની ગઈ હતી. અને હજીય તેનું ધોવાણ નિરંતર ચાલ્યા કરતું હતું. પુરાતન કાળની ઢબે જ હજી ખેતી થતી હતી. તેનાં ઓજાર સાવ પ્રાથમિક દશાનાં હતાં. ઢોર બિચારાં મરવા વાંકે જીવતાં હતાં. આ બધાંને કેમ કરીને પહોંચી વળવું?

વોશિંગ્ટન બારીમાં ઊભા ઊભા અનિમેષ નજરે નિહાળી રહ્યા હતા. ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. રહીસહી આશા પણ હવે ધોવાઈ રહી હતી. આ વરસે કપાસનો પાક થોડોઘણો થયેલો, તેનુંયે આ વરસાદ નખ્ખોદ વાળી રહ્યો હતો. હાડચામ માંડ ભેગાં રાખતા પોતાના દરિદ્ર જાતભાઈઓ તેની આંખ સામે તરવરી રહ્યાં. ન સમજાય તેવો એક આછો કંપ તેના શરીરે અનુભવ્યો.

વોશિંગટને નિશ્ચય કરી લીધો: બસ, લખવું તો ખરું જ.

થોડા મહિના પહેલાનો એ પ્રસંગ તે યાદ કરતા હતા. પોતાનું એક વ્યાખ્યાન પૂરું થયા પછી કોઈ અજાણ્યો માણસ તેની પાસે આવેલો. પ્રેમપૂર્વક તેનો હાથ પોતાના હાથમાં લઈને એ બોલેલો: “સ્વાતંત્ર્યના

સાચા અધિકારી એવા આ બીજા હબસી વિદ્વાન સાથે હાથ મિલાવતાં હું ગૌરવ અનુભવું છું.”

આભારવશ બનીને વોશિંગ્ટને એટલું જ કહેલું કે “અમારાથી બનતું લગીરેક કરવા અમે મથીએ છીએ.”

પેલો કહે, “ના, ના, બધા ક્યાં એટલું યે કરે છે? તમારા જેવો બીજો એક જ જણ મેં તો જોયો… જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર.”

“કાર્વર! એ વળી કોણ છે?”

“તે પણ હબસી છે. આયોવા રાજ્યની કોલેજમાં પ્રાધ્યાપક છે.”

“આયોવાની કોલેજમાં વળી હબસી અધ્યાપક!” વોશિંગ્ટનના વિસ્મયનો પાર ન રહ્યો.

“અરે, એ તો ભારે પ્રતિભાશાળી વ્યક્તિ છે-પાણામાંથી પાક લે તેવો!” કહેતો કહેતો એ સજ્જન શ્રોતાઓના ટોળામાં ગાયબ બન્યો હતો.

પથરામાંથી ધાન પકવે તેવો! ઓહો! એવાની જ તો પોતાને જરૂર હતી-આ ધોવાઈ જતી ધરતીમાંથી સોનું નિપજાવનારની… પણ અહીં તો એ ક્યાંથી આવે?

તપાસ આદરી. વધારે કાંઈ વિગતો ન મળી. જાણવા મળ્યું માત્ર એટલું કે એ નામની એક વ્યક્તિ આયોવા રાજ્યની કોલેજમાં છે ખરી. ત્યાંનું રોપઉછેર-ઘર તે જ સંભાળે છે.

જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર! કોને ખબર, ક્યાંનો હશે એ! ઉત્તરનાં રાજ્યોમાં દયાળુ ગોરા શ્રીમંતોના આશ્રયથી જે અનેક ગુલામો આગળ વધ્યા હતા, તેમાંનો જ કોઈ ભાગ્યશાળી એ હશે? ને હોય તો તેને દક્ષિણની આ કંગાલિયત, આ દુખો, આ કારમી ગરીબીની તો કલ્પના જ ક્યાંથી હોય? કોઈકની શીતળ છાયા તળે ઊછરીને હવે એ પ્રતિષ્ઠિત હોદ્દો ભોગવી રહ્યો હશે. સારી એવી તેની આવક હશે. અહીં આ ઉજ્જડ ગામ અને રિબાતા લોકો વચ્ચે આવીને પોતાની શક્તિ નીચોવવાની પ્રેરણા તેને ક્યાંથી થાય?… અશક્ય! અશક્ય! પોતે ગમે તેટલું ઇચ્છે, તોયે એ તો અસંભવિત જ હતું.

અને છતાં, આ રસકસહીન ધરતીમાંથી પાક લેવાની તાતી જરૂર હતી જ. પોતે તો તેમાંથી ઈંટો જ પકવી શક્યા હતા. અને રહીસહી એ માટી પણ ધોવાતી જતી હતી. હવે તો બધું અસહ્ય બન્યું હતું.

તોપણ, એને થયું કે લખી તો જોવું જ. નિશ્ચય કરીને તે લખવા બેઠા. બધું વિગતે લખ્યું. ગુલામીનાબૂદીના પ્રભાતથી આરંભ કરીને હબસીઓના હાલ, કાળા લોકોની કંગાલિયત, એમનું અજ્ઞાન, એમને કેળવણી આપવાના સંસ્થા-સ્થાપકોના મનોરથ, પોતાની અણથક મથામણ, નિરાશાઓ-અને એ બધું છતાં કામની કેટલી બધી શક્યતા હતી... સર્વ કાંઈનો સ્પષ્ટ ચિતાર તેણે આપ્યો.

છેલ્લે ઉમેર્યું: “હું તમને હોદ્દો, સંપત્તિ કે પ્રતિષ્ઠા-કાંઈ આપી શકું તેમ નથી. પહેલાં બે તો આજે તમને મળેલાં જ છે. ત્રીજું પણ ત્યાં રહ્યાં તમે સિદ્ધ કરી શકશો. એ બધું છોડવાનું કહેવા આજે હું તમને પત્ર લખી રહ્યો છું. અને બદલામાં અહીં તમને મળશે કામ, કામ, ને કામ. કેડ ભાંગી નાખે તેવું: અનંત વૈતરું-પણ કચડાયેલી, તરછોડાયેલી, ભાંગી પડેલી એક આખી પ્રજાને બેઠી કરવાનું મહાગૌરવપૂર્ણ કામ.

*

એ જ્યોર્જ કાર્વરને, બીજી ઘણી અરજીઓ આવેલી હોવા છતાં, આયોવા કોલેજમાં પસંદગી મળેલી હતી. આચાર્ય પમેલ નીચે તેણે પ્રયોગશાળામાં મદદનીશ વનસ્પતિશાસ્ત્રી તરીકે કામ કરવાનું હતું. સંસ્થાનું રોપ-ઉછેર-ઘર પણ તેને સોંપાયું હતું. કુદરતનું એકેએક અંગ જ્યોર્જને મન પ્રેમનો વિષય હતું. નાનામાં નાનાં જીવજંતુ, પ્રાણીપક્ષી, વનસ્પતિ, બધાં તેનાં જિગરજાન દોસ્ત હતાં. નાનાં બાળકોને તો કાર્વરની સોબત બહુ ગમતી.

દિવસે દિવસે કાર્વરની પ્રતિષ્ઠા વધતી જતી હતી. થોડા વખત પછી એક આમંત્રણ આવ્યું રાજ્યનું ખેતીવાડી ખાતું સંભાળવાનું. કાર્વરે સંસ્થા પાસે વાત મૂકી. બધા ઉપરી અધિકારીઓએ તેને સરસ પ્રમાણપત્રો લખી આપ્યાં.

પણ પ્રો. વિલ્સન માટે કાર્વરથી છૂટા પડવું બહુ આકરું હતું.

તેની સૌથી નિકટ તે રહ્યા હતા. સરકાર પરના પત્રમાં તેમણે લખ્યું:

"કાર્વરની તનતોડ મહેનત જોઈને મારી છાતી ગજગજ ફૂલે છે. સંકરણ અને સંવર્ધનના કામમાં તેના જેવો કાબેલ બીજો જાણકાર મેં જોયો નથી. તેના પોતાના રસના વિષયમાં તો તે અહીંના અધ્યાપકો કરતાં પણ આગળ છે. સંસ્થાની ફળવાડી, ખેતર અને બગીચા પાછળ તેની અથાક મહેનત અને ધગશ રહેલાં છે. આ બાબતમાં તેની બરોબરી કરે તેવું અહીં કોઈ નથી. વિદ્યાર્થીઓ પર તેના જેવો ધાર્મિક પ્રભાવ પાડનાર માણસ મળવો મુશ્કેલ છે. અહીંથી છૂટી થયેલી કોઈ પણ વ્યક્તિ માટે આટલા લાગણીભર્યા શબ્દો મારે મોઢેથી નહીં નીકળ્યા હોય. છૂટા પડવાનું નક્કી થશે જ, તો તેને દૈવયોગ ગણીશ."

પછી આ બંને મિત્રોનો વિયોગ તો અનિવાર્ય બન્યો. પરંતુ ધાર્યા કરતાં સાવ જુદી રીતે.

*

જ્યોર્જ પ્રયોગશાળામાં પોતાના કામમાં હતા. ત્યાં ટપાલમાં તેને એક પત્ર મળ્યો. તે આખો પત્ર તે એકીટશે વાંચી ગયા. પછી એક શબ્દ પણ બોલ્યા વગર બહાર નીકળી ગયા. રસ્તે અનેક લોકોએ રોજની જેમ તેને સલામ ભરી. પણ તે ઝીલવા જેટલું સ્વસ્થ તેનું ચિત્ત આજે રહ્યું ન હતું.

ગામની સીમમાં આવીને નદીકિનારે એક ઝાડની ઓથે તે બેસી ગયા. પત્ર ખીસામાંથી કાઢ્યો અને ધીમે ધીમે તે ફરી વાંચવા લાગ્યા:

"ઉઘાડે પગે માઈલોની વાટ ખૂંદીને બાળકો અહીં આવે છે-નાગાં, અધભૂખ્યાં, દૂબળાં-પાતળાં. એમની કંગાલિયતની તમને કદાચ કલ્પના નહીં આવે." ઘડીભર જ્યોર્જે પત્ર પરથી નજર ખેસવી લીધી અને ખળખળ વહેતા ઝરણા તરફ વાળી... "આ બધાંને ખેડતાં, વાવતાં કે લણતાં, કંઈ નથી આવડતું. હું તેમને વાંચતાં-લખતાં શીખવું છું, જોડા સીવતાં ને ઈંટો પાડતાં શીખવું છું, પણ હું તેમને પેટપૂરતું ખાવાનું આપી શકતો નથી. અને તેઓ ભૂખે મરે છે."

છેલ્લો ફકરો જ્યોર્જે ફરી ફરી વાગોળ્યો: "ધન, પ્રતિષ્ઠા અને

મોભો છોડીને અહીં કાળી મજૂરી કરવા આવવાનું આમંત્રણ હું તમને આપું છું-કચડાયેલી, તરછોડાયેલી, ભાંગી પડેલી એક પ્રજાને બેઠી કરવા.”

પોતાની નોંધપોથીમાંથી એક ચબરખી ફાડીને જ્યોર્જે તેની પર ત્રણ શબ્દો ઢસડી કાઢ્યા. નીચે પોતાનું નામ લખ્યું. ગામની પોસ્ટઓફિસે જઈ એક પરબીડિયું ખરીદ્યું. બુકર ટી. વોશિંગ્ટન, ટસ્કેજી-એટલું સરનામું કરી, પેલી ચબરખી તેમાં બીડી રવાના કર્યું.

એ પત્ર ટસ્કેજીમાં બુકર ટી. વોશિંગ્ટનને મળ્યો. તેમાં માત્ર આટલું જ લખ્યું હતું: “હું આવું છું.” નીચે સહી હતી: જી. ડબ્લ્યુ. કાર્વર. બીજું કંઈ જ નહીં.

[‘જયોર્જ વોશિંગ્ટન કાર્વર’ પુસ્તક]

# મેરી વિલાર્ડ

## નાતાલનાં રમકડાં

નાતાલની આગલી રાતે ઘણા દેશનાં બાળકો હરખઘેલાં બની જાય છે. એવી માન્યતા છે કે સાંટા ક્લોઝ એ રાતે ઘરેઘરના છાપરા પરના ધુમાડિયામાંથી અંદર ઊતરીને ડાહ્યાંડમરાં બાળકો માટે રમકડાં અને બીજી ભેટ-સોગાદો મૂકી જાય છે.

સાંટા ક્લોઝ દંતકથાનું એક પાત્રા છે. બેઠી દડીના, ખુશમિજાજી, ફાંદાળા ને લાંબી ધોળી દાઢીવાળા દાદા તરીકે એમને વર્ણવવામાં આવે છે. એ રાતાં લૂગડાં પહેરે છે, ને તેની કિનારીઓ સફેદ હોય છે. દંતકથા મુજબ ઉત્તર ધ્રુવના હિમપ્રદેશમાં એમનું ઘર છે, ત્યાંથી નાતાલની આગલી રાતે એ નીકળી પડે છે. એને ખભે રમકડાં ભરેલો એક મોટો થેલો હોય છે. આઠ આઠ કાળિયાર જોડેલી એમની બરફગાડી હવામાં ઊડતી આવે છે.

બધાં ઘરનાં બાળકો નાતાલને આગલે દિવસે નાતાલ-વૃક્ષને શણગારવામાં સામેલ બને છે, ઘરના ધુમાડિયાને નીચલે છેડે પોતાનાં ખાલી મોજાં ટિંગાડી રાખે છે, જેથી સાંટા ક્લોઝ તેમાં એમને માટે રમકડાં મૂકી જઈ શકે, અને પછી વહેલાં વહેલાં ઊંઘી જાય છે. ઘણાં બાળકો તો સાંટા ક્લોઝ માટે કેકનું મીઠું બટકું, સફરજનનો કટકો કે એકાદ સેન્ડવિચ પણ ત્યાં મૂકતાં હોય છે! કેટલાંક વળી મીણબત્તી સળગાવીને બારીના કાચ પાસે રાખે છે, જેથી સાંટા ક્લોઝને એમનું ઘર ઝટ જડી જાય. અંતે બાળકો પોઢી જાય ત્યાર પછી ઘરનાં વડીલો જ બાળકો માટે લાવી રાખેલી ભેટો છાનાંમાનાં પેલાં મોજાંમાં કે ઘરમાં સજાવેલાં નાતાલ-વૃક્ષ તળે મૂકી દે છે. નાતાલની વહેલી સવારે ઊઠતાંની સાથે જ છોકરાં ધુમાડિયા તળે પહોંચીને શોધવા લાગે છે કે સાંટા ક્લોઝ એમને માટે શી શી ભેટ મૂકી ગયા છે.

સાંટા ક્લોઝની ભેટ વિનાનું કોઈ ગરીબ બાળક પણ રહી ન જાય તેવી કોશિશ અમેરિકામાં કેટલીક સંસ્થાઓ કરે છે. નાતાલ અગાઉ અઠવાડિયાંઓ સુધી મથીને, ઉઘરાણાં કરીને તેમાંથી ખરીદેલાં રમકડાં ગરીબ કુટુંબોમાં પહોંચાડી આવનારા એ લોકો ‘સાંટાના સાથીઓ’ તરીકે ઓળખાય છે. સંતાડી રાખેલાં એ રમકડાં ગરીબ માબાપો નાતાલની સવારે પોતાનાં બાળકોને એમ કહીને આપે છે કે સાંટા ક્લોઝ એમને માટે તે મૂકી ગયા છે.

અમેરિકાના આવા ‘સાંટાના સાથીઓ’માં સહુથી વધારે ઉદ્યમી કદાચ ત્યાંના બંબાવાળાઓ હશે. એ દિશામાં એમની પ્રવૃત્તિની શરૂઆત ૧૯૪૧માં અણધારી રીતે થયેલી. તે દિવસે અમેરિકાને આથમણે કાંઠે આવેલા પોર્ટલેંડ શહેરના એક બંબાખાનામાં એક બાળક આંસુભરી આંખે પોતાની નાની રેંકડાગાડી લઈને આવ્યો. ગાડી ખોટકાઈ ગઈ હતી તે ચાલુ કરી દેવાની વિનંતી તેણે એક બંબાવાળાને કરી. બધા દેશોની માફક અમેરિકામાં પણ, ક્યાંય આગ ન લાગી હોય ત્યારે બંબાવાળાઓ નવરા બેઠા છાપાં-સામયિકો વાંચે, ગંજીપાની કે બીજી રમતો રમે અથવા પોતાનાં પરચૂરણ કામ પતાવે. એવી નવરાશવાળા બે બંબાવાળાએ મળીને બાળકની ગાડી સમી કરી દીધી, એનાં પૈડાંમાં તેલ પૂર્યું અને પોતાના બંબા માટેના રાતાચોળ રંગ વડે ગાડીને રંગી આપીને જાણે નવીનકોર હોય તેવી કરી આપી. બાળક તો ખુશખુશાલ થઈ ગયો.

પરોપકારના આવા કામની વાતને પ્રસરતાં શું વાર લાગે? એટલે વળતા શનિવારે એ બંબાખાના સામે આવીને ૨૦ છોકરાંનું એક ટોળું ઊભું રહ્યું. દરેકના હાથમાં પોતાનાં જૂનાં ભાંગલાં-તૂટલાં રમકડાં હતાં. બંબાવાળા પાસે તેની મરામત કરાવી, રંગાવી, નવાં જેવાં બનાવીને પોતાથી નાનાં બીજાં બાળકોને નાતાલની ભેટ તરીકે આપવાની એમને હોંશ હતી. વાત સાંભળીને બંબાવાળા તો આભા જ બની ગયા. પણ બંબાખાતામાંથી બાળકોની શ્રદ્ધા ઊડી જાય, એવું તો એમનાથી કાંઈ થાય જ નહીં ને?! એટલે એ તો બાંય ચડાવીને કામે લાગી ગયા.

પોતાની આ નવીન કામગીરી માટે બંબાવાળાઓ કંઈક મગરૂરી પણ અનુભવવા લાગ્યા. એટલે પછીને વરસે નાતાલના આગલા મહિનાઓમાં મફત રમકડાં-મરામતનો ધંધો એમણે જરા મોટા પાયા ઉપર ઉપાડ્યો. અને થોડા વખતમાં તો એ ‘ટોય એન્ડ જોય મેકર્સ’—રમકડાં ને આનંદના ઉત્પાદકો તરીકે ઓળખાવા લાગ્યા. ધીમે ધીમે આ પ્રવૃત્તિ દેશભરના બંબાવાળાઓમાં પ્રસરી ગઈ.

# મો. ક. ગાંધી

## હરહંમેશના ભેરુ

કિશોરલાલ મશરૂવાળા આપણા વિરલ કાર્યકરોમાંના એક છે. એ અવિશ્રાંત પરિશ્રમ કરનારા છે. ઝીણામાં ઝીણી વિગત પણ એમની નજર બહાર જતી નથી. તેઓ ગુજરાતીના જેટલા જ મરાઠીના વિદ્વાન છે. ન્યાતજાતનાં, પ્રાંતીયતાનાં કે કોમી અભિમાનોથી સર્વથા મુક્ત સ્વતંત્ર વિચારક છે, જન્મસિદ્ધ સુધારક છે, સર્વ ધર્મોના અભ્યાસી છે. ધર્મઝનૂનનો વા પણ એમને વાયો નથી. એઓ જવાબદારી અને જાહેરાતથી હંમેશાં દૂર રહેવા માગે છે. અને છતાં જો એક વાર જવાબદારી લીધી, તો પછી એમના કરતાં વિશેષ સૂક્ષ્મતાપૂર્વક એને પાર પાડનાર બીજો મેં જાણ્યો નથી. પોતાની ક્ષીણ તબિયતની બિલકુલ પરવા ન કરતાં (પ્રજાસેવકને સારુ આને હું ગુણરૂપ નથી લેખતો) તેઓ તમામ સાધકોના હંમેશાં ને હરપ્રસંગે ભેરુ થઈ પડ્યા છે.

આ બધી વિગતો કિશોરલાલનો મહિમા વધારવા હું નથી લખતો. એમને મહિમાની કે ગૌરવગાનની મુદ્દલ જરૂર નથી. મારા આત્મસંતોષને ખાતર હું તે લખી રહ્યો છું.

['હરિજનબંધુ' અઠવાડિકઃ ૧૯૪૦]

## કયું વિશેષણ વાપરવું...?

[આશ્રમના અગાઉના એક વિદ્યાર્થી વિનાયક નરહર ભાવે એક વર્ષ અગાઉ તબિયતને કારણે આશ્રમમાંથી બહાર ગયેલા. પછી પત્રમાં પોતાની પ્રવૃત્તિનો અહેવાલ આપીને એમણે જણાવ્યું કે થોડા વખતમાં તે આશ્રમમાં પાછા ફરશે. “આપે પોતે મને કાગળ લખવો જોઈએ એમ ‘વિનોબા’નો—આપને પિત્રુતુલ્ય સમજનારા આપના પુત્રનો—અત્યાગ્રહ

છે.” તેના જવાબમાં: ૧૦-૨-૧૯૧૮]

તમારે સારુ કયું વિશેષણ વાપરવું એ મને ખબર નથી. તમારો પ્રેમ અને તમારું ચારિત્ર મને મોહમાં ડુબાવી દે છે. તમારી પરીક્ષા કરવા હું અસમર્થ છું. તમે કરેલી પરીક્ષાનો હું સ્વીકાર કરું છું. અને તમારે વિશે પિતાનું પદ ગ્રહણ કરું છું. મારો લોભ તમે લગભગ સંતોષ્યો જણાય છે. મારી માન્યતા છે કે ખરો પિતા પોતાથી વિશેષ ચારિત્ર્યવાન પુત્રને પેદા કરે છે. ખરો પુત્ર એ કે જે પિતાએ કર્યું હોય તેમાં ઉમેરો કરે. પિતા સત્યવાદી, દૃઢ, દયામય હોય તો પોતે તે ગુણો વિશેષે પોતાનામાં ધરાવે. આવું તમે કરેલું જોવામાં આવે છે. એ તમે મારા પ્રયત્ને કર્યુંર્ છે, એમ તો મને જણાતું નથી. એટલે તમે મને જે પદ આપો છો તે તમારા પ્રેમની ભેટ તરીકે સ્વીકારું છું. તે પદને લાયક બનવા પ્રયત્ન કરીશ. અને જ્યારે હું હિરણ્યકશ્યપ નીવડું ત્યારે પ્રહ્‌લાદ ભક્તની જેમ મારો સાદર નિરાદર કરજો.

તમને ઈશ્વર દીર્ઘાયુ બનાવો અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિને સારુ થાઓ, એમ ઇચ્છું છું.

## હિંદુસ્તાનની કંગાલ...

હિંદુસ્તાનની કંગાલ હાલતનો મને એવો તો કડવો અનુભવ થયો છે કે એક પણ પૈસો કોઈ નકામો વાપરે, તો મને થાય કે એ ગરીબના ખીસામાંથી ગયો છે.

## સ્વામી વિવેકાનંદનાં લખાણો...

સ્વામી વિવેકાનંદનાં લખાણો હું સાંગોપાંગ ઝીણવટથી વાંચી ગયો છું, અને વાંચી લીધા પછી મારામાં રહેલો સ્વદેશપ્રેમ હજાર ગણો વધી ગયો.

# ગરીબીનું ગૌરવ

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે, એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તવંગરના મહેલના કરતાં પોતાની ઝૂંપડીને તે વધારે ચાહે છે—અરે, તે ઝૂંપડીને વિશે અભિમાન પણ રાખે છે. દુનિયાના ભૌતિક પદાર્થોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દિલનો અથવા આત્માનો દરિદ્રી નથી. સંતોષ તેની સંપત્તિ છે. હિંદુસ્તાનમાં માણસનો એવા પ્રકારનો ખાસ નમૂનો જોવાને મળે છે, જે પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે. તે પોતાની પાસે માત્રા મૂઠી લોટ ને ચપટી મીઠું-મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે. કૂવામાંથી પાણી ખેંચીને પીવાને માટે તે ખભે દોરી-લોટો ભેરવીને ચાલે છે. તેને આ સિવાય બીજી એકે વસ્તુનો ખપ નથી. રોજના દસથી બાર માઈલ તે પગે ચાલી નાખે છે. પોતાના કપડાના કટકામાં જ તે લોટ બાંધી લે છે, બળતણને માટે થોડાં સૂકાં ડાંખળાં આમતેમથી વીણી લઈ તેની ધૂણીના અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આ રીતે શેકાયેલા લોટને બાટી કહે છે. મેં તે ચાખી છે. મને તે ઘણી સ્વાદિષ્ટ લાગી છે. સ્વાદ સાચું જોતાં ખાવાની વાનીમાં નથી; પ્રામાણિક મજૂરી અને મનનો સંતોષ જે ભૂખ લગાડે છે, તેમાં રહેલો છે. આવા માણસનો સાથી કે બેલી અને મિત્રા ઈશ્વર છે, અને તે પોતાને કોઈ રાજા કે બાદશાહથીયે વધારે શ્રીમંત માને છે.

એથી ઊલટું, જે કોઈ પૈસાની તૃષ્ણામાં ને તૃષ્ણામાં તેની પાછળ પડે છે તેને, ગમે તે રૂપાળા નામે પણ, બીજાને લૂંટયા કે ચૂસ્યા વિના છૂટકો નથી. અને એ બધું કરવા છતાં દુનિયાના કરોડો તો કદી લક્ષાધિપતિ થવાના નથી.

# બહેનોને

પોતે કચરાઈ ગઈ છે અને અસહાય બની ગઈ છે, એમ બહેનોને આજે લાગે છે. સ્ત્રીની આબરૂની રક્ષાની એકમાત્રા બાંયધરી, બેઆબરૂ થવા કરતાં મરણ પસંદ કરતાં શીખવું એ જ છે. મારું બલિદાન કંઈ નહીં તો, મરણને માનભેર ભેટવાની કળા તેમને શીખવશે. એ વસ્તુ કદાચ દમન ગુજારનારાઓની આંખો પણ ખોલશે અને તેમના હૃદયને ઓગાળશે.

કોઈ પણ ગાંડપણ દરમિયાન બહેનોને સૌથી વધારે સહન કરવું પડ્યું છે, એટલે તમારે માટે મારું હૃદય દ્રવે છે. પણ મને લાગે છે કે દોષમાંથી તમને સર્વથા મુક્ત કરી શકાય તેમ નથી. માતાઓ, પત્નીઓ તથા બહેનો તરીકેની તમારી પૂરી અસર તમે તમારા પુરુષો પર પાડી હોત, તો જે શરમજનક કૃત્યો બન્યાં તે અટકાવી શકાયાં હોત. એને બદલે કેટલીક બહેનોએ તો, તેમના પુરુષોએ પરકોમની બહેનો સામે કરેલા ગુનાઓને પોતાની કોમ સામે કરવામાં આવેલા ગુનાઓના યોગ્ય બદલા તરીકે સુધ્ધાં લેખ્યા છે! હું તમને ચેતવું છું કે તમારા પ્રિયજનોને ઘરની બહાર જે ‘નીતિમત્તા’ આચરવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, તે જ ‘નીતિમત્તા’ ઘરની અંદર પણ તેઓ આચરશે ત્યારે તેનાં માઠાં પરિણામો તમારે ભોગવવાનાં આવશે.

પ્રાર્થનાસભામાં વિક્ષેપ નાખનાર બહેનો પર મને ક્રોધ નથી ચડતો; મને કેવળ દુઃખ થાય છે કે બહેનો કેટલી બધી ભોળી, કેટલી બધી અજ્ઞાન છે, કેટલી બધી સહેલાઈથી તેમને અવળે રસ્તે દોરી શકાય છે! એક જમાનામાં પરદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં આગળ પિકેટિંગ કરવા માટે પોતાનાં ઘરબાર, કુટુંબ અને બાળકો છોડીને હજારોની સંખ્યામાં હિંમતપૂર્વક બહેનો જ બહાર નીકળી પડી હતી; લાઠીમાર તથા અપમાનોનો મુકાબલો તેમણે જ કર્યો હતો; અને અત્યારની પરિસ્થિતિમાં પણ સૌથી વધુ યાતનાઓ તેઓ જ સહી રહી છે. તેમના પર હું ક્રોધ કેવી રીતે કરી શકું? ઊલટું, મારી પર

ક્રોધ કરવાનો તેમને પૂરો હક છે. કેમ કે, પુરુષજાતે બહેનોને કચરી નાખી છે; મારી પોતાની પત્ની પર એક વખત જુલમ કરનાર હું, એ બરાબર જાણું છું.

## પામરતાનું પાપ

દેશમાં પક્ષો તો હંમેશાં રહેવાના જ. કોઈ પણ સુધારાને માટે બધાને સામાન્ય એવો કાર્યક્રમ શોધી શકાય નહીં. કારણ, કેટલાક બીજાઓના કરતાં વધારે આગળ જવાનું ઇચ્છનારા હોય. આવી તંદુરસ્ત વિવિધતામાં હું હરકત જોતો નથી.

પણ આપણામાંથી જે વસ્તુ હું દૂર કરવા ઇચ્છું છું તે તો એ કે, આપણે એકબીજા પર ખોટા હેતુઓનું આરોપણ ન કરીએ. આપણને ઘેરી વળેલું પાપ એ આપણા મતભેદો નથી પણ આપણી પામરતા છે. શબ્દો ઉપર આપણે મારામારી કરીએ છીએ. ઘણી વાર તો પડછાયાને માટે આપણે લડીએ અને મૂળ વસ્તુ જ ખોઈ બેસીએ છીએ. ખરેખરી નડનારી વસ્તુ આપણા મતભેદો નથી, પણ તેની પાછળ રહેલી આપણી લઘુતા છે.

['યંગ ઇન્ડિયા' અઠવાડિક પરથી અનુવાદિત: ૧૯૧૯]

## ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું?

આજે મને ભાષણ કરવા માટે અત્યારે અડધો કલાક અને સાંજના એક કલાક મળી દોઢ કલાક સુધીનો વખત આપવામાં આવ્યો છે. પણ તેટલો બધો વખત સુધી (ભાષણ) આપવું, અને તેને તમારે પચાવવું, એ મારી સત્તાની બહાર છે. મારે જ્યાં જ્યાં બોલવાનું થાય છે, ત્યાં ત્યાં હું ટૂંકથી જ પતાવું છું. હું ૩૦ વર્ષ સુધી ઘણું ભટક્યો છું. મેં જોયું છે કે જ્યાં અત્યંત બોલવાનું હોય છે, ત્યાં કામ કરવાનું

ઘણું જ ઓછું હોય છે. અને એ દોષ આખા હિંદુસ્તાન ઉપર મુકાતો આવ્યો છે. આ દોષ માટે આપણે લાયક છીએ. માત્રા ભાષણો અને વ્યાખ્યાનોનો ખોરાક મળે છે, એમાંથી આપણે ક્યારે મુક્ત થઈશું? આપણી જિંદગીમાં જેટલો વખત ભાષણો સાંભળવામાં આપણે ગાળ્યો છે, તેટલો જ વખત જો કાર્ય કરવામાં ગાળ્યો હોત તો આજે હિંદુસ્તાન સ્વરાજના પગથિયા ઉપર આવ્યું હોત. વ્યાખ્યાનો સાંભળવાથી કાંઈ સ્વરાજ મળવાનું નથી. સ્વરાજ તો બલિદાન આપવાથી અને લાયકાત મેળવવાથી જ મળે છે. ભાષણ માટે રાખવામાં આવે છે તેટલો વખત જો અત્રો બેઠેલ માણસને એક્કેક પાવડો આપી, અત્રો જેટલી જમીન છે તેટલી ખોદાવી તેમાં કાંઈ વાવેતર કરવામાં આવે, તો આવતે વર્ષ કાંઈ ને કાંઈ પણ સારો પાક ઊગશે જ.

માત્ર વ્યાખ્યાનો સાંભળવાથી કામો થતાં હોય અને આપણાં દરદો મટતાં હોય, તો ઘણે ઠેકાણે ‘ભાગવત’નાં પારાયણો થાય છે અને તે સાંભળવાને ઘણા શ્રોતાઓ બેસે છે. પણ કેટલાક તો ઝોકાં ખાતાં હશે. માત્રા સાંભળવાથી બધું મળી જતું હોય, તો પછી બીજું કર્તવ્ય કરવાની જરૂર જ નથી. બ્રાહ્મણો કથા-પુરાણ વાંચે, એટલે આપણો ઉદ્ધાર થયો. આમ હિંદુસ્તાનના લોકોને સાંભળવાનો, બોલવાનો અને પોતાનાં વખાણો કરવાનો બહુ શોખ છે. તે કાર્યમાં તેઓ ગાંડાતૂર બની જાય છે. પણ આમ કરતાં જો મૌન ધારણ કરવામાં આવે, તો તેથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. બોલવાથી કોઈ જાતનું મનન થઈ શકતું નથી. પણ તમે કોઈ પણ કાર્ય કરશો, તો તેમાંથી લોકોને સારઅસાર ગ્રહણ કરવાનો મળશે.

પરિષદો અને ભાષણો, એ બધાંથી હું થાક્યો છું, અને હું મારો અવાજ સાંભળીને પણ હવે કંટાળી ગયો છું. કાર્ય કરવા જે મનોબળ જોઈએ, તે નહીં હોવાથી પરિષદો મેળવીએ છીએ. આખા દેશમાં એમ થાય છે.

મને આ સભાઓમાં અને આ ઠરાવોમાં શ્રદ્ધા નથી. સભાઓ ભરવી અને એમાં ઠરાવો પસાર કરવા, એ કેવળ સમયની બરબાદી છે.

આપણે માટે હવે પરિષદો ભરવાનો કાળ ગયો છે અને કંઈક કરી બતાવીને છાનામાના બેસી જવાનો કાળ આવ્યો છે. કારણ કે એવું કાર્ય કરી બતાવ્યા પછી જે કાંઈ બોલાશે, તેની અસર લોકો ઉપર જુદી હશે.

તમે જોશો તો યુરોપમાં આપણા દેશની માફક વ્યાખ્યાનો થતાં નથી. કારણ તેઓને સાંભળવાની ફુરસદ નથી. તેઓ હાલ પ્રગતિમાં છે તેવી પ્રગતિમાં આવવા માટે આપણે સરકાર પાસે કેટલાક હકો માંગવાના અને મેળવવાના છે. એ હકો મેળવવા માટે બાથ ભીડવાની જરૂર છે. તેવા હકો મેળવવા માટે આપણે લાયક થવાની જરૂર છે. માટે વાંચી, વિચાર કરી, અનુકરણ કરી સરકાર સાથે સત્યને રસ્તે બાથ ભીડવાને લાયક બનો.

તમે જો એક ઘડીભર પણ એમ માનતા હશો કે આધ્યાત્મિક જીવન શબ્દ દ્વારા શિખાડી શકાય છે, તો તમે ભૂલો છો. મેં પણ ઘણાં ભાષણોનો સ્વાદ ચાખ્યો છે. હું એટલું કહેવા ઇચ્છું છું કે આપણે ભાષણો કરવામાં આપણી સામગ્રી લગભગ સાવ વાપરી ચૂક્યા છીએ. આપણા કાનને કે આંખને ખોરાક મળે, એ જ કંઈ પૂરતું નથી. આપણાં હૃદયને પણ પોષણ મળવું જોઈએ, અને આપણા હાથપગ પણ ચાલવા જોઈએ.

લખાણો આપણને કોઈ પણ દહાડો સ્વરાજ નથી અપાવવાનાં. ગમે તેટલાં ભાષણો પણ આપણને સ્વરાજ માટે લાયક નથી કરી શકવાનાં. આપણું ચારિત્રય જ આપણને સ્વરાજ માટે લાયક બનાવશે. મારા આખા જાહેર જીવન દરમિયાન મને લાગ્યું છે કે આપણને જે વસ્તુની જરૂર છે, તે એક જ છે—અને તે ચારિત્રયની ખિલવણી. આપણા મહાન દેશભક્ત ગોખલેએ એમ કહ્યું છે કે, જ્યાં સુધી આપણી મનોકામનાને ટેકો આપવા આપણી પાસે ચારિત્રયરૂપી બળ નથી, ત્યાં સુધી આપણને કંઈ મળશે નહિ, આપણે કશાને માટે લાયક થશું નહીં.

[૧૯૧૬માં સુરત, કાશી, મદ્રાસ, અમદાવાદ અને મુંબઈ આપેલાં ભાષણોમાંથી સંકલન: ‘ગાંધીજીનો અક્ષરદેહ’: ૧૩]

# કષ્ટસહનની કિંમત ચૂકવીને

૧૯૦૬ની સાલ સુધી મેં એકલી બુદ્ધિની સમજાવટ પર આધાર રાખ્યો હતો. હું બહુ ઉદ્યોગી સુધારક હતો. હું સત્યનો ઉપાસક રહ્યો એટલે મારી પાસે હકીકતોનું પાકું જ્ઞાન હતું, તેથી હું સરસ લખાણો કરી શકતો. પણ મેં જોયું કે દક્ષિણ આફ્રિકામાં અણીની ઘડી આવી, ત્યારે બુદ્ધિની અસર ન પડી શકી. મારા દેશભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા (જીવડું પણ ક્યારેક સામું થઈ જાય છે), અને વેર લેવાની વાત ચાલતી હતી. મારે [કાં તો] હિંસામાં ભળવાની અથવા તો આપત્તિને પહોંચી વળવાની બીજી કોઈ રીત વચ્ચે પસંદગી કરવાની હતી. અને મને સૂઝી આવ્યું કે માણસાઈને હણનારા કાયદાને તાબે થવાની અમારે ના પાડવી જોઈએ—સરકાર ચાહે ભલે અમને જેલમાં મોકલે. આ રીતે શસ્ત્રયુદ્ધની અવેજરૂપે આ નૈતિક શસ્ત્ર પ્રગટ થયું.

તે દિવસથી મારી એ પ્રતીતિ વધતી ગઈ છે કે પ્રજાને પ્રાણસમાન એવી વસ્તુઓ કેવળ સમજાવટથી મળતી નથી, પણ કષ્ટસહનરૂપે કિંમત ચૂકવીને ખરીદવી પડે છે. વિરોધીનો હૃદયપલટો કરવાની અને બુદ્ધિના અવાજ સામે બંધ રહેતા તેના કાન ઉઘાડવાની, શસ્ત્રયુદ્ધના કરતાં અનેકગણી શક્તિ કષ્ટસહનમાં રહેલી છે. મેં જેટલી અરજીઓ કરી છે અને નિરાશાની સામે પણ જેટલી આશા મેં રાખી છે, તેટલી કોઈએ નહીં રાખી હોય. પણ મેં મનમાં ગાંઠ વાળી છે કે આપણે કંઈક ખરેખરું કામ કરાવવું હોય તો બુદ્ધિને સંતોષીએ એટલું બસ નથી—હૃદયને પણ હલાવવું જોઈએ. હૃદય સુધી સોંસરું પહોંચવાને તો સહનશક્તિ જ જોઈએ. એ માણસનાં અંતરનાં દ્વાર ખુલ્લાં કરે છે. ક્રોધરહિત, દ્વેષરહિત કષ્ટસહનના સૂર્યની સામે કઠણમાં કઠણ હૈયું પીગળવું જ જોઈએ અને જડમાં જડ અજ્ઞાન દૂર થવું જોઈએ.

દુષ્ટતાનો દુષ્ટતાથી થતો પ્રતિકાર કેવળ દુષ્ટતામાં વધારો કરે છે. હિંસા સારું કરતી દેખાય છે ત્યારે તે સારું કેવળ તત્પૂરતું હોય છે, અને એ રીતે જે બૂરું કરે છે તે કાયમી હોય છે. ઇતિહાસ શીખવે છે કે

જેઓ શુભ હેતુથી પણ લોભિયાઓની સત્તા પશુબળે કરીને પડાવી લે છે, તેઓ પોતે પણ એ જ લોભના ભોગ થયા છે. પરદેશી રાજકર્તા સામે આજે આપણે હિંસા આચરીએ, તો તે પછી એક ડગલું આગળ વધીને, દેશની પ્રગતિમાં આપણને જે નડતરરૂપ લાગે તેવા આપણા પોતાના લોકો સામે પણ હિંસા આચરવાને આપણે તરત જ પ્રેરાઈશું.

પચાસ કરતાં પણ વધુ વરસથી હું સતતપણે અહિંસાનું પાલન કરતો આવ્યો છું. જેમની નીતિનો મારે વિરોધ કરવો પડયો છે, તેમના પ્રેમ અને વિશ્વાસનું પાત્ર હું હંમેશાં બન્યો છું, એ બીના મારા જીવનની એક કાયમના સુખની સરવાણી છે. દક્ષિણ આફ્રિકામાં મારું આયુષ્ય લડતમાં વીત્યું, પણ અંગત નાતે ત્યાંના નિવાસીઓએ મારા પર વિશ્વાસ અને મૈત્રી વરસાવેલાં. બ્રિટિશ તંત્રના મારા આવડા મોટા વિરોધ છતાં હજારો અંગ્રેજ સ્ત્રી-પુરુષો મારા પર પ્રેમ રાખી રહ્યાં છે. આ બધો અહિંસાનો વિજય છે.

ખરું જોતાં અહિંસાની કસોટી જ એ છે કે અહિંસક લડતમાં કોઈ પક્ષે કડવાશ કે ઝેરવેર પાછળ રહેતાં નથી અને શત્રુઓ મિત્ર બની જાય છે.

['આપણે સૌ એક પિતાનાં સંતાન' પુસ્તક]

## શુદ્ધ કાંચન

આનંદશંકરભાઈએ 'હિંદુ ધર્મની બાળપોથી' લખેલી છે, પણ એ વૃદ્ધ પુરુષો પણ રસપૂર્વક વાંચી શકે અને જ્ઞાન મેળવી શકે એવી છે. મને તો એ અલૌકિક ગ્રંથ લાગે છે. એમાંથી હું તો રસના ઘૂંટડા પી રહ્યો છું. આનંદશંકરભાઈના બહોળા વાચન-મનનું આ પુસ્તક દોહનરૂપ છે. આનંદશંકર ધ્રુવના ધર્મ ઉપરના સુંદર નિબંધોનો સંગ્રહ ['આપણો ધર્મ'] શુદ્ધ કાંચન છે. આ નિબંધોથી મને ભારે સુખ મળ્યું છે.

## પ્રહ્લાદ જેવો બનિયન

જોન બનિયન હતો આપણા પ્રહ્લાદજી જેવો ટેકીલો. સત્યની ખાતર પ્રહ્લાદજીએ જેમ સંકટ વેઠેલાં, તેમ એ સત્યની ખાતર જેલમાં રહેલો; અને આપણા તિલક મહારાજે જેમ 'ગીતા-રહસ્ય' જેલમાં રહીને લખેલું, તેમ એમણે જેલમાં લખી 'પિલગ્રીમ્સ પ્રોગ્રેસ' (યાત્રાળુની મુસાફરી). અંગ્રેજીમાં તો લગભગ 'બાઇબલ'ની સાથે એ મુકાય છે. અને બનિયને એને એવી તો સરળ, સુંદર ભાષામાં બાળકોને માટે મૂક્યું છે કે જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા બોલાય છે ત્યાં ત્યાં બાળકો માટે એ અદ્ભુત પુસ્તક ગણાય છે.

## ફોજદારી કાયદામાં ઉમેરવાની કલમ

[બલવંતરાય ક. ઠાકોરનો એક અંગ્રેજી પત્ર મળેલો, તેના જવાબમાં તા. ૨૪-૭-૧૯૧૮એ]

જ્યારે આપણી પાર્લમેન્ટ થશે ત્યારે ફોજદારી કાયદામાં એક કલમ દાખલ કરવાની હિલચાલ કરવી પડશે, એમ જોઉં છું: બંને હિંદુસ્તાની એક જ ભાષા જાણતા હોવા છતાં એક માણસ બીજાને અંગ્રેજીમાં લખે, અથવા બીજા સાથે તે ભાષામાં બોલે, તેને ઓછામાં ઓછી છ માસની સખત મજૂરી સાથે સજા કરવામાં આવશે. આવી કલમ વિશે તમારો અભિપ્રાય જણાવશોજી, અને સ્વરાજ મળ્યું નથી તે દરમિયાન જે ગુનો કરે તેને સારુ શા ઇલાજ લેવા ઘટે એ પણ જણાવશો.

## આપણાં બાળકો

આપણાં બાળકો કેળવણી લે તો ચીમળાઈ જાય છે. તેઓ પુરુષાર્થહીન બને છે અને તેઓને મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજમાં

નથી થતો, તેઓના કુટુંબમાં પણ નથી થતો.

*

વિદ્યાર્થીઓ તો પરિસ્થિતિનું આભલું છે. તેમનામાં દંભ નથી, દ્વેષ નથી. જો તેમની અંદર પુરુષાર્થ નથી, સત્ય નથી, અપરિગ્રહ નથી, તો એ દોષ તેમનો નથી; દોષ માબાપનો છે, અધ્યાપકોનો છે. પ્રજાના દોષ વિદ્યાર્થીવર્ગમાં નીતર્યા છે અને તેથી તે વિદ્યાર્થીમાં સ્પષ્ટરૂપે જોઈ શકાય છે.

## ભાષાંતરના ગુણ

સારા ભાષાંતરમાં નીચેના ગુણ હોવા જોઈએ:

એ જાણે સ્વભાષામાં જ વિચારાયું અને લખાયું હોય, એવું સહજ અને સરળ હોવું જોઈએ. જે ભાષામાંથી ઉતારાયું હોય, તે ભાષાના રૂઢિપ્રયોગો અને શબ્દોના વિશેષ અર્થો ન જાણનાર એને સમજી ન શકે, એવું તે ન હોવું જોઈએ.

ભાષાંતરકારે જાણે મૂળ પુસ્તકને પી જઈને તથા પચાવીને એને ફરીથી સ્વભાષામાં ઉપજાવ્યું હોય, એવી એ કૃતિ લાગવી જોઈએ.

આથી સ્વતંત્ર પુસ્તક કરતાં ભાષાંતર કરવાનું કામ હંમેશાં સહેલું નથી હોતું. મૂળ લેખક સાથે જે પૂરેપૂરો સમભાવી અને એકરસ થઈ શકે નહીં અને તેના મનોગતને પકડી લે નહીં, તેણે તેનું ભાષાંતર કરવું ન જોઈએ.

ભાષાંતર કરવામાં જુદી જુદી જાતોનો વિવેક કરવો જોઈએ. કેટલાંક પુસ્તકોનું અક્ષરશઃ ભાષાંતર કરવું આવશ્યક ગણાય. કેટલાંકનો માત્ર સાર આપી દેવો બસ ગણાય. કેટલાંક પુસ્તકનાં ભાષાંતર સ્વસમાજને સમજાય એ રીતે વેશાંતર કરીને જ આપવાં જોઈએ. કેટલાંક પુસ્તકો તે ભાષામાં ઉત્કૃષ્ટ ગણાતાં હોય છતાં, પોતાનો સમાજ અતિશય જુદા પ્રકારનો હોવાથી, તેના ભાષાંતરની સ્વભાષામાં જરૂર જ ન હોય; અને

કેટલાંક પુસ્તકોના અક્ષરશઃ ભાષાંતર ઉપરાંત સારરૂપ ભાષાંતરની પણ જરૂર ગણાય.

# સ્વરાજ-વૃક્ષનું બીજ

મારી જિંદગીની અંદર મેં અનેક કાર્યો કર્યાં છે. તેમાંનાં ઘણાં કાર્યોને માટે મારા મનમાં હું મગરૂરી પણ માનું છું; કેટલાંકને સારુ પશ્ચાત્તાપ પણ થાય છે. એમાંનાં ઘણાં મોટી જવાબદારીવાળાં હતાં. પણ અત્યારે જરાયે અતિશયોક્તિ વિના હું કહેવાને ઇચ્છું છું કે, મેં એવું એક પણ કાર્ય નથી કર્યું કે જેની સાથે આજે કરવાના કાર્યનો મુકાબલો થાય.

આ કાર્યમાં મને જોખમ લાગે છે તે એક જ વસ્તુ છે, કે હું જે કાર્ય કરવા બેઠો છું તેને માટે હું લાયકાત ધરાવતો નથી. આમ હું વિવેકદૃષ્ટિથી નથી કહી રહ્યો. પણ મારો આત્મા જે કહે છે તે હું તમારી સામે આલેખી રહ્યો છું.

અત્યારે આપણે સ્વતંત્રતાનું જે બીજ રોપી તેને પાણી પાઈ તેમાંથી સ્વરાજનું સુંદર વૃક્ષ બનાવવું છે તે ચારિત્રાથી જ ઊછરશે. એ અચલિત શ્રદ્ધા મારામાં નહીં હોત, તો હું નિરક્ષર આ કુલપતિનું સ્થાન કબૂલ ન જ કરત. આ કાર્યની અંદર જ જીવવાને તેમ મરવાને હું તૈયાર છું, અને તેથી જ આ મહાન પદ મેં ધારણ કર્યું છે. એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે.

વિદ્યાર્થીઓને મારી વિનંતી છે કે તમારા અધ્યાપકોમાં શ્રદ્ધા રાખજો. પણ જો તમે તમારા અધ્યાપકોને બળહીન જુઓ, તો તે સમયે તમે પ્રહ્‌લાદના જેવા અગ્નિથી એ અધ્યાપકોને ભસ્મ કરી નાખજો અને તમારું કામ આગળ ચલાવજો. એ જ મારો વિદ્યાર્થીઓને આશીર્વાદ છે.

અંતમાં હું પરમેશ્વરને પ્રાર્થના કરું છું અને એ પ્રાર્થનામાં તમે સહુ નિર્મળ હૃદયથી જોડાજો :

હે ઈશ્વર! આ મહાવિદ્યાલયને એવું બનાવ કે જે સ્વતંત્રતાનો જાપ આપણે રાતદિવસ જપીએ છીએ તે સ્વતંત્રતા તેની અંદરથી મળો. અને એ સ્વતંત્રતાથી એકલું હિંદુસ્તાન જ નહીં, પણ જેમાં હિંદુસ્તાન એક બિંદુમાત્ર છે તે આખું જગત સુખી થાઓ.

[ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયના ઉદ્ઘાટન પ્રવચનમાં: ૧૯૨૦]

*

એક દિવસ એવો આવે કે અહીં કોઈ ન રહે, કુલપતિ જ બેઠો હોય. શિક્ષક પણ એ જ હોય અને શિષ્ય પણ એ જ હોય; એની સામે એનો રેંટિયો પડ્યો હોય. એટલી શ્રદ્ધા તમારામાં હોય તો તમે એક નહીં પણ એક હજાર પેમ્બ્રોકડ પેદા કરશો.

ક્યાં ઇંગ્લૈંડ અને ક્યાં હિંદ, જેમાં કેટલાંય ઇંગ્લૈંડ સમાઈ જાય! પણ આપણામાં એટલી વીરતા છે? ધીરજ છે? વીરતા અને ધીરજ વિના શ્રદ્ધાનો પાક નથી ઊતરતો. અધ્યાપકોમાં શ્રદ્ધા હશે તો તેઓ એક જ અવાજ કાઢશે; વિદ્યાર્થી પણ એક જ અવાજ કાઢશે; તે કહેશે કે, હું એકલો હઈશ તોપણ શું? એમ જે વિદ્યાર્થી એક છતાં નીડર થઈને બેસશે તેમાંથી ૧૦૦ પાકશે.

(* ઇંગ્લૈંડની પ્રસિદ્ધ કૉલેજ. એની ઉત્પત્તિ નાનકડાં ઝૂંપડાંમાંથી થઈ હતી, અને તે પણ એક વીર વિધવાથી—જે પરણી તે જ દિવસે રાંડી હતી. તે સેવાધર્મને વરી. તેણે સંન્યાસીઓ અને સાધુઓ શોધ્યા અને તેમને રહેવાને ઝૂંપડાં બાંધી આપ્યાં. એ ઝૂંપડાંમાંથી આજની મોટી પેમ્બ્રોક થઈ, જેમાંથી સ્પેન્સર અને ગ્રે જેવા કવિ પાક્યા, પિટ જેવા રાજ્યનીતિધુરંધર પાક્યા અને બ્રાઉન જેવા પંડિતો પાક્યા.)

[ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં આપેલા વ્યાખ્યાનમાં: ૧૯૨૮]

*

આપણે ત્યાં એક પણ આદર્શ અધ્યાપક રહી જાય, એક પણ આદર્શ વિદ્યાર્થી રહી જાય, તો આપણને સફળતા મળી છે એમ સમજીશ.

જગતમાં હીરાની ખાણો ખોદતાં પણ પથ્થરના ડુંગરા નીકળે છે

અને અથાગ પરિશ્રમ પછી એકાદ હીરો નીકળે છે. દક્ષિણ આફ્રિકામાં હીરાની ખાણનું જે દૃશ્ય જોયું તેનું શું બ્યાન આપું? ધૂળ અને પથ્થરના મોટા પહાડ પડ્યા હતા. કરોડો રૂપિયાનો ખર્ચ એના ઉપર થઈ ચૂક્યો હતો અને તેને અંતે લાખો મણ ધૂળ નીકળ્યા પછી બેચાર શેર હીરા નીકળે તો ભાગ્ય! પણ એ ખાણવાળાનો મનોરથ તો અનુપમ હીરો કાઢવામાં હતો. કોહિનૂરથી પણ ચડિયાતો હીરો કાઢીને જ ખાણનો માલિક કૃતાર્થ થવા માગતો હતો.

મનુષ્યની ખાણ પર પણ લાખો અને કરોડો ખર્ચીને આપણે ખોબા જેટલાં રત્નો અને હીરા કાઢી શકીએ, તો કેવું સારું! એ રત્નો ઉત્પન્ન કરવાના ભાવથી જ આ વિદ્યાપીઠ ચાલવી જોઈએ.

[બિહાર વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં કરેલા ભાષણમાં: ૧૯૨૭]

*

ખાદીના મૂળમાં જે કલ્પના છે તે તો એ છે કે ખાદી ખેડૂતોને સારુ અન્નપૂર્ણાનું કામ કરનારી છે, હરિજન વણકરોનો પ્રાણ છે. ઓછામાં ઓછા ચાર માસ ખેડૂતો નિરુદ્યમી રહે છે, તેમને ખાદી ઉદ્યમ આપે છે.

આ દેશમાં જો આપણે લોહીની નદીઓ ન વહેવડાવવી હોય, લોકોને આજે છે તેથી વધારે પશુ ન બનાવી દેવાં હોય, તો ખાદીનો આ વ્યાપક સંદેશો ઝિલાવો જોઈએ. સામ્યવાદને નામે પ્રવર્તે છે તે સામ્યવાદ નથી. હિંદુસ્તાનને પચી શકે તે સામ્યવાદ રેંટિયામાં ગુંજે છે.

[ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો સાથે ચર્ચામાં: ૧૯૩૪]

## લાજ રાખી

જ્યારે હું ડરબનમાં વકીલાત કરતો હતો ત્યારે ઘણી વાર મારા મહેતાઓ મારી સાથે રહેતા. તેમાં હિંદુ અને ખ્રિસ્તી હતા, ગુજરાતી અને મદ્રાસી હતા. તેમને હું કુટુંબીજન ગણતો ને જો પત્ની તરફથી તેમાં કંઈ વિઘ્ન આવે તો તેની જોડે લડતો. એક મહેતો ખ્રિસ્તી હતો.

તેનાં માતાપિતા પંચમ જાતિનાં હતાં. ઘરમાં દરેક કોટડીમાં મોરીને બદલે પેશાબને સારુ ખાસ વાસણ હોય. તે ઉપાડવાનું કામ નોકરનું નહોતું, પણ અમારું ધણીધણિયાણીનું હતું. મહેતાઓ જે પોતાને ઘરના જેવા માનતા થઈ જાય, તે તો પોતાનું વાસણ પોતે ઉપાડે પણ ખરા. આ પંચમ કુળમાં જન્મેલ મહેતા નવા હતા. તેમનું વાસણ અમારે જ ઉપાડવું જોઈએ. બીજાં તો કસ્તૂરબાઈ ઉપાડતી, પણ આ તેને મન હદ આવી. અમારી વચ્ચે ક્લેશ થયો. હું ઉપાડું એ તેને ન પાલવે, તેને પોતાને ઉપાડવું ભારે થઈ પડ્યું. આંખમાંથી મોતીનાં બિંદુ ટપકાવતી, હાથમાં વાસણ ઝાલતી અને મને પોતાની લાલ આંખોથી ઠપકો આપતી, સીડીએથી ઊતરતી કસ્તૂરબાઈને હું આજે પણ ચીતરી શકું છું.

પણ હું તો જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતિ હતો. મને પોતાને હું તેનો શિક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઈ સારી પેઠે પજવતો. આમ તેના માત્ર વાસણ ઊંચકી જવાથી મને સંતોષ ન થયો. તે હસતે મુખે લઈ જાય તો જ મને સંતોષ થાય. એટલે મેં બે બોલ ઊંચા સાદે કહ્યા. “આ કંકાસ મારા ઘરમાં નહીં ચાલે,” હું બબડી ઊઠ્યો.

આ વચન તીરની જેમ ખૂંચ્યું. પત્ની ધગી ઊઠી: “ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી.” હું તો ઈશ્વરને ભૂલ્યો હતો. દયાનો છાંટો સરખો નહોતો રહ્યો. મેં હાથ ઝાલ્યો. સીડીની સામે જ બહાર નીકળવાનો દરવાજો હતો. હું આ રાંક અબળાને પકડીને દરવાજા લગી ખેંચી ગયો. દરવાજો અર્ધો ઉઘાડ્યો.

આંખમાંથી ગંગાજમના વહી રહ્યાં હતાં, અને કસ્તૂરબાઈ બોલી: “તમને તો લાજ નથી, મને છે. જરા તો શરમાઓ! હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં મા-બાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ!”

મેં મોં તો લાલ રાખ્યું, પણ શરમાયો ખરો. દરવાજો બંધ કર્યો. જો પત્ની મને છોડી શકે તેમ નહોતી, તો હું પણ તેને છોડીને ક્યાં

જનારો હતો? અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હંમેશાં કુશળ જ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્ભુત સહનશક્તિથી જીત મેળવી છે.

આ પુણ્યસ્મરણથી કોઈ એવું તો નહીં માની લે કે અમે આદર્શ દંપતી છીએ, અથવા તો મારી ધર્મપત્નીમાં કંઈ જ દોષ નથી અથવા તો અમારા આદર્શો હવે એક જ છે. કસ્તૂરબાઈને મારાં ઘણાં આચરણો આજ પણ નહીં ગમતાં હોય એવો સંભવ છે. પણ તેનામાં એક ગુણ બહુ મોટા પ્રમાણમાં છે, જે બીજી ઘણી હિંદુ સ્ત્રીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં રહેલો છે. મને-કમને, જ્ઞાનથી-અજ્ઞાનથી, મારી પાછળ ચાલવામાં તેણે પોતાના જીવનની સાર્થકતા માની છે, અને સ્વચ્છ જીવન ગાળવાના મારા પ્રયત્નોમાં મને કદી રોક્યો નથી. આથી, જોકે અમારી બુદ્ધિ-શક્તિમાં ઘણું અંતર છે છતાં, અમારું જીવન સંતોષી, સુખી ને ઊર્ધ્વગામી છે એમ મને લાગ્યું છે.

['સત્યના પ્રયોગો' પુસ્તક]

## અલૌકિક આસક્તિ

જગતમાં માબાપનો પ્રેમ મેં જેવો જાણ્યો છે તેવો કોઈએ નહીં જાણ્યો હોય. મારા પિતા ઝીણાંમાં ઝીણાં કામ પણ નોકરચાકર પાસે નહીં, પણ મારી પાસે જ કરાવતા. પાણી જોઈતું હોય કે પગ ચાંપવાના હોય, કંઈ પણ કામ હોય કે મને બૂમ પાડી જ છે. મારા તરફ એમની આસક્તિ કંઈક અલૌકિક હતી.

તે દિવસે હંમેશની રીત પ્રમાણે હું પગ દાબતો હતો. પગ દાબતાં દાબતાં એમ વિચાર થયા કરે કે આજે છૂટી મળી જાય તો બહુ સારું—નાટક જોવાય. કહેવા ગયો, "બાપુ..." પણ બાપુ સાંભળે શેના? જાણી ગયા ખરા કે આજે છોકરાનું ચિત્ત ક્યાંક ચોટેલું છે. બીજી વાર કહ્યું, "બાપુ, આજે ભારે નાટક છે," તોયે જવાબ ના મળ્યો. પણ મને

તે દિવસે એવો તો મોહ લાગ્યો હતો કે હું ચેતું શેનો? ત્રીજી વાર કહ્યું, “આજે ભારે નાટક છે, બાપુ, જોવા જાઉં?” “જ...જાઓ” એ શબ્દ એમના મોંમાંથી નીકળ્યા, પણ એનો અર્થ “ના જાઓ” એમ જ હતો. છતાં આપણે તો ગયા.

નાટકનો પહેલો જ પડદો ખૂલેલો હતો, અને હું તો નાટકનો ભારે રસ લેવાને તત્પર થઈ રહેલો હતો. તેવામાં ઘેરથી એક જણે આવીને ખબર આપ્યા, “બાપુ તો ઘેર રોઈને માથું કૂટે છે.” હું તરત નીકળી આવ્યો. ઘેર જઈને બાપુની માફી માગી. કંઈ પણ બોલ્યા નહીં. એક પણ કડવો શબ્દ કહ્યો નથી. પોતે જ રોઈને, માથું કૂટીને પોતાનો અણગમો બતાવ્યો.

તે દિવસથી, તેમની જિંદગીમાં તો મેં કદી નાટક નથી જોયો.

## પિતાના પત્રો

૧૬-૦૨-૧૯૧૮

ચિ. દેવદાસ,

તમે હંમેશાં યાદ આવો છો. અહીં [બિહારમાં] તમે સત્યનો મહિમા અને પ્રભાવ ક્ષણે ક્ષણે જોત. તમારે સારુ મારી પાસે આ જ વારસો છે. જે ઓળખે તેને સારુ એ અમૂલ્ય છે. એ બીજો વારસો માગે નહીં ને ઇચ્છે નહીં. મારી સમજ એવી છે કે તમે આ વારસાને ઓળખી શક્યા છો અને તેના પ્રેમી છો. તમારા પરની મારી આસક્તિ આ ભવમાં તદ્દન જાય એવો ભય તમારે બહુ રાખવા જેવો નથી. બધાને વિશે સમભાવ રાખવા હું મહાપ્રયત્ન કરી રહ્યો છું. પણ તમારી પાસેથી વધારે મળવાની તો આશા રહ્યા જ કરે.

ચિ. છોટાલાલ તથા ચિ. સુરેન્દ્રને નોખો કાગળ નથી લખતો. તમારે વંચાવવો હોય તો વંચાવી શકો છો. પિતાપુત્રના પવિત્રા સંબંધને ઉદ્દેશીને છે તેથી તમારે જ સંઘરવાલાયક છે, એમ કરીને ન વંચાવો

તોય ચાલે.

બાપુના આશીર્વાદ

*

દેવા,

તું મારી ગાદી લેવાને તૈયાર થાય તે દિવસે તને રોકવાનો કોઈનો ભાર નથી. માત્ર તું ખૂબ મજબૂત બને એ જ ઇચ્છું છું.

*

હરિલાલે એક ક્ષણમાં આખી જિંદગી બગાડી નાખી છે. મારા સર્વ દોષો હું એનામાં આકૃતિને મોટી દેખાડનારા કાચમાંથી પ્રતિબિંબિત થયેલા જોઉં છું. ગુણો આકૃતિને નાની દેખાડનારા કાચમાંથી પ્રતિબિંબિત થતા જોઉં છું. મારા ત્રણે છોકરાના તરફથી થતા અસંતોષનો બદલો વાળવા દેવદાસ જન્મેલો છે, એમ મને લાગે છે.

*

[હરિલાલને પત્ર: ૧-૫-૧૯૧૮]

ભાઈ મહાદેવે તમારી ગરજ સારી છે. પણ તમે તેની જગ્યાએ હોત તો કેવું સારું, એવી મમતા હજી નથી જતી. જો મને બીજા પુત્રો ન હત, તો ઝૂરીને મરી જાત. પણ જે થયા છે તેને ખસેડયા વિના જ્યારે તમારે જ્ઞાનપૂર્વક પુત્ર બનવું હોય ત્યારે તમારી જગ્યા છે જ.

બાપુના આશીર્વાદ

## વિયોગદુખ

પૂજ્ય બહેન,

તમને વધારે પૈસા હું ક્યાંથી આપું? મારે મિત્રાના પૈસા દેવાના. હું કયે મોઢે પૈસા માગું? એ પણ પૂછે, “તારી બહેન તો તારી સાથે જ હોવાં જોઈએ.” એનો જવાબ હું શું આપું? મારી બહેન પણ મારા કામમાં મને મદદ કરી રહ્યાં છે, એમ અભિમાનપૂર્વક કહેવાનો અવસર તમે નથી આપતાં.

આવી દશામાં હું એક જ વસ્તુ તમને કહી શકું છું: તમે જે અગવડો ભોગવી રહો છો, એથી વધારે સગવડ ભોગવીને હું રહેતો નથી. તેથી તમારાં દુ:ખ મને અસહ્ય નથી લાગતાં. તમે દળણાં દળીને ખૂટતા પૈસા મેળવો છો, તેમાં મને કશીય શરમ નથી લાગતી.

હું તો એટલું માગું છું કે તમે અહીં આવીને મારી સાથે વસો, મારા કામમાં ભાગ લો. એમ કરશો તો, અત્યારે તમને ભાઈ નથી એમ લાગતું હશે તે દશા મટી જશે અને એકને બદલે ઘણા ભાઈઓ જોશો. અને ઘણાં બાળકોની તમે મા બનીને બેસશો. આ શુદ્ધ વૈષ્ણવધર્મ છે. એ તમને ન વસે ત્યાં સુધી આપણે વિયોગદુખ સહન કરવાનું રહ્યું.

તમને કાગળ તો નથી લખતો, પણ તમારી મૂર્તિ મારી પાસેથી એક ઘડીભર દૂર રહી નથી. તમે મારી પાસે નથી, એથી જે ઘા મને વાગેલો છે તે ઘા કદી રૂઝાઈ જ ન શકે એવો છે. એ તમે જ રૂઝવી શકો. તમે મારી પાસે હો, તો મને તમારો ચહેરો જોઈને બાની કાંઈક યાદી તો આવે જ. તેથી પણ તમે મને દૂર રાખ્યો છે તેની તમારી સામેની મારી ફરિયાદ બંધ ન રહી શકે એવી છે. હું કાગળ લખું તોયે મારી બળતરા જ બતાવી શકું અને આમાં જેમ મારું છે તેમ મહેણાં જ મારી શકું. તેથીયે કાગળ લખવામાં ઢીલ કરું છું.

## આ અંધકાર

આજે વીરતાનો નાશ થઈ ગયો છે. આપણી સ્ત્રીઓનું રક્ષણ કરવા જેટલી પણ આપણામાં શક્તિ નથી. ધોળે દહાડે ગામમાં ધાડ પડે તેની સામે પણ આપણે ઊભી શકતા નથી.. એક હજારની વસ્તીમાં આઠ માણસો આવી લૂંટફાટ કરી ચાલ્યા જઈ શકે, એ દેખાવ આખી દુનિયામાં હિંદુસ્તાનમાં જ બની શકે છે. આઠ માણસને હઠાવી ન શકે એવા, શરીરે તદ્દન દુર્બળ ગામડિયા નથી. પણ તેઓને મરણનો ભારે ભય છે. એવી લડાઈમાં પડી પોતાનું શરીર કોણ જોખમમાં નાખે?

છો ને લૂંટે! સરકારનું કામ છે, એ ફોડી લેશે, એમ વિચારી ઘરમાં ભરાઈ રહે છે. પડોશીનું ઘર બળે, તેની લાજ લૂંટાય, માલ જાય, તેની પરવા નથી.

જ્યાં સુધી આ અંધકારનો નાશ નથી થયો, ત્યાં લગી હિંદુસ્તાનમાં ખરી શાંતિ થવાની નથી. જો આપણે આત્મરક્ષણની શક્તિ પ્રાપ્ત ન કરી શકીએ, તો જમાનાઓ સુધી સ્વરાજને માટે નાલાયક રહેવાના છીએ.

## અંગ્રેજના ગુણદોષ

અંગ્રેજી પ્રજાએ ઘણાં પુણ્યકાર્યો કર્યાં છે. તેને સારુ પ્રભુ તેનું ભલું કરો. પણ અંગ્રેજી પ્રજાને નામે અંગ્રેજી અધિકારીઓએ હિંદુસ્તાનને શસ્ત્રરહિત કરી જે અઘોર પાપ કર્યું છે, તે તેનાં બધાં પુણ્યોને ધોઈ નાખશે. રાષ્ટ્રની ગુલામી પાકે પાયે થઈ ગઈ છે. અંગ્રેજોએ ઇરાદાપૂર્વક આમ કરવા નહીં ધાર્યું હોય, પણ તેમનો એવો ઇરાદો હોત તો પણ તેઓ આથી વધારે કરી શકત નહીં.

હું ઇંગ્લેંડને વળગી રહ્યો છું તેનું કારણ એટલું જ છે કે હું માનું છું કે એ હાડે ખરાબ નથી. બીજી તરફથી, હિંદુસ્તાનને નઃશસ્ત્ર કરવાનું ઇંગ્લેંડનું કૃત્ય, અને હિંદુસ્તાનના ધનનું અને કળાનું અંગ્રેજોના વેપારી લોભની વેદી ઉપર અપાયેલું બલિદાન—એ બધાંને હું એટલું ધિક્કારું છું કે મારામાં પેલી શ્રદ્ધા ન હોત તો હું ક્યારનોય બળવાખોર બન્યો હોત.

અંગ્રેજી પ્રજાના ગુણો ઉપર મારો વિશ્વાસ છે. એ પ્રજાએ હિંદુસ્તાનને ઘણું નુકસાન કર્યું છે, છતાં તેના ગુણદોષોનું માપ કરતાં મને તો ગુણનું માપ ચડિયાતું જણાય છે. પોતાની નીચે રહેલી પ્રજાને તેનું સ્વમાન ભુલાવવાના મહાન દોષો અંગ્રેજોમાં છે. પણ તેઓના બરોબરિયાને પૂરું માન આપવાના ને તેની તરફ વફાદારી બતાવવાના ગુણો પણ તેનામાં છે. બીજાના જુલમ નીચે કચરાયેલાને તે પ્રજાએ ઘણી વેળા મદદ

કરેલી છે. અંગ્રેજ પ્રજાએ હલકાં કામો કીધેલાં છે, પણ તેને હલકી વાત ગમતી નથી. એથી એ જ પ્રજામાંથી પોતાની પ્રજાએ કરેલાં પાપ સામે બોલનારા નીકળ્યા છે. એ જ પ્રજાએ અનેક સુધારા કરવાની તત્પરતા બતાવી છે.

## ગાંધી-ગંગાનાં જલબિંદુ

એ મારમાંથી પ્રજા બચે

ગોખલે દક્ષિણ આફ્રિકા આવ્યા હતા. [ટોલ્સટોય] ફાર્મમાં ખાટલા જેવી વસ્તુ ન હતી, પણ ગોખલેજીને સારુ એક માગી આણ્યો. જ્યારે તેમણે જાણ્યું કે અમે બધા ભોંય ઉપર સૂતા હતા, ત્યારે ખાટલો દૂર કરાવી પોતાની પથારી પણ ભોંય ઉપર કરાવી. કેલનબેકે, મેં તેમના પગ ચાંપવા દેવા બહુ વિનવ્યા. તે એકના બે ન થયા. અમને સ્પર્શ સરખો ન કરવા દીધો. ઊલટા અર્ધા ખીજમાં અને અર્ધા હાંસીમાં કહે: “તમે બધા એમ જ સમજતા લાગો છો કે દુ:ખ અને અગવડ ભોગવવા એક તમે જ જન્મ્યા છો, ને અમારા જેવા તમારે પંપાળવા સારુ જ જન્મ્યા છીએ. હું ગમે તેટલી અગવડ ભોગવીશ, પણ તમારો ગર્વ ઉતારીશ.”

કંઈક પણ લખવાનું હોય ત્યારે તેમને આંટા મારી તે વિચારી લેવાની ટેવ હતી. એક નાનો સરખો કાગળ લખવાનો હતો. મેં માન્યું કે તે તો તરત લખી નાખશે; પણ નહીં. મેં ટીકા કરી એટલે મને વ્યાખ્યાન મળ્યું: “હું નાનામાં નાની વસ્તુ પણ ઉતાવળે નથી કરતો; તેનો વિચાર કરું, વિષયને લગતી ભાષા વિચારું ને પછી લખું.”

એમ બધા કરે, તો કેટલો વખત બચી જાય? ને પ્રજા પણ આજે તેને જે અધકચરા વિચારો મળી રહ્યા છે તેના મારમાંથી બચે.

## “આ જ મારો મુર્શિદ!”

છેક ૧૮૮૮ની સાલમાં હું દાદાભાઈ [નવરોજી]ને ચરણે બેઠો, પણ મને એ મારાથી કેટલાયે દૂર જણાયા. હું એમનો પુત્ર થઈ શકત. [પણ] શિષ્ય એ પુત્રથી અધિક નિકટતાનો નાતો છે. શિષ્ય થવું એ નવો જન્મ લેવા જેવું છે. એ સ્વેચ્છાથી કરેલું આત્મસમર્પણ છે.

ગોખલેની વાત નિરાળી જ હતી. એમને હું મળેલો —જાણે કોઈ પુરાતન મિત્રને મળવાનું થયું હોય, અથવા તો એથીયે વધુ સાર્થ શબ્દોમાં કહું તો જાણે ઘણા વખતથી વિખૂટાં પડેલ મા-દીકરો મળ્યાં હોય! તત્કાળ એમણે મારું હૃદયમંદિર સર કર્યું. રાજદ્વારી કાર્યકર્તા વિશેના મારા આદર્શનો એ સંપૂર્ણ નમૂનો હતાઃ સ્ફટિક જેવા નિર્મળ, ગાય જેવા ગરીબ, સિંહ જેવા શૂર અને ખોડ ગણાય એટલી હદ સુધી ઉદાર. જ્યારે મેં તેમની વિદાય લીધી ત્યારે મારા મનમાં એક જ ધ્વનિ ઊઠ્યોઃ “આ જ મારો મુશિર્દ!”

[‘સત્યના પ્રયોગો’ પુસ્તકઃ ૧૯૨૭]

## હું તો અલ્પપ્રાણી છું

મને ‘મહાત્મા’ શબ્દની બદબો આવે છે. ‘મહાત્મા’ને નામે અનેક કૂડાં કામ થયાં છે. આશ્રમમાં સૌને આજ્ઞા છે કે તેઓ ‘મહાત્મા’ શબ્દ ન વાપરે; કોઈને લખતાં પણ ‘મહાત્મા’ શબ્દથી મારો ઉલ્લેખ ન કરે. હું તો અલ્પપ્રાણી છું. હજી મારામાં શુદ્ધતાની, પ્રેમની, વિનયની ખામી ભરી છે. નહીં તો મારી આંખમાં તમે એવું જુઓ કે સાનમાં સમજી જાવ.

તમે મને ‘મહાત્મા’ માનો છો એનું કારણ ગરીબમાં ગરીબ માટે રહેલો મારો અગાધ પ્રેમ છે. ગમે તે થાય તોપણ ચીંથરેહાલનો તો મારાથી કદી ત્યાગ ન જ થઈ શકે. તેથી જ તમને લાગે છે કે ગાંધી કાંઈક કામનો માણસ છે. ત્યારે મને ચાહનારા સૌની પાસે હું એ માગું

છું કે તમે મારે માટે પ્રેમ ધરાવો છો, તો જેમને માટે હું પ્રેમ ધરાવું છું તે ગામડાંના લોકોને અન્નવસ્ત્ર મળ્યા વિના ન રહે એવી કોશિશ કરો.

મારે માટેના પ્રેમનું કારણ બીજું કશું નથી —સિવાય કે હું ગરીબોની સાથે ઓતપ્રોત થયેલો છું. હું ભંગીની સાથે ભંગી થઈ શકું છું, ઢેડ સાથે ઢેડ થઈ તેનું કામ કરી શકું છું. જો આ જન્મે અસ્પૃશ્યતા ન જાય ને મારે બીજો જન્મ લેવાનો હોય, તો ભંગી જ જન્મવા ઇચ્છું. અસ્પૃશ્યતા રહે ને મારાથી હિંદુધર્મ તજી શકાતો હોય તો હું તજું. પણ મને તો મારા ધર્મ વિશે એટલી શ્રદ્ધા છે કે મારે તેમાં જ જીવવું રહ્યું અને તેમાં જ મરવું રહ્યું. એટલે તે ખાતર પણ પાછો જન્મું તો ભંગી જ જન્મું.

[મુંબઈની પારસી રાજકીય સભા તરફથી યોજાયેલી સભામાં ભાષણ: ૧૯૨૪]

# તેની ઊંડી અસર પડે છે

'નવજીવન' એક પણ અયોગ્ય ભાવનાનું, અસત્ય ખબરનું કે અવિવેકી ભાષાનું વાહન નહીં થાય એવો પ્રયત્ન અમે નિરંતર કર્યા જ કરશું, અને તેમાં અમે ભૂલ ન કરીએ તેની ચોકી અમારા વાચકવર્ગને અમે સોંપીએ છીએ.

અમારે લખાણો કરીને બેસી રહેવું, એ બસ નથી. ભણેલ કે અભણ ગુજરાતી સ્ત્રી કે પુરુષને 'નવજીવન'નો સંદેશો ન મળે ત્યાં સુધી અમારું કાર્ય બરાબર થાય છે એમ અમને જણાય જ નહીં.

એવા ઘણા માણસો છે કે જેઓ, વાંચતાં આવડે છે છતાં, દેશમાં શી શી પ્રવૃત્તિ ચાલે છે તે જાણવાને ઉત્સુક નથી, વર્તમાનપત્રો વાંચવા ઇચ્છતા નથી અને જો વાંચે છે તો જે વાંચવામાં જરાયે તસ્દી ન પડે એવું વાંચે છે. આ વર્ગને 'નવજીવન'નો સંદેશો અમારા ઉત્સાહી વાચકો પહોંચાડી શકે છે.

તેવાઓએ ‘નવજીવન’ મંડળી કહાડવી. તેનો માત્ર એક ટૂંકો હેતુ રાખવો. તે મંડળી અમુક વખતે, અમુક જગાએ મળે, ‘નવજીવન’ વાંચી જાય, અને તેની ઉપર ચર્ચા કરે. આ કાર્ય ઘણું સહેલું છે, પણ એમાંથી પરિણામો ઘણાં ભારે નિપજાવી શકાય છે. શુદ્ધ વિચારો, શુદ્ધ કાર્યો, શુદ્ધ ભાવોની અસર પ્રજાની ઉપર ઘણી ઊંડી પડે છે.

[‘નવજીવન’ અઠવાડિક: ૧૯૧૯]

## કાટલાં

જગતની બધી ટીકાને સોનાનાં કાટલાંથી ન તોળીએ, પણ લોખંડ કે પથરા જોખવાનાં કાટલાં વાપરીએ. તેમાં મણ-અધમણનો તો હિસાબ સરખો યે ન હોય.

[‘આશ્રમનો પ્રાણ’ પુસ્તક]

## બાળકો પાસે મૂકવા લાયક

હમણાં મેં મૈથિલીશરણ ગુપ્તનું [નાટક] ‘અનઘ’ વાંચ્યું, એ બહુ સારું છે અને બાળકો પાસે મૂકવા લાયક છે. તેની હિંદી સરળ અને અત્યંત મીઠી છે, ભાવ ઉત્તમ છે.

[યરવડા જેલમાંથી લખેલા પત્રમાં]

## દીક્ષા સમાન

આશ્રમમાં મારા હાથ, પગ, આંખો બધું મગનલાલ જ હતા. દુનિયાને ક્યાં ખબર છે કે મારું કહેવાતું મહાત્માપણું પવિત્ર, બાહોશ અને એકનિષ્ઠ એવા સાથીઓના મૂક વૈતરાને જ આભારી છે? અને

આવા સાથીઓમાં મારે મન સૌથી શ્રેષ્ઠ, પવિત્ર અને ઉત્કૃષ્ટ તે મગનલાલ હતા.

જેને મારા સર્વસ્વના વારસ તરીકે મેં ચૂંટી કાઢ્યો હતો, તે ચાલ્યો ગયો. મારામાં ઈશ્વર ઉપર જીવતી શ્રદ્ધા ન હોત તો પોતાના પુત્ર કરતાંયે વધારે વહાલો, જેણે મને કોઈ કાળે દગો દીધો નહોતો, જે ઉદ્યોગની મૂતિર્ હતો, વિશ્વાસુ કૂતરાની પેઠે જેણે આશ્રમની આથિર્ક અને આધ્યાત્મિક ચોકીદારી કરી, તેને ખોઈ બેઠા પછી હું તો ગાંડો થઈને બરાડા પાડતો હોત. એનું જીવન મારે માટે દીક્ષા સમાન છે.

['આશ્રમનો પ્રાણ' પુસ્તક]

## કરજદાર છીએ!

ન બોલે તેને બોલાવજો, જે ન આવે તેને ઘેર જજો, જે રિસાય તેને રીઝવજો;

ને બધું તેમના ભલાને સારુ નહિ,
પણ તમારા ભલાને સારુ કરજો!
જગત લેણદાર છે,
આપણે તેના કરજદાર છીએ.

## કીમતી ભેટસોગાદો

લડાઈના કામમાંથી છૂટા થયા પછી મને લાગ્યું કે હવે મારું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે. મિત્રવર્ગની ખેંચ દેશ આવવા તરફ ચાલુ હતી. મને પણ ભાસ્યું કે દેશ જવાથી મારો ઉપયોગ વધારે થઈ શકશે. મેં સાથીઓ આગળ મુક્ત થવાની માંગણી કરી. ઘણી મુસીબતે એ માગણીનો શરતી સ્વીકાર થયો. શરત એ હતી

કે, એક વર્ષની અંદર જો કોમને મારી જરૂર જણાય તો મારે પાછું દક્ષિણ આફ્રિકા જવું.

ઠેકઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઈ, અને દરેક ઠેકાણેથી કીમતી ભેટો આવી. ભેટોમાં સોનાચાંદીની વસ્તુઓ તો હતી જ, પણ તેમાં હીરાની વસ્તુઓ પણ હતી. આ બધી વસ્તુઓનો સ્વીકાર કરવાનો મને શો અધિકાર હોય? એનો સ્વીકાર કરું તો કોમની સેવા હું પૈસા લઈને નહોતો કરતો એમ મારા મનને કેમ મનાવું? આ ભેટોમાં, થોડી અસીલોની બાદ કરતાં બાકીની બધી કેવળ મારી જાહેર સેવાને અંગે જ હતી. વળી મારે મન તો અસીલો અને બીજા સાથીઓ વચ્ચે કશો ભેદ નહોતો. મુખ્ય અસીલો બધા જાહેર કામમાં મદદ દેનારા હતા.

આ ભેટોમાં એક પચાસ ગીનીનો હાર કસ્તૂરબાઈને સારુ હતો. પણ એને મળેલી વસ્તુ પણ મારી સેવા અંગે હતી, એટલે તેને નોખી તારવી ના શકાય.

જે સાંજે આમાંની મુખ્ય ભેટો મળી હતી તે રાત્રિ મેં બાવરાની જેમ જાગીને ગાળી. મારા ઓરડામાં આંટા માર્યા કર્યા. પણ કંઈ ગૂંચ ઊકલે નહીં. સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું. રાખવી એ વધારે ભારે લાગતું હતું.

હું કદાચ ભેટો જીરવી શકું, પણ મારાં બાળકોનું શું? સ્ત્રીનું શું? તેમને શિક્ષણ તો સેવાનું મળતું હતું. સેવાનું દામ લેવાય નહીં, સેવાનું ફળ સેવામાં જ છે, એમ હંમેશાં સમજાવવામાં આવતું હતું.

ઘરમાં કીમતી દાગીના વગેરે હું નહોતો રાખતો. સાદાઈ વધતી જતી હતી. આવી સ્થિતિમાં સોનાની ઘડિયાળો કોણે વાપરવી? સોનાના અછોડા ને હીરાની વીંટીઓ કોણે પહેરવાં? ઘરેણાંગાંઠાંનો મોહ તજવા ત્યારે પણ હું બીજાઓને કહેતો. હવે આ દાગીના ને ઝવેરાતનું મારે શું કરવું?

મારાથી આ વસ્તુઓ ન જ રખાય, એવા નિર્ણય ઉપર હું આવ્યો. પારસી રુસ્તમજી ઇત્યાદિને આ દાગીનાઓના ટ્રસ્ટી નીમી તેમના પર

લખવાનો કાગળ ઘડ્યો, ને સવારમાં સ્ત્રીપુત્રાદિની સાથે મસલત કરી મારો ભાર હળવો કર્યો.

ધર્મપત્નીને સમજાવવાનું મુશ્કેલ પડશે એ હું જાણતો હતો. બાળકોને સમજાવવામાં મુદ્દલ મુશ્કેલી નહીં આવે એવી મને ખાતરી હતી. તેમને વકીલ નીમવાનો વિચાર કર્યો.

બાળકો તો તુરત સમજ્યાં. “અમારે એ દાગીનાઓનું કામ નથી. આપણે તે બધું પાછું જ આપવું. ને કદાચ આપણને એવી વસ્તુ જોઈતી હશે તો આપણે પોતે ક્યાં નથી લઈ શકતાં?” આમ તેઓ બોલ્યાં.

હું રાજી થયો. “ત્યારે તમે બાને સમજાવશો ને?” મેં પૂછ્યું.

“જરૂર, જરૂર. એ અમારું કામ. એને ક્યાં દાગીના પહેરવા છે? એ તો અમારે સારુ રાખવા ઇચ્છે. અમારે એ ન જોઈએ પછી એ શાની હઠ કરે?”

પણ કામ ધાર્યા કરતાં વસમું નીવડ્યું.

“તમારે ભલે ખપ ન હોય, તમારા છોકરાઓને ભલે ન હોય. બાળકોને જેમ ચડાવો તેમ ચડે. ભલે મને પહેરવા ન દો, પણ મારી વહુઓનું શું? એમને તો ખપ આવશે? અને કોણ જાણે છે કે કાલે શું થશે? એટલા હેતથી આપેલી વસ્તુઓ પાછી ન દેવાય.”

આમ વાગ્ધારા ચાલી ને તેની સાથે અશ્રુધારા મળી. બાળકો મક્કમ રહ્યાં, મારે ડગવાપણું નહોતું.

મેં હળવેથી કહ્યું: “છોકરાઓ પરણે તો ખરા. આપણે ક્યાં બાળવયે પરણાવવા છે? મોટા થાય ત્યારે તો તે પોતે જ ભલે કરવું હોય તે કરે. અને આપણે ક્યાં ઘરેણાંની શોખીન વહુઓ ગોતવી છે? છતાં કંઈ કરાવવું જ પડે તો હું ક્યાં નથી બેઠો? મને કહેજે.”

“જાણ્યા તમને! મારાં ઘરેણાં પણ લઈ લીધાં એ જ તમે ના? મને સુખેથી નથી પહેરવા દીધું, એ તમે મારી વહુઓને સારુ શું લેવાના હતા? છોકરાઓને આજથી વેરાગી બનાવી રહ્યા છો! એ દાગીના નહીં પાછા અપાય. અને મારા હાર ઉપર તમારો શો હક?”

"પણ એ હાર તારી સેવાને ખાતર કે મારી સેવાને ખાતર મળ્યો છે?" મેં પૂછ્યું.

"ભલે ને. તમારી સેવા એટલે મારી પણ થઈ. મારી પાસે રાતદહાડો મજૂરી કરાવી, એ સેવામાં નહીં ગણાતું હોય? રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યા ને ચાકરી કરાવી, તેનું શું?"

આ બધાં બાણ અણિયાળાં હતાં. એમાંનાં કેટલાંક વાગતાં હતાં. પણ ઘરેણાં તો મારે પાછાં આપવાં જ હતાં. હું જેમતેમ કરીને એની સંમતિ લઈ શક્યો. ૧૮૯૬માં મળેલી અને ૧૯૦૧માં મળેલી ભેટો પાછી આપી. તેનું ટ્રસ્ટ બન્યું. ને તેનો જાહેર કામને સારુ ઉપયોગ ટ્રસ્ટીઓની ઇચ્છા મુજબ થાય એ શરતે તે બેંકમાં મુકાઈ.

આ પગલાને વિશે મને કદી પશ્ચાત્તાપ થયો નથી. દિવસો જતાં કસ્તૂરબાને પણ તેની યોગ્યતા જણાઈ ગઈ. અમે ઘણી લાલચોમાંથી ઊગર્યાં છીએ.

જાહેર સેવકને અંગત ભેટો ન હોય એવા અભિપ્રાય ઉપર હું આવેલો છું.

['સંક્ષિપ્ત' આત્મકથા'ની નવી આવૃત્તિ: ૨૦૦૬]

# પત્નીની દૃઢતા

કસ્તૂરબાઈ ઉપર ત્રણ ઘાતો ગઈ અને ત્રણેમાંથી તે કેવળ ઘરઘરાઉ ઉપચારોથી બચી ગઈ. તેમાંનો પહેલો પ્રસંગ બન્યો ત્યારે સત્યાગ્રહનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તેને વારંવાર રક્તસ્રાવ (લોહીવા) થયા કરતો. એક દાક્તર મિત્રે શસ્ત્રક્રિયા કરવાની ભલામણ કરી હતી. કેટલીક આનાકાની બાદ પત્નીએ શસ્ત્રક્રિયા કરાવવા હા પાડી. શરીર તો ઘણું ક્ષીણ થઈ ગયું હતું. દાક્તરે ક્લોરોફૉર્મ વિના શસ્ત્રક્રિયા કરી. ક્રિયા વખતે દરદ ખૂબ થતું હતું, પણ ક્રિયા નિર્વિઘ્ને પૂરી થઈ. જે ધીરજથી કસ્તૂરબાઈએ તે સહન કર્યું તેથી હું તો આશ્ચર્યચકિત થયો.

દાક્તરે અને તેમનાં પત્નીએ કસ્તૂરબાઈની સરસ બરદાસ કરી. આ બનાવ ડરબનમાં બન્યો હતો. બે કે ત્રણ દિવસ પછી દાક્તરે મને નિશ્ચિંતપણે જોહાનિસબર્ગ જવાની રજા આપી.

થોડા જ દિવસમાં ખબર મળ્યા કે, કસ્તૂરબાઈનું શરીર મુદ્દલ વળતું નથી, ને તે પથારીએથી ઊઠીબેસી શકતી નથી. એક વાર બેહોશ પણ થઈ ગઈ હતી. દાક્તર જાણતા હતા કે મને પૂછ્યા વગર કસ્તૂરબાઈને દારૂ અથવા માંસ દવામાં કે ખાવામાં ન અપાય. તેથી દાક્તરે મને જોહાનિસબર્ગ ફોન કરી કસ્તૂરબાઈને 'બીફ ટી' આપવાની રજા માગી. મેં જવાબ આપ્યો કે મારાથી એ રજા નહીં અપાય. પણ કસ્તૂરબાઈ સ્વતંત્ર છે. તેને પૂછવા જેવી સ્થિતિ હોય તો પૂછો અને તે લેવા માગે તો આપો. "દરદીને આવી બાબતો પૂછવાની હું ના પાડું છું. તમારે પોતે અહીં આવવાની જરૂર છે. જો મને ગમે તે ખવડાવવાની છૂટ ન આપો તો તમારી સ્ત્રીને સારુ હું જોખમદાર નથી." દાક્તરે કહ્યું.

મેં તે જ દહાડે ડરબનની ટ્રેન લીધી. દાક્તરને મળ્યો. દાક્તરે સમાચાર આપ્યા, "મેં તો સેરવો પાઈને તમને ટેલિફોન કર્યો હતો!"

"દાક્તર, આને હું દગો માનું છું." મેં કહ્યું.

"દવા કરતી વખતે દગોબગો હું સમજતો નથી. આવે સમયે દરદીને કે તેના સંબંધીઓને છેતરવામાં પુણ્ય માનીએ છીએ. અમારો ધર્મ તો ગમે તેમ કરીને દરદીને બચાવવાનો છે!" દાક્તરે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો.

મને ખૂબ દુઃખ થયું, પણ હું શાંત રહ્યો. દાક્તર મિત્ર હતા, ભલા હતા. તેમનો અને તેમનાં પત્નીનો મારા ઉપર ઉપકાર હતો. પણ ઉપલી વર્તણૂક સહન કરવા હું તૈયાર નહોતો.

"દાક્તર, હવે ચોખવટ કરો. શું કરવા માગો છો? મારી પત્નીને હું કદી તેની ઇચ્છા વિના માંસ દેવા નહીં દઉં. તે ન લેતાં તેનું મૃત્યુ થવાનું હોય તો તે સહન કરવા તૈયાર છું."

દાક્તર બોલ્યા, "તમારી ફિલસૂફી મારે ઘેર તો નહીં જ ચાલે.

હું તમને કહું છું કે તમારી પત્નીને મારે ઘેર રહેવા દેશો ત્યાં લગી હું તેને જરૂર માંસ અથવા જે કંઈ આપવું ઘટશે તે આપીશ. જો એમ ન કરવું હોય તો તમે તમારી પત્નીને લઈ જાઓ. મારા જ ઘરમાં હાથે કરીને હું તેનું મરણ થવા નહીં દઉં."

"ત્યારે શું તમે એમ કહો છો કે મારે મારી પત્નીને હમણાં જ લઈ જવી?"

"હું ક્યાં કહું છું કે લઈ જાઓ? હું તો કહું છું કે મારા ઉપર કશા પ્રકારના અંકુશ ન મૂકો. તો અમે બંને તેની જેટલી થઈ શકે એટલી બરદાસ કરશું ને તમે સુખેથી જાઓ. જો આવી સીધી વાત તમે ન સમજી શકો તો મારે લાચારીથી કહેવું જોઈએ કે તમારી પત્નીને મારા ઘરમાંથી લઈ જાઓ."

હું ધારું છું કે તે વેળા મારો દીકરો મારી સાથે હતો. તેણે કહ્યું કે, તમે કહો છો એ મને કબૂલ છે; બાને માંસ તો ન જ અપાય. પછી હું કસ્તૂરબાઈ પાસે ગયો. તે બહુ અશક્ત હતી. તેને કંઈ પણ પૂછવું મને દુઃખદેણ હતું. પણ ધર્મ સમજી મેં તેને ટૂંકામાં ઉપરની વાત કહી સંભળાવી. તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો: "મારે માંસનો સેરવો નથી લેવો. મનખા દેહ વારે વારે નથી આવતો. ભલે તમારા ખોળામાં હું મરી જાઉં, પણ મારાથી આ દેહ વટલાવાશે નહીં."

મેં સમજાવાય તેટલું સમજાવ્યું ને કહ્યું કે, તું મારા વિચારોને અનુસરવા બંધાયેલી નથી. અમારી જાણના કેટલાક હિંદુઓ દવાને અર્થે માંસ અને મધ લેતા તે પણ કહી સંભળાવ્યું. પણ તે એક ટળી બે ન થઈ અને બોલી: "મને અહીંથી લઈ જાઓ."

હું બહુ રાજી થયો. લઈ જતાં ગભરાટ થયો. દાક્તરને પત્નીનો નિશ્ચય સંભળાવ્યો. દાક્તર ગુસ્સે થઈ બોલ્યા: "તમે તો ઘાતકી પતિ દેખાઓ છો. આવી માંદગીમાં તેને બિચારીને આવી વાત કરતાં તમને શરમ પણ ન થઈ? હું તમને કહું છું કે તમારી સ્ત્રી અહીંથી લઈ જવા લાયક નથી. જરા પણ હડદોલો સહન કરે એવું તેનું શરીર

નથી. તેનો પ્રાણ રસ્તામાં જ જાય તો મને આશ્ચર્ય નહીં થાય. છતાં તમે હઠથી નહીં માનો તો તમે તમારા મુખી છો. મારાથી તેને સેરવો ન અપાય તો મારા ઘરમાં એક રાત રાખવાનું પણ જોખમ હું નહીં લઉં.”

આથી અમે તરત નીકળવાનું નક્કી કર્યું. ઝરમર ઝરમર મેહ વરસતો હતો. સ્ટેશન દૂર હતું. ડરબનથી ફિનિક્સ રેલરસ્તો ને ફિનિક્સથી અઢી માઈલ પગરસ્તો હતો. જોખમ સારી પેઠે હતું. પણ ઈશ્વર સહાય થશે એમ મેં માની લીધું. મેં એક માણસ ફિનિક્સ અગાઉથી મોકલ્યો. ફિનિક્સમાં આરી પાસે ‘હૅમક’ હતું. હૅમક તે જાળીવાળા કપડાની ઝોળી અથવા પારણું. એ હૅમક, એક બાટલી ગરમ દૂધની ને એક બાટલી ગરમ પાણીની તથા કસ્તૂરબાઈને હૅમકમાં ઊંચકી જવા માટે છ માણસો લઈને ફિનિક્સ સ્ટેશન ઉપર આવવા વેસ્ટને કહેવડાવ્યું. ટ્રેન ઊપડવાનો સમય થયો ત્યારે મેં રિક્ષા મંગાવી. ને તેમાં આ ભયંકર સ્થિતિમાં પત્નીને લઈ હું ચાલતો થયો.

પત્નીને મારે હિંમત આપવાપણું નહોતું. ઊલટું તેણે મને હિંમત આપીને કહ્યું, “મને કંઈ નહીં થાય. તમે ચિંતા ન કરજો.”

આ હાડપિંજરમાં વજન તો રહ્યું જ નહોતું. ખોરાક કંઈ ખવાતો નહોતો. ટ્રેનમાં ડબ્બા સુધી પહોંચતાં સ્ટેશનના વિશાળ પ્લૅટફૉર્મ ઉપર લાંબે સુધી ચાલીને જવાનું હતું. ત્યાં રિક્ષા જઈ શકે એમ નહોતું. હું તેને તેડીને ડબ્બા લગી લઈ ગયો. ફિનિક્સથી અમે દરદીને ઝોળીમાં લઈ ગયા. ત્યાં કેવળ પાણીના ઉપચારથી ધીમે ધીમે શરીર બંધાયું.

[‘સંક્ષિપ્ત આત્મકથા’ની નવી આવૃત્તિ: ૨૦૦૬]

# મોન્તા કેઇન

## ત્રણ રસ્તા

કોઈ પણ કામ કરવાના ત્રાણ રસ્તા છેઃ કાં તો એ જાતે કરવું, કાં તો પૈસા આપીને કોઈની પાસે કરાવવું, અથવા એ કરવાની મનાઈ પોતાનાં બાળકોને ફરમાવવી.

# મોરારજી દેસાઈ

## —તો ક્યાંક ખામી છે

સત્યનો આગ્રહ હતો પ્રથમથી જ. કોઈનો ડર ન રાખવો જોઈએ, એવી પણ માન્યતા. એટલે જે સાચું લાગે તે કહું, સાચું જ કહું. એમ પણ માનું કે સામો માણસ કંઈક ખોટો હોય છે એટલે સત્ય સહન કરી શકતો નથી, અને મારામાં તેને કટુતા દેખાય છે. પછી અનુભવ ને આત્મનિરીક્ષણને અંતે મને એવી ખાતરી થઈ કે સત્ય જો મૃદુતાથી રજૂ ન કરી શકાય અને સાંભળનારના ચિત્ત ઉપર જો તેનો ધક્કો લાગે, તો આપણામાં જ કાંઈક ખામી છે. ઊંડા ઊતરતાં મને એમ પણ લાગ્યું કે સત્ય જો નિર્વિકાર ભાવે રજૂ કર્યું હોય તો, સાંભળનાર તે પ્રમાણે વર્તે કે ન વર્તે, આપણી સચ્ચાઈ વિશે તો તેને શંકા ન રહે અને તેમાં કઠોરતાનો અનુભવ ન થાય. ઘણી વાર માણસ ભયથી ખોટું બોલે છે અને તેને કારણે જ સત્યથી ભડકે છે. તો, સામા માણસને આપણો ભય ન લાગવો જોઈએ. તે અમુક વાત કરશે કે અમુક રીતે વર્તશે, તો આપણે નારાજ થઈશું ને તેને જોઈતો લાભ નહીં મળે, એવું તેને થવું ન જોઈએ. આપણે બીજાથી ભય ન પામીએ, તેમ બીજાઓ આપણાથી ભય ન પામે, એવી સ્થિતિએ પહોંચવાનો પ્રયત્ન હોવો જોઈએ.

સત્યને પ્રિય થવાની જરૂર નથી, એ માન્યતા બદલાઈ ગઈ છે. સત્ય જો પ્રિય ન થાય તો ક્યાંક ખામી રહેલી છે, એમ સમજી આત્મનિરીક્ષણ કરવું જોઈએ. હું જાગૃત રીતે પ્રયત્ન કરું છું; હજુ ઘણો પંથ કાપવાનો બાકી છે.

['કૉંગ્રેસ પત્રિકા' માસિક: ૧૯૬૦]

# મોહન પરીખ

## કોઈ બેસતું કેમ નથી?

જાપાનની શહેર-પરાંની લોકલ ટ્રેનોમાં ભીડ તો આપણે ત્યાં થાય છે એના જેવી જ; પણ લોકો ઘણા તાલીમબદ્ધ. ગાડી આવે ત્યારે તેમાં ચડનારા હારબંધ ઊભા હોય પ્લૅટફૉર્મ પર. ઊતરનારા ઊતરી જાય પછી નવા મુસાફર ચડે, દરવાજો બંધ થાય પછી જ ગાડી ઊપડી શકે, એવી યાંત્રિક ગોઠવણી.

સાકાઈથી ઓસાકા જવા હું લોકલમાં ચડયો. ડબ્બામાં છત પરથી લટકતાં કડાં પકડીને ૨૫-૩૦ જણ ઊભા હતા. એક બેઠક ખાલી પડેલી હતી. “કોઈ કેમ બેસતું નથી?” મેં સાથેના મિત્રને પૂછ્યું. તેમણે સમજાવ્યું કે, “જેટલા ઊભા છે તે સૌને બેસવું તો છે; પણ ખાલી બેઠક એક જ છે તેથી બધા એમ વિચાર કરે છે કે, બેઠક મને નહીં—કોઈ બીજાને મળવી જોઈએ. માટે સૌ ઊભા છે.”

બીજાને સગવડ પહેલી મળવી જોઈએ, એ ભાવના માત્ર રેલગાડીમાં જ નહીં પણ જીવનના બીજા ઘણા વ્યવહારોમાં જાપાની લોકોમાં મેં જોઈ.

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# મોહન મઢીકર

## શેરી

*ફળિયેફળિયે ફરતી શેરી,*
*મોય-દંડિયો રમતી શેરી...*

*કોક કુંવારી પાનિયું અડતાં,*
*સ્મિતનાં ફૂલો વેરતી શેરી.*

*ગામને છેડે નાનકી દેરી,*
*રોજ નાહીને પૂજતી શેરી...*

*એક દી અવસર આંગણે ઊભો,*
*ઢોલ ઢબૂકતા તૂટતી શેરી.*

*તણાઈ ચાલી વેલ્યમાં શેરી,*
*હીબકે હીબકે ખૂટતી શેરી.*

*અવ ઝાંપામાં ઝૂકવી આંખો,*
*પગલાં પ્યારાં સૂઘંતી શેરી.*

['કોડિયું' માસિક: ૧૯૭૭]

## તડકાનું ગીત

*તડકો તો ફોરમતું ફૂલ*
*મારા વ્હાલમા! તડકો તો ચાંદાનું મૂલ.*

*તડકો તો સૂરજનું સ્મિત*
*મારા વ્હાલમા! તડકો ગગનનું ગીત.*

તડકો તો આભલાની આંખ
મારા વ્હાલમા! તડકો તો વાદળીની પાંખ.

તડકો તો વ્યોમ કેરી વાણી
મારા વ્હાલમા! તડકો તો અનંત કેરી કહાણી.

તડકો તો તારલાની મ્હેક
મારા વ્હાલમા! તડકો તો તેજ કેરી ગ્હેક.

તડકો તો લીલોછમ મોલ
મારા વ્હાલમા! તડકો તો ઢબકંતો ઢોલ.

તડકો તો દહાડાનો દેહ
મારા વ્હાલમા! તડકો મુશળધાર મેહ.

તડકો તો નદીયુંનું નીર
મારા વ્હાલમા! તડકો તો જંગલનું ચીર.

તડકો તો અંધારું ખાય
મારા વ્હાલમા! તડકો તો મૃગજળમાં ન્હાય.

તડકો તો તૂટેલું તરણું
મારા વ્હાલમા! તડકો તો રૂમઝૂમતું ઝરણું.

તડકો તો સાંજ ને સવાર
મારા વ્હાલમા! તડકો તો પતઝડ ને બહાર.

તડકો ન કોઈ દિયે ચેહ
મારા વ્હાલમા! તડકો જો પરખો તો નેહ.

તડકો ન આજ અને કાલ
મારા વ્હાલમા! તડકો તો વણથંભી ચાલ.

તડકો ન તારો-ન મારો
મારા વ્હાલમા! તડકો તો આપણો સહારો.

*તડકો તો આપણો આ શ્વાસ*
*મારા વ્હાલમા! તડકો તો જીવતરની આશ.*

['વટવૃક્ષ' માસિક : ૧૯૭૩]

# મોહન રાકેશ

## “ક્યા આપકા હાફિજા દુરુસ્ત હૈ?”

મારા પાડોશીઓની મારા પર એવી કૃપા છે કે મોડી રાતે સૂતાં સુધી અને સવારે ઊઠતાંવેંત ગીત-ભજનોથી માંડીને ગઝલો સુધીના સંગીત-પ્રકારો તથા સાથે સાથે ચા, તેલ અને માથાના દુ:ખાવાની ટીકડીઓની જાહેરાતો મને સાંભળવા મળે છે. હવે તો આ જાહેરાતોનું મને એવું વ્યસન થઈ ગયું છે કે બીજે ક્યાંય પણ ગાલિબની ગઝલ, સૂરદાસનું ભજન કે એવું કોઈ મધુર ગીત સાંભળું છું કે તરત જ એની મેળે મારા મસ્તકમાં શબ્દો ગૂંજવા માંડે છે: “ક્યા આપકે સિરમેં દર્દ રહેતા હૈ? સિરદર્દસે છુટકારા પાઈયે! એક ગોલી લીજિયે—સિરદર્દ ગાયબ!”

પરિણામ એ આવ્યું છે કે હવે મારે માટે એકેય ગઝલ, ગઝલ નથી રહી; કોઈ ગીત, ગીત નથી રહ્યું; ગીત, ગઝલ કે ભજન એ કોઈ ને કોઈ ચીજની જાહેરાતના રૂપમાં જ રહી ગયાં છે. પહેલાં બહુ જ મીઠી હલકમાં ‘રહના નહીં દેશ બિરાના હૈ’ની મધુર લય આવે, અને પછી તરત જ—“ક્યા આપકે શરીરમેં ખુજલી હોતી હૈ? ખુજલીકા નાશ કરને કે લિએ એક હી રામબાણ ઓષધિ હૈ...!”નો અવાજ ન સંભળાય તો કબીરના એ ભજનમાં મને કાંઈક ખૂટતું લાગે છે.

અને ગીતો કે ગઝલોથી જ વાત અટકતી નથી. મને લાગે છે કે મારી ચારે બાજુ દરેક ચીજનું એક નવું જ મૂલ્ય હવે અંકાવા માંડ્યું છે, જે એના આજ સુધીના મૂલ્યથી સાવ જુદું છે. આથી તમામ ચીજોનું સ્વરૂપ જ મારે મન તો બદલાવા લાગ્યું છે. એવી એકેય ચીજ આજે મળવી મુશ્કેલ છે, જે એક નહીં તો બીજી રીતે પણ, બીજી એકાદ ચીજની જાહેરાત ન હોય! અજંતાનાં ચિત્રો અને ઇલોરાની મૂર્તિઓ પહેલાંના જમાનામાં કદાચ અનુપમ કલાનાં ઉદાહરણો ગણાતાં હશે, પણ આજે તો એ કલાને એક નવી સાર્થકતા મળી છે. ત્યાંની મૂર્તિઓનું

કેશસૌંદર્ય આજે મને અચૂકપણે એક મશહૂર બનાવટના તેલની શીશીનું સ્મરણ કરાવે છે, એમની આંખો મને એક નામચીન ફાર્મસીની જાહેરાત સમી જ ભાસે છે, અને એની આખી દેહછટા તો મને એક તાલેવાન પેટ્રોલ-કંપનીની કલાભિરુચિની સાબિતી આપતી લાગે છે.

દેશને ખૂણેખાંચરે જેટલાં મંદિરો આવેલાં છે, જેટલાં જૂનાં કિલ્લા-ખંડેરો ને સ્તંભ-સ્મારકો ઊભેલાં છે, એ બધાં છે એટલા માટે જ કે એથી લોકોની મુસાફરી કરવાની રુચિ જાગ્રત થાય, ‘ટુરિસ્ટ ટ્રેડ’ને પ્રોત્સાહન મળે, અને વિદેશોથી આવી આવીને પ્રવાસી લોકો એમની તસવીરો ખેંચે ને પોતપોતાની પ્રિયતમાઓને મોકલતા રહે! મીનાક્ષી કે રામેશ્વરમ્નાં મંદિર-શિખરો અને ખજુરાહોના કલા-ખંડો એક ખાસ જાતની સિમેંટની મજબૂતીને વ્યક્ત કરવાનાં પ્રતીક તરીકે ઉપયોગી નથી તો શેને માટે છે? કાશ્મીરની મનોહર પર્વતીય શોભા, ત્યાંની નવયુવતીઓનું ભાવસૌંદર્ય અને ત્યાંના કારીગરોની રાતદિવસની મહેનત—એ બધાં એ વાતની જાહેરાત કરવાનાં જ સાધન છે કે સીલબંધ ડબાઓમાં મળે છે તે સફેદ રંગનું ચોક્કસ મધ જ બધી જાતનાં મધોમાં ઉત્તમ છે! તો પ્રશાંત સાગરમાં ફેંકાનારા અણુ-બૉંબ આપણને એ વાતની ચેતવણી આપે છે કે જ્યાં સુધી આપણે અમુક વીમા કંપનીની પૉલિસી નહીં લઈ લઈએ ત્યાં સુધી આપણું ભવિષ્ય સુરક્ષિત નથી. અને ભારત તથા પાકિસ્તાન વચ્ચે કશ્મીર માટેનો ઝઘડો તો ખસૂસ એટલા માટે થઈ રહ્યો છે કે કાશ્મીરી સફરજનોનો મુરબ્બો બહુ સારો થાય છે—જે ફક્ત એક જ વિખ્યાત કંપની તૈયાર કરે છે...!

વિધાતાએ આટલી ઝીણવટથી આ દુનિયા બનાવી છે અને મનુષ્યે વિજ્ઞાનની મદદથી જે ઉપગ્રહો ઉડાડ્યા છે, તે ફક્ત એટલા ખાતર જ કે જાહેરાત માટે યોગ્ય ભૂમિ તૈયાર થઈ શકે. ઉત્તરથી દક્ષિણ ધ્રુવ સુધી કોઈ ખૂણો એવો નહીં બચ્યો હોય કે જેનો કોઈ ને કોઈ ચીજની જાહેરાત માટે ઉપયોગ ન કરવામાં આવ્યો હોય. દરેક વસ્તુ, દરેક જગ્યા પોતાના સિવાયની હરકોઈ બીજી ચીજ કે જગ્યા માટે જાહેરાતનું સાધન બની શકે તેમ છે. એક કાપડની મિલની જાહેરાતમાં

ઘઉંનાં ડૂંડાં આવે છે, જેથી એમ સમજવાનું છે કે નવા પાકના મળેલ પૈસાનો એક માત્ર ઉપયોગ છે—આ મિલનું કાપડ ખરીદવું તે. તો વળી ખુદ કાપડની મિલનો ઉપયોગ ડબલરોટીની બેકરીની જાહેરાત કરવામાં થાય છે, જેનો અર્થ એ કરવાનો કે મિલમાં કામ કરનારા એ ડબલરોટી ખાય પછી જ કામ પર જઈ શકે છે. અને આ બેકરીનો ઉપયોગ પાછો વોટરપ્રૂફ જોડાની જાહેરાતમાં થાય છે, કારણ કે જ્યાં સુધી વોટરપ્રૂફ જોડા નથી હોતા ત્યાં સુધી વરસતા વરસાદમાં માણસ ડબલરોટી જેવી મામૂલી ચીજ પણ નથી મેળવી શકતો. આમ કેટલીયે ચીજો એકબીજીની જાહેરાતના ખપમાં આવે તેમ છે. અત્તરની શીશીની જાહેરાતમાં ફૂલ ખપમાં આવે, તો ફૂલોની જાહેરખબર કરવામાં ખુશબોદાર સેન્ટની શીશી કામ લાગે. છાપું લેખકની જાહેરાત કરે, અને લેખક છાપાની જાહેરાત કરે.

ટૂંકમાં, વાત આટલી જ છે કે ગમે ત્યાં જઈએ, ગમે ત્યાં રહીએ, પણ આ જાહેરાતોની પકડમાંથી બચી શકાવાનું નથી. ઘર બંધ કરીને બેસી જઈએ તો જાળિયામાંથી આ જાહેરાતો તરતી તરતી આવે છે: “ક્યા આજ આપને દાંત સાફ કિયે હૈં? સબેરે ઊઠતે હી સબસે પહલે ‘ક્લોરોફિલ’ વાલે ટુથપેસ્ટસે દાંત સાફ કીજિયે. યાદ રખિયે, અપને દાંતોંકો રોગોંસે બચાને કે લિએ યહી એક સાધન હૈ!” ઘેરથી બહાર નીકળીએ તો દરેક ચોરેચૌટે, સડકને થાંભલે થાંભલે જાહેરાતો—‘ખતરેસે સાવધાન... ધોખેસે બચિયે...ઈસકે પઢનેસે બહુતોંકા ભલા હોગા’ વગેરે જોવા મળશે. છાપું હાથમાં લ્યો કે જાહેરાત જ પહેલાં વાંચવા મળે છે! બસમાં બેસો ત્યાં પણ સામે જાહેરાતનાં પાટિયાં!—‘ક્યા આપકા દિલ કમજોર હૈ? ક્યા આપકા જિસ્મ ટૂટતા રહતા હૈ? ક્યા આપકે સિરકે બાલ ઝડતે રહતે હૈં? ક્યા આપકે ઘરમેં ઝઘડા રહતા હૈ?’—જાણે આપણી વ્યક્તિગત જિંદગી યે આપણી પોતાની ન હોય, જીવન જીવવામાં યે જાણે આપણે આ જાહેરાત-દાતાઓની શિખામણ મુજબ ચાલવાનું હોય!

જાહેરખબરની કળા જે ઝડપથી ઉન્નતિ કરી રહી છે તે જોતાં મને

ભવિષ્ય માટે ભારે ચિંતા થાય છે. મને લાગે છે કે હવે એવો જમાનો આવશે જ્યારે કેળવણી, વિજ્ઞાન, સંસ્કૃતિ અને સાહિત્ય વગેરેનો માત્ર જાહેરાત માટે જ ઉપયોગ રહેશે. એમ તો જોકે આજે પણ એમનો મોટા ભાગનો ઉપયોગ એ અર્થે જ થાય છે. ઘણીખરી કેળવણી-સંસ્થાઓ અમુક સાંપ્રદાયિક સંસ્થાઓની જાહેરાત માટે જ નથી શું? કેટલાંયે કલાકેન્દ્રો અમુક સ્વનામધન્ય લોકોની દાનવીરતાની જાહેરાત જ નથી શું? આપણી પેઢીના કેટલાયે લેખકોની રચનાઓ કોઈ શેઠિયાના સ્મારક-નિધિમાંથી પ્રકાશિત થઈને એ લાલાજી કે શેઠિયાના સ્વર્ગવાસી આત્માના સ્મારક તરીકેની પોતાની ફરજ અદા કરી રહી નથી? પણ આવનારા યુગમાં તો આ કળા આથી પણ બે ડગલાં વધુ આગળ જશે એમ લાગે છે. દરેક નવી શોધ કરનાર વૈજ્ઞાનિકનો હસતો ચહેરો ટેલિવિઝન-સેટ પર આવીને કંઈક આ મતલબનું નિવેદન કરશે: “મુઝે યહ કહતે હુએ હાર્દિક પ્રસન્નતા હૈ કિ મેરે પ્રયત્નકી સફલતાકા સારા શ્રેય રબડકે ટાયર બનાનેવાલી ઇસ કંપનીકો હૈ. ક્યોં કિ ઉન્હીં કે પ્રોત્સાહન ઔર પ્રેરણાસે મૈંને ઇસ દિશામેં કદમ બઢાયા થા.” વિષ્ણુના મંદિરમાં સંગેમરમરની સુંદર પ્રતિમા નીચે પટ્ટી ચોડી હશે: ‘યાદ રખિયે. ઇસ મૂર્તિ ઔર ઈસ ભવનકે નિર્માણકા શ્રેય લાલ હાથી કે નિશાનવાલે નિર્માતાઓંકો હૈ. વાસ્તુકલા સંબંધી અપની સભી આવશ્યકતાઓંકે લિએ લાલ હાથીકા નિશાન કભી મત ભૂલિયે.’ અને એવી એવી નવલકથાઓ હાથમાં આવ્યા કરશે કે જેના ચામડાના સુંદર પૂંઠાં પર એક બાજુ ઝીણા અક્ષરોમાં છાપ્યું હશે: ‘સાહિત્યમેં અભિરુચિ રખનેવાલોંકો ઇક્કા માર્કાસાબુન બનાનેવાલોંકી એક ઔર તુચ્છ ભેંટ.’

અને વાત વધતાં વધતાં ત્યાં સુધી વધી જશે કે જ્યારે કોઈ નવજુવાન વરરાજા ભારે હરખભેર પરણીને વહુલાડીને ઘેર લાવશે, અને મિલનની પ્રથમ રાત્રીએ પ્રિયતમાનો ઘૂંઘટ હળવેકથી દૂર કરીને એના રૂપની પ્રશંસામાં બે શબ્દ કહેવા જશે... ત્યાં તો દુલ્હન મધુર ભાવથી નજર ઊંચી કરીને હૃદયના લાડ-પ્યારના સઘળા ભાવ શબ્દોમાં પરોવીને કહેશે: “બતાઉં મૈં ઈતની સુંદર ક્યોં દિખાઈ દેતી હું? યહ

ઈસ લિએ કિ મૈં પ્રતિ પ્રાતઃ ઉઠકર નૌસો ઇકાનવે નંબર કે સાબુનસે નહાતી હૂં. કલસે આપ ભી ઘરમેં નૌસો ઇકાનવે નંબરકા સાબુન રખિએ. ઇસકી સુમધુર ગંધ સારા દિન દિમાગકો તાજા રખતી હૈ, ઔર ઇસકે મુલાયમ ઝાગસે ત્વચા બહુત કોમલ રહતી હૈ. ઔર ઇસકી બડી ટિકિયા ખરીદનેસે પૈસેકી ભી કિફાયત હોતી હૈ.”

જાહેરાતના પ્રદર્શન માટેની જગ્યાઓ વિશે વિચાર કરતાં એમ લાગે છે કે હજુ તો અનેક જગ્યા ઉપર એના નિષ્ણાતોની નજર નથી ગઈ. આપણે આગળ જોઈ ગયા તેમ જાહેરાતકળાની દૃષ્ટિએ બધી ચીજવસ્તુઓનો અંદરોઅંદર અન્યોન્યાશ્રયી સંબંધ છે, એટલે કામળાઓ અને શાલો વણતી વખતે જ તેમાં ચા અને કોકોની જાહેરાતો ગૂંથાઈ જવી જોઈએ. અને શેત્રાંજી-ગાલીચાઓ તો રબરનાં સોલવાળાં બૂટ-ચંપલો માટે જાહેરાતનાં આદર્શ સાધનો થઈ પડે એમ છે. બૅંકોની દીવાલો પર લૉટરી અને ‘રેસ’ની જાહેરાતો ચોંટાડી શકાય, અને રેસકોર્સના મેદાન પર બચત-યોજનાની જાહેરાતો રાખી શકાય તેમ છે. રેલવે અને એરોપ્લેનની ટિકિટો પર વીમા કંપનીની જાહેરાત છાપી શકાય.

આ તો આવતી કાલની વાત થઈ. પણ મને તો આજે પણ દરેક જગ્યાએ જાહેરાત ને જાહેરાત જ દેખાય છે—સાચોસાચ ત્યાં જાહેરાત હોય કે ન હોય, આ કમબખત દિમાગને આદત જ એવી પડી ગઈ છે કે દરેક ચહેરા, અવાજ કે નામનો સંબંધ કોઈ ને કોઈ જાહેરાત સાથે એ તરત જોડી દે છે. સવારના પહોરમાં ઊઠીને હું સામેની હોટલના છોકરાને ચા લાવવાનો ઓર્ડર આપું છું તો ચાનું નામ લેતાં જ, જેનો ચહેરો રોજ છાપામાં જોઉં છું એ નીલગિરિની પેલી સુંદરી મને યાદ આવે છે, અને નીલગિરિ નામની સાથે તરત જ ત્યાંની ટેકરીઓ પરનાં કૉફીનાં ઢળતાં ખેતરો યાદ આવી જાય છે. તરત જ એક બુઢ્ઢા રાજપૂતનો ચહેરો મારી આંખો આગળ તરવરે છે અને અચાનક હું બબડી ઊઠું છું: “યહ અચ્છી કાફી ઔર યહ અચ્છા ચહેરા, દોનોં ભારતીય હૈં!”

ખેર, છોકરો બીજી જ મિનિટે હસતો હસતો આવીને મારા હાથમાં

ચાનો પ્યાલો પકડાવી દે છે. એના અધઊઘડ્યા હોઠ વચ્ચેથી દેખાતી સફેદ દંતાવલીને જોઈને મને એમ લાગે છે કે જાણે વિશુદ્ધ ‘ક્લોરોફિલ’ પોતે હસી રહ્યું છે. અમેરિકન ઢબે કહીએ તો એને ‘મિલિયન ડોલર સ્માઇલ’ કહી શકાય અને આ હોટલ-બૉય રોજ આમ છ પૈસાની ચાની પ્યાલીમાં મને દસ લાખ ડોલરનું સ્મિત દઈ જાય છે. મારી તો ઘણી વાર ઇચ્છા થઈ જાય છે કે એ છોકરાને કોઈ ‘ક્લોરોફિલ’ કંપનીને હવાલે જ કરી દઉં, જેથી એના દાંતનું ખરું મૂલ્ય દુનિયા સમક્ષ રજૂ થઈ શકે. અને આમ મારી વિચારમાળા ચાલતી હોય ત્યાં ‘ઇથર’માં તરતો તરતો કોઈ કોકિલકંઠીનો સ્વર મને સંભળાવા માંડે છે: “ક્યા આપકા હાફિજા દુરુસ્ત નહીં હૈ? અપના હાફિજા દુરુસ્ત કરનેકી ઓર આજ હી ધ્યાન દીજિયે...” મને બરાબર ખબર નથી કે મારી પાચનશક્તિ દુરસ્ત છે કે નહીં.

હું કોઈ બાળકને અટ્ટહાસ્ય કરતું જોઉં છું તો મને ‘બેબી મિલ્ક’વાળો લાલ ડબો યાદ આવી જાય છે. કોઈ સુંદર દૃશ્ય જોઉં છું તો ઓગણત્રીસ રૂપિયાવાળો પેલો કૅમેરા મારી આંખ આગળ તરવરવા લાગે છે. લગ્નમંડપ પાસે ઊભો હોઉં છું ત્યારે મને નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટનું સ્મરણ આપોઆપ જ થાય છે. પડખેની શેરીના લાલા ચૌધરી જ્યારે જ્યારે મને મળવા આવે છે ત્યારે ત્યારે ‘વિટામિન બી કોમ્પ્લેક્સ’ની જાહેરાત જ જાણે સ્વદેહે સામે ચાલી આવતી હોય એમ લાગે છે. ઑફિસની નવી ટાઇપિસ્ટ મિસ રોઝનું આખું વ્યક્તિત્વ જ મને સ્કારલેટ રંગની પેલી લિપસ્ટિકની જાહેરાત જેવું લાગે છે. અને સાચું કહું તો, હાલત એટલે સુધી પહોંચી ગઈ છે કે હું પોતે જ્યારે અરીસા સામે ઊભો રહું છું ત્યારે મને લાગે છે કે જાણે ‘લીવર સોલ્ટ’ની જાહેરખબર વાંચી રહ્યો છું!

(અનુ. જયેન્દ્ર ત્રિવેદી)

# મોહનભાઈ પટેલ

## બેભાન અવસ્થામાં પણ...

બાબુભાઈ સાહિત્યના રસિયા. ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ પર અદ્‌ભુત પ્રભુત્વ. સંસ્કૃતમાં ભવભૂતિ અને કાલિદાસ તેમના પ્રિય કવિઓ. ‘રુકમિણી-વિવાહ’ સંસ્કૃતમાં એવું સરસ ગાય ને સમજાવે કે અમે તેમને વારંવાર તેની ફરમાઈશ કરીએ. ગુજરાતી સાહિત્યમાં પણ છેલ્લામાં છેલ્લી કૃતિઓ સુધીનું વાંચન હોય. છેલ્લાં વરસોમાં શરીર ક્ષીણ થઈ ગયેલું, સ્મૃતિભ્રમ પણ થઈ જાય, ત્યારે એમને મળવા ગયેલો. તો કેમ જાણે શું સૂઝ્યું કે સ્વરાજની લડતનાં ગીતો સંભળાવવા માંડ્યા:

*નહીં નમશે રે નહીં નમશે*
*નિશાન ભૂમિ ભારતનું!*

લગભગ બેભાન અવસ્થામાં પણ દેશભક્તિનાં ગીતો એમને યાદ આવતાં. અંધકવિ હંસનું પેલું ગીત તો બહુ સુંદર રીતે ગાયું:

*ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં!*
*ઊતર્યાં કાંઈ આથમણે ઓવારે રે,*
*પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં!*

# મોહનભાઈ શં. પટેલ

## સર્જનકર્મની સખી

મહાકવિ ભવભૂતિ વિરચિત ‘ઉત્તરરામચરિતમ્’નો અનુવાદ ૧૯૫૦માં શ્રી ઉમાશંકર ગુજરાતને આપે છે. અનુવાદ માટેનો એમનો ખંત નોંધપાત્ર છે. ‘ઉત્તરરામચરિત’ અનુવાદ પ્રગટ થયા પછી પણ અનુવાદને મઠારવાની તક એમણે જતી કરી નથી. અનુવાદને તો મઠાર્યા કરવો જ પડે, સાચા અનુવાદકને ધરવ જ ન થાય એવું આ કામ છે. કાકાસાહેબે ‘સદ્‌બોધશતકમ્’માં ભર્તૃહરિની કૃતિઓના અનુવાદ નિમિત્તે શ્રી મહાદેવભાઈનો મત ટાંકતાં કહ્યું છેઃ “ગાય જેમ પોતાના વાછરડાને ચાટી ચાટીને રૂપાળું કરે છે, તેમ ભાષાંતર પણ રૂપાળું કરવાનું હોય છે.” કાકાસાહેબ સમજાવે છે કે “શુદ્ધ અનુવાદ કર્યા પછી અનુવાદકે મૂર્તિકારની પેઠે એને મઠારવો જોઈએ.”

શ્રી ઉમાશંકરે, એમના કહેવા પ્રમાણે, ‘આત્મશિક્ષણ અર્થે કાલિદાસ-ભવભૂતિને ચરણે બેસવાની’ ઇચ્છા કરી છે. એમના અનુવાદ-કર્મનું એમણે કરેલું વર્ણન રસ પડે તેવું છેઃ

“ ‘ઉત્તરરામચરિત’નો અનુવાદ, બલકે અનુવાદનું ડોળિયું, તૈયાર કરવામાં પંદર દિવસથી વધારે સમય ન લાગ્યો. પણ પછીથી મેં જોયું કે એ પંદર દિવસમાં મેં મારે માટે પૂરતી મુશ્કેલી ઊભી કરી છે. તે પછીનાં ત્રણ વરસમાં મેં એ અનુવાદ સુધાર્યો-મઠાર્યો, ફરી લખ્યો, ફરી મઠાર્યો, વળી રંદો ફેરવ્યો,—કાંઈ નહીં તો સાત કરતાં વધારે વખત એ અનુવાદમાં વળી વળીને હું ગૂંથાયો. અને તેમ છતાં મુદ્રણકાર્ય ચાલતું હતું ત્યારે પણ ક્યાંક કોઈક છટકી ગયેલી ભૂલ પકડાઈ જતાં આવા કાર્ય માટેના મારા અધિકારની શંકાનું તીવ્ર ભાન મને વારંવાર થયું છે. મહાકવિ પાસેથી શીખવાની મારી ઇચ્છા ખરે જ મેં કલ્પ્યું હશે તે કરતાં પણ વધુ ગંભીર અર્થમાં ફળીભૂત થઈ છે એમ કહી શકું.”

શ્રી ઉમાશંકરને મન અનુવાદ-પ્રવૃત્તિ એમના સર્જનકર્મની સખી જેવી છે—બીજું જાણે કે એમનું હૃદય.

# મોહનલાલ પંચાલ

## ચિત્રકળાનું કામ

શાળાનાં માત્રા બે ટકા જ બાળકો કલાકાર બનવાનાં છે એમ જાણવા છતાં સહુને ચિત્રકળાનું શિક્ષણ આપવું જોઈએ. દરેક બાળકના હૃદયમાં સૌંદર્ય માટે પ્રેમ જાગે અને નાનીનાની ચીજોમાં રહેલા સૌંદર્ય સાથે એ તાદાત્મ્ય સાધે, તે ચિત્ર—શિક્ષણનો પ્રથમ હેતુ છે. વળી, એની અવલોકનશક્તિનો પણ એ રીતે વિકાસ થાય. એની વાણીમાં, વર્તનમાં, કાર્યમાં અને ચારિત્રયમાં સુઘડતા, સંવાદિતા અને ચેતના લાવવી, એ ચિત્રકળાનું જ કામ છે.

# મોહનલાલ મહેતા 'વિયોગી'

## જહાં દેખતા હૂં

*જહાં દેખતા હૂં હલ લાદે, મરિયલ બૈલ હંકાતે,*
*ધોતી ફટી લપટે દુખિયારે કિસાન કો જાતે;*
*સુખા, બાઢ, મહાજન, કુર્કી, નીલામી કા મારા:*
*ચલા જા રહા હૈ વહ, દેખો—રાષ્ટ્રપિતા કા પ્યારા!*

*લગા પીઠ સે પેટ, મગર જો અન્ન-વસ્ત્રા કા દાતા:*
*હે ભગવાન, યહી હૈ અપના ભારત-ભાગ્યવિધાતા!....*
*જહાં દેખતા હું, માનવને માનવ કો લલકારા,*
*માનવને હી માનવતા કો ગલા ઘોંટ કર મારા...*

['સાપ્તાહિક હિંદુસ્તાન': ૧૯૫૯]

# મોહનલાલ મહેતા, 'સોપાન'

'આઝાદીનાં અંધારાં-અજવાળાં' નામના મારા પુસ્તકનું 'અર્પણ' મેં આ રીતે કર્યું હતું:

આઝાદી જંગના નિકટતમ સાથીઓ અને જીવનભરના સંનિષ્ઠ ઘનિષ્ઠ મિત્રો

શ્રી વજુભાઈ શાહને

શ્રી રતુભાઈ અદાણીને

'તને સાંભરે રે?

મને કેમ વીસરે રે?'

# મોહમ્મદ માંકડ

## પ્રશંસા-જળનો છંટકાવ

કેટલાંક કામો એવાં હોય છે જેની કદી કોઈ પ્રશંસા જ નથી કરતું. એવા કેટલા માણસો હશે જેમણે સફાઈ કામદારના કામની પ્રશંસા કરી હશે? દરરોજ રસ્તા વાળવાના, દરરોજ ગંદકી સાફ કરવાની અને ઉપરથી દરરોજ મુકાદમોના ઠપકા જ સાંભળવાના!

આવી જ સ્થિતિ કુટુંબમાં સ્ત્રીની હોય છે. અમારા એક મુરબ્બી ઘણી વાર હસીને કહે છે કે, પુરુષને આખી જિંદગીમાં માત્ર એક જ વાર સુવાવડ આવતી હોત તો ખબર પડી જાત! સહન કરનાર અને કુટુંબના ભલા માટે જ જીવનાર, બીજાને જમાડીને જમનાર અને કુટુંબના બીજા સભ્યોને બધી જ સગવડ કરી આપ્યા પછી વધીઘટી સગવડ સંકોચથી ભોગવનાર, જિંદગીભર એકધારાં નીરસ કામો અત્યંત રસપૂર્વક કરનાર અને છતાં એ કામો માટે પણ—રસોઈમાં મીઠું તો વધારે નહીં પડી ગયું હોયને? ઘરમાં કચરો તો નહીં રહી ગયો હોયને? સ્કૂલે કે ઑફિસે જવાનું કોઈને મોડું તો નહીં થાયને? એવો—કદાચ ફફડાટ અનુભવનાર, સેવાને માટે જ જાણે જન્મ ધારણ કર્યો હોય એવી ભારતીય સ્ત્રીની પ્રશંસા કેટલાં કુટુંબોમાં થતી હશે? પત્નીને સારી સાડી લઈ આપનાર, પિતા કે માતાને જાત્રએ મોકલનાર પુત્ર પોતે જાણે કેવુંય મોટું કામ કરી નાંખ્યું હોય એવો પોરસ અનુભવે છે; પરંતુ નિરંતર પ્રેમપૂર્વક સેવા કરનાર સ્ત્રીની આંગળીના નખ જેટલું પણ એ કામનું વજન થઈ શકતું નથી.

પ્રેમનો જોકે કોઈ બદલો હોઈ શકતો નથી, પરંતુ પોતાના તરફથી આભાર તો માણસ પ્રગટ કરી શકે છે અને એ માટે ‘આભાર’ બોલવાની કોઈ જરૂર નથી હોતી. આભાર માણસના કામ અને વર્તનમાંથી પ્રગટ થાય છે, પ્રશંસાનાં બે વેણમાંથી પ્રગટ થાય છે. અને એવાં બે વેણ,

આપણે માની પણ ન શકીએ એવી જીવનશક્તિનું સામી વ્યક્તિમાં સિંચન કરી શકે છે.

બાળકના જીવનો તો જાણે વિકાસ જ મોટેરાંઓની પ્રશંસા પર અવલંબિત હોય છે. પુખ્ત ઉંમરના માણસો પ્રશંસા અને નિંદાથી અલિપ્ત રહીને જીવી શકે છે, પરંતુ બાળક એવી રીતે વર્તી શકતું નથી. નાનકડી વેલ જેવી એની સ્થિતિ હોય છે એને તમારે ટેકો આપવો પડે છે. યોગ્ય પ્રશંસાના વાતાવરણમાં ઊછરેલા બાળકમાં એને સદાય નિંદા, ઉપહાસ ને ટીકાઓ વચ્ચે ઊછરેલ બાળકમાં બહુ મોટો તફાવત હોય છે. ઘણી વાર તો બાળકને જે કાંઈ મળે છે એ જ મોટી ઉંમરે એ સમાજને પાછું આપે છે. સારા સમાજની ખેવના રાખનારે બાળકોના ઉછેરની ખેવના રાખવી જોઈએ. અને સારા ઉછેર માટે યોગ્ય પ્રશંસા ખૂબ જ જરૂરી હોય છે.

આપણી ફરિયાદો પાર વિનાની છે, સરકાર સામે, સમાજ સામે, કુટુંબજીવન સામે ફરિયાદોની મોટી યાદી આપણી પાસે હોય છે. પરંતુ એક વાત આપણે સમજી લેવી જોઈએ કે સારો સમાજ, સારું કુટુંબજીવન, સારું લગ્નજીવન એ કોઈ બજારમાં વેચાતી રેડીમેઈડ ચીજો નથી. સારા મકાનની જેમ એનું પણ આપણે ચણતર કરવું પડે છે. એટલું જ નહીં એ ચણતર લગભગ દરરોજ, જીવનની પ્રત્યેક ક્ષણે કરવું પડે છે. સારો બગીચો બનાવવા માટે ઘાસ અને જાળાંઝાંખરાં આપણે દૂર કરીએ છીએ. જીવનનો બગીચો ખીલવવા માટે પણ બીજાના અવગુણોને બાજુ પર રાખી દઈને એમના ગુણોને પ્રશંસાના જળનો થોડો છંટકાવ કરી લેવો જોઈએ.

['સંદેશ' દૈનિક: ૧૯૯૯]

# કેટલું મળ્યું?

મેક્સીકોના એક પ્રદેશમાં ઠંડા અને ગરમ પાણીના ઝરા પાસે પાસે આવેલા છે. ત્યાંથી સ્ત્રીઓ પોતાનાં કપડાં પહેલાં ઊકળતા પાણીના ઝરામાં બોળે છે અને પછી બાજુના ઠંડા પાણીમાં તારવીને નિચોવી નાખે છે. આવી સગવડ જોઈને ત્યાં ગયેલ એક પ્રવાસીએ કહ્યું: "આવી સરસ કુદરતી સગવડ મળવાથી અહીંના લોકો ઈશ્વરનો આભાર માનતા હશે!"

"આભાર?" ત્યાંના રહેવાસીએ સામે કર્યો, "અરે, અહીંના લોકો તો અફસોસ કરે છે કે ઝરામાં ગરમ પાણી તો છે પણ તે સાબુ કે સોડાવાળું નથી!" કેટલાંક દુઃખો આપણે પોતે ઊભાં કરીએ છીએ, એમાંનું એક દુઃખ આપણા અસંતોષનું છે.

સામાન્ય રીતે, માણસ પોતાને જે મળવું જોઈએ તે મળ્યું નથી, પોતાને કેટલો અન્યાય થયો છે એનો જ વિચાર કરે છે. આવા વિચારને કારણે તેનામાં અસંતોષ જન્મે છે અને અસંતોષમાંથી દુઃખ જન્મે છે.

આવી રીતે વિચારનાર માણસને અન્યાય થયો હશે અને તેને કારણે તેને કેટલુંક ગુમાવવું પડ્યું હશે; પરંતુ તેને જે પ્રાપ્ત થયું છે તેમાં કેટલી બધી વ્યક્તિઓનો ફાળો છે, તેનો તેને વિચાર આવે છે ખરો? આપણા જીવનની રચના એટલી અટપટી છે કે આપણે ગમે તેટલા શક્તિશાળી હોઈએ તોપણ આપણી પાસેનું બધું માત્ર આપણી શક્તિઓને કારણે જ પ્રાપ્ત થઈ શકે નહિ. કેટલી બધી વસ્તુઓ આપણને આપણા પૂર્વજો તરફથી વારસામાં મળેલી હોય છે? કેટલું બધું મિત્રોને કારણે પ્રાપ્ત થયું હોય છે? કેટલું દેશને કારણે, સમાજને કારણે, જાણીતા અને અજાણ્યા લોકોને કારણે આપણને મળ્યું હોય છે?

આપણે જે કાંઈ હોઈએ, જ્યાં હોઈએ, ત્યાં પહોંચવામાં કેટલી બધી વ્યક્તિઓનો ફાળો છે તેનો જો આપણે વિચાર કરીએ, તો એમના તરફ આપણા મનમાં આભારની લાગણી ઉત્પન્ન થયા વિના રહે નહિ. જે માણસ બીજાના ઋણનો સ્વીકાર કરે છે, તે ઊંડા સુખ

અને સંતોષની લાગણી અનુભવી શકે છે.

## નિભાવી લેવામાં જ મજા છે

એબ્રહામ લિંકન વકીલ હતા, છતાં કેટલીક બાબતોમાં સામાન્ય વકીલ કરતાં સાવ જુદા પ્રકારના હતા. ગમે તેટલા પૈસા મળે તો પણ ખોટો કેસ એ ક્યારેય લડતા નહિ એ તો ઠીક, પણ મોટા ભાગે પોતાની ફી જતી કરીને પણ વિરોધીઓ વચ્ચે સમાધાન કરાવી આપતા. કોર્ટકેસો લડીને જ તેમને જીવવાનું હતું, છતાં તેમની કરુણા અપાર હતી અને પોતાના સ્વાર્થને જતો કરીને પણ માણસ માણસ વચ્ચે સુમેળ કરી આપવામાં જ પોતાની શક્તિ એ ખર્ચતા.

એક વાર પોતાના ઘોડા ઉપર કાયદાનાં પુસ્તકો લાદીને એ એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં એમને એક ખેડૂત મળ્યો. "હલ્લો, અંકલ ટોમી," લિંકને ખેડૂતને સલામ કરી, "મજામાં છો ને?"

"અરે, એબ લિંકન, હું તારી પાસે જ આવતો હતો. આ રીતે તું અચાનક મળી ગયો એટલે બહુ આનંદ થયો. કોર્ટમાં આપણે એક કેસ કરવાનો છે."

"કઈ બાબતમાં?" લિંકને પૂછ્યું.

"જોને ભાઈ, જીમ એડમ્સની જમીન અને મારી જમીન બાજુ બાજુમાં છે. હમણાં હમણાં એ મને બહુ હેરાન કરે છે. મેં નક્કી કર્યું છે કે ગમે તે ખર્ચ થાય, પણ એને તો દેખાડી જ દેવું! કોર્ટમાં કેસ કર્યા વિના છૂટકો નથી."

"અંકલ ટોમી," લિંકને કહ્યું, "આજ સુધી તમારે અને જીમને ક્યારેય કોઈ મોટો ઝઘડો થયો નથી, બરાબર ને?"

"બરાબર."

"આમ તો એ સારો પાડોશી છે, બરાબર ને?"

“સારો તો નહિ, પણ ઠીક.”

“છતાં વર્ષોથી તમે એકબીજાના પાડોશી તરીકે જીવો છો, એ તો સાચું ને?”

“પંદરેક વર્ષથી.”

“પંદર વર્ષમાં ઘણા સારામાઠા પ્રસંગો આવ્યા હશે, અને એકબીજાને મદદરૂપ પણ બન્યા હશો, બરાબર ને?”

“એમ કહી શકાય ખરું.”

“અંકલ ટોમી,” લિંકને કહ્યું, “મારો આ ઘોડો બહુ સારી જાતનો તો નથી જ અને એનાથી સારો ઘોડો કદાચ હું લઈ પણ શકું, પરંતુ આ ઘોડાની ખાસિયતો હું જાણું છું. તેનામાં જે કાંઈ ખામીઓ છે તેનાથી હું પરિચિત છું અને મારું કામ ચાલે છે. જો હું બીજો ઘોડો લઉં તો અમુક રીતે તે આના કરતાં સારો પણ હોય, પણ તેનામાં વળી બીજી કેટલીક ખામીઓ હોય, કારણ કે દરેક ઘોડામાં કાંઈક ને કાંઈક ખામી તો હોય જ છે. એટલે મને તો એમ લાગે છે કે, આ ઘોડા સાથે મારે નિભાવી રાખવું એમાં જ ઘોડાનું અને મારું બંનેનું ભલું છે.” લિંકનની વાત સાંભળીને ખેડૂતે માથું હલાવ્યું: “તારી વાત બરાબર છે, એબ, તારી વાત સાવ સાચી છે. જીમ એડમ્સ સાથે નિભાવી લેવું એમાં જ એનું અને મારું બંનેનું ભલું છે.”

જિંદગીમાં એકબીજા સાથે જીવતાં જીવતાં આપણે બધાં જ અકળાઈ જઈએ છીએ. માણસને પણ શાહુડી જેવા કાંટા હોય છે. એકબીજાની બહુ નજીક જઈએ ત્યારે તે વાગે છે. જે માણસો આપણી નજીક હોય તેની ખામીઓ આપણને દેખાય છે અને તેમનો કાંટો વાગે ત્યારે આપણે અકળાઈ જઈએ છીએ. પણ, લિંકન કહે છે તેમ, દરેક ઘોડામાં કાંઈક ને કાંઈક ખામી તો હોય જ છે—અને એવું જ માણસોનું છે. એટલે એ ખામીઓ સ્વીકારીને જ જીવવામાં મજા છે.

મિત્રોને, સ્નેહીઓને, સગાંવહાલાંને, પતિને, પત્નીને આપણે આપણા જેવાં બનાવવા પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ તો ક્યારેય શક્ય જ

નથી હોતું. એના બદલે જો આપણે જ તેમને થોડા અનુકૂળ બનીએ તો જિંદગી વધુ સરળતાથી ચાલે છે. લીમડો કડવો કેમ છે, તેનો અફસોસ કરવાને બદલે તેની કડવાશને સ્વીકારીને તેના જે કાંઈ લાભ મળી શકે તે લેવામાં જ ડહાપણ રહેલું છે.

અને માણસો વિશે બીજી સમજવા જેવી વાત એ છે કે, એક જ વ્યક્તિ કોઈ એક રૂપે બરાબર ન હોય પણ બીજા રૂપે તે ખૂબ જ સારી પણ હોય છે. કોઈ વ્યક્તિ સગા તરીકે બરાબર ન હોય પણ મિત્રા તરીકે દિલોજાન હોય, પત્ની તરીકે કજિયાખોર હોય પણ બહેનપણી તરીકે પ્રેમાળ હોય, પાડોશી તરીકે કજિયાખોર હોય પણ સમાજમાં સેવાભાવી હોય, ભાગીદાર તરીકે લુચ્ચી હોય પણ પાડોશી તરીકે પરગજુ હોય—આમ કોઈ એક સ્વરૂપે અયોગ્ય લાગતી વ્યક્તિ બીજા સ્વરૂપે ઘણી ઉમદા હોય છે. કોઈના વિશેના આપણા અભિપ્રાયો પકડી રાખીને જીવવાને બદલે સહેજ તટસ્થ બનીને વિચાર કરીએ, તો બીજા માણસો આપણને એટલા ખામીવાળા ન લાગે.

દલપતરામનું પેલું કાવ્ય ‘ઊંટ કહે આ સભામાં, વાંકાં અંગવાળાં ભૂંડાં ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે!’ એમાં ઊંટની કોઈ વાત ખોટી નથી. કોઈની ચાંચ, કોઈની ડોક, કોઈના નખ, કોઈની પૂંછડી, કોઈ ને કોઈ અંગ દરેકનું વાંકું જ હોય છે. પણ એ વાંકાં અંગવાળાં પશુપક્ષીઓ સાથે આપણે જીવવાનું હોય છે. એમાં કોઈ ફેરફાર આપણે કરી શકતા નથી. જે કાંઈ હોય એને સ્વીકારીને જીવતાં શીખીએ.

## હિંમત—મારો દોસ્ત

એકલો એકલો વિચારું છું ત્યારે લાગે છે કે હું શક્તિશાળી હોઉં કે ન હોઉં, પણ ભાગ્યશાળી તો જરૂર છું. ઉંમર નાની હોવા છતાં માણસોને ઈર્ષ્યા આવે એટલી કીર્તિ—જેનો લાગવગ તરીકે ઉપયોગ થઈ શકે એવી કીર્તિ—મેં મેળવી છે. ને એટલે જ રોજ કેટલાયે

માણસો મારે ત્યાં ધક્કા ખાય છે. લોકોને ધક્કા ખવડાવવામાં મને એક જાતનો આનંદ પણ મળે છે. એ વખતે ઘણી વાર મને બાળપણનો એક પ્રસંગ યાદ આવી જાય છે. મારી બા જમી રહ્યા પછી કૂતરાને રોટલી નાખવા મને મોકલતી. રોટલી ફેંકીને ચાલ્યા આવવું મને ગમતું નહિ. હું રોટલીના ઝીણા ઝીણા ટુકડા કરતો ને પછી, મોં ઊંચું કરી દીન વદને મારી સામે તાકીને પૂંછડી પટપટાવતા કૂતરાને દૂર દૂર એક ટુકડો ફેંકી, મારી એ રમતને સગર્વ નીરખી રહેતો. નોકરી માટે, બદલી માટે, ભલામણચિઠ્ઠી લેવા માટે, માણસો મારી પાસે આવે છે ત્યારે એમની આંખોમાં એવી જ યાચકવૃત્તિ જોઈને મારો જૂનો ગર્વ ઘણી વાર ઊછળી આવે છે.

મારા પિતા શિક્ષક હતા. (અત્યારે ગામડામાં નિવૃત્ત જીવન ગાળે છે.) એમના જેવા થવાની મને કદી ઇચ્છા નથી થઈ. મારા એક કાકા વકીલ હતા. એ મને હંમેશાં અનુકરણીય લાગ્યા છે. એમના ઘેર કોઈ આવે એટલે તરત એ પૂછતા, “કેમ ભાઈ, શું કામ છે?”

આવનાર કહે, “ખાસ કાંઈ કામ નથી. અમસ્થો જરા…”

તો તરત જ એ બોલી ઊઠતા, “મારે ત્યાં અમસ્થું કોઈ આવતું જ નથી—ને અમસ્થા આવવુંયે નહિ.”

આજે હું પણ સગર્વ કહી શકું એવી સ્થિતિમાં છું કે, મારે ત્યાં કામ વગર કોઈ આવતું જ નથી. ને કદાચ કોઈ કામ છુપાવવાનો ઢોંગ કરે તો હું એની પાસેથી વાત કઢાવી શકું એટલી બુદ્ધિ ને ચાલાકી પણ મારામાં છે.

હું પણ વકીલ છું. જોકે વકીલાત પર હું જીવતો નથી. પ્રજાની સેવા બીજી રીતે કરવાનો મને લહાવો મળ્યો છે. પ્રજા જેને ‘નેતા’ કહે એવો નાનકડો પણ હું નેતા છું. લોકોનાં ટોળાંઓ વચ્ચે હું જીવું છું. એમ જીવવું મને ફાવે છે—ગમે છે. માણસો મારી પાસે મદદ માગવા આવે, હું કંટાળાજનક ચહેરે એમને મદદ કરું, ને બદલામાં ભાવભરી આંખે મારી સામે જોઈને તેઓ હાથ જોડે—એ બધું મને ગમે છે. પણ

આપણા લોકોમાં એક કુટેવ છે: જેની પાછળ પડ્યા એની પાછળ પડ્યા, એવો આપણા લોકોનો સ્વભાવ છે. એને કારણે ક્યારેક, ખરેખર, મને કંટાળો આવે છે. કેટલાક માણસો તો અવનવાં સગપણ કાઢીને મારે ત્યાં આવી ચડે છે ને પછી મારે ઘેર જ ધામા નાખે છે. એવા લપિયાઓથી કોણ ત્રાસી ન જાય? એમાં કોઈ કોઈ તો વળી જે કામે આવ્યા હોય એ કામ મારાથી છુપાવ્યા કરે છે (તક જોઈને કહેવાની રાહમાં). એવા લોકોની છુપાવેલી વાતને ચાલાકીપૂર્વક પકડી પાડીને ખુલ્લી પાડી દેવામાં મને અનોખો આનંદ મળે છે.

તે દિવસે રવિવાર હતો. રવિવારે હું ખાસ આનંદમાં હોઉં છું, કારણ કે એકાદ પ્રોગ્રામમાં મારે હાજરી આપવાની હોય જ છે. તે દિવસે પણ નાનુભાઈ કૉન્ટ્રાક્ટર તરફથી યોજાયેલ પાર્ટીમાં મારે જવાનું હતું. ગામથી પંદર-વીસ માઈલ દૂર નવો ડેમ બંધાતો હતો ને ત્યાં વગડામાં જ બપોરનું જમણ ગોઠવ્યું હતું. અગિયારેક વાગ્યે મોટર મને તેડવા આવવાની હતી.

દસેક વાગ્યે મારા બારણામાં પરિચિત ચહેરો દેખાયો. આવીને એ માણસ હસ્યો. હાસ્ય ઉપરથી હું એને ઓળખી ગયો; એ હિંમત હતો. શરીરમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો, ચહેરો કાંઈક લોહીભર્યો બન્યો હતો. પણ હજી એ એવું જ બેવકૂફીભર્યું હસતો હતો.

“જે જે, રસિકભાઈ!” એણે પગરખાં કાઢતાં કહ્યું, “હું તો ઘર ગોતીગોતીને થાકી ગયો, ભાઈસા’બ.”

એના એ શબ્દો નિર્દંશ હોવા છતાં મને એના પર પારાવાર ગુસ્સો ચડયો. શબ્દોના એક જ ઝાટકે એણે મારી આબરૂને કતલ કરી નાખી હતી. શું હું એટલો બધો અપરિચિત હતો કે લત્તામાં મારું ઘર શોધતાં એને મુશ્કેલી પડી? એને કઈ રીતે સમજાવવો? અરે, કોઈ નાના છોકરાને પૂછ્યું હોત તો પણ... જૂની ઓળખાણ હતી, ને ઘણા વખતે એ માણસ મળવા આવ્યો હતો, એથી હું કંઈ બોલ્યો નહિ. પણ હજી એ એવો જ મૂરખ હતો એટલું તો મને લાગ્યું જ. મારે ને એને જૂની ઓળખાણ હતી એ ખરું. પણ કામે આવનાર માણસે

કેમ વર્તવું જોઈએ, કેમ બોલવું જોઈએ, એ એને આવડતું નહોતું. એ મારે ઘેર આવ્યો હતો—મારી પાસે એને કામ હતું—એ વાતનો એણે ખ્યાલ રાખવો જોઈતો હતો. મેં એના દીદાર સામે જોયું. જાડું ધોતિયું અને આછા પીળા રંગનું પહેરણ એણે પહેર્યું હતું. કાંડે ઘડિયાળ બાંધી હતી. ચહેરા પર નજર કરી—પેલું હાસ્ય હજીયે ત્યાં હતું... શું કામ હશે? નોકરી માટે આવ્યો હશે?

મારા ગામડેથી ઘણે ભાગે લોકો નોકરી માટે જ મારી પાસે આવતા, ને હું એમને એક યા બીજી નોકરી મેળવી પણ આપતો. પેલો નાનજી કોંઢ, ભીખા ગોરનો ધનકો, ઈસબ માસ્તર, જગા શેઠનો નાથિયો (બિચારો!), વિસુભા દરબાર, ગગનની બહેન સવિતા...

“એક કલાકથી આ શેરીઓમાં આંટા મારું છું,” વચ્ચે ટપકી પડતાં વળી હિંમતે કહ્યું: “પણ અહીં તમને ‘બચુભાઈ’ તરીકે કોણ ઓળખે?”

“એ તો ખરું જ ને!” મેં હસીને કહ્યું. “એ નામથી અહીં મને કોણ ઓળખે?” બાળપણમાં બધાં મને ‘બચુ’ કહેતા ને હિંમત પણ મને ‘બચુ’ જ કહેતો. આટલાં વર્ષે પહેલી જ વાર એણે મને ‘રસિકભાઈ’ કહીને બોલાવ્યો હતો. મને એ યાદ આવ્યું. “એકાએક મને સાંભરી ગયું. એક છોકરો રમતો હતો એને મેં પૂછ્યું, ‘એલા, રસિકભાઈ ક્યાં રહે છે?’ મારા સામે જોઈને એ કહે, ‘કોણ, વ્યાસકાકા?’ મેં કીધું, ‘હા’, ને તરત એણે મને ઘર બતાવ્યું.”

હું સહેજ ફુલાયો. હિંમત હવે ડહાપણથી વાત કરતો હતો. પછી એ અમારા ગામડાની આડીઅવળી વાતો કરવા લાગ્યો. મને થયું, ‘શું કામ આવ્યો છે એ ઝટ દઈને કહે તો સારું; અગિયાર વાગશે તો પેલા નાનુભાઈની મોટર આવી પહોંચશે ને એનું કામ રઝળી પડશે.’ એને મદદ કરવા માટે મારા મનમાં ખરેખરી ઇચ્છા જાગી. ગમેતેમ તોય એની સાથે મારે જૂની ઓળખાણ હતી. મારાં પત્નીને બોલાવીને મેં એની સાથે ઓળખાણ કરાવી—એથી એનો સંકોચ દૂર થાય ને કદાચ જલદી વાત કરે!

એણે વાત તો કરી—પણ એનાં બૈરાં-છોકરાંની. પછી ખુશ થયો હોય એમ માથેથી એણે ટોપી કાઢી નાખી ને મારા બાબાને તેડીને રમાડવા માંડ્યો.

મને થયું, ‘આ માણસ નક્કી કંઈક કામે આવ્યો છે; એટલું જ નહિ, પણ એ કામ ઘણું અગત્યનું લાગે છે.’

મારા છોકરા ઉપર એ વધુ ને વધુ વહાલ કરતો હતો—મારી શંકા વધુ ને વધુ મજબૂત બનતી હતી. છેવટે મેં જ એને પૂછી નાખ્યું. બીજો કોઈ હોત તો એની પાસેથી મેં ચાલાકીપૂર્વક વાત કઢાવીને એને ભોંઠો પાડયો હોત, પણ હિંમત તો મારો બાળપણનો સાથી હતો. એ શરમાતો હતો એમ મને લાગ્યું, એટલે મેં જ પૂછ્યું: “શું કામે આવવું થયું?”

“કામ? કામ તો ખાસ કાંઈ હતું નહિ.”

(હું એની સામે તાક્યો. મારે ત્યાં કામે આવનારા એ રીતે જ વાતની શરૂઆત કરતા હતા.)

એ બોલતો હતો, “એક સગાને ત્યાં આવ્યો’તો… અરે, પણ બાપુજીએ આપેલી ચિઠ્ઠી તો મારા ખિસ્સામાં જ રહી ગઈ…” એણે ખિસ્સું થાબડયું ને એકાએક જ યાદ આવ્યું હોય એમ ચિઠ્ઠી બહાર ખેંચી કાઢી.

મને એના અભિનય ઉપર ખીજ ચડી. એને કામ હતું. કામ કઢાવવા માટે મારા પિતાની ચિઠ્ઠી લઈને, સુસજ્જ થઈને એ આવ્યો હતો—ને ઉપરથી પાછો ઢોંગ કરતો હતો! એના તરફનો મારો સ્નેહભાવ સહેજ ઓસર્યો. આટલો દંભ કરવાની શી જરૂર? મેં સામેથી એનું કામ કરી દેવાની તૈયારી બતાવીને પૂછ્યું હતું, છતાં હજીયે એ નાટક કરતો હતો! હા, કારણ કે મારા પિતા પાસે એ ચિઠ્ઠી લખાવીને લાવ્યો હતો, ને પિતાની ચિઠ્ઠીનો હું અનાદર ન જ કરું એવી એને ખાતરી હતી. એટલે જ તો એ પોતાના મોંએથી યાચના કરતો નહોતો ને?

‘પણ એની હાજરીમાં હું ચિઠ્ઠી વાંચીશ જ નહિ.’ મેં નક્કી કરી

નાખ્યું. મારે એને મોઢે જ કહેવડાવવું હતું. ભલે એ યાચના ન કરે, ભલે મારી સામે દયા માગતી નજરે ન જુએ, પણ વાત તો એના મોઢેથી જ મારે સાંભળવી હતી. છાશ લેવા જવું ને દોણી સંતાડવી, એવું શા માટે?

એણે મને ચિઠ્ઠી આપી એટલે ઠંડે કલેજે મેં બાજુમાં ટેબલ પર એ મૂકી દીધી. દરમિયાન મારી પત્ની ચા લાવી. એ પીધા પછી કહે, "આજે સાંજે મારે જવું છે."

મને થયું, હું આને કહી દઉં કે હમણાં જ મને મોટર તેડવા આવશે ને પછી રાત સુધી હું મળી નહિ શકું, માટે કામ હોય એ કહી જ દે... પણ ત્યાં જ મોટર આવી પહોંચી.

મેં કૉલર સરખો કર્યો ને હિંમત સામે જોયું. એ મોટર સામે તાકી રહ્યો હતો. એ મોટર મને લેવા માટે આવી હતી! હિંમત, હિંમત, તેં બહુ મૂર્ખાઈ કરી! નાનપણમાં હતો એવો જ ભોળિયો ને બેવકૂફ હજીયે રહ્યો! તારું કામ કરી આપવાની મારી ઇચ્છા હોવા છતાં... ખેર, હવે તો મારે જવું જ પડશે...

મોટરનું બારણું સિફ્તથી ખોલીને નાનુભાઈ ઊતર્યા. એ જાતે મને લેવા માટે આવ્યા હતા. હિંમત એમના સુઘડ પોશાક સામે તાકી રહ્યો.

મેં પણ કબાટમાંથી ગડીબંધ કપડાં કાઢીને પહેર્યાં. એ લેતી વખતે, પહેરતી વખતે, હિંમત સાથે મેં ફરી આત્મીયતાથી વાતો કરી—એનો સંકોચ એથી ઓછો થાય ને કદાચ એ વાત કરે. પણ એ તો હસતો જ રહ્યો—રાજી રાજી થતો હોય એવી બેવકૂફ મુખમુદ્રા સાથે!

મેં એને કહ્યું, "બપોરનું જમવાનું અહીં જ રાખ ને." (મને વાત કહેતાં એને સંકોચ થતો હોય તો પાછળથી કદાચ મારી પત્નીને એ વાત કરી શકે ને? ઘણાં સંબંધીઓ એ રીતે મારી પાસેથી કામ કઢાવતાં.)

એ હસ્યો, "ના, ના. પેલા સગાને ખોટું લાગે." "અહીં તારે સંકોચ રાખવાની જરૂર નથી; હું હોઉં ન હોઉં તોય.."

"એવું હોય, ભાઈસા'બ! આ તો મારું ઘર કહેવાય. પણ આ

વખતે માફ કરો.” એણે હાથ જોડ્યા.

હું નાનુભાઈ સાથે મોટરમાં ગોઠવાયો. ફરી એ ભાવભરી બાલિશ નજરે મારી સામે જોઈ રહ્યો—જાણે મોટરમાં બેસવાનો આનંદ એ પોતે લૂંટી રહ્યો ન હોય!

રસ્તે જતાં હું વિચારે ચડયો: માળો મૂરખો! મેં કેટલું કર્યું, પણ ધરાર કાંઈ બોલ્યો જ નહિ!...કદાચ પાછળથી મારી પત્નીને કહેતો જશે... અથવા આજે રોકાઈ પણ જાય...

વગડામાં ગોઠવાયેલ એ ભોજનસમારંભ યાદ રહી જાય એવો હતો, પણ મને તો એ ભર્યાભર્યા સમારંભ વચ્ચે પણ હિંમત જ યાદ આવ્યા કર્યો. કેમ એ બોલ્યો નહિ હોય? એને શું કામ હશે? હુંય કેવો જિદ્દી કે પિતાની ચિઠ્ઠી જ મેં ન વાંચી? હિંમત ગમે તેમ તોયે મારો બચપણનો દોસ્ત હતો... પણ તો પછી એણે કેમ ન કહ્યું? મને કહેવામાં એ નાનમ અનુભવતો હશે?

હા, મારી સામે યાચક બનીને ઊભા રહેવું એને ગમતું નહોતું...

મારી નજર, આજુબાજુ જમતાં અનેક માણસો ઉપર ફરી વળી. આ નાનુભાઈ, પેલા વિજયકુમાર, ત્યાં બેઠેલ એન્જિનિયર ત્રિવેદી, અરે—આ બાજુમાં જ ઊંધું ઘાલીને જમી રહેલ મિસ્ટર જાડેજા... આ બધા જ મારી પાસે કામે આવે ત્યારે એમના ચહેરા પર પેલું યાચના કરતું હાસ્ય ક્યાં નથી હોતું? અને આ બધા જ ખાનદાન, હોદ્દેદાર, પૈસાદાર માણસો છે... તો પછી હિંમત તો કઈ બુરીમાં?

...પણ એ ન બોલ્યો તે ન જ બોલ્યો! ને એમાં એનું કામ રખડશે—મારે શું?

અરેરે, ઘણા વખતે બિચારો આવ્યો, પણ એની શરમને લીધે...

મોડી સાંજે હું નાનુભાઈની મોટરમાં ઘર તરફ ઊપડ્યો. સંધ્યાના રંગો શમી ગયા હતા. પેલા વિચારો પણ ઉછાળા મારી મારીને થાકી ગયા હતા, શમી ગયા હતા. તંતુવાદ્યના છેલ્લા ગુંજારવ જેવો એક વિચાર મારા મનને ભરી દેતો ફક્ત ગુંજી રહ્યો હતો: મારા દોસ્ત

માટે—મારા સંબંધીઓ માટે—મારા મનમાં કેટલી લાગણી હતી! એમનું કામ કરવા હું સદાય આતુર હતો!

ઘર પાસે અમારી મોટર થોભવાનો અવાજ સાંભળીને મારી પત્નીએ બારણું ખોલ્યું. એનો ચહેરો અસ્વસ્થ હતો. હું કાંઈ પૂછું એ પહેલાં જ એણે કહ્યું, "બાબાનો હાથ ભાંગી ગયો—કોણ જાણે કઈ રીતે પડ્યો..."

હું એકદમ ઘરમાં દોડ્યો. બાબો પલંગ પર ઊંઘતો હતો. એના નાનકડા હાથ પર પ્લાસ્ટરનો પાટો હતો.

"એને ઉઠાડશો નહિ," મારી પત્નીએ કહ્યું. હું પલંગ પર બેસી પડ્યો, "આમ એકાએક કેમ કરતાં હાથ ભાંગ્યો?"

"તમે ગયા પછી થોડી વારે જ બન્યું. દોડાદોડ કરતો પગથિયાં ઊતરતો હતો એમાં એવી રીતે પડ્યો...કે પડતાં જ રાડ ફાટી ગઈ!" વાત કરતી વખતે પણ મારી પત્ની હાંફળીફાંફળી થઈ ગઈ. "એ તો બિચારા હિંમતભાઈ હતા એટલું સારું, નહિ તો..."

"પણ મને કોઈ સાથે..."

"શું તમને કોઈ સાથે? તમને ત્યાં તેડવા કોને મોકલું? ને એટલી વારમાં અહીં છોકરો દુ:ખનો માર્યો રડીને મરી જ જાય ને? હિંમતભાઈ તો, બિચારા, પાછા સાવ અજાણ્યા. પણ હિંમતવાળા ખરેખરા. નહિ તો ગામડાના માણસ શહેરમાં તો મૂંઝાઈ જ જાય."

"અમસ્થું એની ફૈબાએ એનું નામ 'હિંમત' પાડ્યું હશે?" મેં રમૂજ કરતાં કહ્યું. "અરે, નાનપણથી જ એ એવો છે. નાનો હતો ત્યારે કોઈ શરત મારે તો મસાણમાં આખી રાત સૂઈ રહે! હિંમત તો હિંમત જ છે." પણ બોલતી વખતે વળી મને એનો બેવકૂફ ચહેરો સાંભરી ગયો...ને પેલી અંગ્રેજી કહેવત પણ: ફૂલ્સ રશ ઇન...

રાત્રે મારી પત્નીએ ફરી આખો ઇતિહાસ ઉખેળ્યો. હિંમતનાં વખાણ કરતાં એ થાકતી નહોતી. હિંમતે કઈ રીતે બાબાને તેડી લીધો, કઈ રીતે દવાખાને પહોંચાડ્યો, કઈ રીતે 'મોટા ડૉક્ટર'ના બંગલે જઈને

એમને તેડી આવ્યો ને બાબાને તાત્કાલિક સારવાર મળે એવો બંદોબસ્ત કરાવ્યો.. એ બધી વાત એણે ફરી ફરીને કરી.

"બાબો પહેલાં તો એમની પાસે જતો નહિ, પણ એમણે ચોકલેટ આપીને સમજાવ્યો: 'જો ભાઈ, બા તને તેડી તેડીને થાકી જાય. મારી પાસે ચાલ.' ગમે તેમ, પણ પછી બાબાએ એમને ગયા ત્યાં સુધી છોડયા જ નહિ."

"પણ તેં હિંમતને જવા કેમ દીધો? એણે કાંઈ તને કહ્યું નહિ? કોઈ વાત..." ફરી મને, હિંમત શું કામે આવ્યો હશે એ વિચાર આવી ગયો, ને મેં કહ્યું: "પેલા રૂમમાં ટેબલ પર બાપુજીની ચિઠ્ઠી પડી છે, એ લાવને—મેં એ વાંચી જ નથી."

ચિઠ્ઠી મને લાવી આપતાં વળી મારી પત્ની બોલી, "હિંમતભાઈ કહે કે, મારા ભાઈ ઘેર નથી એટલે મારે રોકાવું જોઈએ, પણ ઘેર ગયા વગર છૂટકો નથી. ઘેર કોઈ કરવાવાળું નથી—દુકાન નોકરને સોંપીને આવ્યો છું..."

"હિંમતને દુકાન છે?..." હું ધીમું ગણગણ્યો. ને ઉતાવળથી પિતાની ચિઠ્ઠી વાંચવા મેં ખોલી. ચિઠ્ઠીમાં એમણે હિંમત વિષે કાંઈ જ લખ્યું નહોતું. એમને પૈસાની જરૂર હતી એટલે તાત્કાલિક પચાસ રૂપિયા મગાવ્યા હતા.

એ આખી રાત મને હિંમતના વિચારો આવ્યા. બીજે દિવસે મારા પિતાનો પત્ર મને સાંજની ટપાલમાં મળ્યો. એ આ રહ્યો:

ચિ. ભાઈ રસિક,

બાબાને હાથે લાગ્યું છે એમ હિંમતે વાત કરી, તો હવે એના હાથે કેમ છે? અમને ચિંતા થાય છે. તો સારા સમાચારનો પત્ર તરત જ લખશો.

તમારા કહેવા પ્રમાણે હિંમતે મને પચાસ રૂપિયા આપી દીધા છે. એણે મને કહ્યું કે ભાઈને કામે જવાનું હતું એટલે ઉતાવળમાં હતા એથી મને મોઢે કહ્યું છે. તો હિંમત ઉપર જ તમે પચાસ રૂપિયા

મોકલી દેશો. એણે મને દઈ દીધા છે. એ માણસ આપણું ઘણું રાખે છે. ઘણો ભલો માણસ છે ને ભગવાને એને દીધું પણ છે. એકલે હાથે ધમધોકાર દુકાન ચલાવે છે. તમારા નામ ઉપર તો બિચારો મરી પડે. તમારાં ને વહુનાં એટલાં વખાણ કરે કે બસ તમે એનું બહુ જ રાખ્યું હશે, એમ એની વાત પરથી મને લાગ્યું. એવા માણસનું રાખવું જ જોઈએ. આપણું રાખ્યું લેખે લાગે એવો એ સમજણો માણસ છે.

પણ આ પત્ર વાંચીને મને તો કાંઈ સમજાતું જ નથી. શું એ ઉપકાર કરવા માટે જ મારે ઘેર આવ્યો હશે? કાંઈ પણ લાલચ—કાંઈ પણ કામ વગર જ? એવું કેમ બને? બની શકે?

કદાચ કોઈ મોટું કામ કઢાવવાની આ બધી તરકીબ તો નહિ હોય ને?

# યજ્ઞેશ દવે

## ગામની કાણે

મોરબીથી ઉત્તરે જીપ હંકારી. આ તરફ જેમ આગળ જાવ તેમ વૃક્ષો ઓછાં ને આછાં થતાં જાય. રસ્તામાં કંગાળ, ભાંગેલાં ગામડાં આવે. ગામડે ગામડે લોક બહાર વસેલું. બૂંગણ, પછેડી, ચાદર, સાડલા, ફાળિયાનાં રાવટીતંબૂ આડશ બનાવીને માઘના પવનમાં સોરવાતા સોસવાતા, એકબીજાની ઓથે જીવતાં માણસો ઠંડીથી થરથર ધ્રૂજતાં હતાં… જીપ હંકારી ટીકર તરફ—આ વિસ્તારનું સૌથી ધ્વસ્ત છેવાડાનું ગામ. અહીંથી આગળ રણકાંઠો શરૂ થાય.

દૂરથી જ ટીકરની તારાજી સામે આવી. ગામ આખું બહાર. ખેતરમાં, મેદાનમાં, નદીના પટમાં. શેરીઓ તો—શેરીઓ શાની કહેવાય?—કાટમાળના ઢગલા. ભેંકાર ભીંતડાં. બજાર આખી બંધ. બેચાર સાજાંસમાં ઘર ઊભાં છે, બાકી તો બહારથી સાજાં દેખાય તેમાંય રહેવાય તેવું નથી. પડવાનું જોખમ ન હોય તેવાં તૂટેલાં ઘરમાંથી લોકો ઘરવખરી ફંફોસતા, ભેગી કરતા હતા. આવા વિપદકાળેય આ પ્રજાની નર્મવૃત્તિ ગઈ નથી. ઘરવખરી ફંફોસતાં ચશ્માં, કૂકર, ખુરશી, ચા-ખાંડના ડબરા અંબાવતા હતા, ત્યાં હાથ લાગી ગંગાજળની શીશી. એક જુવાને બીજાને કહ્યું, “આલા, લે ગંગાજળ, પી લે બે ઘૂંટડા—પછી પીવું નંઈ!”

સૂની બજાર, સૂનો રામજી મંદિરનો ચોરો, તિરાડ-તડિયાથી જર્જરિત મકાનોની દીવાલો, ઈંટ-પથ્થરોથી ભરી શેરી વટાવતાં ગામ સોંસરા નીકળ્યા પહોળા રેતાળ પટવાળી બ્રાહ્મણી નદીને કાંઠે. ગામ-છેવાડાની શેરી બહાર કાળાં કપડાંવાળી બેચાર આધેડ બાઈઓનો રોવાનો અવાજ સંભળાયો. થયું, ધરતીકંપમાં મરણ થયું હશે ને પરગામથી બાઈઓ કાણે આવી હશે. હળવું આક્રંદ કરીને બાઈઓ સામેની ડેલીમાં ગઈ.

બહાર ઊભેલા ભાઈને અમે પૂછ્યું, તો કહે, “ગામ તૂટયાની ખબર સાંભળીને પાવૈયાઓ ગામની કાણે આવ્યા છે. આ ડેલી ઈ ઈમનો મઠ સે.” મઠમાં જવાય કે નહીં તે પૂછીને અંદર ગયા. આઠ-દસ પાવૈયા રોતા હતા. એ રોણું અંદરની વેદનામાંથી ફૂટેલું હતું. તેમની સાથે થોડી વાતો કરી. મઠમાં માતાજીનું સ્થાપન છે. ફળિયામાં પાળિયા છે, તે ગામને બચાવવા શૂરાપૂરા થઈ ખપી ગયેલા પાવૈયાના. એમના મોભીએ કહ્યું કે ગામનું તોરણ જ પાવૈયાના હાથે બંધાયેલું. અત્યારે તો આ પાવૈયાઓ અમદાવાદ, વીરમગામ, મહેસાણા તરફ રહે છે, પણ તેમને દીક્ષા અહીં અપાયેલી. જાત-મજૂરીએ આ મઠ ઊભો કરેલો, પછી તેનો જિર્ણોદ્ધાર પણ કર્યો. તેમના ગુરુ અને માતાજી આ થાનકમાં. ગુરુની વાત કરી. તેમની એક આજ્ઞા છે કે બ્રાહ્મણીની પેલી પાર તમતમારે ફૂલફટાક થઈને ફરો, પણ નદીનો પટ વટાવીને ગામમાં દાખલ થાવ તે પહેલાં બધા વાઘા ઉતારીને શોકનાં કાળાં કપડાં પહેરવાનાં. ધરતીકંપમાં અહીં તો એકેય પાવૈયો મર્યો નથી, તોય દૂરદૂરથી ગામની કાણે આવ્યા છે. “ગામની તમને આટલી બધી લગન?” આશ્ચર્યથી મેં પૂછ્યું. તો કહે, “અમારે ક્યાં છોકરાં જણવાં છે? ગામની પરજા એ જ અમારી પરજા. આ ગામને અમે કેવું રૂડું દીઠેલું છે! હવે આ દશા જોવાતી નથ.”

મઠનાં માતાજીને, ફળીના પાળિયાને પગે લાગી, પાવૈયાઓને મોઢે રામરામ કરી, પણ મનોમન તો પ્રણામ કરી, અમે ચાલ્યા. બે પાવૈયાય ગામની ખબર કાઢવા નીકળેલા. તૂટેલી ડેલીવાળા કોઈક ફળિયામાંથી એક ભાભાએ સાદ દીધો: “માશી, આયાં ચા પીતાં જાવ.” જવાબમાં “હમણાં આવીએ, હોં!” કહીને એ બે શોકાકુલ ચહેરે, શિથિલ ચાલે ગામની શેરીઓના અવશેષ ભણી વળ્યા. સામાન્ય રીતે રુક્ષણ લાગતા, આપણા માટે ઉપહાસ અને વ્યંગનું પાત્રા બનતા પાવૈયાઓનો બીજો જ ચહેરો આ પહેલી વાર જોવા મળ્યો.

ત્યાંથી વળતાં આવ્યા જૂના ઘાટિલા. હાંડા જેવું ગામ કહેવાતું. ધરતીકંપે ઠીબડીની જેમ ભાંગી નાખ્યું છે. હવે માણસને હાથે એ ફરી ઘડાય ત્યારે ખરું.

માળિયા-મિયાણાના સુખપુર જેવા ગામનો તો સાવ કડુસલો બોલી ગયો છે. ખુદ માળિયામાંય તારાજી જ તારાજી. કાચાં ખોરડાં તો લગભગ સાફ થઈ ગયાં. પાકાં ઘર જે ટક્યાં તેય બાંડાં, ઠૂંઠાં, કૂબડાં. મુખ્ય રસ્તા બુલડોઝરથી સાફ થતા હતા, નાની ગલીઓમાં તો એવાં તોસ્તાન પેસી પણ ક્યાંથી શકે? એનાં ઘરોમાં જ ગરીબ મિયાણાઓની ઘરવાળી, મા, દીકરી કે બાપબેટા દફન થઈ ગયેલાં છે. ઉઘાડા આભ નીચે પડેલાં આ માનવીઓ ચાર જ દિવસ પર જે એમનાં ઘરબાર હતાં તેની યાદને વાગોળતાં હતાં... અમારું રેકોર્ડિંગ ચાલુ હતું.

હવે રાજકોટ પાછા ફરવાનો સમય થઈ ગયો હતો. ઝટ પહોંચીને રાતોરાત કાર્યક્રમ બનાવીને રેડિયો પર મૂકવાનો હતો, ને સાત તો અહીં જ થઈ ગયા હતા. ખેર, આ વિસ્તારના લોકોની મુલાકાત-આધારિત કાર્યક્રમ રાતે રેડિયો પર રજૂ કરીને મોડા મોડા તોયે અમારે તો સાજાસમા ઘરમાં ગરમાગરમ રસોઈ ખાઈ, ટીવીની ચેનલો પર ભૂકંપનાં રોમાંચક દૃશ્યો નિહાળ્યા પછી ધાબળો ઓઢીને સૂઈ જવાનું છે... ત્યારે એ બધા લોકો માટે તો એવો દિવસ હજી કોણ જાણે કેટલોય દૂર હશે!

## અશરીરીનાં અનેક રૂપ

વરસો પહેલાં દ્વારકા ગયો ત્યારે એક વિદ્વદ્જનની ખબર કાઢવા દરિયાકાંઠે આવેલી સરકારી હોસ્પિટલે ગયેલો. એક તો ઓખામંડળ પ્રદેશ છેવાડાનો ને અંતરિયાળ. સપાટ ખારોપાટ. દ્વારિકાધીશની દ્વારિકામાં પણ એક જાતના ખાલીપાનો અનુભવ થાય. ચિત્ત 'મહાભારત'કાલીન સુવર્ણ દ્વારિકાની ઝંખના કરે ને આંખ સૂકી સોરાતી દ્વારિકા સામે ધરે. મહાભારતનું ભીષણ કરુણ યુદ્ધ, યાદવાસ્થળી, કૃષ્ણે લીલા સંકેલી લીધા પછી અસહાય અર્જુન સામે જ લૂંટાતી સ્ત્રીઓ, એક આખો વિષાદલોક સામે આવી જાય અને ચિત્ત વિષણ્ણ થઈ જાય. આવા મનોભાવ સાથે જ એ હોસ્પિટલની મુલાકાત. સુમસામ કોરિડોર, ભેજમાં કટાયેલી

જાળીઓ, સળિયાઓ અને ઉપરથી કશોક અજંપાભર્યો, સૂનકારમાં સૂનકાર જગાવતો, સોરાતો હૂહૂહૂ કરતો પિશાચી પવન, ચિચવાતાં અથડાતાં બારણાંઓ. આજેય યાદ કરું છું ને લખલખું આવી જાય છે. 'હોરર' ફિલ્મોથી થોડો ડર લાગે ને છતાં જોવાની ઇચ્છા થાય તેમ, આજેય મોકો મળ્યે પવનનું એ ભયાવહ રૂપ માણવા દ્વારિકા જાઉં છું.

પવન આમ તો અશરીરી વિદેહી, છતાં તેનાં જ અનેક રૂપ. એકબીજાથી સાવ નોખાં નિરાળાં. શિયાળાની ઠંડીમાં તીક્ષ્ણ નહોરિયા ભરાવતો, ઉનાળામાં ધૂળ ઉડાડતો, મધ્યાહ્નની આહલેક જગાવતો, સાંજે હળુ હળુ વાતો, ચોમાસામાં વાછંટ ઝાપટાં સાથે આકાશમાં ધારાવસ્ત્ર લહેરાવતો, દરિયાકાંઠે સુસવાતો, સરૂવનમાં ઓરાતો, આકડાના ડોડાનું રૂ ઉડાડતો, રણની રેતમાં ઓકળિયાળી ભાત પાડતો, પીપળાનાં પાન ખખડાવતો, ખખડાવીને ગુમ થઈ જતો, બારીની તિરાડમાંથી ધારદાર બની સુસવાતો, બાળકની જેમ ઊડતાં વસ્ત્રોમાં લપેટાઈ બાઝી પડતો પવન... પવનનાં તો આવાં કેટલાંય રૂપ.

બાળકની રંગબેરંગી ફરકડી, ફડફડતી લહેરાતી ધજા, ફુલાયેલો શઢ, ફરફરતો પાલવ, ફરફરતું સાફાનું છોગું, નમણા ચહેરા પર વહેતી શ્યામલ લટો, ઘેલી થઈ નાચતી લીમડાની ચમરીઓ, એક લહેરખીએ ગરનાળા નીચે વરસતો પીળી પાંખડીઓનો વરસાદ, દીવાની થરકતી જ્યોત, સામા પવને ઊડતો એક સાહસી કાગડો.,.. કેટકેટલુંય યાદ આવે. યાદ આવે છે 'પથરે પાંચાલી'નું એક દૃશ્ય. બિભૂતિભૂષણે લખેલું નહીં, સત્યજીત રાયે આલેખેલું. બાળ અપુ અને તેની કિશોરી બહેન સીમમાં રમવા જાય છે. વર્ષાઋતુના દિવસો. માથોડાં ઊંચાં કાશફૂલોના રેશમી ગુચ્છો લહેરાઈ રહ્યા છે. ધુમાડાનો લિસોટો આંકતી એક ટ્રેન પસાર થઈ જાય છે. એ આખું દૃશ્ય અને તેમાં પવનમાં ડોલતા ધવલ કાશગુચ્છોનું શ્વેત શ્યામ આયોજન કથાપ્રવાહની સાથે જ અંકિત થઈ ગયું છે.

પવનનાં અનેક રૂપો જાપાની હાઈકુમાં ડોકાય—સૂક્ષ્મથી માંડી રૌદ્ર સુધી. એ પવન પાર્વતી નદીના ધસમસતા પ્રવાહમાં તરાપામાં વહેતા

સાહસવીરો પર ચેરી પાંખડીઓનો અભિષેક કરતો હોય, કોઈક દુકાનમાં પેપરવેઇટ નીચે દબાયેલી રંગીન ચોપડીનાં પાનાં ઉત્સુકતાથી ઉથલાવતો હોય, પૂર્વમાંથી વળી ખરેલાં પાંદડાંરૂપે પશ્ચિમમાં પૂંજીભૂત થતો હોય, સાવ આછી ફરકતી પ્રભાતી લહેરખીરૂપે કોશેટા ઈયળની સૂક્ષ્મ રોમાવલિ ફરકાવતો હોય કે ક્યાં ક્યાંથી રમીને આવતું બાળક દોડતું આવી માના ખોળામાં પડતું મૂકી ઢબુરાઈ જાય તેમ દોડતો આવી ક્રિમોનોની બાંયમાં લપાઈ સૂઈ જતો હોય. જાપાનના પવિત્ર પર્વત ફ્યુજિયામાની યાત્રાએ ગયેલા કવિ બાશોને એ યાત્રાની સ્મૃતિરૂપે કશુંક લઈ જવા જેવું લાગ્યું તો એ લહેરખીઓને. તેને થયું કાશ, આ લહેરખીઓને વીંટાળી ઘરે લઈ જઈ શકાત!

બે વરસ પહેલાં કચ્છની નાનકડી યાત્રા થઈ હતી. વાંકાચૂંકા ડુંગરાળ રસ્તે કાર છેક પહોંચી કાળા ડુંગર પર. એક તરફ ભૂખરા ડુંગર ને બીજી તરફ સફેદ રણ. એ દૃશ્ય સાથે જ જોડાઈ ગયો છે ત્યાંનો નિરંતર વાતો ફફડતો પવન. ઘેલો ઉતાવળો એવો કે અમે જતા રહેશું એ આશંકાએ વળગી વળગીને કાનમાં કશુંક કહ્યા જ કરે. તમે ધ્યાન દો, ન દો; તે તો કાનમાં કશુંક કહ્યા જ કરવાનો. ત્યારે મનેય બાશોની જેમ થયું, કાશ, એ પવન અહીં લાવી શકાત!

પવનના દૃશ્યરૂપ જેવું જ અપાર વિવિધતા ભરેલું પવનનું ગંધરૂપ. પારિજાતની માદક ગંધ હોય, દૂર ક્યાંક પડેલા વરસાદની માટીની ગંધ હોય કે લોબાનનો ઘેઘૂર ધૂપ, પવન બધે વહેંચવા નીકળવાનો. મોગરાની સુગંધની પાલખી લઈ ફરનારો પવન, રસ્તા પર મરેલા કૂતરાની સડતી ગંધ, ઊભરાતા જાજરૂની ગંધ કે સુકાતી માછલીની ગંધને એમ ન કહે, ‘આ સવારી તારા માટે નથી.’ પવન તો તે ગંધનેય પીઠ પર બેસાડી તેને સહેલ સફર કરાવે.

માનવ શ્વાસ એય પવનનું જ રૂપ. યાદ આવી ગયું એક ભજન ‘કિસને બનાયા પવન ચરખા’. માનવદેહ હવાની અદૃશ્ય પૂણીમાંથી શ્વાસ-ઉચ્છ્વાસના તાર અહર્નિશ કાંત્યા કરે. એ શ્વાસના તાંતણે જીવન ટકી રહ્યું હોય. એ તાંતણો તૂટ્યો કે ખલાસ. ગમે તેવું પહાડ જેવું

શરીર પણ ઢગલો થઈ જાય. શ્વાસની વાત નીકળી છે તો પૂછી લઉં. નાનું બાળક સૂતું હોય ત્યારે તેના નાનકડા નાકના ફોયણામાંથી શ્વાસની હળવી આવન-જાવન તેની છાતી પાસે હળવેકથી માથું રાખી સાંભળી છે?

પવનની બીજી ભેટ નાદની. કંઈ કેટલાય કંપ, અનુકંપ, રણન અનુરણન, ગીતસંગીત પવન વહી લાવે. મોડી રાતે અગાશીમાં વાંચતાં વાંચતાં દૂર ક્યાંકથી આવતો ભજનમંડળીનો સૂર સંભળાય છે. એ સૂર કોઈક અસ્ફુટ અધ્યાત્મ ભાવમાં ડુબાડી દે છે. પવનની દિશા બદલાતાં એ સૂર સંભળાતા બંધ થઈ જાય છે. પણ ચિત્ત ક્યાંય સુધી એ ભાવમાં લીન રહે છે. ક્યારેક મોડી રાતે દૂરથી રેડિયો પરથી કોઈ ગીત પવન વહી લાવે છે. એની પરિચિત ધૂન વચ્ચે વચ્ચે પરખાતા પરિચિત શબ્દો... ને પવન તે ગીતને કોઈ બીજા ઘાયલ માટે લઈ જાય છે. ગીતનું મુખડું જોયું ને અંતરા અંતર્ધાન—ચિત્ત એ અંતરાને શોધ્યા કરે છે.

પવનને કેટકેટલું કહેવું હોય છે? દૂર દૂરથી ઊડેલો ક્લાંત પવન જરા વિસામો લે છે પીપર, પીપળા, આંબલી, જાંબુ કે રાયણની ટગડાળે. ત્યાં બેસી નિરાંતે તેનાં પીંછાં પસવારે છે ને તેનાં પીંછાંમાંથી ખરે છે તેના ભ્રમણદેશોની ગંધ. બાળગોઠિયા પવને દાદા બનીને પોરબંદર દરિયાકિનારે મારા એકાંતઘેર્યા કલાકોમાં કાનમાં કેટકેટલીય વાતો કહી છેઃ અરેબિયન નાઇટ્સ, હારૂન અલ રશીદ, સિંદબાદ, આફ્રિકા, ઘન જંગલ, નાઇલ, ઇજિપ્ત, પિરામિડ અને સહરાની.

આજેય ક્યારેક મારા ગોઠિયા એ પવનનો અહાંગળો લાગે છે ત્યારે શહેરથી દૂર કોઈ નાનકડી ટેકરી પર જઈને બેસું છું. ત્યારે ટેકરી પરના ઘાસની ફણગીઓ ડોલાવતો પવન મારી કાનની બૂટ પાસે ફરફરતો કંઈ કેટલુંય કહ્યા કરે છે. એ વાતો હું ધરાઈને સાંભળું છું. હુંય તેની યાત્રાથી સંચિત થાઉં છું ને મારા એક અંશને તેની સાથે વહાવી દઉં છું. પાછો આવું છું ત્યારે હુંય પવનની જેમ હળુ હળુ

હલકો વાતો હોઉં છું.

['રૂપલબ્ધિ' પુસ્તકઃ ૨૦૦૪]

# સમુદ્રનાં મોજાંનો લય

જુલાઈ મહિનામ્નાં ઉમાશંકરભાઈનો જન્મદિવસ. તેમના છેલ્લા જન્મદિવસે મોડી સાંજે હું, કાર્તિક, યોગેશ અને પરેશ વર્ષાભીની હવામાં રસ્તા પરના ખાબોચિયાંનું સ્કૂટરથી પાણી ઉડાડતાં ઉડાડતાં તેમના ઘરે પહોંચેલા. અમે પહોંચ્યા ત્યારે દિવસના છેલ્લા મુલાકાતી ભોળાભાઈ નીકળવાની તૈયારીમાં હતા. ઉમાશંકરભાઈને તે દિવસે ઠીક ન હતું, ઝીણો તાવ હતો. કૅન્સર ડિટેક્ટ નહોતું થયું પણ તેની અસરની શરૂઆત થઈ હશે. માંદગીથી અને આખો દિવસ ચાલેલી શુભેચ્છકોની અવરજવરથી થાકેલા હતા. પથારીમાં બ્રાઉન કલરની શાલ ઓઢીને બેઠા હતા. થાક્યા હતા, પણ અમે આવ્યા તે તેમને ગમ્યું. દાદા આખા દિવસ પછી પૌત્રો સાથે એકલા પડે ને હળવા થાય તેવા હળવા લાગતા હતા. અમે બધા શુભેચ્છા વ્યક્ત કરવા પગે લાગ્યા, તો દરેકને અમારા નામ સાથે શુભેચ્છાઓ લખી 'સપ્તપદી'ની એક એક ચોપડી આપી.

તેમના જન્મદિવસ નિમિત્તે ગળ્યું મોઢું કરવા મીઠાઈ ખાધા પછી અમને એક વિચાર આવ્યો કે આ દિવસની યાદગીરી રાખવા કેસેટ પર તેમની કવિતા રેકોર્ડ કરીએ. કેસેટ-પ્લેયર તો ઘરમાં સામે જ પડ્યું હતું, તેથી જેમ સુથારનું મન બાવળિયે તેમ મારું મન ત્યાં ચોંટેલું હતું. થાક અને તબિયતને હિસાબે તેમણે રેકોર્ડિંગ કરવાની ના પાડી. પણ પછી અમારી હઠ સામે તેમનું ચાલ્યું નહીં—તેમાં વળી નંદિનીબહેનનો આગ્રહ પણ ભળ્યો. અંતે તેઓ તૈયાર થયા. કેસેટ-પ્લેયરની સિસ્ટમ નવી હતી તેથી તેના ઓપરેશનમાં થોડી તકલીફ પડી. લાગ્યું કે ઉમાશંકરભાઈ માંડ તૈયાર થાય છે ત્યાં કેસેટ-પ્લેયરે વ્યવધાન ઊભું

કર્યું! એક દહેશત હતી કે હાથમાં આવેલી તક સરી તો નહીં જાય? ત્યાં વળી પ્લેયરે યારી આપી. ઉમાશંકરભાઈએ ‘સમગ્ર કવિતા’ હાથમાં લઈ કવિતાપાઠ શરૂ કર્યો. થાક અને માંદગીમાંય અવાજ નિરામય હતો. અમે એક પછી એક કવિતા યાદ કરાવતા જઈએઃ ‘રહ્યાં વર્ષો તેમાં’, ‘ગયાં વર્ષો તેમાં’, ‘ધારાવસ્ત્ર’—ને બહાર ખરેખર ઝાપટું પડતું હતું. એ વરસાદના ધધૂડાનો, પવનનો, ભીંજાતી કોયલના ટહુકારનો અવાજ પણ રેકોડિર્ંગમાં ઝિલાયો. ગ્રંથસ્થ ન થયેલી પણ તે ગાળામાં લખેલી ‘ગ્રાંડ કેન્યોન’ પરની છેલ્લી કવિતા પણ તેમાં ઉતારેલી. મને લાગે છે કે તે કદાચ તેમનું છેલ્લું સચવાયેલું રેકોડિર્ંગ છે અને તે પણ તેમના જન્મદિવસનું!

જ્યારે પણ આકાશવાણી સ્ટુડિયોમાં રેકોડિર્ંગ હોય ત્યારે તેમને લેવા-મૂકવા જવાનું. હું લેવા ઘરે પહોંચું ત્યારે તૈયાર જ હોય, ખાલી ચંપલ જ પહેરવાનાં હોય. રસ્તામાં એક દિવસ મેં કહ્યું કે “ ‘મહાભારત’ એ તમારા અને બધાંના રસનો વિષય. તમે તેમાંથી માત્ર પસાર જ નથી થયા પણ પાને પાને રોકાઈ વરસો તેની સાથે ગાળ્યાં છે. તો અમારી પેઢીને તમારી એ દૃષ્ટિનો, અભિગમનો, જ્ઞાનનો લાભ મળે તે માટે તમારા ઘરે મહિને—પંદર દિવસે એક નાની પ્રવચન-બેઠક ગોઠવીએ, રસિક મિત્રોને જાણ કરીએ અને તમારા જ કેસેટ-પ્લેયર પર તેને રેકોર્ડ પણ કરીએ. અમારી શરત માત્ર એટલી જ કે તમે ‘મહાભારત’ પર બોલો.” મારી સ્કીમ તેમને પસંદ આવેલી. થોડી વાર મૌન રહ્યા પછી કહે, “તારી વાત સારી છે. આપણે જરૂર કરશું. વ્યાસનું મારા પર મોટું ઋણ છે. હાથમાં લીધેલાં કેટલાંક કામો પૂરાં થાય પછી બાકીનું જીવન વ્યાસ અને ગાંધીજીના ખોળે જીવવું છે. હું થોડો નવરો પડું પછી આપણે જરૂર કરીએ.”

તેમણે હાથ પર લીધેલાં કામોથી અને પાછળથી તબિયતને લીધે તે શક્ય ન બન્યું. છતાં જ્યારે જ્યારે પણ મળવા જતો ત્યારે હું ઉઘરાણી જરૂર કરતો. હંમેશાં તેમણે એમ કહ્યું કે, આપણે જરૂર કરીશું. વધુ વખત જવાને લીધે જ્યારે મારા આગ્રહમાં સંકોચ ભળવા લાગેલો

ત્યારે એક વાર તેમણે મને કહેલું, “ ‘મહાભારત’ વિશે પૂછતાં મારી પાછળ પડી જતાં અચકાઈશ નહીં. તું તારું કામ નહીં પણ મારી પાસે મારું જ કામ કરાવી રહ્યો છું.”

વિજ્ઞાનનો વિદ્યાર્થી હોવાને લીધે સાહિત્યનું અને ઉમાશંકરભાઈનું સીધું શિક્ષણ તો હું પામ્યો નથી. પણ અમારી આ લાગણી તેમની પાસે રજૂ કરતાં એક વાર તેમણે એક સાંજે તેમના અંદરના રૂમમાં મારા અને યોગેશ માટે અંગ્રેજી કવિતાનો રીતસરનો ક્લાસ લીધેલો. લગભગ દોઢ-બે કલાક સુધી. તેઓ વરસો પછી એમ. એ. નો પિરિયડ લેતા હોય તેમ ટોમસ ગ્રેની ‘એલિજી રીટન ઇન અ કન્ટ્રી-ચર્ચયાર્ડ’ અને ટોમસ હાર્ડીની ‘કવિની ઇચ્છા’ કવિતાઓની લીટીએ લીટી વાંચતા જાય, ‘between the lines’ જે હોય તે પણ સમજાવતા જાય. છેક છત સુધી ચડી ગયેલી ચોપડીઓવાળા ઘોડા, ટેબલ પર જવાબ આપવાની રાહ જોતા કાગળો, ટેબલની એક તરફ ઉમાશંકરભાઈ, બીજી તરફ ખુરશી પર હું અને યોગેશ. ઉપરથી પડતો બલ્બનો પ્રકાશ અને વિદ્યુત-લતાશી એક પછી એક ઉજાળતી પંક્તિઓ, બધું ક્લિક થઈ ગયું છે. તે દિવસે તો અમારા માટે ચા બનાવવા ગયા (તેમના હાથની ચા અને ચીવટપૂર્વક છાલ ઉતારેલું સફરજન ખાવાવાળા અમે પણ ભાગ્યશાળી હતા.) ત્યારે તેમના બુકકેસનો કાચ સરકાવી ચોપડીઓ જોયેલી. એક પુસ્તક હજી યાદ છે ‘Divine Comedy’. તેમણે ચાલીસ-પચાસ વરસ પહેલાં તે પુસ્તક બે વાર વાંચ્યું હતું અને તેમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને વિશેષ કરીને ‘ઉપનિષદ’ અને ‘ગીતા’ના પેરેલલ ક્યાં છે તે પંક્તિઓ અંડરલાઈન કરેલી ને ટાંચણ કરેલું.

તેમની સાથે થોડી વાર બેસો તોપણ બેચાર વાત, વિચાર કે રજૂઆત એવી થાય કે તમને કાયમ માટે યાદ રહી જાય. ‘મહાભારત’ના ગમતા પાત્ર વિશે પૂછ્યું, તો તેમણે કૃષ્ણ, કર્ણ, અર્જુન, યુધિષ્ઠિર, વિદુર કે દ્રૌપદી નહીં પણ દુર્યોધનનું નામ આપેલું! તેમના હૃદયના કોઈ ખૂણામાં આપણો આ ખલનાયક વસી ગયેલો.

નેધરલેન્ડ્ઝથી મારો મિત્ર યાપ સ્લુરિંક અમદાવાદ આવેલો, તો

તેને લઈ ઉમાશંકરભાઈને ઘરે ગયેલો. આમસ્ટરડામ, હેગ, રોટરડામની વાતો કરી તેને વાતો કરતો રાખેલો. નીકળતી વખતે બહાર ઓશરીમાં અમને વળાવવા આવ્યા ત્યાં વળી વાર્તાએ વળગ્યા. વાતવાતમાં ક્યાંથી ‘કાન્ત’ની ‘આજ મહારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે’—તે પંક્તિઓ બોલ્યા ને ગુજરાતી ભાષાનો એક અક્ષર પણ ન સમજનારા મારા ડચ મિત્રે કાવ્યના લય પરથી તેને પામી જઈને મને પૂછ્યું: “Are these lines related to sea?” એ કવિતામાં યાપને સમુદ્રમાં મોજાંનો લય પકડાયો!

# યદુનાથ થત્તે

## બાની વરસગાંઠ

હાલમાં નવાનવા તહેવારો નવા જમાના મુજબ નીકળવા લાગ્યા છે. નેતાઓના જન્મપ્રસંગે હવે તેમની વર્ષગાંઠો ઊજવવામાં આવે છે. નાનાં બાળકોના જન્મદિન તો ઘણા સમયથી ઘેરઘેર ઊજવવામાં આવે છે. પરંતુ દુનિયામાં બધી વ્યક્તિઓના કરતાં જેનું મહત્ત્વ વધારે છે એવી તો માતા જ છે. અમેરિકા જેવા દેશોમાં મે મહિનાની ૧૧મીએ માતૃદિન ઊજવવામાં આવે છે. તે લોકોએ માતૃપૂજાને રાષ્ટ્રીય તહેવારોમાં સ્થાન આપ્યું છે. સારી કલ્પના કોઈની પણ હોય, તે સારી હોય તો તેનો અમલ કરવામાં જ અકલમંદી છે. આ વાત મારા મનમાં આવી અને અમે આ વરસથી જ તેનો અમલ કરવાનો નિશ્ચય કરી લીધો. બા બાળકો માટે કેટલો પરિશ્રમ ઉઠાવે છે, કેટલો ત્યાગ કરે છે! તે માટે કૃતજ્ઞતા પ્રગટ કરવાની કલ્પના બધા પરિવારને ગમી ગઈ. માતાની વરસગાંઠના દિવસે માતાને ખુશ રાખવાનું બધાંએ ઠરાવ્યું.

જે દહાડે માતાનો જન્મદિન આવવાનો હતો તે દિવસે પિતાજીએ કામથી છુટ્ટી લઈ લીધી. આટલા મહત્ત્વના તહેવારના દિવસે અમે, ભલા, કેમ નિશાળે જઈ શકીએ? અમે પણ રજા લઈ લીધી. પ્રસિદ્ધ માણસોના જન્મદિવસો પર રજા લેવાનો તો આપણો રિવાજ જ છે.

માનો જન્મદિવસ તે શું દિવાળીથી ઊતરતો તહેવાર હોઈ શકે? બધું ઘર સજાવવાનું હતું. સ્થાને સ્થાને ફૂલોની માળાઓ અને કાગળની ઝંડીઓ લગાવવાની હતી. આંગણાને લીંપીગૂંપી ત્યાં સાથિયા ચીતરવાના હતા. ઘરમાં દીવાલે દીવાલે ‘માતૃદેવો ભવ’, ‘One who rocks the cradle rules the world’, ‘ન માતુઃ પરં દૈવતમ્’, ‘માતા એ ભગવાનનું સૌથી સૌમ્ય રૂપ છે’ એવાં સૂત્રો અને કહેવતો મોટામોટા અક્ષરોમાં લખવાનાં હતાં. ફૂલોની માળાઓ બનાવવામાં અમારી મા અજોડ છે.

બધા ગામમાં તેની ખ્યાતિ છે. દર વરસે દિવાળીમાં ઘર સજાવવાનું કામ તો એ જ કરે છે. તો બાના જેવા અનુભવીને છોડીને અમારાં જેવાં બિનઅનુભવી છોકરાંઓ ઘરને શું સજાવવાનાં હતાં? બાએ આ કામ ઉપાડી લીધું. અમને કરવા જ ન દે! અમે તેને ફરી ફરી કહીએ કે અમે કરી લઈશું બધું. પણ તે માને ત્યારે ને? હું ઘર સજાવવામાં આટલો રસ ધરાવતો ન હતો, પણ મારી બહેનો કહેતી કે ઘર સજાવ્યા વગર ઉત્સવ કેવો! ઘરની સાફસૂફી પણ માતાએ પોતે જ કરી લીધી. અમે તો માતાને દુઃખ ન આપવાની પ્રતિજ્ઞા લઈને બેઠાં હતાં! થોડા માટે, ભલા, તેને નારાજ કેમ કરાય?

અને તહેવારને માટે નવાં કપડાં તો તદ્દન જરૂરી છે. મારી બહેનો આ તહેવાર માટે સારી સારી રેશમી સાડીઓ ખરીદીને લાવી. રેશમી સાડી અને સુતરાઉ બ્લાઉઝ તો મેળ વિનાનાં જ દેખાય. એથી બ્લાઉઝ માટે પણ કપડું લેવું પડ્યું. આપણા દેશના દરજીઓ તો તદ્દન ગમાર છે. વખતસર કપડું સીવીને આપે તો તે દરજી જ શાના? અને આટલા થોડા સમયમાં કોણ કપડું સીવીને આપે? તેથી બરોબર સમય પર કપડાં તૈયાર થાય એ માટે માતાએ પોતે બ્લાઉઝ સીવીને તૈયાર કરી આપવાનું આશ્વાસન આપ્યું. માતાનો જન્મદિવસ ઊજવવાના તહેવાર માટે અમો બન્ને ભાઈઓ માટે પિતાજીએ બે બુશકોટ ખરીદ્યા. તેઓશ્રીએ આ પુણ્યપ્રસંગની યાદ માટે એક સારી ફાઉન્ટનપેન ખરીદ કરી. માતા માટે અમે કૅલિકોનું સારું કપડું લેવાનું ધાર્યું હતું. પણ સમય એવો આવ્યો છે કે ચીજની જે વખતે જરૂર હોય તે વખતે એ મળે જ નહિ, અને મામૂલી માણસ કાળા બજારની કિંમત આપીને શું ખરીદી શકે? તેથી બાએ કહ્યું: “રહેવા દો. આગળ સગવડે લઈ લઈશું. હમણાં જ ખરીદવાની ઉતાવળ શી છે? મારી જૂની સાડીઓ છે—જે હું તહેવારના દિવસે પહેરું છું—તે પહેરીને જ આ તહેવાર ઊજવીશ.” અમે તેને નારાજ કરવા ઇચ્છતા ન હતા, એટલે એનું કહેવું માનવું જ પડ્યું. પહેલાં તો તે માતૃદિન ઊજવવા જ રાજી ન હતી. જેમ તેમ કરીને તેને ગળે એ ઉતાર્યું હોવાથી તેની

ઇચ્છાને પ્રમાણ માન્યા વગર આરો જ ન હતો.

માતાને રોજ ઘરનું એટલું બધું કામ કરવું પડે છે કે તેને ફરવા જવાની પણ તક નથી મળતી. રસોઈમાંથી પણ ભાગ્યે જ રજા મળે. તેની વર્ષગાંઠના દિવસે તો રસોઈમાંથી તેને રજા મળવી જોઈએ! તે દિવસે તેને મોટરમાં બેસાડીને સૈર કરવા લઈ જવાનું પણ અમે ધાર્યું હતું. નજીકમાં એક સારું તળાવ હતું. બા કેટલાંય વર્ષોથી તે જ ગામમાં રહેતી હતી, છતાં એક વાર પણ તળાવ જોવા જવાનું શક્ય બન્યું ન હતું. પણ તળાવ પર જઈએ તો સાથે નાસ્તો તો જોઈએ જ! પણ બહેનોને રસોઈ કરવાનું જ્ઞાન ન હતું. જુઓ તો, આજકાલની સુશિક્ષિત યુવતીઓ! તે શું રસોઈ જાણે! ચા બનાવવા પણ કોઈ તેઓને કહે તો આંખ કાઢતી. કોક વાર બનાવતી, તો કાં તો ખાંડ નાંખવી ભૂલી જતી, કાં તો બે વાર ખાંડ નાખતી. તહેવારના દિવસે નાસ્તો સારો ન થાય તો બધી મઝા જ ચાલી જાય! રસોઈ કરવા માટે અમે માણસની તપાસ કરવા માંડી. પણ રસોઈયો ન જ મળ્યો. રસોઈયો એટલા બધા પૈસા માગતો હતો કે તેને બોલાવીએ તો મોટરમાં સૈર કરવાનો કાર્યક્રમ રદ કરવો પડત. બાએ કહ્યુંઃ “હું રસોઈ બનાવીશ, મોટરમાં સૈર કરવાનો કાર્યક્રમ રદ ન કરવો જોઈએ.” મેં કહ્યુંઃ “હોટેલમાંથી નાસ્તો લઈ લઈએ તો પણ કામ પતી જાય.” પણ બાને આ વાત સારી ન લાગી. ઘરમાં માણસ હોય ત્યારે હોટેલમાં કેમ જઈએ? અને હોટેલની ગંદકીની તેને ઘણી ઘૃણા હતી. બીજો ઉપાય ન હોવાથી બાની સૂચના અમારે સ્વીકારવી પડી. અને બાએ નાસ્તો બનાવ્યો.

બરોબર સમયસર મોટર આવી. ભાડૂતી મોટર હતી. ભાડાની મોટરમાં તો પાંચ જ માણસો બેસી શકે. જનારાંઓ હતાં છ. અમે ડ્રાઇવરને છ માણસોને લઈ જવા વિનંતી કરી. પૈસા પણ વધારે આપવા તૈયાર થયા. પણ તે એકનો બે ન થયો. મામલો ઘણો જ મુશ્કેલ બની ગયો. છ માણસ તો જઈ શકતા ન હતા. ઘેર કોણ રહે? અમે બે ભાઈઓ તળાવમાં તરવા ખાતર જવાના હતા. બહેનો બનીઠનીને તૈયાર થઈ હતી. એટલે અમારામાંથી તો પાછળ કોણ રહે? પિતાશ્રી

ઘેર રહેવા તૈયાર હતા, પણ માતા તેઓશ્રીના સિવાય આવવા રાજી ન હતી. પિતાશ્રીએ અમારા તરફ એક વાર આશાથી જોયું કે અમારામાંથી કોઈ પાછળ રહે તો સારું. પણ અમે તો સમતાના ભક્ત, અમારામાંથી કોણ અને કેમ પાછળ રહે? અમારા ચહેરા ઉપર નારાજીનો ભાવ જોઈ માએ કહ્યું: “મારી ચિંતા ના કરશો. તમે સૈર કરી આવ્યાં તો હું પણ સૈર કરી ચૂકી એમ સમજીશ. તમે બધાં જાઓ. મારી તબિયત સારી નથી. માથું પણ દુઃખે છે.” બાની વર્ષગાંઠના દિવસે તેને નારાજ કેમ કરાય? તેની ઇચ્છાને માન આપવું જ પડ્યું! અમે બધાં મોટરમાં બેઠાં. માએ ઘણી ખુશીથી અમને રવાના કર્યાં. અમારી મોટર જ્યાં સુધી દેખાતી હતી ત્યાં સુધી તે મોટર તરફ જોતી ઊભી હતી.

તળાવ પર અમે પહોંચ્યાં. ચારે તરફ ખૂબ ફર્યાં. તરવામાં પણ ઘણી મજા આવી. પિતાશ્રી કહેવા લાગ્યા: “તમારી બા આવત તો આટલી મજા ન પડત. તે બિચારી આટલું ન ફરી શકત! તેના પગ થાકી જાત. તે ન આવી એ જ સારું થયું. બીજું કશું નહિ, પણ તેને આરામ તો મળ્યો.” બાએ નાસ્તો તો શું પણ ભોજનની જ પૂરી સગવડ કરી આપી હતી. અમે મીઠાઈઓ ઉડાવી. સાંજે ત્યાંથી પાછાં ઘેર આવ્યાં તો ઘણાં થાકી ગયાં હતાં.

અમે ઘેર પહોંચ્યાં ને પિતાજીના બે દોસ્ત મળવા આવ્યા. પિતાજી તેઓની સાથે ઘણી વાર સુધી વાતો કરતા રહ્યા. બાએ જોયું કે અમે ઘણાં જ થાકી ગયાં છીએ. રસોડામાં જઈને એ રસોઈ કરવા મંડી. મારી બન્ને બહેનો ઘણી જ થાકી ગઈ હતી. ઘેર આવી તો લાસ જ થઈને આવી હોય એમ લાગતું હતું. બાએ તેમને જોઈને કહ્યું: “જાઓ બેટી, ઘણી જ થાકી દેખાઓ છો. જઈને આરામ કરો.” બાએ રસોઈ પૂરી કરી ત્યાં આઠ વાગ્યા.

બધાં સાથે જ ભોજન કરે તો ઠીક એમ ધાર્યું હતું. પણ જ્યારે પિતાજીને ભોજન માટે આમંત્રણ આપવા હું ગયો ત્યારે મિત્રોની સાથે એમની વાતો ચાલુ જ હતી. તેમના આગ્રહથી મિત્રોએ પણ ખાવા માટે રોકાવાનું નક્કી કર્યું. પિતાજીએ કહ્યું: “છોકરાંઓની બાની આજે

વર્ષગાંઠ અમે ઊજવીએ છીએ. તમારા જેવા મહેમાન અનાયાસે આવ્યા છે તો તેનો લાભ ઉઠાવવો જ જોઈએ.” પિતાજીનું નિમંત્રણ મિત્રોએ કબૂલ કર્યું. બાએ તેઓને પણ ભોજન પીરસ્યું. બધાંનો સાથે જ ભોજન કરવાનો વિચાર પડતો મૂકવો પડ્યો..પીરસવાનું કામ માતાએ જ કર્યું. બહેનો થાકી હતી, અને પુરુષો શું પીરસવાનું કામ કરે! પિતાજીએ ઘણા આગ્રહથી મહેમાનદોસ્તોને ખવડાવ્યું. ભોજન પણ ઘણું સારું થયું હતું. ભોજન પૂરું થયું એટલે બહેનોને નિદ્રા આવવા માંડી. બાએ કહ્યું: “તમે જઈને સૂઈ જાઓ. હું બધું કામ કરી નાખીશ.” હું ભોજન થયા બાદ રસોડામાં ગયો. અમારા તળાવના પ્રવાસનું વર્ણન સંભળાવવાની ઇચ્છા રાખીને હું ગયેલો. બા જમતી હતી. બે મહેમાનોના અચાનક આવવાથી ઘણી ઓછી વસ્તુઓ બચી હતી. ગળી ચીજ તો એક પણ બચી ન હતી. થોડોઘણો ભાત અને દાળ રહ્યાં હતાં. ચાર કોળિયા ખાઈને બા ઊઠી. વાસણો જમા કરવા માંડી. એટલામાં પિતાજી અને તેમના બન્ને દોસ્તો અંદર આવ્યા. દોસ્તો બોલ્યા: “ભાભીજી, આજે રસોઈ તો ઘણી જ સારી બની હતી. હવે હરવર્ષ અમે તમારી વર્ષગાંઠના દિવસે તમારા હાથનું ભોજન કરવા આવીશું.” મિત્રો ગયા બાદ પિતાજી રસોડામાં આવ્યા અને કહ્યું: “તમારી વર્ષગાંઠ ઘણી સારી રીતે પાર પડી. ઘણી જ મઝા આવી. હવેથી દર વર્ષે તમારી વર્ષગાંઠ ઊજવવાનો મેં નિશ્ચય કર્યો છે.”

મેં પણ કહ્યું: “બા, તારી વર્ષગાંઠ ધામધૂમથી ગઈ ખરીને!”

બાની આંખોમાં આંસુ આવ્યાં. તેણે કહ્યું: “આજનો દિવસ હું ક્યારેય પણ ભૂલીશ નહિ!”

બાની આંખોમાં આંસુ જોઈને મને લાગ્યું કે અમારી બધી મહેનત સાર્થક થઈ છે!

# યશવંત ત્રિવેદી

## મેઘાણીભાઈ

*આ વસંતનાં ફૂલોમાં હું યુગો સુધી ઢાંકી રાખીશ*
*દેવળમાં બળતી મીણબત્તી જેવો*
*તમારો વેદનાનો ચહેરો...*
*તમારાં જુલ્ફાંમાં*
*સાવજની કેશવાળીના પછડાટથી ત્રામત્રામી ઊઠતું ગીરનું રાન*
*કંઠના ટોડલા પર બેઠેલું મોરલાના અવાજનું ટોળું*
*ઘેઘૂર અધબીડયાં પોપચાંમાં*
*હમણાં ધોધમાર વરસું વરસું કરતા અષાઢના આકાશ જેવી*
*મોરપીંછની આંખો...*
*તમે ચાલીસ ચાલીસ વર્ષ પહેલાં*
*ઘોળીઘોળી ભરેલા પિયાલામાંથી ઊભરાઈને*
*આજે અત્યારેય*
*મને કસુંબીના છાંટા ઊડે છે, મેઘાણીભાઈ!*
*પગમાં ક્રાંતિનાં પગરખાં*
*આંખોમાં થીજી ગયેલાં આંસુના દ્વીપ*
*ને ઝોળીમાં બારમાસીનાં વેડેલાં ગીત—*
*જોઉં છું તો ગોધૂલિ ટાણે*
*કોઈના લાડકવાયાની આરસખાંભી પર*
*તમે લોહીના અક્ષરે કવિતા લખી રહ્યા છો...*

['પરિપ્રશ્ન' પુસ્તક]

# મરણને મૂઠીમાં લઈ ચાલનાર

૧૯૪૨માં રવિશંકર મહારાજ સાબરમતી જેલમાં કેદની સજા ભોગવી રહ્યા હતા. તે દરમિયાન બબલભાઈ મહેતાને જેલમાં દાદાના ભેગા રહેવાનો સુયોગ મળ્યો હતો. એ દિવસોમાં દાદાનાં લોકકાર્યના અનુભવો એમના મુખે સાંભળવાનો લહાવો અનેકોની સાથે બબલભાઈને પણ મળ્યો હતો. પણ ગુજરાતના લોકજીવનના હિતમાં આ પ્રસંગો સંઘરી રાખવા જેવા છે એવો વિચાર બબલભાઈને આવ્યો, એટલે મહારાજને પૂછી પૂછીને એમણે આગલાપાછલા અનુભવો નોંધવા માંડ્યા. મહારાજને તે વખતે સ્વપ્નેય ખ્યાલ નહીં કે સહેજ સહેજમાં કહેવાતી રહેલી અનુભવવાર્તા પુસ્તકનું રૂપ ધારણ કરશે. પણ મહારાજ રહ્યા પોતાની જાતના કડક પહેરેગીર. મરદનાં વખાણ મસાણે થાય, એવું માનનારા. એટલે પોતાના જીવતાં પોતાની પ્રસિદ્ધિની વાતને તેઓ શેના અનુમોદન આપે? આમ મહારાજના પૂર્વજીવનનો તૈયાર થયેલો વૃત્તાંત મહારાજની સંમતિને અભાવે ચારેક વરસ એમ ને એમ પડી રહ્યો. આખરે સ્વજનોના આગ્રહને વશ થઈને મહારાજે એના પ્રકાશનને સંમતિ આપી અને ૧૯૪૭માં 'મહારાજ થયા પહેલાં' એ નામે પુસ્તિકા પ્રગટ થઈ.

બબલભાઈને મહારાજનું સારુંયે જીવન પ્રજા સમક્ષ રજૂ કરવું હતું એટલે ૧૯૫૫માં 'રવિશંકર મહારાજ' એ નામે મહારાજના જીવનપ્રસંગો આલેખતું બીજું દળદાર પુસ્તક તેમણે પ્રસિદ્ધ કર્યું. મહારાજ ત્યાર પછી તો ત્રીસેક વર્ષ જીવ્યા. પણ હવે બબલભાઈ આપણી વચ્ચે નથી અને અનુભવવાર્તા કહેનાર મહારાજ પણ નથી. પાછલાં વર્ષોનાં કાર્યો ઉપર પ્રકાશ નાખનારા ચરિત્રકારની જરૂર રહેશે.

'મહારાજ થયા પહેલાં' અને 'રવિશંકર મહારાજ'—બંને મળીને એક સળંગ જીવનકથા આપણને મળે છે. કાકાસાહેબ કાલેલકરે યથાર્થ જ કહ્યું છે કે, "નિ:સ્પૃહતા જાળવ્યા છતાં બધા પ્રત્યે સમભાવ અને મીઠાશ બતાવવાની કળામાં તો ગાંધીજી પછી તેમનું જ સ્થાન છે."

એમના જીવન ઉપર અનેકોનો પ્રભાવ વર્તી શકાય છે. પણ

મહારાજે પોતે એ વિશે જે કહ્યું છે તે અત્યંત મહત્ત્વનું છે:

"હું સાવ નાનો હતો ત્યારે માતાપિતા તરફથી મને શુભ સંસ્કારો મળ્યા હતા, તેમાં આર્યસમાજે તર્કનો ઉમેરો કર્યો અને ગાંધીજીએ જીવવાની દૃષ્ટિ આપી. મારા જીવનમાં મને વધારેમાં વધારે આનંદ આપનાર વ્યક્તિ ગાંધીજી છે. એ મહાપુરુષ ન હોત તો હું ક્યાં હોત? એમની સાથે બેસીને મેં બહુ વાતો નથી કરી, બહુ પ્રશ્નો પણ નથી પૂછ્યા, એમ છતાં મને લાગ્યા કરે છે કે મારી બધી ગૂંચો એ મહાપુરુષે જ ઉકેલી છે. એમના કાળમાં મારો જન્મ થયો છે એ માટે હું મારી જાતને હંમેશ ધન્ય માનું છું."

નાના હતા ત્યારથી જ આડોશીપાડોશી માટે કે અજાણ્યા માટે નિ:સ્પૃહ ભાવે ટાંપાં ખાવામાં મહારાજને જરાયે આળસ ન હતું. બીજા માટે જાત ઘસવામાં તેઓ આનંદ અનુભવતા.

સત્યનિષ્ઠા, નિર્ભયતા, પરમાર્થવૃત્તિ, નમ્રતા અને નિરહંકાર આ પાંચે ગુણો જેવા ગાંધીજીના તેવા જ મહારાજના હતા. એટલે જ ગાંધીજીના અવસાન પછી ગુજરાતની પ્રજાની આંખ મહારાજને જોઈને ઠરતી.

મહારાજે જ્યાં જ્યાં પોતાનું કામ ગોઠવ્યું ત્યાં ત્યાં લોકોએ એમનો પ્રેમથી સ્વીકાર કર્યો છે, એમનો પડ્યો બોલ ઉપાડ્યો છે. અને એમની આંગળીના ઈશારે એમણે દુ:ખકષ્ટ પણ સહ્યાં છે. મહારાજ જાણે કે સેવાકાર્યની જંગમ વિદ્યાપીઠ બની રહ્યા હતા.

કોલેરા હોય કે કોમી હુલ્લડ હોય, દુષ્કાળ હોય કે પૂર હોય, ગુજરાત હોય કે બિહાર હોય, લોકોને મહારાજની અપ્રતિમ સેવાઓ હરેક પ્રસંગે મળતી જ રહેલી. કોમી હુલ્લડના દિવસોમાં હિંદુ અને મુસલમાન લત્તાઓમાં જરા પણ ખચકાટ વિના કે રક્ષણ વિના મડદાંને અવલમંજલ પહોંચાડવા અને વૈરની આગ હોલાવવા એ મચી પડેલા હોય. મરણને મૂઠીમાં લઈને ચાલનારા એ મરજીવા હતા.

['વાત્સલ્યમૂર્તિ રવિશંકર મહારાજ' પુસ્તક]

# યશવન્ત મહેતા

## વિજ્ઞાન-સાહસકથાનો સર્જક

ફ્રાન્સનું નાન્તે શહેર : ઓગણીસમી સદીના પ્રથમાર્ધમાં ત્યાં એક અત્યંત કલ્પનાશીલ છોકરો વસતો હતો. કલ્પનાશીલ તો એવો કે કશું જ એને જેમનું તેમ દેખાય જ નહીં. પહાડ જુએ તો અંદર ગુફાઓની અને એમની અંદર વસેલી નગરીઓની કલ્પના કરે. વન જુએ તો એનાં ગાઢ વૃક્ષો વચ્ચે ચાલતાં કોઈ કારખાનાની કલ્પના કરે. દરિયો જુએ તો એને તળિયે વસતા માનવસમૂહોની કલ્પના કરે!

એક દહાડો એની શાળાના શિક્ષકે નિબંધ લખવા કહ્યું. ‘હું મોટો થઈને શું કરવા માગું છું’, એવો એ નિબંધનો વિષય હતો. કોઈકે લખ્યું કે, હું રાજા બનીને રાજ કરવા માગું છું. કોઈકે લખ્યું કે, હું સેનાપતિ બનીને યુદ્ધો જીતવા માગું છું. કોઈ વકીલ, દાક્તર, ધર્મગુરુ, ખલાસી કે કરોડપતિ થવા માગતા હતા. પણ આપણા આ ભેજાબાજે શું લખ્યું તે એના જ શબ્દોમાં જોઈએ :

“હું અજનબી દુનિયામાં સાહસની સફરે જવા માગું છું-એવી દુનિયામાં કે જ્યાં તાડનાં લાંબાં પાંદડાં હવામાં વીંઝાતાં હોય, જ્યાં લાલ અને લીલાં પંખી ટહુકા કરતાં હોય, જ્યાં ભેદભર્યાં વનોમાં માણસથી પણ ઊંચાં ઘાસ લહેરાતાં હોય. જ્યાં માનવીએ કદી નહીં દીઠેલી ગુફાઓ પોતાનાં જડબાં ફાડીને બેઠી હોય, જેમાં અટપટા છૂપા માર્ગો હોય અને જેમાં પડઘાનાં સંગીત બજતાં હોય...”

આ છોકરાનું નામ જુલે ગેબ્રીએલ વર્ન. (કોઈક એના નામનો ઉચ્ચાર ‘ઝુલ’ કરે છે. ગુજરાતીમાં એના નામનો ઉચ્ચાર ‘જુલે વર્ન’ રૂઢ બન્યો છે, એથી આપણે અહીં એ ઉચ્ચાર સ્વીકારીને ચાલીશું.) ૮ ફેબ્રુઆરી, ૧૮૨૮ને દિવસે જન્મેલા જુલેને સાહસનો અને સફરનો એવો તો ગાંડો શોખ લાગ્યો હતો કે બારેક વર્ષની ઉંમરે એ ઘેરથી

ભાગી નીકળેલો! એની ઇચ્છા કોઈક જહાજ પર નોકરીએ રહીને દુનિયા ઘૂમવાની હતી.

કલ્પનામાં તો એ ઘણી વાર આવી ભાગંભાગ કરતો જ રહ્યો. નવરો પડે કે તરત અજબગજબની વાર્તાઓ લખે. આડેધડ ચિત્રો દોરે. પણ કેવાં ચિત્રો? ઘોડા વગરની ગાડીનાં અને આકાશમાં ઊડતી આગગાડીનાં અને દેશવિદેશની સફર કરનાર બલૂનનાં અને એવાં એવાં.

૧૮૪૭માં અઢાર વર્ષની ઉંમરે જુલેએ પૅરિસનો રાહ પકડ્યો. ત્યારે પૅરિસનાં ‘સલોન’ વિખ્યાત હતાં. બૌદ્ધિક ચર્ચાઓ અને સર્જનાત્મક આપલેની ભૂમિકા આ સલોન ભજવતાં. જુલેના કાકા પૅરિસના અગ્રણી નાગરિક હતા. એમણે જુલેને ‘સલોન’માં ઓળખાણો કરાવી આપી. એમાં મુખ્યત્વે લેખકો અને કવિઓ મળતા. પૅરિસમાં બીજું પણ ઘણું ઘણું હતું. ઢગલાબંધ છાપાં, કોડીબંધ માસિકપત્રો, ચોપડીઓ તો થોકેથોક છપાય. રાતભર નાટકશાળાઓ ચાલે. લેખકો, કવિઓ, નટો અને કલાકારોથી આખી નગરી ઊભરાય. જુલેએ નક્કી કર્યું કે જીવવું તો પૅરિસમાં અને એ પણ નાટ્યલેખક બનીને. પોતાની પ્રિય નગરીમાં એ ભટકવા લાગ્યો. એની આ રઝળપાટ દરમિયાન એક એવી ઘટના બની ગઈ કે એની આખી જંદિગી જ પલટાઈ ગઈ.

એક રાતે જુવાન જુલે સંગીતનો જલસો સાંભળવા ગયો હતો. પણ એના સાહસરસિયા જીવને સંગીતમાં રસ ન પડ્યો. કાર્યક્રમની અધવચ્ચેથી ઊઠીને એ ચાલતો થયો. પોતાની રસભરી, અવનવી અને ઉટપટાંગ કલ્પનાઓમાં રમતો જુલે ઊંધું ઘાલીને સંગીતશાળાનો દાદરો ઊતરી રહ્યો હતો, ત્યાં તો અચાનક લૂગડાંના એક મોટા પોટલા સાથે અથડાઈ પડ્યો. સંગીતશાળાના દાદરા પર આ કયા ધોબીના બચ્ચાએ લૂગડાંનું પોટલું મૂક્યું હશે, એમ વિમાસતા જુલેએ નજર ઊંચી કરી. જરા ધારીને જોયું તો, આ તો પોટલું નહીં પણ પોટલા જેવો પહોળો પહોળો એક ગોળમટોળ માણસ જણાયો.

જુલેએ અથડાઈ પડવા બદલ તેની માફી માગવા માંડી. પેલા પોટલાએ કહ્યું, “દોસ્ત! માફી માગવાની જરૂર નથી. તમે પોતાની

કલ્પનાઓની દુનિયામાં ખોવાઈને દાદરો ઊતરતા હતા, એટલે અથડાઈ પડ્યા. ખેર! મને કાંઈ થયું નથી. ઊલટાની તમને મારી રાક્ષસી ફાંદ વડે ઈજા ન થઈ હોય તો જ નવાઈ! હા, હા, હા... પણ જુવાન, મને એક બીજો જ વિચાર આવે છે."

"કયો વિચાર?" જુલેએ પૂછ્યું.

"વિચાર એવો છે કે-જે માણસ આટલો કલ્પનાવિવશ છે તે લેખક બને તો કેટલું સુંદર સર્જન કરી શકે!"

જુલેએ બીતાં બીતાં અને સસંકોચ જણાવ્યું, "સાહેબ! હું લેખક જ છું."

"એમ? તો તો લાવો તમારું લખાણ! મને વાંચવા આપો. કાલે સાંજે મને ફરી મળો."

"આપ..?"

"હો હો હો... મારી ઓળખ આપવાનું તો હું વીસરી જ ગયો. મારું નામ એલેક્ઝાંડર ડુમા."

આટલું કહીને, આગામી સાંજના મિલન માટેની સલોનનું નામ-સરનામું જણાવીને ડુમા દાદર ચડી ગયા. જુલે એમની ધીંગી પીઠ જોઈ જ રહ્યો. પોતે આજે ફ્રાન્સના એક વિરાટ સર્જકને મળ્યો છે, એના અહોભાવથી જ જુલે પુલકિત બની ગયો. 'થ્રી મસ્કેટિયર્સ' જેવી અનેક અદ્ભુત ઐતિહાસિક સાહસકથાઓના ડુમા અજોડ સર્જક હતા. પૅરિસમાં ત્યારે એમના નામનો ડંકો વાગતો. ડુમાના ચરિત્રનું એક ઉમદા પાસું હતું ઊગતા સર્જકોને પ્રોત્સાહન આપવાનું. અનેક સર્જકો એલેક્ઝાંડર ડુમાની સર્જકમંડળીના સાથી હતા.

વળતી સાંજે યુવાન જુલે લેખકમંડળીમાં પહોંચી ગયા. ડુમાએ અન્ય સાહિત્યકારો સાથે જુલેની ઓળખાણ કરાવી અને જે કાંઈ લખે તે પોતાને બતાવવા સૂચવ્યું. ડુમા માત્ર વિખ્યાત જ નહીં, ધનવાન પણ હતા. એક થિયેટરના માલિક હતા. એમણે જુલેને થિયેટરમાં કામે રાખી લીધા.

જુલેને વિજ્ઞાનસાહિત્ય લખવું હતું, પરંતુ એ માટેની અભ્યાસસામગ્રી નહોતી. ભાઈસાહેબે પૅરિસના જાહેર પુસ્તકાલયનું શરણું શોધ્યું. વહેલી સવારથી રાતે પુસ્તકાલય બંધ થાય ત્યાં સુધી લાઇબ્રેરીનો આશરો. એમાં બે લાભ હતા-ઘણાંબધાં પુસ્તકો વાંચવા મળે, અને કાતિલ ઠંડી સામે રક્ષણ પણ મળે. ઘરમાં રહે તો તો તાપવા માટે બળતણ બાળવું પડે ને?

પુસ્તકાલયમાં બેસીને જુલેએ પુષ્કળ વાચન કર્યું. હજારો પાનાં ભરીને વિજ્ઞાનવિષયક નોંધો કરી. એ નોંધો અને વિજ્ઞાનના એ જ્ઞાન વડે જ પછીથી એની કૃતિઓ રચાઈ. અગાઉ મહાન સમાજચંતિક કાર્લ માર્ક્સે પણ આમ જ, લંડનની ટાઢથી બચવા શહેરના પુસ્તકાલયનો આશ્રય લીધો હતો.

દક્ષિણ ફ્રાન્સના એમિયન્સ ગામે એક મિત્રના લગ્નમાં હાજરી આપવા માટે જુલે ગયેલા. ત્યાં ઓનરાઇન મોરેલ નામની એક યુવાન વિધવાના પ્રેમમાં પડી ગયા. બેઉએ લગ્ન કર્યાં. દંપતીને ત્યાં પુત્રનો જન્મ થયો. નામ રાખ્યું માઇકલ. માઇકલ આગળ જતાં પિતાનો લેખક-સહાયક બન્યો. વર્નના અવસાન પછી એમની પડી રહેલી કે અધૂરી રહેલી ઘણી કૃતિઓ શોધીને તથા મઠારીને માઇકલે પ્રગટ કરાવી.

વર્નને પોતાની પ્રથમ વિજ્ઞાન-સાહસકથા લખવાની તક ૧૮૬૨માં મળી ગઈ. માનવીની આકાશમાં ઊડવાની ઝંખનાનું એક પરિણામ ૧૮મી સદીમાં ફ્રાન્સમાં જ જોવાયું હતું. ત્યાં હવા ભરેલા બલૂન વડે ઊડવાના સફળ પ્રયોગ થયા હતા. પછી એવા ગુબ્બારાને વધારે ટકાઉ, નિયંત્રિત, ઝડપી અને પોસાય તેવા બનાવવાની દિશામાં પુષ્કળ પ્રયાસો અને સંશોધનો ચાલતાં હતાં. જુલે વર્ને પણ તે વિષયની વ્યાપક નોંધો રાખી હતી. એટલામાં ફેલિક્સ નાદર નામનો મિત્ર જુલેને મળ્યો. કહે કે, મેં ‘જાયન્ટ’ નામનો ગુબ્બારો બનાવ્યો છે. એની વાટે યુરોપની મુસાફરી કરવા ધારું છું. એ પ્રવાસનો ખર્ચ કાઢવા માટે અખબારોમાં કશુંક છપાવવું છે. તમે કશુંક લખી આપો ને!

આ સૂચને જુલે વર્નના મસ્તકમાં ઝબકારો કરી દીધો. એમને થયું

કે ગુબ્બારો યુરોપ પર ઊડે એમાં ખાસ નવાઈ નહીં. પરંતુ અજાણ્યા અંધારિયા લાગતા આફ્રિકા ઉપર એ ઊડે તો કેવી કેવી મુશ્કેલીઓ સર્જાય? કેવાં જોખમો આવે? કેવાં સાહસ કરવાં પડે? આ દિવસોમાં મંગો પાર્ક, ડૉ. લિવિંગ્સ્ટન, સ્ટેનલી, વગેરેનાં આફ્રિકી સાહસો તાજાં હતાં. વિશાળ વિક્ટોરિયા સરોવરની શોધ હમણાં જ જાહેર થઈ હતી. એ પાર્શ્વભૂમાં, આફ્રિકા પરની ગુબ્બારાયાત્રાની કથા લોકોને ખૂબ ગમે. આથી એમણે આવી એક લાંબી કથા લખી નાખી.

આ નવલકથા 'ગુબ્બારામાં પાંચ સપ્તાહ'ની હસ્તપ્રત લઈને વર્ન પ્રકાશકોનાં પગથિયાં ઘસવા લાગ્યા. કાંઈ કેટલાય પ્રકાશકોને વંચાવી. પીટર હેઝેલ નામના પ્રકાશકે આખરે એ કૃતિ કેટલાક સુધારા પછી છાપવાની તૈયારી બતાવી. એણે વાચકોનાં દિલ જીતી લીધાં. કથા એટલી બધી લોકપ્રિય નીવડી કે તરત જ એનું અંગ્રેજી ભાષાંતર થયું, અને આટલાંટિકની બેય બાજુએ તેનું ધૂમ વેચાણ થયું.

પ્રકાશક હેઝેલે વર્નનું મૂલ્ય સમજી લીધું હતું. એણે વર્ન સાથે એક કરાર કર્યો. એ કરાર અનુસાર, વર્ન જે કાંઈ લખે તે એમણે હેઝેલને પ્રગટ કરવા આપી દેવાનું હતું. બદલામાં હેઝેલ એમને પ્રતિવર્ષ ૧૦,૦૦૦ ફ્રાન્ક આપે. ૧૮૬૩ પછીનાં લગભગ ૨૦ વર્ષ સુધી દરરોજ સવારના ૫-૦૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી વર્ને લખ્યે રાખ્યું. અનેક અવનવી વિજ્ઞાન-સાહસકથાઓ રચી. આશરે ૪૦ વર્ષ સુધી વર્ન પ્રતિવર્ષ ઓછામાં ઓછી એક અને ક્યારેક વધારે નવલકથાઓ હેઝેલને (અને જગતને) આપતા રહ્યા.

૧૮૬૪માં વર્ને એમની ઉત્તમ કૃતિઓમાંની એક 'પૃથ્વીના કેન્દ્રનો પ્રવાસ' '(જર્ની ટુ ધી સેન્ટર ઓફ ધી અર્થ') આપી. આપણે આ કૃતિને મૂળશંકર મો. ભટ્ટના સંક્ષિપ્ત ગુજરાતી અનુવાદ 'પાતાળપ્રવેશ' દ્વારા ઓળખીએ છીએ.

૧૮૬૫માં વર્ને 'પૃથ્વીથી ચંદ્ર' '(ફ્રોમ ધી અર્થ ટુ ધી મૂન') લખી. આ કથામાં જુલે વર્ને યાનને ચન્દ્ર સુધી પહોંચાડવા માટે એને એક વિશાળ તોપમાંથી છોડવાની કલ્પના કરેલી. પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાંથી

યાન છૂટી શકે એ માટે એમણે કલાકે ૨૫,૦૦૦ માઇલની ગતિની પણ કલ્પના કરેલી. એક સદી પછી એમની આ કલ્પનાઓ તદ્દન યથાર્થ પુરવાર થઈ. ૧૯૬૯માં અમરેકિનોએ ચન્દ્ર પર ઉતરાણ માટે 'એપોલો-૧૧' નામક યાન છોડ્યું ત્યારે વર્નના જ પથને અને પદ્ધતિને અનુસરવામાં આવ્યાં હતાં. વર્ને પોતાની વાર્તાના યાનને અમેરિકાના ફ્લોરિડા રાજ્યના કેપ કેનેવર્લ ખાતેથી છૂટતું નિરૂપેલું. એપોલો-૧૧ લગભગ આ જ જગાએથી છોડવામાં આવ્યું. જુલે વર્ને પોતાના યાનને પરત આવવાના સ્થળ તરીકે પાસિફિક મહાસાગરનું જે સ્થળ દર્શાવેલું એનાથી એપોલો-૧૧ માત્ર ત્રણ કિલોમિટર દૂર મહાસાગરમાં ખાબક્યું!

સફળતાને વરેલા વર્ને ૧૮૬૮માં 'સેઇન્ટ મિશેલ' નામનું એક જહાજ ખરીદ્યું. સફરે નીકળી પડ્યા. બચપણથી જે દરિયાઈ સફરોની ઝંખના સેવી હતી તે પોતાના આગવા જહાજ દ્વારા પૂર્ણ કરવાની તક એમને ચાળીસ વર્ષની ઉંમરે મળી ગઈ.

સબમરીન દ્વારા સાહસ-પ્રવાસની એક નવલકથા આ જહાજી પ્રવાસ દરમિયાન જ એમણે લખવા માંડી. એ પછીથી 'ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ્ઝ અંડર ધી સી' (સમુદ્ર સપાટી હેઠળ ૨૦,૦૦૦ દરિયાઈ માઇલની દરિયાઈ સફર) નામે પ્રગટ થઈ. ૧૮૬૯માં પ્રગટ થયેલી આ નવલકથાને ઘણા લોકો વર્નની શ્રેષ્ઠ કૃતિ માને છે. એનો કથાનાયક કૅપ્ટન નેમો પૂર્વજીવનનો એક હિન્દી રાજવી છે, જે ૧૮૫૭ના બળવા દરમિયાન અંગ્રેજો સામે લડેલો અને જે વિશ્વભરમાં મોટી સત્તાઓ દ્વારા ગરીબ દેશોની લૂંટ અને ગુલામી વિરુદ્ધ લડવા નીકળ્યો છે. કૅપ્ટન નેમો સારા વિજ્ઞાની પણ છે, અને એમણે 'નોટિલસ' નામક અત્યંત શક્તિશાળી સબમરીન બનાવી છે. આ સબમરીન વડે તેઓ લૂંટખોર રાજ્યોનાં જહાજોને ભાંગે છે અને ડુબાડે છે. વળી, વિશ્વભરમાંથી ગુલામીની પ્રથા નાબૂદ કરવાની પણ કૅપ્ટન નેમોની જેહાદ છે.

૧૮૭૨માં એમની વિજ્ઞાન-પ્રવાસ-સાહસની અન્ય સુવિખ્યાત કથા 'અરાઉન્ડ ધી વર્લ્ડ ઇન એઇટી ડેઝ' '(એંશી દિવસમાં પૃથ્વી-પ્રદક્ષિણા') પ્રગટ થઈ. વાર્તા પ્રથમ તો પૅરિસના એક પત્રમાં દૈનિક હપતે છપાઈ.

દરરોજ એનો થોડો થોડો ભાગ પ્રસિદ્ધ થતો. એમાં ૮૦ દિવસમાં દુનિયાની સફર પૂરી કરવાની શરત લગાવીને નીકળેલા એક બ્રિટિશ સાહસી ફિલિયાસ ફોગની વાત છે. આ કથામાં દુનિયાને એટલો બધો રસ પડ્યો કે પૅરિસના આ છાપામાં શું છપાય છે, તે દુનિયાનાં બીજાં છાપાંઓમાં બીજે દિવસે સમાચાર તરીકે છપાતું! ફિલિયાસ ફોગ આજે ક્યાં પહોંચ્યો તેના તાર દેશવિદેશમાં મોકલાતા હતા!

ન્યૂ યોર્કના એક છાપાને તો ફોગની આ સફરમાં એટલો રસ પડી ગયો કે એણે ખરેખર દુનિયાની સફરે નીકળવા માટે સાહસિકોને ઓફર કરી. અને દુનિયાના પત્રકારત્વના ઇતિહાસનું આ પણ એક રોમાંચક પ્રકરણ છે કે આ પ્રવાસ માટે એક યુવતી તૈયાર થઈ. એ પત્રકાર યુવતીનું નામ નેબી બ્લાય. એણે માત્ર ૭૨ દિવસમાં દુનિયાની સફર ખેડીને ફિલિયાસ ફોગનો વર્ન-કલ્પિત વિક્રમ તોડી પાડ્યો.

વર્ન પોતાનું એકાદ જહાજ લઈને દરિયાઈ સફરે નીકળી પડતા. જહાજ પર લખતા. અનેક દેશોની એ મુલાકાત લેતા. એની આ બધી દરિયાઈ યાત્રાઓ દરમિયાન ભત્રીજો ગૅસ્ટન એમની સાથે રહેતો. ગૅસ્ટન વર્નને વહાલો હતો. આ ગૅસ્ટન ૧૮૮૫માં અચાનક પોતાના મસ્તક પરનો કાબૂ ગુમાવી બેઠો. તેથી એના પિતાના ઘરમાં એને ગોંધી રાખવામાં આવતો. પરંતુ અચાનક એ છટક્યો. કોણ જાણે ક્યાંથી એક ભરી રિવોલ્વર એના હાથમાં આવી ગઈ. એની ડાગળીમાં શો ચસકો થયો, ખબર નહીં; પરંતુ એ તો જુલે વર્ન કાકાને ઘેર જઈ પહોંચ્યો. જઈને કહે કે તમે જહાજોમાં બેસીને એકલા ઘૂમ્યા કરો છો, તો મનેય જહાજ ખરીદવાના પૈસા આપો. આ ગાંડિયાની માગણીનો વર્ને ઇન્કાર કર્યો. ગૅસ્ટને એમના પર ગોળીબાર કરવાની કોશિશ કરી. એમાં તો કાકો-ભત્રીજો બથ્થંબથ્થા આવી ગયા. એ ધમાચકડીમાં બે ગોળીઓ છૂટી. એક વર્નના ઘૂંટણની નીચે નળા પર વાગી. આ ઘટનાએ તેના એક પગને જંદિગીભરને માટે જાહલ બનાવી દીધો. હવે તે ટેકણલાકડી વગર ચાલી ન શકતા.

પગ જાહલ બન્યા પછી વર્ન પોતાને નિવાસસ્થાને વધારે સ્થિર

થયા હતા. જીવનભરમાં સો ઉપરાંત નવલકથાઓ લખી હતી. પરિણામે શરીર ખૂબ ઘસાઈ ગયું હતું. અંધ બન્યા એટલું જાણે પૂરતું ન હોય તેમ બહેરા પણ બન્યા. છેલ્લે છેલ્લે એ અંધ અને બહેરા લેખક માત્ર બોલી શકતા અને સંતાનો એ લખી લેતાં.

વર્નનાં કુલ પુસ્તકોની યાદી તો લાંબી છે. એમનાં ફ્રેન્ચ અને અંગ્રેજી (અનુવાદિત) ૧૫૩ પુસ્તકોની યાદી બનાવી શકાઈ છે. એ પણ આખરી નથી.

['જુલે વર્નની કથાસૃષ્ટિ' પુસ્તિકા : ૧૯૯૬]

# યશવન્ત શુક્લ

## જ્ઞાનની ગરજ નથી

દિલ્હીની બે યુનિવર્સિટીઓના અને ૬૬ કૉલેજોના પાંચેક હજાર અધ્યાપકોની વાંચવાની આદત વિશે શ્રી અખિલેશ્વર ઝાએ કરેલી મોજણીમાં ૯૫ ટકા જેટલા અધ્યાપકોએ નિખાલસ એકરાર કર્યો હતો કે નિયત થયેલાં પાઠયપુસ્તકો સિવાય અભ્યાસક્રમ અંગે બીજું કશું વાંચવાની એમને આદત જ નથી! “સામાન્ય વાચન પણ નહીં?” એવા ધારદાર પ્રશ્નના જવાબમાં મોટા ભાગના અધ્યાપકોએ એમ જણાવ્યું હતું કે પોતે ‘ઈલસ્ટ્રેટેડ વીક્લી’ કે ‘બ્લિટ્ઝ’ જેવાં સામયિકો વાંચતા હોય છે. પોતપોતાના વિષયનાં વિશિષ્ટ સામયિકોનું વાચન કરનારા અધ્યાપકોની સંખ્યા જૂજ હતી.

“કૉલેજના કલાકો પછી અને રજાઓમાં તમે શું વાંચો છો?” એવા સવાલના જવાબમાં એક અધ્યાપકે કહ્યું : “એ સમયગાળા દરમ્યાન બજારમાંથી ખરીદી કરવાની, છોકરાંના ભણતરની, એમનાં લગ્નની, એમની નોકરીની ઘણી બધી જવાબદારીઓ અદા કરવાની હોય છે, તેમાં વાંચવાનો સમય જ ક્યાંથી મળે?”

ઉપરનું ચિત્રા ૯૫ ટકા અધ્યાપકોનું છે. બાકીના પૈકી ૩ ટકા જેટલાના વાચનમાં મોટે ભાગે જાતીયતા, ગુનાખોરી અને જાસૂસીનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. પછી રહ્યા બે ટકા જેટલા અધ્યાપકો, જે ચોક્કસ પ્રકારના જ્ઞાન માટેનું પ્રમાણિત વાચન કરતા હોય છે.

આ તારણો એમ કહી જાય છે કે ૫૦૦૦ પૈકી ફક્ત ૧૦૦ અધ્યાપકો પોતાની વિદ્યાકીય સજ્જતાને સજાવતા રહેનારા, એટલે કે અધ્યાપક નામને સાર્થક કરનારા છે. એટલું પણ પુણ્ય પહોંચે છે, એનું આશ્વાસન લઈએ. (સાથે સાથે, પ્રશ્નો ટાળવાને બદલે સાચકલા ઉત્તરો આપવા માટે દિલ્હીના અધ્યાપકોને શાબાશી પણ આપીએ.)

તેમની પરિસ્થિતિ સમજવાનો પણ પ્રયાસ કરીએ. કેટલાંયે વર્ષોથી, ખાસ કરીને સ્વરાજ્ય મળ્યા પછી યુનિવર્સિટીઓ ને કૉલેજો ફાલીફૂલી પછી, જે અધ્યાપકોની ભરતી થતી રહી છે તે મરવાને વાંકે જીવતા ઉચ્ચ શિક્ષણના વારસદાર વિદ્યાર્થીવર્ગમાંથી થતી રહી છે. એ ઉચ્ચ શિક્ષણમાં ઉપચાર ખાતર ભણવામાં ને ભણાવવામાં આવે છે. ત્યાં ભણનારાંને ગરજ નોકરીની છે—જ્ઞાનની નહીં. સારા પગારની નોકરી માટે ડિગ્રી જોઈએ એટલે જેમતેમ કરી પરીક્ષાઓ પસાર કરવી, ડિગ્રી મેળવવી અને જોઈતી નોકરી મળે એટલે હાશ કરવી. પછી તે નોકરી છોડવાનો પ્રસંગ ન આવે તે માટે સંગઠનો કરવાં, દબાણ લાવવું અને શિક્ષણના સ્તરને સવિશેષ નીચું આણવું, વિદ્યાર્થીઓ પોતાની સામે વિરોધ ન કરે તે માટે એમને ઉદારતાથી પરિણામો આપવાં—એમ વંચનાનો વ્યાપક કાર્યક્રમ દેશભરમાં ચાલી રહ્યો છે.

જો હાલની સંસ્થાઓ બંધ કરવામાં આવે, તો વખતે સારું પરિણામ આવે.

['સંદેશ' દૈનિક: ૧૯૭૮]

# આપકર્મી સાહિત્યસર્જક

જીવનના કેવા કેવા ઝંઝાવાતોમાંથી પન્નાલાલ પટેલ પસાર થયા હતા! એક બાવાની આંગળીએ વળગીને એમણે વતન છોડેલું. જૂના વખતમાં જેને અંગ્રેજી ચોથું ધોરણ કહેવાય ત્યાંથી એમનું ભણતર અટકેલું. પછી તો દારૂ ગાળવાની ભઠ્ઠી ઉપર નોકરી, શહેરમાં આવીને મજૂરી અને ઘરચાકરની નોકરી. વાચન કશું ખાસ નહીં. પણ એમ તો લાગે છે કે કિશોરવયમાં પણ સ્વભાવ રંગીલો. લોકજીવનમાં પ્રસરેલાં ગીતો, ભજનો બધું ગાઈ શકે. લોકબોલીમાં પણ ઓતપ્રોત. ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા માંડલી ગામના આ ખેડૂતપુત્રની નાનપણમાં પરખાયેલી કોઈ વિશેષતા હોય તો તે જીવનરસ, અને

માણસભૂખી સંવેદના.

વિદ્યાર્થી પન્નાલાલને સહાધ્યાયી તરીકે મળ્યા ઉમાશંકર જોશી. બંને ગાઢ મિત્રો બની રહ્યા. પછી છૂટા પડી ગયા. પણ ગાંધીજીના પ્રમુખપદે અમદાવાદમાં મળનારી સાહિત્ય પરિષદ પ્રસંગે બંને મળ્યા ત્યારે ઉમાશંકરે, કોણ જાણે શું સમજીને પણ, પન્નાલાલને લખવા સૂચવ્યું. પછી તો કારખાનામાં મજૂરી કરતા આ પચીસ વર્ષના જુવાનડાને લખવાનો જે ઓરતો જાગ્યો તે કદાપિ વિરમ્યો જ નહીં.

પન્નાલાલને કાવ્યસર્જન સહજ હતું. શું કાવ્યમાં કે શું વાર્તામાં પન્નાલાલને નિરૂપવો ગમ્યો છે પ્રેમ—માનવીય પ્રેમ, નિસર્ગપ્રેમ, વિશ્વપ્રેમ. એમનાં મનચક્ષુ સમક્ષ પોતાના વતનનું વાતાવરણ નર્તી રહ્યું હતું. ત્યાંની પ્રકૃતિ, ડુંગરા, ઝરણાં, સ્ત્રીપુરુષો અને સંસ્કારો તેમના ઘટમાં ઘૂંટાયા હતા.

જે પહેલી વાર્તાઓ એમણે લખી તે સુન્દરમ્‌ની કસોટીમાંથી ક્રમે ક્રમે પાર ઊતરતી પ્રસિદ્ધ થવા લાગી. રામનારાયણ વિ. પાઠકે તો ‘પ્રસ્થાન’ માસિકમાં વાર્તા લખતા રહેવાનું પાધરું ઈજન જ આપી દીધું, અને ઝવેરચંદ મેઘાણીએ ‘ફૂલછાબ’ની ભેટવાર્તા માટે પન્નાલાલ પાસેથી ‘મળેલા જીવ’ જેવી અનુપમ નવલ મેળવી. પન્નાલાલની કલમ હવે સડસડાટ ચાલવા લાગી.

પન્નાલાલની વાર્તાકલાનો ચરમવિકાસ ‘માનવીની ભવાઈ’માં અનુભવાય છે. દુકાળો તો ગુજરાતે ઘણા જોયા હશે, પણ છપ્પનિયો દુકાળ જનસ્મૃતિમાં એવો કંડારાયો છે કે પન્નાલાલને એમાંથી નવલકથાનું વસ્તુ લાધ્યું. દુકાળની ભીષણતાનું અને માનવીના પ્રેમ ને પુરુષાર્થનું એ મહાકાવ્ય બની રહી. જ્ઞાનપીઠ પારિતોષિક આ અર્ધા ભણેલા આપકર્મી સાહિત્યકારને પ્રાપ્ત થયું.

પન્નાલાલ ટૂંકી વાર્તાઓના પણ સિદ્ધહસ્ત સર્જક બની શક્યા. એમણે નાટકો લખ્યાં છે, બાળવાર્તાઓ પણ લખી છે. પન્નાલાલ જે કાંઈ લખે તેમાં કથનવેગ, ભાષાની શક્તિ અને ચિત્રાત્મકતા ઊતરી

આવ્યા વિના તો કેમ જ રહે? એમની કૃતિઓની અનેક આવૃત્તિઓ થઈ છે, તે વાચકો ઉપર પન્નાલાલે કેવું અદ્‌ભુત કામણ કર્યું હશે તેની નિર્દેશક છે.

એક સંવેદનશીલ સર્જક બોલાતી ભાષાનો અને જીવાતા જીવનનો લય પકડીને કેવળ પોતાની કલમના તાલે તાલે આગળ વધે તો કેવું ઉત્તમ સાહિત્ય સર્જાય, તેની પ્રતીતિ પન્નાલાલનું માતબર સાહિત્યસર્જન કરાવે છે.

# ચાએનો કાવાઈ

## પૈસા, પૈસા ને પૈસા

નિશાળેથી નીકળીને ઘેર જવું મને બહુ આકરું લાગે છે. જ્યારે ઘેર જાઉં ત્યારે નિશાળના કાંઈક નહિ ને કાંઈક પૈસા મારે બા પાસે માગવાના આવે જ છે. મને એમ કે નિશાળમાંથી અમે ઉજાણીએ ગયાં હતાં તેનો ફાળો તો મેં આપી દીધો હશે. પણ ત્યાં તો સાંભર્યું કે હજી મારે ગાડીભાડાના ત્રણ યેન દેવાના બાકી છે. તે જ દિવસે મારી વિજ્ઞાનની ચોપડીના દસ યેન મારે બા પાસેથી લેવાના હતા.

"ભલે," કહીને બાએ મારા હાથમાં સાડા તેર યેન મૂક્યા: "તારી ચોપડીઓ માટે જોશે એટલા પૈસા તો હું આપીશ; પણ આ તારી નિશાળ તો, બાપુ, બહુ પૈસા ખરચાવે છે."

પૈસા મળ્યા એટલે મારે માથેથી ભાર ઓછો થયો. પણ ત્યાં તો મારી નાની બહેને બા પાસે ૧૮ યેન માગ્યા—ને મને ફાળ પડી. તરત બા ખિજાણી: "આ તારાં બે ભાઈબહેન આજ સવારથી ચોપડીના ને આના ને તેના પૈસા માગ માગ કરે છે; એમાં વળી તું આવી. એટલા બધા પૈસા તો મારે કાઢવા ક્યાંથી?" હું ઝટ ઝટ ઘર બહાર નીકળી ગઈ; વધારે કાંઈ મારે સાંભળવું નહોતું.

નિશાળે જઈને હિસાબનીશને ગોતીને હસતાં હસતાં મેં એમના હાથમાં પૈસા મૂક્યા, એમણે એ કાળજીથી ગણી જોયા, ને પછી કહ્યું: "ગયે ઉનાળે તમે નાગરિકશાસ્ત્રની ચોપડી લીધેલી તેના પૈસા તો હજી બાકી રહ્યા!"

એમ કેમ બને? હજી વધારે પૈસા! મારા હૈયામાં ધ્રાસકો પડ્યો. તે દિવસે અમારા માસ્તરે વર્ગમાં જે શીખવ્યું તેમાં મને જરાય રસ પડ્યો નહિ. હાય! હવે બા શું કહેશે?

નિશાળ છૂટી ત્યારે સોજુ મારી વાટ જોઈને ઊભો હતો. "વિદ્યાર્થી-

બેંકમાં તારું ખાતું ખોલવાના ૨૦ યેન કાલે લેતી આવજે;" એ બોલી ઊઠ્યો. ૧૪ યેન ચોપડી માટે, ને ૨૦ યેન બેંક માટે—બધા મળીને ૩૪ યેન! શું કરીશ? બા પાસે ૩૪ યેન કેમ કરીને મગાશે?

નિશાળમાં જ રોકાઈને હજી મારે રમવું હતું. પણ રમતમાં જીવ જ પરોવાય નહિ. મને તો બહુ ફિકર થયા કરતી હતી. ક્યારે બા પાસે પૈસા માગીશ? શું કહીશ? ઘેર જતાં આખે રસ્તે એ જ વિચાર મારા મનમાં આવ્યા કર્યા. ચિંતામાં ને ચિંતામાં એ સાંજે ઘરની છો પણ મારાથી સરખી ધોવાઈ નહિ. તે જ દિવસે બા પાસે પૈસા માગી લેવાનો વિચાર મેં કર્યો; પણ જીભ ઊપડે જ નહિ. પૈસા માગવાનો કોઈક કીમિયો મેં શોધવા માંડ્યો; પણ સૂઝે જ નહિ. આમ તો અમે જ્યારે માગીએ ત્યારે નિશાળના પૈસા આપી દે એવી સારી અમારી બા છે. પણ અમે માગનારાં એટલાં બધાં છીએ કે બધાંને પૂરા પડે એટલા પૈસા એ કાઢે ક્યાંથી? બીજે દિવસે તૈયાર થઈને નિશાળે જવા નીકળી ત્યારે, જતાં જતાં ધીમે સાદે મેં બાને કહ્યું: "બા, મારી નાગરિકશાસ્ત્રાની ચોપડીના ને વિદ્યાર્થીબેંકના પૈસા..."

હું શું ગણગણી તે એને કાંઈ સમજાયું નહિ, એટલે મારી તરફ ફરીને કહે: "શું કહ્યું?"

"ગયા સત્રામાં મેં એક ચોપડી લીધેલી તેના ને વિદ્યાર્થીબેંકમાં ખાતું ખોલવાના પૈસા મારે દેવાના છે." એની સામે જોયા વિના જ હું બોલી ગઈ.

"શું કીધું? વળી પાછા પૈસા! જરાક તો શરમાતી જા! તારા જેવડી હતી ત્યારે હું કો'કને ઘેર ઠામ-વાસણ ઊટકતી, ને મારા પગારના પૈસા ઘેર મોકલતી...ઠીક, એમાં તારોય શું વાંક? પણ આ નિશાળવાળાએ કાંઈક વિચાર કરવો જોઈએ. તમે બધાં છોકરાં જરાક મોઢું ઉઘાડો એટલે એમાંથી પૈસા, પૈસા ને પૈસાની જ વાત નીકળે છે. અખાડાના પૈસા, કાગળ-પેનસિલના પૈસા, ચોપડીઓના પૈસા, બેંકના પૈસા... આપણે કાંઈ પૈસાવાળાં નથી. તારા માસ્તરને કહેજે કે, આજ ઘરમાં પૈસા નથી." પછી જાણે મનમાં જ ગણગણતી હોય તેમ—"પૈસા

હતા એટલા તો તમારા બાપાને દઈ દીધા; ને હવે હું પાડોશી પાસે માગવા નથી જવાની.”

‘બાની વાત તો સાચી છે;’ નિશાળ ભણી ચાલતાં ચાલતાં મને વિચાર આવ્યા: ‘પૈસાની અમારે બહુ જરૂર પડે છે. મને થાય છે કે અમારાથી યે ગરીબ હશે તે લોકોનું કેમ કરીને ચાલતું હશે? ફરજિયાત કેળવણીનો કાયદો છે, એટલે નિશાળે તો અમારે જવું જ પડે છે. પણ તો પછી ચોપડીના ને એવા પૈસા અમારે ન આપવા પડે તેવો બંદોબસ્ત કેમ કોઈ કરતું નથી? આ કોઈચીને બિચારાને નથી બાપ કે નથી મા. ટોઈસીને દી બધો ડુંગરામાં કામ કરવું પડે છે. એવા છોકરા કો’ક દી જ નિશાળે જવા પામતા હશે. ભણવાની ચોપડીઓ ને બીજું બધું એ ક્યાંથી કાઢતા હશે? નિશાળના અડધોઅડધ છોકરા જો એવા ગરીબ હોય કે ચોપડી વેચાતી લઈ ન શકે ને નિશાળે ન આવી શકે, તો માસ્તર શું કરે...?’

નિશાળે પહોંચીને મેં મારી હિસાબની ચોપડી તપાસી. જુલાઈથી સપ્ટેમ્બર સુધીનો હિસાબ ઝીણી આંખે જોઈ ગઈ. પણ એકેય નકામી ચીજ પાછળ મેં પૈસો બગાડયો હોય તેવું એમાં લાગ્યું નહિ. નિશાળમાંથી અમે બહારગામ ફરવા જતાં ત્યારે પણ મેં પૈસા વાપર્યા નહોતા, મારે જેની બહુ જરૂર ન હોય તેવી એક પણ ચીજ મેં ખરીદી નહોતી.

તેમ છતાં જ્યારે ને ત્યારે બા પાસે પૈસા માગવા મને બહુ આકરા લાગે. એટલે તોજાબુરો ને યોશીનોરીની જેમ હું પણ કાંઈક કમાવાની મહેનત કરવાની છું. એ બેય ભલે છોકરા રહ્યા; છોકરીઓ ય ધારે તો કમાઈ શકે.

(છોકરી: ૧૫ વર્ષ)

# યાસીન દલાલ

## નિર્લેપતાના ભીતરમાં

જીવનમાં અમુક પ્રકારના માણસોનો પરિચય થયા પછી મનમાં અફસોસ થાય છે કે આ સંબંધ આટલો મોડો કેમ બંધાયો? કેટલો બધો સમય આપણે આ સંબંધથી વંચિત રહ્યા! પ્રા. રમણ પાઠકનું વ્યક્તિત્વ આ પ્રકારનું છે. એમનો પરિચય મને છેક ૧૯૮૦ના અરસામાં થયો અને એ પ્રથમ પરિચય ગાઢ સંબંધમાં ફેરવાઈ ગયો. કદાચ, આ મિલન માટે હું વર્ષોથી ઉત્સુક હતો. કારણ?

કારણ સ્પષ્ટ હતું. ધર્મગ્રંથોમાં દર્શાવેલી જાતજાતની માન્યતાઓ વિશે, સમાજમાં પ્રચલિત અનેક વહેમો વિશે બાળપણથી હું ચીલાચાલુ વલણથી કંઈક જુદું વિચાર્યા કરતો હતો. સામાન્ય બુદ્ધિમાં ન ઊતરે એવી કોઈ પણ વાત કેમ સ્વીકારાય, એવો પ્રશ્ન મનમાં સતત ઊઠ્યા કરતો. જ્ઞાતિના ને બીજા સંકુચિત વાડાઓમાં કેદ એવા સમાજને જોઈને, મનુષ્યજીવનનું ગૌરવ હણાતું જોઈને મન બાળપણથી જ વ્યથા અનુભવતું. પણ પછી થતું, હું જે વિચારું છું એ બીજાઓ કેમ વિચારતા નહીં હોય? એમાં રમણભાઈ મળી ગયા. બરાબર એ જ વિચારો, પરંપરા સામેનો એ જ આક્રોશ.

રમણભાઈના સુસ્પષ્ટ વિચારો, અને એવી જ સ્પષ્ટ આચારધારા. સ્થિતપ્રજ્ઞ જેવો સ્વભાવ. નહીં ઉશ્કેરાટ, નહીં લાગણીવેડા. સામે ગમે તેવો અંધશ્રદ્ધાળુ આવી ચડે, તોય પોતાની વાત તેને સમજાવે, દલીલોથી ગળે ઉતરાવવા પ્રયત્ન કરે; સામા માણસને ઉતારી પાડવાની વૃત્તિ નહીં. અને એ બધું નિર્લેપભાવે કરે. પણ બહારનાં આ નિર્લેપ વલણના ભીતરમાં તો આ પતિત અને ગુમરાહ સમાજની અવદશા જોઈને ભારોભાર વ્યથા ને અનુકંપા અનુભવે.

સુરતના દૈનિક ‘ગુજરાતમિત્રા’માં રમણભાઈની કટાર ‘રમણભ્રમણ’

૨૫-૩૦ વરસથી ચાલે છે, તેમાં બુદ્ધિપ્રામાણ્યવાદ(રેશનાલિઝમ)ના એમના વિચારો માટે મોકળું મેદાન મળ્યું. દક્ષિણ ગુજરાતના હજારો વાચકો સુધી તેની મારફત નવા વિચારો ફેલાતા જ ગયા, અંધશ્રદ્ધા સામે જેહાદ ચાલતી રહી. આજે ગુજરાતમાં વલસાડથી પાલનપુર સુધી અને સૌરાષ્ટ્રને ખૂણેખૂણે ‘રેશનાલિસ્ટ’ વિચારો ધરાવનારા લોકોનો એક નાનકડો વર્ગ ઊભો થયો છે એની પાછળ રમણ પાઠકની કલમની પ્રેરણા પણ છે.

# યાસીન દલાલ, ઈલા પાઠક

## આવો, આત્મપરીક્ષણ કરીએ!

ગુજરાતના સાહિત્યકારોએ ગુજરાતનું કલુષિત વાતાવરણ દૂર કરવામાં શી રચનાત્મક ભૂમિકા ભજવી? મારા નમ્ર મત મુજબ ગુજરાતનો સાહિત્યકાર છેલ્લા બે દાયકામાં પ્રજાથી સતત વિમુખ થઈ ગયો છે.

મહારાષ્ટ્રમાં દુર્ગા ભાગવતે એક સાહિત્ય સમારંભમાં મંચ ઉપર રાજકીય નેતાની હાજરી સામે વાંધો લીધો હતો અને એ ગયા તે પછી જ પોતે મંચ ઉપર બેઠાં હતાં. આજનો ગુજરાતી સાહિત્યકાર ભયજનક હદે ‘પ્રો-એસ્ટાબ્લિશમેન્ટ’ થઈ ગયો છે. ગુજરાતમાં અનામત આંદોલન થયું એ પછી અનેક સાંપ્રદાયિક રમખાણો પણ થયાં. પણ એનો પડઘો એક પણ સાહિત્યકૃતિમાં (અપવાદ સિવાય) નથી પડ્યો.

સાહિત્યકારોની ઉદાસીનતાનો દાખલો આપું તો કે. કા. શાસ્ત્રીનો તોફાનો વખતનો સ્ફોટક ઇન્ટરવ્યૂ યાદ આવે છે. એમાં એમણે વટથી એ મતલબનું કહ્યું હતું કે, અમદાવાદનાં તોફાનો બદલ મને કોઈ શરમ નથી પણ ગર્વ છે. તોફાનો કરનારને પોલીસ પકડી જશે તો વિશ્વ હિન્દુ પરિષદ પાસે અબજોનું ભંડોળ પડ્યું છે. એમાંથી મોંઘામાં મોંઘા વકીલ રોકીને અમે એમને છોડાવી લાવીશું. આ શબ્દો કોના છે? શ્રી શાસ્ત્રી માત્ર ‘વિહિપ’ના નેતા નથી, પણ જાણીતા સાહિત્યકાર, સંશોધક અને ગુજરાતના સાહિત્યસભાના પ્રમુખ છે.

નર્મદા વિવાદ હોય, સ્વાધ્યાય પરિવારનો મુદ્દો હોય કે કોમી રમખાણોનો પ્રશ્ન હોય, ગુજરાતનો એક વર્ગ અસહિષ્ણુ બન્યો છે એ હકીકત છે. એક ગુજરાતી હોવાનું મને ગૌરવ છે, પણ મારા ગુજરાતમાં આવી દુ:ખદ ઘટનાઓ બને છે ત્યારે એ ગર્વ શરમમાં ફેરવાઈ જાય છે. આવો, આપણે આ વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ અને આત્મપરીક્ષણ

કરીને આ કલુષિત વાતાવરણને શુદ્ધ કરવાના યજ્ઞમાં લાગી જઈએ.

યાસીન દલાલ

*

૨૦૦૨ના એપ્રિલથી શરૂ કરીને આજ સુધી મને રંજ રહ્યો છે કે ગુજરાતના કોઈ કવિએ કે કોઈ લેખકે ૨૦૦૨ના હિંસક બનાવો પછી તેની વેદના આલેખી નથી. મને દુઃખ થયું છે કે વિશ્વયુદ્ધની પરદેશી કવિઓની વેદનાથી છિન્ન થયેલા ગુજરાતી સાહિત્યકારો તેમની અત્યંત નજીક બનેલા બનાવોથી ખિન્ન થયા નથી. તેમનાં માહ્યલાને તે સ્પર્શ્યું જ નથી.

૨૦૦૨ અને ત્યાર પછી તરતના અરસામાં ગુજરાતમાં સામાજિક સંગઠનોમાં બુદ્ધિજીવીઓની સામેલગીરી કેવી હતી તેનો અભ્યાસ અમે ‘અવાજ’ સંસ્થા દ્વારા કર્યો, તેનાથી સમજાયું હતું કે થોડાક અપવાદો બાદ કરતાં કોઈને કોમી હિંસા કે રમખાણોમાં અન્ય માનવીઓ પર ગુજારાયેલા ત્રાસ કે ભૂંડા વર્તાવ સ્પર્શ્યા જ નથી. આની રજૂઆત અમે પાંચ શહેરોમાં કરી ત્યારે અમદાવાદ અને ગોધરામાં અમારી પર અત્યંત ગુસ્સાપૂર્વક આરોપ મૂકવામાં આવ્યો હતો કે આ અભ્યાસ કરીને અમે ગુજરાતને બદનામ કરવાનો હીન પ્રયાસ કરી રહ્યા છીએ. ગુજરાતમાં જે થયું છે તે જોઈએ, જાણીએ અને છતાં કહીએ નહીં તેવો જ દુરાગ્રહ આમાં છે. કહીએ તો ગુજરાતને બદનામ કર્યું કહેવાય!

ઘણાં વર્ષોથી પ્રગટ થતી આવતી આ મુસ્લિમવિરોધી દ્વેષભાવનાને હું ગુજરાતી સમાજમાં થતી સ્ત્રીની અવહેલનાની સાથે જ મૂકું છું. ગુજરાતીઓ સ્ત્રીઓ પ્રત્યેક હિંસક રહ્યા છે અને ગુજરાતી સમાજ તેના સ્ત્રી પ્રત્યેના વર્તાવમાં બર્બરતા જ દાખવી રહ્યો છે તેવું મને જણાય છે. જેમ ૨૦૦૨ પછી મુસ્લિમોને ઇન્સાફ નથી મળ્યો અને અમન લાધ્યું નથી તેવું જ સ્ત્રીઓ માટે છે. તેમને ઇન્સાફ મળતાં મળે તો મળે છે અને અમન તો સ્વર્ગસમ દુર્લભ છે.

ઇલા પાઠક

[‘નિરીક્ષક’ પખવાડિક: ૨૦૦૬]

# યોગેન્દ્ર વિ. ભટ્ટ

## ગોત!

*હીરા-માણેક-રત્ન-ખજાના... બધ્ધું છે, જા, અંદર ગોત!*
*સૂરજ-ચંદર ધ્રુવ ને તારા... બધ્ધું છે... જા, અંદર ગોત!*

*આપત્તિના પહાડી કિલ્લા કંઈકને આડા આવ્યા છે;*
*અટકીશ મા, ધર બુદ્ધિ, સધ્ધર શક્તિ-સ્રોત પુરંદર ગોત!*

*ડૂબવાનું છો હો નિર્માયું, તોય અલ્યા! તું માટી થા!*
*છોડ ઢાંકણી, ખાડા-કૂવા-નાળાં છોડ, સમંદર ગોત!*

*એક જ થાપે-આશીર્વાદે, એક જ મીટમાં ન્યાલ થઈશ;*
*પરચૂરણિયા મૂક નકામા, જોગી કો'ક કલંદર ગોત!*

*શુભ-અશુભ ને સાચ-જૂઠના જગત-ખેલથી ક્યાં ભાગીશ?*
*કશું ન સ્પર્શે એવું ખાખી-ભગવું એક પટંતર ગોત!*

*ઊપડયો છો તો કે'દીનો... ને હલેસાં પણ બહુ માર્યાં;*
*ભલા આદમી! ક્યાં જાવું છે? પોતીકું ક્યાંક બંદર ગોત!*

*ભરતી-ઓટ-તૂફાનો.... સઘળું... અનિવાર્ય કુદરતનો ક્રમ;*
*આસન તારું અડોલ રાખે એવું જબરું લંગર ગોત!*

*ઝાઝાં થોથાં, ઝાઝી બુદ્ધિ, ઝાઝા વાદ-વિવાદે શું?*
*જડીબુટ્ટી તો આ સામે રહી: 'સત્ય, શિવ ને સુંદર' ગોત!*

*મળ્યા અને મળનારા જન્મે... તસુ-તસુ પણ ચડતો જા;*
*પાછો નહીં પડતો... જોગંદર! અંતર ગોત... નિરંતર ગોત!*

['ઉદ્દેશ' માસિક: ૧૯૯૮]

# ભુલભુલામણી

સૂવા માટે ધરુવાડિયું, ફરવા માટે વાદળ,
ખાવા કૂણા તડકા-લચકા, પીવા માટે ઝાકળ!

નિશા-ફૂલનું મધુ શોધતાં જશું આગિયા પાછળ,
બીજ તણી બંકિમ હોડીમાં તરશું આગળ...આગળ!

પતંગ-પાંખો પહેરી, લઈને તમરાં-સૂરની સાંકળ,
થશું સવાર જ્યાં ધૂમકેતુનો ઘોડો દેતો હાવળ!

સૌ ભેરુ અમ પારિજાત ને ગુલાબ, આવળ-બાવળ,
અરજ પ્રભુનેઃ જગમાં કો’નું કદી ન નીકળો કાસળ!

મોરપીંછ, બંસી માગીશું એક લાકડી-કામળ,
અમે માગશું ઘર-ઘરમાં હો નંદ-યશોદા-શામળ!

સૂર્ય-ચંદ્રની આંખે આંજી અંધારાનું કાજળ,
ભુલભુલામણી રમશું લઈને થોડા શબ્દો-કાગળ!

# યોગેશ જોશી

## ફૂટ્યા કરે છે

*બધી હોડીઓ રોજ પૂછ્યા કરે છે*
*કિનારા હવે કેમ ડૂબ્યા કરે છે?...*

*મોજું તો સહેજે ન તૂટે પરંતુ,*
*ખડકની આ છાતી કાં તૂટ્યા કરે છે?*

*તપાસો મને કૈં થયું તો નથી ને?*
*ગઝલ પર ગઝલ આજ ફૂટ્યા કરે છે!*

['કવિલોક' બે-માસિક: ૧૯૭૮]

## વીજળીના ચમકારે...

પ્રવાસકથા 'સૌંદર્યની નદી નર્મદા' માટે સાહિત્ય અકાદમી(દિલ્હી)નો પુરસ્કાર જેમને મળ્યો, તે શ્રી અમૃતલાલ વેગડે ૫૦ની વયે, ૧૯૭૭થી ટુકડે ટુકડે નર્મદાની પદયાત્રા, ધાર્મિકતાથી નહિ પણ સૌંદર્યની દૃષ્ટિથી શરૂ કરી અને બંને કાંઠે મળીને ૨,૬૨૪ કિલોમીટરની યાત્રા ૧૯૯૯માં પૂરી કરી. એ પછી અત્યારે ૭૬ની વયે પણ એમની નર્મદાયાત્રા ચાલુ રહી છે.

'સૌંદર્યની નદી નર્મદા'માં અંતે, એમનાં પત્ની કાન્તાબહેનનો લેખ છે: 'મારા પતિ'. એમાં કાન્તાબહેને સગપણ અગાઉ પહેલી વાર એમને જોયા ત્યારનું વર્ણન છે: "વધેલી હજામત, આંખે ચશ્માં, ટૂંકો લેંઘો ને રબરનાં કાળાં જૂતાં! મને એ ખાસ ગમ્યા નહીં. પણ જ્યારે ખબર પડી કે એ શાંતિનિકેતનમાં ભણ્યા છે અને હવે શિક્ષક છે, તો હું સગપણ માટે તૈયાર થઈ ગઈ." લગ્નના બીજા જ દિવસે તેઓ

કોદાળી, પાવડો ને તગારું લઈને સામેની નાલી ખોદવા લાગેલા! પહેલાં એ મા સાથે અને લગ્ન પછી પત્ની સાથે ઘંટીએ દળવા બેસતા. હજી, આ ઉંમરેય, આ દંપતી સાથે ઘંટીએ બેસીને દળે છે!

નર્મદાની યાત્રા એમણે બે પુસ્તકોમાં આલેખી છે: ‘પરિક્રમા નર્મદામૈયાની’ (૧૯૯૪), જેમાં ૧૯૭૭થી ૧૯૮૭ સુધીમાં તૂટક તૂટક કરેલી પદયાત્રાનું વૃત્તાંત છે; સૌંદર્યની નદી નર્મદા’(૨૦૦૧)માં ત્યારબાદ બાકી રહેલી ઉત્તરકાંઠાની યાત્રાની કથા છે. તેઓ કહે છે:

“મને હંમેશ લાગ્યું છે કે આ પુસ્તક મેં ક્યાં લખ્યું છે? નર્મદા લખાવતી ગઈ અને હું લખતો ગયો.” (પૃ. ૨૦૦)

એમનું ગદ્ય પણ અમરકંટકમાંથી નીકળતી રેવા જેવું—સહજ વહેતું-ઊછળતું-કૂદતું—રમતિયાળ; ક્યારેક પટ પહોળા થાય, ક્યારેક સાંકડા, ક્યારેક વેગ વધે, ક્યારેક ધીરગંભીર.

લેખકની પદયાત્રા મધ્ય પ્રદેશમાં ચાલતી ત્યારે પહેલાં હિન્દીમાં લખાતું, પછીથી ગુજરાતીમાં; અને યાત્રા ગુજરાતમાં ચાલતી ત્યારે પ્રથમ ગુજરાતીમાં લખાતું, ત્યારબાદ હિન્દીમાં! બીજી ભાષામાં લખતાં વળી કંઈક ઉમેરાતું જાય, એટલે પહેલી ભાષામાંય પાછા ફેરફાર થાય. કાંટછાંટ સતત ચાલે. બધા જ લેખો ઘૂંટાઈ ઘૂંટાઈને પાંચ-છ વાર લખાય. તેઓ લખે છે:

“હું મારા લેખોને ખૂબ કઢું છું, એક ભાષાના ગ્લાસમાંથી બીજી ભાષાના ગ્લાસમાં ઠાલવતો જ રહું છું, થોડી મલાઈ મિલાવું છું, થોડું ઠંડું થવા દઉં છું, ગ્લાસને ઠાંસી ઠાંસીને ભરું છું, પછી જ મારા વાચકોને આપું છું. છતાં મનમાં ડર તો રહે જ છે કે ક્યાંક કોક કહી ન દે કે આ દૂધ તો પાણીવાળું છે!” (પૃ. ૧૯૯)

‘જ્યારે મને લાગે કે નર્મદાનું અમુક સૌંદર્ય શબ્દોમાં ઠીકથી વ્યક્ત નહીં થઈ શકે, આને માટે રંગો-રૂપાકારો ઠીક રહેશે, ત્યારે હું એને ચિત્રોમાં વ્યક્ત થવા દઉં. જ્યારે લાગે કે આને માટે શબ્દો ઠીક રહેશે, ત્યારે શબ્દોમાં કહું.’ (પૃ. ૧૯૬)

નર્મદા પરિક્રમાનાં એમનાં ચિત્રોનાં પ્રદર્શનો ભોપાલ, ઇંદોર, કોલકતા, મુંબઈ તથા દિલ્હીમાં યોજાયાં છે. (ગુજરાતમાં હજી બાકી!) જેમણે નર્મદા સાથે જ નહિ, નર્મદાકાંઠાનાં વનો, વૃક્ષો તથા લોકો સાથેય અભિન્નતા અનુભવી છે એવા ચિત્રકાર-લેખક અમૃતલાલ વેગડને સાહિત્ય પરિષદના જ્ઞાનસત્ર દરમ્યાન જોવાનું-મળવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું.

મધ્યમ ઊંચાઈ, પાતળો બાંધો પણ શરીર કડેધડે, ૭૬ની વય પણ ૬૫ના લાગે, મેદ જરીકે નહિ—ન શરીરમાં, ન ગદ્યમાં; ઊંચો ખાદીનો લેંઘો, ઝાંખો-બ્રાઉન ખાદીનો ઝભ્ભો, ઉપર કાળી જાડી લાઇનિંગવાળી સ્લેટિયા રંગની ખાદીની બંડી, પગમાં રબરનાં ચંપલ. શ્યામળો વાન, લંબગોળ ચહેરો (દાઢી કરેલી), ચહેરા પર પ્રસન્નતા, હોઠ પર મધુર સ્મિત, પાછળ તરફ જતું મોટું કપાળ, સફેદ વાળ, સપ્રમાણ નાક, વધારે આગળ નહિ ધસેલી હડપચી, સહેજ પહોળા કાન—આ જ કાનોએ સાંભળ્યા છે વહેતી નર્મદાના અનેક સૂર, અનેક રાગ. આ કાન, મધરાતે પવનમાં હિલોળા લેતાં વૃક્ષોનાં પાંદડાંનો ધ્વનિ કઈ રીતે જુએ છે: “મેં જોયું કે સાગવનનાં વૃક્ષોમાંથી આવતો ધ્વનિ પીપળાથી આવતા ધ્વનિથી ભિન્ન હોય છે.... .....વૃક્ષોનાં પણ ઘરાણાં ચાલે છે. પીપળાનું ઘરાણું સૌથી વધુ પ્રચલિત છે” (પૃ. ૫૬). જાડી કાળી ફ્રેમનાં ચશ્માંના લંબચોરસ કાચ પાછળની આંખોમાં જાણે રેવાનાં જળ ચમકે! આ આંખોએ કેટકેટલાં રૂપો માણ્યાં છે નર્મદાનાં! અમરકંટકથી ઉદ્‌ભવતી; વનો, પહાડો અને ખીણોમાંથી વહેતી, હસતી-રમતી, રખડતી-રસળતી, વનોમાં લપાતી, પથ્થરોને કંડારતી, વળાંકે વળાંકે સૌંદર્યની વૃષ્ટિ કરતી, વિન્ધ્યાચલ અને સાતપુડાનું રક્ષણ પામતી; કપિલધારા-દૂધધારા-ધુંઆધાર અને ધાવડીકુંડમાં ભૂસકા મારતી, સાંકડી ખીણોમાં અતિવેગે દોડતી, ભેખડો ભેદતી, પહોળા પટમાં ધીમી પડીને પડખાં ફેરવતી, ચટ્ટાનોથી ટકરાતી—ધીંગાણાં ખેલતી—ઘૂમરીઓ ખાતાં ખાતાં વળી તેજ દોડતી; બરગી બંધ અને સરદાર સરોવરમાં બંધાતી, અનેક ખેતરોની ભૂખ-તરસ સંતોષતી, અનેક સહાયક નદીઓને પોતાનામાં સમાવતી, અંતે નિરાંતે સમુદ્રમાં સમાતી. આટઆટલી નદીઓમાંથી કેવળ નર્મદાની જ

પરિક્રમા થાય છે—“નર્મદા કેવળ નદી નથી, કંઈક વધુ છે.” આ કંઈક, किमपि—શબ્દોથી, ચિત્રોથી કે રેખાંકનોથી દર્શાવી ન શકાય, એ તો માત્ર અનુભવી શકાય, પામી શકાય. વીજળીના ચમકારે લેખકે નર્મદાનો ચળકતો દોર જોયો છે ને જાણે જાત પરોવી દીધી છે!

['પરબ' માસિક: ૨૦૦૫]

# રંજના હરીશ

## —એ પુરુષો હતા

ઇંગ્લૅન્ડમાં સ્ત્રી-હકના આંદોલનનો આરંભ જે. એસ. મિલ જેવા પુરુષોએ કરેલો. સ્ત્રી-હક્ક માટેના કાયદા પસાર કરાવવા માટે મિલે મોટી લડત આપી હતી. સ્ત્રીને મતદાન અને વારસાનો અધિકાર મળવો જોઈએ, એમ વિચારનાર મનુષ્ય પુરુષ હતો—સ્ત્રી નહીં. તે જમાનામાં મિલની વાત સ્ત્રીઓને ગળે પણ ઊતરી ન હતી. મિલ જેવા પુરુષોએ નારીવિકાસમાં રસ ના લીધો હોત, તો કદાચ વિશ્વનું સમગ્ર ચિત્ર ભિન્ન હોત.

આ વાત જેટલી પશ્ચિમી દેશો માટે તેટલી જ સાચી ભારત માટે પણ છે. સ્ત્રી-હક્કની વાતનાં મંડાણ રાજા રામમોહનરાય, કેશવચંદ્ર સેન, મહાત્મા ફુલે, આચાર્ય કર્વે, જસ્ટિસ રાનડે, ગાંધીજી જેવા પુરુષો દ્વારા જ થયેલાં.

# રંભાબહેન ગાંધી

## સાસુનો પત્ર

ચિ. નીલા,

આ પત્ર વાંચીને કદાચ તને આશ્ચર્ય થશે. તીર્થક્ષેત્રામાં આવ્યાં આજે પંદર દા'ડા થયા, ને એ પંદર દા'ડામાં તારી યાદ પચાસ વાર આવી હશે. હું અહીં આવવા નીકળી ત્યારે તારી આંખો ભરાઈ ગઈ હતી ને તું બોલી ઊઠેલી કે, બા, મારાથી કંઈ કહેવાઈ ગયું હોય તો મને માફ કરશો. ને પછી નાનકડા નચીને મારા ખોળામાં મૂકીને બોલી હતી કે, અમને નહીં તો આને યાદ કરીને જલદી આવજો, બા!

તો શું, નીલા, તું જાણતી નથી કે મને પણ તમારી બધાની કેટલી માયા છે? મારે ત્રણ દીકરા ને બે દીકરીઓ. એક દીકરીને પરણાવી, ને બીજી તો નાનપણમાં જ ગઈ; એને તો તેં જોઈ પણ નહોતી. પણ તને જ્યારે મેં પહેલવહેલી જોઈ ત્યારે ક્ષણભર તો એમ થયું કે જાણે મારી આરતી જ પાછી આવી! ને મારો સ્નેહ તારી તરફ વધારે ઢળ્યો. મોટા ભાઈઓ જુદા થયા, ને હું તમારી સાથે રહી. મને તું વધુ ગમતી, તે ઉપરાંત નાનો દીકરો પહેલેથી જ મારો લાડકો હતો. એ છ મહિનાનો હતો ત્યાં એણે એના પિતાની છાયા ગુમાવી, એટલે મારા પ્રેમનો વિશેષ અધિકારી બન્યો. વળી એનો બાંધો મૂળથી નબળો તેથી એની વધારે સંભાળ રાખવી પડતી—અને હજીય રાખવી પડે તેમ છે. તે જ કારણે મારે તને કોઈ વાર ટોકવી પણ પડે છે. યાદ છે ને—તે દિવસે ઠંડીમાં તું એને ખુલ્લામાં નાટક જોવા ખેંચી ગઈ હતી, ને પછી એ બરાબર એક મહિનો હેરાન થયો ત્યારે મારે તને બે શબ્દો કહેવા પડેલા?

તને કોઈ વાર વધુ ખર્ચા કરતી જોતી ને મનમાં થતું કે એ બરાબર નથી, છતાંયે કહેતી નહીં. પણ એક વાર તેં જરા વધુ પડતું

ખરીદી નાખ્યું ત્યારે મારાથી એટલું કહેવાઈ ગયું કે, બાપુ! આમ આંખ મીંચીને ખરચીએ તો ભર્યા કૂવાયે ઠાલા થઈ જાય!

બીજે દિવસે કિરીટે મને કહ્યું કે, "બા, આટલો લોભ શા માટે?" ને હું સમજી ગઈ કે એ કિરીટ દ્વારા તું જ બોલતી હતી. તમારો ઇશારો જ મારા માટે બસ થઈ પડે. પણ જેને અત્યાર સુધી મારાં જ માન્યાં છે તેને લાગણીથી, તેમના ભલા માટે કંઈક કહેવાઈ જ જાય છે.

તું મજાનું પહેરી-ઓઢીને ફરે ત્યારે મને થાય છે કે મારી દીકરી જ જાણે ફરે છે. એટલે જ તે દિવસે મેં તને ટોકેલી, કારણ કે એટલાં ઝીણાં વસ્ત્રો ને એવી સિલાઈ કુળવાન વહુ-દીકરીને ન શોભે એવાં આછકલાં લાગેલાં. પણ તને એ નહીં ગમેલું.

આમ તને કોઈ કોઈ વાર ટોકી હોય તેવા બનાવો યાદ આવે છે.... એક વાર તેં બરણીમાંથી મરચું કાઢ્યું પછી વાતોમાં બરણી ઉઘાડી જ રહી ગઈ હશે, ને બાર મહિનાના મરચામાં બાચકાં પડી ગયાં ત્યારે મેં તને સહેજ ઠપકો આપેલો. કોઈ વાર નચી માટે બે શબ્દો કહેવા પડ્યા હશે.

પરંતુ આવા બનાવો તો ઘર હોય ત્યાં બન્યા કરે. ને આખરે મેં કહ્યું, તે તારા ભલા માટે જ ને? મેં કંઈ એમ તો નહોતું કહ્યું ને કે, મને મિષ્ટાન્ન બનાવીને જમાડ... કે મારા માથામાં તેલ ઘસી દે... કે મારા પગ દાબ.

ખરું કહું છું નીલા, જ્યારે ન જ ચાલે એવું લાગે ત્યારે જ હું કંઈક કહું છું. બાકી કેટલીય વાર તો ગમ ખાઈ જાઉં છું. કારણ કે આપણી બે વચ્ચે થોડી પણ જીભાજોડી થઈ જાય, તો લોકોને થાય જોણું ને આપણા ઘરનું થાય વગોણું. બા તો તમારા સુખે સુખી ને તમારા દુ:ખે દુ:ખી છે. તમને આનંદ કરતાં જોઈને તો એનો આત્મા પ્રસન્ન રહે છે.

ખેર, આ વાત તું કદાચ અત્યારે નહીં સમજે. નચી મોટો થશે અને મારી જગ્યા તું લઈશ ત્યારે તને સમજાશે. આજકાલની વહુઓ

કુળવધૂ કરતાં વરવધૂ જ બનીને આવે છે. ને જાણે આવતાં જ કહી દે છે કે, “એય ડોશીમા, હવે તમારા દીકરા પરનો હક ઉઠાવી લો... હવે એ અમારો છે.” ખરું છે, વહુદીકરા, ખરું છે. એટલે જ ડાહ્યાઓએ કહ્યું છે ને કે, “લોચોપોચો માડીનો, ને છેલછબીલો લાડીનો.” પણ લાડી ન ભૂલે કે એ લોચોપોચો માના હૈયાનો ટુકડો છે; એ ધારે તોયે એને એકદમ છૂટો નથી કરી શકતી. માયાના તાર એની સાથે બંધાયેલા રહે જ છે.

જવા દે એ બધી વાતો. તને થશે કે, અહીં કહેતાં’તાં તે શું ઓછું હતું કે હવે વળી ત્યાંથીયે રામાયણ લખવા માંડી! પણ હું આ લખું છું તે તને દુઃખી કરવા માટે નહીં, પરંતુ મારું મન જરાક ખુલ્લું મૂકવા જ.

આટલા દા’ડા મને થતું હતું કે તારો કાગળ કદાચ આવશે. પણ આશા ફળી નહીં...

*

તા. ક. ઉપલો કાગળ લખી રાખ્યો હતો, તેને ટપાલમાં નાખવા આજે માણસ જતો હતો ત્યાં જ તારો પત્ર આવ્યો ને મારા આનંદનો પાર રહ્યો નહીં. નીલા! મારી દીકરી નીલા! મેં તને કેટલો અન્યાય કર્યો! તું કેટલી દુઃખી થઈ ગઈ છે! ના, દીકરી, ના, હું અહીં કાયમ રહેવા થોડી જ આવી છું? ને એમાં, બાપુ, તારે માફી માગવાની શેની હોય? તું તો છોકરું છે; બે વચન બોલી તોયે શું થઈ ગયું? તું લખે છે કે કિરીટને બહુ દુઃખ થયું છે ને હું અહીં આવી ત્યારથી એ તારી સાથે મન મૂકીને બોલતો પણ નથી. કેવો ગાંડો છે મારો દીકરો!

અને નચી “દાદીમા દાદીમા” કર્યા કરે છે, તો એને કહેજે કે બેટા, હુંય અહીં “નચી નચી” કર્યા કરું છું. મૂળ કરતાં વ્યાજ વધુ વહાલું લાગે છે. ઘડીભર પણ મારા એ કનૈયાની છબી મારી આંખ આગળથી ખસતી નથી. અહીં મંદિરમાં કનૈયાનાં દર્શન કરતાં મને તો મારો કનૈયો જ “દાદીમા, લાદવો દો!” કહેતો નજરે તરે છે.

બે દા’ડામાં જ હું ત્યાં આવું છું. ફાવે એટલું કહું, પણ તમારી

માયા છૂટે ખરી? આ પત્રા પોસ્ટ તો કરું છું, પણ આનેય ભૂતકાળની વાત માની લેજે. તારા પત્રાથી મારો રહ્યોસહ્યો રોષ પણ ચાલ્યો ગયો છે. ને દીકરી નીલા! પડેલા સ્વભાવને કારણે તને કાંઈ કહેવાઈ જાય, તો મને સાસુ ગણવાને બદલે મા સાથે સરખાવજે. હું પણ એ જ વિચાર કરીશ કે વહુ છે તેથી શું થઈ ગયું? એની માની તો દીકરી જ છે ને? અને આખરે તો મારી પણ દીકરી જ છે ને?

# રઈશ મનીઆર

## યાદગાર શેરોના સર્જક

૧૬-૧૭ વરસની ઉંમરના અબ્બાસ અબ્દુલઅલી વાસીએ જ્યારે ગઝલને પોતાના જીવનની મુખ્ય પ્રવૃત્તિ માનવાનું શરૂ કર્યું, ત્યારે ગઝલકાર અમીન આઝાદે એ છોકરાને 'મરીઝ' ઉપનામ સૂચવ્યું હતું.

ગઝલકારોની આખેઆખી ગઝલ ઉત્તમ ન પણ હોય, એમાંથી અમુક જ શેર સુંદર હોય, એવું બહુધા જોવા મળે છે. કોઈ ગઝલકારે પોતાના સર્જનકાળ દરમિયાન કુલ કેટલા યાદગાર શેર સર્જ્યા, તે એનું મૂલ્યાંકન કરવાનો શ્રેષ્ઠ રસ્તો હોઈ શકે. જાણીતા ગુજરાતી શાયરોને આ કસોટી પર ચડાવીએ, તો ભાગ્યે જ કોઈ એવો જોવા મળશે જેણે ત્રીસ-ચાલીસથી વધુ ઉત્કૃષ્ટ કક્ષાના શેર લખ્યા હોય. જ્યારે મરીઝના સર્જનમાંથી સો-દોઢસો એવા શેર મળી આવે.

મરીઝને સૌથી વધુ લોકપ્રિયતા કદાચ એમના પ્રેમવિષયક શેરોને લીધે મળી છે. મુગ્ધ પ્રેમ, ઇકરાર-ઇનકારનો દ્વન્દ્વ, પ્રિયપાત્ર દ્વારા ઉપેક્ષા, પ્રણયની નિષ્ફળતા વગેરે વિવિધ વિસ્તારોમાં મરીઝની કલમ ઘૂમી વળે છે.

મરીઝે ચૌદ-પંદર વર્ષની ઉંમરે ગઝલ લખવાનું શરૂ કર્યું. સત્તાવીસ વર્ષની ઉંમરે એમનાં લગ્ન થયાં. તે પહેલાં જ એમના પ્રેમવિષયક શ્રેષ્ઠ શેરો લખાઈ ચૂક્યા હતા. મરીઝ નાની ઉંમરે પોતાના જ કુટુંબની એક કન્યાના પ્રેમમાં પડ્યા હતા. વ્હોરા સમાજમાં આ પ્રકારનાં લગ્નો સ્વીકાર્ય ગણાય છે, પરંતુ મરીઝની આર્થિક સ્થિતિ અને ઓછું ભણતર આડે આવ્યાં.

પોતાનો પ્રેમ નિષ્ફળતામાં જ પરિણમવાનો છે એવી જાણે પ્રતીતિ હોય એ રીતે જ મરીઝ આરંભ કરે છે:

*કેવી મજાની પ્રેમની દીવાનગી હશે,*
*કે જ્યાં 'મરીઝ' જેવો સમજદાર પણ ગયો.*

પ્રેમની દીવાનગીના માર્ગ પર કોઈના ઇશારે-ઇશારે જ આગળ વધી શકાય છે. કવિની મૂંઝવણ એવી છે કે—

*એના ઇશારા રમ્ય છે, પણ એનું શું કરું—*
*રસ્તાની જે સમજ દે અને ચાલવા ન દે!*

મરીઝનો એકમાત્ર ગુણ છે એની કવિતા, પ્રિયપાત્રને એની કદર છે, પરંતુ કેવી રીતે?—

*મુજ પર સિતમ કરી ગયા મારી ગઝલના શેર,*
*વાંચીને એ રહે છે બીજાના ખયાલમાં.*

આવી હાલત છે. કવિનો પ્રેમ એકપક્ષી છે તોયે પ્રગટ થયા વિના રહેતો નથી:

*એકાદ હો તો એને છુપાવી શકું, 'મરીઝ'!*
*આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે.*

મરીઝના પ્રણયપ્રસ્તાવ કે પ્રણયનિવેદન નિષ્ફળતાના રંગથી રંગાયેલાં છે, પરંતુ મરીઝ એમને હળવી રીતે રજૂ કરે છે:

*લેવા ગયો જો પ્રેમ તો વહેવાર પણ ગયો,*
*દર્શનની ઝંખના હતી, અણસાર પણ ગયો.*

કવિ નિષ્ફળતાની પૂરેપૂરી તૈયારી સાથે પ્રસ્તાવ મૂકે છે:

*હું ક્યાં કહું છું, આપની 'હા' હોવી જોઈએ,*
*પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.*

આ પ્રથમ પ્રણયનો અંજામ કવિએ આ શેરમાં (અલબત્ત, રમૂજી રીતે જ) વ્યક્ત કર્યો છે:

*એ 'ના' કહીને સહેજમાં છટકી ગયાં, 'મરીઝ',*
*કરવી ન જોઈતી'તી ઉતાવળ સવાલમાં.*

ક્યારેક કવિનું પ્રણયનિવેદન ગંભીરપણે પણ અભિવ્યક્ત થાય છે:

*એ દ્વાર પરના હળવા ટકોરા તો રદ ગયા,*
*શાયદ એ સાંભળી લે જો માથું પછાડીએ.*

મરીઝના પ્રણયવિષયક શેરોમાં મિલન વિષેના શેરો ઓછા છે. કવિનો જાણીતો શેર છે:

*એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો,*
*કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે.*

‘ઇન્તેજાર’ વિષે મરીઝના ઘણા શેરો છે:

*બેઠો છું તારી રાહમાં એવી નિરાંતથી,*
*જાણે કોઈ કહે મને તારી તમા નથી.*

મરીઝનો પ્રેમ નિષ્ફળ જવા માટે સર્જાયો હતો:

*એક પળ એના વિના તો ચાલતું નહોતું, ‘મરીઝ’,*
*કોણ જાણે કેમ આખી જિંદગી ચાલી ગઈ.*

મરીઝની કવિતા પ્રણયની મુગ્ધતાની દશામાં શરૂ થઈ, પ્રણયવૈફલ્યની દશામાં પાંગરી અને દર્દ, લાપરવાહી અને મદિરાની આસપાસ સ્થાયી થઈ. મરીઝ પોતાની પીડાને ઠંડકથી અવલોકી શકે છે:

*ફળી છે જે જે આશા, તેના મેં અંજામ જોયા છે,*
*હવે કંઈ ખાસ દુ:ખ જેવું નથી થાતું નિરાશાથી.*

ક્યારેક મરીઝ પોતાની પીડાનું કારણ તપાસવાનો પ્રયાસ કરે છે:

*છે તેથી મારી હરેક વાતમાં પરેશાની,*
*પવિત્ર દિલ દીધું, જીવન ખરાબ આપીને!*

આવી હાલતમાં એક તો દુર્દશાનું દુ:ખ વેઠવાનું અને ઉપરથી લોકોની શિખામણોનું દુ:ખ!

*બસ, દુર્દશાનો એટલો આભાર હોય છે,*
*જેને મળું છું, મુજથી સમજદાર હોય છે.*

જીવન પ્રત્યેની, સફળતા પ્રત્યેની, સુખ પ્રત્યેની કે પ્રતિષ્ઠા પ્રત્યેની પોતાની લાપરવાહી મરીઝની ગઝલોમાં વારંવાર ડોકાઈ આવે છે:

*હવે એની ઉપરથી આપ મારી દુઃખકથા સમજો,*
*જવાનીમાં કરું છું યાદ વીતેલી જવાનીને.*

આ લાપરવાહીને મરીઝ એક કવિની દૃષ્ટિથી જોતા રહે છે:

*મરણ કે જીવન હો, એ બન્ને સ્થિતિમાં,*
*'મરીઝ', એક લાચારી કાયમ રહી છે.*

*જનાજો જશે તો જશે કાંધેકાંધે,*
*જીવન પણ ગયું છે સહારેસહારે.*

મરીઝને પોતાની દુર્દશા કોઠે પડી ગઈ હતી. એમાંથી શેરો નીપજતા હતા. શેર સાંભળનાર મિત્રો થોડી શરાબ પિવડાવતા અને શેર ખરીદનાર મિત્રો વધુ શરાબ પિવડાવતા. જ્યારે મદિરા અને જામની ઉપમા હાથવગી હોય ત્યારે મરીઝને જીવનનો રસ પીવા જેવો લાગે છે:

*જિંદગીના રસને પીવામાં કરો જલદી, 'મરીઝ',*
*એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.*

જીવનનું ધ્યેય, જીવનનું સુખદુઃખ, જીવનમાં જીત-હાર વગેરે બાબતે કવિને અવઢવ છે:

*ન જીતમાં મજા છે, ન નાનમ છે હારમાં;*
*નવરાશનો સમય હતો, જીવન રમી ગયા.*

['મરીઝઃ અસ્તિત્વ અને વ્યકિતત્વ' પુસ્તક : ૨૦૦૧]

# રક્ષા દવે

## મારો સાહેબ

*એક જ ખેતર, એક જ ખાતર, એક પવન ને પાણી*
*એક જ સૂરજ, એક જ ચંદર, સમ ઋતુઓને માણી;*
*તોય ગુલાબ રાતો તોરો!*
*આ ડોલરિયો કેમ ગોરો?*

*સૂરજમુખી સાવ સોનાનાં તાકે આભ છકેલાં,*
*રંગે કેમ માણેક સરીખાં જાસૂદ કેમ ઝૂકેલાં?*
*આ કરેણ શેણે પીળી?*
*આ ગોરી કેમ ચમેલી?*

*ગુલાબ ગંધે શીળું શીળું, ચંપો તીણું મ્હેકે,*
*આમ્ર-મંજરી તીખું મ્હોરે, બદરિ ખાટું મ્હેકે;*
*આ ઘાસ ઘાસમાં નવલાં*
*કોણે ગંધ-પૂંભડાં રોળ્યાં?*

*સિંધુથી ઠેઠ આભ-અટારી ગુપચુપ ચડયાં’તાં વારિ*
*ગાજ-વીજની ધમાલ ભારી! આજે અજબ સવારી!*
*કેમ વારિ ખારાં ખારાં*
*થઈ ગ્યાં મીઠી જલ-ધારા?*

*મેં વાવેલો એક્કેક દાણો લણ્યો મેં ગાડે ગાડે.*
*કણ ઓરું ને મણને પામું, કો’ અઢળક ઉગાડે?*
*એ તો સાહેબ ખરો કમાલી*
*મારો સાહેબ ખરો કમાલી*

[‘નિશિગંધા’ પુસ્તક]

# ખરો કમાલી!

*સિંધુથી ઠેઠ આભ-અટારી ગુપચુપ ચડ્યાં’તાં વારિ,*
*ગાજવીજની ધમાલ ભારી, આજ અજબ સવારી!*

*કેમ વારિ ખારાં ખારાં*
*થઈ ગ્યાં મીઠી જલધારા?*
*એ તો સાહેબ ખરો કમાલી,*
*મારો સાહેબ ખરો કમાલી!*

# રઘુનાથજી નાયક

## પંદર જ મિનિટ

ઘણા લોકો બૂમો મારે છે કે, અમને સમય મળતો નથી. પણ મોટાં મોટાં કામ કરનારા અનેક માણસો તો નજીવાં દેખાતાં કામો કરવાની ફુરસદ મેળવી શકે છે. જેઓ પોતાના કામની અને સમયની વિચારપૂર્વકની યોજના કરે છે અને તે મુજબ ચાલવાની ટેવ પાડે છે, તેઓ ઘણી ઉપાધિમાંથી બચી જાય છે.

પંદર મિનિટ જેટલા ટૂંકા સમયમાં માણસ શું શું કરી શકે તેના નમૂના આપણે જોઈએ:

૧૫ મિનિટમાં—

સામાન્ય ઝડપે સવા કિલોમીટર ચાલી શકાય; સાઇકલ ઉપર ૩ કિલોમીટરનું અંતર કાપી શકાય.

સામાન્ય પુસ્તકનાં પાંચ પાનાં વાંચી શકાય.

શરીરને તંદુરસ્ત રાખવા આસનો કે વ્યાયામ કરી શકાય.

મનને સ્વસ્થ રાખવા માટે પ્રાર્થના, ધ્યાન કે ચિંતન કરી શકાય.

ઘરના બે-ત્રાણ ઓરડાની સફાઈ કરી શકાય.

પોતાનાં કપડાં ધોઈ શકાય.

ઘરનાં શાકભાજી સુધારી આપી શકાય.

અક્ષર સુધારવા તથા વિચાર સ્થિર કરવા ડાયરી લખી શકાય.

ટપાલના બે નાના પત્રો સારી રીતે લખીને ફરી વાંચી જઈ શકાય.

ધ્યાનમાં એ રાખવાનું છે કે ૧૫ મિનિટનો જેમ સારો ઉપયોગ થઈ શકે છે, તેમ એનો દુરુપયોગ પણ થઈ શકે છે. કેટલાક ફરિયાદ કરે છે કે, અમને ફરવા જવાનો સમય નથી મળતો, નિરાંતે જમવાનો

સમય નથી મળતો, ટપાલ લખવાનો સમય નથી મળતો. પરંતુ એમના અમૂલ્ય સમયની ચોરી અવ્યવસ્થા અને અવિચાર દ્વારા કેવી રીતે થાય છે તેટલું તપાસવાનો પંદર જ મિનિટનો સમય તો તેમણે પ્રથમ કાઢવો જ જોઈએ.

['લોકજીવન' પખવાડિક: ૧૯૭૦]

# રઘુરાજ સિંહ 'રાકેશ'

## દેખો!

*પરવાનોંકે લિએ છોડ દો જલી શમા,*
*બુઝે દિયે પર પ્યાર લુટાકર તુમ દેખો!...*

*રસિક ભ્રમરકે લિએ છોડ દો ખિલી કલી,*
*કાંટોકો ગલહાર બનાકર તુમ દેખો!...*

*જગવાલોંકે લિયે છોડ દો યહ દુનિયા,*
*અલગ નયા સંસાર બસા કર તુમ દેખો!*

# રઘુવીર ચૌધરી

## વેરાન

*પ્રીતવછોર્યાં વાછરડાં ધૂસર સંધ્યામાં ભટકે,*
*કાલિન્દીને નીર ડૂબવા કદંબછાયા લટકે....*

*ગોપી ને ગોપાળ હવે અણજાણ લોક શાં ફરતાં,*
*વ્યાકુળ મૂગા પડછાયા શાં ધેનુનાં ધણ ચરતાં.*

*કો'ક કામળી, કો'ક બંસરી, કો'ક અધૂરું ગાન...*
*બધું ગયું વિસરાઈ, એકલું ટકી ગયું વેરાન!*

## બધું ગયું વીસરાઈ

*પ્રીતવછોયાં વાછરડાં ધૂસર સંધ્યામાં ભટકે,*
*કાલિન્દીને નીર ડૂબવા કદંબછાયા લટકે...*

*ગોપી ને ગોપાળ હવે અણજાણ લોક શાં ફરતાં,*
*વ્યાકુળ મૂગા પડછાયા શાં ધેનુનાં ધણ ચરતાં.*

*કોક કામળી, કોક બંસરી, કોક અધૂરું ગાન...*
*બધું ગયું વીસરાઈ, એકલું ટકી ગયું વેરાન!*

# ઉમાશંકર જોશી

પ્રેમ પક્ષપાતી બની ન જાય અને અસ્વીકાર પૂર્વગ્રહમાં ન પરિણમે, એ અંગે ઉમાશંકર સતત કાળજી રાખતા લાગે. સ્નેહની તીવ્ર લાગણી

અનુભવનાર સંબંધ પરત્વે તટસ્થ રહે? ઉમાશંકર રહેતા.

એમને એક-બે વાર મળનારને પૂછો. કહેશે—"ઉમાશંકર? અભિજાત, સૌમ્ય." ઊંડે ઊંડે એમ પણ લાગ્યું હશે કે, ઉમાશંકર પાસેથી આવો સ્નેહ તો માત્ર મને જ મળ્યો હશે. પણ જો તમારો સંપર્ક વધે, કામકાજ અંગે ચર્ચા થવા લાગે, તમે કહો કે જુઓ આ સંસ્થાએ આટલાં વરસમાં શું કર્યું? પેલા આમ ને આ તેમ, ને તમે કશું કહેતા નથી વગેરે સહજભાવે તમે કહી રહ્યા હો, ત્યાં તમને દેખાયું ન હોય એવા નાના કારણથી એ ગુસ્સે થાય. અને ગુસ્સે થાય એટલે ભાષામાં જ નહિ, ચહેરાથી પણ. તમે ખુલાસો કરવા જાઓ અને તમારા કારણમાં કટાક્ષનું તત્ત્વ હોય તો તો એવા ધારદાર કટાક્ષ વરસે અને એક ક્ષણમાં જ તમને એવી પ્રતીતિ થઈ જાય કે, જગતમાં માત્ર આ જ માણસ મારો સાચો દુશ્મન છે! તમે ભલાભોળા હો તો તમારા એકબે દિવસ બગડે. પણ જરા દાંડ બની શકો તો એમનો ગુસ્સો માણી શકો. થોડી ક્ષણોમાં જ એ શાંત પડી જાય અને પછી એમને કોઈ વાર ક્યાંક ભેટી જાઓ તો પેલા ઝઘડાને બદલે એ તો કોઈ સ્નેહગોષ્ઠિના સ્મરણથી તમને મળતા લાગે. રિસાયેલાઓને મનાવવા માટે ઉમાશંકર પાસે થોડો સમય તો સિલકમાં હોય જ.

દ્વેષરહિત રહેવું—રહેવા મથવું; એટલું જ નહિ, સામાને એની પ્રતીતિ પણ કરાવવી. સામે ગમે તે હોય, ગમે તેવો હોય; કોણ છે, કેવો છે એનો પૂરો અંદાજ હોય જ. ઉમાશંકર દ્વેષરહિત રહેવાની સમજથી વ્યવહાર બાંધે, છેતરાઈને નહિ.

એ દોરવાતા નથી, પોતાના અભિપ્રાયથી ચાલતા છે. સામાન્ય રીતે અભિપ્રાયનો અમુક અંશ અપ્રગટ રાખે, જેથી ભૂલ સુધારવા વારો આવે નહિ. જેમ અભિભૂત ન થાય, તેમ કોઈને વિશે આશા પણ છોડી ન દે. ગમે તેવાના સુધરવા વિશે એ આશાવાદી હતા અને માનતા કે માણસ પોતાની ગરજે સુધરે છે.

શોખ તો વાતચીતનો. પછી વાંચે, પછી લખે. લેખનમાં તો એમનો એટલો ઓછો સમય જાય કે કોઈક વાર કહે પણ ખરા—મને તો હું

'લેખક' હોઉં એવું લાગતું જ નથી! લખવા ધારેલું અને લખવા શરૂ કરેલું વર્ષોથી એમ જ પડ્યું હોય—પદ્યનાટક(મહાકાવ્ય), બીજી નવલકથા, પ્રવાસ, ડાયરી, સંશોધનો-સંપાદનો અને પ્રસ્તાવનાઓ. પ્રસ્તાવનાઓને આ બધામાં અગ્રતા આપે અને વર્ષે બે વર્ષે પ્રસ્તાવના લખી દે. કેટલાંક ઉત્તમ વ્યાખ્યાનો એમણે ટ્રેઇનમાં અને લાંબી ચાલનાર મિટિંગની આજુબાજુના સમયમાં લખેલાં છે. મોટે ભાગે બધું મનમાં લખાઈ જાય પછી કાગળ પર ઉતારે.

આ બાબતે એમને સલાહ આપનાર હોય છેઃ "બહાર જવાનું બંધ કર્યું હોય તો?" તો એ કહેશેઃ "પણ ક્યાં ક્યાં નથી જતો એની તો કોઈને ખબર પડતી જ નથી ને!"

લેખન માટે થઈને ઉમાશંકર શિક્ષણનાં—સમાજનાં કામ છોડી દે એમ માની ન શકાય. એમના સ્વભાવમાં છે કે વૈરાગી થઈને બેસી રહેવાને બદલે પડકાર ઝીલવો. પોતાના સમયમાં પોતાને ગેરહાજર ન રહેવા દેવાય. કશુંય અનુચિત થતું હોય તો આંખ આડા કાન ન કરાય.

આ ઉચિત-અનુચિતનો ખ્યાલ તો એમના માટે વળગણ જેવો બની ગયો હતો. ઇનામોની રકમ સાહિત્યના કામે આપે, પોતાની આવકમાંથી ટ્રસ્ટ કરે, ચોરીછૂપીથી ખૂણેખાંચરે મદદ પહોંચાડે તે માણસ રિક્ષાવાળા સાથે વળી સમય બગાડે! અજાણ્યા માણસને તો માન ઊતરી જાય એટલો સમય બગાડે. પણ કારણ એ કે જે ખોટું હોય એને પોષાય કેમ? બધું બરાબર છે એમ માની લઈને નહિ, બધું સમજીને—સમજવા છતાં માણસમાં ઇતબાર રાખવાનો છે. વસ્તુસ્થિતિને જાણવાની-સમજવાની ભૂમિકાએ ઊભા રહેવાનું છે. જાગ્રત થવામાં જે જોખમ હોય, એ ઉઠાવવાનું છે.

હું ૧૯૫૮માં અમદાવાદ આવ્યો અને તુરત એમનો સમય મેળવતો થયો. ગુજરાતની બધી પેઢીઓના લેખકોનો એમના પર હક પહોંચે. દરેકને મળેલા દિવસના ચોવીસ કલાક જેટલા સમયમાં જ એમણે બધા મોરચે પહોંચી વળવાનું. ક્યારેક તો સાતમે કોઠે ઝઝૂમતા અભિમન્યુ કરતાંય એ વધુ વિષમ સ્થિતિમાં હોય, પણ એમાંથી બહાર આવે. રજથી

ગજ સુધીનાં બધાં કામ પાછા પોતાના માથે રાખે. સંપાદનમાં આપી શક્યા ન હોય એટલો સમય પ્રૂફવાચનમાં આપે. બધું જાણે ને બધાં ક્ષેત્રોમાં રસ ધરાવે. રાજકારણ અને હૃદયકારણ બંનેમાં રસ. પરસ્પર દુશ્મનો હોય એય ક્યારેક એમને ત્યાં ભેગા થઈ જાય. અને ઉમાશંકર ક્યારેક તો પોતાને ઘેર મહેમાનની નમ્રતા અને સંકોચ સાથે બેઠા હોય.

૧૯૭૪-૭૫ના નવનિર્માણ આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને એમનો સાથ મળેલો. ઇન્દિરાજીએ સલાહસૂચન માટે મળવા બોલાવેલા. દરમિયાન ગુજરાતના આંદોલન વિશેની પોતાના પક્ષની માહિતી મુજબ કહેલું: “કેટલાક અધ્યાપકો ચીમનભાઈ સાથે છે અને કેટલાક તમારી સાથે છે.” ઉમાશંકરે મક્કમતાથી કહેલું: “ના, મારી સાથે કોઈ નથી. હું બધા અધ્યાપકો સાથે છું.”

કોઈની સાથે ઉગ્રતાથી લડતા હોય ત્યારે પણ ચાહતા હોવાના દાવથી ચાલે. એ સ્વીકારતાં પેલાને વાર લાગે છે. ઉમાશંકર ધીરજપૂર્વક એને સમય આપે, એ પછી ભલે ગમે તેવો હોય. માણસના ગુણ કરતાં દોષની એમને વહેલી ખબર પડે, છતાં એ સરવાળાથી ચાલે, બાદબાકીથી નહીં. એમણે તુચ્છમાં પડેલી શક્યતાઓનો પણ મહિમા કર્યો છે.

પોતે પરમ નિર્વ્યસની, ખાવાપીવામાં ચોખલિયા, પણ બીજા કોઈની આદત સામે સૂગ નહીં. બલ્કે જલ-કમલની નિકટતા પણ ટકાવી શકે.

હિન્દી વિવેચક નામવરસિંહે એક પ્રસંગ કહેલો. એ, નિહાર રંજન રાય અને ઉમાશંકરભાઈ યુરોપની કલાયાત્રાએ ગયેલા. એ સહુ ફ્રાન્સમાં હતા ત્યાં ઉમાશંકરભાઈની જન્મતારીખ આવી. સુંદર બૅલે જોવા મળેલો. ઉમાશંકરભાઈને તો એથી વધુ સારી બીજી કઈ ઉજવણી જોઈએ? પણ વાતમાંથી વાત નીકળી તો કહે: “આજે તમે બંને આનંદ કરો. જે ખાવું હોય એ ખાઓ, જે પીવું હોય એ પીઓ, મારા તરફથી.” આ પૂર્વે કદાચ પેલા મિત્રોએ ઉમાશંકરભાઈની હિસાબ રાખવાની આવડત જોઈ હશે. અહીં તો ઘણા જાણે કે એ પાંચ પૈસાની ભૂલ પાછળ પંદર મિનિટ બગાડે અને પચાસ હજારના ચેક પર સડસડાટ સહી કરી દે. એમની કરકસર અને ઉદારતા બંને માનવીય ગુણનાં દૃષ્ટાંત બની

શકે એમ છે. પણ આ તો ‘શેમ્પેન’ પાવાની વાત હતી! ઉમાશંકરના પૈસા શેમ્પેનમાં ખર્ચાય અને તે પણ ફ્રાન્સના ઊંચામાં ઊંચા શેમ્પન પાછળ? પેલા વિદ્વાનોએ જોયું કે આ દરખાસ્ત ગંભીરતાપૂર્વક અને આગ્રહ સાથે થઈ રહી છે ત્યારે એમણે શરત મૂકી, “તમે અમને સાથ આપો.” એમની માગણી વાજબી કહેવાય. મહેફિલની શિસ્ત સહુએ પાળવી પડે. ઉમાશંકરભાઈ મૂંઝાયા. છેવટે ધર્મસંકટ સમજીને તૈયાર થયા. કહ્યું: “લો, હું આંખો બંધ કરું છું. મારા હોઠ પર એક નાનું ટીપું મૂકી દો, મને ખબર ન પડે એ રીતે.” એમના આ ઉદ્ગાર પર ખુશ થઈને એ માર્ક્સવાદી વિદ્વાનોએ ઉમાશંકરભાઈને ગાંધીવાદી રહેવા દીધા ને સહુએ પોતપોતાની રીતે ખાધુંપીધું.

એ એક સંસ્થા બન્યા છે, વ્યક્તિ મટ્યા વિના. ગુજરાતી ઘટ્યા વિના વિશ્વમાનવી બન્યા છે.

કિશનસિંહનું અવસાન થયું તે રાત્રે જાણેલું. વહેલી સવારે અમદાવાદથી વડોદરા જવા હું એમની સાથે નીકળ્યો. સ્મશાનમાં જોયું કે પરમમિત્રને અંજલિ આપવામાં પણ અતિશયોક્તિ ન થાય એવી વાણી એમને વરી છે.

મિત્રોની ખબર કાઢવા એ માઈલો ચાલીને ગયા છે. એમનું આ વત્સલ રૂપ એ એમના વ્યક્તિત્વનું એવું તે મોટું સત્ત્વ છે કે એ સાહિત્ય અકાદમીના પ્રમુખ હોય કે વિશ્વભારતીના આચાર્ય હોય એ બધું ગૌણભાવે જ યાદ આવે છે.

મોટામાં મોટાં પદો પણ માન્યતા પામવા એમની પાસે ગયાં છે. એમણે એમાંથી શું શું સ્વીકાર્યું છે એ આપણે જાણીએ છીએ. શું શું નથી સ્વીકાર્યું, એ અત્યારે તો માત્ર તેઓ જ જાણે છે.

[‘સહરાની ભવ્યતા’ પુસ્તક: ૧૯૮૦]

# પંડિત સુખલાલજી

આંખો નહોતી એના બદલામાં બીજી બધી ઇન્દ્રિયો અત્યંત સતેજ હતી. શ્રીમતી મૃદુલા પ્ર. મહેતાએ એમના ‘પુણ્યશ્લોક પંડિતજી’ નામના સંસ્મરણમાં એક પ્રસંગ નોંધ્યો છે.

તે દિવસે ઉકળાટ પછી પવન નીકળ્યો હતો. ચાંદની પણ એવી જ સુંદર હતી. મૃદુલાબહેને એનો ઉલ્લેખ નહોતો કર્યો છતાં પંડિતજી બોલેલા: “પવન જ સરસ છે તેમ નથી, ચાંદની પણ સરસ છે, ખરું ને!”

મૃદુલાબહેન ડઘાઈ જાય છે. પંડિતજી કહે છે: “જો, એમાં કંઈ અલૌકિક શકિતની જરૂર નથી. આજની હવામાં જે અનેરી શીતળતા છે તે પૂર્ણિમાની સોળે કળાએ ખીલેલી ચાંદની સિવાય સંભવે નહીં. એ અનન્ય શીતળતાનો અનુભવ આંખ હોય તેને થાય એના કરતાં વધારે તીવ્રપણે આંખ વગરનાને થાય એમ હું ધારું છું. મેં ઘણી વાર આજે પૂનમ છે તેમ આ અનુભવે જાણ્યું છે. તેમાંય વૈશાખી પૂનમ પરખાયા વિના રહે જ નહીં!”

એ પછીની ગંભીર-હળવી વાતચીત દરમિયાન પંડિતજી મૃદુલાબહેનને ચાંદનીનું વર્ણન કરવા કહે છે. એ આખો ભાગ લેખિકાના શબ્દોમાં જ મૂકવા જેવો છે:

“મેં વૃક્ષ, વેલીઓ, પુષ્પો અને સરિતાના જળમાં પડતા ચંદ્રના પ્રકાશ, પ્રતિબિંબ-વલયોનું થોડું વર્ણન કર્યું. પછી પંડિતજીએ પોતે નાનપણમાં માણેલી ચાંદનીનું વર્ણન કર્યું, તે શબ્દો મારી પાસે રહ્યા નથી પણ તે પછી તેમણે જે વર્ણન કર્યું તેની એક ઘેરી છાપ મારા અંતરમાં છે.

“કહે: ‘પ્રકાશ કરતાં અંધકાર, ગાઢ અંધકારનો અનુભવ કોઈએ ન કર્યો હોય તેવો તીવ્રપણે મેં કર્યો છે. સોળ વર્ષની વયે જ્યારે આંખો ખોઈ ત્યારે આંખોનું તેજ ગયું તેટલું જ નહીં, સમસ્ત જીવન જીવવાની બધી આશા-આકાંક્ષાઓ ફરતો ગાઢ અંધકાર વીંટળાઈ વળ્યો હતો. પ્રગાઢ અંધકાર, જ્યાં પ્રકાશનીઆછી રેખા ન હતી, આશાની ઝાંય

સરખી નહોતી અને અંધકારના ડુંગરનો, ચોસલે ચોસલાનો એવો ભાર હતો કે ડોક ઊંચી ન થઈ શકે. ઊંડા અંધારા કૂવામાં મને કોઈએ ધકેલી દઈ જાણે જીવનનાં એકેએક દ્વાર બંધ કરી દીધાં હતાં. આ અંધકારનો ખડક સમો ભાર ભેદીને બહાર નીકળાશે કે કદી કોઈ પ્રકાશરેખા સાંપડશે તેવી કલ્પના જ અસંભવિત લાગતી હતી. મારા મનની ત્યારે એ સ્થિતિ હતી. કોઈ આધાર નહીં, કોઈ ઓથાર નહીં. તમે એકલા, અટૂલા નિઃસહાયપણે અંધકારના એ કળણમાં ખૂંપી જાઓ તેવી દશા. મૃદુલા, જીવનનો તે અંધકાર શબ્દમાં મુકાય તેવો નથી...'

"તેમના સદા પ્રસન્ન ચહેરા પર વિષાદ છવાઈ ગયો હતો. શબ્દે શબ્દે અસહ્ય વેદના નીતરી રહી હતી. તેઓ બોલતા ગયા અને મારી આંખોમાંથી આંસુ નીતરતાં રહ્યાં. જરા પણ અવાજ ન થાય, શ્વાસ પણ જોરથી ન લેવાય તેની મેં ખૂબ તકેદારી રાખેલી પણ પ્રજ્ઞાચક્ષુ પામી ગયા. એકાએક થોભીને કહેઃ 'અરે, તું રડે છે? આ તો ચાંદનીની મજા બગડી ગઈ! હું તો વર્ણનમાં તલ્લીન થઈ ગયો. પણ સાંભળ, રડવા જેવું તેમાં હવે શું છે? ઘોર અંધકારનો અનુભવ કર્યો, તો એવા જ દેદીપ્યમાન પ્રકાશનો પણ અનુભવ કર્યો છે. ગાઢ અંધકારના અસહ્ય ભાર અને ઘોર નિરાશામાં એક પ્રકાશ-કિરણ ઝળક્યું—પુરુષાર્થનું એક પગલું દેખાયું—આંચકો મારીને માથું ઊંચું કર્યું અને નિરાશાનો ખડક ગબડી પડ્યો. ધીમે ધીમે પગ માંડતાં, ટેકો મેળવવાની મથામણ કરતાં કરતાં એક સાંકળ હાથ આવી અને ઊંડા કળણમાંથી બહાર આવ્યો તો જે ભવ્ય, દેદીપ્યમાન અને ઉજ્જ્વળ પ્રકાશ મને મળ્યો તેવો બહુ વિરલ આત્માઓને મળ્યો હશે. જીવનને આ કિનારે તો પ્રકાશ અને આનંદરસ છે. પછી પ્રારંભમાં અંધકાર હતો તેનું કંઈ દુઃખ થોડું જ હોય! ચાલ, હવે ખુશ ને? એક સરસ ભજન ગા, પછી આપણે જઈએ.' કહી તેમણે વાત સમેટી લીધી.

"બીજે દિવસે સવારમાં ફરતાં ફરતાં કહેઃ 'ઈશ્વર એક હાથે લઈ લે તો બે હાથે આપે એવો મારો જીવનનો અનુભવ છે. ઈશ્વરનાં ઔદાર્યને કદી સીમા નથી તે વાત તું જીવનમાં કદી ભૂલતી નહીં. ગમે

તેવી વિકટ પરિસ્થિતિમાં પણ આધારનો કોઈક ખૂંટો તેણે આપણે માટે રાખ્યો જ હશે તેવી શ્રદ્ધા ગુમાવવી નહિ. પુરુષાર્થ કરવાનું આપણે ભાગે હોય છે. પુરુષાર્થ ન કરીએ તો ઈશ્વરીય ખૂંટો હાથ નહીં આવે.”

સોળ વર્ષની ઉંમરે લગ્ન થઈ ગયાં હોત પણ મોકૂફ રહ્યાં ને બીજા વર્ષે ઉનાળામાં માતા નીકળ્યાં ને આંખો ગઈ. વહેમો અને અંધશ્રદ્ધાઓને ઓળખી મુક્ત થતા ગયા. કાશીની યશોવિજય જૈન પાઠશાળામાં અભ્યાસ માટે ગયા. ન્યાય, કાવ્ય, વ્યાકરણના વિશેષજ્ઞો પાસે સ્વાધ્યાયની તક મળી. સંસ્કૃત-પ્રાકૃતમાં ભાષણ કરતા થયા. અલંકાર શીખવા લાગ્યા. ત્યારે જેટલું શીખતા એ બધું કંઠસ્થ કરીને. ચિંતન કરતા. ચિંતનનું પ્રમાણ વધ્યું. ઊંડા ઊતરતા ગયા.

પંડિતજીએ શિક્ષણના ભાગરૂપે પ્રવાસો પણ કર્યા. સમ્મેતશિખર, પાલીતાણા, આબુ, મિથિલા વગેરે સ્થળોની યાત્રાથી પોતે રમ્ય પ્રદેશો અને સરલ સ્વભાવી જનપદોને જાતે સ્પર્શ્યાનો આનંદ પામેલા. બનારસમાં અધ્યાપન કર્યું. અમદાવાદ આશ્રમમાં રહ્યા તે દરમિયાન કામ માગ્યું ને ગાંધીજીએ એમને સાથે દળવા બેસાડ્યા. અનુયાયીઓએ ઊભાં કરેલાં આવરણ ભેદીને એ ગાંધીજીને જોતા રહ્યા છે. એ માટે એક દાખલો પૂરતો છે. પંડિતજી જૈન સાધુઓને ભણાવતા. એક બહેન ત્યાં ભણવા આવ્યાં. મહારાજજીઓએ વિરોધ કર્યો. પંડિતજી બહેનને ઘેર ભણાવવા જવા લાગ્યા. એનો પણ વિરોધ થયો ત્યારે તેમણે કહી દીધુંઃ “જો કોઈ ઢેઢ, ભંગી કે બહેનો ભણવા આવશે અને વધારે વખતની જરૂર હશે તો હું સાધુઓને ભણાવવાનું છોડી દઈને પણ તેમને ભણાવીશ.”

જૈન ધર્મનું તત્ત્વ ઇન્દ્રિયોને અને મનોવૃત્તિઓને જીતવામાં છે અને બ્રાહ્મણ ધર્મનું તત્ત્વ વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે, એ પામી ચૂકેલા પંડિતજીની ઉંમર ત્યારે પાંત્રીસેક વર્ષની હશે. ૧૯૧૫ની વાત છે. બનારસનું ચોમાસું ને એમને ભારે તાવ આવ્યો. માથું ફાટી જાય. પંડિતજી લગભગ તરફડે એવી દશા. શ્રાવકો આવે, ખબર પૂછતા બેસે. ત્યાં મુનિ પુણ્યવિજયજીના ગુરુ કાન્તિવિજયજી પધાર્યા. એ વૃદ્ધ મુનિ પંડિતજીનું માથું દબાવવા લાગ્યા. શ્રાવકો દોડી આવ્યા.

હાહાકાર થઈ ગયો. જૈન સાધુઓ નિયમ મુજબ ગૃહસ્થની સેવા ન કરી શકે. પરંતુ કાંતિવિજયજી પાસે કારણ હતું. અમે સાધુઓ એમની પાસે ભણીએ છીએ. અમે તો એમની પાસે એકડા વિનાનાં મીંડાં જેવા છીએ. તેમની સેવા કરવી એ અમારો ધર્મ છે.

પંડિતજી ત્યાગી હતા પણ પોતાના શિષ્યો પ્રત્યેનું એમનું વાત્સલ્ય ધાર્મિક આચારની નકારાત્મક મર્યાદાઓ ઉલ્લંઘતું. એ માટે પણ એ ચોક્કસ સમજથી પ્રેરાતા. જ્ઞાનયોગ, કર્મયોગ કે ભકિતયોગ, કોઈ યોગસાધનાની શરતરૂપે એ અપરિણીત જીવનને ગણાવતા નહીં. એમને મન સાચી શરત હતી સંયમ. મોટા ભાગના માણસો માટે લગ્નજીવન સ્વસ્થ ઉત્કર્ષનું સાધન છે. કૃત્રિમ રીતે કડક નિયમોથી ઊભો કરેલો સાધુસમાજ વિકૃતિઓ વધારે. એમણે મૃદુલાબહેનને કહેલું કે સ્ત્રીઓના સહવાસ વગરના પુરુષો અર્ધદગ્ધ બુદ્ધુ નીકળ્યા છે અને પુરુષના યોગ્ય સહવાસ વગરની સ્ત્રીઓ વેવલી નીકળી છે. બહેનોને ભણાવવાનો પંડિતજીનો અનુભવ સારો હતો. કહેતાઃ આટલું સરળ અમારે લખવું હોય તો ઘણો વિચાર કરવો પડે. બહેનો કપડાંમાં ભલે ઠસ્સો કરે, તેમના લખાણમાં કૃત્રિમતા આવતી નથી.

શબ્દવેધી બાણ ચલાવનારા નિશાનબાજો પૃથ્વીરાજ ચૌહાણ સુધી હતા. પંડિતજીને અવાજ પરથી દિશાનો ખ્યાલ આવી જતો એટલું જ નહીં, અવાજ પરથી વક્તાના વ્યકિતત્વનો અંદાજ પણ આવી જતો. પંડિતજી શબ્દ દ્વારા પણ એમના ઉદ્ગાતાને પામી જતા.

સો વરસ પૂરાં થવામાં વાર ન હતી ત્યાં એમણે વિદાય લીધી. એકેએક ક્ષેત્રના વડીલો સ્મશાનમાં હાજર હતા અને એમના સહુના મોં પર અનાથ બની ગયાનો એક આછો છૂપો ભાવ હતો. પંડિતજી જતાં જાણે કે સામેથી એક શિખર અદૃશ્ય થઈ ગયું.

['સહરાની ભવ્યતા' પુસ્તકઃ ૧૯૮૦]

# નગીનભાઈ

ગુજરાત ગૌરવ લઈ શકે એવું જીવન નગીનદાસ પારેખ જીવ્યા હતા, નિર્મલ અને સંનિષ્ઠ જીવન. ગોવર્ધનરામ અને ગાંધીજી બંને હરખાય એવું પ્રવૃત્તિમય સંન્યાસનું દૃષ્ટાંત બનતું જીવન.

ગુજરાતી સર્જકો અને વિદ્વાનો નગીનભાઈની નિષ્ઠા અને નૈતિક આગ્રહો વિશે જાણે છે. ક્યારેક કોઈ નાની બાબતેય એ અપવાદ સ્વીકારે નહીં. એ જરૂર જાણતા હશે કે દાગીનો ઘડવા માટે સોનામાં તાંબું ભેળવવું પડે, પરંતુ દાગીનો કે ચલણી સિક્કો બનવા માટે એમણે કશો ભેગ સ્વીકાર્યો નથી. પોતાની જગાએ મૂળ ધાતુરૂપે તપ્યા કર્યું છે. તપ ચાલુ રાખ્યું છે. એ આપણા પરમ વિદ્યાપુરુષ છે. એમને તમે પ્રણામ કરો કે ન કરો, એમના ચહેરાની રેખા બદલાતી નથી. હર્ષ અને શોકના પ્રસંગો એમનો મુખભાવ બદલી શકતા નથી. કામ ન હોય તો મળવું નકામું છે. તમે ઉમાશંકરનો વખત બગાડી શકો, પણ નગીનભાઈનો નહીં. એમને બિનજરૂરી વાતે વાળી શકાય નહીં. તમે ગયા હો અને બેઠા હો તો એનો એમને બાધ નથી. એ કામમાં હોય ત્યારે બાજુમાં ખુરશી પડી છે કે તમે બેઠા છો એ એમને માટે સરખું હોય છે.

સાંજ પછી એક-બે કલાક એમના અનધ્યાયના હોય છે. બહારથી લેખકો આવ્યા હોય અને ઉમાશંકરભાઈને ત્યાં ગોષ્ઠી હોય તો એકાદ રમૂજી પ્રસંગ તો નગીનભાઈ પાસેથી ભેટમાં મળે જ. એક વાર શિશિરકુમાર ઘોષ આવેલા. સાત-આઠ અહીંના કવિઓ હતા અને ‘સ્નેહરશ્મિ’ ઝીણાભાઈ પણ હતા. વાતો જામી. તે દિવસે ઉમાશંકરે વારંવાર બનેલી સત્ય ઘટના કહી.

ઝીણાભાઈ નવું કાવ્ય લખે પછી તુરત છાત્રાલયના નજીકના રૂમમાં જઈને સંભળાવવું શરૂ કરે. શરૂઆતના શ્રોતાઓમાં નગીનભાઈ હોય. એમને સંભળાવીને આગળ વધી રહેલા ઝીણાભાઈ અડધું વર્તુળ પૂરું કરે તે પહેલાં તો નગીનભાઈ પેલા કાવ્યનું પ્રતિકાવ્ય રચીને સામે

આવી પહોંચે. નગીનભાઈ ત્યારે પ્રતિકાવ્ય રચવામાં એક્કા હતા. સાથે રહેતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની મજાક-મશ્કરી માટે એક હસ્તલિખિત ચલાવતા—‘પંચતંત્ર’. એનો મુદ્રાલેખ હતોઃ ‘આવ્યાપારેષુ વ્યાપારઃ’ એટલે કે અનધિકાર ચેષ્ટા, પોતે કરવી અને સામાની ઉઘાડી પાડવી. એક ‘ગિલિન્ડર ક્લબ’ ચલાવતા. મજાક-મશ્કરી સહન ન કરી શકનાર ક્યારેક એમને મારવા પણ તૈયાર થઈ જતા, પણ નગીનભાઈની રમૂજશકિત આગળ સૌનાં હથિયાર હેઠાં પડતાં. એક વાર ગાળોના જ્ઞાનની હરીફાઈ થયેલી. ચરોતર જીતે કે સુરત? નગીનભાઈએ દક્ષિણ ગુજરાતનો યશ વધારી આપેલો.

મૅટ્રિક સુધી એમણે વલસાડમાં શિક્ષણ લીધું. ‘પ્રિલિમ’ની પરીક્ષાનો સમય હતો ત્યાં અસહકારનું આંદોલન શરૂ થયું. શાળાએ જવાનું છોડી દીધું. દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરેલું, મામાની ફટાકડાની દુકાન હતી, પ્રતિકારના કાર્યક્રમનો અમલ એમની સામે પણ કરેલો. રાષ્ટ્રીય કારણોથી આ પહેલાં સ્કૂલમાં ત્રણ વાર હડતાલ પડાવેલી. પ્રિલિમિનરી પરીક્ષા આવી. નગીનભાઈ નિશાળે જાય નહીં, પિતાજી ખાય નહીં. નગીનભાઈ પણ ખાઈ ન શક્યા. છેવટે નીકળ્યા સંસ્કૃતની પરીક્ષા આપવા. પાંચ મિનિટ મોડા પડ્યા. માસ્તરે ટોક્યા, રોક્યા. ખડિયો લઈને ઘેર પાછા આવ્યા. શાળાના આચાર્યને એક સારા વિદ્યાર્થીની કૅરિયર બગડવાની ચિંતા થઈ. બોલાવ્યા, સમજાવ્યા. અસહકારનો મુદ્દો મોટો હતો. ત્યારે ઉંમર તો અઢારેક વર્ષની જ હશે; પણ સમજતા હતા ઘણું. આચાર્યને કહી દીધુંઃ “હું કૅરિયર-બૅરિયરમાં સમજતો નથી.”

એ પછી તો વિદ્યાપીઠમાં; ત્યાંના સ્નાતક થઈ બંગાળી ભાષાના વિશેષ અભ્યાસ માટે શાંતિનિકેતન ગયેલા. એમના માટે એક વર્ષનો ખાસ અભ્યાસક્રમ ઘડાયેલો.

શાંતિનિકેતનમાં નગીનભાઈએ પ્રેમનાથ બિશિના નાટકમાં શકુનિનું પાત્ર કરેલું. શકુનિ મૂળ કંદહાર—ગંધારના, આજના અફઘાનિસ્તાનના, તેથી પઠાણ. દાઢી તો રીતસર જોઈએ જ. નગીનભાઈએ દોઢ મહિના પહેલાંથી દાઢી વધારેલી. ઓછામાં પૂરું નાટક વખતે નંદબાબુએ મેકઅપ

કરેલો. નાટકમાં છાયાયુદ્ધ કરવાનું આવે. કોઈ સામે લડનાર હોય જ નહિ ને લડવાનું. એમના પૂર્વાપર વ્યક્તિત્વ સાથે પણ આ સંગત છે. એમણે લડવાનું ચાલુ કર્યું હોય પણ એમની સામે કોઈ નહીં એટલે કે કોઈની સામે નહીં, મુદ્દા સાથે વાત.

શાંતિનિકેતનમાં પણ તોફાની તરીકેની છાપ ઊભી કરવામાં એ સફળ થયેલા. એક વાર એ પાણીમાં ડૂબી રહ્યા હતા, સાચે જ ડૂબી રહ્યા હતા, એ મદદ માટે બૂમો પાડતા હતા. પણ સાંભળનારાઓમાંથી કોઈ માનવા તૈયાર ન હતું કે સાચે જ એ ડૂબી રહ્યા છે. એ તો ગુજરાતી ભાષાનું ભાગ્ય કે કોઈકે મશ્કરીનો ભોગ બનવાના જોખમ સાથે પણ એમને બહાર ખેંચી કાઢ્યા.

૧૯૨૮થી ૧૯૭૮ વચ્ચેના એકાવન વર્ષમાં એમની પાસેથી આપણને કુલ એકસો પાંચ પુસ્તકો મળ્યાં છે. એમાં શરદબાબુ, રવીન્દ્રનાથ, દિલીપકુમાર રાય, સુરેન્દ્રનાથ દાસગુપ્ત, અતુલચંદ્ર ગુપ્ત, ‘જરાસંધ’, મૈત્રેયીદેવી આદિની બંગાળી કૃતિઓના અનુવાદો છે. આઠવલેના ‘રસગંગાધર’ પરના મરાઠી ગ્રંથનો અનુવાદ છે. તો અંગ્રેજીમાંથી એમણે કાવ્યશાસ્ત્ર, ચિંતન અને દર્શનની કૃતિઓના અનુવાદો આપ્યા છે. એમાં ઈસુદાસ સાથે કરેલો ‘બાઇબલ’નો અનુવાદ તો વીસરી શકાય જ નહીં.

કશું અસ્પષ્ટ રહેવા દે તો એ નગીનભાઈ નહીં. અઘરામાં અઘરી વસ્તુ સમજવા માટે એ પ્રયત્ન કરે અને જે ન સમજે તેને નમ્રતાથી નમન કરી અળગા રહે. પોતાને સમજાયું છે એની જ એમણે વાત કરી છે. નગીનભાઈ પાંદડે પહોંચવા મૂળથી શરૂ કરે છે.

અભિનવનો રસવિચાર સમજવા માટે એ એની દાર્શનિક ભૂમિકા સુધી ગયેલા. દર્શનશાસ્ત્રના વિદ્વાનોનો સત્સંગ કરેલો. પોતે સંસ્કૃતના ખાસ જાણકાર નથી એમ કહે છે, પણ સંસ્કૃતના અધ્યાપકો પણ પોતાની શંકાનું નિવારણ કરવા આ ગ્રંથનું પ્રમાણ તપાસી શકે એમ છે. શ્રી રસિકલાલ છો. પરીખે પ્રસ્તાવનામાં કહ્યું છે કે સંસ્કૃતજ્ઞોને પણ અસાધ્ય એવું કાર્ય તેમણે કર્યું છે. એમની સ્પષ્ટ થવાની વિચારશક્તિ અને વિશદ રજૂઆત કરવાની નિરૂપણશક્તિ પર રસિકભાઈએ ખાસ

ભાર મૂક્યો. ભારતીય કાવ્યશાસ્ત્ર પરનાં એમનાં સ્વતંત્ર લખાણો જેમાં ગ્રંથસ્થ થયાં છે એ ‘અભિનવનો રસવિચાર અને બીજા લેખો’ પુસ્તકને ૧૯૭૧નો સાહિત્ય અકાદમીનો રાષ્ટ્રીય પુરસ્કાર મળેલો. આ જાહેરાત થઈ ત્યારે હું આકાશવાણીના સમાચાર સાંભળી રહ્યો હતો. જાણ્યું એવો રિક્ષા કરીને ગયો. બીક હતી કે સવા નવ વાગ્યા છે તેથી ઊંઘી ગયા હશે. જાગતા હતા પણ સમાચાર સાંભળ્યા ન હતા. મેં અભિનંદન આપ્યાં. પણ એથી ખાસ આનંદ ઊપસી આવ્યો નહીં. હું પણ વાત પૂરી થતાં, મારો આવેશ શમી જતાં, પાછો રિક્ષામાં બેસી ગયો. નગીનભાઈ હર્ષશોકથી તટસ્થ રહેવા ટેવાયા છે. જ્યાં એમણે અભિપ્રાય આપવાનો હોય ત્યાં પૂરતી કાળજી લેતા કે અલંકારરૂપે પણ અતિશયોકિત ન થાય. માત્ર સત્ય, નિ:શેષ અને નિર્ભેળ સત્ય: એ અપ્રિય હોય એનો પણ બાધ નથી. આગ્રહ છે સંપૂર્ણ સત્યનો. એની શકિતના પ્રતાપે, એ ટટ્ટાર બેસીને જવાન લેખકોથી પણ વધુ કલાક કામ કરતા.

[‘સહરાની ભવ્યતા’ પુસ્તક: ૧૯૮૦]

## બે મોરચે

ભાયાણીસાહેબ પ્રાકૃતમાં પીએચ.ડી. થયેલા. ૧૯૪૫થી ’૬૫ સુધી ભારતીય વિદ્યા ભવનમાં સંશોધન અને અધ્યાપન કર્યું. પછી ગુજરાત યુનિવર્સિટીમાં જોડાઈ અમદાવાદ આવ્યા.

પત્તાંની અમુક રમતો એ એકલા રમે. કલાકોના વાચનલેખન વચ્ચે અડધો કલાક એકલા એકલા આમ પત્તાં રમી લે. એમને આરામ મળી જાય. એ સંગીતના શોખીન. એકલા એકલા સંગીત સાંભળતા હોય, પણ કોઈ માણસ આવે તો એ પહેલો. કોઈ સાચો જિજ્ઞાસુ આવી ચડે તો એ પોતાના મુદતી કામને પણ બાજુ પર મૂકી દેવાના. પછી આરામના મર્યાદિત સમય પર કાપ મૂકી પેલું કામ પૂરું કરવાના.

એમને ત્યાં બે હીંચકા: એક વરંડામાં અને બીજો આંગણામાં. ક્યારેક બેથી સાત સુધી બાળકો હીંચકો ખાતાં હોય, રમતાં હોય, લડતાં હોય, ચણામમરા ખાતાં હોય કે અંદરઅંદરના ઝઘડા અંગે દાદાને ફરિયાદ કરતાં હોય. દાદા દરેકનું સાંભળે ને દરેકની તરફેણમાં બોલે. પછી પોતાના ઝઘડાનું સ્વરૂપ સમજાવવાનો આગ્રહ જતો કરી બાળકો એમનું રમવાનું આગળ ચલાવે; દાદાને એમનાં થોથાં સાથે ગડમથલ કરવા દે.

ક્યારેક દાદાને બે મોરચે કામ કરવું પડે. કોઈ અભ્યાસી કંઈક પ્રશ્નો લઈને આવ્યા હોય, અને અહીં બાળકો ક્ષણેક્ષણે નવા પ્રશ્નો ખડા કરતાં હોય. આંગણે લીલા કરતા શિશુલોકને વચ્ચે વચ્ચે પ્રેમથી જોઈ લઈને પોથીપંડિતો સાથે કામ પાડવું, એ એમનો સ્વભાવ.

# રજની વ્યાસ

## નવયુગનો પ્રહરી

અર્વાચીન સાહિત્યયુગના આ આદિપુરુષનું જીવન એટલે આંધી, તૂફાન અને ઝંઝાવાત. એનો જીવનમંત્ર એટલે પ્રેમ અને શૌર્ય. નર્મદને જીવનમાં કદી કશેય ચેન ન હતું. કશુંક નવું નવું કરવા, જે છે તેને બદલવા તે નિરંતર પ્રવૃત્ત હતો. અજંપાથી તે ભર્યોભર્યો હતો.

સુરતમાં એક નાગર બ્રાહ્મણ કુટુંબમાં લાલશંકર દવેને ત્યાં તેનો જન્મ થયો. નામ પડ્યું એનું નર્મદાશંકર. નર્મદને મુખ્યત્વે તો મુંબઈમાં જ શિક્ષણ મળ્યું હતું. પાંચ વર્ષની વયે ભૂલેશ્વરમાં નાના મહેતાની નિશાળમાં એ દાખલ થયો હતો. શાળાકીય અભ્યાસ દરમિયાન સંસ્કૃત અને મરાઠી ભાષા પણ શીખ્યો. પછી તે સુરતમાં જ દુર્ગારામ મહેતાની શાળામાં દાખલ થયો. દુર્ગારામ મહેતાજી ગુજરાતના આરંભના સમાજસુધારકોમાંના એક હતા. નર્મદ ઉપર સુધારાના પ્રથમ સંસ્કારો આ રીતે દુર્ગારામ મહેતાજીના પડ્યા.

કોલેજમાં અભ્યાસ દરમિયાન જ નર્મદના જાહેર જીવનનો આરંભ થઈ ચૂક્યો. તેના ચારપાંચ મિત્રો તેને ઘેર વારંવાર મળતા. મૂછનો દોરો ફૂટે એવી સત્તર-અઢાર વર્ષની ઉંમરે તો એણે ‘અન્યોન્ય બુદ્ધિવર્ધક સભા’ નામની જુવાન માણસોની એક સંસ્થાની સ્થાપના કરી. તેના પ્રમુખ નર્મદ અને મંત્રી મયારામ શંભુનાથ હતા. પ્રમુખ તરીકે નર્મદ ‘મંડળી મળવાથી થતા લાભ’ વિષે એક નિબંધ વાંચે છે. બીજે વર્ષે એ વ્યાખ્યાન છપાવીને પ્રસિદ્ધ કરે છે. આ હતું—ગુજરાતી ભાષાનું સૌપ્રથમ ગણનાપાત્ર ગદ્યલખાણ! આ મંડળીમાં વારાફરતી સૌએ નિબંધ વાંચવાનું નક્કી કર્યું હતું. ઉપરાંત દર પંદર દિવસે બે વાર જાહેર સભા ભરી લોકોમાં સાહિત્યનો પ્રચાર કરવાનું પણ નક્કી કર્યું. બાદમાં નર્મદે એકાદ વર્ષ ‘જ્ઞાનસાગર’ નામનું સાપ્તાહિક પણ ચલાવ્યું. ગદ્યના આરંભ

બાદ નર્મદે થોકબંધ કાવ્યોની પણ રચના કરી. ‘કબીરવડ’, ‘યા હોમ કરીને પડો’, ‘આ તે શા તુજ હાલ, સુરત સોનાની મૂરત’ કે ‘જય જય ગરવી ગુજરાત’ વગેરે તેની સુપ્રસિદ્ધ રચનાઓ છે. બાર વર્ષના પરિશ્રમે ‘નર્મકોશ’ તૈયાર કર્યો. ગુજરાતી ભાષાનો એ પહેલો શબ્દકોશ.

૧૮૫૮ના નવેમ્બરની ૨૩મી તારીખે નર્મદે શાળાની નોકરીને તિલાંજલિ આપી. સાંજે ઘેર ગયો. કલમ સામું જોઈ તેની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. તે બોલ્યો, “હવે તારે ખોળે છું.” હવે શું કરવું? આવકનું કોઈ સાધન ન હતું. નર્મદને પોતાની વાક્છટામાં વિશ્વાસ હતો. હરદાસનો ધંધો આવડે તો તેમાંથી રોજી નીકળી રહે. હરદાસ એટલે કથાકાર. પણ તે માટે સંસ્કૃતના સારા જ્ઞાનની જરૂર હતી, એટલે પૂણે જઈ તેણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ૧૮૬૪માં નર્મદે વળી નવું પ્રયાણ કર્યું. તેણે સુરતથી ‘દાંડિયો’ નામનું પખવાડિક પત્ર શરૂ કર્યું. સ્વતંત્ર અને નિર્ભય પત્રકારત્વના નમૂનારૂપ એ પત્ર હતું. ‘દાંડિયો’ એટલે રાત્રે લોકોને જાગ્રત રાખનાર ચોકીદાર. ‘દાંડિયો’ પત્ર સાચા અર્થમાં સમાજ અને સાહિત્યની ચોકીદારી કરતું. થોડા જ વખતમાં એ ઘણું લોકપ્રિય થઈ ગયું. ૧૮૬૫માં નર્મદે વ્યાકરણ લખ્યું. એ પછીના વર્ષે ‘મારી હકીકત’ નામની પોતાની આત્મકથા લખી. આ ઉપરાંત તેણે ‘રામાયણ’, ‘મહાભારત’, ‘ઇલિયડ’ ઇત્યાદિ ગ્રંથોના સાર લખ્યા; મહાપુરુષોનાં ચરિત્ર લખ્યાં. જૂના ગુજરાતી કવિઓનાં કાવ્યોનું સંશોધન કરીને તેનું સંપાદન કર્યું. ‘જગતના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસનો રાજ્યરંગ’ નામક ગ્રંથ લખ્યો, નાટકો લખ્યાં.

નર્મદના જન્મનું વર્ષ ૧૮૩૩નું. એક જમાનો આથમતો હતો અને નવા જમાનાનો ઉદય થતો હતો. વરાળયંત્ર શોધાયાને હજી થોડાં જ વર્ષ થયાં હતાં. નવી કેળવણી આવી રહી હતી. નવાં છાપખાનાં શરૂ થઈ રહ્યાં હતાં. ઔરંગઝેબના મૃત્યુ બાદ મરાઠા સત્તાકાળ દરમિયાન જે અંધાધૂંધી વ્યાપી હતી તેનો અંત આવી ગયો હતો. પણ હજી રેલવે આવી ન હતી. વીજળી આવી ન હતી. યુનિવર્સિટી સ્થપાઈ ન હતી અને વિજ્ઞાનનાં પગરણ પણ ખાસ પડ્યાં ન હતાં. સમાજ પર

વહેમની પકડ જબરદસ્ત હતી. આવા સમયે નર્મદે સમાજસુધારણા માટે જે પ્રયાસો કર્યા તે સમય કરતાં પહેલાંના હતા. સમાજમાં થતા અન્યાયો એની માનવતાથી ન સહેવાયા, તેથી સમાજસુધારાનો ઝંડો એણે ઉપાડ્યો હતો. દેશીઓનાં દુ:ખ, એમની ડગલે ને પગલે થતી માનહાનિના કારણભૂત એ પોતે જ ને એમના દુષ્ટ આચારો હતા, એમ તેને વસી ગયું હતું. તે જડ રૂઢિવાદ સામે ઝઝૂમ્યો અને વીર નર્મદનું લાડીલું બિરુદ પામ્યો. ૧૮૬૦ની વાત છે. ત્યારે વૈષ્ણવ જદુનાથ મહારાજ પોતે સમાજસુધારક હોવાનો દેખાવ કરતા. નર્મદે તેમના દંભનો પર્દાફાશ કરી નાખ્યો, તેમાં ભારે હિંમત બતાવી. મળતિયાઓ ઘણા હતા. સુધારા કરવામાં નર્મદની સાથે હોવાનો દાવો કરનારાઓમાં હિંમત હતી નહીં, એટલે જદુનાથ સાથે ચર્ચા કરવામાં સૌ ફરી ગયા. નર્મદ એકલો પડી ગયો. આમ છતાં એકલે હાથે તેણે ટક્કર લીધી અને સફળ પણ થયો. આવાં અનેક નવપ્રસ્થાનોથી ભર્યુંભર્યું નર્મદનું જીવન છે. અર્વાચીન યુગનો રીતસરનો પ્રારંભ નર્મદથી થયો છે. વિવિધ પદ્યસ્વરૂપો અને ગદ્યસ્વરૂપોમાં એમણે કરેલી પહેલને કારણે તેઓ અર્વાચીનોમાં આદ્ય અને નવયુગના પ્રહરી ગણાયા છે.

૧૮૮૨માં નર્મદની આર્થિક સ્થિતિ અસહ્ય બની રહી હતી. નર્મદના મિત્રો તેમના યોગક્ષેમ વિશે ચિંતા કરતા હતા. તેમણે ગોકળદાસ તેજપાલ ધર્મશાળાને વ્યવસ્થિત કરવાનું કામ નર્મદને સોંપવા એના ટ્રસ્ટીઓને ખાનગીમાં વિનંતી કરી. એ મુજબ નર્મદ પર પત્ર આવ્યો. આગળથી નક્કી કર્યા પ્રમાણે, પત્ર આવ્યો ત્યારે એના મિત્રો હાજર હતા. કવિએ કાગળ ખોલ્યો, વાંચ્યો અને તેમની આંખ ભીની થઈ ગઈ. ઊંડો નિ:શ્વાસ નાખીને એ બોલ્યા: “ચોવીસ વર્ષ લગી (નોકરી ન કરવાની) ખેંચી રાખેલી લગામ આજે હું હાથમાંથી મૂકી દઉં છું. પણ હવે આ મારા દુ:ખી જીવનનો અંત પાસે છે એ નક્કી માનજો. મારું હૃદય આ આઘાત સહન કરે એમ નથી...”

એ વખતે જ તેની પત્ની ડાહીગૌરીએ ત્યાં એકત્ર થયેલા નર્મદના મિત્રોને કહ્યું, “તમે સૌ ભેગા મળીને આ શું કરવા માગો છો? મારા

આ સિંહને તમે ફાંસલામાં નાખો છો? એને પરાધીન બનાવી એનો જીવનનિયમ કેમ તોડાવો છો?" નોકરી સ્વીકારતાં પોતાનો અંત પાસે હોવાની એમની આગાહી સાચી પડી. એમની તબિયત લથડતી ગઈ. ૫૩ વર્ષની નાની ઉંમરે એમણે આ દુનિયાનો ત્યાગ કર્યો. એ નાનકડા જીવનમાં નર્મદ યુગપુરુષ બની ગયો.

['દિવ્ય ભાસ્કર' દૈનિકઃ ૨૦૦૪]

# રજનીકુમાર પંડ્યા

## અભિનેત્રીની સંવેદનયાત્રા

૧૯૧૬માં કલકત્તામાં જન્મેલાં વિખ્યાત બંગાળી અભિનેત્રી કાનનદેવી કાયદાકીય રીતે અવૈધ ગણાતા લગ્નબાહ્ય સંબંધનું સંતાન હતાં. કશા પણ છોછ વગર તેમણે પોતાની આત્મકથા ('સર્વને મારા નમસ્કાર' : અનુ. ચંદ્રકાન્ત મહેતા)માં આ વાત જણાવી દીધી છે. પોતાના પિતાનાં અપલક્ષણો હળવેકથી રજૂ કરી દીધા પછી એ પોતાની બાલ્યાવસ્થા કેવી કારમી ગરીબીમાં ગુજરેલી તેની વાત કરે છે. ત્યારે આપણને સ્વયં મનમાં ચમકારો થાય છે કે ઓહો, ફિલ્મજગતનું સર્વોચ્ચ સન્માન દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ (૧૯૭૬) મેળવનાર કાનનદેવી કેવા નિબિડ દુર્ગંધભર્યા ને અંધકારભર્યા જીવનમાંથી યશ અને કીર્તિની ચકાચૌંધ દુનિયામાં આવી શક્યાં! કેવી હશે કાનનબાલામાંથી કાનનદેવી બનવાની એમની એ યાત્રા?

આ વિસ્મયના દોરેદોરે ભાવક કાનનદેવીની જીવનકથામાં આગળ વધતો જાય છે. અને તેમાંથી એને મળે છે તેજ-છાયા, આનંદ-વેદનાના મનોહારી વણાટવાળી એક અભિનેત્રીના આંતરમનની સંવેદનયાત્રાના મુકામોની જાણકારી. પ્રસંગાલેખનના ભાવપલટાઓ વાચકને સતત વાચનમાં ઓતપ્રોત રાખે છે.

પોતાના જીવનની વિગતોમાંથી મનુષ્યજીવનનાં કેટલાંક ચિરંતન સત્યો તારવી આપવાનો ઉપક્રમ કાનનદેવીએ રાખ્યો છે. આ નખશિખ સાહિત્યરસમંડિત પુસ્તકમાં કોઈ જ આપવડાઈભર્યા પ્રસંગો નથી. આખા પુસ્તકમાં કાનનદેવીએ એક વાર પણ બોલકું વાક્ય લખ્યું નથી.

પુસ્તકમાં છાપભૂલો ઘણી છે. વળી, અનુવાદની કલિષ્ટતા મૂળ સામગ્રીની રસાળતાનો ભોગ લેનાર બની છે. આટલી ટીકા બાદ કરતાં

કાનનદેવીની આ આત્મકથા એક અવિસ્મરણીય પુસ્તક બન્યું છે.

['સર્વને મારા નમસ્કાર' પુસ્તક]

# ખરા વાચનવીર

"બાપા, તમને આમાં મઝો નહીં આવે, આ તો સાહિત્યકારોનો મેળાવડો છે. મોરારિબાપુનું ધામ છે ઈ સાચું, પણ બાપુ કથા નથી કરવાના. માટે ઈ વરાહેં (સમજણથી) આવ્યા હો તો પાછા વળી જાઓ." સ્વયંસેવક બોલ્યો.

મહુવામાં નદીકિનારે મોરારિબાપુના કૈલાસ ગુરુકુળમાં ગુજરાતભરના સાહિત્યકારોનો ત્રણ દિવસનો મેળો હતો તે સાહિત્યરસિકો માટે જ હતો. એમાં મેલખાઉ લાંબી ચાળનું પહેરણ ને કાઠિયાવાડી ચોરણી ઠઠાડીને આવેલા, ખીચડિયા વાળ અને ધોળી મૂછવાળા ગામડિયા કણબીનું કામ નહીં. પણ આવનાર ગામડિયા જણે જવાબ વાળ્યો: "અરે, મારા વાલા, સાહિત્ય માટે જ આવ્યો છું. નકર આંયા કોની પાંહે ટાઇમ છે? મારે તો મા સરસ્વતીના છોરું પાંહેથી બે વેણ સાંભળવાં છે."

જૂનાગઢ જિલ્લાના ઉના ગામને અડીને આવેલા અને માત્ર પાંચસો માથાંની વસતિવાળા આંબાવડ ગામના છપ્પન વરસના, માંડ બે ચોપડી ભણેલા ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા માટે જાકારાનો આવો અનુભવ પહેલો નથી. ૨૯ વરસ પહેલાં સ્વાધ્યાય પરિવાર દ્વારા જૂનાગઢમાં પાંડુરંગ શાસ્ત્રીની હાજરીમાં સ્નાતક સંમેલન ભરાયેલું. એ વખતે સાહિત્યપ્રેમી ભગવતસિંહ મોરીની સાથે ઉકાભાઈ ગયા ત્યારે પ્રવેશદ્વાર પાસે ઊભેલા સ્વયંસેવકે કહ્યું: "આ તો ગ્રેજ્યુએટ માટે છે ભાઈ, આંઈ તમે નો હાલો."

સાંભળીને તરત ઉકાભાઈએ સામો સવાલ પૂછ્યો: "ગ્રેજ્યુએટ એટલે કેટલી ચોપડી ભણવી પડે, ભાઈ?"

સ્વયંસેવકે જવાબ આપ્યો: "ટોટલ પંદર ચોપડી." એના

અનુસંધાનમાં ઉકાભાઈ બોલે એ પહેલાં ભગવતસિંહજી બોલી ઊઠ્યા હતા: “દોસ્ત, આમણે પંદર નહીં, પંદરસો ચોપડી પંડયે વાંચી છે. આ તો આપણો સાચો ગ્રેજ્યુએટ છે.”

ભગવતસિંહ મોરી ભલે અટકળે પંદરસો ચોપડી બોલ્યા હોય, પણ ઘરનાં કબાટોમાં કમ સે કમ પાંચ હજાર પુસ્તક હશે. અને આ પુસ્તકોય પાછાં કોઈ સામાન્ય કોટીનાં નહીં, લોકસાહિત્યના આદિગ્રંથ ‘પ્રવીણ સાગર’, ‘ભૃગુસંહિતા’થી માંડીને ગુજરાતી સાહિત્યની ક્લાસિક ગણાય તેવી નવલકથાઓ, વાર્તાસંગ્રહો, લલિત નિબંધસંગ્રહો અને એવાં જ ઉત્કૃષ્ટ તેવાં સાહિત્યનાં પુસ્તકો છે. આવાં પુસ્તકોનું સતત વાંચન-સેવન આ ખેતીવાડીમાં રચ્યાપચ્યા ઉકાભાઈ કરે છે. માના પેટમાં હતા ત્યાં જ પિતા ગુમાવી બેઠેલા ઉકાભાઈ કાકા મોહનભાઈના આશરે મોટા થયા. આવા શ્રમજીવી પરિવારના ખોરડામાં ચોપડીના નામે પસ્તી પણ ન હોય. પણ પિતા નિશાળમાં ભણતા એ વખતની એક ગુજરાતી ચોપડી ‘એડોલ્ફ હિટલર’ ઉકાભાઈને હાથ ચડી ગઈ. તે વાંચી નાખી. મજા પડી. પછી તો જ્યાંથી જે પુસ્તક હાથ આવે તે વાંચવા માંડ્યા. પ્રેમાળ કાકાને ખબર પડી એટલે એ જ્યારે ઉના કે જૂનાગઢ હટાણે જાય ત્યારે નાની નાની બાળકથાઓની ચોપડીઓ ઝોળીમાં નાખતા આવે. એમાં બાળક ઉકાને વાંચનનું વ્યસન પડી ગયું. રાતે બા પુરાણની, ‘રામાયણ’ની, ‘મહાભારત’ની નાની-મોટી વાર્તા કરે.

ત્રણ ચોપડી ભણીને ખેતીના કામમાં જોતરાવાનો વારો આવ્યો પછી નવરાશ મળતી બંધ થઈ. એટલે ઉકાભાઈ ખેતરે કામે જાય ત્યારે ફાળિયામાં એકાદી ચોપડી સંતાડીને લઈ જાય. મિનિટ-બે મિનિટનો સમય મળે ત્યારે વાંચવા બેસી જાય. રાતે ઘેર આવે ત્યારે વાળુ કરીને પરસાળની થાંભલીને ફાનસ ટીંગાડી વાંચવા બેસી જાય. તે ઠેઠ ઝોલાં આવવા માંડે ત્યાં લગી વાંચતા રહે. વય વધવાની સાથોસાથ ઉકાભાઈના વાચનની રેન્જ વધી. પહેલાં ‘ઝગમગ’, ‘બાલસંદેશ’, ‘રમકડું’ જેવાં મૅગેઝિન વાંચતા, પછી ‘કુમાર’, ‘અખંડ આનંદ’ વાંચતા થયા. એ પછી પુસ્તકો ખરીદતા થયા. પૈસાની છત નહીં, પણ જેમ લૂગડાં માટે પૈસા

ગમે ત્યાંથી કાઢવા પડે તેમ ચોપડાં માટેય કાઢવા જોઈએ તેમ માનતા ઉકાભાઈ ગમે ત્યાંથી વેંત કરીને પુસ્તકો વસાવવા માંડ્યા અને વાંચવા માંડ્યા. અરે, ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય થઈ ગયા. ‘શબ્દસૃષ્ટિ’ અને ‘પરબ’ જેવાં માસિક ભારે રસથી આ ખેડુ વાંચવા માંડ્યો. લેખકો સાથે પત્રવ્યવહાર કરતો થયો.

['ચિત્રલેખા' અઠવાડિક: ૨૦૦૩]

## “મારી ટપાલ શું કરે છે?”

ધતૂરાનાં ફૂલ જેવા ભૂંગળાવાળું જૂનવાણી ગ્રામોફોન અને એવી થોડી જૂનવાણી (એન્ટિક) વસ્તુઓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-(આઈ.આઈ.એમ.)ના દરવાજા નજીક સાવ ખુલ્લામાં વેચવા રાખીને એક તરોતાજા જુવાનિયો આરામખુરશીમાં અઢેલીને બેઠો હતો. એ ગ્રામોફોન જોતાંની સાથે જ સ્મૃતિ સહેજ સળવળી. જિંદગીમાં પહેલુંવહેલું એવું ગ્રામોફોન ક્યાં જોયું હતું? જેતપુરના ઉજ્જડ ‘પા’માં. ‘પા’ એટલે પરું. ઢોળાવવાળા એ પરામાં વૈદ્યરાજ મયારામ સુંદરજીની મેડી હતી. એમના પુત્ર પ્રાણજીવન વૈદ્ય મારા દાદાના ઓળખીતા હતા. ને પ્રાણજીવન વૈદ્યના પુત્ર બાબુભાઈ વૈદ્ય મારા પિતાના મિત્ર હતા. બાબુભાઈ લેખક હતા. તેમની ‘ઉપમા’ નામની નવલકથા મારા પિતાને તેમણે ભેટ આપેલી તે મેં વાંચી હતી. તેમાં ‘બાના ઉમારી’ નામનું એક પાત્ર આવતું હતું. આ નામનો અર્થ મને સમજાતો નહોતો. તે મેં બાબુકાકાને પૂછ્યો હતો ત્યારે તેમણે મને સમજાવ્યું કે નવલકથા આફ્રિકન બેકગ્રાઉન્ડની છે અને સ્વાહિલી ભાષામાં ‘બાના’નો અર્થ ‘મહાશય’ એવો થાય છે.

હું એમને આ પૂછતો હતો ત્યારે એના સાક્ષી બે હતા. એક ધતુરાના ફૂલ જેવા ભૂંગળાવાળું ગ્રામોફોન અને બીજો એક લાંબા વાળવાળો તાડ જેવો ઊંચો પાતળિયો જુવાન.

બાબુકાકાએ મને કહ્યું: “મારો સાળો મકરંદ છે. ગોંડલથી વૅકેશનમાં

આવ્યો છે.”

આ લેખ લખું છું તેને આગલે દહાડે, ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫ની સાંજે ફરીવાર આઈ.આઈ.એમ. પાસે અદલ એવું જ ગ્રામોફોન નજરે પડ્યું. સ્મૃતિના તળિયેથી એનાં અનુસંધાનો બહાર આવવા જતાં હતાં ને બાબુભાઈ વૈદ્ય અને મકરંદભાઈ ચિત્તના પર્દા ઉપર ઊપસી આવતા હતા, ત્યાં જ ભાઈ ઉર્વીશ કોઠારીનો ફોન આવ્યો—મકરંદભાઈ ગયા!

મકરંદભાઈને છેલ્લે બે-એક વર્ષ અગાઉ મળ્યો હતો. એ વખતે જૂની વાતો ખૂબ થઈ. પછી મને કહે, “ઠીક ઠીક, મેં ડિલિવર કરેલી ટપાલ શું કરે છે? એને કેમ સાથે ના લાવ્યા?”

એ બોલતા બોલતાં જ એમણે મારી સાથે આવેલા ગફૂરભાઈ બિલખીયા અને પ્રવીણ પટેલ સામે જોઈને એમનું ચિરપરિચિત મીઠું સ્મિત કર્યું.

એક ક્ષણ પછી મારા મનમાં ઝબકારો થયો. હું તો સમજી ગયો, પણ ગફુરભાઈને મારે સમજાવવું પડ્યું: “મકરંદભાઈ મારાં પત્ની તરુની વાત કરે છે. તેમનો પહેલો પ્રેમપત્ર મકરંદભાઈએ મને ચાની ટ્રેમાં મૂકીને ડિલિવર કરેલો.”

૧૯૬૨ની એક સાંજનું ગોંડલના મકરંદભાઈના નિવાસના ચોગાનમાં ભ્‌જવાયેલું એ આખું દશ્ય યાદ આવી ગયું. મારી માત્ર ચોવીસની ઉંમર. કૌટુંબિક દબાણ વશ થયેલાં ગાંડી છોકરી સાથેનાં લગ્ન તૂટતાં નહોતાં. ઝૂઝતો હતો. એ વખતે તરુનો અને મારો પરિચય પ્રણયમાં પાંગર્યો. એક તબક્કે મેં તરુ અને એનાં બા પાસે સ્પષ્ટતા કરી: હું પરણેલો છું. ડિવોર્સનો કેસ ગોંડલમાં ચાલે છે—તમને આ હકીકતથી વાકેફ કરવાનું જરૂરી સમજું છું. એ લોકોને હું સ્વીકાર્ય હતો. પણ આ વાસ્તવિકતા? મેં તરુને કહ્યું, હું સુધરાઈના ઓડિટના કામે ગોંડલ જાઉં છું, ત્યાં મહિનો રહીશ. તારો નિર્ણય જે હોય તે મને ટપાલથી જણાવજે. પહેલાં હું વતન જેતપુર ગયો. મા-બાપ સાથે મસલત કરી. પછી ગોંડલ આવ્યો. એમાં ત્રણ દિવસ વીતી ગયા. આવ્યો ત્યારે સાંજ

પડી ગઈ હતી. સાંજનું બેસવા ઠેકાણું મકરંદ દવેના ફળિયાનું ચોગાન. વચ્ચે એક ઘટાદાર વૃક્ષ. એની આજુબાજુ નેતરની સોટીઓથી બનેલી અને પાછળ સાઇકલનું ટાયર મઢેલી થોડી મૂંઢા ખુરશી. એમાં રોજિંદા બેસનારા અનવર આગેવાન બાજુના શીવરાજગઢ ગામેથી આવે. બીજા અનિલ જોશી, ત્રીજા ભૂપેન્દ્ર ત્રિવેદી અને બીજા એકબે. આ સાયં બેઠકમાં સાહિત્યિક ચર્ચાઓ થાય. પણ એમાં મકરંદભાઈની સ્થિર હાજરી બે મિનિટની પણ નહીં—માત્ર જતા આવતા હોંકારા-હાકલા કરે એટલું જ. કારણ? સતત બીમાર બાની સેવાચાકરીમાં જ રમમાણ.

મેં ગફુરભાઈને આ વાત કરી અને કહ્યું: આવી જ રીતે ૧૯૬૨ની એ સાંજે એમના ચોગાનમાં બેઠો હતો. ઉદાસ હતો. તરુવાળી વાતો મનમાં ઘોળાતી હતી ને ત્યાં મકરંદભાઈ બા માટે ચાની ટ્રે લઈને મારી પાસેથી પસાર થયા. બંને હાથ તો ટ્રેને પકડવામાં રોકાયેલા હતા એટલે હડપચીથી ટ્રેમાં પડેલા એક કવર ભણી ઇશારો કર્યો, કહ્યું: “તમારી ટપાલ છે. સુધરાઈનો પટાવાળો આપી ગયો છે.”

એ પત્ર તરુનો હતો: “પ્રેમ રહેશે. લગ્ન પણ કરીશું—ભલે તમારા ડિવોર્સને ગમે તેટલો વખત લાગે. હું રાહ જોઈશ.”

ચાલીસ વર્ષ પછી એ ઘટનાને યાદ કરીને મકરંદભાઈ મને પૂછતા હતા: “મારી ટપાલ શું કરે છે?”

['આરપાર' અઠવાડિક: ૨૦૦૫]

# રજનીશ

## આંખ સામે જ!

ઇજિપ્તમાં એક જૂની કહેવત છે કે જે વસ્તુ માણસથી છુપાવવી હોય, તે તેની આંખની સામે મૂકી દો; પછી તે એને જોઈ નહીં શકે.

તમને યાદ છે, કેટલા દિવસોથી તમારી પત્નીનો ચહેરો તમે નથી જોયો? ખ્યાલ છે તમને કે તમારી માતાની આંખમાં આંખ પરોવીને ક્યારથી તમે નથી જોયું? પત્ની એટલી મોજૂદ છે, માતા એટલી નજીક છે, પછી જોવાનું શું?

પત્ની મરી જાય છે, તો ખબર પડે છે કે એ હતી. પતિ જઈ ચૂક્યો હોય છે ત્યારે યાદ આવે છે કે અરે, આ માણસ આટલો વખત સાથે રહ્યો, પરંતુ પરિચય જ ન થયો! આથી તો લોકો સ્વજનના મરણ ઉપર આટલું રુદન કરે છે. તે રડે છે એ મરણને કારણે નહીં, પણ એટલા માટે કે આટલા દિવસોથી જેની સાથે હતા તેને આંખ ભરીને જોયા પણ નહીં; તેની ધડકનો સાંભળી ન શક્યા; એની સાથે કોઈ પરિચય થઈ ન શક્યો; તે અજાણ્યા જ રહ્યા ને અજાણ્યા જ વિદાય થઈ ગયા! અને હવે તેનો કોઈ ઉપાય નથી.

તમારું સ્વજન ચાલ્યું જાય ત્યારે તમે એટલા માટે રડો છો કે એક તક મળી હતી અને ચૂકી ગયા; તેને આપણે પ્રેમ પણ ન કરી શક્યા.

ઇજિપ્તના ફકીરો એ વાત કહેતા હતા કે કોઈ ચીજને છુપાવવી હોય તો તેને લોકોની આંખ સામે મૂકી દો. એ ચીજ જેટલી નજીક હોય છે, એટલી જ વધુ ભુલાઈ જાય છે.

['રજનીશ દર્શન' માસિક: ૧૯૭૬]

# ધર્મ સે જન્મ કા સંબંધ નહીં

[ધર્મપરિવર્તન—વિરોધી વિધેયક સંબંધે ૧૯૭૯માં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં :]

ઈસ વિધેયક કે દ્વારા ઈસ બાત કી ચેષ્ટા કી જા રહી હૈ કિ લોગ ધર્મ—પરિવર્તન ન કર સકેં.

કિસી વ્યક્તિ કી ધર્મ કો ચુનને કી સ્વતંત્રતા છિનના અત્યંત મૂઢતાપૂર્ણ હૈ. કોઈ અગર ઈસાઈ હોના ચાહતા હૈ, તો હકદાર હૈ ઈસાઈ હોને કા. સચ તો યહ હૈ, જન્મ કે સાથ ધર્મ કા કોઈ સંબંધ નહીં હૈ. નહીં તો ભારતીય સંસદ મેં એકાધ વિધાયક ઔર લે આના ચાહિએ—કિ જો કમ્યુનિસ્ટ ઘર મેં પૈદા હુઆ હૈ, ઉસે કમ્યુનિસ્ટ હી રહના પડેગા; ઔર જો કૉંગ્રેસી ઘરમેં પૈદા હુઆ હૈ, ઉસે કૉંગ્રેસી હી રહના પડેગા!

અગર જન્મ કે સાથ રાજનીતિ તય નહીં હોતી, તો જન્મ કે સાથ ધર્મ કી વિચારધારા કૈસે તય હો સકતી હૈ! જન્મ કો ક્યા સંબંધ હૈ વિચારધારા સે? કિસી આદમી કે ખૂન કી જાંચ સે બતા સકતે હો કિ હિંદૂ હૈ, યા મુસલમાન હૈ, યા ઈસાઈ હૈ? કિસી આદમી કી હડ્ડિયાં બતા સકેંગી કિ ઉસકી વિચારધારા ક્યા થી—નાસ્તિક થા કિ આસ્તિક થા?

ધર્મ સે ઔર વિચારધારા સે જન્મ કા કોઈ ભી સંબંધ નહીં હૈ.

લેકિન યહ દેશ હિંદુ મતાંધો કે હાથ મેં પડા જા રહા હૈ. ચેષ્ટા યહ હૈ કિ કોઈ હિંદુ કિસી દૂસરે ધર્મ મેં ન જા સકે. લેકિન કોઈ નહીં પૂછતા કિ હિંદુ કિસી દૂસરે ધર્મ મેં જાના ક્યોં ચાહતે હૈં? ઔર અગર જાના ચાહતે હૈં, તો ઉનકે જાને કે કારણ મિટાઓ. અગર હિંદુ નહીં ચાહતે કિ હિન્દુ ઈસાઈ હોં, તો ઉનકે કારણ મિટાઓ.

એક તરફ હરિજનોં કો જિંદા જલાતે હો, ઉનકી સ્ત્રાયાં પર બલાત્કાર કરતે હો, ઉનકે બચ્ચોં કો ભૂન ડાલતે હો, ગાંવ બરબાદ

કર દેતે હો, આગ લગા દેતે હો—ઔર દૂસરી તરફ સે વે ઈસાઈ ભી નહીં હો સકતે! જિસ ધર્મ મેં ઉનકા જીવન ભી સંકટ મેં હૈ, ઉસ ધર્મ મેં હી ઉન્હેં જીના હોગા.

લેકિન ઈસ વિધેયક કો લાને વાલોં કા કહના હૈ કિ ઈસાઈ હિન્દુ લોગોં કો ભરમા લેતે હૈં; હમ ભરમાને કે ખિલાફ વિધાયક બના રહે હૈ. તુમ નહીં ભરમા પાયે—ઈસાઈ ભરમા લેતે હૈં!

ઉન લોગોં કા કહના હૈ કિ ઈસાઈ તો લોગોં કો ધન, પદ, નૌકરી, પ્રતિષ્ઠા, શિક્ષા, ભોજન, અસ્પતાલ, સ્કૂલ—ઐસી ચીજેં દેકર ભરમા લેતે હૈં. તો તુમ પાંચ હજાર સાલ સે ક્યા કર રહે હો? સ્કૂલ નહીં ખોલ સકે? અસ્પતાલ નહીં બના સકે? લોગોં કો રોટી-રોજી-કપડા નહીં દે સકે? અગર ઈસાઈ લોગોં કો રોટી—રોજી-કપડા દેકર ભરમા લેતે હૈં, તો યહ સિર્ફ તુમ્હારી લાંછના હૈ. યહ તો તુમ્હારે ચેહરે પર કાલિખ પુત ગયી. પાંચ હજાર સાલ મેં તુમ લોગોં કો રોટી-રોજી-કપડા ભી નહીં દે પાયે! લોગ ઈતને ભૂખે હૈં, ઈતને દીન, ઈતને દુર્બલ કિ રોટી-રોજી કે લિયે ધર્મ બદલ લેતે હૈં! તો નિશ્ચિત હી તુમ્હારે ધર્મ કી કીમત રોટી-રોજી સે જ્યાદા નહીં હૈ.

ઔર તુમ્હારે ધર્મ ને દિયા ક્યા ઉન્હેં? અગર દિયા હોતા, તો ક્યોં બદલતે? અગર ચાહતે હો કિ ન બદલેં, તો કુછ દો. અસ્પતાલ ખોલો, સ્કૂલ ખોલો. ભેજો અપને સંન્યાસિયોં કો, ઉનકી સેવા કરેં. પાંચ લાખ હિંદુ સંન્યાસી હૈં, ઇનકો ભેજો: સેવા કરેં, સ્કૂલ ચલાયેં, અસ્પતાલ ખોલેં. મગર હિંદુ સંન્યાસી તો સેવા કરતા નહીં—લેતા હૈ. ઉસને સદિયોં સે સેવા લી હૈ. ઉસકે પૈર દબાઓ, ઉસકે ચરણોં પર સિર રખો.

લોગ થક ગયે મૂઢો કે ચરણોં પર સિર રખતે-રખતે. ઔર લોગ ભૂખેં હૈં. ઔર લોગ અપમાનિત હૈ. તુમ્હારે સાથ હૈં—યહી આશ્ચર્ય હૈ! શૂદ્રોં કા કભી કા તુમસે સંબંધ છૂટ જાના ચાહિયે થા. કૈસે શૂદ્ર તુમ્હારે સાથ રહે આ રહે હૈં, યહ ચમત્કાર હૈ? જહર તુમને હજારોં સાલ તક પિલાયા હૈ કિં ઉનમેં અબ સ્વતંત્રતા કા બોધ ભી નહીં રહ

ગયા હૈ. ઉનમેં ઈતની ભી ક્ષમતા નહીં રહ ગયી હૈ કિ કહ દેં, કિ નમસ્કાર! અબ બહુત હો ગયા! તુમને હમેં બહુત સતા દિયા. અબ કમ-સે-કમ ઈતના તો હમેં આજ્ઞા દો કિ હમ ઈસ ઘેરે કે બાહર જાએં.

*

મૈં ઈસાઈ નહીં હૂં, મૈં હિંદૂ ભી નહીં હૂં. મૈં કિસી ધર્મ કા અનુયાયી નહીં હૂં. લેકિન ફિર ભી મૈં યહ માનતા હૂં કિ અગર કોઈ વ્યક્તિ અપના ધર્મ બદલના ચાહતા હૈ, તો યહ ઉસકા જન્મસિદ્ધ અધિકાર હૈ. કારણ ભી ઉસકો હી તય કરના હૈ. ઔર અગર વહ રોટી-રોજી કે લિયે અપના ધર્મ બદલ લેતા હૈ, તો ઈસસે સિર્ફ ઈતના હી સિદ્ધ હોતા હૈ કિ જિસ ધર્મ મેં વહ થા, વહ રોટી-રોજી ભી નહીં દે સકા—ઔર તો ક્યા દેગા!

થોથે સિદ્ધાંત પેટ નહીં ભરતે! “ભૂખે ભજન ન હોહિં ગોપાલા” વહ બહુત દિન સુન ચુકા ભૂખે ભજન કરતે કરતે; ન આત્મા તૃપ્ત હોતી, ન શરીર તૃપ્ત હોતા. પરલોક કી તો બાત છોડો, યહ લોક ભી નર્ક મેં બીત રહા હૈ. તો અગર કોઈ ઈસે બદલ લેના ચાહે, તો મૈં ઉસે ઉસકા જન્મસિદ્ધ અધિકાર માનતા હૂં.

## પહેલાંના લોકો સારા હતા!

આપણે ભૂતકાળની પ્રશંસા કરતા આવ્યા છીએ. આપણી એવી માન્યતા રહી છે કે પહેલાં બધું બરાબર હતું, હવે બધું વિકૃત થતું જાય છે. અને ખૂબી એ છે કે દરેક જમાનામાં લોકો એવું માનતા આવ્યા છે! આજ સુધી મેં એવું એક પણ પુસ્તક જોયું નથી કે જેમાં એમ લખ્યું હોય કે વર્તમાનકાળના માણસો સારા છે. દુનિયાનું જૂનામાં જૂનું પુસ્તક પણ એમ જ કહે છે કે, આજકાલના માણસો બગડી ગયા છે, પહેલાંના માણસો સારા હતા. કહે છે કે ચીનમાં છ હજાર વર્ષ પુરાણું એક પુસ્તક છે. એ પુસ્તકની ભૂમિકા વાંચીને એમ જ લાગે કે કોઈ આધુનિક લેખકે હાલના જમાના સંબંધે એ લખ્યું હશે. તેમાં

લખ્યું છે કે, આજકાલના લોકો પાપી ને અનાચારી થઈ ગયા છે; પહેલાંના લોકો સારા હતા! હવે જો છ હજાર વરસ જેટલા પ્રાચીન ગ્રંથમાં પણ આવું લખેલું હોય, તો તો પછી એમ ન પૂછવું પડે કે, ભાઈ, એ “પહેલાંના લોકો” ક્યારે હતા? ખરેખર ક્યારેય હતા ખરા?

આજથી બે હજાર વરસ પછી તમારી કે મારી સ્મૃતિ કોઈને નહીં રહી હોય. પણ ગાંધી યાદ રહી જશે. રામકૃષ્ણ યાદ રહી જશે, રમણ યાદ રહી જશે. સામાન્ય માણસોની સંખ્યા આજે આટલી મોટી છે, તે બે હજાર વરસ પછી ભુલાઈ જશે. માત્રા ગાંધી જેવા અપવાદરૂપ મનુષ્યોનું જ સ્મરણ રહેશે. અને બે હજાર વરસ પછીની માનવજાત વિચારશે કે ગાંધીના યુગમાં માણસો કેટલા સારા હતા! ગાંધીના દાખલા પરથી આજે આપણે સૌ જે છીએ તેનો આંક મંડાશે—અને તે તો બિલકુલ અસત્ય હશે. તે અસત્ય એટલા માટે હશે કે ગાંધી આપણા બધાના પ્રતિનિધિ નહોતા. ગાંધી તો આપણામાં અપવાદરૂપ હતા. ગાંધી એવા નહોતા કે જેવા આપણે લોકો છીએ; ગાંધી એવા હતા, જેવા આપણે થવું જોઈએ. પણ બે હજાર વરસ પછી ગાંધી આજના યુગના પ્રતીક બની જશે, અને ત્યારના લોકો વિચારશે કે કેટલો સારો હતો આ ગાંધીનો યુગ! ગાંધીના જેવા એના લોકો! પણ હકીકત તો વિપરીત છે. આપણે કદાચ ગોડસે જેવા હોઈ શકીએ, પણ ગાંધી જેવા તો બિલકુલ નહીં.

આ જ વસ્તુ હંમેશાં થતી રહી છે. બુદ્ધ આપણને યાદ છે, મહાવીર યાદ છે, રામ અને કૃષ્ણ યાદ છે, ઈશુ આપણને યાદ છે. અને આવી થોડીક વ્યક્તિઓના આધારે આપણે પ્રાચીન કાળના જનસમાજ વિશે જે ખ્યાલો બાંધીએ છીએ તે બિલકુલ ભ્રમભરેલા છે. સત્ય તો એ છે કે જો મહાવીરના કાળમાં લોકો અહિંસક હોત, તો મહાવીરને યાદ રાખવાની કોઈ જરૂર જ ન રહેત. જો બુદ્ધના સમયના લોકો બુદ્ધ જેવા હોત, તો બુદ્ધને મહાપુરુષ કહેવાની જરૂર ન રહેત. હજારો વરસ પછી આજે આ બધી વ્યક્તિઓનું આપણે સ્મરણ કરીએ છીએ તે તો એટલા માટે કે તે બહુ અનોખાં ને અદ્વિતીય મનુષ્યો હતા;

એમના જેવું બીજું કોઈ નહોતું.

મહાન માનવતાનો જન્મ જે દિવસે થશે, તે દિવસે મહાપુરુષોના યુગનો અંત આવી જશે. મહાપુરુષોનું વિશિષ્ટપણું ત્યાં સુધી જ સંભવિત છે જ્યાં સુધી સામાન્ય માનવતાનું સ્તર નીચું અને વિકૃત છે. સફેદ દીવાલ પર સફેદ અક્ષરથી લખવું અર્થહીન છે, એ તો કાળા પાટિયા પર જ લખવું જોઈએ. સફેદ ખડી કાળા પાટિયા પર દેખાય છે. મહાવીર અને બુદ્ધ આપણને દેખાય છે કારણ કે તેઓ માનવતાના કાળા પાટિયા ઉપર સફેદ ખડીના લીટાઓ છે. પણ એમના આધારે આપણે નક્કી કરી નાખ્યું કે પ્રાચીન માનવ સારો હતો.

વિચાર કરો કે બુદ્ધનો ઉપદેશ શું છે? જીસસનો ઉપદેશ શું છે? પોતાના જમાનાના સમાજને એ શું સમજાવી રહ્યા છે? એ બોધ આપે છે કે ચોરી ન કરો, બેઈમાની ન કરો, હિંસા ન કરો, ઘૃણા ન કરો. જો ત્યારના લોકો ઈમાનદાર હતા ને ચોર ન હતા, તો એ બધો ઉપદેશ કોને માટે હતો? કોને કહી રહ્યા હતા એ કે ચોરી ન કરો, બેઈમાની ન કરો? તે વખતના લોકોને જ ને? અને એ જ ઉપદેશ આજે આપણા યુગને પણ આપવો પડે છે, એ કઈ વાતનો પુરાવો છે? એ જ વાતનો કે મનુષ્ય જેવો આજે છે તેવો જ લગભગ હંમેશાં રહેલો છે. કેમ કે જે ઉપદેશની આજે તેને જરૂર છે તે જ ઉપદેશ ભૂતકાળમાં પણ હંમેશાં જરૂરી હતો. દવાઓ રોગનો ખ્યાલ આપે છે, ઉપદેશ ઉપરથી તે સાંભળનાર મનુષ્યની હાલતનો ખ્યાલ આવે છે. સ્વસ્થ માણસને માટે ઔષધિની જરૂર ઊભી થતી નથી. જે ઔષધોની પાંચ હજાર વરસ પહેલાં જરૂર હતી, તેની જ આજના જમાનાને પણ જરૂરત હોય, તો પછી વર્તમાનકાળને ગાળો દેવી એ અણસમજ છે.

# રણછોડ

## દિલમાં દીવો કરો!

*દિલમાં દીવો કરો, રે દીવો કરો.*
*કૂડા કામક્રોધને પરહરો, રે દિલમાં દીવો કરો!...*

*સાચા દિલનો દીવો જ્યારે થાશે,*
*ત્યારે અંધારું મટી જાશે,*
*પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે...*

*દાસ રણછોડે ઘર સંભાળ્યું,*
*જડી કૂંચી ને ઊઘડ્યું તાળું;*
*થયું ભોમંડળમાં અજવાળું રે.*

# રણછોડદાસ રામાનુજ

## મને કેમ વીસરે રે...

હજુયે સાંભરે છે... બાએ કરેલો એ શુકનવંતો ચાંદલો, નવાંનક્કોર કપડાં, બિસ્તરાનું એ પોટલું. હું નાનકડા ગામની નિશાળમાં પાંચ ચોપડી પૂરી કરી મોટા ભાઈ સાથે બહારગામ અભ્યાસ અર્થે જઈ રહ્યો હતો. મામાનું ઘર અને મોટી બહેનનું ગામ નજીકમાં જ હતાં. તે સિવાયની દુનિયાથી હું સાવ અજાણ ને અપરિચિત હતો. કેવો હતો એ સમયનો રોમાંચ! મનનાં એ હૂંફાળાં સ્પંદનો! અગિયાર વરસ સુધી જેનો ખોળો ખૂંદી હું મોટો થયો હતો, જેની ધૂળમાંથી આ હાડમાંસનો દેહ બંધાયો હતો, જેના જલઝીલણથી આ કાયાએ શીતળતા પ્રાપ્ત કરી હતી... એને મૂકી નવી ધરતી અને નવા વાતાવરણમાં હું જઈ રહ્યો હતો. એક બાજુ નવું નિહાળવાનો ઉત્સાહ, તો બીજી બાજુ વતનનો મોહ: બંને વચ્ચે હું સોરાતો હતો.

ઊપડવાના આગલા દિવસે સવારથી જ ભાઈએ બા-બાપુજી સાથે બેસી મારા સામાનની તૈયારી કરવા માંડી. બાએ હોંશે હોંશે પેટીને તળિયેથી બે નવાં ગોદડાં કાઢી દીધાં. બાપુજીએ એક જૂના કોથળાને ખોલી, સાંધી નીચે પાથરવાનું કંતાન બનાવી દીધું. બટનવાળી ચડ્ડીનો યુગ ત્યારે ગામડા સુધી નહોતો પહોંચ્યો તેથી નાડીવાળી બે ચડ્ડી ને કૉલર વગરનાં બે બાંડિયાં, એ હતી મારાં કપડાંલત્તાંની માયામૂડી. થાળીવાટકો ને લોટો અંદર મૂકીને ભાઈએ બિસ્તરો વીંટાળવા માંડ્યો. બિસ્તરો બાંધવા દોરીની શોધાશોધ કરી, પણ ન મળી; બાપુજીએ ચીંથરાંમાંથી એક સરસ દોરી બનાવી.

રાતે સૌ સાથે બેસી જમ્યાં. સૂરજ ઊગ્યે નીકળવાનું હોવાથી બાએ વહેલા સૂઈ જવાની વાત મૂકી, પણ બહાર ભાઈબંધોનું ટોળું—

*કાચનો કૂંપો, તેલની ધાર,*
*મારા ભેરુને આવતાં કેટલી વાર?*

કરતું હતું, ચૂપકીથી સરી ગયો. પછી તો મોડી રાત જાતજાતની રમતોમાં વીતી. છેવટે અવનવાં સંસ્મરણોને સોડમાં તાણી સૂતો.

વહેલી સવારે બાના મીઠડા સાદે ઉઠાડયો. રાંધણિયામાંથી બાપુજીનાં પ્રભાતિયાં સાથે કંઈક મીઠી સોડમ આવી રહી હતી. બા બીજાં કામમાં પડી હતી, બાપુજી ચૂલા આગળ બેઠા લાપસીની સંભાળ લેતા હતા. મેં ઝટપટ ઊઠી, દાતણપાણી પતાવી, બાએ આપ્યાં તે નવાં કપડાં પહેર્યાં, માથું ઓળ્યું. ઘરના વાતાવરણમાં ઉત્સાહ સાથે ઉદાસીયે છતી થતી હતી. મારું ચિત્ત ઘરની એકેએક ચીજવસ્તુ ધરાઈને જોઈ લેવામાં રોકાયું હતું. ગણેશનો ગોખલો, તુલસીનો ક્યારો, રિસાતી વખતની સદાયની સાથી એવી ઘર વચ્ચેની થાંભલી, અધ્ધર લટકતું છીકું, ગોળા પર ચિતરાયેલી ચકલી ને પૂતળી, નેવે લટકતું પંખીઓ માટેનું પરબ, લૂગડાંની વળગણી, ડામચિયો, રોટલા મૂકવાનો કોઠલો ને છેલ્લાં ચાર વરસનું સંગાથી નિશાળનું દફતર—બધાંએ મનનો ખૂણેખૂણો રોકી લીધો હતો.

બાએ સાદ પાડયો એટલે અમે ભાઈઓ શિરામણ કરવા બેઠા. ફળફળતી લાપસીમાં બાએ વાઢીમાંથી ઘી પીરસ્યું. એમ લચપચતી લાપસી ને કઢીનું શિરામણ કર્યું.

સામાન એકઠો કરી પ્રસ્થાનની પૂર્વતૈયારી કરી. બાએ મારે કપાળે ચાંદલો કર્યો, ઓવારણાં લીધાં, ગણપતિને ગોખલે બળતા દીવાનાં દર્શન કરાવી મનોમન પ્રાર્થના કીધી. ભાઈ તૈયાર થઈ ઊભા હતા. ગામના વિદ્યાર્થીઓ પણ આવી પહોંચ્યા હતા. મેં બા-બાપુજીને પ્રણામ કર્યા. બાએ મને ગોદમાં લીધો, બાપુજીએ માથે હાથ દીધો. મારા ગળામાંથી દબાયેલું ડૂસકું સરી પડ્યું. બાની આંખમાંથી આંસુ ખર્યાં. બાપુજી ગળું ખોંખારી આગળ ચાલ્યા—અમે પાછળ તણાયા. ચાલીને ચાર માઈલ દૂરના સ્ટેશને પહોંચવાનું હતું. જિંદગીનો પહેલો જ અનુભવ હતો ઘરથી જુદા પડ્યાનો. ઓસરી છોડી. આંગણામાં આવ્યાં ત્યારે સૂર્યનું પહેલું કિરણ ઘરની વંડીના છજા પર આવીને બેઠું. છાપરાની પાંખ નીચેથી

બે પારેવાં પૂર્વ દિશામાં ઊડી ગયાં ને અમે પ્રયાણ કર્યું. આડોશીપાડોશી વળાવણે આવ્યાં, શીળી શિખામણ દીધી. સગાંવહાલાંએ મીઠી આશિષ આપી. અમે આગળ વધ્યાં. પાદરની ધૂળમાં પગલાં પાડતો હું ભાઈની પાછળ ખેંચાયો. હાથ આંખો લૂછવામાં રોકાયા હતા. બા-બાપુજી છેક પાદરની ધાર સુધી વળાવવા આવ્યાં...

ઊંડા મારગની ઊંચી વાડો પાછળ અદૃશ્ય થઈએ તે પહેલાં બા-બાપુજીને એક વાર જોઈ લેવા મેં પાછળ નજર કરી, તો બા ટેકરા પર ઊભી આંખો લૂછતી હતી ને બાપુજી ઊંચા હાથ કરી વિદાય આપી રહ્યા હતા.

મને એ હજુયે સાંભરે છે...

# રણજિત પટેલ 'અનામી'

## દીર્ઘજીવનની વાતો

લગભગ સાડા પાંચ દાયકાથી મને હોજરીનું અલ્સર છે. અનેક ડૉક્ટરો અને વૈદ્યોની દવાથી પણ મટતું નથી. મારા પિતાજીને મારી તબિયતની ખૂબ ચિંતા થતી હતી, પણ એક વાર મને ધીરજ ને આશ્વાસન આપતાં સહજ રીતે બોલી ગયા: "જો બેટા! દવા કરાવવાની, પણ ઝાઝી તો પ્રભુમાં શ્રદ્ધા રાખવાની; અને તારે ગભરાવાની કશી જ જરૂર નથી, કારણ કે આપણા કુટુંબમાં કોઈને જલદી મરવાની કુટેવ નથી." મારા ચાર દાદા ને એ ચાર દાદાની ચાર બહેનો, એ આઠમાંથી એક જ દાદા એંશી પહેલાં ગયેલા, બાકી સાત જણ એંશીથી છન્નું સુધી જીવેલાં. મારા પિતાજી અઠયાસીએ ગયા ને મોટાભાઈ બ્યાસીએ. મારાં શ્રીમતી અઠયાસીએ ગયાં ને છ્યાસીએ હું હયાત છું. મારાં શ્રીમતી મારાથી બે વર્ષ 'સિનિયર' હતાં. ચારમાંથી મારી ત્રણ દાદીઓને મેં દીઠેલી, એંશીથી અઠ્ઠાણુની, ને મારાં બા પણ ચોર્યાસીનાં હતાં. મારો ચોથો નાનો ભાઈ પંચોતેર વટાવી ગયો છે ને સૌથી નાની બહેન પણ સિત્તેરે પહોંચી છે. મારો એક ત્રીજો ભાઈ એકાવને ગયો, કારણ કે એને ઘણાં વ્યસનો હતાં ને આરોગ્યના સામાન્ય નિયમોનું પણ પાલન કરતો નહોતો... ત્રણ ત્રણ વાર ગ્રેજ્યુએટ હતો છતાંય! શતાયુ જીવવાની ઇચ્છા ને શક્તિવાળા મારા પિતાજી એ પુત્રના અકાળ અવસાને અઠયાસીએ ચાલ્યા ગયા.

આ બધું કહેવાનો આશય માત્રા એટલો જ છે કે દીર્ઘાયુષ્ય અને વંશવારસાને નખમાંસ જેવો પ્રગાઢ સંબંધ છે. જ્યારે રાષ્ટ્રીય આયુષ્યનો આંક ખૂબ જ ઓછો હતો ત્યારની અમારા કુટુંબની આ ઉજ્જ્વળ કથા છે. અમારા કુટુંબની લગભગ ૮૫ ટકા વ્યક્તિઓએ ચારથી છ પેઢી જોઈ છે. મારા પિતાજીના લોકિયા ગણિતે મને જીવનમાં ઠીક

ઠીક ટકાવી રાખ્યો છે; બાકી મોટા ભાગના વૈદ્યો ને ડૉક્ટરોના કહેવા પ્રમાણે તો અર્ધી સદી પૂર્વે મારા જીવનનો અધ્યાય પૂરો થઈ ગયો હોત! કેટલાકને હું જીવી રહ્યો છું એનું આશ્ચર્ય છે.

આજથી લગભગ સો સાલ પૂર્વે મારા સૌથી નાના દાદા ગુજરાતી પ્રાથમિક શાળામાં પાંચમા આસિસ્ટંટ શિક્ષક હતા ને એમનો પગાર ત્રણ રૂપિયા હતો. એક વાર હું માંદો પડયો તો મારા ૯૦ સાલના એ દાદા—વર્ધમાનરાયજી—મારી ખબર કાઢવા આવ્યા. એમનું ને અમારું ઘર લગભગ બસો ફૂટને અંતરે. આવીને, મને કહે: “ભાઈ રણજિત! તું બીમાર થઈ ગયો છે? શું થયું છે? ખાવાપીવામાં સાચવીએ ને લગ્નજીવનમાં વ્યવસ્થિત રહીએ તો તબિયતને શેના ગોબા પડે?” દાદાની એ વાત કેટલી બધી સાચી હતી! નેવું વર્ષે પણ એમની તબિયત રાતી રાયણ જેવી હતી. મેં એમને ભાગ્યે જ પથારીવશ જોયા હશે. અને આમેય (મારા ત્રીજા ભાઈ સિવાય) વર્ષોથી અમારા કુટુંબમાં જેને ગંભીર બીમારી કહેવાય તેવી આવી જ નથી. મોટે ભાગે સૌનું ‘એજિંગ’ને કારણે કુદરતી અવસાન થયેલ છે. મારા પિતાજી ૮૮ વર્ષે ગયા પણ કોઈ દિવસ માંદા પડ્યા નથી ને ઘરમાં ડૉક્ટર દીકરો હોવા છતાં પણ એક પાઈની દવા ખાધી નથી. ૮૨ વર્ષે ગુજરી ગયેલ મારા મોટા ભાઈ પ્રથમ વાર જ માંદા પડ્યા ને માંડ એકાદ અઠવાડિયામાં ગયા. ૯૮ સાલનાં મારાં ગંગાદાદી પથારીમાં સૂતાં તે સૂતાં! નહીં દવા કે નહીં દારૂ, કોઈની સેવા-ચાકરી પણ નહીં. આ બધાંનો વિચાર કરતાં મને જીવનપદ્ધતિ, આરોગ્ય અને દીર્ઘાયુષ્ય સંબંધે બે શબ્દો લખવાનું સૂઝે છે.

મારા દાદા ને પિતાજીના જીવનને મેં નજીકથી જોયું છે ને ઝીણવટથી એનું પરીક્ષણ કર્યું છે. હાડે બંને અસલી ખેડૂત. પ્રભુમાં સંપૂર્ણ શ્રદ્ધા ને જીવતા જાગતા કર્મયોગ જેવું એમનું જીવન. જીવનમાં કોઈ જાતનું ‘ટેન્શન’ ન મળે. કુદરતને ખોળે નૈસર્ગિક જીવન જીવનારા એ જીવ; આહાર, વિહાર, નિહારમાં ખૂબ ચોક્કસ ને “આપ ભલા તો જગ ભલા” ને ‘કર ભલા, હોગા ભલા’ એ સૂત્રામાં ચુસ્ત રીતે માનનાર.

કોઈને કશાનું વ્યસન જ નહીં. હા, દાદા થોડાક સમય માટે હુક્કો ગગડાવતા હતા, પણ એક જૈન મુનિના ઉપદેશથી સદાને માટે એનો ત્યાગ કર્યો હતો. પિતાજીને છાનામાના મેડી ઉપર, એક વાર બીડી પીતા જોઈ ગયો તો કહે: “બેટા! મને બીડીનું વ્યસન નથી, કોઈક વાર પેટમાં ગોળો ચડે છે તો બીડી પીવાથી ગોળો ઊતરી જાય છે.” દવા તરીકે બીડી પીતાં પણ ગુનાહિત માનસ વ્યક્ત કરતા મારા પિતાને કશાનું જ વ્યસન નહોતું... એ કૌટુંબિક સાત્ત્વિક પરંપરા ચાર પેઢી સુધી ઊતરી આવી છે.

ટેન્શન-મુક્ત જીવનમાં તંદુરસ્ત સંયુક્ત કુટુંબનો ફાળો રજમાત્રા ઓછો નથી. અઠ્ઠાવન સાલનો મારો મોટો પુત્ર મહિના પહેલાં મને કહે: “પપ્પા! તમો ચાર ભાઈઓમાં અમો ચૌદ સંતાનો કેમ મોટાં થઈ ગયાં તેની કોઈને કશી ખબર પડી નહીં. જ્યારે આ બે ‘ટેણિયાં’(મારાં પ્રપૌત્રા-પ્રપૌત્રી)ને ઉછેરતાં ધોળે દિવસે આકાશના તારા દેખાય છે!” તંદુરસ્ત સંયુક્ત કુટુંબપ્રથાને આપેલી આ અંજલિ હતી. મારાં દાદા-દાદી ને માતા-પિતાએ કોઈ દિવસ હૉટેલ-પ્રવેશ કર્યો ન હતો, બહારનું કશું જ પેટમાં નાખેલું નહીં; હા, પિતાજી ક્વચિત્ અમદાવાદ ગયા હોય ને ભૂખ લાગી હોય તો ફળફળાદિથી ચલાવી લેતા, ક્વચિત્ જ ‘ચંદ્રવિલાસ’માં જઈ, છ પૈસામાં દાળભાત ખાઈ લે. મને અલ્સર થયું એનું કારણ, જૈન પરિભાષામાં કહું તો મારો ‘પ્રજ્ઞાપરાધ’ છે, કેમ કે ખાસ્સા એક દાયકા માટે હું પરીક્ષાના ‘મોડરેશન’ના કામે પુના જતો હતો ને ત્યાંની ‘રીટ્ઝ હૉટેલ’નું ખાતો હતો ને સાચા કે ખોટા ઉજાગરા કરતો હતો; પછી અલ્સર ન થાય તો બીજું શું થાય? દિવસમાં ૨૦-૨૫ કપ કૉફી ને ૨૫-૩૦ બીડીઓ ફૂંકનાર મારા ત્રીજા ભાઈને ચેતવણી આપતાં પિતાજીએ અનેક વાર કહેલું: “સાંભળી લે, તું મારા પહેલાં જઈશ.” દીકરો એકાવને ગયો ને બાપ અઠયાસીએ. કહેવાનો આશય એ કે પ્રજાકીય વારસાની જેમ કૌટુંબિક વારસો પણ, સારો કે ખોટો, ઇચ્છીએ કે ન ઇચ્છીએ તો પણ આપણે લલાટે લખાયેલો હોય છે જ.

આની તુલનાએ મારા એક પરમ મિત્રાના કુટુંબના વારસાની વાત

કર્યું. પ્રો. આર. સી. પટેલ, વડોદરાની મ. સ. યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર હતા. વર્ષો પૂર્વે અમો ને એમના બીજા બે ભાઈઓ એક જ ગુરુના વિદ્યાર્થી. આ સમગ્ર કુટુંબના વારસામાં હૃદયરોગ ઊતરી આવેલો! માતા, પિતા, મોટા ભાઈ, નાના ભાઈ ને પોતે. બધા જ હાર્ટ-એટેકમાં ગયા. સાઠ પણ પૂરાં ન કરી શક્યા. પ્રો. આર. સી.ના નાના ભાઈ શ્રી બાબુભાઈનો દીકરો પરદેશ ભણી આવી વડોદરે આવ્યો. એના લગ્નની વાત ચાલી ત્યારે એ નવયુવકે જ કન્યાનાં માતાપિતાને જણાવી દીધું કે “જુઓ મુરબ્બી! અમારા કુટુંબમાં લગભગ બધા જ ‘હાર્ટ-એટેક’માં જાય છે. સંભવ છે કે મારું અવસાન પણ એ રીતે થાય...... ને હું મારાં દાદા, દાદી, મોટા બાપા, કાકા ને પિતાજીની માફક વહેલો જાઉં તો તમારી દીકરી વિધવા થશે. આ વિગતને ખ્યાલમાં રાખી આગળ વાત કરીએ.”

આ બધાં ઉપરથી મને વિચાર આવ્યો કે આપણાં સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્યનાં પરિબળો ક્યાં છે? આપણે અમિતાભ બચ્ચન ને માધુરી દીક્ષિતની કુટુંબકથામાં રસ લઈએ છીએ, પણ આપણા કુટુંબની આવી મહત્ત્વની બાબતમાં બેદરકાર રહીએ છીએ. પોષક, સુપાચ્ય, સમતોલ આવશ્યક આહાર, સ્વચ્છ હવાપાણી, મોકળાશભર્યું રહેઠાણ, આનંદપ્રદ વાતાવરણ, ટેન્શનમુક્ત જીવન, આરામ વગેરે આરોગ્ય અને દીર્ઘજીવન માટે અનિવાર્ય આવશ્યકતાઓ છે. આમ છતાંયે કેટલાંક જીન્સ (જીવનાં બીજ) જ એવાં હોય કે ઉપર્યુક્ત સાનુકૂળ પરિસ્થિતિઓને લેખે લગાડી શકે નહીં; ખોરાક-કસરત-આરામને પચાવી શકે નહીં. વાતાવરણનો ઉપભોગ કરવાની ન્યૂનાધિક તાકાતને કારણે જ, એક જ માબાપનાં સંતાનનાં શરીરમાં ફેરફાર વરતાય. આ ફેરફારનું સાચું ને ન બદલી શકાય તેવું કારણ તેના બીજમાં રહેલી જીવનશક્તિની ભિન્નતા છે. જીવનશક્તિ એટલે પ્રકૃતિનાં કેટલાંક તત્ત્વોને પચાવી આત્મસાત કરી દેવાની શક્તિ. બીજનાં અંગોને વિકસાવી જાતીય સ્વરૂપ દેવાની શક્તિ, હેતુપુર:સર કામ કરવાની જ્ઞાનશક્તિ ને જીવન કલહ-વિગ્રહસંગ્રામમાં ઝૂઝવાની શક્તિ. બીજમાં નિહિત જીવનશક્તિનાં આ તત્ત્વો વિકાસનાં

ખરાં કારણો છે. એટલે વિકાસનું ખરું કારણ ખોરાક, વાતાવરણ ઉપરાંત બીજની આ જીવનશક્તિની મૂડી છે. આથી એ પણ સમજાય છે કે કોઈ પણ શરીર તદ્દન સ્વતંત્રા વ્યક્તિ નથી પણ, તેના વંશ ને માતા-પિતાની સુધારાવધારાવાળી આવૃત્તિ છે.

અત્યારની બદલાયેલી જાગતિક પરિસ્થિતિમાં આપણે આહારનું મહત્ત્વ ભૂલ્યા છીએ, સાચા આનંદનું સ્વરૂપ સમજ્યા નથી, ટેન્શનયુક્ત જીવનપ્રવાહમાં તૃણવત તણાયે જઈએ છીએ. વિજ્ઞાન તથા ઔષધોને કારણે ભલે આપણો રાષ્ટ્રીય આયુષ્ય-આંક વધ્યો હોય, પણ આપણી જીવનશક્તિનો તો સરવાળે હ્રાસ જ થયો છે, આપણી કાર્યક્ષમતા ઘટી છે ને શ્વસનને જો જીવન કહેવાતું હોય તો શ્વસી રહ્યા છીએ, પણ સાચું જીવન જીવી રહ્યા છીએ એમ ન કહેવાય.

## જુનવાણી?

આજથી લગભગ સવાસો વર્ષ પહેલાં મારાં ગંગાદાદી, માંડ પંદર વર્ષની વયે કુલવધૂ બનીને બાવીસ જણના સંયુક્ત કુટુંબમાં આવ્યાં. પંચાણું વર્ષે તેઓ વૃદ્ધાવસ્થાને કારણે સ્વાભાવિક મૃત્યુ પામ્યાં. ત્રણ ત્રણ પેઢી સુધી એમણે ભર્યાભાદર્યા સંયુક્ત કુટુંબમાં એકચક્રી રાજ્ય કર્યું. બાવીસ સંતાનોના જન્મને જોયો… એમને મોટાં કર્યાં, ભરપટ્ટે સંસ્કાર આપ્યા ને પોતે પૂરા માનમરતબા સાથે સંસારની વિદાય લીધી.

હું પચ્ચીસનો થયો ત્યાં સુધી મારાં ગંગાદાદીને જુનવાણી સમજતો હતો. પણ હવે આઠ દાયકા વિતાવ્યા બાદ એમને જુનવાણી નહીં પણ ઉપયોગિતાવાદી સમજ્યો છું.

મારા જન્મ પહેલાં અમારા ઘરમાં એક ‘કોઠલો’ હતો. એમાં મોટે ભાગે ઘી—દૂધ-માખણ-રોટલાની છાબડી, કેરી-લીંબુ-મરચાનાં અથાણાં સચવાતાં. ‘કોઠલો’ ખૂબ મોટો મજૂસની પેટી જેવો, પણ ચીકણી માટીમાંથી બનાવેલો. ઢાંકણ વગેરે લાકડાનાં… માટીનું ફ્રીજ જોઈ લ્યો.

ઘી-દૂધ-દહીં... કશું જ બગડે નહીં, ગમે તેટલી ઠંડી-ગરમી હોય! સંસ્કૃત ‘કોષ્ઠાગાર’, પ્રાકૃત ‘કોટ્ઠાર’ પરથી કોઠાર શબ્દ ગુજરાતીમાં આવ્યો. કોઠલી કે કોઠલો—માટીની બનાવેલી નાની કોઠી જેમાં ખાદ્ય વસ્તુઓ મુકાય... કોઠારમાં અનાજ રખાય. પણ અમો ચારેય ભાઈઓ મોટા થયા, કૉલેજમાં ભણ્યા એટલે આ માટીનો કોઠલો અમને ‘જુનવાણી’ લાગ્યો. કોઈ પણ કારણસર એને ઘરમાંથી રૂખસદ આપવી જોઈએ. પણ દાદીના એકચક્રી સામ્રાજ્યમાં એ શી રીતે બને?

પ્રથમ તો, ‘કોઠલા’ને દેશવટો દેવા માટે દલીલો કરી જોઈ: “દાદી, હવે આ કોઠલો ઠીક ઠીક ઘરડો થયો. એને રજા આપવી જોઈએ.” તરત જ દાદી બોલ્યાં: “હું ય ઘરડી થઈ છું... પહોંચાડો મને ય સ્મશાને.” “પણ દાદી, આ કોઠલો કેટલી બધી જગ્યા રોકે છે?’ દાદી બોલ્યાં: ‘તમારે નાગા થઈનેય નાચવું હોય તો આ ઘર તો ખેતર જેવડું મોટું છે.” “પણ દાદી, હવે આપણા ઘરમાં આ શોભતો નથી.” “જૂની વસ્તુઓથી ને ઘરડાં મા-બાપથી શરમાય એ માંણહના લેખામાં નહીં.” પત્યું, લાગ્યું કે આ પાણીએ મગ ચડનાર નથી. એટલે રફ્તે રફ્તે અમે ‘આતંકવાદ’નો આશરો લીધો ને કકડે કકડે ‘કોઠલા’ની ભાંગફોડ શરૂ કરી. રફ્તે રફ્તે ઉંદર—પ્રવેશ પૂરતી પ્રગતિ કરી! પછી દલીલ કરી: “દાદી! હવે તો કોઠલામાં ઉંદર બગાડ કરે છે... ઉંદરની પાછળ સાપ પણ પેસે તો કુટુંબમાં ન બનવાનું બને!” આખરે દાદી ઢીલાં પડ્યાં ને કોઠલાનો તો નિકાલ કરી દીધો, પણ દાદીએ બે દિવસ ખાધું નહીં. કુટુમ્બમાં કોઈનું અવસાન થયું હોય એવો શોક પાળ્યો. કોઠલાને સ્થાને અપ-ટુ-ડેટ કબાટ ને ફ્રીજ આવી ગયાં!

અમારી દૃષ્ટિએ, દાદીને જુનવાણી ઠેરવતી બીજી વસ્તુ હતી... અનાજ ભરવાની બે માટીની તોતિંગ કોઠીઓ. એ બંને કોઠીઓ ઘરમાં ઠીક ઠીક જગ્યા રોકતી હતી. આમ તો અમારું ઘર વિશાળ હતું, પણ આ કોઠીઓ તોપખાના જેવી લાગતી. અનાજથી ઠસોઠસ ભરેલી કોઠીઓની નીચે એક બાજુ નાનું બાકોરું રાખવામાં આવતું. એને ડૂચાથી બંધ કરવામાં આવતું. જ્યારે કોઠીમાંથી અનાજ કાઢવાનું હોય ત્યારે

ડૂચો દૂર કરવાનો, નળમાંથી પાણી નીકળે તેમ બાકોરામાંથી અનાજનો ધોધ વછૂટે. એ ક્રિયા કરવામાં રમતની મજા આવતી, પણ તોતિંગ એ બે માટીની તોપો દીઠેય ગમતી ન હતી. પિતાજીએ એમનાં બા (અમારાં દાદી)ને સમજાવી કોઠલા પાછળ બે કોઠીઓને ય વદાય કરી, એટલે ચારસો મણ અનાજ સમાય એવો કોઠાર બની ગયો. અલબત્ત, કોઠીઓમાં ક્યારેય જીવાત પડતી નહોતી. કોઠારમાં જીવાત અને ઉંદરથી અનાજનો બગાડ થવા લાગ્યો.

હવે? અમારા ઘરમાં દળવાની બે દેશી ઘંટીઓ હતી. સવારે પાંચના સુમારે ઊઠીને બે વહુઓ દળવા બેસી જાય. દરરોજનો દશ શેર લોટ જોઈએ. ઘંટીએ દળેલા લોટની કમાલ જુદી! યંત્રા-ઘંટીએ દળેલા અનાજના લોટનું પોષકતત્ત્વ બળી જાય, ઘટી જાય ને એની ભાખરી-રોટલી-રોટલાની મીઠાશ પણ ચાલી જાય. ઠાગાઠૈયા કરી વહુઓએ દેશી ઘંટીને ય દેશવટો દીધો ને ઘરમાં દળવાની યંત્રા-ઘંટી આવી ગઈ. ત્રીજી પેઢીની વહુઓએ ભલે દેશી ઘંટીને દેશનિકાલ દીધો, પણ બીજી પેઢીની મારી પત્નીએ યંત્રાઘંટી હોવા છતાં યે એંશી વર્ષની જૈફ વયે પણ દેશી ઘંટીએ જ દળવાનું ચાલુ રાખ્યું. અમુક વસ્તુઓ દળવા માટે યંત્રા-ઘંટીનો ઉપયોગ થતો ને કેટલીક માટે દેશી ઘંટીનો.

અમારા મસમોટા ઘરને પાણિયારે ચારેક ત્રાંબાનાં બેડાં, ચારેક ઘડા અને ચારપાંચ ઘડા સમાય એવડો મોટો માટીનો ગોળો રહેતો. ગોળામાં પાણી ખૂટે એટલે ત્રાંબાના ઘડા-બેડાંમાંથી ઠલવાય. ઉનાળામાંય એ ગોળો ફ્રીજની ગરજ સારે. પણ કોણ જાણે પિત્તળિયા ને ત્રાંબાની સંસ્કૃતિમાં એ ‘મૃત્તિકા-સંસ્કૃતિ’ શોભતી નહોતી. એકવાર મારાં બાની ગફલતથી ત્રાંબાનો ઘડો માટીના ગોળા સાથે અથડાયો ને ગોળો નંદવાઈ ગયો. એટલે દાદીનાં વાક્બાણ શરૂ થયાં. “ગોળો ફૂટે શેને? વીસ વીસ વરસથી એ સેવા આપતો હતો. અમારા રાજમાં ચાલે ને તમારા રાજમાં ફૂટે!” પિતાજીએ દલીલ કરી: “બા! માણસ જેવા માણસ મરી જાય છે ને! દરેકનું આયુષ્ય ખૂટે એટલે જવાનું.” પણ બેચાર દિવસ સુધી દાદીનો કકળાટ ચાલુ રહ્યો.

છાણ-માટીથી ઓકળીઓ પાડેલું ઘર ત્યારે કલાત્મક લીંપણથી શોભતું, ઉનાળામાં ઠંડક ને શિયાળામાં ઉષ્મા આપતું. આજથી છ-સાત દાયકા પૂર્વે અમારા ઘરમાં ખીચડી તપેલીઓમાં નહીં પણ માટીનાં હાંડલાંમાં થતી, કઢી પણ. છાશ પણ મોટાં કાળાં માટલાંમાં સચવાય. દહીં અને અથાણાં પણ માટીના કટોરામાં રાખવાનાં. એની મીઠાશ કૈંક ઓર હતી. આજે સ્ટીલ-સંસ્કૃતિની 'ફીકાશ' અનુભવીએ છીએ. હું પચાસનો થયો ત્યાં સુધી, વતનમાં જવાનું થાય ત્યારે, દેશી ઘંટીથી દળેલા બાજરીના લોટના, કપાસની કરાંઠીના તાપે શેકેલા ત્રણ-ચાર રોટલા બૅગમાં ભરી લાવતો ને વડોદરામાં એની મીઠાશ માણતો ને ખાતાં ખાતાં બોલતો. 'દાદી, તમે રજમાત્ર જુનવાણી નહોતાં, તમે તો ૧૦૦ ટકા ઉપયોગિતાવાદી હતાં.'

['પ્રબુદ્ધ જીવન' માસિક: ૨૦૦૪]

# અગમચેતી

એક વારના ગુજરાત રાજ્યના આરોગ્યપ્રધાન ડૉ. ઠાકોરભાઈ પટેલનાં મોટાં બહેન શ્રીમતી કમુબહેનનું અવસાન થયું. મારાં શ્રીમતીનાં એ ખાસ બહેનપણી. અમો એમના બેસણામાં ગયેલાં. બેસણામાં મૂકેલો સ્વ. કમુબહેનનો મોટો ફોટો જોઈ મારાં શ્રીમતીએ મને કહ્યું: "આપણે પણ બેસણા વખતે કામમાં આવે એવા બે મોટા ફોટા પડાવી લઈએ. છોકરાંઓને એટલી તકલીફ ઓછી." મને હસવું તો આવ્યું, પણ ગૃહિણીના પ્રસ્તાવનો વિરોધ કર્યા વિના સરસ ફોટા પડાવ્યા. તા. ૧૨—૧-૨૦૦૨ના રોજ શ્રીમતીનું અવસાન થતાં મને એમની અગમચેતી માટે અહોભાવ થયો! પણ મારા ફોટાના પૈસા હજી લેખે લાગ્યા નથી!

['પ્રબુદ્ધ જીવન' માસિક: ૨૦૦૪]

# બ. ક. ઠા.

બ. ક. ઠા. એટલે પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર. એમના ‘ભણકાર’ નામના કાવ્યસંગ્રહથી હું પરિચિત. એમને પ્રથમ વાર મળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું ૧૯૩૮માં હું અમદાવાદની ગુજરાત કોલેજનો વિદ્યાર્થી હતો ત્યારે. ગુજરાતીના મારા પ્રોફેસર અનંતરાય રાવળની પ્રસ્તાવના સાથે મેં ‘કાવ્યસંહિતા’ નામે કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો કોલેજના પ્રથમ વર્ષમાં. તાકડે પ્રો. ઠાકોર અમદાવાદમાં એમના મિત્ર શ્રી રતિલાલ લાખિયાને બંગલે હતા. રાવળ સાહેબની સૂચનાથી હું મારો કાવ્યસંગ્રહ તેમને ભેટ આપવા ગયો. મોટી મોટી મૂછો, ટૂંકી ગરદન, ‘પ્રચંડ દેહયષ્ટિ’, વિચિત્ર પહેરવેશ ને વેધક આંખો. પગે લાગીને, રાવળ સાહેબની સૂચના અનુસાર આપને મારો આ કાવ્યસંગ્રહ ભેટ આપવા આવ્યો છું એમ કહી, ‘કાવ્યસંહિતા’ એમના કરકમલમાં મૂકી. મારો કાવ્યસંગ્રહ ટેબલ ઉપર મૂકી મને કહે: “મારો એક ભાણો છે. એ પણ કાવ્યો લખવા લાગ્યો. મેં એને કહ્યું: અલ્યા! કાવ્યો લખનાર હું નથી તે પાછો તું મંડી પડ્યો?” આટલું બોલી મારો કાવ્યસંગ્રહ હાથમાં લઈ, થોડાં પાનાં ફેરવી પુસ્તકને ટેબલ પર પછાડી મને કહે: “બ્રહ્મચર્ય પાળો, બ્રહ્મચર્ય…” પાંચેક સેકન્ડ બાદ બોલ્યા: “કલમનું.”

ચા-પાણીનું પત્યા બાદ મને કહે: “નવજવાન, હવે તું ક્યાં જવાનો?” મેં કહ્યું: “મારી હોસ્ટેલે. આપને કોઈ કામ હોય તો ફરમાવો.” તો કહે: “આંબાવાડીમાં મારે મારા પરમ મિત્ર પ્રો. આણંદશંકર ધ્રુવને ‘વસંત’ બંગલે જવું છે. તું તારો ખભો મને ધીરીશ?” મેં કહ્યું: “એક નહીં, બે.” ધ્રુવ સાહેબનો બંગલો બહુ દૂર નહોતો એટલે વાતો કરતા કરતા ‘વસંત’ બંગલે આવી પહોંચ્યા. પાંચેક મિનિટ રોકાઈને જ મારી હોસ્ટેલ ભેગો થઈ ગયો.

પછી તો એ પ્રકાંડ વિદ્વાનનું ત્રણેક વાર દર્શન થયું. ૧૯૪૩માં ‘વિદ્યાસભા’ના ઉપક્રમે તેમણે નવીન કવિતા-વિષયક વ્યાખ્યાનો આપેલાં. વ્યાખ્યાનો પ્રો. ઉમાશંકરભાઈએ વાંચેલાં. ત્યારે એમણે એમના ‘લિરિક’ની

પચાસેક નકલો ઉમાશંકરભાઈને આપેલી—વેચવા માટે સ્તો. એમાં ‘લિરિક’ નામના કાવ્યપ્રકારની પર્યેષણા છે. સરસ પાકા બાઇન્ડિંગવાળું આ પ્રકાશન—મૂળ કિંમત તો રૂપિયાથી ઓછી નહોતી પણ—ચચ્ચાર આનામાં કાઢવામાં આવેલું. હાથમાં ‘લિરિક’ની નકલ રાખી ઉમાશંકરભાઈ એમના કેટલાક વિદ્યાર્થીઓ સમક્ષ બોલતા: “લઈ લ્યો, લઈ લ્યો! ફક્ત ચાર જ આનામાં આવી લિરિકની પર્યેષણા તમને અન્યત્ર વાંચવા નહીં મળે. એ ઉપરાંત કોઈની સાથે ઝઘડો થાય તો છૂટો ઘા કરવામાં પણ શસ્ત્ર તરીકે ઉપયોગમાં આવશે! લઈ લ્યો, લઈ લ્યો, ફક્ત ચાર જ આનામાં!” મિત્રોને વહેંચવા માટે ‘લિરિક’ની દશ નકલો મેં લીધેલી. ‘લિરિક’, ‘કવિતા શિક્ષણ’, ‘નવીન કવિતા વિષે વ્યાખ્યાનો’ અને ‘આપણી કવિતાસમૃદ્ધિ’માં કાવ્યકલાના શિક્ષાગુરુ તરીકેની પ્રો. ઠાકોરની ઉજ્જ્વળ છબીનું દર્શન થાય છે. તત્કાલીન અનેક કવિઓને એ ગ્રંથોએ પ્રેરણા ને માર્ગદર્શન આપ્યાં છે.

કવિ તરીકે, નવીન કાવ્યવિભાવનાના આચાર્ય તરીકે તેમ જ ગદ્યશૈલીના શિલ્પી તરીકે આજે પણ તેઓ જીવંત છે. કવિ તરીકેના ઠાકોરના પ્રભાવને નિરૂપતાં ઉમાશંકરે ઉચ્ચાર્યું છે: “અદ્યતન ગુજરાતી કવિતા કથયિતવ્ય પરત્વે ગાંધીજી, અને આયોજન પરત્વે ઠાકોર, એમ બે ભિન્ન ભિન્ન પ્રકૃતિના માણસોને ખભે ચડીને જાય છે.”

પ્રો. ઠાકોર વડોદરે આવે ત્યારે શ્રી કિશનસિંહ ચાવડાના બંગલામાં ઊતરે. ત્યારે બરોડા કોલેજમાં ગુજરાતી-અંગ્રેજીના લેક્ચરર શ્રી ભાઈલાલ કોઠારી એક વાર નવાં રચેલાં બે ગીતો લઈ પ્રો. ઠાકોરને વંચાવવા ગયા. ઠાકોરસાહેબ ત્યારે આંખો મીંચીને કોઈ વિચારમાં ખોવાઈ જઈને હીંચકે ઝૂલતા હતા. કોઠારીએ એમનાં ગીતો સંભળાવવાની ઇચ્છા વ્યક્ત કરી. ઠાકોરે સંમતિ આપી. આંખો મીંચીને એક ગીત સાંભળ્યું. પછી કહે, “તમ તમારે ગાયે જાવ... ગાયે જાવ... હું સાંભળું છું...” ને જ્યાં બીજું ગીત ગાવાનું શરૂ કર્યું, ત્યાં ઠાકોરસાહેબનાં નસકોરાં બોલવા લાગ્યાં. સમાધિભંગ થવાની પ્રતીક્ષા પાંચસાત મિનિટ કરી, પણ વ્યર્થ. એટલે પ્રો. કોઠારી ગૃહમ્ પ્રતિ ગચ્છન્તિ કરી ગયા!

એક વાર પ્રો. ઠાકોર ચાવડાને ત્યાં આરામ કરતા હતા. કોઈનો ફોન આવ્યો. ચાવડાની દીકરીએ ફોન તો લીધો, પણ તે વખતે ઠાકોરસાહેબનાં નસ્કોરાં બોલતાં હતાં એટલે એમને જગાડ્યા નહીં. જાગ્યા એટલે ચાવડાની દીકરીએ ફોનની વાત કરી, તો કહેઃ “હું ઊંઘતો હતો!” દીકરીએ કહ્યુંઃ “હા, જોરથી તમારાં નસકોરાં બોલતાં હતાં એટલે તમને જગાડ્યા નહીં.” તો કહેઃ “જો, મારાં નસકોરાં બોલતાં હોય ત્યારે હું ઊંઘી ગયો છું એમ સમજવાનું નહીં, હું કેવળ તંદ્રાવસ્થામાં હોઈશ. નિદ્રા ને તંદ્રાવસ્થાનો ભેદ તું સમજે છે?”

['પ્રબુદ્ધ જીવન' માસિકઃ ૨૦૦૫]

# રતનલાલ જોશી

## ત્રણ ચીજ

મૌલાના અબુલ કલામ આઝાદના મોંમાંથી એક વાર વાતવાતમાં જ નીકળી પડેલો આ 'શેર' એમના તપોજ્જવલ જીવનના શબ્દબિંબ જેવો છે :

*હાસિલે ઉમરમ સહ સુખન બેશ નેસ્ત,*
*ખામ બદમ પુખ્તા શુદમ સોખ્તમ્.*

જિંદગીભરમાં ત્રણ જ ચીજ હાંસલ થાય છે : પહેલાં હું કાચો હતો, તે પછી પાક્યો અને પછી બળીને ખાક થયો.

['ગાંધી માર્ગ' ત્રામાસિક]

# રતિલાલ ‘અનિલ’

## એકધારા મુશાયરા

‘શયદા’એ ગઝલને લોકપ્રિય કરી, તો ઈબ્રાહીમ દાદાભાઈ ‘બેકારે’ એકધારા મુશાયરા યોજીને ગુજરાતભરમાં ખૂણે ખૂણે અને આફ્રિકા, ઇંગ્લૅન્ડ, કરાંચી, બર્માના ગુજરાતી સમાજ સુધી એને પહોંચાડી. અનેક વાંકવળાંકવાળા શાયરોને એમના નિખાલસ સ્વભાવે એક સળંગ સાંકળરૂપે સાથે રાખ્યા.

# રતિલાલ બોરીસાગર

## ઘર-નોકરને પત્ર

ભાઈ જીવરાજ,

બે દિવસ પહેલાં તને દૂધની કોથળીઓ લેવા મોકલ્યો હતો. તને પાછા ફરતાં સારી એવી વાર થઈ એટલે અમે ચિંતામાં પડી ગયાં. સવારની પહેલી ચા બાકી હતી, પણ એની ચિંતા નહોતી; પણ ઘર છોડીને જતા રહેવાની તેં અનેક વાર આપેલી ધમકી આજે અમલમાં મૂકી હશે તો અમારું શું થશે એની ચિંતા અમને ઘેરી વળી. તારાં શેઠાણી તો બેબાકળાં બની ગયાં. મને ગુમાવવાનું તારાં શેઠાણીને પરવડી શકે, પણ તને ગુમાવવાની કલ્પના માત્રથી એ થથરી ગયાં હતાં. મને ગુમાવવાનો આઘાત એ 'જેવી ઈશ્વરની મરજી' કહી જીરવી જાય, પણ તને ગુમાવવાના આઘાતની કળ એને જિંદગીભર ન વળે એની મને ખાતરી છે. હું તો તારાં શેઠાણીને સહેલાઈથી મળી ગયો છું અને ભગવાન ન બોલાવે ત્યાં સુધી ક્યાંય જવાનો નથી તેની એને ખાતરી છે. પણ તું તો કેટકેટલા ઘરનોકરની અજમાયશ કર્યા પછી મળ્યો હતો, પથ્થર એટલા દેવ કર્યા પછી તું સાંપડયો હતો, એટલે તું કાયમ માટે ચાલ્યો ગયો હોઈશ તો અમારું શું થશે એ વિચારે અમને—ખાસ કરીને મને—ધ્રાસકો પડયો.

(તારી ગેરહાજરીમાં તારો ચાર્જ વગર ચાર્જે મારે લેવો પડે છે, એ તું જાણે છે.)

તું આવે છે કે નહિ એ જોવા અમે બારણું ખોલ્યું, ત્યારે બારણા પાસે જ દૂધની પાંચ કોથળીઓ અને પાછા આવેલા પાંચ રૂપિયા પડ્યા હતા. આસપાસ આકાશમાં તારો ક્યાંય વાસ હોય એવું લાગ્યું નહિ. તું અમને છોડીને જતો રહ્યો છે એની અમને ખાતરી થઈ ગઈ. તારાં શેઠાણી પ્રથમ ભાંગી પડ્યાં અને પછી મારા પર તૂટી પડ્યાં. તારી

સાથેનાં મારાં ગેરવર્તનોને કારણે જ તું અમને છોડીને જતો રહ્યો છે, એવું એ માને છે—હવે તો હું પણ એમ માનવા લાગ્યો છું. એટલે મારાં ગેરવર્તનો અંગે માફી માગવા, ભવિષ્યમાં આવાં ગેરવર્તનો ન કરવાની ખાતરી આપવા અને તું જ્યાં હો ત્યાંથી પાછો આવી જા એવી નમ્ર વિનંતી કરવા આ જાહેર પત્ર છાપામાં છપાવ્યો છે. મારાં ગેરવર્તનોની હું નીચે પ્રમાણે કબૂલાત કરું છું અને ભવિષ્યમાં આવું કોઈ ગેરવર્તન નહિ કરું એની આ તકે ખાતરી આપું છું:

(૧) હું ભલે જેવો-તેવો પણ હાસ્યલેખક છું. હું હાસ્યલેખક છું એની સાબિતી આપવા જ્યારેત્યારે મજાકો કરવાની મને ટેવ છે. પણ મારી મજાકથી તને માઠું લાગી જાય તો આ બિચારો હાસ્યલેખક કરુણ સ્થિતિમાં મુકાઈ જાય. એટલે મારાથી તારી મજાક ક્યારેય ન થઈ જાય એની પૂરતી તકેદારી હું રાખતો. છતાં થવાનું હોય છે એ થઈને જ રહે છે. જૂની જોક મારા વાંચવામાં આવી. એક પરદેશી ભારતમાં ફરવા આવ્યો. એણે નદીકાંઠે ધોબીઓને કપડાં ધોતા જોયા. એણે ડાયરીમાં લખ્યું: ‘આજે ભારતમાં કેટલાક માણસોને કપડાં વડે પથ્થર ફોડતા જોયા.’

તું અમારાં કપડાં જે રીતે ધોતો હતો તે જોઈ મારાથી આ ટુચકાનો તારા પર અકાળે પ્રયોગ થઈ ગયો. બે દિવસ પહેલાં મેં તને કહ્યું હતું: “અમારાં કપડાંથી ચોકડીનો પથ્થર તૂટી જાય ત્યારે કહેજે, એટલે અમે નવો નખાવી દઈશું.” પણ હસવાને બદલે તું તો મારા પર નારાજ થઈ ગયો. તું નારાજ થયો એટલે તારાં શેઠાણી મારા પર બમણાં નારાજ થઈ ગયાં.

આ કારણે તું જતો રહ્યો હો, તો હે બંધુ! તું પાછો આવ. હવે પછી કદી તારી મજાક ન કરવાની જાહેર ખાતરી આપું છું. તારાં શેઠાણી તો એમ કહે છે કે તું નારાજ થાય એવું મારે કશું ન કરવું. એ તો મને હાસ્યલેખો લખવાનું જ બંધ કરી દેવાનું કહે છે. ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી! પણ તું દયા કરજે. મને હાસ્યલેખો લખવાની રજા આપજે ને તારી શેઠાણી પાસે રજા અપાવજે.

(૨) હે બંધુ! સવારના તું આવે ત્યારે તારે માટે મારે છાપાં તૈયાર રાખવાં, એ તારી શરતનું પરિપાલન મારાથી બરાબર થતું નથી, એ હું કબૂલ કરું છું. સવારના છ વાગ્યે છાપાં આવે પછી આઠ વાગ્યા સુધીમાં બધાં પાનાં આડાંઅવળાં થઈ જાય છે. એક-બે પાનાં જડતાં નથી. અલબત્ત, આ બધું વધુ તો મારે કારણે થાય છે. અનુસંધાનવાળાં પાનાં ન જડવાને કારણે તને ઘણી મુશ્કેલી પડે છે—તારો રસભંગ થાય છે—ખાસ કરીને મારધાડ અને કૌભાંડોના સમાચારવાળું અનુસંધાન મળતું નથી ત્યારે તારો વિશેષ રસભંગ થાય છે. આ માટે હું ખરે જ દિલગીર છું. હવે પછી આવું ન થાય એ માટે, તું ન આવે ત્યાં સુધી અમે કોઈ છાપાંને હાથ નહિ લગાવીએ એની ખાતરી આપું છું. તું બધાં છાપાં વાંચી લે, અંગ્રેજી છાપાંના ફોટાબોટા જોઈ લે પછી જ અમે છાપાં વાંચવાનું રાખીશું. તારે કારણે મને અનુસંધાનવાળાં પાનાં નહિ જડે તો હું કશી ફરિયાદ નહિ કરું એની ખાતરી આપું છું. ચાર-પાંચ દિવસ પહેલાં હું જે છાપું વાંચતો હતો એ તેં માગ્યું અને ‘પાંચ મિનિટ પછી આપું છું’ એવું મેં કહ્યું એનાથી તું નારાજ થઈ ગયો હતો, અને ‘હું પણ પાંચ મિનિટ પછી આવું છું’ કહી તું જતો રહ્યો હતો અને પછી આખો દિવસ દેખાયો નહોતો. મેં તારી સાથે કરેલા અવિવેક બદલ શેઠાણીએ મારો સખત ઊધડો લીધો હતો. હવે તો તું છાપાં વાંચી લે પછી જ હું છાપાંને હાથ લગાડીશ, એટલે તારે નારાજ થવાપણું નહિ રહે. કોઈ વાર મારે બહાર જવાની ઉતાવળ હશે તો પહેલાં મને છાપાં વાંચી લેવા દેવાની વિનંતી હું તને કરીશ. મારી વિનંતી તું માન્ય નહિ રાખે તો હું નારાજ નહિ થાઉં એવી આ તકે તને ખાતરી આપું છું.

તું છાપાં વાંચી લે ત્યાં સુધીમાં તારે માટે ચા બનાવીને તૈયાર રાખવી, એવી ફરજ મને સોંપાઈ છે. તારે માટે મારે સ્પેશિયલ ચા બનાવી પડે છે. મારી ઓછી ખાંડવાળી ચા તને ભાવતી નથી. વળી, મારી ચામાં અર્ધું દૂધ અને અર્ધું પાણી હોય છે. જ્યારે તારી ચા સંપૂર્ણપણે નિર્જલા (પાણી વગરની) હોવી જોઈએ એવી તારી શરત

છે. તારી આ શરતનું, અલબત્ત કચવાતા જીવે પણ, મેં પૂરેપૂરું પાલન કર્યું જ છે. છતાં બે દિવસ પહેલાં મારાથી તને કહેવાઈ ગયું હતું કે “આજકાલ પાણીની સખત તંગી છે, છતાં તારી ચામાં નાખવા જેટલા પાણીની તો હું ગમે તેમ કરીને વ્યવસ્થા કરી આપીશ.” તું કવિતાઓ ન વાંચતો હોવા છતાં મારા કથનનો ધ્વનિ તું પામી ગયો અને નારાજ થઈ ગયો. હવે પછી આવો અપરાધ ક્યારેય નહિ કરવાની ખાતરી આપું છું.

(૩) તું અમારે ત્યાં આવ્યો એ પહેલાં એક કવિને ત્યાં કામ કરતો હતો. એ કવિમહાશય એમનાં કાવ્યો છાપવા મોકલતા પહેલાં તને સંભળાવતા હતા. કાવ્યો સાંભળવાની ફી પણ તને આપતા હતા. પણ કાવ્યો સાંભળવાને કારણે તને માથામાં ઘમઘમ થવાનો રોગ લાગુ પડયો હતો. મારે ત્યાં કામ બંધાવ્યા પછી તને ખબર પડી હતી કે હું લેખક છું, એટલે મેં તારા લેખો મારે તને કહી ન સંભળાવવા એવી શરત કરી હતી. આ શરતનો મેં ક્યારેય ભંગ નથી કર્યો. ભવિષ્યમાં પણ ક્યારેય ભંગ નહિ કરું એની ખાતરી આપું છું.

(૪) કવિઓની જેમ તું પણ નિરંકુશ છે. એમ તો તારો પાછા જવાનો સમય નિશ્ચિત હોય છે; આવ્યા પછી અર્ધા કલાકમાં તું અચૂક જતો રહે છે. પણ આવવાની બાબતમાં તું સ્વૈરવિહારી છો. સવારના આઠથી દસ સુધીમાં, બપોરના બારથી ચાર સુધીમાં, રાતના આઠથી અગિયાર સુધીમાં તું ગમે ત્યારે આવે છે. તું કયે દિવસે નહિ આવે, કયે દિવસે સવા નવ વાગ્યે આવીશ કે કયે દિવસે પોણા અગિયાર વાગ્યે આવીશ, એ વિશે ખાતરીપૂર્વક કશું કહી શકાય એમ નથી. એકવાર તો તેં મને રાત્રે સવા બાર વાગ્યે ભરઊંઘમાંથી જગાડયો હતો ને તે પણ એમ જણાવવા કે ‘બાબુજી, આજ હમ નહિ આયેગા, સુબહ જલદી આયેગા.’ પછીની સવારે તારી અનુકૂળતા માટે અમે સૌ જલદી જલદી પરવારી ગયેલાં. પણ એ દિવસે તું સમૂળગો આવ્યો જ નહોતો. તારા આ સ્વૈરવિહાર માટે અઠવાડિયા પહેલાં મારાથી તને મંદ ઠપકો અપાઈ ગયેલો. મેં તો તને હળવેથી ઠપકો આપ્યો હતો,

પણ તને ઠપકો આપવા બદલ તારાં શેઠાણીએ મને ગજાવીને ધમકાવી નાખ્યો હતો. મારા આ ગુના બદલ હું દિલગીરી જાહેર કરું છું ને ભવિષ્યમાં—વાજપેયીજી એમના સાથી પક્ષો ગમે તેમ વર્તે તોય કોઈને ઠપકો આપી શકતા નથી એમ હું પણ—તું ગમે તેમ વર્તીશ તો પણ તને કદી ઠપકો નહિ આપું.

ભાઈ જીવરાજ, આ વાંચીને તું જ્યાં હો ત્યાંથી પાછો આવી જજે. અહીંથી જવાનું ને અહીં પાછા આવવાનું જે ભાડું થશે એ હું તને તરત જ ચૂકવી આપીશ. તારાં શેઠાણીએ તું પાછો આવે એ માટે બાધા રાખી છે. બીજાંઓને ઘેર કામ કરતા નોકરોને જોઈને તારાં શેઠાણીને રડવું આવી જાય છે. એમનું દુઃખ મારાથી જોયું જતું નથી ને તારો લગભગ બધો ચાર્જ મારા પર આવી પડયો છે એનું દુઃખ મારાથી કહ્યું જતું નથી. માટે તું ઝટ પાછો આવી જા. તને કોઈ વઢશે નહિ.

એ જ લિ. તારો ગરીબડો શેઠ

['સંદેશ' દૈનિક: ૨૦૦૧]

## બા

બાનું નામ સંતોકબહેન. બાનું પિયર શેલણા (તા. સાવરકુંડલા). અમે રાજગોર બ્રાહ્મણ. કાઠીના ગોર. બા ભણ્યાં નહોતાં. વાંચતાંય ઘણી મોટી ઉંમરે શીખેલાં. આ પછી પણ લખતાં તો ખપ પૂરતું જ આવડતું. પણ ભાષા પર બાનું અસાધારણ પ્રભુત્વ. મેઘાણીની પાત્રસૃષ્ટિનું કોઈ પાત્ર—કાઠિયાણી, ગરાસણી કે ચારણ્યનું પાત્ર—બોલતું હોય એવી બાની સ્વાભાવિક ભાષા હતી.

ભાષાની જેમ જ હાસ્ય પર પણ બાનો અસાધારણ કાબૂ. 'હાસ્ય નિષ્પન્ન કરવાની સો યુક્તિઓ હોય તો પ્રેમાનંદને એકસો એકની ખબર હતી'; એમ ઉમાશંકર જોશીએ પ્રેમાનંદ માટે કહ્યું છે તે હું બા માટે કહી શકું. સૌરાષ્ટ્રનાં ઓઠાં '(ઓઠું' વિનોદી ટુચકા જેવું લોકસાહિત્યનું

એક સ્વરૂપ છે.) તો એમને કેટલાં બધાં આવડતાં!

બા જાજરમાન સ્ત્રી હતાં. બાના પ્રતાપી વ્યકિતત્વની તુલનામાં બાપુજીનું વ્યકિતત્વ નરમ. બા પોતાની દરેક વાતમાં એકદમ આગ્રહી—બાપુજી સાવ અનાગ્રહી.

બાનું વહાલ ધોધની જેમ વરસતું—બોલકુંય ખરું. જશોદામાતા બાલકૃષ્ણને જે રીતે વહાલ કરે છે, લાડ લડાવે છે એનું પ્રેમાનંદે કરેલું કાવ્યમય વર્ણન વાંચવાનું બન્યું ત્યારે મને થયું હતું કે પ્રેમાનંદે નક્કી બા જેવી કોઈ માતાને જોઈ હશે અને જશોદાના વહાલની વીગતો એની પાસેથી ઝીલી હશે. બાપુજી સાથે કેવળ આદરનો સંબંધ. પણ બાને ગળે બાઝવાનો, બા સાથે ઝઘડો કરવાનો, બાથી રિસાવાનો, રિસાયા પછી બા મનાવે એની રાહ જોવાનો—બધો જ સંબંધ બા સાથે.

પ્રેમની જીવતીજાગતી મૂર્તિ જેવાં બા કડક પણ એવાં જ. બા વિશે હું કોઈની સાથે વાત કરતો હોઉં ત્યારે બાની હાજરીમાં કહેતો: “અમારી બા ચા જેવાં છે: એકદમ કડક—એકદમ મીઠાં.” સૌરાષ્ટ્રની ચા ખોપરી હલાવી દે એવી કડક હોય અને સીધી લોહીમાં ઊતરી જાય એવી મીઠાશવાળી હોય. એકલી મીઠાશ બાળકને બગાડી મૂકે અને એકલી કડકાઈ બાળકના હૃદયને સૂકવી દે. બા લાડ પૂરેપૂરાં લડાવે, બને ત્યાં સુધી અમારી ઇચ્છા પૂરી કરે, પણ ખોટી જીદ આગળ ક્યારેય નમતું ન જોખે. હું બા આગળ ધમપછાડા કરતો હોઉં, ગારમાં આળોટતો હોઉં એવાં દૃશ્યો આજે પણ એકદમ ક્લોઝ અપમાં દેખાય છે. નાના ભાઈ (આમ તો મારાથી પાંચ વરસે મોટા)ના સ્વભાવમાં જીદનું નામ ન મળે. બહેન પણ એકદમ શાંત. એટલે તોફાન કરવાનું—જીદ કરવાનું બધું મારે ફાળે આવેલું. ને મેં મારું કર્તવ્ય પૂરી નિષ્ઠાથી બજાવેલું પણ ખરું.

અમારું ભાઈબહેનોનું સીધું ઘડતર બા થકી જ થયેલું. બા વાર્તાઓ કહે, વિનોદી ટુચકા કહે, સૂત્રાત્મક વાક્યો અને ડહાપણભરી કહેવતો કહે, એમાં જીવનના મર્મો પ્રગટ થતા રહે. બાને વાંચતાં નહોતું આવડતું, પણ અમારી પાસે કશુંક ને કશુંક વંચાવ્યા કરે. મેં સતત ત્રણચાર વરસ બાને ‘ગીતા’ અને ‘વાલ્મીકિ રામાયણ’ (ગુજરાતી ભાષાંતર)

વાંચી સંભળાવેલાં. સવારની નિશાળ પૂરી કરીને હું આવું, જમું પછી અમારો સત્સંગ શરૂ થાય. બા સાંભળે, એના પર મનન પણ કરે ને ફરી એની વાતો પોતાની રીતે કરે. બા મારી પાસે ધાર્મિક પુસ્તકો જ વંચાવે એવું નહિ; મારાં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોનાં કાવ્યો, વાર્તાઓ, અવનવી માહિતી આપતા પાઠો—બધું જ આમાં આવે. મને યાદ છે કે બકોર પટેલની ચોપડીઓ નાના ભાઈ ગામના પુસ્તકાલયમાંથી લઈ આવેલા એનું અમે સમૂહવાચન કરેલું. બાની સ્મૃતિ બહુ તેજ. કોઈ પણ વાર્તા એક વાર સાંભળે એટલે એનું કથાવસ્તુ પાકું યાદ રહી જાય. પછી એનું પુનર્કથન પોતાની શૈલીમાં કરે. બકોર પટેલની અનેક વાતોના રેફરન્સ એમની વાતોમાં આવે ને હાસ્યની છોળો ઊડે.

અમારી આર્થિક સ્થિતિ તો ઘણી નબળી હતી, પણ જે માગવા આવે એની સ્થિતિ તો કેવીય હશે એવું વિચારીને બા આંગણે આવેલા માગણને ક્યારેય એમ ને એમ જવા ન દે. ભગવાને આપેલા રોટલામાં સૌનો ભાગ—એવા ભાવથી આપે. આમ પણ સામાન્ય વર્ગના લોકો સાથે બહુ વિવેકથી વર્તે. “આપણામાં જેવો ભગવાન છે એવો જ એમનામાં છે,” એવું અમને કહે પણ ખરાં. ફળિયામાં આવતા ધોબીઓ અને લગ્નપ્રસંગે ઢોલ વગાડવા આવતા ઢોલીઓમાંથી જે બાપુજીથી નાના હોય એમને અમારે કાકા કહેવાના અને મોટા હોય એમને બાપા કહેવાના. પરંપરાગત સંસ્કારોને કારણે હરિજનોને અડે નહિ કે અમને અડવા દે નહિ, પણ બાપુજીથી મોટા હરિજનોની બા લાજ પણ કાઢતાં.

બા વિજ્ઞાન નહોતાં ભણ્યાં, પણ ‘ગીતા’શ્રવણ પછી વાસી અન્ન નહિ ખાવાનું—નહિ ખવરાવવાનું એવો પાકો નિયમ કરેલો. રાત્રે વાળુ લેવા આવનારી બાઈને પણ રાતે રાંધેલું જ આપવાનું. સવારે શિરામણ માટે તાજા રોટલા જ ઘડવાના. બાને રાંધવાની સહેજે આળસ નહિ. બપોરે રસોઈ થઈ ગયા પછી કોઈ અતિથિ આવી ચડે કે કોઈ સાધુ પધારે તો ફરી ચૂલો સંધુરકવામાં (પેટાવવામાં) વાર નહિ.

બાને કથા-વાર્તા અને ભજનભાવમાં ઉત્કટ રસ. અમારી આંબલી શેરીમાં રહેતાં ધનબાઈફઈ જ્ઞાતિએ બારોટ હતાં. ‘સૌરાષ્ટ્રની રસધાર’

પ્રકારની અનેક વાર્તાઓ એમને આવડતી. રાત્રે ફળિયામાં ખાટલા ઢાળી ધનબાઈફઈ વાર્તા માંડે. બા અને શેરીની બીજી સ્ત્રીઓ સાંભળે. બાલશ્રોતાઓમાં લગભગ હું એકલો જ હોઉં. બા એ વાર્તાઓનું પછી સરસ રીતે પુનર્કથન પણ કરે. નવરાત્રીમાં પ્રેમાનંદના અવતાર સમા હરિશંકરબાપાનાં આખ્યાનો શેરીમાં યોજાતાં. બા સાથે મેં એ આખ્યાનો બહુ રસપૂર્વક સાંભળ્યાં હતાં. આડોશપાડોશમાં ક્યાંય ભજન રાખ્યાં હોય તો બા અચૂક સાંભળવા જાય. ઘેર પણ ક્યારેક ક્યારેક ભજનો રખાય. મોટા થઈને સાહિત્યરચનાઓ તરીકે જેમનો આસ્વાદ મેં લીધેલો એ ગંગાસતી અને પાનબાઈનાં ભજનો નાનપણમાં બા પાસેથી સાંભળેલાં.

['પરબ' માસિકઃ ૨૦૦૫]

# શેરી સાથેનું સગપણ

સાવરકુંડલા મારું મૂળ વતન. ૧૯૩૮માં મારો જન્મ થયો ત્યારથી ૧૯૭૪માં અમદાવાદમાં આવ્યો ત્યાં સુધીનાં બધાં વર્ષો સાવરકુંડલામાં વીત્યાં. સાવરકુંડલામાં 'આંબલી શેરી' છે. એક જમાનામાં એ શેરીના નાકે આવેલાં ઘરમાં એક ઘેઘૂર આંબલી હતી. આંબલી શેરીમાં આવેલાં એક ધૂળિયા મકાનમાં મારો જન્મ થયો હતો.

હું પાંચેક વર્ષનો હોઈશ ત્યારે અમે એ મકાન છોડી બાજુમાં આવેલા સોનામાનાં મકાનમાં રહેવા ગયાં. આ મકાન જૂનું હતું, પણ સાવ ધૂળિયું નહોતું. સોનામા એમાં બે રૂપિયાના ભાડાથી રહેતાં. ઉપરની લગભગ ખાલી રહેતી મેડી અમને એમણે રહેવા કાઢી આપી હતી. આ આંબલી શેરીની ધૂળમાં મારી પહેલી પગલીઓ પડી. આ શેરીમાં ગરિયાની રમત માટે કે કોડીઓની રમત માટે ક્યાં-ક્યાં કૂંડાળાં કરતા, મોઈદાંડિયે રમતી વખતે ક્યાં-ક્યાં ગબ્બીઓ ગાળતા, કપેદુપે રમવા માટે ક્યાં-ક્યાં ગઠ્ઠો ગાળતા—આ બધાં સ્થાનો આજેય ભૂલ કર્યા વગર બતાવી શકું. પ્રેમાનંદના અવતાર જેવા હરિશંકરબાપાના મુખે આ શેરીની

ધૂળમાં બેસીને આખ્યાનો સાંભળ્યાં હતાં. આ શેરીની ગરબીએ સૌની સાથે મેં પણ મૂસાની રાહ જોઈ હતી. માથે બાલની કાળી ટોપી અને લેંઘો-ખમીસ પહેરેલો મૂસો મીઠી હલકે ગરબી ઉપાડતો ત્યારે આખી શેરીમાં ભકિતનું પૂર ઊમટતું. શિયાળાની સાંજે વ્યાયામમંદિરેથી પાછો ફરું ત્યારે શેરીમાં દાખલ થતાં જ શેરીના નાકાની બરાબર સામે છેડે આવેલા સોનામાનાં ઘરની ઓસરીમાં ટિંગાડેલાં મોટાં ફાનસનું અજવાળું હજુય મારી આંખોમાં અકબંધ છે.

આ આંબલી શેરી એટલે એક આખું કુટુંબ! એક આખી ને આખી શેરી કુટુંબની જેમ રહેતી હોય, તેની કલ્પના આવવી આજે મુશ્કેલ છે. શેરીમાં બ્રાહ્મણ, જૈન વાણિયા, વૈષ્ણવ વાણિયા, વાણિયા-સોની, પરજિયા સોની, કુંભાર, બાવા, બારોટ—બધી જ્ઞાતિના લોકો વસતા હતા. બધાંની આર્થિક સ્થિતિ વચ્ચે ખાસ્સું અંતર, પરંતુ સૌનાં હૈયાં એવાં મળેલાં કે એમાં ક્યારેય જ્ઞાતિ કે આર્થિક સ્થિતિની ઉચ્ચાવચતા આડે આવી નહોતી.

ઊંચાં ગૌર વર્ણનાં સોનામા નાની ઉંમરે વિધવા થયેલાં. સોનામાનાં વ્યકિતત્વ માટે ‘ગરવું’ શબ્દ એની તમામ અર્થછાયાઓ સાથે બંધબેસતો થાય. ‘વેવિશાળ’ નવલકથા પહેલી વાર વાંચી ત્યારે એમાં આવતું ભાભુનું પાત્ર મને અદ્દલ સોનામા જેવું લાગ્યું હતું. સોનામા જાણે અમારાં દાદીમા. બાપુજીએ એકધારી ચાળીસ વરસ સુધી પુત્રવત્ એમની સેવા કરેલી. સોનામાએ અમને ભાઈબહેનોને બહુ લાડ લડાવ્યાં હતાં.

હેમકુંવરમા, મણિમા, રંભાકાકી, ચંપાકાકી, પ્રભાકાકી, કંસુબાફઈ, હરિફઈ, જેકુરબા, જીજીમા, રેવાભાભુ, હીરુભાભુ, મોંઘીભાભુ, ગંગામા, કુંવરમા, ધનબાઈફઈ વગેરે શેરીનાં બીજાં સ્ત્રીપાત્રો. શેરીનાં પુરુષપાત્રો આખો દિવસ કામધંધે હોય; એમનો ઉપયોગ અમને બિવડાવવા માટે થતો. રૂગનાથબાપા બપોરે જમવા માટે દુકાનેથી ઘરે આવે તો એમને દૂરથી જ જોતાં એમના પૌત્ર પતુ-મનુ જ નહીં, વડીલોની મના છતાં તડકામાં રમતા અમે સૌ આઘાપાછા થઈ જતા. અમને બાળકોને સહવાસ શેરીની બધી માતાઓનો. આ માતાઓએ શેરીનાં સૌ બાળકો

પર અજસ્રધારે વાત્સલ્ય ઢોળ્યું હતું.

ગંગામા બાવા જ્ઞાતિનાં. એમની ડેલીમાં શંકરનું દેવળ અને કૂવો હતાં. કૂવેથી શેરીની સ્ત્રીઓ વાપરવાનું પાણી ભરતી. (પીવાનું પાણી તો નાવલી નદીમાં ગાળેલા વીરડામાંથી જ લવાતું.) દેવળમાં થતી સાંજની આરતીની ઝાલરના ડંકા કાનમાં હજુય પડઘા પાડે છે. આજેય કોઈ વાર સમી સાંજે કોઈ મંદિરમાંથી નગારાનો કે શંખનો ધ્વનિ સંભળાય છે ત્યારે મારા હાથ ગંગામાના દેવળના નગારાની દાંડી પીટવા માંડે છે. વ્યાયામમંદિરે જતો થયો એ પહેલાં રોજ સાંજે આરતીમાં હાજરી પુરાવી હતી. ઝાલર કે નગારું વગાડવા બાલમિત્રો વચ્ચે ખેંચાખેંચી ચાલતી. 'વહેલો તે પહેલો'ના ધોરણે ઝાલર-નગારું વગાડવા મળતાં. નાનાં બાળકો સળંગ તો વગાડી ન શકે, એટલે વારા પાડતા. ગંગામા આરતી કરતાં.

રેવાભાભુના પુત્રો-પૌત્રો મુંબઈ રહેતા. ઉનાળાના વૅકેશનમાં સૌ દેશમાં આવતા. (એ વખતે મુંબઈથી વતનમાં જવું એટલે દેશમાં જવું કહેવાતું.) રેવાભાભુનો એક પૌત્ર નટુ મારી ઉંમરનો અને મારો ખાસ દોસ્ત. રેવાભાભુનો પ્રેમ મને ખૂબ મળ્યો હતો. શેરીના છોકરાઓમાં કદાચ હું જ એકલો કશા કામ વગર પણ રેવાભાભુને ઘેર નિયમિત જતો. કાયમ કાંઈ ને કાંઈ ભાગ આપતાં. વાર-તહેવારે આ બ્રાહ્મણના દીકરાને વાપરવા પૈસા પણ આપતાં. પરંતુ આજે લાગે છે કે વારતહેવાર તો બહાનું હતું—બ્રાહ્મણપણું પણ બહાનું હતું—મૂળ વાત તો એક દાદીમાના વાત્સલ્યની જ હતી.

હીરુભાભુ નિઃસંતાન હતાં, સંયુક્ત કુટુંબમાં રહેતાં હતાં. એમના દિયરનાં સંતાનો હતાં, પણ હીરુભાભુના મારા તરફના વાત્સલ્યની વાત જ કાંઈ જુદી હતી. એ વખતે તો એવું લાગતું જ, પણ આજે આટલાં વરસો પછી પણ એમ જ લાગે છે. સાતેક વરસની ઉંમરે મને ટાઇફોઈડ થયો હતો. બચવાની આશા નહીંવત્ હતી. એ વખતે આંખમાં આંસુ સાથે મારા માથે પોતાં મૂકતી, રાતોની રાત મટકુંય માર્યા વગર મારી પથારી પાસે બેસી રહેતી બે વ્યકિતઓના ચહેરા મારી

આંખ સામે એવા ને એવા તરવરે છે—એક ચહેરો છે બાનો ને એક ચહેરો હીરુભાભુનો.

ચંપાકાકી અને રંભાકાકી દોરાણી-જેઠાણી. ખૂબ સ્નેહભાવથી સાથે રહે. ચંપાકાકીનું અકાળ અવસાન થયું. પછીથી જમનકાકાએ બીજું લગ્ન કર્યું. ચંપાકાકીને સ્થાને આવેલાં પ્રભાકાકીએ ચંપાકાકીની બે દીકરીઓને ક્યારેય ઓછું આવવા દીધું નહોતું. શિક્ષક થયા પછી ર. વ. દેસાઈની વાર્તા 'ખરી મા' શીખવતો, ત્યારે મને ચંપાકાકીની બંને દીકરીઓની ખરી મા બની રહેલાં પ્રભાકાકી અચૂક યાદ આવતાં. પ્રભાકાકી આનંદી પણ ખૂબ, કાયમ હસતાં-હસાવતાં રહે.

ધનબાઈફઈ બારોટ. કેટકેટલી વાર્તાઓ એમની જીભે! કાળો પોશાક પહેરાવી, કાળા ઘોડા પર બેસાડી, દેશવટે મોકલાતા રાજકુમારની વારતા; પોપટના કાંઠલામાં જેનું મોત હતું એવા રાક્ષસની વારતા; નદીમાં તણાઈને આવેલો સોનેરી વાળ જોઈ, એ વાળવાળીને પરણવાની હઠ લઈને બેઠેલા અને પોતાનું ધાર્યું ન થાય ત્યાં સુધી તૂટીફૂટી ખાટલીમાં સૂઈ રહેતા રાજકુમારની વારતા—રાત્રે વાળુપાણી પત્યા પછી સોનામાના ફળિયામાં ધનબાઈફઈ વારતા માંડતાં. એક એક વારતા ઘણા દિવસ ચાલતી.

શેરીનો સ્ત્રીવર્ગ ધનબાઈફઈની વારતાઓનો શ્રોતાવર્ગ હતો. છોકરાઓમાં કદાચ હું એકમાત્ર શ્રોતા હતો. સ્ત્રીઓની હાજરીમાં ફેર પડે, પણ ધનબાઈફઈએ વારતા માંડી હોય અને હું હાજર ન હોઉં એવું બને જ નહીં! ફરમાઈશ કરીને મને ગમતી વારતા—ખાસ કરીને સોનેરી વાળવાળીને પરણવાની હઠ લેતા રાજકુમારની વારતા—ધનબાઈફઈ પાસે કહેવડાવતો.

આંબલી શેરીના મિત્રો પોતપોતાના સંસારમાં ગોઠવાઈ ગયા છે. પ્રતાપ અને મનુ મોટા વેપારી છે. દલપત ગ્રામસેવક છે; કદાચ નિવૃત્ત થઈ ગયો હશે. દામુ ટેલિફોન ઓપરેટર છે, એય કદાચ નિવૃત્ત થઈ ગયો હશે. રેવાભાભુનો પૌત્ર નટુ મુંબઈ છે. બિઝનેસમાં સારી રીતે સેટ થયો છે. દીકરી ઇંગ્લૅન્ડમાં પરણાવી છે. ૧૯૫૮માં અમે છેલ્લા મળેલા. પછી એની ભાળ નહોતી. એક સંપાદિત પુસ્તકમાં મારા લેખ સાથે મારું

સરનામું છપાયેલું નટુએ જોયું ને મને પત્ર લખ્યો. પછી પ્રત્યક્ષ મળ્યા. બે દિવસ સાથે રહ્યા. ‘તને સાંભરે રે... મને કેમ વીસરે રે...’નો દોર ચાલ્યો હતો! દિલીપભાઈ ડોક્ટર છે, હજુ આંબલી શેરીમાં જ રહે છે. એ જ મકાનમાં રહે છે, અલબત્ત એ મકાન નવા રૂપેરંગે સજાવ્યું છે. સાવરકુંડલા જવાનું થાય છે ત્યારે દિલીપભાઈને અચૂક મળવાનું થાય છે. અમારા બાળપણથી અજાણ એવા કોઈ મિત્ર દિલીપભાઈને પૂછે કે, “બોરીસાગરભાઈને તમે ક્યારથી ઓળખો?” ત્યારે લગભગ દરેક વખતે દિલીપભાઈ કહે છે, “અમે ચડ્ડી નહોતા પહેરતા ત્યારથી.”

મારા શૈશવનો સમય ચોસલાં પાડી શકાય એવો થીજી ગયો છે—મારામાં. એમાંના એક ચોસલા પર લખ્યું છેઃ ‘આંબલી શેરી—સાવરકુંડલા’. ઘણી વાર એવું થાય છે કે એક વાર આંબલી શેરીના એક-એક ઘરમાં જઈ મારા શૈશવને સૂંઘી આવું!

[‘સંબંધનાં સરોવર’ પુસ્તક]

# રતુભાઈ અદાણી

## વજુભાઈનાં આંસુ

અરધી સદીના શ્રી વજુભાઈ સાથેનાં સંભારણાંમાં માત્ર એક વખત મેં એમને રડતા જોયા હતા. ૧૯૩૦માં મેઘાણીભાઈને બે વરસની કેદની સજા ન્યાયાધીશે કરી અને ધંધુકાની કોર્ટમાં—

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,

કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ...

એ ગીત મેઘાણીભાઈએ જ્યારે ગાયું, ત્યારે વજુભાઈ ભર અદાલતમાં ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. તે પછી જાહેર અને અંગત જીવનની અનેક તડકી-છાંયડી વચ્ચે પણ વજુભાઈની આંખમાં મેં કદી આંસુ જોયાં નહોતાં.

પરંતુ ૧૯૮૩ના આરંભમાં એમનું અવસાન થયું તે પહેલાં થોડા દિવસે અમદાવાદમાં હું એમને મળવા ગયો, ત્યારે બીજી વખત મેં એમની આંખમાં આંસુ જોયાં. દમના લાંબા વ્યાધિમાં એમનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. મને આવેલો જોઈને એ સૂતા હતા તે બેઠા થવા ગયા. મને લાગ્યું કે હવે તેઓ કદી બેઠા થાય તેમ નથી. ત્યારે એમની આંખમાં મેં આંસુ જોયાં. વજુભાઈ એટલું બોલ્યા કે—

“આ શરીરને મેં ઘણું કષ્ટ આપ્યું છે. પણ મને કોઈ વેદના કે ચિંતા નથી. મંગલ જીવન જીવું છું. ગાંધી-મૂલ્યોનો હ્રાસ કેટલાક વખતથી થઈ રહ્યો છે, નૈતિક ને સામાજિક મૂલ્યો નષ્ટ થઈ રહ્યાં છે. તેની સામે પડકાર ફેંકવાનું કામ આપણામાંથી તેં ઉપાડ્યું છે. ગાંધી-મૂલ્યોના જતન માટે આહ્લેક જગાડવાનું કામ તેં શરૂ કર્યું છે, તેના ઉલ્લાસમાં આજે મારી આંખમાંથી આંસુ સરે છે.”

# રમણ સોની

## અનિવાર્યનો અભાવ

'અભિયાન', 'ચિત્રલેખા' વગેરે સામયિકો-વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા ગાંધીજી વિશેના લેખોનો આ સંચય ['મહાત્મા અને ગાંધી'] લેખકની પ્રભાવક પત્રકારી ભાષાથી, ઉત્તેજક વિચારો ને અભિવ્યક્તિથી અને ઇતિહાસજ્ઞ સંશોધકની હેસિયતથી આપેલી નવીન માહિતીથી રસપ્રદ બન્યો છે. ગાંધીજી માટેનો લેખકનો પરમ આદર સમજપૂર્વક વ્યક્ત થયો છે. 'આજનું દક્ષિણ આફ્રિકા, ગઈકાલના ગાંધીજી: આગળ જઈશું કે પાછા ફરી જઈશું?' નામનું ૧૮ પાનાંનું સૌથી લાંબું પ્રકરણ સૌથી વધુ પ્રભાવક છે.

પણ આ પુસ્તકમાં એકની એક વાતોનાં, વિગતોનાં અનેક, બિનજરૂરી પુનરાવર્તનો છે. લેખોને પુસ્તકાકાર આપતી વખતે લેખકે જરાસરખું એડિટિંગ કર્યું નથી, જે અનિવાર્ય હતું. ગાંધીજી વિશે, ગાંધીજીની કરકસર ને અંતિમ પ્રામાણિકતાની વાત લખનાર લેખકમાં આ પ્રકારની—પાનાં વેડફવાં નહીં ને સમય બગાડવો નહીં વાચકનો, એવી—સૂક્ષ્મ પ્રામાણિકતા માટેની કાળજી ને સંવેદનશીલતા હોવાં જોઈતાં હતાં.

['પ્રત્યક્ષ' માસિક: ૨૦૦૪]

## લોકપ્રિયતા સાથે ઉત્તમતા

રુચિર અને રસપ્રદ વાચનની દૃષ્ટિએ આ પુસ્તક ઘણું નોંધપાત્ર છે. આ પ્રકારનું પુસ્તક લોકપ્રિય પણ રહેવાનું જ. અહીં ઉત્તમતા લોકપ્રિયતા સાથે જોડાઈ છે. પોતાની દીકરીઓ વિશેના પ્રસન્ન-વિશિષ્ટ અનુભવ-ઉદ્‌ગારો આ ૩૭ લખાણોની લાક્ષણિક ભાત ઊભી કરે છે.

ક્યાંક કોઈ લખાણ કે લખાણના અંશો ઓછા રસપ્રદ લાગે, પણ ભાગ્યે જ કોઈ પાનું ઉથલાવીને આગળ વધવાનું મન થાય, કેમ કે પુસ્તકનાં લખાણોનું અંગત એવું વિસ્મયપ્રેરક છે કે દરેક વાચક એમાં પોતાની અંગતતાના તંતુઓ પણ જોડી શકે.

ગ્રંથનું સંપાદન-આયોજન પણ દૃષ્ટિપૂર્ણ છે. પ્રત્યેક લેખને અંતે એના લેખકનો સમુચિત પરિચય અપાયો છે. દરેક લેખની આગળ, પૂરા પાનના કદનો, પિતા-પુત્રી, માતા-પુત્રીનો પ્રસન્ન ફોટોગ્રાફ મૂક્યો છે.

કોઈને આ પ્રકારના લેખોનું સંપાદન લાગણીઓની અતિરંજિત મિષ્ટતાથી ઓચાઈ જવા જેવું લાગે. પરંતુ, કેટલાંક લખાણો કે અંશો એવો અનુભવ કરાવે તોપણ એના સામે છેડે, એવા અનેક લેખો આમાં છે જે પિતાની તેમ જ સર્જકની ઝીણી સંવેદનશીલતાનું હૃદ્ય અભિવ્યકિતરૂપ આપણી સામે મૂકી આપે છે.

દીકરી એટલે દીકરીઃ સં. કાન્તિ પટેલ, રૂ. ૩૦૦

['પ્રત્યક્ષ' ત્રિમાસિકઃ ૨૦૦૫]

## મૂળ વાત

બાળસાહિત્યની આપણે ત્યાં એક સમૃદ્ધ પરંપરા છે. પહેલું નામ તો દલપતરામનું જ યાદ આવે. એ પછી ગિજુભાઈ અને નાનાભાઈએ, મેઘાણીએ, ત્રિભુવન વ્યાસે તથા પછી હરિપ્રસાદ વ્યાસ, રમણલાલ સોની, જીવરામ જોશી વગેરેએ ઘણી પેઢીઓ સુધી બાળકોનાં રસકલ્પના-જાણકારીને પોષ્યાં ને ઉત્તેજ્યાં. 'બાલમિત્ર', 'ચાંદામામા', 'ઝગમગ', 'રમકડું' વગેરે સામયિકોએ વિસ્મયરુચિ-સંવર્ધન કર્યું. 'રામાયણ'-'મહાભારત'નાં પાત્રો (નાનાભાઈ) અને બકોર પટેલ (હરિપ્રસાદ વ્યાસ), મિયાં ફૂસકી (જીવરામ જોશી), ગલબો શિયાળ (રમણલાલ સોની) જેવી વિવિધ-રસિક પાત્રસૃષ્ટિ ઊભી થઈ. અનુવાદોથી ઇસપ, ગુલિવર, એલિસની અજાયબ દુનિયા પણ ખૂલી ને ગ્રીમબંધુઓની અને વિશ્વની

બાળકથા-લોકકથાના ભંડાર ઠલાવાયા. એમાંનું કેટલુંક આજે જૂનું પણ થયું લાગે; એવું કેટલુંક ખરી પડવાનું.

આ બધા લેખકો પાસે બાળકના મન-સરસા રહીને કથા કહેવાનાં, કાનમાં સરી જતાં કાવ્યો આપવાનાં કુનેહ અને શક્તિ હતાં. બાળકોનો, મોટેરાંનો પણ, વાચનરસ છલોછલ હતો. પણ છેલ્લા થોડાક દાયકાનું ચિત્ર જુદું છે. દૃશ્ય માધ્યમો આગળ આવી ગયાં છે. બાળપણથી અભ્યાસમાં અંગ્રેજી માધ્યમ પણ ગુજરાતી વાચનની આડે આવેલું છે. પણ મૂળ વાત તો એ કે, આ સમયમાં બાળસાહિત્યની ટકોરાબંધ નીવડે એવી કૃતિઓ કેટલી મળે છે?

લખાય છે ને પ્રકાશિત થાય છે તો ઘણું, પણ મહદંશે એ પુસ્તકો કશો આનંદ આપનારાં થયાં છે ખરાં? લથડતા લયવાળાં, ઢંગધડા વિનાના કથા-સંકલનવાળાં, કલ્પનાના વિત્ત વિનાનાં, બાળકોને સમજાય નહીં ને (એથી) એ વિમુખ થઈ રહે એવાં અપારદર્શક શબ્દ-ચોસલાંવાળાં પુષ્કળ કાવ્યો-વાર્તાઓનો કમનસીબ સામનો આપણે કરવાનો આવે છે.

સુઘડ ને આકર્ષક મુદ્રણ-નિર્માણ એ પણ બાળસાહિત્યના પ્રકાશન માટેની અગત્યની જરૂરિયાત છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આની સભાનતા વધી છે ખરી. પણ એમાંય ચતુરંગી મુદ્રણ રુચિર ને કલાત્મક ન રહેતાં વૈભવી ચતુરાઈવાળું નર્યું ભપકારૂપ બની રહે છે. (એટલે હવે કેટલાક તો, કોઈ પણ પુસ્તકના આવા ચતુરંગી મુદ્રણથી ઓચાઈ ગયા છે.) નબળી સામગ્રી રંગવૈભવથી આકર્ષક —ને મોંઘી —કરી મૂકવાનું વલણ વધ્યું છે. પ્રકાશનોનું બેહદ વેપારીકરણ થયું છે. બાળસાહિત્યના આકરા પરીક્ષણની જરૂર છે.

['પ્રત્યક્ષ' માસિક: ૨૦૦૬]

# રમણભાઈ નીલકંઠ

## માધવબાગમાં સભા

સભામંડપમાં લોકો ખુરશીઓ અફાળતા હતા, અને પાટલીઓ પછાડતા હતા; તે દુંદુભિનાદ રણમાં ચઢવા તત્પર થયેલા આર્યભટોને પાનો ચઢાવતો હતો. પાછળથી આવ્યા જતા ટોળાના ધક્કાથી આગલી હારમાં ઊભેલા લોકો ખુરશીઓ પર બેઠેલા લોકો પર તૂટી પડી તેમને સ્થાનભ્રષ્ટ કરતા હતા; તે વ્યૂહરચના આર્યસેનાની સંગ્રામ આરંભ કરવાની ઉત્સુકતા દર્શાવતી હતી. ભીડમાં કચરાઈ જવાની બીકથી અને સભાના સર્વ ભાગનું દર્શન કરવાની ઇચ્છાથી થાંભલા પર ચઢી ગયેલા લોકો એક હાથે પાઘડી ઝાલી રહેલા હતા; તે યુદ્ધમાં અદ્‌ભુત શૌર્ય દર્શાવી, પ્રાણવિસર્જન કરનારને વરવા વિમાન ઝાલી ઊભી રહેલી અપ્સરાઓની ઉપમા પામતા હતા.

આ ભીડમાં અને ઘોંઘાટમાં સભાના અગ્રેસરનું દર્શન કરવાની કે ભાષણમાંનો એક શબ્દ પણ સાંભળવાની આશા મૂકી ઓટલા નીચે અમે ઊભા હતા, એવામાં રામશંકર અને શિવશંકર આવી પહોંચ્યા. તે કહે કે, “અહીં કેમ ઊભા છો? ચાલો, રસ્તો કરીશું.” તેમની સાથે અમે ભીડમાં ઘૂસ્યા. કેટલાકને ધક્કા લગાવ્યા, કેટલાકના ધક્કા ખાધા, કેટલાકને અગાડી હડસેલ્યા, કેટલાકને પછાડી હઠાવ્યા, કેટલાકની વચ્ચે પેઠા. હું આ ધમાધમથી કંટાળી પાછા ફરવાનું કરતો હતો, પણ તેમ કરવું એ મુશ્કેલ હતું. ભદ્રંભદ્ર કહે કે, “આપણે ધૈર્ય રાખવું જોઈએ. જો, સભામાં ચારે તરફ આવો મહાભારત પ્રયત્ન લોકો કરી રહ્યા છે, તે સિદ્ધ કરે છે કે આ સંસારનો પંથ સરલ નથી.”

રામશંકર કહે, “વાતો કરવા રહેશો તો કચડાઈ જશો, અગાડી વધો.”

જેમ તેમ કરતા અમે એક પાટલી આગળ આવી પહોંચ્યા. પાટલી

તો ખીચોખીચ ભરાઈ ગયેલી હતી. તેના અઢેલવાના કઠેરા પર પણ લોકો ઊભેલા હતા. તેમાંના કેટલાકને રામશંકરે ઝાલી નીચે પાડ્યા. તેમની જોડે સહેજ યુદ્ધ કરીને અમે પાટલીના કઠેરા પર ચઢીને ઊભા. ઊભા રહીને જોતાં સભામંડપની સર્વ રચના નજરે પડી. સભાપતિની બેઠક આસપાસની થોડીક જગા સિવાય બધે લોકો જગા મેળવવાના પ્રયાસમાં ગૂંથાયેલા હતા. સદાવ્રતમાં ખીચડી વહેંચાતી વખતની ગોસાંઈઓની ધમાચકડી પણ આની આગળ શાંત અને નિયમસર હોય છે. સર્વ સભાજનો અગાડી આવવાના પ્રયત્નમાં મચેલા હતા. ભાષણ સાંભળવા તેમને ઇચ્છા કે આશા હોય તેમ લાગતું નહોતું. સાંજ લગીમાં પણ અગાડી આવી પહોંચાય તો બસ. એ ધીરજથી છેક પાછળનું ટોળું પણ મહેનત જારી રાખી રહ્યું હતું. કેટલાક કહે કે સભાનું કામ શરૂ થઈ ચૂક્યું છે. કેટલાક કહે કે હજી શરૂ થવાનું છે.

જેમને અગાડી આવી પહોંચ્યા પછી પોતાની જગા જાળવવાનો જ પ્રયત્ન કરવાનો હતો, તેઓ ટોળાનું જોર નરમ પડે ત્યારે વિશ્રામ લઈ ચિંતા દૂર કરવા વિવિધ વાતો કરતા હતા. કોઈ કહે કે, “આજની સભામાં એવો ઠરાવ કરવાનો છે કે બ્રાહ્મણને રૂપિયાથી ઓછી દક્ષણા આપવી નહિ.” કોઈ કહે કે, “બધી રાંડીરાંડોને પરણાવી દેવી એવો સરકારે કાયદો કર્યો છે, તે માટે અરજી કરવાની છે કે સહુ સહુની નાતમાં જ પરણે.” કોઈ કહે કે, “એવી અરજી કરવાની છે કે ગાયનો વધ કરે તેને મનુષ્યવધ કરનાર જેટલી સજા કરવી, કેમકે અમારા ધર્મ પ્રમાણે ગૌમાતા મનુષ્યથી પણ પવિત્ર છે.” કોઈ કહે કે, “નાતના મહાજન થવાના કોના હક્ક છે તેની તપાસ કરવા એક કમિશન નીમવાનું છે.”

આઘે ખુરશી ઉપર બેઠેલા બે જણાને રામશંકરે સલામ કરી તેથી ભદ્રંભદ્રે પૂછ્યું, “એ કોણ છે?”

રામશંકર કહે, “પેલા ઠીંગણા ને જાડા સરખા છે ને ચારે તરફ જુએ છે તે આ ઘોરખોદીઆના ભાઈબંધ કુશલવપુશંકર અને તેમની જોડે બેઠા છે તે તેમના કાકા પ્રસન્નમનશંકર.”

પાસે ઊભેલો એક આદમી બોલી ઊઠ્યો, “એ કુશલવપુનું જ નામ

લોકોએ ઘોરખોદીઓ પાડેલું છે. એ નામ પડી ગયાં છે તે ભુલાવવા એ લોકોએ આ બે બ્રાહ્મણોને પૈસા આપી એ નામે પોતાને ઓળખાવવાને રાખ્યા છે. પૈસાની રચના કરનાર લોકો એવામાંયે પૈસાથી પોતાનું કામ સાધવા મથે છે.”

આ ખુલાસો શિવશંકરને બહુ ગમ્યો હોય એમ જણાયું નહિ. કેમકે તેણે આડા ફરીને કહ્યું, “સમાલીને બોલજે.”

પેલાએ કહ્યું કે, “જા, જા; સાળા હજામગોર, તું શું કરવાનો છે?”

શિવશંકરે ઉત્તરમાં મુક્કી બતાવી. પેલાએ પ્રત્યુત્તરમાં મુક્કી લગાવી. આમ સભ્યતા આપ-લે કરતાં બન્ને નીચે ખસી પડ્યા. કેટલાક બન્ને પક્ષની મદદમાં શામિલ થઈ ગયા. કેટલાક તેમની ખાલી પડેલી જગ્યાએ ચઢી ગયા.

હો-હો ચાલતી હતી તેવામાં સભાના મધ્ય ભાગમાં તાળીઓ પડવા લાગી. અમે પણ તાળીઓ પાડતા ઊંચા થઈ એ તરફ જોવા લાગ્યા. કોઈ ચકરી પાઘડીવાળો લાંબા હાથ કરી મરાઠીમાં બોલતો હતો. તે શું કહે છે તે પૂરું સંભળાયું નહિ. સંભળાયું તેટલું સમજાયું નહિ. તે બેસી ગયા પછી એક ગુજરાતી બોલવા ઊઠ્યો. બધે સંભળાય માટે તે ખુરશી પર ઊભો થઈ ગયો. તેણે પાઘડી જરા વધારે વાંકી મૂકેલી હતી. મૂછના આંકડા ચઢાવેલા હતા. કલપ લગાવવો રહી ગયો હશે ત્યાં કોઈ મૂછના વાળ સહેજ ધોળા જણાતા હતા. પાનથી હોઠ લાલ થયેલા હતા. બાંહ્યો ચઢાવી તેણે બોલવા માંડ્યું :

“ગૃહસ્થો! આજની સભા શા માટે મળી છે તે આપણી ભાષામાં કહેવાનું માન મને મળ્યું છે. એ માનથી હું ઘણો મગરૂર થાઉં છું. એ માન કંઈ જેવુંતેવું નથી. આજકાલ યુરોપની ભાષામાં બોલવું એ મોટું માન ગણાય છે. પણ હું સમજું છું કે હું કેવો ગધેડો (હર્ષના પોકાર) કે મેં યુરોપનું નામ પણ સાંભળ્યું. હું સમજું છું કે હું કેવો અભાગીઓ કે મેં યુરોપની ચોપડીઓનો અભ્યાસ કર્યો. (તાળીઓ.) હું સમજું છું કે હું કેવો મૂરખો કે મેં યુરોપની રીતભાતો જાણી. (હસાહસ.) માટે

પ્રમુખસાહેબ, હું આપનો ઉપકાર માનું છું કે, આપણી ભાષામાં ભાષણ કરવાનું માનવંતું કામ મને સોંપ્યું છે. તે માટે ગૃહસ્થો, હું તમને મગરૂરીથી કહું છું કે મારા જેવા સાદા આદમીને આવું માન વગર માગ્યે મળ્યું નહિ હોત તો હું તે લેત નહિ. હવે આજની સભામાં શું કરવાનું છે તે મારે તમને કહેવું જોઈએ. તમે સહુ જાણો છો કે સુધારાવાળાઓ લોકોની ગાળો ખાય છે તોપણ સુધારો કરવા મથે છે. મારા જેવા આબરૂદાર માણસો સુધારાવાળાના સામા પક્ષમાં દાખલ થઈ બહુમાન પામે છે, તે પરથી સાફ જણાશે કે સુધારાવાળા થવું ફાયદાકારક નથી. સુધારાવાળાના આગેવાન મલબારી છે, તેને લોકો શું કહે છે તે પરથી સાફ જણાશે કે એ કામમાં લોકપ્રિય થવાનું નથી. તોપણ તે સરકારને અરજી કરવા માગે છે કે બાળલગ્ન અટકાવવાનો કાયદો કરવો. આપણા ધર્મશાસ્ત્રમાં બાળલગ્ન કરવાનું લખેલું છે. એટલે તે માટે હું વધારે બોલવાની જરૂર ધારતો નથી. શું આપણે ધર્મ વિરુદ્ધ જવું? શું આપણો ધર્મ ચૂકવો? કદી નહિ, કદી નહિ. (તાળીઓ.) વળી, સરકારને વચ્ચે નાખવાની શી જરૂર છે? બાળલગ્નનો રિવાજ શો ખોટો છે કે સુધારો કરવાની જરૂર પડે? અને જરૂર પડે તો શું આપણે નહિ કરી શકીએ? આપણે આટલી બધી કેળવણી પામ્યા ને સરકારની મદદ લેવી પડે? આપણા બધા રિવાજ બહુ લાભકારક છે. તે બતાવી આપે છે કે આપણા જેવા વિદ્વાન, આપણા જેવા ડાહ્યા, આપણા જેવા હોશિયાર બીજા કોઈ નથી. તો પછી આપણા જેવા લોકોના રિવાજ ખોટા કેમ હોય? તેમાં સુધારો કરવાની શી જરૂર હોય? પ્રમુખસાહેબ છે, હું છું, એવા મોટા માણસો આપણા લોકોના આગેવાન છે, તો પછી સરકારને વચમાં નાખવાની શી જરૂર છે? જુઓ, આપણે ખાઈ રહીને કોગળા કરી મોં સાફ કરીએ છીએ: અંગ્રેજ લોક તેમ નથી કરતા. તે સાબિત કરે છે કે આપણા બધા રિવાજ અંગ્રેજ લોકના રિવાજ કરતાં ઘણા જ સારા છે. માટે સરકારને અરજી કરવી જોઈએ કે આ બાબતમાં કાયદો ન કરે. બીજા બોલનારા છે, માટે હું વધારે વખત રોકતો નથી.” (પાંચ મિનિટ લગી તાળીઓ ચાલી રહી.)

ટેકો આપવાને એક બીજા ગૃહસ્થ ઊઠ્યા. તેમણે કહ્યું, “સરકારને અરજી શા માટે કરવી જોઈએ, એ બહુ છટાથી કહેવામાં આવ્યું છે, અને ઘણી હુશિયારીથી સાબિત કરવામાં આવ્યું છે, માટે મારે વધારે કહેવાની જરૂર નથી. કેટલાક અંગ્રેજો પણ આપણા રિવાજ વખાણે છે, તેથી સાબિત થાય છે કે આપણા રિવાજ ઘણા જ સારા છે. દુનિયામાં એવા કોઈના નથી. તો પછી સુધારો શું કામ કરવો જોઈએ? સરકારને શું કામ વચમાં નાખવી જોઈએ? આપણા રિવાજની સરકારને શી ખબર પડે? પરદેશી લોકોને આપણા રિવાજમાં હાથ ઘાલવા દઈ શકાય નહિ. તેમના હેતુ ગમે તેટલા સારા હોય તોપણ આપણી રૂઢિઓ કેવી સારી છે તે તેઓ ન સમજે. માટે હું આ દરખાસ્તને ટેકો આપું છું.”

એમના બેસી ગયા પછી કુશલવપુશંકર બોલવા ઊભા થયા. તેમને ઊભા થયેલા જોઈને લોકોએ તાળીઓ પાડવા માંડી. ‘ઘોરખોદીઓ’, ‘બાઘો’, ‘શાસ્ત્રી મહારાજ’ એવાં વિવિધ નામે લોકો તેમને બોલાવવા લાગ્યા. પ્રમુખે તાળીઓ પાડી લોકોને શાંત થવા કહ્યું. ટેબલ પર લાકડી ઠોકી, ઊભા થઈ મૂગા થવા હાથે નિશાની કરી. કેટલીક વારે આગલી હારવાળા શાંત થયા ત્યારે પાછલી હાર લગી તાળીઓ જઈ પહોંચી હતી. ત્યાંના લોકો શું ચાલે છે, તે જાણ્યા વિના તાળીઓ પાડવા લાગ્યા. કંઈક શમ્યા પછી પ્રમુખે કુશલવપુશંકરને ભાષણ શરૂ કરવાનું કહ્યું. લોકોના આવકારથી તે બેબાકળા થઈ ગયા હતા. પણ કંઈ જાણતા જ ન હોય, એમ સ્વસ્થ રહેવા પ્રયત્ન કરતા હતા. ચારે તરફ નજર ફેરવી, મારો ગભરાટ કોઈ જોતું નથી, એમ મનથી માની લઈ તેમણે બોલવું શરૂ કર્યું :

“શ્રીવેત્રાસનાધિકારિન્ તથા શ્રીસભામિલિત શ્રોતૃજના: આપણો વેદધર્મ શ્રેષ્ઠ છે, કારણ કે વેદ ઈશ્વરપ્રણીત છે. પૂછશો કે શા પ્રમાણથી ઈશ્વરપ્રણીત છે? તો શું બાલક છો? બાલકો જ એવાં પ્રમાણ માગે છે. વેદાધ્યયનને અભાવે બ્રહ્મે પોતાનો પરિમાણ વેદમય કર્યો તેથી. કારણ કે વેદ અનાદિ છે. શબ્દ નિત્ય છે. ઈશ્વરપ્રણીત પ્રમાણજન્યનિત્યત્વઇતરદેશશાસ્ત્રકારાસિદ્ધત્વથી. માટે સુધારો અનિષ્ટ

છે. વેદવિરુદ્ધ તેથી. વેદવિરુદ્ધત્વ હોય ત્યાં ત્યાં અનિષ્ટત્વ વ્યાપક છે, તે માટે. જેમ ચાર્વાકાદિમાં. ઇતિ સિદ્ધમ્.”

આમ અજય્ય શાસ્ત્રીય પ્રમાણથી આર્યપક્ષ સિદ્ધ કરી સર્વજનોને ન્યાયબલથી વિસ્મય પમાડી અને વિરોધીઓને સર્વકાલ માટે નિરુત્તર કરી નાખી કુશલવપુશંકર બેસી ગયા. આ પરાક્રમથી એમના કાકાના ગંભીર મુખ પર પણ મગરૂરી તથા હર્ષ પ્રસરી રહ્યાં. સભામાં હર્ષનાદ ગાજી રહ્યો. સુધારા વાળાનાં મોં ફિક્કાં પડી ગયાં. સર્વાનુમતે દરખાસ્ત મંજૂર થઈ. પછી સરકારમાં મોકલવાની અરજી વાંચવામાં આવી. તે અરજીને ટેકો આપવા શંભુ પુરાણીના ભાણેજ વલ્લભરામ ઊઠ્યા, અને બોલ્યા :

“આજકાલ સુધારાના નામે પાષંડવાદ ચાલે છે. આપણા આર્યશાસ્ત્રમાં શું નથી કે પાશ્ચાત્ય સુધારો આણવાની અગત્ય હોય! આપણાં શાસ્ત્રો જોયા વિના જ સુધારાવાળા એવા ખાલી બકબકાટ કરે છે. તેઓ પૂછે છે કે આગગાડી, તાર, સાંચાકામ, એવું ક્યાં આપણા શાસ્ત્રકારોને ખબર હતું? આ કેવું મોટું અજ્ઞાન છે! યુરોપી ભાષાંતરકારો અને યુરોપીય કોષલેખકોના અર્થ પ્રમાણે તો શાસ્ત્રમાંથી એવી વાતો નહિ જડે. પણ તેમને શાસ્ત્રના રહસ્યની શી ખબર હોય? એવું શું છે કે જે યોગ્ય અર્થ કરતાં શાસ્ત્રમાંથી ન જડે? આપણા શાસ્ત્રકારોને ત્રિકાળનું જ્ઞાન હતું, માટે તેમના જાણવામાં કંઈ ન આવ્યું હોય, એમ હોય જ નહિ. શાસ્ત્રના ખરા અર્થ ન સમજતાં સુધારાવાળા તેને વહેમ વહેમ કહે છે. જુઓ, બ્રાહ્મણથી જનોઈ વિના બોલાય નહિ, એને એ લોકો વહેમ કહે છે. પણ શાસ્ત્ર કહે છે, ગાયત્રીમંત્રના ધ્વનિથી જનોઈના તાંતણા ફૂલે છે; ને તેમાં વિવિધ જાળાં બંધાય છે. તેથી તેમાં પ્રાણવાયુ રહી શકે છે. એ પ્રાણવાયુ શરીરની સ્વેદાદિ અશુદ્ધિને સૂકવી નાખી આવરણ બની આકાશમાં ભમતા ભૂતદેહોના શરીરને સ્પર્શ થવા દેતો નથી. જનોઈ વિના શબ્દોચ્ચાર થાય તો તે ધ્વનિ પ્રાણવાયુનું આવરણ ખસેડી નાખે, ભૂતોને સ્પર્શ કરવાનો લાગ આપે અને તેઓ મનુષ્યનું ચિત્ત ભ્રમિત કરી નાખે. તો શું આ શાસ્ત્રાજ્ઞા વહેમ છે? મોન્ટ ગુફ્ફર, સિકા વગેરે યુરોપના જગતપ્રસિદ્ધ વિદ્વાનોએ આ વાત

કબૂલ કરેલી છે. મેં હજારો વાર પ્રયોગ કરી એ અજમાયશથી સિદ્ધ કરેલું છે. સુધારાવાળા આપણા આર્યશાસ્ત્રોનાં આ રહસ્ય જાણતા નથી અને પાશ્ચાત્ય યાંત્રિક યુક્તિઓના મોહમાં ગૂંથાયા જાય છે. પાશ્ચાત્ય પદાર્થવિજ્ઞાન, યંત્રો, વીજળીનો પ્રયોગ, એ સર્વ માયાની વિવૃદ્ધિ કરે છે, ભ્રાંતિને પુષ્ટિ આપે છે, બ્રહ્મજ્ઞાનથી વિમુખ કરે છે. આપણા શાસ્ત્રકારોએ આવું પદાર્થવિજ્ઞાન મેળવવા યોગ્ય ધાર્યું નહિ, એ જ સિદ્ધ કરે છે કે તેમણે માયાની અવગણના કરી છે, ચૈતન્યને જ શ્રેષ્ઠ ગણ્યું છે. પાશ્ચાત્ય માયાવાદના મોહથી સુધારો થયો છે. પાશ્ચાત્ય અંશોથી આપણો આર્યદેશ આજ લગી અસ્પૃષ્ટ રહ્યો છે, તો હવે શું કામ તેથી આપણા દેશને દૂષિત કરવો? પાશ્ચાત્ય સુધારાના અંશો શું કામ આપણા દેશમાં દાખલ કરવા? હું રાજકીય સુધારા વિશે આ નથી કહેતો. પાશ્ચાત્ય રિવાજો આપણાં શાસ્ત્રોને આધારે નથી. તે ઘણા જ અનિષ્ટ છે. આપણા દેશને એ રિવાજો અધમ કરશે. આપણા દેશમાંનું તો સર્વ શ્રેષ્ઠ જ. જે તેથી જુદું તે તો તેથી ઊતરતું જ, અધમ જ, એ દેખીતું છે. માટે સિદ્ધ થાય છે કે આપણે સુધારા કરવા ન જોઈએ. પાશ્ચાત્ય રાજકર્તાને આપણા ગૃહસંસારમાં પાડી તેમના અંશ દાખલ કરવા દેવા ન જોઈએ. માટે આ અરજી મોકલવાની આવશ્યકતા સિદ્ધ થાય છે.”

આ ભાષણકર્તાના બેસી ગયા પછી, એક શાસ્ત્રી મહારાજે ઊભા થઈ કહ્યું :

“આ સભાની વ્યવસ્થા ઘણી જ અનિયમિત રીતે ચાલે છે. પ્રથમ વ્યાકરણના પ્રશ્નોનો વિવાદ થવો જોઈએ. હું એક પ્રયોગ આપું તે જેનામાં પાણી હોય તે સિદ્ધ કરે.”

એક બીજા શાસ્ત્રીએ ઊભા થઈ કહ્યું, “એવો ગર્વ ન કરવો જોઈએ. આ સભામાં ઘણા વિદ્વાન શાસ્ત્રી છે.”

પ્રથમ બોલનાર શાસ્ત્રીએ ઉત્તર દીધો, “એવા મૂર્ખોને શાસ્ત્રીની પદવી ઘટતી નથી.”

પ્રમુખે બન્ને શાસ્ત્રીઓને બેસાડી દીધા. તરત બીજા પાંચ-છ વક્તાઓ ઊભા થઈ સાથે બોલવા લાગ્યા, દરેકના પક્ષકાર સામાને બેસાડી દેવા તાળીઓ પાડવા લાગ્યા. ‘બેસી જાઓ’, ‘ચલાઓ’, ‘એક પછી એક’, એવી બૂમો પડી રહી. સભામાં ઘોંઘાટ થઈ રહ્યો. કંઈક શમ્યા પછી એક જણને બોલવા દીધો. તેણે હાથ લાંબા કરી કહ્યું:

“ગૃહસ્થો! આવા સારા અને વખાણવા લાયક કામને મદદનીશ થવા એકઠા થયેલા તમો સહુની સામે મને ઊભેલો જોઈ હું પોતાને નસીબવાન ગણી અભિનંદન આપ્યા વિના મદદ કરી શકતો નથી. હું ન્યુસપેપરનો અધિપતિ છું. તે હોદ્દાના રાખનાર તરીકે મેં ઘણી વાર સુધારાની હિલચાલ પર ટીકા કરેલી છે. તેમાં મેં બતાવી આપ્યું છે કે, જોકે સુધારાવાળાઓએ એકે પથ્થર ફેરવવો બાકી રાખ્યો નથી, તોપણ હજુ લગી તેઓની ટીક્કી લાગી નથી. તે જ બતાવી આપે છે કે સુધારાની અગત્યતા સાબિત થયેલી બિના નથી. એ પણ એક સવાલ છે કે સુધારો ચહાવા લાયક છે? આપણામાં લડવાનું ઐક્યત્વપણું હોય, આપણામાં સારાં સારાં બધાં કામની સામે થવાનો જુસ્સો હોય, આપણામાં અજ્ઞાન છતાં મોટા લોકો તરફ તોછડાઈ હોય, આપણામાં લોકપ્રિયતા એકઠી કરવાની ખપતી હિકમત હોય, તો પછી ગાંભીર્ય વિચારની શી ખોટ છે? વિદ્વાનતાની શી જરૂર છે? સુધારાની શી માગવા લાયકતા છે? કંઈ જ નહિ, અરે! હું પગ ઠોકીને કહું છું કે કંઈ જ નહિ. વળી આપણો અનુક્રમ લીટીઓ પર કરવો, તે બાબતમાં પારસીઓને અને ઇંગ્રેજોને શું કામ નાક મૂકવા દેવા..?’

એવામાં એક ચકરી પાઘડીવાળો ઊભો થઈ બોલ્યો, “પણ લોકો અઘરણીની નાતો નથી કરતા તેનું કેમ?”

પ્રમુખે તેને બેસાડી દઈ, ભાષણકર્તાને અગાડી ચલાવવા કહ્યું. તે બોલ્યા:

“આ સ્વદેશાભિમાની બંધુએ ઇશારો કર્યો છે, તેવા આપણા દેશના મહાન કલ્યાણના મહાભારત અગત્યના ધર્મ સંબંધી સવાલોમાં પરદેશજન-નિવાસીઓ શી રીતે આરપાર જઈ શકે! આપણાં કામ

સમજવાને આપણે અશક્ય થતા જણાઈએ અને પરકીય મુલકના દેશીઓ પોતાનું કહેણ ચલાવવામાં, પોતાના રિવાજોને મજબૂત પગલું ભરાવવામાં ફતેહ પામે, એ કેવો દાર્શનિક નાટક છે? આજકાલના સુધારાવાળાઓએ આર્ય લોકોને અણગમતી વાતો કહેવાનું હાથમાં લીધું છે. તેઓ કહે છે કે પાશ્ચાત્ય રિવાજો દાખલ કરવાલાયક ન હોય, તે શાસ્ત્રમાં ક્યાં પાર્લામેન્ટની હા કહી છે? આ મોટી ભૂલમાં પડવા બરાબર છે. લોકોના રિવાજોને અને રાજ ચલાવવાની પદ્ધતિને કશો સંબંધ ગણવો એ મહા ભૂલ પર ચાલી જવાથી બને છે. દેશની વૃદ્ધિ અગાડી ચલાવવામાં વિચાર ફેરવવાની કશી જરૂર નથી. મારો જ દાખલો ધ્યાનમાં લેવાને ઘટતો છે. બે વરસ પર હું કંપોઝિટર હતો. તે પહેલાં છ મહિના પર હું અંગ્રેજી ત્રીજી ચોપડીમાં મોનિટર હતો. તે છતાં આજે હું એક એડિટર થઈ પડ્યો છું. ગ્રેજ્યુએટો મારી ખુશામત કરવા આવે છે. પૈસાદાર લોકો મને મદદમાં લે છે. મારે જ્ઞાન મેળવેલા હોવાની જરૂર પડી નથી. મારે નહિ સમજાય એવા વિષયોનો અભ્યાસ કરવાની ફરજ આવી પડી નથી. તે છતાં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિ, સાહિત્ય, સંસારસ્થિતિ વગેરે બાબતો પર હું બેધડક ચર્ચા કર્યે જાઉં છું. ગમે તે બાબતની માહિતી મેળવ્યા વિના તે વિશે મત જાહેરમાં મૂકતાં મને આંચકો ખાવો પડતો નથી. પણ જુસ્સાની જરૂર છે. ઊંચુંનીચું જોવાની જરૂર નથી. સારું-ખોટું જોવાની જરૂર નથી, પણ તે પર હુમલો કરવાની જરૂર છે. એડિટરના હુન્નરથી અજાણ્યા લોકો આને ઉદ્ધતાઈ કહે છે. હું એને હિંમત કહું છું. એવી જુસ્સાવાળી હિંમત હોય, તો પછી રાજકીય હક્કો મેળવવામાં વિચારની વૃદ્ધિ રમતમાં લાવવાની શી જરૂર છે? તો પછી સુધારાના અમલને કામનું ખેતર જ નથી. તે લાવવો જોઈતો છે નહિ.”

દરેક ભાષણકર્તા ભાષણ પૂરું કરી રહે એટલે ભદ્રંભદ્ર બોલવાનો આરંભ કરવા જતા હતા, પણ બીજો કોઈ ઊઠી બોલવા માંડે એટલે રહી જતા. એક પછી એક ભાષણો થયાં જતાં હતાં. વચમાં કોઈ વખત મત લેવાતા હતા, પણ તે વખતે એટલો ઘોંઘાટ થતો કે ઘણી

વાર શા માટે મત લેવાય છે તે સંભળાતું નહિ. ભદ્રંભદ્રે નિશ્ચય કર્યો કે, ગમે તેમ કરી ભાષણ કરવું તો ખરું. એક વાર મત લેવાઈ રહ્યા પછી 'હર હર મહાદેવ' કરી ખૂબ જોરથી બૂમો પાડી, બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચી બોલવા માંડ્યું :

"શ્રી પ્રમુખદેવ અને શ્રીયુત આર્યજનો! આ મંગલ સમયે શ્રીગણપતિ ગજાનનને નમસ્કાર કરો. શ્રીશંકરના પાદયુગ્મનું સ્મરણ કરો. શ્રીવિષ્ણુની કૃપાની યાચના કરો. શ્રીસરસ્વતીનું આવાહન કરો. શ્રીઅંબિકાને ભજો. શ્રીલક્ષ્મીને પ્રસન્ન કરો. શ્રીસૂર્યદેવનું સાન્નિધ્ય લક્ષમાં લ્યો. શ્રીવાસુદેવનો પ્રભાવ ઇચ્છો. શ્રીઅગ્નિદેવની સહાયતા માગો. શ્રીવરુણદેવને સંદેશો મોકલો. શ્રીરામકૃષ્ણાદિ અવતારોને, શ્રીવેદમૂર્તિને, શ્રીઇન્દ્રદેવોને, શ્રીગંધર્વોને, શ્રીકિન્નરોને, શ્રીગ્રહોને, શ્રીનક્ષત્રોને, શ્રીતારકોને, શ્રીપૃથ્વીમાતાને, શ્રી આર્યભૂમિને, શ્રીસનાતનધર્મને, શ્રીકાશીને, શ્રીપ્રયાગને, શ્રીમથુરાને, શ્રીજગન્નાથને, શ્રીદ્વારિકાને, શ્રીરામેશ્વરને, શ્રીતીર્થસમૂહને, શ્રીગંગાને, શ્રીસમુદ્રને પ્રીતિથી પૂજો. જય! જય! જય! જય! જય! અહા! ધન્ય તમને, ધન્ય મને! ધન્ય આકાશને! ધન્ય પાતાલને! કીર્તિમંત થઈ છે આજ આર્યસેના, રણમાં રગદોળ્યો છે શત્રુના ધ્વજદંડને. સંહાર કર્યો છે સકલ અરિકટકનો. સનાતન ધર્મ સિદ્ધ થયો છે, આર્યધર્મ આગળ થયો છે. વેદધર્મ પૃથ્વીમાં પ્રસર્યો છે. આપણી રૂઢિઓ વિશ્વમાં સર્વથી ઉત્તમ ઠરી છે. ઉત્તમતાનું આપણું અભિમાન આપણે ક્યાં સમાવવું, એ કઠિન પ્રશ્ન થઈ પડ્યો છે. બ્રહ્માંડ તે માટે પર્યાપ્ત નથી. આત્મા તે માટે સાધન નથી. કાલ તે માટે દીર્ઘ નથી. અહો! જે દેશમાં આજની સમસ્ત મંડળી જેવા દેવાંશી પુરુષો છે ત્યાં 'સુધારો' એ શબ્દને અવકાશ શો છે? ન્યૂન શું છે કે અંશ માત્ર પણ સુધારવો પડે? જ્ઞાનની અવધિ આ દેશમાં આવી રહી, તો પછી વધારે જ્ઞાનપ્રાપ્તિ કરવાનું સંભવે શી રીતે! મનુષ્યજાતિમાં ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળમાં જેટલા જ્ઞાનની શક્તિ છે, તેટલું જ્ઞાન વેદકાળથી આપણા ત્રિકાળજ્ઞાની પૂર્વજો પામી ચૂક્યા છે. બીજા દેશમાં કાળક્રમે જ્ઞાન વધતું જાય છે; પણ આપણા આર્યદેશમાં તેમ નથી, કેમકે યોગ

દ્વારા આપણને કંઈ અજ્ઞાત છે જ નહિ. તો પછી પાશ્ચાત્ય રિવાજો આપણને શા કામના છે? એ સત્ય છે, રાજકીય રિવાજો સ્વીકારવામાં આ વાત ભૂલી જવાની છે, પણ તે વિના આપણને નવીન વિચાર જોઈતા નથી. સુધારાવાળા બાળલગ્ન અટકાવવા માગે છે. પણ, મોટી વયનાં લગ્ન પાશ્ચાત્ય પ્રમાણોને આધારે હોય તો તે અનિષ્ટ છે. દુષ્ટ આપણે વર્જ્ય છે. પાશ્ચાત્ય પ્રમાણોને આધારે ન હોય, તો તે આપણાં શાસ્ત્રોમાં છે જ તે માટે તે ઇષ્ટ છે. અને આપણાં શાસ્ત્રોની ઉત્તમતા સિદ્ધ કરે છે. એકે રીતે શાસ્ત્ર બહાર જવાની જરૂર નથી. માટે સુધારો અનિષ્ટ થાય છે, એ સિદ્ધ થાય છે. 'સુધારો' એ શબ્દથી હું ત્રાસ પામું છું. આખો દેશ ત્રાસ પામે છે. આખી પૃથ્વી ત્રાસ પામે છે. મનુષ્ય ત્રાસ પામે છે, દેવ ત્રાસ પામે છે, દાનવ ત્રાસ પામે છે, પશુઓ ત્રાસ પામે છે, પક્ષીઓ ત્રાસ પામે છે, વનસ્પતિઓ ત્રાસ પામે છે. એ ત્રાસનો સંહાર કરવા આજ આર્યસેના સજ્જ થઈ છે. ભટોએ અદ્‌ભુત પરાક્રમ દર્શાવ્યાં છે. પ્રત્યેક વીર પોતાના કૌશલથી પ્રસન્ન થયો છે. પ્રત્યેક પોતાની પ્રશંસાના ઉપાય શોધે છે. તે પ્રશંસાને તે પ્રત્યેક પાત્ર છે. આપણા આર્યલોકોની સ્તુતિથી કોને લાભ ન થાય? કોને લોકપ્રિયતા ન મળે? લોકો અજ્ઞાન છે તેથી સ્તુતિ કરી તેમને પ્રસન્ન કરવા જોઈએ, તેમાં જ આપણું હિત છે. લોકો સત્ય ધર્મ સમજતા નથી. તેઓ જે ધર્મ હાલ પાળે છે તેની પ્રશંસા કરવી જોઈએ કે સત્ય ધર્મ પર તેમની પ્રીતિ થાય, સત્ય ધર્મ તે આપણો વેદધર્મ. આ સભામાં બિરાજમાન થયેલો અને નહિ થયેલો પ્રત્યેક આર્ય એક અખંડિત ધર્મ, ભેદરહિત એક જ વેદધર્મ, અક્ષરશઃ ચાર વેદમાંનો ધર્મ પાળે છે તે જ સિદ્ધ કરે છે કે, આપણો ધર્મ સનાતન છે, સત્ય છે. એ સનાતન ધર્મમાંથી જ આપણી સર્વ અનુપમ રૂઢિઓ ઉદ્‌ભવી છે. અહા! કેવી ઉદાર છે એ રૂઢિઓ! એ જ રૂઢિઓએ બ્રાહ્મણને શ્રેષ્ઠ કરી, બીજા સર્વને અધમ, અજ્ઞાન, અધિકારરહિત, પરવશ, અનક્ષર કરી નાખ્યા છે. બ્રાહ્મણને રૂઢિનો લાભ વિદિત છે, એટલું જ નહિ પણ રૂઢિને બ્રાહ્મણનો લાભ વિદિત છે. એ જ રૂઢિઓએ માત્ર ક્ષત્રિયને યુદ્ધમાં

જનાર કરી પૂર્વકાળના યવનોના ઉત્પાત સામે વિગ્રહ કરી દેશરક્ષણ કરવા જતાં અન્ય જાતિઓને અટકાવી, તે સર્વના પ્રાણનું રક્ષણ કર્યું. રૂઢિને ક્ષત્રિયનું હિત વિદિત હતું અને રૂઢિએ પક્ષપાતી થતાં યવનોનું અહિત થવા ન દીધું, એ જ રૂઢિએ વૈશ્યને વ્યાપારત્રસ્ત કરી પછી તેને પરદેશમાં વ્યાપારને મિષે દ્રવ્ય નાખી દેવા જતાં અટકાવી, તેના વ્યાપારને ઉત્તેજિત કર્યો. રૂઢિએ વૈશ્યનું હિત સાચવ્યું, સમુદ્રગમન નિષિદ્ધ કર્યું, અને દેશને પણ અનંતકાલ સુધીનો લાભ કર્યો. એ જ રૂઢિઓએ શૂદ્રને અમુક ધંધા વંશપરંપરા સોંપી લાભાલાભ પ્રમાણે સમયે સમયે ધંધા બદલવાના મોહમાંથી મુક્ત કર્યા-શૂદ્રોને ધનસંચયમાં નિ:સ્પૃહી કર્યા, અને અર્થશાસ્ત્રનો નિયમ સ્થાપિત કર્યો. રૂઢિના ગુણ ગાવા વાણી સમર્થ નથી, જગતની ભાષાઓમાં તે માટે જોઈતા શબ્દ નથી, મનુષ્યની બુદ્ધિમાં તે સમજવાની શક્તિ નથી, ત્યારે આપણી આર્યરીતિ કેવી ઉત્તમ! ભીતિ કેવી ઉત્તમ! પ્રીતિ કેવી ઉત્તમ! નીતિ કેવી ઉત્તમ! જેમણે આ રીતિ, આ ભીતિ, આ પ્રીતિ, આ નીતિની રૂઢિઓ સ્થાપી તેમણે કેવો દીર્ઘ વિચાર કરી તે સ્થાપી હશે!...”

એવામાં એક સ્થળે શ્રોતાજનોમાં મારામારી થવાથી, બધા લોકો તે જોવા ઊઠ્યા. અમારી પાટલી પરના માણસો નીચે ઊતરી અગાડી વધ્યા, કઠેરા પર ઊભેલાના એક તરફના ભારથી પાટલી એકાએક ઊલળી પડી. ઊભેલા બધા ગબડી પડ્યા. ભદ્રંભદ્રની પાઘડી સૂર્યદેવનું દર્શન કરવા આકાશ ભણી ઊડી પછી પૃથ્વીમાતા તરફ નીચે વળી. ભદ્રંભદ્ર પણ તે જ દિશામાં પ્રથમ પગ ઊંચા કરી, અધ્ધર ચક્કર ફરી જમીન ભણી વળી નીચે આવ્યા. તેમની ઉપર બીજા પડ્યા. ઊભેલા પડી જવા લાગ્યા. પડી ગયેલા ઊભા થવા લાગ્યા. મારી પણ એ જ વલે થઈ. કચરાયેલા બૂમો પાડવા લાગ્યા. નહિ કચરાયેલા તાળીઓ પાડવા લાગ્યા. પાસેના હસવા લાગ્યા, આઘેના ધસવા લાગ્યા. ભીડ વધી ને નીચે પડેલાને ઊભા થવું વધારે મુશ્કેલ થવા લાગ્યું. ભદ્રંભદ્રની ગતિ પરવશ થઈ. જીવનાશા ભંગોન્મુખ થઈ, પણ એવામાં શિવશંકરે આવી કેટલાકને લાત લગાવી, આઘા ખેંચી કાઢ્યા. રામશંકરે પડ્યા

પડ્યા કેટલાકને બચકાં ભરી બૂમો પાડતાં અને મહામહેનતે છૂટવા મથતાં ઉઠાડ્યા.

મને સહેજ અને ભદ્રંભદ્રને વધારે વાગ્યું હતું તેથી અમને ઘેર લઈ ગયા. છૂંદાઈ જવાની બીક સમૂળગી ગયા પછી ભદ્રંભદ્રમાં હિંમત આવી. આશ્વાસનથી અને ઉપચારથી કંઈક તાજા થયા પછી તેમણે કહ્યું, “હું લેશમાત્ર ગભરાયો નથી. રણમાં ઘવાયેલા યોદ્ધા વ્રણ માટે શોક કરતા નથી. પરાક્રમનાં ચિહ્ન ગણી તે માટે અભિમાન કરે છે. આર્યસેનાના નાયક થઈ સંગ્રામમાં અદ્ભુત શૌર્ય દર્શાવતાં, હું દુષ્ટ શત્રુના છલથી અશ્વભ્રષ્ટ થયો છું પણ તેથી પરાજય પામ્યો નથી. સેનાનો જય થયો છે. આર્યધર્મનો જય થયો છે. રૂઢિદેવીની કીર્તિ પ્રકટિતા થઈ છે.”

['ભદ્રંભદ્ર' પુસ્તક]

# રમણલાલ ચી. શાહ

## 'બાદરાયણ'—શતાબ્દી

કવિ 'બાદરાયણ' એટલે ભાનુશંકર બાબરભાઈ વ્યાસ. ૨૦૦૫ એમનું જન્મશતાબ્દી વર્ષ છે.

ભાનુશંકર વ્યાસનો જન્મ ૧૯૦૫માં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ મોરબીમાં લીધું હતું અને ત્યારે મોરબીમાં હાઈસ્કૂલની સગવડ ન હોવાથી તેઓ રાજકોટ ગયા હતા અને ત્યાંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક પાસ થયા હતા. પછી તેઓ એલ્ફિન્સ્ટન કોલેજ(મુંબઈ)માંથી સંસ્કૃત વિષય સાથે બી. એ. અને ૧૯૩૦માં એમ. એ. થયા હતા. ત્યાર પછી એમણે વકીલાતનો અભ્યાસ કરી એલએલ. બી.ની ડિગ્રી મેળવી હતી.

આઝાદી પૂર્વે મુંબઈ યુનિવર્સિટીનું ક્ષેત્ર એટલે આખો મુંબઈ ઇલાકો, ઠેઠ કરાંચીથી કર્ણાટકમાં ધારવાડ સુધી. આજે જે એસ. એસ. સી.ની પરીક્ષા છે તે ત્યારે મૅટ્રિકની પરીક્ષા કહેવાતી. સમગ્ર ઇલાકામાં મૅટ્રિકની પરીક્ષા પણ મુંબઈ યુનિવર્સિટી જ લેતી. કોલેજ અને યુનિવર્સિટીમાં ગુજરાતીનો વિષય ઘણો મોડો દાખલ થયો હતો. ત્યારે ગુજરાતી વિષયના પ્રશ્નપત્રો ઇંગ્લિશમાં છપાતાં અને વિદ્યાર્થીઓ જવાબ પણ ઇંગ્લિશમાં લખતા (સંસ્કૃતની જેમ). નરસિંહરાવ દિવેટિયા આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિવૃત્ત થયા એટલે મુંબઈ યુનિવર્સિટી તરફથી એલ્ફિન્સ્ટન કોલેજમાં એમ. એ.ના ગુજરાતી વિષય માટે એમની નિમણૂક થઈ. નરસિંહરાવના ઘણા વિદ્યાર્થીઓમાં ચંદ્રવદન મહેતા, સુંદરજી બેટાઈ, કાંતિલાલ વ્યાસ, રમણ વકીલ, અમીદાસ કાણકિયા, 'બાદરાયણ' વગેરે જાણીતા હતા. નરસિંહરાવે પોતાના ઘણા વિદ્યાર્થીઓને પ્રેરણા આપીને કવિતા લખતા કરી દીધા હતા.

નરસિંહરાવ નિવૃત્ત થયા ત્યારે એમની જગ્યાએ 'બાદરાયણ'ની અધ્યાપક તરીકે નિમણૂક થઈ હતી. યુનિવર્સિટીનું એમ. એ.નું માનાર્હ

કાર્ય પૂરું થતાં 'બાદરાયણે' બે ઠેકાણે અધ્યાપક તરીકે પાર્ટ ટાઇમ નોકરી સ્વીકારીઃ મુંબઈમાં કબીબાઈ હાઈસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક તરીકે અને ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે. 'બાદરાયણ' ત્યારે કાવ્યો લખતા, કવિ સંમેલનમાં જતા, રેડિયો પર નાટકોમાં ભાગ લેતા. એમનો અવાજ બુલંદ હતો અને ઉચ્ચારો સ્પષ્ટ હતા. તેઓ અભિનયકલામાં નિપુણ હતા. મધુર કંઠે તેઓ ગીતો રજૂ કરતા. તેમની કાયા પડછંદ, ચાલ છટાદાર, વર્ણ ઊજળો, પ્રભાવશાળી મુખમુદ્રા, પાન ખાવાની ટેવને લીધે હોઠ હંમેશાં લાલ રહેતા. એ દિવસોમાં મુંબઈના ગુજરાતી સમાજમાં 'બાદરાયણ'નું નામ બહુ મોટું હતું.

'બાદરાયણ'ના તેજસ્વી વિદ્યાર્થીઓમાં ગિજુભાઈ વ્યાસ, મધુકર રાંદેરિયા, પ્રવીણચંદ્ર રૂપારેલ, રમણ કોઠારી, અમર જરીવાલા વગેરે હતા.

'બાદરાયણ' સ્વભાવે લહેરી હતા. તેઓ મિત્રો સાથે હોય, વિદ્યાર્થીઓ સાથે હોય, જ્યાં હોય ત્યાં હાસ્યની છોળો ઊડતી. આ લહેરી સ્વભાવને કારણે તેમનામાં ભૂલકણાપણું હતું. ક્યાંક જાય તો પોતાની ચીજવસ્તુ ભૂલી જાય કે કોઈને ઘણા દિવસ પછીનો સમય આપ્યો હોય તો ભૂલી જાય એવું બનતું. તેઓ સ્કૂલ કે કોલેજનાં નાટકોમાં કે રેડિયો રૂપકોમાં ભાગ લેતા ત્યારે ક્યારેક સંવાદો ભૂલી જતા, પણ હોશિયારીને લીધે પરિસ્થિતિ બરાબર સાચવી લેતા કે સાંભળનારને સંવાદમાં કંઈ ગડબડ થઈ છે એવો અણસાર પણ ન આવે.

'બાદરાયણ' છંદોબદ્ધ અને ગેય એમ બંને પ્રકારનાં કાવ્ય લખતા. તેમનામાં શીઘ્રકવિત્વ હતું. કોઈ વિષય, વિચાર કે ભાવ પર તેઓ તરત કાવ્યરચના કરી શકતા. એ દિવસોમાં કવિતાના ક્ષેત્રે પાદપૂર્તિના કાર્યક્રમો ઘણા થતા. 'બાદરાયણ' એમાં પણ કુશળ હતા. 'બાદરાયણ'નાં ગીતોમાં સૌથી વધુ પ્રસિદ્ધ ગીત તે 'આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ન માંગું રે' એમના કાવ્યસંગ્રહ 'કેડી'માં પ્રગટ થયેલું.

['પ્રબુદ્ધ જીવન' માસિકઃ ૨૦૦૫]

# છેલ્લા અવશેષોમાંના એક

સ્વચ્છ પણ ઈસ્ત્રી વગરનાં ખાદીનો ઝભ્ભો-બંડી અને પાયજામો પહેરેલા, ખભે આછા લીલા રંગનો થેલો ભરાવેલા, ગામઠી ચંપલવાળા, નીચું જોઈને ચાલતા સિત્તેર-એંસી વર્ષના કોઈ કાકા આણંદથી અમદાવાદની કે ગાંધીનગર જતી બસમાં ચડે અને જગ્યા ન હોય તો દાંડો ઝાલીને ઊભા ઊભા પ્રવાસ કરે એમને તમે જુઓ, તો સમજજો કે એ ચિખોદરાની આંખની હોસ્પિટલવાળા ડૉ. રમણીકલાલ દોશી—દોશીકાકા છે. ગુજરાતની બસોમાં સેંકડો વાર એમણે પ્રવાસ કર્યો હશે. ગાંધીજી અને રવિશંકર મહારાજના પ્રભાવ નીચે આવેલા, અને લોકસેવાનો ભેખ ધારણ કરેલા ડૉ. દોશીકાકા આજે ૮૯-૯૦ની ઉંમરે ચાલ્યા જતા હોય તો અજાણ્યા માણસને ખ્યાલ ન આવે કે આ આંખના મોટા ડૉક્ટર છે.

એક વખત એમને અમે પૂછ્યું કે “કાકા, તમારી સંસ્થાની પાંચ ગાડી છે, તો તમે સંસ્થાના કામ માટે અમદાવાદ કે ગાંધીનગર બસમાં કેમ જાવ છો?” કાકાએ કહ્યું, “જો મારે એકલાએ જવાનું હોય અને સમય હોય તો હું જીપ નથી વાપરતો. બીજા એક-બે વધારે હોય તો જીપમાં જાઉં છું. જ્યાં સુધી મારાથી બસમાં જવાય છે ત્યાં સુધી બસમાં જાઉં છું. અમારી સંસ્થા શક્ય એટલી કરકસરથી અમે ચલાવીએ છીએ.”

કાકા ટ્રેનના પ્રવાસમાં સાદા બીજા વર્ગમાં બેસે છે. તેઓ કહે, “રિઝર્વેશનના પૈસા બચે. સાદા બીજા વર્ગમાં બેસવાની જગ્યા ન મળે તો વચ્ચે નીચે બેસી જાઉં. મને બેઠાં બેઠાં સારી ઊંઘ આવી જાય છે. સ્ટેશનથી રિક્ષા કે ટૅક્સી, અનિવાર્ય ન હોય તો કરતો નથી. ચાલી નાખું છું.”

ગુજરાતમાં અનેક ગામોમાં નેત્રયજ્ઞ કરવાને કારણે બસ કે ટ્રેનમાં કાકાને ઓળખનાર અને જગ્યા આપવા તૈયાર કોઈક ને કોઈક તો નીકળે જ.

દોશીકાકાનું નામ તો સાંભળ્યું હતું. પણ એમને મળવાનો સંયોગ

પ્રાપ્ત થયો નહોતો. ૧૯૮૪ દરમિયાન એક દિવસ ભૂદાન કાર્યકર્તા શ્રી કીર્તનભાઈ ધારિયા અને દોશીકાકા અમારે ઘરે પધાર્યા. કીર્તનભાઈએ એમની ક્ષયનિવારણ અને ચિખોદરાની આંખની હોસ્પિટલનો પરિચય આપ્યો.

વાતવાતમાં કાકાએ કહ્યું, “કોઈ વાર સમય કાઢીને અમારી આંખની હોસ્પિટલ જોવા આવો.” એક દિવસ અમે ચિખોદરા પહોંચીને હોસ્પિટલની મુલાકાત લીધી. હોસ્પિટલમાં સરસ અતિથિગૃહ હતું. નીરવ શાંત વાતાવરણ, વૃક્ષો, મોરના ટહુકા વગેરેને કારણે ઉપવન જેવું લાગતું હતું. અમને એક સરસ અનુભવ થયો. અમને એમ થયું કે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ સંસ્થાને સહાય કરવાની અપીલ કરવા જેવી છે.

પછી બીજા કેટલાક સભ્યો પણ ચિખોદરા જઈ આવ્યા. કાકાની હોસ્પિટલ માટે ઘણી સારી રકમ એકત્ર થઈ. એ રકમ આપવાનો કાર્યક્રમ ચિખોદરામાં યોજાયો.

ત્યાર પછી અમારા યુવક સંઘના ઉપક્રમે ચિખોદરાની હોસ્પિટલ દ્વારા વર્ષમાં ચાર-પાંચ વખત નેત્રયજ્ઞ યોજાવા લાગ્યા. મુંબઈથી અમે આઠ-દસ સભ્યો ચિખોદરા જઈએ અને ત્યાંથી નેત્રયજ્ઞના સ્થળે જઈએ. આ રીતે બાવીસ વર્ષ દરમિયાન અમારા સિત્તેરથી વધુ પ્રવાસ થયા હશે. પ્રવાસ દરમિયાન કાકાના અનુભવોની વાત નીકળે. કોઈ વાર ગાંધીજીની, કોઈ વાર રવિશંકર દાદાની, કોઈ વાર ગંગાબાની પ્રેરક વાતો જાણવા મળે. નજીકમાં કોઈ જોવા જેવી સંસ્થા હોય તે બતાવે.

કાકાને ખેડા અને પંચમહાલ જિલ્લામાં ગામેગામ કેટલાય કાર્યકરો ઓળખે. એમની સરળ, નિરભિમાની, પ્રામાણિક, સેવાભાવી પ્રકૃતિને કારણે કાકાનું કામ સૌ કોઈ કરવા તૈયાર. આથી જ કાકા નેત્રયજ્ઞોનું આયોજન કરે ત્યારે સ્થાનિક કાર્યકર્તાઓની ટીમ વ્યવસ્થાની બધી જવાબદારી ઉપાડી લે. પ્રત્યેક અઠવાડિયે એમના નેત્રયજ્ઞો ચાલતા જ હોય. ચિખોદરા હોસ્પિટલનો સ્ટાફ ખાટલા, ગાદલાં, અનાજ, ઓપરેશન થિયેટરની સામગ્રી વગેરે જવાબદારી બરાબર સંભાળે.

શ્રી આર. કે. દેસાઈએ ‘કર્મયોગી શ્રી રમણીકભાઈ દોશી’ નામની પુસ્તિકા લખી છે જેમાં દોશીકાકાના જીવનની વિસ્તૃત રૂપરેખા આપી છે.

દોશીકાકાનો જન્મ ૧૯૧૬ની બીજી સપ્ટેમ્બરના રોજ રાજકોટમાં થયો હતો. એમના પિતાશ્રી રામજીભાઈ દોશી રાજકોટ રાજ્યના દીવાન હતા. તેઓ કાર્યદક્ષ, સત્યનિષ્ઠ, પ્રામાણિક, દૃઢસંકલ્પ, ધીરગંભીર સ્વભાવના અને પ્રગતિશીલ વિચાર ધરાવનાર હતા. એટલે રાજકોટના નરેશ લાખાજીરાજ પર એમનો ઘણો સારો પ્રભાવ હતો. તેઓ પોતે સુશિક્ષિત હતા એટલે સંતાનોને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની દૃષ્ટિવાળા હતા. તેઓ એટલા પ્રામાણિક હતા કે રાજ્યના કારભાર માટેની પેન જુદી રાખતા અને અંગત વપરાશની જુદી રાખતા. રાજ્ય તરફથી મળેલ ટેલિફોન તેઓ અંગત કામ માટે વાપરતા નહિ. રામજીભાઈએ બે વાર લગ્ન કર્યાં હતાં અને એમને સાત દીકરા અને એક દીકરી એમ આઠ સંતાનો હતાં. રામજીભાઈએ પોતાના કેટલાક દીકરાને અભ્યાસ માટે કરાંચી મોકલ્યા હતા. એટલે દોશીકાકાએ પણ થોડો વખત કરાંચીમાં અભ્યાસ કર્યો હતો. એ દિવસોમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરતા. રામજીભાઈના પાંચ દીકરા ડોક્ટર થયા હતા. દોશીકાકા અમદાવાદમાં એલ.સી.પી.એસ. થયા અને મુંબઈમાં ડી.ઓ.,એમ. એસ. થયા. એમણે કચ્છના ભચાઉમાં તથા પાનેલી, જામજોધપુર વગેરે સ્થળે દાક્તર તરીકે અને નડિયાદમાં તે વિષયોના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

દોશીકાકાનાં ધર્મપત્ની ભાનુબહેન કાકાના દરેક કાર્યમાં સહયોગ આપતાં રહે છે. જૂનાગઢનાં વતની, પરંતુ રંગુનમાં ઊછરેલાં ભાનુબહેન બીજા વિશ્વયુદ્ધ પછી પોતાનાં માતપિતા સાથે જૂનાગઢ પાછાં ફર્યાં હતાં. ડો. દોશી સાથે એમનાં લગ્ન થયાં. દોશી દંપતીને સંતાન નહિ, પણ તેઓએ પોતાનાં ભાઈઓનાં સંતાનોને ઘરે રાખી પોતાનાં સંતાનની જેમ સારી રીતે ઉછેર્યાં. ભાનુબહેન શ્રીમંતાઈમાં ઊછર્યાં હતાં, પણ લગ્ન પછી એમણે કાકાની સાદાઈ, સેવા અને સમર્પણની ભાવનાને આત્મસાત કરી લીધી હતી. હોસ્પિટલમાં ભાનુબહેન રસોડાનું ધ્યાન રાખે. દોશીકાકા

બહારગામ હોય તો ભાનુબહેન હોસ્પિટલનું પણ ધ્યાન રાખે.

દોશીકાકાએ અમદાવાદમાં રિલીફ રોડ ઉપર એક ડોક્ટર મિત્રની ભાગીદારીમાં 'હિંદ મિશન હોસ્પિટલ' શરૂ કરેલી. આ હોસ્પિટલમાં ફક્ત એક રૂપિયો ફી લઈ દર્દીને આંખની સારવાર કરી આપવામાં આવતી. દરમિયાન દોશીકાકા રવિશંકર દાદાના ગાઢ પરિચયમાં આવતા ગયા. ૧૯૪૩માં દાદાએ રાધનપુરમાં નેત્રયજ્ઞ યોજ્યો હતો અને એમાં સેવા આપવા માટે દોશીકાકાને નિમંત્રણ મળ્યું હતું. આ વખતે દાદાની કામ કરવાની કુનેહનાં દોશીકાકાને દર્શન થયાં. દર્દીઓની સ્ટ્રેચર રવિશંકર મહારાજ પોતે પણ ઉપાડતા. દાદાએ દોશીકાકાને શહેરને બદલે ગામડામાં જઈને લોકોની સેવા કરવાની ભલામણ કરી. એટલે દોશીકાકા અમદાવાદથી આણંદ અને બોચાસણ સેવા આપવા જવા લાગ્યા. પછી તો અમદાવાદ છોડીને આણંદમાં દવાખાનું કર્યું. દોશીકાકાની મફત નેત્રયજ્ઞોની પ્રવૃત્તિ વધતી ચાલી. ૧૦૦મો નેત્રયજ્ઞ વ્યારામાં થયો. ત્યાર પછી દોશીકાકાએ પોતાની આણંદની હોસ્પિટલ ટ્રસ્ટને સોંપી દીધી. હવે પોતાની અંગત મિલકત રહી નહિ. કાકાની પાસે પોતાની માલિકીનું મકાન, જમીન, મિલકત, બેંકમાં ખાતું વગેરે કશું જ નથી.

દોશીકાકા વહેલી સવારે ઊઠી સીધા સામાયિકમાં બેસી જાય. પછી દૂધ પીને હોસ્પિટલમાં ઓપરેશન કરે અને ત્યાર પછી આણંદના દવાખાનામાં જાય. સાંજે જમીને ભાનુબહેન સાથે સારા ગ્રંથોનું વાચન કરે. રાત્રે દોશીકાકા ઓફિસમાં ટેબલ પર માત્ર ચાદર પાથરી, ટેલિફોન પાસે રાખી સૂઈ જાય. સૂતાં જ ઊંઘ આવી જાય. રાત્રે કોઈનો ફોન આવે તો દોશીકાકા તરત ઉપાડે. પછી જો ઊંઘ ઊડી જાય તો સામાયિકમાં બેસી જાય.

દોશીકાકાએ પાંચ દાયકા કરતાં વધારે સમયથી ક્ષયનિવારણ અને અંધત્વ- નિવારણના ક્ષેત્રે સંગીન કાર્ય કર્યું છે. ચિખોદરા હોસ્પિટલ દ્વારા દર અઠવાડિયે ગુજરાતનાં જુદાં જુદાં ગામોમાં નેત્રયજ્ઞો થવા લાગ્યા, તે માટે કેટલાયે સેવાભાવી આંખના ડોક્ટરોની સેવા મળવા લાગી. અત્યાર સુધીમાં ૮૦૦થી વધુ જેટલા નેત્રયજ્ઞોનું દોશીકાકાએ

આયોજન કર્યું છે, અઢી લાખથી વધુ મફત ઓપરેશનો થયાં છે. દરેક નેત્રયજ્ઞમાં દોશીકાકા પોતે હાજર હોય જ. ચિખોદરાની હોસ્પિટલમાં અગાઉ દોશીકાકા ઓપરેશન કરતા. હાલ ૮૯ વર્ષની ઉંમર થઈ, પણ કોઈ ડોક્ટર ન આવ્યા હોય તો દોશીકાકા પોતે ઓપરેશન કરે. કુદરતની મહેરબાની કેવી છે કે આ ઉંમરે કાકાને પોતાને હજુ મોતિયો આવ્યો નથી. દર વરસે બિહારમાં અને રાજસ્થાનમાં ૮-૧૦ દિવસનો મોટો નેત્રયજ્ઞ યોજાય છે, તેમાં પણ કાકા સમયસર પહોંચી જાય.

દવાખાનામાં રોજ સવારથી ઘણા માણસો આંખ બતાવવા આવી જાય. દોશીકાકા ઉપરાંત આંખ તપાસનારા બીજા ડોક્ટરો પણ હોય. પણ ઘણા દર્દીઓ પોતાની આંખ દોશીકાકાને જ બતાવવાનો આગ્રહ રાખે. તેથી એમને માટે ઘણી મોટી લાઇન થાય. એટલે કાકાના સહકાર્યકર્તાઓમાંથી કોઈકે સૂચન કર્યું કે “કાકા, તમને બતાવવાનો આગ્રહ રાખનાર દર્દી માટે આપણે પાંચ કે દસ રૂપિયાની ફી રાખીએ તો કેમ? એથી થોડો બોજો ઓછો થશે, વિના કારણ આગ્રહ રાખનારા નીકળી જશે અને સંસ્થાને આવક થશે!” કાકાએ થોડી વાર પછી કહ્યું, “ભાઈ, દરિદ્રનારાયણ પાસે ફીની વાત કરવી એ મને યોગ્ય લાગતું નથી. દર્દી એ આપણા દેવ જેવો છે.”

એક વખત નેત્રયજ્ઞમાં એક બાપ પોતાના નાના દીકરાને લઈને આવ્યા હતા. તેની બન્ને આંખ સદંતર ગઈ હતી. કાકાએ કહ્યું ત્યારે બાપ કાકાના પગ પકડી કરગરવા લાગ્યા. કાકાને કડવું સત્ય કહેવું પડ્યું. પણ એ કહેતાં કહેતાં કાકા પોતે રડી પડ્યા. ત્યાર પછી પોષણના અભાવે બાળકની આંખ ન જાય એ માટે કાકાએ બાળકોને ખવડાવવા માટે સુખડી કરી અને ગામે ગામ જઈ વહેંચવાનો—અંધત્વનિવારણનો કાર્યક્રમ ઉપાડ્યો.

દોશીકાકા એટલે આંખનું મોબાઈલ દવાખાનું. મેં કેટલીયે વાર જોયું છે કે અમે ચાલ્યા જતા હોઈએ ત્યાં સામેથી આવતો કોઈક માણસ કહે, “દોશીકાકા, રામ રામ.” કાકા ઓળખે નહિ, પણ વાત કરવા પ્રેમથી ઊભા રહે. ત્યાં આવનાર વ્યકિત કહે, “કાકા, મારી આંખ

જોઈ આપોને, મોતિયો તો નથી આવતો ને?"

કાકા એમ ન કહે કે, "ભાઈ, અત્યારે ટાઇમ નથી, દવાખાને બતાવવા આવજે." તેઓ તરત થેલીમાંથી બૅટરી અને બિલોરી કાચ કાઢે. પેલાની બન્ને આંખ વારાફરતી પહોળી કરી, ટોર્ચ મારીને જુએ અને સંતોષકારક જવાબ આપે. આવું કામ કરવામાં કાકાને ક્યારેય મોડું ન થાય. આમ કાકાએ હજારો માણસની આંખ રસ્તામાં જ બરાબર ધ્યાનથી જોઈ આપી હશે. કોઈ વાર એવું બને કે આંખ જોયા પછી કાકા કહે, "ભાઈ, તમારી આંખ મશીનમાં જોવી પડશે. દવાખાને આવજો."

એક વખત અમે ગુજરાતના એક નગરમાં નવી થયેલી એક હોસ્પિટલની મુલાકાતે ગયા હતા. હોસ્પિટલ આધુનિક સાધનોથી સજ્જ હતી અને ડોક્ટરો પણ સેવાભાવી હતા. જે માટે બીજી હોસ્પિટલમાં સો રૂપિયા ખર્ચ થાય તે માટે આ હોસ્પિટલમાં પચીસ જ થાય.

હોસ્પિટલની મુલાકાત પછી અમે ઉતારે આવ્યા ત્યારે દોશીકાકાને અભિપ્રાય પૂછ્યો. એમણે કહ્યું, "હોસ્પિટલ ઘણી સારી છે અને મધ્યમવર્ગના લોકો માટે ઘણી રાહતરૂપ છે. આ વિસ્તારના ઘણા લોકોને એનો લાભ મળશે. પણ..."

કાકા બોલતાં અટકી ગયા. અમે કહ્યું, "કાકા, પણ શું?"

કાકાએ કહ્યું, "પણ મારે કરવાની હોય તો આવી હોસ્પિટલ ન કરતાં ગરીબ લોકો લાભ લઈ શકે એવી હોસ્પિટલ કરું. મારું ક્ષેત્ર જુદું છે. અમે સાવ છેવાડાના ગરીબ માણસોનો વિચાર કરીએ. આ હોસ્પિટલમાં સોને બદલે પચીસ રૂપિયા ચાર્જ છે. પરંતુ જેની પાસે પચીસ રૂપિયા ન હોય, અરે હોસ્પિટલ સુધી આવવાના બસભાડાના રૂપિયા નથી, એવા લોકો માટે કામ કરવું એ અમારું ક્ષેત્ર છે."

એક વખત કાકા મારે ત્યાં જમવા પધાર્યા હતા. ઉનાળાનો સમય હતો. કાકા સવારના જમવામાં પાંચ વાનગી લે એ અમને ખબર હતી. કેરીની મોસમ હતી એટલે જમવા બેઠા ત્યારે કાકાને પણ રસ પીરસ્યો હતો. બધા બેસી ગયા અને 'સાથે રમીએ, સાથે જમીએ...' એ પ્રાર્થના

પછી જમવાનું ચાલુ કર્યું ત્યારે કાકાએ રસની વાટકી બહાર મૂકી. અમે પૂછ્યું, “કાકા, કેરીની બાધા છે?” એમણે કહ્યું, “ના, પણ કેરી ખાવી નથી.” “કેમ?” તો કહ્યું “પછી વાત!” અમે પાંચમી વાનગી તરીકે બીજી કોઈ વાનગી આપવાનું કહ્યું તો તે માટે પણ એમણે ના પાડી. કાકાએ રસ લીધો નહિ એટલે અમે પણ રસની વાટકી બહાર મૂકતાં હતા તો અમને આગ્રહપૂર્વક અટકાવ્યા.

જમ્યા પછી અમે કાકાને કારણ પૂછ્યું તો એમણે કહ્યું, “મોટાં શહેરોમાં બધે કેરી ચાલુ થઈ ગઈ છે, પણ અમારાં ગામડાંમાં ગરીબ લોકોને ત્યાં હજુ ચાલુ નથી થઈ. કેરી થોડા દિવસમાં સસ્તી થશે અને એમને ત્યાં ચાલુ થશે, પછી હું પણ કેરી ખાઈશ.”

દોશીકાકા દરેક વિષયમાં કરકસરપૂર્વક વિચાર કરે. બે જોડ ખાદીનાં કપડાં આખું વર્ષ ચલાવે. ફાટે તો સાંધી લે. સાંધેલું કપડું પહેરવામાં શરમ નહિ. દોશીકાકા પાસે એક ગરમ કોટ છે. છેલ્લાં બાવીસ વર્ષથી અમે જોતા આવ્યા છીએ કે શિયાળામાં બહારગામ જવું હોય તો કાકાએ આ એક જ કોટ પહેર્યો હોય. પણ જરૂર પડે, અનિવાર્ય હોય તો ગમે તેટલું મોટું ખર્ચ કરતાં કાકા અચકાય નહિ.

દોશીકાકા વૈશાખ મહિનામાં ઓફિસમાં બપોરે એક દિવસ કામ કરતા હતા. ભયંકર ગરમી પડતી હતી. એ વખતે એક શ્રીમંત ભાઈ પોતાની એ. સી. કારમાંથી ઊતરીને કાકાને મળવા આવ્યા. એમણે કહ્યું, “કાકા, આવી ગરમીમાં તમે કેવી રીતે કામ કરી શકો છો?” કાકાએ કહ્યું, “હું ગરમીથી ટેવાઈ ગયો છું.” પેલા શ્રીમંતે કહ્યું, “કાકા, ઓફિસમાં મારા ખર્ચે એ. સી. નંખાવી આપું છું, એના વીજળીના બિલની જવાબદારી પણ મારી.” કાકાએ કહ્યું, “ભાઈ, તમારી દરખાસ્ત માટે આભાર. પણ એ. સી.વાળી ઓફિસ મને ન શોભે.”

આરંભનાં વર્ષોમાં નેત્રયજ્ઞમાં ૭૦૦-૮૦૦ દર્દીઓ આવતા. કાકાની સુવાસ એવી કે દર્દીઓને જમાડવા માટે અનાજ વગેરે સામગ્રી ગામના શ્રેષ્ઠીઓ તરફથી મળતી. બળતણ માટે લાકડું દરેક ઘરેથી એક એક આવે. એટલે કશી મુશ્કેલી ન રહે. નેત્રયજ્ઞ એટલે આખા ગામનો

ઉત્સવ. કાકા સવારના પાંચ વાગ્યાથી રાતના બાર સુધી કામ કરે. કોઈક વખત તો તેઓ એક દિવસમાં ૧૨૫થી વધુ ઓપરેશન કરે, છતાં થાકનું નામ નહિ.

એક વખત અમારો નેત્રયજ્ઞ પંચમહાલમાં દેવગઢ બારિયા પાસે સાગતાળા નામના ગામમાં હતો. જંગલ વિસ્તાર પાસે આવેલું આ ગામ છે. અમારો ઉતારો જંગલ વિભાગના ગેસ્ટ હાઉસમાં હતો. નેત્રયજ્ઞ પછી બીજે દિવસે અમે મધ્ય પ્રદેશમાં અલિરાજપુર પાસે આવેલા લક્ષ્મણી તીર્થની જાત્રાએ ગયા. આખો રસ્તો ખરાબ. અમે પહોંચી, પૂજા કરી પાછા આવવા નીકળ્યા ત્યાં તો રસ્તામાં ધોધમાર વરસાદ ચાલુ થયો. અંધારું થઈ ગયું હતું. એંસી કિલોમિટરનો રસ્તો વટાવતાં ઘણી વાર લાગી. રસ્તામાં થાકેલાં હોવાથી કોઈ ઝોલાં ખાતાં તો કોઈ વાતો કરતાં. એક કલાક પછી કાકાએ ગીત ઉપાડ્યું.

બધાંએ કાકાનું ગીત ઝીલ્યું. પાંચ કલાક પછી અમે સાગતાળા આવ્યા. બીજે દિવસે કાકાએ કહ્યું, “તમને ખબર છે, કાલે આપણે કેટલું જોખમ ખેડ્યું? આ ભીલ વિસ્તાર છે. રાતના કોઈ વાહન આવે તો ભીલો જરૂર લૂંટી લે. આખે રસ્તે હું મનમાં ભક્તામર સ્તોત્ર બોલતો રહ્યો હતો. વચ્ચે ‘આંખો પવિત્ર રાખ’નું ગીત ઝિલાવ્યું કે જેથી તમને ડરનો વિચાર ન આવે.”

દોશીકાકા અને ભાનુબહેન એક વખત અમેરિકા જવાનાં હતાં ત્યારે યુવક સંઘ તરફથી અમે વિદાયનમાનનો કાર્યક્રમ યોજ્યો હતો. આ પ્રસંગે મારાં પત્ની તારાબહેને કાકાને ખાદીની ગરમ શાલ ભેટ આપી, તો કાકાએ કહ્યું કે, “મારી પાસે એક શાલ છે અને એકથી વધારે ન રાખવાનો મારો નિયમ છે. એટલે તમારી શાલ હું તો જ સ્વીકારું કે મને જ્યારે યોગ્ય લાગે ત્યારે કોઈ વ્યક્તિને હું આપી દઉં, એ માટે તમારી મંજૂરી હોય તો જ લઉં.” આ શરત મંજૂર રાખીને અમે કાકાને શાલ ભેટ આપી. અમેરિકા જતા હતા ત્યારે ભાનુબહેને કાકાને કહ્યું, “તમારાં ચંપલ ઘણાં ઘસાઈ ગયાં છે. અમેરિકામાં તૂટશે તો બહુ તકલીફ થશે. માટે તમે નવી જોડ લઈ લો.”

પણ કાકા જૂનાં ચંપલ પહેરીને જવામાં મક્કમ હતા. તેમનો નિયમ હતો કે એક ચંપલ ઘસાઈને તૂટી જાય ત્યારે જ નવાં ચંપલ ખરીદવાં. એટલે કાકાએ કહ્યું, “ચંપલ તૂટી જશે તો ત્યાં ઉઘાડા પગે ચાલીશ. નહિ વાંધો આવે. બધે ગાડીમાં ફરવાનું છે. વળી ત્યાંનો ઉનાળો છે.” પાછા ફર્યા ત્યાં સુધી ચંપલને વાંધો આવ્યો નહિ. આવ્યા પછી જૂનાં ચંપલ ઘસાઈ ગયાં ત્યારે નવાં લીધાં.

એક વખત અમે નેત્રયજ્ઞ પછી એક તીર્થની યાત્રાએ ગયા હતા. રાતનો મુકામ હતો. એક રૂમમાં હું, દોશીકાકા અને અમારા એક મિત્ર હતા. થાકેલા હતા એટલે હું અને દોશીકાકા સૂઈ ગયા અને મિત્રને પરવારતાં થોડી વાર હતી. સવારે વહેલા ઊઠી, સ્નાનાદિથી પરવારીને અમે તૈયાર થયા. બહાર જતાં દોશીકાકાએ કહ્યું, “મારાં ચંપલ ક્યાં ગયાં?” તો મિત્રે તરત એમનાં ચંપલ બતાવ્યાં. કાકાએ કહ્યું, “આ મારાં ચંપલ નથી.” મિત્રે ફોડ પાડતાં કહ્યું, “કાકા, રાતના મારા બૂટ પાલિશ કરતો હતો ત્યાં પછી વિચાર આવ્યો કે તમારા બન્નેનાં ચંપલને પણ પાલિશ કરી લઉં.”

કાકાએ કહ્યું, “મને પૂછ્યા વગર તમે મારાં ચંપલને પાલિશ કર્યું તે બરાબર ન કહેવાય. પાલિશવાળાં ચંપલ મને શોભે નહિ. હવે પાલિશ કાઢી નાખો.” મિત્રે લૂગડા વડે પાલિશ કાઢવા પ્રયત્ન કર્યો, પણ પાલિશ બહુ ઓછી થઈ નહિ. ત્યાં બહાર જઈ કાકા મૂઠી ધૂળ ભરીને લાવ્યા અને ચંપલ પર નાખી એટલે ચંપલ કંઈક ‘બરાબર’ થયાં.

સાયલાના શ્રી રાજસોભાગ આશ્રમમાં મુંબઈની રત્નવિધિ ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા વિકલાંગો માટે એક કેમ્પનું આયોજન થયું હતું. એમાં દોશીકાકાને પણ નિમંત્રણ આપ્યું. સામાન્ય રીતે મંચ પર બેસવાનું દોશીકાકા ટાળે અને આગળની હારમાં બેસવાનું પણ ટાળે. દોશીકાકા થોડા પાછળ બેઠા હતા. આગળ આવવાનો આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે તેઓ નિશ્ચિત સમયે નીકળીને ચિખોદરા પહોંચવા ઇચ્છે છે. સાયલાથી અમદાવાદ બસમાં અને અમદાવાદથી બસ બદલીને તેઓ આણંદ જવાના હતા. સભામાં એક સજ્જન પધાર્યા હતા, તેઓ કાર્યક્રમ પછી

પોતાની ગાડીમાં આણંદ જવાના હતા. એટલે મેં તેમની સાથે ગાડીમાં જવાનું સૂચન કર્યું. પરંતુ દોશીકાકાએ કહ્યું, “મને એમ કોઈની ગાડીમાં જવાનું નહિ ફાવે. કોઈને મોડુંવહેલું થાય. બસ તરત મળી જાય છે એટલે મારે મોડું નહિ થાય.” અમે બહુ આગ્રહ કર્યો ત્યારે કહ્યું, “ભલે, જોઈશું.” પરંતુ કાર્યક્રમ પૂરો થયો ત્યારે દોશીકાકા તો નીકળી ગયા હતા. દોશીકાકાને શ્રીમંતો પ્રત્યે એલર્જી છે એવું નથી, પણ તેમને આમજનતા વચ્ચે આમજનતાના થઈને, જાણે કે કોઈ પોતાને ઓળખતું નથી એવા થઈને, રહેવું ગમે છે.

મહેમાનોનું પ્રેમભર્યુંર્ સ્વાગત કરવું, તેમને અતિથિગૃહમાં ઉતારો આપી તેમના ભોજનાદિની સગવડ કરવી, તેમની સેવામાં કર્મચારીઓને જુદાં જુદાં કામ સોંપવાં, ગાડીમાં બેસાડીને તેઓને આસપાસ ફેરવવા ઇત્યાદિ પ્રવૃત્તિઓમાં દોશી દંપતીના ઉત્સાહની આપણને પ્રતીતિ થાય. કાકા અને ભાનુબહેન અતિથિગૃહમાં આવી બધી વસ્તુનું બરાબર ધ્યાન રાખે. કોઈ દિવસ એવો ન હોય કે માત્ર કાકા અને ભાનુબહેન—એમ બે જણે એકલાંએ સાથે ભોજન લીધું હોય. અતિથિ બારે માસ હોય અને તેમને ઉત્સાહથી જમાડે. મહેમાન વગર ખાવાનું ન ભાવે. ચિખોદરાની હોસ્પિટલને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ મળેલી છે, એટલે દેશવિદેશથી મુલાકાતે આવનાર મહેમાનોની અવરજવર આખું વર્ષ રહે. છતાં નહિ થાક કે નહિ કચવાટનું નામનિશાન.

શ્રી દેસાઈએ એમના જીવનવૃત્તાંતમાં લખ્યું છે: “દોશીકાકામાં ક્રોધ કરમાઈ ગયો છે. બધાં કામ પ્રેમથી જ કરવાનાં. અધરાત-મધરાત ગમે ત્યારે ગમે તે કામ માટે એમને મળી શકાય. તેની સમક્ષ કોઈ ગુસ્સો લઈને આવ્યું તો તે બરફ બની જતું. ભયંકર ગણાતી ક્ષતિને પણ માફ જ કરવાની વૃત્તિ. સૌ સાથે પ્રેમભાવનો ધોધ જ વહેતો જણાશે. કોઈના પ્રત્યે શત્રુતા નથી, કડવાશ નથી. નરી શીતળતા, ચંદ્રથી પણ વિશેષ શીતળતા.”

દોશીકાકા એટલે ગાંધીયુગના છેલ્લા અવશેષોમાંના એક. એમની કેટલીક વાતો, ભવિષ્યમાં લોકો જલદી માનશે નહિ. જેમની પાસે

પોતાની માલિકીનું ઘર નથી, જમીન નથી, મિલકત નથી, બૅંકમાં ખાતું નથી એવા આ લોકસેવકે ભરયુવાનીમાં રવિશંકરદાદાના પ્રભાવ હેઠળ આવી સેવાનો ભેખ લીધો. તેઓ સાચા વૈષ્ણવજન છે.

['પ્રબુદ્ધ જીવન' માસિકઃ ૨૦૦૫]

## 'દાંડીયાત્રા'ના કવિ

અલિપ્ત રહેવાની ભાવનાવાળા અને જીવનનાં છેલ્લાં વર્ષોમાં અજ્ઞાતવાસમાં રહેલા લેખક અને કવિ તનસુખભાઈ ભટ્ટે લગભગ ૯૩ વર્ષ જેટલું આયુષ્ય ભોગવ્યું. તનસુખભાઈ એટલે એક એવી વ્યકિત કે ઊગતી યુવાનીમાં જેમના જીવનનું ઘડતર મહાત્મા ગાંધીજીએ કર્યું હતું. દાંડીયાત્રા માટે ગાંધીજીએ સાબરમતી આશ્રમમાંથી પોતાના સાથીદાર તરીકે જે ૮૦ જેટલી ખડતલ વ્યકિતઓની પસંદગી કરી હતી તેમાં ઓગણીસ વર્ષના તનસુખભાઈ પણ હતા.

નવ-દસ વર્ષની ઉંમરે તનસુખભાઈ ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં વિદ્યાર્થી તરીકે જોડાયા હતા. એમના મોટાભાઈ હરિહર ભટ્ટ પણ ત્યારે ત્યાં શિક્ષક હતા. હરિહર ભટ્ટે ખગોળશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો અને તેઓ 'એક જ દે ચિનગારી' કાવ્યથી જાણીતા થયા હતા.

પછી તનસુખભાઈએ દક્ષિણામૂર્તિ(ભાવનગર)માં શિક્ષણ લીધું ત્યાં તેમની કવિત્વશકિત ખીલી હતી. તનસુખભાઈએ પોતાના કાવ્યસંગ્રહ 'કાવ્યલહરી'માં લખ્યું છેઃ "સત્યાગ્રહ આશ્રમમાં નરહરિભાઈ પરીખ, જુગતરામભાઈ દવે તથા ચંદ્રશંકરભાઈ શુક્લના વર્ગોમાં જ કવિતા વિશે અભિરુચિ ઉત્પન્ન થઈ હતી. કવિતાલેખનના સૂક્ષ્મ સંસ્કારો દક્ષિણામૂર્તિના કાવ્યોત્તેજક વાતાવરણમાં ખીલી નીકળ્યા."

સત્યાગ્રહને પરિણામે એમણે ત્રણ વખત કારાવાસ સેવ્યો હતો. એક વાર તો પ્રાણશંકર ભટ્ટ અને એમના ત્રણેય દીકરાઓ હરિહર, તારાનાથ અને તનસુખભાઈ, એમ ચારેય એક જ વખતે જુદી જુદી જેલોમાં

હતા. પરિણામે તનસુખભાઈનો શાળા-કોલેજનો અભ્યાસ નિયમિત રહ્યો નહોતો. ચોવીસ વર્ષની વયે મૅટ્રિક થયા પછી તેઓ અભ્યાસ કરવા મુંબઈ આવ્યા હતા અને ૧૯૪૦માં બી. એ.થયા હતા. દરમિયાન તેઓ અમદાવાદની શાળા ચી. ન. વિદ્યાવિહારમાં શિક્ષક તરીકે જોડાયા હતા. ૧૯૪૩માં ગુજરાતી અને સંસ્કૃત વિષય લઈ તેઓ એમ. એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવ્યા હતા. ત્રીસ વર્ષની વયે તનસુખભાઈએ 'મેં પાંખો ફફડાવી' નામની નાનકડી આત્મકથા લખી તે 'કુમાર'માં ક્રમશઃ પ્રગટ થઈ હતી. એની પ્રસ્તાવના ઉમાશંકર જોશીએ લખી હતી. તનસુખભાઈનાં એંસી જેટલાં કાવ્યોના સંગ્રહ 'કાવ્યલહરી' પ્રસ્તાવના શ્રી રસિકલાલ પરીખે લખી હતી. ઉત્તરાવસ્થામાં તનસુખભાઈનાં બે નાનાં પુસ્તકો પ્રગટ થયાં હતાં. 'અતીતના અનુસંધાનમાં'(૧૯૭૭)માં રેખાચિત્રો છે. 'આશ્રમના આંગણે'(૧૯૮૧)માં સાબરમતી આશ્રમનાં સંસ્મરણો છે. ત્યાર પછી 'દાંડીયાત્રા' અને ગાંધીજીના જીવન વિશે 'મહાત્માયન' પ્રગટ થયું હતું.

તનસુખભાઈએ મોટી ઉંમરે લગ્ન કર્યાં હતાં. એમનાં પત્ની વસંતબહેન ત્યારે મૅટ્રિક થયેલાં. પરંતુ તનસુખભાઈએ વસંતબહેનને ઘરે અભ્યાસ કરાવવો શરૂ કર્યો. એમ કરતાં વસંતબહેન પીએચ. ડી. પણ થયાં.

૧૯૯૯માં એમણે પુનામાં પોતાનું શાંત જીવન શરૂ કર્યું. નેવું વર્ષની ઉંમરે તનસુખભાઈ છાપાં નિયમિત વાંચતા, ટી. વી. જોતા, ફરવા જતા, પોતાનું કામ બરાબર કરતા. સાબરમતી આશ્રમના વખતથી પડેલી ટેવ પ્રમાણે તેઓ સવારના ચાર વાગ્યે ઊઠી જતા અને પ્રાર્થના કરતા, ત્યાર પછી એક કલાક ધ્યાનમાં બેસતા. બહેન ક્ષિતિજાએ પોતાના પિતાની જીવનના અંત સુધી સારી સંભાળ રાખી હતી. તનસુખભાઈ એને કહેતા, "તું મારી દીકરી છે, પણ તેં મારી માતાની જેમ સંભાળ રાખી છે." છેલ્લાં દોઢેક વર્ષથી તનસુખભાઈએ કોઈ પણ પ્રકારની દવા લેવાનું બંધ કરી દીધું હતું. એમનું શરીર ધીમે ધીમે ઘસાતું જતું હતું.

ગાંધીજીના ગુજરાતમાં ભયંકર કોમી રમખાણો થયાં ત્યારે

તનસુખભાઈનું હૃદય બહુ વ્યથિત થઈ ગયું હતું. ક્યાં ગાંધીજીનું સ્વપ્નું અને ક્યાં વર્તમાન પરિસ્થિતિ? એ વખતે તનસુખભાઈના હૃદયમાંથી કાવ્યપંક્તિઓ સરી પડી હતી:

*આ આંખોને શમણાં જોવાની ટેવ પડી;*
*આ ટેવમાંથી ઉગારો હો રાજ!*

આ આંખોને શમણાંનો ભાર લાગે છે.

તનસુખભાઈના કાવ્ય 'દાંડીયાત્રા'માં દાંડીયાત્રા કયા કયા પ્રદેશમાંથી પસાર થઈ હતી એનું શબ્દચિત્ર આપણને પ્રાપ્ત થયું છે. ગાંધીજી આફ્રિકાથી ભારત પાછા આવ્યા એ ઘટનાના નિરૂપણથી કવિ આ કાવ્યનો આરંભ કરે છે:

*રાષ્ટ્રોત્કર્ષે નિજ વપુ ઘસી દૂર અંધારખંડે,*
*રંકો કેરા સ્વજન બનીને, એકદા કો મહાત્મા*
*ગોરાંગોનો ગરવ હરીને દિવ્ય શસ્ત્રે અમોઘે,*
*આર્યાવર્ત નિજ જનમની ભોમકામાં પધાર્યા.*

['પ્રબુદ્ધ જીવન' માસિક: ૨૦૦૪]

## ફાધર બાલાગેર

મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ફાધર બાલાગેરનું લગભગ ૯૭ વર્ષની વયે ૧૯૯૭માં અવસાન થયું. એમના અવસાનથી ભારતને જીવન સમર્પિત કરનાર એક વિદેશી મિશનરી શિક્ષણશાસ્ત્રીની ખોટ પડી.

ફાધર મેલ્કિઓર બાલાગેરનો જન્મ સ્પેનમાં ૧૯૦૦માં થયો હતો. પંદર વર્ષની વયે દીક્ષિત થઈ તેઓ સોસાયટી ઓફ જીસસમાં જોડાયા હતા. જેસ્યુઇસ્ટ સંઘમાં જોડાઈને ફાધરે લગભગ ૮૨ વર્ષ એ સંઘમાં પૂરાં કર્યાં હતાં. મુંબઈમાં કોઈ રોમન કેથોલિક પાદરીએ આટલાં બધાં

વર્ષ પૂરાં કર્યાં હોય એવું જાણવામાં આવ્યું નથી. બાળબ્રહ્મચારી તરીકે ખ્રિસ્તી સંઘમાં દીક્ષિત થઈને ફાધર બાલાગેરે સુદીર્ઘકાળનું સેવાપરાયણ સંયમજીવન પસાર કર્યું હતું. અનેકવિધ પ્રવૃત્તિઓથી અને સિદ્ધિઓથી તેમનું જીવન સફળ બન્યું હતું.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ફાધર બાલાગેર સ્પેનથી હિંદુસ્તાન આવ્યા હતા. હિંદુસ્તાન એટલે એમને માટે અજાણ્યા લોકો, અજાણી ભાષાઓ, અજાણ્યા સંસ્કાર અને રીતરિવાજવાળો દેશ. ત્યાં જઈને એમણે કાયમ માટે વસવાટ કરવાનો હતો. ઉપરી અધિકારીઓનો હુકમ થયો એટલે તેઓ હિંદુસ્તાનમાં આવીને રહ્યા અને ઝેવિયર્સ કૉલેજમાં ફિલોસોફીના પ્રોફેસર તરીકે જોડાયા હતા.

ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યા પછી ફાધરે મુંબઈના રોમન કેથોલિક ખ્રિસ્તીઓના ‘વિકાર જનરલ’ તરીકે કામ કર્યું. ત્યાર પછીથી ૧૯૪૯માં તેઓ ઝેવિયર્સ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયા.

આચાર્ય તરીકે જવાબદારી સ્વીકારી લીધા પછી ફાધર બાલાગેરે કૉલેજમાં કેટલાક મહત્ત્વના ફેરફારો કર્યા. એમણે કૉલેજને વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી કરી દીધી અને સાથે સાથે શૈક્ષણિક દૃષ્ટિએ પણ કૉલેજની ઘણી સારી પ્રગતિ સાધી. કૉલેજના પરિસરમાં ઘણી નવી નવી સગવડો ઊભી કરી. વિદ્યાર્થીઓ માટે શૌચાલયની પૂરતી સગવડ પણ નહોતી અને જીમખાનાની સગવડ નહોતી; તો તે માટે નવું મકાન કરાવ્યું. વૃદ્ધ અધ્યાપકો માટે લિફ્ટની વ્યવસ્થા કરી. સ્ટાફના દરેક સભ્યને પોતાનું સ્વતંત્રા લૉકર હોવું જોઈએ, એ માટે નવાં લોકર બનાવડાવ્યાં. સ્ટાફરૂમમાં ટેલિફોન અને ચાપાણીની વ્યવસ્થા કરાવી. વિદ્યાર્થીઓ માટે મોટી કેન્ટિન કરાવી. એમણે કૉલેજમાંનાં જૂનાં મંડળોને વધુ સક્રિય કર્યાં અને સોશિયલ સર્વિસ લીગ વગેરે કેટલાંક નવાં મંડળો શરૂ કરાવ્યાં. રમતગમતમાં કૉલેજને આંતરકૉલેજ સ્પર્ધામાં પ્રથમ સ્થાન અપાવ્યું. સ્ટાફની બાબતો માટે સ્ટાફ કાઉન્સિલની અને વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે સ્ટુડન્ટ્સ કાઉન્સિલની રચના કરી અને એની વખતોવખત મળતી દરેક મિટિંગમાં પોતે જાતે હાજર રહેવા લાગ્યા. વિદ્યાર્થીઓને

લોકશાહી પદ્ધતિની તાલીમ મળે એટલા માટે ‘Mock Parliament’ નામની પ્રવૃત્તિ ચાલુ કરી, જે જોવા માટે બહારના પણ ઘણા માણસો આવતા. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટેના મંડળને સક્રિય કર્યું. કૉલેજના મેગેઝિનમાં ગુજરાતી, મરાઠી અને હિંદી ભાષાના વિભાગ દાખલ કરાવ્યા. કૉલેજ મેગેઝિન ઉપરાંત ‘ઝેવરિયન’ નામનું માસિક બુલેટિન વિદ્યાર્થીઓ દ્વારા ચાલુ કરાવ્યું. આવી તો ઘણી બધી નવી પ્રવૃત્તિઓ પોતાની સૂઝ, મૌલિક દૃષ્ટિ, ઉત્સાહ વગેરે દ્વારા એમણે શરૂ કરાવી. તેઓ પોતે યુનિવર્સિટીની જુદી જુદી સમિતિઓમાં સક્રિયપણે ભાગ લેવા લાગ્યા. બેત્રાણ વર્ષમાં તો ચારે બાજુ ઝેવિયર્સ કૉલેજનું નામ ગાજતું થઈ ગયું. ગોરા, ઊંચા, લંબગોળ ચહેરો અને ધારદાર આંખોવાળા ફાધરના ઉચ્ચારો ફ્રેન્ચ લોકોની જેમ અનુનાસિક હતા, પણ તે પ્રિય લાગે એવા હતા. રમૂજ કરવાના એમના સ્વભાવને લીધે એમના સાંનિધ્યમાં એમની ઉપસ્થિતિનો બોજો લાગતો નહિ. કોઈ પણ પ્રસંગે બોલવા માટે એમને પૂર્વતૈયારીની જરૂર રહેતી નહિ. તેમની ગ્રહણશક્તિ અને અભિવ્યક્તિ સતેજ હતી. સેંકડો વિદ્યાર્થીઓને તેઓ નામથી ઓળખતા.

*

અગાઉ ઝેવિયર્સ કૉલેજમાં વિદ્યાર્થીઓને માર્ક પ્રમાણે કૉલેજમાં પ્રવેશ અપાઈ જતો. ત્યારે ઝેવિયર્સમાં દાખલ થવા માટે એટલો બધો ધસારો પણ નહોતો. ફાધર બાલાગેરે આચાર્ય તરીકે જવાબદારી સંભાળ્યા પછી દરેક વિદ્યાર્થીની જાતે મુલાકાત લઈ પછી એને દાખલ કરવાની પદ્ધતિ અપનાવી. કૉલેજના હૉલમાં વિદ્યાર્થીઓને બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી. મુલાકાત પછી દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીને તે જ વખતે જાણ કરી દેવામાં આવતી અને તરત ફી ભરાઈ જતી. આર્ટ્સ અને સાયન્સમાં વિદ્યાર્થીઓ તો નવસો જ દાખલ કરવાના રહેતા, પણ દાખલ થવા માટે બે હજારથી વધુ વિદ્યાર્થીઓ આવતા. ફાધર દરેકની સાથે સરખી વાતચીત કરે. માર્ક સારા હોય, પણ વિદ્યાર્થી એટલો હોશિયાર ન લાગે તો તેને દાખલ કરતા નહિ. થોડા ઓછા માર્ક હોય પણ વિદ્યાર્થી હોશિયાર, ચબરાક, તેજસ્વી લાગે

તો તેને દાખલ કરતા. ચારપાંચ દિવસ સુધી વિદ્યાર્થીઓની મુલાકાત લેવાતી. જાણે મોટો મેળો જામ્યો હોય એવું દૃશ્ય લાગતું. ફાધર બાલાગેર સવારના આઠ વાગ્યાથી સાંજના સાત સુધી, થાક્યા વગર મુલાકાત લેવાનું કાર્ય સતત કરતા. સવારનો નાસ્તો કે બપોરનું ભોજન તેઓ જતું કરતા. વિદ્યાર્થીઓની મુલાકાત દરમિયાન તેઓ આખો દિવસ વચ્ચે વચ્ચે લીંબુ-પાણીના થોડા થોડા ઘૂંટડા પીધા કરતા. એ વખતે ફાધરની કાર્યદક્ષતાથી અને અથાગ ઉત્સાહથી કામ કરવાની પદ્ધતિથી બધાંને એમને માટે બહુ માન થતું. ફાધર લાગવગને વશ થતા નહિ, તેમ એટલા બધા કડક પણ રહેતા નહિ. ફાધરને પોતાને વિદ્યાર્થીઓની આ મુલાકાતોથી લાભ થતો, અને બીજી બાજુ વિદ્યાર્થીઓને પણ લાભ થતો. ફાધરની ઉદારતા અને માનવતાના પણ અનુભવો થતા. ગરીબ વિદ્યાર્થીની ફી તેઓ તે જ વખતે માફ કરી દેતા.

સૌજન્યશીલતા એ ફાધરનો એક ઉચ્ચ સદ્ગુણ હતો. તેઓ દરેકને સહાયરૂપ થવા હંમેશાં તત્પર રહેતા. કૉલેજના પ્રિન્સિપાલનો એક મોટો કસોટીનો કાળ તે નવા વિદ્યાર્થીઓને દાખલ કરતી વેળાનો રહેતો. ચારે બાજુથી દબાણ આવે. દબાણ આવે તે નબળા વિદ્યાર્થીઓ માટે જ હોય અને નબળા વિદ્યાર્થીઓની સંખ્યા વધી જાય તો કૉલેજનાં પરિણામ પર અસર પડે. ફાધર મક્કમ હતા, છતાં નિષ્ઠુર નહોતા. કોઈને દાખલ ન કરવો હોય તો પણ ફાધર એને પ્રેમથી સમજાવે, ક્યારેક તો સમજાવવામાં કલાક કાઢી નાખે. “ના” કહીને તરત વિદાય ન કરી દે.

એક વખત, કૉલેજમાં દાખલ થવા આવેલા બહારગામના એક વિદ્યાર્થીની મુલાકાત લેતાં ફાધરે આનંદ વ્યક્ત કરતાં કહ્યું, “તારા પંચ્યાશી ટકા કરતાં પણ વધારે માર્ક છે એટલે સ્કૂલમાં પણ તારો પહેલો નંબર હશે!”

“ના, સ્કૂલમાં મારો બીજો નંબર છે.” વિદ્યાર્થીએ કહ્યું.

“તો પહેલે નંબરે આવનારના કેટલા માર્ક છે?”

"એના માર્ક તો નેવ્યાશી ટકા છે. એ તો બહુ જ હોશિયાર વિદ્યાર્થી છે."

"તો એ કઈ કૉલેજમાં દાખલ થવાનો છે?"

"ના, એ તો ભણવાનો જ નથી."

"કેમ?"

"એની પાસે ભણવાના પૈસા જ નથી. એ બહુ ગરીબ છોકરો છે."

ફાધર એક મિનિટ વિચારમાં પડી ગયા—એક તેજસ્વી છોકરો ગરીબીને કારણે આગળ ભણી નહિ શકે! ફાધરે કહ્યું, "તું મને એ છોકરાનું નામ અને સરનામું કાગળ પર લખી આપ." તરત ને તરત ક્લાર્કને બોલાવી ફાધરે તે જ વખતે એ છોકરાને Reply Paid Express તાર કરાવ્યો. તારમાં જણાવ્યું કે જવા-આવવાનું ભાડું, કૉલેજની ફી, હૉસ્ટેલમાં રહેવાનો ખર્ચ વગેરે આપવામાં આવશે, માટે તરત મુંબઈ આવીને મળી જા."

છોકરો આવી પહોંચ્યો. ગરીબ અને ગભરુ હતો, પણ ઘણો જ તેજસ્વી હતો. ફાધરે એને કૉલેજમાં દાખલ કર્યો અને બધી જ સગવડ કરી આપી.

*

ત્રીજી ડિસેમ્બર એટલે કૉલેજનો વાર્ષિક દિવસ, કારણ કે એ સેંટ ફ્રાન્સિસ ઝેવિયર્સનો જન્મદિવસ. એ દિવસે કૉલેજમાં રજા પડે. પહેલાંના વખતમાં એ દિવસે બીજી કંઈ પ્રવૃત્તિ રહેતી નહિ. ફાધર બાલાગેરે એ દિવસને વધુ મહિમાવંતો બનાવ્યો. એ સાંજે ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખ્યો. સાથે મનોરંજનનો કાર્યક્રમ પણ હોય. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ નિમંત્રણ અપાય. એકાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીને જ અતિથિવિશેષ તરીકે બોલાવાય. કૉલેજના હજારેક વિદ્યાર્થીઓ બેસી શકે એ માટે કમ્પાઉન્ડમાં ખુલ્લામાં મંચ બાંધી ઠાઠમાઠથી કાર્યક્રમ યોજાવા લાગ્યો. પછી તો મહિના અગાઉથી બધી તૈયારીઓ થવા લાગતી. વિદ્યાર્થીઓ પણ ઉત્સુકતાથી એ દિવસની રાહ જોવા લાગતા. કૉલેજની પ્રવૃત્તિઓમાં

આ કાર્યક્રમ એક યશકલગીરૂપ બની ગયો હતો.

*

૧૯૫૦માં હું ગુજરાતી વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. થયો. ગુજરાતી વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે આવવા છતાં કોઈ કૉલેજમાં અધ્યાપક તરીકેની નોકરી મળી નહિ. એટલે મુંબઈમાં ‘જનશક્તિ’ વર્તમાનપત્રાના તંત્રી વિભાગમાં મેં જવાબદારી સ્વીકારી લીધી. નોકરીને છએક મહિના થયા હશે ત્યાં એક દિવસ મારા પ્રોફેસર શ્રી મનસુખલાલ ઝવેરી “જનશક્તિ”માં મને મળવા આવ્યા. એમણે પૂછ્યું, “જૂનથી ઝેવિયર્સમાં ગુજરાતીના લેક્ચરર તરીકે જોડાવ ખરા? અમે તમારું નામ સૂચવ્યું છે અને ફાધર તમને સારી રીતે ઓળખે છે. એમની પણ ઇચ્છા છે કે તમે ઝેવિયર્સમાં જોડાવ.”

‘જનશક્તિ’માં મને લેક્ચરર કરતાં પણ વધુ પગાર મળતો હતો, પણ કૉલેજમાં લેક્ચરર તરીકે સ્થાન મળતું હોય તો એ વધારે ગમતી વાત હતી. મારા અધ્યાપકો મનસુખભાઈ ઝવેરી અને ગૌરીપ્રસાદ ઝાલા સાથે હું ફાધર બાલાગેરને મળ્યો. ફાધરે પોતાનો આનંદ વ્યક્ત કર્યો. ફાધરે દરખાસ્ત મૂકી : “તમે જુવાન છો, નાની ઉંમરના છો; મારી તમને વિનંતી છે કે તમે સાથે એન.સી.સી.માં ઑફિસર તરીકે પણ જોડાવ.” મેં તે માટે સંમતિ આપી અને પૂના જઈ એન.સી.સી. માટે ઇન્ટરવ્યૂ પણ આપી આવ્યો. પસંદગી થઈ અને માર્ચથી જૂન સુધી બેલગામના લશ્કરી મથકમાં તાલીમ લેવાનું પણ ગોઠવાઈ ગયું.

ફાધર સાથે બધી વાતચીત બરાબર થઈ ગઈ હતી, પરંતુ મારા હાથમાં એપોઇન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યો ત્યારે તે પાર્ટટાઇમ લેક્ચરરનો હતો. હું ફાધર પાસે પહોંચ્યો. ફાધરે હેડક્લાર્કને બોલાવ્યો. એણે કહ્યું, “પ્રો. શાહનું અધ્યાપનકાર્ય તો ૨૦મી જૂનથી થશે. એન.સી. સી.ની તાલીમ માટે આપણે ચાર મહિના અગાઉથી એપોઇન્ટમેન્ટ આપવી પડે. આ ચાર મહિનાનો પગાર તો વગર ભણાવ્યે જ કૉલેજને આપવો પડે. એટલે હાલ પાર્ટટાઇમ એપોઇન્ટમેન્ટ આપી છે.”

મેં કહ્યું, “કૉલેજે વગર ભણાવ્યે એ પગાર આપવો પડે છે. પરંતુ

હું તો બીજી ફુલટાઇમ નોકરી છોડીને કૉલેજના કામ માટે તાલીમ લેવા જાઉં છું. મને તો આર્થિક નુકસાન થાય છે."

ફાધરે મને જૂનથી ફુલટાઇમ કરી આપવાનું વચન આપ્યું. છેવટે ફાધરની વિનંતી મારે સ્વીકારવી પડી.

એન.સી.સી.ની તાલીમ લઈ હું મુંબઈ પાછો આવ્યો અને કૉલેજમાં જોડાઈ ગયો. જૂનમાં મને ફુલટાઇમ કરવાની વાત કૉલેજે કરી નહિ, એટલે મેં મનસુખભાઈ અને ઝાલાસાહેબને વાત કરી. તેઓ ફાધર પાસે ગયા. વાતવાતમાં બે મહિના નીકળી ગયા. પછી એક દિવસ ફાધરને મળી આવીને તેઓએ મને કહ્યું, "રમણભાઈ, ફાધર તો ફુલટાઇમ કરવાની ના પાડે છે. હેડ ક્લાર્કે કહ્યું કે ફુલટાઇમ થવા માટે તમારે ભાગે અઠવાડિયે દસ લેક્ચર લેવાનાં હોવાં જોઈએ. પણ તમારી પાસે તો નવ લેક્ચર જ છે."

"પણ હું તો તેર લેક્ચર લઉં છું."

"પણ ક્લાર્કે કહ્યું કે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે તમારે ભાગે નવ લેક્ચર આવે છે."

મેં મનસુખભાઈ અને ઝાલાસાહેબને કહ્યું, "હું મારી ફુલટાઇમ નોકરી છોડીને કૉલેજમાં આવ્યો તે વખતે ફાધરે ફુલટાઇમની વાત કરી હતી. હવે યુનિવર્સિટીનો નિયમ બતાવી ફુલટાઇમ કરવાની કૉલેજ ના પાડે તે બરાબર ન કહેવાય."

તેઓએ કહ્યું, "રમણભાઈ, અમે ફાધર સાથે બે કલાક માથાકૂટ કરી. કહેવાય એવા કડક શબ્દોમાં કહ્યું. પરંતુ ફાધર છેવટ સુધી મક્કમ જ રહ્યા. આવું થશે એવી અમને કલ્પના પણ નહોતી. અમે દિલગીર છીએ કે હવે આમાં અમે બીજું કશું કરી શકીએ એમ નથી. એટલે કૉલેજમાં રહેવું કે ન રહેવું એ નિર્ણય તમારે કરવાનો છે."

એમ કરતાં કરતાં પહેલું સત્રા પૂરું થઈ ગયું. મને થયું કે નોકરી છોડતાં પહેલાં મારે ફાધરને ફરી એક વખત જાતે મળી લેવું જોઈએ. હું ફાધર પાસે ગયો. ફાધરે યુનિવર્સિટીના એ જ નિયમોની વાત કરી.

મેં ફાધરને કહ્યું, "તમે જાણો છો કે હું ફુલટાઇમ નોકરી છોડીને અહીં આવ્યો છું. આ મારી માતૃસંસ્થા છે અને એને માટે મને અત્યંત પ્રેમ છે. મને અહીં ભણાવવું ગમે છે, પરંતુ મારે મારા કુટુંબનું પણ જોવું જોઈએ. અમે સાધારણ સ્થિતિના માણસો છીએ. મારાં માતા-પિતા પૂછે છે કે વધારે પગારની નોકરી છોડીને ઓછા પગારની નોકરી મારે શા માટે ચાલુ રાખવી જોઈએ?"

ફાધરે કહ્યું, "એ બધું સાચું, પણ કૉલેજ આમાં કશું કરી શકે એમ નથી. હું એ માટે દિલગીર છું."

"તો ફાધર, મારે આપણી કૉલેજની નોકરી છોડી દેવી પડશે. હું કેટલા બધા ભાવથી કૉલેજમાં જોડાયો અને હવે દુઃખ સાથે મારે કૉલેજ છોડવી પડશે. મારા ઘરની આર્થિક સ્થિતિ જોતાં હું પાર્ટટાઇમ નોકરી ચાલુ રાખી શકીશ નહિ." આટલું બોલતાં બોલતાં તો મારી આંખમાંથી દડદડ દડદડ આંસુ સરી પડ્યાં. હું ઊભો થઈ ગયો. ફાધર પણ ઊભા થઈ ગયા. તેઓ બોલ્યા, "પ્રો. શાહ, લાગણીવશ ન થાઓ."

હું અસ્વસ્થ ચિત્તે સ્ટાફરૂમમાં આવીને બેઠો. દસેક મિનિટ થઈ હશે ત્યાં સંદેશો આવ્યો કે "ફાધર તમને બોલાવે છે." હું પહોંચ્યો. ફાધરે મને બેસાડ્યો અને મારા હાથમાં પત્રા આપતાં કહ્યું, "પ્રો. શાહ, તમે મારા હૃદયને હલાવી નાખ્યું. તમારે માટે તરત જ ફુલટાઇમ એપોઇન્ટમેન્ટનો લેટર ટાઇપ કરાવી નાખ્યો. આ તમારો એપોઇન્ટમેન્ટ લેટર. આ કૉલેજ માટેની તમારી લાગણી મને સ્પર્શી ગઈ છે. તમારા કામ માટે મને બહુ આદર છે. એન.સી.સી.માં પણ તમારું કામ વખણાય છે. આશા રાખું છું કે હવે તમારે બીજે ક્યાંય જવાનો કોઈ વિચાર નહિ કરવો પડે."

ફુલટાઇમ એપોઇન્ટમેન્ટનો પત્રા મળતાં ફરી મારી આંખમાંથી આંસુ વહ્યાં.

*

આ ઘટના પછી ફાધર બાલાગેર સાથે મારી આત્મીયતા વધી ગઈ. તેઓ વારંવાર એન.સી.સી.ની પરેડ જોવા આવતા અને એન.સી.

સી.ના કેમ્પમાં પણ આવતા, એથી પણ આત્મીયતામાં ઉમેરો થતો રહ્યો હતો. ફાધર બાલાગેર અમારા એન.સી.સી. કેમ્પની દર વર્ષે મુલાકાત લેતા અને બે દિવસ રોકાતા. સામાન્ય રીતે અન્ય કૉલેજના પ્રિન્સિપાલો જવલ્લે જ કેમ્પની મુલાકાત લેતા. પણ ફાધર વાર્ષિક સ્પર્ધાઓના આગલે દિવસે આવી જતા. કૉલેજના બધા કેડેટોને અમે એકત્ર કરતા અને ફાધર તેઓને ઉદ્‌બોધન કરતા. બીજાને જશ આપવાની ફાધરની નીતિ રહેતી. તેઓ અમારા કંપની કમાન્ડરની અને ઓફિસરોની ભારે પ્રશંસા કરતા. કેડેટો ઉત્સાહી થઈ જતા અને પરેડ તથા બીજાં બધાં કામ ચીવટ ને ખંતપૂર્વક કરતા.

એક વખત અમારો વાર્ષિક કેમ્પ દેવલાલીમાં હતો. ફાધર એ કેમ્પમાં આવવાના હતા. પરંતુ એમને બહારગામથી મુંબઈ પાછા ફરતાં મોડું થઈ ગયું અને મુંબઈથી દેવલાલીની સવારની ટ્રેન તો નીકળી ગઈ. એ દિવસોમાં ટ્રેન ઓછી હતી. હવે કરવું શું? ફાધર વિમાસણમાં પડી ગયા. મુંબઈથી દેવલાલી સુધીનો મોટરકારનો રસ્તો ઘણો જ ખરાબ હતો. છથી આઠ કલાકે મોટરકાર પહોંચે. મોટરકારની વ્યવસ્થા તરત થઈ શકે એમ પણ નહોતી. કૉલેજની ઑફિસમાં કામ કરતા બ્રધર સાબાતે મોટરસાઇકલ ચલાવતા. ફાધર બાલાગેરે તેમને પૂછી જોયું કે મોટરસાઇકલ પર તેઓ તેમને દેવલાલી લઈ જઈ શકે કે કેમ? બ્રધરે કહ્યું કે રસ્તો ઘણો હાડમારીવાળો અને થકવનારો છે, છતાં ફાધરની આજ્ઞા થાય તો પોતે તેમને લઈ જવા તૈયાર છે. ફાધરે હિંમત કરી અને બ્રધરને કહ્યું કે પોતે દેવલાલી જવા તૈયાર છે. ફાધરને પાછળની સીટ પર બ્રધરના ખભા પકડીને બેસવાનું હતું. આઠ કલાકની મોટરસાઇકલ—મુસાફરી કરીને ફાધર આવી પહોંચ્યા. એથી એમને ઘણો પરિશ્રમ પડયો હતો. પણ એમના આગમનથી કેડેટોનો ઉત્સાહ વધી ગયો. ફાધર વિદ્યાર્થીઓના અને કૉલેજના કામ માટે શારીરિક કષ્ટની પરવા ન કરતા.

ફાધર બહારગામ કાર્યક્રમોમાં ભાગ લેવા બહુ જતા. રેલવેમાં રિઝર્વેશન મળે ન મળે તેની બહુ દરકાર કરતા નહિ. રાતની મુસાફરીમાં

ક્યારેક રિઝર્વેશન વગરના ડબ્બામાં બેસવાની જગ્યા મળી ન હોય તો નીચે કશુંક પાથરીને બેસી જતા. પોતાના પદની મોટાઈની જરા પણ સભાનતા ફાધરમાં નહોતી.

એક વખત સમાજસેવા માટેના એક કેમ્પમાં જઈને ફાધર બાલાગેર વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા. પરંતુ એ ગીચ ગંદા વિસ્તારમાં રહેવાને કારણે ફાધરને સખત તાવ આવ્યો. બધાએ આગ્રહ કર્યો કે એમણે કૉલેજમાં પાછા ચાલ્યા જવું જોઈએ. પણ ફાધરે કહ્યું કે તેઓ કેમ્પ પૂરો થાય ત્યાં સુધી રોકાશે જ. ફાધરનો આગ્રહ એટલો બધો હતો કે કોઈ એમને સમજાવી શક્યું નહિ. તાવની ખબર પડતાં કૉલેજના રેક્ટર ફાધર સન્માર્તિ કેમ્પમાં આવી પહોંચ્યા. એમણે જોયું કે ફાધર બાલાગેર તાવથી પથારીવશ છે. એટલે એમણે ફાધર બાલાગેરને વિનંતી કરી કે તેઓએ કૉલેજમાં પાછા આવી જવું જોઈએ. પણ ફાધર બાલાગેર એકના બે ન થયા. કલાક માથાકૂટ ચાલી હશે. રેક્ટરને લાગ્યું કે ફાધર બાલાગેર એટલા બધા મક્કમ છે કે માનશે નહિ, માટે હવે બીજું શસ્ત્રા અજમાવવું પડશે. કૉલેજમાં પ્રિન્સિપાલની ઉપરની પદવી તે રેક્ટરની. ફાધર સન્માર્તિએ કહ્યું, “ફાધર બાલાગેર, હું તમને વિનંતી કરી-કરીને થાક્યો, પણ તમે માનતા નથી. હવે હું રેક્ટર તરીકે તમને આજ્ઞા કરું છું કે તમારે કેમ્પ છોડીને મારી સાથે મુંબઈ આવવાનું છે.”

ઉપરીની આજ્ઞા થતાં એક શબ્દ બોલ્યા વિના અને એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના ફાધર પથારીમાં તરત બેઠા થઈ ગયા. બે મિનિટમાં પોતાની બધી વસ્તુઓ બૅગમાં ગોઠવી લઈને તૈયાર થઈ ગયા અને ફાધર સન્માર્તિ સાથે મુંબઈ આવી ગયા.

*

ફાધર બાલાગેરે ઝેવિયર્સ કૉલેજના આચાર્ય તરીકે ૧૯૪૯થી ૧૯૫૮ સુધી કામ કર્યું. ખ્રિસ્તી મિશનરી પાદરીઓની એક પ્રથા સારી છે કે કોઈ પણ હોદ્દા પરની વ્યક્તિ જીવનના અંત સુધી એ હોદ્દા ઉપર જ રહે એવું અનિવાર્ય નથી. સામાન્ય રીતે પાંચથી નવ વર્ષ સુધી કોઈ પણ ફાધર એ હોદ્દા પર રહે, પછી નિવૃત્ત થાય. નિવૃત્ત

થયેલા ફાધરને બીજા કોઈ ફાધરના હાથ નીચે અધ્યાપક તરીકે કામ કરવામાં કોઈ શરમ-સંકોચ નડે નહિ.

ઝેવિયર્સ કૉલેજના અગાઉના પ્રિન્સિપાલ ફાધરો એકંદરે સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં બહુ ભળતા નહિ. તેઓ કૉલેજમાં પિરિયડ લીધા પછી પોતાના અલગ આવાસમાં જ ઘણુંખરું ચાલ્યા જતા. ફાધર બાલાગેર બધા વિદ્યાર્થીઓ સાથે અને સ્ટાફના સભ્યો સાથે ભળી જતા. પોતે મોટા છે અથવા પોતાનો સમય બહુ કીમતી છે એવું ક્યારેય લાગવા ન દે. મળે તો રસ્તામાં ઊભા રહીને આપણી સાથે નિરાંતે વાત કરે. ફાધર બાલાગેરનું વ્યક્તિત્વ જ એવું વાત્સલ્યભર્યું હતું કે સૌ એમના તરફ ખેંચાય. સામાન્ય રીતે કૉલેજના બીજા ફાધરો કરતાં ફાધર બાલાગેર લોકસંપર્ક વધુ રાખતા હતા. બહારના સામાજિક કાર્યક્રમોમાં જતા. અધ્યાપકો કે વિદ્યાર્થીઓના લગ્નપ્રસંગે પણ હાજરી આપતા.

જૂના વખતમાં યુરોપથી આવેલા ગોરા પાદરીઓ અને ભારતના બિનગોરા પાદરીઓ વચ્ચે ક્યાંક ક્યાંક અંતર રહેતું. કેટલાક ગોરા પાદરીઓમાં ગુરુતાગ્રંથિ રહેતી. તેઓ ભારતીય પાદરીઓ સાથે બહુ ભળતા નહિ, અતડા રહેતા. ફાધર બાલાગેરના મનમાં કે વર્તનમાં ગોરાકાળા વચ્ચેનો કોઈ ભેદ રહેતો નહિ. તેઓ બધા સાથે પ્રેમથી હળીમળી જતા.

પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયા પછી ફાધર બાલાગેરે કેટલોક સમય રેક્ટર તરીકે કામ કર્યું. ત્યારપછી એમણે સૌથી મહત્ત્વનું કાર્ય કર્યું તે ૧૯૬૪માં મુંબઈમાં મળેલી ૩૮મી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી કૉંગ્રેસના મહામંત્રી તરીકેનું હતું. બે વર્ષ અગાઉથી દિવસરાત ફાધર એ કામમાં લાગી ગયા. એમની વ્યવસ્થાશક્તિની, સૂઝની, દીર્ઘદૃષ્ટિની, સેવાભાવનાની, વિનમ્રતાની દેશ-વિદેશના હજારો મહેમાનોને સુંદર પ્રતીતિ થઈ. કોઈ પણ વ્યક્તિ એમને સહેલાઈથી મળી શકે અને દરેકની વાત તેઓ યાદ રાખે. એ દિવસોમાં ફાધરને થોડા દિવસ તાવ આવ્યો હતો, પરંતુ પથારીમાં સૂતાં સૂતાં પણ તેઓ વારાફરતી દરેકને બોલાવતા અને સૂચનાઓ આપતા.

પોતે મુંબઈમાં હતા ત્યાં સુધી ફાધર બાલાગેરે વિવિધ પ્રકારની સક્રિય જવાબદારી અદા કરી હતી. ૧૯૭૨માં એમને સિકંદરાબાદમાં પાદરીઓને ભણાવવાની જવાબદારી સોંપવામાં આવી. ફાધર બાલાગેરની દોરવણી હેઠળ સિકંદરાબાદમાં ‘અમૃતવાણી’ નામનું ‘કોમ્યુનિકેશન સેંટર’ સ્થાપવામાં આવ્યું. ફાધરે એના સ્થાપક અને ડાયરેક્ટર તરીકે સેવા આપવાનું ચાલુ કર્યું. ઉંમર તથા તબિયતને કારણે ૧૯૯૦માં તેઓ એમાંથી નિવૃત્ત થયા.

સામાન્ય રીતે રોમન કેથોલિક સંપ્રદાયમાં જેસ્યુઇસ્ટ પાદરી કે સાધ્વી તરીકે બાળબ્રહ્મચારીની જ પસંદગી થાય છે. પંદર-સત્તર વર્ષની ઉંમરનાં છોકરાં—છોકરીઓને પસંદ કરવામાં આવે કે જેથી ગૃહજીવનમાં દાખલ થવાનો વિચાર સેવે તે પહેલાં તેઓ પાદરી બની ગયાં હોય.

૯૧ વર્ષની ઉંમર પછી ફાધરનું શરીર ઘસાવા લાગ્યું હતું. ૯૩ વર્ષની ઉંમરે એમને ચાલવામાં તકલીફ પડવા લાગી હતી. તેઓ લાકડી લઈને ધીરે ધીરે ડગલાં માંડતા હતા. પછી પણ ફાધર બાલાગેર જીવનના અંત સુધી ભારતમાં જ રહ્યા.

એક વખત ફાધર બાલાગેરને પૂછવામાં આવ્યું કે “તમે સ્પેનથી આવી, જીવન પર્યંત ભારતની સેવા કરી છે, તો ભારત તમારા માટે શું કરી શકે?”

ફાધરે કહ્યું, “મેં મારું કર્તવ્ય બજાવ્યું છે. હું ભારતવાસી થઈને રહ્યો છું. ભારતીય સંસ્કારો મારા લોહીમાં આવ્યા છે. ભારત પાસેથી બદલાની કોઈ આશા મારે રાખવાની જ ન હોય. મારે જો માગવાનું હોય તો એટલું જ માગું કે મારા મૃત્યુ પછી મારા શરીરને દફનાવવા માટે છ ફૂટની જગ્યા જોઈશે; આ સિવાય બીજું કશું મારે જોઈતું નથી.”

ફાધર દિવસે દિવસે વધારે અંતર્મુખ બનતા જતા હતા. પ્રાર્થના અને ધ્યાન માટે અગાઉ કરતાં વધુ સમય તેઓ આપતા હતા. પોતાનું મૃત્યુ નજીક આવી રહ્યું છે એમ તેમને લાગતું અને તે માટે તેઓ સજ્જ હતા.

ફાધર બાલાગેર માનવ નહિ પણ મહામાનવ જેવા હતા. બીજાનું હૃદય જીતવાની કલા એમને સહજ હતી. એમના ગાઢ સંપર્કમાં આવેલી વ્યક્તિ ખ્રિસ્તી હોય કે બિનખ્રિસ્તી હોય, તે દરેકને એમ લાગતું કે, ફાધર અમારા છે.

['પ્રબુદ્ધ જીવન' માસિક : ૧૯૯૭]

# ગુલામોનો મુક્તિદાતા

## લિંકનના પિતા

પોતાની માનવતાભરી ઉદારતાથી જગવિખ્યાત બનનાર અમેરિકાના સોળમા પ્રમુખ એબ્રહેમ લિંકનનો જન્મ ૧૮૦૯ની ૧૨મી ફેબ્રુઆરીએ અમેરિકાના કેંટકી પરગણાના જંગલમાં એક લાકડાની કોટડીમાં થયેલો.

એ દિવસોમાં અમેરિકાનાં જંગલોમાં માણસો છૂટાછવાયા રખડતા અને શિકાર, મજૂરી, ખેતી કે એવાં બીજાં આજીવિકાનાં સાધનો જ્યાં મળે ત્યાં થોડોક વખત સ્થિર થતા. તરત ઊભી કરી શકાય કે ખસેડી શકાય એવી લાકડાનાં પાટિયાંની કે વળીઓની બનાવેલી કોટડીમાં રહેવાનું એ માણસોને ફાવતું. લિંકનનો જન્મ જેમાં થયો હતો, તે એક નાની અંધારી કોટડી હતી. એમાં જ રાંધવાનું, એમાં જ બેસવાનું ને એમાં જ સૂવાનું. એ કોટડીને વાસી શકાય તેવાં બારીબારણાં નહોતાં. બારીની જગ્યાએ ભીંતોમાં નાનાં બાકોરાં રાખવામાં આવ્યાં હતાં. ઠંડી કે વરસાદથી રક્ષણ મેળવવા બારણા આગળ મોટું ચામડું લટકાવી દેવામાં આવતું. ઠંડીના દિવસોમાં કોટડીમાં ચોવીસે કલાક દેવતા સળગતો રાખવો પડતો. ભોંય પર રીંછનું ચામડું પાથરેલું રહેતું.

આ જંગલોમાં તે સમયે રેડ ઇન્ડિયનો રહેતા. અંગ્રેજોને અમેરિકામાં આવી વસ્યે આઠ પેઢી થઈ ગઈ હતી. ૧૬૩૮માં સેમ્યુઅલ લિંકન નામનો માણસ ઇંગ્લેન્ડ છોડી અમેરિકામાં આવી વસ્યો, એની છઠ્ઠી

પેઢીએ ટોમસ લિંકન થઈ ગયા, તે એબ્રહેમના પિતા. એબ્રહેમના દાદાનું નામ પણ એબ્રહેમ લિંકન હતું. ટોમસે પોતાના પિતાના નામ પરથી પુત્રનું નામ પાડેલું.

મિસિસિપી નદીની પશ્ચિમે આવેલો અમેરિકાનો પ્રદેશ ગાઢ જંગલોથી ભરેલો હતો. ત્યાંની જમીન વણખેડાયેલી હતી. ત્યાંના રસ્તાનું કોઈ ભોમિયું નહોતું. માત્ર આદિવાસી રેડ ઇન્ડિયનો ત્યાં વસતા અને શિકાર કરી ખાતા. કોઈ ગોરા લોકો ત્યાં આવી ચડે તો તેમનો પણ શિકાર કરતા. ટોમસના પિતા એબ્રહેમ સ્થળાંતરો કરતા કરતા આ બાજુ આવી ચડયા, ત્યારે કોઈ રેડ ઇન્ડિયને તેમને ગોળીથી વીંધી નાખેલા. છ વરસના બાળક ટોમસને ઉઠાવીને એક રેડ ઇન્ડિયન નાસી જતો હતો, પરંતુ ટોમસના મોટા ભાઈએ તેને ઠાર માર્યો અને બાળકને બચાવી લીધો.

ટોમસના પિતાએ ખેતી કરવા ૪૦૦ એકર જમીન લીધેલી. એનું અવસાન થતાં દીકરાઓ છૂટા પડ્યા. તે વખતે ટોમસ બહુ નાનો હતો. એની સંભાળ રાખનાર કોઈ હતું નહીં, એટલે એ પણ રખડી ખાવા લાગ્યો. એ કાંઈ ભણ્યો નહીં. જે કાંઈ કામ મળે, તે કરીને એ પેટ ભરતો. એ ખેતરોમાં કામ કરતો, તો કદીક સડકો માપવાનું કામ કરતો, ક્યારેક લાકડાની કોટડીઓ બાંધતો.

પણ એ બધાં કરતાં શિકારનો એને બહુ શોખ હતો. નિશાન બરાબર તાકે. નવરો પડે ત્યારે ખભે બંદૂક ભરાવી નીકળી પડ્યો જ હોય. તે એકલો જંગલમાં ભટકતો. આમ રખડપટ્ટીમાં કેટલાંક વરસ ગાળ્યા પછી ટોમસને ક્યાંક સ્થિર થઈ બેસવાનું મન થયું. એલિઝાબેથટાઉનમાં એક સુથારને ત્યાં એ નોકરીએ રહ્યો. ૨૮ વરસની ઉંમરે તેણે પોતાના શેઠની ભત્રીજી નાન્સી સાથે લગ્ન કર્યાં.

નાન્સી સુંદર, હોંશિયાર અને ઘરરખ્ખુ હતી. સ્વભાવે તે સહનશીલ અને માયાળુ હતી. પારકાનું કામ કરી આપીને તે હંમેશાં રાજી થતી. એને લખતાં-વાંચતાં ને કપડાં સીવતાં આવડતું હતું. પોતાના પતિ ટોમસને એણે વાંચતાં-લખતાં શીખવ્યું. એણે એક દીકરીને જન્મ આપ્યો.

એનું નામ રાખ્યું સારાહ.

પણ ત્યાં મળતી મજૂરીમાં ટોમસને પત્ની અને સંતાનનું ગુજરાન ચલાવવું અશક્ય લાગ્યું. એણે તે નોકરી છોડી દીધી, અને ખેતી કરવાનો વિચાર કરી જમીન ખરીદી. એની પાસે પૈસા નહોતા, પરંતુ પાછળથી પૈસા ચૂકવવાની શરતે સરકાર પડતર જમીન ખેડવા માટે વેચતી હતી. ટોમસની જમીન થોડી ખેડાયેલી પણ હતી, અને તેમાંથી એક ઝરો વહેતો હતો. ટોમસના એ ખેતરમાં લાકડાની એક કોટડીમાં શિયાળાની કડકડતી ઠંડીમાં, બહાર હિમવર્ષાનું તોફાન થઈ રહ્યું હતું ત્યારે, એબ્રહેમ લિંકનનો જન્મ થયો.

એ દિવસોમાં અમેરિકામાં રેલગાડી નહોતી અને જંગલના રસ્તાઓ પણ બહુ લાંબા ને વિકટ હતા. પણ નદીમાર્ગે વહાણમાં એક સ્થળેથી બીજે ઓછા ખર્ચે ને ઓછા સમયમાં જઈ શકાતું. વેપાર વધતાં માલની હેરફેર વધતાં, મિસિસિપી નદીમાં સેંકડો હોડીઓ ને વહાણો ફરવા લાગ્યાં, એને કાંઠે કાંઠે ગામો વસવા માંડ્યાં. આમ અમેરિકાના આ છેવાડાના જંગલપ્રદેશમાં મોટા ફેરફારો થઈ રહ્યા હતા. વસ્તીવાળા ગામ-શહેરોમાં શું બની રહ્યું છે તેની આ દૂરનાં જંગલોમાં વસતા લોકોને કશી જ ખબર પહોંચતી નહોતી. તેઓ તો પોતાનું જીવન ટકાવી રાખવાના કામમાં જ મશગૂલ રહેતા. ખોરાક મેળવવા માટે જંગલી પશુઓના શિકારની શોધમાં તેઓ ભટકતા. સ્ત્રીઓ પણ શિકાર કરવા નીકળતી.

અહીં ચારેક વરસ વીત્યાં હશે, ત્યાં વળી ટોમસને બીજે ક્યાંક જઈને વસવાટ કરવાની ઇચ્છા થઈ આવી. નોબ ક્રીક નામના સ્થળ પાસે ૨૩૮ એકર જમીન તેણે ખરીદી લીધી અને ત્યાં જઈ વસવાટ કર્યો.

*

## સ્થળાંતર

નોબી ક્રીકમાં થોડી વસતી હતી, એટલે એબ્રહેમને બીજાં નાનાં છોકરાં સાથે રમવાની તક મળી. ઉંમરે નાનો છતાં એબ્રહેમ શરીરે ઊંચો, ભરાવદાર અને મજબૂત હતો. એને વાર્તા સાંભળવાનો શોખ

ઘણો. આખા દિવસનું કામ પૂરું થાય એટલે એની માતા બંને બાળકોને પોતાની પાસે બેસાડી રોજ નવી નવી વાર્તા કહેતી. નાનો એબ્રહેમ વાર્તાઓ સાંભળતો અને તેના કાલ્પનિક જગતમાં ખોવાઈ જતો. માતા બાળકોને કક્કો વગેરે પણ શીખવતી. લખતાં-વાંચતાં આવડ્યું, એટલે એબ્રહેમનો ઉત્સાહ ઘણો વધી ગયો. જંગલમાં રહેનાર શિકારી કે ખેડૂતોને એ દિવસોમાં પોતાનાં બાળકોની સંભાળ લેવાની બહુ દરકાર નહોતી. જે રીતે પોતે ઊછરેલાં તેમ પોતાનાં બાળકો પણ એની મેળે મોટાં થઈ જશે, એમ તેઓ માનતાં. દીકરાને લાકડાં ફાડતાં, લાકડાનું ઘર બનાવતાં, હળ વડે જમીન ખેડતાં ને શિકાર કરતાં આવડે અને દીકરીને રસોઈ બનાવતાં આવડે એટલે બસ, એમ તેમને લાગતું. પરંતુ એબ્રહેમની માતાને પોતાનાં બાળકોની દરકાર વધારે હતી. તેનો પોતાનો ઊછેર સારી રીતે થયો હતો, એટલે પોતાનાં બાળકો પણ સારી રીતે ઊછરે એમ એ હંમેશાં ઇચ્છતી હતી.

પણ આવા દૂરના ગામડાગામમાં બાળકો માટે ભણવાની વ્યવસ્થા નહોતી. કેટલીક વાર ફરતા શિક્ષકો ત્યાં આવી ચડતા, એકાદ-બે મહિના ગામમાં રહીને બાળકોને ભણાવતા અને પાછા બીજે ગામડે ચાલ્યા જતા. એબ્રહેમ પાંચ વર્ષનો થવા આવ્યો ત્યારે એક દિવસ કોઈક ખબર લાવ્યું કે નોબી ક્રીકમાં કોઈ શિક્ષક આવે છે. એથી મા-દીકરાને ખૂબ આનંદ થયો અને આતુરતાપૂર્વક તેઓ શિક્ષકની રાહ જોવા લાગ્યાં.

શિક્ષકે આવીને એકાદ ખાલી પડેલા ઘરમાં નિશાળ ચાલુ કરી. એબ્રહેમને અને દીકરી સારાહને નાન્સી નિશાળે મૂકી આવી. ઘણે વખતે ગામમાં શિક્ષક આવે એટલે નાનકડા ઉત્સવ જેવું વાતાવરણ થાય. ગામમાં હોય તેટલાં બધાં બાળકો એકઠાં થાય. પાંચ વરસથી માંડીને પંદર વરસ સુધીનાં છોકરા-છોકરીઓ ભણવા બેસી જાય. ભણવામાં કક્કો અને થોડાક શબ્દો સિવાય ભાગ્યે જ બીજું કશું હોય, અને કેટલીક વાર તો આવનાર શિક્ષકને પણ એથી વિશેષ કાંઈ જ્ઞાન ન હોય.

એબ્રહેમને તો એની માતા પાસેથી ઘેર કેટલુંક શીખવા મળેલું, એટલે વર્ગમાં એનો નંબર પહેલો રહેતો. શિક્ષક પાસે એ ઉત્સાહપૂર્વક

ભણતો. થોડાક દિવસ એમ પસાર થયા અને શિક્ષક તો બીજે ગામ ચાલ્યા ગયા. શાળા બંધ થઈ. બાળકો ફરી પાછાં રમવા ને રખડવા લાગ્યાં. થોડા વખતમાં, ઘણાંખરાં તો પોતે જે શીખેલાં તે ભૂલી પણ ગયાં.

થોડાક મહિના પછી ખબર આવી કે ત્રણ-ચાર માઈલ પરના ગામમાં કોઈ શિક્ષક આવ્યા છે. બાળકો રોજ પેલે ગામ ભણવા જવા લાગ્યાં. પણ થોડા સમય બાદ એ શિક્ષક પણ બીજે ચાલ્યા ગયા, એટલે આ બાળકોનું ભણવાનું બંધ પડ્યું. પછી તો ઘણા વખત સુધી જંગલના આ બાજુના ભાગમાં કોઈ શિક્ષક ફરક્યા નહીં. ત્રણેક વરસ થયાં, ત્યાં તો ટોમસભાઈએ આ જગ્યા છોડીને વળી બીજે ક્યાંક જવાનો વિચાર કર્યો. એક મિત્રો ખબર આપ્યા કે દૂર દૂર ઓહાયો નદીને સામે પાર ઇન્ડિયાના પ્રદેશમાં વણખેડાયેલો વિશાળ પ્રદેશ પડેલો છે. એટલે ટોમસે ૪૦૦ ગેલન દારૂના બદલામાં પોતાનું ખેતર વેચી નાખીને ઇન્ડિયાના જવાની તૈયારી કરી. સુથારી કામ એને આવડતું હતું, એટલે એણે એક મોટી હોડી તૈયાર કરી. પોતાના ગામથી એકાદ માઈલ પરના ઝરા સુધી એ હોડીને લઈ ગયો. તેમાં દારૂનાં પીપ ભરીને એણે એકલાએ સફર આદરી.

એ ઝરો આગળ જતાં મોટી નદીને મળતો હતો. પણ અડધે જતાં હોડી ઊંધી વળી ગઈ. બીજો કેટલોક સામાન નદીમાં ડૂબી ગયો, પણ એ પોતે બચી ગયો. જેમતેમ કરીને એણે દારૂનાં પીપ બચાવ્યાં અને પોતાની સફર આગળ ચલાવી.

નદીનો પંથ કાપતો કાપતો ટોમસ થોડા દિવસે ઇન્ડિયાનામાં આવી પહોંચ્યો. પેલો દારૂ ખરીદનાર ઘરાક પણ એને મળી ગયા. કોઈકે બતાવ્યું કે ત્યાંથી સોળ માઈલ પર જંગલમાં સારી જમીન આવેલી છે, એટલે પગપાળો એ ત્યાં પહોંચ્યો. એ જમીન પસંદ પડી, એટલે દારૂ વેચતાં મળેલાં નાણાં ચૂકવી, બાકીની રકમ પાછળથી આપવાની શરતે એણે જમીન ખરીદી લીધી. ત્યાંથી પાછા ફરતાં નદીમાં સામા પ્રવાહે એની હોડી ચાલે તેમ નહોતી, એટલે તે પણ વેચી નાખી અને

જંગલમાં ચાલતો ચાલતો ઘણે દિવસે એ પોતાને ઘેર આવી પહોંચ્યો.

હવે નવી જમીન પર કુટુંબને લઈ જવા તેણે બે ઘોડા લીધા. એના પર એબ્રહેમ અને સારાહને બેસાડીને એણે પ્રયાણ કર્યું. પોતે ને નાન્સી તો ઘણુંખરું પગપાળા ચાલતાં. સવારસાંજ મજલ કાપે, અને બપોરે તથા રાતે કોઈ ઝાડ નીચે રાવટી તાણી મુકામ કરે.

જંગલ બહુ ગીચ અને ગાઢું હતું. રસ્તા તો એમાં મળે જ નહીં, ક્યાંક નાનકડી પગદંડી હોય. જંગલી પશુઓ ને લૂંટારુઓનો ભય ત્યાં રહેતો. ટોમસ પોતાની બંદૂક હંમેશાં હાથમાં જ રાખતો અને સાવધ રહેતો.

એ કાફલો પોતાના મુકામે પહોંચવા આવ્યો ત્યારે હિમવર્ષા શરૂ થઈ ચૂકી હતી.

['ગુલામોનો મુક્તિદાતા' પુસ્તકઃ ૧૯૫૬]

# રમણલાલ વ. દેસાઈ

## મને કસોટીએ ચઢાવવો

મ્હારાં પુસ્તકોના આપે કરેલાં વિવેચનોમાં આપે મ્હારા પ્રત્યે બહુ જ સહાનુભૂતિ દર્શાવ્યા કરી છે. કદી એમ નથી લાગ્યું કે મને અન્યાય કર્યો હોય. મ્હારી કવિતા—જેને કોઈએ હજી નજરે ચઢાવી નથી એની પણ આપે એવી ઉત્તેજક ચર્ચા કરી હતી કે મને પણ સાનંદાશ્ચર્ય થયું હતું.

હું બધું સારું જ લખું છું અને સહુએ તેને સારું કહેવું જ જોઈએ એવો જો હું ઘમંડ રાખું, તો હું મ્હારી માનવતા અને મ્હારી સામાન્યતાને અન્યાય કરું, નહીં? એમ હું નથી માનતો ત્યાં સુધી જ હું આછું-પાતળું લખી શકીશ!

આપનાં વિવેચનોમાં ઉદારતાનો ગુણ સામાન્ય રહેલો છે. ‘કલમ-કિતાબ’નાં પાનાંમાં આપની વિરુદ્ધના આક્ષેપો છાપીને લેખક કે અનુવાદકને કહેવું હોય તે કહેવાની અને તે સહુ જાણે એ રીતે પ્રસિદ્ધિ આપવાની ભારે સહિષ્ણુતા આપે દર્શાવી છે. એટલે આપને યોગ્ય લાગે તે પ્રમાણે આપે મને કસોટીએ ચઢાવવો જોઈએ.

[ઝવેરચંદ મેઘાણી પરના પત્રમાં: ૧૯૪૦]

# રમણલાલ સોની

## “તમને છોડીને કેમ જાઉં?”

ત્રીજી સહસ્રાબ્દીનું પ્રથમ વરસ. ૨૬મી જાન્યુઆરીનું પર્વ. ધરતી અચાનક ધ્રૂજવા લાગી...

તે વખતે હું અમદાવાદમાં ચાર માળના મકાનમાં ત્રીજે માળે મારા ફ્લેટમાં હતો. નાહી-ધોઈ પરવારીને હું સોફામાં પલાંઠી વાળીને બેઠો હતો, છાપું વાંચતો હતો. આંખોની ભારે તકલીફ, એટલે લખાણ પર આંગળી રાખી એક એક શબ્દ વાંચવો પડે. ત્યાં અચાનક સોફાને આંચકો આવ્યો ને તે ખસ્યો. હું સમજ્યો કે પૌત્રા ગૌરવ અટકચાળું કરે છે; કંઈ બોલ્યો નહીં. ત્યાં તરત મોટો આંચકો આવ્યો, એટલે મેં કહ્યું, “બબલુ, મને શાંતિથી વાંચવા દે!” વળી જોરદાર આંચકો આવ્યો અને હું બોલ્યો, “બબલુ, કેમ આમ સોફા હલાવ્યા કરે છે?”

તે ઘડીએ પુત્રાવધૂ રેણુકા આવીને સોફા પર મારી જમણી બાજુએ બેઠી ને મારો હાથ એના હાથમાં લઈ ગુપચુપ બેસી રહી. તેની આ વર્તણુક મને નવાઈની લાગી. એટલામાં ચોથો આંચકો આવ્યો ને વળી સોફા ખસ્યો. મેં રેણુકાને કહ્યું, “બાબલો આજે કેમ તોફાને ચડયો છે? સોફાને ધક્કા માર્યા કરે છે!”

હવે એ બોલી, “બાબલો નથી એ...”

એકાએક મને ભાન થયું: “તો શું ધરતીકંપ છે?”

“હા...”

“તો છોકરાં ક્યાં છે?”

“બધાં નીચે ઊતરી ગયાં!”

“તો તું કેમ ન ગઈ?”

“તમને મૂકીને હું કેવી રીતે જાઉં?”

તરત હું ઊભો થઈ ગયો. પગ ફરસ પર પડ્યા ત્યારે હવે મને ધરતી ધ્રૂજતી અનુભવાઈ. મારો હાથ પકડીને રેણુકા મને લઈ ચાલી. વીજળી બંધ, લિફ્ટ બંધ... ત્રાણ ત્રાણ દાદરા ઊતરવાના. મને દેખાય નહીં તેથી સાચવીને મને ઉતારવાનો, અને છતાં એકદમ ઝડપથી ઊતરી જવાનું. દાદરા ઊતર્યા પછી વળી લાંબી પાળી પાર કરવાની. તોય બધું વટાવીને બહાર રસ્તા પર જઈ ઊભાં. કંપ હવે બંધ થઈ ગયો હતો. કટોકટીની અમારી પળો ફ્લેટમાં જ વીતી ગઈ હતી. મકાન હલ્યું, પણ પડ્યું નહીં.

આંખે નહીં ભાળતા ૯૪ વરસના વૃદ્ધને ત્રાણ દાદરા ઊતરતાં ને પછી ત્રીસ ફૂટની પડાળી વટાવતાં કેટલી બધી વાર લાગી હશે! એ બધો વખત રેણુકા મને કાળજીથી દોરીને લઈ જઈ રહી હતી! ‘તમને મૂકીને હું કેવી રીતે જાઉં!’ એ તેના શબ્દો મારા ચિત્તમાં જડાઈ ગયા છે. આમ તો એ પારકી દીકરી ને? પણ પારકી દીકરી પરણીને પછી પારકાંને કેવી રીતે પોતાનાં કરી લે છે, આત્મીય કરીને માને છે, તેનું ચરમ દૃષ્ટાંત તે દિવસે જોયું. ભારતીય સંસ્કૃતિની આ પાયાની ચીજનું ઉજ્જ્વળ દર્શન મને ધરતીકંપની આપત્તિએ કરાવ્યું.

*

ફ્લેટમાં તો હવે પાછું જવાય તેમ નહોતું. અમારી જેમ અમદાવાદમાં લાખો લોકો એક પળમાં નિરાશ્રિત બની ગયાં હતાં. કોઈએ સગાંવહાલાંનો આશરો લીધો, કોઈએ મિત્રોનો, તો કોઈ સાવ રસ્તા પર જ રહ્યા.

અમે બધાં સ્વ. નગીનદાસ પારેખના પુત્રા ભાઈ નિરંજનને ઘેર જઈ ઊભાં. નિરંજનની પત્ની દક્ષા સદા હસમુખી ને આનંદી. જવલ્લે જ જોવા મળે એમાંની એ. માત્રા ભોંયતળિયાવાળું નગીનભાઈનું મકાન. પણ સામે જ ઢગલાબંધ ઊંચાં મકાનો. બાજુમાં પણ એવું મોટું મકાન. સામેનાં મકાનના ફ્લેટવાળાંઓએ પણ દક્ષાને ત્યાં જ આશરો લીધેલો. નિરાશ્રિત કેમ્પ જ જોઈ લો! પાછળથી ધરતીકંપના આંચકા અવારનવાર આવતા રહે અને બધાં દોડીને બહાર દૂર જઈ ઊભાં રહે. પણ જેમ રેણુકા તેમ દક્ષા મને લીધા વગર ડગલું ખસે નહીં. રાતે-મધરાતે સવારે-

બપોરે આવી ભાગદોડ કરવી પડે—અને તેની વચ્ચે સૌએ નહાવું-ધોવું, ખાવું-પીવું પણ પડે ને! સૌ મળીને કામકાજ આટોપતાં, તોયે ગૃહિણી તરીકે દક્ષાને માથે વિશેષ ભાર રહે એ દેખીતું છે. પણ એ ભાર એના મોં પર લેશ પણ કળાય નહીં. ત્યાં તો હસું-હસું થતું મુખ જ હોય.

અમે અઠવાડિયું નિરંજનભાઈને ઘેર રહ્યાં. પછી સત્યાગ્રહ સંગ્રામના મારા મિત્રા નરહરિભાઈ ભટ્ટના પુત્રા ભાઈ સિદ્ધાર્થને ઘેર જઈ રહ્યાં. સિદ્ધાર્થ અમેરિકામાં ભણીને પ્રોફેસર થયેલો. એના મોટાભાઈ અશોકની પેઠે એ પણ અમેરિકામાં સ્થિર થઈ શક્યો હોત. પણ માતાપિતાની સેવામાં રહેવાના એકમાત્રા હેતુથી અમેરિકા છોડી એ દેશમાં આવી રહ્યો. નરહરિભાઈ જાણીતા કોશકાર, તો ભાઈ સિદ્ધાર્થ સરદાર વલ્લભભાઈના જીવનના અભ્યાસી તરીકે જાણીતા છે. એની પત્ની કોકિલા સુશિક્ષિત સન્નારી. બેઉનો અમને ખૂબ આધાર મળ્યો. અઠવાડિયું એમને ત્યાં રહ્યા પછી અમે અમારા ફ્લેટમાં ફરી રહેવા આવ્યાં, ત્યાર પછી પણ દિવસો લગી અમે રાત્રો સૂવા માટે એમને ઘેર જ જતાં હતાં.

ધરતીકંપની થોડી સેકંડોમાં કેટલાં બધાં મકાનો જમીનદોસ્ત થયાં, કેટલાં બધાં માનવીઓ તેમાં કચડાઈ-દટાઈને મર્યાં, એથીયે વધારે કેટલાં બધાં નિરાધાર બન્યાં! મને થયું: ભગવાન શા સારુ આવો કેર કરતો હશે? મહાકવિ રવીન્દ્રનાથના શબ્દો મને યાદ આવ્યા: ‘પ્રભુ પોતાને હાથે નિર્દય આઘાત કરીને આપણને જગાડવાનું કરે છે.’ આ ભૂકંપથી દુનિયાના કેટકેટલા લોકોનાં હૃદય હાલી ઊઠયાં છે! ચારેબાજુથી ભૂકંપગ્રસ્તોની વહારે ધાવા પોકાર ઊઠયો છે. આ સમવેદનાનો અનુભવ એક શુભ ચિહ્ન છે.

ધરતીકંપ તો સમય જતાં ભુલાઈ જશે. ભંગાર થયેલાં ગામ ફરી બેઠાં થશે. ઘરબાર વિનાનાં થઈ ગયેલાં પુનર્નિવાસ પામશે. જેમણે નિકટનાં સ્વજનો ગુમાવ્યાં છે તેમની વેદનાયે ધીરેધીરે શમતી જશે.... અને પછી પ્રગટતી થશે—આ ધરતીકંપે માનવીને ઢંઢોળીને કેવો જાગૃત કર્યો, પ્રવૃત્ત કર્યો તેની કથાઓ. એ કથાઓ એકવીસમી સદીની માનવીની સંસ્કૃતિનો એક ભાગ બની રહેશે.

એ સંસ્કૃતિમાં કેવળ એક પુત્રવધૂ પોતાના વૃદ્ધ સસરાને નહીં કહેતી હોય કે, “તમને છોડીને હું કેવી રીતે જાઉં?” પણ સમાજના શિખરે બિરાજતો માનવીયે તળિયાના તુચ્છ જીવને કહેતો હશે કે, “તને છોડીને હું કેવી રીતે જાઉં?”

## અંદરનો બાળક

બાળમંદિરમાં મારી કહેલી વાર્તાઓને બાળકો પોતાની મેળે ભજવતાં, ત્યારે મેં જોયું કે વાર્તામાંના સંવાદો મેં જેવા કહેલા તેવા જ બાળકો પણ બોલતાં હતાં. એમાંથી મને પ્રતીતિ થઈ કે ભાષા-શિક્ષણ માટે વાર્તાનું માધ્યમ કેટલું જોરદાર છે. વાર્તા છીછરા મનોરંજનના સ્તરે ઊતરી જાય, તેમાં કેવું જોખમ છે એનો મને ખ્યાલ આવ્યો. વાર્તા દ્વારા કહેવા ધાર્યું હોય કાંઈક, ને બાળકો ગ્રહણ કરે કાંઈક બીજું જ, એવું પણ જોયું.

આ બધાંને પરિણામે એક વાત મનમાં નિશ્ચિત થઈ કે વાર્તામાં બાળકને ભાષાજ્ઞાન આપવા ઉપરાંત મૂલ્યોનું જ્ઞાન આપવાની પણ અદ્‌ભુત શક્તિ છે અને એ શક્તિની કોઈ કાળે ઉપેક્ષા કરવી બાળસાહિત્યના લેખકને પાલવે નહિ.

આમ બાળસાહિત્ય એ બાળકના સમસ્ત અંતઃશરીરમાં પ્રવેશવાની વિદ્યા છે, પણ અઘરી વિદ્યા છે. કવિશ્રી ઉમાશંકર જોશી સાચું જ કહે છે કે, “એક મોટી નવલકથા જેટલી સહેલાઈથી લખી શકાય, એટલી સહેલાઈથી બાળકો માટે એક ઉત્તમ વાર્તા લખી શકાતી નથી.”

બાલવાર્તાની શોધમાં ફરતાં ફરતાં હું બીજા દેશોના લોકસાહિત્યમાં પ્રવેશ્યો. વિશ્વના વિદ્વાનો ભારતને વાર્તાનું પિયર માને છે. ભારતમાંથી ‘પંચતંત્રા’ની વાર્તાઓ જે રીતે સફર કરતી કરતી વિશ્વમાં વિસ્તરી છે, એ એક અદ્‌ભુત રોમાંચક કથા છે. દરિયો ખેડનારાઓ, કાફલાઓ લઈને હજારો ગાઉની ધરતીની ખેપ કરનારાઓ પોતાની સાથે કેવળ

ધનમાલ જ નહીં, વાર્તા-સમૃદ્ધિ અને વાર્તાસંસ્કૃતિ યે લઈ જતા, તેનું આદાનપ્રદાન કરતા. મનથી સાગરખેડુ, રણખેડુ, પહાડખેડુ બનીને મેં દેશવિદેશની યાત્રાઓ કરી, અને એમાં જે મહામૂલાં રત્નો મને મળ્યાં, તે મેં મારી અક્કલ પ્રમાણે સમારી, સુધારી, પહેલ પાડીને, વાન અને વાઘા બદલવા પડે તો બદલીને, ગુજરાતી બાળકોની આગળ રજૂ કર્યાં. આ રીતે સાઠ-સિત્તેર જેટલા દેશોની વાર્તાઓ હું બાળકો માટે લખી શક્યો છું.

ઈસપની એક વાર્તા જાણીતી છે—કાગડાનાં ખોટેખોટાં વખાણ કરીને શિયાળ એના મોંમાંથી પૂરી પડાવી લે છે. આ વાર્તા મારે મોઢે સાંભળીને એક બાળકી બોલી ઊઠેલી કે, “જૂઠાબોલો જીતી ગયો!” હું ચોંક્યો. મેં તરત વાર્તાની પુરવણી કરીને કહ્યું: “ડાઘિયો કૂતરો સૂતો સૂતો આ જોતો હતો. શિયાળ પૂરી લેવા દોડયો, કે ડાઘિયો એની પાછળ પડયો. શિયાળ પૂરી મેલીને ભાગ્યો. દરમિયાન એક ગાય ચરતી-ચરતી આવી, ને એ પૂરી ખાઈ ગઈ.” (આ રીતે વાર્તા વિકસાવીને મેં એને ‘બદામની પૂરી’ નામે ફરીથી લખી છે.) આમ શિયાળની યુક્તિ ફળી નહિ, એ જોઈ બાળકો ખુશ થઈ તાળી પાડી ઊઠયાં. બાળ-મન પણ સાચાં મૂલ્યોને સમજતું થાય, એ બાળસાહિત્યકારે જોવાનું છે.

બાળવાર્તા કે બાળકવિતા લખતાં લખતાં ઘણી વાર મેં એવું અનુભવ્યું છે કે જાણે એક એક શબ્દ માથું ઊંચકીને મારી ઊલટતપાસ કરે છે કે, “મને અહીં કેમ મૂક્યો છે?” વાર્તા કે કવિતાનો એક એક વિચાર સ્વતંત્રા અદા ધારણ કરીને પડકાર કરે છે કે, “અહીં મારો શ્વાસ રૂંધાય છે, મારે વિહરવું છે, મને વાર્તામાં રમતો રહેવા દો.” પરિણામે, ઘણી વાર મેં એકની એક વાર્તા અનેક વાર લખી છે. ‘ગલબો શિયાળનાં પરાક્રમો’ની વાર્તા મેં પૂરી ત્રાણ વાર લખી છે. અને હજી પણ એમાં કાંઈક ફેરફાર કરવાનું મારું મન છે. આમ ફરીફરીને લખીલખીને મેં મારી બાળવાર્તાનું સ્વરૂપ ઘડયું છે.

બાળજોડકણાંની એક અનોખી સૃષ્ટિ છે—બરાબર બાળકના જેવી જ મસ્તીખોર! બાળકની પેઠે એમાં શબ્દો અને વિચારો કૂદાકૂદ કરે

છે. શબ્દને તો તરવુંય ગમે અને ડૂબવુંય ગમે. કોઈ વાર એમાં અર્થ હોય તો ઘણી વાર ન પણ હોય. અર્થ ભલે હોય કે નહિ, બાળકને રાજી કરવાની એની શક્તિમાં ખામી ન હોવી જોઈએ.

બાળકની પેઠે મારી દૃષ્ટિ કુદરત પ્રત્યે કુતૂહલની અને વિસ્મયની રહી છે. પશુપંખી, નદી-સરોવર, પર્વત, વૃક્ષ-વનસ્પતિની સૃષ્ટિ મને મનુષ્યસૃષ્ટિના કરતાં વધારે નિકટની અને આત્મીય લાગે છે. એટલે એ બધાં મારાં બાળકાવ્યોમાં આવે છે, અને એમને લઈને જ બાળકો સાથેની મારી ગોઠડી ચાલે છે.

તા. ૧૨-૧૨-૧૯૧૧ના રોજ વિલાયતના રાજા પાંચમા જ્યોર્જે દિલ્લીમાં દરબાર ભર્યો, તેની ખુશાલીમાં ગામેગામ મેળાવડા થયા હતા. મારા મોડાસા ગામના એવા એક મેળાવડામાં શાળાના બધા વિદ્યાર્થીઓ ભેગો હું પણ એકડિયાના બાળક તરીકે ગયો હતો. લોકોનો મેળો, ફટાફટ ફૂટતું દારૂખાનું અને આકાશમાં ચડતા ગબારા—આજે નવ્યાશી વર્ષની ઉંમરે પણ એ કુતૂહલ, એ વિસ્મય, એ આનંદ એવાં ને એવાં છે. મારી અંદરનો બાળક એનો એ છે. તે કહે છે—

*ઓઢ્યો ભલે ને મેં બુઢાપાનો અંચળો,*
*પણ બાલ તે બાલ તે બાલ;*
*છૈયો છો દેવકીનો, કિંતુ*
*જસોદાનો લાલ તે લાલ તે લાલ!*

આમ હું તો જે હતો તે જ છું. પણ એક વાતનો મનમાં પૂરો સંતોષ છે કે નાનપણથી મને જે કાર્ય મારા જીવનધર્મ જેવું લાગ્યું છે, તે હું પૂરી નિષ્ઠાથી કરતો રહ્યો છું; એમાં મેં અંચઈ કરી નથી.

## ઈદમ્ ન મમ

ભાઈ ભોગીલાલ ગાંધી મને ઘણી વાર કહેતા કે, તેં મોડાસામાં રહી ઘણું કામ કર્યું છે, તો તારા એ અનુભવોની વાત લખી કાઢ.

ભોગીભાઈની પેઠે મારા મિત્રા નવનીતભાઈ ગાંધીનો પણ મારા પર સતત આગ્રહ કે મારે મારા અનુભવો લખવા. વર્ષો લગી મેં એમનો આગ્રહ ઠેલ્યા કર્યો, પણ તેમણે હઠ છોડી નહિ. છેલ્લે તા. ૧૪-૧-૨૦૦૦ના રોજ એમણે મને કાગળ લખ્યો કે "તમે લખો જ લખો. બધું વિગતે લખો. આ ગ્રંથ છપાયેલો જોવા જ હું જીવું છું. અને પ્રભુ એ જોવા મને જીવતો રાખે એટલી પ્રાર્થના કરું છું."

તેમના પત્રાના છેલ્લા શબ્દોએ મને મહાત કરી નાખ્યો. મારે મોડાસા પ્રદેશનાં મારાં ભાઈબહેનોને એટલે કે જન સાધારણને નજરમાં રાખીને લખવાનું હતું. તેમનું વિચારોનું વર્તુલ મોટું ને મોટું થતું રહે, સમગ્ર જનતાના સુખની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવાની ભાવના તેમનામાં દૃઢ બને એ મારો હેતુ હતો.

તે સાથે આ ગ્રંથનું લેખન મારા પોતાના માટે પણ હતું. મારા માથે અનેક પ્રકારનાં ઋણ હતાં, તેનો મારે જાહેર સ્વીકાર કરવાનો હતો. એ દૃષ્ટિએ મેં લખાણની રૂપરેખા વિચારી કાઢી—કલમ સડસડાટ ચાલી. વર્ષોથી અંતસ્તલમાં દબાઈ રહેલી કંઈ કંઈ ઘટનાઓ બહાર પ્રકાશમાં આવવા ભીડ કરવા લાગી. વર્ષોથી સંઘરેલાં અને ધૂળ ખાતાં કાગળિયાં હું ફંફોસતો ગયો અને લખતો ગયો. લખતો ગયો અને ફરીફરી સુધારાવધારા કરતો ગયો. પૂરા બાર મહિના આ કામ ચાલ્યું.

શુદ્ધ અર્થમાં આ આત્મકથા નથી, પણ મને જોવાનો અને મુકામે પહોંચવાની મારી મજલ માપવાનો મારો પ્રયત્ન છે. જે વ્યક્તિ કે ઘટનાએ મારા ચિત્ત પર અસર કરી, મારા જીવનના ઘડતરમાં જેણે કંઈકે ફાળો આપ્યો, તેના પ્રત્યેના માર ઋણનો જાહેર સ્વીકાર કરવાનો મારો આ પ્રયત્ન છે.

સામાજિક અને રાષ્ટ્રીય ક્ષેત્રામાં સક્રિયપણે ભાગ લેનારે સારુંખોટું સમજવું જ પડે છે અને સારાને સારું ને ખોટાને ખોટું કહેવું એ એનો ધર્મ બને છે. મેં આ લેખનોમાં એ ધર્મ બજાવવાનો યથામતિ પ્રયત્ન કર્યો છે.

આપણા કવિ સાંઈ મકરન્દભાઈને હું મુંબઈમાં પહેલી વાર મળ્યો ત્યારે તેમણે પૂછ્યું: “કેમ ચાલે છે?” મેં કહ્યું: “ખબર નથી પડતી કે કેમ ચાલે છે, પણ કોઈ ચલાવે છે ને ચાલે છે.” બસ, મકરન્દભાઈ એમની મસ્તીમાં હાથ ઊંચા કરી બોલવા લાગ્યા: “કોઈ લે જા રહા હૈ, મૈં જા રહા હૂં;કોઈ લે જા રહા હૈ, મૈં જા રહા હૂં!”

મને કાને નહિ જેવું સંભળાય. તેથી સામેના માણસને મોટેથી બોલવામાં કેટલી બધી તકલીફ પડતી હશે તેના ખ્યાલથી હું દુ:ખી થાઉં, ત્યારે મકરન્દભાઈ કહે: “બંધુ, તમે ક્યાં કાનથી સાંભળો છો? તમે તો પ્રાણથી સાંભળો છો. કોઈ લે જા રહા હૈ—એ ગાન ગાતા તમે ચાલ્યા કરજો, પેલો લઈ જનારો તમારાં પગલાં એની બાજુ વાળશે.” આ શબ્દો મારા કોઠામાં વસી ગયા છે. ‘પેલો લઈ જનારો’ એની ઝાંખી પણ હજી થવા દેતો નથી, પણ એની દોરવણી પાકી છે.

તો શું આ ‘હું’ ચાલું છું? ના, હું નથી ચાલતો, ચલાવાઈ રહ્યો છું. બાજીનાં સોગઠાંની પેઠે મારા વડે રમત રમાઈ રહી છે. કોઈ કોઈ વાર સાક્ષી ભાવે એ રમત જોવાનું થાય છે અને વિવિધ દાવનો વિચાર કરું છું ત્યારે આનંદ અને આશ્ચર્ય થાય છે. જેલમાંથી છૂટયા પછી આંખની બીમારી લાગુ પડી, આંખનો નંબર સાડા પાંચ માઈનસ સુધી પહોંચી ગયો. મુંબઈના વિખ્યાત દાક્તરે તો કહ્યું કે શિક્ષક કે લેખક તો કોઈ કાળે ન થતા, નહિ તો આંખો ખોશો. દાક્તરે કહ્યું, પણ પેલા લઈ જવાવાળાએ મને શિક્ષક અને લેખક જ બનાવ્યો અને કામ પૂરું કર્યા વિના નહિ જંપવાનો આદેશ આપ્યો. આજે ચોરાણું વર્ષે આંખો ભલે માણસને ન દેખે, ભાણામાં પીરસેલું ન દેખે, પોતાના હાથને કે પગનેય ન દેખે, પણ કાગળ પર લખવાનું દેખે છે, અને લખવાનું દેખે છે ત્યાં લગી એણે લખવાનું રહેશે—શેઠનો એવો હુકમ છે. મકરન્દભાઈએ પહેલી જ મુલાકાતે મને આ હુકમનું પાકું ભાન કરાવી દીધું હતું. એ માટે હું તેમનો સદાનો ઋણી છું.

આ ગ્રંથનું નામ મેં રાખ્યું છે ‘રાખનું પંખી.’

મિસરની પુરાણકથાઓમાં ‘ફિનિક્સ’ નામે પંખીની વાત આવે

છે. ગરુડ જેવડું એ મોટું છે, અને દેખાવે ખૂબ સુંદર છે. જાંબલી અને સોનેરી રંગનાં એનાં પીછાં છે. એ પાંચસોથી છસો વર્ષ જીવે છે. એક કાળે આખી સૃષ્ટિમાં એવું એક જ પંખી હોય છે. મરવાકાળ થાય છે ત્યારે, એ સળગી ઊઠે એવી વનસ્પતિનો માળો બનાવે છે અને સ્વેચ્છાએ એમાં બળી રાખ થાય છે. એ રાખમાંથી ફરી પાછું નવું પંખી પ્રગટ થાય છે. એ ફરી પાંચસો-છસો વર્ષ જીવે છે, ફરી બળીને રાખ થાય છે અને ફરી રાખમાંથી જીવતું થઈ નીકળે છે. આવું ચાલ્યા જ કરે છે.

રાખનું પંખી એટલે નશ્વરતાનો અંચળો ઓઢેલી અમરતા. આપણે સૌ આવાં રાખનાં પંખી છીએ. આપણે ખુદ ખુદનાં કર્મ-ફળે બળીને રાખ થઈએ છીએ અને ફરી એ જ કર્મફળની રાખમાંથી બેઠાં થઈએ છીએ—ફરી રાખ થઈએ છીએ અને ફરી બેઠાં થઈએ છીએ. રોજ રોજ આ બન્યા જ કરે છે. એક જન્મમાં કોણ જાણે કેટલાય જન્મ થઈ જાય છે. જેટલા જન્મ એટલાં મરણ, જેટલાં મરણ એટલા જન્મ.

હું આવુંરાખનું પંખી છું—નામરૂપ વગરનું, પણ છું.

આ ગ્રંથમાં વિવિધ ઘટનાઓના આલેખનમાં ‘હું માનવી, માનવ થાઉં તો ઘણું!’ એ કવિશ્રી ઉમાશંકરે દીધેલા મંત્રાનું રટણ છે. એટલે કોઈ સમભાવીને તે ઉપયોગી થવાનો સંભવ છે. આ ગ્રંથ લખ્યા પછી લાગ્યું છે કે મારું આ પણ એક કર્તવ્યકર્મ હતું. અને તે હું અદા કરી શક્યો તેનો મને સંતોષ છે.

## માળાનાં પંખી

મારી બાનું નામ જેઠીબહેન—જેઠીબા.

સાવ અભણ, બિલકુલ લખીવાંચી જાણે નહીં. ટીંટોઈ જેવા ગામડાગામમાં જન્મ. ગામમાં નિશાળ નહીં. છોકરાઓ જ ભણે નહીં, ત્યાં છોકરીઓને ભણવાનું વળી કેવું?

પણ લખીવાંચી જાણવા સિવાય બીજી પણ વિદ્યાઓ છે: સીમમાં જઈ ઈંધણ વીણવાં, મોવડાં કે ડોળ્યો વીણવી, કંથેરાં-કરમદાં-બોર વીણવાં, આંબલીના કાતરા ને જાંબુ પાડવાં, ચણોઠીઓ ભેગી કરવી, છાણ ભેગું કરી છાણાં થાપવાં, પંખીઓ ઓળખવાં, સુગરી જેવાં પંખીના માળા જોવા; સાપ, વીંછી, દેડકાં, ઉંદર, ખિસકોલાં વગેરે જીવજંતુની ખાસિયતો સમજવી, ગાયો દોહવી, છાણવાસીદું કરવું, ફળિયામાં કહેવાતી કથા-વાર્તાઓ સાંભળવી ને એકબીજાને કહેવી, ઉખાણાં સાંભળવાં ને સામાં ફંગોળવાં, રાસગરબા ને ભજનો મોઢે કરવાં, લગ્નગીતો ને મરશિયાં પણ કંઠસ્થ કરવાં—આવી કંઈ કંઈ વિદ્યાઓ છોકરી દશબાર વરસની થાય એટલામાં હસ્તગત કરી લેતી. ભાવી ગૃહસ્થાશ્રમના સંચાલનની એ મૂડી હતી.

મારાં બાને વાર્તાઓ ઘણી આવડે, અને કહે પણ એવી રીતે કે આપણે સાંભળ્યા જ કરીએ. એ વાતો સાંભળવાને લોભે હું એની સામે ઘંટી તાણવા બેસી જતો અને ઘંટીના થાળામાં જામતી રેશમ જેવી લોટની પાળો ભાંગતો!

*

અમે અભાવમાં ઊછરેલાં. આજે તો સાધારણ ઘરનાં છોકરાં પાસે પણ રમકડાંનો ભંડાર હોય છે. અમારી પાસે શું હતું? નળિયામાં દોરી પરોવી ગાડી કરીએ, ચીંથરાંનો દડો બનાવીએ, કાળી માટીનું ઘડિયાળ કરી ગજવામાં ઘાલીએ, કુકરપાડામાં સળીઓ ઘાલી ગાયભેંસ સરજાવીએ, દીવાસળીના ખોખામાં ધંતૂરાનું ફૂલ ખોસી થાળીવાજું બનાવીએ—પૈસો ખરચવો ન પડે તેવી બધી અમારી રમતો!

ઘણી વાર રમકડાં લેવા માટે હું રિસાતો ને ભાણું ઠેલી મજૂસની નીચે ભરાતો. બા ગોળની કાંકરીથી જ મને મનાવી લે, અને પછી ખોળામાં લઈ ધીરેથી સમજાવે: “ભઈ, ભાણું કદી ઠેલીએ નહીં. ઠેલીએ તો ભગવાન કહેશે કે, આને મેં દીધું, પણ એણે લીધું નહીં. ભગવાન તો રાજાનોય રાજા. એનો હાથ તરછોડાય નહીં. આપણે તો બે ટંક રોટલો કે ખીચડી-ઘેંસ ખાવાય પામીએ છીએ, પણ ગામમાં કેટલાંય

એક ટંક ખાવાય નથી પામતાં.”

મને એ ખબર તો હતી જ. ભેળાં રમતાં કેટલાંય છોકરાં બોરકૂટો ખાઈ પેટ ભરતાં એ મેં જોયેલું હતું. જંગલી બોર ભેગાં કરી ઠળિયા સાથે જ, ખાંડણિયામાં ખાંડે ને ઠળિયો છુંદાઈને ગરભ સાથે ભળી જાય તે પછી મીઠું લગાવીને ભરી રાખે ને છોકરાંને ભૂખ લાગે ત્યારે ખાવા આપે—એનું નામ બોરકૂટો.

એકવાર કોઈ શેઠિયાનો છોકરો મને એનો નવો બંગલો જોવા લઈ ગયેલો. બંગલો જોઈને આવ્યા પછી એનાં ખુરશીટેબલ, હાંડીઝુમ્મર વગેરેનાં વખાણ મેં બાની આગળ કર્યાં, ત્યારે બા કહે, “ભઈ, કોઈનું ઘોડું જોઈએ તો આપણા ટાંટિયાને થાક લાગે—માટે એ બાજુ મુઢું જ ન કરવું.”

*

તે દિવસોની સોંઘવારીની વાત કરીએ, તો આજે પરીકથા જેવું લાગે. પણ તે સાથે નવાઈની વાત એ હતી કે એટલી બધી સોંઘી ચીજ ખરીદવા જેટલા પૈસા પણ કોની પાસે હતા ત્યારે? એ જ તો સોંઘવારીનું રહસ્ય હતું. કોઈની પાસે પૈસા નહોતા, તેથી ચીજવસ્તુ નાખી દેવાના ભાવે વેચાતી હતી. ખેડૂત ખેતરમાં મજૂરી કરીને જીવ કાઢી નાખે, ત્યારે તેના નસીબમાં તો હવાના ફાકા ભરવાના હોય! માથે દેવું ન હોય તેવો કોક જ ભાગ્યશાળી હોય. તેમાંયે જાગીરી ગામોની હાલત તો મહા ભૂંડી. ખેતરમાં પાક થયો, કે ખળા પર ચોકી બેસી ગઈ સમજો! ઠાકોરનો ભાગ, ગામના વહીવંચાઓનો ભાગ, બ્રાહ્મણનો ભાગ, ચોકીવાળાનો ભાગ, મુખીનો ભાગ, કૂવાતળાવનો ભાગ, પરબડીનાં પંખીનો ભાગ, ગામમાં દેવદેવતાનું દેરું હોય તેનો ભાગ ને બાવાજીનો ભાગ અને ઉપર જતાં વાણિયાની તોળામણી! એ બધા ભાગના ટોપલા ભરાઈને જાય, પછી વધે તે ખેડૂતનું. એટલે ખેડૂત કપાળ ન કૂટે તો કરે શું? આમાં મોટો ભાગ ભજવે ગામનો વાણિયો ને ગામનો ગોર. એકની પાસે ત્રાજવું ને બીજાની પાસે શાસ્તર! કોની મગદૂર છે કે એમનો ગઢ ભેદે?

મારા પિતા પીતાંબરદાસ મોડાસામાં આવી વસ્યા, પણ આજીવિકા રળવી સહેલી નહોતી. તેઓ ભાગીદારીમાં એક સંબંધીની દુકાને સોનીકામ કરવા બેસતા. મને બરાબર યાદ છે કે ઘરમાં દીવાસળી પણ કરકસરથી વપરાતી. મહોલ્લામાં કોઈને ત્યાંથી અમે છાણા પર દેવતા લઈ આવતા ને તેનાથી રાતે ચૂલો પેટાવાતો. કાચના ગોળાવાળું ફાનસ તો ઘણાં વરસ કેડે આવ્યું—ઘરમાં માટીના કોડિયામાં તેલદીવેટ પૂરી દીવા થતા. ચંચળ ફઈ ઘરનું ઘણું કામ કરતાં—છાણવાસીદું કરતાં, છાણાં થાપતાં અને સીમમાં જઈ ખાખરાનાં પાંદડાં વીણી લાવતાં તેનાં પતરાળાં—પડિયા થતાં. ઘરમાં લાદી પાથરેલી તો કોઈ શેઠિયાના ઘરમાં જોવા મળે. ઘરમાં ને આંગણામાં બધે લીંપણ થતું. લીંપણમાં સુંદર ઓકળીઓ પાડવામાં આવતી.

*

પિતાને સાધુસંતો પર ખૂબ ભાવ. પ્રાથમિક શિક્ષણ પણ તેઓ પામેલા નહીં; જે કંઈ પામ્યા હશે તે સત્સંગ અને સમુદાયમાંથી. અમારા ઘરની સામે જ મહાદેવનું મંદિર, બાજુમાં સ્વામીનારાયણનું મંદિર. સાધુસંન્યાસીઓ ત્યાં અવારનવાર આવે અને તેમનો સત્સંગ થાય.

એક બ્રાહ્મણ તો મારે ઘેર જ ઓસરીમાં મુકામ કરીને રહેલા. અમે એમને વાવડીવાળા મહારાજ તરીકે જ ઓળખતા. એકવાર એ નાના દીકરાને લઈને પગે ચાલતા કોકાપુરથી ઈસરી ગામ જવા નીકળેલા. ઉજ્જડ વેરાન રસ્તો; ક્યાંય નદીનવાણ નહીં કે માણસની વસ્તી નહીં. ઉનાળાનો ધમધખતો તાપ. છોકરો તરસ્યો થયો, પાણી વિના જીવ તરફડવા લાગ્યો. કરવું શું? અર્ધબેભાન એવા દીકરાને તેડીને બ્રાહ્મણ જેમતેમ કરી એક ગામમાં પહોંચ્યો. છોકરો બચી ગયો.

પણ બ્રાહ્મણને વિચાર આવ્યો કે, આ રસ્તે બીજાઓની પણ આવી જ હાલત થતી હશેને! આનો કંઈ ઉપાય કરવો જોઈએ. દેશના રાજાનો એ ધર્મ છે. પણ રાજા કંઈ કરે નહીં, તો શું બ્રાહ્મણે પણ કશું ન કરવું? લોકો પાણી વિના ટળવળે અને બ્રાહ્મણ તે જોઈ રહે, એ કેમ ચાલે? એણે નક્કી કર્યું કે અહીં એક વાવ ગોડાવવી અને

એ પાર ન પડે ત્યાં લગી ઉપવાસ કરવા. ઉપવાસ શરૂ થયા. આ જળસંકટથી વાકેફ હતાં એટલે આસપાસનાં ગામડાંમાંથી લોકો બ્રાહ્મણની વહારે ધાયા. એ રીતે એ નિર્જન પ્રદેશમાં વાવ થઈ. અને એ બ્રાહ્મણ ‘વાવડીવાળા મહારાજ’ તરીકે ઓળખાયા.

[‘રાખનાં પંખી’: પુસ્તક]

## સિંહની પરોણાગત

*રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી;*
*સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.*

*ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠાં વેણ:*
*“મારે ઘેર પધારો, રાણા! રાખો મારું કહેણ.*

*હાડચામડાં બહુ બહુ ચૂંથ્યાં, ચાખોજી મધ મીઠું;*
*નોતરું દેવા ખોળું તમને, આજે મુખડું દીઠું!”*

*રીંછ જાય છે આગળ, એના પગ ધબધબ,*
*સિંહ જાય છે પાછળ, એની જીભ લબલબ.*

*“ઘર આ મારું, જમો સુખેથી, મધની લૂમેલૂમ.”*
*ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમેબૂમ!*

*મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર;*
*બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર!*

*આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરા લાગ્યા;*
*“ખાધો બાપ રે!” કરતાં ત્યાંથી વનરાજા તો ભાગ્યા.*

*રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી;*
*સામે રાણા સિંહ મળ્યા’તા, આફત ટાળી મોટી!*

# "હજી સ્વાધ્યાય પૂરો થયો નથી"

ભારદ્વાજ નામે એક વિદ્યાર્થી ગુરુને ઘેર રહી વિદ્યા ભણ્યો અને સ્નાતક થયો. ગુરુએ આજ્ઞા દીધીઃ "રોજ રોજ સ્વાધ્યાય કરજે; સ્વાધ્યાયમાં આળસ કરતો નહિ. નિત્ય નિરંતર સ્વાધ્યાયથી તારામાં તેજસ્વિતા આવશે અને પિતૃઓનું સાચું તર્પણ થશે." ભારદ્વાજે મનમાં ગાંઠ વાળી કે સ્વાધ્યાયમાંથી ચલિત થવું નહિ, જ્ઞાનથી જાતે પરિપુષ્ટ થવું અને પિતૃઓને સંતુષ્ટ કરવા.

રાત ને દિવસ એણે સ્વાધ્યાય કરવા માંડ્યો. સવાર, બપોર, સાંજ એનું પઠનપાઠન ચાલ્યા કરે. ભણવું અને ભણાવવું, શીખવું અને શિખવવું—આ જ એનું એકમાત્ર કર્તવ્ય બની ગયું. બેસતાં ઊઠતાં પણ સ્વાધ્યાય અને હાલતાં ચાલતાં પણ સ્વાધ્યાય. આમ વર્ષો વીતતાં ગયાં—બેપાંચ બેપાંચ કરતાં સો વરસ થઈ ગયાં. હવે એ ઋષિ તરીકે સુકીર્તિત થયા હતા. તેમનો સ્વાધ્યાય તો હજી ચાલુ હતો.

યમરાજને થયું કે ઋષિનો પૃથ્વી પરનો સમય પૂરો થઈ ગયો છે. એમને હવે અહીં લઈ આવવા જોઈએ. પણ એમને તેડી લાવવા પોતાના કોઈ દૂતને નહિ મોકલતાં એ પોતે જ પૃથ્વી પર પધાર્યા, ભારદ્વાજની સામે આવી ઊભા, ને બોલ્યાઃ "ચાલો!"

ઋષિ તો સ્વાધ્યાયમાં ડૂબેલા હતા, યમરાજે ત્રણ વાર કહ્યું ત્યારે એમણે સાંભળ્યું. તેમણે કહ્યુંઃ "કોણ છો તમે? અહીં કેમ પધારવું થયું આપનું?"

"હું યમરાજ છું—મૃત્યુનો દેવ. તમને લઈ જવા આવ્યોછું."

ભારદ્વાજે કહ્યુંઃ "હજી મારો સ્વાધ્યાય પૂરો થયો નથી, પિતૃતર્પણ પૂરું થયું નથી. હું નહિ આવી શકું."

યમરાજ પાછા ફરી ગયા. સ્વાધ્યાય-કર્મમાં વિક્ષેપ કરવાની તેમની હિંમત ચાલી નહિ.

બીજાં સો વર્ષ વહી ગયાં. યમરાજ ખુદ ફરી ભારદ્વાજને તેડવા

આવ્યા. ભારદ્વાજ તો સ્વાધ્યાયમાં લીન હતા. કહેઃ “હજી મારો સ્વાધ્યાય અધૂરો છે, પિતૃતર્પણ અધૂરું છે. હું નહિ આવી શકું.”

યમરાજ ફરી ખાલી હાથે પાછા ફર્યા. સ્વાધ્યાયના પવિત્ર કાર્યમાં વિક્ષેપ કરવાની તેમની હિંમત ચાલી નહિ. જતાં જતાં કહેતા ગયા કે, “હવે હું તમને તેડવા નહિ આવું. તમારી મરજી પડે ત્યારે આવજો!”

આમ એમના સ્વાધ્યાયના બળે ભારદ્વાજને સ્વેચ્છા-મૃત્યુનું વરદાન મળી ગયું.

વળી બીજાં સો વર્ષ વહી ગયાં. સ્વાધ્યાય પૂરો થયો. જ્ઞાનકર્મની ઉપાસનાથી તેઓ તપોમૂર્તિ બની ગયા હતા. તેમના સ્વાધ્યાયથી દેવો સંતુષ્ટ હતા, પિતૃઓ સંતુષ્ટ હતા, પૃથ્વી સંતુષ્ટ હતી.

તેમણે કહ્યુંઃ “મારું કાર્ય પૂરું થયું છે. હવે મારું અહીં કામ નથી. હું જાઉં છું.” કહી એ જાતે યમસદન પહોંચી ગયા.

આવું છે સ્વાધ્યાયનું બળ. જે નિત્ય સ્વાધ્યાય કરે છે, સદ્ગ્રંથોનું વાચનમનન, અધ્યયન-અધ્યાપન કરે છે તે મૃત્યુ પર વિજય મેળવી યશસ્વી બને છે અને પિતૃઓને સંતુષ્ટ કરી કુળને યશસ્વી બનાવે છે.

[‘પિતાઃ પહેલા ગુરુ’ પુસ્તકઃ ૨૦૦૧]

## સોનીનો કાંટો

અમારા વડવા મૂળ ચાંપાનેર ગામના નિવાસી. ત્યાંથી તેઓ મોડાસા આવી સ્થિર થયા. મોડાસાના અમારા આ પૂર્વપુરુષનું નામ રઘજી સોની. એમની પ્રતિષ્ઠા એટલી બધી હતી કે, ‘રઘજી સોનીનો કાંટો’ એવી ઉક્તિ આજે પણ બોલાય છે. એમને ત્યાં લોકો વિના તોલે દાગીના ઘડવાનું સોનું દઈ જતા. વેપારી વર્ગમાં વેવિશાળ કે લગ્ન જેવો પ્રસંગ ત્વરાએ ઉકેલવો હોય અને દાગીના તૈયાર ન હોય, તો રઘજી સોનીની ચિઠ્ઠીથી કામ ચાલી જાય!

*

હું મેટ્રિક પાસ થયો, પણ કોલેજમાં ભણવા જઈ શકું એવી સ્થિતિ નહોતી. મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક થવા મેં અરજી કરી. મનમાં વિશ્વાસ હતો કે લાયકાતના હિસાબે મારી નિમણૂક થશે જ, પણ નિમણૂક થઈ બીજાની. મને માઠું લાગ્યું, પણ મારા પિતાએ કહ્યું: "કમિટીએ સારું જ કર્યું છે. તારે માથે હું બાપ હજી બેઠો છું. પણ એ છોકરાને બાપ નથી અને માએ ખૂબ દુ:ખ વેઠીને એને ભણાવ્યો છે."

*

૧૯૩૦માં મોડાસા હાઈસ્કૂલની નોકરી છોડી મેં સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું. મોટાભાઈને મેં કહ્યું: "સરકાર સત્યાગ્રહીઓને જેલની સજાની સાથે ભારે દંડ કરે છે, અને એ દંડ એનાં સગાંવહાલાં પાસેથી જપ્તી કરીને વસૂલ કરે છે. આથી સત્યાગ્રહીઓ પોતાના કુટુંબીઓને દસ્તાવેજ પર લખી આપે છે કે, અમારો આ મિલકત પર કોઈ હકદાવો નથી. સરકાર જપ્તી કરવા આવે ત્યારે એ દસ્તાવેજ ધરી દેવાનો, જેથી જપ્તી થઈ શકે નહીં."

મોટાભાઈ થોડીવાર વિચારમાં પડી ગયા. પછી કહે, "દંડ વસૂલ ન થાય તો શું થાય?"

મેં કહ્યું, "થવાનું શું?—સત્યાગ્રહીએ ચાર-છ મહિના જેલમાં વધારે રહેવું પડે એટલું."

મોટાભાઈએ કહ્યું: "એટલે મારા થોડા રૂપિયા બચે અને તને થોડા મહિના વધારે જેલ મળે, એમ ને? મને એ મંજૂર નથી. તેં સરકારનો ગુનો કર્યો એટલે સરકાર તને જેલ આપે. પણ તેં મારો કંઈ ગુનો કર્યો નથી; હું તને શા સારુ જેલ આપું? મારે એવો કોઈ દસ્તાવેજ નથી કરવો."

મને બે વખત જેલની સજા સાથે દંડ પણ થયો. બન્ને વખત પોલીસ મોટાભાઈની દુકાનેથી જપ્તી કરીને દંડ લઈ ગઈ હતી.

*

૧૯૩૫માં અમદાવાદના એક બાલમંદિરમાં હું શિક્ષક હતો ત્યાંથી મોડાસા હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી મોહનલાલ ગાંધી મને મોડાસા

લઈ આવ્યા હતા. હું તે વખતે હતો માત્ર મેટ્રિક, પણ ઇતિહાસ અને સાહિત્ય પ્રત્યેની મારી પ્રીતિને લીધે તેમણે મને હાઈસ્કૂલનાં ઉપલાં ધોરણમાં ગુજરાતી અને ઇતિહાસના શિક્ષકનું કામ સોંપેલું.

અમદાવાદની હાઈસ્કૂલોમાં મેં જોયેલું કે, વિદ્યાર્થીઓ માટે ખાસ ગણવેશ નક્કી કરેલો હતો. એનાથી વિદ્યાર્થીઓમાં સંઘભાવના અને આત્મીય ભાવ પેદા થાય છે, એવું સાંભળેલું. એક દિવસ હાઈસ્કૂલના ચોગાનમાં વિદ્યાર્થીઓ રમતગમત કરતા હતા ત્યારે મોહનભાઈને મેં કહ્યું, “આપણે સ્કૂલમાં ગણવેશ દાખલ કરીએ તો કેવું?”

થોડી વાર મોહનભાઈ મારી સામે જોઈ રહ્યા. પછી કહેઃ “તો દેખાય સારું. પણ આપણે ત્યાં કેટલાંય માબાપ પેટે પાટા બાંધી છોકરાંને ભણાવે છે, તે ગણવેશનો બોજો નહીં વેઠી શકે અને છોકરાં ભણતાં અટકી જશે.” બોલતાં બોલતાં એમની આંખો ભરાઈ આવી.

*

અમારા એક શિક્ષક હતા શ્રી પૂનમચંદ દોશી. એવો સત્યપ્રતિજ્ઞ સેવાનિષ્ઠ પુરુષ જવલ્લે જ જડે. ચાલીસ વરસની નોકરી પછી એ નિવૃત્ત થયા ત્યારે અમે એમના જૂના-નવા વિદ્યાર્થીઓએ વિદાય-સમારંભ યોજી તેમને નાનકડી થેલી ભેટરૂપે આપવાનો વિચાર કર્યો; પણ તેમણે તરત અમને વાર્યા. કહેઃ “તમે તો થેલી આપો, પણ મારાથી એ લેવાય નહીં; એમાં કંઈ નહીં તો સો રૂપિયા ઉમેરીને પણ મારે એ પાછી આપવી પડે. પણ એટલું ઉમેરી શકું તેવી મારી સ્થિતિ નથી.”

ચાલીસ વરસની નોકરી પછી પણ અમારા એ શિક્ષક આવા અકિંચન રહેલા! મેઘરજ તાલુકાની આદિવાસી જનતામાં ઓતપ્રોત થઈ જઈને સેવા કરનારા કર્મયોગી વલ્લભભાઈ દોશી, તે આ પૂનમચંદભાઈના સુપુત્ર.

['રાખનું પંખી' પુસ્તકઃ ૨૦૦૨]

# સસલીની જાત્રા

*સસલીબાઈએ સૂણ્યું કથામાં: જાત્રા કરવી જોઈએ,*
*નાનાંમોટાં સૌએ એક વાર કાશી જાવું જોઈએ!*
*મનમાં વાળી ગાંઠ: હવે હું ઘરડી ડોશી થઈ,*
*જાત્રા વિના મરું તો કહેશે મૂરખી મરી ગઈ!*

*માટે હવે તો જાત્રા કરવી, કાશી-ગોકુલ ફરવું,*
*પછી બધાની આંખો સામે ઘેર મજાથી મરવું!*
*સસલીબાઈએ ભાથું બાંધ્યું, બચકી લીધી સાથે,*
*ઘરનો બોજો નાખ્યો સઘળો પડોશીઓના માથે:*

*“કપિરાજ તું રોજે મારી ગાય દોહી જાજે, ભૈયા*
*ને બિલ્લી, મારાં માખણ-ઘી સાચવજે તું, મૈયા!...*

*ચકલીબાઈ, તું મારાં મોંઘાં રેશમી કપડાં જોજે,*
*મેલાં થાય તો તારી રૂડી ચાંચુડીથી ધોજે!...*

*શિયાળ ભૈયા, ઘરનો વાડો તમને સોંપી જઉં છું,*
*મરઘાંબતકાં માંદાં પડે તો જોજો, એટલું કહું છું.*
*મધમાખી, આ ફૂલની વાડી તમને સોંપી આખી,*
*ભઈલા રીંછ, મધપૂડાનું મધ જોઈ લેજે ચાખી!”...*

*સૌને આવાં કામ સોંપીને, સસલી જાત્રા ગઈ,*
*પડોશીઓ કહે: વાહ રે, આ તો મઝા ઘણેરી થઈ!*
*બિલ્લી ચાટે ઘી ને માખણ, રીંછ મધપૂડા પાડે;*
*વાંદરો ગાયનાં દૂધડાં પીએ, ચકલી કપડાં ફાડે!...*

*કબૂતરને ઘુવડની સાથે જામી પડી લડાઈ,*
*મધમાખીઓનું લશ્કર છૂટ્યું, રીંછ પર કરી ચડાઈ!...*

*અહીંયા આવું ચાલે છે, ત્યાં સસલી તીરથ કરતી,*
*ગંગાજીમાં લોટી ભરીને મહાદેવજીને ધરતી!*

*પ્રયાગમાં ત્રિવેણી-સંગમ, પુરીમાં દરિયે નહાઈ,*
*મથુરા જમના-પાન કર્યું, ગોવિંદજીના ગુણ ગાઈ!*
*વૃંદાવનમાં આળોટી ને વ્રજમાં ઘેલી થઈ,*
*પગે ચાલીને બદરી-કેદાર સૌથી પહેલી ગઈ!*

*પછી મુખેથી કીધી પ્રતિજ્ઞા અંજલિમાં જળ લઈઃ*
*“પ્રભુ, મારાં ધનમાલ બધુંયે તમને દઉં છું દઈ!*
*છાપરા સાથે ઘર આખું, ને જે કંઈ હોય તે ધન,*
*આડોશીપડોશી બધુંયે દઈ દઉં, દઈ દઉં તન ને મન!*

*હાશ, હવે હળવીફુલ થઈ હું; ચાલને ઘેરે જાઉં,*
*પીઉં ગંગાજળ, ખાઉં ચરણામૃત, હરિહરના ગુણ ગાઉં!’*
*પૂરી કરી જાત્રા ઘર આવી, માથે મોટો ભારો,*
*તુલસી, ચંદન, ચરણામૃત ને ગંગાજળનો ઝારો!*

*પણ ક્યાં છે ઘર? ને ક્યાં છે વાડો? ક્યાં છે મધ ને ઘી?*
*અહીં તો ઈંટરોડાંનો ઢગલો-ક્યાં છે ધન ને શ્રી?*
*સસલી કહેઃ ‘તું ખરો પ્રભુ, મેં દીધું કે લઈ તેં લીધું,*
*અને ગરીબ આ ડોશીને તેં જાત્રાનું ફળ દીધું!*

*ધન્ય પ્રભુજી, ધન્ય પડોશી, ધન આ ઈંટ ને રોડાં,*
*હવે અહીં બંધાશે મારાં જાત્રા કેરાં ઘોડાં!*
*અઠે કાશી ને અઠે મથુરા અઠે પુરી ને ગંગા,*
*અઠે મુકામ કરું રોડાંમાં, અઠે રહો મન ચંગા!”*

*એમ કહી સસલીએ ભોંયે કામળો પાથરી દીધો,*
*પોટલામાંથી પરસાદ કાઢી સૌને બાંટી દીધો!*
*હરખી હરખીને એ બોલેઃ જાત્રા થઈ ગઈ ખાસ્સી!*
*પડોશીઓ કહેઃ વાહ રે માશી! વાહ મથુરા-કાશી!*

['કાશીનો પંડિત' પુસ્તકઃ ૧૯૫૯]

# રમણીકભાઈ ધામી

—

ગોપીઓ કૃષ્ણની વાંસળી સાંભળીને જાતનું ભાન ખોઈ બેસતી હતી, તેવો જ વજુભાઈની વાણીનો યુવાનો પર પ્રભાવ હતો.

# રમાકાન્ત શર્મા

## ખાલીખમ!

લાંબાંમાં લાંબું માપી શકાય તેવું અંતર ૧૩,૦૦૦ માઈલનું છે. પૃથ્વી પરનાં કોઈ પણ બે સ્થળ આ અંતર કરતાં વધારે દૂર નથી.

પૃથ્વીની ફરતે એક આંટો મારીએ તો એ અંતર ૨૫,૦૦૦ માઈલનું થાય. પૃથ્વીથી ચંદ્રનું અંતર આ અંતર કરતાં દસગણું છે, જ્યારે સૂરજનું અંતર ચંદ્રના અંતર કરતાં પણ ૪૦૦ ગણું છે! કલાકે ૫૦૦ માઈલની ઝડપે ઊડતા વિમાનને આટલું અંતર કાપવું હોય તો ઓછાંમાં ઓછાં વીસ વર્ષ લાગે!

સૂર્ય પૃથ્વી કરતાં તેર લાખ ગણો મોટો છે. તારાઓ પૃથ્વી કરતાં લાખોગણા કદવાળા નાનામોટા સૂર્યો છે.

સૂરજ પૃથ્વીથી સવાનવ કરોડ માઈલ દૂર છે. આપણી પાસેમાં પાસેનો તારો આનાથી ૨,૭૦,૦૦૦ ગણો દૂર છે.

અને છતાંય એ તો પાસેમાં પાસેના તારાની વાત થઈ. દૂરના તારાઓની વાત કરવામાં માઈલોનાં અંતર મુશ્કેલીભર્યાં લાગે. અમદાવાદથી મુંબઈનું અંતર માઈલોમાં કહેવાને બદલે કોઈ ઇંચમાં આપે તો તે કેવું લાગે? આકાશી અંતરની વાત માઈલોમાં કહેવી એ એવું લાગે.

પણ ત્યારે એ અંતર માપવાનો કોઈ એકમ શોધી કાઢવો જોઈએ ને?

એવો એક એકમ છે પ્રકાશ-વર્ષનો. પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર કાપે તેને પ્રકાશ-વર્ષ કહે છે. પ્રકાશનો વેગ દર સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલનો છે. અને છતાંય એ વેગે ચાલી સૂરજના પ્રકાશને પૃથ્વી સુધી આવી પહોંચતાં બરાબર સવાઆઠ મિનિટ લાગે છે. આપણી પાસેમાં

પાસેના તારાના પ્રકાશને પૃથ્વી સુધી આવી પહોંચતાં પૂરાં સવાચાર વર્ષ લાગે છે.

પણ આ તો પાશેરામાં પહેલી પૂણી જેવું છે. ઉત્તરાકાશમાં ચમકતા સ્થિરાસન જેવા ધ્રુવતારાના પ્રકાશને આપણા સુધી પહોંચતાં ૪૦૭ વર્ષ લાગે છે.

જે વધુમાં વધુ દૂરના તારા છે, તે આપણાથી ૬૬,૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. આકાશમાં દૂરબીનથી જોઈ શકાતા કરોડો તારા મળી એક મોટું તારાવિશ્વ બને છે. આ તારાવિશ્વમાં સૂર્યકદના બે અબજ જેટલા તારા છે. એકબીજાથી અબજો માઈલ દૂર આવેલા તારા સમાવતું આ તારાવિશ્વ એક લાખ પ્રકાશવર્ષની લંબાઈ—પહોળાઈવાળું છે.

પણ આશ્ચર્યની મોટી વાત તો એ છે કે એકબીજાથી ૧૦ લાખ પ્રકાશવર્ષને અંતરે આવેલાં આવાં લાખો તારાવિશ્વો અવકાશમાં આવેલાં છે; અને છતાંય એમની વસાહતના હિસાબે આખા આકાશનો ૯૯.૯ ટકા ભાગ ખાલીખમ છે!

# રમેશ અં. દવે

## ઝાકળબિંદુ સમાં

આ કવિતા છે બ્રાહ્મમુહૂર્તની. રાત્રીનો અંધકાર ચીરીને પ્રકાશ પ્રગટે અને પુષ્પ ઉપર ચળકવા માંડે તેવાં ઝાકળબિંદુઓ સમાં આ પ્રભાતિયાં છે. આ કાવ્યો ક્યારેક પ્હો ફાટીને અજવાળાં પ્રગટતાં લાગે, તો ક્યારેક મધુર લયથી પવન સાથે ડોલતાં ફૂલ લાગે, ક્યારેક માળા છોડી કલરવ કરતાં ઊડતાં પંખી લાગે.

આ પ્રભાતિયાંમાં આદ્ય કવિ નરસિંહના પડઘા અને પડછાયા અવિરત ઝિલાયા છે. ક્યારેક તો એવો ભાસ થાય છે કે જાણે નરસિંહ અને તેના નાથનાં ગાન રટતાં રટતાં કવિનું માથું નરસિંહને ખોળે સહજ રીતે ઢળી પડે છે અને તે જે સમણાં જુએ તે આ પ્રભાતિયાં.

આ કાવ્યોમાં ક્યાંય સર્જન-પરિશ્રમ વરતાતો નથી અને કવિ કીટ્સના શબ્દો યાદ આવે છે: “છોડ ઉપર પર્ણો ખીલે એમ કાવ્યો ન ખીલે, તો મારે કવિતાનો કશો ખપ નથી.”

ટેકરીઓની વચ્ચેનું, પાનમ નદીને કાંઠેનું, હૈયામાં સમાઈ જાય એવું ખોબા જેવડું કવિનું ગામ. પણ પંદરમે વર્ષે પિતા ગુમાવ્યા, અભ્યાસ છોડયો અને અસહ્ય દારિદ્રયમાંથી મુક્ત થવા એ મુંબઈ પહોંચી ગયેલા. પ્હો ફાટે ત્યાં ધીમે ધીમે જાગતા ગામમાં ઘંટીઓના ગુંજન સાથે ગવાતાં પ્રભાતિયાંના સ્વરો કવિએ પોતાના અંતરમાં સંઘરેલા. તેથી શૈશવ અને તારુણ્યને દઝાડતી જીવનજ્વાળાઓને કવિતાનું અલૌકિક સૌંદર્ય જાણે ધોઈ નાખે છે અને વરસે છે આનંદહેલી. પ્રાચીન પ્રભાતિયાંના વિસરાતા સૂર ધ્વનિમોજાંઓની ભરતીરૂપે પ્રગટે છે. જીવનની બધી તડકી-છાંયડી કવિ વિસરી જાય છે અને જીવનસંધ્યાના ઓળાઓને અજવાળતું કાવ્ય-પરોઢ ક્યાંકથી ખીલી ઊઠે છે.

# રમેશ જાની

## આ મળ્યું જગત...

*આ મળ્યું જગત રે જેવું, બને તો જાણી લઈએ;*
*જે મળી જીવનની પળો, ચલો મન, માણી લઈએ.*

# રમેશ જોશી

## યાદ

*જિંદગી પણ કેવી કમાલ છે!*
*પહેલાં*
*આંસુ આવતાં ત્યારે*
*બા યાદ આવતી;*
*ને આજે*
*બા યાદ આવે*
*ને આંસુ આવી જાય છે.*

# રમેશ તન્ના

## સાહિત્ય પરિષદ શતાબ્દીએ

ઘણી વખત એવી ટકોર કરવામાં આવે છે કે વેપારી માનસ ધરાવતી ગુજરાતી પ્રજાને સાહિત્ય-કળા આદિમાં ખાસ રસ નથી. ભલે, દેશના કેટલાક પ્રદેશોની પ્રજા જેટલી સાહિત્ય-કળામાં રસ-રુચિ ગુજરાતીઓમાં ન હોય, પણ વેપાર કરતાં કરતાં પણ ગુજરાતીઓ સાહિત્ય-કળાનું સંવર્ધન કરતા રહે છે.

ગુજરાતની એક ટોચની સાહિત્યિક સંસ્થા 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ૧૦૦ વર્ષ પૂર્ણ કરવાના આરે છે, એ બાબત ગવાહી પૂરે છે કે ગુજરાતીઓ સાહિત્યનું મહત્ત્વ જાણીપ્રમાણી રહ્યા છે. સમૂહ માધ્યમો વ્યાપક અને પ્રભાવક બન્યાં હોય અને લોકોને ટેલિવિઝન, કોમ્પ્યુટર ને સંચાર માધ્યમોનું ઘેલું લાગ્યું હોય ત્યારે કોઈ પણ સાહિત્યિક સંસ્થાનું કામ કપરું બને. લોકોની સાહિત્ય અને વાચનમાંથી રુચિ ઓછી થતી હોય ત્યારે સાહિત્યિક સંસ્થાએ સામા પૂરે તરવાનું બને. આવી સ્થિતિમાં ગુજરાતી સાહિત્ય પરિષદ સાહિત્યના જતન અને સંવર્ધનની પોતાની જવાબદારી અદા કરી રહી છે.

આ સંસ્થાનો સ્થાપક તો, જેની પચ્ચીસી પણ પૂરી નહોતી થઈ તેવો એક યુવાન હતો. તેનું નામ રણજિતરામ વાવાભાઈ મહેતા. અમદાવાદની ગુજરાત કૉલેજમાં એ ભણતો ત્યારે કૉલેજના ધ સોશિયલ ઍન્ડ લિટરરી એસોસિયેશન નામના મંડળનો મંત્રી હતો. એ મંડળે સાહિત્યકારોની જયંતીઓ ઊજવવાનું શરૂ કર્યું હતું. આ મંડળ પછીથી બની ગુજરાત સાહિત્ય સભા. પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રક આ સંસ્થા દ્વારા અપાય છે. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ અધિવેશન ભરાયું. પરિષદના અધિવેશનની યોજનાના મુસદ્દામાં જણાવાયું હતું :

"આપણાં સ્ત્રી-બાળકો, વેપારીઓ, કારીગરો વગેરેને વિનોદ સાથે

ઉન્નત કરે તેવું સાહિત્ય શી રીતે ઉપજાવવું, રંગભૂમિ અને વર્તમાનપત્રો જેવી પ્રજાજીવન ઘડનારી પ્રણાલિકાઓનાં કર્તવ્યાકર્તવ્ય નક્કી કરવાં, તેઓ આપણા પ્રજાજીવનને અધિક ઉન્નત, શીલવાન, રસિક અને ઉદાર શી રીતે કરી શકે એ વિચારી રાહ દાખવવો, આપણી પ્રજાનો ઉત્કર્ષ થાય તે માટે પરિષદે પ્રજાને જાગ્રત કરવી અને કર્તવ્ય આચરવા પ્રેરવી.”

૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશન પછી મરાઠી, ૧૯૦૭માં બંગાળી અને ૧૯૦૯માં હિન્દી સાહિત્ય સંમેલનનો પ્રારંભ થયો. ગુજરાતી સાહિત્ય પરિષદનું બીજું અધિવેશન ૧૯૦૭માં મુંબઈમાં અને ત્રીજું ૧૯૦૯માં રાજકોટમાં ભરાયું હતું. ૧૯૨૧માં વડોદરામાં યોજાયેલા ચોથા અધિવેશનની ત્રણેય દિવસની બેઠકમાં મહારાજા સયાજીરાવે હાજરી આપી હતી અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

રણજિતરામે માત્ર ૩૫ વર્ષની વયે વિદાય લીધી. સાહિત્ય પરિષદ સાથે તેઓ ઓતપ્રોત થઈ ગયા હતા. બાર વર્ષ સુધી તેમણે સંસ્થાને તેમના જીવનથી છૂટી પાડી નહોતી. તેમની હયાતીમાં યોજાયેલાં પાંચેય અધિવેશનો માટે તેમણે સતત પરિશ્રમ કર્યો હતો.

૧૯૨૬માં ગુજરાતી સાહિત્ય પરિષદનું સુકાન કનૈયાલાલ મુનશીએ સંભાળ્યું. તેઓ ૧૯૫૫ સુધી પરિષદના સુકાની રહ્યા. ૧૯૫૫માં નડિયાદમાં યોજાયેલા પરિષદના ૧૯મા અધિવેશને ગુજરાતનું ધ્યાન ખેંચ્યું. કનૈયાલાલ મુનશીએ પરિષદ પર એકહથ્થુ કબજો જમાવી દીધો છે, તેવી વ્યાપક ફરિયાદ થતી હતી. ઉમાશંકર જોશી વગેરે સાહિત્યકારોએ આ અધિવેશનમાં કનૈયાલાલ મુનશી સામે અવાજ ઉઠાવ્યો. એમને લાગતું હતું કે પરિષદનું બંધારણ લોકશાસનની પ્રણાલિકાઓને અનુરૂપ નથી.

પરિષદના પ્રમુખ કનૈયાલાલ મુનશીએ સમય પારખીને વિરોધ પ્રદર્શિત કરનારા સાત લેખક-પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરીને પરિષદનું બંધારણ સુધારવા માટે એક સમિતિની નિયુક્તિ કરી. એ પછી નવું બંધારણ થયું અને પરિષદનું કાર્યાલય મુંબઈથી અમદાવાદ આવ્યું.

નવું બંધારણ અમલમાં આવ્યા પછી પરિષદનું પહેલું અધિવેશન અમદાવાદમાં ભરાયું. નવજન્મ પામેલી પરિષદ માત્ર શહેરો પૂરતી સીમિત ન રહે તે માટે દર બે વર્ષે ગ્રામીણ વિસ્તારમાં જ્ઞાનસત્રાનું આયોજન કરવાનું વિચારાયું. એ રીતે અધિવેશન દર બે વર્ષે શહેરમાં અને જ્ઞાનસત્રા દર બે વર્ષે નગરોમાં યોજાય છે. કરાંચી, નવી દિલ્હી, કલકત્તા, મદ્રાસ, હૈદરાબાદ, પૂના, કોઈમ્બતૂર વગેરે સ્થળોએ પરિષદનાં અધિવેશનો થયાં છે.

૧૯૫૫ પછી પરિષદે પ્રકાશન પ્રવૃત્તિ અને સમૃદ્ધ પુસ્તકાલય શરૂ કરવાનું વિચાર્યું. સંમેલનો પ્રસંગે નિબંધવાચન ઉપરાંત પુસ્તકો અને સામયિકોનાં પ્રદર્શનો, મુશાયરા જેવાં અન્ય અંગો પણ વિકસતાં જતાં હતાં.

ગુજરાતી સાહિત્ય પરિષદના વિશાળ ભવનને ‘ગોવર્ધન ભવન’ નામ અપાયું છે. પરિષદના પરિસરમાં ૩૦૦ બેઠકોવાળું અદ્યતન રા. વિ. પાઠક સભાગૃહ છે. પરિષદે અનુવાદ કેન્દ્રની સ્થાપના કરી અને તેના ઉપક્રમે શ્રેષ્ઠ ગુજરાતી કૃતિઓ અંગ્રેજી તથા અન્ય ભાષાઓમાં અવતરે તેવો ઉપક્રમ શરૂ કર્યો છે.

# રમેશ દેસાઈ

## ઘોંઘાટનો અત્યાચાર

માંદાં કે ઘરડાં માણસોની, નાનાં બાળકોની ને વિદ્યાર્થીઓની અને મૂંગાં જાનવરોની હાલત પ્રત્યે સદંતર ઉપેક્ષા સેવીને આપણે દરેક ધાર્મિક પ્રસંગને ત્રાસદાયી રીતે ઊજવીએ છીએ.

ગણેશોત્સવ વખતે પૂરા દસ દિવસ મધરાત સુધી હલકાં ફિલ્મી ગાણાં ને અર્થહીન ભજનોનો ત્રાસદાયક ઘોંઘાટ મચાવવામાં આવે છે. ગણપતિને વિદાય આપીને નિરાંતનો દમ લઈએ, તે પહેલાં તો પાવાગઢવાળાં મા મેદાનમાં ઊતરી પડે છે. મંદિરો ને મહોલ્લાઓમાં ગોઠવાયેલાં લાઉડસ્પીકરો નવરાત્રીમાં લોકોની ઊંઘ હરામ કરે છે. ગરબાને નામે મોટે ભાગે જંગાલિયતનું પ્રદર્શન થાય છે. પછી પંદરેક દિવસમાં આવતી દિવાળી જંગલીપણાના, પરપીડનવૃત્તિના નગ્ન પ્રદર્શનની વિશેષ તક આપે છે.

પર્યુષણ પ્રસંગે ઉપવાસ કરનારા તપસ્વીઓના વરઘોડા ઘોઘરાં બેંડવાજાં સાથે આખા ગામમાં ફરે છે. ઉપવાસ કર્યા તે આત્મશુદ્ધિ માટે કે પોતાની જાતનાં આવાં વરવાં પ્રદર્શન-પ્રસિદ્ધિ માટે? પોતાના ધર્મગ્રંથોના પાઠ કરવા મળસકેથી જ બેસી જનારા શીખોને લાઉડસ્પીકર વિના હરિનામ લેવાનું ફાવતું નથી. મુસલમાનો પણ દરરોજ પાંચ વખત લાઉડસ્પીકર પર બાંગ પોકારે તો જ એમને સંતોષ થાય છે.

મોટા અવાજો જેમને આ રીતે સતત સાંભળતા રહેવા પડે છે, તે લોકોનાં મન તેમજ શરીર પર તેની માઠી અસર થાય છે, તેની કાર્યશક્તિ ઘટે છે, એ તો હવે સહુ જાણે છે. તેમ છતાં કોઈ પણ ધાર્મિક કે સામાજિક પ્રસંગને બહાને સમાજના જુદા જુદા વર્ગો એકબીજા ઉપર ઘોંઘાટનો અત્યાચાર કરતા જ રહે છે.

['ગુજરાતમિત્ર' દૈનિક: ૧૯૭૮]

# રમેશ પારેખ

## યાદ...

*ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ,*
*સળવળ વહેતી કેડસમાણી લીલોતરીમાં તરતા ખેતરશેઢે, સોનલ...*
*અમે તમારી ટગર ફૂલશી આંખે ઝૂલ્યા ટગરટગર તે યાદ...*

*

*મારી આંખમાં તું વહેલી સવાર સમું પડતી*
*ને ઘેરાતી રાત મને યાદ છેઃ ઘેરાતી રાત તને યાદ છે?*

## વરસાદ ભીંજવે

*આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે,*
*હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે.*
*ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઊગ્યું રે વરસાદ ભીંજવે,*
*અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે.*

*નહીં છાલક, નહીં છાંટા રે વરસાદ ભીંજવે;*
*દરિયા ઊભા ફાટ્યા રે વરસાદ ભીંજવે.*
*ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે,*
*ધૂળ લવકતા રસ્તા ખળખળ વળાંક ખાતા ખૂટ્યા રે વરસાદ ભીંજવે.*

*પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે,*
*નેવાં નીચે ભડભડ બળતો જીવ પલળવા મેલો રે વરસાદ ભીંજવે.*

*બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે,*
*લીલોઘમ્મર નાગ જીવને અનારાધારે કરડે રે વરસાદ ભીંજવે.*

*અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,*
*મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે.*
*થરથર ભીંજે આંખકાન, વરસાદ ભીંજવે,*
*કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે.*

## યાદ આવે

*પાન ફરકે અને સઘળા પ્રસંગ યાદ આવે*
*સળીની ઠેસથી જંગલ સળંગ યાદ આવે...*

*મુકામ આમ તો થોડાક શ્વાસ છેટો હોય*
*ને વચ્ચે પાથરેલી છે સુરંગ યાદ આવે...*

*આમ ૧૯૪૦માં જન્મ્યો છું, રમેશ,*
*છતાં યુગોથી લડું છું આ જંગ યાદ આવે.*

['સમર્પણ' પખવાડિક: ૧૯૭૭]

–

*કર્યું તેં વ્હાલ, તો સુંદર બની જવાયું છે.*

–

*અહીં રઝળતા કાગળો છોડીને શબ્દો ક્યાં ગયા?*
*વાવને વગડે મૂકી ખાલી, કહો, જળ ક્યાં ગયાં?*

## દરિયાનું નામ...

*દરિયાનું નામ એણે કદી સાંભળ્યું નથી,*
*ખાબોચિયાંને ઠાઠથી તે તરવા નીસર્યા!*

## આ નીકળ્યા દેવદૂતો!

*રૌશની કે ફરિશ્તે*
*હુઆ સવેરા*
*જમીન પર ફિર અદબ સે આકાશ*
*અપને સર કો ઝુકા રહા હૈ*
*કિ બચ્ચેં સ્કૂલ જા રહે હૈં...*
*નદી મેં અસ્નાન કરકે સૂરજ*
*સુનહરી મલમલ કી પગડી બાઁધે*
*સડક કિનારે*
*ખડા હુઆ મુસ્કુરા રહા હૈ*
*કિ બચ્ચેં સ્કૂલ જા રહે હૈં...*
*હવાએં સર-સબ્જ ડાલિયોં મેં*
*દુઆઓં કે ગીત ગા રહી હૈં*
*મહકતેં ફૂલોં કી લોરિયાઁ*
*સોતે રાસ્તોં કો જગા રહી હૈં*
*ઘનેરા પીપલ*
*ગલી કે કોને સે હાથ અપને હિલા રહા હૈ*
*કિ બચ્ચેં સ્કૂલ જા રહે હૈં...!*
*ફરિશ્તે નિકલે હૈં રૌશની કે*
*હરેક રાસ્તા ચમક રહા હૈ*
*યે વક્ત વો હૈ*

*જમીં કા હર જર્રા*
*માઁ કે દિલ-સાં ધડક રહા હૈ*
*પુરાની ઇક છત પે વક્ત બૈઠા*
*કબૂતરોં કો ઉડા રહા હૈ*
*કિ બચ્ચેં સ્કૂલ જા રહે હૈં*
*બચ્ચેં સ્કૂલ જા રહે હૈં...!*

નિદા ફાજલી

—

*ખાબોચિયું જ આમ તો પર્યાપ્ત હોય છે,*
*હોડી ડુબાડવાને તું દરિયો ન મોકલાવ!*

—

*દરિયો વળાવી શું હવે કાંઠે કરે છે ઓટ?*
*ખાલી ખખડતા શંખમાં વેળુ ભરે છે ઓટ!*

## આ બાજુ...

*આ બાજુ જંગલદહન દેમાર ચાલુ, રમેશ,*
*આ બાજુ કૂંપળ અવનવી ફૂટવાની કથા છે!*

# ભગવાનનો ભાગ

*નાનપણમાં બોરાં વીણવા જતા.*
*કાતરા પણ વીણતા.*
*કો'કની વાડીમાં ઘૂસી ચીભડાં ચોરતા.*
*ટેટા પાડતા ને ખિસ્સાં ભરતા.*
*પછી બધા ભાઈબંધો પોતાનાં ખિસ્સામાંથી ચોરીનો માલ ઠલવીને*
*ઢગલી કરતા ને ભાગ પાડતા:*
*-આ ભાગ ટીકુનો.*
*-આ ભાગ દીપુનો.*
*-આ ભાગ ભનિયાનો, કનિયાનો...*

*છેવટે એક વધારાની ઢગલી કરી કહેતા:*
*-'આ ભાગ ભગવાનનો!'*
*પછી સૌ પોતપોતાની ઢગલી*
*ખિસ્સામાં ભરતા,*
*ને ભગવાનની ઢગલી ત્યાં જ મૂકી*
*રમવા દોડી જતા.*

*ભગવાન રાતે આવે, છાનામાના*
*ને પોતાનો ભાગ ખાઈ જાય-એમ અમે કહેતા.*

*પછી મોટા થયા.*
*બે હાથે ઘણુંય ભેગું કર્યું;*
*ભાગ પાડ્યા-ઘરના, ઘરવખરીના,*
*ગાય, ભેંસ, બકરીના.*
*અને ભગવાનનો ભાગ જુદો કાઢ્યો?...*

*સુખ, ઉમંગ, સપનાં, સગાઈ, પ્રેમ-*
*હાથમાં ઘણું ઘણું આવ્યું... અને ગયું!*

*અચાનક ગઈ કાલે ભગવાન આવ્યા;*
*કહે: લાવ, મારો ભાગ...*

*મેં પાનખરની ડાળી જેવા*
*મારા બે હાથ જોયા-ઉજ્જડ.*
*એકાદ સૂકું તરણુંયે નહીં.*
*શેના ભાગ પાડું ભગવાન સાથે?*
*આંખમાં ઝળઝળિયાં આવ્યાં,*
*તે અડધાં ઝળઝળિયાં આપ્યાં ભગવાનને....*

## કોઈ ચાલ્યું ગયું

*ખંડમાં આંખ છતની વરસતી રહી કોઈ ચાલ્યું ગયું*
*શૂન્યતા ખાલી ખીંટીને ડસતી રહી કોઈ ચાલ્યું ગયું*

*છાપરું શ્વાસ રૂંધી ધીમાં ધીમાં પગલાંઓ ગણતું રહ્યું*
*ભીંત ભયભીત થઈને કણસતી રહી કોઈ ચાલ્યું ગયું*

*બારીએ બારીએ ઘરના ટુકડાઓ બેસીને જોતા રહ્યા*
*સાંકળો બારણે હાથ ઘસતી રહી કોઈ ચાલ્યું ગયું*

*બે'ક પગલાંનો સંગાથ આપીને પડછાયા ભાંગી પડ્યા*
*શેરીનાકામાં બત્તીઓ ભસતી રહી કોઈ ચાલ્યું ગયું*

## ગુલમ્હોર મો'ર્યા એટલે

*છાપરાં રાતાં થયાં ગુલમ્હોર મો'ર્યા એટલે*
*માર્ગ મદમાતા થયા ગુલમ્હોર મો'ર્યા એટલે*

*આંખની તો વાત ના પૂછો કે એને શું થયું*
*દૃશ્ય સૌ ગાતાં થયાં ગુલમ્હોર મો’ર્યા એટલે*

*બાંધી ના બંધાઈ કંચુકીમાં એની પોટલી*
*દેહ ચડિયાતા થયા ગુલમ્હોર મો’ર્યા એટલે*

*વાયુ અણિયાળો બન્યો એનીય ના પરવા કરી*
*મન ઉઝરડાતાં થયાં ગુલમ્હોર મો’ર્યા એટલે*

*આ ગલીમાં, ઓ ગલીમાં, આ ઘરે, ઓ મેડીએ*
*જીવ વહેરાતા થયા ગુલમ્હોર મો’ર્યા એટલે*

*શબ્દકોશો ને શરીરકોશોની પેલે પારના*
*પર્વ ઊજવાતાં થયાં ગુલમ્હોર મો’ર્યા એટલે*

*કઈ તરફ વહેવું અમારે, કઈ તરફ રહેવું, રમેશ*
*ભાન ડહોળાતાં થયાં ગુલમ્હોર મો’ર્યા એટલે*

## જાતને દોર બાંધીને ઉડાડવી છે!

મારાં બા (નર્મદાબહેન) ધાણીફૂટ કાઠિયાવાડી બોલી બોલતાં. અમરેલી મૂળે તો ખોબા જેવડું. પણ ગાયકવાડી સૂબાની કચેરી અહીં રહેતી થઈ ત્યારથી વિકસતું ગયું. ૧૯૪૭ પછી તો તેનું રીતસરનું શહેરીકરણ થતું રહ્યું છે. લોકોની જીભ પર ‘સુધારુ’ ભાષાનો ‘ગિલેટ’ ચડતો રહ્યો છે. મારી બા જેવાં કેટલાંકની વાણી ‘શુદ્ધ’ રહી ગયેલી. આ વાણી, આ ભાષામાંથી મારી જીભના માપનો જોડો સિવાયો છે. મારી ભાષામાં, બોલચાલની લઢણમાં જે ખરબચડાપણું છે તે અસલમાં કાઠિયાવાડી વળોટનું છે.

મારી સાત પેઢીમાં કોઈ સાહિત્યકાર જન્મ્યાની માહિતી નથી. મને હસવું આવે છે કે તો પછી, તેલ, પળી ને ત્રાજવું મૂકી હું કવિતા ‘જોડતો’ કેમ થયો? ઘરમાં પણ સાહિત્યનું ખાસ કોઈ વાતાવરણ નહીં!

ગામમાંય નહીં અને આગળ વધીને કહું તો આખા અમરેલી જિલ્લામાં નહીં! મોટાભાઈ કાંતિભાઈ ભાવનગરની શામળદાસ કોલેજમાં બે વર્ષ ભણ્યા, આ અરસામાં તેમની આગળના ક્લાસમાં હરીન્દ્ર દવે હતા. તેઓ કોલેજના મેગેઝિનમાં લેખો લખતા એ મેં વાંચેલા, પણ કાંઈ ચાંચ બૂડી નહોતી. મોટાભાઈ હાઈસ્કૂલમાં હતા ત્યારથી તેમને હસ્તલિખિત અંકો તૈયાર કરવાનો શોખ, અહીંતહીંથી ગમેલી સામગ્રીને પોતાના હસ્તલિખિત અંકમાં ઉતારતા. એમને કોલેજના અભ્યાસક્રમમાં ‘કાન્ત’નો ‘પૂર્વાલાપ’ ભણાવાતો. એમાંના ‘વસંતવિજય’ કાવ્યથી પ્રભાવિત થઈ મોટાભાઈએ ‘પ્રકૃતિવિજય’ શીર્ષકવાળું, સળંગ અનુષ્ટુપમાં દીર્ઘકાવ્ય લખી ‘કુમાર’ને મોકલ્યું હતું. બચુભાઈ રાવતે એ ફરી ફરી સુધારવા માટે પાછું મોકલ્યા કર્યું હતું. આ બધું હું સાક્ષીભાવે જોતો. આ વખતે હું દસેક વર્ષનો હોઈશ. એક દિવસે થયું કે ચાલ, હુંય આવું લખું! ખૂબ મથામણને અંતે ‘હે પ્રભુ તમને નમું છું હાથ જોડીને, અરે!’ આવી બેચાર પંક્તિઓ લખી. હરિગીત! આ છંદ કેવી રીતે આવડ્યો? તો કે, અમારા ઘરમાં ‘મણિકાન્ત કાવ્યમાલા’ નામની એક ચોપડી હતી. તેમાં શશિકાંતની પ્રણયકરુણ કહાણી સળંગ હરિગીતમાં હતી. તેમાંથી મારી મોટી બહેન સવિતાબહેન હીંચકે બેસી-‘શશિકાંત, મારાં લગ્નની કંકોતરી વાંચજો... કંકુ નથી મમ રક્તના છાંટા પડ્યા અવલોકજો...’ ગાતી. એના કરુણાલાપથી હૈયું ભરાઈ આવતું. ખબર પડે નહીં કે સાલું, આવું આવું કેમ થાય છે! બહેન હીંચકતી હીંચકતી મને ખોળામાં સૂવડાવી થાબડે ને ઊંઘાડી દે. એ હરિગીત છંદ છે એની તો બહુ પાછળથી ખબર પડેલી. પણ કાનને હરિગીતનો પરિચય થઈ ગયો હતો. આ જ રીતે હું જે કાંઈ છંદ-લય શીખ્યો છું તે કાન દ્વારા શીખ્યો છું. હરિગીતની પેલી પાંચ પંક્તિઓ પછી પ્રભુજી પ્રસન્ન થયા નહીં એટલે પ્રભુજીને અને પદ્યને મૂક્યાં પડતાં અને વ્યાયામમંદિરમાં જવાનું શરૂ કર્યું! અમરેલીમાં બાલપુસ્તકાલય પણ ખરું. ‘બાલમિત્ર’, ‘બાલજીવન’ અને ‘ગાંડીવ’ જેવાં બાળસામયિકો આવતાં તે વાંચવા જતો.

એક દિવસ ઓચિંતો ચિત્રો દોરવાનો ચસકો લાગ્યો. બકરીની

પૂંછડીના વાળ કાપ્યા. દાતણ સાથે દોરાથી બાંધ્યા ને પીંછીં બની. ચાંદલા માટેનું કંકુ, હળદર ને આંજણની ડબ્બીમાંથી રંગો બનાવ્યા. એક ચિત્ર બનાવ્યું-'શ્રી લક્ષ્મીજી'નું. એને મેં લક્ષ્મીજી તરીકે ઓળખાવ્યાં એટલું જ, ઘરના કોઈ તેમને ઓળખી શક્યા નહીં ને ગેરમાર્ગે દોરવાયા. કોઈએ 'રાક્ષસ', કોઈએ 'બિલાડું' તો કોઈએ જુદા નામે ઓળખ્યાં એમને. આ 'આઘાતજનક' ઘટના પછીય મારું ચિત્રકામ અટક્યું નહીં. પછી તો એવો હાથ બેસી ગયો કે પૂનાના પરીક્ષા બોર્ડ તરફથી ઇંટરમિડિયેટ ડ્રોઈંગની પરીક્ષામાં પ્રથમ ઇનામ મળ્યું. એ પછી રોજનાં ડઝન લેખે સ્વપ્ન આવતાં-મુંબઈની જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં ભણવા જવાનાં. આર્થિક સ્થિતિ કંઈ એવી નહોતી. બાપુજીએ ના પાડી દીધી એટલું જ નહિ, કોલેજમાં ભણવા જવાની ઉંમરે કમાવા માટે ૧૯૫૮માં નોકરીમાં જોડાઈ જવું પડ્યું. ઘરમાં ક્યારેક આવતાં ચોપાનિયાં વાંચતાં-વાંચતાં એકાએક લખવાની ઇચ્છા થઈ. બન્યું એવું કે ઈશ્વર પેટલીકરની [નવલકથા] 'તરણા ઓથે ડુંગર' વાંચી તેનાથી ખૂબ પ્રભાવિત થઈ ગયો. ને પેલી લખવાની ઇચ્છા અમલમાં મુકાઈ ગઈ. એ જ નવલકથાની અસરમાં 'કાળું ગુલાબ' વાર્તા લખાઈ. પછી 'ગુલાબનો છોડ' અને 'પ્રેતની દુનિયા' લખાઈ. 'ચાંદની' નામના સામયિકમાં સૌ પ્રથમ 'પ્રેતની દુનિયા' ફોટો અને પરિચય સાથે છપાઈ ત્યારે હું દસમા ધોરણમાં હતો-છપાયેલી વાર્તા વર્ગશિક્ષક સાહેબને બતાવી, તો તેમણે કહ્યું-"ડફોળ! વાર્તા તેં જ લખી છે કે કોઈની ચોરી લીધી છે?" તેમના આ પ્રતિભાવે એટલો મોટો હથોડો માર્યો કે તે પછી ક્યારેય કોઈના અભિપ્રાય માટે મેં ખેવના રાખી જ નહીં. એ માસ્તરને બતાવી આપવાના ઝનૂનથી મેં ધડાધડ વાર્તાઓ લખવા માંડી. છપાય ત્યારે નામદાર સાહેબને સળગાવવાના હેતુથી જ અચૂક બતાવતો અને વૈરતૃપ્તિ માણતો. આમ ૧૯૬૨ સુધી વાર્તાનો દોર ચાલ્યો. સોએક વાર્તાઓ ચારપાંચ વર્ષના ગાળામાં છપાઈ ગઈ. મુખ્યત્વે વાર્તાઓ જ લખતો. ક્યારેક ગીત કે ગઝલ જેવું પદ્ય પણ રચાતું.

પદ્યકૃતિઓ લખાતી ખરી, પરંતુ એમાં કશુંક ખૂટતું લાગે એટલે

છાપવા મોકલવાનો ઉત્સાહ થતો નહીં. બધું નોટબૂકમાં જ ભંડારી રાખતો. ગાવાનો શોખ નાનપણથી જ. હાઈસ્કૂલમાં દાખલ થયો ત્યારે બે-ત્રણ સંગીતરસિયા દોસ્તો મળી ગયા. ઉત્સાહ જાગ્યો ને ‘મોરલ મ્યુઝિક ક્લબ’ નામે સંસ્થા શરૂ કરી. ૧૯૬૫ સુધી આ સંસ્થા ચાલી. અમે જાહેરમાં સંગીતના કાર્યક્રમો કરીએ. ગુજરાતી ગીતો અને ફિલ્મનાં ગાયનો ગવાતાં, હું પણ ગાતો. ઠોકપાંચમ કરતાં કરતાં તબલાં ને ઢોલક પર ખૂબ સારો હાથ જામી ગયો. આમ પ્રવૃત્ત તો ઘણો બધો રહેતો, પરંતુ કોઈ ચોક્કસ દિશા વિના આમતેમ ફંગોળાયા કરતો હતો.

૧૯૬૬/૬૭ના ગાળામાં અનિલ [જોશી] અમરેલી આવ્યો. તેના પિતા રમાનાથભાઈ જોશી અમારા બોસ, એટલે અનિલનો પરિચય થયો. એ પરિચય થયો ન હોત તો કદાચ હજુય હું વાર્તાઓ લખતો હોત-એ જ ચીલાચાલુ-અથવા તો કશું જ લખતો ન હોત. મારા જીવનમાં કવિતાનો પ્રવેશ અનિલરૂપે થયો. પહેલી મુલાકાતમાં અનિલે એનું ‘કુમાર’માં છપાયેલું ‘ગરિયો’ કાવ્ય સંભળાવ્યું. મેં એ અરસામાં ‘ચિત્રલેખા’માં છપાયેલી મારી વાર્તા ‘બટ નેચરલ’ વંચાવ્યાનું યાદ છે.

એ કાળે અમરેલીમાં સાહિત્યનું વાતાવરણ જ નહીં. જન્મ્યો, ભણ્યો, નોકરીએ રહ્યો અમરેલીમાં જ; તે બહારની દુનિયાથી હું સાવ અજ્ઞાત. સારી લાઇબ્રેરીયે નહીં. વાર્તા કે કાવ્ય લખવાની મારી મથામણના કાળમાં કોઈ સારું પુસ્તક કે કાવ્યો વાંચવા મળ્યાં નહીં. વિશ્વસાહિત્યનાં ઉત્તમ પુસ્તકો જોયાંય નથી, વાંચવાની વાત જ ક્યાં? સૌથી વધુ પુસ્તકો વાંચ્યાં હોય તો ડિટેક્ટિવ સાહિત્યનાં, કેમ કે એ જ સરળ રીતે ઉપલબ્ધ હતાં. આમ મારી સર્જનપ્રવૃત્તિ પેલા એકલવ્યની વિદ્યા જેવી છે. આ તેની વિશિષ્ટતાયે છે ને મર્યાદાયે છે.

અનિલની દોસ્તીએ મારા અભાવોનું થોડું વળતર આપ્યું. અનિલ સાહિત્યરસિક મિત્ર જ નહીં, મારા માટે જ્ઞાન અને માહિતીનો ખજાનો હતો. એ સાહિત્યની, સાહિત્યકારોની અનેક વાતો કરતો જે મેં ક્યારેય વાંચી કે સાંભળી ન હોત. મારા મનમાં સતત ખાલી રહેતો જિજ્ઞાસુ ખૂણો પુરાતો રહ્યો. મેં નોટબુકમાં સંતાડી રાખેલાં કાવ્યો અનિલને

વંચાવ્યાં ત્યારે તે કાંઈ બહુ ખુશ થયો નહીં. કહ્યું કે, ‘આ તો જૂની ઘરેડનાં કાવ્યો છે. કશુંક નવું લખ તો જામે.”

“નવું એટલે કેવું?”

“આ ‘કૃતિ’ જેવા મેગેઝિનમાં છપાય છે તેવું.” અનિલે તે અરસામાં છપાયેલા ‘કૃતિ’ના એક-બે અંક આપ્યા. હું તેને નવાઈથી જોઈ રહ્યો-ફિલ્મી ગીતોની ચોપડી જેવું કદ!

“આવું લખતાં તને આવડે?” અનિલે પૂછ્યું.

“શા માટે ન આવડે?” મેં છાતી ફુલાવી ગર્વથી કહ્યું-“આવડે જ! એમાં કઈ ધાડ મારવાની છે?”

અનિલની વાત જાણે મને ચેલેંજ ફેંકતી લાગી. મેં એ ચેલેંજ ઉપાડી લીધી. કોલેજ ખૂલતાં અનિલ અમદાવાદ ગયો. તરત ઝનૂનપૂર્વક લખી કાઢેલાં આઠદસ કાવ્યોનો થપ્પો મેં તેને પોસ્ટથી મોકલી આપ્યો. લાભશંકર ઠાકર, ‘આદિલ’, ચિનુભાઈ, મનહર મોદી, રાવજી, રાજેન્દ્ર શુક્લ વગેરે એ વખતે ‘રે મઠ’માં મળતા. અનિલ પણ જતો. મેં મોકલેલાં કાવ્યોનો થપ્પો અનિલે એક બેઠકમાં મિત્રો સમક્ષ મૂક્યો. કાવ્યો વંચાયાં. કેટલાક મિત્રોને ગમ્યાં. ‘કૃતિ’માં છપાયાં. “લ્યો, આ નવી રીતનાં કાવ્યો લખતાં આવડી ગયાં!”

અનિલ અમદાવાદથી અમરેલી અવારનવાર આવે, એટલે અમારી દોસ્તીને વળ ચડતા રહ્યા. એ થોડા સમય પછી અભ્યાસ પૂરો કરી અમરેલીમાં સ્થાયી થયો અને અમારી ‘ફુલટાઇમ’ મૈત્રી જામી. રોજરોજ અનિલ ને હું કંઈક નવું લખીએ, વાંચીએ, માથાફાડ ચર્ચા કરીએ, જીવલેણ ઝઘડીએ ને કાકી વઢે ત્યારે જમી લઈએ. (અનિલનાં બાને અમે કાકી કહીએ.) અનેક પ્રકારના આનંદો હતા-લખવાનો, વાંચવાનો, ચર્ચા કરવાનો, ઝઘડવાનો, મુક્ત રીતે રખડવાનો ને હસવાનો આનંદ. આ આનંદ અમારાં સર્જનોમાં પ્રાણ પૂરતો. ‘કૃતિ’ ઉપરાંત બીજાં મેગેઝિનોમાં, ખાસ કરીને સુરેશ દલાલ અને હરીન્દ્ર દવેના તંત્રીપદે પ્રકટતાં ‘કવિતા’ અને ‘સમર્પણ’માં અનિલની અને મારી રચના પ્રકટ

થતી. એ વખતે મને તો એક જબરો નશો હતો કવિતાનો, પ્રસિદ્ધિનો!

દિલ્હીમાં ભરાયેલી ૧૯૬૮ની ગુજરાતી સાહિત્ય પરિષદમાં પહેલી જ વાર ગયો, એ અનુભવ રોમહર્ષણ હતો. જિંદગીનો પહેલો જ સાહિત્ય અંગેનો મારો આ પ્રવાસ, ગુજરાત બહારનો પ્રવાસ. મેં જેમની વાર્તાઓ, નવલકથાઓ ને કાવ્યો વાંચ્યાં હતાં, જેમનાં કાવ્યો સાંભળ્યાં હતાં એ સૌ સાહિત્યકારોને પહેલી જ વાર પ્રત્યક્ષ ભાળ્યા-પન્નાલાલ પટેલ-ઓહોહોહો! મડિયા...! ઉમાશંકર...! ઓહોહોહોહો...! ગુલાબદાસ બ્રોકર, પ્રિયકાન્ત, સુરેશ દલાલ, ઓહોહોહો! જાણે વંડરલૅન્ડમાં આવી ચઢેલી પેલી એલિસ! વળી સોનામાં સુગંધ ભળી તે એ કે ઉમાશંકર જોશીના વડપણ નીચે રાત્રે કવિસંમેલન થયેલું તેમાં એક ગઝલ પણ બોલ્યો-‘હવાઓ...’

વળી થોડા દિવસ પછી, ‘નવચેતન’નો દિવાળી અંક અનિલે વાંચ્યો હશે તે તેણે કહ્યું, “હરીન્દ્ર દવેનો ઇન્ટરવ્યુ લીધો છે કોઈએ, વાંચજે.”

વાંચ્યો ને સુન્ન થઈ ગયો! નવી પેઢીના પ્રોમિસિંગ કવિઓ કોણ કોણ તે પ્રશ્નના ઉત્તરમાં હરીન્દ્રભાઈએ અનિલનાં ને મારાં નામો આપેલાં. એ ઘટના હતી મારા ઉપવિત સંસ્કારની. એ લેખ વાંચ્યો તે જ ક્ષણે હું દ્વિજ બન્યો; કવિરૂપે જન્મ્યો. થયું, હરીન્દ્રભાઈ જેવા ઉત્તમ પુરોહિત છે ને આપણુંય કિસ્મત બુલંદ! બસ ત્યારથી ધડાધડ લખવા માંડ્યું. છપાવા માંડ્યું અને ૧૯૭૦માં પ્રથમ કાવ્યસંગ્રહ ‘ક્યાં’ પ્રકટ થયો. અનિલની ‘કદાચ’ અને મારી ‘ક્યાં’ની સ્ક્રિપ્ટ તૈયાર થતી હતી તે અરસામાં અનિલે વસંતતિલકા છંદમાં લાંબું કાવ્ય લખ્યું. મને થયું-હું શા માટે ન લખું? તાબડતોબ ‘કુરુક્ષેત્રે’ લખ્યું-વસંતતિલકામાં. પણ સાચું પૂછો તો સંસ્કૃત વૃત્તમેળ છંદોની મને ગતાગમ નહીં. ગીત અને ગઝલના વિવિધ લય પણ આમ તો કાન દ્વારા શીખ્યો હતો. છતાં આ વૃત્તમેળ છંદો? ના રે ભાઈ! એને તો સ્પર્શ કરવાની હિંમત નહોતી.

‘કવિતા’નો સોનેટ વિશેષાંક પ્રકટ થવાનો હતો તે માટે સોનેટો મોકલવા સુરેશ દલાલે લખ્યું. બાપુ, આપણને પરસેવો વળી ગયો. છેવટ રજપૂત થયા તે યુદ્ધે ચડવું જ પડે! કાનથી સાંભળેલા લયને સાબદા

કરી, વૃત્તમેળ છંદમાં એક સોનેટ ગબડાવ્યું. પણ એ જ વખતે માંહ્યલાને કહ્યું કે મોટા! આ બધા છંદો છે ‘ચેલેન્જિંગ’, આમાં તારું કાનવાળું જ્ઞાન નહીં ચાલે. તપ કર! તપ કર! નીચી મૂંડીએ, પ્રાણાયામપૂર્વક, પાકા ઘડે કાંઠા ચડાવવાના જીવલેણ પ્રયત્નો આદર્યા. અંતે છંદમાં ખંડકાવ્યો લખાયાં-‘આલા ખાચરની સવાર’, ‘આલા ખાચરની સાંજ’, અને તે પછી ‘આલા ખાચર’ સિરીઝનાં કેટલાંક સોનેટોનો ગુચ્છ, વિવિધ છંદોમાં ગઝલ...

મેં કદી પતંગ ઉડાડ્યો નથી. એમાં કદી રસ પડ્યો નથી, પરંતુ નાની વયથી તે આજ સુધી મનમાં એક ‘બાલિશ’ ઇચ્છા બળવત્તર બનતી રહી છે કે પતંગને નહીં, તેને બદલે મારી જાતને દોર બાંધીને ઉડાડવી છે. કાવ્યસર્જન એ જાતને દોર બાંધીને આકાશમાં ઉડાડવાની મથામણ છે કદાચ.

[૧૯૭૮-૮૨ના ગાળા દરમિયાન પ્રકટ થયેલા સર્વોત્તમ કાવ્યસંગ્રહ તરીકે ‘ખડિંગ’ને અપાયેલ ‘નર્મદ ચંદ્રક’ સ્વીકારતાં કરેલ વક્તવ્ય.]

## રમેશમાં

*શોધું છું પણ રમેશ મળે ક્યાં રમેશમાં*
*મળતા નથી રમેશના રસ્તા રમેશમાં.*

*ગુલમ્હોર પણ લટાર કદીક મારતા હશે*
*એનાં હજુયે ટમટમે પગલાં રમેશમાં.*

*ખોદો તો દટાયેલું કોઈ શહેર નીકળે*
*એમ જ મળે રમેશનાં સપનાં રમેશમાં.*

*અર્ધો રમેશ કાળા અનાગતમાં ગુમ છે*
*અર્ધા રમેશના છે ધુમાડા રમેશમાં.*

*આખ્ખુંય રાજપાટ હવે સૂમસામ છે*
*કારણ કે મૃત્યુ પામ્યો છે રાજા રમેશમાં.*

*ફરતું હશે કોઈક વસંતી હવાની જેમ*
*આજે ઝૂલે છે એકલાં જાળાં રમેશમાં.*

*ઈશ્વર, આ તારી પીળી બુલંદીનું શું થશે?*
*ખોદ્યા કરે હમેશ તું ખાડા રમેશમાં.*

*જ્યારે રમેશ નામનો એક ખારવો ડૂબ્યો*
*ત્યારે ખબર પડી કે છે દરિયા રમેશમાં.*

## રમેશ ભા. શાહ

# રાજકારણીઓને સમજી લઈએ

આપણે ત્યાં ચૂંટણીના સંદર્ભમાં કેટલાક ખ્યાલો પ્રવર્તે છે તેને ઝીણવટથી તપાસવા જેવા છે.

મતદારોના વર્તનની બાબતમાં બે બાબતો આપણે તપાસીશું. એક, રાજકીય પક્ષો પોતાને જૂઠાં વચનો આપે છે એવું મતદારો જાણતા હોવા છતાં તેમની એ અપ્રામાણિકતા પ્રત્યે તેઓ દુર્લક્ષ કરે છે. બીજું, ઊંચા આદર્શો સાથે ઊભેલા અને પોતાની પ્રામાણિકતા માટે જાણીતા એવા મોટા ભાગના ઉમેદવારોને મતદારો પસંદ કરતા નથી.

મતદારો અંગત લાભ-ખર્ચનો વિચાર કરીને મતદાન કરે છે, સામાજિક લાભ—હાનિ તેમના માટે અપ્રસ્તુત બાબત હોય છે. ધારાસભ્ય સરકારની નીતિઓનો અભ્યાસ કરીને તેના અયોગ્ય, પક્ષપાતી અમલનો ધારાગૃહમાં વિરોધ કરે, અને એ રીતે સમગ્ર રાજ્યની સંનિષ્ઠ સેવા કરે, તેનાથી તેના મતદારો રીઝતા નથી. બીજી ચૂંટણી વખતે તેઓ એક જ પૂછવાના: તમે અમારા માટે શું કર્યું? પોતાના મતથી ચૂંટાઈ આવેલા ઉમેદવાર સમગ્ર રાજ્ય કે દેશના હિતને માટે કામ કરે તેવી મતદારોની અપેક્ષા નથી હોતી. તેમને તો પોતાનાં કામો કરે એવા જ ઉમેદવારમાં રસ હોય છે.

અંગત કે પોતાના જૂથના લાભથી પ્રેરાઈને મતદારો વર્તે છે, તે હકીકતનો લાભ લેવા માટે રાજકીય પક્ષો મતદારોના વિવિધ સમૂહોને એ પ્રકારના અંગત લાભની લાલચ આપીને તેમને ખરીદવાની કોશિશ કરે છે. ચૂંટણી ઢંઢેરામાં સમાજના પ્રત્યેક મોટા વર્ગ કે સમુદાયને લાભદાયી નીવડે એવાં વચનો આપવામાં આવે છે.

કેવળ સામાન્ય મતદારો જ અંગત લાભને નજર સમક્ષ રાખીને મતદાન કરે છે એવું નથી. નબળા વર્ગોનું કામ કરતા કર્મશીલો પણ

એનાથી વધારે વ્યાપક હિતનો વિચાર કરવા તૈયાર નથી હોતા. દા.ત., જે કર્મશીલો આદિવાસી વિસ્તારોમાં કામ કરે છે તેમને આદિવાસીઓને મળનાર લાભમાં જ રસ હોય છે. સમાજમાં આદિવાસી જેવા જ બીજા ગરીબ વર્ગો પ્રત્યે તેઓ ઉદાસીન હોય છે. આવું જ વલણ સ્ત્રી કાર્યકરો, હરિજન કાર્યકરો વગેરેનું હોય છે. રાજકારણીઓની જેમ જ આ કર્મશીલો પણ તેમના કાર્યક્ષેત્રમાં ટૂંકા ગાળામાં મળી શકે તેવા ‘નક્કર’ લાભો માટે જ પ્રયાસ કરતા હોય છે.

રાજકીય પક્ષો બેધડક જૂઠાં વચનો મતદારોને આપે છે, કેમ કે કોઈ પણ

મતદાતાને તેને સીધી રીતે સ્પર્શતાં ન હોય એવાં વચનોના પાલનમાં રસ હોતો નથી. તેથી આખા ઢંઢેરાનો અમલ કરવા માટેનું મતદારોનું સામૂહિક દબાણ ઊભું થવાની કોઈ શક્યતા નથી હોતી.

ચૂંટણીમાં ઊંચા આદર્શો સાથે ઊભા રહેતા સંનિષ્ઠ ઉમેદવારો મોટા ભાગના દાખલાઓમાં કેમ ચૂંટાઈ આવતા નથી, તેનો ખુલાસો મતદારોના ઉપર વર્ણવેલા વર્તનમાંથી સાંપડે છે. મતદારોના કોઈ વર્ગને સામાજિક હિત અપીલ કરતું નથી. વળી જો પ્રામાણિક ઉમેદવાર ચૂંટાઈ આવીને મતદારોનાં કામો કરવામાં પણ નિયમો અને પ્રામાણિકતાનો આગ્રહ રાખવાનો હોય, તો મતદારોને તેની પ્રામાણિકતામાં રસ પડતો નથી. પોતાનાં કામો કરવાનાં હોય ત્યારે આદર્શોને વચ્ચે ન લાવે, એવા અન્યથા આદર્શવાદી ઉમેદવારને મતદારો પસંદ કરે છે!

રાજકારણીઓના વર્તન અંગેની આપણી અપેક્ષાઓ નૈતિક આદર્શોની ઊંચી ભૂમિકા પર રહીને રચાયેલી હોવાથી આપણી અપેક્ષાઓ અને વાસ્તવિકતા વચ્ચે બહુ મોટું અંતર પડે છે. તેને પરિણામે નાગરિકો તરીકે આપણે હતાશ થઈએ છીએ અને રાજકારણને સુધારવાના પ્રયાસો ખોટી દિશામાં કરીએ છીએ.

કયા ઉદ્દેશથી લોકોએ રાજકારણમાં પડવું જોઈએ એ વિશે, રાજકારણમાં નહિ પડતા લોકોએ ઊંચા આદર્શો રજૂ કરેલા છે.

પરંતુ અહીં હકીકતનો છે. લોકો કયા ઉદ્દેશથી રાજકારણમાં પડે છે? રાજકારણીઓની બાબતમાં આપણે એક સામાન્ય અનુભવને વિસારે પાડીએ છીએ. રાજકારણમાં પડેલી વ્યક્તિઓ, રાજકારણમાં પડે તે પૂર્વે કોઈક વ્યવસાયમાં પડેલી હોય છે. એ વ્યવસાયમાં તે એક અર્થપરાયણ માનવી તરીકે વર્તતી હોય છે, એટલે કે તે અંગત લાભ-ખર્ચનો વિચાર કરીને વર્તતી હોય છે. આના સંદર્ભમાં ઊભો થાય છે: જે વ્યક્તિ અન્યથા તેના વર્તનમાં અર્થપરાયણ માનવી તરીકે વર્તે છે, તે રાજકારણમાં પ્રવેશે ત્યારે અંગત લાભ જતો કરીને સામાજિક હિતથી પ્રેરાઈને વર્તશે એવું માનવા માટે આપણી પાસે કોઈ તર્ક કે અનુભવ છે ખરો?

રાજકારણીઓ પણ અર્થપરાયણ માનવીઓ તરીકે વર્તે છે એ પાયાના ગૃહીત પર ચાલીએ, તો રાજકારણીઓનાં ઘણાં વર્તનને સમજવાની ચાવી મળી જાય છે.

રાજકારણીઓ ચૂંટણીમાં જીતવા માટે ઊભા રહે છે, મૂલ્યોની પ્રતિષ્ઠા કે લોકશાહીના જતન માટે નહિ. ચૂંટણી જીતવાથી મળતી રાજકીય સત્તા અને તેના દ્વારા મળતા લાભોને મહત્તમ કરવાનું તેમનું લક્ષ્ય હોય છે. અલબત્ત, કેટલાક માણસો પ્રામાણિકપણે લોકશાહીની અને સમાજની સેવાના ઉદ્દેશથી ચૂંટણી લડતા હોય છે; પરંતુ તેમની બાબતમાં પણ એક મુદ્દો સ્પષ્ટ છે. તેઓ એમ માને છે કે ધારાસભામાં પ્રવેશીને તેઓ સમાજ અને લોકશાહીની વધુ સારી સેવા કરી શકશે. તેથી તેમના માટે ચૂંટણી જીતવાનું એટલું જ અગત્યનું હોય છે, જેટલું અંગત લાભ માટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો માટે હોય છે.

ચૂંટણી જીતવા માટે મતદારોના વિવિધ વર્ગોને રીઝવવા જરૂરી હોય છે. તેથી મતદારોના વિવિધ વર્ગો શું ઇચ્છે છે તે રાજકીય પક્ષો શોધતા હોય છે. મતદારોનાં વિવિધ જૂથો કયા અંગત લાભોથી પ્રેરાઈને મત આપશે તે અંગેની રાજકીય પક્ષોની અટકળો તેમના ચૂંટણી-ઢંઢેરામાં જોવા મળે છે. ચૂંટણી-ઢંઢેરા બે રીતે નોંધપાત્ર હોય છે. એક, તેમાં મતદારોનો કોઈ પણ નાનોમોટો વર્ગ નારાજ થાય એવી

વાતો ટાળવામાં આવે છે. તેથી રાજ્ય કે રાષ્ટ્રની સમસ્યાઓના ઉકેલ માટે નાગરિકોએ કયા સ્વરૂપે કેટલી કિંમત ચૂકવવી પડશે તેનો કોઈ ઉલ્લેખ ઢંઢેરામાં કરવામાં આવતો નથી. બીજું, રાજ્ય કે પ્રદેશના ઉકેલ માંગતા પ્રશ્નો અને પક્ષે તેના વિચારેલા ઉકેલો વિશે ખાસ કોઈ ચર્ચા ઢંઢેરામાં કરવામાં આવતી નથી. જે સમસ્યા અને તેનો સંભવિત ઉકેલ મતદારોના કોઈ મોટા વર્ગને આકર્ષી શકે તેમ હોય, તેની જ વાત ઢંઢેરામાં કરવામાં આવે છે. ટૂંકમાં, રાજકીય પક્ષો તેમના ઢંઢેરા રાજ્ય કે રાષ્ટ્રના પ્રશ્નો અંગેની નિસબતથી પ્રેરાઈને તૈયાર કરતા નથી, પરંતુ મતદારોને આકર્ષવાના ઉદ્દેશથી તૈયાર કરે છે.

રાજકીય પક્ષો તેમના આદર્શો લોકો પર લાદવાની કોશિશ કરતા નથી, પરંતુ લોકોના વિવિધ વર્ગો જે ઇચ્છે છે તે આપવાની કોશિશ કરે છે, જેથી તેમના મત મળી શકે. તેથી જ્યાં માત્ર બે જ મુખ્ય હરીફ પક્ષો હોય ત્યાં, કેટલીક ચૂંટણીઓના અપવાદો બાદ કરતાં, બે પક્ષો વચ્ચેની સમાનતા સમય જતાં વધતી જાય છે. કેવળ ઢંઢેરામાં જ નહિ, અન્ય આર્થિક, સામાજિક નીતિઓમાં પણ તેમની વચ્ચેની સમાનતા વધતી જાય છે. અમેરિકામાં રિપબ્લિકન અને ડેમોક્રેટિક પક્ષ વચ્ચે ભાગ્યે જ કોઈ તફાવત છે; ઇંગ્લૅન્ડમાં મજૂર પક્ષ અને રૂઢિચુસ્ત પક્ષ વચ્ચે ભૂતકાળમાં મોટું અંતર હતું, પરંતુ છેલ્લા બે-અઢી દસકામાં એ બે પક્ષો વચ્ચેના તફાવતો ગણનાપાત્ર પ્રમાણમાં ઘટી જવા પામ્યા છે. ભારતમાં જો કૉંગ્રેસ અને ભાજપ એ બે જ મુખ્ય હરીફ પક્ષો રહે, તો થોડા જ વખતમાં તેમની નીતિરીતિઓમાં મોટા પ્રમાણમાં સમાનતા જોવા મળશે. ચૂંટણી જીતવાની દૃષ્ટિએ જો ઉપયોગી નહિ લાગે તો કૉંગ્રેસ તેની બિનસાંપ્રદાયિકતા છોડી દેશે અને ભાજપ તેના હિન્દુત્વને છોડી દેશે. રાજકીય પક્ષો માટે વિચારસરણી અને આદર્શો સાધનો છે, સાધ્ય નથી. જેવી રીતે ઔદ્યોગિક પેઢીઓ તેમની જે પેદાશો બજારમાં ન ચાલે તે પાછી ખેંચી લે છે, તેવી રીતે રાજકીય પક્ષો જે મુદ્દાઓ ચૂંટણીના બજારમાં ન ચાલે તેને પાછા ખેંચી લે છે.

ભારતમાં રાજકીય પક્ષોની સામે એક ટીકા સર્વસામાન્ય રીતે

કરવામાં આવે છે: તેઓ દેશના સમાજનું જ્ઞાતિ, જાતિ, સંપ્રદાય, પ્રદેશ વગેરેના આધાર પર વિભાજન કરી રહ્યા છે. આ ટીકા દેખીતી રીતે સાચી જણાય છે, પરંતુ તેમાં થોડા ઊંડા ઊતરીને વિચારીશું તો જુદું ચિત્ર ઊપસી આવશે.

ભારતીય સમાજ જ્ઞાતિ, કોમ જેવા વિવિધ આધારો પર વહેંચાયેલો છે. દેશમાં ભાગ્યે જ એવી કોઈ જ્ઞાતિ હશે જેનાં મંડળો ન હોય. દેશના વિવિધ પ્રદેશોમાં રહેતા લોકો તેમનાં પ્રાદેશિક હિતોનો જ વિચાર કરતા હોય છે. આવી જ લાગણી વિવિધ લઘુમતીઓની હોય છે, જેમને એ લઘુમતીઓના અગ્રણીઓ પોતાની ‘સત્તા’ વધારવા માટે પોષતા હોય છે.

લોકોની ઉપર્યુક્ત મનોદશાનો લાભ લેવાનો પ્રયાસ રાજકીય પક્ષો કરે છે. લોકો તેમનાં સંગઠનો દ્વારા જે લાભો મેળવવાનો પ્રયાસ કરતા હોય છે તે આપીને રાજકીય પક્ષો ચૂંટણી જીતવાનો વ્યૂહ ઘડે છે. રાજકારણમાં દબાવજૂથો તરીકે ઓળખાતાં વર્ગીય હિતો, રાજકીય પક્ષોની ચૂંટાઈ આવવાની ગરજનો લાભ લઈને ચૂંટણીપ્રસંગે તેમની માગણીઓ આગળ ધરતાં હોય છે. વિવિધ વર્ગો, જૂથોમાં વહેંચાયેલા લોકો જો તેમનાં વર્ગીય હિતોથી દૂર જોવા તૈયાર ન હોય, તો તેમના મત દ્વારા જેમને ચૂંટાવાનું છે એ રાજકારણીઓ જુદી રીતે વર્તે એવી અપેક્ષા રાખવા માટે કોઈ કારણ નથી.

ચૂંટણીઓમાં રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ગંજાવર ખર્ચને જોઈને કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે ચૂંટણીમાં કરેલા ખર્ચનું વળતર મેળવવા માટે રાજકારણીઓ ભ્રષ્ટાચાર આચરે છે; જો ચૂંટણીઓને કોઈક રીતે ઓછી ખર્ચાળ બનાવવામાં આવે અને ચૂંટણીખર્ચ અંશતઃ રાજ્યની તિજોરીમાંથી આપવામાં આવે તો ભ્રષ્ટાચાર ઓછો થાય. પરંતુ રાજકારણમાં ભ્રષ્ટાચાર દ્વારા મબલક કમાણી કરવાની તકો ચાલુ રહે ત્યાં સુધી ચૂંટણીઓ ઓછી ખર્ચાળ અને ઓછી ભ્રષ્ટ થવાની અપેક્ષા રાખી શકાય નહિ.

પરંતુ હીન માણસોના હાથમાં રાજકીય સત્તા આવે તોપણ તેઓ

સમાજનું ન્યૂનતમ અહિત જ કરી શકે એવા બંધારણીય પ્રબંધો વિચારવામાં સલામતી છે. જેમાં રાજકારણીઓને સત્તા વાપરવાનો મોટો અવકાશ હોય, એવાં ક્ષેત્રોમાં રાજ્યની પ્રવૃત્તિઓ વિસ્તારતાં પહેલાં સાત વખત વિચારવું જોઈએ. રાજ્યનું વિસ્તરતું કાર્યક્ષેત્ર છેવટે તો લાભો વહેંચવાની રાજકારણીઓની સત્તામાં જ વધારો કરતું હોય છે. રાજ્યના કાર્યક્ષેત્રમાં થતા વિસ્તાર અને વ્યાપક બનતા ભ્રષ્ટાચાર વચ્ચે સીધો સંબંધ છે, એ આપણે હંમેશાં ધ્યાનમાં રાખવાનું છે.

['નયા માર્ગ' પખવાડિક: ૧૯૯૫]

# ચાલો વિચારીએ!

રાજકારણ પણ એક વ્યવસાય

રાજકારણમાં પ્રવેશતા લોકો, થોડા અપવાદોને બાદ કરતાં, અપ્રામાણિક, તકવાદી અને ભ્રષ્ટાચારી હોય છે એવો આપણો અનુભવ છે. રાજકારણમાં પડેલા માણસો જનહિતથી પ્રેરાઈને વર્તવાને બદલે સ્વહિતથી પ્રેરાઈને કેમ વર્તે છે, તે સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

આઝાદી માટેની આપણી લાંબી લડતના ઇતિહાસને કારણે આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે રાજકારણમાં પડેલી વ્યક્તિઓ નિઃસ્વાર્થ લોકસેવકો હોય, ત્યાગીઓ હોય; પરંતુ એવા ગુણો ધરાવતા માણસો જ્યારે આપણને જોવા મળતા નથી ત્યારે આપણે નિરાશ થઈએ છીએ. રાજકારણ પણ એક વ્યવસાય છે. અન્ય વ્યવસાયમાં પડેલી વ્યક્તિઓ સ્વદ્ભ-હિત અને સમાજ-હિત વચ્ચે સંઘર્ષ ન હોય ત્યાં સુધી જ સમાજહિત માટે કામ કરતી હોય છે. જ્યાં એ બે હિતો વચ્ચે સંઘર્ષ ઊભો થાય છે ત્યાં સામાન્ય રીતે માણસો સમાજહિતના ભોગે સ્વ-હિત સાધતા હોય છે. રાજકારણમાં પડેલા માણસો જો એ જ રીતે વર્તતા હોય તો તેને કોઈ અસાધારણ ઘટના ન સમજવી જોઈએ.

વળી એના રાજકારણીઓ મૂલ્યનિષ્ઠ હોય એવી અપેક્ષા સમાજ

રાખે છે, પરંતુ સફળ તો એને જ ગણે છે જે સત્તા પર ટકી રહી શકે. સમાજ પૂજે છે સફળતાને જ. તેથી રાજકારણીઓ સફળતાને પોતાનું લક્ષ્ય બનાવે છે, મૂલ્યનિષ્ઠાને નહિ.

## વિવેકબુદ્ધિને જ ઇષ્ટદેવતા માનનાર

ગુજરાતના એક વિરલ ચિંતક કિશોરલાલ મશરૂવાળાના જીવન અને સાહિત્યનો પરિચય કરાવતાં ત્રણ પુસ્તકો છે: ‘શ્રેયાર્થીની સાધના’ (લે. નરહરિ પરીખ), ‘કિશોરલાલ મશરૂવાળા, એક અધ્યયન’ (કેતકી બલસારી). જેમને એ પરિચય સંક્ષેપમાં પામવો છે તેમના માટે અમૃતલાલ યાજ્ઞિકનું પુસ્તક ‘કિશોરલાલ મશરૂવાળા’ છે. અહીં મારો પ્રયાસ મશરૂવાળાના જીવનદર્શનને સમજવાનો છે.

મશરૂવાળા એક કાર્યકર હોવાની સાથે મોટા લેખક હતા. દમના વ્યાધિથી નાદુરસ્ત રહેતી તબિયત છતાં તેમણે વિપુલ લેખનકાર્ય કર્યું છે.

‘ગાંધીજી અને સામ્યવાદ’ પુસ્તકમાં સામ્યવાદ અને ગાંધીવિચારનું તુલનાત્મક નિરૂપણ મશરૂવાળાએ કરેલું છે. સામ્યવાદમાંથી હિંસાની બાદબાકી કરવામાં આવે તો તેમાં અને ગાંધીવિચારમાં કોઈ તફાવત નથી, એવો એ સમયે પ્રચલિત મત કેટલો ભૂલભરેલો છે તે એમાં દર્શાવવામાં આવ્યું છે. જગતના સ્વરૂપ વિશે તેમજ જીવનના ઉદ્દેશ વિશે બંને વિચારધારાઓ વચ્ચે પાયાનો તફાવત છે તે તેમણે સરળ ભાષામાં સમજાવ્યું છે.

‘અહિંસા વિવેચન’ અહિંસા વિશેના મશરૂવાળાના લેખોનો સંગ્રહ છે.

રાજકીય આઝાદી પછીના ભારતના વિકાસ અંગેનું તેમનું એક ખૂબ જાણીતું પુસ્તક ‘સમૂળી ક્રાન્તિ’ છે. ગરીબી અને તેની સાથે સંકળાયેલાં અનારોગ્ય, ગંદકી તથા અજ્ઞાન આદિ દૂષણોથી દેશને મુક્ત કરવાના આર્થિક તથા રાજકીય માર્ગોની તેમણે આ પુસ્તકમાં ચર્ચા કરી છે.

પુરુષપ્રધાન સમાજમાં પુરુષો સ્ત્રીઓ પ્રત્યે જે અન્યાયી વ્યવહાર

કરે છે તેની કડક આલોચના ‘સ્ત્રી-પુરુષ-મર્યાદા’ લેખસંગ્રહમાં કરવામાં આવી છે. વીસમી સદીના પૂર્વાર્ધમાં સ્ત્રીઓના સ્વાતંત્ર્ય અને સમાનતાના અધિકારો વિશે તેમણે જે વિચારો વ્યક્ત કર્યા છે તેમાંના મોટા ભાગના વિચારોને આજના નારીવાદીઓનું સમર્થન સાંપડે એટલા ‘આધુનિક’ એ વિચારો છે.

તેમણે ‘અવતારલીલા’ને અંતર્ગત ચાર પુસ્તિકાઓ આપીઃ ‘રામ અને કૃષ્ણ’, ‘બુદ્ધ અને મહાવીર’, ‘સહજાનંદ સ્વામી’ તથા ‘ઈશુ ખ્રિસ્ત’. અધ્યાત્મના વિષયમાં તેમનાં પુસ્તકો છેઃ ‘જીવનશોધન’, ‘ઊધઈનું જીવન’, ‘સંસાર અને ધર્મ’ તથા ‘ગીતામંથન’.

‘ગીતામંથન’ કિશોરલાલનું સહુથી વધુ વંચાયેલું પુસ્તક છે. ગાંધી વિદ્યાલયના તાલીમાર્થીઓ માટે એમણે તે લખવાની શરૂઆત કરેલી. એક શિક્ષકે અનુપસ્થિત રહીને લેખિત સ્વરૂપે પોતાના વિદ્યાર્થીઓને ‘ગીતા’ શીખવવી હોય તો તેનો અભિગમ શું હોઈ શકે તે ‘ગીતામંથન’માં જોઈ શકાય છે.

કેળવણી વિશે તેમનાં ત્રણ પુસ્તકો છેઃ ‘કેળવણીના પાયા’, ‘કેળવણી વિવેક’ અને ‘કેળવણી વિકાસ’. ‘કેળવણીના પાયા’માં તેમણે શિક્ષણ અને કેળવણી વચ્ચે ભેદ પાડીને વ્યકિતના ઘડતરની જીવનભર ચાલતી પ્રક્રિયાને કેળવણીનું નામ આપ્યું છે, જ્યારે શિક્ષણસંસ્થાઓમાં અપાતા શિક્ષણને શિક્ષણ કહ્યું છે. મશરૂવાળાએ આમ શિક્ષણ અને કેળવણી વચ્ચે સ્પષ્ટ ભેદ પાડ્યો છે. ‘કેળવણી વિવેક’માં શિક્ષણને સ્પર્શતા લેખોનો સંગ્રહ છે. ‘કેળવણી વિકાસ’માં ગાંધીજીના બુનિયાદી શિક્ષણની ચર્ચા કરતા લેખો સમાવવામાં આવ્યા છે.

ગાંધીવિચારને કેન્દ્રમાં રાખીને લખાયેલાં પુસ્તકોમાં ‘ગાંધીવિચાર દોહન’ એક પ્રસિદ્ધ પુસ્તક છે. તેમાં ૧૯૩૦ સુધીની ગાંધીવિચારણા સૂત્રાત્મક શૈલીમાં વાંચવા મળે છે. ગાંધીજીના પાયાના વિચારોને સમજી લેવા માટે આ એક ઉત્તમ પુસ્તક છે. ગાંધીવિચાર અંગે ગાંધીજીનાં પોતાનાં લખાણો વાંચીને ન કેળવાય એવી સમજ, કેટલાક દાખલાઓમાં, ‘ગાંધીવિચાર દોહન’ વાંચીને કેળવાય છે.

મશરૂવાળા પાસેથી આપણને કેટલાક સુંદર અનુવાદો સાંપડ્યા છે. ૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં તેમને બે વર્ષની સજા અને દંડ થયાં. તેમને નાસિક ખાતે જેલમાં રાખવામાં આવ્યા. દેશના અનેક સત્યાગ્રહીઓની જેમ કિશોરલાલ માટે પણ જેલવાસ વિદ્યાવ્યાસંગનો સમય બન્યો. એ જેલવાસ દરમિયાન એમણે મોરિસ મેટરલિંકના પુસ્તક ‘લાઇફ ઓફ ધી વ્હાઇટ એન્ટ’નો ‘ઊધઈનું જીવન’ એ નામથી અનુવાદ કર્યો. અનુવાદના અંતે તેમણે ‘સાર-શોધન’ શીર્ષક નીચે જે નિબંધ લખ્યો છે તેમાં તેમણે માનવજીવન વિશે તત્ત્વદૃષ્ટિથી વિચાર કરેલો છે. જગત અને જીવનને તેમણે જે રીતે જોયાં છે તેને કોઈ એક નિબંધ દ્વારા પામવાં હોય તો આ ‘સાર-શોધન’ પૂરતું છે.

તેમના અન્ય અનુવાદોમાં ખલિલ જિબ્રાનના ‘ધ પ્રોફેટ’નો ‘વિદાય વેળાએ’, ટોલ્સ્ટોયના ‘ધ લાઇટ શાઇન્સ ઇન ડાર્કનેસ’નો ‘તિમિરમાં પ્રભા’ અને પેરી બર્જેસના ‘હૂ વોક એલોન’નો ‘માનવી ખંડિયેરો’(સહ-અનુવાદક કાકા કાલેલકર)નો સમાવેશ થાય છે. તેમણે ‘ગીતાધ્વનિ’ના નામે ગીતાનો સમશ્લોકી લોકભોગ્ય અનુવાદ પણ આપ્યો છે.

થોડી નવાઈ લાગે એવા એક પુસ્તક ‘નામાનાં તત્ત્વો’ના તેઓ સહલેખક હતા. એ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે કહ્યું છે: “આપણા દેશમાં એક એવો ભ્રમ ઘર કરી બેઠો છે કે આધ્યાત્મિક જીવન ગાળવા ઇચ્છનાર લોકોએ હિસાબી કામ માટે બેદરકારી રાખવી જોઈએ. માણસ આધ્યાત્મિક વૃત્તિનો હોય કે દુનિયાદારી વૃત્તિનો, એ જો પાઈનીયે લેવડદેવડમાં પડે અને તે લેવડદેવડ સાથે બીજાઓનો સંબંધ હોય તો, તેણે હિસાબી ચોકસાઈ રાખવી જ જોઈએ. એ બાબતમાં જે બેદરકાર છે, તે સમાજ પ્રત્યે જ નહિ પણ પોતાના આધ્યાત્મિક વિકાસ પ્રત્યે ગુનેગાર છે. હિસાબી ચોકસાઈ અને અર્થલોભ એ બે એક વસ્તુ નથી.”

આ બધા લેખનકાર્યની પાછળ ઊંડું અને વ્યાપક વાચન પડેલું છે અને છતાં એમની એ બહુશ્રુતતાનો ભાર ક્યાંય એમનાં લખાણોમાં વર્તાતો નથી.

મશરૂવાળાના પુસ્તક ‘સંસાર અને ધર્મ’ની પ્રસ્તાવનારૂપે લખેલી

'વિચારકણિકા'માં પંડિત સુખલાલજીએ નોંધાવ્યું છે કે, "મેં પ્રસ્તુત લેખોને એકથી વધારે વાર એકાગ્રતાથી સાંભળ્યા છે અને થોડાઘણા અન્ય સુપ્રસિદ્ધ ભારતીય તત્ત્વચિંતકોનાં લખાણો પણ સાંભળ્યાં છે. હું જ્યારે તટસ્થ ભાવે આવાં ચિંતનપ્રધાન લખાણોની તુલના કરું છું ત્યારે મને નિ:શંકપણે એમ લાગે છે કે આટલો અને આવો ક્રાન્તિકારી, સચોટ અને મૌલિક વિચાર કરનાર કદાચ ભારતમાં વિરલ જ છે."

બુદ્ધની જેમ જ મશરૂવાળાએ આપણા આધ્યાત્મિક સાહિત્યની અગમ્ય ગૂઢતાઓ અને ચમત્કારોને બાજુ પર રાખીને અનુભવની તેમજ બુદ્ધિની કસોટીએ જેટલું પાર ઊતરે એટલું જ સ્વીકાર્યું છે. વિવેકબુદ્ધિને તેમણે 'ઇષ્ટ દેવતા'ના જેવી પૂજ્ય માની છે. અનુભવ અને બુદ્ધિથી પર એવા ધર્મ કે અધ્યાત્મનો તેમને કશો ખપ નથી. 'જીવનશોધન'માં ગૌતમ બુદ્ધની વાણીનો પડઘો પાડતા હોય તેમ એમણે કહ્યું છે: "હે વાચકો, હું જે કાંઈ કહું છું તે પરંપરાગત નથી એટલા માટે જ ખોટું માનશો નહિ. હું કોઈ સિદ્ધ, તપસ્વી, યોગી કે શ્રોત્રિય નથી માટે જ મારું કહેવું ખોટું માનશો નહિ. પણ સાથે જ, તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારા વિચારો સત્ય અને ઉન્નતિકર લાગે, જીવનના વ્યવહારમાં અને પુરુષાર્થમાં ઉત્સાહ પ્રેરનારા, પ્રસન્નતા ઉપજાવનારા અને તમારું તેમજ સમાજનું શ્રેય વધારનારા લાગે, તો સ્વીકારતાં ડરશોયે નહીં."

[ગુજરાત સાહિત્ય સભાના આશ્રયે આપેલું વ્યાખ્યાન: ૨૦૦૩]

# કાયદો અને પરિવર્તન

કાયદાના નિષેધ છતાં હિન્દુઓ, જૈનો અને બૌદ્ધોમાં બે પત્નીઓ કરતા પુરુષોનું પ્રમાણ મસુલમાન પુરુષોના કરતાં વધારે છે. બે પત્ની ધરાવતા પુરુષોનું પ્રમાણ આદિવાસીઓમાં લગભગ ૧૬ ટકા, બોદ્ધોમાં ૮ ટકા, જૈનોમાં ૭ ટકા અને હિન્દુઓમાં ૬ ટકા જેટલું છે; જ્યારે મુસલમાનોમાં હિન્દુઓના કરતાં જરીક ઓછું છે.

હિન્દુઓની સરખામણીમાં મુસલમાનોમાં પ્રજનનદર થોડો ઊંચો છે. વળી મુસલમાનોમાં બાળમૃત્યુદર હિન્દુઓના પ્રમાણમાં થોડો નીચો છે. તેથી વસ્તીવૃદ્ધિનો કુદરતી દર મુસલમાનોમાં વધારે નોંધાય છે.

હિન્દુઓને લાગુ પડતા કૌટુંબિક કાયદાઓ દેશની વસ્તીના આઠ ટકા જેટલા આદિવાસીઓને હજી પણ લાગુ પાડવામાં આવ્યા નથી.

કાયદાઓ જેમ સામાજિક પરિવર્તન નિપજાવી શકતા નથી, તેમ તે સામાજિક પરિવર્તન અટકાવી પણ શકતા નથી.

['બૌદ્ધિકોની ભૂમિકા અને બીજા લેખો' પુસ્તકઃ ૨૦૦૪]

# રમેશ મં. ત્રિવેદી

## ચરોતરનું સંસ્કારધન

પોતાના સર્જનકાર્ય મારફતે ચરોતર પ્રદેશને સાહિત્યમાં પ્રતિષ્ઠિત કરનાર ઈશ્વર પેટલીકર ૬૭ વરસના આયુષ્યમાં ટૂંકી વાર્તા, નવલકથા, લેખો વગેરેનાં ૭૫ જેટલાં પુસ્તકો આપણને આપતા ગયા છે.

સર્જક પેટલીકરની છબી અને હિતચિંતક સમાજભેરુ પેટલીકરની છબી પરસ્પર પૂરક બની રહી છે. અનેકોના સંસારના, વિશેષે નારીજગતના, સળગતા પ્રશ્નોને હલ કરનાર સંસ્કારપુરુષ તરીકે પેટલીકર વ્યકિત મટી સંસ્થા બની રહ્યા હતા.

૧૯૭૬માં પેટલીકરની ષષ્ટિપૂર્તિની ઉજવણી ચારુતર વિદ્યામંડળે કરી હતી અને બે પુસ્તકોનું પ્રકાશન કરેલું: પેટલીકરની પ્રતિનિધિ કૃતિઓનું ચયન ‘વિવિધા’ અને તેમની કેટલીક કૃતિઓ વિશેના વિવેચનલેખોનો સંચય ‘શીલ અને શબ્દ’. એમના સ્મારકરૂપે એક વ્યાખ્યાનમાળા પણ ૧૯૮૫માં ચાલુ કરેલી. પેટલીકરના અવસાન પછી પેટલીકર સ્મૃતિ સમિતિના ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે મળીને ‘સગાઈ’ નામનો ગ્રંથ પ્રગટ કરેલો.

[‘રૂપલબ્ધિ’ પુસ્તક: ૨૦૦૪]

# રમેશ મહેતા

## એક જ વાક્ય...

ગુજરાતમાં જનતા મોરચાની સરકારના બાબુભાઈ મુખ્ય મંત્રી હતા ત્યારે એક ધારાસભ્ય ગાભાજી ઠાકોરે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એક ડોક્ટરને લાફો માર્યો, એટલે બધા ડોક્ટરોએ હડતાલ પાડી. એ વખતે બાબુભાઈએ આવીને ડોક્ટરોને એક જ વાક્ય કહેલું: “એક લાફાને કારણે ગરીબોને મુશ્કેલીમાં મૂકીને તમે તમારો ધર્મ કેમ ચૂકો છો?”... અને કોઈ શરત વગર હડતાલ સમાપ્ત થઈ ગઈ!

મુખ્ય મંત્રી તરીકે બાબુભાઈને વહેલી સવારથી મોડી રાત સુધી પ્રવાસમાં રહેવું પડતું. મુસાફરીથી તે થાકતા નહિ. ડીઝલથી ચાલતી એમ્બેસેડર ગાડીમાં બેઠા બેઠા ફાઇલો તપાસતા રહેતા. ગાડીમાં તેમણે નાનકડી ટ્યુબલાઇટ ગોઠવાવેલી, તેના પ્રકાશમાં રાતે પણ ફાઇલો જોવાનું ને નોંધ કરવાનું ચાલુ રાખતા.

બાબુભાઈના સંસ્કારની સુવાસ તેમનાં કુટુંબમાં પણ કેવી ઊતરી હતી તેનો એક દાખલો તો લાખો લોકોએ નજરે નિહાળેલો છે. બાબુભાઈ ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે તેમના દીકરા સતીષભાઈ નડિયાદની ન્યુ શોરોક મિલમાં નોકરી કરતા. તે રોજ વહેલી સવારે ગાંધીનગરથી બસમાં અમદાવાદ આવતા અને ‘ગુજરાત ક્વીન’માં નડિયાદ પહોંચી જતા.

બાબુભાઈ પોતે ઘણી વાર બસમાં ફરતા. અમદાવાદમાં લાલ દરવાજા બસ-મથક પરથી ભીડમાં બાબુભાઈ બસમાં ચડતા હતા તેનો ફોટો છાપાંમાં છપાયા પછી થોડા દિવસ સુધી તો મુસાફરો ધક્કામુક્કી કરવાને બદલે ત્યાં લાઇનમાં ઊભા રહેલા જોવા મળતા!

# રમેશ ર. દવે, હર્ષદ ત્રિવેદી, સતીશ વ્યાસ

## પ્રવાસના રમણીય દસ્તાવેજો

કેટલાક પુરુષો સર્વત્રા વિહરતા રહે છે, આદ્યપ્રવાસી મેઘ સમા. પ્રવાસશીલ ભોળાભાઈ એવી મેઘવૃત્તિનું વરદાન પામ્યા છે. પણ ભોળાભાઈ એકલપેટા નથી. પ્રવાસ દરમિયાન એ ડાયરી લખે છે, તો કદાચિત ભીના ભીના પત્રો પણ લખે છે. અને પ્રવાસના આવા રમણીય દસ્તાવેજોને એ ગ્રંથરૂપે સુલભ કરી આપે છે.

રમેશ ર. દવે

*

ભોળાભાઈના નિબંધોમાં સાહજિકતા, સચ્ચાઈ, અને સાદું છતાં સર્જનાત્મક ગદ્ય આપણું મન હરી લે છે. આ બધું જોયું છે, અનુભવ્યું છે, તેના આનંદના ભાગીદાર અન્યનેય બનાવવા છે, કશુંક વહેંચવું છે, એ રીતે એ કહે છે.

હર્ષદ ત્રિવેદી

*

એક સૌંદર્યમર્મી, સંવેદનપ્રેમી અને સાહિત્યકર્મી સર્જકના સાચૂકલા, નિરાડંબરી વ્યક્તિત્વનો ચેતનવંતો સ્પર્શ ભોળાભાઈના નિબંધો દ્વારા થાય છે.

સતીશ વ્યાસ

# એટલામાં શું?

એડન બંદરેથી એક જહાજ મુંબઈ આવવા નીકળ્યું. તેના ખલાસીઓ હોશિયાર હતા, કપ્તાન પણ હોશિયાર હતો. તેમણે હોકાયંત્રા પાસે એક માણસને બેસાડયો. તેને સૂચના આપી રાખી કે હોકાયંત્રાની સોય તેની જગા બદલે, તો તરત પોતાને ખબર આપવી.

સુકાનીની સરતચૂકથી જહાજે દિશા જરાક બદલી. હોકાયંત્રાનો કાંટો એક ઇંચના વીસમા ભાગ જેટલો ખસ્યો હશે. ત્યાં બેસાડેલ માણસને થયું, એટલામાં શી જાણ કરવી’તી!

એમ કરતાં કરતાં જહાજે ઘણો પંથ કાપી નાખ્યો. છેવટે ભારતનો કિનારો દેખાયો. “પણ આ શું? મુંબઈનું બંદર ક્યાં?”

મુંબઈ તો ૫૦૦ માઈલ ઉત્તરે રહી ગયું! આટલો બધો ફેર કેમ પડી ગયો?

કપ્તાન હોકાયંત્ર ભણી ગયો. જલદી જઈને જોયું તો હોકાયંત્રાનો કાંટો સહેજ ખસેલો હતો. માણસને કપ્તાને પૂછ્યું, “કાંટો ખસ્યો, છતાં મને કેમ જણાવ્યું નહીં?”

પેલો કહે, “પણ સાવ જરાક જેટલો ખસેલો, તેમાં શું કહેવું’તું?”

કપ્તાને કહ્યું, “એ જરા જેટલો નથી ખસ્યો, ૫૦૦ માઈલ જેટલો ખસ્યો છે—અને લાંબો પંથ હોત તો કાંટો પાંચ હજાર માઈલ જેટલો ખસેલો પણ ગણાત!”

રમેશચંદ્ર ભટ્ટ

# રવિશંકર મ. રાવળ

## કલાનો પ્રદીપ

લગભગ અરધી સદી સુધી શાંતિનિકેતનમાંથી ભારતીય કલાનો પ્રદીપ જ્વલંત રાખીને નંદલાલ બસુએ હજારો તરુણોને ભારતીય કલા-સંસ્કૃતિની પ્રેરણા આપી હતી અને દેશપરદેશમાં ભારતીય કલાની નવીન ચેતના પ્રગટાવી હતી. ૧૯૧૮માં વિશ્વભારતીની સ્થાપના થઈ અને બીજે જ વરસે ગુરુદેવ રવીન્દ્રનાથે નંદબાબુને કલાભવનના આચાર્ય તરીકે સ્થાપ્યા, ત્યારથી તેઓ આજીવન આશ્રમવાસી બની ગયા. તેમને માટે અનેક સ્થળોએથી મોટા વેતનનાં સ્થાનની દરખાસ્તો આવતી, અને કલાભવનમાંથી બહાર પડેલા તેમના વિદ્યાર્થીઓ ભારતની અનેક કલાસંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે નિમાઈ ચૂક્યા હતા. પણ તેમણે પોતે સ્વસ્થાનનો કદી ત્યાગ કર્યો નહીં. તેમણે પાંચસો જેટલાં પૂર્ણચિત્રો કરેલાં છે, તે પૈકી કેટલાંય જગપ્રસિદ્ધ છે.

મહાત્મા ગાંધીનો તેમને માટે પૂર્ણ આદર હતો. તેથી જ ફૈઝપુર, લખનૌ, હરિપુરા વગેરે સ્થળોએ મહાસભાનાં ખુલ્લાં અધિવેશનો વેળા મંડપોની શોભા માટે નંદબાબુને પ્રથમ આમંત્રાણ મોકલાતું. કલાની બાબતમાં તેમનો અભિપ્રાય ગાંધીજી પણ માન્ય રાખતા, તેનું એક દૃષ્ટાંત મશહૂર છે. જગન્નાથપુરી અને કોણાર્કનાં મંદિરો પર કામુક વ્યવહારવાળી અમુક શિલ્પકૃતિઓ છે, તેને અશ્લીલ ગણીને કેટલાક લોકોએ તેને પુરાવી દેવાની માગણી કરેલી. પરંતુ ગાંધીજીએ કહ્યું કે આ બાબતમાં નંદબાબુના અભિપ્રાય મુજબ ચાલવું. નંદબાબુએ મત દર્શાવ્યો કે, જેમણે આ શિલ્પો કર્યાં હશે તેમનું દૃષ્ટિબિંદુ આપણે જાણતા નથી; અને કલાકૃતિઓ તરીકે તો એ શિલ્પો શ્રેષ્ઠ ઠરેલાં છે. માટે તેનો નાશ કરાય નહીં.

# રવિશંકર વ્યાસ (મહારાજ)

## માધીનો છોકરો

અમારા આશ્રમમાં એક ઠાકરડાનો છોકરો આવેલો. બહુ નાનો હતો. અમે તેને કાંતતાં શીખવ્યું અને દોઢ વરસે તેના સૂતરમાંથી એક તાકો તૈયાર થયો. તાકો જોઈને છોકરો નાચતો નાચતો કહે: “મારી માધીને આપીશ! મારી માધીને આપીશ!”

એના મુખ ઉપરનો મલકાટ નિહાળી મને થયું: આ છોકરાને માધી ઉપર કેટલો સ્નેહ છે! હું જાણતો હતો કે માધી તે બાળકની મા નથી. એ છોકરાની મા મરી ગઈ તેથી માધીએ તેને ઉછેરીને મોટો કર્યો હતો. બાળકનો માધી પરનો સ્નેહ દેખાતો હતો, પણ માધીને બાળક માટે કેટલો સ્નેહ છે તે જોવા જવાનો મને વિચાર આવ્યો.

એક વાર બાળકોને લઈને અમારે પ્રવાસે જવાનું થયું. માધીને ગામ અમે તો ઊપડ્યાં. માધીને ઘેર હું ગયો. તેણે મને પ્રેમથી આવકાર્યો. ફાટીતૂટી એક ગોદડી પાથરી આપીને હસતે મુખે સામે બેસી તે વાતો કરવા લાગી. ત્યાં છ-સાત વરસનો એક છોકરો આવીને ધબ દઈને તેના ખોળામાં પડયો. બાઈ તેને ખસેડવા ઘણુંય કરે, પણ પેલો તો વધારે ને વધારે વળગેલો રહે!

મેં પૂછ્યું, “આ કોણ છે?”

માધી કહે, “વાણિયાનો છોકરો છે. મેં ઉછેરેલો.”

મેં પૂછ્યું, “કેમ, તારે કેમ ઉછેરવો પડયો?”

બાઈ કહે, “તેની મા સુવાવડમાં મરી ગઈ, ને બાળકને આપણાથી રેઢું છોડાય?” (માધી સુયાણી હતી.)

“શેઠે શું આલ્યું?”

“આલે શું?—મેં કંઈ લીધું જ નથી, મા’રાજ! વખતે મફત આપે

તેથી ભૂલેચૂકેય તેની દુકાનના ઉંબરે ચડી નથી.” બાઈએ ખુમારીથી જવાબ વાળ્યો.

“ત્યારે આ બાળક સાજુંમાંદું થાય ત્યારે દવાદારૂ અંગે શું કર્યું?” મારા મનમાં તો હજી આ બધું કોયડારૂપ જ હતું.

થોડી વાર અટકીને બાઈ કહે: “એ શું બોલ્યા, મા’રાજ? એવાં કેવાં છોકરાં ઉછેરીએ કે માંદાં થાય? માંદાં થાય તો કાંડું ન કાપી કાઢીએ? મારું તો એકેય છોકરું કોઈ દી માંદું પડ્યું નથી! માંદાં પડે તેવાં છોકરાં ઉછેરીએ જ શીદને?”

## ઝાડનાં મૂળની જેમ

ઝાડનાં મૂળિયાં દેખાવમાં તો કેટલાં સુંવાળાં જણાય છે! હાથ અડાડીએ, તો ભાંગી જાય એવાં કોમળ હોય છે. છતાં એ મૂળિયાંમાં કેટલું બધું બળ હોય છે! પથ્થર જેવી જમીનનેય તોડીને ઊંડે ઊંડે પાણી મળે ત્યાં સુધી સોંસરાં ઊતરી જાય છે. અને એક વાર અંદર ઊતર્યા પછી મૂળ જાડું થવા પ્રયત્ન કરે છે, જમીનને પહોળી બનાવે છે. આ રીતે જમીન સોંસરવા ઊતરવામાં અને પથ્થર જેવી જમીનનેય પહોળી કરવામાં કેટલું બધું બળ જોઈતું હશે!

સ્ત્રીમાં પણ આવું જ બળ છે. એના બળને માપી શકાય નહીં, તેથી તેને અ-બળા કહી છે. સ્ત્રી કઠણમાં કઠણ હૃદયમાં ઊતરી જઈને જગા કરે છે. એ પારકાના ઘરને પોતાનું કરી લે છે, પોતે એ ઘરની થઈ જાય છે, એ ઘરમાં સમાઈ જાય છે. ઝાડનાં મૂળની જેમ એ ઘરમાં સોંસરી ઊતરી જઈને ઘરનો કબજો લઈ લે છે.

# છે તેટલું તો વાપરો!

એક દિવસ ચાર-પાંચ જુવાનિયા મારી પાસે આવ્યા. વાતવાતમાં તેમણે પૂછ્યું: “મહારાજ, અમે ઈંડાં ખાઈએ તે અંગે તમારો શો અભિપ્રાય છે?”

મને થયું: એમને શો જવાબ આપું? પણ તરત જ મારાથી કહેવાઈ ગયું: “અલ્યા, તમારે ઈંડાં ખાવાં કે નહિ એમાં મને શું પૂછો છો?—એ ઈંડાંની મૂકનાર માને જ પૂછી જુવોને!”

“પણ દાદા, નિર્જીવ ઈંડાં ખાઈએ તો?”

“પણ, મને એ તો કહો કે તમારે ઈંડાં ખાવાં છે શું કામ?”

“કેમ? ઈંડાંમાં પુષ્કળ વિટામિન અને પ્રોટીન હોય છે.” યુવાનોમાંથી એકે કહ્યું.

“તમારી પાસે છે એટલું વિટામિન તો વાપરો!—પછી ખૂટે તો વિચારજો.”

અને એના અનુસંધાનમાં ગાંધીજીની એક વાત મને યાદ આવી તે મેં જુવાનોને કહી સંભળાવી:

ગાંધીજી તો પ્રયોગવીર હતા. અનેક જાતના પ્રયોગો કરતા. એમનું જીવન એટલે પ્રયોગ. એક દિવસ ગાંધીજીને વિચાર આવ્યો કે માણસ જો કાચું જ અનાજ ખાવાની ટેવ પાડે, તો એની કેટલીયે વેડફાઈ જતી શક્તિ બચે અને ઓછી વસ્તુમાંથી પણ વધારે તાકાત મેળવી શકે.

ગાંધીજીને વિચાર આવ્યો એટલે જોઈએ શું? પોતાની જાતથી જ શરૂ કરે. એ જ તેમના જીવનની વિશેષતા હતી. મને તેમની આ વાત ગમી ને હું તેમના પ્રયોગમાં જોડાયો. ત્રાણ-ચાર દિવસ તો બાપુને આ પ્રયોગથી ખૂબ સ્ફૂર્તિ રહી, પણ પછી તેમને ઝાડા થઈ ગયા.

એક દિવસ તેમના ઓરડામાં મારે કાંઈક લેવા જવાનું થયું. બાપુએ મને બોલાવ્યો.

“તારો પ્રયોગ ચાલે છે?” એમણે પૂછ્યું.

"હા." મેં ટૂંકો જવાબ આપ્યો.

"વજન ઘટ્યું?"

"પોણો શેર ઘટ્યું છે."

"પણ શક્તિ?"

"થોડી ઘટી હોય એમ લાગે છે."

"તું શું કામ કરે છે?"

મેં મારે ભાગે આવતાં બધાં જ કામો ગણાવ્યાં.

"આ બધું કામ થઈ શકે છે?"

"હા, એમાં વાંધો નથી આવતો."

"તો પછી શક્તિ થોડી ઘટી છે એમ શા ઉપરથી કહે છે?"

એ વાણિયાને હું શો જવાબ આપું! અને પછી બાપુએ જે ભાષ્ય કર્યું તે હું કદી ભૂલી શકું એમ નથી.

"તને ખબર છે? ખપની શક્તિ કરતાં વધારે શક્તિ શરીરમાં ઉત્પન્ન થાય તો તેમાંથી વિકાર જન્મે. આ બહુ સમજવા જેવી વાત છે. એટલે જેટલું કામ કરવાનું હોય એટલી જ શક્તિ ઉત્પન્ન કરવી જોઈએ. વધારાની શક્તિથી લાભ નથી; ઊલટાની વધારાની શક્તિ ચિત્ત ને ઇંદ્રિયોમાં વિકાર પેદા કરે છે."

## પગારવધારો!

એ વખતે હું બોચાસણ વલ્લભ વિદ્યાલયમાં રહેતો હતો. ત્યાં શિક્ષકોનો તાલીમવર્ગ ચાલતો હતો. રોજ સવારે તેનો એક વર્ગ હું લેતો હતો. વર્ગમાં જાઉં ત્યારે શિક્ષકો રોદણાં રડે: "પેટનું પૂરું ન થતું હોય, ત્યાં અમે શું ભણાવીએ!" આમ રોજ મારી આગળ ઓછા પગારની ફરિયાદો કરતા રહે.

વિદ્યાલયમાં ચા-બીડી પીવાની મનાઈ હતી. એટલે એ શિક્ષકો

નજીકમાં સ્ટેશન હતું ત્યાં હોટલમાં જઈને ‘કોપ’ કરી આવે, અને તલપ લાગે ત્યારે વિદ્યાલયની બાજુના ખેતરમાં ‘ગોળમેજી પરિષદ’ ભરીને બીડીના ધુમાડા ઉડાડે, એ મારા જોવામાં આવતું.

એક દિવસ, શિક્ષકોના પગાર વધારવાની યુક્તિ મને અચાનક સૂઝી ગઈ. સવારે હસતો હસતો હું વર્ગમાં ગયો ને શિક્ષકોને મેં કહ્યું, “આજે કોઈ પણ રીતે તમારો પગાર પંદર રૂપિયા તો વધારવો, એવું નક્કી કરીને આવ્યો છું. પણ તેમાં તમારી મદદ જોઈશે.” શિક્ષકો બધા રાજી રાજી થઈ ગયા ને કહેવા લાગ્યા, “બોલો, શી મદદ જોઈએ છે?”

મેં કહ્યું, “આજથી ચા-બીડી છોડો, એટલે તમારો પગાર પંદર રૂપિયા વધી જ ગયો સમજો. ચા-બીડીથી તમને કશો ફાયદો થતો નથી; નકામા પૈસા જ ખરચાય છે. એ છોડો ને બદલામાં દાણા-દૂધ-ઘી લાવીને ખાવ!”

મારી વાત સાંભળીને, એમનાં ખીલેલાં મોઢાં ઊતરી ગયાં.

## “હોકો પીએ એટલામાં!”

૧૯૩૦ના સત્યાગ્રહ વખતે હું જેલમાંથી છૂટીને આવ્યો ત્યારે મહીસાગરના કાંઠા વિભાગનાં ગામડાંના ઠાકરડા ભાઈઓ મળવા આવેલા. ધરાઈને વાતો કરી. પછી હરખભેર એમણે કહ્યું, “મહારાજ, આપણે ત્યાં એક બહુ સારું કામ થયું.”

“શું?” મેં પૂછ્યું.

“આપણે ત્યાં હવે મોટર-બસ આવે છે. શું વાત કરીએ, મહારાજ—આ હોકો પીએ એટલામાં તો બોરસદ ભેગા!”

બસની સગવડ થવાથી બધા રાજી રાજી થઈ ગયા હતા. તેમને મેં કહ્યું, “હોકો પીઓ એટલામાં મોટર તમને બોરસદ પહોંચાડી દે, એ વાત મારા માન્યામાં આવતી નથી. એટલી વારમાં ન લઈ જાય.”

મારી વાત સાંભળીને બધા હસવા લાગ્યા ને બોલ્યા, “સાચી વાત છે, સાચી વાત છે, મહારાજ, તમે આવશો ત્યારે બતાવીશું.”

“ભલા માણસ, ન લઈ જાય એટલી વારમાં!”

“શું મહારાજ, તમે માનો નહીં! ખરેખર, આ હોકો પીએ એટલી વારમાં જ બોરસદ ભેગા કરે છે.”

“ઠીક, પણ બોરસદ લઈ જવાનું ભાડું શું લે છે?”

“છ આના.”

“જતાં-આવતાંના કેટલા થયા?”

“બાર આના.”

“આખા દિવસની મજૂરીના તમને કેટલા આના મળે છે?”

“ત્રાણ આના.”

“તો બાર આના કમાતાં કેટલા દહાડા લાગે?”

“ચાર દહાડા.”

“ત્યારે મોટર તમને હોકો પીઓ એટલામાં પહોંચાડે છે, કે બે દહાડે?”

બધા ખડખડાટ હસવા લાગ્યા.

[‘લોકજીવન’ માસિક: ૧૯૫૬]

# રાક્ષસની ચોટલી

શરીર તો આપણા હાથમાંનું ઓજાર છે. એનો જેવો ઉપયોગ કરવા ધારીએ તેવો થાય. શરીર કેળવાઈ જાય તો કેવું એકધારું કામ આપે છે! મહી નદીનાં કોતરોમાં હું રખડતો, ત્યારે અંધારી રાતે માઈલોના માઈલો ઊંઘતો ઊંઘતો ચાલતો. એક વાર મહીસાગરમાં ભરતી આવેલી. મારે સામે પાર જવું હતું. હોડી ચાલી ગયેલી, એટલે મેં તો ઝંપલાવ્યું

અને તરતો તરતો સામે કાંઠે પહોંચી ગયો. પછી એવાં ને એવાં ભીને કપડે પાંચ માઈલ ચાલીને ગયો નજીકના ગામે.

જેલમાં એક વાર મને દળવાનું કામ સોંપેલું. પહેલે દિવસે ૨૫ શેર અનાજ આપ્યું. મારાથી તે પૂરું ન થઈ શક્યું તેથી હું શરમાયો. બીજે દિવસે ઘંટીનો ખીલડો પકડી પ્રભુને પ્રાર્થના કરી અને મનોમન સંકલ્પ કર્યો. ત્રણ કલાકમાં ૨૫ શેર અનાજ દળી કાઢ્યું!

આજે હવે હું પોતે વિચારું છું, તો મનેય આ બધું માન્યામાં નથી આવતું. પણ એ હકીકત છે. શરીર તો રાક્ષસ છે રાક્ષસ. કહો તે કામ કરી આપે. પણ એની ચોટલી તમારા હાથમાં હોવી જોઈએ.

## સતયુગમાં બધું સારું જ હતું?

સતયુગમાં બધું સારું હતું ને હવે કળિયુગમાં લોકો બહુ બગડી ગયા છે, એમ વિચારવાની આપણને ટેવ પડી ગઈ છે. પરંતુ હકીકતમાં બધું એવું નથી.

એક કાળે ભરસભામાં દ્રૌપદી જેવી રાણીનાં ચીર ખેંચાયાં હતાં. પણ આજે કોઈ ભંગીની સ્ત્રીનાંય ચીર ખેંચી જુઓ તો! આજે સમાજ એ સાંખી લેશે કે?

શાંતનુ રાજા એંસી વર્ષની ઉંમરે એક માછીની કન્યા સાથે લગ્ન કરવા તૈયાર થયા, અને એ પરણી શકે તે માટે એના ૩૦ વરસના ભરજુવાન દીકરાએ ગાદી તો છોડી, પણ આજીવન અપરિણિત રહેવાની પ્રતિજ્ઞાયે લીધી. દીકરાને જિંદગીભર કુંવારો રાખીને ઘરડો બાપ પરણવા તૈયાર થયો હશે, એ જમાનો કેવો હશે! આજે કોઈ એંસી વરસનો ડોસો જાન જોડે તો?

એટલે જમાનો બહુ બગડી ગયો છે, એમ કહેવા જેવું નથી. એ તો આજે આપણને દૂરના ડુંગરા રળિયામણા લાગે.

['મહારાજની વાતો' પુસ્તક]

# "એટલી અરજ છે—"

સાબરકાંઠાના એક ગામડાની વાત છે. ભૂદાન નિમિત્તે હું ત્યાં ગયો હતો. સભા પૂરી થઈ, એટલામાં એક ડોશી આવ્યાં. "અમે તો ગરીબ રહ્યાં, શું આલીએ?" એવું કંઈક મનમાં બબડતાં હતાં. શરૂશરૂમાં તો મને લાગ્યું કે એ કંઈક માગવા આવ્યાં છે. પણ મારી પાસે આવીને એમણે કહ્યું, "મા'રાજ, તમને આલવા જેવું મારી પાંહે કાંઈ નથી. આ દહ બકરીઓ છે, એમાંથી એક દૂઝણી બકરી આલું તો લેશો?"

"કેમ નહિ? આ યજ્ઞમાં તો બકરીનું દાન પણ અમે સ્વીકારીએ છીએ. એ બકરી હું કંઈ સાથે તો નથી લઈ જવાનો—અહીંના જ કોઈ લાયક માણસને આપણે આપીશું. તો તમે કહો તેને આપી દઈએ."

"મેં બકરી તમને દાનમાં આલી દીધી. હવે તમ તમારે જેને આલવી હોય તેને આલી દ્યો."

"પણ હું તો ગામમાં કોઈને ઓળખતો નથી, એટલે તમે જ કોક લાયક માણસ શોધી કાઢો."

થોડી વાર વિચાર કરી ડોશી બોલ્યાં: "મા'રાજ, ગામમાં ભંગીનો એક સોકરો છે, એકલો છે બચારો; ઈને આલો તો?"

મેં એ ભંગીના છોકરાને બોલાવડાવ્યો. એને ખબર પડી ગઈ હશે, એટલે એ હસતો હસતો આવ્યો. મેં એને કહ્યું, "આ માજી તને એક બકરી આપે છે. તું એને પાલવીશ?" એણે ખુશીથી હા પાડી. બકરી એને આપવામાં આવી. એના આનંદનો પાર નહોતો.

બપોરે ભોજન કરી હું કાંતતો હતો, ત્યાં એ ડોશી ફરીથી આવ્યાં. બોલ્યાં: "મા'રાજ, હું એકલી છું. મારે બે ઘર છે. એકમાં હું રહું છું ને બીજામાં બકરીઓ રાખું છું. બકરીઓ તો વાડામાંયે રહી શકે. તો મારું આ બીજું ઘર છે તે પણ દાનમાં લઈ લ્યો."

ઘડીભર તો હું ડોશીની સામે તાકી જ રહ્યો. પછી મેં એમને કહ્યું: "માજી, તમારા ગામમાં કોઈ ઘર વગરનો માણસ છે?"

થોડી વાર વિચાર કરી ડોશીએ કહ્યું: "હા, મા'રાજ, એક રાવણિયો છે. જો ઈને આલશો તો બહુ રાજી થશે."

મેં રાવણિયાને બોલાવડાવ્યો. તે આવ્યો. મેં એને પૂછ્યું: "આ ડોશીમા તમને રહેવા ઘર આપે, તો તે લેશો?"

"શું કામ નહિ લઉં?" ખુશીમાં આવી એણે કહ્યું.

"પણ ઘર જરા ઠીકઠાક કરવાનું છે."

"એ તો કરી લઈશ, બાપજી."

"પણ જો—એક શરત છે. આ ડોશીમા જીવે ત્યાં સુધી તારે એમની સેવા કરવી પડશે!" મેં હસતાં હસતાં કહ્યું.

સેવા કરવાની વાત સાંભળી, પાસે બેઠેલાં ડોશી તરત બોલી ઊઠ્યાં: "ના, ના, મા'રાજ! સેવા કરાવવા હું ઈને ઘર નથી આલતી. એની પાંહે નથી, ને મારી પાંહે એક વધારાનું પડ્યું છે, એટલે હું ઈને આલું છું. મારે એની પાંહે સેવા નથી કરાવવી... મારી તો તમને એટલી અરજ છે કે એવું કંઈક લખીને આપો કે હું મરી જઉં પછી પણ એ ઘર એની પાંહેથી કોઈ લઈ ન લે!"

## —તો લગ્ન કેમ કર્યું?

ભાલ-નળકાંઠાના ગામમાં એક ઓડને ત્યાં જવાનું થયેલું. તેની સ્ત્રી બહુ સુશીલ, પવિત્રા ને પ્રેમાળ. એણે પ્રેમપૂર્વક સત્કાર કર્યો. થોડી વાર પછી, જ્યાં બેઠી હતી ત્યાંથી કંઈક લેવા એ ખસી. એ ખસતી હતી ત્યાં મારી નજર એના પગ ઉપર પડી. પગ પાતળા દોરડી જેવા હતા. મેં સહજ પૂછ્યું, "કેમ બહેન, તમારે પગ નથી શું?"

મારા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે એણે પાસે ઊભેલા પોતાના પતિ તરફ આંગળી કરીને કહ્યું: "પૂછી જુઓ એમને, કદી કાંઈ દુ:ખ દીધું હોય તો! હું દળું છું, રસોઈ કરું છું, વાસણ માંજું છું, ઘર પણ

લીંપું છું. માત્ર પાણી એમને ભરવું પડે છે.”

ત્યાં એના પતિએ કહ્યું: “મહારાજ, એને પૂછી જુઓ કે કદી દુ:ખ પડવા દીધું છે? મેં એને બધે જાત્રા કરાવી છે. ગાડી મળી ત્યાં ગાડી, મોટર મળી ત્યાં મોટર; પાલીતાણા ગયો ત્યારે ખભે બેસાડીને ડુંગર ઉપર લઈ ગયો હતો ને બધે દર્શન કરાવ્યાં હતાં.”

હું તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. મેં પેલા ઓડને પૂછ્યું, “તમે લગ્ન કર્યાં તે પહેલાં આ બાઈ અપંગ છે એ જાણતા હતા?”

“હા જી,” ઓડે કહ્યું.

“તો લગ્ન કેમ કર્યું?”

“મને થયું કે આ બિચારીની સેવા કોણ કરશે? આખી જિંદગી દુ:ખી થશે. એટલે એની સેવા કરવા મેં તેની સાથે લગ્ન કર્યું.”

## પ્રતાપવંશી

અમારે એક મોતીભાઈ ડોસા હતા. ૧૯૩૦ની લડતમાં બીજા ઘણાને પકડયા, પણ એમને રાખી દીધા. એક દિવસ એ પત્રકા વાંચતાં પકડાયા. પોલીસવડાને એની વૃદ્ધાવસ્થા દેખી દયા આવી. એના પરનો ખટલો રોળી-ટોળી નાખવા માટે પૂછ્યું: “કેમ ડોસા, આ પત્રકા તો તમને કોઈએ મોકલી હતી ને?” ડોસાએ જવાબ દીધો: “શું કહો છો? મોકલે? કોઈક મને મોકલે? શી વાત કરો છો! હું તો રીતસર એનો ગ્રાહક છું. હું, સાહેબ, આજકાલનો નથી—૧૯૨૨થી સત્યાગ્રહી છું.” એમ ગુનો કબૂલ કરી જેલમાં ગયેલા.

બહાર આવ્યા પછી જમીનો તો ઝૂંટવાઈ ગયેલી. પોતે વૃદ્ધ ને જીર્ણ બનેલા. અમે એમને મદદ આપવા કહ્યું ત્યારે એ રોષ કરીને બોલી ઊઠેલા કે, “હું મદદ લઉં! હું પારકે પૈસે નિર્વાહ કરું! મને જાણો છો? હું તો રાણા પ્રતાપનો વંશજ છું!”

દૈવ જાણે શાથી એમણે પોતાને પ્રતાપવંશી કહ્યા. પણ એ મોતી ડોસાની તદ્દન બેહાલી વચ્ચે પણ એમના આવા અરમાનથી એની કુલીનતા પ્રકાશી ઊઠી. એને ઘેર સારાવાળાએ કન્યા આપી, ને એની કન્યા સારાવાળાએ રાખી.

## બીજો રંગ

જહાંગીર બાદશાહ એક વખત ઝરૂખામાં બેઠા હતા. તે વખતે એક ઘોડેસવાર માથે સુંદર ફેંટો પહેરીને જતો હતો. બાદશાહને ફેંટાનો રંગ બહુ ગમી ગયો. તેણે ઘોડેસવારને બોલાવ્યો અને પૂછ્યું, “તેં તારો ફેંટો ક્યાં રંગાવ્યો છે?” જવાબમાં ઘોડેસવારે એક રંગરેજ બાઈનું ઠેકાણું બતાવ્યું. બાદશાહે તે બાઈને બોલાવીને પૂછ્યું, “તું મને આવા રંગનો ફેંટો બનાવી આપે?” બાઈએ કહ્યું, “ઝીણી મજલીન લાવી આપો તો રંગી તો આપું, પણ તેના જેવો તો રંગ નહિ જ થાય.”

બાદશાહ : “કેમ નહીં થાય?”

બાઈ : “કારણ કે તેના પર તો બેવડા રંગ ચડેલા છે.”

બાદશાહ : “મારા ફેંટાને ચાર વખત રંગજે.”

બાઈ : “બેવડા રંગ માત્ર તોલમાપથી નાખેલા તે નહીં. તેમાં એક રંગ તો જે દેખાય છે તે—અને બીજો રંગ તે આશકીનો. આશકીનો રંગ બધા પર ન ચડે.”

## સંકલ્પનું બળ

એક ઠાકોર હતા. એક વખત મારે તેમની સાથે અફીણ સંબંધી વાતો થઈ. તેમણે તે દહાડાથી અફીણ લેવાનું છોડી દીધું. પણ પંદર-વીસ દહાડા થયા પછી તેમણે કહ્યું, “જો, હવેથી કોઈને આવો ઉપદેશ

દેતા! કોઈને મારી નાખશો!”

અને પછી તેમણે આપવીતી સંભળાવવા માંડી: “તમારા ગયા પછી મને તો ઝાડા થઈ ગયા, બોલવા-ચાલવાના હોશ રહ્યા નહીં, લગભગ બેભાન થઈ ગયો. પછી તો મેં ઇશારતો કરીને બૈરાંને બોલાવ્યાં અને ઇશારાથી સમજાવ્યું કે મને અફીણ ખવડાવો. અફીણ ખાધું, ત્યારે માંડ જરા હોશ આવ્યા.”

પણ મેં તો ઠાકોરને ઝાટક્યા: “ભૂપતસિંહ ઠાકોર, અફીણ ખાધા વિના મરી ગયા હોત તો દુનિયામાં તમારા વિના શું ખાટુંમોળું થઈ જવાનું હતું? ટેક ન પાળી શક્યા, તો ક્ષત્રિય શાના? અફીણ જેવી ચીજ પણ તમને હરાવી ગઈ? તેના વિના તમે મરવા પડ્યા? તમે તો તમારું ક્ષત્રિયપણું પણ ગુમાવ્યું. ત્યારે હવે તમે જીવતા હો કે મરેલા, બંને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત. પણ તમે હાર્યા, અફીણ જીત્યું.”

આટલું સાંભળતાં જ તેમને તો એટલું પાણી ચડ્યું કે અફીણનો દાબડો ફેંકી દીધો. અને પછી ન તો તેમને ઝાડા થયા કે ન બેભાન થઈ ગયા. કારણ કે આ વખતે સંકલ્પનું બળ હતું.

## ઢગલામાં નહીં, આમળામાં

એક જાનને ચોરોએ રસ્તામાં લૂંટી લીધી. એટલે બધા જાનૈયા બૂમો પાડતા પાડતા ગામ તરફ ભાગ્યા. એમને દોડતા જોઈને એક માણસે પૂછ્યું, “અલ્યા, કેમ બૂમો પાડો છો? શું થયું?”

“ચોરોએ લૂટ્યા,” જાનૈયાઓએ કહ્યું.

“કેટલા ચોર હતા?”

“ત્રણ.”

“અમે અઢાર જણ હતા.”

"તો પછી નાઠા કેમ?"

"અમે અઢાર હતા પણ છૂટા હતા; ત્યારે ચોર ત્રણ હતા પણ ટોળીમાં આવ્યા હતા. અમે છૂટા હતા એટલે જેને પડી તે જીવ લઈને નાઠો ને ચોરોએ જાન લૂંટી લીધી."

ઘાસના એક તણખલાનું બળ કેટલું? કંઈ નહીં. ઘણાં તણખલાંનો ઢગલો કર્યો હોય તો તેમાંય બળ નથી. પવનનો એક સપાટો આવે તો તણખલાંને ઉડાડીને ક્યાંય લઈ જાય. પણ એ બધાં તણખલાં ભેગાં થઈ અમળાય તો? હાથીને બાંધી શકાય એટલું એમાં બળ આવે. ત્યારે બળ ઢગલામાં નથી પણ આમળામાં છે. આપણા દેશમાં ૧૦૦ કરોડ માણસ છે પણ આપણામાં સંગઠન નથી. શકિત તો આપણામાં બહુ છે, પણ તે વેરવિખેર પડેલી છે. એ એકઠી થઈને અમળાઈ નથી. તેથી આપણે દુ:ખી છીએ. આપણે બધા પ્રેમથી એકબીજા સાથે જોડાઈએ તો કોઈ દુ:ખી નહિ રહે.

## વાનપ્રસ્થી પથાભાઈ

ધોળકા તાલુકાના આદરોડા ગામના પથાભાઈએ પોતાની છઠ્ઠા ભાગની ૨૦ એકર જમીન મને ભૂદાનમાં આપી હતી. તેઓ મારા જેલજીવન વખતના સ્નેહી. બીજે વરસે ફરતો ફરતો હું એમના ગામમાં ગયો, ત્યારે તેઓએ મને ઠપકો આપતાં કહ્યું, "મહારાજ, તમે તો ખરા માણસ છો! આ જમીન દાનમાં આપી છે તે વહેંચતા કેમ નથી?"

"આજે હું વહેંચવા જ આવ્યો છું."

"તો એ જમીન ભંગીભાઈઓને આપી દો." પથાભાઈએ કહ્યું.

આજ સુધી તો એમ સાંભળ્યું હતું કે ભંગી કોઈ દહાડો ખેતી કરી જ શકે નહીં. પણ આજે પથાભાઈને મોઢેથી સામેથી ભંગીને જમીન આપવાની વાત સાંભળી મને ખૂબ ઉત્સાહ થયો. મેં એમની આગળ બીજી વાત મૂકી:

"જુઓ પથાભાઈ, જમીન તો જાણે આપીએ. સાથે બીજું પણ વિચારાય. તમે હવે વાનપ્રસ્થી થયા. તમારી ખેતી તો આ ગોવિંદ સંભાળે છે, ત્યારે તમે તમારા અનુભવનો લાભ આ ભંગીઓને આપો. જમીન આપો ને એમની સાથે મળીને ખેતી કરાવો."

એમણે તુરત જ કહ્યું, "મારે કબૂલ છે." અને પછી દીકરા તરફ ફરી બોલ્યાઃ "જો ગોવિંદ! રોટલા તારે ખવડાવવાના, અને ખેતી હું ભંગીભાઈઓની કરીશ."

પછી તો રોજ સવાર પડે કે પથાભાઈ ભંગીવાસમાં પહોંચી જાય અને પોતાના અનુભવને આધારે એમને વ્યવસ્થિત કામ કરતાં શીખવે. વરસ-બે વરસમાં તો એ લોકો સુંદર ખેતી કરતા થઈ ગયા.

## એક એક પગથિયું...

સંકલ્પની શકિત અદમ્ય છે. આ સંકલ્પની શકિત પણ માણસે કેળવવી પડતી હોય છે. નાના સંકલ્પો કરતાં કરતાં આગળ વધતાં જઈએ, તો આપણું સંકલ્પબળ ઘડાતું જાય. આથી જૈનધર્મમાં અણુવ્રતનું મહત્ત્વ મનાયું છે. શરૂઆતમાં નાનાં નાનાં અને સહેલાઈથી પાળી શકાય એવાં વ્રત લો અને પછી આગળ વધતાં જાઓ.

આખો દિવસ સત્ય નથી બોલાતું, તો ચાલો હમણાં એક કલાક પૂરતો સંકલ્પ લો. એ કલાક દરમિયાન તમે અસત્ય નહીં જ બોલો. પછી ધીરેધીરે તમને ટેવ પડતી જશે, અને એવો અનુભવ પણ થતો જશે કે સત્ય બોલવામાં જ વધુ સુખ છે. એટલે પછી તમે તેમાં દૃઢ થતાં જશો. ધીમે ધીમે તમારી શકિત ને આત્મવિશ્વાસ વધતાં જશે, તેમ તમારું સંકલ્પબળ પણ પાકું થતું જશે. એક એક પગથિયું ચઢતાં ચઢતાં તમે ઠેઠ ઉપર પહોંચી શકશો. નાના સંકલ્પોમાંયે ઈશ્વર તમારી કસોટી તો કરશે જ. એ કસોટીમાંથી પાર ઊતરશો તો તમે આગળ વધી શકશો.

એક વાર એક માણસ કાશીની જાત્રાએ ગયો. ત્યાં પંડાએ કોઈ ને કોઈ બાધા લેવાનો આગ્રહ કર્યો. એટલે એણે બાધા લીધી કે “કાગડાનું માંસ કદી નહીં ખાઉં.” હવે, આ તે કાંઈ બાધા છે? આ પહેલાં એણે કદી માંસ ખાધુંયે નહોતું. પણ એને એમ કે બાધાયે લીધી કહેવાય, અને છતાં કાંઈ સંયમ પાળવો ન પડે!

પણ ભગવાનને કરવું તે એક વાર એ માંદો પડ્યો. ને ડોક્ટરે કહ્યું કે, કાગડાનું માંસ ખાઈશ તો જ જીવી જઈશ. આમ એને માટે ખરેખરો કસોટીનો પ્રસંગ આવી પડ્યો. પણ મશ્કરીમાં લીધેલી બાધા છેવટે એણે પાળી: “ના, મરવાનો હોઈશ તો મરીશ, પણ હવે આ બાધાને તો વળગી જ રહીશ.”

## “ધર્માદાનું શી રીતે ખવાય?”

રાધનપુર વિભાગમાં સખત દુકાળ પડ્યો હતો. અનાજ પૂરતું મળે નહીં. એટલે દર અઠવાડિયે ગોળ મફત આપવામાં આવતો ને ચણા વેચાતા.

ત્યાં પંચાસર ગામમાં ધૂળી કરીને એક કોળી બાઈ રહે. એનાથી સારી સ્થિતિના લોકો ગોળ મફત લે, પણ આ બાઈ ન લે. એને એક દીકરી. બંને મહેનત કરીને જીવે.

ધૂળીને એક દીકરો હતો, એ મરી ગયો. એ પછી એનો ધણી પણ મરી ગયો. એને ત્યાં બે બળદ હતા, ૨૫ વીઘાં જમીન હતી ને થોડા પૈસા હતા. બાઈએ બળદ વેચી દીધા, એના રૂપિયા છસો ઊપજ્યા. એ રૂપિયા ગામના વણિક ગૃહસ્થને આપીને કહ્યું: “શેઠ, મરનારનું ભલું થાય એવા કામમાં આ રૂપિયા વાપરો.”

પેલા ગૃહસ્થે તેમાંથી બાજુના ગામમાં કૂવો ને હવાડો કરાવ્યા. એ પ્રદેશમાં મીઠું પાણી જવલ્લે જ નીકળે. પણ ઈશ્વરકૃપાએ અહીં મીઠું પાણી નીકળ્યું. લોકો ખુશ ખુશ થઈ ગયા.

પચાસ વીઘાં જમીન હતી. એ ધૂળીએ કૂતરાંને રોટલા ખાવા તથા પરબડીમાં આપી દીધી અને થોડા રૂપિયા હતા તેની ૩૩ તોલા ચાંદી લઈ રામજી મંદિરમાં ભગવાનનો મુગટ કરાવડાવ્યો. પોતાના ગામમાં એક પરબ પણ મંડાવી.

આ ધૂળીને મળવાનું થયું ત્યારે મેં પૂછ્યું, "બળદ કેમ વેચી દીધા?"

"મા'રાજ, એમનું મારાથી ખવાય? આ બળદ એમના હતા એટલે વેચી દીધા."

"જમીન દીકરીને આપી હોત તો?"

"દીકરીને શું કામ આલું? એ એનું નસીબ લઈને નહીં આવી હોય?"

મેં આગળ પૂછ્યું: "તમે ગોળ કેમ નથી લેતાં?"

રાજ, બધી મિલકત ધર્માદા કરી લીધી. હવે મારાથી ધર્માદાનું શી રીતે ખવાય?"

મને થયું: આ બાઈમાં સર્વસ્વ અર્પણ કરવાની આ શકિત ક્યાંથી આવી હશે? એટલી ઊંચી ધર્મબુદ્ધિ એણે ક્યાંથી પ્રાપ્ત કરી હશે?

## "નહીં પરણું"

એક ભંગી યુવાન રઘા સાથે મારે નાનપણથી ભાઈબંધી. નાના હતા ત્યારે ઘણી જાતની વાતો કરતા, એમાં પરણવાની વાત પણ આવતી. અમને બીજાઓને તો ન પરણવાનો વિચાર જ આવતો નહીં. પણ ત્યારે રઘો કહેતો કે તે પરણવાનો નહિ. અમે કારણ પૂછતા, તો કહેતો: "હું પરણું તો મારી ઘરવાળીને મારે માટી (માંસ) લાવીને આપવી પડે. પણ એ મૂએલા ઢોરની માટી ખાય એ મને ગમે નહીં, અને તેને તો એના વિના ચાલે નહીં. એટલા માટે હું નહીં પરણું."

આ પચાસ વરસ પરની વાત છે. આ રઘો હજી જીવે છે અને

તે પરણ્યો નથી. આમ ભંગીમાંયે તપસ્વી છે. તો શું તેને ભંગી કહીને આપણે દૂર ઠેલીશું?

## "પારકી થાપણ"

સત્યાગ્રહની લડતમાં એક મુસલમાન જુવાનની ધરપકડ થઈ. લોકો એની ઘરડી મા પાસે ગયા અને ખબર આપી કે, સરકાર તમારા દીકરાને જેલમાં લઈ ગઈ. ડોશી તો ખુશ થતાં બોલ્યાં: "અરે ભલા માણસ! એ ક્યાં મારો દીકરો હતો? એ તો ખુદાની અનામત હતી. વખત આવ્યે ખપ લાગે, એ માટે તેણે મારે ત્યાં મૂકી રાખી હતી. હવે ખુદાને એની જરૂર પડી એટલે લઈ ગયા. એને મારા ઘરમાં રાખી મૂકું, તો તો પારકી થાપણ ઓળવી કહેવાય!"

['મહારાજની વાતો' પુસ્તક: ૧૯૭૨]

# રવીન્દ્રનાથ ઠાકુર

## મારો દેશ

“મારામાં લોભ છે, હું દેશને માટે લોભ કરીશ. મારામાં ક્રોધ છે, હું દેશને માટે ક્રોધ કરીશ. મારામાં મોહ છે, મારા દેશ માટે હું મુગ્ધ બનીશ.”

“તમે દેશને દેવ મનાવીને અન્યાયને કર્તવ્ય તરીકે અને અધર્મને પુણ્ય તરીકે ચલાવી દેવા ઇચ્છો છો. દેશથી પણ ઉચ્ચ સ્થાને ધર્મ રહેલો છે એમ જેઓ માનતા નથી, તેઓ દેશને પણ માનતા નથી. મારામાં જે કાંઈ મલિન છે, તે હું મારા દેશને નહીં આપું, નહીં આપું, નહીં આપું!”

[નવલકથા ‘ઘરે-બાહિરે’નાં બે મુખ્ય પાત્રો વિમલા અને નિખિલ વચ્ચેના સંવાદમાંથી]

## લેખકનો ધર્મ

મારા દેશ માટે શું કલ્યાણકર છે, એ વિશે મારા દેશજનો અને મારી વચ્ચે મતભેદ થવાનો પૂરો સંભવ છે. પણ લેખકે તો, પોતાના દેશનું કલ્યાણ શામાં રહેલું છે એનો જ વિચાર કરવો જોઈએ, નહિ કે હું શું કરું તો દેશ મને સારો કહેશે એનો. જો મારો દેશ મને વહાલો ન હોત, તો મારા વાચકોની પ્રીતિ સંપાદન કરવી એ મારે માટે ખૂબ સહેલું થઈ જાત. પણ લેખકનો સર્વોચ્ચ ધર્મ પોતાની વાર્તાને સર્વાંગસુંદર બનાવવા ઉપર જ લક્ષ રાખવાનો છે. તેણે વાચકોની વાહવાહની પરવા કરવાની નથી. જો મારી વાર્તા સાચે જ વાર્તા હશે, તો મારી માન્યતાઓ ગમેતેવી હશે તોયે એનો ફેલાવો થવાનો જ.

## પરમ દાન

કીર્તિની વાત જવા દો. ભાગ્યનું પરમ દાન પ્રીતિ છે, કવિપક્ષે તે જ શ્રેષ્ઠ પુરસ્કાર છે. જે મનુષ્ય કામ કરે છે તેનું વેતન કીર્તિ આપીને ચૂકવી શકાય. આનંદ દેવાનું જ જેનું કામ છે, એનું પ્રાપ્ય પ્રીતિ વિના ચૂકવી શકાતું નથી.

## કાંટાળો તાજ

વિશ્વભારતી માટે ફંડ એકઠું કરવા પ્રત્યેક શિયાળામાં મારે જાતે બહાર નીકળવું પડે છે. કાં તો લોકોનું મનોરંજન કરવાના રૂપમાં, અથવા જેઓ જરાયે ઉદાર નથી તેમની ઉદારતાને અપીલ કરવાના રૂપમાં ભીખ માગવાનું કામ મારે માટે અતિશય ઘૃણાજનક કસોટી સમું છે. હું શહીદીનો આનંદ માણવાનો પ્રયત્ન કરું છું અને કશી પણ ફરિયાદ કર્યા વિના માનભંગ, નામોશી અને વ્યર્થતાનો કાંટાળો તાજ પહેરી લઉં છું. પણ મારા મનને હંમેશાં આ સવાલ કઠ્યા કરે છે: કંજૂસ દાતાઓ પાસેથી નજીવાં દાન મહામહેનતે મેળવવામાં મારી શક્તિ ખર્ચી નાખવી, એ મારે કરવા જેવું છે ખરું?

—

*ભય અમારે કોનો?*
*ભય અમારે કોનો જગમાં?*
*ભય અમારે કોનો?*

*લુચ્ચા બુઢ્ઢા ચોરલૂંટારા*
*અમને શું કરવાના?*

*સીધુંસાદું જીવન જ્યાં હો*
*શીદને અમ ડરવાના?*
*ભય અમારે કોનો જગમાં?*
*ભય અમારે કોનો?*

*નહિ કપટ, ન ઝોળી થેલી,*
*મતા અમારી શી?*
*લૂંટી શકે ના લગન અમારી*
*ધૂન તદ્દન પાગલ શી!*
*ભય અમારે કોનો જગમાં?*
*ભય અમારે કોનો?*

*ખપે નહિ આરામ અમોને,*
*ખપે ન યશ કે નામ;*
*ખપે નહિ વિરામ અમોને,*
*સદા લગન—બસ, કામ!*
*ભય પછીથી કોનો જગમાં?*
*ભય અમારે કોનો?*

*ચડતી-પડતી સમાન અમને,*
*છો હાર જીવન કે જીત;*
*જીવન જોગવવું જ લગનમાં,*
*ધ્યેયમગન થઈ નિત!*
*ભય પછીથી કોનો જગમાં?*
*ભય અમારે કોનો?*

(અનુ. ધર્મેન્દ્ર માસ્તર, ‘મધુરમ્’)

# બાનો ડાહ્યો દીકરો

*બા, જો આ તારી બબલી*
*છે બાળી ભોળી બકુલી!*
*બા, જો આ તારી બબલી,*
*છે કાલી કાલી કીકલી!*

*અમે રમતાં બાળક બાળા,*
*લઈ ફુગ્ગા લાલં લાલા;*
*એ સમજે ઊગ્યા તારા,*
*ને બોલે ‘તાલા તાલા!’*

*બા, જો આ તારી બબલી,*
*બસ, બાળી ભોળી બકુલી!...*

*બાપા તો ગામ ગયા છે,*
*ઘરમાં સૌ જાણી ગયાં છે;*
*પણ કહું જો ‘બાપા આવ્યા,’*
*દોડે કહી ‘ક્યાં ક્યાં? ક્યાં ક્યાં?’*

*બા, જો આ તારી બબલી,*
*બસ, બાળી ભોળી બકુલી!*

*ઘર આવે જ્યારે ધોબી,*
*લઈ એનું ગર્દભ—બચ્ચું;*
*ને ધરી હાથમાં સોટી,*
*એનો માસ્તર હું બની જઉં છું;*
*પણ જોને તારી બબલી,*
*મને ‘ભાઈ ભાઈ’, કહી વળગી;*
*આવો મોટો હું મહેતાજી,*
*નથી કહેતી ‘હાજી નાજી!’*

*બા, જો આ તારી બબલી,*
*એ તો કેવળ કાલી કીકલી!...*

(અનુ. જુગતરામ દવે)
['ગુરુદેવનાં ગીતો' પુસ્તક]

# આપો તો આટલું આપો રે!

૧

*ભીડું મારી ભાંગો એવી કંઈ*
*કે હું તો જાચના જાચું નહીં!*
*આપો તો આટલું આપો રે, (૨)*
*કદી હું ભીડથી બીઉં નહીં!*

*દુઃખોની લાયમાં ટાઢક દઈ*
*દિલાસો ના દો તો કંઈ નહીં;*
*આપો તો આટલું આપો રે, (૨)*
*દુઃખોને જીતું સહી લઈ. ...*

૨

*તમે મને તારજો તારણહાર!*
*કે એવી જાચના જાચું નહીં;*
*આપો તો આટલું આપો રે, (૨)*
*તરું પણ થાકે ના મારી દેહી!*

*ભારો મારો હળવો કરી દઈ,*
*દિલાસો ના દો તો કંઈ નહીં;*

*આપો તો આટલું આપો રે, (૨)*
*બધોયે ભાર શકું હું વહી.*
*હશે જ્યારે સુખનો ઉજ્જ્વળ દિન,*
*લળી લળી નીરખીશ તારું વદન;*
*દુઃખની જ્યારે રાત થશે ને*

*ભૂલશે સકળ મહી;*
*તે વારે આટલું આપો રે,*
*આપો તો આટલું આપો રે,*
*તમો પર આસ્થા તૂટે નહીં!*

(અનુ. જુગતરામ દવે)
['ગુરુદેવનાં ગીતો' પુસ્તક]

## નથી રે ખોવાણી

*જીવને જે જે પૂજા નથી રે પૂજાણી,*
*જાણું હે જાણું ક્યાંયે નથી રે ખોવાણી.*
*જીવને જે જે સેવા નથી રે સધાણી,*
*જાણું હે જાણું ક્યાંયે નથી રે ખોવાણી!*
*જે ફૂલ ફૂટ્યાં નહીં,*
*ખર્યાં છે માટી મહીં,*
*જે નદી વેળુ મહીં,*
*ઊંડી સમાણી;*
*જાણું હે જાણું ક્યાંયે નથી રે ખોવાણી!*
*જીવને જે જે રહ્યું*
*છેલ્લું છેવાડું,*
*જાણું હે જાણું તેયે*
*નથી રે નકામું.*

*મારી સૌ અણજાગી—*
*મારી સૌ વણવાગી—*
*તમારા વીણાતારે ઝણણે છે વાણી;*
*જાણું હે જાણું ક્યાંયે નથી રે ખોવાણી!*

(અનુ. જુગતરામ દવે)
[‘ગુરુદેવનાં ગીતો’ પુસ્તક]

## બા, સૂઈ જા!

*આકાશી ગોખનો ટલમલ તારલો*
*થૈને બોલીશ: બા, સૂઈ જા!*

*રે મા! થૈને બોલીશ: બા, સૂઈ જા.*
*ચાંદાનું કિરણ બની લપતો ને છપતો તુંને*
*ભરી જૈશ એક-બે બક્કા, હો મા!*

*માડી, તું તો ફેરવીને ગાલે હાથ*
*નાખજે નવ ઊંડો નિશ્વાસ.*

(અનુ. ઝવેરચંદ મેઘાણી)

## કેવી હશે?

*કોઈ દી સાંભરે નૈ,*
*મા મને કોઈ દી સાંભરે નૈ.*
*કેવી હશે ને કેવી નૈ?*
*મા મને કોઈ દી સાંભરે નૈ.*

*કોક કોક વાર વળી રમ્મત વચાળે*
*મારા કાનમાં ગણગણ થાય,*
*હુતુતુતુની હડિયાપાટીમાં*
*માનો શબદ સંભળાય—*
*મા જાણે હીંચકોરતી વઈ ગઈ,*
*હાલાંના સૂર થોડા વેરતી ગઈ....*

(અનુ. ઝવેરચંદ મેઘાણી)
['સોના-નાવડી' પુસ્તક]

# હે ભારત!

તેં નૃપતિને મુકુટ અને સિંહાસનનો ત્યાગ કરીને દરિદ્રવેશ ધારણ કરવાનું શીખવ્યું છે;

વીરને તેં ધર્મયુદ્ધમાં દુશ્મનને ક્ષમા કરવાનું શીખવ્યું છે;

ગૃહસ્થને તેં પડોશીઓ, અતિથિઓ ને અનાથોમાં ઘરનો વિસ્તાર કરવાનું શીખવ્યું છે.

તેં ભોગને સંયમની સાથે બાંધ્યો છે, નિર્મલ વૈરાગ્યથી તેં દૈન્યને ઉજ્જ્વલ બનાવ્યું છે, સંપત્તિને તેં પુણ્યકર્મ દ્વારા મંગલ બનાવી છે.

(અનુ. નગીનદાસ પારેખ)

# એ દિવસ—

ભાગ્યચક્રના પરિવર્તન દ્વારા એક દિવસ તો અંગ્રેજોને આ ભારત-સામ્રાજ્ય છોડીને જવું જ પડશે. પરંતુ તેઓ પોતાની પાછળ કેવા શ્રીહીન કંગાલિયતના ઉકરડા સમા ભારતવર્ષને મૂકી જશે! જીવનના પ્રારંભકાળમાં મેં યુરોપની સંપત્તિરૂપ આ સંસ્કૃતિના દાન ઉપર સમગ્ર

અંતરથી વિશ્વાસ રાખ્યો હતો. અને આજે મારી વિદાયને સમયે તે વિશ્વાસ બિલકુલ ઊડી ગયો છે. આજે હું સામા કિનારાનો મુસાફર છું—પાછળના ઘાટ ઉપર હું શું મૂકતો આવ્યો? એક અભિમાની સંસ્કૃતિનાં ચારે કોર વેરાયેલાં ખંડિયેરો! ઇતિહાસમાં એ કેટલું તુચ્છ ઉચ્છિષ્ટ લેખાશે! પણ માણસ પ્રત્યે વિશ્વાસ ખોઈ બેસવો એ પાપ છે, એ શ્રધ્ધા હું આખર સુધી જાળવી રાખીશ. મનુષ્યત્વના પરાભવને અંતહીન અને ઉપાયહીન માની લેવો એને હું અપરાધ સમજું છું.

હું એટલું કહેતો જાઉં કે પ્રબળ પ્રતાપશાળીનાં પણ સામર્થ્ય, મદમત્તતા, આત્મંભરિતા સલામત નથી, એ પુરવાર થવાનો દિવસ આજે સામે આવીને ઊભો છે, અને જરૂર એ સત્ય સાબિત થશે કે—અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિમાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.

(અનુ. નગીનદાસ પારેખ)

# મનુષ્યત્વનું મહાન રૂપ

હું નાનો હતો ત્યારે ઇંગ્લંડ ગયો હતો; તે વખતે પાર્લામેન્ટમાં અને બહાર કોઈ કોઈ સભામાં જૉન બ્રાઈટને મોઢે જે ભાષણો સાંભળ્યાં હતાં, તેમાં મેં સનાતન અંગ્રેજની વાણી સાંભળી હતી. તે ભાષણોમાં હૃદયની ઉદારતાએ જાતિગત સર્વે સંકુચિત સીમાઓને ઓળંગી જઈને જે પ્રભાવ ફેલાવ્યો હતો, તે મને આજે પણ યાદ છે. મનુષ્યત્વનું એક મહાન રૂપ વિદેશી માણસોમાં પ્રગટ થયું હતું છતાં તેને શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરવાની શક્તિ આપણામાં હતી. અંગ્રેજોના જે સાહિત્યમાંથી આપણા ચિત્તે પોષણ મેળવ્યું હતું, તેનો વિજયશંખ આજ સુધી મારા મનમાં ગુંજતો રહ્યો છે.

(અનુ. નગીનદાસ પારેખ)

# સાચા અંગ્રેજ, સાચા માનવી

કોઈ કોઈ વાર હું મહદાશય અંગ્રેજોને મળવા પામ્યો છું. એવી મહત્તા મેં બીજી કોઈ પણ પ્રજાના કોઈ પણ વર્ગમાં જોઈ નથી. દષ્ટાંત તરીકે હું ઍંડ્રૂઝનું નામ દઈ શકું; તેમનામાં સાચા અંગ્રેજને, સાચા ખ્રિસ્તીને, સાચા માનવને મિત્રાભાવે અત્યંત નિકટથી જોવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. તરુણ વયમાં અંગ્રેજી સાહિત્યના પરિશીલન દ્વારા જે અંગ્રેજ પ્રજાને મેં એક સમયે સમગ્ર અંતઃકરણથી નિર્મલ શ્રદ્ધા નિવેદિત કરી હતી, તેને જીર્ણ થતી અને કલુષિત બનતી અટકાવવામાં તેમણે મને મારી અંતિમ વયમાં મદદ કરી હતી. એમનો પરિચય મારા જીવનમાં એક શ્રેષ્ઠ સંપત્તિરૂપે સચવાઈ રહેશે. એમને જો મેં ન જોયા હોત, અને ન ઓળખ્યા હોત, તો પાશ્ચાત્ય પ્રજા સંબંધી મારી નિરાશાનો ક્યાંય આરો ન રહેત.

(અનુ. નગીનદાસ પારેખ)

# આપણે

અંતરની સંપત્તિ આપણે ખોઈ બેઠા છીએ, એટલે આપણે લજ્જાથી નીચા નમી ગયા છીએ; આજે ધ્યાનબળ રહ્યું નથી, કેવળ જપમાત્ર છે; કેવળ અર્થહીન આચાર શુચિત્વ ગણાય છે.

એટલે પોતાનું દૈન્ય છુપાવવા માટે પશ્ચિમનાં ઊતરેલાં વસ્ત્રો લૂંટવા આજે આપણે ટોળેટોળાં દોડવા ઇચ્છીએ છીએ.

(અનુ. નગીનદાસ પારેખ)

# રવીન્દ્રનાથની ચિંતન-કણિકાઓ

સવારના પહોરમાં તો, પ્રભાતનો પ્રકાશ પોતે જ આવીને આપણી ઊંઘ ઉડાડી દે છે. પરંતુ સંધ્યા સમયની આપણી મૂર્ચ્છા કોણ ઉતારશે?

*

આપણા ઉપાસનાના મંત્રામાં આવે છે: સુખકરને નમસ્કાર, કલ્યાણકરને નમસ્કાર. પણ આપણે તો સુખકરને જ નમસ્કાર કરીએ છીએ, કલ્યાણકરને હંમેશાં નમસ્કાર કરી શકતા નથી. કલ્યાણકર તે કંઈ કેવળ સુખકર જ નથી હોતું, તે દુ:ખકર પણ હોય છે.

*

ધની વિલાસી લોકો પોતાની બધી મહેનત બચાવીને કેવળ આરામમાં જ મગ્ન રહે છે. એથી તેઓ પોતાને પાંગળા બનાવી મૂકે છે. જે બધી શક્તિઓ લઈને તેઓ જન્મ્યા હોય છે, તે ઉપયોગને અભાવે પૂરો વિકાસ પામી શકતી નથી, ચીમળાઈ જાય છે, વિકૃત થઈ જાય છે.

*

આ પૃથ્વી પર આવીને જે મનુષ્યે દુ:ખ ન જોયું, તેને ઈશ્વર તરફથી તેનો પૂરો હિસ્સો ન મળ્યો, તેનું ભાથું ઊણું રહી ગયું સમજવું.

*

જગતમાં આપણો આ દુ:ખનો હિસ્સો સંપૂર્ણ ન્યાયસંગત હોય જ, એવું બનતું નથી. જેને આપણે અન્યાય ગણીએ, તેનો પણ યોગ્ય રીતે સ્વીકાર કરી શકીએ, એવું આપણામાં સામર્થ્ય હોવું જોઈએ.

*

દુનિયામાં આપણે ભાગે જે સુખ આવે છે, તે પણ શું બરાબર હિસાબસર આવે છે? ઘણી વાર આપણે ગાંઠથી જે દામ ચૂકવીએ છીએ તેના કરતાં વધારે ખરીદ કરી બેસતા નથી? પણ ત્યારે તો આપણે કદી એવો વિચાર કરવા નથી બેસતા કે આપણે એને લાયક છીએ કે નહીં. તો ન્યાય-અન્યાયનો વિચાર શું માત્રા દુ:ખને વખતે જ મેળવવાનો? બરાબર હિસાબસર તો જીવનમાં કોઈ જ વસ્તુ આપણને મળતી હોતી નથી.

*

ગ્રહણ અને વર્જનની મારફતે જ આપણા આ પ્રાણની ક્રિયા ચાલતી હોય છે. આપણી બુદ્ધિનો, આપણા સૌંદર્યબોધનો, ખરું જોતાં આપણી સમસ્ત શ્રેષ્ઠતાનો મૂળ ધર્મ જ એ છે કે તે માત્રા લેશે જ નહીં, ત્યાગ પણ કરશે.

*

જીવનમાં ન્યાયની સાથે અન્યાય પણ ભળેલો હોય, એ આપણા ચારિત્રયને માટે અત્યંત આવશ્યક છે. નિશ્વાસ-પ્રશ્વાસની ક્રિયાની પેઠે આપણા ચારિત્રયમાં એવી એક સ્વાભાવિક શક્તિ હોવી જોઈએ, જેથી આપણું જે હોય તેટલું અનાયાસે આપણે ગ્રહણ કરીએ, અને જેટલું ત્યાજ્ય હોય તેટલું વિના ક્ષોભે ત્યાગી શકીએ.

*

રોજ આપણે જે ઉપાસના કરીએ છીએ, તેની મદદથી દરરોજ આપણે ત્યાગ માટે થોડા થોડા તૈયાર થતા રહીએ છીએ. તૈયાર થયા વગર છૂટકો જ નથી, કારણ સંસારમાં એક ત્યાગનો ધર્મ છે તે આપણને ક્યાંય ઊભા રહેવા દેવા માગતો નથી. તે કહે છે, સતત છોડવું પડશે અને આગળ વધવું પડશે.

*

આપણે એવી રીતે ચાલવું જોઈએ કે સંસાર કોઈ વાર એવું ન કહેવા પામે કે, તારી પાસેથી છીનવી લઈશ; પણ આપણે જ કહી શકીએ કે હું ત્યાગ કરીશ. એ ત્યાગ દ્વારા આપણે દરિદ્ર થઈ જઈશું, એવું માનવાનું નથી. પૂર્ણતર રીતે પામવાને માટે જ આપણો એ ત્યાગ હોય છે. આપણે જગતમાં બદ્ધ હોઈએ છીએ ત્યારે જગતને જોઈ શકતા નથી, જે મુક્ત થયો છે તે જ જગતને જાણે છે, જગતને પામે છે.

*

ત્યાગ એ શૂન્યતા નથી—અધિકારની પૂર્ણતા છે. સગીર જ્યારે સંપત્તિનો પૂરો અધિકારી નથી હોતો, ત્યારે તે દાન કે વેચાણ કરી શકતો નથી. તે વખતે તેને માત્રા ભોગનો ક્ષુદ્ર અધિકાર હોય છે—ત્યાગનો મહાન અધિકાર હોતો નથી.

*

કર્મના ક્ષેત્રામાં ત્યાગ અને લાભ વિરુદ્ધ કોટિનાં ગણાય છે. પણ પ્રેમમાં તો ત્યાગ અને લાભ એક જ હોય છે. જેના ઉપર આપણે પ્રેમ રાખીએ છીએ, તેને આપીએ તે જ આપણો લાભ. તેમાં આપવું અને પામવું એક જ છે.

*

પ્રેમ જ સંપૂર્ણ સ્વાધીન છે, અને પ્રેમ જ સંપૂર્ણ અધીન છે. આપણે કેવળ સ્વાધીનતા જ ઇચ્છીએ છીએ, એવું નથી. અધીનતા પણ આપણે ઇચ્છીએ છીએ. પ્રેમ જેટલો સ્વાધીન છે, તેટલું સ્વાધીન બીજું કશું નથી. વળી, પ્રેમની જે અધીનતા છે, તેના જેવી મોટી અધીનતા જગતમાં ક્યાં છે?

*

રોજ-રોજ આપણી ઉપાસનામાંથી આપણે માગી હતી શાંતિ. પરંતુ શાંતિ માગીએ એટલે શાંતિ મળી જતી નથી. તેના કરતાં બીજું ઘણું વિશેષ ન માગીએ, તો શાંતિની પ્રાર્થના પણ વિફળ જાય છે. દર્દી જો શાંતિ જ માગે—સ્વાસ્થ્ય ન માગે, તો શાંતિ પણ પામતો નથી, સ્વાસ્થ્ય પણ પામતો નથી. આપણને પણ એકલી શાંતિથી નહિ ચાલે, પ્રેમ જોઈશે.

*

આપણો સ્વાર્થ ભીતર તરફ ખેંચે છે, અહંકાર ભીતર તરફ ખેંચે છે—એટલા માટે જ બધી વસ્તુઓ અત્યંત ભારે લાગે છે. એ બોજ ઓછો ક્યારે થાય? પ્રેમ પ્રગટે ત્યારે. જ્યાં સુધી પ્રેમનું ખેંચાણ ન લાગે, ત્યાં સુધી શાંતિ કશા કામની નથી—ત્યાં સુધી તો અશાંતિનો અનુભવ થતો રહે, એ જ સારું છે. ત્યાં સુધી રોજ રાતે વેદના સાથે જ સૂઈએ, અને વેદના સાથે જ સવારે ઊઠીએ, તે સારું છે.

*

જ્યારે પ્રેમ નથી હોતો ત્યારે જ, હે સખા, અમે શાંતિને માટે પ્રાર્થના કરીએ છીએ. પરંતુ જ્યારે પ્રેમનો અભ્યુદય થાય છે ત્યારે જે દુ:ખમાં, જે અશાંતિમાં તે પ્રેમની કસોટી થાય તે દુ:ખને, તે અશાંતિને

પણ માથે ચડાવી શકીએ છીએ. સુખનો દિવસ હોય કે આપત્તિનો, તારી સાથે મારું મિલન થયું—બસ, હવે મને કશી ચિંતા નથી; હવે હું બધું જ સહી શકીશ.

*

મારું મન કોઈ એવી વસ્તુ ઝંખે છે—જે મળતાં એ કહી શકે કે, આ મારું જીવનભરનું ભાથું મળી ગયું; હવે બીજા કશાની મારે જરૂર નથી. આ મૃત્યુલોકમાં એ અમૃતને આપણે ક્યાં પામીએ છીએ? જ્યાં આપણો પ્રેમ હોય છે ત્યાં.

*

પ્રેમની સાધના કરતાં જો રસના પ્રલોભનમાં ફસાઈ ગયા, તો પછી કેવળ રસસંભોગને જ આપણે સાધનાની ચરમ સિદ્ધિ માની બેસીએ. પછી એ નશાને જ રાતદિવસ જાગતો રાખીને આપણે કર્મને ભૂલી જઈએ છીએ, જ્ઞાનનો અનાદર કરીએ છીએ. એ રીતે તો આપણે આખા ઝાડને કાપી નાખીને ફૂલ મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ.

*

જ્ઞાન, પ્રેમ અને શક્તિનું આપણામાં જેટલા પ્રમાણમાં પૂર્ણ મિલન થાય, તેટલા પ્રમાણમાં જ આપણે પૂર્ણ આનંદ અનુભવી શકીએ.

*

પૃથ્વી પર સૌથી મોટી જે વસ્તુઓ આપણને મળે છે તે વગર કિંમતે જ મળતી હોય છે. પણ આપણે કિંમત ચૂકવવી પડતી નથી માટે તે વસ્તુનું મૂલ્ય આપણે પૂરેપૂરું સમજી શકતા નથી. મૂલ્યવાન વસ્તુની પ્રાપ્તિ ત્યારે જ સૌભાગ્ય ગણાય, જ્યારે તેનું મૂલ્ય સમજવાની થોડીઘણી શક્તિ આપણામાં આવી હોય. કોઈ વસ્તુની ખોટનો સાચો અનુભવ થયા પહેલાં જ જો તે આપણને મળી જાય, તો પામવાનો આનંદ અને સફળતા બંનેથી આપણે વંચિત રહીએ છીએ.

(અનુ. નગીનદાસ પારેખ)

[‘શાંતિનિકેતન’ : પુસ્તક]

# બાળપણ [૧]

મારો જન્મ થયો હતો જૂના કલકત્તામાં. તે વખતે શહેરમાં ટપ્પા છડ છડ કરતા ધૂળ ઉડાડતા દોડતા અને હાડપિંજર જેવા ઘોડાની પીઠ પર દોરીનો ચાબખો પડતો. તે વખતે નહોતી ટ્રામ, નહોતી બસ કે નહોતી મોટરગાડી. તે વખતે કામકાજની આવી બેદમ ધમાલ નહોતી. બાબુલોકો હૂકાનો બરાબર દમ લઈને પાન ચાવતા ચાવતા ઑફિસમાં જતા—કોઈ પાલખીમાં, તો કોઈ ભાગમાં ગાડી કરીને. સ્ત્રીઓને બહાર જવું—આવવું હોય તો બંધ બારણાંવાળી પાલખીના ગૂંગળામણ થાય તેવા અંધારામાં પુરાઈને જ તેમનાથી જઈ શકાતું. ગાડીમાં બેસવું એ બહુ શરમાવા જેવું ગણાતું. તાપમાં કે વરસાદમાં માથા પર છત્રી ઓઢી શકાતી નહિ, કોઈ સ્ત્રીના શરીર પર કબજો કે પગમાં જોડા દેખાય તો લોકો તેને ‘મેમસાહેબ’ કહેતા; એનો અર્થ એ કે એણે લાજશરમને નેવે મૂકી છે! શ્રીમંતોની વહુબેટીઓની બાજુમાં પિત્તળની કડિયાળી ડાંગ હાથમાં લઈને દરવાન ચાલતો. આ દરવાનોનું કામ દેવડી પર બેસીને ઘરની ચોકી કરવાનું, બૅન્કમાં રૂપિયા અને સગાંસંબંધીને ત્યાં સ્ત્રીઓને પહોંચાડવાનું અને વારતહેવારે ગૃહિણીને બંધ પાલખી સમેત ગંગાજીમાં ડૂબકી ખવડાવી આવવાનું હતું.

તે વખતે શહેરમાં નહોતો ગૅસ કે નહોતા વીજળીના દીવા. સાંજે નોકર આવીને ઓરડે ઓરડે એરંડિયાના દીવા સળગાવી જતો. પાછળથી જ્યારે કેરોસીનના દીવા આવ્યા ત્યારે એનું અજવાળું જોઈને અમે આભા બની ગયેલા!

બહારના બેઠકખંડમાંથી ઘરની અંદર જવાનો એક સાંકડો રસ્તો હતો. તેમાં એક ઝાંખું ફાનસ લટકતું હતું. ત્યાં થઈને જ્યારે હું જતો ત્યારે મારું મન મને કહ્યા કરતું કે કોઈ પાછળ પાછળ આવે છે! ભયથી હું ધ્રૂજી જતો. તે જમાનામાં ભૂતપ્રેત વાતોમાં આવતાં, અને માણસના મનના ખૂણાખોંચરામાં એનો વાસ હતો. ભયે પોતાની જાળ એટલી બધી ફેલાવેલી હતી કે મેજની નીચે પગ રાખતાં પણ પગમાં

કંપારી છૂટતી હતી!

(અનુ. રમણલાલ સોની)

## બાળપણ [૨]

તે વખતે પાણીના નળ નહોતા. મહા-ફાગણ મહિનાઓમાં નોકરો કાવડમાં ગંગાનું પાણી વહી લાવતા. ભોંયતળિયાના અંધારા ઓરડાઓમાં હારબંધ મોટી મોટી કોઠીઓ ગોઠવેલી હતી, તેમાં આખા વરસનું પીવાનું પાણી ભરી રાખવામાં આવતું. ભોંયતળિયાના એ બધા અંધારા ઓરડાઓમાં છુપાઈને ઘર કરી રહેલાઓને કોણ નથી ઓળખતું? તમારો કોળિયો કરી જવા એમનાં મોં ફાટેલાં તૈયાર છે, એમની આંખો પેટ પર છે, એમના કાન સૂપડા જેવા છે, ને પગ અવળા છે! એ ભૂતિયા છાયાની પાસે થઈને જ્યારે હું ઘરની અંદરના ભાગમાં જતો, ત્યારે મારી છાતીમાં ફફડાટ થઈ જતો, અને મારા પગ ભયથી દોડવા માંડતા.

તે જમાનામાં રસ્તાના કિનારે કિનારે બાંધેલાં નાળાંમાં ભરતી વખતે ગંગાનું પાણી આવતું. દાદાના વખતથી એ નાળાંના પાણી પર અમારા તળાવનો હક હતો. બારી ઉઘાડી નાખવામાં આવતી ત્યારે ખળખળ ખળખળ કરતું પાણી નદીની પેઠે વહેવા માંડતું અને બધે ફીણફીણ થઈ જતું. માછલાં જાણે ઊલટી બાજુએ તરવાની કસરત કરી દેખાડતાં. હું દક્ષિણ તરફના વરંડાનો કઠેડો પકડીને આભો બની જોઈ રહેતો. છેવટે એ તળાવનો કાળ પણ પૂરો થવા આવ્યો. એની અંદર ગાડાં ને ગાડાં કચરો ઠલવાવા માંડયો. તળાવ બંધ થતાં જ ગામડાગામનો લીલું પ્રતિબિંબ ઝીલતો આયનો જાણે કે ચાલી ગયો.

(અનુ. રમણલાલ સોની)

# બાળપણ [૩]

એ જમાનામાં મોટા-નાનાની વચ્ચે જા-આવનો પુલ નહોતો. પરંતુ એ બધા જૂના કાયદાઓની અંદર જ્યોતિદાદા એકદમ નિર્મલ નૂતન મન લઈને આવ્યા હતા. હું એમના કરતાં બાર વરસ નાનો હતો. ઉંમરનું આટલું અંતર છતાં હું એમની નજરે પડયો હતો એ નવાઈની વાત છે. બીજી નવાઈની વાત એ છે કે એમની સાથે વાત કરતાં ‘નાના મોઢે મોટી વાત!’ કહી કદી પણ તેમણે મારું મોં બંધ કર્યું નથી, તેથી કંઈ પણ વાત કરતાં મને કદી સંકોચ થયો નથી. આજે છોકરાઓની વચ્ચે જ હું રહું છું. તેમની સાથે કંઈ કંઈ વાતો કાઢું છું, પણ જોઉં છું તો એમનાં મોં બંધ હોય છે. પૂછતાં એમને સંકોચ થાય છે. એ જોઈને હું સમજી જાઉં છું કે આ લોકો બધા પેલા બુઢ્ઢાઓના જમાનાના છોકરાઓ છે—જે જમાનામાં મોટાઓ બોલ્યા કરતા અને નાનાઓ મૂંગા મૂંગા સાંભળી રહેતા.

(અનુ. રમણલાલ સોની)

# બાળપણ [૪]

એક દિવસ મેં જોયું તો મારા મોટા ભાઈ સૌમેન્દ્રનાથ અને મારાથી ઉંમરમાં મોટો મારો ભાણેજ સત્ય નિશાળે જાય છે, પરંતુ મને નિશાળે જવાને યોગ્ય ગણવામાં આવ્યો નથી. મોટેથી રડવા સિવાય મારી યોગ્યતા જાહેર કરવાનો બીજો કોઈ ઉપાય મારા હાથમાં નહોતો. આ પહેલાં હું કદી ગાડીમાં યે બેઠો નહોતો, કે ઘરમાંથી બહાર પણ નીકળ્યો નહોતો; તેથી સત્ય જ્યારે નિશાળેથી આવીને નિશાળે જવાના રસ્તાનો પોતાનો ભ્રમણવૃત્તાંત લાંબોચોડો કરીને ભભકાદાર સ્વરૂપમાં રોજ મારી આગળ રજૂ કરવા લાગ્યો, ત્યારે મારું મન કેમે કરી ઘરમાં ટકવાની ના જ પાડવા લાગ્યું. મારા શિક્ષકે મારા મોહનો વિનાશ કરવા માટે પ્રબળ ચપેટાઘાત સાથે આ સારગર્ભ વાણી ઉચ્ચારી હતી: ‘આજે તું

નિશાળે જવા માટે રડે છે, પણ એક વખત નહિ જવા માટે તું આના કરતાં યે વધારે રડવાનો છે.’

(અનુ. રમણલાલ સોની)

# રસિક ઝવેરી

## જલમભોમકા

એડન, સુએઝ, નેપલ્સ.... એમ બંદરગાહો વટાવતી સ્ટીમર આગળ વધી. જિનોઆ આવ્યું. ત્યાંથી લંડન પહોંચવા માટે રેલસફર. વિક્ટોરિયા સ્ટેશને ભાનુ અને આનંદ રૂમાલ ફરકાવતાં ઊભાં હતાં. ચાર વરસે, એનાં લગ્ન પછી પહેલી જ વાર, દીકરી-જમાઈને મળ્યો...

એક મહિનો પગપાળા રખડપટ્ટીમાં કાઢયો તે દરમિયાન હું લંડનના મુખ્ય માર્ગોથી ઠીક ઠીક પાવરધો થઈ ગયો. એક વાર રોયલ ફેસ્ટિવલ હૉલમાં રવિશંકરના સિતારવાદનનો કાર્યક્રમ હતો. ભાનુ-આનંદ સાડા છએ કાર લઈને મને હાઈડ પાર્ક પાસે મળવાનાં હતાં. પછી ‘કાશ્મીર રેસ્ટોરાં’માં જમીપરવારી અમારે થિયેટર પર પહોંચી જવાનું હતું.

હાઈડ પાર્કના મેદાનમાં હું લટાર મારી રહ્યો હતો. ત્યાં લોકોના ટોળા આગળ એક પાકિસ્તાની ભારત વિરુદ્ધ ગાળો ઓકી રહ્યો હતો. બીજી બાજુ એક પાદરી બીજા ટોળાને સ્વર્ગ અને નરકની વાતો સમજાવી રહ્યો હતો. ત્યાં કોઈએ શુદ્ધ કાઠિયાવાડી લહેકામાં મને બૂમ પાડી: “એ...એ...ઈ બચુભાઈ! એ મોટાભાઈ!” આશ્ચર્યથી મેં પાછળ જોયું તો નજર સામે એક વધુ મોટું આશ્ચર્ય ઊભું હતું: તપખીરિયા રંગનો ગરમ ચૂડીદાર સુરવાલ, બંધ ગળાનો કોટ, માથે કાઠિયાવાડી સાફો, હાથમાં હેવી ઓવરકોટ—એવો એક આદમી દોડતો આવી મારે પગે પડયો. પછી કહે, “કાં મોટાભાઈ! તમે ક્યાંથી? ઓળખાણ પડે છે?”

હું ગૂંચવાતો એની સામે તાકી રહ્યો. અહીંયાં લંડનમાં, મને મારા બચપણના નામે બોલાવતો આ માણસ કોણ! ત્યાં વળી એ જ બોલ્યો: “તમે મને ન ઓળખ્યો, પણ મેં તો તમને વરતી કાઢયા, હોં! તમે ભાવનગરમાં મામાને કોઠે રે’તા કે નઈ? તમે કપિલભાઈ ઠક્કરના ભાણેજ બચુભાઈ જ ને? યાદ છે—આપણે શેરીમાં હારે રમતા? ઓઘા

વાણિયાને હાટેથી ભાગ લઈને ખાતા? હું કાનજી ખવાસ.”

અને એકાએક સ્થળકાળનો ઓછાયો મારી નજર સામેથી ઓસરી ગયો—કાનજી અભેસંગ ખવાસ! અમારી શેરીમાં રહેતો. બચપણમાં અમે ભેળા રમેલા. “અરે...અરે, કાનજી! તું અહીંયાં ક્યાંથી, ભાઈ?” કહેતોકને હું એને ભેટી પડયો. મારો લંગોટિયો ભાઈબંધ! એય મને જોઈને ખુશ ખુશ હતો. કહે, “હું તો આંઈ તૈણ વરહથી સું દાક્તર સા’બની હારે. મેં તમને આબાદ વરતી કાઢ્યા, હોં મોટાભાઈ! વાળ ધોળા થયા, પણ અણહાર નો ભુલાય!”

સડક પાસેના બાંકડા પર અમે ગોઠવાયા, અલકમલકની વાતે વળગ્યા.

“ઈ જમાનો થાવો નથ, હો મોટાભાઈ! હવે તો દેશમાં યે સંધુંય ફરી ગ્યું. ઈ બોર તળાવ ને ઈ પીલ ગાર્ડન, ઈ ગંગાજળિયાનું દેરું ને ઈ તખતેશરની મોજું, ઈ દાલમશાલી ને ભડેકિયાં પાન ખાવાનો ટેસ... ઈ સંધુંય હવે થાવું નથ! મારા કરમમાં જ વદિયા નઈ. તમે મુંબી વયા ગ્યા ને હું રઈ ગ્યો ભણ્યા વિનાનો કોરોધાકોર. પછી વાળુકડવાળા રામજીભા શેઠને ન્યાં ચાકરી રઈ ગ્યો, એને વરહ થ્યાં ચાળી ઉપર બે. આ દાક્તર સા’બ એમના દીકરા—ઈની હારે તૈણ વરહથી આંઈ કણે સું.”

મેં કહ્યું, “કાનજી, તું તો નસીબદાર, ભાઈ! વગર ભણ્યે અહીં લંડનમાં લહેર કરે છે, ત્યારે ભલભલાને તો અહીં આવવાની પરમિટેય નથી મળતી.” તો કહે, “ઈ તો સંધોય ઠીકોઠીક સે, મોટાભાઈ. હું તો રામજી અદા હારે આપણો સંધોય મલક ફરી વળ્યો, શેઠે એ...ઈ....ન રૂપાળી ચાર ધામની જાત્રા કરાવી. ને ગંગામા તો જાણે અંબાનો અવતાર જોઈ લ્યો. ચાકર માતરને પંડયનાં જણ્યાંની જેમ જાળવે, હોં મોટાભાઈ! ઈ સાચકલાં માણહું ને ઈ જમાનો હવે થાવાં નથ. આ તો અદાએ પરાણે દાક્તરસા’બની ભેળો મેલ્યો ને મેં જીભ કસરી કે પંડ હાટે જાળવીશ, એટલે રે’વું પડે. બાકી આપણો મલક ઈ આપણો મલક, બીજાં સંધાંય ફાંફાં. જલમભોમકા ક્યાંય થાવી નથ!”

ડૉક્ટર શેઠની સાથે કાનજી લંડન આવ્યો. પેડિંગ્ટનમાં ડૉક્ટર પાંચ વરસ માટે છે. હજી બે વરસ કાઢવાનાં. પણ એનું મન ભટકે છે એની ‘જલમભોમકા’માં. મેં કહ્યું, “મારી દીકરી ભાનુ અહીં ચાર વરસથી છે, એને મળવા આવ્યો છું.”

વાતોમાં વખત ક્યાં વીતી ગયો એની ખબર ન પડી. આનંદની મોટરનું હોર્ન સડક પરથી સંભળાયું એટલે મેં કહ્યું, “કાનજી, તુંયે આજે અમારી ભેળો જમવા ચાલ.”

રેસ્ટોરાંમાં અમે ગોઠવાયાં. કાનજીએ છરી-કાંટાથી અદબસર જમવા માંડ્યું. બધી એટિકેટ એ બરાબર જાળવતો. જમતાં જમતાં કાનજી ભાનુને કહે, “દીકરી મારી, તું અહીં ચાર વરહથી, પણ મને તો ખબરેય નંઈ. તારે અંઈ કોઈ વાતે મૂંઝાવું નંઈ. અડીઓપટીએ આ કાનજીને, બસ, એક ફોન કરી દેવો. મારી તો આંખ્યું ટાઢી થૈ આ તમારી શિવ-પાર્વતી જેવી જોડી જોઈને!” એને જ્યારે ખબર પડી કે આનંદને ગુજરાતી નથી આવડતું, ત્યારે એની સાથે હિંદીમાં ફેંકવા માંડ્યું. કહે, “તુમ તો, સાબ, બડા નસીબવાળા, હોં કે! અમારી છોડી રતન જેસી હે. કામ પડે તો હમકો, બસ, એક ટેલિફોન કર દેના. હમ તો તુમારા કાકાજી લગતા. કોઈ વાતસે મૂંઝાના નંઈ!”

જમવાનું પૂરું થયું એટલે અમે અંદર હાથ ધોવા ગયાં. પાછા આવી કૉફી પીવા બેઠાં ત્યારે કાનજી અંદર ગયો. અમે બિલની રાહ જોતાં બેઠાં હતાં, ત્યાં વેઇટર બિલ અને પરચૂરણ સાથે હાજર થયો અને ડિશ કાનજી સામે ધરી. અમે અંદર ગયાં ત્યારે કાનજી કાઉન્ટર પર પૈસા સરકાવી આવ્યો હશે! ટિપનો હિસાબ ગણી એણે પાંચ શિલિંગ ડિશમાં રહેવા દીધા.

મેં કહ્યું, “કાનજી, આ શું? તું તો અમારો મહેમાન—તારાથી પૈસા અપાય જ નહિ!” તો કહે, “દીકરી-જમાઈને પે’લી વાર જોયાં, મોટાભાઈ! કંઈ બોલો તો મારા ગળાના સમ!” એ ભોળા માણસને શું કહેવું? વળી પાંચ પાઉન્ડની નોટ કાઢી ભાનુના હાથમાં આપવા માંડી. મેં કહ્યું, “અરે, અરે... આ તું શું કરે છે?” તો કહે, “ઈ તો

વે’વારની વાત સે, મોટાભાઈ! એમાં તમારાથી કંઈ બોલાય જ નંઈ. લઈ લે, દીકરી! તને જમાડીને કાપડું કરવું જોયે મારે. તારા બાપુ ને હું નાનપણમાં ભેળા રમતા, ઈ વેવારે હું તારો કાકો થાઉં.”

અમારી સૌની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ભાનુ ઊભી થઈ, વાંકી વળી કાનજીને પગે લાગી. વિલીન થતા જમાનાના અવશેષ જેવા આ સાચકલા માણસની ભાવનાની અવગણના કરવાની એનામાં હિંમત શેં પડે?

છૂટાં પડ્યાં ત્યારે કાનજીનાં મોંમાં, બસ, એક જ વાત હતી: “આપણા મલક જેવો મલક થાવો નથ, હોં મોટાભાઈ! આંઈકણે મારા જેવાને નો સોરવે, પણ જીભ કસરી એટલે રે’વું પડે. બાકી જલમભોમકા ઈ જલમભોમકા!”

['અલગારી રખડપટ્ટી' પુસ્તક]

# રસિક બિશ્વાસ

## ગુજરા હુઆ જમાના

વર્ષો પહેલાં એક ગુજરાતી યુવાન આફ્રિકાના કમ્પાલા શહેરની બ્રિટિશ એમ્બસિમાં કારકુનની નોકરી કરે. એની સાથે ઇટાલીની એક સમવયસ્ક યુવતી પણ નોકરી કરે. બંને યુવાન. બંને વચ્ચે ઓળખ થઈ— પ્રેમ થયો અને લગ્નબંધનમાં બંધાઈ ગયાં. મજાથી રહે. લગ્નજીવનનાં બેએક વર્ષ વીત્યાં હશે, ત્યાં કોઈ કારણસર બંને છૂટાં પડી ગયાં. યુવતી નોકરી છોડી ઇટાલી ચાલી ગઈ. યુવક નિવૃત્ત થઈ ભારત આવી આણંદમાં વસ્યો. મોટી વયે બીજું લગ્ન કર્યું. બાળકો પણ થયાં. ૨૨ વર્ષોનાં વહાણાં વીતી ગયાં. ભૂતકાળ ભુલાઈ ગયો.

એક દિવસ એને ફ્રાન્સના પૅરિસ શહેરથી પત્ર મળ્યો. વાંચ્યો અને એનાં રુવાંટાં ખડાં થઈ ગયાં. વિષાદ છવાઈ ગયો. શું હશે? કોણે લખ્યું હશે? કેમ વિષાદમય બની ગયો? વગેરે માટે ભૂતકાળમાં ડોકિયું કરવું પડે.

એ યુવકે ઇટાલિયન યુવતી સાથે છૂટાછેડા લીધા ત્યારે યુવતી સગર્ભા હતી, એની આ યુવકને ખબર નહીં. યુવતી ઇટાલી ગઈ. ત્યાં એક બાળકીને જન્મ આપી યુવતી મૃત્યુ પામી. એ બાળકી અનાથાલયમાં ઊછરીને ભણીગણીને મોટી થઈ. એને થયું કે, હું કેમ અનાથાશ્રમમાં ઊછરી? મારાં માતાપિતા કોણ? એ વાત યુવતીના મનમાં ઘોળાયા કરે! એની મા ડાયરી લખતી હતી. એ ડાયરીમાં એણે એ વાંચ્યું કે એની માતાનાં લગ્ન ભારતના કોઈ સુબોધ અમીન સાથે થયાં હતાં, એ એનો પિતા હતો. એને થયું કે, “હું કોઈનું ગેરકાયદે સંતાન નથી!” એણે નિર્ણય કર્યો: કોઈ પણ સંજોગોમાં મારા પિતાને શોધી કાઢી, “મારી માતાને કેમ ત્યાગી હતી?” એ પૂછીશ.

આ દરમિયાન યુવતીને એક ધનવાન યુવાન સાથે પ્રેમ થયો.

લગ્ન કર્યાં અને પૅરિસ રહેવા ચાલી ગઈ. એણે લીધેલો નિર્ણય એના મનમાંથી ખસવાનું નામ ન લે. એણે પતિને વાત કરી. એના નિર્ણયમાં પતિ સહમત થયો.

એક દિવસ પ્લેનમાં બેસી બંને કમ્પાલા ગયાં. ત્યાંની સરકારને વાત કરીઃ “આ નામના માણસનું પેન્શન ઇન્ડિયામાં કયા સરનામે જાય છે?” જવાબ મળ્યો, “એ ભાઈ બ્રિટિશ સરકારની નોકરી કરતા હશે. એમનું પેન્શન બ્રિટનમાંથી મળતું હશે.” પાછી નિરાશા ઘેરી વળી. પણ અડગ નિર્ણય હતો. પાછાં લંડન ગયાં. ત્યાંથી સરનામું મેળવ્યું અને ૧૯૯૫માં એ યુવતીનો પત્ર એના પિતાને મળ્યો. બનેલી બધી વિગત એમાં લખેલી હતી.

પેલો યુવાન સાઠી વટાવી ચૂક્યો હતો. આ નવી ઉદ્ભવેલી ઘટનાનો એને સ્વપ્નેય ખ્યાલ ન હતો. એ વાત વર્તમાન પત્નીને અને બાળકોને એણે કરી. સૌના મનમાં આનંદ છવાયો, પતિ-પત્નીને પુત્રી મળ્યાનો અને બાળકોને ‘દીદી’ મળ્યાનો.

પિતાએ ભીની ભીની લાગણીસભર જવાબ વાળ્યો. યુવતીને બધી વિગત જણાવી અને ભારત આવવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવ્યું. એનો સ્વીકાર કરી પુત્રીએ ‘અમે આવીએ છીએ’નો ફોન પણ કર્યો. બંગલાનું રંગરોગાન થયું. સજાવટ થઈ. ઉપલા માળે પુત્રી-જમાઈને રહેવા શણગાર સજ્યા.

૧૯૯૫ના દિવાળીના તહેવારોમાં પુત્રી-જમાઈ મુંબઈ સહારા એરપોર્ટ પર ઊતર્યાં. પિતા કુટુંબસહ આવકારવા હાજર હતા! અને પિતાપુત્રી ભેટી પડ્યાં. આંસુઓની ધારા વરસી.

એક સ્ત્રીનો અડગ નિર્ણય સિદ્ધ થયો. તેની, ‘ગુજરા હુઆ જમાના’ની આ એક સત્યકથા!

[‘અખંડ આનંદ’ માસિકઃ ૨૦૦૧]

# રસિક શાહ

## સાહિત્ય અને દુર્બોધતા

સાહિત્ય વાંચતાં કોઈક વખત એ નથી સમજાતું એવી લાગણી થાય છે. એવી મુશ્કેલીને આપણે દુર્બોધતા કહીને ઓળખાવીએ છીએ.

કેટલીક દુર્બોધતા નિવારી શકાય એવી હોય; કેટલીક ઉપેક્ષા કરવા જેવી હોય. દુર્બોધતા વાચકની તૈયારીની કે યોગ્યતાની કચાશના કારણે લાગતી હોય એવું પણ બને.

સ્પષ્ટ રીતે વ્યક્ત ન થતું હોય, સમજવું અઘરું લાગતું હોય, શબ્દનો અર્થ અસ્પષ્ટ હોય, એક કરતાં વધારે અર્થઘટન થઈ શકે એ રીતે શબ્દો કે વાક્યો વપરાયાં હોય ત્યારે વાચકને જે અનુભવ થાય છે એ દુર્બોધતાનો છે. એવી દુર્બોધતા વાચનપ્રવૃત્તિની ગતિમાં, એની પ્રવાહિતામાં સ્પીડ-બ્રેકરનું કામ કરે છે. વાર્તાપ્રવાહમાં કે કાવ્યના રસમાં એકંદરે પાયાનો વિક્ષેપ ન થતો હોય તો વાચક એવી દુર્બોધતાની અવગણના પણ કરતો હોય છે.

સાહિત્યનો રસાસ્વાદ સાહિત્યની ચર્વણા પછી જ થતો હોય છે. ચર્વણાનો પુરુષાર્થ ભાવકના પક્ષે કેટલીક પૂર્વતૈયારી માગી લે છે. એવા સાહિત્યને આપણી રુચિ સામે આવતો પડકાર ગણીએ તો સાહિત્ય માણવાની એક જુદી જ મજા આવે, આપણી રુચિ ઘડાય.

ભાષાનો ઉપયોગ કશીક લાગણી, ભાવ કે વિચાર સામા સુધી સફળતાપૂર્વક પહોંચાડવા માટે સામાન્યતયા કરતા હોઈએ છીએ. ભાષા બોલીને પોતાનું કથન વિશ્વને પ્રગટ કરવું અને પોતાની જાતને વ્યક્ત કરવી એ માનવીને મળેલી મહાન બક્ષિસ છે. એને કેમ વાપરવી, એને કેવી રીતે સમૃદ્ધ કરવી અને એની મારફત જીવનનાં ગૂઢ રહસ્યોને ઉકેલવાં અને પ્રગટ કરવાં એ માનવીના હાથની વાત છે.

ભાષાની અભિવ્યકિતની શકિતને સાહિત્ય દ્વારા પામવી, ઓળખવી

અને માણવી એ સર્જક માટે અને ભાવક માટે એક સાહસયાત્રા છે. સમૃદ્ધ સાહિત્ય એ સાહસયાત્રામાં જોડાવાનું ઇજન છે.

આપણને લાગતી દુર્બોધતા એ સાહસયાત્રામાં આવતા અટપટા અને કઠિન માર્ગો છે. અંધારી અને સાંકડી ગલીઓ છે, કદીક કપરાં ચઢાણ છે. એને ખંતથી, અભ્યાસના પુરુષાર્થથી દૂર કરવાં રહ્યાં.

['પરબ' માસિકઃ ૨૦૦૫]

# રસ્કિન બૉન્ડ

## ગુલદસ્તો

મસૂરીના પહાડોના ઊંચાણવાળા ભાગ તરફ એક વૃક્ષોનું ગાઢ જંગલ આવેલું છે. કબ્રસ્તાન થઈને જે રસ્તો ફંટાય છે, ત્યાંથી થોડેક દૂર 'હંટર્સ લૉજ' નામનો એક પુરાણો, નાનો બંગલો જીર્ણ અવસ્થામાં હજુ ટકી રહ્યો છે. તેની આસપાસના બંગલાઓ સો-સવાસો વર્ષ જૂનાં, અંગ્રેજોનાં નિવાસસ્થાનો, લગભગ પડી ભાંગેલાં છે. ત્યાં કોઈ રહેતું નથી. કોઇમાં વાનરોએ અડ્ડો જમાવ્યો છે, તો કોકમાં રખડતાં કૂતરાં આશરો લે છે. એકાદમાં ઘુવડોએ, કાગડાઓએ માળા બાંધ્યા છે.

'હંટર્સ લૉજ'ને અમારી સ્કૂલના બધા વિદ્યાર્થીઓ 'મેકી હાઉસ' તરીકે ઓળખતા. આ બંગલામાં મિસ મેકૅન્ઝી નામનાં વૃદ્ધા રહેતાં હતાં. સ્વભાવે એ બહુ માયાળુ અને પ્રેમાળ હતાં. સ્કૂલે જતાં કે આવતાં અમે તેમને વરંડાની મોટી આરામખુરશી પર પગ લંબાવીને બેઠેલાં ઘણી વાર જોતાં. ક્યારેક હાથ વડે ઇશારો કરી અમને બોલાવી તેમના બગીચાનાં જાંબુ, ચીકુ કે જામફળ આપતાં. એમણે એક કૂતરો પાળ્યો હતો—ટાઈગર. એ વરંડામાં બેઠો હોય તો કોઈની હિંમત નહોતી કે ત્યાં જાય.

મિસ મેકૅન્ઝીના બંગલામાં ગુલાબનાં મોટાં ફૂલો થતાં. ફૂલ જોઈ મારું મન ઘણી વાર લલચાતું; પરંતુ ટાઈગરની બીકે બગીચામાં પગ મૂકવાની હિંમત થતી નહીં. મેકૅન્ઝીની ઉંમર એંસીથી વધારે હશે. એક વાર તાનમાં આવી અમારા હાથ પકડી એ ગાતાં હતાં: "આઈ એમ એઇટી એન્ડ યુ આર એઈટ, બટ સી બોય્ઝ! માય લવલી ગેઈટ..." અમે બધા વિદ્યાર્થીઓ એમના હાથ પકડી બગીચાના ફુવારાની આસપાસ ગોળ ગોળ ફરતા. હસતા કૂદતા. આનંદમાં નાચતા...

એંસી વર્ષથી વધારે ઉંમરનાં અમારાં 'મેકીમાઈ' ડોસીમાની જેમ

વાંકાં વળીને ચાલતાં નહોતાં. પગની પાની સુધી લટકતું મોટું, જૂની ફૅશનનું રંગીન ફ્રોક પહેરતાં. અઠવાડિયામાં બેત્રણ વાર સાંજે કે સવારે અમે તેમને માલ રોડની દુકાનોમાંથી બ્રેડ, માખણ, ઈંડાં કે શાકભાજી ખરીદતાં જોતા.

એક દિવસ અમારી સ્કૂલ કશાંક કારણોને લીધે બે કલાક વહેલી બંધ થઈ હતી. હું ઘર તરફ પાછો વળતો હતો ત્યારે જોયું તો મેકીમાઈ વરંડામાં બેઠાં બેઠાં ચા પીતાં હતાં. મેં હાથ ઊંચો કરી કહ્યું: "ગુડ આફ્ટરનૂન, ગ્રેની..."

"કમ કમ, સની, આજે સ્કૂલ વહેલી બંધ થઈ ગઈ? એકલો કેમ છે? તબિયત સારી છે ને? આવ, ચા પી..." નાક પર સરી આવેલાં ચશ્માં ઊંચાં કરતાં મેકીમાઈ બોલી ઊઠ્યાં.

બંગલાના ઝાંપામાં હું દાખલ થયો. વરંડાનાં પગથિયાં ચડતાં ચડતાં પૂછ્યું: "ગ્રેની, તમારો ટાઈગર છૂટો તો નથી ને?"

"ના, પાછળના રૂમમાં એને બાંધી રાખ્યો છે. ચિંતા કર્યા વિના બેસ. બોલ, ચા પીશ? બનાવું?" તેમણે ચાની કીટલી ઉપાડતાં પૂછ્યું.

"ના, ના, ગ્રેની, ચા પીતો નથી."

"વૅલ, તો પછી આ કેક ને પેસ્ટ્રી ખા. લે, કેક મેં ઘેર બનાવી છે." મારી સામે નાના ટેબલ પર કેક અને પેસ્ટ્રીની મોટી ડિશ મૂકી. કેકનો એક ટુકડો લઈ હું ખાવા લાગ્યો.

"તારું નામ શું છે? તારા પિતા. નોકરી. વતન." મેકીમાઈ પૂછવા માંડ્યાં.

મેં ટૂંકમાં બધું જણાવ્યું. પછી પ્રશ્ન કર્યો: "ગ્રેની, તમે અહીં એકલાં જ રહો છો?"

એમણે ચાનો કપ નીચે મૂક્યો. નેપ્કિન વડે હોઠ લૂછ્યા. ચશ્માં ઊંચાં કરીને એ બોલવા લાગ્યાં: "સની, હું વર્ષોથી અહીં એકલી જ રહું છું. પ્રથમ વિશ્વયુદ્ધથી, એટલે કે સન ૧૯૧૪થી. મારાં માતાપિતા, ભાઈઓ બધાં જ મરી પરવાર્યાં. મારે બીજું કોઈ સગુંવહાલું નથી. બીજી

લડાઈ વખતે મેં દહેરાદૂન હોસ્પિટલમાં નર્સ તરીકે સેવાઓ બજાવી હતી, એટલે સરકાર થોડુંક પેન્શન આપે છે. તેનાથી ગુજરાન ચાલે છે. ક્યારેક ઇંગ્લેન્ડમાં રહેતી મારી સખીઓ, મિત્રો વગેરે ભેટ-સોગાદ મોકલતી રહે છે. ચાલે છે. ભગવાનની દયા છે."

"તમારાં અહીં કોઈ મિત્રો. નથી?" પેસ્ટ્રીનો એક ટુકડો મોંમાં મૂકતાં મેં પૂછ્યું.

"ના, કોઈ નથી. ક્યારેક અહીંના ચર્ચના પાદરી મને મળવા આવે છે. બાકી આવનારામાં પોસ્ટમેન, દૂધવાળો, માળી... બસ. હા, મારો હંમેશનો સાથી છે, મારો વફાદાર ટાઈગર. અનિલ, તું કયા સ્ટાન્ડર્ડમાં છે?"

"દસમામાં... ટેન્થમાં."

"વેલ, ગુડ.—હજુ તો તું અહીં બે વર્ષ રહેવાનો, કેમ?"

"હા, ગ્રેની."

"હોસ્ટેલમાં રહે છે ને?" ઊનનો દડો તથા સોયો હાથમાં લઈ ગૂંથતાં ગૂંથતાં તેમણે પૂછ્યું.

"યસ, ગ્રેની, મારાં પેરન્ટ્સ દિલ્હીમાં છે. બસ, હવે મને રજા આપો, જાઉં." કહી હું ઊભો થયો.

"ફરીથી પાછો આવજે, અનિલ."

અનિલ?... મારા એક મિત્રનું નામ અનિલ હતું. મારું નામ મેં મેકીમાને કહ્યું હતું, છતાં એ ભૂલી ગયાં હતાં. હું કંઈ બોલ્યો નહીં. અને વરંડાનાં પગથિયાં ઊતરતાં, હાથ ઊંચો કરતાં, બોલ્યો: "બાય, ગ્રેની, સી યુ અગેન!"

*

મેકીમાઈને ફૂલછોડનો ભારે શોખ. પોતાના નાનકડા બગીચામાં ચીકુ, સફરજન, જાંબુ અને જામફળનાં વૃક્ષો તો ઉગાડ્યાં જ હતાં, પરન્તુ સાથે સાથે દેશી-વિદેશી ફૂલોના રોપાઓ ઘણા વાવ્યા હતા. હેલિયાઝ, ઓર્કિડ, ક્રીથેન્સિયમ, ગ્લેડિઓલિ, બોગન જેવાં વિદેશી ફૂલો

અને મોગરો, ગુલાબ, ચંપો, જૂઈ જેવાં દેશી ફૂલોની રંગીન સમૃદ્ધિથી મેકીમાઈનો બગીચો ખૂબ શોભી ઊઠતો. ફૂલઝાડ વિશે મેકીમાઈનું જ્ઞાન ઘણું સારું હતું. તદ્દુપરાંત પક્ષીઓ અને પ્રાણીઓનાં જીવન તથા ટેવોની તેમને સારી માહિતી હતી. આ વિષયનાં અસંખ્ય રંગીન ચિત્રોવાળાં પુસ્તકો તેમની પાસે હતાં. વિવિધ પ્રકારનાં રંગબેરંગી પતંગિયાંનાં ચિત્રોનું એક આલ્બમ જોઈ હું તો મુગ્ધ થઈ ગયો હતો.

*

સપ્ટેમ્બર મહિનો ચાલતો હતો. વરસાદની મોસમ લગભગ પૂરી થવા આવી હતી. મેકીમાઈના બગીચામાં આફ્રિકન મેરીગોલ્ડ પૂરબહારમાં ખીલ્યાં હતાં. શનિવાર હતો એટલે સવારની સ્કૂલ હતી. અગિયાર, સવા અગિયાર વાગ્યા હશે. પુસ્તકોથી ભરેલી વજનદાર બૅગ ગળાની આગળ લટકાવી હું ધીમે ધીમે હોસ્ટેલ ભણી જતો હતો. મારી નજર મેકીમાઈનાં મેરીગોલ્ડ ફૂલ પર સ્થિર થઈ. ફ્લાવરવાઝમાં મૂકવા માટે એ સુંદર ફૂલો હતાં. અમારી હોસ્ટેલમાં અમારા રૅક્ટર સાહેબની ઓફિસ આગળ એક મોટું ગોળ ટેબલ હતું. તેના પર એક જૂનો, ખાલી વાઝ પડ્યો રહેતો. મને થયું, માઈના બગીચામાંથી થોડાંક ફૂલો તોડી પેલા વાઝમાં ગોઠવીશ તો રૅક્ટર સાહેબ ખુશ થશે. જે કોઈ જોશે, આનંદ પામશે.

વરંડામાં તડકો હતો એટલે મેકીમાઈ એમની મોટી આરામખુરશીમાં બેઠાં નહોતાં. ધીમેથી, અવાજ ન થાય એમ ઝાંપો ઉઘાડી હું બંગલાના કમ્પાઉન્ડમાં દાખલ થયો. મેરીગોલ્ડનાં ફૂલો થોડાંક તોડ્યાં, એટલામાં મેકીમાઈ વરંડામાં આવી પહોંચ્યાં. હું એક છોડની આડમાં સંતાઈ ગયો. મેકીમાઈ કદાચ મને જોઈ ગયાં હતાં. વરંડાનાં પગથિયાં ઊતરી, સ્લીપરનો પટાક્ પટાક્ અવાજ કરતાં એ આવી પહોંચ્યાં મારી પાસે. આવ્યાં એટલે પસીનાથી ભીના થયેલા મારા ચહેરાને ખમીસની બાંય વડે લૂછતાં, અટકતાં અટકતાં મેં કહ્યુંઃ "ગુડ મોર્નિંગ, ગ્રેની."

"ગુડ મોર્નિંગ, સની. પણ તું આમ છુપાયો છે શા માટે? તારે ફૂલો જોઈતાં હતાં તો મને કહેવું હતું. જો દીકરા, આ મેરીગોલ્ડનાં

ફૂલ મને બહુ ગમે છે. ઝાડ ઉપર જ એ સુંદર લાગે છે.”

“આઈ એમ વૅરી સોરી, ગ્રેની,” છોડની આડમાંથી બહાર આવતાં હું બોલ્યો.

“ડોન્ટ વરી, ચાલ થોડાંક ફૂલ બીજાં તોડી લે. પણ શું કરીશ તું આ બધાં ફૂલોનું?” મારા ખભે હાથ મૂકતાં તેમણે પૂછ્યું.

“ગ્રેની, અમારી હોસ્ટેલમાં એક વાઝ ઘણા દિવસોથી ખાલી પડ્યો છે, તેમાં મૂકવાં છે.” ચાર-પાંચ ફૂલો દાંડી સાથે તોડી લીધાં અને મારી બૅગમાંથી એક પ્લાસ્ટિક-થેલી કાઢી તેમાં સાચવીને મૂકી દીધાં.

“ચાલ ઉપર, વરંડામાં બેસી વાતો કરીએ.”

અમે વરંડામાં જઈને બેઠાં. હાથમાં ઊનનો દડો અને સોયો લઈ તેમણે મને પૂછ્યું, “અનિલ, તને ફૂલો ખૂબ ગમે છે, કેમ?”

“હા, ગ્રેની, મારે બોટનિસ્ટ થવું છે.”

“સરસ. પણ તને ફૂલોનાં નામની ખબર છે?”

“હા, તમારા બગીચાનાં ઘણાંખરાં ફૂલનાં નામ હું જાણું છું. જુઓ પેલા ઝાંપા પાસેનો છોડ ‘બટરકપ’નો છે. પેલી બોગન છે, તેની પાસે એગ્ઝોરા છે, પેલા ખૂણામાં ડૅલિયા, પછીની ક્યારીમાં ઓકિર્ડ. હા, પેલાં પીળાં-લાલ ફૂલોવાળા, બદામ જેવા આકારનાં પાંદડાંવાળા છોડના નામની ખબર નથી.’

“એ છે ગોલ્ડબોગન, તેને વાઇલ્ડ બોગન પણ કહે છે. વચ્ચે પેલી ગોળ ક્યારીમાં છે—જાંબુડી રંગના ફૂલોવાળો છોડ તે સેલ્વિયાનો. તેં ફૂલોનું પુસ્તક જોયું છે? બેસ, હું લઈ આવું…” કહી મેકીમાઈ ઊભાં થઈને અંદર ગયાં.

દસેક મિનિટ બાદ હાથમાં એક મોટું પુસ્તક લઈને આવી પહોંચ્યાં. મને તેમની બાજુમાં બેસવા કહ્યું.

“જો અનિલ, આ પુસ્તકનું નામ છે ‘ફ્લોરાં હિમાલીઅન્સિસ’. ઘણું જૂનું છે.” મેકીમાઈએ પુસ્તકનું લાલ પૂંઠું ખોલતાં કહ્યું. મેં અંદર નજર

નાંખી—સન ૧૮૯૨માં પ્રકાશિત થયેલું હતું. “હિન્દુસ્તાનમાં કદાચ આ પુસ્તક કોઈની પાસે હવે નહીં હોય. આ પુસ્તકમાં હિમાલયની વનસ્પતિ વિશે વિપુલ માહિતી આપવામાં આવી છે. આનો લેખક વર્ષો સુધી હિમાલયની તળેટીઓમાં ફર્યો હતો અને બધી માહિતી એકઠી કરી હતી. ફૂલોના શોખીન લોકો માટે આ પુસ્તક અમૂલ્ય છે. આમાં ઘણાં અજાણ્યાં જંગલી ફૂલોની જાતોનું વર્ણન છે. તને આમાં ખૂબ રસ પડશે. હા, અને તારે બોટનિસ્ટ થવું છે ને? એટલે તો તને ઘણું ઉપયોગી થશે. ચાલો આપણે જોઈએ.” કહી તેમણે પાનાં ફેરવવા માંડ્યાં. એ રંગબેરંગી ચિત્રો બતાવતાં અને ઓળખાવતાં ગયાં.

“આમાંનાં ઘણાં ફૂલઝાડ મસૂરીમાં જોવા મળતાં નથી. તારે હિમાલયની તળેટીમાં બધે ઘૂમવું પડશે, આ ચિત્રોમાં બતાવેલાં ફૂલઝાડ શોધી કાઢવાં પડશે. તું બોટનિસ્ટ થવાનો છે ને? અને પછી આવું સુંદર પુસ્તક તું પણ તૈયાર કરજે હોં..”

“હા, ગ્રેની, જરૂર તૈયાર કરીશ.” મેં હકારમાં માથું હલાવતાં કહ્યું.

“ચાલ હવે અંદર જઈએ,” પુસ્તક બંધ કરતાં એ બોલ્યાં. “તને સરસ કોફી પિવડાવું. ચાલ.”

થોડાક સંકોચ સાથે હું તેમની પાછળ ગયો. રસોડાના પ્લૅટફૉર્મ પર બે સ્ટવ હતા, એક નાનો અને બીજો મોટો. બેઉ વાટવાળા સ્ટવ હતા. નાના સ્ટવની વાટોને દીવાસળી વડે સળગાવી તેના પર પિત્તળની કીટલી મૂકી. કીટલીમાં પાણી ભરેલું હતું. પ્લૅટફૉર્મ આગળ બે મૂડા પડ્યા હતા. મને મૂડા પર બેસવાનું મેકીમાઈએ કહ્યું. પછી તે પણ મારી બાજુના મૂડા પર બેસી ગયાં.

ફૂલોનાં રંગીન ચિત્રોવાળું પુસ્તક મેકીમાઈએ ડાઇનિંગ ટેબલ પર મૂક્યું હતું. કોફી તૈયાર થતી હતી તે દરમિયાન એ પુસ્તક ખોલી હું ફૂલોનાં નામ વાંચતો હતો અને ચિત્રો જોતો હતો.

“ગ્રેની, હું આમાંથી થોડાંક ફૂલોનાં નામ મારી નોટબુકમાં લખી લઉં?” મેં પૂછ્યું.

"જરૂર, નોંધી લે." કીટલીમાંથી કપમાં કોફી રેડતાં તેમણે કહ્યું.

"થોડાંક નામ અત્યારે લખી લઉં, બાકીનાં ફરીથી આવીશ ત્યારે."

"યુ આર વેલકમ એની ટાઇમ. લે, પહેલાં કોફી અને બિસ્કિટ."

કોફી અને બિસ્કિટ લઈ, થોડાંક ફૂલોની નોંધ કરી હું મારી હોસ્ટેલે જવા ઊભો થયો. "ગુડ બાય, ગ્રેની, એન્ડ થેન્ક યૂ વેરી મચ. બાય!"

"યૂ આર ઓલ્વેઝ વેલકમ, સની. બાય!" વરંડામાં આવી હાથ ઊંચો કરી મેકીમાઈએ મને વિદાય આપી.

પછી તો બસ નવાં નવાં ફૂલોનાં નામો, જાતો, રંગોની વિવિધતા, અનોખી સુગંધ વગેરેની મારી ઘેલછા ખૂબ વધી ગઈ. સ્કૂલની રિસેસમાં, ક્યારેક સાંજના, મસૂરીની પહાડીઓમાં ફૂલઝાડની શોધમાં ફરવા લાગ્યો. અજાણ્યાં નવાં ફૂલો લાવી મેકીમાઈને બંગલે જતો; તેમને બતાવી તેનાં નામ જાણતો. પેલા પુસ્તકમાં ફૂલોનાં જે ચિત્રો હતાં તેની સાથે તોડી આણેલાં મારાં ફૂલોની સરખામણી કરતો.

*

સ્કૂલમાં ભણવામાં, રમતો રમવામાં, ટર્મિનલ પરીક્ષાની તૈયારીમાં અને સમય મળે ત્યારે જંગલી ફૂલો વીણવામાં, રખડવામાં, મેકીમાઈ સાથે વાતો કરવામાં દિવસો વીતતા ગયા. અમારી સ્કૂલમાં ઓક્ટોબરના અંતમાં વૅકેશન પડતું. ઓક્ટોબર પૂરો થવાને દસ દિવસ બાકી હતા. સપ્ટેમ્બરની શરૂઆતથી જ ક્યારેક તો મસૂરીમાં બરફ પડવા માંડે છે. હિમાલયનાં ઊંચાં ઊંચાં શિખરો પર બરફ જામતો જાય છે. હિમાચ્છાદિત શિખરોની પાછળ સ્વચ્છ, ભૂરું આકાશ ઝળૂંબતું દેખાય છે. સૂર્યાસ્તના સમયે શિખરો પર અનોખી રંગલીલાનાં દર્શન થાય છે. નારંગી રંગમાં રંગાયેલાં શિખર પર એકાએક સોનેરી રંગનું વિશાળ મોજું પથરાઈ જાય... પછી ક્ષણમાં લાલ. પ્રકાશ ક્ષીણ થતાંની સાથે શિખરો સૂવાની તૈયારી કરતાં ન હોય એમ પોતાના ધુમ્મસના બિસ્તરાઓ ખોલવા માંડે. રંગસાગરનાં મોજાં ધીરે ધીરે વિલીન થઈ જાય.

સ્કૂલની ટર્મનો છેલ્લો દિવસ હતો. સાંજે હોસ્ટેલ તરફ જતી

વખતે મેકીમાઈને મળવાનું મેં નક્કી કર્યું હતું. તેમને ‘ગુડ બાય’ કહેવા માટે ઝાંપો ઉઘાડી ચોગાનમાં દાખલ થયો. બંગલાના બારણે તાળું જોયું. મેકીમાઈની રાહ જોતો વરંડામાં પડેલા મૂડા પર બેઠો. પછી બગીચામાં ફરવા લાગ્યો.

થોડીક વારમાં મેકીમાઈ આવી પહોંચ્યાં. બેઉ હાથમાં થેલીઓ તથા પડીકાં હતાં. પાછળ ટાઈગર ભસતો કૂદતો હતો. ટાઈગરને જોઈ હું થોડોક ડર્યો. એ પાસે આવ્યો, મારા પગ સૂંઘ્યા અને જતો રહ્યો. એ હવે મને ઓળખી ગયો હતો.

“હલો ગ્રેની, ગુડ આફ્ટરનૂન.” મેં મેકીમાઈના હાથમાંથી પડીકાં લેતાં કહ્યું.

“ઓહ અનિલ, તું ક્યારે આવ્યો?” મેકીમાઈએ હાંફતાં હાંફતાં પૂછ્યું.

“પંદર-વીસ મિનિટ થઈ હશે. આવતી કાલે હું મારે ઘેર, દિલ્હી જવાનો છું. જતાં પહેલાં તમને મળવા આવ્યો છું.”

“એમ? તારું વેકેશન કાલથી જ શરૂ થશે? ઓહ, આઈ વિલ મિસ યૂ વેરી મચ, સની! તારા વગર મને નહીં ગમે. વેલ... વેલ...” અમે પગથિયાં ચઢી વરંડામાં આવ્યાં, તાળું ઉઘાડી અંદર ગયાં.

રસોડાના પ્લૅટફૉર્મ પર બધો સામાન મૂકી અમે ડ્રૉઇંગરૂમમાં આવ્યાં અને નેતરના સોફાસેટ પર બેઠાં.

“કેટલા દિવસ પછી પાછો આવીશ, અનિલ?” તેમણે પૂછ્યું.

“ક્રિસ્મસ પછી.”

“ક્રિસ્મસ પછી? ઓહ, સો મેની ડેઝ! વેલ, યુ કાન્ટ હેલ્પ. બેસ, તારે માટે ચોકલેટ ડ્રિંક બનાવી લાવું.”

“ગ્રેની! એની જરૂર નથી.”

“ના, ના, તું લાંબા વખત માટે જવાનો છે. તારે કંઈક લેવું જ જોઈએ.” એમ કહી એ અંદર ગયાં અને ત્યાં સુધી હું ટેબલ પર

પડેલું જૂનું ‘ઇલસ્ટ્રેટેડ વીકલી’ જોવા લાગ્યો.

નાની ટ્રેમાં તે ચોકલેટ મિલ્કનો મોટો કપ લઈ આવ્યાં. ‘વીકલી’ સોફા પર મૂકી, હું દૂર દેખાતાં હિમાલયનાં શિખરો ભણી જોઈ રહ્યો. હાથ ઊંચો કરીને મેં પૂછ્યું: “ગ્રેની, પેલું જે દેખાય છે તે શિખર કેટલું ઊંચું હશે?”

“ચારેક હજાર મીટર ઊંચું હશે. મને ઘણી વાર ત્યાં જવાનું મન થાય છે. ત્યાં જે ફૂલો થાય છે તે અહીં કદી જોવા મળતાં નથી. પેલા પુસ્તકમાં તેનાં ચિત્રો પણ છે. બ્લુ જેન્ટેન, પર્પલ કોલંબાઈન, એનિમોન. વગેરે ફૂલો ચાર હજાર મીટરની ઊંચાઈ પર જ ઊગે છે.”

“ગ્રેની, હું બોટનિસ્ટ થઈશ ત્યારે એ શિખર પર જરૂર જઈશ.”

“જજે, ચોક્કસ જજે.” કહીને મેકીમાઈ પાસેના ટેબલ પર પડેલું પેલું પુસ્તક ‘ફ્લોરા હિમાલીઅન્સિસ’ લઈને બ્લુ જેન્ટેન, પર્પલ કોલંબાઈન વગેરે ફૂલોનાં ચિત્રો મને બતાવવા લાગ્યાં.

લગભગ કલાક વીતી ગયો. હું ઊભો થયો. “ગ્રેની, હું જાઉં હવે. કાલે સવારની બસમાં જવાનું. સામાન, પુસ્તકો વગેરે બાંધવાનું બાકી છે.”

“લે, આ પુસ્તક તું લઈ જા તારી સાથે.” કહીને મેકીમાઈએ પુસ્તક મારી સામે ધર્યું.

“પરન્તુ ગ્રેની, હું જાન્યુઆરીમાં તો આવવાનો છું.”

“ભલે, આવજે. પણ ઘરડાંની જિંદગીનો શો ભરોસો? આ પુસ્તક પસ્તીવાળાના હાથમાં જાય એવું હું નથી ઇચ્છતી. લઈ લે, તારા દફતરમાં મૂકી દે.”

“પણ ગ્રેની...”

“કંઈ નથી સાંભળવું મારે. લાવ તારું દફતર, હું જ મૂકી દઉં!” અને તેમણે દફતરમાં એ પુસ્તક મૂકી દીધું.

“ગુડ બાય, ગ્રેની, એન્ડ થેન્ક યુ વેરી મચ,” કહી હું બંગલાનાં પગથિયાં ઊતરી ઝાંપા ભણી ચાલવા લાગ્યો. અમે બેઉ ઉદાસ હતાં.

મારા પગ ભારે થઈ ગયા હતા.

*

દિલ્હી આવ્યા પછી બે-ત્રણ દિવસ સુધી મને કંઈ ગમ્યું નહીં. મસૂરી યાદ આવતું હતું. “ઘેર સુખરૂપ પહોંચી ગયો છું. કુશળ છું. તમારા સમાચાર લખશો,” એમ કાર્ડમાં મેકીમાઈને લખી, ટપાલપેટીમાં નાખ્યું. માતાપિતા તથા ભાઈ-બહેનો સાથે વાતો કરવામાં, ટીવી-સિનેમા જોવામાં, મિત્રોને ઘેર જવામાં, બાગ-બગીચામાં ફરવામાં દિવસો વીતવા લાગ્યા. દિવાળી તથા નવા વર્ષના તહેવાર આનંદપૂર્વક ઊજવ્યા.

નવા વર્ષની ભેટરૂપે મેકીમાઈએ મને પોસ્ટ-પારસલ મારફતે એક સુંદર ગુલાબી રંગનું ઊનનું મફલર મોકલ્યું. તેની સાથે તેમનો પત્ર પણ હતો. આ મફલરને ગૂંથતાં મેં તેમને જોયાં હતાં. પત્રમાં લખ્યું હતું કે બરફ અને વરસાદ પડે છે. ઠંડી પણ અસહ્ય છે. છતાં ધીમે ધીમે તેઓ બધું કામ કરે છે. તબિયત સારી છે. મારા આવવાની પોતે રાહ જુએ છે. હિમવર્ષાને લીધે તેમના બગીચાને ઘણું નુકસાન થયું છે. મેં પણ કાર્ડ લખી મારા કુટુંબના તથા દિલ્હીના વાતાવરણના સમાચાર મેકીમાઈને જણાવ્યા.

દિવસો વીતતા ગયા. નાતાલના તહેવાર આવી પહોંચ્યા. મેકીમાઈને મારે નાતાલ નિમિત્તે ભેટ મોકલવી હતી. કોની સાથે મોકલવી તેની મૂંઝવણમાં હતો. ત્યાં જાણવા મળ્યું કે પી.ડબલ્યુ.ડી.માં નોકરી કરતા મારા એક કાકા સરકારી કામે મસૂરી જવાના છે. મેકીમાઈ માટે તેમને ભાવતાં ફળો—સફરજન, દ્રાક્ષ, આલુ વગેરેનો નાનકડો કરંડિયો તથા બરફીનું પૅકેટ મોકલ્યાં. તેમના સામાન્ય રીતે હવામાં ઊડતા બોબ્ડ હૅર માટે એક મીનાકારીવાળી ચાંદીની હૅરપિન મોકલી. હૅરપિન પર રંગીન ફૂલોનું નકશીકામ હતું. તેમને ગમશે એમ હું માનતો હતો.

અને ખરેખર તેમને પિન ખૂબ ગમી. તરત તેમનો પત્ર આવ્યો, તેમાં લાગણીપૂર્વક મારો તથા મારાં માતાપિતાનો આભાર તેમણે વ્યક્ત કર્યો હતો. બરફી પણ ભાવી વગેરે.

*

જાન્યુઆરીનાં ત્રણ અઠવાડિયાં પૂરાં થયાં. મસૂરી જવાની હું તૈયારી કરતો હતો ત્યાં મને મેકીમાઈનો પત્ર મળ્યો. માઠા સમાચાર હતા. તેમનો વફાદાર અને પ્રિય કૂતરો ટાઈગર ઠંડીને લીધે મૃત્યુ પામ્યો હતો. મેં દિલગીરી અને આશ્વાસન વ્યક્ત કરતો પત્ર મેકીમાઈને લખ્યો. હું એકાદ અઠવાડિયામાં મસૂરી આવી જઈશ, એમ જણાવ્યું.

બે દિવસ બાદ હું મસૂરી જવા રવાના થવાનો હતો. ટિકિટ પણ આવી ગઈ હતી. અને સાંજે તાર મળ્યો, મારા પ્રિન્સિપાલનો. તેમાં તેમણે જણાવ્યું કે મેકીમાઈ ન્યુમોનિયા થવાથી મરણ પામ્યાં છે. ખૂબ આઘાત લાગ્યો. અનેક વિચારો, દૃશ્યો, લાગણીઓનાં મોજાં ઊઠ્યાં, ટકરાયાં. મન ખૂબ બેચેન અને અશાન્ત બન્યું.

રવિવારે બપોરે હું મસૂરી પહોંચી ગયો. હોસ્ટેલમાં સામાન મૂકી, ઉતાવળો ‘મેકી હાઉસ’ ભણી ચાલવા લાગ્યો. હોસ્ટેલના પટાવાળાએ કહ્યું હતું કે સાંજના મેકીમાઈની દફનવિધિ છે; પ્રિન્સિપાલ સાહેબ તથા બીજા ‘ફાધરો’ પણ ત્યાં જ ગયા છે.

‘મૅકી હાઉસ’ આગળ ખાસ્સી ભીડ હતી. કૅથોલિક ધર્મનાં સ્ત્રીપુરુષો કાળાં વસ્ત્રો પહેરી કમ્પાઉન્ડમાં ઊભાં હતાં. કોફિન લઈ જવાની તૈયારીઓ ચાલતી હતી. બેઉ હાથ જોડી, આંખો બંધ કરી હું ઝાંપા આગળ ઊભો રહ્યો. મેકીમાઈના આત્માને ચિરશાન્તિ મળે તે માટે પ્રભુને પ્રાર્થના કરી.

થોડીક મિનિટ બાદ આંખો ખોલી હું બગીચાનું નિરીક્ષણ કરવા લાગ્યો. બરફ, વરસાદ અને હિમપાતથી બગીચો નાશ પામ્યો હતો. ફૂલના છોડ ઝૂકી પડ્યા હતા. ઝાડનાં પાદડાં સુકાઈ ખરી ગયાં હતાં. મેકીમાઈના કોફિન પર થોડાંક ફૂલો મૂકવાની મારા મનમાં ખૂબ ઇચ્છા હતી. બજારમાંથી લઈ આવું એટલો સમય પણ નહોતો. ઝાંપા આગળથી ધીમેથી સરકી હું બંગલાની પાછળના ભાગમાં ગયો. ત્યાં મેરીગોલ્ડ ફૂલનાં ઝાડ હતાં. એક પર ત્રણ ફૂલો જોયાં. હળવેથી તોડી, રૂમાલમાં મૂકી દીધાં.

સ્મશાનયાત્રા શરૂ થઈ. સાંજ વહેલી પડી ગઈ હતી, આકાશમાં થોડાંક વાદળાં હતાં. ચર્ચના પાદરી, ધર્મગુરુ તથા અમારી સ્કૂલના ફાધર, બીજા થોડાક કૅથોલિકો સ્મશાનયાત્રામાં ભેગા થયા હતા. સૌની પાછળ હું ચાલતો હતો. અમે કબ્રસ્તાનની પાછળના ભાગમાં આવ્યા. ત્યાં પાઈનવૃક્ષોનાં ઝુંડ નીચે કોફિન ઉતારવામાં આવ્યું.

પ્રાર્થના તથા અન્ય ધાર્મિક ક્રિયાઓ બાદ કોફિનને દફનાવવાની ઘડી આવી. કોફિન પર ફૂલો મૂકવા હું આગળ ગયો. ફૂલો ચડાવી, હાથ જોડી પ્રાર્થના કરી. આંખોમાંથી અનાયાસ આંસુ ટપકવા લાગ્યાં. પ્રિન્સિપાલ મારી પાસે જ ઊભા હતા તેની મને ખબર નહોતી. તે મારા માથા પર હાથ ફેરવી, આશ્વાસન આપવા લાગ્યા.

દફનવિધિ પૂરી થતાં હું પ્રિન્સિપાલ સાથે હોસ્ટેલ ભણી ચાલવા લાગ્યો. પ્રિન્સિપાલે મને મેકીમાઈની માંદગી, મારા પ્રત્યે તેમનો સ્નેહ, ફૂલોના પ્રેમ વગેરેની વાતો કરી. મેકીમાઈએ મારે વિશે તેમને બધી વાતો કહી હતી. ‘અનિલ’ નામના ગોટાળાની વાત જાણી, પરંતુ મારી ‘બોન્ડ’ અટક પરથી તેમણે મને ઓળખી કાઢ્યો હતો અને મેકીમાઈની ઇચ્છા મુજબ તેમણે મને દિલ્હી તાર કર્યો હતો. ખૂબ વરસાદ અને હિમવર્ષાને લીધે મેકીમાઈ ન્યુમોનિયામાં સપડાઈ ગયાં હતાં અને વૃદ્ધાવસ્થાને લીધે એકાએક હાર્ટફેલ થતાં મૃત્યુ પામ્યાં. મારાં માનસચક્ષુ સમક્ષ બધાં ચિત્રો પ્રગટ થયાં.

*

સ્કૂલથી હોસ્ટેલ જતાં રોજ ‘મેકી હાઉસ’ આગળ મારા પગ થંભી જાય છે. થોડીક વાર ઊભો રહી ભૂતકાળનાં સુખદ સ્મરણોને વાગોળી લઉં છું. બગીચો ઉજ્જડ બન્યો છે. બંગલાના દરવાજે તાળું લટકે છે. ચારેકોર સૂમસામ, ઉદાસ વાતાવરણ છે. ગુલાબના છોડ સુકાઈ ગયા છે, ફૂલો કરમાઈ ખરી ગયાં છે. મને મેકીમાઈએ પત્રમાં લખી મોકલેલી કવિતાની પંક્તિઓ યાદ આવે છે:

*Fairest things have fleetest end,*
*Their scent survive their close;*

*For roses' scent is bitterness to him,*

*That loved the rose.*

એક દિવસ સાંજે ‘મેકી હાઉસ’નો ઝાંપો ઉઘાડી, વરંડામાંનાં પગથિયાં પર જઈને બેઠો અને ત્યાંથી દેખાતાં હિમાલયનાં શિખરો ભણી જોઈ રહ્યો. ત્યાં ભૂખરા રંગની રિબન જેવી એક પગદંડી દેખાતી હતી. તેના કિનારા પર ભૂરાં, ઘેરા આસમાની રંગનાં ફૂલોનાં વૃક્ષો હતાં. મને લાગ્યું, મેકીમાઈ તેમનો આસમાની રંગનો ગાઉન પહેરી ત્યાં નવાં અજાણ્યાં ફૂલો, બ્લ્યુ જેન્ટન, પરપલ કોલંબાઈન શોધવા નીકળ્યાં છે. પગદંડી પર, વોકિંગ સ્ટિક ઠોકતાં એ ઉપર ને ઉપર ચડતાં જાય છે.

(અનુ. ર. પ્રા. રાવલ)

[‘બુદ્ધિપ્રકાશ’ માસિક: ૨૦૦૫]

[ઘણાં વરસો પહેલાં મૂળ અંગ્રેજી વારતા વાંચીને અનુવાદક જાતે અમદાવાદથી મસૂરી ગયેલા—એ બંગલો, એ હોજ, એ ફુવારો જોવા.]

# રાજમોહન ગાંધી

## છે કોઈ વીરલો?

તમામ સંપત્તિ પેદા થાય છે માત્રા મહેનતમાંથી. આપણે બધા મહેનત ઓછી કરીએ, કામ ઓછું કરીએ અને છતાં રાષ્ટ્રનું ઉત્પાદન વધે, એટલે કે રાષ્ટ્રની સંપત્તિ વધે, તે તો અશક્ય છે.

કરોડો ભારતવાસીઓને પડકારીને વધારે પરિશ્રમ કરવાની પ્રેરણા કઈ રીતે આપી શકાય? જાતે વધુ આપવાની અને બદલામાં ઓછું માગવાની ચાનક એ કરોડોને શી રીતે ચડાવી શકાય? એવો કોઈ માનવી છે ખરો, જે રાષ્ટ્રને સત્ય સંભળાવે? પોતાનો જ સ્વાર્થ, પોતાની જ ભીરુતા આપણા રાષ્ટ્રની કૂચની આડે આવે છે, એવું કહેનારો છે કોઈ વીરલો?

# રાજેન્દ્ર જ. જોશી

## લોકોની યાદદાસ્ત!

થોડા દિવસ પૂર્વે, તંત્રીશ્રીને અમે એક પત્રા લખ્યો: “લોકોની ઘટતી જતી યાદદાસ્ત અંગે અમે એક હાસ્યલેખ લખ્યો હતો. તમને તે મોકલવા વિચાર કર્યો હતો. પણ મોકલ્યો કે નહીં તે યાદ નથી. આ પત્રા મળ્યે એ જણાવવા કૃપા કરશો કે તમને અમારો આ લેખ મળ્યો છે? મળ્યો હોય તો પ્રગટ કર્યો છે?”

અઠવાડિયા પછી તંત્રીશ્રીનો જવાબ આવ્યો: “આવો કોઈ લેખ મળ્યાનું યાદ નથી. કદાચ મળ્યો હોય તો છાપ્યો છે કે નહીં તે યાદ નથી.”

*

આ પ્રસંગ એ વાતની જીવતી ગવાહી છે કે લોકોની યાદદાસ્ત ઘટતી જાય છે. ઘણા વખતથી અમે આ વાત નોંધી રહ્યા છીએ. ચોક્કસ કેટલા સમયથી અમે આ જોઈ રહ્યા છીએ તે અમને યાદ નથી, પણ લોકોની યાદદાસ્ત ઘટી રહી છે તે એક હકીકત છે.

થોડા દિવસ પહેલાં, સાંજના સમયે અમારા પડોશી અને પ્રશંસક કાચાલાલના ઘરમાં બેસી, અમે કંઈક વાતચીત કરતા હતા. અમારી એ આદત છે કે સપ્તાહમાં બે-ચાર વાર આ રીતે ટોળટપ્પાં કરવા માટે એકબીજાના ઘરે જઈએ છીએ. અમારી વાતો બરાબર જામી હતી કે કાચાલાલનો પૌત્રા આવ્યો ને પૂછવા લાગ્યો: “દાદાજી, તમે તમારી દવા લીધી?”

“હા બેટા...” કાચાલાલે જવાબ આપ્યો. પૌત્રા ગયાને પાંચ મિનિટ પણ નહોતી થઈ ત્યાં કાચાલાલનાં પુત્રાવધૂ આવ્યાં અને એ જ પ્રશ્ન દોહરાવ્યો. પ્રશ્ન સાંભળી કાચાલાલનો મિજાજ ગયો. અમારી હાજરીમાં જ પુત્રાવધૂને ધધડાવી કે, “મને બધાં ગાંડો સમજો છો?” એક અક્ષર

પણ બોલ્યા વગર વહુ ઘરમાં જતાં રહ્યાં.

"કાચાલાલ, શું વાત છે? શાની દવા લો છો?" અમારાથી પુછાઈ ગયું. અમારી જગ્યાએ કોઈ પણ હોત... કાચા કલિંગર જેવી કાચાલાલની કાયા જોઈને આ પ્રશ્ન તેનાથી પુછાઈ જ ગયો હોત!

અમારો પ્રશ્ન સાંભળી કાચાલાલના મોં પર તેજ છવાયું. બોલ્યા—"હમણાં હમણાંથી મારી યાદદાસ્ત ઘટી ગઈ છે એટલે એક ડૉક્ટરની સારવાર ચાલે છે."

"ફેર લાગે છે એ દવાથી?"

"કેમ ના લાગે? ગયા નહીં ને એની પહેલાંના શ્રાવણ મહિનાથી મને લાગતું હતું કે મારી યાદદાસ્ત ઘટતી જાય છે. છ-આઠ મહિના તો મેં ગણકાર્યું નહીં. પણ પછી, ગઈ નહીં ને એની પહેલાંની હોળી પર મેં ડૉક્ટર ભરૂચાને બતાવ્યું. દોઢ મહિનો તેની દવા લીધી ને સત્તરસો રૂપિયાનું પાણી કર્યું......"

સુવર્ણજયંતી એક્સપ્રેસની જેમ તેમની કથા આગળ ચાલી. પોતાને કમયાદદાસ્તના દરદી કહેવરાવતા આ શખસે ખરેખર કેટલા ડૉક્ટરોની દવા લીધી, કોની પાછળ કેટલા ખરચ થયા ને કોની સારવાર કેટલા દિવસ લીધી તેની વિગતે વાત કરી. છેવટે બોલ્યા: "આ નવમો ડૉક્ટર છે. મને તો બહુ વિશ્વાસ નહીં, પણ અમારા વેવાઈના સાઢુભાઈના દીકરાના સાળાને એમની દવાથી ફેર પડી ગયેલો, એટલે વેવાઈ મારી પાછળ લાગ્યા'તા ને હું ગયો. પંદરમી મેથી દવા શરૂ કરી, પણ આ અઢી મહિનામાં ખરેખર રાહત લાગે છે."

વાત પૂરી કરતાં કરતાંયે ડૉક્ટરનું પૂરું નામ, તેની ડિગ્રી, તેણે મેળવેલા ગોલ્ડ મેડલ અને તેની અંદાજિત આવકની વાત પણ કાચાલાલે કરી.

"કાચાલાલ, તમારી વાત સાંભળીને કોઈ માને નહીં કે તમે કમયાદદાસ્તના દરદી હશો! ખરેખર તમે જે ડૉક્ટરોનાં નામ કહ્યાં તેમાંનાં એકે ય મને યાદ નથી રહ્યા!"

"તો તમેય ચાલોને અમારી સાથે. દર શુક્રવારે અહીં સેટેલાઈટ રોડ પર કન્સલ્ટિંગ રૂમમાં આવે છે. બાકી સોમ અને બુધ મીરઝાપુર હોય છે. મંગળ, ગુરુ અને શનિ ઇન્કમટેક્સ પાસે..." કહેતાં ત્રાણેય કન્સલ્ટિંગ રૂમના ટાઇમ અને ડૉક્ટરની ફી પણ તેમણે કહી દીધી.

કોણ માને કે એમની યાદદાસ્ત ઘટી ગઈ છે? પણ છતાં પોતાની યાદદાસ્ત ઘટી ગઈ હોવાના જબ્બર આત્મવિશ્વાસ સાથે તે સારવાર લઈ રહ્યા છે અને ફાયદો થઈ રહ્યાનો આનંદ લૂંટી રહ્યા છે!

['અખંડ આનંદ' માસિક: ૨૦૦૨]

# રાજેન્દ્ર પ્રસાદ

## ચંપારણમાં ચિનગારી

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા પછી હિંદુસ્તાનનાં મુખ્ય મુખ્ય સ્થળોની મુલાકાત લેતા લેતા કલકત્તા આવ્યા હતા. તેમના સ્વાગત માટે ત્યાં સભા રાખવામાં આવી હતી. એ વખતે લોકો તેમને ‘કર્મવીર ગાંધી’ કહેતા. તે કસવાળું સફેદ અંગરખું અને ધોતિયું પહેરતા, માથે સફેદ ફેંટો બાંધતા, ખભે ખેસ રાખતા, પણ પગરખાં નહોતા પહેરતા. તેમના દક્ષિણ આફ્રિકાના કાર્ય વિશે મેં છાપામાં વાંચેલું, એટલે એમની સ્વાગત-સભામાં હું ગયેલો. આ ૧૯૧૫ની વાત છે. ગોખલેએ ગાંધીજી પાસેથી વચન લીધેલું કે પોતે હિંદુસ્તાનમાં ફરીને દેશની સ્થિતિ જાતે નિહાળશે, પણ એક વરસ સુધી કોઈ પણ પ્રકારની ચળવળમાં ભાગ નહીં લે-અને ભાષણ પણ નહીં કરે. આ સમારંભ એ એક વરસ દરમિયાન થયેલો એટલે, ઘણું કરીને, તેઓ તેમાં કાંઈ બોલ્યા નહોતા.

૧૯૧૬ના ડિસેમ્બરમાં કોંગ્રેસનું અધિવેશન લખનૌમાં ભરાયું, ત્યાં ગાંધીજી આવ્યા હતા. બિહારના ચંપારણ વિસ્તારના રાજકુમાર શુક્લ વગેરે ખેડૂત આગેવાનો કોંગ્રેસ આગળ પોતાનું દુખ રડવા આવ્યા હતા. તેઓ ગાંધીજીને પણ મળ્યા અને ચંપારણના ખેડૂતોની વિટંબણાની વાત કરી.

*

ચંપારણમાં જેમ આંબાનાં વન છે, તેમ ૧૯૧૭માં ત્યાં ગળીનાં ખેતરો હતાં. ચંપારણના ખેડૂતો પોતાની જ જમીનના ૩/૨૦ ભાગમાં ગળીનું વાવેતર તેના મૂળ [ગોરા] માલિકો સારુ કરવા કાયદેથી બંધાયેલા હતા. આનું નામ ‘તીન કઠિયા’ કહેવાતું હતું. વીસ કઠાનો ત્યાંનો એકર ને તેમાંથી ત્રણ કઠાનું વાવેતર, એનું નામ તીન કઠિયાનો રિવાજ.

હું ચંપારણનાં નામનિશાન જાણતો નહોતો. ગળીનું વાવેતર થાય

છે એ ખ્યાલ પણ નહીં જેવો જ હતો. ગળીની ગોટી જોઈ હતી, પણ એ ચંપારણમાં બનતી હતી ને તેને અંગે હજારો ખેડૂતોને દુખ વેઠવું પડતું હતું એની કશી ખબર નહોતી.

રાજકુમાર શુક્લ ઉપર દુખ પડેલું. એ દુખ તેમને કઠતું હતું. આ ગળીનો ડાઘ બધાને સારુ ધોઈ નાખવાની ધગશ તેમને થઈ આવી હતી. લખનૌની મહાસભામાં હું ગયો ત્યાં આ ખેડૂતે મારો કેડો પકડ્યો.

ત્યારે બાબુ બ્રીજકિશોરપ્રસાદે ગાંધીજીને કહેલું કે, ચંપારણને લગતો એક ઠરાવ આપ કોંગ્રેસમાં રજૂ કરો. પણ ગાંધીજીએ પોતે ઠરાવ મૂકવાની ના પાડી. તેમણે કહ્યું કે, હું પોતે જોઈ કરીને બધી બાબતોથી માહિતગાર ન થાઉં ત્યાં સુધી ઠરાવ રજૂ ન કરી શકું; પણ અલબત્ત તમે કહો છો તે કેટલું સાચું છે તે જોવા માટે ચંપારણ જરૂર આવું. પછી બ્રીજકિશોરબાબુએ ઠરાવ મૂક્યો અને તે પસાર થયો.

*

રાજકુમાર શુક્લને તેટલેથી જ સંતોષ ન થયો. તે તો મને જાતે ખેડૂતોનાં દુખ દેખાડવા માગતા હતા. મેં કહ્યું, “મારા ભ્રમણમાં હું ચંપારણને પણ લઈશ, ને એક-બે દિવસ આપીશ.”

હું [અમદાવાદ] આશ્રમમાં ગયો, તો રાજકુમાર શુક્લ મારી પૂઠે જ હતા: “અબ તો દિન મુકરર કીજિયે.” મેં કહ્યું, “જાઓ, મારે ફલાણી તારીખે કલકત્તા જવું છે, ત્યાં આવજો ને મને લઈ જજો.” ક્યાં જવું, શું જોવું, શું કરવું, એની મને કશી ખબર નહોતી. કલકત્તામાં હું ભૂપેનબાબુને ત્યાં પહોંચું તેના પહેલાં એમણે તેમને ત્યાં ધામો નાખ્યો જ હતો. આ અભણ, અણઘડ પણ નિશ્ચયવાન ખેડૂતે મને જીત્યો.

૧૯૧૭ના આરંભમાં કલકત્તાથી અમે બે જણ રવાના થયા. બંને સરખી જોડી. બંને ખેડૂત જેવા જ લાગીએ. પટણા ઊતર્યા. પટણાની આ મારી પહેલી મુસાફરી હતી. ત્યાં હું કોઈને ઘેર ઊતરી શકું એવી ઓળખાણ કોઈની સાથે મને નહોતી. મારા મનમાં એમ હતું કે, રાજકુમાર શુક્લને કંઈ વગવસીલો તો હશે જ. પણ પટણામાં પોત કળાઈ ગયું. તેમણે જેમને મિત્ર માન્યા હતા, તે વકીલો તેમના મિત્ર

નહોતા. ખેડૂત અસીલ અને વકીલોની વચ્ચે તો ચોમાસાની ગંગાના પહોળા પટ જેટલું અંતર હતું.

મને તે રાજેન્દ્રબાબુને ત્યાં લઈ ગયા. રાજેન્દ્રબાબુ પુરી કે [બીજે] ક્યાંક ગયા હતા. બંગલે એકબે નોકર હતા. બિહારમાં તો છૂતાછૂતનો રિવાજ સખત હતો. મારી ડોલના પાણીના છાંટાં નોકરને અભડાવે. અંદરના પાયખાનાનો ઉપયોગ કરવાનું રાજકુમારે બતાવ્યું. નોકરે બહારના પાયખાના તરફ આંગળી ચીંધી. મને આમાં ક્યાંયે મૂંઝાવાનું કે રોષનું કારણ નહોતું. આવા અનુભવોમાં હું રીઢો થયો હતો. નોકર તો પોતાનો ધર્મ પાળતો હતો. આ રમૂજી અનુભવોથી રાજકુમાર વિશે મારું જ્ઞાન વધ્યું. પટણાથી મેં લગામ મારે હાથ કરી.

*

ત્યાંથી ચંપારણ જતાં રસ્તામાં મુજફ્ફરપુર આવે છે, ત્યાં તિરહુત વિભાગના કમિશ્નર રહેતા. ચંપારણના ગળીના છોડના બગીચાના ગોરા માલિક નીલવરોની સંસ્થા બિહાર પ્લેન્ટર્સ એસોસીએશનની ઓફિસ પણ ત્યાં હતી, ને તેના મંત્રી ત્યાં રહેતા હતા. આથી ગાંધીજીએ વિચાર કર્યો કે ચંપારણ પહોંચતાં પહેલાં એ બંનેને મળી લેવું સારું.

*

મારે તો ખેડૂતોની હાલતની તપાસ કરવી હતી. ગળીના માલિકોની સામે જે ફરિયાદો હતી, તેમાં કેટલું સત્ય છે તે જોવું હતું. આ કામને અંગે હજારો ખેડૂતોને મળતાં પહેલાં ગળીના માલિકોની વાત સાંભળવાની ને કમિશ્નરને મળવાની મેં આવશ્યકતા જોઈ.

આચાર્ય કૃપાલાની ત્યારે મુજફ્ફરપુર રહેતા હતા. તેમને હું ઓળખતો હતો. મેં તેમને તાર કર્યો. મુઝફ્ફરપુર ટ્રેન મધરાતે પહોંચતી હતી. પોતાના શિષ્યમંડળને લઈને તે હાજર થયા હતા. પણ તેમને ઘરબાર નહોતાં. તે અધ્યાપક મલકાનીને ત્યાં રહેતા હતા, ત્યાં મને લઈ ગયા. કૃપાલાનીજીએ બિહારની દીન દશાની વાત કરી ને મારા કામની કઠણાઈનો ખ્યાલ આપ્યો. એમણે પોતાના સંબંધી બિહારીઓને મારા કામની વાત કરી મૂકી હતી. સવારે નાનકડું વકીલ મંડળ મારી

પાસે આવ્યું.

“તમે જે કામ કરવા આવ્યા છો તે માટે તમારે અમારા જેવાને ત્યાં રહેવું જોઈએ. ગયાબાબુ અહીંના જાણીતા વકીલ છે. તેમને ત્યાં ઊતરવાનો આગ્રહ હું તેમની વતી કરું છું. અમે બધા સરકારથી ડરીએ તો છીએ જ. પણ અમારાથી બને તેટલી મદદ અમે તમને દઈશું. મહેરબાની કરીને તમે ગયાબાબુને ત્યાં ચાલો.” આ ભાષણથી હું લોભાયો; ગયાબાબુને ત્યાં ગયો. મને સંઘરવાથી ગયાબાબુની સ્થિતિ કફોડી થાય, એવા ભયથી મને સંકોચ હતો. પણ ગયાબાબુએ મને નિશ્ચિંત કર્યો. બ્રીજકિશોરબાબુ અને રાજેન્દ્રબાબુ બહારગામ ગયેલા ત્યાંથી આવ્યા. તેમનામાં બિહારીની નમ્રતા, સાદાઈ, ભલમનસાઈ, અસાધારણ શ્રદ્ધા જોઈને મારું હૈયું હર્ષથી ઊભરાઈ ગયું. બિહારી વકીલમંડળ ને મારી વચ્ચે જન્મની ગાંઠ બંધાઈ.

*

મુજફ્ફરપુરમાં કમિશ્નરે તેમ જ નીલવરોના મંડળના મંત્રીએ ગાંધીજીને કહ્યું કે, “તમે ચંપારણ ન જશો. ખેડૂતોની ફરિયાદો વિશે સરકાર પોતે તપાસ કરે છે અને તે બાબતમાં વિચાર કરીને યોગ્ય પગલાં લેશે. તમારા ત્યાં જવાથી ખેડૂતો ઉશ્કેરાશે અને અત્યારે યુરોપમાં મહાયુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે એ લોકો ધાંધલ કરે તે બિલકુલ ઇચ્છવા જેવું નથી. વળી ઘણાખરા નીલવરો લડાઈમાં ભાગ લેવા ગયા છે અને તેમની ગેરહાજરીમાં કોઈ ચળવળ ઉપાડવી યોગ્ય નથી.” ખેડૂતોની ફરિયાદો અતિશયોક્તિભરી ને ખોટી છે વગેરે વાતો કરીને એમણે જેમ જેમ ગાંધીજીને આગળ જતાં અટકાવવાનો પ્રયત્ન કર્યો, તેમ તેમ ગાંધીજીનો સંદેહ વધતો જતો હતો કે દાળમાં કાંઈક કાળું છે. છેવટે એ લોકોને બેત્રણ વાર મળ્યા પછી તેમણે ચંપારણ જવાનો નિર્ણય કર્યો.

*

માલિકોના મંડળના મંત્રીની મુલાકાત વખતે તેણે સાફ જણાવ્યું કે, તમે પરદેશી ગણાઓ, તમારે અમારી ને ખેડૂતોની વચ્ચે નહીં આવવું જોઈએ. છતાં તમારે કંઈ કહેવાનું હોય તો મને લખી જણાવજો. મેં મંત્રીને વિવેકપૂર્વક કહ્યું કે, હું મને પોતાને પરદેશી ન ગણું, ને ખેડૂતો

ઇચ્છે તો તેમની સ્થિતિની તપાસ કરવાનો મને પૂરો અધિકાર છે. પછી કમિશ્નર સાહેબને મળ્યો. તેમણે તો ધમકાવવાનું જ શરૂ કર્યું ને મને તિરહુત છોડવાની ભલામણ કરી.

*

દરમિયાન, ગાંધીજી પોતાની વહારે આવે છે અને મુઝફ્ફરપુર સુધી પહોંચી ગયા છે એમ સાંભળીને ચંપારણના ઘણા ખેડૂતો મુઝફ્ફરપુર આવી લાગ્યા. આમ તો, એ ખેડૂતોને એટલા લાંબા સમયથી કનડવામાં આવતા હતા કે તેઓ ડરપોક બની ગયા હતા અને નીલવરો સામે કાંઈ બોલવાની હિંમત તેમનામાં રહી નહોતી. સરકારમાં નીલવરોની ખૂબ લાગવગ હતી. તેમના જુલમના સમાચાર અમલદારોને મળતા, છતાં તેઓ ખેડૂતોને ખાસ કશી મદદ કરી શકતા નહોતા. કોઈ કોઈ નેક અમલદાર સરકારને ગુપ્ત અહેવાલ મોકલતા, અને મામલો બહુ બગડે ત્યારે સરકાર કાંઈક નામજોગાં પગલાં ભરતી; પણ તેનું ખાસ કશું પરિણામ આવતું નહીં. તેથી કોઈવાર ખેડૂતો ઉશ્કેરાઈને તોફાને ચડતા. એકાદ નીલવરને એમણે મારી નાખેલો અને તેમની બેએક કોઠીઓ પણ બાળી મૂકેલી. પણ આવાં તોફાનોને અંતે તેમના પર વધારે જુલમ થતા. કોર્ટ મારફત કેદની ને ફાંસીની પણ સજા થાય તે ઉપરાંત તેમનાં ઘર-ખેતર લૂંટી લેવામાં આવતાં, ઢોરઢાંખર ભગાડી જવામાં આવતાં, ઘર સળગાવી મુકાતાં, માર મારવામાં આવતો અને ઘણાની તો વહુદીકરીની લાજ પણ લુંટાતી.

કોઈ પણ તોફાન થયા પછી નીલવરો અને અમલદારો ખેડૂતોને એવા તો કચડી નાખતા કે આખો જિલ્લો દિવસો સુધી મસાણ જેવો થઈ જતો. જ્યાં જ્યાં તોફાન થતાં ત્યાં વધારાની પોલીસ મૂકવામાં આવતી અને તે પાછી ખેડૂતોને લૂંટતી ને કનડતી. ઉપરાંત એ પોલીસનો બધો ખર્ચ સરકાર ખેડૂતો પાસેથી જ વસૂલ કરતી. પરિણામે ખેડૂતો એટલા ભયભીત થઈ ગયા હતા કે નીલવરો કે તેના માણસો સામે ફરિયાદ કરવા પણ કચેરીમાં કોઈ જતું નહીં. કાઉન્સિલમાં તેમની ફરિયાદો રજૂ થાય ત્યારે સરકાર તરફથી એક જ જવાબ મળતો કે, ખેડૂતોને ફરિયાદ

હોત તો તેઓ પોતે જ કોર્ટમાં જાત; પણ એવું કાંઈ તે કરતા નથી તે પરથી જણાય છે કે આ બધું બહારના ચળવળિયાઓનું કારસ્તાન છે. કોઈક ખેડૂત હિંમત કરીને ફરિયાદ કરવા કોર્ટમાં જતો, તો ત્યાં નીલવરના માણસો હાજર હોય અને તેને કોર્ટ બહાર ઘસડી જઈને મેજિસ્ટ્રેટની નજર સામે જ ખૂબ ટીપે.

ગાંધીજી વિશે બેચાર જણાએ કાંઈક સાંભળ્યું હોય, તે સિવાય ખેડૂતો ભાગ્યે જ કશું જાણતા. મારા જેવો ભણેલોગણેલો અને જાહેર પ્રશ્નોમાં કાંઈક રસ લેનારો માણસ પણ એમને વિશે ઝાઝું જાણતો નહોતો, તો પછી બિચારા ગામડિયા ખેડૂતોની શી વાત કરવી? છતાં એમણે એટલું સાંભળ્યું હતું કે એમની વહારે કોઈક માણસ બહારથી આવેલ છે અને મુજફ્ફરપુર સુધી પહોંચી ગયો છે. એ માણસ પોતાનો ઉદ્ધાર કરશે એવી શ્રદ્ધા એમને, કોણ જાણે ક્યાંથી, બેસી ગઈ હતી! એમનો હંમેશનો ડર પણ ત્યારે કોણ જાણે ક્યાં ભાગી ગયો! એટલે ઘણા ખેડૂતો પોતપોતાને ગામથી મુજફ્ફરપુર આવીને ગાંધીજીને મળ્યા.

તેમાં એક મુશ્કેલી એ હતી કે ત્યાંની ગામઠી ભોજપુરી બોલી ગાંધીજી સમજી શકતા નહોતા; હિન્દી પણ તેમને થોડીક જ આવડતી. અને ખેડૂતો પોતાની બોલી સિવાય બીજી કોઈ ભાષા સમજી શકતા નહોતા. આથી બ્રીજકિશોરબાબુએ પોતાના બે વકીલ મિત્રોને દુભાષિયાનું કામ કરવા ગાંધીજી પાસે મોકલ્યા.

*

બ્રીજકિશોરબાબુએ મને બધી હકીકતથી વાકેફ કર્યો. તેઓ ગરીબ ખેડૂતોને સારુ લડતા હતા તેવા બે કેસ ત્યારે ચાલી રહ્યા હતા. ત્યાગી છતાં તેઓ આ ભોળા ખેડૂતો પાસેથી ફી લેવામાં સંકોચ ન રાખતા. ફી ન લે, તો તેમનું ઘરખર્ચ ન ચાલે ને તેઓ લોકોને મદદ પણ ન કરી શકે, એ દલીલ હતી. તેમની ફીના આંકડા સાંભળી હું ગૂંગળાઈ ગયો. હજારો સિવાય તો વાત જ મેં ન સાંભળી. આ બાબતનો મારો મીઠો ઠપકો આ મિત્રમંડળે હેતપૂર્વક સાંભળ્યો; તેનો ખોટો અર્થ ન કર્યો.

મેં કહ્યું: “આ કેસો વાંચ્યા પછી મારો અભિપ્રાય તો એવો છે કે

આપણે આ કેસો કરવાનું હવે માંડી જ વાળવું. જે રૈયતવર્ગ આટલો કચરાયેલો છે, જ્યાં સહુ આટલા ભયભીત રહે છે ત્યાં કોર્ટકચેરીઓ મારફતે ઇલાજ થોડો જ થઈ શકે. લોકોનો ડર કાઢવો, એ તેમને સારુ ખરું ઔષધ છે. આ તીનકઠિયા પ્રથા ન જાય ત્યાં લગી આપણે સુખે બેસી નથી શકતા. હું તો બે દિવસ જોવા આવ્યો છું, પણ હવે જોઉં છું કે આ કામ તો બે વર્ષ પણ લે. એટલો સમય જાય તોપણ હું આપવા તૈયાર છું. આ કામમાં શું કરવું જોઈએ તેની મને સૂઝ પડે છે. પણ તમારી મદદ જોઈએ." બ્રીજકિશોરબાબુએ શાંતિથી જવાબ આપ્યો: "અમારાથી બનશે તે મદદ અમે આપીશું. પણ તે કેવા પ્રકારની એ અમને સમજાવો."

આ સંવાદમાં અમે રાત ગાળી. મેં કહ્યું, "તમારી વકીલાતની શક્તિનો મારે ઓછો ઉપયોગ પડશે. તમારા જેવાની પાસેથી તો હું લહિયાનું ને દુભાષિયાનું કામ માગું. આમાં જેલમાં જવાપણું પણ જોઉં છું. તે જોખમમાં તમારે ન ઊતરવું હોય તો ભલે ન ઊતરો; પણ વકીલ મટી લહિયા થવું ને તમારો ધંધો તમારે અનિશ્ચિત મુદતને સારુ પડતો મૂકવો, એ કાંઈ હું ઓછું નથી માગતો. અહીંની હિંદી બોલી સમજતાં મને મુસીબત પડે છે. કાગળિયાં બધાં કૈથી કે ઉર્દૂમાં લખેલાં હોય એ હું ન વાંચી શકું. આના તરજુમાની તમારી પાસેથી આશા રાખું. આ કામ પૈસા આપીને કરીએ તો પહોંચાય નહીં. આ બધું સેવાભાવથી થવું જોઈએ."

બ્રીજકિશોરબાબુ સમજ્યા. પણ તેમણે મારી તેમ જ પોતાના સાથીઓની ઊલટતપાસ ચલાવી. મારાં વચનોના ફલિતાર્થો પૂછ્યા. વકીલોને તેમની ત્યાગની શક્તિ કેટલી હતી તે પૂછ્યું. છેવટે તેમણે આ નિશ્ચય જણાવ્યો: "અમે આટલા જણ તમે જે કામ સોંપશો તે કરી દેવા તૈયાર રહીશું. એમાંના જેટલાને જે વખતે માગશો, તેટલા તમારી પાસે રહેશે. જેલ જવાની વાત નવી છે. તે વિશે અમે શક્તિ મેળવવા કોશિશ કરશું."

*

મુજફ્ફરપુરમાં ગાંધીજી બેત્રણ દિવસ રોકાયા તે દરમિયાન આસપાસનાં થોડાંક ગામડાં તે જોઈ આવ્યા. બિહારની જમીન બહુ ફળદ્રૂપ હોવા છતાં ત્યાં ગરીબી ઘણી છે. ગામડાંની ગરીબી ને ગંદકી જોઈને, ખાસ કરીને સ્ત્રીઓની દુર્દશા નિહાળીને ગાંધીજીને પારાવાર દુખ થયું. તે બોલી ઉઠ્યા કે, આ ગરીબોની અને ગામડાંની હાલત સુધરે નહીં ત્યાં સુધી હિંદુસ્તાનનું શું ભલું થવાનું હતું? એ બેત્રણ દિવસમાં જ ગાંધીજીની વાતચીત સાંભળીને અને તેમને કામ કરતા જોઈને લોકો આશ્ચર્યચક્તિ થઈ ગયા. ચંપારણના મુખ્ય શહેર મોતીહારીમાં ગાંધીજી પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા સેંકડો ખેડૂતો સ્ટેશને આવી પહોંચ્યા હતા. ઉતારે પહોંચતાં વેંત ખેડૂતોનાં ટોળાં ત્યાં આવવા લાગ્યાં અને દરેક જણ પોતાનાં વીતક ગાંધીજીને સંભળાવવા લાગ્યો. આ બધાંની અસર ગાંધીજી પર થઈ તો ખરી, પણ પોતે જાતે બધું જુએ નહીં ત્યાં સુધી એમને ખાતરી થાય નહીં.

જોગાનુજોગ એવું બનેલું કે ગાંધીજી ત્યાં પહોંચ્યા તે પહેલાં બેચાર દિવસે જ કોઈ નીલવરે એક પ્રતિષ્ઠિત ખેડૂત પર બહુ ત્રાસ ગુજાર્યો હતો. પોલીસની મદદથી એનું ઘર લુંટાવ્યું હતું, એના ખેતરના ઊભા મોલમાં ઢોર છોડી મૂક્યાં હતાં, તેની વાડીના કેળના રોપા હાથીઓ પાસે ઉખેડી નખાવ્યા હતા. આ અત્યાચારનાં ચિહ્નો હજી તાજાં જ હતાં. એ ખેડૂતે ગાંધીજી પાસે આવીને બધું બયાન આપ્યું, એટલે જાતે જઈને એ જુલમની નિશાનીઓ જોવાનું ગાંધીજીએ વિચાર્યું. અને બીજે જ દિવસે, એપ્રિલ મહિનાની બપોરના સખત તડકામાં દસ-બાર માઈલ દૂર આવેલા એ ગામે જવા ગાંધીજી નીકળી પડ્યા.

*

અમે હાથી પર સવારી કરીને નીકળી પડ્યા. ગુજરાતમાં ગાડાનો ઉપયોગ થાય છે, લગભગ એમ ચંપારણમાં હાથીનો થાય છે. અર્ધે રસ્તે પહોંચ્યા ત્યાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો માણસ આવી પહોંચ્યો ને મને કહ્યું: “સાહેબ તમને સલામ દેવડાવે છે.” હું સમજ્યો. ધરણીધરબાબુ વકીલને મેં આગળ જવાનું કહ્યું. હું પેલા જાસૂસની સાથે તેની ગાડીમાં

બેઠો. તે મને ઘેર લઈ ગયો ને ચંપારણ છોડવાની નોટિસ આપી.

*

ચંપારણના જિલ્લા મેજિસ્ટ્રેટે ફોજદારી કાયદાની ૧૪૪મી કલમ હેઠળ નોટિસ કાઢી. તેનો લેખિત જવાબ ગાંધીજીએ તરત મોકલ્યો કે, હું ચંપારણ છોડવા માગતો નથી; તમારે જે પગલાં લેવાં હોય તે ખુશીથી લો. એટલે મેજિસ્ટ્રેટે જણાવ્યું કે હુકમભંગ માટે તમારી સામે કેસ ચલાવવામાં આવશે. સાથોસાથ તેમણે વિનંતી કરી કે, કેસ પૂરો થાય ત્યાં સુધી આપ ગામડાંની મુલાકાતે જશો નહીં. એ વિનંતી ગાંધીજીએ કબૂલ રાખી. તે જ દિવસે ગાંધીજીને સમન્સ મળ્યો તેમાં બીજા જ દિવસની મુદત આપવામાં આવી હતી.

એ રાત્રે ગાંધીજીએ તનતોડ મહેનત કરી. પહેલાં તો તેમણે પોતાના સહુ સાથીઓને તથા મિત્રોને તાર કરીને કેસની ખબર આપી. તે વખતે લૉર્ડ ચેમ્સફર્ડ હિંદના વાઇસરૉય હતા. બ્રિટિશ સંસ્થાનોમાં વસેલા હિંદીઓના પ્રશ્ન અંગે તેમની સાથે ગાંધીજી અગાઉ પરિચયમાં આવેલા; તેમને પત્ર લખ્યો. તેમાં પરિસ્થિતિ સમજાવીને બ્રિટિશ સરકાર સાથેના પોતાના જૂના સંબંધોનો ઉલ્લેખ કર્યો, અને છેવટમાં લખ્યું કે, “આ જ સરકારે મારી જાહેર સેવા માટે મને સોનાનો કૈસરે હિન્દ ચાંદ એનાયત કર્યો છે-જેની હું ઘણી કદર કરું છું. પણ હવે સરકારને મારામાં વિશ્વાસ નથી રહ્યો અને તે મને જાહેર સેવા પણ કરવા દેવા માગતી નથી, ત્યારે એ ચાંદ રાખવો મારે માટે યોગ્ય ન ગણાય. આથી તે જેની પાસે છે તેને મેં એ આપને પાછો મોકલવાને લખી દીધું છે.” બીજા ઘણા મિત્રોને પત્રો લખીને તેમણે બધી બાબતોની જાણ કરી. ઉપરાંત વળતી સવારે કોર્ટમાં રજૂ કરવા માટે એક નિવેદન પણ એમણે રાતમાં જ લખી કાઢ્યું.

આ બધું કરતાં મધરાત વીતી ગઈ. તમામ તાર, પત્રો, નિવેદન-બધું તેમણે સ્વહસ્તે લખ્યું એટલું જ નહીં, બધાંની નકલો પણ કરી લીધી. પછી દુભાષિયા તરીકે તેમની મદદમાં આવેલા વકીલો ધરણીધરબાબુ અને રામનવમીબાબુને એમણે કહ્યું, “કેસમાં મને સજા થશે, એટલે હું

તો જેલમાં જવાનો; પણ પછી તમે શું કરશો?" એ સજ્જનો માટે તે સવાલનો એકાએક જવાબ આપવાનું મુશ્કેલ હતું. ગાંધીજી પાસે આવ્યા ત્યારે એમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આવી પરિસ્થિતિ ઊભી થશે. પોતે જેની સલાહ લઈ શકે તેવું કોઈ ત્યાં હતું નહીં. અને જવાબ આપ્યા સિવાય પણ ચાલે તેમ નહોતું. એટલે ધરણીધરબાબુએ કહ્યું, "આપ અમને દુભાષિયા તરીકે અહીં લાવ્યા હતા. હવે આપ જેલમાં જશો એટલે એ કામ પૂરું થશે અને અમે અમારે ઘેર જઈશું."

એટલે ગાંધીજીએ પૂછ્યું, "અને આ ગરીબ ખેડૂતોને આ જ દશામાં છોડી જશો?"

પેલા લોકોએ કહ્યું, "અમે બીજું શું કરી શકીએ? કંઈ સમજણ પડતી નથી. પણ આપ કહેતા હો તો, આપ એમની ફરિયાદોની ને એમની સ્થિતિની જેવી તપાસ કરવા માગતા હતા તેવી તપાસ અમારાથી થઈ શકે ત્યાં સુધી અમે કરીએ. પરંતુ સરકાર અમને પણ જિલ્લો છોડી જવાનો હુકમ આપશે, તો એ હુકમનો ભંગ ન કરતાં અમે છાનામાના ચાલ્યા જઈશું, અને કામ ચાલુ રાખવા માટે અમારા બીજા સાથીઓને સમજાવીને મોકલશું." આ સાંભળીને ગાંધીજી રાજી તો થયા, પણ તેમને પૂરો સંતોષ ન થયો. છતાં તેમણે કહ્યું, "વારુ, એમ કરજો અને બને ત્યાં સુધી કામ ચાલુ રાખજો." આ પ્રમાણે નક્કી કરીને સહુ સૂઈ ગયા. રાત હવે થોડી જ બાકી રહી હતી.

એ બે વકીલોએ ગાંધીજીને જવાબ તો આપી દીધો, પણ તેનાથી એમને પોતાને પણ સંતોષ નહોતો. પથારીમાં પડ્યા પડ્યા એ વાતોએ વળગ્યા કે, આપણે અહીંના રહેવાસી અને ખેડૂતોને મદદ કરવાની ડંફાશ મારનારા, તે બેચાર દિવસ પછી પોતાને ઘેર ચાલ્યા જઈને વકીલાત કરી પૈસા કમાઈએ ને મોજ કરીએ, જ્યારે આ અજાણ્યો માણસ, જેને આપણા પ્રદેશ સાથે કશી લેવાદેવા નથી કે અહીંના ખેડૂતો સાથે કશો જ પરિચય નથી, તે આ ગરીબો માટે જેલમાં ગોંધાઈ રહે —એ તો, માળું, ભારે વિચિત્ર કહેવાય!

ગાંધીજી પાસે આવતાં પહેલાં જેલ જવા વિશે તો એમણે વિચાર

સરખો કરેલો નહોતો, એટલે ઘરનાં માણસો કે મિત્રો સાથે તે અંગે મસલત કરવાની તો વાત જ ક્યાંથી ઊભી થાય? વળી, પોતે જેલમાં જાય તો બાળ-બચ્ચાંનું શું થાય? અને અદાલતમાં સજા થયા પછી સરકાર તેમની વકીલાતની સનદ ખૂંચવી લે તો? એવી બધી ભાંજગડમાં બાકીની રાત પણ વીતી ગઈ ને બીજા દિવસની સવાર પડી ગઈ.

ગાંધીજીની કામ કરવાની રીત બિહાર માટે જ નહીં, આખા દેશને માટે નવી હતી. આવી રીતે કામ કરવાનું પહેલાં કોઈએ બતાવ્યું નહોતું. તેમ કરતાં શું પરિણામ આવે તેની કોઈને કલ્પના પણ નહોતી. ગાંધીજીની મહેનત કરવાની શક્તિ પણ અજબ હતી. આખી રાત જાગીને આટલું બધું લખવું અને બીજા દિવસ માટે બધું તૈયાર કરવું, એ એક એવી અદ્ભુત બાબત હતી જે અહીંના લોકોએ અગાઉ કદી જોયેલી નહીં.

વહેલી સવારે તૈયાર થઈને ગાંધીજી પોતાના બંને સાથીઓ જોડે ઘોડાગાડીમાં બેસીને કોર્ટમાં જવા નીકળ્યા. પેલા બે તો રાતે સૂતા સૂતા જે વિચાર કરતા હતા તેના તે વિચારોમાં અત્યારે પણ હતા. પણ હવે તેમનાથી રહેવાયું નહીં અને તેમણે ગાંધીજીને કહ્યું: “અમે, જોકે, આવી બાબતનો અગાઉ કદી વિચાર કરેલો નથી. પણ આટલે બધે દૂર છેક ગુજરાતથી આવીને આપ આ ગરીબો માટે જેલ વેઠવા તૈયાર થયા છો, ત્યારે અહીંના જ રહેનારા અમે આપને સાથ આપ્યા વગર કેમ રહી શકીએ? એટલે અમે હવે નિશ્ચય કર્યો છે કે આપ જેલમાં જશો પછી અમે એ કામ ચાલુ રાખશું, અને જરૂર પડે તો અમે પણ જેલમાં જઈશું.” આ સાંભળતાં જ ગાંધીજીનો ચહેરો ખીલી ઊઠ્યો.

ન્યાયકચેરીનો તે દિવસનો દેખાવ અનેરો હતો. ગાંધીજીના કેસની ખબર ચારેકોર ફેલાઈ ગઈ હતી અને ઘણા ખેડૂતો ત્યાં આવી પહોંચ્યા હતા. પોતાની વહારે ધાનારા એક સાવ અજાણ્યા મનુષ્યનાં દર્શન કરવા તેઓ ગામેગામથી આવ્યા હતા. બીકના માર્યા, નીલવરોના જુલમ સામે ફરિયાદ કરવાયે જે કચેરી પાસે ઢૂંકતા નહોતા, તે ખેડૂતો આજે સરકારના હુકમનો ભંગ કરનારનો કેસ જોવા હજારોની સંખ્યામાં ઊમટી પડ્યા હતા. મેજિસ્ટ્રેટ આવ્યા ને કેસ શરૂ થયો એટલે અદાલતના

ઓરડામાં પેસવા માટે ધક્કામુક્કી થઈ. પોલીસ બહાવરી બનીને આ બધું જોઈ રહી! ખેડૂતોનો સદાનો ડર કોણ જાણે ક્યાં જતો રહ્યો, ને તેમનામાં આટલાં ઉત્સાહ ને હિંમત ક્યાંથી આવી ગયાં!

કેસમાં અમારે ગાંધીજીનો બચાવ કરવો પડશે, એવું માનવાની ભૂલ અમે એકલાએ જ નહોતી કરી. સરકારી વકીલે પણ ધારેલું કે ગાંધીજી તરફથી મોટા વકીલ બૅરિસ્ટરો હાજર થશે. ગાંધીજી પોતે પણ બૅરિસ્ટર છે, એટલે તેઓ પણ કાયદાનાં થોથાં ઊથલાવીને તૈયાર થઈ કચેરીમાં આવશે. પણ કેસ શરૂ થતાં ખબર પડી કે એવી બધી અટકળો ખોટી હતી. સરકારી વકીલે આરંભમાં જ એક સાક્ષી રજૂ કર્યો અને તેને એવા સવાલો પૂછવા માંડ્યા કે જેમાંથી સાબિત થાય કે જે હુકમના ભંગ માટે કેસ ચાલતો હતો તે ગાંધીજી ઉપર બરાબર બજાવાયેલો હતો. પણ ત્યાં જ ગાંધીજીએ મૅજિસ્ટ્રેટને કહ્યું: "આ પુરાવાની કશી જરૂર નથી. એમાં આપનો ને મારો સમય શા માટે બગાડવો? હું પોતે કબૂલ કરું છું કે એ મનાઈ-હુકમ મને મળેલો હતો અને તે માનવાનો મેં ઇન્કાર કરેલો. મારું નિવેદન હું લખી લાવ્યો છું તે, આપની રજા હોય તો, વાંચું."

મૅજિસ્ટ્રેટ, સરકારી વકીલ અને કોર્ટમાં જે બીજા હાજર હતા તે સહુને માટે બચાવ કરવાની આ રીત સાવ નવી જ હતી. સહુ અજાયબ થયા અને વિચાર કરવા લાગ્યા કે જોઈએ —હવે શું થાય છે. મૅજિસ્ટ્રેટે રજા આપી, એટલે ગાંધીજીએ નિવેદન વાંચી સંભળાવ્યું:

"ફોજદારી કાયદાની ૧૪૪મી કલમ મુજબ કરવામાં આવેલા હુકમનો દેખીતો અનાદર કરવાનું ગંભીર પગલું મારે કેમ લેવું પડ્યું, તે વિશે ટૂંકું બયાન હું અદાલતની પરવાનગીથી રજૂ કરવા ઇચ્છું છું. મારા નમ્ર અભિપ્રાય મુજબ, તેમાં અનાદરનો સવાલ નથી પણ સ્થાનિક સરકાર અને મારી વચ્ચે મતભેદનો સવાલ છે. જનસેવા અને દેશસેવા કરવાના હેતુથી જ હું આ પ્રદેશમાં દાખલ થયો. અહીંના નીલવરો રૈયત સાથે ન્યાયથી વર્તતા નથી એ કારણે લોકોને મદદ કરવા આવવાનો મને આગ્રહ થયો, એટલે જ મારે આવવું પડ્યું છે.

પણ આખા પ્રશ્નના અભ્યાસ વિના હું તેમને મદદ શી રીતે કરી શકું? એટલે એવો અભ્યાસ કરવા, બની શકે તો સરકાર અને નીલવરોની મદદ લઈને અભ્યાસ કરવા, હું આવ્યો છું. બીજો કોઈ પણ ઉદ્દેશ મેં રાખ્યો નથી; અને મારા આવવાથી જાહેર શાંતિનો ભંગ થશે એવું હું માની શકતો નથી. આવી બાબતમાં મને ઠીક ઠીક અનુભવ છે, એવો મારો દાવો છે. પણ સરકારનો ખ્યાલ મારાથી જુદો છે. એમની મુશ્કેલી હું સમજી શકું છું. કાયદાને માન આપનાર નાગરિક તરીકે તો મને આપવામાં આવેલા હુકમને માન્ય રાખવાનું મને સ્વાભાવિક રીતે મન થાય-અને થયું પણ હતું. પણ તેમ કરવામાં, જેમને માટે હું અહીં આવ્યો છું તેમના પ્રત્યેના મારા કર્તવ્યનો હું ઘાત કરું, એમ મને લાગ્યું. મને લાગે છે કે મારાથી તેમની સેવા આજે તેમની મધ્યમાં રહીને જ થઈ શકે. એટલે હું સ્વેચ્છાએ ચંપારણ છોડી શકું તેમ નથી. આવા ધર્મસંકટમાં, મને ચંપારણમાંથી ખસેડવાની ફરજ સરકાર ઉપર નાખ્યા વિના હું રહી શક્યો નહીં.

“હિંદના લોકજીવનમાં જેની પ્રતિષ્ઠા હોય તે મારા જેવા માણસે અમુક પગલું ભરીને દાખલો બેસાડવામાં ભારે કાળજી રાખવી જોઈએ, તે હું બરાબર સમજું છું. પણ મારી દૃઢ માન્યતા છે કે આજની પરિસ્થિતિમાં મારા જેવા સંજોગોમાં મુકાયેલા સ્વાભિમાની માણસની પાસે બીજો એકે સલામત અને માનભર્યો રસ્તો નથી-સિવાય કે હુકમનો અનાદર કરી, તે બદલ જે સજા થાય તે મૂંગે મોઢે ખમી લેવી.

“આપ મને જે સજા કરવા ધારો તે હળવી કરાવવાના હેતુથી આ બયાન હું નથી રજૂ કરતો. પણ હુકમનો અનાદર કરવા પાછળ, કાયદેસર સ્થપાયેલી સત્તાનું અપમાન કરવાનો મારો ઉદ્દેશ ન હોવાથી, મારું અંતર જે વધારે ઊંચો કાયદો સ્વીકારે છે તેને —એટલે કે અંતરાત્માના અવાજને-અનુસરવાનો મારો હેતુ છે, એટલું જ મારે જણાવવું હતું.”

નિવેદન સાંભળતાંવેંત સહુ સ્તબ્ધ થઈ ગયા. હિંદુસ્તાનની કોઈ પણ કોર્ટમાં અગાઉ કદી આવું નિવેદન કોઈએ કરેલું નહોતું, કે સાંભળ્યું

નહોતું. મેજિસ્ટ્રેટ પણ મૂંઝાઈ ગયા. તેમણે માનેલું કે બીજા કેસોની માફક આમાં પણ સાક્ષી-પુરાવા થશે, દલીલો થશે અને તેમાં ઘણો વખત જશે; તે દરમિયાન શો ચુકાદો આપવો, કેટલી સજા કરવી વગેરે બાબત અંગે પોતે જિલ્લા મેજિસ્ટ્રેટને પુછાવી શકશે. પણ ગાંધીજીના આવા નિવેદન પછી તો પુરાવાની કે દલીલોની કશી જરૂર ન રહી; કેટલી સજા કરવી એ એક જ બાબત હવે બાકી રહી હતી. પણ તેને માટે મેજિસ્ટ્રેટ હજી તૈયાર થયેલા નહોતા. એટલે તેણે કહ્યું: "આપે નિવેદન તો વાંચ્યું, પણ આપે ગુનો કર્યો છે કે નહીં તે તો એમાં ચોખ્ખું કહ્યું નથી. તેથી મારે પુરાવા નોંધવા પડશે અને દલીલો સાંભળવી પડશે."

પણ ગાંધીજી એમ ચૂકે એવા ક્યાં હતા? તેમણે તરત જવાબ આપ્યો કે, એમ હોય તો લો —હું આ કબૂલ કરું છું કે હું ગુનેગાર છું.

હવે મેજિસ્ટ્રેટ પાસે સમય વિતાવવાનો કોઈ રસ્તો રહ્યો નહીં. તેણે કહ્યું કે, હું ચુકાદો થોડા કલાક પછી આપીશ; એ દરમિયાન આપ જામીન આપીને જઈ શકો છો.

જવાબમાં ગાંધીજીએ કહ્યું કે, અહીં મારી પાસે જામીન આપનારું કોઈ નથી —અને હું જામીન આપવા માગતો પણ નથી. એટલે મેજિસ્ટ્રેટ વળી મૂંઝાયા. તેમણે કહ્યું કે, જામીન ન આપવા હોય તો જાતમુચરકો આપો. પણ ગાંધીજીએ જવાબ આપ્યો કે, હું એ પણ નહીં આપી શકું. છેવટે મેજિસ્ટ્રેટે જણાવ્યું કે હું ત્રણ વાગ્યે ચુકાદો આપીશ; તે વખતે આપ હાજર થજો.

પણ પછી ત્રણ વાગવા આવ્યા ત્યારે મેજિસ્ટ્રેટે ગાંધીજીને કહેવડાવ્યું કે, આજે ચુકાદો આપી શકાય તેમ નથી; અને તે માટે પાંચ-સાત દિવસ પછીની મુદત આપી.

*

સમનની વાત એક ક્ષણમાં બધે ફેલાઈ ગઈ અને, લોકો કહેતા હતા કે, કદી નહીં જોયેલું એવું દૃશ્ય મોતીહારીમાં જોવામાં આવ્યું. ગોરખબાબુનું ઘર અને કચેરી લોકોથી ઊભરાઈ ઊઠ્યાં. સારે નસીબે મેં મારું બધું કામ રાતના આટોપી લીધું હતું, તેથી આ ભીડને હું પહોંચી

વળ્યો. લોકોને નિયમમાં રાખવામાં સાથીઓ ગૂંથાઈ ગયા. કચેરીમાં જ્યાં જાઉં ત્યાં ટોળેટોળાં મારી પાછળ આવે. કલેક્ટર, મેજિસ્ટ્રેટ, સુપરિન્ટેન્ડેન્ટ વગેરે અને મારી વચ્ચે પણ એક જાતની ગાંઠ બંધાઈ. સરકારી નોટિસો વગેરેની સામે કાયદેસર વિરોધ કરવો હોત તો હું કરી શકતો હતો. તેને બદલે તેમની બધી નોટિસોના મારા સ્વીકારથી ને અમલદારો સાથેના અંગત પરિચયમાં વાપરેલી મીઠાશથી તેઓ સમજી ગયા કે, મારે તેમનો વ્યક્તિગત વિરોધ નથી કરવો પણ તેમના હુકમનો વિનયી વિરોધ કરવો છે. તેથી તેમને એક પ્રકારની નિર્ભયતા મળી. મારી કનડગત કરવાને બદલે તેમણે લોકોને નિયમમાં રાખવા સારુ મારી ને સાથીઓની મદદનો ખુશીથી ઉપયોગ કર્યો. પણ સાથે તેઓ સમજી ગયા કે તેમની સત્તા આજથી અલોપ થઈ છે. લોકો ક્ષણભર દંડનો ભય તજી તેમના આ નવા મિત્રની પ્રેમની સત્તાને વશ થયા.

યાદ રાખવાનું છે કે ચંપારણમાં મને કોઈ ઓળખતું નહોતું. ખેડૂતવર્ગ સાવ અભણ હતો. ચંપારણ ગંગાને પેલે પાર છેક હિમાલયની તળેટીએ નેપાળની નજીકનો પ્રદેશ, એટલે નવી દુનિયા જ. અહીં મહાસભાનું નામ ન મળે. જેમણે નામ સાંભળ્યું હોય તે નામ લેતાં ડરે. આ પ્રદેશમાં મહાસભાનો અર્થ વકીલોની મારામારી, કાયદાની બારીઓથી સરકી જવાના પ્રયત્નો, મહાસભા એટલે કહેણી એક ને કરણી બીજી. આવી સમજણ સરકારમાં અને સરકારનીયે સરકાર ગળીના માલિકોમાં હતી. સાથીઓની સાથે મસલત કરીને મેં નિશ્ચય કર્યો હતો કે મહાસભાને નામે કંઈ જ કામ કરવું નથી. ટપટપનું નહીં પણ મમમમનું કામ છે. મહાસભાનું નામ અળખામણું છે. પણ મહાસભા એ નથી, મહાસભા બીજી જ વસ્તુ છે, એમ અમારે સિદ્ધ કરવાનું હતું. તેથી અમે મહાસભાનું નામ જ ક્યાંયે ન લેવાનો નિશ્ચય કર્યો હતો. લોકો તેના અક્ષરને ન જાણતાં તેના આત્માને જ જાણે ને અનુસરે તે જ ખરું છે, એમ અમે વિચારી મૂક્યું હતું.

ચંપારણનો આ દિવસ મારા જીવનમાં કદી ન ભુલાય એવો હતો. મારે સારુ ને ખેડૂતોને સારુ એ એક ઉત્સવનો દિવસ હતો. કાયદા

પ્રમાણે મુકદ્દમો મારી સામે ચાલવાનો હતો. પણ ખરું જોતાં તો મુકદ્દમો સરકારની સામે હતો.

*

કેસનો ચુકાદો થોડા દિવસ પછી આવવાનો હતો. એટલામાં ચાર્લી એન્ડ્રુઝ મોતીહારી આવી પહોંચ્યા.

ભારતીય વસાહતીઓ દુનિયામાં જ્યાં જ્યાં ગયેલા ત્યાં લગભગ દરેક જગાએ તેમની બૂરી દશા હતી. તેમને કોઈ પણ પ્રકારના હક નહોતા. તેમને જંગલી ગણવામાં આવતા. આ જાતની ખરાબ વર્તુણૂક સામે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ પોકાર ઉઠાવ્યો અને સત્યાગ્રહ કર્યો. હિન્દીઓ સાથે ચલાવવામાં આવતી આવી ખરાબ વર્તુણૂકથી ચાર્લી એન્ડ્રુઝ જેવા અંગ્રેજ અને સાચા ખ્રિસ્તીને દુખ થતું હતું. પરદેશમાં હિન્દીઓ જ્યાં હાડમારી ભોગવતા હોય ત્યાં બધે જઈને તેમને બનતી મદદ કરવી, તેમની પર થતા જુલ્મો અટકાવવા, ઇંગ્લૅન્ડમાં તે બાબત લોકમત જાગ્રત કરવો વગેરે કામને તેમણે પોતાનું બનાવ્યું હતું. તેને અંગે તેમને દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને મળવાનું થયેલું અને એમની સાથે ગાઢ સંબંધ બંધાયો હતો. અંગ્રેજોમાં એન્ડ્રુઝનું ઘણું માન હતું, અને હિંદમાં તેઓ વાઇસરોય સુધી પહોંચી શકતા હતા. ફીઝીમાંના હિંદી વસાહતીઓએ એન્ડ્રુઝને બોલાવ્યા હતા, અને ત્યાં જતા પહેલાં ગાંધીજી સાથે મસલત કરવા તે ચંપારણ આવ્યા હતા.

એન્ડ્રુઝ સાથે અમારી આ પહેલી મુલાકાત હતી. આવો અંગ્રેજ અમે પહેલાં જોયો નહોતો. તેમણે કપડાં તો અંગ્રેજી ઢબનાં પહેર્યાં હતાં, પણ તે ઢંગધડા વગરનાં લાગતાં હતાં. આખી દુનિયામાં તે કેટલીયે વાર ફરી વળ્યા હતા, છતાં સાવ સીધાસાદા જણાતા હતા. એન્ડ્રુઝે બે-ત્રણ દિવસ અમારી વચ્ચે ગાળ્યા, પછી એમના જવા વિશે વાત નીકળી ત્યારે અમને થયું કે હજી થોડા દિવસ એ રોકાય તો સારું. અમે એમને રોકાવાનો આગ્રહ કર્યો ત્યારે એમણે કહ્યું કે, ફીજીમાં મારે જરૂરી કામ છે, ત્યાં જવા માટે સ્ટીમર પર જગાનો બંદોબસ્ત થઈ ગયો છે; છતાં તમારો આગ્રહ છે તો હું રોકાઈ જાઉં —પણ ગાંધીજી રજા આપે તો.

પરંતુ ગાંધીજી સંમત ન થયા. અમે બહુ આગ્રહ કર્યો ત્યારે એ બોલ્યા: તમે જેમ જેમ આગ્રહ કરો છો તેમ તેમ મારો વિચાર દૃઢ થતો જાય છે કે એન્ડ્રુઝે ચંપારણમાં ન રોકાતાં ફીજી જવું જોઈએ. તેમણે અમને બેધડક કહ્યું કે, "એન્ડ્રુઝને રોકવા તમે આટલી જીદ કેમ કરો છો તે હું સમજી ગયો છું, અને જે કારણે તમે એમને રોકવા માગો છો તે જ કારણે હું એમને અહીંથી જલદીમાં જલદી રવાના કરવા માગું છું. તમારા મનમાં એમ છે કે અહીં અંગ્રેજ નીલવરો સાથે આપણો ઝઘડો ચાલે છે. અહીંના મોટા અમલદારો પણ અંગ્રેજ છે. એન્ડ્રુઝ પણ અંગ્રેજ છે, અને ગવર્નર સુધીના સહુ અંગ્રેજો પર સારો પ્રભાવ છે. સરકાર જુલમ કરે ત્યારે એન્ડ્રુઝ અહીં હોય તો સારું; આપણને તેમની મદદ મળે. તમારા મનમાં સરકારનો ડર છે અને તેમાં તમારે એન્ડ્રુઝનું રક્ષણ મેળવવું છે. એ ડર હું તમારા મનમાંથી કાઢવા માગું છું. જો આપણે નીલવરો સામે લડવાનું આવે, તો તેમાં કોઈ અંગ્રેજની મદદથી-ખુદ એન્ડ્રુઝની મદદથી પણ-આપણે ક્યાં લગી ફાવવાના હતા? આપણે તો નીડર થઈને, આપણી જ શક્તિ પર વિશ્વાસ રાખીને, કામ કરવાનું છે; તો જ આપણે ફાવીશું. માટે હું કહું છું કે એન્ડ્રુઝે અહીંથી જવું જોઈએ. કાલે સવારની ગાડીમાં જ તે અહીંથી રવાના થાય. વળી ફીજીનું કામ પણ તેમનાથી કેમ છોડી શકાય?"

આથી અમે થોડા નિરાશ તો થયા; પણ અમે જોયું કે અમારા મનની અંદર શું રહેલું છે તે ગાંધીજી બરાબર કળી ગયા હતા. એમની વાતની અમારા મન પર બહુ અસર થઈ. નિર્ભયતાનો આ પદાર્થપાઠ અમને આરંભમાં જ મળી ગયો.

*

સજાને સારુ કોર્ટમાં જવાનો સમય આવ્યો તેના પહેલાં મારી ઉપર મેજિસ્ટ્રેટનો સંદેશો આવ્યો કે ગવર્નર સાહેબના હુકમથી કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો છે, ને કલેક્ટરનો કાગળ મળ્યો કે મારે જે તપાસ કરવી હોય તે કરવી, ને તેમાં જે મદદ અમલદારો તરફથી જોઈએ તે માગવી. આવા તાત્કાલિક ને શુભ પરિણામની આશા અમે

કોઈએ નહોતી રાખી.

કલેક્ટર મિ. હેકોકને હું મળ્યો. તે પોતે ભલા ને ઇન્સાફ કરવા તત્પર જણાયા. જે કાગળિયાં કે બીજું કંઈ જોવું હોય તે માગી લેવાનું ને જ્યારે તેને મળવું હોય ત્યારે મળવાનું તેણે જણાવ્યું.

*

ગાંધીજી પરનો કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો છે અને તેઓ ખેડૂતોનાં બયાન સાંભળે છે, એવી ખબર બધે ફેલાઈ ગઈ. ખેડૂતો એટલી મોટી સંખ્યામાં આવવા લાગ્યા કે અમે સવારથી સાંજ સુધી લખ્યા કરતા છતાં એ બધાનાં નિવેદનો લઈ શકતા ન હતા.

ગાંધીજીએ અમને ચેતવ્યા કે, “તમને એ લોકો નિવેદનો લખાવશે તેમાં કેટલુંક અસત્ય અને કેટલીક અતિશયોક્તિ પણ હશે. તમે સહુ વકીલ છો, એટલે દરેકની ઊલટતપાસ કરી તમને સાચું લાગે તેટલું જ લખજો.”

અમે એ રીતે બયાન લખતા થયા, તેટલામાં અમને બીજો પદાર્થપાઠ મળ્યો. તપાસ કરવાની રજા અમને મળી, તેમ પોલીસને પણ ફરમાન થયું હતું કે તેમણે અમારી બધી કાર્યવાહી પર નજર રાખવી અને ઉચ્ચ અમલદારોને તેની ખબર આપતા રહેવું. પરિણામે પોલીસનો એક ફોજદાર લગભગ આખો દિવસ અમારી આસપાસ ભમ્યા કરતો. એક દિવસ ધરણીધરબાબુ આઠ-દસ ખેડૂતો વચ્ચે બેઠા બેઠા તેમનાં નિવેદનો લખતા હતા. પેલો ફોજદાર પણ પાસે આવીને બેઠો. ધરણીધરબાબુને તે ન ગમ્યું; પણ એ કાંઈ બોલ્યા નહીં અને ત્યાંથી ઊઠીને બીજી જગ્યાએ બેસી નિવેદનો લખવા લાગ્યા. ફોજદાર પણ તે જગ્યાએ જઈ બેઠો. ધરણીધરબાબુ ઊઠીને ત્રીજી જગાએ ગયા; પેલો ત્યાં પણ પહોંચી ગયો. હવે ધરણીધરબાબુથી રહેવાયું નહીં અને તેમણે કડક અવાજે પેલાને કહ્યું, “તમે આમ માથા પર આવીને કેમ બેસો છો? તમારે જે કાંઈ જોવું-સાંભળવું હોય તે જરા દૂર રહીને જુઓ-સાંભળો!” પેલાએ એટલો જ જવાબ આપ્યો કે, અમને એવો હુકમ છે. પછી ફોજદારે ગાંધીજી પાસે જઈને ફરિયાદ કરી.

ગાંધીજીએ અમને સહુને બોલાવીને પૂછપરછ કરી. ધરણીધરબાબુએ બધી વાત કહી. ગાંધીજીએ એમને પૂછ્યું કે, “લખતી વેળા તમે એકલા હતા, કે તમારી આસપાસ બીજા કોઈ હતા?” એમણે જવાબ આપ્યો કે, “ઘણા ખેડૂતો મારી આજુબાજુ ઊભા હતા.” એટલે ગાંધીજીએ સવાલ કર્યો કે, “આ ફોજદાર ત્યાં આવ્યા, એ તમને કેમ ન ગમ્યું?” તેમણે જવાબ આપ્યો, “એમની હાજરીથી અમારા કામમાં અડચણ થતી હતી.”

એટલે ગાંધીજી કહે, “બીજા ખેડૂતોની હાજરીથી તમને કશી અડચણ ન પડી, પણ આમના આવવાથી પડી; તેનો અર્થ એ કે આ પોલીસના માણસ છે તેથી અડચણ પડે છે. એમની ને બીજાઓની વચ્ચે તમે ભેદ કેમ રાખ્યો? હજી પણ તમારા મનમાં પોલીસનો ડર હોય એમ લાગે છે. એ ડર કાઢવો જોઈએ. આપણે છુપાઈને કોઈ બૂરું કામ તો કરતા નથી. તો પછી પોલીસનો કોઈ પણ માણસ ત્યાં હાજર રહે તેથી ડરવાનું શું છે? ખેડૂતોના મનમાંથી પણ એ ડર કાઢવો જોઈએ. તેમણે જે કાંઈ કહેવાનું હોય તે પોલીસ, મેજિસ્ટ્રેટ અને નીલવરોની સમક્ષ નિર્ભયતાપૂર્વક સાફ કહેવું જોઈએ.”

ગાંધીજીની વાત તો સાચી હતી. પોલીસનો થોડોઘણો ડર હજી સહુને રહેતો જ હતો. મનમાં એમ થતું કે, આપણી વાત પોલીસ જાણી જશે, તો કોણ જાણે તેનું શું યે પરિણામ આવશે! પણ હવે ફોજદારે જોયું કે અમારી નજરમાં તેની અને ખેડૂતોની હાજરીમાં કશો ફરક રહ્યો નથી; એ બેઠો હોય કે કોઈ ખેડૂત તે અમારે મન સરખું જ હતું. એથી ફોજદારનો રુઆબ સાવ ઊતરી ગયો!

*

થોડા દિવસ પછી ગાંધીજી કહે, આ કામમાં થોડો વખત જશે એમ લાગે છે, એટલે એકલા ગોરખબાબુ પર આટલો બોજો નાખવો ઠીક નથી. વળી એમના મકાનમાં જગા પણ બહુ નથી. એટલે બીજું મકાન શોધી કાઢીને ત્યાં પડાવ નાખીએ. શહેરના ભાઈઓએ નજીકમાં જ એક મકાન શોધી કાઢ્યું. ગાંધીજીએ કહ્યું કે, મકાન સાફસૂફ કરાવી નાખીને આજે જ ત્યાં ચાલ્યા જઈએ. તે સાફ થતાં-કરતાં સાંજ પડી

ગઈ. અમને થયું કે હવે રાત વખતે ત્યાં ન જતાં કાલે સવારે જઈશું. ગાંધીજીને તેની જાણ કરી નહોતી, કારણ કે અમને એમ કે આવી નાની વાતમાં ગાંધીજીને શું જણાવવું હતું? પણ રાતના આઠ-નવ વાગ્યે ગાંધીજીએ પૂછ્યું કે, આપણે નવા ઘરમાં જવાના હતા તેનું શું થયું? —ક્યારે નીકળવું છે?

કોઈએ જણાવ્યું કે સાફસૂફીમાં મોડું થઈ ગયું, એટલે હવે કાલે જવાનું રાખ્યું છે. એ સાંભળીને ગાંધીજી બોલ્યા, “એમ ન થાય. એક વાર નિશ્ચય કર્યો કે અમુક કરવું છે, તો પછી એ કરવું જ જોઈએ. આમ નિશ્ચય બદલવો સારો નહીં. અને સફાઈ કરવી એમાં શી મોટી વાત છે? આપણું રહેવાનું ઘર પણ આપણે જાતે સાફ ન કરી શકીએ? સફાઈ ન થઈ હોય તો આપણે પોતે જઈને કરી લેવી જોઈએ.”

ગાંધીજીનો પોતાનો સામાન તો થોડોક જ હતો. એમના કપડાં એક નાનકડા બિસ્તરામાં જ બાંધેલાં રહેતાં. એ બિસ્તરો રાતે સૂતી વખતે તેઓ ખોલતા, અને સવારે ઊઠીને વ્યવસ્થિત બાંધીને મૂકી દેતા. આમ એમનો બિસ્તરો તો જ્યારે જોઈએ ત્યારે બાંધેલો તૈયાર જ હોય. બીજો એક પતરાનો ડબ્બો હતો. વાત પૂરી કરતાં કરતાં તો તેઓ ઊઠીને ઊભા થયા અને પોતાનો બિસ્તરો ઉઠાવીને, “હું તો જાઉં છું; ત્યાં જ સૂઈશ,” કહેતા ચાલવા મંડ્યા. અમે બધા ગભરાઈ ગયા, અને તેમની પાછળ દોડીને કોઈકે જેમ તેમ કરીને તેમનો બિસ્તરો લઈ લીધો ને કોઈકે ડબો ઉપાડી લીધો. અમે પણ આવીએ છીએ, કહીને સહુ તેમની સાથે ચાલ્યા.

નવા મુકામ પર પહોંચતાં જ, ગાંધીજીએ આંગણામાં એક સાવરણી પડી હતી તે ઉઠાવીને વાળવા માંડ્યું. એ જોઈને તો અમે લોકો ડઘાઈ જ ગયા. જેમ તેમ કરીને સાવરણી એમના હાથમાંથી લઈ લીધી. અમારા સહુના બિસ્તરા પણ જ્યાં ત્યાં પથરાઈ ગયા. પોતાનું બચકું પોતાને હાથે ઊંચકવું, જાતે ઝાડુ વાળવું —એ અમારા બધા માટે સદંતર નવી વાત હતી; કારણ કે અત્યાર સુધી અમે જુદી જ રીતે જીવન ગાળતા હતા. અમે અથવા અમારા વર્ણના લોકોએ, ઓછામાં ઓછું બિહારમાં

તો, આ જાતનું કામ કદી કરેલું નહોતું.

પણ આવા પદાર્થપાઠ તો અમને રોજેરોજ મળતા ગયા.

મોતીહારીમાં અમે મુકામ નવા મકાનમાં ફેરવ્યો અને ખાવાપીવાનો બંદોબસ્ત કરવાનું અમારે માથે આવ્યું ત્યારે સવાલ એ થયો કે રસોઈ કોણ કરે, અને વાસણપાણી કોણ કરે? અમારામાંના લગભગ બધા જ ન્યાતજાતમાં માનનારા હતા. હું તો તેમાંયે વિશેષ કટ્ટર હતો. નાનપણથી જ ઘરના એવા સંસ્કાર હતા. જ્યારે પણ મારે પટના-કલકત્તા વગેરે જગ્યાએ જવાનું થતું ત્યારે અમારી જ્ઞાતિના અથવા તો બ્રાહ્મણ રસોઈયાના હાથની જ રસોઈ જમતો. કલકત્તામાં એક વાર અમે હિન્દુ હોટલમાં ઊતરેલા, ત્યારે ત્યાં પણ બિહારી બ્રાહ્મણ રસોઇયો રાખીને અમારે માટે જુદી રસોઈનો બંદોબસ્ત કરાવેલો, કારણ કે અમારામાં ન્યાતજાતની એટલી તો કટ્ટરતા હતી કે એક-બે જણ સિવાયના બાકીના બિહારીઓ તો બંગાળી બ્રાહ્મણના હાથની પણ રસોઈ જમવા તૈયાર નહોતા!

એટલે મોતીહારીમાં અમારે બ્રાહ્મણ રસોઇયો શોધવાની જરૂર ઊભી થઈ. ગાંધીજીએ અમને સમજાવ્યું કે, “આમ નાતજતના વાડા રાખવાથી આપણા કામમાં નડતર થશે, દરેક જણ માટે જુદા ચૂલા કરવા પડશે અને ખર્ચ પણ વધારે આવશે. સાર્વજનિક કામ એ રીતે ન ચાલી શકે. આપણે આ બધું હવે છોડવું પડશે. આપણે સહુ જો એક જ કામમાં પડ્યા છીએ, તો પછી આપણા સહુની એક જ જ્ઞાતિ કેમ ન માનવી?” આમ કહીને એમણે મોતીહારીમાં જ ન્યાતજાતના વાડા તોડાવી નાખ્યા. અમારામાંથી જ એક જણે રસોઈ કરી, અને તે અમે સહુ સાથે બેસીને જમ્યા. આમ, કોઈ બીજી ન્યાતના માણસે બનાવેલી રસોઈ જંદિગીમાં પહેલી વાર હું મોતીહારીમાં જમ્યો!

થોડા દિવસ પછી ગાંધીજીનું ધ્યાન ગયું કે અમારી સાથે કેટલાક નોકરો પણ છે. પહેલાં તો ઘણા લોકો રાતદિવસ હાજર રહેતા, અને સહુ કાંઈ ને કાંઈ સેવા આપવા તત્પર રહેતા; એટલે નોકર કોણ છે ને સ્વયંસેવક કોણ છે તેની ખબર પડતી નહીં. મારી સાથે કોઈ

આબરૂદાર ખેડૂતના જેવા દેખાવવાળો એક નોકર મોતીહારીમાં હતો. પછી અમે બેતિયા ગયા ત્યાં પણ એ સાથે જ હતો. મોતીહારીમાં ને બેતિયામાં બેય સ્થળે આટલી સેવા કરનાર આ માણસ કોણ છે તે ગાંધીજીની સમજમાં હવે ઊતર્યું. પછી એમને ખબર પડી કે એવા બીજા પણ કેટલાક સ્વયંસેવક જેવા લાગતા માણસો ખરેખર તો નોકરો છે. એટલે વળી એમણે અમને સમજાવ્યું કે આમ નોકર રાખીને પોતાનું કામ કરાવવું, એ કાંઈ દેશસેવકને શોભે નહીં. જેણે દેશની સેવા કરવી હોય તેણે પ્રથમ તો આ બધી બાબતમાં સ્વાવલંબી થવું જોઈએ. પરિણામ એ આવ્યું કે એકેએકે બધા નોકરોને વિદાય આપવામાં આવી. કેવળ એક માણસ રહ્યો તે વાસણ માંજતો ને રસોડું સાફ કરતો. પોતાનું કામ જાતે કરવાનું અમે ધીરે ધીરે શીખી લીધું. ત્યારે અમને ખ્યાલ આવ્યો કે તે અમે ધારતા હતા તેટલું મુશ્કેલ નહોતું!

કસ્તૂરબા ચંપારણ આવ્યાં, પછી ગાંધીજીએ રસોઇયાને રજા આપી અને કહ્યું કે, બા જ બધાની રસોઈ કરશે. અમને એ ગમતું નહોતું, પણ અમારું કાંઈ ચાલ્યું નહીં. ચૂલામાં લાકડાં બરાબર સળગતાં નહીં, ધુમાડાથી બાની આંખો લાલ થઈ જતી ને તેમાંથી પાણી ગળતું, ત્યારે એમને બહુ દુઃખ થતું. અમે ગાંધીજીને વાત કરતા, તો તેઓ “આવા જાહેર કાર્યમાં ઓછામાં ઓછું ખર્ચ કરવું જોઈએ. નોકર ને રસોઇયાનું ખર્ચ બને ત્યાં સુધી બચાવવું જોઈએ. બાને તો રસોઈ કરવાનો મહાવરો છે…” એવું બધું કહીને અમારી વાત ટાળતા.

પ્રજાનો પૈસો તેઓ કેટલી કરકસરથી વાપરે છે અને એક એક પાઈ બચાવવા કેટલી મહેનત કરે છે, તે અમે સમજી ગયા. અમે જોયું કે પોસ્ટકાર્ડથી ચાલતું હોય તો તેઓ પરબીડિયાનો ઉપયોગ કરતા નહીં; એમના ઘણાખરા મહત્ત્વના લેખો, કોંગ્રેસ તથા બીજી સંસ્થાઓના અગત્યના ઠરાવો વગેરે આપણે કચરાની ટોપલીમાં ફેંકી દઈએ એવા કાગળના ટુકડાઓ પર લખવામાં આવેલા છે. પરબીડિયાને ઉખેળીને તેની અંદરનો ભાગ અને બીજા એક બાજુ વપરાયેલા કાગળોની કોરી બાજુ તેઓ હંમેશાં લખવાના કામમાં લેતા. સાર્વજનિક કામમાં પૈસા

ખર્ચવાની બાબતમાં કેટલી હદ સુધી સાવધાન રહેવું જોઈએ, તે અમને ત્યારે શીખવાનું મળ્યું.

દક્ષિણ આફ્રિકામાં તો ગાંધીજી પાયખાનાં પણ જાતે સાફ કરતા. પરંતુ ચંપારણમાં તેમણે સ્વાવલંબનનો સંપૂર્ણ કાર્યક્રમ અમારી સમક્ષ મૂક્યો નહોતો. તેઓ જાણતા હતા કે કુમળી ડાળ આસ્તે આસ્તે જ વાળી શકાય; વધારે પડતું જોર કરવા જતાં કદાચ એ બટકી જાય.

(અનુ. કરીમભાઈ વોરા): મો. ક. ગાંધી

['બાપુને પગલે પગલે' અને 'સત્યના પ્રયોગો' પુસ્તકો]

# રાજેન્દ્ર શાહ

## મેહ મીઠો વરસે

*ઝીણી ઝીણી ઝરમર*
*મેહ મીઠો વરસે.*
*પાતળા પાલવ તળે*
*ઉર મારું તરસે.*
*ઝીલું હું આતુર નેણે,*
*વ્હાલનાં અબોલ વેણે;*
*તન રે તનિક લહેરે*
*હરખાય પરસે.*

*ઝીણી ઝીણી ઝરમર*
*મેહ મીઠો વરસે.*
*કોણ મારું મન બોલે?*
*બોલે રે ઝિંગુરવા;*
*ટહુકે ભરાય આભ*
*વગડા ડુંગરવા.*
*ડાળે ડાળે પાને પાને*
*ફલ ફોરે મધુ ગાને,*
*ચરણ ચંચલ તાને—*
*બિન રે ઘુંઘરવા.*
*કોણ મારું મન બોલે?*
*બોલ રે ઝિંગુરવા.*

*ઝીણી ઝીણી ઝરમર*
*મેહ મીઠો વરસે,*
*ગરવો અમલ ચડે*

*અમિયલ પરસે.*
*કાંઠે ન સમાય પૂર,*
*ઘૂમરાય ઘૂર ઘૂર,*
*ધરવ ધરે ને ઉર*
*અદકેરું તરસે.*
*ઝીણી ઝીણી ઝરમર*
*મેહ મીઠી વરસે.*

['સમર્પણ' પખવાડિક : ૧૯૬૫]

# શેરીએ આવે સાદ

*કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,*
*હાલ્યને આંબાવાડિયે, હજી પોરની તાજી યાદ;*

*પાંદડુંયે નહિ પેખીએ એવો*
*ઝૂલતો એનો મોર,*
*કોઈને મોટા મરવા અને*
*કોઈને છે અંકોર.*
*ડોલતી ડાળે ઘૂમીએ આપણ ગજવી ઘેરો નાદ,*
*કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ.*

*ઘરનું નાનું આંગણું,*
*ગમે મોકળું મોટું વન;*
*કોઈનોયે રંજાડ નહિ ને*
*ખેલવા મળે દન.*
*હાલીએ ભેરુ, કાયર જે કોઈ હોય તે રહે બાદ,*
*કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ.*

*કોઈ રે એવું કામ નહિ*
*જે થાય ન હાથે હાથે.*

*આપણી કને હોય તે બધું હોડમાં મૂકી દઈ,*
*હાર કે જીત વધાવીએ આપણ એકબીજાનાં થઈ.*

# રાજેન્દ્ર શુક્લ

## હું મળીશ જ

*પુકારો ગમે તે સ્વરે, હું મળીશ જ;*
*સમયના કોઈ પણ થરે હું મળીશ જ.*

*ન ખૂલે ન તૂટે કટાયેલું તાળું;*
*કોઈ હિજરતીના ઘરે હું મળીશ જ.*

*હતો હું સુદર્શન સરોવર છલોછલ;*
*હવે કુંડ દામોદરે હું મળીશ જ.*

*નગારે પડે ઘા પહેલો કે ચોરે;*
*સમીસાંજની ઝાલરે હું મળીશ જ.*

*બપોરે ઉપરકોટની સૂની રાંગે;*
*અટૂલા કોઈ કાંગરે હું મળીશ જ.*

*તળેટી સુધી કોઈ વ્હેલી સવારે*
*જશો તો પ્રભાતી સ્વરે હું મળીશ જ.*

*કોઈ પણ ટૂંકે જઈ જરા સાદ દેજો;*
*સૂસવતા પવનના સ્તરે હું મળીશ જ.*

*શિખર પર ચટકતી હશે ચાખડી ને*
*ધરીને કમંડલ કરે હું મળીશ જ.*

*શમે મૌનમાં શબ્દ મારા પછી પણ*
*કોઈ સોરઠે—દોહરે હું મળીશ જ.*

*હશે, કોક જણ તો ઉકેલીય શકશે;*
*શિલાલેખના અક્ષરે હું મળીશ જ.*

મને ગોતવામાં જ ખોવાયો છું આ;
પત્યે પરકમ્મા આખરે હું મળીશ જ.

જૂનાગઢ, તને તો ખબર છે, અહીં હર
ઝરે, ઝાંખરે, કાંકરે હું મળીશ જ.

—

આપણા સામટા શબ્દ ઓછા પડ્યા,
એમના મૌનને એટલા રંગ છે.

# રાજેશ ખન્ના

## રૂપેરી પરદાના ચહેરા

મારા મિત્ર શિરીષ કણેકરે પોતાના પુસ્તકની પ્રસ્તાવના લખવાનો પ્રસ્તાવ મારી સામે મૂક્યો ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું. ડિમ્પલે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો ત્યારેય મને આટલું આશ્ચર્ય થયું નહોતું. એક મરાઠી પુસ્તકની પ્રસ્તાવના લખવાની ઓફર મને કોઈ કરી શકે એમ ક્યારેય લાગ્યું નહોતું. મેં તરત જ નકાર કર્યો. બાપજન્મારે ક્યારેય ચાર લીટીઓ લખી નથી.

શિરીષે જ્યારે મળે ત્યારે પ્રસ્તાવના વિશે કહ્યા કર્યું અને છેવટે હું આગ્રહનો ભોગ બન્યો. એક વાર એક કામ હાથમાં લઉં એટલે તે મન દઈને, પદ્ધતિસર કરવાનો મારો સ્વભાવ છે. મેં મારા સ્ટાફમાંથી મરાઠી માણસ પાસે આખું પુસ્તક બે વાર વંચાવ્યું. અર્થ ન સમજાયો ત્યાં પૂછી લીધો. જ્યાં મારો માણસ ઊણો ઊતરે છે એમ લાગ્યું ત્યાં લેખકની પોતાની જ પાસે ભૂલ વગરનું અંગ્રેજી ભાષાંતર કરાવ્યું. તે પછી મેં નોંધો કરી. મિત્રો સાથે ચર્ચા કરી. હવે મને આ નવી ભૂમિકાનો કેફ ચડ્યો હતો. આ ભૂમિકા ભજવવા માટે હું શરૂઆતમાં નારાજ હતો એ પણ ભૂલી ગયો. ગમે તે સમયે ફોન કરીને હું શિરીષને પૂછતો, “યાર, ઇસ કા ક્યા મતલબ હૈ?” તે કહેતો અને ઉપરથી સંભળાવતો, “યે લિટરેચર હૈ, કાકા! ‘છૈલાબાબુ’ નહીં હૈ.” એક તો એમનું કામ કરો અને ઉપરથી એમના જોડા ખાઓ! અને ઘમંડી તો રાજેશ ખન્ના જ. મારા પ્રયત્નો કુતૂહલથી જોયા કરતા મારા સેક્રેટરીથી એક દિવસ રહેવાયું નહીં તેથી મને પૂછ્યું, “ક્યા હો રહા હૈ, કાકાજી?” હું ‘મુગલે આઝમ’ના નિર્માણમાં ગૂંથાયો છું એમ તેને લાગ્યું હશે.

‘પુન્હા યાદોં કી બારાત’ (રૂપેરી પરદાના ચહેરાઓ) વાંચી લીધા પછી-ખરેખર તો વાચન ચાલુ હતું ત્યારે જ-મારી પહેલી પ્રતિક્રિયા

હતી ચકિત થવાની. હિંદી ચિત્રપટ જેવા બજારુ મનાતા વિષયનું મરાઠી ભાષામાં આટલા ઊંચા દરજ્જાનું, અભ્યાસપૂર્ણ, શૈલીબાજ, વાચનીય, લલિત લેખન થતું હશે એની મને કલ્પનાયે નહોતી. એકંદરે અમારું સિનેમાવાળાઓનું વાચન જ મર્યાદિત. બહુશ્રુત કહી શકાય એવા લોકો અમારા વ્યવસાયમાં બહુ ઓછા જોવા મળે. જેમનું બોલવું કાન દઈને સાંભળીએ એવા ચાર જ માણસો મને ફિલ્મ-લાઇનમાં મળ્યા: વી. શાંતારામ, રાજ કપૂર, દિલીપકુમાર અને શબાના આઝમી! બાકી મોટા ભાગના બધા મારી જેવા!

શિરીષ કણેકરને હિંદી ચિત્રપટ માટે અને તેના કલાકારો માટે સાચો પ્રેમ છે, એ બાબત મને સૌથી વધુ મહત્ત્વની લાગે છે. તેથી ગ્લૅમરના ઝગમગાટ નીચે છુપાયેલું અંધારું તેને દેખાય છે. કલાકારના હૃદયની વેદના તેને સમજાય છે. સાયગલ, મધુબાલા, દુરાણી જેવા ચારછ દિવંગત કલાકારોને બાદ કરતાં આ પુસ્તકના બીજા બધા જ કલાકારોનો મને પરિચય છે, કામ નિમિત્તે તેમનો ઓછોવત્તો સંપર્ક થયો છે. કેટલાકને તો મેં ખૂબ નજીકથી જોયા છે. તોપણ વાંચતી વખતે મને તેમને વિશે કેટલી બધી નવી માહિતી મળી!

શિરીષની કલમની ભાવુકતા મને મૃદુ બનાવે છે. ‘તે અને તેની છાયા’, ‘હિન્દુ કો રામ મુસ્લિમ કો સલામ’, ‘દાદી અમ્મા’, “તેને ‘બીજો સાયગલ’ થવું હતું,” ‘ઉઘાડ બારણું દેવ હવે’ વગેરે લેખોએ મને અંતર્મુખ કર્યો. આટલાં વર્ષો ફિલ્મ-ઇન્ડસ્ટ્રીમાં કાઢ્યાં પછી પણ હું અંદરથી જરા હલી ઊઠ્યો. ગ્લિસરીન વગર આંખમાં પાણી આવતાં નથી, એ મારી માન્યતા ખોટી પડી.

અનેક વાર લખીને અનેક વાર ફાડીને હું જિંદગીની પહેલી અને ઘણુંખરું છેલ્લી પ્રસ્તાવનાને બે હાથ જોડતો હતો, ત્યારે એકાએક મારા મનમાં એક શંકા જાગી. મેં તે તરત જ શિરીષને કહી, “મેં આટલો પરિશ્રમ કર્યો તોય તેં જ મારા નામે પ્રસ્તાવના લખી છે એમ લોકો નહીં કહે એની શી ખાતરી?”

“નહીં કહે,” તે શાંતિથી બોલ્યો, “હું સારું લખું છું.”

આ સાંભળી મારાથી કરી શકાય તેવું હતું તે જ મેં કર્યું. હું જાણતો હતો એવી પંજાબીમાં છે-નથી એવી ગાળો મેં તેને દીધી. હવે સાત મહિના મોટા હોવાનો ફાયદો ઉઠાવીને હું શિરીષ કણેકરને આશીર્વાદ અને તેના આ ઉત્કૃષ્ટ પુસ્તકને શુભેચ્છા આપું છું. બાકી કશા માટે નહીં, પણ પ્રસ્તાવના માટે લોકો પુસ્તક લેશે એની મને ખાતરી છે.

(અનુ. જયા મહેતા)

[‘રૂપેરી પરદાના ચહેરાઓ’ પુસ્તકઃ ૨૦૦૩]

## રાજેશ ભટ્ટ

# એક જિજ્ઞાસુ વિજ્ઞાની

૧૯૨૯માં જન્મેલા, ખેડા જિલ્લાના હલધરવાસના મૂળ વતની, કર્મે અને વિચારે વિશ્વમાનવ બનેલા અરવિંદભાઈ પંડ્યાને આમ તો સ્વાતંત્ર્યસેનાની કહેવા પડે, પરંતુ એ તેમની સંપૂર્ણ અને સાચી ઓળખ કદાચ ના કહેવાય. કિશોરાવસ્થામાં સ્વાતંત્ર્યસેનાની તરીકે એમનું જેટલું પ્રદાન થયું, કદાચ તેથી સવિશેષ સ્વાતંત્ર્યોત્તર સમયમાં એક વિજ્ઞાની તરીકેનું રહ્યું.

અરવિંદભાઈનું જીવન, તેમની કામ કરવાની અને વિચારવાની પદ્ધતિ વગેરે કિશોરો, યુવાનો માટે પ્રેરણાદાયક બની રહે તેવાં રહ્યાં છે. તેમના વિચારોમાં સ્પષ્ટતા હતી, તેમ આચરણ હંમેશાં એન્જિનિયરે દોરેલી સીધી લીટી જેવું હતું.

બાર વર્ષની ઉંમરે પોતાના ઘરથી તેમણે છેડો ફાડ્યો. પિતા ચંદ્રવદન પંડ્યા સરકારી અમલદાર. જન્મે અને આચરણે ચુસ્ત બ્રાહ્મણ. બાળ અરવિંદ ભણવામાં અવલ ક્રમે રહે. જીવ તો જોકે પહેલેથી જ વિજ્ઞાનીનો એટલે રમકડાં કરતાં ઘડિયાળ જેવાં યંત્રોમાં વધુ રસ પડે. પરંતુ તેણે તો બાર વર્ષની કુમળી વયે ગાંધીનો રંગ પકડી લીધો. ઘર છોડતાં જ, ચરોતર વિસ્તારના અડાસ ગામે નાની રેલવેના પાટા ઉખાડી અંગ્રેજો પરનો રોષ વ્યક્ત કર્યો. મિત્રો સાથે પકડાયા. કારાવાસ મળ્યો.

કિશોરાવસ્થા ઘરબારથી દૂર, સગાંસ્નેહી વિના અત્યંત મુશ્કેલીમાં વીતી. જેલમાંથી છૂટી બોચાસણની આશ્રમશાળામાં દાખલ થયા. ત્યાં પણ ભણવા અને દળવામાં સહુથી આગળ. હા, દળવામાં પણ તેમને વિજ્ઞાન જ દેખાતું. આશ્રમમાં અને પાછળથી જેલમાં રવિશંકર મહારાજની દળવાની દક્ષતા કિશોર અરવિંદનું લક્ષ્ય અને આદર્શ બન્યાં.

અરવિંદભાઈએ સ્વતંત્રતાની ચળવળમાં વિદ્યાર્થી જીવન તો હોમી

દીધું હતું, પરંતુ જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા દિલો-દિમાગમાં રુધિરની જેમ વ્યાપ્ત હતી. તેને ડિગ્રીની ઝાઝી તમા ન હતી, છતાં વડીલોએ ગૂજરાત વિદ્યાપીઠની વિનીતની કક્ષા પાર કરાવી. પણ તેમના મનમાં વિલાયત જઈ મિકેનિકલ એન્જિનિયરિંગ કરવાની મહેચ્છા હતી. આથી સાહસ ખેડીને તેઓ ઇંગ્લૅન્ડ ગયા.

ઔપચારિક રીતે અંગ્રેજી ક્યારેય પણ શીખ્યા વિના, પરદેશમાં ખીસામાં પાઈ-પૈસા વિના અને હાથમાં ડિગ્રીના પોટલા વિના એ જિજ્ઞાસુ એક બાજુ અંગ્રેજી તો બીજી બાજુ કોલેજમાં મિકેનિક્સના પદાર્થપાઠ શીખવા માંડ્યો.

વર્ગ સિવાયનો વખત એક અંગ્રેજના કારખાનામાં કામ કરવામાં જતો. બ્રેડ, દૂધ અને ટામેટાં ઉપર જીવનનિર્વાહ થતો. જે વડીલોએ ‘કાશીગમન’ કરાવ્યું હતું, તેમનો જ કોલ આવ્યોઃ ‘આવો પરત. દેશને, ખાદી જગતને તમારી જરૂર છે.’ ઇંગ્લેન્ડ મૂક્યું પડતું, ઉપાધવાળી પરીક્ષા મૂકી પડતી અને પહોંચ્યા પાછા સ્વદેશે.

અમદાવાદના આંગણે આવી ખાદી અને ગ્રામોદ્યોગ સાથે સંલગ્ન પ્રયોગો, ઉત્પાદન, નિદર્શન અને વિચાર-વ્યાપ વિશેની પ્રવૃત્તિ સાથે સંકળાયા. બે સંસ્થાઓ સાથે આ નિમિત્તે મુખ્યત્વે જોડાવાનું થયુંઃ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ તથા ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિ.

૧૯૫૬ના અરસામાં આરંભાયેલા તેમના પ્રયોગો જીવનના અંત સુધી ચાલુ રહ્યા. સૂર્યકૂકર, સૂર્યઊર્જાથી ચાલતું નીરા ઉત્પાદક સંયંત્ર, સૌર વોટર હીટર, સોલર ક્રોપ ડ્રાયર, ગોબર ગેસ પ્લાન્ટ અને સૌર ફોટો વોલ્ટેઇક સેલ અંગેનાં યંત્રોની ડિઝાઇન અને કાર્યક્ષમતામાં સુધારા, નિદર્શનો, પ્રચાર અને નવીનીકરણમાં તેઓ રત રહ્યા. બાયો ગૅસ પ્લાન્ટની કાર્યપદ્ધતિના આધારે ઘરમાં મૂકીને વાપરી શકાય તેવું ‘કિચન વેસ્ટ ડાઇજેસ્ટર’ (રસોડાનો સેન્દ્રિય કચરો પચાવી શકે તેવું સયંત્ર) તેમણે બનાવ્યું હતું, જે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં વિકેન્દ્રીકરણ સિદ્ધ

કરી મોટી ક્રાંતિ લાવવાની શક્યતા ધરાવે છે.

['દિવ્ય ભાસ્કર' દૈનિકઃ ૨૦૦૫]

# રાજેશ વ્યાસ, ‘મિસ્કિન’

## ગઝલ

*કૈંકને દુર્લભ છે શ્વાસો જે મફત વહેતી હવા,*
*શ્વાસ તારાથી સહજ લેવાય છે? આભાર માન.*

*કૈંકની મૃત્યુથી બદતર છે પરિસ્થિતિ અહીં,*
*ટૂંકમાં બહેતર જીવન જિવાય છે, આભાર માન.*

*કૈંકને દૃષ્ટિ નથી ને કૈંક જોતાં ધૂંધળું,*
*આંખથી ચોખ્ખું તને દેખાય છે? આભાર માન.*

*જ્ઞાનતંતુની બીમારી ને હૃદયની કોઈને,*
*આ જગત સ્પર્શાય છે? સમજાય છે? આભાર માન.*

*કૈંક ઉબાઈ ગયા છે કૈંક પાગલ થઈ ગયા,*
*જીવવાનું મન પળેપળ થાય છે? આભાર માન.*

*એકસરખું જો હશે કૈં પણ તો કંટાળી જઈશ;*
*વત્તુંઓછું જો હૃદય હરખાય છે, આભાર માન.*

*જીભના લોચા નથી વળતા, ન દદડે આંસુઓ,*
*હોઠ આ ફફડે છે તો બોલાય છે? આભાર માન.*

*વ્હેણ સુકાયાં નથી ને અવસરે શોભે હજી,*
*આંસુઓ પણ પાંચમાં પુછાય છે, આભાર માન.*

*કાલમાં સૌ જીવનારા હોય છે પરવશ ફક્ત,*
*આજ આ આભારવશ થઈ જાય છે, આભાર માન.*

[‘અખંડ આનંદ’ માસિક: ૨૦૦૫]

# રાબિયા

## હે પ્રભુ...

હે પ્રભુ, નરકના ભયથી જો હું તારી પૂજા કરું તો મને નરકમાં જ બાળજે. સ્વર્ગની આશાથી તારી આરાધના કરું તો મને સ્વર્ગમાંથી બાકાત રાખજે. પરંતુ હે માલિક, તું જે છે તે ખાતર જ તારી આરાધના કરું તો તારી કૃપાનો કળશ નિ:સંકોચ મારા પર ઢોળજે.

# રામધારી સિંહ ‘દિનકર’

## પાઠક બહરે: લેખક મૂક

સાહિત્ય લિખને કા કામ કેવલ લેખકકી મેજ પર સમાપ્ત નહીં હોતા. પૂર્ણતા પર વહ તબ પહુંચતા હૈ, જબ લેખકકી કૃતિયાં પાઠકોં કે હાથમેં પહુંચ જાતી હૈ. જિસ ભાષા કે પાઠક બહરે હૈં, ઉસ ભાષાકા લેખક એક દિન મૂક હો જાયેગા.

## બાપુ કે સમયુગીન

*આતે હી જિસકા રુચિર ધ્યાન*
*મન મેં ભર જાતા થા સુવાસ;*
*ઇસ એક કલ્પના સે હી નર*
*ઉડને લગતા થા અનાયાસ—*
*“હમ બાપૂ કે હૈં સમયુગીન,*
*એક હી સમય, એક હી કાલ;*
*હમ સાંસ લે રહે વહી વાયુ*
*જો, છૂકર ઉનકો જાતી હૈ;*
*હૈ ધન્ય વિધાતા જિસને*
*ગાંધી-યુગમેં હમકો જન્મ દિયા!”*

[‘ગાંધી-શતદલ’ પુસ્તક: ૧૯૬૯]

# રામનારાયણ ઉપાધ્યાય

## રામાયણ કી ભીખ

એક વૃદ્ધ બ્રાહ્મણ કી દોનોં આંખે નહીં હૈ, ફિર ભી વે એક મંદિર મેં 'રામાયણ' કા પાઠ કરતે હૈં! એક દિન મૈંને ઉનસે પૂછા: બાબા, આપને 'રામાયણ' કૈસે સીખી?

બોલે: ઉસકા ભી એક કિસ્સા હૈ. તબ ગાંધીજી સેવાગ્રામ મેં રહતે થે. એક દિન મૈં ઉનકે દર્શન કે લિયે જા પહૂંચા. પૂછા, "બાપુ, હમેં કોઈ ઐસા કામ બતાઇએ જિસમેં હમારા ભી કલ્યાણ હો, ઔર જગતકા ભી કલ્યાણ હો." વે કુછ નહીં બોલે. ચાર દિન તક જાકર ઉનસે મૈં યહી પ્રશ્ન કરતા રહા. તબ ઉન્હોંને કહા: "યદ્યપિ આપ પઢ નહીં સકતે, લેકિન અગર આપ 'રામાયણ' કો કંઠાગ્ર કર લેં, તો ઉસમેં આપકા ભી કલ્યાણ હોગા ઔર જગતકા ભી કલ્યાણ હોગા."

દૂસરે હી દિન મૈં 'રામાયણ' કા એક ગુટકા ખરીદ લાયા. પર ઉસે પઢા કૈસે જાય? તો, મૈં ઉસે લેકર બાઝારકી એક-એક દુકાન પર જાતા થા ઔર દુકાનદારસે હાથ જોડકર કહતા થા: "ભાઈ, મૈં આપસે 'રામાયણ' કી ભીખ માંગને આયા હૂં. આપ ઇસમેં સે કુછ ચૌપાઈયાં પઢકર મુઝે સુના દીજિયે!" કોઈ કહતા, "જબતક ગ્રાહક નહીં આયેગા, તબતક હમ સુનાયેંગે." મૈં ઉનકી બાત માન લેતા, ઔર ઉનસે કુછ ચૌપાઈયાં સુનકર ઘર લૌટ આતા થા. ફિર દૂસરે દિન દૂસરે દુકાનદારકે પાસ જાતા.

એક દિન મૈં એક હરિજનકે પાસ ગયા. વહ સડક કે ચૌરાહે પર બૈઠકર જૂતે સી રહા થા. મૈંને જાકર ઉસસે ભી વહી પ્રાર્થના કી. વહ બોલા: "બાબા, સુબહકા સમય તો હમારા ગ્રાહકીકા હોતા હૈ. દોપહરકો મૈં ખાલી રહતા હૂં. યદિ આપ મુઝે અપના ઘર બતા દેં, તો મૈં રોજ દો ઘંટે આકર આપકો 'રામાયણ' સુના સકતા હૂં."

ઔર વહ મુઝે નિયમસે ‘રામાયણ’ સુનાને લગા. પહલે વહ એક ચૌપાઈ પઢતા, ઔર મૈં ઉસે સુનતા. ફિર વહ ઉસે આઠ-દસ બાર પઢતા, ઔર મૈં ઉસે દોહરાતા જાતા. ઉસકે બાદ વહ મુજસે ઉસી ચૌપાઈ કો પૂછતા, ઔર મૈં ઉસે જ્યોં-કા-ત્યોં સુના દેતા. અગર ઉસમેં કુછ ગલતી રહ જાતી, તો વહ સુધાર લેતા. ઇસ તરહ હમારા ‘રામાયણ’ કા પાઠ ચલતા રહા, ઔર એક કે બાદ એક અનેક કાંડોં મુઝે કંઠાગ્ર હોતે ગએં. પૂરે ચાર વર્ષો તક ઉસને મુઝે ‘રામાયણ’ પઢાઈ, ઔર વહ ‘રામાયણ’ કે કારણ હી આજ સમાજ મેં મેરી ઇજ્જત બની હુઈ હૈ.

# રામનારાયણ વિ. પાઠક

## ઉદધિને

*મને, ઉદધિ! માન છે—પૃથિવિ આખી વીંટી વળી*
*અગાધ, ગરજ્યા કરે તું અવિરામ કો ઘોષણા!...*

*વસ્યાં તુજ નિવાસથી કંઈ ઊંચે શું એ ગર્વથી*
*કદી તું પર આક્રમે જગતનાં બીજાં ભૂત તો,*

*બધી ખળભળાવી નાખી દુનિયા મહાગરજને*
*ગિરિગિરિ સમા તરંગ ઉપરે તરંગો તણાં*
*ભયંકર ઉછાળી લશ્કર, ટકી નિજ સ્થાન રહે!*

*મને સુબહુ માન એનું. પણ સ્નિગ્ધ આશ્ચર્ય કે*
*—સદા વિહસતો મહાન શશિ સૂર્ય ને તારલા—*
*અતિ હલકી નાની શી ફરતી નાવડીનીય તું*
*ધરે વિરલ સૌકુમાર્ય થકી સ્પર્શરેખા ઉરે!*

## બાલકાવ્યો

વાત્સલ્યનાં ગીતો એ માબાપનાં બાળકો તરફનાં કોમળ ભાવનાં ગીતો છે. બાલકાવ્યો એ બાળકોને પોતાને ગાવાનાં અને ભોગવવાનાં ગીતો છે. બાળકના મોંમાં મોટાંઓના બાળક વિશેના ભાવો મૂકવાથી બાલકાવ્ય નથી થઈ જતું. બાલકાવ્ય બાલગમ્ય અને બાલભોગ્ય હોવું જોઈએ. શ્રી ત્રિભુવન વ્યાસે કેટલાંક સારાં બાલકાવ્યો લખ્યાં છે. બીજાં પણ કેટલાંક સારાં લખાયાં છે. પણ આપણાં ઘણાંખરાં ગણાતાં બાલકાવ્યો જોતાં જાણે એમ લાગે છે કે બાળકનું તરવરતું, કૂદાકૂદ કરતું, કૌતુકમય જીવન તેમાં આવતું નથી. કેટલાંક બાલકાવ્યો જોતાં

મને બીક લાગે છે કે એ વાંચીને બાળકો ક્યાંક પોતાની સ્વાભાવિક રમત પણ ભૂલી જશે! હું કબૂલ કરું છું કે બાલકાવ્યો લખવાં ઘણાં જ અઘરાં છે.

## નીરવ પગલે ક્રાંતિ

દાંપત્યપ્રેમની ભાવનામાં આપણા જમાનામાં ફરક પડ્યો છે તેનું પહેલું લક્ષણ એ કે દાંપત્યભાવનામાંથી બહુપત્નીત્વ નીકળી ગયું. નહીંતર હજુ હિન્દુ મુસલમાન બંનેમાં બહુપત્ની કરવાની રૂઢિ કાયદેસર છે. આ વસ્તુ એવી નીરવ પગલે નીકળી ગઈ છે કે તે નીકળી ગઈ છે તેની કોઈને ખબર પણ પડી નથી. અત્યારના આપણા રસિક જીવનમાં બહુપત્નીત્વને સ્થાન જ નથી. આપણા સમાજે બહુ જ શાંતિથી કરેલી આ મોટામાં મોટી વિચારક્રાંતિ છે.

## ખરું હાસ્ય

હું ખરું હાસ્ય એને કહું જેમાં જરા પણ દંશ ન હોય, જેમાં કોઈની અંગત મશ્કરી ન હોય. મશ્કરી હોય તોપણ દોષની હોય, અને તે દોષદર્શન નીચે પણ તે દોષ ધરાવનાર તરફ તો સહાનુભૂતિ જ હોય. એવી મશ્કરી, જેમાં એ દોષવાળો માણસ પણ બધાની સાથે હસવા લાગે!

*

આપણામાં જીવનચરિત્રો ઘણાં ઓછાં છે. પ્રસિદ્ધ માણસોના જીવનના ટુચકા પણ આપણામાં લગભગ નથી. એ સર્વ, આપણા આદરયોગ્ય માણસોના જીવનમાં રસ લેતાં આપણને હજી નથી આવડતો એમ બતાવે છે.

## હજીયે ન જાગે...

*હજીયે ન જાગે મારો આતમરામ!*
*સમુંદર ઘૂઘવે છે દૂર,*
*વાયુ સૂસવે ગાંડોતૂર,*
*સમજું ના ભરતી કે આ તો આવે રે તુફાન!*

## સાહિત્ય અને જીવન

જીવનમાં સાહિત્યકલાને ઘણું ઊંચું સ્થાન છે. અને તેમ છતાં સાહિત્યસેવન, કાવ્યાનુભવ, એ જીવનનું એક જ ધ્યેય નથી, તેમ જ તે સૌથી ઉન્નત ધ્યેય પણ નથી. જીવનનું ઉન્નત ધ્યેય પોતે ઉન્નતિ, વિશાલતા, જાગૃતિ, નિર્ભયતા સિદ્ધ કરવી એ છે. અમુક કાવ્યના પરિમિત અનુભવમાં પૂર્ણતા મન સમક્ષ વ્યક્ત થાય એટલાથી કૃતાર્થ થઈ શકાતું નથી. એ પૂર્ણતા સમસ્ત જીવનમાં સિદ્ધ કરવી જોઈએ. અને તે તરફ જવાનો માર્ગ વાસ્તવિક જીવન સોંસરો પડેલો છે. વાસ્તવિક જીવનના ઉપસ્થિત પ્રસંગોએ નિર્ભયતા, વિશાલતા સેવતાં સેવતાં જ એ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. એવા પ્રસંગો જતા કરીએ, એવા પ્રસંગોએ ખસી જઈએ, તો એ પ્રસંગનું કામ કોઈ કાવ્ય કરી શકશે નહીં. બહાદુરી કરવાને પ્રસંગે ફરજમાંથી ખસી જઈએ તો એ પ્રસંગનું ફળ વીરરસકાવ્ય-વાચનથી કે વીરરસના નૃત્યથી નથી મળવાનું. ફળ નથી મળવાનું એટલે વ્યાવહારિક ફળ નથી મળવાનું એ તો દેખીતું જ છે. પણ બહાદુરીના કૃત્યથી આત્માની જે ઉન્નતિ થવાની હતી તે વીરરસકાવ્ય-વાચનથી નથી થવાની. ઊલટું, બહાદુરીનો પ્રાપ્ત પ્રસંગ જવા દીધો, ચેતનની સ્ફૂર્તિની એક તક ગુમાવી, એથી ચેતન એટલું ઓસર્યું. અને પછી એ ક્રિયાને ફરી અટકાવીએ નહીં તો એ ઓસરતું જ જવાનું. એ ચેતન પછી કાવ્ય દ્વારા પણ વીરરસનો અનુભવ કરવાને

એટલું નાલાયક બનવાનું.

એટલે સાહિત્ય અને જીવનનો માર્મિક સંબંધ કહ્યા છતાં; સાહિત્ય જીવનને સમૃદ્ધ કરે છે, ઉન્નત કરે છે, એ સ્વીકાર્યા છતાં; કાવ્ય કે કોઈ પણ કલા સાથે વાસ્તવિક જીવનનું સાટું ન કરી શકાય. કારણ કે હાલના કલાપ્રશસ્તિના વાતાવરણમાં મનુષ્ય પોતાની નિર્બળતાથી ઘણી વાર એમ માની પોતાની જાતને છેતરે છે. જેવું ધર્મનું વેવલાપણું હતું, તેવું કલાનું પણ હોઈ શકે છે. અને છેતરનાર માણસ ભલે બીજાને છેતરી શકતો હશે, પણ કોઈ જીવનને છેતરી શકવાનું નથી.

['સાહિત્યવિમર્શ' પુસ્તકઃ ૧૯૩૯]

# વ્યથાકારક મંથન

## બળતાં પાણી

*નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવનો,*
*પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી*
*ઘણું દાઝે દેહે તપી તપી, ઊડે બિન્દુ જળનાં;*
*જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે*
*પહાડો છાંટી શીતળ કરવાનું નવ બને.*

*અરે! એ પહાડોએ નિજ સહુ નિચોવી અરપિયું*
*નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે.*
*કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી*
*ઉથાપી, લોપીને સ્વજનદુખને શાંત કરવું?*
*નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી,*
*જવું સિંધુ કેરા અદીઠ વડવાગ્નિ બૂઝવવા!*
*પછી ત્યાંથી કો દી, જળભર ભલે વાદળ બની,*

*વહી આવી આંહીં ગિરિદવ શમાવાનું થઈ હે?*
*અરે! એ તે ક્યારે? ભસમ સહુ થૈ જાય પછીથી?*

— ઉમાશંકર જોશી

## કાવ્યનું ફલ

કાવ્યાનુભવ લઈ લીધા પછી ભાવક પાછો પોતાના વ્યવહારજગતમાં આવે છે ત્યારે, કાવ્યનો અનુભવ સાથે લઈને આવે છે. તેના પૂર્વના અનુભવમાં કાવ્યનો અનુભવ ઉમેરાય છે, તેની સાથે એકરસ થઈ જાય છે અને હવે ભાવક વ્યવહારજગતનો અનુભવ પણ કંઈક વધારે રહસ્યપૂર્વક કરતાં શીખે છે. જગતને સમજવાની તેની શકિત વધેલી છે. કાવ્યથી તે વધારે સંસ્કારી થયો છે. કાવ્યનું આ આનુષંગિક ફલ છે.

['સાહિત્યવિમર્શ' પુસ્તકઃ ૧૯૩૯]

## ગાંધીજીનું ગદ્ય

સૂર્ય ઊગે અને એનો પ્રકાશ જેમ ચોમેર ફેલાય, તેમ ગાંધીજીની દૃષ્ટિ જીવનના એકેએક પ્રશ્ન ઉપર ફરી વળી છે. હિંદના જીવનના એકેએક પ્રદેશમાં એમણે કામ કર્યું છે.

તેઓ જે કાંઈ લખે છે તે પત્રકાર તરીકે; 'નવજીવન', 'હરિજન' વગેરેના તંત્રી તરીકે. લોકમત અમુક રીતે કેળવવા માટે તેઓ લખે છે, લોકો પાસે અમુક કાર્ય કરાવવા લખે છે. એ ખરું છે કે પત્રકારનાં લખાણો બધાં જ સાહિત્યમાં ન ગણી શકાય. પણ જ્યારે બોલનાર કોઈ પ્રસંગે જીવનના મહાન સિદ્ધાંતો ઉપર બોલે છે ત્યારે એનાં લખાણો ચિરંતન સાહિત્ય બને છે.

અને મહાત્માજીના જીવનમાં આવા પ્રસંગો કેટલા બધા આવ્યા છે! સૈકાઓથી દલિત થયેલા હરિજનોનો પક્ષ કરતાં તેમણે કહેવાતા

સનાતન ધર્મને કેટલી વાર જૂઠો કહ્યો છે! પરતંત્રની નીચે કચરાઈને નિષ્પ્રાણ થઈ ગયેલા સમાજમાં કેટલી વાર નિર્ભયતા અને ચેતન પૂર્યાં છે! મર્યાદાભંગ કરતા માનવસમુદ્રને કેટલી વાર સંયમમાં રાખ્યો છે. કેટલી વાર તેમણે એક તૃણ જેટલી નમ્રતાથી સમાજ આગળ પોતાની ભૂલો કબૂલી છે! કેટલી વાર, સ્વજનો પણ સામા પક્ષે ઊભાં હોય ત્યારે, એકલા ઊભા રહી પોતાની વાત તેમણે મક્કમતાથી રજૂ કરી છે! કદાચ એક જ વ્યકિતના જીવનમાં આટલા આટલા ઐતિહાસિક પ્રસંગો ભાગ્યે જ આવ્યા હશે! આવા પ્રસંગોના તેમના ઉદ્ગારો ચિરંતન સાહિત્યમાં સ્થાન પામે, એ સ્વાભાવિક છે.

મહાત્માજી એક પત્રકાર તરીકે લખે છે, છતાં તેમનું અંતરનું સંચાલક બળ ધર્મભાવના છે. તેઓ અમુક પ્રસંગ માટે લખે છે, અને પોતાના જમાનાની વ્યકિતઓને ઉદ્દેશીને લખે છે; પણ તેમનો ઉદ્દેશ એટલા પ્રસંગ પૂરતું લોકો પાસે અમુક કામ કરાવી લેવાનો નથી, પણ લોકોને વધારે ધાર્મિક બનાવી તેમને કર્તવ્યમાં પ્રેરવાનો છે. તેમનો ધર્મ અમુક પ્રસંગનો નથી, સાર્વકાલિક છે. આ મહાન ઉદ્દેશ એમનાં સર્વ લખાણોમાં પ્રતીત થાય છે.

ગાંધીજીની મૂળ પ્રેરણા ધર્મની છે, પણ બીજા ધર્મોદ્ધારકો અને એમની વચ્ચે એક મોટો ફરક છે. બીજા ધર્મોદ્ધારકો સ્પષ્ટ રીતે કહે છે કે, અમે પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે. ગાંધીજી તો ઊલટા કહે છે કે, મને સત્યનો આક્ષાત્કાર થયો નથી. તેઓ પોતાને માટે કોઈ વિશિષ્ટ પ્રામાણ્યનો દાવો કરતા નથી. પોતાનું વક્તવ્ય બુદ્ધિથી પરીક્ષવાનું તેઓ સૌને કહે છે. બુદ્ધિગ્રાહ્યતા એમના લેખોનું સર્વવ્યાપી લક્ષણ છે. એ જે કાંઈ કહે છે તે બુદ્ધિથી સમજવાનાં આમંત્રણ સાથે કહે છે. રેંટિયો ઘરઘર થવો જોઈએ, એમ કહેવા સાથે તેઓ હિસાબ કરી બતાવે છે કે રેંટિયાની આવક ગરીબ હિંદીને મળતી મજૂરીમાં ઘણો ઉમેરો છે. તેઓ અહિંસાનો ઉપદેશ આપતાં, અનેક દાખલાથી બતાવે છે કે હિંસાનું ચક્ર એક વાર ચાલવા માંડ્યું, તો તેના દાંતામાંથી સમાજ કોઈ દિવસ મુક્ત થઈ શકવાનો નથી.

મહાત્માજીનું બધું ગદ્ય સર્વ જનતાને ઉદ્દેશીને લખેલું હોય છે. તેમણે કહ્યું છે કે, મને જેનાથી લાભ થયો હોય તે વસ્તુ સર્વ સમજે અને સર્વ તેનો લાભ લે એમ હું ઇચ્છું છું. સર્વ સમજે એવું એમનું લખાણ ન થાય, ત્યાં સુધી તેઓ તેને અપૂર્ણ માને! આને લીધે તેમની ભાષા, વાક્યરચના, દાખલા-દલીલ સર્વ સાદાં અને સર્વ સમજે એવાં હોય છે. ટૂંકાં વાક્યોના તો તેમને કલાકાર કહી શકાય. પણ સાદી ભાષાનો અર્થ ગૌરવ વિનાની નહીં. તેમની ભાષા વસ્તુના ગૌરવને બરાબર વ્યક્ત કરે છે. તેને માટે જરૂર હોય તો તેઓ સંસ્કૃત શબ્દો પણ વાપરે છે. તેમજ સાદી એટલે નિર્બળ પણ નહીં. તેમના સંકલ્પનું આખું બળ તેમના ગદ્યમાં વહી આવે છે. અને સાદી ભાષા એટલે અચોક્કસ પણ નહીં. તેઓ શબ્દ જોખી જોખીને મૂકે છે. તેઓ ચોક્કસ ભાષામાં મુદ્દાસર લખે છે. એક શબ્દ પણ વધારે પડતો ન આવી જાય, તેને માટે તેઓ કાળજી રાખે છે. અલબત્ત, એમને એકની એક વાત અનેક વાર કહેવી પડે છે, પણ ક્યાંય એ અતિયુકિત કરતા નથી.

એમનો ધર્મ કાર્યલક્ષી છે. ધર્મ કાર્યરૂપ લે ત્યારે જ એ સાચો જીવનમાં પેઠો, એમ તેઓ માને છે. દરેક સામાન્ય માણસ કંઈક પણ કાર્ય કરી શકે એવું ધર્મનું સ્વરૂપ એ નિર્મી શકે, ત્યારે જ તેમને સંતોષ થાય છે. એટલા માટે લડતમાં પણ એમણે એવાં શસ્ત્રો યોજ્યાં, જે દરેક માણસ વાપરી શકે. સર્વસુલભ સાધનોને જ એઓ સાચાં સાધનો ગણે છે. એ જ રીતે તેઓ સર્વજનસુલભ હોય તેને જ સાચું સાહિત્ય કહે છે.

એમણે સાહિત્યમાં પ્રવેશ કર્યા પછી બધું સાહિત્ય પણ વધારે વસ્તુનિષ્ઠ થયું છે. એ રીતે એમણે પોતાના જમાનાના આખા સમાજજીવનને અને સાહિત્યને સત્ય તરફ ઝોક આપ્યો છે. ઇતિહાસકારો તેમને યુગપુરુષ કહે છે, તે યથાર્થ છે.

['સાહિત્યલોક' પુસ્તકઃ ૧૯૬૧]

# ગાંધીજયન્તી

ગાંધીજીના વિચારો સાથે ભલે મતભેદ હોય. ખરા મતભેદને હું તો એક જીવનની નિશાની સમજું છું. કશો વિચાર જ ન કરે, સામાય ન થાય, સાથેય ન આવે, તેવા માણસો જ આ દુનિયાને ભારરૂપ છે. અને આપણો દેશ એવાઓનો જ જાણે ભરેલો છે. પણ ગાંધીજીમાં મતભેદ ઊભો કરાવવાની કોઈ અજબ શકિત છે. તેઓ ઘણા નમ્ર છે, વિનમ્ર છે, છતાં એટલા બધા કાર્યને ધપાવનારા છે કે તમારે એક દિવસ તેમની સાથે કે સામે ગયા વગર ચાલે જ નહીં.

ગાંધીજી સાથે આપણે મતભેદ હોય તોપણ, તે આપણા દેશના એક મગરૂરી લેવા યોગ્ય પુરુષ નથી શું? અને એવા પુરુષની જયન્તી પ્રસંગે પણ શહેરના કેટલા થોડા માણસોની હાજરી! પણ તે પણ એક રીતે ઠીક છે. કંઈ પણ લાગણી કે જિજ્ઞાસા વિનાના માણસો માત્ર એક આચાર તરીકે આવે, તે કરતાં થોડા પણ ખરા લાગણીવાળા કે જિજ્ઞાસુ ત્યાં હતા તેથી હર્ષ અને વાતાવરણ વધારે શુદ્ધ હતાં.

આપણે જેમ વ્યકિતપૂજક છીએ, તેમ વ્યકિતધિક્કારક પણ છીએ. એક માણસ સારો, તો તેનું બધું સારું; એક માણસ નઠારો, તો તેનું બધું નઠારું. ગાંધીજી સારા તો તેમનું બધું સારું. ગાંધીજી ન જોઈએ તો તેમનું ‘નવજીવન’ ન જોઈએ, તેમની અહિંસા ન જોઈએ, તેમનું સાહિત્ય ન જોઈએ, ખાદી ન જોઈએ, રેલવેના ડબામાં ધોળી ટોપીવાળા ન જોઈએ.

['સ્વૈરવિહાર' (ભાગ ૧) પુસ્તકઃ ૧૯૩૧]

# કામથી કામ!

બધા કહે છે કે અંગ્રેજોની બુદ્ધિ વ્યવહારુ છે. પણ ખરી વ્યવહારુ બુદ્ધિ તો આપણી છે. “કામથી કામ. આપણે બીજી પંચાત શી?” આપણે કપડાં જોઈએ છે? તે સોંઘાં પડે, સારાં દેખાય, આબરૂ વધે,

મેલ ખાય ને બહુ ધોવાં ન પડે તેવાં કપડાં લઈ લેવાં. તેથી દેશને ફાયદો થાય છે કે કેમ, તેનું આપણે શું કામ?... વિવાહ કરવો છે? તો બસ, છોકરાંને પરણાવી લેવાં. તેથી બંનેને બનશે, છોકરાં સુખી થશે, એવો વિચાર કરવાનું શું કામ?... પૈસા કમાવા છે? તો બસ, જ્યાં પૈસા મળતા હોય ત્યાં જવું. તેથી પોતાના સ્વમાનનું શું થાય છે, દેશનું શું થાય છે, તેનું આપણે શું કામ?... ધર્મ કરવો છે? તો પછી મંદિરે જવું, ધર્મઢોંગીને—ગમે તેવાને—પૈસા આપવા અને સ્વર્ગ કે વૈકુંઠમાં ચડી જવું! તે પૈસાનું શું થાય છે, તેથી કેટલાં કેટલાં પાપ થાય છે, દેશના ગરીબોને કંઈ આપવું કે નહિ, તે વિચાર કરવાનું આપણે શું કામ? વેપાર કરવો, પ્રામાણિકપણે રહેવું, એ બધા પૈસા કમાવાના રસ્તા હશે; પણ ખરો રસ્તો તો બે દિવસ સટ્ટો કરીને એકદમ પૈસાદાર થઈ જવું એ જ છે. સત્ય બોલવું, સર્વને સરખા ગણવા, દયા રાખવી, એ બધું સ્વર્ગ મેળવવાના રસ્તા હશે—આપણે શા માટે કોઈને ખોટો કહીએ? પણ મંદિરમાં પાંચ હજાર એકદમ આપી દેવા કે એક વાર લાખ્ખો ખરચીને અઠ્ઠાઈ કરી નાખવી, કે મોટો યજ્ઞ કરવો—એ રીતે સ્વર્ગમાં કોઈ પછવાડેની બારી છે ત્યાંથી પેસી જવાય છે. આ મહાત્માજી આખા દેશની વાતો કરે છે, ઢેડને અડવાનું કહે છે, અને પોતાના આત્માના કલ્યાણ માટે કશું કરતા નથી, તે એ નીચે રહી જશે અને એકાદ વિષ્ણુયાગ કરનાર સીધો સ્વર્ગની બારીએથી અંદર જશે. દેશનું અને ઢેડનું આપણે શું કામ? આપણે આપણી મેળે મોક્ષ જ મેળવો ને! કામથી કામ!

['સ્વૈરવિહાર' (ભાગ ૧) પુસ્તક: ૧૯૩૧]

## ખરાબ કરવાની કળા

કોઈ કહેશો કે ખરાબ કરવાની કળા ઉપર લખવાનું શું પ્રયોજન? આવા લેખનો ઉપયોગ શો?

હું કહું છું કે આવા સવાલ કરનારે આ લેખ વાંચવો જ નહીં, કારણ કે આ લેખ સમજવાનો તે અધિકારી નથી.

ખરાબ કરવું એ જ જગતનું રહસ્ય છે. જગતમાં મોટા થવું એમાં જ કૃતકૃત્યતા રહેલી છે, એમાં તો કોઈથી ના પડાય એમ નથી. મોટા થવું એટલે બીજી ચીજો અને વ્યક્તિઓ ઉપર સ્વામિત્વ મેળવવું. અને સ્વામિત્વ એટલે ખરાબ કરવાનો હક. મારું છોકરું હોય તેને સારું ખવરાવવાનો ગમે તેને હક છે, પણ ખરાબ ખવરાવીને માંદું પાડવાનો માત્ર મને જ હક છે. મારા છોકરાને કાંઈ પણ સારું શીખવવાનો ગમે તેને હક છે; પણ ખરાબ શીખવવાનો, મારામાં જેટલા દુર્ગુણો હોય તેટલા બધા શીખવવાનો, મને એકલાને જ હક છે. બૈરી હોય, તો તેને સારી રીતે બોલાવવાનો ગમે તેને હક છે; પણ તેને ગાળ દઈને બોલાવવાનો, લાકડી મારવાનો માત્ર તેના સ્વામીને જ હક છે. સ્વામિત્વનું ખરું રહસ્ય જ ખરાબ કરવામાં રહેલું છે.

આ બાબત લોકવ્યવહારમાં સ્વીકારાઈ છે. એક લોકડહાપણની વાર્તામાં આ જ સ્વીકારાયું છે:

“કેમ મિયાંસાહેબ, આ લડકા તમારા હૈ?”

“સાલા, મેરા નહીં તો ક્યા તેરા હૈ?”

“નહીં નહીં, મિયાંસા’બ, આપકા આપકા. શિયાળામાં અચ્છી તરહ સાલમપાક ખિલાઓ.”

“મૈં ચાહુંગા તો સાલમપાક ખિલાઉંગા, નહીંતર માર મારકે સાલાકી ઠૂંસ કાઢુંગા—ઇસમેં તેરા ક્યા?”

આ સત્ય નહીં સમજાવાથી કેટલાક માણસો બહુ અધીરા થઈ જાય છે. આ સત્ય જો બરાબર સમજાય તો કોઈ પણ સુધારક નકામી સ્ત્રી-સ્વાતંત્ર્યની વાતો ન કરે, કોઈ પણ મોન્ટેસોરી નકામાં કેળવણીનાં ટાયલાં ન લખે. આ આખી બોલ્શેવિક હિલચાલ આ સત્ય નહીં સમજવાથી થયેલી અધીરાઈનું પરિણામ છે.

હવે જરા ખરાબ કરવાની કલા જીવનના એક બીજા પ્રદેશમાં

જોઈએ. તેમાં મને મુખ્ય ચોપડી બગાડવાની કળા લાગે છે. પુસ્તકોના એક મહાન વાચકને કોલેજની પરીક્ષાઓનો ઘણો અનુભવ થઈ ગયેલો. તેઓ પાંચ-સાત જાતની પેન્સિલો રાખતા. સાધારણ અગત્યનું હોય તેને અમુક રંગથી નિશાની કરતા. તેથી વધારેને માટે બીજો રંગ, તેથી વધારે માટે ત્રીજો, એમ અગત્યની જુદી જુદી કોટિઓ માટે તેમણે પાંચ-સાત રંગ નક્કી કરેલા. પછી પરીક્ષા પહેલાં એક માસ હોય ત્યારે પહેલા રંગનું વાંચવું, પછી પંદર દિવસે બીજા રંગનું... અને છેક છેલ્લે દિવસે તો સૌથી વધારે અગત્યદર્શક રંગની નિશાનીઓ વાંચી જવી. વળી માર્જિનમાં N. B., Imp., Very Imp., Most Imp. (ધ્યાનમાં રાખો, અગત્યનું, બહુ અગત્યનું, ઘણું જ અગત્યનું) વગેરે લખતા. તે ઉપરાંત L. B. H. લખતા. આ છેલ્લી 'લાઘવી' તો ડિક્શનરીમાં પણ કદાચ ન મળે, માટે કહું છું કે તેનો અર્થ Learn by heart, એટલે કે 'ગોખી મારો' એવો થાય છે. તે ઉપરાંત બે લીટીઓ વચ્ચે અને માર્જિનમાં શબ્દોના અર્થો કે પ્રોફેસરોએ કહેલું લખી લેતા. ટૂંકમાં, ચોપડીનાં પાનાંમાં ક્યાંય પણ કોરી જગા રહેવા ન દેતા.

['સ્વૈરવિહાર' (ભાગ ૧) પુસ્તક: ૧૯૩૧]

# પાપમુકિતનો માર્ગ

પાપ કરીને પ્રાયશ્ચિત્ત કર્યાથી પાપમુક્ત થવાય છે. સંસારમાં રચ્યાપચ્યા રહેવા છતાં, "આ બધી માયા છે, પણ કાંઈ છોડી શકાય છે!" એમ કહેવાથી મોક્ષાધિકારી થવાય છે. આ જ નિયમથી, "આપણા દેશમાં યુવાનોમાં માત્ર ક્ષણિક ઊભરો જ હોય છે; સતત કાર્ય કરવાની, દુ:ખ સહન કરવાની શકિત જ હોતી નથી," એમ વારંવાર કહ્યા કરવાથી, પોતે એ સર્વ અપૂર્ણતાથી મુક્ત થઈ જવાય છે; એમ વારંવાર કહ્યા કરો તો પછી પોતાના સ્વાર્થનો ગમે તે ધંધો ચલાવતાં અને દેશનું

કાંઈ પણ કામ ન કરતાં છતાં તમે દેશનેતા કે દેશભક્ત થઈ શકો!

['સ્વૈરવિહાર' (ભાગ ૧) પુસ્તકઃ ૧૯૩૧]

## પાપમુક્તિનો માર્ગ

પાપ કરીને પ્રાયશ્ચિત્ત કર્યાથી પાપમુક્ત થવાય છે. સંસારમાં રચ્યાપચ્યા રહેવા છતાં, “આ બધી માયા છે, પણ કાંઈ છોડી શકાય છે!” એમ કહેવાથી મોક્ષાધિકારી થવાય છે. આ જ નિયમથી, “આપણા દેશમાં યુવાનોમાં માત્ર ક્ષણિક ઊભરો જ હોય છે; સતત કાર્ય કરવાની, દુઃખ સહન કરવાની શક્તિ જ હોતી નથી,” એમ વારંવાર કહ્યા કરવાથી, પોતે એ સર્વ અપૂર્ણતાથી મુક્ત થઈ જવાય છે; એમ વારંવાર કહ્યા કરો તો પછી પોતાના સ્વાર્થનો ગમે તે ધંધો ચલાવતાં અને દેશનું કાંઈ પણ કામ ન કરતાં છતાં તમે દેશનેતા કે દેશભક્ત થઈ શકો!

['સ્વૈરવિહાર' (ભાગ ૧) પુસ્તકઃ ૧૯૩૧]

## ક્યાંથી માન હોય?

આનંદશંકર ધ્રુવે એક વાર કહેલું કે હિંદને સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં ખુદ અંગ્રેજો તરફથી જેટલો ફાયદો થવાનો છે તેટલો કોઈ બીજાથી નથી થવાનો; એમના લોહીમાં જ એટલું પ્રજાસ્વાતંત્ર્ય ભરેલું છે કે એમના દાખલ કરેલા રાજ્યતંત્રામાં એ જાણ્યે—અજાણ્યે આવી જ જાય. પણ જીવનનાં છેલ્લાં પાંચસાત વરસમાં અંગ્રેજો પરની તેમની આ આસ્થા ઊઠી ગયેલી.

તેમ છતાં એ પ્રજાની કેટલીક શક્તિઓ માટે તેમને ઘણું માન હતું. એક વાર કંઈક વાતને પ્રસંગે મને કહે, “અંગ્રેજોને આપણે માટે ક્યાંથી માન હોય? આપણા લોકો એશઆરામી અને વિષયી છે, તેમને માટે અંગ્રેજો જેવી કઠિન જીવનપ્રિય પ્રજાને ક્યાંથી માન હોય?”

# ગિજુભાઈનાં સંસ્મરણો

મારા પિતા વિશ્વનાથ પાઠક અને ગિજુભાઈના મામા હરગોવિંદ પંડયા બન્ને ગાઢ મિત્રો. એ બન્નેની એક જ ઇષ્ટ ઉપર શ્રદ્ધા, પરસ્પરની મમતા, એકબીજાની હિતચિંતા. એનો વિચાર કરું છું ત્યારે લાગે છે કે એ જાતની મિત્રાતા જ અત્યારે રહી નથી.

મારા પિતા જેતપુરમાં સ્કૂલમાસ્તર હતા અને હરગોવિંદભાઈ ભાવનગરના સ્ટેશનમાસ્તર હતા. જેતપુરમાં અંગ્રેજી પાંચ જ ધોરણ હતાં, જે પૂરાં કર્યા પછી મને ભાવનગર રાખવાની મારા પિતાની ઇચ્છા હતી. એટલે ઘરબહાર રહેતાં શીખું અને ભાવનગરથી કંઈક પરિચિત થાઉં એટલા માટે હું અંગ્રેજી ચોથું ધોરણ ભણી રહ્યો ત્યારે, બન્ને મુરબ્બીઓએ નક્કી કર્યા પ્રમાણે, મારા પિતાએ મને ભાવનગર હરગોવિંદભાઈને ત્યાં દિવાળીની રજાઓ ઉપર થોડા દિવસ રહેવા મોકલ્યો. હરગોવિંદભાઈના મોટા પુત્ર હીરાલાલ (પોપટભાઈ) અને ગિજુભાઈનો મને ત્યાં સૌથી પહેલો પરિચય થયો.

અમે ત્રણેય લગભગ સરખી ઉંમરના. ગિજુભાઈએ નાની ઉંમરમાં પણ પોતાના મનમાં એટલો નિશ્ચય કરી દીધેલો કે હરકોઈ માણસ ઉદ્યોગથી અને ખંતથી મહાન કાર્ય કરી શકે છે. એ વૃત્તિ તેમનામાં બેન્જામિન ફ્રાંકલિનનાં પુસ્તકો વાંચવાથી જાગી હતી. ફ્રાંકલિનનું જીવનચરિત્રા એ તેમનું પ્રિય પુસ્તક હતું. કોઈ અંગ્રેજી પુસ્તકમાંથી ફ્રાંકલિનનાં વચનો વાંચી તેઓ વારંવાર બોલતા : Dost thou love life? Then do not squander time, for that is the stuff life is made of. તને જીવન વહાલું છે? તો સમય વેડફી નાખીશ મા, કારણ કે જીવન સમયનું બનેલું છે. Sleep not, for there will be enough time to sleep in the grave. ઊંઘ મા, કારણ કે કબરમાં ઊંઘવાને પુષ્કળ વખત મળશે. આ વાક્યો તેમના બોલવાથી જ મને યાદ થઈ ગયેલાં.

ગિજુભાઈ ઠેઠ સુધી નાનાં સાથે રમતા, પણ ઉદ્યોગપરાયણતા

તેમના જીવનની સફળતાનું મોટામાં મોટું કારણ છે તે ભૂલવું નહીં જોઈએ. મોટી ઉંમરે તેઓ ભાવનગરમાં બાળમંદિર ચલાવતા, ત્યારે રાતે ઉજાગરો કરીને પણ ટપાલના જવાબો આપતા અને લેખો કે પાઠો લખતા મેં તેમને જોયેલા છે.

પછી પાંચમી અંગ્રેજી પૂરી કરી હું આગળ ભણવા ભાવનગર ગયો. ત્યાં ગિજુભાઈ તથા હું મારા પિતાના તથા હરગોવિંદભાઈના મિત્રા ચૂનીભાઈ ભટ્ટને ઘેર રહેવા ગયા.

ગિજુભાઈ વાંચવામાં ઘણા નિયમિત અને મહેનતુ હતા. સાહિત્યનો શોખ અમને બન્નેને સારો હતો. શ્રી અંજારિયાનું ‘કાવ્યમાધુર્ય’ વગેરે અમે અહીં ખૂબ વાંચેલું. અમને આવડે એવા રાગડા તાણીને અમે સંસ્કૃત શ્લોકો, ગુજરાતી કવિતા અને ગઝલો પણ ખૂબ આરડતા. આ સમયમાં ગુજરાતી વાર્તાઓ, સંસ્કૃતમાં ‘મેઘદૂત’ વગેરે, કંઈક વેદાંત અને થિયોસોફી જેવું ધર્મસાહિત્ય અને અંગ્રેજી પણ વાંચતા.

*

ગિજુભાઈ મિત્રો એકદમ કરી શકતા. તેમનું મિત્રામંડળ મોટું હતું. નાનપણના સાથીઓ જોડે પણ તેમણે ઠેઠ સુધી સંબંધ રાખેલો. પોતાથી હલકી ગણાતી સ્થિતિના મિત્રો સાથે વ્યવહાર રાખતાં તે કદી શરમાતા નહીં, તેમ જ વધારે ઊંચી સ્થિતિના માણસોથી ડઘાતા નહીં. પોતાની વાત કરતાં સંકોચ ન રાખવો, મુશ્કેલીમાં મૂંઝાવું નહીં, “કોઈના ભાર શા છે!” એ મનોવૃત્તિ એમને સ્વાભાવિક હતી. આ વૃત્તિને લીધે તેઓ સહેલાઈથી નેતા થઈ શકતા.

ગિજુભાઈએ હાઈકોર્ટ પ્લીડર થવાનું નક્કી કર્યું, અને મુંબઈમાં રહી કાયદા—શિક્ષણના વર્ગોમાં હાજરી આપવા માંડી. હું પણ તે વખતે એલએલ.બી.નો અભ્યાસ કરતો હતો. અમે બન્નેએ લોઅર પરેલમાં નવી બંધાયેલી ચાલોમાં પાસે પાસે ઓરડીઓ લીધી. અમે અત્યંત ગાઢ સંબંધથી સાથે રહેવાનું શરૂ કર્યું. થોડાં વરસો ઉપર અમે બે સાથે અભ્યાસ કરતા, ત્યારે આદર્શ મૈત્રી તો માત્ર પુરુષોના સંબંધની નહીં, પણ બે દંપતીઓની ગણાય, એવી ચર્ચા ઘણી વાર કરતા; તે સાચું

પાડવાનો વખત આવ્યો જણાયો.

અને છતાં એક બનાવ બની ગયો. અમારી વચ્ચે અણબનાવ થયો. અમે સહકુટુંબ પરસ્પર અબોલા લીધા. અમે એકબીજાને ટાળીને ચાલવા લાગ્યા. એવું વૈમનસ્ય ઠીક ઠીક ચાલ્યું. એમાંથી અમારો મેળ કરાવી આપનાર અમારા મુરબ્બી હરગોવિંદભાઈ. અમારા અણબનાવની વાત બધા મુરબ્બીઓથી અમે છાની રાખેલી, છતાં એમણે ક્યાંકથી એ જાણેલી. તેમણે અમને બન્નેને ભેગા કર્યા અને “બન્ને ભેટો” એમ કહીને અમને પરસ્પર ખરેખર ભેટાડયા! અમે મિત્રો હતા ત્યારે પણ કદી ભેટેલા નહીં, એટલે આમ ભેટતાં અમને બહુ કફોડું લાગેલું.

અને અમારો જૂનો મૈત્રીસંબંધ પાછો શરૂ થયો. લોકો કહે છે કે દોરી તૂટે તેને ફરી સાંધીએ તો પણ વચમાં ગાંઠ તો રહી જાય; પણ અમારી વચ્ચે ગાંઠ પણ રહી નહોતી.

સાધારણ રીતે સંસ્મરણોમાં કોઈ પોતાનો અણબનાવ ભાગ્યે જ લખે. મેં લખ્યો છે તેનું કારણ એ નિમિત્તે મારે એકબે બાબત કહેવી છે. મારે કહેવાનું છે કે મૈત્રી તૂટી હોય તોપણ પાછી સાંધી શકાય છે. એમ અમારા સંબંધમાં ન બન્યું હોત, તો કદાચ એ બાબત મેં કહી પણ ન હોત. અને બીજું એ કે અમારી વચ્ચે જે અણબનાવ થયો હતો તેનું નિમિત્ત તો હું ભૂલી ગયો છું, પણ તેનું તાત્ત્વિક કારણ અત્યારે મને મૈત્રીનો અતિ ઉત્સાહ જણાય છે. મૈત્રીના અતિ ઉત્સાહમાં અમે જોઈએ તે કરતાં એકબીજાની વધારે નિકટ ગયા, અને એ નિકટતાથી જ અમે કંટાળ્યા, તેના પ્રત્યાઘાતથી જ અણબનાવ થયો. ખાસ ભીડ કે કોઈ મહાન ભાવનાથી આવશ્યક થયેલી જરૂરતને લીધે ભેગાં રહેવું પડે એ જુદો સવાલ છે, નહીંતર મિત્રોએ પણ ધીમે ધીમે જ નિકટ જવું જોઈએ. મૈત્રી વિશે બીજું ગમે તે કહીએ, પણ તે કાલસાધ્ય છે; આગ્રહથી તેનો વેગ કે ઘનતા વધારી શકાતી નથી.

*

ગિજુભાઈમાં પ્રચારશક્તિ સારી હતી, એમ કહી શકાય. પણ એમ કહેતાં એક વિવેક કરવાની જરૂર છે. કેટલાક માણસો પોતાની

મોટાઈ અર્થે પ્રચારશક્તિનો ઉપયોગ કરે છે. પણ જ્યારે કોઈ માણસ પોતાની શ્રદ્ધાનું ધ્યેય લોકગમ્ય કરવા પ્રચાર—શક્તિનો ઉપયોગ કરે છે, ત્યારે તેમાં દોષ નથી. તેમાં પણ ગિજુભાઈના ધ્યેયની સફળતા લોકસ્વીકાર ઉપર જ આધાર રાખતી હતી. બાળકો ઉપરનો કેળવણીને નામે થતો અત્યાચાર ત્યારે જ બંધ થાય કે જ્યારે માબાપો તે તત્ત્વ સમજે. અને ગિજુભાઈએ એમ કરવામાં પ્રયત્નની ક્યાંય પણ ખામી રહેવા દીધી નથી. તેમણે બાળકેળવણી હાથમાં લીધી ત્યાં સુધી એ પ્રથા ઉપર થોડા કેળવણીકારો સિવાય કોઈ વિચાર નહોતું કરતું, અને તેમણે એ વિષયમાં પ્રવેશ કર્યા પછી ગુજરાતનો વિચાર કરી શકે તેવો લગભગ દરેક માણસ તેને વિશે વિચાર કરતો થઈ ગયો છે. એ સફળતાની પાછળ ગિજુભાઈની અથાગ મહેનત રહેલી છે. જાગૃતિના બધા કલાકો મેં તેમને તેમના ધ્યેય પાછળ કામ કરતા જ જોયા છે. તેમણે નવરાશને ઓળખી નથી. બે ઘડી ખાટે બેઠા હોય, પાસે તેમનું એકાદ બાળક હોય તેને પંપાળતા જતા હોય, તેનું મન રાખતા જતા હોય, અને આસપાસના સહાયક શિક્ષકો, વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ સાથે વાતો કરતા હોય, કાગળોના જવાબ આપતા હોય.

ગિજુભાઈને પગાર મળતો હતો તેના પ્રમાણમાં તેમને વારંવાર પૈસાની ભીડ ભોગવવી પડતી હતી. કુટુંબમાં એ મોટા, એટલે કદાચ તેમને માથે આર્થિક જવાબદારી પણ વધારે હશે. પણ મુખ્ય મુશ્કેલી તો એ કે પોતાના ધ્યેય માટે ખર્ચ કરતાં તેમને ગણતરી આડી આવી શકતી નહીં. અને તેમની સફળતા જેટલે અંશે તેમની ખંત, મહેનત, ધૂન, ધ્યેયનિષ્ઠાને આભારી હતી એટલે જ અંશે આ ત્યાગ અથવા બિનગણતરીપણાને આભારી હતી. એ સ્વભાવથી માણસને ઘણું સોસવું પડે છે, પણ એના વિના જગતનું કોઈ મોટું કામ થઈ શકતું નથી.

*

મેં તેમને છેલ્લા તેમની છેલ્લી માંદગીમાં જોયા. હૉસ્પિટલમાં હું તેમને જોવા ગયો. મને જોઈને પહેલાં તો તેઓ ચોધાર આંસુએ રડી પડ્યા. તેઓ બોલી શકતા નહોતા. મને લખીને કહ્યું: “હવે વધારે ટકી

શકવાનો નથી.” મેં કહ્યું: “હજી તો ઘણું કરવાનું છે. આટલાં વરસ જંપ્યા વિના કામ કર્યું છે, એટલે થોડો ફરજિયાત આરામ લેવાનો આવ્યો છે. એ આરામનો વખત શાંતિથી પસાર કરો.”

મારી એ મુલાકાત છેલ્લી જ નીવડી. અલબત્ત, તેમણે ઘણું નવું કામ કરવાનું શરૂ કર્યું હતું, તે અધૂરું રહી ગયું. છતાં હું માનું છું કે દુનિયામાં કરવા ધારેલા કામ માટે પોતાની શક્તિઓથી કામ કર્યાનો પૂરો સંતોષ લઈ તેમણે આ દુનિયા છોડી છે. માણસ માટે એ ધન્યતા ઓછી નથી.

['જીવનચરિત્રાત્મક નિબંધ-સંચય' પુસ્તક]

## પાછી નદી તો વહેવા જ માંડે

શ્રીમતી દમયંતીબહેનના દેહાંતનો પત્ર વાંચી ઘડીભર સ્થિર થઈ ગયો. તે પછી કેટલીએ વાર પાનાં લઈ લઈ લખ્યાં, પણ કશું લખવાનું સૂઝ્યું નહિ. અરે ભગવાન! તમારો આવો મીઠો સંબંધ! તેમાં આ શું બન્યું? કેમ બન્યું?

ઘણી વાર દુનિયાના બનાવો વાર્તા કે નાટકના બનાવો કરતાં પણ વધારે અસંભવિત, વધારે ચોંકાવનારા હોય છે. તેવો જ આ છે. વાર્તા કરતાં વધારે કરુણ, અને આ જગતને ચલાવનારી શક્તિ વાર્તા કરતાં પણ કહો કે વધારે નિષ્કરુણ! તમારે માથે એક બાજુ દુ:ખ આવી પડ્યું અને બીજી તરફથી જાણે એ દુ:ખ પણ પૂરું ન ભોગવવા દેવું હોય તેમ છોકરાં ઉછેરવાની જવાબદારી!

પણ હું તો તમને એમ કહું કે એ છોકરાંની જવાબદારી એ જ તમારો તરણોપાય. એક રીતે તો એ છોકરાં તમારા કરતાં વધારે દુ:ખી છે. તેમને જીભ નથી એટલે એ વધારે દેખાય નહિ, પણ મા વિનાનાં છોકરાંની કરુણતા એટલી જબરી છે કે હું માનું છું કવિઓ પણ તેને ન્યાય આપી શક્યા નથી. એ છોકરાંની કરુણ દશાથી તમારે વધારે

દુ:ખી ન થવું ઘટે, પણ એ છોકરાંની માતા થવું ઘટે. વિધવા માતા છોકરાંને સાચવે છે, ખરા વીરત્વથી સાચવે છે, એવા મૂક વીરત્વથી અને ધૈર્યથી હવે તમે તમારો નવો માર્ગ કોરી કાઢો.

મન અને શરીરને નિશ્ચેષ્ઠ કરતો વિષાદ છોડી દો. માત્ર નિશ્ચેષ્ઠ કરતો વિષાદ એમ કહું છું, બાકી અમુક બનાવોની અસર જિંદગીભર ખસતી નથી અને આની પણ નહિ ખસે. પણ એ વિષાદ જતો રહેવો જોઈએ. જીવન નવા રંગથી પણ પાછું વહેવા માંડવું જોઈએ. નદી ઉપર વીજળી પડે છે ત્યાં પાણીનો સુંદર ધરો થાય છે, પણ પાછી નદી તો વહેવા જ માંડે છે. જીવનનું પણ એવું છે. વધારે ઊંડાણથી તમારું જીવન પાછું વહેવા માંડે એમ ઇચ્છું છું. શરીર સાચવશો. હજી તેની પાસેથી ઘણું કામ લેવાનું છે.

[ઝવેરચંદ મેઘાણી પર પત્ર: ૧૯૩૩]

# રામભાઈ અમીન

## ‘કૂતરાની જલેબી પેટે’

ગુજરાત સરકાર તરફથી નવરાત્રી મહોત્સવ ઊજવાઈ ગયો. આ ઉજવણી માટેનાં નાણાં રાજ્યની નવ મોટી કંપનીઓ પાસેથી ફાળારૂપે એકત્ર કરવામાં આવ્યાં હતાં, એવા અખબારી હેવાલો છે.

મને એક વાત યાદ આવે છે. એક શેઠજી એમના ચોપડામાં ‘કૂતરાની જલેબી માટે’ એમ લખીને પેઢીના ખર્ચ તરીકે બતાવતા. ઇન્કમટેક્સમાં જ્યારે આ ચોપડા રજૂ કર્યા ત્યારે ઓફિસરે પૂછ્યું: “શેઠજી, આ કૂતરાની જલેબીનું ખર્ચ વારંવાર બતાવ્યું છે તેનો શો અર્થ?” ત્યારે શેઠજી કહે, “સાહેબ, તમારા જેવા સરકારી માણસો આવે અને એક યા બીજા બહાને નાણાંની મદદ માગે અને તે વખતે જે નાણાં આપીએ તેનું ખર્ચ અમે ‘કૂતરાની જલેબી’ તરીકે બતાવીએ છીએ.” પેલા ઇન્કમટેક્સ ઓફિસરે ખર્ચ માન્ય કર્યું.

હવે સવાલ થશે કે

(૧) શું નવરાત્રી મહોત્સવ ઊજવવાની રાજ્યની ફરજ ખરી?

(૨) જો હોય તો રાજ્યના ખર્ચે કેમ નહીં?

(૩) જો સરકાર આ રીતે નાણાં લે તો આ કંપનીઓ તેનો બદલે નહીં માંગે?

(૪) જો તેઓ વીજળી પેદા કરતી હશે તો સરકારને તેની વીજળી ખરીદવી પડશે. જો સરકાર તેમના ઉદ્યોગો પ્રદૂષણ ફેલાવતા હશે અને પ્રદૂષણ બોર્ડે નોટિસ આપી હશે તો સરકારને એ નોટિસ પાછી ખેંચવી પડશે અથવા તેનો અમલ મોકૂફ રાખવો પડશે. શું આ બાબત રાજ્યનો યોગ્ય રીતે વહીવટ કરવામાં બાધા ઊભી નહીં કરે?

(૫) આ કંપનીઓ તો મદદ કરવા હંમેશાં તૈયાર હોય છે. તેમની

મદદ જો સંસદ-સભ્ય ચૂંટણી વખતે લે તો લાંચ લીધી તેમ ગણતા હો, તો મુખ્ય મંત્રી મદદ લે તો લાંચ લીધી કેમ ન ગણાય?

(૬) આ રીતે નાણાં લીધા પછી સરકાર નિષ્પક્ષ રીતે વહીવટ કરી શકશે ખરી?

(૭) આ કંપનીઓ તો ગમે તે રાજકારણીને મદદ કરવા તૈયાર હોય છે. જો રાજકારણી એવી મદદ લે તો પોતાનું કામ જાહેર હિતમાં કરી શકે ખરા?

(૮) કેટલાક મંત્રીઓ એમની સત્તા તળેનાં જાહેર સાહસોના ખર્ચે એમનાં રહેઠાણો તેમ જ ઓફિસની સજાવટ કરાવતા હતા તેને પણ લાંચ ગણવામાં આવે છે. તો પછી, સરકાર એની ઉજવણીના ખર્ચ પેટે આ રીતે નાણાં મેળવે તે અનૈતિક ગણાય. કાલે તેઓ નાણાં મેળવીને એ નાણાં પોતાની પાસે રાખે અને ખર્ચ રાજ્યના બજેટમાં બતાવે તો આપણે ક્યાંથી જાણી શકીએ?

(૯) આ કંપનીઓ એમનું ખર્ચ કેવી રીતે બતાવશે? એમનાં કાળાં નાણાંમાંથી આ ફાળો આપશે? જો તેમ કરે તો સરકાર પોતે જ કાળાં નાણાં વાપરે છે અને ઉત્તેજન આપે છે તેમ થશે. જો તેઓ ખર્ચ પેટે લખે તો તે કંપનીના ખર્ચ તરીકે કેવી રીતે માની શકાય? શું તેઓ ‘કૂતરાની જલેબી પેટે’ લખશે?’

(૧૦) સેન્ટ્રલ વિજિલન્સ કમિશન તરફથી સ્પષ્ટ જણાવેલું છે કે જાહેર સાહસોના અમલદારો દિવાળીની ભેટરૂપે કશું લઈ શકે નહીં. હવે જો દિવાળીની ભેટ પણ ન લઈ શકાતી હોય તો નવરાત્રી મહોત્સવની ઉજવણી માટે ખાનગી કંપનીઓ પાસેથી ફાળો કેવી રીતે મેળવી શકાય? આ ફાળો જો સરકારે ઉઘરાવેલો હશે તો એનો હિસાબ આપવાની તો સરકારના સેક્રેટરીની જવાબદારી ગણાય નહીં. આ નાણાં અન્ય ઉપયોગમાં લઈ જવાં હોય તો લઈ જઈ શકાય. તે નાણાં ચૂંટણીમાં વાપરવાં હોય તો વાપરી શકાય. તે નાણાં પોતાના ખર્ચ માટે વાપરવાં

હોય તો વાપરી શકાય?

['નિરીક્ષક' પખવાડિકઃ ૨૦૦૪]

# રામમૂર્તિ

## જો નેતા નહીં બના

*જો 'હજૂર' બન સકતા થા, લેકિન મજૂર બન ગયા*

*જિસને બરાબર નેતૃત્વ કિયા, લેકિન કભી નેતા નહીં બના;*

*જો ખુદ બડા હોકર છોટોંકો બડા બનાના જાનતા હૈ;*

*જો હંમેશાં પ્રવૃત્ત રહા, લેકિન કિસી પ્રવૃત્તિમેં ફસા નહીં;*

*જો મરકર શહીદ હોનેકી કામના નહીં કરતા, બલ્કિ સમર્પણ કી જિન્દગી બિતાતે-બિતાતે મરને કી તૈયારી રખતા હૈ;*

*જો સમત્વભાવસે પ્યાર કર સકતા હૈ ઔર ડાંટ ભી ફટકાર સકતા હૈ, લેકિન કિસી કે લિએ મોહ યા મત્સર નહીં રખતા—*

*ઐસા હૈ એક અજીબ વ્યક્તિત્વ ધીરેન્દ્રભાઈ મજમુદાર કા.*

['ભૂદાનયજ્ઞ' અઠવાડિક]

## જનતા કહાં હૈ?

પિછલે વર્ષો મેં જનતા કી આકાંક્ષા બઢી હૈ, ઔર નિરાશા ભી બઢી હૈ, અધીરતા ભી બઢી હૈ. સાથ હી ઉસકી પાશવિકતા ઔર હિંસાવૃત્તિ ભી બઢી હૈ. જો જનતા બડે-સે-બડે અન્યાય કો ચુપચાપ સહન કર સકતી હૈ, ઔર સરકાર કી કૃપા કે ટુકડોં કે લિયે મુહતાજ બની દફ્તરોં કે સામને હાથ પસારે ઘંટો ખડી રહ સકતી હૈ, વહ જનતા 'બંધ' રચના મેં, રેલે ઉખાડને ઔર બસોં કો જલાને મેં સમય-સમય પર અપની શક્તિ કા પ્રલયકારી પ્રદર્શન કરતી રહી હૈ.

સવાલ યહ હૈ કિ, ક્યા ઈસ દેશ મેં જનતા કહીં હૈ ભી? જો કુછ હૈ, દલ હૈં; જનતા કહાં હૈ? ઇસી લિયે હમ દલ કો સક્રિય દેખતે હૈં, ઔર જનતા કો કભી ઉન્મત્ત ઔર કભી નિશ્ચેષ્ટ ઔર જીવનહીન.

હમ સમઝ લેતે હૈં કિ ગાંવ મેં ‘જનતા’ રહતી હૈ. લેકિન રાજનીતિ ને દિખા દિયા કિ ગાંવ મેં જનતા નહીં રહતી બલ્કિ મજદૂર રહતે હૈં, બંટાઈદાર રહતે હૈં, મહાજન ઔર માલિક રહતે હૈં, જિન સબકે હિત અલગઅલગ હૈં ઔર પરસ્પર—વિરોધી હૈં, ઔર વિરોધ મેં યે ચારોં સતત સક્રિય હૈં ઔર એક-દૂસરે કો ખત્મ કર દેને પર ઉતારુ હો રહે હૈં.

[‘ભૂદાનયજ્ઞ’ અઠવાડિક]

# જીતે જી શહીદ

ઉસ રાતકો ‘જનતા’મેં મેરે સાથ બૈઠે હુએ કુછ મિત્રા દેશકી સમસ્યાઓંકો લેકર ગર્મ ચર્ચા કરને લગે. સરકારકે એક અવકાશપ્રાપ્ત અધિકારીને કહા: “સરકારકો સાફસાફ કહ દેના ચાહિયે કિ બસ, યહી હોગા. જિતના હી સમજાઈએ, પચડા બઢતા જાતા હૈ. મુસલમાનોંકો સમજાઈયે, ઈસ દેશકો અપના માનિયે. નાગા લોગોંકો સમજાઈયે, ભારતમેં રહિયે. મદ્રાસિયોંકો સમજાઈયે, હિન્દીકો સ્વીકાર કીજીયે… કિસકો કિસકો સમજાઈયેગા? મુશ્કિલ યહ હૈ કિ નેતાઓંમેં તાકત નહીં હૈ. વહ શક્તિ કેવલ બંદૂકમેં હૈ!”

સુનતા સુનતા મૈં સોચને લગા: બુદ્ધિકે કમજોર વ્યક્તિકો હંમેશાં બંદૂક સૂઝતી હૈ. વહ ખુદ ઉત્તર ઢૂંઢ નહીં પાતા, ઈસલિએ હર પ્રશ્નકા અંતિમ ઉત્તર બંદૂકમેં દેખતા હૈ. ક્યોંકિ વહ માન લેતા હૈ કિ ઉત્તર મિલે યા ન મિલે, બંદૂકસે પ્રશ્નકર્તા તો ખત્મ હોતા હૈ. ઐસી હાલતમેં તાજ્જુબ ક્યા થા કિ ઉસ અધિકારીકી બાતેં સુનકર મેરે પાસ બૈઠા એક યુવક બોલ ઉઠા થા: “ઈસ મુલકમેં ગદ્દાર બહુત હૈં ઔર ગદ્દારી

કી એક હી દવા હૈ—બંદૂક!” ઈસ પર મૈંને પૂછા: “આપ કિન્હેં ગદ્દાર સમજતે હૈં? કુછ નામ બતાઈયેગા?”

વહ તમકકર બોલા: “ક્યોં નહીં? ગાંધીજી ગદ્દાર—પાકિસ્તાનકો કરોડોં રૂપયે ઉન્હોંને દિલવાયે! નેહરુ ગદ્દાર—અપની પ્રાઈમ મિનિસ્ટરી કે લિયે દેશકા બટવારા માન લિયા! જયપ્રકાશ ગદ્દાર—ચીનકે હાથ ભારતકો બેચનેકે લિયે તૈયાર!...... કિતના ગિનાયેં, કૌન ગદ્દાર નહીં?”

કલકે ‘હીરો’કો આજ ગદ્દાર કહના, ઔર પૂરી ઘૃણાકે સાથ કહના, યહ હમારે દેશપ્રેમકી કસૌટી બન ગયી હૈ. માંગ યહ હૈ કિ બાત હમારી મરજીકી કહી જાય—ભલે હી હમારી મરજી સુબહ કુછ હો ઔર શામકો કુછ હો જાય. યહ પરિસ્થિતિ ઘોર ચિંતાકી હૈ. ઉસસે નિકલનેકે લિએ જરૂરત ગહરે ચિંતનકી હૈ. લેકિન ઈસ વક્ત ચિંતનકા ‘મૂડ’ કિસકા હૈ?

મૂડ બદલનેકા કામ વે હી કર સકતે હૈં જો સ્વયં અવિરોધી રહકર, લોક—પ્રિયતાકી પરવાહ ન કરતે હુએ, લોકહિતકી બાત કહ સકેં, કામ કર સકેં. ઐસે જીનેવાલે નયે જમાનેમેં જીતે જી શહીદ માને જાયેંગે.

# રામસિંહ રાઠોડ

## અનોખી ન્યોછાવરી

કચ્છને છેક ઈશાન ખૂણે ઊંચી ગિરિમાળા ‘નીલવા’ની દક્ષિણે અને મોટા રણની કંધી પર ‘વ્રજવાણી’ નામે એક પ્રાચીન ગામના અવશેષો પડ્યા છે. ત્યાં ‘ઢોલીથરના ઢેરા’ ઉપર પડેલા એકસો વીસ ને એક પાળિયા પાછળ એક આવી આખ્યાયિકા પ્રચલિત છે :

મુહૂર્તરાજ અખાત્રીજને દિવસે, નમતી સાંજે ‘ધાધિનક્ ધાતિનક્…’ ઢોલ વાગવો શરૂ થયો. હર વારતહેવારે બનતું તેમ, એ નાદ સાંભળીને ગામની આહીરાણીઓ પોતપોતાનાં કામ છાંડીને ઢોલે રમવા નીસરી પડી. ઢોલી એવી ગતથી દાંડી પીટતો કે સેંકડો વર્ષો પૂર્વે શ્રીકૃષ્ણના વેણુનાદથી ઘેલી થયેલી ગોપીઓની પેઠે આ આહીરાણીઓ પણ બાવરી બનીને રાસ રમવા ધસતી.

હૈયાં હચમચી ઊઠે એવો રાસ જામ્યો… એની રંગતમાં રાત વીતી, સવાર થવા આવી. પણ એ છબીલો ઢોલી હજી વણથાક્યો ઢોલને દાંડી દીધે જ રાખતો હતો. અને દુધાળા દેહવાળી સૂરીલી એકસો ને વીસ આહીરાણીઓ ધરતીને ધમધમાવતી હજી રાસમાં મસ્ત હતી. રમઝટ જામી હતી. કોઈ કોઈને હટી દે એમ ન હતું.

આહીર મરદો પણ ફરતા ટોળે વળી મુગ્ધ બનીને રાસ જોતા હતા. એવામાં વેડાંગ-પલાણ્યો એક વહીવંચો ત્યાંથી નીકળ્યો. આ તાસીરો જોઈને એનો અદેખો જીવ સળગી ઊઠ્યો. “ઐલફૈલ, ખૈલ ભૈલ, ખલકમેં ગૈલ ગૈલ” એવું કૈંક બબડતો તે આહીરોની વચ્ચે આવી ઊભો. ફાટફાટ થતા જોબનવાળી આહીરાણીઓમાં મહાલતા ઢઢી ઢોલીની સામે તેનું મોં મચકોડાયું, અને ત્યાં ઊભેલા એક જુવાનજોધ આહીર તરફ આંખ મિચકારીને એણે ચાલતી પકડી.

એ આહીરને કમત સૂઝી તે અતાલો થઈને ઢોલી પર કૂદી

પડ્યો અને તેના માથામાં કડિયાળી ડાંગ ફટકારી. ઉછાળા મારતું લોહી ધગધગ કરતું નીકળ્યું અને ઢોલી ધરતીને ખોળે ઢળી પડ્યો. રાસમાં એકતાલ થયેલી આહીરાણીઓએ આ જોયું, અને એકસો ને વીસેય પોતાના હાથનાં ધીંગાં બલોયાં પોતપોતાનાં કપાળ પર ફટકારી ઢગલો થઈને પડી. લોહીમાં લોહી એકાકાર થઈ ગયું. ગામમાં અધાધૂમ કેર વર્તાઈ ગયો.

સ્વધર્મ કે સ્વદેશ માટેની શહાદતો, રાજપૂતોનાં કેસરિયાં અને જૌહર, નીલકંઠ પર કમળપૂજા, કાશી-કરવત, ભૈરવ-જાપ, હેમાળો ગળવો, સતીનો અગ્નિપ્રવેશ—એવા એવા દેહસમર્પણના અનેકવિધ પ્રકારોમાં, એક ઢોલી અને તેની વાદ્યકળા પાછળ ૧૨૦ આહીરાણીઓના દેહની થયેલી આવી ન્યોછાવરી ઇતિહાસમાં અજોડ છે.

# રામુ ઠક્કર

## આવા હતા ઠક્કરબાપા!

ત્રાણ વરસ સુધી યુગાંડા રેલવેમાં ભારે પગારથી એન્જિનિયર તરીકે નોકરી કરીને મોટા કાકા પાછા આવ્યા, ત્યારે મુંબઈથી ભાવનગર સુધીની રેલ-ટિકિટના પૂરા પૈસા નહોતા. એક રૂપિયો ખોટો હતો, એટલે એમણે વઢવાણ જંકશન સુધીની જ ટિકિટ લીધેલી. મારા પિતા એ અરસામાં વઢવાણમાં નોકરી કરતા હતા, એ તેમને સ્ટેશને મળવા ગયા ત્યારે એમણે મોટા કાકા માટે વઢવાણથી ભાવનગર સુધીની બાકીની ટિકિટ લઈ આપી હતી.

મોટા કાકાની સાથે એમનો રસોઈયો પણ આફ્રિકાથી આવેલો, તે ૫૦૦ રૂપિયાની નગદ બચત કરીને આવેલ. આ લગભગ ૧૯૦૪ની વાત.

ઘરમાંથી વાત સાંભળેલી કે મોટા કાકા આફ્રિકા હતા તે દરમિયાન મારાં કાકીએ એમને એક કાગળમાં લખેલું કે, “આફ્રિકામાં તો સોનું બહુ મળે છે, તો તમે આવો ત્યારે મારે માટે સોનાનાં ઘરેણાં લેતા આવજો.” મોટા કાકાએ જવાબ લખેલો કે, “અહીંનાં હબસી લોકો તો લોઢાનાં ઘરેણાં પહેરે છે—કહે તો એવાં થોડાં તારે માટે લેતો આવું!”

*

મોટા કાકા આપણી સાથે વાત કરતા બેઠા હોય ત્યારે તકિયાના કવરની કસ ખુલ્લી જુએ તો બાંધી દે, આજુબાજુમાં કાગળની કરચ કે કોઈ નકામી ચીજ પડેલી દેખાય તો તે ઉપાડીને નાખી આવે. બધી વસ્તુઓ બરાબર ઠેકાણાસર સારી દેખાય એવી રીતે ગોઠવેલી છે કે નહીં તે જોયા કરે, અને એવું ન લાગે ત્યાં જાતે જ સરખું કરી લે. આ રીતે, કોઈને ઉપદેશ આપ્યા વગર જાતે બધું વ્યવસ્થિત કરી લેવાના એમના વર્તનમાંથી બીજા લોકો કેટલીય નાનીનાની ચીજો શીખી જાય.

મુંબઈમાં એક વાર એમને બોરીબંદર સ્ટેશને વળાવવા હું ગયેલો, ત્યારે મારા ડગલાનું એક બટન તૂટેલું હતું તેના પર એમની નજર પડી હશે. પૂના પહોંચીને એમણે મારી પત્ની ઉપર એક પોસ્ટકાર્ડ લખ્યું કે, “પુરુષો કામકાજમાં આવી વાતો ભૂલી જાય, પણ તેમના ડગલાનાં તૂટેલાં બટન ટાંકી દેવાનું સ્ત્રીઓએ યાદ રાખવું ઘટે.”

આજે એંશી વરસેય એમના મોંમાં કુદરતે આપ્યા બત્રીસમાંથી અઠ્યાવીસ દાંત સાબૂત છે. અને આ ઉંમરેય એમની પાચનશક્તિ ગજબની છે. મિષ્ટાન્ન કે ફરસાણ મળે, તો ના પાડતા નથી. અને ભીલોની વચ્ચે ફરતા હોય ત્યારે બંટી કે મકાઈનો રોટલો પણ એટલા જ સ્વાદથી આરોગે છે. તેઓ કહે છે કે, “શરીરને કામ કરતું રાખવા માટે બે ટંકનું ભોજન જોઈએ; પણ ભોજનમાં કઈ વાનીઓ છે તેનું મહત્ત્વ નથી. કોઈ પણ વસ્તુથી પેટ ભરાવું જોઈએ.”

એંશી વરસની ઉંમરેય બાપા હંમેશની જેમ ટટ્ટાર માથું રાખીને લાંબી ફાળ ભરતા ચાલી શકે છે, આંખો ક્ષીણ થઈ જવા છતાં કોઈના ટેકા વગર દાદરા ચડે—ઊતરે છે.

# રાવજી પટેલ

## ખેતર વચ્ચે

*તગતગ્યાં*
*બે દૂધભર્યાં ડૂંડાં લચેલાં સાવ પાસે!*
*રોમ પર એકાંત સરકે સીમનું.*
*હું શું કરું?*

*ચોપાસ એની છોડ થઈ ઊગી ઊઠું,*
*પંખી બનીને*
*આ લીલુંછમ લ્હેરતું આકાશ*
*પાંખોમાં ભરી ઊડું?*
*સૂકાં પડેલાં તૃણમાં રસ થઈ સરું?*
*રે શું કરું?*

*આંહીંથી ભાગી જઉં હું ક્યાંક,*
*પણ તે જાઉં ક્યાં?*
*મારા ભણી વાલોળનો વેલો સરી આવે!*
*વેલો નહીં—એ તો*
*પવન-તડકો અને માટી બધું ભેગું થઈને વેગથી—*

['અંગત' પુસ્તક: ૧૯૭૧]

# રૈહાના તૈયબજી

## ઈમાન કા રંગ

હમારે સમાજ મેં સે ઈમાન કા રંગ ક્યોં ઊડ ગયા હૈ? યહ કૌન સી આસુરી શક્તિ હૈ, જો હમારી કૌમ કો ઝૂઠી-ફરેબી ઔર નિર્લજ્જ-બેઈમાની બના રહી હૈ? મામૂલી સબજીવાલોં સે લેકર ઊંચે સે ઊંચે અમલદારોં મેં ઘૂસખોરી, બેઈમાની, મામાકાકાગીરી, ઔર એક અજીબ નિષ્ઠુર ખુદગર્જી ઔર ખુદપરસ્તી કૈસે આ ગઈ? હમારે વ્યાપારીઓં ને પૈસોં કી ઐસી પૂજા ચલાઈ હૈ કિ દવાઈયોં ઔર ભોજ્ય પદાર્થો મેં હાનિકારક મિશ્રણ કરતે હુએ ઉન્હેં જરા ભી હિચક નહીં હોતી. હમારે સરકારી દફ્તરોં ને બેઈમાની કો કાર્યકુશલતા કા એક અનિવાર્ય અંગ માના હૈ! ગરીબોં મેં અબ ભી કુછ ઈમાન બાકી હૈ. મગર જૈસે જૈસે સમાજી સ્તર ઊંચા ચઢતા હૈ, વૈસે હી વૈસે હર તરહ કી બેઈમાની, લાંચરિશ્વતખોરી, ગૈરઇન્સાફી ઔર જુલ્મ કા સ્વર તારસપ્તક તક પહૂંચતા નજર આતા હૈ. ઈસ કી ક્યા વજહ હૈ?

મૈં માનતી હૂં કિ ઈસ કી વજહ ધર્મ કા ત્યાગ હૈ. આજ લોગ ખુદા સે નહીં ડરતે—વે ખુદા મેં માનતે હી કહાં હૈ? દુનિયાભર મેં ભારત બેઈમાની ઔર ક્રૂરતા કે લિયે બદનામ હો ગયા હૈ. મૈં મગરીબ કે દેશોં કો ભી દેખતી હૂં, ઔર દેખતી હૂં કિ હર જગહ બેઈમાની કી બોલબાલા હૈ. કઈ દેશ પૈસે ઔર વ્યાપાર મેં ઈમાનદાર હૈં, તો આપસી વ્યવહાર, અંતરરાષ્ટ્રીય નીતિ ઔર સામાજિક લેનદેન મેં સખ્ત બેઈમાન હૈં. બેઈમાની એક તરહ કી હો યા દૂસરી તરહ કી—બેઈમાની સો આખિર બેઈમાની!

મૈં સોચતી હૂં કિ પૈસા-પરસ્તી ઇન્સાન કો કહાં તક ગિરા સકતી હૈ! એક જમાને મેં સુફીદ દાઢ ઔર સુફીદ બાલ કા કુછ પાસ-લિહાજ ઔર એહતરામ હોતા થા. ઔર આજ? બચ્ચોંકા ભી કુછ ખયાલ

હોતા થા, કિ ઉનકે સામને અમુક-અમુક બાતેં ન હો. આજ? યહ ક્યા હો રહા હૈ? ઔર યહ હમેં કહાં લે જા રહા હૈ?

એક બાર એક કિરાયે કી મોટરવાલે ને દામકા આગ્રહ રખતે હુએ કહા થા, “માતાજી, દો આને કે લિયે ઈમાન ખોકર હમ કહાં જાયેંગે? હમારે ભી બાલબચ્ચેં હૈં, જી!” બસ, યહ બાત હૈ. ઉસ અનપઢ કો જ્ઞાન થા કિ હરામ કી પાઈ ઔર હરામ કા દાના કૈસી તબાહી મચા સકતે હૈં. આજ કી તાલીમ કુછ ભી સિખાતી હો, પર યે સનાતન સત્ય નહીં સિખાતી. નતીજે દેખ લીજિયે!

# રોહિત સરન

## નમૂનારૂપ રાજ્ય હિમાચલ

૧૯૯૫માં કેરાળામાં સરેરાશ માનવીની આવરદા ૬૯ વરસની હતી (સમસ્ત ભારતમાં ૬૧ વરસની); સાક્ષરતાનું પ્રમાણ ૯૧ ટકા (ભારતનું ૪૮ ટકા); જન્મ-પ્રમાણ દર ૧,૦૦૦ મહિલાએ ૧૭ (ભારતનું ૨૯); બાળમરણનું પ્રમાણ દર ૧,૦૦૦ જન્મેલા બાળકોમાંથી ૧૩નું (ભારતનું ૮૦) હતું. રાજ્યમાં ૨,૭૦૦ સરકારી દવાખાનાં-હોસ્પિટલ છે અને દર એક લાખની વસ્તીએ ૧૬૦ દરદી-પથારીઓ છે, જે દેશમાં સૌથી વધારે છે.

બીજી બાજુ, કેરાળામાં સરેરાશ માથાદીઠ વાર્ષિક આવક ૨૯૮ ડોલર છે, જ્યારે આખા ભારતમાં તે ૩૩૦ ડોલર છે. રાજ્યમાં બેકારી ઘણી છે. બહારથી આવનારા સહેલાણીઓની સંખ્યા ઘણી મોટી રહે છે, તો સાથે સાથે ઉદ્યોગોને અભાવે ૪૦ લાખે પહોંચેલી બેકારોની ફોજમાં વધારો કરવાને બદલે ઘણા કેરાળાવાસીઓ દેશના બીજા ભાગોમાં અને વિદેશોમાં કામ-ધંધા માટે હિજરત કરી જાય છે. એવા લોકોની સંખ્યા આજે એકાદ કરોડે પહોંચ્યાનો અંદાજ છે—એટલે કે રાજ્યની લગભગ ત્રીજા ભાગની વસતી.

સામાજિક વિકાસની દૃષ્ટિએ ભારતનાં બધાં રાજ્યોમાં કેરાળા મોખરે ગણાય છે. તે પછી આવે તામિલનાડુ અને હિમાચલ પ્રદેશ. પણ સામાજિક સમાનતામાં હરિયાણા પહેલું, રાજસ્થાન બીજું અને હિમાચલ ત્રીજું સ્થાન મેળવે છે. એટલે હિમાચલ પ્રદેશ એવું રાજ્ય ગણાય જ્યાં સામાજિક વિકાસની સાથેસાથે સામાજિક સમાનતાનું પ્રમાણ સૌથી વધારે છે. એટલે કે એ રાજ્યમાં વિકાસ તો ઘણો થયો છે, અને એ વિકાસનાં ફળ વધુમાં વધુ લોકો સુધી પહોંચેલાં છે.

દાખલા તરીકે, હિમાચલ પ્રદેશમાં ૯૨ ટકાથી વધારે લોકો ગરીબી-

રેખાની ઉપર જીવે છે; તેનાં શહેર તથા ગામડાંની લગભગ ૧૦૦ ટકા વસતીને બે ટંક ભોજન મળે છે; રાજ્યમાં લગભગ દરેક બાળ નિશાળે જાય છે. એટલે કે બળતણ વીણવા ને પાણી ભરી લાવવાની પેઢીઓ—જૂની કામગીરીમાંથી તેમને મુક્તિ મળી છે—અને સ્ત્રીઓને પણ. જ્યાં નિરક્ષરતા સર્વત્ર હતી તે રાજ્ય આજે અક્ષરજ્ઞાનમાં દેશભરમાં કેરાળા પછી બીજું સ્થાન ભોગવે છે. ત્રણ જ દાયકામાં આ પરિવર્તન શક્ય બન્યું છે તે જોતાં હિમાચલ પ્રદેશ જેવા ડુંગરાળ પ્રદેશની સિદ્ધિ કેરાળાને પણ ટક્કર મારે તેવી ગણાય.

પ્રગતિની આવી ફાળ હિમાચલે ભરી તેનું એક કારણ એ મનાય છે કે ગમે તે રાજકીય પક્ષ સત્તા પર હોય છતાં, ત્યાંનું સરકારી તંત્ર બીજાં ઘણાં રાજ્યોના કરતાં વધુ અસરકારક છે. તેને પરિણામે સરકારી યોજનાના લાભો જનતાના નીચલા સ્તર સુધી પહોંચી શકે છે. ત્યાંના લોકોમાં નિર્દોષતા, પ્રામાણિકતા અને સમાજનિષ્ઠાનું પ્રમાણ બીજાં રાજ્યોના કરતાં વિશેષ મનાય છે.

*

સામાજિક સમાનતાની ગણતરી કરીએ તો ઉત્તર પ્રદેશ અને બિહારનું સ્થાન સૌ રાજ્યોમાં ચોથું અને પાંચમું આવે. પણ સમાનતાનો આંક વધુ પડતો માંડવામાં જોખમ રહેલું છે. એ બે રાજ્યોમાં સામાજિક વિકાસની ઊંચામાં ઊંચી સપાટી અને નીચામાં નીચી સપાટી વચ્ચે ઝાઝું અંતર નથી. એટલે કે સમૃદ્ધિ પેદા કરવાને બદલે પોતાની ગરીબીની વ્યાપક વહેંચણી કરવામાં એ બે રાજ્યો વધુ સફળ નીવડ્યાં છે!

હિમાચલ પ્રદેશ બહુ મોટું રાજ્ય નથી, તેમ બહુ નાનું પણ નથી; બહુ સમૃદ્ધ નથી, તેમ બહુ ગરીબ પણ નથી. એક જ પેઢી દરમિયાન આખા રાજ્યમાં સામાજિક પરિવર્તન કેવી રીતે લાવવું, અને તે પરિવર્તનનો લાભ વધુમાં વધુ લોકોને કેવી રીતે પહોંચાડવો, તેનો નમૂનો હિમાચલ પ્રદેશે પૂરો પાડ્યો છે.

['ઇન્ડિયા ટુડે' અઠવાડિક: ૨૦૦૪]

# લતા મંગેશકર

## સ્વાગત

હિંદી ચિત્રપટ, તેનાં કલાકારો અને તેમના અભિનયને શિરીષ કણેકર વર્ષોથી ઉત્કટ પ્રેમ કરતા આવ્યા છે. ચિત્રપટસંગીત પરના તેમના પ્રેમનો તો, આ વ્યવસાય સાથે સંકળાયેલાં કલાકારોને બાદ કરતાં, આજે મરાઠીમાં અન્યત્ર જોટો સાંપડવો મુશ્કેલ છે. શિરીષ કણેકરના અસીમ સંગીતપ્રેમની પ્રતીતિ ‘ગાયે ચલા જા’ જેવા તેમના પુસ્તકથી વાચકોને થઈ જ છે. તે સાથે જ દીર્ઘકાલીન શ્રવણભક્તિથી તેમણે આ વિષય પર મેળવેલો અધિકાર પણ ઘણુંખરું બધાંને માન્ય થાય એવો જ છે. હિંદી ચિત્રપટસૃષ્ટિની લગભગ છેલ્લી ત્રણ પેઢીનાં અનેક નાનાંમોટાં. અભિનેતા અને અભિનેત્રીઓનાં અતિશય હૃદયસ્પર્શી શબ્દચિત્રો કણેકરે ‘યાદોં કી બારાત’માં અહીં એકદમ ઉત્કટતા અને જાણકારીથી રેખાંકિત કર્યાં છે. આ સ્મૃતિઓની સાથે હિંદી ચિત્રપટસૃષ્ટિનો ઇતિહાસ લગભગ આરંભથી જ આપણી સમક્ષ એકદમ ઊઘડતો આવે છે. વિવિધ પ્રકારના ભાવ મનમાં ઊછળી આવે છે. ક્યારેક હોઠ હસે છે, ક્યારેક આંખ ભીની થાય છે. ક્યારેક મન ઉદાસ થઈ જાય છે; તો ક્યારેક તે અંતર્મુખ થઈને જૂનાં સ્મરણોમાં ડૂબી જાય છે. આજની યુવાન પેઢીને આ બારાતના કેટલાક ચહેરા અજાણ્યા લાગશે. પણ આજે જે મધ્યમ વયના કે પ્રૌઢ વયમાં આવેલા વાચકો છે તેમને તો આ પુસ્તક વાંચતાં પોતાની યુવાન વયનાં અનેક જૂનાં ને અત્યંત પ્રિય દોસ્તો ફરીથી મળ્યાનો આનંદ થશે. અનેક જૂનાં ગીતોના ઉલ્લેખથી યુવાનીની હળવી અસ્વસ્થતા મનમાં જાગૃત થશે. તે ગીતો સાથે, તેના શબ્દો સાથે, સૂરો સાથે સંકળાયેલા, પોતાના વ્યક્તિગત જીવનના અનેક કડવામીઠા પ્રસંગો તેમને યાદ આવશે અને તેને લીધે એક નિરાળી જ ઉદાસ મીઠાશ આ પુસ્તક તેમને આપશે.

આ પુસ્તકમાં ચિત્રપટ-વ્યવસાયનાં જે કલાકારોનાં શબ્દચિત્રો કણેકરે આલેખ્યાં છે, તેની વિવિધતા જોઈને આશ્ચર્ય થાય છે. અહીં દિલીપકુમાર, દેવ આનંદ, રાજ કપૂર જેવા રસિકોના અમાપ પ્રેમનાં પાત્ર થયેલા નાયકો અને મીનાકુમારી, નરગિસ, મધુબાલા, વૈજયંતીમાલા જેવી રસિકોનાં હૃદયસિંહાસન પર દીર્ઘકાલ બિરાજનારી નાયિકાઓ તો છે જ, પણ તે સાથે જ ખલનાયક, વિનોદી નટ-નટીઓ, અભિનય કરતાં નૃત્યને લીધે જ પ્રસિદ્ધિ પામેલી નર્તકી વગેરે બીજાં પણ કેટલાંયે કલાકારોને કણેકરે અહીં યાદ રાખ્યાં છે.

આ બધાં શબ્દચિત્રો આલેખતાં કણેકરે બીજી એક બાબત ખાસ ધ્યાનમાં લીધી છે, તે આ કલાકારોનું માણસપણું. તે તેમણે સતત આપણને જણાવ્યા કર્યું છે. રૂપેરી પડદા પર પ્રસિદ્ધિના ઝગમગાટમાં ચમકતા, પૈસાના ઢગલા પર આળોટનારા, લાવણ્યવતી નાયિકાના પ્રેમના પાત્ર ઠરનાર આ તેજસ્વી તારાઓ પણ છેવટે 'માણસ' જ હોય છે. જે તારાઓ માટે સાચું તે તારિકાઓ માટે પણ સાચું. આ બધાં જ આખરે માણસો છે. માણસની નબળાઈ, તેની નિયતિ, તેના સારાખરાબ ગુણદોષ, આશા-નિરાશા આ બધું જ તેમને ભાગે પણ આવ્યું હોય છે. સર્વસામાન્ય માણસ તો પોતાનું સામાન્યપણું મનમાં સમજતો હોય છે; પણ પડદા પરનાં આ કલાકારોની જનમાનસમાં જે એક ઝગમગતી પ્રતિમા ઊભી થઈ હોય છે, તેને લીધે ક્યારેક તેઓ પોતે પણ મોહિત થયાં હોય છે. પડદા પરના આ સપનાંના સોદાગર પોતેય તે સતત સુંદર પણ ભ્રામક સપનાંમાં જ વિહરતા હોય છે. વાસ્તવમાં એ સપનાં તૂટે ને તેનો ભૂકો હાથમાં આવે ત્યારે તેઓ એકદમ ભાંગી પડે છે ગુરુદત્ત જેવા એકાદ સંવેદનશીલ દિગ્દર્શક અહીં આવે છે, 'પ્યાસા', 'કાગઝ કે ફૂલ' જેવાં જોવાલાયક ચિત્રો નિર્માણ કરીને ચિત્રપટસૃષ્ટિમાં ઇતિહાસ ઘડે છે, પણ છેવટે વ્યક્તિગત જીવનમાં નિષ્ફળતાને કારણે તે આત્મહત્યા કરી લે છે. ચંદુલાલ શાહ જેવા અલ્પશિક્ષિત પણ બુદ્ધિમાન લોકો અહીં આવે છે, પોતાનો સ્ટુડિયો ઊભો કરે છે, નિર્માતા બને છે, કરોડો રૂપિયા કમાય છે, અને છેવટે નિષ્કિંચન અવસ્થામાં દુનિયા છોડી

જાય છે. શેખ મુખ્તાર જેવો રૂપહીન, અણઘડ ચહેરાવાળો સામાન્ય નટ બહુ સાહસ કરીને ‘નૂરજહાન’ જેવું ચિત્રપટ ઉતારે છે, તે માટે કરેલું કર્જ ફેડાતું નથી તેથી પાકિસ્તાન ભાગી જાય છે. ત્યાં વિતરકોનાં બારણે આંટા મારતાં મારતાં એક દિવસ હતાશ અવસ્થામાં દુનિયાની વિદાય લે છે, અને તેના મૃત્યુ પછી ‘નૂરજહાન’ ચિત્રપટને અઢળક પૈસા મળે છે! જેની એક સમયે હિન્દુસ્તાનના રૂડોલ્ફ વૅલેંટિનો તરીકે ખ્યાતિ હતી, ગવર્નરની જોડીની પોતાની ગાડી હોવાનું ભાગ્ય જેને એકલાને તે સમયે પ્રાપ્ત થયું હતું તે માસ્ટર નિસાર છેવટે કામાઠીપુરની એક ગલીચ ચાલની ઓરડીમાં મરે છે. મરતી વખતે તેની પાસે બે વાસણ, બે કપડાં અને પોતાની કારકિર્દીની ભૂમિકાના ફોટાઓનું પીળું પડી ગયેલું જૂનું આલબમ, એટલી જ માલમતા શિલ્લક હતી! વજનદાર અવાજથી થિયેટર ગજવનાર નટ જયંત છેવટે ગળાના કૅન્સરથી મરે છે! જેના નાચ વગર ચિત્રપટ પૂરું થયું છે એમ લાગતું નહીં તે કક્કુ નિર્ધન, ઉપેક્ષિત અવસ્થામાં દુનિયા છોડે છે. આવાં કલાકારોનાં શબ્દચિત્ર કણેકરે ખૂબ જ સહૃદયતાથી આલેખ્યાં છે.

કણેકર ગોષ્ઠિપ્રેમી છે. તેથી વાતવાતમાં અનેક રસપ્રદ કિસ્સાઓ તે સંભળાવે છે, અનેક વિગતો આપતા રહે છે. તેમાંનાં કેટલાંક ઉદાહરણો અહીં આપું એમ થાય છે. ચિત્રપટસૃષ્ટિના શરૂઆતના સમયમાં નીકળેલા ‘શીરીં-ફરહાદ’ ચિત્રપટમાં બેતાળીસ ગીતો હતાં, તો ‘ઇંદ્રસભા’ ચિત્રપટમાં એકોતેર ગીતો હતાં! આ સંખ્યા આજે કેટલી આશ્ચર્યજનક લાગે છે! જીવન નામના નટે ચાળીસથીયે વધુ ચિત્રપટોમાં નારદની ભૂમિકા સાકાર કરી છે! આના કરતાંયે ગમ્મતભર્યો એક કિસ્સો જુઓ-‘હલચલ’ ચિત્રપટમાં જેલરની ભૂમિકા કરનાર બલરાજ સહાની તે વખતે રાજકીય કેદી હતા અને પોલીસના પહેરા નીચે તે શૂટિંગ માટે આવતા હતા! આવી અનેક વિગતોને લીધે કણેકરનું આ લેખન માહિતીપૂર્ણ તેમ જ મનોરંજક થયું છે.

(અનુ. જયા મહેતા)

[‘રૂપેરી સ્મૃતિ’ પુસ્તક]

# લતિકા સુમન

## એક નરરાક્ષસનો વધ

બે વર્ષ પહેલાંની આ વાત છે. નાગપુરની કસ્તૂરબાનગર ઝૂંપડપટ્ટી પર રાતના ઓળા ઊતરી ચૂક્યા છે. એક દલિત પરિવાર સૂવાની કોશિશ કરી રહ્યો છે. ઘરનો મોભી કઠિયારો છે. બાપડો પાંચ સંતાનો અને પત્નીનું પેટ માંડ માંડ ભરી શકે છે. સૌથી મોટી દીકરી ઇલાએ (નામ બદલ્યું છે) કાચી ઉંમરે પારકાં કામ કરવાનું શરૂ કરી દીધું છે. આસપાસનાં મકાનોમાં કચરાં-પોતાં કરીને થોડુંઘણું કમાય છે એનાથી બાપને આર્થિક ટેકો મળે છે.

ઇલાને હજુ હમણાં જ ચૌદમું બેઠું છે. દીકરી જુવાન થઈ રહી છે ને માબાપના દિલમાં સતત ભય ઘૂંટાઈ રહ્યો છે. ક્યાંક અમારી ફૂલ જેવી દીકરી પેલા કાળમુખાની નજરે ચડી જશે તો...

—અને તે રાત્રે જ ઘરનો દરવાજો જોરજોરથી ખખડ્યો. સફાળાં બેઠાં થઈ ગયેલાં પતિ-પત્નીના ચહેરા ભયથી સફેદ પૂણી જેવા થઈ ગયા. શું કરવું? દરવાજો ખોલીશું નહીં તો એને તોડી નાખતાં કેટલી વાર લાગવાની છે પેલા રાક્ષસને? ઇલાની મા ધ્રૂજતા પગલે આગળ વધી અને કમાડ ખોલ્યું. સામે એ જ ઊભો હતો...

અક્કુ યાદવ!

નરાધમ એકલો ક્યાં હતો? સાથે ચાર-પાંચ સાગરીતો પણ હતા. એમના હાથમાંના છરાની ધાર અંધારામાં ચળકતી હતી. બાપના મોઢે જાણે કે ડૂચો દેવાઈ ગયો. એણે રાડારાડ કરી હોત તોય બચાવવા કોણ આવવાનું હતું? અક્કુના એક સાથીદારે ઇલાનો કાંઠલો પકડ્યો અને પછી એને લઈને સૌ અંધારામાં અલોપ થઈ ગયા. મા રોતી-કકળતી ઘરની બહાર દોડી આવી. કોને ફરિયાદ કરવી? કોની મદદ લેવી? આતંકની આ પળે એના મનમાં એક જ નામ સ્ફુર્યું—એડવોકેટ

વિલાસ ભાંડે. આખા વિસ્તારમાં ભણેલોગણેલો કહેવાય એવો આ એક જ માણસ હતો. ઇલાની માએ ઘાંઘી થઈને ડોરબેલ દબાવી. રાતનો એક વાગી ચૂક્યો હતો. વિલાસ ભાંડે બહાર આવ્યા. હીબકાં ભરતી માએ આખી વાત કહી.

“તું આ બધું મને શા માટે કહે છે?” વિલાસ ભાંડે ઊકળી ઊઠ્યા, “તું પોલીસ પાસે કેમ ન ગઈ?”

નાસીપાસ થઈ ગયેલી માએ પોલીસસ્ટેશન તરફ ડગલાં માંડ્યાં કે પાછળપાછળ વિલાસ ભાંડે પણ દોરવાયા. તરત જ એમની પત્ની સંધ્યા વચ્ચે પડીઃ આ તમે શું માંડ્યું છે? વિલાસ ભાંડેને પણ તરત ભાન થયું કે, જો હું આ બાઈને સાથ આપીશ તો અક્કુ મને જીવતો નહીં છોડે. મારી ગેરહાજરીમાં એ નરાધમ મારા પરિવારના કેવા હાલહવાલ કરશે? એડવોકેટ સાહેબના પગ પાછા ઘર તરફ વળી ગયા. એણે ત્યારે ક્યાં કલ્પના કરી હતી કે બે વર્ષ પછી આ જ સ્થિતિ પોતાના પરિવાર માટે ઊભી થવાની છે...!

હવે તો ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ઇલાની આબરૂ લૂંટાઈ ચૂકી હતી. એક વાર નહીં પણ વારંવાર, અક્કુના બધા સાગરીતો દ્વારા વારાફરતી...

આ બાજુ પોલીસસ્ટેશન પહોંચેલી ઇલાની મા પર પોલીસ સામા તાડૂક્યાઃ દીકરી સચવાતી ન હોય તો પેદા શું કામ કરી? અક્કુ યાદવ તારા ઘરે જ કેમ આવ્યો? બીજા કોઈના ઘરે કેમ ન ગયો? મા બહુ રડી, કરગરી એટલે ક્મને પોલીસ એની સાથે કસ્તૂરબાનગર ગઈ. ઘડિયાળમાં ત્રણના ટકોરા વાગી ચૂક્યા હતા. પોલીસે અક્કુ યાદવના સંભવિત અડ્ડાઓ પર તપાસ કરી. અક્કુ કે એના સાથીઓ ક્યાંય નહોતા. થોડીવાર પછી પોલીસના માણસો ચાલ્યા ગયા.

બીજા દિવસે ઇલા પીંખાયેલી હાલતમાં ઘરે પાછી આવી. પોલીસ હજુય અક્કુનું પગેરું શોધી શકી નહોતી. એ જ દિવસે બિસ્તરા બાંધીને ઇલાનો પરિવાર ઘર છોડીને બીજે કશેક જતો રહ્યો. હંમેશ માટે.

ઇલાનો પરિવાર કસ્તૂરબાનગર છોડીને જતો રહ્યો એ ઘટના કંઈ નવી નવાઈની નહોતી. આવું કેટલીય વાર બન્યું છે. ઘરમાં જુવાન દીકરીનું હોવું જાણે કે શ્રાપ બની ગયું હતું. કેટલાય લોકો દીકરીને કાચી ઉંમરે સાસરે વળાવી દેતા.

*

નાગપુરની અદાલતમાં જે બન્યું એ વાત હવે જગજાહેર બની ચૂકી છે. કસ્તૂરબાનગરની મહિલાઓએ બળાત્કારી, અત્યાચારી અને નરાધમ અક્કુ યાદવને મારી મારીને પતાવી દીધો! કોર્ટમાં જ, સેંકડો માણસોની હાજરીમાં!

નાગપુરથી ચાર કિલોમીટરના અંતરે વસેલા કસ્તૂરબાનગર વિશે અગાઉ કોઈને જાણ સુધ્ધાં નહોતી, પણ પાંત્રીસેક વર્ષના અક્કુ યાદવના મોત બાદ તે હવે ખાસ્સું જાણીતું બન્યું છે. કસ્તૂરબાનગરમાં દાખલ થતાં જ એક સીધો રસ્તો નજરે પડે છે. ત્યાં યાદવો અને બ્રાહ્મણોનાં ઘર આવેલાં છે સામસામે. બીજી કોમના લોકોનાં પણ થોડાં ઘર છે. આ રસ્તા પર બે ઘર પછી એક વળાંક આવે છે, જેમાં ખૂણા પરનું પહેલું જ ઘર અક્કુ યાદવનું. ગલીમાં ડાબી બાજુ પર એક બુદ્ધ મંદિર છે જેની બહાર બાબાસાહેબ આંબેડકરની મોટી પ્રતિમા મૂકવામાં આવી છે. તેની સામેની તરફ એક ગલી આવે છે અને ત્યાંથી વસતિ શરૂ થાય છે.

અહીંની મહિલાઓ મુખ્યત્વે રિક્ષા ચલાવે છે, પાનનો ગલ્લો કરે છે કે પછી આસપાસના વિસ્તારોમાં ઘેર ઘેર કપડાં ધોવાનું કે વાસણ માંજવાનું કામ કરે છે. આ વિસ્તારમાં પ્રવેશતાં જ, દરેક ખૂણે પોલીસના તંબુ નજરે પડે છે.

ચારેક વર્ષ પહેલાં નાગપુર ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની નજીક બિલ્ડંગોનિું બાંધકામ ચાલી રહ્યું હતું. અહીં છત્તીસગઢથી ઘણા કડિયાઓ મજૂરી માટે સપરિવાર આવ્યા હતા. અક્કુ યાદવ આ મજૂરોની દીકરીઓ પર બળાત્કાર કરતો રહેતો. કસ્તૂરબાનગરની બાજુમાં જ એક નાળું છે. સાંજ પછી અહીં વાતાવરણ સૂમસામ થઈ જાય છે. સ્ત્રીઓની આબરૂ

લૂંટવા માટે અક્કુની આ માનીતી જગ્યા હતી. કસ્તૂરબાનગરના કેટલાય રહેવાસીઓએ સગી આંખે અક્કુને કુકર્મ કરતાં જોયો હતો, પણ કંઈ પણ કહેવાની કે કરવાની તેમનામાં હિંમત નહોતી. બહારથી આવેલા મજૂરો કાં તો ચૂપચાપ સહન કરી લે અથવા તો કામ છોડીને જતા રહે.

અક્કુના ડરથી શાકબકાલાવાળા, દૂધવાળા વગેરે કસ્તૂરબાનગરમાં પગ મૂકતાં ડરતા. ઝૂંપડપટ્ટી જેવા આ વિસ્તારમાં કોઈની સ્થિતિ સહેજ પણ સારી દેખાય, એટલે અક્કુ એને ત્યાં પૈસા માગવા પહોંચી જાય. સ્થિતિ સારી હોવી એટલે? ઝૂંપડાં જેવા ઘરમાં પંખો આવવો તે! ઘરમાલિક સદ્ધર થઈ ગયો છે અને તેની પાસેથી ફદિયાં ખંખેરી શકાય એવું માની લેવા અક્કુ યાદવ માટે આટલું પૂરતું હતું! મેનાબાઈ ધાંગળે (૫૦ વર્ષ)ના ભોગ લાગ્યા હશે કે એમના ઘરમાં આવી ચીજો હતી. અક્કુ એને ધમકાવતો અને ખંડણી માગવા પહોંચી જતો. મેનાબાઈએ એક વાર ડરના માર્યા ૫,૦૦૦ રૂપિયા ગણી આપેલા, પણ બીજી વખત પૈસા નહોતા ત્યારે અક્કુએ ઘરમાં તોડફોડ કરી મૂકી હતી. કરુણા બનસોડ નામની મહિલા પાસે પૈસા નહોતા, તો અક્કુ એની ત્રણ બકરીઓ ઉઠાવી ગયો. ગીતા સેવતકર નામની સ્ત્રીના ઘરે તે એક વાર પહોંચ્યો ત્યારે ત્યાં નાતાલની પ્રાર્થના ચાલી રહી હતી. ગીતાએ પૈસા ન આપ્યા એટલે અક્કુએ પાદરી સહિત બધા મહેમાનોને ધીબીડી નાખ્યા હતા. ઘરે લગ્નપ્રસંગ હોય કે બીજો કોઈ તહેવાર હોય, સૌથી પહેલાં અક્કુનું ખિસ્સું ગરમ કરવું પડે. આનંદનો અવસર કસ્તૂરબાનગરના લોકો માટે દહેશતનું કારણ બની જતો.

શાંતાબાઈ શંકર મેશ્રામ ચાની લારી ચલાવે છે અને તેના બંને દીકરાઓ રિક્ષા હંકારે છે. એમનાં ઘરમાં નવું સ્કૂટર આવ્યું. પત્યું. માગણી પૂરી ન થઈ એટલે સ્કૂટરનું ધનોતપનોત કાઢી નાખવામાં આવ્યું.

રમેશ જોબુળકર (૩૮ વર્ષ) પાસે પણ અક્કુએ પૈસા માગેલા. રમેશે ન આપ્યા એટલે અક્કુએ એના જ ઘરમાં, એની જુવાન દીકરી સામે એને નગ્ન કર્યો. પછી અક્કુ અને તેના સાથીઓએ સિગારેટો સળગાવી અને રમેશના આખા શરીર પર ડામ દીધા.

અક્કુ ક્યારે કોના પર શી રીતે સિતમ વરસાવશે તે કોઈ કળી શકતું નહીં. બળાત્કારની એને મન કશી નવાઈ નહોતી. સ્ત્રી જુવાન હોય, પરણેલી હોય કે ગર્ભવતી હોય... અક્કુને કોઈના પર દયા ન આવતી. વસાહતના લોકોના શબ્દકોશમાંથી જાણે હિંમત શબ્દનો છેદ ઊડી ગયો હતો. નહીં તો, એક ગર્ભવતી મહિલા પર આખી વસાહતની વચ્ચે સામૂહિક બળાત્કાર થઈ રહ્યો હોય અને બધા ચૂપચાપ જોતા રહે તેવું શી રીતે બને? આનંદ બનસોડ નામના માણસને એના ઘરમાં પૂરી દેવામાં આવ્યો અને તેની પત્નીની પેલા નાળા પર સામૂહિક રીતે આબરૂ લૂંટવામાં આવી. આનંદ બારણાં પછાડીને આક્રંદ કરી રહ્યો હતો, પણ પાડોશીઓ જાણે કે બધિર બની ગયા હતા. બીજે દિવસે સવારે પત્ની ઘરે આવી અને બન્ને ઘર છોડીને જતાં રહ્યાં.

અક્કુએ છ વર્ષ પહેલાં અવિનાશ તિવારી નામના આદમીની હત્યા કરી હતી. આશાબાઈ ભગત નામની મહિલાએ આ દુર્ઘટના નરી આંખે જોયેલી અને તે કોર્ટમાં સાક્ષી બનવા પણ તૈયાર થઈ ગઈ હતી. અક્કુએ આશાબાઈને પણ પતાવી નાખી. આ બનાવ પછી અક્કુ વિરુદ્ધ ફરિયાદ કરવાની કે કોર્ટમાં કેસ કરવાની કોઈની હિંમત ન થઈ.

અક્કુનું હુલામણું નામ 'મેડમ' હતું. તે આ વિસ્તારના ટપોરી છોકરાઓને લૂંટફાટ, છરીબાજી અને છોકરીઓ પર બળજબરી કરવાની રીતસર ટ્રેનિંગ આપતો. અમુક છોકરાઓ અક્કુની ધાકને કારણે તેના 'શિષ્ય' બનતા. ધીમે ધીમે તેમને આ બધાં કુકર્મોમાંથી આનંદ મળવા લાગતો. અક્કુના ખાસ સાગરીતનું નામ હતું વિપિન બાલાઘાટી. શરૂઆતમાં બન્ને જણ રાત્રે ઝૂંપડપટ્ટીમાં ફરતા અને બારી-બારણામાંથી ચોરીછૂપીથી ડોકિયાં કરીને પતિ-પત્ની વચ્ચે થતી સંવનનક્રિયા નિહાળતા. બીજે દિવસે બધા સાંભળે તે રીતે અશ્લીલ ભાષામાં તેમને ચીડવતા. પેલા નાળા પર (જે 'પીલી નદી' તરીકે પણ ઓળખાય છે) એકાંત છવાયેલું હોય એટલે પ્રેમીપંખીડાં કે નવા નવા પરણેલા લોકો ત્યાં ફરવા જતા. અક્કુ દોસ્તારો સાથે ત્યાં પહોંચી જતો અને સ્ત્રીઓને છેડતો, તક મળે તો પ્રેમી કે પતિની આંખ સામે

તેમના પર બળાત્કાર પણ કરતો.

સ્ત્રીઓનું ચારિત્ર્યહનન કરવાના અને લૂંટફાટ કરવાના કુસંસ્કાર અક્કુમાં એના પિતા કાલીચરણ યાદવમાંથી ઊતરી આવ્યા હોવા જોઈએ. કાલીચરણે ૪૦ વર્ષ પહેલાં મોતીબાગ નામના વિસ્તારમાં અસહાય વિધવા પર બળાત્કાર કર્યો હતો. મોતીબાગના રહેવાસીઓ ઊકળી ઊઠ્યા અને તેમણે કાલીચરણને આ વિસ્તારમાંથી ભગાડી મૂક્યો. કાલીચરણે પછી કસ્તૂરબાનગરમાં અડિંગો જમાવ્યો. એને પાંચ દીકરા ને પાંચ દીકરી હતાં. અક્કુ સૌથી નાનો. અક્કુનો એક ભાઈ ચુટઈ યાદવ પણ ચાકુની અણીએ લોકોને લૂંટવાનું કામ કરતો. અક્કુના બીજા એક ભાઈ અમર યાદવને નાગપુરમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. તેના નામે પણ લૂંટફાટ અને બળાત્કારના ગુના બોલે છે.

અક્કુના નામે ૨૫ ગુના નોંધાઈ ચૂક્યા છે. તેને પણ નાગપુરમાંથી તડીપાર કરવામાં આવ્યો હતો, પણ એ કસ્તૂરબાનગરમાં ટેસથી જિંદગી વિતાવતો હતો. એની વિરુદ્ધ બોલવાવાળું કોઈ હતું નહીં એટલે તેને મોકળું મેદાન મળી ગયું હતું. અક્કુ કસ્તૂરબાનગરમાં કાળો કેર વર્તાવી રહ્યો છે એની જાણ પોલીસને સ્વાભાવિક રીતે હતી જ, પણ એણે અક્કુ સામે કોઈ પગલાં ન લીધાં. અક્કુ છેલ્લાં આઠ વર્ષથી ત્રાસ વર્તાવી રહ્યો હતો, પણ પાછલા એક વર્ષ દરમિયાન તો એણે લોકોનું જીવવું હરામ કરી નાખ્યું હતું.

અહીંની દલિત વસતિમાં માત્ર એક જ પરિવાર એવો હતો જે અક્કુથી ડરતો નહોતો. અથવા તો, જેણે ચહેરા પર ડરને વ્યક્ત થવા દીધો નહોતો. એ એડવોકેટ વિલાસ ભાંડેનો પરિવાર હતો. અક્કુની શેતાનિયતથી ભાંડે સંપૂર્ણપણે વાકેફ હતા. એક વર્ષ પહેલાં અક્કુને તડીપાર કરવામાં આવ્યો હતો. અક્કુ ઇચ્છતો હતો કે એનો કેસ વિલાસ ભાંડે લડે. પણ ભાંડેએ ચોખ્ખી ના પાડી દીધી. અક્કુ ક્રોધિત થઈ ઊઠ્યો હતો.

વિલાસ ભાંડેનું સાસરું પણ પડોશમાં જ છે. વિલાસ ભાંડેની સાળી ઉષા નારાયણે પર અક્કુની નજર આમ તો શરૂઆતથી હતી.

ગ્રેજ્યુએટ ઉષાએ મેનેજમેન્ટનો કોર્સ કર્યો છે. તેનું કુટુંબ શિક્ષિત હોવાથી અહીંના ગરીબ લોકો તેમને ખૂબ માન આપે છે. ભાંડેએ કેસ લડવાનો નનૈયો ભણ્યો તે પછી અક્કુ ઉષાને જોતાં જ તેના આખા પરિવારને ઉદ્દેશીને ગંદી ગાળોનો વરસાદ વરસાવતો.

કોઈ પણ પરિસ્થિતિએ એક હદ પછી પલટાવું જ પડે છે. અક્કુ યાદવે ફેલાવી રાખેલા આતંક અને ડરના વાતાવરણ પર ક્યારેક તો પૂર્ણવિરામ મુકાવાનું જ હતું. આ પ્રક્રિયાની શરૂઆત થઈ ૨૯ જુલાઈએ બનેલી એક ઘટનાથી. રાજેશ મધુકર (૨૦ વર્ષ) નામનો વિલાસ ભાંડેનો એક સાળો માનસિક રીતે મંદ છે. તે દિવસે અક્કુ અને તેના ત્રણ સાથીદારોએ રાજેશને રસ્તા વચ્ચે ઘેરી વળીને ધમકાવ્યો: તારા જીજાજી મોટા વકીલ બનીને ભલે ફરતા હોય, પણ જા એને જઈને કહે કે તમારો કાળો કોટ બહુ જલદી લાલ રંગનો થઈ જવાનો છે.

ભાંડે પરિવારને થઈ રહેલી સતામણીનો સિલસિલો બીજે દિવસે પણ ચાલુ રહ્યો. તે રાત્રે અગિયાર વાગ્યે અક્કુના પંદરવીસ સાથીઓ ઉષાના ઘરને ઘેરી વળ્યા. ગંદી ગાળોના વરસાદ વચ્ચે એક ટપોરી ચિલ્લાઈ રહ્યો હતો: “ઉષા, હવે તારો વારો છે... અત્યાર સુધી તું બચી ગઈ છે, પણ આજે અમે તને...”

ઉષાએ બનેવીને ફોન કર્યો ત્યારે અક્કુ અને બીજા ત્રણ-ચાર ટપોરીઓ વિલાસ ભાંડેના ઘરના કમ્પાઉન્ડમાં જ ઘેરો ઘાલીને ઊભા હતા. બારણું અંદરથી બંધ હતું. ભાંડેએ દબાતા અવાજે મોબાઇલ પર પોલીસસ્ટેશનમાં ફરિયાદ કરી. પોતાના કેટલાક દોસ્તોને પણ મોબાઇલ પર આખી ઘટનાની જાણકારી આપી. પંદર મિનિટમાં પોલીસ આવી, પણ ત્યાં સુધીમાં અક્કુ અને તેના સાથીદારો પલાયન થઈ ચૂક્યા હતા. વિલાસ ભાંડે અને તેના પરિવારે પોલીસસ્ટેશને જઈને એફ.આઈ.આર. નોંધાવી. ભાંડેએ બીજે દિવસે નાગપુરમાં કાર્યવાહી શરૂ કરી દીધી. કસ્તૂરબાનગરના લોકોમાં હિંમત ઊઘડવાની શરૂઆત થઈ રહી હતી. ભાંડેએ અલગ અલગ પરિવારોમાંથી ૨૦ માણસોની સહી એકઠી કરી અને અક્કુ યાદવે ૨૬થી ૩૦ જુલાઈ દરમિયાન ફેલાવેલા ત્રાસનું

વર્ણન કરતો ફરિયાદપત્ર ડી.સી.પી. યાદવ તેમ જ પોલીસકમિશનર ડી. શિવાનંદનને સુપરત કર્યો. ભાંડેએ પોલીસ રક્ષણની માગણી કરી, પણ તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

બીજા એક ફરિયાદપત્ર પર ૯૬ લોકોએ સહીઓ કરી અક્કુ યાદવની ધરપકડની માગણી કરી. અત્યાર સુધી મિયાંની મીંદડી બનેલા લોકોના આ તેવર જોઈને અક્કુને કંઈક અંદેશો આવી ગયો હશે, તે પોતાના પરિવાર સાથે પાંચમી ઓગસ્ટે ઘર છોડીને નાસી ગયો. દલિત વસતીમાં ઊકળી રહેલો આક્રોશ હવે પ્રગટપણે વ્યક્ત થવા લાગ્યો હતો. વર્ષો સુધી દબાઈ રહેલી સ્પ્રિન્ગ ઊછળી ચૂકી હતી. ક્રોધે ભરાયેલા લોકોએ ૬ ઓગસ્ટે સવારે અક્કુના ઘરને સાવ તોડીફોડી નાખ્યું. ૭ ઓગસ્ટે પોલીસે અક્કુની ધરપકડ કરી.

૮ ઓગસ્ટે ઝરીપટકા પોલીસસ્ટેશનની બહાર ૧૫૦થી ૨૦૦ માણસોની ભીડ એકઠી થઈ હતી. સૌને વ્યકિતગત રીતે અક્કુ યાદવ વિરુદ્ધ ફરિયાદ લખાવવી હતી. એક પોલીસ ઇન્સ્પેક્ટરે બહાર આવીને કહ્યું: “તમે લોકો અહીં એકઠા થવાને બદલે કોર્ટમાં કેમ જતા નથી? આજે અક્કુને કોર્ટમાં પેશ કરવાનો છે...”

ક્રોધિત થયેલું ટોળું ત્રણેક કિલોમીટરના અંતરે આવેલી અદાલતે પહોંચી ગયું. પોલીસ અક્કુને લઈને કોર્ટના કમ્પાઉન્ડમાં પ્રવેશ્યા ત્યારે કસ્તૂરબાનગરની મેદની જોઈને અક્કુ ડઘાઈ ગયો. ત્યાં જ એની નજર પોતાના સાથીદાર વિપિન બાલઘાટી પર પડી. વિપિન કપડાં અને ટિફિન લઈને ઊભો હતો. વિપિનને જોઈને અક્કુને સહેજ હાશકારો થયો હોવો જોઈએ. એણે પોલીસને કહ્યું: યે મેરા આદમી હૈ. વિલાસ ભાંડેએ વિપિનનો હાથ ઝાલીને પોલીસને કહ્યું: આનેય પકડી લો, આ અક્કુના અપરાધોનો હિસ્સેદાર છે. આ સાંભળીને વિપિન ત્યાં ભાંડે સાથે ઝપાઝપી કરવા લાગ્યો. આ દૃશ્ય જોઈને કસ્તૂરબાનગરની મહિલાઓ ભડકી ઊઠી. એમાંની એક મહિલાએ વિપિનને તમાચો મારી દીધો. તેમણે જોરજોરથી રાડો પાડવાનું શરૂ કર્યું: અક્કુને અમારા હવાલે કરી દો! પોલીસ અક્કુને લઈને જતી રહી.

૧૩ ઓગસ્ટ સુધી અક્કુ પોલીસના રિમાન્ડ પર હતો. કસ્તૂરબાનગરના રહેવાસીઓમાં હવે નવી દહેશત ફેલાઈ: ૧૩મીએ ન્યાયાધીશ અક્કુને જામીન પર છોડી મૂકશે તો? ગિન્નાયેલો અક્કુ કસ્તૂરબાનગરમાં પાછો ફરશે તો લોકોના કેવા હાલહવાલ કરી મૂકશે?

ક્રોધ, ભય અને અનિશ્ચિતતાની મિશ્ર લાગણી અનુભવી રહેલા કસ્તૂરબાનગરવાસીઓ ૧૩ ઓગસ્ટના રોજ અદાલતમાં પહોંચી ગયા. લગભગ ૫૦૦ના ટોળામાં મહિલાઓની બહુમતી હતી. પુરુષો અને બાળકો પણ હતાં. લગભગ અઢી વાગ્યે પોલીસના ત્રણ માણસો અક્કુ સહિત ચાર આરોપીઓ સાથે કોર્ટના પ્રાંગણમાં પ્રવેશ્યા. અક્કુએ જોયું કે આ વખતે મેદની ગયા વખત કરતાંય વધારે મોટી અને વધારે ઊકળેલી છે. કોર્ટના મકાન તરફ ડગલાં ભરતાં ભરતાં એણે મીના ગળવી નામની સ્ત્રીને કહ્યું: “સા... (ગાળ), તું એક વાર તો બચી ગઈ, પણ હવે તારી ખેર નથી. આ વખતે મારી ભેગા બીજા દસ જણ હશે... તું જ શું કામ, મહોલ્લાની એકેય ઔરતને હું મોઢું બતાડવા લાયક નહીં છોડું...” મીનાનો ગુસ્સો ફાટી નીકળ્યો. એણે ચપ્પલ કાઢીને અક્કુ તરફ ફેંક્યું. જાણે ચિનગારી ચંપાવાની જ રાહ જોવાતી હોય તેમ ગુસ્સાની આગ ભભૂકી ઊઠી. અદાલતના કમ્પાઉન્ડમાં હુલ્લડ મચી ગયું. પોલીસના માણસે દરવાજો બંધ કરી દીધો. મોટા ભાગનું ટોળું બહાર રહી ગયું, પણ પાંચેક મહિલાઓ પોલીસની પાછળ પાછળ અદાલતના મકાનમાં ઘૂસી ગઈ.

કોર્ટમાં વિરામ ચાલી રહ્યો હતો. ખાલી કોર્ટરૂમમાં અક્કુ, પોલીસના બે માણસો અને બીજા કેટલાક છૂટાછવાયા માણસો હતા. કોર્ટની બહાર રહેલું ટોળું બીજા ગેટ પાસે આવ્યું. દરવાજો તોડીને ટોળાનો મોટો હિસ્સો કોર્ટના મકાનમાં ઘૂસી ગયો. પાગલ બની ગયેલા ટોળાએ અક્કુને ધીબવાનું શરૂ કરી દીધું. વર્ષોથી ધરબાયેલો આક્રોશ અત્યંત તીવ્રતાથી બહાર આવી રહ્યો હતો. પોલીસના હાથમાંથી છીનવી લીધેલા દંડા, પથ્થર, ટાઇપરાઇટર, કોર્ટરૂમમાં પડેલી બીજી ચીજ-વસ્તુઓ... અક્કુ પર બેરહમીથી પ્રહારો થઈ રહ્યા હતા. રણચંડી બનેલી શોષિત મહિલાઓએ

અક્કુ યાદવ નામના નરરાક્ષસનો વધ કરી નાખ્યો...

૨૦ જ મિનિટમાં ખેલ ખતમ થઈ ગયો. પોલીસના માણસો રફુચક્કર થઈ ચૂક્યા હતા. અક્કુનો નિશ્ચેષ્ટ દેહ ત્યાં જ રહેવા દઈને ટોળું બહાર નીકળી ગયું. કેટલાયનાં કપડાં પર લોહીના ડાઘ સ્પષ્ટ દેખાતા હતા. કોર્ટની અંદર અને બહાર જમા થયેલા હજારેક માણસો સ્તબ્ધ બનીને બધું જોઈ રહ્યા હતા. થોડી વાર પછી કોઈ અજાણ્યા માણસે પોલીસને ફોન કર્યો કે લોહીથી રંગાયેલાં કપડાંવાળી મહિલાઓ એક રિક્ષામાં બેસીને ગઈ છે. રિક્ષાનો નંબર પણ આપવામાં આવ્યો. રિક્ષાવાળાની ધરપકડ કરવામાં આવી. પોલીસ કસ્તૂરબાનગર ગઈ અને રિક્ષાવાળાની મદદથી પાંચ મહિલાઓની ધરપકડ કરી. આ પાંચ સ્ત્રીઓ એટલે સવિતા જીતુ બંજારી, પિંકી અજય શંભરકર, અંજનાબાઈ કિસટન બોરકર, લીલા રઘુનાથ સાંગોલે અને ભગીરથા હરિશ્ચંદ્ર અકીકને. એમની અટકાયત બાદ વસાહતની તમામ મહિલાઓ પોલીસસ્ટેશન પહોંચી ગઈ અને કહ્યું: અક્કુ યાદવને અમે બધાંએ માર્યો છે... અમને સૌને અરેસ્ટ કરો...!

૧૮ ઓગસ્ટ, બુધવારના રોજ અક્કુ યાદવની હત્યાના આરોપસર પાંચ મહિલાઓને નાગપુર કોર્ટમાં લઈ જવામાં આવી ત્યારે અદ્‌ભુત દૃશ્ય સર્જાયું હતું. કસ્તૂરબાનગરમાં સ્ત્રી-પુરુષો, બાળકો, વૃદ્ધો સૌના મોઢે એક જ વાત હતી: આ સ્ત્રીઓ નિર્દોષ છે. આખું નાગપુર 'આરોપી' મહિલાઓની તરફેણ કરી રહ્યું હતું. કોર્ટમાં કાર્યવાહી થઈ તેના એક દિવસ પહેલાં ૧૧૮ વકીલોએ મહિલાઓ વતી કોર્ટમાં નિ:શુલ્ક કેસ લડવાની સામેથી તૈયારી બતાવી હતી! આખરે એવો નિર્ણય લેવામાં આવ્યો કે આ મહિલાઓનો કેસ મહિલા વકીલો જ લડે. નિવેદિતા મહેતા, સુચિતા ડોંગરે અને અર્ચના રામટેકે સહિત મહિલા વકીલોએ સંગઠિત થઈ અને કેસ હાથમાં લીધો. ડિસ્ટ્રિક્ટ જજ કાસવા સમક્ષ આ મહિલાઓ વિરુદ્ધ ક્રાઇમ બ્રાન્ચના ઇન્વેસ્ટિગેશન ઓફિસર એક પણ પુરાવો પેશ કરી ન શક્યા. આખરે પાંચેય મહિલાને ૫,૦૦૦ રૂપિયાના પર્સનલ બોન્ડ પર મુક્ત કરવામાં આવી. ઝૂંપડપટ્ટીમાં વસતી ગરીબ

મહિલાઓ આટલી રકમ ક્યાંથી લાવી શકે? કોર્ટની બહાર મહિલાઓને પર્સનલ બોન્ડ અપાવવા માટે નાગરિકોની લાઇન લાગી ગઈ.

આ સ્ત્રીઓ કસ્તૂરબાનગરમાં પાછી ફરી ત્યારે અહીં ઉત્સવનું વાતાવરણ સર્જાયું. પાંચેય સ્ત્રીઓનું સન્માન કરવામાં આવ્યું. બસ, તે દિવસથી સન્માનનો જે સિલસિલો શરૂ થયો તે દિવસો સુધી ચાલતો રહ્યો. આટલાં વર્ષો સુધી અક્કુ યાદવના અત્યાચાર પર અંકુશ ન લગાડનાર નેતાઓ, ચૂંટણી નજીક આવી રહી છે એટલે આ મહિલાઓના સત્કાર સમારંભ યોજવાની વાત કરે છે!

અભૂતપૂર્વ ઘટના બને પછી તેને અનેકરંગી પ્રતિક્રિયાઓ મળતી હોય છે. “તમે અક્કુ યાદવને મારી શકો તો અમને પણ…” એવી દલીલ હેઠળ મજૂરી કે પારકાં કામ કરતી કસ્તૂરબાનગરની ઘણી મહિલાઓને પાણીચું આપી દેવામાં આવ્યું છે. ધરપકડ થયેલી અન્ય મહિલાઓ કુસુમ બાગડે, કિરણ નરવણે અને પિંકી નાભકરને પણ તેની નોકરીમાંથી કાઢી મુકાઈ છે.

['અભિયાન' અઠવાડિક: ૨૦૦૪]

# લલિત શાહ

## ખુશાલીનું પડીકું

મારી એક વિદ્યાર્થિની તેની નાની બહેનનાં લગ્ન નિમિત્તે મીઠાઈનું એક સુંદર પડીકું લઈને આવી. ઉપર લખ્યું હતું: અમીશા શાહ અને હનીફ શેખનાં લગ્ન નિમિત્તે ખુશાલી. નીચે બંનેનાં માતાપિતાનાં નામ. એ વડીલોએ આ પડીકા મારફત એ શુભ સમાચાર આ રીતે ફેલાવી દીધા હતા.

અમીશા અને હનીફ નાનપણમાં નજીક નજીક રહેતાં હતાં, સાથે ભણેલાં હતાં. અત્યારે તેમને એક જ શહેરમાં નોકરી મળેલી હતી. આ અવસરને બિરદાવતો પત્ર મેં લખ્યો. જવાબમાં કન્યાનાં માતા-પિતાએ લખ્યું:

“અમીશા-હનીફનાં લગ્નને આટલી સાહજિકતાથી, ઉદારતાથી અને અંતરની લાગણીથી વધાવનાર સૌપ્રથમ તમે જ છો. અમારાં ઘણાં સગાંસંબંધીઓને આની અગાઉથી જાણ કરેલી. તેમાંથી ઘણાંએ જાણે કે પત્ર મળ્યો નથી કે કાંઈ જાણતાં નથી એ રીતે મૂક વિરોધ દર્શાવ્યો છે, તો કેટલાકે સ્પષ્ટ રીતે વિરોધ કરીને આમાંથી પાછાં વળવાની સલાહ અમને આપી છે. પણ અમારાં તથા વેવાઈનાં કેટલાંક નિકટનાં સગાંઓએ ઉત્સાહથી લગ્નમાં હાજર રહીને, ગીતો ગાઈને પ્રસંગને દીપાવ્યો છે. આપનો પત્ર ઘરનાં સહુને તથા મારાં સાસુ-સસરા, પુત્રી-જમાઈ વગેરેને વંચાવ્યો છે અને આપના ઉમદા લખાણથી સહુ રાજી થયાં છે. એ પત્ર અમારા માટે મીઠું સંભારણું બની રહેશે.”

['સ્વસ્થ માનવ' માસિક: ૨૦૦૧]

## ‘લલિત’

# ઠારે દિલના ઘા

*અહો, મા તે મા! બીજા વનના વા!...*
*અહા! એ તો મા, સૂણી ધાતાં ધા;*
*શૂરાંપૂરાં બા ઝીલે આડા ઘા,*
*મીઠી નજરે મા ઠારે દિલના ઘા.*

# લલિતકુમાર બક્ષી

## મધર ટેરેસા

એક વ્યાપારી બંધુનો લંડનમાં દાક્તરી અભ્યાસ કરતો એકનો એક જુવાન પુત્ર મોટર અકસ્માતમાં અવસાન પામ્યો. ઘટના દુઃખદ હતી. પાછળથી સદ્‌ગતની ચાળીસ હજાર જેટલી વીમાની રકમ આવી. શોકસંતપ્ત પરિવારે સમસ્ત રકમ માનવ-સેવાર્થે કામ કરતી નાનીમોટી સંસ્થાઓ વચ્ચે વહેંચી દેવાનો પ્રશસ્ત નિર્ણય લીધો. કોઈએ એમને મારું નામ સૂચવ્યું. વ્યાપારી બંધુ મારી પાસે આવ્યા. એમની દૃષ્ટિ ધર્મનિરપેક્ષ હતી. એમને એવી કેટલીક સંસ્થાઓ કે વ્યક્તિઓનાં નામ જોઈતાં હતાં, જેમને માનવ—સેવાર્થે ઉચિત રકમ નિશ્ચિત મને આપી શકાય. સર્વપ્રથમ નામ મધર ટેરેસાનું યાદ આવ્યું. વ્યાપારી બંધુ વિશેષ પરિચિત નહોતા. મેં એમને ધાપામાં (કલકત્તાથી સાઠેક માઈલ દૂર) રક્તપિતિયાઓ માટે સ્થપાયેલી કોલોનીની વાત કરી; મહાનગરની ફૂટપાથો પરથી નઃસહાય રોગી સ્ત્રી-પુરુષોને ઊંચકી ‘નિર્મલ હૃદય’માં સિસ્ટર્સ ઑફ ચેરિટી દ્વારા શુશ્રૂષાની વાત કરી; ત્યક્ત અને અપંગ બાળકો માટે ‘નિર્મલ શિશુભવન’ હતું તેનો અને કોમી રમખાણો દરમિયાન કલકત્તાની સડકો પરથી ટેરેસાના માણસોએ એકઠી કરીને અંતિમ સંસ્કાર આપેલી લાશોનો ઉલ્લેખ કર્યો.

મધર ટેરેસાને મળવાની એમણે ઇચ્છા દર્શાવી. મેં પત્ર લખ્યો. લંડન ખાતે અવસાન પામેલા યુવકની વાત લખી. ચારેક દિવસ પછી વળતો ઉત્તર મળ્યો. મધર ટેરેસાએ પોતાની હાર્દિક સંવેદનાઓ પાઠવી હતી; મૃતાત્મા માટે પોતે પ્રાર્થના કરશે એવી ખાતરી આપી હતી, અને મુલાકાત માટે બે દિવસ પછી બપોરનો સમય આપ્યો હતો. અમારા આવવાની મધર ટેરેસા રાહ જોશે.

કલકત્તાની બપોર અકળાવનારી તો હોય જ. ઉનાળાની બપોર

સૂનકારભરી પણ હોય. પૂર્વાંચલમાં બધે જ મધ્યાહ્ન પછી એકથી ત્રણ સુધી બજારો-દુકાનો બંધ રહે છે સડકો સૂની પડી જાય. કલકત્તાની ખખળડખળ ટ્રામ પણ કંજૂસના ધનની જેમ રડીખડી દેખા દે. અમારે ઇન્ટાલી વિસ્તારમાં જવાનું હતું. ગરીબ વસતિવાળો ઇલાકો છે—બંગાળની પ્રચલિત બાનીમાં એને ‘બસ્તી’ કહે. ‘બસ્તી’માં પછાત, ગરીબ, અશિક્ષિત, ઝગડાળુ લોકો મળે. શીળીના ડાઘ જેવી અગણિત ‘બસ્તી’ઓ કલકત્તામાં છે. ત્યારે મધર ટેરેસાનું પ્રમુખ કાર્યાલય ઇન્ટાલીમાં હતું. આજે પણ એમના દ્વારા સ્થાપિત લગભગ બધી પ્રમુખ સંસ્થાઓનાં કાર્યાલય એવા ઈલાકાઓમાં જ છે, જ્યાંની પ્રજાને એમની સૌથી વધુ જરૂરત છે. થોડા કચવાતા (ઊજળાં કપડાં પહેરેલાં હતાં ને!), થોડા ભયભર્યા, અમે બંને ઇન્ટાલી પહોંચ્યા.

ટ્રામ સ્ટૉપ પર ઊતર્યા. સાથે મધર ટેરેસાનું પોસ્ટકાર્ડ તો હતું જ. સરનામું હતું. પણ અહીં મકાનોના નંબર અવ્યવસ્થિત છે. આસપાસ વેરાયેલી નાની, સાંકડી, સૂની ગલીઓ. અમારે પહોંચવાનું સ્થાન મુખ્ય સડકથી થોડી અંદરની બાજુએ હતું. એક ગલીને નાકે અમને વિચિત્ર નજરે જોઈ રહેલા ચારપાંચ ‘મસ્તાન’ મળ્યા. લાપરવાહીપૂર્વક સિગારેટના ધુમાડાનાં ગૂંચળાં હવામાં ઉછાળતા હતા.

આ ‘મસ્તાન’ શબ્દને કલકત્તાવાસી બરાબર ઓળખે છે. એમનાં જીંથરાં ખભા સુધી ઝૂલતાં જ હતાં. બેકારી એમનો પેશો છે, ગુંડાગીરી એમનો ધર્મ. ‘મસ્તાન’ ટોળી પાસે જઈને મેં મધર ટેરેસાનું પોસ્ટકાર્ડ ધર્યું. ટોળીનો ‘લીડર’ બે પળ અમને ઉપરથી નીચે જોઈ રહ્યો—ચીડિયાઘરનાં પ્રાણીઓને જોતો હોય એમ. “માધરેર કાછે જાબેન? આસુન આમાર સંગે. માએર બાડી દેખિયે દિચ્ચી.” (મધર પાસે જવું છે? આવો મારી સાથે, માનું મકાન તમને દેખાડી દઉં.)

હું અવાક્. સામાન્ય રસ્તો પૂછો તો પણ ગાળ બોલ્યા વિના વાત ન કરે એવો અજડ, અસંસ્કારી છોકરો અમને સાથે ચાલીને ઘર દેખાડવા આવતો હતો, એટલું જ નહિ, એક વિદેશી યુગોસ્લાવ સ્ત્રી માટે ‘મા’ જેવો બંગાળનો સન્માનવાચક શબ્દપ્રયોગ કરતો હતો!

નિર્વિવાદ, કંઈક એવું હતું જે ‘બસ્તી’ની પ્રજાને મધર ટેરેસા પાસેથી મળ્યું હતું, જેને કારણે મધર પ્રતિ ભક્તિભાવ હતો.

અમે જે મકાનના દરવાજા પર આવી ઊભા તેના પર એક નાનું પાટિયું લટકતું હતું. એ સિવાય બીજી કોઈ જાહેરાત નહોતી. અહીં એક સંસ્થા ચાલી રહી છે જેની પ્રવૃત્તિઓએ દેશવ્યાપી ખ્યાતિ મેળવી છે, લોકઆદર પણ, એનો ઢંઢેરો સંભળાયો નહિ. એ સીધુંસાદું, આડંબરહીન મકાન બપોરની નીંદરમાં સૂઈ રહેલું હોય એવું લાગ્યું. આંગણામાં એક વૃક્ષ હતું ને એની લીલી ડાળીઓ દીવાલની આ પારથી દેખી શકાતી હતી. દરવાજા પર દોરડું લટકતું હતું. જહાંગીર બાદશાહનો ન્યાયઘંટ વગાડતા હોઈએ એમ દોરડું ખેંચવાનું. દોરડું ખેંચો એટલે અંદર ઘંટડી રણકે. કદાચ, આવી મધ્યયુગીન વ્યવસ્થા આસપાસની પછાત અશિક્ષિત પ્રજાને સહુલિયતભરી થઈ પડે માટે કરી હશે. કદાચ તાજા જન્મેલા બાળકને કોઈ છાનાછપના પ્રહરે બંધ દરવાજા પર મૂકીને અદશ્ય થઈ જતી માની લજ્જા ઢાંકવા કરી હશે. મેં દોરડું ખેંચ્યું. બહુ જલદી જ બંધ બારણાં પાછળથી કોઈનાં આવતાં પગલાં સંભળાયાં.

‘સિસ્ટર્સ ઑફ ચેરિટી’ પહેરે છે એ બરછટ, જાડા, સફેદ કપડાની, બે બ્લુ પટ્ટીવાળી કિનારી ધરાવતી સાડી મધર ટેરેસાની સાધ્વીઓનું ઓળખચિહ્ન થઈ પડી છે. જે કમરામાં અમને ટેરેસાની એક ‘નન’ (સાધ્વી) બેસાડી ગઈ, એ ઑફિસનો કમરો હતો. મકાન જેવો જ આડંબરહીન. માત્ર આવશ્યક ખુરશીઓ, ટેબલ, દીવાલ પર લટકતા થોડા ચાર્ટ, એક ભીંત-ઘડિયાળ અને બે-પાંચ એવી બીજી પરચૂરણ વસ્તુઓ. મધર મેરી અને બાળ ઈસુનું એક રંગીન ચિત્ર અને સલીબ પર શહીદ થઈ ગયેલા જીસસની નાની કરુણ મૂર્તિ

થોડી મિનિટોના ઇંતેજાર પછી મધર ટેરેસાનો પ્રવેશ. આ યુગોસ્લાવ મહિલાનો જીવતોજાગતો ચહેરો એના ફોટોગ્રાફોમાં દેખાય છે એવો જ હૂબહૂ છે: કપાળ સુધ્ધાં ઢાંકી દેતી પેલી બે બ્લુ પટ્ટીઓવાળી સાડી, ને આંખની કિનારીઓથી શરૂ થઈને નીચે ઊતરતી, હડપચી સુધી ફેલાઈ ગયેલી અસંખ્ય કરચલીઓ. એક એક કરચલી જાણે

કારુણ્યનો આલેખ બનીને આવી છે. પાતળા હોઠ, ને ઉપલા હોઠ પર કાળાશની આછી ઝાંય. બે હોઠ વચ્ચે દેખાતા છૂટા છૂટા સફેદ દાંત. પ્રથમ મુલાકાતમાં જ વિશ્વાસ જીતી લેતું નિખાલસ સ્મિત. કિંતુ, મધર ટેરેસાના ચહેરા પરનું સૌથી નોંધપાત્રા અંગ છે આંખો. આ આંખોએ આર્દ્ર થઈને આજાર, અનાથ, ત્યક્ત અને નઃસહાય સ્ત્રી-પુરુષોની વેદનાને આત્મસાત્ કરી છે.

૧૯૪૮ની એક સવારે મધર ટેરેસાએ હૉસ્પિટલનાં પગથિયાં પર પડેલી એક લાચાર, રોગગ્રસ્ત સ્ત્રી જોઈ હતી. એ સ્ત્રીના હાથપગ પરનું માંસ ને ચામડી સડકની ગટરોમાં ફરતા ઉંદરો ને કોળ ચાવી ગયા હતા. મધર ટેરેસાની કરુણ આંખો હાલીચાલી ન શકતી એ સ્ત્રી પરથી ખસી ન શકી. ટેરેસાએ એ સ્ત્રીની શુશ્રૂષા કરી. સ્ત્રી બચી તો નહિ, બચાવી શકાઈ નહિ; પણ ભારતમાં વસી ગયેલી આ યુગોસ્લાવ સાધ્વીને બાકીનું જીવન દીનદુઃખીઓની સેવાર્થે ગાળી દેવાની બહુમૂલ્ય પ્રેરણા આપતી ગઈ. કદાચ, એ બદકિસ્મત સ્ત્રીના મૃત્યુનું આ સર્વોત્તમ સાર્થક પાસું છે.

સુદૂર યુગોસ્લાવિયામાં એક નાનું ગામ સ્કોપ્યે. મધર ટેરેસાની જન્મ તારીખ ૨૭ ઑગસ્ટ, ૧૯૧૦. એમણે ભારતમાં ચાળીસ કરતાં વધુ વર્ષ ગુજાર્યાં છે. આલ્બેનિયન ખેડુ મા-બાપની દીકરી. આશ્ચર્ય એ વાતનું હતું કે કલકત્તા જેટલે દૂર આવીને વસવાનું એમને કેમ સૂઝ્યું?

બાલિકા ટેરેસાને પ્રાથમિક શિક્ષણ ધર્મપ્રચારકો દ્વારા સંચાલિત એક શાળામાં મળ્યું. જે સંસ્થા આ સ્કૂલ ચલાવતી હતી તેણે કેટલાક જેસ્યુઈટ પાદરીઓને ધર્મપ્રચાર અર્થે છેક કલકત્તા સુધી મોકલ્યા હતા. કલકત્તાથી એમણે લખેલા પત્રો નાની ટેરેસાના વર્ગશિક્ષકે વાંચી સંભળાવ્યા. કલકત્તાનું વર્ણન હતું, કલકત્તાના લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિ સંબંધી વિસ્તૃત જાણકારી હતી. વિદ્યાર્થિની ટેરેસાના દિલમાં ત્યારથી જ કલકત્તા જવાની એક તીવ્ર ઇચ્છા જાગી. અઢાર વર્ષની યુવા વયે ટેરેસાએ પોતાની સાધ્વી કારકિર્દીનો આરંભ આયર્લૅન્ડના ડબ્લીન શહેરની એક શાળામાં શિક્ષિકાની નોકરી સ્વીકારીને કર્યો.

શાળાના સંચાલકોએ ટેરેસાને બંગાળના દાર્જીલિંગ શહેરમાં મોકલવાની વ્યવસ્થા કરી આપી. થોડો સમય દાર્જીલિંગમાં રહ્યા પછી સિસ્ટર ટેરેસા કલકત્તામાં વસી ગઈ—હંમેશ માટે.

કલકત્તામાં પણ એમની કારકિર્દીનો આરંભ થાય છે શિક્ષિકા તરીકે. લોરેટો સ્કૂલમાં ટેરેસાએ ઘણાં વર્ષ વિદ્યાર્થિનીઓને ભૂગોળ શીખવી. પછી, એમની નિમણૂક સેન્ટ મેરીઝ હાઈસ્કૂલમાં પ્રિન્સિપલ તરીકે થઈ. એ દિવસોમાં જ પેલો નોંધપાત્ર બનાવ બન્યો. હૉસ્પિટલના પ્રાંગણમાં પડેલી રુગ્ણ સ્ત્રીની લાચાર અવસ્થા જોઈ ટેરેસાનું હૃદય દ્રવી ઊઠ્યું. એમણે પોપની મંજૂરી મેળવીને બે વર્ષમાં જ નઃસહાય સ્ત્રીપુરુષોની સેવાર્થે ‘ધ મિશનરીઝ ઑફ ચેરિટી’ નામે સંસ્થા સ્થાપી. સેવાકાર્ય માટે આ જૈફ સ્ત્રીમાં આશ્ચર્યજનક ધગશ છે—એક એવો ઉત્સાહ છે જેના પર વધતી જતી ઉંમરની ભાગ્યે જ કોઈ અસર પડી દેખાય છે. ફલસ્વરૂપ, ‘મિશનરીઝ ઑફ ચેરિટી’ની શાખાઓ કલકત્તાથી વિસ્તરતી દક્ષિણ અમેરિકામાં વેનેઝુએલાના કારાકાસ, શ્રીલંકાના કોલંબો, ઇટલીના રોમ, તાન્ઝાનિયાના ટાબોરા, ઓસ્ટ્રેલિયાના મેલબર્ન ને જોર્ડનના અમાન સુધી ફેલાઈ ચૂકી છે.

“ભોઓબાન આચ્છેન!” (ભગવાન છે!)—મારા એક ના ઉત્તરમાં મધર ટેરેસાએ ખૂબ ભારપૂર્વક અને શ્રદ્ધાભર્યા સ્વરે કહેલું. ઈશ્વરીય શક્તિમાં પોતાની આ શ્રદ્ધાને પ્રતિપાદિત કરતાં મધર ટેરેસા હંમેશાં એ દાખલા આપે છે જે એમના જીવનમાં ખચીત બનતા રહ્યા છે. જ્યારે જ્યારે પૈસાની જરૂરત પડે છે ત્યારે ન જાણે ક્યાંથી અણધારી મદદ, અણધારી નાણાકીય ભેટ આવી જ પહોંચતી હોય છે. અને મધર ટેરેસાની સંસ્થાઓને દેશવિદેશથી, અને વિશેષે જે લોકો ખ્રિસ્તી ધર્મ નથી પાળતા એમના તરફથી, મોટી રકમો ગુપ્ત દાનમાં મળતી રહે છે.

આજે તો હવે મધર ટેરેસાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘણાં મૂલ્યવાન પારિતોષિક મળી ચૂક્યાં છે. કિંતુ ‘બસ્તી’ના ગરીબોની સેવા કરવા માટે જ્યારે મધર ટેરેસાએ સેન્ટ મેરીઝ હાઈસ્કૂલ છોડી ત્યારે એમની પાસે માત્ર પાંચ રૂપિયા હતા! એ મૂડી પર શરૂ થયેલું સેવાકાર્ય

આજે લાખોનું અનુદાન મેળવી શકે છે. જર્મની, ડેનમાર્ક, ઇંગ્લેન્ડ અને અમેરિકાનાં બાળકોએ પોતાને મળતા ખિસ્સાખર્ચમાંથી નિયમિત રકમ બચાવીને મધરને મોકલી આપેલી. સેવાકાર્ય પાછળ લાખોનું ધન ખર્ચતી મધર ટેરેસાની સંસ્થાઓના કાર્યકરો, ‘સિસ્ટર્સ ઑફ ચેરિટી’ની સાધ્વીઓ, જે સાદાઈ અને કરકસરપૂર્વક જીવે છે એ પણ એક અનુકરણીય મિસાલ છે.

મધર ટેરેસાની સેવા-પ્રવૃત્તિઓનો ચાર્ટ જોવા યોગ્ય છે: ૭૦ શાળાઓ, અને એ શાળાઓમાં, ૬,૦૦૦ કરતાં વધુ અનાથ બાળકોને શિક્ષણ અપાય છે; ૨૬૦ દવાખાનાં, જેમાંથી પ્રતિ વર્ષ દશ લાખ જેટલા દરદી મફત યા મામૂલી કીમતે દાક્તરી મદદ ને દવાદારૂ પામે છે; કોઢ અને રક્તપિત્તનાં દરદીઓ માટેનાં ૫૮ કેન્દ્ર, જેમાં આશરે ૪૭,૦૦૦ રુગ્ણ સ્ત્રી-પુરુષોનો વસવાટ છે; ૨૫ શિશુભવનો, જેમાં માનસિક રોગોથી પીડાતાં ૧૨૦૦ જેટલાં બાળકોની સારસંભાળ લેવાય છે; અને ૨૫ એવાં કેન્દ્ર, જે પ્રતિ વર્ષ લગભગ ૫,૦૦૦ જેટલાં મૃત:પ્રાય કે અસાધ્ય રોગોથી પીડાતાં ગરીબોની શુશ્રૂષા કરે છે.

[‘કુમાર’ માસિક: ૧૯૭૫]

# લલિતકુમાર શાસ્ત્રી

## અડધો કલાક બીજા માટે જીવીએ!

વાત અગત્યની હતી, મોટા સોદાની હતી. ત્યાં અનિલભાઈ ઊઠ્યા અને બોલ્યા: "ટપુભાઈ, તમે થોડી વાર વિચારો. એટલી વારમાં એક કામ કરીને આવું છું."

"પણ આપણું હવે પતવામાં જ છે ને તમે ક્યાં જાઓ છો..? તમારે માટે આ કામ અગત્યનું નથી..?"

"અગત્યનું છે... પણ હું જે કામ માટે જઈ રહ્યો છું તે એના કરતાં પણ મહત્ત્વનું છે."

અનિલભાઈ તો વધુ વાત કરવા રોકાયા વિના સડસડાટ ત્યાંથી ચાલ્યા ગયા, અને ટપુભાઈ જમીનનો નકશો જોતા જ રહ્યા. પૂરા પોણા કલાક પછી અનિલભાઈ પાછા ફર્યા ત્યારે ટપુભાઈનું મોઢું ચઢેલું જ હતું.

અનિલભાઈએ ખુરશીમાં જગ્યા લેતાં કહ્યું: "બોલો, પછી તમે શું નક્કી કર્યું?"

ખીજવાયેલા ટપુભાઈએ કહ્યું: "હું અહીંથી ચાલ્યો ગયો હોત તો સોદો સોદાને ઠેકાણે રહ્યો હોત."

"પણ આ સોદો તો થવાનો છે, એ વાત ઈશ્વરને મંજૂર છે એટલે તમે ગયા નહીં. નહીં તો હું અહીં હાજર હોત તોપણ સમજૂતી ન થઈ શકી હોત."

તે પછી થોડી જ મિનિટોમાં ટપુભાઈ અને અનિલભાઈ વચ્ચે એક જમીનનો સોદો નક્કી થઈ ગયો. ટપુભાઈ જમીન લે-વેચ કરતા અને અનિલભાઈ મોટાં બાંધકામ કરતા.

બધું પતી ગયા પછી ટપુભાઈએ પૂછ્યું: "અનિલભાઈ, એવું તે શું હતું કે, તમે સોદો થવાની તૈયારીમાં હતો છતાં મને મૂકીને ચાલ્યા

ગયા?"

"એ મારી અંગત બાબત છે. જાણીને શું કરશો?"

"તમને વાંધો ન હોય તો કહો. મને જાણવાની જિજ્ઞાસા છે."

"વાત મારા બાપાજીથી શરૂ થાય છે. એમનો પણ મારી માફક બાંધકામનો જ ધંધો. કામ ખૂબ રહે, પણ રોજ રાતે બીજાઓ માટે ટિફિન ભરીને ભાખરી ને મગ લઈ જાય. રિક્ષામાં જાય ને રિક્ષામાં આવે. લગભગ એકાદ કલાકે ઘેર આવે, પછી જ શાંતિથી જમે. એક વાર તેઓ ટિફિન ભરીને રિક્ષામાં બેઠા ત્યાં સિમેન્ટનો એક વેપારી આવ્યો. તે વખતે સિમેન્ટની ખૂબ તંગી હતી. મારા બાપુજીએ સિમેન્ટના વેપારીને કહ્યું: તમે બેસો, હું હમણાં આવું છું. અથવા તમારે બીજું કોઈ કામ હોય તો પતાવીને આવો. હું કલાકમાં તો પાછો આવી જઈશ.

'મારે બીજે કશે જવાનું નથી.'

'તો થોડી વાર બેસો... ચા-નાસ્તો કરો. હું આવી પહોંચું છું.' સિમેન્ટના એ વેપારી પણ મારા બાપુજી પર ધુંઆપુંઆ થતા બેસી રહ્યા. પોણા કલાક પછી બાપુજી પાછા આવ્યા અને બંને વચ્ચેની સિમેન્ટની ખરીદી પૂરી થઈ.

"સિમેન્ટના એ વ્યાપારી ગયા પછી મેં મારા બાપુજીને કહ્યું: 'બાપુજી, તમે જાણો છો કે આપણને સિમેન્ટની કેટલી જરૂર છે, છતાં તમે એમને બેસાડી રાખીને ગરીબોને રોટલા આપવા ગયા?'

" 'દીકરા, ચોવીસ કલાક-આખો દિવસ તો હું મારા માટે જ જીવું છું. પણ એ ચોવીસ કલાકમાંથી માત્ર અડધો કલાક શું બીજાઓ માટે ન રાખું? વેપાર-ધંધો તો આખી જિંદગી થવાનો છે! આપણા નસીબમાંથી કોઈ ચોરી જવાનું નથી! હવે એક વાર નિયમ બનાવ્યો એટલે બનાવ્યો. આપણા સ્વાર્થ ખાતર એમાં વિલંબ કે બાંધછોડ ન ચાલે! તને પણ કહું છું કે, ધંધામાં ભલે લાખો રૂપિયા કમાય, પણ ચોવીસ કલાકમાં ચોવીસ મિનિટ તો એવી નક્કી કરી રાખજે કે જે બીજાઓ માટે હોય! એ ચોવીસ મિનિટને કારણે જ આપણે ચોવીસે કલાક ઊજળા

ફરી શકીશું...' ટપુભાઈ, મારા બાપુજીએ મને વારસામાં તો ઘણું બધું આપ્યું છે, પણ આ જે વાત વારસામાં આપી છે એનું મારે મન મોટું મૂલ્ય છે. અત્યારે પણ હું ટિફિન લઈને ભૂખ્યાંને ભોજન આપવા જ ગયો હતો. મારા બાપુજી રિક્ષામાં જતા હતા, ઈશ્વરકૃપાથી હું કારમાં જાઉં છું. અને એક સાચી વાત કહી દઉં: આ બધું ભૂખ્યાને ભોજન આપવાનું, વસ્ત્રો આપવાનું, ક્યારેક પૈસા કે બીજી વસ્તુ આપવાનું, એ હું પરલોકનું પુણ્ય કમાવા નથી કરતો, કે મારા ધંધાનાં કાળાં-ધોળાં ધોવા નથી કરતો, પણ માત્ર મારા જીવના આનંદ ખાતર કરું છું. એટલે મહેરબાની કરીને મારી આ અંગત ટેવની વાત તમે કોઈને કહેશો નહીં. એને લીધે કીર્તિનો ખોટો ફુગાવો થાય છે."

એટલામાં અનિલભાઈનાં પત્ની આવી ચડ્યાં. જ્યારે એમણે ચર્ચાની વાત જાણી ત્યારે કહ્યું: "ટપુભાઈ, તમે હજુ આમને ઓળખતા નથી, એ પણ મારા સસરાજી જેવા જ છે. નિયમ માટે તો લાખો રૂપિયાનો સોદો પણ જવા દે. એ તો ઠીક છે, પણ અમારા લગ્નની રાતે પણ તે વરાનું જમવાનું માણસો પાસે ઊંચકાવીને જાતે જ વહેંચવા ગયા હતા. એટલું સારું હતું કે એમણે એમના આ નિયમની વાત મને પહેલેથી કહી રાખી હતી; એટલે એ બાબતમાં ગેરસમજ થઈ નહિ. અને ખરું કહું? શરૂઆતમાં તો મને આ કામમાં કંઈ ખાસ રસ નહોતો. પણ આજે મને પણ એ કામ ગમવા માંડ્યું છે, એટલે ટિફિન ભર્યા વગર મને ચેન પડે જ નહીં."

ટપુભાઈ જમીનનો સોદો પાકો કરીને અનિલભાઈને ત્યાંથી નીકળ્યા તો ખરા, પણ અનિલભાઈનું પેલું વાક્ય: 'આખા દિવસમાંથી ખાલી અડધો કલાક પણ બીજાઓ માટે ન રાખી શકીએ તો જીવ્યાનો શો અર્થ?'-મનમાં ઘૂંટાતું ગયું... ઘૂંટાતું જ ગયું.

['સુવિચાર' માસિક]

# લલ્લુભાઈ મ. પટેલ

## ઘીનો દીવો

તે દિવસે સેવાગ્રામમાં નિત્ય સાયંપ્રાર્થના પછી બાપુ પ્રવચન કરનાર હતા. એ ગાંધી જયંતીનો દિવસ હોવાથી આસપાસનાં ગામનાં લોકો પણ પ્રાર્થનામાં હાજર હતા. ગાંધીજીને માટે એક ઊંચી બેઠક બનાવવામાં આવી હતી. આસપાસ કોઈ શણગાર કે સજાવટ ન હતાં, પણ સફેદ ખાદીની ગાદીથી બેઠક સુશોભિત હતી. થોડે દૂર દીવડીમાં એક ઘીનો દીવો બળી રહ્યો હતો.

ગાંધીજી આવી પહોંચ્યા. તેમનું ધ્યાન પેલી દીવડી તરફ ગયું. તેમણે આંખો બંધ કરી, પ્રાર્થના શરૂ થઈ.

પ્રાર્થના પછી કાંઈ બોલતા પહેલાં બાપુએ કર્યો: “આ દીવડી કોણ લાવ્યું?”

બા બોલ્યાં, “એ હું લાવી છું.”

ગાંધીજીએ કહ્યું, “એ ક્યાંથી મંગાવી?”

બા કહે, “ગામમાંથી.”

ક્ષણભર ગાંધીજી બા તરફ જોઈ રહ્યા. દીવો કરી પોતાના પતિનાં દીર્ઘાયુ ને તંદુરસ્તી માટે પ્રભુને પ્રાર્થના કરવી એ હિંદુ સ્ત્રીનો ધર્મ છે, એમ માનીને કસ્તૂરબાએ દીવડી મંગાવી દીવો કરેલો. પણ બાપુએ આ કેમ પૂછ્યો તે બાને સમજાયું નહિ.

પછી ગાંધીજી બોલ્યા: “આજે કંઈ સૌથી ખરાબ થયું હોય તો તે એ કે બાએ દીવડી મંગાવી ઘીનો દીવો કર્યો. આજે મારો જન્મદિવસ છે, તેથી દીવો કરવામાં આવ્યો છે? મારી આસપાસનાં ગામડાંમાં રહેનારા લોકોનું જીવન હું રોજ જોઉં છું. તેમને તો ભાખરી પર ચોપડવાને તેલનાં બે ટીપાં પણ મળતાં નથી, અને મારા આશ્રમમાં આજે ઘી બળી

રહ્યું છે! આજે મારો જન્મદિવસ હોય તેથી શું થયું? આજે સત્કર્મ કરવાનું હોય, પાપ નહિ. ગરીબ ખેડૂતોને જે ચીજ મળતી નથી, તેનો આવી રીતે દુરુપયોગ આપણાથી થાય જ કેમ?

## એવો એક ધોબીડો!

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની આગેવાની નીચે હિંદીઓએ સત્યાગ્રહની લડત માંડી હતી. મોટી સંખ્યામાં લોકો જેલમાં ગયેલા. તેમાંના કેટલાક એવા હતા કે પાછળ એમના કુટુંબનું ધ્યાન રાખનાર કોઈ હતું નહીં. તેવાં કુટુંબોને માટે ગાંધીજીના આશ્રમ ટોલ્સટોય ફાર્મમાં વ્યવસ્થા કરવામાં આવેલી.

ગાંધીજી જેલમાંથી છૂટીને આવ્યા પછી ખૂબ કામમાં રહેતા હતા. છતાં સમય કાઢી એ કુટુંબની બહેનોને મળવાનું ને આશ્વાસન આપવાનું ચૂકતા નહીં. તેમને ઘરકામમાં પણ કોઈક વાર મદદ કરતા.

એક દિવસ ગાંધીજી પોતાનાં કપડાં ધોવા નદીએ જતા હતા. નાનાં નાનાં બાળકો વાળી માતાઓની મુશ્કેલીનો વિચાર કરીને તેમની પાસે એ ગયા ને બોલ્યા: “આજે તમારાં સહુનાં કપડાં હું ધોઈ આપીશ. નદી ઘણે લાંબે છે, અને તમારે નાનાં છોકરાં સાચવવાનાં હોય. એટલે બાળકોએ ઝાડો-પેસાબ કર્યાં હોય તેવાં કપડાં સુધ્ધાં મને આપી દો.”

“અરે, ગાંધીભાઈને તે કપડાં ધોવા અપાતાં હશે! એ તો મોડાંવહેલાં અમે જ ધોઈ નાખશું.” પ્રેમ અને સંકોચમિશ્રિત લાગણી સાથે બહેનો બોલી.

પણ ગાંધીજી એમ નમતું જોખે તેવા ન હતા. કપડાં લઈ જવાનો આગ્રહ તેમણે ચાલુ રાખ્યો. બહેનોના સંકોચનો તો પાર નહોતો. પણ અંતે પ્રેમનો વિજય થયો. બધાં કપડાંનો એક મોટો ગાંસડો બાંધ્યો અને તેને પીઠ પર નાખીને ગાંધીભાઈ નદી તરફ ચાલી નીકળ્યા.

ત્યાં જઈને બધાં કપડાં પ્રેમપૂર્વક ધોયાં, નદીના તટ પર સૂકવ્યાં,

તેની ગડી કરી ‘ફાર્મ’ પર લાવ્યા અને ઘેરઘેર ફરી બહેનોને તેમનાં કપડાં પહોંચાડ્યાં. પછી એ ધોબીના ધોયેલાં વસ્ત્રો પહેરતાં બહેનોએ કેવી કેવી લાગણીઓ અનુભવી હશે!

લલ્લુભાઈ મ. પટેલ

[‘લોકજીવન’ : ૧૯૫૬]

# લાભશંકર રાવલ

## મનના કૂબે

*મનના મારા એકલ કૂબે*
*જગ આખાની સાહ્યબી ઝૂલે.*
*રૂપ રમે જ્યાં રોજ ટીંટોડા;*
*કંટક છે—પણ ફૂલ ક્યાં થોડાં!*
*ગુંજતા બારે માસ અહો શાં*
*કોયલનાં, બુલબુલનાં જોડાં!*
*એક ફેરા મારો નાથ જો આવે,*
*આભની રંગ-અટારિયું ભૂલે!—મનના.*

*રોજ ધૂબાકા ને રોજ હિલોળા:*
*મ્હેફિલ, જામ ને હેમહિંચોળા;*
*પાયલના ઝણઝણાટમાં ઊડે*
*રંગબેરંગી પ્રીત-પટોળાં:*
*ગાનમાં ઘેલાં ગોપિયું-ગોપા:*
*ફોરમ ફોરતી ફાંકડી ધૂળે!—મનના.*

*એકતારો, બસ, એકલો છેડું,*
*આ જ કૂબે આમ જીવન ખેડું;*
*જગને ને જગદીશને મારી*
*રંગ મ્હેલાતે મ્હાલવા તેડું;*
*પણ કૂબો પ્રભુનેય ન આપું—*
*ભલે આખું વરમાંડ કબૂલે!—મનના.*

['મિલાપ' માસિક: ૧૯૫૬]

# લાલજી કાનપરિયા

## ટહુકો ગયો રહી

*આ ઓરડો, આ ઓસરી, આ ફળિયું પણ હવે*
*લાગે બધાં સૂનાં સૂનાં માના ગયા પછી....*
*ઊડી ગયું પંખી અને ટહુકો ગયો રહી,*
*લો, ઘૂઘવે દરિયા લૂના માના ગયા પછી.*

## વણઝારા

*અમે વિફલતાના વણઝારા,*
*અમે ખોટ ના કશી ગણનારા.*

*વાટમાં આવે રેત, તો એને ગૂંજે ઘાલી લઈએ,*
*વન આખાની લીલપ અમે રણમાં વેરી દઈએ.*

*અમે રણરેતીના ફરનારા,*
*અમે વિફલતાના વણઝારા.*

['બુદ્ધિપ્રકાશ' માસિક: ૧૯૭૮]

# લિન યુટાંગ

## લાગણી

*વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી.*
*ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી.*
*સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી.*

# લિયો તોલ્સતોય

## તમામ સિદ્ધિઓ પછી યે

લોકો એવા જમાનાની વાત કરે છે કે જ્યારે દરેક માણસ ખાધે-પીધે, પહેરવે—ઓઢવે સુખી હશે; જ્યારે બધા માણસ સુશિક્ષિત હશે અને છાપાં વાંચતાં હશે, વિવિધ શાસ્ત્રો ભણતાં હશે.

જેનાં સ્વપ્નાં સેવાય છે એ બધી જ બાહ્ય સિદ્ધિઓ માણસને ભલે સાંપડે, પરંતુ એની સાથોસાથ માણસમાં આજે છે તેવો દંભ પણ ચાલુ રહેશે, અને પોતાને જે સત્ય લાગતું હોય તે વ્યક્ત કરવાને બદલે પોતે જેમાં ન માનતા હોય એવી વાતો એ પ્રચાર્યા કરશે, તો માણસની સ્થિતિ વધુ ને વધુ બદતર થતી જશે. વધુ ને વધુ ભૌતિક સામગ્રી જેમ જેમ પ્રાપ્ત થતી જશે, વધુ ને વધુ પુસ્તકો-છાપાં જેમ જેમ માણસને હસ્તગત થતાં જશે, તેમ તેમ જૂઠાણાં ને દંભ ફેલાવવાનાં અનુકૂળ સાધનો તેના હાથમાં આવશે, અને માણસ-માણસ વચ્ચેની ખાઈ વધુ પહોળી થતી જશે.

ચોર-ડાકુઓ, ખૂનીઓ, ધુતારાઓ વગેરે જે કાંઈ ગુનાઓ કરે છે તે તો અનિષ્ટ જ છે, એમ તેઓ પોતે અને બીજા બધા માનતા હોય છે; અને તેથી એવાં કૃત્યો ન આચરવાં જોઈએ તેવી તીવ્ર લાગણી લોકોમાં જન્માવે છે. આમ એ અનિષ્ટ પરિમિત રહે છે. પરંતુ ધર્મ, વિજ્ઞાન અને બીજા અંચળાઓ હેઠળ જેઓ એવાં જ ચોરી-લૂંટ, ખૂન અને બીજાં ગુનાહિત કૃત્યો આચરે છે (આજના જમીનદારો, વેપારીઓ, શાસકો વગેરે આમ જ કરે છે), તેઓ બીજાને એમનું અનુસરણ કરવા પ્રેરે છે, અને એ રીતે લાખો-કરોડો લોકોને હાનિ પહોંચાડે છે.

# જો એવી જાણ હોય કે—

આજની ઘડીએ મને—લેખકને અને તમને—વાચકને નીરોગી ને પૂરતો ખોરાક, સ્વચ્છ હવા, કપડાં, મનોરંજનનાં સાધન, અને સૌથી અગત્યની વસ્તુ તે—દિવસે ફુરસદ ને રાતે ઘસઘસાટ ઊંઘ મળે છે. પણ અહીં આપણી નજર સામે જ જે મજૂરો રહે છે તેમને નથી મળતો નીરોગી ખોરાક, નથી મળતાં હવાઉજાસવાળાં ઘર, કે નથી મળતાં પૂરતાં કપડાં. તેમને દહાડે ફુરસદ તો શું, રાતે ઊંઘ સરખી નથી મળતી. એમાંનાં વૃદ્ધો, બાળકો ને સ્ત્રીઓનાં શરીર વૈતરાથી, ઉજાગરાથી, રોગથી ઘસાઈ ગયેલાં છે. જે ચીજો તેમની પાસે નથી અને જે આપણને જરૂરની નથી, એવી ભોગવિલાસની ચીજો આપણા માટે પૂરી પાડવામાં એમની આખી જિંદગી તેઓ ખરચે છે.

સુખચેનનું જીવન ગાળનાર કોઈ પણ માણસને જો એવી જાણ હોય કે તે પોતે વાપરે છે એ ચીજો પેદા કરનારા માણસો તે ખાણોમાં, કારખાનાંમાં અને ખેતરોમાં મજૂરી કરતાં અજ્ઞાન, દારૂડિયા, વિષયી, અર્ધજંગલી પ્રાણીઓ છે, તો પછી સ્વસ્થ ચિત્તે જીવવું એ માણસને માટે અશક્ય બની જશે.

(અનુ. ચંદ્રશંકર શુક્લ)

# શત્રુ જ કરી શકે તેવું—

આપણા જમાનામાં શ્રીમંતવર્ગનાં બાળકોને અપાતી કેળવણી જોઈને મનમાં ત્રાસ છૂટ્યા વિના રહેતો નથી. આજે એ બાળકોમાં તેમનાં માબાપો, ખાસ કરીને માતાઓ, એબો અને દુર્ગુણોના કુસંસ્કારોનું જે સિંચન કરે છે તેવું તો બૂરામાં બૂરો શત્રુ જ કરી શકે, એમ મનમાં થઈ આવે છે. માબાપે કાળજી લઈ લઈને વંઠેલ કરી મૂકેલાં આ બાળકોના આત્મામાં શું શું ચાલી રહ્યું છે એ નીરખવાની કળા હોય તો

એ દેખાવ—અને એથી વધારે તો તેનાં પરિણામો જોઈને દિગ્મૂઢ થઈ જવાય એવું છે. એ બાળકોનાં મનમાં સ્ત્રૈણપણા અને એશઆરામના સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. મિતાહાર ને સંયમની ટેવો વિશે દુર્લક્ષ કરવામાં આવે છે એટલું જ નહીં પણ આ સદ્ગુણોની જડ જ ઉખાડી નાખવામાં આવે છે. કામ કરવાની, તથા ફળદાયક પરિશ્રમને સારુ આવશ્યક એવી ચિત્તની એકાગ્રતા, ખંત, સહનશક્તિ, ઉત્સાહ, ધ્યેયસિદ્ધિનો આનંદ વગેરે સદ્ગુણોની તાલીમ નથી અપાતી. એટલું જ નહીં, એદી થઈને પડ્યા રહેવાની ને પરિશ્રમ વડે પેદા થયેલી ચીજોને તુચ્છકારવાની આદત પાડવામાં આવે છે. તેના મનમાં જેટલા તરંગો ઊઠે એટલી ચીજો બગાડવી, ફેંકી દેવી, પૈસા ખરચીને ફરી વસાવવી, ને એ ચીજો કેવી રીતે બને છે એનો વિચાર સરખો ન કરવાની કેળવણી તેને અપાય છે. બીજા સર્વ સદ્ગુણોની પ્રાપ્તિ માટે અનિવાર્ય એવો સમજુપણાનો જે પ્રાથમિક સદ્ગુણ, તે પ્રાપ્ત કરવાની માણસની શક્તિ જ હરી લેવામાં આવે છે.

(અનુ. ચંદ્રશંકર શુક્લ)

['ચૂપ નહીં રહેવાય' પુસ્તક]

# લીંડન જોન્સન

## —એવા રાષ્ટ્રપતિ

પૃથ્વીના પટ ઉપર જેટલા દેશો થઈ ગયા, તેમાં આ રાષ્ટ્ર (યુનાઈટેડ સ્ટેઈટ્સ) સૌથી વધુ સમૃદ્ધ અને શક્તિશાળી છે. એની સરખામણીમાં ભૂતકાળનાં સામ્રાજ્યોની તાકાત નહિવત્ છે. પણ મારે એવા રાષ્ટ્રપતિ નથી બનવું કે જેણે પોતાના દેશના સીમાડા વિસ્તાર્યા હોય કે સામ્રાજ્ય ખડું કર્યું હોય. મારે એવા રાષ્ટ્રપતિ બનવું છે કે જેણે બાળકોને આ જગતની અજાયબીઓનું જ્ઞાન આપ્યું હોય, જેણે ભૂખ્યાંને ભોજન આપ્યું હોય ને કંગાલોને દિશા સુઝાડી હોય, જેણે દરેક કુટુંબની સાદી રોજિંદી જિંદગીને વધુ સમૃદ્ધ બનાવી હોય.

# લીલા મજમુદાર

## ઇન્દ્રધનુની રચના સમું

બાળસાહિત્યની સાધના સહેલી નથી. એટલે જ બાળસાહિત્યનું ક્ષેત્ર હજારો પ્રતિભાશૂન્ય રચનાઓના ભારથી પીડાય છે. જેઓ ઇન્દ્રધનુ રચી શકે, તેઓ જ બાળસાહિત્ય રચી શકે.

# લોકગીત

## મોતીનાં વાવેતર

*જળ રે જમનાનાં ઝીલતાં, જી રે શામળિયા!*
*મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડિયા!*

*ગાડે કરીને મોતી આણિયું, જી રે શામળિયા!*
*માતા! પાડો મોતીડાંના ભાગ, નંદજીના નાનડિયા!*

*એક મોતીમાં શું વેં’ચીએ? જી રે શામળિયા!*
*મોતી વાવ્યાં ઘણેરાં થાય, નંદજીના નાનડિયા!*

*જમનાને કાંઠે ક્યારો રોપિયો, જી રે શામળિયા!*
*માંહીં વાવ્યો મોતીડાંનો છોડ, નંદજીના નાનડિયા!*

*એક મોતીને બબે પાંદડાં, જી રે શામળિયા!*
*મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડિયા!*

*એક ડાળ્ય ને બીજી ડાળખી, જી રે શામળિયા!*
*વચલી ડાળ્યે મોતીડાંની લૂંબ, નંદજીના નાનડિયા!*

*થાળ ભરીને મોતી વેડિયાં, જી રે શામળિયા!*
*માતા! પાડો મોતીડાંના ભાગ, નંદજીના નાનડિયા!*

*કોઈને ચપટી ચાંગળું, જી રે શામળિયા!*
*રાણી રાધાજીને નવસરો હાર, નંદજીના નાનડિયા!*

[ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીતઃ ‘રઢિયાળી રાત’ પુસ્તક]

# ગરવાને માથે

*રૂખડ બાવા, તું હળવો હળવો હાલ્ય જો,*
*ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો,*

*જેમ ઝળૂંબે મોરલી માથે નાગ જો,*
*ગરવાને માથે રૂખડિયો ઝળૂંબિયો.*

*જેમ ઝળૂંબે કૂવાને માથે કોસ જો,*
*ગરવાને માથે રૂખડિયો ઝળૂંબિયો.*

*જેમ ઝળૂંબે બેટાને માથે બાપ જો,*
*ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો....*

*જેમ ઝળૂંબે ધરતીને માથે આભ જો,*
*ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો.*

[ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીતઃ ‘રઢિયાળી રાત’ પુસ્તક]

—

*વલોણાવાર*
*આજ મારે વલોણાવાર છે રે લોલ.*
*સાત સમદરની ગોળી રે કીધી,*
*મેરુનો કીધો રવાયો રે લોલ;*
*નવકુળ નાગનાં નેતરાં રે કીધાં,*
*ગંગા-જમનાનું વલોણું રે લોલ.*
*માત જશોદા, તમ્મારા કાનને*
*મહીડાં વલોવવાને મેલો રે લોલ!*

[ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીતઃ ‘રઢિયાળી રાત’ પુસ્તક]

# હાં...હાં હાલાં

*...હાલ્ય વાલ્ય ને હુવા,*
*લાડવા લાવે રે ભાઈના ફુવા;*
*ફુવાના શા છે ફોક,*
*લાડવા લાવશે ગામનાં લોક;*

*લોકની શી પેર,*
*લાડવા કરશું આપણે ઘેર;*
*ઘરમાં નથી ઘી ને ગોળ,*
*લાડવા કરશું રે પોર;*
*પોરનાં ટાણાં વયાં જાય—*
*ત્યાં તો ભાઈ રે મોટો થાય!...*

*ભાઈને ઘેરે ગાડી ને ઘોડાં,*
*ઘોડાંની પડઘી વાગે,*
*ભાઈ મારો નીંદરમાંથી જાગે;*
*ઘોડાં ખાશે રે ગોળ,*
*ભાઈને ઘેર હાથીની રે જોડ!...*

*ભાઈ ભાઈ હું રે કરું,*
*ભાઈ વાંસે ભૂલી ફરું;*
*ભાઈને કોઈએ દીઠો,*
*ફૂલની વાડમાં જઈ પેઠો;*
*ફૂલની વાડી વેડાવો,*
*ભાઈને ઘેરે રે તેડાવો!...*

લોકસાહિત્ય (સં. ઝવેરચંદ મેઘાણી)

# લોકસાહિત્ય

## ગવતરી

સરગ ભવનથી રે ઊતર્યાં ગવતરી,
આવ્યાં મરતૂક લોકમાં મા’લવા રે,
ચરવા ડુંગરડે ને પાણી પીવા ગંગા;
વાઘ વીરાની નજરે પડ્યાં રે.
ઊભાં રો’, ગવતરી, પૂછું એક વાત!

મોઢે આવ્યું ખાજ નહિ મેલું રે.
સાંભળ, વાઘ વીરા! કહું તને વાતઃ
ઘેર મેં મેલ્યાં નાનાં વાછરું રે.
ચંદર ઊગ્યાની, વીરા, અવધ્યું આપો!

વાછરું ધવરાવી વ્હેલાં આવશું રે.
નો રે આવું તો બાવા નંદજીની આણ્યું,
ચાંદો સૂરજ આપું સાખિયા રે!
પે’લો હીંહોટો ગાયે સીમડિયે નાખ્યો,

બીજે હીંહોટે આવ્યાં વાડીએ રે.
ત્રીજો હીંહોટો ગામને ગોંદરે નાખ્યો,
ચોથે હીંહોટે વાછરું ભેટિયાં રે.
ઊઠો ઊઠો, વાછરું! ધાવો માનાં દૂધ,
અવધ્યું આવી વીરા વાઘની રે.
ઘેલી માતા કામધેનુ, ઘેલડિયાં મ બોલો!

કળપેલું દૂધ કડવો લીંબડો રે.
મોર્ય ચાલ્યાં વાછરું ને વાંસે માતા કામધેનુ,
કલ્યાણી વનમાં ઊભાં રિયાં રે.

*ઊઠો ઊઠો, વાઘ મામા, પે'લાં અમને મારો,*
*પછી મારો અમારી માતને રે.*
*નાનાં એવાં વાછરું, તમને કોણે શીખવિયાં,*
*કિયે વેરીડે વાચા આલિયું રે!*

*રામે શીખવિયાં, લખમણે ભોળવિયાં,*
*અરજણે વાચા આલિયું રે.*
*નાનાં એવાં વાછરું, તમે કરો લીલાલે'ર,*
*વસમી વેળાએ સંભારજો રે.*

[ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીતઃ 'રઢિયાળી રાત' પુસ્તક]

## તારા હીંડોળ

*છાનો મારા વીર, ભરી આવું નીર,*
*પછી તારી દોરી તાણું....*
*જળ ભરીને આવું નિમેશમાં,*
*તાતે જળે નવરાવું;...*
*ચોળી ખવરાવું તુંને ચૂરમું,*
*પછી ઝુલાવું તારા હીંડોળ.*

(સં. ઝવેરચંદ મેઘાણી)

## દેવના દીધેલ

*તમે મારા દેવના દીધેલ છો,*
*તમે મારા માગી લીધેલ છો,*
*આવ્યા ત્યારે અમર થઈને રો'!...*

*તમે મારું નગદ નાણું છો,*
*તમે મારું ફૂલ વસાણું છો,*
*આવ્યા ત્યારે અમર થઈને રો'!*

લોકસાહિત્ય (સં. ઝવેરચંદ મેઘાણી)

# વજુભાઈ વ્યાસ

## ઓગણસાઠ વરસ પર વાવેલું

૫૯ વર્ષ પહેલાં, ૨૨ વર્ષની એકવડા બાંધાની એક યુવતી સફેદ સાડીમાં સમી સાંજે ૧૧ બાળકો અને ૪૦ જેટલા લબાચા-પોટલાં સાથે વઢવાણ સ્ટેશને ઊતરી. અંધારું છવાઈ ગયેલું. સ્ટેશન પરના યાત્રિકોએ નવાઈથી પૂછ્યું, “બહેન, આ નાનાં બાળકો સાથે ક્યાં જવું છે? જવાબમાં આગંતુક બહેને કહ્યું કે તેઓ ઘરશાળા-આશ્રમ પર જવા માગે છે. તો યાત્રિકોએ કહ્યું કે, ત્યાં ન જતાં, બહેન! હજુ ગઈ કાલે જ એ વેરાન માર્ગે એક બાઈને લૂંટીને હેરાન કરવામાં આવી છે, તો રાત્રે ત્યાં નિર્જન જગાએ ન જતાં. દરમિયાન સ્વામી શિવાનંદજી ગાડું લઈને તેડવા આવ્યા અને બાળકો તથા સામાન સાથે એ સમયે વઢવાણ અને સુરેન્દ્રનગર વચ્ચે આવેલી ઘરશાળામાં જવા પ્રયાણ કર્યું. ત્યાં તેમણે મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓની ધૂણી ધખાવી, તેને આજ ૫૯ વર્ષો થયાં. શ્રી અરુણાબહેન દેસાઈએ સેવાનું વૃક્ષ વાવ્યું જે આજે વડલો બની રહ્યું છે.

હાલ શ્રી અરુણાબહેન દેસાઈની રાહબરી નીચે સ્ત્રી રક્ષણ કેન્દ્ર, શિશુગૃહ, છાત્રાલય, હોસ્પિટલ, પ્રાથમિક શાળા, બાલમંદિર, ગર્લ્સ હાઈસ્કૂલ, અધ્યાપન મંદિર, કલા અધ્યાપન મંદિર, ફાઈન આર્ટ્સ કોલેજ, બી.એડ. કોલેજ, સ્ત્રી મહિલા મંડળ, ઉદ્યોગગૃહ, કુટુંબ સલાહ કેન્દ્ર અને વિકાસ વિદ્યાલય, એમ અનેક સંસ્થા ચાલી રહી છે. સાથે ખાદી ઉત્પાદન કેન્દ્રો, ખાદી ભંડાર પણ ચાલી રહ્યા છે.

[‘સ્વરાજ્યધર્મ’ પખવાડિક: ૨૦૦૬]

# વજુભાઈ શાહ

## જંગ માંડ્યો છે?

જવાહરલાલજીએ એક સભામાં જોશીલી વાણી ઉચ્ચારી કે, આપણો દેશ ગરીબીની સામે યુદ્ધે ચડયો છે; પંચવર્ષીય યોજનાઓ એ આ યુદ્ધની વ્યૂહરચના છે.

આ દેશનો કોઈ પાયાનો પ્રશ્ન હોય તો તે કાતિલ ગરીબાઈ છે. દેશના સત્ત્વને નિરંતર ચૂસી રહેલી આ ગરીબાઈને આપણે હટાવી ન શકીએ ત્યાં સુધી સામાજિક, નૈતિક કે આધ્યાત્મિક જીવનના કોઈ પણ ક્ષેત્રો વ્યાપક પ્રમાણમાં ઝાઝી પ્રગતિ થઈ શકવાની નથી. એટલે જ જવાહરલાલજી જેવા એવી ભાષા ઉચ્ચારે છે કે આપણો દેશ ગરીબી સામે યુદ્ધે ચડયો છે.

પણ આપણે સૌ આપણાં મનને સવાલ પૂછીએ કે આપણે યુદ્ધે ચડયા હોઈએ એવું આપણને લાગે છે? દેશમાં પંચવર્ષીય યોજનાનાં કામ ચાલે છે એ ખરું; એણે નિરધારેલા લક્ષ્યાંકો પણ કંઈક ઓછાવત્તા પ્રમાણમાં સિદ્ધ થતા જાય છે એય ખરું. પણ આ દેશની પ્રજા ખરેખર કોઈ કારમી સ્થિતિમાંથી મુક્ત થવા માટે એક થઈને યુદ્ધે ચડી હોય, એવું આપણા જીવન-વ્યવહારમાંથી કંઈ પ્રગટ થાય છે ખરું? આપણો જીવનમાર્ગ રૂંધી રહેલ કોઈ ભયંકર દુશ્મનને પરાસ્ત કરવા માટે એની સામે આપણે જીવસટોસટની બાજી ખેલી રહ્યા છીએ, એમ આપણા જીવનના રંગઢંગથી કોઈને લાગશે ખરું કે?

થોડાં વરસ પહેલાં આપણા દેશે વિદેશી સલ્તનત સામે જંગ માંડયો હતો. દેશનો આત્મા અંદરથી અકળાઈ ઊઠયો હતો. ગુલામી એના રોમેરોમમાં ખટકતી હતી. ગાંધીજીએ માર્ગ બતાવ્યો, અને એ માર્ગે ચાલવા પ્રજા એકતાર થઈ ગઈ. ભણેલા, અભણ, શહેરવાસી, ગ્રામવાસી, રાય, રંક, ધનવાન, નિર્ધન, અરે આજાર—અપંગ સૌ કોઈનું

એક જ લક્ષ્ય, કે ગમે તે થાય પણ પ્રજાનું સર્વ પ્રકારે સત્યાનાશ વાળનારી પરતંત્રાતાને નહિ સાંખી લઈએ. ગમે તે સંકટો આવે, ગમે તે જોખમો આવે, અમારી જમીન-જાગીર, માલમિલકત ફના થઈ જાય, અમારે જીવનભર કારાવાસમાં સબડવું પડે કે અમને ગોળીએ દેવામાં આવે; ગમે તે થાય, અમે અમારી માતૃભૂમિની પરાધીનતા બરદાસ્ત કરવાના નથી. સૌના મનમાં આ એક જ વિચાર, સૌના દિલનો એક જ ધબકાર, સૌની જીભે એક જ ઉચ્ચાર. એમાંથી એવી પ્રચંડ શક્તિ પેદા થઈ કે દુનિયાની સૌથી મજબૂત ગણાતી સલ્તનતના પાયા ઊખડી ગયા. દેશ ગુલામીના શાપમાંથી મુક્ત થયો.

ગુલામીની જેમ ગરીબી પણ આવો ભીષણ ભયાનક શાપ છે, આપણા કરોડો દેશવાસીઓને નિરંતર ભરખી રહ્યો છે અને નઃસત્ત્વ બનાવી રહ્યો છે, એમ આપણને લાગે છે ખરું? એના ખ્યાલ માત્રાથી આપણને અકળામણ થાય છે ખરી? દૂધ—ઘી કે છાશનાં જેને દર્શન પણ થતાં નથી એવાં લાખો સુકુમાર બાળકો, એક જ વસ્ત્રો વર્ષ વિતાવતી અસંખ્ય મા-બહેનો, રાતદિવસ વૈતરું કરતા ખેડૂત-મજૂરો અને એક ટંકની પણ રાબ-છાસ મળી રહેશે એ આશાએ કામની શોધમાં ભટકતા લાચાર બેકારો—એ બધાંની કલ્પના કરતાં બેચેન થઈ જવાય છે ખરું? આ બધાં અમારાં બહેન-બાંધવો છે, એમનું દુઃખ તે અમારું દુઃખ, અમે આ પરિસ્થિતિ ક્ષણવાર પણ નહિ સાંખી લઈએ—એવો પોકાર આપણા દિલમાં ઊઠે છે ખરો? એમ ન થતું હોય તો શી રીતે કહી શકીએ કે આપણે ગરીબી સામે જંગ માંડયો છે?

દેશ ગરીબી સામે યુદ્ધે ચડયો છે ત્યારે એને માટે જે કોઈ વ્યૂહરચના જરૂરી હોય તે કરો, મને એ શિરોમાન્ય છે. મારી જમીન, મિલકત, મારું ધન, મારાં સાધન, મારી બુદ્ધિ, મારી શક્તિ, મારું તમામ આ યુદ્ધ જીતવા માટે છે. એને માટે જે રચના કરવી હોય તે કરો, જે કાનૂન ઘડવા હોય તે ઘડો, જે નિયમ બનાવવા હોય તે બનાવો. અને એનું પાલન કરવા માટે સૌથી પહેલું મારું નામ લખો. દેશ ગરીબ રહે, મહેનત-મજૂરી કરનાર મુસીબત ભોગવે, કરોડો માણસોને સામાન્ય

જીવનજરૂરિયાતનાં સાંસાં હોય, ત્યાં સુધી બીજાની પહેલાં એકદમ સુખી થઈ જવાની, ઝટઝટ કમાઈ લેવાની, બંગલા-મોટર વસાવવાની, વેપારધંધા જમાવી લેવાની, વાડીખેતર વિસ્તારવાની, મૂડી ભેગી કરી લેવાની—અરે, ઝટઝટ ભણી લઈને અમલદારી મેળવી લેવાની મને ઇચ્છા નથી. એનાથી તો દેશ દયાહીન અને કઠોર થાય. એ તો ગરીબી કરતાંય મોટો શાપ. આપણે એવું થવા દેવું નથી. આ દેશ મારું કુટુંબ છે; એમાં એક પણ માણસ ગરીબ રહે ત્યાં સુધી મને ચેન પડવાનું નથી અને તેથી ગરીબીને ખતમ કરવા માટે જે કાંઈ કરવું પડે, જે કંઈ છોડવું પડે તે બધું અમને મંજૂર છે—એવો પોકાર આપણા દિલમાંથી ઊઠે છે ખરો?

જવાહરલાલજી કહે છે કે આપણો દેશ યુદ્ધે ચડયો છે. પણ વાતાવરણમાંથી એવો યુદ્ધનો પોકાર ઊઠતો જણાતો નથી. દેશના હિતમાં આપણું હિત છે એમ કહીએ છીએ ખરા, પણ બન્ને હિત વચ્ચે વિરોધ આવે ત્યારે આપણા હિતને દેશહિત કરતાં મહત્ત્વનું માનીએ છીએ. આપણને સૌને આપણાં હિત એક હોય એમ લાગતું નથી ને તેથી સૌ પોતપોતાનાં અલગ હિતની વેતરણમાં પડી ગયા છીએ. લગભગ દરેક વ્યક્તિ, દરેક વર્તુળ, દરેક વર્ગ અન્યનો વિચાર કર્યા વિના પોતાનો, પોતાના વર્તુળનો કે પોતાના વર્ગનો વિચાર કરીએ છીએ ને બીજા કોઈની ચિંતા કર્યા વિના, પરવા કર્યા વિના પોતપોતાની સ્થિતિ મજબૂત કરવાની મહેનત કરીએ છીએ. યુદ્ધ જેવો પુરુષાર્થ દેખાય છે ખરો, પણ તે દેશને માટે નહિ—પોતપોતાને માટે. સૌની દિશા એક નથી, સૌનાં કદમ એક નથી, સૌના તાલ એક નથી. આથી એકબીજા સાથે અથડાઈએ છીએ, ભટકાઈએ છીએ, એકબીજાની આંટીએ ચડીએ છીએ. આવી આપણી ચાલ છે. આ જાતનું લશ્કર યુદ્ધે ચડયું હોય તોપણ યુદ્ધ જીતી શકાય ખરું?

દેશના અર્થશાસ્ત્રીઓ, અભ્યાસીઓ, અનુભવીઓ નવી પંચવર્ષીય યોજનાના પાયા વિચારી રહ્યા છે. પણ એ બધા પાયાનોય પાયો પહેલાં માંડવો પડે તેમ છે—અને તે રાષ્ટ્રનો આત્મા જાગ્રત કરવાનો. સ્વાર્થ

અને સંચયની મૂર્છામાં રાષ્ટ્ર કેવો જકડાયો છે, એનાં કારણો શાં છે, એ મૂર્છા કેવી રીતે ઉતારી શકાય એને અંગેના રસ્તા વિચારવાના છે. રાષ્ટ્રની મૂર્છા ઊતરે, એનામાં નવી ચેતનાનો સંચાર થાય અને સૌ પોતાની જાતને વીસરીને ગરીબી સામેના જંગમાં આત્મસમર્પણ કરવાની પ્રેરણા પામે એ માટેની હવા નિર્માણ કરવાની છે. એવી હવા પેદા કર્યા વિના, એ મૂળ પાયો માંડયા વિના, બીજા બધા પાયા કાચા જ નીવડવાના છે.

## આંધળી પૂજા?

સવારમાં હું બેઠો બેઠો રેંટિયો ચલાવતો હતો. એવામાં ૨૫-૨૭ વરસની ઉંમરના એક નવજવાન આવી ચડયા. રાષ્ટ્રપ્રેમની ભાવનાવાળા હતા. કેટલાંક વરસથી ખાદી પણ પહેરતા હતા. સમાજશાસ્ત્રાનો વિષય લઈને એમ. એ. થયા હતા. અભ્યાસની, દેશના રાજકારણની, વહીવટી શિથિલતાની, કાળાં બજારની, દુષ્કાળની વાતો ચાલી. એ દરમિયાન મારો રેંટિયો ધીમેધીમે ચાલ્યા કરતો હતો. એમણે મને પૂછ્યું :

“રોજ કાંતો છો?”

“ક્યારેક ન કંતાય; બાકી બનતાં સુધી તો રોજ કાંતું છું.”

“કેટલું કાંતો છો?”

“સામાન્ય રીતે ૧૬૦ તાર તો ખરા જ. વધારે જે થાય તેટલું.”

“રોજનું નવટાંક સૂતર થતું હશે કે?”

“નવટાંક તો અઠવાડિયે થાય. રોજનું તો અર્ધો તોલો, બહુ કરીએ તો ક્યારેક એકાદ તોલો. તેથી વધુ તો ક્યાંથી થાય?”

મારો જવાબ સાંભળીને એ જરા નિરાશ થઈ ગયા. થોડી વાર શાંત રહીને બોલ્યા, “તમારા જેવા બુદ્ધિશાળી માણસ હજુ આવું પકડીને બેઠા છે, એ ખરેખર નવાઈ જેવું લાગે છે. અંગત રીતે આમાંથી કોઈને

શાંતિ મળતી હોય તે જુદી વાત છે. પરંતુ તમારા જેવાનો સમય આમ રેંટિયો ચલાવવામાં વેડફાય એ બરાબર છે? દેશમાં આજે કોઈનોય સમય યંત્રાયુગ પહેલાંના પુરાણા ઓજાર પાછળ જાય એનો કંઈ અર્થ છે? આજના યુગમાં રેંટિયો બંધ બેસી શકવાનો છે? એક જમાનામાં ગાંધીજીએ ખાદીની વાત ચલાવી, રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં એણે ઠીકઠીક ફાળો પણ નોંધાવ્યો. પરંતુ હવે દેશ સ્વતંત્રા થયો ત્યારે પણ એ જૂની વાતને પકડી રાખવામાં કંઈ ડહાપણ છે કે? આધુનિક વિજ્ઞાન નવાં નવાં ક્ષેત્રો ખોલતું જાય છે, આજનું અર્થશાસ્ત્રા પણ કેટલું વિકાસ પામતું જાય છે! એ બધાંનો ખ્યાલ કરીને તેનો પૂરો લાભ ઉઠાવવાને બદલે કેવળ ઊર્મિવશ બનીને રેંટિયાને પકડી રાખવો, એ એક પ્રકારની અંધશ્રદ્ધા નહિ તો બીજું શું?

"આપણા દેશમાં ઉત્પાદનની આજે કેટલી બધી જરૂર છે? કરોડો માણસોને અન્નવસ્ત્રાની આટલી કારમી તંગી હોય તે નિવારવા માટે રેંટિયો શું કામ આવી શકવાનો હતો? સાંજ પડયે કાપડના ઢગલે ઢગલા ઉતારી શકે એવા યંત્રાયુગમાં રોજનું અર્ધો તોલો કે તોલો સૂતર કાઢવા રેંટિયો પકડીએ, એમાં બુદ્ધિને વિસારીને કેવળ ઊર્મિવશતા પાછળ જ ખેંચાઈએ છીએ."

"ચાલો, આપણે બુદ્ધિવાદની દષ્ટિએ, આધુનિક વિજ્ઞાન અને અર્થશાસ્ત્રાના નિયમો અનુસાર આજના પ્રશ્નોને વિચારીએ. બીજા બધા ઉદ્યોગમાં અત્યારે નહિ ઊતરીએ, પણ કાપડનો જ પ્રશ્ન વિચારીએ. હવે તમે સમજાવો અને હિસાબ ગણાવો એ રીતે વ્યવસ્થા વિચારીએ. દેશને માટે જરૂરી કાપડ તો ઉત્પન્ન કરવું છે ને?"

"હાસ્તો."

"સારું ત્યારે, દેશ એટલે દેશનાં ગરીબ-તવંગર તમામ લોકો એ તો ખરું ને?"

"એમાં પૂછવા જેવું શું છે? આ દેશના ૩૫ કરોડ માણસોને અન્ન, વસ્ત્રા, આશરો, કેળવણી અને આરોગ્ય જેવી પ્રાથમિક જરૂરિયાતો

મળવી જ જોઈએ અને એ રીતે આયોજન થવું જોઈએ.”

“ત્યારે આ ૩૫ કરોડ જેટલાં માણસોને કેટલું કાપડ જોઈએ?”

“એ હિસાબ તો નથી ગણ્યો, પણ દરેક માણસને પહેરવાઓઢવા માટે ઠીકઠીક કપડાં તો જોઈએ જ ને!”

“કેટલાંકને ૨૫-૩૦ વારમાં થઈ રહે છે. મારા જેવાને ૩૦-૪૦ વાર જોઈએ છે. તમને જો ૩૦ વારનું પ્રમાણ ઠીક લાગતું હોય તો એ પ્રમાણે હિસાબ કરીએ.”

“ભલે એમ કરો.”

“અત્યારે હિન્દુસ્તાનની તમામ મિલો કેટલું કાપડ ઉત્પન્ન કરે છે?”

“તમે જ કહો ને?”

“મારી માહિતી મુજબ તો આપણા દેશની લગભગ ૪૦૦-૪૫૦ મિલમાં કુલ મળીને માથા દીઠ માંડ ૧૨ વાર મળી શકે એટલું કાપડ ઉત્પન્ન થાય છે. એમાં વસતી વધતી જાય છે, પણ નવું ઉત્પન્ન ખાસ વધી શકતું નથી. ઊલટું હડતાલો પડે ત્યારે ઉત્પન્નમાં ઘટાડો થાય તે જુદું. એટલે એકલી મિલો રાતદિવસ કામ કરે તોયે કાપડનો સવાલ તો ઊકલતો નથી. ૧૨ વારમાં કોને પૂરું થાય? મારા જેવા ૩૦-૪૦ વાર વાપરે, તમારા જેવા ૬૦-૭૫ વાર વાપરે અને બીજાં કેટલાંક ૧૦૦-૨૦૦ વાર વાપરનારાં પણ હશે. એ બધાંનો હિસાબ ગણીએ તો કેટલાંકને ભાગે માંડ બે-પાંચ વાર કાપડ આવતું હશે અને કેટલાંકને તો નાગાંપૂગાં પણ રહેવું પડતું હશે. આમાંથી હવે વિજ્ઞાન અને આધુનિક અર્થશાસ્ત્રાની દૃષ્ટિએ તમે જ માર્ગ બતાવો.”

“તો તો ઉત્પન્ન વધાર્યા સિવાય બીજો માર્ગ શો હોઈ શકે?”

“પણ ઉત્પન્ન વધારવું શી રીતે?”

“મિલોની શક્તિ જો મર્યાદિત જ હોય તો તો પછી અન્ય સાધનોનો જ ઉપયોગ કરવો જોઈએ.”

“અન્ય સાધનમાં નજરે ચડે એવો તો આ રેંટિયો છે, અને એનું

તો કંઈ ગજું નથી એમ તમને લાગે છે!"

"ત્યારે તમને એમ લાગે છે કે આજે મિલમાં જે કાપડનો જથ્થો ઉત્પન્ન થાય છે એમાં રેંટિયા દ્વારા કંઈ ગણનાપાત્રા ઉમેરો થઈ શકે તેમ છે?"

"મારા જેવાને તો ખાતરી છે કે માત્રા મિલકાપડનો તૂટો જ પૂરવાની નહિ, પરંતુ સમગ્ર દેશની કાપડની તમામ જરૂરિયાતોને પહોંચી વળવાની એનામાં શક્તિ પડેલી છે. તમે જેને આધુનિક વિજ્ઞાનના ધોરણે ઝપાટાબંધ ચાલતી મિલો તરીકે ઓળખો છો તેના કરતાંય આ ધીમા રેંટિયાની ગતિ વધારે છે."

"એ કેવી રીતે?"

"એવી રીતે કે બધી જ મિલો થઈને આજે માથા દીઠ ૧૨-૧૫ વાર જેટલું કાપડ ઉત્પન્ન કરે છે. જો દરેક ઘરમાં માત્રા નવરાશના વખતમાં રોજ રેંટિયો ચાલવા માંડે તો એના કરતાં વિશેષ કાપડ ઉત્પન્ન થાય."

"જરા વિગતથી સમજાવશો?"

"એક કુટુંબ પાંચ માણસનું ગણીએ. તેના ઘરમાં રોજ માત્રા બે-ત્રાણ કલાક જ એક રેંટિયો ચાલે તો તેમાંથી બે તોલા સૂતર થાય. મહિને દિવસે દોઢ રતલ સૂતર થાય. એમાંથી લગભગ સાડાસાત વાર કાપડ બને. વરસ દિવસે ૯૦ વાર કાપડ થાય, એટલે માથા દીઠ ૧૮ વાર કાપડ આવે. પ્રત્યેક ઘરમાં રોજ માત્રા બે કલાક રેંટિયો ચલાવવો એ શું અઘરી વાત છે?"

"ના, બે કલાક તો સાધારણ વાત ગણાય."

"આ તો મેં દરેક કુટુંબની વાત કરી. હિંદુસ્તાનમાં આજે પાંચ લાખ ગામડાં છે, સાત કરોડ જેટલાં કુટુંબ હશે. એ બધાં કુટુંબના એકેએક માણસ પાસે આજે શું એટલું બધું કામ છે કે તેમાંથી એક જ માણસ માત્રા બે કલાક પણ ન બચાવી શકે? ખરી હકીકત તો એ છે કે કરોડો માણસો પાસે કંઈ કામ જ નથી. વરસમાં ઘણો સમય

ફરજિયાત બેકારીમાં ગાળવો પડે છે. દરેકે દરેક ઘરમાં માત્રા બે કલાક જ નહિ પરંતુ સહેજે રોજના ૧૦ કલાક રેંટિયો ચલાવી શકાય એવો અવકાશ છે. કામને અભાવે માનવશક્તિ વેડફાય છે. આળસ પોષાય છે. નવરાશમાંથી અનેક જાતની વિકૃતિ અને સમસ્યાઓ ઊભી થાય છે. દરેક કુટુંબમાં રોજના ૧૦ કલાક જેટલો રેંટિયો ચાલે તો ઓછામાં ઓછું રોજનું એક વાર કપડું થાય. વરસ દિવસે ૩૦૦-૪૦૦ વાર કાપડ પ્રત્યેક કુટુંબમાં થાય. આજે મિલો જેટલું કાપડ ઉત્પન્ન કરે છે તેટલું કાપડ તો માત્રા આવાં એક કરોડ કુટુંબમાં જ પેદા થઈ રહે. સાતેય કરોડ કુટુંબમાં આમ રેંટિયો ચાલે તો આજના કરતાં માથાદીઠ સાતગણું કાપડ પેદા થાય. એટલું બધું કપડું તો આ દેશના સાદા મહેનતુ લોકો પહેરવાનાય ક્યાં હતા? આજે જેટલી મિલ છે એની સંખ્યા સાતગણી વધે ત્યારે એ રેંટિયાની બરાબરી કરી શકે ને? હવે કહો કે રેંટિયાની શક્તિ કે ગતિને મિલ કદી પણ પહોંચી શકવાની ખરી કે?”

“પણ પ્રશ્ન એ થાય છે કે જો આવી શક્તિ રેંટિયામાં ભરી પડી છે તો પછી લોકો એને અપનાવતા કેમ નહિ હોય?”

“એનો જવાબ તો તમારી પાસે જ પડયો છે. તમે તમારો પોતાનો જ વિચાર કરોને! તમે ભણેલાગણેલા છો. સમજુ છો. વિચારવંત છો. અર્થશાસ્ત્રાના અભ્યાસી છો. ગાંધીજી જેવા મહાન પુરુષ અને દેશના બીજા ડાહ્યા માણસો આજ ત્રીસ વરસથી જે પોકારી પોકારીને કહી રહ્યા છે, અને વૈજ્ઞાનિક ઢબે પ્રયોગો ચલાવીને સુંદર પરિણામો બતાવી રહ્યા છે, તે છતાં તમે પોતે જ આજ સુધી રેંટિયો કેમ અપનાવ્યો નથી? કેમ કે આપણે મોટા ભાગના માણસો રૂઢિજડ છીએ અને પરંપરા તેમજ પૂર્વગ્રહને વશ થઈને ચાલનારા છીએ. પરદેશીઓએ પોતાના સ્વાર્થને ખાતર, દગાથી, ક્રૂરતાથી, ચાલાકી ને ચતુરાઈથી આપણાં સાળ-રેંટિયાને ભાંગી નાખ્યાં. આપણા ભણેલા લોકો નવાં નવાં યંત્રોથી અંજાઈ ગયા અને આધુનિક વિજ્ઞાનને નામે ચાલતી અંધશ્રદ્ધાનો ભોગ બન્યા. રેંટિયો તો આપણને એ આંધળી પૂજામાંથી ઉગારીને સાચી વિજ્ઞાનદૃષ્ટિ આપવા મથે છે, સાચું અર્થશાસ્ત્રા શીખવવા માગે છે.

"આખી પ્રજા કાપડનો પ્રશ્ન આમ ઉકેલી શકે, તો એક ભારે સિદ્ધિ થઈ ગણાય. બાળકથી માંડીને બુઢ્ઢાં સુધી સૌ કોઈ પોતાને ઘેર બેઠાં આ કામ ઉપાડી શકે તેમ છે. વસ્ત્રા એ જીવનની પાયાની જરૂરિયાત છે અને એ બાબતમાં પ્રજાને સ્વાવલંબી બનાવવાનું સૌથી સહેલું છે. એ પ્રયોગ જો સાંગોપાંગ પાર ઊતરે તો આખી પ્રજામાં આત્મશ્રદ્ધા વધે અને એના દ્વારા સ્વાવલંબનનું જે તેજ પ્રગટે તે બીજી અનેક રીતે લાભદાયી થાય."

## ક્યાં છે ધગધગતાં દિલ?

હરિજનો જાહેર વાહનોમાં છૂટથી બેસતા થયા છે, હોટલોમાં સૌની સાથે ખાતાંપીતાં થયા છે, પ્રસિદ્ધ મંદિરોમાં જઈ શકે છે, એ સાચું. એનું ઘણું મહત્ત્વ છે. પરંતુ આ બધી પ્રવૃત્તિ ઘણેખરે અંશે શહેરોમાં અને સમાજનાં ઉપલાં પડોમાં ચાલે છે. વિશાળ ગ્રામસમાજનું અવલોકન કરશું તો જણાશે કે સમાજની અંદરનાં પડ હજુ ભેદાયાં નથી.

સરકાર કાનૂનની શક્તિ અજમાવી રહી છે. પરંતુ કાનૂન કંઈ પેલાં પડને થોડાં જ વીંધી શકે? લોકસંસ્થાઓ હરિજનોને રાહત પહોંચાડે છે અને પ્રચારકાર્ય પણ કરે છે. પરંતુ એ જાતના રાહતકાર્યથી કે પ્રચારકાર્યથી પેલાં પડને શી રીતે ભેદી શકાય? એ પડને ભેદવા માટે તો ધગધગતાં દિલ જોઈએ, સામાજિક સંકલ્પ જોઈએ, પ્રાયશ્ચિત્તની તીવ્ર ને વ્યાપક ભાવના જોઈએ. એ બધું ક્યાં છે?

રાષ્ટ્રના લગભગ છઠ્ઠા ભાગના લોકોને અછૂત રાખવાં એ ઘોર સામાજિક પાપ છે, એમ આપણને લાગે છે ખરું? આ સરાસર અન્યાય સામે આપણા કોના દિલમાંથી બળવો જાગે છે? હિંદુ ધર્મ પરનું આ કલંક ભૂંસી નાખવા માટે જેહાદ ચલાવવાનું કેટલાં વર્તમાનપત્રોને કર્તવ્ય લાગતું હશે? આવો અધર્મ ચાલ્યા કરે તો હિન્દુ ધર્મ રસાતાળ જશે, એવી વેદના ધર્મધુરંધરોમાંથી કેટલા અનુભવતા હશે? કાં તો અમે

નહિ અને કાં તો આભડછેટ નહિ, એવી પ્રેરણા ક્રાંતિનો ઇતિહાસ વાંચનારા કેટલા નવજુવાનોને થતી હશે? આપણને સૌને સાથે મળીને આ મહાપાપ સામે આખર સુધી લડી લેવાનું કેમ સૂઝતું નથી?

## ભંગિયાની ફાટ્ય

“એ બા, અમારો પગાર આલશો કે? આજ તો ચાર તારીખ થઈ ગઈ!”

“ઊભો રહે, હમણાં તને પગાર અપાવું છું! કામબામ કરવું નહીં, સાવ વેઠ કાઢવી, ને પહેલી તારીખ આવી કે પગાર લેવા તૈયાર ઊભો જ છે!”

“કામ નહીં કરતા હોઈએ તો મેલું રોજ કોણ ઉપાડી જાતું હશે, બા! તમે માવતર છો. અમને ગરીબ માણસને આમ કાં કરો?”

“હા, તમને ગરીબ માણસને બરાબર ઓળખું છું. ત્રાણત્રાણ ચારચાર દિવસ સુધી ડબો ભરાઈ જાય તોયે કંઈ પરવા જ કરવી નહીં, ને જ્યાં પહેલી તારીખ આવે ત્યાં ગરીબ ગાય જેવા! તારા જેવાને તો પગાર જ ન આપવો જોઈએ—ઊલટો દંડ કરવો જોઈએ!”

“તો એમ કરો, માબાપ! અમારો કાંઈ થોડો ઉપાય છે?”

“એલા ક્યારનો શું કચકચ કરે છે? રોજ ઊઠીને હમણાં જીવ કાં ખાય છે?” ગૃહસ્થ ઘરમાંથી બહાર આવ્યા.

“સા’બ, અમારો ગરીબ માણસનો પગાર... આજ ચાર તારીખ...”

“હવે આવ્યો મોટો પગારવાળો! એલા, નિયમસર તો આવતો નથી, ને પાછો પગારની ઉઘરાણી કરવા નીકળે છે? મોટો સાજાની!”

“સા’બ, અમે મૂઆ ઓછી અક્કલવાળા; કો’ક દી વહેલુંમોડું થઈ જાય. કો’ક વાર બે દી પાડ્યા હોય તોય ઈ બે દીનુંય ભેગું અમારે જ ઉપાડવાનું ને? કોઈ બીજું થોડું કરી જાય છે?”

"લે હવે સાફાઈ કર મા, દાનત-ચોર! હું ઓળખું છું તને. આ વખતે તો ચાર આના જ કાપી લઉં છું, પણ હવે જો એક દી યે પાડ્યો છે તો બિલકુલ પગાર જ નહીં મળે, સમજ્યો?"

સાહેબે ચાર આના ફળિયામાં ફેંક્યા.

*

"એ શેઠ, હવે તો કંઈક દયા કરો! આ ડબાનું તળિયું જ સડીને ખવાઈ ગયું છે. મારે રોજ ઉપાડીને ઠલવવું કેમ?"

"એલી, તને એક વાર કીધું નથી કે હવે બીજો ડબો લાવી દેશું? તારે તો જાણે લાગી કે દાગી! જરા ધારણ તો રાખતી જા!"

"અરે, મારા શેઠ, ધારણ કેટલીક રાખું? હમણાં હમણાં કરતાં આ ત્રાણ મહિના થવા આવ્યા. અમને મેલું ઉપાડવામાં કેટલી આપદા પડે છે એનો કંઈક તો વિચાર કરો, બાપા!"

"ભાળી હવે આપદાવાળી—તું મોટી રાયજાદી! તને અહીં ફૂલવાડી વાળવા બોલાવતાં હઈશું, કેમ? એલી, નવાજૂના તો ઠીક—પણ મૂળ ડબા જ કેટલાકને ઘરે છે ઈ તો જઈને જોઈ આવ!"

"અરે, શેઠ, આને નહીં આંકડિયો કે નહીં સાજું તળિયું; કાંઠાને ધાર નીકળી છે ને પડખે કાણાં પડ્યાં છે તે ચૂવે છે. હાથપગ તો ઠીક, પણ મારે લૂગડાં ય કેમ સાચવવાં? મહાજન છો, તે ગરીબ માણસ ઉપર કંઈક તો રહેમ રાખો!"

"લ્યો, આ નાગરાણી સાટુ એક નવી ડોલ ઘડાવવા નાખો, આંકડિયાવાળી! મારાં સાળાં ભંગિયાંમાંય સુધારાનો પવન ક્યાંથી પેસી ગયો છે!"

"નવી ડોલનું કોણ કહે છે, મારા દાદા! પણ ઠામ કાંક સાજું તો જોવે ને?"

"હવે રોજ ઊઠીને જીવ ખા મા! એલા જીવણ, ભંગાર બજાર બાજુ જવાનું થાય ત્યારે જરાક ધ્યાન રાખજે. પાંચ-પંદર દી'માં ક્યાંય જૂનો ડબો નજરે ચડે તો લેતો આવજે—નહીંતર વળી આ રાયજાદીનાં

પાછાં લૂગડાં બગડી જાશે!"

*

"એલા, તમારામાં નાત-પટેલ કોણ છે?" નગરશેઠે રોષમાં પૂછ્યું.

"હું છું, માબાપ! હું ખીમો."

"એલા ખીમલા! તમે બધાએ આ શું વિચાર કર્યો છે?" હડતાલ પર ઊતરેલાને શેઠ દબડાવવા માંડ્યા.

"માબાપ, વિચાર તો શું હોય? પણ અમારો આ સત્તર રૂપિયાનો પગાર—એમાં પૂરું કેમ કરવું? મલક આખામાં બધાના પગાર વધે, મોંઘવારી મળે, ને અમારી કાંઈ ગણતરી જ નહીં! મોંઘવારી તો અમને ય નડે છે. અમારી વાત તો એટલી જ છે કે ગરીબ માણસ ઉપર કાંઈક રહેમ કરો. લૂગડાંની જોડ કે રજાનું તો ઠીક, પણ બાર મહિનામાં બે વાર અમને સૂંડલા-સાવરણાય ન મળે? બસ, આ અમારું દખ ને આ અમારી ફરિયાદ. બીજો અમારે તે શો વિચાર કરવાનો હોય, માવતર?"

"બસ ત્યારે... એમ સીધી વાત કરોને? એમાં આ હડતાલ શું ને તોફાન શું? જાવ ઝટપટ કામે ચડી જાવ. કીધું કે ઈ તો એની મેળે સમજી જાશે, ત્યાં તો આજ બીજો દી થયો. પોચું મૂક્યું, તો માથે ચડી ગયા! જાવ, ઝટ કામે ચડી જાવ. બોલો, જાવ છો કે નહીં?"

ભંગી પટેલિયા એકબીજા સામું જોવા માંડયા. એક જુવાનિયાએ હિંમત કરી: "પણ બધાએ એકડો કર્યો કે આટલી માગણી કબૂલ થાય પછી જ કામે ચડવું. મોઢેથી તો આજ ત્રાણ વરસથી કે'તા આવ્યા છીએ, પણ અમારી વાત સામું જુએ છે જ કોણ?"

"આ ગામના ભંગિયાને ય ફાટ્ય આવવા માંડી ખરી! એને એમ ને એમ નહીં ખબર પડે, ઈ જાત જ એવી—બોલાવવા કે મનાવવા જાશું તો સમજશે નહીં ને ઊલટા ચડશે. ઠીક છે. એલા જાવ હવે તમારે જવું હોય ત્યાં. અને ખીમલા, જે વિચારવું હોય ઈ આજ રાતે વિચારી લેજો. કાલ સવારે જો કામે ચડયા નથી ને, તો ગામમાં સાદ

પડાવી દઉં છું કે ભંગિયાને કોઈ એક પૈસાનું મીઠુંય ન તોળે. વિચાર કરવો હોય ઈ કરી લેજો!" નગરશેઠે તાડૂકીને હુકમ છોડ્યો.

## પ્રતિજ્ઞા સાથે આવો વ્યવહાર?

દારૂબંધી અંગેનું કામ સ્વરાજ મળ્યા પછી એક કલાકમાં કરવાનું હતું તે છતાંય હજી બાકી છે, એ આપણા રાષ્ટ્રની કમનસીબી છે. આ સંબંધમાં જ્યારે જ્યારે આગ્રહ કરવામાં આવે છે ત્યારે ત્યારે રાજ્યો તરફથી એક જ એવા કારણસર અશક્તિ જાહેર કરવામાં આવે છે કે, આબકારી જકાત બંધ થતાં રાજ્યની આવકને મોટો ફટકો પડે તેનું શું?

આ દલીલ નિરાધાર છે, સાથે સાથે અનૈતિક પણ છે. એક તો એ કે, આબકારી જકાતની આવક એ રાજ્યની કુલ આવકના પાંચ ટકા કરતાં વધારે નથી. પરંતુ કદાચ તેમ હોય તોયે તેવી વાત કલ્યાણ રાજ્યના આદર્શ રાખનારને શોભે તેવી નથી. કેમ કે રાજ્યને આબકારી જકાતમાંથી એક રૂપિયાની આવક મળે છે એની સામે દારૂ પીનારાના ઘરમાંથી ત્રાણ-ચાર રૂપિયા દારૂમાં હોમાઈ જાય છે. એનો અર્થ એ થયો કે ગરીબ પ્રજાના ઘરમાંથી દસ કરોડ રૂપિયા બરબાદ થાય ત્યારે રાજ્યને બે-ત્રાણ કરોડ રૂપિયા મળે, અને પછી રાજ્ય એમાંથી લોકકલ્યાણનાં કામ કરે!

એક બાજુથી પ્રજાને દારૂ પીવાની સગવડ કરી આપવી, બરબાદીનો રસ્તો ખુલ્લો કરી આપવો, હજારો કુટુંબોને છિન્નભિન્ન ને રખડતાં કરી મૂકવાં, સ્ત્રીઓ અને બાળકોને નિરાધાર બનાવવાં; આમ લાખો માણસોના આરોગ્યની, પૈસાની અને નીતિની બરબાદી કરવી—અને પછી એ બરબાદીને કારણે જે થોડી આવક થાય તેમાંથી ક્યાંક ઇસ્પિતાલો, ક્યાંક સ્ત્રીઓ માટે આશ્રયસ્થાનો, બાલ-ગુનેગારો માટે સુધારણાગૃહો કરવાં, એ તે કઈ જાતનું કલ્યાણકાર્ય?

જેઓ દારૂબંધી દાખલ કરે તેમને આબકારી જકાતની અરધી

ખોટ આપવાનું ભારત સરકારે વિચાર્યું. પરંતુ આ ઉદાર સૂચનનો ઉત્તર પ્રદેશ અને મૈસૂરનાં બે રાજ્યો તરફથી જે જવાબ મળ્યો છે તે ઘણો બેહૂદો, બેજવાબદારીભર્યો અને બેશરમ છે, એમ દુ:ખ સાથે કહેવું પડે છે. પોતાને ત્યાં દારૂબંધી દાખલ કરવા માટે તેમણે એવી શરત મૂકી છે કે અરધી નહિ પણ આખેઆખી ખોટની જવાબદારી ભારત સરકારે ઉપાડવી; પછી દારૂબંધીનો અમલ કરવા જતાં તંત્રાનું જે ખર્ચ આવે તે ઉપાડવું; ઉપરાંત જેઓ દારૂના ધંધામાંથી બેકાર થાય તેમને કામધંધા આપવાની જવાબદારી પણ ભારત સરકારે સ્વીકારવી.

આ મુખ્ય પ્રધાનો પોતે ક્યાં બેસીને શું બોલી રહ્યા છે તેનું તેમને ભાન હશે કે? દારૂબંધી એ કોઈ રાજ્યો કે પ્રધાનોની ઇચ્છા પ્રમાણે ચલાવવા-ન ચલાવવાનો કાર્યક્રમ નથી. એ તો રાષ્ટ્રીય પ્રતિજ્ઞા છે અને બંધારણમાં એને માટે આદેશ આપવામાં આવ્યો છે. જેમને પોતાની અશક્તિ લાગતી હોય તેમણે રાજ્ય ચલાવવાની જવાબદારી છોડી દેવી જોઈએ. રાષ્ટ્રીય પ્રતિજ્ઞા સાથે આવો ઉડાઉ, બેજવાબદાર વ્યવહાર કરવાનો કોઈને અધિકાર નથી.

## એકતાની અનિવાર્ય શરત

દેશમાં પ્રાંતવાદ, ભાષાવાદ, કોમવાદ વગેરે સંકુચિત બળો માથું ઊંચું કરી રહ્યાં છે. ભાષા, કોમ કે પ્રાંતનાં સાંકડાં વર્તુળોમાં રહેવાને કારણે લોકો એમ સમજતા આવ્યા છે કે પોતાનું હિત પોતાના સાંકડા વર્તુળ સાથે છે. આનો ઉપાય રાષ્ટ્રભાવના છે. જો લોકોને સમજાઈ જાય કે સમસ્ત રાષ્ટ્રના લોકોનું હિત એક સાથે જ છે, તો આજે જે સંઘર્ષ થાય છે તે જરૂર ટાળી શકાય.

પરંતુ કોમ, ધર્મ કે ભાષાના સંઘર્ષ બંધ થઈ જાય તેથી જ રાષ્ટ્રીય એકતા નિર્માણ થઈ જશે, એમ તો આપણે માની બેઠા નથી ને? કોમના, ભાષાના વગેરે હિતવિરોધો તો સ્વાર્થી લોકોએ ઊભા

કરેલા છે. જ્યારે સામાજિક, આર્થિક કે શિક્ષણ ક્ષેત્રો જે હિતવિરોધ ભયંકર રીતે વધતા જાય છે તે વધુ ગંભીર છે. એક જ પ્રદેશની અંદર, એક જ કોમના લોકો વચ્ચે, એક સમાન ભાષા બોલનારા વચ્ચે ભારે હિતવિરોધ પડેલા છે. આજે શ્રીમંત-ગરીબનાં હિત એક નથી; ખેડૂત અને જમીનદારનાં હિત વચ્ચે વિરોધ છે; માલિક-મજૂરનાં હિત વચ્ચે વિરોધ છે; સવર્ણ તથા હરિજનનાં હિત અલગ છે; ભણેલાં તથા અભણનાં હિત જુદાં છે.

આ બધાના હિતસંબંધો વચ્ચે અંતર પડ્યું છે, અથડામણ પડેલી છે, તે દૂર ન થાય ત્યાં સુધી રાષ્ટ્રીય એકતા કેવી રીતે આવે? માણસ જેવા માણસને જન્મને જ કારણે સામાન્ય વસતીથી દૂર ફરજિયાત રહેવું પડે એવી સ્થિતિ હોય, એક બાજુ નિરંકુશ વૈભવવિલાસની સામે કરોડો લોકોને પૂરું ખાવાનું ન મળતું હોય, તો એ સૌ દેશવાસીઓની વચ્ચે એકતાનો ભાવ કેવી રીતે આવશે? આથી, આજની તમામ પ્રકારની વિષમતાનો અંત, એ રાષ્ટ્રીય એકતા માટેની અનિવાર્ય શરત છે.

## અનિષ્ટનો આશ્રય

કોમવાદને આપણે રાષ્ટ્રના હિતનો એવો તો કટ્ટો શત્રુ માનેલો છે કે એની સાથે પ્રાણાંતે પણ સમાધાન હોઈ શકે નહીં. તેમ છતાં, કેરળ પ્રદેશને સામ્યવાદની પકડમાંથી છોડાવવા કૉંગ્રેસ તથા પ્રજા-સમાજવાદી પક્ષ સાથે મળીને જંગ ખેલી રહ્યા હતા ત્યારે તેમણે ત્યાંની મુસ્લિમ લીગ સાથે સમજૂતી કરવાની ભૂલ કરી દીધી. પરિણામે, દેશના જાહેરજીવનમાંથી લગભગ નામશેષ થઈ ગયેલી મુસ્લિમ લીગને ફરીથી જાણે જીવન મળી ગયું; અને દેશમાં મુસ્લિમ કોમવાદ ફરીને ઊભો કરવાના પ્રયાસ એણે આરંભી દીધા. એક અનિષ્ટને ટાળવા માટે બીજા અનિષ્ટનો આશ્રય લેવો એ કેટલું બધું ખોટું અને જોખમકારી છે, તે અંગેનું આ દુખદ દૃષ્ટાંત છે.

કોમવાદ જો ભયંકર હોય તો સર્વ સ્થળે અને સર્વ સંજોગોમાં એની સામે લડી લેવાનો રાષ્ટ્રવાદી બળોનો ધર્મ થાય છે. અમુક વિસ્તારમાં કોમવાદી લોકોની મોટી બહુમતી છે એટલે ત્યાં આપણે જીતી શકવાના નથી એમ સમજીને ત્યાં લડવાનું માંડી વાળવું, એ કોમવાદને માટે રસ્તો સરળ કરી આપવા જેવું થાય છે. “બધા મતદારો કોમવાદી છે, અને તેમને આપણે સમજાવીશું તોય તેઓ કોમવાદી મટવાના નથી,” એમ માનવું તે લોકો વિશે ને આપણી જાત વિશે અશ્રદ્ધા સેવવા જેવું છે.

એક પણ માણસનું મતપરિવર્તન ન થાય તો પણ લોકો પાસે જઈને તેમને રાષ્ટ્રવાદની ભૂમિકા પરથી સમજાવવાની કોશિશ કરવી, એ રાષ્ટ્રવાદી સંસ્થાઓનું પ્રથમ કર્તવ્ય છે. ચૂંટણીમાં બેઠક મળે કે ન મળે પરંતુ કોમવાદને ખતમ કરવો જ છે, કોમવાદમાં ફસાયેલા લોકોને તેમાંથી બહાર કાઢવા જ છે, એવો સંકલ્પ પ્રતિકૂળ સંજોગોમાં તો ઊલટો વિશેષ દૃઢ થવો જોઈએ. કેવળ બેઠક હારવા-જીતવાની દૃષ્ટિએ ન વિચારતાં, દરેક મતવિસ્તારમાં પહોંચીને લોકોને ચેતવવાં જોઈએ, ને એનાં જોખમો સમજાવવાં જોઈએ.

—

પરમ આનંદ ને મંગલની ઘડી છે. બધું મને મંગલમય દેખાય છે. મંગલનો અનુભવ કરી રહ્યો છું. પરમ શાંતિ, નીરવ શાંતિ....

[વજુભાઈ શાહના અંતિમ શબ્દોઃ તા. ૯-૧-૧૯૮૩]

—

ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શકિત ને કળા જે ખીલવે, તે વધુમાં વધુ સુખી થાય, વધુમાં વધુ સ્વતંત્રતા અને ખુમારી જાળવી શકે. જરૂરિયાત જેમ વધારે, તેમ પરાક્રમ કરવાની

શક્તિ હણાતી જાય.

## પ્રાર્થના

*બળ દે, બુદ્ધિ દે, તેજ દે, તાકાત દે,*
*ધીરજ દે, વિવેક દે, જ્ઞાન દે, શાંતિ દે,*
*અહંકાર હરી લે,*
*સરળતા દે, નમ્રતા દે, નિર્ભયતા દે.*
*મને કોઈનો ભય ન રહો,*
*કોઈ પ્રકારનો ભય ન રહો,*
*ગરીબીનો, તંગીનો, મુસીબતોનો, રોગનો,*
*નિરાશાનો, નિષ્ફળતાનો, અપકીર્તિનો, મૃત્યુનો*
*—કોઈનો ભય ન રહો.*
*હે પ્રભુ!*
*અહંકાર, મમતા, રાગ એ બધા*
*તારી-મારી વચ્ચેના અંતરાયો*
*વહેલામાં વહેલા દૂર થાઓ,*
*બિંદુ સિંધુમાં મળી જાઓ.*
*એવો ધન્ય દિવસ આવે ત્યાં સુધીમાં*
*કર્મની જંજાળ ઊભી ન કરી બેસું*
*એ માટે શું કર્તવ્ય, શું અકર્તવ્ય,*
*એની પ્રેરણા આપજો,*
*રાતદિવસ તારાં કામ કરી શકું*
*એવી પાત્રતા આપજો.*
*પ્રાણીમાત્ર સાથે મૈત્રીભાવ રહો,*
*હૃદયમાંથી સૌ પ્રત્યે સદ્ભાવ વહેતો રહો,*
*પ્રેમ ઊંડો ને વ્યાપક બનો,*

કરુણા ક્રિયાશીલ બનો.
સામાન્ય માણસનો રોટલો ખાઈને
આમસમુદાય વચ્ચે ફરતો રહું,
એના સુખદુઃખના પ્રશ્નોમાં સહાયરૂપ થઈ શકું,
એવી શકિત આપો, શકિત આપો.
એ માટે અપરિગ્રહનું બળ આપો.
ઇચ્છાઓ ને અપેક્ષાઓ
આપોઆપ ક્ષીણ થતી રહો.
કોઈનું કંઈ મળે, એવી ઇચ્છા
કદીયે ન રહેજો એટલું જ નહીં,
બીજાને જે જોઈએ તેવી વસ્તુની
મને ઇચ્છા જ ન રહે—
એવી મારા મનની ભૂમિકા સદાય રહેજો.
મને જે કાંઈ શકિત આપેલી છે
તેના કણેકણનો ને સમયની ક્ષણેક્ષણનો
ઉત્તમ ઉપયોગ કરી શકું,
જીવનની છેલ્લી ક્ષણ સુધી
તારું નામ લેતો રહું, તારાં કામ કરતો રહું
એટલી સ્વસ્થતા અને જાગૃતિ આપજો.
અમારાં સંતાનોને ઉત્તમ વિચારો મળજો,
સદાચરણની શકિત મળજો;
બુદ્ધિ, શકિત, સંપત્તિ વગેરે
જે કાંઈ એમની પાસે હોય,
તે બધું કેવળ પોતાને માટે નહીં
પરંતુ સારાયે સમાજ માટે છે,
એવી વિશાળ ભાવના એમની રક્ષા કરજો.

# લીધું તેથી અનેકગણું પાછું વાળનાર

ખુદ અંગ્રેજોને પણ મુગ્ધ કરાવે એવું ઉત્તમ અંગ્રેજી લખી-બોલી જાણનાર મહાદેવભાઈ [દેસાઈ]એ ગુજરાતી ઉપરાંત સંસ્કૃત, મરાઠી, બંગાળી, હિંદી અને ઉર્દૂ ભાષાઓ પણ સારી રીતે જાણી લીધી હતી અને તે તે ભાષાના સાહિત્ય સરવરમાં તેઓ રસપૂર્વક અવગાહન કરી શકતા હતા.

સાહિત્ય પ્રત્યેની આટલી ઉત્કટ અભીરુચિ છતાંય તેમણે સાહિત્યને પોતાના ઈષ્ટદેવતાને સ્થાને બેસાડ્યું નહોતું. સત્યની-સ્વરાજની સાધનારૂપે જેની જરૂર ન હોય એ વસ્તુ ગમે તેટલી આકર્ષક હોય તોયે એમણે ત્યાજ્ય ગણેલી.

મહાદેવભાઈના સાહિત્યજીવનનું એક લક્ષણ આપણા સાહિત્યપ્રેમીઓએ ધ્યાનમાં લેવા જેવું છે. આપણે નવા જમાનાના માણસો વાચનના ખૂબ રસિયા ગણાઈએ છીએ. જેટલું આવ્યું તેટલું વાંચી નાખવું, એ આધુનિક સંસ્કારિતાનું એક લક્ષણ મનાય છે. પણ આપણામાંના મોટા ભાગના વાંચવાંચ કરીને ભાગ્યે જ વિશેષ કાંઈ કરી શકીએ છીએ. પછી વાચન એક વ્યસન બની જાય છે. વળી વિવેકદૃષ્ટિ રાખીને વાંચનારાઓનો મોટો ભાગ પણ બહુ ઓછું પાછું આપી શકે છે. આને સાહિત્યરસનો વૈભવ કે પરિગ્રહ ન કહેવાય? દેશવિદેશના લેખકોના ઉત્તમ ગ્રંથો વિદેશી ભાષામાં કોણ વાંચે? ઉપરાંત આપણા જ ઉપયોગી પણ કઠિન ગ્રંથો સૌ ક્યાંથી સમજે? આપણે જેટલું વાંચીએ તે પચાવીને સમાજને પાછું કેમ ન આપીએ?

મહાદેવભાઈ તો જે કાંઈ લેતા તેનું અનેકગણું કરીને પાછું આપતા. ઉપયોગ વિનાનું એમણે ભાગ્યે જ કાંઈ વાંચ્યું હશે, અને જે વાંચ્યું હશે તેનો સમાજહિતાર્થે ઉપયોગ કર્યા વિના ભાગ્યે જ રહ્યા હશે. કોઈ ઉત્તમ પુસ્તક, કાવ્ય કે વિચાર મહાદેવભાઈ પાસે આવ્યા, એટલે તેના રસ અને આનંદમાં બીજા અનેક જણ ભાગીદાર બનવાના જ. કલા-સાહિત્યનો તેમણે જેટલો ઉપભોગ કર્યો, એનું અનેકગણું કરીને

સમાજને ચરણે ધરી દીધું છે.

[મહાદેવ દેસાઈ જન્મશતાબ્દીના પ્રકાશન
'શુક્રતારક સમા મહાદેવભાઈ': ૧૯૯૧]

# વત્સલા મહેતા

## બાળક સવાલ પૂછે ત્યારે—

૧૯મી સદીનો વિખ્યાત અંગ્રેજ કવિ રોબર્ટ બ્રાઉનિંગ જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે એક દિવસ એના પિતા કાંઈક વાંચતા હતા. “શું વાંચો છો, ડેડી?” નાના રોબર્ટે પૂછ્યું.

“આ ‘ઇલિયડ’ પુસ્તકમાંથી ટ્રોયના ઘેરા વિશે વાંચું છું,” પિતા બોલ્યા.

“ટ્રોય શું છે?” બાળકે ફરીથી પૂછ્યું.

બીજા કોઈ પિતાએ કહ્યું હોત કે ટ્રોય એક શહેરનું નામ છે અને પછી ઉમેર્યું હોત કે, “જા હવે બહાર રમવા જા અને મને વાંચવા દે!”

પણ રોબર્ટના પિતાએ તો ઊભા થઈને ત્યાં દીવાનખાનામાં જ ટેબલ—ખુરશીઓને ગોઠવીને જાણે કે નાનું સરખું શહેર બનાવ્યું અને એક મોટી ખુરશી પર એ નાના છોકરાને બેસાડયો. “જો, હવે આ બધું ટ્રોય નગર છે અને તું તેનો રાજા પ્રાયમ છે... અને હા, આ રહી તારી સુંદર મજાની રાણી હેલન!” એટલું બોલીને પિતાએ રોબર્ટની પાળેલી બિલાડીને ઊંચકી. “અને બહાર પેલા જંગલી કૂતરાઓ છે ને—જે હમેશાં તારી બિલાડીની પાછળ પડે છે? તે જ રાજા એગ્મેન અને રાજા મેનેલેઅસ, જેમણે હેલનનું હરણ કરી જવા ટ્રોય ઉપર ચડાઈ કરેલી.”

આ પ્રમાણે પિતાએ નાના રોબર્ટને સરળ રીતે વાર્તા સમજાવી. પછી જ્યારે એ સાત-આઠ વરસનો થયો ત્યારે પિતાએ એને ‘ઇલિયડ’ પુસ્તક વાંચવા આપ્યું... અને થોડાં વરસો પછી રોબર્ટને મૂળ ગ્રીક ભાષામાં ‘ઇલિયડ’ વાંચતાં શીખવ્યું.

માતા-પિતા તરીકે આપણે હંમેશા બાળકોને કાંઈ ને કાંઈ શીખવતાં

જ હોઈએ છીએ—પછી ભલે શીખવવાનો આપણો ઇરાદો ન પણ હોય. આપણે આપણાં બાળકોને લાડ કરીએ કે મારીએ, તેમની ચિંતા કરીએ કે ઉપેક્ષા કરીએ—દરેક વર્તન મારફત એમને કાંઈ ને કાંઈ શીખવીએ જ છીએ.

# વનમાળા દેસાઈ

## ‘બાપા’નું બિરુદ

હરિજનસેવા અને આદિવાસીઓની ઉન્નતિ ઉપરાંત એક બીજું ઉત્તમ કામ ઠક્કરબાપાએ કર્યું તે અનન્ય નિષ્ઠાવાન કાર્યકર્તા તૈયાર કરવાનું. યુવાનોને પોતાના કામમાં ખેંચી, કડક શાસન દ્વારા એમને સેવાની તાલીમ આપી, અને સાથોસાથ પુત્રવત્ પ્રેમ કરીને ‘બાપા’નું બિરુદ મેળવ્યું.

## મેળ

આશ્રમની સ્થાપના થઈ ત્યારે ગાંધીજીએ પંડિત વિષ્ણુ દિગંબરજીની પાસે આશ્રમને છાજે એવા કોઈ સંગીતશાસ્ત્રીની માગણી કરી. ત્યારે એમણે પોતાના શિષ્ય નારાયણ મોરેશ્વર ખરેને ગાંધીજી પાસે મોકલ્યા. સંગીતની સાથે બુદ્ધિ અને પવિત્રા જીવનનો મેળ એમણે જેવો સાધ્યો તેવો તો કોઈક જ કળાકાર સાધી શકે. ગાંધીજીએ રાજકારણને આધ્યાત્મિક બનાવ્યું અને પંડિત ખરેજીએ સંગીતને આધ્યાત્મિક બનાવ્યું.

[‘અખંડ આનંદ’ માસિક]

## સાડલા ધોવાની મોજ!

યરવડા જેલમાં નાવાધોવાની બહુ મજા હતી. આમેય પૂનાનું પાણી એટલું સારું છે કે જરાક મહેનત કરો તો કપડાં સફેદ બગલાની પાંખ જેવાં થાય.

મને પહેલેથી કપડાં ધોવાનો બહુ શોખ, એટલે મારાં કપડાં બધાંથી

જુદાં તરી આવે એવાં સફેદ રહેતાં. મોટી ઉંમરની એક-બે બહેનો કહે, “અમનેય તારા જેવો સફેદ સાડલો ધોઈ આપ ને!” મને જે કહે તેને હું ખુશીથી ધોઈ આપતી.

મણિબહેન પટેલ પણ ત્યાં હતાં, એમને આ ખબર પડી. એ હસતાં હસતાં કહે, “કાંઈ મહેનતાણું આપ્યા વગર તમે સાડલા ધોવડાવો, એ તો સારું નહિ. તમારે સાડલો એક દિવસ એને પહેરવા આપવો, અને એ ધોઈને તમને આપી દેશે. એટલે તમારો સાડલો ધોળો થઈ જશે, અને એને બે ધોવા નહિ પડે.”

આ યોજના બધાંએ તરત સ્વીકારી લીધી. પછી તો આ ‘ધોબી’ની ઘરાકી, એટલે વધી ગઈ કે, જેલમાંથી છૂટી ત્યાં સુધી એક દિવસ પણ મારે મારો સાડલો પહેરવાનો વારો આવ્યો નહિ! મારા જાડા સાડલાને બદલે રોજ ઝીણા, ફેન્સી ખાદીના સાડલા પહેરવાના મળ્યા, તે નફામાં!

# વર્ષા અડાલજા

## ઘરે-બાહિરે

રવીન્દ્રનાથ ટાગોર દેશને ક્વચિત જ સાંપડે એવા યુગપુરુષ હતા. તત્કાલીન સાહિત્યકારોમાં ચિરકાલીન સાહિત્ય સૌથી વિપુલ પ્રમાણમાં તેમણે સર્જ્યું છે. ટાગોર એવા દેશભક્ત હતા કે જેમણે વિશ્વમાનવ બનવાનું સ્વપ્ન જોયું હતું. તેઓ પરદેશમાં ભારતના પ્રથમ સાંસ્કૃતિક પ્રતિનિધિ હતા અને વિશ્વનાગરિક હતા.

અનેક સ્વજનોથી ભર્યાભર્યા વિશાળ પરિવારમાં રવીન્દ્રનાથે તેમનું બાળપણ વિતાવ્યું હતું. એ સમયે પરિવારની સ્ત્રીઓના જીવનની તેમના પર ઘેરી અસર પડી હતી. જમીનદારોની વિશાળ હવેલીના અંત:પુરમાં જીવન વિતાવી નાખતી સ્ત્રીઓને ધીમે ધીમે બુઝાતા દીપક જેવી તેમણે જોઈ હતી, અને એમના આંતરમનના કોઈ ખૂણામાં એ દીપકની વિલીન થયેલી જ્યોતિ સચવાઈ રહી હતી. એમની કથાઓની નાયિકાઓમાં વાસ્તવજગતની એ સ્ત્રીઓ પ્રગટી હતી.

ટાગોરે તેમની નવલકથા ‘ઘરે-બાહિરે’માં લગ્નજીવનમાં પતિપત્નીના સંબંધો, નારીસ્વાતંત્ર્ય અને રાષ્ટ્રીય ચળવળ વિશેના તેમના વિચારો ગૂંથ્યા છે.

આખી કથા મુખ્ય પાત્રોને મોંએથી કહેવડાવી છે. પ્રથમ પ્રકરણ ‘વિમલાની આત્મકથા’થી કથાનો ઉઘાડ થાય છે. વિમલા પોતાની વાત માંડે છે :

રાજા (જમીનદાર)ને ઘેર વિમલાનાં લગ્ન થાય છે. સસરાના કુટુંબમાં જૂના રીતરિવાજો ચાલ્યા આવતા હતા. પણ પતિ નિખિલેશ આધુનિક વિચારના છે. એ વંશમાં તેઓ પહેલા જ એમ. એ. થયા હતા. મોટા ભાઈઓ દારૂમાં ડૂબી મૃત્યુ પામ્યા હતા. વિધવા ભાભીઓ નિ:સંતાન હતી. વિમલાના પતિ ન દારૂ પીતા, ન બીજા જમીનદારોની

જેમ સંગીતની મહેફિલમાં જતા. સૌ ખૂબ જ આશ્ચર્ય પામતા. નિખિલેશે મિસ ગિલ્બીને વિમલાનાં સાથી અને શિક્ષિકા તરીકે રાખ્યાં હતાં.

નિખિલેશના ભોગપરાયણ જમીનદાર કુટુંબમાં સ્ત્રીઓનાં આંસુ દારૂની પ્યાલીમાં ડૂબ્યાં છે. નિખિલેશની વિમલાને પડદા બહાર કાઢવાની તીવ્ર ઇચ્છા હતી. પણ તે પૂછતી: “મારે બહારની દુનિયાનું શું કામ?”

નિખિલેશ જવાબ વાળતો: “બહારની દુનિયાને તારું કામ હોય તો? આ ઘરમાં ગોંધાઈ રહેવા માટે તું કે હું જન્મ્યાં નથી.”

ત્યાં આંધીની જેમ બંધનોને તોડતો સ્વદેશીનો યુગ બંગાળમાં ધસી આવે છે. વિમલાની આત્મકથામાં આ તબક્કે એક મહત્ત્વના પાત્રનો પ્રવેશ થાય છે, એ છે સંદીપ. સંદીપબાબુ જાતજાતનાં દેશહિતનાં કાર્યોને બહાને પતિના રૂપિયા પડાવી લેતા તેથી વિમલાને ખૂબ ચીડ ચડતી. તેના ઢગલાબંધ ખર્ચાઓ પણ પતિના માથે. નિખિલેશ પણ એક હરફ બોલ્યા વિના સામેથી બધા ખરચા પૂરા પાડતો. નવાઈની વાત એ હતી કે બંનેના વિચારોમાં કંઈ મેળ નહોતો.

દેશમાં જે આંધી ઊઠી તેના વાયરાની લહેરખી વિમલાનેય સ્પર્શી ગઈ. અત્યાર સુધી જે વિલાયતી કપડાં એ હોંશથી વાપરતી તે બાળવા તત્પર થઈ. નિખિલેશ સાથે બહુ વાદવિવાદ થયો. પતિ સમજાવે છે કે તારી શક્તિ રચનાત્મક કાર્યમાં ખરચ, ભાંગફોડિયાં કામોમાં નહીં. વિમલાને વળી મિસ ગિલ્બીને રજા આપી દેવાનું ભૂત વળગ્યું. નિખિલેશ થોડો હતાશ થઈ જાય છે: “મિસ ગિલ્બી માત્ર અંગ્રેજ છે તેથી જ તું તેને રજા આપતી હોય તો એ ઠીક નથી. નામની વાડ તું મિટાવી શકતી નથી?”

સ્વદેશીની પ્રવૃત્તિ જોડે પતિને સંબંધ નહોતો તેમ તે તેની વિરુદ્ધ પણ ન હતા, તે વિમલા જાણતી હતી. તે હંમેશાં કહેતા: “દેશની સેવા કરવા હું તૈયાર છું. પણ વંદન તો હું એ સત્યને જ કરીશ, જે દેશ કરતાં ખૂબ ઊંચે આસને વિરાજે છે. દેશને જો હું દેવ માનીને વંદન કરું તો દેશનું સત્યાનાશ વાળ્યું કહેવાય.”

આ અરસામાં સંદીપબાબુ પોતાની મંડળી સાથે સ્વદેશીનો પ્રચાર કરવા નિખિલેશને ત્યાં આવે છે. શરૂઆતમાં તો વિમલાને લાગે છે કે એ સ્વદેશીને નામે નિખિલેશને ઠગે છે. પણ પોતાના નાટ્યમંદિરમાં, ચકની પાછળ રહીને વિમલા સંદીપની આગઝરતી વાણીમાં ભાષણ સાંભળે છે અને મંત્રમુગ્ધ બની ક્યારે ચક ખસેડી નાખે છે તેનુંય ભાન તેને રહેતું નથી. ‘ઘર’માં રહેતી સ્ત્રીનું આ હતું ‘બહાર’ના જીવનમાં પ્રથમ વારનું ઝાંખવું. સંદીપે પણ વિમલાને જોઈ અને પછી તેના ભાષણમાં ઓર જુસ્સો પ્રગટ્યો.

વિમલા પતિને કહી સંદીપને ઘરે જમવા તેડવાનો આગ્રહ કરે છે. આજ સુધી આમ કોઈ બીજા પુરુષને સામે બેસાડી વિમલાએ કદી જમાડ્યા નથી, તેથી નિખિલેશ રાજી થાય છે. સંદીપ જમવા આવે છે અને તેની ચાતુરીભરી, થોડી ઉદ્દંડ વાણીથી વિમલા પર ઊંડો પ્રભાવ પાડે છે.

સંદીપબાબુ હવે એ હવેલીમાં જ નિવાસ કરે છે અને અવારનવાર સંદીપ અને નિખિલ વચ્ચે રાષ્ટ્રપ્રેમ વિશે ઉગ્ર ચર્ચાઓ થાય છે. બંનેના મત ભિન્ન છે. વિમલાનો સંકોચ રેશમી વસ્ત્ર પેઠે ધીમે ધીમે ક્યારે સરકી ગયો તેની સરત પણ તેને ન રહી અને એ પણ ચર્ચાઓમાં ભાગ લેવા લાગી.

નિખિલેશની દલીલ આવી રહેતી: “દેશથી પણ ઉચ્ચ સ્થાને ધર્મ રહેલો છે એમ જેઓ માનતા નથી તેઓ દેશને પણ માનતા નથી.”

સામે પક્ષે વિમલા અને સંદીપની દલીલ આ રહેતી: “હું દેશને માટે લોભ કરીશ. મને કંઈક લેવાનું મન થાય છે તે હું ખૂંચવીને લઈ લઈશ. હું દેશને માટે ક્રોધ કરીશ, અપમાનનો બદલો લઈશ, મારીશ, એ લોકોને કાપી નાખીશ.”

નિખિલેશ દૃઢપણે માને છે કે કોઈ પણ ઉત્તેજનાનો દારૂ પીને ઉન્મત્તની માફક દેશસેવામાં મચી ન પડવું. તેના આ વિચારોને વિમલા નબળાઈ ગણે છે. લોકો પણ એમ માને છે કે નિખિલેશને અંગ્રેજો

પાસેથી ઇલકાબ જોઈએ છે, નક્કી તે પોલીસથી ડરી રહ્યો છે.

સંદીપ વિમલાને કહે છે: “ચારે કોર સ્વેદશીનો પ્રચાર કરતો ફરતો હતો, પણ હવે એમ લાગે છે કે એક જ કેન્દ્રમાંથી કામ કરવું વધુ સારું. મને પ્રેરણા મળે એવું શક્તિનું ઝરણું આજ સુધી ક્યાંયથી મળ્યું નહોતું. પણ આજથી તમે જ મારે મન દેશની વાણી છો. આવો અગ્નિ તો મેં પુરુષમાંય જોયો નથી. તમે અમારા મધપૂડાનાં રાણી છો. અમે તમને વચ્ચે રાખીને હવેથી કામ કરીશું.” વિમલા લજ્જા અને ગૌરવ બંને અનુભવી રહી.

વિમલા અને સંદીપ એકમેક પ્રત્યે આકર્ષણ અનુભવે છે એ સૌના ધ્યાનમાં આવે એમ છે. વિમલા એ દિવસોમાં અજાણતાં જ ખૂબ ટાપટીપ કરે છે, અને સંદીપ તો નિખિલના દેખતા જ વિમલાને મધુરાણી કહીને સંબોધે છે, પોતાને સતત પ્રેરણા આપવાનો અનુરોધ કરે છે.

વિમલા આજ સુધી હતી ગામની એક નાની શી નદી. અચાનક એક દિન સમુદ્રમાંથી જુવાળ આવ્યો, એનું હૈયું ઝોલે ચડ્યું, કાંઠા છલકાઈ ગયા. અને એને થયું આજે વિધાતાએ મને નવેસરથી સરજી છે કે શું? અચાનક તે સુંદર બની ગઈ. અચાનક તેનામાં જાણે કે દિવ્યશક્તિનો સંચાર થયો. સંદીપબાબુ દેશ સંબંધી નાની નાની વાતમાં પણ એની સલાહ લેતા.

આ બધી મસલતોમાં નિખિલેશને ક્યાંય સ્થાન નહોતું. જાણે એક નાના બાળકમાં વિવેકબુદ્ધિ ન હોય એમ સંદીપબાબુ નિખિલેશને કોઈ જવાબદારીવાળા કામમાં સંડોવતા નહીં.

એક દિવસ દરવાન સંદીપને અંત:પુરમાં જતાં રોકે છે અને અત્યંત ક્રોધમાં આવી સંદીપ તેને મારી બેસે છે. સંદીપ વિમલાને ફરિયાદ કરે છે. વિમલા રીસથી નિખિલ પાસે હઠ લઈ બેસે છે કે દરવાનને રજા આપી દો. નિખિલ દરવાનને બોલાવી કારણ પૂછે છે ત્યારે દરવાન કહે છે કે મોટાં અને વચેટ રાણીમાએ જ એવી સૂચના આપી હતી. પણ વિમલાએ તો હઠ પકડી કે એને કાઢો જ.

નિખિલેશ ચૂપચાપ ઊઠીને ચાલ્યો જાય છે, પણ બીજા દિવસે દરવાન દેખાયો નહીં. નિખિલે તેને બીજે કશે કામ પર મોકલી આપ્યો છે. આખી વાતનું પરિણામ એ આવે છે કે વિમલા રોજ સંદીપને દીવાનખાનામાં તેડાવી હિંમતથી વાત કરવા લાગે છે. જેમ જેમ આકર્ષણ અને પરિચય વધતાં જાય છે તેમ અદૃશ્ય હવાની લહરી દ્વારા સંસ્કારના પડદા એક પછી એક ઊડતા જાય છે. આખરે પ્રકૃતિનું નગ્ન સ્વરૂપ એકદમ ખુલ્લું થઈ જાય છે.

સંદીપ પ્રત્યેનું તેનું ખેંચાણ વિમલા ધીમે ધીમે હવે સભાનપણે અનુભવી રહી છે. તેની વાતચીતનો સૂર સ્પર્શ બનીને એને અડી જાય છે, તેની આંખની દૃષ્ટિ જાણે ભિક્ષા બની તેને પગે પડે છે. આ દુર્દાન્ત ઇચ્છાની પ્રલયમૂતિર્ તેના મનને દિનરાત ખેંચતી રહે છે.

એક દિવસ સંદીપબાબુની ચિઠ્ઠી આવી પડે છે: તમારું કામ છે. દેશ માટે. સઘળું છોડીને વ્યાકુળ બનીને વિમલા બહાર દીવાનખાનામાં દોડી આવે છે. જુએ છે તો સંદીપ અને નિખિલ ઊંડી ચર્ચામાં પડેલા છે. વિમલાના મનની સ્થિતિ ભારે વિચિત્ર છે. સંદીપ ફરી તેની વાક્ચાતુરી વડે પ્રશંસાનો જાદુ વિમલા પર ચલાવે છે.

સ્વદેશીની ચળવળ થોડી વેગવંત બની કે સૌની નજરમાં એક વાત આવવા લાગી. નિખિલેશની જમીનદારીમાંથી હજી વિલાયતી મીઠાનો, વિલાયતી ખાંડનો અને વિલાયતી કાપડનો બહિષ્કાર થયો નથી. જમીનદારીમાં કામ કરતા કારકુનો પણ એ વિશે શરમાવા લાગ્યા હતા. આમ છતાં થોડા સમય પહેલાં નિખિલે અહીં સ્વદેશી માલ આણ્યો હતો ત્યારે નાનામોટા સહુ એ બાબતે મનમાં હસવા લાગ્યા હતા. દેશી માલની પાછળ જ્યારે આપણા અભિમાનનું જોર નહોતું ત્યારે આપણે તનમનથી તેની અવગણના કરતા હતા. નિખિલ તો હજી પણ દેશી પેનસિલ દેશી ચપ્પુ વડે છોલે છે, પિત્તળના લોટાથી પાણી પીએ છે. તેની જીવનશૈલી જ આવી આવી વાતો વડે ઘડાઈ હતી. પણ તેના એવા ભભકહીણા સ્વદેશીવ્રતમાં કોને રસ પડે ભલા?

શુકસાયરનો હાટ બહુ મોટો હાટ ગણાતો હતો. ચોમાસા પછી જ

હાટ જામે. તે વખતે સૂતર અને આવતા શિયાળાને માટે ગરમ કાપડ ખૂબ વેચાવા આવે. તે અરસામાં દેશી કાપડ અને દેશી ખાંડમીઠાના પ્રચારને અંગે બંગાળમાં હાટેહાટમાં ભારે ધમાલ મચી રહી હતી. સંદીપે તરત વિમલાને કહ્યું, “આટલો મોટો હાટ આપણા હાથમાં છે, એને પૂરો સ્વદેશી બનાવી દેવો જોઈએ. નિખિલ સાથે બહુ ટપાટપી થઈ પણ એ માનતો જ નથી.”

ગર્વથી વિમલાએ કહ્યું, “વારુ, હું જોઈ લઈશ.” એ ખૂબ સુંદર રીતે તૈયાર થઈને નિખિલ પર પોતાના પ્રેમની મોહિની અને શક્તિનો જાદુ ચલાવવા તેની પ્રતીક્ષા કરવા લાગી.

આ તરફ નિખિલ કોઈ બીજી જ વાતમાં ગૂંથાયો છે. પંચુની સ્ત્રી ક્ષયરોગથી પીડાઈને મૃત્યુ પામી, પ્રાયશ્ચિત્તનો ખર્ચ સાડા તેવીસ રૂપિયા આવીને ઊભો. એક તો બિચારો ગરીબીને લીધે સદાનો ઉપવાસી. તેમાં સ્ત્રીનાં દવાદારૂ અને અંત્યેષ્ટિને લીધે ખર્ચ થયો. આખરે એક દહાડો ચાર છોકરાં પડતાં મેલી વૈરાગી થઈને ચાલી નીકળ્યો. માસ્ટર ચંદ્રનાથબાબુ તેમને ઉછેરવા લાગ્યા. વૈરાગ્યનો નશો ઊતર્યો કે પંચુ પાછો આવ્યો. ફરી ધંધો શરૂ કરી આપવા માસ્ટરબાબુએ ખાતું પાડી પૈસા આપ્યા તેમાંથી પંચુ ધોતિયાં, સાડી અને થોડું ગરમ કાપડ ખરીદી લાવી ખેડૂતોને ઘેર ઘેર ફરી વેચવા લાગ્યો. થોડા વખતમાં તો માસ્ટરબાબુના થોડા પૈસાય એણે ચૂકવ્યા.

ત્યાં સ્વદેશીનો જુવાળ ખૂબ પ્રબળ થઈ ગયો. ગામના ને આસપાસના છોકરાઓ કલકત્તા ભણતા હતા તેઓ રજામાં ઘેર આવ્યા અને સંદીપને નાયક બનાવી સ્વેદશીની ચળવળમાં ગાંડાની જેમ મંડી પડ્યા. નિખિલના જ પૈસાથી ભણેલા આ છોકરાઓ નિખિલને કહેવા લાગ્યા : “આપણા શુકસાયરના હાટમાંથી વિલાયતી સૂતર, કાપડ વગેરે બિલકુલ બંધ કરી દેવું જોઈએ.”

ખૂબ ગરમાગરમીભરી ચર્ચા થઈ. નિખિલનું કહેવું હતું કે આમ કરવાથી મને નહીં પણ ગરીબોને ખૂબ નુકસાન થશે. આજ સુધી તમે એ લોકો માટે શું કર્યું છે કે આજે એકાએક એ લોકોએ શું ખાવુંપીવું,

પહેરવું એવી જબરદસ્તી કરો છો?

સામે પક્ષે એ ટોળાએ કહ્યું, અમે પણ દેશી મીઠું, ખાંડ ને કપડાં વાપરવાં શરૂ કર્યાં છે.

નિખિલની દલીલ હતી કે, તમારી પાસે બે પૈસા છે ને તમે આનંદથી એમ કરો છો; પણ આ બિચારા લોકો તો જીવનમરણની ખેંચતાણમાં હોય છે, એમને બે પૈસાની કેટલી કિંમત છે તે તમને નહીં સમજાય. આજે તમારા જેવું જીવન ગુજારવાનો બોજો તેમના પર શી રીતે લદાય? તમે જો આ ગરીબોની સ્વતંત્રતા રોળી દેશની સ્વતંત્રતાનો ધ્વજ ફરકાવવા માગતા હો તો હું તમારી વિરુદ્ધ પડીશ. છો મૃત્યુ પામું. સ્વદેશીની ચળવળને મદદ તો હું પણ કરું જ છું. દેશી કાપડ, સૂતર અમારા હાટમાં વેચવા રાખ્યાં જ છે.

એક વિદ્યાર્થી રોષે ભરાઈ બૂમ પાડે છે, “પણ એ દેશી માલ કોઈ ખરીદતું નથી.”

નિખિલ જવાબ વાળે છે કે તેમાં હાટનો કે મારો શો વાંક? આખા દેશે કંઈ તમારું સ્વદેશીનું વ્રત લીધું નથી. જબરદસ્તીથી તમે વણકરો પાસે કાપડ વણાવી, જબરદસ્તીથી એવા લોકોને પહેરાવશો કે જેમણે સ્વદેશીનું વ્રત લીધું નથી?

વંદેમાતરમના નારા લગાવતા વિદ્યાર્થીઓ રોષમાં ચાલ્યા ગયા. થોડા દહાડામાં માસ્ટરબાબુ પંચુને નિખિલ પાસે લઈ આવ્યા અને કહ્યું:

“એ લોકોના જમીનદાર હરીશ કુંડુએ પંચુનો એકસો રૂપિયા દંડ કર્યો છે. વાંક એટલો જ કે એ વિલાયતી કાપડ વેચતો હતો. એણે ઘણું કહ્યું કે, દેવું કરીને રૂપિયા લાવી ધંધો કરું છું, આ ફેરે વેચાઈ જાય પછી નહીં કરું. પણ જમીનદાર તો પંચુનું કાપડ બાળવા જ બેઠો. પંચુએ કહ્યું કે, આપની પાસે પુષ્કળ રૂપિયા છે. ખરીદી લો ને પછી બાળો. મારાં છોકરાં ભૂખે મરશે. પણ ગરીબનું કોણ સાંભળે? કાપડ બાળી નાખ્યું.”

નિખિલને પંચુ માટે બહુ જીવ બળ્યો, તેણે પંચુને ફોજદારી કરવાની

સલાહ આપી. સંદીપને કહ્યું તું સાક્ષી પૂર. પણ સંદીપ જમીનદારનો પક્ષ લે છે.

નિખિલ પંચુને મદદ કરવા તેની જમીન ખરીદી લઈ તેને ત્યાં જ પોતાના ખેડૂત તરીકે રાખવાનું નક્કી કરે છે, એને કપડાની ગાંસડી પણ અપાવી દે છે. થરથર ધ્રૂજતા પંચુને આશ્વાસન આપે છે કે અન્યાયથી ડરીને ભાગી ન જા.

વિમલનું તેડું આવે છે અને નિખિલ સૂવાના ઓરડામાં આવે છે. ઘણા વખત પછી નિખિલને ઓરડો આજે વ્યવસ્થિત લાગે છે, અને વચ્ચે શણગાર સજીને બેઠી છે વિમલ. વિમલ નિખિલને કહે છે, “આખા બંગાળમાં માત્ર આપણા હાટમાં જ વિલાયતી કાપડ આવે છે, એ માલ કાઢી નાખવાનું કહી દો.”

નિખિલ સામી ચર્ચા કરવાનું ટાળે છે પણ વિમલ આગ્રહ કર્યા જ કરે છે કે, દેશને માટે જ જુલમ કરવાનો છે, તમારે માટે થોડો કરવાનો છે?

“દેશને માટે જુલમ કરવો એટલે દેશ ઉપર જ કરવો. પણ તને નહીં સમજાય.”

અને નિખિલ ત્યાંથી નીકળી જાય છે. સંદીપની સાથે દેશના પ્રશ્ને ઘડી ઘડી વિરોધ થાય છે.

વિમલા સંદીપને બોલાવે છે ત્યારે એની આંખો છલોછલ હોય છે. સંદીપ સમજી જાય છે કે પતિ પાસે ધાર્યું નહીં કરાવી શકવાથી તેનું અભિમાન ઘવાયું છે.

સંદીપ વિમલા પાસે પૈસા માગે છે. પણ કહે છે, “તમારાં ઘરેણાંનો ખપ પછી પડશે, અત્યારે નિખિલના પૈસામાંથી જ તમે આપો. આખરે તો એ દેશનાં જ નાણાં છે. તિજોરીમાંથી લઈ લો.”

હવે નિખિલ વિરુદ્ધ વર્તમાનપત્રોમાં લેખો અને પત્રો પ્રગટ થવા લાગ્યા છે. લખે છે કે એના ઇલાકાના ગરીબોથી માંડીને બધા લોકો સ્વદેશી માટે ઉત્સુક છે, માત્ર નિખિલના ભયથી કંઈ કરી શકતા નથી.

એટલું જ નહીં પણ જમીનદારની જેમ નિખિલ તેમની પર સખત જુલમ ગુજારે છે, પોલીસોને સાથ આપે છે અને ઇલકાબ મેળવવાની પેરવીમાં છે.

વ્યથિત હૃદયે નિખિલેશ એક સંધ્યાએ એના બાગમાં ચંદ્રમલ્લિકાનાં ફૂલો પાસે જાય છે. ત્યાં એનું ધ્યાન જાય છે કે ઘાસમાં વિમલ સૂતી છે. પતિને આવેલો જોઈ જલદી ઊઠી એ ઘર તરફ જવા લાગી. એ જરા જેટલા સમયમાં જ વિમલાના અસહ્ય દુ:ખને નિખિલ અચાનક સમજી શક્યો. એણે તરત કહ્યું :

“તને જો આમ બળજબરીથી બાંધી રાખું તો તો મારું આખું જીવન એક લોઢાના પાંજરા જેવું બની જશે. તેમાં મને શો આનંદ? હું તને છૂટી કરું છું. હું તારું બીજું કશું ન બની શકું તોયે મારે તારા હાથની હાથકડી તો નથી જ બનવું.”

આટલું કહી નિખિલ ઘર તરફ ચાલી જાય છે, મનમાં વિચારે છે કે મિથ્યાને સત્ય તરીકે પકડી રાખવાનો પ્રયત્ન કરવો એ પોતાનું જ ગળું દબાવી દેવા બરાબર છે. મુક્તિ માણસની સૌથી મોટી વસ્તુ છે.

અચાનક સ્વામીએ આમ કહી દેતાં વિમલા સ્તબ્ધ થઈ જાય છે. સૂવાના ઓરડામાં જાય છે. સંદીપને રૂપિયા આપવાના છે, પણ રૂપિયા ક્યાં? સૂવાના ઓરડાની જોડેની ઓરડીમાં જ તિજોરી છે. વર્ષોવર્ષ જમા થતા બે જેઠાણીઓના પૈસા આ વર્ષે હજી તિજોરીમાં પડ્યા છે, બૅન્કમાં ગયા નથી. એ રૂપિયા દેશના જ તો છે! રાત્રે નિખિલનાં કપડાંમાંથી વિમલા ચાવી ચોરી લે છે અને તિજોરીમાંથી સોનાની મહોરો કાઢી લે છે. મન તો ખૂબ ડંખતું હતું. કળણમાં પગ મૂક્યો છે, હવે બહાર નીકળવાનો કોઈ ઉપાય નથી. પૃથ્વીના ભાર જેવી ગીનીઓ આખી રાત છાતીએ બાંધી રાખી છે. સંદીપ દીવાનખાનામાં આવતાં એ જલદી ત્યાં જાય છે તો ત્યાં અમૂલ્ય પણ છે. શરમ અને લજ્જાની મારી અધમૂઈ થઈ વિમલા ટેબલ પર ગીનીઓનો ઢગલો કરે છે. સંદીપનું મોં ઝળહળી ઊઠે છે. તે દોડતો જેવો વિમલા પાસે આવે છે કે વિમલા તેને જોરથી ધક્કો મારે છે ને એ ગબડી પડે છે. ધ્રુસકે રડતી વિમલા

જુએ છે તો સંદીપ નિરાંતે ગીનીઓ ગણતો હોય છે.

વિમલા સમજે છે કે તે હંમેશાં સંદીપથી ભોળવાતી આવી છે, તોય પાછી ભોળવાય તો છે જ. સંદીપ કહે છે: "હું તો તમને પ્રણામ કરવા દોડ્યો આવતો હતો, તમે ધક્કો માર્યો એ ધક્કો તો વરદાન આપ્યું તમે."

પણ વિમલા ગુનાહિત લાગણીથી પતિને મોં પણ બતાવી શકતી નથી. એવામાં નિખિલેશને જાસાચિઠ્ઠી મળે છે કે તમારી તિજોરી લૂંટાશે. હવે બંને જેઠાણીઓ ઉતાવળ કરે છે કે તિજોરીના પૈસા ઝટ બૅન્કમાં પહોંચાડો. વિમલા અમૂલ્યને ઘરેણાં વેચવા આપે છે. ફરી પૈસા પાછા મૂકી દેવા તેને છ હજાર રૂપિયાની સખત જરૂર છે. સંદીપ જોઈ જાય છે અને પૂછે છે કે અમૂલ્ય પાસે શેની પેટી હતી?

વિમલા કશું કહેતી નથી તેથી સંદીપ ખૂબ ચિડાય છે. પણ ફરી સંદીપ વિમલા પર ત્રાટક કરે છે અને વિમલા ઢીલી પડી જાય છે. સંદીપ વિમલા તરફ ધસવા જાય છે ત્યારે જ અચાનક નિખિલ ઓરડામાં પ્રવેશ કરે છે અને સંદીપને ચેતવે છે: "તારા ઉપર હુમલો થવાનો સંભવ છે, તું આ મારો ઇલાકો છોડીને ચાલ્યો જા. આમ પણ તું અને તારી ટોળકી મારી પ્રજાને ખૂબ કનડી રહ્યાં છો. પાંચેક દિવસ પછી હું કલકત્તા જઈશ. તું સાથે આવજે અને ત્યાં રહેજે."

ત્યાં સમાચાર આવે છે કે નિખિલેશની ચકુપાની કચેરીમાં લૂંટ થઈ ગઈ. અડધી રાત્રે લૂંટારાઓની ટોળીએ પિસ્તોલ સાથે તિજોરી લૂંટી. લૂંટારુઓ છ જ હજાર રૂપિયા લઈ ગયા, બાકીની નોટો ઓરડામાં વેરી નાખી. આ સમાચારથી જેઠાણીઓ ગભરાઈને નિખિલેશને કહેવા લાગી કે ઘરની તિજોરીમાં પડેલા રૂપિયા ઝટ બૅન્કમાં મૂકી આવો, તમારા દુશ્મનો તો ઘરમાંય ધાડ પાડશે. નિખિલેશ અને વહુરાણીઓ તિજોરીવાળા ઓરડા પાસે જાય છે. ઓરડો બંધ છે. અંદરથી વિમલાનો અવાજ આવે છે કે તે કપડાં બદલી રહી છે.

પોલીસ ઇન્સ્પેક્ટર આવીને ખબર આપે છે કે તમારી જ કચેરીના

દરવાન કાસમ પર શક જાય છે, તેને થાણામાં પૂર્યો છે. નિખિલ તરત થાણે જાય છે. કાસમ પગ પકડી રોઈ પડે છે. કહે છે કે, મેં આ ચોરીનું કામ કર્યું નથી.

રાત્રે નિખિલ પોતાના ઓરડામાં પાછો ફરે છે. થોડા દિવસથી વિમલા બાજુના ઓરડામાં સૂએ છે. મેઘલી રાતના પવનના ઝપાટાની જેમ આંસુથી ભરેલો નિશ્વાસ નિખિલને સંભળાતો રહ્યો. બહાર વરંડામાં જઈને જુએ છે તો વિમલા રડી રહી છે. નિખિલ ચૂપચાપ એને માથે હાથ ફેરવવા લાગે છે. અચાનક વિમલા તેના બંને પગ પકડી છાતીસરસા ચાંપી દે છે.

વિમલા આકળવિકળ બની અમૂલ્યની પ્રતીક્ષા કરે છે. તેને ઘરેણાં વેચવા મોકલ્યો છે, પકડાઈ તો નહીં જાય ને? અચાનક દીવાનખાનામાં સંદીપ પ્રવેશે છે. ઘૃણાથી વિમલાનું મન ભરાઈ જાય છે. સંદીપ ઘરેણાંની પેટી ત્યાં મૂકે છે. વિમલા ચમકી ઊઠે છે: તો શું અમૂલ્ય ઘરેણાં વેચવા કલકત્તા ન ગયો?

ત્યાં અમૂલ્ય પ્રવેશે છે. એક જ દિવસમાં એ બિચારાનું તારુણ્યનું લાવણ્ય ચહેરા પરથી ઊડી ગયું હતું. સંદીપને જોતાંવેંત તેની તરફ ધસી જઈને એ કહે છે કે, “મારી ટ્રંકમાંથી તમે દીદીની ઘરેણાંની પેટી શું કામ લાવ્યા? મારે જ હાથે એમને પાછી આપવી હતી. આપી દો હવે.”

સંદીપ રોષમાં પેટી મૂકી જતો રહે છે. પછી અમૂલ્ય ચાદરમાંથી એક પોટલી કાઢી વિમલા સામે ધરે છે: “ગીની તો ન મળી, પણ છ હજાર રૂપિયા લાવ્યો છું. તમે કહેશો ખોટે રસ્તે લાવ્યો છું. ભલે તેમ.”

વિમલા તેને ખૂબ સમજાવે છે: “તેં જ્યાંથી લીધા ત્યાં પાછા મૂકી આવ, ભાઈ.”

પછી અમૂલ્ય વિમલાને બધી વાત કહે છે: “દીદી, તમારી પાસેથી લીધેલી ગીનીઓ સંદીપબાબુએ ક્યાંય વાપરી જ નથી. મેં બહુ કહ્યું કે ગીનીઓ દીદીને પાછી આપી દો. પણ સંદીપ જેનું નામ! ગીનીઓ પાછી ન આપી. તમે ઘરેણાં વેચવા આપ્યાં ત્યારે સાંજના ફરી હું

તેની પાસે ગયો. તેની ટ્રંક ને બધું ફેંદી વળ્યો, પણ ગીનીઓ મળી જ નહીં! પછી આ છ હજારની નોટ બતાવી ગીની મેળવવાનો પ્રયત્ન કર્યો, તો એ મારી ટ્રંક તોડી, ઘરેણાંની પેટી તમારી પાસે લઈ આવ્યો. હવે એના મંત્રની વાણીની અસર ઊડી ગઈ છે, દીદી.”

વિમલા અમૂલ્યને વીનવે છે કે, મારા પાપના પ્રાયશ્ચિત્ત માટે આ પૈસા તું પાછા મૂકી આવ. છેલ્લા થોડા દિવસથી અમૂલ્ય સાથેના વિમલાના સંબંધથી સંદીપ ભડકી ઊઠ્યો હતો. એ વિમલાને જેમતેમ ખૂબ સંભળાવે છે. પણ આજે વિમલા જરાય વિચલિત થતી નથી. સંદીપનું સાચું સ્વરૂપ એ સમજી શકી છે. જાણે આજે તેના મોહના નાગપાશમાંથી એ મુક્ત થઈ છે.

એ વખતે નિખિલેશ ઓરડામાં પ્રવેશ કરે છે અને સંદીપને એના ઇલાકામાંથી ચાલ્યા જવાનું કહે છે. સંદીપને લાગે છે કે હવે ગયા વિના છૂટકો નથી. ત્યાં વિમલા ઘરેણાંની પેટી તેને આપી દે છે: “મારાં આ ઘરેણાં તમારી મારફતે મેં જે માતૃભૂમિને દાન કર્યાં હતાં તેને ચરણે પહોંચાડજો.” સંદીપ ચાલ્યો જાય છે.

વિમલા અમૂલ્ય માટે ચંતા કિર્યા કરે છે. એ કોના હાથમાં રૂપિયા પાછા આપવા ગયો હશે? ખરેખર તો આ અપરાધના મૂળમાં પોતે જ છે. પતિ પાસે એ સ્વીકારી લેવો છે. પણ ઘણા સમયથી જાણે સ્વામી સાથેનો સેતુ તૂટી ગયો છે. આવડી મોટી વાત શી રીતે કરવી?

પોલીસો ઘરે આવે છે. ચારે તરફ ધાંધલધમાલ છે. વિમલા વિચારે છે કે પોતાને પકડાઈ જવાને હવે ઝાઝી વાર નથી. મોડી રાત સુધી તે રસોડામાં ગોંધાઈ રહીને બધાં જ નોકરચાકરને પ્રેમથી જમાડે છે. હવે ક્યાં આવો અવસર મળશે?

મોડી રાત્રે એ પતિના ઓરડામાં જાય છે. પતિ થાકીને સૂતા છે. એના ચરણમાં વિમલા માથું ઢાળી દે છે. રાતભર એ પશ્ચિમના વરંડામાંથી આકાશને તાકતી બેસી રહે છે. હૃદય પ્રાર્થી રહ્યું છે: “હે મારા પ્રભુ! મને આટલી એક વાર માફ કરો. જે જે કંઈ તમે મારા જીવનના ધન

તરીકે મારા પાલવમાં આપ્યું તેને મેં જીવનમાં બોજ બનાવી મૂક્યું છે. મારા જીવનના ઉષ:કાલમાં તમે જે વાંસળી વગાડી હતી તે વાંસળી ફરી વગાડીને તમે મારા સંસારને નવેસરથી રચી આપો.”

નિખિલ હવે વિમલા અને વચેટ રાણીને લઈ કલકત્તા જવાની તૈયારી કરે છે. ત્યાં ઇન્સ્પેક્ટર અમૂલ્યને પકડીને લાવે છે, પોટલીમાંથી છ હજાર રૂપિયા કાઢે છે. નિખિલને કહે છે કે, ચકુપાની કચેરીમાં આ પૈસા આપવા અમૂલ્ય ગયો કે તમારી ચોરાયેલી મતા મળી ગઈ છે. ઇન્સ્પેક્ટર એને સતત પૂછી રહ્યો છે કે ચોરાયેલા છ હજાર ક્યાંથી મળ્યા? પણ તે બતાવતો જ નથી.

આખરે ઇન્સ્પેક્ટર જાય છે પછી નિખિલ પૂછે છે કે આ રૂપિયા કોણે લીધા હતા તે હવે મને કહે, કોઈને નુકસાન નહીં કરું.

અમૂલ્ય કહે છે કે ચોરી તો મેં પોતે જ કરી હતી. બીજા કોઈને ગુનેગાર ગણશો નહીં.

નિખિલને નવાઈ લાગે છે કે તો એ પૈસા પાછા કેમ આપવા ગયો? અમૂલ્ય સત્ય કહે છે કે નાનાં રાણીની આજ્ઞાથી પાછા મૂકવા ગયો હતો.

વચેટ રાણીના કહેવાથી તિજોરીમાં પડેલા રૂપિયા બૅન્કમાં મૂકવા સારુ નિખિલ અને વચેટ રાણી તિજોરી ખોલવા જાય છે. પણ ચાવી ક્યાંથી મળે? એ તો ચોરી કરવા વિમલાએ લઈ લીધી હતી. વિમલા ત્યાં આવીને કહે છે કે ચાવી તેની પાસે છે અને તિજોરીમાંથી રૂપિયા કાઢી લઈ તેણે ખરચી નાખ્યા છે.

નિખિલ સ્તબ્ધ બની જાય છે. આજ સુધીના તેના વિમલા સાથેના વ્યવહારને જુદી જ દૃષ્ટિથી એ તપાસે છે. તેને થાય છે કે વિમલાને નવી રીતે ઘડવાની તેની આકાંક્ષા ખોટી હતી. વિમલા સાથેના તેના વ્યવહારને એક સુંદર સંગીન સ્વરૂપમાં ઢાળવાની ઇચ્છા હતી તેમાં એક જાતની જબરદસ્તી હતી. આ છ હજાર રૂપિયા એને ચોરીને લેવા પડ્યા, પણ એ માગી ન શકી.

શું પતિપત્નીના સંબંધની ફરી શરૂઆત ન થઈ શકે?

વિમલા ઓરડા બહાર મૂંગી મૂંગી ઊભી હતી. તે પાછી જવા પગ માંડતી હતી. તેને નિખિલ ઝટ દઈ પકડી લે છે. પણ વિમલા ધ્રુસકે ધ્રુસકે રડતી તેના પગમાં પડે છે:

વિમલા કલકત્તા જવાની તૈયારી કરી રહી છે. ત્યાં ખબર મળે છે, સંદીપ દીવાનખાનામાં તેમની રાહ જુએ છે. નિખિલ વિમલાને લઈને બહાર આવે છે, કે તરત સંદીપ રૂમાલની પોટલી બહાર કાઢી ટેબલ પર મૂકે છે અને કહે છે:

“નિખિલ, ભૂલમાં ન પડતો. એમ ન માનતો કે એકાએક તમારા સંસર્ગમાં આવીને હું સાધુ બની ગયો છું. આ છ હજાર રૂપિયાની ગીનીઓ અને ઘરેણાંની પેટી.”

નિખિલ તેને રોકવા મથે છે પણ મુસલમાનો તેની પાછળ પડ્યા છે તેથી સંદીપ તરત નીકળી જાય છે. એવામાં માસ્ટરમશાય આવીને ખબર આપે છે કે મુસલમાનો વીફર્યા છે, સ્ત્રીઓ પર અત્યાચાર કરવા માંડ્યા છે.

નિખિલ તરત જવા તૈયાર થાય છે. વિમલા તેનો હાથ પકડી રોકવાની કોશિશ કરે છે, પણ “ચંતાનિહીં કર, વિમલ”, કહેતો નિખિલ કશા જ હથિયાર વિના ઘોડો દોડાવી જાય છે.

સાંજ ઢળે છે. અંધારું ઘેરાય છે. દૂર દૂરથી અવાજોનાં મોજાં ઊછળી ઊછળીને આવે છે. રસ્તા પર પડતી બારીને અઢેલીને વિમલા નિષ્પલક નેત્રે મીટ માંડી રહી છે. મોડી રાત્રે રસ્તા પર પુષ્કળ દીવા અને માણસો દેખાય છે. અંધારામાં મોટું ટોળું ભેગું થઈ ગયું છે.

થોડી વારે એક પાલખી અને તેની પાછળ ડોળી દરવાજામાં પ્રવેશે છે. અમૂલ્ય મૃત્યુ પામ્યો છે, અને નિખિલને માથા પર ખૂબ વાગ્યું છે.

કથા અહીં પૂરી થાય છે.

*

‘ઘરે-બાહિરે’ના શ્રી નગીનદાસ પારેખે કરેલા અનુવાદની

પ્રસ્તાવનામાં કાકાસાહેબ કાલેલકર લખે છે કે, “ ‘ઘરે-બાહિરે’ નવલકથા પર હું પ્રથમથી જ આફરીન છું. જ્યારે મેં એ પ્રથમ વાંચી, ત્યારે મારો દેશભક્તિનો આદર્શ બંગભંગ પછી દેશમાં જે રાષ્ટ્રીયતા જાગી તેને અનુસરીને જ ઘડાયેલો હતો. એ નવલકથા આ રાષ્ટ્રીયતાના દોષો બતાવવા માટે લખાયેલી છે. રવીન્દ્રે ‘ઘરે-બાહિરે’ લખીને હિંદુસ્તાનની, આપણા સમાજની અને આપણી રાષ્ટ્રીયતાની અસાધારણ અને ઉચ્ચ કોટિની સેવા કરી છે. આજે નિ:શંકપણે આપણે કહી શકીએ કે ‘ઘરે-બાહિરે’ દેશ બહારથી ઘેર આવીને દુનિયાની સેવા કરનાર મહાત્મા ગાંધીને અનુકૂળ વાતાવરણ કરી આપનાર મોટી સેવારૂપ છે.”

[‘ઘરે-બાહિરે’ પુસ્તિકા: ૧૯૯૬]

# વર્ષા પટેલ

## સુખ સતાવે છે!

હમણાં મારે ઇઝરાયલમાં મહિનોએક રહેવાનું થયું. ત્યાં એક કિબુત્ઝમાં અમે રહેતાં હતાં. કિબુત્ઝ એટલે સહકારી ગામ. ત્યાં ગામના બધા લોકો એક રસોડે જમે. ગામ આખાની આવક સહિયારી, તો ખર્ચ પણ સહિયારું. દરેકને પોતાની મહેનતના પ્રમાણમાં દામ મળે, એવી અસમાનતા પણ નહીં. કારણ કે મહેનત કરવાની શક્તિ બધાંમાં એકસરખી નથી હોતી. દરેક વ્યક્તિની જરૂરિયાત અને ગામની શક્તિ, એ બેયનો મેળ બેસાડીને ત્યાં સૌને સગવડો આપવામાં આવે છે.

ગામમાં સારાહ નામની મારે એક બહેનપણી. એના પતિનું નામ ઈઝી. એ ભાઈ કૉલેજના છેલ્લા વરસમાં અભ્યાસ કરે. ગામથી ૪૦ કિલોમીટર દૂર તેલ-અવીવ શહેરમાં રોજ ભણવા જાય.

એક દિવસ મેં સારાહને સહેજે પૂછ્યું, “ઈઝીને ભણવાનું ખર્ચ તો ગામ તરફથી મળતું હશે ને?”

સારાહ કહે, “ના, મારા સસરા અમેરિકા છે; ઈઝીના અભ્યાસ માટે એ ત્યાંથી પૈસા મોકલે છે.”

મને જરા નવાઈ લાગી: “કિબુત્ઝમાં તો માણસનો બધો ખર્ચ ગામ જ ભોગવતું હોય છેને?”

સારાહે સમજાવ્યું કે, “ગામમાંથી આઠેક જણ ભણવા જાય છે. હાઈસ્કૂલ સુધીના અભ્યાસ માટેની બધી સગવડ સૌને ગામ તરફથી મળે છે. ઉચ્ચ શિક્ષણ માટેનો ખર્ચ પણ ગામ ભોગવે. પરંતુ એવા શિક્ષણ માટેનો ખર્ચ ગામ જેટલાં વરસ ભોગવે, તેનાથી ત્રાણ ગણાં વરસ એ વિદ્યાર્થીએ ગામના સભ્ય તરીકે રહેવું પડે, એટલી શરત હોય છે. જો એવું ન હોય તો પછી લોકો ગામને ખરચે ઉચ્ચ શિક્ષણ લે અને પછી ગામ છોડીને પોતાને જ્યાં વધુ લાભ મળે ત્યાં જતા રહે, એવું બને.”

મેં કહ્યું, "તો ઈઝીનો અભ્યાસ પૂરો થાય પછી આ ગામ છોડીને બીજે જવાનો તમારો વિચાર હશે, એટલે તમે શિક્ષણ-સહાય નથી લેતાં."

સારાહ કહે, "હજી એ નક્કી નથી; કદાચ ગામ છોડીએ પણ ખરાં."

"બહાર વધુ આવક મળતી હોય તો આવો વિચાર આવે તે સ્વાભાવિક છે," હું બોલી.

સારાહે ખુલાસો કરતાં કહ્યું, "અહીં કિબુત્ઝમાં અમને કોઈ કમીના નથી. ખાવાપીવાના ભર્યા ભંડાર છે. હાથખરચીની સારી એવી રકમ મળે છે. વળી અમને જ બહુ પૈસા કમાવાની હોંશ નથી. નહીંતર મારા સસરા અમેરિકામાં પોતાના ઉદ્યોગમાં જોડાવા બોલાવ્યા જ કરે છે, ત્યાં જ ન જઈએ?"

"તો પછી અહીં દિલ નહીં ચોંટતું હોય, એટલે ગામ છોડવાનો વિચાર આવતો હશે?"

સારાહ કહે, "એક રીતે એમ કહી શકાય ખરું. બાકી, મારો તો જન્મ જ આ ગામમાં થયેલો. મારાં માબાપ અને ભાઈઓ પણ ગામમાં જ છે. ઈઝીને ચાહનારા અનેક મિત્રો છે. અહીંનું વાતાવરણ મને ખૂબ ગમે છે. એ રીતે જુઓ તો અમે અહીં બધી વાતે સુખી છીએ. પણ, બહેન, ઈઝીને સુખ સતાવે છે! અહીંનું સુખ તે સહી શકતો નથી."

"સુખ સહી ન શકાય, એવું તે હોતું હશે?"

મારા એ પ્રશ્નના જવાબમાં સારાહ બોલી, "અમારું આ સુખ આખા રાષ્ટ્રનું સુખ બની રહે, એવું ઈઝીને લાગતું નથી. આમ તો ઇઝરાયલમાં સહકારી ગામ વસાવવાનું ૭૦ વરસથી ચાલે છે. એવાં મોટા ભાગનાં ગામ ભૂમધ્ય સમુદ્રને કિનારે ખડાં થયાં છે. એમાં યહૂદીઓ જ રહે છે. એમના પુરુષાર્થને લીધે આ બધાં કિબુત્ઝ નંદનવન શાં બન્યા છે. પણ આરબો ઇઝરાયલના રણપ્રદેશમાં વસેલા છે. એમનાં સહકારી ગામડાં નથી. ત્યાં રણવિસ્તારમાં પાણી, વીજળી, રસ્તાની સગવડ નથી. ત્યાં છે ફક્ત આરબો. અને અહીં કિબુત્ઝમાં છે એકલા યહૂદીઓ. ઇઝરાયલ જાણે કે બે ટુકડામાં વહેંચાઈ ગયું છે. જ્યાં મુખ્યત્વે આરબોની જ

વસતી છે એવા વિસ્તારના લોકોમાં પોતાનું સ્વતંત્રા રાજ્ય સ્થાપવાની ભાવના ફેલાતી જાય છે. એને રોકવી હોય, ઇઝરાયલની એકતા-અખંડિતતા ટકાવી રાખવી હોય, તો ઈઝી કહે છે કે યહૂદીઓએ જઈને આરબોના વિસ્તારમાં વસવાટ કરવો જોઈએ. એમની સાથે મળીને ત્યાં પણ સુખસગવડ માટે પુરુષાર્થ કરવો જોઈએ. દેશની એકતા માટે અમારા જેવા કેટલાકે સ્વેચ્છાએ પોતાનાં સુખ છોડવાં પડશે. માટે ઈઝી અને તેના થોડા મિત્રો રણવિસ્તારમાં જઈ નવું કિબુત્ઝ રચવાનું વિચારે છે.”

# વલ્લભભાઈ પટેલ

## બરફમાં રહેલો જ્વાળામુખી

હિંદુસ્તાનનું દુ:ખ આગેવાનના અભાવનું નથી, આગેવાનો અનેક થઈ પડ્યાનું છે, સિપાઈગીરીના અભાવનું છે.

*

લોઢું ગરમ જોઈએ, પણ હથોડાએ તો ઠંડા જ રહેવું જોઈએ. હથોડો ગરમ થઈ જાય તો પોતાનો જ હાથો બાળે.

*

હું નાતજાતને ભૂલી ગયેલો માણસ છું. આખું હિંદુસ્તાન મારું ગામ છે, અઢારે વરણ મારાં ભાઈભાંડુ છે.

*

બાળપણમાં આપણું ગંદું આપણી મા સાફ કરતી. એ જ રીતે હરિજનો આપણી માતાનું કામ કરે છે.

*

તમને શરમ નથી કે તમારી સ્ત્રીઓને પરદામાં રાખીને તમે પોતે જ અર્ધાંગવાયુથી પીડાઓ છો? એ સ્ત્રીઓ કોણ છે? તમારી મા, બહેન, પત્ની. તમે એને ગુલામ પશુડી જેવી રાખી છે, એટલે એની ઓલાદ તમે પણ ગુલામ પશુ જેવાં રહ્યાં છો.

*

લાયક ઉંમરનાં છોકરા-છોકરીઓ પોતાની ઇચ્છામાં આવે ત્યાં લગ્ન કરે ત્યાં મા-બાપ આડે આવે તે અત્યાચાર ગણાય.

*

લાંબો વખત આરામ લઈને એકલું શરીર સાચવ સાચવ કર્યા કરવું, તેના કરતાં કામ કરતાં કરતાં થોડાં વરસ વહેલાં મરી જવાય તોય શું ખોટું?

*

નબળાનું રક્ષણ કરવું, એ રાજ્યનો ધર્મ છે. સબળા તો પોતાનું

રક્ષણ કરી શકે છે, પણ જો નબળાનું રક્ષણ રાજ્ય ન કરે તો બીજું કોણ કરે?

*

વિરુદ્ધ વિચારનો પક્ષ જેમ નાનો હોય, તેમ તે પક્ષને વધારે વિનયથી સાંભળવાની જરૂર છે.

*

ઘણા માને છે કે મેં જે કર્યું તે મહાત્માજીથી ન થાત. પણ મારામાં મહાત્માજીનો એક હજારમો અંશ પણ હોત, તો મેં જે કંઈ કર્યું છે તેનાથી દશ ગણું કરી દેખાડત.

*

આપણે જે બોલીએ, તેમાં બળ હોવું જોઈએ. ખાલી નિંદા કરવાથી કાંઈ વળે નહીં. કેવળ નિંદાથી હાર્યો હોય એવા દુશ્મનનો એક્કે દાખલો જગતમાં નથી. નિંદાથી તો સામાવાળો નફ્ફટ થાય.

*

જે ખેડૂત મુશળધાર વરસાદમાં કામ કરે, ટાઢ-તડકા વેઠે, મારકણા બળદ સાથે કામ લે, તેને ડર કોનો?

['સરદારવાણી' પુસ્તકમાંથી સંકલનઃ મહેશ દવે]

# વસંત વ્યાસ

## અગડ છે!

“હાલો, ઊઠો વારુ કરવા!” અમારી વાતો પૂરી થઈ એટલે લાખાભાઈ બોલ્યા.

“હા ભાઈ, પેટને ભાડું તો દેવું જોવે ને? બીજા બધા વિના હાલશે, પણ કાંઈ એના વિના થોડું હાલશે?” આમ મનજીભાઈ બોલતા હતા ત્યારે, એમનાં ફાટેલાં કપડાં અને વધેલી દાઢી પરથી લાગતું હતું કે ઘણી વસ્તુઓ વિના ચલાવી લેવા તે ટેવાયેલા હશે. બધા ઊઠ્યા. હું લાખાભાઈની જોડે એમને ઘેર ગયો.

પતરાના ઢાંકણાવાળી કાચની શીશીનો નાનકડો દીવો બારસાખ પાસે એવી રીતે મૂકેલો હતો કે તેનો ઝાંખો પ્રકાશ અડધો ઓસરીમાં અને અડધો ઘોલકા જેવા નાનકડા ઘરમાં પડતો હતો.

અમે જમવા બેઠા. ખરબચડા લાકડાના બાજઠ ઉપર જુવારના બે રોટલા ને તાંસળીમાં કંઈક ખીચડી જેવું આવ્યું.

“હમણાં બહુ કામમાં રઈ છઈ એટલે શે’રમાં નથી જવાણું, ને ઘરમાં તેલ થઈ ર્યું છે તી આજ ખીચડીમાં અબગાર નથી,” સંકોચભર્યા અવાજે લાખાભાઈ ધીરેથી બોલ્યા.

“એમાં કાંઈ વાંધો નહિ. એ તો ચાલે....”

“તો હલાવો તયેં, લ્યો!” એમનો વિનંતીના રૂપમાં આદેશ મળ્યો ને અમારું ભોજન શરૂ થયું.

ઝાંખા પ્રકાશમાં ખીચડી જેવી જણાતી વસ્તુનો સ્વાદ કંઈક જુદો લાગ્યો, એટલે મેં પૂછ્યું, “લાખાભાઈ, આ શું છે?”

“ખીચડી છે, ભાઈ.... પણ તમારા જેવી નહિ, જરા જુદી જાતની—અમે ચોખા નથી નાખતા....”

"કેમ નથી નાખતા?"

"અમારે અગડ છે..." કહીને હસવા માંડયા.

"અગડ શા માટે? કાંઈ માનતા રાખી છે?"

"માનતા-બાનતા તો શું હોય, મારા ભઈ? પણ ચોખા મળે તો ખાઈંને? બાર મૈનાનાં જારબાજરો પૂરાં નથી થાતાં, ન્યાં ચોખાની ક્યાં વાત? આ તો વળી મઠ થાય છે એટલી ઉપરવાળાની દયા છે, એનું ધાન કરીને ખાઈં છઈં."

"એ ધાન કેવી રીતે બનાવો?"

"આ મઠ હાંડલામાં બફાઈ જાય એટલે બે-ત્રાણ મૂઠી બાજરાનો લોટ એમાં નાખી દઈં—તે થઈ જાય ખીચડી જેવું!"

બીજે ઘેર અડધું વાળુ કરીએ ત્યાં દૂધ પીરસાતું, તેમ કદાચ અહીં આવે એવી કાચી-પાકી ધારણા મનમાં ચાલતી હતી; ત્યાં તો વગરપૂછ્યે લાખાભાઈએ જાતે જ ખુલાસો કર્યો: "ભાઈ, ચોખા તો એક કોર ર્યા—પણ ગામમાં દુઝાણાંય નથી, તે આ રેખરળતા ઉનાળામાં છોકરાંવ છાશેય નથી ભાળતાં."

"કેમ, ગામમાં ગાય-ભેંશ નથી?"

"છે બે'ક જણાને બકરી જેવી ગાયું—એનુંય નો વળતું હોય, ન્યાં આપણને તી ક્યાંથી દ્યે?"

રોટલા ને 'ખીચડી'ને ન્યાય આપી, એમના કુટુંબની ને ગામની વાતો કરતાં ઠીક ઠીક વખત સુધી બેઠા. પછી, ઘરમાં બીજો ખાટલો નહોતો છતાંયે, એમના અતિ આગ્રહને વશ થઈને મેં ફળિયામાં ખાટલા પર લંબાવ્યું. ઉપર આકાશમાં તારામંડળ ઝગમગી રહ્યું હતું. પણ આજે એમની સાથે હું ગોઠડી ન કરી શક્યો. મારી આંખ સામે આ વિસ્તારના બે દિવસના મારા પ્રવાસનાં દૃશ્યો તરવરવા લાગ્યાં....

ગઈ કાલે સવારે પેલા ગામમાં મણિબહેન સાથે વાતચીત થતાં જાણ્યું કે કંઈ કામ ન મળવાથી એમના પતિ અને મોટો દીકરો થોડે દૂરના કસબામાં હાથગાડી ચલાવીને મજૂરી કરે છે, ને એમાંથી પોતાનો

ખર્ચ કાઢતાં કંઈ વધે તો થોડુંઘણું ઘેર મોકલે છે. મણિબહેન અહીં દાડિયું રળવા જાય છે ને છોકરાંવને ખવડાવે છે. કહેતાં હતાં કે લૂગડાં લેવા માટે પૈસાનો વેંત ક્યાંય ન થયો, તે ગયા શિયાળામાં ટાઢ વેઠીને છોકરાં માંદાં પડેલાં....

આજે સવારના ગામે એક બહેનને ત્યાં બાળકો હાથમાં જુવારના રોટલાનાં જાડાં બટકાં લઈને હરતાં ફરતાં ખાતાં હતાં. મેં પૂછ્યું કે, રોજ આમ લૂખા રોટલા જ ખાય છે? ત્યારે બહેન કહેવા લાગ્યાં: “તમારે પ્રતાપે લગભગ તો હજી લગણ લૂખું નથી ખાતાં. કાં રોટલા ભેગું અડદ-મગનું શાક હોય, ને કાં લહણની ચટણી હોય.”

મેં મનોમન કહેલું: “હા બેન, હા—અમારા જેવાને પ્રતાપે ....”

ને અત્યારે આ લાખાભાઈનું ઘર: ચોખાની અગડ, તેલની અગડ, કપડાંની અગડ, દૂધ-ઘીની અગડ, શાકભાજીની અગડ... વળી એવાય વિસ્તારો હશે, જ્યાં કોઈ કોઈ વાર લોકોને અનાજનીયે અગડ રાખવી પડતી હશે!

સ્વતંત્રા ભારતના કરોડો નાગરિકો કઈ સિદ્ધિ માટે આવી અનેક અગડ રાખી રહ્યા છે? દેશના, દુનિયાના, આવા સહુની અગડ કોણ છોડાવશે? ક્યારે છોડાવશે?

# વાજસૂર વાળા

## કુશળ વાર્તાકારો

લાઠી જાઉં ત્યારે જલાભાઈ મારી સાથે આવતા. એ એક કુશળ વાર્તાકાર હતા. શબ્દચિત્ર દોરવાની એમની શકિત આકર્ષક હતી. કાઠિયાવાડના ઇતિહાસના કોઈ કાળની એ વાત ઉપાડે, ત્યારે એ સમયનું વાતાવરણ ખડું કરવામાં એ બહુ સફળ નીવડતા. ગામડાનું વર્ણન આવે તો ગામની રચના, દરેક કોમનાં સ્ત્રી-પુરુષોના પોશાક અને અલંકારોનું નખશિખ વર્ણન, દરેક કોમના રિવાજો, એમની રહેણીકહેણી અને દરેકની નોખી બોલી એ વર્ણવી જાણતા. સોરઠી ઇતિહાસના કોઈ ચોક્કસ યુગમાં તમે જીવતા હો એવું વાતાવરણ એ ખડું કરી શકે.

કોઈ વાર સામંતભાઈ ગઢવી હોય. એમના ભત્રીજા ગગુભાઈ પણ એક કુશળ વાર્તાકાર હતા અને ઝવેરચંદભાઈએ ‘રસધાર’ના બે ભાગ લખ્યા પછી ગગુભાઈના સંસર્ગમાં તેઓ આવ્યા અને ‘રસધાર’ના ત્રીજા ભાગથી ઝવેરચંદભાઈની શૈલીમાં પરિવર્તન થયું.

પણ સામંતભાઈ ગઢવી જેવો વાર્તાકાર મેં બીજો હજી જોયો નથી. અલબત્ત, પિંગળશીભાઈ એમની યુવાવસ્થામાં સોરઠના અજોડ કથાકાર હતા એમ કહેવાય છે. અને એ તો એ સિવાય પણ બીજું ઘણું હતા. કવિ ન્હાનાલાલે એમને સોરઠના last minstrelના બિરુદથી નવાજ્યા છે, એમાં કશી અતિશયોકિત નથી. પણ સામંતજી ગઢવીનું વ્યકિતત્વ એમની કથાકારની શકિતને અનુકૂળ હતું. ઠાકોરસાહેબે (કલાપીએ) એમને બહુ સાંભળ્યા હતા. ‘હમીરજી ગોહિલ’માં જે ગઢવીનું ચિત્ર દોરાયું છે એ સામંતભાઈનું જ ચિત્ર છે. એટલી પ્રબળ છાપ એમણે ઠાકોરસાહેબ પર પાડેલી. એક બીજી ખાસિયત, જે બીજા ઘણા વાર્તાકારોથી એમને જુદા તારવી શકે છે એ, એમનો ઉચ્ચ પ્રકારનો રસ હતી. અમુક સપાટીથી એ કદી નીચે ઊતરતા નહીં. જેને low taste કહી શકાય

એવું એક વાક્ય પણ કદી એમનાં વર્ણનોમાં આવી શકે નહીં. બીજા ઘણા વાર્તાકારોમાં આ ખામી મને લાગી છે.

બીજી એક ખાસિયત એમનામાં એ હતી કે એ પોતાના પેદા કરેલા પ્રવાહમાં ખેંચાતા નહીં. સાંભળનારાઓનાં દિલમાં આવેગનાં ઘોડાપૂર તેઓ પેદા કરી શકે, પણ પોતે તો કાંઠે જ ઊભા હોય. એ પૂર એમને ખેંચી શકે નહીં. પાઘડી નીચે મૂકે, ગરદન પરથી માળા ઉતારી હાથમાં લે અને બે હથેળી વચ્ચે મસળતાં વાર્તા ચલાવે.

[‘કલાપીઃ સ્મરણમૂર્તિ’ પુસ્તકઃ ૧૯૯૮]

# વાડીલાલ ડગલી

## મુફલિસ

*તમે જ્યારે*
*સળેખડા જેવા શરીર પર*
*પહોળું પાટલૂન,*
*સાંકડો કોટ,*
*ઊંધા પગમાં મોટા જૂના જોડા,*
*જરીપુરાણી નાની હેટ લગાવી*
*નેતરની સોટી ફેરવતા ફેરવતા*
*લઘરવઘર ચાલતા,*
*ત્યારે અમે હસતા*
*અને ઢીલી પડેલી*
*કરોડરજ્જુ*
*જરા ટટ્ટાર કરતા.*

*આ નાનો મુફલિસ*
*છ છ છોકરાંને યાદ કરીને*
*નોકરીમાંથી દૂર ન કરવા*
*શેઠને કાલાવાલા કરતો હોય,*
*યંત્રની ગતિના ચાબુકથી*
*તનના અડિયલ ઘોડાને*
*દોડાવતો હોય,*
*કે સરમુખત્યાની સત્તાના*
*ફુગ્ગામાં ટાંકણી ખોસી*
*એક બાજુ ખસી જતો હોય*
*ત્યારે*

*દબાયેલા માણસના*
*મડદા જેવા મનમાં*
*સળવળાટ શરૂ થતો.*

*આ નાનો મુફલિસ*
*બીતાં બીતાં પણ*
*તરેહ તરેહની સત્તા સામે*
*બાંયો ચડાવે છે*
*અને ધૂળ ભેગો થાય છે—*
*પણ પલકારામાં*
*ધૂળ ખંખેરી*
*એ ફરી ચાલવા માંડે છે*
*એવા સપના સાથે*
*કે બીજી કુસ્તીમાં*
*તે બળિયાને ચત્તોપાટ કરશે.*

*હે વિરાટ વિદૂષક!*
*અમે જેને હસી કાઢ્યું*
*તે હાસ્યને*
*તમે ગૌરવ દીધું.*
*તમારા હાવભાવના મૂંગા સ્પર્શે*
*હાસ્ય*
*વાણીની દીવાલો ટપી*
*રાંકનું સાંત્વન બન્યું.*

['સાહિત્ય' ત્રિમાસિક: ૧૯૭૮]

# વાસુદેવ મહેતા

## જૂજવાં રૂપ

યજ્ઞો અને પારાયણોમાં પૈસાનો ધુમાડો થાય છે, તેમ રાજકીય પક્ષોના જલસાઓમાં પણ કાળા બજારના ધનનો ધુમાડો થાય છે. દિલ્હી, મુંબઈ વગેરે મહાનગરોમાં પરિષદ, સંમેલન, સેમિનાર વગેરે નામો હેઠળ એક જાતના 'યજ્ઞો' જ ચાલ્યા કરતા હોય છે. મુંબઈમાં ડૉક્ટરોનો એક આંતરરાષ્ટ્રીય મેળો ભરાયો હતો, તેમાં બૉમ્બે હૉસ્પિટલ મેડિકલ ટ્રસ્ટના આઠ લાખ રૂપિયા હળવા થયા. એક હજાર આમંત્રાતો ભેગા થયા, ખાધું-પીધું ને મજા કરી. એમાં જે નિબંધો રજૂ થયા તેમાંથી કેટલાક "અમેરિકન પાઠ્યપુસ્તકોમાંથી ઉઠાવાયેલા હતા," એમ ડૉ. રાઝેલીન યેલો નામના અમેરિકન મહેમાને કહ્યું. આમ, આપણો ભણેલો વર્ગ યજ્ઞોની અંધશ્રદ્ધામાંથી છૂટીને બીજાં ધતિંગો ને અંધશ્રદ્ધાઓમાં સપડાયો છે.

"મને ચૂંટણીની ટિકિટ કે હોદ્દો મળશે," એવી લાલચથી ખેંચાઈને અમુક લોકો રાજકીય પક્ષોનાં અધિવેશનોમાં જતા હોય, અને બીજા પ્રકારના લોકો પોતાનું કલ્યાણ થશે એવી લાલચથી યજ્ઞોમાં જતા હોય, તો એ બન્ને શ્રદ્ધા કે અંધશ્રદ્ધા એકસરખી જ ગણાય. પહેલી લીલા બુદ્ધિવાદી ગણાતા લોકોની હોવાથી તે ફૅશનેબલ ગણાય, અને બીજી લીલા સામાન્ય વર્ગની હોવાથી તે અંધશ્રદ્ધા અને પાખંડ ગણાય!

ગામડાંના લોકો કે શહેરની ચાલીઓ ને ઝૂંપડપટ્ટીમાં વસનારાઓના જીવનમાં સ્વચ્છ મનોરંજન આપે એવું બીજું કશું નથી. એમના બંધ જીવનમાં માત્રા ધાર્મિક પ્રવૃત્તિ જ સુલભ છે, એટલે તેઓ એમાં આનંદ માણે છે. મનોરંજન કહો, ધર્મ કહો, ધતિંગ કહો એ બધાં માટે આ એક જ સાધન છે. યજ્ઞ, અંધભક્તિ વગેરેમાં રહેલા લોકહૃદયને ખેંચનારાં તત્ત્વોના નરવા વિકલ્પો આપણે પૂરા પાડી શક્યા નથી. આપણે જે નથી કરી શકતા તે જો મહારાજો કે કથાકારો વગેરે કરી શકતા હોય,

તો દોષ આપણામાં છે.

# વિક્ટર હ્યુગો

## —ત્યાં સુધી

આ ચોતરફના સંસ્કૃતિના બાહ્ય ભપકા છતાં વિશ્વમાં જ્યાં સુધી કાયદા કે રૂઢિના કારણે મનુષ્ય મનુષ્ય વચ્ચે તિરસ્કાર ફેલાય છે અને દુ:ખથી ખદબદતાં નરક જ્યાંત્યાં સરજાય છે, જ્યાં સુધી ગરીબાઈથી અધ:પતિત થતો માનવી, ક્ષુધાના કારણે દેહ વેચતી નારી અને આત્મિક તથા દૈહિક કેળવણીના અભાવને કારણે ક્ષુદ્ર બની જતું બાળક—એ ત્રણ પ્રશ્નો ઊકલ્યા નથી, વિશ્વમાં જ્યાં સુધી દીનતા અને અજ્ઞાનની આ ગૂંગળાવનારી પરિસ્થિતિ પ્રવર્તે છે, ત્યાં સુધી આવા પ્રકારના પુસ્તકની ઉપયોગિતા કદી ઓછી થવાની નથી.

['લે મિઝરાબ્લ' નવલકથાની પ્રસ્તાવના: ૧૮૬૨]

# વિજય રાજ્યગુરુ

## ઊભો છે

*ગત સમયમાં પગ ઝબોળી દુર્ગ ઊભો છે હજી,*
*સાંભરણનાં જળ ડખોળી દુર્ગ ઊભો છે હજી.*

*ભીંતમાં પીપળ ઉગાડી, કાંગરા ખેરી ખડો,*
*આંખમાં ઇતિહાસ ઘોળી દુર્ગ ઊભો છે હજી.*

*હાકલા, પડકાર, હલ્લા, હણહણાટી સાંભળે,*
*યાદની તલવાર તોળી દુર્ગ ઊભો છે હજી.*

# વિજયશંકર ત્રિ. કામદાર

## જગતસાહિત્યનો ગ્રંથમણિ

હિન્દુ શાસ્ત્રોમાં 'ભગવદ્ગીતા'નું જે અનુપમ સ્થાન છે તેવું બૌદ્ધ ધર્મમાં 'ધમ્મપદ'નું છે. જગતસાહિત્યમાં 'ધમ્મપદ' એક ગ્રંથમણિ ગણાય છે. બૌદ્ધ સાહિત્યનો વિપુલ ભંડાર તે 'ત્રિપિટક'; તેમાં આ 'ધમ્મપદ' આવેલું છે—જેમ 'મહાભારત' વચ્ચે 'ગીતા'.

'ધમ્મપદ'ની હરેક ગાથા ભાષાએ ને ભાવે પાણીદાર મોતી સમી તેજસ્વી છે અને તેમાં, ફૂલમાં સુગંધ પેઠે, જીવનનું દર્શન મહેકતું હોય છે. પાલિ ભાષાની આ મૂળ ગાથાઓનું નમણું કલેવર ને એનું પદ-લાલિત્ય હૃદયંગમ છે.

'ગીતા'એ જેમ સૈકાઓથી સંતપ્ત માનવીને શાતા અને સમાધાન આપ્યાં છે, તેમ 'ધમ્મપદે' શ્રદ્ધાળુ જનતાને સદીઓથી સંતાપોમાંથી મુક્તિ આપી છે અને જીવનની સાચી દિશા સુઝાડી છે. ભગવાન બુદ્ધના શ્રીમુખેથી ઝરેલા આ ધર્મામૃતના પાઠે પાઠે નવું જીવનદર્શન લાધે છે.

# વિઠ્ઠલદાસ કોઠારી

## આશ્રમના આફતાબ

આરામ હરામ હૈ: એ સૂત્રાને ભાઈ પરીક્ષિતલાલ મજમુદારે જીવનમાં અખંડ બેંતાલીસ વરસ સુધી આચરી બતાવ્યું. ૧૯૨૩માં ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા પછી તરત જ એ જે કામે ચડયા તે ચડયા. એ બેંતાલીસ વરસમાં એમણે કોઈ રજા કે રવિવાર સુધ્ધાં ભોગવ્યાં નથી.

સંકલ્પપૂર્વક તેઓ આજીવન એકાકી રહ્યા. હરિજન સમાજ એ જ એમનો સંસાર. હરિજન આશ્રમ (સાબરમતી)ની ઓરડી એ જ એમની ઑફિસ અને એ જ એમનું ઘર. આશ્રમની બહેનો ચલાવે એ જ એમનું રસોડું. મહિનામાં વીસ દિવસ તો પ્રવાસમાં હોય—ત્રીજા વર્ગમાં જ ફરવાનો આગ્રહ. ગામડાંમાં ચાલતાં ફરવાનું, હરિજનવાસોમાં જવાનું. વચ્ચે વચ્ચે આશ્રમમાં આવે ત્યારે કામના ઢગલા ચડી ગયા હોય, અનેક જાતના પ્રશ્નોમાં ધ્યાન આપવાનું હોય. છેવટના દિવસ સુધી કદી આરામ ભોગવ્યો નહિ—સિવાય કે અંગ્રેજ સરકારે જેલમાં ફરજિયાત આરામ આપ્યો તે. અંતે ઈશ્વરે આપ્યો.

સ્નાતક થયા પછી તરત એમણે હરિજનસેવામાં જીવન અર્પણ કરવાનો નિર્ણય કરી લીધો હતો. પણ એવામાં નાગપુરનો ઝંડા-સત્યાગ્રહ ચાલતો હતો, એટલે તે સત્યાગ્રહથી જીવનની શરૂઆત કરી અને જેલમાં ગયા. ત્યાં પથ્થરો ફોડતાં હાથે ફોલ્લા પડતા. કામની વરદી પૂરી ન થાય એટલે આડાબેડી, દંડાબેડી પહેરાવે. છતાં હસતે મુખે સજાઓ ભોગવી, કામ પણ કર્યું. એ આકરી કસોટી જીવનભર ચાલુ રાખી.

આમ હરિજનસેવાને મુખ્ય રાખી આખી જિંદગી સ્વરાજ્યના સૈનિક તરીકે કામ કરી, તેમણે આ સેવાસૂત્રાને જીવનમાં બરાબર આચરી બતાવ્યું:

*ના હું ઇચ્છું સ્વર્ગ વા ઇહ રિદ્ધિ,*
*ના હું ઇચ્છું જન્મમૃત્યુથી મુક્તિ;*
*હું તો ઇચ્છું નમ્રભાવે, દયાળો!*
*સૌ પ્રાણીનાં દુખ્ખનો નાશ થાઓ.*

# વિઠ્ઠલરાવ ઘાટે

## બે વ્યકિતચિત્રો –

એક પ્રાર્થનાસમાજિસ્ટ

“કેમ છો વિઠ્ઠલરાવ, ક્યારે આવ્યા?”

રસ્તેથી જતો હતો ત્યારે ઉપરના ઉદ્ગાર મારે કાને પડ્યા. ઉદ્ગાર કોના હતા એ તરત ઓળખીને ભકિતભાવથી મેં પાછળ જોયું.

મારી સામે એંશી વર્ષના એક વૃદ્ધ ઊભા હતા. માથા પર ભાંડારકરી ઢબની સફેદ મેલી પાઘડી, શરીર પર ફક્ત કોટ, તેના ખીસામાં શરીર લૂછવાનો ખાદીનો એક નાનો કટકો, હાથમાં જાડી લાંબી લાકડી, કાન-નાકમાં વાળનાં ગૂંચળાંનાં ગૂંચળાં! આંખને ખૂણેથી ને નાકમાંથી પાણી ગળતું હતું. આંખોમાં તેજ નહોતું, ભાવ નહોતા, જીવ નહોતો, કાચના બે નિર્જીવ ટુકડાની જેમ તે મારી સામે જોતી હતી. પણ હોઠ હસતા હતા.

બુઢ્ઢા કાકા લાકડીને ટેકે એક એક ડગલું કષ્ટપૂર્વક ઊચકતા ચાલતા હતા. કાકા બોલ્યા, “શું, શા ખબર છે નગરના? ઓલ રાઇટ? અમારો ગંપુ કેમ છે? સરસ ચાલતો હશે લુચ્ચો હવે! સમાજ ઠીક ચાલે છે ને? રવિવારની સર્વિસ કદી ચૂકતો નથી ને? સરસ, વેરી ગુડ. થેંક્સ! (કાકાને કારણ વગર થેંક્સ કહેવાની ટેવ હતી.) ઠીક, ચાલો હવે અમારે ઘરે. પાસે જ છે. ચાલો તમને અમારી ગૅરેટ બતાવું. ટાઇમ છે ને? અમે તો શું, ઓલ્ડ ફોક—ન પ્રવૃત્તિ, ન કામધંધો! હાં! હાં! હાં!”

મેં કાકાનો હાથ પકડ્યો. ઘર પાસે જ હતું, પરંતુ ત્યાં સુધી પહોંચતાં અમને દસબાર મિનિટ લાગી.

ઘરના અંધારિયા દાદર પરથી અમે ઉપર ચડવા માંડ્યા. નીચે એક છોકરી ઊભી હતી. કાકાએ તેને કહ્યું, “બગુ, જા જોઉં. સરસ

મજાની બે કપ ચા બનાવી લાવ. નાઇસ ગર્લ. અરે, ના ન કહો. તમારે લીધે અમને પણ મળશે. હાં! હાં! હાં!"

ઉપર એક નાનકડા ઓરડામાં અમે ગયા. સામાનબામાન બહુ નહોતો. એક શેતરંજી, તેની પર ગાદલાનો વીંટો. ભીંત પર રાજા રામમોહનરાય, ન્યાયમૂર્તિ રાનડે અને રામકૃષ્ણ ભાંડારકરનાં ચિત્રો હતાં. ઓરડામાં દાખલ થતાં જ કાકાએ આ ત્રિમૂર્તિને પ્રણામ કર્યા. લાકડી નીચે નાખી, ભીંતને અઢેલ્યા ને ઘસડાતા નીચે બેઠા. બે મિનિટ બોલી શક્યા નહીં. ખીસામાં મૂકેલો ખાદીનો કટકો કાઢીને આંખ ને નાક લૂછીને કાકા બોલ્યા, "સમાજનું ઠીક ચાલે છે કહ્યુંને? વેરી ગુડ—વેરી ગુડ, થેંક્સ. રવિવાર ચુકાવો ન જોઈએ હં! હમણાં સર્વિસનું ફાવશે નહીં. ધીરે ધીરે ટેવ પડશે. તુકારામના એકબે અભંગ ગાવા, પ્રેયર કરવી, આરતી બોલવી. બહુ થયું. કઈ આરતી બોલો છો હંમેશાં? 'શરણ હું જગન્નાથ' જ બોલવી. બહુ પૅથેટિક!"

પૌત્રી ચા લઈને આવી. મેં ચા પીવા માંડી. કાકાએ ધ્રૂજતા હાથે ચા રકાબીમાં કાઢી. રકાબી હોઠ પાસે આવી. એટલી વારમાં હોઠ પર તે સાત્ત્વિક બાલહાસ્ય ચમક્યું. રકાબી અટકી. કાકા બોલ્યા, "સમાજ—સમાજના કામમાં રુકાવટ આવ્યા કરે તે ન ચાલે. માધવરાવજી ગયા. દાદા (ડૉ. ભાંડારકર) ગયા. પહેલાંની લાઇફ હવે રહી નથી; પણ સામે ખાઈમાં મડદાં પડે તોયે સોલ્જરે આગળ વધવું જ જોઈએ. A soldier must fight; must fight. મંદિરમાં ચારપાંચ માણસો આવે છે, કોઈકોઈ વાર તો હું એકલો જ હોઉં છું. A soldier must fight. દાદા ગયા પછી ઉપાસનામાં રુકાવટ આવવા દીધી નથી. અમસ્તો જ રઝળતો પીઠ સુધી જાઉં છું, બેસું છું, પ્રાર્થના કરું છું. બોલનારો હું, સાંભળનારો હું જ! Must fight! દરબારમાં હાજરી પુરાવવી જ જોઈએ. હાં! હાં! હાં!"

મેં ચા પીવાનું યાદ કરાવ્યું. રકાબી ખાલી થઈ. ફરી પાછા કાકા બોલ્યા, "આ વખતે ઠાઠથી ઉત્સવ થવો જોઈએ હં કે? તમારા સમાજને પચાસ વર્ષ થયાં. સ્થાપના વખતે ઉમિયાશંકરની સાથે હું હતો

જ પ્રયત્નો કરવામાં. મુંબઈ, અમદાવાદ ઉત્સવના પત્રો મોકલજો હં. હું આવું કે? બહુ દિવસથી નગરમાં આવવાનું મન થયા કરે છે. પણ કોણ લઈ જાય? લઈ જશો તો હું બિચારો આવીશ. કૌટુંબિક ઉપાસના કરીશ. મેમ્બર્સના ઘરે જઈને તેમનાં બાળકોને મળીશ. તેમના ચૂલા પાસે પ્રાર્થના કરીશ. લઈ જવાના હો તો પહેલાં જણાવજો. એંગેજમેંટ કરો એટલે અહીં કાંઈ કામ માથે નહીં લઉં. ઠીક, તમને મોડું થતું હશે. બે મિનિટ બેસો. થોડી પ્રેયર કરીએ. પછી જજો.”

કાકાએ આંખ વીંચી. આંખમાંથી પાણી વહેવા માંડ્યું. કંપતા ઊંડા અવાજે કાકાએ તુકારામનો એક અભંગ ગાયો અને નાનીશી પ્રાર્થના કરી. પ્રાર્થના બાદ કાકા બોલ્યા, “પરમાત્મન્, સમાજનું કાર્ય કરવા અમને ઇચ્છા દે, શક્તિ દે. તારા નામને અમારા દ્વારા સર્વત્ર પ્રસાર થવા દે. શાંતિઃ! શાંતિઃ! શાંતિઃ!” પછી ઊંડા, એકદમ ઊંડા અસ્પષ્ટ તૂટક સ્વરે ‘તમસો મા જ્યોતિર્ગમય’ બોલ્યા.

મારી આંખ સામે એ ગંદી ઓરડીમાંથી તે ગંદો વૃદ્ધ અદૃશ્ય થયો. હિમાલય ઓળંગીને આવનારા પહેલા આર્યનું સૂર્યનું મંત્રોચ્ચારપૂર્વક આવાહન મને સંભળાવા માંડ્યું. નૈમિષારણ્યમાં ગાયેલો સામવેદ મારા કાને પડ્યો.

વૃદ્ધ કાકાને નમસ્કાર કરીને હું દાદર ઊતરીને નીચે આવ્યો. કાકા બારણું પકડીને દાદર પર ઊભા હતા. કટકાથી આંખો લૂછીને બોલ્યા, “વિઠ્ઠલરાવ, સમાજ—સમાજને ભૂલશો નહીં.”

મૃત્યુ મોં ફાડીને સામે ઊભું હતું. તોયે કેટલો આ અદમ્ય આશાવાદ!

થોડા દિવસ પહેલાં પુણે ગયો હતો. મંદિરમાં કાકાની જગા ખાલી હતી!

*

# એક ઇતિહાસસંશોધક

થોડા દિવસ પહેલાં મારે કંઈક કામ માટે ... ગામે જવું પડ્યું. ઇતિહાસસંશોધનના કામમાં અનેક વર્ષોથી વ્યસ્ત એક વૃદ્ધ કાકા આ ગામમાં રહે છે એ હું જાણતો હતો. મારું કામ પૂરું થયા પછી હું સીધો એ કાકાના ઘર તરફ વળ્યો.

બપોરનો સમય હતો. મેં અંદર ડોકાઈને જોયું. કાકા એક જીર્ણ શેતરંજી પર ઉઘાડા ડિલે બેઠા હતા. પાછળ લાલ રંગનો એક તકિયો હતો. સામે પચાસ-પોણોસો પાનનાં બીડાં પડ્યાં હતાં. પાસે પાનસોપારીનો ડબો હતો. કાકા ખરલમાં બીડું ખાંડતા હતા. હાથ ખાંડવાનું કામ કરતા હતા, પણ ધ્યાન બધું સામે લાંબે સુધી ફેલાયેલા જૂના પીળા ઉજ્જૈની કાગળ પર હતું.

મેં એમ જ આગળ જઈને નમસ્કાર કર્યા. કાકાએ મારકણી ભેંશની જેમ ઊંચું જોયું. તેમને હાંકી કાઢવાનો સમય ન દેતાં મેં કહ્યું, “હું તમને મળવા આવ્યો છું. આપણને એકબીજાનો પરિચય નથી. મને ઇતિહાસમાં થોડોઘણો રસ છે. તમારા કેટલાક ગ્રંથ પણ ઉથલાવ્યા છે. અહીં કામ માટે આવ્યો હતો, થયું મળી આવું.”

કાકા બુલંદ અવાજે બોલ્યા, “એમ કે? બહારથી આવ્યા છો? આવો, આવો, બેસો અહીં. પાનબાન ખાઓ છો? ના? ઠીક ભાઈ. અમને આના વગર ચાલે નહીં. આ મારું અફીણ જ થઈ ગયું છે.”

બીતો બીતો હું કાકાની સામે શેતરંજીના એક ખૂણે બેઠો અને ઓરડામાં ફરતી નજર નાખી. જ્યાં જુઓ ત્યાં એક પર એક રચેલા કાગળપત્રોનાં પોટલાંના ઢગલા! કાકાની બાજુમાં કેટલાક પીળા પડી ગયેલા કાગળ પડ્યા હતા. પાસે જ થોડાંક અંગ્રેજી-મરાઠી પુસ્તકો હતાં. ત્યાં જ બરુની કલમો, ખડિયા અને કેટલાક હાથીછાપ કોરા કાગળો હતા.

બધો જ ભૂતકાળ! તે ત્રણચાર-સો વર્ષના જૂના ઓરડામાં એંશી વર્ષના એ કાકા સેંકડો વર્ષ પહેલાંના કાગળપત્રોનાં પોટલાંના ઢગલા

વચ્ચે જૂનો પેશવાઈ ખડિયો પાસે રાખીને જૂની ખરલમાં પાનનું બીડું ખાંડતા હતા. વર્તમાનકાળે—વીસમી સદીએ—તે ઓરડામાં પ્રવેશ કર્યો નહોતો. મેં સામેની ભીંત તરફ જોયું. શિવાજી મહારાજ અને મોટા માધવરાવસાહેબની છબીઓ ભીંત પર ટાંગેલી હતી. મને ભીંત તરફ તાકતો જોઈને ખરલમાંના પાનનો એક ફાકડો ભરીને કાકા બોલ્યા, “બસ, બે જ માણસો. મહારાજ અને મોટા માધવરાવ એટલે જ મરાઠાશાહી. હજી માધવરાવની યોગ્યતા તમને લોકોને સમજાવાની બાકી છે. થોડા દિવસ જીવવા દો, એટલે દેખાશે તમને ગંમત.”

મેં કહ્યું, “તમારા હજી કેટલા ભાગ બહાર પડશે? ૧૮૫૮ સુધી લઈ જશો કે?”

કાકા બોલ્યા, “કેટલા ભાગ બહાર પડશે? અરે અનંત. તેમને કાંઈ મર્યાદા છે કે? અહીં આવો; આ ઓરડામાં જુઓ.”

મેં બાજુના ઓરડામાં ડોકાઈને જોયું. જૂનાં પોટલાંથી ઓરડો ખીચોખીચ ભરેલો હતો. પોટલાં છતને અડતાં હતાં. વૃદ્ધ કાકા બોલ્યા, “જોયાં ને આ પોટલાં? આટલાં હજી વાંચવાનાં છે. તેમની તિથિઓ મેળવવી જોઈએ, નકલો ઉતારવી જોઈએ, વર્ગીકરણ કરવું જોઈએ, ખુલાસાની નોંધો લખવી જોઈએ. કેટલા ભાગ થશે, કહો?”

“પણ.... પણ...” મેં બીતાં બીતાં કહ્યું, “આ કેટલા દિવસ ચાલશે?”

કાકા ગંભીરતાથી બોલ્યા, “અરે, મરું ત્યાં સુધી! મરી જાઉં એટલે પત્યું, પૂરું થયું. એમ તો મને પુનર્જન્મ પર વિશ્વાસ છે. ફરી પાછો મારા છત્રપતિના મહારાષ્ટ્રમાં જન્મ લઈશ, ફરી પાછો તમને ગંદા દેખાતા કાગળો છાતીએ વળગાડીને કામ કરીશ.”

બોલતાં બોલતાં કાકાએ હળવેથી એક જૂના પોટલા પર પ્રેમથી હાથ ફેરવ્યો, જાણે કે એ તેમનો પૌત્ર જ હોય.

કાકા આગળ બોલ્યા, “પણ પુનર્જન્મ સુધી ધીરજ ક્યાંથી રહે? આ જન્મમાં જ થાય તે કામ કરવું જોઈએ. હું હજી એમ કાંઈ પંદર વર્ષ સુધી નહીં જાઉં! લખી આપું છું તમને. જુઓ આ કાંડું. જૂનો

જમાનો જોયો છે, રાવ! એમ જ નહીં.”

મેં કહ્યું, “પણ કાકા, તમે હવે વૃદ્ધ થયા છો. થોડીક બીજાની મદદ લેવાની હવે. નકલ તો કોઈક પાસે કરાવી લો.”

“ના, ના, ના! એ વાત જ નહીં. મદદ? કોની મદદ લઉં? તમારા જેવા જુવાનિયાઓની? રામ રામ કરો. અરે, ફક્ત નકલ કરવા આપો તોયે સત્તર ભૂલો કરશે. ‘હંબીરરાય’ને ‘બહીરરાય’ બનાવશે. ‘મંબાજી’નું ‘લાંબાજી’ કરશે. કાંઈ કહેશો જ નહીં. મારું કામ મારે જ કરવું જોઈએ—બધું મારે જ કરવું જોઈએ. સમય ઓછો રહ્યો છે. દશપંદર વર્ષ જોતજોતામાં વીતી જશે. અમારો નાના કહે છે, ‘હવે આરામ કરો. મંદિરમાં દેવદર્શન માટે, પોથીપુરાણ માટે જાઓ.’ તે છોકરાને શી ખબર, આ જ ઓરડામાં (શિવાજી મહારાજની છબી સામે આંગળી ચીંધીને) મારા દેવ બેઠા છે. આ ઓરડામાં આ મારી પોથીઓ પડી છે. આ અમારા મહારાષ્ટ્રવેદ! હાં હાં હાં! બોલ્યા, દેવધર્મ કરો. શાનો દેવ ને શાનો ધર્મ! અરે, એકાદ ગૂંચવણભર્યા હુકમનામા કે સનદની પાછળ પડું તો બબ્બે દિવસ સ્નાન ને જમવાનુંયે રહી જાય. એક હાથે ધાણી ખાવાની ને બીજા હાથમાં કાગળ. બસ. આમ ચાળીસ વર્ષ આ ઓરડામાં વિતાવ્યાં. તમારા જગતમાં શું ચાલી રહ્યું છે એની કોને પડી છે! તમારું એ મહાયુદ્ધ શરૂ થયા પછી બે વર્ષે તો મને ખબર પડી. અને હમણાં થોડા દિવસ પહેલાં સુધી તો હું માનતો હતો કે તે ચાલુ જ છે હજી. અમારે શું કામ છે તમારી આ નવી ભાંજગડોનું? લડો, વ્યાખ્યાનો આપો, મરો! જે કરવું હોય તે કરો! અમારું આખું જીવન પેશવાઈમાં ચાલે છે. પેશવાઈમાં જ અમે મરશું. ૧૭૯૬ સુધી તો આવી પહોંચ્યો. પછીના તબક્કે પહોંચવાનો પ્રયત્ન ચાલુ છે. પણ ૧૮૧૮ સુધી પહોંચવું મુશ્કેલ છે. વચ્ચે જ ઘોડા દગો દેશે. વસઈ સુધી પહોંચાય તોયે ઘણું. પછીનો તો શાનો ઇતિહાસ? વસઈમાં જ મરાઠાશાહી ડૂબી!”

કાકાને શ્વાસ ચડ્યો. એમણે ફરી શેતરંજી પર આસન જમાવ્યું, બીડું બનાવ્યું, ખરલમાં કૂટ્યું. ફરીથી બીડાંનો ચૂરો મોઢામાં ગયો. કાકા

આગળ બોલ્યા, “જીવવું જોઈએ મારે. અરે, તમારું નામ શું? કહ્યું નથી લાગતું હજી. હું પણ ભૂલી ગયોને. ઠીક, જવા દો. શું કહેતો હતો? હં. હું જૂની પેઢીનો છેવટનો રહ્યો છું. મેં નજરોનજર જે જોયું છે તે તમને સપનામાંયે નહીં દેખાય. અરે, પેશવાઈમાં હરતાફરતા માણસો મેં જોયા છે, તેમના મોઢે અનેક વાતો સાંભળી છે. તમે નવા માણસો શું ઇતિહાસ લખવાના? તમારી ભાષા જુદી; રહેણીકરણી, બોલવું, ચાલવું બધું જ જુદું. રાવ, પેશવાઈનો ઇતિહાસ લખવા પેશવાઈ મન જોઈએ; હા અને (છાતી કાઢીને) પેશવાઈ દેહ જોઈએ. એટલે કહું છું, મારે પાંચદશ વર્ષ જીવવું જોઈએ. મગજમાં જે જે ભર્યું છે તે તે કલમમાંથી ઊતરવું જોઈએ. એક જ વાત કહું છુંઃ ભીમથડી, ગંગથડી ઘોડાઓ ‘દાદા’ને અટકાયતની પાર લઈ ગયા—ક્યાં ગઈ એ ઓલાદ? કહો! નહીં જ કહી શકો. રાવ, પેશવાઈ આટોપાઈ ગઈ પછી એક લાખ ઘોડા થાણામાં મરી ગયા, થાણામાં. દશવીસ કોસની મજલ કાપવાનો તેમનો પેઢીઓથી દેહધર્મ. લડાઈઓ પૂરી થઈ, ‘ખલક ખુદા કા, મુલૂક અંગ્રેજ સરકાર કા’ થયાં. કામ પૂરું થયું. થાણામાં બાંધ્યા પછી ટપોટપ તે મર્યા. જૂના શિલેદાર ગયા, જૂના ઘોડા ગયા. તમારી ઓલાદ જ જુદી. કહો છો, અમે ઇતિહાસ લખશું!”

પણ કાકાને શ્વાસ ચડ્યો. ફરીથી એક બીડું ખરલમાં કૂટ્યું. ફરીથી મોઢામાં ચૂરો ગયો. કાકા બોલ્યા, “ઠીક. હવે તમે જાઓ. બહુ સમય લીધો. આટલી વારમાં તો બેત્રણ નકલો થઈ ગઈ હોત. બહારગામથી આવ્યા છો એટલે વાત કરી તમારી સાથે. અહીંના કોઈની અંદર આવવાની હિંમત નથી. આ લાકડી લઈને દોડું. ધૂની કહે છે, કહેવા દો. સારું જ થયું. નકામાં ગપ્પાં મારવાનો સમય આંહીં કોને છે? ઠીક, આવજો!”

[પ્રસ્તુત વ્યક્તિચિત્રની પ્રેરણા પ્રખ્યાત ઇતિહાસસંશોધક, કવિ, નાટકકાર વાસુદેવશાસ્ત્રી ખરે(૧૮૫૮-૧૯૨૪)ના વ્યક્તિત્વમાંથી મળી છે.]

(અનુ. જયા મહેતા)

# વિનય મોહન શર્મા

## બદલૂ ધોબી

સન ૧૯૨૯ કી બાત હૈ. મૈં હિન્દુ વિશ્વવિદ્યાલય કા છાત્રા થા. પ્રહલાદ લૉજમેં રહતા થા. વિશ્વવિદ્યાલય કે ૫૦-૬૦ છાત્રોં કા વહ આવાસ થા. પ્રતિ રવિવારકો ગધે પર ગટ્ઠર લાદે બદલૂ ધોબી આતા. ચાહે પાની પ્રલય હી ક્યોં ન મચાયે—બદલૂ કા ગધા લૉજ કે દરવાજે પર નિયત સમય પર પહુંચ જાતા. સમય કી પક્કી પાબન્દી કે કારણ લોગ બદલૂસે કપડે ધુલવાને કો ઉત્સુક રહતે, પર વહ ગ્રાહકોં કી સંખ્યા બઢાને કે પક્ષ મેં નહીં થા; કહતા: "માફી મિલે; ઈતના હી કામ ક્યા કમ હૈ? આપ કો દૂસરા લગા દેંગે."

બદલૂ કો આપ કપડા ગિનકર દીજિયે, પર બિના ગિને લીજિયે. વહ એક—એક કપડા લા દેતા. હિસાબ કી કભી કોઈ ઝિકઝિક નહીં. મહિના કબ પૂરા હોતા હૈ, ઈસ કા હિસાબ ભી ઉસ કે પાસ ન રહતા. આપને જબ જિતના પૈસા દિયા, સિર સે લગાકાર લે લિયા, ઔર ચલ દિયા.

એક દિન બદલૂ સદા કી ભાંતિ આયા ઔર મેરે કપડોં કો બારબાર ગિનને લગા: "અરે? ઈન મેં તો એક ઊની સ્વેટર નહીં હૈ—કહાં ગા? બાબૂ, કપડે દેખ લીન્હ જાય. એક સ્વેટર કમ હૈ. અગલે ઈતવાર કો લે આઉંગા."

"અચ્છી બાત હૈ. યહ હિસાબ તો લેતે જાઓ!"

"નહીં, ફિર—અગલે હફ્તે."

અગલે હફ્તે બદલૂ નિયત સમય પર આયા. "બાબૂ, કા બતાઈ? સ્વેટર કી બડી ખોજ કી—નહીં મિલતા."

"કોઈ બાત નહીં, મિલ જાયગા. અચ્છા, યહ હિસાબ તો ચુકતા

કર લો!"

"નહીં બાબૂ, સ્વેટર મિલ જાય દેવ; ફિર હો જાઈ—કહાં જાત હૈ?" વહ પ્રતિ સપ્તાહ આતા, કપડે લે જાતા; ઔર જબ હિસાબ કી બાત ઉઠાતા, વહી બાત—

"કહાં જાત હૈ? સ્વેટર મિલ જાય દેવ!"

ચાર મહિને બીત ગયે. બદલૂ કપડે લે જાતા હૈ, દે જાતા હૈ, પર હિસાબ લેને કો તૈયાર નહીં.

આજ મૈંને સોચ લિયા થા કિ બદલૂ કે હાથ મેં જબરન પૈસે રખૂંગા, ઔર ઉસે લેને હી પડેંગે. કહૂંગા: "સ્વેટર ગુમ હો ગયા તો જાને દો. મૈં તો તુમસે ઉસકે દામ વસૂલ કરના નહીં ચાહતા."

શામ કે ચાર બજ ગયે. બદલૂ કા ગધા ફાટક પર દિખલાઈ નહીં દિયા. હાં, બદલૂ સે મિલતા જુલતા આદમી એક્કેસે ગઠ્ઠર ઉતાર રહા હૈ. નમ્બરવાર કમરોં મેં જા રહા હૈ. મેરે કમરે મેં ભી આયા. કપડે ગિનકર રખ લિયે. મૈંને કહા: "બદલૂ કહાં હૈ? તુમ ઉસ કે કૌન હો?"

"ભાઈ હૈં."

"ઔર બદલૂ કો ક્યા હો ગયા?"

"જો સબ કા હોતા હૈ"—કહકર વહ ફૂટફૂટકર રોને લગા. મૈંને ઢાઢસ બંધાકર ઉસકે હાથ મેં રૂપયે રખને ચાહે. ઉસને હાથ પીછે કર લિયે. "ભૈયા કહ ગયે હૈં કિ, લંબર તીસ કે બાબુજી સે સાલ-ભર તક પૈસા ન લેના; ઉસ કા કપડા હમ સે ગુમ હો ગયા હૈ."

મૈંને ઉસે બહુતેરા સમઝાયા, પર બદલૂ કા ભાઈ ટસસે મસ ન હુઆ. કહને લગા: "બાબૂ, હમારે ખાનદાન મેં આસામી કા કપડા ગુમ હો જાને પર ઉસ કા પૈસા દિયા જાત હૈ. ખાનદાની રિવાજ છોડકર અગર હમ આપ સે પૈસા લે લેં, તો ભૈયાકી આત્મા હમકો ક્યા કહેગી?"

"લેકિન બિના પૈસે કપડે ધુલવાના હમેં બુરા લગતા હૈ. ભાઈ કી બાત ભાઈ કે સાથ ગઈ. અબ તુમ નયે સિરે સે કપડે ધો રહે હો;

તુમ્હેં પૈસે લેને હી હોંગે.”

વહ નહીં માના. ઉસ ને કપડે માંગે, મૈંને નહીં દિયે. દૂસરે સપ્તાહ વહ પુનઃ આયા ઔર સભી નંબર કે બાબુઓં કે કમરોં મેં કપડે દે આયા. મૈંને દેખા, આજ ઉસને કિસી સે કપડે નહીં લિયે.

એક રવિવાર આયા... દૂસરા રવિવાર, તીસરા રવિવાર... ઈસ પ્રકાર કઈ રવિવાર આયે, પર બદલૂ કા ગધા ‘લૉજ’ કે ફાટક પર નહીં આયા.

મૈં મન હી મન પછતાયા : આહ! મૈંને પૈસે દેને કી ક્યોં જિદ કી? ઉસને અપને કુલકી લાજ કે લિયે ‘લૉજ’ કે કિતને ગ્રાહક છોડ દિયે!

[‘રેખા ઔર રંગ’ પુસ્તક]

# વિનોદ દલાલ

## અસ્વીકાર

બાબુભાઈ પટેલની સરકારનું વિસર્જન થયું ને ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન ચાલતું હતું ત્યારે માજી મુખ્ય મંત્રી અમદાવાદથી ગાંધીનગર આવતી ડબલ ડેકર બસ ચિક્કાર હોવાથી પાછળના ભાગમાં પોતાની થેલી સાથે ભીડ વચ્ચે ઊભા હતા. ત્યારે મેં ઊભા થઈને મારી બેઠક તેમને આપવા માંડી, પણ બાબુભાઈએ તેનો વિનયપૂર્વક અસ્વીકાર કર્યો અને ઊભા ઊભા જ મારી સાથે વિધાનસભાની વાતો કરી.

એ જ અરસામાં ગાંધીનગરના સેક્ટર-૨૨ના એક હેર કટિંગ સલૂનમાં બાબુભાઈ હજામત કરાવવા આવેલા, ત્યારે દુકાનદારે અને ઉપસ્થિત ગ્રાહકોએ તેમને અગ્રતા આપવાની તૈયારી બતાવેલી. તેનો પણ વિનયપૂર્વક અસ્વીકાર કરીને પોતાનો વારો આવ્યો ત્યારે જ તેમણે હજામત કરાવેલી.

# વિનોદ દવે

## પ્લૉટ... પેન્શન

ગાંધીનગરમાં જમીનના પ્લોટ રાહતદરે સરકારે રાજકારણીઓને આપ્યા ત્યારે ભાગ્યે જ કોઈ એવું હશે કે જેણે એ તકનો લાભ લીધો ન હોય. બાબુભાઈને એ રીતે મળેલો પ્લોટ પણ તેમણે પરત કરી દીધેલો. મુંબઈ રાજ્યની વિધાનસભાના તેઓ ૧૯૩૭થી ૧૯૫૭ સુધી સભ્ય હોવાથી વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને પેન્શન આપવાના મહારાષ્ટ્ર રાજ્યના કાયદા અનુસાર મહારાષ્ટ્ર સરકારે તેમને માટે પેન્શન નક્કી કરેલું. પણ ગુજરાતમાં ધારાસભ્યોને પેન્શન ન આપવાની નીતિ સ્વીકારાઈ હોવાથી મહારાષ્ટ્રનું પેન્શન પણ તેમણે સ્વીકારેલું નહોતું.

# વિનોદ ભટ્ટ

## આ ઉમાશંકર અને પેલા

તેમના ઘણા લેખો ‘વાસુકિ’ ઉપનામથી લખાયા છે. ફૂંફાડાભર્યા તેમના સ્વભાવના સંદર્ભમાં જ તેમણે આ ઉપનામ રાખ્યું હોવું જોઈએ. ગુજરાતી લેખકોમાં તેમના ગુસ્સાનો ભોગ બનેલાઓ કરતાં નહિ બનેલાઓનાં નામોની યાદી આસાનીથી બનાવી શકાય. કવિ કઈ વાત પર ગુસ્સે થઈ શકે એ કલ્પવું અઘરું પડે. ને એક વાર ગુસ્સે થઈ જાય પછી સામી વ્યક્તિને પાણીથી ય પાતળી કરી નાખે.

કવિ એક વાર ગુસ્સો કરી નાખે પછી ચંદનલેપ પણ લગાડી આપે. તેમનો ગુસ્સો મા જેવો હોય છે. મા બાળકને ગુસ્સાના આવેશમાં આવી જઈને કથોલું મારી બેસે ને પછી મનમાં ડુમાતી પાટાપિંડી કરે, એવું જ આપણા કવિનું યે છે. તેમનો ગુસ્સો ઘણી વાર પ્રેમમાંથી જન્મે છે. સામેની વ્યક્તિને તે પોતાની બુદ્ધિકક્ષાની કલ્પી લે છે; ને તેમની વાત સમજતાં વાર લાગે તો તેમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે. એક વાર આ રીતે ગુસ્સામાં તેમણે ‘સ્નેહરશ્મિ’ને કહી દીધેલું: “તમે ઇન્ટલેકચ્યુઅલ છો કે કેમ એની જ મને તો શંકા છે!” તેમના હાથ નીચે એમ. એ. થયેલા એક (હવે તો સદ્ગત) લેખકને તે કોઈ વાર કહી દેતા: “તમે એમ. એ. થયા છો એવો અનુભવ ક્યારેક તો કરાવો!”

પણ આ કવિને ગુસ્સો કરતાં આવડે છે એથી ય અદકી રીતે પ્રેમ કરતાં આવડે છે. ‘પ્રેમ’ નામના ચલણી સિક્કા પર જ તેમનો વ્યવહાર નભતો હોય છે. પોતાના કોઈ સ્વજનને ત્યાં જશે ત્યારે તે સ્વજનની પત્ની ઉપરાંત તમામ બાળકોનાં નામ પોપટની જેમ બોલી જઈ બધાંની ખબર પૂછી લેશે. જો બાળકો પોણો ડઝન હશે તો પોણોયે પોણો ડઝનનાં નામ તેમને મોઢે હશે. તેમની તીવ્ર યાદશક્તિ આદર

ઊપજાવે એવી છે. મિત્રો-સ્નેહીઓ માટે બધું કરવાને સમર્થ હોવા છતાં તે મિત્રો માટે કશું જ નથી કરતા, એવા આક્ષેપ પણ તેમના પર મુકાય છે. તેમના આ પ્રકારના વલણથી તેમની નિકટના લોકોને કોઈક વાર એવું પણ લાગે કે તેમને અન્યાય થયો છે. કવિમાં સૂક્ષ્મ વિવેક પણ ઘણો. કહે છે કે તે ઉપકુલપતિના હોદ્દા પર હતા ત્યારે તેમણે એવો આગ્રહ રાખેલો કે પોતે આ હોદ્દા પર હોય ત્યાં સુધી તેમની કોઈ કૃતિ પાઠ્યપુસ્તક તરીકે ના ચાલવી જોઈએ.

ઉમાશંકરમાં બીજા એક ઉમાશંકર બેઠા છે. એ બીજા ઉમાશંકરની એક આરસની પ્રતિમા આ ઉમાશંકરે ઘડી છે. એ પ્રતિમા ખંડિત થાય એવી કોઈ પણ ચેષ્ટા કવિ સહી શકતા નથી. પોતાના સફેદ સાળુ પર આક્ષેપનો કાળો ડાઘ પડવા ન દે, એવી વિધવા બ્રાહ્મણી સાથે કોઈએ તેમને સરખાવ્યા છે.

કવિ કાજળ-કોટડીમાંથી ઊજળા રહીને બહાર નીકળનાર કીમિયાગર છે. નિષ્કલંક જીવન જિવાય એ માટે તે સદાય જાગ્રત રહે છે. પેલી ઇમેજ! અરીસાને બીજે છેડે ઊભેલા ઉમાશંકર આ ઉમાશંકરને ઠપકો આપે, એવું કશું જ તે નહિ કરે. આ ઉમાશંકર પેલા ઉમાશંકરનો ભારે આદર કરે છે. જ્ઞાનપીઠનું રૂપિયા પચાસ હજારનું ઇનામ પોતે ન રાખતાં ટ્રસ્ટ કરી દીધું. કવિ માટે પાંચ આંકડાની આ રકમ નાની ના કહેવાય. વળી, પૈસાનું મૂલ્ય કવિ નથી સમજતા એવુંય નથી. એક વાર મુંબઈના પરાના સ્ટેશને બુકિંગ ઑફિસવાળા સાથે બે પૈસા માટે તે લડી પડેલા, રિક્ષાવાળા સાથે પણ ચાર-આઠ આના માટે નાના-મોટા ઝઘડા તેમણે કર્યા છે. કંજૂસ લાગે એટલી બધી કરકસરથી તે જીવ્યા છે.

આમ તો તે વેલ્યૂઝના માણસ છે. કદાચ એટલે જ, ભદ્દાપણાની તેમને ચીડ છે. કદાચ આથી જ, પોતાની ષષ્ઠિપૂર્તિ તેમણે ઊજવવા દીધી નથી. આ પ્રકારનું હાસ્યાસ્પદ કામ તેમણે નથી થવા દીધું. માણસ જન્મે ને જીવે તો સાઠનો થાય. એની વળી ઉજવણી શું?

પત્રનો જવાબ આપવાની કુટેવ તેમણે પહેલેથી જ નથી પાડી.

'સંસ્કૃતિ'માં તેમને મોકલવામાં આવેલી કૃતિ મળ્યાની પહોંચ, સ્વીકાર/અસ્વીકાર વગેરે બાબતના પત્ર લખવાની ઝંઝટમાં તે નથી પડતા. આપણા આ કવિ જીવનમાં જેટલા વ્યવસ્થિત છે એટલા જ અવ્યવસ્થિત પણ છે. તેમના ટેબલ પર 'સંસ્કૃતિ' અંગેનું કોઈ મેટર મુકાયું હોય તો તે શોધતાં કમમાં કમ પિસ્તાળીસ મિનિટ તો લાગે જ. ને પાછા મજાકમાં કહે પણ ખરા કે, અહીં કશું ખોવાતું નથી તેમ જલદી જડતું પણ નથી. કેટલીક વાર તો ખુદ પોતાનું પુસ્તક પણ ઘરમાંથી તે શોધી શકતા નથી, એટલે નજીકમાં રહેતા નગીનદાસ પારેખ પાસેથી તે મેળવવું પડે છે. તેમની પ્રસ્તાવના મેળવવાની ઇચ્છાવાળા ઘણા લેખકોનાં પુસ્તકો વર્ષો સુધી છપાઈને પડી રહ્યાંના અનેક દાખલા છે; એટલું જ નહિ, ખુદ તેમનું પોતાનું જ એક પુસ્તક પ્રસ્તાવનાની રાહ જોતું આઠેક વર્ષ સુધી છપાઈને પડ્યું રહેલું. આવી કેટલીક ક્ષણોમાં જ તે સાચુકલા કવિ લાગે. બાકીની ક્ષણોમાં વ્યવહારપટુ. ઉમાશંકરને જોઈને ઘણું બધું યાદ આવી જાય છે. ખાસ તો એ કે આપણી પાસે એક જ ઉમાશંકર છે. એક અને માત્ર એક જ.

['કુમાર' માસિક: ૧૯૭૮]

## હાસ્યનો અવતાર

અમે નાના હતા ત્યારે અકબર બાદશાહ અને બીરબલની વાર્તાઓ બહુ જ રસપૂર્વક વાંચતા, સાંભળતા ને કોઈ હૈયાફૂટો અડફેટે ચડી જાય તો તેને સંભળાવતા પણ ખરા. અમારે મન બીરબલ હાસ્યસમ્રાટ હતો. સાચો રાજા અમને બીરબલ લાગતો; અકબર નહિ. બીરબલે અમારા પર જબરી ભૂરકી નાખેલી. આ બીરબલ રસ્તામાં મળ્યો હોય તો કેવો લાગે એવું હું મારા નાનકડા મનને પૂછ્યા કરતો.

—ને કો એક સભામાં શ્રોતાઓના સવાલોના તત્ક્ષણ જવાબ આપી તેમને ખડખડાટ હસાવતા જ્યોતીન્દ્રભાઈને સાંભળ્યા એ જ ક્ષણે

કલ્પનાનો પેલો બીરબલ જ્યોતીન્દ્રનો દેહ ધરવા માંડ્યો!

જ્યોતીન્દ્રને હું હાસ્યનો અવતાર જ ગણું છું. જ્યોતીન્દ્રનો પરિચય આપતાં એક સભામાં ઉમાશંકરે કહેલું: “જ્યોતીન્દ્રભાઈ હવે તો હાસ્યના પર્યાય તરીકે ઓળખાય છે. મને હસવું આવે છે એમ કહેવાને બદલે મને જ્યોતીન્દ્ર આવે છે એમ કહેવું જોઈએ...” આનો વિરોધ કરતાં જ્યોતીન્દ્રે ઉમાશંકરના કાનમાં એ જ વખતે કહેલું: “આ બાબત મારી પત્નીને પૂછવું પડે...”

જ્યોતીન્દ્રને વાંચવાનો જેટલો આનંદ છે એટલો જ, બલકે એથી યે અદકો, આનંદ તો એમને સાંભળવાનો છે. હાસ્યકાર બધું જ હસી કાઢતો હોય છે, એવું આપણને આ હાસ્યકારને વાંચતાં કદાચ લાગે; પણ જ્યોતીન્દ્રને મળવાથી જુદો જ અનુભવ થાય. એમની પાસે બેઠા હોઈએ ત્યારે જાણે કોઈ જ્ઞાનની પરબે બેઠા હોઈએ એવું જ લાગ્યા કરે. આમ તો એ પંડિત-પેઢીના લેખક છે. છતાં પોતાના જ્ઞાનથી કોઈનેય આંજી દેવાનો પ્રયાસ એ ક્યારેય નથી કરતા. પંડિતાઈનો એમના માથે ખોટો ભાર નથી. હા, પંડિતાઈને વચ્ચે લાવ્યા વગર પોતાના લખાણમાં પંડિતાઈનો ઉપયોગ સરસ રીતે કરી શકે છે. સંગીતથી માંડીને બંદૂક સુધી ને વૈદકથી માંડીને સ્ટ્રિપ ટીઝ સુધીના બધા વિષયો પર તમને છક કરી દે એટલું જ્ઞાન તે ધરાવે છે.

તત્ક્ષણ જવાબ આપવામાં તો જ્યોતીન્દ્રનો જોટો જડવો મુશ્કેલ છે. કેવળ ગમ્મત ખાતર મેં કેટલાક હાસ્યલેખકોના ઇન્ટરવ્યૂ લીધેલા. એમાં હું જ્યોતીન્દ્ર પાસે ગયો ત્યારે એ બીમાર હતા. પથારીમાં સૂતા’તા. શરીરે વધારે કૃશ દેખાતા. મને જોઈને ‘આવો’ કહી એ ઊભા થઈ ગયા ને શર્ટ પર તેમણે કોટ પહેરી લીધો. મને આશ્ચર્ય થયું. કદાચ બહાર તો નહિ જવાના હોય! હું વગર ઍપૉઇન્ટમેન્ટે ગયેલો. મેં સંકોચથી પૂછ્યું: “આપ ક્યાંય બહાર જાઓ છો?”

“ના... આ તો મને બરાબર જોઈ શકો એ માટે કોટ પહેરી લીધો!”

'તમારો ઇન્ટરવ્યૂ લેવા આવ્યો છું.'

"ભલે, લઈ લો." ખૂબ સ્વાભાવિકતાથી તે બોલ્યા. મેં તેમને માટે તૈયાર કરેલો પત્ર તેમની આગળ ધર્યો.

ને મેં પ્રશ્નો પૂછવા માંડ્યા. મારો પૂરો થાય ન થાય, ત્યાં તો તે ફટાફટ ઉત્તર આપી દેતા. એમાંની કેટલીક પ્રશ્નોત્તરી આ પ્રમાણેની હતી:

"તમે શા માટે લખો છો?"

"લખવા માટે... અક્ષરો સુધરે એ માટે!"

"તમે હાસ્યલેખક જ કેમ થયા?"

'સાહિત્યના બીજા પ્રકારોમાં શ્રેષ્ઠ જગ્યા ખાલી નહોતી. આમાં ખાલી જગ્યા જોઈને ઘૂસી જવાનો પ્રયાસ કર્યો. ભીડ ઓછી, જગ્યા મોટી; મારું શરીર નાનું ને ચાલ ઝડપી; એટલે થોડા સમયમાં ને ઝડપથી પહોંચી જવાશે એમ વિચારી પ્રયત્ન કર્યો. હજી પહોંચી શક્યો નથી."

"તમે હાસ્યલેખક છો એવી ખબર પહેલવહેલી તમને ક્યારે પડી?"

"મારા વિવેચનનો ગંભીર લેખ વાંચીને ત્રણચાર મિત્રોએ 'અમને તમારો લેખ વાંચીને બહુ હસવું આવ્યું' એમ કહ્યું ત્યારે."

"હાસ્યલેખકે લગ્ન કરવું જોઈએ એમ તમે માનો છો?"

"હા... કારણ કે હાસ્ય અને કરુણ રસ પાસે પાસે છે, એ સમજાય એ માટે હાસ્યલેખકે લગ્ન તો કરવાં જ રહ્યાં."

"તમારા કોઈ ઓળખીતાના સ્વજન ગુજરી ગયા હોય તો એના બેસણામાં જઈને તેને આશ્વાસન કેવી રીતે આપશો?"

"એ તો ગયા, પણ તમે તો રહ્યા ને?—એમ કહીને (પણ કહેતો નથી).'

હસવા-હસાવવાની વાત થોડી વાર માટે બાજુએ મૂકીને વ્યવહારુ દૃષ્ટિએ જોઈએ તો જ્યોતીન્દ્ર જેવો બીજો અવ્યવહારુ—નિ:સ્પૃહી માણસ ભાગ્યે જ જડે. ગીતાની, 'કર્મણ્યેવાધિકારસ્તે'ની ફિલસૂફી એમણે બરાબર પચાવી છે. તમે એમની પાસે લેખ મંગાવો, પ્રસ્તાવના મંગાવો,

એ તમને મોકલી આપે—વિદ્યાર્થી લેસન કરે છે એ રીતે... બસ, પતી ગયું. એમનું કામ પૂરું થયું. પછી એ લેખ તમે છાપ્યો કે નહિ, એમની પ્રસ્તાવના લખાયેલા પુસ્તકની નકલ તમે મોકલી કે નહિ કે પુરસ્કાર કેટલો આપવાના છો એ વિશે એમના તરફથી કોઈ જ પત્ર તમને નહિ મળે. ભાષણ કરવા લઈ જનાર ટ્રેનના ફર્સ્ટ ક્લાસમાં બેસાડે છે કે સેકન્ડ ક્લાસમાં એય તેમણે જોયું નથી. કશાની જાણે પડી જ નથી, સ્પૃહા જ નથી!

એકવાર જ્યોતીન્દ્ર કોઈ કૉલેજમાં ભાષણ કરવા ગયા. કૉલેજના પ્રિન્સિપાલે તેમનો પરિચય આપતાં કહ્યું: “જ્યોતીન્દ્રભાઈ ભાષણ કરતા હોય ત્યારે કોઈની મગદૂર છે કે તે હસ્યા વગર રહી શકે?”

કૉલેજનો એક વિદ્યાર્થી જરા વધુ સ્માર્ટ હતો. તે વચ્ચે જ બોલ્યો: “બોલો, એ મને હસાવી ના શકે.” પ્રિન્સિપાલ જેવા પ્રિન્સિપાલ પણ એક વિદ્યાર્થીની જાહેરાતથી ચોંકી ગયા.

પછી એ વિદ્યાર્થીને સ્ટેજ પર જ્યોતીન્દ્રની બાજુમાં ઊભો રાખવામાં આવ્યો. જ્યોતીન્દ્રે બોલવાનું શરૂ કર્યું. બધા જ વિદ્યાર્થીઓ હસતા’તા; નહોતો હસતો પેલો છોકરો. દાંત ભીંસીને તે ઊભો રહ્યો હતો. તે નહિ હસવાની જીદ પર આવી ગયો હતો. અરધોપોણો કલાક જ્યોતીન્દ્રે બૉલિંગ કરી, બૉલ સ્પિન કર્યા, પણ કેમેય કર્યો પેલો બૅટ ઊંચકે જ નહિ—હસે જ નહિ. ભાષણ પૂરું કરવાનો સમય પણ થઈ ગયો. છેલ્લી ઓવરના છેલ્લા બૉલની જેમ જ્યોતીન્દ્રે છેલ્લું વાક્ય કહ્યું: ‘આ ભાઈ આજે તો શું, ક્યારેય નહિ હસે... એ કેમ નહિ હસે એનું સાચું કારણ હું જ જાણું છું: એમને બીક છે કે એમના પીળા દાંત કદાચ તમે બધા જોઈ જશો.’—ને પેલો ફૂઉઉઉઉ... કરતો હસી પડ્યો!

ઘણાબધા હાસ્યલેખકો વાંચ્યા છે, માણ્યા છે, હાલમાં હાસ્યનું લખતા ઘણાખરા તો મારા મિત્રો પણ છે; પણ જ્યોતીન્દ્ર જેટલી ‘હાઈટ’ મને ક્યાંય દેખાઈ નથી.

[‘વિનોદની નજરે’ પુસ્તક: ૧૯૭૯]

## બનાવટી!

પિકાસોના નામે એક કિસ્સો ચડેલો છે. ચિત્રોની દલાલી કરતા એક વેપારીએ પિકાસોની સહીવાળું પેઇન્ટિંગ તેને બતાવી પૂછ્યું: “આ ચિત્ર તમે બનાવેલું છે?”

“ના. આ બનાવટી છે.” પિકાસોએ જણાવ્યું. આવું ત્રણેક વખત બન્યું. વળી, એક ચિત્ર બતાવતાં દલાલે પિકાસોને પ્રશ્ન કર્યો: “આ ચિત્ર તો તમારું દોરેલું જ છે ને?”

“ના જી, બનાવટી છે...” પિકાસોએ કહ્યું.

“પણ એક વાર મેં પોતે તમને આ ચિત્ર પર કામ કરતા જોયા હતા...” દલાલ બોલ્યો.

“જોયો હશે... ક્યારેક ક્યારેક હું બનાવટી ચિત્રો પણ દોરું છું,” પિકાસોએ ખુલાસો કર્યો. કહેવાનો ભાવાર્થ એટલો જ કે, ક્યારેક હું બનાવટી ચિત્રો પણ દોરું છું, જે મારી-પિકાસોની અસલ કળા સુધી પહોંચી શકતાં નથી.

['પરબ' માસિક: ૨૦૦૬]

## ઉંમર

જ્યોતીન્દ્ર દવેને એક વખત પૂછવામાં આવ્યું: “તમારી ઉંમર કેટલી?”

“સત્તોતેર વર્ષ...” તે બોલ્યા.

“ઉંમરના પ્રમાણમાં શરીર સારું કહેવાય, નહીં?” પૂછનારે પૂછ્યું.

“ના, શરીરના પ્રમાણમાં ઉંમર સારી કહેવાય” તેમણે કહ્યું: “આવા શરીરે પણ આટલી ઉંમર સુધી પહોંચી શક્યો છું...”

['પરબ' માસિક: ૨૦૦૬]

# વિનોદિની નીલકંઠ

## કહીને જજો

ઘેરથી નીકળતી વખતે “હું જાઉં છું,” એટલું તો કહી દેવું જ જોઈએ. પણ તે તો જો નિયમસર એક જ સ્થળે જવાનું હોય તો. બાકી કોઈને મળવા, સભામાં, ફરવા કે બીજા કોઈ કામે જવાનું હોય, તો તે સ્થળ વિશે પણ ઘેર માહિતી આપતાં જવું જોઈએ, અને કેટલાક વાગ્યે પાછા ફરશો તે પણ જણાવવું જોઈએ. ધારો કે અણધાર્યું તમારું કામ પડ્યું, તો ઘરનાં માણસો તમને ક્યાં શોધવા જાય? ધારો કે ઘેર આગ લાગી, કોઈ ઓચિંતું માંદું પડી ગયું, તો તમને ખબર ક્યાં આપવા?

[‘ગુજરાત સમાચાર’ દૈનિક: ૧૯૫૬]

## પરાકાષ્ઠા

જ્યારે મેં જમના નદીને કિનારે બાલચંદ્રના ઝાંખા તેજમાં, મૂર્તિમાન સૌંદર્યસમા તાજમહાલને જોયો, ત્યારે મારા હૃદયમાં એવા અકથ્ય ભાવો ઊભરાયા હતા કે મને લાગેલું કે આથી વધારે લાગણી કદી ઉદ્ભવી જ ન શકે!

પરંતુ જ્યારે હિમાલયનાં બરફથી છવાઈ ગયેલાં શિખરોની હારમાળાની વચમાંની ખીણોમાં ફેલાયેલાં કાશ્મીરનાં ફૂલખેતરો તથા ફૂલવનો મેં જોયાં, ત્યારે મારા મનમાં એવા તો અવર્ણનીય ભાવો ઉત્પન્ન થઈ આવ્યા, કે મને લાગ્યું કે લાગણીના ઊભરાની આ આખરી સીમા જ હશે.

પણ જ્યારે મેં નાયગરાના ધોધનું ભવ્ય અને ગંભીર સૌંદર્ય અખૂટ પાણી સાથે વહેતું જોયું, જ્યારે મેં જાપાનમાં પરોઢનાં સ્વપ્ન જેવા

ધુમ્મસથી અર્ધઢાંક્યા અને સુંદરતાની અવધિસમા ફુજિયામા પર્વતનાં દર્શન કર્યાં; ત્યારે મને સમજાયું કે સૌંદર્યનાં દર્શનથી જે લાગણીઓ હૃદયમાં ઊભરાઈ આવે છે, તેનું માપ કાઢવું મિથ્યા છે.

છતાં તે લાગણીની પરાકાષ્ઠા પામવાની મને હોંશ રહી જ જતી. જ્યારે નિઃસ્વાર્થ સ્વર્ગીય પ્રેમની મૂર્તિનાં મને સાક્ષાત્ દર્શન થયાં, ત્યારે મેં સાચે જ માન્યું હતું કે જે પરાકાષ્ઠા હું શોધતી હતી, તે મને મળી રહી છે.

પરંતુ, નાનકડા હાથપગ હવામાં ઉછાળતા, સોનેરી વાંકડિયા વાળવાળા, અને મોગરાના ફૂલના ઢગલા જેવા સુકોમળ મારા બાળકને જ્યારે મેં મારા ખોળામાં લીધો, ત્યારે જ મને સમજણ પડી ગઈ કે હૃદયની લાગણીની પરાકાષ્ઠા અનુભવવા જગતમાં દેશપરદેશ રખડવું વૃથા છે. નિઃસીમ આનંદની આ અણમૂલ પરાકાષ્ઠાનો અનુભવ કુદરતે કેટલો સુલભ બનાવ્યો છે!

['વિનોદિની નીલકંઠના નિબંધો' પુસ્તક]

## પરીની શોધ

નાનકડી લીલાને તેની માએ એક પરીની વાત કહી. જંદિગીમાં પહેલી જ વાર લીલાએ પરીનું નામ સાંભળ્યું. પછી તો આખી રાત લીલાને પરીના જ વિચાર આવ્યા કરે! સવાર પડતાં પહેલાં તો તેણે નિશ્ચય કર્યો કે, 'ગમે તેમ કરીને પરીને જોવી તો છે જ; ઘરમાંથી પરવારીને, નિશાળમાંથી ગાબડી મારીને પણ આજે પરીને શોધવી તો ખરી જ.'

આજે લીલા બહુ જ આનંદમાં હતી. મા જ્યારે તેને ઉઠાડવા આવી ત્યારે લીલાએ તેના ગળાની આસપાસ પોતાના નાનકડા હાથ વીંટાળી દઈને માના હોઠ ઉપર ગાઢ પ્રેમથી એક ચુંબન કર્યું. લીલા કેવી આંધળી! તેના પોતાના જ ચુંબનમાં રહેલી, ગુલાબનાં ફૂલની

પાંખડી જેવી પાંખોવાળી પરીને તેણે જોઈ જ નહિ!

પછી લીલા પોતાના નાના ભાઈ શિરીષના પારણા આગળ ગઈ; એ તો હજી ઊઘતો હતો. કોણ જાણે કેમ, જેવી લીલા નીચી વળીને તેના સોનેરી ને વાંકડિયા વાળ ઉપર હાથ ફેરવવા જતી હતી, તે જ ઘડીએ ઊઘતા બાળકે મીઠું સ્મિત કર્યું! અને તોપણ મૂર્ખી લીલાએ બાળકના મધુરા ખંજનમાં પરીઓ ન જોઈ!

પરીઓ પણ અકળાઈ ગઈ! આ છોકરીની આંખોમાં જોવાની શકિત આપવી પ્રભુ વીસરી તો નથી ગયો ને!

પછી ન્હાઈ-ધોઈને લીલા પોતાની ભાભી પાસે ગઈ. લીલાનો ભાઈ ઘણા દિવસોથી કાંઈ કામ માટે દૂર દેશ ગયો હતો. ભાભી ધોળું લૂગડું પહેરીને બારી આગળ બેઠી હતી. અષાઢ મહિનાનાં વાદળ જેવા તેના કેશ છૂટા હતા, ઘણા દિવસોથી તેમાં તેલ નાંખેલું નહોતું. સૌભાગ્યસૂચક ચિહ્નો સિવાય તેના અંગ ઉપર એક પણ આભૂષણ નહોતું. લીલા એ ઓરડામાં દાખલ થઈ ત્યારે તેની ભાભીની નજર બારીની બહાર દેખાતી સીધી સડક ઉપર હતી. લીલાનો પગરવ સાંભળી તેણે પ્રયત્નથી તે નજર ખેંચી લીધી, તેનાથી અજાણતાં એક નિસાસો નંખાઈ ગયો. અરે! ત્યારે પણ લીલાએ તે નિસાસામાં રહેલી ઘેરા રાખોડી રંગની પરીને ન જોઈ! દુ:ખની, વિયોગની પણ પરીઓ તો હોય જ ને?

ખેતરોમાં અને આંબાવાડિયામાં ઘણું રખડીને સાંજે લીલા ઘેર ગઈ. તેણે માને કહ્યું, “મા, મારાથી કેમ પરીઓ દેખાતી નથી?”

આ સાંભળી પેલી રાખોડી પાંખવાળી પરી સુધ્ધાં બધી પરીઓ હસી પડી. ખરેખર! આ લીલાની આંખો માત્ર દેખાવમાં જ આટલી સુંદર અને ચંચળ છે, બાકી તો એ બિચારી આંધળી છે. સર્વાનુમતે પરીઓએ એમ નક્કી કર્યું.

[‘વિનોદિની નીલકંઠના નિબંધો’ પુસ્તક]

# દીકરો

પીતાંબરનો નાનો ભાઈ કાંતિ હડકાયું કૂતરું કરડવાથી બાવીશ વર્ષની ભરજુવાન વયે જ્યારે ગુજરી ગયો, ત્યારે ઘરની મોટી વહુ અંબાએ જે કલ્પાંત કરી મૂક્યું, જે છાતી-માથાં કૂટી નાખ્યાં, તે ઉપરથી સૌ કોઈને એમ જ લાગી આવે કે તે એના પેટનો દીકરો જ ગુમાવી બેઠી હશે અને તે અનુમાન ઘણું ખોટું પણ ન ગણાય.

પંદર વર્ષની અંબા પરણીને સાસરે આવી ત્યારે, સસરા આગલી સાલ ગુજરી ગયેલા હતા, સાસુને ક્ષયરોગ લાગુ પડેલો હતો. અંબાએ ઘરમાં પ્રવેશ કર્યો કે તરત સાસુએ તેને પોતાની પથારી પાસે બોલાવી ને બેસાડી. કાંતિ ત્યારે ફક્ત બે વર્ષનો હતો. પગ આવી ગયા હતા, પણ બોલતા પૂરું શીખ્યો નહોતો. સાસુએ કાંતિને પાસે બોલાવી અંબાના ખોળામાં મૂક્યો ને કહ્યું: “જો બેટા કાંતિ, આ તારી બીજી બા.”

“બીજી બા,” કાંતિ પોપટની પેઠે બોલ્યો. ખોળામાં બેઠેલા બચુકડા દિયર પ્રત્યે અંબાને ખૂબ વહાલ ઊપજ્યું. તેણે પ્રેમપૂર્વક કાંતિને માથે હાથ ફેરવીને કહ્યું: “બા, હું જરૂર એની બીજી બા થવા મથીશ.”

અંબાના ચહેરા ઉપર તે બાળક પ્રત્યે પ્રેમની કુમાશ ફરી વળેલી જોઈ, સાસુએ વહુનું પારખું કરી લીધું અને છુટકારાનો દમ ખેંચ્યો. પોતાના લગ્નજીવનની લુપ્ત થતી સંધ્યાએ જન્મેલો આ બાળક, બાર મહિનાના ખૂણા દરમ્યાન આંસુની ધારે ઊછરેલો આ કાંતિ—તેને માટે હવે સાસુ નિશ્ચિંત બની ગયાં.

સાસુનો રોગ વધતો ચાલ્યો. ચાકરી કરવામાં વહુએ પાછી પાની ન કરી, દવા કરવામાં પીતાંબરે પણ કસર ન કરી; પણ જેની આવરદાની દોરીમાં દાંતી પડેલી, તે શરીર કેટલું ટકે? પીતાંબરના લગ્ન પછી બારે મહિને તેની માતાનું મૃત્યુ નીપજ્યું. ત્રણ વર્ષનો કાંતિ માબાપ-વિહોણો બન્યો, પરંતુ તેની બીજી બા અંબાએ તેને માબાપની ખોટ એક ઘડી પણ પડવા ન દીધી.

પીતાંબરને મનને ખૂણે આ નાનકડા ભાઈ પ્રત્યે ઈર્ષા હતી. તેને થતું કે નવવધૂ અંબાના પ્રેમાળ હૃદયનો ઘણોખરો ભાગ આ બાળકે કબજે કરી લીધો હતો. અને સાચે જ, વાંદરીનું બચ્ચું જેમ પોતાની માતા ઉપર સંપૂર્ણ ભરોસો મૂકી તેને વળગેલું રહે, પછી વાંદરી એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર કૂદકા મારે તોપણ બચ્ચું લેશમાત્ર ડરતું નથી, તેમ જ આ કાંતિ અંબા ઉપર પ્રેમપૂર્વક વિશ્વાસ મૂકી, તેને વળગીને જીવતો હતો. અંબા એવી તો ચતુર ગૃહિણી હતી કે પીતાંબરને ફરિયાદ કરવાની તક કદી પણ સાંપડતી જ નહિ. પીતાંબરની ઝીણામાં ઝીણી સગવડ તે કુનેહથી સાચવતી. અને પીતાંબર એમ તો શી રીતે કહી શકે, કે 'મારા નમાયા બાળક ભાઈ ઉપર તું પ્રેમ રાખે છે, તે મારાથી નથી ખમાતું?'

પછી તો વર્ષો વહી ગયાં. અંબાને પોતાને પણ બાળકો થયાં. પરંતુ કાંતિનું સ્થાન તેના હૃદયમાં ધ્રુવવત્ અવિચળ જ રહ્યું. લગ્નજીવનને પહેલે દિવસે 'બીજી બા' કહી પોતાના ખોળામાં બેસી ગયેલો તે બાળક અંબાના હૃદયના પ્રેમસિંહાસન ઉપર આરૂઢ થયો હતો. અંબાનાં બાળકો કાંતિને 'કાકા' નહિ પણ 'મોટાભાઈ' કહી બોલાવતાં અને અંબાને તે છોકરાં પણ 'બીજી બા'ને નામે જ સંબોધતાં.

કાંતિને ભણાવ્યો-ગણાવ્યો અને તે જોતજોતામાં એકવીસ વર્ષનો થયો, ત્યારે અંબાએ તેના લગ્નની વાત ઉપાડી. પીતાંબર કહે: "બે વર્ષ ખમી જઈએ. લગ્નનો ખર્ચ કરવા જેટલી હાલ સગવડ ક્યાં છે? કન્યાને આપવા ખોબો ભરાય એટલું નગદ સોનું જોઈશે. ઉપરાંત કપડાં-ચપડાં વગેરેનું ખર્ચ થશે તે જુદું."

અંબા બોલી ઊઠી: "મારું પલ્લું અનામત પડ્યું છે, તે કાંતિની વહુને ચઢાવીશું."

પીતાંબર આશ્ચર્યચકિત થઈ બોલ્યો: "વાહ, તારી દેરાણીને તારું પલ્લું આપી દઈશ?—નથી આ કાંઈ દીકરાની વહુ આવવાની; આ તો મારુંતારું કરતી દેરાણી ઘરમાં આવશે, જાણતી નથી?"

છેવટે અંબાની જીત થઈ. સારી કન્યા શોધવાનું પણ તેણે જ માથે લીધું. એક નહિ પણ એકવીસ કન્યાઓ તેણે જોઈ નાખી. પીતાંબર ચિઢાઈને કહેતોઃ “તારા કાંતિ માટે તો સ્વર્ગની કોઈ અપ્સરા ઊતરી આવશે, તો જ તારું મન માનશે.”

ઠંડી રીતે અંબા બોલીઃ “તે કાંતિ પણ દેવના દીકરા જેવો ક્યાં નથી?”

છેવટ કરુણા નામની કન્યા ઉપર અંબાની નજર ઠરી. તે છોકરીના રૂપરંગમાં જાણે કાંઈ મણા જ ન હતી. તેનાં આંખ, નાક અને ચામડીનો રંગ તથા દેહઘાટ ખરેખર જ અનુપમ હતાં. એ સાત ચોપડી ભણેલી પણ હતી અને ઉંમરમાં સોળ વર્ષની હતી. “દરેક રીતે મારા કાંતિને લાયકની છે,” અંબા સૌકોઈને હરખાઈ હરખાઈને કહ્યા કરતી હતી. અંબાએ તો ખૂબ જ હોંશથી કાંતિને પરણાવ્યો ને કરુણાને ઘરમાં આણી.

પીતાંબરે મનમાં ગણતરી કરી હતી કે દેરાણી બની આવેલી કરુણા અંબાની પાસે સમાન હક્કની માગણી કરશે ત્યારે અંબા રૂઠ્યા વગર નહિ રહે, અને આટલાં વર્ષથી પોતીકો કરી લીધેલો કાંતિ હવે આ રૂપાળી વહુનો બની જશે તે અંબાથી કદી સહન નહિ થાય. શાંત સંસારસાગરમાં તરતા પોતાના જીવન-હોડકામાં આગનું છમકલું જોવાની અને તે જોઈ મનને એક છૂપે ખૂણે રાચવાની અવળી ઇચ્છા પીતાંબરના અસંતુષ્ટ દિલમાં જાગી. માણસ પોતે જ્યારે કોઈક કારણસર હૈયાને એકાદ ઓતાડે ખૂણે પણ દુઃખી કે અસંતુષ્ટ હોય, ત્યારે બીજાને ડામવા ને દુઃખી જોવા તે ઇંતેજાર બને છે; એવું જ પીતાંબરને થયું. પરંતુ વીસ વર્ષથી ઘરમાં આવેલી ગૃહિણીને પીતાંબર ઓળખી શકેલો નહિ, તેથી તેની ગણતરી ઊંધી વળી.

રૂપરાશિ સરખી સોળ વરસની સુંદરીને પોતાના પ્રાણપ્રિય કાંતિની વહુ તરીકે ઘરમાં હરતીફરતી દેખીને અંબાનું હૈયું તો હરખાઈ જતું. અંબાના હૃદયમાં પ્રેમનું પાત્ર એવું તો છલકાઈ જતું હતું કે તેના સંપર્કમાં આવનાર સૌ કોઈને તે પાત્રમાંથી જેટલો જોઈએ એટલો પ્રેમ મળી શકતો. જ્યારે સૌની માફક કરુણાએ પણ તેને “બીજી બા” કહી

બોલાવવા માંડી, ત્યારે અંબાને ખૂબ આનંદ થયો.

અંબાને માથે સ્વર્ગ અડકવામાં માત્ર એક જ વેંત બાકી છે, એમ તેને લાગવા માંડ્યું. પણ એવું સંપૂર્ણ સુખ ભાગ્યે જ કોઈનું ટકી શકે છે; અંબાનું પણ ન ટક્યું.

બજારમાંથી ઘર ભણી આવતાં કાંતિને એક રખડતું કૂતરું કરડ્યું, ત્યારે કોઈને કલ્પના ન થઈ કે તે કૂતરું હડકાયેલું હશે અને આઠ દહાડે કૂતરાના દાંત પડવાથી પડેલો ઘા રુઝાઈ ગયો. તે સાથે સૌ કોઈના મનમાંથી પણ તે વાત ભૂંસાઈ ગઈ. પરંતુ કુદરતે પોતાનું કામ કર્યું. કૂતરું કરડ્યા પછી મહિને દિવસે કાંતિને હડકવા હાલ્યો અને બે દિવસમાં જુવાનજોધ કાંતિ ખલાસ થઈ ગયો. બાળક-અવસ્થામાં જ વિધવા બનેલી કરુણા કરતાં પણ અંબાનું રુદન વધુ હૈયાફાટ હતું.

દુ:ખના દિવસો ધીમે જાય છે, તે ન્યાયે દિવસોનું ધીમું ધીમું વહેણ વહી જતું હતું. સવાર પડતી ત્યારે અંબાનું બેચેન ઉદાસ મન રાત્રીની શાંતિ ઝંખતું અને રાત્રીનું શાંત નીરવ વાતાવરણ તેના નિદ્રાવિહીન મનને અસહ્ય લાગતું, ત્યારે તે ઉગમણી દિશા ભણી મોઢું રાખી ઊગતા દિવસની રાહ જોતી. કાંતિના મૃત્યુનો વાંક કરુણા ઉપર ઢોળી પાડવા જેવી તે મૂર્ખ કે વહેમી નહોતી, એ તો પીતાંબર પણ જાણતો હતો. છતાં કદાચ કાંતિના ગયા પછી તેની વહુ પ્રત્યે અંબાને જાણેઅજાણે પણ અણગમો ઉત્પન્ન થશે એવી પીતાંબરની ગણતરી હતી, તે પણ ખોટી પડી. કાંતિ ઉપરનું તમામ હેત અંબાએ કરુણા ઉપર કેંદ્રિત કર્યું. ઘણી વાર સમીસાંજે કામથી પરવારી દેરાણી-જેઠાણી એકલાં પડે ત્યારે અંબા કહેતી: “મારાં સાસુએ પહેલે દિવસે જ મારે ખોળે છૈયો મૂકી દીધો. ભગવાનની કૃપાથી મેં તેને નાનેથી મોટો કર્યો, પણ ખરા વખતે હું ભાન ભૂલી. કૂતરું કરડ્યું ત્યારે તે હડકાયું હશે એ ખ્યાલ મને હૈયાફૂટીને કેમ ન આવ્યો? મેં સાચવ્યો નહિ તેથી જ મારો રતન જેવો દીકરો કાળે કૂતરાનું રૂપ લઈ ભરખી ખાધો! અને વહુ! મારે વાંકે આજે તારે પણ આ બાળવયે રંડાપો વેઠવાનો આવ્યો. ભગવાનને ઘેર મારાં સાસુજીનો મેળાપ થશે, ત્યારે હું શું મોઢું દેખાડીશ?” આક્રંદ

કરતાં અંબા બોલ્યે જતી અને આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસાવતી. નવયૌવનસંપન્ન વિધવા કરુણા મૂંગે મોઢે સાંભળ્યે જતી.

કોઈ ભૂંડી પડોશણ કદાચ એવો ઇશારો કરે કે, “વહુને નઠારે પગલે તમારો કાંતિ ગુજરી ગયો,” તો અંબા કહેતીઃ “અરેરે, વહુ તો મારી કંકુ-પગલાંની, પણ મારાં જ નસીબ ફૂટી ગયાં તે કાંતિ કશું ભોગવ્યા વગર ચાલતો થયો. વહુએ તો અમૃતનો પ્યાલો એના મોઢા આગળ ધર્યો, પણ કાળે ઝાપટ મારી તે ઢોળી નાખ્યો; તેથી આ કાચી કેળ જેવી છોકરીનું અસહ્ય દુઃખ મારે દેખવાનું રહ્યું.”

અંબાનાં પોતાનાં છોકરાં મોટાં થવાં લાગ્યાં હતાં અને વળી કાંતિની નવજુવાન વિધવા ઘરમાં ફરતી હતી તેથી, અને ખાસ કરીને તો પોતાનું દિલ જ ભાંગી પડેલું હોવાથી, અંબાએ પતિ સાથેનું સહજીવન કાંતિના મૃત્યુ પછી પૂરું કર્યું હતું. સંસારસુખ ઉપરથી તેનું મન જ ઊઠી ગયું હતું. કાંતિના મૃત્યુ પછી કપડાંલત્તાં વિષે અંબા સાવ બેપરવા બની ગઈ હતી. માથું ઓળે ત્યારે પણ કદી સામે આરસી ન રાખે—માત્ર હેવાતનની નિશાનીનો ચાંદલો કપાળમાં કરે, ત્યારે એક અરધી ક્ષણ આરસીમાં કપાળનો ભાગ તે જોઈ લેતી, અને ચાંદલો તો કરવો જ પડે એટલે તે કરતી. બાકી કરુણાનું રૂપાળું, ઘાટીલું કપાળ ઉજ્જડ ઓરસિયા જેવું અને પોતાના કપાળમાં લાલચોળ ચાંદલો કરતાં પણ તેનું દિલ ક્ષોભ પામતું.

પીતાંબરને કાંતિના અકાળ મૃત્યુનો આઘાત નહોતો લાગ્યો એમ તો ન જ કહેવાય; પણ તે ઝટ રુઝાઈ ગયો. અને તેથી કાંતિના મૃત્યુ પછી છ મહિને તેનું મન વિષયસુખની ઝંખના કરવા માંડ્યું, ત્યારે અંબાએ કહ્યુંઃ “આપણે બહુ વર્ષ સુખ ભોગવ્યું, અને સંસારના મંદિરમાં પેસતાં પહેલાં જ, ઊબરા ઉપર પગ મૂકતાં જ કાંતિ બિચારો—” રુદનના સ્વરમાં અંબાના શબ્દો ગૂંગળાઈ ગયા. અંબાની દલીલ તથા આંસુનો જવાબ પીતાંબર પાસે ન હતો, પરંતુ તેથી કાંઈ તેનું મન વાનપ્રસ્થ બનવા તૈયાર થયું એમ તો ન જ કહેવાય. અને તેથી અંબા પ્રત્યે તે બેપરવા બન્યો ખરો, પણ તેના બદલામાં તેની નજર હવે યુવાનીને

પહેલે પગથિયે ઊભેલી કરુણાની પાછળ પાછળ ભમવા લાગી.

અને વળી બે વર્ષ એમ જ વહી ગયાં. પીતાંબરનો મોટો દીકરો દશરથ હવે પરણે એવડો થયો હતો. સુરતમાં એક સારી કન્યા હતી તેને જોવા માટે અંબા તથા દશરથ સુરત જવાનાં હતાં. નવા જમાનાની સુરતી કન્યાએ મુરતિયાને જોયા વગર લગ્ન કરવાની અનિચ્છા બતાવી હતી અને આ તરફ દશરથે પણ કન્યાને જોયા પછી જ ‘હા-ના’નો જવાબ દેવાની શરત રજૂ કરી હતી. ઘર, રસોડું તથા બાળકોની જવાબદારી કરુણા ઉપાડી લેશે એવી ખાતરી હોવાથી અંબા નિશ્ચિંત જીવે દશરથને લઈ કન્યાને જોવા સુરત ગઈ.

આઠ દહાડે તે પાછી ફરી ત્યારે પીતાંબરને સ્ટેશન ઉપર તેડવા આવેલો દેખી પહેલાં તો અંબાના પેટમાં ફાળ પડી, કે જરૂર કાંઈ માઠું બની ગયું હશે—બીજું તો શું, પણ જરૂર કોઈ માંદું-સાજું થઈ ગયું હશે. પણ જ્યારે પીતાંબરે હસતે મોઢે સૌના ખુશીખબર આપ્યા ત્યારે અંબાનો જીવ હેઠો બેઠો; પણ તેને નવાઈ ખૂબ લાગી. મનમાં ને મનમાં એ પૂછવા લાગીઃ “આ સ્ટેશન ઉપર આવ્યા જ કેમ?” ઘેર બધાં બાળકો કુશળ હતાં, પણ આઠ દહાડામાં કરુણાનો તો જાણે અવતાર જ ફરી ગયેલો લાગ્યો. તે ફિક્કી, ગભરાયેલી ને દૂબળી પડી ગયેલી જણાઈ. બપોરે નવરાશની વેળાએ અંબાએ કરુણાને વાંસે હાથ ફેરવી પૂછ્યુંઃ “કેમ, બીજી બા વગર તારી કોઈએ ભાળ ન રાખી કે શું? આમ કેમ ઢીલી પડી ગઈ?” અંબાના પ્રેમાળ શબ્દો સાંભળી કરુણા રોઈ પડી. ખૂબ ખૂબ રોઈ, પણ મોઢેથી એક શબ્દ પણ ન બોલી. અંબાના પેટમાં ધ્રાસકો પડ્યો. પોતાની ગેરહાજરીમાં શું બન્યું હશે એ વિષે તેને વહેમ પડ્યો, પણ તે તેણે પોતાના મનમાં વસવા ન દીધો. થોડા દિવસ એમ જ વીતી ગયા. પીતાંબર કદી નહિ ને હવે અંબાની જાણે ખુશામત કરતો ન હોય એમ વર્તવા લાગ્યો; અને પીતાંબરને દેખી તે ભૂત હોય તેમ છળીને કરુણાને ભાગતી દેખી બે-દુ-ચારનો હિસાબ ગણતાં અંબા જેવી ચતુર સ્ત્રીને વાર ન લાગી. તેણે કરુણાને એકાંતે બોલાવી વાત પૂછી લીધી, અને અંબાની ગેરહાજરીમાં પીતાંબરે

પોતાના ઉપર કરેલા બળાત્કારની વાત કરુણાએ અક્ષરે અક્ષર કહી દીધી. જતે દિવસે જ્યારે કરુણાને ગર્ભ રહ્યાની ખાતરી થઈ, ત્યારે પણ અંબા શાંત જ રહી. અખૂટ ઉદારતાનો સાગર હૈયે ભરીને જ અંબાએ જન્મ લીધો હતો. તેને પતિ ઉપર ઘૃણા ન ઊપજી, અને પુત્રીવત્ દેરાણી ઉપર તો સહાનુભૂતિ ને અનુકંપાથી તેનું હૃદય ભરાઈ ગયું. દરેક દુઃખદ પરિસ્થિતિ માટે તે પોતાને જ જવાબદાર ગણતી, તેમ આ વખતે પણ તે પોતાના મનને કહેવા લાગીઃ “વાંક તારો જ ગણાય. તેં સંસારમાંથી જીવ ખસેડી લીધો, પણ એ બિચારા પરાણે વૈરાગ્ય શી રીતે પાળે? વળી ભલભલા ઋષિમુનિઓનું પણ મન ચળાવે એવું અપ્સરા જેવું રૂપ આ કરુણાનું છે, તે જોઈ એમનું પરાણે રોકી રાખેલું મન હાથમાં ન રહ્યું તેમાં એમનો શો દોષ?”

અંબાએ તો દશરથનું લગ્ન ઝટપટ આટોપી લીધું. તે છોકરાને તેના સસરાએ મુંબઈમાં પોતાના ધંધામાં ભેગો લઈ લીધો, એટલે પરણીને એ ગયો મુંબઈ. તે જ અરસામાં અંબાની મોટી છોકરી કાશીના પતિને ત્રણ વર્ષ માટે આફ્રિકા જવાનું થયું. ત્યાં ઠરીઠામ થયા પછી કાશીને તેડાવી લેવાનું નક્કી કરી પીતાંબરને ઘેર મૂકી જમાઈ પરદેશ ગયા. કાશી ઘરમાં આવી એટલે અંબાને ખૂબ નિરાંત થઈ. તેણે અનેક રાતના ઊજાગરા કરી મનમાં એક યોજના ગોઠવી કાઢી; કરુણાની વાતનો તોડ કાઢવાની તેને સરસ યુક્તિ સૂઝી. તેણે, અલબત્ત, પીતાંબરને તથા કરુણાને તે યોજના સમજાવી.

અંબા પોતે સગર્ભા છે, એવી વાત તેણે જાણે કેટલી શરમ સાથે પાડોશમાં તેમજ સગાંસંબંધીમાં ફેલાવી દીધી. “બળ્યું, બહેન! માયા છોડવા ઘણુંયે મથીએ, પણ આ દેહની વાસના કેડા છોડતી જ નથી. જુવાનજોધ દેરાણી રંડાપાનું ઢગ દુઃખ ખમતી ઘરમાં ફરે છે, કાશી બે છોકરાંની મા થઈ છે, કાલ સવારે દશરથને ઘેર છોકરાં થશે, ત્યારે પણ અમારો સંસાર સંકેલાતો જ નથી! તેમાં એકલા પુરુષનોય કેમ વાંક કઢાય?” પ્રૌઢાવસ્થાને આરે આવેલી સ્ત્રીઓને પણ બાળકો જન્મે તેની નવાઈ નથી. તેથી અંબાની વાત સૌએ સ્વાભાવિક માની લીધી.

પછી અંબાએ મુંબઈ જવાની વાત છેડીઃ “દશરથ બોલાવ બોલાવ કરે છે. બિચારી કરુણાય કેટલાં વર્ષથી ઘરની ચાર ભીંતો વચ્ચે ગૂંગળાઈ રહી છે. અને હું વળી પાછી બાળકના જન્મ પછી બંધાઈ જઈશ, તો હમણાં જરા સ્થળફેર કરી આવીએ.” પછી કરુણાની સગર્ભા સ્થિતિ કોઈને પણ વર્તાય તે પહેલાં અંબા કરુણાને લઈ મુંબઈ ગઈ. દશરથને ઘેર આઠેક દિવસ રહ્યા પછી તે દેરાણી-જેઠાણી કોઈ અજાણી જગ્યાએ ચાલ્યાં ગયાં.

દીકરો પરદેશ ગયો છે ને આ તે દીકરાની વહુ છે—એમ અંબાએ તે અજાણી જગાએ ચલાવ્યે રાખ્યું. કરુણાને સૌભાગ્યવતીનો વેશ પણ તેણે પૂરેપૂરો પહેરાવી દીધો હતો. પૂરા દિવસ થતાં તે ગામની ઇસ્પિતાલમાં કરુણાએ પુત્રને જન્મ આપ્યો! “નર્યો મારો કાંતિ જ!” અંબાએ છોકરાને જોતાંવેંત જ છાતીએ વળગાડી દીધો, દેરાણીનો બાળક જેઠાણીએ લઈ લીધો. થોડા જ દિવસમાં બાળકને લઈ બન્ને ઘેર આવ્યાં.

પડોશણોથી ઘર ભરાઈ જવા લાગ્યુંઃ “ધાર્યા કરતાં છોકરો જરા વહેલો અવતર્યો,” અંબાએ સૌને જણાવ્યું. પડોશણો બોલી, “દીકરો નર્યો પીતાંબરદાસનો નમૂને નમૂનો છે.” “એમ?” અંબા જરીક દુઃખી થઈને બોલીઃ “હશે, બાપ જેવો બેટો થાય તેમાં શી નવાઈ? બાકી મને તો આ તદ્દન મારા કાંતિ જેવો જ લાગે છે.”

પછી સૌના દેખતાં તેણે કરુણાને બોલાવી. તેના હાથમાં બાળક સોંપતાં તે બોલીઃ “આમ જ એક વાર મારાં સાસુએ મારો કાંતિ મને સોંપ્યો હતો. આ કિશોર તને સોંપું છું—આધેડ વયે મારાથી તેની વેઠ થાય નહિ, અને તારુંય ચિત્ત આમાં પરોવાયેલું રહેશે. મારાથી કાંતિ ન સચવાયો, પણ તું આને જરૂર સાચવજે.”

આંખોમાં વહેતાં આંસુ લૂછી નાખતાં તેણે કરુણાનો છોકરો કરુણાના હાથમાં મૂક્યો.

# ટટ્ટાર ચાલવાની કેળવણી

દરિયાકિનારાના પ્રદેશની માછણ કેવી સુંદર ચાલે ચાલે છે! માથે માછલીનો ટોપલો ઉપાડવાનો હોવાથી તેની ગરદન અને ખભા સીધાં રહેવા ટેવાઈ જાય છે. ગામડાંમાં કૂવાનાં પાણી સીંચનારી પનિહારીઓ પણ માથે હેલ ઉપાડતી હોવાથી તેની ગરદન તથા બરડાનો મરોડ સુશોભિત રહે છે. ભરવાડ-રબારી સ્ત્રીઓ દૂધની તામડી માથે મૂકી કેવી દમામદાર ચાલે ચાલે છે! તેવી ચાલને લીધે સ્ત્રી દૃઢ ચારિત્ર્યની અને આત્મવિશ્વાસવાળી જણાય છે. શહેરી સ્ત્રીને માથે કશું જ ઉપાડવું પડ્યું નથી—ચિંતાના ભાર સિવાય! પણ તેથી તો ખભેથી તે એવી વળી જાય છે કે જાણે વાંસામાં ખૂંધ ન નીકળી હોય! તેથી તે ડરકુ, બીકણ અને નિર્માલ્ય જણાય છે. કન્યાઓને નાનપણથી સીધી ને ટટ્ટાર ચાલે ચાલવાનું શીખવવું જોઈએ. ઇંગ્લૅન્ડમાં રાજકુટુંબ અને અમીર-ઉમરાવની કન્યાઓને માથે ભારે ડિક્શનેરી જેવી ચોપડીઓ મૂકી ચાલતાં શીખવે છે, જેથી તે ગર્વથી માથું અધ્ધર રાખી ટટ્ટાર ચાલે ચાલવા ટેવાય. દેહસૌંદર્યનો વિચાર કરીએ ત્યારે ચાલવાની રીત અને અંગમરોડનો પણ ખ્યાલ રહેવો જોઈએ. નવું અને સારું ગ્રહણ કરવા જતાં જૂનાનું જે સારું હોય તે ગુમાવી ન બેસીએ, એનું ધ્યાન સુંદરીઓએ રાખવું ઘટે.

['ગુજરાત સમાચાર' દૈનિક]

# વિનોદિની નીલકંઠ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ

## પા સદીમાં કેટલી પ્રગતિ?

પા સદીમાં (૧૯૩૭-૬૨) સામાજિક ક્ષેત્રો ગુજરાતમાં કેટલી પ્રગતિ થઈ?

ગુજરાતે આ પચીસ વર્ષમાં ચારે દિશામાં પ્રગતિ કરી છે, એમ કહી શકાય. પચીસ વર્ષમાં કેટલી બધી શાળા-મહાશાળાઓ તથા યુનિવર્સિટીઓ સ્થપાઈ ગઈ છે? કન્યા-કેળવણીનું પ્રમાણ શહેરોમાં કેટલું વધી ગયું છે? કન્યાના લગ્નનું વય પણ સારી પેઠે વધ્યું છે. શહેરમાં હવે બાળલગ્નો થતાં નથી. કાયદાથી સ્ત્રીને વારસાનો હક મળ્યો છે. કદી ન છૂટે એવી જે હિન્દુ લગ્નગાંઠ મનાતી હતી, તે પણ હવે છૂટાછેડાના કાયદાથી ઢીલી પડી ગઈ છે. કોઈ વિધવા પુનર્લગ્ન કરે તો સાવ સ્વાભાવિક તો નહિ, છતાં ચલાવી લેવાય એવું પગલું ગણાય છે. કેટકેટલે ક્ષેત્રો સ્ત્રીએ પ્રવેશ કર્યો છે, તેની પચીસ વર્ષ ઉપર કોઈને કલ્પના ન હતી. આજે સ્ત્રી વકીલ, સ્ત્રી કલેક્ટર, સ્ત્રી પ્રધાન અને દરેક મોટી કચેરીમાં નોકરી કરતી સ્ત્રીની જરાયે નવાઈ રહી નથી. સ્ત્રી ડૉક્ટર, શિક્ષિકા તેમજ નર્સ તો પચીસ વર્ષ ઉપર હતી જ, પરંતુ તેમાં વધારો ઘણો થઈ ગયો છે. બાળકો તરફ વડીલોનો વર્તાવ બદલાવવા લખાણો લખાઈ રહ્યાં છે......

આ ચિત્ર રૂપાળું લાગે છે. પણ જરા થોભી જઈએ. શું ખરેખર છેલ્લા અઢી દસકામાં ગુજરાતમાં ઘણા સુધારા થઈ ગયા છે? શહેરોમાં જેવી પ્રગતિ છે, તેવી ગામડાંમાં છે? કન્યા-કેળવણીમાં ગામડાં હજી બહુ ધીમે આગળ વધે છે. ગામડાંમાં હજી અસંખ્ય બાળકોને પ્રતિવર્ષ પરણાવી દેવામાં આવે છે. પૈઠણ-વાંકડા હજી ચાલુ છે. સ્ત્રીને જે હકો કાયદાથી મળ્યા છે, તે વિશે ગ્રામવિસ્તારની સ્ત્રીઓ હજી ઘણે અંશે

અજ્ઞાન છે. હરિજનો પ્રત્યેની સૂગનાં મૂળ બહુ ઊંડાં છે. ન્યાતજાતના વાડા ઘણા મજબૂત છે, દરેક ચૂંટણી વખતે જ્ઞાતિવાદ આગળ પડતો ભાગ ભજવે છે. મૃત્યુ પાછળ જમણો હજી થાય છે. હજી ઘણીખરી શાળાઓમાં તથા ઘણાંખરાં ઘરમાં બાળકોને મારપીટ કરવામાં આવે છે. સમાજમાં દંભનું પ્રમાણ વધ્યું પણ હોય. અને વહેમી માનસ પહેલાં જેવું જ પ્રવર્તમાન છે.

જો સમાજ પ્રગતિ કરતો હશે તો પણ ગોકળગાયની ગતિથી, એવું જણાય છે. એમ કહી શકાય કે ડોશીએ આખી રાત દળ્યું, ત્યારે કોડિયું ભરાયું છે.

વિનોદિની નીલકંઠ

*

જ્યારે મને કોઈ સવાલ કરે છે કે સમાજમાં શો સુધારો થયો? ત્યારે હું જવાબ આપું છું કે ઘણો મોટો સુધારો થયો છે. લોકોનો મોટો ભાગ રૂઢિના ઘરમાં ગોંધાયેલો છે, તે સાચું. પરંતુ પચીસ વર્ષ પહેલાં લોકોને ફરજિયાત રૂઢિમાં ગોંધાયેલા રહેવું પડે તેવી સ્થિતિ હતી. જો તેમાંથી બહાર નીકળે તો નાતીલાઓ એને નાત બહાર મૂકતા, સમાજમાં રહેવું એને માટે મુશ્કેલ બનતું. એમને નાઇલાજે રૂઢિને તાબે થવું પડતું. આજે લોકો રૂઢિના ઘરમાં પુરાઈ રહ્યા હોય તો જૂની આદતના માર્યા; બાકી એમને પુરાઈ રહેવું પડે અને બહાર નીકળી ન શકાય તેવી ભોગળ નાતે આજે મારેલી નથી.

ઈશ્વર પેટલીકર

*

આજે કાર્યકરોને જેટલો રાજકારણમાં રસ છે તેવો રસ સામાજિક સુધારણામાં રહ્યો નથી. પરિણામે સામાજિક ક્રાંતિ માટે લોકશિક્ષણનું કાર્ય થવું જોઈએ તે થતું નથી. એવી મનોદશા કેળવાતી જાય છે કે હવે તો આપણી સરકાર છે એટલે કાનૂન કરીને સામાજિક સુધારનું કામ કરશે.

ગામડાંમાં શાળાઓ વધે છે. કૉલેજનું શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ગામડાંમાં પણ વધતી જાય છે. પણ શિક્ષણના પ્રમાણમાં સામાજિક

જાગૃતિનું દર્શન ગામડામાં થતું નથી. આજે પણ ગામડામાં મરણ પાછળનાં બારમાં થાય છે, છડેચોક, બાળલગ્નો થાય છે, બાળક માંદું પડે તો દોરાધાગા કરાય છે, માતાજીનો કોપ ન થાય તે માટે અણુજો પળાય છે. અંધશ્રદ્ધા ને વહેમ એવાં ને એવાં છે. પોતાનાં સંતાનોને ભણાવવાનો પ્રશ્ન આવે ત્યારે પૈસાના અભાવે અસહાય બની જનાર માબાપો તેમનાં લગ્નમાં આંધળો ખર્ચ કરે છે. ગામડામાં જ્ઞાતિના અને ઊંચનીચના ભેદ તીવ્ર છે. આભડછેટ હોટલમાં પળાતી નથી, પણ વ્યવહારમાં તો હરિજનોને હડધૂત કરવામાં આવે છે. ગામડામાં છોકરીઓને ખાસ ભણાવતા નથી. પરિણામે સમાજમાં માનસિક કજોડાં ઊભાં થાય છે અને તે નવી સમસ્યાઓ પેદા કરે છે. સ્ત્રીઓ ઘૂમટો તાણ્યા વિના ગામડામાં નીકળી શકે જ નહિ, એવી સ્થિતિ પ્રવર્તે છે, પછી સમાન હકની તો વાત જ ક્યાં કરવી?

પીતાંબર પટેલ

# વિનોબા ભાવે

## અ-પરિચય

આપણે અમુક લોકો સાથે નિરંતર રહેવું પડે છે, તો એ લોકોને જોઈને મનમાં અમુક ભાવ પેદા થાય છે, એમના વિશે અમુક અભિપ્રાય બંધાય છે.

પણ આ રીતે કોઈ પણ વ્યક્તિને માપવી ન જોઈએ. કારણ કે આપણને તો તેના આ જન્મનાં જ દસ-વીસ વરસની જાણકારી છે. પણ આ પૂર્વે તેના તો કેટલાયે જન્મ થયેલા છે. એ તો એક પુરાણપુરુષ છે! એ એક ગૂઢ તત્ત્વ છે, જેને એ પોતે પણ નથી જાણતો—તો પછી આપણે તેને શું જાણવાના હતા!

માટે દરેક વ્યક્તિ પ્રત્યે આપણું આદરયુક્ત અળગાપણું હોવું જોઈએ; એક જાતનો આધ્યાત્મિક અ-પરિચય હોવો જોઈએ. આસમાનમાં ચમકતી તારિકાઓ એટલી તો પ્રજ્વલિત છે કે સૂર્યનારાયણ તો એમની આગળ એક નાનકડા બિંદુ સમાન છે. છતાં આપણી આંખો ઉપર એ તારિકાઓની સૌમ્ય અસર થાય છે, એમનાં દર્શનથી આપણી આંખનું તેજ વધે છે. આનું કારણ એ છે કે તે તારિકાઓ આપણાથી અત્યંત દૂર છે.

એવી જ રીતે પરસ્પરનો પ્રેમ જાળવી રાખવા માટે, નિકટ રહેવા છતાં એક જાતનું અળગાપણું કાયમ રાખવું જોઈએ, આધ્યાત્મિક અનાસક્તિ અનુભવવી જોઈએ.

# મજૂરીનો મોભો

હિંદુસ્તાનમાં આખરે કોઈ સવાલ હોય તો તે ગરીબીનો છે. અને આ દેશની પેદાશ વધ્યા વિના તેનો ઉકેલ નથી. પણ આજે સમાજમાં જે બે ભાગ પડી ગયા છે તે કાયમ રહેશે, તો પેદાશમાં ગમે તેટલો વધારો થવા છતાં ગરીબીના સવાલનો ઉકેલ આવવાનો નથી.

આ દેશમાં કેટલાક લોકો વધારે પડતું કામ કરે છે, એમને તે લાચારીથી કરવું પડે છે અને છતાં એમને પૂરતું ખાવાપીવાનું મળતું નથી. એથી ઊલટું, બીજા લોકો થોડીઘણી સેવા કરતા હશે ખરા, તેમ છતાં જેને પેદાશનું કામ કહેવાય તેમાં એ લોકો પડેલા ન ગણાય. એટલું જ નહીં, મહેનત-મજૂરીના કામને એ લોકો હલકું માને છે. તે એટલે સુધી કે જેના વિના સમાજને ચાલે નહીં એવા સારાં સારાં કામ કરનારને આપણે નીચ ગણીએ છીએ. કારીગરોને આપણે નીચા ગણ્યા, મજૂરોને હલકા ગણ્યા, ખેડૂતોને આપણે નીચા માન્યા; ને જે મહેનત-મજૂરી કરતા નથી તેમને આપણે ઊંચા માન્યા! આ જ કારણે હિંદુસ્તાન નીચે પડ્યું છે.

પ્રોફેસર અને વિદ્યાર્થી, ન્યાયાધીશ ને વકીલ, વેપારી ને ભણેલાગણેલા જે બધા પોતાના દેશનું કલ્યાણ કરવા ઇચ્છે છે તે પોતાના હાથ વડે કંઈક કામ કરે—ઘરમાં ઘંટી ફેરવે, સૂતર કાંતે, કંઈ ને કંઈ પેદા કરે, તો જ આ ભેદ મટી શકે.

આપણામાંનો એક એક માણસ કોઈ પણ પ્રકારની મજૂરી કરવા માંડે, તો આપણાં મગજ પણ ચોખ્ખાં થશે. આ વાત હું મારા પોતાના અનુભવ પરથી કહું છું. રોજના કલાકો સુધી મેં મજૂરીનું કામ કરેલું છે, અને એથી મારી વિચાર કરવાની શક્તિ વધી છે. હું ચોક્કસ માનું છું કે મેં મજૂરીનું કામ ન કર્યું હોત અને ખાલી વિચારો જ કર્યા હોત, તો આજે જેવા સ્પષ્ટ વિચારો હું કરી શકું છું તે ન કરી શકત. ન્યાયાધીશ જો રોજ કલાકેક કાંઈક મજૂરીનું કામ કરશે—કોદાળીથી જમીન ખોદશે, લાકડાં ફાડશે, ઘંટી પર દળશે કે રેંટિયાથી કાંતશે—તો

તેના ચુકાદા વધારે સાચા નીવડશે. આ રીતે ચાલવાથી આપણા મગજને થાક લાગતો નથી.

આમ કરવાથી દેશમાં પેદાશ વધશે એટલું જ નહીં, આપણે ત્યાં મજૂરીનો મોભો પણ વધશે; મજૂરી કરવાવાળા લોકો આજે હલકા ગણાય છે તે ઊંચા આવશે. કબીર વણકર થઈને વણતા હતા, તે વખતે વણકરોનો જે મોભો હતો તે આજે ક્યાં છે? રોહીદાસ ચમારનું કામ કરતા, તે વખતે ચમારની જે પ્રતિષ્ઠા હતી તે આજે ક્યાં છે? નામદેવ દરજીનું કામ કરતા, તે જમાનામાં દરજીની જે ઇજ્જત હતી તે આજે ક્યાં છે? કૃષ્ણ ભગવાન ખેતરોમાં મજૂરી કરતા અને ગાયો ચારતા. ત્યારે ખેડૂત અને ગોવાળનું જે સ્થાન હતું તે આજે ક્યાં છે? મહમ્મદ પેગંબર હાથ વડે મજૂરી કરતા. આપણા જેટલા સંતો થઈ ગયા છે તે બધા યે કોઈ ને કોઈ મજૂરીનું કામ કરતા.

## કમ્બલ કી કહાની

એક બાર મૈં બાજાર મેં કમ્બલ ખરીદને ગયા. એક બાઈ કમ્બલ બેચને બૈઠી થી. ઉસને ભાવ બતાયા: “ડેઢ રૂપયા કમ્બલ.”

મૈંને ઉસસે પૂછા: “ઉન ક્યા ભાવ પડા? બુનાઈ મેં કિતના લગા? ભેડ પાલને મેં કિતના ખર્ચ આતા હૈ?” વહ મેરી ઓર સાશ્ચર્ય દેખને લગી કિ યહ સબ પૂછને વાલા કૌન હૈ? ફિર ઉસને મુઝે સબ બતા દિયા. ઔર મૈંને હિસાબ લગા કર કહા: “યહ કમ્બલ પાંચ રૂપયે સે કમ પર પડેગા હી નહીં, ફિર તૂ ડેઢ રૂપયા કૈસે લગાતી હૈ?” વહ મેરી ઓર દેખતી હી રહ ગઈ. કહને લગી: “પાંચ રૂપયા કૈસે બતાય? ડેઢ બતાયા, તો લોગ સવા કહતે હૈં!” મૈંને કમ્બલ લે લિયા ઔર ઉસે પાંચ રૂપયે દે દિયે.

ફિર ક્યા હુઆ? હમારે આશ્રમ મેં સૂત કાંતને કે લિયે બચ્ચેં આયા કરતે. વે તીન-ચાર આના કમાતે. ઉન દિનોં મજદૂરોં કો ભી

દો-સવા દો આના મજદૂરી મિલતી થી. ઉન બચ્ચોં કો મૈંને કમ્બલકી કહાની બતાયી ઔર કહા કિ, "આપ લોગોં કો ૩-૪ આના મજદૂરી મિલતી હૈં ન? તો ઐસા કીજિયે કિ બરસાત મેં ઘાસ કા બોઝ બાંધકર ઔરતેં આતી હૈં; આપ ઉસે દો આને મેં ખરીદેં."

બચ્ચોં ને માન લિયા ઔર બાજારમેં પહુંચે. વહાં ઘાસ બેચને વાલી કહતી થી: "તીન પૈસા બોઝ," તો દૂસરે કહતે: "દો પૈસા લે." યે બચ્ચેં કહને લગે, "ઈસકી કીમત તો દો આને હૈ." વહ ગ્રાહક કહતા, "બહુત બઢ-ચઢ કર બોલતા હૈ બચ્ચા! ક્યા કોઈ ઈસે દો આના દેગા?" બચ્ચેને કહા: "મૈં હી દૂંગા!" ઔર સચમુચ દો આને દેકર ઉસને વહ બોઝ ખરીદ લિયા.

## જેમ ગાડીમાં, તેમ ગામમાં

સ્ટેશન પર ટિકિટ લેવા અનેક લોકો આવે છે. ટિકિટ-બારી પાસે સો માણસ ઊભા છે. દરેકને જુદી જુદી જગ્યાની ટિકિટ જોઈએ છે. બીજાને દૂર હડસેલીને તે પોતાની ટિકિટ લેશે. એકમેક સાથે કોઈ સંબંધ નથી. એક ગાડીમાં બેસશે, છતાંય કશો સંબંધ નથી. એક જ ગાડીમાં અડધો કલાક સાથે બેઠા રહેશે. કોઈ એક ઊતરી જશે તો બીજો આવશે. પાસેવાળા સાથે કશો સંબંધ નહિ.

જે ગાડીમાં થાય છે તેવું જ ગામમાં પણ થાય છે. ગામમાં સૌ પોતપોતાના સ્વાર્થમાં મગ્ન છે. એમાંથી કોઈ મરી જાય છે, કોઈનો જન્મ થાય છે. કોઈનો કોઈનીયે સાથે સંબંધ નહિ. આ સમાજ નથી, જમાવ છે. ગામમાં સહુ મળીને એક છે, સહુનો ઉદ્દેશ એક છે, સહુની ભાવના એક છે, એમ થવું જોઈએ.

પ્રાંત-નિર્માણ થઈ ગયું, રાષ્ટ્ર-નિર્માણ થઈ ગયું, પરંતુ હજી ગ્રામ-નિર્માણ થયું નથી! આ અજબ વાત છે. મકાનના બીજાત્રીજા મજલા બની ચૂક્યા છે, પરંતુ નીચેનું ભોંયતળિયું નથી બન્યું!

## વહ સતી નહીં હૈ

લોગ બીડી પીતે હૈં. મુંહસે રામનામ લેને કે બદલે ધુઆં નિકાલતે હૈં. કભી—કભી હમકો તો ઉનકે મુંહ મેં આગ લગી હૈ ઐસા લગતા હૈ ઔર બાલટી ભર પાની ડાલને કી ઇચ્છા હોતી હૈ!

પરમેશ્વર કી કૃપા હૈ કિ બહનેં અભી બીડી નહીં પીતી. લેકિન અપને ઘર કે પુરુષ બીડી ન પીયેં, ઉતની શક્તિ બહનોં મેં હોની ચાહીએ. બહનોં કો અપને આદમી કો સંભાલના ચાહીએ કિ, “ખબરદાર, તુમ બીડી પીઓગે, તો રસોઈ નહીં બનાઉંગી. ન મૈં ખાઉંગી, ઔર ન તુમકો ખિલાઉંગી.” ઐસી તેજસ્વી સ્ત્રીયાં પૈદા હોગી, તબ દેશ આગે બઢેગા. નહીં તો પુરુષ લોગ તો ઈતને મૂરખ હૈં કિ ગાંવ કો, કુટુંબ કો ઔર શરીર કો ભી આગ લગાને કો તૈયાર હોતે હૈં!

સામાન્યતઃ બહનેં સમઝતી હૈં કિ, પતિ કૈસા ભી હો, હમારા ધર્મ હૈ કિ ઉનકે પીછે-પીછે ચલેં. પુરુષ પરાક્રમ કા કામ કરેં, તો સ્ત્રીયોં કા કર્તવ્ય હૈ કિ પુરુષ કે સાથ-સાથ જાયેં ઔર મદદ કરેં. લેકિન પુરુષ બુરા કામ કરેં, તો ભી વહ ચુપ બૈઠી રહેં, યહ ધર્મ નહીં હૈ. માં, પત્ની ઔર બહન મેં બહુત શક્તિ હૈ. સબ શક્તિ કા ઉપયોગ પુરુષ કો બચાને કે લિએ કરના ચાહિએ. પુરુષ કો અગર ઘર સે અચ્છી તાલીમ મિલેગી, તો વહ બુરા કામ નહીં કરેગા. લેકિન બહનેં સહન કરતી હૈં. પુરુષ કિતના ભી બુરા કામ કરેગા, તો વહ નિભા લેંગી. લેકિન જો સ્ત્રી પતિ કો કાબૂ મેં નહીં રખતી હૈ, વહ સ્ત્રી સતી નહીં હૈ.

## તમીજ

*લોગ પૂછતે હૈં કિ આપકે પ્લાનિંગ મેં*
*જીવનસ્તર બઢેગા યા ઘટેગા?*

*તો કિસ ચીજ કા સ્તર બઢાના ચાહિએ*
*ઔર કિસકા ઘટાના,*
*ઉસકી તમીજ ઇન્સાન કે લિયે જરૂરી હૈ.*
*સ્તર જરૂર બઢના ચાહિએ—*
*લેકિન દૂધ, ફલ, મેવે, તરકારી વગૈરહ ચીજોંકા;*
*ઔર સિગરેટ, શરાબ જૈસી ચીજોંકા ઘટના ચાહિએ.*

# ના કહેવાની શક્તિ

એક માણસને રાક્ષસ ઉપાડી ગયો. પછી તેની પાસે ખૂબ ખૂબ કામ કરાવે. આરામનું તો નામ જ નહીં. જરા ચૂં કે ચાં કરે કે રાક્ષસ ધમકી આપે કે, તને ખાઈ જઈશ.

આખરે પેલા માણસે વિચાર્યું કે આવું તો ક્યાં સુધી ચાલે? એટલે એક દિવસ એણે કહી પાડ્યું કે, જા, કામ નથી કરવાનો; તારે મને ખાવો હોય તો ખાઈ જા!

પણ રાક્ષસે કાંઈ એને ખાધો-બાધો નહીં, કેમકે એક વાર એને ખાઈ જાય તો પછી રાક્ષસનું કામ કોણ કરે? પછી માણસમાં વધુ હિંમત આવી. એણે કહ્યું કે, વગર મજૂરીએ કામ નહીં કરું. તો રાક્ષસ મજૂરી પણ આપવા લાગ્યો.

આ ના કહેવાની શક્તિ—તમારા ખોટા કામમાં સહકાર નહીં આપું, એમ કહેવાની શક્તિ—આપણામાં આવવી જોઈએ. અને તેમ કરતાં મરવું પડે, તો મરવાની પણ તૈયારી આપણે રાખવી જોઈએ.

બાળકોને આવી નિર્ભયતા શીખવવી જોઈએ. તેને બદલે આજે તો માબાપ બાળકોને માર મારીને ધાક બેસાડવા પ્રયત્ન કરે છે. તેનાથી છોકરાં ડરપોક બને છે. છોકરો નિશાળે નથી જતો. બે-ત્રાણ વાર સમજાવ્યો છતાં ન માન્યો, એટલે તેને માર્યો. પેલો ડરતો ડરતો નિશાળે જવા લાગ્યો. તે નિયમિતતા શીખ્યો, પણ તેણે નિર્ભયતા ખોઈ. એક રૂપિયો

મેળવ્યો અને સાટામાં સો રૂપિયા ખોયા! અને પેલી નિયમિતતા પણ પાકી થોડી જ થઈ? પિતાજી ગયા, કે અનિયમિત વહેવાર શરૂ થયો.

હજારો માબાપો માર મારી મારીને છોકરાંને ડરપોક બનાવે છે. પછી જુલ્મી લોકો આ ડરપોકપણાનો લાભ ઉઠાવે છે. આમ જુલ્મી લોકોનાં રાજ્ય ચાલે છે તેની બધી જવાબદારી બાળકોને મારનારાં માબાપોની છે.

આશ્ચર્યની વાત તો એ છે કે માતામાં આટલી બધી શ્રદ્ધા રાખનારા, મા જે કહે તે માની લેનારા—મા ચાંદો કહે તો ચાંદો અને સૂરજ કહે તો સૂરજ—એવા છોકરાને મારપીટ કરવાનો વારો આવ્યો! આનો અર્થ એ કે તે માબાપોની નાલાયકી છે.

બાળકોને તો નિર્ભય બનાવવાં જોઈએ. છોકરાને મારપીટ ન કરવી જોઈએ. બલ્કે એને તો એમ શીખવવું જોઈએ કે, કોઈ ડર બતાવીને કે મારપીટ કરીને તારી પાસે કાંઈ કરાવવા માગે, તો હરગિજ તેમ ન કરતો!

આવી તાકાત દેશનાં બાળકોમાં, નવજવાનોમાં આવશે ત્યારે દેશની શક્તિ વધશે.

## ગેરસમજ

આપણે જો કોઈની નિંદા સાંભળીએ, તો એમ સમજવું કે કાંઈક ગેરસમજ થઈ છે. સગા કાનનો યે ભરોસો ન કરવો. કહેવા—સાંભળવામાં કેટલીયે ભૂલો થઈ જતી હોય છે. એક જણ એક ભાવનાથી બોલે છે, ને બીજો અન્ય ભાવનાથી સાંભળે છે. એટલે જ્યારે ગેરસમજ થાય ત્યારે પોતાના માનસિક તર્કનો અવિશ્વાસ કરવો જોઈએ, અને સામી વ્યક્તિ તેનો જે અર્થ કરે તેને જ ખરો માનવો જોઈએ; એ પોતે જે કહે તે જ શ્રેષ્ઠ સાબિતી. માણસ પોતાના દોષ કહેવા માંડે ત્યારે સાંભળવા, કારણ કે તેથી દોષ ધોવાય છે; પણ તેથી એમ ન માનવું કે એ કહે

છે તેવા દોષ તેનામાં છે જ. પણ એમ માનવું કે એવા દોષનો આભાસ તેને થયો છે તો, ચાલો, એનું નિરાકરણ કરવામાં મદદરૂપ થઈએ.

# અઢી હજાર વરસ પછી

સ્વરાજ્ય મળ્યું અને પરમેશ્વર ગાંધીજીને ઉઠાવી ગયા. પરમેશ્વરનો હેતુ જાણવો એ મનુષ્યને માટે મુશ્કેલ છે, તે છતાં ચિંતન દ્વારા એનું અનુમાન થઈ શકે છે.

આપણા દેશને સંપૂર્ણ સ્વરાજ મળે, તેના કરતાં ઓછી ઈશ્વરની ઇચ્છા હોત તો તેણે ગાંધીજીને આપણી વચ્ચે રહેવા દીધા હોત. પણ દેશ બધી જાતની પરાધીનતાથી મુક્ત થઈ જાય, એવી જ એની ઇચ્છા લાગે છે. અંગ્રેજોના જવાથી બહારનું દબાણ ગયું. ગાંધીજીને ઉપાડી લઈને ઈશ્વરે આપણી બુદ્ધિને હચમચાવી નાખી. જાણે કે એ આપણને કહેતા ન હોય કે, હવે તમે લોકો બધી રીતે સ્વતંત્રા છો, સ્વતંત્રા બુદ્ધિથી વિચાર કરો અને સાચી રીતે સ્વતંત્રા બનો.

મનુષ્ય ગમે તેટલો મહાન થાય, તો પણ શું એ આખા દેશને સ્વરાજ અપાવી શકે? મારી ઊંઘ જેમ મારે જ કરવી પડે છે, તેમ મારું સ્વરાજ પણ મારે જ મેળવવું જોઈએ. પરમેશ્વર હંમેશાં આપણે માટે મહાપુરુષો મોકલ્યા કરે, તો તેનાથી આપણી ઉન્નતિ જ થશે એવું નથી. ભગવાન વારંવાર અવતાર લેતા નથી, એ પણ એની કૃપા જ સમજવી જોઈએ.

લોક કહે છે કે ગાંધીજીની પાછળ ચોપાસ અંધારું છવાઈ ગયું છે. હું કહું છું કે હવે તો અજવાળું થયું છે. આંખો ઉઘાડો તો સમજાશે. ગાંધીજી વારંવાર કહેતા કે, હું જે કહું છું તેની ઉપર તમે સ્વતંત્રા બુદ્ધિથી વિચાર કરો, અને એ ગળે ઊતરે તો જ તે પ્રમાણે ચાલો. પણ આપણે વિચારવાની તકલીફ લીધા વિના એમની પાછળ પાછળ ચાલ્યા કરતા હતા. એટલે પછી ઈશ્વરે નક્કી કર્યું કે હવે આ લોકોને

વિચાર કરવાની તકલીફ આપવી પડશે.

*

પહેલાંના વખતમાં રાજકારણનું સ્વરૂપ આજના જેટલું વ્યાપક નહોતું. ત્યારની મોટી મોટી લડાઈઓ પણ લોકોને ખાસ સ્પર્શી શકતી નહોતી. અલ્લાઉદ્દીન દિલ્હીથી નીકળ્યો અને એણે દેવગિરિનું રાજ્ય જીતી લીધું. રસ્તામાં ક્યાંય લોકોએ એની સેનાનો વિરોધ ન કર્યો. એનું લશ્કર જે જે ગામ પાસેથી પસાર થતું ગયું ત્યાંના લોકોને બહુ બહુ તો એવું લાગ્યું હશે કે જાણે તીડનું ટોળું આવ્યું ને ચાલ્યું ગયું.

દેવગિરિનું રાજ પલટાઈ ગયું, પણ લોકોના જીવનમાં કોઈ ખાસ ફેરફાર ન થયો. લોકો જે કરવેરા પેલાને ભરતા હતા, તે હવે આને ભરવા લાગ્યા—બસ, એટલો જ ફરક પડયો. એ વખતના રાજકારભારનાં પાપ-પુણ્ય લોકોને માથે નહોતાં. એની જવાબદારી એકલા રાજાઓની જ રહેતી.

આજે એવી સ્થિતિ નથી. એટલા માટે જ ગાંધીજી જેવા સાધુચરિત પુરુષને રાજકારણમાં આવવું પડ્યું. કારણ કે આજનું રાજકારણ આપણા સમાજજીવનથી જુદું નથી રહ્યું. આજનો કાળ જ એવો છે કે દરેક માણસને રાજ્ય વિશે વિચાર કરવો પડે. રાજ્યને સાત્ત્વિક અને પવિત્રા બનાવવાની જવાબદારી દરેકની ઉપર છે.

*

બુદ્ધના જમાનામાં રાજકારભારની જવાબદારી પ્રજા ઉપર નહોતી, એટલે બુદ્ધના વિચાર વિશ્વોપયોગી હોવા છતાં આજ સુધી પટારામાં પડ્યા રહ્યા. શા હતા બુદ્ધના વિચાર? વેરથી વેર શમતું નથી, પ્રેમથી જ શમે છે. હિંસાથી હિંસા અટકતી નથી, અહિંસાથી જ અટકે છે. બાવળ વાવીએ તો એની ઉપર કેરી ન પાકે. કુદરતનો એ નિયમ છે. એને વિશે કોઈના દિલમાં શંકા નહોતી. પણ નૈતિક જીવનના એ નિયમમાં લોકોને શ્રદ્ધા બેઠી નહોતી. એ જમાનામાં રાજકારણનું સ્વરૂપ આજના જેટલું વ્યાપક નહોતું. ત્યારે હિંસાથી હાનિ તો થતી જ, પણ બહુ મોટી નહોતી થતી. આજની હિંસા વ્યાપક અને દરેકને

અસર કરનારી હોવાથી બુદ્ધે પ્રબોધેલી અહિંસાનું મહત્ત્વ લોકોને ગળે ઊતરવા માંડયું છે. બુદ્ધની અહિંસાનો બોધ સમજવા માટે જગતનું વાતાવરણ આજે, અઢી હજાર વરસ પછી, અનુકૂળ થવા લાગ્યું છે. બુદ્ધની પછી ગાંધીજીને અહિંસાનું આંદોલન ચલાવવામાં જે થોડીઘણી સફળતા મળી, તેમાં માત્રા એમની જ કરામત હતી એવું નથી. આજના યુગની જ એ જરૂરિયાત છે.

## સરકારનું એ ગજું નથી

આપણને કંઈક એવો ખ્યાલ હોય કે અત્યારે જે લોકોના હાથમાં રાજવહીવટની સત્તા છે તેને બદલે તે આપણા હાથમાં આવે તો આપણે વધારે કામ કરી શકીએ, તો એ ખ્યાલ ભૂલભરેલો છે. ખુદ મારા હાથમાં સત્તા હોત તો હું પણ ઝાઝું કામ ન કરી શકત. એનું કારણ એ છે કે સરકાર કદી ક્રાંતિકારી હોતી નથી. સરકાર તો આમજનતાનું પ્રતિબિંબ હોય છે. એને જ લોકશાહી કહે છે. લોકો બૂરી વસ્તુ પસંદ કરશે, તો લોકશાહી સરકાર પણ બૂરી વસ્તુ પસંદ કરશે. વધુમતી સંખ્યાને દારૂ પીવો હશે, તો સરકાર દારૂબંધી નહીં કરી શકે. કોઈ સરકાર કાયદાથી ન્યાતજાત વગરનો સમાજ રચી શકશે ખરી કે? સરકાર જો ખરેખર પ્રજા-સત્તાક હોય, તો એમાં પ્રજાનું દર્શન થયા વિના કેમ રહે? એથી ઊલટી સ્થિતિ હશે તો એ સરકાર સારી હશે તોયે લોકશાહી સરકાર નહીં હોય.

આથી જે લોકો નવો સમાજ રચવા માગે છે તેમને રાજ્યસત્તાનું ક્ષેત્રા છોડીને કામ કરવું પડે છે અને તેવા કામમાંથી જ ક્રાંતિ કરવાને જરૂરી સત્તા એ લોકો મેળવે છે. બુદ્ધ ભગવાન સમાજમાં ક્રાંતિ કરાવવા માગતા હતા, એટલે તો એમને પોતાના હાથમાં હતું તે રાજ્ય પણ છોડવું પડેલું. રાજ્યસત્તા હાથમાં રાખીને તેઓ ક્રાંતિ ન કરાવી શકત—બહુ તો એક સારા રાજા થઈ ગયા હોત, પરંતુ ક્રાંતિકાર ન

થયા હોત. અકબર ઘણો સારો રાજા હતો, પણ તે ક્રાંતિકારી નહોતો. બુદ્ધે ક્રાંતિ કરી, ઈશુએ ક્રાંતિ કરી, ગાંધીજીએ ક્રાંતિ કરી; પરંતુ એ સૌએ ઉપાસના કરી નૈતિક શક્તિની. નૈતિક શક્તિ નિર્માણ કરવાનું સરકારનું ગજું હોતું નથી. તે તો એ શક્તિની પાછળ પાછળ ચાલે છે.

## શું-નું-શું!

અસ્પૃશ્યતાનું પાપ આપણે હજી સુધી કેમ દૂર નથી કરી શક્યા? હું જો હરિજન હોત તો ખબર નહીં આજ સુધીમાં શું-નું-શું કરી બેઠો હોત! કદાચ મારી અહિંસા પણ ડગમગી જાત.

## આગ અને બરફ

ચિત્તમાં શાંતિ હોવી જોઈએ, અને મનુષ્યમાં આગ પણ હોવી જોઈએ. આગ જો ન હોત, તો આ બુઢ્ઢો તેર-તેર વરસ સુધી દેશભરમાં પગપાળો ફર્યો ન હોત. આ બુઢ્ઢામાં આગ છે—પણ તે માથામાં નહીં, છાતીમાં છે. છાતીમાં આગ જોઈએ અને માથામાં બરફ. તેથી બુદ્ધિ શાંત રાખતાં આવડવું જોઈએ. આ યુગમાં લડવું હોય તો યે અશાંતિ કામની નથી. બૉમ્બ નાખવા હોય તોયે શાંત ચિત્તે, બરાબર લક્ષ્ય તાકીને, ઠરાવેલા સ્થળે નાખવા પડે છે.

## પાખાનાવાલા સાધુ

હૈદરાબાદ કે એક સાધુ પુરુષ કી ૪૦૦ સાલ પહલે કી કહાની હૈ. ઉન્હોં ને એક મંદિર બનવાયા; પર દેખા કિ મંદિર મેં હિન્દુ લોગ આતે થે, મુસલમાન નહીં આતે થે. ઉન્હેં લગા કી યહ પૂરી માનવતા

કી સેવા નહીં હોતી હૈ. મુસલમાની રાજ્ય હૈ, તો શાયદ મસ્જિદ બનાને સે લોગ આયેં, યહ સોચકર ઉન્હોં ને મંદિર કી મસ્જિદ બનવાયી. મુસલમાન ખુશ હો ગયે, વે આને લગે; પરંતુ હિન્દુઓ ને આના છોડ દિયા.

અબ વહ સાધુ સોચને લગા કિ, મસ્જિદ બનાતા હૂં તો હિન્દુ નહીં આતે, મંદિર બનાતા હૂં તો મુસલમાન નહીં આતે; લેકિન મૈં તો સારી દુનિયા કી સેવા કરના ચાહતા હૂં. ઈસલિયે ઉસને મસ્જિદ તોડકર પાખાના બના દિયા!

યહ દેખકર બાદશાહ કો ગુસ્સા આ ગયા, મુસલમાન લોક ચિઢ ગયે; ઉસે બુલાકર પૂછા: “તુમને યહ ક્યા કિયા? મસ્જિદ તોડકર પાખાના ક્યોં બનાયા?”

સાધુને કહા: “જબ મૈંને મંદિર બનાયા, તો ઉસ મેં મુસલમાન નહીં આતે થે; ઉસે તોડકર મસ્જિદ બનાઈ, તો ઉસ મેં હિંદુ લોગ નહીં આતે થે. પરંતુ જબસે મૈંને મસ્જિદ તોડકર પાખાના બનાયા હૈ, તબસે દોનોં આતે હૈં.”

[‘ભૂદાનયજ્ઞ’ અઠવાડિક: ૧૯૫૭]

## એ નક્કી કોણ કરશે?

કેટલાક લોકો વૈરાગ્યપૂર્ણ જીવન વિતાવે છે અને આત્મામાં વધુ રત રહે છે. એમને પણ તરસ તો લાગે છે. તે વખતે પાણી મળે, તો જ એમને સમાધાન થાય છે; પાણી ન મળે ત્યાં સુધી અજંપો રહે છે.

બીજી બાજુ, જેઓ દેહના સુખ તરફ વધારે ઝૂકે છે, એમના જીવનમાં યે ક્યારેક એવી ક્ષણ આવે છે જ્યારે બહારની વસ્તુઓથી એમને તૃપ્તિ થતી નથી; એમને અંતરના સમાધાનની ભૂખનો અનુભવ થાય છે.

તેથી દેહ અને આત્મા બંનેનું સમાધાન થવું જોઈએ. આ માટે

વિજ્ઞાન અને આત્મજ્ઞાનનો વિકાસ સાથે સાથે ચાલવો જોઈએ.

પ્રાચીન જમાનામાં આપણે ત્યાં આધ્યાત્મિક તૃષ્ણા વધારે હતી, એટલે આત્મજ્ઞાનની ખોજ અહીં વધારે થઈ શકી. પશ્ચિમના દેશોમાં છેલ્લાં ત્રણસો વરસમાં વિજ્ઞાનનો વધુ વિકાસ થયો. પહેલાં ક્યારેય નહોતો થયો એટલો સુખવિસ્તાર વિજ્ઞાને આજે કરી દીધો છે. પણ પહેલાં કરતાં સમાધાન વધ્યું છે એમ કહી શકાતું નથી. તેથી માણસનો વિકાસ એકાંગી થઈ રહ્યો છે. મારો જો એક જ હાથ મોટો થયો, તો હું એમ નહીં કહી શકું કે હું સુખી છું. બલ્કે એમ કહેવું પડશે કે મારો વિકૃત વિકાસ થઈ રહ્યો છે, ને પરિણામે હું દુઃખી છું. આજે આપણે શરીર તરફ વધારે ધ્યાન આપીએ છીએ ને આત્મા તરફ ઓછું. એટલે માનવીય ગુણોનો વિકાસ નથી થઈ રહ્યો, અને માણસ દુઃખી છે.

અગ્નિથી રોટલી પણ શેકી શકાય છે અને ઘરને આગ પણ લગાડી શકાય છે. વિજ્ઞાને તો અગ્નિના બેય ઉપયોગ બતાવી દીધા. પણ તેમાંથી કયો ઉપયોગ કરવો તેનો નિર્ણય આત્મજ્ઞાને કરવો પડશે. જેના આત્મજ્ઞાનમાં દોષ હશે, તે વિજ્ઞાનનો ખોટો ઉપયોગ કરશે. વિજ્ઞાન તો માણસનું જીવનધોરણ વધારવા માટેનાં સાધનો ઉપલબ્ધ કરાવી આપે છે. વિજ્ઞાન તો દૂધ, ફળ, સિગારેટ, દારૂ, બધું જ વધારી આપશે. પણ દારૂ પીવાથી જીવનધોરણ વધે છે કે ઘટે છે, તે કોણ નક્કી કરશે? વળી દૂધ સારી વસ્તુ હોય તો પણ તેનુંય પ્રમાણ કેટલું વધારવું, તે વિચારવું પડશે. સારી વસ્તુ પણ વધારે પડતી લેવાથી હાનિકારક બની જાય છે. એટલે ખરાબ ચીજો ન વધારવી, અને સારી ચીજો પણ અમુક હદથી વધુ ન વધારવી, એમ નક્કી કોણ કરશે? એ બધું નક્કી કરવાની શક્તિ વિજ્ઞાનમાં નહીં પણ આત્મજ્ઞાનમાં છે. ઇષ્ટ શું ને અનિષ્ટ શું, તે નક્કી કરવાનું કામ આત્મજ્ઞાનનું છે.

વિજ્ઞાન ગતિ-વર્ધક છે, આત્મજ્ઞાન દિશા-સૂચક છે. આપણે પગ વડે ચાલીએ છીએ, પણ કઈ દિશામાં ચાલવું તે આંખથી નક્કી કરીએ છીએ. તેમ વિજ્ઞાન પગ છે, અને આત્મજ્ઞાન છે આંખ. માણસને જો આત્મજ્ઞાનની આંખ ન હોય, તો તે આંધળો કોણ જાણે ક્યાં ભટકશે!

બીજી બાજુ, આંખ હોય પણ પગ ન હોય તો તેણે બેઠા જ રહેવું પડશે.

વિજ્ઞાન અને આત્મજ્ઞાનમાં કોણ ચઢિયાતું અને કોણ કનિષ્ટ, એવી કોઈ વાત જ નથી. બંને એકબીજાનાં પૂરક છે, બંને મળીને જ પૂર્ણ જ્ઞાન થાય છે. બંનેનો એકસાથે વિકાસ થતો રહેવો જોઈએ. બંનેના વિકાસમાં સમત્વ જળવાશે તો જ માણસને સમાધાન પ્રાપ્ત થશે. વિજ્ઞાનની શોધનો ઉપયોગ સહુ કોઈ કરી શકે છે, તેમ આત્મજ્ઞાનની શોધનોય સહુ કરી શકે એવું થવું જોઈએ. સત્પુરુષોએ પોતાના વ્યક્તિગત જીવનમાં જે ગુણો સિદ્ધ કર્યા, તેને આપણે સમાજવ્યાપી બનાવવાના છે.

['ભૂમિપુત્ર' પખવાડિક : ૨૦૦૧]

# ચિંતન કા અભાવ

હિંદુસ્તાન મેં હમ જહાં જાતે હૈં, સ્વતંત્ર બુદ્ધિ દેખતે હી નહીં! હર જગહ બુદ્ધિ બંટી હુઈ હૈ. કોઈ કૉંગ્રેસ પાર્ટીવાલા હૈ, તો ઉસ કા એક પ્રકાર કા દિમાગ હૈ. કોઈ સમાજવાદી પક્ષવાલા હૈ, તો ઉસ કા દૂસરા પ્રકાર કા દિમાગ હૈ. ઐસે તીન-ચાર પ્રકાર કે દિમાગ બને હૈં. ઇનકે અલાવા એક પાંચવે પ્રકાર કી બુદ્ધિ હૈ—આપસઆપસ મેં ઝગડા કરને કી બુદ્ધિ, જો હર પક્ષમેં હૈ. કોઈ મતભેદકી બાત હી નહીં, સિર્ફ આપસઆપસ કે ઝગડે હૈં! કોઈ અધ્યયન હી નહીં કરતે હૈં. સ્વતંત્ર ચિંતન કા અભાવ હી અભાવ દીખતા હૈ—ઔર વહ ભી ઐસે દેશ મેં, જહાં કિ પ્રાચીન કાલ સે જ્ઞાન કી પરંપરા ચલી આયી હૈ!

ઈન દિનોં વિદ્યાર્થિયોં કે બારે મેં યહ શિકાયત હૈ કી ઉન મેં શિસ્ત નહીં હૈ. પરંતુ શિસ્ત ઇસલિએ નહીં હૈ ક્યોંકિ ગુરુભાવ નહીં હૈ. ઔર ગુરુભાવ ઇસલિએ નહીં હૈ ક્યોંકિ આજ ગુરુ હી નહીં હૈ—સિર્ફ શિક્ષણ દેનેવાલે નોકર હૈં. જો અપની સ્વતંત્ર બુદ્ધિ સે પઢાતા હૈ, વહી ગુરુ હૈ. આજ કે શિક્ષકો મેં ક્યા કોઈ સ્વતંત્ર બુદ્ધિ હૈ? કભી શિક્ષકોં

સે હમારી મુલાકાત હોતી હૈ, તો વે જ્ઞાનવિષયક, શિક્ષણવિષયક કોઈ પ્રશ્ન નહીં પૂછતે; બલકે યહી કહતે હૈં કિ, હમારી તનખ્વાહ કમ હૈ, વહ કૈસે બઢેગી? સબકી એક હી શિકાયત હૈ કિ, હમારી તનખ્વાહ કમ હૈ! તાલીમ મેં ક્યા હોના ચાહિએ, ક્યા નહીં હોના ચાહિયે—ઈસ બારે મેં કિસી કો કોઈ શિકાયત હી નહીં હૈ! ઈસ તરહ કુલ દેશ જ્ઞાનવિહીન બન ગયા હૈ.

['ભૂદાન-યજ્ઞ' અઠવાડિક: ૧૯૫૭]

# અંદર ચેતન છે!

અંધકારને ફેડવા માટે ઘેરઘેર દીપક હોય એવી યોજના કરવી પડશે. એને બદલે સૂર્ય, ચંદ્ર કે તારાઓની જ રાહ જોયા કરશું તો કામ નહીં ચાલે. આજે ઘેરઘેર દીવો નથી પ્રકાશતો તેનું કારણ એ છે કે લોકોને પોતાની શક્તિનું ભાન નથી. લોકોને અંદરથી એવી ખાતરી નથી થતી કે, અમારી સમસ્યાઓ અમે જાતે ઉકેલી શકીશું. દરેક વાતમાં સરકારને યાદ કરે છે. સરકારનું તો એટલું નામ લે છે કે ભગવાનનેય ભૂલી જાય છે!

આ પરિસ્થિતિમાં, સરકારની કશી મદદ વિના, કેવળ લોકશક્તિને આધારે ભૂદાનમાં ૪૦-૪૫ લાખ એકર જમીન મળી, છએક હજાર ગ્રામદાન પણ મળ્યાં, એ બહુ મોટા આશ્ચર્યની વાત ગણાવી જોઈએ. બિલકુલ અંધારું હતું, તેમાં આટલોયે પ્રકાશ થયો, તેનાથી આશા બેસે છે કે આ શરીરમાં હજી ચેતન છે.

માણસ મરણપથારીએ પડયો હોય ત્યારે તેના નાક ઉપર સૂતર ધરીને જુએ છે કે તે હલે છે કે નહીં. શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય તો સૂતર હલશે અને તેથી સમજાશે કે માણસ જીવતો છે. એવી રીતે મેં ભારતના નાક ઉપર ભૂદાન આંદોલન રૂપી સૂતર ધર્યું છે. તે થોડું હલતું દેખાય છે એ બતાવે છે કે અંદર ચેતન છે.

# આવાં છમકલાંથી શું વળશે?

ભારતમાં રાજકીય સત્તાથી કાંઈ થવાનું નથી. આ વાત આટલાં વરસોમાં સાબિત થઈ ચૂકી છે. રાજકારણવાળાઓએ અત્યાર સુધી કાંઈ કરી દેખાડયું નથી. લોકોએ જોયું કે કૉંગ્રેસથી કામ નથી થયું એટલે એમને લાગ્યું કે ટોંગ્રેસથી થશે, અને જ્યાં જોયું કે ટોંગ્રેસથી પણ નથી થતું ત્યાં માન્યું કે હવે ફોંગ્રેસથી થશે. આમ કોંગ્રેસ, ટોંગ્રેસ, ફોંગ્રેસ બધાંને એક પછી એક અજમાવી જોયા. પણ કાંઈ નીપજ્યું નહીં.

હવે, રાજકારણથી કામ નથી થતું એમ સિદ્ધ થયું છે, તો પછી કઈ શક્તિથી કામ થશે? ભારતમાં જો લોહિયાળ ક્રાંતિથી કામ થતું હોત, તો હું તેને આશીર્વાદ આપત. કારણ કે આજની હાલત કરતાં લોહિયાળ ક્રાંતિને હું બહેતર માનું છું. પરંતુ લોહિયાળ ક્રાંતિને નામે છૂટાંછવાયાં છમકલાં કરવાં, એ મૂર્ખાઈ સિવાય બીજું કશું નથી.

હું નક્સલવાડી ગયો હતો. ત્યાંના લોકોને મેં કહ્યું કે તમે તો કેવા બેવકૂફ છો? તીરકામઠાં લઈને ક્રાંતિ કરવા નીકળ્યા છો! પણ આજે તો અણુશસ્ત્રોનો યુગ છે, તેમાં તમારાથી લોહિયાળ ક્રાંતિ થઈ શકવાની નથી. બહુ બહુ તો નાનાં—નાનાં છમકલાં થશે.

હા, રાંચી જેવા શહેરમાં રમખાણો થાય અને ચાર લાખની વસ્તીમાંથી બે લાખ કપાઈ જાય, તો પછી બાકી રહેલા બે લાખની વચ્ચે જ જમીન, મકાન વગેરેની વહેંચણી થશે તો તો જાણે બરાબર. પણ હમણાં લખનઉમાં હુલ્લડ થયાં, તો તેમાં માંડ દસ-પંદર માણસ મરાયા. આવી જાતનાં રમખાણથી શો લાભ થાય? હા, જબરદસ્ત આંતરયુદ્ધ થાય અને લોકો જાન પર આવીને લડે, બિહારના પાંચ કરોડમાંથી અઢી કરોડ કપાઈ મરે, ભારતના પચાસ કરોડમાંથી પચીસ કરોડની કતલ થઈ જાય, તો તો સારી વાત ગણાય. તો તો પછી બચેલા લોકોને ભાગે બમણી જમીન, બમણાં મકાન આવશે. પણ આ તો લોકો શું કરે છે? બસ, બે—ચારને જ મારે છે! આ તે શું કોઈ ક્રાંતિ કરવાની રીત છે? અને વળી બીજું શું કરે છે? તો મોટરગાડી,

રેલગાડી વગેરેને આગ લગાડે છે. એટલે કે સંપત્તિનો નાશ કરે છે. તેને બદલે સંપત્તિને જાળવી રાખીને મનુષ્યને મારી નાખતા હોત, તો તો સવાલ કાંઈક ઊકલત. પણ આ તો મનુષ્યને બદલે સંપત્તિને ખતમ કરે છે!

## ઢગલેઢગલા

આપણા દેશની વિદ્યાપીઠો તો હરતી-ફરતી વિદ્યાપીઠો હતી. કબીર, નામદેવ, તુલસીદાસ, ચૈતન્ય વગેરેના અસંખ્ય ભક્તો ગામેગામ ફરતા અને, વેપારીઓ જેમ ગામેગામ ફરીને લોકોને પોતાનો માલ પહોંચાડે છે તેમ, તેઓ ‘ઉપનિષદ’ વગેરે બ્રહ્મવિદ્યા લોકોના કાન સુધી પહોંચાડતા.

માલ બનાવવાનું કામ ‘વેદો’થી માંડીને રવીન્દ્રનાથ સુધી થયું. એટલો બધો માલ બની ગયો છે કે તેના ઢગલેઢગલા પડ્યા છે અને તે ખપતો નથી. તો આપણું કામ ગામેગામ જઈને આ જ્ઞાન ખપાવવાનું છે.

બુદ્ધ-ઈશુ-કૃષ્ણથી ગુરુદેવ-રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા સંતોએ જથ્થાબંધ બનાવેલો માલસામાન લઈને હું ગામેગામ જઈ તેનું છૂટક વેચાણ કરું છું.

## અરસિક શિરોમણિને યે

ઘણા સાહિત્યકારો કે કલાકારો પોતાની કૃતિનો આનંદ પામવા માટે લોકો પાસે ચોક્કસ રસવૃત્તિની કે કેળવણીની અપેક્ષા રાખે છે. પણ અરસિક શિરોમણિને યે રસ પમાડે એ જ સાચો કવિ કહેવાય. કોકિલા ગાય છે, તે સૌનું ધ્યાન ખેંચે છે; એને કેળવાયેલા કાનની અપેક્ષા નથી. સુંદર કમળો ખીલે છે, તે સૌનું મન ખેંચી લે છે; એને કેળવાયેલી દૃષ્ટિની અપેક્ષા નથી.

# એક કલાક અધ્યયન માટે

ગાંધીજીના જમાનાથી મારી એવી ફરિયાદ રહી છે કે ઉત્તમ કામમાં લાગેલા આપણા સેવકો પણ વિચારોનું અધ્યયન ઓછું કરે છે. કાર્યકરોને હું પૂછતો કે, 'હરિજન'માં ગાંધીજીનો ફલાણો લેખ આવ્યો છે, તે વાંચ્યો? તો જવાબ મળતો કે, ના રે ના; વાંચવાથી શું ફેર પડવાનો હતો? એમાં લખી લખીને એમ જ લખ્યું હશે ને કે હરિજનોની સેવા કરો, સૂતર કાંતો વગેરે. એ તો અમે કરીએ જ છીએ ને?

મતલબ કે તેઓ એવા જ ખ્યાલમાં રહેતા હતા કે પોતે ગાંધીજીને આખા ને આખા પી ગયા છે, માટે હવે કશું વાંચવાની એમને જરૂર નથી! ત્યારે હું એમને કહેતો કે, કામ કરવાની સાથોસાથ વાંચવાની, ચિંતન કરવાની ટેવ રાખવી જોઈએ. જેટલું આપણું અધ્યયન ચાલશે, તેટલું ઊંડાણ આપણા કામમાં આવશે.

તુલસીદાસ, કબીર, જ્ઞાનદેવ આટલાં બધાં વરસ પછી પણ આજે કોને આધારે જીવતા છે? જે ગ્રંથો એમણે આપ્યા, તેનું અધ્યયન-ચિંતન કરનારા તેમજ તે મુજબ પોતાના જીવનને ઘડનારા સેંકડો સાધકો નીકળ્યા, એમને આધારે તેઓ જીવંત છે.

આજે આપણે દુનિયાના ચોકમાં ઊભા છીએ. ચારેકોરથી વિચારોનો મારો ચાલી રહ્યો છે—સારા વિચારોનો તેમ કુવિચારોનો પણ. આ બધાની વચ્ચે આપણા વિચારો મુજબ આપણે કામ કરતા રહેવાનું છે અને આપણા વિચારને પરિશુદ્ધ કરતાં કરતાં આગળ વધારવાનો છે. આવા સંજોગોમાં અધ્યયન વગર તો આપણે માર ખાઈશું. અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે. વળી અધ્યયનમાં જેમ અનેક ગ્રંથો વાંચવાની વાત છે, તેમ એક જ ગ્રંથ અનેક વાર વાંચવાની વાત પણ આવે છે. જે ગ્રંથમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરી ફરીને વાંચીને કસી લેવાનો છે. શંકરાચાર્યે એક નાનકડા શ્લોકમાં અધ્યયનનું ગણિત બતાવ્યું છે: જેટલું અધ્યયન કરીએ, તેનાથી સો ગણું મનન કરવાનું છે. જુઓને—આપણને જમતાં કેટલી વાર લાગે છે? અડધો

કલાક, અને એ ખાધેલું પચાવતાં કેટલો વખત લાગે છે? ચાર—પાંચ કલાક. તેમ અધ્યયન માટે રોજ એક કલાક પૂરતો છે. નહીં તો બહુ ખાઈ લીધું ને પચાવ્યું નહીં, તો જે હાલત શરીરની થાય છે તેવી જ બુદ્ધિની થશે.

જેમ અન્ન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. એટલા માટે રોજેરોજ જ્ઞાન મેળવવાની યોજના હોવી જોઈએ. આપણે જેમ ખાધા વિના રહેતા નથી, તેમ આધ્યાત્મિક અન્ન-સેવન વગર આપણો એક પણ દિવસ ન જવો જોઈએ. દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢીએ, અને ત્યારે બધાં કામથી અળગા થઈને અધ્યયનમાં જાતને પરોવી દઈએ. ત્યારે કામ-બામ કાંઈ નહીં. બસ—અધ્યયન, મનન, ચિંતન. આમ કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે, ઉત્સાહ મળે છે અને કામ કરવાની શક્તિ પણ વધે છે.

## શું નથી?

કાકાસાહેબ કાલેલકર શું શું છે, એ સવાલ નથી—કાકાસાહેબ શું નથી, એ સવાલ છે. એ ઉત્તમ સાહિત્યકાર છે, ઉત્તમ શિક્ષક છે, ઉત્તમ ક્રાંતિકારી છે. જીવનનાં આટલાં બધાં પાસાંમાં જે કાંઈ એ છે, ઉત્તમ છે. ઉત્તમ સિવાય બીજું કશું નથી.

## ક્રાંતિ અને શાંતિનો સંગમ

હું નાનો હતો, ત્યારથી મારું ધ્યાન બંગાળ અને હિમાલય ઉપર ચોંટ્યું હતું. હિમાલય અને બંગાળ જવાનાં સપનાં હું સેવ્યા કરતો. બંગાળમાં વંદેમાતરમ્ની ક્રાંતિની ભાવના મને ખેંચતી હતી, અને બીજી બાજુએથી હિમાલયનો જ્ઞાનયોગ મને તાણતો હતો. ૧૯૧૬માં જ્યારે હું ઘર છોડીને નીકળી પડ્યો, ત્યારે મને એક તો હિમાલય જવાની

ઇચ્છા હતી, બીજી બંગાળ જવાની. હિમાલય ને બંગાળ બંનેને રસ્તે કાશીનગરી પડતી હતી. કર્મ સંજોગે હું ત્યાં પહોંચ્યો.

કાશીમાં હતો તે દરમ્યાન મને એક દિવસ ગાંધીજીનું સ્મરણ થયું. એમનું પેલું પ્રસિદ્ધ ભાષણ હું વડોદરા હતો ત્યારે મેં છાપામાં વાંચેલું. બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના પ્રારંભ પ્રસંગે યોજાયેલ સમારંભમાં તેઓ આવ્યા હતા. તે સમારંભમાં મોટા મોટા વિદ્વાનો, રાજા મહારાજાઓ અને વાઇસરોયની હાજરીમાં ગાંધીજીએ જે ઓજસ્વી ભાષણ આપેલું, તેની મારા ઉપર બહુ ઘેરી અસર થઈ હતી. કાશીમાંયે હજી તેની ચર્ચા ચાલ્યા કરતી હતી. મને લાગ્યું કે આ પુરુષ એવો છે, જે દેશની રાજકીય સ્વતંત્રતા અને આધ્યાત્મિક વિકાસ બંને સાથે સાધવા માગે છે. મને આ જ ખપતું હતું. મેં પત્ર લખી પ્રશ્નો પૂછ્યા. જવાબ આવ્યા એટલે ફરી પૂછ્યા. ગાંધીજીએ વળતી આશ્રમમાં દાખલ થવા અંગેના નિયમોની પત્રિકા મોકલી અને લખ્યું કે પત્રવ્યવહારથી વધુ ફોડ નહીં પાડી શકાય, તમે રૂબરૂ આવી જાવ.

અને મારા પગ મહાત્મા ગાંધી તરફ વળ્યા. આમ જોતાં તો એમ લાગે કે ન તો હું હિમાલય ગયો, કે ન બંગાળ પહોંચ્યો. પણ મારા મનથી તો હું બંને જગ્યાએ એકી સાથે પહોંચી ગયો. ગાંધીજી પાસે મને હિમાલયની શાંતિ પણ મળી અને બંગાળની ક્રાંતિ પણ જડી. જે વિચારધારા હું ત્યાં પામ્યો, તેમાં ક્રાંતિ અને શાંતિનો અપૂર્વ સંગમ થયો હતો.

૭ જૂન, ૧૯૧૬ને દિવસે કોચરબ આશ્રમમાં હું ગાંધીજીને પહેલી વાર મળ્યો. ભગવાનની અપાર દયા હતી કે એમણે મને એમનાં ચરણોમાં સ્થિર કર્યો.

ગાંધીજી તો પારસમણિ જેવા હતા. એમના સ્પર્શથી લોઢું સુવર્ણ બનતું. એમના હાથમાં એવો કીમિયો હતો જેને લીધે તેઓ માટીમાંથી મહાપુરુષ પેદા કરી શકતા હતા, જંગલીને સભ્ય બનાવી શકતા હતા, નાનાને મોટો કરી શકતા હતા.

એમણે મારા જેવા અસભ્ય માણસને સભ્ય તો નહીં, પણ સેવક જરૂર બનાવ્યો. મારી અંદરના ક્રોધના જ્વાળામુખીને અને બીજી અનેક વાસનાઓના વડવાગ્નિને શમાવી દેનારા તો ગાંધીજી જ હતા. આજે હું જે કાંઈ છું, તે બધો એમની આશિષનો ચમત્કાર છે.

ગાંધીજી પાસે પહેલવહેલો આશ્રમમાં પહોંચ્યો, ત્યારે મને તો કંઈ આવડે નહીં. એમને પણ ખબર કે સદ્‌ભાવનાથી છોકરો આવ્યો છે. પહેલે દિવસે એમણે શાક સમારતાં શિખવાડ્યું, અને અમે ખૂબ વાતો કરી. એમના હાથે જ હું ધીરે ધીરે ઘડાયો. ૧૯૧૬માં જ્યારે હું એમની પાસે પહોંચ્યો, ત્યારે ૨૧ વરસનો છોકરડો હતો. એક જિજ્ઞાસુ બાળકની વૃત્તિ લઈને એમની પાસે ગયો હતો. ત્યારે એમણે મારી પરીક્ષા કરી હશે કે કેમ તે હું જાણતો નથી, પરંતુ મારી બુદ્ધિથી મેં એમની ઘણી પરીક્ષા કરી લીધી હતી; અને જો તે પરીક્ષામાં તેઓ ઓછા ઊતરત, તો એમની પાસે હું ટકી શકત નહીં. મારી પરીક્ષા કરીને તેઓ મારામાં ગમે તેટલી ખામીઓ જોત, તોપણ મને પોતાની સાથે રાખત; પણ મને એમની સત્યનિષ્ઠામાં જો કંઈક કમી, ન્યૂનતા દેખાત, તો હું એમની પાસે ન રહેત.

ગાંધીજી હંમેશાં કહેતા કે, હું તો અપૂર્ણ છું. વાત એમની સાચી હતી. મિથ્યા બોલવું તેઓ જાણતા નહોતા. તેઓ સત્યનિષ્ઠ હતા. પરંતુ મેં એવા ઘણા મહાપુરુષો જોયા છે, જેમને પોતાને એવો ભાસ હોય કે પોતે પૂર્ણ પુરુષ છે; એમ છતાં એવા કોઈનું મને લગીરે આકર્ષણ નથી થયું, પરંતુ હંમેશાં પોતાને અપૂર્ણ માનનારા ગાંધીજીનું જ અનેરું આકર્ષણ મને રહ્યું. મારા પર જેટલી અસર ગાંધીજીની પડી, તેટલી પૂર્ણતાનો દાવો કરનારા બીજા સજ્જનોની ન પડી.

હું ગાંધીજીને મળ્યો અને એમના ઉપર મુગ્ધ થઈ ગયો. ‘ગીતા’માં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આવે છે. એ વર્ણન જેને લાગુ પડે એવો સ્થિતપ્રજ્ઞ શરીરધારી ભાગ્યે જ શોધ્યો જડે. પણ એ લક્ષણોની બહુ નજીક પહોંચી ચૂકેલા મહાપુરુષને મેં મારી સગી આંખે જોયો.

[‘ભૂમિપુત્ર’ પખવાડિક: ૨૦૦૪]

# ગાંધી પણ એવા ને એવા નહીં ચાલે

ઘનશ્યામદાસ બિરલાજીએ બાપુનાં સ્મરણોની સરસ ચોપડી લખી છે. એમાં એમણે બાપુની વ્યવહારકુશળતા બતાવવા એક પ્રસંગ ટાંક્યો છે. કામો વચ્ચેથી પણ વખત કાઢીને બાપુએ પૂછેલું કે ફલાણું ફંડ સરખી બેંકમાં રાખ્યું છે ને? અને એનું સરખું વ્યાજ મળે છે ને? એવો પ્રસંગ ટાંકીને બિરલાજી લખે છેઃ બાપુ ચતુર વાણિયા હતા.

પરંતુ હું બહુ નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે ફંડ એકઠું કરવું, એને વ્યાજે મૂકીને વધારવું, એ બધી હવે જૂનીપુરાણી વાતો થઈ ગઈ છે. આજે જો કોઈ મહાત્મા થાય અને વ્યાજની ચિંતા કરે તો એની તે વાત પછાત મનાશે. આજે તો એવું સૂઝવું જોઈએ કે વ્યાજ ન લેતાં ઊલટું આપવું જોઈએ; મૂડીને વધારવાની વાત જ ન હોય, એને તો ઘટાડવાની જ હોય. જેણે આપણો પૈસો લીધો એણે જો એનો બરાબર ઉપયોગ કર્યો હોય તો પાછો લેતી વખતે તેને ઊલટી કસર આપવી જોઈએ. આવું જેને સૂઝશે તે જ આ જમાના માટે લાયક ગણાશે. આપણે કોઈએ ગાંધીજીના સ્થૂળ ચરિત્રના આકારનું પૂછડું ન પકડવું જોઈએ. એ પોતે કાંઈ જૂની ચોપડીઓની નકલો કાઢનારા માણસ ન હતા. એ તો નિત્ય નવું અને તાજું વિચારતા અને કહેતા; તેમ છતાં આપણે એમની સ્થૂળ વાતોને પકડી રાખવાની ભૂલ કરીએ છીએ.

ગાંધીજી જેટલે અંશે વ્યકિત હતા તેટલે અંશે, તેઓ જેમ ગુણોથી ભરેલા હતા તે જ રીતે દોષોથી પણ ભરેલા હતા. ત્યારે એમના ગુણ-દોષોની છણાવટ કરીને ગુણોનો સ્વીકાર અને દોષોનો પરિહાર કરવો એ અનિવાર્ય થઈ પડે છે. આપણે જો એ નહીં સમજીએ, તો આપણે ગાંધીજીને જરાય સમજ્યા નથી. તેઓ તો રોજેરોજ બદલાતા ગયા હતા, પળેપળ વિકસતા રહ્યા હતા, અને આજે તેઓ હોત તો કેવું વલણ લેત તે કોઈ કહી શકે તેમ નથી.

માર્ક્સને કેટલીયે વાતો નહોતી સૂઝી, કેમ કે આજે જે વિજ્ઞાન વિકસ્યું છે તે એણે ભાળ્યું નહોતું. એને જો આ વિજ્ઞાનનો પ્રત્યક્ષ

અનુભવ હોત તો એ એના સિદ્ધાંતોને બદલત; કારણ એ ચિંતનશીલ મનુષ્ય હતો. આજે વિજ્ઞાનયુગમાં માર્ક્સ નહીં ચાલે, તેમ પુરાણા-કાળનો મનુ પણ આજે નકામો નીવડશે. અને ગેરસમજ ન કરો તો હું નમ્રતાપૂર્વક કહેવા માગવું છું કે ગાંધી પણ આજે એવો ને એવો નહીં ચાલે.

આપણે તો સમાજ-શરીરમાં કાંટાની પેઠે ઘૂસી જવાનું છે. કાં તો શરીર કાંટાને ફેંકી દે છે, કાં એ શરીરને સતત ભોંકાયા જ કરે છે. તે જ રીતે આપણે કુશાગ્ર બુદ્ધિથી સમાજશરીરમાં પેસી જવાનું છે. સમાજ આપણને ફેંકી દે તો જરાયે આશ્ચર્યની વાત નથી. મને તો ઊલટું આશ્ચર્ય એ વાતનું થાય છે કે હજી સુધી ફાંસી, શૂળી કે ક્રોસ આપણાથી આટલાં છેટાં ને છેટાં કેમ રહ્યાં છે!

આપણો વિચાર સમાજને ભોંકાવો જોઈએ. વિચાર જો પરોણીની જેમ ન ભોંકાય તો સમજવું જોઈએ કે આપણે જે વિચાર રજૂ કર્યો તેનાથી સમાજનું ગાડું આગળ ધપે તેમ નથી, એ સમાજને ‘જૈસે થે’ (જેવો ને તેવો) રાખનારો છે.

# નાની નાની વાતો

નાની નાની વાતોમાં પોતાની વાતનો આગ્રહ ન રાખવો. હા, જ્યાં ન્યાય કે સત્યની વિરુદ્ધ કાંઈ થતું હોય તો તેનો જરૂર વિરોધ કરવો. બાકી, સામાન્ય વાતોમાં આપણો આગ્રહ ન રાખવો. જે માણસ વારંવાર પૈસા ખર્ચ્યા કરે છે, તેની બધી પૂંજી ઝટ ખલાસ થઈ જાય છે. તો આગ્રહશકિત પણ માણસની પૂંજી છે, તેને નાની નાની બાબતોમાં ખરચી નાખવાની નથી. તેને તો મોટા કામ માટે, ક્યારેક સત્યનો આગ્રહ કરવો પડે, સત્યાગ્રહ કરવો પડે, તે માટે સાચવી રાખવાની છે. એટલે સામાજિક કામ કરનારાઓએ પોતાના મત માટે નિરાગ્રહની વૃત્તિ ખાસ કેળવવી જોઈએ.

આની સાથોસાથ આપણી સંસ્થાઓનાં કામ સર્વસંમતિથી ચાલે, એવીયે આપણી કોશિશ રહે. સમૂહ ભેળો થાય ત્યારે આખા સમૂહનો એક જ વિચાર હોય, એવું બનવાનું નહીં. બધાના વિચારો તો ભિન્ન ભિન્ન રહેશે. પરંતુ તેમાંથી માર્ગ કાઢવો અને સર્વસંમતિથી નિર્ણય કરવો, એ લોકશાહી માટે જરૂરી છે. ક્યારેક બહુ મોટા મતભેદ ઊભા થાય ત્યારે પણ કોઈ લવાદ પાસે મૂકીને તેનો ફેંસલો કરવાની પ્રથા રાખવી જોઈએ.

એક એવી માન્યતા રૂઢ થઈ ગઈ છે કે આપણે પોતાને માટે પરિગ્રહ ન કરીએ, પણ સંસ્થા માટે કરી શકીએ. આવો વિચાર-દોષ ઘણી બાબતમાં જોવા મળે છે. જેમ કે એક વ્યકિત માટે હિંસા કરવી ઉચિત નથી એમ સહુ માનશે, પરંતુ સમાજ માટે ને રાષ્ટ્ર માટે હિંસા કરવામાં પાપ નહીં માને. એવી રીતે સંસ્થા માટે પરિગ્રહ કરવામાં વાંધો નથી, એમ મોટે ભાગે મનાતું આવ્યું છે.

એક દાખલો લઈએ. હું જોતો કે ચરખા સંઘના પૈસા બૅન્કમાં પડ્યા રહેતા, જેનું વ્યાજ તેને મળતું. હવે, વિચાર કરીએ કે આ વ્યાજ ક્યાંથી મળે છે? આપણા મૂકેલા પૈસા બૅન્ક બીજા ધંધાદારીઓને આપે છે, એમની પાસેથી વ્યાજ લે છે, અને પછી એ આવકમાંથી આપણને થોડુંક વ્યાજ આપે છે. એટલે એ બધા વેપારધંધામાં આપણા પૈસા રોકાય છે. એ બધા ધંધા આપણી સંસ્થાના ઉદ્દેશને અનુરૂપ જ હોય, એવું ન પણ બને. કદાચ આપણાથી સાવ વિરુદ્ધના ઉદ્દેશ માટે એ વેપારધંધા ચાલતા હોય, એવુંયે બને. આ એક પ્રકારનો ધનલોભ જ છે, જે આપણી સંસ્થાના ઉદ્દેશથી વિપરીત કામમાં સીધી કે આડકતરી રીતે આપણને સામેલ કરે છે. તેથી, પરિગ્રહ સંસ્થાને નામે થતો હોય તોપણ તે ખોટો છે, અને તેમાંથી બચવું જોઈએ.

['ભૂમિપુત્ર' પખવાડિક]

# પ્રાર્થનામાં વિવેક

સ્નાન, ભોજન અને નિદ્રા એ ત્રણેયની જે ખૂબીઓ છે, તે પ્રાર્થનામાં છે. ઊંઘથી શરીરને આરામ અને ઉત્સાહ મળે છે, એવી રીતે પ્રાર્થનાથી મનને આરામ અને ઉત્સાહ મળે છે. ભોજનથી શરીરનું પોષણ થાય છે; પ્રાર્થનાથી મનનું પોષણ થાય છે. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, તો મનની શુદ્ધિ પ્રાર્થનાથી થાય છે. શરીર રોજ મેલું થાય છે, તેથી તેને રોજ સ્નાન કરાવવું પડે છે. એવી જ રીતે મનને પણ રોજ સાફ રાખવું પડે છે અને મનને માટે ઉત્તમ સ્નાન પ્રાર્થના છે.

સર્વોત્તમ પ્રાર્થના મૌન છે. તેમ છતાં માણસને ઈશ્વરે જીભ આપી છે, તેથી માણસ જીભનોયે ઉપયોગ કરી લે છે.

'કુરાન' હોય કે 'બાઇબલ' હોય, 'ગીતા' હોય કે સંતજનોનાં ભજન હોય—તેનો આપણે પ્રાર્થનામાં ઉપયોગ કરીએ છીએ. આપણી ભાવના પ્રગટ કરવા માટે આપણે સંતોની વાણીનો, ધર્મગ્રંથો વગેરેનો સહારો લઈએ છીએ. એ બધી વાણી વરસોથી ઘૂંટાતી આવી છે, અને તેથી તેમાં તાકાત છે. 'મર્દનં ગુણવર્ધનમ્.' વરસોથી ઘૂંટાતી આવી હોવાને કારણે તે વાણીની પોટેન્સી ઘણી વધી ગઈ હોય છે.

એ વાણીનો મર્મ આપણામાં આત્મસાત્ થતો રહેવો જોઈએ. પ્રાર્થના પોપટપાઠ જેવી ન બનવી જોઈએ. જે પ્રાર્થના બોલાય, જે ભજનો વગેરે ગવાય, તેનું અર્થ-ચિંતન પણ ચાલતું રહેવું જોઈએ. અર્થ-ચિંતનની સાથોસાથ તેનો જીવનમાં અમલ કરવાની કોશિશ પણ સતત ચાલતી રહેવી જોઈએ. આમ થાય છે, ત્યારે જ પ્રાર્થનાની શક્તિનોયે આપણને અનુભવ થાય છે.

બીજી એક વાત તરફ પણ આપણું ધ્યાન જવું જોઈએ. પ્રાર્થનામાં આપણે જે ભજનો ગાતા હોઈએ છીએ, તેના અર્થનીયે બારીક પરીક્ષા અને છણાવટ થવી જોઈએ. સામાન્ય રીતે આજે જે ભજનો રૂઢ થઈ ગયાં છે, તે બધાં અનુભવની તેમજ વિચારની કસોટીએ ખરાં જ ઊતરે છે, એવું નથી. દાખલા તરીકે, કબીરના ભજનમાં આવે છે કે

‘યા જગ મેં કોઈ નહીં અપના’. આ વિચાર આપણા સમાજમાં બહુ ફેલાઈ ગયો છે. ખરું જોતાં, આ એક સંકુચિત ને સ્વાર્થી વલણ છે.

ભલે ને આ બધાં ભજનો કોઈ ને કોઈ સંત પુરુષનાં હોય, છતાં વિવેકપૂર્વક પસંદગી કરવાનું કામ આપણું છે. વૈરાગ્યની ખોટી વ્યાખ્યા, પરમાર્થનો ખોટો અર્થ, દુર્બળ નિષ્ક્રિયતા, ચિંતન માટે પ્રતિકૂળ એવાં ઈશ્વરનાં વ્યર્થ વિશેષણો વગેરે કેટલીયે ખોટી બાબતો આપણા લોકોમાં રૂઢ થઈ ગઈ છે. તે બધી બાબતોનું સંશોધન થાય, તે જરૂરી છે.

[‘વિજ્ઞાન—અધ્યાત્મ’ પુસ્તકઃ ૨૦૦૪]

## તુકારામની કોટિના

જે કોટિના તુકારામ હતા,
તે જ કોટિના આપણા રવિશંકર મહારાજ છે.

## વહી પ્રતિજ્ઞા

મેરે પાસ અપની કોઈ રાય, મત નહીં હૈ; કેવલ વિચાર ઔર પ્રેમ હૈં. વિચારોંકા આદાન-પ્રદાન હોતા રહતા હૈ. વે ખુલે રહતે હૈં, ઉન્હેં ચૌહદી નહીં હોતી. વે સતત બઢતે રહતે હૈં. સજ્જનોં કે સાથ વિચાર-પરામર્શ હોતા હૈ, ઔર અપને વિચાર હમ બદલ સકતે હૈં. ઇસ તરહ ઉસકી વૃદ્ધિ હોતી હૈ.

ન મૈં કોઈ વાદી હૂં, ન કિસી સંસ્થાકા સદસ્ય. રાજનીતિક પક્ષોંકા મુઝે કોઈ સ્પર્શ નહીં હૈ. મૈં બિલકુલ ખુલા હૂં. કોઈ આયે, વિચાર પટા દે, ઔર વિચાર પટા લે. વિચાર પટા કર કોઈ ભી મુઝે અપના ગુલામ બના લે. મૈં કિસીકા ભી વિચાર સમઝને કે લિએ સતત તૈયાર હૂં. યહ મેરી ભૂમિકા હૈ.

પ્રેમ ઔર વિચારોં મેં જો શકિત હૈ, વહ ન કિસી વાદમેં, ન શાસ્ત્રમેં, ન સરકારમેં, ન સંસ્થામેં હૈ. અનેક સમ્રાટ આયે ઔર ગયે, જિનકા આજ પતા ભી નહીં ચલતા. પ્રેમ ઔર વિચારકી હી સત્તા ઇસ દેશ પર ચલી હૈ, ઔર અબ વિજ્ઞાન-યુગમેં ભી વિચારકી હી સત્તા ચલેગી. જ્ઞાનદેવ કે હાથમેં કૌનસી સત્તા થી? આત્મા કી હી થી. રાજસત્તાસે અગર વિચાર બદલ સકતે હોતે, તો બુદ્ધને રાજ ક્યોં છોડા હોતા? દુનિયા પર સત્તા વિચારોંકી હી ચલી હૈ. જિસને વિચાર દિયા, ઉસને દુનિયા કો આકાર દિયા. હર ક્રાંતિ કી જડમેં વિચાર હી રહે હૈં.

મુઝસે આપ બંધે હુએ મતોંકી અપેક્ષા ન કરેં, વિચાર કી હી કરે. મૈં હર ક્ષણ બદલનેવાલા હૂં. મુઝ પર આપ આક્રમણ કીજિયે; કોઈ અપના વિચાર સમઝા દે ઔર મુઝે ગુલામ બના લે. લેકિન બિના વિચાર સમઝાયે, મુઝ પર કિસીકી સત્તા નહીં ચલનેવાલી હૈ.

વિચાર કે સિવા દૂસરી કોઈ શકિત ઇસ્તેમાલ નહીં કરની હૈ, યહ મેરી પ્રતિજ્ઞા હૈ. શંકરાચાર્યને કહા થા કિ, મૈં વિચાર હી સુનુંગા ઔર સુનાઉંગા. વહી પ્રતિજ્ઞા લેકર મૈં આયા હૂં.

[ભૂદાનયાત્રા દરમિયાન મહારાષ્ટ્ર-પ્રવેશ વેળાઃ ૧૯૫૮]

## પ્રજ્વલિત હૃદય

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની વાત છે. હિંદુસ્તાનની વિધવાઓની હાલત જોઈને એમને અપાર દુઃખ થતું હતું. તેથી એમણે પોતાનું આખું જીવન વિધવાવિવાહ આંદોલનને સમર્પિત કરી દીધું. આજન્મ એ જ કામ કર્યું. એક વાર એમના એક મિત્રની કન્યા લગ્ન બાદ એમના આશીર્વાદ લેવા આવી. તો એમણે આશીર્વાદ આપ્યા કે, “તું કદાચ વિધવા થઈ જાય, તો નિર્ભયતાપૂર્વક પુનઃવિવાહ કરજે!” એ મહાપુરુષના મોઢે આવા શબ્દો નીકળી પડ્યા.

આપણને કદાચ આ અભદ્ર વાણી લાગે. પણ એક વિચારથી

ઘેરાયેલી વ્યકિતનું સમર્પિત જીવન અને પ્રજ્વલિત હૃદય તેમાં પ્રગટ થયું હતું. વિચારની ખરી શકિત ત્યારે પ્રગટ થાય છે, જ્યારે પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને તે વિચારના પ્રચારમાં માણસ લાગી જાય છે. અન્ય વિચાર કોઈ મનમાં આવે જ નહીં. અર્જુનને જેમ માત્ર પક્ષીની આંખ જ દેખાતી હતી, એવું થવું જોઈએ.

## મૂળમાં છે...

સમતા એ આજનો યુગધર્મ છે અને સર્વોદય આવી સમતા સાધવા માગે છે. સર્વોદયની આવી મહેચ્છાના મૂળમાં છે-માણસની માણસાઈમાં વિશ્વાસ.

જો આવો વિશ્વાસ ન હોય, તો ન તો કદી સર્વોદય આવી શકશે, ન સમાજવાદ સ્થાપી શકાશે કે ન કોઈ પણ જાતની સજ્જનતાભરી સમાજરચના ઊભી કરી શકાશે. આવા વિશ્વાસ વિના કોઈ પણ સારી રચના જ નહીં થઈ શકે.

તેથી સર્વોદયના કામમાં આપણને માણસની માણસાઈમાં મૂળભૂત વિશ્વાસ છે. સોક્રેટિસે કહ્યું છે કે માણસ મૂળતઃ સજ્જન છે, તેનામાં જે દોષો દેખાય છે તે અજ્ઞાનને કારણે છે તથા જ્ઞાન દ્વારા માણસના બધા દોષો, બૂરાઈઓ વગેરે દૂર કરી શકાય છે. આ બધાની પાછળ માણસની દુષ્ટતા નહીં અજ્ઞાન છે, માણસ મૂળતઃ સજ્જન છે.

માણસની માણસાઈમાં આવો વિશ્વાસ, એ સર્વોદયનો પાયો છે. ભૂદાનયજ્ઞમાં માણસના દિલમાંની પ્રેમ અને સદ્ભાવનાની વૃત્તિને કેળવવાનો પ્રયાસ થયો. જુઓ ને! આટલાં વરસ હજારો લોકોએ મારાં ભાષણ અત્યંત શાંતિથી ને પ્રસન્નતાથી સાંભળ્યાં. હું એમને કાંઈ એમના સ્વાર્થની વાત નહોતો કરતો. હું એમને દાન આપવાનું કહેતો, બીજા માટે ઘસાવાનું કહેતો. એમને તે સાંભળવું સારું લાગતું, મીઠું લાગતું. એટલે કે અંદરથી તે ચીજ એમને પસંદ છે, પછી ભલે પોતે

તે મુજબ ન પણ કરી શકતા હોય. આના ઉપરથી ખબર પડે છે કે માનવ-સ્વભાવ મૂળમાં કેવો છે.

ટૂંકમાં, પહેલી વાત એ કે માણસ સ્વભાવથી સ્વાર્થી, લોભી કે એકલપેટો નથી, પણ ખોટી સમાજરચનાને કારણે એમ વર્તતો થઈ ગયો છે. આપણે જો ઉચિત ને અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઊભી કરી શકીએ, તો પ્રેમ કરવો, બીજા માટે ઘસાવું વગેરે તેની મૂળભૂત સ્વાભાવિક વૃત્તિઓને મ્હોરી ઊઠવા માટે પૂરતો અવકાશ મળે.

બીજી વાત એ છે કે માનવ-સ્વભાવ એ કોઈ નિયમિત ને સ્થિર વસ્તુ છે નહીં, એ તો બદલાતો આવ્યો છે, સતત વિકસિત થતો આવ્યો છે, અને હજીયે તે આવી જ રીતે બદલાતો રહેશે, વિકાસ પામતો રહેશે. તેનો સાચી દિશામાં વિકાસ થાય, તે આપણે જોવું જોઈએ.

['ભૂમિપુત્ર' પખવાડિક : ૨૦૦૬]

## જો ઘર ફૂંકે આપના...

પરમેશ્વરે જો હરેકના દિલમાં બારી મૂકી હોત, તો મારા હૃદયમાં જે આગ ધીકી રહી છે, તે આપ ભાળી શકત. આજની સ્થિતિ એક મિનિટ માટે પણ સહન થઈ શકે એવી નથી. આજકાલ હું હસતો જ રહું છું. એટલા વાસ્તે હસતો રહું છું કે રોવાનું વાજબી નથી. જોકે હાલત તો રોવા લાયક જ છે. ચારે કોર કેવું કેવું થઈ રહ્યું છે! અન્યાય જ અન્યાય ચાલી રહ્યો છે. અંદરથી ભારે વેદના અનુભવાય છે.

આજનો 'સ્ટેટસ કો'-જૈસે કે તૈસે સ્થિતિ બિલકુલ બરદાસ્ત થઈ શકે તેવી નથી. આજે નીચેનાઓને સતત વધુ ને વધુ દબાવાઈ રહ્યા છે. એમનું બેફામ શોષણ ચાલી રહ્યું છે. એમની સાથે જે કાયમની હિંસા આચરાઈ રહી છે, તે હરગિજ સહન થઈ શકે તેવી નથી. આવું જ ચાલુ રહ્યું, તો તૂફાન આવશે અને લોહિયાળ ક્રાંતિમાં સહુને સમેટી લેશે. એવું થશે તો મને દુઃખ તો થશે, પણ આજની 'સ્ટેટસ

કો' સ્થિતિથી થાય છે તેના કરતાં ઓછું જ થશે. જોકે તે જોવા માટે હું જીવતો નહીં રહું. અહિંસક ઢબે ક્રાંતિ થાય તે માટે હું મારો જાન આપી દઈશ. છતાં ઈશ્વર 'રુદ્ર' ને 'શિવ' બંને છે. તેને જો પોતાનું રુદ્ર સ્વરૂપ પ્રગટ કરવું હશે, તો તમારી ને મારી શી વિસાત છે તેને રોકવાની?

જ્યાં ગરીબોની કોઈ પૂછપરછ નથી, એમને રોજી-રોટી, કપડાં-મકાન મળે છે કે નહીં તેની કોઈને પરવા નથી, એવી હાલત તો કેમ સહન થાય? ગામડે-ગામડે હું જ્યારે ગરીબોની હાલત જોઉં છું, ત્યારે મારું દિલ રડી ઊઠે છે. હું ખાઉં છું ત્યારે કોળિયે-કોળિયે મને ગરીબોની યાદ આવે છે.

આ ચીજ જ મને સતત ચલાવી રહી છે, મને પગ વાળીને બેસવા દેતી નથી. લોકો મને પૂછે છે કે, તમે થાકતા નથી? હું જવાબ દઉં છું કે આ બૂઢાપામાં થાકવું તો સ્વાભાવિક છે. શરીર આરામ માગે છે, એ તેનો સ્વભાવ છે. પરંતુ હું થાકતો નથી, કેમ કે હું મારી આંખો સામે આટલો બધો અનર્થ જોઈ રહ્યો છું! હું જોઈ રહ્યો છું કે આપણે સહુ એકબીજાને મદદ નહીં કરીએ, શ્રમજીવીઓને અને ગરીબોને આપણા પરિવારમાં સામેલ નહીં કરીએ, તો સમાજનું ઘણું અઘટિત થવાનું છે. હું જોઈ રહ્યો છું કે આવું ને આવું ચાલુ રહે, તો આગળ શું થાય. એટલે સહુને સાવધાન કરવા હું એક પણ દિવસની ફુરસદ લીધા વિના અવિરત ઘૂમી રહ્યો છું અને મારો દુર્બળ અવાજ તમારા કાન સુધી પહોંચાડી રહ્યો છું. આગ લાગી છે, ત્યારે હું પગ વાળીને બેસી શી રીતે શકું? આગળ શું થશે, એ તો ઈશ્વરની ઇચ્છા ઉપર નિર્ભર છે. મેં મારી ફરજ બજાવી, તેના કરતાં વિશેષ હું શું કરી શકું? હું એટલું જોઉં છું કે મારા પરિશ્રમ ને પુરુષાર્થમાં કોઈ કસર ન રહી જાય.

આજની પ્રચલિત વ્યવસ્થાના મૂળ પર આપણે કુઠારાઘાત કરવો છે. આજના સમાજના ઢાંચાને આપણે જડમૂળથી બદલવો છે. આમ તો દુનિયામાં કરવાનાં સારાં કામો તો અનેક છે, પણ એવાં સામાન્ય

સેવાનાં, રાહતનાં ને કલ્યાણનાં કામો અત્યારે નહીં. અત્યારે તો આપણે સમાજમાં સમૂળી ક્રાંતિ લાવવી છે. માણસ-માણસ વચ્ચે આજે જે સંબંધ છે, તે સંબંધોમાં જ આપણે ધરમૂળથી પરિવર્તન લાવવા માગીએ છીએ. આજે સમાજમાં જે મૂલ્યો છે, તેને આપણે બદલી નાખવા માગીએ છીએ. આને માટે આપણા અંતરનો અગ્નિ પ્રજ્વલિત જોઈએ.

એટલા વાસ્તે હું ગામડે-ગામડે અને ઘરે-ઘરે જઈને લોકોનાં દિલને ઢંઢોળું છું. ગરીબો જમીન-વિહોણાં જ નહીં, જબાન-વિહોણાં પણ છે. હું એ જબાન-વિહોણાંઓની જબાન બન્યો છું. હું ભીખ નથી માગતો, હું એ જબાન-વિહોણાંઓનો હક માગું છું. ઉત્પાદન વધારો, સમૃદ્ધિ વધારો, પછી એ બધું ઉપરના સ્તરેથી ધીરે ધીરે ઝમતું-ઝમતું નીચેના સ્તર સુધી પહોંચશે-એવી ‘પરકોલેશન થિયરી’ મને હરગિજ મંજૂર નથી. કોઈ માણસ ડૂબી રહ્યો છે, તો તત્કાળ એને ઉગારવાનો હોય, ડૂબતાને તુરત બચાવવાનો હોય. તેના ઉદ્ધારમાં ઉધારી નહીં ચાલે. આટઆટલાં વરસોની જાતજાતની યોજનાઓ છતાં ગરીબોને હજી જીવનની પ્રાથમિક જરૂરિયાતો જેટલુંયે ન મળતું હોય, તે કેમ ચાલે? હું તો કોઈ પણ યોજનામાં પહેલવહેલું એ જોઉં કે તેનાથી સૌથી પહેલો ગરીબોને લાભ મળે છે કે કેમ? અને મળે છે તો કેટલો મળે છે? આપણે આ ગરીબોની શૂન્ય આંખોમાં પુણ્ય-પ્રભા લાવવી છે. એ પુણ્ય-પ્રભા ત્યારે જ આવશે, જ્યારે આપણે લોકો કરુણાવાન બનીશું, એમના માટે કંઈક કરી શકીશું.

ગાંધીજી આવીને આ જ વાત કહી ગયા. એમણે અહિંસાની ક્રાંતિનો, પ્રેમની ક્રાંતિનો માર્ગ દાખવ્યો. મેં તે માર્ગે ચાલવાની પૂરેપૂરી કોશિશ કરી છે. તેમ કરતાં મેં મારા પ્રયત્નોની પરાકાષ્ઠા કરી દીધી. મને એવી એક ક્ષણ પણ યાદ નથી કે જ્યારે આ બાબતમાં હું અસાવધાન રહ્યો હોઉં. મારો અંતરાત્મા આનો સાક્ષી છે.

ક્રાંતિઓ ફુરસદથી નથી થતી. ‘હંડ્રેડ ઇયર્સ વોર’-યુરોપનું સો વરસનું યુદ્ધ ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. સો વરસ સુધી લડાઈ ચાલતી રહી. એક પછી એક પાંચ પેઢીઓ થઈ ગઈ, એક લડાઈ લડતાં-લડતાં!

આવી જ રીતે ક્રાંતિ માટે પણ અવિરત ઝઝૂમતા રહેવાનું છે.

આવા અહિંસક સમાજ-પરિવર્તનના આંદોલનમાં કોણ ટકી શકશે? જેનામાં ક્રાંતિની ભાવના હશે અને વૈરાગ્યની વૃત્તિ હશે. આ બેમાંથી એક નહીં હોય તો ટકાશે નહીં. ક્રાંતિની ભાવના હશે, પણ વૈરાગ્ય નહીં હોય, આધ્યાત્મિક વૃત્તિ નહીં હોય, તો પોતાનો માયાપાશ તોડી નહીં શકે. આજની સમાજવ્યવસ્થાને ગાળો દેતા રહેશે, અસંતુષ્ટ રહ્યા કરશે, પણ સાતત્યપૂર્વક ક્રાંતિકાર્યમાં રચ્યોપચ્યો નહીં રહી શકે. આધ્યાત્મિક વૃત્તિ હશે તો જ અંદરથી શક્તિ મેળવી શકશે. બીજી બાજુ, આધ્યાત્મિક વૃત્તિ હશે, પણ ક્રાંતિની ભાવના નહીં હોય, તો મોડોવહેલો વ્યક્તિગત સાધનામાં સરી પડશે. માટે બેઉ વસ્તુ જોઈશે- ક્રાંતિની ભાવના તેમ જ આધ્યાત્મિક વૃત્તિ.

આને માટે સાધકોને ને સેવકોને આવાહન છે. કબીરે હાકલ કરેલી—

*કબીરા ખડા બાજાર મેં લિયે લુકાટી હાથ,*
*જો ઘર ફૂંકે આપના ચલે હમારે સાથ!*

અમારી સાથે આવવું છે, તો ઘર પણ રાખશો, માબાપ ને કુટુંબકબીલો રાખશો, તે નહીં બને. બધું છોડીને આવવું પડશે.

કબીરસાહેબ રાહ જોતા રસ્તા પર ખડા છે.

['ભૂમિપુત્ર' પખવાડિક: ૨૦૦૬]

# સ્વતંત્રતાનો દિવસ કે પરાધીનતાનો?

૧૫ ઓગસ્ટ એ આપણો સ્વાતંત્ર્ય-દિન છે. પરંતુ ઘણી વાર મને એમ થાય છે કે આ આપણો સ્વતંત્રતાનો દિવસ છે કે પરાધીનતાનો?

સ્વરાજ એટલે શું? સ્વરાજ આવતાં લોકોને એવી આત્મપ્રતીતિ થવી જોઈતી હતી કે હવે આપણું રાજ આવ્યું એટલે આપણો ઉદ્ધાર હવે આપણે જ કરવાનો છે. પણ આવું થયું ખરું? આને બદલે સાવ

ઊલટું જ થયું. લોકો બધી બાબતમાં સરકાર તરફ તાકીને બેઠા! પ્રજાનું પોતાનું કર્તૃત્વ અને પુરુષાર્થ જ વિલાઈ ગયાં!

મારી યાત્રા બિહારમાં ચાલતી હતી. ત્યાં મોટી રેલ આવી. માઈલોના માઈલો સુધીનો વિસ્તાર પાણી હેઠળ આવી ગયો. મારી પદયાત્રા ત્યારે કમર સુધીનાં પાણીમાં ચાલતી હતી. ભાષણ સાંભળવા લોકો હોડીમાં આવતા. એક શહેરથી માત્ર ચારેક માઈલ છેટે સુધી રેલનાં પાણી આવી ગયેલાં. પણ શહેરવાળાઓ તરફથી રેલગ્રસ્તોની રાહત માટે કાંઈ જ થયું નહીં. હા, ત્યાં સિનેમા-નાટક બધું યથાવત્ ચાલતું હતું. મેં લોકોને પૂછ્યું તો કહે, અમે શું કરી શકીએ? આ તો સરકારનું કામ છે.

સ્વરાજ મળ્યા પછી આપણે આવા પરાધીન બની ગયા. પ્રજાનો સ્વતંત્ર પુરુષાર્થ ન રહ્યો. બસ, સરકારે આ ન કર્યું ને પેલું ન કર્યું. સરકારની નંદાન્સ્તુિતિ કર્યા કરવા સિવાય પ્રજા પાસે જાણે બીજું કોઈ કામ જ ન રહ્યું. સ્વરાજ એટલે શું લોકોનું આવી રીતે પરાધીન થવું? બધું સરકાર કરશે એમ માનીને બેસી રહેવું? આ તે સ્વાધીનતા કે પરાધીનતા?

આજે લોકો પાસે જઈને કોઈ એમ નથી કહેતું કે તમારો ઉદ્ધાર તમારે જાતે કરવાનો છે, તમારું સુખ અને દુ:ખ તમારા પોતાના પુરુષાર્થ પર નિર્ભર છે. બસ, અગાઉ જેમ પંડા-પુરોહિતો કહેતા કે અમને દક્ષિણા આપો તો તમને સ્વર્ગ મળશે, તેમ આજના આ આધુનિક પંડા-પુરોહિતો પણ લોકો પાસે જઈને કહે છે કે અમને મત આપો તો તમે સુખી થશો. અને લોકો પણ માને છે કે આ બધા દેવતા છે, એમને મત આપીશું તો તેઓ આપણને સુખ આપશે.

અસલમાં વાત એ સમજવાની છે કે સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે; પરંતુ તે મારો કેવળ અધિકાર જ નથી, મારું કર્તવ્ય પણ છે. સ્વરાજનો અર્થ છે, પોતાની જવાબદારી પોતે ઉપાડવી.

સ્વરાજની બીજી કસોટી છે, પ્રજાનો ગુણ-વિકાસ. શું સ્વરાજ

મળ્યા પછી આપણો ગુણ-વિકાસ થયો છે? શું પહેલાંના ઝઘડા હવે શમી ગયા છે? પહેલાંની ભેદભાવની વૃત્તિ છોડીને શું હવે આપણે એકાત્મતાથી કામ કરવા લાગ્યા છીએ? પહેલાંના આપણા સ્વાર્થ ને સંકુચિતતા ધોવાઈને શું આપણામાં ધૈર્ય, કરુણા, દયા, બીજાની ચિંતા વગેરે સદ્‌ગુણો વધ્યા છે? શું આપણી સામાજિક ભાવના વ્યાપક ને વિશાળ બની છે? સ્વરાજનાં આટલાં વરસોમાં જો આ રીતેનો ગુણવિકાસ થયાનો અનુભવ થઈ રહ્યો હોય, તો સમજવું કે સ્વરાજ સંપન્ન થયું છે.

પરંતુ આને બદલે જો માત્ર એટલું જ થયું હોય કે સ્વરાજ પછી દેશમાં થોડું ધન વધ્યું, નદીઓ પર પુલ નહોતા તે બંધાયા, રેલવે લાઇનો નહોતી તે નખાઈ, જીવનધોરણ વધ્યું, ઉદ્યોગ-ધંધા વધ્યા વગેરે-તો એટલા ઉપરથી એમ ન કહી શકાય કે આપણી સ્વરાજ-શક્તિ વધી. બહુ બહુ તો એટલું કહી શકાય કે થોડુંક સુખ વધ્યું. પરંતુ આજે હજી દેશમાં જાતિભેદ, ઊંચનીચના ભેદ, ધર્મભેદ ઝઘડા વગેરે બધું કાયમ છે. ત્યારે સ્વરાજને બળ ક્યાંથી મળશે? આ આપણા બધાંની મોટી ચિંતાનો ને ચિંતનનો વિષય બનવો જોઈએ. સ્વરાજમાં આપણાં સુખ-સગવડ કેટલાં વધ્યાં એ મહત્ત્વનું નથી, પણ આપણામાં સ્વરાજની શક્તિનો કેટલો વિકાસ થયો તે મહત્ત્વનું છે. વળી, સ્વરાજની એક મુખ્ય કસોટી તો એ છે કે આપણને સ્વરાજ મળ્યું છે, તેની પ્રતીતિ દરેકે દરેક જણને થવી જોઈએ. સૂર્યોદય થાય છે, તો તેને કાંઈ ચીંધી બતાવવો પડતો નથી. સૂર્યનારાયણ ઘેર ઘેર પહોંચી જાય છે તેમ સ્વરાજ પણ ઘેર ઘેર પહોંચવું જોઈએ. દરેકને સ્વરાજનો પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ.

આજે આવો અનુભવ દેશમાં સહુ કોઈને થાય છે ખરો? ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે હજી તો કેટલાયે લોકો ભારોભાર ગુલામીમાં સબડે છે. હરિજનો સવર્ણોના ગુલામ છે. ગામડાંના લોકો શહેરવાસીઓના ગુલામ છે અને શહેરવાસીઓ વિદેશીઓના ગુલામ છે. ઉપરથી નીચે સુધીની આ તરેહતરેહની ગુલામી નાબૂદ ન થાય, ત્યાં સુધી આપણને

સ્વરાજ મળ્યું છે, એમ કઈ રીતે કહી શકાય?

એક ગામ હતું. ત્યાં કસાઈ લોકો રહેતા હતા. તેઓ બકરાને ‘શેફીલ્ડ’ના છરાથી કાપતા હતા. પછી સ્વરાજ આવ્યું, તો નક્કી કરવામાં આવ્યું કે હવે ‘શેફીલ્ડ’ના નહીં, અલીગઢના છરાથી બકરા કપાશે. તેમ છતાં બકરા તો ચિલ્લાતા જ રહ્યા. કસાઈ કહેવા લાગ્યા, ‘મૂર્ખાઓ હવે કેમ બૂમો પાડો છો? હવે તો વિદેશના શેફીલ્ડના છરાથી નહીં. સ્વદેશના અલીગઢના છરાથી તમે કપાઈ રહ્યા છો.’ આ સાંભળીને શું બકરા ખુશ થશે?

[‘ભૂમિપુત્ર’ પખવાડિક: ૨૦૦૬]

## સદિચ્છાકા મતલબ નહીં

હમ યહાં આ રહે થે તો રાસ્તેમેં સુના કી લોગ બોલ રહે હૈં: ‘હમારે દેશ મેં ભૂમિહીન કોઈ નહીં રહેગા!’ હમ મનમેં સોચ રહે હૈં કી ઈસ તરહ બોલનેસે લોગોં કો ક્યા તકલીફ હોતી હૈ? ‘હમારે દેશમેં’ કહ દિયા, ઈસકે બદલે ‘હમારે વિશ્વમેં’ કહતે તો ભી ચલ જાતા! બડા મંત્ર બોલને મેં કિસીકો તકલીફ નહીં હોતી. ‘હમારે ગાંવમેં’ કહતે તો ઉન પર કરને કી જિમ્મેવારી આતી, ક્યોંકી અપને ગાંવ કે લીએ હમ જિમ્મેવાર હૈં. દુનિયા ઔર દેશ કે બારે મેં સોચને સે આજ બોલનેવાલોં પર જિમ્મેવારી નહીં આતી.

હમારે યહાં પ્રાર્થના મેં યહ કહને કા રિવાજ હૈં: ‘સર્વત્ર સુખીન: સન્તુ. સર્વે સન્તુ નિરામયા:...’ યહ આકાંક્ષા હૈ કી દુનિયા કા શુભ હો. લેકિન ઈસકે સાથ સાથ અગર શુભ કરનેકા કામ ન હો, તો ઐસી સદિચ્છા કા કોઈ ખાસ મતલબ નહીં હોતા.

યહાં દેશ કે લોગ ઇતને નિષ્કીય હૈં કી બોલતે હૈં અદ્વૈત, ઈશ્વર કા ઔર અપના ભેદ મિટા દેતે હૈં; લેકિન જાતિ-ભેદ, ધર્મ-ભેદ, ઊંચ-નીચ ભેદ આદિ સભી ભેદ કાયમ હૈં. ઈસસે કુછ ભી બનનેવાલા નહીં

है. ऊंचे विचारके साथ प्रत्यक्ष कार्य करना चाहीए.

['ભૂદાનયજ્ઞ' અઠવાડિક: ૧૯૬૩]

## 'જ્ઞાનેશ્વરી' અને 'કેન્ટરબરી ટેઇલ્સ'

આપણી બધી ભાષાઓ સેંકડો વરસથી ખેડાતી આવી છે અને સેંકડો વરસનું ઉત્તમ સાહિત્ય આપણી ભાષાઓમાં છે. એક દાખલો આપું. 'કેન્ટરબરી ટેઇલ્સ' અંગ્રેજીમાં બારમી સદીનો ગ્રંથ છે. એ જ અરસામાં લખાયેલો જ્ઞાનેશ્વર મહારાજનો 'જ્ઞાનેશ્વરી' ગ્રંથ મરાઠીમાં છે. આ બંને ગ્રંથો મેં વાંચ્યા છે, બંનેનો અભ્યાસ કર્યો છે. હવે, આ બે ગ્રંથોને તુલનાત્મક દૃષ્ટિએ જોઈએ તો જણાય છે કે 'જ્ઞાનેશ્વરી' પાસે જેટલા શબ્દો છે, તેના ચોથા ભાગના પણ શબ્દો 'કેન્ટરબરી ટેઇલ્સ'માં નથી. અને વળી 'જ્ઞાનેશ્વરી' કંઈ મરાઠીનો પહેલો ગ્રંથ નથી; તેની પહેલાં પણ મરાઠીમાં અનેક પુસ્તકો લખાયાં છે.

['ભૂમિપુત્ર' પખવાડિક: ૨૦૦૫]

## આ બધું એમનેમ બન્યું હશે?

એ વાત નિશ્ચિત સમજી લેજો કે વિજ્ઞાન જ્યાં સુધી માતૃભાષામાં લોકો સમક્ષ નહીં મુકાય, ત્યાં સુધી તે વ્યાપકપણે ફેલાઈ શકશે નહીં. આજ સુધી વિજ્ઞાન બધું અંગ્રેજી ચોપડીઓમાં બંધ રહ્યું, તેને લીધે જ તે આપણા દેશમાં બહુ ઓછું ફેલાયું. વિજ્ઞાન તો ખેતીમાં હોઈ શકે, રસોઈમાં હોઈ શકે, સફાઈમાં હોઈ શકે. જીવનના એકએક ક્ષેત્રમાં વિજ્ઞાનની જરૂર છે, પરંતુ અંગ્રેજોના રાજમાં વિજ્ઞાનના પરિચય માટે અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક હતું, અને અહીંના બહુજન સમાજને અંગ્રેજીનું જ્ઞાન હતું નહીં, તેથી કરોડો લોકોને વિજ્ઞાનનું જ્ઞાન મળી શક્યું નહીં.

અંગ્રેજીમાં વિજ્ઞાનનાં સારાં-સારાં પુસ્તકો છે, તે બધાં આપણી

ભાષાઓમાં લાવવાં છે. તો જેમણે પોતે અંગ્રેજીનું જ્ઞાન મેળવ્યું, તેમણે વ્રત લેવું જોઈએ કે, હું મરતાં પહેલાં એક સારા અંગ્રેજી પુસ્તકનો અનુવાદ મારી માતૃભાષામાં કરીશ; એવો અનુવાદ કર્યા વિના મરવાનો મને અધિકાર નથી.

આજે ઘણાં ક્ષેત્રોમાં અંગ્રેજી વિના ચાલતું નથી એમ આપણે જ્યારે કહીએ છીએ, ત્યારે સાથે સાથે એટલો વિચાર નથી કરતા કે અંગ્રેજીને આવું સ્થાન મળ્યું શી રીતે? કાંઈ આપોઆપ તો નથી મળી ગયું. તે માટે અંગ્રેજોએ કેટલો બધો પુરુષાર્થ કર્યો છે! તેને લીધે આજે તો સ્થિતિ એવી છે કે આપણા પોતાના દેશની ભાષાઓ પણ જો આપણે શીખવી હોય, તો તે અંગ્રેજી મારફત જ શીખવી પડે છે! ધારો કે મારે બાંગ્લા ભાષા શીખવી છે, તો શું હું તેને મરાઠી મારફત કે ગુજરાતી મારફત શીખી શકીશ? નહીં, કેમ કે મરાઠી-ગુજરાતીમાં મને બાંગ્લાકોષ નહીં મળે; તે અંગ્રેજીમાં મળશે. એટલે પછી મારે અંગ્રેજી મારફત જ બાંગ્લા ભાષા શીખવી પડશે!

એવું જ બહારની ભાષાઓ માટે પણ. વચ્ચે હું ચીની ભાષા શીખતો હતો, તો તેને માટે મારી પાસે જે પુસ્તકો આવ્યાં તે અંગ્રેજીનાં જ આવ્યાં. એટલે આજે તો અહીંની ને બહારની ભાષાઓ અંગ્રેજી મારફત જ આપણે શીખી શકીએ એવી પરિસ્થિતિ છે, કેમકે અંગ્રેજી ભાષામાં દરેક ભાષા માટેના કોષ મળી શકે છે. આ કોષ બધા એમનેમ બન્યા હશે? તેને માટે કેટલી બધી મહેનત એ લોકોએ કરી હશે! ખૂબ ખૂબ મહેનત કરીને એમણે પોતાની અંગ્રેજી ભાષાને આટલી બધી સંપન્ન બનાવી છે, ત્યારે એમની પાસેથી બોધપાઠ લઈને આપણે પણ ખૂબ મહેનત કરવી જોઈએ અને આપણી ભાષાઓને આ દૃષ્ટિએ પણ સંપન્ન બનાવવી જોઈએ.

# રગ-રગમાં ભારતીયતા ભરી છે

આપણા ઋષિઓ અને મહર્ષિઓએ આખા ભારતને એક બનાવવા માટે યુક્તિ શોધી કાઢી. 'ભારતવર્ષ પુણ્યભૂમિ છે,' એમ કહીને એમણે લોકોને યાત્રા કરવાની પ્રેરણા આપી. 'કાશી મોટું તીર્થસ્થાન છે, રામેશ્વર પુણ્યધામ છે,' એમ કહીને લોકોને તીર્થાટનની પ્રેરણા આપી. તે જમાનામાં આવવા-જવાનાં સારાં સાધનો હતાં નહીં, યાત્રા કરવામાં ઘણું કષ્ટ પડતું; તેમ છતાં લોકો યાત્રા કરતા. આવી તીર્થયાત્રાઓના મૂળમાં ઉદ્દેશ ભારતદર્શનનો જ રહેતો. ઋષિઓના મનમાં રાષ્ટ્રીય એકતાનો ઉદ્દેશ હતો.

કાશીમાં ગંગાતટ ઉપર રહેનારો તડપે છે કે કાશીની ગંગાની કાવડ ભરીને ક્યારે રામેશ્વરને ચઢાવું? જાણે કાશી અને રામેશ્વર એના મકાનનું આંગણું અને પાછલો વાડો ન હોય! વાસ્તવમાં બંને વચ્ચે પંદરસો માઈલનું અંતર છે, પરંતુ આપણા શ્રેષ્ઠ ઋષિઓએ આપણને એવો વૈભવ આપ્યો છે કે આપણું આંગણું પંદરસો માઈલ સુધી વિસ્તરેલું છે! રામેશ્વરમાં રહેનારો તડપે છે કે રામેશ્વરના સમુદ્રનું જળ કાશી-વિશ્વેશ્વરના મસ્તક ઉપર ક્યારે ચઢાવું? કેટલી વ્યાપક અને પવિત્ર ભાવના છે આ!

૧૨૦૦ વરસ પહેલાં શંકરાચાર્ય દક્ષિણમાંથી યાત્રા કરતા કરતા છેક શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાડ ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી. શંકરાચાર્યે બિલકુલ જુવાનીમાં પગપાળા યાત્રા કરી અને કેરલથી નીકળીને કાશ્મીર પહોંચ્યા. મલબારનો એક છોકરો, ભારતના ઠેઠ દક્ષિણ છેડાનો એક છોકરો, તે જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો ચાલતો આવ્યો.

શંકરાચાર્યે સમાધિ પણ હિમાલયમાં જ લીધી. કેદારનાથમાં શંકરની સમાધિ છે. વળી, કેદારનાથના મંદિરમાં આજ સુધી એવી પરંપરા ચાલી આવે છે કે ત્યાંનો મુખ્ય પૂજારી કેરલનો નંબૂદ્રી બ્રાહ્મણ જ હોય. શંકરાચાર્યે ચાર દિશામાં ચાર આશ્રમ સ્થાપ્યા-દ્વારિકા, જગન્નાથપુરી,

બદ્રીકેદાર અને શૃંગેરી. હજાર-હજાર માઈલનું અંતર આ મઠો વચ્ચે હતું. એ મઠોવાળાઓને એકબીજાને મળવું હોય તોયે વરસ-બે વરસ પગપાળા યાત્રા કરવી પડતી! મને એમ લાગ્યું છે કે શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ ગઈ હતી.

આપણો ભારત દેશ મોટો છે, મહાન છે; પરંતુ આ મહાનતા એમની એમ નથી આવી ગઈ, તેની પાછળ દીર્ઘ કાળની વિચારપૂર્વકની મહેનત છે, સાધના છે. તેના પરિણામ સ્વરૂપ આવી એક મહાન સંસ્કૃતિ ઊભી થઈ છે. આ પ્રાચીન સંસ્કૃતિનો સંદેશ આ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહોંચાડવામાં આવ્યો છે. જ્યારે આજના જેવાં સંદેશવ્યવહારનાં કોઈ સાધનો નહોતાં, ત્યારે આવડું મોટું રાષ્ટ્રીય એકતાનું જે કામ થયું છે, તે અદ્ભુત જ છે!

અનેકાનેક ભેદ હોવા છતાં આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે, તેના માટે એવી એવી પરંપરા ઊભી કરી દીધી છે કે આશ્ચર્ય જ થાય છે! તમિલનાડુ, કર્ણાટક કે મહારાષ્ટ્રનો માણસ સ્નાન માટે કાવેરી, તુંગભદ્રા કે ગોદાવરી જશે તોયે કહેશે કે, હું ગંગા-સ્નાન માટે જાઉં છું! આ રીતે આપણા પૂર્વજોએ આપણી રગ-રગમાં ભારતીયતા ભરી દીધી છે.

આવી એકતા એમનેમ ઊભી નથી થઈ ગઈ. અનેક સંતપુરુષો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. ભારતના એક એક સંત-શિરોમણિ અહીં વરસો સુધી ઘૂમતા રહ્યા. શંકરાચાર્ય ૧૫ વરસ, રામાનુજ ૧૨થી ૧૪ વરસ, વલ્લભાચાર્ય ૧૮ વરસ, શંકરદેવ ૧૨ વરસ, નામદેવ ૧૩-૧૪ વરસ, નાનક ૧૮થી ૨૦ વરસ અને કબીર ૨૫થી ૩૦ વરસ સુધી પગપાળા ફર્યા. આવો ઉજ્જ્વળ ઇતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે.

હજારો વરસોના પ્રયત્ન બાદ માણસનો સદ્-અસદ્ વિવેક કેળવાયો છે, કેટલીક નિષ્ઠાઓ પાકી થઈ છે, ઉચિત-અનુચિતનો ખ્યાલ સ્થિર થયો છે. માણસની આ જે ઉચિત-અનુચિતની ભાવના બની છે, તે કોઈ રાજા-મહારાજાએ નથી બનાવી, સંતોએ બનાવી છે. આ સંત-મહાપુરુષો

જો ન હોત, તો આપણે જાનવર જ રહી જાત. અહીંનું લોકમાનસ સંતો દ્વારા કેળવાયું છે.

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું, 'ભારતેર મહામાનવેર સાગરતીરે!' ભારત એક મહામાનવ-સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારે કોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે. આપણે હવે આ સમાજને એકરસ બનાવવાનો છે. એકરસ સમાજ હશે, તે ષડ્રસયુક્ત સમાજ હશે. ભિન્ન-ભિન્ન જમાતોના ગુણોને કાયમ રાખીને એમને સહુને આપણે એકરસ કરવા પડશે. સંગીતકારની માફક સાત સૂરોને મેળવીને એક સુંદર સુસંવાદી 'ભારત-રાગ' આપણે નિપજાવવાનો છે.

['ભારતીય સંસ્કૃતિ' પુસ્તક: ૨૦૦૩]

# ભારતીય સંસ્કૃતિની દેણ

દુનિયામાં સામાન્ય રીતે એમ જોવા મળે છે કે જ્યારે કોઈ દેશ પરાધીન બને છે, ત્યારે મોટે ભાગે તે દેશના લોકો કાં તો બિલકુલ દબાઈ જાય છે, ચૂં કે ચાં નથી કરતા અથવા પછી કોઈ ને કોઈ રીતે, ક્યાંક ને ક્યાંક કાંઈ ને કાંઈ બળવો કરતા રહે છે. પરંતુ ભારતમાં જ્યારે અંગ્રેજોનું સામ્રાજ્ય સ્થપાયું, ત્યારે એક ત્રીજી જ પ્રક્રિયા અહીં ઊભી થઈ. આ ગુલામીકાળમાં અહીં જે મહાપુરુષો પેદા થયા, તેમણે ન દબાઈ જવાનું પસંદ કર્યું કે ન શસ્ત્ર લઈને લડવાનું. એમણે તો આત્મસંશોધન કરવાનું શરૂ કર્યું. એમણે વિચાર્યું કે જ્યારે આટલી મોટી સંસ્કૃતિવાળો આટલો વિશાળ દેશ પરાધીન થઈ ગયો, તો તેનાં કારણો વિશે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. આપણી અંદર જે દોષ હોય, ન્યૂનતા હોય, તેનું નિરીક્ષણ, પરીક્ષણ, સંશોધન અને નિરાકરણ કરવું જોઈએ. આ રીતે આપણે ત્યાં આત્મશુદ્ધિ શરૂ થઈ ગઈ. આપણા લોકો પરાધીનતાથી ન તો દીન-હીન બન્યા, ન ક્ષોભના માર્યા એમણે

નાના-નાના બળવામાં પોતાની શક્તિ ખર્ચી નાખી. તેઓ તો આંતરિક સંશોધનમાં લાગી ગયા.

આના પહેલા પ્રવક્તા રાજા રામમોહન રાય બન્યા. એમણે કહ્યું કે, કેમ નિદ્રામાં પડ્યા છો? આજે સમાજમાં કેટલી બધી બૂરાઈઓ પેસી ગઈ છે, ધર્મમાં કેટલી બધી જડતા પેસી ગઈ છે! ઉપનિષદનો ધર્મ કેટલો ઉજ્જ્વળ હતો! તેથી આજે ધર્મમાં સુધારા કરવા પડશે. સમાજમાં સુધારા કરવા પડશે. એમણે સતીની પ્રથા સામે અવાજ ઉઠાવ્યો. ભારતીય સંસ્કૃતિમાં તો સ્ત્રીને કેટલું બધું ઉચ્ચ સ્થાન અપાયું છે! તેણે સ્ત્રીને માટે 'મહિલા' શબ્દ પ્રયોજ્યો. તેની બરાબરીનો શબ્દ બહારની કોઈ ભાષામાં મને નથી મળ્યો. મહિલા એટલે સ્ત્રી તો ખરી જ, પણ મહિલા એટલે મહાન અને ભારતીય સંસ્કૃતિએ માતૃશક્તિને મુખ્ય સ્થાન આપ્યું છે.

મહારાષ્ટ્રમાં ન્યાયમૂર્તિ રાનડે થઈ ગયા. એમણે કહ્યું કે આ દેશ પરાધીન થયો છે, તેની પાછળ વિધિનો સંકેત છે. ભારતને ધક્કો લાગે તેની જરૂર છે અને યુરોપની સંસ્કૃતિ આજે ધક્કો દઈ રહી છે તે સારું જ છે. જે જડતા આવી ગઈ છે, એ તેને લીધે ચાલી જશે. આ પરાધીનતાના અગ્નિથી ભારત તપશે અને શુદ્ધ થશે. પુરાણા ગુણો ઉજ્જ્વળ થઈને બહાર આવશે, દોષો ઓછા થશે, અને પશ્ચિમની સંસ્કૃતિના કેટલાક ગુણ પણ આપણામાં આવશે. બંને સંસ્કૃતિઓનો સંગમ થશે અને બંનેનાં સુફળ ભારતને મળશે. આવું રાનડે સમજાવતા. અને થયું પણ તેવું જ.

શ્રી અરવિંદ આખી પશ્ચિમની સંસ્કૃતિને પી ગયા. વિજ્ઞાન, સાહિત્ય, કાવ્ય, રાજનીતિ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન બધાંમાં પ્રવીણ થઈ ગયા. પરંતુ એમણે શું કર્યું? 'ઉપનિષદો'નું અધ્યયન કર્યું, 'વેદ' ઉપર ભાષ્ય લખ્યું, 'ગીતા' પર ચિંતન કર્યું, અને એક નવું યોગશાસ્ત્ર દુનિયાને દીધું. આ રીતે એમણે ભારતીય સંસ્કૃતિને વધુ ઉજ્જ્વળ બનાવી. બે સંસ્કૃતિઓના સંગમથી પરિપક્વ ફળ નિર્માણ થયું.

સર્વધર્મ-સમન્વય અને સર્વ ઉપાસનાઓના સમન્વયની જે એક

નવી દૃષ્ટિ ભારતમાં આવી, તેનો ઉદ્‌ગમ રામકૃષ્ણ પરમહંસથી થયેલો ગણાશે. એમણે વિભિન્ન ધર્મોની ઉપાસનાઓનું અધ્યયન કર્યું તથા પોતાના જીવનમાં એ બધી ઉપાસનાનો સમન્વય કર્યો. આમ, રામકૃષ્ણે દુનિયાને સંદેશ આપ્યો કે દુનિયામાં જેટલાયે ધર્મો છે, તે બધા એક જ પરમેશ્વર તરફ લઈ જનારા જુદા જુદા માર્ગ છે. એટલે એમની વચ્ચે કોઈ વિરોધ નથી. કોઈક મુકામે જવું હોય, તો ત્યાં પહોંચવા માટે એક જ નહીં, અનેક રસ્તા હોય છે, એવી જ રીતે ભગવાન સુધી પહોંચવા માટે પણ અનેક રસ્તા છે. માટે અમારા ગુરુએ જે શીખવ્યું, એ જ એકમાત્ર સાચો રસ્તો છે અને બીજા બધા રસ્તા ખોટા છે, એવો આગ્રહ રાખવો સાવ ખોટો છે. આપણે બધા એક જ મુકામે પહોંચવા માટેના જુદા જુદા રસ્તાના યાત્રીઓ છીએ.

મહાત્મા ગાંધી દ્વારા પણ બે સંસ્કૃતિઓના સંગમનું મધુર ફળ નિર્માણ થયું. ગાંધીજી એક વિરલ મહાપુરુષ હતા. પુરાતન પરંપરાનું ફળ અને નૂતન પરંપરાનું બીજ આપણને એમનામાં મળ્યું. ભૂતકાળમાં મહાપુરુષોએ આપણને જે કાંઈ આપ્યું, તેનો સાર આપણે ગાંધીજીમાં પામ્યા અને ભવિષ્યમાં આવનારા મહાપુરુષોનાં બીજ પણ ગાંધીજીમાં પામ્યા. પાછલા પ્રયત્નોનું ફળ મળ્યું અને આગલી આશાઓનું બીજ મળ્યું.

ભારત ફરી જાગી ગયું, અને તેણે આટલું બધું પ્રદાન કર્યું. આ એક બહુ મોટી વાત છે. આ કાળમાં રાજા રામમોહન રાય, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, સ્વામી દયાનંદ, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ, લોકમાન્ય તિલક, રવીન્દ્રનાથ ઠાકુર, મહાત્મા ગાંધી આદિ અસંખ્ય ઉચ્ચ કોટિના સ્વતંત્ર વિચારક ભારતમાં થયા. એમણે વિચારમાં સંશોધન કર્યું અને દુનિયાના વિચારોમાં વૃદ્ધિ કરવામાં પોતાનું યોગદાન આપ્યું. પરાધીન દેશ પાસે આવી અપેક્ષા બિલકુલ નથી રખાતી કે તેનામાં આવી સ્વતંત્ર બુદ્ધિ હોઈ શકે કે તે દુનિયાના સામૂહિક વિચારમાં આવી રીતે યોગદાન આપે, પરંતુ આપણે ત્યાં આવું થયું. આધુનિક જમાનામાં ભારતીય સંસ્કૃતિની દુનિયાને આ દેણ છે.

['ભારતીય સંસ્કૃતિ' પુસ્તક: ૨૦૦૩]

# સંસ્કૃતિ... પ્રકૃતિ... વિકૃતિ

પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ. સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું. વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું.

માણસની એક પ્રકૃતિ હોય છે, એક સંસ્કૃતિ અને એક વિકૃતિ. ભૂખ લાગે છે અને ભૂખ લાગતાં માણસ ખાય છે, તે એની પ્રકૃતિ છે. ભૂખ ન લાગવા છતાં માણસ ખાય છે, તે એની વિકૃતિ છે. અને ભૂખ લાગવા છતાં આજે એકાદશી છે એટલા વાસ્તે ભગવત્-સ્મરણ માટે માણસ ખાતો નથી, તે એની સંસ્કૃતિ છે. આમ, ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીએ, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીએ, તે આપણી વિકૃતિ છે. આ વસ્તુ ભલે મોટા ભાગના માણસોમાં દેખાતી હોય, ભલે ને આ પ્રકારની વિકૃતિ પ્રાચીન કાળથી આજ સુધી દેખાતી હોય, તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહીં. પરંતુ આપણા શ્રમથી પેદા થયેલી ચીજ પણ બીજાને આપ્યા વિના ભોગવવી નહીં, આપીને અને વહેંચીને જ ભોગવવી, એ માણસની સંસ્કૃતિ છે. માણસ સુખ અને આનંદ શોધે છે, એ ખરું; પરંતુ કયો આનંદ વિકૃત છે, કયો પ્રાકૃત છે અને કયો સંસ્કૃત છે, તેનો ખ્યાલ રાખવો પડે. જે સુખ સહુને આનંદ આપી શકે તેવું હોય એ જ ખરું સુખ છે.

કાગડો કાળો છે, તેને આપણે ખરાબ ન કહી શકીએ કેમ કે તે એની પ્રકૃતિ છે. બગલો સફેદ છે, પણ તેટલા માત્રથી આપણે તેને સારો ન કહી શકીએ કેમ કે તે એની પ્રકૃતિ છે. સિંહ હરણને ખાય છે, તેને આપણે ખરાબ ન કહી શકીએ કેમ કે તે એની પ્રકૃતિ છે. ગાય માંસ નથી ખાતી, પણ તેટલાથી કાંઈ તેને બહુ સારી કહીને તેનો મહિમા ન કરી શકાય કેમ કે તે એની પ્રકૃતિ છે. પ્રકૃતિથી ઉપર ઊઠીને આગળ વધવું, એ જ સંસ્કૃતિ છે.

ઘણી વાર આપણે વિકૃતિને પણ સંસ્કૃતિ માની લેવાની ભૂલ કરી

બેસીએ છીએ. આજે પશ્ચિમના લોકો વિજ્ઞાનમાં ઘણા આગળ વધ્યા છે. એમની પાસેથી આપણે લેવા લાયક ઘણું છે. પરંતુ એમનામાં ઘણો વિકૃતિનોયે અંશ પડ્યો છે, તેને સંસ્કૃતિ માની લેવાની ભૂલ આપણે ન કરીએ.

આની સાથોસાથ એ પણ ધ્યાનમાં રાખીએ કે આપણે ત્યાંની પણ ભલે હોય, વિકૃતિ આપણને ન ખપે. આપણે ત્યાં પ્રાચીન કાળથી કોઈ એક ચીજ ચાલી આવતી હોય, પણ તે જો વિકૃતિ હોય તો તેનો સ્વીકાર હરગિજ ન કરવો જોઈએ. વિકૃતિ બીજાઓની હોય કે આપણી હોય, સદંતર વર્જ્ય છે. અને પ્રકૃતિને સ્વીકારવી, પણ તેને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું. ખાવાનું આપણે ન છોડી શકીએ, કારણ કે તે પ્રકૃતિ છે, પણ માંસાહાર છોડી શકીએ. તે જરૂર છોડીએ, કેમ કે તે સંસ્કૃતિની દિશાનું આગળનું પગલું છે. ખાવામાં સંયમ રાખી શકીએ તો જરૂર રાખીએ, કારણ કે તેમ કરવાથી સંસ્કૃતિની દિશામાં એટલા આગળ વધીશું.

આપણો દેશ ભારે સુજલ ને સુફળ છે. પણ આપણા કરતાંયે વધારે સુજલ-સુફળ દેશો દુનિયામાં મોજૂદ છે. એટલે આ કાંઈ આપણી વિશેષતા ન કહેવાય. હા, અહીં જે વિચાર-સંપદા આપણને મળી છે, તે અદ્વિતીય છે. આ હું કોઈ અભિમાનથી નથી કહેતો. જો હું કોઈ બીજા દેશમાં જન્મ્યો હોત, તોપણ નિષ્પક્ષપણે તટસ્થતાથી ભારત વિશે આવું જ કહેત કે ભારતનો વિચાર-વૈભવ ખરેખર અદ્વિતીય છે. અને તે એટલા વાસ્તે નહીં કે અહીં નાટક વગેરે સાહિત્ય પુષ્કળ રચાયું છે, અહીંનાં સ્થાપત્ય બેનમૂન છે. એ બધું તો છે, પણ તે મામૂલી ચીજો છે. પરંતુ બુનિયાદી ચીજ 'આધ્યાત્મિક વિચાર-સંપદા' છે.

ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની એક અખંડ પરંપરા ચાલી આવી છે. હું દુનિયામાં બીજો કોઈ દેશ એવો નથી જોતો, જ્યાંની ભાષામાં દસ હજાર વરસોથી એના એ શબ્દ ચાલ્યા આવતા હોય. ભારતમાં શબ્દશક્તિનું જેટલા ઊંડાણથી ચિંતન થયું છે, તેટલું બીજે ક્યાંય નથી થયું. ભારતે પોતાના પુરાણા શબ્દોને

તોડ્યા નથી, નવા જરૂર બનાવ્યા છે. સાથે જ જૂના શબ્દોમાં નવા અર્થ નાખીને તેમનો વિકાસ કર્યો છે.

‘અગ્નિમીળે પુરોહિતમ્’ —આ વૈદિક મંત્ર હજારો વર્ષથી ચાલ્યો આવ્યો છે. તેમાંના અગ્નિ, દેવ, ઋત્વિજ, પુરોહિત, યજ્ઞ, રત્ન વગેરે બધા શબ્દો આજની આપણી ભાષાઓમાંયે કાયમ છે. તેને લીધે ભાષાઓ બદલાઈ, અપભ્રંશ થઈ, છતાં અહીંની જ્ઞાન-પરંપરા ખંડિત નથી થઈ.

આપણી ભીતર કોઈક શાશ્વત, સ્નિગ્ધ, ચવડ, કઠોર અને જીવતરવાળી વસ્તુ છે, જે બદલાતી નથી. ‘યૂનાનો મિસ્ર રૂમા સબ મિટ ગયે જહાં સે, કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી’ —યૂનાન, રોમ, મિસ્ર બધા ભૂંસાઈ ગયા, પણ કાંઈક એવું છે કે આ દેશની હસ્તી હજીયે કાયમ છે.

પ્રકૃતિથી ઉપર ઊઠીને આ સંસ્કૃતિ સધાઈ છે. એવી ભારતીય સંસ્કૃતિને આપણે જાળવવાની છે અને આગળ વધારવાની છે.

[‘ભારતીય સંસ્કૃતિ’ પુસ્તક: ૨૦૦૩]

## બંને સાથે માણવાં હોય તો—

ધર્મને સમજવા માટે ‘બાઇબલ’ અને સાહિત્યરસ પામવા માટે શેક્સપિયર અંગ્રેજીમાં જુદાં જુદાં વાંચવાં પડશે, પણ બન્નેને સાથે માણવાં હોય તો ‘રામચરિતમાનસ’ જેવો સારો ગ્રંથ મળવો મુશ્કેલ છે.

## માધવનું મધમીઠું નામ

શ્રીકૃષ્ણનું ચરિત્ર ભક્તોને અત્યંત મધૂર લાગે છે. કૃષ્ણની કથા કરતાં વધુ મધુર કથા ભારતમાં મને ન સાંભળવા મળી છે, ન વાંચવા મળી છે. કૃષ્ણ હિંદુસ્તાન આખામાં પરમ પ્રિય છે. પૂજ્ય તો એ છે

જ, પણ પ્યારા પણ છે. સામાન્ય રીતે બને છે એવું કે અમુક વ્યક્તિ પૂજ્ય હોય છે અને અમુક પ્યારી હોય છે. પરંતુ કૃષ્ણ પરમ પૂજ્ય પણ છે અને પરમ પ્રિય પણ. ભક્તો એમનું ચરિત્ર ગાતાં ને વાગોળતાં કદી થાકતા નથી. ચૈતન્ય મહાપ્રભુ, સૂરદાસ, મીરાં વગેરે કૃષ્ણભક્તિથી તરબોળ થઈ ગયાં છે.

કૃષ્ણ 'ગીતા'ના પ્રવક્તા છે અને 'ગીતા' આવે છે 'મહાભારત'માં, પરંતુ કૃષ્ણનો સંપૂર્ણ પરિચય આપણને 'મહાભારત'માં નથી મળતો. 'ભાગવત'માં કૃષ્ણનું ભગવત્ સ્વરૂપનું ચરિત્ર છે. તે સિવાય કૃષ્ણનું ચરિત્ર જાણવા માટે આપણે 'મહાભારત'માં જવું પડે. 'મહાભારત'માં પાછળથી 'હરિવંશપુરાણ' જોડી દીધું છે; કૃષ્ણનું પૂર્ણ ચરિત્ર તેમાં આવે છે.

હિંદુસ્તાનના લોકો 'ગીતા'ના કૃષ્ણને એટલા નથી જાણતા જેટલા 'ગોપાલકૃષ્ણ'ને જાણે છે. કૃષ્ણ ગોકુળમાં રહીને ગાયો ચરાવતા. એમણે ગાયોની સેવાને ઉપાસનાનું સ્વરૂપ આપ્યું. કૃષ્ણ ગોવાળિયાઓ સાથે એટલા એકરૂપ થઈ ગયા હતા કે આપણે એમને ગોપાલકૃષ્ણ તરીકે જ ઓળખીએ છીએ. ગાયોની સેવા કરનારા, ગાયોનું પાલન કરનારા કૃષ્ણ જ અહીંની આબાલવૃદ્ધ જનતાને અતિ પરિચિત છે.

કૃષ્ણ યોગ-યોગેશ્વર હતા, પરંતુ પોતાનું સ્થાન એમણે સેવકનું જ માન્યું. કૃષ્ણ લોકોના સેવક જ રહ્યા અને સૌથી મોટી વાત એ કે લોકોએ પણ એમને સેવક જ માન્યા. જાણે પોતાના દોસ્ત ન હોય! જ્યારે મહાપુરુષના મહાપુરુષત્વનો ખ્યાલ પણ કોઈને ન રહે, ત્યારે એ વસ્તુ તે પુરુષની સૌથી મોટી મહાનતા છે, નમ્રતાની પરિસીમા છે. આવી મહાનતા કૃષ્ણમાં હતી. પોતે બહુ ઊંચી કોટિના હતા, છતાં એમણે હંમેશાં પોતાને સામાન્ય જ માન્યા.

કૃષ્ણ પોતે કદી રાજા ન બન્યા, સેવક જ રહ્યા. એમણે કંસનો વધ કર્યો અને મથુરાનું આખું રાજ એમના હાથમાં આવી ગયું. પણ કૃષ્ણ પોતે ગાદી પર ન બેઠા, એમણે ઉગ્રસેનને ગાદીએ બેસાડ્યો. પછી એમના હાથમાં દ્વારકાનું રાજ્ય આવ્યું, તો તે એમણે બલરામને

આપી દીધું, પોતે ન લીધું. મહાભારતનું આવડું મોટું યુદ્ધ થયું અને તેમાં કૃષ્ણને કારણે જ પાંડવોનો વિજય થયો. પરંતુ કૃષ્ણે ધર્મરાજ યુધિષ્ઠિરના માથે જ રાજ્યાભિષેક કર્યો. તેઓ પોતે હંમેશા સેવક જ રહ્યા. પોતે કદી રાજા ન બન્યા, ગરીબનવાજ જ રહ્યા. આનું જ નામ નિષ્કામ સેવા. કૃષ્ણ જેવો અનાસક્ત સેવક હિંદુસ્તાનમાં બીજો જોયો નથી, જે નીચામાં નીચી મનાતી સેવા નિરહંકાર ભાવે કરી શકતો.

મારી મા કહેતી હતી કે રામાવતારમાં ભગવાન સેવા લઈ-લઈને થાકી ગયા. રાજા બન્યા, મોટા ભાઈ બન્યા, બધા પાસેથી સેવા લીધી. વાનરો પાસેથી પણ સેવા લીધી. એટલે કૃષ્ણાવતારમાં નક્કી કર્યું કે હવે સેવા લેવી નથી, સેવા આપવી જ છે. તેથી કૃષ્ણાવતારમાં ભગવાન મોટા ભાઈ ન બન્યા, રાજા પણ ન બન્યા, રાજ્ય આવ્યું તો બીજાને દઈ દીધું. પોતે સેવક જ રહ્યા; અને માણસોની જ નહીં, ગાય-ઘોડાનીયે સેવા કરી. એમની આ વિશેષતા મોટા-મોટા મહાત્માઓ પણ આત્મસાત્ નથી કરી શક્યા. રામ આદર્શ રાજા થયા, કૃષ્ણ આદર્શ સેવક.

બાળપણમાં એમનો ગાયો સાથે સંબંધ રહ્યો, મોટા થયા પછી ઘોડા સાથે. મુરલીનો ધ્વનિ સાંભળતાં ગાયો ગદ્ગદ થઈ જતી અને કૃષ્ણનો હાથ ફરતાં જ ઘોડા હણહણવા લાગતા. મહાભારતના યુદ્ધમાં સાંજ થતાં સહુ સંધ્યા આદિ કરવા ચાલ્યા જતા, પણ કૃષ્ણ રથના ઘોડાઓને છોડીને એમને પાણી પીવડાવતા, ખરેરો કરતા, એમના શરીરને સાફ કરતા. તે સેવામાં એમને કેટલો આનંદ આવતો, તેનું વર્ણન કરતાં કવિ ધરાતા નથી!

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો. કૃષ્ણ પણ તેમાં ગયેલા. કહેવા લાગ્યા, તમે બધાંને કામ સોંપ્યાં, પણ મને જ ન સોંપ્યું; તો મને પણ કંઈક કામ દો. યુધિષ્ઠિર કહે, “તમને શું કામ આપું? તમે તો અમારા સહુ માટે પૂજનીય છો, આદરણીય છો. તમારે લાયક મારી પાસે કોઈ કામ નથી.” કૃષ્ણ બોલ્યા, “આદરણીય એટલે શું નાલાયક?” યુધિષ્ઠિર કહે, “અમે તો તમારા દાસ છીએ.” તો કૃષ્ણે કહ્યું, “હું તો દાસાનુદાસ છું.” છેવટે યુધિષ્ઠિરે કહ્યું કે, “તમે જ તમારે લાયક કામ શોધી લો.”

ત્યારે કૃષ્ણે કયું કામ શોધ્યું? જમણવાર વખતે એઠાં પતરાળાં ઉઠાવવાનું અને સફાઈ કરીને લીંપવાનું!

આપણે કૃષ્ણની માફક નીચેમાં નીચેના લોકો સાથે તાદાત્મ્ય સાધવાનું છે. સમાજમાં ક્રાંતિ ત્યારે જ થશે, જ્યારે સમાજના ભણેલા-ગણેલા અને ઊંચા સ્તરના લોકો સૌથી નીચેના સ્તરના લોકો સાથે આવું તાદાત્મ્ય સાધશે, એમની સાથે એકરૂપ થશે.

['ભૂમિપુત્ર' પખવાડિક : ૨૦૦૬]

# વિપિન પરીખ

## ડાહ્યો દીકરો

*મમ્મી રોજ સવારે ઑફિસે જાય છે.*
*મમ્મી રોજ સવારે ઉતાવળમાં હોય છે.*
*મમ્મી જતી વખતે મને ખૂબ વ્હાલ કરે છે,*
*બકી ભરી મને કહે છે:*
*“મારો ડાહ્યો દીકરો છે ને! તોફાન નહીં કરતો,*
*યમુનાબાઈને પજવતો નહીં;”*
*અને મને એક ચોકલેટ આપે છે.*
*હું યમુનાને પજવતો નથી.*
*બાઈ મને વાર્તા કહે છે—*
*વાંદરાની, હનુમાનની,*
*રાક્ષસની, રામની, રાવણની, સીતાની...*
*સાંજે મમ્મી ખૂબ થાકીને ઘરે આવે છે,*
*મને પાછું વ્હાલ કરે છે.*
*કહે છે: “કેટલો મિઠ્ઠો છે મારો દીકરો!”*
*અને વળી પર્સમાંથી એક ચોકલેટ આપે છે.*
*હું એને પૂછું છું:*
*“રાવણ સીતાને શા માટે ઉપાડી જાય છે, મમ્મી?”*
*મમ્મી કહે:*
*“હું ખૂબ થાકી ગઈ છું આજે.*
*રવિવારે તને રાવણની વાત કહીશ.”*

# શૈશવનો ચહેરો

રેડિયો પરથી જૂનાં ગીતો સંભળાય છે ને ક્યારેક મનને આનંદથી ભરી ભરી મૂકે છે.

“બચપનકે દિન ભી ક્યા દિન થે...” એ ગીત તે વખતે નૂતને ફિલ્મ ‘સુજાતા’માં ગાયેલું. અત્યારે તે સાંભળીને લાગે છે કે એ જાણે મારા મનની જ વાત કહે છે. શૈશવના એ દિવસો કેટલા સુંદર હતા! એ નિર્દોષ શૈશવનો ચહેરો આજે યાદ આવે છે, અને સાથે હીંચકા પર ઝૂલતી નૂતનની મુગ્ધતા પણ! એ ગાય છે: “છોટી છોટી ખુશિયાં થી, છોટે છોટે થે ગમ!”

એ દિવસોમાં ક્યાં મોટા મહેલ બાંધવાનાં અરમાન હતાં કે મોટા અફસર થવાનાં સ્વપ્નો હતાં! સુખ તો નાની નાની બાબતોનું હતું—રંગબેરંગી છીપલાંઓ અને બિલ્લીછાપ સિગારેટનાં ખાલી ખોખાં ભેગાં કરવામાં! અને દુ:ખ પણ ક્યાં મોટું આવી પડવાનું હતું? રેતી પરથી ધોવાઈ ગયેલો કિલ્લો કે ભેરુએ નહીં દીધેલો દાવ!

પરંતુ એ સુખ આજે પણ યાદ આવે છે, અને એ નાનાં નાનાં દુ:ખ કેવાં ભુલાઈ ગયાં છે!

# વિપર્યય

*પિતા જ્યારે હોતા નથી*
*અને મા વધારે વૃદ્ધ થતી જાય છે*
*ત્યારે એની આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરે છે:*
*‘આ પુત્ર મને સાચવશે ખરો?’*
*પણ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ ઉપર નથી આવતો.*
*આ એ જ મા*
*જેણે મને ફૂલની જેમ સાચવ્યો,*

*જે મારાં પગલાં પાછળ પાછળ અધ્ધર ટીંગાઈ રહેતી—*
*હું મોટો થઈને ટટ્ટાર ઊભો રહ્યો ત્યાં સુધી.*
*આ એ જ મા*
*જે મીઠાં હાલરડાંના ઘેનમાં મને ડુબાવી પછી જ સૂતી.*
*આજે એ ઊંઘમાંથી ઝબકી ઝબકીને જાગી ઊઠે છે—*
*પણ બોલતી નથી.*
*એના ધ્રૂજતા હાથમાંથી વારેવારે એક શંકા છટકી જાય છે*
*કે દીકરાનો હાથ એને દગો દેશે તો?*
*હું એને ટેકો આપી શકે એવું કશું જ કહી નથી શકતો.*
*ફક્ત*
*મને મારા હાથ*
*કાપી નાખવાનું મન થાય છે.*

## કોઈની પણ મા

સાધારણ રીતે આપણને આત્મકથા મોટા માણસોની જ વાંચવી ગમે છે. પરંતુ ધરમપુર જેવા એક નાના ગામના શિક્ષકની આત્મકથા આપણને વાંચવી ગમે?

'બાનો ભીખુ' (લે. ચંદ્રકાંત પંડ્યા) એ એવા જ એક શિક્ષકની વાત છે. એના જીવનમાં કોઈ મોટી ઊથલપાથલ નથી. અને છતાં એ કથા વાંચવી ગમે છે, કારણ એ મારા અને તમારા જેવા સામાન્ય માણસની વાત છે. ભીખુ મોટો 'સ્કોલર' નથી, બલકે ઠોઠ છે. પૈસાની ઝાકમઝાળ નથી, એનાં કપડાં અને એના ઘરની ભીંતો દરિદ્રતાની ચાડી ખાય છે. એટલે જ આ ભીખુની વાત આપણી આંખને ભીની કરે છે. પણ આ વાત એકલા ભીખુની હોત તો કદાચ એ ઊણી લાગત. એની કથાની પશ્ચાદ્ એની બાનો ચહેરો સતત તરવર્યા કરે છે. એની છબી, એનું જીવન, એનું સમર્પણ હૃદયને ભીનું કરે છે, પવિત્ર કરે છે. આ ભીખુની મા કોઈની પણ મા હોઈ શકે.

આ મા હિન્દુસ્તાનના ઘરે ઘરે છે, ગામડે ગામડે છે. દરિદ્રતા એને કપાળે લખાયેલો શાપ છે. અને છતાં એ એના ઘરની સેવા કરે છે, પુત્રોને જીવનના પ્રવાહમાં તરતા મૂકે છે. એ સતત પ્રેમની ગંગા વહાવ્યે જાય છે—બધાને પાવન કરે છે, કોઈ ફરિયાદ નથી કરતી, કોઈ અપેક્ષા નથી રાખતી. એટલે માત્ર વહાલી જ નથી લાગતી; પુણ્યશ્લોક, પ્રાતઃસ્મરણીય પણ લાગે છે. એટલે જ પ્રાર્થનામાં પહેલાં યાદ કરીએ છીએ “ત્વમેવ માતા...” કોઈએ કહ્યું નહોતું કે, પ્રભુને જ્યારે પૃથ્વી પર આવવાનું મન થાય છે ત્યારે માતાનું રૂપ ધરીને આવે છે?

આ ભીખુની બાની વાત એ સતત ચાલ્યા આવતા દુર્ભાગ્યની યાત્રા છે. એ કથાનો પ્રારંભ થાય છે પતિના અકાળ મૃત્યુથી. પતિ પાછળ મૂકી જાય છે કારમી દરિદ્રતા અને નાનાં સંતાનો. એને તો મરી જવું હતું. પણ બે નાના દીકરા ને એક નાની દીકરીને હજી ઉછેરવાનાં હતાં. કાળી મજૂરી કરી ધગધગતા રણમાં ઉઘાડા પગે અને મૂંડન કરાવેલ માથે જિંદગીના બોજા એને હજી ઊચકવાના હતા. એટલે એ જીવી ગઈ.

એણે કરકસર કરી છે. નાની નાની બાબતોમાં પૈસા બચાવી એણે દાબડામાં ભેગા કર્યા છે. છતાં દુર્ભાગ્ય જુઓઃ આ બચત, આ કરકસર એને ક્યારે કામ લાગી? પતિનું બારમું કરવામાં!

ભીખુની બાની દિનચર્યા વાંચતાં એક વીતી ગયેલો જમાનો આંખ આગળ ફરી ઊભો થાય છે. સવારના પાંચથી ગાય-ભેંસની માવજત સાથે ઊગતો દિવસ રાત્રે ચીંથરેલ ગોદડીમાં ઈશ્વરસ્મરણ સાથે પૂરો થાય છે. તે ગાળામાં કેટકેટલાં કાર્યો વચ્ચે એ ફરી વળે છે! દેવપૂજા, પશુઓની સારસંભાળ, બાળકોની દેખભાળ-નિશાળ... ચૂલો ફૂંકતી, સગાંસંબંધીઓને સાચવતી, અનેક નાનાંમોટાં કામોમાં જાતને નિચોવતી જતી મા સૌથી છેલ્લી સૂઈ જાય. એને રજાઓ નથી, ને રવિવારે તો વધારે કામ! પણ એ બધું તો રોજની સ્વાભાવિક સાધના છે એટલે ભુલાઈ જાય છે.

દીકરાને એ વહાલથી મોટો કરે છે, પારકાનાં કામ કરી ભણાવે

છે. છતાં ક્યારેક એ તૂટી પણ પડે છે. એક વખત ભીખુએ કામ નથી કર્યું, ભેંસે દૂધ નથી આપ્યું, ઘરાકો પાછા ફરે છે. બા અકળાઈ ગઈ છે. ભીખુને લાકડીએ લાકડીએ ઝાપટે છે. બોલી પણ ઊઠે છે, “મૂઓ, મરે તો એક સંતાપ ઓછો!” આ બોલતાં તો બોલાઈ જાય છે, પણ એને તરત ફિટ આવી જાય છે. અને માનું હૃદય જુઓ. કળ વળતાં એ પહેલો પ્રશ્ન પૂછે છે: “ભીખુએ ખાધું?” જે માને આટલો ભાવ હશે દીકરા માટે, તેને પુત્રને ફટકારતાં કેટલું દુ:ખ થયું હશે? પુત્રને વાંસે પડેલા સોળ આ પ્રશ્નથી રૂઝાઈ નહીં ગયા હોય? પણ આ અનુભવ ભીખુનો એકલાનો જ થોડો છે? તમારો અને મારો પણ નથી શું? શૈશવમાં કેટલીય વાર ધમકાવી ને પછી માએ જ વહાલથી મોંમાં કોળિયો મૂકી આપણાં આંસુ લૂછ્યાં નહોતાં શું?

મૅટ્રિક સુધી દીકરાને લાવી તો ખરી, પણ ફૉર્મ ભરવાના પચીસ રૂપિયા પાસે નથી. આ મામૂલી રકમ માટે બે બંગડી ગીરવે મૂકવી પડે છે. ત્યારે લેખક કહે છે: “પતિ મર્યા પછી એ દિવસે તે સાચેસાચ વિધવા બની એવું તેને લાગેલું.” અને છતાં વિધિની વિચિત્રતા જુઓ: ફૉર્મને માટે દાગીના ગીરવે મૂક્યા, પણ પનોતો પુત્ર એ પરીક્ષામાં પાસ જ ન થયો!

પણ આ તો ગરીબાઈ સામેનું એનું રોજનું યુદ્ધ હતું. કદાચ એ કોઠે પણ પડી જાય. છતાં આનાથી વધુ ક્રૂર ઘા નિયતિ માને ત્યારે આપે છે જ્યારે એની દીકરી પંદર દિવસની નવજાત બાળકી અને બે નાના દીકરા મૂકી કૂવે પડી આપઘાત કરે છે. દીકરી પાસેથી એનાં દુ:ખ જાણવાનો એને અવસર પણ ન મળ્યો! માત્ર મૃત્યુના સમાચાર આપતો કાળો પત્ર! મા ત્યારે આટલું જ બોલે છે: “અરે ભૂંડી! મને જરા કહ્યું હોત તો જનમભર મારે ઘેર પાલવત!” માનું ખોરડું દરિદ્રતાની ચાડી ખાતું હોય તોપણ એ ખૂબ વિશાળ હોય છે. એમાં અનેક લોકોને એ સમાવી શકે છે.

મીરોસ્લાફ હોલુબના કાવ્યમાં કેવું વેધક ચિત્ર છે:

જે રાહ જુએ છે તે હંમેશાં મા હોય છે.

*નાની થતી, નાની થતી,*
*ઝાંખી થતી, ઝાંખી થતી,*
*સેકંડે સેકંડે,*
*ત્યાં સુધી કે અંતે*
*ન કોઈ જ એને જુએ.*

આ ભીખુની બાનું ચિત્ર છે આજથી ત્રણચાર દાયકા પહેલાનું. પણ આવી પ્રેમથી ધબકતી માને શોધવા આવતી કાલે દીવો લઈને તો નીકળવું નહીં પડે ને, એવો વહેમ થાય છે.

['જનશકિત' દૈનિકઃ ૧૯૭૭]

# એવા માણસો

જીવનમાં જ્યારે સુખની અનુભૂતિ થાય છે ત્યારે મન પ્રશ્ન પૂછ્યા કરે છેઃ "આ સુખ ટકશે કે? કેટલો સમય?" કવિતા લખ્યા પછી આવી જ શંકા મનને સતાવ્યા કરતી હોય છેઃ "આવતી કાલે પણ હું કાવ્ય રચી શકીશ ખરો?"

જીવનની યાત્રામાં એવા માણસો મળતા હોય છે જે કાનમાં મોટેમોટેથી કહેતા હોય છે, "તમે કશા જ કામના નથી. તમારામાં કોઈ શકિત નથી." કોઈક જ એવા હોય છે જે પ્રેમથી કહે છે, "તારામાં કેટલી સરસ શકિત ભરી છે!" સુરેશ એમાંનો વિરલ માણસ છે. શરમાળપણાના પડળ નીચે દટાયેલી શકિતને એની આંખ ઊંડે ઊતરીને પકડી શકે છે. એ શકિતને બહાર લાવી માવજત કરી શકે છે. કેટલા અજાણ્યા, શરમાળ હાથને એણે કલમની તાકાત આપી છે!

માને પોતાનાં બ્ધાં જ બાળકો સુંદર લાગે, તેમ મને મારાં કાવ્યો સારાં લાગે; ત્યારે ઉદયન બેરહમ થઈ છરી લઈને કાપકૂપ કરે, નબળાં કાવ્યોનો છેદ ઉડાડે ને કહે, "આ તો કોઈ પણ હિસાબે ગ્રંથસ્થ કરાય જ નહીં!" અને એમ કહીને મને બચાવી લે.

*

આજે આપણાં જ બાળકો [માતૃભાષાનાં] વર્તમાનપત્રોનાં મથાળાં વાંચી શકતાં નથી, અને તેને માટે મમ્મી સંકોચ નહીં પણ ગૌરવ અનુભવે છે ત્યારે હતાશા ઘેરી વળે. શબ્દોનો આ વ્યાપાર કોને માટે અને ક્યાં સુધી? છતાં, સમાજમાં આવા તબક્કા આવતા હોય છે, મુગ્ધતાનાં પૂર ઓસરી જાય છે ને ફરી પાછાં સમજણ અને સમતુલા આવી જાય છે, એવો સધિયારો લઉં છું.

['મારી, તમારી, આપણી વાત...' પુસ્તક]

# સ્વપ્નોથી સજાવેલી

અમે સૌ તે દિવસે એક નાતે બંધાયાં હતાં. એ નાતો દેશનો ન હતો, ધર્મનો પણ નહીં, ભાષાનો પણ નહીં. એ સંબંધ લોહીનો ન હતો, એ સંબંધ હતો સૂરનો, એ નાતો હતો એક જમાનાનો જે હજી જાણે ગઈકાલે જીવતો હતો—૧૯૩૦-૪૦નો—જ્યારે સાયગલ અને પંકજ, કાનન અને જમુનાનાં નામનું જાદુ હતું. એ જાદુ, એ સંમોહન જાણે પાછું છવાઈ ગયું હતું તે દિવસે. ભારતીય વિદ્યા ભવનમાં દસમી એપ્રિલે અજિત [શેઠ] અને નિરુપમાએ પંકજકુમારની યાદ સજીવ કરી હતી 'પંકજ પ્રણામ'ના કાર્યક્રમ દ્વારા.

જ્યારે કોઈ માણસ વૃદ્ધ થાય છે ત્યારે એક સુંદર જમાનો અતીતની માયા રૂપે જ રહી જાય. ત્યારે "ગુજર ગયા વો જમાના કૈસા..." એ ગીત કોણ ગાતું નહીં હોય? એ શબ્દો સાંભળીને જ મન કેટલાં બધાં વરસો પાછળ સરી પડ્યું! કેટકેટલી સ્મૃતિ, કેટલાં આંસુ, કેવાં સુખદુ:ખ, આશા-નિરાશા? એ ક્ષણમાં આંખ આગળ કેટકેટલાં ચિત્રો તરી રહ્યાં!

ત્રીસ વરસ પછી આજે પણ સાયગલના પેલા મશહૂર ગીત "કિસને યહ સબ ખેલ રચાયા, કિસને યહ સબ સાજ સજાયા...?"

માં પૂછેલા પ્રશ્નનો જવાબ નથી મળ્યો. આજે પણ પૂછ્યા કરું છું... આ અસબાબ, આ માયા, આ આકાશ, પૃથ્વી બનાવીને એનો રચનારો ક્યાં સંતાઈ ગયો છે? શા માટે નજરની સામે દર્શન નથી આપતો? શા માટે જાતને છુપાવી રાખે છે? શા માટે તલસાવે છે?

તો પંકજના બીજા ગીતનો જવાબ પણ હજી ક્યાં મળ્યો છે? “કૌન દેશ હૈ જાના, બાબુ... ખડેખડે ક્યા સોચ રહા હૈ...?” સાચ્ચે જ વર્ષોથી વિચાર કરું છું! આજે પણ આ ગીત સાંભળી અસ્વસ્થ થઈ જાઉં છું. ક્યાં જવાનું છે એની ખબર નથી, તો ક્યાંથી આવ્યા એની પણ ક્યાં ભાળ છે? જે ધબકે છે તે પ્રાણ આ ધરતી પર, આજે... ક્યાંથી આવશે... ક્યાં જશે? રહસ્યનો તાગ મારી પાસે નથી. તમારી પાસે છે?

તે દિવસોમાં જેમણે પ્રેમ કર્યો હોય ને “યાદ આયે કે ન આયે તુમ્હારી, મૈં તુમકો ભૂલ ન જાઉં” ગીત નહીં ગાયું હોય એવું બને? તો કોલેજના ચાલુ પિરિયડે પણ “પ્રાણ ચાહે નૈન ન ચાહે...” ગુંજ્યા કરતું હતું તે આજે પણ યાદ છે. ‘કાશીનાથ’નું પેલું ગીત યાદ છે?—“ઓ બનકે પંછી તુમ કિસ ઔર સિધાયે?” સોનાના પિંજરાની માયા મૂકી પંખી ઊડી જાય ત્યારે દુ:ખ થાય છે, એને પાછું બોલાવવાનું મન થાય છે, પણ એક વખત ઊડી ગયેલું પંખી પાછું પિંજરાની માયામાં પુરાવા આવે ખરું? અને આ પંખી ક્યારેક માણસનું પણ રૂપ ધારણ કરે ને? તો તે જમાનામાં કઈ વિરહિણીએ “મન મોહન મુખડા મોડ ગયે, ઔર બસે બિદેશમેં જાય”—એ ગીત નહીં ગાયું હોય? એમાં એક વેદના હતી, જે આજે પણ હૃદયને અસ્વસ્થ કરે છે. ત્યારે સંગીત હતું બોરાલ સાહેબ અને પંકજબાબુનું... કેટલું સૌમ્ય, કેટલું મોહક!

તો દુ:ખના દિવસોમાં આજે પણ ‘ડોક્ટર’ ફિલ્મનું “કબ તક નિરાશ કી... અંધિયારી...” અને ‘દુશ્મન’ ફિલ્મનું “કરું ક્યા આશ નિરાશ ભઈ” હોઠ પર આવી જાય છે. એ ગીતો દુ:ખને દૂર તો નથી કરતાં, પણ મનને સૂરના મધુર આશ્વાસને, સુંદર લયે આધાર તો આપે જ છે!

કાર્યક્રમના અંતે “દુનિયા રંગ રંગીલી...” એ ગીત બધાંની તાળી સાથે ગવાયું—એ દશ્ય ભૂલી નહીં શકાય. મોટી ઉંમરે પહોંચેલા, ભદ્ર, બાબુલોક કોલેજના વિદ્યાર્થીની જેમ તાળી પાડી—સંકોચ ભૂલી—ગીત ગાવા બેસી જાય એ નાનીસૂની ઘટના નથી! (એ રોજ થતું હોય તો?) ત્યારે જાણે એક જમાનો તાલ મેળવી એકસાથે ગાતો હતો—તલ્લીન થઈને: “આ દુનિયા પણ સુંદર છે... રહેવા જેવી છે... અહીં દરેક ડાળી પર જાદુ છે.” એ જાદુ જોવા માટે શિશુની આંખ જોઈએ એટલું જ...! કમનસીબે એ શિશુ પચ્ચીસમે વરસે બેહોશ થઈ જાય છે. તે દિવસે સાંજે એ શિશુ જાણે પાછો જાગી ઊઠ્યો હતો, એની આંખ ભરાઈ આવી હતી, હૃદય આનંદથી નાચી ઊઠ્યું હતું.

અજિતભાઈ, જીવનની એક સાંજને અતીતનાં સ્વપ્નોથી સુંદર બનાવવા અભિનંદન આપું? કવિતા કૃષ્ણમૂર્તિ કે ચંદ્ર આત્મા કે પછી ડેવિડ-પરિવાર સૌ પોતપોતાના સૂરની સાથે કેટલે દૂર લઈ ગયા, કેટલાં વરસો પાછળ? કોઈ આંખ ભીની કરાવે તો તેનો પણ આભાર માનવાનું મન થાય છે—જ્યારે એ આંસુ સુખનાં હોય છે! જીવનમાં આવી ક્ષણો અવારનવાર નથી આવતી. એટલે જ એ સાંજ ભુલાશે નહીં... વરસો સુધી!

['જનશકિત' દૈનિકઃ ૧૯૭૮]

# એક

*આ સામાન્ય માણસ*
*સાઠ કરોડમાંનો એક—હિન્દુસ્તાનનો,*
*કરોડરજ્જુ વિનાનો.*
*બસકંડક્ટરથી ધ્રૂજનારો, ટ્રેનમાં ભીંસાનારો,*
*ટૅક્સીડ્રાઇવરથી પણ હડધૂત થનારો.*
*બૅન્કના મામૂલી ક્લાર્કને સલામ ભરનારો.*

*એક એક પૈસો ટૅક્સનો બ્હી બ્હીને સમયસર ભરનારો.*
*દેશી માલ જ વાપરવાનો આગ્રહ રાખનારો.*
*મકાનમાલિકના પાઘડીના વળમાં ગૂંચવાયેલો.*
*પોલીસના યુનિફૉર્મને દૂરથી જોઈ થરથરનારો.*
*ચોકી પર સંકોરાઈને ચૂપ બેસનારો, ગાયના જેવો—*
*ભોળો, મિનિસ્ટરોનાં લિસ્સાં લિસ્સાં ભાષણોને સાચ્ચાં માનનારો,*
*ને વળી તાળી પણ પાડનારો.*
*ચૂંટણી વખતે જોરજોરથી ‘જયહિન્દ’ બોલનારો.*
*બધું ભૂલી જનારો, ગળી જનારો,*
*કચડાયેલો,*
*પણ રોજ સવારે કોણ જાણે શી રીતે*
*હસતો ઊઠનારો*
*હું પણ તેમાંનો જ—*
*એક.*

## થાય છે

*‘મુન્નાને નિશાળમાં મૂકવાનો સમય પાકી ગયો છે’—લોકો કહે છે.*
*એની પા-પા પગલી બહારના વિશ્વ સાથે હાથ મેળવે*
*એનો સમય થઈ ગયો છે.*
*રસ્તા ઉપર ઊભરાતી અસંખ્ય મોટરો, બસો,*
*સાઇકલોથી બચાવી બચાવી*
*કોણ એને નિશાળને ઉંબરે મૂકશે—ફૂલની જેમ?*
*કોણ એના ભેરુ હશે વર્ગમાં? કોઈ તોફાની, જિદ્દી, મશ્કરાઃ*
*એને હેરાન તો નહીં કરે ને?*
*મારો મુન્નો ખૂબ શાંત છે. સામો હાથ પણ નહીં ઉપાડે!*
*કેવી હશે એની ‘ટીચર?’ પ્રેમથી નીતરતી એની આંખો હશે*
*કે પછી ‘ચૂપ બેસો’ કહેતી સોટી લઈને ઊભી રહેશે*

બે કડક આંખો?
થાય છેઃ મારા નાનકડા ઘરમાં જ એક બાળમંદિર સજાવું.
બાળકોને હસતાંરમતાં ગીત ગાતાં કરું!
અથવા મુન્નાની જોડે રોજ હું જ એની શાળામાં જઈને બેસું, ને જોઉં.
પણ, એના પપ્પા હસી પડે છે, કહે છેઃ 'તું ગાંડી છે,—'
દરેક માએ ક્યારેક તો... વિખૂટા થવું જ પડે છે.
સવાલમાત્ર સમયનો છે!

## ચાલો!

ચાલો, આપણે ૬૦ લાખ માણસો ભેગા થઈએ.
સશક્ત, નિર્બળ, ધનવાન, નિર્ધન, બાળક, વૃદ્ધ, નર ને નારી બધાં જ,
સૌ કોઈ આ નગરને ખાલી કરી જઈએ;
છોડી દઈએ પાછળ આ 'સ્ક્વેર ફીટ'નાં સરવાળા અને બાદબાકી
અને પીપળાને ઊગવા દઈશું મહાકાય મકાનોનાં ખંડિયેરોમાં.
મૂકી દઈએ પાછળ સોનારૂપાની માયા, ઝૂંપડાં અને ચીંથરાંની છાયા.
કટાઈ જવા દઈશું મોટર બસોના ઢગલાને કાટમાળ હેઠળ.
સૂમસામ રસ્તા પર ભલે પછી ફરકતી લાલ લીલી પીળી બત્તીઓ.
ભલે પછી 'ફોરેન ટૂરિસ્ટો' આલીશાન હોટેલમાં શોધ્યા કરે
એક ભગ્ન શહેરના અવશેષો.
ચાલો, આપણે વીખરાઈ જઈએ
આ વિશાળ ધરતીના પટ ઉપર.
દરેકને લીલું લીલું ઘાસ આપવામાં આવશે આળોટવા માટે.
દરેકને ખુલ્લું આકાશ આપવામાં આવશે આંખોનાં સ્વપ્નો ભરવા માટે.
દરેકને એક નાનું ઘર આપવામાં આવશે—
પ્રેમની ઈંટોથી ચણવા માટે.
દરેકને એક નદી સાથે નાતો આપવામાં આવશે

*જેના જળને હોઠ ઉપર મૂકી*
*અંતિમ સમયે ચેનથી નયન બીડી શકાશે.*

## ઈસુ તથા શ્રી મોહનદાસ ગાંધીને

*માણસ નામે નબળું પ્રાણી,*
*એની ઊંઘ એને ઘણી વહાલી!*
*તમે અચાનક એને ઢંઢોળો તો*
*ક્રોધથી ગાંડોતૂર થઈ*
*ક્રોસ ઉપર તમને લટકાવે નહીં તો શું કરે?*
*અથવા*
*હાથમાં જો બંદૂક આવે તો શું તમને જતા કરે?*
*તમે તો સર્વજ્ઞાની—*
*આટલું પણ નહીં જાણ્યું કે*
*કાચી ઊંઘમાંથી કોઈને જગાડાય નહીં?*

## મા

*જેના હાથમાં આપણે*
*દિવસે અને રાતે, કૂદકે ને ભૂસકે,*
*મોટા થયા*
*તે*
*આપણા જ હાથમાં*
*ક્ષણે ક્ષણે, સંકોડાતી સંકોડાતી*
*નાની થતી જાય*
*અને એક દિવસ*
*ડૂસકાંભીના ખાલી હાથ*

*પાછળ મૂકી*
*અલોપ થઈ જાય.*

## પ્રતીક્ષા સૂરજની

*ડાબી બાજુ, જમણી બાજુ*
*નજર પહોંચે ત્યાં સુધી*
*રસ્તા ઉપર, બસમાં, ટ્રેનમાં*
*મોકળાશ હશે, ખીચોખીચ દુર્ગંધાતી ભીડ નહીં હોય.*
*શ્વાસ લેવાશે, ચલાશે, થોભી પણ શકાશે*
*એવો પણ દિવસ ઊગશે!*
*સિગ્નલ પર*
*ગાડીની પાછળ દોડતા લાચાર*
*કરગરતા, દીનહીન, લાચાર હાથ નહીં હોય,*
*દાતાઓના હાથ ભોંઠા પડશે.*
*હાથ કહેશે, ‘અમને કામ જોઈએ છે, દાન નહીં.’*
*હાથ પથ્થરો તોડશે, ભીખ નહીં માગે—*
*એવો પણ દિવસ ઊગશે!*
*નહીં હોય ન્યાયાલયો, નહીં હોય કારાગારો,*
*બંને બાજુથી ફોલી ખાતા નહીં હોય પોલીસો અને વકીલો,*
*કારણ મિલકત નહીં હોય*
*અને ગુનો કરનારનું મન નહીં હોય—*
*એવો પણ દિવસ ઊગશે!*
*લોટરી અને દારૂનો ધંધો કરતી સરકાર નહીં હોય,*
*કારણ નશો કરી જાતને ભૂલવા મથતી પ્રજા નહીં હોય*
*ને એક દિવસમાં કુબેર થવાનાં સ્વપ્નાં જોનારી*
*આંખો નહીં હોય,*
*કારણ કુબેર થવાની કોઈ ‘સ્ટેટસ’ નહીં હોય, ફાયદો નહીં હોય—*

*એવો પણ દિવસ ઊગશે!*
*એક માણસ બીજા માણસને પૂછશે નહીં.*
*'તારો ધર્મ કયો, તારી જાત કઈ?'*
*કારણ કોઈ ધર્મ નહીં હોય,*
*કારણ કોઈ ભય નહીં હોય,*
*કોઈ સોદાગીરી નહીં હોય ઈશ્વર સાથે,*
*નમન કરવા માટે કોઈ લાચારી નહીં હોય, લાલચ નહીં હોય.*
*પછી મંદિર અને મસ્જિદ, ગિરજાઘર ને દેવળ મ્યુઝિયમમાં*
*ફેરવાશે.*
*ઈશ્વર હશે ગૌરવથી ટટ્ટાર ઊભો રહેનારો,*
*એના હાથમાં કોઈ એક લોહીતરસી ધજા નહીં હોય—*
*એવો પણ દિવસ ઊગશે!*
*એ દિવસના ઊગતા સૂરજને જોવા*
*આ ગાઢ અંધકારમાં પણ*
*હું જાગતો રહીશ.*

## સત્ય

*હું ત્યારે ફરતો હતો આકાશમાં*
*મુક્ત મને*
*અને તું જોતી હતી સ્વપ્નઃ*
*એક શિશુના ગુલાબી ગાલ ઉપર*
*વરસાવતી હતી તારું હેત.*
*નાની નાની કીકીઓમાં મૂકતી હતી*
*તારા શૈશવનાં ગીત.*
*વિચારતી હતીઃ કોણ હશે એ?*
*સુજાતા કે સિદ્ધાર્થ?*
*મોનાલી કે શિરીષ?*

*કેવો હશે?—પપ્પા જેવો,*
*મમ્મી જેવો?*
*ઊનના દોરા વડે*
*તું ગૂંથતી હતી કોનું નામ?*
*એ દોડીને સંતાઈ જતો*
*ને તું*
*જાણે અચાનક મૂંઝાઈ જતી*
*ને બૂમ પાડતી 'ક્યાં છે તું?'*
*હું એ જ છું*
*એ જ, તારા સ્વપ્નનો શિશુ,*
*તને ગભરાયેલી જોઈને દોડી આવ્યો*
*ને તારા હોઠ ઉપર*
*નામ થઈને છવાઈ ગયો.*
*તેં મને કેટલે દૂરથી બોલાવ્યો, મા?*

## બેકારના?

*હરિ,*
*તને લાચારીનો રોટલો પીરસવામાં આવે*
*તો તું શું કરે?*
*જમે—પાછો ઠેલે?*
*તને આમંત્રણ આપવામાં આવે*
*ને પછી*
*મોં સામે ફટાક કરી*
*બંધ કરવામાં આવે જો દ્વાર*
*તો*
*તારાં નયન શું કરે?*
*ભભૂકી ઊઠે?—રડી પડે?*

*માર્ગમાં*
*નિર્દોષ ભાવે કોઈ સળગતો પ્રશ્ન પૂછી બેસે*
*'ક્યાં છો હમણાં?'*
*તો તું શું કહે? જમીન શોધે?*
*દસથી છ કામ પર ગયાનો ડોળ કરી*
*સાંજે પાછો ફરે ઘરે*
*અને રીટા ત્યારે પૂછેઃ*
*'પપ્પા' શું લાવ્યા?*
*ત્યારે*
*તું મૂઠી ખોલે કે બંધ કરે?*
*રાત્રે*
*પથારીમાં કણસતાં-કણસતાં*
*પડખું બદલતાં*
*કોઈ ઘેનભર્યા સ્વરે પૂછેઃ*
*'તમને ઊંઘ નથી આવતી?'*
*તો*
*તું સૂવાનો ઢોંગ કરે?*
*હરિ, તું શું કરે?*

## અપેક્ષા

*સાઇરન*
*(જે યુદ્ધમાં પણ વાગતી હતી!)...*
*બે મિનિટનું મૌન!*
*બે મિનિટના મૌનમાં સમાવી શકાય*
*હિન્દુસ્તાનનાં કેટલાં આંસુ?*
*ગાંધી આજે જીવતા હોત તો?*
*—તોપણ શું?*

*મારી લાચાર મુઠ્ઠીમાં તાકાત ભરવા*
*ગાંધી કેટલી વાર જનમ લેશે?*
*આખરે એક સંત—કોઈ પણ સંત*
*મારે માટે જનમ લઈ લઈ*
*કેટલી વાર ગોળી ખાશે?*
*હું કેટલા ભવ સુધી માટીપગો રહીશ?*

## त्वमेव भर्ता

*તું કોઈ અમેરિકન પત્નીની જેમ*
*મને છોડીને ચાલી તો ન ગઈ.*
*તેં મને*
*અનેક માણસોની વચ્ચે વકીલોને સહારે*
*કોર્ટમાં બદનામ પણ ન કર્યો.*
*ન તો ક્યારે આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી.*
*માત્ર એક દિવસ વાતવાતમાં તું આટલું જ બોલી ગઈ:*
*“આવતે ભવે પતિ તરીકે તમે તો નહીં જ!”*

## યમને

*આજથી*
*અમે આ પૃથ્વીના સૌ માનવો ભેગા થયા છીએ.*
*તારા ઘરની સામે ધરણાં કરી બેઠા છીએ.*
*હવે અમે નિર્બળ નથી.*
*હવે અમે તારી જોહુકમી નહીં ચલાવી લઈએ.*
*તું જવાબ નહીં આપે ત્યાં સુધી*
*અમે સૌ આમરણાંત ઉપવાસ પર ઊતરશું.*

*તારે અમારી શરતો સ્વીકારવી જ પડશે.*
*આજથી*
*કાલાઘેલા શબ્દો હોઠ પર હજી ભીના ભીના છે*
*એ હોઠોને તું હંમેશ માટે ચૂપ નહીં કરે.*
*એકબીજાની આંખમાં આકાશમાં કલ્લોલ કરતાં*
*પતિપત્નીના યુગલમાંથી એકને*
*તું નિષ્ઠુર થઈ વીંધી નહીં નાખે.*
*પપ્પા-મમ્મી, મમ્મી-પપ્પા બોલી બોલી*
*ઘરમાં ફરી વળતા ખુશખુશાલ બાળકને*
*ધરતીને કોઈ પણ ખૂણે પપ્પા કે મમ્મી મળે જ નહીં*
*એવો તું ક્યારેય નિર્દય નહીં થાય.*
*આજથી હવે*
*અમે તારા કહેવાથી*
*અહીંથી ખસીશું નહીં.*

# વિપુલ પટેલ

## નેનપુરના ગાંધી

ખેડા જિલ્લો એટલે આઝાદીના અનેક લડવૈયાઓની જન્મભૂમિ. એમાંય અમારું નેનપુર ગામ ગાંધીજીના એક વખતના સાથી, મજદૂરનેતા અને મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઇન્દુલાલ યાજ્ઞિકની કર્મભૂમિ. એવું જ અમારા નેનપુર ગામનું બીજું ગૌરવ તે ચંદુભાઈ પટેલ. ઉત્તમ શિક્ષક, આચાર્ય અને ગામલોકો જેમને 'નેનપુરના ગાંધી' ગણતા એવા ચંદુભાઈએ ૮મી જાન્યુઆરી(૨૦૦૫)ના મળસકે ચિરવિદાય લીધી.

ચંદુદાદાએ કનીજ હાઈસ્કૂલમાં સાત વર્ષ સુધી મદદનીશ શિક્ષક તરીકે સેવાઓ આપી. સાથે આગળ અભ્યાસ ચાલુ જ હતો એટલે નેનપુરના પ્રથમ સ્નાતક થવાનું ગૌરવ એમણે પ્રાપ્ત કર્યું. ૧૯૬૨માં ગામના સદ્‌ગૃહસ્થોના સહકારથી અહીં વિનય મંદિરની સ્થાપના કરી. શાળાની સ્થાપના કરી ત્યારે આરંભે સેવકથી માંડી આચાર્ય સુધીની કામગીરી બજાવી. ગામમાં યુવકમંડળ, શ્રમયજ્ઞ, અસ્પૃશ્યતાનિવારણ, કોમી એખલાસ, સાક્ષરતાથી માંડીને વહેમ અને અંધશ્રદ્ધાનિર્મૂલનની પ્રવૃત્તિઓ તેમજ વૃક્ષઉછેર, બાળલગ્નમરણોત્તર જમણવાર વિરોધી ઝુંબેશ વગેરે કામો શરીર ચાલ્યું ત્યાં સુધી કરતા રહ્યા. 'ગાંધીજીનો અક્ષરદેહ', 'ગીતા', 'કુરાન', 'બાઇબલ', 'ઉપનિષદો' તેમજ સમાજસુધારકોનાં જીવનચરિત્રોનું વિશાળ વાચન હતું. એ બધું ૧૮ જેટલી ડાયરીઓમાં કાવ્યમય બાનીમાં એમણે નોંધ્યું છે.

એમના ખિસ્સામાં ચોક હોય જ, જ્યાં જગ્યા જુએ ત્યાં પ્રેરણાદાયી સૂત્રો લખે ત્યારે જ એમને જંપ વળે!

નમ્રતા તો એમના રોમેરોમમાં. નાનાં બાળકને પણ ભાઈ કે બહેન કહીને બોલાવે. રોજ સવારે વહેલા રેલવે સ્ટેશને જઈને પોતાને માટે તેમજ સોસાયટીના રહીશો માટે છાપાં લઈ આવે.

૨૬મી જાન્યુઆરી હોય કે ૧૫મી ઓગસ્ટ, શાળામાં ભરવાડબહેનના હાથે ધ્વજવંદન કરાવે. જાહેર સમારંભમાં અંગકસરતના પ્રયોગો કરી બતાવે. ૭૨ વર્ષનો 'યુવાન' ડોસલો નવયુવાનને શરમાવે એવી સ્ફૂર્તિ દાખવે! શાળામાં ૨૨ સામયિકો આવે, એનો અભ્યાસ કરે. શિક્ષકો સાથે ચર્ચા કરે. વડા પ્રધાનપદે વાજપેયી હોય કે પાકિસ્તાનમાં બેનઝીર ભુટ્ટો, કંઈક વિચાર આવે કે તરત એમને પત્ર લખ્યો જ હોય!

જ્યારે શિક્ષકોએ સમગ્ર ગુજરાતમાં હડતાળ પાડેલી ત્યારે ચંદુદાદાએ નેનપુરમાં શિક્ષણકાર્ય ચાલુ જ રાખેલું!

['નયા માર્ગ' પખવાડિકઃ ૨૦૦૫]

# વિમલા ઠકાર

## તરણોપાય

માણસમાં મૂળભૂત સારપ છે, સદ્‌ગુણ પ્રત્યે નિષ્ઠા છે, તે સદ્વૃત્તિના પાયા પર સમાજરચના કરવાની છે.

માનવ-માનસ હજુ એવું ને એવું જ ભૂતકાળના બંધનથી જકડાયેલું છે. માનસિક પરિવર્તન એ આજની સૌથી મોટી પાયાની જરૂરિયાત છે. સમાજ માનવતાનિષ્ઠ બને એવું પરિવર્તન લાવવાની જરૂર છે. જીવનનાં સઘળાં ક્ષેત્રોમાં જનશિક્ષણ, જનજાગરણ દ્વારા શુભ સંસ્કારના સંચિનનું આંદોલન ચલાવવું એ જ તરણોપાય છે.

ન ધાર્મિકવાદ, ન સંપ્રદાયવાદ, ન વૈચારિકવાદ, ન આધ્યાત્મિકવાદ-એવા અનાગ્રહી ચિત્તવાળા માનવતાના ઉપાસકોની આજે જરૂર છે. જેને નેતા બનવું નથી, પણ જીવનસાધક બનીને દેશને કાજે જીવન ખરચી નાખવું છે, એવી જમાત આપણે ખડી કરવી છે.

હજારો લોકને પ્રવચનોમાં જતાં હું જોઉં છું, મંદિર-મસ્જિદોમાં જતાં જોઉં છું, તો હું ભીતર ને ભીતર કંપી ઊઠું છું. મોટાંમોટાં આધ્યાત્મિક પ્રવચનોમાં, સત્સંગો અને શિબિરોમાં જઈને હજારો લોકો બેસે છે. આધ્યાત્મિક જિજ્ઞાસા પણ જો જમાનાની એક ફૅશન બની રહે, અસંસ્કારી ને ધંધાદારી પ્રવૃત્તિ બની રહે, તો પછી દુખનો કોઈ અંત નહીં રહે. સારી વ્યક્તિને જોવી, એના સારા સારા વિચારો સાંભળવા, ત્યાં જ જો અટકી જવાનું હોય તો તો સમાજમાં એક નવા પ્રકારનો દંભ ફેલાય છે.

['અધ્યાત્મની અગ્નિશિખા' પુસ્તક]

# વિલિયમ વૉર્ડ

## એનું નામ—

એક ઝરણું જોઈને માની લેવું કે ક્યાંક મહાસાગર હશે જ —એનું નામ શ્રદ્ધા.

# વિવેક બાંઠિયા

## સ્વાસ્થ્ય અંગે સ્વસ્થ ચિંતન

આપણે બધાં સ્વસ્થ રહેવા માગીએ છીએ.

સ્વસ્થ રહેવું એટલે શું? મોટા ભાગનાં માણસો શારીરિક સ્વાસ્થ્યને સ્વાસ્થ્યનો પર્યાય સમજે છે. દાક્તર વ્યકિતના સ્વાસ્થ્યનું આકલન બ્લડ ટેસ્ટ, ઈ.સી.જી., એક્સ-રે વગેરે દ્વારા કરે છે તથા તપાસને આધારે માણસને સ્વસ્થ કે અસ્વસ્થ જાહેર કરે છે. પણ સ્વાસ્થ્યનો સંબંધ માત્ર શરીર સાથે જ નહીં, પણ જીવનનાં દરેક પાસાં સાથે જોડાયેલો છે. એટલે સ્વાસ્થ્યને આપણે તેના પૂર્ણ સ્વરૂપમાં જોવું જોઈએ.

માણસ કેવળ પંચમહાભૂતોનો સમુચ્ચય માત્ર નથી; તેનામાં ચિત્ત, મન તેમ જ ઇન્દ્રિયોનો પણ સમાવેશ છે. માણસની માનસિક સ્થિતિનો તેના શરીરના સ્વાસ્થ્ય પર ઘેરો પ્રભાવ પડે છે. ઘણીયે બીમારીઓ એવી છે, જેની ઉત્પત્તિનું કારણ આપણા મનમાં છે. મન કેવી કેવી રીતે શરીર ઉપર પ્રભાવ કરે છે, તેનું ઊંડાણથી વૈજ્ઞાનિક સંશોધન થયેલું છે. આપણી મનઃસ્થિતિ આપણી 'નર્વસ સિસ્ટમ'ના માધ્યમથી 'એન્ડોક્રાઇન ગ્લેન્ડ્સ'નાં દ્રવ્યોનો સ્રાવ કરે છે, જેનો સીધો પ્રભાવ આપણી રોગ-પ્રતિકારક શકિત ઉપર પડે છે. આ રોગપ્રતિકારક શકિતને કારણે જ આપણે સ્વસ્થ રહી શકીએ છીએ.

જીવનના શારીરિક તેમજ માનસિક સ્તર ઉપરાંત સ્વાસ્થ્યનો નિકટનો ને ઊંડો સંબંધ અધ્યાત્મ સાથે પણ છે. આજે આ ક્ષેત્રમાં ખાસ્સું સંશોધન થયું છે અને તેના ઉપરથી એવાં કેટલાંયે પ્રમાણ હાથમાં આવ્યાં છે, જેનાથી સિદ્ધ થાય છે કે માણસનું સ્વાસ્થ્ય તેના આધ્યાત્મિક સ્તરથી પરિવર્તિત તેમજ પ્રભાવિત થાય છે. તેથી સંપૂર્ણ ને સર્વાંગીણ સ્વાસ્થ્ય ત્યારે જ શક્ય છે, જ્યારે આપણે ન કેવળ શારીરિક ને માનસિક પાસાંનો જ ખ્યાલ રાખીએ, પણ આધ્યાત્મિક

પાસાંનોયે પૂરતો ખ્યાલ રાખીએ.

આજે સ્વાસ્થ્યના ક્ષેત્રમાં ચારે કોર એલોપથીનું પ્રભુત્વ જોવા મળે છે. રોજબરોજ ખૂલતી રહેતી નવી હોસ્પિટલો, પરીક્ષણ કેન્દ્રો, દવાની દુકાનો આ વાતની સાક્ષી પૂરે છે. આજે સામાન્ય માણસ—પછી તે અમીર હોય કે ગરીબ, શિક્ષિત હોય કે અશિક્ષિત, શહેરી હોય કે ગ્રામીણ—પોતાની સ્વાસ્થ્ય સંબંધી તકલીફોનું સમાધાન એલોપથીમાં જ શોધે છે. સમાજ અને સરકાર પણ મોટે ભાગે આ જ પદ્ધતિનું અનુમોદન કરે છે, અને આના વિકાસ માટે પૂરો સહયોગ આપે છે. પરંતુ શું એલોપથીમાં સ્વાસ્થ્ય સાથે જોડાયેલા દરેક સવાલનો જવાબ છે? શું ક્યાંક એવું તો નથી ને કે એક તકલીફ દૂર કરતાં આ પદ્ધતિ બીજી નવી તકલીફ ઊભી કરી દે છે? આ પ્રશ્નોના ઉત્તર માટે આપણે એલોપથી પાછળ રહેલી વિચારધારાનું થોડું અવલોકન કરવું પડશે. એક સર્જનના નાતે આવો અવસર મને ઠીકઠીક મળ્યો છે. એટલે છેલ્લાં ૨૦ વરસમાં મેં જે જોયું-જાણ્યું છે, તે તમારી સામે મૂકું છું.

એલોપથીની એવી માન્યતા છે કે દરેક માણસ રોગગ્રસ્ત છે અને તેને ચિકિત્સાની આવશ્યકતા છે. આજે નહીં તો કાલે રોગગ્રસ્ત થશે, એવી આશંકા રૂઢ કરી દેવામાં આવે છે અને તેનાથી બચવાના ઉપાય સુઝાડાય છે. પણ આનું ન કલ્પેલું પરિણામ એ આવે છે કે બધું ધ્યાન રોગો ઉપર કેન્દ્રિત થવાથી એક રોગી સમાજ ઊભો થઈ રહ્યો છે. એક સામાન્ય સ્વસ્થ માણસ પણ પોતે કોઈ ને કોઈ રોગનો શિકાર બની જઈ શકે છે એવું માની અમુક અમુક વખતે ‘ચેક-અપ’ કરાવતો રહે છે. એક બાજુ માણસ રોગોના ભયથી વ્યથિત થઈ રહ્યો છે, તો બીજી બાજુ આ જુદાં જુદાં ચેક-અપને કારણે એક વાર માણસ સ્વસ્થ જાહેર થઈ જાય પછી તદ્દન બેફિકરો બની જાય છે.

આધુનિક ચિકિત્સાપદ્ધતિ દવાઓ દ્વારા રોગનાં લક્ષણોમાંથી તુરત રાહત અપાવે છે. રોગોનાં લક્ષણોમાંથી છુટકારો મેળવવા મોટે ભાગે દવાઓ દ્વારા તેમને દબાવી દેવામાં આવે છે. આપણે એ ભૂલી ગયા છીએ કે રોગોનાં લક્ષણ તો આપણી અંદરની અસ્વસ્થતાના સંકેત

માત્ર છે. તે સંકેતને સમજ્યા વિના દવા મારફત તેનાથી દૂર ભાગીને રોગને જટિલ તેમજ અસાધ્ય બનાવી રહ્યા છીએ.

આજે દુનિયાના સૌથી વધુ વિકસિત દેશ અમેરિકાના આંકડા બતાવે છે કે હોસ્પિટલમાં દાખલ થયેલો દરેક ત્રીજો દરદી તેના અગાઉના ઉપચાર દરમ્યાન ઊભી થયેલ કાંઈ ને કાંઈ તકલીફથી પીડિત છે અને તેથી જ તેણે હોસ્પિટલમાં ફરી દાખલ થવું પડ્યું છે.

માણસ કઈ રીતે જીવે છે, કેવા વાતાવરણમાં રહે છે, તેની ખાણીપીણી કેવી છે, તેના આચાર-વિચાર કેવા છે, તેના ઉપર તેના સ્વાસ્થ્યનો ઘણોબધો આધાર છે. હૃદયરોગ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ વગેરે જીવનશૈલીમાંથી નીપજતા રોગો છે અને આજે આવા રોગોની સંખ્યા વધતી જાય છે. છેલ્લાં ૫૦ વરસોમાં આપણી જીવનશૈલીમાં અનેક પરિવર્તન આવ્યાં છે. આને લીધે કેટલીક સુખ-સગવડ જીવનમાં આજે જરૂર મળી રહે છે, પણ તેને માટે આપણને આપણા સ્વાસ્થ્યની બહુ ભારે કિંમત ચૂકવવી પડી છે. આજે માણસ શુદ્ધ હવા-પાણીથીયે વંચિત થઈ ગયો છે. આધુનિક ખેતી પદ્ધતિએ આપણા ભોજનમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોનું ઝેર ભેળવી દીધું છે. આપણી અતિવ્યસ્તતા આપણને તાજા ખાદ્ય પદાર્થોની જગ્યાએ ‘ફાસ્ટ ફૂડ’ ખાવા મજબૂર કરી રહી છે.

સ્વાસ્થ્ય ઉપર અસર કરનારું એક બીજું કારણ પણ સમજવા જેવું છે. આજે ચારે કોર બજારુતા અને ભ્રષ્ટાચારનું વાતાવરણ ઊભું થઈ ગયું છે. નવી નવી હોસ્પિટલો અને જાતજાતનાં નવાં પરીક્ષણ કેન્દ્રોમાં ભારોભાર બજારુતા પેસી ગઈ છે.

આ આખીયે પરિસ્થિતિમાં ધરમૂળથી પરિવર્તન આવે, એમ આપણે સહુ ઇચ્છીએ છીએ. માત્ર શરીરને સાચવવાથી જ નહીં, મન તેમજ આત્માની સુખ-શાંતિ જાળવીને જ આપણે આપણું સ્વાસ્થ્ય કાયમ રાખી શકીશું. બીજી વાત એ કે માણસે પોતે પોતાના સ્વાસ્થ્યની જવાબદારી સ્વીકારવી અને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજગ રહેવું. આજે તો દાક્તરોના હાથમાં બધું સોંપી દઈને આપણે નિશ્ચિંત થઈ જઈએ

છીએ અને ઉમેદ રાખીએ છીએ કે જ્યારે જરૂર પડશે ત્યારે દાક્તરો જ આપણને ફરી સ્વસ્થ કરી દેશે. આપણે આપણા શરીરને એક મશીનનો અને દાક્તરોને મિકેનિકનો દરજ્જો દઈ દીધો છે.

સાથોસાથ પ્રકૃતિની અસીમ શકિતને ઓળખવી, એ અત્યંત આવશ્યક છે. આ પ્રકૃતિ પોતે એક મહાન ચિકિત્સક પણ છે. આપણે જેટલા એની નિકટ જઈશું, તેટલા આપણે વધુ સ્વસ્થ થઈશું. રોગોનાં લક્ષણો વાસ્તવમાં આપણને સ્વસ્થ બનાવવાની દિશાના પ્રકૃતિના પ્રયાસ છે. દાખલા તરીકે, ઊલટી ને ઝાડા અવાંછિત પદાર્થોને શરીરની બહાર કાઢી નાખવાની પ્રાકૃતિક પ્રક્રિયા છે. તેને એકદમ રોકી દેવાથી મૂળમાં સ્વાસ્થ્યને જ હાનિ થશે.

પ્રકૃતિમાં નિષ્ઠા કાયમ રાખવાની સાથોસાથ આપણે મૃત્યુની સચ્ચાઈનોયે સ્વીકાર કરવો પડશે. નહીં તો આપણે ભયમુક્ત નહીં બની શકીએ અને ભય આપણા માનસિક રોગોની જડ છે. શાંત ભાવે યથાસમય મૃત્યુને અપનાવી લેવું, એ એક સફળ તેમજ સ્વસ્થ જીવનની નિશાની છે.

ભૌતિકવાદમાં ગરક થઈને આપણે આપણા સ્વાસ્થ્ય ઉપર કેવો કુઠારાઘાત કર્યો છે, તે નીચેની પંકિતઓમાં આબાદ બતાવાયું છે:

*We squander health in seeking wealth;*
*We toil, we hoard, we save*
*And then squander wealth in seeking health—*
*Only to find the grave.*

'પૈસો-પૈસો'ની લાયમાં આપણે આરોગ્ય વેડફી નાખીએ છીએ. પૈસો મેળવવા જતાં આપણે લોહીનું પાણી કરી નાખીએ છીએ. ખૂબ પૈસો ભેગો કરીએ છીએ, ખૂબ બચાવીએ છીએ, અને પછી ફરી આરોગ્ય મેળવવા પૈસાનું પાણી કરીએ છીએ—પણ સ્વાસ્થ્યને બદલે પામીએ છીએ કબર!

['ભૂમિપુત્ર' પખવાડિક: ૨૦૦૦]

# ‘વિવેકધન’

## મહેમાન બનીએ ત્યારે...

(૧) મહેમાન તરીકે બહારગામ જવાનું હોય ત્યારે તેની જાણ સવેળા લેખી (ટપાલથી) કરીને જ જવાનું રાખવું. આપણો ત્યાં પહોંચવાનો દિવસ, સમય, સાધન વગેરેનો અંદાજ આપવો.

(૨) તમે એકલા હશો કે સાથે અન્ય કેટલી વ્યકિત હશે, તે પણ જણાવવું.

(૩) ત્યાં કેટલો સમય/દિવસો રોકાવું પડશે, તેનો ખ્યાલ આપવો.

(૪) ત્યાં રાત્રિ મુકામ હોય—ને પહેલો જ પ્રસંગ હોય તો મુકામના ઘરની ભૂગોળ જાણી લેવી; જેમ કે, બાથરૂમ, જાજરૂ, પાણિયારું, દાદર, દરવાજો વગેરેની માહિતી મેળવી રાખવી, જેથી કસમયે યજમાનને તકલીફ આપવાનું ટાળી શકાય.

(૫) યજમાનના ઘરનો સૂવાનો રોજિંદો સમય જાણી લેવો, જેથી તેને અનુકૂળ થઈ શકાય.

(૬) વધુ સમયના રોકાણ દરમિયાન, કામ પ્રસંગે બહાર જવાનું હોય તો, યજમાનના ઘરના જમવા/વાળુ કરવાના સમયો જાણી લેવા, જેથી સમયસર પાછા આવી શકાય. સમયે પરત આવી શકાય તેમ ન જ હોય તો, ઘરમાં તેની જાણ કરીને જવું.

(૭) ખોરાકમાં કોઈ પરેજી હોય, તો તે વાત પણ રસોડા સુધી સવેળા પહોંચાડવી.

(૮) ત્યાંના ઘરની ગોઠવણીમાં આપણા કારણે કોઈ અડચણ ન સર્જાય; જે વસ્તુ જ્યાંથી લેવી પડે ત્યાં જ પરત મૂકવા કાળજી રાખીએ.

ટૂંકમાં, આપણે ઘેર પરત આવવા નીકળીએ ત્યારે યજમાન ખરા

દિલથી ‘આવજો’ કહે, એ રીતે મહેમાન બનવાની ટેવ કેળવીએ.

[‘સૌરસ’ પુસ્તક]

# 'વિશ્વરથ'

## ક્યાં ગયા?

*મોત જેવા મોતને પડકારનારા ક્યાં ગયા?*
*શત્રુના પણ શૌર્ય પર વારી જનારા ક્યાં ગયા?*
*લોભ-લાલચથી નજરને ચોરનારા ક્યાં ગયા?*
*પ્રાણ અર્પીને પરાર્થે પોઢનારા ક્યાં ગયા?*
*ધ્યેયની ખાતર ફનાગીરી સ્વીકારીને સ્વયં—*
*કાળ સામે આંખને ટકરાવનારા ક્યાં ગયા?*
*વિશ્વના વેરાન ઉપવનને ફરી મહેકાવવા*
*જિંદગીના જોમને સીંચી જનારા ક્યાં ગયા?*
*ગર્વમાં ચકચૂર સાગરની ખબર લઈ નાખવા*
*નાવડી વમળો મહીં ફંગોળનારા ક્યાં ગયા?*
*મોજ માણો આજની, ના કાલની પરવા કરો!*
*—એમ અલગારી બનીને જીવનારા ક્યાં ગયા?*
*રંગની છોળો ઉછાળી રોજ મયખાના મહીં,*
*'વિશ્વરથ'ના સંગમાં પાગલ થનારા ક્યાં ગયા?*

# વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

## ભોળપણ અને મૂઢતા

જેમ વસતિ વધે છે તેમ જાણે મૂર્તિઓની અને મંદિરોની, સાધુઓની સંખ્યા પણ વધતી જાય છે. બાધા, આખડી, પ્રસાદવિધિ, દર્શનવિધિ, ચોઘડિયાં—એમ કર્મકાંડ ચાલે છે.

ઈશ્વરની ઉપાસનાના બાહ્ય આચારમાં હિંદુઓએ મુસ્લિમો પાસેથી બહુ શીખવાનું છે: શાન્તના, સાદાઈ, નિયમન, એકતાભાવ. કેટલાંક મંદિરો તો જાણે વેપારી મંડળો. ક્યાંક ભક્તોના ધનની લૂંટ પુણ્યને નામે થાય છે. મંદિરોને અર્પિત ઘણી જમીન નાનામોટા વેપારીઓએ પડાવી લીધી છે.

સામાન્ય સાધુ, સંત કે ઉપદેશકને દેવ કે ભગવાન બનાવી દઈ તેમને નામે મંદિરો રચવાં એ પણ ભોળપણ ગણાય. કૃષ્ણ કે રામને અવતારી પુરુષો ગણીએ તે સુયોગ્ય છે. પરંતુ જ્યાં ત્યાં વિભૂતિ, જ્યાં ત્યાં અવતાર જોવામાં મૂઢતા છે. કોઈ પોતાને દેવ કે અવતારી પુરુષ ન બનાવી દે તે બાબત ગાંધીજી કેટલી બધી કાળજી રાખતા. થોડીક ઊંચી કક્ષાના માનવને ભગવાન બનાવી દેવાની હિંદુઓની ટેવ આપણા ધાર્મિક જીવનનો મોટો દોષ ગણાવો જોઈએ. પ્રભુ પાસે જવાનો માર્ગ તત્ત્વનિષ્ઠ અને સાત્ત્વિક જ હોવો જોઈએ. મૂઢાચારથી મોક્ષ ન મળે.

['ઉત્પ્રેક્ષા' પુસ્તક]

# વી. સુખઠણકર

## એવું દૃશ્ય...

મદ્રાસમાં હું એક હોટલમાં થોડા દિવસ રહેલો. એક સાંકડા રસ્તાને છેડે તે આવેલી હતી અને રસ્તાની બેય બાજુની ફૂટપાથ પર ગરીબો પોતાની જૂજ ઘરવખરી સાથે રહેતાં હતાં. એમને જોઈને મન ઉદાસ થઈ જતું.

એક સાંજે હું હોટલ પર મોડો આવ્યો. આવતાં, રસ્તા પર જોયું તો ફૂટપાથવાસી સ્ત્રીઓનું ટોળું બત્તીના એક થાંભલા આસપાસ ભેગું થયું છે; તેમની વચ્ચે એક યુવતી તમિલ ભાષાનું એક છાપું વાંચી રહી છે. ટોળામાં ઘણી તો ડોશીઓ હતી, તે ધ્યાનથી એ સાંભળતી હતી. એમના ચહેરા પર પ્રસન્નતા હતી.

મને થયું: નિરાધાર ફૂટપાથવાસીઓ આ રીતે છાપું વાંચવાનો આનંદ માણતાં હોય, એવું દૃશ્ય ભારતના બીજા કોઈ ભાગમાં જોવા મળે ખરું?

['નવનીત' માસિક: ૧૯૭૦]

# વુડ્રો વિલ્સન

## પસંદગી

કોઈક દિવસ જે ધ્યેયનો પરાજય થવાનો છે તેમાં આજે વિજય મેળવવા કરતાં, કોઈક દિવસ જેની ફતેહ થવાની છે તેવા ધ્યેયને કાજે હાર પામવાનું હું પસંદ કરું છું.

# વેણીભાઈ પુરોહિત

## પી જવાનું હોય છે

*જિંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,*
*ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.*
*જીવવું છે ઝૂરવું છે, ઝૂઝવું છે જાને મન!*
*થોડી અદાઓ ફાંકડી, થોડી ફિતૂરી રાખવી.*
*જોઈ લેવું આપણે, જોનારને પણ છૂટ છે,*
*આંખને આકાશના જેવી જ ભૂરી રાખવી.*
*ભાનભૂલી વેદનાઓને વલૂરી નાખવી,*
*જ્વાલાઓ ભલે ભડકી જતી, દિલમાં ઢબૂરી રાખવી.*
*જામમાં રેડાય તેને પી જવાનું હોય છે,*
*ઘૂંટડે ને ઘૂંટડે તાસીર તૂરી રાખવી.*
*કેફીઓના કાફલા વચ્ચે જ જીવી જાણવું,*
*થોડુંક રહેવું ઘેનમાં, થોડીક ઘૂરી રાખવી.*
*ઝંખનાઓ જાગતી બેઠી રહે છે રાતદિન,*
*જાગરણની એ સજાને ખુદને પૂરી રાખવી.*
*એમના દરબારમાં તો છે શિરસ્તો ઔર કંઈ,*
*ફૂંક સૂરીલી અને બંસી બસૂરી રાખવી.*
*બાજ થઈને ઘૂમવું અંદાજની ઊંચાઈ પર,*
*ઇશ્ક ખાતર બુલબુલોની બેકસૂરી રાખવી.*

['આચમન' પુસ્તક]

# અલબેલો અંધાર હતો

*એ રાત હતી ખામોશ, અષાઢી અલબેલો અંધાર હતો,*
*તમરાંની ત્રમત્રમ વાણીમાં કંઈ પાયલનો ઝંકાર હતો...*

*જલ વરસીને થાકેલ ગગનમાં સુસ્ત ગુલાબી રમતી'તી,*
*ધરતીનો પટ મસ્તાન, મુલાયમ, શીતલ ને કુંજાર હતો...*

*માસૂમ હવાના મિસરાઓમાં કેફી ઉદાસી છાઈ હતી,*
*કુદરતની અદા, કુદરતની અદબ, કુદરતનો કારોબાર હતો.*

*ઊર્મિનું કબૂતર બેઠું'તું નિજ ગભરુ દર્દ છુપાવીને,*

*આંખોમાં જીવનસ્વપ્ન હતાં, પાંખોમાં જીવનભાર હતો...*

['સહવાસ' પુસ્તક]

# 'મૃગયા'નો શંખનાદ

દિગ્દર્શક મૃણાલ સેનના ચિત્ર 'મૃગયા'ને ૧૯૭૭ના વર્ષના શ્રેષ્ઠ રાષ્ટ્રીય ચિત્ર તરીકે સ્વર્ણકમલ પ્રાપ્ત થયેલ. તેના નાયક તરીકે કામ કરતા મિથુન ચક્રવર્તીને શ્રેષ્ઠ અભિનેતા તરીકેનો એવોર્ડ મળ્યો.

મૃણાલ સેન સામાજિક અને આર્થિક અસમાનતાની સાથે સાથે રાજકીય શોષણ સામે માથું ઊંચકનાર સર્જક છે. ફિલ્મનું માધ્યમ સમાજ-જાગૃતિ માટે છે, એવું ધ્યેય ધરાવનારા ફિલ્મ-સર્જકોમાં મૃણાલ સેનનું સ્થાન અગ્ર હરોળમાં છે.

'મૃગયા'માં સામાજિક અને રાજકીય શોષણ સામે અવાજ ઉઠાવતા સંથાલ આદિવાસીઓના સંતાપ અને સંઘર્ષની કથા છે. સંથાલ પરગણામાં તાડડાંગા નામનું એક ગામ છે. તે વિસ્તારના આદિવાસીઓનો ઉદ્યમ, તેમની અસહાયતા, અને તેમના અજ્ઞાનની વાતો વણી લઈને 'મૃગયા'નું નિર્માણ થયું છે. મૃગયા એટલે કે શિકાર. સામાન્ય રીતે પૌરાણિક-

મધ્યકાલીન યુગમાં રાજામહારાજાઓ પશુ-પંખીનો શિકાર કરે તે મૃગયા કહેવાતી.

મૂળ કથા ઓરિસ્સાના લેખક ભગવતીચરણ પાણિગ્રહીની છે. અંગ્રેજ અમલદારો, જમીનદારો ને શાહુકારો પદદલિત પ્રજા પર જે જુલમો કરે છે તેની દાસ્તાન એમાં રજૂ થઈ છે. છેવટે, તેમાંથી ક્રાંતિ કેવી રીતે જન્મે છે તેની પરાકાષ્ઠાએ પહોંચતી ગૂંથણી છે.

ગામના મુખીનો છોકરો તાંબાવર્ણી તબિયતનો જુવાન છે. તે અચૂક નિશાનબાજ છે. તેની નિશાનબાજી પર એક અંગ્રેજ અમલદાર ખુશ છે. બીજી તરફ ખંધો અને વાસનાભૂખ્યો શાહુકાર એક દિવસ એ નિશાનબાજ યુવાનની પત્નીનો ‘શિકાર’ કરવાની બાજી ગોઠવે છે. ભલો છતાં ભડવીર આ યુવાન આથી એવો છંછેડાય છે કે તે શાહુકારનો જ શિકાર કરી નાખે છે અને તેને ફાંસીની સજા થાય છે.

જંગલી જાનવરો મહામહેનતે કરેલી ખેતીને ખતમ કરી નાખે છે. બીજી તરફથી જમીનદાર પોતાનો હિસ્સો ઝૂંટવી જાય છે. ત્રીજી તરફથી શાહુકાર પોતાના લેણા પૈસાના બદલામાં પાક ઉઠાવી જાય છે. આ સ્થિતિમાં ખેતી કરનારા ગરીબ પરિશ્રમીઓના હાથમાં શું આવે છે?—માત્ર ભૂખ, માત્ર લાચારી.

આ દુર્દશા સામે પડકાર ફેંકવા થોડાક લોકો જંગલોમાં છુપાઈને સરકાર સામે હિંસક આંદોલન ચલાવી રહ્યા છે. પેલો નિશાનબાજ છોકરો ફાંસીએ તો ચડે છે પોતાની પત્નીની લાજ લૂંટનારને ખતમ કરવા માટે, પણ પોતાની પાછળ એક પ્રશ્ન મૂકતો જાય છે કે જંગલી જાનવરોનેય સારા કહેવડાવે એવા મનુષ્યનો શિકાર કરવામાં ખોટું શું છે? એ નરપશુઓ સમાજને વધારે ખેદાનમેદાન કરે છે; તેમને શું કોઈ રોકી શકે નહિ? આ સ્થિતિ સામે સરકાર અને સરકારના કાયદા જનતાને શું રક્ષણ આપે છે? પણ હતાશાવાદ, અનાચાર ને અત્યાચારના આ ઘોર અંધકાર પછી એક દિવસ નવચેતનાનો સૂરજ ઊગશે એવો આશાવાદ મૃણાલ સેન અંતે પ્રગટ કરે છે.

ભયમાં અને ભૂખમાં હિજરાતી પીડિત માનવતા કેવી કરપીણ કઠણાઈ ભોગવી રહી છે તે દર્શાવવા માટે મૃણાલ સેને વેધક વાતાવરણ સર્જ્યું છે. તાડડાંગા ગામ તો એક પ્રતીક છે. બાકી, ભારતભરના અજ્ઞાન અને અસહાય પદદલિતોનો આર્તનાદ તેમાં સંભળાવ્યો છે. સમગ્ર ફિલ્મે પ્રેક્ષકના ચિત્ત પર, વિચાર પર, ઊર્મિઓ પર અને સામાજિક આબોહવા પર મંથનની તીવ્ર તરંગાવલિ જગાડી છે. ‘મૃગયા’ મનોરંજનનું ચિત્ર નથી, મનોમંથનનું ચિત્ર છે.

આ ફિલ્મમાં દિગ્દર્શક મૃણાલ સેને રુદ્રતાની સાથોસાથ રમ્યતાને પણ રેલાવી છે. જ્યારે પેલો નવયુવાન શિકારી પોતાની અબોધ, મુગ્ધ પત્નીને જંગલ અને પથ્થરની ટેકરીઓ વાટે બીજે ગામ લઈ જાય છે, ત્યારે પત્નીના પાત્રમાં મમતા શંકરનો મૂગી પ્રસન્નતાનો ભાવ, પતિ પ્રત્યેનો ગર્વ અને અહોભાવ, કુતૂહલ વગેરે દ્વારા કલાકારોની અભિનયકલાને દિગ્દર્શકે શિલ્પકારની જેમ કંડારી છે.

મિથુન ચક્રવર્તી અને મમતા શંકર બન્ને પહેલી જ વાર ‘મૃગયા’માં ચમકે છે અને જોતાંવેંત જચી જાય છે. પૂનાના ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા ત્યારે મિથુન ચક્રવર્તીનું નામ ‘રાણા રેઝ’ હતું. વિશ્વવિખ્યાત નૃત્યકાર ઉદયશંકર અને એટલી જ ઓજસવતી નર્તિકા અમલા શંકરનું સંતાન એટલે મમતા શંકર.

‘સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યમ્ કરવાવહૈ’નો સમૂહ-ધ્વનિ ‘મૃગયા’ના સર્જનમાં શંખનાદ બનીને સંભળાય છે.

['નવનીત' માસિક: ૧૯૭૭]

---

*ડુંગર પર, દરિયાના દિલ પર,*
*આસમાનની ઊંચી છત પર,*
*ધરતીના પટ પર પથરાતી—*

*રાતી... રાતી*
*ખમીરવંતી મસ્ત ખુશાલી—*
*નવાં લોહીની લાલી!*

—

*દીઠી એક મેં અલબેલી!*
*કાપતી માઝાર સાગર પાણી લાખ મોજાંની હાર,*
*સઢ ફુલાવી નાચતી નૈયા જોબનની મઝધાર,*
*હતી કોઈ સોણલાંઘેલીઃ*
*દીઠી એક મેં અલબેલી!*

—

*આ તરફ એની મુરાદોઃ મુજ ઇરાદો ઓ તરફઃ*
*બેઉ બોજા ખેંચતાં કાવડ બની ગઈ જિંદગી!*

# વેદ મહેતા

## વૈતરું

મેં સાહિત્યકૃતિઓ લખી છે, તે છતાં મારી જાતને હું પત્રકાર ગણું છું, કારણ કે મારો મુખ્ય રસ માનવીઓમાં અને તેમની પર પડતી બનાવોની અસરમાં છે. સવારના ૯ વાગ્યે હું મારા કામે ચડી જાઉં છું અને, બપોરે ભોજન માટેના એક કલાકના ગાળાને બાદ કરતાં, રાતના ૮ સુધી સતત કામ ચાલુ રાખું છું—વાચન, સંશોધન અને લેખન. બરાબર સુયોગ્ય શબ્દની, શબ્દોના ઉત્તમોત્તમ સમૂહની ખોજ સતત ચાલ્યા કરે છે. હું તો વૈતરું કરનારો છું. ઘડિયાળના કાંટા સામે જોઈને હું લખું છું. પ્રેરણાની વાટ જોતો હું બેસી રહ્યો હોત તો કશું કામ થયું ન હોત. લેખનની પ્રત્યક્ષ ક્રિયામાં આનંદ છે, પરંતુ તે પૂર્વે જે બધાંમાંથી પસાર થવું પડે છે તે એક યાતના છે. લેખકને જે ટકાવી રાખે છે તે છે લખાયેલા શબ્દની શક્તિમાંની શ્રદ્ધા.

# વ્રજેશ વાણંદ

## પ્રાણીઓની ગાડી

*જંગલ કેરાં પ્રાણીઓની છુક છુક ગાડી ચાલી...*
*સૌથી આગળ કાળો હાથી, એન્જિન એ કહેવાય.*
*હાથી ઉપર બેઠું સસલું, ડ્રાઇવર એ કહેવાય,*
*મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય.*
*જંગલ આખું ધમધમ થાતું, પક્ષીઓ હરખાય.*
*લાંબી ડોકે જીરાફભાઈ જંગલ જોતા જાય,*
*વરુ અને શિયાળ એના પગમાં અથડાય;*
*કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય,*
*હરણ અને સાબર એ તો ઠેકડા મારતા જાય.*
*કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય,*
*પાંદડાંની ટિકિટ તપાસે, ચેકર એ કહેવાય;*
*સૌની આગળ ઝંડી લઈને રીંછભાઈ જાય;*
*પી-પી સીટી વગાડી, ગાડી ઊપડી જાય.*

# શંકરભાઈ બુ. પટેલ

## ગામડું

*ઝાડ તણાં ઝૂંડોમાં છૂપ્યું છે ગામડું!*
*સૂરજ સંગાથે રોજ ઊગ્યું છે ગામડું!...*

*પરસેવે રેબઝેબ, તેલ્યું છે ગામડું!*
*સપનોની છલકાતી થેલ્યું છે ગામડું!...*

*ગાલ્લીના ઘૂઘરામાં રણકે છે ગામડું!*
*ગીત જેવું છાતીમાં કણસે છે ગામડું!...*

# શંકરલાલ બેંકર

## "એમ કહું કે, સિનેમા કાઢજો?"

૧૯૨૨માં ગાંધીજીને છ વરસની કેદની સજા થઈ હતી. એમની સાથે મને એક વરસની સજા થઈ હતી. એ વરસ હું ગાંધીજી સાથે જેલમાં રહ્યો ત્યારે એમણે કાંતવા-પીંજવાને પોતાની દિનચર્યામાં મુખ્ય સ્થાન આપ્યું હતું. શરીર કામ આપી શકે એટલી હદ સુધી તેમણે રોજ બે કલાક પીંજવાના અને ચાર કલાક કાંતવાના કામ માટે રાખ્યા હતા. એવામાં, જેમની કેદની મુદત પૂરી થવા આવી હતી તેવા એક નેતા ગાંધીજીને મળ્યા અને પૂછ્યું: "બાપુ, જેલમાંથી બહાર જઈને મારે શું કરવું તે અંગે આપ સલાહ આપો."

ગાંધીજીએ કહ્યું, "બહાર જઈને ખાદીને જોરશોરથી દેશમાં ફેલાવજો." એ ભાઈ પોતે ખાદીપ્રેમી હતા અને શ્રદ્ધાપૂર્વક રેંટિયો પણ ચલાવતા; પરંતુ લોકોની વૃત્તિ વિશે એમના દિલમાં શંકા હતી. તેમણે કહ્યું, "બાપુ, આપનું કહેવું બરાબર જ છે. પણ આ ખાદી ચાલશે શી રીતે? લોકોને જો એ પસંદ ન પડે, તો શું કરી શકાય?"

એ સજ્જનના આવવાથી ગાંધીજીને દુ:ખ થયું અને તેઓ કંઈક વ્યગ્રતાથી બોલી ઊઠ્યા: "ઠીક, તો તમે જ કહો કે બીજું કયું કામ બતાવું? શું એમ કહું કે, સિનેમા કાઢજો? સિનેમા તો લોકોને ખૂબ ગમશે. સેંકડોની સંખ્યામાં લોકો એ જોવા આવશે અને તે માટે પૈસા પણ આપશે. પણ તેથી શું? શું આપણું કામ લોકોને પસંદ પડે એવી જ પ્રવૃત્તિઓ બતાવવાનું છે? આપણે તો જેમાં તેમનું હિત હોય તેવો માર્ગ બતાવવો જોઈએ, અને રેંટિયો જ તે માર્ગ છે."

ગરીબ પ્રજાને શરીર ઢાંકવા પૂરાં કપડાં નથી મળતાં, તે સ્થિતિથી ચોંકી ઊઠીને એમણે કચ્છ ધારણ કર્યો હતો અને બીજાં વસ્ત્રોનો ત્યાગ કર્યો હતો. દેશમાં ગરીબીનું દુખ તો છે જ, પરંતુ પ્રજામાં ઘર

કરી બેઠેલું આળસ ગાંધીજીને તેનાથી પણ વધુ ખટક્યા કરતું હતું. એટલે તેઓ કહેવા લાગ્યા: “લોકોને કપડાં નથી મળતાં અને ભૂખમરો વેઠવો પડે છે, એ દુખની વાત છે જ. પણ એથીયે વધુ દુખદ વાત તો એમનામાં ઘર કરી બેઠેલું આળસ છે. આપણા દેશની આટલી દયાજનક સ્થિતિ કેમ? તેનો વિચાર કરો તો તેના મૂળમાં આળસ જ ભર્યું છે. પ્રજાને જો ગરીબાઈ ખૂંચતી હોય, તો તેણે મહેનત કરીને તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. પણ આજે તો આળસનાં પડળ એટલાં જામ્યાં છે કે જ્યાં ગરીબી અને દુખ વધુ, ત્યાં આળસ પણ વધુ જોવા મળે છે. આ આળસ દૂર થાય તો જ ગરીબી જાય. એ આળસને દૂર કરવાનો સાચો ઉપાય એ છે કે ગામડાંની પ્રજા સહેલાઈથી કરી શકે એવા કામે તેને લગાડવી. તો તેમના શરીરનું અને સાથેસાથે મનનું આળસ પણ દૂર થાય.”

# શંભુપ્રસાદ હ. દેશાઈ

## સગા બાપનો દીકરો

લોલવણ ગામના ચોરા ઉપર મામલતદાર સાહેબનો મુકામ હતો. ગામના ખેડૂતો, વેપારીઓ તથા ઉભડો ભેગા થયા હતા.

મામલતદાર સાહેબ ગાદીતકિયે બેઠા હતા. પાસે તલાટી તથા પટેલ પણ બેઠા હતા. આજુબાજુ ખેડૂતો બેઠા હતા. વેપારીઓ પણ હતા. બે કોસના પાકા કૂવા તથા કૂંડી બાંધેલી એક વાડીની સો વીઘાની જમીન બિનવારસે જતાં આજે હરાજ થવાની હતી. વાડીમાં એક મકાન હતું. ઢોરનાં ઢોરવાડિયાં હતાં. ચાલીસ આંબાનાં ઝાડ હતાં. નાળિયેરી, મોસંબી અને ચીકુનાં પણ ઝાડ હતાં. જમીનની ફરતી દીવાલ હતી અને જમીન-માલિક શ્રીમંત માણસ હતા. તેણે શોખ ખાતર આ બધું કરેલું, પણ અચાનક ગુજરી જતાં તેમ જ વારસ ન હોઈ ‘દરબાર દાખલ’ થયેલ તેની આજે હરાજી હતી. તેથી લેવા ઇચ્છનારાઓની, અને કોના ભાગ્યમાં આ લોટરી લાગે છે તે જોવા આવનારાઓની ઠઠ જામી હતી.

મામલતદાર સાહેબે કાગળોનો નિકાલ કરવા માંડ્યો. હરાજી જેમ મોડી થાય તેમ લોકો વધારે એકત્ર થાય એ માટે પરચૂરણ કાગળોનો જ નિકાલ શરૂ કર્યો. તલાટી નામ બોલતા જતા હતા. ખેડૂતો જવાબ લખાવતા હતા અને કામ ચાલ્યે જતું હતું.

“કાના ગોવા!” તલાટીએ નામ પુકાર્યું, અને એક જુવાન ઊભો થયો. શ્યામલ વાન, કૃશ શરીર અને માત્ર એક ચોરણો ને શિર ઉપર ફાળિયું ધારણ કરેલી માનવકાયા ‘જી’ કહી આવી ઊભી રહી.

“કાનો તારું નામ?”

“જી, હા.”

"તારો ભાઈ ગોપો?"

"જી, હા."

"ક્યાં છે?"

અને ગોપો ઊભો થયો.

મામલતદાર સાહેબે બન્નેના સામું જોયું. વસ્ત્રોમાં, દેખાવમાં, રંગમાં અને મુખાકૃતિમાં બદલ્યા બદલાય એવા સહોદર ભાઈઓ તરફ એમણે મીટ માંડી. પછી સાહેબે પૂછ્યું:

"તમે તલાટી સાહેબ પાસે વહેંચણ નોંધાવી છે તે બરાબર છે?"

"જી હા." બન્નેએ જવાબ આપ્યો.

"જુઓ, હું ફરી વાંચું છું. હજી પણ તમે ફેરફાર કરી શકો છો. હું એક વાર મંજૂર કરીશ પછી ફરી નહિ શકો તે તમને ખબર છે ને?"

"જી, હા..."

"ત્યારે સાંભળો: ખીજડાવાળું ખેતર દસ વીઘાંનું તથા લોલવણ ગામનું ખાંધું ઉત્તર-દક્ષિણ દસ હાથ, પૂર્વ-પશ્ચિમ છ હાથ: એ બન્ને નાના ભાઈ ગોપાને ભાગે, બરાબર?"

"જી, હા..."

"રામપરાને માર્ગે વાડી વીઘાં છની, જ્યાં એક કૂવો છે તે, કાનાને ભાગે, બરાબર?"

"જી, હા—"

"ત્યારે મંજૂર કરી દઉં?"

"જી, હા." અહીં બન્ને જણાએ એક સાથે ઉત્તર આપ્યો. મામલતદાર સાહેબે સહી કરવા કલમ ઉપાડી ત્યાં પાછળથી અવાજ આવ્યો:

"એ માબાપ, રહેવા દ્યો: જલમ કરો મા—" એક સ્ત્રી, અમાસની મેઘલી રાત જેવા વર્ણની, કાખમાં એક એવા જ વર્ણના બાળકને તેડીને માથેથી પડતા છેડાને ખેંચતી આગળ આવી.

"બાપા, તમારો દીકરો તો ગાંડો થયો સે—" છોકરાને કાખમાં

ઊંચી ચડાવતી જાય છે, છોકરો રોતો જાય છે, અને લાંબા હાથ કરી મામલતદાર તરફ કોપાયમાન ભ્રૂકુટિ કરી બાઈ આગળ વધી રહી છે.

"રહેવા દેજો, હું ખોરડું નહિ દઉં, નહિ દઉં, ને નહિ દઉં! મારાં છોકરાંને મારે નાખવાં ક્યાં—"

"આ કોણ છે?" મામલતદાર સાહેબે પ્રશ્ન કર્યો.

"મારી જીવલેણ, સાહેબ!" કાનાએ એક જ શબ્દમાં પોતાની પત્નીનો પરિચય આપી દીધો.

"જીવ લેવા તો તું બેઠો છ—ભાઈને દઈ દે બધું! આજ તો ખેતર ને ખોરડું દે છ, ને કાલ મને પણ દઈ દેશે—" સ્ત્રીઓના હાથમાં જે અંતિમ શસ્ત્ર છે તેનો ઉપયોગ કરતાં બાઈ રોવા માંડી.

"પણ ભાઈને અર્ધો ભાગ દેવો જ જોઈએ ને? તું સમજતી નથી ને ભર્યા માણસમાં મારી આબરૂ લેછ! જા જા, હાલતી થા—" પતિદેવ ગરજ્યા.

પટેલ હવે વચમાં પડ્યા. "ઊભો રે, કાના, ખીજા મા. મને વાત કરવા દે. જો દીકરી, તારે મોટાને ખેતર ન દેવાં હોય તો વાડી ગોપાને દઈ દે—"

"કાંઈ નહિ. વાંઢો રૂંઢો છે, ગમે ત્યાં ગદરી ખાય! હું છોકરાંછિયાંવાળી, મારો માંડ માંડ વાડી ને ખેતરમાંથી ગુજારો થાય, એમાં ગોપલાને શું દઉં—ડામ?" મામલતદાર જોઈ રહ્યા. ગામલોકોને આ અન્યાય વસમો લાગ્યો.

"સાહેબ, મારું રાજીનામું. મારે કાંઈ ન જોયે; લખી લ્યો. મારો ભાઈ ને ભાભી ભલે બધું ભોગવે—" હવે ગોપો બોલ્યો.

"અરે, એમ હોય? તું મારા બાપનો દીકરો, ને ભાગ તો માગ ને!" કાનાએ ગોપાનો હાથ રોક્યો. "આનો તો દી ફરી ગયો છે."

"દી તારો ફર્યો છે તે બાવો થાવા ને અમને કરવા નીકળ્યો છે..." બાઈ રડી પડી.

"સાહેબ, મેં કહ્યું ઈ માંડોને, બાપા. મારે કાંઈ ન જોવે. મારો ભાઈ સુખી તો મારે બધું છે; હું ક્યાંક ગુજારો કરી લઈશ."

"અરે પડને પાટમાં, મારા રોયા! લૂંટવા બેઠો છે ભોળા ભાઈને! સમજાવીને પડાવી લેવું છે. આ તો ઠીક થયું કે મને ખબર પડી ગઈ, નહિતર મને ઘરબાર વગરની કરત ને! હું તને કાંઈ નહિ દેવા દઉં, હા વળી—"

"અરે, પણ મારે જોવે છે પણ ક્યાં? તમે બે જણાં સુખે રોટલો ખાવ તો હું આઘે બેઠો બેઠો રાજી થાઈશ, પણ આ ભર્યા માણસમાં તું ભલી થઈ અમારી આબરૂ પાડ મા. મારે કાંઈ ન ખપે..."

"ઇ તો વાતું. હમણાં ડાયરામાં પોરસીલો થાછ, પણ પછી આવીશ બાઝવા. ગોપલા, તને તો નાનપણથી ઓળખું છ..."

ગોપો હસ્યો. પોતાના પિતાની મિલકતનો અર્ધા ભાગનો હિસ્સેદાર અને હક્કદાર હતો, ભાઈ ભાગ દેવા તૈયાર હતો, પણ તેના સંસારને સળગાવી પોતે ભાગ લેવા તૈયાર ન હતો. ભાઈનું સુખ તેને મિલકતથી વિશેષ હતું.

"તો સાંભળ. આ ભાગ, ખેતર, ખોરડું કે ઘરવખરી એમાંથી મારે કાંઈ ન ખપે! આ પહેર્યાં લૂગડાં હક્ક છે, બાકી મારે ગોમેટ છે. બસ, હવે રાજી—"

"હાં હાં—" લોકોમાંથી અવાજ આવ્યો.

"ગોપા, વિચાર કરી લેજે; કાયદો તને મદદ કરશે, અર્ધો ભાગ બરાબર મળશે." મામલતદારે કહ્યું.

"સાહેબ, બાપા, મેં મોઢેથી ગોમેટ કહી દીધું પછી હિંદુના દીકરાને બસ છે ને! મારો ભાઈ ને ભાભી રાજી તો હું સો દાણ રાજી."

અભણ કોળી યુવાને તેના ભાઈના સુખ ખાતર સર્વસ્વનું બલિદાન આપ્યું. સહુની આંખો તેના તરફ મંડાઈ રહી. એક નીચું માથું કરી જોઈ રહ્યો અને આંસુ સારી રહ્યો કાનો.

મામલતદારે મૌન ધારણ કર્યું. ગોપાની હક્ક છોડી દેવાની કબૂલાતમાં

સહી લીધી. સર્વત્ર મૌન છવાઈ ગયું.

"ચાલો, હવે વાડીની હરાજી કરીએ." મામલતદાર સાહેબે મુખ્ય અને અગત્યના કામનો પ્રારંભ કર્યો અને લોકો પણ જરા આનંદમાં આવી ગયા.

તલાટીએ વિગતો તથા શરતો વાંચી સંભળાવી. મામલતદાર સાહેબે તેની કિંમત હજારો ઉપર જાય તેમ સમજાવ્યું અને લોકોને માગણી કરવા આગ્રહ કર્યો. પણ કોઈ પહેલ કરતું નથી. મોટા મોટા માણસો માગણી કરવા આવ્યા છે. પહેલી માગણી કોણ કરે તે જોવા એકબીજાનાં મુખ સામું જોઈ રહ્યા હતા. ઘણી વાર થઈ, કોઈ માગણી કરતું નથી. મામલતદારે ગામના અગ્રગણ્ય નાગરિક વનેચંદ શેઠને કહ્યું: "શેઠ, માગણી કરો ને? કોક શરૂ કરશે પછી ચાલશે."

"હાં-હાં," શેઠ હસ્યા, "સાહેબ, કોકે પગ તો માંડવો જોવે; આપ ગમે તેની માગણી મૂકો, પછી ચાલશે."

"તો કોની મૂકશું?"

"ગોપાની—" માંડલામાંથી અવાજ આવ્યો. તેમાં ગોપાની હમદર્દી હતી કે મશ્કરી તે સમજાયું નહિ. પહેરેલ લૂગડે બહાર નીકળેલા ગોપા પાસે પાંચ હજારનું નજરાણું ભરવાની ક્યાં ત્રેવડ હતી?

"તો ભલે—લ્યો, ગોપાનો સવા રૂપિયો.' મામલતદારે માગણી લીધી.

"સાહેબ, પણ—" ગોપો બોલી ન શક્યો.

"ગભરા મા, ગોપા, તારા હાથમાં આ શેઠિયા આવવા નહિ દે. હજી તો આંકડો ક્યાંય પહોંચશે."

પણ માગણી થતી નથી. મામલતદાર સાહેબ સમજાવીને થાક્યા.

"હબીબ શેઠ, પૂછપરછ તો ઘણા દિવસથી કરતા હતા, હવે કાં ટાઢા થઈ ગયા?" એમણે બીજા શેઠને કહ્યું.

"સાહેબ—" વનેચંદ બોલ્યા. "આપે ભૂલ કરી એ વાત આપને કોણ કહે!"

"કેમ! મારી ભૂલ?"

"હા. આ દેવ જેવા ગોપાની ઉપર કોણ ચડાવો કરે? જમીન તો મળી રહેશે, પણ આવો ખેલદિલ જુવાન નહિ મળે, જેણે બાપની મિલકત ભાઈના સુખ સારુ હરામ કહી. એની ઉપર ચડાવો હોય નહિ. આપો, સાહેબ સવા રૂપિયામાં આ વાડી ગોપાને આપો!"

આખા માંડલામાં આનંદ પ્રસરી ગયો. વનેચંદ શેઠના શબ્દોને જ અનુમોદન મળવા માંડ્યું. કોઈ ચડાવો કરવા તૈયાર નથી.

"ગોપા, ત્યારે 'ત્રણ વાર' કહી દઉં? દસ વીઘાંનું ઘાસખેતર છોડ્યું તેના બદલામાં તને આવી અફલાતૂન વાડી મળી. રાજી ને?" મામલતદારે 'એક વાર, બે વાર...' બોલતાં કહ્યું.

"બાપા," ગોપાની આંખોમાં આંસુ આવ્યાં. "ગામ લેવા દે, ને આપ માવતર આપો તો રાજી; પણ હું એકલો શું કરું? એમાં મારા ભાઈ કાનાનું પણ નામ નાખી દ્યો—"

મામલતદાર, મહાજન અને ગામ જોઈ રહ્યાં.

# શક્તિસિંહ ગોહિલ

## બત્તી-પંખા

એક કાર્યક્રમમાં હાજરી આપવા [મુખ્યમંત્રી] બાબુભાઈ [જ. પટેલ] સાથે હું જઈ રહ્યો હતો. રસ્તામાં ધંધુકાના સરકારી ગેસ્ટહાઉસમાં થોડો વખત રોકાઈને અમે રવાના થતા હતા, ત્યારે ઓરડાનાં બત્તી-પંખા બાબુભાઈએ જાતે બંધ કર્યાં હતાં.

# શકીલ બદાયૂની

## દુલ્હનિયા

*પી કે ઘર આજ પ્યારી દુલ્હનિયા ચલી,*
*રોએ માતાપિતા ઉનકી દુનિયા ચલી;...*
*ભૈયા બાબાને સુખ મોહે સારે દિયે,*
*મોરે ગૌને મેં ચાંદ ઔર તારે દિયે,*
*સાથ લેકે મૈં સારા ગગનવા ચલી,*
*પી કે ઘર આજ પ્યારી દુલ્હનિયા ચલી.*

['મધર ઇન્ડિયા' ફિલ્મ': ૧૯૫૭]

## રહેંગે

*ગિર ગિર કે મુસીબત મેં સંભલતે હી રહેંગે,*
*જલ જાયેં મગર આગ મેં ચલતે હી રહેંગે.*

['મધર ઇન્ડિયા' ફિલ્મ: ૧૯૫૭]

# શકુંતલા નેને

## તમારો ભગવાન: મારો ભગવાન

*તમારો ભગવાન બહેરો થયો છે?*
*લાઉડ-સ્પીકર વગર*
*નથી સાંભળતો તમારી વાતને?*
*મારો ભગવાન તો*
*સાંભળે છે મારી પ્રાર્થના, વણબોલાયેલી પણ;*
*સાંભળે મારા શ્વાસોચ્છ્વાસની વ્યથાને.*

*ઈશ્વર તમારો આંધળો થયો છે?*
*એને દેખાડવા તમારે*
*જલાવવા પડે છે હજારો વોલ્ટના દીવા?*
*મારો ઈશ્વર તો ઓળખે છે મારા અંતરની વ્યથાને,*
*કોડિયાનું અજવાળું પણ ન હોય તોયે*
*દેખે છે મારી દુનિયાની દુર્દશાને!*

*તમારો કનૈયો કાન ફાડે તેવા અવાજમાં*
*નાચે છે ડિસ્કો-દાંડિયા?*
*મારો કાનો તો હજી*
*એ જ મધુરી વાંસળી વગાડે છે,*
*નચાવે છે મને*
*એના સુરીલા સંગીતમાં.*

*ચૂપ થઈ જાવ ઘડીભર,*
*બંધ કરો લાઉડ-સ્પીકરો,*
*બુઝાવી દો હજારો વોલ્ટના દીવાઓ—*
*તો તમને પણ સંભળાશે*

*અને દેખાશે એની રાસલીલા,*
*સંભળાશે દરેક પંખીના ટહુકામાં એની વાંસળી,*
*દેખાશે દરેક તારાના તેજમાં*
*એની આંખોનો પ્રકાશ અને તમારી પ્રજ્ઞાજ્યોત પણ પ્રજળી ઊઠશે.*

## 'શયદા'

—

*મકબરા જઈને જુઓ જેમાં સૂતા સુલતાન છે,*
*એ કબ્રથી કે'શે, અમારો દેશ હિંદુસ્તાન છે!*

## જિંદગીનો સાર...

*જિંદગીનો સાર જો પાણી મહીં:*
*એક પરપોટો થયો, ફૂટી ગયો.*

# શરદ ઠાકર

## 'બાંઝ ઔરત'

"ક્યા તકલીફ હૈ?"

"સા'બ, યે મેરી બેટી હૈ, મંગલા. શાદી કો એક સાલ હો ગયા, લેકિન અભી તક બચ્ચા નહીં હુઆ."

મારી નજર સામે બેઠેલી મંગળા ઉપર પડી. હજુ તો એ પોતે જ બાળક જેવડી લાગતી હતી. દૂબળી-પાતળી, બીધેલી હરણી જેવી, જાણે 'ઘર-ઘર' રમતાં રમતાં આ છોકરી ઘરગૃહસ્થીમાં જઈ પડી હોય. સાથે એની મા આવી હતી. ભણેલી-ગણેલી બહેનો લગ્ન કર્યા પછી એક-બે વર્ષ સુધી સંતાન ન જન્મે એ માટે શું કરવું એની સલાહ પૂછવા આવતી હોય છે, ત્યારે મંગળા સત્તર વર્ષની હશે ત્યારે પરણી ગઈ હશે ને અઢારમે વરસે એને ખોળાના ખૂંદનારની તરસ જાગી હતી.

મેં મારી ફરજ બજાવી. મંગળાનો કેસ કાઢ્યો. વિગતો ટપકાવી. પછી એને 'એક્ઝામિનેશન ટેબલ' ઉપર લીધી. પછી એ મા-દીકરીને સમજાવવા બેઠો.

"મારી દૃષ્ટિએ મંગળાને સારવારની જરૂર જ નથી. હજી તો એનાં લગ્નને માંડ એક વર્ષ પૂરું થયું છે. થોડી ધીરજ રાખો." નહીં સા'બ! અગર બચ્ચા નહીં હુઆ, તો ઉસકા ઘરવાલા ઉસકો વાપસ ભેજ દેગા."

"એમ તે કંઈ હોતું હશે? બાળક તો સારવાર પછી પણ કદાચ ન થાય. એમાં સ્ત્રીનો શો વાંક?"

"વો હમ કુછ નહીં જાને, સા'બ! બસ, તુમ ઇલાજ કરો." "સારું! મંગળાના વરને બોલાવો. પહેલાં એની લેબોરેટરીમાં તપાસ કરવી પડશે."

મંગળાની માના ચહેરા ઉપર નિરાશાની શ્યામલ છાયા ઢળી ગઈ.

“જમાઈ કી બાત જાને દો, સા’બ! વો ખરાબ આદમી હૈ. લડકી કો બહુત મારતા હૈ. ઉસકી તો બસ એક હી બાત હૈ: યા મુઝે બચ્ચા દો, વરના તુમ ચલી જાઓ. સા’બ, આપ જમાઈ કી બાત છોડ કર મંગલા કી દવા શુરૂ કર દો.”

મેં એમ જ ગોળીઓ ઉતારી આપી. શારીરિક સંબંધ માટેની તારીખો અને બીજી કેટલીક શિખામણો આપીને મેં એને વિદાય કરી.

એક મહિના પછી આકોલાથી ફોન આવ્યો: સારવારનું કંઈ પરિણામ આવ્યું ન હતું. ગઈ કાલે રાત્રે એના વરે એને ધરવ થઈ જાય એ હદે મારી હતી. જો એક-બે મહિનામાં કોઈ સારા સમાચાર નહીં મળે તો ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપી દીધી હતી.

હું આટલે દૂર બેઠાં બેઠાં શું કરી શકું? “મંગલા, જો ગોલિયાં મૈંને લિખી થીં, વો ફિરસે શુરૂ કર દો. ઔર ઇસ મહિનેમેં બારહ, ચૌદહ, સોલહ ઔર અઠારવીં તારીખ કો...” ફરી પાછી એ જ વૈજ્ઞાનિક સમજણ અને શિખામણ. બધું સાંભળી લીધા પછી એ ત્રસ્ત અબળાએ ફોન મૂકી દીધો. એના પતિથી ગુપ્ત રીતે બિચારી એસ.ટી.ડી. બૂથમાં આવીને મારી સાથે વાત કરતી હતી.

અને એક કમભાગી દિવસે એના ધણીએ બાપડીને મારી-મારીને લોથ જેવી કરી નાખી, “નિકલ જા, સા... ઘરમેં સે. તેરે જૈસી બાંઝ ઔરત કો ઘરમેં રખને સે ક્યા ફાયદા?”

મંગલા રડતી-વલખતી અમદાવાદ આવી. બીજે દિવસે મા એને લઈને મારી પાસે આવી. મેં સારવાર આપતાં પહેલાં એને ફરી એક વાર તપાસી લીધી. પછી હર્ષવિષાદ અને કરુણાના મિશ્ર ભાવો સાથે નિદાન જાહેર કર્યું, “મંગલા, તુમ મા બનનેવાલી હો.” અને એ ધ્રુસકે-ધ્રુસકે રડી પડી. એની માની આંખોમાં ચમક હતી, “સા’બ, અબ જમાઈ મેરી બેટી કો વાપસ બુલા લેગા.”

['દિવ્ય ભાસ્કર' દૈનિક: ૨૦૦૫]

# શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય

## “પ્રાર્થના કરીશ કે—”

અનાગત ભવિષ્યકાળમાં મારાં લખાણનું મૂલ્ય રહેશે કે નહિ એનો હું વિચાર કરતો નથી. તેનું આયુષ્ય જો પૂરું થઈ જાય તો તે એક જ કારણે પૂરું થઈ જશે—કે તેના કરતાં વધારે વિશાળ, વધારે સુંદર, વધારે પરિપૂર્ણ સાહિત્યના સર્જનમાં તેના હાડપિંજરની જરૂર પડી હશે. હું તો આ વિશે દુઃખ ન કરતાં ઊલટો પ્રાર્થના કરીશ કે મારા દેશમાં, મારી ભાષામાં, એવું મહાન સાહિત્ય જન્મ પામો કે જેની તુલનામાં મારાં લખાણ તુચ્છ લાગે.

## છેતરાઈએ ભલે!

સ્ત્રીના કલંકની વાત ન માનવાથી છેતરાઈએ તે ભલે; પણ એ માનીને પાપના ભાગીદાર થવું ખોટું.

# શરીફા વીજળીવાળા

## અરધી સદીની સુંદરતા-અસુંદરતા

[અબ્દુલ્લા હુસૈનની ઉર્દૂ નવલકથા 'ઉદાસ નસ્લેં' પાકિસ્તાનના સર્વોચ્ચ સાહિત્યિક સન્માન 'આદમજી પુરસ્કાર'થી ૧૯૬૩માં નવાજાયેલી છે. લેખક પાકિસ્તાની છે. પણ જેમની અર્ધી જિંદગી હિન્દુસ્તાનમાં ગઈ હોય, હિન્દુસ્તાનનાં હવાપાણીથી જેનાં તન-મન પોષાયાં હોય, અહીંની સંસ્કૃતિ, પુરાણકથાઓ જેમના લોહીમાં ભળેલી હોય એવા સર્જકો પૂરી પ્રામાણિકતા અને તટસ્થતાથી લખે ત્યારે એ કયા દેશના છે એ વાત ગૌણ થઈ જવાની.]

અબ્દુલ્લા હુસૈનની 'ઉદાસ નસ્લેં', કુર્તલૈન હૈદરની 'આગ કા દરિયા', રાહી માસૂમ રઝાની 'આધા ગાઁવ', ભીષ્મ સાહનીની 'તમસ', ઇંતિઝાર હુસૈનની 'બસ્તી' વગેરે એવી કૃતિઓ છે જે આપણને વિભાજનનાં કારણોનાં મૂળ સુધી અને વિભાજન પછીની બેઉ દેશની પરિસ્થિતિ સુધી લઈ જાય છે. સમતોલ, સ્વસ્થ દૃષ્ટિકોણથી લખાયેલી આ કૃતિઓમાં કારણ વગર વિભાજનનો ભોગ બનનાર નિર્દોષ, આમ આદમી કેન્દ્રમાં રહ્યો છે. આ સાહિત્યકારોએ માત્ર એ સમયગાળાની બર્બરતાના યથાતથ ચિત્રણ પર ભાર નથી મૂક્યો, એમણે માનવીય સંવેદનાનાં ઊંડાણ તાગવાની કોશિશ કરી છે. હેવાનિયત કોઈ એક ધર્મ કે સમુદાયની વિશેષતા નથી, એ માનવમનની સંકુલ એવી સમસ્યા છે, એવું આ કૃતિઓ સમજાવે છે.

'ઉદાસ નસ્લેં'ને ઉર્દૂની શ્રેષ્ઠ નવલકથા માનવામાં આવે છે. આ બૃહદ્ કૃતિમાં ૧૯૧૩થી લઈને ૧૯૪૭ સુધીના ભારતના રાજકીય, સાંસ્કૃતિક ઉતારચઢાવ સાથે પ્રજાની બદલાતી જતી માનસિકતા આલેખાઈ છે. પ્રજાની મૂંઝવણો, એનું શોષણ, સંઘર્ષનું ચિત્ર તેમાં આલેખાયું છે. ગોખલે, એની બેસન્ટ, જિન્નાહ, ઈકબાલ, મૌલાના શૌકતઅલી જેવા

નેતાઓ કૃતિનાં પાત્રો સાથે વાતો કરતા બતાવાયા છે. જલિયાંવાલા બાગ હત્યાકાંડ, પ્રિન્સ ઓફ વેલ્સનું આગમન તથા સાઈમન કમિશનનો વિરોધ જેવી ઘટનાઓ મુખ્ય પાત્રોની સંડોવણી દ્વારા આલેખાઈ છે. આ મહાનવલને મુખ્ય પાત્ર નઈમ દ્વારા ગૂંથવામાં આવી છે. વિભાજનને વારંવાર નકારતો નઈમ, 'હું ધરાર દિલ્હી નહીં છોડું' કહેતા રોશન આગા અને એમના જેવા બીજા ઘણા અંતે કેમ પાકિસ્તાન જનારા કાફલામાં જોડાઈ ગયા? આ 'કેમ' પાછળનાં કારણો અને કોઈ મંજિલ વગરની સફરની અનર્થકતા વ્યથિત કરી દે એ રીતે આલેખાયાં છે. અદ્ભુત સર્જક તાટસ્થ્યથી લખાયેલી આ મહાગાથામાં હિન્દુસ્તાનની ધરતીની મીઠી સુગંધ છે. તો સાથે સાથે બે ટુકડામાં વહેંચાઈ જનારા લોકોની વેદના અને આક્રોશ પણ છે.

જગતસાહિત્યમાં એવી કેટલીય નવલકથાઓ લખાઈ છે જેમાં બદલાતાં જતાં સામાજિક, આર્થિક, રાજકીય, નૈતિક મૂલ્યોની સમાંતરે યુગપરિવર્તનનું ચિત્ર આલેખાયું હોય. સ્ટાઈનબેકની 'ગ્રેઇપ્સ ઓફ રોથ', દોસ્તોએવ્સ્કીની 'બ્રધર્સ કારામાઝોવ', ટોલ્સ્ટોયની 'વોર એન્ડ પીસ', કુર્તલૈન હૈદરની 'આગ કા દરિયા' ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર'... આ બધી વિશિષ્ટ પ્રકારની નવલકથાઓ છે. 'ઉદાસ નસ્લેં'નો પણ આમાં જ સમાવેશ કરી શકાય.

પ્રજાના અલગ અલગ સમૂહોનાં માનસિક, સામાજિક પરિવર્તનોને લેખકે કલાકારની કલમે આલેખ્યાં છે. ઝીણી ઝીણી વિગતો દ્વારા લેખકે આ સમયગાળાનું, ભયાનક બર્બરતાભર્યું વાતાવરણ મૂર્ત કરી આપ્યું છે. વિભાજનવિષયક ઘણી બધી વાર્તા-નવલકથા જુગુપ્સિત વર્ણનો દ્વારા પણ જે નથી કરી શકી એવો માહોલ આ લેખક ભારે સંયમથી ઊભો કરી શક્યા છે.

ભારતની અર્ધી સદીનું વાસ્તવદર્શી ચિત્ર રજૂ કરતી આ નવલકથા માટે કૃષ્ણચંદરે કહ્યું છે: "હિન્દુસ્તાન કી બીસવીં સદી જો સ્વાધીનતાસંઘર્ષ, અકારણ ખૂંરેજી ઔર આધ્યાત્મિક ઉથલ-પુથલ કી દ્યોતક હૈ, અપની સંપૂર્ણ સુંદરતા ઔર અસુંદરતા, દુ:ખ ઔર સુખ કે સાથ ઇન પૃષ્ઠોં

મેં સાઁસ લેતી નઝર આતી હૈ. ‘ઉદાસ નસ્લેં’ ઇસ સ્તર કા ઉપન્યાસ હૈ કિ ઇસે નિ:સંકોચ સંસાર કે શ્રેષ્ઠ ગદ્ય સાહિત્ય મેં સ્થાન દિયા જા સકતા હૈ.”

[‘પ્રત્યક્ષ’ ત્રિમાસિકઃ ૨૦૦૩]

## “અહીં તમારી સત્તાનો અંત આવે છે!”

સ્ત્રીના શારીરિક શોષણની સામેનો પ્રબળ વિદ્રોહ મહાશ્વેતા દેવીની ‘દ્રૌપદી’ વાર્તામાં કલાત્મક સ્તરે પ્રગટ્યો છે. નક્સલવાદી આંદોલન દરમિયાન જમીનદારીનો વિરોધ કરીને નીકળી પડેલા આદિવાસીઓમાંની એક સ્ત્રી છે દોપડી. દ્રૌપદી તો સવર્ણોનું નામ. દ્રૌપદીનો પતિ દુલન અને બાકીના સાથીઓ પોલીસના હાથે મરાયા, પણ દ્રૌપદી બચી ગઈ હતી. દ્રૌપદી પકડાય છે અને સેનાનાયક એને ‘ઠેકાણે લાવવા’નો હુકમ આપે છે. પાંચ-છ-સાત આવ્યા એને ઠેકાણે લાવવા ત્યાં સુધી દ્રૌપદીને ખબર છે... પછી એ બેહોશ થઈ જાય છે. ફરીવાર હોશમાં આવે છે અને ફરી શરૂ થાય છે એને ઠેકાણે લાવવાની પ્રક્રિયા... ને પછી ચાલુ જ રહે છે... સવાર પડે છે. એક માણસ એને સેનાનાયક પાસે લઈ જવા આવે છે. દ્રૌપદી એણે આપેલા પાણીના ઘડાને લાત મારીને ઢોળી નાખે છે. પહેરવા આપેલાં કપડાંના દાંતથી લીરેલીરા ઉડાડી દે છે અને લેવા આવનારને કહે છેઃ “ચાલ, ક્યાં લઈ જવી છે મને?” નગ્ન દ્રૌપદીને લોહી નીંગળતી હાલતમાં, ઉઝરડાયેલી-ઘારાં પડી ગયેલી છાતી સાથે ટટ્ટાર ડોકું રાખીને ચાલી આવતી જોઈ સેનાનાયક બેબાકળો બની જાય છે. અટ્ટહાસ્ય કરતી દ્રૌપદી ત્રાડે છેઃ “કપડાંનું શું કામ છે? તમે મને નગ્ન કરી શકો, પણ તમે મને કપડાં કઈ રીતે પહેરાવી શકવાના! સ્ત્રીને નિર્વસ્ત્ર કરવા સાથે જ તમારી સત્તા સમાપ્ત થઈ જાય છે. અને આમેય અહીં કોઈ પુરુષ છે ખરો કે મારે અંગ ઢાંકવું પડે?” પોતાની ઘારાં પડી ગયેલી છાતીથી સેનાનાયકને ધક્કો મારતી દ્રૌપદી ત્રાડે છેઃ “તમે આનાથી વધુ કરી શું શકવાના? અહીં તમારી સત્તાનો

અંત આવે છે!” ને દ્રૌપદીના તાપ સામે આ સત્તાધીશ પુરુષ દયામણો લાગે છે. એની જિંદગીમાં સેનાનાયક પહેલીવાર આટલો બધો ડર્યો છે.

‘મહાભારત’ની દ્રૌપદીને ભરી સભામાં કર્ણે વેશ્યા કહી હતી. અને એને નગ્ન કરવામાં કંઈ વાંધો નથી એવું કહ્યું હતું. વસ્ત્રાહરણ કરવા મથતી પુરુષોની જમાતને આ અભણ, આદિવાસી દ્રૌપદી જડબાંતોડ જવાબ આપે છેઃ “આવો મારી સામે, બોલો આનાથી વધુ તમે શું કરી શકવાના?” મહાશ્વેતાદેવીની દ્રૌપદી સ્ત્રીની ઈશ્વરદત્ત નબળાઈને અતિક્રમી ગઈ છે. આ એકલી સ્ત્રી પુરુષોની સત્તાની મર્યાદાને બતાવી શકી છે.

[‘અર્થાત્’ ત્રિમાસિકઃ ૨૦૦૪]

# નામની પીડા

અક્ષરધામના હત્યારાઓને સજા થવાથી મારી જેવા દરેક માનવતાવાદી રાજી થાય જ. પણ સાથે સાથે મારી અંદરનો સાચો હિંદુસ્તાની જીવ એવી માગણી ચોક્કસ કરે કે એની પહેલાં થયેલાં નરોડા પાટિયા કે ગુલમર્ગ સોસાયટી કે એવા તો ઘણાય હત્યાકાંડ... વગેરેની સજા ક્યારે થશે? આ બધા બનાવના આંખે દેખ્યા સાક્ષીઓ છે, એમાં કયાં મોટાં માથાંઓ જાતે હાજર હતા એ દુનિયા આખી જાણે છે, છતાં આ બાબતે કંઈ જ નથી થયું એનું શું?

મારા માટે દરેક હત્યાકાંડમાં મરનાર ‘માણસ’ જ હોય છે. હું એને હિંદુ કે મુસ્લિમના ખાનામાં વહેંચી શકતી નથી. મારા માટે દરેક આતંકવાદી માત્ર હત્યારો છે. એને કોઈ ધર્મ નથી. ઇન્સાનિયતના દુશ્મનોને કોઈ એક કોમનું નામ હોય એના કારણે આખી કોમને ભાંડવી એ ક્યાંનો ન્યાય? પછી તો એક શ્વાસે ગાયત્રી મંત્ર બોલનાર, હનુમાન ચાલીસા જપનાર, ભજનો-કીર્તન ગવડાવનાર, ‘ગીતા’નું તત્ત્વજ્ઞાન જાણનાર, ‘રામાયણ’-‘મહાભારત’ પર વ્યાખ્યાન આપનાર શરીફાને પણ એના

નામની સજા થાય જ. મને ધરાર ઘર નહીં આપનારાને પછી હું ખોટા કઈ રીતે કહું? લોકો જો વ્યક્તિના નામની સજા આખી કોમને આપતા હોય, તો મારી દેશભક્તિ પુરવાર કરવા બાબતે મારે શું કરવું? સતત શંકાની સોયનો ભોગ બનનારા, મુસ્લિમ નામની પીડાને સાથે લઈને ફરનારા અમારી જેવા કઈ રીતે રોજ થોડું થોડું મરીને જીવીએ છીએ એ જાણો છો? તમારી જેટલી જ તીવ્રતાથી આતંકવાદને હું પણ ધિક્કારતી હોઉં છતાં મારી હાજરીમાં લોકો વાત ન કરે, કરતા હોય તો મારા પ્રવેશવા સાથે મુંગા થઈ જાય... આની પીડા કેવી હોય તેનું અનુમાન કરી શકો છો ખરા? મારી જેવા કેટલાંય આ નામની પીડાનો ભોગ બનતાં હશે એ બાબતે કદી વિચાર કર્યો છે તમે?

['નિરીક્ષક' પખવાડિક: ૨૦૦૬]

## ખામોશ પાની

ભારતવિભાજનની ઘટનાને પશ્ચાદ્ભૂમાં રાખીને બનાવેલી, ૧૫ જેટલા આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીતી ચૂકેલી, આ પાકિસ્તાની ફિલ્મમાં લગભગ દરેક વ્યક્તિએ એટલી સાહજિક રીતે પાત્ર ભજવ્યાં છે કે એ લોકો અભિનય કરે છે એવું કોઈ જગ્યાએ લાગતું જ નથી.

યુદ્ધ હોય કે કોમી તોફાન, વિયેતનામ હોય કે અફઘાનિસ્તાન, ભારત હોય કે પાકિસ્તાન, સૌથી વધુ વેઠવાનું-શારીરિક અને માનસિક બેઉ સ્તરે-હંમેશાં સ્ત્રીઓના ભાગે જ આવે છે. ૧૯૪૭ના ઓગસ્ટ પહેલાં અને પછીના મહિનાઓમાં દુનિયાના ઇતિહાસે કદી ન જોઈ હોય એવી વસ્તીની જંગી ફેરબદલ દરમિયાન આપણા દેશમાં વ્યાપેલી અરાજકતામાં સ્ત્રીઓ પર અમાનુષી અત્યાચારો થયા. પોતાની પત્ની, બહેનો, દીકરીઓનું રક્ષણ કરવા માટે અસમર્થ રહેલા પુરુષોએ પોતાની અસહાયતા તથા નિર્બળતાનો બધો જ ગુસ્સો સામેની કોમની સ્ત્રીઓ પર અત્યાચારો ગુજારીને કંઈક અંશે હળવો કર્યો. આમાં કોઈ કોમ

ઓછી નહોતી ઊતરી. લાખો સ્ત્રીઓનાં અપહરણ થયાં, હજારોએ કૂવા પૂર્યા. અપહૃત સ્ત્રીઓની હત્યામાં નહીં પણ એને બેઆબરુ કરવામાં જ બેઉ કોમને રસ હતો. આવી સ્ત્રીઓ ચાર-પાંચ વાર વેચાઈ, કેટલીક ગાંડી થઈ ગઈ તો કેટલીક લશ્કરના જવાનોને હવાલે કરી દેવાઈ. મા-બાપ-ભાઈ વગેરેએ એક જગ્યાએથી સલામત રીતે બીજી જગ્યાએ ખસી જવા માટે બહેન-દીકરીના સોદા કર્યાના દાખલા પણ અનેક છે. રાન રાન ને પાન પાન થઈ ગયેલી આવી સ્ત્રીઓ પોતાની, પોતાનાં કુટુંબીજનોની લાચારી કે કાયરતાને જોઈને વિધર્મી પુરુષની થઈ પણ જતી. બળજબરી કરનાર સાથે જિંદગી નિભાવી હોય એવી સ્ત્રીઓની સંખ્યા નાનીસૂની નહોતી. જોકે લૂંટનારા હાથોએ પછીથી પ્રેમ પણ કર્યો હોય અને જિંદગીભરનો સાથ નિભાવ્યો હોય એવા પણ પાર વગરના દાખલા નોંધાયેલા છે. બળજબરીથી વશ કરાયેલી સ્ત્રીઓની વિધર્મીને ત્યાં નવેસરથી મૂળિયાં રોપવાની કુદરતી તાકાત માટે આપણને નર્યો અહોભાવ જ થાય. આવી જ એક સ્ત્રી વિશેની વાત ‘ખામોશ પાની’માં થઈ છે.

વિભાજન બાદ ૩૦-૩૫ વર્ષ પછીના પાકિસ્તાનની વાત આ ફિલ્મ કરે છે. ‘ખામોશ પાની’ની વાર્તા ૧૯૭૯માં શરૂ થાય છે. જનરલ ઝિયા ઉલ હકના શાસનકાળ દરમિયાનનું પાકિસ્તાન અહીં નજરે પડે છે. આ સમય દરમિયાન પાકિસ્તાન પર અંતિમવાદીઓની-જેહાદીઓની પકડ વધુ ને વધુ મજબૂત થતી જતી હતી. ચોતરફ મુલ્લાઓ-મૌલવીઓનું શાસન હતું. આગ ઓકતાં ભાષણો થઈ રહ્યાં છે. કાફિરો (એટલે મુસલમાન નથી તે બધા જ) સામેનો તિરસ્કાર ભાષણો દ્વારા, પત્રિકાઓ દ્વારા ઠલવાઈ રહ્યો છે. આ ફિલ્મના નાયક સલીમની જેમ બેકાર, રાહ ભટકેલા યુવાનો ક્યારેક હતાશાના માર્યા જેહાદીઓના હાથા બની જાય છે અને પછીની એમની મંઝિલ હોય છે ટ્રેનિંગ કૅમ્પ અને હાથમાં પિસ્તોલ કે થ્રી નોટ થ્રી. કોઈ પણ દેશ ટોપી-ટીલાં-ટપકાં કે દાઢીઓવાળાના હાથમાં જાય તો એની શી અવદશા થાય એનો સીધો ચિતાર અહીં મળે છે. વિભાજન વેળાએ જેમના ભાગે સૌથી વધુ સહન

કરવાનું આવ્યું હતું એવી હજારો કમભાગી સ્ત્રીઓની એક પ્રતિનિધિ વીરોની વાત દિગ્દર્શકને કરવી છે. પાકિસ્તાનના એક કસ્બામાં રહેતી, મુસ્લિમ છોકરીઓને 'કુરાન' પઢાવતી, સપનાંઓમાં જીવતા ૧૮-૨૦ વર્ષના દીકરા સલીમને કંઈક કામ કરવા સમજાવતી આયેશા નમાઝ પઢે છે, મઝાર પર જઈ દુવા માગે છે. આ સ્ત્રી મુસલમાન નહીં હોય એવી શંકા પણ નથી કરી શકાતી. કદાચ એ પોતે પણ ભૂલી ગઈ છે કે જન્મથી એ મુસલમાન નહોતી.

પાકિસ્તાનના એક કસ્બામાં છત પર કપડાં સૂકવતી બે સ્ત્રીઓના દશ્યથી ફિલ્મનો આરંભ થાય છે. એમની બોલી, પહેરવેશ દર્શાવે છે કે વિસ્તાર પંજાબનો છે. દીકરા સલીમ માટે મા કામ શોધી લાવે છે, પણ એ નવાબજાદાને નાની-મોટી નોકરી કે ખેતીમાં રસ નથી. મોટી મોટી વાતો કરવી અને ઝુબેદાના પ્રેમમાં ઘેલા ઘેલા ફરવા સિવાય એને કોઈ ધંધો નથી. એવું ભણ્યો પણ નથી કે એને કોઈ સારી નોકરી આપે. પતિના પેન્શનમાંથી અને છોકરીઓને 'કુરાન' શીખવવામાંથી ઘર ચાલે છે. અહીં પડોશણ સાથેની વાતોમાં, ભેળા થઈને નખાતાં અથાણાં, સૂકવાતાં મરચાં, કપડાંનાં લેવાતાં માપ, માથામાં નખાતાં તેલ, બજારમાં હજામત કરાવતા પુરુષો, ક્રિકેટ મૅચ પાછળ બધું ભૂલી જતા લોકો... આમાંનું એક પણ દશ્ય આપણને અજાણ્યું કે પરાયું નહીં લાગે. ભારતના ભાગલા કઈ હદે અકુદરતી હતા એ અહીં વગરકહ્યે વ્યંજિત થઈ શક્યું છે. પંજાસાહેબના દર્શને આવેલા શીખોને પ્રજા ઉષ્માભર્યો આવકાર આપે છે એ જેહાદીઓને ખૂંચે છે. સામાન્ય પ્રજા માને છે કે આ લોકો તીર્થયાત્રા કરવા આવ્યા છે, જ્યારે જેહાદીઓ કહે છે એ લોકો જાસૂસી કરવા આવ્યા છે.

સલીમ જેવા ગુમરાહ-બેકાર યુવાનોને ઈમાન-ધરમ શું છે એ આ અંતિમવાદીઓએ શીખવેલું છે. (સલીમનો પ્રશ્ન એ કોઈ પણ બેકાર યુવાનનો પ્રશ્ન છે-પછી એ જેહાદી મુસ્લિમ હોય, વિહિપ કે બજરંગદળનો યુવાન હોય... આ બધાએ મગજના દરવાજા બંધ રાખેલા હોય છે.) માના પગમાં જન્નત છે એવું ધર્મ શીખવે, પણ સલીમ તો મુસલમાન

હોવાના ગુરુરમાં માને 'કાફિર' કહે છે.

આખી ફિલ્મ દરમિયાન કૂવાના શાંત જળમાં પેદા થતાં વમળોના પ્રતીક દ્વારા ડહોળાતા વાતાવરણને, ડહોળાતાં મનને વ્યક્ત કર્યાં છે. શ્વેત-શ્યામ રંગમાં વારેવારે એક કૂવો, એમાં પડતી સ્ત્રીઓ, નહીં પડી શકતી ૧૮-૧૯ વર્ષની વીરો; હરિણીની જેમ ભાગતી વીરો, પાછળ પડતા, ઘસડી લઈ જતા પુરુષો, એ બધાના હાથમાંથી છોડાવી, મોંમાં કોળિયો દેનારો એક ચહેરો (જેનો ફોટો દીવાલ પર લટકે છે તે), દોડતી ટ્રેનોની આવન-જાવન... આ બધાં દૃશ્યો કૂવે જતી કે લોઢાની પેટી ખોલતી કિરણના મનમાં કૂવાના જળમાં ઊઠતા વમળની જેમ ઘૂમરાયે રાખે છે. તાળામાં બંધ રહેતી લોઢાની એક પેટીમાં પોતાના ભૂતકાળને બંધ કરીને જીવતી આ સ્ત્રી પેટીમાં 'કુરાન'ની સાથે નાનકસાહેબનો ફોટો પણ સાચવીને બેઠી છે. ત્યારે પૂર્વ પંજાબથી પંજાસાહેબના દર્શને આવેલા શીખોના ટોળામાંનો એક શીખ આ પ્રદેશનો જાણકાર હોય એવી નજરે ચોતરફ બધું જોઈ રહ્યો છે. વર્ષો પહેલાં લખાયેલો હોય એવો એક જર્જરિત કાગળ હાથમાં લઈ એ ઠેરઠેર શોધતો ફરે છે. ચાની દુકાને બેઠેલ ટપાલીને ખબર છે કે એ કોને શોધી રહ્યો છે. ટપાલીની બહેન પણ ૧૯૪૭માં ગાયબ થઈ ગયેલી છે. એ પેલા શીખોને સાચું કહી દે છે. શીખ ખડકી ઉઘાડે છે. "હું જશવંત, વીરો..." પણ પેલી ના પાડે છે. "તમે ઘર ભૂલ્યા, ભાઈ; અહીં એ નામની કોઈ સ્ત્રી નથી રહેતી..." હજી આ વાત ચાલતી હતી ને ફટકેલા મગજવાળો દીકરો આવી ચડે છે. "આ મુસલમાનનું ઘર છે. તમે અહીં શું કરો છો?" બંધ થતી ખડકી પાસે શીખ રાડો પાડી રહ્યો છે: "એ મારી બહેન છે. વીરો, પિતાજી મરી રહ્યા છે. મરતાં પહેલાં એક વાર તને જોવા માગે છે, વીરો..." એના હાથમાંનું લોકેટ લઈ સલીમ ખડકી ભીડી દે છે. લોકેટમાં વીરોનો યુવાનીનો ચહેરો જોઈ દીકરો ભડકે છે. "તો એમ વાત છે? મારી મા કાફિર છે?"

મા પર એનું દબાણ વધતું જાય છે: તું બધા સામે એક વાર કબૂલી લે કે તું મુસલમાન છે. બધાનાં મોં આપોઆપ બંધ થઈ જશે.

તું બોલતી કેમ નથી?... પાસ-પડોશના લોકો સંબંધ તોડી નાખે છે. પગના તળિયામાં તેલ ઘસી આપતી, પાણી ભરી આપતી અલ્લાળી પણ નથી આવતી. ને પડોશણ રાબ્બો પણ ‘દીકરીના લગ્નમાં હું તો ઇચ્છું તું આવે, પણ...’ કહીને મૂંગી થઈ જાય છે. વળી એક વાર વીરોની ઓળખ છીનવાઈ જાય છે.

કૂવા પાસે ભાઈ સાથે લડતી વીરો ભાઈને પૂછતી હતી: “તું કેમ આવ્યો છે? તમે તો ૩૦-૩૫ વર્ષથી મને મરેલી માની જ હતીને? તો હવે આટલાં વર્ષે શા માટે આવ્યો છે? મેં માંડ માંડ મારી જિંદગીને થાળે પાડી હતી, માંડ ઠરીઠામ થઈ હતી. તમે તો કદી ભાળ કાઢી નો’તી કે વીરો જીવે છે કે મરી ગઈ છે. માંડ શાંત પડેલા જળને વળી ડહોળવા કેમ આવ્યો છે? મને જીવતી મારીને તમારા કલેજે ઠંડક નથી વળી? આબરુ બચાવીને તમને તો જન્નત મળી ગયું ને? પણ મારા માટે કયું જન્નત? મુસલમાનોનું કે શીખોનું? મેં પોતે મારી જિંદગી બનાવી. તમારા સાથ કે ટેકા વગર જ. હવે આ જ મારી જિંદગી છે. તું જા અહીંથી ને મને મારા હાલ પર છોડી દે...”

રસ્તા પરના સરઘસમાં જોયેલા ખૂની ચહેરાઓમાં એને ઝાંખો પડી ગયેલો ભૂતકાળ ફરીથી જીવતો થતો લાગે છે, કૂવાનાં જળ વમળાતાં નજરે પડે છે... ને અચાનક જ શાંતચિત્તે વીરો પોતાનો રસ્તો શોધી લે છે. નમાઝ પઢી, હળવેકથી બારણું ખોલી બહાર નીકળી જાય છે. કૂવા પર ઊભી રહે છે ને એક ધૂબાકો... ઘડીક વમળાતાં જળ વળી શાંત થઈ જાય છે. ૧૯૪૭માં ઠેકડો નહીં મારી શકેલી વીરોને એ જ કૂવાનો આશરો લેવો પડે છે.

ઉત્તમ દિગ્દર્શન, ઉત્તમ અભિનેત્રીના પુરસ્કારો જીતેલી આ ફિલ્મ આ સમયગાળામાં સ્ત્રીઓના ભાગે જે પીડા આવેલી એને જરાય બોલકા બન્યા વગર, કલાત્મક ઢબે આલેખે છે. સમાંતરે ધર્મઝનૂન, અંતિમવાદીઓનું ગાંડપણ સલીમ જેવા યુવાનોને કઈ હદે ગુમરાહ બનાવે છે એ પણ વ્યક્ત થતું રહ્યું છે. બેઉ દેશની આમપ્રજામાં કઈ

હદે સમાનતા છે એના પર અહીં ભાર મુકાયો છે.

['પરબ' માસિક: ૨૦૦૬]

# શાંતિલાલ જાની

## અમે—તમે

*અમે ધરતી ને તમે આભ:*
*લ્યો, ચારે છેડે છાઈ ગયા;*
*તમે ચાંદરણું, અમે ચાકળો:*
*કિરણ કિરણ ઢંકાઈ ગયાં.*

*અનરાધાર અષાઢ તમે*
*ને અમે નવાણે નીર;*
*અમે ખેડેલાં ખેતરાં ને તમે વણબોટ્યું બીજ.*
*અમે વડવાયું, તમે વૃક્ષ:*

*લ્યો, વળ વળમાં ગંઠાઈ ગયાં;*
*તમે ટહુકો ને અમે પડછંદા:*
*નાદે નાદે નાહી ગયાં.*
*તમે ડેલીના ડાયરા,*

*અમે મેડીની બોલાશ;*
*તમે દુહા ને રાસ અમે: લ્યો,*
*રગરગમાં રંગાઈ ગયાં.*
*તમે કાંગરિયાળા કાંઠલા,*

*અમે ભીંત્યું ઝાકમઝોળ;*
*તમે અમારાં પાનેતર:*
*અમે તમારા ખેસ.*

['સ્ત્રી-જીવન' માસિક: ૧૯૭૬]

# શાંતિલાલ ડગલી

## સત્તાવન સેન્ટ

એક નાના દેવળ પાસે ડૂસકાં ભરતી એક બાળા બહાર ઊભી હતી. “અંદર હવે જગ્યા નથી,” એમ કહીને તેને દેવળમાં આવવા દીધી નહોતી.

થોડી વારમાં વડા પાદરી એની પાસેથી પસાર થયા ત્યારે એને ડૂસકાં ભરતી જોઈને કારણ પૂછ્યું, તો તેણે કહ્યું: “મને દેવળની રવિવારની પાઠશાળામાં જવા દેતા નથી.” એ લઘરવઘર અને મેલીઘેલી છોકરી પ્રત્યે એમને કરુણા ઊપજી. હાથ પકડીને વડા પાદરી એને અંદર લઈ ગયા અને બીજાં બાળકો સાથે તેને રવિવારની પાઠશાળામાં બેસાડી. છોકરીના આનંદનો પાર ન રહ્યો. એ છોકરી સૌને એટલી વહાલી લાગી કે તેને બીજી છોકરીઓ સાથે રૂમમાં રહેવા-સૂવાની સગવડ કરી આપી. રાતે તેણે સરસ ઊંઘ લીધી. પણ જે બાળકોને ભગવાનને ભજવાની આવી સગવડ નથી મળતી એ બાળકો એને સૂતાં પહેલાં બહુ યાદ આવ્યાં.

એ છોકરીનાં મા-બાપ તો ઝૂંપડપટ્ટીમાં રહેતાં હતાં, એટલે બીજે દિવસે એ એમની પાસે ચાલી ગઈ. પણ દેવળની રવિવારની પાઠશાળામાં હવે એ નિયમિત જતી હતી.

બેએક વરસ પછી એક દિવસ એ છોકરીનું શબ ગરીબો માટેની વસાહતના એક મકાનમાં પડેલું જોવા મળ્યું.

એની અંતિમક્રિયામાં મદદરૂપ થવા મા-બાપે એના દોસ્ત બની ગયેલા પેલા વડા પાદરીને બોલાવ્યા. એમણે આવીને છોકરીના શબને સરખી રીતે મૂકવા ઉપાડ્યું, તો ચીંથરેહાલ એક નાનો બટવો એની નીચે પડેલો જોયો. કોઈ ઉકરડામાંથી તેને આ બટવો મળ્યો હશે એવો લાગતો હતો. એ બટવામાં ૫૭ સેન્ટ હતા અને સાથે એક ચબરખી

હતી. બાળકના જેવા ગડબડિયા અક્ષરવાળી એ ચબરખીમાં લખ્યું હતું: “વધુ બાળકો સમાઈ શકે એવી મોટી પાઠશાળા બાંધવામાં કામ આવે એ માટે આ પૈસા છે; દેવળમાં આપી દેવાના છે.”

પાઠશાળા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એ છોકરીએ બે વરસમાં આટલી બચત કેવી રીતે કરી હશે તેના વિચારથી વડા પાદરી દ્રવિત થઈ ગયા.

દેવળના વિસ્તારના લોકોના સુખચેન માટે ખેવના રાખતા સુખી શુભેચ્છકોની તેમણે બીજે દિવસે મિટિંગ બોલાવી. પેલો બટવો અને પેલી ચબરખી ટેબલ પર મૂકીને તેમણે વાત શરૂ કરી. એ છોકરીના નિઃસ્વાર્થ પ્રેમ અને ભકિતભાવ વિશેની આખી કથા એમણે કહી અને પાઠશાળા માટે વધુ મોટું મકાન બાંધવા ભંડોળ ભેગું કરવા કમ્મર કસવા અપીલ કરી.

સ્થાનિક છાપાંમાં આ આખી વાત સારી રીતે પ્રસિદ્ધ થઈ. એક ધનિકના વાંચવામાં એ આવી. તેમણે લાખો રૂપિયાની કિંમતની ગણાય એવી જમીન બહુ ઓછી રકમ લઈને આપવા ઓફર કરી. દેવળના સંચાલકોએ એમને જણાવ્યું કે “આટલી બધી રકમ દેવળ આપી શકે તેમ નથી.” તો, પેલા ધનિકે કહ્યું: “આ આખી જમીન દેવળને ૫૭ સેંટમાં જ આપી દેવા તૈયાર છું.”

જમીન તો મળી. હવે મકાન બાંધવા પૈસા જોઈએ ને! નિઃસ્વાર્થ પ્રેમથી પેલી નાની છોકરી જે દાન આપતી ગઈ હતી તેણે ચમત્કાર સર્જ્યો. દાનનો ધોધ વરસવા માંડ્યો. એ છોકરીના અરધા ડોલર જેટલા દાનની રકમ વધીને અઢી કરોડ ડોલર જેટલી થઈ ગઈ. વીસમી સદીના આરંભકાળની આ વાત છે. એટલે એ જમાનામાં તો આ રકમ ઘણીબધી મોટી ગણાય.

અમેરિકાના વિખ્યાત શહેર ફિલાડેલ્ફિયાની આ બધી કથા છે. રવિવારની સવારની પાઠશાળાનું મજાનું મોટું મકાન તો થયું જ. એ ઉપરાંત, ત્રણ હજાર લોકો બેસી શકે એવું મોટું દેવળનું મકાન બન્યું. એક સરસ હોસ્પિટલ પણ થઈ અને હજારો વિદ્યાર્થીઓ ભણી શકે

એવી વિખ્યાત ટેમ્પલ યુનિવર્સિટી પણ ઊભી થઈ.

પાઠશાળાના મકાનના એક ઓરડામાં પેલી નાની છોકરીની તસવીર મૂકવામાં આવી છે. સાથે પેલા કરુણામૂર્તિ વડા પાદરીની પણ તસવીર છે.

['જન્મભૂમિ-પ્રવાસી' અઠવાડિક: ૨૦૦૪]

# શાંતિલાલ પટેલ

## બાબુભાઈ

૧૯૧૭માં ગાંધીજીએ સ્થાપેલ ગોધરાના હરિજન આશ્રમના એક કાર્યક્રમમાં બાબુભાઈ આવેલા. ખૂણામાં ચંપલ ઉતારવા તે ગયા ત્યાં ગંદકી જોઈને મને કહ્યું: “શાંતિલાલ, આશ્રમમાં સફાઈ થતી નથી?” અને તરત હાથમાં ઝાડુ લઈને સફાઈ કરવા માંડ્યા.

# ‘શાદ’

## દેંગે!

*કાતિલકા ઈરાદા હૈ બિસમિલકો મિટા દેંગે,*
*બિસ્મિલકા તકાજા હૈ કાતિલકો દુઆ દેંગે.*

# શાન્તનુ લ. કિરલોસ્કર

## “પણ જોજો હો...!”

[પ્રામાણિકતા અને તનતોડ પરિશ્રમનાં સનાતન ભારતીય મૂલ્યોની સાથે આધુનિક યંત્રવિદ્યાનો વિરલ સમન્વય કરનાર ભારતના એક આગેવાન ઉદ્યોગપતિ શાન્તનુ લ. કિરલોસ્કરે જુવાનીમાં અમેરિકા જઈ વિખ્યાત એમ. આઈ. ટી. સંસ્થામાં ઇજનેરીનો અભ્યાસ કરેલો. મહારાષ્ટ્રમાં પિતાના નાનકડા કારખાનામાં એ ૧૯૨૬માં જોડાયા અને અવિરત પુરુષાર્થને પ્રતાપે દેશભરમાં સન્માનિત ઉદ્યોગપતિ બન્યા. એકાણું વરસની વયે, ૧૯૯૪માં એમનું અવસાન થયું. ત્યારે કિરલોસ્કર જૂથના ઉદ્યોગો તરફથી કેટલાંક દૈનિક છાપાંમાં અરધાં પાનાં ભરીને જાહેરાતો આપવામાં આવેલી, તેમાં કિરલોસ્કર દાદાનો નીચેનો સંદેશો રજૂ થયેલો:]

મને ખબર છે કે તમને તો એક ફક્કડ બહાનું મળી જવાનું—પણ જોજો હો! મારું મરણ થાય ને હું અહીં આંટો મારવા ન આવ્યો હોઉં, એટલા ખાતર તે દિવસે કામ બંધ રાખતા નહીં.

અને હા, ગમગીન ચહેરાઓ લઈ લઈને ફરશો નહિ ને લાંબાંલચ ભાષણો કરતા નહિ—હું તો એવું એકાદુંયે ભાષણ સાંભળવા જેટલું બેસી શકું જ નહિ. એના કરતાં તો, અહં, તમે મને એકાદ મોટું કોમ્પ્રેસર કે ડીઝલ એન્જિન જ બનાવી આપોને! અમેરિકા કે ફ્રાંસથી કોઈ મોટો નિકાસ-ઓર્ડર મેળવી લાવો ને! એક સાવ નવા, ક્રાંતિકારી સુપર કમ્પ્યૂટરની રચના કરી આપોને!

તમને ઠીક પડે તે કરો—તમે દરજી હો, તો ગામના તમારા લત્તામાં સારામાં સારું પેન્ટ સીવનારા તમે હો એવું હું ઇચ્છું; અથવા હોટલના વેઇટર હો, તો એવી અફલાતૂન સર્વિસ આપો કે તમારે ત્યાં ઘરાકોની ભીડ જામ્યા કરે.

તમારે મને અંજલિ આપવી છે ને? ખુદાને ખાતર મારું કોઈ બાવલું બનાવશો નહિ. બસ, સરસ કામ કરતા રહો. આજે ને હરહંમેશ. એમ કરતાં કરતાં આપણે એક સરસ મજાનો મુલક ઊભો કરી દઈશું.

વફાદારી તો એક રોગચાળો છે. હમણાંનાં વરસોમાં ભારતમાં એ બહુ ફેલાયો છે. લોકો જ્યારે મને વફાદાર રહેવાની વાત કરે ત્યારે હું કહેતો હોઉં છું કે, મારે તો તમારી કે બીજા કોઈનીયે વફાદારી જોઈતી નથી—મારાં પોતરાંઓની પણ નહિ. કાલ સવારે હું ભ્રષ્ટાચારી બની ગયો, તો શું તમે મને વફાદાર રહેવાના? હું મરી જઈશ ત્યારે શું કરશો? તમારી વફાદારી ક્યાંક બીજે લઈ જશો? જેની કિંમત હોય એવી એકમાત્ર વફાદારી તો છે મૂલ્યો માટેની વફાદારી. કારણ, ફિલસૂફો ભલે ચાહે તે કહે પણ, અમુક મૂલ્યો કદી પણ બદલાતાં નથી. જેમ કે—ઉત્તમતા અથવા બુદ્ધિની ખડતલતા, ગતિશીલતા, ઇમાનદારી, કલ્પનાશકિત કે વિનોદવૃત્તિ.

# શામળ

## સપૂત કોણ?

*સપૂત તેહ કહેવાય, જે સીધે મારગ ચાલે;*
*સપૂત તેહ કહેવાય, અધર્મને જે ટાળે;*
*સપૂત તેહ કહેવાય, જે સ્વજનને સુખ આપે;*
*સપૂત તેહ કહેવાય, દીનનાં દુઃખડાં કાપે;*
*વળી સપૂત તેનું નામ છે, જેણે પ્રભુને પ્રીતે અરચિયા;*
*શામળ કહે સપૂત નરે દામ પરમારથ ખરચિયા.*
*સપૂત તેહ કહેવાય, વેપારથી જોડે ગર્થ;*
*સપૂત તેહ કહેવાય, પુણ્ય કરે હરિ અર્થ;*
*સપૂત તેહ કહેવાય, ચોરીચાડી નવ કરતો;*
*સપૂત તેહ કહેવાય, અપયશથી રહે ડરતો;*
*સપૂતને સુખ છે સ્વર્ગમાં, જોતાં સદ્ગુણ અતિ ઘણા;*
*શામળ કહે આ અવનિમાં, ધન્ય અવતાર છે નર તણા.*

## સદ્વિદ્યા

*મુકાવે વિદ્યા માન, પૂર્ણ જશ વિદ્યા પામે;*
*વિદ્યા શોભે વાન, નૃપતિ વિદ્યાને નામે;*
*વિદ્યા માંહીં વિવેક, વિમળ વિદ્યાથી વાણી;*
*વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહિની જાણી;*
*સદ્વિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યાથી વડું નહિ કશું;*
*સદ્વિદ્યા આગળ ધન કશું; વિદ્યાહીન જન તે પશુ.*

## ‘શાહબાઝ’

# બીજું ગગન

*જીત હું નીરખ્યા કરું સર્વદા મુજ હારમાં,*
*મુક્તિ મારી આખરે છે એક કારાગારમાં;*
*ડૂબીને તરતો રહીશ હું સાગરોની ધારમાં,*
*હોડી મારી લઈ જઉં હું ડૂબવા મઝધારમાં—*
*આપ જો સુકાન ધરવાનું વચન આપો મને!*

*આંખ ઊંચા તારલાના તેજને ચૂમી રહી,...*
*પાંખ આ ‘શાહબાઝ’ની ગગને બધે ઘૂમી રહી—*
*આ ગગન ટૂંકું પડે, બીજું ગગન આપો મને!*

[‘મિલાપ’ માસિક: ૧૯૬૨]

# શાહબુદ્દીન રાઠોડ

## સ્વરો વીસરાય તે પહેલાં...

ઑસ્ટ્રિયાના વિયેના શહેરની શેરીમાંથી બે સજ્જનો પસાર થઈ રહ્યા હતા. સાંજનો સમય હતો. શેરીના ખૂણા પરના ઘરમાંથી આવતા સંગીતના સ્વરો સાંભળી એક સજ્જનના પગ થંભી ગયા. સ્વરોમાં દર્દ ઘૂંટાઈને આવતું હતું અને સાંભળનારના હૃદયમાં કોઈ અદમ્ય ભાવો જગાવતું હતું. એ બોલ્યા, “ચાલ આપણે એ ઘરમાં જઈએ.”

બંને એ ઘર તરફ વળ્યા. બારણું ખુલ્લું જ હતું. ઘરમાં પ્રવેશ કર્યો. જે જોયું તેનાથી બંને સ્તબ્ધ બની ગયા. એક કિશોર કોથળા પર બેસી મોચીકામ કરી રહ્યો હતો. મોચીકામનાં ઓજારો, ચામડાના ટુકડા અને બૂટ-સેન્ડલ બાજુમાં પડ્યાં હતાં. દુર્ગંધ પણ આવતી હતી. કિશોરનાં કપડાં ગંદાં હતાં. એણે ઊંચે જોયું. બે ખાનદાન નબીરાઓને પોતાના ઘરમાં આવેલા જોઈ ભાવવિહીન ચહેરાથી માત્ર ‘પધારો સાહેબો’ કહી સ્વાગત કર્યું. એક મેલી ચાદર પાથરી છોકરાએ કહ્યું, “બેસો શ્રીમાન, આ મારી બહેન છે, તે અંધ છે. તેનો એકમાત્ર સહારો આ વાયોલિન છે અને મારો એકમાત્ર સહારો મારી બહેન છે.”

આ બાળા અંધ છે એવું જાણીને બંને સજ્જનોને બહુ દુઃખ થયું. એકે કહ્યું, “અમે પણ સંગીતમાં રસ ધરાવીએ છીએ. વાયોલિનના સ્વરો સાંભળ્યા અને અમે અમારી જાતને રોકી ન શક્યા. માફ કરજો, અમારા આગમનથી કાંઈ વિક્ષેપ થયો હોય તો!” અંધ બાળાએ કહ્યું, “આપની લાગણી માટે આભાર, મહેરબાન.” એક જ ઓરડો હતો. એ પણ ઠંડો હતો. ભોંય પર કાર્પેટ નહોતી. નહોતી ક્યાંય ફાયર પ્લેસ. ઠંડી સામે ટકી રહેવા ભાઈબહેનના દેહ પર પૂરાં વસ્ત્રો પણ નહોતાં. આખા ઓરડામાં ગરીબાઈ આંટો લઈ ગઈ હતી. આવનાર સજ્જનોમાંથી એક સંગીતમાં ઘૂંટાતા દર્દનું કારણ તરત જ સમજી ગયા. થોડી વાતચીત

થયા પછી અંધ બાળાએ પોતાનું સંગીત રજૂ કર્યું. સજ્જને કહ્યું, “વાહ, અદ્‌ભુત.” અને તરત જ અંધ બાળાએ વાયોલિન એ અવાજ તરફ ધરીને કહ્યું, “હવે આપ શ્રીમાન વગાડો.” એ સજ્જને વાયોલિન હાથમાં લીધું અને વેદનાના સ્વરો વાતાવરણમાં પ્રસરવા લાગ્યા. ઘેરા વિષાદની છાયામાં ચારેયનાં હૈયાં વિહ્‌વળ બની ઊઠયાં. દર્દના સૂરો શમ્યા એટલે અંધ બાળાએ કહ્યું, “આપ બિથોવન છો. કહો હા.” અને વાયોલિનવાદકે કહ્યું, “હા, હું બિથોવન છું.” લુડવિગ બિથોવન દુનિયાનો મહાન સંગીતકાર હતો. વર્દી, બાક, હેન્ડેલ, મોઝાર્ટ, શુબર્ટ, વાગ્નર, હાઇડન અને બિથોવન એમના જમાનાના યુરોપના મહાન સંગીતકારો હતા.

લુડવિગ બિથોવનનો જન્મ જર્મનીના બોન શહેરમાં ૧૭૭૦માં થયો હતો. એની ઊંચાઈ પૂરતી નહોતી પણ બાંધો કસાયેલો હતો. કાંઈક શોધવા મથતી હોય તેવી તેજસ્વી આંખો, મોટું કપાળ, ખૂબ કાળા રંગના ઘાટા વાળ, ચહેરા પર જોવા મળતા વિદ્રોહના ભાવ. એ કદીય ખડખડાટ હસ્યો નહિ હોય, છતાં એનું સ્મિત મોહક હતું. એ અજોડ કલાકારનું સંગીત સાંભળનાર શ્રોતાઓ સ્વયંને ભૂલી જતા. બિથોવન તો સ્થળ, સમય અને સ્વયં બધું ભૂલી તેની સંગીતસાધનામાં એવો લીન બની જતો કે રંગમંચ પર માત્ર તેનું સંગીત રહેતું. સંગીતકારનું જાણે કે અસ્તિત્વ જ નહોતું રહેતું. સંગીતની આ અદ્‌ભુત સિદ્ધિ બિથોવને અથાગ પરિશ્રમને અંતે મેળવી હતી.

બાળપણથી જ એ કારમા સંઘર્ષો સામે ઝઝૂમ્યો હતો. શાળામાં ભણવાની અને શેરીમાં રમવાની વયે તો તે ઓપેરામાં વાયોલિન વગાડવા જતો. આ બાળકલાકારની કમાણીમાંથી તેની માતા ઘરનો વ્યવહાર ચલાવતી અને તેનો શરાબી પિતા બાકીની રકમ ઝૂંટવી જતો. ઓપેરામાં વાયોલિન વગાડી મોડી રાતે બિથોવન ઘેર આવતો ત્યારે માતા એની રાહ જોતી બેસી રહેતી.

બિથોવન વાયોલિન વગાડતો અને પિયાનો પણ શીખતો. એમાં એક દિવસ તેની માતાએ છેલ્લી વાર બિથોવનના માથે હાથ ફેરવ્યો.

માતાના વિયોગમાં બિથોવન રોતો જ રહ્યો, રોતો જ રહ્યો. આખરે એણે વાયોલિનનું શરણ શોધ્યું. એની વેદના સંગીતમાં વ્યક્ત થવા લાગી. પિયાનોવાદક તરીકે તેની ખ્યાતિ પ્રસરતી ગઈ. એક વાર મહાન સંગીતકાર હાઇડનનો બિથોવનને મેળાપ થયો. એક શિષ્ય તરીકે હાઇડન પાસેથી લઈ શકાય એટલી તાલીમ બિથોવને લીધી. પછી પોતાની સ્વતંત્ર કેડી કંડારી. હવે વિયેનાના શાહી ઘરાનામાં, શ્રીમંત પરિવારોમાં, બિથોવનનું માનભર્યું સ્થાન નિશ્ચિત થઈ ચૂક્યું.

તે સાંજે બિથોવન તેના મિત્રા સાથે વિયેનામાં માત્ર લટાર મારવા નીકળેલા. એક ગરીબ ઘરમાંથી સંગીતના સ્વરો સાંભળી બંનેએ પ્રવેશ કર્યો અને અંધ બાળાના આગ્રહથી બિથોવને વાયોલિન વગાડયું. અંધ બાળા તરત જ ઓળખી ગઈ. બિથોવને પણ જણાવ્યું, “હું જ બિથોવન છું.” આ વાક્ય સાંભળતાં મોચીકામ કરતો ભાઈ ચમકી ગયો. તેણે કહ્યું, ‘બિથોવન! આપ બિથોવન છો? મારી બહેન આઠ દિવસથી મને કહે છે બિથોવનના શોની ટિકિટ લઈ આવ, અને હું તેને સમજાવું છું કે આપણી જિંદગીભરની કમાણીમાંથી પણ બિથોવનના શોની ટિકિટ ખરીદી શકાય તેમ નથી.” બિથોવને કહ્યું, “હવે શોની ટિકિટ ખરીદવાની જરૂર નથી. તમે કહેશો ત્યારે હું જ અહીં આવી વાયોલિન વગાડી જઈશ.” બિથોવનની આ કરુણા અંધ બાળાને સ્પર્શી ગઈ. એ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. તેણે કહ્યું, “હવે છેલ્લી વાર વગાડો. પછી આપને તકલીફ નહિ આપું.” એ વખતે સંધ્યાનું અંધારું ઊતરી ચૂક્યું હતું. ઓરડામાં ઝાંખો પ્રકાશ હતો. ઘરમાં દીવો કરવા માટે તેલ પણ નહોતું.

અંધ બાળાની વિનંતી સાંભળી બિથોવનને કાંઈક સૂઝી આવ્યું. એ ઊભો થયો અને ઓરડાની એક બારી તેણે ખોલી નાખી. એ બારીમાંથી ચંદ્રના પ્રકાશે ઓરડામાં પ્રવેશ કર્યો અને એ પ્રકાશમાં બિથોવને વાયોલિન હાથમાં લીધું. જે સ્વરો સર્જાયા તે અદ્‌ભુત હતા. બિથોવનની જીવનભરની સાધના જાણે એક નવા જ સર્જન રૂપે વ્યક્ત થઈ રહી હતી. મિલન માટે કોઈ વિરહીના પ્રાણ તરફડતા હોય એવી વેદનાનો ચારેયે અનુભવ કર્યો. બિથોવને અચાનક વાયોલિન વગાડવું

બંધ કર્યું. તેણે ભાઈ-બહેનની વિદાય લીધી અને મિત્રાને કહ્યું: “ઝટ ચાલ. જે રજૂઆત મારાથી અહીં થઈ છે એ સ્વરોનું કંપોઝિશન હું ઝડપથી નોંધી લેવા માગું છું. સ્વરો સ્મૃતિમાંથી વીસરાય તે પહેલાં હું એ લખી લેવા ઇચ્છું છું…”

[‘લાખ રૂપિયાની વાત’ પુસ્તક: ૧૯૯૭]

## આરસમાં કંડારાયેલ શિલ્પ

રેવાને તીરે વસેલા રળિયામણા રાજેસર ગામનો એ રહેવાસી હતો. નાનકડું ગામ, ગામનો ચોરો, ચોરા પાસે ઘેઘૂર લીમડાનું ઝાડ. ગામનાં ખોરડાં, ઠાકર મંદિર, શેરિયું, નદીનો કિનારો—બધું હૈયામાં વસી જાય તેવું હતું.

આ જુવાનને વૃદ્ધ માતા હતી. મોટો ભાઈ હતો. વહાલસોયી બહેન હતી અને જેને હૈયું આપી ચૂક્યો હતો તેવી કાળી તોફાની આંખોવાળી પ્રિયતમા પણ હતી.

નાનો હતો ત્યારથી પરાક્રમી પિતાનાં ધિંગાણાંની વાતો એ સાંભળતો. ખાનદાનની વીરતાના પ્રતીક જેવી ખીંટીએ ટીંગાતી તલવારને એ ટગરટગર જોઈ રહેતો. પછી એ યુવાન બન્યો. ભુજાઓમાં બળ આવ્યું. પિતાના વારસાની વહેંચણીનો અવસર આવીને ઊભો ત્યારે આ જુવાને ન મોલાત માંગી, ન સંપત્તિ. એણે માંગી માત્ર તલવાર.

એમાં એક દી ગામને પાદર ધ્રુબાંગ ધ્રુબાંગ ઢોલ મંડ્યો ધબકવા અને નગારે દાંડિયું પડી. શત્રુનાં સૈન્ય આવી રહ્યાનો સંદેશો મળ્યો અને ઘેરઘેરથી જુવાનો હથિયાર બાંધીને નીકળી પડ્યા. એમાં આ જુવાન પણ હતો…

મેઘાણી શતાબ્દી નિમિત્તે યોજાયેલ ડાયરામાં અભેસિંહ રાઠોડના ધીરગંભીર અવાજમાં ‘સૂના સમદરની પાળે’ રજૂ થયું અને હું સ્મૃતિપટ પર એક પછી એક ચિત્રો જોવા લાગ્યો. પ્રથમ સમાચાર આવ્યા હશે

દુશ્મનોના, બૂંગિયો સાંભળીને ગામને પાદર રણઘેલુડા ભેગા થયા હશે. માતાએ એમને વિદાય આપી હશે. બહેનોએ વિજયનાં તિલક કર્યાં હશે. ગામને પાદરથી જુવાનો વિદાય થયા હશે, ત્યારે કેવાં દૃશ્યો સર્જાયાં હશે? કથાગીતમાં ન હોય તેવી કડીયું કલ્પનામાં ગૂંથાવા લાગી.

ભલે મેઘાણીભાઈએ ‘બિન્જન ઓન ધ ર્હાઇન’ નામના અંગ્રેજી બૅલેડ (કથાગીત) પરથી પ્રેરણા લઈ એ લખ્યું, પણ શ્વેત આરસપહાણમાં કંડારાયેલ શિલ્પકૃતિ જેવું આ અણમોલ કથાગીત છે. એનું વાતાવરણ, ભાષા, તળપદા શબ્દો અને ભાવોની અભિવ્યક્તિ એવાં ઉત્કૃષ્ટ છે કે એ એક સ્વતંત્ર કૃતિ જ જણાય.

જુવાન સમરાંગણમાં સિધાવ્યો. ભારે ધિંગાણું થયું. એ વીરતાથી લડ્યો, આખરે ધરતી પર ઢળી પડ્યો. સૂના સમદરની પાળે, સમરાંગણના મૃતદેહો વચ્ચે, પોતાના ભેરુબંધને જુવાન અંતિમ સંદેશો પાઠવે છે. એના જખમોમાંથી લોહી વહી રહ્યું છે, શ્વાસ રૂંધાવા લાગ્યો છે. અંતિમ ઘડીએ એને યાદ આવે છે રેવાનો કિનારો, રાજેસર ગામ અને લીલુડો લીમડો. એ લીમડા હેઠે ગામના લોકો ભેગા થશે અને રણઘેલુડાના સમાચાર પૂછશે ત્યારે ભેરુ, તું પ્રથમ મારી માડીને કહેજે:

*માંડીને વાતડી કે’જે,*
*રે માંડીને વાતડી કે’જે,*
*ખેલાણા કોડથી કેવા કારમા રૂડા ખેલ ખાંડાના રે*
*સૂના સમદરની પાળે.*

જુવાન જાણે છે, જુવાનજોધ દીકરાના મોતના સમાચાર સાંભળી માડીનું હૈયું ભાંગી પડશે. એટલે તો એ સીધા સમાચાર આપવાને બદલે ખાંડાના ખેલની, વેરીની વાટ રોકીને લડનારની વીરતાની અને ઘોડલે ઘૂમતો ભાણ પણ જે જોતો રહ્યો એવા જુદ્ધની વાત કરે છે. આરતી ટાણા સુધી ચાલેલા યુદ્ધમાં લાખેણા વીરોની સો સો લોથો સૂતી ત્યારે હવે જુવાન પોતાની વાત ધીરેથી કહે છે:

*માડી! હું તો રાનપંખીડું*
*રે માડી! હું વેરાન-પંખીડું:*
*પ્રીતિને પીંજરે મારો જંપિયો નો'તો જીવ તોફાની રે*
*સૂના સમદરની પાળે.*

માડીને એ આશ્વાસન આપે છે: ભાઈ મોટેરો તને પાળશે. ત્યાં તો વહાલસોયી બહેનની યાદ આવે છે. પોતાના વીરવિહોણી વારને એ બેની જ્યારે ભાળશે ત્યારે માથડાં ઢાંકી ધ્રુસકે ધ્રુસકે રોશે. બહેનની કલ્પના કરતાં જુવાનનું હૈયું ભરાઈ આવે છે. એ બહેનને હિંમત આપે છે:

*જોજે, બેની! હામ નો ભાંગે,*
*રે જોજે, બેની! વેદના જાગે.*
*તુંયે રણબંકડા કેરી બેન: ફુલાતી રાખજે છાતી રે!*
*સૂના સમદરની પાળે.*

મોતનો ઓછાયો જીવતર માથે જ્યારે ઊતરી રહ્યો છે ત્યારે જુવાનને બહેનનો જીવનસાથી, તેનાં લગ્ન, તેના સુખી સંસારની ચિંતા થાય છે. ભાઈ કહે છે:

*બેની! કોઈ સોબતી મારો,*
*રે બેની! કોઈ સોબતી મારો*
*માંગે જો હાથ, વીરાની ભાઈબંધીને દોયલે દાવે રે*
*સૂના સમદરની પાળે.*

મારો કોઈ સોબતી તારો હાથ માગે અને જો તારું મન કોળે તો ઝંખવાઈશ મા. ભાઈના નામે તારા હૈયાને જોડજે.

છેલ્લો સંદેશો યુવાનને આપવો છે તેની પ્રિયતમાને. રેવાને તીરે ચાંદની રાતમાં એની કૂણી કૂણી આંગળિયુંમાં આંકડા ભીડી, જીવતર હારે જીવવાના કોલ એકબીજાને આપ્યા હતા, સુખી સંસારનાં સોણલાં જોયાં હતાં. એવી પ્રિયતમાને સંદેશો આપવો છે. પણ એની કાંઈ ઓળખ? કાંઈ એંધાણ?

*બંધુ મારા! એક છે બીજી,*
*રે બંધુ મારા! એક છે બીજીઃ*
*તોફાની આંખ બે કાળીઃ ઓળખી લેજે એ જ એંધાણે રે*
*સૂના સમદરની પાળે.*

તોફાની બે કાળી આંખની એંધાણીએ પ્રિયતમાને ઓળખી લેવાનું જુવાન કહે છે. પણ બીજી કોઈ ઓળખ ખરી? હાં ભેરુ, એનું દિલ મસ્તાનું છે:

*બંધુ! એનું દિલ મસ્તાનું,*
*રે બેલી! એનું દિલ મસ્તાનું;*
*મસ્તાના ફૂલ-હૈયાને હાય રે માંડ્યું આજ ચિરાવું રે*
*સૂના સમદરની પાળે.*

જીવતરની અંતિમ ક્ષણોમાં તેને મિલનની અંતિમ પળો યાદ આવે છે. રેવાને કિનારે આથમતો દિવસ, મિલનની છેલ્લી આઠમની રાત... જુવાન બધું યાદ કરે છે:

*રેવા ઘેરાં ગીત ગાતી'તી,*
*રે રેવા ઘેરાં ગીત ગાતી'તી.*
*ગાતાં'તાં આપણે ભેળાં ગાન મીઠેરાં ગુર્જરી માનાં રે*
*સૂના સમદરની પાળે.*

હવે જુવાનનો સંદેશ અટકે છે. એની જીભ ટૂંપાવા લાગે છે. આંખડીના દીવા ઓલવાતા જાય છે. એ બોલતો થંભી જાય છે.

*સાથી એની આગળ ઝૂકે,*
*રે સાથી એનું શિર લ્યે ઊંચે;*
*બુઝાણો પ્રાણ-તિખારો, વીર કોડાળો જાય વિસામે રે*
*સૂના સમદરની પાળે.*

['લાખ રૂપિયાની વાત' પુસ્તક: ૧૯૯૭]

# શિરીષ કણેકર

## પડદા પરની પાકીઝા

મીનાકુમારી સુંદર હતી. પણ નસીમબાનુ કે શોભના સમર્થની જેમ કેવળ સૌંદર્ય જ તેની મૂડી નહોતું. તે પ્રથમ અભિનેત્રી હતી, પછી સૌંદર્યવતી હતી. તેથી જ, મીનાકુમારી સરસ ન દેખાઈ એમ પ્રેક્ષકો ક્યારેક કહેતા હશે, પણ તેણે કામ સારું કર્યું નહીં એમ કોઈ કહી શકતું નથી.

જ્યાં ચંદ્ર કાચનો અને ફૂલો કાગળનાં હોય છે એ મુખવટાની દુનિયામાં મીનાકુમારી સાચેસાચી લાગતી. ઓછો પણ સ્વાભાવિક અને પ્રભાવશાળી અભિનય એ તેની વિશિષ્ટતા હતી. ઘણી વાર સંવાદની જરૂર રહેતી નહીં. તેના બિડાયેલા હોઠ અને ઝળઝળિયાંળી આંખો તો બોલતી જ, પણ થરથરતી પાંપણો પણ ઘણું બધું કહી જતી. એકાદબે તૂટક વાક્યોથી, નજરના એક ફટકાથી કે ફક્ત દબાયેલા નિ:શ્વાસથી મીનાકુમારી પ્રેક્ષકોના કાળજાને સ્પર્શી જતી. ‘પરિણીતા’માં તેને જોતાં દરેક વખતે લાગ્યા કર્યું કે આ જ ભૂમિકા માટે તેનો જન્મ થયો છે. સાકરની જેમ તે ભૂમિકામાં ઓગળી જતી અને સમગ્ર ચિત્રપટને મધુર કરી દેતી. ‘બૈજુ બાવરા’, ‘પરિણીતા’, ‘બંદિશ’, ‘એક હી રાસ્તા’, ‘ચિરાગ કહાં, રોશની કહાં’, ‘શારદા’, ‘દિલ અપના ઔર પ્રીત પરાઈ’, ‘ફૂલ ઔર પત્થર’, ‘ચિત્રલેખા’, ‘સાહિબ, બીબી ઔર ગુલામ’, ‘આરતી’, ‘પાકીઝા’ અને ‘મેરે અપને’ જેવાં ચિત્રપટોમાં તે ભૂમિકા સાથે એટલી એકરૂપ થઈ, કે ચિત્ર પૂરું થયા પછી તેને તેનાથી છૂટી પાડીને દૂર કરવી પડી હશે.

તેના સંવાદ એટલે કાનને મિજબાની. દરેક શબ્દમાં તેના હૃદયનાં સ્પંદનો અનુભવાતાં. પછી તે, “ઐસી જગહ પે બદનસીબ નહીં જાતે” કહેતી ‘યહૂદી’ની હન્ના હોય, “ઔરતજાત કે લિયે ઇતના બડા

અપમાન? ઇતની બડી લજ્જા?” એમ સંતાપથી પૂછતી ‘સાહિબ, બીબી ઔર ગુલામ’ની છોટી બહૂ હોય, કે “તવાયફોં કી કબ્ર ખુલી રખી જાતી હૈ” એમ વ્યથિત થઈને બોલતી ‘પાકીઝા’ની સાહેબજાન હોય.

પ્રસિદ્ધ દિગ્દર્શક એમ. સાદિકે એક વાર કહ્યું હતું, હિંદી ચિત્રપટસૃષ્ટિનો ઇતિહાસ લખાશે ત્યારે ચાર નામ સુવર્ણાક્ષરે લખવાં પડશે: અશોકકુમાર, લલિતા પવાર, દિલીપકુમાર અને મીનાકુમારી.

(અનુ. જયા મહેતા)

[‘રૂપેરી સ્મૃતિ’ પુસ્તક]

# બાબુલ મોરા

તમને સૌથી વધુ ગમતું ગીત કયું, એ તમે કહી શકશો? હું તો નહીં કહી શકું. સો-સવાસો નામ આપવાં પડે. તોપણ આપણને સૌથી વધુ ગમતું ગીત રહી જ ગયું, એવી શંકા મનમાં થયા કરશે. પણ સૌથી લાડકું ગીત ગમે તે હોય, મારા કાનમાં તો હંમેશાં ‘બાબુલ મોરા’ ગુંજવા માંડે છે. ગળા પર તલવાર મૂકીને પસંદગી કરવાનું મને કોઈ કહે તો ક્ષણનોયે વિલંબ કર્યા વગર હું ‘બાબુલ મોરા’ કહી દઉં: ચિત્રપટ ‘સ્ટ્રીટ સિંગર’, સંગીત આર. સી. બોરાલ, ગાયક કુંદનલાલ સાયગલ!

વાજિદ અલી શાહ સંગીત નૃત્યાદિ કલાઓમાં ખોવાઈ ગયેલો. અંગ્રેજનો માંડલિક રાજા. તેને પદચ્યુત કરવા માટે ગોરો સાહેબ મહેફિલરૂપી દરબારમાં આવ્યો. ત્યારે દુઃખથી કાળજું છિન્નભિન્ન થયેલા વાજિદ અલીએ ‘બાબુલ મોરા’ ગાયાની દંતકથા છે. ઉપર ઉપરથી જુઓ તો એ સાસરે જતી નવોઢાનો વ્યાકુળ પોકાર છે. તેનું પિયર છૂટે છે, પણ પગ ઊપડતો નથી. ઘર સામેનું આંગણું તેને પર્વત સમાન લાગે છે. આંગણું તો દૂર રહ્યું, ઘરનો ઉંબરો તેને પરદેશ લાગે છે. રાજ્ય જેને છોડવું પડેલું તે વાજિદ અલીના લોહીલુહાણ કાળજાની ‘બાબુલ મોરા’ ચીસ છે. આ વ્યથા, આ કારુણ્ય, આ શૂળ જીવંત જ

નહીં, પણ અમર કર્યાં બોરાલના સંગીતે અને સાયગલના અવાજે!

સાયગલના અવાજનું એકદમ બરાબર વર્ણન કરી શકે એવા શબ્દો ક્યાંક હશે, તોયે એ મને મળ્યા નથી. ‘ખુદા કી દેન’, એમ આકાશ તરફ જોઈને સાયગલના કુદરતી અવાજ વિષે કહેવાય છે. ‘આફતાબ-એ-મૌસિકી’ ઉસ્તાદ ફૈયાજ ખાન સાયગલ વિષે કહે છે, “ખુદા કી દેન શબ્દોથી છેતરાશો નહીં. જેની પર મહેરબાની કરવી હોય તેની પાસે પહેલાં તો તે લોહીનું પાણી કરે એવી તનતોડ મહેનત કરાવે છે. અને પછી સફળતા મળે તેનું શ્રેય પોતે લે છે.” પેટી હાથમાં લીધા વગર સાયગલ ગાતો નહીં. ‘શાહજહાન’ના રેકર્ડિંગમાં પેટીના સૂર આવે નહીં, તે માટે નૌશાદની સૂચનાથી સાયગલ ‘સ્ટોપર’ લગાડવા તૈયાર થયો; પણ હાથમાંથી પેટી તેણે છોડી નહીં કે તેની પર આંગળીઓ ફેરવવાનું અટકાવ્યું નહીં. “પેટી હોય તો સૂર મારા હાથમાં છે, એવું મને લાગે છે,” એમ તે કહેતો. પાગલ! સપ્તસૂર તેના કંઠમાં હતા; એ નિર્જીવ લાકડાના ખોખામાં શું હતું? દારૂ પીધા વગર પોતે ગાઈ શકતો નથી, એમ પણ તેના મનમાં બેસી ગયું હતું. રેકર્ડિંગના દરેક ‘ટેક’ પહેલાં ડ્રાઇવર જોસેફના નામનો પોકાર થતો. એ અદબથી પીણાનો ગ્લાસ ધરતો. સાયગલ મદિરાને ‘કાલી પાંચ’ કહેતો. સ્વરયંત્રને બાળતો ‘કાલી પાંચ’ અંદર જાય એટલે ગાવામાં નશો ઊતરે એવો તેને ભ્રમ હતો. એક વાર નૌશાદે તેને કહ્યું, “માફ કીજિયે સાયગલસાહબ, છોટે મુંહ બડી બાત. તો ઇતને દિન હમ જિસ ગાને કે દીવાને થે, વો આપ નહીં, આપ કી ‘કાલી પાંચ’ ગા રહી થી! જે કોઈ મિત્રોએ આ તમારા મનમાં ભર્યું છે તેઓ મિત્ર નહીં તમારા શત્રુ છે. બસ, ઇતના જાન લો.” સાયગલ એ સમજે ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હતું. બધું પૂરું થયું હતું. ‘કાલી પાંચ’ લેતાં પહેલાંનો ‘જબ દિલ હી ટૂટ ગયા’નો પ્રથમ ‘ટેક’ પછીના બધા ‘ટેક્સ’ કરતાં સારો હતો, એ તેણે માન્ય કર્યું હતું. એ જ ચિત્રપટમાં તેના કંઠે એક ગીત હતું-‘ચાહ બરબાદ કરેગી હમે માલૂમ ન થા…’

‘તાનસેન’માં તાની છૂટા પડતી વખતે અસ્સલ રાગદારીથી લાડથી

ગાય છે, ત્યારે મંત્રમુગ્ધ થયેલી ગાયભેંસો દોડતી આવે છે. તાનસેન તેને શુદ્ધ રાગ કેવો હોય છે તે સમજાવે છે. તાની હસીને વાત ઉડાડી દે છે. ઘરે ગયા પછી તાનસેનને એકાએક લાગે છે કે મૂંગાં જનાવરોને પશુત્વ ભુલવાડી દે તે ખરું ગાન; ફક્ત રાગ અને રાગિણીના નિયમોનું ચુસ્તપણે પાલન એટલે ગાન નહીં! તેથી જ સાયગલ 'યમન' '(રાધે રાની દે ડાલો ના': 'પૂરન ભગત') ગાય છે, કે 'ખમાજ' '(લાખ સહી પીકી પતિયાઁ: 'ખાસગી') ગાય છે, કે તેની લાડકી 'ભૈરવી' '(હૈરતે નજારા': 'કારવાન-એ-હયાત') ગાય છે, ત્યારે તે કેવળ રાગનો વિસ્તાર નથી હોતો, શાસ્ત્રનો આલેખ નથી હોતો. તેમાં સાયગલનો આત્મા હોય છે. 'સોજા મીઠે સપને આયે' કે 'જબ ના કિસી ને રાહ સુઝાયી' કે 'તૂ તો નહીં નાદાન' કે 'મન પૂછ રહા હૈ અબ મુઝ સે' વગેરે ગીતોની પંક્તિઓમાં સાયગલે જીવ રેડ્યો છે. 'તાનસેન'માં દેખાડ્યો છે એ સંગીત-ચમત્કાર કોઈ પણ કાળમાં અસંભવ લાગે એવો જ છે. પણ ખેમચંદ પ્રકાશના સંગીતમાં સાયગલનો અવાજ ભળે છે, ત્યારે સંભવ-અસંભવની શૃંખલા તૂટી જાય છે. તે 'સપ્ત સુરન તીન ગ્રામ' ગાય છે ને અમસ્તાં જ પડેલાં વાદ્યો આપમેળે વાગવા માંડે છે. જોઈએ તો લાગે છે કે આવો ગાનારો હોય તો કેમ ન વાગે? તે 'બાગ લગા હૂં સજની' ગાય છે અને નિષ્પર્ણ વૃક્ષવેલીઓ ફૂલપાંદડાંથી ખીલી ઊઠે છે અને ઉજ્જડ જગા નંદનવન બને છે. જોઈએ તો લાગે કે એકદમ શક્ય છે. તે 'રૂમઝૂમ રૂમઝૂમ ચાલ તિહારી' ગાય છે અને પાગલ થયેલો મદોન્મત્ત હાથી શાંત થાય છે. જોઈએ તો લાગે કે ગાનારો આ કક્ષાનો હોય તો કેમ શાંત ન થાય? તે 'ઝગમગ ઝગમગ દિયા જલાવ' ગાય છે અને મહેલના દીવા પેટે છે. જોતાં લાગે કે દીવા નક્કી પેટી શકે; ફક્ત 'દીપ' રાગ ગાનાર સાયગલ જોઈએ.

સાયગલની બરોબરીની ઉષ્માસભરતા બીજા કોઈ જ પુરુષી અવાજમાં નહીં મળે. 'મધુકર શ્યામ હમારે ચોર' '(ભક્ત સુરદાસ'), 'ઇક બંગલા બને ન્યારા' '(પ્રેસિડેન્ટ'), 'જો બીત ચૂકી સો' '(પૂજારન'), 'છુપો ના છુપો ના' '(મેરી બહન'), 'કાહે ગુમાન કરે' '(તાનસેન') વગેરે

કેટલાંયે ગીતોમાં આ ઉષ્માસભરતા પદેપદે અનુભવાય છે. મારા મતે ઉષ્માસભરતાનું સર્વોત્તમ ઉદાહરણ એટલે ‘પ્રેસિડેન્ટ’નું ‘એક રાજે કા બેટા લેકર ઊડનેવાલા ઘોડા’. એ ગીત પૂરું થતાં એ કહે છે, “અચ્છા બચ્ચોં, અગર તુમ્હેં વો શહેજાદી મિલ જાય તો ઉસકે સાથ ખેલોગે? વો બચ્ચોંકો બડી ઉમદા ઉમદા ચીજે ખિલાતી હૈ, કહો હાઁ...”

શરૂઆતના સમયમાં, પોતે ગુરુ-શિષ્યપરંપરાના ઘરાણાની ગાયકી શીખ્યો નથી એનો સાયગલને ખેદ થતો હશે. આવી જ મન:સ્થિતિમાં એક વાર તે ઉસ્તાદ ફૈયાજ ખાન પાસે કંઠી બંધાવવા ગયો. ખાનસાહેબે તેને ગાઈ દેખાડવા કહ્યું. સાયગલે ‘દરબારી’ રાગમાં ખ્યાલ ગાયો. તે સાંભળીને ફૈયાજ ખાન બોલ્યા, “બેટા, તને વધુ મોટો ગાયક બનાવવા માટે શીખવવા જેવું મારી પાસે કાંઈ નથી. તું ગાતો રહે.”

સાયગલે, તે સાયગલ થયો તે પહેલાં, રેલવેમાં ક્લાર્ક તરીકે, હોટેલ-મૅનેજર તરીકે, ટાઇપરાઇટર મિકેનિક તરીકે અને રેમિંગ્ટન ટાઇપરાઇટર કંપનીમાં વિક્રેતા તરીકે નોકરી કરી. તેની પર એક વાર ચોરીનું આળ પણ આવ્યું હતું. પાસા પાડવાની ગરજ વગરનો આ સ્વયંભૂ હીરો આર. સી. બોરાલને સાંપડ્યો. ન્યૂ થિયેટર્સના ‘ઓડિશન’ રૂમમાં બોરાલે સાયગલના અવાજની ચકાસણી કરી. સાયગલે પહેલાં ભજન, પછી ખ્યાલ અને છેવટે ગઝલ ગાઈ. પેલી તરફ મેકઅપ કરી રહેલા અંધ કે. સી. ડેના કાને સાયગલનો અવાજ પડ્યો. તે રોમાંચિત થયો. અથડાતોટિચાતો તે ‘ઓડિશન રૂમ’માં આવ્યો. ફંફોસીને તેણે સાયગલનું મસ્તક શોધ્યું અને અઢળક આશીર્વાદ આપ્યા. ન્યૂ થિયેટર્સના ‘મુહબ્બત કે આંસુ’, ‘સુબહ કે સિતારે’ અને ‘જિંદા લાશ’માં તેણે કામ કર્યું ને ગાયું પણ ખરું. પણ આ ત્રણે ચિત્રપટો સાવ નિષ્ફળ ગયાં. તે પછી બંગાળી ‘દેવદાસ’માં તેને બે ગીતો પડદા પર ગાવા મળ્યાં ને સાયગલ બંગાળીમાં ઘરેઘરે પહોંચ્યો. ન્યૂ થિયેટર્સના ધુરંધરોને બે બાબતો સમજાઈ, કે સાયગલ ગાય છે તો સારું જ પણ પડદા પર દેખાય છેય સારો અને તેને ભૂમિકા આપીને બંગાળી અને હિંદી બંને ભાષામાં ચિત્રપટ કાઢવાં શક્ય છે. પ્રથમેશ બારુઆની જગાએ

સાયગલને લઈને હિંદી ‘દેવદાસ’ આવ્યું અને સાયગલ ‘નૅશનલ હીરો’ બન્યો. નિષ્ફળ પ્રેમની ‘ગ્લૅમર’ અનુભવાય એટલો સાયગલની ભૂમિકામાં ‘દેવદાસ’નો યુવાન વર્ગ પર પ્રભાવ પડ્યો. ‘બાલમ આયે બસો મેરે મન મેં’ અને ‘દુ:ખ કે અબ દિન બીતત નાહીં’ એ ‘દેવદાસ’નાં તેનાં ગીતો જાણે રાષ્ટ્રગીતો થયાં! પછી ન્યૂ થિયેટર્સમાં તેણે ‘પૂરન ભગત’, ‘ચંડીદાસ’, ‘કરોડપતિ’, ‘જિંદગી’, ‘પ્રેસિડેન્ટ’, ‘સ્ટ્રીટ સિંગર’, ‘દુશ્મન’ અને ‘કારવાન-એ-હયાત’માં કામ કર્યું અને ગીતો પણ ગાયાં. ‘ન્યૂ થિયેટર્સ’માં દશ વર્ષ કાઢ્યા પછી ૧૯૪૧ની સાલમાં સાયગલ કલકત્તાથી મુંબઈ આવ્યો ને અહીં તેણે ‘ભક્ત સુરદાસ’, ‘તાનસેન’, ‘ભંવરા’, ‘તદબીર’, ‘ઉમર ખય્યામ’, ‘શાહજહાન’ અને ‘પરવાના’માં કામ કર્યું.

સાયગલમાં રહેલા ગાયકે તેનામાં રહેલા અભિનેતાને હંમેશાં પાછળ ધકેલ્યો, એના ખૂબ જ લોકપ્રિય થયેલા ‘દેવદાસ’માં પણ તેનો ચહેરો હીરોનો નહોતો. ‘સ્ટ્રીટ સિંગર’ વખતે જ તેને લગભગ સંપૂર્ણ તાલ પડી હતી. તે વિગ પહેરીને પ્રસંગ સાચવી લેતો. મુદ્રાભિનય પર તેનો વિશેષ આધાર નહોતો. તેની સંવાદક્ષમતા તેના ગીતની જેમ જ સહજસુંદર ને નૈસર્ગિક હતી. ‘તાનસેન’માં તે અને ખુર્શિદ બોલવા માંડે ત્યારે ચિત્રપટ ૧૯૪૩ની સાલનું છે એ સાચું લાગે નહીં.

જિંદગી આખી મુંબઈમાં કાઢવા છતાં મહંમદ રફીને મુંબઈના મુખ્ય રસ્તાનીયે ખબર નહોતી. ડ્રાઇવર લઈ જાય તેમ જવાનું. ગાવા સાથે કામ. સાયગલ પણ આમ જ અનેક બાબતોમાં અજાણ હતો. એક વાર તે શૂટંગિ માટે આવ્યો નહીં તેથી તેને શોધવા લોકો ગયા. જુએ છે તો સાયગલ દાદરના ખોદાદાદ સર્કલ પાસે એક થાંભલાને અઢેલીને રડમસ ઊભેલો!

“શું થયું, સાયગલસા’બ?”

“મને રસ્તો જ મળતો નહોતો,” આ જવાબ!

સાયગલ દંતકથા થયો તેથી તેની આસપાસ ખરીખોટી અતિરંજિત દંતકથાઓ ઊભરાય એ સ્વાભાવિક છે. આ એક તપાસીને ખાતરી

કરેલો પ્રસિદ્ધ પણ ખરો કિસ્સો છે: ઉદ્યોગપતિ સિંઘાનિયાના ઘરે લગ્ન કે કંઈક બીજો ઉત્સવ હતો. પચ્ચીસ હજાર રૂપિયા માનધન નક્કી કરીને તેમણે સાયગલનાં ગીતોનો કાર્યક્રમ રાખ્યો હતો. ૧૯૪૨ની સાલના તે પચ્ચીસ હજાર રૂપિયા! કારદાર સ્ટુડિયોનો ગણપત નામનો એક કામગાર દીકરીનાં લગ્નની કંકોતરી લઈને આવ્યો ને એણે હાથ જોડીને સાયગલને કહ્યું: "તમે બહુ મોટા લોકો. અમો ગરીબોના ઘરે શાના આવો? પણ આવશો તો હું જિંદગીભર નહીં ભૂલું."

સિંઘાનિયા અને ગણપતનાં ઘરમાં લગ્ન એક જ દિવસે હતાં. પચ્ચીસ હજાર પર પાણી ફેરવીને સાયગલ ગણપતને ત્યાં ગયો. એટલું જ નહીં પણ ગણપતના ઘરમાં જમીન પર બેઠક જમાવીને 'બાબુલ મોરા' ગાયું.

દેવદાસે પાર્વતીને વચન આપ્યું હોય છે કે, મરતાં પહેલાં એક વાર તને જરૂર મળી જઈશ. તે પ્રમાણે તે પ્રાણ છોડવા માટે જ માણિકપુર જાય છે. સાયગલ આવા જ અનામી ખેંચાણથી જાલંધર ગયો. કારદારની પાછળ પડીને તેણે 'શાહજહાન' ઉતાવળે પૂરું કરાવ્યું. જાણે ત્યાં તેની મૃત્યુ સાથે અપોઇન્ટમેન્ટ હતી અને ગમે તે થાય તોયે એને તે ચૂકવી નહોતી. નાનપણથી થયેલો ડાયાબિટીસ તેને ગ્રસી ગયો. દારૂએ પોતાની કિંમત પૂરેપૂરી વસૂલ કરી. તેની સાથે પાંચ ડોક્ટર હતા, પણ કોઈ કાંઈ કરી શક્યું નહીં. સાયગલે અપોઇન્ટમેન્ટ જાળવી. ૧૮ જાન્યુઆરી, ૧૯૪૬નો એ દિવસ હતો. બેંતાળીસમા વર્ષે અમર સૂર પંચત્વમાં વિલીન થયો. હોંશથી ખરીદેલા, જિંદગીના પહેલવહેલા રેડિયો પર લતા મંગેશકરે પહેલા સમાચાર સાંભળ્યા તે સાયગલના અવસાનના. તે ડૂસકાં ભરીભરીને રડી.

સાયગલની અંતિમ ઇચ્છાનુસાર તેની અંત્યયાત્રામાં 'જબ દિલ હી ટૂટ ગયા' વગાડવામાં આવ્યું.

માથા પર રૂમાલ બાંધીને, ગળામાં પેટી ભરાવીને સાયગલે 'સ્ટ્રીટ સિંગર'માં 'બાબુલ મોરા' ગાયું. તેની પાછળ, માઇક દેખાય નહીં એમ એક જણ ચાલતો હતો. નાનકડું વાદ્યવૃંદ કૅમેરાની કક્ષાની બહાર આગળ

ચાલતું હતું. તેની સામે ઊલટા ચાલીને બોરાલ સંચલન કરતો હતો. કુંદનલાલ સાયગલ ભાન ભૂલીને ગાતો હતો...

*બાબુલ મોરા નૈહર છૂટો હી જાય,*
*ચાર કહાર કા મેલા મોરી ડુલિયા સજાવે,*
*મોરા અપના બેગાના છૂટો જાય...*

*અંગના તો પર્બત ભયા,*
*ઔર દેહરી ભયી બિદેસ,*
*લે બાબુલ ઘર આપનો*
*મૈં ચલી પિયા કે દેસ.*

શિરીષ કણેકર (અનુ. જયા મહેતા)
['રૂપેરી પરદાના ચહેરાઓ' પુસ્તક: ૨૦૦૩]

# શિરીષ પંચાલ

## ઘસાઈ ગયેલાં મૂલ્યો

છેલ્લા થોડા દાયકાથી જાગતિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે ઘણાં બધાં પરિવર્તનો જોવા મળે છે. ઉદારતા, પરમતસહિષ્ણુતા, નિષ્ઠા, પ્રામાણિકતા જેવાં મૂલ્યો ઘસાઈ ગયાં છે. પ્રજાસત્તાના સ્વાંગમાં સરમુખત્યારશાહી પરિબળોએ ફરી માથું ઊંચક્યું છે. એક જુદા પ્રકારની સામંતશાહીના વાતાવરણમાં આપણે જઈ પહોંચ્યા છીએ. એક જમાનામાં અંગ્રેજ રાજ્યતંત્રે ઠગ-પિંઢારાઓને પરાજિત કરી પ્રજાને સુખચેનની ભેટ ધરી હતી. આજે નવા પિંઢારા પ્રજાને પાયમાલ કરી રહ્યા છે ત્યારે આપણા શાસકો હસતાં હસતાં એ તમાસો જુએ છે.

રાજ્યની સત્તા અમર્યાદ રીતે વધતી રહી છે, એ જોઈને બીજાઓને પણ એવી સત્તાના ભોગવટાની ઇચ્છા જાગી છે. એ ધર્મસંસ્થાઓ, શિક્ષણસંસ્થાઓ પણ હોઈ શકે. એક જમાનામાં ધર્મસંસ્થાન આવી સત્તા હતી, પણ પછી તેનો હ્રાસ થવા માંડ્યો હતો. પરંતુ આજે હવે નર્મદ, દલપતરામ, કરસનદાસ મૂળજી, દુર્ગારામ મહેતા, નવલરામ પંડ્યા કરતાંય અધિક શકિત ધરાવતા સમાજસુધારકની જરૂર વર્તાય એટલી હદે સમાજમાં સડો વ્યાપ્યો છે. રાજકારણ બધાને ભરડો લઈને બેઠું છે.

પરંતુ આ વિવિધ શાસનોનાં ને તેમની સત્તાનાં મોહિની—સ્વરૂપો એવાં આકર્ષક છે કે સર્જકો સુધ્ધાં ઉત્તમ ભાવકો દ્વારા મળતી સ્વીકૃતિ કરતાં ધર્મ કે રાજ્યની સંસ્થા દ્વારા મળતી સ્વીકૃતિને ચઢિયાતી માની લે છે.

['રૂપલબ્ધિ' પુસ્તકઃ ૨૦૦૪]

# એક ઓલિયો

એક દિવસ અચાનક પ્રણવ (સુરેશ જોષીનો મોટો પુત્ર) મને પૂછી બેઠો: તમને અનિલનાં ચાંદરણાં કેવાં લાગે છે? મારો પ્રતિભાવ આપતાં પહેલાં મેં એને જ પૂછ્યું: તને કેવાં લાગે છે? એ કહે: મને, અમને તો બહુ ગમે છે. મારા મિત્રોને પણ બહુ ગમે છે. હું આનંદિત થઈને બોલી ઊઠ્યો, તમને ગમે છે એ જાણીને આનંદ થયો, ખૂબ આનંદ થયો. અનિલનું 'ચાંદરણાં' તો ગુજરાતનું ઘરેણું છે. જો મારી પાસે પૈસા હોય તો એક સુંદર નમણી રોજનીશી છપાવી અને એના પાને પાને ઉપરનીચે ચાંદરણાંની પંક્તિઓ છાપું. ઉમાશંકર જોશીએ લખ્યું છે કે કવિ જ્યારે પરિપક્વ થાય, ઘણુંબધું આત્મસાત્ કરીને બેસે ત્યારે તેની ઉક્તિ સૂક્તિનું રૂપ લે. અનિલ આવા એક ઉત્તમ સૂક્તિકાર પણ છે. ક્યારેક એ સૂક્તિ સ્વતંત્ર રૂપે, ક્યારેક ગઝલના કોઈ શે'ર રૂપે તો ક્યારેક નિબંધના ભાગ રૂપે જોવા મળે. આવો સૂક્તિસંચય 'ધૂમકેતુ'એ એક જમાનામાં કર્યો હતો અને એના વિશે રામનારાયણ પાઠકે કહ્યું હતું કે 'ધૂમકેતુ' ઉત્તમ વાર્તાઓ કેમ ન લખી શક્યા તેનું કારણ આ સૂક્તિસંચયમાંથી મળી રહે છે. જીવનદર્શન જ જ્યાં આટલું પાંગળું હોય ત્યાં વાર્તાઓ ક્યાંથી સમર્થ રૂપ પ્રગટાવે? ઉત્તમ સર્જન માટે હૃદય અને મગજના કોષો જીવંત રહેવા જોઈએ. અનિલે લખ્યું છે કે ગુજરાતી સર્જકે થોડા સમય માટે લખવાનું બંધ કરીને વાંચવું જોઈએ. પરંતુ આ સમય લેખિનીબ્રહ્મચર્યનો છે જ નહીં. કોઈને વાચક થવું નથી, કોઈને શ્રોતા થવું નથી તેનું શું? પેલા બુદ્ધદેવ બસુએ સૂઝપૂર્વક કહેલું કે 'મહાભારત'માં યુધિષ્ઠિરનું વધારે મહત્ત્વ એટલા માટે કે એ ઉત્તમ શ્રોતા હતા. એક વનમાંથી નીકળીને બીજા વનમાં જાય અને સાંભળ્યા જ કરે, બસ સાંભળ્યા જ કરે.

*

૧૯૭૦ પછી અનિલનો પરિચય થયો. તે ગાળામાં તો હું સાવ ઓછાબોલો, કોઈને સામે ચાલીને મળવા જતાંય ભારે સંકોચ અનુભવું. હા, જેની સાથે સંવાદ શક્ય બનવાનો લાગે એવી વ્યક્તિઓ આંખમાં

વસી જાય. અનિલ પણ એવી રીતે આંખોમાં વસી ગયા. ૧૯૭૫-૭૬નાં વરસોમાં એમ.એ.ના થોડા વિદ્યાર્થીઓને લઈને અમે સુરત ગયા. સાવ શહેરી વિદ્યાર્થીઓએ દોઢ કલાક સુધી અનિલને એમની વિલક્ષણ વાણીમાં ચોક પાસેની ચોપાટીમાં બેસીને સાંભળ્યા. ગુજરાતી સાહિત્યની આજકાલ વિશે સાંભળીને બધા દંગ રહી ગયા અને વધુ તો આનંદાશ્ચર્ય ત્યારે થયું જ્યારે મેં કહ્યું કે અનિલને અંગ્રેજી આવડતું નથી અને માત્ર ગુજરાતીની બે ચોપડી જ પાસ કરી છે.

ચોપાટી પરના એ અવાજના રણકા હજુ આજે પણ ફોન કરે ત્યારે પ્રગટ થાય છે. હા, આજે ઉંમરને કારણે અવાજ વચ્ચે વચ્ચે હાંફતો ખાંસતો રહે છે અને છતાં આજે પણ તમને બોલવાની તક ન આપે. એમને એટલું બધું કહેવાનું છે અને સાંભળનાર જો મળે તો એ અધીરા થઈ જાય છે.

એકદમ શરૂઆતમાં હું અ-સામાજિક હતો એટલે મારાથી કામ પુષ્કળ થતું હતું, છેલ્લાં વર્ષોમાં સામાજિક બનવા મથ્યો એટલે ઓછું લખાય છે. પણ પહેલાં કે પછી, મોટે ભાગે તો મેં ‘એતદ્’ કે ‘કંકાવટી’માં જ લખ્યું છે. (કેટલાક મિત્રો કહે પણ ખરા કે ‘કંકાવટી’માં શું લખ્યા કરો છો, કોઈ ઓળખશે નહીં. આજે થાય છે કે આમેય કોણ કોને ઓળખવા નવરું છે! સાચો વ્યક્તિરાગ આધુનિક કાળમાં નહીં, આજે આપણા સમયમાં આવ્યો છે. દરેક પોતાના કોશેટામાં.) જાણીતાઓનું કોઈ વાંચવા તૈયાર નથી હોતું, તો સાવ અજાણ્યાનું કોણ વાંચવા નવરું હોય?

આમ છતાં અનિલ માટે સૌથી મોટો સધિયારો શબ્દનો. દુણાયેલા, દુભાયેલા, દાઝેલા અનિલ ટકતા જ રહ્યા, ટકતા જ રહ્યા.

૧૯૬૯ના સમયગાળામાં ‘કંકાવટી’નો કાયાકલ્પ રતિલાલ અનિલ કરી રહ્યા હતા. અંગ્રેજી ભાષા દ્વારા આવેલા યુરોપના કળાસાહિત્યનો અનિલને પ્રત્યક્ષ પરિચય નહીં. પરંતુ સહજ કોઠાસૂઝ એવી કે અનુવાદ દ્વારા આવેલા સાહિત્યને પ્રમાણી શકે. અણઘડિયો માણસ ઘડાયેલાઓને જાણે ફરી સંસ્કારવાનું બીડું ઝડપી બેઠો! આસપાસ ભણેલા પંડિતોનો

દરબાર અને વચ્ચે બે ચોપડી ભણેલો કારીગર. એમના સદ્ભાગ્યે જે લેખકવૃંદ સાંપડ્યું તે નિષ્ઠાવાન, વિશ્વસનીય હતું. એટલે જે અનુવાદો આવતા હતા તે ઉત્તમ કૃતિઓના. આમ દર મહિને ઝીણી ઝીણી ચદરિયાનું સૂતર ખૂણે બેસીને કંતાતું ગયું અને એ ચાદર વણાતી પણ ચાલી. દર મહિને ભાવકો આનંદ અને અચરજથી એ રચનાઓના તાણાવાણા નિહાળતા રહ્યા.

અનિલમાં જીવનની અપરોક્ષાનુભૂતિ પ્રગટી છે, ખાસ કરીને તો એમના નિબંધોમાં. આ નિબંધોમાં તો ભરી ભરી ચેતના હતી, જગતને જોવા-જાણવા માટે પ્રકૃતિએ આપેલી આ પાંચ ઇન્દ્રિયો જાણે ઓછી પડતી હતી. અનિલ કંઈ નિરંજન નિરાકાર કે લક્ષ્યાલક્ષ્યની વાત માંડવા બેઠા ન હતા. એને તો જગતનો કોઈ પણ પદાર્થ પોતાની ચેતનાને કેવી રીતે સ્પર્શે છે એ વાત કરવી હતી. તલખોળ ભરપટ્ટે ખાઈ ચૂકેલા બળદના છાણની કશાય છોછ વિના વિશિષ્ટ ગંધ, એનો ચમકદાર રાતો કથ્થઈ રંગ અને એની પહેલદાર આકૃતિનું વર્ણન કરશે. બોદલેરની વાત આ માણસ સાચી પાડવા માગતા હતા: તમે મને મળ આપો અને હું તમને સુવર્ણ આપીશ. અનિલે માત્ર સુવર્ણ નહીં સુવાસિત સુવર્ણ, રસદાર સુવર્ણ, રણકદાર સુવર્ણ, ઝગમગ ઝગમગ થતું સુવર્ણ આપ્યું.

‘કંકાવટી’ની બટર તૈયાર કરવાની જવાબદારી તેમણે મારા દીકરા યુયુત્સુને પાછળથી સોંપી હતી. ખૂટતુંવત્તું મારે સાચવી લેવું એવી સૂચના આપી હતી. પરંતુ કેટલીક વખત એટલી બધી નબળી કૃતિઓ મારા પર આવી ચઢતી કે હું દુ:ખી દુ:ખી થઈ જતો હતો.

વાર્તાઓના અનુવાદમાં બીજા પ્રશ્નો પણ છે. પશ્ચિમની ટૂંકી વાર્તાઓ આપણી ટૂંકી વાર્તાઓ જેવી ટૂંકી હોતી નથી. ઘણી પ્રશિષ્ટ વાર્તાઓ બહુ લાંબી હોય છે. આવી લાંબી વાર્તાઓ આપણું કયું સામયિક છાપે? ક્યારેક કોઈ પ્રશ્ન પૂછે છે કે આ અનુવાદો કોણ વાંચવાનું છે? હા, વાત સાચી છે. તો બીજા એક સત્યનો પણ સ્વીકાર કરી લેવાનો કે આપણો ભદ્ર અધ્યાપકીય વર્ગ જેટલું સાહિત્ય વાંચે છે તેના કરતાં વિશેષ સામાન્ય માણસો સાહિત્ય વાંચે છે. સુરતની પોસ્ટઓફિસમાં

કામ કરતા ચીમનભાઈ મકવાણા સાર્ત્ર, કાફ્કા, કેમ્યૂ વાંચીને બેઠેલા છે. કહેવાતા આપણા સાક્ષરોએ ૧૯૫૦ સુધીનું અર્વાચીન સાહિત્ય પણ ક્યાં પૂરું વાંચ્યું છે? મારા મિત્રોના હાથમાં જ્યારે અનિલના નિબંધો આવી ગયા ત્યારે ઉત્સવ ઉત્સવ થઈ ગયો, "હેં, આવું બધું તમારા સાહિત્યમાં લખાય છે?"

દેશીવિદેશી સાહિત્યવાચનના મારા દીર્ઘ અનુભવને અંતે પ્રતીતિપૂર્વક કહી શકું છું કે અનિલના લલિત નિબંધો ગુજરાતી સાહિત્યની મોંઘી મિરાત છે. નિજી અનુભૂતિ, પ્રત્યક્ષ રીતે જિવાતા જીવનનો મહિમા, ખોવાઈ ગયેલી ભૂતકાલીન દુનિયાને ચિત્તના નેપથ્યે આકારિત કરતાં કરતાં તેમણે અસામાન્ય કૃતિઓ ગુજરાતને નૈવેદ્ય રૂપે ધરી. પણ કૃતક નિબંધકારો આગળ નીકળી ગયા અને અનિલ પાછળ રહી ગયા. મધુસૂદન ઢાંકીએ એક પ્રચલિત સુભાષિત કહ્યું હતું: બંગાળમાં બુદ્ધિ પૂજાય છે, પંજાબમાં બળ પૂજાય છે, મહારાષ્ટ્રમાં પાંડિત્ય પૂજાય છે અને ગુજરાતમાં ઢોંગ પૂજાય છે. કંઈ નહીં, આ ઓલિયો તો કહેશે: યે મહલોં, યે તખ્તોં, યે તાજોં કી દુનિયા, મેરે સામને સે હટા લો યે દુનિયા, તુમ્હારી હૈ તુમ હી સંભાલો યે દુનિયા!

['કંકાવટી' માસિક: ૨૦૦૬]

# શિરીષ મહેતા

## છોકરીઓ, ચેતજો!

હા, હવે હદ થાય છે. પાછાં તમે કહેશો કે, કાકી બોલે છે! પણ બોલું નહીં તો કરું શું? ઘણુંય મનથી થાય કે બોલીને કડવી ન થાઉં. પણ મારો જીવ જ અભાગિયો, એટલે બહુ થાય ત્યારે બોલી જવાય. આ આટલા દિવસથી તું દેખાતી નહીં, એટલે મનમાં ચિંતા થયા કરે કે તબિયત તો ઠીક હશેને? છેવટે આજે જીવ ન રહ્યો, એટલે તણાઈને આવી, ચાર દાદરા ચડી—પણ તારે ઘેર તો તાળું!

અમેય ઘર નથી ચલાવ્યું શું? પણ આજકાલ બધું નવી નવાઈનું જ છે. અમારા જમાનામાં ઘરનાં બૈરાંને ભાગ્યે જ બહાર નીકળવું પડતું. લગ્નસરા કે વારતેવાર હોય કે પછી દેવદર્શને જવું હોય ત્યારે જ બહાર નીકળતાં. પણ હવે તો જમાનો જ ફરી ગયો છે. એમાં તમે બૈરાંઓએ ઘરનાં અને બહારનાં બંને કામો જાણીજોઈને તમારી ઉપર લઈ લીધાં, અને પછી તો એ તમારી ઉપર જ આવી પડ્યાં—હું તો કહું છું કે તમારા વરોએ જ એ તમારી ઉપર ઠોકી બેસાડયાં! શરૂઆતમાં ફક્ત હોંશને લીધે તમે બહારનું કામ માથે લીધું, પણ પછી તો એ કાયમનું થઈ ગયું! તો બીજી બાજુ તમારા વરો આળસુ થતા જાય છે એની ખબરેય પડે છે તમને! એમને મન તો, ભલું થયું ભાંગી જંજાળ!

અમારા જમાનામાં બૈરાંથી ઝોળી લઈને બહાર જવાતું નહોતું. જરા બનીઠનીને નીકળ્યાં કે ચંપલ પહેર્યાં, ને કોઈ જુએ તો વાતો થવામાં બાકી ન રહે. પણ હવે ક્યાં કાંઈ એવું રહ્યું છે? ઉઘાડે માથે ને હાથમાં ઝોળી લેતાં આ નીકળ્યાં છે શાક લેવા! કેડમાં છોકરું ને હાથમાં ઝોળી હોય અને બૈરાં ઊભાં હોય રેશનિંગની દુકાને લાઇનમાં! પુરુષને તો પોતે ભલો ને ઑફિસ ભલી. બીજી લપ્પનછપ્પન જ નહીં ને!

ગયા શુક્રવારે છોકરાંને દાક્તરને ત્યાં લઈ જતાં તને રસ્તામાં મનુ

મળેલો, તે એણે મને કહ્યું. હું પૂછું છું કે છોકરાંને દાક્તર પાસે લઈ જવાનું કામ કોનું છે? તારું કે એના બાપનું? એ કામ પણ એણે તારા ઉપર નાખી દીધું છે! વળી દાક્તરે લખી આપેલી બાટલી દવાવાળાને ત્યાંથી તારે જ લાવવાની હશે. વરે કહી દીધું હશે કે “ભેગાભેગી લેતી જ આવજે ને!”

હા, હા. હવે રહેવા દે! હું બધુંય જાણું છું. ગયે મહિને તારી સાસુ આવ્યાં ત્યારે સ્ટેશને તેડવા અને પાછાં જતી વખતે ટિકિટ રિઝર્વ કરાવવા તારે જ જવું પડ્યું હતું ને? તારા વરના પગ શું ભાંગી ગયા હતા? તું જ કહેતી’તી કે એમણે કહ્યું કે, બૈરાંની લાઇન જુદી હોય, એટલે જલદી ટિકિટ મળી જાય. વાહ, બૈરાંનો આવો ફાયદો તે લેવાતો હશે! શરમ આવવી જોઈએ આવા વરોને!

ક્યારેક તમારાં કામનાં વખાણ કરી તમને ચડાવે, અને તમેય પાછાં કાળજાંનાં કાચાં, એટલે ફુલાઈને ફાળકો થઈ જાઓ! હું કહું છું, આમ એકધારો ઢસરડો કરીશ તો માંદી પડીશ, તબિયત હાથથી જશે. હા, સમયસર ચેતવું છું તને. બાકી... મારે શું?

નળમાં પાણી ચડતું ન હોય, ત્યારે ભોંયતળિયેથી પાણી તારે જ લઈ આવવું પડે છે ને? હું બધુંય જાણું છું...... એમાં તો શરમ આવે ને એમને પાછી! ઘાટી ન આવ્યો હોય અને હાથે કામ કરવાનું હોય, ત્યારે તમારા વરોએ મદદ કરી છે તમને? પાછા ઉપરથી કહેશે, “આ બૈરાં વ્યાયામ નથી કરતાં, એટલે એમનાં શરીર બેડોળ થઈ જાય છે!” અરે, બૈરાંની સરખામણીમાં એક દિવસ પણ કામ થશે તમારાથી! સવારના ઊઠતાંવેંત ચાપાણીથી માંડીને શાક સમારવું, રસોઈ કરવી, પાણી ગરમ કરવું, કપડાં પલાળવાં, છોકરાંને નવરાવવાં—તૈયાર કરવાં—જમાડવાં, અજીઠવાસ ઉસેડવો...... બપોરના પણ પાછું અનાજ સાફ કરવું, ફાટેલતૂટેલ સાંધવું વગેરે કામોની તો જાણે લંગાર લાગી હોય છે બૈરાંને! એમાં પાછાં અથાણાં-પાપડ જુદાં.

આ તો રોજની રામાયણ. આટલાં કામ જાણે ઓછાં હોય તેમ તમે જાતે ઊઠીને જ બહારનાં કામ પણ તમારી ઉપર લઈ લીધાં, એ

મૂર્ખાઈ નહીં તો બીજું શું? બળ્યો એવો સુધારો! અરે, એક ઓરડીમાંથી કચરો કાઢવાનું જ કહી જુઓને તમારા વરને—નાકે દમ ન આવી જાય તો કહેજે મને!

મને પૂછો તો બહારનાં બધાં કામ પુરુષોને માથે જ હોવાં જોઈએ. મારું કહેવું હમણાં ભલે ખોટું લાગે તમને, પણ તમારા વર આળસુ થતા જાય છે એની એક દિવસ બરાબર ખબર પડશે તમને. ઘરનાં તથા બહારનાં બધાં કામો બૈરી ઉપર નાખી પોતે તૈયાર ભાણે બે વાર જમવું, ચાર વાર ચા ઢીંચવી અને ફક્કડરામ થઈને ભટકવું, પાનાં રમવાં અથવા સિનેમા જોવા—આ તેમનો ધંધો!

તમારા વરો કેટલી રજા ભોગવે છે એનો ખ્યાલ છે તમને? જરા હિસાબ તો કરો! વરસના બાવન અરધા શનિવાર, બાવન રવિવાર, બાવીસ તહેવારો, પંદર દિવસની અમસ્તી અને દર વરસે મહિનાની હકની રજા—કેટલી થઈ, ખ્યાલ આવે છે? રજાને દિવસે કે એણે ઑફિસમાંથી ગાબડી મારી હોય ત્યારે બૈરી જો વિચાર કરે કે, લાવો, આજે એ ઘેર છે તો છોકરાં એમને સોંપી, હું મારાં સગાંને કેટલાય દિવસથી મળી નથી તે મળી આવું. પણ એ તો ના જ પાડી દેવાના! અને તમે મહિને ત્રાણ દિવસ જે રજા પામતાં, તે રજાયે સુધારો ગણીને તમે તમારી મેળે જ ગુમાવી. આ તમારી મૂર્ખામી નહીં તો શું? સુવાવડમાં પણ આગળપાછળ થઈને ત્રાણ મહિનાની આરામ કરવાની રજા તમને મળતી અને તેય દર દોઢબે વરસે. પણ આજકાલ આ નવું ભૂત ચાલ્યું છે ને છોકરાં ન થવા દેવાનું! એટલે એ રજા પણ તમે ગુમાવો છો. ઈશ્વરે આપેલી આ રજાઓ પણ તમારા વરો તમને લેવા દેતા નથી. દેવ નહીં, ધરમ નહીં, પાળવું નહીં, પારણું નહીં, છોકરાં ઉછેરવાની ત્રોવડ નહીં—ત્યારે આ બધા પુરુષો છે શા માટે?

આટલું જાણે ઓછું હોય તેમ, નોકરી કરીને તમારે પૈસા કમાવા જોઈએ એવો ઉપરથી એમનો આગ્રહ. છોકરાંની ફી, પાઠ્યપુસ્તકો, મોંઘવારી વગેરે કારણો આગળ ધરીને પાછા દલીલ કરશે કે, “નહીં તો ભણતરનો ઉપયોગ શો? બધું ભણેલું તું ભૂલી જઈશ!” વગેરે.

અને તમે સૌ રહ્યાં કાચા કાનનાં, એટલે એયને માંડયાં નોકરીઓ કરવા! આજકાલ જ્યાં જુઓ ત્યાં બધે નોકરીઓમાં તો બૈરાં જ. એટલે જ આજકાલ સૌને દરવાજે તાળાં લટકતાં હોય છે!

કહેવાની મતલબ એ કે નોકરી છોડો અને ઘર સંભાળો. આ તો મારાથી નથી રહેવાતું એટલે કહું છું.

# શિવકુમાર નાકર ‘સાઝ’

## મીઠલડી તું, મા!

*ચંદરની શીતળતા મા, તારે ખોળલે*
*ને આંખોમાં ઝરમરતી પ્રીત,*
*હાલરડે ઘૂઘવતા સાત સાત સમંદર ને*
*કોયલ શું મીઠું તવ ગીત—*
*મીઠલડી, હેતાળી, ગરવી તું, મા!*

# શિવપ્રસાદ ત્રિવેદી

## પાંચ કરોડ વર્ષની જૂની

હાંફળી-ફાંફળી આમતેમ દોડતી, મોંમાં ખોરાક લઈ હારબંધ જતી, વાટમાં મળતી સખીઓ પાસે પળવાર રોકાઈને વળી વેગથી આગળ ધપતી કીડીને આપણે ક્ષુદ્ર જંતુ ગણીએ છીએ. પણ તેના જીવનમાં ડોકિયું કરીએ તો તેની નગરરચના, નગર-વહીવટ, શિસ્ત, કરકસર, સંગ્રહવૃત્તિ અને સમાજના શ્રેય ખાતર વ્યક્તિનું સમર્પણ જોતાં આપણે તાજુબ થઈ જઈએ છીએ. જીવન જીવવાની કળા તો માણસે કીડી પાસેથી શીખવાની છે, એવું લાગે.

વિજ્ઞાનના દફતરે કીડીની છ હજાર જાતો નોંધાઈ છે; અને દરેક જાતમાં તેની સંખ્યા અગણિત. આપણા ઘરના બગીચાના એક ખૂણામાંની કીડીઓની સંખ્યા ગણીએ તો અમદાવાદ શહેરની માનવ-વસ્તી જેટલી થવા જાય! અને પૃથ્વીને ખૂણે ખૂણે એની વસાહતો આવેલી છે. ધ્રુવપ્રદેશોના સીમાડાઓથી માંડીને રણવગડામાં, ઊંચા પર્વતોની વૃક્ષરાજિથી માંડીને ઊંડી ખીણો સુધી એ ફેલાયેલી છે.

સામાજિક જીવન ગાળનારા કીટકોમાં ચાર મુખ્ય છે : કીડી, ઊધઈ, મધમાખ અને ભમરી. ખુલ્લામાં મધપૂડા બાંધતી મધમાખોની ક્રિયાશીલતા ઘણાના જોવામાં આવે છે. તેનું ચાતુર્ય નિહાળીને આપણે મુગ્ધ બનીએ છીએ. ઓછામાં ઓછું મીણ વાપરીને વધારેમાં વધારે મધ સંઘરાય એવા ષટ્કોણોના બનેલા મધપૂડા બાંધનાર મધમાખની ચતુરાઈ, ઉદ્યમ અને ખંત અજબ પ્રકારનાં છે. મધમાખોના જેવી જ અદ્ભુત નગર-રચના અને વ્યવસ્થા કીડીઓની પણ છે. તેની નગરરચનાની કારીગરી અને અદા, સમૂહજીવનમાં જળવાતી શિસ્ત અને વ્યવસ્થા, રોજિંદાં કાર્યોમાં નિપુણતા નિહાળીને કીડી જેવા નાનકડા જીવની બુદ્ધિશક્તિ વિશે, કદમાં તેનાથી હજારોગણા મોટા મનુષ્યને આશ્ચર્ય અને આનંદનો

અનુભવ થાય છે.

કીડીના જીવનનો વર્ષો લગી અભ્યાસ કરનાર લોર્ડ ઓબરી કહે છે કે, કીડીના જેટલી બુદ્ધિશક્તિ બીજા કોઈ જંતુમાં નથી. વિચાર કરવાની શક્તિ પણ તેનામાં છે. જમીનમાં રસ્તો કોતરીને દર બનાવવાં, દરનું રક્ષણ કરવું, ખોરાક એકઠો કરવો ને સંઘરવો, બચ્ચાંને પોષવાં ને મોટાં કરવાં, ‘ગાયો’ રાખીને તેનું દૂધ પીવું, બગીચા બનાવવા, ઉપાડેલું કામ ખંતથી અને ગૂંચાયા વગર કરવું—આ બધું વિચાર કરવાની શક્તિ વગર શી રીતે પાર પડે? જોન લુબાક નામના બીજા એક અભ્યાસી લખે છે કે, “પ્રાણીઓમાં છતી થતી બુદ્ધિશક્તિ નિહાળીને, માણસ પછી બીજી હરોળમાં ગોરીલા કે ચિમ્પાન્ઝી વાંદરાઓ કરતાં પણ પહેલાં મધમાખને અને તેના કરતાં પણ અદકી કીડીને મૂકવી પડે.”

ઘોડાં, હાથી અને કૂતરાં કરતાં પણ પ્રમાણમાં અદકું ચાતુર્ય કીડીમાં છે. તેનાં લશ્કરો સામસામાં ખૂનખાર લડાઈમાં ઊતરે છે, યુદ્ધકેદી તરીકે પકડાયેલી સામા પક્ષની કીડીઓને ગુલામ તરીકે રાખે છે અને પોતાના દરની સાથી કીડીઓ પ્રત્યે પ્રેમભાવ રાખે છે—માણસને તેનાં સગાં માટે હોય તેવો જ. રાગદ્વેષ પણ એટલા જ. પરાઈ કીડી જોઈ કે તરત જ તેને મારી નાખે.

તેની યાદશક્તિ પણ અજબ છે. કોઈ કીડીને તેના દરમાંથી કાઢીને અન્ય સ્થળે પૂરી રાખીએ ને થોડા વખત પછી તેના અસલ દરમાં પાછી મૂકીએ, ત્યારે સાથી કીડીઓ તરત તેને ઓળખી કાઢે છે અને વહાલ કરવા લાગે છે. તેમાં યાદશક્તિ કરતાં પણ કીડીની ગંધશક્તિ વધારે મહત્ત્વનો ભાગ ભજવે છે. આ શક્તિને પ્રતાપે ગમે તેટલે દૂરથી પણ કીડી પોતાના જ દરમાં પહોંચી જાય છે. કીડી આમ તો આંધળા જેવી ગણાય, કારણ કે આંખ વડે કશું જોઈને તે હલનચલન કરતી નથી. અને છતાં, તમે એનો રસ્તો ગમે તેટલો ભુલાવો કે ગૂંચવાવો તો પણ, તે છેવટે પોતાના દરમાં જ જઈને ઊભી રહેવાની!

દરેક કીડી-નગરમાં એક રાણી કીડી હોય છે. બાકીની બધી વંધ્ય કીડીઓ મજૂર અને સૈનિકની કામગીરી બજાવે છે. રાણી મરજી મુજબ

ઈંડાં મૂકતી રહે છે. તે ઈંડાં ફળેલાં હોય કે ન પણ હોય. ફળેલાં ઈંડાંમાંથી માદાકીડીઓ ને ન ફળેલાંમાંથી નરકીડીઓ પેદા થાય છે. રાણી બનનાર કીડી જ્યારે ઇયળની અવસ્થામાં હોય છે ત્યારે તેમને ખૂબ પોષણવાળો ખોરાક આપવામાં આવે છે. બાકીની ઇયળોને જેવો ખોરાક આપ્યો હોય તે મુજબ તેમાંથી મજૂર કે સૈનિક કીડીઓ બને છે.

નર અને રાણી કીડીઓને પાંખો ફૂટે છે ત્યારે તે દરની બહાર ઊડી જાય છે. પવનની લહરરૂપી હિંડોળે ઝૂલતાં ઝૂલતાં અધ્ધર હવામાં જ તે એકબીજા સાથે જોડાઈને મધુરજની માણે છે. પછી બન્ને છૂટાં પડે છે. તેમાંથી નરકીડી અથડાઈ—કૂટાઈ ભૂખમરાથી મરણ પામે છે. રાણી કીડી અસલ દરમાં કે કોઈ નવા સ્થળે પોતાનું ઘર બનાવે છે, અને તેમાં પ્રવેશ કર્યા પછી પાંખો તોડી નાખે છે.

રાણી કીડી જીવનમાં એક જ વખત નર કીડી સાથે સહચાર સાધે છે. પછી તો તે જીવે ત્યાં સુધી (૧૭ વરસની તેની આયુમર્યાદા નોંધાઈ છે) મરજી મુજબ ઈંડાં મૂકતી રહે છે. તેના જીવનનું એ જ એકમાત્ર કામ બની રહે છે. અરે—ખાવાની પણ તે પરવા કરતી નથી. મજૂર કીડીઓ તેને ખવરાવે છે અને બધી રીતે રક્ષે છે.

કામદાર કીડીઓના કામ પ્રમાણે જુદા જુદા વર્ગ પડેલા હોય છે. જેવું તેમનું કામ, તે મુજબ કદમાં તે નાનીમોટી હોય છે. કેટલીક કીડી દર બાંધવાના કામમાં ગૂંથાયેલી રહે છે, તો બીજી ફક્ત ખોરાક ઉપાડી લાવવાની કામગીરી બજાવે છે. કેટલીક બચ્ચાં ઉછેરવાના કામમાં લાગેલી હોય છે. મોટાં માથાંવાળી કેટલીક કીડીઓ દરનાં દ્વાર આગળ માથું રાખી, દરનું મોઢું બંધ કરી દઈને પડી રહે છે ને દરનું રક્ષણ કરે છે, તો વળી અમુક કીડીઓ બાગબાન બનીને ફૂગના બગીચા ઉછેરે છે. એ ફૂગમાંથી બચ્ચાંને ખોરાક અપાય છે.

કીડી ગણિકા, કીડી પરિચારિકા, કીડી ખેડૂત અને કીડી સ્થપતિ પણ હોય છે—હા, વિશ્વની અઠંગ ને કુશળ સ્થપતિ. ઇંચના ચોથા ભાગ જેટલું ઝીણું ઊધઈ જેવું જીવડું વીસવીસ ફૂટ ઊંચા મિનારારૂપી રાફડા બાંધે છે! રાફડા બાંધવામાં ઊધઈ જે યોજનાશક્તિ, ખંત, હિંમત

અને કૌશલ્યભરી કારીગરીનું દર્શન કરાવે છે, તે પિરામિડો બાંધનારા પ્રાચીન ઇજિપ્તવાસીઓનું સ્મરણ કરાવે છે. એ ઇજિપ્તવાસીઓ પાસે તો પિરામિડ બાંધવા માટે ટાંચાં પણ કાંઈક સાધનો હતાં, જ્યારે ઊધઈ પાસે કુદરતે આપેલાં તદ્દન ટચૂકડાં સાધનો સિવાય બીજું કશું ન મળે! છતાં વનસ્પતિને ચાવી, તેના કૂચામાંથી રાફડાના થર બનાવી, પોતાની લાળ વડે તેમાં સિમેંટ પૂરીને કુશળ કડિયાની માફક ઊધઈ મિનારા ચણે છે. કીડીનગર એક અજોડ લોકશાહી છે. તેમાં દરેક નાગરિકે પોતાના વ્યક્તિત્વનું સ્વેચ્છાએ સમાજને સમર્પણ કરેલું હોય છે. તેમાં કોઈ સત્તાધીશ નથી, અમલદાર નથી, નેતા નથી. છતાં સૌ પોતપોતાનું કામ ચીવટથી કર્યે જાય છે. જગતમાં સહકારી સંસ્થાની આદ્ય સ્થાપક કીડી જ છે. જંતુઓની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે—પૃથ્વી ઉપર મનુષ્ય પેદા થયો તે પહેલાં યુગયુગોની એ જૂની છે. પાંચ કરોડ વરસથી તો કીડી આ જગતમાં જીવતી આવી છે. માનવીને સમાજરચનામાં મૂંઝવનારા અનેક પ્રશ્નો કીડીએ લાખો વર્ષો પહેલાં ઉકેલી નાખ્યા છે. પોતાની સિદ્ધિઓમાં મગરૂરી માનતા માનવીએ વર્ગવિગ્રહ વગરનો સમાજ રચવા માટે નમ્રભાવે કીડીના ચરણ પાસે બેસવાનું છે.

['નવચેતન' માસિક: ૧૯૬૨]

# શિવમંગલસિંહ 'સુમન'

## મસીહા મુહબ્બતકા

*સો ગયે*
*થકે-માંદે*
*પાન્થ માનવતા કે,*
*શાન્તિદૂત ક્રાંતિજયી.*
*સિરહાને, આહિસ્તા બોલો;*
*અભી-અભી સોયા હૈ*
*મસીહા મુહબ્બત કા....*

*આજીવન દૌડા કિયે*
*દ્વાર-દ્વાર, ડગર-ડગર;*
*ઘાયલ માનવતા કો*
*મરહમ લગાતે ફિરે;*
*સાયા કિયે રહા સદા*
*આતપ-નિદાઘ મેં....*

*જબતક તુમ જિયે*
*તુમ્હેં ચૈન નહીં લેને દિયા;*
*અપના ભી બોઝા લાદ*
*નિશ્ચિંત હો ગયે;*
*મૂઢતા હમારી.*
*કિન્તુ તુમને તો ભૂલ સે ભી*
*કભી નહીં કહા કિ,*
*ચૈન લે લેને દો,*
*એક ક્ષણ પસીના પોંછ લેને દો,*

*મુઝ કો ભી પલભર*
*સુસ્તાને દો છાંવ મેં.*

*તુમ તો સિર્ફ ચલતે રહે,*
*જલતે હુએ અહર્નિશ*
*અપની હી જ્વાલા મેં;*
*દેતે હી રહે સદા*
*વારિદ-સા મુક્તદાન.*
*કર્ઝદાર સબકો બનાકર*
*ચલે ગયે....*

['જ્ઞાનોદય' માસિક: ૧૯૬૪]

# શિવાની

## ‘આમાદેર માં’

સ્ફટિક-સા ગૌરવર્ણ, જ્વલંત જ્યોતિ સે જગમગાતે વિશાલ નયન, ગોરે લલાટ પર ચંદન કા શુભ તિલક, કાલા ઝબ્બા ઔર કાલી ટોપી: યહી થે આશ્રમવાસિયોં કે હૃદય-હાર ગુરુદેવ.

કિતના મહાન વ્યક્તિત્વ ઔર કૈસા સરલ વ્યવહાર! ઊંચ-નીચ, છોટે-બડે, સબ ઉનકે સ્નિગ્ધ વ્યક્તિત્વ કી છાયા કે નીચે સમાન થે. ચીન, જાપાન, મદ્રાસ, લંકા કે છાત્ર પ્રાર્થના કી ઘંટી બજતે હી એક કતાર મેં લાઇબ્રેરી કે સામને મૌન સિર ઝુકાકાર ખડે હો જાતે. ઉનમેં ચીની બૌદ્ધ છાત્ર ફાં-ચૂ રહતા ઔર સુમાત્રા કા મુસ્લિમ છાત્ર ખૈરુદ્દીન ભી, ગુજરાત કી સુશીલા રહતી ઔર સુદૂર કેરલ-વાસિની કુમુદિની ભી. એક મન, એક પ્રાણ હોકર સબ ઉપાસના મેં લીન રહતે.

વિશ્વ-વિભૂતિ કવીન્દ્ર રવીન્દ્ર થે સંગીત, સાહિત્ય ઔર દર્શન કે વિચિત્ર-રૂપી શિલ્પી; કિન્તુ આશ્રમવાસિયોં કે થે વહ ગુરુદેવ, સ્નેહી પિતામહ. કવિતા, નાટક, ઉપન્યાસ, ચિત્રકલા, સંગીત, નાટક-પરિચાલન—ઇન સબસે ભી અધિક ચિંતા થી ઉન્હેં અપને પ્રિય આશ્રમ કી.

*

ઐસા થા ગુરુદેવ કા શાન્તિનિકેતન —ઉનકી પવિત્ર તપોભૂમિ કા સાકાર સ્વપ્ન. યહાં ચહારદીવારિયોં સે ઘિરી કક્ષાએં નહીં થી. જહાંતક દૃષ્ટિ જાય, ઉન્મુક્ત નીલ ગગન થા. પઢતે-પઢતે જી ઉબતા તો આસમાન પર ચહકતે પરિન્દોં કો દેખને પર બંદિશ નહીં થી; લિખતે-લિખતે હાથ થક જાતે તો ક્ષણ-ભર કલમ રખકર પાસ સે ગુજરતે સંથાલ-દલ કે અગુવા કી માદક વંશી કે સ્વર કો સુનને પર કોઈ પ્રતિબંધ નહીં થા; રેખાગણિત ઔર બીજગણિત કે કઠિન સાધ્યોં કે બીચ ઇધર-ઉધર દેખકર તાજગી પાને પર કોઈ રુકાવટ નહીં થી;

સામને કી ડાલ પર કબૂતર બૈઠે હૈં, યા ગિલહરી કુટુર-કુટુરકર કુછ ખા રહી હૈ, યહ સબ દેખતે-દેખતે ભી વિદ્યાર્થી પાનીપત કે તીનોં યુદ્ધોં કી દુરૂહ તારીખેં કંઠસ્થ કર લેતે થે.

*

ગુરુદેવ કો ‘બૈતાલિક’ કરવાને કા બડા શૌક થા. ચાંદની રાત હૈ. ફાલ્ગુની પૂર્ણિમા સે ધુલકર આશ્રમ ઝકઝક ચમક રહા હૈ. પ્રકૃતિને ઐસી સુંદર સૌગાત ભેજી હૈ, ઔર આશ્રમવાસી સ્વીકૃતિ ભી ન દેં! સૂચના આતી હૈ કિ ‘ઘંટાતલે’ એકત્ર હોં. રાત્રિ કા ખાના ખા-પીકર સબ ચલે આ રહે હૈં. કોઈ ભી ઇસ દલ મેં આ સકતા હૈ. હમારે છાત્રવાસ કી નૌકરાની નનીબાલા, રસોઈઘર કે નૌકર નગેન, પ્રભાકર, હરિહર; શિક્ષા-ભવન, કલા-ભવન, સંગીત-ભવન કે છાત્ર-છાત્રા-ગણ વિરાટ દલ આ જુટતા હૈ, ગાતા હૈ:

*ફાગુનેર પૂર્ણિમા*
*એલકાર લિપિ હાથે...*

...ફાગુન કી યહ પૂર્ણિમા આજ કિસકી લિપિ લેકર આઈ હૈ? પૂરે આશ્રમ કી પરિક્રમા કર દલ એક બાર ઉત્તરાયણ તક અવશ્ય જાતા હૈ. આશ્રમ-ગુરુ કી વાણી સંગીતમુખર હોકર ઉન્હીં તક પહુંચતી હૈ.

૧૯૦૨ મેં ઉનકી પત્ની કી મૃત્યુ હુઈ, તો ગુરુદેવ કી અવસ્થા કેવલ ઇકતાલીસ વર્ષ કી થી. અપને પાંચ બાલકોં કા ભાર હી નહીં, આશ્રમ કે અનેક બાલકોં કા ભાર ઉનપર થા. ગુરુદેવ કે સબસે છોટે પુત્ર કેવલ આઠ વર્ષ કે થે. આશ્રમ કી આર્થિક અવસ્થા બહુત અચ્છી નહીં થી. સાથ હી ઈશ્વર ભી ઉનકી કઠોર પરીક્ષા લે રહા થા. પહલે પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર કી મૃત્યુ હુઈ. દો વિવાહિત પુત્રિયાં જાતી રહી, ઔર ઉનકે સબસે છોટે પુત્ર કી મુંગેર મેં હૈજે સે મૃત્યુ હો ગઈ. અપને પ્રિય પુત્ર ઔર પુત્રિયોં કી મૃત્યુ કે દુ:ખ કો ભી ઉન્હોને આશ્રમ કો ગઢને-સંવારનેમેં ભુલા દિયા. અપની પુત્રિયોં પર ઉનકા અત્યંત સ્નેહ થા, વિશેષકર બેલા પર. કહા જાતા હૈ, જબ વહ ક્ષય રોગ કી ચપેટ મેં આ ગઈ, તો ગુરુદેવ ને ઉનકી દિન-રાત

સેવા કી. ઉનકે લિએ વહ કહાનિયોં કા કથાનક રચતે ઔર લિખને કે લિએ પ્રોત્સાહિત કરતે; કિન્તુ ઉનકી સેવા ઔર સ્નેહ ભી મૃત્યુ કો નહીં જીત સકે. બડી પુત્રી રાની કી ભી પહલે હી ક્ષય સે મૃત્યુ હો ગઈ થી. શોક, મૃત્યુ ઔર વિછોહ ને ઉનકો કર્મપથ સે વિચલિત નહીં કિયા. ઉનકી કલમ અબાધ ગતિ સે ચલતી રહતી. ઉનકે પુત્ર શ્રી રથીન્દ્રનાથ ઠાકુર ને અપને પિતા કે સંસ્મરણ લિખતે હુએ એક સ્થાન પર લિખા હૈ:

"મેરે પિતા કે સંકટ ઔર મહાન દુ:ખ કે દિનોં મેં ઉનકી કલમ ને હાર નહીં માની. જબ વહ રાની કે વિષમ રોગ સે લડતે, ઉસે એક પહાડ સે દૂસરે વાયુ-પરિવર્તન કે સ્થળ પર લે જાતે થે, વહ બરાબર લિખતે રહે-કભી 'ચોખેર બાલી' ઔર કભી 'નૌકા ડૂબી'. પિતાજી કભી ભી એક ઉપન્યાસ કો એક બાર હી લિખકર ખતમ નહીં કરતે થે. એક-એક પરિચ્છેદ લિખતે જાતે ઔર કિસી પત્રિકા મેં છપને ભેજતે રહતે. ઇસ પ્રકાર ધારાવાહિક રૂપ મેં ઉનકે ઉપન્યાસ પૂરે હોતે. કિતની હી વિરોધી પરિસ્થિતિયાં હોં, કિતના હી બડા માનસિક આઘાત હો, સમ્પાદકોં કો ઉનકે ઉપન્યાસ કી દૂસરી કિસ્ત કે લિએ કભી રુકના નહીં પડતા."

*

ગાંધીજી કે અનશન કે સમય સમસ્ત આશ્રમ મેં ઉદાસી ઔર ચિંતા કી લહર દૌડ ગઈ થી. આશ્રમવાસિયોં કો એકત્ર કર ગુરુદેવને પ્રાર્થના-સભા કી થી:

"જય હો ઉસ તપસ્વી કી, જો ઇસ સમય મૌત કો સામને લેકર બૈઠે હૈં!-ભગવાન્ કો હૃદય મેં બૈઠાકર સમસ્ત હૃદય કે પ્રેમ કો તપા કર, જલાકર. તુમ લોગ જયધ્વનિ કરો ઉનકી, જિસમેં તુમ્હારા કંઠ-સ્વર ઉનકે આસન કે પાસ પહુંચ સકે. કહો-'તુમ કો ગ્રહણ કર લિયા હૈ, તુમ્હારે સત્ય કો સ્વીકાર કર લિયા હૈ!' વહ જિસ ભાષા મેં કહ રહે હૈં, વહ કાનોં કે સુનને કી નહીં હૈ-વહ હૈ પ્રાણોં કે સુનને કી. મેરી ભાષા મેં જોર કહાં હૈ! વહી મનુષ્ય કી ચરમ ભાષા હૈ, જો અવશ્ય

હી તુમ્હારે પ્રાણોં મેં ભી પહુંચ રહી હૈ.”

*

ગુરુદેવને અપને પ્રિય આશ્રમવાસિયોં કે લિએ કઈ સુંદર કવિતાએં વિશેષ રૂપસે લિખી થીં. ઇનમેં સે કુછ છાત્ર-સમાજમેં વિશેષ લોકપ્રિય થીં ઔર ‘પિકનિક’ કે અવસરોં પર બડે આનંદ સે ગાઈ જાતી થીં:

*ભાલોમાનુષ નાંઈ રે મોરા ભાલોમાનુષ નાંઈ,*
*ગુનેર મધ્યે એઈ, આમાદેર ગુનેર મધ્યે એઈ…*

“હમ ભલેમાનુષ નહીં હૈં. એક હી ગુણ હૈ હમારા: વહ હૈ દેશ-દેશ મેં હમારી નંદા િહોતી હૈ, ભાઈ, ઔર પદ-પદ પર હમ વિપત્તિ કા સામના કરતે હૈં. કિતાબી જ્ઞાન હમ નહીં બધારતે, કિતાબ મેં લિખે કા ઠીક ઉલ્ટા કરતે હૈં. હમારે જન્મ કે સમય બૃહસ્પતિ છુટ્ટી પર થે, ઇસીસે શનિ કી દૃષ્ટિ હી હમ પર રહી. હમારી નૌકા અયાત્રા પર ચલી હૈ, ભાઈ. ફલ કી તો હમ આશા હી નહીં રખતે. હમારી ગતિ હૈ હી નહીં. સદા તૈરતે રહના, યહી હમારી ગતિ હૈ!”

ઇસી પ્રકાર એક દૂસરા ગીત થા:

*ના ગાન ગાઉવાર દલ રે આમરા, ના ગલા સાધાર,*
*મોદેર ભૈરવ રાગે, રવિર રાગે મુખ આધાર…*

“હમારા ગવૈયોં કા દલ નહીં હૈ, ભાઈ. હમને કંઠ કી ગાયકી કો નહીં સાધા. હમ ભૈરવ ગાતે હૈં તો સૂર્ય કા મુંહ ક્રોધ સે લાલ હો જાતા હૈ. હમારે મિલેજુલે બેસુરે કંઠોં કી ગાયકી સે મુહલ્લે કે કુત્તે ચૌંકકર ઝૌંક ઉઠતે હૈં. હમ મેઘમલ્હાર ગાતે હૈં, તો વર્ષા બંદ હો જાતી હૈ; છાતેવાલોં કી દુકાન પર શનિ કી દૃષ્ટિ લગ જાતી હૈ. બસંત બહાર કા આધા હી સ્વર લગા પાતે હૈં કિ શ્રી રાધા કા વિરહ દૂર હો જાતા હૈ. અમાવસ્યા કી રાત્રિ કો વિહાગ ગાને લગતે હૈં, તો કોયલોં કો દશમ-દશા ઘેર લેતી હૈ. ઔર કોજાગરી પૂર્ણિમા કે દિન અગર હમને કહીં જૈજૈવંતી ગા લી, તબ તો પૂર્ણિમા કે ચંદ્ર કો રાહુ હી ગ્રસ લેતા હૈ.”

આજ સમસ્ત ભારત કા ગૌરવગાન હમારા રાષ્ટ્રીય ગીત 'જનગણ મન અધિનાયક' આશ્રમ કે વિશેષ ઉત્સવોં પર ગાયા જાતા થા, તબ પૂરા ગીત દો બાર દોહરાકર ગાયા જાતા થા. 'આમાદેર શાંતિનિકેતન' ગીત તો આશ્રમ કે પ્રત્યેક પર્વ-ઉત્સવ, મેલે, પિકનિક કા આશ્રમ-ગીત થા; વિશ્વભારતી કી નારંગી કોપિયોં કે પીછે પત્રિકાઓં કે અંતિમ પૃષ્ઠ પર યહી ગીત લિખા રહતા થા. આશ્રમ-છાત્રોં કી હૃદય કી ભાવનાઓં કો, ઉનકે આશ્રમકાલીન જીવન કે સુખ ઔર ઉલ્લાસ કો હી ગુરુદેવને કવિતા મેં, સ્વરોં કે મીઠે જાલ મેં, બુનકર રખ દિયા થા-

*આમાદેર શાંતિનિકેતન*
*સબ હોતે આપન આમાદેર શાંતિનિકેતન...*

*"...હમારા શાંતિનિકેતન,*
*હમારા સબસે પ્યારા અપના શાંતિનિકેતન.*
*ઈસકી આકાશભરી ગોદમેં*
*હમારે હૃદય નાચ ઉઠતે હૈં.*
*હમ ઇસે બાર-બાર નિહારતે હૈં*
*ઔર નિત્ય નવીન પાતે હૈં-*
*હમારે તરુવર, હમારે ખુલે મૈદાન*
*ઔર ઉનમેં હમારા ખેલના–*
*હમારે સાંઝ-સવેરેકા સોહાગભરા નીલગગન.*
*હમારે શાલબીથી બન કે કલગીત સુનાતી હૈ,*
*હમારા આવલે કા કુંજ જો સદા નાચતે*
*પત્તોં કી ખુશી સે મતવાલા રહતા હૈ.*
*હમ કહીં ભી હોં–*
*હમારા આશ્રમ હમ સે કભી દૂર નહીં રહતા.*
*ઉસકે પ્રેમ કા સિતાર*
*હમારે મન કે સ્વરોં સે બંધા હૈ.*
*હમારે પ્રાણોં સે*
*ઉસ સિતાર કી ધુન એક હોકર મિલ ગઈ હૈ.*

*ભાઈ ભાઈ કો*
*આશ્રમને એક મન એક પ્રાણ*
*કર દિયા હૈ.”*
*આશ્રમવાસી કહીં ભી રહેં, આશ્રમ ઉનકે હૃદય મેં હી રહતા.*

*

બાદ મેં ગુરુદેવ પ્રાય: અસ્વસ્થ રહને લગે ઔર ઉનકે પાસ આને જાને કી સુવિધાએં બહુત કમ હો ગઈ. અસ્વસ્થ હોકર બિસ્તરે સે લગને સે પહલે ગુરુદેવને ‘શિશુ-ભવન’ કી એક સભા કા સભાપતિત્વ ગ્રહણ કિયા થા. જહાં તક મુઝે સ્મરણ હૈ, ઉસ સભા કે બાદ ગુરુદેવ અન્ય સભા યા ઉત્સવ મેં ફિર નહીં આ સકે થે. વૈસે તો આશ્રમ કી પ્રત્યેક સાહિત્ય-સભા કા અપના પૃથક્ વ્યક્તિત્વ થા, કિન્તુ શિશુ-ભવન કી સભા કી નિરાલી હી શોભા રહતી. સફેદ ગરદ કી સાડી પહને ‘માસીમા’ અપની પૂરી બાલસેના કો પંક્તિબદ્ધ કર લે આતી. છોટેછોટે બાલક, ચુની ધોતી ઔર કુરતા પહને સભા સજાને મેં જુટ જાતે.

એક તો શિશુ-ભવન કી સભા, ઉસ પર સભાપતિ સ્વયં ગુરુદેવ! લાઇબ્રેરી કે સામને હી ઉનકી સભા સજી થી. એક-એક કરકે છોટે બાલક એવં બાલિકાએં આતી ઔર છોટે છોટે લેખ, કહાની, આવૃત્તિ સુનાસુનાકર સુનનેવાલોં કા મન મોહ લેતી.

મંચ પર ચીના-ભવનકે પ્રોફેસર તાન કા નન્હા પુત્ર તાન-લી આયા ઔર અપના લેખ ખૂબ ઉંચે સધે સ્વર મેં પઢના આરંભ કિયા. લેખ કા શીર્ષક થા: ‘ગુરુદેવ બડ ભાલો’-ગુરુદેવ બડે ભલે હૈં.

ઉસ રચના કી પહલી પંક્તિ થી: ‘આમરા ગુરુદેવ કે ભાલો બાશી’-હમ ગુરુદેવ કો પ્યાર કરતે હૈં.

રચના કી અંતિમ પંક્તિ થી: ‘ગુરુદેવ આમાદેર માં’-ગુરુદેવ હમારી મા હૈં.

રવીન્દ્ર-શતાબ્દી કી પુણ્યતિથિ પર આજ દેશ-વિદેશ કે પંડિત-સાહિત્યિક સોચ મેં ડૂબે હૈં કિ કિન શબ્દોં મેં સરસ્વતી કે વરદ્ પુત્ર કી આરતી ઉતારેં?

પર ઉનકે આશ્રમ કે એક નન્હે-સે છાત્ર ને વર્ષો પૂર્વ અપની આડંબરહીન સરલ સ્નેહ કી ડોર સે ઉન્હેં નાપકર રખ દિયા થા: ‘ગુરુદેવ આમાદેર માં’. નન્હા તાન-લી ભી શાયદ જાનતા થા ઉનકે સ્નેહ કી ગહરાઈ કો.

*

આશ્રમ કે અનોખે આકર્ષણ સે ખંચિ-ખંચિ કર દેશ-વિદેશ કે છાત્ર-છાત્રાએં આકર જુટને લગે. કિન્તુ આનંદ-ઉત્સવ કે બીચ સહસા આશ્રમ કા તેજપુંજ મંદ પડને લગા. ગુરુદેવ કી અસ્વસ્થતા બઢ ગઈ. આશ્રમવાસી પ્રાય: બૈતાલિક કરતે ગાતે-ગાતે ‘ઉત્તરાયણ’ તક જાતે, કિન્તુ ગીત કે સ્વરોમેં અબ વહ તાજગી નહીં રહ ગઈ થી. બડે-બડે ડાક્ટર આતે ઔર ચિંતા મેં ડૂબકર રહ જાતે. એક ઓર આશ્રમ કા નયા બિજલીઘર બન રહા થા; કિન્તુ આશ્રમ કી રોશની તો બુઝી જા રહી થી. આશ્રમ કે ઉત્સવોં મેં વહ આનંદ નહીં રહા થા. જિસે દેખો વહ યહી કહતા: “ન જાને ક્યોં, એક અમંગલ કી-સી આશંકા હો રહી હૈ.” સુનને મેં આ રહા થા કિ ગુરુદેવ કો કલકત્તા લે જાયા જાયગા. ઝુંડ-કે-ઝુંડ દર્શનાર્થી ‘ઉત્તરાયણ’ જાતે, ઔર ઉદાસ હોકર લૌટતે. ઉનકે અત્યંત પુરાને સહયોગી અધ્યાપક, જિનમેં સે કઈ ઉનકે છાત્ર ભી રહ ચુકે થે, પઢાતે-પઢાતે ચુપચાપ કિતાબ બંદ કર છુટ્ટી કર દેતે. ‘ઉપાસના-મંદિર’ મેં શાંત ભવ્ય મૂતિર્ ખિતીમોહનબાબૂ કી આંખેં ભર આતી-ન જાને કિતની પૂર્વ-સ્મૃતિયાં ઉન્હેં બેચૈન કર દેતી. શ્રી પ્રભાત મુકર્જી ઇતિહાસ પઢાતે-પઢાતે ચશ્મા હટાકર આંખેં પોંછને લગતે: “ગુરુદેવ કલ કલકત્તા જા રહે હૈં.” કિતને પુરાને અધ્યાપક થે વહ! સદા હંસને-હંસાને વાલે હમારે ઇતિહાસ કે બુજુર્ગ પ્રભાતદા જૈસે કુછ હી દિનોં મેં બૂઢે હો ગયે. ગુરુદેવ કી બીમારી કે કાલે બાદલોં ને પૂરે આશ્રમ કો ઘેર લિયા. ઔર એક દિન ગુરુદેવ કે કલકત્તા જાને કી સચમુચ તૈયારિયાં હો ગઈ. પૂરા આશ્રમ ‘ઉત્તરાયણ’ કે બાહર એકત્ર થા. એક-એક કર સબને જાકર ગુરુદેવ કે પાવન ચરણોં કી ધૂલિ લી, ઔર ધીરે-ધીરે વિશ્વ-ભારતી કી લમ્બી બસ ગુરુદેવ કો લેકર આંખો સે દૂર હો ગઈ.

*

એક દિન વહ આયા જબ આશ્રમ મણિ-હીન મુકુટમાત્ર રહ ગયા. આશ્રમ કે પેડ-પત્તે તક શોકમગ્ન હો ઉઠે.

જિસ દિન ગુરુદેવ કે અસ્થિ-અવશેષ કો લેકર ઉનકે આત્મીય સ્વજન લૌટે, આશ્રમવાસી સડક કે દોનોં ઔર લમ્બી કતાર મેં શોકમગ્ન સિર ઝુકાયે ખડે થે. આશ્રમગુરુ નહીં રહે, પર આશ્રમ નિષ્પ્રાણ હોકર ભી સ્વયં ઉન્હીં કી વાણી સે પ્રાણમય થા:

*આમાર જાબાર સમય હોલો,*
*આમાર કેનો રાખીશ ધરે—*
*ચોખરે જલેર બાંધન દિયે*
*બાંધીસ ને આર માયાર ડોરે.*
*ફૂરિયે છે જીવનેર છૂટી*
*ફિરિયે ને તોર નયન ટૂટી.*
*નામધરે આર ડાકીસને ભાઈ*
*જેતે હૌબે ત્વરા કરે.*

‘મેરે જાને કા સમય હો ગયા, અબ મુઝે પકડકર ક્યોં રખતે હો? અપને આંસુઓં કી માયાડોર કે બંધન સે મુઝે મત બાંધો. જીવન કી છુટ્ટી સમાપ્ત હો ગઈ હૈ, અપની આંખેં ફેર લો, મુઝે મત દેખો. મુઝે નામ લેકર મત પુકારો, ભાઈ; મુઝે અબ જલદી જાના હૈ.’

[‘ગુરુદેવ ઔર ઉનકા આશ્રમ’પુસ્તક]

# 'શૂન્ય' પાલનપુરી

## શું કરું?

*કોઈ પથ્થર ઉગામે, તો હું શું કરું?*
*ફૂલ ફેંકું ન સામે, તો હું શું કરું?*

—

*અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા,*
*નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે;*
*મળી છે અમોને જગા મોતીઓમાં!*

—

*સાત સમંદર તરવા ચાલી જ્યારે કોઈ નાવ અકેલી,*
*ઝંઝા બોલી 'ખમ્મા! ખમ્મા!'*
*હિંમત બોલી 'અલ્લાબેલી!'*

## કોણ માનશે?

*દુઃખમાં જીવનની લ્હાણ હતી, કોણ માનશે?*
*ધીરજ રતનની ખાણ હતી, કોણ માનશે?*
*શય્યા મળે છે શૂળની ફૂલોના પ્યારમાં!*
*ભોળા હૃદયને જાણ હતી, કોણ માનશે?*

*લૂંટી ગઈ જે ચાર ઘડીના પ્રવાસમાં,*
*યુગ યુગની ઓળખાણ હતી, કોણ માનશે?*
*ઉપચારકો ગયા અને આરામ થઈ ગયો!*
*પીડા જ રામબાણ હતી, કોણ માનશે?...*

## જાશું, જઈને કાળની...

*જાશું, જઈને કાળની ગરદન ઝુકાવશું,...*
*જ્વાળાઓ ઠારશું અને ફૂલો ખિલાવશું;...*
*મૃગજળને પી જશું અમે ઘોળીને એક દી,...*
*સાગર ઉલેચશું અને મોતી લૂંટાવશું!*

## એ જ છે સાચો ઝવેરી...

*એ જ છે સાચો ઝવેરી સારહીન સંસારમાં,*
*કાચ ને હીરામાં જેને ફેર દેખાતો નથી.*

## ગોખથી હેઠે ઊતરો...

*ગોખથી હેઠે ઊતરો, પ્યારા! ત્યાં તો પથ્થર લાગો છો;*
*માનવરૂપ ધરો છો ત્યારે સાચા ઈશ્વર લાગો છો.*

# જાઓ, દુનિયાની...

*જાઓ, દુનિયાની ખબર તો લો કે એને શું થયું?*
*—કેમ તાજો ઘાવ દિલ પર આજે દેખાતો નથી!*

# શેખાદમ આબુવાલા

*કોઈ સાચી પ્યાસ લઈ આવ્યું ન અમને ઢૂંઢતું,*
*જામની માફક અમે તો નિત્ય છલકાતા રહ્યા!*

# શૈલેન્દ્ર

## ઈક દિન

*માના આજ કી રાત હૈ લંબી, માના દિન થા ભારી;*
*પર જગ બદલા, બદલેગી ઈક દિન તકદીર હમારી;*
*ઉસ દિન કે ખ્વાબ સજાઓ, મૈં ગાઉં, તુમ સો જાઓ.*

['બ્રહ્મચારી' ફિલ્મ: ૧૯૬૮]

## એક બાર

*તુમ ઔર હમ જૈસે અનગિનત*
*એક બાર અગર મિલ જાયેં,*
*તોપોં કે મુહ ફિર જાયેં,*
*જુલ્મ કે સિંહાસન હિલ જાયેં.*

# ‘શૈલેષ’ મટિયાની

## સીના

*કિ અપને હી લિએ જીના કભી જીના નહીં હોતા,*
*ન ઝેલે વજ્ર જો મર્દકા સીના નહીં હોતા.*

## કસૌટી પર

*મુઝે કસ લો કસૌટી પર*
*કિ મેરે છંદ જાગેંગે જમાનેકી ચુનૌતી પર....*

*અભી તો, ખૈર, મેરે ગીત હી ચહકે નહીં જી-ભર,*
*સ્વરોંકે અધખિલે શતદલ અભી મહકે નહીં જી-ભર;*
*અભી મેરે અધર પર અનકહી કુછ બાત બાકી હૈ,*
*કિ જૈસે સજ ચુકી દુલ્હન મગર બારાત બાકી હૈ;*
*અભી બરસે નહીં બાદલ, અભી દહકે નહીં શોલે,*
*દિશાઓંને અભી તક સૂર્યકે બંધન નહીં ખોલે;*
*કભી સંગીતકી મૌસમ યહાં આ જાએ, તો દેખૂં—*
*ઉઠાતા કૌન હૈ ઉંગલી કલમકી શોખ હસ્તી પર.*

*મુઝે કસ લો કસૌટી પર*
*કિ મેરે છંદ જાગેંગે નયે યુગકી મનૌતી પર.*

[‘મિલાપ’ માસિક: ૧૯૬૨]

# શોભન વસાણી

## આપણે તો, ભાઈ—

*સઘળા સુખે સૂઈ રહે છો,*
*આપણે તો, ભાઈ! જાગતાં રે'શું;*
*સાદ પાડીને શેરીએ શેરીએ*
*ઊંઘતાંનેય જગાડતાં રે'શું.*

*ઝાંઝ લેશું, કોઈ તબલાં-થાળી,*
*કોઈ પેટી, કોઈ વાંસળી લેશું,*

*ચૌટે ચૌટે સાથ મળીને*
*મન મૂકી વગાડતાં રે'શું;*
*ગામ આખાને સાથમાં લેવા*
*ગીતથી ગામ ગજાવતાં જાશું.*

# શ્યામ સાધુ

## મઘમઘ

*યાદ થકી હું મઘમઘ થાતો,*
*તમને બાકી ક્યાં અડકેલો?*

## યાદ થકી...

*યાદ થકી હું મઘમઘ થાતો,*
*તમને બાકી ક્યાં અડકેલો?*

## ચૈતરી તડકામાં...

*ચૈતરી તડકામાં તારી યાદને*
*માની લીધી ડાળ મેં ગુલમ્હોરની!*

## સુન્દરમ્‌ની રમણીય બાલકાવ્યસૃષ્ટિ

ગુજરાતી બાળસાહિત્ય અને ગુજરાતનાં બાળકો ભાગ્યશાળી છે કે તેને ઉત્તમ બાળગીતો અને તેના રચનારાઓ મળ્યાં છે. બાળગીતનો સર્જક કેવો હોવો જોઈએ?—એ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય કે તેનું હૈયું ભાવનાસભર હોવું જોઈએ, તેની પાસે બાળકનું વિસ્મય હોવું જોઈએ અને લયયુક્ત શબ્દોની પસંદગીની સૂઝ હોવી જોઈએ.

અહીં એકનામેરી બે કવિઓ સહજ યાદ આવે: એક ત્રિભુવન

વ્યાસ ને બીજા ત્રિભુવનદાસ લુહાર એટલે કે આપણા સુન્દરમ્. આ બેઉ કવિઓએ આપણાં બાળકોને ન્યાલ કરી દીધાં છે. સુન્દરમ્‌ની ‘રંગ રંગ વાદળિયાં’ની મેઘધનુષી રમણીય—તેજેમઢી કાવ્યસૃષ્ટિમાં અનેકોએ સ્નાન કર્યું છે. ‘રંગ રંગ વાદળિયાં’ની સૃષ્ટિમાં ભાવના છે, કલ્પના છે, ભક્તિ છે, પ્રાર્થના છે. બાળકોને પામતાં પામતાં માનવને પામવાની મથામણરૂપે બાળકોની નજરે સૃષ્ટિને જોઈ, સુન્દરમ્‌એ અનવદ્ય બાળકાવ્યો પણ આપ્યાં છે. કયા સુન્દરમ્ મોટા? ‘મેરે પિયા’ના કે ‘રંગ રંગ વાદળિયાં’ના?—ઉત્તર કઠિન છે.

તેમની આ વિશાળ બાળકાવ્યસૃષ્ટિ ચાર ભાગમાં વ્યક્ત થઈ છે: ‘રંગ રંગ વાદળિયાં’, ‘ચક ચક ચકલાં’, ‘આ આવ્યાં પતંગિયાં’ અને ‘ગાતો ગાતો જાય કનૈયો’. ‘સમગ્ર બાળકવિતા’ના આ ચાર ભાગની સૃષ્ટિનું વૈવિધ્ય એક સૌંદર્યલોક રચે છે. અહીં વિષયવૈવિધ્ય, લયવૈવિધ્ય, કલ્પનાવૈવિધ્ય અને બાળભોગ્ય ભાષા છતાંય ભાષાભિવ્યક્તિનું વૈવિધ્ય છે. તેમની આ કાવ્યકૃતિઓથી ગુજરાતી બાળકવિતા બહુમૂલ્યા બની છે. તેમનાં બાળકાવ્યોની એવી તો કરામત છે કે તે બાળકોને તરત જ કંઠસ્થ થઈ જાય છે!

એક બાજુથી જો બાળકવિતાનાં મૂળ શોધવા જઈએ તો તેનું પગેરું લોકસાહિત્યમાં મળી જાય. વળી બીજી બાજુએ અનેક કવિઓએ આ કાવ્યક્ષેત્રમાં પોતાની કાવ્યગાગરથી સિંચન કર્યું છે. આપણને ઉપર્યુક્ત બે કવિઓ ઉપરાંત ન્હાનાલાલ, મેઘાણી, મકરન્દ, દેશળજી પરમાર, ચં. ચી. મહેતા, ઉમાશંકર જોશી, ‘સ્નેહરશ્મિ’, ચંદ્રકાન્ત શેઠ, રમેશ પારેખ, હરિકૃષ્ણ પાઠક એમ અનેકો પાસેથી ઉત્તમ બાળકાવ્યો મળ્યાં છે; પણ તેમાંય સુન્દરમ્‌નાં બાળકાવ્યો અલગ ભાત પાડે છે. ‘સમગ્ર બાલકવિતા’ દ્વારા એક ધોધમાર પ્રવાહ તેમણે વહેવડાવ્યો છે. ‘રંગ રંગ વાદળિયાં’ના કેટલાંક કાવ્યો તો એવાં છે કે તે માત્ર સુન્દરમ્‌નાં ન રહેતાં સમસ્ત ગુજરાતની સંપત્તિ બની ગયાં છે. એમ જ લાગે કે આ તો લોકસાહિત્યના વારસારૂપ કાવ્યપ્રસાદી છે.

એવો પ્રશ્ન જરૂર થાય કે તેમની બાળકવિતા શાથી આટલી

બાળપ્રિય થઈ શકી? કદાચ બાળચિત્તની તરંગલીલા ને કલ્પનાશીલતા, બાળકનું વિસ્મય અને રમતિયાળપણું, કુદરત સાથેની બાળકની દોસ્તી અને આસપાસની જડચેતન સૃષ્ટિ સાથેની સ્વાભાવિક આત્મીયતા—આ બધું સુન્દરમ્માં એકત્ર થઈને અવનવી રીતે પ્રગટતું લાગે છે. સુન્દરમ્નાં કાવ્યોમાં ક્યારેક એવું પણ થયું છે કે ભાવના બાળભોગ્ય હોય, તો ક્યાંક ભાષા થોડી મોટેરાંની હોય. ને તોય તે ભાવનાનું નિરૂપણ એવા લયમાં થયું હોય કે બાળકને એ અર્થ ન પહોંચે ને છતાંય ગીત પહોંચ્યું હોય. બાળક તે ગણગણતું હોય! એકદમ નાનાં બાળકોથી માંડી કિશોરાવસ્થાએ પહોંચેલાં બાળકો—સર્વને માટે તેમણે કાવ્યો રચ્યાં છે. અહીં મોટે ભાગે કવિ બાળક બની વાત કરે છે; તો ક્યારેક કવિ કવિ રહીને પણ બાળકની વાત કરે છે.

સુન્દરમ્નાં કાવ્યો હોય ને પ્રભુપ્રેમ, શ્રીમાતાજી, શ્રી અરવિંદ ન હોય એવું બને જ નહીં! અલબત્ત, આવી કેટલીક રચનાઓમાં બાળમનનો પ્રવેશ કદાચ દુષ્કર બને. પણ ભાવસૃષ્ટિમાં તે જરૂર તણાય.

લય, ભાવ કે ભાષાના સંદર્ભે કેટલાંક તો એવાં કાવ્યરત્નો અહીં છે જે સદાય ચિત્તમાં ઝળહળ્યાં કરેઃ

“એક સવારે આવી મુજને કોણ ગયું ઝબકાવી?”

“દરિયાને તીર એક રેતીની ઓટલી”;

“હાં રે અમે ગ્યાં’તાં”;

“સૂંડલા ભરી ભરી લેજો”;

“ચીં ચીં ચકલાં આવે ને જાય”;

“કોઈ રમતું આવે, કોઈ ભમતું આવે”;

“આજ દિવાળી કાલ દિવાળી”;

“એક નાના સરવરની પાળે”;

“ચલ સોનલ, જઈએ સ્હેલગાહે”;

“ઓ રે પતંગિયા, તું કહેને આ પાંખ તને કોણે દીધી?”

વગેરે. તો ‘મુન્ની મારકણી’, ‘તાગડધિન્ના’ જેવાં કાવ્યો તો સુન્દરમ્ જ આપી શકે.

આ થઈ સુન્દરમ્ની કાવ્યસૃષ્ટિની ઝાંખી. આવાં અનેક અન્ય રત્નો માટે તો જવું પડે સુન્દરમ્ની ‘સમગ્ર બાલકવિતા’ના ચાર ભાગ પાસે. આ કાવ્યો એ ગુજરાતનાં બાળકોને મળેલી સુન્દરમ્ની અણમોલ ભેટ છે.

['પરબ' માસિકઃ ૨૦૦૫]

# શ્રીઅરવિંદ

## સંભાળજે!

સ્વાર્થીપણું આત્માનું ખૂન કરે છે. પણ તારું પરોપકારપણું બીજાઓની અંદર રહેલા આત્માનો વિનાશ ન કરે, તે તું સંભાળજે!

## બ્રહ્મજ્ઞાન

ચંદ્ર ધીરે ધીરે વાદળોના પડદા પાછળ ગતિ કરી રહ્યો હતો. નીચે નદી કલકલ કરતી પવનના સૂરમાં પોતાનો સૂર મેળવતી નાચતી નાચતી વહેતી હતી. પૃથ્વીનું સૌન્દર્ય અર્ધા અંધકારમાં અર્ધા ચંદ્રપ્રકાશમાં ઓર ખીલી ઊઠ્યું હતું. ચારે બાજુ ઋષિઓના આશ્રમો હતા. પ્રત્યેક આશ્રમની શોભા નંદનવનની શોભાને પણ ટપી જાય તેવી હતી. હરેક ઋષિની કુટિરની આસપાસનાં તરુ, પુષ્પો અને લતાઓ સૌન્દર્યથી લચી પડતાં હતાં. આવી જ્યોત્સ્નાથી છલકાતી એક રાત્રે બ્રહ્મર્ષિ વશિષ્ઠ પોતાની પત્ની અરુંધતીને કહેતા હતા, “દેવી, ઋષિ વિશ્વામિત્રને ત્યાંથી થોડુંક મીઠું લઈ આવો ને!”

આ સાંભળતાં જ અરુંધતીને આશ્ચર્ય થયું અને તેમણે પ્રશ્ન કર્યો, “પ્રભુ, આપ આ કેવી આજ્ઞા કરો છો? મને એ સમજાતું નથી. જેણે આપણા એક સો પુત્રોનો વધ કર્યો છે…” એ શબ્દો બોલતાં બોલતાં અરુંધતીનો કંઠ રૂંધાઈ ગયો. ભૂતકાળ બધો સ્મરણપટ પર તાજો થઈ આવ્યો. અપૂર્વ શાંતિના ધામ જેવું એ હૃદય વ્યથાથી ઊભરાવા લાગ્યું. તે બોલ્યાં, “આવી જ સુંદર કૌમુદીવાળી રાત્રે મારા પુત્રો વેદગાન કરતા કરતા ફરતા હતા. એ સોએ સો વેદજ્ઞ હતા, બ્રહ્મનિષ્ઠ હતા. મારા એ સર્વ પુત્રોને જેણે મારી નાખ્યા છે, તેના આશ્રમમાંથી મીઠું માગી લાવવાનું આપ કહો છો? મને કંઈ સમજાતું નથી.”

ઋષિનું મુખ ધીરે ધીરે પ્રકાશથી છલકાવા લાગ્યું, સાગર જેવા એમના હૃદયમાંથી શબ્દો નીકળવા લાગ્યા: “દેવી, એમના ઉપર તો મને ખાસ પ્રેમ છે.”

અરુંધતીનું આશ્ચર્ય ખૂબ વધી ગયું. તેમણે કહ્યું, “એમના ઉપર આપને જો પ્રેમ છે તો તો પછી આપ એમને ‘બ્રહ્મર્ષિ’ નામે સંબોધન કેમ નથી કરતા? એમને બ્રહ્મર્ષિ કહી દીધા હોત તો આ બધી જંજાળ મટી જાત, અને મારે મારા સો પુત્રો ગુમાવવા ન પડત.”

ઋષિના મુખ ઉપર એક અપૂર્વ કાંતિ પ્રગટી આવી. તે બોલ્યા, “તેમના ઉપર મને પ્રેમ છે માટે જ હું એમને બ્રહ્મર્ષિ કહેતો નથી. હું એમને બ્રહ્મર્ષિ નહીં કહું એમાંથી જ તેઓ બ્રહ્મર્ષિ થઈ શકવાની આશા રહે છે.”

*

આજે વિશ્વામિત્ર ક્રોધથી જ્ઞાનશૂન્ય બની ગયા હતા. આજે તેઓ તપસ્યામાં મન પરોવી શકતા ન હતા. તેમણે સંકલ્પ કર્યો હતો કે, આજે જો વશિષ્ઠ મને બ્રહ્મર્ષિ નહીં કહે તો તેમનો પ્રાણ લઈશ. અને એ સંકલ્પને પાર પાડવા તે હાથમાં તલવાર લઈ પોતાની કુટિરમાંથી બહાર નીકળી પડ્યા, અને ધીરે ધીરે વશિષ્ઠની કુટિરની પાસે આવી ઊભા રહી ગયા. ત્યાં ઊભાં ઊભાં તેમણે વશિષ્ઠની બધી વાતો સાંભળી. હાથમાં જોરથી પકડેલી તલવાર ઢીલી થઈ ગઈ. તે વિચારવા લાગ્યા, મેં આ શું કર્યું ? તદ્દન અજ્ઞાનમાં રહીને મેં કેવો મોટો અન્યાય કર્યો છે? કેવા નિર્વિકાર હૃદયના ઋષિને વ્યથા પહોંચાડવાનો પ્રયત્ન મેં કર્યો છે! તેમના હૃદયમાં જાણે સો સો વીંછીના ડંખની વેદના થવા લાગી, હૃદય અનુતાપથી બળવા લાગ્યું. દોડીને તે વશિષ્ઠના પગમાં ઢળી પડ્યા. થોડી ક્ષણો તો તે કશું બોલી જ ન શક્યા. પછી તે બોલ્યા, “ક્ષમા કરો. પણ મારામાં તો ક્ષમા યાચવાની પણ યોગ્યતા નથી રહી.” વિશ્વામિત્રનું ગર્વીલું હૃદય બીજું કાંઈ બોલી શક્યું નહીં.

પણ વશિષ્ઠ શું બોલ્યા? વશિષ્ઠે બેય હાથ વડે તેમને પકડી લીધા અને કહ્યું, “ઊઠો બ્રહ્મર્ષિ, ઊઠો.”

વિશ્વામિત્ર બમણા શરમાઈ ગયા અને બોલ્યા, “પ્રભુ, મને આમ શરમમાં કેમ નાખો છો?”

વશિષ્ઠે જવાબ આપ્યો, “હું કદી મિથ્યા બોલતો નથી. આજે તમે બ્રહ્મર્ષિ થયા છો. આજે તમે અભિમાનનો ત્યાગ કર્યો છે. આજે તમે બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કર્યું છે.”

વિશ્વામિત્રે કહ્યું, “આપ મને બ્રહ્મજ્ઞાન આપો.”

વશિષ્ઠે જવાબ દીધો, “આપ શેષની પાસે જાઓ. તે જ આપને બ્રહ્મજ્ઞાન આપશે.”

વિશ્વામિત્ર શેષની પાસે પહોંચ્યા. માથા ઉપર પૃથ્વી ધારણ કરીને શેષ બેઠા હતા. વિશ્વામિત્રે બધી વાત કહી સંભળાવી.

શેષ બોલ્યા, “તમે જો આ પૃથ્વી તમારા મસ્તક પર ધારણ કરી શકો, તો હું તમને બ્રહ્મજ્ઞાન આપી શકીશ.”

તપોબળના ગર્વથી ભરેલા વિશ્વામિત્રે કહ્યું, “આપ પૃથ્વીને માથેથી ઉતારી નાખો. હું એને મારે માથે લઈ લઉં છું.”

શેષે પૃથ્વીને માથા પરથી ઉતારી તેવી જ તે આકાશમાં ચક્કર લેતી લેતી ગબડવા લાગી.

વિશ્વામિત્રે ગર્જના કરી, “હું મારા સમસ્ત તપનું ફળ અર્પણ કરું છું. પૃથ્વી, સ્થિર થઈ જા!” પણ પૃથ્વી સ્થિર ન થઈ.

ત્યારે શેષ બોલ્યા, “વિશ્વામિત્ર, પૃથ્વીને ધારણ કરી શકાય એટલું તપ તો તમે કર્યું લાગતું નથી. પણ કોઈ દિવસ કોઈ સાધુપુરુષનો સંગ કર્યો છે? કર્યો હોય તો તેનું ફળ અર્પણ કરો.”

વિશ્વામિત્રે કહ્યું, “એકાદ ક્ષણ જેટલો વશિષ્ઠનો સંગ કર્યો છે.”

શેષે કહ્યું, “તે એનું જ ફળ અર્પણ કરો.”

વિશ્વામિત્ર બોલ્યા, “હું એ ફળ અર્પણ કરું છું.” અને ધીરે ધીરે પૃથ્વી સ્થિર બની. પછી વિશ્વામિત્ર બોલ્યા, “હવે મને બ્રહ્મજ્ઞાન આપો.”

શેષે કહ્યું, “મૂર્ખ વિશ્વામિત્ર, જેની સાથેના એક ક્ષણ જેટલા

સત્સંગના ફળ રૂપે પૃથ્વી સ્થિર થઈ ગઈ, તેને મૂકીને તું મારી પાસેથી બ્રહ્મજ્ઞાન લેવા ઇચ્છે છે?"

વિશ્વામિત્ર ક્રોધે ભરાયા. વિચારવા લાગ્યા કે, આ તો વશિષ્ઠે મને છેતર્યો! ઝડપથી તેઓ વશિષ્ઠ પાસે જઈ પહોંચ્યા અને કહેવા લાગ્યા, "આપે મને શા માટે છેતર્યો?"

વશિષ્ઠે ધીરગંભીર ભાવે ઉત્તર આપ્યો, "તે વખતે જો મેં તમને બ્રહ્મજ્ઞાન આપ્યું હોત તો તેમાં તમને વિશ્વાસ બેસત નહીં. હવે તમને શ્રદ્ધા બેસશે." અને પછી વિશ્વામિત્રે વશિષ્ઠ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

*

ભારત દેશમાં આવા ઋષિઓ હતા, આવા સાધુપુરુષો હતા. ક્ષમાનો આવો આદર્શ હતો. એવું તપોબળ હતું કે જે દ્વારા પૃથ્વીને ધારણ કરી શકાતી હતી.

ભારત દેશમાં વળી પાછા એવા જ ઋષિઓ જન્મ લઈ રહ્યા છે. એ ઋષિઓના પ્રભાવ આગળ પ્રાચીન કાળના ઋષિઓનો પ્રકાશ ઝાંખો પડી જશે. એ ઋષિઓ ભારત દેશને પ્રાચીન કાળ કરતાંયે વધારે ગૌરવ અપાવશે.

# શ્રીધર બાલન

## ૨૦૦૬માં ફ્રેન્કફર્ટને મેળે

જર્મનીના ફ્રેન્કફર્ટ શહેરમાં દર વરસે જગતનો સૌથી મોટો આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળો ભરાય છે. દર વરસે એ પુસ્તકમેળો કોઈ એક દેશને મુખ્ય સ્થાન આપે છે. ૧૯૮૬માં ભારતને એ સ્થાન મળેલું અને હમણાં જાહેરાત થઈ છે કે ૨૦૦૬ના ફ્રેન્કફર્ટ મેળામાં ફરી વાર ભારતને એ સ્થાન અપાશે. વીસ વરસના ગાળામાં આવું સન્માન બે વાર મેળવનાર એક માત્ર દેશ ભારત છે.

ભારતમાં આજે ૧૬,૦૦૦ જેટલા પ્રકાશકો છે અને આ દેશમાં વરસે ૭૦,૦૦૦ જુદાં જુદાં પુસ્તકો બહાર પડે છે તેવો અંદાજ છે. તેમાંથી ૪૦ ટકા જેટલાં તો અંગ્રેજી ભાષામાં હોય છે. એ રીતે અંગ્રેજી પુસ્તકોનાં પ્રકાશનમાં ભારતનું સ્થાન બ્રિટન અને યુનાઇટેડ સ્ટેઇટ્સ પછી દુનિયામાં ત્રીજું આવે છે. ભારતમાં પ્રકાશિત અંગ્રેજી પુસ્તકો જગતના ઘણા દેશોમાં નિકાસ થાય છે. ભારતીય પુસ્તકોની નિકાસ ૧૯૯૧માં રૂ. ૩૩ કરોડની હતી, તે ૨૦૦૩માં રૂ. ૩૬૦ કરોડ પર પહોંચેલી.

ભારતની અદ્યતન મુદ્રણવ્યવસ્થા અને મજૂરીના નીચા દરને કારણે કેટલાક દેશના પ્રકાશકો પોતાના દેશ કરતાં ભારતનાં છાપખાનાંમાં પુસ્તકો છપાવવાનું પસંદ કરે છે. એ રીતે આજે ભારતને વિદેશોમાંથી રૂ. ૯૪ કરોડનું છાપકામ મળે છે.

['ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' દૈનિકઃ ૨૦૦૫]

# શ્રીપ્રકાશ

## સુવ્યવસ્થા કા પ્રેમી

કેવલ મનુષ્યો નહીં, જિન પદાર્થો કો સાધારણતહ હમ નિર્જીવ માનતે હૈં ઉન પર ભી ઉનકા બડા પ્રેમ રહતા થા. પુસ્તક ઐસી વસ્તુઓં સે તો વહ વિશેષ સ્નેહ રખતે થે, ઔર સબકો બડી ફિક્ર સે દેખતે થે. સભી વસ્તુઓં કો સુવ્યવસ્થિત રખના ઉનકે લિયે સાધારણ-સી બાત થી. ઉનકી સબ ચીજેં સ્વચ્છ રહતી થીં ઔર ઠીક સ્થાન પર રખી જાતી થીં. વે બહુતસા કામ સ્વયં કરતે થે. મુઝે યહ દેખ કર સદા આશ્ચર્ય હોતા થા કિ ઉનકા ટેબલ ઐસા સ્વચ્છ કૈસે રહતા થા.

૧૯૨૯મેં એક સમ્મેલન કે બાદ જવાહરલાલજી ઔર મૈં ગણેશશંકર વિદ્યાર્થી કે સાથ કાનપુર આયે. હમ દોનોંકો અપને દૈનિક પત્રા ‘પ્રતાપ’કે દફ્તર મેં છોડ કર વિદ્યાર્થીજી બગલમેં અપને ઘર ગયે. વિદ્યાર્થીજીકે ટેબલકી અવર્ણનીય દુર્વ્યવસ્થા થી. ઉનકી અનુપસ્થિતિ મેં જવાહરલાલજીને ઉનકે ટેબલકો પૂર્ણ રૂપ સે સુવ્યવસ્થિત કર દિયા; કાગજ, પેન્સિલ, કલમ, રોશનાઈ, ઘડી આદિ સબકો તરતીબવાર લગાયા. ઉનકે પત્રોં કો સમુચિત રૂપ સે સહજ કર ટેબલ પર ઉચિત સ્થાન પર રખા.

થોડી દેર કે બાદ જબ વિદ્યાર્થીજી આયે, તો ટેબલ કી પરિવર્તિત દશા દેખકર ઉનકો અસમંજસ હુઆ. જિસ પ્રકાર સે ગોસ્વામી તુલસીદાસજીકો જો દુઃખ હુઆ થા કિ ચોરોં સે રક્ષા કરનેકે લિયે રામચન્દ્રજીકો ઉનકે યહાં પહરેદારી કરની પડતી થી, ઉસી પ્રકાર ગણેશજીકો ભી ખેદ હુઆ કિ ઉનકી લાપરવાહી કે કારણ જવાહરલાલજીકો ઈતના કષ્ટ ઉઠાના પડા.

[‘આજ’ દૈનિક: ૧૯૬૪]

# શ્રીમદ્ રાજચંદ્ર

## ઉત્તમનો સહવાસ

સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે. સત્સંગનો સામાન્ય અર્થ ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. આત્માને સત્ય સંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે; સત્પુરુષોનો સમાગમ એ સત્સંગ છે. મલિન વસ્તુને જેમ સાબુ તથા જલ સ્વચ્છ કરે છે, તેમ શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ આત્માની મલિનતાને ટાળીને શુદ્ધતા આપે છે. સત્સંગ એ આત્માનું પરમ ‘હિતૈષી’ ઔષધ છે.

['આપણું ચિંતનાત્મક નિબંધ-સાહિત્ય' પુસ્તક]

# શ્રીમાતાજી

## જીવનમાં વ્યવસ્થિતતા

તમને નિશાળે મોકલવામાં આવે છે, કસરત કરવાનું કહેવામાં આવે છે (શરીર અને મન બંનેની), તે શું તમે ધારો છો કે તમને હેરાન કરવા માટે કરવામાં આવે છે? ના, તમારે માટે આ વસ્તુઓ જરૂરની છે.

પોતાના વ્યક્તિત્વના ઘડતરમાં માણસને જે જે અનુભવોની જરૂર રહે છે તે બધા અનુભવો માણસે કોઈની પણ મદદ વિના જો કેવળ પોતાની મેળે જ મેળવવાના રહે, તો તો પછી તમે અસ્તિત્વમાં આવવાનું કાર્ય શરૂ કરો તે પહેલાં જ તમારું મૃત્યુ થઈ જાય. અને એટલા માટે જ આપણા જીવનમાં આપણે બીજાના અનુભવોનો ઉપયોગ કરી લેવાનો રહે છે. સેંકડો અને હજારો વર્ષોથી માણસજાતિ પોતાના આ અનુભવોનો સંચય કરી રહેલી છે. અને જે લોકો પાસે આ અનુભવો હોય છે તે તમને કહેતા રહે છે કે, તમારે ઝપથી આગળ વધવું હોય, જે વસ્તુને શીખતાં સેંકડો વર્ષો લાગ્યાં છે તે તમારે થોડાંક વરસોમાં જ જો શીખવી હોય, તો પછી આ કરો, તે કરો, આ રીતે કરો, તે રીતે કરો, વાંચન કરો, અભ્યાસ કરો. અને એમ તમે એક વાર તમારા રસ્તે ચડી જશો તો પછી, તમારામાં જો પ્રતિભાની શક્તિ હશે તો તમે વિકાસની તમારી પોતાની પદ્ધતિ પણ શોધી લઈ શકશો. પણ શરૂઆતમાં તો તમારે કેવી રીતે પોતાના પગ પર ઊભા રહેવું, કેવી રીતે ચાલવું એ શીખવાનું જ રહે છે. પોતાની મેળે જ બધું કરવું એ કોઈ સહેલી વાત નથી. એટલા માટે તો માણસને કેળવણીની જરૂર રહે છે.

કેટલાંક બાળકો ઘણાં અવ્યવસ્થિત હોય છે. વસ્તુઓને સુઘડ રીતે કેમ રાખવી એ તેમને આવડતું નથી હોતું. વસ્તુઓ સાચવવી કેવી રીતે, એ પણ એમને આવડતું નથી. તેઓ વસ્તુઓને ખોઈ નાખે

છે યા તો બગાડી મૂકે છે.

કેટલાંક બાળકો પોતાનાં કપડાં ઉતારીને ગમે તેમ, આડાં-અવળાં ફેંકી દે છે, અથવા પોતાનું કામ કરી લીધા પછી પોતાનાં પુસ્તકો, કાગળ-પેન્સિલ કે ખડિયો—કલમ પોતે ક્યાં મૂકી દે છે તેનો તેમને ખ્યાલ પણ નથી રહેતો. ફરી પાછું જ્યારે કામ કરવાનું આવે છે ત્યારે આ બધાંને શોધવાં કે ભેગાં કરવાં એ ભારે કામ થઈ પડે છે. આ બધું એટલું જ બતાવે છે કે બાળકની પ્રકૃતિમાં કશી શિસ્ત નથી, એના માનસમાં કોઈ પદ્ધતિ નથી. આવું બાળક માત્રા બાહ્ય રીતે નહિ પણ એની અંદરમાં પણ અવ્યવસ્થિત હોય છે. કેટલાક માણસો તો સ્થૂલ વસ્તુઓ પ્રત્યે, પોતાને કદાચ મહાપુરુષ માની લઈને, તિરસ્કાર પણ ધરાવતા હોય છે. પરંતુ શ્રીઅરવિંદ કહે છે કે જે લોકો વસ્તુઓની સંભાળ રાખી શકતા નથી તેઓ એ વસ્તુઓને રાખવાને લાયક જ હોતા નથી. એવા લોકોને વસ્તુઓ માગવાનો હક જ નથી. અને હું કહું છું કે આવી મનોદશા પાછળ એક રીતનો ઉગ્ર અહંકાર જ હોય છે, એક ઘણો જ મોટો આંતરિક ગોટાળો હોય છે.

કેટલાક લોકોના ઓરડા જોશો તો બહુ સ્વચ્છ અને સુઘડ દેખાતા હોય છે. પણ તેમનું કબાટ ખોલીને જોશો, ટેબલનું ખાનું ઉઘાડશો તો ત્યાં તમને એક સમરાંગણ જેવું નજરે પડશે. અંદર જોશો તો બધું ભેળસેળ પડેલું હશે. આવા લોકોનું મગજ પણ એવી જ હાલતમાં હોય છે. તેમના કબાટમાં વસ્તુઓ પડેલી હોય છે તેવી જ રીતે તેમના નાનકડા મગજમાં પણ વિચારો સેળભેળ પડેલા હોય છે. આ લોકોએ પોતાના વિચારોને વ્યવસ્થિત કરેલા હોતા નથી, બરાબર ગોઠવેલા નથી હોતા.

આ વસ્તુને તમે એક પાકા નિયમ તરીકે સમજી લેજો. મેં એક પણ માણસ એવો જોયો નથી કે જે પોતાની વસ્તુઓને ગમેતેમ પડી રહેવા દેતો હોય અને છતાં તેનું મગજ બુદ્ધિપૂર્વક કામ કરતું રહેતું હોય. એવી વ્યક્તિના મગજમાં વસ્તુઓની પેઠે વિચારો પણ ગમેતેમ આડાઅવળા પડેલા હોય છે. કશા પણ મેળ વિનાના, એકબીજાથી તદ્દન વિરુદ્ધના એવા વિચારો તેના મગજમાં એક જાળું બનીને પડેલા હોય છે.

પણ હું તમને એક વ્યક્તિની વાત કહીશ. એ વ્યક્તિ પુસ્તકો અને કાગળોના ઢગલાની વચ્ચે જ રહેલી હતી. તમે એમના ખંડમાં દાખલ થાઓ તો તમને જ્યાં જુઓ ત્યાં પુસ્તકોના અને કાગળોના ગંજ પર ગંજ ખડકાયેલા દેખાય. પણ તમે જો ભૂલેચૂકે એમાંથી એક પણ ચીજને આઘીપાછી કરી, તો તમારું આવી જ બન્યું સમજવું! એ વાતની એમને બરાબર ખબર પડી જવાની અને એ તરત જ પૂછવાના કે એમના કાગળોને કોણે હાથ અડાડયો છે. એમના ઓરડામાં કેટલીયે ચીજો રહેતી. અને તમે અંદર દાખલ થાઓ તો કેવી રીતે ચાલવું એ પણ સમજાય નહિ. પણ એ ઓરડામાંની દરેક ચીજનું—નોટબુકો, પત્રો, કાગળો, એમ દરેકનું—પોતાનું ચોક્કસ સ્થાન હતું. બધું વ્યવસ્થિત રીતે ગોઠવાયેલું રહેતું. એમાં તમે કોઈ પણ ફેરફાર કરો તો તેની તેમને ખબર પડી જ જાય. આ વ્યક્તિ તે શ્રીઅરવિંદ હતા. અર્થાત્, સુવ્યવસ્થા એટલે દરિદ્રતા એમ તમારે કદી સમજવાનું નથી. તમારી પાસે થોડીએક વસ્તુઓ હોય, દસ—બાર પુસ્તકો અને થોડી અમથી ચીજો હોય, તો તો તમે સહેલાઈથી એ બધું વ્યવસ્થિત રાખી શકો છો. પણ આપણું લક્ષ્ય તો એ છે કે તમારી પાસે ઘણી ઘણી વસ્તુઓ હોય અને તેમાં તમે એક પદ્ધતિસરની, બુદ્ધિપૂર્વક એક સજ્ઞાન રીતની વ્યવસ્થા ઊભી કરી હોય. અને એ માટે એક વ્યવસ્થાશક્તિની જરૂર રહે છે. આ શક્તિ દરેક જણમાં હોવી જોઈએ, દરેક જણે મેળવવી જોઈએ. બેશક તમે શારીરિક રીતે અશક્ત હો, તમે બીમાર હો અથવા તો અપંગ થઈ ગયા હો અને તમારામાં પૂરતી શક્તિ ન હોય તો એ જુદી વાત છે. પણ એમાં પણ પાછી અમુક હદ તો હોય જ છે. મેં એવા માંદા માણસો પણ જોયા છે કે જે તમને કહેશે કે “પેલું ખાનું ખોલો તો જરા એમાં ડાબી બાજુએ કે જમણી બાજુએ કે પછી તળિયાના ભાગમાં અમુક અમુક ચીજ તમને મળશે.” એ લોકો પોતે હાલીચાલી શકતા નહોતા, વસ્તુઓની લે-મૂક કરી શકતા નહોતા, પણ તે ક્યાં રહેલી છે તે બરાબર જાણતા હતા. આવા દાખલાઓ બાદ કરીએ તો પણ આપણો આદર્શ તો વ્યવસ્થા માટેનો, સંગઠન અને

સુયોજન માટેનો જ હોય. દા.ત. તમે એક લાઇબ્રેરી લો. ત્યાં હજારો હજારો પુસ્તકો હોય છે. પણ તે બધાં જ ગોઠવેલાં, વર્ગીકરણ કરેલાં, ચોપડામાં નોંધાયેલાં હોય છે. પુસ્તકનું તમે માત્રા નામ જ બોલો અને થોડીક જ મિનિટમાં એ આવીને તમારા હાથમાં પડે છે.

તમારી પ્રવૃત્તિને તમારે આ રીતે જ વ્યવસ્થિત કરવી જોઈએ. તમારે તમારી પ્રવૃત્તિ કાળજીપૂર્વક પસંદ કરવી જોઈએ. તમારાથી થઈ શકે તેટલું જ કામ માથે લેવું જોઈએ અને તેને બરાબર પાર પાડવું જોઈએ. ઘણી વાર તમે વધુ પડતું કામ માથે લઈ લો છો અને એ કામમાં ઘણી વસ્તુઓ નકામી પણ હોય છે. એ નકામી વસ્તુઓને તમે કાઢી નાખી શકો છો યા તો ઠીક ઠીક ઓછી કરી શકો છો.

કામ કરવામાં આપણો જે વખત જાય છે તેને ઘટાડવાની પણ એક રીત છે. એ રીત છે તમારી એકાગ્રતામાં વધારો કરતા રહેવાનો. એ માટે પ્રથમ તો તમે તમારા મનને શાંત પાડી દો. અને એ શાંત અવસ્થામાં એકાગ્ર બનતા જાઓ. આવી રીતે કામ કરતાં, પહેલાં જે વસ્તુમાં સામાન્ય રીતે એક આખો કલાક ચાલ્યો જતો હતો તે હવે તમે તેથી ચોથા ભાગમાં કરી શકશો. અને એ રીતે તમારો ખૂબ ખૂબ વખત બચી જશે.

આમાં એક બીજી વસ્તુ પણ છે. એક કામ પૂરું કર્યા પછી હંમેશાં તરત જ બીજું કામ ન ઉપાડતા, કામ પૂરું કરીને થોડો આરામ કરી લો. એમાંથી કામ કરતી વેળા તંગ બની ગયેલાં તમારાં સર્વ અંગોને આસાએશ મળશે, એમાં એક નવી શક્તિ પુરાશે અને પછી પાછા તમે એકાગ્રતાનો બીજો હપ્તો શરૂ કરી શકશો.

['શ્રીઅરવિંદ કર્મધારા' માસિક: ૧૯૭૫]

# શ્રીમાતાજી

## જીવનમાં વ્યવસ્થિતતા

તમને નિશાળે મોકલવામાં આવે છે, કસરત કરવાનું કહેવામાં આવે છે (શરીર અને મન બંનેની), તે શું તમે ધારો છો કે તમને હેરાન કરવા માટે કરવામાં આવે છે? ના, તમારે માટે આ વસ્તુઓ જરૂરની છે.

પોતાના વ્યક્તિત્વના ઘડતરમાં માણસને જે જે અનુભવોની જરૂર રહે છે તે બધા અનુભવો માણસે કોઈની પણ મદદ વિના જો કેવળ પોતાની મેળે જ મેળવવાના રહે, તો તો પછી તમે અસ્તિત્વમાં આવવાનું કાર્ય શરૂ કરો તે પહેલાં જ તમારું મૃત્યુ થઈ જાય. અને એટલા માટે જ આપણા જીવનમાં આપણે બીજાના અનુભવોનો ઉપયોગ કરી લેવાનો રહે છે. સેંકડો અને હજારો વર્ષોથી માણસજાતિ પોતાના આ અનુભવોનો સંચય કરી રહેલી છે. અને જે લોકો પાસે આ અનુભવો હોય છે તે તમને કહેતા રહે છે કે, તમારે ઝપથી આગળ વધવું હોય, જે વસ્તુને શીખતાં સેંકડો વર્ષો લાગ્યાં છે તે તમારે થોડાંક વરસોમાં જ જો શીખવી હોય, તો પછી આ કરો, તે કરો, આ રીતે કરો, તે રીતે કરો, વાંચન કરો, અભ્યાસ કરો. અને એમ તમે એક વાર તમારા રસ્તે ચડી જશો તો પછી, તમારામાં જો પ્રતિભાની શક્તિ હશે તો તમે વિકાસની તમારી પોતાની પદ્ધતિ પણ શોધી લઈ શકશો. પણ શરૂઆતમાં તો તમારે કેવી રીતે પોતાના પગ પર ઊભા રહેવું, કેવી રીતે ચાલવું એ શીખવાનું જ રહે છે. પોતાની મેળે જ બધું કરવું એ કોઈ સહેલી વાત નથી. એટલા માટે તો માણસને કેળવણીની જરૂર રહે છે.

કેટલાંક બાળકો ઘણાં અવ્યવસ્થિત હોય છે. વસ્તુઓને સુઘડ રીતે કેમ રાખવી એ તેમને આવડતું નથી હોતું. વસ્તુઓ સાચવવી કેવી રીતે, એ પણ એમને આવડતું નથી. તેઓ વસ્તુઓને ખોઈ નાખે

છે યા તો બગાડી મૂકે છે.

કેટલાંક બાળકો પોતાનાં કપડાં ઉતારીને ગમે તેમ, આડાં-અવળાં ફેંકી દે છે, અથવા પોતાનું કામ કરી લીધા પછી પોતાનાં પુસ્તકો, કાગળ-પેન્સિલ કે ખડિયો—કલમ પોતે ક્યાં મૂકી દે છે તેનો તેમને ખ્યાલ પણ નથી રહેતો. ફરી પાછું જ્યારે કામ કરવાનું આવે છે ત્યારે આ બધાંને શોધવાં કે ભેગાં કરવાં એ ભારે કામ થઈ પડે છે. આ બધું એટલું જ બતાવે છે કે બાળકની પ્રકૃતિમાં કશી શિસ્ત નથી, એના માનસમાં કોઈ પદ્ધતિ નથી. આવું બાળક માત્રા બાહ્ય રીતે નહિ પણ એની અંદરમાં પણ અવ્યવસ્થિત હોય છે. કેટલાક માણસો તો સ્થૂલ વસ્તુઓ પ્રત્યે, પોતાને કદાચ મહાપુરુષ માની લઈને, તિરસ્કાર પણ ધરાવતા હોય છે. પરંતુ શ્રીઅરવિંદ કહે છે કે જે લોકો વસ્તુઓની સંભાળ રાખી શકતા નથી તેઓ એ વસ્તુઓને રાખવાને લાયક જ હોતા નથી. એવા લોકોને વસ્તુઓ માગવાનો હક જ નથી. અને હું કહું છું કે આવી મનોદશા પાછળ એક રીતનો ઉગ્ર અહંકાર જ હોય છે, એક ઘણો જ મોટો આંતરિક ગોટાળો હોય છે.

કેટલાક લોકોના ઓરડા જોશો તો બહુ સ્વચ્છ અને સુઘડ દેખાતા હોય છે. પણ તેમનું કબાટ ખોલીને જોશો, ટેબલનું ખાનું ઉઘાડશો તો ત્યાં તમને એક સમરાંગણ જેવું નજરે પડશે. અંદર જોશો તો બધું ભેળસેળ પડેલું હશે. આવા લોકોનું મગજ પણ એવી જ હાલતમાં હોય છે. તેમના કબાટમાં વસ્તુઓ પડેલી હોય છે તેવી જ રીતે તેમના નાનકડા મગજમાં પણ વિચારો સેળભેળ પડેલા હોય છે. આ લોકોએ પોતાના વિચારોને વ્યવસ્થિત કરેલા હોતા નથી, બરાબર ગોઠવેલા નથી હોતા.

આ વસ્તુને તમે એક પાકા નિયમ તરીકે સમજી લેજો. મેં એક પણ માણસ એવો જોયો નથી કે જે પોતાની વસ્તુઓને ગમેતેમ પડી રહેવા દેતો હોય અને છતાં તેનું મગજ બુદ્ધિપૂર્વક કામ કરતું રહેતું હોય. એવી વ્યક્તિના મગજમાં વસ્તુઓની પેઠે વિચારો પણ ગમેતેમ આડાઅવળા પડેલા હોય છે. કશા પણ મેળ વિનાના, એકબીજાથી તદ્દન વિરુદ્ધના એવા વિચારો તેના મગજમાં એક જાળું બનીને પડેલા હોય છે.

પણ હું તમને એક વ્યક્તિની વાત કહીશ. એ વ્યક્તિ પુસ્તકો અને કાગળોના ઢગલાની વચ્ચે જ રહેલી હતી. તમે એમના ખંડમાં દાખલ થાઓ તો તમને જ્યાં જુઓ ત્યાં પુસ્તકોના અને કાગળોના ગંજ પર ગંજ ખડકાયેલા દેખાય. પણ તમે જો ભૂલેચૂકે એમાંથી એક પણ ચીજને આઘીપાછી કરી, તો તમારું આવી જ બન્યું સમજવું! એ વાતની એમને બરાબર ખબર પડી જવાની અને એ તરત જ પૂછવાના કે એમના કાગળોને કોણે હાથ અડાડ્યો છે. એમના ઓરડામાં કેટલીયે ચીજો રહેતી. અને તમે અંદર દાખલ થાઓ તો કેવી રીતે ચાલવું એ પણ સમજાય નહિ. પણ એ ઓરડામાંની દરેક ચીજનું—નોટબુકો, પત્રો, કાગળો, એમ દરેકનું—પોતાનું ચોક્કસ સ્થાન હતું. બધું વ્યવસ્થિત રીતે ગોઠવાયેલું રહેતું. એમાં તમે કોઈ પણ ફેરફાર કરો તો તેની તેમને ખબર પડી જ જાય. આ વ્યક્તિ તે શ્રીઅરવિંદ હતા. અર્થાત્, સુવ્યવસ્થા એટલે દરિદ્રતા એમ તમારે કદી સમજવાનું નથી. તમારી પાસે થોડીએક વસ્તુઓ હોય, દસ—બાર પુસ્તકો અને થોડી અમથી ચીજો હોય, તો તો તમે સહેલાઈથી એ બધું વ્યવસ્થિત રાખી શકો છો. પણ આપણું લક્ષ્ય તો એ છે કે તમારી પાસે ઘણી ઘણી વસ્તુઓ હોય અને તેમાં તમે એક પદ્ધતિસરની, બુદ્ધિપૂર્વક એક સજ્ઞાન રીતની વ્યવસ્થા ઊભી કરી હોય. અને એ માટે એક વ્યવસ્થાશક્તિની જરૂર રહે છે. આ શક્તિ દરેક જણમાં હોવી જોઈએ, દરેક જણે મેળવવી જોઈએ. બેશક તમે શારીરિક રીતે અશક્ત હો, તમે બીમાર હો અથવા તો અપંગ થઈ ગયા હો અને તમારામાં પૂરતી શક્તિ ન હોય તો એ જુદી વાત છે. પણ એમાં પણ પાછી અમુક હદ તો હોય જ છે. મેં એવા માંદા માણસો પણ જોયા છે કે જે તમને કહેશે કે “પેલું ખાનું ખોલો તો જરા એમાં ડાબી બાજુએ કે જમણી બાજુએ કે પછી તળિયાના ભાગમાં અમુક અમુક ચીજ તમને મળશે.” એ લોકો પોતે હાલીચાલી શકતા નહોતા, વસ્તુઓની લે-મૂક કરી શકતા નહોતા, પણ તે ક્યાં રહેલી છે તે બરાબર જાણતા હતા. આવા દાખલાઓ બાદ કરીએ તો પણ આપણો આદર્શ તો વ્યવસ્થા માટેનો, સંગઠન અને

સુયોજન માટેનો જ હોય. દા.ત. તમે એક લાઇબ્રેરી લો. ત્યાં હજારો હજારો પુસ્તકો હોય છે. પણ તે બધાં જ ગોઠવેલાં, વર્ગીકરણ કરેલાં, ચોપડામાં નોંધાયેલાં હોય છે. પુસ્તકનું તમે માત્રા નામ જ બોલો અને થોડીક જ મિનિટમાં એ આવીને તમારા હાથમાં પડે છે.

તમારી પ્રવૃત્તિને તમારે આ રીતે જ વ્યવસ્થિત કરવી જોઈએ. તમારે તમારી પ્રવૃત્તિ કાળજીપૂર્વક પસંદ કરવી જોઈએ. તમારાથી થઈ શકે તેટલું જ કામ માથે લેવું જોઈએ અને તેને બરાબર પાર પાડવું જોઈએ. ઘણી વાર તમે વધુ પડતું કામ માથે લઈ લો છો અને એ કામમાં ઘણી વસ્તુઓ નકામી પણ હોય છે. એ નકામી વસ્તુઓને તમે કાઢી નાખી શકો છો યા તો ઠીક ઠીક ઓછી કરી શકો છો.

કામ કરવામાં આપણો જે વખત જાય છે તેને ઘટાડવાની પણ એક રીત છે. એ રીત છે તમારી એકાગ્રતામાં વધારો કરતા રહેવાનો. એ માટે પ્રથમ તો તમે તમારા મનને શાંત પાડી દો. અને એ શાંત અવસ્થામાં એકાગ્ર બનતા જાઓ. આવી રીતે કામ કરતાં, પહેલાં જે વસ્તુમાં સામાન્ય રીતે એક આખો કલાક ચાલ્યો જતો હતો તે હવે તમે તેથી ચોથા ભાગમાં કરી શકશો. અને એ રીતે તમારો ખૂબ ખૂબ વખત બચી જશે.

આમાં એક બીજી વસ્તુ પણ છે. એક કામ પૂરું કર્યા પછી હંમેશાં તરત જ બીજું કામ ન ઉપાડતા, કામ પૂરું કરીને થોડો આરામ કરી લો. એમાંથી કામ કરતી વેળા તંગ બની ગયેલાં તમારાં સર્વ અંગોને આસાએશ મળશે, એમાં એક નવી શક્તિ પુરાશે અને પછી પાછા તમે એકાગ્રતાનો બીજો હપ્તો શરૂ કરી શકશો.

['શ્રીઅરવિંદ કર્મધારા' માસિક: ૧૯૭૫]

## થાક

કહેવાય છે કે વધુ પડતું કામ કરીએ એટલે થાક લાગે. અને પછી થાકનો ઇલાજ આરામ કરવો, એટલે કે કાંઈ જ ન કરવું. પરંતુ ખરી વાત એ છે કે તમારું કામ તમે કુશળતાથી કરતા હો, તો તમને થાક સહેલાઈથી લાગતો નથી. તમારા કામમાં જો તમને રસ હશે, તો ઘણા લાંબા સમય સુધી તમે વિના થાક્યે કામ કરી શકશો. એટલે કામનો થાક ઉતારવાનો મુખ્ય ઇલાજ એ છે કે તમને રસ પડે એવું બીજું કોઈ કામ હાથમાં લેવું. કામ સદંતર બંધ કરી દઈને પ્રમાદમાં સરી પડવું, એ કાંઈ થાક ઉતારવાનો સાચો ઇલાજ નથી. જે કામ તમે આનંદથી અને શાંતિથી કરી શકો છો, તે તમારે માટે એક ટોનિક જેવું બની રહે છે, એ તમારો સક્રિય આરામ હોય છે. પણ જે કામ કરવામાં તમને રસ નહીં હોય, કોઈ ફરજરૂપે કે વેઠની રીતે તમે એ કરતા હશો, તો તેવું કામ તમને થોડી વારમાં જ થકવી નાખશે. એટલે થાકનો ખરો ઇલાજ એ છે કે પોતાના કામમાં ખરેખર રસ લેતાં રહેવું.

## સમર્પણનો આનંદ

તમને જીવન તરફ અને મનુષ્યો તરફ ઘૃણા થઈ આવી હોય, એટલે તમારે યોગ કરવાનો નથી. મુશ્કેલીઓમાંથી નાસી છૂટવાને માટે તમારે અહીં આવવાનું નથી. પ્રેમની મધુરતા માણવાને ખાતર પણ અહીં આવવાનું નથી. કેમ કે પ્રભુનો પ્રેમ તો, તમે સાચું વલણ ધારણ કરશો તો, તમને ગમે તે સ્થળે મળી શકે તેમ છે.

પ્રભુની સેવામાં પોતાની જાતને પૂર્ણપણે આપી દેવાનું મન તમને જ્યારે થાય, પ્રભુના કાર્યને ખાતર પોતાની જાતનું સમર્પણ કરી દેવાની ઇચ્છા થાય, એમાં ફક્ત પોતાની જાતને આપવાનો આનંદ જ રહેલો હોય, એના બદલામાં બીજી કોઈ વસ્તુની માગણી ન હોય, માત્ર એટલું

જ કે તમને સમર્પણ કરવાની શક્યતા મળે—આ સ્થિતિ હોય તો સમજવું કે માણસ અહીં આવવાને માટે તૈયાર છે.

## બોલતાં પહેલાં

પોતે શબ્દનો વિનિયોગ કરી શકે છે, એ વાતનું મનુષ્યને સહેજે અભિમાન રહેતું હોય છે. પૃથ્વી ઉપર એ જ પહેલું પ્રાણી છે, કે જે બોલી શકે છે. એટલે કોઈ બાળકને રમકડું મળ્યું હોય ને તેની સાથે રમવાનું એને બહુ ગમે, તેના જેવી એની હાલત છે. કેટલાક લોકો એવા હોય છે કે તો પ્રથમ બોલવા માંડે પછી જ વિચાર કરી શકતા હોય છે. મૌનમાં રહીને વિચાર કરવાની એમનામાં શકિત નથી હોતી. એમને જે કાંઈ લાગે, તે વિશે એ તરત બોલવાનું શરૂ કરી દે છે. એ અટકી શકતા નથી. બોલવામાં જ એ પોતાનો સમય પસાર કરતા હોય છે.

બોલતાં પહેલાં જ વિચાર કરવાની ટેવ આપણે પાડી શકીએ, તો પછી આપણું બોલવાનું કાંઈ નહીં તો અર્ધું તો ઓછું થઈ જાય.

['દક્ષિણા' ત્રિમાસિક: ૧૯૭૭]

## સુવ્યવસ્થા

માણસે જગતમાં જે સુવ્યવસ્થા ઊભી કરી છે, તથા એને સર્વત્ર સુવ્યવસ્થા જડી આવી છે, તે એને માટે ઘણા ગૌરવની વાત છે.

ખગોળશાસ્ત્રી આંખ ઉઠાવીને તારાઓનું અવલોકન કરે છે અને આકાશનો એક નકશો બનાવે છે. તે આકાશી ગોળાઓના નિયમિત ભ્રમણનો અભ્યાસ કરે છે, સૂર્યની આસપાસ થતી રહેતી ગ્રહોની ગતિને તે ગણે છે. વળી જે ક્ષણે ચંદ્ર પૃથ્વી અને સૂર્યના બિંબ વચ્ચે થઈને પસાર થતો હોય છે ત્યારે આપણે જેને ગ્રહણ થતું કહીએ છીએ તે વિશે એ આપણને અગાઉથી ખબર આપતો રહે છે. ખગોળવિદ્યાનું

આખુંયે શાસ્ત્ર આમ સુવ્યવસ્થાના સિદ્ધાંત ઉપર મંડાયેલું છે.

એ જ રીતે ગણિતશાસ્ત્ર પણ એક સુવ્યવસ્થાનું શાસ્ત્ર છે. એક નાનું બાળક પણ તે ખરા ક્રમ પ્રમાણે આંકડા ગણે છે ત્યારે આનંદ અનુભવે છે. પોતાનાં આંગળાં કે લખોટા ગણતાં ગણતાં એને એકદમ ખબર પડી જાય છે કે એક, પાંચ, ત્રણ, દસ… એમ બોલવાનો કશો અર્થ નથી. એ તો એક, બે, ત્રણ, ચાર.. એમ જ ગણે છે. અને આખું ગણિતશાસ્ત્ર અહીંથી જ આરંભ પામે છે.

વળી સંગીત જેવા આનંદદાયક શાસ્ત્રમાં પણ જો સુવ્યવસ્થા ન હોય તો એની કેવી સ્થિતિ થાય? સંગીતના એક સપ્તકમાં સાત સ્વર હોય છેઃ સા, રે, ગ, મ, પ, ધ, ની. આ સ્વરોને તમે વારાફરતી વગાડો તો જ તેમાંથી સરસ પરિણામ આવે. સ્વરોને તમે અમુક ક્રમમાં વગાડો તો જ બધા મળીને એક સંવાદમય રાગ ઉત્પન્ન કરે. આમ આખુંય સંગીતશાસ્ત્ર સુવ્યવસ્થાના સિદ્ધાંત ઉપર મંડાયેલું છે.

અને આ પ્રમાણે, માણસે શોધેલાં બીજાં શાસ્ત્રો તથા બધી કળાઓના પાયામાં સુવ્યવસ્થાનું તત્ત્વ આવી રહેલું છે.

પણ તો આ સુવ્યવસ્થા આ રીતે બધી જ બાબતોમાં એક સરખી રીતે અનિવાર્ય છે, એવું નથી?

તમે કોઈ મકાનમાં જાવ અને ત્યાં જો બધું ફર્નિચર તેમજ નાનીમોટી શોભાની ચીજો આડીઅવળી, ખૂણેખાંચરે પડેલી દેખાય, એમના પર ધૂળના થર જામી ગયેલા દેખાય, તો તમે બોલી ઊઠશો કે, “અરે, આ તે કેટલી બધી અવ્યવસ્થા, કેટલી બધી અસ્વચ્છતા!” કેમ કે અસ્વચ્છતા એ પણ અવ્યવસ્થાનું જ એક રૂપ છે. જગતમાં ધૂળને માટે પણ સ્થાન છે જ, પણ એ સ્થાન તે ફર્નિચર ઉપર તો નહિ જ. આ જ રીતે શાહીનું સ્થાન તે ખડિયામાં છે—નહિ કે તમારાં આંગળાં પર કે શેતરંજી ઉપર.

પ્રત્યેક વસ્તુ એના પોતાના સ્થાનમાં હોય છે ત્યારે જ બધું સુઘડ અને સ્વચ્છ લાગે છે. તમારી નિશાળ માટેની ચોપડીઓ, તમારાં કપડાં,

તમારાં રમકડાં—એ બધાંને માટે પોતપોતાનું એક બરાબર સ્થાન હોવું જોઈએ અને બીજી કોઈ વસ્તુ એ સ્થાન માટે હક કરતી ન આવવી જોઈએ. નહિતર પછી તમારે ત્યાં એક નાનકડું કુરુક્ષેત્ર જ મચી જશે. તમારાં પુસ્તકો ફાટી જશે, તમારાં કપડાં મેલાં થઈ જશે. એ બધા શંભુમેળામાંથી પછી તમારે જોઈતી વસ્તુ શોધવા નીકળવું પડશે, બધું વ્યવસ્થિત કરવું હશે તો તમે હેરાન હેરાન થઈ જશો. પણ જો એ બધું વ્યવસ્થિત રીતે રાખેલું હશે તો પછી સહેલાઈથી તમને દરેક વસ્તુ મળી આવશે.

મનુષ્યનું આખુંયે જીવન અને તેની તમામ પ્રવૃત્તિઓ, કોઈ પણ દેશની સંપત્તિ અને સમૃદ્ધિ—એ બધાંનો આધાર પણ આ સુવ્યવસ્થાના તત્ત્વ ઉપર જ રહેલો છે. એટલે જ દેશની સરકારનું એક મુખ્ય કામ તે દેશની અંદર સુવ્યવસ્થા જાળવવી, એ રહેતું હોય છે. એક રાજા કે પ્રમુખથી માંડીને અદનામાં અદના પોલીસના માણસ સુધી દરેક જણે પોતાનું કામ ઉત્તમ રીતે અદા કરવાનું રહે છે. અને સાથે સાથે દેશના નાગરિકોએ, પછી એ ગમે તે પ્રવૃત્તિ કરતા હોય તો પણ, સુવ્યવસ્થા જાળવવાના આ કાર્યમાં પોતાનો ફાળો આપવાનો છે. આ રીતે દરેક વ્યક્તિ પોતાના દેશને સમૃદ્ધ અને બળવાન બનાવવામાં મદદ કરી શકે છે.

કોઈ પણ બાબતમાં એક સહેજ પણ અવ્યવસ્થા ઊભી થાય તો તેનાં કેવાં ગંભીર પરિણામો આવી શકે, તેનો તમે જરા વિચાર તો કરી જુઓ.

એક રેલવેનું જ તંત્ર લો. જગતના બધા દેશોમાં અસંખ્ય ટ્રેનો ચાલતી હોય છે. એ બધી કશો ગોટાળો ન થાય એ રીતે મિનિટે મિનિટ ચોક્કસ સમયે ઊપડતી રહે અને વખતસર પોતાના સ્થાને પહોંચતી રહે એ માટે રેલવેના બધા માણસોએ, ફાટકના ચોકીદારોએ, ડ્રાઇવરોએ, સાંધાવાળાઓએ ખૂબ જ નિયમિત રીતે અને ચોકસાઈથી પોતપોતાનું કામ કરવાનું રહે છે. જો કોઈ અકસ્માતને કારણે કે બેદરકારીને લીધે એકાદ ક્ષણ માટે પણ જો આ બધી વ્યવસ્થામાં ભંગ પડે, તો તેમાંથી

કેવાં ભયંકર પરિણામો આવીને ઊભાં રહે!

જગતમાં જે સુવ્યવસ્થા આવી રહેલી છે, જે નિયમિતતાથી બધું ચાલી રહેલું છે, એ જો એકાએક અટકી પડે તો બધે કેવી દુર્દશા ઊભી થાય એનો પણ તમે જરા વિચાર કરી જુઓ.

કોઈ પણ વસ્તુ જ્યારે વ્યવસ્થિત રીતની બની જાય છે ત્યારે એમાં પછી કેટલી બધી શકિત ઉત્પન્ન થાય છે! જે યંત્રનાં બધાં અંગો, એના ખાંચા, લિવર વગેરે વ્યવસ્થિત રીતે અને ચોકસાઈપૂર્વક કામ કરતાં હોય છે, તે જ સૌથી વધુ શકિતશાળી યંત્ર હોય છે ને? અને એ યંત્રમાં એક નાનામાં નાનો સ્ક્રૂ પણ પોતાની જગા બરાબર સાચવી રાખતો હોય છે, તો તે એ યંત્રનાં મોટામાં મોટાં ચક્ર જેટલો જ કામનો હોય છે.

આવી જ રીતે, એક નાનું બાળક પણ જો પોતાનું કામ કાળજીપૂર્વક કરતું રહે, તો તે શાળાની અંદર તેમ જ ઘરમાં—આ વિશાળ જગતમાં એનું જે આ નાનું જગત છે તેમાં—ઉપયોગી ભાગ ભજવતું રહે છે.

કેટલીક વાર, શરૂશરૂમાં આપણને વ્યવસ્થિત બનવાનું કામ મુશ્કેલ લાગે છે. પણ જગતમાં કોઈ પણ વસ્તુ આપણને પ્રયત્ન કર્યા વિના મળતી નથી. જેમ કે તરવું કે હલેસાં મારવાં, એ કામ સહેલું નથી; પણ ધીરે ધીરે આપણને એ બધું આવડી જાય છે. એવી જ રીતે અમુક વખત પછી આપણને બધી વસ્તુઓ મુશ્કેલી વિના વ્યવસ્થિત રીતે કરતાં આવડી જાય છે. અને પછી તો આપણે કોઈ પણ રીતની અવ્યવસ્થા જોઈએ છીએ ત્યારે આપણને વધુ ને વધુ દુઃખ થાય છે, અકળામણ થાય છે.

તમે પહેલી વાર ચાલતાં શીખ્યા હશો ત્યારે કેટલીયે વાર પડી ગયા હશો. તમે ગબડી પડ્યા હશો, તમને વાગ્યું હશે, તમે રડ્યા હશો. પણ હવે તમારે ચાલવા માટે વિચાર પણ કરવો પડતો નથી, હવે તો તમે ચપળતાથી દોડી પણ શકો છો. અને આમ જુઓ તો, તમે આ જે ચાલવાની કે દોડવાની ક્રિયા કરો છો તે બીજું કાંઈ જ નથી—એ

તો તમારા જ્ઞાનતંતુઓ, તમારા સ્નાયુઓ અને અવયવો વ્યવસ્થિત રીતે કામ કરતા હોય છે તેનું જ એક ઉત્તમ દૃષ્ટાંત છે.

આમ, છેવટે જતાં વ્યવસ્થિત રીતે કામ કરવું એ તમારે માટે એક સહજ ટેવરૂપ બની જાય છે.

(અનુ. સુન્દરમ્)

# પ્રથમ કેળવણી માબાપોની

માબાપોને એ વાતની ખબર નથી હોતી કે પોતે પોતાના બાળકને કેળવણી આપી શકે તે માટે પ્રથમ તો તેમણે પોતાની જાતને જ કેળવવાની રહે છે, પોતાને વિષે સભાન બનવાનું રહે છે, પોતાના ઉપર પ્રભુત્વ મેળવવાનું રહે છે કે જેથી પોતે બાળક આગળ એક ખરાબ દૃષ્ટાંતરૂપ ન બની રહે. ખરી અસરકારક કેળવણી તો દૃષ્ટાંત મારફતે જ અપાય છે. બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા, ડાહી ડાહી શિખામણ આપવી એનો કશો જ અર્થ નથી.

આપણે જે કહેતા હોઈએ તેમાં રહેલું સત્ય જો આપણા જીવંત દૃષ્ટાંત દ્વારા આપણે ન બતાવી શકીએ, તો પછી આપણા શબ્દોની કે શિખામણની કશી અસર પડતી નથી. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નિખાલસતા, હિંમત, નઃસ્વાર્થતા, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મસંયમ—આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દૃષ્ટાંત જ અનેકગણું સારું કામ આપે છે.

માટે હું માબાપોને કહીશ કે તમારા જીવનમાં એક ઉચ્ચ આદર્શ રાખો, અને તે આદર્શ અનુસાર જ હંમેશાં તમારું વર્તન રાખો. તમે જોશો કે તમારું બાળક આ આદર્શને પોતાની અંદર થોડે થોડે ઝીલવા લાગ્યું છે. દરેક બાળકને સ્વાભાવિક રીતે જ પોતાનાં માબાપ તરફ માન અને અહોભાવ હોય છે. અને માબાપો જો સાવ નાલાયક નથી

હોતાં તો તેઓ બાળકોને હંમેશાં દેવ જેવાં લાગે છે જ અને તેઓ પોતાથી બને તેટલું તેમનું જ અનુકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

માબાપો, અમુક વિરલ અપવાદ સિવાય, એ વાતનો તો કદી ખ્યાલ જ નથી કરતાં કે તેમની ખામીઓ, તેમની જલદ વૃત્તિઓ, નિર્બળતાઓ, આત્મસંયમનો અભાવ બાળકો ઉપર કેવી તો ભયંકર છાપ પાડે છે. તમારાં બાળકો તમને માન આપે એમ તમે ઇચ્છતાં હો તો પ્રથમ તો તમે પોતે જ તમારી જાતનું સન્માન કરતાં શીખો, અને હર પળે તમે પોતે એક માનયોગ્ય વ્યક્તિ બની રહો. તમે ધ્યાન રાખો કે તમારા વર્તનમાં કદી પણ તરંગીપણું ન આવે, અસંયમ ન આવે, તેમાં તુમાખી ન આવે, અધીરાઈ ન આવે, બદમિજાજ ન આવે.

તમારું બાળક તમને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે તમારો જવાબ તે સમજી શકવાનું નથી એમ માનીને તમે તેને કોઈ અક્કલ વગરનો કે મૂર્ખાઈ ભરેલો જવાબ ન આપશો. તમે જો બરાબર પ્રયત્ન કરશો તો તમારી વસ્તુ તમે હંમેશાં બાળકને સમજાવી શકશો—માત્ર તમારે તેને એવી રીતે કહેવાની કળા મેળવી લેવી જોઈએ કે જેથી તમારી વસ્તુ સાંભળનારના મગજ સુધી પહોંચી શકે.

નાની વયમાં, બારથી ચૌદ વર્ષ સુધી, બાળકનું મન સૂક્ષ્મ રીતના સિદ્ધાંતો અને વ્યાપક સ્વરૂપના વિચારોને ઝીલી શકે તેવું નથી હોતું. પરંતુ તમે સ્પષ્ટ આકારવાળાં ચિત્રો, પ્રતીકો કે દૃષ્ટાંતોનો ઉપયોગ કરીને બાળકના મગજને એવી તાલીમ આપી શકો છો કે જેથી તે એ સૂક્ષ્મ અને વ્યાપક વિષયોને સમજતું થઈ શકે. માત્ર બાળકોને જ નહિ, પણ ઠીક ઠીક મોટી ઉંમરના માણસોને પણ, તેમ જ કેટલાક લોકો કે જેમનું મન સદા બાળકની કક્ષાનું જ રહે છે તેવાઓને પણ, એકાદ વારતા, કથા કે પ્રસંગ જો બરાબર રીતે કહેવામાં આવે તો તેથી તેમને તાત્ત્વિક રીતનાં મોટાં મોટાં વ્યાખ્યાનો કરતાં પણ વિશેષ જ્ઞાન મળી શકે છે.

એક બીજી વસ્તુ સામે પણ ચેતતા રહેવાનું છે. બાળકને કદી ઠપકો ન આપશો—અને ઠપકો આપવો પડે તો તે કોઈ ચોક્કસ

હેતુસર જ અપાય, ઠપકો આપ્યા વિના ન જ ચાલે તેમ હોય ત્યારે જ તે અપાય. વારે વારે ઠપકો મળતાં બાળક ઠપકાથી ટેવાઈ જાય છે. પછી તમે તેને ગમે તે કહો, અવાજમાં ગમે તેટલી કડકાઈ લાવો, પણ એને તેનું કશું મહત્ત્વ રહેતું નથી. બાળક કોઈ ભૂલ કરી બેસે, ત્યારે તેની કબૂલાત એ આપમેળે ને નિખાલસ ભાવે કરે તેની રાહ જોજો. તમારી અને તમારા બાળકની વચ્ચે ભયનું તત્ત્વ દાખલ થઈ જાય, એવું તો કદી ન થવા દેશો. બીકમાંથી બાળક હંમેશાં અસત્ય અને દંભનો આશરો લેવા માંડે છે.

કદી ભૂલશો નહિ કે બાળકને આ જગતમાં જન્મ આપીને તમે તેના પ્રત્યેની એક ફરજ નોતરી લીધેલી છે. એ ફરજ તમારે ઉત્તમ રીતે અદા કરવાની છે—અને તેનો એક જ માર્ગ એ છે કે તમે પોતે વધુ ને વધુ ઉત્તમ બનો. તમારી જાતને વટાવીને તમારે સતત ઊંચે ને ઊંચે ચડતા રહેવાનું છે.

(અનુ. સુન્દરમ્)

# સંજય શ્રી. ભાવે

## ધરતીમાંથી ઊગેલો સર્જક

‘દિલીપ રાણપુરા સાહિત્યવૈભવ’માં એમની ચૂંટેલી કૃતિઓ એકસાથે ૪૦૦ પાનાંમાં વાંચીએ ત્યારે ‘ખરેખરો ધરતીમાંથી ઊગેલો એક મહાન સર્જક’ આપણી પર છવાઈ જાય છે. પુસ્તકના છ વિભાગ પાડ્યા છે: નવલકથા, નવલિકા, રેખાચિત્રો/ચરિત્રનિબંધો, પ્રસંગકથા/સંસ્મરણકથા, નિરીક્ષણ-ચિંતન અને પત્રકારત્વ. આમાંથી દરેક વિભાગને આરંભે સંપાદકે મૂકેલી એક એક પાનાની નોંધમાં જે તે સાહિત્યપ્રકારમાં દિલીપભાઈએ કરેલા લેખનની વિગતો, ખાસિયતો અને તેનાં સાહિત્યિક સ્થાન વિશે વાંચવા મળે છે.

‘સૂકી ધરતી, સૂકા હોઠ’ આખી નવલકથા આ સંચયમાં વાંચવા મળે છે. એક યુવાન શિક્ષકની પછાત સમાજને કારણે થયેલી પાયમાલીની કથા ક્ષુબ્ધ કરી દે છે.

દિલીપભાઈએ કરેલાં સોએક રેખાચિત્રો અને ચરિત્રનિબંધોનાં ચાર પુસ્તકો છે. અદના આદમી અને તેના જીવતર સાથેનો લેખકનો બિલકુલ નજીકનો નાતો તેમાં જોવા મળે છે.

પ્રસંગકથા/સંસ્મરણકથા વિભાગની નોંધમાં સંપાદક લખે છે: ‘દિલીપભાઈએ આમ આદમીની દિલેરી, ઉદારતા, હિંમત, સાહસિકતા, માણસાઈ, સમાજ માટે ઘસાઈ છૂટવાની તમન્ના આદિ માનવીય ગુણોની ગાથાઓ રચી છે.’ આ પ્રકારનાં ત્રીસ પુસ્તકોમાંથી અહીં સાત કથાઓ વાંચવા મળે છે.

પરિશિષ્ટમાં મુકાયેલી અન્ય બાબતો છે: દિલીપભાઈ પરના કેટલાક પત્રોના અંશો તેમના વિશેના સોએક લેખોની સૂચિ, તેમનાં પુસ્તકોની યાદી અનેજીવનતવારીખ.

સંપાદકનો લેખ અને દિલીપભાઈના ‘લાંબામાં લાંબા કાળના

સાથી’ હસુભાઈ રાવળે લખેલી ભૂમિકા—એ બંને સાથે મૂકીને વાંચતાં માણસ અને લેખક દિલીપભાઈનું એક મનભર ચિત્ર આપણને મળે છે.

દિલીપ રાણપુરા સાહિત્યવૈભવઃ સંપાદનઃ યશવન્ત મહેતા, રૂ. ૨૨૫

['નયા માર્ગ' પખવાડિકઃ ૨૦૦૫]

## આનંદયાત્રી પુ. લ.

‘પુ. લ.’ એવા લોકલાડીલા નામે મહારાષ્ટ્રના ઘરઘરમાં જાણીતા અને માનીતા મરાઠી લેખક અને સંસ્કૃતિપુરુષ પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે મરાઠી માનસ પર કેટલા છવાઈ ગયા હતા!—કેટલીક હકીકતોઃ

૧. પુ. લ.નાં બાવન પુસ્તકોની ૨૦૦ જેટલી આવૃત્તિઓ થઈ છે.

૨. પુ. લ.એ લખેલા અને દિગ્દર્શિત કરેલા ‘તી ફૂલરાણી’ નાટકનો ૧,૧૧૧મો પ્રયોગ ૧૯૯૪માં થયો. ત્યાર પછી પણ અનેક વાર તે ભજવાતું રહ્યું છે.

૩. લેખક અને નાટ્યકલાકાર તરીકે થયેલી આવકમાંથી પુ. લ.એ સવા કરોડ રૂપિયા જેટલી રકમ જ્ઞાન-વિજ્ઞાનનો પ્રસાર કરતી તેમ જ વંચિતોને મદદ કરતી સંસ્થાઓને સહાય તરીકે આપી છે.

૪. પુ. લ.ના જીવનસર્જન પરનું એક સંગ્રહાલય મુંબઈમાં ૧૯૯૩થી છે.

## “આવો માણસ કોઈ દિ’ જોયો નથી!”

સમાજ અને સાહિત્યને મળતાં મળે એવા સર્જક ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન ‘લિ. હું આવું છું’ પુસ્તકમાં વાંચવા મળે છે. બે ખંડમાં થઈને કુલ ૧૩૬૬ પાનાંમાં વિસ્તરતા આ ગ્રંથનું સંપાદન મેઘાણીના ચિરંજીવી

વિનોદ મેઘાણી અને વાર્તાકાર હિમાંશી શેલતે કર્યું છે. મેઘાણીએ ૧૯૧૦થી ૧૯૪૭નાં વર્ષો દરમિયાન લખેલા કે તેમને મળેલા અઢીથી ત્રણ હજાર કુલ પત્રોમાંથી અહીં ૧૨૯૨ પત્રો પસંદ કરીને મૂકવામાં આવ્યા છે. તેમાંથી ૬૪૯ પત્રો મેઘાણીએ લખેલા છે, અને ૬૪૩ પત્રો અન્યોએ મેઘાણી પર લખેલા છે. સંપાદકોનાં ઉત્કટ ઊર્મિ અને ઉમદા ઉદ્યમથી તૈયાર થયેલો આ પત્રસંચય અનેક રીતે અજોડ છે. સંપાદકીય દૃષ્ટિ, વિદ્યાકીય નિષ્ઠા, અથક પરિશ્રમ અને ઉત્તમને ઉત્તમ રીતે લોકો સુધી પહોંચાડવાની વૃત્તિ જેવી અનેક ગુણવત્તાઓ તેને એક સીમાચિહ્ન બનાવે છે. તદુપરાંત આ પત્રો મેઘાણીના ઘટનાપૂર્ણ અને સંઘર્ષમય જીવનના અંતરતમ ભાવો પર પ્રકાશ પાડે છે, તેમજ તેમની એક દેદીપ્યમાન માનવછબી આપણી સામે મૂકે છે.

ચૌદ વર્ષની ઉંમરે લખાયેલા પહેલા પત્રથી જીવનના છેલ્લા દિવસ સુધીના પત્રો મેઘાણીની ત્રણ તપની પરકમ્માને જાણે સ્લો-મોશનમાં બતાવે છે. તેમાં વાત્સલ્યમૂર્તિ બાપુજી, પરિવારપ્રેમી વડીલ, ઉત્કટ સંવેદનશીલતા ધરાવતા પતિ, નિષ્ઠાવાન સંશોધક, પ્રખર પત્રકાર, ઈમાની સર્જક એવા મેઘાણીના પ્રાણવાન વ્યક્તિત્વની રેખાઓ એકબીજામાં ભળતી રહે છે.

બે ખંડોના આ સંચયનું નામકરણ મેઘાણીના એક પત્રની સહી પરથી કરવામાં આવ્યું છે. જીવણલાલ ઍન્ડ કંપની નામની એલ્યુમિનિયમનાં વાસણો બનાવતી ફૅક્ટરીમાં નોકરી કરવા મેઘાણી ૧૯૧૮થી ૧૯૨૧નાં વર્ષોમાં કલકત્તા ગયા હતા. ત્યાંથી તેમણે તેમના પ્રાણનો નાભિપોકાર કરતો પત્ર એક મિત્રાને લખ્યો. તેનો છેલ્લો ફકરો છે: “અંધારું થતું જાય છે. ગોધૂલિનો વખત થઈ ગયો. વગડામાંથી પશુઓ પાછાં આવે છે—એના કંઠની ટોકરીનો ગંભીર અવાજ કાને પડે છે. મંદિરમાં ઝાલર વાગવા લાગી. હું પણ પાછો આવું છું. ધરાઈને આવું છું. જીવનની આ ગોધૂલિને સમયે, અંધકાર ને પ્રકાશની મારામારીને વખતે, મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે—હું રસ્તો નહિ ભૂલું. એના સાદને હું ઓળખું છું—વધુ શું?

લિ. હું આવું છું.”

મેઘાણીના પત્રો અનેક પ્રકારના સંબંધો અને સંપર્કોને લગતા છે. તેમાં બંને પત્નીઓ અને તેમનાં સંતાનો ઉપરાંત અનેક પરિવારજનો અને મિત્રો છે. સંશોધકો, સાહિત્યકારો, સમાજસેવકો ને દેશભક્તો છે. પત્રકારો, સંપાદકો ને પ્રકાશકો છે. ગઢવીઓ, ચારણો, બહારવટિયા, વિદ્યાર્થીઓ, વાચકો, ચાહકો છે. લગભગ બધાના પત્રોમાં માણસ અને સાહિત્યકાર મેઘાણી માટે ખૂબ ઉમળકો છે.

પત્રોમાં વ્યક્ત થતી લાગણીઓનો પટ ઘણો વૈવિધ્યપૂર્ણ છે. સંતાનો માટે અખૂટ પ્રેમ અને ચિંતા છે. આસપાસના લગભગ દરેક માણસની કાળજી અને કદર છે. સહુથી મોટા ચિરંજીવી મહેન્દ્ર સાથેના પોણા બસો જેટલા પત્રોમાં લાગણીસભર છતાંય વાસ્તવદર્શી અને પ્રબુદ્ધ પિતૃત્વ દેખાય છે. પુત્રવધૂ નિર્મળા પરના પત્રો તો ભારતીય સમાજના સંદર્ભમાં અને વ્યક્તિગત લાગણી એમ બંને રીતે વિરલ છે. પુસ્તકમાં એવા મેઘાણી મળે છે કે જેમણે ઘરઝુરાપો, દામ્પત્યજીવનના આઘાત, પુનર્લગ્ન પછી અનુકૂલન માટેની મથામણ, કટુતા અને એકંદરે કરુણતા સતત અનુભવી છે. વ્યાધિ અને વ્યાકુળતા, વ્યવહાર અને વ્યસ્તતા, આવેશ અને આક્રોશને મૂલ્યો તેમજ આદર્શોની ભવ્યતામાં સમાવી લેતા મેઘાણી અહીં છે.

આ મૂલ્યનિષ્ઠા અનેક રીતે જોવા મળે છે. એટલે જ કોમી સંવાદિતા, અભિવ્યક્તિ સ્વાતંત્રય, સંશોધનની ચીવટ, લેખકના ગૌરવ અને અધિકાર, ઉપેક્ષિતોના પ્રશ્નોની સમજ જેવા આપણા સાંપ્રત સાહિત્યમાંથી એકંદરે ઓછાં થઈ રહેલાં મૂલ્યો સાથેનો મેઘાણીનો અનુબંધ વત્તેઓછે અંશે અનેક પત્રોમાં જોવા મળે છે.

આ સંચયના પાને પાને સંપાદક દંપતીની સમજ અને મહેનત દેખાશે. વિનોદભાઈએ પંદર વર્ષ પહેલાં આ શીર્ષકથી મેઘાણીના પત્રો પ્રસિદ્ધ કર્યા હતા. આ નવા સંચયમાં તેનું બમણી પત્રસંખ્યા સાથે નવસંસ્કરણ થયું છે. પત્રો ઉપરાંત બહુ મોટા પ્રમાણમાં પૂરક વાચન-સામગ્રી અહીં મળે છે, જેમાં છબીઓ, ચિત્રો, રેખાંકનો, નકશા, સ્થળસંકેતો, અવતરણો, પરિચયનોંધો, પ્રસંગનોંધો, પત્રના સંદર્ભ મુજબ

મેઘાણીના તેમ જ અન્યોનાં લખાણોના અંશો, હસ્તાક્ષરોનાં પુનર્મુદ્રણો વગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેનો વ્યાપ, ગ્રંથની શાસ્ત્રીયતા અને સંપાદકોની દૃષ્ટિ સ્વતંત્ર લેખના વિષયો છે.

આ પત્રસંચય પૂર્વે સંપાદકયુગલે ‘અંતર-છબી’ નામે મેઘાણીનું સંકલિત આત્મવૃત્તાંત પ્રસિદ્ધ કર્યું છે. વિનોદભાઈએ મેઘાણીની ૩૨ વાર્તાઓનો અંગ્રેજી અનુવાદ ત્રણ ખંડોમાં કર્યો છે. તેમણે ‘માણસાઈના દીવા’નો ‘અર્ધન લૅમ્પ્સ’ નામે અંગ્રેજી અનુવાદ કર્યો છે. વિનોદભાઈનો ખૂબ જાણીતો બનેલો અનુવાદ એટલે ‘સળગતાં સૂરજમુખી’. અમેરિકન લેખન અરવિંગ સ્ટોને ડચ ચિત્રકાર વાન ગૉગના જીવન પર લખેલી નવલકથા ‘લસ્ટ ફોર લાઇફ’નું આ ગુજરાતી અવતરણ છે.

‘લિ. હું આવું છું’ પત્રસંચય સાહિત્યકાર તેમ જ માણસ મેઘાણીની એક તત્ત્વપૂર્ણ પ્રતિમા આપણી સામે મૂકે છે. તેમાંનો સાહિત્યકાર કહેવાતી સાહિત્યિક પ્રતિષ્ઠાથી દૂર રહેવા કોશિશ કરે છે. તેના વિચારોમાં સાતત્ય અને અભિવ્યક્તિમાં પારદર્શકતા છે. કશું મેળવી લેવાનાં વલખાં વિનાની તપસ્યા છે. વિરલ સચ્ચાઈ અને ઈમાનદારી છે. જીવનકાર્ય, સર્જન અને સમાજ માટે તીવ્ર ને ગહન નિસ્બત છે. તેનાથી પ્રેરાઈને, જાતને નિચોવીને થાય એટલું કરવાની આ સાહિત્યકારની નેમ છે. સંપાદક દંપતીનું પણ કંઈક એવું જ છે. એટલે જ તે મેઘાણીની દેદીપ્યમાન માનવીય પ્રતિમા રજૂ કરવામાં સફળ રહ્યાં છે.

આ પ્રતિમાની વિશિષ્ટ રંગરેખાઓ બતાવતા કેટલાક પત્રો છે. કેટલીક છટાઓ સંપાદકોએ મૂકેલી પૂરક માહિતીમાંથી ઊપસી આવે છે. આ બંનેમાંથી થોડીક વિશિષ્ટ રંગરેખાઓ અહીં મૂકી છે.

મેઘાણી અમરેલી હાઈસ્કૂલમાં હતા ત્યારે છોકરાઓને “ગીતો ગવડાવતા, નાટકોમાં પાઠ લેતા અને સ્ટેજ ગજવતા.” તે દિવસોમાં તેઓ “એક સોળ વર્ષની શરમાળ છોકરી જેવા દેખાતા”, તેવું તેમના વર્ગમિત્રા જગજીવન મોહનદાસ ગાંધીએ પત્રમાં નોંધ્યું છે.

‘ડોશીમાની વાતો’ નામનું પુસ્તક મેઘાણીએ ૧૯૪૬માં સાતમી

આવૃત્તિ પછી બંધ કર્યું. કારણ કે મહેન્દ્રભાઈએ તે પુસ્તક બાળકો માટેના વાચન તરીકે યોગ્ય નથી એ વાત તેમને સમજાવી અને લોકશાહીવાદી લેખક પિતાએ તે સ્વીકારી.

પાંચાળ પ્રદેશમાં ૧૯૨૭ના જુલાઈમાં પૂર આવ્યું ત્યારે મેઘાણી રાહતકામમાં જોડાયા હતા. ચાર જણની ટુકડી સાથે મેઘાણી નેવું ગામમાં ગયા અને સહાય પહોંચાડી.

જર્મન ઓરિએન્ટ સોસાયટીના પુસ્તકમંત્રી ડૉ. વિલ્હેમ પ્રિન્ટઝ ૧૯૨૮ના ઑગસ્ટમાં લખે છે: “અહીંના ‘ક્રિટિકલ જર્નલ ઓફ ઓરિએન્ટલ લિટરેચર’ નામના સામયિકમાં તમારી પ્રશંસાત્મક સમાલોચના લીધેલી છે તે વાંચીને તમારી શ્રેણીનાં તમામ પુસ્તકો મોકલવા વિનંતી કરું છું. અમારા સંગ્રહમાં એ બધા સંઘરવા હું ઉત્સુક બન્યો છું.”

ધોલેરા સત્યાગ્રહમાં ગિરફતાર થયેલા ભાઈઓને અભિનંદન આપવા માટે મેઘાણી ૨૭ એપ્રિલ ૧૯૩૦ના દિવસે બરવાળા ગયા અને ત્યાં પોલીસે તેમને અટકાયતમાં લીધા.

‘કોઈનો લાડકવાયો’ કાવ્યની પહેલવહેલી પ્રશંસા નરસિંહરાવ દિવેટિયા જેવા પંડિત વિવેચકની રોજનીશીમાં મળે છે.

મેઘાણીએ બાળપણમાં લખેલી એક પ્રાર્થના અમરેલીની જૈન બોર્ડિંગમાં ગવાતી હતી.

મેઘાણીને આકાશદર્શનમાં રસ હતો. ઉમાશંકર જોશી પરના એક પત્રમાં તેમણે લખ્યું છે: “હમણાં તો આકાશના તારા, ગ્રહો, નક્ષત્રો વગેરે નિહાળવાની ખૂબ ધૂન લાગી છે. પણ ઓળખું ફક્ત બે-પાંચને જ, એટલે બાકીના જ્યોતિર્ધરોની સામે તો બાઘાની પેઠે જોઈ રહું છું… ચાલીસ વર્ષો જીવનનાં ગયાં, આખું જગત ડૉળવાનો દાવો કરનાર લેખક બન્યો, ને રોજના આવા વિરાટ સોબતી આકાશને જ ઓળખ્યા વિના રહ્યો! અને એ ન જોયું તેને પરિણામે કેટલી બધી કંગાલિયત મારા સાહિત્યમાં પણ રહી ગઈ હોવી જોઈએ.”

ડૉ. આર્નોલ્ડ બાકે નામના ડચ સંશોધક ઓક્સફર્ડ યુનિવર્સિટી

તરફથી ભારતનાં ભજનો પર સંશોધન કરવા માટે સજોડે ભારત આવ્યા હતા. ત્યારે મેઘાણી પરિવારે તેમને ઘણાં મદદ અને માર્ગદર્શન આપ્યાં હતાં. ડૉ. બાકેએ વડોદરા, રાણપુર, લાઠી અને વડિયાની મુલાકાત લઈને વાયર રેકોર્ડર તેમજ ૩૫ એમએમ ફિલ્મ પર કરેલા રેકોર્ડિંગની કેસેટ પર કરેલી નકલ કેલિફોર્નિયા યુનિવર્સિટી (લોસ એન્જેલસ)ના સંગીત વિભાગમાં એથનો મ્યુઝિયોલોજી (એટલે કે સંગીતશાસ્ત્રા, લોકસંગીત, પ્રાચીન સંગીત તથા તેના વિવિધ માનવજાતિઓ સાથેના સંબંધોના શાસ્ત્રા) વિભાગમાં સચવાઈ છે. આ રેકોઋડગની આખી નકલ અને ડૉ. બાકેએ લીધેલી ફિલ્મો, એમના અહેવાલો વગેરે સામગ્રી દિલ્હીની અમેરિકન ઇન્સ્ટિટયૂટ ઑફ ઇન્ડિયન સ્ટડિઝ સંચાલિત ધ આર્કાઇવ ઍન્ડ રિસર્ચ સેન્ટર ફોર એટનોમ્યુઝિકોલોજીમાં જતનપૂર્વક જળવાઈ છે. ડૉ. બાકેના રેકોર્ડિંગમાં આઠ રચનાઓ મેઘાણીએ ગાયેલી છે.

‘ફૂલછાબ’માં પોતાનાં લખાણો સાથેના કાર્ટૂન મેઘાણી પોતે જ દોરતા.

મેઘાણીને એક વ્યક્તિએ લખેલા પત્રમાં તેમનાં નવાં પ્રકાશનો તેમ જ પુનર્મુદ્રણો પોતાના પરિચિત એક પ્રકાશકને આપવાની ભલામણ કરી હતી. તેણે એમ પણ લખ્યું હતું કે ‘આપ જે આંકડો મૂકો એ ઉપાડી લેવા’ પ્રકાશક તૈયાર છે. પત્રની નીચે મેઘાણીએ જવાબનોંધ કરી છે : “જૂના પ્રકાશકોને હું ન છોડી શકું. તેઓએ કરેલ ઉદ્યમ પરસ્પરના ઇતબાર પર ઊભેલ છે. અર્થલાભની લાલચે હું એ ઇતબાર ન લોપું.”

‘ફૂલછાબ’માં પોતાનું લખાણ છાપવાનો વારંવાર દુરાગ્રહ કરીને હિંસક ધમકીઓ આપનારા એક નામચીન માથાભારે શખસે એક બપોરે બોટાદ સ્ટેશને મેઘાણી પર હુમલો કર્યો. મેઘાણીએ સ્વરક્ષણાર્થે પૂરા જોર સાથે લડીને એને ધૂળ ચાટતો કર્યો. એ દૃશ્ય સેંકડો મુસાફરોએ જોયું. ૫-૪-૧૯૪૦ના ‘ફૂલછાબ’માં મેઘાણીએ ‘ગુંડાઓનો ડર ત્યજો’ નામે અગ્રલેખ લખ્યો. હુમલાને વખોડતા અને તેમના શૌર્યની પ્રશંસા કરતા અનેક પત્રો મેઘાણી પર આવ્યા.

મનોરંજક કાર્યક્રમો વિશે સ્પષ્ટતા કરતા એક પત્રમાં મેઘાણી લખે

છે: “આજ સુધી પુરસ્કાર માગ્યો નથી તેમ જ સાહિત્યેતર સમારંભમાં મનોરંજક કાર્યક્રમ તરીકે મારાં ગીતો-કથાઓનો ઉપયોગ કર્યો નથી. જ્યાં જાઉં છું ત્યાં આ ગીતો-કથાઓને શુદ્ધ સાહિત્યની સામગ્રી તરીકે જ લઈ જાઉં છું. યજમાનો ધરે છે તેમાંથી પ્રવાસ ખર્ચ જ સ્વીકારું છું.”

સંકટગ્રસ્ત ખેડૂતોને સહાય કરવા અને ખેડૂતોના પ્રશ્ને જનતાનું ધ્યાન દોરવા ખેડૂત સમિતિના ઉપક્રમે મેઘાણીએ ૨૩ માર્ચ, ૧૯૩૬ના દિવસે મુંબઈના બ્લેટવેટસ્કી લોજમાં ગીતોનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. હૉલ ભરાઈ જતાં ટિકિટો બંધ કરી દેવી પડી હતી.

મેઘાણી રવીન્દ્રનાથ ટાગોરને મુંબઈમાં ૧૯૩૩માં મળ્યા. મુલાકાતનો સમય અડધો કલાક નક્કી થયો હતો. પણ ગુરુદેવ મેઘાણીની લોકસાહિત્ય વિશેની વાતો બે કલાક સાંભળતા રહ્યા ને તે પછી નંદલાલ બોઝને મેઘાણીના ઘરે મોકલી શાંતિનિકેતનમાં વ્યાખ્યાનો આપવા માટેનું આમંત્રણ આપ્યું હતું.

મેઘાણીએ ૧૯૪૧ના માર્ચ મહિનામાં શાંતિનિકેતનમાં લોકસાહિત્ય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. ત્યાંના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કલાકારો પર મેઘાણીની ભૂરકી છવાઈ ગઈ હતી. તેમાંથી કેટલાકે મેઘાણીને ભાવભીના પત્રો લખ્યા હતા. મેના નામની વિદ્યાર્થિનીએ લખ્યું: “આઠ દિવસ રહ્યા, પણ રહ્યા ન હો તેવું લાગે છે.” વિશ્વનાથ ખન્ના લખે છે: “અલ્પ સમયમેં હી ન જાને કૈસી માદક સુધા હમ લોગોં કો પિલાઈ જિસકા નશા ચિરકાલ તક નહીં ઉતરેગા.” મેઘાણી શાંતિનિકેતનથી ગયા પછી પણ ઠેરઠેર તેમનું નામ ઘણી વખત કેવા આદરથી લેવાતું હતું, તેમણે આખાય વાતાવરણને કેવી રીતે મંત્રામુગ્ધ કર્યું હતું તેની વાત વ્રજલાલ ત્રિવેદીના પત્રમાં વાંચવા મળે છે.

શાંતિનિકેતનમાં અંગ્રેજીમાં આપેલાં વ્યાખ્યાનોએ મેઘાણી માટે વિશાળ ભારતનાં દ્વાર ખોલ્યાં હતાં. શાંતિનિકેતનનાં ત્રૈમાસિક ‘ધ વિશ્વભારતી ક્વાર્ટર્લી’માં મેઘાણીએ લખેલો લેખ ‘ફોક સોંગ્સ ઑફ ગુજરાત’ ૧૯૪૩માં પ્રગટ થયો. તે પછીના વર્ષે ગુજરાત રિસર્ચ સોસાયટીના મુખપત્રમાં ‘મેરેજ સોંગ્સ ઑફ કાઠિયાવાડ’ નામનો લેખ પ્રકટ

થયેલો. ઓક્સફર્ડના અંગ્રેજ નૃવંશશાસ્ત્રી અને જગવિખ્યાત આદિવાસી સંશોધક વેરિયર એલ્વિને તેમના એક પુસ્તકમાં મેઘાણીએ લખેલા બધા જ અંગ્રેજી લેખોની સૂચિ આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

મેઘાણીએ ૧૯૪૩ના ઑગસ્ટમાં મુંબઈમાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો આપ્યાં. આ ખૂબ મોભાદાર વ્યાખ્યાનમાળા માટેની તૈયારી, વિદ્વાનો સાથે ચર્ચા, ભરચક સભાગૃહમાં વ્યાખ્યાનો આપવામાં પડતા શ્રમ, અને લોકસંપર્કની વચ્ચે પણ મેઘાણી તેમનાં બીજાં પત્ની ચિત્રદેવીને મદદ કરવાનું ચૂકતા ન હતા. ચિત્રદેવી કાઠિયાવાડી ભરતકામ બનાવડાવીને તેનું વેચાણ કરવાનો વ્યવસાય કરતાં. આ વસ્તુઓ ગ્રાહકોને બતાવવાનું, સમજાવવાનું, મંગાવવાનું અને ગ્રાહકોને પહોંચાડવાનું કામ મેઘાણીએ વ્યાખ્યાનો ઉપરાંતના સમયમાં કર્યું હતું. ચિત્રાદેવીને આ કામમાં તેમણે વર્ષો સુધી, જુદી જુદી જગ્યાએ અનેક રીતે મદદ કરી હતી.

મેઘાણીએ ‘ફૂલછાબ’ના વાચકો માટે ઘણાં ભેટપુસ્તકો લખ્યાં હતાં. તેમાંથી કેટલાંક તો માત્ર અઢીસો-ત્રણસો રૂપિયા પુરસ્કાર લઈને લખ્યાં હતાં અને તેની આવૃત્તિઓ ૫-૬ હજાર નકલોની થઈ હતી.

પોલીસખાતામાં કામ કરતા મેઘાણીના પિતાએ ૩૦ વર્ષ સુધી રાખેલો તમંચો તેમના મૃત્યુ પછી રાણપુર પોલીસના તાબામાં હતો. તે પાછો મેળવવા મેઘાણીએ ઘણી લખાપટ્ટી કરી. અને અંતે ૨૬-૮-૧૯૨૮ના દિવસે અમદાવાદના જિલ્લા મેજિસ્ટ્રેટને અંગ્રેજીમાં લખ્યું: “મારો તમંચો મને અહીં અથવા ભાવનગરમાં સલામત પાછો સોંપાવો જોઈએ એવી મારી સાદર રજૂઆત છે. રાણપુર પોલીસ તમંચો મને સોંપવામાં નિષ્ફળ જશે તો મારા વાંક વગર મારો તમંચો જિલ્લા પોલીસ પડાવી લેવા માગે છે એવું દુ:ખદ અનુમાન કરીશ. પણ મને શ્રદ્ધા છે કે આપ આ બાબત ન્યાય કરશો અને આપની પોલીસને આપખુદ પગલું લેતા અટકાવશો.”

પોતાની કૃતિઓ પરથી ફિલ્મો બને તે વાત સાથે મેઘાણી સંમત ન હતા, એ વાત અનેક પત્રોમાં તેમણે લખી છે. એકમાં તેઓ લખે છે: “...સિનેમાની સૃષ્ટિ પ્રત્યે હું ઉદાસીન બન્યો છું ને મને ભારોભાર

બીક પેસી ગઈ છે કે આપણા ગુજરાતી લેખકોની વાર્તાઓ પડદા પર નિષ્ફળ જ જાય છે. એ નિષ્ફળતાનો આઘાત મારા જેવા નબળા હૃદયના માણસને ઘણો મોટો લાગે.”

અમદાવાદમાં ૧૯૪૬ના જૂન-જુલાઈમાં કોમી હુલ્લડો થયાં અને તેમાં વસંત—રજબ શહીદ થયા. આ તોફાનોમાં ગાંધીજી અને તેમના અનુયાયીઓની ભૂમિકા વિશે મેઘાણીએ ૬-૭-૧૯૪૬ના પત્રમાં લખ્યું: “મહાત્માજી બીજાઓને આ વાઘદીપડાની બોડમાં અહિંસા પ્રબોધવા જવાની હાકલ દેવા કરતાં પોતે જો પાંચસોકને લઈ જમાલપુર જેવા એકાદ સ્થળમાં પહોંચી પદાર્થપાઠ આપે તો વધુ શ્રેયસ્કર બને. આટલાં હુલ્લડો થયાં; મહાત્માજીને કે એમના પટ્ટશિષ્યોમાંથી કોઈને એ બૂઝવવા જતા જોયા નથી.” આ સંદર્ભમાં ગાંધીજીએ ૨૮ જુલાઈ અને ૪ ઑગસ્ટના ‘હરિજનબંધુ’માં દિલગીરીના સૂરે લખ્યું હતું: “હું ઘરમાં બેસીને બીજાઓને મરવા મોકલું એ મારે માટે શરમની વાત કહેવાય ને એ અહિંસાના દાખલારૂપ ન થાય.”

‘ફૂલછાબ’ કાર્ટૂન કેસમાં મેઘાણીને સરકારે કોમી વૈમનસ્ય ફેલાવવાના હળાહળ ખોટા આરોપસર ૧૯૪૧ના મે મહિનામાં ગિરફતાર કર્યા હતા. (અલબત્ત અદાલતે મેઘાણીને નિર્દોષ જાહેર કર્યા હતા.) ધરપકડ પછી જામીન મળતાં પહેલાં મેઘાણી કાચા કામના કેદીઓ માટેની કોટડીમાં રહ્યા હતા. તે વખતે તેમને બરાકમાં “ઝાડુ મળે તો વાળી નાખવાની” અને “બાગમાં પાણી ભરી ભરીને ઝાડને પાવાની” ઇચ્છા થઈ, કેમ કે “ઝાડવાં પાયાં હોત તો તો એકાદ-બે નવી ટીશીઓ, કૂંપળો, કળીઓ એક દિવસ ઈશ્વરની અદાલતમાં હાજર થાત ને ગવાહી પૂરત તો ખરી કે આ માણસને વિનાશના મોંમાંય સર્જન પ્યારું હતું.”

મેઘાણીએ ઉમાશંકરને લખેલા અનેક પત્રોમાંથી એકમાં લખ્યું હતું: “નવરાતરના દિવસોમાં બહાર પડતું લોકજીવન એકેય વાર ગુજરાતમાં જોયું નથી તે જોવું છે.” તેમને બીજા એક પત્રમાં લખ્યું હતું: “ઝંખના ફક્ત એક રહી જાય છે ગુજરાતનાં પૂરાં દર્શન કરવાની, તમારા જેવા ભોમિયાના સાથમાં.”

મેઘાણીએ તેમના અવસાનના આગળના દિવસે દિલીપ કોઠારી પરના પત્રમાં લખ્યું: “પીપલ્સ થિયેટરનાં ત્રણ બૅલે પર મુંબઈ સરકારે મૂકેલો પ્રતિબંધ વખોડી કાઢવા અને સખત વિરોધ ઉઠાવવા આપણે સૌએ સંયુક્ત બનવું જોઈએ. આ તો ઘણું અનુચિત કહેવાય. મેં એ જોયાં છે અને મને એમાં કશું જ વાંધાભર્યું લાગ્યું નથી. મુંબઈ સરકારે તો માઝા મૂકવા માંડી છે. મોરારજી દેસાઈ જેવો કલા-સાહિત્યનો મૂળાક્ષર પણ ન સમજનાર મિથ્યાભિમાની માણસ પગલે પગલે લોકશ્વાસને જ રૂંધી રહેલ છે. બહુ ઉકળાટ થાય છે.”

મેઘાણીએ અવસાનના બે દિવસ પહેલાં ‘સંસ્કૃતિ’ સામયિક માટે ઉમાશંકરને લેખ મોકલ્યો હતો ને તેની સાથેના પત્રમાં લખ્યું હતું: “શરીર કામ કરી શકતું હશે ત્યાં સુધી તો મારો લેખ દર અંકે હાજર હશે…”

‘લિ. હું આવું છું’માં અનેક પત્રો એવા પણ છે કે જે મેઘાણીની કૃતિની શ્રેષ્ઠતા ઉપસાવતા હોય, તેમના સંશોધનની મહત્તા બતાવતા હોય કે માણસ તરીકેની તેમની મોટાઈની વાત કરતા હોય. વેરિયર એલ્વિન લખે છે કે: “તમે સાચા લોકજીવનનું અર્થઘટન કરી રહ્યા છો તે અમારે સહુને માટે પ્રેરણારૂપ છે.” ઇરાવતી કર્વે તેમના સંશોધનમાં મેઘાણીએ કરેલી મદદ માટે તેમનો એકથી વધુ વખત આભાર માને છે. પ્રખર વિદ્વાન જહાંગીર એદલજી સંજાણા લખે છે: “હવે હું વિદ્યાર્થી તરીકે માહિતી શોધવા તમારી પાસે આવું છું.” ગુજરાતી સાહિત્ય પરિષદના રાજકોટ અધિવેશનના વ્યાખ્યાનમાં મેઘાણીએ સંઘોર્મિની વિભાવનાનાં દર્શન કરાવ્યાં હતાં. તેનો ઉલ્લેખ કરીને બ. ક. ઠાકોર લખે છે: “સંઘોર્મિના ઝીલનાર અને તેને ઝિલાવનાર થોડી જ વ્યક્તિઓ હોય તેમાંના તમે અદ્યતન ગુજરાતે છો…” ચારણી સાહિત્ય પરના મેઘાણીના અભ્યાસની વાત કરતાં ઠારણભાઈ ગઢવી લખે છે: “આપ એટલા ઊંડા ઊતર્યા છો કે તેટલું જ્ઞાન અમારી જ્ઞાતિમાં કોઈકને હોય તો. આપે અમારી જ્ઞાતિ પર મહાન ઉપકાર કર્યો છે. આખી જ્ઞાતિ આપની ઋણી છે.” ઇન્દ્ર વસાવડા લખે છે: “મારી નાની દીકરીને

ટાઢીબોળ કબરમાં સુવાડતાં સુવાડતાં તમારી ‘સોરઠ તારાં વહેતાં પાણી’ અને ‘વસુંધરાનાં વહાલાદવલાં’ ચોપડીઓમાંથી મને કેટલું આશ્વાસન મળ્યું!” કાકાસાહેબ કાલેલકર લખે છે: “મરાઠીમાં જેમ ‘જ્ઞાનેશ્વરી’ એ આદ્યગ્રંથનું સ્વતંત્ર વ્યાકરણ રચાયું છે, તેમ તમારે હાથે સંગ્રહિત લોકસાહિત્યનું વ્યાકરણ, ભાષાશાસ્ત્રા અને વ્યુત્પત્તિશાસ્ત્રા તૈયાર કરવા માટે કોઈ વિદ્વાન પાકવો જોઈએ. એવા વિદ્વાનનું આહ્‌વાન કરવાનો અધિકાર તમારો છે.” શાંતિનિકેતનના ગુરુદયાલ મલ્લિકે લખ્યું છે: “હું હિંદનો સમ્રાટ હોત તો તમને મારા વડાપ્રધાન નીમત. પહેલું કારણ તો એ કે તમે કવિ છો, દ્રષ્ટા છો; બીજું એ કે તમારી નજર દરેકમાંનું શ્રેષ્ઠ પારખી શકે છે… તમારી સ્મૃતિઓનાં મઘમઘતાં ઉપવનોમાં તમને વારંવાર મળું છું.”

મેઘાણીએ લોકસાહિત્યના સંશોધન માટે સૌરાષ્ટ્ર ખૂંદ્યું હતું. તેમણે ગામડાંગામના ચારણો, ગઢવીઓ, આહિરો, મેરો, ખારવાઓ, ખેડૂતોની સાથે બેસીને મૌખિક લોકસાહિત્ય એકઠું કર્યું હતું. ટાંચણો ને નોંધો કર્યાં હતાં. પોરબંદરના બરડા મહાલના બગવદર ગામનાં મેરાણી બહેન ઢેલીએ એક વખત પોણી રાત જાગીને મેઘાણીને મેરાણીઓના રાસડા સંભળાવ્યા હતા. ૧૯૭૫માં ૯૦ વર્ષનાં જાજરમાન ઢેલી આઇએ નરોત્તમ પલાણને મેઘાણીનું એક સંસ્મરણ કહ્યું હતું. તેમાં મેઘાણીના સહવાસ અને રીતભાતનું સોંસરી ભાષામાં વર્ણન કરીને છેલ્લે ઢેલી આઈ કહે છે: “આવો માણસ મેં કોઈ દિ’ જોયો નથી. એની હાજરીનો કોઈ કહેતાં કોઈને ભાર જ નો લાગે!”

[‘આરપાર’ અઠવાડિક: ૨૦૦૪]

# સંત ફ્રાન્સિસ

## એવું કરો કે—

*હે પરમાત્મા,*
*મને તારી શાંતિનું વાહન બનાવ.*
*જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું*
*જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા*
*જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા*
*જ્યાં હતાશા છે ત્યાં આશા*
*જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ*
*જ્યાં શોક છે ત્યાં આનંદ.*

*હે દિવ્ય સ્વામી, એવું કરો કે,*
*હું આશ્વાસન મેળવવા નહિ, આપવા ચાહું*
*મને બધાં સમજે એ કરતાં હું બધાંને સમજવા ચાહું*
*મને કોઈ પ્રેમ આપે એ કરતાં હું કોઈને પ્રેમ આપવા ચાહું.*
*કારણ કે,*
*આપવામાં જ આપણને મળે છે;*
*ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ*
*મૃત્યુ પામવામાં જ આપણે શાશ્વત જીવનમાં જન્મીએ છીએ.*

(અનુ. કુન્દનિકા કાપડીઆ)

# સંતબાલ

## ત્રણ ગુણો

નિયમિતતા, ઉપયોગિતા અને વ્યવસ્થિતતા એ ત્રણે ગુણો જીવનવ્યવહારમાં ખૂબ ઉપયોગી છે.

નિયમિતતા એટલે જે કાળે જે નક્કી કર્યું હોય તે કામ કરવું. જો એ જ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરીશું તો પછી એ ટેવરૂપ બની જશે, પણ બાંધછોડ કરીશું તો કોઈ કામ વ્યવસ્થિત નહિ થઈ શકે.

આવો જ બીજો ગુણ વ્યવસ્થિતતાનો છે. કોઈ પણ ઠેકાણે વ્યવસ્થાની ખામી હોય તો રુચિકર લાગતું નથી. શબ્દોની રચના પણ વ્યવસ્થિત ન હોય, તો એ શબ્દો ગમતા નથી. જ્યાં જે ચીજ હોવી જોઈએ ત્યાં તે ન હોય, તેનું નામ અવ્યવસ્થા. જ્યાં જે વસ્તુનો ઉપયોગ કરવાનો હોય ત્યાં તે કરવો, તેનું નામ વ્યવસ્થા.

ત્રીજી વાત ઉપયોગિતાની છે. જરૂર પૂરતું જ લેવું અથવા જરૂરિયાતનો ઘટાડો કરવો તેનું નામ ઉપયોગિતા. ઉપયોગ એ આત્માનો ગુણ છે અને સ્થૂળ ઉપભોગ એ નાશવંત શરીરનો ગુણ છે. માણસ જો સાચો ઉપયોગ રાખતાં શીખે તો કેટલાંય અનિષ્ટોમાંથી તે જાતે બચી જાય, પાપ ઘટી જાય.

['વિશ્વવાત્સલ્ય' માસિક]

## સર્વ વાદનો સરવાળો

ભારતની પ્રજા આજે અનેક વાદોની નાગચૂડમાં ફસાયેલી છે. એ બધા વાદોનો સરવાળો હું બે જ વાદમાં કરું છું: તકસાધુવાદ અને સમન્વયવાદ. આ બે વાદોમાં ભારતીય જનતાની જંગી બહુમતી

તકસાધુવાદ તરફ છે. છાપાંથી માંડીને સંન્યાસીઓ સુધ્ધાંની ગણતરી કરશું તો એમની બહુમતી પણ આ વાદમાં જ આવશે.

તકસાધુવાદને ફૂલવાફાલવા માટે આજે બહુ વિશાળ ક્ષેત્ર મળી ગયું છે. સુધારક સ્ત્રીઓની સભામાં તકસાધુ હાથ પછાડીને કહેશે: “અમે પુરુષોએ આજ સુધી શાસ્ત્ર ને ધર્મને ઓઠે તમને અગણિત અન્યાય કર્યા છે, તેનું અમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે.” સનાતનીઓની સભામાં પાછા એ જ ભાઈ મોટું તિલક કાઢીને જશે અને બોલશે: “આ ધર્મભ્રષ્ટ સરકારે ધર્મને રસાતાળ કાઢ્યો.” પછી આંખમાં ઝળઝળિયાં લાવીને કહેશે: “મારું ચાલે તો ધર્મને ભ્રષ્ટ કરનારા આ કાયદાઓને એક જ તડાકે ઉડાવી દઉં ને રામરાજ્ય સ્થાપી દઉં.”

આપણે જરાક નજર ફેરવીને જોઈશું તો ચોમેર આ તકસાધુવાદીઓની દોડમદોડ નજરે ચઢશે.

બીજો વાદ તે સમન્વયવાદ, પણ આજે તો સમન્વયવાદી એકલો અટૂલો પડી જશે. એને નહીં માને સરકારી તંત્ર, નહીં માને ખેડૂતો, નહીં માને કારખાનાંના મજૂરો. સમન્વયવાદી પોતાના સિદ્ધાંતની રક્ષા કરતો કરતો અતિનિકટના સાથીઓનો સંગાથ છોડીને આગેકદમ ભરતો હશે, તો તકસાધુવાદી બીજાઓને ખુશ કરીને ખિસ્સાં ભરવાની જ વેતરણમાં ભમતો હશે. એ તકસાધુવાદીને જરાક જ ચકાસીએ તો તે ઉઘાડો પડી જાય. પણ નાનાંમોટાં સહુ તકવાદી હોય, ત્યાં કોણ કોને કહે?

['વિશ્વવાત્સલ્ય' પખવાડિક: ૧૯૫૧]

# સંપાદક

## એક જ બીજ

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી કાયમ માટે હિંદુસ્તાન પાછા આવ્યા ૧૯૧૫ના આરંભમાં. પોતાના રાજકીય ગુરુ ગોપાલ કૃષ્ણ ગોખલેને ત્યારે તેમણે વચન આપેલું કે તે હિંદમાં ફરીને દેશની સ્થિતિ જાતે નિહાળશે, પણ એક વરસ સુધી કોઈ પ્રકારની ચળવળમાં ભાગ નહીં લે અને ભાષણ પણ નહીં કરે.

બિહારના ચંપારણ વિસ્તારના હજારો ખેડૂતોને જે દુખ પડતાં હતાં તેનું બયાન એ ખેડૂતોના કેટલાક આગેવાન પાસેથી ૧૯૧૬માં ગાંધીજીએ સાંભળ્યું. પણ પોતાના રિવાજ પ્રમાણે એમણે જવાબ દીધો કે, “જાતે જોયા વિના આ વિષય ઉપર હું કંઈ અભિપ્રાય ન આપી શકું… પણ મારા ભ્રમણમાં હું ચંપારણને પણ લઈશ ને એક-બે દિવસ આપીશ.”

એ વચન અનુસાર ખેડૂતોની હાલતની તપાસ કરવા ૧૯૧૭ની શરૂઆતમાં ગાંધીજી ચંપારણ ગયા. “આવ્યા હતા મળવા અને બેસાડ્યા દળવા”, એવી હાલત ત્યાં ગાંધીજીની થઈ. બિહારની સરકારે તેમને તપાસ કરતાં અટકાવ્યા, અને તેની સામે ગાંધીજીએ સવિનય કાનૂનભંગ કર્યો. એમને કે કોઈને પણ કલ્પના નહોતી એવી રીતે ચંપારણમાં સત્યાગ્રહનો પહેલવહેલો પદાર્થપાઠ આખા હિન્દુસ્તાનને મળ્યો. અહિંસા અને સત્યના એ મોટા પ્રયોગ વિશે ગાંધીજીએ ‘સત્યના પ્રયોગો’માં વીસેક પાનાનું બયાન આપ્યું છે અને તેની વધારે વિગતો બાબુ રાજેન્દ્ર પ્રસાદના એ લડતના ઇતિહાસમાંથી વાચકને મળી શકે, એમ જણાવ્યું છે.

રાજેન્દ્રબાબુના હિન્દી પુસ્તકનો કરીમભાઈ વોરાએ કરેલો અનુવાદ ‘બાપુને પગલે પગલે’ નામે નવજીવન પ્રકાશન મંદિર તરફથી બહાર પડેલો. તેમાંથી ચંપારણની લડત વિશેનું તેમનું બયાન થોડું સંપાદિત કરીને અહીં રજૂ કરીએ છીએ. સાથે સાથે ‘સત્યના પ્રયોગો’માંથી

ચંપારણની લડત વિશેના કેટલાક અંશો ગાંધીજીના શબ્દોમાં યથાસ્થાને અહીં ઉમેરેલા છે. રાજેન્દ્રબાબુના લખાણથી તેને અલગ પાડવા માટે ગાંધીજીનું લખાણ જરા વાંકા અક્ષરોમાં અહીં છાપ્યું છે.

રાજેન્દ્રબાબુએ કહ્યું છે તેમ "એ થોડા દિવસોમાં ગાંધીજીએ ચંપારણમાં જે કર્યું, તેનો જ વિસ્તાર આગળ જતાં તેમણે અસહકારની ચળવળ મારફત આખા દેશમાં કર્યો. ચંપારણમાં તેમણે પીપળાનું એક બીજ રોપ્યું —જે ત્યારે કોઈની નજરે પણ ન પડ્યું. પણ સમય જતાં એ બીજ અંકુરિત થઈને એક વિશાળ વૃક્ષ બન્યું. તેની છાયામાં આપણા દેશે વિદેશી શાસનમાંથી મુક્તિ મેળવી."

ચંપારણની લડત પછી આજે ઘણા દાયકા વીતી ગયા છે. દેખીતી રીતે દેશમાંથી વિદેશી શાસનનો અંત આવ્યાને દાયકાઓ થઈ ગયા છે. પણ સામ્રાજ્યવાદે આજે નવો લેબાશ ધારણ કર્યો છે અને સાગરપારથી અનેક દેશોને પોતાની આર્થિક નાગચૂડમાં એ ભીંસી રહેલ છે. તેની સામે, અને એ વિદેશી સામ્રાજ્યવાદીઓના હાથા સમા આંતરિક રાજકીય-આર્થિક બળો સામે, શોષણ અને અન્યાય સામે, હજી પણ પ્રજાએ લડતો આપતાં જ રહેવું પડશે. એવી લડતને અંતે બકરું કાઢતાં ઊંટ ન પેસી જાય તે માટેની તકેદારી રાખીને પ્રજાને જાગ્રત કરવી પડશે. અહિંસક લડત અને લોક-કેળવણીના બેવડા મોરચે કામ કરીને જેણે સફળતા મેળવવાની છે એવી આજની નવી પેઢીને ચંપારણની લડતના બયાનમાંથી ભરપૂર પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે તેમ છે.

# સંપાદક : 'ભૂમિપુત્ર'

## આક્રમણના કરતાંય જોખમી

કોઈ પણ દેશ બહારના આક્રમણ સામે ત્યારે જ ટક્કર ઝીલી શકે, જ્યારે તે અંદરથી મજબૂત હોય. આવી આંતરિક સદ્ધરતા તો ગરીબી, અસમાનતા, અન્યાય, પક્ષાપક્ષી દૂર કર્યા વિના સાધી શકાય નહીં. દેશને માટે મરી ફીટવા કે સહન કરવા માટે પણ સામાન્ય માણસ ત્યારે જ તૈયાર થાય, જ્યારે એને એમ લાગે કે, આ દેશમાં મારું રાજ્ય છે, અને એ રાજ્ય મારી ઉન્નતિ માટે મથે છે. આજે આપણા દેશના સામાન્ય માણસને શું આવી પ્રતીતિ છે ખરી? હકીકત તો આનાથી સાવ ઊલટી જ છે. એના મનમાં તો આજે ભારોભાર અસમાધાન ભર્યું છે, એ ધૂંધવાયા કરે છે, અને નાનુંઅમથું કારણ મળતાં તેનો સ્ફોટ થઈ ઊઠે છે.

જે એકબીજાને નીચ સમજશે, તે ખભેખભો મેળવીને લડશે શી રીતે? શું હરિજનો દેશને ખાતર લડવા જશે? પેલા ભૂમિહીનો દેશના સંરક્ષણ માટે મરી ફીટવા તૈયાર થશે? એને માટેનો ઉમળકો તેમને થશે શી રીતે? દેશ જો ગરીબીમાં સબડતો રહે, એની પ્રજાનું અજ્ઞાન જેવું ને તેવું રહે, તેમાં અંદરોઅંદર ઝઘડા ચાલ્યા કરે, અસમાનતા અને સામાજિક અન્યાય ઓછા ન થાય, જાતિ-ભાષા-પક્ષ વગેરે ભેદથી પ્રજા વહેંચાયેલી હોય, તો એવી પરિસ્થિતિમાં બહારના કોઈ આક્રમણના કરતાં એકસોગણો ખતરો રહેલો જ છે.

## નફરત તો એની પર!

બસમાં જુઓ કે રેલવેમાં, ઉતારુઓને વેઠવી પડતી હાડમારીઓનો પાર નથી. અને તેમાંયે કર્મચારીઓની તુમાખી ને આપખુદી એ હાડમારીમાં

વધારો કરે છે. સરકારી કર્મચારીઓનું જ કાં, આપણ સહુ નાગરિકોનું જ વર્તન જુઓ ને—બસની કતારોમાં થતી ધક્કામુક્કી, ટ્રેનમાં ચડવા ને જગ્યા મેળવવા થતી બાથંબાથી, કંઈક કામ કરાવી લેવા ઝટ દેતાકને ખણખણિયો હાથમાં પકડાવી દેવાની વૃત્તિ વગેરે શું સભ્ય નાગરિકને શોભે એવાં વર્તન છે?

ઠાંસીને કસાઈખાને લઈ જવાતાં ઘેટાંની જેમ કે જેમતેમ ડોક મરડીને કરંડિયામાં ઘોંચી દેવાતાં મરઘાં-બતકાંની જેમ ૪૦ની બસમાં માણસ જેવા માણસને ૬૦ સુધી પૂરી દેવાતાં હોય, ત્યારે એ હીણપત સામે વિદ્રોહ કેમ નથી ઊઠતો? આવું કાયમ ચાલતું હોય તો પણ કોઈ ફરિયાદ કાં ન કરે? અધિકારીઓને જણાવે, પોતે ચૂંટી મોકલેલા ધારાસભ્યને કહે, અને ઘટતું થાય નહીં ત્યાં સુધી જંપે નહીં.

સહુને પોતપોતાના કામમાં ફુરસદ ક્યાં છે? પણ સ્વરાજ્ય જાળવવું એ પણ કોઈનું કામ ખરું કે નહીં? શું એ પગારદાર નોકરો દ્વારા થશે? પોલીસની પલટણો ઊભી કરવાથી થશે? જેલખાનાં મજબૂત કરવાથી થશે? આવી પરિસ્થિતિમાં તંત્રાની રેઢિયાળતાને સાંખી લેતી આપણી નિર્માલ્યતા અને નિસ્સત્ત્વતા પર નફરત આવે છે!

# સનતકુમાર ભટ્ટ

## "એ તો મારો ભાઈ છે!"

ડુંગરનું ચઢાણ આકરું હતું. યાત્રાળુ સૌનાં મોં પર થાકનાં ચિહ્ન દેખાતાં હતાં. સૌ બોજારહિત થઈ ચાલતાં હતાં, છતાં હાંફતાં હતાં. બધાંની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડયો હતો. કોઈને દયા આવી, પૂછ્યું, "અલી છોડી, આ છોકરાને ઊંચકીને ચડે છે, તે તને ભાર નથી લાગતો?"

છોકરીએ જવાબ આપ્યો, "ભાર?—ના રે, એ તો મારો ભાઈ છે!"

# સલિલ દલાલ

## એહસાન મેરે દિલ પે...

રાતના સાડા દસની આસપાસનો સમય છે, અગાસીમાં સૂતો છું. પવનની હલકી લહેરખી વહે છે અને ઓશીકે મૂકેલા રેડિયોમાંથી મૂકેશના દર્દીલા કંઠે ગીત શરૂ થાય છે: ઝૂમતી ચલી હવા, યાદ આ ગયા કોઈ... અને કવિ શૈલેન્દ્રના આ શબ્દો હૃદયમાં પ્રવેશતા જાય છે, તેમ તેમ અનાયાસ જ આંખનો ખૂણો ભીંજાવો શરૂ થઈ જાય છે. આ સ્વાનુભવ એક કરતાં વધુ વખતનો છે, એક કરતાં વધુ ફિલ્મી ગીતો માટેનો છે. એવા દરેક પ્રસંગે એક જ વિચાર આવ્યો છે, “આ ફિલ્મી ગીતો ના હોત તો શું થાત?” કયા કયા પ્રસંગનાં ગીત ફિલ્મોએ આપ્યાં છે? ખુશી થાય તો ગીત, દુ:ખી થઈએ તો ગીત, મળીએ તો ગીત, વિખૂટા પડતાં પણ ગીત, રિસાવાનું ગીત તો મનાવવાનુંય ગીત, યુદ્ધનું ગાન અને દોસ્તીનાં ગાયન. વિચાર કરું છું એમ એ સવાલ થાય છે, આ ફિલ્મી ગીતો ના હોત તો શું થાત? આ પુસ્તક એવા સવાલના ઉત્તરમાં પ્રગટતી આભારની લાગણીનું ગ્રંથસ્વરૂપ છે.

ફિલ્મી ગીતોના અગણિત ઉપકારોને હૃદયપૂર્વક સલામ કરવાનો અહીં ઉપક્રમ છે. જ્યારે સિનેમાગૃહમાં પ્રવેશવાની ટિકિટનો સૌથી સસ્તો દર પાંચ આના (આજના ૩૧ પૈસા) હતો, ત્યારે થિયેટરની બહાર એ ફિલ્મનાં ગીતોની ચોપડી એક આનામાં મળતી. તેનો પણ મોટો બિઝનેસ હતો. ઠેરઠેર ફૂટપાથો ઉપર આ ચોપડીઓ વેચાતી મળતી. ફિલ્મ જોઈ લીધા પછી શા માટે કોઈ તેનાં ગીતોની ચોપડી ખરીદે? તેમાં સંગીત નહોતું કે નહોતો ગાનારનો અવાજ. હતા તો માત્ર શબ્દો! શબ્દની એ તાકાતને વંદન કરવાનો અને કવિતાના એ કદરદાનોને સલામ કરવાનો ઓચ્છવ છે, ‘ગાતા રહે મેરા દિલ’!

આપણા દેશનું એ સદ્ભાગ્ય હતું કે દેશ આઝાદ થયો એ પછી

તરતના દોરમાં ફિલ્મી કવિઓ રાષ્ટ્રના માનસને ઘડતા હતા. ગુલામીમાંથી મુક્ત થયેલા દેશને નવેસરથી ઘડવાના રાષ્ટ્રીય પડકારને અનુરૂપ કવિતા એ સંક્રાંતિકાળમાં રચાઈ. ભાગલા પછી લોહીનીંગળતા રાષ્ટ્રની પ્રજાને કોમ કોમ વચ્ચેનાં વેર ભુલાવવામાં, નવા પ્રભાત તરફ આગેકૂચ કરવાનાં ગાન ગવડાવવામાં આ કવિઓએ પોતપોતાની સર્જનશક્તિ વાપરી બતાવી.

કવિના શબ્દો રાષ્ટ્રના માનસને શી અસર કરી શકે તેનો એક જ દાખલો. પ્રદીપજીનું અમર ગીત "અય મેરે વતન કે લોગોં, જરા આંખ મેં ભર લો પાની, જો શહીદ હુએ હૈં ઉનકી જરા યાદ કરો કુરબાની"-આ ગીતની રચના ૧૯૬૨ના યુદ્ધ પછી થઈ હતી. ચીન સાથેની એ લડાઈમાં આપણે પરાજય ભોગવવો પડ્યો હતો. દેશ આખો હતાશામાં હતો. એવા વાતાવરણમાં કવિ પ્રદીપજીએ આ ગીતની રચના કરી. ધ્વજવંદન નિમિત્તે લતાજીએ સી. રામચંદ્રના સંગીત નિર્દેશનમાં તે ગાયું અને વડા પ્રધાન જવાહરલાલ નેહરુ જાહેરમાં રડ્યા! પછી તો આખા દેશે આંસુ વહાવ્યાં. એ અશ્રુધારામાં વહી ગઈ દેશની હતાશા.- જબ અંત સમય આયા, તો કહતે હૈં કે હમ ચલતે હૈં, ખુશ રહના દેશ કે પ્યારો અબ હમ તો સફર કરતે હૈં-લશ્કર પ્રત્યેનું માન-સન્માન પાછું એ જ બુલંદીઓ ઉપર પહોંચાડવામાં પ્રદીપજીના આ શબ્દોએ જે ફાળો આપ્યો છે, તેનું ઋણ પ્રત્યેક ભારતીયના આંસુમાં અકબંધ છે. પ્રગતિશીલ લેખકોની ચળવળના સૌએ આઝાદીપ્રાપ્તિના દિવસોમાં એવું નક્કી કર્યું કે સર્જકો સ્વતંત્ર ભારતના સમાજઘડતરમાં ફાળો આપવા પોતાની કૃતિઓ સિનેમા જેવા લોકભોગ્ય સશક્ત માધ્યમમાં આપે. પરિણામે સાહિત્યિક મૂલ્યવાળી કેટલીય રચનાઓ ફિલ્મનાં ગીતોમાં મળી. ફિલ્મનાં ગીતોનું લેખન એક વિશિષ્ટ કળા માગી લે છે. કવિને કેટલીક મર્યાદાઓમાં સર્જન કરવાનું હોય છે. મોટે ભાગે તૈયાર ધૂન ઉપર લખવાનું હોય, એટલે છંદ પોતાની અનુકૂળતા મુજબના હોય નહીં. વાર્તા, પાત્ર, તેનું બૅકગ્રાઉન્ડ, ગીતનાં લોકેશન, પ્રસંગ વગેરે પણ ધ્યાનમાં રાખવાનાં.

એ ગીતો સાંભળવા રેડિયો સિલોન, વિવિધ ભારતી, ઓલ ઇન્ડિયા રેડિયો ઉર્દૂ સર્વિસ, આપણા આકાશવાણીના ‘જયભારતી’ કે ‘વીસરાતા સૂર’ જેવા કાર્યક્રમો સાંભળવા હું સતત પ્રયત્નશીલ રહેતો. વડોદરામાં લહેરીપુરામાં આવેલી ‘રીગલ’ અને ‘મહારાણી શાંતાદેવી ટોકીઝ’ની બહાર આવેલી બોમ્બે રેસ્ટોરાંમાં ‘જ્યુક બોક્સ’માંથી વાગતાં ફરમાઈશી ગાયનો સાંભળવા હોટલની બહાર ઊભા રહી વેઇટરોની તિરસ્કારભરી નજરો મારા જેવા કેટલાય કિશોર ગીતરસિકોએ એ દિવસોમાં વેઠી હશે. વડોદરાની જ ‘મોહન’ અને ‘સાગર’ ટોકીઝના પ્રેક્ષકોએ બહાર નીકળવાના બારણા આગળ બેસીને ગાયનો સાંભળવાની કંમિત શું ચૂકવવાની? એ થિયેટરના લાલાની ગાળો ખાવાની!

[‘ગાતા રહે મેરા દિલ’ પુસ્તક: ૨૦૦૫]

# સલિલ દલાલ

## 'સાહિર' લુધિયાનવી

'સાહિર'નું મૂળ નામ અબ્દુલ હયી હતું. તેમણે તખલ્લુસ રાખ્યું 'સાહિર', જેનો અર્થ 'જાદુગર' થાય. શબ્દોના આ જાદુગરનો ખરો ખેલ ૧૯૫૨માં આવેલી ફિલ્મ 'દોરાહા'થી શરૂ થયો. પણ સિનેમાનાં ગીતો લખવાં શરૂ કર્યાં તેનાં સાત વર્ષ પહેલાં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'તલ્ખિયાં' પ્રકાશિત થઈ ચૂક્યો હતો.

લુધિયાણાની સરકારી કોલેજમાં ભણતા સાહિર સામ્યવાદ અને સમાજવાદના વિચારોથી એવા રંગાઈ ચૂક્યા હતા કે કોલેજની મૅનેજમેન્ટ સામે લડતનો ઝંડો ઉઠાવ્યો અને ડિસમિસ થઈ ગયા! સાહિર ભણવા લાહોર ગયા. ઇસ્લામિયા કોલેજમાં. લાહોરમાં પોતાનો પહેલો કાવ્યસંગ્રહ 'તલ્ખિયાં' તેમણે આપ્યો. એ જ દિવસોમાં 'અદબે લતીફ' અને 'શાહકાર'ના સંપાદક બન્યા. સાહિર માટે હવેનો મુકામ મુંબઈનો ફિલ્મઉદ્યોગ હતો.

કોમી તોફાનોને પગલે, ૧૯૪૮માં 'આઝાદી કી રાહ પર'નાં મોટા ભાગનાં ગીતો લખ્યાં પછી, સાહિર થોડો સમય પાકિસ્તાન જતા રહ્યા, કારણ કે તેમનાં માતાજી તોફાનોના એ દિવસોમાં લુધિયાણા છોડીને લાહોરના રેફ્યુજી કૅમ્પમાં પહોંચી ગયાં હતાં. શોધાશોધ કરીને સાહિરે પોતાનાં અમ્મીજાનને ખોળી કાઢ્યાં. એ ત્યાંના એક દ્વિમાસિક 'સવેરા'ના સંપાદક બન્યા. ડાબેરી વિચારો ધરાવતા સાહિરના વ્યક્તિત્વ માટે એક જ ધર્મને સર્વોપરિતા આપતા પાકિસ્તાની સમાજમાં ગોઠવાવું અસંભવ હતું. ત્યાંની સરકાર માટે પણ પ્રગતિશીલ લેખકો-કવિઓને સહન કરવા અશક્ય હતા. એટલે એવા સર્જકોની ધરપકડનો દોર ચાલ્યો. સાથી-સહકર્મીઓની ગિરફતારીઓ સામે સાહિરે 'સવેરા'માં તે દિવસોમાં લખ્યું, દબેગી કબ તલક આવાજે-અદમ હમ ભી દેખેંગે, રૂકેંગે કબ તલક

જજબાતે બરહમ હમ ભી દેખેંગે” અને સાથે સાહિરના ધગધગતા લેખ પણ શરૂ થયા. કઈ સરકાર સાંખે? શાયર સામે ધરપકડનું વોરન્ટ નીકળ્યું. સાહિર લુધિયાનવી માતાને લાહોરમાં જ રહેવા ગઈ, પોતે એકલા દિલ્હી ઊપડી ગયા.

પાકિસ્તાનથી ભારત ભાગી આવ્યા પછી વરસદહાડો દિલ્હીમાં રહી સાહિરે બે ઉર્દૂ સામયિકો-‘પ્રીત લડી’ અને ‘શાહરાહ’નું સંપાદન કરેલું. ત્યારે જે પંજાબી મિત્રો સાથે પરિચય થયેલો, તે પૈકીના એક દ્વારા મુંબઈમાં મોહન સાયગલની ઓળખાણ થઈ. મોહન સાયગલે સાહિર ને એસ. ડી. બર્મનને ભેગા કર્યા અને સર્જાઈ એક યાદગાર જોડી. સાહિર મુંબઈ અને તેની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં છેવટે સ્થાયી થયા.

સાહિર અને સચીનદાની જોડીએ જ્યારે બિમલ રોયની મહત્ત્વાકાંક્ષી અને ક્લાસિક ફિલ્મ ‘દેવદાસ’ માટે કરાર કર્યો, ત્યારે સનસનાટી થઈ ગઈ. ‘દેવદાસ’ પછી સાહિર-સચીનદાએ ૧૯૫૭માં આપી ‘પ્યાસા’. ગુરુ દત્તની આ અમર ફિલ્મ માટે સાહિરે જાણે કે તેમની સઘળી શક્તિ રેડી દીધી.

સાહિરનું નવા સમાજ માટેનું કમિટમેન્ટ સૌથી વધુ દેખાતું હોય તો એ ‘ફિર સુબહા હોગી’ના ટાઇટલ ગીતમાં. શોષણવિહીન સમાજનું પ્રભાત આવશે, એવા આશાવાદવાળા એ ગીતમાં છેલ્લે કવિ “વો સુબ્હા હમીં સે આયેગી એમ કહીને સામૂહિક જવાબદારીનો એહસાસ કરાવે છે.”

તેમના સ્વભાવ સાથે મેળ ખાતા મિત્રો ઘટતા ગયા અને એક સમયે માત્ર અમ્મીજાન સિવાય કોઈ તેમનું સાચા અર્થમાં અંતરંગ નહોતું રહ્યું. એવામાં ૧૯૭૮માં અમ્મીજાનનું અવસાન થયું અને “જહાં મેં ઐસા કૌન હૈ જિસ કો ગમ મિલા નહીં” એવું આશ્વાસન-ગીત આપનાર શાયર આ આઘાત બરદાસ્ત ના કરી શક્યા. બે જ વરસ પછી ૧૯૮૦માં સાહિરને છાતીમાં દુખાવો શરૂ થયો. તેમણે પોતાનાં બહેન અનવરને પોતાને ડોક્ટર કપૂરને ત્યાં લઈ જવા કહ્યું. ડો. કપૂર સાહિરના કાયમી ડોક્ટર જ નહીં, શરાબ અને પત્તાંની મહેફિલના સાથી પણ હતા.

તેમની સારવારથી સાહિરને સારું લાગવા માંડ્યું. બંને મૂડમાં આવી ગયા. પત્તાં કાઢ્યાં. રમત ચાલતી જ હતી અને સાહિરને ગભરામણ થવા લાગી. ડોક્ટરમિત્ર સારવાર કરે તે પહેલાં જ સાહિર ઢળી પડ્યા. તેમનાં અમ્મીજાનની કબરની બાજુમાં સાન્તાક્રુઝના કબ્રસ્તાનમાં સાહિરને દફનાવાયા. સાહિર આખી જંદિગી અપરિણીત રહ્યા. આજીવન તેમનાં સુખદુ:ખનાં સાથી તેમનાં માતા જ હતાં.

સાહિરે ભલે નમ્રતાપૂર્વક એમ કહ્યું હોય કે, મૈં પલ દો પલકા શાયર હૂં, પણ એ સદીઓ સુધી ગુંજતા રહે એવા શબ્દોના જાદુગર (સાહિર) હતા. એ કહેતા કે “સમાજ એટલી હદે સુધરી જવો જોઈએ કે મારી કવિતા ઉપર ભવિષ્યના લોકો હસે, ક્યાંય શોષણ ના રહે અને મારી શાયરી અર્થહીન લાગે.”

['ગાતા રહે મેરા દિલ' પુસ્તક: ૨૦૦૫]

# સાને ગુરુજી

## ગુરુભક્તિ

ભારતીય સંસ્કૃતિમાં ગુરુભક્તિ એ એક અત્યંત મધુર એવું કાવ્ય છે.

ગુરુ પોતાનું સર્વ જ્ઞાન શિષ્યને આપી દે છે. રામકૃષ્ણ પરમહંસે એક દિવસ વિવેકાનંદને કહ્યું: “આજે હું તને મારું સર્વસ્વ આપી દઉં છું. મારી સર્વ સાધના હું તારામાં ઠાલવી દઉં છું.” એ ક્ષણ કેટલી દિવ્ય હશે! પોતે મેળવેલું સર્વકાંઈ શિષ્યને અર્પણ કરી દઈને જ ગુરુ અમર બને છે.

ગુરુએ આપેલું જ્ઞાન વધુ નિર્દોષ બનાવવું, એનું નામ ગુરુપૂજા. ગુરુના વિચારોમાં કાંઈ ભૂલ શિષ્યને જણાઈ, તો એ તે છુપાવશે નહિ. ગુરુની આંધળી ભક્તિ સાચા ગુરુને ગમતી નથી. નમ્રપણે પણ નિર્ભયપણે જ્ઞાનની ઉપાસના કર્યે જવી, એમાં જ ગુરુભક્તિ છે. આપણને પ્રિય અને પૂજ્ય એવા કુટુંબના મોવડી મરણ પામે, તો આપણને દુઃખ થાય છે. પરંતુ તે મૃતદેહને આલિંગન દઈને આપણે કાંઈ બેસી રહેવાના છીએ? તે પ્રિય પણ મૃત માનવીના શબને અગ્નિદાહ દેવો પડે છે. તે જ પ્રમાણે પૂર્વજોના મૃત વિચાર અને રીતરિવાજને આપણે નમ્રભાવે દાટી દઈએ, તેમાં જ પૂર્વજોની પૂજા છે.

પૂર્વજો માટે આદર એટલે પૂર્વજોના સદ્-અનુભવો માટે આદર, તેમની જ્ઞાનનિષ્ઠા માટે આદર. ગુરુની પૂજા એટલે સત્યની પૂજા, જ્ઞાનની પૂજા, વિચારોની પૂજા.

જ્યાં સુધી મનુષ્યને જ્ઞાનની તરસ છે, ત્યાં સુધી જગતમાં ગુરુભક્તિ રહેશે.

(અનુ. નટવરલાલ દવે)

# મિત્રો

*ભીના ભરપૂર કાંઠાળા, લીલારા જે હતા મિત્રો;*
*હવે ખડકો અને રણ-રણ—ગયા બદલાઈ સૌ મિત્રો.*

*અમારી સહેજ અમથી લાગણી આંબા થઈ ફળતી;*
*લઈ સોગંદ ખારાપાટના રઝળાવતા મિત્રો.*

*કદી ડુંગર નથી માગ્યા, ન માગ્યા ધોધમારો કંઈ;*
*મૂઠી બે હાસ્ય, ખોબો જળ—છતાં ટટળાવતા મિત્રો.*

*અમારી પણ હતી દુનિયા, હતી ધૂળનેય મહેકાવી;*
*પડી છે એ જ આંખોમાં—સમજતા કેમ ના, મિત્રો?*

# 'સાહિર' લુધિયાનવી

## અય શરીફ ઇન્સાનોં!

*ખૂન ફિર ખૂન હૈ*
*જુલ્મ ફિર જુલ્મ હૈ, બઢતા હૈ તો મિટ જાતા હૈ*
*ખૂન ફિર ખૂન હૈ ટપકેગા તો જમ જાયેગા*
*તુમને જિસ ખૂન કો મકતલ૧ મેં દબાના ચાહા*
*આજ વહ કૂચા-ઓ-બાજાર મેં આ નિકલા હૈ*
*કહીં શોલા, કહીં નારા, કહીં પથ્થર બનકર*
*ખૂન ચલતા હૈ તો રુકતા નહીં સંગીનોં સે*
*સર ઉઠતા હૈ તો દબતા નહીં આઇનોંર સે*

*જિસ્મ કી મૌત કોઈ મૌત નહીં હોતી હૈ*
*જિસ્મ મિટ જાને સે ઇન્સાન નહીં મર જાતે*
*ધડકનેં રુકને સે અરમાન નહીં મર જાતે*
*સાઁસ થમ જાને સે એલાન નહીં મર જાતે*
*હોંઠ જમ જાને સે ફરમાન નહીં મર જાતે*
*જિસ્મ કી મૌત કોઈ મૌત નહીં હોતી હૈ*

*ખૂન અપના હો યા પરાયા હો*
*નસ્લે-આદમ કા ખૂન હૈ આખિર*
*જંગ મશરિક૩ મેં હો કી મગરિબ૪ મેં*
*અમન-એ-આલમ૫ કા ખૂન હૈ આખિર*
*બમ ઘરોં પર ગિરે કિ સરહદ પર*
*રુહે-તામીર૬ જખ્મ ખાતી હૈ*
*ખેત અપને જલે કી ઔરોં કે*
*જીસ્ત૭ ફાકોં સે તિલમિલાતી હૈ*

*જંગ તો ખુદ હી એક મસઅલા[8] હૈ*
*જંગ ક્યા મસઅલોંકા હલ દેગી*
*આગ ઔર ખૂન આજ બક્ષેગી*
*ભૂખ ઔર અહતયાજ[9] કલ દેગી*
*ઇસલીયે, અય શરીફ ઇન્સાનોં!*
*જંગ ટલતી રહે તો બહેતર હૈ*
*આપ ઔર હમ સભી કે આંગન મેં*
*શમેં જલતી રહે તો બેહતર હૈ*

---

૧ વધસ્થલ મેં. ૨ કાનૂન. ૩ પૂર્વ. ૪ પશ્ચિમ. ૫ વિશ્વશાંતિ. ૬ નિર્માણ કી આત્મા. ૭ જીવન. ૮ સમસ્યા. ૯ આવશ્યકતાએં.

# સિતાંશુ યશશ્ચંદ્ર

## વખાર —

### ૧. ફરિયાદ

સાયેબ, કોઈકે આ એક વખાર ઊભી કરી દીધી છે
અમારા રહેણાક મહોલ્લામાં જ, રાતોરાત;
આપ કંઈક કરો, કાયદેસરનું.
—ના, ના; આ તો એક અરજ છે અમારી, સાયેબ.
અગવડ? અગવડનું તો પૂછતા જ ના!
હક? પૂછવાનો હક, આપનો? છે જ તો, મોટા સા'બ,
છે જ તો આપનો પૂરેપૂરો. એવો મતલબ
નો'તો કે'વાનો જરીકે, સાયેબ.
આ તો કે'વાની રીત અમારી અભણ લોકની, મે'રબાન.
મતલબ કે આ વખારે અગવડો બઉ વધારી મૂકી છે અમારી, સાયેબ.
તે વનાં આપને તકલીફ આપવા આવીએ અમો?
મુશ્કેલીઓ ટૂંકમાં કહેવી હોય, નાંમદાર, તો એ જ
કે અમારાથી તો રાતે ઊંઘાતું નથી, મે'રબાન,
ને દા'ડે જગાતું નથી.
લ્યો, આટલું કયું એમાં આપ તો બધું પલકમાં પામી જાઓ એવા છો, સાયેબ.
આપનાં તો વખાંણ કરીએ એટલાં ઓછાં છે, નાંમદાર.

પણ આ વખારનું કંઈ કરો, કાયદેસર, તો મે’રબાની.

## ૨. મુલાકાત

આ અમારાં ઘરાં સાયેબ, જે ગણો તે.

વાયર? ના સાયેબ! હોય? વીજચોરીના વાયર નથી, સાયેબ.

લટકે છે ખરા, પણ એ તો જીઈબીવારાઓએ ઐસે જ નોંખી આલ્યા’તા, સા’બ,

બે સાલ પહેલોં. ત્યારના એમનેમ છે, સા’બ.

હેં? ના-ના, ઇયાદ કેમ નથી? ઇયાદ છેઃ ચૂંટણી પેલોં આપે જ

નખાઈ આલ્યા’તા; ઇયાદ છે, નાંમદાર.

ના-ના, કંઈ નઈં એ તો, કોય ક્યાં કંઈ બોલ્યું છે અંઈ? એ તો અમથી.

એ તો પેલી લખમી. એ તો એનો કિસોર.

કિસોરનું એ કે કિસોર ચોંટી જ્યો’તો ગઈ સાલ બાપડો, વરસ થયું, આ થોંભલે.

એમોં બોલી ક ઇયાદ છે મારો કિસોર.—ના.

કંઈ મલ્યું તો નથી સુધરઈ કે જીઈબી કે કોઈ કેતોં કોઈ કને.—નઈં લખમી?

આપ અપાવસો?—સોંભળ, ’લી લખમી, સાયેબ નાંમદાર જાતે અલાવસે તને

વળતર. સરકાર કને, સમજી? ઓમની આય. પજે લાગ, સાયેબ મે’રબાનકો.

ગતી રઈ એ તો. ગમાર લોકાં અમારાં. મનમાં ના લાવતા. પધારો. આગળ પધારો.

હા, એ જ વખાર.

પીપળા પાછળ દેખાય છે, એ જ. છે ને તોતિંગ, સાયેબ?

## ૩. વખારમાં નજર

આપ સે'જ મોડા પધાર્યા એટલે પીપળા તળે વધારે અંધારિયું જણાતું હસે, નામદાર,

પણ આ જગોએ તો બપોરેય તડકો પોં'ચતો નથી.

લાઇનો તો એ લોકાએ છ-છ નંખાઈ છેઃ તૈણ જમણે, તૈણ ડાબે.

ને બીજી બે રિજવમાં પાછળ, તે વધારાની.

કરંટ તો, સાયેબ, ધમધમાટ જાય છે આઠે-આઠમાં થતોકને મોંય, પાવરની

કોઈ ખોટ નથી વખારવારાને, પણ દૈ જાણે કેમ

લાઇટ નથી ચલાવતા એકે આમ આડે દા'ડે.

કો'ક રાતે ઓંખો ઓંધળી કરી મૂકે લાઇટો જ લાઇટો સળગાઈને,

બાકી ચાહી કરીને આવું રાખે છે, અંધારિયું-અંધારિયું.

અલ્યા, બૅટરી લાય તો મારી, બીયેસેફવારી, ઓયડીમોંથી.

હાં સા'બ, બીયેસેફમેં થા, પૂરે દસ સાલ થા, જનાબ,

કછ બોડર પે થા; લાય 'લા, આ તબકી હૈ, મારી બેટી,

ચોમડું ચીરી નાખે અંધારાનું ગમે તેવાનું, તેજ મિજાજની.

હવડે દેખાડું, સા'બ.

બૅટરી હમારી, ઓંખો આપકી, ખિડકી વખારકી. અલ્યા, જો તો, એકાદ

બારી તો ઢીલી નીકળસે, ધકેલી જો, ડાબે

નહીં તો જમણે, પાછળ નહીં તો

આગળ.

## ૪. ...પણ વખારમાં નોકરી?

દેખા, સા’બ? યે દેખો... ઔર યે... દેખાયા બરોબર?

યે તો સા’બ, કુછ ભી નહીં હૈ, યે ખડકીવાલા નજારા.

મામલો તો મે’નગેટ ખૂલેને, તૈંયે નજરે ચઢે.

હા સા’બ, યે સા’બ, વખાર કા મે’નગેટ

હૈ ને બુલંદ દરવાજા, સા’બ?... ના-ના, સાહેબ, ના, ગુજરાતી છું, મુસલમાન નથી.

કંપલેટ ગુજરાતી. આ તો... એમ જ, સાયેબ, બીયેસેફવારી ટેવ, એવું બોલવાની.

આપ તો પલકમાં પામી જાઓ એવા મે’રબાન છો, માઈબાપ.

આ મે’નગેટ તો નાંમદાર, દેખનાર દેખતો રહી જાય એવો છે, અજવાળામાં.

આ જુઓ ટોરચે-ટોરચે, આ ચચ્ચાર ઇન્ચના ચાપડા, લોખંડી, સર; ને પણે,

ત્યોં, વખારની ભીંતોમોં, નીચે, આ ડાબે ને આ જમણે, જોયાં.? જડી દીધાં છે

બે કડાં,

ને આ સીધમાં ઉપર બીજોં, બે ચણતરમાં જ જડી લીધોં છે, નાંમદાર. ને એમોં

કડેથી કડે લોઢાના આ ચાપડા અદબ ભીડીને, સરકાર, ને તૈણ તૈણ તો

તાળાં, સાયેબ,

બે નીચેના કડે ડાબા-જમણી ને તીજું, દેખો આ, વચ્ચે દૈત જેવું બે ચાપડાનું ભેગું.

દૈ જાણે કોણ છે માલિક આ વખારનો, સાયેબ, ને એવું તે સું

છે આ તાળાકૂંચીમોં?

એનાં માણહાં ઐડધી રાતે તૈણે તાળાં ખોલે ને ચાપડા પછાડે ને દરવાજા

ધકેલે, ત્યારે, સાયેબ, મ્હોલ્લાનાં છોકરાં ઝબકીને રોવે ચઢે છે, સાયેબ,

ને બીજે દા'ડે અમારે નોકરી તો ખરી જ. ઓંખો ફાડીને જાગવું પડે.

નોકરી? છે જ તો. નોકરી તો ખરી જ ને, નાંમદાર.

હા, એ ખરું, નાંમદાર. નોકરી મલી રે' છે અમોને આપના રાજમોં, નાંમદાર.

બેકારી? બેકારીમાં તો બસ આ પાહેંની સ્હકારી તૂટી એમોં અમારા

છ જણની નોકરી ગઈ, નાંમદાર.

ના-ના, છયે બાપડા કારકુન-પટાવાળામાં હતા, સરકાર, એમોંનું

એકે જેલમાં નથી, માલિક. જે ચાર સાહેબો જેલમાં જયેલા એ ચારે ય પાછા

જામીન પર છૂટ્યા છે, સાયેબ, ને લેરિયાં કરે છે, ત્યોં બહુમાળીમોં.

અમને સો વોંધો હોય, સાયેબ? છો કરતા બાપડા પોતાને બંગલે.

પણ અમારા આ છયેનું તો આયી બન્યું ને, નાંમદાર?

હેં? ખરેખરામાં? ના હોય આજના જમાનામાં, નાંમદાર! અલ્યા ભટ, રાઠવા,

કોકિલાબૂન,

છયે ઝટ નામ-ઠેકાણાં લખાવો આપડા સાયેબને, છયેને સાયેબ જાતે

નોકરી અલાવસે. અલી ઝટ કર, કોકી, લખમી ચાંલ્લો કરવા ન તુ ક્યાં...

ક્યોં, સાહેબ? ક્યોં નવી નોકરી, નાંમદાર?

વખારમોં?

આવી આ હામેની વખારમોં નોકરી, નાંમદાર?

## ૫. સાહેબવારી સુખસોન્તી (પણ વખાર એમનેમ)

વોંધો સો હોય, મોટા સા'બ? વોંધાનો સવાલ જ નથી, સરકાર.

મોટી મે'રબાની આપની આ તો. આ તો હોંભળતાંવેંત સે'જ ઓંચકો જરીક ખઈ જયા અમો, નાંમદાર.

એટલે એમ કે ઓંચકો તો સો, પણ એમ કે આપ નાંમદાર

નોકરી આ ભટ-રાઠવાને આ વખારમાં કઈ રીત્યે...?

વાહ! વાહ-વાહ! આનું નોંમ વહીવટ, નાંમદાર; આનું નોંમ કડપ!

અલ્યાઓ, સોંભળ્યુ સૌએઃ સાયેબ જાતે પેલા વખારવારાઓને રોકડું પરખાવસે

કે વખાર રાખવી હોય તો આ છયે છને અંદર નોકરીએ રાખવા પડસે ને એયે

પૂરા કાયદેસરના પગારે. વાહ! આનું નોંમ રાજ ને આનું નોંમ સુખસોન્તી.

આપને? આપનેયે ખરીસ્તો, સાયેબ; સુખસોન્તી આપને પેલી.

પડવાનાસ્તો, આખા મ્હોલ્લાના મત આ ઇલેકસનમાં ખરી જગોએ જ પડવાના,

નાંમદાર.

સાયેબ-સાયેબ! ઓમ, પણ, આપ ઓમ ઊંધી બાજુ ક્યોં ચાલ્યા? પૂરી?

આપની મુલાકાત પૂરી? બીજે પોંચવાનું છે? સાયેબ?

'લ્યા, સાયેબ બોલ્યા ક?

મેમણવાડ ને મિસનવારા લત્તામોંયે વખારોનો આવો જ મામલો

થયો છે.

'લ્યા, બે'રો છઅ્?

તો સારું, સરકાર, ત્યોંનું જુઓ.

પણ, સાયેબ, સાયેબ, આ હોંમી વખારનું કંઈ નંઈ?

## ૬. એક સજેસન (રૂબરૂ કચેરીમાં)

ના સાહેબસ્રી, કોઈ નવી લપ લઈને નથી આયા, નાંમદાર; એ જ રજૂઆત છે,

વખારવારી.

આપ તૈણ માસ પેલાં જ્યાં પધારેલા એ જ મ્હોલ્લાની. હા એ જ વખાર, મોટાસા'બ,

ચાપડાવારી.

એનું, નાંમદારસ્રી, એટલું જ છે કે એ હજુ ત્યોંની ત્યોં જ છે,

ને, નામદારસ્રી, ત્રાસ બહુ વધી જ્યો છે ને વેઠાતો નથી તેમાં આયા છીએ.

અમોને આ પોંચને અંદર આવ્વા દીધા છે, મોટા સા'બ, આપની રૂબરૂ;

ને બીજા બધાય આપને અરજીએ આયા છે, બાર ઓસરીમાં સોન્તીથી

ઊભા છે, ચુપચાપ.

ટૂંકમાં જ નાંમદાર, ટૂંકમાં જ. ટૂંક્માં એ કે

રે'ણાક જગો છે, મંદવાડ ફેલાય છે, ચાર મૈણાં આ છેલ્લા એક માસમાં થઈ જ્યાં,

મે'રબાન. કંઈક મે'રબાની કરો; દૈ જાણે સુંનું સું ભરે છે વખારમાં?

ઘૈડા નો'તા, નાંમદાર, એકે મૈયત ઘૈડી નો'તી;

જુવાનજોધ ફાટી પડ્યા બે, ને બે તો બચ્ચાં હતાં; આ ડોહાનો તો એકનો એક પાછો થયો, વી-એકવીનો, કોને કૈયે?

છાપાવારાને?

આપ નાંમદારને ધમકી આપનારા અમે કોણ, સાયેબ?

પણ છાપાવારા પાછર પડે છે, તો પણ અમો તો મોં ખોલતા નથી, નાંમદારસ્રી.

આ એક આપની આગર બોલવાનું ઠેકાણું રાખ્યું છે તે રવા દેજો, માઈબાપ.

તે, સાયેબ, આ વખારમાંથી થોડીક ચીજો ડિછપોજ ના કરી દેવાય?

બીયેસેફમાં હોંભળેલો સાયેબ, ડિછપોજ ને ડિછપોજલ.

બોડર પારથી દોંણચોરીમાં જે આવે ને પકડાય તેની બાબત.

ના-ના, મોટા સા'બ, વખારમાં ક્યાં બોડર પારની વાત આયી?

મારો એ મતલબ નો'તો. ઓમોં તો બધુ અંઈનું જ લાગે છે.

પણ, સરકાર, ગૂણોની ગૂણો આજ કેટલાય ટેમથી ત્યોંની ત્યોં જ છે,

ને નરી ગંધાય છે, નાંમદાર; જીવાત-જીવાત થઈ ગઈ છે, માઈબાપ, ને

નેકરી નેકરીને ઘરાંમાં ભરાય છે અમારાં ને ચટકે છે ને ચોમડીમાં પેહી જાય છે,

નાંમદાર.

વખાર આખીમાં સું સું છે એ અમોને બાર રયે કેમનું કળાય, સાયેબ?

અમારાં તો છૈયાં ને ભાંડુ આમ ટપોટપ મરી જ્યાં એટલી જ અમારી જાણ.

હવે, માઈબાપ, વેઠાતું નથી.

સડ્યું સાચવે ને જીવતું મારે, એવી તે કેવી વખાર
આ આપની, નાંમદાર?

## ૭. ના હોય, નાંમદાર!

(સાહેબ ફરી મહોલ્લાની મુલાકાતે)ના ના, ના હોય, સાયેબ, એવું તો ના હોય! સત્તાવાર રીત્યે

આ અમારો આખો રે'ણાક વસ્તાર આજથી વખારનો એક ભાગ હોવાનું

હુકમનામું બજવાનું છે?

હતો જ? અગાઉથી હતો જ? ક્યારથી સાયેબ? પે'લેથી એટલે પે'લેથી જ,

સાયેબ?

પણ, સરકાર, પે'લેથી આ વખાર હતી જ ક્યાં અહીંયા?

વસ્તી? વસ્તી તો હતીસ્તો, મારા દાદાના વખતથી, કમસેકમ.

મારો તો જલમ જ આ ખોયડામાં, નાંમદાર; ઊછર્યાંયે અંઈ, આ બધાં.

વસ્તી તો પાછળથી કેવાઈ? અસલ, મૂળ, જૂનું

સત્તાવાર નોમ સરકારી દફ્તરે વખાર જ હતું, નાંમદાર?

મેમણવાડે ને બધેય એવું જ છે, સાયેબ?

ક્યાંય વસ્તી નંઈ, ને બધે વખાર?

મૂળે વખારમાં જ વસ્તી થઈ?

વખાર એ જ વસ્તી? વસ્તી એ જ વખાર?

ના ના, નાંમદાર, ના....

એવું તે હોય, સાયેબ, એવું તે હોય?

## ૮. ઉકેલ

આવો આવો સાયેબ, પધારો નાંમદાર, આપ આમ ક્યોંથી અમારે ત્યોં?

ફરિયાદ, નાંમદાર? અમારા વસ્તીવારાઓની હાંમે? વખારવારાની? ફોજદારી?

હોય એ તો સાયેબ, ફરિયાદો તો હોય, દીવાની ને ડાહી, એમાં આપે દોડવાનું?

આપ કચેરીએ બેસી ફરિયાદો સોંભળવા જોગ છો, અમો બધા કચેરીએ આવી

ફરિયાદ કરવા જોગ છીએ. સઉયે. વસવાટવારા ને વખારવારાયે.

આપે, નાંમદાર, સોંભળી લેવાની, બઉ બઉ તો બંગલે બોલાવીને.

ના ના, નાંમદાર, અમે કરીએ ગુનો? ને તેયે પાસામોં આવે એવો?

અમે તો, સાયેબ, આપ ગણતરી મોંડો તો આખી વસતીના હજારેક કુટુંબ,

પોંચ-છ હજાર જણ, એકેકુ બબેવાર વોટ આલે તો દસ-બારે ઓંકડો પોંચે,

પોંચ સાલમાં એક વાર, ને હવે તો દૈ જાણે બે વાર, તૈણ વારે પેલું થાય,

તો, નાંમદાર, ઓંકડો છત્રી હજારે પોંચે.

હવે આપ જ કો, જાણતલ છો, છત્રી હજાર તે કંઈ ગુનો કરે?

ના કરેને, નાંમદાર? વાહ, આપ છો જ સાગરપેટા ને સમજુ,

અમે તો તમારાં છોરુ, માઈબાપ; આપ કંઈ કમાવતર થાવ, ઓણ સાલ?

ને વખારનું તો આખું કોકડું જ ઊકલી ગયું, સાયેબ. ખોલી નાંખી, અમીં તો.

અડધીક વસ્તી જ અમારી વખાર ખોલીને ત્યોં રે'વા ચાલી ગઈ, નાંમદાર.

આમે અમારા રે'ણાક વસ્તારમાં ભીડ બહુ થઈ જઈ'તી, હવડોંની.

ચીજવસ્તુઓ, નામદાર? સેની ચીજવસ્તુઓ?

ચીજોમાં ને વસ્તુઓમાં, સાયેબ, થોડીક તો એક્ષપોટ કરી નાખી, પસંદગીની,

બીજી થોડીક, મીં કયું'તુંને, એમ ડિછપોજ કરી નાખી, ને નાંમદાર,

સું કઉં આપને

બાકીની બધીય ચીજો ને વસતુઓ, નાંમદાર,

અમે વસતીવારા જ બધા,

બધી કંઈ ને કંઈ રીતે, દા'ડાજોગી થોડીક દા'ડે

તે રાતે થોડીક રાતજોગી, થોડીક ઘૈડાં

તો થોડીક છોરાં, થોડીક બૈરાં

ને બાકીની અમો ભાયડાભાયડા, નાંમદાર,

એ ય ને લે'રથી વાપરીયે છીયે, સાયેબ, વસતુઓ ને ચીજો, વખારવારી.

ચીજોયે કેટલીક ઊચા માયલી હતી, વખારમાં, સરકાર; સડેલી

ને ગંધાતી યે નો'તી એવુ નંઈ, તેવી-તેવડી નોંખી દીધી ખાડા-ખાબડા પુરાણ ખાતે,

બાકીની વપરાસ ખાતે લઈ લીધી, મે'રબાન.

પેલા નોનકાને કોંડે ઘડિયાળ જોઈ, સાયેબ?

એલા ટેમ કે' તો તારો, સરકારને.

સાયેબ, ઘડિયાળ મલી તો ટેમ જોતાંય સીખી જ્યો છે સાલો ટેણી.

ને પેલી છોડીએ ઘરેણોં ઘાલ્યાં છેને, એ એકેએક વખારમાંથી ઊડેથી

કાઢેલું છે, હોં સાયેબ.—સોભે છે ને વાલામૂઈને નાકે-કાને, નાંમદાર?

આસરવાદ

આલો. લાય'લા, પેલી એક્ષપોટવારી અગરની ફુસફુસ લાય, કાચની, ને સાયેબને લગાય. લગાવો લગાવો, મારા સાયેબ, બગલમાં યે મઘમઘાટ.

નકર કેવી ગંધાતી'તી પે'લાં, આની આ જ વખાર, વગરવાપર્યી.

ના, નાંમદાર, બીજી કોય રાવફરિયાદ નથી, હાલ તો.

આપ હવે પધારવું હોય તો પધારો.

વખારનો કોયડો તો જુઓને આ વસતીએ જ ઉકેલી નાખ્યો, નાંમદાર.

['પરબ' માસિકઃ ઓક્ટોબર ૨૦૦૩]

# સુંદરજી ગો. બેટાઈ

## ગંગ માતામહીની

*આયુર્ગંગા મારી જ્યાંથી વહેલી,...*
*શીળા શીળા પુણ્યતેજપ્રવાહે,*
*ઘેરા ઘેર્યા આત્મના અંધકાર*
*ધોતી વ્હેતી ગંગ માતામહીની.*

# સુંદરજી બેટાઈ

—

*હું શું માગું?*
*કણકણનો માગણ હું, ને તું દુનિયાનો દાતાર રે,*
*હું શું માગું?*
*જલબિન્દુનો તરસ્યો હું, તું શાંતિનો દરિયાવ રે,*
*હું શું માગું?*

—

*ન હું ઝાઝું માગું*
*ન હું ઝાઝું માગું,*
*નથી મારું ત્રાગું;*
*પણ હૃદયમાં જે વ્રણ પડ્યા,*
*સહું સકલ એની બળતરા,*
*વિના ચીસે,*
*વિના રીસે;*
*બસ, સહનનું એવું બલ દે.*
*ન હું ઝાઝું માગું,*
*નથી મારું ત્રાગું;*
*મુજ રિપુ રિપુત્વે મચી રહે*
*છતાં મારે હૈયે કદીય પ્રતિશત્રુત્વ ફણગો*
*ફૂટીને ફેલાયે વિષતરુ—ન એવું કદી બને;*
*બસ, સહનનું એવું બલ દે.*

ન હું ઝાઝું માગું,
નથી મારું ત્રાગું;
મુજ જીવન છો ને વિફલ આ
બને, તોયે કો'નાં ઉર-ઉપવનો ધ્વસ્ત કરવા,
અજાણે કે જાણે,
કદીયે કો ટાણે, મુજ થકી કશુંયે નવ બને;
બસ, સહનનું એવું બલ દે.
ન હું ઝાઝું માગું,
કરું વા ના ત્રાગું,
પણ કદીય એવું પણ બને:
હું જેવાની રાખે જનમભૂમિનાં ખાતર બને,
દઉં તો દગ્ધી હું મુજ જીવન સંપૂર્ણ હૃદયે;
હૃદય ગરવે મત્ત ન બને,
મન નવ ચઢે તર્કચકવે;
બસ, મરણનું એવું બલ દે.

['ઇન્દ્રધનુ' પુસ્તક]

—

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે!
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે,
બંદર છો દૂર છે!

# સુકુમાર મહેતા

## ‘લડવાડિયા’ની વેદના

મારા પિતા હરુભાઈ મહેતાની સમાજમાં છાપ ઉદ્દામ, આક્રમક, ગમે ત્યારે ગમે તેની સાથે ઝઘડો કરી બેસે તેવા ‘લડવાડિયા’ની. એડવોકેટ તરીકે, જાણે સામાવાળા વકીલ હોય તેમ પહેલાં પોતાના જ અસીલની ઊલટતપાસ લે. સામે ગમે તેવા મોટા ધારાશાસ્ત્રી હોય—પછી એ પાલખીવાળા હોય કે સોલી સોરાબજી—પપ્પા કોઈની શેહશરમ રાખે નહીં. કોર્ટમાં તેમની સામે દલીલો કરતાં પપ્પાનો અવાજ ઊંચો થઈ જાય, ભવાં ચઢી જાય, ફાઇલ કે ‘ઓથોરિટી’નું થોથું ધબ્બ દઈને ટેબલ પર ફેંકાઈ જાય. નીડર સ્પષ્ટ વક્તાની તેમની તડફડવૃત્તિ, રુક્ષ મુદ્રા ને સોંસરવી વાણી. તેમના એ ઉશ્કેરાટની પાછળ રહેલી હતી શોષિત અને પીડિતો માટેની તેમની વેદના.

પણ ‘વજ્રાદપિ કઠોરાણિ’ જેવા લાગતા પપ્પાના મૃદુ પાસાનો જ અનુભવ મને તો થયો છે, એમના સ્નેહના સરોવરમાં નહાવા મળ્યું છે.

પપ્પા પહેલેથી ‘ચેન-સ્મોકર’: એક સિગારેટ બુઝાઈ નથી ને બીજી સળગાવી નથી. આમ છતાં મારી કે ‘બહેન’ સામે એ કદી ધૂમ્રપાન કરતા નહીં. (મારાં મમ્મી ભારતીબહેનને હું ‘બહેન’ કહું છું.) મેં કે બહેને એમને ભાગ્યે જ—અને તે પણ એમની અજાણતાં જ—સિગારેટ પીતા જોયા છે. મારી પુત્રી પ્રાચી ચાર વર્ષની હતી ત્યારે તેણે એક વાર એમને કહેલું કે, “દાદા, તમારાં કપડાંમાંથી (સિગારેટના ધુમાડાની) બહુ વાસ આવે છે!” બસ, પૌત્રીના એક બોલ પર પ્રેમાળ દાદાએ ધૂમ્રપાન કાયમ માટે છોડી દીધું.

[‘સંબંધનાં સરોવર’ પુસ્તકઃ ૨૦૦૨]

# સુખબીર

## આપવું એટલે

આપવું એટલે ઉદારતા વધુ આપવામાં નહીં, પરંતુ સમયસર આપવામાં રહેલી છે.

અને 'આપવા'નો અર્થ ફક્ત કોઈ વસ્તુ આપવા પૂરતો નથી. મધુર સ્મિત, પ્રેમાળ વાણી અને લાગણીભરેલો સ્પર્શ—એ પણ એક જાતનું દાન જ છે. રશિયન લેખક તુર્ગનેવની એક વાર્તામાં એક માણસ, ભિખારીને આપવા માટે પોતાના ખિસ્સામાં કાંઈ જ ન હોવાને કારણે એની સાથે હાથ મિલાવે છે, ત્યારે ભિખારી હસીને કહે છે કે, આ પણ એક દાન જ છે ને!.

## લગન

જર્મન સંગીતકાર જોહાન્નીસ બ્રાહ્મ (૧૮૩૩-૧૮૯૭) એકવાર હંગેરી દેશમાં સંગીતના કાર્યક્રમો આપવા નીકળેલા. એક દિવસ કાર્યક્રમ શરૂ થવાને થોડી જ વાર હતી ત્યાં મૅનેજરે આવીને તેમને જણાવ્યું કે, “આખા રંગભવનમાં માત્રા એક શ્રોતા બેઠેલો છે. તેને ટિકિટના પૈસા પાછા આપીને આજનો કાર્યક્રમ રદ કરીએ તો સારું.”

“નહીં, નહીં,” બ્રાહ્મે ભાર દઈને કહ્યું, “એ તો પેલા માણસનું અપમાન કહેવાય. સંગીત સાંભળવા માટે તો એ આવ્યો છે. એની ઇચ્છા પૂરી થવી જ જોઈએ.”

નિયત સમયે પડદો ખૂલ્યો અને મંચ પરથી બ્રાહ્મે એવી લગન સાથે સંગીત રજૂ કર્યું કે જાણે રંગભવન આખું ખીચોખીચ ભરેલું હોય!

['નવનીત' માસિક: ૧૯૭૮]

# સુખલાલ સંઘવી

## પાયો

*લોકતંત્રાનો સાચો પાયો શો છે,*
*તેમ જ એ પાયો આપણા લોકતંત્રામાં કેટલે અંશે છે,*
*એ જાણવું જરૂરી છે.*
*લોકતંત્રામાં કોઈ મહત્ત્વનો આધાર હોય તો તે,*
*પ્રત્યેક વ્યક્તિએ પોતાના સ્વાર્થને*
*સમષ્ટિના કલ્યાણમાં જતા કરવા*
*તેમજ પોતાની શક્તિઓને સમષ્ટિના હિતમાં વાપરવી તે છે.*
*આખા ઇતિહાસકાળ દરમિયાન દેખાતી*
*દેશની ગુલામી મનોવૃત્તિના મૂળ કારણની*
*જો આપણે શોધ કરીશું,*
*તો એ જણાયા વિના નહીં રહે કે એકંદર*
*ભારતની પ્રજામાં સમષ્ટિ-હિતની સાચી સમજણને બદલે*
*વૈયક્તિક સ્વાર્થની વૃત્તિ જ પ્રધાનપણું ભોગવતી રહી છે,*
*અને તેણે જ બધો સર્વનાશ નોતર્યો છે.*
*મૂડીવાદીઓની દૃષ્ટિ,*
*અમલદારોની સાચી જવાબદારી પ્રત્યે બેપરવાઈ,*
*વ્યાપારીઓની વિદેશી વસ્તુઓના દલાલ બનવાની કુટેવ,*
*અને કેળવણીના ક્ષેત્રામાં કામ કરતા*
*તેમજ લોકમત કેળવવા પત્રો ચલાવતા વર્ગની*
*માત્ર અંગત લાભની દૃષ્ટિએ થતી પ્રવૃત્તિ...*
*—એ બધું જ્યારે વિચારું છું,*
*ત્યારે મારી સાદી સમજણને એમ ચોક્કસ લાગે છે કે*
*લોકરાજ્ય સ્થપાયું છે, તેનું બંધારણ ઘડાયું છે,*

*તેના ઉત્સવો ઊજવાય છે,*
*પણ ખાટલે મોટી ખોટ કે નક્કર પાયો જ નથી.*
*એટલે કે ઉદ્યોગપતિ, અમલદારો, સંસ્કારી ગણાતા વિદ્વાનો*
*—એ બધા લોકો રાજ્યને ઉપકારક થાય એવી*
*સમષ્ટિ-હિતની દૃષ્ટિએ કામ કરતા નથી.*

# ઊભરાતી કરુણા

૧૯૩૧ની કરાંચીની કોંગ્રેસથી પાછો ફરી મુંબઈ આવ્યો ને અણધારી રીતે ડો. વ્રજલાલ મેઘાણીને ત્યાં રહેવાનું બન્યું. તે વખતે તેઓ જકરિયા મસ્જિદની આસપાસ રહેતા. ઘેર તે પોતે ને તેમના નાનાભાઈ પ્રભુદાસ એ બે હતા. તેમના ઘરનો એકાંતવાસ મને વાચન-ચિંતનમાં અનુકૂળ હતો તેથી જ હું ત્યાં રહેલો. ડોક્ટરના દિવસોનો મોટો ભાગ તેમની ફરજ તેમજ તેમને ચાહનાર પરિચિત દર્દીઓનો ઇલાજ કરવા વગેરેમાં પસાર થતો. દિવસમાં બહુ થોડો વખત અમે બંને ક્યારેક સાથે બેસવા પામતા; પણ રાતના જરૂર બેસતા. હું તેમને તેમના અનુભવોની વાત પૂછતો ને કદી નહિ સાંભળેલ એવી દુ:ખી દુનિયાની વાતો તેમને મોઢેથી સાંભળતો. આમ તો ડોક્ટર સાવ ઓછાબોલા, પણ હું તેમને ચૂપ રહેવા દેતો નહિ. શરૂઆતમાં મેં એટલું જ જાણ્યું કે ડોક્ટર મેઘાણીનો ગરીબ, દલિત અને દુ:ખી માનવતાનો અનુભવ જેટલો સાચો છે તેટલો જ તે ઊંડો પણ છે. ધીરે ધીરે મને માલૂમ પડેલું કે તેમણે તો 'જાગૃતિ' પત્ર દ્વારા આ વિષે ખૂબ લખેલું પણ છે. થોડા જ વખતમાં હું એ પણ જાણવા પામ્યો કે, ડોક્ટરનો મનોવ્યાપાર માત્ર કચડાયેલ માનવતાના થરોનો અનુભવ કરવામાં કે તેને લખી કાઢવામાં વિરામ નથી પામતો; પણ તેઓ એ દુ:ખ પ્રત્યે એટલી બધી સહાનુભૂતિ ધરાવે છે કે તેને ઓછું કરવામાં પોતાથી બનતું બધું કરી છૂટવા તેઓ મથે છે.

વેશ્યાના લત્તાઓમાં કે અતિ ગરીબ મજૂરોની ઝૂંપડીઓમાં તેઓ

પોતાની ફરજને અંગે જતા, પણ તે માત્ર ઉપરઉપરનો રસ ન લેતાં તેની સ્થિતિનાં ઊંડાં કારણો તપાસતા. તેમણે મને વેશ્યાજીવનની આસપાસ વીંટળાયેલ અનેકવિધ ગૂંગળામણો વિષે એવા અનુભવો સંભળાવેલા કે જે સાંભળીને હું ઠરી જતો. કેટકેટલી નાની ઉંમરની છોકરીઓ એ જાળમાં ફસાય છે, કેવડા નાના અને ગંદા મકાનમાં તે જીવન ગાળે છે, પાઉંરોટી ને ચા ઉપર મોટેભાગે તે કેવી રીતે નભે છે, કેટલી નિર્લજ્જતાથી, અનિચ્છાએ પણ તેમને રહેવું પડે છે અને ત્યારપછી આ ગંદકીમાંથી નીકળવા ઘણીખરી બહેનો કેટલી ઝંખના કરે છે અને છતાંય કોઈ રસ્તો મેળવી શકતી નથી અને તેમનો હાથ પકડનાર કોઈ વિશ્વાસી મળતું નથી—એ બધું જ્યારે ડોક્ટર કહેતા ત્યારે એમની કરુણા આંસુરૂપે ઊભરાતી.

ડોક્ટરને પોતાની ફરજને અંગે વ્યાપારીઓની દુકાને સીધા-સામાનમાં કાંઈ સેળભેળ છે કે નહિ તેની પરીક્ષા પણ કરવી પડતી. તેમણે એક વાર એવી પરીક્ષાને પરિણામે જે સેળભેળનાં અનિષ્ટ તત્ત્વો જોયેલાં તે મને કહ્યાં ત્યારે હું નવાઈ પામ્યો કે આવી જીવલેણ સેળભેળ ચાલવા છતાં પ્રજા જીવે છે કેવી રીતે?

સ્ત્રીઓનાં દુઃખ પ્રત્યેની ઊંડી સંવેદનાએ તેમને વિધવાઓના ઉદ્ધારની દિશામાં પ્રેર્યા હતા. હું એમને ત્યાં હતો તે દરમ્યાન જ તેમણે અતિ સંકડામણમાં આવેલ બેત્રણ બાળવિધવાઓને સંમાનભેર જીવન ગાળતી કરી હતી. એ બાળવિધવાઓ જૈન હતી ને તેમની ધન તેમજ શીલ-સંપત્તિ તેમનાં નિકટનાં સગાંઓએ જોખમમાં મૂકી તેમને રખડતી કરી હતી. એ બાળવિધવાઓને માટે મરણ સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો હોય તેમ લાગતું નહિ, તે વખતે ડો. મેઘાણીએ તેમને ઠેકાણે પાડી. આ વસ્તુ જાણી ત્યારે ડો. મેઘાણી પ્રત્યે હું વધારે આકર્ષાયો.

૧૯૩૩ના ઉનાળામાં અજમેર મુકામે સ્થાનકવાસી સાધુ સંમેલન હતું. તે વખતે તેમણે ત્યાં શિક્ષણસંમેલન પણ યોજેલું. હું પણ શિક્ષણસંમેલન નિમિત્તે ગયેલો. અજમેરમાં સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ બસો ઉપરાંત મળ્યાં હશે. લાખ ઉપરાંત સ્થાનકવાસીઓની ઠઠ ત્યાં જામેલી. સ્થાનકવાસી

પરંપરાના પ્રતિષ્ઠિત, વયોવૃદ્ધ ને વિદ્વાન કેટલાંક પૂજ્યો ને મુનિઓ હતાં. સૌમાં પૂજ્ય જવાહરલાલજીનું સ્થાન ઊંચું ગણાતું. તેમના અનુયાયીઓ ઘણા અને સમૃદ્ધ, છતાં એ પૂજ્ય જવાહરલાલજી સામે ડો. મેઘાણીને બળવો કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. પૂજ્ય જવાહરલાલજી ને મુનિ ચૌથમલજી બંને એક જ પરંપરાના, ને એમ છતાં બંને વચ્ચે હિંદુ-મુસલમાન જેટલું અંતર ને કડવાશ. આ અંતર ન સંધાય તો અન્નપાણી ન લેવાં એવા સંકલ્પથી મુનિ મિશ્રીલાલજીએ ઉપવાસ આદરેલા. લોકોમાં ક્ષોભ જાગેલો. પૂજ્ય જવાહરલાલજી કેમે કરી નમતું આપે નહિ. ઉપવાસ કરનાર મરે તો તે જાણે, પણ તેઓ તો કોઈપણ રીતે ચૌથમલજી સાથે માંડવાળ કરવા તૈયાર ન હતા. તેમના અનેક અનુયાયીઓએ તેમને સમજાવ્યા, પણ બધું હવામાં. આખા સ્થાનકવાસી સમાજમાં આગેવાન ને મોભાદાર ગણાતા એ પૂજ્યજી સામે ડોક્ટર મેઘાણીએ ઉગ્ર વલણ લીધું, તે જોઈ ત્યાં હાજર રહેનાર કોઈને પણ તેમના પ્રત્યે સન્માન થયા વગર રહે તેમ ન હતું. મનમાં કોઈપણ ભય સેવ્યા સિવાય તેમણે પૂજ્ય જવાહરલાલજીને ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું કે “તમે પોતાના તરફથી માંડવાળ કરવા માટે નમતું આપવા તૈયાર ન હો, તો અમે શ્રાવકો તમને બધા સાધુઓને આ જ મકાનમાં પૂરીશું ને બારણાં બંધ કરીશું. જ્યાં લગી તમે અંદરોઅંદર ફેંસલો નહિ કરો ત્યાં લગી અમે તમને બહાર આવવા દેવાના નથી.” બહુ વિરલ ગૃહસ્થો કે શ્રાવકો એવા હોય છે કે, જેઓ અણીને પ્રસંગે કોઈ સાધુને સામોસામ આટલી નિર્ભયતાથી સંભળાવી શકે.

[‘અર્ઘ્ય’ પુસ્તકઃ ૨૦૦૪]

# શક્તિ અને કાર્યની સમતુલા

સાલ યાદ નથી, ને પ્રસંગ પણ પૂરેપૂરો યાદ નથી આવતો, પરંતુ અમદાવાદમાં એક મેળાવડા પ્રસંગે મેઘાણીનાં ગીતો પહેલવહેલાં સાંભળ્યાં. તે વખતે મન ઉપર પહેલી છાપ એ પડી કે મેઘાણી નામ સાર્થક છે.

એમનો કંઠ મેઘ જેવો ગંભીર અને આહ્‌લાદક છે. શ્રોતાઓને પોતાની ગંભીર ગર્જનગિરાથી મોરોની પેઠે તેઓ નચાવતા અને રસોદ્‌ગારથી ટહુકારાવતા.

આ વખતે હું તેમને પ્રત્યક્ષ મળી શક્યો નહિ પણ મળવાની વૃત્તિ અંતરમાં જ જન્મી. મેં અત્યાર લગી તેમનું કોઈ લખાણ વાંચ્યું ન હતું. એમની ‘રસધાર’ની ચોપડીઓ ઘરમાં હતી છતાં સાંભળેલી નહિ. અનુકૂળતાએ બધી નહિ તો એમાંથી કેટલીકનો કેટલોક ભાગ સાંભળી ગયો અને બાલ્યાવસ્થામાં જ ગ્રામજીવન તેમજ લોકગીતોના સંસ્કાર ઝીલ્યા હતા—અને જે સંસ્કાર હવે ગત જન્મના સંસ્કાર જેવા થઈ ગયા હતા—તે બધા એકે એકે મનમાં ઊભરાવા લાગ્યા.

પછી ક્યારેક મુંબઈમાં અમે બંને મળ્યા. ખુલ્લે દિલે વાતચીતની તક મળી. મેં આ પ્રથમ મુલાકાતે જ એમ અનુભવ્યું કે આ માણસ માત્ર કંઠની બક્ષિસવાળો સુગાયક જ નથી, પણ એ તો ચંતિન અને સંવેદનથી પણ સ્વચ્છ હૃદયનો પુરુષ છે. ને તેમની સાથે વધારે પરિચય કરવાની વૃત્તિ પ્રબળ થઈ.

૧૯૪૧ના ઉનાળામાં મેઘાણી મુંબઈમાં એક મિત્રને ત્યાં રાતે આવ્યા. હું પણ હતો. બધાએ એમને કાંઈક સંભળાવવા કહ્યું. મેં એમની લથડેલી તબિયત જાણી, એટલે એમને પોતાને ગાવા ના પાડી અને શ્રોતાઓને પણ આગ્રહ કરવા ના પાડી. દરમ્યાન, મારી સાથે બિહારના એક ડોક્ટર હતા તેમણે એક ગીત લલકાર્યું. ગીત પૂરું થતાં જ મેઘાણી આપમેળે ગાવા મંડી ગયા. મેં રોક્યા પણ, આ એક તો પૂરું કરી લઉં, એમ કહી તે આગળ ચાલ્યા. એક એટલે કયું એક, એની પછી સીમા બાંધવી અઘરી હતી.

આ ખાનગી મિજલસ પછી [૧૯૪૩માં] તેમનાં મુંબઈ યુનિવર્સિટીનાં ભાષણો સાંભળવાની તક મળી. કલાકોના કલાકો લગી અખંડપણે એટલી મોટી મેદની વચ્ચે ઊંચા સ્વરથી ગાવું અને વિદ્વાનો સમક્ષ વિવેચન પણ કરતા જવું, એ સિદ્ધિ તે જ વખતે જોઈ. મને થયું કે પ્રસંગ મળે તો મેઘાણીને કહી દઉં કે, “આટલું બધું ન લંબાવો અને લંબાવવું

હોય તોપણ પૂરતો આરામ કરી લો.” પરંતુ તેમણે તો મને એવો ઉત્તર આપ્યો કે, “આરામની વાત ક્યાં છે? સવારથી ઊઠી ભાષણ માટે આવું છું ત્યાં લગી ભાષણની બધી સંકલના કરું છું. રાતે પણ એ જ ગડભાંજમાં રહું છું.” હું કાંઈ વિશેષ ન બોલ્યો પણ એટલું કહ્યું કે “આ રીત સારી નથી, જીવલેણ છે.’ ’

યુનિવર્સિટીનાં પાંચ ભાષણો પૂરાં થયાં ત્યારબાદ ભારતીય વિદ્યા ભવનમાં એક મેળાવડો યોજાયો. મુનશીજી પ્રમુખ અને મેઘાણી લોકગીત લલકારનાર. પોણા ત્રણ કલાકએ મેઘગંભીર ગિરા ગાજતી ચાલી. ઉપસંહારમાં શ્રી મુનશીએ કહ્યું કે “આ તો વ્યાસ છે.” મને એમ લાગ્યું કે વ્યાસે ‘મહાભારત’માં જે વિવિધતા આણી છે તે જ તત્ત્વ મેઘાણીના ગાન અને ભાષણમાં છે. આ બધું છતાં મને એક ત્રુટિ ઉભય પક્ષે લાગતી જ હતી અને તે એ કે વક્તા શકિત અને સમયનું પ્રમાણ નથી સાચવતા, રસમાં તણાઈ જાય છે અને શ્રોતાઓ માત્ર પોતાની શ્રવણેન્દ્રિયની તૃપ્તિનો જ વિચાર કરે છે, વક્તાની સ્થિતિનો નહિ.

છેલ્લે ૧૯૪૬ના એપ્રિલમાં [મુંબઈમાં] ‘બ્લેવેટ્સ્કી હોલ’માં એક મેળાવડો યોજાયેલો. મેઘાણી ગાનાર. ઠઠ ખૂબ જામી હતી. મેં ધારેલું કે દોઢેક કલાકમાં પૂરું થશે, પણ લગભગ ત્રણ કલાક થવા આવ્યા ને પૂરું ન થયું. એટલે હું તો અતિ લંબાણની ચિંતા કરતો ઘેર પાછો ફર્યો. મારી સાથે એક બેન આવેલાં એમને મેં કહ્યું કે “જો મેઘાણી આ રીતે ગાતા રહેશે ને સમય-મર્યાદા નહીં બાંધે તો લાંબું જીવન માણી શકશે નહિ. શ્રોતાઓ ‘આગળ ચલાવો—આગળ ચલાવો’ એમ કહ્યે જાય છે, સારા સારા વિચારકો પણ એમને રોકવાને બદલે ગાણાં સંભળાવવાની પ્રેરણા કર્યે જાય છે. એ ભારેમાં ભારે અજ્ઞાન છે.”

લગભગ અગિયાર મહિના પછી મેઘાણીના દુ:ખદ અવસાનની વાત જાણી, ત્યારે મને મારા અનુમાનના કાર્યકારણભાવ વિષેની ખાતરી થઈ. માણસ ગમે તેવો શકિતશાળી હોય, છતાં શકિત અને કાર્યની સમતુલા જો રાખી ન શકાય તો એકંદરે તે પોતે અને પ્રજા નુકસાનીમાં જ રહે છે.

લોકસેવક ગોખલેના અવસાન પછી અમદાવાદમાં એક સભા મળેલી. પૂ. ગાંધીજીએ એક વાત કહેલી તે આજે પણ મારા મન ઉપર તેવી જ તાજી છે. તેમણે કહેલું કે, "ગોખલેએ કામ બહુ ખેંચ્યું, જીવનકાળના નિયમોને પૂરી રીતે તેઓ ન અનુસર્યા. તેમણે કામ બહુ કીમતી કર્યું, પણ વધારે પડતું ખેંચવાથી એકંદરે તેઓ પોતાની સેવાવૃત્તિમાં નુકસાનમાં જ રહ્યા છે. અને આપણે પણ તેમની પાસેથી લાંબા વખત લગી જે સેવા મેળવી શકત તેનાથી વંચિત રહ્યા છીએ." મને લાગે છે કે મેઘાણી વિષે પણ આમ જ બન્યું છે.

યુરોપના આધુનિક લેખકોમાં એચ. જી. વેલ્સ કે બર્નાર્ડ શો જેવા ઘણા છે, જેઓએ આખી જિંદગી સાહિત્યસર્જનમાં આપી છે. તેમનું દીર્ઘ જીવન જોતાં એમ લાગે છે કે તેઓ શકિત અને કામની મર્યાદા આંકી સમતુલા સાચવતા હોવા જોઈએ. આપણા દેશમાં ઠક્કરબાપા કે ગાંધીજી જેવા જે દીર્ઘ જીવન દ્વારા લોકસેવા કરી રહ્યા છે તેનો આધાર આ સમતુલા જ છે એમ હું માનું છું.

મેઘાણીનાં પુસ્તકોમાંથી આખેઆખાં મેં ત્રણ જ સાંભળ્યાં છે. 'વેવિશાળ', 'પ્રભુ પધાર્યા' અને 'માણસાઈના દીવા', છેલ્લે મહીડા ચંદ્રક વખતનું પ્રવચન, રાજકોટની સાહિત્ય સભામાં પ્રમુખ તરીકેનું ભાષણ અને 'સંસ્કૃતિ'માંનો 'લોકકવિતાનો પારસમણિ' લેખઃ આટલા અતિ અલ્પ વાચન અને અતિ અલ્પ પરિચયે મારા મન ઉપર ઊંડામાં ઊંડી છાપ એક જ પાડી છે અને તે એ કે મેઘાણી બીજું બધું ગમે તે હોય કે નહિ, પણ એમનામાં જે સમભાવી તત્ત્વ છે, નિર્ભય નિરૂપણશકિત છતાં નિષ્પક્ષતા સાચવવાની શકિત છે, તે ભાગ્યે જ બીજા કોઈ એવા સમર્થ કવિ, ગાયક કે લેખકમાં હશે. તેઓ દોષ પકડી કાઢતા તેટલા જ પ્રમાણમાં તેઓ ગુણને પણ પકડી કાઢી તેનું નિરૂપણ કરતા. કવિ કે લેખક જ્યારે આવેશ કે 'અહમેવાસ્મિ'માં તણાઈ જાય છે ત્યારે સરવાળે પોતાને અને પોતાની પાછળની પેઢીને એક ચેપી રોગમાં જ સપડાવે છે. મેઘાણી બિલકુલ એવા રોગથી પર હતા, એવી મારા મન

ઉપર અમીટ છાપ પડી છે.

['સૌનો લાડકવાયો' પુસ્તક]

# નિર્ભયતા તેટલી જ મધુરતા

કિશોરલાલભાઈની પ્રજ્ઞા નાનામુખી છે. ધર્મ, સમાજ, રાજકારણ, અર્થકારણ, સાહિત્ય, કલા, શિક્ષણ આદિ અનેક વિષયો ઉપર તેમણે વિચારપૂત લખ્યું છે. એમનું લખાણ એટલું મનનપૂર્વકનું અને મૌલિક છે કે આટલા બધા વિષયો ઉપર આવું સૂક્ષ્મ પૃથક્કરણપૂર્વક ભાગ્યે જ કોઈ લખી શકે.

કિશોરલાલભાઈ જેવું માતૃભાષા ગુજરાતીમાં લખે છે તેવું હિંદીમાં અને તે જ રીતે મરાઠી તેમજ અંગ્રેજીમાં લખે છે. દેશ-વિદેશમાં ગાંધીજીના વિચારને જાણવા અને સમજવા ઇચ્છનાર, તેમની કાર્યપદ્ધતિ વિશે ઊભા થતા પ્રશ્નોનો ખુલાસો મેળવવા ઇચ્છનાર બધા જ કિશોરલાલભાઈની લેખિનીની પ્રતીક્ષા કરે છે. એમનો સૌથી મોટો ગુણ તટસ્થતાનો છે. જેટલી તટસ્થતા, તેટલી જ નિર્ભયતા અને સાથે તેટલી જ મધુરતા. આ વિશિષ્ટ ગુણોને લીધે તેઓ અલ્પાંશે પણ ગાંધીજીનું પ્રતિનિધિત્વ ધરાવવાના અધિકારી છે.

'સમૂળી ક્રાંતિ'નું પુસ્તક કોઈને પણ વિચાર પ્રેર્યા વિના રહે એમ હું નથી ધારતો. આજની દુનિયામાં વિશેષે કરીને ભારતના જે મુખ્ય પ્રશ્નો છે તેને એકે એકે લઈને તેઓ તપાસે છે અને છેવટે દર્શાવે છે કે અજ્ઞાન, અવિવેક તેમજ જડતા એ બધા રોગનું કારણ છે. પછી તે કારણ નિવારવા માટે વિધાનો રજૂ કરે છે. 'સમૂળી ક્રાંતિ' ઊગતા તરુણોને પોતાના સંસ્કારશોધનમાં ભારે મદદ કરી શકે તેમ છે. હું એવી વિનંતી કરું છું કે દરેક સમજદાર 'સમૂળી ક્રાંતિ' એક વાર તો વાંચે જ.

જેમને તેઓ અસાધારણ રીતે માને છે તેમને વિષે પણ પોતાનું

મંતવ્ય દર્શાવતાં તેઓને જરાય સંકોચ નથી થતો. બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય એમ દરેક યુગે થયેલા પુરુષોનું ગૌરવ જેવું તેવું નથી. તેમ છતાં તે પુરુષોના વિચારો અને સિદ્ધાંતો તેમના પોતાના સંપ્રદાયના કોચલામાં જ ગૂંગળાઈ કાંઈક અંશે વિકૃત પણ બન્યા છે. પ્રત્યેક સંપ્રદાયના અનુયાયીની પોતાના માન્ય પુરુષના વિચાર અને સિદ્ધાંતો પ્રત્યે એવી કાંઈક ગૂઢ શ્રદ્ધા હોય છે કે, તે એ શ્રદ્ધા-ગ્રંથિને લીધે તેનું પરીક્ષણ કે પુનઃસંસ્કરણ કરી નથી શકતો. કિશોરલાલભાઈમાં પણ ક્યારેક એવી જ સંપ્રદાય-ગ્રંથિ હતી. તેઓ પોતે જ એવી મતલબનું કહે છે કે, સ્વામીનારાયણ પરંપરાની પ્રણાલિ જ અને સહજાનંદ સ્વામીના વિચારો જ તેમને મન સર્વ કાંઈ હતું. પણ કોઈ ધન્ય ક્ષણે એમને ગ્રંથિ-ભેદ થયો, અને તેને પરિણામે અત્યાર સુધીના બધા જ ધાર્મિક અને તત્ત્વજ્ઞાનીય વિચારો ને વ્યવહારોને તેમણે ફરી તપાસ્યા, ચાળ્યા અને સત્ય તેમજ અહિંસાની કસોટીએ કસ્યા. કોઈ પણ પંથ, ધર્મ, પરંપરા, તત્ત્વજ્ઞાનને જરાય અન્યાય ન થાય એટલી અહિંસક સૂક્ષ્મ કાળજી રાખવા છતાં પણ પોતાને અનુભવાતું સત્ય કહેવામાં તેમણે જરાય આંચકો ખાધો નથી. પોતાનાં લખાણોમાં તેમણે પોતાને માન્ય હોય એવા મોટા મોટા પુરુષોની પણ સાદર સમીક્ષા કરી છે.

['અર્ઘ્ય' પુસ્તકઃ ૨૦૦૪]

## અભ્યાસની અનંત ભૂખ

ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરના આચાર્ય જિનવિજયજીને બધા મોટે ભાગે ગુજરાતી તરીકે ઓળખે છે. પણ તેમનું જન્મસ્થાન ગુજરાત નહિ પણ મેવાડ છે. તેઓ જન્મે ક્ષત્રિય રજપૂત છે.

તેમનો જન્મ અજમેરથી કેટલેક દૂર રૂપેલી નામના એક નાના ગામડામાં થયેલો. તે ગામમાં એકસો વરસથી વધારે ઉંમરના જૈન યતિ રહેતા, એ વૈદ્યક, જ્યોતિષ આદિના પરિપક્વ અનુભવનો ઉપયોગ

માત્ર નિષ્કામ ભાવે જનસેવામાં કરતા. તેમના ઉપર જિનવિજયજીના પિતાની પ્રબળ ભકિત હતી. જિનવિજયજીનું મૂળ નામ કિસનસિંહ હતું. કિસનસંહિના પગની રેખા જોઈને એ યતિએ પિતા પાસેથી તેમની માગણી કરી. ભક્ત પિતાએ વિદ્યાભ્યાસ માટે અને વૃદ્ધ ગુરુની સેવા માટે ૮-૧૦ વરસના કિસનને યતિની પરિચર્યામાં મૂક્યા. જીવનના છેલ્લા દિવસોમાં યતિશ્રીને કોઈ બીજા ગામમાં જઈ રહેવું પડ્યું. કિસન સાથે હતો. યતિજીના અવસાન પછી કિસન એક રીતે નિરાધાર સ્થિતિમાં આવી પડ્યો. કિસન રાતદિવસ ખેતરમાં રહે, કામ કરે અને છતાં તેને પેટપૂરું અને પ્રેમપૂર્વક ખાવાનું ન મળે. કિસન બીજા એક જૈન સાધુની સોબતમાં આવ્યો. એની વૃત્તિ પ્રથમથી જ જિજ્ઞાસાપ્રધાન હતી. નવું નવું જોવું, પૂછવું અને જાણવું એ તેનો સહજ સ્વભાવ હતો. એ જ સ્વભાવે તેને આ સાધુ પાસે રહેવા પ્રેર્યો. તેણે કિસનને સાધુ બનાવ્યો. એ સાધુ તરીકેના જીવનમાં કિસનનો અભ્યાસ શરૂ થાય છે.

એમણે કેટલાંક ખાસ જૈન ધર્મ-પુસ્તકો થોડા સમયમાં કંઠસ્થ કરી લીધાં અને જાણી લીધાં; પરંતુ જિજ્ઞાસાના વેગના પ્રમાણમાં ત્યાં અભ્યાસની સગવડ ન મળી. નિરર્થક રૂઢિબંધન ખટક્યાં. તેથી કેટલાંક વર્ષ બાદ ઘણા જ માનસિક મંથનને અંતે છેવટે એ સંપ્રદાય છોડી જ્યાં વધારે અભ્યાસની સગવડ હોય તેવા કોઈ સ્થાનમાં જવાનો સંકલ્પ કર્યો. ઉજ્જયિનીનાં ખંડેરોમાં ફરતાં ફરતાં સંધ્યાકાળે સિપ્રાને કિનારે સાધુવેષ છોડ્યો અને અનેક આશંકાઓ તેમજ ભયના સખત દાબમાં રાતોરાત જ પગપાળા ચાલી નીકળ્યા.

ક્યાંક અભ્યાસયોગ્ય સ્થાન શોધી લેવાના ઉદ્વેગમાં તેમણે ખાવાપીવાની પણ પરવા ન રાખી. કોઈ ગામડામાં શ્રાવકો પજુસણમાં ‘કલ્પસૂત્ર’ વંચાવવા કોઈ સાધુની શોધમાં હતા. દરમિયાન કિસનજી પહોંચ્યા. કોઈમાં નહિ જોયેલું એવું ત્વરિત વાચન ગામડિયાઓએ એમનામાં જોયું અને ત્યાં જ તેમને રોકી લીધા. પજુસણ બાદ થોડી દક્ષિણા બહુ સત્કારપૂર્વક આપી. કપડાં અને પૈસા વિનાના કિસનજીને મુસાફરીનું ભાતું મળ્યું અને તેમણે અમદાવાદ જવાની ટિકિટ લીધી.

એમણે સાંભળેલું કે ગુજરાતમાં અમદાવાદ મોટું શહેર છે અને ત્યાં મૂર્તિપૂજક સંપ્રદાય મોટો છે; એ સંપ્રદાયમાં વિદ્વાનો બહુ છે અને વિદ્યા મેળવવાની બધી સગવડ છે. આ લાલચે ભાઈ અમદાવાદ આવ્યા, પણ અમદાવાદની પ્રસિદ્ધ વિદ્યાશાળા આદિમાં ક્યાંય ધડો થયો નહિ. પૈસા ખૂટ્યા. એક બાજુ વ્યવહારની માહિતી નહિ, બીજી બાજુ જાતને જાહેર ન કરવાની વૃત્તિ અને ત્રીજી બાજુ ઉત્કટ જિજ્ઞાસા, એ બધી ખેંચતાણમાં એમને બહુ સહેવું પડ્યું. અંતે ભટકતાં ભટકતાં મારવાડમાં પાલી ગામમાં સુંદરવિજયજી નામના સાધુનો ભેટો થયો. થોડા વખત બાદ જૈન સાધુ કાંતિવિજયજીના સહવાસમાં તેઓ રહ્યા. ત્યાં તેમને પ્રમાણમાં ઘણી સગવડ મળી અને તેમની ઐતિહાસિક દૃષ્ટિને પોષે અને તૃપ્ત કરે એવાં ઘણાં મહત્ત્વનાં સાધનો મળ્યાં. ગમે ત્યાં અને ગમે તેવા સહવાસમાં તેઓ રહેતા છતાં પોતાની મિતભાષિત્વ અને એકાંતપ્રિયતાની પ્રકૃતિ પ્રમાણે અભ્યાસ, વાચન અને લેખન ચાલુ જ રાખતા.

એક બાજુ સાધુજીવનમાં રાત્રીએ દીવા સામે વંચાય નહિ અને બીજી બાજુ વાંચવાની પ્રબળ વૃત્તિ કે લખવાની તીવ્ર પ્રેરણા રોકી શકાય પણ નહિ. સમય નિરર્થક જવાનું દુઃખ એ વધારામાં. આ બધાં કારણોથી તેમને એક વાર વીજળીની બૅટરી મેળવવાનું મન થયું. જ્યારે હું તેઓના પરિચયમાં પહેલવહેલો આવ્યો ત્યારે તેમણે મને બૅટરી લેતા આવવાનું કહ્યું. હું બૅટરી લઈ ગયો, અને તેના પ્રકાશે તેમણે તદ્દન ખાનગીમાં કોઈ સાધુ કે ગૃહસ્થ ન જાણે તેવી રીતે લખવા અને વાંચવા માંડ્યું. તેમણે ઘણું વાંચ્યું અને લખ્યું, પરંતુ દુર્દૈવે બૅટરી બગડી અને વિઘ્ન આવ્યું. આખો દિવસ સતત વાંચ્યા-વિચાર્યા પછી પણ તેમને રાતે વાંચવાની ભૂખ રહેતી. તે ઉપરાંત અભ્યાસનાં આધુનિક ઘણાં સાધનો મેળવવાની વૃત્તિ પણ ઉત્કટ થતી જતી હતી. છાપાં, માસિકો અને બીજું નવીન સાહિત્ય એ બધું તેમની નજર બહાર ભાગ્યે જ રહે. તેઓ ભાવનગર, લીમડી, પાટણ આદિ જે જે સ્થળોમાં ગયા ત્યાંથી તેમણે અભ્યાસનો ખોરાક ખૂબ મેળવી લીધો. પાટણના લગભગ બધા ભંડારો, જૂનાં કલામય મંદિરો અને જૈન સંસ્કૃતિની બીજી અનેક

પ્રાચીન વસ્તુઓના અવલોકને એમની ગવેષણાવૃત્તિને ઉત્તેજી અને ઊંડો અભ્યાસ કરવા તેમજ લખવા પ્રેર્યા. વડોદરામાં લાઇબ્રેરીનાં પુસ્તકોનાં પુસ્તકો અને જૈન ભંડારની પોથીઓની પોથીઓ ઉપાશ્રયમાં તેમની પાસે ખડકાયેલી રહેતી. જેમ જેમ વાંચન વધ્યું અને લખવાની વૃત્તિ તીવ્ર બની તેમ તેમ વધારે ઊણપ ભાસતી ગઈ અને જૈન સાધુજીવનનાં બંધનો તેમને સાલવા લાગ્યાં.

જૈન સાધુજીવનનાં બંધનો છોડી દેવાનો પોતાનો નિશ્ચય તેમણે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કર્યો. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના સાથે પુરાતત્ત્વ મંદિરની યોજનાને અંગે તેમને અમદાવાદ બોલાવ્યા ત્યારે તેઓ રેલવે ટ્રેનથી ગયા, ત્યારથી તેમણે રેલવેવિહાર શરૂ કર્યો. વિદ્યાપીઠે તેમની પુરાતત્ત્વ મંદિરમાં નિમણૂક કરી અને તેમના જીવનનો નવો યુગ શરૂ થયો. જૈન સાધુ મટી તેઓ પુરાતત્ત્વ મંદિરના આચાર્ય થયા.

પુરાતત્ત્વ મંદિરનો મહત્ત્વનો પુસ્તકસંગ્રહ મુખ્યપણે તેમની પસંદગીનું પરિણામ છે. અહીં આવ્યા પછી પણ તેમનું વાચન અને અવલોકન સતત ચાલુ જ રહ્યું. તેમનો પ્રિય વિષય પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ અને ભાષા છે. તેને અંગે તેમણે જે જે ગ્રંથો છપાવવા શરૂ કર્યા તેમાં તેમને જર્મન ભાષાના જ્ઞાનની ઊણપ બહુ સાલવા લાગી અને સંયોગ મળતાં એ જ વૃત્તિએ તેમને જર્મની જવા પ્રોત્સાહિત કર્યા. પરિણામે જૈન સાધુવેષનાં રહ્યાંસહ્યાં ચિહ્નોનું વિસર્જન કરી તેમણે અભ્યાસ માટે યુરોપયોગ્ય નવીન દીક્ષા લીધી.

છેક નાની ઉંમરથી અત્યાર સુધીમાં અનેક ક્રાંતિકારી પરિવર્તનોમાં તેમનો મુખ્ય પ્રવર્તક હેતુ એક જ રહ્યો છે, અને તે પોતાના પ્રિય વિષયના અભ્યાસનો. આચાર્ય જિનવિજયજી કોઈપણ નિશાળે પાટી પર ધૂળ નાખ્યા વગર હિંદી, મારવાડી, ગુજરાતી, દક્ષિણી ભાષાઓમાં લખી-વાંચી-બોલી શકે છે. અને બંગાળી પણ તેમને પરિચિત છે. આટલી નાની વયમાં તેમણે વીસેક ગ્રંથો સંપાદિત કર્યા છે. જૂના દસ્તાવેજો, શિલાલેખો, સંસ્કૃત, પ્રાકૃત કે જૂની ગુજરાતીના ગમે તે ભાષાના લેખો તેઓ ઉકેલી શકે છે અને વિવિધ લિપિઓનો તેમને બોધ છે. પર્યટન

કરીને પશ્ચિમ હિંદની ભૂગોળનું તેમણે એવું સારું નિરીક્ષણ કર્યું છે કે જાણે જમીન તેમને જવાબ દેતી હોય તેમ તેઓ ઇતિહાસના બનાવો તેમાંથી ઉકેલી શકે છે.

[‘અર્ઘ્ય’ પુસ્તકઃ ૨૦૦૪]

## શાસ્ત્રોદ્ધારક મુનિ

૧૯૧૪-૧૫ની આસપાસ સુધીમાં પુસ્તક-પ્રકાશનમાં એક રૂઢ પ્રથા એ હતી કે જો પ્રસ્તાવના જેવું કાંઈ લખવું હોય, તો તે સંસ્કૃતમાં જ લખવામાં મહત્તા મનાતી. એક વાર મુનિશ્રી ચતુરવિજયજીએ પોતાની લખેલ સંસ્કૃત પ્રસ્તાવના મને જોઈ જવા કહ્યું. મેં તે જોઈ તો લીધી; પણ સાથે જ તેમને કહ્યું કે પ્રસ્તાવના આદિ સંસ્કૃતમાં લખો છો, તેનો શો હેતુ? તેમણે જવાબમાં બીજા અનેક પ્રસિદ્ધ મુનિઓનાં ઉદાહરણ આપી એ પ્રથાની પુષ્ટિ કરી. મેં કહ્યુંઃ જુઓને અમુક પ્રસિદ્ધ વિદ્વાનોની સંસ્કૃત પ્રસ્તાવનાઃ એમાં શબ્દાડંબર સિવાય શું હોય છે? વળી અમુક પ્રસ્તાવનાઓમાં કોઈ શિષ્ય કે આશ્રિત પંડિત અમુક સાધુની ભારોભાર પ્રશંસા કરતો દેખાય છે—પછી ભલે તે છેક જ જૂઠાણાંથી ભરેલી હોય! જો એ જ સંસ્કૃતના લેખકોને એમ કહેવામાં આવે છે કે મહેરબાની કરી તમે એનો અનુવાદ સંભળાવો, તો કાં તો એમાંથી સાંભળનાર શૂન્ય જ મેળવવાનો અને સંભળાવનાર પોતે શરમાવાનો. વળી મેં વધારે સખત ટીકા કરતાં એ પણ કહ્યું કે સંસ્કૃતમાં લખવું એનો અર્થ આશ્રયદાતાઓ અને અભણ દુનિયાની દૃષ્ટિમાં મહત્ત્વ સાચવવું અને સાથે સાથે પોતાનું અજ્ઞાન પોષ્યે જવું, એ જ છે. જો લેખકને કાંઈ સાચું નક્કર કહેવાનું જ હોય તેમજ અનેક વાંચનાર સમક્ષ કાંઈ મૂકવા જેવું સાચે જ હોય, તો તેઓ ચાલુ લોકભાષામાં લખતાં શાને સંકોચાય છે? પરંતુ જેઓ માત્ર સંસ્કૃતમાં પ્રસ્તાવના વગેરે લખે છે, તેઓ મોટેભાગે વાચકોને અંધારામાં રાખવા સાથે પોતાના અજ્ઞાનને છુપાવે છે. મારા કથનનો જરા પણ સામનો કર્યા સિવાય મુનિશ્રીએ

ત્યારબાદ મોટેભાગે પ્રસ્તાવના સંસ્કૃતમાં લખવાનો શિરસ્તો બદલી નાખ્યો. એને પરિણામે તેમનાં તથા તેમના શિષ્યનાં પ્રકાશનોમાં આજે અનેક મહત્ત્વની ઐતિહાસિક વસ્તુઓ ગુજરાતી ભાષા દ્વારા જાણવી સુગમ બની છે. આ એમની સત્યગ્રાહી પ્રકૃતિએ મને વિશેષ વશ કર્યો.

મુનિશ્રીની ખાસ ધ્યાન ખેંચે એવી એક વિશેષતા એ હતી કે તેઓ જ્યાં જતા ત્યાં પ્રથમ ત્યાંના ભંડારનું કામ હાથમાં લેતા. જો સૂચિ ઠીક ન હોય તો તે બનાવતા, પોથીઓને નવાં મજબૂત બંધનોથી બાંધતા, ક્રમવાર ડાબડામાં ગોઠવતા; એટલું જ નહિ પણ જ્યાં ગ્રંથો રાખવા માટે કબાટ કે એવી બીજી સારી સગવડ ન હોય ત્યાં તે તૈયાર કરાવતા. એ રીતે ત્યાંના ભંડારને વ્યવસ્થિત અને ટકાઉ બનાવતા. પુસ્તકસૂચિ પ્રસિદ્ધ કરતા. આની સાથે તેઓશ્રીએ ભંડારમાંથી મળી આવતા નાનામોટા બધા જ ગ્રંથોની નવી લિખિત નકલો કરાવી તેનો એક પૂર્ણ અને ઉપયોગી સંગ્રહ કર્યો છે, જે આજે વડોદરામાં વિદ્યમાન છે અને ગમે તે વિદ્વાનનું મસ્તક નમાવવા માટે બસ છે.

આ જ કામના અંગ તરીકે જે બીજાં કેટલાંક કામ છે, તેમાં પણ મુનિશ્રી સતત રોકાયેલા રહેતા. કાગળ અને તાડપત્રની જૂનામાં જૂની લિપિઓ ગમે તેવી જટિલ, ઘસાયેલી કે છેક જ ભૂંસાયેલી હોય તેને વાંચવી એ કામ સાહિત્યોદ્ધારનું પ્રથમ અંગ છે. એ જ રીતે નકલો કરવાનું અને સુંદરતમ અક્ષરોમાં યોગ્ય રીતે પ્રેસકોપી કરવાનું કામ પણ વિદ્વાન માટે એટલું જ આવશ્યક છે. મુનિશ્રીએ એ બંને કળાઓ અસાધારણ રીતે સાધેલી. તેઓ જિજ્ઞાસુ અને ધંધાર્થી શિખાઉને પણ આ વસ્તુ શીખવતા. તેમના હાથે પ્રતિવાચન અને સુંદર લેખનનું કામ શીખેલ કેટલાયે સાધુ અને ગૃહસ્થો આજે કાં તો ઐતિહાસિક સેવાના ક્ષેત્રમાં રોકાયેલા છે અથવા તો નિર્વાહ અર્થે એ કળાનો ઘેર બેઠે સરસ ઉપયોગ કરી રહ્યા છે.

['અર્ઘ્ય' પુસ્તકઃ ૨૦૦૪]

# નસેનસમાં વીરતાના સંસ્કારો

અધ્યાપક ધર્માનંદ કૌશાંબીજીએ પોતાના કેટલાક ખાસ ખાસ જીવન-પ્રસંગો ‘આપવીતી’માં આલેખ્યા છે. જેણે ‘આપવીતી’ વાંચી હશે તેના ઉપર કૌશાંબીજીનાં બુદ્ધિ, પુરુષાર્થ અને ચારિત્ર્યની ઊંડી છાપ પડ્યા વિના રહી નહિ હોય. હું પોતે તો કોઈપણ જિજ્ઞાસુ ભાઈ કે બહેનને વાંચવાલાયક પુસ્તકો સૂચવવાં હોય ત્યારે તેમાં ‘આપવીતી’ની પસંદગી પ્રથમ કરું છું. ‘શું કરવું? રસ્તો કોઈ સૂઝતો નથી, સહાયકો નથી,’ એવા એવા માયકાંગલા વિચાર સેવનારાઓ માટે મારી દૃષ્ટિએ કૌશાંબીજીની ‘આપવીતી’ એ પ્રેરણાદાયી ‘બાઇબલ’ બને તેવી છે.

સૌથી પહેલાં હું કૌશાંબીજીને પૂનામાં ૧૯૧૭માં તેમના મકાને મળ્યો. તે વખતે તેઓ ફરગ્યુસન કોલેજમાં પાલિના અધ્યાપક હતા. મેં તેમનું ‘બુદ્ધધર્મ આણિ સંઘ’ એ પુસ્તક વાંચેલું એટલે તેમના પ્રત્યે મારો અનન્ય આદર તો પ્રથમથી જ ઉત્પન્ન થયેલો.

કૌશાંબીજી મૂળે ગોવાના અને મહારાષ્ટ્રમાં વિશેષ રહેલા. તેઓએ બૌદ્ધ ભિક્ષુ તરીકે સીલોન, બર્મા અને ભારતમાં જીવન ગાળેલું. વિદેશમાં વિશેષે કરી અમેરિકામાં એમણે જીવન ગાળેલું એટલે પાશ્ચાત્ય રહેણીકરણીના પણ એમનામાં સંસ્કારો હતા. કોઈપણ સ્થાન કે કામને સનાતનની પેઠે ચોંટી રહેવાની તેમની પ્રકૃતિ ન હતી. નવું નવું વાંચે અને વિચારે તેમજ લાંબા વખત લગી સેવેલા સંસ્કારોને એક ક્ષણમાત્રમાં ફેંકી દેવા સુધીનો પુરુષાર્થ પણ કરે. તેમ છતાં જે કામ એમણે લીધું હોય, જેનું વચન આપ્યું હોય તે ગમે તે ભોગે પૂરું કરે. અને પોતાના કામને બને તેટલું સર્વાંગીણ તેમજ વિચારયુક્ત કરવાની કોશિશ પણ કરે.

કૌશાંબીજી પાસે બેસવું એટલે ટુચકા, ઇતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, રાજકારણ, સામાજિક જીવન વગેરે જ્ઞાનગંગાની અનેક ધારાઓ વચ્ચે સ્નાન કરવું; તેથી અનેક મિત્રો તેમને નોતરતા, અનેક તેમની પાસે ચર્ચા અર્થે જતા, અને તેમનાથી સાવ જુદું દૃષ્ટિબિંદુ ધરાવનાર પણ તેમની સાથેના વાર્તાલાપ માટે લલચાતા. કૌશાંબીજી જેટલા ઉગ્રપ્રકૃતિ

તેટલા જ સ્પષ્ટભાષી. એમને કાંઈ છુપાવવાનું ન હતું. ગમે તેવી વિરોધી અને સમર્થ વ્યકિતને પણ પોતાની વાત ચોખ્ખા શબ્દોમાં સંભળાવતા. લોકમાન્ય તિલકે ‘ગીતા-રહસ્ય’માં ‘ધમ્મપદ’ના એક પદ્યનો અર્થ અન્યથા કરેલો. કૌશાંબીજીએ તેમને પૂરી રીતે ઠીકઠીક પકડ્યા અને ભૂલ કબૂલ કરાવી. ત્રિપિટકાચાર્ય તરીકે પ્રસિદ્ધ શ્રી રાહુલજીએ ‘ધમ્મપદ’નો અનુવાદ કર્યો છે, જેમાં એમની મૌલિક ભૂલ રહી ગઈ છે. કૌશાંબીજીએ એમને એક વાર આડે હાથે લીધા અને રાહુલજી તેમને નમી પડ્યા તથા પોતાની ભૂલ પણ કબૂલ કરી. લખાણ, ઉચ્ચારણ, વાચન, પ્રૂફ આદિ કોઈપણ બાબતમાં પોતે સહેજ પણ ભૂલ ચલાવી ન લે. ગાયકવાડ મહારાજ સયાજીરાવ કૌશાંબીજીના અનન્ય ભક્ત. પણ એવા ચકોર, સમર્થ અને સહાયક રાજવી સુધ્ધાંને કૌશાંબીજી તેમની ભૂલો કે કુટેવો વિશે ખખડાવી નાખતા. કૌશાંબીજી મને કહેતા કે, “અમેરિકામાં ‘યંગ ઇન્ડિયા’ વાંચતો ત્યારે મને ઘણી વાર આંસુ આવી જતાં.” કૌશાંબીજીની ગાંધીજી પ્રત્યે ઠેઠ સુધી અનન્ય શ્રદ્ધા હતી. આમ છતાં કૌશાંબીજી ગાંધીજીની ટીકા કરતા, કેટલીક વાર બહુ સખતપણે પણ કરતા. ગાંધીજી ઉપવાસ અને બીજાં દેહદમનો ઉપર જે ભાર મૂકે છે તેને કૌશાંબીજી બુદ્ધિની દૃષ્ટિએ નિહાળી અયોગ્ય લેખતા. તેઓ બૌદ્ધ હોવા છતાં બૌદ્ધ-પરંપરાની ત્રુટીઓની પણ પૂર્ણપણે ટીકા કરતા.

છેલ્લાં બે-ત્રણ વર્ષ થયાં કૌશાંબીજી જ્યારે મળતા ત્યારે એક માત્ર જીવનાન્તની જ ચર્ચા કરતા. તેઓ કહેતા કે “મેં મારું કામ પૂરું કર્યું છે. લખવાનું બને તેટલું લખ્યું છે. મળ્યા તે પાત્ર છાત્રોને શીખવવામાં પણ કચાશ રાખી નથી. છોકરા-છોકરીઓને પૂરતું શિક્ષણ આપ્યું છે અને સ્વાવલંબી બનાવ્યાં છે. તો પછી હવે વધારે જીવી મોંઘવારીમાં ઉમેરો શા માટે કરવો? અને વધારે ઘડપણ ભોગવી, બિસ્તરે પડી અનેક લોકોની સેવાશકિતનો નકામો ઉપયોગ શા માટે કરવો? તેથી હવે જીવનનો અંત કરવો એ જ મારી ચિંતાનો વિષય છે” ઇત્યાદિ. તેમના આ વિચારો સાંભળી અમે બધા પરિચિતો અકળાતા અને કહેતા કે “તમારા જીવનનો, તમારી વિચારણાઓનો રાષ્ટ્રને બહુ ખપ છે. અને

ભલે તમને સિત્તેર જેટલાં વર્ષ થયાં હોય છતાં તમે અમારા કરતાં બહુ સશક્ત છો.” અને છતાંય કૌશાંબીજીની જીવનાન્ત કરવાની વૃત્તિ કેમે કરી શમી નહિ. પોતાની વૃત્તિના સમર્થનમાં જે કેટલાક આધુનિક અને પુરાતન દાખલા એ ટાંકતા તે ઉપરથી હું એટલી જ કલ્પના કરી શકતો કે કૌશાંબીજી ઘડપણનો ભાર કોઈપણ ઉપર નાખવા માગતા નથી અને પગ ઘસીને પરાણે જીવન પૂરું કરવા ઇચ્છતા નથી. તેઓ જેવી રીતે હસતે મોઢે જન્મ્યા, હસતે મોઢે આખી જિંદગી ગાળી, તેવી જ રીતે પ્રસન્ન ચિત્તે કોઈના ઉપર ભાર નાખ્યા સિવાય મૃત્યુને ભેટવા માગે છે. બૌદ્ધગ્રંથો અને બીજાં શાસ્ત્રોમાંથી તેઓ અનેક ઉદાહરણો ટાંકી મને કહેતા કે, “જુઓ! પાકું પાન ખરી પડે તે રીતે પ્રાચીન સંતો અને તપસ્વીઓ વૃદ્ધાવસ્થામાં ખરી પડતા. જીવનનો અંત બહાદુરીથી કરતા, મૃત્યુથી ન ડરતા અને કર્તવ્ય કર્યાનો સંતોષ મેળવ્યા પછી તેઓ જીવવા માટે તડફડિયાં ન મારતા. તેથી હું પણ વીરતા, સ્મૃતિ અને જાગૃતિપૂર્વક મૃત્યુને ભેટવા ઇચ્છું છું.”

જીવનનો અંત કરવાની ઉગ્ર વૃત્તિએ તેમને જૈનોના ચિરપ્રચલિત સંથારાવ્રત પ્રત્યે વાળ્યા. કૌશાંબીજી કાયરતાપૂર્વક મૃત્યુને ભેટવા ઇચ્છતા નહિ, તેથી તેમને તત્કાળ મરણને શરણ થવાનો સહેલો રસ્તો પસંદ ન હતો. તેમની નસેનસમાં પૈતૃક વીરતાના સંસ્કારો હતા. એ જ વીરતાને લીધે તેઓ ૧૯૩૦ની સત્યાગ્રહની લડાઈના અનુસંધાનમાં જેલવાસ પણ કરી આવેલા, એ જ વીરતાને લીધે તેમણે સારનાથની અસહ્ય લૂના દિવસોમાં એક કપડાની ઓથે બેસી ધ્યાનનો અભ્યાસ કરેલો. એ જ વીરતાને લીધે તેઓ બ્રહ્મદેશનાં જંગલોમાં ભયાનક ઝેરી જંતુઓ વચ્ચે એકલા રહી સમાધિમાર્ગનો અભ્યાસ કરવા ગયેલા. એમના પ્રત્યેક જીવનકાર્યમાં વીરતા ભારોભાર દેખાતી.

એમની વીરતાએ એમને સુઝાડ્યું કે, તું મૃત્યુને ભેટ, પણ મારણાન્તિક સંલેખના જેવી તપશ્ચર્યાના માર્ગે જ મૃત્યુને ભેટ. કૌશાંબીજીએ આવી સંલેખનાનો વિચાર તો મને બેએક વર્ષ પહેલાં જ કહેલો, પણ તેઓ તે માટે યોગ્ય સ્થાન શોધતા અને મને પણ તેવા સ્થાન માટે પૂછતા.

એવા સ્થાનની પસંદગીમાં તેમની મુખ્ય શરત એ હતી કે જ્યાં તેઓ સંલેખના શરૂ કરે ત્યાં દર્શનાર્થીઓની ધમાલ ન રહે, કોઈ જાણે નહિ, અને એમની એવી પણ ઇચ્છા હતી કે મરણ પછી કોઈપણ જાતનો આડંબર કરી ધનશકિત કે જનશકિત ન વેડફવી. મને તો ત્યાં લગી કહેલું કે, મૃતશરીર બાળવા માટે કરવો જોઈતો લાકડાંનો ખર્ચ ન કરતાં તમે બધા એને જમીનમાં જ દાટજો અગર જળપ્રવાહમાં વહેવડાવી દેજો. આ વિચારો પાછળ એમને હૈયે ગરીબો પ્રત્યેની લાગણી વસેલી હતી. તેઓ ઇચ્છતા કે તેટલો ખર્ચ ગરીબોને મદદ કરવામાં થાય. તેઓ જ્યારે જીવનાન્ત નિર્ણય વિષે વાત કરતા ત્યારે જૈન-પરંપરાના મારણાન્તિક ‘સંથારા’નું હૃદયથી સમર્થન કરતા. સ્થાનકવાસી સાધ્વી રંભાકુમારીએ અનશનપૂર્વક દેહોત્સર્ગ કર્યાનો દાખલો તેમની સામે હતો. એવું અનશન કૌશાંબીજીને પસંદ હતું; પણ એવા અનશન-પ્રસંગે જે ધમાલ થાય છે, જે દર્શનાર્થીઓની ભીડ જામે છે, જે દૂર-દૂરના યાત્રીઓથી લદાયેલી ટ્રેનો આવ-જા કરે છે અને જે આગળપાછળ બેસુમાર પૈસા અવિવેકથી વેડફવામાં આવે છે તે કૌશાંબીજીને જરાય પસંદ ન હતું.

[‘અર્ઘ્ય’ પુસ્તકઃ ૨૦૦૪]

# તેજોમૂર્તિ ભગિની

વીસથી વધારે વર્ષ થયાં હશે, મેં પ્રસિદ્ધ હિંદી પત્રિકા ‘સરસ્વતી’માં શ્રીમતી હેલન[કેલર]નું સંક્ષિપ્ત પણ અદ્‌ભુત પુરુષાર્થ અને પ્રતિભાનું સૂચક જીવનચિત્ર વાંચેલું. ત્યારે જ એ બહેન તરફ મારું આકર્ષણ સહજભાવે થયું. એને વિષે વધારે વિગતવાળી સ્પષ્ટ માહિતીની મારી જિજ્ઞાસા અદ્યાપિ જાગરિત જ હતી. પણ મારા મર્યાદિત જીવન અને કાર્યક્ષેત્રમાં એને સંતોષવાની તક મને મળી ન હતી. તેટલામાં શ્રીયુત ગોપાલદાસભાઈએ મને એક દિવસ કહ્યું કે, વર્ધાથી મગનભાઈ [દેસાઈ] પુછાવે છે કે તેમણે શ્રીમતી હેલનની જીવનકથાનો ગુજરાતી અનુવાદ કર્યો છે તે તમને અર્પણ કરવા ઇચ્છે છે, ને જો તે સ્વીકારો તો તેના

પ્રારંભમાં તમે સ્વીકારરૂપે કાંઈક લખી આપો એમ પણ ઇચ્છે છે. મેં તરત જ કહ્યું, “હું એ વાંચી પછી હા-ના કહું. જો એના વાચન પછી જરા પણ મને લખવાનો મારો અધિકાર જણાશે તો અવશ્ય કાંઈક લખીશ.” મને તરત જ અનુવાદના ફરમા મળ્યા. મારું ઘણાં વર્ષ પહેલાંનું શ્રીમતી હેલન પ્રત્યેનું આકર્ષણ અને તેના જીવન વિષેની જિજ્ઞાસા એ બંને એટલાં બધાં તીવ્રપણે સજીવ થઈ ગયાં કે, તે વખતના ચાલુ લેખન અને સતત મનનકાર્યના પ્રવાહો મારા મનને બીજી દિશામાં જતાં રોકી શક્યા નહીં. કાંઈક અંશે સમશીલ જીવનકથા સાંભળતાં જ અનેક વિચારો ઊભરાયા.

મેં શ્રીમતી હેલનને ‘તેજોમૂર્તિ’ અને ‘ભગિની’ એવાં બે વિશેષણો આપ્યાં છે, તે સાભિપ્રાય છે. એની જીવનકથામાં પદે પદે પુરુષાર્થ અને પ્રતિભાના તેજ સિવાય બીજું કાંઈ જ દૃષ્ટિગોચર નથી થતું. એ તેજના અંબારમાં એની શરીરમૂર્તિ અદ્‌ભુત થઈ જાય છે. અનેક રીતે જુદાઈ હોવા છતાં ઉંમર અને સમાનશીલતાની દૃષ્ટિએ મેં એને આપેલું ‘ભગિની’ એ વિશેષણ એની સાથેનો મારો સાદશ્ય-સંબંધ ઠીક ઠીક વ્યક્ત કરી શકે.

હેલનને દર્શન, શ્રવણ અને વાચનની ત્રણે શકિતઓ એક જ સાથે અને તે પણ છેક શૈશવકાળથી ગઈ, જ્યારે મારી તો માત્ર દર્શનશકિત ગયેલી અને તે પણ ગ્રામ્યશાળાસુલભ માતૃભાષાના પૂરા અભ્યાસ તેમજ આજુબાજુના બધા દશ્ય પદાર્થોના પ્રત્યક્ષ અવલોકન તેમજ તત્સંબંધી ભાષા અને લેખનવ્યવહાર સિદ્ધ થયા પછી—લગભગ પંદરેક વર્ષની ઉંમરે. ઇન્દ્રિયવૈકલ્ય અને તે પ્રાપ્ત થવાની ઉંમરની દૃષ્ટિએ હેલન મારા કરતાં અનેક ગણી વધારે લાચાર, વધારે બંધનવાળી ખરી. પણ દેશ, કુટુંબ અને બીજા સંયોગોની દૃષ્ટિએ તેનું સ્થાન મારા કરતાં અનેક ગણું વધારે સાધનસંપન્ન અને વધારે સ્વતંત્ર. ક્યાં અમેરિકા અને ક્યાં હિંદુસ્તાન? ક્યાં હેલનના કૌટુંબિક સંયોગો અને ક્યાં મારા? એનાં માતાપિતા એને વાસ્તે દરેક જાતનો માર્ગ તૈયાર કરવા બુદ્ધિપૂર્વક સર્વસ્વ હોમે છે, જ્યારે મારા પ્રત્યે પૂર્ણ સદિચ્છાવાળા પણ મારા

વડીલો સ્વયં વિદ્યાહીન હોઈ મારા વિકાસમાર્ગની કોઈપણ દશા સ્વયં જાણવા તેમજ કોઈ જણાવે તો તે સમજવા અસમર્થ. ક્યાં ઇંદ્રિયવિકલ માનવબંધુઓને વિવિધ રીતે શિક્ષિત અને સંસ્કારી બનાવવા કામ કરતા અખૂટ ધીરજવાળા તપસ્વી શિક્ષકોથી શોભતી તપોભૂમિ જેવી અમેરિકાની અપંગ શિક્ષણસંસ્થાઓ; અને ક્યાં અપંગને અનુપયોગી સમજી તેના દુ:ખ પ્રત્યેની સાચી સહાનુભૂતિથી બે નિસાસા નાખી, બહુ તો તેને કાંઈક દાન આપી સંતોષ માનનાર, પણ એ અપંગની ઉપયોગિતા અને તેના વિકાસમાર્ગની શક્યતાના વિચારથી છેક જ અજાણ અને અશ્રદ્ધાળુ, એવા પૌરુષહીન પુરુષોની જનની કહેવાતી કર્મભૂમિ આર્યાવર્ત? એક દેશમાં જાતિથી અબળા ગણાતી અને ત્રણ ત્રણ ઇંદ્રિયોથી વિકલ એવી અપંગ વ્યકિતને પોતાનું સુષુપ્ત બધું બળ પ્રગટાવવાની પૂરી તક મળે છે, ને તે એ દ્વારા પોતાની જાતને આખા વિશ્વમાં માન્ય બનાવે છે; ત્યારે બીજા દેશમાં અપંગની તેમજ અબળાઓની વાત જ શું, પૌરુષવાન ગણાતા પૂર્ણાંગ પુરુષો સુધ્ધાંને, પશુતામાંથી મુક્ત થવાની અને માનવતા પ્રગટાવવાની ઓછી અને નજીવી તક છે. અમેરિકા અને હિન્દુસ્તાન વચ્ચે જે અંતર છે, તે હેલન અને મારા જીવનની અનેક શકિતઓના આવિર્ભાવમાં વ્યકત થાય છે. એટલી નાની ઉંમરે ત્રણ ત્રણ ઇંદ્રિયોથી વિકલ એ બાલિકા ૨૧ વર્ષની ઉંમરે પોતાનું અભ્યાસવિષયક જે જીવનચિત્ર ખેંચે છે તેની તો મને તેથી બમણાં વર્ષે પણ બહુ ઓછી કલ્પના આવી છે.

બાહ્ય વિશ્વમાં પ્રવેશવાનાં શ્રીમતી હેલનનાં અગત્યનાં ત્રણ ઇંદ્રિયદ્વારો બંધ, અને છતાંય એમાં પ્રવેશવાનો એને પ્રબળ ઉત્સાહ તેમજ પુરુષાર્થ, તેથી એણે એ બધું કામ અંતરિંદ્રિય ઉપર ભાર મૂકી સાધ્યું. પરિણામે, પ્રાપ્ત ઘ્રાણ અને સ્પર્શન ઇંદ્રિય દ્વારા જ એણે ભૌતિક વિશ્વમાં પ્રવેશવાનો માર્ગ કર્યો. એની ઘ્રાણ અને સ્પર્શન શકિતમાં એવું જાદુઈ બળ પ્રગટ્યું કે, તે એ બે ઇંદ્રિયો દ્વારા જ પાંચે ઇંદ્રિયોનું કામ લેવા લાગી. બીજી બાજુ, તેને આ બધું કાર્ય અંતરિંદ્રિય ઉપર ભાર આપીને જ કરવાનું હોવાથી, તેની એ શકિત એટલી બધી તીવ્ર ખીલેલી

દેખાય છે કે, જ્યારે તે કોઈ દશ્ય, શ્રવ્ય કે સ્પૃશ્ય પદાર્થનું વર્ણન કરે છે અગર તેના ભાવોનું વર્ણન કરે છે, ત્યારે એ વાંચતા તે ઇંદ્રિયવિકલ છે એ ભાન ભૂલી જવાય છે. આ ઉપરાંત તેની પ્રજ્ઞાઇન્દ્રિયનો એટલો બધો વિકાસ થયો છે કે, તે દિશકાલાતીત સદાસ્થાયી ભાવોનું જ્યારે ચિત્રણ કરે છે ત્યારે તે જાણે તેનાં ઉપમા અને રૂપક આદિ અલંકારો દ્વારા કવિવર ટાગોરનું અનુગમન કરતી હોય એમ લાગે છે. પુરુષાર્થની મૂતિર્ હેલને છેવટે એ વિકાસ દ્વારા વાણીનું બંધન તો તોડ્યું જ.

ઇંદ્રિયો પરસ્પર એકબીજાની શોક જેવી છે. જે જાગતી અને બળવતી તે બાકીની ઇંદ્રિયોનું સામર્થ્ય પૂર્ણપણે ખીલવામાં આડી આવે. નેત્ર સૌમાં બળવાન, એનો સંચરણ અને કાર્ય-પ્રદેશ અતિ વિશાળ. તેથી માણસ નેત્ર હોય તો તેનાથી જ કામ લે, અને સંભવ હોય ત્યાં પણ સ્પર્શન-ઘ્રાણથી કામ લેવાની માથાફોડમાં ન પડે. પણ દૈવયોગે નેત્રનું સામર્થ્ય જાય ત્યારે બધો બોજો સ્પર્શન-ઘ્રાણ ઉપર પડતાં જ તેની ગુપ્ત શકિતઓ બહાર આવી તે ઇંદ્રિયો જ નેત્રનું પ્રધાનત્વ મેળવી લે છે, અને નેત્રવાનની કલ્પનામાં પણ આવી ન શકે એવાં ચમત્કારી કાર્યો બતાવી દે છે. હેલનની સ્પર્શન ઇંદ્રિય આ વાતનો પુરાવો છે. હસ્તલેખન દ્વારા એ બધું શ્રવણકાર્ય સાધે છે. એની ત્વચા બીજા કોઈના હાથની કે મોઢાની રેખાઓ પારખી શકે છે, એ સાંભળતાં તો ભારેમાં ભારે વિચારક પણ થોડી વાર મૂંઝાય ખરો; બોલતા બીજા માણસોના હોઠો ઉપર આંગળી રાખી તેના શબ્દો ઉકેલવાના તેના ત્વચાસામર્થ્યનો વિચાર કરતાં તો હું આશ્ચર્યમુગ્ધ બની જાઉં છું. ‘પણ, પાણી, થાળ, થાળી, હાથી, હાથ’ જેવા શબ્દો ઉચ્ચારતા મારા પોતાના જ હોઠો ઉપર આંગળી મૂકી ભેદ પારખવા પ્રયત્નો કર્યા અને એ દિશામાં શૂન્યતા જ અનુભવી, ત્યારે તો હેલન એક દિવ્ય તેજરૂપે જ સામે આવી. અલબત્ત, તેજની આ મૂતિર્ના સમગ્ર આશ્ચર્યકારી વિકાસનો મૂળ આધાર-ઉપાદાન માત્ર તેનો આત્મા જ નથી. તેનો આત્મા ગમે તેવો સામર્થ્યશાળી હોત અને છતાં તેને અમેરિકાસુલભ જડચેતન સગવડ મળી ન હોત, તો એ તારો ઊગતાં જ આથમી જાત.

ઇંદ્રિયખોડની નિબિડતમ બેડી છતાં જ્યારે અભ્યાસમાર્ગમાં આગળ ધપવાની હેલનને તાલાવેલી લાગે છે, તેમજ ખોડ વિનાના સહચારીઓ સાથે રહેવાની અને તેમનાથી પણ આગળ વધવાની ધૂન લાગે છે, ત્યારે જે મુશ્કેલીઓ અને જે નિરાશાઓ અનુભવાય છે, તે ઘણે સ્થળે મારી અને હેલનની એક જેવી છે. હેલને કોલેજ વાસ્તેની તૈયારી કરવાનો વિચાર કર્યો. તેની લાચાર સ્થિતિમાં જે મુશ્કેલીઓ સંભવે તેના વિચારથી હેલનના હિતૈષીઓએ એ બાબત ભારે વિરોધ કર્યો. પણ ક્યાં એ હિતૈષીનો તીવ્ર વિરોધ અને ક્યાં એનો દુર્દમ તીવ્રતર કાર્યોત્સાહ? અંતે હેલન જીતી. મારામાં અણધારી ક્યારેક કાશી જવાની ભાવના પ્રગટી. બધા જ હિતૈષીઓનો પ્રબળતર વિરોધ; પણ અંતે એ ભાવનાના તીવ્રતમ વેગે મને કાશીમાં જ જઈ પટક્યો. પરીક્ષાનો પ્રસંગ તો અમારા બંનેનો લગભગ એક જેવો છે. હેલન પરીક્ષામાં પ્રથમ બેઠી ત્યારે એને પ્રશ્નપત્ર સમજાવનાર કુશળ, ઉત્તર લખવાનો સમય પૂરતો, અને લખ્યા પછી બચત સમયમાં ભૂલ સુધારવાની નિરીક્ષકે કરી આપેલી તક; આ બધી પૂરી સગવડ. પણ પછી જ્યારે તે આગલી પરીક્ષામાં બેઠી ત્યારે સગવડનું તંત્ર અગવડમાં પરિણમ્યું અને હેલનને પરીક્ષાની ભયંકરતાનો સાક્ષાત્કાર થયો. મારી પણ એ જ દશા. કાશી ક્વીન્સ કોલેજમાં પહેલી વાર પરીક્ષા આપવા બેઠો ત્યારે લેખકની ખામીનું ફળ ભોગવવાનો પ્રસંગ આવતાં જ એક ભલા નિરીક્ષક ભટ્ટાચાર્ય એ પામી ગયા અને નવેસર સગવડ થતાં હું ઉચ્ચ ધોરણે જ પસાર થયો. પણ આગલાં વર્ષોમાં વ્યવસ્થાપક અને પરીક્ષકોની બેપરવાઈ તથા અનાવડત જોઈ મને પણ પરીક્ષાનું મૂલ્ય સમજાયું અને પરીક્ષાનો અર્ધો રસ્તો કાપ્યા પછી સંકલ્પ કર્યો કે આજ પછી પરીક્ષા નિમિત્તે આ કતલખાનામાં દાખલ ન થવું. મને યાદ છે કે એ નિશ્ચય પછી લગભગ ચોવીસ વર્ષે હું ફરી એ ક્વીન્સ કોલેજમાં અભ્યાસક્રમ ઉપર વિચાર કરવાના ત્યાંના રજિસ્ટ્રારના આમંત્રણને સ્વીકારી એક અધ્યાપક તરીકે જ ગયો, પણ પરીક્ષ્ય વિદ્યાર્થી તરીકે નહીં.

સ્કૂલ અને કોલેજના વિદ્યામય વાતાવરણમાંથી હેલન જ્યારે

જ્ઞાનતૃષા શમાવે છે, ત્યારે એ પોતાની અપંગતાનું ભાન ભૂલી ચિત્ત-શક્તિના એલૌકિક આનંદનો અનુભવ કરે છે ને એમાંથી જીવનકથા જેવાં મધુર ફળો પીરસે છે. મારી પણ લગભગ એ જ દશા રહી છે. બાહ્ય અને આંતરિક વિક્ષેપોના મૃત્યુને તટે લાવી મૂકે એવા સંભાર વચ્ચે મને વિવિધ શાસ્ત્રોના અભ્યાસે, ચિંતને અને લેખને જ બચાવી એલૌકિક આનંદભૂમિકા ઉપર મૂક્યો છે. કોલેજમાં યાંત્રિક રીતે શીખવતા અધ્યાપકોની શુષ્ક દોડની હેલન ટીકા કરે છે ત્યારે પણ તેને સમુદ્રમાં મીઠી વીરડી જેવા વિરલ અધ્યાપકો મળે છે, જેઓ હેલનને રસમય શિક્ષણથી તરબોળ કરી દે છે. સાંકડી અભ્યાસ—કોડમાં સતત પુરાયેલ શાસ્ત્રગાયોનાં અર્થહીન શબ્દસ્તનોમાંથી દૂધને બદલે રક્ત ખેંચી તેને દૂધ માની-મનાવી પિવરાવનાર પંડિત-ગોપો વચ્ચે મને પણ સતત શુદ્ધ દુગ્ધવર્ષી કામદુઘા જેવા વિરલ અધ્યાપક બહુ મોડે મોડે પણ મળેલા. જેમ હેલનનું માનસ વિવિધ વિષયસંચારી શિક્ષણમાં રસ લે છે, તેમ મારું માનસ પણ. પ્રમાણ અને સાધનનો ભેદ બાદ કરતાં વનવિહાર, જલવિહાર, પર્વતપર્યટન, સમુદ્રયાત્રા, પશુપક્ષીપરિચય આદિનો રસ બંનેનો સમાન જ. અલબત્ત, એનો સાઇકલ-સવારીનો તંરગ મને કદી આવ્યો નથી. પણ હું ધારું છું મારો અશ્વારોહી તરંગ એને ભાગ્યે જ થયો હશે. સમૂહમાં અને એકલાં શેતરંજ રમવાની શોધેલી એની નવી રીતે આજે પણ મારું મન લોભાયું. પુસ્તકો અને શિક્ષકો એનાં અને મારાં સમાન મિત્રો. હેલન અંતમાં લખે છે એમ, “મારી જીવનકથા મારા મિત્રોએ ઘડી છે” એ સૂત્ર મારા જીવન વિષે પણ પૂર્ણપણે સત્ય છે. મારા પણ મિત્રોની યાદી ભારે વિશાળ અને તે પણ અનેક તેજસ્વી નામ અને ગુણના રંગોથી ભૂષિત છે. શ્રુત, પરિશીલિત અને અભ્યસ્ત વિવિધ વિષયોનાં પુસ્તકોની યાદી મારી ખંત પણ બતાવે અને કાંઈક એકાંગી જડતા પણ. હેલનને પરિચિત ધર્મગુરુઓમાં કોઈ સંકીર્ણ મનનો દેખાતો નથી. તેને જે જે બિશપ વગેરે મળ્યા છે તે બધાએ તેને અસાંપ્રદાયિક સત્યને જ માર્ગે દોરવા યત્ન કર્યો છે. મારી બાબતમાં તેમ નથી બન્યું. છેક લઘુવયથી તે બહુ મોડે મોડે સુધી

આપણા દેશમાં જડ જનતાને સુલભ એવા જ અતિ સાંકડા મનના અને અંધારામાં પ્રકાશ તેમજ કૂવામાં સમુદ્ર માની બેઠેલા અનેક ધર્મગુરુઓ એક પછી એક મને મળતા જ રહેલા. છતાં તેમનાં ચરણોમાં બેસી ઝીલેલ ધર્મબોધ ઉપર ફરી વિચાર કરવાની ફરજ પડે અને આખું માનસ બદલી નાખે એવું વ્યાપક ધર્મભાન કરાવનાર ધર્મપ્રાણ પુરુષોનું પણ મારા જીવનમાં સ્થાન છે.

આમ અમારા બંનેનું કેટલુંક સામ્ય છતાં એકવીસ વર્ષ જેટલી નાની ઉંમરે હેલનના—“એવી ક્ષણ હોય છે જ્યારે મને એમ લાગે છે કે શાયલોક તથા જ્યૂડા જેવા લોક અને સેતાન પણ વિશ્વમાં પ્રવર્તમાન સાધુતાના મહાચક્રના ભાંગી ગયેલા આરા છે અને તેઓ યોગ્ય સમયે પાછા સમારી લેવાશે”—આ વાક્યમાં મહાવીર, બુદ્ધ, ક્રાઇસ્ટ અને ગાંધીજીની જે સહજ શ્રદ્ધા અને પ્રજ્ઞાઇંદ્રિયના સ્ફુરણનું ભાન થાય છે, તે આટલી પ્રૌઢ ઉંમરે પણ સ્વાભાવિક રીતે મારા જીવનક્રમમાં મને દેખાતું નથી. અલબત્ત, આર્યાવર્તનાં વિવિધ દર્શનોના અનેક જટિલ, કંટકિલ અને ગ્રંથિલ વાદવિવાદ વચ્ચે પણ મેં તેની પારના પ્રજ્ઞામય, શાંત અને સર્વવ્યાપક ભાવનું વિસ્મરણ કદી કર્યું નથી.

આ પુસ્તકનો અનુવાદ સ્વતંત્ર લખાણ જેવો સીધો છે. અર્થ સમજવામાં શબ્દની, વાક્યની કે તેવી જ આંટીઘૂંટી આડે આવતી નથી. અનુવાદકે મૂળગત ભાવો સ્પષ્ટ કરવા અને પોતાની નવશબ્દરચના સમજાવવા જે ટૂંકાં પણ મહત્ત્વનાં ટિપ્પણો કર્યાં છે, તે ન હોત તો અનુવાદનો આત્મા આટલો અર્થપૂર્ણ ન બનત. અનુવાદકમાં જે ભાવપૂર્ણ નવશબ્દસર્જનનું સામર્થ્ય દેખાય છે તે ગુજરાતી ભાષાના સમૃદ્ધ અભ્યુદયનું એક મહત્ત્વનું લક્ષણ છે. હું શ્રીયુત મગનભાઈ પાસે એટલી માગણી અવશ્ય કરું છું કે, તેઓ શ્રીમતી હેલનના પછીની વયના ઉત્તરોત્તર પક્વતર વિચાર તેમજ અનુભવવાળાં બાકીનાં પુસ્તકો અનુવાદિત કરે. વાચકો આ અનુવાદમાંથી જીવનરસદાયી ઘણું મેળવી શકશે. તેમ છતાં બહેનોને તો આમાંથી ઘણું શીખવાનું મળશે. તેઓ આ અનુવાદ વાંચી એટલું તો વિચારતાં થશે જ કે, જ્યારે ત્રણ ત્રણ

બંધનોના કિલ્લા પાછળ પુરાયેલ એક લઘુ બાળા એ બંધનો તોડી બહાર આવવા દૃઢ નિશ્ચય કરે છે અને અનવરત પુરુષાર્થમાં ભાન ભૂલી છેવટે અપંગપણાના સહજ બંધનની પેલી પાર રહેલા પોતાના આત્માને પ્રગટાવે છે, ત્યારે એવા એકે બંધન વિનાની તે બહેનો નિશ્ચય અને પુરુષાર્થ દ્વારા શું શું સાધી ન શકે? શિક્ષણની ઘણી માધ્યમિક સંસ્થાઓમાં પાઠ્ય તરીકે નહીં તો છેવટે આ પુસ્તક [‘અપંગની પ્રતિભા’] વાંચવાની ખાસ ભલામણ કરવા જેવું છે.

[‘અર્ઘ્ય’ પુસ્તકઃ ૨૦૦૪]

## હબસીઓના ઋષિ

પુરાણોમાં કલ્પદ્રુમની વાત આવે છે. એમાં કહેવાયું છે કે સત્યયુગમાં એવાં ઝાડ હતાં કે કોઈ પણ માણસ એ ઝાડ નીચે જઈ જે કાંઈ ઇચ્છે તે મેળવી શકતો.

જ્યોર્જ વોશિંગ્ટન કાર્વરની જીવનકથા વાંચતાં એ પૌરાણિક કલ્પદ્રુમનું સ્મરણ થાય છે. અમેરિકાવાસી હબસી કાર્વરને લોકો વનસ્પતિ-વૈદ્ય તરીકે ઓળખતા. તેને વનસ્પતિમાં રહેલાં પ્રચ્છન્ન તત્ત્વોનો સાક્ષાત્કાર કરનાર ઋષિ કહી શકાય. મગફળી, કપાસ વગેરે વનસ્પતિઓમાંથી તેણે પ્રયોગો મારફત જીવનજરૂરિયાતની એટલી બધી વસ્તુઓ નિર્માણ કરી છે કે તેને આ કલિયુગનું કલ્પવૃક્ષ ગણી શકાય. મગફળી જેવી એક જ વસ્તુમાંથી પણ રંગો, દવાઓ, કપડાં આદિ અનેક વસ્તુઓ બનાવીને તેણે વ્યવહારમાં મૂકી છે. આ વિશેની કાર્વરની તપસ્યા અને સિદ્ધિ એ માનવતાના વિકાસમાં વિશ્વાસ પેદા કરાવે એવી અદ્ભુત છે.

કાર્વરની જીવનકથા સાંભળતાં પદે પદે ગાંધીજી યાદ આવે છે; બંનેના જીવનમાં નાનુંમોટું એટલું બધું સામ્ય છે. સમયની કિંમત આંકનાર બંને સરખા. એક પણ મિનિટ વ્યર્થ ન જાય એવી જાગૃતિ રાખનારા. લોકો જે વસ્તુને નકામી ગણી ફેંકી દે, તેનો સમજપૂર્વક ઉપયોગ કરી

એ તુચ્છ ગણાતી વસ્તુમાં પણ કેટલું મહત્ત્વ રહેલું છે તે પુરવાર કરવામાં બંને સરખા. ગરીબ-તવંગર, નાતજાત કે દેશવિદેશનો કશો ભેદ રાખ્યા વિના બધાં માનવીની નિસ્વાર્થ સેવા કરવામાં બંને સરખા. માનવ સિવાયના ઇતર પ્રાણીવર્ગ પ્રત્યે પણ બંનેની કૂણી લાગણી.

કાર્વર જન્મથી જ હબસી એટલે અમેરિકન સમાજમાં હડધૂત અને તેનું કુટુંબ પણ નિરાધાર. છતાં તેણે પોતાની માનવતાનો એટલો બધો વિકાસ સાધ્યો કે તેને કોઈ પણ જાતની તક ન આપનાર મિથ્યાભિમાની ગોરા વર્ગમાં પણ તેણે ખૂબ ઊંચાં માનપાન મેળવ્યાં. બીજી બાજુ ગાંધીજી સાધનસંપન્ન કુટુંબમાં ઊછરેલા, છતાં નાતજાતની મિથ્યાભિમાની મોટાઈના મહેલમાંથી છેક નીચલે પગથિયે ઊતરીને પોતાનાં હડધૂત માનવબંધુઓ વચ્ચે રહેવાનું સંકલ્પબળ એમણે કેળવ્યું. કાર્વર સામાજિક દૃષ્ટિએ નીચેથી ઉપર ચડે છે, તો ગાંધીજી બાહ્યદષ્ટિએ ઊંચેથી નીચે ઊતરે છે: પરિણામે એ બંને માનવતાના ઉત્કૃષ્ટ વિકાસની સમાન કક્ષાએ જઈ બિરાજે છે. કહેવાતા આ કલિયુગની કેવી સિદ્ધિ!

કાર્વરના જીવનને લગતી જુદી જુદી ચોપડીઓ વાંચ્યા પછી, પોતે જ્યાં શિક્ષિકા હતાં તે લોકશાળાના વિદ્યાર્થીઓને એ જીવનકથાનું રહસ્ય બહેન મૃદુલા મહેતાએ પાયું. એ લાંબા અનુભવને અંતે તેમણે તૈયાર કરેલા આ પુસ્તકની મોહિની એવી છે કે તે ઘેરઘેર વાંચવા ને સંઘરવા લાયક છે. ગમે તેવી હતાશ થયેલી વ્યક્તિને જીવનની તાજગી આપે એવું સત્ય તેમાં રહેલું છે. માણસ એક પ્રસંગ વાંચે ને આગળનો બીજો પ્રસંગ વાંચવા અધીરો બને, એવી આકર્ષક રીતે તેની રજૂઆત થઈ છે. વાંચનારની જિજ્ઞાસા ઉત્તરોત્તર વધે તેની સાથે પુરુષાર્થ કરવાની અદમ્ય લાલસા પણ તેનામાં ઉદ્ભવે. આ બધું વિચારતાં એમ કહેવાનું મન થાય છે કે કાર્વરની આ જીવનકથા નાનાંમોટાં બધાંમાં વંચાતી થાય તેમ જ શાળાઓમાં પણ ભણાવાય, તો આપણી ઘરડી અને પરોપજીવી માનસ ધરાવતી પ્રજામાં જુવાની અને સ્વાવલંબી જીવનનો નાદ સ્ફુરે.

['જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર' પુસ્તકની પ્રસ્તાવના: ૨૦૦૧]

# સુધાબહેન મુનશી

## રાંધવાની કળા

૧. ખોરાકને રાંધવાથી તે પચવામાં સરળ અને સ્વાદિષ્ટ બને છે અને તેમાં કેટલાંક નુકસાનકારક જંતુઓ હોય તે નાશ પામે છે. કેટલાંક અનાજનું ઉપરનું પડ કઠણ હોય છે, તે રાંધવાથી તૂટી જાય પછી તે સુપાચ્ય બને છે.

૨. ચોખાને વધારે પડતા ધોવાથી કે ભાતનું ઓસામણ કાઢી નાખવાથી તેમાંથી વિટામિન નીકળી જાય છે.

૩. જે શાકની છાલ ખાઈ શકાય તેવી હોય (જેમ કે બટેટાની) તે કાઢી નાખવી નહીં, કેમકે તેમાં જીવનતત્ત્વો હોય છે. શાકને સમાર્યા પછી વધારે વખત રાખી મૂકવું નહીં. શાકને બને તેટલો ઓછો વખત તાપ ઉપર રાખવું. તેમાં આંબલી, ટમેટાં કે કાચી કેરી જેવી ખટાશ નાખીને રાંધવાથી વિટામિન જળવાઈ રહે છે. શાકમાં ગરમ મસાલાનો ઉપયોગ ખાસ કરવો, કારણ કે તે જંતુનાશક છે અને ખોરાકને સુપાચ્ય તથા સ્વાદિષ્ટ બનાવે છે. બને તેટલાં શાકભાજી કાચાં ખાવાં; તેના કચુંબરમાં દાળિયા કે શીંગદાણાનો ભૂકો, તલ, કોપરું, કોથમીર, લીંબુનો રસ નાખવાથી તેનું મૂલ્ય વધે છે. જમતાં પહેલાં લાંબા સમયે બનાવી રાખેલા કચુંબરમાંથી વિટામિન ઓછાં થાય છે, પણ તેમાં દહીં નાખવાથી વિટામિન જળવાઈ રહે છે.

૪. કઠોળ બરાબર રંધાઈ જાય તે માટે એમાં સોડા નાખવા જતાં તેનાં કેટલાંક તત્ત્વો નાશ પામે છે. પણ આગલી રાતે કઠોળને પાણીમાં પલાળતી વખતે તેમાં સોડા નાખ્યો હોય તો ઓછાં તત્ત્વો નાશ પામે છે અને કઠોળ જલદી રંધાઈ જાય છે. કઠોળ બરાબર બફાઈને ફાટી જાય ત્યાં સુધી રાંધવું જોઈએ. તેને લસણ, અજમો ને હિંગનો વઘાર કરવાથી કઠોળનું વાયડાપણું દૂર થાય છે. તેમાં ગોળ-આંબલી સારી પેટે

નાખવાં. કઠોળ બફાઈ જાય પછી થોડો ચણાનો લોટ પાણીમાં મેળવી તેમાં નાખવાથી એ રસાદાર અને સ્વાદિષ્ટ બને છે.

૫. રોટલીનો લોટ બાંધીને તેને કલાકેક પલાળી રાખવાથી લોટ ફૂલે છે અને રોટલી પોચી, સુંવાળી, મીઠી ને પચવામાં હળવી બને છે.

૬. ઢોકળાં, હાંડવો, ઈડલી જેવી આથો આવેલી વાનગીમાં વિટામિન વધારે હોવાથી તે શરીરને લાભ કરે છે. ઘઉંના થૂલામાં થોડો ઝીણો લોટ ભેળવી, તેની ઢોકળી બનાવી શાક અથવા દાળમાં મૂકવાથી થૂલામાંના વિટામિનનો લાભ મળે છે. જરૂર મુજબનો લોટ ઉમેરીને થૂલાનાં ઢેબરાં, ઢોકળાં કે હાંડવો બનાવી શકાય.

૭. દાળ-શાકમાં પહેલેથી મીઠું ન નાખી દેવું કારણ કે એથી અમુક વિટામિનનો નાશ થાય છે.

૮. કોઈ પણ વસ્તુ રાંધતી વખતે તેની ઉપર સજ્જડ ઢાંકણ રાખવું, નહીંતર તેમાંથી વરાળની સાથે વિટામિન પણ ઊડી જશે.

૯. કાચાં ખાવાનાં શાકભાજીને મીઠાવાળા પાણીમાં ધોઈને પછી તેનું કચુંબર બનાવવું.

૧૦. પાણીના માટલાને બરાબર ઘસીને સાફ કરવું, કેમ કે તેમાં જામી જતી ચીકાશમાં રોગના જંતુઓ વાસ કરે છે. શિયાળામાં દર મહિને માટલું એક દિવસ તડકે મૂકીને પછી વાપરવું, જેથી એ તપીને બરાબર સ્વચ્છ થશે. ઉપરાંત, જે માટલું ઊતરી ગયેલું હશે તે તાજું થશે અને ઉનાળામાં તેનું પાણી ઠંડું રહેશે. ચોમાસામાં ડહોળું પાણી આવે ત્યારે કલાઈવાળા વાસણમાં તે ભરી, તેમાં ફટકડીનો કટકો આઠ-દસ આંટા ફેરવીને કાઢી લેવો. પછી પાણી ઠરવા દેવું. બાર-પંદર કલાક પછી બધો કચરો નીચે બેસી જશે, એટલે ઉપરનું નીતર્યું પાણી ગાળીને માટલામાં ભરી લેવું.

['રસસુધા' પુસ્તક]

# બારેય માસ લીલો મસાલો!

ઉનાળામાં લીલો મસાલો મોંઘો થઈ જાય છે કે મળતો પણ નથી. તો શિયાળામાં જ્યારે એ છૂટથી મળતો હોય ત્યારે એને બરાબર સાચવી રાખ્યો હોય, તો બારેય મહિના તેનો લાભ લઈ શકાય. તેની કેટલીક રીતો આ રહી:

લીલા મસાલાની વડી: ૨૦૦ ગ્રામ આદુ, ૨૦૦ ગ્રામ લીલાં મરચાં અને ૫૦ ગ્રામ મીઠું વાટીને તેની વડી બનાવી છાંયડે સૂકવવી. સુકાઈ જાય એટલે જડબેસલાક હવાબંધ ડબામાં તેને ભરી રાખવી. પછી દાળ-શાકમાં જ્યારે તેનો ઉપયોગ કરવો હોય ત્યારે જરૂર મુજબ વડી કાઢી, થોડા પાણીમાં તેને વાટી નાખીને વાપરવાથી લીલા મસાલાનો સ્વાદ આવશે.

લીલા લસણની વડી: ૪૦૦ ગ્રામ લીલું લસણ, ૨૦૦ ગ્રામ કોથમીર, ૧૦૦ ગ્રામ લીલાં મરચાં અને ૫૦ ગ્રામ મીઠું લઈ, વાટીને તેની વડી ઉપર મુજબ બનાવીને જરૂર પડ્યે વાપરવી.

કેરીની વડી: બે કિલો કાચી કેરી, ૨૦૦ ગ્રામ ખાંડ, ૧૦૦ ગ્રામ લીલાં મરચાં, ૧૦૦ ગ્રામ સૂકું લસણ અને ૧૦૦ ગ્રામ મીઠું લેવાં. કેરીને છોલી, છીણી, તેમાં બાકીની વસ્તુ ભેળવી ઉપર મુજબ વડી બનાવીને રાખવી અને જરૂર પડે ત્યારે લીંબુની અવેજીમાં તેનો ઉપયોગ કરવો.

આંબલીનો ફોલ: નવી આંબલી આવે ત્યારે સારા મોટા કાતરા લઈ, તેને મીઠાનો હાથ દઈ, ભાંગીને આંબલિયા કાઢી નાખવા. પછી રેસા કાઢીને ૨૦ કિલો આંબલીનો ફોલ હોય તો તેને દોઢ કિલો મીઠામાં રગદોળી બરણીમાં ભરી લેવો, ઉપર મીઠું ભભરાવવું.

ગરમ મસાલો: બાર મહિનાનો સામટો ન બનાવવો, કેમ કે તેમાંથી સુગંધ ઊડી જાય છે. ત્રણ-ત્રણ માસ ચાલે તેટલો બનાવતાં રહેવું.

['રસસુધા' પુસ્તક]

# સુન્દરમ્

## એ આવશે

*એ આવશે અંતરનો અવાજ થૈ,*
*કે તોપગોળો થઈને ધણેણતો....*
*એ આપશે સ્વર્ગતણું સુખાસન,*
*કે વેદનાના નરકાગ્નિઓ બધા:*
*એ સર્વ એનાં વરદાન મંગલ—*
*કૃતાર્થ થૈ, તૃપ્ત બની વધાવીએ.*

## ગીત કોણ ગાતું?

*આજે પ્રભાત પ્હોર વહેલું વહેલું*
*હો ગીત કોણ ગાતું ઘેલું?...*
*સાગરસીમાડે ઘેરું ગરજંતું,*
*પૃથ્વીને પારણે હીંચેલું.*
*બાળકની આતુર તે આંખથી ઊઠેલું,*
*માતાના ઉરથી છલેલું;*
*યૌવનની નોબતે ગાંડું ગરજંતું,*
*મૃત્યુનું અમૃત પીધેલું.*

## આનંદ-ભવન

*હતા જન્મ્યા જ્યાં, તે લઘુક હતું આનંદ-ભવન;*
*તમે ઝંખ્યું: આખ્ખું કરવું જગ આનંદ-ભવન!...*

તમે આવા વિશ્વે પ્રબલ ગતિ પ્રેરી હૃદયના
નિગૂઢ ભાવોની, વિરલ કરુણા પ્રેમબલની;
અને હૈયે હૈયે નિજ હૃદયને સ્થાપિત કરી
વસ્યા શા ઐકાત્મ્યે કણ કણ વિશે ભૂમિ-ઉરના!...
મહા ઉત્સાહે જે ધરતી-પટ મૂર્તિ વિચરી ગૈ,
હવે એ લ્હેરંતી ગગન-ધ્વજની ટોચ પર જૈ!

['બાલ-દક્ષિણા' ત્રિમાસિક: ૧૯૬૪]

## ઓહ, અમદાવાદ!

ઓ મુજ અમદાવાદ!
શું આબાદ:
શું બરબાદ!

શી તુજ આજે ડામરલીંપી રૂડી રૂપાળી શેરી,
ગલી ગલીમાં રંગ અનેરા, દીવા જલે રૂપેરી;
શા તુજ પહોળા પંથ પ્રલંબિત, લક્ષ્મી તણા શું રેલા,
શાં દોડે ત્યાં વાહન, શા શા હાંકણહારા ઘેલા!...

કશા સરિત સાબરને હૈયે નવા દુપટ્ટા પુલના,
નવા બગીચા ફૂલ ફૂલના, જ્યાં ઝૂલતા નૌતમ ઝૂલણા;...
નવી નિશાળો કશી અણગણી, નવાં ભવન વિદ્યાનાં;
નવાં સ્ટેશનો ગગનવાણીનાં, નવાં ગ્રંથનાં પાનાં....

કશા ભાવિના વર્તારા તુજ, જોશી જગના ભૂલે,
કશી કાલ ને આજ કશી—મુજ મન પાગલ થૈ ડૂલે;
ઘડી ઊઠે કલ્લોલી ગાંડું, ઘડી ડૂસકે રોવે,
શી આબાદી—શી બરબાદી: શું અણદીઠું જોવે!

ગયા રૂપાળા દુર્ગ-કોટ, તુજ બખ્તર જાણે તૂટ્યાં,
રહ્યા અટૂલા દરવાજા, હા ભાગ્ય સકલ તુજ ખૂટ્યાં;
અને સોડ તુજ વહતી નિર્મળ ગઈ ક્યહીં એ સાબર?
ઢગ ઢગ રેતી-ઢગલા એનાં લૂંટી ગયા હા અંબર!

અને તીર એ શાભ્રમતીને સંત તણો જે વાસો:
આજ પડ્યું પિંજર હંસા વિણ—ખાલી રહ્યો દિલાસો;
એક સંતે જે ધૂણી ધિખાવી, જે વૃત-તપ આદરિયાં,
આજ નથી કો અહીં મહાત્મા—જન સંધાં ટાબરિયાં.

નથી ઝળકતા મહા અગ્નિ કો તપના, ના પ્રતિભાના,
નહિ મેધાના મેરુ, નહિ કો અંતર કરુણાભીનાં;
અહો, આજ કરુણાનાં આંસુ મગર-આંખથી દડતાં,
રસો ભયાનક બીભત્સ કેરાં આજ બજારો ચડતાં!

અહો, ઊગ્યા મુક્તિના સૂરજ, નિજનાં રાજ્ય રચાયાં,
પણ સુખશાંતિતણાં ચોઘડિયાં હાય,હજી નવ વાગ્યાં;
આજ વધ્યાં ધન ઢગલેઢગ, પણ ધાન અહા શાં ખૂટ્યાં,
પાઇપ બધે નંખાયા નળના, પણ પાણી નહિ પૂગ્યાં!

આજ અરે, રૂપિયા શા સસ્તા, સસ્તી નેતાગીરીઓ,
ઘડી ઘડી શા મચે મોરચા, સ્થળે સ્થળે રે ખાંભીઓ,
આજ ખરે કોને રોવું ને કોને હસવું ન જાણું,
આજ નયન-મુખ બંધ કરી દઉં—બંધ કરું મુજ ગાણું!

તોય ઊઠે છે મનથી છબી, એક છાની છાની સુરાવટ,
કાલ હતી તે આજ નથી, ને આજ બદલશે કરવટ;
ત્રિકાળને માર્ગ મંડાઈ જગની કૂચ-કદમ આ,
તુજ આત્મા તુજને મળશે હા—થાશે ખુદા-રહમ હા.

*ઓ મુજ અમદાવાદ!*
*ઝિંદાબાદ! ઝિંદાબાદ!*

['અખંડઆનંદ' માસિક: ૧૯૬૪]

# વૃત્તિઓની લીલા

ખાવું નથી હોતું, અને એક કોળિયો વધુ મોંમાં મૂકી દેવાય છે. બોલવું નથી હોતું અને કંઈક બોલી દેવાય છે—અણધાર્યું, અણચિંત્યું, અણમાગ્યું. કરવું નથી હોતું અને કંઈક કરી બેસાય છે...... ખવાઈ જાય છે, બોલાઈ જાય છે, કરી બેસાય છે.

આપણી જાગૃત સસંકલ્પશક્તિ જાણે કે એકાદ ક્ષણ માટે ગુમ થઈ જાય છે અને કો'ક બીજું તત્ત્વ આપણા પર સવાર થઈ જાય છે.

આ રીતે જ ધણી-ધણિયાણી લડી પડે છે, મિત્રો શત્રુ બની જાય છે, હુલ્લડો ફાટી નીકળે છે, બંદૂકની ગોળી છૂટી જાય છે.

આ છે માણસના ભીતરના ભાગમાં રહેતી વૃત્તિની લીલા—અવિચારિણી વૃત્તિની. વાયરો વાય અને વહાણ ખેંચાઈ જાય તેમ માણસની સ્થિતિ બને છે. આ તો વિવશતા છે, લાચારી છે, એક રીતે તો પોતાની બેઆબરૂ છે.

આ સમજાય ત્યારે માણસમાં બીજું કાંઈક જાગે છે. માણસમાં રહેતો આબરૂદાર ભાગ જાગે છે, ધૂણી ઊઠે છે, સિંહની પેઠે હુંકાર કરે છે—પીઠ પરથી પાણી ખંખેરતો હોય તેમ વૃત્તિઓને ખંખેરી નાખે છે.

જેવી રીતે અવિચારિણી વૃત્તિ છે, એવી જ રીતે સવિચારિણી વૃત્તિ—ઊર્ધ્વ વૃત્તિ પણ માણસમાં છે. નિર્બળ ભાવોની સામે પ્રબળ સંકલ્પશક્તિ પણ માણસમાં છે. એમાંથી ગોપીચંદ, ભર્તૃહરિ, જનકવિદેહી, ગૌતમ બુદ્ધ જન્મ્યા છે.

['બાલ-દક્ષિણા' ત્રામાસિક: ૧૯૬૨]

# હું ચાહું છું

*હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની;*
*ને જે અસુન્દર રહી તેહ સર્વને*
*મૂકું કરી સુન્દર ચાહી ચાહી.*

# તને મેં

*તને મેં ઝંખી છે—*
*યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.*

# બાળગીતોની કસોટી

આપણા ઘણા કવિઓ બાળકો માટે લખતા રહ્યા છે. અને કવિ નથી તેવા પણ ઘણા લેખકો—ખાસ કરીને બાળશિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકો—બાળકો માટે ગીતો જોડતા રહ્યા છે, જેમાં કવિતા અને બાળકો બંને પર અત્યાચાર જ થતો રહ્યો છે. પણ બાળચેતનાની સાથે અનુસંધાન સાધી સાચી કવિતા આપતા રહે એવા કવિની આપણને જરૂર છે. બાળકો માટે જ લખવું, એવા કશા ભારણ વિના સહજ રીતે સૌંદર્ય અને આનંદના સ્વયંભૂ ઉદ્ગાર તરીકે લખાયેલાં કાવ્યો કવિઓએ બાળકો આગળ ધરતા રહેવું જોઈએ.

કાવ્યમાં ભાષાનું, ભાવનું, વિચારનું કે વસ્તુનું ઔચિત્ય સાચવવું, એ ઘણું નાજુક અને દોર પર ચાલવા જેવું કામ છે. કાવ્ય અંગે પહેલું ભયસ્થાન એ રહે છે કે કવિને લય કે છંદ હાથ આવી જાય, એટલે તેનો ઉદ્ગાર પૂરતો કાવ્યમય સંસ્કાર પામ્યા વિના, કલ્પના કે ભાવથી રસાયા વિના, ઉપરચોટિયો ગદ્યાળુ બની જાય છે. બાળગીતોમાં તો આવું

સહેલાઈથી થઈ જાય, કેમકે બાળકાવ્યની બાનીને બને તેટલી બાળકની સપાટી પર રાખવાની છે. અને આમાં ઊલટી કવિની વધુ કસોટી થાય છે; સપાટીની નિકટ રહી તેણે ચારુતા સાધવાની છે.

## નહિ છૂપે

*બધું છૂપે, છૂપે નહિ નયન ક્યારે પ્રણયનાં.*

## શોધું

*શોધું સાંજસવાર,*
*આ પારે ઓ પાર,*
*મારા સૂરોનો અસવાર જી,*
*મારા સૂર તણો સરદાર જી.*

*રંગમહલમાં દીપ જલાવ્યા મેં બાંધ્યા હીંડોળાખાટ જી,*
*સજ્જ મારા સહુ તાર સતારના, વાદકની રહી વાટ જી.*
*મારા સૂરોનો સરદાર જી.*

*કુંજનિકુંજે ફૂલ ખીલ્યાં, ખીલ્યાં જલકમલ કાસાર જી,*
*આજ વસંત કેરી વાત જાગી, મારું ઉર માગે ઉદ્‌ગાર જી.*
*મારા સૂરોનો સરદાર જી.*

*મનપવનની પાવડી પહેરું, આંખમાં આંજું જ્યોત જી,*
*નીલ ગગનની ગોદ ગોતે મારો પ્રાણનો પ્રેમ-કપોત જી.*
*મારા સૂરોનો સરદાર જી.*

આભ ઓળંગું ને ભોમ ભેદું, માંડું ગુરુ ચરણનમાં ચિત્ત જી,
કંઠ મારે એણે કંઠ ભર્યો નિજ, પ્રીતમાં પૂરી પ્રીત જી.
મારા સૂરોનો સરદાર જી.

## હંકારી જા

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.

ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા;
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા
સોનેરી સોણલું બતાડી તું જા.

સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા;
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા.

ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા;
મનના માલિક, તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા.

['વસુધા' પુસ્તકઃ ૧૯૩૯]

## હું રે બનું, બેન

...હું રે બનું, બેન! વાડીનો મોરલો,
આંબાની કોયલ તું થા રે, બેન!

*તું મારી બેન ને હું તારો ભાઈ.*
*હું રે બનું, બેન! રૂડો ડોલરિયો,*
*મીઠી ચમેલડી તું થા રે, બેન!*

*તું મારી બેન ને હું તારો ભાઈ....*
*હું રે બનું, બેન! બાનો ઘડૂલો,*
*બાની ઇંઢોણી તું થા રે, બેન!*

*તું મારી બેન ને હું તારો ભાઈ.*
*હું રે બનું, બેન! બાપુનો રેંટિયો,*
*બાપુની પીંજણ તું થા રે, બેન!*

*તું મારી બેન ને હું તારો ભાઈ.*

['રંગ રંગ વાદળિયાં' પુસ્તકઃ ૧૯૩૯]

## પગલાં

*દરિયાને તીરે એક રેતીની ઓટલી*
*ઊંચી અટૂલી અમે બાંધી જી રે;*
*પગલું તે એક એક પાડે મહેમાન એમ*
*રામજીની આણ અમે દીધી જી રે.*

*પહેલા મહેમાન તમે આવો, સૂરજદેવ,*
*પગલું સોનાનું એક પાડજો જી રે;*
*પગલાંમાં નવલખ તારાની ભાત ને*
*સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.*

*બીજા મહેમાન તમે આવો, પવનદેવ,*
*પગલું આકાશી એક પાડજો જી રે;*
*પગલાંમાં વાત લખો પરીઓના દેશની,*
*ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.*

*ત્રીજા મહેમાન તમે આવો, સમદરદેવ,*
*પગલું મોતીનું એક પાડજો જી રે;*
*પગલાંમાં મહેલ ચણી સાતે પાતાળના,*
*માણેકના દીવા પ્રગટાવજો જી રે.*

*ધીરે મહેમાન જરા ધીરેથી આવજો,*
*પગલાં તે પાડજો જાળવી જી રે;*
*જોજો વિલાય ના એ પગલાંની પાંદડી,*
*બાળુડે ઓટલી બનાવી જી રે.*

['કાવ્યમંગલા' પુસ્તકઃ ૧૯૩૩]

—

*એક સવારે*
*એક સવારે આવી*
*મુજને કોણ ગયું ઝબકાવી?*
*વસંતની ફૂલમાળા પહેરી,*
*કોકિલની લઈ બંસી,*
*પરાગની પાવડીએ આવી,*
*કોણ ગયું ઉર પેસી?*
*કિરણ તણી કોમળ અંગુલિએ*
*રમ્ય રચી રંગોળી,*
*સોનલ એના સ્નેહસુહાગે*
*કોણ રહ્યું ઝબકોળી?*

['વસુધા' પુસ્તકઃ ૧૯૩૯]

## કહેજો જી રામ રામ

*સૂરજ દાદાને મારા કહેજો જી રામ રામ,*
*રામ રામ કહેજો ને આટલું વળી કહેજો,*

કે વ્હેલો ઊઠ્યો છું પરોઢમાં.
ફૂલડાં રાણીને મારા કહેજો જી રામ રામ,
રામ રામ કહેજો ને આટલું વળી કહેજો,
કે રસ્તા વાળ્યા છે મેં એમના....
પીળાં પતંગિયાને કહેજો જી રામ રામ,
રામ રામ કહેજો ને આટલું વળી કહેજો,
કે વીણવા જવા છે રંગ સાંજના.
ચાંદા મામાને મારા કહેજો જી રામ રામ,
રામ રામ કહેજો ને આટલું વળી કહેજો,
કે હોડીને છોડવી પાતાળમાં.
નીંદર માસીને કહેજો જી રામ રામ,
રામ રામ કહેજો ને આટલું વળી કહેજો,
કે આવે વ્હેલીક જરા આજ તો.

['રંગ રંગ વાદળિયાં' પુસ્તક: ૧૯૩૯]

એક અચંબો

મેં એક અચંબો દીઠો,
દીઠો મેં ઘર ઘર કૃષ્ણ કનૈયો,
હૃદય હૃદય મેં રાધા દીઠી,
હું બન્યો મુગ્ધ નરસૈંયો....

મેં નયન નયનમાં ઉદ્ધવ દીઠા,
શયન શયન હરિ પોઢ્યા,
મેં અખિલ વ્યોમ પયસાગર દીઠો,
મેં અંગ અંગ હરિ ઓઢ્યા.

*રંગ રંગ વાદળિયાં*
*હાં રે અમે ગ્યાં'તાં*
*હો રંગના ઓવારે,*
*કે તેજના ફુવારે,*
*અનંતના આરે,*
*કે રંગ રંગ વાદળિયાં.*
*હાં રે અમે ઊડ્યાં*
*હો મોરલાના ગાણે,*
*કે વાયરાના વહાણે,*
*આશાના સુકાને,*
*કે રંગ રંગ વાદળિયાં.*
*હાં રે અમે થંભ્યાં*
*હો મહેલના મિનારે,*
*પંખીના ઉતારે,*
*કે ડુંગરાની ધારે,*
*કે રંગ રંગ વાદળિયાં.*
*હાં રે અમે પહોંચ્યાં*
*હો આભલાને આરે,*
*કે પૃથવીની પાળે,*
*પાણીના પથારે,*
*કે રંગ રંગ વાદળિયાં.*
*હાં રે અમે નાહ્યાં*
*હો રંગના ઓવારે,*
*કે તેજના ફુવારે,*
*કુંકુમના ક્યારે,*
*કે રંગ રંગ વાદળિયાં.*

*હાં રે અમે પોઢ્યાં*
*છલકંતી છોળે,*
*દરિયાને હિંડોળે,*
*ગગનને ગોળે,*
*કે રંગ રંગ વાદળિયાં.*
*હાં રે અમે જાગ્યાં*
*ગુલાલ ભરી ગાલે,*
*ચંદન ધરી ભાલે,*
*રંગાયાં ગુલાલે,*
*કે રંગ રંગ વાદળિયાં.*
*હાં રે અમે નાચ્યાં*
*તારાના તરંગે,*
*રઢિયાળા રંગે,*
*આનંદના અભંગે,*
*કે રંગ રંગ વાદળિયાં....*

['રંગ રંગ વાદળિયાં' પુસ્તકઃ ૧૯૩૯]

# હું તો પૂછું

*હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગ-રંગવાળી*
*આ ટીલડી કોણે જડી?*
*વળી પૂછું કે મીંદડીની માંજરી-શી આંખમાં*
*ચકચકતી કીકીઓ કોણે મઢી?*
*હું તો પૂછું કે આંબલાની ટોચે જ્યાં હાથ ના પહોંચે*
*ત્યાં કૂંપળો કોણે કરી?*
*વળી પૂછું કે ગાવડીના પેટે આ દૂધ કેરી ધોળી*
*મીઠી ધાર કોણે ભરી?*

*હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોસીની*
*ઝૂંપડી કોણે મઢી?*
*વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની ભમતી*
*ભમરડી આ કોણે કરી?*
*હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખંતી*
*આંખ મારી કોણે કરી?*
*વળી પૂછું કે નવલખ તારે મઢેલી આ*
*આભલાની ચૂંદડી કોણે કરી?*

['રંગ રંગ વાદળિયાં' પુસ્તકઃ ૧૯૩૯]

## પ્હેલવ્હેલી

*હાં રે પ્હેલવ્હેલી રે,*
*કોઈ કહેશો કે તારલાની ટોળી રે,*
*કોણે આકાશે રમવા મેલી રે, પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી.*

*કોઈ કહેશો કે ગેબમાંથી કાઢી રે,*
*કોણે ધરતી દીધી અહીં ઠેલી રે, પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી.*

*હાં રે પ્હેલવ્હેલી રે,*
*કોઈ કહેશો કે ધરતીને ખોળે રે,*
*કોણે નદીઓને વ્હેતી મેલી રે, પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી.*

*કોઈ કહેશો કે સાતે સાગરને રે,*
*કોણે આવીને પાળ આ બાંધેલી રે*

*પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી....*

*હાં રે પ્હેલવ્હેલી રે,*
*કોઈ કહેશો કે કોકિલને કંઠે રે,*
*કોણે સંતાઈ, સૂરરેલ રેલી રે, પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી...*

*પેલા ઘેલા ચકોર તણા ચિત્તે રે,*
*કોણે ચંદરની પ્રીતડી ભરેલી રે, પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી...*

*હાં રે પ્હેલવ્હેલી રે,*
*નાનાં બાળકાંને માત સામું જોઈ રે,*
*કોણે હસવાની વાત શીખવેલી રે, પ્હેલવ્હેલી,*
*રે પ્હેલવ્હેલી.*

*કોઈ કહેશો શહીદ તણે હૈયે રે,*
*કોણે કુરબાનીને કોતરેલી રે, પ્હેલવ્હેલી?*
*રે પ્હેલવ્હેલી.*

['રંગ રંગ વાદળિયાં' પુસ્તકઃ ૧૯૩૯]

–

*ફરતા લોકો રે ચરી જશે, બેઠા ભૂખે મરશે;*
*દરિયે દટાશે રે પાંગળા, તારા તોફાન તરશે.*

## ઓટલી

દરિયાને તીર એક રેતીની ઓટલી
ઊંચી અટૂલી અમે બાંધી જી રે;
પગલું તે એક એક પાડે મહેમાન, એમ
રામજીની આણ અમે દીધી જી રે.

—

ધરા ત્રાસી, છાઈ મલિન દુખ્ખછાયા જગ પરે,
બન્યાં ગાંધીરૂપે પ્રગટ ધરતીનાં રુદન સૌ.

## છે

આ આંજણ છે,
આંખ તારી આંજતી તો જા.
આ કામણ છે,
ભલી બાઈ, ઝીલતી તો જા.

આ પાણી છે,
અંગ તું ઝબોળતી તો જા.
આ વાણી છે,
રંગ તું લપેટતી તો જા.

આ સૂરજ છે,
તેજમાં તણાતી તું જા.
આ વાયરા છે,
વાતમાં વણાતી તું જા.

*આ ભૂમિ છે,*
*ભાર તું ઉતારતી તો જા.*
*આ ચૂમી છે,*
*ચિત્તમાં ચંપાતી તો જા.*

*આ પાંખો છે,*
*આભને ઉપાડતી તું જા,*
*આ આંખો છે,*
*આભલાં ઉતારતી તું જા.*

['કવિતા' ત્રિમાસિક: ૧૯૬૯]

# 'કલાપી'ની કવિતા

પોતાની કવિતા અંગેની 'કલાપી'ની કેફિયત જોઈએ:

"લખાય છે તો ઘણાં [કાવ્યો], પણ તે લખાયા પછી મને સંતોષ થતો નથી. ઘણી વખત લખવાની કાંઈ જરૂર નથી એમ લાગી આવે છે. મારી કવિતાને હું કવિતા કહેતો નથી. હું કવિ છું, એવું હું માની જ શક્યો નથી. મને વિચારો ગોઠવતાં આવડતું નથી; મારા જીવનમાં કલા નથી, માત્ર લાગણીઓ છે. હું શેલી કે શેક્સપિયર વાંચતો હોઉં છું ત્યારે ઘણી વખત મન થાય છે જાણે મારી કવિતાને બાળી નાખું."

'કલાપી'ની જે કૃતિઓ સંપૂર્ણ કલામય છે તે અનાયાસે, સહજ રીતે, 'કલાપી'ની યથેચ્છ લખવાની રીત છતાં, in 'pite of the poet, રચાઈ ગયેલી કૃતિઓ છે. 'કલાપી'ની અનેક ગઝલો, ઘણાં ખંડકાવ્યો, ઘણાં પ્રણયકાવ્યો સુરેખ અણીશુદ્ધ કૃતિઓ છે. બીજી એવી ઘણી કૃતિઓ છે જે થોડીક કાપકૂપથી, વધઘટથી, ક્યાંક શબ્દ સુધારી લેવાથી, ક્યાંક કલ્પનાને સંયમવાથી સહેજે સારી કૃતિઓ થઈ શકી હોત.

સહેલાઈથી દૂર થઈ શકે તેવા આ દોષો 'કલાપી'ની કૃતિઓમાં રહી જવાનાં કારણો પણ 'કલાપી'ની કેફિયતમાંથી જ મળી આવે છે.

'કલાપી'ને "વિચારોને સુંદર સંગીતમાં મૂકતાં શ્રમ લાગે છે." ઘણી ખરી શિથિલ કૃતિઓ આ શ્રમ લેવાની અશક્તિને લીધે તેવી બની છે. કલાનું સર્જન એ સાહજિક છે, પણ એ સાહજિકતા સિદ્ધ થાય તે પહેલાં પ્રયત્નની-સાધનાની લાંબી તપશ્ચર્યામાંથી કળાકારે પસાર થવાનું હોય છે. કળાકારના ટાંકણામાંથી સંપૂર્ણ ઘાટ જન્મી શકે તે પહેલાં તેણે કેટલીયે મૂતિર્ઓ ઘડીને ભાંગી નાખવાની હોય છે. 'કલાપી' એ પ્રાથમિક સાધનામાંથી બહુ પસાર થયા નથી.

'કલાપી'ની કૃતિઓમાં કળાની અપૂર્ણતા લાવનારાં તત્ત્વોમાં મુખ્ય છે લાગણીનો અસંયમ. "માત્ર લાગણીઓ"થી કવિતા બની જતી નથી. કવિતાનો આવેગ આવતાં 'કલાપી' લખવા બેસે છે, અને લખ્યે જ જાય છે. લીટીઓ ઉપર લીટીઓ લખાયે જ જાય છે. ક્યાં અટકવું, ક્યાં ટૂંકાવવું, ક્યાં નિરૂપણમાં જરા વિચાર કરવો, યથાકાલે સમાપન સાધવું, બધું તપાસી જવું અને જરૂર હોય ત્યાં સુધારી લેવું, એ 'કલાપી' માટે શક્ય લાગતું નથી. પરિણામે 'કલાપી'નાં કેટલાંક કાવ્યોમાં લાગણીઓ છે, પણ રસ નથી. લાગણીનો સપ્રમાણ વિન્યાસ સાધી તેને કળાની ઘનતા આપવી જોઈએ, તે 'કલાપી'થી થઈ શકતું નથી. આવેશની અંદર કેટલીક જોરદાર લીટીઓ લખાઈ જાય છે. પણ એ ઊંચાઈ 'કલાપી'થી ઘણી વાર જળવાતી નથી. આ રીતે 'કલાપી' સંપૂર્ણ કળાકાર નથી. કળા માટે સંયમ, લાગણીનું તાટસ્થ્ય એક પ્રથમ આવશ્યકતા છે, એ વાત 'કલાપી'ના ધ્યાન બહાર રહી ગઈ છે.

'કલાપી'નું એવું તો ભાગ્યે જ કોઈ કાવ્ય મળી આવશે જેમાં સૌંદર્યનો-કળાની ચમત્કૃતિનો-ક્યાંક પણ સ્પર્શ ન આવ્યો હોય. પણ 'કલાપી'ની જેટલી કળા છે તે આપોઆપ પ્રકટેલી, કવિપ્રતિભાના ભાનપૂર્વકના સંયમન વિના જે કાંઈ જન્મી શકી તે છે.

'કલાપી'ની બાનીમાં એક જાતની સરળતા છે. પ્રવાહિતા છે, પ્રાસાદિકતા છે. એનું માધુર્ય કોઈને સ્પર્શ્યા વગર રહ્યું નથી. બોલચાલની ભાષાની મધુરતા 'કલાપી'માં ઘણી જોવામાં આવે છે. 'કલાપી'નાં કાવ્યો તમામ ભાવોને વાચ્ય કરીને મૂકે છે. છતાં તેની મનોરમતા નાશ પામતી

નથી. ઊલટું, આ ધ્વનિની ગૂઢતાનો અભાવ એ જ ‘કલાપી’ને લોકપ્રિય બનાવવામાં મોટું કારણ છે. ‘કલાપી’નાં કાવ્યોમાં શબ્દાર્થને જેટલી સહેલાઈથી ગ્રહણ કરી શકાય છે, તેટલી જ સહેલાઈથી એના ભાવને પણ ગ્રહણ કરી શકાય છે.

‘કલાપી’નાં કાવ્યોની બીજી એક લાક્ષણિકતા તે વચ્ચે વચ્ચે આવતી સૂત્રાત્મક ચિંતનાવલી છે. આ કારણને લીધે ગુજરાતમાં વધારેમાં વધારે અવતરણક્ષમતા કોઈની કવિતા ધરાવતી હોય તો તે ‘કલાપી’ની છે. કેવળ સાહિત્યમાં જ નહીં, પણ વ્યક્તિઓના, યુવક-યુવતીઓના અંગત પત્રોમાં પણ ‘કલાપી’ની પંક્તિઓ તેમના પ્રેમનું આલંબન બનેલી છે.

‘કલાપી’ની કૃતિઓનું સર્વોચ્ચ લક્ષણ છે તેની અનુપમ સુરેખ ચિત્રણશક્તિ. નિસર્ગનાં દશ્યો આલેખવામાં, માનવ પ્રસંગો રજૂ કરવામાં, મનોભાવોને શબ્દબદ્ધ કરવામાં ‘કલાપી’ બહુ કુશળતા દાખવે છે. ચિત્રકારને આખા ચિત્રની સામગ્રી પૂરી પાડે તેવાં દશ્યો ‘કલાપી’ એકાદબે પંક્તિમાં જ આપી દે છે:

*ઉગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં,*
*ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી.*

*

*ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,*
*વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે.*

*

*ભરાયું એ જ્યારે ગિરિખડકમાં શૃંગ શશીનું.*

*

સૂતું નીલવરણું ઘાસ, ઝાકળ મોતીડાં ચોપાસ.

*

આ વર્ણનોમાં યે સ્પર્શનાં મધુર વર્ણનો ખાસ ધ્યાન ખેંચે તેવાં છે:

*બાલ એ વીરને મોંએ હસ્ત માતાતણો ફરે.*

*

*કૂંળી સંધ્યા છ વરસની એ બાપડી કન્યકાના*
*ગાલે ઓષ્ઠે શરીર ઉપરે ફેરવે હસ્ત સ્નેહે.*

*

*ઊગી તેને શિરે ચળકતી રૂપાળી શીંગડીઓ:*
*ઋષિની પીઠે એ કરતી ચળ ન્હાની કુમળીઓ.*

*

‘કલાપી’એ મુખ્યત્વે પોતાનું હૃદય જ કવિતામાં ગાયું છે. અને એ ગાન પ્રણયનું છે. એ પ્રણયના સંવેદનનું ગાન, ઘણે ઠેકાણે પૂરતું કળામય નથી છતાં, ગુજરાતમાં અપૂર્વ છે.

ગુજરાતી સાહિત્યમાં ‘કલાપી’નાં જે કાવ્યો વધારે વખત વંચાશે, અને જેને આપણે બાળકો ને કિશોરો આગળ વિશ્વાસપૂર્વક મૂકી શકીશું, તેમાં ખંડકાવ્યોનું પ્રમાણ મોટું રહેવાનું. આ ખંડકાવ્યોમાં ‘હમીરજી ગોહેલ’નું કાવ્ય સૌથી મહત્ત્વનું છે. એના માત્ર ચાર સર્ગ જ લખાયા છે. ‘કલાપી’ને આ કાવ્ય પૂરું કરવાનો બહુ જ ઉમંગ હતો; પણ તે ન બની શક્યું. ત્રીજો સર્ગ નબળો છે. ચોથા સર્ગમાં વચ્ચે અંદર દાખલ કરેલી બીજી બિના પણ પ્રમાણ બહારની છે. એ બધું છતાં આ કાવ્યમાં મહાકાવ્યની સમૃદ્ધિ છે, વિશાળતા પણ છે. જો ‘કલાપી’ને હાથે એ પૂરું થયું હોત, તો તે ગુજરાતનું એકમેવ મહાકાવ્ય બની શકત. પણ એ જેટલું છે એટલી સારી કૃતિ પણ હજી આપણા મહાકવિઓ આપી શક્યા નથી.

[‘અવલોકના’ પુસ્તક]

# સુમંત દેસાઈ

## તમે જ એને મળ્યા હોત તો?

નાનકડી એક વાર્તા છે.

એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ ક્યાંય નજરે ચડતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેથી રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેણે નક્કી કર્યું.

પણ ઘેરથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ તેણે કર્યો કે, રસ્તામાં જે માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મૂકીને ઘેર પાછા ફરી જવું.

......હવે એ વાતને ત્યાં રાખીએ. એ માણસનું પછી શું થયું, તે જવા દઈએ. પણ એક સવાલ થાય છે: એ માણસ ઘેરથી નીકળ્યો પછી, રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો?—બોલો, એનું શું થાત? ત્યાંથી ઘેર પાછા ફરવાનું કારણ તમે તેને આપી શક્યા હોત? જરા વિચારી જોજો!

['લોકજીવન' પખવાડિક]

# સુમંત દેસાઈ

## ‘ડો. ખોડીદાસ’

શુભાંગ જ્યારે લંડનમાં ડોક્ટરીનું ભણતો હતો ત્યારે યુરોપમાં તબીબી ક્ષેત્રે ‘કૃપામોત’ અંગે ખૂબ ઉગ્ર ચર્ચાઓ ચાલતી. જન્મથી વિકલાંગો અને અસાધ્ય રોગીઓના છુટકારા માટે દવા દ્વારા મૃત્યુની જોગવાઈ હોવી જોઈએ એવું ઘણા ડોક્ટરો માનતા. શુભાંગ પણ આ મતનો એક જબરો પુરસ્કર્તા હતો. આ મતવાળાઓ દલીલ કરતા કે જગત જ્યારે સકલાંગ સાંગોપાંગ માણસોથી કિડિયારાની જેમ ઊભરાતું હોય, ત્યારે જેમને સ્વમાનપૂર્વક જીવવાની કોઈ આશા કે જોગવાઈ જ નથી એવા વિકલાંગોને જીવિત રાખવા એ એક જાતની ક્રૂરતા છે. આ અંગેની અટપટી દલીલો સાથે શુભાંગ અને એના મતીલાઓ વિરુદ્ધના મતવાળાઓ સામે ક્યારેક કલાકો સુધી બાખડતા.

વિરુદ્ધના મતીલાઓ કહેતા: “આ રોગિયાં, દુ:ખિયાં અને વિકલાંગો માટે ઝૂઝવું એ જ તો આપણા વ્યવસાય અને જીવનનું સાર્થક્ય છે. આ રોગી, અપંગ અને અંધને ગૌરવ અપાવવા ડોક્ટરો જ જો નહીં ઝૂઝશે તો પછી એમનો હાથ કોણ ઝાલશે? આપણે નવું જીવન સર્જી નથી શકતા, તો પછી સર્જનહારે મોકલેલ જીવનને હણવાનો અધિકાર આપણને કોણ આપે છે?”

શુભાંગનું કુટુંબ ગાંધીવાદી વિચારધારાથી રંગાયેલું. એ ડોક્ટર થવા વિલાયત ગયો ત્યારે જ પિતાએ એની પાસેથી વચન લીધેલું કે એ પરત આવે ત્યારે પ્રથમ પાંચ વર્ષ પોતાના વતન રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સેવા આપવી, પછી જ ખાનગી પ્રેક્ટિસ અંગે વિચારવું. શુભાંગ ડોક્ટર થઈ પરત આવ્યો ત્યારે એના પિતા કોર્પોરેશનની હેલ્થ કમિટીના ચેરમેન, એટલે શુભાંગને સિવિલ હોસ્પિટલમાં જોતરવા એમનો ઉત્સાહ બમણો હોય એ સ્વાભાવિક હતું. શુભાંગને વિલાયતી

અભ્યાસને કારણે અમદાવાદ અને મુંબઈથી તેડાં આવ્યાં, પણ એણે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જ સેવાઓ શરૂ કરી. એક જ વર્ષમાં મેટરનિટી સેવાઓના મામલામાં ડો. શુભાંગ શાહના નામનો ડંકો સમગ્ર સૌરાષ્ટ્રમાં વાગવા માંડ્યો.

એક મોડી રાતે રાજકોટની દૂરની સિંધી કોલોનીમાં જઈને ડિલિવરીનો એક અટપટો કેસ તાબડતોડ સંભાળવાનું શુભાંગને તેડું આવ્યું. નર્સ સિવાયની અન્ય કોઈ મદદ ત્યાં નથી, એ જાણીને પૂરતાં સાધનો સાથે શુભાંગ ઝડપથી ત્યાં પહોંચ્યો. ગરીબ સિંધી વસ્તીની બાઈને આ દસમી ડિલિવરી હતી. શુભાંગે મહામહેનતે પ્રસૂતિ કરાવી ત્યારે બાળક ઝાંખું અને નિશ્ચેત હતું. બાળકનો એક પગ ખાસો ટૂંકો હતો. ટેવ પ્રમાણે શુભાંગે બાળકના મોં પર મોં દબાવી વારંવાર શ્વાસ ફૂંક્યો. બાળકમાં ચેતનાનો સંચાર થતો સહેજે લાગ્યો નહીં. શુભાંગને પરસેવો વળી ગયો. એક ક્ષણમાં એના મનમાં વિચારોનું એક ટોળું ઊમટી પડ્યું: ‘શાને માટે એક વિકલાંગને જિવાડવા માટે હું આટલો તરફડું છું? આ માતાનું આ દસમું બાળક છે અને એ પણ પાછું વિકલાંગ. એને સુખી કરવા માટે કઈ તકો એના જીવી જવાની રાહ જોઈને બેઠી છે? આ બાળક ખોડંગાતું ચાલશે ત્યારે અન્ય બાળકો એને ખોડો... લંગડો... વકટ-લેન જેવા ઉપનામથી નહીં સંબોધે? આ ખોડ એનું આખું જીવતર ઝેર કરી મેલવા સમર્થ નથી? આખી સિંધી કોલોનીમાં સકલાંગ સાંગોપાંગ બાળકો હાલતાં ને ચાલતાં ઠેબે ચઢે છે, ત્યાં આવું એક પંગુ બાળ ન ઉમેરાય તો એમાં શું ખાટું-મોળું થઈ જવાનું છે? એને મરવા દઉં તો દુનિયાને એની કઈ મોટી ખોટ પડવાની છે?...’

પરંતુ બીજી જ ક્ષણે શુભાંગમાં રહેલો ડોકટર એકદમ ઊછળી પડ્યો. બધા જ સવાલોને બાજુએ હડસેલી એણે બાળકનાં ફેફસાંને સક્રિય કરવા એના મોંમાં શ્વાસ ફૂંકવાનું ચાલુ રાખ્યું. છેવટે એને જેનો ઇંતજાર હતો એવો એક ધીમો શ્વાસ બાળકે જાતે લીધો. પછી બીજો શ્વાસ, ત્રીજો અને ચોથા શ્વાસ સાથે બાળકના મોં પર લાલી ફેલાવા

માંડી, અને તરત જ ઝીણો રડવાનો અવાજ શરૂ થયો.

શુભાંગે નર્સને બાકીના કામની સૂચના કરી બૅગ પેક કરી રજા લીધી. રસ્તે એ સતત પગ પછાડતો રહ્યો; ‘ખબર નહીં, શાને માટે આ બાળકને જિવાડવાનું શૂરાતન મેં બતાવ્યું? નવ બાળકો ઘરમાં ઓછાં હતાં કે આ દસમું બાળક પણ મેં ભેટ આપ્યું?—અને તે પણ પાછું વિકલાંગ...! એને મરવા દીધું હોત તો બાળક, કુટુંબ અને સમાજ વધારે સુખી ન થાત...?’

*

વર્ષો વીત્યાં. શુભાંગને હવે ખૂબ યશ અને ગૌરવ પ્રાપ્ત થયાં હતાં. એણે પોતાનું કાર્યક્ષેત્ર રાજકોટથી અમદાવાદ ખસેડ્યું હતું. કૃપામોત અંગેના યુવાનીના વિચારો હવે શમી ગયા હતા. સાજાં-માંદાં, રોગિયાં-દુ:ખિયાં, સકલાંગ-વિકલાંગની ચિંતા કર્યા વગર, શુભાંગ હવે બાળકોને જન્મ સમયે મોતના મોંમાંથી બચાવનાર ચેમ્પિયન ડોક્ટર હતો. બાળક ગમે એવું ખોડ-ખાંપણવાળું હોય તોપણ એને જિવાડવા માટે એ ઝૂઝતો.

પોતાના વ્યક્તિગત જીવનમાં મીઠાની સાથે માઠા દિવસો પણ નિયતિએ શુભાંગને દેખાડ્યા. એનો એક માત્ર દીકરો અને વહુ ચાર વર્ષની બાળકીને મૂકી અકસ્માતમાં અવસાન પામ્યાં. ડોક્ટરે પૌત્રી સલૌનીને ઉછેરવા પોતાની પાસે રાખી. દાદાજી દીકરીને વહાલથી ઉછેરતા અને મા-બાપની બને એટલી ખોટ પૂરવા પ્રયત્ન કરતા. સલૌની આઠ વર્ષની થઈ અને એક સવારે ડોક જકડાવાની અને હાથોમાં વિચિત્ર પ્રકારના દુખાવાની ફરિયાદ સાથે ઊઠી.

પહેલાં તો પોલિયોની શંકા હતી. પરંતુ પાછળથી ખબર પડી કે કોઈ નવીન જાતના વાયરસનો આ હુમલો હતો. લાખો બાળકોમાંથી એકાદને થાય એવા આ રોગ અંગે દાક્તરી વિજ્ઞાન પણ હજી અંધકારમાં હતું. ડો. શુભાંગ શાહને પણ પોતાની ૩૫ વર્ષની કારકિર્દીમાં આ જાતનો કેસ પ્રથમ જ વારમાં જોવામાં આવ્યો હતો. એણે શહેરના ન્યુરોલોજિસ્ટોને તેડી મંગાવ્યા, જેમણે માથાં હલાવ્યાં. એમણે કહ્યું કે

આ રોગનો કોઈ ઇલાજ હજી શોધાયો નથી અને તે વધીને પછી પોલિયોનું જ રૂપ ધારણ કરે છે.

ડો. ચેલાણી નામના એક ન્યુરોલોજિસ્ટે કહ્યું, "સુરતમાં એસ. જે. છટવાણી નામના એક યુવાન ડોક્ટર છે જેમણે આવા અમુક કેસમાં સફળ ઇલાજ કર્યા છે."

શુભાંગે પૌત્રીને લઈને સુરત જવાનું ગોઠવ્યું. બાળકોને વિકલાંગ બનાવતા ઘણા રોગોની ફિઝિયોથેરપિ પર આધારિત સારવાર માટેની ડો. છટવાણીની હોસ્પિટલ હતી.

શુભાંગે હોસ્પિટલમાં દાખલ થતાં જે દૃશ્ય જોયું એની સાથે જ એમને કોઈ જુદી દુનિયામાં પ્રવેશ્યાનો અનુભવ થયો. હોસ્પિટલમાં બધાં જ બાળકો વિકલાંગ હતાં, પરંતુ કોઈના મોં પર શાપિત હોવાનો જરાસરખો પણ ભાવ ન હતો. એક આઠેક વર્ષની બાળકી એની માતા સાથે કજિયો કરતી હતીઃ "મમ્મી, કસરત પછી તું મને કેમ આટલી જલદી ઘરે લઈ જાય છે? મારે આ લોકો સાથે વધારે રમવાનું હોય છે, ઘરે તો મને કેટલો કંટાળો આવે છે...? કોઈક છોકરાં આખો દિવસ અહીં રહે છે એમ મને પણ રહેવા દે ને...!" કેટલાંક બાળકો ખાટલા પર બેઠાં બેઠાં હવા ભરેલાં રમકડાં એકબીજા પર ફેંકતાં હતાં. કોઈક નર્સ સાથે રમતાં હતાં. અમુક તો હોસ્પિટલના સ્ટ્રેચર અને ટ્રોલી પર વારાફરતી એકબીજાને રાઇડ આપતા હતા. વિકલાંગોની આવી હડિયાપાટી ડો. શાહે કદી જોઈ ન હતી. એક પંગુ બાળકને એક નર્સ વહાલથી સમજાવતી હતી કે એના પગ હજી જોઈએ એવા મજબૂત નથી થયા એટલે એણે માત્ર ટ્રોલી પર બેસી રાઈડ લેવી, પરંતુ બીજાને રાઈડ આપવા માટે ટ્રોલી ધકેલવાની જીદ નહીં કરવી. ડો. શાહે જોયું કે કોઈ બાળકના મનમાં કોઈ અધૂરપનો અહેસાસ સરખો પણ ન હતો.

એમણે એ પણ જોયું કે ડો. છટવાણીને પણ એક પગે ખોડ છે, અને એમણે એક પગ ઝાટકીને ચાલવું પડે છે. ડો. શાહ યુવાન ડોક્ટરના પગ તરફ જોતા હતા ત્યારે ડો. છટવાણીએ કહ્યું, "ડો. શાહ, મારા આ ખોડવાળા પગને કારણે અહીં આવતાં બાળકોને હું એમના

પોતાનામાંથી જ એક હોઉં એવું લાગે છે. આ પગને કારણે અમારી વચ્ચે આત્મીયતાનો સેતુ તરત જ બંધાઈ જાય છે. મને ‘ડોક્ટર ખોડીદાસ’ કહીને સંબોધવામાં આ બાળકોને બહુ મજા પડે છે. મારું ખરું નામ શુભાંગ મને બહુ આડંબરી લાગે છે. શુભાંગ નામ ૩૨ વર્ષ પહેલાં રાજકોટની સિંધી કોલોનીમાં મારો જન્મ કરાવનાર અને મને યમરાજના હાથમાંથી પાછો ખેંચી લાવનાર એક પરોપકારી ડોક્ટરના નામ પરથી એમનો અહેસાન માનવા મારી માએ પાડ્યું હતું. પણ એ બધી તો થઈ આડવાતો. તમારી પૌત્રીની વિગતો પરથી મને ખાતરી છે કે એને હું જરૂર સાજી કરી શકીશ. અત્યારે મારા હાથમાં એવા બે કેસ સંપૂર્ણ સાજા થવાના આરે છે.”

ડો. શાહને ૩૨ વર્ષ પહેલાંની એ મોડી રાતનો અટપટો ડિલિવરીનો કેસ યાદ આવ્યો. પેલો પ્રશ્ન પણ એમના ચિત્તમાં ચમક્યો: ‘આ બાળકને મરવા દઈએ તો એમાં દુનિયાનું શું ખાટું-મોળું થઈ જવાનું છે…?’ એ દિવસોમાં પોતાના મગજ પર કૃપામોતનું કેવું ભૂત સવાર હતું એ પણ એમને યાદ આવ્યું. સલૌનીને જે ફરી ચાલતી કરવાના હતા એ ડો. છટવાણી તરફ એમણે હાથ લંબાવ્યો અને મનમાં બોલ્યા: ‘અંધ હોવા કરતાં તો લંગડા હોવું સારું છે.’

[કોન્સ્ટન્સ ફોસ્ટરના લેખ પરથી રૂપાંતરિત: ‘સંવેદન’ વાર્ષિક: ૨૦૦૨-૦૩]

# સુમતિ ર. દલાલ

## "સમ્હાંલ લેના આપકા કામ હૈ!"

આપણાં દેવમંદિરોનાં ચોઘડિયાં અને બહુ આગળ વધીને લગ્ન વખતે મંગળ વાદ્યો પૂરતી જ મર્યાદિત રહી ગયેલી શરણાઈને ઉચ્ચ સંગીતવાદ્યોની કક્ષાએ મૂકવાનો અને સૌથી વધુ લોકપ્રિય બનાવવાનો યશ સમગ્રપણે બિસ્મિલ્લાખાનની પાર્ટીને ફાળે જાય છે. શરણાઈ પણ વાતાવરણને જીવંત કરી શકે છે તેનો ખ્યાલ એમણે આપણને આપ્યો છે.

ગયા ઉનાળાની એ વાત છે. અમદાવાદની ગરમીમાં સાધારણતઃ રાતો ઠંડી અને મજાની હોય છે. પણ એ દિવસે તો રાતે પણ ઉકળાટ હતો, અને અમે ઘેરથી નીકળ્યા ત્યારે એમ થતું હતું કે ગરમીને લીધે બહુ મજા નહિ આવે. પણ હૉલ ચિક્કાર હતો. સાડાઆઠના સુમારે શરૂઆત થઈ. બેઠક ઉપર બિસ્મિલ્લાખાન, તેમના બંધુ, તબલચી અને એક બીજા સાથી હતા. ખાંસાહેબે શરણાઈ ઉપરનું રેશમી કવર છોડ્યું. પાછળના સાથીએ શરણાઈ ઉપર 'સા' કાઢ્યો. એક રેશમી જેવા કાપડથી વીંટળાયેલ પત્તાઓનું લૂમખું કાઢીને એમણે તેમાંથી એક પસંદ કરીને શરણાઈ ઉપર બેસાડી. તાડપત્તીની બનેલી એ નાજુક પત્તી એમણે હોઠથી સહેજ ભીની કરીને હોઠ વચ્ચે બરાબર ગોઠવી. બેય ભાઈઓએ પોતપોતાની શરણાઈઓના સૂર કાઢ્યા અને, ગારુડી પોતાનું વાદ્ય જેમ વર્તુળાકારમાં ફેરવીને નાગને ડોલાવે છે તેવી જ રીતે, આખી શરણાઈની નળી ગોળ ફેરવીને બે જણે 'સા' મેળવ્યો, અને ત્રણે શરણાઈઓમાં એક સાથે 'સા' મળતાં જ ત્રણે સ્વરો સમગ્રપણે કાન ઉપર કબજો લગાવીને બેસી ગયા! પાણીનો નળ ખોલતી વખતે પહેલાં બારીક ધારા વહેતી હોય અને પછી એ જ ધારા મોટી થઈને વહેવા લાગે, તેવી જ રીતે સ્વર મોટો થયો અને પછી સ્વરો ઘૂમરી લેતા ગયા, અને શરણાઈઓ પણ ગારુડીના વાદ્યની જેમ આસ્તે આસ્તે

હવામાં વર્તુળો લેતી ગઈ. પુરિયા રાગની મૂર્તિ જાણે સાદશ થઈને નજર સામે ઊભી રહી ગઈ!

ગંભીરપણે વહેતા જતા સ્વરો ધીરે ધીરે ઘૂમરીઓ લેતા હતા અને, કોઈ મોટું માણસ નાના બાળકને રમાડતું હોય અને ઘડીકમાં એને ચુંબનથી નવરાવી નાખે ને ઘડીકમાં અદ્ધર ઉછાળે તેવી રીતે, ઘડીકમાં રમતિયાળ સ્વરોની જાણે કે હારની હાર વાતાવરણને ભરી દે, અને ઘડીકમાં એ જ સ્વરો શાંત થઈને મધ્યમમાંથી ઉચ્ચ સપ્તકમાં ચાલ્યા જાય, અને હજુ તો તમે એ સ્વરની લહરીઓમાં ડોલતા હો ત્યાં તો એકદમ ધીરા અવાજે—જાણે કે કોઈ સમાજવાદી કાર્યકર્તા ભૂગર્ભમાં ચાલ્યો જતો હોય તેવી રીતે—નીચા ઊતરી જાય અને શ્રોતાઓનાં મોંમાંથી ‘વાહ વાહ’ પોકારાઈ જાય. એક ‘વાહ વાહ’ હજુ તો પૂરી પણ ન થઈ હોય, ત્યાં તો વળી બીજો જ સ્વરપુંજ એની જગ્યા લઈ લે અને શ્રોતાઓ ‘વાહ વાહ’ ભૂલી જઈને નાગની જેમ ડોલવા લાગી જાય!

અને જાણે કે વાયોલિન વાગી! સ્વરોના પલટા આવી રીતે શરણાઈ જેવા વાદ્યમાં લઈ શકાય છે, એ પહેલી જ વાર જોયું. વાયોલિન જેવી રીતે સ્વરોના સમૂહને ઘડીકમાં ઉપર અને ઘડીકમાં નીચે લઈ જઈને હીંચકા ખવરાવી શકે છે, તેવી જ રીતે બિસ્મિલ્લાખાન શરણાઈ ઉપર પણ સ્વરોને રમાડી શકે છે. એ જ શરણાઈ તમને ઘડીકમાં હારમોનિયમનો અને ઘડીકમાં સિતારનો ખ્યાલ પણ આપી શકે છે! આંખ બંધ કરીને સાંભળો, અને ભૂલી જશો કે તમે શું સાંભળી રહ્યા છો!

અર્ધો કલાક વીત્યો એ તો પાછળના મોટા ઘડિયાળને લીધે જ ખબર પડી. થોડી વાર થઈ ત્યાં લાગ્યું કે આ રાગ હવે પૂરો થયો. લોકોએ તાળીઓ પાડી. અને ત્યાં તો સ્વરો ઊંચા ચડયા ને વળી એક નવી જ તર્જ વાતાવરણમાં વહેવા લાગી ગઈ, અને શ્રોતાઓને કોઈ પ્રિયતમા પંપાળતી પંપાળતી અચાનક તમાચો મારી દે—મજાકમાં અને પ્યારથી—તેવી લાગણી થઈ! બંધ પડતાં પડતી તાળીઓનું સ્વરૂપ બદલાઈને આનંદથી વધાવી લેતી તાળીઓ પડી! અને વળી એવી જ

રીતે બીજો અર્ધો કલાક ક્યાં જતો રહ્યો તેની ખબરેય ના પડી.

સાથે તબલચી પણ રંગ જમાવતા જતા હતા. તબલાંને સ્થાને નાની નાની ઢોલકી જેવા ઘાટની નરઘીઓ હતી, અને ઝીણું ઝીણું, છતાં ઝણઝણાટીભર્યું, ખાંસાહેબ અબ્દુલ કરીમખાંની ઠુમરી જેવું, એ બોલતી હતી. અને સાથે બિસ્મિલ્લાખાનના બંધુના સાથનું તો પૂછશો જ નહિ! કેટલીક વખત તો બેમાંથી કોણ વધુ સારું વગાડે છે તે યે નક્કી કરવું મુશ્કેલ પડે! બાલગંધર્વની સાથે કાદરબક્ષની સારંગી જો તમે સાંભળી હોય, તો તમને એની સહેજ કલ્પના આવશે. અને અહીં તો બે ય શરણાઈઓ જ હતી. બિસ્મિલ્લાખાનની શરણાઈ સહેજ ઊંચા સ્વરવાળી અને એમના બંધુની શરણાઈ ખરજ ઉપર મેળવેલી હતી. ક્યારેક તો જાણે બે ભાઈઓ સંતાકૂકડી રમતા હોય એવી રીતે સહગતિએ ચાલ્યા જાય! અને ત્યારે શ્રોતાગણ મસ્ત થઈને બેઉની એ રમત જોવામાં સાંભળવાનુંયે ભૂલી જાય. બિસ્મિલ્લાખાન જરા ઊંચા સ્વરે એક સ્વરોનું લૂમખું જાણે કે હવામાં તરતું મૂકી દે, અને એમના ભાઈ એ જ લૂમખાને હવામાં રમાડે! એવી આબાદ નકલ ઉતારે કે ક્યારેક તો અસલ કયું અને નકલ કયું એ સમજવુંયે મુશ્કેલ થઈ જાય! અને એવી રીતે વાતાવરણ ચગે ત્યારે શ્રોતાઓના બે હાથ તાળીઓ માટે ઓછા પડતા હોય એવું આપણને લાગે!

બિસ્મિલ્લાની વાદનકળામાં બીજું પણ એક મહત્ત્વનું અંગ છે. સ્વરો સાથે એ એટલી બધી રમત કરે છે, છતાં યે એમની આંગળીઓની ખાસ કશી જ હિલચાલ જોનારને દેખાતી નથી. આંગળીનાં ટેરવાં જરા યે હલાવ્યા વગર આટલા બધા સ્વરો એ શી રીતે કાઢી શકતા હશે એની જ મને તો નવાઈ લાગ્યા કરે છે. જાણે કે મોંમાં શરણાઈ પકડી રાખવાની છે, અને એટલા પૂરતો જ હાથનો ઉપયોગ એમણે ન કર્યો હોય એવું લાગ્યા કરે! ભીંગરી તાન હોય, ફરતી તાન હોય, બોલ તાન હોય કે પછી ગમકાની તાન હોય, પણ એમની આંગળીનાં ટેરવાં વચ્ચે કશી જ ખાસ હિલચાલ નહિ

દેખાવાની. છેક ઊંચા સપ્તક પર સ્વર જાય ત્યારે સહેજ માથું

ઊંચું કરવાની એમને ટેવ છે. એ સિવાય નીચું જોઈને એ વગાડયા કરે છે. શ્રોતાઓ પર એમના વાદનની જે છાપ પડે છે, એમાં એમના સાથીદારોનો હિસ્સો બહુ મોટો છે. જે જે સ્વરો ઉપર ન્યાસ ચાલુ હોય તે તે સ્વરોને આસ્તેથી ઉપાડી લેવાનું કામ તેઓ બરાબર બજાવે છે. એમાં જો જરીકે કસૂર દેખાય તો આસ્તેથી એ એમના સાથીદાર તરફ જુએ છે.

બિસ્મિલ્લાખાન જાણે કોઈ મહારાજા હોય એવો છટાદાર એમનો દેખાવ છે. ભરાવદાર શરીર, ચુસ્ત પાયજામો, એના ઉપર ચળકતી શેરવાની અને ઉપર ફૂમકાદાર સાફો! ગળામાં મોતીની સેર પણ ખરી. આંખોમાં સુરમો અને ઊંચાં બનારસી અત્તરની સુવાસ પણ ખરી! એ ઉપરાંત સાધારણ સ્મિત અને ધીર ગંભીર ચાલ.

પુરિયા પછી કજરી ઠુમરી લીધી. શરણાઈ પર ઠુમરી ગંભીર રાગો જેવી નહિ દીપે એવો સહેજ ખ્યાલ મને હતો. કારણ, શરણાઈ એ દેવમંદિરોનું વાદ્ય છે, અને ત્યાંની શાંત ગંભીરતા જેમાં સૌથી વધુ ખીલી શકે એવી જ એની રચના છે. પણ ઠુમરીયે એમણે શરણાઈ પર ચમકાવી—અને સફળતાપૂર્વક! પુરિયાના ગંભીર સ્વરોની લિજ્જત પછી ઠુમરી જાણે દરબારમાં પ્રાર્થના પછી નૃત્ય શરૂ થાય એવી જામી. થોડી વાર શ્રોતાઓને રસમાં તરબોળ કરીને એમણે વિશ્રાંતિ માગી.

વિશ્રાંતિ પછી શરૂ થયો મારુ બિહાગ: ‘રસિયા આવોના!’ ગ-રે-સા મ-ગ—રે-સા અને પ-મ-ગ-રે-સા, એ ત્રણ સ્વરસમુદાય ઉપર જ એમણે ક્યાંય સુધી રમત કર્યા કરી. ખાસ્સો અર્ધો કલાક વીત્યો ત્યારે પણ એમણે મધ્યમ સપ્તકના ‘પ’થી ઊંચો સ્વર નહોતો કાઢયો. બે-ચાર સ્વરો ઉપર જ આટલો વખત મસ્તી કરીને એમણે શ્રોતાઓ ઉપરની પકડ જરાયે ઢીલી નહોતી પડવા દીધી. રહી રહીને પંચમ્ ઉપર આવીને સમ આપે. સમુદ્રમાં કોઈ મરજીવો શ્વાસ રૂંધીને તળિયે ડૂબકી મારીને સહેજ વારમાં મૂઠી ભરીને મોતી લઈને ઉપર આવી જાય, તેવી જ રીતે એમણે ઘડીક નીચે ઊતરીને પાછા ઉપર આવી જવાની રમત આદરી હતી. અને દરેક વખતે ઊંચા પ્રકારનાં મોતી તો

સાથે હોય જ. પ્રત્યેક વખતે નવા જ પ્રકારનાં ઊંચાં ઊંચાં મોતી! એક જુઓ અને બીજું ભૂલો! સ્વરો ઘૂમરીઓ લઈ લઈને આવતા—જતા હોય, અને વચ્ચે ‘રસિયા આવો ના!’ મૂકીને એ શ્રોતાઓને પાછા એમની જગ્યાએ મૂકી દે. ખાસ્સો દોઢ કલાક એમણે મારુ બિહાગ ઉપર કાઢ્યો અને શ્રોતાઓને લાગ્યું કે એમનો ફેરો સફળ હતો. તાળીઓ કેમે કરી અટકે નહિ.

કોઈએ કહ્યું: “ખાંસાહેબ, આપે તો કમાલ કરી દીધી!”

શાંતિથી સ્મિત કરીને એમણે કહ્યું: “યહ પત્તી કભી ઠીક નહીં બજતી, ચીપક જાતી હૈ. જી ચાહતા હૈ કુછ, ઓર નિકલતા હૈ કુછ. સમ્હાંલ લેના આપકા કામ હૈ!” બિસ્મિલ્લાખાનનું વાદન-કૌશલ્ય અપ્રતિમ છે. પણ ‘અપ્રતિમ’ શબ્દ એ પૂરતો નથી. ગમે તેટલા પ્રયત્ન પછી એ કૌશલ્ય હાથ ન આવી શકે એવું છે. એને માત્ર કુદરતી બક્ષિસ સિવાય બીજું કશું જ કહી શકાય એમ નથી. પણ આની પાછળ બિસ્મિલ્લાખાનની સાધનાયે ઓછી નથી. એમણે જ કહ્યું હતું: “મને પહેલો બહાર વગાડવા મોકલ્યો તે પહેલાં મારા મામાએ મને અઢાર વર્ષ સુધી રિયાઝ કરાવ્યા કરી હતી!” આપણામાં તપને માટે બાર વર્ષ ગણવામાં આવે છે. અરે, આ તો થયું દોઢ તપ. આજના કલાકારો અઢાર વર્ષ પછી તો બુઢ્ઢા બની જાય છે!

ઇસ્લામધર્મી હોવા છતાં, આજે પણ બનારસમાં હોય ત્યારે કાશીવિશ્વનાથના મંદિરમાં એ અચૂક વગાડે છે. અને એને વિશે કોઈ કાંઈ કહે તો એ માત્ર એટલું જ કહે છે: “સબ બાબાજી કી કૃપા હૈ!”

# સુમન મજમુદાર

## મેઘ

*ધોમધડાકા, વ્યોમ-કડાકા, વાદળીઓની દોટમદોટ;*
*પવન ફૂંકાયા ધરતી ઉપર, ધૂળ તણા ત્યાં ગોટમગોટ;*
*ચમકે વીજળી અપરંપાર, મેઘ વરસતો અનરાધાર.*

*ગિરિવર કેરાં શિખરો ઝળક્યાં, ખળક્યાં ઝરણાં અપરંપાર;*
*નદીઓ માંહે નીર ઉમટિયાં, નવાણ છલક્યાં ભારોભાર;*
*ખેડુ હલકે કરે પુકાર, મેઘ વરસતો અનરાધાર.*

*મયૂરો ટહુક્યા, કોયલ કૂકી, મીઠો કંઠ તણો રણકાર;*
*ચકલાં ચાલ્યાં માળામાં ને ચાતક હળવો મનનો ભાર;*
*રણકે ડોબાં સાંજ-સવાર, મેઘ વરસતો અનરાધાર.*

# સુરેન ઠાકર 'મેહુલ'

## શીતળતા

*શીતળતા પામવાને માનવી, તું દોટ કાં મૂકે?*
*જે માની ગોદમાં છે તે હિમાલયમાં નથી હોતી.*

## માંચલીપા ઊઘડેલાં કમાડ

ઠેઠ તેરમી સદીની વાત. કવિ બીજલ કવિતા કરીને રાજા રા ડિયાસનું માથું લઈ આવેલો! પણ કવિ તો એ માથું આપનારના ગુણ ગાવા એનું મસ્તક ખોળામાં લઈ ચિતા પર ચઢી બળી મૂઓ. કવિ દુલા ભાયા કાગ આ બીજલ કાગના વંશજ. કવિ બીજલના ત્રણ દીકરા, કાગ સુર એમાં નાનો. કાગ સુરની ૩૬મી પેઢીએ ઝાલા કાગ થયા. એના દીકરા ભાયા કાગ. ભાયા કાગનાં પત્ની આઈ ધાનબાઈ. ભાયા કાગનો રોટલો ને ઓટલો એટલા પહોળા કે આઈ ધાનબાઈ રોજ પોણો મણ દળણું દળે! આ અન્નપૂર્ણાને પેટે વિ. સં. ૧૯૫૮ના કારતક વદ ૧૧ને શનિવારે કવિ દુલો કાગ જન્મ્યા. ભાયા કાગનો સાત ખોટનો દીકરો દુલો. અધરમીઓને માથે ભાયો કાગ કાળ બનીને ત્રાટકે. પણ દીકરો દુલો જુદી જ દુનિયામાં વસે. કિશોરવયનો દુલો—એના હૈયામાં બે કોડ છે. એક ગાયો ચારવાના અને બીજા ગાયના દૂધ જેવી અમૃતમયી કવિતા કરવાના. ગુજરાતી પાંચ ચોપડીનું ભણતર ભણી, નિશાળને રામરામ કરી એણે ધેનુ ચારવાનું વ્રત લીધું. તપસ્વી જેવા નિયમો લીધા. ઉઘાડા પગે ચાલવાનું, ઉઘાડા માથે ફરવાનું, ગાય બેસે ત્યાં બેસવાનું, ગાય ઊભી રહે ત્યાં ઊભા રહેવાનું. ગાયોને કૂવાને કાંઠે લઈ જઈ હાથે પાણી સીંચીને પાવાનું! ગાય ચાલતી ચાલતી ગોચરી કરે, એમ ઘેરથી બાંધી આપેલો રોટલો પણ વગર દાળ-શાકે ચાલતાં

ચાલતાં બટકાવી જવાનો. કિશોરવયે દુલો આવું જતિ જેવું જીવન જીવે.

ગાયો ચરીને ઝાડને છાંયડે વાગોળતી બેઠી હોય, પવન વીણા વાતો હોય, પંખી ગીત ગાતાં હોય, એવે વખતે દુલો કાગ નવાણે જઈને નહાય, ડિલ પર કપડાં બે. એક ધોઈને સૂકવે, એક પહેરીને પૂજા કરવા બેસે. નાનકડી પોટલીમાં બાંધેલી ગજાનનની મૂર્તિ કાઢે અને પૂજા કરે. પછી આ કિશોર 'રામાયણ' વાંચે છે. સ્વર તો સિતારના તાર જેવો છે પણ એ દબાતે રાગે ગાય છે. મનમાં એક છાની બીક છે. બાપુને એના આ ભગતવેડા નથી ગમતા. ભાયા કાગ શક્તિનો પૂજારી. ઘેર પાંખાળા ઘોડા છે. બાપ મારતે ઘોડે સો ગાઉની સીમ માથે બાજની ઝપટે આંટો દઈ આવે ને દીકરો સો દોહાચોપાઈ એક દહાડામાં યાદ કરે. એકાંતે માળા ફેરવતા દીકરાને જોઈ બાપ કહે, "દીકરા, હવે આ સીંદરાં ખેંચવાં મૂકી દે! બાંધ કેડે તલવાર ને હાલ્ય મારી સાથે!" દીકરો કંઈ ન બોલે. એ તો એના નીમમાં અચૂક!

કિશોર દુલા કાગને ધેનુ ચરાવતાં, દુહા-ચોપાઈ ગોખતાં એક વરસ ને નવ મહિના વીતી ગયા. પોષ મહિનાની વદ તેરશ હતી. કિશોર દુલો સ્નાન કરીને ઘેર ગયો. એણે આંગણામાં જ બાપને બેઠેલ જોયો. બાપે દીકરાને પૂછ્યું, "કાં! હવે ગાયું ચારવી છોડવી છે ને?" દીકરાએ હા પાડી. બાપને આનંદ થયો. આખરે દીકરો છાણ-ગોબરના મોહમાંથી છૂટયો. દીકરો તો પૂજા-સેવામાં બેસી ગયો. પૂજાના ઓરડામાં જ બાપુની તલવાર રહે. ભાયો કાગ તલવાર લેવા આવ્યા ને દીકરાને ગણપતિની પૂજા કરતો ભાળ્યો. કહ્યું, "હાલ મારી સાથે. પીપાવાવના ગીગા રામજી મહારાજ મારા મિત્રા છે. એમને ત્યાં એક મહાસંત મુક્તાનંદજી આવ્યા છે. તને એમને સોંપી આવું એટલે તું સીંદરાં તાણતો (માળા ફેરવતો) મટે."

બાપે દીકરાને લઈ જઈને મહારાજ મુક્તાનંદજીને સોંપ્યો. દુલો ભણવા લાગ્યો. 'વિચારસાગર', 'પંચદશી', 'ગીતા' મોઢે કરી લીધાં. કિશોર દુલાની દસ આંગળીઓમાં પોતાની દસ આંગળીઓ પરોવી, આંખે આંખ મિલાવી, ગોઠણે ગોઠણ મિલાવ્યા. પછી આંખ પર હાથ

રાખી કહ્યું, “જા, સવૈયો લખી લાવ!”

પહેલો અનુભવ. પહેલી આજ્ઞા. કાગળ લીધો, પેનસિલ લીધી. રમત શરૂ કરી ને લખાઈ: ભક્તકવિ દુલા ભાયા કાગની કાવ્ય-નિર્ઝરણીની એ પહેલી સરવાણી. નાભિબંધમાં કસ્તૂરી છે ને મૃગ કસ્તૂરી બીજે શોધે છે. એ ઉપરથી તત્ત્વજ્ઞાનભર્યો સવૈયો લખાયો:

દોડત હૈ મૃગ, ઢૂંઢત જંગલ, બંદ, સુગંધ કહાં બન બાસે?

જાનત ના મમ નાભિ મેં હૈ બંદ, ત્યૂ હી બિચરી મન મૃગ ત્રાંસે.

ક્યું ત્યોં નર શઠ રહે હરિ ખોજત, ભ્રમ થકી ચિત્ત જ્ઞાન ન ભાસે?’

‘કાગ’ કહે યે ગુરુ મુક્તાનંદ, આપ હી આતમજ્ઞાન પ્રકાશે.

૧૭ વર્ષની ઉંમરે ફૂટેલી આ સરવાણી પછી અટક્યા વગર વહેતી જ રહી.

કવિ કાગનાં કાવ્યોને છપાયાં પહેલાં જ પાંખો આવી જાય છે. પુસ્તકાકારે પ્રસિદ્ધ થતાં પહેલાં તો એ કાવ્યો પ્રજાની જીભે ચડી જાય છે અને દૂર-સુદૂરનાં ગામડાંઓમાં એકતારાના ઝણકાર સાથે ગુંજવા લાગે છે. મુંબઈ, વડોદરા, અમદાવાદ, રાજકોટનાં આકાશવાણીગૃહો પરથી જુદા જુદા ગાયકો અનેક વાર ‘કાગવાણી’ની સુરાવલીઓ વહેતી કરે છે. ‘કાગવાણી’એ લોકસાહિત્યના પુરાણા ખોળિયામાં નવા યુગના પ્રાણ પૂર્યા છે. જૂની સુરાવલીઓને ફરીથી જીવતી કરી છે, જૂના લોકઢાળોને નવાં વહેણ આપ્યાં છે. ‘કાગવાણી’નો કવિ માનવજીવનનાં સનાતન મૂલ્યોને પિછાણનારો છે, સમાજહૃદયનાં સ્પંદનો પારખનારી વેધક દૃષ્ટિવાળો છે. ભારતની સંસ્કૃતિ-ગંગાનાં નીર એણે સૌરાષ્ટ્રની તળપદી શૈલીમાં વહેતાં કર્યાં છે.

સાચો કવિ એ કોઈ પણ યુગનું પરમ ધન છે. ગાંધીયુગ એ તો લોકયુગ. ગાંધીજી પર લખાયેલાં આ કવિનાં કાવ્યો ગાંધીજીના વ્યક્તિત્વને સાંગોપાંગ આલેખે છે. ગાંધીજીના જીવનનો મર્મ, ગાંધીજીનું વ્યક્તિત્વ આ કવિએ આત્મસાત્ કર્યાં છે. ગાંધીજી પર લખાયેલું એમનું કાવ્ય

'સો સો વાતુંનો જાણનારો' જુઓ :

*ઢાળ ભાળીને સૌ ધ્રોડવા માંડે...*
*ઢાળમાં નવ ધ્રોડનારો;*
*પોતે ચણેલામાં પોલ ભાળે તો*
*પાયામાંથી પાડનારો.*
*આવવું હોય તો કાચે તાંતણે...*
*બંધાઈને આવનારો;*
*ના'વવું હોય તો નાડાં જો બાંધશો...*
*નાડાં તોડાવી નાસનારો...*
*મોભીડો મારો સો સો વાતુંનો જાણનારો.*

કવિ કાગનાં કાવ્યોનો મુખ્ય રણકો ભજનોનો છે.

આ કવિની કવિતામાં માનવજીવનની મીમાંસા છે, તત્ત્વજ્ઞાનની ઝીણવટ છે, પ્રભુની કલાની પિછાણ છે.

આ કવિ ભક્ત છે, વિચારક છે, માનવતાના પૂજારી છે. પાણકોરાનું ધોતિયું, ડગલો, ફેંટો, ગળે એક પછેડી, કાળી, ઘાટી લાંબી દાઢી અને માથા પર લાંબો ચોટલો. પાણીદાર છતાં પ્રશાંત બે આંખો અને ઘેરો, ગંભીર, મંદિરના ઘંટ-રણકાર જેવો કંઠ. વ્યવસાયે ખેડૂત, અજાચી ચારણ, નિજાનંદ કાજે કાવ્યો રચે. નાનપણથી જ સાધુઓના સમાગમ કરેલા, સંસ્કૃત શાસ્ત્રો અને પુરાણોનો પરિચય કરેલો અને એમાં ઉમેરાઈ નવવિચારોની સામગ્રી. પરિણામે જાચક ચારણકુળમાં જન્મીને પણ એ અજાચક રહ્યા. રાજયશ ગાનાર કુળમાં એ પ્રભુયશ ગાનાર થયા.

*

આજથી પાંત્રીસેક વર્ષ પહેલાં સન્મુખાનંદ સભાગૃહમાં એકી બેઠકે પ્રભાતી ગાવાના સમય સુધી શબદને સ્વરમાં ઝબોળેલો મારા કાને સતત ઝીલ્યો. ભક્તકવિ કાગને, કાળજે ધરવ ન થાય ત્યાં લગી સાંભળ્યા. ન તાલવાજિંત્રા, ન તારવાજિંત્રા, ન ઘા, ન ફૂંક, ન ઘસરકો. બધું કંઠમાં. એક હાથની મૂઠી બંધ અને બીજા હાથની તર્જની. જુગલબંધીના ટપાકા સંભળાય.

અને જે રણઝણ ચઢી તે આજ લગી રહી છે. ‘કાગવાણી’ના ભાગ વાંચ્યા, વાંચે જ ગયો—દરેક વખતે કશું નવું મળતું જ રહ્યું. મારા ભાવજગતને ભાવતાં મોતી હું ચણતો જ ગયો. અને જ્યાં જ્યાં ભાવિકોનાં વૃંદ રચાતાં ગયાં ત્યાં ત્યાં એ મોતીડાં હું વેરતો ગયો.

‘કાગવાણી’ના ભાગોમાં દિવંગત મેઘાણીજીએ, જયભિખ્ખુએ, ગોકુળદાસ રાયચુરા વગેરે વિદ્વાનોએ કાગબાપુ અને એમની સર્જનપ્રક્રિયા વિશેની અંતરંગ વાતો જે લખી છે તે વાંચી ગયો અને એને આધારે સંપાદનનું આ કાર્ય પૂરું થયું. હું એ સાક્ષરોને અંત:કરણથી વંદન કરી એમનો ઋણસ્વીકાર કરું છું.

[કવિ કાગનાં સર્જનોનું સંપાદન ‘કવિ કાગ કહે…’]

# સુરેન્દ્ર

## સાબરમતીથી હિમાલય

૧૯૨૪માં હું બાપુના સત્યાગ્રહ આશ્રમમાં આવેલો. ત્યાંથી પહેલી વાર હિમાલય જવાનો નિર્ણય કર્યો.

પણ આશ્રમમાંથી કાંઈ લાંબા પ્રવાસનું ખરચ મળે? બાપુ તો કહેતા: “આઠ કલાક કામ કરશે તેને પેટ ભરીને ખાવાનું મળશે; પેટીમાં મૂકવા જેવું કાંઈ આશ્રમમાં ન મળે.” એટલે મેં બાપુને કહ્યું: “હું તો મહેનત કરતો જઈશ ને આગળ ચાલતો જઈશ.” બસ, મને રજા મળી ગઈ.

મેં પ્રવાસ શરૂ કરી દીધો. જ્યાં રહેવા જેવું લાગે તે ગામમાં રહેતો. સફાઈનું કામ આશ્રમમાં ખૂબ કરેલું, એટલે જ્યાં મુકામ કરું ત્યાં આસપાસનાં ઘરોમાંથી સફાઈનાં સાધન માગી લઉં. કોઈ જગાએ પાણી જવાની નીક બનાવું, તો વળી કોઈ ઠેકાણે કૂતરાએ પાડેલા ખાડા પૂરું. ક્યાંક શેરીઓ પણ વાળી આવું. મારાં સફેદ કપડાં જોઈ લોકોને થાય કે આ માણસ કંઈક જુદી ભાતનો છે. થોડીક વાર હું કામ કરું ત્યાં આજુબાજુથી લોકો કુતૂહલપૂર્વક વાતો કરતાં મદદ કરવા આવી પહોંચે. વાતો કરતાં કરતાં પ્રેમ-સંબંધ બંધાય, તેમાંથી જ કોઈ ભોજન માટે બોલાવી જાય. બપોરના ગાળામાં ‘રામાયણ’ વગેરે કથાવાર્તા કરું. લોકોને આ બધું ગમે, એટલે ત્યાં વધુ રોકાવાનો પણ આગ્રહ કરે.

પણ આપણા રામ તો વહેલી સવારે, હજી તો સહુ ઊંઘતા હોય ત્યાં, બગલમાં થેલો ભેરવીને ચાલી નીકળે! આવી જ રીતે હું સાબરમતીથી છેક હિમાલય સુધી પહોંચ્યો.

[‘ચારિત્ર્યચિત્રો’ પુસ્તક: ૧૯૫૭]

# સુરેશ દલાલ

## કૃપાથી તારી—

*કૃપાથી તારી, મા! દિવસ ઊગતો કાવ્ય થઈને;*
*તમારી ઇચ્છા એ ઉરની ધ્રુવપંક્તિ બની રહો!*

## અંતરના આંગણામાં અજવાળું

માણસે એકાંતની ક્ષણોમાં વાંચવા જેવું અને વિચારવા જેવું ઈશા-કુન્દનિકાનું પુસ્તક ‘ઝરૂખે દીવા’. પોતે જે કંઈ માણ્યું, અનુભવ્યું એ બધું ઈશા-કુન્દનિકાએ એકત્રિત કરીને વ્યવસ્થિત રીતે ‘ઝરૂખે દીવા’માં મૂક્યું છે. પ્રત્યેક પાને કંઈક ને કંઈક એવું મળી રહે, જાણે માણસને વૃક્ષનો વિસામો મળ્યો, નદીનું જળ મળ્યું. આંખ સામે શાંત સરોવરનું દૃશ્ય દેખાય અને આ દૃશ્યની પાછળ જે અદૃશ્ય છે તેનો પણ શાતાદાયક અનુભવ થાય.

ઈશા-કુન્દનિકાએ અહીં અનેક પુષ્પોને એકઠાં કર્યાં છે અને દરેક પુષ્પની એક વિશિષ્ટ સુગંધ છે. સંપાદનને અંગ્રેજીમાં ‘એન્થોલોજી’ કહે છે. ‘એન્થો’નો મૂળ અર્થ ફૂલો અને ‘લોજી’નો અર્થ એકત્રિત કરવાનો છે. આ ‘બુક’ નથી પણ ‘બુકે’ છે, પુષ્પગુચ્છ છે.

‘ઝરૂખે દીવા’નું અજવાળું આપણા અંતરના આંગણામાં પ્રસરે, એવી પ્રાર્થના.

[‘ઝલક તેરા’ પુસ્તક: ૨૦૦૪]

# સ્ત્રીઓનું મુક્તિધામ

શ્રીમતી કલ્લોલિની હઝરતે ૧૯૮૧માં એક સંપાદન કરેલું: 'મારો ગરબો ઘૂમ્યો.' લોકગીતથી અને નરસિંહ-મીરાંથી માંડીને ઉદયન ઠક્કર સુધીના કવિઓના કવિતાની કક્ષાના ઉત્તમ ગરબાઓ એ એક જ પુસ્તકમાં વાંચવા મળે અને અનુભૂતિ થાય કે નવરાત્રાનો ઉત્સવ તો અહીં પાને પાને ઊજવાઈ રહ્યો છે.

સ્ત્રી ગાય તે ગરબો અને પુરુષ ગાય તે ગરબી. એમાં પગની ઠેસ અને હાથની તાળીનું મહત્ત્વ છે. ગરબો સ્ત્રીઓનું મુક્તિધામ છે. એક જમાનામાં સંયુક્ત કુટુંબમાં રહેતી સ્ત્રી, લાજ કાઢીને હરતીફરતી સ્ત્રી, ઘરનાં વૈતરાંમાંથી ઊંચી ન આવતી એવી સ્ત્રી નવરાત્રા આવે કે મુક્ત તન-મનથી ગરબામાં મહાલતી, ત્યારે એનો શબ્દ ગગનમાં ગાજ્યા વિના શું કામ રહે?

['ઝલક તેરા' પુસ્તક: ૨૦૦૪]

# ચમન મેં વિરાના દિલ

કવિ જગદીશ જોષીની જીવનલીલા ૪૬ વરસની ઉંમરે સંકેલાઈ ગઈ. આ ગાળામાં એમણે ત્રણ કાવ્યસંગ્રહ આપ્યા. એમણે કવિતા લખવાનો પ્રારંભ મોડી ઉંમરે કરેલો. કવિને કાવ્ય મળ્યું એનો વિસ્મય આમ પ્રગટ થાય છે:

*આ તો બીજમાંથી ફૂટી છે ડાળ,*
*કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ.*

એમની કવિતામાં વેદનાનો ખટકો છે. કદાચ આ જિંદગી જીવવા જેવી નથી લાગતી. કવિ આમ તો દેખીતી રીતે સુખી હતા. કદાવર દેહ, વૈભવશાળી અવાજ, સંપત્તિની કોઈ કમી નહોતી, વ્યવસાયે શાળાના આચાર્ય-માલિક હતા. છતાંય જીવનમાં કશુંક ખટકતું હતું. કેટલીક

વેદનાઓ એવી હોય છે કે કોઈને આંગળી મૂકીને બતાવી ન શકાય. જાણે કોઈ પૂર્વજન્મની વેદના લઈને જીવતા હોય, એમ કવિ કહે છે:

*પણ*
*કોઈ તો કહો*
*—હું થીજી રહ્યો છું*
*કે ભડકે બળી રહ્યો છું?*

જગદીશ ગાતો પણ સારું. એનું એક પ્રિય ગીત હતું: ‘ચમન મેં રહકે વિરાના મેરા દિલ હોતા જાતા હૈ...’

['ઝલક તેરા' પુસ્તક: ૨૦૦૪]

## કવિતાનાં બાળોતિયાં ધોનાર

વર્ષો પહેલાં ‘કુમાર’ના તંત્રી બચુભાઈ રાવતે મારી ગીતરચનાને પરત કરતાં લખ્યું હતું કે, હજી છંદોબદ્ધ કાવ્યો લખવા પ્રમાણમાં સહેલાં છે, ગીત લખવાં મુશ્કેલ છે. બચુભાઈ એટલે એવી વ્યક્તિ કે જેમણે, મેઘાણીએ કહ્યું એ પ્રમાણે, ગુજરાતી કવિતાનાં બાળોતિયાં ધોયાં. આપણાં નબળાં કાવ્યો કોઈ તંત્રી ન છાપે એને માટે તંત્રીના સદા ઋણી હોવું જોઈએ, કારણ કે આપણી નબળી કૃતિ દ્વારા આપણે જ ઉઘાડા પડતા હોઈએ છીએ. કવિતા સિદ્ધ કરવી એ બહુ દુર્લભ ઘટના છે.

['ભજનયોગ' પુસ્તક]

## મકરન્દ સાથે મુલાકાત

સુરેશ દલાલ: તમે જે કુટુંબમાં જન્મ્યા અને જે સમાજમાં ઊછર્યા તેનું વર્ણન કરશો?

મકરન્દ દવે: મારો ઉછેર સૂર, ગીતો અને ભક્તિ સાથે થયો

છે. મારાં મા કીર્તનો સારાં ગાતાં. મારાં એક અંધ મામી હતાં, તેમનો કંઠ બહુ સારો. બહુ નાની વયથી એમનાં કીર્તનો, ભજનો, પદો, ધોળ વગેરે સાંભળ્યાં છે. વિદુરજીની 'ભાજી' હજી મને યાદ છે:

વિદુર ઘેર પ્રભુજી પરોણા,

અરે પરોણા મળ્યા પૈ થાશું.

કૃષ્ણ આવે છે. વિદુરને ત્યાં ઊતરે છે. વિદુરજી પત્નીને કહે છે કે હું શું સ્વાગત કરું? દુર્યોધને આજ્ઞા કરી છે કે આને કશું આપવું નહિ. વિદુરજીની પત્ની ખેતરમાં જાય છે. ભાજી વીણે છે. તેની કથા છે. પ્રભુ પરોણા થયા છે એ મોટી વાત છે. ખોળો તે વાળીને ખેતરમાં બેઠી

વીણી તાંદળિયાની ભાજી,

અરુપરુ જુએ ને જુએ રે ઉપરાસી,

આ રે વેળાને કાજ.

આ રે વેળાને કારણિયે પ્રભુ કેમ ન ડસિયો નાગ!

આસપાસ જુએ છે, આકાશમાં જુએ છે અને બોલે છે કે પ્રભુ, તમે પરોણા છો અને આ વેળા આવી! અમારી આબરૂ જશે, અમે પઈના થઈ જશું. આના કરતાં નાગ કેમ ડસ્યો નહીં. આવી વ્યથા છે. આખું પદ લાંબું છે. હું સાંભળું ને મારી આંખમાં આંસુ આવી જતાં.

મામી 'ધ્રુવાખ્યાન' ગાતાં. મારાં બા પણ સાથે ગાતાં. આસપાસનાં લાધીમા, પુરીમા, કહળીમા બધાં મને યાદ છે. પ્રેમાળ અને સાચાં માણસો. હૃદયનાં ચોખ્ખાં. આજે મળવાં મુશ્કેલ. એટલે ભક્તિનો રસ અને રસની ભક્તિ બન્ને મને ગળથૂથીમાંથી મળ્યાં.

મારા બાપુજીની વાત કરું. એ સ્વામિનારાયણના અનન્ય ભક્ત. કવિતાની ઓળખ મને બાપુજીએ કરાવી. સવારમાં નહાઈને શ્લોકો ગાતા તે મારા અંતરમાં ગુંજે છે. નાની વયથી જ કવિતાનો જાણે એક વળગાડ લાગી ગયેલો.

મારી આસપાસની વિશેષ વાત કરું. બહુ રંગીન માણસો હતા.

લોકસાહિત્ય, લોકગીતોનો રંગ એમની પાસેથી લાગ્યો. એવાં એક રંગુભાભી હતાં. જાતનાં ખવાસ. એ ઢોલક બહુ સારું વગાડતાં. મારો કણબીપાનો પાડોશ. રાસ થાય, ગરબા થાય, દુહા બોલાય, ધમાલ ચાલે. મારા કાન આ બધું નાની વયથી ઝીલતા આવ્યા છે. મેં રંગુભાભી વિશે એક કાવ્ય લખ્યું છે:

આ સૂની સૂની રાત મહીં
કોઈ ઢોલક હજી બજાવે છે.

આ ઉપરાંત સીદીનો છોકરો અલારખો, ગાંડી આરબ સ્ત્રી મેસના બૂ, અભુ રંગારો વગેરે મારી બાળદુનિયાનાં પાત્રો કવિતામાં ઝિલાઈ ગયાં છે.

કણબી, તેલી, સુતાર, વાળંદ, રંગારા, વોરા મારા બાળગોઠિયા—આ વાતાવરણ મેં આકંઠ પીધાં કર્યું છે. મારા મન પર એ કુટુંબની, પાડોશની એવી ઊંડી છાપ પડી ગઈ છે કે મારા સૂરની સાથે, મારા શ્વાસની સાથે કવિતાની ભક્તિ વણાઈ ગઈ છે. આ વાતાવરણ—એની એક સૃષ્ટિ હતી. એ સૃષ્ટિનો સ્પર્શ થયો, એમાં ઊછર્યો, મોટો થયો.

સુ. દ.: તમારી કઈ વયે તમારા બાપુજી ગુજરી ગયા?

મ. દ.: ચોવીસ વર્ષની વયે. એમના અવસાનની વાત કહું. એ સ્વામિનારાયણના ભક્ત. ધર્મજીવનદાસજી સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ, એ એમના મિત્રા. તેઓ બાપુજી પાસે આવ્યા. કહ્યું: 'ભાઈ, બહુ બીમાર પડી ગયા છો?'

બાપુજી કહે: 'ઘોડો બીમાર છે. અસવારને શું છે?'

બીજે દિવસે બાપુજીએ મને બોલાવ્યો. કહે: "હું અકિંચન બ્રાહ્મણ છું. મારી પાસે કશું નથી. હું તને ત્રણ વસ્તુ આપું છું: જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય. જીવની જેમ સાચવજે. ગુમાવીશ નહીં." એમના છેલ્લા શબ્દો હતા: चिदानन्द रूपः शिवाऽहम्

મારા ભાઈ મનુભાઈ ક્રાન્તિકારી, અખાડાવીર. ઘણા યુવાનોને તેમણે તૈયાર કર્યા છે. એના જેવો નીડર અને નઃસ્વાર્થ આદમી મેં બીજો

જોયો નથી. ગોંડળના ધારાસભ્ય ગોવિંદ પટેલને નિર્વસ્ત્ર કરી લોકોનું ટોળું બાળી નાખવા જતું હતું ત્યારે મનુભાઈ અને ડૉ. ખંડેરિયાએ તેને બચાવી લીધેલા. મનુભાઈના તો એવા કેટલાયે પ્રસંગો છે. વિદ્યાર્થીકાળથી જ એ અન્યાય સામે માથું ઊંચકી ફરનારા. ગોંડળમાં યુનિવર્સિટી કમિશન આવેલું ત્યારે વિદ્યાર્થીઓની ફરિયાદો તેમણે લખીને કમિશનને આપી. કમિશનના સભ્યોએ તે યાદી જ શાળાના વડાને સુપરત કરી. કાગળિયાં ગોંડળ દરબાર ભગવતસિંહ પાસે ગયાં. ગોંડળને સુંદર અને સમૃદ્ધ કરનાર આ રાજવી એટલા જ આપખુદ ને કિન્નાખોર હતા. અમારા કુટુંબમાં ફફડાટ વ્યાપી ગયો. ભાઈને રાજા જેલમાં નાખે, ઘર હરાજ થાય કે સહુથી મોટા ભાઈની નોકરી જાય એવો ભય લાગ્યો. સગાં, સ્નેહી, હિતેચ્છુ, મનુભાઈને માફી માગી લેવાનું સમજાવવા લાગ્યા. બાપુજીએ મનુભાઈને પૂછ્યું: “તેં ખોટું કર્યું હોય એમ તને લાગે છે?” મનુભાઈ કહે, “ના, બિલકુલ નહીં.” બાપુજી કહે: “ત્યારે માફી માગતો નહીં. જોઈ લેવાશે.” મનુભાઈએ માફી ન માગી. પરિણામે તેમને ગોંડળ છોડવું પડ્યું.

એક સાધારણ માસ્તર. તેની કેવી શાંત હિંમત! ‘અમારા માસ્તર’ કાવ્યમાં મેં બાપુની આ છબી મઢી લીધી છે. ન કોઈ સાધન, ન સંપત્તિ, ન સ્થાન અને છતાં જેને કશું જ ઝાંખું ન પાડી શકે એવા આત્મગૌરવ પર સદા સ્થિર.

સુ. દ.: તમે બાપુજી વિશે એક-બે પ્રસંગ કહ્યા, તેવી રીતે મા વિશે કોઈ પ્રસંગ કહો.

મ. દ.: મા પણ બહુ ભક્તિમય. કામ કરતી વખતે તેનું ચિત્ત ભગવાનમાં હોય. અમારા કુટુંબનાં એક બહેન વર્ષોથી પોતાને પિયર દ્વારકા નહીં ગયેલાં. બાએ તેને કહ્યું: “તું તારે પિયર જઈ આવ. હું તારું ઘર સાચવીશ.” બા પોતાના ઘરનું કામ કરે. પછી એને ત્યાં જાય. છોકરાંઓને નવડાવે-ધોવડાવે, રાંધીને જમાડે. આમ બધું કામ ચાર મહિના કર્યું.

માની લાંબી માંદગીમાં હું એમની સાથે રહ્યો. કોઈ જાતની ફરિયાદ

નહીં. “હે મહારાજ, તમને ગમતું થાજો!” એ એમનું ધ્રુવવાક્ય.

સુ. દ.: તમારી વાચનકથાનો નકશો આપશો?

મ. દ.: અમારા વખતમાં પાઠ્યપુસ્તકો બહુ સારાં હતાં. આજે પણ એ ગમે. એમાંનાં કવિતા અને પાઠો બહુ રસપૂર્વક વાંચતો. ‘રામકૃષ્ણ કથામૃત’ ગમે. ‘હિમાલયનો પ્રવાસ’ જેવાં બીજાં પુસ્તકો વાંચતો. વાચનનો બહુ શોખ અને નશો. અંગ્રેજી વાંચતો થયા પછી શેલીની બહુ અસર. એ મારો પ્રિય કવિ. ‘હિસ્ટરી ઑફ ઇંગ્લિશ લિટરેચર’માંથી ચૉસરથી માંડી ટેનિસન સુધીનો ભાગ હું હાથે લખી ગયો હતો. લખીએ એટલે તંતુ જળવાઈ રહે. શેલી સૌંદર્યનો, પ્રકૃતિનો કવિ છે. હાર્ડીનાં કાવ્યો મને બહુ ગમતાં, લોકસમુદાયને જીવંત કરતા પ્રસંગો અને ભાવનાઓમાં હું રસ લેતો થયો તે હાર્ડીના વાચન પછી.

મારા વાચનનાં ક્ષેત્રો વિવિધ છે. મને ઍન્થ્રોપૉલૉજીમાં રસ. માનસશાસ્ત્રામાં પણ રસ. રૂથ બેનેડિક્ટ, અબ્રાહમ માસ્લો, ડૉ. વિક્ટર ફ્રેન્કલ, માર્ટિન બ્યૂબર, આર્નોલ્ડ ટૉયન્બી, એરિક ફ્રોમ, કાર્લ યુંગ મને પ્રિય. આ મારા આધુનિક ઋષિઓ. કોઈ મનોવિજ્ઞાન ક્ષેત્રના ઋષિ તો કોઈ ઇતિહાસના. આ ઉપરાંત જીવનપ્રસંગો વાંચવા બહુ ગમે. જેમ જેમ વધારે વાંચતો ગયો તેમ તેમ આપણા ‘માસ્ટર્સ’ જીવનસ્વામીઓ વિશે હું વધારે સમજવા લાગ્યો. વૈદિક મંત્રાદ્રષ્ટાઓ, બૌદ્ધ સિદ્ધો, નાથયોગીઓ અને નિર્ગુણસગુણ ધારાના સંતો સુધી મારી વાચનયાત્રા ચાલી આવી. આ સહુમાં ભાષાની શી શી ખૂબી છે એ હું તારવતો ગયો. આમ મારી ક્ષિતિજો વિકસી.

ટાગોર મેં ખૂબ વાંચ્યા છે. હું રવીન્દ્ર સપ્તાહ કરતો.

ભાવનું ઉદ્દીપન કરે તેવું વાચન બહુ કર્યું. એક મંત્રા, સ્તોત્રા, પદ કે સાખી વાંચ્યા પછી મન તેમાં ઘણી વાર ડૂબી જાય છે. એક ભાવમાં સ્થિર રહીએ, ઘૂંટીએ, ઘોળીએ ત્યારે તે આપણામાં લોહી બની જાય.

ઉર્દૂ પણ ઘણું વાંચ્યું. મિર્ઝા ગાલિબ, મીર તકી મીર વગેરે. મને એનો પરિચય [અમૃત] ‘ઘાયલે’ કરાવ્યો. મારો પ્રિય કવિ અસગર

ગોંડવી. તે જિગર મુરાદાબાદી અને ફાની બદાયૂનીનો ગુરુ. રાજકોટ રહેતો ત્યારે ‘ઘાયલ’ રોજ સાંજે આવી અસગરના ગઝલસંગ્રહ ‘સરોદે જિન્દગી’માંથી વાચન કરતા.

મનુભાઈ ‘સરોદ’, અમૃત ‘ઘાયલ’ અને મનુ પટેલની દોસ્તીએ ગઝલનાં રૂપરંગ ઉપરાંત તેના આંતરસત્ત્વનો પણ પરિચય કરાવ્યો.

આપણાં પુરાણોને નવા અર્થમાં સમજ્યો. પુરાણોની મારા ઉપર ઊંડી છાપ પડી. પુરાણો દ્વારા જે જીવનદર્શન થયું તે ‘ગર્ભદીપ’ નામથી પુસ્તકરૂપે પ્રગટ થયું છે.

સુ. દ.: મેઘાણી સાથેનો કોઈ પ્રસંગ કહો.

મ. દ.: એક વાત કહું. રાણપુરમાં અમે જ્યાં કામ કરતા હતા ત્યાં એક ભભૂતિયો બાવો નીકળતો. તેની કમ્મરે રંગરંગનાં દોરડાં. ચીપિયો વગાડતો ‘અહાલેક’ બોલતો ચાલતો જ હોય. એ આવતો ત્યારે કામ છોડી બાવાને જોવા હું બહાર નીકળતો ને ક્યાંય સુધી તેને જોયા કરતો. મારામાં રહેલો કોઈ બાવો જાગ્રત થતો હશે. મેઘાણીને ખબર કે આ છોકરો રોજ બપોરે ક્યાંક ગાપચી મારે છે. એક વાર આ રીતે નીકળેલો ને મેઘાણી મારી પાછળ ઊભેલા. મને કહે: “કેમ? બાવો બહુ ગમે છે?” ખુશ થયા. એમ ન પૂછ્યું કે “કામ છોડી શા માટે બહાર ગયા હતા? કલાક કેમ બગાડયો?” પછી બાવા ઉપર મેં કાવ્ય લખ્યું હતું તે બતાવ્યું:

આવે ભભૂતગર બાવો અલ્યા
એના ટોકરા રણઝણ વાગે,
ઓલીપાની શેરીએથી આલેક જગાવતો
આવીને ઝટ લોટ માગે.

કાવ્ય વાંચીને કહે, “ભાઈ, આપણી કવિતામાં બાવો બરાબર ન ઊઠ્યો. અરે બાવો કંઈ લોટ માગવા આવે છે? લોટ માગવાનું તો બહાનું છે. એ તો લોકોને જગાડવા આવે છે.” રાતે જાગીને કાવ્યમાં સુધારો કર્યો:

આવે ભભૂતગર બાવો અલ્યા,
એના ટોકરા રણઝણ વાગે,
ઓલીપાની શેરીએથી આલેક જગાવતો
આવે હલકતે રાગે.

સાંભળીને મેઘાણીભાઈ કહે, “હાં ભાઈ, હવે બાવો બરાબર જાગતો ને જગાડતો આવે છે. એની હલક ક્યાંય સુધી સંભળાતી રહે છે.”

મેઘાણી સાથેના ઘણા પ્રસંગો છે. એમણે એક બહુ સરસ વાત કરેલી: ગુજરાતી ભાષા જાણવી હોય તો ન્હાનાલાલ અને ભવાઈ સાહિત્ય વાંચજો. ન્હાનાલાલમાં શબ્દાળુતા છે, પણ ગુજરાતી ભાષાના શબ્દોને તેમણે બાળકની જેમ રમાડયા છે.

સુ. દ.: સ્વામી આનંદના પરિચયના પ્રસંગ કહો.

મ. દ.: સ્વામી દાદાએ પોતાના જીવનનો એક અવિસ્મરણીય પ્રસંગ કહ્યો હતો તે કહું. સ્વામી દાદાનાં માતા અને પિતા વચ્ચે સંઘર્ષ થયેલો. પતિને છોડીને મા એકલાં શિયાણી ગામે આવતાં રહ્યાં હતાં. સ્વામી દાદા તો નાની ઉંમરે ઘરબાર છોડી જતા રહેલા. સ્વામી આનંદ બન્યા પછી તે મોટી ઉંમરે ભાવનગર આવેલા. દુર્લભજી પરીખનાં પત્ની વિજયાબહેને દાદાને પૂછ્યું કે આટલે આવ્યા છો તો શિયાણી નથી જવું? દાદાએ કહ્યું કે શિયાણીનો મારગ પણ ભૂલી ગયો છું. વિજયાબહેને સાથે માણસ મોકલ્યો. સ્વામી દાદાએ શિયાણી આવી ડેલીમાં પગ મૂક્યો, ત્યાં મા બોલી ઊઠયાં: “આવ્યો, બચુ?” મા અત્યંત વૃદ્ધ થઈ ગયેલાં. ખાટલી પર શણિયું પાથરી સૂતાં હતાં. શરીર કોચલું વળી ગયેલું, આંખો ગઈ હતી. પણ દાદાએ ડેલીમાં પગ મૂક્યો કે નાનપણના હુલામણા નામે બોલી ઊઠયાં. દાદાએ પૂછ્યું: “બા, મને કેવી રીતે ઓળખ્યો?” મા કહે, “તારાં પગલાં ઉપરથી. રોજ તારી વાટ જોતી હતી. મેં સાંભળેલું કે બચુ મોટો મહાત્મા બની ગયો છે, પણ મારી આગળ એક દિવસ આવશે ખરો. હું તો તારું તીરથ ખરી ને?”

માના આ શબ્દો સાંભળી દાદાએ કહ્યું: “બા, તું તો ઈસુ ખ્રિસ્ત

જેવી વાત કરે છે. તેણે પણ કહેલું કે, તારું સ્વર્ગ તારી માતાનાં ચરણોમાં છે." આ સાંભળી માએ કહ્યું: "એમાં ઈસુ નવું શું કહેતો હતો? સાચ તો સહુને સરખું જ સૂઝે ને!"

આ વાત કહેતાં સ્વામી દાદાની આંખોમાંથી આંસુ ઊમટી પડતાં. એ કહેતા, "એ ક્ષણે મારે ત્યાં માની પાસે જ રોકાઈ રહેવું જોઈતું હતું. પણ ત્યારે તો દેશસેવાનું ભૂત માથા પર સવાર થયું હતું! હું માને મૂકીને ચાલી નીકળ્યો." વૃદ્ધ, અપંગ, અંધ માનાં ચરણો છોડીને ચાલ્યા જવાનો વસવસો સ્વામી દાદાના ચહેરા પર કોતરાઈ જતો. મને કહેતા: "તમે આવી ભૂલ ન કરશો."

સુ. દ.: ઉમાશંકરને મળવાનું થતું?

મ. દ.: ઉમાશંકરભાઈ સાથે તો ઘણી વાર મળવાનું થયું છે અને ગોઠડી માંડી છે. એ તો બહુ મરમી માણસ, વાતચીતમાં ઝીણા ઝીણા તાર નીકળતા હોય. માત્ર ઉક્તિ જ નહીં, કૃતિ પણ વણાતી આવે. એક ઝીણી ઘટના કહું. ઉમાશંકર ગોંડળ આવેલા ત્યારે દેશળજી પરમાર માંદા હતા. અમે તબિયત જોવા ગયા. ઘરમાં દાખલ થતાં જ ઉમાશંકરને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો હશે. પરમારને મળી અમે બહાર નીકળ્યા. "હમણાં આવું છું," કહી ઉમાશંકર પાછા ઘરમાં ગયા. દેશળજીભાઈએ પાછળથી ભીની આંખે વાત કરી ત્યારે જ ઉમાશંકરે તેમને કરેલી મદદની મને ખબર પડી.

સુ. દ.: કુન્દનિકા કાપડિયા સાથે તમે ક્યારે અને કઈ રીતે સંકળાયા?

મ. દ.: કુન્દનિકાબહેનનું નામ તો સાંભળ્યું હતું અને 'નવનીત'માં હું લખતો જ હતો. નામથી આમ પરિચય અને પછી...

સુ. દ.: મને લાગે છે કે પત્રોએ ભાગ ભજવ્યો હશે.

મ. દ.: પત્રોએ ભાગ ભજવેલો. પછી નિકટ આવતાં ગયાં. અમને લાગ્યું કે સમાન વિચાર છે, સમાન દૃષ્ટિ છે, ખૂબ સંવાદિતા છે. સાથે એવી રીતે જીવન જીવી શકીશું. અને એ સાચું ઠર્યું.

સુ. દ.: તમે કંઈ લખો તે વિશે કુન્દનિકાબહેન સાથે ચર્ચા થાય એવું ખરું?

મ. દ.: ચોક્કસ. મારું લખાણ પહેલાં કુન્દનિકાને જ વંચાવું. એ ચર્ચા કરે, સુધારા સૂચવે. અમે ભાષામાં ફેરફાર પણ કરીએ. અંગત વાત કહું? મેં ઘણી વાર કુન્દનિકાના શબ્દો કાવ્યમાં ગૂંથ્યા છે: ‘ગમતાંનો કરીએ ગુલાલ’ મારા શબ્દો નથી, કુન્દનિકાના છે. એવી જ રીતે કુન્દનિકાની કેટલીક વાર્તાઓ મારાં સ્વપ્નો પર રચાયેલી છે.

[‘મકરન્દ-મુદ્રા’ પુસ્તકમાં]

## રતન

*મને જે કંઈ લાધ્યાં રતન અહીં સંસારજલનાં,*
*લઈ આવ્યો તારે ચરણ, કવિતે! સર્વ ધરવા.*

—

*અમે વનવનનાં પાન થઈ ફરકી રહ્યાં,*
*અમે પંખીનાં ગાન થઈ મરકી રહ્યાં,...*
*અમે દરિયો થઈ આભને પંપાળી રહ્યાં,*
*અમે તારલા ઉગાડનાર માળી થયાં!*

—

*કંઈ કેટલાં નામનો ઊછળે મારે આંગણ દરિયો:*
*એમાં એક જ નામ તમારું નાવ થઈને મ્હાલે!*

—

*મળ્યું આભ, ને મળી આંખ નહિ;*
*ચરણ મળ્યાંઃ નહિ ધરતી.*

## સૂરજ

*સૂરજ નીંદ-દરિયે ડૂબ્યો!*
*સમણાંને સરવરિયે પાછો ચાંદ થઈને ઊગ્યો.*

## ‘મારી, તમારી, આપણી વાત’

વિપિન પરીખે બહુ મોડી મોડી કવિતા લખવાની શરૂઆત કરી. થોડીક કવિતા કોલેજમાં ભણતા હતા ત્યારે લખી. પછી બાર-ચૌદ વર્ષના વનવાસ કવિતાને આપ્યો. અને કવિતામાં ફરી પાછા પ્રવેશ્યા.

કોઈ પણ ઘટના બને કે વિપિનની કલમને ખાલી ચડે છે. એની કવિતામાં વેદના છે, સમાજાભિમુખતા છે અને સાથેસાથે અંતર્મુખતા પણ છે. એની કવિતાનું આકાશ આશંકા અને પ્રશ્નોથી ઘેરાયેલું છે. એ પ્રશ્નો મારા, તમારા, આપણા સૌના છે. આપણને નહિવત્ લાગતી વસ્તુમાંથી એની દૃષ્ટિ કવિતા શોધી શકે છે.

[વિપિન પરીખની સમગ્ર કવિતાનો સંગ્રહ ‘મારી, તમારી, આપણી વાત...’]

## ચિરકાળના મિત્રો

મંદિરમાં હું મોટે ભાગે જતો નથી. કોઈ પણ બુકસ્ટોલ મારે માટે મંદિરની ગરજ સારે છે. પુસ્તકઘરમાં જઈએ ત્યારે આપણે

કેટલીય સદીઓ સાથે મુલાકાત લેતા હોઈએ તેમ લાગે છે. કેટલાંય એવાં પુસ્તકો છે કે જેમણે આપણા જીવનના અનેક તબક્કે આનંદ આપ્યો હોય છે, તો કેટલીક કૃતિઓ એવી હોય છે કે જેણે જીવન પ્રત્યેનો આપણો અભિગમ બદલી નાખ્યો હોય. એક પુસ્તક વાંચ્યા પછી આપણે એ—ના એ રહેતા નથી; આપણામાં કશુંક ઉમેરાય છે, કંઈક જે નકામું પડ્યું હોય એની બાદબાકી થાય છે. પુસ્તક આપણા લોહીમાં ભળી જાય છે, આપણાં ચૈતન્યનું સંવર્ધન કરે છે.

પુસ્તકો આપણી એકલતા દૂર કરે છે, આપણા એકાંતને સમૃદ્ધ કરે છે. માતાની જેમ એ આપણું જતન કરે છે, પિતાની જેમ છત્રછાયા આપે છે. પુસ્તકો આપણા ચિરકાળના મિત્રો છે. એમનો સહવાસ આપણે જ્યારે પણ માગીએ, ત્યારે ભાવથી તે આપણને ભેટે છે. આ સંબંધ કદીય વણસતો નથી. જે માણસ પુસ્તકોની વચ્ચે રહે છે, તે જિંદગી આખી બગીચાની વચ્ચે જ બેઠો હોય છે. સ્થૂળ વૈભવ અને સૂક્ષ્મ વૈભવ વચ્ચેનો ભેદ એને સમજાય છે.

હેલન એક્સલીનું એક અંગ્રેજી પુસ્તક છેઃ ‘બુક લવર્સ ક્વોટેશન્સ’: ‘પુસ્તકપ્રેમીઓનાં અવતરણો’. તેમાં પુસ્તકો વિશેનાં અનેક લોકોનાં મંતવ્યો છે.

[‘ઝલક’ પુસ્તકઃ ૨૦૦૪]

# છે તેની ઇજ્જત કરીએ

કોઈ માણસની આંખ બરાબર જોતી હોય, અને કોઈક સવારે એ જાગે ત્યારે આંખને અંધાપો વળગ્યો હોય. આવા અંધકારમાં ભલભલાં મેઘધનુષ નિચોવાઈ જતાં હોય છે.

માટે આપણી પાસે નાનીમોટી જે કોઈ વસ્તુ હોય તેની ઇજ્જત કરીએ. આપણી તમામ ઇંદ્રિયોનું કાંઈક ને કાંઈક તો કર્મ હોય છે. જોવા માટે આંખ છે, ચાલવા માટે પગ છે, કામ કરવા માટે હાથ છે,

બોલવા માટે હોઠ છે. ક્યારે શું ખૂંચવાઈ જશે, એની આપણને ખબર નથી. માટે આપણી પાસે જે કાંઈ છે, તેની ઇજ્જત કરીએ, તેને માટે ઈશ્વરનો ઉપકાર માનીએ.

['ઝલક' પુસ્તકઃ ૨૦૦૪]

## ફૂલપગલીઓ

આજે મનનો કોઈ જુદો જ મિજાજ છે. ગુમાવ્યાની ગણતરી નથી, તો જે કંઈ મળ્યું છે એનો નશો પણ નથી. ઘણું બધું મેળવી લેવાની કોઈ મહત્ત્વાકાંક્ષી સ્પૃહા નથી. વિગતનો કોઈ ભાર નથી, તો અનાગતની કોઈ અકળાવનારી છાયા નથી. કશાયનું મૂલ્ય આંક્યા વિના આંખ ભરી ભરીને બધું જોઉં છું. વિષાદ અને આનંદથી પર એવી મનની અવસ્થા છે.

કવિતા લખવાનું મન થાય એવું વાતાવરણ છે. પણ કોરા કાગળને કોરો રાખવાની પણ કોઈ જુદી જ મજા છે. એટલા માટે જ કવિતા લખવાનું ટાળું છું. પતંગિયા જેવા ઊડતા શબ્દોને કાગળમાં જકડી નથી દેવા. નિર્ભયતાથી ચણતાં પારેવાંની જેમ આ શબ્દોને એમ ને એમ રાખવા છે; જાળ નાખીને પકડી લઈને પિંજરમાં પૂરી નથી દેવા. આજે કવિતા લખવી નથી, જીવવી છે. જીવનમાં કેટલી બધી કવિતા છે અને જીવન કેવું કાવ્યમય છે, એની જ વાત કરવી છે.

ચાલવાનું મન થાય એવા રસ્તા છે, સૂર્યનું પ્રથમ કિરણ થઈને લંબાવાનું મન થાય એવું આંગણું છે, પંખી થઈને કૂજવાનું મન થાય એવાં વૃક્ષો છે, પ્રેમ કરવાનું મન થાય એવી વ્યકિત છે, તો પૂજવાનું મન થાય એવી વિભૂતિ પણ છે, માછલી થઈને તરવાનું મન થાય એવું જળ છે, ચન્દ્ર થઈને ઊગવાનું મન થાય એવું આકાશ છે, રાતરાણી થઈને મહેકવાનું મન થાય એવો અંધકાર છે, ગીત થઈને રેલાઈ જવાનું મન થાય એવા સહૃદય શ્રોતાઓ છે. આખી સૃષ્ટિને આલિંગનમાં લઈ

લઉં એટલો છલકતો પ્રેમ છે. જાગી ગયા હોઈએ પછી સ્મૃતિઓ મમળાવવાનું મન થાય એવી અધમીંચેલી આંખ જેવી સવાર છે. નહીં ફળેલાં સપનાંઓને દુઃખની જરીક અમથી પણ લાગણી વિના, જાણે કે મ્યુઝિયમમાં ફરતા હોઈએ અને જોઈએ એ રીતે, જોવાની અલિપ્ત અવસ્થા છે. છે...છે...છે.

જીવનમાં કેટલું બધું છે! હૃદય નાનું પડે એટલો બધો આનંદ છે. જળમાં, સ્થળમાં, નભમાં, પવનમાં બધે જ જીવનની ફૂલપગલીઓ દેખાય છે.

['મારી બારીએથી' પુસ્તકઃ ૧૯૭૬]

## મુંબઈનો માળો

મુંબઈ જેવું વિશાળ શહેર, એમાં ભરચક લત્તાઓ, એમાં એક નાનકડી સાંકડી ગલી, એમાં એક ચાર મજલાનું મકાન, મકાનની લગોલગ લગનની વાડી, વાડીમાં પીપળાનું ઝાડ, પીપળાના ઝાડમાં ભેરવાયેલા ફાટેલા પતંગો અને ચાર માળ પર રહેતા માણસોનો બબ્બે ઓરડીઓમાં સચવાયેલો સંસાર...

મકાનને દાદરે બેસી વાડીમાં ઘણી વાર જોયા કર્યું છે. લગ્નની મોસમમાં દરરોજ નવો માંડવો... સવારના પહોરથી વાતાવરણમાં સાડીશેલાંના રંગ... ધોતિયું, કફની, સફેદ ટોપી અને સફેદ ચંપલ... વાજાંવાળાઓ... લાઉડસ્પીકર... વરઘોડો આવે ત્યારે મુકાતી લગભગ એક જ રેકર્ડ “ઘૂંઘટકા પટ ખોલ રે, તોહે પિયા મિલેંગે” ...પછી રાતનો સમય, બત્તીઓ... અને પછી કન્યાવિદાય... આંસુઓ... શિખામણો... શણગારેલી મોટર અને.... આમ ને આમ સંસારની શરૂઆત... ફ્લેટમાં કે ઓરડીમાં...

વાડીમાં પીપળો એમ ને એમ ઊભો છે. કેટલાંયે લગ્ન ...જમણ... રિસેપ્શન... નાનામોટા ઝઘડા... માણસનાં નાનાં મન... એની ઈર્ષાઓ...

એની પ્રદર્શનવૃત્તિ, રોશની અને એ પછીનો અંધકાર... ધામધૂમ અને એ પછીનો સૂનકાર...

ચાર માળના મકાનના પગથિયે પગથિયે શૈશવે કૂદકા-ભૂસકા માર્યા છે, કિશોરાવસ્થાએ તંબૂ તાણ્યા છે. પ્રત્યેક ઓરડીનો જુદો જુદો સંસાર જોવા મળ્યો છે—તો આખા માળાનું સામૂહિક જીવન પણ જાણવા મળ્યું છે. દાદરની વચ્ચેની જગામાં, છૂટક કામ કરતા ઘાટીઓ પણ પોતાના એશઆરામની પળોને પાનતમાકુથી લાલમલાલ કરી મૂકતા કે બીડીનાં ઠૂંઠાંથી તેજીલી કરતા જોયા છે.

પ્રત્યેક ઓરડીનું વ્યકિતત્વ જુદું. બહારથી બધી જ સમાન લાગે એ તો માત્ર આભાસ. કોઈકને ઘરે-આંગણે તોરણ લટકે. તોરણના પોપટ બોલકા લાગે અને ઓરડીના માણસો મૂંગા. કોઈકનાં બારણાં બાંડાં જ હોય. ઊબરા તો પ્રત્યેક ઓરડીના પૂજાય. સામેના પીપળાને કંકુના છાંટા નિયમિત મળે.

મોટાંઓની તકરાર ખાસ ન હોય, પણ સીદીભાઈને સીદકાં વહાલાં—એમ છોકરાંઓની બાબતમાંથી જ કાંઈક ચકમક ઝરે. ઉપલા મજલા પર રહેનારાઓને નીચલા મજલાવાળા પ્રત્યે એક સામાન્ય ફરિયાદ રહે: પાણીનો ધોધ છૂટો મૂકે એટલે ઉપર પાણી ચડતાં વાર લાગે. છાપાં પણ દરેક ઓરડીમાં ન આવે. પ્રત્યેક માળામાં એક વ્યકિત તો એવી હોય છે જે માળાનાં છાપાંની ગરજ સારે. આમ એકમેકના ઘરે આવવાજવાનો કે લેવડદેવડનો વહેવાર સવારથી શરૂ થાય. કોઈને લેવામાં કે આપવામાં શરમસંકોચ નહીં. કોથમીર, લીંબુ ને લીમડાથી માંડીને એકાદ વાટકી ઘી-તેલની પણ લેવડદેવડ થાય.

હવે તો રેડિયો ઓરડીએ ઓરડીએ આવી ગયો હશે. પણ પહેલાં તો જો એકાદ ઓરડીમાં રેડિયો આવે તો જાણે કે છોકરો જન્મ્યો હોય એમ આસપાસનાં પડોશીઓ હરખ કરી જતાં.

પ્રત્યેક પડોશીની આંખમાં બાઈનોક્યુલરના કાચ હોય જ. કોને ત્યાં કોણ આવ્યું, કેમ આવ્યું, ક્યારે આવ્યું, આવનાર વ્યકિત કેટલા

કલાક બેઠી, એનો બધો જ હિસાબ—અત્યારે રાજકારણમાં જેમ એક દેશ બીજા દેશની હિલચાલની ચોકી કરે છે એમ—કર્યા કરે.

વૅકેશનમાં તો આખો માળો છોકરાઓનો થઈ જાય. દાદરના કઠેડા પર લસરવાથી માંડીને બધી જ રમતો અને મસ્તી-તોફાનો આરંભાઈ જાય. લખોટી, કોડી, પત્તાં, કેરમ બોર્ડની મોસમો આવે ને જાય.

કોઈકને ઘરે ઠાકોરજીની રાજસેવા જેવું હોય તો એનો પ્રસાદ આખા માળાને મળે. કોઈક નવરાત્રિમાં ગરબા ગવડાવે તો એની લહાણી ઘરદીઠ મળે. કોઈકને ત્યાં ઘરનો માણસ ક્યારેક અતિશય મોડે સુધી ન આવ્યો હોય તો આખો માળો ચિંતા કરે.

અંગત અને બિનંગતનો અહીં સમન્વય થયો હોય છે. સામૂહિક જીવનની નાનકડી વિદ્યાપીઠ જેવો મુંબઈનો માળો છે.

['મારી બારીએથી' પુસ્તકઃ ૧૯૭૬]

## કાલે

*નાનાં અમથાં આજ ભલે ને, કાલે મોટાં થાશું;*
*અમે તો ગીત ગુલાબી ગાશું!*

*કળી-કળીનાં ફૂલ થાય ને બુંદ-બુંદનો દરિયો!*
*નાની અમથી વીજ ચમકતી આભે થઈ ચાંદલિયો;*
*મસ્ત થઈને અજાણ પંથે અમે એકલાં જાશુંઃ*
*અમે તો ગીત ગુલાબી ગાશું!*

*નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો;*
*એવા મોટા થઈશું કે નહિ જડે અમારો જોટો!*
*હશે હોઠ પર સ્મિતઃ આંખમાં કદી હોય નહિ આંસુ,*
*અમે તો ગીત ગુલાબી ગાશું!*

## ઝાડ મને લાગે નહીં પરાયાં...

*મને એક એક ઝાડની માયા*
*કે ઝાડ મને લાગે નહીં કોઈ દિ' પરાયાં.*

*ઝાડ ઉપર ફૂલ થઈ ફૂટું ને*
*પંખી થઈ બાંધું હું માળો,*
*ખિસકોલી થઈને હું દોડ્યા કરું છું, ભલે*
*ઉનાળો હોય કે શિયાળો.*
*એક એક ઝાડની છાયા*
*કે ઝાડ મને લાગે નહીં કોઈ દિ' પરાયાં.*

*ઝાડની હું ડાળી ને ઝાડનું થડ હું તો*
*પાંદડાં ને ઝાડનું હું મૂળ છું,*
*ઝાકળની જેમ હું તો વળગું છું ઝાડને,*
*સોનેરી કિરણોની ધૂળ છું.*
*લીલા લીલા વાયરા વાયા,*
*કે ઝાડ મને લાગે નહીં કોઈ દિ' પરાયાં.*

—

*દરિયો કહો તો દેખાડી દઉં, પણ મોજાંને ચીંધવાં સ્હેલાં નથી.*
*જંગલ ને ઝાડપાન વીંધી હું દઉં, પણ પાણીને વીંધવાં સ્હેલાં નથી.*

## મૌનને પીધેલો કવિ

અલગારી કવિ મકરન્દ દવે વન, ઉપવન અને તપોવનના યાત્રી હતા. એમની વાણીમાં સચ્ચાઈ અને ઉષ્મા. આ મૌનનો આરાધક અને

શબ્દનો સાધક બાળકની જેમ રમૂજ પણ કરે અને હસી શકે. મકરન્દ શબ્દની પાછળ મૌનને પીધેલો કવિ.

## કવિતા લખવી છે?

કવિતા કેમ આવે છે એની ઘણી વાર કવિને પોતાને પણ ખબર નથી હોતી. લોકો માને છે કે કવિતા પ્રેરણાથી આવે છે. પ્રેરણાથી આવેલું જે કાંઈ હોય તે ઉત્તમ જ હોય, એવું નથી. જે આવે તેને આવવા દેવું. પણ કાવ્ય આવ્યા પછી જાણે કે એ બીજાની કૃતિ હોય એમ એને જોવી જોઈએ અને પછી જે શબ્દો કાવ્યમાં મૂક્યા છે તેમાં ઔચિત્ય છે કે નહીં તે જોવું જોઈએ.

કોઈ પણ કાવ્ય તમે પૂરું કરો છો એ હંમેશાં પૂર્ણ નથી હોતું. બહુ બહુ તો એની ગતિ પૂર્ણતા તરફની હોય તો હોય. કવિતા પ્રગટે પછી કવિતાએ જીવવાનું છે પોતાના જ પગ પર. એના જન્મ પછી કવિતા અને કવિ વચ્ચેની જનનનાળ કપાઈ જાય છે. કવિતાએ જીવવાનું છે વહી જતા કાળમાં. ભલભલા કવિઓનાં કાવ્યો એમના કાવ્યસંગ્રહોના કબ્રસ્તાનમાં કાયમને માટે દટાઈ ગયાં હોય છે. જાહેર મંચ પર કાવ્ય વાંચીએ છીએ ત્યારે કવિતા તાળીઓના ગડગડાટથી બહેરી થઈ જાય છે. કેટલી નિષ્ફળ કવિતાને અંતે એક સફળ કવિતા પ્રગટ થતી હોય છે! કવિએ નિંદા, સ્તુતિ અને અવજ્ઞાથી પર થવું જોઈએ. કવિ કવિતા લખે પછી એને પોતાની કવિતાથી છૂટાં પડતાં પણ આવડવું જોઈએ.

કવિ થવાની સજ્જતા વિશેનું એક કાવ્ય જોઈએ:

તમને તારાઓની બારાખડી ઉકેલતાં આવડે છે?

—તો લખો.

તમને ફૂલોની પાંખડીમાં પ્રવેશતાં આવડે છે?

—તો લખો.

તમને ક્ષણની આંખડીમાં કશુંક આંજતા આવડે છે?
—તો લખો.
તમને રણના વિષાદને મૃગજળથી માંજતાં આવડે છે?
—તો લખો.
તમને આંખમાં આવેલાં વાદળને નહીં વરસાવતાં આવડે છે?
—તો લખો.
તમને મેઘધનુષની સૂકી ધરતી પર વાવતાં આવડે છે?
—તો લખો.
તમને લોકોની વચ્ચે તમારી સાથે રહેતાં આવડે છે?
—તો લખો.
તમને તમારાથી પણ છૂટા પડતાં આવડે છે?
—તો લખો.
તમને કંઈ પણ આવડતું નાથી,
એ અવસ્થા પર ઊભા રહેતાં આવડે છે?
—તો લખો.

['દિવ્ય ભાસ્કર' દૈનિકઃ ૨૦૦૫]

## તેં જે નથી કહી...

*તેં જે નથી કહી એ બધી વાત યાદ છેઃ*
*તેં જે કહી એ વાતનું કોઈ સ્મરણ નથી!*

# 'દ્વિરેફ'

રામનારાયણ વિ. પાઠકે 'શેષ'ને ઉપનામે કાવ્યો લખ્યાં, 'દ્વિરેફ'ને ઉપનામે નવલિકાઓ લખી, અને હળવા નિબંધો લખ્યા 'સ્વૈરવિહારી'ના ઉપનામે. આ ઉપરાંત એમણે મૂળ નામે સંશોધન, સંપાદન, વિવેચન અને ઇતર સાહિત્યપ્રવૃત્તિઓ કરી. એમની કવિતામાં એક પ્રકારની શિષ્ટતા અને સુઘડતા વરતાય છે. પ્રભુ, પ્રકૃતિ અને પ્રણય, આ ત્રણ એમના પ્રિય કવનવિષયો છે. અસાધારણ સંયમ સાથે ઊર્મિનું ચિંતનશીલ નિરૂપણ, એ એમની કવિતાની લાક્ષણિકતા છે.

'જમનાનું પૂર' માત્ર એમની જ નહિ, ગુજરાતી સાહિત્યની એક વિશિષ્ટ વાર્તા છે. ટૂંકી વાર્તામાં લાઘવ કેવું હોઈ શકે, એનું આ ઉદાહરણ છે. 'જક્ષણી' પાઠકની લાક્ષણિક કૃતિ છે. પ્રસન્ન દાંપત્યની આવી હાસ્યસભર વાર્તા આપણે ત્યાં ભાગ્યે જ લખાઈ છે. 'મુકુન્દરાય' પાઠકની ઉત્તમ વાર્તામાંની એક લેખાય છે.

પાઠકનો વિશેષ નિબંધમાં પ્રગટ થાય છે. ચિંતનપરાયણતા એમના નિબંધની કરોડરજ્જુ છે.

['પ્રતિભાપુરુષ પાઠકસાહેબ' પુસ્તકઃ ૨૦૦૪]

# સુરેશ સોની

## આ દૃશ્યો ક્યારે ભૂંસશું?

“વડોદરા શહેર મહાસંસ્કારી છે,” એવું આપણે ગૌરવ અનુભવીએ છીએ. સયાજીબાગ, લાલબાગ, બદામડીબાગ, ફુવારા, યુનિવરિસટી, સંગ્રહસ્થાનો, નિમેટા અને આજવા, કીર્તિમંદિર.... આપણા મહેમાનોને હોંશે હોંશે બતાવીએ છીએ. પરંતુ બહારગામ કે પરદેશથી આવતા મહેમાનો આવું બીજું પણ જોઈ લે છે—

બહારગામ જવા માટેનું એસ.ટી.સ્ટૅન્ડ—કઈ બસ ક્યાં ઊભી રહેશે, એની ડ્રાઇવરને પણ ખબર ન હોય; મુસાફરો બાળકોને ઊંચકીને પેટીપટારા સાથે એક છેડેથી બીજે છેડે ઓલિમ્પિક દોડમાં દોડતા હોય!

કોઈ પણ બસસ્ટૅન્ડ એટલે અખાડાઓ. આ સ્ટૅન્ડ પર અંધ, અપંગ, નાનાં બાળકો, ધાવણાં બાળકો સાથે સ્ત્રી, બ્લડપ્રેશરનાં દર્દીઓ, વૃદ્ધોની શી દશા થાય છે?

જાહેર પાયખાનાં—નામ વાંચીનેય તમને સોડમ આવી હશે!

છોકરીઓની મશ્કરી—શાબ્દિક અને શારીરિક: જવા દો એની વાત!

પુસ્તકાલયોમાં સામયિકો અને પુસ્તકોની અવદશા.

સરિયામ માર્ગે ચાલતા દારૂના અડ્ડા અને આંકફરકની સ્લીપો.

આપણા રસ્તાઓ! પાણીની પાઇપ, ગૅસલાઇન, ટેલિફોન લાઇન—વારાફરતી રસ્તાનું “નવનિર્માણ” થયા જ કરે. અને ચોમાસું એટલે હાડવૈદોની સીઝન!

ગાંડાઓની મશ્કરી કરી, હેરાન કરી, એમના મુખેથી બીભત્સ ગાળો સાંભળવી, એ આપણું મફતિયા મનોરંજન!

સીંગચણાની લારી પાસે ઊભા રહી, વેરાયેલા દાણા વડે પેટ

પૂરતા નાગડા—પૂગડા આવતી કાલના નાગરિકો!

નવ-દસ વાગે ગલીઓ સાફ થાય, પછી ઉપરથી ફેંકાતાં એઠવાડ, શાકભાજીનાં છોડાં, નરકનાં “પડીકાં”, ઊભરાતી ગટરગંગા......

થિયેટરમાં બરાડા પાડીને સંબોધાતી બીભત્સ વાતો.

જાહેર ભીંતો એટલે મફતમાં જાહેરખબર લખવાની જગ્યા.

જરાક જ આડમાર્ગ પર જાઓ કે તરત જ પેશાબના રેલા અને નરક. દરેક ગલીમાં હોય છે, દીવાલો વગરની જાહેર મૂતરડી.

જાહેર મૂતરડીમાં જાઓ તો “પીળા પ્લાસ્ટિકવાળી” ચોપડીઓ વાંચવાની જરૂર જ ન રહે!

ફૂટપાથ એટલે ફેરિયાઓની દુકાનો.

આવાં તો ઘણાં ‘વરવાં’ દૃશ્યો છે. આ શરમજનક દૃશ્યો ભૂંસવા બંદૂકધારીની રાહ જોઈશું? કે પછી, એ તો એમ જ ચાલે?

# સુરેશ હ. જોષી

## આદિમ સંસ્કૃતિના પ્રદેશમાં

ઓર્લાન્ડો, ક્લોડિયો અને લિયોનાર્ડો ત્રણ ભાઈઓ હતા. બ્રાઝિલમાં અરણ્યઘન પ્રદેશમાં ઊંડે ઊંડે જઈને ત્યાં રહેતી આદિવાસી પ્રજાઓ, ત્યાંની વનસ્પતિ, ત્યાંનાં પશુપંખી—આ બધાંનું સંશોધન કરવા માટે નીકળેલા સાહસિક સંશોધકોની મંડળીમાં એ ત્રણેય ભાઈઓ હતા. એ મંડળીના બીજા બધા તો પાછા ફર્યા, પણ આ ભાઈઓ એ આદિવાસી પ્રજા વચ્ચે જ રહી પડ્યા. ત્યાંનું પ્રાકૃતિક સૌંદર્ય અને એ આદિવાસીઓની સંસ્કૃતિની સમૃદ્ધિએ એમને આકર્ષ્યા. આ પ્રજાની સંસ્કૃતિને અણીશુદ્ધ રાખી, જમીનના લોભી વેપારીઓ, હીરાની ખાણ શોધનારાઓ, ચામડાનો વેપાર કરનારાઓ, રબર એકઠું કરનારાઓ—આ બધાથી એ પ્રજાને બચાવી લેવી જોઈએ એવું એ ભાઈઓના મનમાં વસ્યું. આજે એ પ્રજા હેમખેમ રહી છે તે આ ત્રણ ભાઈઓને પ્રતાપે. એમાંનો સૌથી નાનો ભાઈ તો ત્યાં જ મરી ગયો.

આ ઝિંગુ જાતિ કુલુએને નદીના પ્રદેશમાં રહે. ત્યાં જંગલમાં રસ્તા નહિ, કેડી પણ નહિ. ઝાડઝાંખરાં કાપીને હાથે રસ્તો બનાવવો પડે. એ પ્રજાને બીજી કહેવાતી સુશિક્ષિત પ્રજાના અસ્તિત્વ વિશે કશી જ જાણ નહિ. આ ભાઈઓ એ લોકો જોડે ભળી ગયા, એ લોકો ખાય તે ખાધું. જંગલમાં શાંતિને વિક્ષુબ્ધ કર્યા વિના કેવી રીતે ચાલવું તે તેઓ શીખી ગયા. એમની હસ્તકળા જોઈને એ ચકિત થઈ ગયા. આ ભાઈઓએ એ લોકોમાં જે માંદા હતા તેની દવા કરી, એમને ભેટો આપી ને બદલામાં કશું માગ્યું નહિ.

આ આદિવાસીઓએ પણ જે જાતિને દુષ્ટ માનીને બહિષ્કૃત લેખેલી તેમની સાથે પણ આ ભાઈઓ ભળી ગયા.

બબ્બે વાર શાંતિ માટેનાં નોબેલ પારિતોષિક માટે એમનાં નામ

સૂચવવામાં આવ્યાં હતાં. પણ એક આદિવાસી કઠિયારાની વિધવાને એના દુ:ખના કપરા દિવસોમાં અર્ધો કોથળો ચોખા મોકલ્યા હતા તે બદલ આભાર માનતી, અક્ષરો ન વંચાય એવી, ચબરખી એમણે સાચવી રાખેલી. નોબેલ પારિતોષિક કરતાં એમને મન એનું મૂલ્ય ઘણું હતું.

['ઇતિ મે મતિ' પુસ્તક]

# પ્રતિભાશાળીનું ગૌરવ

ફિલસૂફ સ્પિનોઝાએ મૌલિક ચિંતન રજૂ કર્યું. રૂઢિચુસ્ત ધર્મના સંરક્ષકો ચોંકી ઊઠ્યા, એને ધર્મમાંથી બહિષ્કૃત કર્યો. એનો કોઈ પડછાયો પણ લે નહીં, એને ક્યાંય કોઈ આશ્રય આપે નહીં. વરસાદની ઝડી એના પર તૂટી પડે, પવન એને પછાડે, એ નરકના અગ્નિમાં બળે: ધર્મ જેવો ધર્મ આવી શાપવાણી ઉચ્ચારે, આવું ઝેર ઓકે! સ્પિનોઝા શેરીમાં નીકળે તો કોઈ પશુને પથ્થર મારીને ભગાડે તેમ લોકો એને ભગાડે! આખરે નાસતાં-ભાગતાં સ્પિનોઝાએ એક કુટુંબના ઘરના કાતરિયામાં આશ્રય લીધો. પછી એણે કદી માનવસમાજ વચ્ચે પગ મૂક્યો નથી. ઉપર એને માટે સવાર-સાંજ બારણા આગળ ખાવાની થાળી મૂકી જાય.

એક દિવસે એ થાળી એમ ને એમ પડી રહી. જઈને જોયું તો સ્પિનોઝા ટેબલ પર માથું મૂકીને મરણશરણ થઈ ગયેલો! ટેબલના ખાનામાંથી એણે લખેલા પુસ્તકની હસ્તપ્રત નીકળી, એ પુસ્તક તે પ્રખ્યાત 'નીતિશાસ્ત્ર'. એણે ફિલસૂફીની દુનિયામાં હલચલ મચાવી દીધી.

સમાજ, સંસ્થાઓ, ધર્મપ્રતિષ્ઠાનો આવી અનુદારતાથી જ પ્રતિભાશાળીઓ જોડે વર્તે છે. મહાકવિ હોમરને ઉત્તરાવસ્થામાં અંધ થઈ ગયા છતાં બારણે બારણે ભીખ માગવી પડી. સોક્રેટિસને ઝેર પીવું પડ્યું. સમાજ કદાચ આ સિવાય બીજી કોઈ રીતે પ્રતિભાશાળીનું ગૌરવ કરી શકતો નથી.

['ઇતિ મે મતિ' પુસ્તક]

# કીર્તિ સામે ઝુંબેશ!

તો ચાલો, કીર્તિ સામે ઝુંબેશ ચલાવીએ! એણે આપણા સાહિત્યનો ઘણો ભોગ લીધો છે. ખુમારીવાળા સર્જકોને યાચક બનાવ્યા છે. એણે સર્જકની દૃષ્ટિને પોતાની કૃતિના સત્ત્વ પરથી ખસેડીને પોતાના નામના ચળકાટ તરફ વાળી છે. પાઠ્યપુસ્તકોમાં સ્થાન, સંકલનોમાં સ્થાન, પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધિ—એટલેથી દોડ અટકતી નથી. પછી ચંદ્રકો અને ઇનામો: નર્મદ ચંદ્રક ને રણજિતરામ ચંદ્રક, ગુજરાત રાજ્યનાં ઇનામ, દિલ્હીનું સાહિત્ય અકાદમીનું ઇનામ અને એથી આગળ વધીને જ્ઞાનપીઠનું ઇનામ—એ ઉપરાંત સંસ્થાઓએ અસાહિત્યિક ધોરણે જાહેર કરેલાં નાનાંમોટાં ઇનામો તો જુદાં!

આ ચક્કરમાં પડેલો જીવ ક્યાંથી છૂટે? તેમાં વળી આગલી હરોળમાં રહેવાનો ધખારો, પ્રવાહને નવો વળાંક આપ્યાનું શ્રેય લેવાની ઇચ્છા—આ બધું તો ખરું જ. છાપાંમાં એકાદ કોલમ હાથ આવી ચડે તો ય ભયોભયો—થાપવા-ઉથાપવાની રમત રમવાની કેવી મજા! આને ચૂંટી ખણી, તો પેલાને થાબડ્યો.

ધીમે ધીમે બધું કરવાની ફાવટ આવી જાય, રીઢા થઈ જવાય, સાથે સાથે સર્જનને માટેની સાધનામાં ઊણપ આવતી જાય; પણ આત્મશોધન માટેનો સમય ક્યાંથી કાઢવો?

આ પછી પરિષદ, સભા-સમિતિ, સંવાદનાં ક્ષેત્રો ખૂલે છે. પછી વિદ્યાપીઠોની કે સરકારી સમિતિઓમાં સ્થાન પામવા માટેની પડાપડી. પાઠ્યપુસ્તકો નક્કી કરનારી સમિતિમાં હોઈએ તો મિત્રોને ઉપકારક થઈ શકાય.

પછી જાહેર સન્માન, માનપત્ર, ષષ્ઠીપૂર્તિ—જિંદગીના છેલ્લા શ્વાસ સુધી કીર્તિ માટેની દોટ મૂકતો આપણો લેખક કેવો તો દયામણો લાગે છે!

*

રિલ્કેની એક કવિતામાં સોનું માનવી આગળ કાકલૂદી કરીને કહે છે: “મને ફરીથી ખાણમાં સંતાઈ જવા દો. મારી કહેવાતી અશુદ્ધિને

શુદ્ધ કરવા તમે કસોટી કરી, પણ તમે જે નવી અશુદ્ધિ ઉમેરી છે તેથી તો શરમના માર્યા મારે ધરતીમાં સમાઈ ગયા વિના છૂટકો નથી. રાજાઓના સિક્કા, ધનિકોની લોભી આંગળીની છાપ, ગરીબોનાં આંસુ, હત્યારાઓએ રેડેલ લોહી—બધું મારા અંગ પરથી શી રીતે ધોઈ શકાશે?”

આમ આજે સુવર્ણચંદ્રકોનું સોનું પણ અશુદ્ધિને કારણે ધરતીમાં સમાઈ જવા ઇચ્છે છે. એના પર પણ લોલુપ દૃષ્ટિના ડાઘ છે, દુરુપયોગનું કલંક છે.

તો આવો, કીર્તિ સામે ઝુંબેશ ઉઠાવીએ, ચંદ્રકોને ઓગાળી નાખીએ, આત્મપ્રશંસામાં રાચતી કલમોનું લીલામ કરીએ, ‘કીર્તિ’ શબ્દના પર છેકો મૂકીએ!

[‘શ્રુણવન્તુ’ પુસ્તક]

## એનું કારણ શું?

એક પ્રશ્ન થાય છે: આપણા સમાજમાં બુદ્ધિશીલોનું વર્ચસ્ નથી, એનું કારણ શું? રાજકારણવાળા એમને વેદિયા ગણે છે. એમને લોકસંપર્ક હોતો નથી. વિચારો કાંત્યા કરવા અને સક્રિય બનીને વર્તમાન સમસ્યાઓને ઉકેલવા આગળ આવવું નહિ, એવો કહેવાતા બુદ્ધિશીલોનો આચાર હોય છે. એનો લોકસંપર્ક એ છાપામાં એકાદ કોલમ લખતો હોય છે એટલા પૂરતો જ હોય છે. ઘણી વાર એ સત્યને ભોગે તર્ક લડાવવાની રમતમાં રાચતો હોય છે. પણ જરૂર પડે ત્યારે આ રાજકારણવાળાઓ બુદ્ધિશીલોને પોતાના સમર્થન માટે વાપરે છે. બધા જ બુદ્ધિશીલો અપરિગ્રહી, અનાસક્ત હોતા નથી. એમને આ કે તે જોઈતું હોય છે. આથી રાજકારણવાળાના ખરીતા તેઓ તૈયાર કરી આપે છે. જરૂર પડે ત્યારે દસ્તખત પણ કરે છે. પણ એથી આગળ વધીને જો એમના કારભારમાં બુદ્ધિશીલો દખલગીરી કરે, તો એમને

પડતા મૂકવામાં રાજકારણવાળાઓને સહેજેય સંકોચ થતો નથી.

આપણે ત્યાં બુદ્ધિશીલોની ઝાઝી આબરૂ નથી. વિદ્યાપીઠોમાં જ્ઞાનના ક્ષેત્રમાં તેઓ રાજકારણના દાવપેચ ઘુસાડે છે એવો એમના પર આરોપ છે. તેઓ પવન જોઈને પીઠ ફેરવનારા કાયર છે. આંતરિક પ્રતીતિનું સમર્થ ઉચ્ચારણ કરીને સમાજના એક વિધાયક બળ તરીકે કામ કરવાની એમની તૈયારી હોતી નથી. બુદ્ધિનિષ્ઠ અધ્યાપકને મોટો મોભો આપીને વહીવટી તંત્રનાં સૂત્રો સોંપ્યાં કે તરત જ ચોકઠામાં બરાબર ગોઠવાઈ જવા માટે જરૂરી બધાં જ સમાધાનો કરી લેવા એ તત્પર થઈ જાય છે. આથી જ શાસકો અને સમાજમાં વગ ધરાવનારો વર્ગ બુદ્ધિશીલોને પરાસ્ત કરવા બુદ્ધિશીલોનો જ ઉપયોગ કરે છે.

“જે બાબતમાં બુદ્ધિશીલોની પહોંચ નહીં હોય તેમાં એમણે માથું મારવું જોઈએ નહિ. તેઓ રાજકારણના કે સમાજના ‘નાજુક પ્રશ્નો’ને સમજી શકતા નથી, કુનેહથી કામ પાર પાડવાનું જાણતા નથી. સત્યનું નામ લઈને હોબાળો મચાવી જાણે છે. બીજાં ક્ષેત્રોમાં અનધિકાર પ્રવેશની ચેષ્ટા છોડી દઈને તેઓ વિદ્યાપીઠના વર્ગોમાં, પુસ્તકાલયોમાં, પ્રયોગશાળાઓમાં પોતપોતાની રીતે વધુ વિકાસ સાધવામાં સક્રિય બને તો જ સમાજને લાભ થાય.” આવી સુફિયાણી સલાહ વિદ્યાપીઠના કોઈ ને કોઈ બૌદ્ધિક કાર્યક્રમમાં ‘ઉદ્‌ઘાટન’ કરવા અને ‘આશીર્વચન’ આપવા આવેલા રાજકારણીઓને મુખે ઉચ્ચારાતી આપણે સાંભળી હોય છે.

બુદ્ધિશીલ હોવાનો ડોળ કરીને પાંચમી કતારિયાની જેમ બુદ્ધિશીલોના વર્ગમાં ઘૂસી જઈને એને અંદરથી તોડનારો એક નવો વર્ગ ઊભો થયો છે. એનાથી સાવધ રહેવાની ખાસ જરૂર છે.

[‘ઇતિ મે મતિ’ પુસ્તક]

# પારદર્શક નિખાલસતા

કાફકાએ એની ગદ્યકૃતિઓનો પ્રથમ સંગ્રહ પ્રકાશકને છાપવા માટે મોકલ્યો ત્યારે સાથે એક પત્ર લખ્યો હતો એમાં એણે લખ્યું હતું, “આ સાથે, તમે જોવા માગેલા તે, કેટલાક નાના ગદ્યખંડો મોકલું છું; એક નાનકડું પુસ્તક થાય એટલા એ છે. હું જ્યારે આ હેતુથી એનું સંકલન કરતો હતો ત્યારે મારે બે રીતે પસંદગી કરવી પડતી હતીઃ એક તો મારી જવાબદારીની ભાવનાને સંતોષે એ રીતે, બીજું તમારાં સુંદર પુસ્તકોની શ્રેણીમાં મારું પણ પુસ્તક હોય એવી ઉત્સુકતાથી પ્રેરાઈને. આ બાબતમાં દરેક પ્રસંગે હું સ્પષ્ટ અને અસંદિગ્ધ નિર્ણય લઈ શક્યો છું એવું નથી. પણ તમને જો એથી પ્રસન્નતા થાય અને જો તમને આ છાપવા જેવું લાગે તો સ્વાભાવિક રીતે જ મને ખુશી થશે. એમાં જે નબળું રહેલું છે તે પહેલી નજરે તરત પકડી શકાય એવું નથી. દરેક સર્જક પોતાનું નબળું પોતાની આગવી રીતે પ્રચ્છન્ન રાખી શકે છે તે જ એ સર્જકની વિશિષ્ટતા નથી બની રહેતી?”

આ પત્રની પારદર્શક નિખાલસતા આપણને સ્પર્શી જાય છે. એમાં પ્રસિદ્ધિ માટેની ઉત્સુકતા તથા તેથી થતા આનંદને કાફકાએ ઢાંક્યાં નથી. તેમ છતાં, બીજા સહેલાઈથી પારખી નહિ શકે તેવી, પોતાની નિર્બળતાનો એ એકરાર કરી દે છે. પછી એ જે કહે છે તે આપણને વિચાર કરતા કરી મૂકે એવું છે. કૃતિમાં ચતુરાઈ હોય તો એ કશીક નબળાઈને ઢાંકવા માટે જ હોય. વધારે પડતાં શૈલીનાં નખરાં કોઈ કરે તો તે કશીક નિર્બળતાને ઢાંકવા માટે. આ વાત સાચી લાગે છે. પ્રસિદ્ધિના ચક્રવાતમાં ફસાયા પછી, સર્જકોના જીવનમાં એવા તબક્કા આવે છે જ્યારે કશું રચી શકાતું નથી. આ ગાળો ભારે કસોટી કરનારો નીવડે છે. પ્રસિદ્ધિની આસકિત હોય તો કંઈક ને કંઈક રચી કાઢવાના ઉધામા ચાલુ રહે છે. આવી, પરાણે રચાતી કૃતિઓની નિર્બળતા પૂરેપૂરી ઢાંકી શકાતી નથી. બીજી બાજુથી વાલેરી જેવાના પણ દાખલા છે. સતત વીસ વર્ષ સુધી એક કૃતિને મઠાર્યા કરવાની એની ધીરજ એક વિરલ

ઘટના છે. માલ્કમ લાવરીએ ચારેક નવલકથા લખી છે. એક વાક્યને એ શક્ય તેટલી જુદી જુદી રીતે લખી જોતો. અઢીત્રણ હજાર પાનાંનાં લખાણમાંથી બસોએક પાનાં ઉદ્ધારીને એને એ આખરી રૂપ આપતો.

જૂનું લખીને રાખી મૂક્યું હોય, પોતે જ જેને પ્રસિદ્ધિને યોગ્ય નહિ ગણ્યું હોય, તેને પછીથી મળેલી પ્રસિદ્ધિને કારણે પ્રકટ કરવાના પ્રલોભનને કેટલાય લેખકો વશ થતા હોય છે. આત્મતુષ્ટિની ગર્તામાં પડ્યા પછી ઘણા એમાંથી કદી બહાર આવી શકતા જ નથી. સર્જકને તો પોતાની જાત સાથે ઝઘડ્યા કરવાનું કૌવત મેળવી લેવું ખૂબ જરૂરી છે.

['ઇતિ મે મતિ' પુસ્તક]

# જીવન પણ ઉત્તમ કળા

વૈશાખની બપોરના આકરા તાપમાં હું રોજ જોઉં છું: એક મકાન પર વધારાનો એક માળ લેવાની તૈયારી ચાલી રહી છે. માથે કશી છત્રછાયા વિના, કેવળ સૂર્યની નિષ્ઠુર દૃષ્ટિ નીચે, ઉઘાડા શરીરે, શ્રમજીવીઓ કામ કરી રહ્યા છે. કાળા અબનૂસ જેવાં એમનાં શરીર પરસેવાથી તગતગી ઊઠ્યાં છે. આકરી મજૂરી કરી રહ્યા છે, ને છતાં એમને મોઢે ગીત છે. એમનાં શરીરનાં હલનચલનના લય સાથે એનો લય બરાબર મળી જાય છે. બળબળતી બપોરમાં આ લય એક અવનવી કર્ણમધુરતા સર્જી દે છે.

બીજી બાજુ, લગ્નમંડપોમાં, વરઘોડાઓમાં ફિલ્મી ગીતોની ચીસાચીસ સંભળાય છે. એને કોઈ સાંભળતું નથી, છતાં એક રસમ ખાતર એ ગીતો વગાડવામાં આવે છે.

જગત સાથેનો આપણો સંવાદ તૂટ્યો છે. શહેર પાસે થઈને જ નદી વહી જાય છે, પણ એના વહેવાનો લય આપણને સંભળાતો નથી. સમુદ્રના ભરતી-ઓટથી અણજાણ આપણે, સમુદ્રની પાસે રહીને, જીવ્યે જઈએ છીએ. વૃક્ષોનો પર્ણમર્મર કે પંખીઓનો કલરવ, કાચીંડાનું

ચુપકીદીથી સરકવું, નોળિયાનું એક વાડમાંથી બીજી વાડમાં સંતાઈ જવું—આ બધાંથી અણજાણ, પ્રકૃતિ વચ્ચે છતાં પ્રકૃતિમાંથી જ હદપાર થયા હોઈએ એમ, આપણે જીવીએ છીએ.

['પશ્યન્તી' પુસ્તક]

## નામ બદલાયાં છે

રજવાડામાં દરબારી કવિઓ અને ભાટચારણો હતા. જો કોઈ એમ માને કે એ દરબારો હવે ગયા તો એ નરી ભ્રાંતિ જ છે. એ દરબારનાં નામ બદલાયાં છે એટલું જ. હવે પ્રતિષ્ઠાનો દરબાર છે, લોકોનો પણ દરબાર છે. એને રીઝવનારો પણ લેખકોનો એક વર્ગ છે. આ આરાધના કરવા પાછળ અનેક પ્રકારની સાહિત્યેતર લાલસાઓ કામ કરતી હોય છે.

આપણો લેખક, પોતાની સગવડ ખાતર, પોતાના મોટા ભાગના વાચકોને નિરક્ષર માને છે. આ વાચકો પ્રત્યે એને અસીમ કરુણા છે. એને કશી તકલીફ ન પડે, એ કશો ક્લેશ કે આક્રોશ ન અનુભવે, એ કથાના સંમોહનમાં પરવશ થઈને લેખક જે આપે તે સુખદ જડતાથી સ્વીકાર્યે જાય, એ કશી પ્રતિક્રિયાનો ઉપદ્રવ ઊભો ન કરે એવી રીતે આપણું મોટા ભાગનું કથાસાહિત્ય રચાતું જાય છે.

['પશ્યન્તી' પુસ્તક]

## લોકડિયાંને ચરણે

જનસમૂહને રીઝવીને તાળીઓ ઉઘરાવનાર, સરકારી પ્રતિષ્ઠાઓની માન્યતા પામનાર, લોકોમાં પોતાની 'ઇમેજ' ઊભી કરવા મથ્યા કરનાર, આ કે તે સ્થાન મેળવવા માટે પડાપડી કરનાર, સાહિત્યકારને વિશે કોઈ કશું કહે છે તો મારું મન સાશંક બની જાય છે. એ સરસ્વતીને

ચરણે બેઠો નથી, લોકડિયાંને ચરણે બેઠો હોય એવું લાગે છે. લોકો રખેને પોતાનાથી વિમુખ થઈ જાય એવો ભય એને સદા સતાવ્યા કરે છે; લોકો સાહિત્યથી વિમુખ થાય એની એને ઝાઝી ચિન્તા નથી. લોકો સહેલાઈથી જેની સાથે તાળો મેળવીને સંમતિસૂચક માથું હલાવે એવા જ અનુભવની એ વાતો કરે છે.

['પશ્યન્તી' પુસ્તક]

# વિદ્યા વિનાનો વિદ્યાર્થી

હવા શિરીષનાં ફૂલોની સુગંધથી તરબતર છે. બપોરના ઊના પવન પણ લીમડાની મંજરીથી મહેકને કારણે સુખદ લાગે છે. હવે કોયલનો કંઠ ખૂલ્યો છે. વસંત ગઈ છે, ગ્રીષ્મનું આગમન થઈ ચૂક્યું છે. શીમળો અને મંદાર ગ્રીષ્મના લાલચટક રંગને ઘૂંટી રહ્યા છે. હજી ગુલમહોરને ખીલવાની વાર છે. વિહ્વળ બનીને રસ્તે ચાલતાં ચાલતાં ઊભા રહી જવાય એવું આ વખતે બન્યું નથી. વાદળો પૂરેપૂરાં ગયાં એવું હજી હિંમતપૂર્વક કહી શકાતું નથી.

પણ હું ફર્ટિલાઇઝર, રિફાઇનરી, ફૅક્ટરીઓ, રાસાયણિક દ્રવ્યોની દુર્ગંધથી, ધુમાડાથી ઘેરાયેલો છું તે વાત પણ ભૂલી જતો નથી. કપરી વાસ્તવિકતા સ્વીકારી લેવી છે. યુવાન પેઢીએ જે પ્રશ્નો ઊભા કર્યા છે તે વિશે પણ હું વિચાર્યા વિના રહી શકતો નથી. શિક્ષક તરીકે હું એમના સંપર્કમાં રહ્યો છું. એમની વિટંબણાઓ, રળવામાં પડેલા વડીલો દ્વારા થતી એમની ઉપેક્ષા, એમને મળેલા નીરસ વેઠ ઉતારનારા ભ્રષ્ટાચારી શિક્ષકો, બદલાયાં કરતાં રાજતંત્રો એમની પાછળ જે કડવી નિર્ભ્રાન્તિ અને વંધ્ય રોષ મૂકી જાય છે તે—આ બધું હું જાણું છું, ને તેથી જ મને એમની પ્રત્યે રોષ નથી, સહાનુભૂતિ છે. હું એમની પાસેથી કશી આશા રાખતો નથી. એમનામાં પ્રિય થઈ પડવા કરતાં કટુ સત્ય બોલીને અળખામણા થવાનું મને વધુ ગમ્યું છે. કહેવાતા વિદ્યાર્થીનેતાને મેં બહુ

નજીકથી ઓળખ્યા છે. હું એક જ પ્રકારના વિદ્યાર્થીનેતાને સ્વીકારું છું—જે વિદ્યાભ્યાસમાં ઉત્કૃષ્ટતા બતાવતો હોય. રાજકારણની ગંદી રમતો, ભાષણબાજી, સરઘસો, કાયરો આચરી શકે એવી હિંસા, સત્તાધીશોને કાયર બનાવવાનો કીમિયો—આ બધાંમાં પડીને જીવનનો સુવર્ણ સમય વેડફી નાખનારા માટે મારા હૃદયમાં કેવળ કરુણા છે.

આ લોકો તો આગલી પેઢીનાં દુષ્કૃત્યોનાં પરિણામો ભોગવી રહ્યા છે. એ લોકો દુષ્ટ નથી, દુષ્ટોના શિકાર બનેલા છે. આથી આગલી પેઢીઓએ જે મૂલ્યોનો શુકપાઠ કર્યો તેનો તેઓ તિરસ્કાર કરે તો તેને હું વધાવી લઉં છું. પણ કેવળ વંધ્ય રોષ એમને કોઠે પડી જાય એમ હું ઇચ્છતો નથી. જ્ઞાનનાં ક્ષેત્રમાં વર્ષો ગાળ્યા છતાં જેમની સૂઝ ખીલી નથી, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી નથી, મૂલ્યબોધ વિકાસ પામ્યો નથી, કલ્પનાશકિત ખીલી નથી, વિચારમાં સૂક્ષ્મતા અને ઊંડાણ આવ્યાં નથી એવા શિક્ષણનો વેપલો ચલાવનારાને પનારે પડેલા જુવાનો રોષથી કંઈક વધુ કહે એવું હું ઇચ્છું છું.

આ પરિસ્થિતિ વિશે, કશા આક્રોશ વિના, સભાનતા કેળવવી તે પહેલી વાત છે. અણગમો કે કચવાટ, ધૂંધવાટ આખરે તો આત્મદયામાં પરિણમે છે તે મેં જોયું છે. એમની ક્ષિતિજોને મર્યાદિત કરનારાઓને એમણે ઓળખી લેવા જોઈએ. ઘણા એવા છે જેઓ યુવાનોની દૃષ્ટિસીમાને સંકોચવામાં પોતાનો લાભ જોતા હોય છે. આથી આજનો યુવાન જીવન પાસેથી શી અપેક્ષા રાખવી તે જાણતો થઈ જાય છે. વ્હાઇટ કોલર જોબ, બિઝનેસ એકિઝક્યુટિવ, બૅન્ક ઓફિસર, ફોન, કાર, ટેલિવિઝન સાંજે ક્લબ, છાશવારે પાર્ટી, થોડાં થોડાં વર્ષે પરદેશયાત્રા—આનાથી આગળ તો આજના ખૂબ તેજસ્વી વિદ્યાર્થીની પણ દૃષ્ટિ જતી નથી. આ બધું મેળવવા માટેનાં સાધનો પણ જે આગલી પેઢીએ આપ્યાં હતાં તેનાં તે જ છે. સાધનવિવેકની દીક્ષા એમને કોઈ પાસેથી મળી નથી. યુવાનો તો એટલા અધીરા હોય કે તેઓ કશું વિચારવા ન થોભે, ભૂલો પેટ ભરીને કરી લે, પછી વિચારવાનો ઘણો વખત છે—આવી સામાન્ય માન્યતા હોય છે. પણ યુવાનોએ યૌવનના શકિતઉદ્રેકની સાથેસાથે થોડું

ઠાવકું ડહાપણ પણ કેળવવું પડે એવી આજની પરિસ્થિતિ છે.

ગરીબાઈ, ટાંચાં સાધનો, રૂઢ અને જડ સમાજવ્યવસ્થા, કેવળ રાજકારણીઓનું દેખાતું વર્ચસ્—આ બધાં આજની પરિસ્થિતિ માટેનાં કારણો છે એમ કહેવું પણ કેટલું સાચું છે?

સૅમ્યુઅલ બટલરે કહ્યું હતું કે બાળકો અપરાધ કરે તો એની શિક્ષા એમનાં માબાપોને કરવી જોઈએ. સ્વાતંત્ર્યોત્તર કાળમાં રાષ્ટ્રવાદીઓને ખસેડીને તકવાદીઓ આગળ આવ્યા, ગાંધી પણ એમાં હડસેલાઈ ગયા. મૂલ્યોનો એકસામટો ધ્વંસ થયો. આ અસામંજસ્યની સ્થિતિનો લાભ ઉઠાવનારા તરત ફૂટી નીકળ્યા. એમને માટે, પરિસ્થિતિ અનુસાર, ભાષા અને સૂત્રો તૈયાર કરી આપનારા પણ નીકળી આવ્યા. વાતાવરણમાં સર્વત્ર ફેલાયેલાં આ પ્રદૂષણથી બચવું હોય તો યુવાનોએ જુદા જ પ્રકારની ખુમારી કેળવવાની રહે. હવે કોઈ બોલેલું વચન પાળતું નથી. હવે કોઈ કોઈનાં દુ:ખે દુ:ખી થતું નથી. એ દુ:ખને પોતાના સુખ માટે વટાવી ખાનારા ઘણા છે. ઊંડી સૂક્ષ્મ પર્યેષણાનું સ્થાન સભારંજક ચબરાકિયાવેડાએ લીધું છે. જે નવો સમાજ રચવાનો છે તે વિદ્યાપીઠોમાં નવો અભ્યાસક્રમ ઘડવાથી રચાઈ જવાનો નથી. આજે યુવાન જ્યાં હોવો જોઈએ ત્યાં નથી. જ્યાંથી એ હડધૂત થાય છે ત્યાં જઈને એ ઊભો રહ્યો છે. એમની પ્રતીક્ષા કરતી યુવાનીને એ ફરીથી આવકારે એમ ઇચ્છીએ.

['પ્રથમ પુરુષ એકવચન' પુસ્તક]

# ભ્રાંતિ

વિદ્યાપીઠોથી જ્ઞાન વધે છે, એવી ભ્રાંતિ તો હવે આપણામાંના કોઈ પ્રામાણિકપણે સેવી શકે નહીં. કાગળ પર બધું મોટું મોટું બતાવવાની કુનેહ રીઢા થઈ ગયેલા તંત્રવાહકોમાં હોય છે ખરી, પણ વાસ્તવમાં એવું કશું હોતું નથી. અનેક સામયિકો, પુસ્તકપ્રકાશનની શ્રેણીઓ, સંવિવાદો,

ફાઉન્ડેશનનાં વ્યાખ્યાનો—આ બધું જ છે; છતાં એમાંથી કશું સંગીન નીપજતું નથી જેનો પ્રભાવ વિદ્યાક્ષેત્ર પર અસરકારક રીતે પડ્યો હોય. ગરીબ દેશનાં નાણાંનો અક્ષમ્ય એવો અપવ્યય આવી બધી ઔપચારિક વિધિઓમાં થતો રહે છે. વિદ્યાર્થીઓને પણ પ્રાપ્ત થયેલું ‘જ્ઞાન’ કાર્યકર નીવડતું નથી. છતાં એ ‘જ્ઞાન’ પ્રાપ્ત કર્યાનો સિક્કો મેળવવા એની જિંદગીનાં કેટલાંક મહત્ત્વનાં વર્ષો એ ખરચતો હોય છે. પરિવર્તન લાવવાની પ્રક્રિયા અમલદારશાહીને કારણે નાહકની જટિલ અને અસહ્ય રીતે મંદ હોય છે. આને કારણે ધીમે ધીમે નિષ્ક્રિયતાભરી ઉદાસીનતા જ વધતી રહે છે. એનો ગેરલાભ ઉઠાવનારાં બળો ટાંપીને જ બેઠાં હોય છે. હિંસાનો ઉદ્‌ગમ એમાં જ રહેલો છે.

વિદ્યાર્થીઓને હવે થાબડી થાબડીને ‘ફોર્થ પાવર’રૂપે આગળ લાવવામાં આવ્યા છે. અનુકૂળ થઈ પડ્યું છે, ત્યારે ત્યારે અમુક રાજકીય પક્ષોએ વિદ્યાર્થીઓને આગળ કરીને પોતાનું કામ કઢાવી લીધું છે. આથી અરાજકતા વધતી જાય છે. વિદ્યાર્થીઓ પોતાની ગેરવાજબી માગણીઓને પણ ધાકધમકીથી સત્તાવાળાઓ પાસે કબૂલ કરાવતા થઈ ગયા છે. જે ક્ષેત્રમાં બુદ્ધિનું, વિચારસ્વાતંત્ર્યનું ગૌરવ થવું જોઈએ તે ક્ષેત્રમાં વકરેલાં પશુબળને છુટ્ટો દોર આપવામાં આવતો જોઈએ છીએ.

[‘વિદ્યાવિનાશને માર્ગે’ પુસ્તક]

## ત્યારે કરીશું શું?

તોલ્સતોયે આ પ્રશ્ન ફરીફરી પૂછ્યો હતો: “ત્યારે આપણે કરીશું શું?” જે વિચારપૂર્વક જીવે છે, તેને તો આ પ્રશ્ન થવાનો જ.

‘સંપૂર્ણ ક્રાંતિ’ શબ્દ આપણને જયપ્રકાશે આપ્યો છે. પણ એક સંજ્ઞા કાંઈ તિલસ્માતી કામ આપી શકે નહીં. એમાં પ્રાણ પૂરવાનું કામ લોકહિતૈષી કાર્યકરોનું છે. તો ક્યાં છે એ લોકહિતૈષી કાર્યકરો?

મોટા ભાગના યુવાનોની શક્તિ આજે વેડફાઈ રહી છે. દેશની

સમસ્યાઓથી બેખબર, ભાવિ પરત્વે ઉદાસીન, પ્રજા સાથેના કશા સંબંધ-તંતુ વિનાના, કેવળ ઘરેડમાં પડી રહેનારા, જીવવાની પડેલી ટેવની ટેકણલાકડીએ ચાલનારા આ જુવાનોને ઊભા કરી દેનારું કોઈ બળ આજે દેશમાં રહ્યું છે ખરું?

વિદ્યાપીઠોનો દેશમાં ખાસ્સો ઉકરડો થયો છે. એમાં દિશાસૂઝ વગરના, પ્રયોગ કરવાની દાનત વગરના લોકો ભેગા થયા છે. વિચાર કરવાની અનિવાર્યતા ત્યાંથી સમજાવી જોઈએ, તેને બદલે એના એ માળખામાં રહીને અભ્યાસક્રમો ઘડયે રાખવા, તંત્રાને અટપટું બનાવીને વિદ્યાપ્રાપ્તિ આડે અંતરાય ઊભા કરવા અને આખરે બીબાંઢાળ શિક્ષણ આપી છૂટવું—આ કારણે વચમાં તો આશા બંધાયેલી કે યુવાનો પોતે જ કોઈ નવી શિક્ષણવ્યવસ્થા સ્થાપવા માટેનું આંદોલન ઊભું કરશે. પણ દુર્ભાગ્યે થોડાં છમકલાં સિવાય બીજા કશામાં યુવાનોને રસ નહોતો.

આટલી બધી વિદ્યાપીઠો છતાં યુવાનોનો મોટો વર્ગ હજી તો ઉચ્ચ શિક્ષણ પામી જ શકતો નથી. વળી આ શિક્ષણ એવા વર્ગમાં પહોંચે છે, જ્યાંથી એનું પ્રસરણ સમાજના અન્ય સ્તરો સુધી થતું નથી અને વિદ્યાપીઠમાંથી ડિગ્રી મેળવ્યા છતાં જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાંથી પસાર ન થનારો એવો નવો ડિગ્રીધારી અશિક્ષિત વર્ગ ઊભો થતો જાય છે. જેને જ્ઞાનની જરૂર ન હોય, જ્ઞાન પામવા માટેની માનસિક સજ્જતા જેનામાં ન હોય, તેમની પાછળ સમાજ ધન અને શ્રમ વેડફતો રહે છે.

તો યુવાનો, આખરે કરે છે શું? જવાબદારીના ભાન વિનાનો થોડો ગાળો વિદ્યાપીઠોમાં સુખપૂર્વક ગાળવા માટે આવે છે. એમના અભ્યાસ દરમ્યાન કશી વિચારસરણી એ કેળવતા નથી, જીવનાભિમુખ પણ થઈ શકતા નથી. જ્ઞાનપ્રાપ્તિની કંટાળાભરેલી પ્રક્રિયામાંથી બહાર નીકળી જઈને કૃત્રિમ ઉત્તેજનામાં સુખ શોધવાનો મરણિયો પ્રયત્ન એ કરે છે.

પછી આ પરિસ્થિતિ એમને કોઠે પડી જાય છે અને એક વિષચક્રમાં એ પૂરેપૂરા ફસાઈ જાય છે. આ જ ગાળામાં કેટલીક રાજકીય પ્રવૃત્તિઓ એમનું ધ્યાન ખેંચે છે. થોડાક ઉદ્દામવાદી વિચારણા તરફ વળીને અરાજકતા લાવવાના હિંસક ઉપાયો વિશે વિચારવા માંડે

છે. એ વિચારવાનું પૂરું ન થયું હોય ત્યાં તો એ વિદ્યાપીઠની બહાર ફેંકાઈ જાય છે. પછી એમને માટે તૈયાર રહેલા વ્યવસાયના ચોકઠામાં એ બંધબેસતા થઈ જાય છે. પછી તો ક્રાંતિની વાતો કરવાની પણ ફુરસદ રહેતી નથી.

થોડાક જુવાનો ધર્માચાર્યો તરફ વળે છે. મોટે ભાગે જીવનસંઘર્ષ ટાળવાની એ એક તદબીર જ હોય છે. કેટલાકને સર્વોદયની પ્રાપ્તિ આકર્ષે છે. થોડા વખત પૂરતો એ શોખ પૂરો કરીને પાછા એના એ રેઢિયાળ માર્ગે તેઓ પાછા વળી જાય છે. કશું જ જાણે ઊંડાં મૂળ નાખતું નથી. રાષ્ટ્રહિતની કશી પ્રવૃત્તિને સંગીન ભૂમિકા પ્રાપ્ત થતી નથી. યુવાશક્તિનો સ્રોત વિપથગામી બનીને એનાથી દૂર વહીને વેડફાઈ જાય છે.

રૂઢ વિચારોની પકડ આપણા ઉપર ઘણી છે. સહીસલામતી અને પશુસુખની માયા ઘણી છે. જે કશું સાહસપૂર્વક કરવાનું આવે, તેમાંથી ગણતરીપૂર્વક પીછેહઠ કરી જવાનું વલણ દેખાય છે. રાજકારણનું વાતાવરણ યુવાનોમાં અનિષ્ટ પ્રકારની મહત્ત્વાકાંક્ષાઓ બહેકાવે છે. ઊંડી જ્ઞાનનિષ્ઠા, માનવતા કે ભાવિનું નિર્માણ કરવાનો ઉત્સાહ હવે દેખાતાં નથી.

આને પરિણામે, અંતરાત્મા વિનાનો, કશા પણ ચિંતનથી દૂર ભાગનારો, કોઈ પણ સરમુખત્યારની કદમબોસી કરવા તત્પર, સાંકડા સ્વાર્થની સિદ્ધિમાં જ રચ્યોપચ્યો, જીવન પ્રત્યે ઉદાસીન એવો વર્ગ વધતો જાય છે. આ વર્ગને માટે આપણી સાંસ્કૃતિક સિદ્ધિઓ, આપણા ચિંતકોએ વારસામાં આપેલી સૂક્ષ્મ વિચારણાઓ—આ બધાંનું કશું મૂલ્ય જ રહેતું નથી.

માનવસંબંધોની કોઈ દૃઢ ભૂમિકા નથી. સંસ્થાઓનાં ચોકઠાંઓમાં માનવી સલામતી શોધતો ભરાઈ જાય છે. વિદ્રોહની પરિસ્થિતિ ઊભી થઈ હોવા છતાં એ કાર્ય ઉપાડી લેનારું કોઈ રહ્યું નથી. પ્રવાહપતિતની

દશામાં મોટો જનસમૂહ તણાતો જાય છે.

['જનસત્તા' દૈનિક: ૧૯૭૮]

# સુશીલાબહેન પ્રા. વૈદ્ય

## પતિનું સૌભાગ્ય

બાબુભાઈનાં પત્ની લીલાબહેનના અવસાન પ્રસંગે મેં તેમને કાગળ લખેલો તેનો બાબુભાઈએ જવાબ આપેલો તેમાંથી સમજાય છે કે કેટલું સુંદર તેમનું જીવન હતું. પત્રના અંશો ઉતારું છું:

૪૪ વરસનો અમારો સહવાસ એક દિવસમાં જ પૂરો થઈ ગયો. અનેક કડવા-મીઠા અનુભવો વચ્ચે એકબીજાને સહારે અમે ટકી રહ્યાં.

એમની ઇચ્છા મુજબ સાથે જઈને મેં કદી ઘરેણું ન ઘડવા આપ્યું. આટલાં વર્ષમાં એમને માટે ત્રણ જ સાડી ખરીદી. નાટક-સિનેમા-હોટલના શોખ ન કરાવ્યા. જ્ઞાતિ-રિવાજમાં મેં એમને સાથ ન આપ્યો. છતાં અમે પ્રસન્ન દામ્પત્ય ભોગવ્યું. એમાં ભણેલા-ગણેલા કહેવાતા મારા કરતાં, ગામડામાં ઓછું ભણીને મારા જીવનમાં કૌમારવયે પ્રવેશ કરનાર એમનો હિસ્સો ઘણો મોટો છે. મારા જીવનને અનુરૂપ કરકસરિયું, ખડતલ, અગવડભર્યું જીવન પ્રામાણિક પ્રયત્નથી એમણે ઘડ્યું. વર્ષો સુધી મને અન્ન, વસ્ત્ર અને આશ્રય આપ્યો.

મેં ૧૯૩૮થી કાંતીને ખાદી પહેરવાનું શરૂ કરેલું. તે મારી ઇચ્છા અત્યાર સુધી એમણે પૂરી કરી. મરતાં પહેલાં મારે માટે સાત જોડી નવાં કપડાં તૈયાર કરી મૂકતાં ગયાં. બહારનું ન ખાવું, એવી મારી વૃત્તિને પોષવા ભાતભાતની વાનગીઓ શીખ્યાં અને મારી સ્વાદેન્દ્રિયને અંત સુધી પરિશ્રમપૂર્વક સંતોષતાં ગયાં. એવા પુણ્યાત્માનો સંગ મને ૪૪ વર્ષ મળ્યો, એ મારું પરમ સૌભાગ્ય. આજે અમે ક્લેશ કરીએ છીએ તે ફક્ત અમારા ઘવાયેલા સ્વાર્થ માટે. બાકી એ તો સ્વસ્થતાથી મૃત્યુને ભેટ્યાં. બાબુભાઈનાં સ્મરણ.

# સેમ્યુઅલ કોલરીજ

## ગદ્ય…

*ગદ્યઃ શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી;*
*પદ્યઃ શ્રેષ્ઠ શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી.*

# સેસિલ જોસેફ

## રજા પર ન હોઈએ ત્યારે—

ભારતમાં આપણે વધારે પડતી રજાઓ ભોગવીએ છીએ, એવી ફરિયાદ ઘણી વાર થતી હોય છે. પરંતુ મૂળ વાંધો વધારે રજા ભોગવવાનો છે તેના કરતાં, રજા પર ન હોઈએ ત્યારે કામ સાવ ઓછું કરવા વિશેનો છે. મોટા ભાગની સરકારી કચેરીઓમાં ચાપાણી ને બીડી-સિગારેટ પીવામાં સારી પેઠે સમય વેડફાતો હોય છે. દરેક ઓફિસની અલગ કેન્ટીન હોય છે ને ઓફિસના કામના કલાકો દરમિયાન પણ તે ભરચક જ રહેતી હોય છે. ઉપરાંત ઓફિસની અંદર ચાના કપની ચોમેર સતત હેરફેર થયા જ કરતી હોય છે.

# ‘સૈફ’ પાલનપુરી

## દુખ્ખ તો એક... –

*દુખ્ખ તો એક જ છે માનવી માટેઃ*
*મોત પહેલાં મરી નથી શકતો.*

## –

*એનાથી વિખૂટાય પડ્યા’તા અમે ત્યાંથી,*
*એથી જ રહી ગઈ એના મળવાની જગા યાદ.*

## ગઈ ખુશી...

*ગઈ ખુશી એનો નથી ગમ;*
*ગમ છે—આંસુ પણ ગયાં.*

# સૈયદ મુજતબા અલી

## અત્યાચાર-વિરોધી સભા

ચીનના હાલના પાટનગર બેઈજિંગનું નામ જ્યારે પેપિંગ હતું ત્યારની વાત છે. પત્નીઓના અત્યાચારથી ત્રાસેલા પુરુષોની એક વિરાટ સભા ત્યાં બોલાવવામાં આવેલી. કર્કશા ઘરવાળીઓના પંજામાંથી પુરુષોને બચાવવા માટે તેનું આયોજન થયેલું. સાઠ-સાઠ વર્ષ સુધી પત્નીનો ત્રાસ વેઠી ચૂકેલા એક દાઢીવાળા મહાશય સભાના પ્રમુખસ્થાને હતા.

એક પછી એક વક્તા બુલંદ અવાજે સ્ત્રીઓના અત્યાચારોની નિંદા કલાકો સુધી કરતા રહ્યા: ચીનનું સત્યાનાશ થવા બેઠું છે; તન, મન, ધન અને પ્રાણ સુધ્ધાં હોમીને દેશને આવા પતનમાંથી બહાર કાઢવો જ જોઈએ; આવો, આપણે સહુ સાથે મળીને......

એ જ ક્ષણે સભાખંડનો દરવાન શ્વાસભર્યો દોડી આવ્યો; મંચ પર ચડીને એણે જાહેરાત કરી કે નગરની સ્ત્રીઓને આ સભા વિશે જાણકારી મળી એટલે એ સહુ હાથમાં ઝાડુ, જોડા, ભાંગેલી છત્રીના દાંડા, લાકડી વગેરે શસ્ત્રોથી સજ્જ થઈને સભાસ્થાન ભણી આવી રહી છે......

આટલા શબ્દો કાને પડતાંની સાથે સભાજનો ઊંધું ઘાલીને નાસવા લાગ્યા. કોઈ પાછલે બારણેથી ભાગ્યો, તો કોઈ નરવીરે બારીમાંથી હનુમાન-કૂદકો માર્યો. ત્રાણ સેકંડમાં તો સભાખંડમાં સૂનકાર વ્યાપી ગયો.

માત્રા સભાપતિ અવિચલિત થઈ બેઠા હતા: દરવાન એમની સન્મુખ જઈને બોલ્યો: “નામદાર, આપે જે સાહસ બતાવ્યું છે તેની સામે તો ચંગીઝખાને પણ ઝૂકી જવું પડે. પરંતુ મુજ ગરીબનું માનો તો આ કાંઈ સાહસ ન કહેવાય—આ તો સદંતર આત્મહત્યા જ છે. કારણ, હજૂર, જે નારીસમૂહ ચાલ્યો આવે છે તેને મોખરે ખુદ આપનાં પત્ની છે.”

પોતે આટલું જણાવ્યા છતાં સભાપતિ ન હાલ્યા કે ચાલ્યા, એટલે દરવાન તેમનું બાવડું ઝાલીને ઊભા કરવા ગયો, ત્યારે એને ભાન થયું કે એ શરીર ટાઢુંબોળ થઈ ગયેલું હતું. પેલી જાહેરાત સાંભળતાંની સાથે જ એમની છાતીનાં પાટિયાં બેસી ગયેલાં.

(અનુ. સુકન્યા ઝવેરી)

# સોક્રેટિસ

## તો મારો જવાબ છે—

જો તમે મને એમ કહેશો કે, તમને એક શરતે છોડી શકીએ અને તે એ કે તમારે ક્યારેય, કશા માટે, કોઈ પણ પ્રકારની ચર્ચાવિચારણા ન કરવી, ઊંડા ઊતરી કશાનો તાગ મેળવવાનો પ્રયત્ન ન કરવો—આવી શરત પર તમે મને માફ કરવાના હો, તો મારો જવાબ છે: “જ્યાં સુધી મારામાં પ્રાણ છે, બળ છે, ત્યાં સુધી હું તત્ત્વજ્ઞાન શીખવવાનું ચૂકીશ નહીં; જેને મળીશ તેને બોધ આપીશ.”

# સોમાભાઈ ભાવસાર

## વાદળગાડી

*વાદળની તો ગાડી કીધી,*
*વીજળીનું એંજિન કીધું;*
*તારલિયાનું લશ્કર બેઠું*
*ડબ્બામાં સીધેસીધું.*

*વીજળીએ વીસલ કીધી ને*
*ગાડી ઊપડી ગડ-ગડ-ગડ!*
*મોં મલક્યાં ચાંદા-સૂરજનાં,*
*હસિયા બન્ને ખડ-ખડ-ખડ!*

*ડુંગર કૂદતી, ખીણો ખૂંદતી*
*ગાડી તો ચાલ્યા કરતી,*
*દેશદેશનાં શહેરો પરથી*
*દુનિયાની ચોગરદમ ફરતી....*

*આભ અડીને ઊંચે ઊભો*
*હિમાલય આવે સામો!*
*ગાડી તો ગભરાઈ જઈને*
*નાખે એને ત્યાં ધામો!*

*ચાંદો ઊતરે, સૂરજ ઊતરે,*
*ઊતરે તારલિયાનાં દળ;*
*ખસેડવા હિમાલયને સૌ*
*ચોગરદમથી કરતાં બળ.*

*ખસે તસુ ના હિમાલય પણ,*
*પડતાં સૌ વિમાસણમાં;*

*છૂટું પડતું વીજળી-એંજિન,*
*વીખરાતાં વાદળ ક્ષણમાં!*

*ચાંદો ભાગે પશ્ચિમ દેશે,*
*સૂરજ ભાગે પૂર્વ દેશ;*
*તારલિયા આભે સંતાતા*
*મૂકીને લશ્કરનો વેશ!*

## મારા હૈયાની હોડલી...

*મારા હૈયાની હોડલી નાની,*
*સાગરરાજ, ધીરા વહો;*
*એમાં જોજો ભરાય ના પાણી,*
*સાગરરાજ, ધીરા વહો!*

# સૌતિક બિશ્વાસ

## "અમે શીદને જીવતાં રહ્યાં?"

અંજાર શહેરમાં હજારોનો ભોગ લેનારા ભૂકંપને આગલે દિવસે એક લગ્ન હતાં. તે માટે બંધાયેલા ભભકાદાર માંડવાની નીચે આશરો લઈ રહેલાં ૨૦૦-૩૦૦ માનવીઓમાંની એક છે ત્રાણ વર્ષની રીચા. દાદીમાના પડખામાં ભરાઈને એ બેઠી છે, આંખો ઝીણી કરીને એ દૂર દૂર તાકી રહી છે, અને થોડી થોડી વારે વિલાપ કરતી રહે છે: 'મારી બા ક્યાં છે? બા ક્યાં છે? મને મારી બા ગોતી દ્યોને!'

બે માળના નાના મકાનમાં એ કુટુંબના ફ્લૅટમાં તે દિવસે રીચા દાદીમાની પાસે રમતી હતી, ને ધરતી ધણધણી ઊઠેલી. કોણ જાણે કેમ દાદીને સૂઝ્યું અને બાળકીને ઝટ ઉપાડીને એક ખાટલા હેઠળ લપાઈ ગયાં, ભયથી કંપી ઊઠયાં. ત્યાંથી એમની નજર પડી રીચાની બા ઉપર—દોડતી એ ઓરડામાં આવતી હતી ત્યાં એની ઉપર ધોધમાર ભંગાર તૂટી પડયો. રીચાના બાપા બાજુના મકાનમાં પોતાની દુકાનમાં કામ કરતા હતા—અંજાર જેને માટે મશહૂર છે તે કાપડ-છપાઈનું. થોડા દિવસ પછી ભંગાર નીચેથી એમનો નિષ્પ્રાણ દેહ ખેંચી કાઢવામાં આવેલો...

૭૦ ઉપર પહોંચી ગયેલાં પાર્વતીમાની આંખે ઝાંખપ આવી ગઈ છે. રાત પડે ને માંડવામાં ટૂંટિયાં વાળીને પડેલાંનાં હાડ ઠંડી થિજાવી નાખે, ત્યારે રીચાનું રુદન થંભે છે ને એ ઊંઘમાં ઢળી પડે છે. દાદી વિમાસે છે કે પોતે હવે કેટલું જીવવાનાં? આ છોકરીને એ શું ખવડાવશે? આવતીકાલનો વિચાર કરતાં એક જ સમસ્યા એમને ઘેરી વળે છે: 'અરેરે, અમે વળી શી રીતે બચી ગયાં, શીદને જીવતાં રહ્યાં?'

*

ભચાઉ ગામમાં જેનાબહેનના હૈયામાં પણ એ જ વિચારના પડઘા

પડતા હોય છે. જેમનાં માબાપને ભૂકંપ ભરખી ગયો છે એવા પોતાનાં બે ભત્રીજા ને બે ભત્રીજીની સંભાળ અત્યારે તો એ રાખે છે. લશ્કરના સૈનિકોએ બાંધી આપેલા પ્રમાણમાં સાફસૂથરા તંબૂમાં એમને રહેઠાણ મળી ગયું છે તે માટે કિસ્મતનો પાડ માને છે. જ્યારે બીજાં કેટલાંય તો પોતાના અંધાધૂંધ ગામની ગેમેક્સીન ને ગંદવાડથી ગંધાતી, પાણીની ખાલી કોથળીઓથી છવાયેલી શેરીઓમાં બાવરાં બનીને આથડે છે અને જે કાંઈ રાહત-સામગ્રી મળે તેની ઝૂંટાઝૂંટ કરે છે. પણ આ તંબૂમાંથી નીકળીને કોઈક કાયમી નિવાસમાં જેનાબહેન જ્યારે જશે ત્યારે, અગાઉ એક છાપરા હેઠળ ટાયર-મરામત કરીને રોટલો રળનાર એમનાં ત્રાણ બાળકોનો બાપ કાસમ આ બધાંનો ગુજારો કેમ કરીને કરી શકશે? “કાલનો તો હું વિચાર જ નથી કરતી,” જેનાબહેન કહે છે, “અત્યારે તો પરવરદિગારનો પાડ માનું છું કે અમારે માથે કાંઈક છાપરું તો છે અને છોકરાં ખેતરમાં રમે છે.”

હા, કહે છે કે કાસમનો ભાઈ હાસમ, તેની બીબી નસીમ અને આ ચાર બાળકોનું સુખી કુટુંબ હતું. વાસણની ફેરી કરીને હાસમ ઘર ચલાવતો. એનો ધંધો પણ સારો ચાલતો. પોતાની બચતમાંથી ૪૦,૦૦૦ રૂ. ચૂકવીને એણે બે ઓરડીનું પાકું ઘર હજી બે મહિના પર જ લીધું હતું. આઠ વરસના અસીફ ને છ વરસના નજીરને એ નિશાળે પણ મોકલતો હતો. ધરતીમાતાએ પડખું બદલ્યું તે સવારે છોકરા બેય નિશાળે ગયેલા ગણિતના વર્ગમાં. વર્ગના ઓરડાઓ તૂટી પડતા જોઈને એ ત્યાંથી ભાગી છૂટેલા ને ખુલ્લી પણ થરથરતી જમીન પર લેટી પડેલા. ચાર વરસની નજમા અને બે વરસની શબનમ ઘેર મા પાસે હતી. રોજની જેમ ગામની ફેરી હાસમે હજી માંડ શરૂ કરી હતી, એક શેરીયે તેણે હજી વટાવી નહોતી. ત્યાં ફેરી કાયમ માટે પૂરી થઈ ગઈ.

અસીફ ને તેનો ભાઈ નિશાળેથી આવ્યા ત્યારે પાડોશીએ મળીને એમની માતાને ભંગાર હેઠળથી હમણાં જ કાઢેલી હતી. અસીફ તેની વાત કરે છે ને એની આંખમાં આંસુ ઊભરાય છે. “એના માથામાંથી ખૂબ લોહી નીકળતું હતું. મેં પૂછ્યું કે, તને બહુ દુ:ખે છે, અમ્મા? એ

માંડ માંડ બોલી કે, લૂગડાનો કટકો લાવીને ઘા ઉપર ઢાંકી દે. બસ, પછી એ બોલતી બંધ થઈ ગઈ. કોઈએ મને કહ્યું કે એ મરી ગઈ.”

તે પછી છોકરો પોતાના બાપને ગોતવા લાગ્યો. વાસણની લારી પર પડેલું એનું શરીર મળી આવ્યું, એના માથા ને ગળા ઉપર શિલાઓના ટુકડા પડેલા હતા. રાત પડે છે ને નાના નાના આંચકાઓ તંબૂને ધ્રુજાવે છે ત્યારે એ ચાર અનાથ બાળકો જેનાબહેનને જકડીને વળગી પડે છે. રોજ રાતે નજમા રડયા કરે છે: “મારી અમ્માને પાછી લઈ આવો! મને મારી અમ્મા આપો!’

*

આઠ વરસના અનિલની કહાણી એથીયે કરુણ છે. અમદાવાદથી રજાઓમાં એ પોતાને ગામ રત્નાલ દસ મહિના પહેલાં આવેલો, ત્યારે છેલ્લો માબાપને મળેલો. એના બાપા વાઘજી મનસુખલાલ ભુજ પાસેના એ ગામમાં દરજીનો ધંધો કરતા. છોકરાનું ભણતર સુધરે તે માટે તેમણે અનિલને અમદાવાદ પોતાના ભાઈને ઘેર રાખેલો. શહેરની નિશાળની માસિક ફીના ૨૦૦ રૂ. એ મોકલતો હતો. પણ અવારનવાર દીકરાને મળવા અમદાવાદ જવા જેટલું ગાડીભાડું ખરચવાની એમની ત્રોવડ નહોતી. એટલે અનિલ પણ ત્રાણ વરસમાં ફક્ત બે વાર સૌને મળવા ઘેર આવી શકેલો. ધરતીકંપ પછી બે દિવસે રત્નાલના એક પાડોશીનો સંદેશો અમદાવાદ આવેલો કે અનિલનાં માબાપ તથા દસ વરસનો ભાઈ જોગેશ ખતમ થઈ ગયાં છે. ત્રાણેક વરસનો એકલો જિગર ઈજાઓ પામવા છતાં બચી ગયો છે. અનિલના કાકા રાજુભાઈ કહે છે કે, “સંદેશો મળ્યો ત્યારથી એ છોકરો સૂનમૂન બનીને આકાશમાં તાકી રહે છે ને રડતાં થાકતો નથી.”

ત્યારે દૂર દૂરના રત્નાલમાં નાનો જિગર વાચા ગુમાવી બેઠો છે. ધરતીકંપ થયો ત્યારે એની માતા મંજુલાબહેન લારીવાળા પાસે શાક લેવા ઘરની બહાર નીકળતાં હતાં—અને આંખના પલકારામાં મકાન જમીનદોસ્ત થયું. તેને બચાવવા દોટ મૂકનાર પતિ પણ દટાઈ ગયા. સડકની સામી બાજુ વાઘજીના બીજા એક ભાઈ ખેતરમાં કળશિયે

જવા નીકળેલા હતા. ધણધણાટી સાંભળીને એમને લાગ્યું કે હમણાં નવી નખાયેલી બ્રોડગેજ લાઇનનું ઉદ્‌ઘાટન કરનારી પ્રથમ રેલગાડી આવી રહી હશે. પાછું વળીને જોયું તો ધૂળના ગોટેગોટા ચડયા હતા, ને એમણે હડી કાઢી. સિમેન્ટના બે મોટા સ્લેબ વચ્ચે જિગરને ફસાયેલો તેમણે જોયો. એના પેટ પર મોટો ઘા પડયો હતો ને એ શ્વાસ લેવા ફાંફાં મારતો હતો. ભંગાર હેઠળથી એને જ્યારે કાઢી શકાયો ત્યારે ખ્યાલ આવ્યો કે બાકીનું કુટુંબ ખતમ થઈ ગયું છે. કાકા કહે છે, “બસ, ત્યારથી જિગર બોલતો સમૂળગો બંધ થઈ ગયો છે. એ રડી પણ શકતો નથી.”

[‘આઉટલુક’ અઠવાડિક : ૨૦૦૧]

# સ્વામી આનંદ

## ઝાકળ જેવા અદીઠ

ભક્તરાજ અબુબિન આદમની કથાને અંગ્રેજ કવિએ [જેમ્સ હંટે] અમર કરી છે. ખુદાના કરતાં તેની ખલકતને ચાહનારા ને તેની ખિદમત કરવાનું વધુ પસંદ કરનારા વૈષ્ણવજન એ હતા. નંદુલાલ મહેતા એ કોટિના એક સાધુચરિત સજ્જન હતા.

સુરતના એક મધ્યમવર્ગના કુટુંબમાં એમનો જન્મ. બચપણથી જ આ સુઘડ દેખાવડો બાળક ઘરમાં, નિશાળમાં, શેરીમાં પોતાના ભક્તિતત્ત્વથી સૌનું ધ્યાન ખેંચતો. એની નિયમિતતા અને વિનય એને સૌનો વહાલસોયો બનાવી દેતાં. કપડાં, પથારી કે ચાદર પર એક ડાઘ કે કરચલી ન સાંખે. કેનવાસના બૂટને હાથે બ્લેન્કો લગાડી હંમેશ ધોળા બગલા જેવા રાખે.

કૉલેજનો અભ્યાસ રાબેતાની રૂએ પૂરો કર્યો. મોરારજી ગોકુળદાસ મિલમાં કામ લીધું ને જોતજોતામાં મૅનેજર નિમાયા. પચીસથી વધુ વરસ એમણે આ લાઇનમાં ગાળ્યાં ને કાપડવણાટકામના એક નિષ્ણાત તરીકે દેશ આખામાં નામના મેળવી.

એ જમાનામાં મુંબઈની મિલોનાં સાંચાકામ, ઑફિસો, વખારો, બધાં ઓકારી આવે એટલાં મેલાં ને ગંદાં હતાં. તેમાં તેમણે ક્રાંતિ આણી ને આખી મિલ-આલમમાં સ્વચ્છતા ને વ્યવસ્થાનો દાખલો બેસાડયો. મજૂરવર્ગને તેમણે અંગનાં સગાં ગણીને અપનાવ્યો. મૂડીદાર માલેકોના તે સત્તાવાર પ્રતિનિધિ, છતાં મજૂરો તેમજ કારકુનો તેમને પોતાના મિત્રા ને હિતેશ્રી ગણતા, ને પોતાનાં યુનિયનોના પહેલા પ્રમુખ નીમતા. એ પોતે પણ માલેક-મજૂર વચ્ચે આંખે પાટા બાંધીને અદલ ઇન્સાફ તોળતા.

સુશીલ, સંસ્કારી, કુટુંબની કન્યા જોડે લગ્ન કર્યું. પણ ટૂંક અરસામાં જ વિધુર થયા. ઉંમર તે વખતે ૩૦ની આસપાસ. ખાસ્સો એવો

સામાજિક દરજ્જો, પણ ફરી લગ્નનો વિચાર કદી ન કર્યો.

ઘરમાં બૂટ-પૉલિશથી માંડીને કાતર, છરી, કપડાં, છાપાં, ચોપડીઓ, ચીની ચલાણાં કે વાસણ-મિજાગરાં સાફ કરવાનાં બ્રાસો સુધી એકેએક ચીજ જાતે ગોઠવે. ખાવાપીવા, લખવા-વાંચવા, ધોવા, સૂવાની સામગ્રી કે દુખતાની દવા—કોઈ પણ ચીજ તેમને જોઈતી હોય તો ધણી-નોકર કોઈની મદદ વગર, કોશમાંથી શબ્દ કે ડિરેકટરીમાંથી ટેલિફોન નંબર જડે તેમ અરધી મિનિટમાં મળે, તેવી ઘર આખાની ગોઠવણ. એકએક કબાટ, બરણી, ખાના પર લેબલ. તેમાં દરેકનો હેતુ ને ઉપયોગ લખ્યો હોય. ટુવાલ-નેપ્કિન, બ્રશ-પાઉડર, તેલ-વેસેલિન, સોયદોરા કે સાબુ પોતપોતાને સ્થાને. અંધારે હાથ મૂકો, જોઈતું જ જડે. ગમેતેવા અઘળપઘળ માણસને પણ એ ઘરમાં પગનું ચંપલ વાંકું ઉતારીને પેસતાં જીવ ન ચાલે. એ ધરતી પર એવું કશું ન અરઘે, એ વાત દરેકના ધ્યાનમાં આવે. ગૃહિણી વગરના આ ઘરની વ્યવસ્થા દેખાડવા અનેક મિત્રો પોતાના ઘરકુટુંબની બહેનો એમને ત્યાં લઈ આવતા.

ખરચખૂટણ, ટ્રિપમુસાફરી, દાનધરમ, સગાં-વહાલાં, સંસ્થાઓ કે ગરીબ વિદ્યાર્થીને મદદ—બધું બજેટબંધ. છૂટે હાથે પણ નિયમની રૂએ. ૧૦-૧૫ વરસ અગાઉ અમુક મહિનામાં દૂધ, છાપાં કે કપડાં પર અથવા સખાવતમાં કેટલું ખર્ચેલું, એ તે વરસની ડાયરી કાઢીને ટપ બતાવી આપે.

એમના ઉમદા સ્વભાવ ને નિખાલસ વર્તાવની છાપ પાંચ મિનિટ પણ એમના સમાગમમાં આવનાર પર પડ્યા વિના ન રહેતી. ૫૭ વરસના એમના એકાકી જીવનની બધી બચત એમણે વસિયત કરીને સખાવતમાં આપી. એટલું જ નહીં, પણ એ બધી સખાવતોને અંગે કેવી શરત મૂકી તે માટે જુઓ આ તેમના વસિયત—નામાના અંતિમ ભાગનો સારાંશ :

છેલ્લે, મારા આ વીલની અમલબજાવણી કરનારાઓને મારો ખાસ આદેશ છે કે મારા આ વીલમાં કહેલી કોઈ પણ સખાવતને અંગે લેવાની ચીજસામગ્રી, યંત્રા, મકાન કે એવી કોઈ પણ વસ્તુ સાથે

ક્યાંયે કદી મારું કે મારાં મૃત કે હયાત સગાંવહાલાંમાંના કોઈનું નામ જોડવું નહીં. અગર તો તેવી તખતી ચોડવી નહીં.

ઘઉં-ચણાનાં ખેતરોમાં શિયાળે પાછલી રાતે આકાશની ઝાકળ ઊતરે છે ને ઊંઘતી દુનિયાથી અદીઠ રહી પોતાની ભીનાશ વડે ધરિત્રીને ભીંજવી તેના પાકોમાં રસકસ પૂરે છે. એ ઝાકળની જેમ જ દુનિયાથી અણદીઠ રહીને નંદુભાઈ પોતાનું જીવન જીવ્યા, ને એ ઝાકળની જેમ જ પોતાની આસપાસની દુનિયાને સમૃદ્ધ કરી, કોઈને પવાલા પાણીની પણ તકલીફ આપ્યા વગર અણદીઠપણે એમણે દુનિયાની રુખસદ લીધી. કેવળ પોતાના નમ્ર નિર્વ્યાજ જીવનની સંસ્કારિતા ને સુગંધનો મઘમઘાટ પાછળ મૂકતા ગયા.

['હરિજનબંધુ' અઠવાડિક: ૧૯૫૪]

## બેડો પાર!

પ્રભુના રાજમાં પેઠેલા ભક્તો પ્રભુને પહોંચવાનો સરળ માર્ગ દુનિયા આખીને ઝટ દેખાડી દઈને પ્રભુરાજ્યની વસ્તી વધારવાનું વિચારવા લાગ્યા, ત્યારે સેતાન ફિકરમાં પડી ગયો. એક ભોળો શંભુ એને રસ્તે મળ્યો. તેને જોઈને સેતાનને યુક્તિ સૂઝી. ભગતને કહે:

"ભક્તરાજ! તમારા લોકનાં ભજનભક્તિ જોઈને હું તો મુગ્ધ થઈ ગયો છું. મને એની લગની લાગી છે. હવે તો મારા જેવી લગની બધી દુનિયાને લગાડો, એટલે બેડો પાર. ભગવાનની ભક્તિ એ તો એટલું બધું સાદું સત્ય છે કે દુનિયાને ઝીલતાં વાર લાગવાની નથી."

ભગત: "સત્ત વચન અને વાણી. દુનિયાનાં માણસમાત્રા સુધી એ સાદું સત્ય કેવી રીતે પહોંચાડી દેવું, એની જ ગોઠવણ આજકાલ અમે લોકો વિચારી રહ્યા છીએ. અમારા આવતા સમૈયામાં એ ચર્ચાશે."

સેતાન: "એ તો સહેલું છે. આ વસમા કળિકાળમાં સંઘ, સંગઠન એ એક જ શક્તિ છે, એક જ રાજમાર્ગ છે. બસ, સત્યનું સંગઠન કરો!"

ભગત: “ભલું સૂચવ્યું. અમે તેમ જ કરીશું.”

સેતાન: “ધન્ય ભક્તરાજ! સ્વર્ગની એસેમ્બ્લીમાં આપના શુભ સંકલ્પનો જય થાઓ. પણ હવે ઝટ કરજો. મારા જેવા કેટલાય સંસારી જીવો આપ સૌના ભક્તિરસમાં ભાગીદાર બની પ્રભુચરણે લીન થવા તલપાપડ છે. માટે સંસારભરમાં સંગઠનનું જાળું પાથરી દઈએ. ભક્તોના સંઘો રચાય, પૂરી શિસ્ત જળવાય અને કરતાલ-એકતારા સાથે પ્રભુનામના જયઘોષ કરતી તેમની પલટનોની પલટનો સ્વર્ગરાજ્યમાં દાખલ થવા વૈકુંઠના ફાટક પર ખડી થઈ જાય, એવું કરો... એકલદોકલ કે રેઢું કોઈને રહેવા જ ન દો. પછી સેતાનની શી મગદૂર છે કે કોઈને ભમાવે?”

ભગતનો ચહેરો ખીલી ઊઠ્યો.

અને તે દિવસથી સંસારમાં સત્યની ઘોર ખોદાઈ!

# ખશકૂલું

જૂની વાત, અરધી સદી અગાઉની. છતાં પળમાં પતાળે સળંગા દઈ આવે ને પાણીમાં પગેરાં કાઢે એવા એ બળેલ લવંગિયા જેવા ટિણકુડિયા ખશકૂલાની છબિ હજુ આજેય મારા સ્મૃતિપટલ ઉપરથી ભૂંસાઈ નથી.

પૂના નજીકના સિંહગઢ કિલ્લા પર લોકમાન્ય તિલક અને ગાંધીજીનો સહવાસ ટૂંક દિવસો માટે ગોઠવવામાં હું ૧૯૨૦ના એપ્રિલ મહિનાની આખરે સફળ થયેલો. ગઢ ઉપર તિલક દાદાના મિત્ર દાજી આબાજી ખરેનું મકાન હતું; અને ગાંધીજીને ત્યાંથી નજીક જ આવેલા શેઠ નરોત્તમ મોરારજી ગોકળદાસના બંગલામાં ઉતારવાનું અમે ગોઠવેલું.

સિંહગઢ અને ત્યાં આવેલા જૂજ બંગલા મારા પૂરા જાણીતા. પણ સરદાર પદમજી વાળાંના ત્રણ બંગલા સિવાય બીજા બધા માળી-ચોકીદાર વગર મોટે ભાગે વરસ બધું અવાવરું રહે. તેથી સાફસૂફી કરાવી પાણીછાણી, રહેવાસૂવા નહાવાધોવાની બધી સગવડો અંકે

કરી, જરૂરી ચીજવસ્તુ વેળાસર જોગવી લેવાની ગણતરીએ હું થોડા દિવસ અગાઉથી જ પૂને પહોંચેલો; અને સિંહગઢના બે ફેરા કરી બધું ગોઠવી લઈ, ગાંધીજી પહોંચવાના તેને આગલે દિવસે સીધુંસામાન વગેરે છેલ્લ્લી ખરીદી કરી લેવા હું લશ્કર (પૂના કેમ્પ)ની બજાર બપોર લગણ ભાટકેલો.

ગઢની તળેટીયે આવેલું ડોણજા ગામ પૂનાથી પંદર માઈલ; અને ત્યાંથી ત્રણ માઈલ ડુંગર પગે ચડીને ગઢ ઉપર પહોંચાતું. બાળક બૂઢાં માંદાંને ગામનું લોક જૂજ મજૂરીએ બે બાંબુ વચ્ચે માંચી બાંધેલ ગામઠી ડોળીઓમાં બેસાડી ગઢ ઉપર પહોંચાડે. ડોણજા સુધી પગપાળા અગર ઘોડાના ટાંગામાં જવાતું.

## ૨

તે કાળે આજની જેમ મોટરો કે ટેક્સીઓ ચૌટેચકલે ન રવડતી. આખા શહેરમાં એક ઘોડાના પુણેરી ટાંગા જ ફરતા. બે જ ઉતારુ બેસાડે. ધણીબૈયર જોડે મોટું છોકરું હોય તોયે ઘણી વાર રકાસ થાય.

મેં ઠેઠ ડોણજા સુધીનો ટાંગો ઠરાવ્યો. અને લશ્કરની બજાર બધી ઠેર ઠેર ફરીને સગડી-કોલસાથી માંડીને સીધુંસામાન, ફળ વગેરે ગાડું ચીજો ખરીદીને ટાંગો ભર્યો.

ટટ્ટુ બાંધી દડીનું, ખાસ ભીમથડીનું. પાકી (પણ ડામરની નહિ) સડક પર માંગલોરી સોપારીની જેમ દડયે જાય. ટાંગાવાળો અસલ માવળા બ્રીડનો મરેઠો. બેસનારમાં હું એકલો. પણ લશ્કરના એક ટાંગાસ્ટૅન્ડ પરથી ટાંગાવાળાએ પોતાના પગ આગળ અને પડખે લાદેલાં પોટલાંપડીકાં વચ્ચે જગા કરીને એક ટિણકુડિયા પોયરાને ઊંચકીને આગલી બાજુએ બેસાડયો. આઠનવ વરસનો હશે. મને થયું એનો કે એના કોઈ ઓળખીતાનો હશે.

પોયરો પણ કેવો? અળશિયું જોઈ લ્યો. કાળો અસલ તાવડીનો વાન. ગાલે લમણે કૂવા. ઢેખાળા જેવું કપાળ. ઉજ્જડ રાનના અપૂજ

શિવલિંગ જેવી ઓઘરાળાભરી ઊપસેલી ઘૂંટણની ઢાંકણીઓ. મેલા ઉઘાડા જીંથરિયા માથે ને મોં પર માખીઓ બણબણે. વારેવારે ઉડાડે. ડિલ પર કમ્મર સુધી માંડ પહોંચતું મેલુંદાટ ફાટેલું પહેરણ, ને નીચે સાવ ઉઘાડો. અસલ છપ્પનિયાનું રાંકું જોઈ લ્યો! મને કમકમાટી છૂટી. ભલું થયું કે ટાંગાવાળાએ એને આગલી બાજુએ પોતાને પડખે બેસાડયો હતો.

બેકરી આગળ થોભીને મેં ડબલરોટી અને માખણનું ટીન લીધાં. બધું ટાંગાની પાછલી બેઠક પર મારી બાજુમાં મૂક્યું. થોડે આગળ વળી કોઈ દુકાનેથી કંઈક લેવા હું ઊતર્યો, બેચાર ચીજોનાં પોટલાંપડીકાં આગલી બાજુએ મુકાવ્યાં. અને દુકાનદારને પૈસા ચૂકવી દઈ પાછો આવી ટાંગામાં ચડયો. જોઉં તો પાંઉરોટીનું પડીકું મારી બેઠકની જગાએ ખસેડીને પાછલી બેઠક પર એક ખૂણે પેલું ટિણકુડિયું ખૂબ સંકોચાઈને ગોઠવાઈ ગયેલું!

હું સમજ્યો. સામાનનાં પોટલાં અને બંડલો વધવાને કારણે આગલી બાજુએ છોકરાને બેસાડવાની જગા રહી નહોતી.

તેનો દયામણો ચહેરો અને ઊંડી ઊતરી ગયેલી આંખો જોઈને હું પીગળી ગયો. કશું ન બોલતાં પાંઉરોટીવાળું પેકેટ ખોળામાં લઈને બેસી ગયો.

વળી દુકાનો આવી. વળી હું ઊતર્યો, વળી ખરીદ્યું. પાંઉનું પડીકું બેઠક પર રહેવા દઈ ઊતરું, ખરીદું, પાછો બેસું. વળી ઊતરું. છોકરો એટલો સંકોચાઈને બેઠેલો કે પાંઉરોટીવાળું પેકેટ દર વખતે ખોળામાં લઈને બેસવાની જરૂર નહોતી. અમારા બેની વચ્ચે તે પડી રહેતું.

બેપાંચ વેળા ચડઊતર કરીને મેં ખરીદીની ફેરિસ્ત પૂરી કરી. ટાંગો ભવાનીપેઠ થઈ સતારાની સડક મેલી પર્વતીની ટેકરી ભણી વળ્યો. અહીં નજીકથી તે કાળે શહેરભાગોળ છૂટી જતી. તે જગાએ પેલાએ ટાંગો અણધાર્યો થોભાવ્યો. તેવું જ પેલું ટિણકુડિયું ચડપ દઈને કૂદકો મારતુંકને સડક નીચાણે આવેલા દેશી નળિયાંનાં છાપરાવાળા ને છાણમાટીથી લીંપેલા એક નીચા ઘર ભણી દોડી ગયું.

“અહીં એનું ઘર છે?”

“હોય રાવસાહેબ. માઝેં ગરીબાચેં ખોંપટેં હાય.”

ને પછી લાગલું જ ઉમેર્યું, “એકુલતા એક તેવઢાચ હાય. દેવાનેં દિલેલા.”

હું સમજ્યો. એ એનો છોકરો હતો.

## ૩

એણે ટટ્ટુની લગામ ડોંચી ને ટાંગો ઊપડ્યો. તે કાળે અહીંથી આગળ વસ્તી નહોતી. પર્વતીની તળેટીએ બધું ફાંફળ હતું. ટાંગો ખદડુક ગતિએ દડયે જતો હતો. હવે લગાર છૂટથી બેસું, એમ વિચારી જગા કરવા બાજુમાં પડેલું ડબલરોટીનું પેકેટ મેં જરા હડસેલ્યું.

હળવું લાગ્યું! મેં ઊંચક્યું. જોઉં તો તળેનો કાગળ ફાટેલો, ને એક આખી રોટી તળિયેથી ખણખોતરાઈને ખલાસ થયેલી! બાજુની ભીંતો જ કાગળમાં ઊભેલી, ને ઉપલી બાજુનો કઠણ શેકાયેલ ટેકરો તેટલો સાબુત. પેટાળ બધું પોલું ઢમ!

મને બહુ નવાઈ લાગી. થયું, અહીં ચાલતા ટાંગામાં કોળ ઊંદર? કે પેલા બેકરીવાળાએ જ ઊંદરે ખાઈને સફાચટ કરેલી બાંધી આપી?

અચાનક મને હમણાં જ ઊતરીને દોડી ગયેલ પેલા ખૂણાના ટિણકુડિયાનો ભૂખાળવો નિમાણો ચહેરો અને મૂંગી મોટી આંખો યાદ આવી. ને મારા મગજમાં વીજળી ચમકારો કરી ગઈ!

સહેજે જ મારાથી ટાંગાવાળાને ટાંગો થોભાવવા કહી જવાયું. પેલાએ ખંધી આંખને ખૂણેથી બધું જોયું હોય ને સમજતો હોય તેમ ટાંગો થોભાવ્યો. “કાય રાવસાહેબ! કાય હુકૂમ?”

મેં પડીકું ઊંચક્યું ને તેનું તળિયું એના મોં અગાડી ધર્યું! એણે જરાય ચકિત થયા વગર, પણ ઉછીની અકળામણ દેખાડતો દયામણો ચહેરો કરીને શરૂ કર્યું: “માપ કરા, રાવસાહેબ. કારટેં સૈતાન હાય.

મી તર જીવા વર આલો હાય ત્યેચ્યા પાયીં. આપુન ભાગ્યવંત લોક. યેવઢા ગુના માપ કરા.”

પછી જરા પીગળીને અરધો સ્વગત બોલતો હોય તેમ કહે, “બિચાર્યાલા આઈ નાંય. તીન વર્સાચા સોડૂન મરૂન ગેલી. મીચ વાઢવીત હાય. દૂસરેં લગીન, પાટ કાહીં કેલેં નાંય; સાવત્ર આઈચા યાલા તરાસ નકો મણૂન. પન કારટે ઊનાડ નિઘાલેં. ઘરીં ઠેવલેં તર દિવસભર શેજાર્યાંનાં તાપ, ત્યાંચ્યા તકરારી રોજ ઐકૂન ઐકૂન જીવ નકોસા ઝાલા. તાંગ્યાંત હિંડવલેં તર પાસિંજર લોકાંનાં અસાચ સતવિતો. હોય, નશીબ માઝેં. આણખી કાય?”

વળી કહે, “પુસ્કર મારૂન પાહિલેં. પન કાહીં ઉપયોગ ઝાલા નાંય. મારાવેં તરી કિતી? નુસતા હાડાંચા સાપળા હાય. માપ કરા. ગરીબાચી ગય કરા, રાવસાહેબ, આપન ભાગ્યવંત આહાં.”

કશું બોલ્યા વગર ટાંગો હાંકવાની મેં એને ઇશારત કરી. ટાંગો આગળ ચાલ્યો. પણ અરધું સ્વગત ને અરધું મને સંભળાવતો હોય એમ એણે બોલવું ચાલુ રાખ્યું: “આમી મરહાટે લોક. શિવાજી મહારાજાચે માવળે. ડોંગરાતલે ઉંદીર. શિવાજી મહારાજ ગેલે ત્યાં બરોબર ત્યાંચે પદરીં અસલેલે ત્યાંચે બહાદ્દર માવળે ગડી, લાવલશ્કર, સર્વ ગેલેં. માવળ્યાંચેં ધાડસ, શૂરપણ, ચંગળ, સર્વ કાહીં માવળલેં! ઇંગ્રજાંચ્યા રાજ્યાંત કોણ પુસતો આમ્હાલાં? કુરતડૂન ખાણેં (ખોતરી ખાવું) યેવઢેંચ કાય તેં શિલ્લક રાહિલેં આમચ્યા નશીબીં! આમીં થોડેચ શિકલો હાય, કી મોઠમોઠ્યા સરકારી નૌકર્યા, વકીલી, રાવસાયબી કરું?”

એની રાંકડી આજીજી અને જૂના કાળની યાદે મને બેચેન કરી મૂક્યો. પર્વતીની નિર્જન તળેટીને રસ્તે એણે મને ધોલ મારીને ટાંગા હેઠો ઉતારી મેલ્યો હોત, અને ગાડુંએક સામાન નિરાંતે ઘરભેળો કર્યો હોત તો મને એટલું વસમું ન લાગત. એણે મને સદાશિવ પેઠ નારાયણ પેઠનો ભણેલો ‘રાવસાહેબ’ ગણ્યો એ તો દેખીતું હતું. એમાં એનો વાંક પણ શો હતો? દક્ષિણમાં બધે બ્રાહ્મણો ઉપર તમામ અબ્રાહ્મણ કોમોમાં સદીઓ જૂની નફરત રહી છે.

૪

કિરતારે ભાગ્યવંતો અને ગરીબો વચ્ચે ભાગ્યની ખેરાત કયે ધોરણે કરી, અને ભાગ્યવંતોને ઘેર જે 'કારટાં'ઓ જન્મતાં હોય છે તેમને 'રાવસાહેબો'ના પડીકાની પાંઉરોટી ખોતરી ખાઈને હેમખેમ ભાગી છૂટવાનું, અને એમનાં માબાપોને 'યેવઢા ગુના માપ કરા, રાવસાહેબ!'ની આજીજી કરવાનું 'ભાગ્ય' કેમ ક્યારેય નહિ લાધતું હોય, એની વિમાસણમાં હું ડૂબ્યો હતો.

વળતર ભરપાઈની ઓફર કરવા માગતો હોય તેમ વચમાં જ પેલાએ ટાંગો થોભાવીને મને પૂછ્યું:

"તાંગા માગે ઘેઉં કાય, રાવસાહેબ? પુન્હાં બેકરી વરુન?" સાંભળ્યું ન સાંભળ્યું હોય તેમ અન્યમનસ્કપણે મેં એને કહ્યું, "નકો, નકો,

જાઉં દે પુઢે—સવારે પાછું આવવું જ છે ને? કાલે બીજી લેશું."

['નઘરોળ' પુસ્તક]

# છોટુકાકાનાં અસીલો

વાપીના વસવાટનાં વરસો દરમિયાન અમારા છોટુભાઈનો એક ક્રમ એ થઈ પડ્યો કે અઠવાડિયામાં બેત્રણ દિવસ આસપાસનાં ગામો કે ફળિયામાં વસતાં હરિજનો કે દૂબળાં લોકોના કાગળો લખી દેવા જવું. જોતજોતામાં આખી વસ્તીમાં 'સોટુકાકા' ગરીબોના બેલી થઈ પડ્યા.

અભણ-નિરક્ષર વસ્તીમાં ઢેડ-દૂબળાંની બૈરીઓને કે ડોસીઓને, તેમના ધણી—દીકરાઓ શહેરોમાં (મોટે ભાગે મુંબઈમાં) રળતા હોય તેમના પર ઘરખબરના કાગળો હરહંમેશ લખાવવાના હોય. ગામપડોશનો કાપડી (દુકાનદાર વાણિયો) પેલીએ આણેલું ત્રણ પૈસાનું પત્તું એક આનો લખામણી લઈ લખી આપે! બાઈ ઘરકુટુંબના બધા સમાચાર લાંબી લાંબી વિગતે લખાવે, ને લખનારો કાપડી કાનમાં પૂમડાં ભર્યાં

હોય તેમ સાંભળ્યે જાય. પછી ટાઢે કોઠે ચાર લીટી ચીતરી આપે!

બોલનારી ચાહે તેટલું બોલી હોય—ઘરના ખુશીખબર, પોયરાંની તાવઉધરસ ને પૈસાનું મનીઆર્ડર મોકલવાની તાકીદ ઉપરાંત બીજું કશું લખી આપવાના કાપડીએ સોગન ખાધા હોય! બસ, લખામણીનો આનો લઈને પેલીને વદાય કરે. બાપડી બાઈ ઘણુંયે સમજે, કે પોતે લખાવેલું તેનો દસમો ભાગેય કાપડીએ કાગળ પર પાડયો નથી. પણ શું કરે? ફરી લખાવવા-વંચાવવા આવવાની ગરજ. એટલે વગર ફરિયાદે, લખેલું કાર્ડ લઈને ચોકી પરની ટપાલપેટીમાં નાંખે, ને ઘેર જાય. આ દૃશ્ય, આવ્યાને બે-ત્રણ દિવસ જ થયા હશે ને, છોટુકાકાએ જોયું. લાગલો જ ઉપલો ક્રમ શરૂ થયો. ખીસામાં અડધો ડઝન કાર્ડ ઘાલીને નીકળે, ને ફળિયે ફળિયે ફરે.

“કેમ ડોહીમા, કેમ છેવ? કાગલ લખાવવાનો કે ની! આ હું આવેલો છેવ.” “હા, હા આવોની ભાય, આવો, ગાંધી માત્મા. ધન ભાએગ અમું લોકનાં. અમારે કાંય ની લખાવવો હોય? તમે તો ધરમી લોક. મા’ધેવના મંદિરમાં આવીને રે’યલા. કેમ ની ઓરખું!”

પછી ડોસી ઘરમાં જઈ, પોસ્ટકાર્ડ ક્યાંક મેલી રાખ્યું હોય તે ફંફોસવા માંડે.

“એ કાંય કરો, માય? આય હું ખિસ્સામાં જ કારડફારડ બધું તિયાર લી આવેલો જે!”

ડોસી ખુશખુશ થઈ જાય. મનમાં ગગણે: “ગાંધી માત્માનું લોક. ધરમી લોક. નીકર આવું તે વરી કોન કરે?”

છોટુકાકા ઓટલાની કોરાણે બેસી કાર્ડ-કલમ કાઢી લખવા માંડે. ડોસી સામે લખાવવા બેસે. ઘરની વહુઓ ને પોયરાં બીતેબીતે ખૂણેખાંચરે કે બારણાંની આડશે ઊભાં રહી તાલ જુએ. એકાદ ગોબરું પણ હિંમતવાળું છોકરું વળી ડોસી પાસે આવી એના ખોળામાં ચઢી બેસે, અને છોટુકાકા લખતા હોય તે સામું તાકીતાકીને જોઈ રહે.

ડોસી લખાવતી જાય ને છોટુકાકા લખે. ડોસી બોલતી જાય, ને

બોલેબોલ કાગળ પર પડતો જાય:

“લખો—તાવ નાની પોરીની પૂંઠે પડેલો, ની મૂકતો. મોટી વહુ ઈના બાપને ઘેર ભાત રોપવા ગેયલી. વાપીવારો વાનિયો હેઠ પૈહાનું વિયાજ ભરી જવા કે. હું કિયાંથી દેવ? તુંને કેયલું કે દિવાહા અગાઉ પસાહ રૂપિયાનું મનીઓર્ડર કરી મૂકજે. પન આય આથમનો મઈનો થિયો ને ભાદરવો હઉ આવહે. પન તારા પૈહાનો પત્તા નીમ્રે.

“લખો—ભીખલો, ઈનો છા’બ વેલાત ચાલી ગિયો તી દા’ડાનો ધંધા વના બેથો સે. ઉદવાડાના પારહી મંભઈ લી ગેયલા. પન બે મઈનામાં પાસો આવી રિયો. માંટી મરદથી આમ ઘરે આંગને કેટલાં બેહી રે’વાવાનું ઉતું? તું ઈને મંભઈ બોલાવી લેવ. મારાથી ઈને આય પરમાને તાડીને માંડવે દા’ડો બધો પીને પડી રેયલો ની જોવાતું.”

ખાસી દસ મિનિટનું ડિક્ટેશન. લખવાને છેડે છોટુકાકા આખો કાગળ પહેલેથી છેલ્લે લગણ ડોસીને વાંચી સંભળાવે. બોલેલો જ બોલેબોલ, ટૂંકાક્ષરીમાં લીધો હોય તેમ, ફરી પાછો ડોસીને કાને પડે. ને ડોસી ડોલે! ફળિયાની ઢેડીઓ ભેળી થાય, સાંભળે ને કોઈ પત્તું લાવી હોય તે છોટુકાકાની આગળ ધરે. કાકા ન લે. પોતાનું જ ખિસ્સામાંથી કાઢે, ને એનુંય લખી આપે. એ જ લખનાર, ને એ જ લખાવટ. લખીને આખું એનેય પાછું વાંચી સંભળાવે. લખામણી ન લે—ને કાપડીથી દસ ગણું લખી આપે!

પછી ટપાલમાં પણ “હું જ લાખી દેવા” કહી છોટુકાકા ઘણાઘણા હેતે કરીને ડોસીની વિદાય લે, ને બીજે ફળિયે જાય, કે ઘર ભણી વળે. લખેલા કાગળો સાથે લીધા હોય તે ટપાલપેટીમાં નાંખે. કો’ક વાર વળી ‘રિપ્લાય’ કાર્ડો પણ લખી આપે, ને અઠવાડિયામાં જવાબ આવી પહોંચે ત્યારે લખાવનારી હેરત થઈ જાય. કોઈના મનીઓર્ડર પણ આવી પૂગે.

*

એક વાર હું ઉદવાડે રણજિત દાક્તરને દવાખાનેથી દવા લઈને આવું. રેલફાટક ભણીથી મોટરબસ આવી, ને એક દૂબળી ઊતરી.

છોટુકાકા ઓટલે કોઈનો કાગળ લખી આપેલો તે વાંચી સંભળાવે. અદબથી એક કોરાણે ઊભી રહી. ઓળખીતી લાગી. પૂરું કરી છોટુકાકાએ ઊંચું જોયું. હસીને કહે: “તું વરી કિયાંથી આવી લાગી?—ચૌદેહ ઉપર અમાવાસ!”

પેલી કહે, “સોટુકાકા! તુકવાડે જતી ઉતી. તમુંને જોયા, ને ઊતરી પડી. હાંભરો—આય મારો સોટુ બે મઈના થિયા મંભઈ ગયેલો સે. એક વાર કાગજ આવિયું તે માપ. કાગજ જ મોકલતો ની સે. (ગળે ડૂમો આવે છે.) ઈને કાંય હમઝ સે—ઈની માયને મૂઈને કાંય કાંય થાતું ઓહે? (જરા વાર મૌન.) સોટુકાકા! ઈને લખી દેવ, કે આય કાગજ દેખતાની ઘડીયે આવતો રે. લખી દેવ, તારી માય બઉ માંદી સે—મોઢું જોવું હોય તો આવી રે’.

“હાસું કઉ સું, સોટુકાકા! મારે તો ઈને મોકલવો જ ની ઉતો. પણ હમારા હેઠે કાંય હાંભર્યું જ નીમ્રે.”

છોટુકાકાએ લાંબો કાગળ લખી આપ્યો. પછી કહે: “હરનામું કાંય કરું?” પેલીએ કાગળ જ જાણે નવો લખાવવા માંડ્યો:

“લખોની, લખી દેવની—ભાય તપારવારાને માલમ થાય, જે બાપા! આતલું આય મારું કાગજ અમારા વા’લા પોયરા સોટમની કેડ કમ્મરમાં પુગાડજે. હાથોહાથ, તરત પુગાડજે, મારા બાપ! ભગવાન તારું ભલું કરહે!”

“પણ ઠેકાણું?”

“લખોની, લખી દેવની—થેકાનું એવું સે જે, ઝવેરી બજાર, ખારાકૂવાની પાંહે, ગિલાન લોટ (ગ્રાંટ રોડ) વારા પારહીનો મારો સે. તીમાં અમારા પરિયા ઉદવાડાના વાનિયા લોક રે’તા સે. તીને ઘેર વાહણ ધોતો-માંજતો સે અમારો સોટમ, તીને પુગે. અમારા સોટમને હાથોહાથ પૂગે.” “પણ હેઠનું નામ કાંય લખું?” “અમારો હીરુ હેઠ વરી—તિમાં કાંય પૂસો? હઉ ઓરખે. બીજો કુન હેઠ આવવાનો ઉતો જે? મોટા હેઠનો પોયરો!” છોટુકાકાએ કવર બીડી ઉપર ટિકિટ લગાડી. જોઈને

કહે: "લખો—સો પૈહાનું તિકટ લગાવિયું સે. સોકહ કામ કીધું સે. મંભઈ હેર મોતું સે. રહતે કોઈ નરહું માણહ તિકટ ઉખારી લેય, તો તિમાં અમારે કાંય નીમ્રે." બસ, પહેલવહેલી વાર છોટુકાકાને 'મૂઆ લખ્ખોદિયા' કાપડીનું અનુકરણ કરવું પડ્યું!

## ટીંબાનો ઉપદેશ

ઈશુ ભગત ટીંબે બેઠા બોધ આલે છે. લોક બેઠું સાંભળે છે. વેણેં વેણેં ફૂલડાં ઝરે છે:

ગરીબગરબાંવની જે થાવ; દીનદખિયાંવની જે થાવ; કાં કે મારા રામજીનું રાજ ઈમનું છે.

સંતો! રાંકનાં રાજ થાશે; ભૂખ્યાં ભરાશે; દયાળાંને દયા મળશે ને નિરમળાંને મારા રામજીનાં દરશણ થાશે.

સંતો! મનકાયાથી નિરમળ રે'જો; આંખ્ય કાયાનો દીવો છે. ઈ એઠી થાય તે દિ' ઈને ફોડજો; કાંડું કનડે તો કલમ કરજો.

ભગતો! તમારી ભાવભગતીના દેખાડા કરજો મા. પણ અંતરને ખૂણે માંયલા આતમરામને જગાડીને તીના આગળ તમારા હૈયાની આરત આમ ઠાલવજો: હે મારા રામધણી! હે ભગવાન! હે પરભુપત્યા! તારી જે થાવ. તારાં જ રાજ બધે થાવ. આ લોક-પરલોક તારી જ આણ્ય સંધેય વરતો. હે હજારું હાથવાળા! કીડીને કણ ને હાથીને હારાના પૂરણહારા! તુ ંજ અમને રોજનો રોટલો પૂરજે. હે અંતરજામી! તું ઘટડે ઘટડે જાગતીજોત બેઠો છો. તું અમને માંયલા વેરીના માર્યા ગોથું ખાવા દેજે માં, અમને ભીની ભોં ઉપર લપટવા દેજે માં. ને જ્યમ અમે અમારા ભાયુંભાંડરૂવના વાંકગના ખમી ખાયેં, ત્યમ તુંય અમારા વાંકગના ગળી જાજે.

કાં કે હે મૅમાવંતા! તારી જ આણ્ય ને તારો જ મૅમા ત્રણેય લોકુંમાં વ્યાપી રહ્યાં છે. તારો જેજેકાર થાવ.

*

સંતો! બે ધણીની ચાકરી કોયથી એકહાર્યે નો થાય. ઈ એકને વા'લો ને બીજાને દવલો કરશે; એકનાં સાચવશે ને બીજાનાં રેઢાં મેલશે. મારા મા'વાની ને માયાની સગાઈ એકહાર્યે સંચવાશે નઈં.

ભાયું મારા! ઠાકરનાં નૈવેદ કૂતરાંવને નીરજો મા; ને ભૂંડના મોઢા આગળ મોતીના ચૉક પૂરજો મા. એવાં ઈ તો તી પર હમચી ખૂંદશે ને સંધો ઊકરડો કરી મેલીને સામાં મારવા આવશે.

પણ એક મારા રામજીને જ દુવાર જાચજો. ન્યાંકણે તમને માગ્યું મળશે; ગોત્યાભેળું જડશે ને તમારી આંગળીને ટકોરે ઇની ડૅલિયું ઊઘડશે.

કાં કે સંતો! તમમાંથી કિયો બાપ એવો ભાળ્યો જી તીનો દૂધપુત્તર રોટલો માગે ને ઈ તીને ઠેકાણે પાણો આલે?

તી માટે સંતો! આંયની ચંત્યા મેલો, કે શું ખાશું-પીશું ને શું પૅરશું? ઈ વલોપાત સંધા માયાના જીવના છે.

આ વનવગડાનાં પંખી જુવો, ઈ ક્યાં વાવવા-લણવા ગ્યાં'તાં? પણ ઈની ચણ્યની ચંત્યા રામધણીને છે.

તળાવુંના પોયણાં જુવો. ઈ ક્યાં બાવડાં વીંઝવા ને કાંતવા-વણવા ગ્યાં'તાં? પણ એવાં ઈમની શોભા આગળ મોટા માંધાતાવનાંય માથાં નમે છે.

માટે સંતો! કોળિયો ધાન ને વેંત વસ્તરની; ચીંદરડી સાટુ થઈને આ અમોલખ મનખ્યાને સોંઘો કરજો મા. બસ, એક મારા રામજીનું જ નામ અંકે કરજો, અટલે પછે નવેય નધ્ય તમ વાંહણ્યેં વાંહણ્યેં હાલી આવશે.

*

સંતો! કોયના કાજી બનજો મા, કાં કે તમે બીજાવનો નિયા તોળાવશો તીવો જ તમારોય નિયા તોળાશે, ને જી માંણે તમે ભરશો તી જ માંણે તમારાંય ધાન ભરાશે.

ભાય મારા! તારી આંખ્યમાં આડસર પડ્યું છે ઈ જોવું મેલી

સામાની આંખ્યનું કણું જોવા હાલજે મા; પરથમપેલું તારી આંખ્યમાંયલું આડસર કાઢજે, અટલેં પછે તારા પાડોશીની આંખ્યનું કણું કાઢવાનો કીમિયો તને જડી જાશે.

માટયે કરીને, ભાયું મારા! તમે પોતાનું ચિંતવો એવું સામાનું ચિંતવજો, ને તમ હાર્યે સૌ જી રીત્યે હાલે ઈમ તમે માગો, તી રીત્યેં પરથમ તમે સૌ હાર્યે વરતજો. બસ, અટલામાં સંધાય સંત ને શાસ્તરનું શીખવ્યું આવી ગ્યું.

*

સાજનો! ધરતીનું લૂણ તમે છો. તમારી મીઠાશ છોડજો માં, કા કે તમારી મીઠાશ જાશે તે દિ' પર્થમી પરલે થાશે.

તમે ડુંગરાના દીવા છો. પર્થમી આખીમાં અંજવાળાં પાથરજો; પોથીપંડયાવથી સરસા ઠરજો.

એવા ઈ તો જૂનાં શાસ્તર કાઢીને સંભળાવે છે: 'જીવહંસા કરજો મા.' પણ હું તમને કહું છું, જી ઈના ભાયું હાર્યે વઢવેડ કરશે, જી ઈના પાડોશીને વાંકો દવલો કે'શે, ઈ નરકે જાશે.

સંતો! એક કાન કાપવાવાળાના બેવ કાપી લેવાનું ને બે દાંત પાડનારાના બત્રીશેય પાડવાનું તો મોયલા કે'તા જ આવ્યા છે; પણ હું કહું છું, તમે ભૂંડા હાર્યે ભૂંડા થાજો મા.

ને કોય તમને જમણે ગાલે અડબોત મારે તો ડાબો ઈની આગળ ધરજો; તમારી બંડી લેવા કરે તીને ભેળું અંગરખુંય આલજો; ને તમને ખેતરવા હાર્યે હાલવા કે' તીના સાટુ થઈને ગાવ ભોં હાલજો. સંતો! એવા ઈ નીતિ ને શાસ્તરના જાણવાવાળા તો તમને વા'લાં-વેરી ને હેતુ-દશમન કરવાનું શિખવાડશે.

પણ હું તમને કઉં છું, તમે વેરીને વા'લા કરજો, ગાળ દે તીને ખમ્મા કે'જો ને તમારી ખેધે પડે તીના ભલા સાટુ થઈને રામધણીને વીનવજો. સંતો! ગણ કરનારાનો ગણ તો સઉ કરે છે, નમનારાને સઉ નમે છે. પણ મારા રામજીનો સૂરજનારણ સારા ને નરસા બેવ ઉપર

તપે છે ને વરસાદ કાંટાળી વાડયમાંય વરસે છે.

સાજનો! તીના જેવા થાવ તાણેં તમે રામજીના વા'લા, ને તાણેં તમારું માત્યમ.

*

સંતો! પાપની વાટ પોળી છે ને તી ઉપર હાલવાવાળા ઝાઝા છે. પણ મારા રામજીના ઘરની વાટ સાંકડી છે ને ઈ વાટે હાલવાવાળા થોડા છે. સંતો! બગલા ભગતુંને ઓળખીને હાલજો. ઈ દેખાશે રાંક ગાડર જેવા, પણ માંય ગજની કાતી રાખીને હાલનારા ને ભૂખ્યા જરખની ઘોડયેં ફાડી ખાનારા.

બાર્યથી ધોળા ને માંય કાળોતરા. બાર્ય ચૂના દીધેલ ધોળી કબરું જેવા ને માંયલી કોર મૂઆં મડાં.

સંતો! થોરેં કેળાં પાકે નંઈ ને બોરડીની ડાળ્યેં આંબામોર આવે નંઈ. ઈ તો આંબે કેરી ને કૌવચને કૌવચ. માટયે તમે ફળ દેખીને વેલો ઓળખજો.

*

ભાયું મારા! તમારાં દાનપુન્યના દેખાડા કરજો મા. પણ તમારો જમણો હાથ આલે તીની ડાબાને ખબર પડવા દેજો મા. દીધાં દાનના ઢોલ વગાડવાં ઈ જગતિયા જીવના ધંધા છે.

સંતો! ઈમ તો એરણ્યની ચોરી કરીને સોયનું દાન કરવાવાળાય ધણીને દુવાર જઈને બકોર કરશે: 'અમેય તારે નામેં તીરથ નાયા છયેં; અમેય પાઠપૂજા દાનધરમ દેવદરશણ કર્યા છે ને દીપમાળું પૂરિયું છે.'

પણ મારો રામજી ઇ વેળાયેં એવા ઇમને કે'શે, 'હાલતા થાવ, અનિયાના આચરવાવાળાવ. હું તમને ઓળખતો નથી.'

સંતો! આટલી વાત નિશ્ચે કરીને માનજો કે સોયના નાકાની માંયલીકોરથી સાંઢિયો હાલ્યો જાય ઈ ભલેં, પણ મારા રામધણીને દુવાર લખમીવંતાને ઊભવા મળવું દોયલું છે.

સંતો! નકરા મોઢેથી રામરામના થાળ ધર્યે રામજી રાજી નંઈ

થાય. પણ જિણ્યે આંયકણેં મારા રામજીનાં કામ કર્યાં હશે, જિણ્યે દીનદખિયાંવને, પાપિયાંપતિયાંવને હાર્યે બેસીને દલાસા દીધા હશે, જિણ્યે નોંધારાંવને હાથ દેવા જીવતર સોંઘાં કર્યાં હશે—તીનેં જ પોરસ કરીને બથમાં લેવા મારો રામ સામો ધોડશે. [ સંતો! મોયલાં શાસ્તર વાંચવાવાળા કે' છે: પારકી અસ્ત્રી હાર્યે હાલજો મા, ને અસ્ત્રી ઈમ હાલે તો તીને છેડો ફાડી આલજો.

પણ હું કઉં છું, જિણ્યે અસ્ત્રી જાત ઉપર એંઠી નજર નાખી ઇણ્યે નરકનું ભાતું બાંધ્યું; ને જિણ્યે કોય કેવાય કારણેં ઘરની પરણેતરને ઘરબાર્ય કરી ઈ નો દિ' આથમ્યો.

વળી એવા ઈ શાસ્તરના વાંચવાવાળાવ કે' છે: 'જૂઠા સોગન ખાજો મા;' પણ હું કઉં છું, તમે સોગન જ કોય વાતના કોઈ દિ ખાજો મા; ન સરગના, ન પર્થમીના.

કાં કે સરગ ઈ રામરાજાનું સિંઘાસન ને પર્થમી ઈના ચરણુંની પગતળી કે'વાય. માટયે તમે હા કે'વી હોય ન્યાં હા, ને ના કે'વી હોય ન્યાં નકરી ના જ કે'જો.

*

સંતો! હું સંત શાસ્તર સંધાયને ઉથાપવા આવ્યો છું ઈમ માનજો મા. હું સંતુને ને શાસ્તરને ઉથાપવા નથી આવ્યો; હું ઈમનાં વચનુંની વાટયું સંકોરવા આવ્યો છું. હું દખિયાંને દલાસા દેવા ને ભારેંમૂવાંના ભાર ઉતારવા આવ્યો છું. જી વશવાસેં હાલશે તીનાં હાલરાં હળવાં થાશે.

સંતો! મારા રામજીના ઘરની વાટે મોટમોટા ભણ્યાગણ્યા માનધાતાવ ગોથાં ખાશે, ન્યાં મારા રામજીનાં ગભરૂડાં બાળ વાટું ચીંધશે. આ સંધું જીની નજરૂ પોંચે ઈ ભાળી લ્યે ને જિને કાન હોય ઈ સાંભળી લ્યે.

હે દખિયાંવ! હે દનિયાંના ભાર વે'નારાંવ! આંયકણેં આવો. આંય તમને વિસામા મળશે. આંય તમારા હૈયાના ભાર હળવા થાશે.

કાં કે મારો રામ તરણાથી હેઠો છે ને ઈનું ઘીંસરૂ હળવું ફૂલ છે.

સાજનો! મારા રામનાં આ વચન સાંભળીને જી હૈયે લેશે ઈ

ટીંબાની શલ્યાયું ઉપર ઘર બાંધશે.

પછે ઈ ઉપર બારે મેઘ ત્રાટકશે ને વીજળિયું-વાવાઝોડાં ટૂટી પડશે તોય ઈની કાંકરી ખરશે નઈં.

પણ જી મારા રામજીનું કયું આ કાને સાંભળીને ઓલ્યે કાને કાઢશે, ઈ વેળુ ઉપર બંગલા બાંધશે ને ઈ બંગલા પેલે માવઠે ભોં ભેળા થઈ જાશે.

## કદી ઘરડું ન થનારું

‘લે મિઝરાબ્લ’ ૧૯મી સદીના યુરોપનું સર્વશ્રેષ્ઠ સર્જન છે. હ્યુગોની આ અમર કૃતિમાં કદી ઘરડા ન થવાનો ગુણ છે. “ધરતીતલ ઉપર જ્યાં લગી દુખિયારાં રહેશે ત્યાં લગી આ ગાથા માનવનાં હૃદયમનને સ્પર્શશે ને તેના ઊંડામાં ઊંડા આતમ-તારને ઝણઝણાવશે.”—આ મહાકથાની ટૂંકીટચ પ્રસ્તાવનામાં ગ્રંથકારે આટલી જ એક વાત લખીને તેની દુનિયાને ભેટ ધરી છે.

લગભગ ૪૫ વર્ષ થયાં આની અસંખ્ય પારાયણો હું કરતો આવ્યો છું. ૧૩-૧૪ વર્ષની વયે જ્યારે હું અંગ્રેજી બહુ નહોતો સમજતો ત્યારે પહેલવહેલી બે અંગ્રેજી નવલકથાઓ મેં વાંચી. જેઈન પોર્ટર પ્રણીત ‘સ્કોટિશ ચીફ્સ’ અને વિક્ટર હ્યુગોનું ‘લે મિઝરાબ્લ’. પહેલી કથાએ દેશ પ્રત્યેના અને બીજીએ માનવ પ્રત્યેના અનુરાગનું બીજ મારામાં વાવ્યું. જેમ મોટો થતો ગયો તેમ બેઉ પુસ્તકો પ્રત્યેનો મારો અનુરાગ વધતો ગયો. ૩૦ વરસનો થયો ત્યાં સુધી આ કથાઓનાં કેટલાંયે પાનાં મને મોઢે હતાં.

પહેલી ઐતિહાસિક નવલકથાની ઝીણા અક્ષરે છાપેલી ને પૂંઠાં પર લીલા રંગમાં સ્કોટિશ દેશભક્ત વિલ્યમ વોલેસના ચિત્રવાળી છ પેનીની આવૃત્તિ તે કાળે મુંબઈમાં સાડાચાર આને વેચાતી. આ સસ્તી આવૃત્તિની નહિ નહિ તો બેપાંચ ડઝન નકલો મેં મિત્રોમાં ‘સપ્રેમ ભેટ’

તરીકે વહેંચી હશે. એ પુસ્તક હવે ભાગ્યે જ ક્યાંયે જોવા મળે છે. પણ ‘લે મિઝરાબ્લ’ આજે પણ જ્યારે નજરે પડે ત્યારે જે પાનું ઊઘડે ત્યાંથી વાંચવાની ને ઊઠવું પડે ત્યાં લગી વાંચ્યા જ કરવાની હજુ મને ટેવ છે.

‘લે મિઝરાબ્લ’ની કોઈ સસ્તી આવૃત્તિ તે કાળે ન મળતી છતાં બોરીબંદર પર વોરા બજારને નાકે આવેલી ‘પીપલ્સ ફ્રી રીડિંગ રૂમ અને લાઇબ્રેરી’માં ને ધોબીતળાવ પરના નવા-જૂના બુકસેલરોને ત્યાં જ્યારે ને ત્યારે હંમેશાં આ એક જ પુસ્તક લઈને હું વાંચતો. પીટીટ લાઇબ્રેરીમાં તેની એક સુંદર સચિત્ર પાકા પૂંઠાવાળી આવૃત્તિ હતી તે પણ જુદા જુદા મેમ્બર મિત્રો મારફત વારંવાર મેળવીને હું અસંખ્યવેળા એના એ પ્રસંગો વાંચતો.

[‘લે મિઝરાબ્લ’ પુસ્તક]

# રજૂઆતનો કીમિયો

રજૂઆત એક કળા છે; બલકે ઈશ્વરી પ્રસાદ છે. અંતરની અનુભૂતિમાંથી એ ઊગે છે ને અભણનીયે જીભેકલમે આવીને બેસે છે. પંડિત હોય તો સોનાથી પીળું, પણ એ પાંડિત્ય કે વિદ્વત્તાની મોહતાજ નથી. તુલસી, નાનક, સુર, કબીર, જ્ઞાનોબા, તુકારામ, નરસી, મીરાં આદિ મધ્યયુગીન સંતોમાંનાં ઘણાં આજના રૂઢ અર્થમાં અભણ હતાં. પણ તેમનાં ભાવભકિત ને કવિતાના જુવાળને હેલે ચડીને હિંદના સામાજિક ઇતિહાસની ચાર સદીઓ ઘસડાઈ ગઈ.

આજને કાળે પણ એ સંતોની રચનાઓની અને જે બધા ઋષિમુનિ-આચાર્યોનો એમને વારસો મળ્યો તે પ્રાચીન પૂર્વજોનાં રચેલાં ‘ગીતા’, ‘ઉપનિષદ’, ‘ભાગવત’, ‘મહાભારત’, ‘રામાયણ’ની જે રજૂઆત રામકૃષ્ણ-વિવેકાનંદ, ટાગોર, અરવિંદ, રાધાકૃષ્ણન કે ગાંધીજીએ કરી, અથવા તો ‘મહાભારત’-કથાઓની રાજાજીએ ને ‘રામાયણ’—‘મહાભારત’નાં

પાત્રોની નાનાભાઈ ભટ્ટે કરી—એ બધાંમાં રજૂઆતનો કીમિયો પડેલો છે. દૃષ્ટિવિહોણા જૂના સંપ્રદાયી હરદાસો—કીર્તનકારોની રજૂઆત અને બાઉલોનાં ગાન કે કબીર-સાખીઓની ગુરુદેવ ટાગોરે કરેલી રજૂઆત વચ્ચે એટલો જ ફેર છે, જેટલો દિવાસાની રાત અને કોજાગરી વચ્ચે.

['સમાજચિંતન અને બીજા લેખો' પુસ્તક]

# સ્વામી રંગનાથાનંદ

## આ પ્રજાને થયું છે શું?

પોતાના એક વ્યાખ્યાનમાં સ્વામી વિવેકાનંદ કહે છે, “આધ્યાત્મિક ન હોય તેને હું હિંદુ કહેતો નથી.” લોકો આધ્યાત્મિક હોવા જોઈએ, માત્ર ધાર્મિક નહીં. ધાર્મિક થવું ખૂબ આસાન છે; કપાળે ચંદન લગાડો અથવા ભસ્મ લગાડો, તમે હિન્દુ થઈ જાઓ છો; ક્રોસ લટકાડો, તમે ખ્રિસ્તી બનો છો; ટોપી ઉપર બીજનો ચંદ્ર લગાડ્યો ને તમે મુસલમાન થઈ જાઓ છો. ધાર્મિક બનવું સહેલું છે. ભારતનાં બે રૂપ છે, એક અમર ભારત; અમર ભારતને આખી દુનિયા શ્રદ્ધા અને સન્માનની દૃષ્ટિએ જુએ છે, અને બીજું એક રોગી ભારત છે જેમાં તમે અને હું રહીએ છીએ અને કાર્ય કરીએ છીએ. આજે જે ભારત છે તે ભ્રષ્ટાચાર, હિંસા, લૂંટફાટ, મુકદ્દમાબાજી, ઈર્ષ્યા—ધિક્કાર અને ગરીબીની અપરંપાર સમસ્યાઓ, નિરક્ષરતા, ખંડનાત્મક પ્રવૃત્તિઓ વગેરે અનેક દૂષણોથી ખદબદતું ભારત છે. સંસદો અને ધારાસભાઓમાં પણ આવા માંદલા ભારતની છબી જોવા મળે છે.

આઝાદી પહેલાંના ભારતમાં ઘણા સારા માણસો, વિશાળ ભાવનાવાળા લોકો હતા. આજે દેશમાં વામણા-નાના માણસો છે. આપણે એક વિશાળ અને મહાન રાષ્ટ્રના હલકા અને વામણા લોકો છીએ.

આપણે બંધિયાર સંસ્કૃતિ બની ગયા હતા—કશું પરિવર્તન નહીં, કશી પ્રગતિ નહીં, છેલ્લી કેટલીયે સદીઓથી બંધિયારપણા સિવાય બીજું કશું નહીં. બીજા દેશોની પ્રજા સાથે આપણો વ્યવહાર જ અટકી ગયો હતો. ‘મ્લેચ્છ’ શબ્દ અને એની વિભાવના શોધીને આપણે લોકોને આઘા રાખ્યા. બીજી બધી પ્રજાઓ મ્લેચ્છ છે. મ્લેચ્છને સ્પર્શ ન કરવો; આપણી સરહદોને ન ઓળંગવી. સ્વામી વિવેકાનંદનું ધ્યાન આ તરફ ગયું અને એક વાક્યમાં એમણે કહ્યું: “ભારતે મ્લેચ્છ શબ્દ શોધ્યો અને

બહિર્જગત સાથેનો વ્યવહાર થંભાવ્યો તે દિવસથી ભારતના ભાવિને તાળાં લાગી ગયાં.” ૧૦મી સદીમાં મહમદ ગઝનીની સાથે આવનાર મહાન અરબ મુસાફર અલબેરુની સંસ્કૃત અને ઠીકઠીક પ્રમાણમાં ભારતીય દર્શનશાસ્ત્ર જાણતો હતો. ગઝની ભારતની ભૌતિક સમૃદ્ધિ લૂંટવાને આવ્યો હતો અને અલબેરુની ભારતની દાર્શનિક સમૃદ્ધિ લઈ જવા માટે. ભારત વિશેનાં એનાં અવલોકનો એની કિતાબ—‘અલબેરુનીનું હિંદ’માં સાંપડે છે. એ કહે છે, “ભારતની પ્રજાને થયું છે શું? એમના પૂર્વજો આના જેવા સંકુચિત મનના ન હતા; આ લોકો કોઈની સાથે હળતામળતા નથી, પોતાનું જ્ઞાન કોઈને આપતા નથી, કોઈની પાસેથી કશું શીખતા નથી. એમના પૂર્વજો આવા ન હતા.”

[‘ગૃહસ્થ અને આધ્યાત્મિક જીવન’ પુસ્તિકાઃ ૨૦૦૧]

# સ્વામી વિવેકાનંદ

## આ જંગ તમને સોંપું છું!

ઓહ! ભારતમાં આપણે ગરીબો વિશે કેવા ખ્યાલ રાખીએ છીએ, તેનો વિચાર કરતાં મારા હૃદયમાં શી શી વેદના થતી હતી! પોતાના વિકાસ માટે તેમને કોઈ તક મળતી નથી. ભારતમાં ગરીબોને મિત્રો કે મદદ મળતાં નથી. ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ તેઓ ઊંચે ચડી શકતા નથી, દિનપ્રતિદિન નીચે ને નીચે ઊતરતા જાય છે. ક્રૂર સમાજે વરસાવેલા ફટકા તેમને વાગે છે, પણ એ ક્યાંથી આવે છે તેની તેમને ખબર નથી. પોતે મનુષ્ય છે એ હકીકત પણ તેઓ ભૂલી ગયા છે! આ બધાંનું પરિણામ ગુલામી.

હિંદુ ધર્મ જેટલા ઉચ્ચ સ્વરે પૃથ્વી ઉપર બીજા કોઈ ધર્મે મનુષ્યના ગૌરવનો પોકાર કર્યો નથી; અને છતાં પૃથ્વી ઉપર અન્ય કોઈ ધર્મે હિંદુ ધર્મની જેમ નીચલા વર્ણો પર જુલમ ગુજાર્યો નથી. આમાં દોષ ધર્મનો નથી; દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની અશક્તિનો, સહાનુભૂતિ અને પ્રેમના અભાવનો.

મારા હૃદય ઉપર આ બોજો ધારણ કરીને બાર બાર વરસ સુધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોને ઘેર ઘેર ધક્કા ખાધા છે. સહાયની શોધમાં, લોહીનીંગળતા હૃદયે, અરધી દુનિયા ઓળંગીને હું આ પરદેશની ભૂમિ ઉપર આવેલો છું. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય; પણ અજ્ઞાની અને દલિતો કાજેનો આ જંગ હું તમને વારસામાં સોંપું છું. અત્યારે આ પળે જ ભગવાન પાર્થસારથિના મંદિરમાં જાઓ અને ગોકુળના દીન ગોવાળિયાઓના જે મિત્રા હતા, જેણે અંત્યજ ગુહકને ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, અને જેણે બુદ્ધાવતારમાં કુલીનોનાં આમંત્રાણ ઠેલીને એક વેશ્યાનું નિમંત્રાણ સ્વીકારેલું અને તેને તારી હતી, એવા પ્રભુ આગળ તમારું

શિર નમાવો; તથા જેમને માટે એ પ્રભુ ફરીફરીને અવતાર ધારણ કરે છે એવા અધમ અને દલિતો માટે સમસ્ત જીવનનું બલિદાન આપો! દિનપ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતા જતા આ કરોડો લોકોની મુક્તિ માટે આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો!

આ એક દિવસનું કાર્ય નથી, અને તેનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે. પણ આપણે જાણીએ છીએ કે ભગવાન આપણા સારથિ થવાને તૈયાર છે. તેમનામાં શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર ખડકાયેલી વિપત્તિઓના પહાડને સળગાવી મૂકો. બંધુઓ! આ કાર્ય વિરાટ છે અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ. આપણે સફળ થશું જ. આ જંગમાં સેંકડો ખપી જશે, પણ બીજા સેંકડો એ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે.

કહેવાતા ધનિકો અને મોટા માણસો પ્રત્યે મીટ માંડો નહીં. હૃદયહીન બુદ્ધિજીવી લેખકો અને તેમના ઠંડે કલેજે લખાયેલા છાપાંના લેખોની પરવા કરો નહીં. આગળ ધપો, પ્રભુ આપણો સેનાપતિ છે. કોણ પડ્યું તે જોવા પાછું વળીને નજર નાખશો નહીં. આગળ ને આગળ ધસો, બંધુઓ! ભૂખ અને ટાઢ કંઈ જ નથી, મૃત્યુ પણ કંઈ નથી, જીવન કંઈ નથી. આ જ રીતે આપણે આગેકૂચ કરશું. પ્રભુનો જયજયકાર હો!

## પ્રકાશ ફેલાવો!

કૃષ્ણે ગાયેલી ‘ગીતા’ એ દરેક વ્યક્તિતને માટે છે. આ બધા વેદાંતના વિચારો ગરીબની ઝૂંપડીમાં તેમજ માછલી પકડતા માછીમારની પાસે અને અભ્યાસ કરતા વિદ્યાર્થીની પાસે પહોંચવા જોઈએ. સામાજિક જીવનમાં મારાથી અમુક ફરજ બજાવી શકાય, તમારાથી બીજી; તમે દેશનું રાજ ચલાવી શકો અને હું જૂના જોડા સીવી શકું. પણ એથી કાંઈ તમે મારાથી મોટા બની જતા નથી. તમને મારી પેઠે જોડા સીવતાં ક્યાં આવડે છે? હું જોડા સીવવામાં પારંગત છું, તમે ‘વેદો’નું પારાયણ

કરવામાં પારંગત છો; પણ એ કાંઈ એવું કારણ નથી કે એને લીધે તમે મારા માથા પર ચડી બેસી શકો. માછીમારને જો તમે વેદાંત સમજાવશો તો એ બોલી ઊઠવાનો કે "હું તમારા જેવો જ માણસ છું; હું માછીમાર છું. તમે ફિલસૂફ છો; પરંતુ તમારામાં જે ઈશ્વર છે તે જ મારામાં પણ છે." અને આપણે એ જ ઇચ્છીએ છીએ. કોઈને માટે વિશેષાધિકાર ન હોય; સૌને સમાન તક હોય. દિવ્ય આત્મા દરેકની અંદર રહેલો છે.

તમે કોઈને મદદ કરી શકતા જ નથી; તમે માત્ર સેવા કરી શકો છો. તમારી જાતને અહોભાગી માનીને ઈશ્વરનાં સંતાનોની સેવા કરો. એ સેવાનો અધિકાર બીજાઓને ન મળતાં તમને મળ્યો માટે તમે પોતાને ધન્ય માનજો. ગરીબો અને દુ:ખીઓ આપણી મુક્તિતને માટે છે. ઈશ્વરની સેવા કરી શકીએ તે માટે રોગીના, પાગલના રૂપમાં એ આવે છે; રક્તપિત્તિયાના અને પાપીના રૂપમાં! આ બધાં રૂપોમાં ઈશ્વરની સેવા કરવાનું આપણને મળે છે, એ જીવનમાં મોટામાં મોટો લહાવો છે. બીજાઓ ઉપર હકૂમત ચલાવીને તમે કોઈનું ભલું કરી શકો, એ ખ્યાલ સાવ છોડી દેજો. પણ નાના રોપાની બાબતમાં જેટલું તમે કરી શકો, તેટલું જ આ બાબતમાં કરી શકો; ઊગતા બીજને માટે જરૂરી માટી, પાણી, હવા, પ્રકાશ વગેરે આપીને તેના વિકાસમાં મદદ કરી શકો; તેમાંથી તેને જોઈએ તેટલું એ પોતાની મેળે સ્વાભાવિક રીતે જ લઈ લેશે; એને પોતાનામાં સમાવીને તે પોતાની મેળે, સ્વાભાવિક રીતે જ વધશે.

જગતમાં બધે પ્રકાશ ફેલાવો. સૌ કોઈને પ્રકાશ મળે એમ કરો. ગરીબોને પ્રકાશ આપો; પણ પૈસાદારોને વધુ પ્રકાશ આપો, કારણ કે તેમને ગરીબો કરતાં એની વિશેષ જરૂર છે. અશિક્ષિતોને પ્રકાશ આપો; પણ સુશિક્ષિતોને વધુ પ્રકાશ આપો, કારણ કે આપણા જમાનામાં શિક્ષણની અહંતા જબરદસ્ત છે! આ પ્રમાણે આપો અને બાકીનું ઈશ્વર પર છોડી દો. કારણ કે ઈશ્વર જ કહે છે કે "તને કર્મ કરવાનો અધિકાર છે, ફળનો નહિ."

# તમે તો કેવા લોકો છો?

દુઃખી મનુષ્યો માટે લાગણી ધરાવો અને એમને સહાય કરવા માટે પ્રયત્ન કરોઃ આ ખ્યાલનું સેવન કરીને મેં બાર બાર વર્ષ સુધી ભ્રમણ કર્યું. કહેવાતા ધનિકો અને મોટા માણસોના બારણે હું ગયો. સહાયની શોધમાં લોહી નીંગળતે હૃદયે અડધી દુનિયા ઓળંગીને હું આ અજાણી ભૂમિ[અમેરિકા]માં આવ્યો. આ ભૂમિમાં ઠંડી કે ભૂખથી હું ભલે મૃત્યુ પામું; પરંતુ, હે નવયુવાનો, હું તમને વારસામાં ગરીબ, અજ્ઞાત અને પીડિત લોકો માટે આવી સહાનુભૂતિ, આવો સંઘર્ષ મૂકતો જઈશ.

જરૂર છે મર્દોની, સાચા મર્દોની. બીજું બધું તો થઈ રહેશે, પણ ખરેખર તો બળવાન, દઢ, શ્રદ્ધાવાન અને નિષ્ઠાથી ઊભરાતા નવયુવકોની જરૂર છે. જો આવા સો નવયુવકો આવી મળે તો આ જગતની સૂરત પલટી જાય.

શું તમને લોકો માટે લાગણી છે? દેવો અને ઋષિમુનિઓના કરોડો વંશજો આજે લગભગ પશુઓની કોટિએ પહોંચી ગયા છે, તેનું તમને લાગી આવે છે ખરું? આજે લાખો લોકો ભૂખે મરે છે અને લાખો લોકો અનેક યુગોથી ભૂખમરો વેઠી રહ્યા છે, તેનું કંઈ સંવેદન તમને થાય છે ખરું? કોઈ કાળાં વાદળની જેમ અજ્ઞાન આ દેશ ઉપર છાઈ રહ્યું છે, તેનો તમને કંઈ વસવસો છે ખરો? શું એથી તમારી ઊંઘ હરામ થઈ ગઈ છે ખરી? શું એનાથી તમે લગભગ પાગલ જેવા બની ગયા છો? શું આને માટે તમે તમારું નામ, તમારી કીર્તિ, તમારાં સ્ત્રીછોકરાં, તમારી સંપત્તિ—અને તમારો દેહ સુધ્ધાં—વીસરી બેઠા છો ખરા? શું તમે આવું બધું અનુભવ્યું છે ખરું? દેશભક્ત થવાનું એ પ્રથમ સોપાન છે—સૌથી પ્રથમ સોપાન.

શું તમારામાં દેશપ્રેમ છે? તો પછી પાછળ નજર નહીં કરો; ના, તમારા પ્રિયજનો અને સ્વજનોને રડતાં જુઓ તોપણ નહીં. પાછળ નહીં, આગળ નજર કરો!

તમે તો કેવા લોકો છો? આ દેશમાં આટલા બધા લોકો અભણ

છે, તેમને ખાવાનું નથી મળતું, તેઓ દુઃખી છે, અને તમે આરામમાં પડ્યા છો? સૈકાઓથી તેઓને દબાવવામાં આવ્યા છે અને તેમનું શોષણ કરવામાં આવ્યું છે, અને તમે ભણેલાગણેલા ઉચ્ચ વર્ગના લોકો તેઓ પ્રત્યે તદ્દન નિષ્ઠુર અને ઉદાસીન છો? જ્યાં સુધી લાખો લોકો ભૂખ અને અજ્ઞાનમાં જીવી રહ્યા છે ત્યાં સુધી, તે લોકોના ખર્ચે જ શિક્ષિત થયેલા હોવા છતાં તેઓ પ્રત્યે ધ્યાન દેતા નથી એવા લોકોને, એવા દરેક સ્ત્રીપુરુષને હું દેશદ્રોહી ગણું છું.

['શકિતદાયી વિચાર' પુસ્તિકાઃ ૧૯૭૮]

# સ્વામી સચ્ચિદાનંદ

## પ્રજાનું મસ્તિષ્ક

પૂર્વ અને પશ્ચિમનાં રાષ્ટ્રોમાં જે મુદ્દાનો ભેદ છે તે મસ્તિષ્કઘડતરનો છે. મસ્તિષ્કઘડતરથી જીવન પ્રત્યેનો અભિગમ ઘડાય છે. ભારતમાં પ્રજાનું મસ્તિષ્ક ધર્મપુરુષો દ્વારા ઘડાય છે. કથા-પ્રવચન-સત્સંગ વગેરે દ્વારા ધર્મપુરુષો પ્રજામાનસને ઘડે છે. તેમની સાથે રંગમંચ, ચલચિત્રો, ટી.વી. વગેરે પણ પ્રજામસ્તિષ્કને ઘડે છે. આ બધાં લગભગ એકીસ્વરે પ્રજાને શ્રદ્ધાળુ બનાવવા પ્રયત્ન કરે છે.

પ્રજા શ્રદ્ધાળુ બને તે પ્રજાજીવનનો મોટો સદ્ગુણ કહેવાય. પણ શ્રદ્ધાનો અતિરેક થઈ જાય ત્યારે તે અંધશ્રદ્ધા બની જાય. ભારતમાં યથાયોગ્ય શ્રદ્ધાની જગ્યાએ અંધશ્રદ્ધાની પ્રચુરતા જ વધુ પ્રમાણમાં થઈ ગઈ છે. આવી શ્રદ્ધા, બુદ્ધિદ્રોહ ઉત્પન્ન કરીને પ્રજાના મસ્તિષ્કને પરિસ્થિતિનું સાચું નિદર્શન કરાવી નથી શકતી. એથી પ્રજા પોતાના પ્રશ્નોનું સમાધાન તો નથી કરી શકતી, પણ પ્રશ્નોમાં વધુ ને વધુ ગૂંચવાય છે. માનો કે કોઈ વર્ષે વરસાદ ન આવ્યો, દુષ્કાળ પડ્યો. હવે ધર્મપુરુષો દ્વારા શ્રદ્ધાના અતિરેકથી ભરેલું મસ્તિષ્ક હોમહવન કે યજ્ઞ કરવા લાગી જશે, સ્ત્રીઓ નગ્ન થઈને રાતે ખેતરમાં હળ ચલાવશે—આવા બધા ઉપાયો એ બુદ્ધિદ્રોહી શ્રદ્ધામાંથી ઉત્પન્ન થતા હોય છે. આવા ઉપાયોથી કાર્યસિદ્ધિ નથી થતી. આવી જ રીતે કોઈને સર્પ કરડ્યો કે ઓરી-અછબડા નીકળ્યા હોય ત્યારે પણ ભૂવા-જાગરિયા, દોરાધાગા-તાવીજ, બાધાબંધણી વગેરે ઉપાયો કરવા લાગશે. પોતાની દરિદ્રતા દૂર કરવા ‘વૈભવ લક્ષ્મી’નું વ્રત કરશે કે જે સંપ્રદાયમાં જવાથી ધનવાન થઈ જવાની લાલચ પ્રચલિત કરાઈ હશે તેની કંઠી બાંધી લેશે. આવું માત્ર અભણ માણસો જ નથી કરતા પણ ભણેલા પણ કરે છે. કારણ કે ધાર્મિક રીતે ઘડાયેલાં મસ્તિષ્ક શિક્ષિત-અશિક્ષિત બંનેનાં સરખાં છે.

જે કથાઓ હજારો તથા લાખો માણસોને સંભળાવવામાં આવે છે, તેમાં આદિથી અંત સુધી શાપ અને આશીર્વાદની કથાઓ છે.

યજ્ઞથી પુત્રો થયા કે આશીર્વાદથી સંતાન થયું અને શાપ લાગવાથી ન થયું કે મરી ગયું: આવી અસંખ્ય કથાઓ પ્રજા સાંભળે છે અને તેને પૂર્ણ સત્ય માની લે છે. પછી પોતાના જીવનના પ્રત્યેક લાભને કોઈનો આશીર્વાદ સમજે છે તથા પ્રત્યેક નુકસાનને કોઈનો શાપ સમજે છે. ધાર્મિક પુરુષો પણ સતત આવી શાપ-આશીર્વાદની કથાઓ સંભળાવીને પોતાને મહાપુરુષ બનાવી શકે છે. અનુયાયીવર્ગ એવો શ્રદ્ધાના અતિરેકવાળો નિર્મિત કરાય છે કે પરીક્ષા, લગ્ન, સંતાન, વ્યાપાર, ચૂંટણીવિજય વગેરે પ્રત્યેક નાનીમોટી ઘટનાઓ પોતાના માનેલા ધર્મપુરુષના આશીર્વાદથી જ થાય છે તેવું દૃઢ રીતે એ માનતો હોય છે. આવા લોકોની સામે પડનારા બુદ્ધિજીવીઓ, ધર્મસુધારકો કે સાચા ધર્મપુરુષોનો પ્રભાવ ઘણો ઓછો રહે છે, કારણ કે પ્રજાને મુખ્યતઃ બુદ્ધિદ્રોહી બનાવાઈ છે.

રામદેવ પીરના ચમત્કારોથી માંડીને યોગાનંદજીની આત્મકથા સુધીની ચમત્કારિક વાતોમાં જેટલો રસ પ્રજાને આવે છે તેટલો રસ સ્વામી દયાનંદ, મહાત્મા ગાંધીજી કે કૃષ્ણમૂર્તિ વગેરેની ચમત્કાર વિનાની સરળ સહજ વાતોમાં નથી આવતો. રવીન્દ્રનાથ, રામન કે રામાનુજનથી ઘડાયેલા સમાજ કરતાં યાજ્ઞિકો, હવનિકો, ભજનિકો, કથાકારો, ભૂવાઓ, તાંત્રિકો, જ્યોતિષીઓ વગેરેથી ઘડાયેલો સમાજ ઘણો વિશાળ છે. પ્રજા ભોળપણથી પોતાનો જ અનર્થ કરનારી આવી ક્રિયાઓનો હાથો બની ગઈ છે.

પશ્ચિમનું મસ્તિષ્ક પણ સદીઓ સુધી ધર્મપુરુષો દ્વારા ઘડાયેલું હતું, ત્યાં પણ અંધશ્રદ્ધાનું પ્રમાણ મોટા પ્રમાણમાં હતું જ. તેથી તે પ્રજા ભારતની પ્રજા કરતાં વધુ ગરીબ તથા દુઃખી હતી, પણ ધર્મપુરુષોમાંથી જ કેટલાક સત્યશૂર, સત્યશોધક પુરુષો પેદા થયા, જેમાંના કેટલાકને ધર્મદ્રોહના અપરાધસર રિબાવી રિબાવીને મારી નાખવામાં આવ્યા. તોપણ નવા ને નવા મુક્ત ચિંતકો ઉત્પન્ન થતા ગયા અને પ્રજાના બુદ્ધિસહ

મસ્તિષ્કને ઘડતા ગયા. ક્રમે ક્રમે પ્રજા કાલ્પનિકતામાંથી વાસ્તવિકતા તરફ ગતિ કરવા લાગી. હવે આ પશ્ચિમના મસ્તિષ્કના ઘડવૈયા વૈજ્ઞાનિકો છે, થોડા અંશમાં રાજકારણીઓ છે. પ્રજાના ઘડતરમાં હવે ધર્મપુરુષોનો પ્રભાવ ઘણો ઓછો થઈ ગયો છે.

આનો અર્થ એવો નથી કે ત્યાં અતિશ્રદ્ધા કે અંધશ્રદ્ધા છે જ નહિ. ત્યાં પણ આ તત્ત્વો છે જ, પણ તેનું પ્રમાણ ઘણું ઓછું. ઘટનાને બુદ્ધિથી સમજવા તથા પ્રશ્નોને પણ બુદ્ધિથી હલ કરવા પ્રજા પ્રયત્ન કરે છે. માનો કે ત્યાં વરસાદ ન થયો અને દુષ્કાળ પડ્યો, તો ત્યાંના લોકો હોમહવન કે યજ્ઞ કરવા નહિ બેસી જાય પણ વાદળો કેમ ન બંધાયાં? કેમ ન આવ્યાં? આવ્યાં તો કેમ ન વરસ્યાં? આવું કેમ થતું હોય છે તેની તપાસ કરવા લાગી જશે અને સાચાં કારણો શોધીને, દુષ્કાળમાંથી પાર ઊતરવાના ઉપાયો કરવા લાગી જશે. જેમ કે નદીઓ ઉપર બંધ બાંધવા, નહેરો કાઢવી, પાતાળકૂવા કરવા, ખાતરનાં કારખાનાં કરવાં, સુધારેલાં બીજ ઉત્પન્ન કરી મબલક પાક ઉતારવો, રોગોને નાથવા દવાઓ શોધવી, નવાં યંત્રો તથા નવી પ્રક્રિયા શોધવી વગેરે વાસ્તવિક ઉપાયો દ્વારા દુષ્કાળનો પ્રશ્ન હલ કરી લેશે. બીજી તરફ, હજારો વર્ષોથી ઋષિમુનિઓનાં નામ વટાવીને આપણે ત્યાં કરવામાં આવેલા હજારો-લાખો યજ્ઞોથી પ્રજાજીવનનો એક પણ પ્રશ્ન હલ થયો દેખાતો નથી.

હવે આપણી સામે ગંભીર પ્રશ્ન છે કે ભારતીય પ્રજાનું મસ્તિષ્ક કોણ ઘડે: ચમત્કારની કથા કરનારા કથાકારો, તાંત્રિકો, જ્યોતિષીઓ, ભૂવાઓ વગેરે અથવા વૈજ્ઞાનિકો, નિ:સ્પૃહ અને આર્ષ ધર્મગુરુઓ, ધર્મ અને સમાજના અંધકારને ઉલેચનારા સુધારકો, ચિંતકો, વાસ્તવદ્રષ્ટાઓ વગેરે?

પ્રજાના મસ્તિષ્કને સદીઓથી ગુમરાહ કરીને દુ:ખી કરી નાખનારા પશુચરવૈયાઓ કદી પણ પોતપોતાના ખીલેથી પ્રજાને છૂટવા દેશે નહિ. સદીઓ જૂનો આ ખીલો એ જ એમનું સર્વસ્વ છે. પ્રજા હંમેશાં આ ખીલે બંધાયેલી રહે એ જ એમની મહત્ત્વાકાંક્ષા છે. પ્રજાને બાંધી

રાખવાની તેમની શક્તિ પ્રબળ છે.

માતાનાં ચરણને વંદન કરનાર સુપુત્રનું કર્તવ્ય થઈ જાય છે કે જો પોતાની માતા રોમેરોમ બીમાર થઈ ગઈ હોય તો, યોગ્ય ડોક્ટરને બોલાવી સાચું નિદાન કરાવે તથા સાચી દવા કરાવે, કડવી ગોળીઓ આપે તથા જરૂર પડે તો ઓપરેશન પણ કરાવે. આ સાચી સમજણભરી માતૃભકિત છે.

['પરિવર્તનને પંથે' પુસ્તકઃ ૧૯૯૦]

# મંદિરને ખરો ભય

મંદિરમાં પાંચ વાતો હોવી જોઈએ:

મંદિરમાં ભલે અનેક દેવ-દેવીઓ પધરાવ્યાં હોય, પણ તે બધાં એક જ બ્રહ્મનાં માનવરુચિને પોષવા કરાયેલાં પ્રતીકો છે તેવું લોકોને ઠસાવવામાં આવે.

મંદિર આડંબર વિનાનું, સીધીસાદી પ્રાર્થના કરવાનું કેન્દ્ર બને.

મંદિરમાં દર્શનાર્થીઓ સાથે પૂરી સમાનતાનો વ્યવહાર થાય, ધન કે વર્ણના નામે ભેદભાવ કરવામાં ન આવે.

મંદિરો વ્યક્તિપૂજાથી મુક્ત થાય.

મંદિર માત્ર પ્રાર્થના કેન્દ્ર ન રહેતાં તે માનવતાવાદી પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બને. અર્થાત્ લોકહિતની પ્રવૃત્તિઓને પરમાત્માની ઉપાસના માનવામાં આવે. મંદિરની આવક ગરીબ અનુયાયીઓનાં શિક્ષણ, આરોગ્ય તથા અન્ય કલ્યાણ પ્રવૃત્તિઓમાં વપરાય.

મઠો, મંદિરો, આશ્રમો, છપ્પનભોગ, સોનાના કળશો, સોના-ચાંદી મઢ્યાં બારણાં અને બારસાખો, સામૈયાઓ, ભવ્ય વરઘોડાઓ —આ બધું હોય પણ જો માનવતા ન હોય, તમારા જ ધર્મ તથા સમાજનાં અંગભૂત અનાથ બાળકો કે લાચાર વિધવાઓ માટે જો કાંઈ ન થતું

હોય તો તે બધાં ધાર્મિક જડતાનાં ચિહ્નો છે.

આપણા ધર્મને ખરો ભય વિધર્મીઓથી નહિ પણ આપણી અવ્યવસ્થા, કુવ્યવસ્થા તથા દુકાનદારીપણાથી છે. ધર્મને બચાવવો હોય તો મંદિરો આ દૂષણથી મુક્ત થવાં જ જોઈએ.

હે પ્રભો! અમારાં મંદિરો હવે દુકાનો બની રહ્યાં છે. કારણ કે ધર્મના વ્યાપારીઓના હાથમાં તે પડ્યાં છે. અન્ય વસ્તુઓની માફક તારો પણ વ્યાપાર થાય તે તને ગમે છે?

# સ્વામીનાથન અંકલેસરીઆ ઐયર

## જનરલ ડાયરની ગૌરવયાત્રા

ગુજરાતના મુખ્યમંત્રીએ એક ગૌરવયાત્રા યોજવાનો નિર્ણય કર્યો ત્યારે મને બીજા કોઈક પ્રસંગની યાદ આવી ગઈ, પણ તે કયો એનું હું તત્કાલ સ્મરણ કરી શક્યો નહીં. સામૂહિક હત્યાનો બચાવ કરવામાં પોતાની કોમનું ગૌરવ રહેલું છે એવું કોઈકે અગાઉ ક્યારે જાહેર કરેલું, તેનો વિચાર હું કરવા લાગ્યો. હિંસાનો આરંભ કરનાર બીજી કોમનો જ બધો વાંક છે અને તેનું હજારગણું મોટું વેર લેવાની પોતાની કોમમાં તાકાત છે એવું બતાવી આપવામાં ગર્વ અને ગૌરવ રહેલાં છે, બીજી કોમ પોતાનું માથું ફરી ન ઊંચકે તેવી ચેતવણી તેને એ રીતે મળવી જોઈએ અને એવો બદલો લેનાર આગેવાન સામૂહિક હત્યારા તરીકે નહીં પણ પોતાની કોમનું ગૌરવ જાળવનાર વીર તરીકે ઓળખાવો જોઈએ, એવો દાવો ભૂતકાળમાં કોણે કરેલો હતો?

આ વિમાસણને અંતે એક દિવસ મને યાદ આવ્યું કે એવો બનાવ પંજાબમાં ૧૯૧૯માં બનેલો. ત્યારે વેર વસૂલ કરનાર મોભી હતા બ્રિગેડિયર જનરલ રેક્સ ડાયર. આપણે ત્યાં સામાન્ય રીતે એવું મનાય છે કે અમૃતસરના જલિયાંવાલા બાગમાં શાંતિથી સભા ભરનારા ૨,૦૦૦ હિંદીઓને જનરલ ડાયરે નિષ્ઠુરપણે ગોળીએ દીધા હતા. પણ હકીકત જરા અટપટી છે.

૧૯૧૫ની સાલથી પંજાબ બળવાનું ધામ બની ગયેલું. ત્રાસવાદ-વિરોધી આકરાં પગલાં તરીકે બ્રિટિશ રાજે ૧૯૧૮માં રોલત કાયદો બહાર પાડીને નાગરિક અધિકારો કચડી નાખ્યા. તેની સામે સત્યાગ્રહ કરવાની હાકલ મહાત્મા ગાંધીએ કરી. પણ અગાઉ બનેલું તેમ, ચળવળના આરંભની અહિંસાનું સ્થાન થોડા વખતમાં જ વ્યાપક હિંસાએ લીધું. ઇતિહાસકાર લોરેન્સ જેમ્સે કહ્યું છે તેમ, “દરેક હડતાલને પગલે પગલે

શિસ્તહીન સરઘસો, લૂંટફાટ, આગજની અને પોલીસ તથા યુરોપિયનો પરના હુમલાઓ થતાં ગાંધીની ધરપકડ થયા પછી તોફાનો વધુ ઉગ્ર બન્યાં.”

એપ્રિલની ૧૦મીથી ૧૨મી સુધીમાં આખા પંજાબમાં રમખાણો થયાં. પ્રાંતના ગવર્નર માઈકેલ ઓડ્વાયરે વાઈસરોયને જાણ કરી કે આમાંથી ૧૮૫૭ના જેવો બીજો બળવો ફાટી નીકળી શકે અને તેને કચડી જ નાખવો જોઈએ. પરિસ્થિતિને કાબૂમાં લેવાની પોલીસમાં શક્તિ નહોતી, એટલે અમૃતસર શહેરમાં શાંતિ સ્થાપવા માટે જનરલ ડાયરને લશ્કર સાથે મોકલવામાં આવ્યા.

એપ્રિલની ૧૧મીએ અમૃતસર પહોંચીને ડાયરે જોયું કે હિંસક ટોળાંએ આખા શહેરનો કબજો લીધેલો હતો. પોતાની સલામતી જોખમાયેલી જોઈને ૧૦૦થી વધુ યુરોપિયન સ્ત્રી-બાળકોએ ગોબિંદગઢ કિલ્લામાં આશરો લીધો હતો. માર્સીઆ શરવુડ નામનાં મિશનરી મહિલા દાક્તરને તોફાનીઓએ માર મારેલો. ડાયરને સૌથી વધુ રોષ ચડાવનાર એ હુમલો હતો. અંગ્રેજોના ગૌરવભંગનું પ્રતીક તેમાં એમણે જોયું. બ્રિટિશ ગૌરવની પુનર્સ્થાપના કરવા એ કૃતનિશ્ચયી બન્યા. બીજી કોમને તે કદી ન ભૂલે તેવો પાઠ એ ભણાવવા માગતા હતા.

એટલે પોતાના લશ્કરને લઈને જલિયાંવાલા બાગ સુધીની એક ટૂંકી ગૌરવયાત્રાએ જનરલ ડાયર નીકળી પડ્યા. ત્યાં એ લશ્કરે ગોળીઓ વરસાવી તેમાં ૩૭૯નાં મોત નીપજ્યાં અને ૧૫૦૦ ઘવાયા. માર્સીઆબેન પર જ્યાં હુમલો થયેલો તે સડક ઉપરથી પસાર થતા તમામ હિન્દીઓને પેટે ચાલવાની ડાયરે ફરજ પાડી. વારંવાર એમણે જાહેર કર્યું કે હિંદીઓનાં કાળજાંમાં ત્રાસ ફેલાવીને એમને એમનું સ્થાન ક્યાં છે એ પોતે બતાવી આપવા માગતા હતા.

જલિયાંવાલા અને ગુજરાત વચ્ચે રહેલું સામ્ય સાફ જોઈ શકાય તેવું છે. ગુજરાતમાં પણ એક પક્ષની હિંસાનો સામનો જંગાલિયત ભરેલી કોમી વેરપિપાસાથી કરવામાં આવ્યો છે અને બીજી કોમને પાઠ ભણાવવા માટે નિર્દોષોની હત્યા કરવામાં આવી છે. અને એવાં બણગાં ફૂંકવામાં

આવ્યાં છે કે શાસનકર્તા કોમનાં ગૌરવ અને અભિમાનની આ રીતે પુનર્સ્થાપના થઈ રહી છે. ત્યારે પણ જનરલ ડાયરના પ્રશંસકો હતા. હિંદમાંના ઘણા અંગ્રેજોએ તેમ જ બ્રિટિશ અખબારોએ ડાયરનો બ્રિટિશ ગૌરવના રખેવાળ તરીકે બચાવ કરેલો. ‘ધ મોર્નિંગ પોસ્ટ’ નામના ઇંગ્લંડના છાપાએ તેને માટે એક ફંડ શરૂ કરેલું, તેમાં ૨૬,૦૦૦ પાઉંડ જેટલી રકમ ભેગી થયેલી—જે તે જમાનામાં જંગી ભંડોળ ગણાય.

અને ડાયરના આટલા બધા ચાહકો છતાં બ્રિટિશ સરકારે ડાયરને બરતરફ કર્યો, એની માનહાનિ કરી. હકૂમતે સાફસાફ સ્વીકાર કર્યું કે હિન્દી હત્યારાઓ ને હુલ્લડખોરો તરફથી ચાહે તેવી ઉશ્કેરણી થઈ હોય છતાં, એના જવાબમાં તે કોમને પાઠ ભણાવવા માટે વૈરપિપાસાભરી કતલ બિલકુલ કરી શકાય નહીં. એ રીતે વેર લેવામાં કોઈ ગૌરવ નહીં, નકરી લ્યાનત જ છે.

(અનુ. મહેન્દ્ર મેઘાણી)

# એ સ્વર્ગમાં...!

સ્વતંત્રતામાં જેને પણ રસ હોય તે મનુષ્યને એ વાતની ચિંતા થશે કે, સંસદના કેટલાક સભ્યોએ અરુણ શૌરીના નવા પુસ્તક ‘વર્શિપિંગ ફોલ્સ ગોડ્ઝ’ (ખોટા દેવની પૂજા)ની હમણાં હોળી કરી. તેઓ કહે છે કે એ લેખકે હકીકતોને મારીમચડી છે, ડૉ. આંબેડકરને રાષ્ટ્રવિરોધી દેખાડવા માટે એમનાં ખોટાં અવતરણો ટાંક્યાં છે, તથા દલિતોની સામે પૂર્વગ્રહ અને હિંસાની ઉશ્કેરણી કરી છે. એટલા માટે એ પુસ્તક પર પ્રતિબંધ મૂકવાની માગણી એમણે કરી છે.

પોતાનાથી જુદા મતનો આપણે આદર કરીએ, તેમાં સંસ્કૃતિની પ્રગતિ રહેલી છે. કોઈ અભ્યાસી સાથે આપણે સંમત ન થતા હોઈએ, તો એનાં પુસ્તકો બાળવા કે પ્રતિબંધિત કરવાને બદલે એની દલીલો સામે દલીલ કરીએ અને લોકોને ખાતરી કરાવીએ કે એની વાત ખોટી

છે. વિચાર-સ્વાતંત્ર્યનો પાયો ફ્રાંસના વોલ્તેર જેવા મહાન ચિંતકોએ નાખેલો; એમણે કહેલું કે, "તમે જે કહો છો તે હું નાપસંદ કરું છું, પરંતુ તે કહેવાના તમારા હકનું હું જાનના જોખમે પણ રક્ષણ કરીશ."

કોઈ પણ પુસ્તકમાં ખોટી કે ગેરવાજબી બાબતો લખેલી છે એવું આપણને લાગે, તો આપણે લેખકની દલીલો ને હકીકતોનું ખંડન કરીને લોકોને આપણા મતની તરફેણમાં જીતી લેવા જોઈએ. ખરેખર તો, ઇતિહાસ આપણને શીખવે છે કે એક જમાનામાં ખોટા ગણાયેલા વિચારો તે પછીના યુગમાં સર્વમાન્ય શાણપણ ઠરી શકે છે.

આ સંસદ-સભ્યો એમ કહે છે કે શૌરીના પુસ્તકથી દલિતોની લાગણી દુભાઈ છે. પરંતુ નીચલા વર્ણના બધા ભારતવાસીઓની લાગણી શું 'મનુસ્મૃતિ'થી નથી દુભાતી? ખ્રિસ્તી ન હોય તે સહુ નરકમાં જશે, એવું કહીને 'બાઇબલ' શું એવા અનેકાનેક લોકોની લાગણી દૂભવતું નથી? 'કુરાન'માં જેમને 'કાફર' કહેવામાં આવ્યા છે, તે બધાની લાગણી શું તેનાથી દુભાતી નથી? તો આ બધાં પુસ્તકો પર પ્રતિબંધ લાદવો, એ શું તેનો ઉકેલ છે?

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુ એવા વિશાળ દિલના હતા કે વોલ્તેર એમને માટે મગરૂર બન્યા હોત. આજે જે સંકુચિતતા દેશમાં ફેલાઈ રહી છે, તેનાથી એવા આગેવાનો ધ્રૂજી ઊઠ્યા હોત. હું ધારું છું કે આંબેડકરને પણ એવું જ થાત. અરુણ શૌરીએ જે ટીકા કરી છે તે નવી નથી, અને આંબેડકર હયાત હતા ત્યારે પણ એ વ્યક્ત કરવામાં આવેલી. પણ આજે એમને નામે બોલતા લોકોના કરતાં તેનો બિલકુલ જુદો ને સંસ્કારી પ્રતિભાવ ત્યારે આંબેડકરે પોતે જ આપેલો હતો.

શૌરીના પુસ્તકવાળો આ બનાવ કાંઈ અપવાદરૂપ નથી. સ્વતંત્રતાનાં બળો ઉપર સંકુચિતતાની શક્તિઓ ધીમેધીમે સરસાઈ મેળવતી જાય છે, એવું બતાવતા બનાવોની હારમાળામાંનો તે એક વધુ કિસ્સો છે. સલમાન રશ્દીની મહાન સાહિત્યકૃતિ 'મિડનાઇટ્સ ચિલ્ડ્રન' (મધરાતનાં સંતાનો) પરથી 'બીબીસી'ને ભારતમાં ફિલ્મ ઉતારતી અટકાવવાનો નિર્ણય

સરકારે અગાઉ કરેલો. શા માટે? કારણ કે સત્તાસ્થાને બેઠેલા કોઈકને એમ લાગ્યું હશે કે અમુક કોમની લાગણી તેનાથી કદાચ દુભાઈ જશે.

નિર્માતા મણિરત્નમે ૧૯૯૨-૯૩માં કોમી રમખાણોનો ચિતાર આપતી ફિલ્મ 'બોમ્બે' બનાવેલી. એવી કોઈ ખાસ સારી ફિલ્મ તો એ હતી નહિ, પણ કોમી હિંસાનો કાંઈક ઉકેલ બતાવવાનો (ભલે અપ્રતીતિકર) પ્રયત્ન તેણે કરેલો. તેમ છતાં કેટલાક કોમવાદી મુસલમાનોએ (સમસ્ત મુસ્લિમ કોમે બિલકુલ નહિ) તેની સામે દેકારો મચાવ્યો, અને દેશનાં કેટલાંક રાજ્યોમાં તેની પર પ્રતિબંધ મુકાયો. એથીયે વધુ ખરાબ તો એ થયું કે મણિરત્નમની ઉપર બૉંબ ફેંકવામાં આવ્યો.

આ જાતનું વલણ ચાલુ જ રહ્યું છે. વધતી જતી અસહિષ્ણુતાના એવા પ્રવાહમાં આપણે ફંગોળાઈ રહ્યા છીએ કે હવે દરેક લેખકને, ફિલ્મ-નિર્માતાને કે વિચારકને પીઠ પાછળથી ઘા થવાની દહેશત રહ્યા કરે છે. આવું શા માટે?

એનાં ઘણાં કારણો છે, પણ એક મહત્ત્વનું કારણ એ છે કે રાજકારણમાં જૂથવાદ વધતો જાય છે. દેશ આઝાદ થયો ત્યારે વિવિધ રાજકીય પક્ષો વચ્ચે મતભેદો તો હતા, પણ તે વિચારોના ને સિદ્ધાંતોના હતા. કઈ નીતિ સાચી છે કે ખોટી છે, તેની ચર્ચા ત્યારે ચાલતી.

આજે રાજકારણ મુખ્યત્વે જૂથબંધી પર આધારિત બન્યું છે. માણસ કયા વિચારો ધરાવે છે તેના ઉપર નહિ, પણ કઈ કોમ, કયા ધર્મ કે પ્રદેશનો એ પ્રતિનિધિ છે તેના ઉપર ચૂંટણીઓ મુખ્યત્વે લડાય છે. ઉમેદવાર અમુક કોમનો હોય તો અમુક મતવિસ્તારમાંથી એ ચૂંટાઈ જવાનો ઘણો સંભવ રહે છે—પછી તે ભલે ગમે તેટલો સિદ્ધાંતવિહોણો, ભ્રષ્ટ કે કુકર્મી હોય.

આવું જૂથબંધી રાજકારણ માણસના સ્વાતંત્ર્યનો ઉચ્છેદ કરે છે. પોતાના જૂથના હેતુઓ પાર પાડવા માટે ચાહે તેવાં સાધનોના ઉપયોગને તે વાજબી ઠરાવે છે. ઇતિહાસ આપણને દેખાડે છે કે દમન, સામૂહિક હત્યા, તાનાશાહી અને કાપાકાપીના મૂળમાં જૂથબંધી

રાજકારણ રહેલું હોય છે. દુર્ભાગ્યે, આપણે એ જ દિશામાં જઈ રહ્યા હોઈએ એવું લાગે છે.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે એમના સ્વપ્નના ભારતનું એક ભવ્ય દર્શન કરેલું હતું: ‘ચિત્ત જ્યાં ભયશૂન્ય છે, શિર જ્યાં ઉન્નત રહે છે, જ્ઞાન જ્યાં મુક્ત છે...’

એ આદર્શો આજે ક્યાં છે? નેહરુ અને ગાંધીની નિષ્ઠા તેમાં રહેલી હશે, પણ આજના રાજકારણીઓએ તો એક નવી, ભીષણ વાસ્તવિકતા સરજી છે:

*ચિત્ત જ્યાં મત-ભંડારોને માઠું લગાડવાના ભયથી ભરેલું છે,*
*અને શિર જ્યાં શાણપણથી નીચે નમાવેલું છે;*
*જ્ઞાન જ્યાં સ્વયંસ્થાપિત જમાદારોની ચકાસણી પછી જ મુક્ત છે;*
*કોમ-કોમના, ધર્મના, પ્રદેશોના વાડાઓએ જ્યાં*
*વસુધાના નાનાનાના ટુકડા કરી મૂકેલા છે;*
*વાણી જ્યાં રાજકીય તકવાદના ઊંડાણમાંથી વહે છે;*
*પોતાની ટીકા થાય તો હિંસા આચરવાની ધમકી આપતી*
*દરેક ટોળકીને રીઝવવાના ભેંકાર રણવિસ્તારમાં*
*વિચારનું સ્વચ્છ ઝરણું જ્યાં રૂંધાઈ ગયું છે;*
*ત્યાં, સ્વાતંત્ર્ય-વિહોણા એ સ્વર્ગમાં—*
*આઝાદીનાં પચાસ વરસ પછી, મારો દેશ જાગી ઊઠ્યો છે.*

# હંસાબહેન મો. પટેલ

## ન ખપે!

એક અમેરિકન પેઢીએ જાપાનમાં પોતાની કામગીરી શરૂ કરી. તેની ઑફિસમાં કામ કરવા ત્યાંના જ લોકોને લીધા. અમેરિકામાં અઠવાડિયે પાંચ દિવસ કામ કરવાનું હોય છે, તે મુજબ જાપાનમાં પણ એ પેઢીએ સોમથી શુક્ર કામ અને શનિ-રવિ રજાની પદ્ધતિ દાખલ કરી. પણ ત્યાં રાખેલા જાપાની કર્મચારીઓએ તેનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, અમારે બે રજા નથી જોઈતી. વધારે રજા ભોગવવાથી અમે આળસુ બનીએ, પછી અમને મહેનત કરવાનો કંટાળો આવે. વળી રજા પડે એટલે અમે મોજમજા વધુ કરીએ, પૈસા પણ વધારે ખરચીએ. તો જે રજા અમારી શરીરસંપત્તિ ઓછી કરે અને અમારો આર્થિક બોજો વધારે, તે અમને ન ખપે!

# હનીફ સાહિલ

## કહેશો તો એને ચાલશે

*છૂટા મેલ્યા છે કેશ કોરા પવનમાં*
*વાદળ કહેશો તો એને ચાલશે;*
*દર્પણમાં જોઈ આજ આંજ્યું છે ધુમ્મસ મેં*
*કાજળ કહેશો તો એને ચાલશે....*
*જૂડામાં પાંગરે છે ભીની સુગંધ અને*
*આંખોમાં ખીલ્યા ગુલમો'ર,*
*આષાઢી રાતોમાં ગ્હેક્યા કરે છે હવે*
*છાતી છૂંદાવેલો મોર.*
*છાતીમાં ઊમટ્યાં છે ભમ્મરિયાં પૂર તમે*
*મૃગજળ કહેશો તો એને ચાલશે;*
*ખાખરાના પાનની સુક્કી રેખાઓ તમે*
*વાંચી શકો તો રાજ! વાંચજો;*
*લિખિતંગ રાજવણ્યની ભીનીછમ્મ યાદ તમે*
*વાંચીને ઝટ વહી આવજો;*
*પીળું આ પાંદ મારા હાથે સર્યું છે તમે*
*કાગળ કહેશો તો એને ચાલશે;*
*દર્પણમાં જોઈ આજ આંજ્યું છે ધુમ્મસ મેં*
*કાજળ કહેશો તો એને ચાલશે.*

['બુદ્ધિપ્રકાશ' માસિકઃ ૧૯૭૮]

# હરકિશનદાસ ગાંધી

## સુલભ સોનામહોર

લીંબુ સુલભ છે ને સસ્તું છે, તેથી આપણે તેની ઉપેક્ષા કરીએ છીએ. પણ હકીકતમાં તેનું મૂલ્ય સોનામહોરથી યે વિશેષ છે.

લીંબુની છાલ દાંત અને પેઢાં પર ઘસવાથી દાંતની છારી દૂર થાય છે, પેઢાં મજબૂત થાય છે. એ છાલ જીભ પર ઘસવાથી જીભના જ્ઞાનતંતુઓ સતેજ રહે છે, જીભનું આરોગ્ય વધે છે. લીંબુની સૂકવેલી છાલને બાળીને તેની રાખ મધમાં ચાટવાથી ઊલટી બંધ થાય છે. લીંબુનો રસ કે છાલ મોઢા પર ઘસવાથી ચામડી કોમળ અને તેજસ્વી બને છે; ખીલ, કાળા ડાઘ કે શીતળાનાં ચાઠાં દૂર થાય છે. રોજ સવારે ગરમ પાણીમાં લીંબુ નિચોવીને પીવાથી મોટા આંતરડાંમાં જામી રહેલો મળ આગળ વધે છે, આંતરડાં પર ચોંટી રહેલી મળની પોપડી ઊખડી જાય છે. લીંબુની ફાડ વાળના મૂળમાં ઘસવાથી ખરી પડતા વાળ અને ટાલ અટકે છે. પગનાં તળિયાંમાં લીંબુની ફાડ ઘસવાથી આંખ, માથા ને વાળને ફાયદો થાય છે.

મેલેરિયા માટે લીંબુ ક્વિનાઈન જેવું અક્સીર નીવડે છે. મેલેરિયાનો તાવ કેમેય કર્યો જતો ન હોય, પિત્તનો ઉછાળો હોય, પાણીનો શોષ થતો હોય તો પાણી સાથે લીંબુનો છૂટથી ઉપયોગ કરવો. ગરમ પાણીમાં લીંબુ અને મધ લેવાથી શરદી—સળેખમ અને અપચો દૂર થાય છે. લીંબુનો રસ ને ગુલાબજળ સમાન ભાગે લઈ તેનાં ત્રણ ટીપાં દુખતી આંખમાં નાખવાથી આંખની ગરમી ધોવાઈ જશે. રોજ સવારે ૨-૩ લીંબુ ગરમ પાણીમાં નિચોવીને લેવાથી સ્થૂળ શરીરવાળાઓની ચરબી ઓછી થશે. સ્નાન કરવાના પાણીમાં ત્રણચાર લીંબુ નિચોવવાથી ચામડી ઉપરના ક્ષારો તથા ચીકણા પદાર્થો નીકળી જઈ ચામડી કોમળ બને છે.

મધમાખી કે વીંછીના ડંખ પર લીંબુનો રસ ઘસીને ચોપડવાથી

વેદના હળવી પડે છે, ડંખથી નુકસાન થતું અટકી જાય છે. દરાજ પર લીંબુ ઘસવાથી ફાયદો થાય છે. લીંબુની સૂકવી રાખેલી છાલ બાળવાથી હવાની શુદ્ધિ થાય છે.

['તંદુરસ્તી' માસિક: ૧૯૫૨]

# હરગોવિંદ પટેલ

## ધનવાન કોણ!

અમારા ઉદ્યોગ ભારતી ટ્રસ્ટની ગોંડલમાં મિટિંગ હોય ત્યારે મોટે ભાગે પ્રમુખ બાબુભાઈની હાજરી નક્કી હોય. આવી એક મિટિંગ માટે તેમને માટે ગાડી મોકલવાનું મેં જણાવ્યું. પરંતુ તેમણે ના પાડી ને કહ્યું કે હું કોઈ સથવારે કે મારી રીતે સમયસર પહોંચી જઈશ.

પછી આવ્યા ત્યારે કહે, તમે મારે માટે ગાડી મોકલત, તો કેટલી કિંમતની ગાડી મોકલવાના હતા? એ વખતે સંસ્થા પાસે સેકન્ડહેન્ડ ફિયાટ ગાડી હતી, જેની કિંમત રૂ. ૨૫,૦૦૦ મેં જણાવી. જવાબમાં બાબુભાઈ કહે, “ત્યારે હું તો પાંચ લાખ રૂપિયાની ગાડીમાં આવી પહોંચ્યો! બોલો, ધનવાન હું કે તમે?” એ રીતે, ગાંધીનગરથી ગોંડલ એસ. ટી. બસમાં આવ્યાની વાત એમણે હસવામાં ઉડાવી દીધી.

બાબુભાઈ ૧૯૬૩માં ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના પ્રમુખ નિમાયા હતા. બોર્ડના સચિવ મનુભાઈ બક્ષી પાસે હું એક વાર બેઠો હતો ત્યાં મુખ્ય વહીવટી અધિકારી આવીને કહે, “આપણાં કેટલાંક દફતરોમાં ઘડિયાળો થોડી આગળ-પાછળ રહેતી હોય છે. તેને એક સરખા સમયે મૂકવાની જરૂર છે. તો કઈ ઘડિયાળને સ્ટાન્ડર્ડ ગણવી?” ત્યારે મનુભાઈએ સૂચવ્યું કે બોર્ડના પ્રમુખ બાબુભાઈનો ઓફિસમાં આવવાનો સમય સાંજના ચારનો છે. બાબુભાઈ બરાબર ચારને ટકોરે આવી પહોંચતા હોય છે. એ સમય મુજબ બધી ઘડિયાળો મેળવી લેવી.”

# હરજીવન દાફડા

## ગઝલ

પર્વત, નદી ને જંગલો, વહેતાં ઝરણ અહીં નથી
પહેલાં હતું એ ખુશનુમા વાતાવરણ અહીં નથી
ખૂંખાર કૂતરા અમે બાંધી દીધા છે બારણે
જોતાં જ હેત ઊપજે એવાં હરણ અહીં નથી
પોતાની પીઠ ઊંચકી ચાલે છે માંડ માંડ સૌ
બોજો ઉઠાવે અન્યનો એવાં ચરણ અહીં નથી
પાડયાં છે જાતજાતનાં વર્ણો અમે આ વિશ્વમાં
જેમાં હો માત્રા માનવી એવું વરણ અહીં નથી
ઉત્પાતિયા શહેરનો ખૂણેખૂણો ફરી વળ્યો
પળભર નિરાંત સાંપડે એવું શરણ અહીં નથી.

*

આંખમાં અંગાર છે ’ને કાંઈ થૈ શકતું નથી
આદમી જૂંઝાર છે ’ને કાંઈ થૈ શકતું નથી
ઢાલ ’ને તલવાર, બખતર સાથમાં ભાલોય છે
અશ્વ પાણીદાર છે ’ને કાંઈ થૈ શકતું નથી
બંધ ઘ્રાણેન્દ્રિય ઉપર ઘૂમે વસંતી વાયરો
મહેક પારાવાર છે ’ને કાંઈ થૈ શકતું નથી
મેઘલી રાતે મશાલી જંગલે ઝૂઝી રહ્યો
આકરો અંધાર છે ’ને કાંઈ થૈ શકતું નથી
લાગણી, કાગળ, કલમ ’ને ખૂબ સુંદર અક્ષરો
શબ્દની વણજાર છે ’ને કાંઈ થઈ શકતું નથી.

[‘વહી’ સામયિક: ૨૦૦૨]

# હરનિશ જાની

## અમેરિકામાં ગુજરાતી સાહિત્યસર્જન

અમેરિકામાં ગુજરાતી સાહિત્ય લખાય છે. પણ કેવું? એક જમાનામાં ગુજરાતમાં કોઈ લેખકનું પુસ્તક બહાર પડતું તો ગૌરવભર્યો પ્રસંગ ગણાતો. પ્રકાશક તેમને પૈસા આપતા, લોકો તેમને માન આપતા. આજે અમેરિકામાં લેખકો પાસે પૈસા છે. પોતાનું પુસ્તક પોતે છપાવી શકે છે. પ્રકાશક જ્યારે પોતાના પૈસા ખર્ચીને લેખકનું પુસ્તક છાપે ત્યારે વેપારી દૃષ્ટિ વાપરીને જુએ કે પોતાનાં રોકાણમાં વળતરની શક્યતા છે કે નહીં? એટલે પ્રકાશકો લેખકોનાં લખાણને ચકાસતા. જ્યારે અમેરિકામાં આજે હજાર-બે હજાર ખર્ચવા એ લેખકો માટે રમતની વાત છે. ઘણા પૈસાદાર લેખકો દર વરસે પોતાનાં પુસ્તકો બહાર પાડે છે, પછી ભલે ને એને કોઈ વાંચે કે ન વાંચે. લેખક પોતે જ પોતાની ગુણવત્તા ચકાસે છે અને દલા તરવાડીની જેમ બે-ચાર ચીભડાં પોતે તોડી લે છે. લેખકોને પૈસા કમાવાની વૃત્તિ હોતી નથી. આમેય બર્થડે પાર્ટીમાં એટલા પૈસા તો ખર્ચાય છે. અમેરિકામાં કેટલાક લેખકો વરસમાં આવી બે-ત્રણ બર્થડે ઊજવે છે. થોડાક સમયમાં તો તે લેખકનાં ૩૦-૪૦ પુસ્તકો પ્રકાશકોની ચકાસણી વિના છપાય છે!

['ઓપીનિયન' માસિક : ૨૦૦૬]

# હરિપ્રસાદ ન. પટેલ

## ગામ ગોકુળિયું કેમ બને?

આપણે ગમે તેટલું દાન ઉઘરાવીને કે સરકારના પૈસા લઈને ગામની સજાવટ કરીશું, પણ જ્યાં સુધી નાના નાના ઉદ્યોગથી તેનાં ઘરેઘરને ધમધમતાં નહીં કરીએ ત્યાં સુધી આ લાચાર ગામો ભીખ માગતાં જ રહેશે. એક કિલો સારા રૂની કિંમત ૫૦ રૂપિયા છે. એક કિલો નબળામાં નબળા કાપડની કિંમત ૩૦૦ રૂપિયા છે. ૬૫ ટકા વસ્તી ગામડાંમાં છે, બજાર પણ ગામડું જ છે. તોપણ એક કિલો રૂની પ્રક્રિયામાં ૨૫૦ રૂપિયા શહેરમાં જાય છે. તે જ રીતે એક કિલો બિસ્કીટ બનાવવા વપરાતી સામગ્રીઓની કિંમત ૨૨ રૂપિયા છે જ્યારે બિસ્કીટની કિંમત ૫૬ રૂપિયા છે. એક ચોરસફૂટ કાચા ચામડાની કિંમત ૩૦ રૂપિયા છે, જ્યારે તેમાંથી બનતા આઠ ચંપલોની કિંમત ૮૦૦ રૂપિયા થવા જાય છે. ગામડાંમાંથી લીંબડા અને બાવળો લાતીવાળા ૧૫થી ૨૦ રૂપિયે મણની કિંમતે લઈ વેતરી સાઈઝમાં કાપી ૩૦૦-૪૦૦ રૂપિયે મણના ભાવે વેચે છે. આ રીતે પાપડ, અથાણાં, મસાલા, તેલ, વેફર, સાબુ વગેરે જેવા માલ ગામડાંમાં જ સરળ ટેક્નોલોજીથી તૈયાર થાય તે માટે વિજ્ઞાન મદદે આવે, તો ગામની આવકમાં સારો એવો વધારો કરી શકાય.

આ ઉપરાંત ગામડાંમાં પ્રવેશેલી બૅન્કો જેટલી થાપણો લે છે તેના સામે ધિરાણ ૧૦ ટકા પણ કરતી નથી. તેને ફરજ પાડવી જોઈએ કે તે થાપણોના ૫૦ ટકા ઉપરાંત જે તે ગામમાં ધિરાણ કરવું જ પડે, અને જો તે ના કરે તો આ નાણાં શહેરના વિકાસ માટે લઈ જતાં પહેલાં તેમણે ગામ-વિકાસ માટે તે નાણાંનો એક ટકો આપવો જ પડે. અમારા જ ગામનો જો દાખલો આપું તો બૅન્કો ને પોસ્ટ ઓફિસમાં સાડાત્રણ કરોડની થાપણો છે, જ્યારે તેમનું ધિરાણ ૩૦ લાખ કરતાં

વધારે નથી. આમ અમારા ગામને ૩ કરોડના એક ટકા લેખે ગણીએ તો દર વર્ષે ૩ લાખ રૂપિયા ગ્રામવિકાસ માટે મળે.

['પ્રજારાજ' સામયિક]

# હરિપ્રસાદ શાસ્ત્રી

## શિષ્ટ સાહિત્યનો પ્રભાવ

આ ઘટના છે સાતેક દાયકા પહેલાંની. સંખેડા તાલુકાના કોસીંદ્રા ગામમાં શ્રી કરુણાશંકર કુબેરજી ભટ્ટ નામે સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક. વડોદરાની ટ્રેનિંગ કોલેજમાં કવિ 'કાન્ત' પાસેથી કેળવણીની જે વિભાવના ગ્રહણ કરેલી, તેના પ્રતાપે તેઓએ સમસ્ત ગામમાં સંસ્કારની સુવાસ પ્રસારી હતી. આ સુવાસની અસર આસપાસનાં ગામોમાં પણ વરતાતી. એમાંનું એક ગામ હતું સરગૈ. આગળ જતાં શ્રી કરુણાશંકર અમદાવાદમાં શ્રી સારાભાઈ કુટુંબના મુખ્ય શિક્ષક તરીકે કામ કરવા લાગ્યા. ત્યારે પણ કોસીંદ્રાના ગ્રામજનો પોતાના આ સંસ્કારસિંચક કેળવણીકારને ભૂલ્યા નહોતા. સમય જતાં તેઓએ એમને કોસીંદ્રામાં તેડાવી એમના આદર્શને આત્મસાત્ કરતી આશ્રમશાળા સ્થાપેલી. શ્રી કરુણાશંકર ત્યાર પછી પણ અવારનવાર કોસીંદ્રાની મુલાકાત લેતા રહેતા. એવી એક મુલાકાત દરમિયાન એમના જાણવામાં આવ્યું કે બાજુના સરગૈ ગામમાં ગોરધનદાસ અને એના પુત્ર વાઘજી વચ્ચે એવો ખટરાગ થયો છે કે પિતાપુત્ર વચ્ચે બોલવાનો વ્યવહાર પણ રહ્યો નથી. આ જાણી એ કેળવણીકારના દિલમાં ભારે દુ:ખ થયું. પરંતુ એ દુ:ખથી હતાશ થઈ બેસી રહે તેવા કેળવણીકાર નહોતા. એમને ગુરુદેવ ટાગોર અને મહાત્મા ગાંધી જેવા મહાનુભાવોના શિષ્ટ સાહિત્યના પ્રભાવમાં શ્રદ્ધા હતી. ગુરુદેવનું એક બંગાળી કાવ્ય 'કર્ણ-કુંતી સંવાદ' તે દિવસોમાં પ્રકાશિત થયું હતું. શાંતિનિકેતનમાં ભણેલા મોહનદાસ નામે વિદ્યાર્થી ત્યારે ત્યાં હતા તેમની સાથે સરગૈ ગામે કરુણાશંકર ગયા.

પહેલાં તેઓ પેલા ગોરધનદાસને ત્યાં ગયા. કરુણાશંકર એમના પરિવારના ખબરઅંતર પૂછવા લાગ્યા. એમાં વાઘજીનું નામ પડતાં ગોરધનદાસ બોલી ઊઠ્યા, "તમે એનું નામ ન દેશો. મારે એની સાથે

બોલવા વ્યવહાર રહ્યો નથી.” આ સાંભળી કરુણાશંકર ચૂપ રહ્યા. દરમિયાન ગોરધનદાસ કહે, “ગુરુજી, હમણાં કોઈ સારું સાહિત્ય બહાર પડ્યું હોય, તો અમને એની વાત કરશો?” કરુણાશંકર કહે, “જરૂર. હમણાં ગુરુદેવ ટાગોરનું એક સરસ કાવ્ય બહાર પડ્યું છે.” ગોરધનદાસ કહે, “તો અમને એનો લાભ આપો ને!” કરુણાશંકર કહે, “આ મોહનદાસ શાંતિનિકેતનમાં ભણેલા છે. અમે પેલું બંગાળી કાવ્ય લેતા આવ્યા છીએ. મોહનદાસ એ બંગાળી કાવ્યમાંથી કેટલાક અંશ વાંચતા જશે ને હું એનો ભાવાર્થ ગુજરાતીમાં સમજાવતો રહીશ. પણ પહેલાં હું અડોશપડોશમાં સહુને મળી આવું. તેઓમાંથી જેમને એ સાંભળવા આવવું હોય, તેમને પણ નોતરું દેતો આવું. તમારા વાઘજીને આવવું હોય તો એને પણ કહેતો આવું.” ગોરધનદાસ કહે, “હું એને બોલાવું નહીં. એને એની મેળે આવવું હોય તો આવે. બધા વચ્ચે બેસે ને સાંભળે.” “ભલે”, કહી કરુણાશંકર અડોશપડોશમાં ગયા ને સહુને આમંત્રણ આપતા ગયા.

એમ કરતાં વાઘજીભાઈનું ઘર આવ્યું, તેમને પણ ગુરુજીના આવવાથી ઘણો આનંદ થયો. કરુણાશંકરે એમને પણ ગુરુદેવના નવા કાવ્યના વાચનની વાત કરી. આ સાંભળી વાઘજીભાઈ બોલી ઊઠ્યા, “મોટે ઘેર? ત્યાં તો મારાથી ન અવાય. મારા બાપુ તો મારી સાથે બોલતાય નથી. મને એમને ઘેર પેસવા ન દે.” કરુણાશંકર કહે, “એ એવું નહીં કરે. મેં પૂછી રાખ્યું છે. તમે તમારી મેળે આવજો ને બધાની સાથે બેસી જજો.” વાઘજીભાઈ કહે, “તો તો હું જરૂર આવીશ. તમારી વાતો સાંભળવાનું કોને મન ન થાય?”

થોડી વારમાં ગોરધનદાસને ત્યાં શ્રોતાઓ આવી પહોંચ્યા. એમાં વાઘજીભાઈ પણ હતા. ‘કર્ણ-કુંતી સંવાદ’નું વાચન શરૂ થયું. કાવ્ય થોડું મોટું હતું, પણ એમાંના ઉપયોગી અંશ પસંદ કરી રાખ્યા હતા. પહેલાં મોહનદાસ બંગાળી કાવ્યની થોડી પંક્તિઓ વાંચે ને કરુણાશંકર એનો ભાવાર્થ ગુજરાતીમાં સમજાવે. વચ્ચે વચ્ચે કેટલુંક વિવેચન પણ કરતા રહે. પછી મોહનદાસ આગળ થોડી પંક્તિઓ વાંચે ને પછી ગુરુજીનો

વારો. આમ એ કાવ્યનું વાચન, એનો ભાવાર્થ, એ પરનું વિવેચન એવો ક્રમ ચાલતો રહ્યો. હવે આપણે પણ એના શ્રવણમાં સહભાગી થઈએ.

કરુણાશંકરઃ આપણા ઘણા વિદ્યાર્થીઓ શાંતિનિકેતન ભણવા ગયા છે. ત્યાંના ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર ભારતના એક મહાન કવિ, કલાકાર અને કેળવણીકાર છે. એમણે રચેલું ‘કર્ણ-કુંતી સંવાદ’ નામે કાવ્ય તાજેતરમાં પ્રકાશિત થયું છે. એમનું આ કાવ્ય બંગાળી ભાષામાં છે. મારી સાથે આવેલા મોહનદાસ શાંતિનિકેતનમાં ભણ્યા હોઈ બંગાળી સારી રીતે જાણે છે. તેઓ પહેલા આ બંગાળી કાવ્યની થોડી પંક્તિઓ વાંચશે, હું તમને એનો ભાવાર્થ ગુજરાતીમાં સમજાવતો રહીશ. આપણને સહુને મજા આવશે. શરૂ કરો, મોહનદાસ.

મોહનદાસે મૂળ બંગાળીમાં વાંચવાનું શરૂ કર્યું. કરુણાશંકરે એનો ગુજરાતી સારાંશ આ રીતે આપ્યોઃ

કર્ણ પાસે કુંતી આવે છે, ત્યારે કર્ણ પહેલાં પોતાનો પરિચય આપે છે.

“પવિત્ર ગંગાને તીરે, સંધ્યા-સૂર્યની વંદના કરી રહ્યો છું. રાધાને પેટે જન્મેલો, અધિરથ સૂતનો પુત્ર કર્ણ તે હું જ.” ને પછી કુંતીને પૂછે છેઃ “કહો, માતા, તમે કોણ છો?”

‘મહાભારત’માંના કર્ણની વાત તો જાણતા હશો. એને એની જનેતાની જાણ નથી. એ તો એમ જાણે છે કે, હું અધિરથ નામે સૂતનો પુત્ર છું ને મને મારી માતા રાધાએ ઉછેર્યો છે.

કુંતીને ખબર હતી કે કર્ણ પોતાનો પુત્ર છે, પરંતુ કર્ણ જાણતો નહોતો કે મારી જનેતા કોણ છે. આથી એ કુંતીને પૂછે છે, “કહો, માતા, તમે કોણ છો?” કુંતી કહે છેઃ

“વત્સ, તોર જીવનેર પ્રથમ પ્રભાતે પરિચય કરાયે છીએ તોરે વિશ્વ સાથે... બેટા, તારા જીવનના પ્રથમ પ્રભાતે મેં જ વિશ્વ સાથે તારો પરિચય કરાવ્યો હતો.” એટલે કે, મેં તને જન્મ આપી, બહારના જગતમાં આણેલો.

કર્ણ વિમાસણમાં પૂછે છે, એ કેવી રીતે? તો એ સ્ત્રી સ્પષ્ટતા કરે છે: “કુંતી આમિ... હું કુંતી છું.”

કર્ણ: “તુમિ કુંતી! અર્જુન—જનની!... તમે કુંતી! અર્જુનનાં માતા!”

કર્ણ પોતાની જનેતાને અર્જુનનાં માતા તરીકે જ ઓળખે છે!

પછી કુંતીએ એને હસ્તિનાપુરમાંની અસ્ત્ર પરીક્ષાનો પ્રસંગ યાદ કરાવ્યો. પડદા પાછળ બેઠેલી સ્ત્રીઓમાં કુંતી મૂંગી મૂંગી બેઠી હતી ને એને આશિષ આપતી હતી. કૃપાચાર્યે કર્ણને એના પિતાનું નામ પૂછ્યું ને એ રાજકુલમાં જન્મ્યો ન હોઈ એને અર્જુન સાથે યુદ્ધ કરવાના અધિકારથી વંચિત રાખ્યો. કર્ણ મૂંગો થઈને ઊભો રહ્યો; કુંતીના અંતરમાં અગ્નિની ઝાળ લાગી! તે જ ક્ષણે દુર્યોધને કર્ણનો અંગરાજ તરીકે અભિષેક કર્યો, ત્યારે કુંતીના નેત્રમાં હર્ષનાં આંસુ આવેલાં. રંગભૂમિ પર આવી ચડેલા અધિરથને કર્ણે ‘પિતા’ તરીકે સંબોધ્યા, ત્યારે પાંડવોના મિત્રોએ કર્ણનો તિરસ્કાર કર્યો, પણ કુંતીએ એને ‘વીર’ કહી આશીર્વાદ આપ્યા. આગળ જતાં કર્ણ કહે:

“પ્રણામ તમને, આર્યે. તમે રાજમાતા છો. અહીં એકલાં કેમ? આ તો રણભૂમિ છે ને હું કૌરવોનો સેનાપતિ છું.”

કુંતી: “પુત્ર, મારે એક ભિક્ષા માગવાની છે, પાછી ના ઠેલતો.”

કર્ણને આ સાંભળી આશ્ચર્ય થયું. કુંતી કહે, “હું તો તને લેવા આવી છું.”

કર્ણ કહે, “ક્યાં લઈ જશો મને?”

કુંતી કહે: “મારી તરસી છાતીમાં, માતાના ખોળામાં.”

તો કર્ણ કહે: “હે ભાગ્યવતી, તમે પાંચ પાંચ પુત્રે ધન્ય થયાં છો. હું તો કુલશીલ વગરનો ક્ષુદ્ર રાજા છું. મને ક્યાં સ્થાન આપશો?”

કુંતી: “સહુથી ઊંચે, મારા બધા પુત્રો કરતાં પહેલો બેસાડીશ તને. તું જયેષ્ઠ પુત્ર છે.” કર્ણનો જન્મ કુંતીની કુંવારી અવસ્થામાં થયેલો, તેથી તે પાંચ પાંડવોથીય જયેષ્ઠ હતો. આગળ જતાં કુંતી કહે:

"બેટા મારા, એક વાર તું વિધાતાનો દીધો અધિકાર લઈને જ આ ખોળામાં આવ્યો હતો. તે જ અધિકારપૂર્વક, ગૌરવ સાથે તું પાછો આવ. કશો પણ વિચાર કર્યા વગર ચાલ્યો આવ. બધા ભાઈઓની વચમાં આ માતાના ખોળામાં તારું પોતાનું સ્થાન લઈ લે."......

ગોરધનદાસ તરફ જોઈ કરુણાશંકરે વચ્ચે કહ્યુંઃ "જોયું? પોતાના પુત્ર માટે માતાપિતાનું હૈયું કેવું તલપે છે!"......

કર્ણઃ "હે સ્નેહમયી, આવો, તમારો જમણો હાથ ક્ષણભર મારે લલાટે અને ચિબુકે લગાડો. આજ રાતે અર્જુનની જનનીના કંઠથી મારી માતાનો સ્નેહભર્યો સ્વર મેં શાને સાંભળ્યો? મારું નામ તેમને મુખે કેમ આટલા મધુર સંગીતથી ગુંજી ઊઠ્યું! મારું ચિત્ત એકાએક પાંચ પાંડવો પ્રત્યે 'ભાઈ ભાઈ' કરતું દોડી જાય છે."......

વાઘજીભાઈ તરફ જોઈ, કરુણાશંકરે વચ્ચે કહ્યુંઃ "જોયું? પુત્રનું મન પોતાની જનેતા અને પોતાના ભાઈઓ તરફ કેવું દોડી જાય છે!"......

કુંતીઃ "ચાલ્યો આવ, બેટા, ચાલ્યો આવ."

કર્ણઃ "દેવી, ફરી વાર કહો કે હું તમારો પુત્ર છું."

કુંતીઃ "પુત્ર મારા!"

કર્ણઃ "તમે મને શા માટે ત્યજી દીધો હતો તે ન કહેશો. પણ મને કહો તો ખરાં કે આજે કેમ મને પાછો ગોદમાં લેવા આવ્યાં છો?"

કુંતીઃ "મેં તારો ત્યાગ કર્યો હતો તેના શાપથી તો પાંચ પાંચ પુત્રો છાતીએ હોવા છતાં મારું ચિત્ત સદા પુત્રહીણું રહ્યું છે. મારા હાથ આખા વિશ્વમાં તને શોધતા ફરે છે."......

કરુણાશંકર (ગોરધનદાસને): "જોયું? સગા પુત્રનો વિરહ માતાપિતાને કેવો સંતાપ આપે છે!"......

કુંતીઃ "તું સૂતપુત્ર નથી, રાજાનો પુત્ર છે. હે વત્સ, બધાં અપમાનોને દૂર કરી જ્યાં તારા પાંચ ભાઈઓ છે ત્યાં ચાલ્યો આવ."

પણ કર્ણ પોતાનાં પાલક માતપિતાને વફાદાર રહેવામાં મક્કમ

છે. એ કહે છે: “માતા, હું સૂતપુત્ર છું ને રાધા મારી માતા છે. એના કરતાં અધિક ગૌરવ મને કશું નથી.”

છતાં કુંતી તેને પ્રલોભન આપતાં કહે છે: “યુધિષ્ઠિર શુભ્ર ચામર ઢોળશે, ભીમ છત્ર ધરશે, વીર ધનંજય તારા રથનો સારથિ થશે, પુરોહિત ધૌમ્ય વેદમંત્રો ઉચ્ચારશે. શત્રુઓને જીતીને ભાઈઓની સાથે શત્રુહીન રાજ્યમાં તું રત્નસિંહાસન ઉપર બિરાજશે.”

પણ કર્ણે મક્કમતાથી કહી દીધું: “સૂતજનનીને છેહ દઈને આજે જો હું રાજજનનીને માતા કહું, કૌરવપતિ જોડે હું જે બંધનથી બંધાયો છું તેને તોડી નાખી જો હું રાજસિંહાસન ઉપર બેસી જાઉં, તો મને ધિક્કાર છે.”

કુંતીને અફસોસ થાય છે કે પોતે જે ક્ષુદ્ર શિશુને અસહાય અવસ્થામાં ત્યજી દીધો હતો, તે પોતાની માતાનાં પેટનાં સંતાનોને અસ્ત્ર લઈને મારશે. તો કર્ણ એને સાંત્વન આપતાં કહે છે કે, “માતા, ભય પામશો નહીં. હું તમને કહું છું કે પાંડવોનો વિજય થવાનો છે. પાંડવો ભલે વિજયી થતા, રાજમાતા, હું તો નિષ્ફળ અને હતાશના પક્ષમાં જ રહીશ. મને એટલો આશીર્વાદ આપતાં જાઓ કે જય, યશ ને રાજ્યના લોભમાં પડીને હું વીરની સદ્‌ગતિથી ભ્રષ્ટ ન થાઉં.”......

કરુણાશંકર (ગોરધનદાસ ભણી જોઈ): “કહેવાય છે કે છોરું કછોરું થાય, માવતર કમાવતર ન થાય.” (વાઘજીભાઈ તરફ જોઈને) “ને પુત્રના દિલમાંય વહેલીમોડી પોતાનાં માતાપિતા માટે કુદરતી સ્નેહની સરવાણી ફૂટ્યા વિના રહે?”

ગુરુદેવ ટાગોરના ‘કર્ણ-કુંતી સંવાદ’ કાવ્યમાંની આ પ્રેરક-પ્રભાવક ઉક્તિઓ તેમ જ તેના અનુવાદની સાથે તેમાંના મર્મ અંગે ગુરુજીએ કરેલાં વિશદ વિવેચનના પ્રતાપે, જેવું આ પઠનપાઠન પૂરું થયું કે તરત જ એક બાજુ સમારંભના યજમાન ગોરધનભાઈ અને સામેના ખૂણામાં બેઠેલા એમના પુત્ર વાઘજીભાઈ પોતપોતાના સ્થાનથી ઊભા થયા, પિતાપુત્રે ધીરે પગલે એકબીજા ભણી ડગ માંડ્યાં ને પાસે આવી તેઓ

એકબીજાને ભેટી પડ્યા. અબોલા ધરાવતા પિતાપુત્રનું આ સુભગ મિલન જોઈ સહુ શ્રોતાઓના અંતરમાં આનંદ છવાયો. કોઈ સીધો ઉપદેશ દીધા વિના, કેવલ ગુરુદેવ ટાગોરની શિષ્ટ પ્રબળ રચનાએ તેમ જ કરુણાશંકર ગુરુજીનાં માર્મિક વિવેચને પિતાપુત્ર વચ્ચેના અબોલા કાયમ માટે દૂર કરી દીધા! એવો હતો એ શિષ્ટ સાહિત્યનાં વાચન, શ્રવણ અને વિવેચનનો પ્રભાવ.

['અખંડ આનંદ' માસિકઃ ૨૦૦૫]

# હરિવલ્લભ ભાયાણી

## નર્મદા-બંધથીય પ્રચંડ

મારે જે કહેવું છે તે હું એક પ્રશ્નાર્થના રૂપમાં મૂકું: એકવીસમી સદીની આ પૂર્વસંધ્યાનો નર્મદ ક્યાં છે?

અર્વાચીન યુગમાં આપણે ત્યાં જેમણે સર્જક, વિચારક અને કર્મપુરુષ તરીકે પ્રબળ પુરુષાર્થ કર્યો છે, લોકોના સંસ્કારઘડતર માટે જે અવિરત મથ્યા છે એવા થોડાક અર્વાચીન સંસારપુરુષો છે, પણ આજના પ્રસંગને અનુરૂપ માત્રા નર્મદની જ વાત હું કરું.

એક ક્રાંતિકારી, ઉદ્દામ વ્યક્તિત્વની છાપ ધરાવતી જે તત્કાલીન યુગચેતના નર્મદ દ્વારા અભિવ્યક્ત થઈ હતી, તેને સર્વાંગે સમુલ્લસિત કરનાર કોઈ સમર્થ ચિત્કાર હજી સુધી આપણને કેમ નથી મળ્યો?

આજના આપણા સમયને લગતી એક ભારે ચિંતાકારક હકીકત એ છે કે આપણામાંથી જેઓ સાહિત્ય અને વિદ્યાના ક્ષેત્રામાં છે, લેખક-વિચારક-પત્રાકાર છે, તેનો મોટો ભાગ સમગ્રપણે સમાજની જે વર્તમાન દશા પ્રવર્તે છે તેની સાથે ખાસ કશી નિસ્બત ધરાવતો હોય એવું ક્વચિત જ દેખાય છે. વર્તમાન ઝંઝાવાતી સાંસ્કૃતિક ઊથલપાથલો પ્રત્યે, આચારવિચારને વલોવી નાખતી ઘટનાઓ પ્રત્યે, એ વર્ગના લોકોને અંદરનો લગાવ હોવાનું પ્રતીત થતું નથી. એટલું જ નહીં, અહીંનાં અને વિશ્વનાં સમકાલીન પરિબળોને લગતા આપણા ખ્યાલો પણ ઘણી બાબતમાં સારી રીતે કાચા, ધૂંધળા કે ઢાંચાઢાળ હોવાનું સતત લાગ્યા કરે છે. નર્મદના સમયથી લઈને ગાંધીયુગ સુધીના આપણા વિચારશીલ વર્ગે જે સામાજિક જાગૃતિ દાખવી હતી તેમાં છેલ્લા ત્રાણેક દાયકાથી આવેલી ભારે ઓટ મતિ મૂંઝવી નાખે તેવી છે.

એક તરફ આપણા સ્વત્વને ઘસીભૂંસી નાખતો, દાવાનળ સમો ભોગવાદ પ્રવર્તી રહ્યો છે. તો સામે પક્ષે, અંદર-બહારને સૌને હલાવી

દેતો નર્મદીય જોસ્સો, પડકાર, હણહણાટ ક્યાં? આર્થિક દૃષ્ટિએ ચડિયાતો, ભણેલોગણેલો જે શહેરી વર્ગ છે, તેમાં સાંસ્કારિક વિનિપાત ચેપી રોગની પેઠે ફેલાઈ રહ્યો છે. તેને રોકવા, નર્મદા—બંધથીય પ્રચંડ નર્મદ-બંધ બાંધવાની કોઈ યોજનાની કેમ આપણને ઝાંખી થતી નથી? આપણી આજની સમસ્યાઓને પારખવામાં, તેને પહોંચી વળવાની મથામણ કરવામાં નર્મદ, ગાંધીજી વગેરેના વારસદાર તરીકે આપણે અત્યારે કેવોક હિસાબ આપીએ છીએ તેને લગતી આપખોજ કેટલીક થાય છે? અતિશય પીલેલાં છતાં કૂચામાંથી બેચાર ટીપાં રસ નિચોવવા મથતાં આપણાં પરિસંવાદો અને સંગોષ્ઠીઓ જડ કર્મકાંડમાંથી છૂટીને ધરતી પર થોડાંક મુક્ત પગલાં ન માંડી શકે?

નર્મદની વીરતા અને અક્ષરપુરુષાર્થ આપણને અત્યારે પ્રેરે, એનું સ્મરણ સંગ્રહાલયના પુરાતત્ત્વીય અવશેષને યોગ્ય ન બની રહે, એવી ભાવના વ્યક્ત કરી હું વિરમું છું.

# સંસ્મરણો

## એ ચાતુર્માસી ભાગવતકથા

ત્યારે ચોમાસાના ચાર મહિના કેવા ચેતનથી ઊભરાતા હતા! કેટલા ભાતીગળ! કેટલા સભર! ઉત્સવો, વ્રતો ને પર્વણીઓ. કથાવાર્તા, ગીતજોડકણાં ને રાસગરબા. પૂજાપાઠ, હોમજાપ ને દર્શનભજન. મેળામેળાવડા ને નાચગાન. ખાણીપીણી ને સાજશણગાર. એ હતું ચોમાસું ને એ હતો ચાતુર્માસ. દેવપોઢી એકાદશીથી દેવ ઊઠી એકાદશી. ભીમઅગિયારથી લઈને દેવદિવાળી સુધી.

દેવપોઢી એકાદશીએ, અષાડ સુદ અગિયારશે, બપોરે બે-અઢી વાગ્યે ડબગર શેરીમાં આવેલા ખાખી બાવાના મઠમાંથી પહેલવહેલું નગારું ધણધણે. રોજ સવારના ચારપાંચ વાગ્યાથી દિવસ શરૂ કરતાં

દાદીમા બપોરે થોડાંક આડે પડખે થયાં હોય. આઘેથી નગારાનો ધણધણાટ કાને પડતાં તરત ઊઠીને બહાર જવાનો સાડલો પહેરે. ત્યાં તો જીવી ગોરાણી, કાશીકાકી કે મણિકાકીનો સાદ પડે. પાંચેક વરસના દીકરાના દીકરાને આંગળીએ વળગાડીને દાદીમા એ બેચાર આધેડ વિધવા પાડોશણોની સંગાથે ભાગવતી કથા સાંભળવા બાવાના મઠમાં પહોંચી જાય. ત્યારથી તે ઠેઠ દેવદિવાળી સુધીના ચાતુર્માસનો આ તેમનો વણતૂટ્યો નિત્યક્રમ.

મઠમાં પાકટ વયના ત્રીસેક શ્રોતાજન. અડધી સ્ત્રીઓ, ચારપાંચ બાળક. વ્યાસપીઠ પર કાળિદાસ ભટ્ટ બિરાજમાન હોય. ગોરો વાન. કાંઈક સ્થૂળ કાયા. અધખુલ્લા શરીર પર જનોઈ. આડું સફેદ ઉપરણું. ભરેલું, ગોળ, તેજસ્વી પ્રસન્ન મુખ. ઊંચા કપાળ પર ત્રિપુંડ ને વચ્ચે મોટો લાલ ચાંદલો. લાંબી, ઘાટી, છેડે ગાંઠવાળી શિખા. ગળામાં રુદ્રાક્ષમાળા. જન્માષ્ટમી જેવા પર્વના દિવસે ગળામાં ગુલાબી કરેણની ફૂલમાળા, કાને ફૂલનાં કુંડળ, બાવડે ફૂલનાં કડાં. આખા ખંડને ભરી દેતા, સૂરીલા, ગંભીર કંઠે કથાના શ્લોક વાંચે. લલકારે. વિવરણ કરે. આખ્યાન કહે. દૃષ્ટાંતો કહે.

સ્તોત્ર ને ગીતની પંક્તિઓના મનોરમ લય એમને કંઠેથી ઝરણાંની જેમ જ્યારે વહી આવતા, ત્યારે ભાવિક શ્રોતાઓ રોમાંચિત ને ગદ્‌ગદિત થઈ જતા. દાદીમાને પડખે કે ખોળામાં બેઠેલા શિશુ પૌત્રનું નાનકડું, ઊઘડતું ચિત્ત અહીં રોજિંદા સંસ્કારથી સાવ અનોખા વિવિધ શ્રાવ્યદૃશ્ય સંસ્કારો ને ભાવો ઝીલે. અવારનવાર તરબોળ બને.

શ્લોકનું ગૂંજન ને ગાન. કથાકથનના રાગરંગી આરોહઅવરોહ. પ્રસંગે થતી આરતી. શ્રોતાઓના ભાવુક ને ભાવિક પ્રતિભાવ. ભટ્ટમહારાજની ગરવી, શાંત પવિત્રતાનો ભાવ પ્રેરતી મુદ્રા. વચ્ચે ભટ્ટ પહોરો ખાય ત્યારે ગવાતાં ધોળના ઢાળો ને પંક્તિના ટુકડા. મઠમાં ગુલાબી ને પીળી કરેણ ને મોગરા જેવાં ફૂલો ને તુળસીપાન. કથાની પૂર્ણાહુતિનું ‘અચ્યુતં કેશવં શ્રીરામનારાયણં’…

મઠમાં પેસતાં ડાબી બાજુની ઊભણી પર બેઠેલો મઠનો બાવો

અબોધ બાળમનમાં ડર, ધાક ને અહોભાવનો સંચાર કરતો. આગળ ધૂણી ધખતી હોય. બાજુમાં ત્રિશૂળ. શરીરે, મોઢે ને જટા પર ભભૂત. ગાંઠગૂંચવાળી, શિખર જેમ વીંટાળેલી જટા. તેના ફરતી રૂદ્રાક્ષની માળાઓ. બે સાગરીતો ને ભક્તો અડખેપડખે બેઠા હોય. અધબીડી, રતાશપડતી આંખે ચલમની ઘૂંટ લેવાતી હોય. ભાગ્યે કશી બોલચાલ.

ને એ બાવાથીયે વધુ ડરામણું, મઠના આંગણાને છેવાડેનું, બાવાને સમાધિમાં બેસવાનું ભોંયરું; ઘાસછવાયું, ઓઝીસાળાવાળું, બંધિયાર, અંધારિયું.

કોઈ કોઈ કથાતંતુની સાથે પણ પૌત્રનું શિશુચિત્ત સંધાતું. બાળકૃષ્ણનાં મસ્તીતોફાન, ગોપીઓનાં લાડ. ખાંડણિયો તાણતા, પૂતનાનો જીવ ચૂસતા, કાલીનાગ નાથતા, ગોવર્ધન ઊંચકતા, ગોપીઓનાં લૂગડાં સંતાડતા કૃષ્ણ. પ્રહ્લાદને પહાડ પરથી પછાડતો ‘હરણાકશ’ હિરણકશ્યપ. ધગધગતા છતાં ઉપર ચાલતી કીડીહારવાળા થંભને બાથ ભીડતો બાળ પ્રહ્લાદ. હિરણ્યકશ્યપને નખે કરી ચીરી નાખતા નરસિંહ ભગવાન. એક પગે ઊભો રહી, પછી તો પવન પીને તપ કરતો નાનકડો ધ્રુવ. ત્રણ પગલાં ભરતા ને બળિરાજાને પાતાળમાં ચાંપતા વામન ભગવાન. નાગનાં નેતરાં ખેંચી દરિયો વલોવતા દેવદાનવ. દેવોને અમૃત વહેંચતી મોહિની. રાહુનું માથું ઉડાડી મૂકતા વિષ્ણુ. અંતકાળે દીકરા નારાયણને સાદ પાડતો અજામિલ. હરણના બચ્ચાને પાળતા, પાલખી ઊંચકાતાં ઠેકડા મારતા જડભરત. યયાતિ, શર્મિષ્ઠા. ધુંધુમાર... એવું એવું થોડું થોડું મન પર છવાઈ જતું. રીઢા શ્રોતાઓથી માંડીને સંવેદનશીલ, અવિકસિત બાળમાનસ સુધીની બધી રુચિઓને એ ચાતુર્માસી કથાના રસથાળમાંથી ભાવતાં ભોજન મળી રહેતાં.

# ‘હરિશ્ચંદ્ર’

## ગુમરાહ

કાલે ત્રીજી વાર માસ્તર જાનકીદાસે મને ખબર આપી કે “પરેશ શાળામાં હાજર રહેતો નથી. છોકરો ગુમરાહ થઈ જશે.” એટલે આજે ભોજન બાદ પરેશે નિશાળનો થેલો ખભે લટકાવ્યો કે ચુપકીદીથી હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. સ્કૂલની સડકને બદલે શાહજાદાએ બીજો જ રસ્તો પકડ્યો!

ચાલતાં ચાલતાં અમે ગામ બહાર નીકળી ગયા. એ એની ધૂનમાં જ હતો. એણે પાછા વળીને એકે વાર જોયું પણ નહીં. સીટી વગાડતો, ક્યારેક પથ્થરને બૂટ વડે ઠોકરો મારતો આગળ ધપ્યે જ જતો હતો. સુવ્વરનો બચ્ચો! એ નહોતો જાણતો કે એના આ બૂટ ખરીદવા એના બાપને સવારથી સાંજ સુધી ફાઈલો સાથે કેટલાં માથાં ફોડવાં પડતાં હતાં!

મદારીઓના ડેરા નજીક એ પહોંચ્યો, તો પાંચ-છ કૂતરા જોરશોરથી ભસતા એની નજીક લપક્યા. હું ગભરાયો—ક્યાંક એ મારા છોકરાને પગે બચકું ભરી લે તો! પણ જેવો એ કૂતરાઓની નજીક પહોંચ્યો કે તેઓ દુમ હલાવવા લાગ્યા. ઓહ! મતલબ કે કૂતરા સાથે એને જૂની ભાઈબંધી હતી.

હું ઝાડની આડશે જોઈ રહ્યો હતો. મદારીના એક છોકરાએ ચાર-પાંચ સાપ પરેશને ગળે લટકાવી દીધા. મારો તો શ્વાસ જ અધ્ધર થઈ ગયો! દિલ ધડકતું હતું. પણ ધીરે ધીરે સાપ ગળેથી સરકીને બદન પર થઈ ઘાસ પર રમવા માંડ્યા.

પછી પરેશ આગળ વધ્યો. નહેરને કિનારે કેટલાંક બંગાળી ગોવાનીઝ છોકરાં માછલી પકડી રહ્યાં હતાં. આ બધું એ એકીટશે જોઈ રહ્યો હતો. જોવામાં એ એટલો મગ્ન હતો કે હું એનો બાપ એની અડોઅડ જઈને ઊભો રહ્યો તેનોય એને ખ્યાલ ન રહ્યો. એની આંખોમાં

ઉત્સુકતા હતી, જીવન પ્રત્યેનો પ્યાર હતો. એ ત્યાંના વાતાવરણમાં લીન થઈ ગયો હતો.

એકાએક પરેશની નજર મારા ઉપર પડી અને એનું મોં પડી ગયું. આખરે એને કાંઈ ન સૂઝ્યું એટલે એણે આંગળી ચીંધી કહ્યું, "પાપા, આ લોકો માછલી પકડી રહ્યા છે." હુંય એની સાથે બેસી ગયો. ન એની સ્કૂલની વાત નીકળી, ન મારી ઑફિસની! ન મેં એને પૂછ્યું કે, તું શાળાને બદલે આ બાજુ કેમ આવ્યો. ન એણે ધડ કરી કે હું ઑફિસને બદલે આ બાજુ શી રીતે આવી પહોંચ્યો. અમે મિત્રોની માફક અહીંતહીંની હાંકતા રહ્યા. "ચાલો પાપા, નદીની પેલે પાર જઈએ." કહી એ બૂટની દોરી છોડવા લાગ્યો.

"ના બેટા, પગ ભીંજાવાથી તને શરદી થશે," કહી મેં એને મારી પીઠ પર બેસાડ્યો અને એણે એના હાથ મારા ગળે લપેટી દીધા.

એનાં ચિંતા-ભય બધું જ ગાયબ થઈ ગયું. એ બોલ્યે જતો હતો: "પાપા, નદીની પેલે પાર એક પથ્થરફોડો છે. દી આખો બસ પથ્થર ફોડ્યા કરે છે. વળી ત્યાં એક સ્વામીજી પણ છે."

નદી પાર કરી કે સામે જ સ્વામીજી મળ્યા. "તમારો છોકરો છે કે?"

"હા."

"ઘણો ડાહ્યો ને ભોળો છે. તમારું નામ રોશન કરશે."

ન જાણે આટલી વાત પર મને એવી ખુશી થઈ કે સ્કૂલથી ભાગેલા એ છોકરા વિશે મને ગર્વ થયો.

નજીકમાં જ થોડાં ઝૂપડાં હતાં. વાસણ માંજતી એક ભરવાડણે કહ્યું, "ઘણા દિવસે આવ્યો, પરેશ!"

પરેશ એની નજીક જઈ લાડમાં બોલ્યો, "હા, માસી! આજે તો મારા પાપા પણ આવ્યા છે." પરેશની માસી અમને ચા પિવડાવવા માગતી હતી પણ અમે ના કહી.

મનોમન હું પરેશને નિશાળેથી ન ભાગી જવાનું સમજાવવા કોશિશ

કરતો રહ્યો; પણ કાંઈ કહી ન શક્યો. આખરે મેં નક્કી કર્યું કે આજે નહીં, કાલ-પરમે એને સમજાવી દઈશ.

વરસાદે જોર કર્યું. અમે જેમતેમ ઘેર પહોંચ્યા. આંગણામાં જ ધૂંવાંપૂવાં થતી એની મા ઊભી હતી. એણે મને ઊધડો જ લીધો: “આખો મહોલ્લો ઘૂમી વળી. પહેલાં તો બેટો જ ભાગતો હતો, હવે તો બાપેય ભાગવા લાગ્યા કે શું?”

કદાચ એને ગોપીનાથ દ્વારા જાણ થઈ હશે કે આજે હું ઑફિસે નહોતો ગયો. પરેશ મારી સોડમાં ભરાયો—પણ જાણે એ મને એની સોડમાં લઈ લેવા માગતો ન હોય! એને થતું હશે કે એને કારણે જ એના પાપાને આ સાંભળવું પડે છે. કદાચ મારા મનની અંદર સૂતેલા બેટાને જાગૃત થયેલો જોઈ એના મનની ભીતરનો સૂતેલો બાપ જાગ્યો હતો. પળ બે પળ રહી એ બોલ્યો, “પાપા, હવે હું ડાહ્યો થઈ ભણ્યા કરીશ, હોં!”

કેટલાય મહિના વીતી ગયા. હવે એ નિયમિત નિશાળે જાય છે. પહેલાં કેટલીય વાર માસ્તરની અને એની માની ધમકીઓની કોઈ અસર એના પર નહોતી થઈ. પણ છેલ્લા પ્રસંગની એના પર ઘેરી અસર થઈ છે. એને થઈ ગયું છે કે એના પાપાને ઠપકામાંથી બચાવવા એણે નિશાળે જવું જ જોઈએ.

બધાં ખુશ છે, માસ્તર જાનકીદાસ ખુશ છે, એની મા ખુશ છે અને હું પણ... હા, પહેલાં પહેલાં મનેય ખુશી થઈ હતી. પણ હવે...

રાતના નવ વાગી ચૂક્યા છે. બારીમાંથી વીજળી ચમકતી દેખાઈ રહી છે. આગિયા ઝબૂકી રહ્યા છે. મલયાનિલ લહેરાઈ રહ્યો છે. પરેશ ટેબલ-લૅમ્પ પાસે પુસ્તકોમાં આંખો પરોવી બેઠો છે. પણ મારા મનના અંત:સ્થલમાં હલચલ મચી રહી છે. જીવને થાય છે કે એ નિશાળમાંથી ભાગી છૂટે, હું ઑફિસમાંથી, અને અમે બાપ—બેટા આખી દુનિયાને અંગૂઠો દેખાડી જંગલોમાં ઘૂમતા રહીએ! પણ આ વાત હું કોઈને કહી

શકતો નથી. પહેલાં એ ગુમરાહ હતો—હવે હું ગુમરાહ થઈ રહ્યો છું.

[બલવંતસિંહની હિંદી વાર્તાને આધારે]

## અંતર

ગોખલામાં પડેલ ગણેશની મૂર્તિને કેશુબાપા એકીટશે જોઈ રહ્યા. મૂર્તિના હાથ-પગ-નાક હવાપાણીના મારથી ખવાઈ ગયાં હતાં. આ મૂર્તિને આમ તો તેઓ કેટલાંય વરસથી જોતા આવ્યા છે, પણ આ રીતે પહેલી જ વાર જોઈ.

નોકર રામલો ડોશીને લઈ આવ્યો. ચાર વરસ પહેલાં આ ઘરની બધી ચીજવસ્તુને પોતાના હાથથી સ્પર્શી લઈને એ કુષ્ઠધામમાં ગયેલી—પોતે પાછી નહીં ફરે એ ખ્યાલથી. પણ આજે ઘેર પાછી આવી શકી તેથી તેની ખુશીનો પાર નહોતો.

“આવ બેટા, બંકા.” કહી ડોશીએ હાથ લંબાવ્યો. પણ બંકો હાલ્યો નહીં અને પોતાની મા સામે જોતો રહ્યો. “એ તો ભૂલી ગયો છે ને તેથી,” કહેતાં વહુએ બંકાને પાછો ખેંચ્યો.

ડોશીએ હસતાં હસતાં ભાણીને કહ્યું, “બેટા, ગાલે મને ચૂમી દે.”

“મૂઈ કોઈની પાસે જતી જ નથી ને!” ફોઈએ ભાણીને જોરથી પકડી રાખતાં કહ્યું.

“હવે તું હાથપગ ધોઈ આરામ કર.” કેશુબાપા બોલ્યા.

“મારે વળી આરામ કેવો? લાવ, મારી ગાયને જોઈ આવું.” અને ડોશી ગમાણ ભણી ચાલ્યાં. કેશુબાપા પણ પાછળ પાછળ ગયા. ગમાણમાં ડોસાને આંખ ભરી-ભરીને જોઈ ડોશી બોલ્યાં, “તમારી તબિયત ઘણી ઊતરી ગઈ છે.”

“એ તો ચિંતાને કારણે.”

“શાની ચિંતા?” કહી ડોશી જરીક નજીક સરક્યાં. પણ કેશુબાપા

લાગલા જ એક ડગલું પાછળ હઠી ગયા, અને ગાયને ચારો નીરવા લાગી ગયા. ડોશી મનોમન હસીઃ “આ તો એવા ને એવા જ શરમાળ રહ્યા!”

ડોશી રસોડામાં ગયાં. “લાવ, લોટ મસળું.”

“ના, એમણે તમને કશું જ કામ કરવાની ના પાડી છે.”

ડોશી હસ્યાં. “અરે, કુષ્ઠધામમાં હું ઘડીક પણ પગ વાળીને બેસતી નહોતી.”

“પણ તમારે શું કામ કરવું પડે? તમે આરામ કરો.”

સાંજે ડોશી ગાય દોહવા બેઠાં, ત્યાં દીકરો તડૂક્યો, “દાક્તરે કહ્યું છે કે તમારે આરામની જરૂર છે.”

“અરે, કુષ્ઠધામમાં ૧૫-૨૦ જણની રસોઈ હું જ બનાવતી!”

“ના, અહીં નહીં,” કહી દીકરાએ દોણી આંચકી લીધી. ડોશીને એના અવાજમાં થોડી સખ્તાઈ પણ લાગી. એને ગમ્યું નહીં. એણે મનોમન નક્કી કર્યું કે આજ તો ઠીક, કાલથી એ કોઈનું નહીં સાંભળે; ઘર પોતાનું છે.

અને સવારે ઊઠી એણે રોટલા ઘડી નાખ્યા અને ઝાડુ લઈ સફાઈમાં લાગી ગયાં. બધાં જમી રહ્યા બાદ સાસુવહુ જમવા બેઠાં. વહુએ ભૂખ નથી, એમ કહી માત્ર દાળભાત લીધા. રોટલાની થાળી સાસુ ભણી ઠેલી.

“બધાંને રોટલા કેવા લાગ્યા?”

“બાપ-દીકરો કહેતા હતા કે સરસ હતા.”

ડોશીનો ચહેરો ખીલું ખીલું થઈ ઊઠ્યો. “કામ કરવાની મૂઈ આદત પડી ગઈ. બેસી શી રીતે રહેવાય? વહુ, જરા દાળની તપેલી લાવ તો.”

“થોભો, હું પીરસું છું.” કહી વહુ ચૂપકીદીથી સાસુના હાથનાં આંગળાં જોઈ રહી હતી. નખ ને ટેરવાં બધાં ખવાઈ ચૂક્યાં હતાં.

સાંજે ડોશી દોણી શોધવા લાગ્યાં, પણ ક્યાંય જડી નહીં. છેલ્લે ઊંચી અભરાઈએ દેખાઈ. લોટનો ડબ્બો પણ માંજીને મુકાયો હતો. ગમાણમાં જોયું તો ગાયની પાસે પોતાના ઘડેલા આઠ-દસ રોટલા પડ્યા હતા. ડોશી હેબતાઈ જ ગયાં. રાતે એને ગળે કોળિયો ન ઊતર્યો. પાણી પીને ઊભાં થઈ ગયાં. સૂવાના ઓરડામાં ગયાં, તો બે પથારી બે હાથના અંતરે પાથરેલી હતી. ડોશીને ઝાળ લાગી ગઈ. એણે ડોસાની પથારી પોતાની અડોઅડ ખેંચી લીધી અને એ પથારીમાં હાથ લાંબો કરીને સૂઈ ગયાં.

રાતે મોડેથી કેશુબાપા કથામાંથી આવ્યા. હળવેકથી એમણે પોતાની પથારી ડોશીથી દૂર સરકાવી લીધી. ડોશીનો હાથ જમીન પર પડ્યો. પણ એને કેમ અડાય? એને એમનેમ નીચે પડ્યો રહેવા દઈ ડોસા ઊંઘી ગયા.

મધરાતે ડોશી જાગ્યાં હશે. અડધી ઊંઘમાં જ પોતાનો હાથ બાજુમાં પસવાર્યો; પણ ડોસાના ડિલને બદલે એ જમીન સાથે જ ઘસાયો. ડોશી સફાળાં બેઠાં થઈ ગયાં. બે હાથ દૂર પથારીમાં ડોસા નસકોરાં બોલાવતા હતા. જાણે ડોશીનું આખું એક અંગ જ અપંગ થઈ ગયું.

સવારે ડોશીની પથારી ખાલી હતી. ગમાણ, રસોડું, પરસાળ, બધે જ જોઈ વળ્યા, પણ ડોશી ક્યાંય ન દેખાણાં. ગણેશજી પાસે દીવો બળતો હતો.

બહારથી કો'ક આવ્યું તે કહેતું હતું કે ડોશીને કુષ્ઠધામની બસમાં ચઢતાં જોયેલાં.

[જયવંત દળવીની મરાઠી વાર્તાને આધારે: 'ભૂમિપુત્ર' પખવાડિક: ૧૯૭૫]

## વર્કશોપ

હું એમ.બી.બી.એસ.ના પહેલા વરસમાં છું. મારો મિત્ર ઉમેશ એની પત્નીને લઈને હોસ્પિટલમાં બતાવવા આવ્યો. એને ડાબા હાથપગમાં

ભારે ઝણઝણાટી અને નબળાઈ રહ્યા કરતી હતી. દોઢસો-બસોનો ધુમાડો થઈ ચૂક્યો હતો. હવે થાકીને હોસ્પિટલમાં આવેલો.

હું સીધો ન્યૂરો-સર્જરીમાં લઈ ગયો. ડોક્ટરે ઘૂંટણ પર ધીમે ધીમે હથોડી ઠોકીને જોયું. ‘રીફ્લેક્સીસ’ અસામાન્ય હતા. આંખો જોઈ. કેટલાક સવાલ કર્યા પછી કેસ-પેપર ઉપર લખી દીધુંઃ “રિફર્ડ ટુ ન્યુરોલોજી.”

ત્યાં ઘણી ભીડ છતાં મારો સફેદ કોટ જોઈ તુરત નંબર લાગ્યો. તપાસ બાદ અભિપ્રાય મળ્યોઃ “ખાસ કંઈ નથી. છતાં સાઇક્યાટ્રિકમાં બતાવી જુઓ.”

ભાભીએ હસીને પૂછ્યું, “અહીં આવા કેટલા વિભાગ છે?”

સાઈક્યાટ્રિકમાં અનેક સવાલો પૂછવા માંડ્યા. શરૂમાં તો ભાભી સ્વાભાવિકતાથી જવાબ આપતી રહી. પછી ગૂંચવાઈ. ઉમેશ મદદે આવ્યો. આખરે ડોક્ટર બોલ્યાઃ “આમ તો કાંઈ નથી જણાતું. છતાં દાખલ કરી દો. એકાદ દિવસ ‘વોચ’ કરીએ.”

હોસ્પિટલમાં ભરતી થવાનું નામ પડતાં બંને શિયાંવિયાં થઈ ગયાં. એમને હતું, જરા બતાવીને દવા લખાવી લઈશું. ઘેર નાનાં છોકરાં. પણ મેં સમજાવ્યાં કે, “એક વાર બધું ચેક-અપ થઈ જાય, અને હું અહીં છું જ. ઉમેશ વચ્ચે વચ્ચે આવી જશે તો ચાલશે.”

બીજે દિવસે સાંજ સુધી ‘વોચ’ ચાલતી રહી. ભાભી હસતાં હસતાં કહે, “હું તો તંગ આવી ગઈ છું. સફેદ કોટ પહેરેલાં છોકરા-છોકરીનાં ટોળાં આવે છેઃ શી તકલીફ છે? ક્યારથી છે? ક્યાં છે?—અને મારો તો ઘૂંટણ છોલાઈ ગયો!”

“ગભરાવ નહીં. કાલે તો તમને ઘર ભેળાં કરશું.”

ત્રીજે દિવસે ગયો, તો ભાભીનો ચહેરો ઊતરેલો હતો. રાતથી માથામાં ભારે દુખાવો હતો. પણ ડોક્ટર કહે, “બીજાં કોઈ લક્ષણ નથી. જોઈએ તો મેડિસિનમાં રિફર કરી જુઓ.” અને મને જરા બાજુએ લઈ જઈ સમજાવ્યુંઃ “બિલકુલ ઠીક છે. કદાચ બધાંને પરેશાન કરવા જ નાટક કરી રહી છે. લાગે છે કે ઘરમાં એની સાવ ઉપેક્ષા થતી હશે.”

"સર, હું એમને સારી રીતે ઓળખું છું. સાસુ, નણંદ કોઈ નથી. દાંપત્યજીવન ખૂબ પ્રસન્ન છે."

"મિસ્ટર, તમે સમજતા નથી! ઉપર-ઉપરથી ભલે ઠીકઠાક દેખાતું હોય, છતાં મનમાં કાંઈક હોય. એને એકલી છોડી દો. મનફાવે તેમ વર્તવા દો. આપમેળે સાજી થઈ જશે. છતાં મેડિસિનમાં બતાવવું હોય તો બતાવી જુઓ."

મેડિસિનમાં સાઈક્યાટ્રિકનો રેફરન્સ જોઈ ડોક્ટર બોલ્યા, "એમને ન્યુરોસર્જરીમાં કાં નથી દેખાડતા?"

"ન્યુરોસર્જરી અને ન્યુરોલોજી બેઉમાં દેખાડી ચૂક્યા."

"તો ભરતી કરી દો. લોહી-પેશાબ-ઝાડો તપાસીએ. એક્સ-રે લઈએ. પછી કાંઈક ખબર પડે."

ભાભી તો ઊકળી ઊઠીઃ "મારે હવે અહીં નથી રહેવું. આટઆટલા ડોક્ટરો, અને એકે પણ ઉપચાર ન કર્યો!"

"પણ ભાભી, કારણ સમજાયા વિના કેવી રીતે દવા દે?" અને માંડમાંડ સમજાવીને વધુ એકાદ અઠવાડિયું રાખ્યાં. વચ્ચે એક દિવસ એક્સ-રેમાં કામ કરતો ટેક્નિશિયન મિત્ર પૂછવા લાગ્યો, "તમારાં સગાં કોઈ દાખલ થયાં છે?"

મેં ભાભીની બધી વાત કરી. સાંભળીને એ હસતો હસતો બોલ્યોઃ "આટલી ઊઠવેઠ કરી તેના કરતાં આમાંના એકાદ ડોક્ટરને ઘેર જઈ બતાવવું હતું. વીસ રૂપિયા ફી લઈને દવા લખી દેત... અરે, આ તો એક વર્કશોપ છે. અને કોલેજના મોટા ભાગના ડોક્ટર મશીન જેવા. અમારું મશીન જેમ 'ઇકેજી' ન કરી શકે તેમ 'ઇકેજી'નું મશીન એક્સ-રે ન કાઢી શકે. અહીંના ડોક્ટરે જરીક કાંઈક બીજું લક્ષણ જોયું કે દરદીને તગડી મૂકશે બીજા ડિપાર્ટમેન્ટમાં. એટલે પછી એને હાશ!"

ને રાતે પહોંચ્યો ત્યારે ભાભી બેહોશ! હું ગભરાયો. નર્સને બોલાવી. એણે અસહાય નજરે જોઈ મને કહ્યું, "બાજુના ઓરડામાં જુઓને, ડોક્ટર હશે."

હું રઘવાયો-રઘવાયો બે-ત્રણ વોર્ડ ફરી આવ્યો. નર્સ તો પોતાની ખુરશીમાં શાંતિથી બેઠી હતી. “ક્યારથી આમની આવી હાલત છે? સાંજે તો ખુશખુશાલ હતી.” નર્સ ખામોશ રહી. ત્યાં વોર્ડના બીજા છેડે ડોક્ટર દેખાયા. મેં દોડીને ભાભીની બેહોશીની ખબર આપી. એ પોતાની સામાન્ય ચાલે જ ભાભીની પથારી પાસે આવ્યા. નાડી જોઈ. છાતી તપાસી. એમના ચહેરા પર કાંઈક ઉદ્વિગ્નતા દેખાઈ. ભાભીને ઢંઢોળી પછી બોલ્યા, “શી ઇઝ ઈન કોમા.” (એ બેભાન અવસ્થામાં છે.) બે ઘડી કાંઈક વિચારી, હાથેથી પાંપણ ખોલી ટોર્ચથી આંખો જોઈ. પછી એકદમ નિશ્ચિંતતાનો શ્વાસ લઈ બોલી ઊઠ્યાઃ “આઈ સી! શી હેઝ બ્રેઈન ટ્યૂમર—” જાણે એમના માથેથી બોજ ઊતરી ગયો!

મદદનીશને સૂચના આપી એ જતા રહ્યાઃ “તુરત ઇમરજન્સી ઓપરેશન થિયેટરમાં ટ્રાન્સ્ફર કરી દો.”

નર્સ ઇંજેક્શન તૈયાર કરી રહી હતી. જુનિયર ડોક્ટરે નાડ હાથમાં પકડી. ભાભીને જરીક ઢંઢોળી જોઈ. પછી હાથ આસ્તેથી મૂકી દઈ બોલ્યા, “હવે કાંઈ જરૂર નથી. હું દિલગીર છું. શી ઈઝ...”

મને અંધારાં આવી ગયાં. હું એકદમ બરાડી ઉઠ્યો, “નહીં નહીં, ડોક્ટર! કાંઈક કરો—”

એમણે લાલ ધાબળો ભાભીના માથા સુધી ખેંચી લીધો. મારી પીઠે હાથ ફેરવતાં સહાનુભૂતિના સ્વરમાં બોલ્યાઃ “સ્વસ્થ થઈ જાવ. તમે તો મેડિકો છો. લાગણીવશતાથી બચવું જોઈએ. આવા કેસમાં આમ જ બને છે—કોમા પછી બચવાના ચાન્સ બહુ ઓછા!”

[મુહમ્મદ તાહિરની હિન્દી વારતાને આધારેઃ ‘ભૂમિપુત્ર’ પખવાડિકઃ ૧૯૭૮]

# હરિસ્વરૂપદાસ સ્વામી

## શું આપણે ધાર્મિક છીએ?

આપણો દેશ ધર્મપ્રધાન છે. આપણા દેશમાં સેંકડો મંદિરો, મસ્જિદો, મઠો, તીર્થસ્થાનો વગેરે ધાર્મિક સ્થળો આવેલાં છે. લાખો સાધુ-સંતો આ દેશમાં વિચરણ કરતા જોવા મળે છે અને તેમના દ્વારા સતત વ્યાખ્યાનો, પ્રવચનો, પારાયણો થતાં જ રહે છે.

એવી રીતે દેશમાં તમામ ઠેકાણે ધર્મમય વાતાવરણ દેખાય છે. છતાં પણ એક પહાડ જેવો પ્રશ્ન મારી અને તમારી સામે છે કે, "શું આપણે ધાર્મિક છીએ?"

આપણે ધાર્મિક છીએ તેવી ઘણા લોકોમાં ભ્રમણા છે. કોઈને એકાદ-બે ગીત ગાતાં આવડી જાય અને એ પોતાની જાતને મહાન સંગીતકાર સમજવા માંડે, કોઈને કક્કો પણ આવડતો ન હોય અને પોતાની જાતને મહાન પંડિત કે વિદ્વાન સમજી લે, તે ભ્રમણા છે. આવા અનેક લોકો ભ્રમણામાં જ જીવતા હોય છે.

મંદિરોમાં જુઓ તો દર્શનાર્થીઓની ભીડ હોય. પણ તેમાંના કેટલા લોકો એકાગ્ર મને ભગવાનનાં દર્શન કરનારા હશે? મંદિરોમાં પણ આપણે બધું બહિરંગી જ જોયા કરીએ છીએ. જો એમ સાંભળવા મળે કે આજે મંદિરમાં રૂપિયાની નોટોના હિંડોળા કર્યા છે, આજે સૂકામેવાના હિંડોળા કર્યા છે, આજે માખણનું શિવલિંગ બનાવ્યું છે, બરફનાં શિવલિંગ છે, તો લોકો દોટ મૂકે, આ બધું જોવા માટે દોડે.

લોકો પૂનમના દિવસે જ ડાકોરમાં દર્શન કરવા જાય. કેટલી ધક્કામુક્કી! એટલી ભીડમાં ઠાકરોજીનું મુખારવિંદ પણ લબકઝબક દેખાય. એના કરતાં તમે અમાસના દિવસે જાવ, દસમીને દિવસે જાવ, અડધો કલાક ઠાકોરજીનાં દર્શન નિરાંતે કરશો તો ધરાઈને ઘરે આવશો. પણ લોકો આ નહિ સમજે. કારણ બધા બહિરંગમાં જ માનનારા છે.

સાધુ-સંતો પણ કરામત કરે છે. વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન કરે. સેંકડો યજ્ઞકુંડીઓ ગોઠવી દે. અત્યારે યજ્ઞ બિલકુલ કોમર્શિયલ થઈ ગયા છે. સાધુ-સંતોને એક-એક યજમાન દીઠ લાખો રૂપિયા જોઈએ છે. કોઈને ખોટું લાગે, પણ આ નક્કર હકીકત છે.

આ પ્રમાણે તિલક કરવું, આ પ્રમાણે કંઠી પહેરવી, આ રીતની તુલસી કે રુદ્રાક્ષની માળા રાખવી, આ રીતનાં કપડાં પહેરવાં, આવી રીતની જનોઈ કે ચોટલી રાખવી, દાઢી રાખવી, આ દિવસે વ્રત કરવાં, આ દિવસોમાં ઉપવાસ કરવો, આ દિવસે મંદિરે ખાસ દર્શન કરવા જવું, આ રીતે સ્નાન કરવું, આ રીતે પૂજા-પાઠ કરવાં, આ રીતે સાધુ-સંતોને નમન કરવું, આને ન અડવું, આનાથી અભડાઈ જવાય, આ તમામ પ્રકારનાં જે વિધિવિધાનો છે તે ધાર્મિક બાહ્યાચાર છે.

તિલક જુદાં જુદાં પ્રકારનાં હોય, વેષ જુદા પ્રકારના હોય, કોઈ જનોઈ પહેરે, કોઈ ચોટલી રાખે, કોઈ ચોટલો રાખે; કોઈ સાવ ન રાખે, કોઈ દાઢી રાખે, કોઈ આ દિવસે ઉપવાસ કરે, કોઈ કંદમૂળ બિલકુલ નથી ખાતા; કોઈ ચાતુર્માસમાં રીંગણાં-મૂળા નથી ખાતા. અમુક લોકો દિવસે જમે છે, રાત્રે નથી જમતા. આ બધી બાહ્યાચારની ભિન્નતા છે.

પરંતુ માનવ-માનવ વચ્ચેના જે સંબંધો છે એમાં સત્યતા, નિષ્ઠા, પ્રામાણિકતા, નીતિમત્તા વગેરેમાં ભિન્નતા ન સંભવે. જેનાથી આ પ્રજા, દેશ, સમાજ ઉન્નત થાય, સુખી થાય, સમૃદ્ધ થાય, સંરક્ષિત થાય એ ધર્મ છે.

આપણા દેશમાં મોટી મોટી હસ્તીઓ ધાર્મિક નેતા છે. દેશ-વિદેશમાં તેઓ ફરે છે. તેમની આસપાસ લાખો લોકો ટોળે વળે છે અને એમાં પણ મોટા મોટા હોદ્દેદારો, રાજકારણીઓ, અમલદારો, ઉદ્યોગપતિઓ, શ્રીમંતો જ હોય છે. ધાર્મિક નેતાઓ તેમને કંઠી પહેરાવે છે, પૂજા-પાઠ આપે છે, પોતાના મંદિરે આવવાના નિયમો પણ આપે છે. પરંતુ આમાંથી એક પણ ધર્મગુરુએ તેમને એવી પ્રતિજ્ઞા નહિ લેવડાવી હોય કે “તું મારી પાસે આવ્યો છે તો આજથી ભ્રષ્ટાચાર ન કરતો, તું સત્યપણે રહેજે, નીતિનું પાલન કરજે.” કારણ કે તેમને આવા સુખી

માણસો પાસેથી પૈસા જોઈએ છે. તમે ગમે ત્યાંથી ચૂસીને આપો, એને જરા પણ નથી પડી.

આ દેશની અંદર વડાપ્રધાનથી માંડીને સામાન્ય એવા તલાટીઓ, મંત્રીઓ દરેકે દરેક કોઈ ને કોઈ ગુરુના આશ્રિત તો છે જ. કોઈ શંકરાચાર્ય પાસે જાય છે, કોઈ સાંઈબાબા પાસે જાય છે. છતાં પણ કોઈ અંદરથી નથી બદલાયા, તેનું કારણ શું છે? જ્યાં મૂળ છે ત્યાં જ બીમારી છે. જો ધર્મગુરુઓ સુધરે તો તે હોદ્દેદારોને જરૂર સુધારે અને જો હોદ્દેદારો સુધરે તો જનતાને સુધરવું પડે. આપણા દેશમાં ધર્મનેતા અને રાજનેતાની ગાંઠ મજબૂતપણે બંધાઈ ગઈ છે. એટલા માટે એક જ સ્ટેજ પર કહેવાતી ધાર્મિકતા અને ભ્રષ્ટાચારનું હજારોની મેદનીમાં, ફૂલના ગુચ્છોથી અને તાળીઓ ગડગડાટથી સન્માન કરવામાં આવે છે. અહીં બધાને દ્રવ્ય જોઈએ છે-માન, પદ, પ્રતિષ્ઠા જોઈએ છે.

ઘણા લોકો નિયમ લેતા હોય છે કે, હું ચાર મહિના દૂધ નહિ પીઉં, એક મહિનો કઠોળ નહીં ખાઉં, એક મહિનો લીલાં શાકભાજી નહીં ખાઉં. એ બધું તમારે ખાવું હોય તો પેટ ભરીને ખાજો. પરંતુ એવો નિયમ લો કે, હું ચાર મહિના હરામનું નહિ ખાઉં. તો પ્રજા સુખી થઈ જશે.

['શું આપણે ધાર્મિક છીએ' પુસ્તક: ૨૦૦૧]

# હરિહરભાઈ ભટ્ટ

*એક જ દે ચિનગારી*
*એક જ દે ચિનગારી, મહાનલ!*
*એક જ દે ચિનગારી.*
*ચકમક લોઢું ઘસતાં ઘસતાં*
*ખરચી જિંદગી સારી,*
*જામગરીમાં તણખો ન પડ્યો,*
*ન ફળી મહેનત મારી.*
*ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,*
*સળગી આભ-અટારી;*
*ના સળગી એક સગડી મારી*
*વાત વિપતની ભારી.*
*ઠંડીમાં મુજ કાયા થથરે,*
*ખૂટી ધીરજ મારી;*
*વિશ્વાનલ, હું અધિક ન માગું,*
*માગું એક ચિનગારી.*

આ એક જ કૃતિથી હરિહરભાઈ ભટ્ટ ગુજરાતમાં કવિ તરીકે એકાએક પ્રસિદ્ધિ પામ્યા.

# હરીન્દ્ર દવે

## —એ જ રસ્તે

એક રાજાએ કોઈ મહાન ગણિતશાસ્ત્રીને કહ્યું: “મારા રાજકુમારને ગણિત શીખવવાનો કોઈ સહેલો રસ્તો બતાવો; તમને જોઈએ તે સંપત્તિ આપું.” ગણિતશાસ્ત્રીએ કહ્યું: “સંપત્તિ વડે તમારા રાજકુમારના એશઆરામનાં બેચાર વધુ સાધનો વસાવી શકાય, પણ ગણિત તો આપણો ગરીબમાં ગરીબ પ્રજાજન જે રસ્તે શીખે છે એ જ રસ્તે શીખી શકાય.

## સંસ્કારિતાનો સ્પર્શ

ઉમાશંકર જોશીને ગુજરાતના બધા રાજનેતાઓ ઓળખશે. કારણ એ નથી કે એ કવિ છે, કે ગુજરાતના સંસ્કારપુરુષ છે. તેઓ રાજ્યસભાના સભ્ય હતા. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર હતા. તેમણે થોડાંક તીખાં તમતમતાં ભાષણો કર્યાં છે, નિવેદનો કર્યાં છે, મોરારજી દેસાઈથી માંડી ચીમનભાઈ પટેલ જેવા સાથે ઝીક ઝીલી છે. પણ તેમને કવિ તરીકે ઓળખનારા એકાદ ઘનશ્યામ ઓઝા કે એકાદ માધવસિંહ સોલંકી નીકળે તો ભયો ભયો! અમારા મહારાષ્ટ્રની તાસીર જુદી. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન મહારાષ્ટ્રના પ્રસિદ્ધ કવિઓ-સર્જકોને દીઠે ઓળખે; મહારાષ્ટ્રનો અધિકારી વર્ગ સાહિત્યકાર હોય તો એની આમન્યા રાખે. રાજપુરુષોની ચિઠ્ઠીથી ગુજરાતના સચિવાલયમાં કામ કઢાવી શકાય. કવિનું નામ અને તેનો અવાજ સરકારી ખાતાંઓમાંથી સહકાર મેળવવામાં કારગત થતું હોય, એ મહારાષ્ટ્રમાં મેં જોયું-અનુભવ્યું છે. ગુજરાતની નેતાગીરી પાસે સંસ્કારિતાનો આ સ્પર્શ નથી.

# નૈં નૈં નૈં

*દેખાતું નૈં તેથી નૈં,*
*એ વાત ના સૈ, ના સૈ, મારા ભૈ!*
*દેખાતું નૈં તેથી નૈં.*
*દેખી દેખીને તું દેખે શું કેટલું,*
*દેખ્યું તે સમજે શું કૈં?*
*મરકટના હાથમાં મોતીડું આલ્ય એને,*
*કિંમત ના એની જૈં.*
*દેખાતું નૈં તેથી નૈં.*

સંતજને કહ્યું છે કે પ્રભુ દેખાતો નથી, પણ ઘટઘટમાં પથરાયેલો અનુભવાય છે. ભગવાન દેખાતા નથી એટલે જ નથી, એમ કહેવું યોગ્ય નથી. જે ન દેખાય એ નથી જ, એવી જીદ પકડનારાઓને કવિ સુન્દરમ્ કહે છે કે એ વાત સૈ નથી,—સહી નથી, સાચી નથી.

માણસ જોઈજોઈને કેટલું જોઈ શકે? એક તો એની દૃષ્ટિને જ મર્યાદા છે. એમાં વળી જેટલું એ જુએ એટલું સમજી શકે એવું થોડું બને છે? વાંદરાના હાથમાં મોતી આપો તો એની પાઈની કિંમત પણ એ ન આંકે.

આપણે ક્ષણેક્ષણે અનુભવના પ્રદેશોમાંથી પસાર થતા હોઈએ છીએ, પણ એ અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરતા નથી. આ અનુભવ વિશે એક વાર આપણે જો સજાગ બનીએ, તો ખ્યાલ આવે કે ક્ષણેક્ષણે આપણી સમક્ષ ચમત્કારો થતા રહે છે. પહેલવહેલો કાલો શબ્દ ઉચ્ચારતું બાળક, જમીનમાંથી આપોઆપ ઊગી નીકળતું તરણું, રાઈ જેવડાં બીજમાંથી પ્રકટ થતું વટવૃક્ષ, છોડ પર બેસતું ફૂલ, આકાશમાં દોરાતું મેઘધનુષ, સામે મળતો કોઈ અજાણ્યો ચહેરો...

આ બધા જ ચમત્કારો છે. માત્ર એ ચમત્કારો જોવા માટેની દૃષ્ટિ જોઈએ. એટલે છેલ્લે કવિ કહે છે:

*આંજણ પહેલાંની અને આંજણ પછીની આંખ*
*દેખ્યા દેખ્યામાં બહુ ફેર,*
*આંજણ મારું જો તને ખપતું અજાણ્યા જણ,*
*ઉતારું સહુ ઝેર.*

આવી દૃષ્ટિ આપતું સદ્ગુરુનું આંજણ આંજી લેવાય તો આપણે પણ કવિની માફક કહીએ: દેખાતું નથી એટલે નથી—એ વાત તો ના સૈ, ના સૈ, મારા ભૈ.

['ભજનયોગ' પુસ્તક]

# અવધૂત માટે ઉપમાઓ

કાઠિયાવાડમાં વેલા નામના એક કોળી સંત થઈ ગયા. બાર વરસ તેમણે ગિરનાર પહાડની પ્રદક્ષિણા કરી. લોકો એમને રૂખડબાવાને નામે ઓળખતા. એની બાર વરસની ધૂણી ચાલી ત્યાં સુધી સતત ગિરનાર પર ઝળૂંબી રહેલા આ અલગારી સાધુની ભગવાનને પામવાની લગનને જોઈ કોઈ લોકકવિના કંઠમાં સ્ફુરેલો આ ઉદ્ગાર છે.

એ અવધૂતને જોતાં લોકકવિના હૃદયમાં એક પછી એક ઉપમાઓ સૂઝતી જાય છે. ગિરનાર એક વિરાટ મોરલી છે: કોઈ અગમદેશના ગારુડીએ આ વિરાટ મોરલીની વાણી વહેતી મૂકી છે, અને મોરલી પર ફણા માંડીને નાગ ઝળૂંબે એમ રૂખડબાવો ગિરનાર પર ઝળૂંબી રહ્યો છે. ગિરનાર જેવા પર્વતને મોરલીરૂપે કલ્પવો, એ કેવા મોટા ગજાના કવિનું કામ હશે!

જેમ નદીકાંઠે ગાળેલા વીરડામાં તાજાં પાણીની સરવાણીઓ ફૂટતી આવે, એમ આ અવધૂત માટે એક પછી એક ઉપમાઓ લોકકવિના હૃદયમાં સ્ફુરે છે.

['ભજનયોગ' પુસ્તક]

## જ્યાં—

*જ્યાં ચરણ રુકે ત્યાં કાશી,...*
*જ્યાં પાય ઊઠે ત્યાં જ માર્ગ, જ્યાં તરતો ત્યાં મહાસાગર,*
*જે ગમ ચાલું એ જ દિશા, મુજ ધ્રુવ વ્યાપે સચરાચર.*

## —ને તમે યાદ આવ્યાં

*પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,*
*જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,*
*એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.*
*ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં,*
*જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,*
*એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં.*
*જરા ગાગર ઝલકી ને તમે યાદ આવ્યાં,*
*જાણે કાંઠા તોડે છે કોઈ મહેરામણ રામ,*
*સ્હેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.*
*કોઈ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યાં,*
*જાણે કાનુડાના મુખમાં બ્રમાન્ડ દીઠું રામ,*
*કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં.*
*કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં,*
*જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ,*
*એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યાં.*

['હયાતી' પુસ્તક]

# એ ગુણ ગાવા ગમે છે

શ્રીકૃષ્ણ વિષ્ટિકાર બની હસ્તિનાપુર ગયા હતા. એ શાંતિના દૂત હતા. દૂતનો ઉતારો રાજાના ભવનમાં હોય. દુર્યોધને પોતાના ભાઈ દુશાસનના ભવનમાં કૃષ્ણના ઉતારા માટે સગવડ કરી હતી. પરંતુ કૃષ્ણ તો ગંગાતીરે કુટિર બાંધીને રહેતા વિદુરને ત્યાં ગયા.

અગાઉ વિદુર હસ્તિનાપુરના રાજભવનમાં જ રહેતા હતા; તે છોડીને એ વનમાં શા માટે રહેવા ગયા, તેનો ખુલાસો કરતાં ‘ભાગવત’માં શુક્રાચાર્ય ધૃતરાષ્ટ્રના ચાર પ્રકારના દોષ વર્ણવે છે: પ્રથમ તો, લાક્ષાગૃહમાં પાંડવોને બાળી નાખવાના પ્રપંચમાં ‘વિનષ્ટદૃષ્ટિ’ ધૃતરાષ્ટ્ર પણ જોડાયા હતા; બીજું, ભરી સભામાં સતી દ્રૌપદીના કેશ ખેંચવાનું પુત્રનું કુકર્મ ધૃતરાષ્ટ્રે અટકાવ્યું નહીં; ત્રીજું દ્યુતમાં કપટથી જિતાયેલા યુધિષ્ઠિરે દ્યુતની શરત પાળી પાછા ફર્યા બાદ રાજ્યનો પોતાનો હિસ્સો માગ્યો, તે આપવાની પણ ધૃતરાષ્ટ્રે ના પાડી. અને એનો ચોથો દોષ એ કે જગદ્‌ગુરુ કૃષ્ણનાં અમૃતતુલ્ય વચનો, થોડાં બચેલાં પુણ્યોને પણ પરવારી બેઠેલા ધૃતરાષ્ટ્રે ન સાંભળ્યાં.

આવા ધૃતરાષ્ટ્રે સલાહ લેવા માટે વિદુરને બોલાવેલા. વણમાગી સલાહ તો વિદુર આપતા નથી પણ પૂછે છે ત્યારે કહે છે કે, રાજવી, તમારા પુત્રને માટે આ બધું કરો છો; પણ એ પુત્ર નથી. પુત્ર તો કુળને સંવર્ધે, કુળનો નાશ ન કરે. પરંતુ દુર્યોધન તો કુળનો નાશ કરવા બેઠો છે, એને કઈ રીતે પુત્ર કહેવાય?

આ શબ્દો સાંભળતાં દુર્યોધન વિદુર પર રોષે ભરાય છે, તેને અપશબ્દોથી નવાજે છે અને નગરમાંથી હાંકી કાઢવાની વાત કરે છે. વિદુર તો ન પ્રશંસાથી ફુલાય છે, ન નિંદાથી ઓઝપાય છે. આ બધું જ પરમાત્માની માયાને કારણે થાય છે એ જાણનારા વિદુર હવે વ્યથારહિત થઈ, ધનુષ્યને પોતાના ઘરને દરવાજે છોડી યાત્રાએ જવા નીકળે છે. પોતે શત્રુને પક્ષેથી યુદ્ધ કરશે, એવો સંદેહ ન જાગે તે માટે જ ધનુષ્ય મૂકીને એ ચાલી નીકળે છે.

પછી સકળ તીર્થ કરીને વિદુર યમુનાતટે પાછા આવે છે ત્યારે ભગવાનના ભક્ત ઉદ્ધવનાં દર્શન કરે છે. બહુ લાંબા કાળ પછી વિદુરને કોઈ પરિચિત જનનો ભેટો થાય છે, એટલે એ સૌના કુશળ પૂછે છે. ધર્મરાજા આદિ ભાઈઓ વગેરેના કુશળના પ્રશ્નના ઉત્તરમાં ઉદ્ધવ થોડીક ક્ષણો અવાક્ બની જાય છે. યાદવાસ્થળીની હજી વિદુરને ખબર નથી. પછી ઉદ્ધવ કહે છેઃ શ્રીકૃષ્ણ રૂપી સૂર્ય અસ્ત પામતાં અમારાં ઘરો અત્યારે શ્રીવિહીન થઈ ગયાં છે, ત્યારે તમને કુશળ શી રીતે કહું?

કૃષ્ણની વાત પૂછનાર અને સાંભળનાર કોઈક ઉદ્ધવને ઘણા સમયે મળ્યું. તેમાંયે વિદુરના જેવા ભગવાનના ભક્ત શ્રોતા ક્યાંથી મળે? એટલે હવે ઉદ્ધવ કૃષ્ણના લીલામય ચરિત્રને વર્ણવવા બેસે છે. એ ચરિત્ર વિદુર તો જાણે જ છે. પણ કૃષ્ણના ગુણ સૌ જાણે તોય વારંવાર ગાવા ગમે છે. એટલે કૃષ્ણની બાળલીલાથી માંડી નિર્વાણ સુધીની ક્ષણો ઉદ્ધવ વર્ણવવા માંડે છે.

['નવનીત-સમર્પણ' માસિક]

## અંધકાર

*અંધકાર ગરવાનો રૂખડો બાવો,*
*કે અંધકાર વાંસવને વાયરાનો પાવો.*
*અંધકાર ગરબામાં જોગણીના ઠેકા,*
*કે અંધકાર ડુંગરામાં મોરલાની કેકા.*
*અંધકાર મેલડીના થાનકનો દીવો,*
*કે અંધકાર આંખડીની પ્યાલીથી પીતો.*
*અંધકાર સૂતો સૂરજની સોડે,*
*કે અંધકાર જાગ્યો ઉજાગરાની જોડે.*
*અંધકાર પાટીમાં ચીતરેલ મીંડું,*
*કે અંધકાર સોનાના ખેતરમાં છીંડું.*

અંધકાર વ્હેલા પરોઢિયાનું શમણું,
કે અંધકાર નમતું તારોડિયું ઊગમણું.
અંધકાર જોગીની ધૂણીની રખિયા,
કે અંધકાર પાણીના પો પરે બખિયા.
અંધકાર બાળકને હાથ ફરે ગરિયો,
કે અંધકાર દાદાની વારતાનો દરિયો

## માધવ ક્યાંય નથી મધુવનમાં

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં:
માધવ ક્યાંય નથી મધુવનમાં.
કાલિન્દીના જલ પર ઝૂકી
પૂછે કદંબડાળી:
યાદ તને બેસી અહીં વેણુ
વાતા’તા વનમાળી?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં:
માધવ ક્યાંય નથી મધુવનમાં....
શિર પર ગ્ગોરસમટુકી,
મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો
ગયાં ભાગ્ય મુજ ફૂટી;
કાજળ કહે આંખોને, આંખો વાત વહે અંસુઅનમાં:
માધવ ક્યાંય નથી મધુવનમાં.

—

*જોકે સમયની પાર હું કાયમ નથી રહ્યો,*
*હું આ સમયમાં છું—એ મને ભ્રમ નથી રહ્યો.*
*એવું નથી કે સુખનો સમુંદર છે ચોતરફ;*
*હું ક્યાં સુખી છું?—એવો મને ગમ નથી રહ્યો.*

—

*ઝંખ્યું હતું મિલન તે હવે સામટું મળ્યું,*
*ગર્દી ઘણી વધી છે જનાજાની આસપાસ.*
*સાચો વિસામો રહી ગયો મઝધારમાં, હવે*
*શાંતિનો થોડો ડોળ કિનારાની આસપાસ.*

—

*ટોળામાં સાંતેલો સૂર થૈ વિખૂટો*
*કોઈ વીખરેલી લહેરખીને ગોતે;...*
*સાગરમાં વરસીને વાદળ ઝંખે છે*
*નેહતરસી આ ભોમને લગીર.*

## ચાલ, વરસાદની મોસમ છે...

*ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ;*
*ઝાંઝવાં હો કે દરિયાવ, તરસતાં જઈએ....*

*તાલ દેનારને પળ એક મૂંઝવવાની મઝા—*
*રાગ છેડ્યો છે રુદનનો, છતાં હસતાં જઈએ.*

## અટકીને...

*અટકીને હર વળાંકે પૂછું છું સર્વનેઃ*
*અહીંયાંથી, તમને યાદ, કદી જિંદગી ગઈ?*

## સંગાથે હોય...

*સંગાથે હોય ત્યારે અટવાતાં ચાલીએ,*
*કે એકલાનો રાહ એકધારો;*
*મઝધારે મ્હાલવાનો મોકો મળ્યો, તો*
*ભલે આઘો ઠેલાય આ કિનારો!*

## "બાપજી, જરા થોભજો!"

તોલ્સતોયની એક કથા છેઃ ત્રણ ગમાર જેવા માણસોને આસપાસના ગ્રામજનો સંત માને છે, એ જાણી વડા ધર્મગુરુને ક્રોધ આવે છે. એ નૌકામાં બેસી, આ ત્રણ જ્યાં રહેતા હતા એ ટાપુ પર જાય છે. પેલા ત્રણ તો ધર્મગુરુનાં ચરણોમાં પડીને કહે છેઃ "અમારાં ધન્યભાગ્ય, આવા ગુરુ અમારે આંગણે આવ્યા." ધર્મગુરુ એમને પૂછે છેઃ "તમે તમારી જાતને સંત કેમ કહેવડાવો છો?" ત્રણે કહે છે, "બાપજી, અમે તો ગમાર છીએ." ધર્મગુરુ પૂછે છેઃ "તમે કઈ પ્રાર્થના કરો છો?" .ત્રણે સંકોચમાં પડી જાય છે. એમાંનો એક હિંમત કરીને કહે છેઃ "બાપજી, અમે તો કાંઈ ભણ્યા નથી. અમે તો હાથ જોડીને એટલું કહીએ છીએ કે, હે

ભગવાન, અમારું ત્રણેનું ભલું કરજો.” ધર્મગુરુ ગુસ્સે થઈને કહે છે: “આવી વાહિયાત પ્રાર્થના તે કરાતી હશે?” અને એ ‘બાઇબલ’માંથી મોટી પ્રાર્થના એમને શીખવે છે. ચાર-છ વખત બોલીને ત્રણેય એ પ્રાર્થના ગોખી કાઢે છે.

લેભાગુ સંતોને રસ્તો બતાવ્યો, એમ માની ધર્મગુરુ પોતાની નૌકામાં પાછા ફરતા હોય છે, ત્યાં બૂમ સંભળાય છે: “બાપજી, જરા થોભજો!” ધર્મગુરુ જુએ છે તો પેલા ત્રણે માણસો દરિયાના પાણી પર સડસડાટ ચાલતા આવી રહ્યા છે. નૌકા પર ચડી, ગુરુને પ્રણામ કરીને ત્રણે બોલ્યા: “બાપજી, પેલી પ્રાર્થના અમે ભૂલી ગયા. હજી એક વાર શીખવાડશો?”

ધર્મગુરુને એ સંતોની કોટીનો ખ્યાલ આવે છે. ત્રણેના પગે પડીને એ કહે છે: “તમે કરતા હતા એ જ સાચી પ્રાર્થના છે.”

*આવ્યાં છે સામે તો હવે શ્રદ્ધા ન બેસતી,*
*ને આમ જીવતો’તો વચનના મદાર પર.*

# હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય

## પૂર્વે હતો હું...

*પૂર્વે હતો હું કસબી કુંભાર,*
*મારે દિલે ખૂબ હતી ખુમારી*
*કે રીઝવી કોમલ માટીને હું*
*ધાર્યા ઉતારીશ અનેક ઘાટ.*

*આજે પરંતુ નવજ્ઞાન લાધ્યું*
*ને ગર્વ મારો ઊતરી ગયો છેઃ*
*માટી તણો એ કસબી મટીને*
*માટી થવાનું મુજને ગમ્યું છે.*

*પૂર્વે હતો હું કવિ—ને અનંતા*
*ગીતો ઝરંતાં મુજ લેખણેથી,*
*લોકો તણાં અંતર મુગ્ધ થાતાં.*
*આજે પરંતુ, કદીયે નહોતું*
*જે જાણિયું તે નવલું જ જાણ્યું;*
*ગીતો તણી એ રચના તજીને*
*પોતે બન્યો છું લઘુગીત માત્ર....*

(અનુ. ઝવેરચંદ મેઘાણી)

['જન્મભૂમિ-પ્રવાસી' અઠવાડિકઃ ૧૯૩૬]

# હર્ષકાંત વોરા

## અઢી શેર જુવારનો ધણી

દરિદ્રનારાયણ દેવનાં દર્શન કરવાં હોય, તો સુરત જિલ્લાના કોટવાળિયાની સન્મુખ થજો.

નદી-કિનારા નજીક વાંસની ગોળાકાર છાપરીમાં નવ જણનો પરિવાર. બાવાસાધુ વાપરે તેવો ત્રાણ પથ્થરનો ચૂલો, બે હાંડલી, માછલીની જાળ અને તૂટીફૂટી સાદડી: આ એની ઈસ્કામત. એનો ધંધો ટોપલાં, સૂપડાં, પાલાં ગૂંથવાનો. રાતદિવસ મહેનત કરે ત્યારે જે તૈયાર થાય, તે બજારમાં જઈ પાણીને મૂલે વેચવું પડે. દિવાળીથી હોળી સુધી તરાપા પર વાંસ લઈ આવે, ગૂંથે, વેચે ને પેટિયાં પૂરાં કરે. હોળી બાદ હાંડલી સાફ. જંગલમાંથી ખોદી લાવી કડવાં કંદમૂળ બાફી ખાય. ચોમાસું બેસે ને જીવનહોડ શરૂ. પોતીકી ભોંય તો જન્મારામાં ભાળેલી જ નહીં. એટલે મોસમે મોસમે જમીનમાલિકોને ત્યાં મજૂરીએ રોપવા, નીંદવા ને લણવા જાય.

*

ચોમાસાના દિવસો છે. સાંજનો સમય છે. સડક પર લટાર મારવા અમે નીકળેલા—ખાધેલું પચાવવા માટે. ત્યારે હાથમાં દાતરડી, પિછોડી, માથે ફાળિયું અને ઘુંગડી ઓઢીને ફાળ ભરતો કોટવાળિયો અમારી પાછળથી આવ્યો ને સાથે થઈ ગયો.

“કેમ, મજૂરીએ જઈ આવ્યા?”

“હોવે, નીંદવા જૈ આઈવો.”

“આજકાલ મજૂરી શું આપે?”

“દહ આના.”

“દસ આના—ત્યારે તો ઠીક...” જરાક અવળું ચકાસવું શરૂ કર્યું!

"હું ઠીક, ભઈ? મોંઘવારી કંઈ જેવીતેવી છે? નાનાંમોટાં ખાનારાં દહ. અને જુવાર દહ રૂપિયે મણ. કેટલી મળે? હું ખાય!"

"જોયું—સાંભળીને વાત?" મેં મારા સાથીને કહ્યું.

"તમે લોક તો પગારવાળા, એટલે હામટી ભરી લો. પણ અમે તો રોજ લાવી રોજ ખાનારા. મોંઘીસોંઘી યે થાય. હારી પણ ની મળે."

અમે આશ્વાસન આપવા માંડ્યું, "ભઈ, ગભરાઈશ નહીં, હવે સારા દિવસ આવવાના છે."

"તે કેવી રીતે? શું થવાનું છે?"

"નહેર અને નદીનાળાં બંધાવા લાગ્યાં છે. ધાનના ઢગલેઢગલા પાકશે."

"એ નહેરનાં પાણી તો જમીનવાળાને જ ખપ લાગશે ને?"

"એમાં શું થઈ ગયું? અનાજ તો વધારે પાકશે ને? પછી સોંઘું થાશે..."

"જુઓ, એમ તો બાર-પંદર વરહ પહેલાં જુવાર બે રૂપિયે મળતી જ હતી ને? પણ ત્યારે મજૂરી બે આના જ આપતા. આજે ભાવ દસ રૂપિયા થયો છે તો મજૂરી દસ આના મળે છે. પણ અનાજ સોંઘું થાશે તે દી મજૂરી થોડી જ દસ આના આપશે? તે દી તો પાછી મજૂરી બે આના થઈ જવાની! હું બીજું? અનાજ વધારે પાકે કે ઓછું, ભાવ વધે કે ઘટે, અમને તો અઢી શેર જુવાર જેટલી જ મજૂરી મળે. નહેર આવે કે વીજળી, મજૂરિયાને બધુંય હરખું જ. અમે તો અઢી શેર જુવારના જ ધણી!"

"તો પછી શું કરે તો તમને સારું લાગે?"

"એના કરતાં તો, એંહ, બબ્બે વીઘાં ભોંય આપી દે ને—તો બહ. જેટલી મહેનત કરીએ તેટલું પકવીએ ને ખાઈએ. ભોંય પહેલી મળે, પછી ભલે નહેર—પાણી મળતાં."

અને પરિવારનાં ભૂખ્યાં પેટને અઢી શેર જુવારનાં રોટલા-ભડકાં

ભેગા કરવા એણે ઝડપ વધારીને અમારી વિદાય લીધી.

# હર્ષદ ચંદારાણા

## દીકરી...

*ચાંદરડું.*
*દિવસ આખો ઘરમાં તેજ પાથરે,*
*પકડ્યું પકડાય ના,*
*ઊંમરે ને ઓરડે દોડાદોડી કરે...*
*દાદર ચડે ઊતરે...*
*સૂરજ સાથે ચાલ્યું જાય. આખરે*
*વિદાય લીધેલી માની જગ્યા*
*દીકરીએ*
*ક્યારે લઈ લીધી*
*તે ખબરેય ના પડી.*

# હસમુખ ગાંધી

## મધ્યયુગ આથમ્યો છે?

શુકન-અપશુકન, દોરાધાગા, જંતરમંતર, મૂઠ, માદળિયાં અને મેલી વિદ્યાનો જમાનો હજી ગયો નથી.

એક મહિલા યુનિવર્સિટીના મોટા ભાગના પુરુષ અધ્યાપકો સંતોષીમાના શુક્રવાર કરે, નેવું ટકા કૉલેજિયનો પરીક્ષાના ઉત્તરપત્રોને મથાળે પોતાના ઇષ્ટદેવનાં નામ લખે, તે પ્રજાના બૌદ્ધિક સ્તરનો નિર્દેશ કરે છે.

નર્મદાના નવા પુલ ઉપરથી સવાસો વરસ પહેલાં પસાર થનાર પહેલવહેલા રેલ-એન્જિનને એક દૈત્ય ગણનારા લોકોએ માન્યું હતું કે એ રાક્ષસ નર્મદામાતાનાં જળમાં તૂટી પડશે. પણ એન્જિન જેવું પુલ ઓળંગી ગયું કે તરત એ જ લોકોએ તેને ફૂલહાર પહેરાવ્યા અને નાળિયેર વધેર્યાં!

નર્મદના જમાનામાં એક માણસે ઘેર ઘેર પોસ્ટકાર્ડ લખેલાં કે અમુક દિવસે સવારે પ્રલય થવાનો છે. તે દિવસે લોકો ખભે પંચિયાં મૂકીને વહેલી સવારથી ઓટલા ઉપર મરી જવા માટે બેસી ગયા હતા. આવી જ વાતો આજે મોટા ભાગના શિક્ષિત લોકોના ગળે શીરાની જેમ ઊતરી જાય છે. સંખ્યાબંધ બાબાઓ અને ચમત્કાર કરતા સાધુઓનો રાફડો ફાટ્યો છે. મુંબઈની લોકલ ગાડીઓમાં શિક્ષિત ગુજરાતીઓ જે લોકપ્રિય સામયિકોનું તરસી આંખે પાન કરતા હોય છે, તે સૂચવે છે કે એક આખી પેઢી ભૂત, પ્રેત, વળગાડ, અઘોરીઓ અને વામમાર્ગીઓના અખાડામાં ઊછરી રહી છે. મુંબઈમાં જ્ઞાતિઓના મેળાવડા જે ઝડપથી ફૂલીફાલી રહ્યા છે તે જોતાં સવાલ જાગે છે કે નર્મદના જમાના કરતાં એક તસુ પણ આગળ આપણે વધ્યા છીએ ખરા? મધ્યયુગ હજી ભારતમાં આથમ્યો છે ખરો?

# હસિત બૂચ

## આ ગામડાં

*આ ગામડાં!...*

*બપોરનો તડકો હશે,...*
*આ કોશિયાનાં ગાન, ટ્હૌકો મોરનો ઘેરો હશે ને*
*ગાવડીની ઘંટડીઓ વાગતી ઝીણી હશે....*
*પાવાતણી મીઠી ખુમારીથી ભરેલાં આયખાં,*
*ફૂલો સમાં નિર્દોશ ખુલ્લાં ખેતરો જેવાં હયાં,*
*કૂવે-વલોણે-માખણે જીવન્ત એવાં ગામડાં....*

*આ ગામડાં!....*
*ખાડા અને ખૈયા મટી*
*રસ્તા થશે પહોળા અને પાકા બધે;*
*ફેલાઈ જાશે વીજળી,*
*નાનાં ઘરોની હાર ઘાટીલી સુખાળી શોભશે;...*
*ગ્રંથાલયો-શાળા-બગીચાઓ થશે,*
*ઢોરોતણી આ છાપરીઓ ધરશે કાયા નવી....*
*ઘી-દૂધ-માખણ અને મધની થશે કૈં મંડળી,*
*નહેરો, નળો, ટાંકી, ફુવારાઓ....*

*અરે, બસ હો હવે!*
*આકાશમાં ખાલી મિનારા કાં ચણો?*
*આ ગામડાં!...*
*આવો,*
*અહીં આકાશ પર ટાંપી રહ્યાં*
*ખુલ્લાં છતાં છાનાં રહેલાં ખેતરો;...*

*જ્યાં જીરવાયા કોપ કાળા વ્યોમના,*
*ભંડાર ખૂટ્યા ના વળી જે ભોમના,*
*તે ઠામનાં*
*લાખો જનો ભૂખે મરે કંકાલ શાં!*
*છે ભોમ એ,*
*રે! વ્યોમ એ,*
*અંગાર તો યે ભૂખનો પેટાય રોમેરોમ કાં?...*

*આ ગામડાં!...*
*આકાશને ટેકે અહીં તો છે રહ્યાં સૌ હાડકાં,*
*ના બાવડાં આજે રહ્યાં;*
*હૈયાંય કિંતુ છે થયાં પાષાણનાં—ધાતુ સમાં!*
*ચૂસે બધું યે સત્ત્વ થોડા સ્વાર્થમાં અંધા બની,*
*અળગાં કરી પોતાતણાં*
*ભાંડું ઘણાં જે દીન શોષાતાં રહ્યાં.*
*જોતી રિબાતી માવડી:*
*સંતાન રેં'સાઈ રહ્યાં સંતાનથી!*

*આ ગામડાં!*
*ખૂણે પડ્યા પાવા,*
*બજી હોટેલની થાળી રહી:*
*એ વાડકાઓ દૂધના ને છાશની ગોળી ગઈ!*
*તૂટેલ ગંદા કોપની ચાના રગડ,*
*ઊગે નહીં વ્હાણું અહીં બીડી વગર;*
*ના રોશની છે શહેરની આવી છતાં ત્યાંની ગટર,*
*ને ખેતરોને ખૂંદતું આવી રહ્યું છે કાગળો કેરું કટક!*

*ઉદ્ધારનાં નકશા-નિવેદનમાં રહ્યાં એ ગામડાં!*
*લેખોમહીં ને ભાષણોમાંહે મઢેલાં ગામડાં!*
*જોયાં ભલે એ ગાયકે બિરદાવિયાં,*

*ના ચાલતી મારી જબાં—*
*હું તો નિહાળું છું બધે એ કલ્પનાનાં માળખાં!*

## —તો કોણ?

*રાત થયે આ બારીમાં જે છાનીછાની*
*તારલિયાની*
*પાંપણ જોઉં સજળ—*
*એ તમે નહીં, તો કોણ?*

## સમો આવતાં—

*લોકનું તો ભઈ, એવું!*
*એક ઘડી એ કબૂતરાં*
*ને ઘડી અન્ય એ સાવજ;*
*મીણ સમાણાં પોચાં આ પળ,*
*પળ બીજી એ વજ્જર;*
*ચિપાઈ જાતાં અંગૂઠે,*
*ને ઊંચકે દુનિયા અધ્ધર!*
*“ખડે રહો!”ને બોલ થથરતાં હાથ જોડતાં લોક,*
*બોચી પરનો બોજ ખમીને રસ્તે પળતાં લોક,*
*—સમો આવતાં*
*પલક એકમાં*
*દિયે કરી તોતિંગ ભોગળો કોટ અડીખમ ફોક!—*
*પડો કાળનો: કો’ક સાંભળે, કાન ધરે ના કો’ક.*

# ઝિન્દાબાદ, ઝિન્દાબાદ!

*ભારતનાં રખવાળાં કરશું,*
*ભારતમાં અજવાળાં ભરશું:*
*ઝિન્દાબાદ, ઝિન્દાબાદ!*
*દેશ અમારો ઝિન્દાબાદ!*

*મરજીવા થઈ સાગર તરશું,*
*પવન પલાણી થનગન ફરશું;*
*અમે ચાંદની,*
*અમે વાદળી થઈ જગતમાં*
*મીઠાં મીઠાં અમરત ઝરશું:*
*ઝિન્દાબાદ.*

*થાક અમે સ્હેજે ના ગણશું,*
*પાયાથી નવચણતર ચણશું;*
*અમે બંસરી,*
*અમે ખંજરી બની મુલકમાં*
*મધુર કૂજશું ને રણઝણશું:*
*ઝિન્દાબાદ.*

*અમે ગાંધી-ન્હેરુને પગલે*
*તિરંગાની શાન બઢવશું,*
*સરોજિની-કસ્તુરબા થઈને*
*અમે દેશનાં ગાન ગજવશું:*
*ઝિન્દાબાદ, ઝિન્દાબાદ!*
*દેશ અમારો ઝિન્દાબાદ!*

# કેમ કરી...?

*ઝરણાને મેં પૂછ્યું:*
*આવડા મોટા ડુંગર પરથી*
*કેમ કરી તું કૂદ્યું?*
*મેં ઝરણાને પૂછ્યું:*
*વગડો તો ભેંકાર હતો આ—*
*કેમ કરી તું કૂજ્યું?*

# દરબાર!

*શિયાળે દરબાર ભર્યો છે,*
*સૌને તેડું આવ્યું છે!...*
*તાજાંમાજાં રીંગણ મ્હાલ્યાં,*
*રોફ મારતાં કોબિજ ચાલ્યાં;*
*લાલ ટમેટાં ફક્કડ ફાલ્યાં,*
*ખિલખિલ કરતાં ફ્લાવર હાલ્યાં;*
*સાફા લીલા બાંધી મૂળાભાઈનું*
*ધાડું આવ્યું છે!*

# દિલની વાતો

*દિલની વાતો ખૂટશે ત્યારે*
*હાથ જોડીને હીંડતા થશું;*
*ઊડતો બેડો ઝૂકશે, ત્યારે*
*કોઈ તો કેડો ચીંધતા જશું!*

*પગની રોનક ઓસરે તો યે*
*નાચવું, એમાં માનીએ નહિ!*
*થાકતે હાથે કોઈ દી અમે*
*બૂંગિયો ઢોલ બજાવીએ નહિ.*
*આપણે કર્યું, અદકું એથી*
*કરશે બીજાં: શીખતા જશું!*
*આભના તારા મલકે હજી,*
*આંખના છેડા છલકે હજી,*
*એકની પાછળ એક સલૂણી*
*ગીતની કડી આવતી હજી;*
*એ જ અધૂરપ માણશું, અમે*
*એ જ મધુરપ સીંચતા થશું!*
*વેળ હતી, ને આવિયા અમે,*
*વેળ થઈ છે: હીંડતા થશું;*
*મળિયાં એવાં દિલ અહીં કે*
*મ્હેક બધે એ ચીંધતા જશું!*

['કુમાર' માસિક: ૧૯૭૫]

## સ્વતંત્રતા

*અમે જ ખોઈ હતી, હવે એ અમે મેળવી સ્વતંત્રતા!*
*હો, અમે મેળવી સ્વતંત્રતા!*
*અમે મેળવી, અમે રક્ષશું પ્રાણ સમર્પી સ્વતંત્રતા!*
*હો, અમે મેળવી સ્વતંત્રતા!*
*હિમગિરિ ઉન્નત ભવ્ય અમારો,*
*સૌમ્ય ગંગનાં નિર્મલ નીર;*
*ઉન્નત ધ્વજ લહરન્ત અમારો,*

*સૌમ્ય ગુંજતું ચક્ર સુધીર;*
*ભોમ અમારી પુરાણ એની જગ-ઇતિહાસે અનન્યતા!*
*ઋતુઋતુનો અહીં સાજ નિરાળો,*
*સ્વચ્છ વ્યોમ ને લીલી ભોમ;*
*મુલકમુલક અહીં રંગ નિરાળો,*
*કમ્પ એક પણ રોમેરોમ;*
*કોટિ કંઠનું એક ગાન અમ કોટિ કોટિ પણ એક ભુજા!*
*ભલે પંથ હો વિકટ અમારો,*
*ભલે ન અજવાળું ભરપૂર;*
*કદમ ઉઠાવ્યો અમે અમારો.*
*ભર્યું નયનમાં નવલું નૂર;*
*પ્રેમ-શૌર્યથી મનુકુલ સુહવી, અમે પૂજશું સ્વતંત્રતા!*

['રૂપનાં અમી' પુસ્તક]

—

*સફર મહીં હો ઉજ્જડ વગડો*
*કે નગરો ઝળહળતાં;*
*યાળ ઉછાળે ખારો દરિયો*
*કે ઝરણાં ખળખળતાં;*
*હવે મુઠ્ઠીમાં ગગન!*
*અમે, બસ, ગાયા કરીએ!*

## ફેર

*લાકડું તરે, તરતું માણસ;*
*કેટલો બધો ફેર!...*

*પાંદડું ખરે, ખરતું માણસ;*
*કેટલો બધો ફેર!...*
*કો’ક મળે, ને મળતું માણસ;*
*આટલો બધો ફેર!*

[‘લોકજીવન’ માસિક: ૧૯૭૬]

## ભાવિ

*સતને મારગ જાનારાંને*
*યાદ આવશે ગાંધી;*
*પ્રેમપરબ-જળ પાનારાંને*
*સાથ આપશે ગાંધી.*

*ભર અંધારે તરનારાંને*
*હાથ આપશે ગાંધી;*
*ધખધખ વગડે ઝરનારાંને*
*યાદ આવશે ગાંધી.*

*હૃદય-હૃદયનાં ગૂંથનારાંને*
*યાદ આવશે ગાંધી;*
*ખડક ખીણ રણ ખુંદનારાંને*
*હામ આપશે ગાંધી.*

*સહજ ઈશારે ઉઠનારાંને*
*કામ આપશે ગાંધી;*
*અજાણ ફોરમ સૂંઘનારાંને*
*યાદ આવશે ગાંધી.*

*ઘરઘર મંગલ ભરનારાંને*
*યાદ આવશે ગાંધી;*

*મહેનત મનભર કરનારાંને*
*છાંય આપશે ગાંધી.*

*એકલ ઊંચે ઊડનારાંને*
*બાંહ્ય આપશે ગાંધી;*
*કોટિ કોટિ સહ ઝુમનારાંને*
*યાદ આવશે ગાંધી.*

*ફના થઈને ગાનારાંને*
*યાદ આવશે ગાંધી;*
*મશાલ જાતે થાનારાંને*
*સાથ આપશે ગાંધી.*

['અભિનવ ભારતી' માસિક: ૧૯૬૯]

# હસીત હેમાણી

## અમારે પણ દિલ છે…

મારા જેવા ગરીબો વતી આ દેશના નેતાઓને મારે એક અરજ ગુજારવાની છેઃ હા, અમે ગરીબ તો છીએ જ, પણ અમારે વિશે ભલા થઈને ઝાઝાં ચૂંથણાં ચૂંથશો નહિ. અમને મદદ કરવી હોય તો તેનાં ઢોલનગારાં વગાડ્યા વિના કરજો. અમારે પણ સ્વમાન છે, અને જેનીતેની પાસેથી હરકોઈ જાતની મદદ લેવી અમને રુચતી નથી. અમારે પણ સિદ્ધાંત જેવું કાંઈક છે. ગરીબ છું, પણ મને ગરીબ કહીને કોઈ દયા ખાય તે મને ગમતું નથી. મારે મારી મહત્ત્વાકાંક્ષાઓ પણ છે. હું માનું છું કે હંમેશને માટે હું ગરીબ રહેવાનો નથી. મારું મસ્તક હું ઊંચું રાખવા માગું છું. થોડીઘણી ભૌતિક સગવડો ખાતર થઈને કોઈ મને અણગમતી વસ્તુ કરવાનું કહે, તે મને કઠે છે. એના કરતાં તો હું ભૂખ્યો રહેવાનું પસંદ કરું. મારા સ્વમાનના ભોગે મારે કશું નથી જોઈતું.

અમારે ગરીબોને પણ એક દિલ છે, એક દિમાગ છે. અમારે પણ કેટલાંક મૂલ્યો છે. રોટી રળવા કાજે અમે સખત મજૂરી ભલે કરીએ. પણ અમારા આત્માને ભોગે અમારે કશા લાભ મેળવવા નથી.

['સ્ટેઇટ્સમન' દૈનિક]

# હાજી મહમ્મદ અ. શિવજી

## ‘બોરોડ’થી બીવાનું નથી

મારું માનવું છે કે પ્રજાને અમુક પ્રકારનું રુચિકર વાચન જોઈએ છે. પછી તે ‘બોરોડ’ (ઉછીનું લીધેલું) હોય કે ગમે તેવું, તેની તેને દરકાર મુદ્દલ નથી. થોડાક ૧૦૦થી ૨૦૦ સાક્ષરવર્ગનાઓ જ દરકાર રાખી આ આમાંથી લીધું ને પેલું પેલામાંથી લીધું ગણે છે—જેઓ પોતે કદી દોઢિયાં ખર્ચી વાંચતા નથી. આ મારો ઉપરટપકિયો અભિપ્રાય નથી, પણ મજબૂત અનુભવ છે એમ માનશો. તમે અમુક સાક્ષરમંડળમાં બેસો-ઊઠો અને તે લોક આજે ઓલાનું ને કાલે પેલાનું બંગાળી-મરાઠી કે હિન્દી સાહિત્ય વાંચી તે ઉપરથી પકડી પાડી કહે કે આ આમાંથી છે, તો તેની દરકાર ગ્રાહકવર્ગના જનસમાજ સાથે નથી જ સરખાવવાની એ મત ઉપર હું લાંબા વિચાર અને ચાલુ મનન પછી જ આવ્યો છું.

શરૂઆતમાં તો હું પણ બધું ‘ઓરિજિનલ’ અને સ્વતંત્ર આવે એ જ વિચારનો હતો. પણ ભાઈજી, તમારે ત્યાંના સાહિત્યમાં તેવા લેખક જ ક્યાં છે? જે લોક ‘છે’ તરીકે ગણાય છે તેઓ પણ ખરેખર ‘નથી જ’. નથી તેમનું વાચન, મનન કે અધ્યયન. તેવામાં એ લોકને આશરે રહેતાં પત્તો ન ખાય.

દુનિયાના વિખ્યાત ‘સ્ટ્રેન્ડ મેગેઝીન’નાં પહેલાં પાંચ વર્ષોની ફાઈલો જોશો તો તેમાં રશિયન, ફ્રેન્ચ અને જર્મન લેખોનાં ભાષાંતર જ ભરેલાં છે! બીવાનું ‘બોરોડ’થી નથી.

[‘હાજી મહમ્મદ સ્મારકગ્રંથ’]

# હિમાંશી શેલત

## જાગતાં જણ કેટલાં?

ગુજરાતના જાહેર જીવનના સ્વાસ્થ્યની સાથે જેમને જરા સરખી પણ નિસ્બત હોય એમણે અત્યારે ચૂપ રહેવાનું જોખમ લેવા જેવું નથી. હા, અત્યારે ચૂપ રહેવું એ એક જોખમ છે. ગુજરાત અસહિષ્ણુ બનતું જાય છે, કહો કે બની ગયું છે. તમારે નામે, આપણે નામે, લોકશાહીને લજવે એવી ટોળાંશાહી ગુજરાતને પગ તળે કચરી રહી છે. પરિણામે સમગ્ર પ્રજા ઝનૂની, નાદાન, વિચારવિહોણી અને ભયજનક રીતે અસહિષ્ણુ હોવાની છાપ દેશભરમાં ઊપસી રહી છે, જે વાસ્તવમાં સાચી નથી. જેમને આ બેફામ વર્તનનો વિરોધ હોય તેમણે મૌન તોડવું પડે, અને સ્પષ્ટ બોલવું પડે. મૌનને પણ સંમતિલક્ષણ ગણવામાં આવે છે, તે યાદ રહે.

ગુજરાતના આ વલણ સામે સોલી સોરાબજીએ જે જોખમોનો નિર્દેશ કર્યો છે તેની સામે આપણે લાપરવાહ રહેવા જેવું નથી. એમનો મુદ્દો એકદમ સંગીન છે. સમજદાર અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યમાં વિશ્વાસ રાખનારી પ્રજા જો નાનાં-નાનાં જૂથોની જોહુકમી સ્વીકારી લેશે તો ભવિષ્યમાં ટોળાંની સંમતિ વગર કોઈ પણ કલાકાર, લેખક યા જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ પોતાના વિચારો વ્યક્ત નહીં કરી શકે. જો તમે અમારી સાથે નથી, તો અમારી વિરુદ્ધમાં છો અને તેથી માર ખાવાને પાત્ર છો, એવો ઉદ્દંડ અભિગમ વિચાર-શૂન્યતાનું સીધું પરિણામ છે. વર્ષો પહેલાં એક તમિલ ફિલ્મની રજૂઆત સમયે કંઈક આવો જ વિવાદ ઊભો થયો હતો. તે વખતે સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો પણ સોલી સોરાબજીએ યાદ દેવડાવ્યો છે. આ ચુકાદા મુજબ અભિવ્યક્તિની સ્વતંત્રતા જળવાય તે જોવાની રાજ્ય સરકારની ફરજ છે. આ સંદર્ભે રાજ્ય સરકાર પોતાની અશક્તિ જાહેર કરી શકે નહીં. આ સ્વતંત્રતા

સચવાય એ જોવાનું સરકાર માટે ફરજિયાત છે.

જે ફિલ્મ પાસે સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર છે, એ કોઈને પણ જોવી હોય તો એ જોવાનો તે વ્યક્તિને અધિકાર છે. ધાકધમકીથી, ટોળાંના દબાણથી, દેખાવોના ડરથી, કે કાયદા-વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થશે એવી દહેશતથી સરકાર આવી પરિસ્થિતિમાં દરમિયાનગીરી ન કરે, તો એ અપરાધ છે. ફિલ્મના કલાકારે કે ફિલ્મ સાથે સંકળાયેલા અન્ય કોઈએ પ્રજાની લાગણીને ઠેસ પહોંચાડી છે, એમ જો કોઈકને લાગતું હોય તોપણ એ પ્રજા અને ફિલ્મની રજૂઆતની વચ્ચે આવી ન શકે. જો પ્રજાને એવો મોટો આઘાત લાગ્યો હોય તો એ સ્વયં ફિલ્મનો બહિષ્કાર કરી જ શકે છે. આ એની સ્વતંત્રતા છે. જેમ ફિલ્મ ન જોવી એ એની મરજીની વાત છે, તેમ ફિલ્મ જોવી એ પણ એની મરજીની જ બાબત છે. ફિલ્મ પાસે સેન્સરનું પ્રમાણપત્ર છે, ત્યાં જ પૂર્ણવિરામ આવી જાય છે. ફિલ્મ ન જોવા અંગે અનુરોધ કરી શકાય, લેખો લખી શકાય, ચર્ચા કરી શકાય, પણ થિયેટર પર તોડફોડ કરીને આતંક ફેલાવી ન જ શકાય. અભિનેતાએ વ્યક્ત કરેલા વિચારો એના પોતાના છે, એને ફિલ્મ સાથે બિલકુલ સંબંધ નથી, ત્યારે કોઈ પણ જૂથનું આવું દબાણ શી રીતે ચલાવી લેવાય?

ગુણવંતી ગુજરાત-ગાંધી-સરદાર, નર્મદ-મેઘાણીની ગુજરાત પાસે જે કંઈ ડહાપણ બચ્યું હોય, અને હજી સુધી રાજકીય હઠાગ્રહ કે સંકુચિતતાની ઝાળ એને ન લાગી હોય, એ ડહાપણનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો આ સમય છે. સાહિત્યની ઉપાસના, કલાની સાધના, કાવ્યતત્ત્વનું સેવન, રંગભૂમિનો ભેખ, સેવાનું તપ, આમાંનું કશું જ ગુજરાતને અજાણ્યું નથી. પણ અત્યારે તો ગુજરાત એટલે ઝનૂન અને ટોળાંશાહી, વિચારહીન વર્તન અને અપરિપક્વતા, અસહિષ્ણુતા અને નિરંકુશ વ્યવહાર, એવો જ સંદેશ ફેલાવવામાં આપણે સહુ જવાબદાર છીએ. ગુજરાતની પ્રજાનું આ ચિત્ર ઊભું કરવામાં પાંચ કરોડમાંથી કેટલાં ગુજરાતીઓને રસ છે એ તો જાણીએ! ‘ફના’ કે ‘રંગ દે બસંતી’ ફિલ્મના વિરોધ નિમિત્તે તો અભિવ્યક્તિની સ્વતંત્રતા

વિશે આપણે કેટલાં જાગ્રત છીએ એટલું જ બહાર આવ્યું છે. આપણે ઉઘાડાં પડ્યાં છીએ. વાત સીધી અને સાફ છે. જેને આમીરખાનની ફિલ્મ ન જોવી હોય તે ન જુએ, એ એની સ્વતંત્રતા છે. આખીયે પ્રજા વતી જેમ ફાવે તેમ બોલવા-વર્તવાનો હક કોઈ જૂથને ન અપાય. આજે જે વ્યક્તિની બાબતમાં બની રહ્યું છે તે કાલે કોઈ સંસ્થા, કાર્યક્રમ, સાહિત્યકૃતિ, નાટક કે કાવ્ય સંદર્ભે પણ બની જ શકે. પ્રશ્ન ન્યાય અને કાયદાનો છે, અભિપ્રાય-સ્વાતંત્ર્યનો છે. સર્જકો, ચિંતકો, વિચારકો, સંસ્કારધારકો અને શાણા નાગરિકોએ પોતાના અભિગમ વિશે મુખર થવાની આ ક્ષણ છે. આપણું અસ્તિત્વ કયાં મૂલ્યોના પ્રસાર-પ્રચાર માટે છે? એવો સવાલ ગુજરાતની કલા-સાહિત્ય સાથે સંકળાયેલી સર્વ સંસ્થાઓએ કરવો પડશે. ખરેખર તો આ અસ્મિતાની કટોકટી છે. જોઈએ કે જાગતાં જણ કેટલાં છે!

['ખોજ' બેમાસિક: ૨૦૦૬]

# હીરાબહેન પાઠક

## સાહિત્યગુરુ

રામનારાયણ વિશ્વનાથ પાઠક (૧૮૮૭-૧૯૫૫) શિક્ષક પિતાના પુત્ર. લોજિક તથા મોરલ ફિલોસોફી લઈને પ્રથમ વર્ગમાં સ્નાતકની ઉપાધિ મેળવી ૧૯૦૮માં. કાયદાનો અભ્યાસ કર્યો. મહીકાંઠા એજન્સીના કેન્દ્રસ્થાન સાદરામાં ૧૯૧૨થી વકીલાત કરવા માંડી. ૧૯૧૮માં પ્રથમ પત્નીના મૃત્યુને કારણે વકીલાતને વળગી રહેવામાં રસ રહ્યો નહીં. ટાંકણે ગાંધીચેતનાનો ઉજમાળો પ્રકાશ ભારતીય ચેતનાને આલોકિત કરવા માંડ્યો હતો. ૧૯૧૯માં વકીલાત છોડી અમદાવાદ આવ્યા, શિક્ષણપ્રવૃત્તિ સ્વીકારી, એક શાળાના આચાર્યપદે રહ્યા. ત્યાં તો ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. તે વેળા ગુજરાતનું ઉત્તમ બુદ્ધિધન વિદ્યાપીઠમાં અધ્યાપન અર્થે જોડાયું. તેમાં હતા પંડિત સુખલાલજી, મુનિ જિનજયજી, ધર્માનંદ કોસંબી, કાકા કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, આચાર્ય કૃપાલાની વગેરે. ત્યારે મિત્રોની સંગે પાઠક વિદ્યાપીઠમાં જોડાયા.

આ અધ્યાપકોનાં શિક્ષણ-સંસ્કાર ઝીલનારું શિષ્યમંડળ પણ કંઈ કમ ન હતું. ધગશભરી દેશભકિતની સ્વાર્પણબુદ્ધિથી તેઓ તરવરતા યુવાનો હતાઃ સુન્દરમ્, ઉમાશંકર, નગીનદાસ પારેખ, ‘સ્નેહરશ્મિ’, કરસનદાસ માણેક, ભોગીલાલ ગાંધી વગેરે. તે સહુએ એક કે બીજે સ્વરૂપે ગાંધીજીવનભાવનાવાળું સાહિત્યસર્જન કર્યું. તમામ વિદ્યાસેવીઓ ‘પાઠકસાહેબ’ સાથેનો સાહિત્યગુરુનો સંબંધ ચિરકાલીન જાળવી રહ્યા.

આ સંસ્થામાં રામનારાયણ પાઠકે બત્રીસ વર્ષની વયે લેખન કારકિર્દી શરૂ કરી, પોતાનું સાહિત્ય-સામયિક કાઢવા વિચાર્યું. તેને તે સમયના યુગબળના સંદર્ભમાં ‘પ્રસ્થાન’ નામ આપ્યું; તે શરૂ કર્યું ૧૯૨૬માં. ૧૯૨૮માં વિદ્યાપીઠમાંથી છૂટા થયા. આજીવિકા અર્થે ખાનગી ટ્યુશનોથી નિભાવ્યું. ૧૯૩૫માં મુંબઈની ના. દા. ઠા. મહિલા કોલેજના

અધ્યાપનકાર્યનું નિમંત્રણ આવ્યું; સ્વીકાર્યું અને મુંબઈ ગયા. કોલેજમાં અધ્યાપન નિમિત્તે વિદ્યાર્થિની હીરા કલ્યાણદાસ મહેતાનો પરિચય થયો, તે ૧૯૪૫માં લગ્નસંબંધમાં પરિણમ્યો. ૧૯૩૭માં અમદાવાદમાં પુનરાગમનઃ નવી શરૂ થયેલી લા. દ. આર્ટ્સ કોલેજમાં અધ્યાપન માટે જોડાયા. આ કાર્ય ૧૯૪૬ લગી ચાલુ રહ્યું. ૧૯૪૬માં અમદાવાદ છોડી મુંબઈ આવીને વસ્યા.

૧૯૫૫ની ૨૧મી ઓગસ્ટે તેમનું અવસાન થયું.

# હેમંતકુમાર શાહ

## રાજકારણનું કંપનીકરણ

ગ્રાહક સુરક્ષાની ચળવળના પ્રણેતા અમેરિકાના રાલ્ફ નાડરે કહ્યું છે કે, સરકાર આજે ઉદ્યોગધંધા ક્ષેત્રના એજન્ટ જેવી બની ગઈ છે. લોકો ભલે તેમના પ્રતિનિધિઓને સંસદમાં ચૂંટીને મોકલતા હોય, પણ અમેરિકામાં સરકાર તો કંપનીઓ કહે છે તે જ કરે છે.

શું આ પરિસ્થિતિ માત્ર અમેરિકાની છે? ના, આ પરિસ્થિતિ લગભગ બધા જ દેશોની છે. ભારતમાં આ કે તે ઉદ્યોગપતિ કે ઉદ્યોગગૃહ સરકાર પર પ્રભાવ પાડતા રહ્યા છે. અનેક વખત પ્રસાર માધ્યમોમાં આવતા સમાચારો એમ સૂચવે છે કે રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર આ કે તે કંપનીને ફાયદો કરી આપવા માટે નિયમો, નિયમનો, કાનૂનો વગેરે ઘડે છે, બદલે છે અથવા રદ કરે છે. આ બાબત તો તમામ રાજકીય પક્ષોને લાગુ પડે છે. માત્ર ૧૩ દિવસ ટકેલી કેન્દ્રની અટલ બિહારી વાજપેયીની સરકારે અમેરિકન કંપની એનરોનના પ્રોજેક્ટની બહાલી આપી હતી એ યાદ છે ને?

દેશની અને દુનિયાના અર્થતંત્રની આ હકીકતો એમ દર્શાવે છે કે દુનિયામાં બધે જ અર્થસત્તાનું કેન્દ્રીકરણ તે થોડીક કંપનીઓ અને એ કંપનીઓના માલિકો એવા થોડાક લોકોના હાથમાં થઈ રહ્યું છે. આ લોકો જ રાજકીય નિર્ણયો પર પ્રભાવ પાડે છે. એટલે સત્તા ગમે તે રાજકીય પક્ષની આવે, તેનો કશો ફેર આ કોર્પોરેટ માંધાતાઓને પડતો નથી.

ઉદારીકરણ, વૈશ્વિકીકરણ અને ખાનગીકરણનો જે માહોલ ભારતમાં અને દુનિયાભરમાં ઊભો થયો છે, તેમાં તો આ પ્રક્રિયા વધારે વેગવાન બની છે. રાજકારણનું કંપનીકરણ વધારે પ્રમાણમાં થાય એવી શક્યતાઓ જ ઊભી થઈ રહી છે. આ પરિસ્થિતિ ખતરનાક છે. પરંતુ ટેક્નોલોજી

જ એવા પ્રકારની છે કે જેમાં જંગી રોકાણની જરૂર પડે, ઉત્પાદન માટે મોટા ઉદ્યોગો જ જોઈએ, પછી એ બધાનું રક્ષણ કરવાને માટે લશ્કર પણ જોઈએ અને લશ્કર હોય તો યુદ્ધો પણ થાય. આ એક જબરદસ્ત સાંકળ છે. આ સાંકળને ક્યાંથી તોડવી, કેવી રીતે તોડવી અને શાંતિની સાંકળનું સર્જન કેવી રીતે કરવું, તેની મથામણ કરવી જરૂરી છે. આ મથામણ જ ના કરી શકાય એવું વાતાવરણ થઈ ગયું છે. વૈશ્વિકીકરણની સામે કશું પણ બોલવું, એ તો જાણે કે ફોજદારી ગુનો બની ગયો છે!

'બિયોન્ડ ધ બોટમ લાઇન' નામના પુસ્તકમાં માઇકલ સ્મિથ નામના લેખક લખે છે કે ૧૯૯૯માં દુનિયાની ત્રણ ધનવાન વ્યક્તિઓ પાસે એટલી સંપત્તિ હતી કે જેટલી દુનિયાના સૌથી ગરીબ ૩૪ દેશોની આવક હતી! બીજી તરફ, દુનિયાના ૧૨૦ કરોડ લોકો એવા છે કે જેઓ માંડ માંડ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે.

જે કંપનીઓ સમાજ પાસેથી આવક રળે છે, એમની સમાજ પ્રત્યે કોઈ જવાબદારી ખરી કે નહીં? કંપનીઓ બગીચા બનાવે છે, ફુવારા બનાવે છે, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ ઊભી કરે છે અને પોતે સામાજિક સેવા કરી હોવાનો સંતોષ લે છે; પરંતુ આ જ કંપનીઓ પોતાના મજૂરોનું ભયંકર શોષણ કરે છે, તેઓ ગરીબીમાં સબડતા હોય તો સહેજે પરવા કરતી નથી અથવા તો ગ્રાહકોના હિત કે આરોગ્યની કે પર્યાવરણના નુકસાનની ચિંતા કરતી નથી.

ગુજરાતીમાં કહેવત છેઃ 'એરણની ચોરી ને સોયનું દાન'. મોટા ભાગની કોર્પોરેટ સખાવતો આ પ્રકારની હોય છે અને એ કંપનીઓના માંધાતાઓ મહાન દાનેશ્વરી કહેવાતા હોય છે. વાસ્તવમાં, ગરીબી કે અસમાનતા દૂર કરવામાં કે પર્યાવરણને બચાવવામાં કે સમાજને સમરસ બનાવવામાં કંપનીઓની કોઈ વિધાયક ભૂમિકા હોતી નથી.

કંપનીઓની જવાબદારી માત્ર વસ્તુઓ અને સેવાઓ ઉત્પન્ન કરીને વેચવાની છે? કઈ રીતે તે ઉત્પન્ન થાય છે અને કેવી રીતે વેચાય છે અને વાપરનાર પર તથા સમગ્ર સમાજ પર તેની શું અસર થાય

છે, એ વિચારવાની જવાબદારી કંપનીઓની નથી?

['ભૂમિપુત્ર' પખવાડિકઃ ૨૦૦૫]

# હેમંતભાઈ શાહ

## કાવેરી કે ક્રિષ્ના...

કાવેરી કે ક્રિષ્ના નદીનાં જળવહેંચણીનો પ્રશ્ન હોય કે નર્મદામાં કઈ ઋતુમાં સરેરાશ કેટલા ક્યુસેક પાણી વહે, કેટલા કિલોવોટ વિદ્યુત પેદા થાય, કેટલા હૅક્ટર સિંચાઈ થાય, જુદાંજુદાં ગૅસ ક્ષેત્રોમાંથી કેટલા ઘનમીટર ગૅસ મળે કે નડિયાદથી સરસવણી વચ્ચે આવતાં ગામોનાં નામ હોય કે વિશ્વના આંટો મારતાં એરરૂટ પર આવતાં આંતરરાષ્ટ્રીય હવાઈ મથકોનાં નામ હોય, ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં નીકળતાં ખનીજો હોય, તેનું પ્રમાણ, ગુણવત્તા અને સંભવિત ઉદ્યોગો આ બધા ઉપરનું આંકડા સાથેનું બાબુભાઈનું જ્ઞાન આપણને આશ્ચર્યચકિત કરી મૂકે! ૧૯૪૬, ૧૯૫૬થી આજ દિન સુધી તેલ-મરચાંના ભાવો જાણે સામે કાગળમાં લખ્યા હોય તેમ સંદર્ભો સાથે જણાવતા.

થરપારકરનું રણ અને ચેરાપૂંજી બંને ભારતમાં છે, તેમ શુષ્ક આંકડાના પારંગત અને રસસભર સંસ્કૃત સાહિત્યના સ્વામી એક જ વ્યક્તિમાં!

એક વાર દિલ્હીમાં એક કાર્યક્રમમાં વડા પ્રધાન ઇન્દિરા ગાંધી અને બાબુભાઈ ભેગાં થઈ ગયાં. તરત જ બાબુભાઈએ ગુજરાતના નર્મદા પ્રશ્નનો ઉકેલ લાવવા વિનંતી કરી. ઇન્દિરાબહેને કહ્યું, “તમે તે માટે એક નોંધ મોકલજો.” તેના તે જ દિવસે, કોઈ પણ નિષ્ણાતોની મદદ વિના નોંધ તૈયાર કરીને બાબુભાઈએ મોકલી દીધી.

બાબુભાઈએ ગુજરાતનું મંત્રીમંડળ રચેલું તેમાં કેબિનેટ પ્રધાન, રાજ્યકક્ષાના પ્રધાન કે નાયબ પ્રધાન એવા કોઈ સ્તર જ નહોતા. સૌનો એક જ દરજ્જો. બધા જ નિર્ણયો સર્વાનુમતે લેવાતા. અને વિધાનસભાના કુલ સભ્યોના દસમા ભાગથી વધુ મંત્રીઓ ન રાખવાના આદર્શ મુજબ ૧૮ સભ્યોનું જ પ્રધાનમંડળ.

*

સુખનો કાળ બાળપણનો – પુ. લ. દેશપાંડે (અનુ. અરુણા જાડેજા)

જો નિશાળ ન હોત તો બધાંના બાળપણનો કાળ સુખમાં ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ, એનો અર્થ એવો જરાય નહિ કે મને ભણવાની હોંશ નહોતી. પણ કેરી પીળી કઈ રીતે થાય? નારિયેળમાં મીઠું પાણી કોણ રેડે? ગર ભરેલી આમલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય? આખો દિવસ આપણે ગીતો ગાતાં રહીએ તો શું થાય?—આવું આવું શિક્ષણ આપવાનું છોડીને બીજા જ વિષયો ભણાવવામાં આવે છે! રોજ પ્રાર્થના કરવા છતાંય ભગવાન ગણિતમાં માર્ક આપવામાં આપણા પર આટલો ક્રૂર કેમ થાય? આ સવાલનો જવાબ મને નિશાળમાં ક્યારેય મળ્યો નથી. એટલું વળી ઠીક હતું કે મારા નાનપણમાં જૂનું ગણિત જ હતું. પણ જૂનું ગણિત ભણેલા ભગવાનને મૌખિક હિસાબના જવાબ મારા કાનમાં, ધીમેકથી આવીને કહી જવામાં શો વાંધો હતો? મારા વર્ગમાંના વિનાયક દેસાઈને, દિનુ અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે. હકીકતે તો અમે ત્રણેય જણ જોગેશ્વરીના રામેશ્વરના મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, ‘ભગવાન મને ગણિતમાં પાસ કર’, ‘પુરવણી પર શાહી ઢોળાવા દઈશ નહિ’, એવી એવી માગણીઓ કરતા.

મારો જન્મ મુંબઈના ગામદેવી વિસ્તારની કિર્પાળ હેમરાજની ચાલીમાં થયેલો. મારું બાળપણ મુંબઈના પરા જોગેશ્વરીમાં વીત્યું. આશરે પંચાવન-છપ્પન વર્ષ પહેલાં ગામદેવી-ગિરગામ વિસ્તારની ચાલીઓમાં રહેનારા કારવાર પ્રાંતના કેટલાક લોકોએ જોગેશ્વરીમાં સહકારી ધોરણે મકાનો બાંધ્યાં. ત્યારે તો જોગેશ્વરીમાં રેલવે સ્ટેશન સુધ્ધાં નહોતું. ચાર કુટુંબો રહે એવું એક એક માળનું મજાનું ઘર, ત્રણ ઓરડા, આગળ નાનકડું આંગણું, પાછળ વાડો. આવી આ વસાહતનું નામ હતું ‘સરસ્વતીબાગ’. પણ ત્યાં રહેનારાઓ એને ‘સોસાયટી’ કહેતા. મારું બાળપણ આ સોસાયટીમાં વીત્યું. બાળપણને સુખી કરનારી

દરેક વાત ત્યાં હતી. એ વર્તુળાકાર અને અર્ધવર્તુળાકાર બંગલાઓની વચ્ચોવચ્ચ આવેલા ક્લબના બેઠા ઘાટના એક નાનકડા મકાનમાં ચાલતી મ્યુનિસિપાલિટીની નિશાળે એટલો એક મીઠાનો ગાંગડો મારા સુખમાં નાખ્યો હતો! બાકી તો અમારી આ સરસ્વતીબાગ સોસાયટી નાનાં બાળકો માટે કેવી સરસ હતી!

આજે પણ એ ‘સોસાયટી’ છે, પણ હવે સિમેન્ટ-કોંક્રિટની ઇમારતોનાં જંગલોમાં એ પૂરેપૂરી ઢંકાઈ ગઈ છે, કૂંડામાંના સુંદર ફૂલનો એકાદ છોડવો અડાબીડ વધેલા ઘાસમાં ઢંકાઈ જાય તેમ. એક સમયે જોઈએ તો ત્યાં આંબાનાં, જાંબુનાં, વડનાં, તાડનાં, વાડામાં સરગવાનાં, અગથિયાનાં ઝાડ હતાં. ગુલબાક્ષના તો હજારો છોડવા. તેટલી જ અબોલી. કેવડો પણ ખરો. (કારવાર તરફની સ્ત્રીઓને માથામાં નાખવા રોજ નવી નવી, જાતે ગૂંથેલી ફૂલની વેણી જોઈએ.) બપોર થતાં થતામાં જ ઘરે ઘરે પરસાળમાં સ્ત્રીઓ ટોળે મળીને વેણીઓ ગૂંથ્યે જતી.

પશ્ચિમની હદે રેલગાડીના પાટા. સોસાયટીનાં મકાન થોડાંક ઊંચે હતાં એટલે નદીના ઊંચા કિનારા પરથી પાણી વહેતું દેખાય તેમ રેલગાડીઓ વહ્યે જતી. પૂર્વ, દક્ષિણ, ઉત્તર એમ ત્રણે બાજુ માત્ર ઝાડ જ હતાં. આજુબાજુ ડાંગરનાં ખેતરો અને પૂર્વમાં નજીક જ ટેકરીઓ ને તેની પાછળ ડુંગરોની હાર. ટેકરીઓ તો તાડનાં ઝાડથી ખીચોખીચ. ટેકરી પરની ઇસ્માઇલ કોલેજ ત્યારે ત્યારે જ બંધાવા લાગી હતી. આથી કોલેજ નામનો શબ્દ તો મેં ઠેઠ નાનપણથી સાંભળેલો. હાલમાં તો અફાટ ગિરદીથી ઊભરાતા એવા એ રસ્તા પર, ત્યારે તો ચકલુંય ફરકતું નહિ.

સોસાયટીમાંનો, અમો બાળકોના વડીલ, કાકા, મામા વગેરે એવો પુરુષવર્ગ સવારે નવ સુધીમાં જમવાનું પરવારી અંધેરીથી છુકછુક ગાડીમાં બેસીને મુંબઈમાં કારકુની કરવા હોફિસમાં જતો. એ વખતે પત્ની પતિનું નામ જાહેરમાં ઉચ્ચારતી નહિ. દિનુના બાપુ, વિનુના બાપુ કે પછી ‘એ’ એવી રીતે બોલાવે. પણ સોસાયટીનાં એક બહેન પતિને ‘હોફિસ’ જ કહેતાં. “ચાલ બહેન, ‘હોફિસ’ આવવાનો વખત થયો!”

એવું બોલતાં. એક વાર વડીલમંડળી હોફિસમાં જાય એટલે સોસાયટીમાં છોકરાં-છોકરીઓ અને બા-બહેનોનું રાજ. રામલાઓ, નિશાળના ગોખલે માસ્તર, સલગર ડોક્ટર, મસમોટા કૂવા પર બેસાડેલી ટાંકીનું એન્જિન ચાલુ કરનારા દત્તુમામા અને રામેશ્વર મંદિરના પૂજારી જેવા ગણ્યાગાંઠ્યા પુરુષો જ બાકી રહેતા. બહુ બહુ તો પાંચ-દશ પેન્શનર દાદાજી. મરાઠી ફક્ત નિશાળમાં જ; બાકી બધો વ્યવહાર કારવારી ભાષામાં. અમારી સોસાયટીમાં દૂધ આપવા આવનાર રામગુલામ ભૈયો અને વેસાવેથી રોજ માછલાં વેચવા આવનાર કોળણ બાઈ પણ કારવારી ભાષા જાણે. ભૂલોકમાં કારવારી, હોફિસમાં અંગ્રેજી અને મંદિરમાં થતાં ભજન-કીર્તન-પુરાણ પૂરતી જ ભાષા મરાઠી હોય એવું લાગતું. મારા પહેલા-બીજા ધોરણવાળા વાગળે, નાડકર્ણી, વાઘ, રાયાફેણે, દેસાઈ, તેલંગ વગેરેના કોંકણી ટોળામાં હું જ એકલો ઘાટી દેશપાંડે. પણ હું દુભાષિયો; મા સાથે કારવારીમાં અને બાપુ સાથે મરાઠીમાં બોલનારો. કારણ કે મારા બાપુ એકલા જ કોલ્હાપુરના, બાકી બધાં કારવાર તરફનાં.

જોગેશ્વરીની આ કોલોનીની આસપાસ જંગલ હોવાથી સાપનો અને થોડો- ઘણો ચોરનો ઉપદ્રવ રહેતો. આ ચોરોથી બચવા માટે રાત્રે પહેરો ભરનારા બે પઠાણ ચોકીદાર હતા. તેમાંના કાદરખાનને હું ક્યારેય ભૂલીશ નહિ. એ વખતે રેડિયો આવ્યો નહોતો. રાત પડી નથી ને તમરાં સિવાયના બાકી બધા અવાજ થાય બંધ. ફક્ત જતી-આવતી રેલગાડીનો અવાજ, અને તે પણ કાંઈ આજની જેમ મિનિટે મિનિટે નહિ. નોકરીને કારણે મારા બાપુને સતત પરગામ ફરવું પડતું. આથી ઘરમાં બા, મારી મોટી બહેન વચ્છીતાઈ અને અમે ત્રણ ભાઈઓ. હું, મારાથી બે વર્ષે નાનો ઉમાકાંત અને ઘોડિયામાંનો રમાકાંત. સોસાયટીના દરવાજાને અડીને આવેલા એક પતરાના શેડમાં અમે રહેતાં. પાછળથી અમને સોસાયટીના બ્લોકમાં જગા મળી. રાત્રે બધું સૂમસામ થાય એટલે પેટમાં બીકનો આફરો ચઢે. ઘરમાં હોય ફાનસનું ટમટમતું અજવાળું. આવે વખતે દૂર ક્યાંકથી કાદરખાન પઠાણની વાંસળી સંભળાતી. એ સૂર રેલાતાં જ કેટલીયે હામ બંધાતી. આ કાદરખાન કદાવર હતો,

પણ એ વાંસળી વગાડતો તેથી એનું કદાવરપણું મને ક્યારેય ડરામણું લાગ્યું નહોતું. ટાગોરની ‘કાબુલીવાલા’ વાર્તા મેં એ પછી જ્યારે પહેલી વાર વાંચી ત્યારે અમને બાળકોને વાંસળી વગાડી બતાવનારો કાદરખાન જ આંખ સામે આવીને ઊભો રહેલો. અમો બાળકો તેને કારવારીમાં, ‘કાદરખાં, વગાડ રે વગાડ’ કહેતાંની વારમાં જ વાંસળી વગાડતો કાદરખાન. રાતના વખતે મનને હામ દેનારો વાંસળીવાળો. થોડા સમય બાદ સોસાયટીમાંથી એ અલોપ થયો ત્યારે બીજા પઠાણે ‘કાદરખાં મુલૂખ ગયા’ એવું જણાવેલું.

સૂર પ્રત્યેનું મારું ખેંચાણ ઠેઠ બાળપણથી જ રહ્યું છે. મારી બાનો અવાજ પણ એકદમ ખુલ્લો અને સુરીલો. ગાયન સાથે વાચન પણ સારું. મારા નાનાજી જ નહિ, સદ્ભકિત મંદિરની ભક્તમંડળી પણ ‘હરિવિજય’, ‘પાંડવપ્રતાપ’ વગેરે તેની પાસે વંચાવતા. મારા નાનપણના સુખ સાથે આ સૂરનો ખૂબ નજીકનો નાતો રહ્યો છે. અમારે બારણે એકતારો વગાડતો એક ભિખારી આવતો. એ પ્રેમાબાઈનાં ભજનો ગાતો. એમાંનું ‘મારા રામને કોઈ લઈ આવો રે’ એ ગીત અમે તેની પાસે વારંવાર ગવડાવતા.

સંગીત, સાહિત્ય, નાટક જેવી કલા પ્રત્યે મારું ખેંચાણ વધારે અને મેદાની રમત કરતાં એ અધિક પ્રિય. કલાનો નહિ, नकला (મિમિક્રી)નો પણ ગમો ખરો. આ બધાં બીજ મારા મનમાં જોગેશ્વરીના સરસ્વતીબાગમાં રોપાયાં. રામેશ્વર મંદિરમાં કીર્તન શરૂ થાય કે ખાવાપીવાની સૂધ રહે નહિ. કથાકાર મહારાજના ગાન જેટલું જ વાજાંપેટીવાળા તરફ પણ મારું ધ્યાન હોય. પેટીમાંથી ગાન નીકળવા માંડે એટલે ચમત્કાર થતો! કીર્તન સાંભળીને ઘરે આવ્યા બાદ, બીજા દિવસથી મારું કીર્તન ઘરમાં શરૂ થાય. સોસાયટીના ગણેશોત્સવમાં મેં પહેલવહેલી વાર જ્યારે કામતને મિમિક્રી કરતા જોયા ત્યારથી જ મિમિક્રી માટેની મારી રુચિ પેદા થઈ.

પ્રયોગ તો ઘરમાં જ થાય, આથી કાયમ હાઉસફુલ! પહેલી-બીજીમાં હતો ત્યારે મેં પહેલી વાર શાહિર ખાડિલકરનાં શૌર્યગીતો સાંભળ્યાં. પછી લાગલું જ સૂપડાનું ડફ બનાવીને, ‘પ્રથમ નમન શારદાચરણે...

શારદાચરણે... શારદાચરણે; યુકિત, બુદ્ધિ અને શકિત દે, ગાઉ હું કવન' શરૂ. 'જી'... 'જી'...ના હોંકારા ભરવા માટે હોય ઉમાકાંત. સોસાયટીમાં વચ્ચે વચ્ચે ક્યારેક ભાષણો થતાં. મારું પહેલું જાહેર ભાષણ પાંચ-છ વર્ષનો હતો ત્યારે ટાકી મહારાજની હાજરીમાં સદ્ભકિત મંદિરમાં થયું. એમાંનું એક સંભારણું તો પાક્કું છે. મારા નાનાજીએ લખેલું વીર અભિમન્યું પરનું ભાષણ મેં ચાર-પાંચ મિનિટમાં ફટાફટ બોલી બતાવ્યું અને છેલ્લે ભૂલી ગયો, પણ તરત જ સમયસૂચકતા વાપરીને, 'છોડો, મારો દૂધ પીવાનો સમય થઈ ગયો છે,' એમ કહીને શ્રોતાઓના ચક્રવ્યૂહમાંથી મારો છુટકારો કરી લીધો! મારાં આ 'દૂધ પીવાનો સમય થયો'વાળાં મજાક અને લાડ એ પછી લાંબો સમય ચાલ્યાં.

અને આ જ સોસાયટીમાં નાટક નામની ચીજ મેં પહેલવહેલી વાર જોઈ. મુંબઈમાં ગંધર્વનાં નાટકો થતાં. પણ જે ઉંમરે બાના ખોળામાં બેસીને મેં એ જોયાં તે સમયે બાલગંધર્વ મરાઠી રંગભૂમિ ગજાવી રહ્યા હતા છતાંય તે મને જગાડી શક્યા નહિ હોય. મેં પહેલું સંપૂર્ણ નાટક જોયું તે ૧૯૨૫-૨૬ના કાળમાં: સોસાયટીના રાયાફેણે, સંજીવ, કાશીનાથ વાઘ, સાખરદાંડે, લજપત વગેરેએ કરેલું 'પુણ્યપ્રભાવ'. મારી દૃષ્ટિએ તો એ એક ચમત્કાર જ હતો. એમાંના વૃંદાવન થયેલા રાયાફેણેની અને કંકણ બનેલા કાશીનાથ વાઘની બીક તો મને કેટલાય દિવસો સુધી રહી હતી. વસુંધરાના પાત્રમાં હતો લજપત અને કામત તરીકે હતો પેલો કિંકિણી. પચાસ વર્ષ થઈ ગયાં તોય પાત્રયોજના યાદ છે. (નિશાળમાં ભૂગોળ પણ આવી જ યાદ રહી હોત તો?)

એની સામે જોઈએ તો રમતગમતમાં મારી જરાયે પ્રગતિ નહોતી. સોસાયટીમાં સુંદર ટેનિસકોર્ટ હતો. ત્યાં સફેદ હાફપેન્ટ પહેરીને મોટેરા રમતા. હદની બહાર જતો દડો લાવી આપવાની સ્વયંસેવકગીરી અમારા હાથે થતી. એમાંનો 'ડ્યૂ...સ' શબ્દ મને ખૂબ ગમતો. એના અર્થની આજે પણ ખબર નથી. ક્રિકેટનું મેદાન પણ હતું. પણ એ રમતમાં સેકંડ વિકેટકીપર અને લાસ્ટ પ્લેયરના હોદ્દાથી આગળ ક્યારેય હું ગયો નથી. પણ ખરી રુચિ તો નાટકની. એમાંયે મારા નારાયણમામા આગેવાન.

મિમિક્રી, અભિનય એ બધાંમાં નારાયણમામા અમારો આદર્શ. એ મુંબઈ જઈને અંગ્રેજી સિનેમા જોઈ આવતા. ત્યારે બોલતાં ચિત્રપટ નહોતાં. દેમાર મારામારી. એટલે અમારાં નાટકો મારામારી-ફાઇટિંગનાં. ક્યારેક મારા નાનાજી (ઋગ્વેદી) અમને નાટકો લખી આપતા. નારાયણમામાની નાટકમંડળી આખીયે સોસાયટીમાં ફરી ફરીને નાટક નાટક રમતી. વિષય ‘રામાયણ’, પણ સ્ત્રીપાત્રરહિત. મુખ્ય ભાર રામ-રાવણ યુદ્ધ પર. અમે વાનરસેનામાં. પૂંઠાં-પતરાંનાં ચમકતા મુગટ, ધનુષ્યબાણ, પૂંછડાં ચોંટાડેલ ચડ્ડીઓ હોય એવા ઠાઠમાઠમાં અમારી નાટકમંડળીના પ્રયોગો આખી સોસાયટીમાં થતા. વાનરમંડળી સાચકલા આંબાની ડાળ પર ચઢી બેસતી. મારા મોટા મામા ચિત્રકાર, તે અમને સુંદર મુગટ બનાવી આપતા. અમારી આ નાટ્યસેવાની સાથેસાથે નાનાજી પાસેથી શ્લોક-આર્યા શીખવાનો કાર્યક્રમ પણ ચાલુ રહેતો. વરસ આખરે બે અડધી પાટલૂન અને પહેરણ સિવાય અમારા પોશાકમાં બાપુ બીજું કાંઈ ઉમેરતા નહિ. પણ નાનાજી બાળકો માટે વાર્તાની ચોપડીઓ પુષ્કળ લાવી આપતા. ‘રામાયણ’—‘મહાભારત’ સાથેનો મારો ગ્રંથપરિચય વા. ગો. આપટેનાં પુસ્તકોથી થયો. મારા સાતમા-આઠમા વર્ષે મને લાગતું કે નાનાં બાળકોના વાચનની ચિંતા કરનારા આ એક જ લેખક અને તેમનું ‘આનંદ’ નામનું એક જ માસિક છે. તે જમાનામાં બાળકો માટે ચંપ્પલ બનાવનારા કારીગરો નહિ હોય. છેક મૅટ્રિકના વર્ગમાં ગયો ત્યારે મેં ચંપલ પહેર્યાં અને જિંદગીનો પહેલવહેલો પાયજામો ચઢાવ્યો. પણ નિશાળમાં માસ્તર સિવાય કોઈ જ ચંપલ પહેરનારું નહોતું. બાપુમંડળી કારવારથી ‘જૂતી’ લાવતી, તેને કોપરેલ તેલનું માલિસ થતું.

એટલું ખરું કે તે સમયે અમારા બાપુઓનું પણ બાળપણ જ ચાલતું હોવું જોઈએ. અમો બાળકોની કલાઉપાસનામાં તેમનો ખૂબ જ સાથ હોય. અમારા બધા જ મનોરંજન કાર્યક્રમોના એ લોકો હોંશીલા શ્રોતાઓ. “ગાવાનું નહિ, નાટક કરવાનાં નહિ, ફક્ત ભણવાની ચોપડીઓ વાંચવાની!” એવાં વાક્યો મારા બાળપણમાં બાપુમંડળીને મોઢેથી સાંભળ્યાં નથી. ઊલટું મારા બાપુજીના મોઢે ‘શાપસંભ્રમ’, ‘શારદા’ જેવાં નાટકોનાં

ગીતો જ હોય. મારા મહારુદ્રમામા તો ‘પરવશતા પાશ દૈવી’ ગાવાનું શરૂ કરે તો એવું લાગતું કે માસ્ટર દીનાનાથ આમની પાસેથી જ શીખ્યા હોવા જોઈએ! ઘરમાં સૌથી પહેલો ભૂંગળીવાળો ફોનોગ્રાફ પણ એ જ લાવેલા, જેમાં હાસ્યના વિવિધ પ્રકારો બતાવનારું એક ‘લાફિંગ સોંગ’ હતું.

સોસાયટીના બધા જ લોકો ‘જુઓ, અમારાં છોકરાં કેવાં ગુણિયલ’, એવા વટથી અમને તાકી રહેતા. મારા સાહિત્યપ્રેમી નાનાજી છોકરાં-છોકરીઓ માટે ગીતો લખી આપતા. રાયાફેણે, સાખરદાંડે જેવા નાટ્યપ્રેમી લોકો, ટાકી મહારાજ જેવા અત્યંત રસમય પ્રવચનો કરનારા ભકિતમાર્ગીઓ, ગાંઠનું ખરચીને હોંશે હોંશે ‘વાહ વા, દડો આ’ વગેરે ગીતો અંગભંગિ સાથે શીખવનારાં કૃષ્ણાબાઈ (સાહિત્યકાર જ્ઞાનેશ્વર નાડકર્ણીનાં બા)—સોસાયટીમાં આવા વડીલવર્ગનું નેતૃત્વ હોવાથી, બીજે બધે હોય છે તેવી બાળકોના કાન ખેંચીને ફક્ત ભણવા બેસાડે એવી ધાકભરી સંસ્કૃતિનો સોસાયટીનાં અમ બાળકોને ક્યારેય ત્રાસ થયો નથી.

હોંશે હોંશે આ કુટુંબો સાથે રહેવા આવ્યાં હતાં. મહિને ‘સો’ની આસપાસ બધાની આવક. મોટે ભાગે બધા અંગ્રેજી કંપનીમાં નાનામોટા કારકુની હોદ્દા પર. થોડાક જણ સરકારી નોકરીમાં. એ. એફ. ફર્ગ્યુસન કંપની, રેલી બ્રધર્સ, શો વોલેસ, ડંકન સ્ટ્રેટન, ઇમ્પીરિયલ બેંક, આવાં આવાં નામ અમારા કાન પર અથડાતાં. દિનુ, વિનાયક, ચરણ, વસંત, મોહન જેવા છોકરાઓની માયું ગમે ત્યારે જમાડે, ખાઉ આપે. આથી ‘સુકરુંડે’ કોની બા સારાં બનાવે, કોના ઘરના ‘એરાપ્પે’ સારા, ‘ચવડે’ સૌથી ફરસાં કોનાં, એની બધીયે ખબર અમો બાળકોને બરાબર રહેતી. મજમુદારનાં ઘરડાં માજી અનંત ચતુર્દશીને દિવસે સોસાયટીનાં બાળકોને એક એક વાડકી ખીર આપે. એમાં કિસમિસ હોય અને કેસરની સુગંધ પણ હોય.

આ બધાં સુખોની આડે જો સાચે જ કોઈ આવતું હોય તો તે સવારે અગિયારથી પાંચ એક પાટલી પર પાંચ પાંચ છોકરાંઓને બેસાડી રાખનારી, અંગૂઠા પકડાવનારી, કાન આમળનારી, ટેબલ પર

હાથ ઊંચો કરી તેના પર ફૂટપટ્ટીનો માર ખવડાવનારી અથવા તો મૌખિક હિસાબ ભૂલ્યા તો હરોળમાં આપણી નીચે ઊભેલાં અને હિસાબ બરાબર આવડનારાં છોકરાં પાસેથી આપણી કાનપટ્ટીમાં ફટકારાવીને, આપણને 'વાંકો વળ, ગધેડા' એવું બધું સંભળાવનારી નિશાળ. ત્યાં જતી વખતે અમારા નાટકનો રામ જ નહિ, રાવણ પણ રોજ વનવાસે જવા નીકળતો હોય તેમ નીકળતો!

નાનાં બાળકો માટે છ રવિવાર અને ફક્ત એક જ સોમવાર હોય એવું અઠવાડિયું શરૂ કરવું જોઈએ. પછી જુઓ દરેકનું બાળપણ કેવું સુખમાં જાય છે!

['ઉદ્દેશ' માસિકઃ ૨૦૦૧]

# હેમન્ત દેસાઈ

## જોઈ લેવાશે!

*થવા દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે!*
*જવાની પર ભરોસો છે સદંતર, જોઈ લેવાશે!*

*બનીને બુંદ આલમનો સમુંદર, જોઈ લેવાશે!*
*સફર કરવા કરી છે હામ, અંતર જોઈ લેવાશે!...*

*જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં,*
*હવે શું આવશે એથી ભયંકર? જોઈ લેવાશે!*

*જમાનામાં ગગન પર તારલા-શું સ્થાન તો લાધ્યું;*
*ચમકવું કેટલું ક્યારે? વખત પર જોઈ લેવાશે!*

['મિલાપ' માસિક: ૧૯૬૨]

# હેરંબ કુલકર્ણી

## પગારવધારાનો અસ્વીકાર!

હું અહમદનગરના સીતારામ સારડા વિદ્યાલયમાં માધ્યમિક શિક્ષક છું. ૧૯૯૪થી હું નોકરી કરું છું. મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં જ રાજ્યના કર્મચારીઓ માટે પાંચમા પગારપંચની ભલામણો લાગુ કરી છે. આ પગારપંચે સૂચવેલું પગારધોરણ (૫૫૦૦-૭૦૦૦) મને આપવું નહીં; હું જૂના પગારધોરણ (૧૪૦૦-૨૬૦૦) અનુસાર કામ કરવા ઇચ્છું છું, એમ હું મુખ્ય મંત્રીને સોગંદનામા પર લખી આપું છું.

પાંચમા પગારપંચ દ્વારા મળતા બધા પ્રકારના લાભ નકારવા પાછળની મારી ભૂમિકા આ પ્રમાણે છે:

અત્યારે આપણો દેશ આર્થિક આપત્તિમાંથી પસાર થઈ રહ્યો છે. આ દેવાદાર દેશે દર વર્ષે વ્યાજપેટે અબજો રૂપિયા ચૂકવવા પડે છે. દેશની આવકની લગભગ પોણા ભાગની રકમ પગાર અને વહીવટ પાછળ ખર્ચાય છે. તેને કારણે વિકાસકાર્યો અટકી પડ્યાં છે. એટલે આર્થિક પરિસ્થિતિ સુધારવી હોય તો પગારપેટે થતા ખર્ચ પર કાપ મૂકવાનું ખૂબ જરૂરી છે. પગારકપાતની શરૂઆત હું મારા પોતાનાથી કરવા ઇચ્છું છું.

પગારવધારાની માગણી માટે આપવામાં આવતું મોંઘવારીનું કારણ વિચારણીય હોય તોપણ દેશમાં ગરીબીની રેખા નીચે જીવતા કરોડો બાંધવો અતિશય ઓછી આવકમાં જીવન ગુજારતા હોય ત્યારે આપણે પોતાના બધા પ્રશ્નો આ ગરીબ બાંધવોના સંદર્ભમાં તપાસવા જોઈએ. જ્યાં માણસો ભૂખમરાનો ભોગ બનતા હોય તેવા આ દેશમાં અર્ધપેટે જીવતા લોકોની સરખામણીમાં આપણે ખૂબ સુખી જીવન વિતાવીએ છીએ; એટલે એ લોકોના ઉદ્ધાર માટે બંધુત્વની ભૂમિકાએથી આપણે પગારવધારાનો ત્યાગ કરીએ તે જરૂરી છે.

દેશમાં કરોડો રૂપિયાનાં કૌભાંડો થતાં હોય, રાષ્ટ્રપતિ, ન્યાયાધીશો, ધારાસભ્યો અને મંત્રીઓ ખૂબ તગડાં ભથ્થાં મેળવતાં હોય, મોટા પ્રમાણમાં પૈસા ઉડાવવામાં આવતા હોય, ત્યારે દેશનો વિચાર માત્ર આપણે જ શા માટે કરવો?—આવો સવાલ કેટલાકના મનમાં થાય તે સ્વાભાવિક છે. પણ કોઈ પરિવારમાં પતિ દારૂડિયો હોય, સંતાનો કુમાર્ગે ચઢેલાં હોય, તો તેમાં ગૃહિણી પતિ કે સંતાનોની જેમ વર્તતી નથી. તે કરકસર કરીને પતિ અને સંતાનોને ઠેકાણે લાવવા પ્રયત્ન કરે છે. આજે બરાબર આ જ ભૂમિકા આપણે કર્મચારીઓ લઈએ તે જરૂરી છે. તિજોરી ખાલી કરવાની સ્પર્ધામાં જો આપણે રાજકારણીઓની હારોહાર ઊભા રહીશું તો તેમની પાસેથી જવાબ માંગવાનો અધિકાર આપણે ગુમાવી બેસીશું. એટલે પગારવધારો નકારીને એ ત્યાગના નૈતિક બળે રાજકારણીઓ તેમજ ઊંચા હોદ્દા ધરાવતા નોકરશાહો દ્વારા થતી પૈસાની ઉડાઉગીરી અને કાળાં નાણાં પર કાબૂ રાખવો શક્ય બનશે.

આપણા દેશનો ઉચ્ચ વર્ગ દેશની સમસ્યાઓ વિશે ઉદાસીન છે અને નિમ્ન વર્ગ અસંગઠિત છે. આ પરિસ્થિતિમાં ક્રાન્તિની શરૂઆત મધ્યમવર્ગે જ કરવી રહી. રાજ્યકર્તાઓને દોષ દેવાથી પ્રશ્નનો ઉકેલ આવશે નહીં. કરકસરની શરૂઆત અધ્યાપકો તેમ જ બૅન્કોના કર્મચારીઓએ પગારવધારો નકારીને કરવી જોઈએ. આવા નૈતિક આંદોલન દ્વારા જ મોટા પગાર લેતા સહુ લોકો સુધી કરકસર અને રાષ્ટ્રીય ભાવનાનો સંદેશ પહોંચશે, એવો મને વિશ્વાસ છે.

પગારવધારો નકારવા પાછળની ભૂમિકા રજૂ કરતા સોગંદનામાની નકલ હું રાષ્ટ્રપતિ, પ્રધાનો, રાજ્યપાલ અને મુખ્ય મંત્રીને મોકલીને તે બધાને પણ પગારમાં કાપ મૂકવાની હાકલ કરું છું, અને સાથે જુદા જુદા રાજકીય પક્ષોને પણ વિનંતી કરું છું કે તેઓ તેમના પક્ષની વિચારધારામાં માનતા કર્મચારીઓને આવી હાકલ કરે.

આ નિર્ણય દ્વારા હું કોઈ મોટો ત્યાગ કરી રહ્યો છું એવો મારો દાવો નથી. દેશની સમસ્યાઓની સરખામણીમાં આ અત્યંત ક્ષુલ્લક વાત છે. પણ દેશના સર્વ સરકારી કર્મચારીઓ, અધ્યાપકો અને બૅન્ક

કર્મચારીઓને હું નમ્ર પ્રાર્થના કરું છું કે તે બધાંએ રાષ્ટ્રને નજર સમક્ષ રાખીને પગારવધારાનો અસ્વીકાર કરતું સોગંદનામું રજૂ કરીને રાજ્યકર્તાઓને પણ હાકલ કરવી.

(અનુ. સંજય શ્રી. ભાવે)

['સાધના' અઠવાડિક: ૧૯૯૮]

# હેલન કેલર

## આવતી કાલે જ....

હું જાતે આંધળી, જે લોકો દેખતા છે તેમને એક સૂચન કરી શકું તેમ છું: આવતી કાલે જ જાણે કે તમારી પર અંધાપો ઊતરી પડવાનો છે તેમ સમજીને તમારી આંખો વાપરજો! અને બીજી ઇંદ્રિયોને પણ એ જ રીત લાગુ પાડી શકાય. માનવ-શબ્દોનું સંગીત, પંખીનું ગાન, સુરાવલિના પ્રચંડ સ્વરો—જાણે કે આવતી કાલે જ તમે બહેરા બની જવાના હો તે રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય તેને એ રીતે હાથ લગાડજો કે જાણે કાલે તમારી સ્પર્શેંદ્રિય બંધ પડી જવાની છે. પુષ્પોને એવી રીતે સૂંઘજો અને રોટલાનું પ્રત્યેક બટકું એવી લિજ્જતથી મમળાવજો કે જાણે કાલથી તમે કદી સુવાસ કે સ્વાદ અનુભવી શકવાના નથી. આ સૃષ્ટિએ તમારી સન્મુખ પાથરેલાં સુખ અને સૌંદર્યના એકેએક પાસાને માણજો. પ્રત્યેક ઇંદ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.

## જીવનચિત્રોની માળા

યુનાઇટેડ સ્ટેઇટ્સના આલાબામા રાજ્યમાં આવેલા ટસ્કુંબીઆ નામના એક નાનકડા ગામમાં ૧૮૮૦ના જૂન માસની ૨૭ તારીખે હું જન્મી હતી.

જે માંદગીએ મારાં આંખ અને કાનની શક્તિ હરી લીધી, તે આવતાં સુધી હું એક નાનકડા ઘરમાં રહેલી. દ્રાક્ષ, ગુલાબ અને ‘હનીસકલ’ના વેલાઓથી એ ઘર આખું આચ્છાદિત રહેતું; તે એક લતામંડપ જેવું જ લાગતું; ગુંજતાં પક્ષીઓ અને મધમાખીઓનું તે પ્રિય ધામ હતું. એનો બાગ મારે માટે બાળપણમાં સ્વર્ગ સમાન હતો.

ફૂલોના એ બાગમાં સુખચેનમાં રખડવાનો કેવો આનંદ આવતો હતો!

*

દરેક બાળકની જેમ મારા જીવનની શરૂઆત સાદી-સરળ હતી. કુટુંબમાં પહેલા ખોળાના બાળકનું હંમેશ હોય છે તેમ, આવતાંવેંત મેં બધાંનાં મન હરી લીધાં. પણ મારા સુખી દહાડા બહુ લાંબા ન પહોંચ્યા. રોબીન તથા બીજાં પક્ષીઓથી સંગીતમય બનેલી એક ટૂંકડી વસંત, ગુલાબ અને ફળોથી ભરચક એક ઉનાળો, નારંગી ને સુવર્ણરંગી એક પાનખર ઋતુ: આ ત્રણે આવતાંકને ઝપાટામાં પસાર થઈ ગયાં, આતુર આનંદિત બાળક આગળ એમની વિભૂતિઓ મૂકતાં ગયાં. પછી અણગમતો ફેબ્રુઆરી માસ આવ્યો અને મને અંધાપો ને બહેરાશ આપનાર માંદગી આવી, જેણે મને પાછી નવા જન્મેલા બાળકના જેવા અજ્ઞાન અંધારામાં પટકી દીધી. પેટ અને મગજ પર જોરથી લોહી ચડી આવ્યું, એમ બધા કહેતા. દાક્તરને લાગતું કે હું જીવવાની નથી. પરંતુ એક દિવસ સવારના તાવ જેવો આવ્યો હતો તેવો ગુપચુપ ને ઓચિંતો ઊતરી ગયો! એ સવારે તો આખું કુટુંબ ખૂબ આનંદમાં આવી ગયું. પરંતુ દાક્તર સુધ્ધાં કોઈને ખબર ન પડી કે હવે પછી ફરી કદી હું જોઈ કે સાંભળી શકવાની નહોતી.

મને આવરી રહેલાં નીરવતા અને અંધકારથી હું ધીમે ધીમે ટેવાઈ ગઈ, અને એનાથી ભિન્ન દશા મારી કદીય હતી એ આશંકા પણ ન રહી. આ મારી કેદ મને મારાં મુક્તિદાયી ગુરુ મળ્યાં ત્યાં સુધી ચાલી. પણ મારા જીવનના પ્રથમ ઓગણીસ માસમાં જે વિસ્તીર્ણ હરિયાળાં ખેતરો, પ્રકાશવંતું આકાશ તથા ઝાડ ને ફૂલ જોયેલાં તે બધાંની ઝાંખી આ પાછળથી આવનાર અંધકાર સાવ ભૂંસી શક્યો નથી.

*

આ મારી માંદગી પછી તરતના થોડા માસમાં શું બન્યું એ વિશે કાંઈ યાદ આવી શકતું નથી. આટલી જ ખબર છે કે હું મારી બાના ખોળામાં બેસતી, અથવા ઘરકામ કરતી તે આમતેમ ફરતી હોય ત્યારે તેનાં કપડાંને વળગી રહેતી. મારા હાથ દરેક ચીજને સ્પર્શી જોતા અને હરેક જાતના હલનચલન પર ધ્યાન રાખતા. અને આ રીતે હું

ઘણી ચીજોને ઓળખતાં શીખી હતી. પછી મને બીજાં સાથે કાંઈક સંસર્ગમાં આવવાની જરૂર જણાવા લાગી; અને મેં ખોટીખરી સૂઝી એવી નિશાનીઓ કરવા માંડી. માથું ધુણાવું એનો અર્થ "ના" અને સ્વીકારસૂચક હલાવું એનો અર્થ "હા". ખેંચવાની ક્રિયાથી "આવો" અને ધકેલવાની ક્રિયાથી "જાઓ" એમ સમજાવતી. રોટી જોઈતી હોય તો તે કાપવાની અને તેને માખણ લગાવવાની નિશાની કરું. "આઇસક્રીમ બનાવ", એમ બાને કહેવું હોય તો સંચો ફેરવવાની ક્રિયા બતાવીને, ઠંડક સૂચવવા ધ્રૂજું. ઉપરાંત, મારી માતાએ પણ મને ઘણું શીખવ્યું હતું. એને ક્યારે શું જોઈએ છે તે હું હંમેશ જાણી લેતી અને માળ પર કે બીજે જ્યાં કહે ત્યાં દોડીને તે લઈ આવતી. મારે માટેની એ લાંબી રાત્રીના અંધકારમાં જે કાંઈ ઉજ્જ્વળ અને પ્રિયકર હતું તે બધું મારી માતાનાં પ્રેમ અને ડહાપણને જ આભારી હતું.

મારી આસપાસ જે કાંઈ બનતું તેમાંનું ઘણું હું સમજતી. પાંચ વર્ષની થઈ ત્યારે ધોવાઈને કપડાં આવે તે વાળી-ગોઠવીને મૂકતાં મને આવડતું, અને એમાંથી મારાં કપડાં હું ઓળખી લેતી. મારી બા કપડાં બદલે તેની રીત પરથી હું જાણી જતી કે તે બહાર જાય છે, ને મને સાથે લઈ જવા હું અચૂક એને આજીજી કરતી.

બીજા લોકથી હું ભિન્ન છું એ ભાન પ્રથમ મને ક્યારે થયું, તે યાદ નથી. પણ મારાં શિક્ષિકા મને મળ્યાં તે પહેલાં મેં એ જાણેલું. એટલું મારા ધ્યાનમાં આવ્યું હતું કે બીજાંને કાંઈ કહેવું કરવું હોય ત્યારે મારી બા કે મારા મિત્રો મારી જેમ નિશાનીઓ નહોતાં કરતાં, પરંતુ મોઢા વતી વાત કરતાં હતાં.

તે દિવસોમાં મારાં નિત્યનાં સોબતી બે હતાં: અમારા હબસી રસોયાની માર્થા નામની એક નાની છોકરી, અને ચોકી કરનારી ઘરડી કૂતરી બેલ્લી. માર્થા મારી નિશાનીઓ સમજતી, એટલે એની પાસે ઇચ્છા પ્રમાણે કામ લેતાં મને ભાગ્યે જ મુશ્કેલી પડતી. એની ઉપર હુકમ ચલાવવામાં મને આનંદ આવતો.

હું ને માર્થા ઘણો વખત રસોડામાં ગાળતાં. ત્યાં અમે કણક

કેળવીએ, કોફી દળીએ, આઇસક્રીમ બનાવવામાં મદદ કરીએ, અને રસોડાનાં પગથિયાં પાસે ટોળે વળતી મરઘીઓને ચણ આપીએ. દાણો ભરવાની વખારો, ઘોડાના તબેલા અને સાંજ-સવાર જ્યાં દૂધ દોવાતું તે ગાયોનો વાડો-આ સ્થાનો માર્થા અને મારે માટે અચૂક આનંદનાં ધામ હતાં.

લાંબા વખત સુધી હું મારી નાની બહેન વિશે એમ જ માનતી કે એ વગર હકે ઘરમાં ઘૂસી ગઈ છે. મને એટલી ખબર પડી ગઈ હતી કે હવે હું એકલી જ મારી માની વહાલસોયી નથી રહી, અને એ વિચારથી મને ઈર્ષા ઊપજતી. અગાઉ હું જ્યાં બેસતી તે મારી માના ખોળામાં હવે તે નિત્ય બેસી રહેતી, અને માનો બધો સમય એની જ કાળજી રાખવામાં વીતતો હતો એમ મને લાગતું.

*

દરમિયાન, મનની વાત પ્રગટ કરવાની મારી ઇચ્છા વધતી ગઈ. તેમ કરવાને સારુ જે થોડીક નિશાનીઓ હું ઉપયોગમાં લેતી, તે વધારે ને વધારે અપૂરતી થતી જતી હતી. સામા માણસને મારું મનોગત સમજાવવામાં અફળ નીવડું તો અચૂક હું ભારે ક્રોધાવેશમાં આવી જતી. મને એમ લાગતું કે જાણે અદૃશ્ય રીતે કોકના હાથ મને પકડી રાખે છે, અને તેમાંથી છૂટવા હું ગાંડી થઈને પ્રયત્ન કરું છું. હું છૂટવા મથતી ખરી, પણ તેથી કાંઈ વળતું ન હતું. પણ મારી પ્રતિકારવૃત્તિ ઘણી પ્રબળ હતી. પરિણામે સામાન્યત: હું રુદન અને શરીરશ્રમથી ભાંગી પડીને લોથ થઈ જતી. થોડા વખત પછી, સંસર્ગના કશા પણ સાધનની જરૂર એટલી બધી તીવ્ર થઈ કે આવા આવેગના બનાવો રોજ, કોઈ વાર તો કલાકે કલાકે, બનતા.

મારાં માતાપિતાને આથી અપાર દુ:ખ થતું ને એ મૂંઝાતાં. આંધળાં કે બહેરાંની એક પણ શાળાથી અમે બહુ દૂર રહેતાં હતાં, અને આંધળા તેમ જ બહેરા એવા બેવડા અપંગ બાળકને, ધોરી માર્ગથી આઘા આવેલા એવા ટસ્કુંબીઆ ગામમાં, કોઈ પણ શિક્ષક ભણાવવા આવે, તે અસંભવિત લાગતું હતું. ડિકન્સની ‘અમેરિકન નોટ્સ’ નામની

ચોપડી, એ જ મારી માતાનું એકમાત્ર આશાકિરણ હતું. એમાં કર્તાએ આપેલું લોરા બ્રિજમેનનું વર્ણન એણે વાંચેલું. એમાંથી એને ઝાંખું ઝાંખું એ યાદ હતું કે તે બાઈને, બહેરી અને અંધ હોવા છતાં, કેળવણી અપાયેલી. પરંતુ એની સાથે તેને એ પણ યાદ હતું કે આંધળાં ને બહેરાં માટે શિક્ષણપદ્ધતિ શોધનારા ડો. હાઉ ઘણાં વર્ષ ઉપર ગુજરી ગયા હતા. આથી એને નિરાશાથી દુઃખ થતું-કદાચ એમની શિક્ષણપદ્ધતિ એમની સાથે જ દફનાઈ ગઈ હોય; અને એમ ન બન્યું હોય તોય આલાબામાના દૂર ખૂણેખાંચરે આવેલા ગામની એક નાની છોકરી એનો લાભ કેમ કરીને લેવાની હતી!

હું છ વર્ષની હતી ત્યારે મારા પિતાએ બાલ્ટીમોરના એક પ્રખ્યાત આંખના દાક્તર વિશે સાંભળ્યું. નિરાશ થવા જેવા કેસોની અંદર પણ આ દાક્તર ફાવ્યા હતા. આ પરથી મારી આંખોનું કાંઈ થઈ શકે કે કેમ એ તપાસવા, મારાં માતાપિતાએ તરત એમની પાસે મને લઈ જવાનો નિર્ણય કર્યો. બાલ્ટીમોરની મુસાફરી મને બરાબર યાદ છે. એમાં મને ખૂબ મજા પડી હતી. ગાડીમાં મેં ઘણાં જોડે મૈત્રી બાંધી હતી. એક સ્ત્રીએ મને શંખલાંની પેટી આપી. મારા પિતાએ એ શંખલાંમાં કાણાં પાડી આપ્યાં, જેથી હું તેનો હાર બનાવી શકતી. આ શંખલાંથી રમવામાં ઘણા વખત સુધી મને આનંદ અને સંતોષ મળતો રહ્યો. ગાડીનો ટિકિટ-કલેક્ટર પણ ભલો માણસ હતો. જ્યારે એ ડબ્બાઓમાં ફરવા નીકળતો ત્યારે ઘણી વાર હું એના કોટનો પાછલો છેડો ઝાલીને સાથે જતી, અને એ એનું ટિકિટોને ટાંકવાનું કામ કર્યે જતો. એના ટાંકણાથી તે મને રમવા પણ દેતો. એ મજેદાર રમકડું હતું. બેઠકના એક ખૂણામાં ગોચલું વળીને બેઠી બેઠી હું કલાકો સુધી એની વડે પત્તાના ટુકડાઓમાં મજાનાં કાણાં પાડવામાં આનંદતી.

એ આખી મુસાફરીમાં મને એકે વાર ક્રોધનો આવેશ આવ્યો નહોતો: મારાં મગજ અને આંગળીઓને કામમાં રોકાયેલાં રાખવા માટે પૂરતી વસ્તુઓ મને મળી હતી.

અમે બાલ્ટીમોર પહોંચ્યાં ત્યારે ડો. ચિઝમે અમને મમતાપૂર્વક

સત્કાર્યાં. પણ મારે માટે એ કશું કરી શકે એમ નહોતા. એમણે એટલું કહ્યું કે મને કેળવણી આપી શકાશે, અને મારા પિતાને સલાહ આપી કે વોશિંગ્ટનના ડો. એલેકઝાંડર ગ્રેહામ બેલને મળો; તેઓ આંધળાં કે બહેરાં બાળકોની શાળા ને શિક્ષકો વિશે માહિતી આપી શકશે. આ સલાહને આધારે અમે ડો. બેલને મળવા તરત વોશિંગ્ટન ઊપડ્યાં. તે વેળા મારા પિતાના હૃદયમાં અનેકાનેક શંકાજન્ય ભય અને વિષાદ હતાં. પણ મને તો તેમના એ દુઃખની બિલકુલ ખબર નહોતી-એક જગ્યાએથી બીજે ફરવાની ઉત્તેજનાના આનંદમાં જ હું તો મગ્ન હતી.

કેટલાંય હૃદયોને જેના મૃદુલ ને સંવેદનશીલ સ્વભાવે પ્રેમથી જીતી લીધાં છે અને જેનાં અદ્ભુત કાર્યોએ તેવું જ ભારે માન મેળવ્યું છે, એવા ડો. બેલનો એ સ્વભાવ મારા જેવા બાળકે તરત જોઈ લીધો. એમણે મને ખોળામાં બેસાડી ને હું બેઠી બેઠી તેમનું ઘડિયાળ તપાસતી હતી. મને એમણે તેના ટકોરા વગાડી બતાવ્યા; મારી નિશાનીઓ તે સમજતા, એ મેં જાણ્યું ને તરત મને તેમના પર હેત આવ્યું. પરંતુ આ મુલાકાત મારે માટે તમસમાંથી જ્યોતિમાં જવાનું, એકલપણામાંથી મિત્રતા, સોબત, જ્ઞાન, પ્રેમ પ્રાપ્ત કરવાનું દ્વાર બનશે એવું મને સ્વપ્ને પણ નહોતું.

બોસ્ટનની પર્કીન્સ સંસ્થામાં ડો. હાઉએ આંધળાંના ઉદ્ધાર માટે ભારે જહેમત ઉઠાવેલી. ડો. બેલે મારા પિતાને સલાહ આપી કે, તમે એના નિયામકને લખો ને પૂછો કે આ તમારી દીકરીને કેળવણી આપી શકે એવો કોઈ શિક્ષક એમની પાસે છે? તરત મારા પિતાએ ત્યાં લખ્યું અને થોડાં અઠવાડિયાંમાં, શિક્ષક મળી ગયાની શાંતિદાયી ખાતરી આપનારો પત્ર આવ્યો. સન ૧૮૮૬ના ઉનાળાની આ વાત.

આમ હું મારા અંધકારમાંથી નીકળી પ્રકાશધામ આગળ આવીને ઊભી, અને ત્યાં કોઈ દિવ્ય શક્તિએ મારા આત્માને સ્પર્શીને એને પ્રજ્ઞાચક્ષુ આપ્યાં, જે વડે મેં ઘણા ચમત્કારો પછી જોયા.

*

મારી જંદિગીમાં વધારેમાં વધારે મહત્ત્વનો દિવસ મને યાદ છે

તે એ કે જે દિવસે મને મારાં શિક્ષિકા, મિસ સલિવન આવી મળ્યાં. જે બે પ્રકારનાં જીવનને આ દિવસ સાંકળે છે એની વચ્ચેના અમાપ ભેદનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે આશ્ચર્યચકિત થાઉં છું. તે દિવસ ૧૮૮૭ના માર્ચની તા. ૩ હતી. ત્યારે મને સાતમું વર્ષ પૂરું થવામાં ત્રણ માસ બાકી હતા.

તે દિવસે સાંજે હું ચૂપચાપ પણ આકાંક્ષિત ચિત્તે ખડકી પર ઊભી હતી. મારી માતાની નિશાનીઓ અને ઘરમાં આમતેમ થતી હરફર પરથી મેં આછું અનુમાન બાંધેલું કે આજે કાંઈક અસામાન્ય બનવાનું છે. એટલે હું બારણે જઈ પગથિયાં પર આતુરતાથી ઊભી હતી. સાંજનો સૂર્યપ્રકાશ ખડકી પર પથરાયેલી ‘હનીસકલ’ની લતાના ઝુંડને ભેદીને મારા ઊંચે જોતા ચહેરા પર પડતો હતો. મને પરિચિત એવાં તેનાં પાંદડાં પર ફરતી મારી આંગળીઓ, લગભગ અજાણપણે, એમની ઉપર ઠરી જતી હતી. શી અદ્‌ભુતતા કે આશ્ચર્ય ભવિષ્ય મારે માટે લાવી રહ્યું છે, એ હું જાણતી નહોતી.

ઘાડ ધૂમસમાં તમે કદી દરિયાઈ મુસાફરી કરી છે? તે વેળા જાણે તમે સ્પષ્ટ દેખાતા ધવલ અંધકારમાં આવરાયેલા હો; અને ચિંતામગ્ન વહાણ પાણી માપતું માપતું કિનારા તરફનો રસ્તો શોધતું જતું હોય; અને ધબકતે હૈયે, હવે શું થાય છે એ જોવા તમે આતુર હો-આવું કદી અનુભવ્યું છે? મારી કેળવણીની શરૂઆત થતાં પહેલાં, એ વહાણ જેવી મારી દશા હતી. મારા આત્મામાંથી આ જ અશબ્દ પ્રાર્થના નીકળતી હતી: “તમસો મા જ્યોતિર્ગમય, તમસો મા જ્યોતિર્ગમય.” અને તે જ ઘડીએ મારે માટે પ્રેમળ જ્યોતિ પ્રગટી…

કોઈકના આવવાનો પગરવ મને લાગ્યો. એ મારી માતા છે, એમ ધારી મેં મારો હાથ આગળ પસાર્યો. કોઈકે તે ઝાલ્યો, મને ઊંચકી લીધી; અને જેઓ વસ્તુમાત્ર પરનો મારો અંધકારપટ દૂર કરવા આવ્યાં હતાં,-ના, બધી વસ્તુઓ કરતાંય વધારે મહત્ત્વનું-જે મારા ઉપર પ્રેમ વરસાવવા આવ્યાં હતાં, એમણે મને પોતાની બાથમાં લીધી.

મારાં ગુરુ આવ્યાં એને બીજે દિવસે સવારે તે મને પોતાના

ઓરડામાં લઈ ગયાં, અને મને એક ઢીંગલી આપી. થોડો વખત હું એની સાથે ખેલી. પછી મિસ સલિવને ધીમેથી મારા હાથમાં 'ઢીં…ગ…લી' શબ્દ લખ્યો. એમ આંગળીઓથી રમવામાં તરત મને મજા પડી અને હું તેનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવા લાગી. છેવટે જ્યારે એ અક્ષરો બરાબર લખતાં આવડી ગયા ત્યારે મારાં બાલોચિત આનંદ અને અભિમાનનો પાર ન રહ્યો. નીચે મા પાસે દોડી જઈને મેં મારો હાથ ઊંચો કર્યો અને 'ઢીંગલી' શબ્દ લખ્યો. મને ખબર નહોતી કે હું એક શબ્દની જોડણી લખતી હતી, અથવા તો શબ્દો જેવી કોઈ વસ્તુ જ હતી. હું તો, વાંદરાની પેઠે, વગર સમજ્યે, માત્ર નકલ કરતી જતી હતી. આવી અણસમજમાં પછીના દિવસોમાં હું બીજા ઘણા શબ્દો લખતાં શીખી-'ટાંકણી', 'ટોપી', 'પ્યાલો', 'બેસવું', 'ચાલવું' વગેરે.

*

એક દહાડો, જ્યારે હું મારી નવી ઢીંગલી જોડે રમતી હતી ત્યારે મિસ સલિવને ચીંથરાંની બનાવેલી મારી મોટી ઢીંગલી પણ મારા ખોળામાં મૂકી અને 'ઢીં…ગ…લી' એમ લખ્યું, અને 'ઢીંગલી' હસ્તાલેખ એ બેયને લાગુ પડે છે એમ મને સમજાવવા પ્રયત્ન કર્યો. તે દિવસે આ પહેલાં અમારે બેને 'જ…ળ…પા…ત્ર' અને 'પા…ણી' એ શબ્દો પર ઝઘડો થયો હતો. મિસ સલિવન મને એમ ઠસાવવા મથતાં હતાં કે 'જ…ળ…પા…ત્ર' એટલે જળપાત્ર અને 'પા…ણી' એટલે પાણી. પરંતુ હું એ બે વચ્ચે ગોટાળો કર્યા જ કરતી.

ગુરુજીએ મારી ટોપી મને આણી આપી, એથી હું સમજી ગઈ કે હવે હૂંફાળા સૂર્યપ્રકાશમાં મારે ફરવા જવાનું હતું. આ વિચારે મને આનંદથી નાચતી કરી મૂકી. જળાગાર પર હનીસકલની લતા પથરાયેલી હતી. તેની સુગંધથી આકર્ષાઈ અમે તે તરફને રસ્તે વળ્યાં. ગુરુજીએ પાણીની ધાર નીચે મારો એક હાથ લઈને ધર્યો; અને તેની પર થઈ પાણી વહી જતું હતું એની સાથોસાથ બીજા હાથ પર તેમણે 'પાણી' શબ્દની જોડણી લખી. શરૂઆતમાં ધીમે ધીમે લખી, પછી એ ઝપાટાબંધ લખવા લાગ્યાં. બધું ધ્યાન એમની આંગળીઓના હલનચલન પર એકાગ્ર

કરીને હું સ્તબ્ધ ઊભી હતી. ઓચિંતું અને અગમ્ય રીતે મને ભાષાનું ગૂઢ રહસ્ય પ્રત્યક્ષ થયું: તે વખતે મને ખબર પડી કે 'પા...ણી'નો અર્થ મારા હાથ પરથી વહેતો ચમત્કારી ઠંડો પદાર્થ. એ જીવંત શબ્દે મારા આત્માને જાગ્રત કર્યો; એમાં પ્રકાશ, આશા અને આનંદ રેડાયાં- એને મુક્ત કર્યો. હજીય મારે બંધનો હતાં એ ખરું; પણ હવે એ બધાં અમુક વખતમાં ઉકેલી નાખી શકાય તેવાં હતાં.

ભણવાની આતુરતા લઈને હું જળાગારથી નીકળી. વસ્તુમાત્રને નામ હતું, અને દરેક નામ નવો વિચાર જન્માવતું હતું. ઘેર પાછાં જતાં રસ્તામાં જેને હું અડકું તે દરેક ચીજ જીવનથી તરવરતી લાગતી હતી. તે દિવસે હું ઘણા નવા શબ્દો શીખી. તે ક્રાંતિકર દિવસને અંતે મારી પથારીમાં પડી પડી, દિવસ દરમિયાન અનુભવેલા આનંદો હું વાગોળતી હતી ત્યારનો મારો સુખાસ્વાદ ભાગ્યે જ બીજા કોઈ બાળકનો હશે. જીવનમાં પહેલી વાર મને થયું કે, નવો દિવસ હવે ક્યારે ઊગે!

*

૧૮૮૭માં ઓચિંતાં મારાં પ્રજ્ઞાચક્ષુ ઊઘડ્યાં, ત્યાર પછીના ઉનાળાના ઘણા બનાવો મને યાદ છે. જે જે વસ્તુને અડું તેનું નામ જાણું અને હાથ વતી તેને બરોબર ઓળખું-આ સિવાય બીજું કાંઈ હું કરતી જ નહીં. અને આમ, જેમ જેમ હું વધારે ને વધારે વસ્તુઓને હાથ વડે 'જોતી' ગઈ અને એમનાં નામ તથા ઉપયોગ શીખતી ગઈ, તેમ તેમ જગત જોડેની મારી ઐક્યભાવનાનો આનંદ અને વિશ્વાસ વધતાં ગયાં.

હવે તો મને સમગ્ર ભાષાની ચાવી મળી ગઈ હતી; એટલે એનો ઉપયોગ શીખવા હું ઇંતેજાર હતી. સાંભળતાં બાળકો ખાસ કશા પ્રયત્ન વિના ભાષાજ્ઞાન પ્રાપ્ત કરે છે. ઊડતાં પંખીની જેમ તેઓ બીજાનાં મુખમાંથી નીકળતા શબ્દો રમત-વાતમાં ગ્રહણ કરી લે છે. પણ બિચારા બહેરા બાળકને તો એ શબ્દો ધીમે ધીમે, અને ઘણી વાર દુ:ખદ રીતે, પકડવા પડે છે. પરંતુ એ રીત ગમે તેવી હોય, પરિણામ એનું અજાયબ આવે છે. પ્રથમ પદાર્થનું નામ શીખવાથી માંડીને ધીમે ધીમે

પગથિયાં વાર આગળ જતાં જતાં છેવટે, એક તરફ આપણા પ્રથમ બોલાયેલા તોતડા તૂટેલા શબ્દ અને બીજી તરફ શેક્સપિયરની કડીમાં રહેલી વિચારસમષ્ટિ-એ બે વચ્ચેના બહોળા વિસ્તારને આપણે વટાવી કાઢીએ છીએ.

ઘર કરતાં સૂર્યપ્રકાશિત વનો અમને વધારે ગમતાં; એટલે અભ્યાસાદિ અમે ઘર બહાર કરતાં. આથી મારા શરૂઆતના બધા અભ્યાસ જોડે વનશ્રીની સુગંધનાં સંભારણાં વણાયેલાં છે. વિશાળ ‘ટ્યુલિપ’ વૃક્ષની પ્રસન્ન છાયા નીચે બેસીને હું એમ વિચારતાં શીખી કે વસ્તુમાત્રમાં આપણે માટે બોધપાઠ છુપાયેલો છે. ખરેખર ગુંજતી, ગાતી, બમણતી કે ખીલતી દરેક ચીજે મારી કેળવણીમાં ભાગ ભજવ્યો છે.

આ પ્રમાણે મેં જીવનમાંથી જ મારી કેળવણી લીધી. શરૂઆતમાં હું અનેક સુપ્ત શક્તિઓનો સમૂહ માત્ર હતી. મારાં ગુરુજીએ તે બધીને જાગ્રત કરી અને ખીલવી. તે આવ્યાં એટલે મારી આસપાસની બધી ચીજો પ્રેમ અને આનંદ પ્રસારતી અર્થપૂર્ણ બની. આવ્યાં ત્યારથી એકે વાર એમણે વસ્તુમાત્રમાં રહેલી સુંદરતા મને બતાવવાની તક જતી નથી કરી; અને મારા જીવનને મધુર ને ઉપયોગી બનાવવા તેઓ તન-મનથી ને પોતાના આચારના ઉદાહરણથી સતત મથ્યાં છે.

મારી કેળવણીના આરંભનાં વર્ષો આવાં સુંદર વીતવાનું કારણ મારાં ગુરુજીની પ્રતિભા, તેમની અવિરત સહાનુભૂતિ અને વહાલભર્યું ચાતુર્ય હતાં. આટલા બધા ઉલ્લાસ અને આનંદથી હું જ્ઞાન ગ્રહણ કરતી એનું કારણ એ હતું કે, તે કઈ ઘડીએ આપવું યોગ્ય છે એ વિચારીને તે ચાલતાં. મારાં ગુરુજી અને હું એટલાં નિકટ છીએ કે એમનાથી અલગપણે હું મારે વિશે વિચાર જ નથી કરી શકતી. બધી લાવણ્યમય વસ્તુઓમાંનો મારો આનંદ કેટલો મારો પોતાનો નૈસર્ગિક છે અને કેટલો એમને આભારી છે, એ હું કદી કહી શકનાર નથી. મને લાગે છે કે એમનો અને મારો આત્મા અવિભાજ્ય છે. જે કાંઈ ઉત્કૃષ્ટ મારામાં છે, તે એમનું છે. મારામાં એકે એવી શક્તિ કે આકાંક્ષા

કે આનંદ નથી, જે એમના પ્રેમસ્પર્શથી જાગ્રત ન થયાં હોય.

(અનુ. મગનભાઈ પ્ર. દેસાઈ)

['અપંગની પ્રતિભા' પુસ્તક]

# પ્રકીર્ણ

## ગવતરી – લોકસાહિત્ય

*સરગ ભવનથી રે ઊતર્યાં ગવતરી,*
*આવ્યાં મરતૂક લોકમાં મા'લવા રે,*
*ચરવા ડુંગરડે ને પાણી પીવા ગંગા;*
*વાઘ વીરાની નજરે પડ્યાં રે.*
*ઊભાં રો', ગવતરી, પૂછું એક વાત!*

*મોઢે આવ્યું ખાજ નહિ મેલું રે.*
*સાંભળ, વાઘ વીરા! કહું તને વાતઃ*
*ઘેર મેં મેલ્યાં નાનાં વાછરું રે.*
*ચંદર ઊગ્યાની, વીરા, અવધ્યું આપો!*

*વાછરું ધવરાવી વ્હેલાં આવશું રે.*
*નો રે આવું તો બાવા નંદજીની આણ્યું,*
*ચાંદો સૂરજ આપું સાખિયા રે!*

*પે'લો હીંહોટો ગાયે સીમડિયે નાખ્યો,*
*બીજે હીંહોટે આવ્યાં વાડીએ રે.*
*ત્રીજો હીંહોટો ગામને ગોંદરે નાખ્યો,*
*ચોથે હીંહોટે વાછરું ભેટિયાં રે.*

*ઊઠો ઊઠો, વાછરું! ધાવો માનાં દૂધ,*
*અવધ્યું આવી વીરા વાઘની રે.*
*ઘેલી માતા કામધેનુ, ઘેલડિયાં મ બોલો!*
*કળપેલું દૂધ કડવો લીંબડો રે.*

*મોર્ય ચાલ્યાં વાછરું ને વાંસે માતા કામધેનુ,*
*કલ્યાણી વનમાં ઊભાં રિયાં રે.*

*ઊઠો ઊઠો, વાઘ મામા, પે’લાં અમને મારો,*
*પછી મારો અમારી માતને રે.*

*નાનાં એવાં વાછરું, તમને કોણે શીખવિયાં,*
*કિયે વેરીડે વાચા આલિયું રે!*
*રામે શીખવિયાં, લખમણે ભોળવિયાં,*
*અરજણે વાચા આલિયું રે.*
*નાનાં એવાં વાછરું, તમે કરો લીલાલે’ર,*
*વસમી વેળાએ સંભારજો રે.*

[ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીતઃ ‘રઢિયાળી રાત’ પુસ્તક]

## હસી પડી શા માટે?

બલ્ખના સુલતાનની જાહોજલાલી એવી હતી કે રોજ રાતે તેમના પલંગ ઉપર સવામણ તાજાં ફૂલોની સેજ બિછાવવામાં આવતી.

ફૂલોની એ સેજ પાથરનાર દાસીને એક દિવસ થયું કે, સુલતાનને આવવાને હજી વાર છે ત્યાં, લાવને, થોડી વાર હું સેજ પર સૂઈ જોઉં! અને પછી પલંગ પર આડી પડતાંની સાથે જ, દૈવયોગે, તેને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. થોડી વાર પછી સુલતાન શયનખંડમાં આવ્યા... ત્યાં પોતાની પથારી પર દાસીને સૂતેલી જોઈને એમના ક્રોધનો પાર ન રહ્યો. કોરડો લઈને એમણે દાસીના દેહ પર બેચાર ફટકા લગાવ્યા.

રડતી ને કાંપતી દાસી તરત જ પલંગ પરથી ઊતરી ગઈ અને પછી રડતાં રડતાં એકદમ હસી પડી. તેનું આવું વિચિત્ર વર્તન જોઈને સુલતાનનો ગુસ્સો જરા ઠંડો પડ્યો, અને એમણે પૂછ્યું, “તું આમ અચાનક હસી કેમ પડી?”

દાસીએ નરમાશથી કહ્યું, “જહાંપનાહ, મને હસવું તો એમ વિચાર કરતાં આવ્યું કે હું બે ઘડી આ ફૂલોની પથારીમાં સૂતી હઈશ, ત્યાં કોરડાના બે-ચાર ફટકા ખાવાનું મારા નસીબમાં આવ્યું. પરંતુ આપ

નામદાર તો રોજ આખી રાત આ સેજ પર સૂવો છો, તો ખુદા પાક આપને એની કોણ જાણે કેવીય સજા કરશે?—બસ, એ જ વિચારથી મને હસવું આવી ગયું!”

[‘પ્યારા બાપુ’ માસિકઃ ૧૯૫૭]

## “મારે માટે શું રહેશે?”

સિકંદર બાદશાહના પિતા પરાક્રમી રાજા ફિલિપ હતા. સિકંદરની નાની ઉંમરે ફિલિપે યુરોપ-એશિયાના ઘણા દેશો ઉપર ચડાઈ કરીને તેને સર કરી લીધા હતા. તેઓ વિજયવંત થઈને પાછા આવ્યા ત્યારે આખા રાજ્યમાં આનંદોત્સવ થયો, પણ દિગ્વિજયના સમાચાર સાંભળીને નાનો સિકંદર તો રાજમહેલમાં રડી પડ્યો. કોઈએ એને ઠપકો આપીને પૂછ્યું, “આમ કેમ રડે છે? તારા બાપ આખી દુનિયા જીતીને આવ્યા છે, એટલે તારે તો હરખાવું જોઈએ ને!”

પણ નાના સિકંદરે જવાબ આપ્યોઃ “જો મારા બાપ આખી દુનિયા જીતી જાય, તો પછી મારે માટે જીતવાનું શું રહેશે?”

**ફાધર વાલેસ**

[‘યૌવનવ્રત’ પુસ્તક]

## રમતનું ગાંડપણ

આપણા દેશમાં ક્રિકેટની રમત વધુ લોકપ્રિય છે, પણ દુનિયાના ઘણાખરા દેશો ફૂટબોલ પાછળ ગાંડા છે. રમતગમતનો આ શોખ અને આનંદ જ્યારે ઘેલછા બનીને પાગલપણાની હદ વટાવે, ત્યારે કેવાં ગંભીર પરિણામો આવે એ પણ જાણવા જેવું છે. ૨૦૦૨ના વર્લ્ડ કપમાં યજમાનદેશ જાપાનની ટીમે રશિયાની ટીમને હાર આપી તેના કારણે રશિયામાં વ્યાપક તોફાનો ફાટી નીકળ્યાં હતાં. ફૂટબોલની મૅચ અને

દુર્ઘટનાઓનો આ સંબંધ બહુ જૂનો છે. આ રહ્યાં કેટલાંક ઉદાહરણો:

૧૯૬૪માં પેરુ દેશમાં એક ફૂટબોલ મૅચમાં રૅફરીનો એક નિર્ણય પ્રેક્ષકોને પસંદ ના પડ્યો. આટલા કારણસર પ્રેક્ષકોમાં ઘમસાણ તોફાન ફાટી નીકળ્યું, જેમાં ૩૦૦થી વધુ મૃત્યુ પામ્યા અને ૫૦૦થી વધુ ગંભીર ઈજા પામ્યા. ફૂટબોલની મૅચની આ સૌથી મોટી દુર્ઘટના ગણાય છે.

૧૯૭૧માં, સ્કોટલૅન્ડમાં એક મૅચ પૂરી થયાનું માની પ્રેક્ષકો સ્ટેડિયમ બહાર જવા લાગ્યા. દરમિયાન, મૅચમાં છેલ્લી ઘડીએ ગોલ થયાનું જાણી પ્રેક્ષકોએ સ્ટેડિયમમાં પાછા ફરવા ધસારો કર્યો. પરિણામ? ૬૬ ચગદાઈ મર્યા.

એવો જ એક કિસ્સો ૧૯૮૨માં મોસ્કોમાં બન્યો અને ૩૪૦ લોકો મર્યા.

૧૯૮૫માં ઇંગ્લૅન્ડના એક સ્ટેડિયમમાં મૅચ દરમિયાન આગ લાગતાં ૫૬ પ્રેક્ષકો ભૂંજાઈ મર્યા.

એ જ વર્ષે, માત્ર ૧૮ દિવસ પછી, બેલ્જિયમમાં દારૂ પીને છાકટા બનેલા પ્રેક્ષકો અંદરોઅંદર બાખડી પડ્યા. મૅચ રમતી બંને ટીમોના સમર્થકોને અલગ રાખવા માટે વચ્ચે કોંક્રિટની એક દીવાલ હતી, પરંતુ ધસારો એવો આવ્યો કે દીવાલ તૂટી પડી અને ૩૯ લોકો ચગદાઈ મર્યા.

૧૯૮૮માં નેપાળના કાઠમંડુમાં વિજયી ટીમના સમર્થકો જીતથી ગાંડાતૂર બન્યા. અન્ય લોકો એમાંથી બચવા ભાગ્યા, પણ સ્ટેડિયમના દરવાજા બંધ હતા. લગભગ ૮૦ મૃત્યુ પામ્યા.

૧૯૮૯માં, ઇંગ્લૅન્ડમાં ફરી બંને ટીમના સમર્થકોને અલગ પાડતી દીવાલ પ્રેક્ષકોના ધસારાથી તૂટી પડી. બ્રિટનની સૌથી ભીષણ એવી આ ફૂટબોલ દુર્ઘટનામાં ૯૬ લોકોએ જીવ ખોયો.

૨૦૦૧માં ઘાનામાં એક મૅચ વખતે ૧૨૦ લોકોનાં મરણ નીપજ્યાં. આફ્રિકાની આ ફૂટબોલ સંબંધિત સૌથી મોટી દુર્ઘટના છે.

['આફતનિવારણ' માસિક: ૨૦૦૨]

# મીણબત્તી

એક દિવસ હજરત અલી સાહેબ રાજ્યના ખજાનાનો હિસાબ કરવા ગયા. રાતનો સમય હતો. મીણબત્તી સળગાવી હિસાબ કરવા બેઠા.

થોડી વાર પછી બે સરદારો પોતાના અંગત કામ માટે એમની પાસે આવ્યા. હજરત સાહેબે આંખથી ઇશારો કરી તેમને બેસવા કહ્યું.

હિસાબનું કામ પૂરું થયું. હજરત અલીએ મીણબત્તી બુઝાવી નાખી. પોતાના મેજમાંથી બીજી મીણબત્તી કાઢીને સળગાવી.

સરદારોને આ જોઈને આશ્ચર્ય થયું, કારણ કે પેલી મીણબત્તી પૂરી થઈ ગઈ ન હતી, જ્યારે અલી સાહેબે તેને બુઝાવીને બીજી સળગાવી હતી. સરદારોએ વિનયપૂર્વક એનું કારણ પૂછ્યું.

અલી સાહેબ બોલ્યા, “અત્યાર સુધી હું રાજ્યનું કામ કરતો હતો, તેથી રાજ્યની મીણબત્તી સળગાવી હતી. હવે આપણું અંગત કામ છે, તેથી રાજ્યની મીણબત્તીનો ઉપયોગ કરું તો હું ચોર ઠરું. માટે આપણા કામ સારુ મેં મારી પોતાની મીણબત્તી સળગાવી છે.”

# તેજમલ

*ઉગમણી દશ્યોના કાગદ આયા,*
*કાગદ આયા એવા ચોરે રે વંચાયા;*
*ચોરે રે વંચાઈ બાપુ ડશ ડશ રોયા.*
*શીદ રે રુવો છો મારા શમરથ બાપુ?*

*શરકારી નોકરિયો આયી, ઝૂઝવા કુણ જશે?*
*સાત સાત દીકરે બાપુ વોંઝિયા કે’વોણા.*
*પે’લી ફોજે રે બાપુ, અમે ઝૂઝવાને જશું.*
*ઢાલ્યો લેઈ આલો બાપુ, બંદૂકો લેઈ આલો,*

દીકરાનોં મેણો અમે દીકરી રે ભાગશું.
માથાની વૅણ્યો તેજબઈ, ઢોંકી ક્યમ ર'શીં?

માથાની વૅણ્યો બાપુ, મોડિયામો ર'શીં.
કપાળની ટીલડી દીકરી ઢોંકી ક્યૂમ ર'શે?
કપાળની ટીલડી બાપુ, વડી કરી મેલશું.
નાક વીંધાયું દીકરી ઢોંક્યું ક્યૂમ ર'શે?

અમારા બાપુને પેટે સોરું ના જીવતું;
નાક વેંધાઈ નોમ નથુભા રે પાડ્યા.
દોંત રંગાયા દીકરી, ઢોંક્યા ક્યમ ર'શીં?

નોનેરો અતોં તાણં મુશારે રે ર'તો;
ખોંતીલી મોમીએ દોંત રંગાયા.
હૈયાના હાર દીકરી, ઢોંક્યા ક્યૂમ ર'શીં?

હૈયાના હાર બાપુ, ડગલામોં ર'શીં.
હાથોંના ચૂડીલા દીકરી, ઢોંક્યા ક્યમ ર'શીં?

હાથોંના ચૂડીલા બાપુ, બોયોમો ર'શીં.
પગોનાં કડૂલાં દીકરી, ઢોંક્યાં ક્યૂમ ર'શીં?

પગોનાં કડૂલાં બાપુ, વડ કરી મેલશું.
ચાલો સખી આપણ સોની આટે જૈયે,
અસ્તરી પુરુષનો પારખોં રે લૈયે;
અસ્તરી અશે તો ટૂંપૈયા વશાવશે.

સવના સાથી તેજમલ ગંઠોડા વશાયા.
ચાલો સખી રે આપણ વોંણીલા આટે જૈયે,
અસ્તરી પુરુષનોં પારખોં રે લૈયે;
અસ્તરી અશે તો સુનરી વશાવશે.

સવના સાથી તેજમલ ધોતિયોં વસાયોં.
ચાલો સખી આપણ દરિયા કોંઠે જઈએ,

*અસ્તરી પુરુષનોં પારખોં રે લૈયે;*
*અસ્તરી અશે તો પાટે બેશીનં ના’શે.*

*સવના સાથી તેજમલ ચારે કોંઠા ડો’ળ્યા,*
*પેલી રે તૅરી જૈને બંગડી ઝળકાવી.*
*ફટ રે ભૂંડોંની સોરી સેતરીનં ચાલી!*

*[પ્રાગજીભાઈ ભામ્ભી સંપાદિત ઈડર વિસ્તારનાં લોકગીતોનો સંગ્રહ ‘ફૂલડોં વેંણી વેંણી થાળ ભર્યો’: ૨૦૦૩]*

---

૧. દિશાના ૨. ચોટલો (બહુવચન) ૩. દાંત ૪. ત્યારે ૫. મોસાળમાં. ૬. રહેશે ૭. સર્વની સાથે ૮. ચૂંદડી ૯. છેતરીને.

# ઓળખો છો આમને?

## અણ્ણાસાહેબ સહસ્રબુદ્ધે (૧૮૯૭-૧૯૮૦)

આજીવન બ્રહ્મચર્યનું વ્રત ધારણ કરનાર અનંત વાસુદેવ સહસ્રબુદ્ધેએ ૧૯૨૦થી માંડીને સ્વરાજ માટેની દરેક લડતમાં ભાગ લીધેલો. તિલક રાષ્ટ્રીય વિદ્યાપીઠ (પુણે)થી એમના સાર્વજનિક જીવનનો આરંભ થયેલો. તેમાં હરિજનોને પ્રવેશ આપવાના મુદ્દા પર સંસ્થાને મળતી સહાય બંધ થઈ ગઈ ત્યારે વિદ્યાર્થીઓ સાથે ડાંગરનાં ખેતરોમાં મજૂરી કરીને તેમણે સંસ્થાનું ખર્ચ કાઢેલું. દલિતવાસમાં જઈને એમણે રાત્રીશાળાઓ ચલાવેલી. અબ્રાહ્મણોને જનોઈ આપવાનો મોટો સમારંભ રચીને તેમણે બ્રાહ્મણોનો રોષ વહોરી લીધો હતો. ૧૯૧૯માં એમણે પ્રથમ વાર ગાંધીજીનાં દર્શન કર્યાં. મૂળ તો ગાંધીજીની સભામાં ધાંધલ મચાવવા મિત્રો સાથે ગયા હતા, પણ ગાંધીજીના ભક્ત બની ગયા. પછી સાબરમતી આશ્રમમાં આવીને ખાદી-ઉદ્યોગની સંપૂર્ણ તાલીમ

લીધી. આંધ્રપ્રદેશના મેટપલ્લી ખાદી કેન્દ્રને તેમણે જોતજોતામાં લાખોનું ઉત્પાદન કરતું કરી દીધું. ૧૯૩૪માં બિહાર ધરતીકંપના સેવાદલમાં જોડાયા. પછીને વરસે મહારાષ્ટ્ર કોંગ્રેસ સમિતિના મંત્રી બન્યા. ૧૯૪૨ની 'હિંદ છોડો' લડત વખતે બોંબની હેરવણીફેરવણી કરતા. સ્વરાજ મળ્યા પછી ૧૯૫૧માં ગ્રામોદ્યોગની જાણકારી મેળવવા જાપાન ગયા. ત્યાંથી આવીને અખિલ ભારત ચરખા સંઘના મંત્રી બન્યા. ભૂદાન આંદોલનમાં જોડાયા. કોરાપુટ (ઓરિસા)માં જિલ્લાદાન થતાં ત્યાં નવ-નિર્માણનું કામ ચાર વરસ સુધી કર્યું.

## અનંત કાણેકર (૧૯૦૫-૧૯૮૦)

પોતાની નિવૃત્તિ સુધી મુંબઈની સિદ્ધાર્થ કોલેજમાં શિક્ષણકાર્ય કરનાર પ્રાધ્યાપક કાણેકરની સર્જક પ્રતિભા પણ સાથોસાથ ખૂબ પાંગરી. લલિત નિબંધ, લઘુકથા, નાટક, પ્રવાસવર્ણન, પત્રકારિત્વ, રાજકારણ, ચલચિત્રો—એમ અનેક ક્ષેત્રમાં તેમણે કલમ ચલાવેલી છે. ૧૯૩૩માં સ્થપાયેલી 'નાટ્ય મન્વન્તર' સંસ્થા દ્વારા શિક્ષિત મરાઠી મહિલાઓને રંગમંચ પર લાવનારા એ પ્રથમ નિર્માતા હતા.

## અશરફખાન (૧૮૮૦-૧૯૬૨)

ઇન્દોરના એક મુસ્લિમ પરિવારમાં જન્મેલા અશરફખાન નાનપણથી જ દિવસમાં પાંચ વખત નમાજ પઢતા. ધર્માચરણ માટેના અનુરાગની સાથે સાથે નાટ્યભૂમિ પ્રત્યેનું આકર્ષણ એટલું ભારે થયું કે નાની વયે ઘરેથી નાસી જઈને વાંકાનેર નાટક કંપનીમાં જોડાઈ ગયેલા. કુટુંબના માણસોને થયું કે છોકરો ખોટા છંદે ચડ્યો છે, એટલે શોધખોળ કરી, તેને સમજાવી ઘેર પાછો લાવ્યા. પણ અશરફની ઉંમર પચીસ વર્ષની થઈ ત્યારે રંગભૂમિ માટેની તેની ઝંખના પિછાણીને પરિવારજનોએ તેને પારસી નાટક મંડળીમાં જોડાવાની રજા ૧૯૦૫માં આપી. ત્યાં 'ઝહરી સાપ' નામના તેના પ્રથમ નાટ્યપ્રયોગમાં જ અશરફે પોતાનામાં રહેલી

અભિનય-ક્ષમતાનો પરિચય કંપની-સંચાલકોને કરાવ્યો. તેને ઉર્દૂ ભાષા, અભિનય, સંગીત વગેરેની વ્યવસ્થિત તાલીમ મળે તે માટે અમૃત કેશવ નાયક અને પંડિત નારાયણપ્રસાદ જેવા ગુરુઓ પાસે મૂકવામાં આવ્યો. એ રીતે અશરફખાને નાટ્યકલામાં પ્રવીણતા મેળવી. ૧૯૧૪માં તે આલ્ફ્રેડ નાટક કંપનીમાં માસિક પચીસ રૂપિયાના પગારથી જોડાયા. ગુજરાતી ભાષામાં પહેલું નાટક તેમણે કરાંચીમાં રજૂ કર્યું, ત્યાં સુધી તો હિન્દી અને ઉર્દૂ નાટકો જ એમણે ભજવેલાં. પણ ઉચ્ચ કોટિના અભિનેતા તરીકેની કીર્તિ તેમણે ગુજરાતી રંગમંચ દ્વારા જ પ્રાપ્ત કરી. ‘માલવપતિ’ નાટકના પ્રથમ પ્રયોગથી જ મુંજ તરીકેનો તેમનો અભિનય ખૂબ વખણાયો. ‘સિરાજુદૌલા’ નાટકમાં દારૂડિયા સિરાજનું મુખ્ય પાત્ર એમને મળ્યું. દારૂને ક્યારેય હાથ ન અડાડનાર અશરફખાને એ પાત્ર એવી અદ્ભુત રીતે ભજવ્યું કે પ્રેક્ષકો એમના અભિનય પર ફિદા થઈ ગયા. પછી તો અનેક નાટકોમાં એમણે સફળ ભૂમિકાઓ ભજવી.

## હેન્રી સ્ટેનલી (૧૮૪૧-૧૯૦૪)

મૂળ નામ જોન રોલેન્ડ્ઝ. જન્મ પછી તરત પિતૃસુખ ગુમાવ્યું. માતાએ તેને ત્યજી દીધો. અનાથાશ્રમમાં ઉછેર થયો. છ વરસની વયે એક ધર્માદા સંસ્થામાં મૂકવામાં આવ્યો. ત્યાં કાળી મજૂરી ને મારઝૂડમાંથી નાસી છૂટીને વતન ઇંગ્લેન્ડથી અમેરિકા જતા જહાજમાં કેબિન-બોય તરીકે એ ચડી ગયો. ત્યાં એક દુકાનના માલિક પાસેથી એને આશરો ને નોકરી મળ્યાં. એ રાંક, લાચાર છોકરામાં જોતજોતામાં ખુમારી પ્રગટી. માલિકની પત્ની બીમાર પડી ત્યારે છોકરાએ ઘણી ચાકરી કરી. તે તો બચી નહીં, પણ છોકરાની સેવાથી ગદ્ગદ બનેલો માલિક હવે તેને પુત્ર સમાન ગણવા લાગ્યો. માલિકનું નામ હતું હેન્રી મોર્ટન સ્ટેનલી. તે પછી ઇંગ્લેન્ડવાળું નામ જોન રોલેન્ડ્ઝ લુપ્ત થયું, તેનું સ્થાન લીધું પિતા સમાન એ પુત્રે આપેલા પોતાના નામેઃ હેન્રી મોર્ટન સ્ટેનલી. થોડો વખત લશ્કરમાં કામ કરીને હેન્રી એક અખબારનો ખબરપત્રી બની ભૂમધ્ય સમુદ્રની આસપાસના દેશોમાં ઘૂમ્યો. પછી ન્યુયોર્કના ‘હેરલ્ડ’

દૈનિકના માલિક જેમ્સ બેનેટે સ્ટેનલીને એક કામગીરી સોંપીઃ આફ્રિકાનાં અંધારાં ઉલેચવા ગયેલા શોધસફરી ડેવિડ લિવિંગસ્ટનનો ઘણા વખતથી પત્તો નહોતો, તેની આફ્રિકા જઈને ભાળ લગાડવાની. ઘાસની ગંજીમાં ખોવાયેલી સોય શોધી કાઢવા જેવી એ વાત હતી. અનેક મુસીબતો ભરેલી રઝળપાટને અંતે ૧૮૭૧ના નવેમ્બરમાં તેની ખોજ પૂરી થઈ ત્યારે સ્ટેનલીએ ઉચ્ચારેલા શબ્દો ઇતિહાસમાં અંકાઈ ગયા છેઃ “હું ધારું છું કે આપ જ ડો. લિવિંગસ્ટન હશો!” આફ્રિકાથી પાછા ફરીને સ્ટેનલીએ એક પુસ્તક લખ્યુંઃ ‘ડો. લિવિંગસ્ટન મને કેવી રીતે મળ્યા’. તે પછી આફ્રિકાના અજાણ પ્રદેશોની ખોજમાં એણે કેટલીયે સફરો કરીઃ ૧૮૭૪-૭૭માં, ૧૮૭૮માં, ૧૮૭૯-૮૪માં અને છેલ્લે ૧૮૮૭-૮૯માં. એ દરેકનાં બયાન આપતાં પુસ્તકો પ્રગટ કર્યાં. જીવનનાં છેલ્લાં વરસોમાં સ્ટેનલી બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય ચૂંટાયા હતા. એમને ‘સર’નો ખિતાબ મળેલો. સ્ટેનલીની આરામગાહની નીચે તેના સમગ્ર જીવનના સરવૈયારૂપ એક જ શબ્દ કોતરેલો છેઃ ‘આફ્રિકા’.

**મૂળશંકર પ્રા. ભટ્ટ**

[‘વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ-કોશ’ પુસ્તક]

## ‘બંધ’નો સામનો કરીએ

ભારતના નાગરિકો હરકોઈ જાતના ‘બંધ’નો મક્કમપણે ને હિંમતથી સામનો કરે તેનો સમય હવે પાકી ગયો છે—પછી એ બંધનું ‘એલાન’ આપનાર એક યા બીજી કોંગ્રેસ હોય, કોમ્યુનિસ્ટો હોય, જનસંઘ હોય, શિવસેના હોય કે સર્વોદયવાદીઓ હોય. કોઈ પણ બંધ—એ વિચાર પોતે જ—સીધીસાદી બળજબરી છે, બહુજનસમાજની ઉપર એક ઝનૂની લઘુમતીની અત્યંત હલકટ પ્રકારની હિંસા છે. બંગાળમાં કોમ્યુનિસ્ટોએ એને દાખલ કર્યો તે પછી ભારતમાં યોજાયેલો એકેએક બંધ તે આપણાં શહેરો-ગામોની શાંતિચાહક વસતી ઉપરનો એથીયે હજારગણો વધુ નિંદાપાત્ર અત્યાચાર રહેલો છે. લોકશાહીનો તેમ

જ સમાજમાં મુક્તપણે વિહરવાના સ્ત્રી-પુરુષ ને બાળકોના જન્મસિદ્ધ અધિકારનો એમાં સદંતર ઇન્કાર રહેલો છે. આપણે ઇન્દિરાજીની, જયપ્રકાશજીની કે મોરારજીભાઈની તરફેણમાં હોઈએ કે વિરુદ્ધમાં, આપણા રોજિંદા જીવનને થંભાવી દેનારા સામાન્ય નાગરિક-સ્વાતંત્ર્ય પરના આ હુમલાનો મક્કમતાથી સામનો કરવામાં આપણે સહુ એક બનીએ. આ ગુંડાગીરી ફાસીવાદનો માર્ગ તૈયાર કરે છે એટલું જ નથી—એ પોતે આજે તો હાજરાહજુર નગ્ન ફાસીવાદ બની ગઈ છે. એક યા બીજા પક્ષની સરકાર સામે યોજાતા આ બંધના ઉપાસકોનાં કરતૂકો સૌરાષ્ટ્રના પેલા ડાકુઓના કરતાં જરાયે જુદાં નથી કે જેમનામાં સરકારની સામે ખુલ્લી લડાઈ કરવાની તાકાત ન હોવાથી સીમના બિચારા અરક્ષિત ખેડૂતોને ત્રાસ આપવાની અને તેમનાં નાક કાપવાની હિચકારી પ્રવૃત્તિ એમણે આદરેલી. આજના શાસકોને સિંહાસન પરથી ઉતારી મૂકવા જેઓ નીકળી પડ્યા છે તેઓ પોતાની બધી શકિતનો પરચો ભલે ચૂંટણી વખતે બતાવે, અથવા લશ્કરની સહાય વડે બળવો પણ એ કરી જુએ. પરંતુ પોતાના નિર્માલ્ય રોષનાં આવાં અર્થહીન પ્રદર્શનો વડે શાંત નાગરિકો પર આતંક ફેલાવવાનું તો તેઓ બંધ જ કરે, એવી ચેતવણી પ્રજાએ તેમને આપી દેવી ઘટે.

જે કોઈ સરકાર સત્તા પર હોય તેની એ ફરજ છે કે આવા ‘આંતરિક આક્રમણ’ની સામે પણ પોતાની તમામ તાકાત વાપરીને પ્રજાનું રક્ષણ કરવું અથવા તો શાસન છોડી દેવું અને લોકોને ફાવે તે રીતે પોતાનું રક્ષણ કરવા દેવું. જે સરકાર આજે પોતાની પ્રજાને આટલું રક્ષણ નહીં આપી શકે તેની ઉપર લોકોને અરાજકતાના વરૂઓની વચ્ચે ફેંકી દેવાનો આરોપ ઇતિહાસ મૂકશે.

વિનોદિની નીલકંઠ, ઇસ્માઈલ પટેલ, દેવવ્રત પાઠક, જયેન્દ્ર ત્રિવેદી, મીરાં ભટ્ટ, પ્રેમશંકર ભટ્ટ, નિર્મળ વકીલ, દમયંતી મોદી, વિનુભાઈ પરીખ, ગુણવંત વડોદરિયા, મહેશ વસાવડા, નાનુભાઈ દુધરેજીયા, મહેન્દ્ર મેઘાણી

['ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' દૈનિક]

# પત્રકારિત્વની ચાલણગાડી

પત્રકારિત્વની રોમાંચકારી દુનિયાનું આકર્ષણ જેમણે અનુભવેલું છે, તેવા સહુ જુવાનોના હાથમાં અચૂક મૂકવા જેવું એક અંગ્રેજી પુસ્તક છે ‘એક્ટિવ ન્યૂઝરૂમ’. વૃત્તવિદ્યાનું એ સુંદર સચિત્ર પાઠ્યપુસ્તક પ્રગટ કરેલું છે ઇન્ટરનેશનલ પ્રેસ ઇન્સ્ટિટ્યૂટ નામની સંસ્થાએ.

વર્તમાનપત્ર-સંચાલનની આધુનિક પદ્ધતિઓની તાલીમ એશિયા ખંડના પત્રકારોને આપવા માટે એ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ બે સેમિનાર યોજેલા. તેમાં દેશદેશાવરના નિષ્ણાત પત્રકારોએ રજૂ કરેલી સામગ્રી આ તાલીમ-પોથીરૂપે બહાર પાડવામાં આવી છે.

“પત્રકારિત્વમાં અનેક ઉત્તમ પાઠ્યપુસ્તકો બ્રિટન અને અમેરિકાથી આપણે ત્યાં આવેલાં છે, પણ ભારતના સંજોગોને આટલું બધું અનુરૂપ બીજું કોઈ નથી.” એમ કહીને અંગ્રેજી દૈનિક ‘હિન્દુ’માં તેની સમાલોચના કરનાર એસ. એ. ગોવિંદરાજન્ લખે છે કે, “એક આજીવન અખબારનવીસ અને પત્રકારત્વના શિક્ષક લેખે મને લાગે છે કે આ પુસ્તકમાં આપેલી મિતાક્ષરી સૂચનાઓમાં હું બહુ થોડું ઉમેરી શકું તેમ છું.”

ભારતનું એક બીજું ઉત્તમ અંગ્રેજી દૈનિક ‘સ્ટેઇટ્સમન’ આ પુસ્તક વિશે લખે છે કે, “આપણાં છાપાંને ત્રાસદાયક હદે કંટાળાભરેલાં બનાવી મૂકનારી તેમની કેટલીક રીતરસમોની રચનાત્મક ટીકા કરીને તેને સુધારવાનાં વહેવારુ સૂચનો આ તાલીમપોથી રજૂ કરે છે. ખબરપત્રીઓ અને ઉપતંત્રીઓ પોતાના કસબમાં વધારે પ્રવીણ કેવી રીતે બની શકે, તે આ પુસ્તક તેમને કહે છે. પોતાના દરેક સાથી-કાર્યકરને તંત્રીઓ આ પુસ્તકની એક એક નકલ ભેટ આપશે, તો તેમને એનું વળતર મળી રહેશે.”

# આખરી પડદો

એક જ નાટકના દસ હજારથી વધુ ખેલ ભજવવાનો વિશ્વવિક્રમ જેણે સ્થાપ્યો, તે 'અદ્રક કે પંજે' (આદુનાં મૂળ) ઉપર આખરી પડદો પડી ગયો છે. છેલ્લાં ૩૫ વરસ દરમ્યાન ત્રણ કરોડ જેટલા લોકોએ એ નાટક જોયું છે અને ૬૦થી વધુ દેશોમાં ૨૭ ભાષામાં એ ભજવાયું છે. હમણાં સુધી જ્યાં જ્યાં એ રજૂ થયું છે ત્યાં બધે પ્રેક્ષાગાર ભરચક રહ્યાં છે અને છેલ્લે છેલ્લે બેંગલોર તથા પુણેમાં એના પ્રયોગો થયા ત્યારે જેટલા લોકોને ટિકિટ મળી તેનાથી બમણા જેટલાને નિરાશ થઈને પાછા ફરવું પડેલું.

હજી પણ 'અદ્રક કે પંજે'ની ભજવણી થાય તો ધંધાદારી રીતે એને સફળતા વરે જ. પણ એના ૫૬ વરસના નિર્માતા બબ્બનખાન કહે છે કે, "એ નાટકને નિરંતર જે લોકપ્રિયતા સાંપડતી રહી છે તે હજી ચાલુ છે ત્યાં જ એના ખેલ ખતમ કરવાનો નિર્ણય મેં કર્યો છે. એમાંથી મને પૈસા, નામના, કીર્તિ, પારિતોષિકો વગેરે બધું સાંપડેલું છે, અને હવે તેની પર આખરી પડદો પાડી દેવાનો સમય પાકી ગયો છે."

મિનિટે મિનિટે પ્રેક્ષકોને હસાવતા રાખનાર નાટક 'અદ્રક કે પંજે'નું મુખ્ય પાત્ર છે રમતુભાઈ નામના એક સરકારી કારકૂન. આઠ બાળકોના એ બાપને ઘેર નવમાના આગમનની તૈયારી છે. એને માથે કરજ ખૂબ ચડી ગયું છે, પણ તે ચૂકવવા બાબત કોઈ ચિંતા એને છે નહીં. એના સસરા ને સાળા જેમતેમ કરીને એને આફતમાંથી ઉગારી લે છે, પણ પોતાની ભૂલમાંથી કશો બોધપાઠ રમતુભાઈ લેતા નથી. અનેક વાર માથે આપત્તિ આવી ગઈ હોવા છતાં નવા બાળકના જન્મની ઉજવણી કરવાનું એ ઠરાવે છે.

નાટકના નિર્માતા બબ્બનનાં છ ભાઈબહેનો ભૂખનો ભોગ બનીને મરી ગયેલાં, ને પોતે બેકાર હતા. ભાઈબંધો સાથે ચાપાણી પીતાં રમૂજી ટુચકા સંભળાવવાની એમને આદત હતી. ૧૯૬૫માં એક રાતે એવાં ચાપાણી પછી હૈદરાબાદના પોતાના ઘરની બહાર સડક પરની બત્તી

નીચે બેસીને ખાને એક હાસ્યકથા લખી નાખી. પછી રમતુ વિશેનું નાટક એણે ચાર મહિનામાં પૂરું કર્યું. અને મા પાસેથી મંગલસૂત્ર માગીને રૂ. ૨૭૫માં તે વેચી નાખ્યું, જેથી રવીન્દ્ર ભારતી થિયેટર ભાડે રાખી શકાય અને થોડાં ભીંતપત્રો ચિતરાવી શકાય.

ઘેર ઘેર ફરીને એણે નાટકની ટિકિટો વેચી અને લગભગ બધાએ ધર્માદામાં પૈસા આપતા હોય તે રીતે એ લીધી. ‘અદ્રક કે પંજે’ના પહેલા ખેલમાંથી ખર્ચ ન નીકળ્યો, પણ પ્રેક્ષકોને તે પસંદ પડ્યું. એટલે બબ્બન ખાને દેવું કરીને બીજો ખેલ ભજવ્યો. પછી તો એ એક જાતનો ઇતિહાસ રચવા માંડ્યા.

એ જમાનામાં જગતમાં સૌથી વધારે સમય સુધી ચાલેલું નાટક હતું આગાથા ક્રિસ્ટીનું ‘માઉસ ટ્રેપ’. છેલ્લા દાયકાના આરંભમાં ખાન તેનાથી આગળ નીકળી ગયા. આવો વિક્રમ સર્જનારા નાટકના સરંજામ પાછળ ખાને ફક્ત રૂ. ૬૫૦ ખરચેલા. એનો તખ્તો ગોઠવતાં પંદરેક મિનિટ લાગે છે અને સંકેલો દસ મિનિટમાં જ થઈ જાય છે. ૧૯૬૫ની ૨૨મી સપ્ટેમ્બરે નાટકના પ્રથમ ખેલ વખતે ખરીદેલ છત્રી, શેરવાણી અને ટિફિન-કેરિયરને જ ખાન છેવટ સુધી વળગી રહેલા.

રમતુભાઈની બેજોડ રમૂજો હવે માણવા નહીં મળે, તેનો અફસોસ કરતા ‘અદ્રક કે પંજે’ના ચાહકોને એક વાતનું આશ્વાસન આપી શકાય કે તેના અનુસંધાનમાં બીજા એક નાટકની પટકથા બબ્બન ખાને તૈયાર કરી છે અને તેને તખ્તા પર રજૂ કરવાની ધારણા છે. દરમ્યાન, પ્રથમ નાટકને ટેલિવિઝન સિરિયલનું સ્વરૂપ આપવા માટે તેમાં થોડાક ફેરફારો કરવામાં આવશે.

[‘સ્ટેઇટ્સમન’ દૈનિકઃ ૨૦૦૦]

# ખેતીની જમીનની બરબાદી

૧૦ ઇંચ લાંબી, ૫ ઇંચ પહોળી અને ૩ ઇંચ જાડી ઇંટો વડે આપણી બધી ઇમારતો બંધાય છે અને હજાર નંગના રૂ. ૯૦૦થી ૧,૭૦૦ સુધીના ભાવે તે વેચાય છે. ખેતી માટેની ઉત્તમ જમીનની માટીમાંથી ઇંટો બને છે અને પછી તે જમીનમાં કશું જ નીપજતું નથી. દર વરસે ભારતને ૧૫૦ અબજ ઇંટની જરૂર પડે છે અને પરિણામે દર વરસે ૩૪,૦૦૦ એકર જેટલી ખેતીની ઉત્તમ જમીન બરબાદ થાય છે. અને છતાં ખેડૂતો જરાય ખચકાટ વગર પોતાની જમીન ઇંટના ભઠ્ઠાવાળાને વાપરવા આપે છે. કારણ કે તેનું સારું એવું ભાડું મળે છે; ઘણી વાર તો ખેડૂત એ જમીનમાં વાવેતર કરીને મેળવી શકે તેના કરતાં પણ વધારે. દેશના અંદાજે ૬૦,૦૦૦ ભઠ્ઠામાં બળતણ તરીકે હલકી જાતના કોલસા અને તેથીય સસ્તો રબરનો ભંગાર વપરાય છે. પરિણામે ભઠ્ઠાની આસપાસનાં ખેતરો પર વરસના સાત-આઠ મહિના સુધી રોજ સવારે ઝાકળ પડતું નથી પણ કાળી મેશ વરસે છે. તેમાંથી ક્ષય ફેલાય છે, ખાસ કરીને ભઠ્ઠા-મજૂરોનાં બાળકોમાં.

[‘ડાઉન ટુ અર્થ’ પખવાડિકઃ ૨૦૦૫]

# અંધારી ગલીમાં

દેશવાસીઓનું મસ્તક શરમથી ઝૂકી જાય તેવી ઐતિહાસિક ઘટના સંસદીય જીવનમાં ૨૬ એપ્રિલ ૨૦૦૨ના રોજ બની. તે દિવસે, વર્ષભરમાં સૌથી અગત્યનો લેખાતો ખરડો, એટલે કે અંદાજપત્રનો ખરડો કાર્યસાધક સંખ્યાના અભાવે મુલતવી રાખવામાં આવ્યો અને માત્ર ૧૭ સાંસદોની પાંખી હાજરીને કારણે ગૃહ બરખાસ્ત કરવાની જાહેરાત ઉપાધ્યક્ષશ્રીને કરવી પડી. ચેતવણીસૂચક ઘંટડી વાગ્યા પછી ૨૦ સભ્યોની હાજરી ઉમેરાવા છતાં આ કાર્યસાધક સંસ્થાને આંબી શકાઈ નહીં. આ દેશમાં સંસદીય ચર્ચામાં રસ લેવાની કામગીરી પતનને આરે પહોંચી છે અને

ઉપર્યુક્ત ઘટના આ સ્થિતિના અધોબિંદુને વ્યક્ત કરે છે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યના રાજ્યપાલો અને સાંસદોના વેતન અંગેના ચાર ખરડા સંસદે મૌખિક મતદાનથી ઓગસ્ટ ૧૯૯૮માં પસાર કર્યા હતા. સાંસદોના વેતનને સ્પર્શતા ખરડા અનુસાર પ્રત્યેક સાંસદનું વેતન પ્રતિમાસ રૂ. ૧૨,૦૦૦ (૪,૦૦૦—કૌંસમાં દર્શાવેલાં ધોરણો આ પૂર્વેનાં છે.) કરવામાં આવ્યું. પ્રતિદિન ભથ્થું રૂ. ૫૦૦ (૪૦૦), સાંસદનિવાસના રહેઠાણ માટે વર્ષમાં ૪,૦૦૦ (૨,૦૦૦) કિલો લીટર પાણી અને ૫૦,૦૦૦ (૨૦,૦૦૦) એકમ વીજળી વિનામૂલ્યે આપવાની સુવિધા છે. ઉપરાંત પ્રત્યેક વર્ષે ૫૦,૦૦૦ ફોન દિલ્હીમાં અને ૫૦,૦૦૦ વતનના રાજ્યમાં કરવાની સગવડ વિનામૂલ્યે મળે અને મોબાઈલ ફોન ભેટ મળે તેવી વ્યવસ્થા છે. મતવિસ્તાર ભથ્થું પ્રતિમાસ રૂ. ૧૦,૦૦૦ (૮,૦૦૦), કાર્યાલય ભથ્થું પ્રતિમાસ રૂ. ૧૪,૦૦૦ (૮,૫૦૦) અને વિદેશી હૂંડિયામણ એક લાખ રૂપિયા મળે તે આ ખરડાથી નિર્ધારિત થયું. આ સંપૂર્ણ માસિક વેતન તથા મહિને રૂ. ૩,૦૦૦ સુધીનાં ભથ્થાં આવકવેરાથી મુક્ત છે. વધુમાં સ્ટેશનરી ભથ્થું, તબીબી ભથ્થું, નજીકના હવાઈમથકથી દેશના પાટનગર સુધીની હવાઈ મુસાફરીની સવલતો અને નિવૃત્તિવેતન દરેક સાંસદને ઉપલબ્ધ હોય છે. વળી સાંસદપદ છોડ્યા પછી સમગ્ર ભારતમાં વાતાનુકૂલિત બીજા વર્ગમાં વિના મૂલ્યે મુસાફરીનો રેલવે પાસ, સંસદભવનમાં રાહત દરે ખાવાપીવાની અને સંસદભંડારમાંથી મોંઘી અને દુષ્પ્રાપ્ય ચીજો કિફાયત ભાવે મેળવવાની સગવડો પણ ઉપલબ્ધ હોય છે. આ વેતનો, ભથ્થાં અને અન્ય સગવડોથી સરકારી તિજોરી પર ૨૪ કરોડ રૂપિયાનું ભારણ વધ્યું છે. સપ્તાહો સુધી ધાંધલધમાલ અને અવાજોની કાગારોળ કરી રૂકાવટ ઊભી કરતા કાબેલ સાંસદોએ પગાર અને ભથ્થાં અંગેનો ખરડો પસાર કરવા માટે ૩૦ મિનિટની પણ ચર્ચાવિચારણા કરી નહીં. સત્તાધારી પક્ષ, વિરોધ પક્ષ, કામદારોના હિતચિંતક સામ્યવાદીઓ અને સૈદ્ધાંતિક મતભેદોના નામે અલગ ચોકો જમાવતા અપક્ષોમાંથી કોઈને પણ અહીં નાણાકીય દુર્વ્યવહાર અને બેફામ ખર્ચ નજરે ન ચડ્યો અને પક્ષીય રાજકારણના તમામ ભેદભાવ

વીસરી જઈ વેતનવધારાનો ખરડો મંજૂર કરવામાં આવ્યો.

આવાં વ્યાપક અને વિસ્તૃત વેતનો છતાં સભ્યોના કામકાજના દિવસો કે કલાકોમાં કોઈ વધારો કરવા અંગે લેશમાત્ર વિચાર કરવામાં આવ્યો નહિ. સભામોકૂફી, બૂમાબૂમ અને નિરર્થક વિવાદનાં વરવાં દૃશ્યો અંકુશમાં લેવા અંગે કશીય વિચારણા ન થઈ કે ન ઘડાઈ કોઈ આચારસંહિતા.

એપ્રિલ ૨૦૦૨નું ત્રીજું સપ્તાહ ગુજરાતની ચર્ચાના મુદ્દે સાંસદોના હઠાગ્રહને કારણે કશાય કામકાજ વિના વીત્યું. સંસદની કાર્યવાહીની પ્રત્યેક મિનિટનો અંદાજિત ખર્ચ ૧૭,૦૦૦ રૂપિયા છે ત્યારે સાંસદોએ આ ગરીબ પ્રજાના ૮૧ કલાકો નિરર્થક વેડફ્યા, દેશને ૧૬ કરોડ રૂપિયાનું નુકસાન કરાવ્યું અને શિસ્તના અભાવનું દર્શન કરાવ્યું. અંતે ગુજરાતના મુદ્દે ચર્ચા કરવાનો પ્રસ્તાવ માન્ય રહ્યો અને ૩૦ એપ્રિલ ૨૦૦૨ની મધરાત સુધીની ચર્ચા બાદ વિપક્ષોનો આ પ્રસ્તાવ લોકસભામાં નામંજૂર થયો.

ખુદના ઘડેલા કાયદાઓને સાંસદો વ્યકિતગત સ્વાર્થની ભીંસમાં અર્થહીન બનાવી દે છે. પક્ષપલટાવિરોધી કાયદાઓ છતાં પક્ષપલટાઓને તો છાવરવામાં જ આવે છે. સાંસદોના પરોક્ષ ખરીદ-વેચાણની રીતરસમોથી સરકાર ટકાવી રાખવામાં કોઈ નામોશી અનુભવાતી નથી. લોકશાહીવાદી ઉદાર મૂલ્યો અને અસાધારણ સાંસદીય કુનેહ ધરાવતા સ્વચ્છ રાજનીતિજ્ઞો વીતેલા યુગની દાસ્તાન રૂપે સ્મૃતિશેષ બન્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાં લોકહિત અને રાષ્ટ્રીય હિતોની બે પાયાની બાબતોને સદંતર ભૂલવાની કામગીરી કોઠે પડી ગઈ છે. લોકસભાની સુવર્ણજયંતીની ઉજવણી નિમિત્તેની વિશેષ સભામાં સ્વીકૃત થયેલી આચારસંહિતા અમલના પ્રશ્ને જ અટવાઈ પડી. મહિલા અનામત ધારો પસાર કરવામાં બધા જ પક્ષોના સાંસદો સતત આનાકાની કરતા રહ્યા છે. સંસદની ચાલુ બેઠકો દરમિયાન અધ્યક્ષશ્રીઓના ચુકાદાઓનો કે વિનંતીઓનો આદર કરવાને બદલે તેમના હોદ્દાના ગૌરવને સાંસદો વારંવાર ખંડિત કરતા હોય છે.

આ હકીકતો કેટલાક પ્રશ્નો ખડા કરે છેઃ દેશની નવી કે ઊગતી પેઢી સમક્ષ સાંસદોએ કયા આદર્શો રજૂ કર્યા છે? સેવાના? કે અંગત અથવા પક્ષના હિતના આદર્શો? સ્થૂળ ચર્ચા, શોરબકોર, નિરર્થક ઊહાપોહ, ઊતરતો વ્યવહાર, બિનસંસદીય ભાષાપ્રયોગો અને હીન ધોરણોનો આશ્રય લઈ સંસદની ગરિમાનું ધોવાણ સાંસદો જ કરી રહ્યા છે. સંસદની સાથે દેશની લોકશાહીને પણ બાનમાં લેવાઈ છે. નાગરિક બિચારો બન્યો છે, સમાજ નિરુત્સાહ અને ખિન્ન છે, પ્રજા ભયભીત થઈને હેબતાઈ ગઈ છે. અંધારી ને સાંકડી ગલીના છેડે સૌ પહોંચી ચૂક્યા છે.

['વિશ્વવિહાર' માસિકઃ ૨૦૦૨]

## "તેમ છતાં..."

બધા માણસો વિચારપૂર્વક જ વર્તે છે એવું નથી. તેઓ જે કંઈ કરે છે તે યોગ્ય જ હોય છે એવું પણ નથી. મોટા ભાગના માણસો માત્ર પોતાનો જ વિચાર કરીને ચાલતા ને વર્તતા હોય છે. તેમ છતાં તેમની તરફ સદ્ભાવ રાખો, તેમની સાથે પ્રેમનો વ્યવહાર કરો.

તમે કંઈ સારું કરશો તો લોકો કહેશે કે આમ કરવા પાછળ અંદરખાનેથી તમારો હેતુ સ્વાર્થી છે. તેમ છતાં સારું કરવાનું, ભલાઈને માર્ગે ચાલવાનું, ચાલુ રાખો.

તમે આજે જે કંઈ સારું કરશો, ભલાઈનું કામ કરશો તે કાલે ભુલાઈ જશે. તેમ છતાં સારું કરતા રહેવાનું, ભલાઈ કરતા રહેવાનું ચાલુ રાખો.

તમે પ્રામાણિકપણે વર્તશો, નિખાલસતાથી વાત કરશો તો તમે વિવાદમાં સપડાવાના અને તમારી ટીકાઓ પણ થવાની. તેમ છતાં પ્રામાણિકતા છોડશો નહિ. નિખાલસ રહેજો.

જે ઇમારત ઊભી કરતાં તમને વરસો થયાં હોય તે રાતોરાત

ધરાશાયી થઈ જાય એવું બને. તેમ છતાં ઇમારત ખડી કરવાનું ચાલુ રાખો.

લોકોને ખરેખર મદદ જોઈતી હોય છે. તમે તેમને મદદ કરો ને તેઓ તમારો પાડ માનવાને બદલે તમારી પર હુમલો કરે એવું પણ બને. તેમ છતાં લોકોને મદદ કરવામાં પાછા પડશો નહિ.

તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો. બદલામાં તમને કદાચ લાતો મળશે. તેમ છતાં દુનિયાને તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે આપી છૂટો.

[અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીનાં આચરણ—સૂત્રો]

# જકડી રાખતું ચલચિત્ર

ભારતમાં ચલચિત્ર ક્ષેત્રે રાષ્ટ્રપતિ એવોર્ડ ૧૯૫૪માં દાખલ કરવામાં આવ્યા અને તેની પહેલી જ ખેપમાં ‘અત્રે પિક્ચર્સ’ દ્વારા નિર્મિત અને વનમાલા દ્વારા અભિનીત મરાઠી ચલચિત્ર ‘શ્યામચી આઈ’‘(શ્યામની મા’)ને તે વર્ષના સર્વોત્કૃષ્ટ કથાચિત્રનું પ્રથમ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મરાઠી ચલચિત્રોને લાગેવળગે છે ત્યાં સુધી બરાબર પચાસ વર્ષ પછી ૨૦૦૪ના વર્ષમાં ફરી એક વાર અરુણ નલાવડે દ્વારા નિમિર્ત મરાઠી ચલચિત્ર ‘શ્વાસ’ને સર્વોત્કૃષ્ટ કથાચિત્રની શ્રેણીમાં પ્રથમ પારિતોષિક એનાયત થયું છે.

છેલ્લાં પચાસ વર્ષોમાં ભારતે સંખ્યાની દૃષ્ટિએ વિશ્વમાં સર્વાધિક ચલચિત્રો નિર્માણ કરનાર દેશનું બિરુદ મેળવ્યું છે ખરું. પરંતુ ગુણવત્તાને ભોગે ફિલ્મોના નિર્માણની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે આપણા નિર્માતાઓ ‘પિટ-ક્લાસ’ના પ્રેક્ષકોની રુચિને જ પોષવાનો પ્રયત્ન કરતા રહ્યા છે. આવી ફિલ્મો દ્વારા નિર્માતાઓ ધનની કમાણી કરતા રહ્યા છે.

હકીકતમાં, ‘શ્વાસ’નું કથાવસ્તુ ભારતના રજતપટ માટે નવું ગણાય

નહીં. કૅન્સરથી પીડાયેલા દરદીની અને તેના પરિવારની દર્દનાક કહાણી પર આધારિત ચલચિત્રો ભૂતકાળમાં પણ ભારતીય રજતપટ પર આવી ચૂક્યાં છે. તેમાં સર્વપ્રથમ ‘આનંદ’માં ચલચિત્રનો નાયક (બાબુ મોશાય) કૅન્સરગ્રસ્ત છે. ‘મિલિ’ ચલચિત્રની નાયિકા (જયા ભાદુડી) તે રોગથી પીડાયેલી હોય એવી તેની કથા છે. ‘શ્વાસ’માં ૮-૧૦ વર્ષનાં બાળક પરશાની બંને આંખોમાં કૅન્સરની અસર થયેલી છે.

જો ‘શ્વાસ’ના કથાવસ્તુમાં કોઈ નવીનતા ન જ હોય તો તેને રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક કેમ એનાયત થયો હશે? અને તેનાથી પણ આગળ, અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં નિર્મિત વિશ્વભરની ભાષાઓનાં સર્વોત્કૃષ્ટ ચલચિત્રોના ઓસ્કારની સ્પર્ધા માટે તેને શા માટે મોકલવામાં આવ્યું હશે? આ પ્રકારના પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે. આ પ્રશ્નોના જવાબમાં ‘શ્વાસ’ના પક્ષે ઘણુંબધું કહી શકાય તેવું છે. એક તો તે ‘ચીલાચાલુ ફિલ્મ’ની કક્ષા કરતાં કથાવસ્તુની રજૂઆતની દૃષ્ટિએ ઘણી ઊંચી કક્ષાનું નિર્માણ છે, જેમાં માનવીની સ્વાભાવિક ગણાતી સંવેદનાઓ જ કેન્દ્રમાં રાખવામાં આવી છે. આવી સંવેદનાઓ આ ચલચિત્રની રજૂઆતમાં કોઈ પણ સ્થળે કૃત્રિમ રીતે ઉપસાવવામાં આવેલી નથી, પરંતુ અત્યંત સહજતાથી તે સમગ્ર કથાવસ્તુમાં વણી લેવામાં આવી છે. બાળકને કૅન્સરને કારણે બંને આંખોમાં ઓપરેશન અનિવાર્ય છે. આટલી નાની ઉંમરમાં તે બંને આંખે કાયમ માટે અંધત્વ વહોરવાનો છે એવી ડોક્ટરને ખાતરી હોય છે. પરશાના દાદા તેને નિદાન અને સારવાર માટે પોતાને ગામડેથી મુંબઈ લઈ જાય છે. દાદા માટે અને સમગ્ર પરિવાર માટે વહાલસોયા પરશાના જીવનની આ કરુણાંતિકા અસહ્ય કેવી રીતે બને છે, તેનું આબેહૂબ ચિત્રણ અત્યંત સહજતાથી આ ચલચિત્રમાં કરવામાં આવ્યું છે. આ ચલચિત્ર પ્રેક્ષકોને પ્રત્યેક ક્ષણે જકડી રાખે છે. સમગ્ર ચલચિત્રમાં એક પણ ગીત કે નૃત્ય નથી; તેમાંનું એક પણ દૃશ્ય અપ્રસ્તુત નથી; તેનાં ચારે મુખ્ય પાત્રો: બાળ-કલાકાર અશ્વિન ચિતળે (પરશા), અરુણ નલાવડે (દાદા), સંદીપ કુલકર્ણી (ડોક્ટર) તથા અમૃતા સુભાષ (દવાખાનાની સમાજસેવિકા)—આ

બધાંએ અત્યંત સહજ અને અસરકારક રીતે અભિનય કર્યો છે; તેના સંવાદો પ્રભાવક છે.

સર્વોત્કૃષ્ટ કથાચિત્ર ઉપરાંત તેમાં પરશાની ભૂમિકા ભજવનાર અશ્વિન ચિતળેને ૨૦૦૪નું સર્વોત્કૃષ્ટ બાળકલાકારનું પારિતોષિક પણ એનાયત થયેલ છે.

['વિશ્વવિહાર' માસિકઃ ૨૦૦૪]

## ૭૦૦ ફિલ્મોમાં...!

મૂંગા બોલપટથી ટેલિવિઝનની શ્રેણી સુધીના સમયપટ પર ૭૦૦ ફિલ્મોમાં અભિનય કરવાનો વિક્રમ લલિતા પવારે સર્જ્યો છે.

## ગાંધીયુગના એક સાહિત્યકાર

સ્વચ્છ અને હેતુપૂર્ણ મનરંજક નાટકો દ્વારા ગુજરાતી રંગભૂમિની સેવા કરનાર શ્રી દુર્ગેશ શુક્લને એમનાં નાટ્યસર્જનો માટે ૨૦૦૪નો ચંદ્રવદન મહેતા નાટ્ય એવોર્ડ એનાયત થયો છે.

૯ સપ્ટેમ્બર, ૧૯૧૧ના રોજ રાણપુર(સૌરાષ્ટ્ર)માં જન્મેલા દુર્ગેશ શુક્લે ટૂંકી વાર્તા, કવિતા, નવલકથા અને નાટ્યસર્જન દ્વારા એમની સર્જકતાનો પરિચય કરાવ્યો છે. કવિત્વ અને નાટ્યસૂઝથી સભર પદ્યનાટિકા 'ઉર્વશી'(૧૯૩૩)ને બ. ક. ઠાકોર અને ડોલરરાય માંકડ જેવા વિદ્વાન વિવેચકોનો આવકાર સાંપડ્યો હતો. સમાજના નીચલા સ્તરના માનવીઓનાં ભાવસંવેદનોને આલેખતી વાર્તાઓ અને એકાંકીઓ દ્વારા ગાંધીયુગના આ સર્જકે પોતાની ઓળખ સુદૃઢ કરી. એમણે લખેલાં કિશોરોપયોગી નાટકોની ભજવણી દ્વારા આજનાં અનેક અભિનેતા, અભિનેત્રી અને દિગ્દર્શકોએ પોતાની કારકિર્દીનો આરંભ કર્યો છે.

'પિયરજીન્ટ' (અનુવાદ), 'ઊગતી પેઢી', 'અંતે ઘર ભણી' જેવાં નાટકો ઉપરાંત 'પૃથ્વીનાં આંસુ' જેવા એકાંકીસંગ્રહ દ્વારા એમણે રંગમંચ પર ભજવી શકાય તેવાં નાટકો અને રેડિયોનાટકો પણ સર્જ્યાં છે. 'ઉત્સવિકા' અને 'ઉલ્લાસિકા' નાટિકાસંગ્રહોમાં શાળોપયોગી નાટિકાઓ સંગૃહીત છે.

'છાયા', 'પલ્લવ', 'સજીવન ઝરણાં' જેવા વાર્તાસંગ્રહો; 'ઝંકૃતિ', 'યાત્રી', 'તટે જૂહુનાં' તથા 'પર્ણમર્મર' જેવા કાવ્યસંગ્રહો અને 'વિભંગકલા' નામક હાસ્યરસિક નવલકથા દ્વારા એમણે વિવેચકોની પ્રશંસા પ્રાપ્ત કરી છે.

['વિશ્વવિહાર' માસિકઃ ૨૦૦૫]

## 'પ્રબુદ્ધ જીવન' ૬૬મા વર્ષે

મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ૧૯૨૯માં થઈ. 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' નામના તેના મુખપત્રના તંત્રીપદે જમનાદાસ અ. ગાંધી બે વરસ રહ્યા, પછી મુખપત્રનું નામ 'પ્રબુદ્ધ જૈન' રાખવામાં આવ્યું અને રતિલાલ ચી. કોઠારી તંત્રી બન્યા. પણ તે જ વરસે બ્રિટિશ સરકારની દરમિયાનગીરીને કારણે પત્ર બંધ કરવું પડ્યું. ત્યાર પછી 'તરુણ ભારત' નામથી નવું મુખપત્ર શરૂ થયું. પણ સંજોગો બદલાતાં ૧૯૩૯માં 'પ્રબુદ્ધ જૈન' ફરી શરૂ થયું. તેના તંત્રી મણિલાલ મો. શાહ અને સંપાદક પરમાનંદ કું. કાપડિયા હતા. ૧૯૫૧માં મણિભાઈના અવસાન પછી પરમાનંદભાઈ તંત્રી બન્યા અને કાકા કાલેલકરના સૂચનથી પત્રનું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' રાખવામાં આવ્યું. ૧૯૭૧માં પરમાનંદભાઈનું અવસાન થયું એટલે ચીમનલાલ ચ. શાહે તંત્રીપદ સંભાળ્યું. દરેક અંકે તંત્રીલેખ લખવાની પ્રથા તેમણે પાડી. ૧૯૮૨માં તેમનું અવસાન થતાં તંત્રી તરીકેની જવાબદારી રમણલાલ ચી. શાહને સોંપાઈ. બાવીસ વરસ સુધી તે સ્થાને રહીને, 'પ્રબુદ્ધ જીવને' ૨૦૦૫ના

જાન્યુઆરી અંકથી ૬૬મા વરસમાં પ્રવેશ કરતાં, ૭૮ ઉંમરે પહોંચેલા રમણભાઈની મદદમાં સહતંત્રી તરીકે ધનવંત શાહની નિમણૂક થઈ છે.

આઝાદીની ચળવળમાં ભાગ લેનાર જૈન યુવક સંઘના કાર્યકરોએ આ વિચારપત્રના પાયામાં સ્વતંત્રતા, સ્વાર્પણ અને તટસ્થતાની ભાવના સીંચેલી હતી. જાહેરખબરોનો ટેકો લીધા વિના એકધારું પાંસઠ વરસ સુધી તેનું પ્રકાશન થતું રહ્યું છે અને તેના બધા તંત્રીઓએ માનાર્હ સેવા આપેલી છે. ૬૬મા વરસના પહેલા અંકમાં રમણલાલ શાહ જણાવે છે કે, “તંત્રીલેખ લખવા ઉપરાંત બીજા લેખકોના લેખો પસંદ કરવા, તપાસવા, સુધારવા (અક્ષરો સહિત), પ્રેસને આપવા, બે વાર પ્રૂફ તપાસવાં—આ બધું કાર્ય એકલે હાથે આજ દિવસ સુધી કરતો રહ્યો છું.”

બાવીસ વરસ દરમિયાન રમણભાઈએ ૩૦૦થી વધુ તંત્રીલેખો લખ્યા છે અને તેમાંના ઘણાખરા ગ્રંથસ્થ થયા છે. તેઓ કહે છે કે ‘પ્રબુદ્ધ જીવન’નું તંત્રીપદ લેવાનું ન આવ્યું હોત તો પોતાનું આટલું બધું લેખનકાર્ય થયું ન હોત.

## સુસ્વરલક્ષ્મી

વિખ્યાત શાસ્ત્રીય ગાયક બડે ગુલામઅલીખાં સાહેબે જેમને ‘સુસ્વરલક્ષ્મી સુબ્બુલક્ષ્મી’ નામથી ગૌરવાન્વિત કર્યાં હતાં તે એમ. એસ. સુબ્બુલક્ષ્મી સંગીતક્ષેત્રમાં પારસમણિ ગણાયેલાં. સુબ્બુલક્ષ્મી આજીવન સંગીત શીખતાં જ રહ્યાં. અનેક ભાષાઓમાં તેમણે શાસ્ત્રીય ગાયન રજૂ કર્યું છે અને તેમ કરતી વેળાએ સ્વર અને રાગની શુદ્ધતા સાથે જે તે ભાષાની શુદ્ધિ પર પણ તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

રમ્યમનોહર વ્યકિતત્વ ધરાવતાં આ વિશ્વવિખ્યાત સંગીતકારનું જીવન સુરુચિપૂર્ણ અને લાલિત્યસભર હતું, સાદાઈ અને સ્વભાવની સરળતાથી ભરપૂર હતું. સાથોસાથ માનવતા, ત્યાગ અને કરુણાથી પણ તે મંડિત હતું. શારીરિક સૌંદર્ય ઉપરાંત ચિત્તની આંતરિક પ્રસન્નતાને

કારણે સુબ્બુલક્ષ્મી બધાને મોહિત કરવાનું અપાર સામર્થ્ય ધરાવતાં હતાં.

['વિશ્વવિહાર' માસિકઃ ૨૦૦૫]

# 'પુલકિત'

પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે (પુ. લ.) એટલે મરાઠી સાહિત્યની સર્વતોમુખી પ્રતિભા. તે હાસ્યકાર, નાટ્યકાર, ફિલ્મનિર્માતા, સામાજિક કાર્યકર, વક્તા અને અભિનેતા હતા. તેમના જીવનકાળ દરમ્યાન પુ. લ. એક દંતકથારૂપ બની ગયા હતા. વ્યકિતચિત્રોના તેમના પુસ્તક 'વ્યકિત આણી વલ્લી'ને સાહિત્ય અકાદમી (દિલ્હી)નું ૧૯૬૫નું પારિતોષિક મળેલું. અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના અધ્યક્ષ તરીકે તેમની વરણી ૧૯૭૪માં થઈ હતી. મરાઠી પ્રજાના હૃદયસિંહાસન પર બિરાજેલા પુ. લ.નું ૨૦૦૦ની સાલમાં અવસાન થયું.

એમનાં ૫૮ જેટલાં મરાઠી પુસ્તકોમાંથી ૨૪ રચના ચૂંટીને અરુણા જાડેજાએ કરેલા અનુવાદનું પુસ્તક સાહિત્ય અકાદમી (દિલ્હી) તરફથી 'પુલકિત' નામે પ્રગટ થયું છે (૨૦૦૫): રૂ. ૧૧૦, પાનાં ૨૨૦.

# પુ. લ.

જન્મઃ ૮-૧૧-૧૯૧૯, મુંબઈ

શાલેય શિક્ષણઃ ટિળક વિદ્યાલય, મુંબઈ

કોલેજ શિક્ષણઃ એલએલ. બી. ગવર્નમેન્ટ લો કોલેજ, મુંબઈ; બી.એ. ફર્ગ્યુસન કોલેજ, પુણે; એમ..એ. વિલિંગ્ડન કોલેજ, સાંગલી.

લેખન-પ્રારંભઃ વડોદરાના 'અભિરુચિ' સામયિકથી, ૧૯૪૩-૪૫.

વ્યવસાય પ્રારંભઃ શિક્ષક, ઓરિએન્ટ હાઈસ્કૂલ, મુંબઈ, ૧૯૪૪.

નાટ્યક્ષેત્રઃ ૧૯૪૪થી ૧૯૭૧ સુધી.

ફિલ્મજગત: ‘કુબેર’ ફિલ્મ દ્વારા પદાર્પણ, ૧૯૪૭. પંદરેક વર્ષમાં ૨૪ જેટલાં ચિત્રપટોમાં અભિનય, પાર્શ્વગાયન, સંગીતદિગ્દર્શન, દિગ્દર્શન, પટકથા, સંવાદલેખન.

પ્રથમ પુસ્તક: खोगीरभरती—હાસ્યલેખસંગ્રહ

આકાશવાણીમાં: આકાશવાણીના અધિકારી, મુંબઈ ’૫૫, દિલ્હી નભોનાટ્ય વિભાગમાં સર્વોચ્ચ અધિકારી, ’૫૮.

પરદેશગમન: યુનેસ્કોની શિષ્યવૃત્તિ—‘મીડિયા ઓફ માસ એજ્યુકેશન’ના અભ્યાસાર્થે ઇંગ્લૅન્ડ-ગમન. યુરોપ-અમેરિકા ભ્રમણ, કેનેડામાં ‘પરફોમિરૂંગ આર્ટ્સ સેંટર્સ’માં અભ્યાસ કર્યો.

અધ્યક્ષપદ: મરાઠી નાટ્યસંમેલન, ’૬૫. ૫૦મી અખિલ ભારતીય મરાઠી સાહિત્ય પરિષદ, ’૭૪. બીજી વૈશ્વિક મરાઠી પરિષદ ’૯૧.

પુરસ્કારો: મહારાષ્ટ્ર રાજ્ય પુરસ્કાર—તેમનાં ૬ પુસ્તકો માટે લાગલગાટ ૬ વર્ષ સુધી, ’૫૮થી ’૬૩.

પુ. લ. ફાઉન્ડેશનની સ્થાપના, જેના દ્વારા સખાવતનો પ્રવાહ શરૂ થયો, ’૭૦.

પુ. લ. ના આરાધ્યદેવ બાલગંધર્વના નામે ‘બાલગંધર્વ રંગમંદિર’ પુણે ખાતે ઊભું કર્યું. વિનોબાજી સાથે પદયાત્રા, લડાખને મોરચે જવાનો સાથે.

બંગ શિક્ષણ: આયુષ્યના પચાસમે વરસે બંગાળી સાહિત્ય સાથે ઘનિષ્ઠતા સ્થાપવા માટે બંગાળી ભાષાની બારાખડી ઘૂંટી.

બંગ સાહિત્ય લેખન: ‘બંગચિત્રો’, ‘રવીન્દ્રવ્યાખ્યાનો’ તેમજ ‘મુક્કામ શાંતિનિકેતન’ લખાયાં.

ષષ્ટિપૂતિર્: મહારાષ્ટ્રના ગામડે ગામડે ખુશીનાં મોજાં ઊછળ્યાં. ઠેરઠેર ષષ્ટિપૂતિર્ ઊજવાઈ. શ્રી જયવંત દળવીએ પુ. લ.ના સંસ્મરણગ્રંથનું સંપાદન કર્યું.

કાવ્યપઠન: પત્ની સુનીતાતાઈ સાથે મળીને જાહેરમાં કાવ્યપઠન

શરૂ કર્યું, ૧૯૮૧.

નાટ્યપઠન: શ્રી ગડકરીના નાટક ‘રાજસંન્યાસ’ને સાઠ વર્ષ પૂરાં થતાં, નવી પેઢીને મરાઠી ભાષાના વૈભવનો પરિચય કરાવી આપવા માટે એનું જાહેર વાચન કર્યું.

‘નેશનલ સેન્ટર ફોર ધ પરફોમિર્ંગ આર્ટ’ના માનદ સંચાલક, ’૭૨.

પુ. લ. ગૌરવદર્શન: જીવન દરમિયાન મળેલા અનેક પુરસ્કારો, માન-અકરામ, સન્માનપત્રો વગેરે બધી જ વસ્તુઓ મુંબઈના ‘લોકમાન્ય સેવા સંઘ’ને સુપરત કરી. ત્યાં ‘પુ. લ. ગૌરવદર્શન’ નામે કાયમી સંગ્રહાલય ખુલ્લું મુકાયું.

અમૃત મહોત્સવ: ૭૫ વર્ષ પૂરાં થતાં આખાય મહારાષ્ટ્રમાં ફરી પાછો આનંદનો એ જ જુવાળ, ’૯૪.

ચિત્ર-ચરિત્ર: ‘ચિત્રમય સ્વગત’નું પ્રકાશન. પુ. લ.ની આગવી વિનોદી મહોર સાથેના ફોટાવાળી ફોટોબાયોગ્રાફી.

‘ગ્રંથાલી’ પ્રકાશને પુ. લ.ની ગ્રંથયાત્રા નાસિકથી શરૂ કરી (૨૦-૧૧-૯૪), છવ્વીસ ગામોમાં ફરી, પુણે ખાતે આવી (૧૫-૧-૯૫). પુસ્તકોના વેચાણમાંથી મળેલા ૧૩ લાખ રૂપિયાનું દાન પુ. લ. એ કર્યું.

મહારાષ્ટ્ર સરકાર તરફથી મળેલો ‘મહારાષ્ટ્ર ગૌરવ’નો એક લાખ રૂપિયાનો પુરસ્કાર ‘એશિયાટિક સોસાયટી’ મુંબઈને અમૂલ્ય ગ્રંથોની જાળવણી માટે ભેટ દીધો.

[‘પુલકિત’ પુસ્તક: ૨૦૦૫]

# શું વાંચશું?

## કવિતા

બાળ ગરબાવળી (૧૮૭૭): નવલરામ લ. પંડ્યા

સ્ત્રી-કેળવણીના ઉદ્દેશથી રચાયેલી આ કૃતિઓમાં ભણતરથી માંડીને માતૃત્વ સુધીના સ્ત્રીજીવનના કાળનું આલેખન થયું છે.

દલપતકાવ્યઃ ૧-૨ (૧૮૭૯)ઃ દલપતરામ કવિ

આ રચનાઓમાં મધ્યકાલીન અને અર્વાચીન કવિતાનાં સંધિસ્થાનો હોવાને કારણે ઈશ્વર, સદાચાર, ધર્મ, વ્યવહારચાતુર્ય છે; તો સુધારો, દેશભકિત અને સમાજાભિમુખતા પણ છે. જેમ બને તેમ સહેલી-સરલ અને ઠાવકી કવિતા રચવાની કવિની નેમ છે.

કલાપીનો કેકારવ (૧૯૦૩)ઃ સુરસિંહજી ગોહિલ, ‘કલાપી’

૨૬ વરસના ટૂંકા આયુષ્યમાં રચાયેલાં ૨૫૦ જેટલાં કાવ્યોને સમાવતો સર્વસંગ્રહ. એની નોંધપાત્ર વિશેષતા એને મળેલી વ્યાપક લોકચાહના છે.

કાવ્યમાધુર્ય (૧૯૦૩)ઃ સં. હિંમતલાલ ગ. અંજારિયા

પાલ્ગ્રેવની ‘ગોલ્ડન ટ્રેઝરી’ની ધાટીએ થયેલું, ૧૯મી અને ૨૦મી સદીના સંધિકાળની ગુજરાતી કવિતાનું નોંધપાત્ર સંપાદન. સંપાદકની કાવ્યરુચિ, સાહિત્યની સમજ તથા એમના સરળ પ્રવાહી અને છટાયુક્ત ગદ્યનો તેમાં પરિચય મળે છે.

ન્હાના ન્હાના રાસઃ ૧-૩ (૧૯૧૦-૧૯૩૭)ઃ ન્હાનાલાલ કવિ

લય, અલંકાર, શબ્દચયન અને ભાવનિરૂપણની દૃષ્ટિએ ગુજરાતી ભાષાની વાણીસમૃદ્ધિ આ રાસસંગ્રહોમાં ઊતરી આવેલી છે.

ભણકાર (૧૯૧૮)ઃ બળવંતરાય ક. ઠાકોર

પંડિતયુગ અને ગાંધીયુગની કડીરૂપ આ કાવ્યસંગ્રહનું પ્રથમ પ્રકાશન કાવ્યક્ષેત્રે ઐતિહાસિક બનાવ છે.

રાસતરંગિણી (૧૯૨૩)ઃ દામોદર ખુ. બોટાદકર

સંસ્કૃતપ્રચુર અને પંડિતભોગ્ય ત્રણ કાવ્યસંગ્રહો પછીના આ ચોથા સંગ્રહમાં કવિએ લોકગીતોના ઢાળોમાં સરલ-સ્વાભાવિક અને લોકભોગ્ય અભિવ્યકિત સાધી છે. ભવ્યતા સાથેની સુંદરતા દર્શાવતો

કવિનો ઉન્મેષ ગૃહજીવનનાં, કુટુંબજીવનનાં અને ખાસ તો સ્ત્રીહૃદયનાં સૂક્ષ્મ દર્શનોમાં જોવા મળે છે.

પૂર્વાલાપ (૧૯૨૬): મણિશંકર ભટ્ટ, 'કાન્ત'

દાંપત્યપ્રેમ, મિત્રપ્રેમ અને વ્યક્તિપ્રેમ નિરૂપતાં આ કાવ્યો અનન્ય રચનાઓ છે.

ઇલા-કાવ્યો (૧૯૩૩): ચંદ્રવદન મહેતા

આ કાવ્યોમાં ભાઈ-બહેનના નિર્વ્યાજ પ્રેમ અને શ્રદ્ધાના ભાવોને આર્દ્રતાથી આલેખતાં સ્મૃતિચિત્રોમાં કિશોરવયની મુગ્ધતા, સ્વપ્નશીલતા અને સરળતાનું દર્શન થાય છે.

કોયા ભગતની કડવી વાણી (૧૯૩૩): સુન્દરમ્

જૂની ઢબનાં ભજનોની ધાટીમાં નવા જમાનાના વિષયો ને એની ભાવના અહીં રજૂ થયાં છે.

બારી બહાર (૧૯૪૦): પ્રહ્લાદ પારેખ

મધુર, સુરેખ અને સંવેદ્ય કાવ્યો. કવિની સૌરભપ્રીતિ અજોડ છે.

આંદોલન (૧૯૫૧): રાજેન્દ્ર શાહ

પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્મ જેવા સનાતન વિષયોનું નિરૂપણ કરતાં સાઠ ગીતોનો આ સંગ્રહ, ન્હાનાલાલનાં ગીતો પછીનું ગીતક્ષેત્રનું મહત્ત્વનું પ્રસ્થાન છે.

પરિક્રમા (૧૯૫૫): બાલમુકુંદ દવે

ભાવરસ્યાં ચિત્રાંકન, મર્મસ્પર્શી ઊમિર્-આલેખન અને પ્રાસાદિક અભિવ્યક્તિથી દીપ્ત કાવ્યોનો ગુજરાતી કવિતામાં નોંધપાત્ર સ્થાન ધરાવતો સંગ્રહ.

## જીવનચરિત્ર

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ (૧૯૨૫): મો. ક. ગાંધી

દક્ષિણ આફ્રિકાના વસવાટ દરમિયાન ગાંધીજીને જે કીમતી અનુભવો થયેલા એનું પાત્રો, સંવાદો, ટીકાટિપ્પણ દ્વારા રસપ્રદ નિરૂપણ. એમનું જીવનઘડતર, રંગદ્વેશ સામેનો એમનો સંઘર્ષ, ત્યાંની ભૂગોળ—બધું એમને હાથે રોચક બનીને ઊતર્યું છે.

સત્યના પ્રયોગો (૧૯૨૭): મો. ક. ગાંધી

આત્મનિરીક્ષણ અને આત્મપરીક્ષણની બેવડી ધારે ચાલતું નિરૂપણ, નિર્વ્યાજ સરલતા અને સહૃદયતાથી ઊઘડતી જતી વાત, વિનોદ અને નર્મવૃત્તિનો વિવેકપુરસ્સર વિનિયોગ, સુરુચિની સીમાને ક્યારેય ન અતિક્રમતી અભિવ્યક્તિ—આ બધાં વડે શ્રેષ્ઠ આત્મકથાનો આદર્શ અહીં સ્થાપિત થયો છે. જગતભરની ઉત્તમ આત્મકથાઓમાં આનું મોખરે સ્થાન છે.

સોરઠી બહારવટિયા: ૧-૩ (૧૯૨૭-૧૯૨૯): ઝવેરચંદ મેઘાણી

સૌરાષ્ટ્રની ભૂમિમાં બહારવટે ચઢેલા નરબંકાઓનાં ચરિત્ર-ચિત્રોના સંગ્રહો. દોઢસો-બસો વર્ષ પૂર્વેનાં લોકમાનસ અને રાજમાનસનું દસ્તાવેજી ચિત્રણ આપતી આ કથાઓમાં અન્યાય સામે ઝૂઝનારા સ્વમાની પુરુષોનાં શૌર્ય-પરાક્રમ-ટેકને નિરૂપવામાં આવ્યાં છે.

મારી હકીકત (૧૯૩૩): નર્મદાશંકર લા. દવે

સત્ય, સંઘર્ષ અને ટેકથી ભરી જીવનસામગ્રીને લેખકે અહીં નિખાલસપણે નિરૂપી છે. આત્મચરિત્રની બાબતમાં તે ગાંધીજીના સમર્થ પુરોગામી છે.

વીર નર્મદ (૧૯૩૩): વિશ્વનાથ મ. ભટ્ટ

ચરિત્ર-અભ્યાસના ઉત્તમ નમૂનારૂપ આ ગ્રંથમાં પ્રેમ અને શૌર્યથી ઊછળતા નર્મદ-જીવનનો ચરિત્રકારે ટૂંકો પણ માર્મિક પરિચય કરાવ્યો છે.

સ્મરણયાત્રા (૧૯૩૪): કાકા કાલેલકર

અહીં સંચિત નાનપણનાં સ્મરણો મોટે ભાગે કૌટુંબિક જીવનનાં તેમ જ મુસાફરી અંગેનાં છે. જ્યાં જ્યાં જવાનું થયું ત્યાંનું લોકજીવન તથા ત્યાંનાં પ્રકૃતિસૌંદર્ય, ઉત્સવો અને વ્રતો ઉપરાંત મન ઉપર કાયમી છાપ

મૂકી ગયેલી વ્યક્તિઓ અને પ્રસંગો એ આ પુસ્તકની મુખ્ય સામગ્રી છે.

ગાંધીજીની સાધના (૧૯૩૯): રાવજીભાઈ મ. પટેલ

ગાંધીજીના આફ્રિકાના નિવાસ દરમિયાનની ત્યાંની સત્યાગ્રહની લડત તેમજ ફિનિક્સ આશ્રમની પ્રવૃત્તિઓના આધારભૂત ઇતિહાસને સરળ અને રોચક શૈલીમાં આલેખતી કૃતિ.

જીવનનાં ઝરણાં: ૧-૨ (૧૯૪૧-૧૯૬૦): રાવજીભાઈ મ. પટેલ

સત્યાગ્રહી દેશભક્ત, સ્નેહાળ પિતા, સમાજસુધારક, એવાં પોતાનાં વિવિધ સ્વરૂપો રજૂ કરતા આ આત્મવૃત્તાંતમાં લેખકે ગુજરાતનું ૧૯૦૭થી ૧૯૫૭ સુધીનું સામાજિક અને રાજકીય વાતાવરણ આલેખ્યું છે.

ગ્રંથ અને ગ્રંથકાર: ૧-૧૧ (૧૯૪૪-૧૯૪૬)

ગુજરાતી સાહિત્યના શિષ્ટગ્રંથો અને ગ્રંથકારોનો તેમજ સાહિત્યની ગતિવિધિનો પરિચય મળી રહે તેવા ઉદ્દેશવાળી આ અત્યંત ઉપયોગી શ્રેણીના આઠ ખંડોનું સંપાદન હીરાલાલ ત્રિ. પારેખે કર્યું છે; બાકીનાનું સાત જુદા જુદા વિદ્વાનોએ.

મહાદેવભાઈની ડાયરી: ૧-૧૭ (૧૯૪૮-૧૯૮૦)

મહાદેવભાઈ દેસાઈની ૧૯૧૭થી શરૂ થયેલી રોજનીશીમાં લખનારની આત્મકથા નહિ, પરંતુ મહાન ચરિત્રનાયક ગાંધીજી અંગેની વિપુલ કાચી સામગ્રી પડેલી છે. સ્વલ્પ ગુજરાતી ડાયરી-સાહિત્યમાં આ ગ્રંથો અત્યંત મૂલ્યવાન છે.

જીવનપંથ (૧૯૪૯): 'ધૂમકેતુ'

એક સામાન્ય પણ ગરવા બ્રાહ્મણ કુટુંબની જીવનપંથ કાપવાની મથામણોનો પરિચય લેખકે અહીં મોકળાશથી આપ્યો છે.

બાપુના પત્રો: ૧-૧૦ (૧૯૫૦-૧૯૬૬): મો. ક. ગાંધી

સ્વાભાવિકતા, સાદગી અને પારદર્શક વ્યક્તિત્વનો પરિચય કરાવતા ગાંધીજીના પત્રોના આ સંચયો વિશ્વના પત્રસાહિત્યમાં નોંધપાત્ર છે.

અમાસના તારા (૧૯૫૩): કિશનસિંહ ચાવડા

જીવનશ્રદ્ધા અને જીવનમાંગલ્યની ભૂમિકા પરથી રંગદર્શી મનસ્તંત્રની અનેક મુદ્રાઓ પ્રગટાવતા આ લેખકના ગદ્યનું ઉત્તમ પ્રતિનિધિત્વ કરતું પુસ્તક. એમાં રેખાચિત્ર, સંસ્મરણ અને આત્મકથાના ત્રિવિધ સ્તરને સ્પર્શતા પ્રસંગોમાં જીવનના અનુભવોનું વિધાયક બળ છે.

ઘડતર અને ચણતર (૧૯૫૪): નાનાભાઈ ભટ્ટ

લેખકનો પ્રધાન ઉદ્દેશ દક્ષિણામૂતિર્ સંસ્થાનું ચિત્ર સમાજ પાસે મૂકવાનો છે. આ કૃતિ એમના જન્મ-ઉછેરથી આરંભાઈ, ચરિત્રનાયક જેમ જેમ વ્યકિત મટી સંસ્થા બનતા ગયા તેમ તેમ તે સંસ્થાની બની છે. રસિક અને પ્રેરક પ્રસંગો લેખકનું પારદર્શક વ્યકિતત્વ ખડું કરે છે.

વનાંચલ (૧૯૬૭): જયન્ત પાઠક

શૈશવના આનંદપર્વના આ વિશાદ-મધુર સંસ્મરણમાં શિશુવયના નિર્ભેળ રોમાંચની સૃષ્ટિ ખૂલે છે. સાથે, વતનની આદિવાસી પ્રજાની ગરીબી, અજ્ઞાન, વહેમ, લાચારી, ઇમાનદારી, એમના પર થતાં જુલમ-સિતમ, એમના હરખશોકની આર્દ્ર-વેદનશીલ હૃદયમાં અંકિત છબી પણ ઊપસે છે.

અભિનય-પંથે (૧૯૭૩): અમૃત જાની

જૂની રંગભૂમિના સુવર્ણકાળ અંગેની મહત્ત્વની વિગતોવાળું, સંસ્મરણાત્મક શૈલીમાં લખાયેલું આ પુસ્તક દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

થોડાં આંસુ, થોડાં ફૂલ (૧૯૭૬): જયશંકર ભોજક, 'સુંદરી'

સંનિષ્ઠ અને પારદર્શી વ્યકિતત્વ ધરાવતા ગુજરાતી રંગભૂમિના પ્રસિદ્ધ અદાકારે ઉચ્ચ કોટિનું નાટ્યકૌશલ સિદ્ધ કરવા કેવી તપશ્ચર્યા કરી હતી, તેની સંઘર્ષમય કથા. ગુજરાતી ધંધાદારી રંગભૂમિની અહીં મળતી અનેકવિધ વિગતો ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યવાન છે.

ગુજરાતના સારસ્વતો (૧૯૭૭): કેશવરામ કા. શાસ્ત્રી

ગુજરાતી લેખકોનો, એમનાં પુસ્તકોના નિર્દેશો સાથે પરિચય.

આત્મવૃત્તાંત (૧૯૭૯): મણિલાલ ન. દ્વિવેદી

લેખક, ચિંતક અને અધ્યાત્મપ્રેમી લોકશિક્ષક તરીકે ખ્યાતિ પામેલા જીવનવીરે વ્યાધિ, કુસંગ અને અતૃપ્ત પ્રેમતૃષાને કારણે અદમ્ય બનેલી પ્રકૃતિની સામે ચલાવેલા યુદ્ધની દારુણ કથા.

નામરૂપ (૧૯૮૧): અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

જીવનના વિવિધ પ્રસંગોએ ચેતનાના ભિન્ન ભિન્ન સ્તરે આવીને જીવી ગયેલાં ચરિત્રો.

થોડા નોખા જીવ (૧૯૮૫): વાડીલાલ ડગલી

દેશી-વિદેશી મહાનુભાવોના જીવનપ્રસંગોનું પ્રેરણામૂલક નિરૂપણ અને ચરિત્રસંકીર્તન આ ચરિત્ર-નિબંધોની લાક્ષણિકતા છે.

## નવલકથા

સરસ્વતીચંદ્ર: ૧-૪ (૧૮૮૭-૧૯૦૧): ગોવર્ધનરામ ત્રિપાઠી

આશરે ૧૮૦૦ પૃષ્ઠમાં વિસ્તરેલી આ નવલકથાએ ગાંધીજી પૂર્વેના ગુજરાતના શિક્ષિત સમાજ પર ઊંડો પ્રભાવ પાડ્યો, એનું કારણ તેમાં વ્યક્ત થયેલું જીવનવિષયક ઊંડું ચિંતન અને એ ચિંતનને કળારૂપ આપનારી સર્જક પ્રતિભા છે. પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ ને અર્વાચીન પશ્ચિમ—એ ત્રણ સંસ્કૃતિઓના સંગમકાળે ઊભેલા ભારતીય પ્રજાજીવનનાં વિવિધ સ્તરોમાંથી અહીં વિપુલ પાત્રસૃષ્ટિ આવે છે. એ સર્વને લેખક પ્રતીતિકર રીતે આલેખે છે તેથી એ જીવંત અને હૃદયસ્પર્શી બને છે. આજે બતાવી શકાય એવી આ કૃતિની કેટલીક મર્યાદાઓને સ્વીકાર્યા પછી પણ, આ બૃહત્ નવલકથામાં જીવનને આટલા વ્યાપક સંદર્ભોમાં જોવા-મૂલવવાનો અને તેને કળારૂપ આપવાનો જે પુરુષાર્થ એના સર્જકે કર્યો છે, તે ઘટના સમગ્ર ભારતીય સાહિત્યમાં અજોડ છે.

ભદ્રંભદ્ર (૧૯૦૦): રમણભાઈ મ. નીલકંઠ

આ હાસ્યરસિક નવલકથાનો વિષય સુધારા-વિરોધનો ઉપહાસ છે. એક અલ્પજ્ઞ બ્રાહ્મણની સર્વજ્ઞ તરીકે નીવડી આવવાની દાંભિક

પરિસ્થિતિઓ દ્વારા હાસ્ય-કટાક્ષને વિકસાવીને લેખકે નવલકથાને અને તેના મુખ્ય પાત્ર ભદ્રંભદ્રને અમર કરી દીધાં છે.

ઉષા (૧૯૧૮): ન્હાનાલાલ કવિ

અનેક સ્થળે કાવ્યકોટિએ પહોંચતું તાજગીભર્યું, આલંકારિક ગદ્ય ગુજરાતની આ પહેલી ગણાવાપાત્ર લઘુનવલને કાવ્યાત્મક સાહિત્યકૃતિ બનાવે છે. એમાંની ગદ્યસૌરભે એને ગુજરાતીની ‘કાદંબરી’ પણ કહેવડાવી છે.

પૃથિવીવલ્લભ (૧૯૨૧): કનૈયાલાલ મુનશી

તત્કાલીન સમયપટ, વેગવંત ઘટનાદોર, નાટ્યાત્મક રજૂઆત, પ્રતાપી ચરિત્રરેખાઓ અને ભાષાની વેધકતાથી આ ઐતિહાસિક નવલકથાએ ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રભાવ જન્માવ્યો છે.

કોકિલા (૧૯૨૮): રમણલાલ વ. દેસાઈ

પ્રસન્નમધુર દાંપત્યજીવનનું આલેખન કરતી આસ્વાદ્ય નવલકથા.

ગ્રામલક્ષ્મી: ૧-૪ (૧૯૩૩-૧૯૩૭): રમણલાલ વ. દેસાઈ

૧૨૦૦થી વધુ પાનાંમાં વિસ્તરેલી આ આદર્શવાદી નવલકથા ગામડાંની અવદશાને આગળ કરે છે અને, કથાનાયક દ્વારા ગ્રામોદ્યોગના અનેક કાર્યક્રમો અમલમાં મુકાતાં, બદલાતા ગ્રામજીવનની ઝાંખી કરાવે છે.

બંદીઘર (૧૯૩૫): મનુભાઈ પંચોળી, ‘દર્શક’

લેખકની પ્રથમ નવલકથા. આ રસપ્રદ કૃતિમાં જેલના અમલદારોના દમન સામેના સત્યાગ્રહી કેદીઓના સંઘર્ષનું ભાવવાહી આલેખન છે.

ભારેલો અગ્નિ (૧૯૩૫): રમણલાલ વ. દેસાઈ

મુખ્યત્વે કાલ્પનિક અને કેટલાંક ઐતિહાસિક પાત્રો દ્વારા ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામની ઘટનાઓનું આલેખન કરતી, એના સર્જકની સૌથી વધુ સફળ અને સંતર્પક ગણાયેલી ઐતિહાસિક નવલકથા.

અમે બધાં (૧૯૩૬): જ્યોતીન્દ્ર હ. દવે, ધનસુખલાલ મહેતા

રમણભાઈ નીલકંઠની હાસ્યનવલ ‘ભદ્રંભદ્ર’ પછી આપણા

હાસ્યસાહિત્યમાં બીજી મહત્ત્વપૂર્ણ આસ્વાદ્ય કૃતિ.

દેવો ધાધલ (૧૯૩૭): ચંદ્રશંકર બૂચ, ‘સુકાની’

વિષયવસ્તુની રીતે અનોખી રહેલી સમંદરના સાવજોની આ સાહસકથા માહિતીસભર હોવા છતાં રોમાંચક રીતે વાસ્તવિકતાનું વાતાવરણ રચે છે. બસો વર્ષ પહેલાંનો જમાનો એમાં આલેખાયેલો છે.

બંધન અને મુક્તિ (૧૯૩૯): મનુભાઈ પંચોળી, ‘દર્શક’

૧૮૫૭ના મુક્તિસંગ્રામની પશ્ચાદભૂમાં સર્જાયેલી, અવિરત રાષ્ટ્રપ્રેમ પ્રેરતી આ નવલકથા માનવજીવનનાં નૈતિક મૂલ્યોના વિજયની અને એ વિજય માટે અપાતાં બલિદાનોની ગૌરવગાથા છે.

વળામણાં (૧૯૪૦): પન્નાલાલ પટેલ

જાનપદી જીવનની, નાનકડા ફલકની પણ વિલક્ષણ કથા અહીં રજૂ થઈ છે. ગ્રામજીવનનું સાચકલું વાસ્તવલક્ષી ચિત્રણ, પ્રકૃતિનો જીવંત પરિવેશ, ગૌણ પાત્રોની પણ બળવાન રેખાઓ અને સુરેખ રચાઈ આવેલી આકૃતિ આ લઘુનવલને આગવું મૂલ્ય આપે છે.

દરિયાલાલ (૧૯૪૧): ગુણવંતરાય આચાર્ય

આપણી અલ્પ દરિયાઈ સાહસકથાઓમાં નોંધપાત્ર આ નવલકથામાં કથાનું આયોજન ચુસ્ત, નાટ્યાત્મક અને આકર્ષક છે; વર્ણનો ને વસ્તુ વાસ્તવનિષ્ઠ.

મળેલા જીવ (૧૯૪૧): પન્નાલાલ પટેલ

ઇડરિયા પ્રદેશના પટેલ કાનજી અને ઘાંયજી જીવીની આ કરુણાંત પ્રેમકથા લેખકની સીમાસ્તંભ નવલકથા છે. સુન્દરમે સાચું કહ્યું છે: “અત્યારે આ કથા જેવી છે તેવી પણ હિંદના કોઈ પણ સાહિત્યમાં, અને થોડા સંકોચ સાથે દુનિયાના સાહિત્યમાં પણ, ગુજરાતી કળાનું પ્રતિનિધિત્વ ધારી શકે તેવી બની છે.”

જિગર અને અમી: ૧-૨ (૧૯૪૩-૧૯૪૪): ચુનીલાલ વ. શાહ

એક મૂલ્યનિષ્ઠ નાયક અને પતિવ્રતા નારીના પ્રેમની સત્યઘટનાત્મક

નવલકથા.

જનમટીપ (૧૯૪૪)ઃ ઈશ્વર પેટલીકર

પાટણવાડિયા કોમના સામાજિક વાસ્તવને અને એના ગ્રામસમાજને ઉપસાવતી, ચંદા અને ભીમાનાં પ્રણયપાત્રોની આસપાસ ફરતી નવલકથા.

દીપનિર્વાણ (૧૯૪૪)ઃ મનુભાઈ પંચોળી, ‘દર્શક’

વનવૃક્ષોની છાયામાં ઊછરેલી ભારતીય સંસ્કૃતિની ગરવી ગરિમા આ નવલકથામાં જીવંત રીતે આલેખાઈ છે. દૂરના અતીતને પ્રત્યક્ષ કરવાની સર્જકશકિત સાથે ઇતિહાસમાંથી પોતાના યુગને ઉપકારક એવું અર્થઘટન તારવવાની સૂઝને કારણે આ કૃતિ ગુજરાતી ઐતિહાસિક નવલકથાના ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ છે.

પાછલે બારણે (૧૯૪૭)ઃ પન્નાલાલ પટેલ

દેશી રાજ્યોમાં ગાદીવારસ માટે ચાલતી ખટપટોના ભીતર વાત્સલ્યના વિજયને આલેખતી કથા.

માનવીની ભવાઈ (૧૯૪૭)ઃ પન્નાલાલ પટેલ

લેખકની આ સીમાસ્તંભ નવલકથામાં પહેલી વાર તળપદા ગ્રામજીવનની વાસ્તવિકતાનો સાહિત્યિક આલેખ મળે છે. ગુજરાતના ઇશાનિયા ખૂણાના ગ્રામપ્રદેશના ઉત્સવો અને રીતરિવાજો, બોલી અને લહેકાઓ વચ્ચે, તેમજ છપ્પનિયા કાળની વચ્ચે, કાળુ-રાજુની પ્રેમયાતનાને ગ્રામવાસીઓની બૃહદ્ યાતનાના સંદર્ભમાં અહીં તોળેલી છે. ‘ભૂખી ભુતાવળ’ જેવા પ્રકરણમાં પન્નાલાલનું આલેખન મહાકાવ્યની કક્ષાએ પહોંચતું અનુભવાય છે.

ભવસાગર (૧૯૫૧)ઃ ઈશ્વર પેટલીકર

ગ્રામસમાજની જડતા-નિષ્ઠુરતા નીચે રિબાતી, અને એ અસહ્ય બનતાં આત્મવિલોપન કરતી નારીની વેદનાને નિરૂપતી નવલકથા. પાત્રોચિત અને ભાવોચિત ભાષા અહીં સાહજિક બળકટતા પ્રગટાવી શકી છે. લેખકની ખુદની અન્ય નવલકથાઓમાં પણ આટલી કલાભિમુખતા વિરલ જોવાય છે.

ઝેર તો પીધાં છે જાણી જાણીઃ ૧-૩ (૧૯૫૨-૧૯૮૫)ઃ મનુભાઈ પંચોળી, 'દર્શક'

સ્થળ-કાળના સુવિશાળ ફલક પર વિહરતાં વિવિધ કોટિનાં પાત્રોના મનોસંઘર્ષોના અત્યંત હૃદયસ્પર્શી અને ઋજુ આલેખન સાથે, પાત્રો અને પ્રસંગોના આલેખનમાં માનવજીવનનાં અંતઃસ્તલને સ્પર્શતી સર્જકપ્રતિભા અને વિશાળ જ્ઞાનનો સુભગ સંસ્પર્શ લેખકની આ નવલકથામાં છે.

અમૃતા (૧૯૬૫)ઃ રઘુવીર ચૌધરી

લેખકની સજ્જતાનો પરિચય આપતી કીતિર્દા નવલકથા.

પરોઢ થતાં પહેલાં (૧૯૬૮)ઃ કુન્દનિકા કાપડિયા

જીવનમાં પડેલા દુઃખના તત્ત્વને અતિક્રમીને મનુષ્ય પોતાના આનંદરૂપ સાથે શી રીતે અનુસાંધિત થઈ શકે, એ મૂળભૂત પ્રશ્નને છેડીને કલાત્મક ધ્વનિમયતાથી પરોઢનાં આશા-કિરણની ઝાંખી કરાવતી કથા.

વાંસનો અંકુર (૧૯૬૮)ઃ ધીરુબહેન પટેલ

દાદાજીના લાડીલા, તીવ્ર સંવેદનશીલતા ધરાવતા યુવાન કેશવના દિલમાં એમની જ સામે, વાંસના અંકુરની પેઠે, ફૂટી નીકળતી વિદ્રોહવૃત્તિનું અત્યંત કલાપૂર્ણ અને લાઘવયુક્ત નિરૂપણ કરતી લઘુનવલ.

સોક્રેટિસ (૧૯૭૪)ઃ મનુભાઈ પંચોળી, 'દર્શક'

ભારતમાંની વર્તમાન લોકશાહીની થતી વિડંબનાએ, આંતરસત્યની ખોજ માટે મથામણ અનુભવતા સોક્રેટિસને આ મહત્ત્વાકાંક્ષી ઐતિહાસિક નવલકથામાં આપણી વચ્ચે હરતા ફરતા કરવા લેખકને પ્રેર્યા છે.

ઉપરવાસ-સહવાસ-અંતરવાસ (૧૯૭૫)ઃ રઘુવીર ચૌધરી

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના ગાળામાં આપણે ત્યાં લોકજીવનમાં જે પરિવર્તન આરંભાયું, તેની આ દસ્તાવેજી કથાને લેખકે 'વતનની આત્મકથા' તરીકે ઓળખાવી છે. એમનો મુખ્ય રસ, નવાં પરિબળોએ માનવી-માનવી વચ્ચેના વ્યવહારો અને સંબંધો પર જે અસર પાડી છે તેનું સચ્ચાઈભર્યું આલેખન કરવામાં છે. સર્જક પાસે વતનના લોકજીવનનો

વિશાળ અનુભવ હોવાથી ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળાં પાત્રોનું ભાતીગળ વિશ્વ એ ઊભું કરી શક્યા છે.

શીમળાનાં ફૂલ (૧૯૭૬): ધીરુબહેન પટેલ

નરનારીના નાજુક સંબંધના સંદર્ભમાં, આળા હૈયાના નારીત્વને લાગણીના નમણા શિલ્પરૂપે ઉપસાવતી નવલકથા.

ચિહ્ન (૧૯૭૮): ધીરેન્દ્ર મહેતા

પોલિયોના રોગથી અપંગ બનેલા અત્યંત સંવેદનશીલ કથાનાયકની આત્મસન્માનપૂર્વક જીવવાની મથામણ આ નવલકથા જીવંત ગદ્યમાં રજૂ કરે છે.

પરદુખ્ખભંજન પેસ્તનજી (૧૯૭૮): ધીરુબહેન પટેલ

‘ડોન કિહોટે’નું સ્મરણ કરાવતી પેસ્તનજીનાં ઉરાંગઉટાંગ પરાક્રમોની કથા.

મૃત્યુ મરી ગયું (૧૯૭૯): ઉષા ર. શેઠ

પોતાની બાર વર્ષની પુત્રીને થયેલા અસાધ્ય અને પીડાકારી વ્યાધિ સામે બળપૂર્વક ઝૂઝતાં પુત્રી અને પોતે અનુભવેલા મનસંઘર્ષની સત્યઘટનાત્મક નવલકથા.

આંધળી ગલી (૧૯૮૩): ધીરુબહેન પટેલ

એકલવાયા પ્રેમાળ પિતાની સારસંભાળ માટે અપરિણીત રહેતી, અને પછી લગ્નવય વટાવી જતાં લગ્નની તક ગુમાવી બેઠેલી, પુત્રીની આસપાસ વિસ્તરેલી કથા.

સાત પગલાં આકાશમાં (૧૯૮૪): કુન્દનિકા કાપડિયા

સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધોની નાજુક સમસ્યાઓના સંદર્ભે નારીજીવનની વ્યથાઓને નિરૂપતી નવલકથા. સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની કથા અહીં આલેખાયેલી છે.

ગગનનાં લગન (૧૯૮૪): ધીરુબહેન પટેલ

સામાન્ય લાગતાં પાત્ર, પરિસ્થિતિ ને પ્રસંગની અસામાન્યતાઓ

ઝીણી નજરે પકડી પાડી તેને બિલોરી કાચમાંથી બતાવતું હાસ્ય આ કથા પીરસે છે.

આંગળિયાત: (૧૯૮૬): જોસેફ મેકવાન

ખેડા જિલ્લાના ગામડાના વણકરસમાજના જીવનસંઘર્ષની સંવેદનશીલ રજૂઆત કરતી પ્રાણવાન નવલકથા.

## નવલિકા

પિયાસી (૧૯૪૦): સુન્દરમ્

નિમ્ન તેમજ ઉચ્ચ વર્ગનાં પાત્રોના વિરોધસામ્યથી નિરૂપણની તીક્ષ્ણતા સાધતી આ વાર્તાઓ સુન્દરમ્‌ને વાર્તાકાર તરીકે ઊંચા સ્થાને સ્થાપિત કરે છે.

સુખદુખનાં સાથી (૧૯૪૦): પન્નાલાલ પટેલ

સરળ, શિષ્ટ બાનીમાં યથાવકાશ લોકબોલીનાં તત્ત્વોને સાંકળીને વાર્તાકથનની વિશિષ્ટ શૈલી વિકસાવવામાં, પાત્રોનાં ભીતરી વૃત્તિ-વલણો છતાં કરવામાં અને લાગણીઓને વળ આપી તીવ્રતા સાધવામાં લેખકે પોતાના આ પ્રથમ વાર્તાસંગ્રહમાં ઊંડી સૂઝ બતાવી છે.

ખરા બપોર (૧૯૬૮): જયંત ખત્રી

માનવજીવનની સંકુલના સાથેનું, તેના આવેગો અને વિશમતાઓનું કરુણગર્ભ આલેખન આ વાર્તાસંગ્રહમાં થયું છે.

## નાટક

ભટનું ભોપાળું (૧૮૬૭): નવલરામ લ. પંડ્યા

ફ્રેંચ પ્રહસનકાર મોલિયેરના નાટકનું આ ગુજરાતી રસાનુસારી રૂપાંતર મૌલિક હોવાનો ભાસ ઊભો કરે છે. વૃદ્ધની સાથેનાં એક કન્યાનાં લગ્નને અટકાવી, કન્યાના પ્રિય પાત્ર સાથે એનાં લગ્ન યોજવાની નેમ રાખતું આ નાટક ગુજરાતી ભાષાનું પહેલું સફળ રંગમંચક્ષમ પ્રહસન છે.

મિથ્યાભિમાન (૧૮૭૧)ઃ દલપતરામ કવિ

ગુજરાતી નાટ્યસાહિત્યના આ પહેલા પ્રહસનમાં પાશ્ચાત્ય રંગભૂમિ, સંસ્કૃત નાટક અને તળપદા ભવાઈના અંશોનું જીવંત મિશ્રણ છે. સાહિત્યિક ગુણવત્તા અને અભિનયક્ષમતાને કારણે આ નાટક યાદગાર બન્યું છે.

પૌરાણિક નાટકો (૧૯૩૦)ઃ કનૈયાલાલ મુનશી

આ ચાર નાટકોનું વસ્તુ પુરાણમાંથી લીધું છે, પરંતુ તેમાં કલ્પનાથી અર્વાચીન યુગભાવનાઓનું નિરૂપણ કર્યું છે. માર્મિક સચોટ સંવાદો, કાવ્યમય બાનીછટા, માનવીય પાત્રચિત્રણ—એ આ નાટકોની વિશેષતા છે.

વડલો (૧૯૩૧)ઃ કૃષ્ણલાલ શ્રીધરાણી

કાવ્યતત્ત્વ, નાટ્યતત્ત્વ, સંગીત અને નૃત્યનો સમન્વય આ નાટકમાં થયો છે. તે અનેક વાર ભજવાયું છે અને તેની ભજવણી દરેક વયનાં પ્રેક્ષકોને આકર્ષે છે.

આગગાડી (૧૯૩૩)ઃ ચંદ્રવદન મહેતા

રેલવેની દુનિયાના વાસ્તવિક ચિત્ર વચ્ચે ગરીબ રેલવે-કામદાર કુટુંબની અવદશા આલેખતું કરુણાંત નાટક.

જલિયાંવાલા (૧૯૩૪)ઃ મનુભાઈ પંચોળી, ‘દર્શક’

જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે કરેલી કત્લેઆમના સંદર્ભે લખાયેલું આ નાટક દેશની આઝાદી માટે પ્રતિકાર અને સ્વાર્પણની ભાવના જાગ્રત કરે છે.

સાપના ભારા (૧૯૩૬)ઃ ઉમાશંકર જોશી

ગ્રામીણ સમાજ, ગ્રામીણ પાત્રો અને ગ્રામીણ પરિસ્થિતિઓની કોઠાસૂઝભરી કલાનિર્મિતિ આ અગિયાર એકાંકી નાટકોનો વિશેષ છે. ગ્રામજીવનની વાસ્તવિકતાને નાટકકારે લોકબોલીના વિવિધ ઘાટમાં ઉતારી છે.

જવનિકા (૧૯૪૧)ઃ જયંતિ દલાલ

સચોટ સંવાદો, ભુલાઈ જતી ગુજરાતી બોલચાલની ભાષા, જીવનનું મામિર્ક સંવેદન, પાત્રોનું વૈવિધ્ય, વિશેષ કરીને સ્ત્રીપાત્રોની તેજસ્વિતા—એ આ બાર એકાંકીઓની વિશેષતા છે.

અલ્લાબેલી (૧૯૪૨): ગુણવંતરાય આચાર્ય

ચિત્રાત્મક આલેખન અને ગતિશીલ સંવાદોવાળું આ ત્રિઅંકી નાટક તેના નાયક મૂળુ માણેકના શૌર્યવાન, ટેકીલા તથા વતનપ્રેમી વ્યકિતત્વને ઉપસાવે છે.

અંતિમ અધ્યાય (૧૯૮૩): મનુભાઈ પંચોળી, ‘દર્શક’

નાત્સીઓએ યહૂદીઓ ઉપર આચરેલા અત્યાચારોની વાત કહેતાં આ ત્રણ એકાંકીઓ પરિસ્થિતિની પાર જઈ દશાંગુલ ઊચાં ઊઠનારાં માનવીઓની જિજીવિષાના જયને નિરૂપે છે.

## નિબંધ-લેખ

બાળ વિલાસ (૧૮૯૭): મણિલાલ ન. દ્વિવેદી

માધ્યમિક શાળામાં ભણતી કન્યાઓ માટેનો પાઠસંગ્રહ. પૌરાણિક પાત્રો અને પ્રસંગોને લઈને લેખકે તેમાં ધર્મ અને નીતિનો ઉપદેશ આપ્યો છે. કન્યા, પત્ની અને માતાના કર્તવ્યનો બોધ આપતા આ પાઠો સુદૃઢ વિષયગ્રથન અને પ્રાસાદિક ભાષાને કારણે લઘુનિબંધના નમૂના બન્યા છે.

આપણો ધર્મ (૧૯૧૬): આનંદશંકર બા. ધ્રુવ

ભારતીય ધર્મ તત્ત્વદર્શનના કેટલાક મુદ્દાઓને ચર્ચતો મહત્ત્વનો ચિંતનગ્રંથ.

સુદર્શન ગદ્યાવલિ (૧૯૧૯): મણિલાલ ન. દ્વિવેદી

વિભિન્ન રુચિવાળા વાચકોને રસ પડે તેવા તમામ ક્ષેત્રોના મહત્ત્વના વિષયોની તાત્ત્વિક તેમજ વ્યાવહારિક વિચારણા લેખકના નિબંધોના આ બૃહત્સંગ્રહમાં છે. આ ગ્રંથ ‘ગુજરાતી સાહિત્યનો સર્વોત્તમ નિબંધભંડાર’

ગણાયો છે અને એના લેખકને અર્વાચીન યુગના ત્રણ શ્રેષ્ઠ નિબંધકારોમાં સ્થાન મળ્યું છે.

ઓતરાતી દીવાલો (૧૯૨૫): કાકા કાલેલકર

સાબરમતી જેલવાસ દરમિયાન પશુપંખી અને વનસ્પતિસૃષ્ટિના વિશેષ આલેખતું લઘુ પુસ્તક.

જીવનનો આનંદ (૧૯૩૬): કાકા કાલેલકર

પ્રકૃતિદર્શન, આકાશદર્શન અને કલાદર્શનથી રસાયેલા આ લેખોમાં જીવનનો આનંદધર્મ વિવિધ રીતે પ્રગટ્યો છે.

ગોષ્ઠિ (૧૯૫૧): ઉમાશંકર જોશી

જીવંત ગદ્યવાળા સંસ્કારલક્ષી માર્મિક નિબંધોનો સંગ્રહ

અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા (૧૯૫૬): ધીરુભાઈ ઠાકર

ગુજરાતી અર્વાચીન સાહિત્યનો નીરક્ષીર દૃષ્ટિવાળો અને સરળ, મધુર, પ્રવાહી ગદ્યશૈલીમાં લખાયેલો આ ઇતિહાસ સૌ સાહિત્યરસિકો માટે હાથપોથીની ગરજ સારતો નોંધપાત્ર ગ્રંથ છે.

જીવનલીલા (૧૯૫૬): કાકા કાલેલકર

ભારતમાં ઠેરઠેર ફરીને એના પહાડો, નદીઓ, સરોવરો અને સંગમસ્થાનોનાં જે ચિત્રો લેખકે ઝીલ્યાં છે, એને અહીં દેશભક્તિના રંગથી રંગ્યાં છે. સરલ ભાષા છતાં ચેતનધબકતી શૈલી સાથે પ્રકૃતિના સૌંદર્યને ખડાં કરતાં વર્ણનો.

આપણો વારસો અને વૈભવ (૧૯૬૧): મનુભાઈ પંચોળી, 'દર્શક'

'વેદ' પૂર્વેના યુગથી માંડીને મધ્યકાળ સુધીનો ભારતનો નોંધપાત્ર સાંસ્કૃતિક ઇતિહાસ.

જીવનવ્યવસ્થા (૧૯૬૩): કાકા કાલેલકર

'વેદ', 'ઉપનિષદ્', 'ગીતા' અને મરાઠી ભક્તિપરંપરાથી પુષ્ટ થયેલી તથા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત લોકકેળવણીકારની લોકભોગ્ય

શૈલીમાં ધર્મવિચારણા કરતાં લખાણોનો સંગ્રહ.

જનાન્તિકે (૧૯૬૫): સુરેશ હ. જોષી

કાવ્યાત્મક, કથનાત્મક ને ચિંતનાત્મક શૈલીઓનો સમન્વય કરીને નિપજાવેલું આ લલિત નિબંધોનું નવા જ પ્રકારનું સ્વરૂપ કાલેલકર પછી ગુજરાતી સાહિત્યના નિબંધને એક નવું પરિમાણ આપે છે.

જ્યોતીન્દ્ર-તરંગ (૧૯૭૬): જ્યોતીન્દ્ર હ. દવે

બુદ્ધિલક્ષી નર્મ-મર્મયુક્ત હળવા નિબંધોના સર્જકોનો જે વર્ગ ગાંધીયુગમાં આવ્યો, તેમાં જ્યોતીન્દ્ર દવે સૌથી વિશેષ લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર હતા. પોતાનાં પંદરેક પુસ્તકોમાંથી એમણે સંપાદિત કરેલા પ્રતિનિધિ હાસ્યલેખોનો સંગ્રહ.

['ગુજરાતી સાહિત્યકોશ' પુસ્તક]

# ખોજા જમાતનું રાષ્ટ્રીય રત્ન

કોમવાદનો લેશ પણ સ્પર્શ જેમને થયેલો નહિ, એવા એક સાચા રાષ્ટ્રવાદી નેતા યુસુફ મહેરઅલીનું અવસાન ૨ જુલાઈ, ૧૯૫૦એ થયું હતું. મુંબઈના કોંગ્રેસ હાઉસમાંથી એમની શબયાત્રા નીકળેલી. મહેરઅલીનો જન્મ ખોજા કોમમાં થયેલો, પણ તેમના સુધારાવાદી ને રાષ્ટ્રીય વિચારોને કારણે એ જ કોમના લોકો માટે તે અળખામણા બનેલા હતા. એ અંતિમ સફરમાં કોઈ ખોજાઓ જોડાયા નહોતા અને જેમનાં ઘર આગળથી શબયાત્રા પસાર થઈ તેવાં ખોજા કુટુંબોએ બારીબારણાં પણ બંધ કરી દીધેલાં.

ખોજા કોમના વડા આગાખાનને એક વાર મળવા ગયેલા મહેરઅલીએ એમને કહેલું કે, આપ ઈશ્વરના અવતાર છો એવું હું માનતો નથી. ત્યારે આગાખાને જવાબ આપેલો કે, ભલે તમે ન માનતા હો, પરંતુ અમે તો માનીએ છીએ કે તમે ખોજા જમાતનું રત્ન છો; તમને કોઈ ચીજનો ખપ પડે, તો અમારા સેક્રેટરીને જણાવજો.

પછી બન્યું એવું કે ૧૯૪૨ની ‘ભારત છોડો’ લડતમાં કારાવાસ ભોગવતા મહેરઅલીને ગંભીર માંદગીને કારણે વહેલા જેલ-મુક્ત કરવામાં આવ્યા. પુસ્તકોના અનહદ શોખીન મહેરઅલીએ આગખાનના સેક્રેટરીને ફોન કરીને કહ્યું કે પોતાને અમુક પુસ્તકો ખરીદવાં છે તે માટે આગાખાને અગાઉ કરેલી ઓફરનો લાભ લઈ શકાશે? સેક્રેટરીએ હા પાડી એટલે રૂ. પચીસ હજારનાં પુસ્તકોના ઓર્ડર મહેરઅલીએ મુંબઈના બે મોટા પુસ્તક-વિક્રેતાઓ તારાપોરવાલા અને ન્યુ બુક કંપની પર મોકલી આપ્યા. ભારતની વિવિધ જેલોમાંના રાજદ્વારી કેદીઓને એ પુસ્તકો મહેરઅલીએ પછી પહોંચાડેલાં.

[‘નિરીક્ષક’ પખવાડિકમાં વી. બી. ગણાત્રાની નોંધ પરથી]

## આ બાવાઓને શા માટે નિભાવીએ છીએ?

બાવાઓએ ભારતને જેટલું નુકસાન પહોંચાડ્યું છે એટલું તો અંગ્રેજો કે મુસ્લિમો જેવા આતતાયીઓએ પણ નથી પહોંચાડ્યું. તદ્દન બિન-ઉત્પાદક એવી આ વિશાળ પરાવલંબી જમાતને આપણે યુગોથી પાળતા-પોષતા આવ્યા છીએ અને એ જમાતના પીંઢારાઓ સદીઓથી લોકોને મૂર્ખ બનાવતા આવ્યા છે. એ આપણને સત્ય, નિષ્ઠા, ત્યાગ, બ્રહ્મચર્ય વગેરેના ઉપદેશો આપે છે અને એ જ પાછા વ્યભિચાર કરતાં પકડાય છે, ધનના ઢગલામાં આળોટે છે, સત્તા માટે અદાલતના જંગે ચડે છે, જુહાણાંઓ ચલાવે છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓએ ચુસ્ત બ્રહ્મચર્ય પાળવાનું હોય છે. સહજાનંદ સ્વામીએ ‘શિક્ષાપત્રી’માં પંથના સાધુઓને સ્ત્રીઓ સામે જોવાનો પણ પ્રતિબંધ મૂક્યો છે. આ જ સંપ્રદાયના સાધુઓનાં જાતીય કૌભાંડો સતત સમયાંતરે બહાર આવતાં જ રહે છે. ગુરુકુળોમાં કિશોર વયના કે એથી પણ નાના છોકરાઓ ઉપર સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યથી માંડીને બજારુ ઓરતો સાથેની કામલીલા સુધીનાં કૌભાંડો થતાં રહે છે.

દેહનો વ્યાપાર કરનાર એક ઔરત સાથેની વડતાલ સંપ્રદાયના બે સાધુઓની કામલીલાની વિડિયો સી.ડી.એ વધુ એક વખત ભગવાં કપડાં લજવનારાઓને ઉઘાડા પાડ્યા છે. વેશ્યાગમન જેવી હરકત સુધી સાધુઓ ઊતરી જાય ત્યારે સંપ્રદાયે પણ આત્મમંથન કરવાની જરૂર જણાય.

આ સમગ્ર ઘટનાક્રમમાં બે સંપ્રદાયો વચ્ચેનાં વેરઝેર કારણભૂત હોવાનું બહાનું અપાય છે. પરંતુ આ સાધુઓની કામલીલાની સી.ડી. જેન્યુઇન છે એ તો હકીકત જ છે ને? સાધુઓની અધોગતિ થઈ છે એ તો સ્પષ્ટ છે ને? સાધુઓ ભ્રષ્ટ બન્યા છે એ તો સાબિત જ છે ને? તેમને કોઈએ પકડીને દેહવિક્રય કરનારી બાઈ સાથે પરાણે તો સુવડાવી દીધા નહોતા. એવી પણ દલીલ થાય છે કે સાધુઓને મોહમાયાથી લલચાવીને ભ્રષ્ટ કરાયા છે. મોહમાયાથી લલચાય તો સાધુ તરીકેની તેની વર્ષોની સાધના ક્યાં ગઈ? ક્યાં ગઈ તેની તાલીમ? ક્યાં ગયા તેના સંસ્કારો?

ભગવું કપડું જોતાં જ નમી પડવાની આપણી સદીઓ જૂની આદત છે. આપણા લોહીમાં એ પ્રાગૈતિહાસિક ટેવ વહી રહી છે. ભગવાં પહેરનાર તમામ તરફ આદરની દૃષ્ટિ નાખવાની ભૂલ આપણે સતત કરતાં રહીએ છીએ. સાચો ત્યાગી તો એ છે કે જે ત્યાગ દર્શાવતાં ભગવાં, કંઠી, માળા, પાઘડી, કમંડળ વગેરે પ્રતીકોનો પણ ત્યાગ કરી દે. બાવાઓ પોતાને ત્યાગી સાધુ દેખાડવા માટે આ પ્રતીકોને અપનાવે છે. ભગવાં પહેરીને દેશવિદેશમાં ઉપદેશ આપતો ફરતો બાવો—જો બીજા દિવસે દાઢી મૂંડાવીને પેન્ટ-શર્ટ પહેરીને ચોકમાં ઊભો રહીને ઉપદેશ આપે તો તેને સાંભળવા પંદર જણા પણ એકઠા ન થાય. પ્રભાવ બાવાનો નથી, પ્રભાવ તેના પહેરવેશનો છે. આપણી માનસિકતા આ પ્રભાવમાં આવી જવાની છે. આંખના આંધળા પ્ણ ગાંઠના પૂરા લોકો માનસિકતાને કારણે જ સતત લૂંટાતા રહે છે.

હિન્દુ ધર્મમાં બાવાઓની ફોજ ઊભી કરવાની જે તાકાત છે, તે અન્ય કોઈ ધર્મમાં નથી. સદીઓથી સાધુના નામે આ તોસ્તાન

લાવલશ્કરને આપણે નિભાવતાં રહીએ છીએ. વાસ્તવમાં આ ફોજ તદ્દન બિનઉત્પાદક છે. કોઈ કામ ન કરવા છતાં આરામથી જિંદગી પસાર કરવી હોય તો બાવા થઈ જવાનું. ચેલકાઓની સંખ્યા જેટલી વધે એટલી સ્વામીની આબરૂ વધે. આવા, અણસમજમાં નાની ઉંમરમાં મૂંડાઈ ગયેલાઓ જ્યારે ઉંમરલાયક થાય ત્યારે કુદરત તો પોતાનું કામ કરે જ છે. બાવા કે સંસારી વચ્ચે એ ભેદ કરતી નથી.

સ્વામીનારાયણી સાધુઓની છેલ્લાં વર્ષોની કેટલીક ‘લીલાઓ’ ઉપર આપણે આછો દૃષ્ટિપાત કરીએ:

૧૯૯૫: બોરીવલી(મુંબઈ)ના સ્વામીનારાયણ મંદિરના સ્વામી ઓમપ્રકાશ અને હરિદાસ પુરાણીએ મંદિરના રસોડાને ૧૮ વર્ષની યુવતી સાથેનો શયનખંડ બનાવ્યો હતો. વડતાલના દેવસ્વરૂપ સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ ચાંગના માધવ ભગત સાથે બળજબરીથી સજાતીયકાંડ આચર્યો હતો.

૧૯૯૭: જામજોધપુરના દેવસ્વામીએ એક બાળા ઉપર બળાત્કાર કર્યો હતો.

૧૯૯૮: બોટાદ-લાઠીદડના ગુરુ પ્રેમપુરાણી સ્વામીએ સજાતીય સેક્સકાંડ આચર્યો હતો.

૧૯૯૯: મદ્રાસમાં પ્રેમપુરાણ સ્વામી, નારાયણ જીવન સ્વામી અને હરીશ ભગતે કામલીલા આચરી હતી.

૨૦૦૦: રાજકોટ મંદિરના પી. પી. સ્વામી નબળા કુટુંબની એક સ્ત્રી સાથે બંગલામાં લીલા કરતા રંગે હાથ ઝડપાયા હતા. રાજકોટ મંદિરના જ સંત ગુરુ દેવનંદનદાસે મંદિરમાં જ એક યુવતી પર બળાત્કાર કર્યો હતો. ઉત્તર પ્રદેશના મંદિરના કોઠારી સ્વામીએ નરસંડામાં કૌભાંડ કરતાં લોકોના હાથે મેથીપાક ખાવો પડ્યો હતો.

૨૦૦૧: ખંભાત મંદિરના સ્વામીને કેટલાક યુવાન ભક્તોએ મારુતિ ગાડીમાં એક યુવતી સાથે કઢંગી હાલતમાં પકડી પાડ્યા હતા.

૨૦૦૨: વડતાલના એક સંત મંદિરમાં જ રહેતી એક સ્ત્રી સાથે

ગાયબ થઈ ગયા હતા.

૨૦૦૩: ઉપલેટાના સ્વામી કેશવાનંદે ગુરુકુળનાં બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કાર્ય કર્યું હતું.

ધર્મને જો માનતા હો તો ધર્મમાં તો સદાચાર, નૈતિકતા, સંયમ અનિવાર્ય છે. એ જો પાળી શકાતા ના હોય તો ભગવાંના આડંબરો ઉતારીને સીધાસાદા સંસારી બની જાવ અને મુક્તજીવન માણો.

સાધુઓ આવાં કૃત્યો કરે ત્યારે આટલા આકળા જઈ જવાનું કારણ એટલું જ કે સમાજ ઉપર તેમનું પ્રભુત્વ છે. સમાજ તેમને માર્ગદર્શક માને છે. આદર્શ માને છે. તેમનાં પગલે ચાલે છે. તેમની પાસે સદાચાર અને સદ્વિચારની અપેક્ષા હોય છે.

['ગુજરાત સમાચાર' દૈનિક, 'વિવેકપંથી' માસિક: ૨૦૦૪]

## ધમ્મપદ

*પ્રમાદી પામતા મૃત્યુ, ઉદ્યમી નિત્ય અમૃત;*
*અપ્રમાદી મરે ના, ના; એદી જીવે મર્યા સમા.*

*

*ના વાયુ સામે ફૂલગંધ જાતી,*
*ના મલ્લિકા, તગર, ચંદન, કસ્તૂરીની;*
*સામે સમીરે જતી ગંધ સંતની,*
*દશે દિશા ફોરતી સંતફોરમે.*

*

*અજંપે રાત લાંબી, ને કોશ લાંબો શ્રમિતને;*
*જન્મની શૃંખલા લાંબી, જેણે જાણ્યો ન ધર્મને.*

*

*યાત્રામાં શ્રેષ્ઠ ના લાધે, કે ના સાથી સમાન વા,*
*એકલા ખેડવો પંથ; હીણો સેવ્યે ય લાભ શો?*

*

*પાણેતી પાણીને વાળે, પધોરે તીર બાણવી,*
*કંડારે શિલ્પીઓ કાષ્ઠ, ઘડે સંત નિજાત્મને.*

*

*હજારો શૂરને જીતે યોદ્ધો જે રણ આંગણે,*
*શ્રેષ્ઠ તો વીર એથી યે જે જીતે નિજ આત્મને.*

*

*ન ભસ્મ ચોળ્યે, ન જટા-અવસ્ત્રે,*
*ન લાંઘણે કે ધરણી સૂવાથી,*
*વેરાગીનાં વસનથી, નહિ પંક લીપ્યે*
*શુદ્ધિ લાધે, હૃદયમનના સંશયો જો ટળ્યા ના.*

*

*પરાયો ઊજળો લાગ્યે છોડવો ના સ્વધર્મને,*
*પારખી નિજનો ધર્મ રહેવું એમાં પરાયણ.*

*

*મૂગાને નિંદતા લોકો, નિંદે વાચાળને વળી,*
*નિંદાતો મિતભાષી યે, અનિંદ્યો કોઈ ના અહીં.*

*

*અગ્નિ ના રાગના જેવો, પાશ ના દ્વેશના સમો,*
*મોહ શી જાળ બીજી ના, તૃષ્ણા શી સરિતા નહીં.*

## "એક દી ગરીબનું સ્વરાજ લાવશું!"

૧૯૧૯માં જન્મેલા ઝીણાભાઈ દરજીએ જિંદગીની શરૂઆત પોતાના ગામ વ્યારા(જિ. સુરત)માં હાઈસ્કૂલના શિક્ષક તરીકે કરેલી. આઝાદીની ચળવળના રંગે રંગાયા પછી લોકસેવાનાં કામ કરવા માટે, પચીસી પૂરી કરતાં પહેલાં, નોકરી છોડી દીધી. ૧૯૫૬માં વ્યારા શહેર સુધરાઈના પ્રમુખ ચૂંટાયા ત્યારે લોકોનાં ઘરનાં જાજરૂમાં મળ માટે વાંસની ટોપલીઓ

રહેતી, તેનાથી સફાઈ કામદારોને નરકનો અનુભવ થતો. તેને બદલે નાગરિકો પતરાના ડબા પૂરા પાડે, એવો નિર્ણય ઝીણાભાઈએ લીધો. તેનો ઘણો વિરોધ થયો, પણ તે ન ડગ્યા. સફાઈ કામદારનો પગાર મહિને રૂ. ૧૦ હતો તે વધારીને ઝીણાભાઈએ રૂ. ૭૦ કરી દીધો, તે પણ સવર્ણોને ખટક્યું. ત્યારે ઝીણાભાઈએ જાહેરાત કરી કે જે કોઈ સવર્ણ વ્યકિત સફાઈ કામદારની નોકરી કરશે તેને બમણો પગાર, એટલે કે રૂ. ૧૪૦, મળશે. એ પડકાર ઝીલનારું કોઈ નીકળ્યું નહીં, ને વિરોધીઓ મૂંગા થઈ ગયા.

એ જમાનામાં વાળંદ ભાઈઓ દલિતોની હજામત કરે નહીં. એટલે ઝીણાભાઈએ નક્કી કરેલું કે દલિતના વાળ કાપે તે વાળંદની દુકાને જ પોતાના વાળ કપાવવા, હજામત કરાવવી. પછી સુધરાઈના પ્રમુખ થયા ત્યારે દલિતોના વાળ કાપવાની સૂચના બધા વાળંદોને આપી. એટલે એ લોકો દુકાન બંધ કરીને બીજે ગામ જતા રહ્યા. વાળંદ પણ આખરે તો ગરીબ જ ને? એમની ઉપર જબરદસ્તી ન થાય. એમને સમજાવીને પાછા લઈ આવ્યા. વચલા રસ્તા તરીકે ખાદી ભંડારમાં હજામત કરાવવાનું ગોઠવ્યું. બહારગામથી એક વાળંદભાઈ આવે, એ ત્યાં પહેલાં દલિતોના વાળ કાપે પછી ઝીણાભાઈ અને એમના સાથીઓ કપાવે.

દલિત અને આદિવાસી યુવાનોના પ્રવાસ ઝીણાભાઈ ગોઠવતા. એક વાર બધાને પાલીતાણા લઈ ગયેલા. ડુંગર ચડીને મંદિરમાં જતા હતા, ત્યાં દલિતો સાથે હોવાથી સૌને રોકવામાં આવ્યા. ત્યારથી ઝીણાભાઈએ કોઈ પણ મંદિરમાં ન જવાનો નિર્ણય કર્યો, જે જીવ્યા ત્યાં સુધી પાળ્યો.

૧૯૬૩માં સુરત જિલ્લા પંચાયતના પ્રમુખપદે ઝીણાભાઈ આવ્યા. જિલ્લામાં પ્રવાસે નીકળે ત્યારે પ્રમુખને જે ઘેરથી જમવાનું નિમંત્રણ મળે તેને કહી રાખે કે, તમારા જ ગામનો દલિત મારી સાથે આવશે; તેને જમાડવાના હો તો જ હું આવીશ.

ઇન્દિરા ગાંધી બીજી વાર વડા પ્રધાન બન્યાં ત્યારે ૨૦ મુદ્દાના કાર્યક્રમના અમલ અંગે ભારત સરકારે એક સમિતિ રચીને ઝીણાભાઈને

તેના પ્રમુખ નીમેલા. તે વખતે સોમનાથ મંદિર સાથે સંકળાયેલા કેટલાક લોકો તેમને મળવા આવ્યા; કહે, મંદિરની નજીક માછલીની દુર્ગંધ આવે છે, મંદિર અપવિત્ર થાય છે, માટે તે બંધ કરાવો. એમને પૂછ્યું, “મંદિરમાં કેટલા માણસને રોજી આપો છો?” પેલા કહે, એમાં રોજીનો સવાલ ક્યાં છે? આ તો મંદિર છે. ઝીણાભાઈએ એમને સમજાવ્યું કે, “માછલાં પકડવાના ધંધામાં કેરળની ૨૦,૦૦૦ કન્યાઓને રોજી મળે છે, એમને બેહાલ કેમ કરી શકાય? તમને ત્યાં ન ફાવતું હોય, તો મંદિર બીજે ખસેડો!”

*એનું જીવનકાર્ય અખંડ તપો,*
*અમ વચ્ચે બાપુ અમર રહો…*

જુગતરામ દવેનું એ ગીત ઝીણાભાઈ ભાવવિભોર બનીને ગાતા. એમના બુલંદ કંઠે ગવાયેલું કુલીન પંડ્યાનું આ ગીત પણ અનેક લોકોને સાંભળવા મળ્યું હશે:

*બઢે જ સૌ જશું, કદી ન થોભશું;*
*એક દી ગરીબનું સ્વરાજ લાવશું.*
*પડ્યા ભલે, લૂછીને લોહી આગલું કદમ ભરો;*
*જાનની ફ્નાગીરી જ આપણું નસીબ હો!*
*દુઃખના ભલે તૂટે અમારે શિર ડુંગરો,*
*ગીત હો મુખે ને ઉરે ઉછાળ ધ્યેયનો!*

૮૫ વરસનું દીર્ઘ જીવન ઝીણાભાઈએ અન્યાય સામે, અસમાનતા સામે નિરંતર બંડ ઉઠાવવામાં વિતાવ્યું. પહેલી સપ્ટેમ્બરે વ્યારામાં એમની સ્મશાનયાત્રા નીકળી ત્યારે, ભીખુભાઈ વ્યાસ કહે છે તેમ, ઝીણાભાઈએ જિંદગીભર સેવેલાં કેટલાંક મૂલ્યોનું ઝમણ થતું જોવા મળ્યું. ફૂલનો હાર કે ફૂલ પણ પોતાના સ્વાગતમાં ઝીણાભાઈ કદી સ્વીકારતા નહીં, તે યાદ રાખીને એમના મૃતદેહ પર પણ કોઈએ ફૂલ ચડાવેલાં નહીં; કેટલાકે સૂતરની આંટી ચડાવેલી. બીજી નોંધપાત્ર વાત એ કે તે દિવસે વ્યારામાં હડતાલ નહોતી પડી. ચિતાની જ્વાલાઓમાંથી જાણે કે ઝીણાભાઈના

ગાનના પડઘા ઊઠતા હતાઃ

*એક દી ગરીબનું સ્વરાજ લાવશું,*
*બઢે જ સૌ જશું, કદી ન થોભશું!*

['નયા માર્ગ' અને 'ભૂમિપુત્ર' પખવાડિકોઃ ૨૦૦૪]

# સુનો ભઈ સાધો!

## નિંદા

અગર તુમ સંસાર મેં ઘૂમકર દેખો, તો જિતને લોગોં કો નિંદા-રસ મેં ડૂબે પાઓગે, ઉતના તુમ કિસી રસ મેં ડૂબે હુએ ન પાઓગે. કોઈ કિસી કી નિંદા કર રહા હૈ, ગાલી દે રહા હૈ, કોઈ કિસી કી બુરાઇયાં બતા રહા હૈ. કિતને લોગ પ્રસન્ન હોકર સુનતે હૈં ઔર કિતની સરલતા સે શ્રદ્ધા કરતે હૈં. કોઈ સંદેહ ભી નહીં ઉઠાતા.

કિસી કે ઘર મેં જાકર તુમ કૂડા-કરકટ ડાલો તો ઝગડા હો જાએ. લેકિન કિસી કી ખોપડી મેં કિતના હી કૂડા-કરકટ ડાલો, કોઈ ઝગડા નહીં હોતા. વહ બડે પ્રેમ સે સુનતા હૈ, વહ કહતા હૈ કિ ઔર સુનાઇએ. હમ એક-દૂસરે કે સિર મેં કચરા ડાલતે રહતે હૈં. હમ એક-દૂસરે કે સિર કા ઉપયોગ કચરે કી ટોકરી કી તરહ કરતે હૈં.

બુરાઈ કો તો લોગ બિલકુલ ચુપચાપ સ્વીકાર કર લેતે હૈં. અગર તુમ કિસી કી ભલાઈ બતાઓ, કોઈ સુનને કો ઉત્સુક નહીં હૈ. તુમ ભલાઈ કી બાત કરો, ભીડ છંટ જાયેગી.

['ગીતા દર્શન']

# અહોભાગ્ય!

હાથલારી ખેંચીને જતો મજૂર સાવ હાંફી ગયો, કારણ કે ટેકરીના ચઢાણ પર એકલે હાથે લારી ચડાવવી અત્યંત મુશ્કેલ હતી. થોડે સુધી તો ઢોળાવ પર હાથલારી ખેંચીને ચઢ્યો, પણ પછી તે થાકીને લોથપોથ થઈ ગયો. હાથલારી એની પકડમાંથી છૂટી જશે તો શું થશે? એમાં ભરેલા લોખંડના વજનદાર સામાનનું શું થશે? સામાન ગબડીને પડશે, તો તો આવી બન્યું!

બાજુમાંથી પસાર થતા લોકો હાથલારીવાળાને જોતા હતા. કોઈ એના પ્રત્યે દયા કે અનુકંપા અનુભવતા હતા, પરંતુ સહુને પોતાના સ્થાને પહોંચવાની ઉતાવળ હોવાથી કોઈ એને મદદ કરતું નહોતું.

એવામાં એની નજર બાજુમાંથી પસાર થતા એક આદમી પર પડી. એ આદમીની નજર પણ આ લારીવાળા પર પડી અને જાણે નજરે નિમંત્રણ આપ્યું હોય તેમ એ લારીવાળાને મદદ કરવા દોડી ગયા. એમણે એને ટેકો આપ્યો, હાથલારીને જોરથી ધક્કો માર્યો અને લારી ઢોળાવ ચડી ગઈ. લારીવાળો ખુશ થયો. એણે એ સજ્જનનો આભાર માન્યો.

એ પછી આગળ જતાં હાથલારીવાળાને જાણવા મળ્યું કે પેલા સહાય કરનારા સજ્જન તો ઇંગ્લૅન્ડના વડા પ્રધાન ગ્લૅડસ્ટન હતા. ત્યારે એ બોલી ઊઠ્યો, "અહો! મારું કેવું અહોભાગ્ય! અરે, મારું તો ખરું, પણ મારા દેશનું અહોભાગ્ય કે એને આવા મહાન સેવાભાવી વડા પ્રધાન મળ્યા છે!"

વિલિયમ ગ્લૅડસ્ટનને માટે રાજકારણ એ વ્યવસાય કે આજીવિકાનું સાધન નહીં, પણ પ્રજાસેવાનું પવિત્ર કર્તવ્ય હતું. ચાર વખત ઇંગ્લૅન્ડના વડા પ્રધાન રહેલા ગ્લૅડસ્ટનની ગણના આજે લોકશાહી વિશ્વના એક મહાન વડા પ્રધાન તરીકે થાય છે.

['વિશ્વવિહાર' માસિક: ૨૦૦૪]

# વેદનાનો ભાર

એક લાખ રૂપિયાનું જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનાર કન્નડ સાહિત્યકાર શિવરામ કારંત પોતાની ભાષાના આગેવાન નવલકથાકાર છે એટલું જ નહીં, બીજાં અનેક ક્ષેત્રોમાં એમણે સિદ્ધિ મેળવેલી છે. જીવનના ચોથા દાયકામાં એમણે બાળકો માટેનો એક બહુખંડી જ્ઞાનકોશ બહાર પાડેલો. આગળ જતાં સામાન્ય માનવી માટેનો એક વિજ્ઞાનકોશ પણ એમણે પ્રગટ કર્યો. યક્ષજ્ઞની પ્રાચીન નૃત્ય-નાટિકાની પુનઃસ્થાપના માટે તો એમણે અદ્‌ભુત કામ કરેલું છે, અને પગે ઘૂઘરા બાંધી સન્નિવેશ ધારણ કરી રંગમંચ પર તેઓ રજૂ થયેલા છે.

પચાસેક નવલકથાઓ ઉપર જેમની કીર્તિનાં મંડાણ થયેલાં છે એવા કારંતની પહેલવહેલી મહત્ત્વની કૃતિ હતી ‘ચોમાના ડૂડી’ (૧૯૩૩), જેની ઉપરથી ચાર દાયકા બાદ ઊતરેલી ફિલ્મ ભારે પ્રશંસા પામેલી. જેને પોતાનો ગણી શકાય તેવો જમીનનો એકાદ ટુકડો મેળવવાનું સ્વપ્ન સિદ્ધ કર્યા વિના જ મરણ પામનાર એક હરિજન ગણોતિયાની એ વેદનામય કથા છે. એ લખતાં પહેલાં ગામડાંમાં ત્રણેક માસ ગાળીને કારંતે લોકોની હાલતનો અભ્યાસ કરેલો. લગભગ દર વરસે એમની એક નવી નવલકથા બહાર પડતી રહે છે, તેમાં ‘બેટ્ટાડા જીવા’ (પહાડનું સંતાન) નામની નાનકડી નવલકથા એમની ઉત્તમ કૃતિ ગણાય છે. ઘણીખરી નવલકથાઓની પશ્ચાદ્‌ભૂમિકા કાનડા જિલ્લાનાં મેઘછાયાં જંગલો અને હરિયાળા સાગરકાંઠાની હોય છે.

જ્ઞાનપીઠ પારિતોષિક એમને મળ્યું પછી એક મુલાકાતમાં કારંતે કહેલું: “જીવનને હું જેટલું વધારે નિહાળું છું તેટલું તેના ઊંડાણ તથા વૈવિધ્ય કાજેનું અને મારા પોતાના અજ્ઞાન અંગેનું વધુ ને વધુ વિસ્મય હું અનુભવું છું. જીવનમાં જે શુભ છે તે મને આનંદ આપે છે, નરસું પીડા કરાવે છે. મોટે ભાગે તો હું જીવનની વેદનાનો અનુભવ કરતો રહું છું. મારા જમાનાની અવનતિ હું નિહાળું છું ત્યારે હવે પછીની પેઢી માટેની કરુણાથી મારું હૃદય દ્રવી ઊઠે છે. ઊંડી વેદનામાં હું જીવું

છું, અને મારો ભાર હળવો કરું છું સાહિત્ય વાટે.”

['ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા' અઠવાડિક]

## એટલા માટે

“ભગવાને સ્ત્રીને રૂપ આપ્યું, પણ બુદ્ધિ ઓછી આપી—એવું કેમ?”

“સ્ત્રીને રૂપ આપ્યું કે જેથી પુરુષ એને પ્રેમ કરે, અને બુદ્ધિ એટલા માટે ઓછી આપી કે જેથી એ પુરુષને પ્રેમ કરે.”

## ધનકું ઊડા નહ...

ધનકું ઊડા નહ ધરે, રણમેં ખેલે દાવ,
ભાગી ફોજાં ભેડવે: તાકુ રંગ ચડાવ!

લોકસાહિત્ય (સં. ઝવેરચંદ મેઘાણી)

## દરેક દીકરી...

હિંદુસ્તાનની દરેક દીકરી પારકી છે, સાવકી છે—તે બાળકી હોય, કન્યા હોય, યુવતી હોય, પ્રૌઢા હોય કે વૃદ્ધા હોય. બધી દીકરીઓ સાથેનો વ્યવહાર ભેદભાવભરેલો, ઓરમાયો, પારકો હોય છે.

આ ઘર તો પિતાનું, આ ઘર તો પતિનું, આ ઘર તો દીકરાનું. પણ સ્ત્રીનું પોતાનું ઘર ક્યાં? પિતાને ઘેર એ પારકી—પારકે ઘેર જવાની છે. પતિને ઘેર પણ પારકી—પારકે ઘેરથી આવેલી છે. પુત્રના ઘરમાંયે પારકી—જુનવાણી ને પુરાણી છે. એવી જગ્યા છે ક્યાંય કે જ્યાં સ્ત્રી પરાઈ ન હોય? પારકી ન હોય?

સ્ત્રી એટલે દયાની દેવી. કરુણાની મૂર્તિ. ત્યાગમયી. સાક્ષાત નમ્રતા. પ્રેમમયી, સેવામયી અને સૌથી વિશેષ તો મૂંગી—છતી જીભે મૂંગી! હિંદુસ્તાનની દરેક દીકરી મૂંગી છે ને પારકી છે. એક જ વાત એને શીખવવામાં આવી છે: ચૂપ રહેવું, એક હરફ પણ કાઢવો નહીં, બધું સહન કર્યે જ રાખવું. સ્ત્રીના એ મૂંગાપણાને હિંદુસ્તાને મહાનતાની ચૂંદડી ઓઢાડેલી છે.

['ભોર કી પલકેં' માસિક: ૧૯૯૯]

## "મત જાઈએ, બાબુજી!"

લાલ બહાદુર [શાસ્ત્રી] જેલમાં હતા ત્યારે સમાચાર મળ્યા કે એમની એક દીકરી ગંભીર માંદગીમાં પટકાઈ છે. જેલના અધિકારીએ કહ્યું કે, જો તમે લેખિત બાંહેધરી આપો કે તે સમય દરમિયાન કોંગ્રેસની ચળવળમાં ભાગ નહીં લો, તો તમને પેરોલ પર છોડીએ. લાલ બહાદુરજીએ ના પાડી.

એમને સારી રીતે પિછાણનાર જેલરે પાછળથી એમને બિનશરતે પેરોલ પર છોડ્યા. પરંતુ લાલ બહાદુર ઘેર પહોંચ્યા તે દિવસે જ દીકરીનું અવસાન થયું હતું. તેની અંત્યેષ્ટિ ક્રિયા કરી અને પેરોલના પંદર દિવસ પૂરા થયા તે પહેલાં જ એ જેલમાં પાછા પહોંચી ગયા.

પછીને વરસે એ ફરી જેલમાં હતા ત્યારે એમના પુત્રને ટાઇફોઇડ થયેલો. તાવ ૧૦૪ ડિગ્રીએ પહોંચ્યો ત્યારે એમને અઠવાડિયાની પેરોલ પર છોડવામાં આવેલા. એ મુદત પૂરી થઈ ત્યારે પુત્રનો તાવ હજી ઊતર્યો નહોતો; ઊલટાની હાલત બગડતી જતી હતી. જેલના અધિકારીએ કહ્યું કે, પેરોલની મુદત હજી વધારવી હોય તો ચળવળમાં ભાગ નહીં લેવાની બાંહેધરી આપો. લાલ બહાદુરે ના પાડી અને પાછા જેલમાં જવા એ તૈયાર થયા. તે સમયે પુત્રને ૧૦૫-૧૦૬ ડિગ્રી જેટલો તાવ હતો. તેની પથારી પાસે કલાકો સુધી સૂનમૂન ઊભા રહ્યા. તાવથી ધગધગતા

બાળકના હોઠ જરા ફફડ્યા; શબ્દ નીકળ્યાઃ “મત જાઈએ, બાબુજી!”

પિતાની આંખોમાંથી આંસુની ધારા ચાલી. પરંતુ તરત જ માથાને એક ઝટકો મારી, જાણે કે સ્વપ્નમાંથી એકાએક જાગી ગયા હોય તેમ લાલ બહાદુરે દાંત ભીંસ્યા, સૌને નમસ્કાર કર્યા અને મક્કમ પગલે જેલની દિશામાં ચાલવા માંડ્યું—પાછું વળીને પુત્રની દિશામાં એક વાર જોયું પણ નહીં.

['સમર્પણ' પખવાડિકઃ ૧૯૬૬]

# દેવદૂત અને સાંઈ

નાના એવા સંત હતા. લાંબી અને સુખી આવરદા ભોગવી ચૂક્યા હતા. આશ્રમના રસોડામાં બેઠા બેઠા એક દિવસ ઠામવાસણ માંજતા હતા, ત્યાં આસમાનમાંથી દેવદૂત આવ્યો. “ભગવાને મને મોકલ્યો છે,” દૂત બોલ્યો. “સ્વર્ગમાં તમારું સ્થાન ગ્રહણ કરવાનો સમો હવે આવી ગયો છે.”

“મારા પરભુએ મને સંભાર્યો તીના સાટુ એનો પારાવાર પાડ માનું,” સંત બોલ્યા. “પણ આંય કણે તો તમે જુઓ છો ને, બાપલા,—ઠામવાસણનો આ મોટો ખડકલો હજી ઊટકવાનો પડ્યો છે. મને નગુણો માનતા નહીં, મારા વાલીડા—પણ આટલો એઠવાડ કાઢી લઉં પછી તમ સંગાથે સ્વર્ગમાં આવું, તો હાલશે?”

ફિરસ્તાઓને વરેલી શાણી ને સ્નેહભરી નજરે દેવદૂતે સંતને ઘડીભર નિહાળ્યા. પછી “ઠીક ત્યારે,” કહીને એ અંતરધ્યાન થઈ ગયો.

સંત તો એઠવાડ કાઢવાનાં ને બીજાં કેટલાંય કામ એક પછી એક આટોપતા ચાલ્યા. એમાં એક દિવસ બગીચામાં એ નીંદામણ કરતા હતા ત્યાં, વળી પાછો દેવદૂત આવીને ઊભો રહ્યો. હાથમાં ખરપડી વડે સંતે એને બાગની બધી ક્યારીઓ ચીંધાડીઃ “જોયું ને, આ કેટલું નીંદામણ હજી બાકી છે! સ્વર્ગમાં આવવાનું હજી લગરીક પાછું ઠેલાય,

તો વાંધો નહિ આવે ને, વીરા?” ફિરસ્તાએ સ્મિત વેર્યું, અને વળી એ અદશ્ય થયો.

સંતનું નીંદામણ અંતે પૂરું થયું, એટલે પછી એ પીંછડો લઈને ગમાણને ધોળવા બેઠા… એમ એક એક કામ પૂરું થાય, ત્યાં બીજાં બે પર એમની નજર પડતી રહે. દિવસો ક્યાં વયા જાય છે એની ખબર પણ ન પડે… એમાં એક દિવસે એ દવાખાને રોગીઓની માવજત કરતા હતા. તાવલેલા એક દરદીને શીતલ જળ પાઈને એ ઊભા થાય છે, ત્યાં તો પરમેશ્વરનો ખેપિયો સામે ઊભેલો જોયો.

આ વેળા તો કશું બોલવાને બદલે થાકેલા સંતે માત્ર પોતાના મસ્તકે હાથ મૂક્યો. કરુણાભરેલી એમની આંખોએ ચોમેર પડેલાં રોગગ્રસ્ત નરનારીઓની ઉપર ફિરસ્તાનાં ચક્ષુઓને ફેરવ્યાં… એક હરફ પણ ઉચ્ચાર્યા વગર દેવદૂત ગાયબ થઈ ગયો.

દિવસ આથમ્યા પછી સંત પોતાની કુટિરમાં પાછા ફર્યા, એક સાદડી પર આડા પડ્યા ત્યારે એને પેલા ફિરસ્તાના અને વારંવાર પોતે એને કરેલા વાયદાઓના વિચાર આવવા લાગ્યા. એકાએક, કેટલાંય વરસોનો બુઢાપો ને થાક એને આજ વરતાવા લાગ્યા, અને એ ગણગણ્યા: “હે મારા રામ! તારા ખેપિયાને હવે તારે પાછો મોકલવો હોય, તો મને લાગે છે કે એની સાથે ચાલી નીકળવાને હવે હું તૈયાર થઈ ગયો છું…”

એમનાં વેણ પૂરાં થયાં—ન—થયાં ત્યાં તો અંતરીક્ષમાંથી ઊતરીને દેવદૂત એમની સન્મુખ ઊભેલો દેખાયો. “ભાઈ, હજીયે જો તારે મને લઈ જવાનો મોખ હોય,” સંત હળવે સાદે બોલ્યા, “તો સ્વર્ગમાં મારા ઠામે બેસવાની હવે મારી તૈયારી છે.”

ફિરસ્તાઓની એ જ શાણી ને સ્નેહભરી દૃષ્ટિ કરીને દેવદૂતે એ નાના સંતને વળી પાછા નિહાળ્યા, ને એ બોલ્યો, “ત્યારે અત્યાર લગી તમે બીજે ક્યાં હતા, સાંઈ?”

[‘રીડર્સ ડાઇજેસ્ટ’ માસિક]

# અનન્ય સર્વસમર્પણ

મહાદેવભાઈના જીવન વિશે વિચાર કરતાં સૌનાં મન ઉપર જે ઊંડામાં ઊંડી છાપ પડે તે તેમના સર્વસમર્પણની. આપણા જમાનામાં કેવળ અંધશ્રદ્ધાનું સમર્પણ કોઈ વ્યકિતના જીવનમાં મળી આવે, પણ જેની બુદ્ધિશકિત વિસ્તૃત શિક્ષણથી અને વાચન-મનનથી પૂર્ણ ખીલેલી છે એવી વ્યકિતનું સર્વસમર્પણ જેવું મહાદેવભાઈમાં જોઈએ છીએ તેવું બીજા કોઈમાં જોતા નથી.

જે વ્યકિત ખરેખર આત્મસમર્પણ કરે છે તેની કેટલીક શકિતઓ ન જ દેખાય. મહાદેવભાઈમાં કેટલીક વિરલ અને અસાધારણ શકિતઓ નાનપણથી હતી. એમની સ્મરણશકિત આશ્ચર્ય પમાડે એવી હતી. બહુ નાનપણનો એમણે મને એક કિસ્સો કહેલો. પોતે એકડિયામાં ભણતા હતા, અને પાસે જ પહેલી કે બીજી ચોપડીનો ક્લાસ ચાલતો હતો. એ ક્લાસમાં ઇન્સ્પેક્ટર આવ્યા. કંઈ સવાલ પૂછ્યો; આખા વર્ગને ન આવડ્યો. મહાદેવભાઈથી ન રહેવાયું અને પોતે બોલી ઊઠ્યા: “હું કહું?” એ વખતે એમને બીજા ક્લાસના કેટલાય પાઠો માત્ર સાંભળવાથી જ મોઢે આવડતા હતા અને તેમાંના કોઈ એમણે ત્યાં બોલી બતાવ્યા!

એ તો નાનપણની વાત થઈ. પણ બારડોલીની રેવન્યૂ તપાસણીમાં બંને અંગ્રેજ ન્યાયાધીશો એક પછી એક પ્રશ્ન મામલતદારને પૂછે અને પોતપોતાની નોંધ કરે. મહાદેવભાઈએ બંનેની નોંધોનું ટાંચણ કરી લીધું. એમની લખવાની ઝડપ પણ બહુ જબરી હતી. આખી જુબાની, એમણે પછી એ અમલદારોને જોઈ, સુધારાવધારા કરી, પાછી આપવા મોકલી આપી. બંને ચકિત થઈ ગયા કે આટલું બધું એમણે યાદ શી રીતે રાખ્યું?

એમનું વાચન પણ વિશાળ હતું. હું ઇચ્છું કે કોઈ એમણે વાંચેલી ચોપડીઓની યાદી બનાવે. અમે બોર્ડિંગમાં હતા ત્યારે પણ એમનું વાચન ઘણું વિશાળ હતું, અને એમાંથી લાંબાં અવતરણો ગમે ત્યારે આપી શકતા. મેં પોતે આટલી સ્મરણશકિતવાળો કોઈ માણસ જોયો નથી.

ભાષા સમજવાની—નવી ભાષા શીખવાની—એમની શકિત પણ અજબ હતી. અમે જેલમાં ભેગા હતા. લોર્ડ એક્ટનનું નાનું સરખું ઇતિહાસ પરનું પુસ્તક અમારી સાથે હતું. એમાં પાછળ ફ્રેંચ ભાષામાં લાંબાં અવતરણો હતાં. અમારા અબ્બાસ તૈયબજી દાદાને ફ્રેંચ આવડતું. એમની પાસે આ અવતરણો પરથી એમણે ફ્રેંચ શીખવા માંડ્યું. થોડી વારમાં તો અબ્બાસ કરતાં એ પોતાની મેળે આગળ નીકળી ગયા. તેમણે કાંઈક પૂછ્યું. અબ્બાસ સાહેબે કહ્યું કે તે પોતાને નહોતું આવડતું. મહાદેવભાઈએ પૂછ્યું: “આવો અર્થ ન હોઈ શકે?” અબ્બાસસાહેબ કહે: “કમબખ્ત! તું તો મારા કરતાં પણ વધારે આગળ ગયો. હવે મને પૂછવા ન આવીશ!”

તેમને અંગ્રેજી તો ઘણું સારું આવડતું. મહાત્માજી સાથે રહ્યા પછી તેમનામાં મહાત્માજી જેવું જ અંગ્રેજી લખવાની શકિત આવી ગઈ. મહાત્માજી તેમનું લખાણ ભાગ્યે જ સુધારતા. તેમનું શબ્દભંડોળ—અંગ્રેજી, ગુજરાતી બંને—મોટું હતું.

એમની ડાયરીઓને જગતસાહિત્યમાં હું તો અનન્ય માનું છું—વિષયની મહત્તાની દૃષ્ટિએ, લેખકની સચ્ચાઈની દૃષ્ટિએ અને લેખકની શકિતની દૃષ્ટિએ.

['મનોવિહાર' પુસ્તક: ૧૯૫૬]

## ઓળખ્યો ઓળખ્યો...

*ઓળખ્યો ઓળખ્યો માની આંખ્યુંની અણસારે રે,*
*બાપની બોલાશે વીરને ઓળખ્યો.*

લોકસાહિત્ય (સં. ઝવેરચંદ મેઘાણી)

# "આ વાટ અમુને ફિટ લાગે..."

ઘોલવડ—વલસાડ વિસ્તારની ચીકુની વાડીઓના માલિક ઈરાની શેઠના અચરજની આજે કોઈ સીમા નહોતી.

શેઠની વાડીમાં કેટલાંય મજૂરો રોજીઆણો (રોજના પગારને ધોરણે) કામ કરે. તેમાંનાં કેટલાંક આદિવાસી સ્ત્રી-પુરુષો પોતાના મામૂલી પગારમાંથી પણ રોજના પાંચપાંચ રૂપિયા છેલ્લા છ મહિનાથી કપાવતાં હતાં. ઈરાની શેઠને એમ કે કોઈ "અલ્પ બચત" જેવી યોજનાવાળા એ લોકોને સમજાવી ગયા હશે. ચાલો, એય સારું જ છે. બચત કરશે તો રોજ તાડીના પટ્ટે (અડ્ડે) જઈ ઢીંચવામાં તો પૈસા નહીં ગુમાવે! બે પૈસા બચ્યા હશે તો છોકરાં સારાં કપડાં પહેરશે અને પ્રસંગે એમને જ ખપ લાગશે.

પણ આ આદિવાસીઓનો પ્લાન કંઈ જુદો જ હતો, એ તો એમાંના એક રમલાએ આજે ફોડ પાડીને કહ્યું ત્યારે સમજાયું: "શેઠ! માફ કરજે. તારે તાં વરહોથી વેઠ કરીએ ને તું અમારું પેટ પૂરે. પન ટારા હાટુ અમુને કોઈ ભાવ ની મલે. ને અમારી જાત હો એવી કે લાગ મલે ટારે ચોરી હો કરી લેવાની. એમાં કાંઈ શરમ ની. ભાજી, ચીકુ, આંબા.... અને કો'કવાર તો શેઠ, તારું હઠિયાર બી વેકી મારેલું, હા!.... પન આ ભલું થજો અમારા ડાડાનું કે ટેમની વાટુ લઈને આ વાસુકાકા અમારે ટાં પાડામાં (વસ્તીમાં) આઈવા ને ભગવાનની ને સ્વાઢયાયની હારી હારી વાતો કીઢી. તેવાંએ શીખડાઈવું કે ભગવાન આપડી અંડર આવીને આપડને સંભાલે. દૂધની અંદર ઘી હોય, પન તે કંઈ હીદ્દું દેખાય ની, તેવી રીતે એ વાલો બી પડી અંડર આપડી હાઠે ને હાઠે જ રીયે, પન ડાયરેક્ટ જોવા ની મલે. પન અંડર એ હોય તો ખરો જ.

"એક વાર ટેમની વીડીઓ કેસેટમાં વાટ કીઢી કે મનેખ પાપી હોય તો બી ભગવાન માફ કરવાનો. પન એક વાર આપડને હમજ મલીયા પછી બેઈમાની ના ઠાય, અને પછી માફી બી ના મલે. આ

વાટ અમુને બરોબર ફિટ લાગે. તેઠી વિચાર કીઢો કે આપડે ઈરાની શેઠનું બહુ બધું લાટેલું છે, તે બધું તો નંઈ પન ફૂલ નંઈ ને ફૂલની પાંખડી પાછું વારવું જોવે. તે વિના અવે ની ચાલવાનું. તેઠી અમે બધા આ છ મહિનાથી રોજના પાંચ રૂપિયા તારી કને કપાવતા છે. એ પૈહા તારા જ છે ને તું જ રાખજે. અમુને બધ્ધાને માફ કરીને અમારું પ્રાયશ્ચિત કરવા ડેજે."

*ઠારે દિલના ઘા*
*અહો, મા તે મા! બીજા વનના વા!...*
*અહા! એ તો મા, સૂણી ધાતાં ધા;*
*શૂરાંપૂરાં બા ઝીલે આડા ઘા,*
*મીઠી નજરે મા ઠારે દિલના ઘા.*

'લલિત'

# "ખોદી લે તારી મેળે!"

ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં દિલ્હીથી સોળ માઈલ દૂર સેહાની નામનું ગામ છે.

બ્રહ્મોદેવી નામની નવવધૂ પરણીને સેહાનીમાં પોતાને સાસરે આવી. એના પિયરમાં તો આંગણામાં જ કૂવો હતો, પણ અહીં સેહાનીમાં બે ખેતરવા દૂર ગામને કૂવેથી પાણીની હેલ સીંચી લાવવી પડતી હતી. ઉમંગભરી નવોઢાને ઘરના કૂવાની ખોટ સાલી અને રાતે પિયુની પાસે એણે વાત મૂકી: "આપણા ફળિયામાં જ એક કૂવો હોય તો કેવું સારું!"

"તું કાંઈ ગામમાં નવીનવાઈની નથી આવી," પતિએ કહી દીધું. "કૂવાની તારે એટલી બધી જરૂર હોય તો, ખોદી લે તારી મેળે!"

એ વેણ બ્રહ્મોદેવીના હૈયામાં કોતરાઈ ગયાં. વળતી સવારે પાણી ભરવા જતાં પોતાની પાડોશણો પરમાલી, શિવદેઈ અને ચંદ્રાવતી સાથે એણે વાત કરી. અને ચારેય સહિયરોએ મળીને એક યોજના ઘડી કાઢી.

એક સવારે, ચારેયના ધણી પોતપોતાનાં ખેતરે ગયા પછી, એ પાડોશણોએ ગામના ગોરને તેડાવ્યો, સારું મૂરત જોવરાવ્યું ને.... પોતાના ઘરની લગોલગ એક કૂવો ખોદવા માંડયો. ઘરના આદમી સાંજે ખેતરેથી પાછા ફર્યા ત્યારે ફળિયામાં આઠ ફૂટ ઊંડો ખાડો જોઈને અજાયબ થઈ ગયા. તે છતાં મોઢેથી તો એટલું જ બોલ્યા કે, “અરે, આ તે કાંઈ બાયડિયુંનાં કામ છે? આફૂરડી થાકીને પડતું મેલશે!”

પણ ખાડો તો દિવસે દિવસે ઊંડો થતો ગયો. ચારેય બાઈઓને કૂવાની ધૂન એવી લાગી ગઈ હતી કે રોજ ઊઠીને ઊંધે માથે ખોદ્યે જ જતી હતી. બે જણિયું અંદર ઊતરીને ખોદે, તો બીજી બે માટીના સૂંડલા બહાર ઠાલવી આવે.

પછી તો અડખેપડખેનાં છોકરાંઓ ને બીજી થોડી બાઈઓને પણ ચાનક ચડી.... ફક્ત ગામના મૂછાળા મરદો જ હાંસી કરતા અળગા રહ્યા.

મૂરત કર્યા પછીના વીસમા દિવસે બ્રહ્મોદેવી ને શિવદેઈ ખાડાને તળિયે ઊભી ઊભી તીકમ ચલાવી રહી હતી, ત્યાં એમના પગ તળેથી શીતલ જળની સરવાણી ફૂટી. એમ વાતમાં ને વાતમાં આખો કૂવો ખોદાઈ ગયો. ટાબરિયાંઓએ કિકિયાટા કર્યા. ગામની સ્ત્રીઓએ હરખનાં ગીતો ગાયાં. હવે તો પુરુષોએ પણ તારીફ કરી. આખા ગામમાં આનંદની લહરી ફરી વળી. પંચાયત ભેગી થઈ ને તેણે કૂવા પર પથ્થર-સિમેન્ટનું પાકું મંડાણ મુકાવવાનો ખર્ચ મંજૂર કર્યો.

આપણું સૌભાગ્ય છે કે બ્રહ્મોદેવી અને તેની આવી સહિયરો ગામેગામ પડેલી છે. “ખોદી લે તારી મેળે!” કહીને કોઈ વાર એને ચાનક ચડાવી જોજો!

## અદાલતની બદનક્ષી!

પોતાની સ્ત્રીને મારવાના આરોપસર એક માણસને અદાલતમાં ખડો કરવામાં આવ્યો. એની ‘દર્દ-કહાણી’ સાંભળીને ન્યાયાધીશે એને

'પ્રોબેશન' પર છોડયો.

વળતે દિવસે જ સ્ત્રીનાં હાડકાં ફરી ખોખરાં કરનાર એ આદમી તે જ ન્યાયાધીશ સમક્ષ પાછો ખડો થયો. "સાહેબ, વાત જાણે એમ બની કે," ધૂંવાં પૂંવા થયેલા ન્યાયાધીશ પાસે ખુલાસો કરતાં એણે જણાવ્યું, "કાલનો દિવસ મારો બહુ ખરાબ ગયો—અહીં કોરટમાં, આટલા બધા માણસો વચ્ચે, સાહેબ, મારું માથું ફાટફાટ થતું હતું. એટલે મને થયું કે જરાક નશો કરું તો કાંઈક કળ વળશે. પછી થોડોક વધુ...... અને વળી થોડો વધારે. અંતે જ્યારે હું ઘેર પહોંચ્યો ત્યારે બાયડીએ મને "પીટયા દારૂડિયા" કહીને વધાવ્યો. તોયે, નામદાર, મેં કાંઈ કર્યું નહીં. મારી દશાનો મેં વિચાર કર્યો ને મને લાગ્યું કે એનો ગુસ્સો સાવ ગેરવાજબી નહીં હોય. ત્યાં તો એ પાછી તાડૂકી, "મૂઓ નઘરોળ, હરામનાં હાડકાંનો!" તોય, સાહેબ, મેં કાંઈ કર્યું નહીં. મારી છૂટી ગયેલી નોકરીનો ને ચડી ગયેલા ઘરભાડાનો વિચાર મને આવ્યો અને હું મૂંગો મૂંગો સાંભળી રહ્યો.

"પણ પછી, નામદાર, એ કાળમુખી એવું બોલી કે, રોયા માજિસ્ટ્રેટમાં ટીપુંય અક્કલ બળી હોત તો આ નખ્ખોદિયાને જેલ ભેળો જ કર્યો હોત!

"અને, સાહેબ, આવી રીતે એણે નામદાર કોર્ટને ગાળ દીધી એ તો મારાથી કોઈ રીતે સહન થયું નહીં!"

## વીરતા

કારગીલ, સીઆચેન, કાશ્મીર અને ભારતની ઉત્તર-પૂર્વ સરહદ પર વીરતા બતાવનારા ભારતના જવાનોનું વિવિધ પ્રકારના ચંદ્રકો વડે રાષ્ટ્રપતિના હાથે સન્માન કરવામાં આવ્યું. તેમાંના ૨૯ તો મરણોત્તર ચંદ્રકો હતા, જે એ શૂરવીર શહીદોની વતી એમનાં સ્વજનોએ સ્વીકારેલા હતા. વિજયંત થાપર નામના એવા એક શહીદ વતી વીરચક્ર સ્વીકારવા એનાં ૮૦ વરસનાં દાદીમા સુમિત્રાદેવી લાકડીને ટેકે ધીમે ધીમે, મગરૂરીભેર,

ચમકતી આંખોમાંથી એક પણ આંસુ વહાવ્યા વગર સભામંચનાં પગથિયાં ચડી રહ્યાં હતાં, તેમને જોઈને ભાવવિભોર બનેલા રાષ્ટ્રપતિ જાતે નીચે ઊતરી આવ્યા હતા.

લશ્કરના સૈનિકોની સાથે એક મરણોત્તર શૌર્યચક્ર કાનપુરના રમેશચંદ્ર યાદવ નામના નાગરિકને પણ અર્પણ કરવામાં આવ્યો હતો. હાઈવે પર જતી એક બસને અટકાવીને ડાકુઓ લૂંટ ચલાવી રહ્યા હતા ત્યારે વચમાં પડીને, જેમને એમણે અગાઉ કદી જોયેલા પણ નહોતા એવા મુસાફરોના બચાવમાં એ ખપી ગયેલા.

## આભાસની હૂંફ

આજના એક મશહૂર શિલ્પી જુવાનીમાં પેરિસ નગરીમાં કલાનો અભ્યાસ કરતા. એનું નામ ગુત્ઝન બોરગ્લમ. ઘણાખરા વિદ્યાર્થીઓની માફક અભ્યાસના ખર્ચને પહોંચી વળવામાં એને પણ ભારે મુસીબત પડતી. એની ચિત્રાશાળામાં ઠંડી ડંખીલા સુસવાટા મારે, પણ તાપવાની સગડી માટે બળતણ ખરીદવાના પણ ગુત્ઝનને સાંસા. એટલે કલાકારે એક કીમિયો કર્યો. ખાલી સગડીની અંદર એક મીણબત્તી સળગાવીને તેણે મૂકી. પછી સગડીની બારી આડો લાલ કાગળ ચોડી દીધો. એટલે અંદરથી આવતો મીણબત્તીનો નાનો ઉજાસ રાતા કાગળ વાટે ગળાઈને તાપણાના ગુલાબી અગ્નિ જેવો આભાસ એવો તો ઊભો કરતો, કે ઝાઝી પરેશાની વગર કલાકાર પોતાની સાધના ચાલુ રાખી શકતો.

## “આપને ઉપયોગી થઈ શકું?”

બેલ્જીઅમ દેશના રાજા એક વાર અમેરિકાની મુલાકાતે ગયેલા. એ ડિટ્રોઈટ શહેરમાં હતા ત્યારે ત્યાંના એક છાપાના ખબરપત્રીએ રાજાની વિદાયનો ચોક્કસ સમય જાણવા માટે એમના ઉતારાવાળી

હોટલ પર ફોન કર્યો ને રાજાના અખબારી અધિકારી સાથે વાત કરવાની ઇચ્છા દર્શાવી.

"એ હમણાં જ અહીંથી બહાર ગયા છે," ટેલિફોનને સામે છેડેથી એક વિનયભર્યો અવાજ ખબરપત્રીને સંભળાયો. "પણ કદાચ હું એમને શોધી શકું તો જોઉં."

થોડી મિનિટ પછી એ જ અવાજ ફરી સંભળાયો: "હજી એ ક્યાંય દેખાતા નથી; પણ આપ જો ટેલિફોન ચાલુ રાખી શકો, તો હું ફરી વાર તપાસ કરી જોઉં."

હાથમાં ફોન પકડીને ખબરપત્રી ઊભો રહ્યો, ને થોડી વારમાં એ જ વિનયવંતો સૂર સંભળાયો: "માફ કરજો, પણ એમનો ક્યાંય પત્તો લાગતો નથી... પરંતુ હું આપને કાંઈ ઉપયોગી થઈ શકું ખરો?"

"બેલ્જીઅમના રાજા બોદુઈન ડિટ્રોઈટમાંથી ક્યારે રવાના થવાના છે, તે હું જાણી શકું?" ખબરપત્રીએ પૂછ્યું.

"હું પોતે જ બોદુઈન," સામેથી અવાજ આવ્યો. "અમે આજે બપોરે ૨-૪૫એ ઊપડવાના છીએ."

## આવું કેમ?

પરાપૂર્વથી સ્ત્રીજાતિએ પોતાને માથે એક ભયંકર કલંક વહોર્યું છે, અને તે સાવકી મા તરીકેના વર્તનમાં. સાસુના જુલમ આપણા સમાજમાં પ્રખ્યાત છે; પણ સાવકી માતાના જુલમો અને ક્રૂરતા એના કરતાંયે વધી જાય છે. મૃદુતા, દયા, માયા એ સ્ત્રીજાતિના જીવન સાથે વણાઈ ગયેલા સર્વ સદ્‌ગુણોનો આ વર્તનમાં લોપ થયેલો દેખાય છે. નિર્દોષ, કુમળાં બાળકો ઉપર જુલમ વરસાવવામાં અપરમા બનેલી સ્ત્રી ક્યાંય અટકતી નથી. હૈયું વીંધી નાખનારા બોલ એ બોલે છે; જાતે મારપીટ કરે છે એટલું જ નહીં, છોકરાંના બાપ આગળ જુઠ્ઠી ચાડીઓ કરી, તેને ઉશ્કેરીને બાળકોને માર ખવડાવે છે. નમાયાં બાળકોના બાપને ભંભેરી

એમને નબાપાં પણ કરવા માટે અપરમા રાતદિવસ મંડી રહે છે, તેથી પછી બાળકો પોતાના જ ઘરમાં નિરાધાર થઈ જાય છે. એ બાળકો પાસે ગજા ઉપરાંત કામ કરાવવું, એમને ઓછું ખાવા આપવું, એમના જીવનમાં આનંદ-ઉલ્લાસનું નામ પણ ન રહેવા દેવું, એમ પાળેલાં ઢોર તરફ પણ ન રખાય એવું વર્તન માતાવિહોણાં બાળકો તરફ રાખતી અનેક સાવકી મા હોય છે.

આવા અત્યાચારોનું મૂળ શું હશે? સ્ત્રીજાતિની કોમળતા અને કરુણા ત્યારે ક્યાં જતી હશે?

અલબત્ત, કેટલીક એવી અપરમાતાઓ પણ હોય છે જે સાવકાં બાળકોને પોતાનાં પેટનાં સંતાન જેવાં જ ગણે છે.

નવી પત્નીને વશ થઈ જઈને જૂનીનાં બાળકોને ત્રાસ આપનાર પુરુષ નવી સ્ત્રીને રીઝવવા જતાં પિતૃપદ સમૂળગું ભૂલી જઈ માનવતાનું દેવાળું કાઢે છે. જો પિતા નવી સ્ત્રીને સાથ ન આપતો હોય, તો અપર માતાના જુલમોને ઉત્તેજન ન જ મળે.

## આંખો ઉઘાડશું?

આપણા દેશમાં મધ્યકાલીન યુગમાં ગણિકાઓ એક સંસ્થારૂપે સ્થાપિત થયેલી હતી. રાજાઓ, મોટા અધિકારીઓ અને શ્રીમંત વેપારીઓના જુવાન દીકરાઓને ગણિકાઓને ત્યાં ચતુરાઈનું, વ્યવહારબુદ્ધિનું શિક્ષણ લેવા માટે મૂકવાનો રિવાજ હતો. એ સમય દરમિયાન એ ગણિકા અથવા તેની સાથે રહેતી યુવાન છોકરીઓ સાથે સંબંધ બાંધે તેમાં કશું અજુગતું નહોતું ગણાતું. મંદિરોમાં છોકરીઓને દેવદાસી કે નર્તિકાઓ તરીકે મૂકવામાં આવે અને પૂજારીઓ કે મંદિર સાથે લાગવગ ધરાવનાર શ્રીમંતો કે સત્તાધારીઓ એમને પોતાની રખાત તરીકે રાખે, એ સામાન્ય વસ્તુ ગણાતી.

ભૂતકાળમાં વેશ્યા-સંસ્થા વિશે સમાજનો મત ગમે તે હોય, પણ

આજની વિચારસરણી મુજબ કોઈ પણ સ્ત્રીનું આ પ્રકારે શોષણ થાય એ દેશને માટે કલંકરૂપ છે. સમાજકલ્યાણ મંડળ તરફથી નિયુક્ત સમિતિનાં અધ્યક્ષ શ્રીમતી ધનવંતી રામરાવ અને એમના સાથી સભ્યોએ દેશમાં ચારે તરફ ફરી વેશ્યાવૃત્તિ અને લોહીના વેપાર સંબંધી તપાસ કરી હતી. એમણે પોતાનો હેવાલ પ્રસિદ્ધ કર્યો છે, એ વાંચતાં હૈયું દાઝી જાય એવું છે.

વેશ્યાવૃત્તિમાં સ્ત્રીઓ પડે છે તેનાં મુખ્ય કારણોમાં તેમણે સાસરિયાં કે પતિના જુલમને લીધે કરેલો ઘરનો ત્યાગ, વિધવાઓ પ્રત્યે કરવામાં આવતો અમાનુષી વર્તાવ, એક વખત થયેલી ભૂલને લીધે થતો સામાજિક બહિષ્કાર, એ સર્વને ગણાવ્યાં છે. દેવદાસી-વિરોધી કાયદો અસ્તિત્વમાં હોવા છતાં મંદિરો અને મઠોમાં કુમારિકાઓ અર્પણ કરવાનું હજીયે ચાલુ છે. બનારસમાં ગરીબ માબાપ પોતાની વિધવા દીકરીઓ-વહુઓને કાશીવિશ્વેશ્વરના મંદિરમાં મૂકી આવે છે અને “ભેળે કમાઈ ખાવાની” સૂચના આપે છે—મતલબ કે વેશ્યાવૃત્તિ કરવાનું જ કહે છે. ગામડાંમાં ગરીબાઈ પુષ્કળ વ્યાપેલી હોવાથી શહેરોનાં કૂટણખાનાંના દલાલો જુવાન છોકરીઓને મોટી નોકરીઓ અપાવવાને બહાને ઉપાડી જાય છે અને એમને અનીતિના ધંધા માટે વેચી મારે છે.

સમિતિએ કૂટણખાનાં અને વેશ્યાગૃહોની મુલાકાતો લેવા ઉપરાંત કહેવાતા ‘આશ્રમો’ને પણ અણધારી મુલાકાતો આપી હતી. મોટા ભાગના આશ્રમો એ લોહીનો વેપાર કરવાનાં ધામ જ તેમને જણાયાં. આમાંના કેટલાકની વ્યવસ્થાપક સમિતિમાં એ ગામનાં આગેવાન સ્ત્રી-પુરુષો પણ બિરાજે છે, પણ મહિને બે મહિને મળી ગૃહપતિના હેવાલ ઉપર આધાર રાખી તેઓ છૂટાં પડે છે. ગુંડાઓના હાથમાંથી સ્ત્રીઓને બચાવ્યાનો દાવો કરનાર આશ્રમ-સંચાલકો એમને બીજા ગુંડાઓને સોંપી દે છે કે લગ્નનાં નાટક ભજવાવે છે. છેવટે સ્ત્રી વેશ્યા જ થાય છે.

આશ્રમોની બાબતમાં આપણે શરમાઈને ડૂબી મરવા જેવી વાત એ છે કે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ચાલતા આશ્રમો સમિતિને શ્રેષ્ઠ જણાયા. ત્યક્તા, વિધવા, ફસાયેલી બધી જ સ્ત્રીઓ એ આશ્રમોમાં

પણ આવે છે. પણ તેમના તરફ સંપૂર્ણ સહાનુભૂતિભર્યું વર્તન રાખી એમને શિક્ષણ આપી સન્માર્ગે ચઢાવવા મિશનરીઓ તરફથી પ્રયત્નો થાય છે. જ્યારે ‘હિંદુ ધર્મ’ અને ‘આર્ય સંસ્કૃતિ’ના રક્ષણના બચાવને બહાને ચાલતા આશ્રમોમાં ક્રૂર, અમાનુષી વર્તન અને લોહીના વેપાર માટેની પૂર્વતૈયારીઓ જ મોટે ભાગે જણાયાં. સારા હિંદુ આશ્રમોમાં એમણે મુંબઈના શ્રદ્ધાનંદ મહિલાશ્રમનું નામ ગણાવ્યું છે એ બહુ સંતોષની વાત છે. પણ આવા અપવાદ બાદ કરતાં, આશ્રમો વેશ્યાવૃત્તિ વધારવાનું જ કામ કરે છે.

પશ્ચિમના દેશોની કુમારિકાઓનાં સ્ખલનના દાખલા કે આંકડા વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થાય ત્યારે આપણા રૂઢિચુસ્તોનો આનંદ સમાતો નથી. નવા વિચારવાળાને તેઓ કહે છે કે, “લો, લેતાં જાવ; પશ્ચિમની સંસ્કૃતિનાં વખાણ કરો છો તે જોઈ લો એમની સ્થિતિ!” પણ આપણી ચારે તરફ આ સ્ત્રીઓના લોહીના વેપારનો જ્વાળામુખી ભભૂકી રહ્યો છે તે તરફ આપણે આંખમિંચામણાં જ કરીએ છીએ. અનિષ્ટ પૂર્વમાં હોય કે પશ્ચિમમાં, પણ તે સમાજને લાંછનરૂપ જ છે. આપણે ત્યાં વિધવા અને ત્યક્તાઓ તેમ જ ભૂખે મરતી સ્ત્રીઓમાંની કેટલી યે કુટુંબીઓની, શેઠની, આડોશી-પાડોશીની વાસનાઓનો ભોગ બને છે અને ફસાઈ પડતાં કેટલી વેશ્યા બને છે, સાસરિયાંથી ત્રાસેલી કૂટણખાનામાં જાય છે, એ બધાંના આંકડા કોણ કાઢે છે? બીજા દેશોમાં પ્રવર્તતાં અનિષ્ટોથી રાજી થવાને બદલે આપણા દેશમાં ભરપૂર વ્યાપેલી કુપ્રથાઓ તરફ આંખો ઉઘાડી જોઈએ અને એ સંબંધમાં ગંભીરપણે વિચાર કરતાં શીખીએ.

## **આ વિસ્તાર** તેનો **છે!**

એક સદ્‌ગૃહસ્થ ચાલ્યા જતા હતા. રસ્તામાં તે છાપું ખરીદવા ઊભા રહ્યા. છાપાંવાળા છોકરાએ કહ્યું, “હું તમને છાપું નહીં આપી શકું, સાહેબ!”

"કેમ? શા માટે નહીં? થોડા વખત પહેલાં તો તું જ છાપાં વેચવાની બૂમ પાડતો જતો હતો!"

"હા, પણ એ તો પેલા નાકા સુધી જ."

"રહેવા દે પંચાત; ચાલ, મારે ઉતાવળ છે; જલદી એક છાપું આપી દે."

"અહીં હું આપને છાપું નહીં આપી શકું, કારણ કે આ વિસ્તાર લિંપીનો છે. અત્યારે તે પેલે છેડે છે, ત્યાંથી તેની પાસેથી છાપું લઈ લેજો."

"લિંપી વળી કોણ છે? અને આ વિસ્તાર રૂહ્ર્ડંદ્બહ્ર છે એટલે વળી શું?"

"એટલે એમ, સાહેબ, કે ૐહ્ર બધા છોકરાઓએ મળીને નક્કી કર્યું છે કે આટલો વિસ્તાર લિંપી માટે રાખવો. એ બિચારા લંગડાથી અમારી જેમ ઝટ બધાં મકાનોમાં પહોંચી શકાતું નથી; એટલે અમે નક્કી કર્યું કે આટલા ભાગમાં તેને એકલાને જ છાપાં વેચવા દેવાં. સમજ્યા?"

"હા, સમજ્યો. તમારું અહીં યુનિયન જેવું લાગે છે!"

"યુનિયન-બુનિયન તો ઠીક; પણ એ છોકરો લંગડો છે, એટલે અમે અંદરોઅંદર આવી ગોઠવણ કરી લીધી છે... જુઓ, પેલો આવે લિંપી!"

પેલા ગૃહસ્થે લિંપી પાસેથી બે છાપાં ખરીદ્યાં અને ચાલતાં ચાલતાં એમના મનમાં વિચાર આવ્યો કે પોતાના વર્ગના જ નબળા પડેલા કોઈ વેપારીને આ રીતે તક આપવા માટે પોતાનો માલ વેચવાનું કેટલા વેપારી જતું કરે?

## "હું શું કરું?"

"મારે જે કાંઈ કરવું હોય તે કરી શકું તેમ હોઉં, તો હું શું કરું?"—એ વિષય પર સોવિયેત સંઘના ચોથા ધોરણના નિશાળિયાઓ

પાસે નિબંધ લખાવવામાં આવેલો. તેમાંથી કેટલાક નિબંધો સોવિયેત બાળકોના અખબાર ‘પિયોનેરસ્કારા પ્રાવદા’માં પ્રગટ થયેલા, તેના થોડા અંશો આ રહ્યા :

૧. હું એક એવી દવા બનાવું, જેનાથી લોકો આજના કરતાં ત્રાણ-ચાર ગણું લાંબું જીવી શકે.

૨. હું ખૂબ મકાનો બાંધું, જેથી બધાંને રહેવા માટે ઘર મળી રહે.

૩. હું પહાડોમાં આઘે-આઘે જઈને નવીનવી ખાણો શોધી કાઢું.

૪. હું બાલમંદિર ચલાવું, બધાં બાળકોને વિમાનમાં બેસાડીને દરિયો દેખાડવા લઈ જાઉં.

૫. જગતના જે દેશના લોકો હજી ગુલામ છે તેમને સ્વતંત્રા બનાવવા હું મારી બધી શક્તિ ખર્ચી નાખું.

૬. મારે જે કરવું હોય તે થઈ શકે તેમ હોય તો યે હું બીજું કાંઈ નહીં—અત્યારે જે કામ કરું છું તે જ કરું. અત્યારે મારું કામ ભણીગણીને હોશિયાર બનવાનું છે, જેથી મારા દેશને હું વધુમાં વધુ ખપ લાગી શકું.

૭. આપણા આખા ઠંડા મુલકમાં બધે જ સૂરજનો પ્રકાશ ખૂબ મળી રહે, એવું હું કરું.

૮. મારી પાસે ઈલમની લકડી હોય તો મારો ખાસ ભાઈબંધ અભ્યાસમાં બેદરકાર રહે છે તે ભણવામાં બરોબર ધ્યાન આપે એવું કાંઈક કરું.

૯. દક્ષિણ ધ્રુવમાં આટલો બધો બરફ છે તે ઓગાળી નાખે એવાં યંત્રો હું બનાવું, જેથી લોકો ત્યાં જઈને જોઈએ તેટલી જમીન પર ખેતી કરી શકે; અને અન્ન એટલું બધું પેદા થાય કે કોઈને પેટ ભરવા માટે પૈસાની જરૂર પડે નહીં.

૧૦. બીજા ગ્રહો સુધી માણસોને લઈ જઈ શકે એવાં રૉકેટ હું બનાવું; એ ગ્રહો પર કોઈ માનવી વસતાં હોય તો તેમની સાથે પણ દોસ્તી બાંધું.

૧૧. મોટી થઈને શિક્ષિકા બનીને હું આ જ નિશાળમાં પાછી આવીશ અને દુનિયાના બધા દેશોનો ઇતિહાસ ભણાવીશ.

૧૨. નિશાળમાં ભણી લીધા પછી મારો વિચાર બે-ત્રાણ વરસ કોઈ કારખાનામાં કામ કરી જોવાનો છે, જેથી મને ખબર પડે કે મજૂરોને કેવી મહેનત કરવી પડે છે. પણ સાથે સાથે રાત્રીશાળામાં મારો અભ્યાસ તો હું ચાલુ રાખવાનો જ.

૧૩. હું ગોવાળિયો થાઉં ને નાનાં વાછરડાંને ખૂબ સાચવું.

૧૪. એક આખું વરસ હું આપણા દેશમાં ફરતી ફરું અને રાષ્ટ્રપિતા લેનિન જીવતા હતા ત્યારે જે જે લોકો તેમના પરિચયમાં આવેલા તે બધાને મળીને તેમની પાસેથી લેનિન વિશે ઘણી ઘણી વાતો સાંભળું અને મારી નોટમાં તે ઉતારી લઉં.

૧૫. ચોપડીઓની દુકાનમાં જઈને બધાં સારાં સારાં પુસ્તકો હું વાંચી નાખું.

## આટલું આવડે છે?

તમારા સંતાનને—

૧. કચરો વાળતાં આવડે છે? કઈ જગ્યાએ કયા પ્રકારની સાવરણીનો ઉપયોગ થાય એની ખબર છે? ક્યારે ઊભા રહીને અને ક્યારે બેસીને વળાય એની ખબર છે?

૨. પોતું કરતાં આવડે છે? પોતું કરવા માટે વપરાતું કપડું કેવું હોવું જોઈએ એની ખબર છે?

૩. બાથરૂમ, સંડાસ, ખાળ, ગટર સાફ કરતાં આવડે છે? ઍસિડ, ફિનાઇલ, સાબુ, ડિટર્જન્ટ વગેરેનો ઉપયોગ ક્યારે થાય તેની ખબર છે?

૪. કપડાં ધોતાં, સૂકવતાં અને ગડી કરતાં આવડે છે? સુતરાઉ, રેશમી, નાયલૉન, ગરમ, ખરબચડાં, નાનાં, મોટાં, કીમતી, બરછટ, સફેદ,

રંગીન વગેરે વિવિધ પ્રકારનાં કપડાં ધોવામાં શું ફેર છે તેની ખબર છે?

૫. વાસણ સાફ કરતાં આવડે છે? ઍલ્યુમિનિયમ, સ્ટીલ, લોખંડ, પિત્તળ, તાંબું, પ્લાસ્ટિક, ચાંદી વગેરેનાં વાસણો સાફ કરવામાં શું તફાવત છે તેની ખબર છે? કાટવાળાં, ચોંટેલાં, બળેલાં, સુકાયેલાં, ચીકણાં વાસણો સાફ કરવામાં શું ધ્યાન રાખવું પડે તેની ખબર છે?

૬. ઇસ્ત્રી, કૂકર, મિક્સર, ગીઝર વગેરેનો ઉપયોગ કરતાં આવડે છે?

૭. રોજિંદી રસોઈ બનાવતાં આવડે છે?

૮. શાકભાજી, અનાજ, કરિયાણું ખરીદતાં આવડે છે? તેમની કિંમત ગણતાં આવડે છે?

૯. વીજળીનો ફ્યૂઝ ઊડી ગયો હોય તો નવો બાંધતાં આવડે છે?

૧૦. કપડું સાંધતાં, ભરત ભરતાં આવડે છે?

૧૧. દીવાલમાં કે ચંપલમાં કે ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રૂ બેસાડતાં આવડે છે ખરું?

૧૨. ચોપડી ઉપર પૂઠું ચઢાવતાં આવડે છે?

૧૩. દીવાલે રંગ કરતાં આવડે છે?

૧૪. પડીકું વાળતાં આવડે છે?

૧૫. ફૂલોની માળા ગૂંથતાં આવડે છે? આસોપાલવનાં તોરણ બનાવતાં આવડે છે?

૧૬. ચેક લખતાં, બૅંકમાં ડ્રાફ્ટ કઢાવતાં, પોસ્ટઑફિસે રજિસ્ટર કરતાં, તાર મોકલતાં, પાર્સલ કરતાં, યોગ્ય રીતે સરનામું કરતાં આવડે છે?

૧૭. રેલવેનું સમયપત્રાક જોતાં, રીઝર્વેશન કરાવતાં આવડે છે?

૧૮. નકશો જોઈને કોઈ સ્થળ શોધી કાઢતાં આવડે છે?

૧૯. શેરડીનો સાંઠો છોલતાં, સોપારી કાતરતાં, સૂડાથી કેરી કાપતાં, પાન બનાવતાં આવડે છે?

૨૦. હિસાબ લખતાં આવડે છે?

૨૧. છૂટા કાગળમાંથી નોટ બાંધતાં આવડે છે?

૨૨. કઈ ઋતુમાં કયાં શાકભાજી મળતાં હોય તેની ખબર છે?

૨૩. સત્તાવાળાઓને અરજી કરતાં આવડે છે?

૨૪. સુઘડ રીતે શેતરંજી પાથરતાં, પથારીઓ કરતાં આવડે છે?

૨૫. બૂટ પૉલિશ કરતાં આવડે છે?

૨૬. યોગ્ય રીતે પોતાનો પરિચય આપતાં આવડે છે?

૨૭. કૂંડામાં કે જમીનમાં છોડ રોપીને ઉછેરતાં આવડે છે?

૨૮. કયા કપડાને માટે કેટલું કાપડ જોઈશે તેની ગણતરી કરતાં આવડે છે?

૨૯. કોઈ પણ વસ્તુનું જોખીને વજન કરતાં આવડે છે? કાપડ અથવા જમીન માપતાં આવડે છે?

૩૦. ગાતાં, દોડતાં, ચિત્રાકામ કરતાં, રંગોળી પૂરતાં, સુંદર અક્ષરે લખતાં આવડે છે?

૩૧. નળના આંટા ખવાઈને ઢીલા થયા હોય અને પાણી ટપકતું હોય, તો તે બંધ કરતાં આવડે છે?

૩૨. પાનું, પકડ, હથોડી, સ્ક્રૂડ્રાઇવર, જૅક, કોશ, કોદાળી, પાવડો, કાતર, કુહાડી, ખૂરપી વગેરે વાપરતાં આવડે છે?

૩૩. લાઠી, ગલોલ, તીરકામઠું વગેરેનો ઉપયોગ કરતાં આવડે છે?

૩૪. તરવું, દોરડાંની મદદથી ચઢવું, ઝાડ ઉપર ચઢવું, દોરડાં કૂદવાં વગેરે પૈકી કશું આવડે છે?

આ બધાં જ રોજેરોજના જીવનમાં ઉપયોગી એવાં કૌશલ્યો છે. આ અને આવાં અનેક કૌશલ્યોને પરિણામે જીવન સરળ બને છે, સફળ બને છે.

## “ભગવાનને મારે અખાડે મોકલજે!”

છોટુભાઈ પુરાણીના નાના ભાઈ અંબુભાઈ. ગુજરાતમાં અખાડાપ્રવૃત્તિના સ્થાપક તરીકે પુરાણીબંધુઓ ઘેરઘેર જાણીતા થયા. મોટા ભાઈએ અંબુભાઈને પણ વ્યાયામમાં તૈયાર કર્યા. છોટુભાઈની ભાવના એવી કે, હું મોટો એટલે મારું મોત પહેલું આવશે; એ વખતે અખાડાપ્રવૃત્તિ ચાલુ રાખવાની જવાબદારી અંબુભાઈ ઉઠાવી શકશે. માણસો આવે ને જાય, પરંતુ રાષ્ટ્રની પ્રવૃત્તિ તો અખંડિત ચાલુ રહેવી જોઈએ. એ માટે તે અંબુભાઈ પર મદાર બાંધી રહ્યા હતા.

પણ પછી બન્યું એવું કે અંબુભાઈને પોંડિચેરીનો સાદ સંભળાયો. ત્યાં જઈને અરવિંદ આશ્રમમાં પ્રભુની શોધમાં એ બેસી ગયા. છોટુભાઈની ગણતરી ઊંધી વળી ગઈ.

બેય ભાઈઓ વચ્ચે પ્રેમસંબંધ એવો ને એવો. ક્યારેક મળવાનું થાય ત્યારે અંબુભાઈને છોટુભાઈ કહેતા: “તારા ભગવાનને મળવાની મને ફુરસદ નથી. તને એ ક્યાંય ભેટી જાય તો મારી સલામ કહેજે ને મારા અખાડા જોવા મોકલજે. મારા ભગવાન મારા અખાડામાં છે.”

['નવસૌરાષ્ટ્ર' અઠવાડિક: ૧૯૫૧]

## ખાસ કાંઈ ફેર નથી!

“આવો માસ્તર.”

“હા, કલ્પનાબેન. અમારાં અરુણાબેન ક્યાં છે?”

“બહાર શેરીમાં રમતાં હશે. જુઓને, એમને ક્યાં પગ વાળીને બેસવું છે? આખો દિવસ દોડાદોડી, ને ઘરમાં તો ધમાચકડી મચાવે છે. કોણ જાણે બાલમંદિરે તો શું યે કરતાં હશે!”

“બાલમંદિરે આવીને તો રમે છે ને મજા કરે છે; ત્યાંનાં કામો કરે છે.”

"પણ મને તો થાય છે કે આ બધાં કચ્ચાંબચ્ચાંને તમે રાખતા હશો કઈ રીતે?"

"અમારે એમને કાંઈ ખાસ રાખવાં પડતાં નથી. એ તો એમની મેળે કામ કર્યે જાય છે."

"કામ કરે ને રમે, એ બધી વાત સાચી; પણ એમને કાંઈ ભણાવવાનું ખરું કે નહીં?"

"બાલમંદિરનાં જુદાં જુદાં કામ એવી રીતે ગોઠવેલાં હોય છે કે એમાં જ એમનું ભણતર થતું જાય છે."

"આ અમારી અરુણાને તો કાંઈ આવડતું જ નથી. આટલા વખતથી બાલમંદિરે જાય છે, પણ હજુ કાંઈ શીખી નથી."

"કેમ? બાલમંદિરે આવતાં થયાં પછી અરુણાબેનમાં કાંઈ ફેર નથી લાગતો?"

"ના રે ભાઈ, કંઈ ફેર નથી; હજી તો દસ સુધીયે લખતાં આવડયું નથી."

"દસ સુધી લખતાં આવડે તો જ ફેર પડયો કહેવાય? એ નહીં આવડતું હોય, પણ બીજો કોઈ જાતનો ફેર એમના વર્તનમાં લાગે છે કે નહીં?"

"મને તો કોઈ ફેર લાગતો નથી. તમે જ કહોને, કેવો ફેર?"

"એ ઘેર જેટલો સમય રહે એ દરમ્યાન હાલવું-ચાલવું, ખાવું-પીવું, બીજાં ભાઈબહેન સાથે રહેવું—એ બધાંમાં બાલમંદિરે આવ્યા પછી કાંઈ ફેર લાગે છે ખરો?"

"હા, એવું થોડું ખરું. ખાતી વખતે પહેલાંની જેમ કજિયા ન કરે, ને જમ્યા પછી ભાણાની આજુબાજુની જગ્યા સાફ કરે. બસ, આટલો ફેર; બીજો ખાસ કાંઈ ફેર નથી."

"પછી શેરીમાં બીજાં છોકરાં સાથે કેવી રીતે રહે છે?"

"હા, એમાં પણ કાંઈક સમજણી થઈ લાગે. બાઝવા-કરવાનું હવે

ઓછું થયું છે. બાકી બીજો તો કાંઈ ફેર નથી.”

“બાલમંદિરે પરાણે તૈયાર કરીને મોકલવાં પડે?”

“ના, એમ તો હેમુભાઈ આવે તે પહેલાં જ તૈયાર થઈ જાય. હાથપગ ધોવાનું, કપડાં બદલાવવાનું ગમે. પણ બાકી તો કાંઈ ખાસ ફેર નથી.”

“બીજું કાંઈ ધ્યાનમાં આવ્યું છે?”

“બીજું તો શું? આ એકલી એકલી લીટી-બે-લીટી ગાયા કરે ને બધાં સાથે રમ્યા કરે. મોઢામાં આંગળાં-બાંગળાં હવે ઓછાં નાખે. બસ, બીજો કાંઈ ખાસ ફેર નથી.”

“ત્યારે બેન, આ તમે કહ્યા તે બધા ફેરફાર કાંઈ ઓછા કહેવાય? બાળકોમાં સારી ટેવો પડે એ તો સારું ને?”

“ભાઈ, ઈ તો છે જ ને!”

થોડી બીજી વાતો કરીને હું છૂટો પડયો. પણ મારા કાનમાં પેલું ગુંજતું રહ્યું: “બીજો ખાસ કાંઈ ફેર નથી!”

## સાટું!

એક અમેરિકન મહાનગરના પુસ્તક-ભંડારમાં એક કૂતરો આંટા મારતો હતો. એના ગળામાં પાટિયું મારેલું હતું: “વેચવાનો છે.” દુકાનમાં છાપાં વેચતા છોકરાને એક કાયમી ઘરાકે કૂતરાની કિંમત પૂછી.

“પચાસ હજાર.” છોકરાએ જણાવ્યું.

“શું? એ તો ગજબ કહેવાય!” ઘરાક બોલી ઊઠ્યા. “પચાસ હજારની કિંમતનો કૂતરો તો કોઈ દી સાંભળ્યો નથી.”

“હું તો એના પચાસ હજાર લેવાનો છું!” છોકરો બોલ્યો.

માથું ધુણાવતા ઘરાક ચાલ્યા ગયા. થોડાં અઠવાડિયાં પછી એમણે જોયું, તો દુકાનમાં પેલો કૂતરો ન મળે.

"કેમ અલ્યા," એમણે છોકરાને કહ્યું, "તેં તો કૂતરો વેચી નાખ્યો લાગે છે!"

"હો...વે." છોકરો બોલ્યો.

"તેં ધારી'તી એટલી કિંમત તેની મળી કે?"

"હો...વે."

"પચાસ હજાર?!"

"હો...વે. પચી-પચી હજારની બે બિલાડી સાથે એનું સાટું કરી નાખ્યું એ તો!"

## એનું નામ ભેજું!

મહારાષ્ટ્રના પ્રખર વિદ્વાન શ્રી રઘુનાથ પ. પરાંજપે પુણેની ફરગ્યુસન કૉલેજમાં ગણિત શીખવતા ત્યારે, વર્ગમાં કયો વિદ્યાર્થી બરાબર ધ્યાન આપે છે તે જોવા માટે ઘણી વાર એક યુક્તિ અજમાવતા: વર્ગના પાટિયા ઉપર પોતે ચાક વડે દાખલો ગણતા હોય તેમાં જાણીબૂજીને કોઈ રકમ કે આંકડો ખોટો માંડી દેતા. થોડી વાર લગી કોઈ વિદ્યાર્થી તે ભૂલ પકડે નહીં, તો પછી પોતે જ એ સુધારી લેતા. પણ ક્યારેક કોઈ વિદ્યાર્થી એવી ભૂલ પકડી પાડતો, ત્યારે અધ્યાપક પરાંજપે ખુશખુશાલ થઈ જતા, અને હાથમાંનો ચૉકનો ટુકડો પાટિયા ઉપર ફેંકીને બોલી ઊઠતા: "ધેટ્સ ધ હેડ (એનું નામ ભેજું)!"

એક વાર નાતાલની રજાઓમાં વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન ચાલતું હતું. રમતગમત, સંગીત વગેરેની સાથે પોતાના પ્રોફેસરની નકલ કરી બતાવવાનો કાર્યક્રમ પણ વિદ્યાર્થીઓએ રાખેલો. તેમાં એક વિદ્યાર્થીએ પ્રોફેસર પરાંજપેની શિક્ષણશૈલીની નકલ કરવાનું બીડું ઝડપ્યું. સભાગૃહના તખ્તા પર એક કાળું પાટિયું મુકાવીને, એ પરાંજપે બોલતા તે ઢબે બોલીને પછી પાટિયા ઉપર કોઈ દાખલાના આંકડા માંડવા લાગ્યો.

પ્રેક્ષકો વચ્ચે બેઠેલા પરાંજપેસાહેબ તે ક્ષણે ઊભા થઈને પોકારી ઊઠ્યા કે, “ભાઈ, તારી જરા ભૂલ થાય છે. પાટિયા પર દાખલા ગણતી વખતે હું વર્ગ તરફ એમ પીઠ ફેરવીને નહીં પણ જરા એક બાજુએ ફરીને ઊભો રહું છું, જેથી તમારા બધાના ચહેરા પણ જોઈ શકું.”

પળનાયે વિલંબ વિના તખ્તા પરના પેલા નકલ કરનારાએ પોતાના હાથમાંનો ચાકનો ટુકડો પાટિયા પર ફગાવ્યો અને પરાંજપે બોલતા એ રીતે હસીને કહ્યું, “ધેટ્સ ધ હેડ!” બીજાની નકલ કરવાના એ કાર્યક્રમમાં પહેલું ઇનામ કોને મળશે, તે વિશે પ્રેક્ષકોમાં હવે કોઈ સંદેહ રહ્યો નહીં.

## ગઝલના જામમાં

આધુનિક ગુજરાતના એક ઉત્તમ ગઝલકાર અમૃત ‘ઘાયલ’નું નામ સ્મરણીય રહેશે. ૧૯૨૦ પછી ગુજરાતમાં ‘શયદા’થી ગઝલે જે પોતાનું આગવું વ્યક્તિત્વ ને કાઠું જમાવ્યું તેમાં અમૃત ‘ઘાયલ’નું પ્રદાન પણ મહત્ત્વનું છે. સરધાર(જિ. રાજકોટ)માં ૩૦ સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ તેમનો જન્મ. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક. ૧૯૩૯થી ૧૯૪૯ સુધી પાજોદ દરબાર ઇમામુદ્દીનખાન મુર્તઝાખાનના રહસ્યમંત્રી. તે પછી ૧૯૭૩ સુધી સરકારી બાંધકામખાતામાં વિભાગીય હિસાબનીસ તરીકે સાવરકુંડલા, ભુજ, આદિપુર અને અમદાવાદમાં નોકરી કરી નિવૃત્ત. નિવૃત્ત જીવન રાજકોટમાં ગાળ્યું.

ગુજરાતને ગઝલરસનું પાન કરાવનારા સમર્થ ગઝલકારોમાં અમૃત ‘ઘાયલ’ અગ્રેસર છે. ‘ઘાયલે’ ગઝલલેખનનો પ્રારંભ કરેલો ૧૯૩૯માં. પોતાના આગમનની છડી પોકારતાં તેમણે લખેલું :

*બાજુમાં ગુલ અને નજરમાં બહાર,*
*હાથમાં જામ, આંખડીમાં ખુમાર!*
*આવી પહોંચી સવારી ‘ઘાયલ’ની,*
*બાઅદબ બામુલાહિજા હુશિયાર!*

તે પછી તો તેમની પાસેથી ‘શૂળ અને સમણાં’ (૧૯૫૪), ‘રંગ’ (૧૯૬૦), ‘રૂપ’ (૧૯૬૭), ‘ઝાંય’ (૧૯૮૨), ‘અગ્નિ’ (૧૯૮૨), ‘ગઝલ નામે સુખ’ (૧૯૮૪) તથા છેલ્લે ૧૯૯૪માં તેમની સમગ્ર કવિતાનો સંચય ‘આઠોં જામ ખુમારી’ મળ્યા. તેમને તેમની ઉત્કૃષ્ટ ગઝલસર્જકતા માટે ૧૯૯૩નો શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. ૨૦૦૨માં તેમનું ભક્ત કવિશ્રી નરસિંહ મહેતા ઍવૉર્ડથી પણ સન્માન થયું.

‘ઘાયલ’ની ગઝલમાં ખમીર ને ખુમારી છે. તેઓ પોતાની લાક્ષણિકતા દાખવતાં કહે છે:

*‘ઘાયલ’, સાંભળી મને ડોલી ઊઠે ન કાં સભા?*
*મારા ગઝલના જામમાં જિંદગીનો ખુમાર છે.*
*આ મારી શાયરી યે સંજીવની છે, ‘ઘાયલ’,*
*શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું!*

તેઓ લખે છે:

*કસુંબલ આંખડીના આ કસબની વાત શી કરવી?*
*—કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી!*

‘ઘાયલ’ કેવળ ‘મયખાના’ના આદમી જ રહ્યા નહોતા; તેમને વાસ્તવિકતાના કઠોર અંદાજનીયે જાણ હતી. તેમણે દંભી ને ડોળઘાલુઓની વાત પણ વેધકતાથી ગઝલમાં કરી છે:

*ચઢી આવે યદિ ભૂખ્યો કોઈ હાંકી ક્હાડે છે,*
*નથી કંઈ પેટ જેવું અન્નકૂટ એને જમાડે છે;*
*કરાવે છે મકાનો ખાલી મંદિર બાંધવા માટે,*
*અહીં માણસને મારી લોક, ઈશ્વરને જિવાડે છે!*

આવી મર્મવાણી સંભળાવનારા ‘ઘાયલ’ પોતાની ગઝલોનાં બે મૂળ બતાવે છે: ‘મીઠાં સમણાં, વસમાં શૂળ’.

## આંખ મેળવીને

કોઈને "માફ કરજો" કહો,

ત્યારે સામા માણસની સાથે આંખ મેળવીને એ શબ્દો ઉચ્ચારજો.

## અવાજના બાદશાહ

ઝુલફીકાર અલી બુખારી ૧૯૩૭માં આકાશવાણી-મુંબઈના સ્ટેશન ડિરેક્ટર નિમાયેલા. તે પછી ચંદ્રવદન મહેતા તે ખાતામાં જોડાયેલા. બુખારી કાબુલ તરફના, પેશાવરમાં ઊછરી લાહોર કૉલેજમાં ભણેલા. એમને વિશે ચન્દ્રવદન મહેતાએ 'રેડિયો ગઠરિયાં' પુસ્તકમાં કહેલું છે:

"ઝુલફીકાર અવાજના બાદશાહ. સચોટ, સ્પષ્ટ, મુલાયમ, નજાકતથી ભરેલો, ગંભીર તેમ જ હળવા ભાવોને યથાર્થ પ્રગટ કરનારો અવાજ. એનામાં માણસ પારખવાની સૂઝ ઈશ્વરદત્ત હતી. બુખારીની વાતો કરવાની કળા અજીબ પ્રકારની હતી: ટૂંકાં વાક્યો, રસભરી કહેવતો, શાયરીની લીટીઓ."

ગુજરાતી રેડિયો સ્ટેશનની ચન્દ્રવદન મહેતાને તો ધૂન હતી જ, બુખારીને પણ તે માટે હોંશ હતી. એટલે એ બન્ને ગુજરાતને પ્રવાસે આવેલા. અમદાવાદમાં રેડિયોમથક કરવાનો ઠરાવ ગુજરાતી સાહિત્ય સભાએ પસાર કર્યો, ત્યારે તે બન્ને હાજર હતા. અમદાવાદની મુલાકાત દરમ્યાન પોતાના પર પડેલી છાપનું દર્દભર્યું કાવ્ય બુખારીએ તે સભામાં વાંચેલું: 'અહેમદાબાદ કે લોગોં ઊઠો!"

# તમે શું કર્યું?

હજરત ઈસાને મિસરના રાજાએ ગિરફતાર કર્યા હતા. કારણ એ કે જેમના પ્રત્યે લોકોને આદર હોય તેમને જેલમાં પૂરવાથી લોકો પાસેથી જોઈએ તેટલું ધન કઢાવી શકાય. હજરત સાહેબને કેદમાં પૂર્યાના સમાચાર ચારે બાજુ ફેલાતાંની સાથે જ લોકો રડી ઊઠ્યા. દેશમાં જે અમીર-ઉમરાવો ને ધનિકો હતા તેઓ પોતાની બધી માલમિલકત લઈને હજરત સાહેબને છોડાવવા દોડ્યા. પરંતુ રાજાને એટલું ધન પણ ઓછું પડ્યું.

આ વાત પણ દેશભરમાં ફેલાઈ ગઈ. નાનાં-મોટાં સૌ ચોંકી ઊઠયાં. ઊંડાણના ગામની ભાગોળે એક ડોશી રહે. એનું એક જ કામ: ખુદાનું નામ લેવું અને રેંટિયો કાંતીને પેટ ભરવું. તેને કાને આ વાત પહોંચી. તેને થયું: ચાલ, હુંય ઊપડું.

ડોસીમા પાસે બીજી તો કાંઈ મૂડી હતી નહિ; હતી હાથે કાંતેલા સૂતરની ફક્ત ચાર-પાંચ આંટી. એ આંટીનું બચકું વાળીને માજી નીકળી પડ્યાં. લાકડીને ટેકે ચાલ્યાં જતાં હતાં. રાજમાર્ગ પરથી એ નીકળ્યાં ત્યારે જુવાનિયાઓએ ટીખળ કર્યું: “ડોસીમા! આટલાં ઉતાવળાં ક્યાં ચાલ્યાં?”

ડોસીમા કહે, “રાજાને મહેલે.”

“કેમ, કાંઈ નજરાણું ભરવા જાઓ છો?”

“ના ભા, ના. અમારે ગરીબને વળી નજરાણું શું?”

“અરે ભાઈ!” એક ટીખળી બોલ્યો, “એ તો હજરત સાહેબને રાજા પાસેથી છોડાવવા જાય છે!”

ત્યાં તો બીજાએ કહ્યું, “ડોશીમા દેખાય છે સાદાંસીધાં, પણ બગલમાં બચકું લીધું છે તેમાં રતન હશે રતન. હજરત સાહેબને હમણાં છોડાવી લાવશે!”

“હા બેટા,” ડોશીમા બોલ્યાં, “જાઉં છું તો હજરત સાહેબને

છોડાવવા, આજ સવારે જ મારા કાને વાત પડી ને હું ચાલી નીકળી છું.”

“લ્યો, આ ડોશીમા હજરતને છોડાવી લાવશે! .... અરે, ભલભલા અમીરોનું ધન ઓછું પડે છે, તો તમારી પાસે એવાં કયાં રતન છે?”

“મારી પાસે તો શું હોય, ભઈલા?”

“પણ બતાવો તો ખરાં!”

છોકરાઓએ બહુ આગ્રહ કર્યો, ત્યારે ડોશીએ પોતાની પોટલી છોડી. અંદરથી સૂતરની ચાર આંટી નીકળી.

“માજી! શું આ ચાર આંટીઓથી તમે હજરતને છોડાવી લાવવાનાં હતાં? પાછાં વળો, પાછાં!”

“ભાઈ, હજરત સાહેબ છૂટશે કે નહિ, તેનો વિચાર હું ક્યાં કરું? પણ ખુદાના દરબારમાં જ્યારે પુછાશે કે હજરત સાહેબ કેદમાં પુરાયા હતા, ત્યારે તેમને છોડાવવા તમે શું કર્યું? ત્યારે હું મોં નીચું ઘાલીને ઊભી તો નહિ રહુંને?”

## ચિત્રકૂટવાસી રામભક્ત

રામચંદ્રજીએ ૧૪ વરસના વનવાસનો સારો એવો કાળ જ્યાં વિતાવેલો, તે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના સીમાડા પર બુંદેલખંડના ડુંગરાઓમાં આવેલું ચિત્રકૂટ રામકથાનાં અનેક સ્થળોનું સ્મરણ કરાવે છે : રામ-સીતા-લક્ષ્મણે જ્યાં વાસ કરેલો તે કદમગિરિની ટેકરી, શ્રીરામનો સત્કાર કરવા માટે અનેક નદીઓ જ્યાં એકત્ર થયેલી તે ગુપ્ત ગોદાવરીની ગુફાઓ, અને મંદાકિનીમાં નિત્ય-સ્નાન કરીને સીતા જ્યાં બેસતાં તે જાનકીકુંડ. ચિત્રકૂટ હજી આ દેશનાં બીજાં તીર્થસ્થાનોની સરખામણીમાં અદૂષિત રહ્યું છે. જાત્રાળુઓનાં ધાડાં ચિત્રાકૂટ પર ઊતરી પડતાં નથી, તેમ ભક્ત અને ભગવાન વચ્ચે દલાલી કરનારા પંડાઓના ત્રાસ પણ ત્યાં નથી. હા, દરેક ઘરના છાપરા પર, દરેક શેરીને નાકે હનુમાનજીના હજારો વંશવારસો ત્યાં સદા ઉપસ્થિત રહે છે.

આવા ચિત્રકૂટમાં, ઉત્તર પ્રદેશના એ સૌથી પછાત પ્રદેશમાં, આસન વાળીને દાયકાઓથી સમાજસેવાનું ને રાષ્ટ્રઘડતરનું પાયાનું કામ એક રામભક્ત કરી રહેલા છે : નાનાજી દેશમુખ. ઇંદિરા ગાંધીએ લાદેલી કટોકટી દરમિયાન ૧૭ માસનો કારાવાસ વેઠીને છૂટેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એ કાર્યકર ૧૯૭૭માં કટોકટી પછીની ચૂંટણીમાં ઊભા રહેલા. પણ તે વખતના જનસંઘને જનતા પક્ષ સાથે જોડી દેવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર નાનાજી પોતે મોરારજી દેસાઈની સરકારમાં નહોતા જોડાયા.

અને એકાદ વરસ પછી તો ઓચિંતા એ રાજકારણમાંથી નીકળી ગયા. જ્યાંથી પોતે ચૂંટણી જીતેલા, તે ગોંડા જિલ્લા (ઉત્તર પ્રદેશ)માં એ ગાયબ બન્યા. ત્યાં ગ્રામરચનાનો એક કાર્યક્રમ એમણે ઉપાડ્યો અને તેના મુખ્ય મથકનું નામ રાખ્યું જય-પ્રભાનગર. (૧૯૭૪ના બિહાર આંદોલન વખતે પોતે જેમની સાથે સક્રિય હતા તે જયપ્રકાશનારાયણ અને તેમનાં પત્ની પ્રભાદેવી પરથી).

વીસમી સદીના છેલ્લા દાયકાના આરંભે નાનાજીએ પોતાનું થાણું ચિત્રકૂટમાં ફેરવ્યું, અને ગ્રામવિદ્યાપીઠ સ્થાપવાનું પોતાનું સ્વપ્ન સાકાર કર્યું.

## નરકવાસીઓની સેવામાં

પશ્ચિમ યુરોપના નાનકડા દેશ બેલ્જીઅમના એક નાના ગામમાં એક ખેડૂતને ઘેર જોસેફ ડેમિયનનો જન્મ થયો હતો. નાનપણમાં માતા પાસેથી એણે સંતોના જીવનની વાતો સાંભળેલી. કિશોર જોસેફને ગામના એક સુથાર સાથે દોસ્તી થઈ અને એ સુથારીકામ શીખ્યો. ગામના કબ્રસ્તાનની દેખભાળ રાખતા સુથાર-મિત્રા સાથે જોસેફ ત્યાં કબરો ખોદવા જતો. મૃતદેહ માટેનાં લાકડાનાં કફન બનાવતાં પણ એને આવડી ગયું.

ભણતાં ભણતાં જોસેફનું મન ધાર્મિક જીવન તરફ ખેંચાવા લાગ્યું.

એના મોટા ભાઈ પાદરી બનવા ઊપડી ગયા હતા. અને ૧૯ વરસની ઉંમરે તેણે પણ સાધુજીવન સ્વીકારી લીધું. હવે તે બ્રધર જોસેફ બન્યો.

એ જમાનામાં યુરોપના લોકો પેસિફિક મહાસાગરમાં નવા નવા ટાપુઓની શોધ કરીને ત્યાં વસવાટ કરવા માંડેલા. ત્યાંના આદિવાસીઓની સેવા માટે ગયેલા પાદરીઓની વાત સાંભળીને આ નવાસવા સાધુને પણ ત્યાં પહોંચી જવાનો ઉમળકો થતો. એવામાં હવાઈ ટાપુના બિશપ તરફથી થોડા જુવાન સેવકોની માગણી કરતો પત્રા આવ્યો. તેના જવાબમાં ૨૩ વરસનો એ જુવાન ૧૮૬૩માં કુટુંબીજનો અને વતનની વિદાય લઈને હવાઈ ટાપુ ભણી જતા જહાજ પર ચડયો.

૧૮૫૩માં રક્તપિત્તનો રોગ યુરોપથી હવાઈ સુધી પહોંચેલો ને દસ વરસમાં તો એ ટાપુઓ પર ખૂબ ફેલાઈ ગયો હતો. એ ચેપી રોગનો વધુ ફેલાવો અટકાવવા માટે હવાઈની સરકારે રક્તપિત્તના ૧૪૦ રોગીઓને ભેગા કરીને મોલોકોઈ નામના ટાપુ પર હડસેલી દીધા. પતિયાંઓને બાદ કરતાં એક પણ સાજો માણસ ત્યાં મળે નહીં. એટલે જીવનથી કંટાળેલાં ને નિરાશા અનુભવતાં પતિયાંઓની એ વસાહત વ્યસન, ચોરી, મારામારી, વ્યભિચાર વગેરેનું ધામ બની ગઈ. રોજ પતિયાંનાં મરણ થાય, પણ એમને દાટનારેય કોઈ મળે નહીં.

હવાઈના પાટનગર હોનોલુલુમાં વસતા બિશપ એ પતિયાંઓની સેવા માટે કાંઈક વ્યવસ્થા કરવા માગતા હતા. પણ સરકારી કાયદો એવો હતો કે બહારથી કોઈ પણ માણસ મોલોકોઈ ટાપુ પર એક વાર પગ મૂકે, પછી એ ત્યાંથી પાછો ન ફરી શકે. આમ છતાં જોસેફ ડેમિયને પતિયાંની સેવા માટે ત્યાં જવાનું બીડું ઝડપ્યું. ૧૮૭૩માં એને કિનારે ઉતારીને બિશપ પાછા ફર્યા પછી મનુષ્યોનું જે ટોળું ડેમિયનને વીંટળાઈ વળ્યું તેમાં કેટલાંકને આંખને સ્થાને પરુ ઓકતાં બાકોરાં હતાં, કેટલાંકને નાકને બદલે ભયાનક દુર્ગંધ ફેલાવતાં કાણાં હતાં, કોઈના હાથનાં આંગળાં ખરી ગયાં હતાં, કોઈના પગ ઠૂંઠા હતા......

નરકના એ નિવાસીઓની સેવામાં ફાધર ડેમિયને એ ટાપુ પર ૧૬ વરસ ગાળ્યાં. એમની એકલે હાથે ચાકરી કરી, એમનાં ખોરાક-પાણીની

વ્યવસ્થા કરી, એમને માટે ઘરબાર બાંધ્યાં, અને જે મરી જાય તેને માટે કફનપેટી બનાવવાનો રિવાજ એ ટાપુ પર દાખલ કર્યો. નાનપણમાં પોતાના ગામના સુથાર પાસેથી લીધેલી તાલીમ અહીં તેને કામ લાગી. એ વરસો દરમિયાન બેએક હજાર કફનપેટીઓ તેણે બનાવી હશે. પણ એ બધી સેવાને પરિણામે, બાર વરસને અંતે ફાધર ડેમિયનને પણ રક્તપિત્ત લાગુ પડયો... એક પછી એક અંગને એણે દંશ દેવા માંડયા અને ૧૮૮૯માં મોલોકોઈ ટાપુ પરથી ફાધર ડેમિયનનો આત્મા સ્વર્ગપંથે પળ્યો.

## બેગમ સાહેબાને જવાબ

૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે હિંદના ભાગલા પડ્યા તેની સાથે પાકિસ્તાનના પૂર્વ બંગાળ પ્રાંતમાં મુસ્લિમ લીગની સરકાર સત્તા પર આવી. તેના મુખ્ય પ્રધાન નઝીમુદ્દીન પર ગાંધીજીએ કલકત્તાથી એક પત્રા લખેલો ને હાથોહાથ પહોંચાડવા પોતાના મંત્રી પ્યારેલાલને આપેલો. તેમને મળીને પછી પ્યારેલાલજી નોઆખાલીમાં પોતાનું શાંતિકાર્ય આગળ ચલાવવા પહોંચી ગયેલા. નઝીમુદ્દીનમાં તેમણે “એક સજ્જનની પૂરી ખાનદાની” નિહાળેલી. પણ એ મુખ્ય પ્રધાનની “વિરલ પ્રામાણિકતા” વિશે પાછળથી એમને જાણવા મળ્યું નોઆખાલીના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અબદુલ્લાએ જે કહ્યું તેમાંથી:

“લાંચરુશવત દાબી દેવા માટે વધારે સત્તાની મેં માગણી કરી ત્યારે મુખ્ય પ્રધાને કહ્યું કે, મારા પોતાના ઘરની ઝડતી લેવાની અને કોઈ પણ બદી માટે હું ગુનેગાર માલૂમ પડું તો મારી ધરપકડ કરવાની તમને પૂરેપૂરી સત્તા છે. અમારી વાત ચાલતી હતી તે જ વખતે તેમના ટેબલ પરના ટેલિફોનની ઘંટડી વાગી. એ તેમનાં બેગમનો ફોન હતો. ‘આજે તો ઈદનો તહેવાર છે. થોડી વધારે ખાંડ ને લોટ મોકલવાની ગોઠવણ તમે ન કરી શકો?’ જવાબમાં મુખ્ય પ્રધાન બોલ્યા: ‘અહીં

મારી સામે અબદુલ્લા બેઠા છે. હમણાં જ હું તેમને કહેતો હતો કે, મારા ઘરની પણ ઝડતી લેવાની અને કશું વાંધા ભરેલું માલૂમ પડે તો મારી ધરપકડ કરવાની તમને પૂરી સત્તા છે. એટલે માપબંધીના નિયમનો જરા સરખોય ભંગ થશે તો અબદુલ્લા આપણી ખબર લઈ નાખશે!' ઈદ અંગેની બેગમ સાહેબાની માગણીનો આવો રકાસ થયો હતો."

## પંજ પ્યારા

શીખોના દસમા ગુરુ ગોવિંદસિંહે શૂરવીરતાનો એક નવો માર્ગ કંડારવા ખાલસા પંથની સ્થાપના કરી ૧૬૯૯માં બૈશાખીના દિવસે. તે દિવસે વિવિધ જાતિ અને પ્રદેશના પંજ પ્યારાઓએ ગુરુની માગણી અનુસાર મોટામાં મોટું બલિદાન આપવા કાજે પોતાની જાતને સમર્પિત કરેલી. આ સૌથી પ્યારા પાંચમાં લાહોરના ખત્રી ભાઈ દયારામ હતા, હસ્તિનાપુરના જાટ ભાઈ ધરમદાસ હતા, દ્વારકાના ધોબી ભાઈ મોકમચંદ હતા, બિડરના વાળંદ ભાઈ સાહેબચંદ હતા, અને જગન્નાથપુરીના ભિસ્તી ભાઈ હિમ્મતદાસ હતા. જાતિ અને સંપ્રદાયના તમામ ભેદભાવ મિટાવી દઈ ગુરુ ગોવિંદસિંહે ચારિત્ર્ય, રાષ્ટ્રીયતા, ફરજપાલન, સંયમ અને નમ્રતાનો, પોતાની જાત પહેલાં સેવાને સ્થાન આપતો સંદેશો આપ્યો તેને આ પંજ પ્યારાઓએ દેશભરમાં ફેલાવ્યો.

## દાદુ દયાળ

કબીર અને નાનકના જેવો જ જેનો ઉપદેશ ગણાય છે તે દાદુનો જન્મ સંવત ૧૬૦૦માં અમદાવાદમાં એક મુસ્લિમ પીંજારા પરિવારમાં થયેલો. વિધિસરનું કોઈ શિક્ષણ એમને મળેલું નહીં, પણ ઈશ્વર અને તેની સૃષ્ટિનું રહસ્ય જાણવા તેમનું મન બાળપણથી તલપાપડ રહેતું. સત્સંગ અને યાત્રા-પ્રવાસ તેમના શિક્ષક બન્યા. ઉત્તર પ્રદેશ, બિહાર

અને બંગાળમાં ખૂબ ભ્રમણ કર્યા પછી રાજપૂતાનામાં સાંભર પાસે નરાના ગામમાં તે સ્થાયી થયેલા. રૂ પીંજીને ગુજરાન ચલાવતા. આત્મશિક્ષણથી જ તેમને પદ-ભજન સ્ફુરેલાં. આરંભથી જ એમનું જીવન એટલું પ્રેમાળ, કરુણામય અને દયાળુ હતું કે સૌ તેમને દાદુ દયાળ કહીને બોલાવતા.

ભિખારી: આમ તો હું એક લેખક છું. મેં એક ચોપડી લખેલી: ‘પૈસા કમાવાની ૧૦૦ તરકીબો’.

વેપારી: તો પછી આમ ભીખ શીદને માગે છે?

ભિખારી: એ ૧૦૦માંની જ એક આ તરકીબ છે.

[‘મોડર્ન મેચ્યોરીટી’]

## રોગીને સવાલ

રક્તપિત્તનો એક રોગી રસ્તામાં બેસી હાથ લાંબો કરી ભિક્ષા માગી રહ્યો હતો. તેને બે પૈસા આપતાં એક જુવાને પૂછ્યું કે, “ભાઈ, તારું શરીર રોગથી લગભગ ખલાસ થવા આવ્યું છે, અને તારી ઇંદ્રિયોનો બરાબર ઉપયોગ કરવાની શક્તિ પણ તારામાં રહી નથી, તો પછી આટલું કષ્ટ વેઠીને જીવવાની પીડા શીદને ભોગવી રહ્યો છે?”

રોગીએ ઉત્તર આપ્યો, “આ સવાલ કદીક કદીક મારા મનને પણ સતાવે છે ને તેનો જવાબ મને જડતો નથી. પણ કદાચ હું એટલા માટે જીવી રહ્યો હોઈશ કે મને જોઈને માનવીને ખ્યાલ આવે કે તે પોતે પણ ક્યારેક મારા જેવો બની શકે છે, એટલે સુંદર દેહનું અભિમાન રાખવા જેવું નથી તે સમજે.”

# ફુવારા

પૃથ્વીનું પડ ફાડીને વછૂટતા ગરમ પાણીના ફુવારા એ કુદરતની જવલ્લે જ જોવા મળતી કરામત છે. ફક્ત આઈસલેંડ, ન્યુઝીલેંડ અને યુનાઈટેડ સ્ટેઇટ્સમાં જ એવા ફુવારા કાંઈક ગણનાપાત્ર સંખ્યામાં જોવા મળે છે. અત્યંત ઠંડા મુલક આઈસલેંડના પાટનગર રેક્યાવિકનાં અરધાં જેટલાં ઘરોને હૂંફાળાં રાખવાનું કામ આવા ફુવારા વાટે કુદરતે પૂરું પાડેલું ગરમ પાણી કરે છે.

# સૂરજે સળગાવેલું ફાનસ

દુનિયાની વસ્તીનો ત્રીજો ભાગ, એટલે કે બે અબજ જેટલા લોકો, એકવીસમી સદીના આરંભે પણ વીજળીની સગવડ વિહોણા છે. રાતવેળાએ પ્રકાશ માટે એમને મીણબત્તી કે કેરોસીનના ફાનસ પર જ આધાર રાખવો પડે છે. પાણીના ધોધને નાથીને તેની શક્તિ વડે વીજળી પેદા કરવાનું બહુ ઓછી જગ્યાએ શક્ય બને છે. કોલસા કે ડીઝલથી ચાલતાં વીજમથકો બાંધવા પાછળ મોટું મૂડી-રોકાણ કરવું પડે છે અને એ જાતના બળતણને તેનાં ખાણ-કૂવામાંથી મથક સુધી પહોંચાડવાનો ખર્ચ આકરો બની જાય છે. એ મથક પરથી દૂરદૂરનાં ગામડાં સુધી વીજળી પહોંચાડવાનું તો તેનાથી પણ અનેકગણું ખર્ચાળ નીવડે છે.

આ બધી મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢવો હોય તો લાખો-કરોડો ગામડાંમાં જ નજીવા ખર્ચે વીજળી પેદા કરવી જોઈએ. દરેક ગામને કુદરત તરફથી શક્તિનો એક જબરદસ્ત ભંડાર નિરંતર મળતો રહે છે, તે સૂરજનો પ્રકાશ. દિવસ દરમિયાન એ પ્રકાશનો ધોધ વરસતો જ રહે છે તેમાંથી જરીકનો પણ સંઘરો આપણે કરી શકીએ, તો રાત્રીના અંધકાર વેળા તે ઉપયોગમાં આવે.

સૂર્યપ્રકાશનો આ જાતનો સંઘરો કરવાની સગવડ વિજ્ઞાન પાસેથી

માણસે મેળવી છે. તેનું નામ છે ફોટોવોલ્ટેઈક પદ્ધતિ. તેના વડે દિવસ દરમિયાન સૂર્યશક્તિનું સીધું રૂપાંતર વિદ્યુતશક્તિમાં થાય છે અને તે વીજળીને બૅટરીમાં સંઘરી શકાય છે. પછી રાતે એ બૅટરી વડે બત્તી થઈ શકે છે. એ બત્તીનું નામ સૂર્ય-ફાનસ.

ઘરના છાપરા ઉપર કે અગાશીમાં દિવસના પાંચ-છ કલાક તડકો જ્યાં પડતો હોય એવી જગાએ ફોટોવોલ્ટેઈક પેનલ ગોઠવીને રાખવાની હોય છે. તેમાં જોડેલા વાયરનો બીજો છેડો નીચે ઘરમાં રાખેલા સૂર્ય-ફાનસમાં ભરાવી દેવાનો હોય છે. એ રીતે સાંજ સુધીમાં છાપરાની પેનલ પર જેટલો તડકો પડે તે વીજળીમાં રૂપાંતરિત થઈને નીચે ઘરમાં ફાનસની અંદરની બૅટરીમાં સંઘરાય છે. પછી ફાનસમાં ચાંપ દાબીએ એટલે ૪૦ વોટના બલ્બ જેટલો પ્રકાશ તે આપે છે. સામાન્ય પેટ્રોમેક્સના કદનું ૪ કિલો વજનવાળું એ ફાનસ ઉપાડીને ઘરમાં ગમે ત્યાં લઈ જઈ શકાય છે અને તેમાંની વીજળી ચારેક કલાક ચાલે છે.

આ ફોટોવોલ્ટેઈક પેનલ અને ફાનસની કિંમત આજે રૂ. ૪૦૦૦ જેટલી થાય છે, પણ સૂર્યશક્તિના વપરાશનો પ્રચાર કરવા સરકાર લગભગ અરધી રકમની સબસિડી આપે છે. એકવાર એટલો ખર્ચ કરીને આ સગવડ વસાવીએ, પછી રોજેરોજ કેરોસીન કે વીજળીના કશા જ ખર્ચ વગર ઘરને પ્રકાશ મળે છે. આ સગવડની આવરદા વીસેક વરસની છે.

સૂર્યશક્તિ વડે આ રીતે પ્રકાશ મળે છે, તેમ તે શક્તિ વડે રસોઈ થઈ શકે છે, પાણી ગરમ કરી શકાય છે, કૂવામાંથી પાણી કાઢવાના પંપ ચલાવી શકાય છે.

(આ અંગે વધુ વિગતો નીચેના સરનામા પરથી મળી શકશે: ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, સૂરજ પ્લાઝા નં. ૨, સયાજીગંજ, વડોદરા ૩૯૦૦૦૬. ફોન (૦૨૬૫) ૨૩૬૩૧૨૩.)

## ખરી જરૂર!

નાના એવા શહેરના મુખ્ય રસ્તા પરથી બેફામ ઝડપે પસાર થતી એક અમીરી મોટરગાડીને પાછળથી એને આંબી ગયેલા મોટરસાઇકલ-સવાર પોલીસે ઊભી રખાવી. હાંકનાર સન્નારીનાં નામઠામ એણે પોતાની ડાયરીમાં નોંધવા માંડયાં, એટલે બાનુ જરા ગરમ થઈને બોલ્યાં: “તમે વધારે કાંઈ લખો તે પહેલાં એટલું જાણી લેજો કે આ ગામના નગરપતિ મારા મિત્ર છે.”

એક શબ્દ પણ બોલ્યા વિના પોલીસે નોંધ ટપકાવવી ચાલુ રાખી. “અહીંના પોલીસ-ઉપરી પણ મને સારી રીતે ઓળખે છે.” સન્નારીએ આગળ ચલાવ્યું. એમના મિજાજનો પારો ચડતો જતો હતો, તે છતાં પેલાએ તો ડાયરીમાં લખવાનું ચાલુ રાખ્યું. “ભલા આદમી, હું તમારા મેજિસ્ટ્રેટને અને અહીંના ધારાસભ્યને પણ સારી રીતે ઓળખું છું.”

નોંધ પૂરી કરીને ડાયરી બંધ કરતાં પોલીસે અંતે મધુરતાથી પૂછ્યું: “હવે કહો જોઈએ, તમે કાનજી રવજીને પણ ઓળખો છો?”

“ના?” બાનુએ કબૂલ કરતાં અચરજ બતાવ્યું.

“ત્યારે ખરી જરૂર તમારે તેની ઓળખાણની હતી,” પોતાની મોટરસાઇકલ પર ચડતાં એણે કહ્યું, અને પછી ઉમેર્યું: “હું કાનજી રવજી છું.”

## ગટર એટલે ગમે તે નાખી શકાય?

“અમારા મહોલ્લામાં આવીને જુઓ કે કેવા હાલ છે!” કરસનકાકા બોલી ઊઠ્યા.

“હા હા, અબી કે અબી ચલો હમારે સાથ,” કરીમભાઈ પણ ગરમ થઈને કહી રહ્યા હતા.

ટોળાના આગેવાનોના મોંમાંથી આટલા શબ્દો નીકળતાંવેંત બધાએ

એ વાત ઝીલી લીધી અને સૌ બોલી ઊઠ્યા, “અત્યારે ને અત્યારે અમારી સાથે ચાલો.”

સુધરાઈ-સભ્યને ઘેર આવેલું આ ટોળું બીજી કોઈ વાત સાંભળવા તૈયાર નથી. શી તકલીફ છે, શી ફરિયાદ છે, એવી પૂછપરછનો જવાબ કોઈ આપતું નથી. ફક્ત એક જ સૂર સંભળાય છે: “પહેલાં અમારી સાથે આવો, પછી બીજી વાત.”

સુધરાઈ-સભ્ય એ લોકોની સાથે તેમના મહોલ્લામાં જાય છે. દૂરથી જ માથું ફાટી જાય એવી દુર્ગંધનો અનુભવ થાય છે. જઈને જુએ તો મહોલ્લાને નાકે આવેલ ગટરના ‘મેન-હોલ’માંથી ગંદા પાણીનો પ્રવાહ રેલાઈ રહેલો છે. ચારે તરફ ગંદકી પ્રસરી વળી છે. મેલા પાણીની સાથે જાજરુનું મેલું પણ ઊભરાતું દેખાય છે. ઘૃણા ઉપજાવે એવું દૃશ્ય છે.

આજુબાજુનાં મકાનોમાંથી નરનારીઓ આગંતુકોને ઘેરી વળે છે. ટોળું મોટું બને છે. ગટર ઊભરાવાથી અસહ્ય હાલાકી વેઠી રહેલા લોકો પોતાની ફરિયાદ સંભળાવવા આતુર છે. સૌ પોતપોતાનો ઊભરો ઠાલવવા માંડે છે.

એ ઘોંઘાટ વચ્ચે સુધરાઈ-સભ્ય ગંદકીનું નિરીક્ષણ પૂરું કરે છે. તે લોકોની વાત સાંભળે છે અને તાત્કાલિક બંદોબસ્ત કરવાની ખાતરી આપે છે.

મ્યુનિસિપાલિટીના મેન-હોલ ખાતાને ટેલિફોનથી ખબર અપાય છે અને સફાઈ કામદારો કામે લાગી જાય છે. ગટરમાં જામેલો કચરો બહાર કાઢવામાં આવે છે—કેરી પકવવાનું ઘાસ, દાતણની ચીરીઓ, વાસણ માંજવા વપરાતાં નાળિયેરનાં છોતરાં, ફૂટેલાં કપરકાબી, સોડા-લેમનની ભાંગેલી બાટલીઓ, પોતું કરવાના કંતાનના ગાભા, તૂટેલાં ચંપલ-બૂટ, ફાટેલાં કપડાંના ડૂચા, નળિયાં, રોડાં, ઈંટાળા, બાટલીઓના કાચના ટુકડા, કેરીના ગોટલા, સિગારેટનાં ડબલાં, લાકડાનો છોલ, જમણવારનાં પતરાળાં, સાઇકલનાં જૂનાં ટાયર વગેરે નીકળે છે.

મહોલ્લાના મોવડીઓ આ સામગ્રી જુએ છે. જે જુવાનિયાઓ

અત્યાર સુધી સુધરાઈને ભાંડી રહ્યા હતા તેઓ ગટરમાંથી બહાર આવતી વસ્તુઓ જોઈ ચૂપચાપ ચાલતી પકડે છે. તરેહતરેહના આ કચરાનો ઢગલો ખડકાતો જાય છે તેમ તેમ બીજા રહેવાસીઓ પણ ત્યાંથી સરકવા માંડે છે.

એટલામાં પેલા સુધરાઈ-સભ્ય પાછા આવી પહોંચે છે. "બોલો કરસનકાકા, હવે આમાં મ્યુનિસિપાલિટીનો વાંક ખરો? આ કચરાને કારણે ગટર ભરાઈ ગઈ અને ઊભરાઈ, પણ આ બધી વસ્તુ ગટરમાં નાખનાર કોણ?"

*

આપણાં અનેક શહેરોમાં અવારનવાર ભજવાતા એક દૃશ્યનું આ ચિત્ર છે. આ ચિત્ર પણ અધૂરું છે. એમાં સફાઈ-કામદારોને આવો કચરો કાઢવા માટે વેઠવી પડતી હાલાકી, સુધરાઈને થતો ખર્ચ, વાહનવહેવારનો અવરોધ, અને મેલા પાણીથી ભરાઈ ગયેલા મેન-હોલમાં ડૂબકી મારનારને માથે રહેલા જોખમ વગેરેનું વર્ણન તો આવતું નથી.

ગટરો અવારનવાર ઊભરાય છે. પરંતુ ગટરો કેમ ઊભરાય છે? પહેલી વાત એ છે કે ગટર અંગે પણ પૂરતી કાળજી રાખવી જોઈએ, એવી સમજણ બહુ ઓછા લોકોને હશે. ઘરથી જ શરૂઆત કરીએ તો જોવા મળશે કે ઘણી ગૃહિણીઓ ચોકડી કે મોરીમાં વાસણ માંજતી વખતે એંઠવાડ, રાખ, માટી તેમજ કાથી કે નાળિયેરનાં છોતરાં ગટરમાં જાય નહિ એની તકેદારી રાખતી નથી. આવો કચરો ગટરમાં ન જાય તે માટે સામાન્ય રીતે આડી લોખંડની જાળી રાખેલી હોય છે, પણ એ જાળી કાઢી લઈને કે ઊંચી કરીને કચરો ખાળમાં વહેવડાવી દેવામાં આવે છે.

પરંતુ આમ ઘણાં ઘરોની મોરીમાંથી મુખ્ય ગટરમાં આવેલો કચરો કોઈક જગ્યાએ જામી પડે છે અને મેલા પાણીનો વહેતો પ્રવાહ રોકાઈને ગટર ઊભરાય છે. ઘરની બહાર 'ગલીટ્રેપ' હોય છે તેની જાળીઓ, મેનહોલનાં ઢાંકણાં વગેરે ચોરીને ભંગારવાળાને ત્યાં વેચી નાખનારો એક વર્ગ શહેરોમાં હોય છે. આવી રીતે ખુલ્લા થયેલા મેનહોલ કે

ગલીટ્રેપમાં આપણે ઉપર જોયો તેવો કેટલોય કચરો વરસાદના પાણીના રેલા સાથે તણાઈ આવે છે. કેટલાક લોકો તો એ બધો ઉકરડો પોતાના ઘર પાસે ન ખડકાય તે માટે નજીકના મેનહોલનું ઢાંકણું ખોલીને એને તેમાં પધરાવી દેતા હોય છે. ગટરમાં તો જે કાંઈ નાખ્યું હોય તે બધું તણાઈ જતું હશે, એવી ગેરસમજનું આ પરિણામ હશે. ગટર ફક્ત મેલા પાણીને વહી જવા માટે હોય છે—કચરો વગેરે નાખવા માટે નહિ, એટલું જો આપણે સમજીએ તો આવી મુશ્કેલીઓ ઊભી થતી અટકે.

દુર્ગંધ મારતા ગંદા પાણીના મેન-હોલની અંદર સફાઈ-કામદારોને ઊતરવું પડે છે. ગૂંગળાઈ જવાનું જોખમ ખેડીને મેન-હોલમાં ડૂબકી મારનારા કામદારોની કલ્પના કરીએ તો ગટરમાં ગમે તે કચરો નાખવો એ કેટલું ભયંકર કૃત્ય છે, એ સમજી શકાશે.

ગટર ઊભરાવાથી સુધરાઈને કેટલો નકામો ખર્ચ કરવો પડે છે એ પણ વિચારવું જોઈએ. ગટરમાં જામી પડેલો કચરો લોખંડના સળિયાથી કે પાણીના પ્રવાહથી પણ ક્યારેક ખસે નહિ ત્યારે રસ્તો ખોદીને, કચરો જ્યાં ભરાઈ રહ્યો હોય ત્યાંથી પાઇપ તોડવો પણ પડે છે. આમ, ગટર સાફ કરવાનું કામ ઘણું ખર્ચાળ હોય છે એટલું જ નહિ, પણ કામ ચાલે ત્યાં સુધી રાહદારીઓ અને વાહનવહેવારને નડતર થાય છે.

ગટરમાં પણ ગમે તે તો ન જ નખાય—એટલી સમજણ નાગરિકોમાં ફેલાય તો જ ગટરો ઊભરાતી બંધ થઈ શકે.

## મારા વર્ગો

અમેરિકન અધ્યાપક રેઇનવોટરને ભૌતિકશાસ્ત્ર માટેનું નોબેલ પારિતોષિક ૧૯૭૫માં મળ્યું ત્યારે, પચીસ વરસ પહેલાં પોતે કરેલાં કામનું આ રીતે બહુમાન થયું તેની એમને તો નવાઈ લાગેલી: “એ હવે એટલું બધું જૂનું થઈ ગયું છે કે એમાંથી કશું નીપજશે એવું મેં નહીં ધારેલું.” ઈનામના સમાચાર જણ્યા પછી તેની કોઈ ઉજવણી

કરવાનો વિચાર એમને આવેલો નહીં. “મારે તો યુનિવર્સિટીમાં મારા વર્ગો લેવાના છે.”

જગતનું સૌથી વધુ પ્રસિદ્ધ પારિતોષિક પ્રાપ્ત કર્યા પછી પણ એ અધ્યાપકે પોતાની ઑફિસ સુધીની પાંચેક કિલોમીટરની મજલ રોજ સાઇકલ પર બેસીને કાપવાનું ચાલુ રાખેલું.

## ભાગ્યશાળી!

આફ્રિકાના જંગલમાં દીનદુખિયાંની સેવા કાજે જિંદગી ગુજારનાર આલ્બર્ટ શ્વાઈત્ઝરની હૉસ્પિટલની મુલાકાતે એ આફ્રિકન સંસ્થાનના યુરોપીઅન ગવર્નર જનરલ એક વાર આવવાના હતા. તે વખતે એક સાથીએ હિંમત કરીને કહ્યું, “ડૉક્ટર સાહેબ, આપ આ કાળી નેકટાઈ પહેરો છો તે હવે સાવ જરી ગઈ છે, હોં!”

“હા,” ડૉક્ટર બોલ્યા, “પણ તેનું કારણ મને સમજાતું નથી. એને લીધાને હજી તો માંડ અઢાર વરસ થયાં હશે, ને તે ય હું તો મરણપરણનો કોઈ અવસર હોય ત્યારે જ ડોકમાં ઘાલું છું!”

“શું—અઢાર વરસથી!” સાથીએ આભા બનીને સવાલ કર્યો. “તે શું તમારી પાસે બીજી એક નેકટાઈ પણ નથી?”

“એ તો હું એટલો ભાગ્યશાળી કે બીજી નથી,” ડૉક્ટરે સમજાવ્યું. “મારા પિતા પાસે બે-બે નેકટાઈ હતી, અને મને બરાબર સાંભરે છે કે—બેમાંથી કઈ સારી લાગે છે તેની કાશ અમારા ઘરમાં કાયમ ચાલતી!”

## દરેક રૂપિયામાંથી ૬૭ પૈસા

ભારતની એક અબજની વસ્તી બે કરોડથી વધુ સરકારી નોકરોને નિભાવે છે, તેમાંથી ૪૦ લાખ જેટલા મધ્યસ્થ સરકારના નોકરિયાતો

છે. સરકારની આવકના દરેક રૂપિયામાંથી ૬૭ પૈસા આ બે કરોડના પગાર ચૂકવવામાં ખરચાય છે. એ બે કરોડમાંથી ૭૧ ટકા કારકૂનો છે, ૧૯ ટકા પટાવાળા છે, અને ૧૦ ટકા મોટા અમલદારો છે. ભૂતકાળના સરકારી નોકરોનાં પેન્શનો પાછળ વરસે ૧૫ હજાર કરોડથી વધુ રકમ ખરચાય છે. કુલ સરકારી નોકરિયાતોના ત્રીજા ભાગ જેટલાને કમી કરી શકાય તેટલું ઓછું કામ સરકારી કચેરીઓમાં હોય છે. આ દળકટકનો ભાર લોકોની કાંધ પરથી ઓછો કરવાની માત્રા વાતો જ થાય છે. હકીકતમાં, ભારત સરકારના નાણાં ખાતામાં જ વરસે ૧૩,૦૦૦થી વધુ નવી નિમણૂકો થઈ અને તેના કર્મચારીઓની સંખ્યા વધીને બે લાખ ઉપર પહોંચી. નોકરિયાતોની સંખ્યા ને એમનાં પગારભથ્થાંની રકમ વધે છે તેમ પ્રજા ઉપર કરવેરાનો બોજો પણ વધતો જાય છે. ભારતના સરેરાશ પુરુષ-સ્ત્રી—બાળક દીઠ ૧૯૮૦માં ૨૯૨ રૂ. કરવેરારૂપે વસૂલ થયેલા; ૨૦૦૦ના વરસમાં ૩,૨૧૭ રૂ.

## દૂષિત બોજ

બે બૌદ્ધ સાધુઓ તેમના પરિભ્રમણ દરમિયાન એક નદી પાસે આવી પહોંચ્યા. વર્ષાની ઋતુ હમણાં જ પૂરી થઈ હતી, અને નદીમાં ઠીક ઠીક પાણી હતું. સાધુઓએ પોતાનાં વસ્ત્રો સરખાં બાંધી લીધાં અને નદીને પાર કરવાની તૈયારી કરી, ત્યાં તેમને કાને કોઈના રુદનનો અવાજ પડયો.

“કોઈક રડતું લાગે છે,” એક સાધુ બોલ્યો.

“એ તો કોઈ સ્ત્રીનો અવાજ છે,” બીજાએ કહ્યું.

“એની આપણે શા માટે ફિકર કરવી?”

પહેલો સાધુ કહે, “પણ આપણે તપાસ તો કરવી જ જોઈએ.”

સાધુઓએ આગળ જઈને જોયું તો નદીને કિનારે બેઠી બેઠી એક સુંદર યુવતી વિલાપ કરતી હતી.

"શા માટે રડે છે તું, બહેન?" પહેલા સાધુએ પૂછ્યું.

યુવતી રડતાં રડતાં જ બોલી: "મારી માંદી માને મળવા મારે સામે પાર જવું છે, પણ નદીમાં આટલું બધું પાણી છે! હવે હું શી રીતે જઈ શકીશ?"

પહેલો સાધુ ઘડીભર ગૂંચવાયો. પણ પછી એને માર્ગ સૂઝી આવ્યો. યુવતીને તેણે પોતાને ખભે બેસી જવા કહ્યું. આ જોઈ બીજો સાધુ ક્રુદ્ધ થઈ તેનાથી જરા અળગો થઈ ગયો.

સામે કિનારે પહોંચીને સાધુએ યુવતીને ઉતારી દીધી અને એ ચૂપચાપ આગળ ચાલવા લાગ્યો. થોડી વારમાં બીજો સાધુ તેની સાથે થઈ ગયો. ચાલતાં ચાલતાં તે ઉશ્કેરાટથી બોલ્યો, "છીઃ છીઃ આજે તેં ભારે દૂષિત કર્મ કર્યું છે. આપણાથી સ્ત્રીનો સ્પર્શ કરાય જ કેમ?"

પહેલા સાધુએ કશો ઉત્તર વાળ્યો નહીં.

ફરી પેલો બોલી ઊઠ્યો: "આપણા ગુરુ આ જાણશે, ત્યારે તને શું શિક્ષા નહીં કરે?"

તોયે પહેલો સાધુ શાંત જ રહ્યો.

વળી પેલાએ કહ્યું, "સ્ત્રીમાત્રનો સ્પર્શ આપણા વ્યવહારમાં ત્યાજ્ય છે. અને વળી આ તો યુવાન સ્ત્રી હતી. તેં આજે ઘોર પાપ કર્યું છે."

હવે પહેલો સાધુ શાંત અવાજે બોલ્યો: "ભાઈ, મેં તો એ સ્ત્રીને નદીને કિનારે ઉતારી દીધી—પણ તું હજુ એને ઊંચકીને શા માટે ચાલે છે?"

## સતપંથી

અમદાવાદ નજીકના પીરાણા ગામમાં લગભગ છસો વરસ પહેલાં આવીને વસેલા ઇમામ શાહે હિંદુ અને મુસ્લિમ બંને કોમને 'સતપંથ' પર ચાલવાનો ઉપદેશ આપીને તેમની શ્રદ્ધા જીતી લીધેલી. એ પીરાણાની

દરગાહના ગાદીપતિ હિંદુ છે. ‘સતપંથ’ના અનુયાયીઓ ઈદ, દિવાળી વગેરે બેય કોમના તહેવારો ઊજવે છે અને પીરાણામાં ઇમામશાહનો મેળો ભરાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં સતપંથીઓ મોટી સંખ્યામાં વસે છે.

## “રસ્તો કરો!”

લંડન શહેરમાં હાઈડ પાર્ક નામનું ખુલ્લું મેદાન છે. અંગ્રેજ પ્રજાએ સદીઓથી જેની આરાધના કરેલી છે તે વાણી-સ્વાતંત્ર્યનો પ્રાણવાયુ ત્યાં જાણે કે નજરે જોવા મળે છે. તરેહતરેહના વક્તાઓ પોતાના કાલાઘેલા હરકોઈ વિચારો ત્યાં જુસ્સાભેર વ્યક્ત કરતા હોય છે અને દરેકને શ્રોતાઓનું નાનુંમોટું ટોળું મળી રહે છે.

એક સવારે ત્યાં જેની આસપાસ નાનકડું ટોળું ભેગું થયેલું તે વક્તા રાષ્ટ્રની પ્રવર્તમાન અવદશા માટે રાજકર્તા વર્ગની જવાબદારીની જુસ્સાભેર ઘોષણા કરી રહ્યા હતા: “આપણી તમામ મુસીબતોના મૂળમાં એ લોકો જ રહેલા છે!” વક્તાએ ત્રાડ પાડી: “આપણે આમસભાને આગ લગાડવી જોઈએ! રાણીના મહેલને સળગાવી મૂકવો જોઈએ!”

એ ભાષણમાંથી મનોરંજન મેળવી રહેલું પ્રેક્ષકવૃંદ જરા જરા વિસ્તરતું સડક પર ફેલાયું ને પછી વાહનવહેવારને અડચણરૂપ બનવા લાગ્યું, ત્યારે એક પોલીસનું ત્યાં આગમન થયું. વિનય અને મક્કમતાના મિશ્રણવાળા સ્વરે એણે સાદ પાડ્યો કે, “ચાલો સજ્જનો, અહીંથી એક બાજુ ખસો અને વાહનવહેવાર માટે રસ્તો ખુલ્લો રાખો. આમસભાને આગ લગાડવાની તરફેણ કરનાર મહેરબાની કરીને અહીં જમણી બાજુ આવી જાવ, અને રાણીનો મહેલ બાળી મૂકવાની તરફેણમાં હોય તે ત્યાં ડાબી બાજુએ! ચાલો, રસ્તો કરો, રસ્તો કરો.”

હાસ્યના ખડખડાટ વચ્ચે એ ખુશમિજાજી ટોળું તરત વિખેરાઈ ગયું.

## એ શું કરતાં હશે?

પોષ મહિનાની કડકડતી ટાઢમાં, ઘાસની ઝૂંપડીમાં રહેતી એક માતા રાતને વખતે પોતાના બાળકને જૂનાં છાપાં અને ઘાસના પૂળાથી ઢબૂરીને સુવડાવી દેતી.

એક રાતે બાળકે પૂછ્યું, “હેં મા, જેની પાસે છાપાં ને ઘાસ ન હોય એવાં ગરીબ લોકો આવી ટાઢમાં શું કરતાં હશે?”

## બે રસ્તા

જિંદગીની વાટે વગર જહેમતે સરી જવાના બે રસ્તા છે:
દરેક વસ્તુ માની લેવી, અથવા દરેક વિશે શંકા રાખવી.
બેઉ આપણને વિચાર કરવામાંથી ઉગારી લે છે.

## પાછાં પગલાં

આપણા સમાજમાં પ્રગતિ સામે મોટામાં મોટો અવરોધ હોય તો તે જ્ઞાતિનો ડર. તેને લઈને જ અનેક સમજદાર માણસો સુધારાનું કોઈ પગલું ભરતાં અચકાય છે. ગામડાંમાં જ્ઞાતિનું વર્ચસ્વ એટલું બધું હોય છે અને સુધારો કરનારનો બહિષ્કાર કરીને તેની એટલી હેરાનગતિ કરવામાં આવે છે કે, તેને બદલે રૂઢિના જુલમ વેઠવાનું લોકો પસંદ કરે છે.

આ પરિસ્થિતિમાંથી પ્રજાને બચાવવાની પહેલ વડોદરાના પ્રગતિમાન રાજવી સયાજીરાવ ગાયકવાડે કરી હતી અને પોતાના રાજ્યમાં ‘જ્ઞાતિ-ત્રાસ-નિવારણ કાયદો’ કર્યો હતો. કોઈ પણ માણસને જ્ઞાતિ કે કોમ બહાર મૂકવાના ન્યાતના મોવડીઓના અધિકાર ઉપર એ કાયદાએ

પ્રતિબંધ મૂકેલો. આવો જ કાયદો ૧૯૪૯માં મુંબઈ રાજ્યે પણ ઘડેલો.

પણ પાછળથી એવા પ્રગતિમાન કાયદાને ભારતની સર્વોચ્ચ અદાલતે ગેરકાનૂની ઠરાવ્યો. દાઉદી વહોરા કોમના કોઈ પણ સભ્યને કોમ બહાર મૂકવાનો અધિકાર એ જાતિના મુખ્ય ધર્મગુરુ વડા મુલ્લાંજીને છે, એમ અદાલતે ઠરાવ્યું. કોઈ પણ પગલું ગમે તેટલું પ્રગતિમાન હોય પણ મુલ્લાંજીના મત મુજબ ધર્મવિરુદ્ધ લાગે, અને એવું આચરણ કરનારને જો એ કોમ બહાર મૂકે, તો તે એની ધર્મની માન્યતા મુજબનું છે; અને આપણા બંધારણ મુજબ કોઈની પણ ધાર્મિક માન્યતાઓની આડે કાયદો આવી શકે નહીં.

આ ચુકાદાથી રૂઢિગ્રસ્તોના હાથ મજબૂત બન્યા છે. જ્ઞાતિના મોવડીઓના હાથમાં આવું હથિયાર પાછું આપવાથી તો એ લોકો પોતાની ઇચ્છા મુજબ ધાર્મિક માન્યતાની વ્યાખ્યા કરી શકે. મરણ પાછળનાં ભોજન, છૂટાછેડા કે વિધવા-વિવાહનો પ્રતિબંધ, જ્ઞાતિના છેક સાંકડા વર્તુળમાં જ લગ્ન કરવાની ફરજ—એ સર્વ ધાર્મિક માન્યતાઓ ગણાય છે, અને તેની વિરુદ્ધ જનારનો હવે પાછાં જ્ઞાતિપંચો બહિષ્કાર કરી શકશે.

ગામડાંમાં જ્ઞાતિ-બહિષ્કારનું શસ્ત્ર કેટલું પ્રબળ હોય છે, તેનો શહેરવાસીઓને ખ્યાલ નહીં આવે. બહિષ્કૃત થયેલા માણસનાં સંતાનોનાં લગ્ન કરવાનું અશક્ય બની જાય છે. ગામના હજામ, સુતાર, દરજી વગેરેને એનું કામ કરવાની મનાઈ ફરમાવાય છે. સૌથી વધુ ત્રાસદાયક વસ્તુ તો એ છે કે એને ત્યાં મરણ થાય ત્યારે પણ કોઈ મદદ કરવા જતું નથી, શબને હાથ લગાડવા કોઈ તૈયાર થતું નથી. હજાર વરસ પહેલાં આદિ શંકરાચાર્યને એમના વેદાંતી મતને લઈને લોકો નાસ્તિક ગણતા અને તેથી એમની માતાના મૃત્યુ વખતે શબ ઉપાડવા પણ કોઈ ગયું નહિ. જ્ઞાતિજનોને ચરણે પોતાનું સ્વમાન હણાય, તેના કરતાં એમણે મૃતદેહના કકડા કરી તેને એકે એકે સ્મશાનમાં લઈ જવાનો માર્ગ પસંદ કર્યો, એમ કહેવાય છે. પણ સામાન્ય માણસે તો જ્ઞાતિજનોના ત્રાસથી ડરીને એમની આગળ માથું નમાવવું જ રહ્યું.

જે ગુરુઓ સ્ત્રી-ભક્તો સાથે વ્યભિચાર કરતા, તે એને પણ ધાર્મિક માન્યતા ગણાવતા. આની સામે ૧૮૬૦માં કરસનદાસ મૂળજીએ જેહાદ જગાડી અને એમની સામે થયેલા બદનક્ષી કેસમાં ચુકાદો આપતાં મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિએ કહેલું કે, “જે આચરણ નીતિ વિરુદ્ધ હોય, તે ધર્મસંમત હોઈ શકે જ નહીં.” આજે આવો કોઈ મુદ્દો ઊભો થાય, તો ગુરુઓનો આ અધમ અધિકાર ધાર્મિક ગણાઈને માન્ય રાખવામાં આવશે કે? એને માન્ય ન કરનાર બહિષ્કારને પાત્રા ગણાશે? ૧૮૬૦ પછી એક સદીએ આપણે પાછાં પગલાં ભરશું?

દરેક વ્યક્તિને પોતાની ધાર્મિક માન્યતા અનુસાર આચરણ કરવાની સ્વતંત્રતા બંધારણે આપી છે, તેનો અર્થ આવી પીછેહઠ કરવા જેવો થતો હોય તો બંધારણના એ શબ્દોમાં ફેરફાર કરવાની તાત્કાલિક જરૂર ઊભી થાય છે. ધર્મગુરુઓને જો પોતાની ધાર્મિક ગણાતી માન્યતાઓ મુજબ વર્તવાનો અધિકાર હોય, તો જે પ્રજાજનો એવા આચારવિચારને પ્રગતિના અવરોધક ગણતા હોય તેમને પોતાની માન્યતા મુજબ વર્તવાનો અધિકાર પણ છે; અને તે માટે સહન કરવાની ફરજ બંધારણ એમને કેમ પાડી શકે?

## બળતા દવમાંથી બચવા

રવિશંકર મહારાજ: અહીં કોઈ દારૂ પીએ ખરું?

આદિવાસી: ના, મા’રાજ; હવે તો કોઈ નથી પીતું.

મહારાજ: ત્યારે તો સરકારે દારૂ ખૂંચવી લીધો એ સારું થયું, ખરું ને?

આદિવાસી: બહુ હારું કર્યું.

એક વૃદ્ધ આદિવાસી (વચ્ચે): મારે માટે તો બહુ ખોટું થયું, બાપજી! આ દારૂ હતો ત્યારે વરશેદા’ડે પરૂણા પઈતા પચા રૂપિયા થતા’તા, અને આ શાલ એકલા ચામાં હોળ મણ ગોળ થયો.

મહારાજ: સોળ મણ ગોળ થયા પછી પણ પીઓ છો કે?

આદિવાસી: ના, મા'રાજ; હવે તો થાચ્યો.

મહારાજ: મહેમાન આવે તો?

આદિવાસી: પરૂણાને તો પાવો જ પડે તો!

મહારાજ: પાતાં વધે તો શું કરો?

આદિવાસી: વધે તો પી લઈએ; કંઈ ઢોળી દેવાય, મા'રાજ?

મહારાજ: સાંભળો; ઘરમાં કોઈ માંદું પડ્યું હોય તો દાક્તરને ત્યાંથી દવા લાવીએ છીએ અને તેને પાઈએ છીએ, એ દવા વધે તો આપણે પીએ છીએ?

આદિવાસી: ના, હાજો માણહ હું કામ પીએ?

મહારાજ: તેમ, ઘેર કોઈ મહેમાન આવે તે ચા પીતો હોય તો માંદો છે એમ સમજીને તેને પાવો; પણ આપણે ન પીવો. (સભા સામે જોઈ) આ ચા પીવાથી બુદ્ધિ, શક્તિ કાંઈ વધતાં હશે ખરાં?

આદિવાસી: ના, ના; વધે શાનાં? ઘટે સે.

મહારાજ: તમારા બાપદાદા ચા પીતા હતા?

આદિવાસી: ન'તા પીતા.

મહારાજ: એ તમારા જેટલું કામ કરતા હશે કે ઓછું?

આદિવાસી: અમારા કરતાં બમણુંતમણું; ઈમનાં શરીર પણ અમારાં કરતાં હારાં.

મહારાજ: તમે કહો છો ચા પીવાથી બુદ્ધિ નથી વધતી, શક્તિ નથી વધતી, ને કામ ઓછું થાય છે; ત્યારે ચા ન પીઓ તો ન ચાલે?

આદિવાસી: ચા વના તો ચાલે જ તો; રોટલા વના નાં ચાલે.

એક આદિવાસી: હેં ભઈ, જુઓ; આપણા ઘૈડિયા દારૂ પીતા'તા તાણે ચ્યાર પૈશામાં ચાલતું; આજ ચાર 'કોપ'ના ચાર આના થાય સે. વળી ચાર મેમાંન આઈ જ્યા, તો બીજા ચાર આના. આ ચાએ તો ઘર ઘાલ્યું. ચા તો દારૂ કરતાં ય ભૂંડો.

મહારાજ: આ બાજુ બીડીઓ આવી છે કે?

આદિવાસી: આવી સે—પણ ઓશી. ચલમ વધારે પિવાય.

મહારાજ: બીડી-ચલમ પીવાથી ભૂખ મટતી હશે?

આદિવાસી: ના, ના.

મહારાજ: ત્યારે કેમ પીઓ છો?

જુવાન: અમારા બાપદાદા પીતા'તા એટલે અમે પીએ છીએ.

મહારાજ: તમારી વાત સાચી છે. બાપ ઘરમાં મોઢામાંથી ને નાકમાંથી ધુમાડા કાઢતો હોય ત્યારે છોકરાને પીવાનું મન કેમ ન થાય? તમારાં છોકરાં પીએ એ સારું કે ન પીએ એ સારું?

આદિવાસી: ન પીએ એ હારું.

મહારાજ: આ છોકરાંનાં નસીબ તમારા હાથમાં છે; એટલે એમના ભલા માટે પણ તમે વ્યસન છોડો. વ્યસન એક વાર પેસી ગયાં, તો કાઢવાં મુશ્કેલ. માટે ચેતો. પાણીનો બંધ બાંધેલો હોય તેમાં જરાક સરખું જ કાણું પડ્યું હોય, પણ સમયસર એને પૂરી ન દઈએ તો એ મોટું થતું જાય છે—ને પછી બંધને તોડી નાખે છે અને બધાંને પૂરમાં ખેંચી જાય છે. વ્યસનોનું પણ એવું છે.

આદિવાસી: મા'રાજ! આ ચા, બીડી, દારૂ.... બધું ખરાબ હોય તો ભગવાને પેદા શું કામ કર્યું હશે?

મહારાજ: ભગવાને તો અમૃત કર્યું છે, ને ઝેર પણ કર્યું છે. પણ આપણે આપણા ભલાનું હોય તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

આદિવાસી: ત્યારે, બાપજી, આ સરકારે દારૂ કાઢયો ઈમ ચા-બીડી કાઢે તો?

મહારાજ: ભાઈ, વ્યસન કોઈનાં કાઢયાં જતાં નથી. એની તો એક જ દવા છે, ને તે સાચી સમજ. વ્યસન માત્ર ખરાબ છે, દુ:ખદાયી છે એવું જેને ચોક્કસ જ્ઞાન થયું, અને તેના ફંદામાં ન પડવાનો જેણે મન સાથે પાકો નિશ્ચય કર્યો, તે બચી જાય છે. નદી કાંઠોકાંઠ ભરેલી

હોય, પણ જેને તરતાં આવડતું હોય તેને બીક હોય કે?

આદિવાસી: વાત હાવ હાચી છે. તરતાં આવડે તે ઊગરી જાય.

મહારાજ: વ્યસનોનો દવ બળતો આવી રહ્યો છે. તેમાં કોઈ બચતું નથી. ભણેલાં ને અભણ, સાધુ-સંન્યાસીઓ અને દેશના નેતાઓ—બધાં એમાં ઝડપાઈ ગયાં છે. આપણે બચવું હોય તો વચ્ચે એક વીજ—ખાઈ ખોદી દ્યો; એટલે દવ આગળ વધતો અટકી જશે. તમે તમારા ને તમારાં છોકરાંના ભલા માટે ચા-બીડી-ચલમ છોડી દો.

એક ડોસો: હાંભળ્યું, માલા! આ સુધારો કરવા આયા સે બાપજી. કાંક સોડો!

માલો: વાત તો હાચી સે; પણ...પેલો રૂડિયો કે'તો'તો કે આ બીડી-ચલમ પીએ તો આપણને ને બળદયાંને બે ઘડી વિશરામ મળે, એટલે પીએ શીએ.

મહારાજ: પણ, પૈસા ખરચીને વિશરામ લઈએ તો જ વિશરામ લીધો કહેવાય? એમનેમ બે ઘડી બેસવું હોય તો ન બેસાય?

માલો: ઈમેય બેહાય તો ખરું.

## રકઝક

દાતણ વેચનારાં સાથે ભાવની રકઝક કરતાં ભલભલાં ભાઈબહેનોને આપણે જોઈએ છીએ. રોજિંદા વહેવારની એવી જ નજીવી કિંમતની વસ્તુઓ વેચતાં ગરીબો સાથે એ જાતનો વ્યવહાર કરતાં ઘણાં ભણેલાંગણેલાં ને સાધનસંપન્ન લોકો જોવા મળે છે. જેમકે—

મોંઘા ભાવનો ઘાસચારો ગાયભેંશને ખવરાવી, ઢોરની સાથે ઢોર બનીને વૈતરું કરી દૂધ વેચતા માલધારીઓ સાથે.

તાવડી-માટલાં, કૂંડાં વગેરે માટીનાં વાસણો બનાવી વેચનારા કુંભાર સાથે.

દૂરદૂરથી ખજૂરીનાં પાન અને બીજી વસ્તુઓ લાવી તેનાં સાવરણી-સાવરણા બનાવી વેચનારાં સાથે.

સીમમાંથી ખડ-બળતણ વાઢી-વીણી લાવી તેની ભારીઓ વેચતી કોઈ વિધવા બાઈ સાથે.

દૂરથી જેને જોતાં પણ સૂગ ચડે તેવું મેલું આપણા પાયખાનામાંથી માથે ઉપાડી જનાર ભંગી ભાઈબહેનોને મહેનતાણું આપતી વખતે.

શાકભાજી ખરીદતી વખતે તો રકઝકની આપણી કળા પૂરેપૂરી ખીલી ઊઠે છે. સાંજ પડી ગઈ હોય ને ઘેર જવા અધીરાં બનેલાં શાકવાળાં સ્ત્રીપુરુષો વધેલો માલ ઝટ વેચી દેવાની ઉતાવળમાં હોય, ત્યારે તેમની લાચારીનો લાભ લેવાનું આપણે બિલકુલ ચૂકતાં નથી.

પણ મોટી દુકાનો ને મોંઘી હોટલમાં જઈએ છીએ ત્યારે તો ત્યાંના ભાવ વાજબી છે કે ગેરવાજબી તેની રકઝકમાં પડ્યા વિના, આપણે બિલ ચૂકવીને ચાલતી પકડીએ છીએ.

['પુનર્રચના' માસિક: ૧૯૭૦]

# ખામી

શિલ્પી કોઈ મૂર્તિ ઘડી રહ્યો હતો. શિલ્પકામ પૂરું કર્યા પછી તેણે મૂર્તિને ધારી ધારીને નિહાળી, માથું ધુણાવ્યું, અને પછી ત્યાં બેસી પડીને એ રડવા લાગ્યો.

“કેમ, શું થયું?” એક મિત્રો પૂછ્યું. “મૂર્તિ તમને સંતોષ થાય તેવી નથી બની?”

આંસુભીની આંખે શિલ્પી બોલ્યો, “આ મૂર્તિમાં હું કશી ખામી જોઈ શકતો નથી.”

“તો પછી દુખી શા માટે થાવ છો?”

“એટલા માટે જ. કેમ કે મારા કામમાં મને જો કશી ખામી દેખાતી

બંધ થાય, તો એનો અર્થ એ કે મારી શક્તિની હવે ઊતરતી કળા છે.”

## કલાનો સદાબહાર પુરુષાર્થ

વીસમી સદીની શરૂઆતના દસકાઓનું અમદાવાદ. સાંકડી શેરીઓ ને ડેલીબંધ પોળો, પાઘડી પહેરનારા ને ડમણિયામાં ફરતા એના નાગરિકો ટાંકાંનાં પાણી પીએ ને સાબરમતીએ કપડાં ધૂએ. આજે માનવ-કીડિયારાથી ઊભરાતા પાનકોર નાકા સામે ત્યારે એક ગરનાળું હતું, કાળુપુરમાંથી આવતાં ચોમાસાનાં પાણી કંદોઈ ઓળની દુકાનના ઊંચા ઓટલા પલાળી, પાનકોર નાકા તરફ ઊતરી, ઢાલગરવાડમાં થઈને સાબરમતીમાં ઠલવાતાં. આ બધાની વચ્ચે માત્ર થોડી મિલોનાં ભૂંગળાંએ જ માથાં કાઢ્યાં હતાં. વાહનવહેવારમાં બહુબહુ તો ઘોડાગાડી. એમાંયે સર ચીનુભાઈની ગાડી તો ગામનું એક ખાસ જોણું ગણાતી. ગામમાં ક્યાંય આગ લાગતી ત્યારે તતૂડું વાગતું ને ઘોડા જોડેલો બંબો ખદુક ખદુક ત્યાં દોડી જતો. આવું એ અમદાવાદ હતું ત્યારે, ભરૂચના દીવા ગામથી એક નમાયો બાળક અહીં મોસાળમાં મામા જયંતિલાલ નરભેરામ ઠાકોરને ત્યાં આવ્યો.

બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં ૧૯૦૭ની ૧૨મી માર્ચે આ અમદાવાદમાં જ એનો જન્મ થયેલો. પિતા હકુમતરાય દેસાઈને ભરૂચ તરફ એક નાની દેસાઈગીરી હતી. સરકારી કોર્ટમાં એ હેડ ક્લાર્કનું કામ કરતા. માતા હીરાબહેન અમદાવાદના કોંગ્રેસી નેતા બલવંતરાય પરમોદરાય ઠાકોરનાં ભાણેજ. એમનાં ચાર સંતાનોમાં એક તે ભાંડુઓ સાથે મામાને આશરે આવેલો કનુ આગળ જતાં પોતાની આગવી કલા વડે ગુજરાતના સીમાડા વટાવી છેક દરિયાપાર સુધી ખ્યાત બની ગયેલા કલાકાર કનુ દેસાઈ. ‘કલાકાર’ શબ્દ સમાજમાં પ્રતિષ્ઠા પામ્યો એ અગાઉના એના બચપણમાં તો ચીતરવાનો નાદ એ ખુવારીનો માર્ગ ગણાતો. મામા તેને એ માર્ગે કેમ જવા દે! એટલે નાનો કનુ મોડી રાત્રે માકડ મારવાને

બહાને બત્તી પેટાવી, મામાને ખબર ન પડે એમ સિનેમાનાં પોસ્ટર અને જાહેરખબરોનાં ચિતરામણની નકલો કરીને ચીતરવાની પોતાની ચેળ ભાંગતો ને દિવસે પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં ભણતો. એવામાં અસહકારનો યુગ મંડાયો. મામાના મામા બલવંતરાય ઠાકોર પણ એમાં અગ્રણી, એટલે સ્વાભાવિક જ કનુની ગતિ રાષ્ટ્રીય શિક્ષણ અને સંસ્કાર તરફ વળી.

આ જ અરસામાં ગુજરાતમાં એક નવો પ્રભાવ પણ પાંગરી રહ્યો હતો. સામાન્ય જનસમાજમાં રાજા રવિવર્માનાં ચિત્રો દ્વારા આરંભાયેલો ચિત્રપ્રેમ લોકોનાં ઘર સુધી પહોંચવા લાગ્યો હતો. બીજી બાજુ દૂર બંગાળમાં ટાગોર કુટુંબે પ્રકટાવેલી કલાની ભારતીય સ્પર્શવાળી અસ્મિતા ગુજરાતમાં હજી પ્રકટી ન હતી, પણ એ ભાવિમાં પ્રકટાવનાર પુરોધા રવિશંકર રાવળ મુંબઈથી અમદાવાદમાં સ્થિર થવા આવ્યા હતા. કલાક્ષેત્રો એમનું સ્થાન અને એમની કલાપ્રવૃત્તિઓની ધીરી ધીરી પણ ચોક્કસ જમાવટ થવા માંડી હતી. ગુજરાત વિદ્યાપીઠમાં ભણતો કનુ કસરત કરવા ઘર નજીકના સારંગપુર અખાડામાં જાય, ત્યાં એને ખબર પડી કે રવિભાઈ, આજે રાયપુરમાં જ્યાં ‘કુમાર કાર્યાલય’ છે તેની સામેની પોળમાં, પોતાને ઘેર વિદ્યાર્થીઓને ચિત્રકામ શીખવે છે. કનુ પોતે કરેલી નકલો અને બીજાં ચિત્રો લઈ મામાથી છાનો એક સંધ્યાકાળે એમને મળ્યો. રવિભાઈએ કનુની મહેનત અને ઉત્કંઠા પારખી લીધી અને એનો ઉમંગ વધાર્યો. પછી તો કનૈયો એ ઘરના એક માણસ સમો બની ગયો. વિદ્યાપીઠના વર્ગ ભરવા ઉપરાંતનો એનો મોટા ભાગનો સમય રવિભાઈને ત્યાં જ વીતવા લાગ્યો. પોતાની સ્કેચ બુકનાં પાનાં ઊભરાવતાં ચિત્રો પર સુધારા ને સૂચનો મેળવતાં મેળવતાં એ ચિત્રકલાના અનેક પાઠ પામ્યો. તે પછી નકલોમાંથી નીકળી મૌલિકતામાં એનો હાથ ઘડાવા માંડ્યો અને ચિત્રકળામાં એનું આગવું હીર પ્રકટવા લાગ્યું. વિદ્યાપીઠોના ઉત્સવોમાં પ્રકટી ઊઠતી એની કલાની ફોરમ જોઈ આચાર્ય કૃપાલાણીએ એને શાંતિનિકેતન જઈ ત્યાં નંદલાલ બોઝ પાસે કલાની સાધના કરવા સૂચવ્યું.

પણ પૈસા ક્યાં? કૃપાલાણીજીએ વિદ્યાપીઠ તરફથી શિષ્યવૃત્તિની

વ્યવસ્થા કરી આપી અને રવિભાઈની તાલીમ તથા આશીર્વાદના ભાથા સાથે કનુ દેસાઈ કલકત્તા ઊપડ્યા. ત્યાં ‘નવચેતન’ના તંત્રી ચાંપશીભાઈ એમને હાવડા સ્ટેશનેથી પોતાને ત્યાં લઈ ગયા. પોતાના સામયિક માટે કરાવેલાં ચિત્રો દ્વારા તેઓ કનુભાઈથી પરિચિત હતા. ભારતીય કલામાં નવજાગૃતિ આણનાર કલાકાર અવનીન્દ્રનાથ ટાગોર સાથે એમણે કનુભાઈની મુલાકાત કરાવી આપી. નંદબાબુ પણ ત્યાં હાજર હતા. કનુભાઈને એમણે આવકાર્યા. ગુરુશિષ્યનું એ પ્રથમ મિલન હતું. શાંતિનિકેતન પહોંચી કનુભાઈએ વિદ્યાપીઠમાંથી મળેલી ભલામણચિઠ્ઠી ગુરુદેવ ટાગોરને આપી અને ગાંધીજીની વિદ્યાપીઠના આ વિદ્યાર્થી ‘કન્હાઇ’ને એમણે વધાવી લીધો.

બે વર્ષના ત્યાંના વાસ દરમિયાન તો ચિત્રકળા ઉપરાંત કનુભાઈએ ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંના અનેક સંસ્કાર પચાવ્યા. પ્રત્યેક વસ્તુ અને સર્જનમાં ભારતીય સ્પર્શ અને કલામયતા દાખવવાની એમની વિશિષ્ટ દૃષ્ટિ અહીં કોળી અને પાંગરી. પોતાની આકાંક્ષાઓને મુક્તપણે વિસ્તારવાની તક એમને અહીં સાંપડી અને એનો પૂરેપૂરો લાભ લઈ એમણે જીવનભાથું એકઠું કરવા માંડયું. રંગ-પીંછીઓ, કાગળ ને અન્ય આવશ્યક ખર્ચને પહોંચી વળવા માટે વિદ્યાપીઠની શિષ્યવૃત્તિ કે ચાંપશીભાઈની અવારનવારની સહાય પૂરી પડે તેમ નહોતી; એટલે ન્યૂનતમ પરિગ્રહ સાથે એક ટંક જમવાનું ટાળીને પણ એમણે પોતાની સાધના ટકાવી રાખી સૌનો પ્રેમ પણ સંપાદિત કર્યો. અહીં ચિત્રકળા ઉપરાંત સંગીત, નૃત્ય તથા નાટક વગેરેમાં પણ એમની અભિરુચિ ને દૃષ્ટિ કેળવાયાં. આગળ જતાં એમણે એને પણ ગુજરાતમાં અજમાવ્યાં.

અમદાવાદ આવીને પૂર્વશરત પ્રમાણે એમણે ત્રણ વર્ષ સુધી ગુજરાત વિદ્યાપીઠમાં સેવા આપી. દરમિયાન જે શૈલીથી ‘કુમાર’ દ્વારા પ્રસિદ્ધિના ક્ષેત્રમાં પહેલી પગલી પાડી હતી તેનો પ્રથમ સંગ્રહ—ને એમનો પ્રથમ સંપુટ—‘સત્તર છાયાચિત્રો’ ૧૯૨૯માં પ્રકટ કર્યો. કલારસિકોમાં એને ઘણો સારો આવકાર મળ્યો.

બીજે જ વર્ષે ગાંધીજીએ ૧૨મી માર્ચે—જોગાનુજોગ કનુ દેસાઈના

જન્મદિવસે—દાંડીયાત્રાની શરૂઆત કરી. કનુભાઈ એ યાત્રાને ચિત્રાંકિત કરવા એમાં જોડાયા. પણ પોલીસે એમને પકડયા અને માર મારીને પાસે જે કંઈ હતું તે આંચકી લઈ છોડી મૂક્યા. એ ચિત્રનોંધો તો ગઈ, પણ એની સ્મૃતિ પરથી કનુભાઈએ 'ભારત પુણ્ય—પ્રવાસ' નામે દાંડીયાત્રનો એક ચિત્રસંપુટ પ્રકટ કર્યો. સરકારે એ પણ જપ્ત કર્યો.

૧૯૩૩માં એમણે (કર્વે કૉલેજમાં ચિત્રશિક્ષણ આપવા જતા હતા ત્યાંનાં એક વિદ્યાર્થિની) નાગર કન્યા ભદ્રાબહેન સાથે લગ્ન કર્યું. ભદ્રાબહેન પોતે પણ ચિત્રકાર હતાં, પણ લગ્ન બાદ એમણે પોતાની બધી કલાભાવના ગૃહસંસારને શોભાવવામાં પ્રયોજી દીધી.

૧૯૩૮માં કનુભાઈને એમની કલાપ્રવૃત્તિ માટે ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. રવિશંકર રાવળ ને નંદબાબુ સાથે હરિપુરા કૉંગ્રેસનું શોભનકાર્ય એમને પણ સોંપાયું. આ જ અરસામાં મુંબઈના પ્રકાશ પિક્ચર્સ દ્વારા રમણલાલ વ. દેસાઈની નવલકથા પરથી તૈયાર થતા ચિત્રપટ 'પૂર્ણિમા'નું કલાનિદર્શન કરવાનું આમંત્રણ એમને મળ્યું. કનુભાઈમાં આ માટે પૂરતી સૂઝ હતી, પણ ફિલ્મ-ઉદ્યોગમાં આ કાર્યનું એ સમયે ખાસ મહત્ત્વ ન હતું. કનુભાઈએ મળેલી તક દ્વારા જે સિદ્ધ કરી બતાવ્યું તેની પ્રશંસા ગુજરાતના સીમાડા વળોટી ગઈ. પછી તો 'ભરત-મિલાપ', 'રામરાજ્ય' વગેરે અનેક ફિલ્મોમાં એમણે કલા-દિગ્દર્શન કર્યું. એમના કામથી પ્રભાવિત થઈ ભારતખ્યાત એમ. એસ. શુભલક્ષ્મીની 'મીરા'નું કલાનિર્દેશન પણ એમને સોંપાયું અને દક્ષિણ ભારતમાં પણ કનુભાઈ વિખ્યાત થઈ ગયા.

કનુભાઈએ પોતે પણ એક ફિલ્મ, 'ગીતગોવિંદ', બનાવી. પણ ઉદયશંકરની ફિલ્મ 'કલ્પના'ના જે હાલ થયેલા એવા જ આ 'ગીતગોવિંદ'ના પણ થયા. સામાન્ય જનસમાજને માટે આ બંને ચિત્રો પાછળની કલાભાવના પચાવવી-પરખવી એ સમયે મુશ્કેલ હતી. ૧૯૫૩માં દિગ્દર્શક વી. શાંતારામે પોતાના પ્રથમ રંગીન ચિત્ર 'ઝનક ઝનક પાયલ બાજે'નું કલા-દિગ્દર્શન કનુભાઈને સોંપ્યું. રંગીન ફિલ્મ હોઈ આ એક આહ્‌વાન હતું—અને એક અનેરી તક પણ. એ ઝડપી લઈને ફિલ્મમાં

રજૂ થતી નાનામાં નાની ચીજથી માંડી ભવ્ય સેટરચના સુધીમાં એમણે જે કલા પાથરી, તેનાથી પ્રભાવિત થઈ શાંતારામે એમનાં બીજાં ચિત્રોની કલા પણ એમને જ સોંપી.

બીજી બાજુ એમનું ચિત્રસર્જન પણ ચાલુ જ રહ્યું. એમના અનેક ચિત્રસંપુટો ગુજરાતના ઘેર ઘેર પહોંચી ગયા. એમનાં ગ્રંથ-આવરણો ને કથાચિત્રોએ તો ગ્રંથજગતમાં એક અનોખું આકર્ષણ જગાડ્યું. રોજના બાર-ચૌદ કલાકની એમની સતત કલા પ્રવૃત્તિનો પ્રવાહ અનેક દિશામાં વહેતો રહી લોકોની કલારુચિને પોષતો રહ્યો.

ગુજરાતનું અલગ રાજ્ય રચાયું તે પછી ભાવનગરમાં કૉંગ્રેસનું અધિવેશન યોજાયું. કનુભાઈને તેમાં ‘ગુજરાત દર્શન’ રચવાનું કાર્ય સોંપાયું. માત્ર ગણતરીના જ દિવસોમાં એ મહાભારત કામ યોગ્ય માણસો વિના સંભવિત નહોતું. પણ એમની કલાના ચાહક શાંતારામે પોતાને ત્યાંના માણસો તેમને સોંપ્યા, અને કનુભાઈએ યશસ્વીપણે એ કાર્ય સુંદર રીતે પાર પાડી ફરી એક વાર પોતાનું અને ગુજરાતનું નામ રોશન કર્યું. ‘વૈષ્ણવ જન’ કાવ્ય પર આધારિત એમણે ત્યાં રજૂ કરેલાં ચિત્રોએ દેશના અગ્રણી નેતાઓને અત્યંત પ્રભાવિત કરી દીધા.

૧૯૬૪માં ન્યુયોર્કમાં ‘નિકોલસ રોરિક મ્યૂઝિયમ’માં પોતાનાં સાઠ જેટલાં ચિત્રો પ્રદર્શિત કરવા તેઓ અમેરિકા ગયા. છ અઠવાડિયાં સુધી ચાલુ રહેલા એ પ્રદર્શને ત્યાં સાચું ‘ભારતદર્શન’ કરાવ્યું. ત્યાંથી પાછા ફરતાં તેઓ રોમ અને પારી(સ) પણ થતા આવ્યા. ૧૯૬૫માં ગુજરાત સરકારે એમનું સન્માન કર્યું. ગાંધી જન્મ શતાબ્દીની ઉજવણી સમયે કનુભાઈએ ગાંધીજીની જીવનગાથા વર્ણવતી સોળ સોળ ડબ્બાની બે આખી ટ્રેન સર્જી. આ પ્રદર્શનગાડીએ કનુભાઈની કલાશક્તિને સમગ્ર દેશમાં પ્રદર્શિત કરી.

દેશ અને વિદેશના અનેક જાહેર તેમજ ખાનગી કલાસંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે. પુસ્તકોનાં લગભગ પાંચેક હજાર કથાચિત્રો, સુશોભનો ને આવરણો, ૩૦ ચિત્રસંપુટો, ૫૫થી યે વધુ ફિલ્મનું કલાદિગ્દર્શન, લગ્નપત્રાકાઓ ને આમંત્રણપત્રો વગેરે જેવા નાનામોટા

સેંકડો કલામય નમૂનાઓ વગેરેમાંના એમની કલાના અતિ વિસ્તૃત વ્યાપ વડે એમણે જનસમાજમાં જે કલાપ્રેમ પ્રકટાવ્યો છે એ એમની ગૌરવવંતી દેણગી છે.

['કુમાર' માસિક : ૧૯૭૬]

## ભજનોનો રસાસ્વાદ

માણસની નૈતિક ભાવના પ્રબળ થાય એ જાતની પ્રાર્થનાઓ ગાંધીજીના સત્યાગ્રહાશ્રમમાં ગવાતી. તેનો નાનકડો સંગ્રહ નારાયણ મોરેશ્વર ખરેએ સંપાદિત કરેલો, તે 'આશ્રમભજનાવલિ' નામે ૧૯૨૨માં પ્રથમ બહાર પડેલો. આશ્રમનું જીવન જેમ જેમ સમૃદ્ધ થતું ગયું, તેમ તેમ એ ભજન-સંગ્રહનું કદ નવી નવી આવૃત્તિઓ વખતે વધતું ગયું. ૧૯૯૪ના તેના ૨૮મા પુનર્મુદ્રણમાં ૨૦૦થી થોડાં ઓછાં ભજનો છે. તેમાં કોઈ એક સંપ્રદાયનો ખ્યાલ નથી રાખેલો. જ્યાં જ્યાંથી રત્ન મળી ગયાં, ત્યાંથી તેને એકત્ર કરેલાં છે. ઘણા હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી એને આનંદથી વાંચે છે ને તેમાંથી કાંઈક ને કાંઈક નૈતિક આહાર મેળવે છે.

'આશ્રમભજનાવલિ'નાં ૪૨ ભજનોનો રસાસ્વાદ કરાવતાં પ્રવચનો કાકા કાલેલકરે આપેલાં, તે 'ભજનાંજલિ' નામના પુસ્તકરૂપે ૧૯૭૪માં પ્રગટ થયેલાં.

['ભજનાંજલિ' પુસ્તિકા : ૧૯૯૬]

## ચાંદનીનો ઘંટનાદ!

આકાશ ભરીને ચાંદની વરસી રહી હતી. આસિસી ગામનાં ઊંચાં મકાનો, મિનારાઓ, ઝરૂખાઓ ચંદ્ર નીચે નહાતાં હતાં. ખળ ખળ વહેતા ઝરણાની જેમ ચાંદની સડકો પરથી વહી જતી હતી. આસિસીના

નગરજનો ભર ઊંઘમાં સૂતા હતા.

અચાનક સાં રફિનોના દેવળમાંથી ઘંટનાદ થવા લાગ્યો. કોઈ આફત ચડી આવે ત્યારે જ આ તોતિંગ ઘંટ વગાડવામાં આવતો. ક્યાંક આગ લાગી કે શું?—એવા ભયથી બેબાકળા બનીને લોકો દેવળ ભણી દોડી આવ્યા. જોયું તો સંત ફ્રાંસિસ જોરશોરથી ઘંટ વગાડી રહ્યા હતા. માણસો સાદ પાડી ઊઠ્યા: “શું થયું છે, પ્રભુ? ઘંટ શીદને વગાડો છો?”

“જરા આંખો તો ઊંચી કરો!” સંતે ઉત્તર આપ્યો. “જુઓ તો ખરા ચંદ્ર સામે! ચાંદની કેવી ખીલી છે!”

## જવાહરલાલ નેહરુનાં પુસ્તકો

ઇન્દુને પત્રો: ‘લેટર્સ ફ્રોમ એ ફાધર ટુ હિઝ ડોટર’ નામની લેખકની પહેલી ચોપડી મૂળ અંગ્રેજીમાં ૧૯૨૯માં બહાર પડી. પુત્રી ઇન્દિરા દસ વરસની હતી ત્યારે, ૧૯૨૮માં, શ્રી નેહરુએ તેને લખેલા એકત્રીસ પત્રો તેમાં છે અને જગતના આદિકાળની કથા એમાં કિશોરો માટે કહેલી છે. “જે બાળકોને એ પત્રો વાંચવાના મળશે તે બધાં આપણી આ દુનિયાને જુદી જુદી પ્રજાઓના બનેલા એક મોટા કુટુંબરૂપે ઓળખતાં શીખશે,” એવી ઉમેદ લેખકે દર્શાવેલી છે. તેનો આ ગુજરાતી અનુવાદ ૧૯૪૪માં પ્રગટ થયો હતો, તેમાં અનુવાદકનું નામ જણાવેલું નથી.

જગતના ઇતિહાસનું રેખાદર્શન: ‘ગ્લીમ્પસીઝ ઓફ વર્લ્ડ હિસ્ટરી’ નામનો અંગ્રેજી ગ્રંથ ૧૯૩૪માં બહાર પડ્યો. તેમાં પણ લેખકે ‘ઇન્દુને પત્રો’ની માફક પોતાની કિશોર પુત્રીને ઉદ્દેશીને લખેલા, “આપણી દુનિયા વિશે કાંઈક વિશેષ કહેવાનો પ્રયત્ન” કરતા, મનુષ્યની શાણી તથા ગાંડીઘેલી જીવનયાત્રાનું નિરૂપણ કરતા પત્રો છે. ૧૯૩૦-૩૩ દરમ્યાન શ્રી નેહરુ નૈની, બરેલી અને દેહરાદુનની જેલોમાં કેદી હતા ત્યાંથી તેમણે આ પત્રો લખેલા. પછી ૧૯૩૯ અને ૧૯૪૫ની

આવૃત્તિઓ વેળા તેમણે પુસ્તકમાં ઠીક ઠીક સુધારાવધારા કરેલા. તેનો શ્રી મણિભાઈ ભ. દેસાઈએ કરેલો અનુવાદ ૧૯૪૫માં બહાર પડ્યો. લગભગ ૧૨૦૦ પાનાંના એ દળદાર ગ્રંથના અરધા જેટલા કદનો સંક્ષેપ પણ પાછળથી પ્રગટ થયેલો.

મારી જીવનકથા: ૧૯૩૪-૩૫ દરમિયાન અલ્મોડાની જેલમાં લખાયેલું અંગ્રેજી પુસ્તક ‘એન ઓટોબાયોગ્રાફી’ ૧૯૩૬માં બહાર પડ્યું. શ્રી મહાદેવ દેસાઈએ કરેલો તેનો આ અનુવાદ પણ તે જ વરસે પ્રગટ થઈ ગયો. જવાહરલાલજીનાં પુસ્તકોના ગુજરાતી અનુવાદોમાંથી સહુથી વધુ નકલો આ પુસ્તકની છપાઈ છે. શ્રી મણિભાઈ ભ. દેસાઈએ કરેલો તેનો સંક્ષેપ પણ ૧૯૫૪માં બહાર પડેલો.

મારું હિંદનું દર્શન: ૧૯૪૨-૪૫માં અહમદનગરના કિલ્લામાં શ્રી નેહરુએ ભોગવેલા છેલ્લા કારાવાસ દરમ્યાન પાંચ જ મહિનામાં તેમણે ‘ડિસ્કવરી ઑફ ઇન્ડિયા’ નામનું અંગ્રેજી પુસ્તક લખેલું તે ૧૯૪૬માં બહાર પડ્યું. હિંદના ઇતિહાસ તથા હિંદની સંસ્કૃતિનાં ભિન્ન ભિન્ન પાસાં અંગેના પોતાના વિચારો લેખકે તેમાં રજૂ કરેલા છે. શ્રી મણિભાઈ ભ. દેસાઈએ કરેલો તેનો આ ગુજરાતી અનુવાદ ૧૯૫૧માં પ્રગટ થયો.

આઝાદી કે સત્રાહ કદમ: ૧૯૪૭થી ૧૯૬૩ સુધીનાં સત્તર વર્ષો દરમિયાન ૧૫મી ઑગસ્ટના દરેક સ્વાતંત્ર્ય-દિને દિલ્લીમાં લાલ કિલ્લા પરથી આપેલાં હિન્દી ભાષણોનો સંગ્રહ.

# વિચિત્ર શોધ

ફિલસૂફ બર્ટ્રાન્ડ રસેલ એકવાર ઊંડા ચિંતનમાં ડૂબેલા બેઠા હતા, ત્યાં એક મિત્રો આવીને પૂછ્યું: “આટલા બધા તલ્લીન શાના વિચારમાં થઈ ગયા છો આજે?”

“મેં એક વિચિત્ર શોધ કરી છે,” રસેલે જવાબ વાળ્યો. “જ્યારે જ્યારે હું કોઈ જ્ઞાનીની સાથે વાત કરું છું ત્યારે મને પ્રતીતિ થાય છે

કે સુખની હવે કોઈ શક્યતા રહી નથી. અને છતાં મારા માળી સાથે વાત કરતી વેળા એથી ઊલટી જ વાતની ખાતરી મને થાય છે.”

## આદમિયતને પડકાર

‘ફૂલછાબ’માં પોતાનું લખાણ છાપવાનો વારંવાર દુરાગ્રહ કરીને હિંસક ધમકીઓ આપનાર એક નામચીન માથાભારે શખ્સે એક બપોરે બોટાદ સ્ટેશને ઝવેરચંદ મેઘાણીના અંગત મદદનીશ હાથીભાઈ ખાચર પર હુમલો કરી મારામારી કરી ત્યારે મેઘાણી કોઈની સાથે વાતો કરતા હતા. કોઈએ દોડી આવીને ખબર આપતાંવેંત મેઘાણી દોડયા. ગુંડાએ એમની પર ધસારો કર્યો. પોતાની પાઘડી ઉતારીને દૂર ફંગોળીને સ્વરક્ષણાર્થે લડીને મેઘાણીએ એને ધૂળ ચાટતો કર્યો. એ દશ્ય જંક્શન પર સામસામી ઊભી હતી તે બંને ટ્રેનના સેંકડો મુસાફરોએ કૂંડાળું વળીને જોયું.

## પાણી... પાણી...

એક રતલ કાગળ બનાવવામાં ૨૪ ગેલન પાણી વપરાય**...** એક ટન સીમેન્ટ બનાવવામાં ૬૫,૦૦૦ ગેલન પાણી વપરાય**...** એક મોટા મકાનને ‘ઍર-કંડિશન્ડ’ કરવા માટે રોજનું ૩૦ લાખ ગેલન પાણી જોઈએ—એટલે કે ૨૫,૦૦૦ની વસ્તીનું ગામ એક દિવસમાં વાપરે તેટલું!

## ‘ચંદનનાં ઝાડ’

પાંચ ચરિત્રાગ્રંથોના અંશોનું સંકલન

સાફલ્યટાણું: લે. ઝીણાભાઈ દેસાઈ, ‘સ્નેહરશ્મિ’ (પ્રકાશન:

૧૯૮૩, ૧૯૮૬, પાનાં ૨૮+૩૩૫)

મારી જીવનયાત્રા: લે. બબલભાઈ મહેતા (પ્રકાશન: ૧૯૮૨, ૧૯૮૨, પાનાં ૧૬+૨૩૨)

મારી અભિનવ દીક્ષા: લે. કાશીબહેન મહેતા (પ્રકાશન: ૧૯૮૬, પાનાં ૧૬+૧૨૭)

મૂળ સોતાં ઊખડેલાં: લે. કમળાબહેન પટેલ (પ્રકાશન: ૧૯૭૭, ૧૯૮૫, પાનાં ૨૮+૨૫૯)

સત્યકથા (ભાગ ૨): લે. મુકુન્દરાય પારાશર્ય (પ્રકાશન: ૧૯૮૪, પાનાં ૧૯૪)

# ટીકાકારો વચ્ચે વસવાટ

શિલ્પી ડોનટેલોની ખ્યાતિ આખા યુરોપમાં પ્રસરી હતી. એના વતન ફ્લોરેન્સ શહેર કરતાં બીજાં નગરોમાં ને વિદેશોમાં એની કીર્તિ વધુ ફેલાઈ હતી.

એક વાર ડોનટેલોને એના કાર્ય માટે પીસા શહેરમાં રહેવાનું બન્યું. અહીં એણે ઉત્તમ શિલ્પોની રચના કરી, તેથી એની કલા વિશે ચારે બાજુથી પ્રશંસાનો વરસાદ વરસવા લાગ્યો. એક વિખ્યાત કલાસમીક્ષકે કહ્યું, “ડોનટેલો વિશ્વના મહાન શિલ્પીઓની હરોળમાં બિરાજે છે.” બીજો કહે, “એની શિલ્પકૃતિઓ અદ્ભુત છે; ગમે તેટલી મહેનત કરો તોયે એમાં એક ક્ષતિ જડતી નથી.”

આમ પીસામાં એને અઢળક પ્રસિદ્ધિ મળતી રહી ને વિશ્વમાં એની ખ્યાતિ પ્રસરતી રહી. પણ એક દિવસ ડોનટેલોએ પોતાના વતન ફ્લોરેન્સમાં પાછા ફરવાનું નક્કી કર્યું. આ જાણીને એના ચાહકોને આઘાત થયો. ડોનટેલોનો પરમ મિત્રા એની પાસે દોડી આવ્યો અને એણે કહ્યું, “પીસામાં તને સંપત્તિ, સન્માન, સિદ્ધિ અને પ્રસિદ્ધિ—સઘળું સાંપડ્યું છે. તેને છોડીને પેલા બેકદર ફ્લોરેન્સમાં રહેવા જવાનો વિચાર

તને કેમ આવે છે?”

ડોનટેલોએ જવાબ આપ્યો, “અહીં મારી આટલી બધી પ્રશંસા થાય છે તે કારણે જ પીસા છોડીને હું ફ્લોરેન્સ જઈ રહ્યો છું. ફ્લોરેન્સવાસીઓ મારી કલાની આકરી ટીકા કરનારા છે. પણ એટલે જ તેઓ મને ક્યારેય આત્મસંતુષ્ટ કે આળસુ થવા દેતા નથી.”

## બળતા બપોરમાં

*બળતા બપોરમાં,*
*વાતા વંટોળમાં;*
*રાયણની કોકડી ખઈ,*
*હાં રે અમે વનમાં ભટકતાં ભઈ!*

*બળતા બપોરમાં,*
*વાતા વંટોળમાં;*
*કેરી કપુરિયાં ખઈ,*
*હાં રે અમે વનમાં ભટકતાં ભઈ!*

*બળતા બપોરમાં,*
*વાતા વંટોળમાં;*
*વડલાને છાંયડે,*
*ખાતા’તાં રોટલો ને દહીં!*
*હાં રે અમે વનમાં ભટકતાં ભઈ!*

*બળતા બપોરમાં,*
*વાતા વંટોળમાં;*
*વડલાને છાંયડે,*
*ગાયો ચરાવતા ભઈ!*
*હાં રે અમે નાના ગોવાળિયા થઈ!...*

# જેમનાં કાવ્યો પૂજાય છે

અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા પ્રેમાનંદ ગુજરાતના સર્વોત્તમ કવિ ગણાય છે. તેમના સમકાલીન કવિઓમાં શામળ ભટ્ટ, અખો ભગત વગેરે જાણીતા છે.

પ્રેમાનંદનાં ઘણાંખરાં કાવ્યો તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે, એમ કહીએ તો ચાલે. એમનું ‘સુદામાચરિત્રા’ શનિવારે અને ‘હૂંડી’ રવિવારે ગાઈ જવાનો એક કાળે હજારોને નિયમ હતો. ચૈત્રા માસમાં એનું ‘ઓખાહરણ’ ગામેગામ ઊછળી જ રહેતું. સુરતમાં દરેક સ્ત્રીની અઘરણી વખતે સાસરે ને પિયર પ્રેમાનંદનું ‘મામેરું’ ગવરાવવું, એ તો એક આચારનો જ ભાગ થઈ પડ્યો હતો. ચોમાસાના દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું માલૂમ પડતું નહીં કે જ્યાં તેનો ‘દશમસ્કંધ’ વંચાતો નહીં હોય. પ્રેમાનંદના કાવ્યસમુદ્રમાં પર્વેપર્વે સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઈને આવતા અને શુદ્ધ, કોમળ તથા ભક્તિમાન થઈને સંસારમાં પાછા વળતા.

‘કુંવરબાઈનું મામેરું’ એ પ્રેમાનંદનું અત્યંત લોકપ્રિય આખ્યાન છે. નરસિંહ મહેતાની પુત્રીનું સીમંત આવ્યું ત્યારે, આ દેશની રીત પ્રમાણે મોસાળું તો કરવું જ જોઈએ. પણ મહેતાજી પાસે તો ફૂટી બદામ પણ ક્યાંથી હોય? એ સમયે ભગવાન વણિકના રૂપે ભરસભામાં આવી મોસાળું કરી ગયા અને ભક્તની લાજ રાખી. આખ્યાનમાં સઘળી કથા વાંચનારની આગળ આવીને મૂર્તિમાન ઊભી રહે છે. આપણે તે વાંચતા નથી પણ જાણે જોઈએ છીએ, એમ લાગે છે.

# ‘કુમાર’માં પ્રવેશ પહેલાં

“મારું જે કંઈ છે તે આ ‘કુમાર’ જ.” આમ કહેનાર બચુભાઈ રાવત માટે

'કુમાર' એક સ્વપ્નસિદ્ધિસમ હતું.

ગોંડળમાં હતા ત્યારે બચુભાઈ જાણે સ્વપ્નસિદ્ધિની શોધમાં હતા. ૧૯૧૪માં મૅટ્રિક થયા બાદ પૂના જઈ ફરગ્યુસન કૉલેજમાં અભ્યાસ કરવાનો મનસૂબો ઘડ્યો. પરંતુ કૌટુંબિક પરિસ્થિતિને કારણે યુવાન બચુભાઈનાં અરમાનોની ઇમારત તૂટી પડેલી.

૧૯૧૫થી ૧૯૧૯ એમણે ગોંડળની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી. આ દરમિયાન એમણે ચિત્રશાળામાં વર્ગો ભરી પ્રાથમિક પરીક્ષાઓ પસાર કરેલી. શાળાના પુસ્તકાલયનું કામ કરી સાહિત્યિક સજ્જતા કેળવવાનો પ્રયાસ કર્યો. એમાં 'ધૂમકેતુ', દેશળજી પરમાર જેવા સાહિત્યકાર તથા રવિશંકર પંડિત જેવા ચિત્રકાર મિત્રો મળ્યા અને એક વાતાવરણ ઊભું થયું. ત્યાં કવિ 'વિહારી'નો પણ સાહિત્યસંપર્ક રહ્યા કર્યો.

ગામથી દૂર ચારપાંચ અંગ્રેજ કુટુંબોનો ઘરોબો. ત્યારે ત્યાં ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ મિ. મેરડ સાથે મૈત્રી સધાઈ. એમને ત્યાં અંગ્રેજી સાહિત્યનું સાપ્તાહિક 'બુકમેન' આવતું. તેના વાચને એમની સાહિત્યિક રુચિ બલવત્તર બનાવી. પછી તો અમદાવાદ આવ્યા ત્યારે 'જહોન ઓવ લંડન્સ વીકલી'ના ગ્રાહક બનેલા. એ બે પત્રોના તંત્રીઓ બચુભાઈના જાણે ગુરુઓ બન્યા. આ ઉપરાંત 'લિટરરી ડાયજેસ્ટ', 'પોએટ્રી રિવ્યૂ' વગેરે વિદેશી સામયિકોમાંનાં અંગ્રેજી કાવ્યોના સેવનથી બચુભાઈની કાવ્યપ્રીતિ પોરસાઈ હતી. આ બધાં સામયિકો અને તેમના તંત્રીઓ એમના સાહિત્યિક પત્રકારત્વના આદર્શ નમૂના રહ્યા.

લગભગ આ ગાળા દરમિયાન હાજીમહંમદ અલારખિયાએ સાહિત્ય અને કલાનું સચિત્ર ને સુરુચિપૂર્ણ સામયિક 'વીસમી સદી' મુંબઈથી શરૂ કર્યું. યુવાન બચુભાઈને એ ગમી ગયું. એમાંથી પ્રેરણા લઈને એમણે 'જ્ઞાનાંજલિ' નામે હસ્તલિખિત શરૂ કર્યું. રચનાઓ મિત્રોની અને એકધારા મરોડદાર અક્ષરો બચુભાઈના. એ હસ્તલિખિત પત્રનો પમરાટ મુંબઈમાં રવિશંકર રાવળ સુધી પહોંચ્યો.

એ અરસામાં સ્વામી અખંડાનંદ અમદાવાદ ખાતેનું પોતાનું સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય બંધ કરવાનું વિચારી રહ્યા હતા. ગોંડળના કવિ 'વિહારી'ના પુત્ર ચંદુભાઈ પટેલે એ સદ્પ્રવૃત્તિનો સંકેલો ન કરવા માટે એમને સમજાવ્યા. કોઈ ભાવનાશાળી યુવાનની સહાય મળે તો 'સસ્તું સાહિત્ય' ચાલુ રાખવા સ્વામીજી તૈયાર થયા. ચંદુભાઈએ આ વાતની જાણ બચુભાઈને કરી. પરિણામે ૧૯૧૯ના નવેમ્બરમાં બચુભાઈ અમદાવાદ આવીને વસ્યા. અહીં દોઢેક વરસ રહ્યા એ દરમિયાન પ્રકાશન અને મુદ્રણ વ્યવસાયનાં વિવિધ પાસાંનો અનુભવ મેળવી શક્યા.

આ દરમિયાન રવિશંકર રાવળ મુંબઈ છોડીને અમદાવાદમાં સ્થાયી થયેલા. હવે બચુભાઈ એમના વિશેષ સંપર્કમાં આવ્યા. એ વેળા હાજીમહમ્મદના 'વીસમી સદી'ની આર્થિક સ્થિતિ કથળવા લાગી હતી. તેના સંચાલન-સંપાદનમાં સહાયરૂપ થાય તેવા માણસની માગણી હાજીમહમ્મદ રવિશંકર રાવળ પાસે કરતા રહ્યા હતા. રવિભાઈએ એમને બચુભાઈનો પરિચય કરાવ્યો. બચુભાઈએ આ તક વધાવી લીધી અને 'સસ્તું સાહિત્ય'માંથી રાજીનામું આપ્યું.

બચુભાઈ 'વીસમી સદી'નું કામકાજ સંભાળી લે એ પહેલાં જ હાજીમહમ્મદનું અવસાન થયું. પરંતુ રવિશંકર રાવળે 'હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ'ના સંપાદનકાર્યમાં એમને ગોઠવી દીધા.

એ કામ પૂરું થતાં, તરતમાં સ્થપાયેલા નવજીવન પ્રકાશન મંદિરમાં બચુભાઈ જોડાયા. દોઢેક વર્ષ ત્યાં કામ કર્યું તે દરમ્યાન સ્વામી આનંદ જેવા કર્મયોગીના સાંનિધ્યનો લાભ એમને મળ્યો.

## મૃત્યુનોંધ

લોર્ડ બેસબરોનું અવસાન થયું છે, એવા સમાચાર મળવાથી લંડનના વિખ્યાત દૈનિક 'ટાઇમ્સે' તેમની મૃત્યુનોંધ પ્રગટ કરેલી. તેનાથી જરા હેબતાઈ જઈને એ ઉમરાવે 'ટાઇમ્સ'ને ફોન કરીને કહ્યું કે, "આપના

છાપામાં મારી મૃત્યુનોંધ મેં હમણાં જ વાંચી છે.”

સામે છેડેથી એક આવેશભરેલો અવાજ આવ્યો: “ઓહો! એમ કે, સાહેબ? તો આપ અત્યારે ક્યાંથી બોલી રહ્યા છો?”

## “આવું પ્રજા આગળ મૂકીએ?”

એક વાર ગાંધીજીએ પોતાના રાજકીય ગુરુ ગોખલેજીના લેખોનો ગુજરાતી અનુવાદ છપાવીને પ્રગટ કરવાનો મનસૂબો કર્યો. અનુવાદનું કામ નરહરિભાઈ અને મહાદેવભાઈને સોંપાયું હતું. પણ ગુજરાતના એક જાણીતા સાક્ષરે ગોખલેના કેળવણી-વિષયક લેખો તથા ભાષણોનો અનુવાદ કરવાની ઇચ્છા બતાવી, એટલે એ ભાગના લેખો તે સાક્ષરને સોંપવા ગાંધીજીએ નરહરિભાઈને સમજાવ્યું. નરહરિભાઈએ તેમ કર્યું.

નરહરિભાઈ તથા મહાદેવભાઈનું ભાષાંતર તૈયાર થઈ ગયું. પેલા સાક્ષરનું ભાષાંતર પણ આવ્યું. નરહરિભાઈને એ અનુવાદ ગમ્યો નહીં, પણ પ્રસિદ્ધ ગુજરાતી લેખકને નાખુશ કરવાની તેમની હિંમત ચાલી નહીં. આખું પુસ્તક છપાઈ ગયું. નરહરિભાઈએ તેના છપાયેલ ફરમા વાંચીને ગાંધીજીને તેની પ્રસ્તાવના લખી આપવા વિનંતી કરી.

પેલા સાક્ષરે કરેલો અનુવાદ ગાંધીજીએ વાંચ્યો. તે બિલકુલ ચાલે તેવો નહોતો. તેમણે નરહરિભાઈને ઠપકો આપતાં કહ્યું, “આવી તરજુમિયા ભાષા કોણ સમજશે? આ મુદ્દલ નહીં ચાલે!” મહાદેવભાઈ તથા કાકાસાહેબનો પણ એ જ મત પડ્યો.

ગાંધીજીએ નરહરિભાઈને પૂછ્યું, “આખું પુસ્તક છપાઈ ગયું છે?”

“હા જી.”

“તો પણ આપણે તો પુસ્તક રદ જ કરવું પડશે.”

“પણ આટલા કામનું લગભગ સાતસો રૂપિયા તો બિલ થયું હશે. એટલું બધું ખર્ચ નકામું જવા દેવાય?”

“ત્યારે શું આની ઉપર પુસ્તક બાંધવા વગેરેનું ખર્ચ કરી વધારે પૈસા બગાડાય છે? સાતસો શું—પણ સાત હજાર રૂપિયા નકામા જતા હોય તો યે હું જવા દઉં. હું તો પાઈ પાઈની ગણતરી કરું, અને પ્રસંગ આવ્યે આવા ખર્ચની પરવા પણ ન કરું. આપણે પૈસા ખર્ચ્યા છે, તે માટે શું આવું પુસ્તક પ્રજા આગળ મૂકીએ? એ તો બેવડો વ્યય થાય!”

પોતાની નાહિંમતથી અને ગફલતથી સાતસો રૂપિયાનું નુકસાન થયું, તે નરહરિભાઈને ડંખ્યું. તેમણે સાતસો રૂપિયા ભરપાઈ કરીને આ કામમાંથી રાજીનામું આપ્યું.

બાપુએ રાજીનામું વાંચી કહ્યું: “આવા ગાંડા ન થાઓ! તમારે હાથે સાતસોનું તો શું પણ સાત હજારનું નુકસાન થાય તેથી શું હું તમને છોડી દઉં? એમ કરું તો મારું કામ કેમ ચાલે?”

પુસ્તકની છપાયેલી બધી નકલો ગાંધીજીએ બળાવી નાખી. પછી મહાદેવભાઈ તથા નરહરિભાઈએ જે તરજુમો કર્યો તે છપાવવા આપ્યો.

## જો... તો...

લેખક બર્નાર્ડ શો અને રાજકારણી વિન્સ્ટન ચર્ચીલ વચ્ચે અવારનવાર ઘર્ષણ ચાલ્યા કરતું. એક વાર શોએ ચર્ચીલને ચિઠ્ઠી લખી કે, “મારા નાટકના પહેલા ખેલની બે ટિકિટ હું તમારે માટે રિઝર્વ કરાવું છું. તમે આવજો ને એક મિત્રાને લેતા આવજો—જો તમારે કોઈ મિત્રા હોય તો.”

ચર્ચીલે ચાંપતો જ જવાબ વાળ્યો: “પહેલા ખેલમાં હાજર રહેવું અશક્ય છે. પણ બીજામાં હાજર રહીશ—જો એ થશે તો.”

# બધી રીતે તકલીફ

આ સામયિક ચલાવવું એ કોઈ મનોરંજનની બાબત નથી... અમે ટુચકા છાપીએ તો વાચકો કહે છે કે, તમે મૂર્ખ છો; અને ટુચકા ન છાપીએ તો કહે છે કે, તમે વધુ પડતા ગંભીર છો. બહારથી આવતી કૃતિઓ અમે ન છાપીએ તો કહેવાય છે કે, તમને પ્રતિભા પારખતાં આવડતું નથી; અને અમે એવી કૃતિઓ છાપીએ તો સામયિકમાં કચરો છપાય છે એમ કહીને નાકનું ટીચકું ચડાવાય છે. કોઈની કૃતિને મઠારીએ તો અમે જરૂર કરતાં વધારે ભૂલો શોધનારા કહેવાઈએ છીએ; અને કૃતિને મઠારીએ નહિ તો કહેવાય છે કે, તમે તે સંપાદન કરો છો કે ઊંઘો છો?

બીજાં સામયિકોમાંથી લઈને અમે કૃતિઓ છાપીએ તો કહેવાય છે કે, તમે આળસુ છો અને જાતે લખવાથી બચવા માંગો છો. અમે જાતે લખીએ તો અમારા પર એવો આરોપ મઢવામાં આવે છે કે, તમને માત્ર તમારું જ લખાણ પસંદ પડે છે! હવે કદાચ કોઈ કહે કે આ કૃતિ અમે બીજા સામયિકમાંથી લીધી છે—તો હા, લીધી છે!

[ઇંગ્લૅંડના માસિક ‘કુરિયર’ પરથી અનુવાદિત: ૧૯૭૮]

# બિલાડી

અમેરિકન અખબારનવીસ જોન સીનોરને એમના છાપાના સમાચાર-તંત્રીએ એક કામગીરી સોંપેલી—ઝાડ પર ચડીને ત્યાં ફસાઈ ગયેલી બિલાડીને બચાવવાની. તે યાદ કરતાં એ કહે છે: “તસવીરકાર અને હું એક લાંબી નિસરણી લઈ આવ્યા. પણ અમે ઝાડ સરસી એને બરાબર ગોઠવી, ત્યાં તો બિલાડી પોતાની મેળે નીચે ઊતરી ગઈ. પછી તો અમારી પાસે એક જ રસ્તો રહ્યો: બિલાડીને પકડીને પાછી ઝાડ પર લઈ જવાનો, જેથી હું એને બચાવીને નીચે લઈ આવતો

હોઉં એવી છબી ખેંચી શકાય. અને બીજે દિવસે અમારા છાપામાં એ તસવીર બરાબર પ્રગટ થઈ. પણ એમાં એક જ નડતર આવ્યું—ગામના હરીફ છાપાએ હું બિલાડીને ઝાડની ઉપર ગોઠવતો હતો તેની છબી પ્રસિદ્ધ કરેલી!"

['સાન ડીએગો ટ્રીબ્યુન']

# પોતાની જ મૃત્યુનોંધ

રોજ ઊઠીને છાપાંમાં કોઈની ને કોઈની મૃત્યુનોંધ લખવાની આવે. વરસોની એવી કામગીરીથી કંટાળેલા પત્રકારે એક દિવસ કોરો કાગળ લઈને તેને મથાળે સહેજે પોતાનું નામ લખ્યું. પછી એને થયું. લાવને, મારી પોતાની જ મૃત્યુનોંધ આજ તો લખી જોઉં! પોતાને વિશેનો અંતિમ લેખ લખવાનો પ્રસંગ જો આવે, તો માણસને તેમાં કઈ કઈ બાબતો રજૂ થયેલી જોવી ગમે?...

અને લખતાં લખતાં તો ત્રણ પાનાં ભરાઈ ગયાં! જે જે વસ્તુઓ કરવાની ઝંખના એના દિલમાં હંમેશાં રહ્યા કરેલી, તે બધી જાણે કે સિદ્ધ થઈ ચૂકી હોય તે રીતે એણે પોતાને વિશે નોંધ લખી. તેમાં કેટલીક તેની અંગત બાબતો હતી, તો કેટલીક તેની આસપાસના સમાજને લગતી પણ હતી. "મરહૂમે," એણે લખ્યું: "૩૨ વરસની ઉંમરે અરબી ભાષા શીખવા માંડેલી, અને બે વરસમાં તો એનો આસાનીથી ઉપયોગ કરતા એ થઈ ગયેલા. સ્કાઉટની એક ટુકડી ઊભી કરવામાં તેમણે સહાય કરેલી અને નગરના જાહેર જીવનમાં પણ ભાગ લીધેલો..."

એ રીતે, પોતાના અંતરમાં સૂતેલી પડેલી આકાંક્ષાઓને તે પત્રકાર કાગળ પર આકાર આપતો ગયો.

અને બીજે જ દિવસે જઈને એણે અરબી ભાષાના એક વર્ગમાં નામ નોંધાવ્યું. સ્કાઉટ પ્રવૃત્તિના મથકની મુલાકાત પણ તેણે લીધી... એમ એક પછી એક કદમ એ માંડતો ગયો. એ મૃત્યુનોંધ એની નજર

સમક્ષ હવે એક મંઝિલ બની ગઈ—અને તેને સાચી પાડવા એ કામે લાગી ગયો.

આ વિચાર આપણે સૌએ અમલમાં મૂકવા જેવો છે—ક્યારેક એકાદ પાનું લખી તો જોજો!

## ટાઇપરાઇટરને સંભારજો!

કોઈ ટાઇપરાઇટર બરાબર ચાલતું હોય, પણ ફક્ત એક જ અક્ષરની કળ તેમાં બગડી ગયેલી હોય, તો તેની પર ટાઇપ કરેલું લખાણ કેવું લાગે તેનો એક નમૂનો અંગ્રેજી જાણતા વાચકો માટે નીચે આપેલો છે: My typ*writ*r works quit* w*ll *xc*pt for on* k*y. Som*tim*s it s**ms to m* that our group is lik* my typ*writ*r; not all th* k*ys working prop*rly. You may say, "W*ll, I am only on* p*rson. It won't mak* much diff*r*nc*." But you s**, for the group to b* *ff*ctiv*, it n**ds th* activ* participation of *v*ry p*rson.

So the n*xt tim* you think that your *ffort is not n**d*d, r*m*mb*r my typ*writ*r and say to yours*lf: "I am a k*y p*rson and n**d*d v*ry much!"

સમાજ પણ આ ટાઇપરાઇટર જેવો છે. માણસ વિચાર કરે કે, હું એક જ આમ કરીશ કે તેમ નહીં કરું તો કશો ફેર પડી જવાનો નથી. પણ ઉપરના લખાણમાંથી જણાશે કે સમૂહે જો અસરકારક બનવું હોય તો દરેક વ્યક્તિના સક્રિય ફાળાની જરૂર પડે છે. એટલે હવે પછી જ્યારે તમને એમ લાગે કે તમારા પ્રયત્નની જરૂર નથી, ત્યારે આ ટાઇપરાઇટરને સંભારજો અને તમારી જાતને કહેજો કે, "હું મહત્ત્વની વ્યક્તિ છું ને મારી ઘણી જરૂર છે."

['મેથોડીસ્ટ મિશનરી સોસાયટી ન્યુઝશીટ': ૧૯૭૭]

## સોનાનો પથ્થર

દેસાઈજીની હવેલી પાસે આવેલો તેમનો પથ્થર ઉખેડી નાખવા કલ્યાણરાય દેસાઈજીને ભરૂચ નગરપાલિકાએ નોટિસ આપી. પોતાના હકનો પથ્થર દેસાઈજીએ નહિ ખસેડતાં કોર્ટમાં દાવો થયો. દેસાઈજી મક્કમ રહ્યા ને ઉત્તરોત્તર કોર્ટો લડતાં છેવટનો દાવાનો નિકાલ ઇંગ્લૅંડની પ્રિવી કાઉન્સિલમાં થયો, જેમાં દેસાઈજી જીત્યા. એમાં એમને જે ખર્ચ થયો, તે જોતાં એ પથ્થર સોનાનો થાય એટલી કિંમતનો થયો. ન્યાય ને હક્કને ખાતર લડાયેલો એ પથ્થર આજે પણ ત્યાં ‘સોનાના પથ્થર’ તરીકે ઓળખાય છે.

## રણજિતરામ ચંદ્રક-ધારકો

૧. ઝવેરચંદ મેઘાણી (૧૯૨૮)
૨. ગિજુભાઈ બધેકા (૧૯૨૯)
૩. રવિશંકર રાવળ (૧૯૩૦)
૪. વિજયરાય વૈદ્ય (૧૯૩૧)
૫. રમણલાલ દેસાઈ (૧૯૩૨)
૬. રત્નમણિરાવ જોટે (૧૯૩૩)
૭. સુન્દરમ્ (૧૯૩૪)
૮. વિશ્વનાથ ભટ્ટ (૧૯૩૫)
૯. ચંદ્રવદન મહેતા (૧૯૩૬)
૧૦. ચુનીલાલ વ. શાહ (૧૯૩૭)
૧૧. કનુ દેસાઈ (૧૯૩૮)
૧૨. ઉમાશંકર જોશી (૧૯૩૯)
૧૩. ધનસુખલાલ મહેતા (૧૯૪૦)

૧૪. જ્યોતીન્દ્ર દવે (૧૯૪૧)

૧૫. રસિકલાલ છો. પરીખ (૧૯૪૨)

૧૬. ઓમકારનાથ (૧૯૪૩)

૧૭. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (૧૯૪૪)

૧૮. ગુણવંતરાય આચાર્ય (૧૯૪૫)

૧૯. ડોલરરાય માંકડ (૧૯૪૬)

૨૦. હરિનારાયણ આચાર્ય (૧૯૪૭)

૨૧. બચુભાઈ રાવત (૧૯૪૮)

૨૨. સોમાલાલ શાહ (૧૯૪૯)

૨૩. પન્નાલાલ પટેલ (૧૯૫૦)

૨૪. જયશંકર ભોજક, ‘સુંદરી’ (૧૯૫૧)

૨૫. કેશવરામ કા. શાસ્ત્રી (૧૯૫૨)

૨૬. ભોગીલાલ સાંડેસરા (૧૯૫૩)

૨૭. ચંદુલાલ પટેલ (૧૯૫૪)

૨૮. અનંતરાય રાવળ (૧૯૫૫)

૨૯. રાજેન્દ્ર શાહ (૧૯૫૬)

૩૦. ચુનીલાલ મડિયા (૧૯૫૭)

૩૧. કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૯૫૮)

૩૨. જયંતિ દલાલ (૧૯૫૯)

૩૩. હરિપ્રસાદ શાસ્ત્રી (૧૯૬૦)

૩૪. ઈશ્વર પેટલીકર (૧૯૬૧)

૩૫. રામસિંહ રાઠોડ (૧૯૬૨)

૩૬. હરિવલ્લભ ભાયાણી (૧૯૬૩)

૩૭. મનુભાઈ પંચોળી, ‘દર્શક’ (૧૯૬૪)

૩૮. બાપાલાલ વૈદ્ય (૧૯૬૫)
૩૯. હસમુખ સાંકળિયા (૧૯૬૬)
૪૦. ઝીણાભાઈ દેસાઈ, ‘સ્નેહરશ્મિ’ (૧૯૬૭)
૪૧. મંજુલાલ મજમુદાર (૧૯૬૮)
૪૨. નિરંજન ભગત (૧૯૬૯)
૪૩. શિવકુમાર જોશી (૧૯૭૦)
૪૪. સુરેશ હ. જોષી (૧૯૭૧)
૪૫. નટવરલાલ પંડ્યા, ‘ઉશનસ્’ (૧૯૭૨)
૪૬. પ્રબોધ પંડિત (૧૯૭૩)
૪૭. હીરાબહેન પાઠક (૧૯૭૪)
૪૮. રઘુવીર ચૌધરી (૧૯૭૫)
૪૯. જયંત પાઠક (૧૯૭૬)
૫૦. જશવંત ઠાકર (૧૯૭૭)
૫૧. ફાધર વાલેસ (૧૯૭૮)
૫૨. મકરન્દ દવે (૧૯૭૯)
૫૩. ધીરુબહેન પટેલ (૧૯૮૦)
૫૪. લાભશંકર ઠાકર (૧૯૮૧)
૫૫. હરીન્દ્ર દવે (૧૯૮૨)
૫૬. સુરેશ દલાલ (૧૯૮૩)
૫૭. ભગવતીકુમાર શર્મા (૧૯૮૪)
૫૮. ચંદ્રકાંત શેઠ (૧૯૮૫)
૫૯. રમેશ પારેખ (૧૯૮૬)
૬૦. સિતાંશુ યશશ્ચંદ્ર (૧૯૮૭)
૬૧. બકુલ ત્રિપાઠી (૧૯૮૮)

૬૨. વિનોદ ભટ્ટ (૧૯૮૯)

૬૩. નગીનદાસ પારેખ (૧૯૯૦)

૬૪. રમણલાલ ના. મહેતા (૧૯૯૧)

૬૫. યશવન્ત શુક્લ (૧૯૯૨)

૬૬. અમૃત 'ઘાયલ' (૧૯૯૩)

૬૭. ધીરુભાઈ ઠાકર (૧૯૯૪)

૬૮. ભોળાભાઈ પટેલ (૧૯૯૫)

૬૯. રમણલાલ સોની (૧૯૯૬)

૭૦. ગુણવંત શાહ (૧૯૯૭)

૭૧. ગુલાબદાસ બ્રોકર (૧૯૯૮)

૭૨. મધુ રાય (૧૯૯૯)

૭૩. ચી. ના. પટેલ (૨૦૦૦)

૭૪. નારાયણ દેસાઈ (૨૦૦૧)

૭૫. ચંદ્રકાંત ટોપીવાળા (૨૦૦૨)

૭૬. મધુસૂદન પારેખ (૨૦૦૩)

## ખરચાળ માંસાહાર

વનસ્પતિમાં જે પ્રોટીન રહેલું છે તે પહેલાં કોઈ પશુ ખાય, ને પછી તે પશુનું માંસ માનવી ખાય, તો મૂળ પ્રોટીનનો ફક્ત દસમો ભાગ માણસના પેટમાં પહોંચે છે. પ્રોટીન મેળવવાનો આ તો અત્યંત ખરચાળ રસ્તો કહેવાય—ખાસ કરીને ગરીબ દેશો માટે. વળી જો બધા લોકો માંસાહારનો ત્યાગ કરે તો આજના કરતાં ત્રણગણી વસતી પૃથ્વી ઉપર પોષાઈ શકે, અથવા આજની વસતીને આજના કરતાં ત્રણગણો પોષણદાયી ખોરાક મળી શકે.

## “ગીત ગાતાં ગાતાં જઈએ છીએ!”

યહૂદી પ્રજાનું નિકંદન કાઢી નાખવા માટે જર્મન નાઝીઓ તેના પર ત્રાસ ગુજારી રહ્યા હતા તેવા બીજા વિશ્વયુદ્ધના કાળમાં કેટલાંક યહૂદી કુટુંબો જીવ બચાવવા માટે છુપાઈને રહેતાં હતાં. ૨૭ વર્ષની યહૂદી યુવતી એટ્ટીને પણ તેના મિત્રોએ એ રીતે ગુપ્ત રહેવા સમજાવી હતી, પણ તે ન માની અને નાઝીઓના હાથમાં પકડાઈ ગઈ.

પછી, તેનાં માતાપિતા ને ભાઈ સાથે એટ્ટીને પણ યહૂદીઓને મોત-કારાગારમાં લઈ જતી એક ટ્રેનમાં ચઢાવી દેવામાં આવી. ૧૯૪૩ની સાલના એ દિવસે એટ્ટીએ એક પોસ્ટકાર્ડ લખીને ટ્રેનની બારીમાંથી ફેંકી દીધેલો. નસીબજોગે કોઈ ખેડૂતના હાથમાં તે આવ્યો. તેમાં એટ્ટીએ લખેલું હતું: “ગીત ગાતાં ગાતાં અમે જઈ રહ્યાં છીએ!”

૧૯૪૧-૪૩ના ગાળામાં એટ્ટીએ લખી રાખેલી રોજનીશી પાછળથી હાથ લાગી અને ઘણી ભાષાઓમાં અનુવાદિત થઈને દેશદેશાવરના વાચકો સુધી તે પહોંચી. ગુજરાતીમાં તેનો અનુવાદ માવજી સાવલાએ કરેલો છે.

## “ગરીબ ખરાં... પણ છૈયેં ચેટલાં બધાં!”

એક લાખ કરોડની વર્ષોજૂની બેંકની ઉઘરાણી આપણા ઉદ્યોગપતિઓ ભરપાઈ કરતા નથી, તેમ છતાં આજનું બેંકનું માળખું દેવાળિયા ઉદ્યોગપતિઓ માટે નાણાંની કોથળી છૂટી મૂકે છે; પરંતુ કમરતોડ મજૂરી કરનાર, પરસેવો પાડનારને કોઈ બે કોડી પણ ધીરવા તૈયાર થતું નથી, ત્યારે પ્યાલા-બરણીવાળી ચંદાબહેન અકળાય છે. ૧૯૭૪ની એક સભામાં અકળાઈને ઇલાબહેનને કહે છે: “બેન, આપણે આપણી જ બૅન્ક કાઢોને!” ઇલાબહેને કહ્યું, “બેંક કાઢવી તે આપણા ગજા બહારનું કામ કહેવાય. આપણે તો ગરીબ છીએ...” અત્યાર

સુધી હૈયાવરાળ ઠાલવતી ચંદાની હૈયાસૂઝ બોલાવે છે: “હા, ગરીબ છીએ, પણ છૈયેં ચેટલાં બધાં!” શ્રમિકોના સંગઠનનો પડઘો પાડનાર આ શબ્દો ‘સેવા’ની બેંકની સ્થાપનામાં પ્રેરક બન્યા.

આ બૅંક અંગેના અંગ્રેજી પુસ્તકનું મથાળું ‘We Are Poor, But to Many’ ચંદનબહેનની દેણ છે.

## અધ્યાપકો—વિદ્યાર્થીઓ માટે એક આદર્શ

આજના સમયે ગુરુ-વિદ્યાર્થી વચ્ચેના સંબંધો સાવ ક્ષીણ થઈ રહ્યા છે ત્યારે ‘સોનગઢનો કળાધર’ (લે. સુરેશ જોષી: સં. ગીતા નાયક) પુસ્તક એક સમર્થ શિક્ષકના પ્રેમાળ, વિશાળ વ્યક્તિત્વને આપણી સામે મૂકીને અધ્યાપકો-વિદ્યાર્થીઓ માટે એક આદર્શ પણ રજૂ કરે છે. સાહિત્ય-શિક્ષણ કઈ રીતે આપવું? વિદ્યાર્થી કઈ રીતે ‘સાહિત્ય-પદાર્થ’ને સાચા રૂપે જાણે-પ્રમાણે? શિક્ષકમાં કયા ઉમદા ગુણો હોવા જોઈએ- જેવા પ્રશ્નોના ઉત્તરો પણ આ પુસ્તકની બાય-પ્રોડક્ટરૂપે લઈ શકાય.

## અપહરણ થયેલી

હિંદુસ્તાનના ભાગલા પડ્યા તે કાળે ૧૯૪૬-૪૭માં દેશના જુદા જુદા ભાગોમાં કોમી રમખાણો થયાં તેમાં બીજી કોમની સ્ત્રીઓનાં અપહરણ પંજાબમાં મોટા પાયા પર થયેલાં: પાકિસ્તાની પંજાબમાં હિંદુ-શીખ સ્ત્રીઓનાં અને ભારતીય પંજાબમાં મુસલમાન સ્ત્રીઓનાં. પાકિસ્તાની પંજાબમાં ૨૫,૦૦૦ શીખ તથા હિંદુ ઓરતોને મુસલમાનો ઉઠાવી ગયેલા, તો પૂર્વ પંજાબમાં ૧૨,૦૦૦ મુસલમાન ઓરતોને ઉઠાવી જવામાં આવેલી.

આવી રીતે બેય બાજુ અપહરણ થયેલી સામી કોમની બહેનોને પોતપોતાના પ્રદેશમાંથી શોધીને તેને તેના મૂળ વતનમાં પાછી મોકલવાના

કરાર ભારત અને પાકિસ્તાનની સરકારો વચ્ચે ૧૯૪૭ની આખરમાં થયા, પછી તે માટેનાં તંત્રો બેય દેશમાં ગોઠવાયેલાં. તેનું કામ ચાલુ થયા પછી જાણવા મળ્યું કે અપહરણ કરાયેલી કેટલીક હિંદુ-શીખ સ્ત્રીઓનું જબરદસ્તીથી ધર્મપરિવર્તન કરીને મુસલમાનોએ તેમની સાથે શાદી કરી લીધેલી. એવી કેટલીક સ્ત્રીઓ પોતાના મૂળ કુટુંબમાં પાછી ફરવા તૈયાર નહોતી થતી, કારણ કે એમને ડર હતો કે પોતે ભ્રષ્ટ થઈ છે એટલે હિંદુ-શીખ કુટુંબમાં હવે તેમનો સ્વીકાર નહીં થાય. સમાજે તેમનો આદરપૂર્વક સ્વીકાર કરવો જોઈએ અને બળજબરીથી વટલાયેલી બહેનોને તથા તેમનાં બાળકોને હિંદુ કે શીખ ગણીને જ ચાલવું જોઈએ, એવો આગ્રહ ગાંધીજી પોતાનાં પ્રાર્થના-પ્રવચનોમાં કરતા રહેતા.

પાકિસ્તાનમાંથી અપહરણ કરીને ભારત લાવવામાં આવેલી મુસ્લિમ સ્ત્રીઓનું વલણ આ બાબતમાં જુદું રહેતું. પોતે ભ્રષ્ટ થઈ છે, કલંકિત થઈ છે, તેવી કોઈ લાગણી તે અનુભવતી નહોતી.

[કમળાબહેન પટેલના પુસ્તક 'મૂળ સોતાં ઉખડેલાં'માંથી સંકલિત માહિતી]

## માતા: મહા આત્મા

મહાત્મા ગાંધી ભારતના હતા, અને છતાં આખા જગતના પણ હતા. તેમ માતા ટેરેસા દુનિયાભરનાં હતાં, છતાં ભારતનાં કંઈક વિશેષ હતાં. બંનેએ દરિદ્રનારાયણની સેવામાં જીવન સમર્પિત કર્યું.

મધર ટેરેસાનો જન્મ ગાંધીજી પછી ચાર દાયકે, ૧૯૧૦માં યુરોપમાં યુગોસ્લાવીઆ દેશમાં થયેલો. એમનાં માતાપિતા નજીકના નાનકડા દેશ આલ્બેનીઆનાં હતાં. ૧૮ વરસની ઉંમરે એમણે ખ્રિસ્તી સાધ્વી તરીકે દીક્ષા લીધી આયરલેંડ જઈને. પછી છ જ અઠવાડિયાંમાં તો એ યુવતી જહાજે ચડી-ભારત આવીને પોતાના પંથની શાળાઓમાં ભણાવવા માટે. ૧૯૨૯થી ૧૯૪૮ના લગભગ બે દાયકા સુધી કલકત્તાની સેંટ મેરી હાઈસ્કૂલમાં એ ભૂગોળનાં શિક્ષિકા રહ્યાં; થોડાં વરસ તેનાં આચાર્યા

પણ બન્યાં.

એમની શાળાની પડોશમાં જ કલકત્તાની એક ભયાનક ઝૂંપડપટ્ટી આવેલી હતી. એ જોઈને ગરીબો, મરીજો અને મરવા પડેલાંઓની સેવા કરવાનો સંકલ્પ મધર ટેરેસાના અંતરમાં ઊગ્યો. ઝૂંપડપટ્ટીનાં બાળકો માટેની એક નિશાળથી એમણે આરંભ કર્યો. પછી એક મફત દવાખાનું ચાલુ કર્યું. ધીમે ધીમે એમનું કામ વિસ્તરતું ગયું, અને આજે એમની સંસ્થાનાં ૧૬૦ કેન્દ્રો ભારતમાં ચાલે છે. તેમાં નિશાળો ને દવાખાનાં ઉપરાંત કુષ્ઠરોગીઓ તથા મોતને આરે પહોંચેલાં નિરાધારો માટેનાં આશ્રયસ્થાનો પણ છે.

મધર ટેરેસા અને તેમની સાથેનાં સાધ્વીઓ કલકત્તાની શેરીઓમાં ફરતાં અને જીવનના છેલ્લા શ્વાસ લેતાં રસ્તા પર પડેલાં દુર્ભાગીઓને ઊંચકી ઊંચકીને લઈ જતાં ‘નિર્મળ હૃદય’ નામના પોતાના મકાનમાં; જેથી બીજું કાંઈ નહીં તો એ લોકો શાંતિ અને સ્નેહના વાતાવરણમાં પ્રાણ તો છોડી શકે. મધર કહેતાં કે સહુથી મોટો સવાલ એ ગરીબોની બેહાલી નથી, પણ એમને માટેની કરુણાનો અભાવ છે.

પરંતુ ગરીબો એકલા કલકત્તામાં જ થોડા વસે છે? આખા દેશમાં, દુનિયાભરમાં એ તો ફેલાયેલાં છે. એટલે પછી એમની સેવા માટે મધર ટેરેસા દેશદેશાવરમાં ઘૂમવા લાગ્યાં. સેવા માટે પૈસાની જે જરૂર પડે, તેની ચિંતા એમને કદી કરવી પડી નથી. “તમને પૈસા ક્યાંથી મળે છે?” એવા દરેક પુછાણને એમનો એક જ જવાબ મળતો: “ભગવાન આપી રહે છે.”

ખ્રિસ્તી ધર્મના વિશ્વભરના વડા પોપ ૧૯૬૪માં એક આંતરરાષ્ટ્રીય સંમેલન માટે મુંબઈ આવેલા. એ પ્રસંગે એમની સગવડ માટે ખાસ બનાવેલી મોંઘી મોટરગાડી અમેરિકન પ્રજાએ એમને ભેટ આપેલી. સંમેલન પૂરું થયે પોપે એ મહાકાય મોટરગાડી મધર ટેરેસાને અર્પણ કરી. મધરને તો એમાં બેસીને ક્યાં ફરવાનું હતું? એટલે, કુષ્ટરોગીઓ કાજે ‘શાંતિનગર’ નામનું ધામ એમને આસાનસોલમાં બાંધવું હતું, તેને માટે રૂ. ચ્યાર લાખ એ ગાડીના લીલામમાંથી ભેગા કરવાનું એમણે

ઠરાવ્યું. ચાર જ લાખ જોઈતા હતા, અને લીલામમાં એથી વધારે રકમ બોલાય તો એમને લેવી નહોતી. એટલે મધરે એક કરામત કરી. સો-સો રૂપિયાનાં દાન એમણે લોકો પાસેથી માગ્યાં. તેને માટે ૪,૦૦૦ પાવતી ગણીને છપાવી. જેવી ચાર હજારમી પાવતી ફાટી, તેવું એમણે વધુ દાન સ્વીકારવાનું બંધ કરી દીધું. કેટલાક લોકોએ રૂ. ચાર લાખ પૂરા ચૂકવીને એ યાદગાર ગાડી જાતે ખરીદી લેવાની તૈયારી બતાવેલી, પણ મધરે તેમને ના પાડી. એટલી મોટી રકમ ચૂકવવા જે માણસ તૈયાર થાય, તેનાં નાણાં શુદ્ધ હશે કે કેમ, તેની એમને ખાતરી નહોતી. એટલે પેલી પાવતીઓના ૪,૦૦૦ ક્રમાંકમાંથી એકને લોટરીની જેમ ચૂંટીને એ નંબર ધરાવતા રૂ. ૧૦૦ના દાતાને મોટરગાડી ભેટ આપી દીધી.

પૈસાની તંગી ભલે એમને નડી નથી, પણ મધર ટેરેસાની સંસ્થાની સાધ્વીઓને નિર્દયપણાની હદ સુધીનું સાદું જીવન જીવવાનું હોય છે. પહેરેલાં કપડાં ઉપરાંત એક જ જોડ વધારાની એમની પાસે હોય છે. અને છતાં ઝૂંપડપટ્ટીવાસીઓ સમક્ષ તેઓ એવું દૃષ્ટાંત રજૂ કરે છે કે આટલાં ઓછાં કપડાં હોય છતાં આપણે સુઘડ પોષાક પહેરી શકીએ. ભલભલા રીઢા દાક્તરો પણ જેનો સ્પર્શ કરતાં કંપારી અનુભવે એવી અવદશાવાળાં દર્દીઓ સાથે એ સાધ્વીઓને નિરંતર કામ પાડવાનું હોય છે. અને રોજેરોજના એમના કામના કલાકો જોઈને તો કામદાર સંઘના આગેવાનો સાત સાત હડતાલનાં એલાન આપવા તૈયાર થઈ જાય!

*

રાષ્ટ્રપતિઓ, ધર્મગુરુઓ અને ભાતભાતના અનેક આગેવાનોએ ટેરેસા માતાને આપેલી અંજલિઓને ઝાંખી પાડી દે તેવા સાદા બોલ ભારતની એક અજાણ નારીના મુખમાંથી નીકળેલા: “મધરને મળીએ તે જે ઘડીએ એમને કોઈક રીતે મદદ કરવાનું મન આપણને થઈ જાય... આપણી અંદર જે કાંઈ શ્રેષ્ઠ રહેલું હોય, તેને તેઓ બહાર આણે છે.”

મહાત્મા ગાંધીની મહાનતા કરતાંયે એમની નમ્રતા ઊંચેરી હતી. તેમ છતાં પોતાને વિશે એવું સત્યવચન ઉચ્ચારવામાં એમણે સંકોચ નહોતો અનુભવ્યો કે, “મારામાં એવી શક્તિ છે કે સામા માણસનું શ્રેષ્ઠ

હું બહાર લાવી શકું છું.”

મધર અને મહાત્માજી વચ્ચે બીજું એક સામ્ય હતું એમની ઈશ્વરનિષ્ઠાનું અને પ્રાર્થના માટેની એમની ઊંડી લગનીનું. ગાંધીજીના જીવનનો પેલો પ્રસંગ જાણીતો છે. એક વાર રાતે દોઢ-બે વાગ્યે એકાએક તેઓ જાગી ઊઠે છે.

“મારો માલિક, લૂણનો દેનારો, શ્વાસોચ્છ્વાસનો સ્વામી-તેને મેં આજે યાદ ન કર્યો! ને પ્રાર્થના કર્યા વિના સૂઈ ગયો!” એનું બયાન આપતાં પોતે લખે છે: “મારું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. પરસેવે હું રેબઝેબ થઈ ગયો.”

મધર ટેરેસા કહેતાં કે રોજ સવારે ઓછામાં ઓછો અરધો કલાક અને રાતે એક કલાક પ્રાર્થનામાં ગાળવો જોઈએ. “કામ કરતાં કરતાં પણ આપણે પ્રાર્થના કરી શકીએ છીએ. કામ પ્રાર્થનાને રોકતું નથી, અને પ્રાર્થના કોઈ કામને અટકાવતી નથી. આપણા ચિત્તને જરાક જ ઉન્નત કરવાનું છે: હે નાથ, હું તમને ચાહું છું, તમારામાં શ્રદ્ધા રાખું છું, તમારી જ મારે જરૂર છે અત્યારે.”

*

આરંભમાં મધર ટેરેસા સેવા કરવા આવ્યાં, ત્યારે કલકત્તાના લોકોએ એમને બિલકુલ આવકાર આપેલો નહીં. એમને ઘણી મુશ્કેલીઓ પડેલી. એક સમયે તો જુવાનિયાની ટોળકીઓ ધમકીઓ આપતી, ભાંગફોડ કરતી ફરતી રહેતી હતી. બધી સાધ્વીઓ ભયથી ફફડી ઊઠેલી. અંતે એક દિવસ મધરથી રહેવાયું નહીં: “તમારે આમ જ કરવું હોય, તો ચાલો, મને મારી જ નાખો! હું સીધી સ્વર્ગમાં પહોંચી જઈશ.” ત્યાર બાદ એ યાતના અટકી.

ટેરેસા માતા કહેતાં: “મને ઘણી વાર વિચાર આવે છે કે નિર્દોષ લોકો જો આટલું બધું સહન ન કરતા હોત, તો આ જગતનું શું થાત? બધો વખત તેઓ જ પ્રભુ પાસે માનવજાતનું ઉપરાણું લેતા ખડા હોય છે-વેદનાનો સ્વીકાર કરી લઈને.”

[‘સ્ટેટ્સમન’ દૈનિક]

## અશ્લિલતાથી બળાત્કાર સુધી

સ્ત્રીઓની જાતીય પજવણીના ગુનાઓનું દેશભરમાં વધુમાં વધુ પ્રમાણ કશ્મીર રાજ્યમાં નોંધાયું હતું: દર લાખની વસ્તીએ ૩.૩ કિસ્સા. આખા દેશની સરેરાશ કરતાં એ ત્રણગણું છે.

*

બહેનો પર બળાત્કારના જે બનાવો બને છે તેમાં આખા દેશની ગણતરી કરીએ તો ૮૫% કિસ્સામાં અપરાધીઓ તે સ્ત્રીના પરિચિત હોય છે. પણ પશ્ચિમ બંગાળ એક રાજ્ય એવું છે જ્યાં એવું પ્રમાણ ૩ ટકાથી પણ ઓછું છે. એટલે કે દેશના બીજા ભાગમાં રહેતી સ્ત્રીઓની સરખામણીમાં બંગાળી નારી પોતાના ઘરમાં ને પડોશમાં પ્રમાણમાં વધુ સલામત છે.

[નેશનલ ક્રાઇમ રેકોર્ડ્ઝ બ્યૂરોનું પ્રકાશન 'ક્રાઇમ ઇન ઇન્ડિયા': ૨૦૦૫]

## શાની પ્રતીક્ષા કરીએ છીએ?

શું કોકાકોલા-પેપ્સી હાનિકારક અને માંસાહારી પીણું છે? અમેરિકાના 'ધી અર્થ આઇલૅન્ડ જર્નલ'માં પ્રસિદ્ધ થયેલી માહિતી:

૧. કોકાકોલા કે પેપ્સીની પ્રત્યેક બોટલમાં ૪૦થી ૭૨ મિલીગ્રામ સુધીનાં નશીલાં તત્ત્વો ગ્લિસરીલ, આલ્કોહોલ, ઇસ્ટરગમ અને પશુઓમાંથી મળતાં ગ્લિસરીન મળે છે. શાકાહારીઓ ભ્રમમાં ન રહે કે આ માંસાહારી નથી.

૨. એમાં સાઇટ્રિક એસિડ છે. શૌચાલયમાં આ ઠંડા પીણાને ૧ કલાક માટે રેડી દો, તો ફિનાઈલની માફક શૌચાલયને સાફ કરી દેશે.

૩. ક્યાંક કાટ લાગ્યો હોય તો આ પીણામાં કપડું પલાળો. પછી જ્યાં કાટ લાગ્યો હોય ત્યાં એ ઘસો, કાટ નીકળી જશે.

૪. કપડાં ઉપર ગ્રીઝ લાગ્યું હોય તો સાબુ અને આ પીણાંમાં

કપડાં પલાળો. થોડા વખતમાં ગ્રીઝના ડાઘા નીકળી જશે.

૫. માણસનાં હાડકાંને ઓગાળી નાંખતાં જમીનને એકાદ વર્ષ લાગે છે, પણ આ પીણાંમાં એકાદ હાડકું બોળી રાખો અને દસ દિવસ પછી જોશો તો તે ઓગળી ગયું હશે.

૬. દિલ્હીના મોહન ભટનાગર એક ચોંકાવનારો કિસ્સો કહે છે. દિલ્હી વિશ્વવિદ્યાલયમાં એક સ્પર્ધા યોજાઈ. સ્પર્ધા હતી ઠંડાં પીણાં કોણ વધુમાં વધુ પી શકે? એક વિદ્યાર્થીએ આઠ શીશી પીધી. અને શરીરમાં કાર્બનડાયોક્સાઈડનું પ્રમાણ એટલું વધી ગયું કે એ જ સ્થળે એનું મૃત્યુ થયું.

આવાં ઠંડાં પીણાં નાનાં બાળકો, મહેમાનો અને આપણી જાતને પીવડાવી આપણે શાની પ્રતીક્ષા કરી રહ્યા છીએ?

## સરકારને ન સંડોવીએ

આપણે જુગાર રમવો છે કે નહિ, ગુનાખોરી કે વાસનાને ઉત્તેજતી ફિલ્મો આપણે જોવી છે કે નહિ, એ જાતની ઉશ્કેરણી કરતાં છાપાં વાંચવાં કે નહિ, એવા બધા નિર્ણયો આપણે જાતે જ કરી લઈએ ને સરકારને તેમાં ન સંડોવીએ, એ જ ઉત્તમ છે. વ્યક્તિ-વ્યક્તિ કે વ્યક્તિ અને સમૂહ વચ્ચે સ્વેચ્છાએ ને સમજણપૂર્વક ચાલતા વહેવારોમાં સરકાર જેવી સત્તા જેટલી ઓછી વચ્ચે પડે તેટલું સારું. એ સત્તા તો ત્યારે જ વપરાવી ઘટે જ્યારે કોઈ કોઈની ઉપર બળજબરી કરે.

## પહેલવહેલાં

ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ રજૂઆત કરવાનો અધિકાર ૧૯૫૦માં મેળવનાર પહેલવહેલાં મહિલા ધારાશાસ્ત્રી હતાં પારુબાલા

દેવી.

## રવીન્દ્ર-જીવન

૧૮૬૧: મે ૮ (તા. ૭ની મધરાત પછી અઢી વાગ્યે) કલકત્તામાં જન્મ. પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ, માતાશારદા દેવીનું ૧૪મું સંતાન.

૧૮૬૭: અભ્યાસ શરૂ.

૧૮૬૮: ૭ વર્ષની વયે જોડકણાં બનાવતા થયા.

૧૮૭૩: નાટક 'પૃથ્વીરાજ પરાજય'; પિતા સાથે ઉત્તર ભારતનો પ્રવાસ.

૧૮૭૪: 'તત્ત્વબોધિની' પત્રિકામાં પ્રથમ કવિતા પ્રકાશિત 'એક વિદ્યાર્થી'ને નામે. શાળા છોડી દીધી, ખાનગી શિક્ષકો દ્વારા વિદ્યાભ્યાસ.

૧૮૭૫: માતાનું અવસાન. 'મેકબેથ'નું બંગાળી ભાષાંતર. 'ભાનુસંહિ'ને નામે વૈષ્ણવ પદાવલિ જેવાં પદો રચ્યાં.

૧૮૭૭: પોતાના નાટકમાં અભિનય. નિબંધો, સાહિત્યિક વિવેચનલેખો. મોટા ભાઈ સત્યેન્દ્રનાથ (અમદાવાદમાં જિલ્લા ન્યાયાધીશ) પાસે અંગ્રેજી સાહિત્ય ભણવા રહ્યા.

૧૮૭૮: મોટા ભાઈ સાથે ઇંગ્લંડ; ત્યાં શાળામાં અભ્યાસ; પછી કોલેજમાં. નાટકો, કાવ્યો, પત્રધારાનું લેખન.

૧૮૮૦: ભારત પાછા. નાટકોનું લેખન તથા અભિનય. નિબંધો ને લેખો.

૧૮૮૨: ખ્યાતિનો આરંભ (બંકિમચંદ્ર અને રોમેશચંદ્ર દત્ત દ્વારા પ્રશંસા), વિખ્યાત કાવ્ય 'નિર્ઝરેર સ્વપ્નભંગ'.

૧૮૮૩: મૃણાલિનીદેવી સાથે લગ્ન.

૧૮૮૪: માતાસમી મોટી ભાભીનું અવસાન. યુરોપી કવિઓની કવિતાના અનુવાદો.

૧૮૮૫ : નવલકથા ‘રાજષિર્’.

૧૮૮૬ : કોંગ્રેસની બીજી બેઠક (કલકત્તા) માટે ગીત.

૧૮૯૦ : ઇટલી-ફ્રાન્સ થઈને ઇંગ્લંડનો ૧૦ અઠવાડિયાંનો પ્રવાસ. પાછા આવી કુટુંબની છએક સ્થળોની જાગીરનો કારભાર પ્રથમ વાર હાથ લીધો; કુશળ સંચાલન. કોંગ્રેસની છઠ્ઠી બેઠક (કલકત્તા)માં ‘વંદેમાતરમ્’ ગાયું. ભત્રીજા સુધીન્દ્રનાથ સાથે મળી આરંભેલા ‘સાધના’ માસિકમાં અરધાંથી વધુ લખાણો. યુરોપયાત્રાની ડાયરી શરૂ.

૧૮૯૨ : ‘ચિત્રાંગદા’ (કાવ્ય-નાટક). જાગીરદારી અંગે ઉત્તર બંગાળ-ઓરિસ્સાના આંટાફેરા.

૧૮૯૩ : ૩૬૨ ગીતોનો સંગ્રહ પ્રગટ.

૧૮૯૪ : ટૂંકી વાર્તાનો સંગ્રહ. શિક્ષણમાં વિશેષ રસ. ‘કાબુલીવાલા’ વાર્તા. બંગીય સાહિત્ય પરિષદના સ્થાપક ઉપપ્રમુખ.

૧૮૯૫ : ‘સ્વદેશી વસ્તુભંડાર’ની સ્થાપના.

૧૮૯૬ : કોંગ્રેસની ૧૨ મી બેઠક (કલકત્તા) માટે ‘અયી ભુવન મનમોહિની’નું ગીત.

૧૮૯૮-૯૯ : ‘ભારતી’ સાપ્તાહિકનું સંપાદન.

૧૯૦૦ : ‘ચિરકુમાર સભા’ (કટાક્ષ-નાટક).

૧૯૦૧ : સર્વપ્રથમ બંગાળી માનસ-વિશ્લેષણીય નવલકથા ‘ચોખેર બાલી’નું સર્જન. ટાગોર કુટુંબની જાગીરદારીની વ્યવસ્થા છોડી દઈ, ૧૯૦૧માં શાંતિનિકેતન (પિતા મહષિર્ દેવેન્દ્રનાથે સ્થાપેલ) ગયા; ત્યાં ‘બોલપુર બ્રહ્મચર્યાશ્રમ’-પ્રાચીન ભારતીય પદ્ધતિની શિક્ષણપ્રથાનો આરંભ, દેશી-વિદેશી અધ્યાપકોવાળી સંસ્થાની સ્થાપના. આથિર્ક સંકડામણ-અગાઉ ભાગીદારીમાં શણનો વેપાર કરેલો તેની મોટી ખોટ, અને આ નવી સંસ્થાનું ખર્ચ વગેરેને લીધે-પોતાની લાઇબ્રેરી વેચી નાખી; પત્નીએ પોતાનાં ઘરેણાં વેચીને સાથ આપ્યો.

૧૯૦૨ : પત્નીનું અવસાન.

૧૯૦૩ : પુત્રી રેણુકાનું અવસાન. ‘નૌકાડૂબી’ (નવલકથા).

૧૯૦૪ : કવિતાના ૯ ગ્રંથોનું પ્રકાશન. ‘સ્વદેશી સમાજ’ ઉપરના વિખ્યાત નિબંધનું જાહેર સભામાં વાચન અને ભારતીય સમાજના પુનર્ગઠન અંગેનો વિગતવાર કાર્યક્રમ. શાળાના અભ્યાસનાં પુસ્તકોનું લેખન.

૧૯૦૫ : પિતાનું અવસાન. નવા સ્વદેશી આંદોલનના મુખપત્ર ‘ભાંડાર’નું સંપાદન. બંગાળના ભાગલાની કર્ઝન-નીતિ સામે રાષ્ટ્રવ્યાપી ‘સ્વદેશી આંદોલન’માં મુખ્ય હિસ્સો.

૧૯૦૬ : બંગીય સાહિત્ય સંમેલનના પ્રમુખપદે; રાજકારણી ઝઘડા અને સંકુચિતતાથી ત્રાસીને તેમાંથી નિવૃત્ત.

૧૯૦૮ : ‘ગોરા’ નવલકથાનો આરંભ. ‘પ્રાયશ્ચિત્ત’ નાટકમાં સત્યાગ્રહનું તત્ત્વજ્ઞાન. ‘ગીતાંજલિ’નાં ગીતોનું સર્જન.

૧૯૧૧ : ૫૦મી વર્ષગાંઠનો ઉત્સવ. ‘જીવન-સ્મૃતિ’નું પ્રકાશન. ‘અચલાયતન’ નાટક-જડ રૂઢિચુસ્તતા સામે પ્રહાર, તેથી બંગાળભરમાં ઊહાપોહ. ‘ડાકઘર’ નાટક. ‘જનગણમન અધિનાયક’ કોંગ્રેસની ૨૬મી બેઠક (કલકત્તા) માટે લખ્યું.

૧૯૧૨ : યુરોપની ત્રીજી યાત્રા : પોતાનાં બંગાળી ગીતો-કાવ્યોનો જાતે અંગ્રેજી અનુવાદ કર્યો. ઇંગ્લંડમાં વિખ્યાત કલાકાર વિલિયમ રોધેનસ્ટાઇન દ્વારા કવિના અંગ્રેજી અનુવાદો કવિ યિટ્સ વગેરેને પહોંચ્યા; અંગ્રેજ કવિઓ સમક્ષ એ કાવ્યોનું વાચન યિટ્સે કર્યું. દીનબંધુ એન્ડ્રુઝ સાથે પ્રથમ મુલાકાત. કવિનાં ‘રાજા’, ‘ડાકઘર’ નાટકોના અંગ્રેજી અનુવાદો થયા. અમેરિકાની પ્રથમ યાત્રા. દરમિયાન ઇન્ડિયન સોસાયટી ઓફ લંડન તરફથી ‘ગીતાંજલિ’નું અંગ્રેજી ભાષાંતર પ્રગટ : જબ્બર આવકાર. અમેરિકા પ્રવાસ દરમિયાન ભારતીય સંસ્કૃતિ ઉપર વ્યાખ્યાનો.

૧૯૧૩ : અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં ‘સાધના’નાં વ્યાખ્યાનો; અંગ્રેજીમાં ‘ચિત્રાંગદા’ તથા ‘ચિત્રા’ પ્રગટ. નોબેલ પારિતોષિક કવિને એનાયત.

૧૯૧૪: પ્રથમ વિશ્વયુદ્ધ; કવિનું ‘મા મા હિંસી’ (દ્વેષ ન કરીશ)નું યાદગાર વ્યાખ્યાન. ૪૬ દિવસમાં ૧૦૮ ગીતો લખ્યાં-‘ગીતાલિ’, જાતે તેના સૂર શીખવ્યા.

૧૯૧૫: ગાંધીજી સાથે પ્રથમ મુલાકાત (માર્ચ ૬); ગાંધીજીની પ્રેરણાથી જાતે રાંધવું, જાતે સફાઈ કરવી-ના પ્રયોગો શાંતિનિકેતનમાં. ‘ઘરે બાહિરે’ નવલકથાનો આરંભ (પૂરી ૧૯૧૬). ‘સર’નો ખિતાબ. સંગૃહિત કાવ્ય-ગીતો ૧૦ ગ્રંથમાં.

૧૯૧૬: જાપાન-પ્રવાસ (એન્ડ્રુઝ, પીઅરસન સાથે); જાપાનની ચીન-વિરોધી શાહીવાદી નીતિની ટીકા; જાપાની અધિકારી મંડળમાં અસંતોષ-રોષ. બ્રિટિશ વસાહતોમાં ભારતીયો પ્રત્યેના અસમાન વર્તનના કારણે કેનેડાના આમંત્રણનો અસ્વીકાર. અમેરિકા-પ્રવાસ: ‘રાષ્ટ્રવાદ’ ઉપર વ્યાખ્યાનો.

૧૯૧૯: જલિયાંવાલાના અત્યાચારોની માહિતી મળતાં જ વાઇસરોયને પત્ર લખી ‘સર’નો ખિતાબ પાછો વાળ્યો. ‘લિપિકા’નું લેખન. ‘શાંતિનિકેતન પત્રિકા’નો આરંભ, સંપાદન. ‘વિદ્યાભવન’ની સ્થાપના-પ્રાચીન ભારતીય તથા તિબેટી અને ચીની સાહિત્યના અભ્યાસનું કેન્દ્ર. નૃત્ય કેન્દ્રની સ્થાપના.

૧૯૨૧: અમેરિકન યુનિવર્સિટીઓ અને સંસ્કાર-સંસ્થાઓમાં વ્યાખ્યાનો; પરંતુ ‘વિશ્વભારતી’ માટે ફંડ ભેગું કરવામાં સફળતા ન મળી (કવિ બ્રિટન-વિરોધી અને જર્મનતરફી છે, એવી લાગણી ફેલાયેલી હોઈ). વિશ્વભારતીનું ઉદ્‌ઘાટન; શાંતિનિકેતનની તમામ મિલકત તથા નોબેલ પારિતોષિકની રકમ અને પુસ્તકોની રોયલ્ટી કવિએ ‘વિશ્વભારતી ટ્રસ્ટ’ને સુપ્રત કર્યાં.

૧૯૨૨: ગ્રામનવનિર્માણ માટે શ્રીનિકેતનની સ્થાપના. ‘શિશુ ભોલાનાથ’નાં કાવ્યોનું સર્જન.

૧૯૨૩: ‘વિશ્વભારતી’ ત્રૈમાસિકનો આરંભ.

૧૯૨૪: ચીનનો પ્રવાસ. જાપાનનો પ્રવાસ; પ્રજા તરીકે પ્રેમ, છતાં

તેના વિકૃત વિકાસની ટીકા. દક્ષિણ અમેરિકાનો પ્રવાસ.

૧૯૨૭: અમદાવાદમાં સાહિત્ય પરિષદ તરફથી સન્માન. મલાયા, જાવા, બાલી, સીઆમ (થાઇલૅન્ડ)નો પ્રવાસ-‘બૃહત્ ભારત’ની યાત્રા.

૧૯૨૯: કેનેડા, જાપાન, ચીનનો પ્રવાસ.

૧૯૩૦: ૧૧મી વિદેશયાત્રાએ: પારિસમાં પોતાનાં ૧૨૫ ચિત્રોનું પ્રદર્શન. રશિયાનો પ્રવાસ; રશિયાની સિદ્ધિઓથી અત્યંત પ્રભાવિત.

૧૯૩૧: કવિની ૭૦મી જયંતી; ‘ગોલ્ડન બુક ઓફ ટાગોર’નું પ્રકાશન.

૧૯૩૨: બિહારમાં ધરતીકંપથી વિનાશ; તે સમયે, અસ્પૃશ્યતાના પાપે ધરતીકંપ થયો છે, એ પ્રકારના ગાંધીજીના નિવેદનનો વિરોધ.

૧૯૩૬: શાંતિનિકેતનના નિભાવ માટે કવિનો પ્રવાસ; ગાંધીજીની પ્રેરણાથી તેમના એક અનુયાયી તરફથી રૂ. ૬૦,૦૦૦ની ભેટ.

૧૯૪૦: ઓક્સફર્ડ યુનિવર્સિટી તરફથી શાંતિનિકેતનમાં ખાસ પદવીદાન સમારંભ-કવિને પદવી આપવા સારુ. ‘બાળપણ’ (આત્મકથા).

૧૯૪૧: ૮૦મી જન્મતિથિ પ્રસંગે ‘સંસ્કૃતિની કટોકટી’નું વ્યાખ્યાન. ૭મી ઓગસ્ટે રાતના અંતિમ શ્વાસ-કલકત્તાના બાપીકા ઘરમાં, જ્યાં ૮૦ વર્ષ અને ૩ માસ અગાઉ જન્મ લીધો હતો તે જ ઘરમાં, કવિએ દેહ ત્યજ્યો.

[‘વિશ્વમાનવ’ બેમાસિક: ૧૯૬૧]

# વાઇસરોયની સવારી

તે વખતે લૉર્ડ ઇરવીન હિંદના અંગ્રેજ વાઇસરોય હતા. દીનબંધુ એન્ડ્રુઝને એમણે વાત કરેલી કે પોતાની મુદત પૂરી થયે હિંદુસ્તાન છોડતાં પહેલાં શાંતિનિકેતનની મુલાકાત લેવાની તક મળે, તો એમને બહુ ગમશે. એટલે ગુરુદેવે વાઇસરોયને નિમંત્રણ પાઠવ્યું. પછી તો

વાઇસરોય-મુલાકાત દરમિયાન આશ્રમમાં ક્યાં ક્યાં પોલીસ-બંદોબસ્ત ગોઠવવો તેની ચર્ચા કરવા જિલ્લાના કલેક્ટર શાંતિનિકેતન આવી પહોંચ્યા. ગુરુદેવ કહે, મારા આશ્રમમાં પોલીસ ન હોય; કલેક્ટર કહે કે પોલીસ તો રાખવી જ પડશે. એટલે પછી કવિવરે નક્કી કર્યું કે વાઇસરોયને પત્ર લખીને પોતાનું નિમંત્રણ પાછું ખેંચી લેવાની રજા આપવાની વિનંતી કરવી, કારણ કે પોલીસને તો આશ્રમની તપોભૂમિમાં પ્રવેશવા દઈ શકાય જ નહીં. એ જાણીને કલેક્ટર મૂંઝાયા, ને બંગાળ સરકારના મુખ્ય સચિવ સાથે પોતે મસલત કરી લે ત્યાં લગી પત્ર ન લખવાની વિનંતી તેમણે ગુરુદેવને કરી.

અંતે, ઠરાવેલી તારીખે વાઇસરોયની સવારી શાંતિનિકેતનમાં આવી અને ગઈ-પોલીસની હાજરી વિના જ.

## ‘—ત્યારે સાચું સ્વરાજ આવશે!’

દાંડીકૂચ દરમિયાન ગાંધીજી પોતાના સ્વાતંત્ર્ય-સૈનિકો સાથે નર્મદા પાર કરીને સુરત જિલ્લામાં પ્રવેશ્યા. જિલ્લાના આગેવાનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. લોકોનો ઉમંગ ઊભરાતો હતો.

ઓલપાડ ગામે ગાંધીજી રાતવાસો રહ્યા હતા. કેટલાંક ભજનો સાંભળીને રાત્રે મોડા સૂઈ ગયા. છતાં સવારે ત્રણ વાગ્યે ઊઠીને પોતાનું કામ કરવા લાગ્યા. એટલામાં તેમના કાને ટપટપ એવા અવાજ સંભળાયા. તપાસ કરતાં જાણવા મળ્યું કે રાનીપરજની બહેનો સ્વાતંત્ર્ય-સૈનિકો માટે નાસ્તાના રોટલા ઘડતી હતી.

છ વાગ્યે કૂચ દરમિયાન સાંભળ્યું કે સ્વાતંત્ર્ય-સૈનિકો માટે સુરતથી ટ્રકમાં દૂધ મંગાવવામાં આવ્યું અને કાંતવાનું અટકે નહીં તે માટે બારડોલીથી રેંટિયા મંગાવવામાં આવ્યા. ગાંધીજીનું મન ચગડોળે ચડ્યું. તેમને થયું: ‘આ મારી યાત્રા કેવી?’ વિચારમંથન ચાલુ હતું એટલામાં ભોજનનો સમય થયો. ગાંધીજી માટે ખાસ કાચના ગ્લાસ મંગાવેલા.

સુરતથી સંતરાં, લીલી દ્રાક્ષ વગેરે ફળ મંગાવેલાં. આ બધું જોઈને ગાંધીજીની ધીરજ ખૂટવા લાગી.

એરથાણથી ભટગામનો રસ્તો કાંટા, પથ્થરો અને ખાડા-ટેકરાવાળો હતો. તેથી સાથે કીટસન બત્તી રાખી હતી. બે દૂબળાઓ માથે બત્તીઓ લઈ ચાલતા. સૂકલકડી અને ચીંથરેહાલ દુબળા મુશ્કેલીથી બત્તીના ભાર ઊંચકીને ચાલતા હતા. તેમને ઝડપથી ચાલવા એક સેવક ટપારતો હતો. મહાત્માથી એ સહન ન થયું. ઉતાવળા ચાલીને આગળ થઈ ગયા.

ભટગામની સભામાં તેમણે હૈયાની વરાળ ઠાલવી :

“…આજે આપણે જેને વસવાયાં માનીએ છીએ તે આપણાં ભાઈ-બહેનો છે, એમ માનશું ત્યારે સાચું સ્વરાજ આવશે… રાનીપરજની બહેનો પાસે મધરાતે રોટલા શા માટે ટીપાવવા પડે? આપણે હાથે ન ટીપાય? મરવા વાંકે જીવતા દુબળાઓને માથે વજનદાર બત્તીઓ શા માટે મૂકવી જોઈએ?

“આપણા ભાઈઓ પાસે આવું મુશ્કેલ કામ કેવી રીતે લેવાય? એક દિવસ તે દેશનો ઉચ્ચ અધિકારી પણ થઈ શકે. આપણો પ્રતિનિધિ પણ થઈ શકે. મારે માટે કાચનાં વાસણ, ફળફળાદિના ખોટા ખર્ચા કરીને તમે વાઇસરોયના પગારની ટીકા નહીં કરી શકો. અહીં એક લાખ અંગ્રેજો આપણું શોષણ કરે છે, તે અસહ્ય લાગે છે. તો આપણે ત્રીસ કરોડ લોકો પરસ્પર લૂંટવા માંડશું તો આપણાં હાડકાં શોધ્યાં નહીં જડે. આ સંગ્રામમાં હવે સંખ્યાબંધ સૈનિકો જોડાશે. તેઓ સૌ આવા ખોટા ખર્ચા કરવા માંડે તો આપણી પવિત્ર લડત અભડાશે. માટે તમને સૌને ચેતવું છું. બાકી આ વેણ બોલું છું તેથી ચાલ્યો જઈશ એમ ન માનશો. પ્રતિજ્ઞા કરીને નીકળ્યો છું કે કાગડા-કૂતરાને મોતે મરીશ, સ્વરાજની ઝંખના કરતો રઝળી-રખડીને મરીશ, પણ હવે પાછો ફરવાનો નથી…”

મહાત્માની હૈયાવરાળ સાંભળીને કાર્યકરો લજવાયા. તેમની વ્યવસ્થામાં તાત્કાલિક ફેરફાર થયો. નાસ્તા માટે સ્વયંસેવક ભાઈબહેનો

વહેલાં ઊઠીને રસોઈ કરવા લાગ્યાં. મીઠુબહેન પીટીટ અને કલ્યાણજીભાઈ હાથમાં મશાલો લઈને ચાલવા લાગ્યાં. ગાંધીજીએ લીંબુ સિવાય બીજું ફળ ન લેવાનો નિર્ધાર કર્યો. રેંટિયાને બદલે કાંતવા માટે તકલીઓ આવી. સભામાં કીટસનની બત્તીઓનું સ્થાન ફાનસે લીધું.

['વિશ્વવિહાર' માસિક: ૨૦૦૬]

## કલાકારને સવાલ

૧૯૩૮માં કોંગ્રેસનું અધિવેશન ગુજરાતમાં હરિપુરા ગામે ભરાયું હતું તે વખતે સુશોભન કરવા માટે ગાંધીજીએ શાંતિનિકેતનથી કલાકાર નંદલાલ બોઝને નોતરેલા. એમની દોરવણી નીચે તૈયાર થયેલું કળા અને ગ્રામ-ઉદ્યોગને લગતું પ્રદર્શન જોવા ગાંધીજી આવ્યા ત્યારે તેમાં મૂકેલી વસ્તુઓ એમણે ખૂબ ઝીણવટથી તપાસવા માંડી. એકએક ચીજ જુએ અને ક્યાંના કારીગરે તે બનાવી, તેમાં શી વિશેષતા છે, શી ખામી છે તેની ચર્ચા કરતા જાય. એ રીતે આગળ ચાલતાં ચાલતાં બાપુ એકાએક થંભી ગયા અને પ્રદર્શન-મંડપની લીંપેલી ભોંયને એકીટશે ક્યાંય સુધી નિહાળી રહ્યા. ધરતી સામે આટલું ટીકીટીકીને એ શું જોઈ રહ્યા છે, તેની કોઈને ગમ ન પડી.

વાત એમ હતી કે પ્રદર્શનનું છાપરું સૂકાં તાલપત્રોથી છાજેલું હતું, અને મધ્યાહ્નને સૂર્ય માથા પર આવવાથી તેનો તડકો એ પાંદડાં વચ્ચેથી પ્રવેશીને નીચે લીંપેલી ભોંય પર આકર્ષક ભાત પાડતો હતો. એ જોવામાં બાપુ તલ્લીન બની ગયા હતા. થોડી વાર પછી જાણે સમાધિમાંથી જાગતા હોય તેમ, બાપુ નંદબાબુ તરફ ફરીને બોલ્યા, “તમે આના જેવું તો ન કરી શકો, ખરું ને?”

['બાપુની બલિહારી' પુસ્તક: ૧૯૭૦]

# જાત પર પ્રયોગ

વિખ્યાત દંતચિકિત્સક ડૉ. વૅલ્સ પાસે અનેક લોકો દંતચિકિત્સા માટે આવતા હતા. એ સમયે દુખતા, હલતા કે સડી ગયેલા દાંતને કાઢવાની પદ્ધતિ યાતનાજનક હતી. ખુરશી પર બેઠેલા દર્દીને બાંધવો પડતો. આમ છતાં દાંત ખેંચતી વખતે જે પીડા થતી ત્યારે એ વેદનાથી હાથપગ પછાડે નહીં તે માટે ચાર-ચાર વ્યક્તિઓ એને પકડી રાખતી. ત્યાર બાદ ડૉક્ટર તેનો દાંત પાડતા હતા. દાંત પાડવાની આ પદ્ધતિનો બીજો કોઈ વિકલ્પ નહોતો. પણ એક વાર ડૉ. વૅલ્સ એક જાદુગરનો પ્રયોગ જોવા ગયા અને એમણે જોયું તો આ જાદુગર નાઇટ્રસ ઓક્સાઈડ સુંઘાડીને માણસને એવો ઉત્તેજિત કરતો કે એ પાગલની માફક ભાન ભૂલીને નાચવા-કૂદવા લાગતો. એને ઘા વાગે તોપણ એના દુ:ખદર્દનો ખ્યાલ આવતો નહીં. આ વાયુને લોકો 'હસવાનો ગૅસ' કહેતા હતા. વૅલ્સને થયું કે દાંત પાડતી વખતે જો આ વાયુ દર્દીને સૂંઘાડીએ તો એને એની વેદનાનો કશો ખ્યાલ ન આવે અને આસાનીથી દાંત પાડી શકાય. મનમાં મૌલિક વિચાર તો આવ્યો, પણ એનો પ્રયોગ કરવો કોના પર?

આખી રાત વિચાર કરતા બેઠા. એમ પણ થયું કે કોઈ દર્દી પર આવો પ્રયોગ કરે અને તે જીવલેણ સાબિત થાય તો શું? એટલે એમણે નિર્ણય કર્યો કે પોતાની જાત પર જ આ પ્રયોગ કરવો. તેઓ પોતાના સાથી ડૉ. રિગ્ઝ પાસે પહોંચ્યા અને એ નિર્ણયની વાત કરી. ડૉ. વૅલ્સના બધા જ દાંત સાબૂત હતા. આમ છતાં પ્રયોગ માટે ગૅસ સૂંઘાડીને સાજો-સમો દાંત મૂળમાંથી ખેંચી કાઢવાનો હતો. પહેલાં તો ડૉ. રિગ્ઝે અસમર્થતા પ્રગટ કરી, પરંતુ આ પ્રયોગ સફળ થાય તો તે અનેક લોકોને ઉપકારક બની રહેશે એવું લાગતાં તેઓ તૈયાર થયા. ડૉ. વૅલ્સ દર્દીની ખુરશી પર બેઠા. એમને વાયુ સૂંઘાડવામાં આવ્યો. ડૉ. રિગ્ઝે મૂળમાંથી દાંત ખેંચી કાઢ્યો. ડૉ. વૅલ્સને સહેજેય પીડા થઈ નહીં.

આમ ડોક્ટર વૅલ્સનો પોતાની જાત પર કરેલો પ્રયોગ સફળ થયો

અને દંતચિકિત્સા માટે થયેલી આ નવી શોધ સહુને માટે આશીર્વાદરૂપ બની.

['વિશ્વવિહાર' માસિક: ૨૦૦૬]

# કવિ અને કવિતા

સર્વ મનુષ્યોના અંતરમાં ઈશ્વરે જે બધાં સત્ય અને સૌંદર્ય મૂકેલાં છે, તેનું સતત દર્શન કવિતા આપણને કરાવતી રહે છે.

જેઈમ્સ લોવેલ

*

થોડાક જ શબ્દોમાં કેટલી પ્રચંડ શક્તિ રહેલી છે તે કવિતા આપણને સમજાવે છે, અને વાચાળતાને અંકુશમાં રાખે છે.

રાલ્ફ એમર્સન

*

પ્રેમમાં પડે છે ત્યારે દરેક માણસ કવિ હોય છે.

પ્લેટો

*

કવિતા એટલે જીવનમાં જે કાંઈ સ્મરણમાં રાખવા જેવું છે તે બધું.

વિલિયમ હેઝલીટ

*

મારી આસપાસ જે કાંઈ છે તેની અંદર સારપ અને સૌંદર્યની ખોજ કરવાની પ્રકૃતિ કવિતાએ મને આપી છે.

સેમ્યુઅલ કોલરિજ

*

જેના મગજનો એકાદ પણ સ્ક્રૂ ઢીલો ન હોય તેવો કોઈ પણ માણસ કદાચ કવિ ન બની શકે કે કવિતાને માણી પણ ન શકે.

ટોમસ મેકોલે

*

કવિતાની કાયામાં હાડપિંજર કલ્પનાનું હોય છે, એમાં લોહી લાગણીઓનું વહે છે, અને શબ્દોની નાજુક, મજબૂત ચામડી વડે આખું માળખું બંધાયું હોય છે.

પોલ એંગલ

*

કવિ એટલે, પહેલાં પ્રથમ તો, એવો મનુષ્ય
જે ભાષાની સાથે મહોબ્બતમાં ચકચૂર હોય.

વિસ્ટાન ઓડન

*

સૃષ્ટિનું જે સૌંદર્ય ઢંકાયેલું પડ્યું છે, તેની ઉપરથી કવિ પરદો ઉઠાવે છે અને પરિચિત વસ્તુઓ પણ જાણે કે અપરિચિત હોય તેવી મોહક બનાવે છે.

પર્સી શેલી

*

કવિ તો દરેક ઝાડ પરથી ફળ એકત્ર કરે છે-
હા, કાંટામાંથી દ્રાક્ષ અને ઝાંખરાંમાંથી અંજીર.

વિલિયમ વોટસન

*

સાચો કવિ કાવ્યમય બનવાની કોશિશ કરતો નથી:
બાગબાન પોતાનાં ગુલાબ ઉપર અત્તર છાંટતો નથી.

ઝાં કોક્તો

*

એક વૃક્ષની તોલે આવે એવું કાવ્ય તો હું કદી જોવા પામીશ નહીં.

જોય્સ કિલ્મર

*

ગદ્ય: શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી;
પદ્ય: શ્રેષ્ઠ શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી.

સેમ્યુઅલ કોલરીજ

*

કવિઓ : માનવજાતના પ્રથમ શિક્ષકો.

હોરેસ

*

મહાન કવિ બનવાની આકાંક્ષા જેને છે,
તેણે પ્રથમ તો નાના બાળક બનવાનું છે.

ટોમસ મેકોલે

*

કવિતાનો ઘાટ ઘડાય છે ધીમે ધીમે, ધીરજથી એક એક કડીને પરસેવા, રુધિર ને આંસુથી સાંકળીને.

આલફ્રેડ ડગ્લસ

*

કવિતા લખવામાં જેટલું ગૌરવ છે,
એટલું જ ગૌરવ ખેતર ખેડવામાં પણ રહેલું છે.

બુકર ટી. વૉશીંગ્ટન

*

પોતે જે બધાં મહાન સત્યો ઉચ્ચારે છે,
તે કવિઓ પોતે પણ સમજતા હોતા નથી.

પ્લેટો

*

દરેક માનવીના અંતરમાં ક્યાંક કવિતાનું ઝરણ વહેતું હોય છે.

ટોમસ કારલાઈલ

*

કવિતા એ મનુષ્યજાતિની માતૃભાષા છે.

જોહાન હેમન

*

સાચી કવિતા આપણને સમજાય તે પહેલાં જ પોતાની વાત કહી જાણે છે.

ટોમસ એલિયટ

*

કવિતા મોજાંનાં ફીણ જેટલી તાજી અને ખડક જેટલી જૂની હોવી જોઈએ.

રાલ્ફ એમર્સન

*

મને જે કંઈ લાધ્યાં રતન અહીં સંસારજલનાં, લઈ આવ્યો તારે ચરણ, કવિતે! સર્વ ધરવા

સુરેશ દલાલ

*

શિશુઓનું હાસ્ય : મારી કવિતાનો શુભ છંદ... કન્યાઓની આશા : મારી કવિતાની નસોનું રુધિર.

ઉમાશંકર જોશી

*

છાપખાનાની શોધ થઈ ત્યાર બાદ કવિતા આખા સમૂહનો આનંદ મટી ગઈ છે અને થોડાક લોકોનું મનોરંજન બની ગઈ છે.

જોન મેઈઝફીલ્ડ

# તું અનોખો છે

આપણે બાળકને બારાખડી શીખવીએ છીએ. પ્રભુની પ્રાર્થના અને ગણિતના દાખલા શીખવીએ છીએ. ચંદ્ર પર ઉતરાણની વાત કરીએ છીએ. પણ ક્યારેય એ બાળકને એવું કહેતા નથી કે, તું સાચે જ અદ્‌ભુત છે! ક્યારેય એ દૃષ્ટિએ એને જોતા નથી કે બાળક એ આ વિશ્વમાં આવેલો એક નવીન અને વિશિષ્ટ શક્તિપુંજ છે.

બાળકને એ શીખવવું જોઈએ કે તું આ જગતમાં વિરલ અને વિશિષ્ટ છે. તારી પાસે કામ કરી શકે એવા બે મજબૂત હાથ છે. દોડી શકે એવા સરસ મજાના પગ છે. જગતને જોઈ શકે એવી સુંદર આંખો છે. મધુર સંગીત સાંભળી શકે એવા મજાના કાન છે. કંઈ કેટલાય

કસબ કરી શકે એવી આંગળીઓ છે. કેટલું બધું છે તારી પાસે!

બાળકને એમ કહીએ છીએ ખરા કે તારામાં મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર કે મધર ટેરેસાની શક્તિ પડેલી છે? આ બધાએ કર્યું તે કરી શકવાની ક્ષમતા માટે કોઈ બીજાને નુકસાન પહોંચાડવાનું નથી. બાળકોને આપણે ભણતર અને ગોખણપટ્ટીથી ભરી દઈએ છીએ. ભય અને સજાથી ડરાવીએ છીએ. પરંતુ એ બાળકને એના ભીતરમાં પડેલી આ શક્તિઓની ઓળખ આપીએ છીએ?

['ગુજરાત સમાચાર' દૈનિક: ૨૦૦૬]

## કબ તક?

ચીલને ઝપટ્ટા મારા, ઔર બાબૂ કે હાથ સે પૂડિયોં કા દોના જમીન પર ગિર પડા. બાબૂ ખિસિયાકર રહ ગયે, તીન પૂડિયાં તીન જગહ ગિરીં.

લડકા દૌડા ઔર જલદી-જલદી ઉસને આલૂ કે ટૂકડોં કે સાથ દો પૂડિયાં ઉઠા લીં. લપકકર તીસરી કી ઓર બઢા હી થા, કિ કાલા કુત્તા જોરસે ગુર્રાયા ઔર પૂડી કો દાંતો કે નીચે દબાકર ભાગા. લડકેને ભી દૌડાયા. ચાયકી દુકાન તક દોનોં આગે-પીછે ગયે.

ખડગપુર સ્ટેશન પર અપને ડિબ્બે કે સામને ખડા મૈં યહ દૃશ્ય દેખ રહા થા. ગાડી કે ચલને પર અપની સીટ પર બૈઠા દેર તક સોચતા રહા કિ અંત મેં કૌન જીતા હોગા?

ઇસ દેશ કે ગાંવ-ગાંવ મેં બાબૂઓંકે હાથ સે ગિરે હુએ ટુકડોં કે લિયે આદમી ઔર કુત્તે કી લડાઈ કબ તક ચલેગી—કોઈ બતાયેગા? શાસક, નેતા, સંત, સુધારક, કોઈ તો કુછ કહે!

## "અમારો અવતાર!"

આ માનવીઓની મુસીબતો વિશે કોઈ પૂછપરછ કરે તો એની સાથે વાત કરવાની પણ ઇચ્છા તેમને થતી નથી. સતત સંઘર્ષ અને અંગત ફફડાટથી ઘેરાયેલા એમના સમસ્ત અસ્તિત્વને પરિણામે પોતાની આસપાસ દુશ્મનાવટ—માનવીની કે કુદરતની દુશ્મનાવટ—સિવાય બીજું કશું એ કદાચ કલ્પી શકતા નહીં હોય. અથવા, એમની વચ્ચેથી કોઈ રડયુંખડયું ક્લેવર આપણી હાજરીની નોંધ લેવાનું નક્કી કરે તો, ઊભું થઈને, લાકડાની ઘોડી જેવા અકડાયેલા પગે ડગલું ભરતું આપણી દિશામાં એ આવે છે અને જુસ્સાભેર પોતાનાં અંગ આમતેમ હલાવતાં હલાવતાં કહે છે: "ખુદાની કસમ! આમાં વાંક તો અમારો જ છે. સરકાર બિચારી એમાં શું કરે? કમબખ્ત અમારો અવતાર જ એવો છે કે બીજે ક્યાંય અમે પોસાઈએ જ નહીં!"

## પ્રસન્ન દાંપત્ય

"ભાઈ, તમારું દાંપત્ય ખૂબ પ્રસન્ન મધુર છે; અમને એનું રહસ્ય નહીં કહો?"

"બહુ સાદી વાત છે એ તો. અમે નિયમ કર્યો છે કે બધી મહત્ત્વની બાબતોનો નિર્ણય મારે કરવો ને મારી પત્નીએ તેને મંજૂર રાખવો; એ જ રીતે બધી સામાન્ય બાબતોનો નિર્ણય મારી પત્ની કરે અને મારે તે મંજૂર રાખવો. આથી અમારું ગાડું સરસ ચાલે છે ને મજા આવે છે."

"દાખલા તરીકે?"

"બહુ સરળ વાત છે. જેમ કે, ઘરમાં ફ્રીઝ લેવું કે નહિ, રસોઈ શું કરવી, બાળકોએ શું પહેરવું, કયાં સગાં સાથે કેવો સંબંધ રાખવો, કયું પેપર મગાવવું, મૂડીનું રોકાણ શેમાં કરવું વગેરે સામાન્ય બાબતો મારી પત્ની નક્કી કરે છે અને તે હું ચૂપચાપ સ્વીકારી લઉં છું."

"તો તમારે કઈ વાત નક્કી કરવાની?"

"હું બધી મહત્ત્વની બાબતોનો નિર્ણય કરું છું, જે મારી પત્ની ચૂપચાપ સ્વીકારી લે છે—જેમ કે, રાસાયણિક કારખાનાં દેશના કયા ભાગમાં નાખવાં, વીએટનામના યુદ્ધમાં અમેરિકાએ કયું વલણ રાખવું, કવિતા છાંદસ હોવી જોઈએ કે અછાંદસ વગેરે પ્રશ્નો વિશે મારો નિર્ણય આખરી રહે છે."

## ગળથૂથીમાં સંગીત

ત્રિપુરા રાજ્યના શિવપુરી ગામે ૧૮૬૯માં (ગાંધીજીની જન્મ-સાલમાં) સિતારના ઉસ્તાદ સાધુખાનના ઘરમાં એક બાળકનો જન્મ થયો, તેને ગળથૂથીમાં સંગીત મળેલું. તે એક મહિનાનો હતો ને માતાના ખોળામાં સૂતો હતો ત્યારે, પિતાના સિતારના ઝંકાર સાથે તાલ મિલાવવા હાથ વડે તેના સાથળને ટપલી મારતો જોઈને માતાના કૌતુકનો પાર નહોતો રહ્યો. સંગીતનું ધાવણ ધાવતાં ધાવતાં જરા મોટો થયેલો એ બાળક નિશાળે જતો થયો, ત્યારે વાટમાં આવતા શિવમંદિરમાં ભક્તો કીર્તન કરતા તેમની સાથે બેસી જતો. શાળાના માસ્તરે એક વાર ફરિયાદ કરી કે, "તમારો છોકરો ભણવાને બદલે ભજનિયો બની ગયો છે!" એ સાંભળીને માતાએ તેને હાથેપગે દોરી બાંધીને ખૂબ મારેલો. છ વરસના બાળકને સંગીતની કેટલી બધી લગન લાગી છે તે જોઈને માને ડર લાગ્યો કે તે ક્યાંક ભાગી જશે. એટલે રોજ રાતે તેને પોતાની પાસે સુવડાવતી વખતે તેના ખમીસના છેડા સાથે પોતાની સાડીનો છેડો માતા ગાંઠ વાળીને બાંધી રાખતી. પણ એક રાતે સાડલાની આ ગાંઠ છોડીને છ વરસનો એ છોકરો ઘેરથી ભાગી છૂટયો.

મોટો થઈને એ સરોદવાદક અલાઉદ્દીન ખાં તરીકે મશહૂર બન્યો.

એ જમાનામાં રામપુર ગામે સંગીતના પાંચસો ઉસ્તાદો વસતા હતા, તેમાં ઉસ્તાદ વઝીરખાનનું નામ મોખરે હતું. રામપુરના નવાબ ઘણા

સંગીતકારોને ઉત્તેજન આપવા તેમને નોકરીએ રાખતા, તેમાં વઝીરખાન પણ હતા. એમને પોતાના ઉસ્તાદ બનાવવાની ઝંખના અલાઉદ્દીન ખાંએ ધીરજથી વરસો સુધી સેવી હતી. અંતે વઝીરખાને તેમને પોતાના શાગીર્દ તરીકે સ્વીકાર્યા અને તેત્રીસ વરસ સુધી પોતાની સાથે રાખ્યા.

વખત જતાં મહીયરના મહારાજા બ્રીજનાથસિંહ બાબા અલાઉદ્દીન ખાંના પ્રથમ ચેલા બન્યા અને જાતે તેમને માટે પાન બનાવી આપતા. બાબા મહીયરમાં પાંત્રીસ વરસ સુધી રહ્યા ત્યારે મહીયરમાં કુળદેવી શારદા માતાના મંદિરે દર્શન કરવા જતા. પૂર્વ ભારતવાસી તરીકે માંસ-મચ્છીના શોખીન ગણાતા બાબાએ તેનો ત્યાગ કરેલો. પોતાના ખાટલા પાસે તેઓ ‘કુરાન’ અને ‘રામાયણ’ જોડાજોડ રાખી મૂકતા. મહીયરમાં જન્મેલી પોતાની પુત્રીનું નામ તેમણે અન્નપૂર્ણા રાખેલું. નૃત્યકાર ઉદયશંકર યુરોપમાં કાર્યક્રમો કરવા ગયા ત્યારે પોતાની સાથે અન્નપૂર્ણાને લઈ ગયેલા. તેમની નીચે નૃત્ય-સાધના કરીને પારંગત બનેલી અન્નપૂર્ણાનાં લગ્ન ઉદયશંકરના નાના ભાઈ સિતારવાદક રવિશંકર સાથે થયેલાં. બાબાના પુત્રા અલીઅકબર ખાંએ સંગીતકાર પિતાનો વારસો જાળવ્યો.

## અમૃતકુંભ

દક્ષિણ આફ્રિકાને સદાને સારુ છોડીને ગાંધીજી ૧૯૧૪ના જુલાઈમાં હિંદ ભણી રવાના થયા; વાટમાં એમને ઇંગ્લંડમાં રોકાવાનું હતું. પણ ફિનિક્સ આશ્રમના કેટલાક સાથીઓ અને વિદ્યાર્થીઓને એમણે સીધા હિંદ રવાના કરેલા. ૧૯૧૫ના આરંભમાં પોતે હિંદ પહોંચ્યા પછી ગાંધીજી એ ફિનિક્સ મંડળીને જ્યાં ઉતારો મળેલો તે શાંતિનિકેતન ગયા. ત્યાં વિધિવિધાનપૂર્વક એમનું ભાવભરેલું સ્વાગત થયું. તેનાથી તૃપ્ત થઈને ગાંધીજી બોલી ઊઠેલા કે, કયા ભારત માટે હું પ્રાણ અર્પવા કટિબદ્ધ થયો છું, એની ખબર ન હતી. આજે તેનું અપ્રતિમ ઐશ્વર્ય ઉપલબ્ધ કરી શક્યો છું.

પછી ગાંધીજીના આગ્રહથી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં હાજર રહેવા રવીન્દ્રનાથ ૧૯૨૦માં અમદાવાદ આવ્યા, ત્યારે એમનો ઉતારો અંબાલાલ સારાભાઈને ઘેર શાહીબાગમાં હતો. કવિવરની સાથે આવેલા તેમના સાથી ક્ષિતિમોહન સેનને તે યજમાન-ઘરે એક અભિજાત બ્રાહ્મણનો પરિચય થયો—કરુણાશંકર ભટ્ટનો, જે ૧૯૧૫થી ૧૯૨૭ સુધી અંબાલાલભાઈની ખાનગી ઘરશાળામાં શિક્ષક હતા.

એ અરસામાં ગાંધીજી સાથે ઘનિષ્ઠ સંબંધમાં આવેલા કરુણાશંકરભાઈ પછીથી શાહીબાગથી સાબરમતી ઓળંગીને વહેલી સવારે સત્યાગ્રહ આશ્રમમાં જતા અને ગાંધીજી સાથે ઘંટી ફેરવતાં ફેરવતાં શિક્ષણની ચર્ચા કરતા. દરમ્યાન અસહકારનું આંદોલન વેગ પકડતું જતું હતું. એવા કાળમાં માત્ર એક કુટુંબના શિક્ષક તરીકે કામ કરતા રહેવાનું એમને સાલતું હતું. એટલે ગાંધીજીની સલાહથી તેમણે કોસિન્દ્રા ગામમાં એક આશ્રમ સ્થાપ્યો. ૧૯૨૭માં નોકરી છોડી પોતે એ આશ્રમમાં રહેવા ગયા. આશ્રમનો ઉદ્દેશ હતો પછાત પાલ પ્રદેશના ખેડૂતોના છોકરાઓ સંસ્કારલક્ષી ખેતી કરે તે. આજુબાજુનાં ગામોના ખેડૂતોના ફાળા ઉપર આશ્રમ ચાલતો.

અગાઉ વડોદરા રાજ્યની પ્રાથમિક શાળાના એક ઉત્તમ શિક્ષક તરીકે કરુણાશંકરભાઈને મહારાજા સયાજીરાવ જાણતા હતા. તેમણે કહેવડાવ્યું કે કરુણાશંકર આર્થિક મુશ્કેલીઓ ન વેઠે. પણ આ મદદનો એ બ્રાહ્મણે આદરપૂર્વક અસ્વીકાર કર્યો અને જવાબ વાળ્યો કે જ્યારે ખેડૂતો ફાળો નહિ આપી શકે ત્યારે આશ્રમ બંધ કરી દઈશું, પણ સરકારી મદદ નથી લેવી.

રવીન્દ્રનાથે શાંતિનિકેતનમાં જે વિરલ વિભૂતિઓ એકત્રા કરેલી, તે પૈકીના ક્ષિતિબાબુ અધ્યાપક, પરિવ્રાજક, સંત અને મરમી હતા. સાહિત્ય પરિષદ વખતે અમદાવાદમાં એમની અને કરુણાશંકરભાઈ વચ્ચે પ્રેમનો જે નાતો બંધાયેલો, તે આજીવન અખંડ રહેવાનો હતો. કોસિન્દ્રામાં આશ્રમ સ્થાપવા ઉપરાંત ત્યાં જ્ઞાનયજ્ઞો યોજીને કરુણાશંકરભાઈ સમાજને

સંસ્કારની લહાણી પણ કરાવતા. એ જ્ઞાનયજ્ઞ કરાવનાર પુરોહિત હતા ક્ષિતિબાબુ. ૧૯૨૬માં એમણે કોસિન્દ્રા અને કાશીપુરા ગામોમાં ૧૪ વ્યાખ્યાનો આપ્યાં હતાં. શ્રોતાવર્ગમાં મુખ્યત્વે આશ્રમના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપરાંત આજુબાજુનાં ગામના લોકો રહેતા.

ફરી ૧૯૨૮માં કોસિન્દ્રા આવીને ક્ષિતિબાબુએ વ્યાખ્યાનો આપેલાં. આ બે પ્રસંગનાં વ્યાખ્યાનો ઉપરાંત અન્ય વ્યાખ્યાનો, લેખો, પત્રો વગેરેનો સમાવેશ કરતો ૭૫૦ પાનાંનો ગ્રંથ 'સાધનાત્રાયી' પ્રગટ થયેલો છે. તેના સંપાદકો પૈકીના ઉમાશંકર જોશી આ બધાં લખાણો ગ્રંથસ્થ કરતી વખતે એક એક વાંચતા જતા ને કહેતા જતા: "નગદ સોનું, નગદ સોનું." પછી વળી કહે: "સોનું ઓછું પડે છે—અમૃત, અમૃત." અને છેલ્લે એ કહેતા ગયા: "અમૃતકુંભ!"

['સાધનાત્રાયી' પુસ્તક]